ફોજદારી કાયદાઓનો મોટો

સંગ્રહ.

માજીસ્ટ્રેટની પરીક્ષાના સમાસ સહીત

તેની અંદર

પેનલકોડ તા. પુરાવાનો તા. ક્રીમીનલ પ્રોસીજર

કોડ ટીકા સહીતના તે સીવાએ પરચુરણ

અગત્યના બોતેર કાયદા સાથે.

છપાવિ પ્રસિદ્ધ કરનાર,

શા. કસ્તુર વીરચંદ.

અમદાવાદ આર્યોદય પ્રેસ.

સંવત ૧૯૪૬. સને ૧૮૯૦.

આ સંગ્રહ વલંદાની હવેલી સામે શા. કસ્તુરચંદ વીરચંદને

ત્યાંથી મળશે.

આ સંગ્રહમાં દાખલ કરેલા આકટોની સંખ્યા નીચે પ્રમાણે.

૧ સને ૧૮૨૭ નો ૧૨ મો પોલીસ બાબત.
૨ સને ૧૮૩૦ નો ૪ થો પોલીસ બાબત.
૩ સને ૧૮૩૬ નો ૨૬ મો પોલીસ બાબત.
૪ સને ૧૮૬૧ નો ૫ મો પોલીસ બાબત.
૫ સને ૧૮૮૮ નો ૩ જો પોલીસ બાબત.
૬ સને ૧૮૬૭ નો ૭ મો ડીસ્ટ્રીકટ પોલીસ બાબત.
૭ સને ૧[illegible]૭ નો ૮ મો ગામની પોલીસ બાબત.
૮ સને ૧૮૫૩ નો ૨ જો પોલીસ બાબત.
૯ સને ૧૮૬૯ નો ૧૦ મો પોલીસનો આકટ.
૧૦ સને ૧૮૫૮ નો ૨૬ મો ગાંડા માણસોનો.
૧૧ સને ૧૮૫૯ નો ૧૩ મો કારીગર અને મજુર અને બીગારીના કરાર તોડવાનો.
૧૨ સને ૧૮૬૦ નો ૪૫ મો પેનલકોડ ટીકા સાથે તથા ફેસલા સાથે.
૧૩ સને ૧૮૭૦ નો ૨૭ મો પેનલકોડના સુધારાનો.
૧૪ સને ૧૮૮૨ નો ૮ મો પેનલકોડના સુધારાનો.
૧૫ સને ૧૮૬૨ નો ૪ થો બંજારો તા. મેલા સ્થાપવા બાબતનો.
૧૬ સને ૧૮૬૪ નો ૬ ઠો ફટકા બાબતનો.
૧૭ સને ૧૮૬૬ આકટ ૮ મો ઝેર વેચવા બાબતનો.
૧૮ સને ૧૮૬૬ નો ૧૪ મો પોસ્ટ આફીસનો.
૧૯ સને ૧૮૬૭ નો ૨૫ મો કોપીરાઇટનો અને છાપખાનાનો.
૨૦ સને ૧૮૭૦ નો ૭ મો કોર્ટની ફી બાબતનો.
૨૧ સને ૧૮૭૦ નો ૨૩ મો [illegible] બાબતનો આકટ.
૨૨ સને ૧૮૭૧ નો આકટ ૧ લો ઢોરના અતીક્રમણનો.
૨૩ સને ૧૮૮૩ નો ૧૮ મો ઢોરના અતીક્રમણનો સુધારો.
૨૪ સને ૧૮૭૧ નો ૩૧ મો ભરતલના માપો વીશેનો.
૨૫ સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ ટીકાનો.
૨૬ સને ૧૮૮૭ નો ૩ જો પુરાવાના આકટનો સુધારો.
૨૭ સને ૧૮૭૨ નો ૩ જો કેટલાક નીયમીત પ્રસંગે લગનની રીત ઠરાવવા બાબતનો આકટ.
૨૮ સને ૧૮૭૪ નો ૨ જો જેલ કેદી બાબતનો.
૨૯ સને ૧૮૮૩ નો આકટ ૪ થો કેદીના આકટનો સુધારો.
૩૦ સને ૧૮૭૪ નો આકટ ૯ ભટકતા યુરોપીયન બાબત.
૩૧ સને ૧૮૭૫ નો ૯ પુખ્ત ઉમરનો.
૩૨ સને ૧૮૭૬ નો આકટ ૩ જો મામલતદારની કોર્ટનો.
૩૩ સને ૧૮૭૬ નો ૫ મો સનમારગ પ્રવર્તક સભા પુરી પાડવા બાબતનો.
૩૪ સને ૧૮૭૬ નો ૧૯ મો સુર્વજનિક નાટકોના ખેલ બાબત.
૩૫ સને ૧૮૭૭ નો ૩ જો દસ્તાવેજો નોંધવા બાબત.

પોલિસ.

સને ૧૮૨૭ નો કાયદો ૧૨ મો.

શ્રી મુંબઈ તાબેના જીલ્લાઓમાં પોલીસનું કામ એકજ રીતે ચલાવવું તથા પોલીસના કારભારીઓને શું શું કામ કરવું તથા તેઓને અખતિયાર શો છે તે સર્વ ઠરાવ્યાસાર આ કાયદો તારીખ ૧ જાનેવારી સને ૧૮૨૭ સંવત ૧૮૮૩ ના પૌષ શુદ ૪ સોમવારે તારીખ ૨ જમાદીલઆખર હિજરી સને ૧૨૪૨.

યોગ્ય જણાય છે કે મુંબઇ તાબેના જીલ્લાઓમાં પોલીસનું કામ એકજ રીતે તથા ઘણુંકરીને તે તે દેશની ચાલ પ્રમાણે ચલાવવું જોઇએ અને પોલીસના કારભારીઓએ પોતાનું કામ સારી રીતે કરવું જોઈએ અને કામમાં કાંઈ ચુક પડે તો તેથી મ્હોટા અધીકારીને માલમ થવી જોઇએ અને પોલીસના કારભારીયોને કરવાનું કામ તથા કામ કરવાની રીતિ તથા જે વાતે કારભારીયોને જવાબ દેવો પડે તે લોકોને સમજાવવું જોઇએ માટે ગવરનર કૌન્સીલે આ કાયદો ફરમાવ્યો છે તે ઠરાવેલી તારીખથી ચાલશે.

બાબ ૧ લો.

પોલીસના કારભારીયોની બાબત.

૨. જીલ્લામાજીસ્ત્રેટે પોતાએ આંગળનો ગોળ શિક્કો રાખવો અને તે શિક્કા ઉપર અંગ્રેજી અક્ષરે તથા જીલ્લાની ભાષાને અક્ષરે ફલાણા જીલ્લાનો માજીસ્ત્રેટ એમ કોરાવવું.

બાબ ૨ જો.

જીલ્લા માજીસ્ત્રેટે પોલીસનો અમલ કેઈ રીતે ચલાવવો તે બાબત.

૪. સોલજર અથવા શિપાઈ [illegible] માંહેથી નાશીને પોતાના જીલ્લામાં આવે તો તેને પકડીને માજીસ્ત્રેટ પાસેના લશ્કરમાં પોંચતો કરવો.

કલમ ૧૩ મી.

૧. ઇનસાફ કીધા પછે ગુન્હો ઠરે તારે તે ગુનેગારનો દંડ ઠરાવવાને અથવા બે મહીના સુધી કેદ કરવાને અથવા ત્રીશ ફટકા મારવાને અથવા કોટડીમાં પુરી મુકવાને અથવા એ માંહેથી બે શિક્ષા અથવા સર્વ શિક્ષા એકીવારે ઠરાવવાને માજીસ્ત્રેટ મુખતિયાર છે અને તે ફરીઆદી કરનારની નુકશાનીથી યોગ્ય જણાય તો દંડમા બધા અથવા તે માંહેથી થોડા રૂપૈયા તે માણસને આપવાને માજીસ્ત્રેટ મુખતિયાર છે, ને વળી જ્યારે મા-

જીસ્ત્રેટ કેદ કરવાની શિક્ષા ઠરાવે ત્યારે શિક્ષાની વીગત છેવટ લખેલી બીનાના પાંચમા અંક પ્રમાણે લખીને તે સુદ્ધાં ગુનેગારને ક્રીમીનલ જડજ પાસે મોકલવો અને ક્રીમીનલ જડજે તે શિક્ષાની વિગત પ્રમાણે તે ગુનેગારને કેદ કરવો. પછે તે શિક્ષાના કાગળના પુઠીયા ઉપર લખવાનો જે હુકમ સને ૧૮૨૭ ના ૧૩ મા કાયદાની પંદરમી કલમની પેહેલી રકમમાં છે તેજ વાત લખવી અને તે કાગળ પોતાના દફતરમાં રાખવો.

કલમ ૧૯ મી.

૧. ધર્મશાળા તથા કુવાનાં પીઠાં તથા સર્વ લોકને પ્રસિદ્ધ થયેલા કુવા તથા ગામના દરવાજા તથા બીજી બધી એવી જગ્યા જ્યાંહાં લોકોને ઘણું કામકાજ છે તે જગ્યા કોઇ વેળા ઉઘાડી રેહે અને તે જગ્યામાં લોકોએ કેઇ રીતે કામકાજ કરવું તે માજીસ્ત્રેટ હુકમ કરવો એ રીતે કે તે જગ્યા સર્વ લોકને મળે અને લોકને હિત તથા નીરાંત થવા સારૂ બંદોબસ્ત પણ સારો થાય.

૬. આ કાગળમાં લખેલા હુકમ ચલાવવા હોય અને તે હુકમ એક આશામી ઉપર લાગતો હોય તો માજીસ્ત્રેટે તેને તાકીદ કરવી અને ઘણા લોકોને લાગતો હોય તો એક નોટીસ લખીને ગામના પ્રસિદ્ધ જગ્યામાં ચોઢવી ને વળી ત્યાંહાં આરડીને વંચાવવી પછે તે નોટીસની નકલ ફોજદારી અદાલતમાં મોકલવી અને અદાલત તે હુકમને રદ કરે ત્યાંહાં સુધી તે હુકમ ચલાવવાને માજીસ્ત્રેટ મુખતિયાર છે અને તે હુકમ જે નહી માને તેની એક મહીનાની પેદાસ દંડમાં લેવાને અથવા એક મહીનો કેદ કરવાને અથવા કોટડીમાં પુરી મુકવાને અથવા એ માંહેલી બે કે બધી શિક્ષા કરવાને માજીસ્ત્રેટ મુખતિયાર છે ને વળી જેથી લોકને ઉપદ્રવ થાય એવાં ઘર અથવા પદાર્થ કહાડી નાખતાં જે ખર્ચ થાય તે ફોજદારી અદાલતનો હુકમ લઇને તે ઘરના સામાનનું તથા તે પદાર્થનું લિલામ કરાને તેમાંથી વાળી રાખતાં બાકી રેહે તે ધણીને આપવું.

૭. પણ ઉપલી છ રકમ પ્રમાણે માજીસ્ત્રેટે કરેલા હુકમથી જેની મિલકતને અથવા ધણીપણાને નુકશાન પોંચતું હોય તેને દીવાની અદાલતમાં ફરિયાદી કરવાનો અખતિયાર છે અને હું દીવાની અદાલતમાં ફરિઆદી કરૂં છું એમ માજીસ્ત્રેટને જણાવે તો ફરિઆદીનો ઈનસાફ થતાં સુધી માજીસ્ત્રેટે તે હુકમ ચલાવવો નહી અને તે ઈનસાફ જડજે અથવા આસિસ્ટંટ જજ કરવો.

૮. રખડતાં હરાયાં ઢોર વીગેરે પકડીને માજીસ્ત્રેટે સંભાળી રાખવાં અને બે મહિનામાં ધણી આવીને ઢોર વીગેરે માગે અને ઘાસ પાણીનો ખર્ચ આપે તો તેને પાછાં આપવાં અને બે મહિનાસુધી કોઇ ધણી ન થાય તો પછે લિલામ કરવું અને ઘાસ પાણીનો ખર્ચ વાળી રાખીને બાકી રેહે તે જે કોઇ ધણી આવે તેને આપવું ને વળી જે મિલકતનો ધણી ન જણાતો હોય તે મિલકતની સંભાળ માજીસ્ત્રેટ કરવી અને જે મિલકતને સને ૧૮૨૧ ના આઠમા કાયદાનો બીજો બાબ લાગુ થાતો હોય તે મિલકત સંભાળવાનો ખર્ચ લઈને ધણીને પાછી આપવી પણ જ્યારે મિલકતની કિમત તથા સંભાળવાનો ખર્ચ આશરે બરાબર થાય ત્યારે તે મિલકતનું લિલામ કરવાને માજીસ્ત્રેટ મુખતિયાર છે.

કલમ ૨૦ મી.

જે વજન તથા માપ પોતાના જીલ્લામાં વપરાતાં હોય તે ઠીક ભરી જોખી નકી કરી-

ને નમુનાને સારૂ માજીસ્ત્રેટે પોતાની પાસે રાખવાં અને તે વજન અથવા માપ જોવા જવાને સર્વ લોકને અખતિયાર છે.

બાબ ૩ જો.

જુલમ જાસ્તી ન થાય એ રીતે માજીસ્ત્રેટે ચાલવું તે બાબત.

કલમ ૨૭ મી.

૨. પણ મુચરકો કે જામીન માગેલો તેથી ન અપાતો હોય અને માજિસ્ત્રેટને યોગ્ય જણાય તો તે માણસ જે ભલા માણસનું કહ્યું માનશે તેને હવાલે કરવો અને કેદ ન કરવો ને વળી જે ઉપર સંદેહ આવ્યો તેણી વતે મુચરકો અથવા જામીન અપાતો ન હોય તો ભલા માણસને હવાલે કરવો અથવા તું ફલાણી વેળાયે ઘર માંહેથી કે અમુક ઠરાવેલી હદમાંહેથી બહાર જઇશ નહી એમ તાકીદ કરવાને માજિસ્ત્રેટ મુખતિયાર છે અથવા તું ઘોડો કે હથિયાર રાખીશ નહી એમ હુકમ કરવો અથવા બીજો જે ઘટે તે હુકમ કરવો અને તે હુકમ થયા પછે તે માણસે કેઈ રીતે ચાલવું તે એક કાગળ ઉપર લખીને તે માણસને આપવું અને તે પ્રમાણે ન ચાલે તો તેને ૭ મહિના સુધી કેદ રાખવો.

બાબ ૪ થો.

ગુનેગારને પકડવાના ઉપાયની બાબત.

કલમ ૩૭ મી.

૧. ગામની હદમાં ચોરી થઇ હોય અથવા ચોરીનો મુદો જડ્યો હોય અને ગામના લોકો અથવા પોલીસના માણસે ચોરને પકડવાની મેહેનત કરી ન હોય કે ચોરને સંતાડ્યો હોય તો માજીસ્ત્રેટે ગુનાહના ઇનસાફ પ્રમાણે તે તકસીરનો પણ ઇનસાફ કરવો અને ખરી ઠરે તો ગામના લોકને અથવા પોલીસનાં માણસને ચોરીના માલની કિમ્મત જેટલો દંડ કરવો ને વળી જો ધણીએ પોતાની મતા ચોકશીથી રાખી હોય અથવા ચોરને શોધી કહાડવાની મેહેનત કરી હોય તેને તે દંડના બધા અથવા થોડા રૂપૈયા તે માંહેથી આપવાને માજીસ્ત્રેટ મુખતિયાર છે.

૨. ગામના લોકઉપર દંડ ઠરેલો હોય તો કલેક્ટરે મહેસુલની રીતે દંડનાનાણાં વસુલ કરી લેવાં ને વળી પોલીસનાં માણસઉપર ઠરે અને તે ન આપે તો સને ૧૮૨૭ ના ચૌદમા કાયદાની નવમી કલમ પ્રમાણે તેહને કેદ કરવો.

૩. ને વળી સર્કીટ કોરટને ઇનસાફ કરતાં એમ જણાય કે ગામની હદમાં ચોરી થઇછે અથવા મુદો હાથ આવ્યોછે અને ગામના લોકો અથવા પોલીસના માણસે ચોરને પકડવાની મેહેનત કરી નથી અથવા તે ચોરને સંતાડયોછે તો માજીસ્ત્રેટને ઉપર લખ્યા

પ્રમાણે દંડ લેવાનો હુકમ કરવાને સર્કીટ કોરટ મુખતિયાર છે.

અંક ૫.

જિલ્લામાજિસ્ત્રેટ ઠરાવેલી શિક્ષા ક્રિમીનલ જડજને જાહેર કરવા શિરસ્તો.

ફલાણા સાહેબ પાસે.

ફલાણા જિલ્લાનો ક્રિમીનલજડજ

હેઠળ લખેલા ગુનેગારને હેઠળ લખેલી શિક્ષા થવાસારૂ આ કાગળ સુદ્ધાં તમારી પાસે મોકલ્યો છે.

ગુનેહગારનું નામ	ગુનાનો પ્રકાર	ઠરાવેલી શિક્ષા

તારીખ

માજીસ્ત્રેટની સહી.

——:૦:——

સને ૧૮૩૦ નો કાયદો ૪.

(સને ૧૮૨૭ ના ૧૨ માં કાયદાનું ૨ જું સાધણ.)

સને ૧૮૨૭ ના ૧૨ મા કાયદાની જે કલમ પ્રમાણે માજિસ્ત્રેટને તથા તેના આસિસ્ટંટને પોલીસને અખત્યાર ક્રિમીનલ જડજને આપ્યોછે તે કલમો રદ કરવાસાૃ મુંબઇના ગવરનર ઈનકૌંસીલે તારીખ ૨૭ મી માહે જાનેવારી સને ૧૮૩૦ મુતાબીક સંવત્ત ૧૮૮૬ શાળિવાહન શકે ૧૭૫૧ ના માહા શુદ ૩ તારીખ ૨૭ માહે સાબાન સન હિજરી ૧૨૪૫ ને દિવસે આ કાયદો ઠરાવ્યો છે.

સને ૧૮૨૭ ના ૧૨ મા કાયદાની જે કલમ પ્રમાણે ક્રિમીનલ જડજને પોલીસનો અખત્યાર આપ્યોછે તે કલમો રદ કરીને જિલ્લાના સદર કસબાની પોલીસનો અખત્યાર માજિસ્ત્રેટને આપવાની તથા તેને અને તેના આસિસ્ટંટને શિક્ષા કરવાનો અખત્યાર વધારવાની જરૂર છે. માટે હેઠળ લખેલા શિરસ્તા ઠરાવ્યાછે તે જે તારીખે પ્રસિદ્ધ થશે તે તારીખેથી ચાલશે.

કલમ ૧ લી.

રકમ ૧ લી—સને ૧૮૨૭ ના ૧૨ મા કાયદાની ૧ લી તથા ૨ જી કલમ પ્રમાણે ક્રિમીનલ જડજને પોલીસનો અખત્યાર આપ્યોછે. તે કલમો તથા સને ૧૮૨૭ ના ૩૧ મા કાયદાની ૨ જી કલમની ૪ થી રકમ આ કાયદા ઉપરથી રદ થઇછે. પણ સુરત શેહેરની તથા તેના સદર કસબાની પોલીસનો અખત્યાર હાલ ચાલેછે તે પ્રમાણે જડજે તથા તેના આસિસ્ટંટને ચલાવવો. અને ઠરાવ્યામાં આવેછે જે બાકી રહેલાં જિલ્લામાં કલેક્ટરને પોલીસનો અખત્યાર છે તે પ્રમાણે સદર કસબાની પોલીસનો અખત્યાર પણ તેને આપ્યો છે.

કલમ ૨ જી.

સેસન જડજોનો અખતિયાર તથા અધિકાર ક્રિમીનલ જડજોને સોંપવો અને તેઓને સેસન જડજો કહેવા એવું સને ૧૮૩૦ ના ૯ મા કાયદામાં ઠરાવ્યુંછે માટે મુકરર કરવામાં આવેછે કે સને ૧૮૨૭ ના ૧૨ મા કાયદામાં અથવા બીજા કાયદાઓમાં જે જગાએ ક્રિમીનલ જડજ કરીને લખ્યું છે તે જગ્યાએ સેસન જડજ સમજવો. અને તેણે સેસન જડજ એવું કહીને ક્રિમીનલ જડજનાં સર્વ કામ તથા અમલ ચલાવવો.

—:૦:—

સને ૧૮૩૬ ના કાયદા ૨૬

આ કાયદો તારીખ ૭ મી માહે નવેંબર સને ૧૮૩૬ ને દીને નવાબ મુસ્તેતાબ માઆલા ઇલકાબઅશરફુલઅશરાફ રૈટ હાનરેબલ ગવર્નર જનરલ સાહેબ બાહાદુર ફરમાં ફરમાએદારૂલ આમારે ઇંડીઆ દર ઇજલાશકોશલ ઓએએ ઠરાવ્યોછે.

કલમ ૧ લી.

આ કાયદા ઉપરથી ફરમાવવામાં આવેછે જે ઇન્ડીયાના ગવર્નર જનરલ સાહેબ બાહાદુર તથા ઇન્ડીઆ મેંહેલી સર્વે ફોજના કમાંડર ઈન ચીફ સાહેબ અથવા આગરા મુલકના લેફટેનેન્ટ ગવર્નરસાહેબ એઓની સવારી જ્યારે કાંપ એટલે ઈતમામી શરંજામ સુધાં ઇસ્ટ ઇન્ડીઆ કુંપનીના હરકોઈ મુલકમાંથી જાશે ત્યારે કોશલમાંથી હુકમ ફરમાવીને તે ઇતમામી ઉપર એક પોલીસનો દરોગો મુકરર કરવો એવો અખતિયાર ઇન્ડીયાના ગવર્નર જનરલ દર ઈજલાશકોશલને છે.

કલમ ૨ જી.

૨. બીજું આ કાયદા ઉપરથી ફરમાવ્યામાં આવેછે જે એવી કાંપ મધ્યે અથવા કાંપનાં મુકાનમાં ઠેકાણાની વચમાંના રસ્તામાં જે ગુન્હો થશે તે બાબત જે જિલ્લામાં અથવા શેહેરમાં તે ગુન્હો થાય છે ત્યાંહાંના માજિસ્ત્રેટ પ્રમાણે તે દરોગાને ફોજદારીનો અખતિયાર છે.

કલમ ૩ જી.

બીજું આ કાયદા ઉપરથી ફરમાવ્યામાં આવેછે જે ઉપર લખેલી રકમ ઉપરથી તે દરોગાને જે અખતિયાર આપ્યોછે તે ઉપરથી તે દરોગો જ્યારે હરકોઈ માણસને સેસન કોરટ મધે મુનસફી થવાસારૂ કેદ કરી અથવા હલકા માણસને કેદની સજા ઠરાવશે ત્યારે જિલ્લામાં અથવા શેહેરમાં તે કાંપ હશે ત્યાંહાંના માજિસ્ત્રેટની પાસે તે માણસને મોકલી દેવો તથા જે ગુનાહ બાબત કેદ કર્યો હશે અથવા જે સજા ઠરાવી હશે તેના કાગળોની નકલ પોતાની સહી સુધાં મોકલી દેવી એવો અખતિયાર તે દરોગાને છે તે પ્રમાણે માજીસ્ત્રેટસાહેબે અમલમાં લાવવું.

કલમ ૪ થી.

બીજું આ કાયદા ઉપરથી ફરમાવવામાં આવેછે જે જે જીલ્લામાં અથવા શેહેરમાં તે કાંપ હશે ત્યાંહાંના માજીસ્ત્રેટના તાબામાંહેલા અમલદારોએ માજીસ્ત્રેટને મદત કરવાને જેવું લાજમ છે તેજ પ્રમાણે તે અમલદારોએ ઉપર લખેલા દરોગાને આ કાયદાઉપરથી જે અખતિયાર આપ્યોછે તે ચલાવવા સારૂ મદદ કરવી. જોઈયે.

—:o:—

સને ૧૮૬૧ નો આકટ ૫ મો.

ઈંડીયાની લેજીસ્લેટીવ કૌંસીલે ઠેરાવ્યો તે ગવર્નર જનરલે સને ૧૮૬૧ ના માર્ચ મહિનાની ૨૨ મી તારીખે મંજુર કર્યો.

પોલીસ બાબત નિયમ ઠરાવવા બાબતનો આકટ.

પોલીસનો પાછો ફરીથી બંદોબસ્ત કરીને ગુન્હા નહીં થવા દેવાનું કામ અને ગુન્હા થાય તે પકડવાનું કામ તેઓના હાથથી વધારે સારી રીતે થઇ શકે તેવો બંદોબસ્ત કરવો યોગ્ય છે, વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧. હેઠળ લખેલા શબ્દોનો તથા વાકયોનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે સમજવો; પણ તેવા અર્થને વિષય ઉપરથી અથવા સંબંધ ઉપરથી બાધ આવતો હોય તો, તેવો અર્થ સમજવો નહીં.

જીલ્લાનો કારભાર ચલાવવાનું કામ જે મુખ્ય અમલદારને સોંપવું હોય, અને જે માજીસ્ત્રેટનો અધિકાર ચલાવતો હોય તે મુખ્ય અમલદારના હોદાનું ગમે તે નામ હોય તોપણ "જીલ્લામાજીસ્ત્રેટ" આ શબ્દ ઉપરથી તે અમલદારનો બોધ થાય છે એવું સમજવું.

જનરલ પોલીસના જીલ્લાનાં જે માણસો માજીસ્ત્રેટનો સઘળો અથવા હરકંઇ અધિકાર ચલાવતાં હોય તે સર્વેનો "માજીસ્ત્રેટ" આ શબ્દમાં સમાસ થાયછે એવું સમજવું.

આ આકટ પ્રમાણે જે માણસો ચાકરીએ રાખવામાં આવે તે સઘળાંનો "પોલીસ" આ શબ્દમાં સમાસ થાય છે એવુ સમજવું.

જે પ્રેસીડેન્સીમાં, અથવા પ્રાંતમાં અથવા જગામાં અથવા પ્રેસીડેન્સીમાં અથવા પ્રાંતમાં અથવા જગાના જે ભાગમાં આ આકટ ચાલુ થશે તે પ્રેસીડેન્સી અથવા પ્રાંત, અથવા જગા, અથવા પ્રેસીડેન્સીનો અથવા પ્રાંતનો અથવા જગાનો ભાગ મળી જનરલ પોલીસનો જીલ્લો થાય છે એવું સમજવું.

હરકંઇ જંગમ માલનો અથવા નાણાનો અથવા નાંણાનાં દસ્તાવેજનો સમાસ, "માલ" આ શબ્દમાં થાય છે એવુ સમજવું.

એક વચની શબ્દોમાં અનેકવચનો, અને અનેકવચની શબ્દોમાં એક વચનનો સમાસ થાય છે એમ સમજવું.

પુલીંગી શબ્દોમાં સ્ત્રીઓનો સમાસ થાય છે એમ સમજવું.

માણસ આ શબ્દમાં મંડળીનો, અથવા સનદી મંડળીનો સમાસ થાય છે એવું સમજવું.

મહિનો આ શબ્દનો અર્થ ક્યાલેંડર મહિનો સમજવો.

"ઢોરો" આ શબ્દમાં શિંગડાંવાળાં ઢોરોનો સમાસ થાય છે તે સિવાય હાથીનો તથા ઉંટનો, તથા ઘોડાંનો તથા ગધેડાનો, તથા ખચરનો, તથા ઘેટાંનો તથા બકરાંનો, તથા ડુકરોનો સમાસ થાય છે એમ સમજવું.

ઠેકાંણાં ઠેકાંણાંની સરકારના તાબામાં પોલીસના લોક હોય તે સઘળા મળીને આ આકટનાં કારણસારૂ એકજ પોલીસ ફોજ થાય છે એવું સમજવું. અને તેઓનાં ગામો પદ્ધતી પ્રમાણે પટમાં દાખલ કરવાં, અને ઠેકાંણાં ઠેકાંણાંની સરકાર ઈંડિયાના ગવનર જ-

નરલ ઇનકૌન્સીલની મંજુરી લઈને વખતે વખત હુકમ કરે તે પ્રમાણે સદરહુ ફોજમાં અમલદાર તથા માણસો રાખવાં, તથા તે ફોજની ગોઠવણ કરવી. તથા તે ફોજના માણસોને પગાર આપવો.

૩. જનરલ પોલીસનો જીલ્લો જે સરકારના તાબામાં હોય તે સરકાર જીલ્લાની પોલીસની તપાસ રાખશે; અને ઇંડીયાના ગવરનર જનરલ ઇન્કૌન્સીલના હુકમ પ્રમાણે તે સરકારે તે તપાસ રાખવી; અને પોલીસના હરકોઈ કામ ઉપર કોઇને નેમવા બાબત અથવા તેની જગાએ બીજાને નેમવા બાબત, અથવા તેની ઉપર હુકમ ચલાવવા બાબત કોઈ માણસને, અથવા અમલદારને, અથવા કોર્ટને ઠેકાંણા ઠેકાણાંની સરકારે આ આકટના ઠરાવ પ્રમાણેજ મુખત્યારી આપવી, બીજી રીતે આપવી નહી.

૪. જનરલ પોલીસના જીલ્લાની પોલીસનો કારભાર, પોલીસનો ઈન્સપેકટર જનરલ આ નામનો અમલદાર નેમીને તેને, અને ઠેકાણાં ઠેકાણાંની સરકારની નજરમાં આવે તેટલા ડેપ્યુટી ઇન્સપેકટર જનરલને તથા આસિસ્ટંટ ઇન્સપેકટર જનરલને સોંપવો. જીલ્લાના માજીસ્ત્રેટની હકુમતની સ્થલસામની પોલીસનો કારભાર ડીસ્ટ્રીકટ સુપરીનટેન્ડેન્ટને સોંપવો અને સદરહુ માજીસ્ત્રેટ તેઓની તપાસ રાખશે. ઈન્સપેકટર જનરલને તથા ઉપર કહેલા બીજા અમલદાર વખતે વખત ઠેકાણાં ઠેકાંણાંની સરકારે નેમવા. અને તેને કામ ઉપરથી બતરફ કરવાને પણ તે સરકાર મુખતિયાર છે.

૫. પોલીસના ઇન્સપેકટર જનરલને જનરલ પોલીસના જીલ્લામાં માજીસ્ત્રેટનો સઘળો અધિકાર છે એવું સમજવું. પણ તે અધિકાર તેણે ઠેકાણાં ઠેકાણાંની સરકાર વખતે વખત મર્યાદા ઠરાવે તે મર્યાદા પ્રમાણે ચલાવવો.

૬. પોતાની નજરમાં આવે તે હદમાં માજીસ્ત્રેટનો સઘળો અથવા કંઇ અધિકાર પોલીસના ડેપ્યુટી ઇન્સપેકટર જનરલને, અથવા આસિસ્ટંટ ઈન્સપેકટર જનરલ અથવા ડીસ્ટ્રીકટ સુપરીનટેન્ડેન્ટને અથવા આસીસ્ટંટ ડીસ્ટ્રીકટ સુપરીનટેન્ડેન્ટને આપવાનો અખતિયાર ઠેકાણાં ઠેકાણાંની સરકારને છે, પણ તે અધિકાર તે અમલદારોએ દેશમાં સમાધાન રાખવા સારૂ તથા ગુન્હા નહી થવા દેવા સારૂ તથા ગુન્હેગારોનો પત્તો લગાડવા સારૂ, તથા તેઓને પકડવા સારૂ, તથા માજીસ્ટ્રેટની પાસે લઇ જવા સારૂ, તેઓને અટકાવી રાખવા સારૂ જેટલો જરૂર હોય તેટલોજ ચલાવવો; અને આ આકટ પ્રમાણે પોતાને જે કામો સોંપ્યાં હોય તે કરવા સારૂ જેટલો જરૂર હોય તેટલો ચલાવવો.

૭. આ આકટની ૪ થી કલમમાં કહેલા પોલીસ અમલદાર સીવાય બીજા સઘળા પોલીસ અમલદારને, ઠેકાણાં ઠેકાણાંની સરકાર વખતે વખત કાનુનો ઠરાવશે તે પ્રમાણે નેમવાને પોલીસના ઇન્સપેકટર જનરલ, તથા ડેપ્યુટી ઇન્સપેકટર જનરલ તથા આસિસ્ટંટ ઇન્સપેકટર જનરલ, તથા ડીસ્ટ્રીકટ સુપરીનટેન્ડેન્ટ મુખત્યાર છે. આ અમલદારોને સદરહુ કાનુન પ્રમાણે હેઠળ લખ્યા મુજબ કરવાનો અધિકાર છે, એટલે ફલાણો પોલીસ અમલદાર પોતાનું કામ કરવામાં સુસ્ત છે, અથવા ગફલત કરેછે, અથવા કામને લાયક નથી, એવું પોતાની નજરમાં આવે તેને સમે તે વખતે બરતરફ કરવાનો, અથવા કામ ઉપરથી મોકુફ કરવાનો, અથવા તેને ઓછા પગાર ઉપર નિમવાનો અધિકાર છે, અથવા કોઇ પોલીસ અમલદાર પોતાના કામની કાળજી રાખશે નહીં, અથવા ગફલત કરશે, અથવા હ-

કંઈ કામ કરીને પોતાનું કામ કરવાને પોતે નાલાયક થશે, તેને ઘણામાં ઘણું એક મહિનાનો પગાર દંડ કરવાનો અધિકાર છે.

કલમ ૮ મી. સદરહુ પ્રકારના દરેક પોલીસ અમલદારની નેમણુક થશે. એટલે તેને આ આકટને જોડેલા નમુના પ્રમાણે ઈન્સ્પેકટર જનરલના શિક્કાનો અથવા ઈન્સ્પેકટર જનરલ જે બીજા અમલદારને નેમે તેના શિક્કાનો દાખલો આપવો. તે જે માણસને મળ્યો હોય તે માણસને તે દાખલા ઉપરથી પોલીસ અમલદારનો અધિકાર, તથા કામ, તથા હક્ક મળે છે એવું સમજવું. તે દાખલામાં લખેલો માણસ પોલીસ ફોજની ચાકરી ઉપરથી મોકુફ અથવા બરતરફ થશે, અથવા બીજી રીતે કામ ઉપરથી દૂર થશે, એટલે તે દાખલો રદ થશે એવું સમજવું. અને સદરહુ પ્રકારનાં માણસની ઉપર જે અમલદાર હોય તેને સ્વાધીન અથવા દાખલો લઈ લેવાનો અધિકાર જે અમલદારને આપ્યો હોય તેને સ્વાધીન તે દાખલો તાબડતોબ કરવો જોઈએ.

કલમ ૯ મી.—ડિસ્ટ્રીકટ સુપરીન્ટેંન્ડેંટે ખસુસ કરીને પરવાનગી આપ્યા વગર કોઈ પોલીસ અમલદારથી પોતાના હોદ્દાનું કામ છોડાશે નહીં, અથવા ચાકરીનું રાજીનામું આપવાના ઈરાદાની ઓછામાં ઓછા બે મહિના આગમચ પોતાના ઉપરી અમલદારને સુચના લખીને આપી નહીં હશે તો ડીસ્ટ્રીકટ સુપરીન્ટેંન્ડેન્ટની રજા વગર પોતાની ચાકરીનું રાજીનામું અપાશે નહીં.

કલમ ૧૦ મી.—આ આકટ પ્રમાણે પોલીસ અમલદારનું જે જે કામ હોય તે સિવાય બીજી કંઇ ચાકરી અથવા કામ તેણે ઇન્સ્પેકટર જનરલની ખસુસ કરીને લખેલી પરવાનગી લીધા વગર કબુલ કરવું નહી.

કલમ ૧૨ મી.—પોલીસ ફોજ કરવા બાબત તથા તેના વર્ગ તથા તેના ભાગ ઠેર ઠેર નેમવા બાબત અને પોલીસ ફોજના માણસોએ ક્યાંહાં રેહેવું તે બાબત અને તેઓએ કયાં કયાં કામો વિશેષે કરીને કરવાં તે બાબત અને તેઓને ઝડતી લેવા બાબત હથિયારો વીગેરે સરંજામ આપવા બાબત; અને તેઓએ ખબર બાતમી કહાડીને જાહેર કરવી તે બાબત પોતાને યોગ્ય લાગે તેવા હુકમ, તથા કાનુનો ઠેકાણાં ઠેકાણાંની સરકારની મંજુરી લઇને વખતે વખત કરવાનો અધિકાર પોલીસના ઇન્સ્પેકટર જનરલને છે. અને કામ ગેર રીતે નહીં થવા બાબત કામમાં ગફલત નહીં થવા બાબત તથા પોલીસ ફોજ પોતાનું કામ સારી રીતે કરે તે પ્રમાણે તે ફોજને હુશિયાર કરવા બાબત પોતાને યોગ્ય લાગે તેવા બીજા હુકમ તથા કાનુનો વખતે વખતે કરવાનો પોલીસના ઇન્સ્પેકટર જનરલને અધિકાર છે.

કલમ ૧૩ મી.—જનરલ પોલીસના જીલ્લામાં કોઇ ઠેકાણે સમાધાન રાખવાસારૂ વળી બીજા પોલીસ અમલદાર મોકલવાની જરૂર છે એવો સબબ લખીને કોઈ માણસ અરજી કરે તો તે પ્રમાણે વળી બીજા પોલીસ અમલદાર યોગ્ય દેખાય તેટલી મુદત સુધી મોકલવાને પોલીસના ઇન્સ્પેકટર જનરલ, અથવા ડેપ્યુટી ઇન્સ્પેકટર જનરલ અથવા આસીસ્ટંટ ઇન્સ્પેકટર જનરલ મુખત્યાર છે અને જીલ્લા માજીસ્ટ્રેટનો હુકમ લઇને તે પ્રમાણે કરવાને ડીસ્ટ્રીકટ સુપરીન્ટેંડેંટ મુખત્યાર છે; સદરહુ પ્રકારની ફોજ ઉપર ડીસ્ટ્રીકટ સુપરી-

નટેંડેંટનોજ હુકમ ચાલશે, અને તેનો ખરચ અરજ કરનારા માણસે આપવો જોઈએ. ઈન્સ્પેકટર જનરલને અથવા ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલને અથવા આસિસ્ટંટ ઇન્સ્પેકટર જનરલને અથવા ડીસ્ટ્રીકટ સુપરીનટેંડેન્ટને એક મહિનો આગાઉથ લખેલી સુચના આપીને, સદરહુ પ્રમાણે મોકલેલો પોલીસ અમલદાર ઉઠાવી લેવો એવું કહેવાનો જે માણસની અરજી ઉપરથી સદરહુ પ્રમાણે અમલદાર મોકલ્યો હોય તેને અધિકાર છે, અને સદરહુ પ્રકારની સુચનાની મુદત પુરી થાય એટલે સદરહુ પ્રકારનાં વધતાં માણસોનાં ખર્ચનો ભાર તે માણસને માથેથી ઉતરે છે એવું સમજવું.

કલમ ૧૪ મી.—લોહોડાનાં રસ્તાનું અથવા નેહેરેનું અથવા બીજું સાર્વજનીક કામ અથવા કારખાનું, અથવા વેપારનું કામ મુલકના કોઇ ભાગમાં ચાલશે, અથવા ચાલતું હશે, અને તે કામ ઉપર અથવા કારખાના ઉપર રાખેલાં માણસની ચાલચલગતથી, અથવા તે ફલાણી રીતે ચાલશે એવું લાગવાથી તે ઠેકાણે વધતી પોલીસ ફોજ રાખવાની જરૂર છે એવું ઇન્સ્પેકટર જનરલની નજરમાં આવશે ત્યારે ઠેકાણા ઠેકાણાની સરકારનું અનુમત લઈને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો તેને અધિકાર છે, એટલે વધતી ફોજ તે ઠેકાણે મોકલવાનો તથા જરૂર હોય ત્યાંસુધી તે ફોજ ત્યાંહાં રાખવાનો અને જે માણસને સ્વાધિન તે કામ અથવા કારખાનું અથવા વેપાર ચલાવવાનો અવેજ હોય તે માણસ ઉપર, સદરહુ પ્રમાણે વધતી ફોજ રાખવાની જરૂર પડી હતી તે ફોજના પગાર સારૂ વખતે વખત લખીને નાણું મંગાવવાનો અધિકાર છે. અને સદરહુ પ્રમાણે લખી મોકલે એટલે તે માણસને અવેજ આપવો જોઈએ.

કલમ ૧૫ મી.—જનરલ પોલીસના જીલ્લાના જે ભાગમાં ફિસાદ થયો હોય અથવા થવાની ધારતી હોય ત્યાંહાં અથવા જનરલ પોલીસના જીલ્લાના જે ભાગના રેહેવાસીની ચાલ ચલગત ઉપરથી પોલીસના માણસોની સંખ્યા વધારવાનું યોગ્ય લાગે ત્યાંહાં મામુલ પ્રમાણે રાખવાની પોલીસ ફોજ કરતાં વધતી ફોજ રાખવાને પોલીસના ઈન્સ્પેકટર જનરલ મુખત્યાર છે. પણ તેમ કર્યા પહેલાં તેણે ઠેકાણા ઠેકાણાની સરકારની અનુમત લઈને તે બાબત સરકારી ગેઝેટમાં તથા સરકાર ફરમાવે તેવી બીજી રીતે જાહેરનામું છપાવીને મારવું જોઈએ. એ પ્રમાણે રાખેલી વધતી પોલીસ ફોજનો ખર્ચ જાહેરનામામાં લખેલા મુલકના ભાગના રહેવાસી પાસેથી લેવો, અને રહેવાસીઓએ પોતપોતાની શક્તિ પ્રમાણે કેટલે કેટલો આપવો, તે જરૂર હોય તો ચોકસી કરીને જીલ્લાના માજીસ્ત્રેટે પોતાની નજરમાં આવે તે પ્રમાણે ઠરાવવું.

કલમ ૧૬ મી.—ઉપરની છેલ્લી ત્રણ કલમમેં કહ્યા પ્રમાણે વધતી પોલીસ ફોજ રાખવા બાબતનો અવેજ તેજ કલમો પ્રમાણે આપવાનો હોય તે સઘળો સદરહુ માજીસ્ત્રેટે વારંટ આપીને પોતાના જીલ્લાની હદમાંનો જે માણસ અવેજ આપવાને ચુક્યો હોય તે માણસની માલ મિલકત જપ્ત કરીને તથા લીલામ કરીને વસુલ કરવો, અથવા યોગ્ય અખત્યારવાળી કોર્ટમાં ફરીયાદ કરીને વસુલ કરવો; અને એ બાબત જે અવેજ આવે તે, અથવા સદરહુ પ્રમાણે વસુલ કરવામાં આવશે તે "જનરલ પોલીસ ફંડ" નામના ફંડમાં જમે કરવો. અને ઠેકાણા ઠેકાણાની સરકાર હુકમ કરે તે પ્રમાણે પોલીસ ફોજના ખરચમાં વાપરવો.

કલમ ૧૭ મી.—કલાણે ઠેકાણે ગેરકાયદેસર મંડળી મળી છે અથવા હુલડ અથવા ફીસાદ થયોછે, અથવા તેવું થવાની ધાસ્તી છે, અને મામુલ પ્રમાણે પોલીસ ફોજ છે તે ત્યાંહાં સમાધાન રાખવા જેટલી તથા રહેનારા લોકોની સંભાળ કરવા જેટલી તથા માલ મિલકતનું રક્ષણ કરવા જેટલી નથી એવું દેખાય ત્યારે ઈન્સ્પેકટરના દરજ્જા કરતાં જે પોલીસ અમલદારનો દરજ્જો ઓછો નહીં હોય તે પોલીસ અમલદાર, હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખત્યાર છે. એટલે પોતાને જરૂર દેખાય તેટલી મુદત સુધી તથા તેટલી હદમાં સ્પેશીયલ પોલીસ અમલદારનું કામ કરવા સારૂ આસપાસ રહેનારા લોકોમાંથી જેટલાં માણસોની પોતાને જરૂર હોય તેટલાં માણસોને સ્પેશીયલ પોલીસ અમલદાર નિમવાની અરજી પાસેના માજીસ્ત્રેટને કરવાને તે પોલીસ અમલદાર મુખત્યાર છે અને જે માજીસ્ત્રેટને સદરહુ પ્રમાણે અરજી કરવામાં આવે તેણે તે અરજી, તે હરકત નહીં હોય તો કબુલ કરવી.

કલમ ૧૮ મી.—મામુલ પોલીસ અમલદારને જે અધિકાર તથા હક હોય છે તેજ અધિકાર તથા હક સદરહુ પ્રમાણે નિમેલા સ્પેશીયલ પોલીસ અમલદારને છે એવું સમજવું. અને મામુલ પોલીસ અમલદારે જે કામ કરવા જોઈએ તે કામો તેણે કરવાં જોઈએ, અને મામુલ પોલીસ અમલદાર જે ગુન્હેગારીને પાત્ર હશે તેજ ગુન્હેગારીને તે પાત્ર છે, અને મામુલ પોલીસ અમલદાર જે અધિકારીના તાબામાં હોય તેજ અધિકારીના તાબામાં છે એમ સમજવું.

કલમ ૧૯ મી.—કોઇ માણસને સદરહુ પ્રમાણે સ્પેશિયલ પોલીસ અમલદાર નિમ્યો હોય ત્યાર પછી તે યોગ્ય કારણ વગર પોતાનું કામ કરવાની, અથવા પોતાનું કામ કરવા બાબત પોતાને કાયદાસર હુકમ થાય તે માનવાની ગફલત કરશે, અથવા ના કહેશે તો માજીસ્ત્રેટની આગળ તે વાત તેની ઉપર સાબિત થયા પછી તે સદરહુ પ્રકારની દરેક ગફલત બાબત અથવા ના કહેવા બાબત અથવા હુકમ નહિ માનવા બાબત ઘણામાં ઘણા પચાસ રૂપૈયા સુધી દંડને પાત્ર થશે.

કલમ ૨૦ મી.—આ આકટ પ્રમાણે પટમાં દાખલ થયલા પોલીસ અમલદારોએ આ આકટ પ્રમાણે અને ફોજદારી કામ ચલાવવાની રીત બાબત આગળ જે આકટ ઠરશે તે આકટ પ્રમાણે જે અધિકાર હોય તે સિવાય બીજો અધિકાર ચલાવવો નહીં.

કલમ ૨૧ મી ગામના વતનદાર પોલીસ અમલદારનું નામ અથવા ગામના બીજા પોલીસ અમલદારનું નામ આ આકટ પ્રમાણે પટમાં દાખલ થયું નહીં હોય તો તેને આ આકટનો કોઇ ઠરાવ લાગુ થાય છે એવું સમજવું નહીં. સદરહુ પ્રમાણે પટમાં નામ દાખલ થાય એટલે અમલદારને ઉપરની છેલ્લી કલમના ઠરાવ લાગુ થશે. ગામના વતનદાર પોલીસ અમલદારનું અથવા ગામના બીજા પોલીસ અમલદારનું નામ તેના અનુમત વગર અને તેને નેમવાનો જેઓને હક હોય તેઓના અનુમત વગર પટમાં દાખલ કરવું નહીં "બંગાલ પ્રસીડેંસી માહેનાં શેહેરોમાં તથા કસબાઓમાં તથા થાણાઓમાં તથા પરાંઓમાં તથા બજારોમાં પોલીસ ચોકીદારો નેમીને રાખવાના ઠરાવ છે તે કરતાં વધારે સારા ઠરાવ કરવા બાબત "સને ૧૮૫૬ નો ૨૦ મો આકટ છે તે પ્રમાણે નીમેલા કોઇ પોલીસ અમલદારને જે જીલ્લા સારૂ સદરઆકટ પ્રમાણે નેમ્યો હોય તે જીલ્લા બહાર તેને

કામ ઉપર મોકલે તો તે જીલ્લામાં સદરહુ આકટ પ્રમાણે જે કર લેવામાં આવશે તે કરમાંથી તેનો પગાર આપવો નહીં.

કલમ ૨૨ મી.—પોલીસ અમલદાર આ આકટનાં સઘળાં કારણો સારૂ હમેશાં કામગિરી ઉપર છે, એવું સમજવું અને જનરલ પોલીસના જીલ્લાના ગમે તે ભાગમાં તેને ગમે તે વખતે મોકલવાનો અધિકાર છે.

કલમ ૨૩ મી.—યોગ્ય અધિકારીએ કાયદાસર આપેલા હુકમો તથા વારંટો તાબડતોબ માનીને અમલમાં લાવવા; અને લોકોની સ્વસ્થતા બાબત ખબર લાવીને જાહેર કરવી; અને ગુન્હા નહી થાય તથા લોકોને દુ:ખ નહી થાય તેવો બંદોબસ્ત કરવો; અને ગુન્હેગારોને પકડીને ઇનસાફ થવા સારૂ લાવવા; અને જે માણસને પકડવાનો પોતાને કાયદા પ્રમાણે અધિકાર હોય અને જેને પકડવાનો વ્યાજબી સબબ હોય તેને પકડવો એ પોલીસ અમલદારનું કામ છે એવું સમજવું; અને આ કલમમાં કહેલા હરકોઇ કારણસાર પીઠામાં અથવા જુગારના અખાડામાં, અથવા જે જગાએ બેઢંગા માણસો આવતાં જતાં હોય તેવી બીજી જગાએ, વારંટ વગર પેશીને ચોકવી કરવાનો પોલીસ અમલદારને અધિકાર છે એવું સમજવું.

કલમ ૨૪ મી.—માજીસ્ત્રેટની રૂબરૂ મજકુર જાહેર કરવાનો, અને ગુન્હો કરનારા હરકોઇ માણસ ઉપર કાયદા પ્રમાણે કઢાવાતો હોય તેવો સમન અથવા વારંટ, અથવા ઝાડો લેવાનું વારંટ, અથવા કાયદાસર બીજો કંઈ હુકમ માગવાનો અને આખરનો ફેંસલો થાય ત્યાંહાંસુધી ગુન્હેગાર ઉપર ફરીયાદનું કામ ચલાવવાનો પોલીસ અમલદારને અધિકારછે.

કલમ ૨૫ મી.—સઘળો બેવારશી માલ પોતાના તાબામાં લઇને તેની યાદ, જીલ્લા માજીસ્ત્રેટને આપવાનું કામ સઘળા પોલીસ અમલદારોનું છે, તે માલની પોલીસ અમલદારે જીલ્લા માજીસ્ત્રેટનો હુકમ આવે તે પ્રમાણે વ્યવસ્થા કરવી.

કલમ ૨૬ મી.—માલ અટકાવીને તે બાબત હેઠલ લખેલા મજકુરનું જાહેરનામું મારવાનો જીલ્લાના માજીસ્ત્રેટને અધિકાર છે એટલે, ફલાણી જણસો છે અને તે ઉપર જે માણસનો દાવો હોય તેણે જાહેરનામાની તારીખથી છ મહિનામાં હાજર થઇને પોતાનો હક સાબીત કરવો. એવા મજકુરનું જાહેરનામું મારવાનો અધિકાર છે.

કલમ ૨૭ મી.—ઠરાવેલી મુદતમાં સદરહુ માલબાબત કોઇ માણસ દાવો નહી કરે તો જીલ્લામાજીસ્ત્રેટના હુકમથી તે માલ વેચવાનો અધિકાર છે. અને જે ઉપજશે તેની વ્યવસ્થા કરવાને સરકાર મુખત્યાર છે.

કલમ ૨૮ મી.—આ આકટ પ્રમાણે પટમાં દાખલ થયેલાં પોલીસ અમલદારનું નામ પટમાંથી કહાડી નાખ્યા પછી તે પોતાનો દાખલો, અને કામ કરવા સારૂ કપડાં તથા હથિયારો વીગેરે સરંજામ તેને આપ્યો હોય તે તાબડતોબ પાછો નહી આપશે, તો તેની ઉપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થયા પછી તે બસેં રૂપીયા સુધી દંડને અથવા સકત મજુરીસાથે અથવા સકત મજુરી વગર ઘણાંમાંઘણા છ મહિના સુધી કેદની શિક્ષાને, અથવા આ બેઉ શિક્ષાને પાત્ર થશે.

કલમ ૨૯ મી.—પોલીસ અમલદાર પોતાને જે કરવું જોઈયે તેથી ઉલટી રીતે આ-

ણશે, અથવા યોગ્ય અધિકારીઓ કરેલી કાનુન અથવા કાયદો અથવા કાયદાસર હુકમ જાણી જોઈને તોડશે, અથવા તેની ગફલત કરશે, અથવા પરવાનગી વગર અથવા બે મહિના આગમચ સુચના આપ્યા વગર પોતાના હુદ્દાનું કામ છોડશે; અથવા પોલીસના કામ શિવાય બીજું કંઇ કામ હુકમ વગર માથે લેશે, અથવા બીહીકણપણું કરશે અથવા પોતાના તાબામાંહેના કોઈ માણસને આધાર વગર મારકુટ કરશે તેની ઉપર હેવાત માજીસ્ટ્રેટની આગળ સાબિત થશે એટલે તે ઘણામાં ઘણા ત્રણ મહિનાના પગાર સુધી દંડને અથવા ઘણામાં ઘણા ત્રણ મહિનાસુધી સકત મજુરી સાથે અથવા સકત મજુરી વગર કેદની શિક્ષાને અથવા બેઉ શિક્ષાને પાત્ર થશે.

કલમ ૩૦ મી—સર્વજનીક રસ્તામાં, અથવા ગલીમાં અથવા રાહાદારીને બીજે ઠેકાણે લોકો એકઠા થાય તો તેઓએ શી રીતે એકઠા થવું, અને એકઠા થઇને જાય ત્યારે શી રીતે એકઠા થઇને જવું એ બાબત કામ પડે તેમ હુકમ કરવાનો, અને એકઠા થઈને જવું તે કયે રસ્તે અને કઈ વખતે જવું તે ઠરાવવાનો અધિકાર પોલીસના ડીસ્ટ્રીકટ સુપરીનટેન્ડેંન્ટને, તથા આસીસ્ટંટ ડીસ્ટ્રીકટ સુપરીન્ટેન્ડેન્ટને છે, વાર તેહવારને દિવસે તથા ધર્મ સંબંધી ક્રિયાને પ્રસંગે રસ્તામાં વાજીંત્ર વગાડવા બાબત પણ નિયમ ઠરાવવાનો અધિકાર તેઓને છે.

કલમ ૩૧ મી—સાર્વજનીક રસ્તામાં તથા ગલીમાં તથા રાહાદારીને ઠેકાણે તથા ઘાટ ઉપર તથા ઉતરવાની જગાયે તથા લોકોને આવવા જવાની બીજી સઘળી જગાએ સ્વસ્થતા રાખવી, અને સાર્વજનીક રસ્તામાં તથા ગલીમાં લોકો એકઠા થાય અને એકઠા થઇ જાય ત્યારે રસ્તો બંધ નહીં થાય તેવો બંદોબસ્ત કરવો, અથવા ઇશ્વરની ભક્તિ કરવાની જગાએ લોકો ભક્તિ કરતા હોય ત્યારે તે જગાની આસપાસનો રસ્તો બંધ નહી થઇ જાય તેવો બંદોબસ્ત કરવો; અને હરકોઇ રસ્તામાં અથવા ગલીમાં અથવા રાહાદારીને ઠેકાણે અથવા ઘાટ ઉપર અથવા ઉતરવાની જગાએ લોકોની ભીડ થાય અથવા રસ્તા બંધ થવા સરખું હોય ત્યારે રસ્તો બંધ નહી થઈ જાય તેવો બંદોબસ્ત કરવો તે પોલીસનું કામ છે.

કલમ ૩૨ મી.—ઉપરની છેલ્લી બેઉ કલમો પ્રમાણે આપેલા હુકમને કોઈ માણસ હરકત કરશે, અથવા નહીં માનશે, અથવા વાજીંત્ર વગાડવા બાબત, અથવા લોકોએ શી રીતે એકઠા થવું તે બાબત અથવા, એકઠા થઈને શી રીતે જવું તે બાબત પોલીસના ડીસ્ત્રીકટ સુપ્રીન્ટેન્ડેન્ટે અથવા આસીસ્ટંટ ડીસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટે જે પરવાનો આપ્યો હોય, તેની સરતો તોડશે તેની ઉપર તે ગુન્હો માજીસ્ત્રેટની આગળ સાબીત થશે એટલે બસેં રૂપિયા સુધી દંડને પાત્ર થશે.

કલમ ૩૩ મી.—ઉપરની છેલ્લી ત્રણ કલમોમાં કહેલી બાબતમાં જીલ્લા માજીસ્ત્રેટનો સામાન્ય અધિકાર છે તે અધિકારને તે કલમોના કોઈ ઠરાવ ઉપરથી હરકત થાય છે એવું સમજવું નહીં.

કલમ ૩૪ મી.—ઠેકાણા ઠેકાણાની સરકારે આ કલમ ખસુસ કરીને જે શહેરને લાગુ કરી હોય તે શેહેરની હદમાંહેના રસ્તામાં અથવા ગલીમાં અથવા રાહદારીને ઠેકાણે કોઇ માણસ હેઠળ લખેલા ગુન્હા માંહેનો કાંઇ ગુન્હો કરીને ત્યાંહાંના રેહેવાસીઓને તથા આ

વનાર જનાર લોકોને હરકત અથવા અડચણ અથવા હેરાનગતી અથવા જોખમ અથવા ધાસ્તી અથવા નુકશાન કરશે તેની ઉપર તે ગુન્હો માજીસ્ત્રેટની આગળ સાબીત થશે એટલે તે પચાસ રૂપીયા સુધી દંડને અથવા ઘણામાં ઘણાં આઠ દીહાડા સુધી કેદની શિક્ષાને પાત્ર થશે; અને સદરહુ પ્રકારનો હરકોઇ ગુન્હો કરતાં કોઇ માણસ પોતાની નજરે પડે તેને વારંટ વગર કેદ કરવાનો પોલીસ અમલદારને અધિકાર છે એવું સમજવું.

ગુન્હાની વિગત:—

પેહેલી.—જે માણસ ઢોર મારશે અથવા મારી નાખેલાં ઢોરનાં ચામડાં વગેરે કાહાડીને માંસ સાફ કરશે તે માણસ, અને જે માણસ જનાવર ઉપર બેશીને અથવા બીજી રીતે તેને અવિચારથી અથવા ઘણાજ જોરથી હાંકશે તે માણસ, અથવા હરકોઈ ઘોડાને અથવા બીજા જનાવરને શિખવશે તે માણસ.

બીજી.—કોઇ માણસ અવિચારથી અથવા નિર્દયપણે કોઇ જનાવરને દોડાવશે, અથવા તેની ઉપર જુલમ કરશે તે માણસ.

ત્રીજી.—માલ ભરવા સારૂ અથવા ખાલી કરવા સારૂ ઉતારૂ લેવા સારૂ અથવા ઉતારવા સારૂ જરૂર હોય તેટલી વાર કરતાં વધતી વાર સુધી જે માણસ કંઇ જનાવર અથવા હરકોઇ જાતનું વાહન ઉભું રાખી મુકશે, અથવા કોઇ કોઇ વાહન લોકોને અડચણ થાય, અથવા ભય લાગે તેવી રીતે રાખી મુકશે તે માણસ.

ચોથી.—કોઇ માણસ કંઇ માલ વેચવાને માંડી મુકશે તે માણસ.

પાંચમી.—કોઈ માણસ કંઇ કચરો અથવા ગંદવાડ અથવા કાદવ કુચો અથવા પથરા અથવા બાંધકામનો સામાન નાખશે અથવા મુકશે તે માણસ, અથવા ગાયનો ગોડો અથવા તબેલો અથવા તેવુંજ બીજું કાંઇ બાંધશે, તે માણસ, અથવા કોઇ ઘરમાંથી અથવા કારખાનામાંથી અથવા ઉકરડામાંથી અથવા તેવા બીજા કશામાંથી કંઇ ઉપદ્રવકારક પદાર્થ વેહેવા દેશે તે માણસ.

છઠ્ઠી.—કોઈ માણસ દારૂ પીને છાકટો થયેલો અથવા મસ્તી કરતાં માલમ પડે તે માણસ, અથવા જેનાથી પોતાની સંભાળ થતી નથી તે માણસ.

સાતમી.—કોઈ માણસ જાણીજોઇને તથા નિર્લજપણે પોતાનું શરીર ઉઘાડું મુકશે, અથવા કંટાળો આપે તેવું કુરૂપપણું અથવા રોગ ઉઘાડો મુકશે, અથવા ઝાડો પીસાબ કરીને અથવા જે તળાવ અથવા હોજ નહાવાસારૂ અથવા ધોવાસારૂ ઠરાવ્યો નહીં હોય તેમાં નાહીને અથવા ધોઇને ઉપદ્રવ કરશે, તે માણસ.

આઠમી.—કોઇ માણસ કુવાને અથવા તળાવને અથવા બીજી ભયંકર જગોને અથવા ઇમારતને આડ કરવાની અથવા તેનો યોગ્ય રીતે બંદોબસ્ત કરવાની ગફલત કરશે તે માણસ.

કલમ ૩૫ મી.—આ આકટ પ્રમાણે ગુન્હો સાબિત થયા પછી ઇનસાફ કરનારા અમલદારે શિક્ષા ઠરાવવી તે, પોતાને જેટલો દંડ અથવા કેદની શિક્ષા કરવાનો અધિકાર હોય તે અધિકારની અંદર ઠરાવવી, પણ એવું ઠરાવ્યું છે કે જે પોલીસ અમલદારનો દરજ્જો કાન્સ્ટેબલના દરજ્જા કરતાં ઊંચો હોય તેની ઉપર આ આકટ પ્રમાણે તહોમત આવ્યું હોય તેની ચોકશી માજીસ્ત્રેટનો અધિકાર ચલાવનારા અમલદારેજ કરીને નિકાલ કરવો.

કલમ ૩૬ મી.—આ આકટમાં જે ગુન્હા બાબત શિક્ષા ઠરાવી છે તે ગુન્હા બાબત બીજા કોઇ કાયદા પ્રમાણે અથવા આકટ પ્રમાણે કોઇ માણસ ઉપર ફરીયાદ કરવાને હરકત છે એવો અર્થ આ આકટના કોઇ ઠરાવનો કરવો નહીં; અથવા તે ગુન્હા બાબત

આ આકટમાં શિક્ષા ઠરાવી છે તે કરતાં વધતી અથવા બીજી શિક્ષા બીજા કોઇ કાયદા ઉપરથી અથવા આકટ ઉપરથી થવાને તે માણસ પાત્ર થતો નથી એવો પણ અર્થ કરવો નહીં. પણ એવું ઠરાવ્યુંછે કે એજ ગુન્હા બાબત કોઇ માણસને બેવાર શિક્ષા કરવી નહીં.

કલમ ૩૭ મી—જે ગુન્હા બાબત શિક્ષા કરવાનો માજીસ્ત્રેટને અધિકાર છે તે ગુન્હા બાબત આ આકટના આધારથી દંડ ઠરાવ્યામાં આવે તે નહીં ભરે તો સદરહુ પ્રકારનો હુકમ કરનારા માજીસ્ત્રેટની હકુમતની સ્થલ સીમમાં ગુન્હેગારનો માલ હોય તેના તે માજીસ્ત્રેટની સહી વારંટ ઉપરથી જપ્ત કરીને તે તથા વેચીને દંડ વસુલ કરવાનો અધિકાર છે.

કલમ ૩૮ મી—સદરહુ પ્રકારનો દંડ તાબડતોબ નહીં ભરે તો સદરહુ પ્રકારનાં જપ્તીના વારંટનાં પરીણામની હકીકત યોગ્ય વખતે લખાઇ આવે ત્યાંહાં સુધી ગુન્હેગારને પકડીને કેદમાં રાખવાનો હુકમ કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે. પણ જપ્તીનાં વારંટના પરીણામની હકીકત જે જગાએ તથા જે વખતે મોકલવાનું ઠરાવ્યું હોય તે જગાએ તથા વખતે હું હાજર થઇશ એવો માજીસ્ત્રેટની ખાત્રીનો જામીન ગુન્હેગાર આપે એટલે તે ગુન્હેગારને પકડીને કેદમાં રાખવો નહીં.

કલમ ૩૯ મી—દંડ વસુલ થાય તેટલો માલ જપ્તીમાં જડયો નથી એવું જપ્તીના વારંટના પરીણામની હકીકત લખાઇ આવ્યા ઉપરથી માલુમ પડે, અને ગુન્હેગાર તાબડતોબ દંડ નહીં ભરે, અથવા ગુન્હેગારની જુબાની ઉપરથી અથવા બીજી રીતે સદરહુ માજીસ્ત્રેટની ખાત્રી થશે કે જપ્તીનું વારંટ આપશું તો પણ કરેલો દંડ અથવા અવેજ વસુલ થાય તેટલો માલ ગુન્હેગારની પાસે નથી તો પોતાની સહીનું વારંટ આપીને પોતાની નજરમાં આવે તે પ્રમાણે આસાન કેદમાં રાખવા સારૂ અથવા સકતમજુરી સાથે કેદમાં રાખવાસારૂ ગુન્હેગારને (તે યુરોપિયન બ્રીટીશ રૈયત નહી હોય તો) તુરંગમાં મોકલવાનો સદરહુ માજીસ્ત્રેટને અધિકાર છે. પચાસ રૂપીયા કરતાં વતો દંડ નહી હોય તો કેદની મુદત બે કયાલેંડર મહિના કરતાં વધતી ઠરાવવી નહી; અને સો રૂપૈયા કરતાં વધતો દંડ નહી હોય તો કેદની મુદત ચાર કયાલેંડર મહિના કરતાં વધતી ઠરાવવી નહી પણ અને એ શિવાય બીજે પ્રસંગે કેદની મુદત ૬ ક્યાલેંડર મહિના કરતાં વધતી ઠરાવવી નહી પણ અવેજ આપે એટલે સદરહુ પ્રસંગમાંના હરકોઇ પ્રસંગે કેદમાંથી છોડી મુકવો.

કલમ ૪૦ મી—ગુન્હેગાર યુરોપિયન બ્રિટીશ રૈયત હોય તો માજીસ્ત્રેટે દફતરમાં હકીકત લખીને તે દફતર જે જીલ્લામાં ગુન્હેગાર ઉપર ગુન્હો સાબીત થયો હોય તે જીલ્લા કોર્ટમાં મોકલવું. પછી દંડની રકમ તથા ખર્ચ થયો હોય તે નીચે લખ્યા પ્રમાણે કોર્ટે વસુલ કરવો એટલે દિવાની કોર્ટમાં હુકમનામાં બજાવવા બાબત જે રીત ઠરાવી છે તે રીતે કોર્ટે વસુલ કરવો.

કલમ ૪૧ મી—પોલીસ અમલદારના હાથથી સમન વીગરે હુકમ પોહોંચાડવા બાબત અવેજ આવે તે, અને ઈનામનો તથા દંડનો અથવા ઈનામના અથવા દંડના હિસ્સાનો અવેજ ખબર આપનારને કાયદા પ્રમાણે આપવામાં આવે છે તેવો અવેજ પોલીસ અમલદાર ખબર આપે તે ઉપરથી ત્યારે તે જનરલ પોલીસ ફંડમાં જમે કરવું.

કલમ ૪૨ મી.—આ આકટના ઠરાવઉપરથી અથવા આ આકટ પ્રમાણે પોલીસનો સામાન્ય અધિકાર આપ્યોછે તે અધિકાર ઉપરથી કાંઈ વાત કરવાબાબત અથવા કરવાનો ઇરાદો કરવાબાબત કોઈ માણસ ઉપર ફરિયાદ કરવાનો કાયદાપ્રમાણે આધાર હોય તે ફરિયાદ જે વાતબાબત કરવી હોય તે વાત થયા પછી ત્રણ મહિનાની અંદર શરૂ કરવું જોઇએ, નહી તો ચાલશે નહી. અને તે ફરિયાદ સરૂ કરયા પેહલાં નિદાન એક મહિના આગમચ તે ફરીયાદની તથા તેના કારણની લખેલી સુચના પ્રતિવાદીને, અથવા જે જીલ્લામાં વાત થઈ હોય તે જીલ્લાના ડીસ્ટ્રીકટ સુપરીનટેંડેંટ, અથવા આસિસ્ટંટ ડીસ્ટ્રીકટ સુપરીનટેંડેંટને આપવી. એપ્રમાણે ફરીયાદ કર્યા પેહેલાં પ્રતિવાદીએ નુકશાનીનો પુરો બ-

દલો દેવા કાહાડયો હશે ત્યારે અથવા ફરીયાદી કરયા પછી પ્રતિવાદીએ અથવા પ્રતિવાદીની તરફથી પુરેપુરી રકમ કોર્ટમાં ભરશે તો વાદીની ફરીયાદ ચાલશે નહીં અને સદરહુ પ્રકારના મુકરદમામાં વાદીની તરફનું હુકમનામું થશે તોપણ પ્રતિવાદી પાસેથી તેને ખર્ચ મળશે નહી; પણ જે જડજની આગળ તે મુકરદમાનો ઇનસાફ થાય તે જડજ એવો દાખલો આપશે કે એ ફરીયાદ કરીછે તે યોગ્ય છે તો પ્રતિવાદીની પાસેથી ખર્ચ મળશે. પણ એવું ઠરાવ્યુંછે કે સદરહુ પકારના અમલદાર ઉપર જે વાત બાબત ફોજદારીમાં ફરીયાદ થઇ હોય તેજ વાત બાબત તેની ઉપર દિવાનીમાં ફરીયાદ ચાલશે નહી.

કલમ ૪૩ મી.—કોઇ પોલીસ અમલદારે પોતાના હુદાના જોરથી કંઇ વાત કરી હોય તે બાબત તેના ઉપર કંઇ ફરીયાદ થાય, અથવા કામ ચાલે ત્યારે તેને નીચે લખ્યા પ્રમાણે જવાબ દેવાનો અધીકાર છે એટલે એ વાત મેં કરી તે માજીસ્ત્રેટે આપેલાં વારંટના આધારથી કરીછે એવો જવાબ આપવાનો તેને અધિકાર છે. સદરહુ વાત કરવા બાબત જે વારંટમાં ફરમાવ્યું હોય અને જે ઉપર માજીસ્ત્રેટની સહી હોય તે રજુ કરીને તે જવાબ સાબીત કરવો. પછી માજીસ્ત્રેટની હકુમતમાં કંઈ ખામી હોય તોપણ પ્રતિવાદીની તરફનું હુકમનામું કરવું; માજીસ્ત્રેટની સહી ખરી છે કે નહીં તે બાબત કોર્ટને શક આણવાનુ કારણ નહીં હોય તો માજીસ્ત્રેટની સહી બાબત પુરાવાની જરૂર નથી. પણ એવું ઠરાવ્યું છે કે તે વારંટ આપનારા અધિકારી ઉપર લોકોનો જે ઉપાય ચાલતો હોય તે કરવાને આ કલમના કોઇ ઠરાવથી હરકત થાયછે એવું સમજવું નહી.

કલમ ૪૪ મી.—ઠેકાંણા ઠેકાણાની સરકાર વખતે વખતે ફરમાવે તે નમુના પ્રમાણે રોજ નામું રાખીને તેમાં જે ફરીયાદ થાય તે ફરીયાદ અને જે માણસો પકડાય તેઓના નામો, તથા ફરીયાદ કરનારના નામો, અને કેદીઓની ઉપર તોહોમતો મુકયાં હોય તે તોહમતો અને તેઓનાં કબજામાંથી અથવા બીજી રીતે લીધેલા હથીયારો અથવા માલ અને જે શાહેદોની જુબાની લીધી હોય તેઓના નામ રોજનામામાં દાખલ કરવાં એ જે અમલદારને સ્વાધીન પોલીસનું થાણું હોય તે અમલદારનું કામ છે. તે રોજ નામુ મંગાવીને જોવાને જીલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે.

કલમ ૪૫ મી.—ઠેકાણા ઠેકાણાની સરકારને યોગ્ય લાગશે તેવાં પત્રકો મોકલવાનું ઈન્સપેકટર જનરલને તથા બીજા પોલીસ અમલદારને ફરમાવવાને, અને તે પત્રકો કયા નમુના પ્રમાણે તૈયાર કરવાં તે નમુના ઠરાવવાને ઠેકાણા ઠેકાણાની સરકાર મુખત્યાર છે.

કલમ ૪૬ મી.—ઇંડીયાના ગવરનર જનરલ ઇનકૌન્સીલે સરકારી ગ્યાઝેટમાં હુકમ છપાવીને આ આક્ટ જે પ્રેસીડેન્સીને અથવા જગાને લાગુ કર્યો નહીં હશે તે પ્રેસીડેન્સીમાં અથવા પ્રાંતમાં અથવા જગાએ ચલાવશે નહીં, સદરહુ પ્રમાણે આ આકટ લાગુ કરવામાં આવે ત્યારે ઠેકાણા ઠેકાણાની સરકાર સરકારી ગ્યાઝેટમાં હુકમ છપાવીને ફરમાવે તે પ્રમાણે આ આક્ટ તે પ્રેસિડેન્સીમાં અથવા પ્રાંતમાં અથવા જગાએ અમલમાં લાવવો.

પોતાના તાબા માંહેના મુલકના કોઈ ભાગમાં આ આક્ટ અમલમાં લાવતી વખતે ઠેકાણા ઠેકાંણાંની સરકાર ગામના રખેવાળ ઉપર અથવા ગામના બીજા પોલીસ અમલદાર ઉપર પોલીસના કારણ સારૂ જીલ્લા માજીસ્ત્રેટ જે અધિકાર ચલાવે છે અથવા જે અધિકાર ચલાવવાનો તેનો અખત્યાર છે તે અધિકાર પોલીસના ડીસ્ટ્રીકટ સુપરીનટેન્ડેન્ટે જીલ્લા માજીસ્ત્રેટના હુકમ પ્રમાણે ચલાવવો એવું ઠરાવવાને મુખત્યાર છે.

નમુનો (કલમ ૮ મી જુઓ.)

અ. બ. ને સન ૧૮૬૧ ના ૫ મા આકટ પ્રમાણે પોલીસની ફોજની આસામી નેમ્યોછે, અને તેને પોલીસે અમલદારનો અધિકાર તથા કામ તથા હક આપ્યોછે.

સને ૧૮૮૮ નો આકટ નં. ૩.

નિચે લખેલો હિંદુસ્થાનના ગવરનર જનરલ ઇન કોંસિલનો આકટ નામદાર ગવરનર જનરલે સને ૧૮૮૮ ના ફેબ્રુઆરી મહિનાની તારીખ ૧૭ મીએ મંજુર કર્યો તે સર્વ લોકને જાણ થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે:—

પોલીસ બાબતના નિયમન કરવા સંબંધી કાયદા સુધારવાનો આકટ.

જે ઇલાકો પ્રાંત, અથવા જગાના પોલીસ એસ્ટાબ્લિશમેન્ટના પોલીસ અમલદારો આસામી હોય તેમની નીમણુક, તે ઈલાકા, પ્રાંત અથવા જગામાંજ કરવી એવો નિર્બંધ પોલીસ બાબતના નિયમન કરવા સંબંધી આકટોના જે ઠરાવો મુજબ છે, તે ઠરાવોમાં ફેરફાર કરવો યોગ્ય છે, તે અર્થે આ આકટ ઉપરથી નિચે પ્રમાણે ઠરાવ્યું છે:—

ટુંકુ નામ વ્યાપ્તિ અને શરૂઆત.

૧. (૧) આ આકટને સને ૧૮૮૮ નો પોલીસ આકટ કહેવો.

(૨) તે આખા બ્રિટિશ હિંદુસ્થાનને લાગુ છે; અને

(૩) તે એકદમ અમલમાં આવશે.

ખાસ કારણ સારૂ પોલીસ ફોર્સનું બંધારણ.

૨. (૧) સને ૧૮૫૯ ના આકટ ૨૪ (મદ્રાસ ઈલાકાના તાબાના મુલકોમાં પોલીસનું વધારે સારૂ નિયમન કરવા બાબતના આકટ), સને ૧૮૬૧ ના આકટ ૫ (પોલીસ બાબત નિયમન કરવા બાબતના આકટ), સને ૧૮૬૭ ના મુંબઈના ડિસ્ટ્રકટ પોલીસ આકટમાં અથવા કોઈપણ ઈલાકા શહેરમાંની પોલીસ વિશેના કોઈપણ આકટમાં જે કંઈ મજકુર કહ્યો હોય તોપણ ગવરનર જનરલ ઈન્ કૌંસિલ, ઇંડિયા ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, બે અથવા વધારે ઈલાકા, પ્રાંત, અથવા જગાના ભુંભાગમાં આવી જાય એવી રીતે એક જનરલ પોલીસ ડિસ્ટ્રકટ (જીલ્લો) રચવાને તથા તેમાં નોકરી સારૂ સને ૧૮૬૧ના આકટ ૫ મુજબ એક પોલીસ ફોર્સ રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

(૨) સદરહુ પ્રકારના ડિસ્ટ્રિકટના તથા તેને વાસ્તે રાખેલા પોલીસ ફોર્સના સંબંધમાં, સને ૧૮૬૧ ના આકટ ૫ મુજબ સને ૧૮૮૨ ના ક્રિમિનલ પ્રોસિજર કોડ મુજબ, અને પોલીસના સંબંધમાં વિદ્યમાન કાળે જે બીજો કોઈપણ કાયદો અમલમાં હોય તે કાયદા મુજબ, સ્થાનિક સરકારને સોંપેલા કામ આ અર્થે ગવર્નર જનરલ ઈન્ કૌંસિલ જે કોઈપણ હુકમ કરે તે હુકમને પાત્ર રહીને ગવર્નર જનરલ ઈન્ કૌંસિલે, અથવા ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ નિમે તેવા સ્થાનિક સરકારે અથવા બીજા કોઈ અધિકારીએ બજાવવા, તથા ઇન્સ્પેકટર જનરલ આફ પોલીસ, ડીપ્યુટી ઇન્સ્પેકટર જનરલ, આસિસ્ટન્ટ ઇન્સ્પેકટર જનરલ, ડિસ્ટ્રકટ પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ, અને આસિસ્ટન્ટ ડિસ્ટ્રિકટ સુપ્રિન્ટેન્ડેન્ટને સને ૧૮૬૧ના આકટ ૫ મુજબ, અને વિદ્યમાન કાળે જે બીજો કોઈપણ કાયદો અમલમાં હોય તે કાયદા મુજબ સોંપેલાં કામો, સદરહુ ડિસ્ટ્રકટ અને ફોર્સના સંબંધમાં સ્થાનિક સરકારના કામ આ પેટા કલમની રૂયે સામાન્યતઃ કરનાર અધિકારી નિમેલા એક અથવા વધારે અમલદારે ઉપર કહેલા હુકમને પાત્ર રહીને, બજાવવાં.

(૩) પેટા કલમ (૧) ની રૂયે કરેલા જનરલ પોલીસ ડિસ્ટ્રિકટમાં નોકરી સાર

રાખેલા પોલીસ ફોર્સના આસામીને, સને ૧૮૬૧ ના આકટ ૫ મૂજબ નિમેલા પોલીસ અમલદારો તરીકે તેઓને સદરહુ ડિસ્ટ્રકટમાં જે સત્તા, કામ, હક્ક તથા જવાબદારી હોય તે સત્તા, કામ, હક્ક તથા જવાબદારી જે કોઇપણ ઈલાકો, પ્રાંત તથા જગાનો કોઇપણ ભાગ સદરહુ ડિસ્ટ્રકટમાં આવી જતો હોય તે ઈલાકા, પ્રાંત અથવા જગાના દરેક ભાગમાં છે; માત્ર આ ઠરાવ ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ તેના સંબંધમાં જે કોઇપણ હુકમ કરે તે હુકમને પાત્ર છે એમ સમજવું.

(૪) સદરહુ ફોર્સના સંબંધમાં પેટા કલમ (૨) ની રૂએ સ્થાનિક સરકારનાં કામ સામાન્યતઃ બજાવનાર અધિકારીએ સદરહુ પ્રકારના ફોર્સના જે કોઇપણ આસામીને આ પેટા-કલમની રૂએ કામ કરવાને સાધારણતઃ કિંવા વિશેષતઃ સત્તા આપી હોય તે આસામીને પેટા કલમ [૩] ની રૂએ જે સ્થાનિક ક્ષેત્રમાં પોલીસ–અમલદારની સત્તા હોય તે ક્ષેત્રના કોઈપણ ભાગમાં, પોલીસ–થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને તે ભાગમાં જે સત્તા હોય તે સત્તામાંની કોઈપણ સત્તા ચલાવવાનો અધિકાર સદરહુ આસામીને છે, અને તે સદરહુ પ્રકારની કોઈપણ સત્તા આ પ્રમાણે ચલાવતો હોય તે વખતે સદરહુ આસામી પોતાના પોલીસ–થાણાની હદમાં પોલીસ–અમલદારનું કામ બજાવનાર પોલીસ–થાણું જે અમલદારના સ્વાધીન હોય તે અમલદારછે એમ સમજવું; માત્ર આ ઠરાવ ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ તેના સંબંધમાં જે કંઈ હુકમ કરે તે હુકમને પાત્ર છે એમ સમજવું.

(૫). પેટા કલમ (૧) પ્રમાણે જનરલ પોલીસ ડિસ્ટ્રકટમાં આવી જતા ઈલાકાનો પ્રાંતનો, અથવા જગાનો ભાગ, સદરહૂમાં આવી જવાના કારણથી, જે ઈલાકા પ્રાંત અથવા જગાનો તે એકાદો ભાગ હો તે ઈલાકા, પ્રાંત અથવા જગાનો ભાગ પોલીસ સંબંધીના કોઈપણ કાયદાના કારણસાર નથી, એમ બનશે નહિ: માત્ર આ ઠરાવ ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ તેના સંબંધમાં જે કોઈપણ હુકમ કરે તેને પાત્ર છે એમ સમજવું.

(૬). આ કલમના કારણસાર અને તેના ઠરાવોને પાત્ર રહીને સને ૧૮૬૧ નો આકટ ૫ માની કલમ ૪૬ માં જે કંઈપણ મજકુર હોય તોપણ સદરહૂ આકટ આખા બ્રિટિશ હિંદુસ્થાનમાં લાગુ છે એમ સમજવું.

જે ઈલાકા પ્રાંત અગર જગાના પોલીસ–અમલદાર હોય તે સિવાયના ભાગમાં તેઓની નોકરી.

૩. તરત પાછલ ગયેલી કલનમાં કહેલા કિંવા હવાલો આપેલા આકટોમાં જે કંઈ મજકુર કહ્યો હશે તોપણ, પરંતુ ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ આ અર્થે જે કોઈપણ હુકમો કરે તેને પાત્ર રહીને, કોઈપણ ઈલાકા, પ્રાંત અગર જગાના પોલીસ–એસ્ટાબ્લિશમેંટના એકાદા આસામીને સદરહૂ ઈલાકા, પ્રાંત અગર જગાની હદ બહાર બ્રિટિશ હિંદુસ્થાનના કોઈપણ ભાગમાં પોલીસ–અમલદારના કામ કરવાને અધિકાર છે; અને આ પ્રમાણે સદરહૂ કામ કરતો હોય તે વખતે સદરહૂ ભાગના પોલીસ–એસ્ટાબ્લિશમેન્ટમાનો આસામી છે એમ સમજવું: અને તેને સદરહૂ એસ્ટાબ્લિશમેન્ટના પોલીસ–અમલદારની સત્તા, કામ, અને હક્ક સ્વાધિન થશે તથા સદરહૂ અમલદાર જે જવાબદારીને પાત્ર હોય તેજ જવાબદારીને પાત્ર રહેશે.

(True Translation)

Y. M. KELKAR,

Oriental Translator to Government

સન ૧૮૬૭ નો આકટ ૭ મો.

—:૦:—

(મુંબઈના ગવરનર ઈનકૌંન્સિલનો હેઠલ લખેલો આકટ સન ૧૮૬૭ ના નવેમ્બર મહિનાની ૧૫ મી તારીખે મુંબઈના ગવરનર સાહેબે મંજુર કર્યો, અને સન ૧૮૬૭ ના ડિસેંબર મહિનાની ૧૨ મી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કર્યો છે.)

મુંબઇ ઇલાકાની ડીસ્ત્રીકટ પોલીસ બાબત નીયમ ઠરાવવા બાબતનો આકટ.

મુંબઇ ઇલાકાની પોલીસના બંદોબસ્ત નિયમ ઠરાવવા યોગ્ય છે વાસ્તે હેઠલ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

કલમ ૧ લી.—આ આકટમાં જે શબ્દો તથા વાકયો હેઠળ લખ્યા છે તે શબ્દોનો તથા વાકયોનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે સમજવો. પણ તેવા અર્થને વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો હોય તો તેવો અર્થ સમજવો નહીં.

"જીલ્લાનો માજીસ્ત્રેટ" એ શબ્દો વડે કોઇ પણ જીલ્લા મધે હકુમત ચલાવવાનું કામ જે મુખ્ય અમલદારને સોંપ્યું હોય અને તે મુખ્ય અમલદાર માજીસ્ત્રેટનો અખિયાર ચલાવતો હોય અને તે મુખ્ય અમલદારના હુદ્દાનુ ગમે તે નામ હોય તોપણ તે મુખ્ય અમલદાર સમજવો.

"માજીસ્ત્રેટ" એ શબ્દમાં જે માણસ માજીસ્ત્રેટનો સઘળો અથવા કાંઇ પણ અખતિયાર ચલાવતો હોય તે માણસનો સમાસ થાયછે એવું સમજવું.

જેટલા દેશમાં જીલ્લાના માજીસ્ત્રેટની હકુમત ચાલતી હોય તેટલા દેશને "જીલ્લો" સમજવો.

આ આકટ પ્રમાણે જે માણસો નીમવામાં આવશે તે સઘળાં માણસોનો સમાસ "પોલીસ" અથવા પોલીસ અમલદાર એ શબ્દોમાં થાયછે એવું સમજવું.

"કાન્સ્ટેબલ" આ શબ્દ વડે પોલીસ માંહેનો સઉના કરતાં નીચા દરજાનો અમલદાર સમજવો.

"માલ" આ શબ્દમાં હરેકંઇ જંગમ માલનો અથવા નાણાનો અથવા નાણાના દસ્તાવેજનો સમાસ થાયછે એવું સમજવું.

"ઢોર" આ શબ્દમાં શિંગડાવાળા ઢોરોનો સમાસ થાયછે સિવાય વળી હાથિનો તથા ઉંટનો તથા ઘોડાનો તથા ગધેડાનો તથા ખચરનો તથા ઘેટાનો તથા બકરાનો તથા ડુકરોનો સમાસ થાયછે એવું સમજવું.

કલમ ૨ જી.—રકમ ૧ લી—મુંબઈના કાયદા પુસ્તક માંહેના સન ૧૮૨૭ ના ૧૨ ના કાયદાની હેઠળ લખેલી કલમોના જે ભાગ હજુ અમલમાં છે તે ભાગ આ કલમ ઉપરથી રદ કર્યાછે.

૧ લી રકમ.
૩ જી કલમની ૧ લી રકમ.
૪ થી કલમ.
૩૦ મી કલમ.
૩૧ મી કલમની ૪ થી રકમ.
૪૦ મી કલમ.

રકમ ૨. જી—"મુંબઈ ઈલાકાની પોલીસનાં કામની તપાસ સદરફોજદારી અદાલતની કોરટ રાખે છે તે તેની પાસેથી લઈ લેવા બાબત" સન ૧૮૫૨ નો ૨૮ મો આકટ છે તેની ૨ જી કલમ પણ આ રકમ ઉપરથી રદ કરી છે.

કલમ ૩ જી—ઈંડિયાના ગવરનર જનરલ ઈનકૌન્સિલની મંજુરી લેઈને સરકાર વખતે વખતે હુકમ કરશે તેટલા મુંબઈ ઈલાકાના જુદા જુદા જીલ્લાના પોલીસ ખાતામાં અમલદારો તથા માણસો જોઈએ, તથા તે ખાતાની તેવી રચના જોઈએ, અને તે માણસોને તેટલો પગાર મળશે.

કલમ ૪ થી—મુંબાઈ ઈલાકાની આખી પોલીસની તપાસ સરકાર રાખશે. અને ઈંડિયાના ગવનરજનરલ ઈનકૌસિલના નિરબંધ તળે (એટલે હુકમ તળે) રહીને સરકારે તે તપાસ રાખવી, અને આ આકટમાં કહ્યું છે તે શિવાય બીજી રીતે કોઈ માણસને અથવા અમલદારને અથવા કોરટને સરકારે હરકોઈ પોલીસ અમલદાર નીમવાનો અથવા હરકોઈ પોલીસ અમલદાર ઉપર નિરબંધ ચલાવવાને અધિકાર આપવો નહીં.

કલમ ૫ મી—આખા મુંબઈ ઈલાકાની અથવા મુંબઈ ઈલાકાના કેટલાએક ભાગની પોલીસનો બંદોબસ્ત કરવાનું કામ સરકારને યોગ્ય જણાશે તે પ્રમાણે એક અથવા વધતા કમિશનર નીમીને તથા યોગ્ય જણાશે તેટલા તેઓને આસિસ્ટંટ આપીને તેઓને સોંપવું અને સરકાર ફરમાવશે તેટલા જીલ્લા દરએક કમિશનરના તાબામાં રેહેશે. એક અથવા વધા જીલ્લાની પોલીસના બંદોબસ્તનું કામ ડિસ્ત્રિકટ સુપ્રિનટેંડેંટને અને સરકારની જગામાં જરૂર જણાશે તેટલા આસિસ્ટંટ ડિસ્ત્રિકટ સુપ્રિનટેંડેંટને સોંપવું. પણ તેઓની ઉપર સદરહુ કમિશનરના તાબા માંહેના જીલ્લાના માજીસ્ત્રેટનો નિરબંધ રેહેશે અને હુકમ ચાલશે. સરકાર વખતે વખતે કમિશનર તથા ઉપર કહેલા બીજા અમલદાર નીમશે. અને તેઓને કામ ઉપરથી દુર કરવાને સરકાર પણ મુખતિયાર છે.

કલમ ૬ ઠી—દરએક કમિશનરને પોતાના તાબા માંહેના જીલ્લાઓમાં માજીસ્ત્રેટનો સઘળો અખતિયાર છે એવું સમજવું, પણ તે અખતિયાર સરકાર વખતે વખતે જે મર્યાદા ઠરાવે તે મર્યાદા પ્રમાણે ચલાવવો.

કલમ ૭ મી.—પોતાને યોગ્ય જણાય તે હદમાં માજીસ્ત્રેટનો સઘળો અથવા કાંઈ એક અખતીયાર પોલીસના આસિસ્ટંટ કમિશનરને અથવા ડિસ્ટરીક સુપ્રિનટેન્ડેન્ટને અથવા આસિસ્ટંટ ડિસ્ટરીકટ સુપ્રીનટેન્ડેન્ટને આપવાને સરકાર મુખતિયાર છે. પણ એ પ્રમાણે

તે અમલદારોને જે અખતિયાર મળ્યો હોય તેમાંથી જરૂર હોય તેટલો સુલેહનો ભંગ થતો અટકાવવા સારૂ તથા ગુન્હા નહી થવા દેવા સારૂ તથા ગુન્હેગારોને શોધી કાઢવા સારૂ તથા તેઓને પકડવા સારૂ તથા માજીસ્ત્રેટની આગલ લઇ જવાને તેઓને અટકાવી રાખવા સારૂ ચલાવવો. અને આ આકટ ઉપરથી તેઓને જે કામો સોંપી આપ્યા છે તે કરવા સારૂ જરૂર હોય તેટલો ચલાવવો.

કલમ ૮ મી—આ આકટની ૫ મી કલમમાં કહેલા પોલીસ અમલદારો સિવાય સઘળા પોલીસ અમલદારોને એક અથવા વધ્તા જીલ્લાઓને સારૂ નીમવા; અને સરકાર વખતે વખતે કાનુનો મંજુર કરશે તે કાંનુનો પ્રમાણે તે અમલદારો નીમવાનો પોલીસ કમીશનરને તથા ડીસ્ત્રીકટ સુપરીનટેન્ડેન્ટને અખતિયાર છે. અને તે કાનુનો પ્રમાણે આ અમલદારો બાબત હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો કમિશનરને તથા ડીસ્ત્રીકટ સુપરીનટેન્ડેન્ટને અખતિયાર છે. એટલે, ફલાણો પોલીસ અમલદાર પોતાના કામમાં સુસ્ત છે અથવા ગફલત કરે છે અથવા કામને લાયક નથી એવું પોતાની નજરમાં આવે ત્યારે તેને હરકોઇ વખતે બરતરફ કરવાનો અથવા કામ ઉપરથી મોકુફ કરવાનો અથવા તેને ઓછા પગાર ઉપર નીમવાનો અખતીઆર છે અથવા કોઈ પોલીસ અમલદાર પોતાનાં કામમાં કાળજી નહી રાખશે અથવા ગફલત કરશે અથવા કાંઈ કામ કરીને પોતાનું કામ કરવાને નાલાયક થશે તો તેને ઘણામાં ઘણો એક મહિનાનો પગાર દંડ કરવાનો અખતીયાર છે.

કલમ ૯ મી—સદરહુ પ્રમાણે નીમેલા દરએક પોલીસ અમલદારને તેની નેમણુક થાય પછી આ આકટને જોડેલા નમુના પ્રમાણે દાખલો કમિશનરના શીક્કાનો અથવા કમિશનર જે બીજા અમલદારને નીમશે તેના શીક્કાનો મળશે એ પ્રમાણે જે માણસને દાખલો મળ્યો છે, એવું સમજવું. સદરહુ દાખલા ઉપરથી પોલીસ અમલદારનો અખતિયાર તથા હક મળે છે એવું સમજવું. સદરહુ દાખલામાં જે માણસનું નામ લખ્યું હોય તે માણસ પોલીસ માંહેની ચાકરી ઉપરથી મોકુફ અથવા બરતરફ થશે અથવા બીજી રીતે કામ ઉપરથી દુર થશે એટલે તે દાખલો રદ થશે એવું સમજવું. અને તે માણસનો ઉપરી અમલદાર હોય તેને સ્વાધીન અથવા દાખલો લેઇ લેવાનો અખતીઆર જે બીજા અમલદારને આપ્યો હોય તેને સ્વાધીન તે દાખલો તાબડતોબ કરવો.

કલમ ૧૦ મી—પોલીસ અમલદારને ડિસ્ટરીકટ સુપ્રીનટેન્ડેન્ટે ખસુસ કરીને પરવાનગી આપી નહી હશે અથવા પરવાનગી આપવાનો જે બીજા અમલદારને અખતિયાર મળ્યો હોય તે અમલદારે ખસુસ કરીને પરવાનગી આપી નહી હશે અથવા વૈદનો દાખલો નહી હશે તો તેનાથી ચાકરીમાંથી નીકળાશે નહી. અથવા રાજીનામું આપવાનો પોતાનો ઇરાદો હોય તેની નેદાન બે મહીના આગમચ સુચના પોતાના ઉપરી અમલદારને લખીને આપી નહી હશે તો ડિસ્ટરીકટ સુપ્રીનટેન્ડેન્ટની પરવાનગી વગર પોતાની ચાકરીનું રાજીનામું અપાશે નહી.

કલમ ૧૧ મી—આ આકટ પ્રમાણે પોલીસ અમલદારનું જે કામ હોય તે સીવાય બીજી કાંઈ ચાકરી અથવા કામ કમીશનરની ખસુસ કરીને લખેલી પરવાનગી લીધા વગર તેણે કબુલ કરવું નહી.

કલમ ૧૩ મી—પોતાના તાબા માંહેના જીલ્લામાં પોલીસ બનાવવા બાબત તથા તેના વર્ગ કરવા બાબત અને તેઓએ કયાં કયાં વિશેષ કામો કરવા તે બાબત અને તેઓને જોઇને તપાસ કરવા બાબત અને તેઓને હથીયારો તથા સામાન સરંજામ તથા બીજી જરૂરીની જણસો આપવી જોઈયે તે કેવી આપવી તે બાબત. અને તેઓએ ખબર કહાડાને તે જાહેર કરવા બાબત પોતાને યોગ્ય જણાય તેવા હુકમ તથા કાનુન સરકારની મંજુરી લઇને વખતે વખતે કરવાનો અધિકાર કમિશનરને છે. અને ગેરરીતે કામ નહીં થવા દેવા બાબત અથવા ગફલત, નહીં થવા બાબત. અને પોતાના તાબા માંહેની પોલીસ પોતાનું કામ સારી રીતે બજાવે તેવી તે પોલીસને હુશિયાર કરવા બાબત પોતાને યોગ્ય જણાય તેવા બીજા હુકમ તથા કાનુંનો વખતે વખતે કરવાને કમીશનરને અખત્યાર છે. અને જુદા જુદા જીલ્લામાં શીરીતે પોલીસ વેહેંચી આપવી તે તેણે માજીસ્ત્રેટના અનુમતથી ઠરાવવું.

કલમ ૧૪ મી—ફલાણે ઠેકાણે સુલેહનો ભંગ થતો અટકાવવાસારૂ અથવા પોલીસનાં બીજાં કામ કરવા સારૂ વળી બીજી પોલીસ મોકલવાની ફલાણા સબબથી જરૂર છે એવી કોઈ માણસ અરજી કરે ત્યાર પછી તે પ્રમાણે તે ઠેકાણે વળી બીજી પોલીસ યોગ્ય જણાય તેટલી મુદત સુધી મોકલવાને હરકોઇ કમિશનર મુખત્યાર છે; અથવા જીલ્લાના માજીસ્ત્રેટનો હુકમ લેઇને તે પ્રમાણે કરવાને ડિસ્ત્રીકટ સુપરીનટેન્ડેન્ટ મુખત્યાર છે. એ પ્રમાણે બીજી મોકલેલી પોલીસ ઉપર ડીસ્ત્રીકટ સુપરીનટેન્ડેન્ટનો હુકમ ચાલશે. અને તેનો ખરચ અરજી કરનારને આપવો પડશે. પણ એવું ઠરાવ્યું છે કે જે માણસની અરજી ઉપરથી સદરહુ પ્રમાણે પોલીસ મોકલી હોય તે માણસ કમિશનરને અથવા ડીસ્ત્રીકટ સુપરીનટેન્ડેન્ટને એક મહીનો આગમચ લખેલી સુચના આપીને અથવા સદરહુ બેઉ અમલદારમાંનો હરકોઇ અમલદાર જેટલી ઓછી મુદતની સુચના કબુલ કરશે તેટલી ઓછી મુદતની સુચના આપીને સદરહુ પોલીસ ઉઠાવી લેવાનું કેહેવાને મુખતિયાર છે. અને તે સુચનાની મુદત પુરી થશે એટલે સદરહુ વધતી પોલીસના ખરચનો ભાર માણસને માથેથી ઉતરશે એવું સમજવું.

કલમ ૧૫ મી—મુલકના કોઈ ભાગમાં લોઢાની સડકનું અથવા નેહેરનું કામ અથવા બીજું સાર્વજનિક કામ અથવા કારખાનું અથવા વેપારનું કામ ચાલે અથવા ચાલતું હોય અને તે કામ ઉપર અથવા કારખાનાં ઉપર રાખેલા માણસોની ચાલચલગત ઉપરથી અથવા તેઓ ફલાણી રીતે ચાલશે એવું લાગવાથી તે જગાએ વધતી પોલીસ રાખવાની જરૂર છે એવું કમિશનરની નજરમાં આવે ત્યારે સરકારનું અનુમત લઈને તે જગાયે વધતી પોલીસ મોકલવાનો અને જરૂર હોય તાંહા સુધી તેઓને તે ઠેકાણે રાખવાનો પોલીસ કમિશનરને અધિકાર છે. અને એ પ્રમાણે જરૂર પડયાથી વધતી પોલીસ રાખી હોય તેનો પગાર આપવાનો હુકમ સદરહુ પ્રકારનું કામ અથવા કારખાનું અથવા વેપારનું કામ ચલાવવાનાં કામમાં વાપરવા નાણું જે માણસના તાબામાં હોય તે માણસને કરવાને કમિશનર મુખતિયારછે. અને એ પ્રમાણે લખી મોકલે એટલે તે માણસે (પગારના) રૂપિયા આપવા જોઇએ.

કલમ ૧૬ મી.—મુંબઇ ઇલાકાના જે ભાગમાં દગો રિસાદ થયો હોય અથવા થવાની ધાસ્તી હોય ત્યાંહાં, અથવા મુંબાઇ ઇલાકાના જે ભાગના રેહેવાસીઓની ચાલચલગત ઉપરથી પોલીસના માણસોની સંખ્યા વધારવાનું યોગ્ય લાગતું હોય તે ભાગમાં મામુલ પ્રમાણે રાખવાની પોલીસ ફોજ કરતાં જાસ્તી પોલીસ ફોજ રાખવા બાબત જાહેરનામુ મારીને અથવા પોતાને યોગ્ય લાગે તેવી બીજી રીતે હુકમ કરવાનો સરકારને અખતિયાર છે. એ પ્રમાણે રાખેલી જાસ્તી પોલીસનો ખરચ થાય તે સઘળો અથવા તેને કાંઈ ભાગ સરકારની નજરમાં આવે તે પ્રમાણે મુલકનો જે ભાગ જાહેરનામામાં લખ્યો હોય તે ભાગ ઉપર સ્થાનિક કર બેસાડીને લેવો; અને જીલ્લાનો માજીસ્ત્રેટ લખી મોકલે એટલે કલેકટરે મુલકના તે ભાગના રેહેવાસીઓ ઉપર પોતાને વાજબી જણાય તે રીતે ફાળો નાખીને તે ખરચની રકમ વસુલ કરવી. પણ એવું ઠરાવ્યું છે કે મુંબઇ ઈલાકાનો જે ભાગ સદરહુ પ્રમાણે જાહેરનામામાં લખ્યો હોય તે ભાગ, સને ૧૮૫૦ ના ર૬ મા આકટ પ્રમાણે અથવા બીજા ચાલુ આકટ પ્રમાણે જે શેહેરમાં મ્યુનિસિપલ કમીશનર હોય તે શેહરની હદમાં તો સદરહુ ખરચ મ્યુનીસીપલ ફંડમાંથી કરવો. અને તે કામસારૂ બીજો કાંઇ કર બેસાડવાની જરૂર હોય તો તે કરનો આંકડો મ્યુનિસિપાલ કમિશનરે ઠરાવવો.

કલમ ૧૭ મી.—ઉપરની છેલ્લી ત્રણ કલમમાં કહ્યાં પ્રમાણે જાસ્તી પોલીસ રાખી હોય તે બાબતનો અવેજ તેજ કલમ પ્રમાણે આપવો જોઇએ. તે અવેજ સાત દિવસની મુદતની લખેલી સુચના આપીને કલેકટરના હુકમથી હેઠળ લખેલી રીતે વસુલ કરવો. એટલે મેહેસુલ વસુલ કરવા બાબત જે કાયદા ચાલુ હોય, તે કાયદા પ્રમાણે મેહેસુલ જે રીતે વસુલ કરેછે તેજ રીતે તે અવેજ વસુલ કરવો. અને એ બાબત અવેજ આવે તે "જનરલ પોલીસ ફંડ" એ નામના ફંડખાતે જમે કરવો; અને સરકાર હુકમ કરે તે પ્રમાણે પોલીસના ખરચમાં વાપરવો. પણ એવું ઠરાવ્યું કે ઉપરની છેલ્લી કલમના વિશેષ ઠરાવ ઉપરથી જે રકમો ઠરાવી હોય તે સઘળી રકમો સરકારમાં ભરવાસારૂ મ્યુનિસિપલ કમિશનરના હુકમથી વસુલ કરવી. અને શેહેર સુધારાનાં કામ સારૂ કરના આંકડા જે રીતે વશુલ કરેછે તે રીતે તેણે તે રકમો વશુલ કરવી.

કલમ ૧૮ મી.—સુલેહનો ભંગ થતો અટકાવવાસાર અથવા હંગામો અથવા બખેડો બંધ પાડવા સારૂ અથવા જે બીજામાણસને પકડવાનો પોતાને અખતિયાર હોય તેને પકડવા સારૂ મદદ કરવાનુ હરકોઇ માણસને ફરમાવવાને માજીસ્ત્રેટ અથવા પોલીસનો ડિસ્ત્રીકટ સુપરીનટેંડેંટ અથવા આસિસ્ટંટ ડિસ્ત્રીકટ સુપરીનટેંડેંટ અથવા હરકોઇ પોલીસ અમલદાર મુખતિયાર છે.

કલમ ૧૯ મી.—જે પોલીસ ફોજ હાજર હોય તે હુલડ અથવા મોહોટું ધાંધલ બેસાડી દેવાને બસ નથી એવું નજરમાં આવે ત્યારે હથિયારના જોરથી હુલ્લડ બેસાડીદેવા સારૂ લશકરી મદદ પાસેના લશકરી પોસ્ટના અથવા થાણાંના કમાન્ડિંગ આફીસરની પાસે માગવાનો અધિકાર તે જગાના જે માજીસ્ત્રેટને સરવના કરતાં વધતી મુખતિયારી હોય તેને છે.

કલમ ૨૦ મી.—દરએક પોલીસ અમલદાર જે જીલ્લાનો અથવા જિલ્લાઓનો હોય તે જીલ્લામાં તે હમેશાં કામગિરી ઉપર છે એવું આકટના સર્વે કારણો માટે સમજવું. અને મુંબાઈ ઈલાકાના બીજા કોઈ ભાગમાં તેની જરૂર હશે ત્યાંહાં સુધી ત્યાંહાં તેને કામગિરી ઉપર હરકોઈ વખતે મોકલવાનો અખતિયાર છે.

કલમ ૨૧ મી—યોગ્ય અધિકારીએ કાયદાસર હુકમ થતા વારંટ આપ્યાં હોય તે તેણે તાબડતોબ માનીને અમલમાં લાવવાં અને લોકોનાં સ્વારથપણાં બાબતની (એટલે સુલેહ બાબતની, ખબર કાહાડીને તે ખબર જાહેર કરવી, અને ગુનાહ તથા લોકોપકારક કૃત્ય થતાં અટકાવવાનો બંદોબસ્ત કરવો અને ગુન્હેગારોને શોધી કહાડીને તેઓનો ઇનસાફ થવા સારૂ તેઓને હાજર કરવા. અને જે માણસોને પકડવાનો પોતાના કાયદાની રૂએ અધિકાર હોય અને જે માણસોને પકડવાનું વાજબી કારણ હોય તે સર્વેને પકડવાં, એ દરએક પોલીસ અમલદારનું કામ છે એવું સમજવું અને આ કલમમાં કહેલાં હરકાંઈ કારણ સારૂ વારંટ વગર પીઠાંમાં અથવા જુગારના અખાડામાં અથવા હલકાં અને બેઢંગા માણસોને અથવા જવાની જગાએ પેસીને ચોકસી કરવાનો દરએક પોલીસ અમલદારને અધીકારછે.

કલમ ૨૨ મી—હથીઆરો અથવા બીજી જણસો ગેરવાજબી કામ સારૂ રાખી છે એવું પોતાનાં ધ્યાનમાં આવવાનું વાજબી કારણ હોય તો તે સઘળી પકડવાનો અધિકાર કાન્સટેબલનાં કરતાં ઉચા દરજાના પોલીસ અમલદારને છે. પણ પકડવા સારૂ રેહેવાનાં ઘરમાં પેસવાની જરૂર હોય તો વગર વારંટે પેસવું નહી. જીલ્લાનો માજીસ્ત્રેટ ફરમાવે તે પ્રમાણે તે હથીઆરોનો તથા જનસોનો નિકાલ કરવો.

કલમ ૨૩ મી—માસ્ત્રેટની રૂબરૂ મજકુર જાહેર કરવાનો અને ગુન્હો કરનારની ઉપર કાયદા પ્રમાણે નીકળી શકે તેવો સમન અથવા વારંટ અથવા ઝાડો લેવાનું વારંટ અથવા કાયદાસર બીજો કાંઈ હુકમ માગવાનો પોલીસ અમલદારને અખતીયાર છે.

કલમ ૨૪ મી—સઘળો બે વારસી માલ પોતાનાં તાબામાં લેવો, અને તે જે ગામમાંથી જડ્યો હોય તે ગામના પોલીસ પટેલને હવાલે કરીને તેની પહોંચ લેવી, એ દરએક પોલીસ અમલદારનું કામ છે અને તે ઠેકાણે જે માજીસ્ત્રેટની હકુમત ચાલતી હોય તે નજીકના માજીસ્ત્રેટની પાંસે તે પોહોંચ પોલીસ અમલદારે મોકલી દેવી.

કલમ ૨૫ મી—કોઇ માણસ આ આકટ પ્રમાણે પોલીસ અમલદારનાં કામમાંથી દુર થશે તે પોતાનો દાખલો તથા કપડાં તથા હથીયાર વગેરે સાજ સરંજામ તથા કામ બજાવવા સારૂ પોતાને તથા જરૂરની બીજી જણસો આપી હોય તે પછી આપવાની જાણી જોઇને ગફલત કરશે અથવા ના કેહેશે તો તે વાત માજીસ્ત્રેટની આગળ સાબિત થયા પછી તે બસેં રૂપિયા સુધી દંડને લાયક થશે અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા છ મહિના સુધી બેમાંના ગમે તે એક પ્રકારની કેદની શિક્ષાને લાયક થશે.

કલમ ૨૬ મી—પોલીસ અમલદાર પોતાને જે રીતે ચાલીને કામ કરવું જોઇએ તેથી ઉલટો ચાલશે, અથવા યોગ્ય અધિકારીએ કરેલી કાનુન અથવા કાયદો અથવા કાયદેસર હુકમ જાણી જોઇને તોડશે અથવા તેમાં ગફલત કરશે અથવા પરવાનગી વગર અથવા બે મહિના અગાઉ સુચના આપ્યા વગર પોતાના હુદાનું કામ છોડશે, અથવા પોલીસની

ચાકરી સિવાય બીજું કાંઈ કામ હુકમ વગર માથે લેશે, અથવા બિહીકણપણું કરશે, અથવા કોઇ માણસ પોતાના તાબામાં કેદમાં હોય ત્યારે તેને વગર આધારે મારકુટ કરશે તો માજીસ્ત્રેટની આગળ તે વાત સાબીત થયા પછી તે પોલીસ અમલદાર ઘણામાં ઘણા ત્રણ મહિનાના પગાર જેટલા દંડને અથવા ઘણામાં ઘણા ત્રણ મહિના સુધી બેમાંથી હરકોઇ એક પ્રકારની કેદની શિક્ષાને અથવા એ બેઉ શિક્ષાને લાયક થશે.

કલમ ૨૭ મી—સાર્વજનિક રસ્તામાં અથવા ગલીમાં અથવા રાહાદારીની બીજી જગાએ લોકો એકઠા થાય તો તેઓએ શી રીતે એકઠા થવું, અને એકઠા થઇને જાય ત્યારે શી રીતે એકઠા થઇને જવું (તથા વરઘોડા વગેરે શી રીતે કહાડવા) તે બાબત કામ પડે ત્યારે હુકમ કરવાનો અધિકાર અને વરઘોડા વગેરે કયે રસ્તે અને કઈ વખતે લઈ જવા તે ઠરાવવાનો અધિકાર પોલીસના ડિસ્ત્રીક્ટ સુપરીનટેન્ડેન્ટને તથા આસિસ્ટંટ ડીસ્ત્રીક્ટ સુપરીનટેન્ડેન્ટને છે. વાર તેહેવારને દહાડે અથવા ધરમસંબંધી ક્રિયાને પ્રસંગે ગામનાં રસ્તામાં વાજાં વગાડવા દેવા બાબત્ત નિયમ ઠરાવવાનો અધિકાર પણ તેઓને છે.

કલમ ૨૮ મી—સાર્વજનિક રસ્તામાં તથા ગલીમાં તથા રાહાદારીની જગાએ તથા નાહાવાની તથા ધોવાની તથા ઉતારવાની જગાએ તથા લોકોને આવવા જવાની સઘળી જગાએ અથવા લોક ભકિત કરતા હોય ત્યારે ભક્તિ કરવાની જગાની આસપાસ બંદોબસ્ત રાખવો, અને સાર્વજનિક રસ્તામાં અથવા ગલીમાં અથવા રાહાદારીની જગાએ તથા નાહાવાની તથા ધોવાની તથા ઉતરવાની જગાએ રસ્તો બંધ નહી થઈ જાય અથવા સાર્વજનિક તરમાં ઘણી ભીડ નહી થાય તેવો બંદોબસ્ત રાખવો, એ પોલીસનું કામ છે.

કલમ ૨૯ મી.—ઉપરની છેલ્લી બેઉ કલમો પ્રમાણે આપેલા હુકમને જે માણસ હરકત કરશે અથવા નહી માનશે તે માણસ સદરહુ હુકમ આ આકટની ૨૭ મી કલમ પ્રમાણે કર્યો હશે તો તે વાત તેની ઉપર માજીસ્ત્રેટની આગળ સાબિત થયા પછી બસેં રૂપેયા સુધી દંડને લાયક થશે. અથવા દંડ નહિ આપશે તો ઘણામાં ઘણાં છ મહિના સુધી બેમાંથી ગમે તે એક પ્રકારની કેદની સજાને લાયક થશે, અને સદરહુ હુકમ આ આકટની ૨૮ મી કલમ પ્રમાણે કર્યો હશે તો તે વાત તેની ઉપર માજીસ્ત્રેટની આગળ સાબીત થશે તો પચાસ રૂપીયા સુધી દંડને લાયક થશે, અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા બે મહિના સુધી બેમાંથી ગમે તે એક પ્રકારની કેદની સજાને લાયક થશે.

કલમ ૩૦ મી.—ઉપરની છેલ્લી ત્રણ કલમોમાં કહેલી બાબતમાં જીલ્લાના માજીસ્ત્રેટનો સામાન્ય અધિકાર છે તે અધિકારને તે કલમોના કોઈ ઠરાવથી હરકત થાય છે, એવું સમજવું નહી.

કલમ ૩૧ મી.—જે શેહેરમાં અથવા બીજી જગાએ માજીસ્ત્રેટ રહેતો હોય તે શેહેરમાં અથવા બીજી જગાએ, અથવા જે શેહેરને અથવા બીજી જગાને અથવા સાર્વજનિક રસ્તાને આ કલમ સરકારના જાહેરનામા ઉપરથી ખસુસ કરીને લાગુ કરી હોય તે શેહેરમાં અથવા બીજી જગાએ અથવા રસ્તામાં અથવા રસ્તા પાસે કોઈ માણસ, રેહેવાસીઓને અથવા આવનારા જનારા લોકોને અટકાવ થાય અથવા કંટાળો આવે અથવા જોખમ અથવા બીહીક અથવા નુકશાન લાગે તેવી રીતે હેઠળ લખેલા ગુન્હા કરશે તો

માજીસ્ત્રેટની આગળ તે વાત તેની ઉપર સાબિત થયા પછી તે પચાસ રૂપીયા સુધી દંડને લાયક થશે, અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા આઠ દહાડા સુધી કેદની શિક્ષાને લાયક થશે. અને કોઈ માણસ પોતાના દેખતાં તેવો ગુન્હો કરતાં માલમ પડશે તો તેને વારંટ વગર કેદ કરવાનો અધિકાર હરકોઇ પોલીસ અમલદારને છે.

ગુન્હાની વિગત નીચે મુજબ—

૧. કોઈ માણસ કોઈ જાનાવરને મનમાં આવે તેમ અવિચારથી અને નિર્દયપણે બડબશે અથવા તેનો ગેરઉપયોગ કરશે અથવા તેના ઉપર જુલમ કરશે તે.

૨. સાર્વજનિક કુવો અથવા તળાવ અથવા હોજ અથવા પાણીની જગા જે કામ સારૂ નીમી હોય, તે કામમાં ઓછી ઉપયોગી પડે તેવી રીતે તેમાં કોઈ માણસ નાહાશે અથવા ધોશે અથવા બીજી રીતે ખરાબ કરશે અથવા ખરાબ કરાવશે તે. પણ એવું ઠરાવ્યું છે કે તેવું નહી કરવા બાબતનું જાહેરનામું પાસેની પ્રસિદ્ધ જગાએ જીલ્લાની ભાષામાં માર્યું હશે તો.

૩. કોઈ માણસ ઘોડા ઉપર અથવા બીજા ઢોર ઉપર બેશીને તેને કોઈ રસ્તામાં અથવા રાહાદારીની જગાએ બેપરવાઈથી અથવા ઘણા જેરથી હાંકશે અથવા શીખવશે (અથવા પજોટશે) અથવા તેને સંભાળવાનો પૂરો બંદોબસ્ત કર્યા વગર મુકી જશે; અથવા ફલાણું ઢોર અથવા વાહન લઈ જાય એવી સૂચના પોતા પછી જરૂર હોય તે કરતાં વધતી વાર લગી રેહેવા દેશે, અથવા અંધારી રાતે હરકોઈ જાતની ગાડી જોઈએ તેટલું બરાબર અજવાળું પડે તેવા વગર હાંકશે, અથવા વગર હુકમે કાંઈ માલ વેચવા સારૂ અથવા બીજા કામ સારૂ માંડી મુકશે; અથવા નીમેલી જગા શીવાય બીજી જગાએ કચરો અથવા ગંદવાડ અથવા પુંજો નાખશે, અથવા માજીસ્ત્રેટ અથવા મ્યુનીસીપલ કમીશનરની અથવા પોલીસ અમલદારની પરવાનગી વગર દારૂખાનું (એટલે આતસબાજી) છોડશે અથવા સાર્વજનિક રસ્તાથી ૫૦ ફુટની અંદર બંદુક વગેરે અગ્નિશસ્ત્ર અથવા દારૂખાનું છોડશે તે.

૪. કોઈ માણસ સાર્વજનિક રસ્તામાં અથવા ગલીમાં અથવા રાહાદારીની જગાએ, અથવા તેની પાસે તથા સામે કાંઈ ઢોરને મારી નાંખશે, અથવા મારેલું ઢોર અથવા ચામડું સાફ કરશે; અથવા જાણી જોઈને તથા નિર્લજપણે પોતાનું શરીર ઉઘાડું મૂકશે, અથવા પૈસા મેળવવા સારૂ કંટાળો આવે તેવું કુરૂપપણું અથવા રોગ ઉઘાડો મુકશે; અથવા લોકાપકારક કૃત્ય કરશે; અથવા દારૂ વગેરે પીને તોફાન અથવા મસ્તી કરશે; અથવા પોતાનાથી પોતાની સંભાળ નહીં થાય તેવો છાકટો થઈ જશે તે.

કલમ ૩૨ મી.—ઉપરની છેલ્લી કલમ પ્રમાણે જે માણસ ઉપર તોહોમત આવ્યું હોય તે માણસને પોતાની આગળ આવ્યા પછી માજીસ્ત્રેટની આગળ હાજર થવું. એ બાબત જામીન સુધાં અથવા જામીન વગર તે માણસનો મુચરકો લેવો એ કાન્સ્ટેબલના કરતાં ઊંચા દરજ્જાના પોલીસ અમલદારનું કામ છે.

કલમ ૩૩ મી.—કોઇ માણસ માજીસ્ત્રેટની અથવા મ્યુનિસિપલ કમીશનરની પરવાનગી વગર કોઈ રાહદારી જગાએ માંડવો અથવા છાપરૂં અથવા તબેલો અથવા તેવું

બીજું કાંઇ બાંધશે, અથવા પથરા અથવા ઘર બાંધવાનો સામાન મુકશે, અથવા પાસે રહેનારાઓને અથવા આવનાર જનાર લોકોને કંટાળો આવે તેવી રીતે શહેરની અથવા ગામની હદમાંહેની અથવા જગા માંહેની ટાંકીઓમાં અથવા ઉકરડામાં અથવા તેવાં બીજા કશામાં ગોજો પદાર્થ પાકાં કારણ વગર જાણી જોઈને એકઠો થવા દેશે; અથવા કોઈ ઘરમાંથી અથવા કારખાનામાંથી અથવા તબેલામાંથી અથવા સંડાસમાંથી અથવા તેવાં બીજા કશામાંથી રાહદારીની જગાએ ગંદો પદાર્થ પાકાં કારણ વગર જાણી જોઇને રહેવા દેશે, અથવા જે તળાવ અથવા હોજ પાણી પીવા સારૂ નીમ્યો હોય તેમાં ચોમાસામાં જે વેહેળાને રસ્તે પાણી આવતું હોય તે વેહેળામાં મુવેલું જનાવર અથવા કચરો અથવા ગંદવાડ નાખશે, અથવા જે બીજી જગાએ સદરહુ પ્રકારનો કચરો પુંજો રાખ્યાથી લોકોને ઉપદ્રવ થાય તે જગાએ નાખશે, અથવા ઠરેલી કાનુનો અથવા માજીસ્ત્રેટનો હુકમ નહી માનીને ઘાસ અથવા બીજો જવાળાગ્રાહી (એટલે તાબડતોબ સળગી ઉઠે તેવો) પદારથ રહેવાના ઘરથી અથવા પડશાળથી અથવા બીજી ઈમારતથી ૫૦ વાહારની અંદર સીચી મૂકશે અથવા ભરી મુકશે અથવા તે પ્રમાણે સીચી મૂકયો હોય અથવા ભરી મુકયો હોય તે કહાડી લઇ જવાને ચુકશે, અથવા કસબા માંહેની અથવા ગામ માંહેની અથવા રહેવાની જગા માંહેની અથવા તેની પાસેની જમીનપરની અથવા સાર્વજનિક રસ્તા માંહેની અથવા રાહાદારીના ઠેકાણાં માંહેની અથવા તેની પાસેની જમીન ઉપરની વાડ અથવા વધી ગયેલાં કંટાળ અથવા ઝાડી ઘણીજ વધવા દીધાથી લોકોને ઉપદ્રવ થવા જેવું હોય તે વાડ ઝારવાનો અથવા તે કંટાળ અથવા ઝાડી ઝારી નાખવાનો અથવા કહાડી નાખવાનો માજીસ્ત્રેટે હુકમ કર્યો હોય તે નહી માનશે તો તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થયા પછી તે માણુસ સદરહુ પ્રકારના દરએક ગુન્હા બાબત પચાસ રૂપિયા સુધી દંડને લાયક થશે અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા આઠ દહાડા લગી કેદની સજાને લાયક થશે. પણ એવું છે કે ૩ ફુટ ઊંચી અને ૩ ફુટ પહોળી કરતાં ઓછી ઊંચાઇની અને પહોળાઈની વાડ ઝારવાનું કોઈ માણસને ફરમાવવું નહી.

કલમ ૩૪ મી.—કોઇ શેહેરની અથવા ગામની સાર્વજનિક અથવા પડતર જમીનમાંના કંટાળા અથવા બીજી વનસ્પતિ (એટલે ઝાડ બીડ) અથવા ઉપદ્રવકારક ગંદકી કહાડી નાંખવાની જરૂર છે એવું ફુલપાવર માજીસ્ત્રેટની નજરમાં આવે ત્યારે તે જમીન સાથે જે લોકોને સંબંધ હોય તે લોકોને અને તે શેહેરના તથા ગામના રેહેવાસીઓને જનરલ નોટીસ આપીને તે કહાડી નાખવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે. તે નોટીસ ચાવડીમાં (એટલે ગામને ચોરે) અથવા લોકોને અથવા જવાની મુખ્ય જગાએ મારવી. તે નોટીસમાં યોગ્ય મુદત લખી હોય તે યોગ્ય મુદતમાં (તે મુદત ૭ દાહાડા કરતાં ઓછી લખવી નહી) તે હુકમ પ્રમાણે નહી થશે તો તે વનસ્પાત અથવા ઉપદ્રવકારક ગંદકી કહાડી નાખવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે. અને તે બાબત ખરચ થાય તેનો સદરહુ માજીસ્ત્રેટ ફરમાવે એટલે લોકો ઉપર ફાળો નાખીને આ આકટની ૧૬ મી અને ૧૭ મી કલમમાં કહેલી રીતે તેઓની પાસેથી તે ખરચ લેવો.

કલમ ૩૫ મી.—આ આકટ પ્રમાણે ગુન્હો સાબિત થયા પછી ઈનસાફ કરનારા અમલદારે શિક્ષા ઠરાવવી જોઇએ તે જેટલો દંડ અથવા કેદની શિક્ષા કરવાનો પોતાને અ-

ખત્યાર હોય તે અખત્યારની અંદર ઠરાવવી. પણ એવું ઠરાવ્યું છે કે કાન્સ્ટેબલના દરજ્જા કરતાં ઊંચા દરજ્જાના કોઇ પોલીસ અમલદારની ઉપર આ આકટ પ્રમાણે ફરિયાદ થાય તેની માજીસ્ટ્રેટનો ફૂલ અખત્યાર ચલાવનારા અમલદારેંજ તજવીજ કરીને ફેંસલો કરવો.

કલમ ૩૬ મી.—આ આકટમાં જે ગુન્હા બાબત શિક્ષા ઠરાવી છે તે ગુન્હા બાબત બીજા કોઇ કાયદા પ્રમાણે અથવા આકટ પ્રમાણે કોઇ માણસ ઉપર ફરીયાદ કરવાની મના છે એવો આ આકટના કોઇ ઠરાવનો અર્થ કરવો નહી; અથવા તે ગુન્હા બાબત આ આકટમાં જે શીક્ષા ઠરાવી છે તેથી બીજી કાંઈ જુદી અથવા વધતી શિક્ષા બીજા કોઇ કાયદા ઉપરથી અથવા આકટ ઉપરથી થવાને તે માણસ લાયક નથી એવો પણ અર્થ કરવો નહી. પણ એવું ઠરાવ્યું છે કે એકના એક ગુન્હા બાબત કોઈ માણસને બે વાર શિક્ષા થશે નહિં.

કલમ ૩૭ મી.—જે ગુન્હા બાબત શિક્ષા કરવાનો માજીસ્ટ્રેટને અધિકાર છે તે ગુન્હા બાબત આ આકટના આધારથી દંડ અથવા ગુન્હેગારી ઠરાવવામાં આવે તો નહી ભરે અને માજીસ્ટ્રેટને યોગ્ય જણાય તો જીલ્લાના માજીસ્ટ્રેટની હકુમતની હદમાં ગુન્હેગારનો માલ હોય તે જપ્ત કરીને વેચીને તે દંડ અથવા ગુન્હેગારી વસુલ કરવાનો અખત્યાર છે. જે માજીસ્ટ્રેટે હુકમ કર્યો હોય તેની સહીના વારંટ ઉપરથી તે માલ જપ્ત કરીને વેચવો.

કલમ ૩૮ મી.—સદરહુ દંડ અથવા ગુન્હેગારી તાબડતોબ નહીં ભરે તો સદરહુ જપતિના વારંટના પરિણામની હકીકત યોગ્ય વખતે લખાઈ આવે ત્યાંહાં સુધી ગુન્હેગારને પકડીને કેદમાં રાખવાનો હુકમ કરવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે પણ જપતીમાં વારંટના પરિણામની હકીકત મોકલવા સારૂ જે ઠેકાણું તથા વખત ઠરાવ્યો હોય તે ઠેકાણે તથા વખત તથા તે વખતે હું હાજર થઈશ એવો માજીસ્ટ્રેટની ખાતરીનો જામીન ગુન્હેગાર આપે તો તેને પકડીને કેદ કરવો નહી.

કલમ ૩૯ મી.—દંડ વસુલ થાય તેટલો માલ જપતીમાં જડતો નથી એવું જપ્તીના વારંટના પરિણામની હકીકત લખાઇ આવ્યા ઉપરથી દેખાય અને ગુન્હેગાર તાબડતોબ દંડ નહી ભરે અથવા ગુન્હેગારની જુબાની ઉપરથી અથવા બીજી રીતે માજીસ્ટ્રેટની ખાત્રી થાય કે જપ્તીનું વારંટ આપશું તોપણ કરેલો દંડ અથવા અવેજ વસુલ થાય તેટલી માલ મીલકત ગુન્હેગારની પાસે નથી, તો તે માજીસ્ટ્રેટ પોતાની સહીનું વારંટ આપીને પોતાની નજરમાં આવે તે પ્રમાણે કેદમાં રાખવા સારૂ ગુન્હેગારને (તે ગુન્હેગાર રાણીના વિલાયતની રૈયત નહિ હોય તો) તુરંગમાં મોકલવાને મુખત્યાર છે. પચાસ રૂપિયા કરતાં વધતો દંડ નહી હોય તો ઘણામાં ઘણું "બે કાલેંડર" મહિના સુધી કેદમાં રાખવો; અને સો રૂપીઆ કરતો વધતો દંડ નહી હોય તો ઘણામાં ઘણા ચાર "કયાલેંડર" મહીના સુધી કેદમાં રાખવો અને એ વગર બીજે પ્રસંગે ઘણામાં ઘણા "છ કયાલેંડર" મહીના સુધી કેદમાં રાખવો પણ દંડનો અવેજ આપે તો ગુન્હેગારને કેદમાંથી તાબડતોબ છોડી મુકવો.

કલમ ૪૦ મી. ગુનેહગારને રાણીની વિલાયતી રૈયત હોય ત્યારે માજીસ્ટ્રેટ જસ્ટિસ આફ ધી પીસ હોય તો હુમલો (એટલે મારામારી) ના મુકદ્દમામાં દંડ વસુલ કરવાની જે રીત ત્રીજા જાર્જ બાદશાહની કારકીર્દીમાં ઠરેલા ૫ મા સ્ટાટુટના ૧૫૫ બા-

બની ૧૦૫ મી કલમમાં કહીછે તે રીતે માજીસ્ત્રેટે દંડ વસુલ કરવો. સદરહુ માજીસ્ત્રેટ જસ્ટિસ આફ ધી પીસ નહી હોય તો જે વાત બની હોય તે તેણે દફતરમાં લખીને તે દફતર જીલ્લાની હદમાં બીજો કોઈ માજીસ્ત્રેટ જસ્ટિસ આફ ધી પીસ હોય તેની પાસે મોકલી દેવું. પછી તે માજીસ્ત્રેટે ઉપર કહેલી રીતે દંડ વસુલ કરવા સારૂ ગુન્હેગાર ઉપર કામ ચલાવવું.

કલમ ૪૧ મી. પોલીસ અમલદારના હાથથી સમન વગેરે હુકમ પોહોંચાડવા બાબત અવેજ આવે તે સઘળો અવેજ તથા ઇનામનો તથા દંડનો અથવા ઇનામના તથા દંડના હીસ્સાનો અવેજ ખબર આપનારને કાયદા પ્રમાણે આપવામાં આવેછે તેવો અવેજ પોલીસ અમલદારે ખબર આપી હોય તે ઉપરથી આવે તે સઘળો જનરલ પોલીસ ફંડમાં જમે કરવો. પણ એવું ઠરાવ્યું છે કે પોલીસ ફોજના કોઇ માણસે વિશેષ ચાકરી બજાવી હોય તે બાબત તેને સદરહુ પ્રકારના ઇનામનો અથવા દંડનો સઘળો અવેજ અથવા તેનો કાંઇ ભાગ આપવાની આ કલમના કોઇ ઠરાવ ઉપરથી મનાછે એવું સમજવું નહી.

કલમ ૪૨ મી. આ આકટના ઠરાવ ઉપરથી અથવા આ આકટ પ્રમાણે પોલીસને સામાન્ય અધિકાર આપ્યો છે તે અધિકાર ઉપરથી હરકાંઇ વાત કરવા બાબત અથવા કરવાનો ઈરાદો કરવા બાબત કોઈ માણસ ઉપર કાયદા પ્રમાણે જે ફરિયાદ ચાલી શકતી હોય તે ફરિયાદ જે વાત બાબત ફરિયાદ કરવી હોય તે વાત બન્યા પછી ત્રણ મહિનાની અંદર શરૂ કરવી જોઇયે. નહી તો ચાલશે નહી. અને ફરિયાદ શરૂ કર્યા પેહેલાં નીદાન એક મહિના આગમચ તે ફરીયાદીની તથા તેના કારણની પ્રતિવાદીને અથવા જે જીલ્લામાં તે વાત બની હોય તે જીલ્લાના ડિસ્ત્રિકટ સુપરીનટેંડેંટને અથવા આસિસ્ટંટ સુપરીનટેંડેંટને સુચના લખીને આપવી. એ પ્રમાણે ફરીયાદ કર્યા પેહેલાં પ્રતિવાદી નુકસાનનું પુરેપુરૂં વળતર આપવા માંડશે, અથવા ફરીયાદ કર્યા પછી પ્રતિવાદી અથવા પ્રતિવાદીની તરફથી કોઈ પુરેપુરી રકમ કોરટમાં ભરશે તો વાદીની ફરિયાદ ચાલશે નહી. અને સદરહુ પ્રકારના મુકદ્દમામાં વાદીની તરફનું હુકમનામું થશે મુકદ્દમાનો ઇનસાફ થશે તો પણ તેને પ્રતિવાદીની પાસેથી ખરચ મળશે નહીં. પણ જે જડજની આગળ તે મુકદ્દમાનો ઇનસાફ થશે તે જડજ એવો દાખલો આપશે કે એ ફરીયાદ કરી તે વાજબી છે તોજ પ્રતીવાદીની પાસેથી ખરચ મળશે, પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ અમલદાર ઉપર જે વાત બાબત ફોજદારીમાં કામ ચાલ્યું હશે તે વાત બાબત તેની ઉપર દીવાનીમાં કામ ચાલશે નહી.

કલમ ૪૩ મી. કોઇ પોલીસ અમલદાર પોતાના હુદ્દાના જોરથી કાંઈ તકરારી હોય તે બાબત તેની ઉપર ફરીયાદ થાય અથવા કામ ચાલે ત્યારે મેં એવા માજીસ્ત્રેટે આપેલા વારંટના આધારથી કરીછે એવો જવાબ આપવાનો તેને અખત્યાર છે: સદરહુ વાત કરવાનું જે વારંટમાં ફરમાવ્યું હોય અને જેની ઉપર માજીસ્ત્રેટની સહી હોય તે વારંટ રજુ કરીને તે જવાબ સાબિત કરવો. પછીના માજીસ્ત્રેટની હકુમતમાં કાંઇ ખામી હોય તોપણ પ્રતિવાદીની તરફનું હુકમનામું કરવું. માજીસ્ત્રેટની સહી ખરી છે કે નહી તે બાબત કોરટને શક આવવાનું કારણ નહી હોય ત્યારે માજીસ્ત્રેટની સહી બાબત પુરાવાની જરૂર નથી. પણ એવુ ઠરાવ્યું છે કે તે વારંટ આપનારા અધિકારીની ઉપર ફરીયાદી કરવાનો લોકોનો જે ઈલાજ ચાલતો હોય તે ઇલાજને આ કલમના કોઈ ઠરાવથી હરકત

થાય છે એવું સમજવું નહી.

કલમ ૪૪ મી.—પોલીસનાં કારણો સારૂ ગામના હરકોઈ પોલીસ અમલદાર ઉપર જે અખતીયાર ચલાવવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખતીયાર છે તે અખતીયાર પોલીસ કમીશનરની મંજુરી લઇને પોલીસના ડિસ્ટરીકટ સુપ્રીન્ટેન્ડેટને આપવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખતીયાર છે.

કલમ ૪૫ મી.—વંશ પરંપરાના અથવા બીજા પ્રકારનાં ગામના પોલીસ અમલદારનું નામ આ આક્ટ પ્રમાણે પટમાં દાખલ થયું નહી હોય તો તેને આ આકટનો કોઈ પણ ઠરાવ લાગુ થાય છે એવું સમજવું નહી. સદરહુ પ્રમાણે પટમાં નામ દાખલ થશે એટલે તે અમલદારને આ આકટના ઠરાવ લાગુ થશે. વંશપરંપરાના ગામના પોલીસ અમલદારનું નામ તેના અનુમત વગર અને તેને નીમવાનો જેઓને અખતીયાર હોય તેઓના અનુમત વગર આ આકટ પ્રમાણે પટમાં દાખલ કરવુ નહી.

કલમ ૪૬ મી.—આ આકટ સીંધ પ્રાંતને લાગુ છે પણ મુંબઈ શેહેરને લાગુ નથી.

કલમ ૪૭ મી.—આ આકટને "સન ૧૮૬૭ નો ડિસ્ત્રીકટ પોલીસ આકટ" કહેવો.

નમુના (કલમ ૯ માં જુઓ.)

સિક્કો.

અ. બ. ને મુંબઇ ઇલાકા માંહેના ક. ડ. જીલ્લાની અથવા જીલ્લાઓની પોલીસની આસામી નીમ્યોછે. અને સન ૧૮૬૭ ના મુંબઇના ડિસ્ત્રીકટ પોલીસ આકટ પ્રમાણે પોલીસ અમલદારને જે અખતીયાર તથા હક છે તે તેને આપ્યાછે.

—:૦:—

સન ૧૮૬૭ નો આક્ટ ૮ મો.

——:૦:——

(મુંબઇના ગવરનર ઇનકૌન્સીલના હેઠળ લખેલો આક્ટ સન ૧૮૬૭ ના
નવેંબર મહિનાના ૧૫ મી તારીખે મુંબઇના ગવરનર સાહેબે
મંજુર કર્યો, અને સન ૧૮૬૭ ના ડિસેંબર મહીનાની
૧૬ મી તારીખે ગવરનર જનરલ સાહેબે
મંજુર કર્યો છે.)

મુંબઇ ઇલાકાનાં ગામની પોલીસ બાબત નિયમ ઠરાવવા બાબતનો આક્ટ.

મુંબઇ ઇલાકાના ગામની પોલીસ બાબત નિયમ ઠરાવવા યોગ્ય છે, વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

કલમ ૧ લી.— "પોલીસ કમિશનર" તથા પોલીસ ડિસ્ટ્રીક્ટ સુંપરીનટેન્ડેન્ટ" તથા "પોલીસનો આસિસ્ટંટ સુપરીનટેન્ડેન્ટ" તથા "પોલીસ અમલદાર" તથા "જીલ્લાની પોલીસ" આ શબ્દો આ આક્ટમાં જ્યાં લખ્યા છે ત્યાંહાં તે શબ્દો ઉપરથી "સન ૧૮૬૭ ના મુંબઇના ડિસ્ટ્રીક્ટ પોલીશ આક્ટ" પ્રમાણે નિમેલા તે અમલદારો સમજવા.

કલમ ૨ જી. રકમ ૧ લી.—મુંબઇના કાયદા પુસ્તક માંહેના સન ૧૮૨૭ ના ૧૨ કાયદાના જે ભાગ આ કલમ ઉપરથી રદ કર્યાછે તેની વીગત.—

૬ ઠી કલમ

૨૨ મી કલમનો જેટલો ભાગ રદ થયો નથી તેટલો ભાગ.

૪૮ મી કલમના આરંભથી તે ૫૩ મી કલમના છેડા સુધી.

રકમ ૨ જી.—મુંબઇ ઇલાકાના ગામોના પટેલોને અને બીજા મુખીઓને કાંઈ અધિકાર આપવા બાબત" સન ૧૮૫૨ નો ૨૭ મો આક્ટ છે તે પણ રદ કર્યો છે.

કલમ ૩ જી.—દરએક જીલ્લાના ગામની પોલીસનાં બંદોબસ્તનું કામ પોલીસ કમિશનરના નિબંધ તથા હુકમ પ્રમાણે જીલ્લાના માજીસ્ત્રેટે કરવું. આસિસ્ટંટ અથવા ડેપ્યુટી કલેક્ટર પ્રમાણે જે પુરપાવર માજીસ્ત્રેટને તાબે મુલકી કામ હોય તે માજીસ્ત્રેટને ગામની પોલીસનો બંદોબસ્ત કરવાના કામનો હરકાંઇ ભાગ પોલીસ કમિશનરની મંજુરી લઇને આપવાનો જીલા માજીસ્ત્રેટને અધિકાર છે.

કલમ ૪ થી.—પોલીસના કારણ સારૂ ગામના હરકોઇ પોલીસ અમલદાર ઉપર જે અખત્યાર ચલાવવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે તે અખત્યાર પોલીસ કમિશનરની મંજુરી લઇને ડિસ્ત્રીક્ટ પોલીસ સુપરીનટેન્ડેન્ટને આપવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે.

કલમ ૫ મી.—

રકમ ૧ લી.—પોલીસ કમિશનરની મંજુરી લઇને જીલ્લાનો માજીસ્ત્રેટ લખીને જે માણસને પોલીસ પટેલ નીમશે તેને સ્વાધીન દરએક ગામની પોલીસ રહેશે. અને જે માણસ મુલકી પટેલનું કામ ચલાવતો હોય તેજ માણસને જીલ્લાના માજીસ્ત્રેટે પોલીસ પ-

ટેલ નીમવો, પણ ગામ મ્હોટું હોય તે સબબથી અથવા બીજા કાંઇ વાજબી સબબથી જુદી જુદી નીમણુંકો કરવી યોગ્ય છે એવું પોલીસ કમિશેનરના નજરમાં આવે તો મુલકી પટેલને પોલીસ પટેલ નીમવો નહીં.

રકમ ૨ જી.—નીમણુંક કરતી વખતે સદરહુ માજીસ્ત્રેટ "મુંબઇ પ્રેસિડેન્સીના તાબા માંહેલા દેશમાંના વતનના અમલદારોએ પોતાનો અમલ શી રીતે ચલાવવો તે રીત ઠરાવવા બાબત" સન ૧૮૪૩ નો ૧૧ મો આકટ છે તેના ઠરાવ ઉપર અને વંશ પરંપરાના અમલદારોની (એટલે વતનદારોની) ચાકરી બાબત નિયમ ઠરાવવા વીશે બીજો કોઈ આકટ ચાલુ હોય તેના ઠરાવ લાગુ હોય તે પ્રમાણે તે ઠરાવ ઉપર બરાબર નજર રાખીને નીમણુંક કરવી. પણ મુલકી પટેલનેજ પોલીસ પટેલ નીમ્યો નહીં હોય અને તે કામ વારા ફરતી અથવા બીજી રીતે કરવા બાબત એક કરતાં વધા જણા દાવો કરે ત્યારે તેઓમાંથી જે વધારે લાયક હોય તેને નીમવા જિલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે.

રકમ ૩ જી.—કોઇ શેહેરમાં અથવા જગાએ (ગામની પોલીસનું) કામ એક પોલીસ પટેલથી બરાબર રીતે ચલાવાતું નહીં હોય ત્યારે પોલીસ કમિશનરનું અનુમત લઇને શેહેરોની અથવા જગાની જુદી જુદી ટુકડી કરવા સારૂ જરૂર હોય તેટલા પોલીસ પટેલ નિમવાનો જીલ્લાના માજીસ્ત્રેટને આધિકાર છે.

કલમ ૬ ઠી.—પોલીસ પટેલ ઉપર જીલ્લાના માજીસ્ત્રેટની હકુમત ચાલેછે તે સિવાય વળી જે માજીસ્ત્રેટની હકુમતની હદની અંદર તેનું ગામ હોય તે માજીસ્ત્રેટના હુકમ પ્રમાણે તેણે કામ કરવું, અને તે માજીસ્ત્રેટ જે પત્રકો અથવા ખબર માગે તે તેને તેણે આપવી. અને ગુન્હા બાબત તથા ગામની પોલીસને લગતાં સઘળાં કામ બાબત અને તે પોતાના ગામના લોકોની આરોગ્યતા તથા તેઓની સામાન્ય સ્થિતિ કેવી છે તે બાબત હમેશાં ખબર આપ્યા કરવી. પોલીસ અમલદારો પોતાનું કામ કરવા સારૂ મદદ માગે તો પોલીસ પટેલે જેટલી થાય તેટલી મદદ તેઓને કરવી. માજીસ્ત્રેટ અથવા પોલીસ અમલદાર પોલીસ પટેલની ઉપર જે હુકમ તથા વારંટ મોકલે તે હુકમ તથા વારંટ તાબડતોબ ગાથે ચલાવીને અમલમાં લાવવાં, અને સુલેહ બાબત ખબર કહાડીને ડિસ્ટ્રિક્ટ પોલીસને જાહેર કરવી અને પોતાના ગામની હદમાં ગુન્હા તથા લોકાપહારક કૃત્ય થતાં અટકાવવાનો બંદોબસ્ત રાખવો, અને ગુન્હેગારોને પકડી કહાડી તેઓનો ઈનસાફ થવા સારૂ તેઓને મોકલવા.

કલમ ૭ મી.—ગામના ચાકરનું ધાણુંકરીને ગમે તે કામ હોય તોપણ સર્વની પાસે પોતાના કામમાં મદદ માગવાનો પોલીસ પટેલને અધિકાર છે. અને પોલીસ પટેલને સઘળાં પત્રકો તથા પ્રોસીડિંગ લખીને તૈયાર કરી આપવાનું કામ ગામના વંશપરંપરાના અથવા નીમણુકી તલાટીનું છે એવું સમજવું.

કલમ ૮ મી.—ચોરી નહીં થાય તથા સુલેહનો ભંગ નહીં થાય તથા સઘળા લોકોને તથા ગામના લોકોને ઇજા થાય એવા કામો નહીં થાય તેવો બને તેટલો બંદોબસ્ત રાખવા સારૂ ગામના ચાકર લોકોની વ્યવસ્થા પોલીસ પટેલે કરવી. અને તે ચાકર લોકોમાંથી કોઇ માણસ ગેર રીતે ચાલે અથવા ગફલત કરે તો તે સઘળી વાત પોલીસ પટેલ જે માજીસ્ત્રેટના પ્રત્યક્ષ તાબામાં હોય તે માજીસ્ત્રેટને તેણે જાહેર કરવી.

કલમ ૯ મી.—પોલીસ પટેલ અથવા પોલીસનું કામ પડે ત્યારે ગામના ચાકરોમાંથી જે માણસને તે કામ કરવું પડે તે માણસ પોલીસનું કામ કરવામાં ગફલત અથવા આળસ કરશે તો ફુલપાવર માજિસ્ત્રેટના હુકમથી તે માણસ પોતાના ત્રણ મહિનાના પગારની સરાસરી જેટલા રૂપિયા સુધી દંડને લાયક થશે. વળી શિક્ષા કરવા લાયક કાંઈ કામ પોતે જે રીતે ચાલવું જોઈએ તેથી ઉલટી રીતે ચાલીને પોલીસ પટેલ કરશે અથવા કાનુન તોડશે અથવા બીજે પ્રકારે ગેર રીતે ચાલશે, અથવા ગુન્હો કરશે તો તેને બરતરફ કરવાને સદરહુ માજિસ્ત્રેટ મુખત્યાર છે, અથવા હિંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે સરકારી નોકરની પેઠે તેની ઉપર કામ ચલાવીને તેને શિક્ષા કરી શકાશે, અને ગુન્હો સાબેત થશે ત્યારે તે બરતરફ થવાને લાયક થશે પણ એવું ઠરાવ્યું છે કે પહેલના દરજ્જાના કોઇ માણસને પોલીસ કમિશનરની મંજુરી વગર આ કલમ પ્રમાણે બરતરફ કરવો નહીં.

કલમ ૧૦ મી.—ગામની હદમાં ગુન્હો કરીને ગુન્હેગાર નાશી ગયો હોય અથવા માલમ પડતા નહીં હોય તો પોલીસ પટેલ પોતાનું ગામ જે ડિસ્ત્રીક્ટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણાના અમલદારને તાબડતોબ ખબર મોકલવી. અને પોતાની જાતે ચોકશી કરવા માંડવી. અને તે બાબત જે પુરાવો મળે તે લઈને સદરહુ અમલદારની પાસે તેણે મોકલવો.

કલમ ૧૧ મી. રકમ ૧ લી.—ગાંમની હદમાં કોઈ માણસ કમોતે અથવા અકસ્માત મરણ પામે અથવા કોઈનું મુડદુ જડે, તો પોલીસ પટેલે તે ગામના અથવા આશપાશના બે અથવા વત્તા હુશિયાર માણસોને પંચાતનામું કરવા સારૂ તાબડતોબ બોલાવીને એકઠા કરવા પછી તે માણસોએ મરણના કારણની તથા તેને લગતી સઘળી હકીકતની ચોકશી કરીને લખેલો રિપોર્ટ કરવો. તે રિપોર્ટ પોલીસ પટેલે, તે ગામ જે ડિસ્ત્રીક્ટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણું જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને તુરત પોહોચતો કરવો.

રકમ ૨ જી.—પોલીસ પટેલ કોઇ માણસને સદરહુ પ્રકારની પંચાતમાં બેસવાનુ કહે તે માણસ વાજબી કારણ વગર પંચાતમાં બેસવાની ના કહેશે અથવા ગફલત કરશે તો તે ગુન્હો તેની ઉપર માજિસ્ત્રેટની આગળ સાબિત થયા પછી તે ઘણામાં ઘણા પચાસ રૂપિયા સુધી દંડને અથવા દંડ નહીં આપશે તો એક મહિના સુધી કેદની સજાને લાયક થશે.

રકમ ૩ જી.—કાયદા વિરૂદ્ધ રીતે મરણ થયું છે એવું પંચાતનામાંની હકીકત ઉપરથી જણાય તો પોતાનું ગામ જે ડિસ્ત્રીક્ટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણુ જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને પોલીસ પટેલે તાબડતોબ સુચના કરવી. અને મોકલતાં રસ્તામાં મુડદુ કોહી જવાની ધાસ્તી નહીં હોય તો પાસેના સિવિલ સર્જનની પાસે અથવા પ્રસંગે મુડદાં તપાસવાને વૈદક ખાતાના જે અમલદારને સરકારે નીમ્યો હોય તેની પાસે તે મુડદું તુરત મોકલી દેવું. પછી તે સિવિલ સર્જને અથવા વૈદક ખાતાના બીજા અમલદારે મરણનું કારણ શોધી કાહાડવાનો પ્રયત્ન કરવો. મુડદું મોકલશું તો તે

કોહી જશે અને તેની તપાસ કરવાથી કાંઇ ફાયદો થશે નહીં અને ઉલટો ધોકો પોહોચશે એવા સબબથી પોલીસ પટેલથી મુડદું મોકલી સકાતું નહીં હોય ત્યારે જે ડિસ્ટ્રીક્ટ પોલીસ થાણાંની હદમાં પોતાનું ગામ હોય તે થાણું જે પોલીસ અમલદારને સ્વાધીન હોય તે અમલદાર અને તેણે પોતાના તાબામાંહેના અમલદારોમાંથી કોઈ અમલદારને મોકલ્યા હોય તે અમલદાર અથવા માજિસ્ત્રેટ તે મુડદું બાળવાનો અથવા દાટવાનો હુકમ આપે ત્યાં સુધી પોલીસ પટેલે તે મુડદું બાળવાની અથવા દાટવાની રજા આપવી નહીં.

કલમ ૧૨ મી.—રકમ ૧ લી.—પોતાના ગામના ફલાણા માણસે મોહોટો ગુન્હો કર્યો છે એવું માનવાનો સબબ હોય તો તેને પોલીસ પટેલે પકડવો. અને પુરાવાના કામમાં આવે તેવી જે જણશો હોય તે જણશો સુદ્ધાં તે માણસને પોતાનું ગામ જે પોલીસ થાણાંની હદમાં હોય તે થાણું જે પોલીસ અમલદારને સ્વાધીન હોય તે પોલીસ અમલદારની પાસે મોકલવો.

રકમ ૨ જી.—ઉપર કહ્યા પ્રમાણે પકડેલા માણસને ૨૪ કલાકની અંદર જે ડિસ્ટ્રીક્ટ પોલીસ થાણાંની હદમાં પોતાનું ગામ હોય તે થાણાંમાં મોકલવું.

કલમ ૧૩ મી.—રકમ ૧ લી.—જે મુકદમામાં શિક્ષા કરવાનો પોતાને અધિકાર નહી હોય તે મુકદમાની પોતાના કામના સબબથી પોલીસ પટેલને ચોકશી કરવી પડે તે કરતી વખતે સાહેદીને બોલાવીને તેઓને પુછવાનો તથા તેઓની પાસે સત્ય સ્મરણ પુરવક પ્રતિજ્ઞા કરાવીને તેઓની જુબાની લેવાનો અધિકાર અને સંતાડેલી જણશોને માટે ઝાડો લેવાનો અધિકાર પોલીસ પટેલને છે. પણ રેહેવાના ઘરનો ઝાડો ઘણીજ અગત્ય નહી હોય તો પોલીસ પટેલે સુરજ આથમે ત્યારથી તે સુરજ ઉગે ત્યાં સુધી લેવો નહી.

રકમ ૨ જી.—ઝાડો લેવા સારૂ અથવા ફલાણું માણસ ગુન્હેગાર છે એવું લાગતું હોય તે માણસનો પીછો લેવા સારૂ બીજા ગામની હદમાં જઇને કામ કરવાનો પણ અધિકાર પોલીસ પટેલને છે: પણ તે બાબત તેણે તે ગામના પોલીસ પટેલને તાબડતોબ ખબર કરવી અને તે ગામના પટેલે થાય તેટલી તેને મદદ કરવી. અને ઝાડો લેવાનું અથવા પગેરૂં કાઢવાનું કામ સલામતીના જોખમ તે બીજાં ગામનાં પટેલને માથે છે.

કલમ ૧૪ મી.—પોતાનાં ગામની હદમાં હલકી મારામારી અથવા ગાળાગાળી કરવાનું કોઈ માણસ ઉપર તોહમત આવ્યું હોય તો તેનો ઇનસાફ કરવાનો અને ગુન્હો સાબિત થાય તો તેને વધારેમાં વધારે ૨૪ કલાક સુધી ગામને ચોરે કેદ રાખવાનો પોલીસ પટેલને અખત્યાર છે. પણ ગુન્હો થયા પછી આઠ દહાડામાં ફરિયાદી થવી જોઇયે.

કલમ ૧૫ મી.—જે ગામના તમે પોલીસ પટેલ છો તે ગામની હદમાં હેઠળ લખેલા ગુન્હામાંથી હરકોઇ ગુન્હાનું એટલે ચોરીના માલની આંકેલી કિમત બે રૂપયા ઉપર નહીં હોય તેવી હલકી ચોરીનું, અથવા અપક્રિયાથી થયેલું નુકસાન બે રૂપિયા કરતાં વત્તા રૂપિઆનું નહીં હોય તેવી અપક્રિયા કિધાનું, અથવા તમે પોતાની જાતે કાયદાસર હુકમ આપ્યો હોય તે હુકમને હરકત કરવાનું અથવા તે હુકમ માનવાની ના કહેવાનું તોહોમત કોઇ માણસ ઉપર આવે તો તેનો ઇનસાફ તમોએ કરવો એવી સનદ પોલીસ પટેલનું કામ કરનાર માણસને આપવાનો અધિકાર હુકમ લખીને જિલ્લાના માજીસ્ત્રેટને

આપવાનો પોલીસ કમિશનર મુખત્યાર છે.

રકમ ૨ જી.—અને ઉપર કહેલાં કામોમાંની હરકોઇ કામ કરવાની સાબિતી પોતાની આગળ જે માણસ ઉપર થશે તેને પાંચ રૂપિયા સુધી દંડ કરવા અથવા ઘણામાંઘણા અડતાળીસ કલાક સુધી ગામને ચોરે કેદ રાખવાનો અધિકાર, સદરહુ પ્રમાણે જે પોલીસ પટેલને અખત્યાર મળ્યો હોય તે પટેલને છે. કાયદાસર હુકમને હરકત કરી હોય અથવા તે પ્રમાણે ચાલવાની ના કહી હોય તે પ્રસંગે દંડ નહી આપે તોજ કેદ કરવો.

કલમ ૧૬ મી.—પોલીસ પટેલને ૧૫ મી કલમની ૧ લી રકમ પ્રમાણે અખત્યાર આપવામાં આવશે ત્યારે અને જ્યાંહાં સુધી તેને તે અખત્યાર હશે ત્યાં સુધી તેને હેઠળ લખેલો અધિકાર પણ છે એવું સમજવું, એટલે હેઠળ લખેલું હરકોઇ લોકાપકારક કૃત્ય અથવા બેઢંગુ કામ કોઈ માણસ કરશે તો તેને એક રૂપિયા સુધી દંડ કરવાનો અથવા દંડ નહી આપશે તો ગામને ચોરે ઘણાંમાં ઘણા બાર કલાક સુધી કેદ રાખવાનો અધિકાર અને સદરહુ લોકાપકારક કૃત્ય અથવા બેઢંગુ કામ કરવાનું જારી રાખવાની અથવા ફરીથી કરવાની મના કરવાનો પોલીસ પટેલને અધિકાર છે એવું સમજવું.

૧. કોઇ માણસ કોઈ જનાવરને મનમાં આવે તેમ અવિચારથી અથવા નિર્દયપણે બડબડશે અથવા તેનો ગેર ઉપયોગ કરશે અથવા તેની ઉપર જુલમ કરશે તે.

૨. સાર્વજનિક કુવો અથવા તળાવ અથવા હોજ જે કામ સારૂ નીમ્યો હોય તે તે કામમાં ઓછો ઉપયોગી પડે તેવી રીતે તેમાં કોઇ માણસ નાહાશે અથવા ધોશે અથવા બીજી રીતે ખરાબ કરશે અથવા ખરાબ કરાવશે તે.

૩. કોઇ માણસ મના કરેલી જગોએ કચરો અથવા ગોજવાડ કે પુંજો મુકશે તે.

૪. કોઇ માણસ હરકોઇ સાર્વજનિક રસ્તામાં અથવા મોહોલ્લામાં અથવા માર્ગમાં અથવા રાહાદારીની જગોએ ઝાડો પીસાબ કરીને ગંદકી કરશે અથવા દારૂ વગેર પીને તોફાન અથવા મસ્તી કરશે, અથવા પોતાનાથી પોતાની સંભાળ નહીં થાય તેવો થઇ જશે તે.

૫. પાસે રેહેનારાઓને અથવા આવનાર જનાર લોકોને કંટાળો આવે તે રીતે ટાંકીમાં, ઊકરડામાં અથવા તેવાંજ બીજા કશામાં કોઇ માણસ ગોજો પદાર્થ પાક્કાં કારણ વગર જાણી જોઇને એકઠો થવા દેશે અથવા કોઈ ઘરમાંથી અથવા કારખાનામાંથી અથવા તબેલામાંથી અથવા સંડાસમાંથી અથવા બીજા તેવા કશામાંથી લોકોને આવવા જવાની જગાએ ગોજો પદાર્થ પાક્કાં કારણ વગર જાણી જોઇને રેહેવા દેશે, અથવા જે તળાવ અથવા હોજ પાણી પીવા સારૂ નિમ્યો હોય તેમાં ચોમાસામાં જે વેળાએ પાણી આવતું હોય તે વેળામાં મુએલું જનાવર નાંખવાથી લોકોને ઉપદ્રવ થાય તે જગાએ નાખશે તે.

કલમ ૧૭ મી.—આ એક્ટની ૧૪, ૧૫ અને ૧૬ મી કલમ પ્રમાણે કામ ચલાવવું હોય તે પક્ષકારોના દેખતાં મોહોડે ચલાવવું, ગુન્હો સાબીત થવાનું દફતરમાં લખ્યા પેહેલાં ગમે તે વખતે ફરિયાદ કાહડી નંખાવવાનો અધિકાર ફરીયાદ કરનારને છે. પક્ષકારોનાં નામો તથા પોતાનો અભિપ્રાય તથા શિક્ષાનો ઠરાવ અથવા હુકમ અથવા ફરિયાદ કાહાડી નંખાવવાની વાત તથા કામ ચલાવવાની તારીખ પોલીસ પટેલે દફતરમાં લખવી. અને જીલ્લા માજીસ્ત્રેટ ફરમાવે તે નમુના પ્રમાણે તથા તે રસ્તે તથા તે વખતે તે દફતર (પોલીસ) પટેલ જે માજિસ્ત્રેટના પ્રત્યક્ષ તાબામાં હોય તે માજિસ્ત્રેટને તેણે મોકલવું.

કલમ ૧૮ મી.—આ આકટની ૧૫ મી કલમ પ્રમાણે સનદ આપી હોય તે સનદ પોલીસ કમિશનરની મંજુરી લઇને પછી હુકમ લખીને સઘળી અથવા થોડી ઘણી રદ કરવાને જિલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે.

કલમ ૧૯ મી.—પોતાના ગામમાં જે બેવારસી માલ જડયો હોય તે સઘળો માલ અથવા સન ૧૮૬૧ ના મુંબઇના ડિસ્ટ્રિકટ પોલીસ આકટના ઠરાવ પ્રમાણે પોતાને જે માલ આપ્યો હોય તે સઘળો માલ પોલીસ પટેલે પોતાને સ્વાધિન રાખવો; અને પોલીસ પટેલ જે માજિસ્ત્રેટના તાબામાં હોય તે માજિસ્ત્રેટને રીપોર્ટ કરવો અને સદરહુ માજિસ્ત્રેટ હુકમ કરે તે પ્રમાણે કરવું. પણ "ઢોરોનાં અતિક્રમણ બાબત" સન ૧૮૫૭ નો ૩ જો આકટ છે તેમાં કહેલા પ્રકારનો તે માલ હોય તો તે આકટમાં કહ્યા પ્રમાણે પોલીસ પટેલે ચાલવું.

કલમ ૨૦ મી.—આ આકટમાં જે ગુન્હા બાબત શિક્ષા ઠરાવી છે તે ગુન્હા બાબત બીજા કોઈ કાયદા પ્રમાણે અથવા આકટ પ્રમાણે કોઈ માણસ ઉપર ફરિયાદ કરવાની મના છે એવો આ આકટનો કોઇ ઠરાવનો અર્થ કરવો નહી; અથવા તેવા ગુન્હા બાબત આ આકટમાં શિક્ષા ઠરાવી છે તેથી બીજી કાંઇ જુદી અથવા વધતી શિક્ષા બીજા કોઇ કાયદા ઉપરથી અથવા આ આકટ ઉપરથી થવાને તે માણસ લાયક નથી એવો પણ અર્થ કરવો નહીં. પણ એવું ઠરાવ્યું છે કે એકના એક ગુન્હા બાબત કોઈ માણસને બે વાર શિક્ષા થશે નહીં.

કલમ ૨૧ મી.—પોલીસ પટેલ જરૂરીનાં કામને લીધે ગામમાંથી ગેરહાજર હોય તે સબબથી અથવા એકાએક માંદો પડયાથી અથવા બીજા કાંઇ સબબથી તેનાથી પોતાનું કામ નહીં થાય ત્યારે તેણે પોતાનું કામ પોતાનો કોઇ કુટંબી લાયક હોય તેને સોંપવું; અથવા કોઈ કુટંબી લાયક નહીં હોય તો બીજા કોઇ લાયક માણસને સોંપવું અને પોતે જે માજીસ્ત્રેટના પ્રત્યક્ષ તાબામાં હોય તે માજીસ્ત્રેટને તે બાબત તાબડતોબ રિપોર્ટ કરવો. અને જે માણસને કામ સોપ્યું હોય તે માણસે પોલીસ પટેલનું કામ કરવું નહીં, એવો માજીસ્ત્રેટને તાંહાંથી હુકમ આવે ત્યાં સુધી તેણે ગુનેગારનો ઇનસાફ કરીને શિક્ષા કરવાના કામ સિવાય પોલીસ પટેલનું સઘળું કામ કરવું.

કલમ ૨૨ મી.—આ આકટમાં "ડિસ્ત્રીકટ પોલીસ થાણુ" આ શબ્દો લખ્યા છે તેમાં જે પોલીસ અમલદારને સ્વાધીન થાણું હોય તે પોલીસ અમલદારના મુલકની હદમાંના ગામનો અથવા જગાનો સમાસ થાય છે એવું સમજવું.

કલમ ૨૩ મી.—આ આકટ અથવા આ આકટનો કોઇ ભાગ જાહેરનામું છપાવીને સિંધપ્રાંતને લાગુ કરવાને સરકાર મુખત્યાર છે. અને આકટ અથવા તેનો હરકોઈ ભાગ સદરહુ પ્રાંતને લાગુ કીધો હોય તે વખતે વખતે લાગુ નથી એવું તેજ રીતે ઠરાવવાને પણ સરકાર મુખત્યાર છે.

કલમ ૨૪ મી.—આ આકટને "સન ૧૮૬૭ નો મુંબઈનો ગામની પોલીસનો આકટ" કેહેવો.

ઇન્ડીઆ ગવરનર જનરલ ઇનકાંઊસીલે સને ૧૮૫૩ ના ફેબરવારી મહીનાની ૪ થી તારીખે ઠરાવ્યો.

સને ૧૮૫૩ નો કાયદો ૨ જો.

આ દેશના જે લોકો જમીનનો ભોગવટો કરે છે તેઓને અથવા તેઓના ગુમાસ્તાઓને અથવા વહીવટદારોને સરવ લોકના હીત સારૂ તથા પોલીસના કામ સારૂ તથા સરકારના ખરચ સારૂ જવાબ દેવો પડેછે તે પ્રમાણે બ્રીટનદેશના બહાદશાહની સરવ રઇયતને જવાબ દેવો પડેછે કે નહી એ બાબતનો સંશય દુર કરવા વાસ્તે કાયદો.

સને ૧૮૩૭ નાં ૪ થા કાયદા ઉપરથી ઈસ્ટ ઇંડીઆ કંપની સરકારને તાબેના દેશોના હરકોઈ ભાગમાં બ્રીટીન દેશના બહાદસાહીની હરકોઈ રઇયતને નીરંતર અથવા કેટલાએક વરસ સુધી જમીન અથવા જમીનનુ ઊત્પન મેળવવાનો અધીકાર છે તે વાસ્તે અને આ દેશનાં માણસોને સરવ લોકના હીત સારૂ તથા પોલીસના કામ સારૂ અથવા સરકારના ખરચ સારૂ જે જવાબ તથા ધારો આપવો પડેછે તે પ્રમાણે બ્રીટન દેશના બાદશાહની જે રઈયત લોકોએ જમીન મેળવી હોય અથવા જમીનનું ઉત્પન મેળવ્યું હોય તેઓને અથવા તેઓના ગુમાસ્તાઓને અથવા વહવિટદારોને જવાબ દેવો પડેછે કે નહી તે બાબત સંશય પડે છે તે વાસ્તે અને જે રીતે આ દેશનાં માણસોને જમીન મેળવી હોય તે સબબથી અથવા જમીન મેળવનારાના ગુમાસ્તા અથવા વહીવટદારો હોય તે સબબથી સરવે લોકના હીત સારૂ ખરચ આપવો પડે છે અથવા તે સબંધી બીજુ કામ કરવુ પડેછે અને સદરહુ ખરચ આપ્યો ન હોય અથવા કામ કરયુ ન હોય ને સરકારના અધીકારી માણસોને જવાબ દેવો પડે છે તે પ્રમાણે જે લોક જમીન મેળવશે અથવા તે મેળવનારાના ગુમાસ્તાઓ અથવા વહીવટદાર થશે તે સરવે જણાએ જવાબ દેવો યોગ્યછે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુંછે.

૧ જમીનનો ધણી અથવા જમીનનો ઈજારદાર અથવા જમીનના ઉતપનનો ઈજારદાર અથવા ભોગવટો કરનાર અથવા તેનો ગુમાસ્તો તથા વહીવટદાર હોય અને સરવે લોકનાં હીત સારૂ જેમ ખરચ કરવો પડે અથવા ધારો આપવો પડે અથવા પોલીસના બંદોબસ્તનુ અથવા મીઠાનાં અથવા અફીણના મહેસુલનાં બંદોબસ્તનુ અથવા એવું બીજુ કામ કરવુ પડે તે પ્રમાણે સદરહુ દેશના હરકોઈ ભાગમાં જે માણસ નીરંતર અથવા કેટલાએક વરસ સુધી જમીનનો અથવા જમીનના ઉતપનનો ધણી હોય અથવા ભોગવટો કરનાર હોય અથવા ઈજારદાર હોય અથવા તેનો ગુમાસ્તો હોય અથવા વહીવટદાર હોય અને તે ગમે તે ઠેકાણે અથવા ગમે તે વંશમાં જન્મ્યો હોય તો પણ તેને સદરહુ પ્રમાણે સરવ લોકના હીત સારૂ કામ કરવુ પડશે અથવા ધારો આપવો પડશે અથવા પોલીસનુ અથવા બીજુ કામ કરવુ પડશે.

૨ સદરહુ દેશમાં જન્મેલા જે માણસે ખરચ અથવા ધારો આપ્યો ન હોય અથ-

સદરહુ કાંઇ કામ કર્યું ન હોય અથવા સદરહુ કામ કરતી વખતે કાંઇ ગફલત અથવા ગેર ચાલતુ કામ કર્યું હોય તેને જે કાયદા તથા ઠરાવ તથા મામુલ ચાલ લાગુ છે તે પ્રમાણે જો કોઈ માણસ સદરહુ ખરચ અથવા ધારો ન આપે અથવા સદરહુ કાંઇ કામ ન કરે અથવા સદરહુ કામ કરતી વખતે કાંઇ ગફલત અથવા ગેરચાલતુ કામ કરે અને તે ગમે તે ઠેકાણે અથવા ગમે તે વંશમાં જનમેલો હોય તોપણ તેને તે કાયદા તથા ઠરાવ તથા માલુમ ચાલ લાગુછે.

(True Translation)
A. RICHARDSON.
Deputy Secy. to Govt.

સને ૧૮૬૯ નો આકટ ૧૦ મો.

ઇન્ડીઆની ગવરનર જનરલ ઇનકૌન્સીલનો નીચે લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સ૦ ૧૮૬૯ ના માર્ચ મહીનાની ૧૮ મી તારીખે મંજુર કર્યો તે સર્વ લોકોને ઝાહેર થવા પ્રસીદ્ધ કર્યો છે.

પોલીસ સુપર અનન્યુએશન ફંડ કાડી નાખવા બાબત.

પોલીસ સુપર એનન્યુએશન ફંડ એટલે એક ફંડ મદ્રાસ ઇલાકા તાબાના મુલકના પોલીસ બાબત વધારે સારો નીયમ ઠરાવવા બાબતનો સન ૧૮૫૯ ના ૨૪ મા આકટનો ૧૨ મી કલમથી કરૂંછે માટે અને તેવુંજ ફંડ પોલીસ બાબત નીયમ ઠરાવવા બાબત સ૦ ૧૮૬૧ ના ૫ મા આકટની ૧૧ મી કલમથી તથા મુંબઇ ઇલાકામાં ડીસ્ત્રીકટ પોલીસ બાબત નીયમ ઠરાવવા બાબત મુંબઈની ગવરનર ઈનકૌન્સીલનો સ૦ ૧૮૬૭ નો ૭ મા આકટની બારમી કલમથી કર્યુંછે માટે અને સદરહુ ફંડ કાહાડીનાખીને ફંડની સીક્યુરીટી, (વ્યાજની નોટ) હોય તે તથા પૈસા હોય તે ઇન્ડીઆ સરકારને નામે કરવા યોગ્યછે માટે નીચે લખ્યા પ્રમાણે ઠરાવેલું છે;

કલમ ૧ લી.—સદરહુ કલમ અમુક તારીખથી રદછે એમ કહીને ઇન્ડીયાના ગવરનર જનરલ ઈનકૌન્સીલ ઇન્ડીયા ગજેટમાં ઝાહેર ખબર આપશે તે તારીખથી તે કલમ રદ થશે.

કલમ ૨ જી.—સદરહુ તારીખે જે સીક્યુરીટી સદરહુ જુદાં જુદાં ફંડ ખાતે હશે તે સરકારના સામાન્ય કામ ઇન્ડીયા સરકારને નામે કરવી ને પૈસાની રકમ હોય તે ઇન્ડીયા સરકારને દેવી.

सने १८५८ नो अ कट ३६ मो.

ગાંડા માણસોના આશ્રયસ્થાન બાબતનો આકટ.

ગાંડા માણસોને આશ્રય આપવા સારૂ સ્થાપેલાં આશ્રય સ્થાનમાં ગાંડા માણસોને લેવા બાબત તથા રાખવા બાબત નિયમ ઠરાવવા યોગ્ય છે; વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે;—

કલમ ૪ થી.—તાલુકામાં જે માણસો છુટાં ભટકતાં ફરતાં માલમ પડશે, અને તેઓ ગાંડા છે એવું સમજાશે તે સર્વને, અથવા ગાંડા થઈ ગયાના સબબથી જે માણસો ના હાથથી ઘાત થવાની ધાસ્તી લાગતી હોય તે સર્વને પકડીને માજીસ્ત્રેટની પાસે મોકલવાં. એ સઘળા ડીસટ્રીકટ પોલીસ આફીસરો એટલે દરોગાઓનું કામ છે એવું સમજવું. સદરહુ પ્રકારનાં કોઈ માણસને માજીસ્ત્રેટની પાસે લાવે એટલે માજીસ્ત્રેટે વૈદકીય અમલદારની મદતથી તે માણસને તપાસી જોવું અને આ આકટના પરીશિષ્ટ માંહેના અ નમુના પ્રમાણે વૈદકીય અમલદાર, દાખલો આપે, અને તે માણસ ગાંડું છે માટે તેનું જતન કરીને તેને ઓસડ પાણી કરાવવું લાયક છે એવી માજીસ્ત્રેટની ખાત્રી પોતાની જાતે તપાસ કર્યાથી, અથવા બીજાના પ્રમાણથી થાય તો પોતાની હકુમત માંહેની તુકડીમાં આશ્રયસ્થાન સ્થાપેલું હોય તેમાં તે માણસને લેવાનો તેણે હુકમ કરવો. તે માણસ ત્યાંનો અસલનો રેહેવાસી નહીં હોય, અને તેને મુંબઈ મધે ગાંડા માણસોને રાખવાનું આશ્રયસ્થાન છે તેમાં રાખવાની જરૂર હોય તો તે પ્રમાણે હુકમ કરવો. અને તે હુકમમાં જે આશ્રયસ્થાન લખ્યું હોય તે આશ્રયસ્થાનમાં તે ગાંડા માણસને યોગ્ય બંદોબસ્તથી મોકલવો. પણ એવું ઠરાવ્યું છે કે જે ગાંડા માણસના હાથથી ઘાત થવાની ધાસ્તી લાગતી હોય તે ગાંડા માણસની હમે યોગ્ય રીતે સંભાળ કરશું, અને તેના હાથથી તેનો પોતાનો અથવા બીજા કોઈનો ઘાત થવા દેશું નહીં એવો તેનું કોઈ સગું વાહાલું માજીસ્ત્રેટની ખાત્રી થાય તે રીતે કરાર લખી આપશે તો માજીસ્ત્રેટે તેને આશ્રયસ્થાનમાં મોકલ્યાને બદલે સદરહુ પ્રકારના સગાંવાહાલાંને સ્વાધીન કરવું. વળી એવું ઠરાવ્યું છે કે ગાંડા માણસને તુકડી માંહેના સરકારી આશ્રયસ્થાનમાં મોકલ્યાને બદલે પરવાનગી લેઇને સ્થાપેલાં આશ્રયસ્થાનમાં મોકલવાની તેના સદરહુ પ્રકારના સગાંવાલાંની ઇચ્છા હોય, અને તે ગાંડા માણસને સદરહુ પ્રકારના આશ્રયસ્થાનમાં રાખવાનો, તથા તેને અન્નવસ્ત્ર આપવાનો, તથા તેને ઓસડ પાણી કરાવવાનો, તથા તેનું જતન કરવાનો ખરચ થશે તે હું આપીશ એવું તેનું કોઇ સગુંવાલું માજીસ્ત્રેટની ખાત્રી થાય તે રીતે કરાર લખી આપશે તો, પરવાનગી લેઇને સ્થાપેલાં જે આશ્રયસ્થાનનું નામ કરારમાં લખ્યું હોય તે આશ્રયસ્થાનમાં તે ગાંડા માણસને મોકલવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે.

કલમ ૫ મી.—પોતાની હકુમત માંહેનું ફલાણું માણસ ગાંડું છે એવું માલમ પડે તેનું જતન તથા સંભાળ કરવાનો બરાબર બંદોબસ્ત નથી, અથવા જે સગાં વાહાલાંના, અથવા બીજાં માણસના તાબામાં તે હોય તે તેના હાલ હવાલ કરે છે; અથવા તેની બર-

દાસ કરતા નથી એવું પોલીસ અમલદારના રીપોરટ, ઉપરથી અથવા, બીજાં કોઈ માણસના જાહેર કર્યાથી માજીસ્ત્રેટને દેખાશે તો ગાંડું માણસ લાગતું હોય તે માણસને પોતાની હજુરમાં બોલાવવાને, તથા તે માણસ જે સગાંવાલાંનાં, અથવા બીજાં માણસના તાબામાં હોય, અથવા જોઈએ તેને ત્રમન કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે; અને તે માણસનુ પાલણપોષણ કરવાની તે સગાંવહાલાંને અથવા બીજા માણસને કાયદા પ્રમાણે જરૂર હોય તો તેને તે ગાંડા માણસનું યોગ્ય રીતે જતન કરીને ઉપાય કરવાનો હુકમ કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે. અને તે સગુંવાહાલું અથવા બીજું માણસ સદરહુ હુકમ પ્રમાણે ચલાવવાની જાણીજોઇને ગફલત કરશે તો તેને ઘણામાં ઘણાં એક મહિના સુધી તુરંગમાં મોકલવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે. જે માણસ ગાંડું લાગતું હોય તે માણસનું પાલણપોષણ કરવાની કોઈ માણસને કાયદા પ્રમાણે જરૂર નહીં હોય, તો ઉપરની છેલ્લી કલમમાં કહ્યા પ્રમાણે કરવાનું માજીસ્ત્રેટની નજરમાં આવે તો તેણે તે પ્રમાણે કરવું. અને જે માણસ ગાંડું લાગતું હોય તે ખરેખરૂં ગાંડું છે માટે તેનું જતન કરીને તેને ઓસડપાણી કરાવવું લાયક છે એવી ખાત્રી, ઉપર કહેલી રીતે થાય તો તેને સદરહુ પ્રકારનાં આશ્રયસ્થાનમાં લેવાનો હુકમ કરવાને પણ માજીસ્ત્રેટ મુખત્યાર છે. ઉપર કહ્યા પ્રમાણે, ગફલત અથવા હાલહવાલ કરવાની વાત પોતાને માલમ પડે તે બાબત માજીસ્ત્રેટને રીપોર્ટ કરવો, એ સઘળા ડીસ્ત્રિકટ પોલીસ આફીસરો એટલે દરોગાઓનું કામ છે.

કલમ ૬ ઠી.—ઉપરની છેલ્લી બેઉ કલમોમાં માજીસ્ત્રેટને જે જે કામ કરવાનો અધિકાર આપ્યો છે, અથવા જે જે કામ કરવાનું તેને ફરમાવ્યું છે તે સર્વે કામ ઇલાકાના મુખ્ય શેહેરોમાં તથા સ્ટેટ સેટલમેંટનાં થાણાઓમાં પોલીસ કમીશનરે કરવાં; અને ડીસ્ટ્રિકટપોલીસ આફીસર એટલે દરોગાને જે જે કામ કરવાનો અધિકાર છે, અથવા જે જે કામ કરવાનું તેને ફરમાવ્યુંછે તે સર્વે કામ સદરહું શેહેરો માંહેનાં હરકોઇ શેહેરમાં તથા થાણામાં પોલીસ ફોર્સમાં જે અમલદાર ઈન્સપેકટરના દરજા કરતાં ઓછા દરજાનો નહી હોય તેણે કરવાં.

અ (૧) જ્યારે ગાંડો ધારવામાં આવતો હોય એવો કોઇ શખસ છુટો ભટકતો માલૂમ પડે તેને અથવા ગાંડાપણને લીધે ભયકારક ધારવામાં આવતો હોય એવો કોઈ શખસને પકડવામાં આવે અને માજીસ્ત્રેટ અથવા પોલીસ કમિશનર પાસે મોકલવામાં આવે અથવા ગાંડો ધારવામાં આવતો હોય એવા કોઈ શખસના સંબંધમાં યોગ્ય સંભાળ તથા જાપતો રાખમાં આવતો નથી, નિર્દયપણું અથવા બેદરકારી વર્તણુંક ચલામાં આવેછે એવો રીપોટ અગર ખબર મળેથી માજીસ્ત્રેટ અથવા પોલીસ કમીશનર તેને પોતાની રૂબરૂ મંગાવે અને આ આકટની કલમ ૪થીમાં કહ્યા પ્રમાણે કરવાનો નિસ્ચય કરે ત્યારે વૈદ્યકીય અમલદારના કેહેવા ઉપરથી સદરહુ ગાંડો ધારવામાં આવેલો શખસ આ આકટના પરીશીષ્ટમાં આપેલા **અ** નમુના મુજબનું સરટીફીકેટ આપવા યોગ્ય છે કે નહી તે સવાલ વીશે સદરહુ વૈદ્યકીય અમલદારને મત બાંધવાને દસ દીવસથી વધારે નહી હોય એવી કોઈ મૂદત સદરહું માજીસ્ત્રેટ અથવા પોલીસ કમીશનરની નજરમાં જરૂરની લાગે તેવી મુદત લગી સદરહું ગાંડા ધારવામાં આવેલા માણસને અટકાવી રાખવાની રજા આપવાને સદરહુ માજીસ્ત્રેટ અથવા પોલીસ કમીશનર મુખ્ત્યાર છે.

"(૨) જો વૈદ્યકીય અમલદાર એવું સરટીફીકેટ આપે કે પેટા કલમ (૧) મુજબ અટકાવી રાખવાની જે મુદત ઠરાવી છે તેથી વધારે મુદત લગી અટકાવી રાખવાનું સદરહુ સવાલ વીશે પોતાનો મત બાંધવા માટે જરૂરનુ છે તો સદરહુ અથવા પોલીસ કમીશનર વખતે વખતે લેખી હુકમથી પેતાને યોગ્ય લાગે તેટલા વધારે વખત અટકાવી રાખવાનો હુકમ કરવા મુખત્યાર છે.

"પણ એવું ઠરાવ્યું છે કે કોઈ પણ ગાંડા ધારવામાં આવેલા શખસને આ કલમ પ્રમાણે તેને અટકાવી રાખવાના પ્રથમ હુકમની તારીખથી ચઉદ દીવસથી વધારે અટકાવી રાખવામાં આવશે નહી.

"(૩) રાજ્યકારભાર ચલાવનારી સરકાર આ કલમ મુજબ અટકાવી રાખવામાં આવેલા ગાંડા ધારવામાં આવેલા શખસોને રાખવાની જગા અને તેનું જતન તથા ઓસડપાણી કરવાવીશે વખતે વખતે કાનુનો કરવા મુખત્યાર છે."

કલમ ૭ મી.— આ આકટના પરીશીષ્ટ માંહેનાં બ. નમુનામાં જે વિગત દાખલ કરી છે તેવી વિગત દાખલ કરીને તેજ નમુના પ્રમાણે કોઈ માણસની સહીના હુકમ વગર તથા આ આકટનાં પરીશીષ્ટ માંહેના ચ. નમુનામાં વિગત લખી છે તેવી વિગતનો બે જણાની સહીના વૈદકીય દાખલા વગર પ્રેસીડેન્ટસીનાં મુખ્ય શેહેરમાં, અથવા સ્ટેટ સેટલમેંટનાં થાણાંમાં ગાંડાં માણસનાં આશ્રયસ્થાન છે તેમાં કોઈ માણસને લેવું નહી. વૈદ્યકીય દાખલા ઉપર સહી કરનાર બેઉ જણા ફિઝીશિયન અથવા સર્જન જોઈયે; અને તેમાં એક જણ પ્રેસીડેન્સી સર્જન અથવા, સરકારી ચાકરી માંહેનો સર્જન જોઇયે. બાદશાહી સનંદ ઉપરથી સ્થાપેલી હરકોઇ ઇનસાફની કોર્ટના હુકમ ઉપરથી ચોકસી થયા પછી કોઇ માણસ ગાંડું ઠર્યું હોય તેને લેવા બાબત સદરહુ પ્રકારના વૈદકીય દાખલાની જરૂર નથી. સદરહુ પ્રકારનો હુકમ રજુ કર્યા પછી ગાંડાં માણુસને આશ્રયસ્થાનમાં દાખલ કર્યા પેહેલાં આશ્રયસ્થાનમાં વીઝીટરે અથવા વ્યવસ્થા રાખનારાઓ તે ગાંડાં માણુસને આશ્રયસ્થાનમાં રાખવાનો, તથા તેને અન્ન વસ્ત્ર આપવાનો, તથા તેને ઓસડપાણી કરવાનો તથા તેનું જતન કરવાનો ખર્ચ થશે તે અમે આપશું, એવો તેનાં સગાંવાહાલાં પાસે કરાર લખાવી લેવાને મૂખત્યાર છે. પણ એ પ્રમાણે કરવાની સગાંવાહાલાંની શક્તિ નથી એવું વિઝીટરને માલમ પડે તો કરાર લખાવી લેવાની જરૂર નથી. જીલ્હામાંથી ગાંડાં માણુસોને પ્રેસિડેન્સીનાં આશ્રયસ્થાનમાં મોકલવા વિશે આ આકટમાં પાછળ લખ્યું છે તે વાતને આ કલમના ઠરાવ લાગુ નથી.

કલમ ૮ મી.—રકમ ૧ લી —સદરહુ છેવટની કલમમાં કહેલા ઠેકાણા વગર બીજે ઠેકાણે કોઈ માણસને દીવાની કોરટના હુકમ વગર ગાંડાના આશ્રય સ્થાનમાં લેવો નહી. પરંતુ આ આકટમાં પાછળથી બીજી રીતે ઠરાવૂ કર્યોછે તેને આ રકમ ઉપરથી બાધ આવે છે એવું સમજવું નહી.

રકમ ૨ જી— કોઈ માણુસ ગાંડો છે એવું ઠરાવ્યું હોય તથા કોર્ટ ઓફ વૉર્ડન્સે કિંવા કલેકટરે કિંવા દીવાની કોર્ટે તે ગાંડાનુ પાલણ કરનારા નીમ્યાં હોય અને તે ગાંડાને ગાંડાના આશ્રયસ્થાનમાં રાખવો એવી તે પાલણ કરનારની ઈચ્છા હોય ત્યારે તેણે દીવાની

કોરટને અરજી કરવી. પછી જડજે વૈદ્યકીય અમલદાર મદદે બોલાવી તે ગાંડાનો તપાસ કરવો અને આ આકટના પરીશીષ્ટમાંના અ. ફ઼રમા પ્રમાણે વૈદ્યકીય અમલદાર સરટીફીકેટ આપશે તથા તે ગાંડાને આશ્રયસ્થાનમાં રાખી તેનુ જતન કરીને તેને ઉપચાર કરવો જોઈએ એવી હાલતમાં તે છે એવી જડજની ખાત્રી થાય ત્યારે પોતાની હકુમત તળેની ટુકડીમાં આશ્રયસ્થાન સ્થાપ્યું હોય તેમાં તે માણુસને લઇજવા બાબત કિંવા પોતાને યોગ્ય લાગશે તો અરજીમાં લખેલી પરવાનગી લઈ સ્થાપેલા આશ્રયસ્થાનમાં તે માણુસને લઇ જવા બાબત જડજે હુકમ કરવો.

રકમ ૩ જી— કોર્ટ ઓફ઼ વાર્ડ્સે કિંવા કલેકટરે કિંવા દીવાની કોર્ટે જે મનુષ્ય સારૂ પાલણુ કરનાર નીમ્યો ન હોય તે મનુષ્યને ગાંડાના આશ્રયસ્થાનમાં લેવો એવી તે મનુષ્યના કોઇ પણ નાતીવાલા કિંવા સગાની મરજી હોય ત્યારે તેણે દિવાની કોરટને અરજ કરવી. પછી ગાંડાપણા બાબત ચોકશી કર્યાનુ જડજને યોગ્ય કારણુ દીસે તો તેણે તે ચોકશી નીચે લખ્યા પ્રમાણે કરવી. એટલે ઈન્સાફ઼ની બાદશાહી કોરટની હકુમતમાં નથી એવા ગાંડાની માલમીલકતની સંભાળ કરવા બાબત ઠરાવ છે તે કરતાં સારા ઠરાવ બાબત આકટ એ નામનો સન ૧૮૫૮ નો ૩૫ મો આકટ છે તેની ૩ જી રકમમાંના ઠરાવ પ્રમાણે દીવાની કોરટને અરજ કરતાં જે પ્રમાણે ચોકશી થાત તે પ્રમાણે ચોકશી કરવી. અને ગાંડો ખરો ઠર્યો તો આ કલમની બીજી રકમમાં કહેલી રીતી પ્રમાણે જડજે તજવીજ કરવી.

રકમ ૪ થી—કોઇ પણ માણુસને ગાંડાના આશ્રયસ્થાનમાં લઈ જવા બાબત જડજ હુકમ કરે ત્યારે તેણે નીચે લખ્યા પ્રમાણે પણ હુકમ તેજ વખત કરવો એટલે સદરહુ પ્રકારના મનુષ્યને આશ્રયસ્થાનમાં રાખવા તથા તેને અન્ન વસ્ત્રનો તથા ઔષધનો તથા તેનું જતન કરવાને ખરચ થાય તે વસુલ કરવા બાબત હુકમ કરવો અને સદરહુ પ્રકારના આશ્રયસ્થાનના વીઝીટર કિંવા બંદોબસ્ત રાખનારાઓ અરજ કરે તો સદરહુ પ્રકારનો ખરચ જડજે વસુલ કરવો; પરંતુ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારનો ખરચ આપવા જેટલી ગાંડાની માલ મીલકત નથી તથા તે ગાંડાનો ખરચ ચલાવવા બાબત જે માણુસને કાયદા પ્રમાણે ફરજ છે તે માણુસ પણ સદરહું પ્રકારનો ખરચ આપવામાં સામર્થવાન નથી એવી જડજની ખાત્રી થાય ત્યારે ગાંડાને આશ્રયસ્થાનમાં લઇ જવા બાબતના હુકમમાં તે પ્રમાણે દાખલા લખવા અને ખરચ વસુલ કરાવો બાબત સદરહુ પ્રકારનો હુકમ કરવો નહી.

કલમ ૯ મી.—"તે તે વિદ્યમાન કાળે જે કાયદો અમલમાં હોય તેના ઠરાવોને પાત્ર" સદરહુ પ્રકારના આશ્રયસ્થાનમાં રાખેલા માણસને છોડવા બાબત તે આશ્રયસ્થાનના વિઝીટરોમાંના ત્રણ જણા પોતાની સહીનો લખેલો હુકમ કરશે એટલે ચાલશે, પણ તે ત્રણ જણામાં એક જણ વૈદ્યકીય અમલદાર જોઈયે. કોઇ સરકારી અમલદારના હુકમથી આશ્રયસ્થાનમાં રાખેલા માણસને છોડી મુકવાનો હુકમ થાય ત્યારે તે હુકમની ખબર તે અમલદારને તાબડતોબ આપવી.

કલમ ૧૦ મી.— આ આકટની ૪ થી, અથવા ૫ મી અથવા ૬ ઠી કલમના ઠરાવ પ્રમાણે કોઇ ગાંડાં માણસને આશ્રયસ્થાનમાં રાખ્યું હોય તેના કોઇ સગાં વાહાલાંની

ઈચ્છા તેને પોતાને સ્વાધીન લેવાની હોય ત્યારે જે માજીસ્ત્રેટના અથવા પોલીસ કમીશનરના હુકમથી તે ગાંડા માણસને આશ્રયસ્થાનમાં રાખ્યું હોય તે માજીસ્ત્રેટને અથવા પોલીસ કમીશનરને તે સબંધે અરજી કરવી. વિઝીટરોને, અથવા તેઓમાં વૈદ્યકીય અમલદાર હોય તેને પુછીને ચોકશી કર્યા પછી ગાંડાં માણસને છોડી મુકવાનું નજરમાં આવે અને ગાંડાં માણસનુ હું યોગ્ય રીતે જતન કરીશ, અને તે પોતાને, અથવા બીજા કોઇને ઈજા કરે નહી એવો બંદોબસ્ત રાખીશ એ રીતે તેનુ કોઈ સગુવાહાલું લખીઆપીને ખાત્રી કરે એટલે તેને છોડી મુકવાનો માજીસ્ત્રેટે, અથવા પોલીશ કમીશનરે હુકમ કરવો; અને તે પ્રમાણે હુકમ થયા પછી તેને છોડી મુકવો.

કલમ ૧૧ મી.—પોતાની હદમાંના સરકારી એક આશ્રયસ્થાનમાંથી બીજા આશ્રયસ્થાનમાં ગાંડાને મોકલવા બાબત હુકમ કરવાનો અધીકાર તુરંગના ઇન્સપેકટરને છે અને ગાંડાને આશ્રયસ્થાનમાંથી કાહાડવા બાબત તથા જે આશ્રયસ્થાનમાં લઇ જવાને ફરમાવ્યું હોય તેમાં તેને લઈ જવા બાબત સદરહુ પ્રકારનો હુકમ પકકો આધાર છે એમ સમજવું.

કલમ ૧૨ મી.—જે હુકમ ઉપરથી કિંવા વૈદ્યકીય દાખલા ઉપરથી કિંવા બીજા દાખલા ઉપરથી ગાંડાને આશ્રયસ્થાનમાં લીધા હોય તેમાં બાધ છે કિંવા ચુક છે એવું ગાંડાને આશ્રયસ્થાનમાં લીધા પછી જણાઇ આવે ત્યારે આશ્રયસ્થાનના વીઝીટરનો અનુમત લઈ તે ચુક પાછળથી કોઈ પણ વખતે સુધારવાનો અધિકાર તે હુકમ ઉપર, કિંવા દાખલા ઉપર સહી કરનારા માણસને છે. અનુમત લેવો તે બે કિંવા વધારે વીઝીટરનો લેવો જોઇએ અને તેમાં એક પણ વૈદ્યકીય અમલદાર લેવો જોઈએ.

કલમ ૧૩ મી.—આ આકટ પ્રમાણે જેવો હુકમ જોઈએ તેવો હુકમ તે વૈદ્યકીય દાખલા સાથે હોય તે ઉપરથી કોઈ માણસને ગાંડાં માણસના આશ્રયસ્થાનમાં લીધુ હોય તેને તે ઠેકાણેથી બીજે ઠેકાણે લેઇ જાય ત્યાંહાં સુધી, અથવા આ આકટમાં કહ્યા પ્રમાણે તેને છોડી મુકે ત્યાંહાં સુધી તેને તે ઠેકાણે રાખવું. અને ત્યાંહાંથી તે નાસી જાયતો સદરહુ હુકમના આધારથીજ તેને આશ્રયસ્થાનની વ્યવસ્થા રાખનારે અથવા તે સ્થાનના હરકોઇ અમલદારે, અથવા ચાકરે, અથવા વ્યવસ્થા રાખનાર બીજા કોઇ માણસને કેહે તેણે, અથવા હરકોઇ પોલીસ અમલદારે પકડીને આશ્રયસ્થાનમાં લેઈ જઈને ત્યાંહાં તેને રાખવું.

કલમ ૧૪ મી.—પરવાનગી લેઈને સ્થાપેલા આશ્રયસ્થાનમાં આ આકટની ૪ થી અથવા ૫ મી, અથવા ૬ ઠી કલમ પ્રમાણે માજીસ્ત્રેટે અથવા પોલીસ કમીશનરે હુકમ કરીને કોઇ ગાંડાં માણસને મોકલ્યાં હોય અને ૭ મી કલમ પ્રમાણે કોઇ ગાંડાં માણસને સદરહુ પ્રકારના આશ્રયસ્થાનમાં લીધો હોય અને ખર્ચ લેવા બાબત તેના સગાંવાહાલા પાસેથી તેજ કલમ પ્રમાણે કરાર લખી લીધો નહી હોય, અથવા ગાંડાં માણસને આશ્રયસ્થાનમાં લેવા બાબત ૮ મી કલમ પ્રમાણે હુકમ કર્યો હોય, અને ખર્ચ લેવા બાબત તેજ કલમ પ્રમાણે જડજે હુકમ કીધો નહી હોય તો ગાંડા માણસને આશ્રયસ્થાનમાં રાખવાનો, તથા તેને અન્ન વસ્ત્ર આપવાનો, તથા ઓસડ પાણી કરવાનો, તથા તેનું જતન કરવાનો ખર્ચ તે આશ્રયસ્થાનની વ્યવસ્થા રાખનારને સરકારે આપવો.

કલમ ૧૫ મી.—જે માજીસ્ત્રેટે, અથવા પોલીસ કમીશનરે કોઈ ગાંડા માણસને ગાંડાં માણસના આશ્રયસ્થાનમાં મોકલ્યો હોય તે માજીસ્ત્રેટને, અથવા કમીશનરને માલમ પડે કે તે ગાંડાં માણસોનો ખર્ચ ચલાવવાને કામ લાગે તેવી, અને તેનાં કુટંબનો ખર્ચ ચાલતાં વધે તેટલી તેની પાસે માલમીલકત છે, અથવા તે ગાંડાં માણસનો ખર્ચ ચલાવવાની ફલાણા માણસને કાયદા પ્રમાણે જરૂર છે, અને તેને ખર્ચ ચલાવવાની શકતી છે એવું જણાય તારે અસલ ફરીયાદ લેવાની હકુમત વાળી જે મુખ્ય દિવાની કોર્ટની હકુમતની સ્થળ સીમમાં તે ગાંડાં માણસની માલ મિલકત હોય અથવા ગાંડાં માણસનો ખરચ ચલાવવાની જે માણસને કાયદા પ્રમાણે જરૂર હોય તે રહેતો હોય તે કોર્ટને તે માજીસ્ત્રેટે અથવા કમીશનરે દરખાસ્ત આપવી. પછી તે કોર્ટે તે વાતની સંક્ષેપ રીતે ચોકશી કરવી; અને તે

માણસનો ખર્ચ ચલાવવાને કામ લાગે તેવી તે ગાંડાં માણસની માલમીલકત છે અથવા તે ગાંડા માણસનો ખર્ચ ચલાવવાની ફલાણા માણસને કાયદા પ્રમાણે ફરજ છે, અને તેને ખર્ચ ચલાવવાની શકતી છે એવી કોર્ટની ખાત્રી થાય તો, તે ગાંડાં માણસને આશ્રયસ્થાનમાં રાખવાનો, તથા તેને અન્ન વસ્ત્ર આપવાનો, તથા તેને ઓસડ પાણી કરાવવાનો, તથા તેનું જતન કરવાનો ખર્ચ સદરહુ પ્રકારની માલ મિલકતમાંથી અથવા સદરહુ પ્રકારના માણસ પાસેથી વસુલ કરી લેવાનો હુકમ કોર્ટે કરવો. સદરહુ પ્રકારના હુકમમાં લખેલી મીલ મિલકત બાબત, અથવા હુકમમાં લખેલા માણસ ઉપર ફરીઆદ થયા પછી સદરહુ પ્રકારની કોર્ટ ફેસલો અથવા હુકમ કરે તે જે રીતે અમલમાં આવે, તથા ચાલે, અને તે ઉપર જે રીતે અપીલ ચાલે તેજ રીતે સદરહુ પ્રકારનો હુકમ અમલમાં આવશે, તથા ચાલશે અને તે ઉપર તેજ રીતે અપીલ ચાલશે એવું સમજવું ભટકતાં પકડાયલા ગાંડાં માણસના કબજામાં જે જંગમ માલ મીલકત હોય તે વેચીને તેનું જે ઉપજે તે સઘળુ (અથવા જરૂર હોય તેટલો તેનો ભાગ) તે ગાંડાં માણસને આશ્રયસ્થાનમાં રાખવા બાબત તથા તેને અન્ન વસ્ત્ર આપવા બાબત તથા તે ગાંડાં માણસ બાબત બીજો કંઈ ખર્ચ થાય તે વળવા સારૂં વાપરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે.

કલમ ૧૬ મી.—ગાંડાને અન વસ્ત્રનો ખરચ ચલાવવાની જવાબદારી તેના નાતીલા કિંવા બીજા મનુષ્ય ઉપર હોય તે આ આકટના કોઇ પણ ઠરાવ ઉપરથી જતી રેહે છે કિંવા તેને બાધ આવે છે એવું સમજેવું નહી.

કલમ ૧૭ મી.—ચોકસી થયાને કોઇ માણસ ગાંડો ઠરો હોય કિંવા બાદશાહી સનદ ઉપરથી સ્થાપેલી ઈન્સાફની કોરટમાં ગાંડાપણા બાબત કામ ચલવવાનો બંદોબસ્ત કર્યા સંબંધી આકટ એ નામનો સન૧૮૫૮નો૩૪નો કાયદો છે તે કાયદામાંના ઠરાવ પ્રમાણે કોઈ માણસ ગાંડો ઠરો હોય તે માણસ ઉપરથી બાદશાહી સનંદથી સ્થાપેલી ઈન્સાફની કોરટના અધિકારને આ આકટના કોઈ પણ ઠરાવ ઉપરથી બાધ આવે છે એવુ સમજવું નહી. કિંવા સદરહું પ્રકારના ગાંડાના સરીરનો કિંવા માલ મિલકતની કમીટીના હકને અથવા ગાંડા ગુન્હેગારને સંભાળીને કેદમાં રાખવા બાબત આકટ એ નામનો સન ૧૮૪૯નો ૪ થો કાયદો છે તે કાયદાના ઠરાવને આ આકટના કોઈ પણ ઠરાવ ઊપરથી બાધ આવે છે એવુ સમજવુ નહી.

અ જયારે કોઈ રાજકારભાર ચલવનારી સરકારે પોતાની હદમાં આ આકટ મુજબ ગાંડાઓને લેવા તથા રાખવા સાફ આશ્રયસ્થાન સ્થાપ્યું ન હોય ત્યારે ગવર્નર જનરલ ઈન કાઉન્સીલ વખતે વખતે સદરહુ હદની બાહાર બ્રિટિશ હિંદુસ્તાનમાં આવેલુ કોઈ આશ્રયસ્થાન ઠરાવે કે જયાં સદરહુ હદમાં હકુમત ચલાવનારો કોઇ પણ માજીસ્ત્રેટ અથવા જડજ જે ભાગમાં પોતાની હકુમત ચાલતી હોય તે ભાગમાં આ આકટ મુજબ સ્થાપેલા આશ્રયસ્થાનમાં મોકલી શકે તેવી રીતે ગાંડા માણસોને મોકલી શકે.

બ બ્રિટિશ હિંદુસ્થાનનો જે કોઇ ભાગ કોઈ ઈલ્લાકાને જોડી દેવામાં આવ્યો હોય અથવા ફોર્ટ વુલીયમ, ફોર્ટસેન્ટ જોર્જ અથવા મુંબઈના ઈલાકા સાથે જોડી દેવામાં આવ્યો હોય તો અનુક્રમે કલકતા, મદ્રાસ અથવા મુંબઇથી ત્રણસે માઇલથી વધારે આઘે આવેલો હોય તેવા ભાગને માટે ગવરનર જનરલ ઈન કાઉન્સીલ વખતે હુકમથી એમ ઠરાવવા મુખ્ત્યાર છે કે સદરહુ હુકમમાં કહેલુ બ્રિટીશ હિંદુસ્તાનમાંનું ગાંડા માણસોના કોઇ આશ્રયસ્થાનને સદરહુ ભાગને માટે આ આકટ સારૂ ઈલ્લાકામાં સ્થાપેલુ ગાંડા માણસનું આશ્રયસ્થાન ગણવું."

કલમ ૧૮ મી.—જે માણસનુ મન સારી સ્થીતીમાંજ હોય તથા જે માણસ બેભાન હોય તે માણસનો બોધ આ આકટમાં ગાંડો એ શબ્દથી થાય છે એમ સમજવું.

"માજીસ્ત્રેટ" આ શબ્દમાં માજીસ્ત્રેટનો અધિકાર ચલાવનારા માણસોનો સમાવેશ થાય છે એમ સમજવુ.

સને ૧૮૫૯ નો આક્ટ ૧૩ મો.

ઇંડીઆની લેજીસ્લેટીવ કૌન્સીલે ઠરાવ્યો તે ગવરનર જનરલે સન ૧૮૫૯ ના મે મહિનાની ૪ થી તારીખે મંજુર કર્યો.

કેટલેએક પ્રસંગે કારીગર, મજુર, અને બીગારી લોક કરાર તોડે તેઓને શીક્ષા કરવા વિશે ઠરાવવા બાબતનો આકટ.

જે કારીગર, મજુર અને બીગારી લોક કામ કરવાનો કરાર કરીને તે બાબત અગાઊ નાણુ લે છે તેઓ કપટ કરીને કરાર તોડે છે તેથી કલકતા, મદ્રાસ અને મુંબઈ આ મુખ્ય શેહેરો માંહેના તથા બીજા ઠેકાણાનાં કારખાના વાળાઓને તથા દુકાનદારોને તથા બીજા લોકોને ઘણુ નુકશાન તથા અડચણ થાય છે વાસ્તે અને નુકશાની બાબત દીવાની કોરટમાં ફરીયાદ કરવાનો જે ઉપાય છે તે છેકજ અધુરો છે અને જે માણસો એ પ્રમાણે કપટ કરીને કરાર તોડે તેઓને શિક્ષા થવી એ વાજબી તથા યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

કલમ ૧ લી.—ઉપર લખેલાં હરકોઇ શેહેરોમાં અથવા પ્રીન્સ ઓફ વેલ્સ આયલાંડ, સિંકાપુર અને મલાકા એ સેટલમેંટ માંહેના હરકોઈ થાણુંમાં રેહેનારા અથવા કામ ચલાવનારા ધણી પાસેથી અથવા કામ ઉપર રાખનારા પાસેથી અથવા તે ધણીની અથવા કામ ઉપર રાખનારની તરફથી કામ ચલાવનારા હર કોઈ માણસની પાસેથી કોઈ કારીગરે અથવા મજુરે અથવા બીગારીએ કામ કરવાનો કરાર કરીને અથવા બીજા કારીગર પાસે અથવા મજુર પાસે અથવા બીગારી પાસે કામ કરાવી આપવાનો કરાર કરીને તે બાબત અગાઊ નાણુ લીધુ હોય તે કારીગર અથવા મજુર અથવા બીગારી પોતાના કરારની સરતો પ્રમાણે કામ કરવાની અથવા કરાવી આપવાની જાણી જોઇને તથા કાયદાસર અથવા યોગ્ય કારણ વગર ગફલત કરશે અથવા ના કેહેશે તો પોલીસ માજીસ્ત્રેટને ત્યાં ફરીયાદ કરવાનો અધીકાર સદરહુ પ્રકારના ધણીને અથવા કામ ઉપર રાખનારને અથવા સદરહુ પ્રકારના માણસને છે પછી માજીસ્ત્રેટે તે કારીગરને અથવા મજુરને અથવા બીગારીને પોતાની રૂબરૂ બોલાવી મંગાવવા સારૂ નજરમાં આવે તેમ સમન અથવા વારંટ આપવું અને મુકરદમાની ચોકશી કરીને ફેસલો કરવો.

કલમ ૨ જી.—સદરહુ પ્રકારના કારીગરે અથવા મજુરે અથવા બીગારીએ ફરીઆદ કરનારની પાસેથી હર કંઈ કામ બાબત અગાઊ નાણુ લેઇ પોતાના કરારની સરત પ્રમાણે તે કામ કરવાની અથવા કરાવી આપવાની જાણી જોઈને તથા કાયદાસર અથવા યોગ્ય કારણ વગર ગફલત કરી અથવા ના કહી એવું માજીસ્ત્રેટની ખાત્રી થાય તે રીતે સાબીત થાય તો ફરીઆદ કરનારની મરજી પ્રમાણે માજીસ્ત્રેટે તે નાણું પાછું આપવાનો તથા પોતાને વાજબી તથા યોગ્ય લાગે તેટલો તેનો ભાગ પાછો આપવાનો તે કારીગરને અથવા મજુરને અથવા બીગારીને હુકમ કરવો અથવા તેના કરારની સરતો પ્રમાણે તે કામ કરવાનો અથવા કરાવી આપવાનો હુકમ કરવો અને તે કારીગર અથવા મજુર અ-

થવા બીગારી સદરહુ હુકમ પ્રમાણે ચાલવાને ચુકશે તો તેને ઘણામાં ઘણા ત્રણ મહીના સુધી સકત મજુરી સાથે કેદની સજા કરવાનો ઠરાવ કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે; અથવા નાણુ પાછુ આપવાનો હુકમ કર્યો હોય તો પણ ઘણામાં ઘણા ત્રણ મહીના સુધી અથવા તે મુદતની અંદર નાણુ આપે ત્યાંહાં સુધી તેને સકત મજુરી સાથે કેદની સજા કરવાનો ઠરાવ કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે પણ એવુ ઠરાવ્યું છે કે આ આકટ ર્ઠ્યો ન હોત તો ફરીયાદ કરીને, અથવા બીજી રીતે નાણુ વસુલ કવાનો દીવાની ઇલાજ ફરીયાદ કરનારનો ચાલતે તે ઈલાજ, નાણુ વસુલ થવાનુ બાકી રહ્યુ હોય તે વસુલ થાય ત્યાંહાં સુધી નાણુ પાછું આપવાનો સદરહુ પ્રમાણે હુકમ થયો છે તેથી ચાલશે નહી એવું સમજવું નહી.

કલમ ૩ જી.—જ્યારે માજીસ્ત્રેટ કોઈ કારીગરને અથવા મજુરને અથવા બીગારીને તેના કરારની સરતો પ્રમાણે હર કંઈ કામ કરવાનો અથવા કરાવી આપવાનો હુકમ કરે ત્યારે ફરીયાદ કરનાર કહે તો હુકમ પ્રમાણે ચાલવા સારૂ યોગ્ય જામીન સુદ્ધાં મુચરકો આપવાનુ તે કારીગરને અથવા મજુરને અથવા બીગારીને ફરમાવવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે અને એ પ્રમાણે તે મુચલકો આપશે નહી અથવા માજીસ્ત્રેટની ખાત્રી થાય તે રીતે જામીન નહી આપશે તો તેને ઘણામાં ઘણા ત્રણ મહીના સુધી સકત મજુરી સાથે કેદની સજા કરવાનો ઠરાવ કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે.

કલમ ૪ થી.—કરાર તથા કબુલત મોહોર બંધ દસ્તાવેજ કરી આપીને કરી હોય અથવા લખીને કરી હોય અથવા મ્હોડે કરી હોય તે સર્વેનો બોધ અને તે કરાર બાંધી મુદતનો હોય કે ઠરેલા કામનો હોય અથવા બીજા પ્રકારનો હોય તે સર્વેનો બોધ આ આકટમાં "કરાર" આ શબ્દ લખ્યો છે તે ઉપરથી થાય છે એવુ સમજવું.

કલમ ૫ મી.—ગવરનર જનરલ ઇન કાઉન્સીલ અથવા હર કોઇ પ્રેસીડેન્સીનો અથવા જગાનો રાજ કારભાર ચલાવનારો સરકાર પોતપોતાની હકુમત માંહેની હર કોઈ જગાએ આ આકટ લાગુ કરવાને મુખત્યાર છે આ આકટ સદરહુ પ્રમાણે લાગુ કરવામાં આવશે ત્યારે આ આકટ ઉપરથી પોલીસ માજીસ્ત્રેટને અધીકાર આપ્યો છે તે અધીકાર ચલાવવા સારૂ સરકાર જે અમલદારને અથવા અમલદારોને ખસુસ કરીને નીમે તે અમલદારે અથવા અમલદારોએ તે અધીકાર ચલાવવો.

પિનલકોડ સુધારા સાથે

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો.

સને ૧૮૬૦ નો ૪૫ મો.

ભાગ ૨ જો.

સને ૧૮૭૫ થી તે સને ૧૮૮૭ સુધી મુંબઇ, કલકત્તા, મદ્રાસ, અને અલ્હાબાદ હાઇકોર્ટોના ઇંડિયન લોરીપોર્ટસ નામના વાર્શીક રીપોર્ટ માંથી હિંદુસ્તાનના પિનલકોડ ઉપર જે જે ફેંસલાઓ થયા છે તેનું,

गुजराती भाषांत्तर करनार,

ऋदरजी वी. सुंदरजी राणा एल सी. इ.

પ્રાંત બાબરીયાવાડ અને ઉનાના સેસન જડજ.

તથા

આસીસ્ટંટ ઇજનીયર.

સ્વસ્થાન જુનાગઢ.

છપાવી પ્રસિદ્ધ કરનાર કસ્તુર વીરચંદ.

अमदावाद मध्ये “आर्योदय प्रेस”मां छाप्यो.

સંવત ૧૯૪૪. **સને ૧૮૮૮.**

अर्पण पत्रिका.

મે. રા. રા. પરશોતમરાય સુંદરજી ઝાલા.

સ્વસ્થાંન જુનાગઢના હજુર આસીસ્ટંટ.

'ઘણા સદગુણો દુનિયાદારી તથા રાજ્ય કામોનો' અનુભવ લીધા
પછી વ્રદ્ધ ઉમરે ઘણાજ થોડા માણસોને પ્રાપ્ત થાયછે. તેમાંના
કેટલાકસદગુણોઆપને નાની ઉમરે સંપાદનથઇ ચુકયાછે,
અને ખાત્રી છેકે, તે સદગુણોથી આપ.આગળ ઉપર
ઘણાંજ.ઉપયોગી તથા લોક પ્રીય કામો કરી શક
શો. આપના એ સદગુણોમાંથી જેટલા સંપા-
દન થઇ શકે તે સંપાદન કરવાની આપની
સાથે સંગમાં આવેલા દરેક માણસની ફ
રજછે અને મને જે સંગ મળ્યોછે તે
ને લઇને જેમ ગુરૂદત્તાત્રીએ અનેક
ગુરૂઓ ઠેકાણે ઠેકાણે કર્યા હતા
તેમ હું પણ આપના સદગુ-
ણો માટે આપને ગુરૂ ગ-
ણુંછું અને આ મારૂ ન
જીવું યત્ન ગુરૂ દક્ષ
ણામાં આપુંછું
તે સ્વીકાર
શો એમ
ઉમેદ
રાખનાર,

તા૦ ૧૮ માહે જાનેવારી સને ૧૮૮૮	આપનો નીમક હલાલ દોસ્ત રૂદરજી વી. સુંદરજી રંગણા.

सुचना पत्र

સરવે સદગ્રહસ્થોને વીનંતી પુર્વક ખબર આપવાની કે આ પુસ્તકનો પેહેલો ભાગ અમારા તરફથી ઘણી થોડી મુદતમાં છપાઇ બહાર પડશે અને તેની અંદર સને ૧૮૬૨ થી તે સને ૧૮૭૪ લગીના તમામ સવીસ્તર ચારે કોર્ટના ફેંસલાઓ આ પુસ્તકને મીસાલે આવશે. એટલે આ બીજા ભાગમાં આવેલો સન ૧૮૭૫થી તે સને ૧૮૮૭ લગીના તમામ આજદીન લગીના પેનલકોડના સવીસ્તર ફેંસલાઓ આવી જશે. ને તે સંબંધી પછી અંગ્રેજી એકે વાલ્યુમ સોધવુ પડશે નહી. અને તે તમામ ન્યાયાધિશો તથા વકીલો અને મુખત્યારોને ઘણુંજ ઉપયોગી થઇ પડશે એવી ઉમેદ છે આ પુસ્તકમાં પહેલો ભાગ છપાઇ પ્રસિદ્ધ થયે દાખલ કરવા સુગમ પડવા માટે આ પુસ્તક ચામડાના પુઠામાં ફાઇલની માફક બાંધી બહાર પાડયું છે.

આ કાયદો વસંદાની હવેલી સામે તથા કીકાભટનો પોળમાં
બુકસેલર કસ્તુર વીરચંદ પાસેથી મળશે.

પ્રસ્તાવના.

માહારા ખાનગી વખતના ઉદ્યોગનું આ ફળ પ્રજા પાસે મૂકવાને હું શક્તિવાન થયો છું તેની ઉતપત્તી વીષે કંઇક ટુંકામાં આ ઠેકાણે લખવું એ હું બીલકુલ અયોગ્ય માંનતો નથી.

જ્યારે હું હાઇકોર્ટના પ્લીડરની પરીક્ષાની તૈયારી કરતો હતો ત્યારે હિંદુસ્તાનની ચારે હાઇકોર્ટના ફેંસલાઓ જે માહારે વાંચવાની ફરજ હતી તે વાંચતાં વાંચતાં મને એમ જણાયું કે મુળ ઇંગરેજીમાંથી વાંચી જવા કરતાં પોતાની સ્પષ્ઠ ભાષામાં વાંચી જતાં તેની યાદી વધારે સારી રીતે રહી શકે છે. એ ઉપરથી જે ફેંસલાઓ હું વાંચતો તેનું હું ગુજરાતી ભાષામાં ભાષાંત્તર કરી લેતો આવી રીતે કેટલાક ફેંસલાઓ ગુજરાતીમાં મેં તૈયાર કર્યા હતા તે માહારા દોસ્તોને બતાવતાં તેઓએ છપાવી પ્રગટ કરવાનો આગ્રહ બતાવ્યો અને જે ફાયદો મને પોતાને તે ફેંસલાઓથી થયો, તે ફાયદો ઇંગ્રેજી અને ગુજરાતી તથા એકલું ગુજરાતી જાણનારને થશે એમ માહારી પોતાની ખાત્રી થતાં મેં મારા મિત્રોનો આગ્રહ સ્વીકારેલો છે.

આ ભાગમાં ફક્ત હિંદુસ્થાંનના પીનલકોડ ઉપર થયેલા ફેંસલાનું ભાષાંત્તર છે અને તેમાં સને ૧૮૭૫થી તે સને ૧૮૮૭ સુધીમાં ઇંડીયન લો રીપોર્ટસ નામના વાર્ષીકગ્રંથમાં જે ફેંસલાઓ પ્રગટ થયાછે તેનો સમાસ કરવામાં આવ્યો છે તે પેહેલાના સદરહુ કાયદા ઉપર થયેલા ફેંસલાઓનું ભાષાંત્તર હવે પછી પ્રગટ કરવાની ધારણા રાખીછે, અને ભગવત ઇચ્છા તો ઘણા ટુંકા વખતમાં તે પાર પાડવામાં આવશે.

ફોજદારી ફેંસલાઓ આવી રીતે તૈયાર કરવાનું મેં ઘણાંક કારણોથી વધારે યોગ્ય ધાર્યુંછે. પીનલકોડ ઉપરના ફેંસલાઓ સમાપ્ત થયા પછી પુરાવાના કાયદાના ફોજદારી ફેંસલાઓ બાહાર આવશે. અને ત્યાર બાદ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાઓનો આરંભ થશે. એટલે "ફોજદારી ફેંસલા સંગ્રહ" એવું આ પુસ્તકનું નામ આપી દરેક કાયદાવાર ફેંસલાઓ જુદાજુદા ભાગમાં દાખલ કરવાથી તે વાંચવાનું અધ્યન કરવાનું તથા જોવાનું વધારે સગવડ પડતું જણાયછે. હવે પછીના પીનલકોડ ઉપર જે ફેંસલાઓ થશે તેનું કેમ કરવું તે વીષે હજી વિચાર ઉપર રાખેલું છે. પરંતુ ઉમેદ રાખું છઉં કે ગમે તેમ કરીને તે ફેંસલાઓ પણ પ્રજા પાસે તાજે તાજા મુંકવાનું યત્ન ભુલીશ નહીં.

મેં મારી યથાશકતી પ્રમાણે જે ભાષાંતર કર્યુંછે તેમાં સરલ ગુજરાતી લાવવાની મેહેનત લીધીછે. અસલ ભાષાની શૈલી બીજી ભાષામાં રાખવી એ અતીશય કઠણ કામ માલમ પડેલું છે એટલે જે ઠેકાંણે અસલ સમજાય એવી ગુજરાતી ભાષા લાવી

શકયોછું તે આપણી ભાષાની ખુબી સમજવી પણ તે પ્રમાણે જ્યાં થઇ શકયું નથી ત્યાં મારે કબુલ કરવું જોઇએ કે ભાષાંત્તર કરવાની શકતી મને બરાબર રીતે આવી નથી એટલે તે બાબતનો દોષ માહારે માથે છે.

જુદી જુદી કલમો ઉપરના જે ફેસલાઓ જુદા જુદા પુસ્તકોમાં છપાએલ છે તે બધા ફેસલા દરેક કલમ નીચે તારીખના ક્રમ પ્રમાણે એકઠા કરીને તે કલમ નીચે મુકયાછે. આથી કરીને બધી રીતની સગવડતા થયેલી છે. એમ હું માનુછું અને સંખ્યાવાર ફેસલાની ગણતરી કરીને જુદે જુદે સ્થળે વીખરાઇ રહેલું તત્વ એકજ ઠેકાણે અકઠું કરવામાં સંખ્યાવાર પૃષ્ટની ગણતરી જતી કરી છે.

દરેક ફેંસલાની જમણીકોર ઝીણે અક્ષરે ટુંકીનોટ આપીછે. તે વાંચવાથી દરેક ફેસલામાં કહી બાબતનું લંબાહુથી વીવેચન કરેલુ છે. તે તુરત જોવામાં આવતાં આધારમાં મુકવા સારૂ તે ફેંસલો કાંઇ કાંમનો છે કે નહીં તે થોડીમેહેનતે માલુમ પડી આવશે.

ગ્રંથ અથવા ભાષાંત્તર કર્તા તરીકે બહાર આવવામાં હું એટલો બધો અવિશ્વાસી છઊંકે આ યત્ન પ્રજા પાસે મુકવામાં મોટા તથા જબરદસ્ત આગ્રહને આધીન થવુ પડયું. મારો મુળ યત્ન પોતાને માટે હા તે ઠેકાંણે હવે બીજાઓને લાભ આપવાનું જારે માહાર ઉપર દબાણ હાથયુંછે ત્યારે તે બીજાઓને લાભ થશે કે નહી તે વીશે હજી સંકલ્પ વીકલ્પ કર્યા કરૂં છું. જો લાભ થશે તો હું માનીશ કે માહારો યત્ન સફળ થયો અને જો ઉલટું થશે તો હું ધારી શકે હજીતેમ થવા સારૂ વધારે શીખવાનુંછે.

તારીખ ૧૮ મી જાનેવારી ૧૮૮૮
મુ. નવાગઢ.

રૂદરજી વી. સુંદરજી રાણા.

फैंसलाओनी अनुक्रमणिका.

ઇંડેકસ.

ગ.


ઘ.

ચ.

છ.

જ.

મ.



हिंदुस्तानचो फोजदारी कायदो.

સન ૧૮૬૦ નો આકટ નંબર ૪૫ મો.

હિંદુસ્તાનની કાયદા કરનારી સભા.

તારીખ ૬ ઠી અકટોબર સન ૧૮૬૦.

નીચે લખેલો આકટ હિંદુસ્તાનની કાયદા કરનારી સભાએ પસાર કર્યો, તે રાઈટ હાનરેબલ ગવરનર જનરલે સન ૧૮૬૦ નું અકટોંબર મહીનાની ૬ ઠી તારીખે મંજુર કર્યો, અને સરવ લોકોને જાણ થવા સારૂ તે અત્રે પ્રસિદ્ધ કરયો છે.

બાબ ૧ લો.

બ્રિટીશ ઈંડિયાને માટે એક સામાન્ય ફોજદારી કાયદો કરવો યોગ્ય છે, માટે નીચે મુજબ ઠરાવ્યું છે:—

કલમ ૧ લી.

આ આકટનું નામ "હિંદુસ્તાનનો ફોજદારી કાયદો," અને પ્રિન્સ આવેલ્સ આયલંડ, સિંગાપોર તથા મલાક્કા શીવાયનો "હિંદુસ્તાનનો રાજ્ય કારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ" એ નામના વિક્ટોરીયાના રાજ્યનાં ૨૧ મા તથા ૨૨ મા વર્ષમાં કરેલા કાયદાના બાબ ૧૦૬ ના ઉપરથી રાણી સાહેબના હાથ જે મુલક આવ્યો છે અથવા આવે તે સઘળા મુલકમાં સને ૧૮૬૧ ના મે મહીનાની તારીખ ૧ લી ને દીને તથા ત્યારથી એ અમલમાં આવશે. (કાયદાનુ નામ તથા ક્યાંક્યાં અમલમાં વર્તે.)

કલમ. ૨ જી.

સન ૧૮૬૧ ના મે મહીનાની તારીખ ૧ લીને દીને અથવા ત્યાર પછી સદરહુ મુલુક મધ્યે આ કાયદાના ઠરાવો વિરૂદ્ધનાં જે કામ અથવા કસૂરનો જે સખસ ગુન્હેગાર થશે, તે સખસને તે કામ અથવા કસુર બાબત આ કાયદા મુજબ શિક્ષા કરવામાં આવશે; બીજી રીતે કરવામાં આવશે નહીં.

સદરહુ મુલકમાંથ એના ગુનાહની શિક્ષા.

કલમ. ૩ જી.

સદરહુ મુલુકની હદની બહાર કરેલા કોઇ ગુન્હાને માટે જે સખસની તજવીજ હિંદુસ્તાનના ગવરનર જનરલ ઈનકાંઉન્સિલે કરેલા કોઇ કાયદાથી, થઇ શકતી હોય તે સખસની ઉપર સદરહુ મુલુકની બાહાર કરેલા કામને માટે, તે કામ જાણે સદરહુ મુલુકની માંહેજ કર્યું હોય એ પ્રમાણે, આ કાયદાના ઠરાવો મુજબ અમલ કરવામાં આવશે.

જે ગુનાહ સદરહુ મુલુકની બાહાર થયા હોય, પણ જેહેની તજવીજ કાયદા પ્રમાણે મુલકની માંહે થઈ શકે તે ગુનાહોની શિક્ષા.

કલમ ૪ થી.

આજ સુધીમાં કાંઈ તહનામું અથવા બંદોબસ્ત ઇસ્ટ ઈંડિયા કંપનીની સાથે થયો હોય, અથવા રાણીને નામે હિંદુસ્તાનની કોઈ પણ સરકારે કર્યો હોય, અથવા હવે પછી કરે, તે તહનામા અથવા બંદોબસ્ત ઉપરથી રાણીની સાથે દોસ્તી રાખૂનારા કોઇ રાજા અથવા રાજ્યના મુલુકની માંહે. સને ૧૮૬૧ ના મે મહીનાની તારીખ ૧ લીને દીને અથવા ત્યાર પછી રાણીની નોકરીમાં છતાં રાણીનો જે નોકર આ કાયદાના ઠરાવો વિરૂધનાં જે કામ અથવા કસુરનો ગુન્હેગાર થશે, તે નોકરને તે કામ અથવા કસુર માટે આ કાયદા મુજબ શિક્ષા કરવામાં આવશે.

દોસ્તી રાખનારા પરરાજ્યમાં રાણીના કોઇનોકરે કરેલા ગુનાહોની શિક્ષા.

કલમ ૫ મી.

ચોથા વિલિયમના રાજ્યના ૩જા તથા ૪થા વર્ષમાં કરેલા કાયદાના ૮૫ મા બાબના, અથવા ત્યાર પછી કોઇ પણ પ્રકારે ઈસ્ટ ઇંડિયા કંપની અથવા સદરહુ મુલુક, અથવા તે માંહેલા રહેવાસિયો સંબંધી કરેલા પાર્લેમેન્ટના કોઇ પણ આકટના, અથવા રાણી સાહેબની અથવા ઇસ્ટઇંડિયા કંપનીની નોકરી માંહેલા આફિસરો તથા સોલજરો બંડ કરે તથા નાસી જાય તેઓને શીક્ષા કરવા સારૂ કરેલા કોઇ પણ આકટના, અથવા હિંદુસ્તાનની દરીઆઇ ફોજનો બંદોબસ્ત કરવાના કોઇ પણ આકટના, અથવા કોઇ પણ વિશેષ અથવા સ્થાનિક કાયદાના, કોઇ પણ ઠરાવને આ આકટ માંહેની કોઇ બીનાથી રદ કરવાનો, અથવા તેમાં ફેરફાર કરવાનો, અથવા મોકુફ કરવાનો, અથવા તે રીતે અસર કરવાનો ઇરાદો નથી.

કેટલાએક કાયદાઓપર આ આકટથી કાંઇ અસર થતી નથી.

બાબ ૨ જો.

સાધારણ સમજણ.

કલમ ૬ ઠી.

આ કાયદામાં સઘળે ઠેકાણે ગુન્હાના પ્રત્યેક લક્ષણને, તથા શિક્ષા સંબંધી પ્રત્યેક ઠરાવને, તથા એવાં પ્રત્યેક લક્ષણ અથવા શિક્ષા સંબંધી ઠરાવના પ્રત્યેક દૃષ્ટાંતને "સાધારણ અપવાદો" એ નામના બાબ મધ્યે લખેલા અપવાદો લાગુ પડે છે એમ સમજવું, અગર તે અપવાદો તે લક્ષણમાં અથવા શિક્ષા સંબંધી ઠરાવમાં અથવા દૃષ્ટાંતમાં ફરીથી લખ્યા નથી તોપણ.

આ કાયદા માહેના લક્ષણો ને અપવાદો લાગુ પડે છે, એમ સમજવું.

દૃષ્ટાંતો.

(અ) આ કાયદા મધ્યે જે જે કલમોમાં ગુન્હાઓનાં લક્ષણો લખ્યાં છે તેઓમાં એમ લખ્યું નથી કે, એ ગુન્હા સાત વર્ષથી ઓછી ઉમરનાં બાળકથી થઈ શકે નહી પણ જે સાધારણ અપવાદમાં એમ લખેલું છે કે સાત વર્ષથી ઓછી ઉમરનાં બાળકે કરેલું કાંઇ પણ કામ ગુન્હો ગણાશે નહી તે અપવાદ તે લક્ષણોને લાગુ પડે છે એમ સમજવું.

(બ) ક એ ખુન કર્યું છે, તેહેને અ પોલીસ અમલદારે વગર વારંટે પકડયો તો એ ઠેકાણે અ ગેરવ્યાજબી કેદના ગુન્હાનો તકસીરવાર નથી, કેમકે કાયદા પ્રમાણે ક ને પકડવાની તેની ફરજ છે; માટે જે અપવાદમાં એમ લખ્યું છે કે "જે કામ કરવાની કાયદા પ્રમાણે જે સંખસની ફરજ છે તે કામ તે સંખસે કર્યું, તો તે ગુન્હો નથી" તે સાધારણ અપવાદમાં આ બીના દાખલ થાય છે.

કલમ ૭ મી.

આ કાયદામાં કોઈ પણ ભાગમાં જે શબ્દનો અરથ સમજાવ્યો છે તે શબ્દ આ કાયદામાં પ્રત્યેક ભાગમાં તેજ અરથ પ્રમાણે વાપર્યો છે.

આ કાયદામાં જે શબ્દનો અર્થ એકવાર સમજાવ્યો તે શબ્દ સઘળે ઠેકાણે તેજ અર્થમાં વાપર્યો છે.

કલમ ૮ મી.

પુરૂષ સર્વનામ "તે" તથા 'તે' ને વિભક્તિ લાગીને સિદ્ધ થએલા લિંગ. [illegible] તથા સ્ત્રી એ બંનેને લાગુ પડે છે.

કલમ ૯ મી.

એક વચનમાં લખેલા શબ્દોને અનેક વચનમાં પણ સમજવા; અને વચન અનેક વચનમાં લખેલા શબ્દોને એક વચનમાં પણ સમજવા; પણ જે ઠેકાણે તે શબ્દો લખ્યા હોય તે ઠેકાણે તેમ ન સમજવા એવું જણાય, તો ત્યાં તેમ ન સમજવા.

કલમ ૧૦ મી.

"પુરૂષ" એ શબ્દ વડે કોઈ પણ વયનો માનવી પુરૂષ સમજવો અને "સ્ત્રી" એ શબ્દ વડે કોઇ પણ વયની માનવી "સ્ત્રી" સમજવી. "પુરૂષ" "સ્ત્રી".

કલમ ૧૧ મી.

"સખસ" એ શબ્દમાં કોઈ પણ કંપની અથવા સભા અથવા માણસોની મંડળીનો સમાવેશ થાય છે; પછી તે કંપની, સભા, અથવા મંડળીને કારપોરેશનના હક મળ્યા હોય કે નહી, તોપણ. "સખસ"

કલમ ૧૨ મી.

"લોક" એ શબ્દમાં લોકના કોઇ પણ વર્ગનો અથવા કોઇ પણ જમાતનો સમાવેશ થાય છે. "લોક"

કલમ ૧૩ મી.

"રાણી" એ શબ્દ વડે ગ્રેટબ્રિટન તથા આયર્લાંડના એકઠાં મળેલાં રાજ્યનો જે વખતે જે સત્તાધીશ હોય તે સમજવો. "રાણી"

કલમ ૧૪ મી.

"રાણીનો નોકર" એ શબ્દો વડે "હિંદુસ્તાનનો રાજ્ય કારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ" એ નામનો વિક્ટોરીયાના રાજ્યનાં ૨૧ મા તથા ૨૨ મા વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ ઠા એ અથવા તેના આધાર ઉપરથી અથવા હિંદુસ્તાનની સરકારે કે કોઇ પણ સરકારે અથવા તેની સત્તાથી હિંદુસ્તાન મધ્યે કાયમ રાખેલા, ઠરાવેલા અથવા મુકરર કરેલા સઘળા અમલદારો અથવા નોકરો સમજવા. "રાણીનો નોકર"

કલમ ૧૫ મી

"બ્રિટિશઇંડિયા" એ શબ્દો વડે પ્રિન્સ આવ વેલ્સ આયલંડ, સિંગાપોર, તથા મલાકા શીવાયનો "હિંદુસ્તાનનો રાજ્ય કારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ એ નામના વિક્ટોરીયાના રાજ્યનાં ૨૧ મા તથા ૨૨ મા વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ ઉપરથી રાણી સાહેબને હાથ જે મુલક આવ્યો છે અથવા આવે તે મુલક સમજવો. "બ્રિટિશ ઇંડિયા"

કમલ ૧૬ મી.

"હિંદુસ્તાનની સરકાર" એ શબ્દો વડે હિંદુસ્તાનના ગવરનર જનરલ ઈનકાંઉસીલ, અથવા હિંદુસ્તાનના ગવરનર જનરલ પોતાની કાંઉનસીલથી ગેરહાજર હોય તે દરમીયાનમાં પ્રેસીડેંટ ઈનકાંઉનસીલ અથવા એકલા હિંદુસ્તાનના ગવરનર જનરલ સમજવા; તે તેઓ અથવા તે જે જે અખતિયાર પ્રમાણે કાયદામુજબ અમલ કરી શકે તે તે અખતિયારને સંબંધે સમજવા. "હિંદુસ્તાનની સરકાર"

કલમ ૧૭ મી.

"સરકાર" એ શબ્દ વડે જે સખસ અથવા સખસોનો બ્રિટિશ ઇંડિયાના કોઇ પણ ભાગમાં હકુમત કરવાનો કાયદા પ્રમાણે અખતિયાર છે તે સખસ અથવા સખસો સમજવા. "સરકાર"

કલમ ૧૮ મી.

"પ્રેસિડેનસિ" એ શબ્દ વડે એક પ્રેસિડેનસિની સરકારનો તાબે નો મુલક સમજવો. "પ્રેસિડેનસિ"

કલમ ૧૯ મી.

"જડજ" એ શબ્દ વડે જે સખસને તેના ઓહદ્દાને લીધે જડજનું નામ આપ્યું હોય તે સખસજ નહી, પણ જે જે સખસને કાયદાથી કોઈ પણ દીવાની અથવા ફોજદારી મુકદમામાં આખરી ફેંસલો, અથવા જે પર અપીલ ન થાય તો આખરી ગણાય એવો ફેસલો, અથવા બીજા કોઇ અધીકારીએ બાહાલ રાખેથી આખરી એવો ફેસલો આપવાનો અખત્યાર હોય, અથવા એવો ફેસલો આપવાને કાયદાથી અખતિયાર પામેલા અનેક સખસોમાંનો જે એક હોય તે દરેક સખસ સમજવો. "જડજ"

દ્રષ્ટાંત.

(અ) સન ૧૮૫૯ ના આકટ મુજબ કલેકટર કોઇ મુકદમામાં અધીકાર ચલાવતો હોય તે જડજ છે.

(બ) જે તહોમત બાબત દંડનો અથવા કેદનો હુકમ કરવાનો જે માજીસ્ટ્રેટને અખતિયાર હોય તે માજીસ્ટ્રેટ તે તહોમત બાબત પોતાનો અધીકાર ચલાવતો હોય તે વખતે જડજ છે. પછી તેના ફેસલા પર અપીલ હોય કે નહી તોપણ.

(ક) મદ્રાસના કાયદાના પુસ્તક માંહેલા સન ૧૮૧૬ ના ૭ મા કાયદા મુજબ મુકદમાઓની તજવીજ કરીને ફેસલા કરવાને જે પંચાયતને અખતિયાર છે તે પંચાયતમાંનો કોઇ પણ માણુસ જડજ છે.

(ડ) જે તહોમત બાબત તજવીજને સારૂ બીજી કોરટમાં કાંઇ મુકદમો મોકલવાનો જ અખતિયાર જે માજીસ્ટ્રેટને હોય તે માજીસ્ટ્રેટ તે તહોમત બાબત પોતાનો અધિકાર ચલાવતો હોય તે વખતે જડજ નથી.

કલમ ૨૦. મી.

"ઇનસાફની કોરટ" એ શબ્દો વડે જે જડજને કાયદાથી એકલો રહીને ઇનસાફનું કામ કરવાનો અખતિયાર મળ્યો હોય, અથવા જે જડજોને કાયદાથી એકઠા રહીને ઇનસાફનું કામ કરવાનો અખતિયાર મળ્યો હોય, તે જડજ અથવા જડજો સમજવા; પણ જ્યારે તે જડજ અથવા જડજો ઇનસાફનું કામ કરતા હોય ત્યારે. "ઇનસાફની કોરટ"

દ્રષ્ટાંત.

મદ્રાસના કાયદાના પુસ્તક માંહેલા સન ૧૮૧૬ ના ૭ મા કાયદા મુજબ કામ કરનારા પંચાયત જેને મુકદમાઓની તજવીજ કરીને ફેસલા કરવાનો અખતિયાર છે તે, એક ઇનસાફની કોરટ છે.

કલમ ૨૧.

૨૧. "સરકારી નોકર" એ શબ્દો વડે નીચે લખેલાં બ્યાનો માહેલાં કોઇપણ બ્યાનમાં દાખલ થાય એવો સખસ સમજવો તેની વીગત: "સરકારીનોકર."

પેહેલું.—રાણીનો હરએક કુવેનાંટેડ સરવંટ.

બીજું.—રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંનો હરએક કમીશંડ, આફીસર, તે હિંદુસ્તાનની સરકાર અથવા કોઇ પણ સરકારના હુકમ તળે નોકરી કરતો હોય ત્યાં સુધી.

ત્રીજું.—હરએક જડજ.

ચોથું.—કોઇ પણ ઇનસાફની કોરટનો હરએક અમલદાર જેનું કામ પોતાના હોદ્દાને લીધે, કાયદાની અથવા હકીકતની કોઇ બાબતની તજવીજ કરવાનું અથવા તે વિશે રીપોર્ટ કરવાનું અથવા કોઇ લેખ કરવાનું, તેના ખરાપણા વિશે સહી કરવાનું, તે લેખ પોતાના હવાલામાં રાખવાનું, અથવા કાંઇ મીલકત પોતાના હવાલામાં લેવાનું, કે તેની વ્યવસ્થા કરવાનું, અથવા ઇનસાફી બાબતના કાંઇ હુકમો બજાવવાનું, અથવા કાંઇ સોગંદ આપવાનું, કે સમજાવવાનું, કે કોરટમાં બંદોબસ્ત રાખવાનું હોય તે; તથા તે કામો માંહેનાં કોઇપણ કામો કરવાને કોઇ ઇનસાફની કોરટે ખસુસ અખિયાર આપેલો હરેક સખસ.

પાંચમું—હરએક જુરીનો માણસ, આસેસર, અથવા કોઇ ઇનસાફની કોરટને કે સરકારી નોકરને મદદ કરનારી પંચાયતમાંનો માણસ.

છઠું.—હરએક લવાદ અથવા બીજો સખસ જેને કોઇ ઇનસાફની કોરટે કે કોઇ બીજા મુખિયાર, સરકારીઅધિકારીએ કાંઇ મુકદમો અથવા બાબત ફેસલો અથવા રીપોર્ટ કરવા સારૂ સોંપી હોય તે.

સાતમું.—હરેક સખસ જેને પોતાના હોદ્દાના જોરથી કોઇ સખસને કેદ કરવાનો અથવા કેદમાં રાખવાનો અખિયાર હોય તે.

આઠમું.—સરકારનો હરએક અમલદાર જેનું કામ, પોતાના હોદ્દાને લીધે ગુન્હા અટકાવવાનું, ગુન્હાઓની ખબર આપવાનું, ગુન્હેગારોને તેઓનો ઇનસાફ થવા સારૂ કોરટમાં હાજર કરવાનું, અથવા લોકની તનદુરસ્તી, સલામતી, કે અનુકુળતા સંભાળવાનું, હોય તે.

નવમું.—હરએક અમલદાર જેનું કામ, પોતાના હોદ્દાને લીધે સરકારની વતી કાંઇ મીલકત લેવાનું, કબુલ કરવાનું, રાખવાનું, કે ખરચ કરવાનું, અથવા સરકારની વતી કાંઇ તપાસ અથવા માગણી, જમાબંદી, કે કરાર કરવાનું, અથવા મેહેસુલ બાબતના કાંઇ હુકમ બજાવવાનું, અથવા સરકારના પઇસા સંબંધી લાભની કાંઇ બાબતની તજવીજ કરવાનું, કે તે વિશે રીપોર્ટ કરવાનું, અથવા સરકારના પઇસા સંબંધી લાભ બાબતનો કાંઇ લેખ કરવાનું,

તેના ખરાપણા વિશે સહી કરવાનું, કે તે લેખ પોતાના હવાલામાં રાખવાનું, અથવા સરકારના પઇસા સંબંધી લાભની સંભાળને માટે કરેલા કોઇ કાયદા તોડતા અટકાવવાનું હોય તે; તથા હરેક અમલદાર જે સરકારની ચાકરી કે પગારમાં હોય અથવા જેને કાંઈ સરકારી કામ કરવા સારૂ 'ફી' કે કમીશન, મળતું હોય તે.

દશમું.—હરએક અમલદાર, જેનું કામ, પોતાના હોદ્દાને લીધે કોઇ ગામ, શેહેર, કે જીલ્લાનાં કાંઇ સામાન્ય લૌકિક કારણ માટે કાંઇ મિલકત લેવાનું, કબુલ કરવાનું, રાખવાનું કે ખરચ કરવાનું, અથવા કાંઇ તપાસ કે માપણી કે રકમબંદી કરવાનું, અથવા કાંઇ વેરો કે કર વસુલ કરવાનું અથવા કોઇ ગામ, શેહેર, કે, જીલ્લાના લોકોના હક્ક મુકરર કરવા સારૂ કાંઈ લેખ કરવાનું, તેનાં ખરાપણા વિશે સહી કરવાનું, અથવા તે લેખ પોતાના હવાલામાં રાખવાનું હોય તે.

દ્રષ્ટાંત.

મ્યુનિસિપાલ કમિશનર સરકારી નોકર છે.

ખુલાસો ૧ લો.—ઉપર લખેલાં બ્યાનો માંહેના કોઇ પણ બ્યાનમાં દાખલ થાય તે સખસો સરકારી નોકર છે એમ સમજવું, પછી તેઓને સરકારે મુકરર કર્યા હોય કે નહી, તોપણ.

ખુલાસો ૨ જો.—જે જે ઠેકાણે "સરકારી નોકર" એ શબ્દો આવે, તે તે ઠેકાણે તે શબ્દો જે માણસ સરકારી નોકર માફક હોદ્દો ચલાવતો હોય તેને વિશે સમજવા; પછી તે માણસના તે હોદ્દો ચલાવવા બાબતના અખિયારમાં કાયદા સંબંધી ગમે તે ખામી હોય, તોપણ.

કેસરેહીંદ. વિ. બુટો કીસ્ટોદાસ તથા એક બીજો.

કલમ ૨૧

૧

તા. ૪—૩—૭૮

ઇ. રૂ. ક-પા-૪૯૭

કોઇ સરકારી નોકર બીજા કોઈ શક્ષને સરકારી કામ કરવા સારૂ સરકારની મંજુરી લેઇને નીમે તો તે નીમાયેલો માણસ એક સરકારી નોકર છે.

गवरनर जनरल साथे गोठवण कर्या मुजब सरकारनी संमतीथी सरकारी सोलीसीटरे कलकत्तानी पोलीस कोर्टमां फोजदारी काम चलाववाने नीमेलो सक्ष, पीनलकोडनी कलम २१ ना अर्थ मुजब सरकारी नोकर छे.

આ કેસમાં તહોમતવાળા ઉપર, ઇંડીયન પેનલકોડની કલમ ૧૦૯ મુજબ હીયુમસાહેબ જેને સરકારી નોકર કહેવામાં આવ્યો હતો, તેને લાંચ આપવાની સુચના કર્યા બાબતનું તહોમત મુકેલું હતું.

એમ જણાય છે કે, એ હીયુમસાહેબને, સરકારની મંજુરીથી, અને ગવરનર જનરલ ઈનકાઉંસીલની મંજુર કરેલી ગોઠવણ પ્રમાણે, કલકત્તાની પોલીસ કોર્ટમાં સરકારી પ્રોસી-

ક્યુટર તરીકે કામ કરવા સારૂ સરકારી સોલીસીટરે) નીમ્યો હતો.

પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે, હાઈકોર્ટના અભીપ્રાય સારૂ જે વાત લખી મોકલી છે, તે એ છે કે, આવા પ્રસંગમાં હીયુમેંસાહેબ સરકારી નોકર ગણાય કે નહીં? આ લખાણની સુનાવણી વખતે કાંઇ હાજર થયું નહતું. હાઇકોર્ટ તરફથી જાકશન સાહેબે નીચે પ્રમાણે અભીપ્રાય આપ્યો છે.

સરકારી સોલીસીટરે, સરકારની સંમતીથી, ગવરનર જનરલ ઇન કૌંસીલે મંજુર કરેલી ગોઠવણ પ્રમાણે, જે માણસને સરકારી પ્રોસીક્યુટર તરીકે, કામ કરવા સારૂ નીમેલ હોય, તે પીનલકોડની કલમ ૨૧ ના અર્થ પ્રમાણે સરકારી નોકર છે, એમ અમે ધારીએ છીયે.

મહારાણી કેસરે હિંદ. વિ. કલકતા શેહેરની મ્યુનીસીપાલ કોરપોરેશન.

સને १८७७ना चोथा आकटनी कलम ३९मी (१८८२ना दसमा आकटनी कलम १९७मीना) अर्थ प्रमाणे, म्युनीसीपाल कोरपोरेशन ए सरकारी नोकर नथी; अने तेथी ते कलम प्रमाणे सरकारनी प्रथम मंजुरी मेळववी जोइए ते मेळव्या वगर, तेना उपर पीनलकोड प्रमाणे कोइ गुन्हानुं काम चलाववुं होयतो, चलावी शकाय छे.

કલમ ૨૧
તા. ૫-૬-૭૮
ઈ. ૩-ક.પા. ૭૫૮
મ્યુનીસીપાલ કોરપોરેશન એ સરકારી નોકર નથી.

કલકતા શેહેરમાં સરીફ દફતરી નામના મોહોલાની પડોશમાં ફરીઆદીના ઘરની નજીક, વીષ્ટાની વખાર રાખવાથી લોકાપકાર કૃત્ય કરવા વાસ્તે, હીં. પી. કો.ની ૨૬૮, ૨૬૯, ૨૭૦ તથા ૨૯૦મી કલમો પ્રમાણે, ઓસમાણ બીબી તથા એક બીજાની ફરીયાદ ઉપરથી, કલકતા શેહેરની કારપોરેશન ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું.

જે દીવસ સુનાવણીનો નકી કર્યો હતો તે દીવસે, ચિફ માજીસ્ટ્રેટને એવો શક આવ્યો કે, મ્યુનીસીપાલીટીના કમીશનરોને સરકારી નોકરો ગણવા જોઈએ, અને તેથી ૧૮૭૭ના ચોથા આકટની કલમ ૩૯મીમાં સરકારની મંજુરી મેળવવાનું ઠરાવ્યું છે, તે મંજુરી મેળવ્યા વગર તેઓના ઉપર કામ ચલાવી શકાતું નથી, તેથી તેણે આ કામ તેજ કાયદાની કલમ ૨૪૦ પ્રમાણે, હાઈકોર્ટનો અભીપ્રાય લેવા વાસ્તે લખી મોકલ્યું. તેમાં તેણે પોતાના અભીપ્રાયમાં નીચેનાં કારણો આપ્યાં છે.

(૧) સને ૧૮૭૭ના ચોથા આકટની કલમ ૩૯મીમાં ઠરાવ્યું છે કે, "જે સરકારી નોકરને, સરકારની પરવાનગી વગર નોકરી ઉપરથી ખસેડી શકાતો નથી, તેણે પોતાના સરકારી હુદાની રૂએ, કાંઇ કામ કર્યું હોય, તે બાબસારૂ સરકારની પરવાનગી મેળવ્યા વગર સદરહુ સરકારી નોકર ઉપરની ફોજદારી ફરીયાદ ચાલી શકશે નહીં."

(૨) પીનલકોડની કલમ ૨૧મીના દ્રષ્ટાંતમાં કહેલુંછે કે, મ્યુનીસીપાલ કમીશનર, એક સરકારી નોકરછે, અને તેજ કાયદાની ૧૧મી કલમ પ્રમાણે, ઘણા સક્ષોનો સમુદાય, તેપણ એક સક્ષ, ગણાય છે.

(૩) તેથી મ્યુનીસીપાલ કારપોરેશનના સમુદાયને પણ જેટલો પ્રથક પ્રથક મ્યુનીસીપાલ કમીશનરને હકછે, તેટલોજ છે.

ફરીયાદી તરફથી ફીલીપ્સ સાહેબે તકરાર કરી કેઃ—

૩૯મી કલમ આ કામને લાગુ પડતી નથી. સરકારી નોકરીમાંથી સરકારી નોકરને કાઢી મુકવામાં જ્યાં સરકારનું ઉપરીપણું રહેલું છે, ત્યાં મન્જુરી લેવી જોઈએ. આ કામમાં સરકારનું તેવું ઉપરીપણું નથી. કલકત્તાની કોરપોરેશનનો સમુદાય, કાયદાથીજ જન્મ પામેલો છે, અને તેઓના હાથમાં કોઈ સરકારી કામ નથી. અને તેથી તે જગા ઉપરથી તેઓ બરતરફ થઇ શકતા નથી, અને ફકત કાયદા બાંધનારી સભાના કોઇ કાયદાથી નાબુદ થઈ શકેછે. ગુન્હેગારની બરતરફી મંજુર કરીને, કોર્ટનાં આંસુ લોવાનું સરકાર પાસે જ્યારે સાધન નથી ત્યારે, ફોજદારી ફરીયાદને અટકાવવાનો અધીકાર હોય એમ કદાપી ધારવું જોઇએ નહીં. માજીસ્ટ્રેટે આ મુદો જરાએ વિચાર્યો નથી.

વળી કોરપોરેશન સરકારી નોકર નથી. માજીસ્ટ્રેટ એવું અનુમાન કરેછે કે, એ કોરપોરેશન સરકારી નોકર છે; પરંતુ પી. કો. ની ૨૧મી કલમમાં સરકારી નોકરની જે વ્યાખ્યા આપી છે, તેની એકે પેટા કલમમાં તેનો સમાસ કરેલો જણાતો નથી. એકજ મ્યુનીસીપાલ કમીશનર સરકારી નોકર છે. તે ઉપરથી બધા મ્યુનીસીપાલ કમીશનરોના સમુદાયને સરકારી નોકર ગણવા જોઈએ, એટલી તેની દલીલ છે. અને જેટલા મ્યુનીસીપાલ કમીશનરો છે, તેના સમુદાયને, કોરપોરેશન વત, તે માનેછે. માટે કોરપોરેશન પણ સરકારી નોકર બરોબર છે, એવું તે માનેછે. વળી તે એમ માનેછે કે, જો એક મ્યુનીસીપાલ કમીશનરનો ફોજદારી ફરીયાદમાંથી બચાવ થાયછે, તો તેનો સઘળો સમુદાય છે તેનો પણ તેવોજ બચાવ થવો જોઈએ.

હવે મ્યુનીસીપાલીટીના જે ચાલતા મેમ્બરો છે. તેનો આખો સમુદાય, તે કારપોરેશન નથી. તેના જે બધા મેમ્બરો છે, તેનાથી તે એક જુદીજ વસ્તુ છે. અને તેમાં થઈ ગયેલા, તથા હવે પછી થવાના મેમ્બરોનો પણ સમાસ થઈ શકેછે, તેથી તેના બધા મેમ્બરો સરકારી નોકર છે, એવું અનુમાન થઈ શકતું નથી. જો બધા મેમ્બરોનો બચાવ થાયછે, તો કોરપોરેશનનો પણ થવો જોઈએ, એવી માજીસ્ટ્રેટની જે વધુ દલીલ છે તેમાં પણ તેટલુંજ ખોટાપણું છે. પ્રથક પ્રથક મેંબરોને એવો બચાવ આપવાની જરૂર છે, કેમકે જો તેવા બચાવનો નિયમ કાયદામાં ન રાખવામાં આવે તો, તેને જાતથી અથવા નાણાથી કાંઇ નુકશાન ખમવું પડે. પરંતુ કોરપોરેશનને કેદની સજા થઇ શકે નહીં. તેમ તેના મેંબરોને પ્રથક પ્રથક કાંઇ નુકશાન ખમવાનું નથી. જો તેને કોઈ સજા કરવી હોય તો તેની મીલકત જપ્તીમાં લેવાથી અથવા બધાંનુ સમગ્ર ફંડ છે તેમાંથી પૈસા લીધાથી સજા કરી શકાયછે.

કોરપોરેશન તરફથી પીફર્ડ સાહેબ.

જસ્ટીસ એંસ્લીનો ઠરાવ—પ્રેસીડેંસી માજીસ્ટ્રેટે એવો સવાલ લખી મોકલ્યો છે કે, સને ૧૮૭૭ના ચોથા આકટની કલમ ૩૯મીમાં પ્રથક પ્રથક સરકારી નોકરો વાસ્તે જે બચાવ રાખ્યો છે, તે બચાવ મ્યુનીસીપાલ કોરપોરેશન જેના ઉપર ઈં. પી. કો. પ્રમાણે લોકાપકાર કૃત્યના ગુનાહની ફરીયાદ માંડી હોય તેને પોહોંચે છે કે નહીં?

પીનલકોડની ૧૧મી કલમમાં "સક્ષ" એ શબ્દની વ્યાખ્યામાં "કોઈપણ કંપની અથવા સભા, અથવા માણસોની મંડળીનો સમાવેશ થાયછે, પછી તે કંપની સભા, અથવા

મંડળીને કોરપોરેશનના હક મળ્યા હોય કે નહીં તોપણ." અને તેથી "સક્ષ" શબ્દ એ ૧૧મી કલમમાં છેલા વાક્ય સહીત વાંચવો જોઈએ, તેથી ૨૧મી કલમમાં "સરકારી નોકર" એ શબ્દોનો અર્થ, સદરહુ કલમના કોઈ પ્રકારનો હોય તો, તે અર્થથી કોરપોરેશનના લાભ મેળવનારા સક્ષોના સમુદાયની સુચના થાયછે. ૧૦મી રકમ શીવાય બીજી કોઈ રકમને જોવાનું જરૂર નથી. દસમા પ્રકારની રકમના દ્રષ્ટાંતમાં કહેલું છે કે, કોઈ એક મ્યુનીસીપાલ કમીશનર એક સરકારી નોકર છે. પણ તેટલા ઉપરથી એમ નીકળતું નથી કે તેજ કલમના અર્થ પ્રમાણે, કોરપોરેશન પણ એક સરકારી નોકર છે.

૧૦ મી રકમમાં "હરેક અમલદાર" એ શબ્દોની ચીંધણી, કોરપોરેશનના હક મેળવનારના સમુદાય કરતાં, કોઇ પ્રથક સક્ષ તરફ કરેલી જણાય છે. આ કામની એક દલીલ ખાતર એમ કબુલ કરવામાં આવે કે, કલકતા શેહેરની મ્યુનીસીપાલ કોરપોરેશન એક સરકારી નોકર છે. તો પણ મને લાગે છે કે, ૧૮૮૭ના આકટ ચોથાની કલમ ૩૯ જીના પ્રતીબંધમાં, તેનો સમાસ થઇ શકતો નથી. એ ચોથા આકટ પ્રમાણે તેની ૩૭ મી કલમમાં જે જડજ, અથવા સરકારી નોકરનું બ્યાન કર્યું છે, તે જડજે, અથવા સરકારી નોકરે પોતાના હુદાની રૂએ કાંઈ કામ કર્યું હોય, તે વાસ્તે સરકારની પરવાનગી વગર, તેના ઉપર ફોજદારી કામ ચાલી શકાશે નહીં. તે કલમમાં જે સરકારી નોકરોનો હવાલો આપ્યો છે, તેઓ બધાને સરકારની પરવાનગી વગર ખસેડી શકાતા નથી. મને લાગે છે કે, આટલી હકીકત સામટી રીતે લેવી જોઈએ. "નોકરી ઉપરથી ખસેડી ન શકાય એવા" એ શબ્દો "સરકારની પરવાનગી વગર" ના વાક્યથી જુદા પાડી શકાતા નથી.

સરકારની પરવાનગી વગર ફોજદારી કામ ચલાવવું નહીં, એ બધું ભેગું વાંચતાં તે ઉપરથી એવો અર્થ થાયછે કે, "સરકારની પરવાનગી વગર" એ શબ્દો મુકી દેતાં જે વર્ગના નોકરોને, પોતાની નોકરી ઉપરથી ખસેડી શકાતા નથી, તેઓનેજ ઉપલુ બ્યાન લાગુ પડેછે. તો જ્યારે એવો અર્થ કરીએ ત્યારે તેનો કાંઈજ અર્થ થતો નથી.

જે કોઈ સક્ષથી, અથવા સક્ષોના સમુદાયથી, કોઈ માણસને હરકત થઈ હોય, તે સક્ષ અથવા સમુદાય ઉપર ફોજદારી માંડવાનો હક બધાઓને માટે સાર્વજનીક છે. અને તે હક માત્ર કોઈ ખાસ કાયદાથી કમી થઈ શકેછે; એવો હક કમી કર્યો છે કે નહીં, તેનો વીચાર કરવામાં, કમી કર્યાના સ્પષ્ટ શબ્દો, અથવા માન્યા વગર ચલે નહીં એવું અનુમાન કરાવનારાં વાક્યો, જોવાં જોઇએ. "સરકારની પરવાનગી વગર નોકરી ઉપરથી ખસેડી શકાય નહીં" એ શબ્દોથી એવું અનુમાન કરવું જોઇએ કે, જે સક્ષોને સરકાર કોઈ પ્રસંગે ખસેડી શકતી નથી, તેવા સક્ષોનો તેમાં સમાસ કરવાનું કાયદાકારોનું મતન હતું, એવું મને બીલકુલ લાગતું નથી.

કોરપોરેશનની નોકરીમાં રહેલા કેટલાક સક્ષો, જેઓનો કલકત્તા મ્યુનીસીપાલ આકટની કલમ ૭૨મીથી તથા ૧૮૭૭ના આકટ ચોથાની કલમ ૩૯મીથી, બેશક જે બચાવ કર્યો છે, તે સક્ષોનો બચાવ કરવા કાયદાકારોએ જે દુરસ્ત વિચાર્યું છે, તેવું કલકતાની મ્યુનીસીપાલ કોરપોરેશન જેવા સમુદાય માટે, વિચાર્યું હોય એવું માનવાનું કશુંએ કારણ મહારા જોવામાં આવતું નથી. આવા સમુદાયને, વારંટથી પકડવો હોય તો, તે પકડી શકાતો

નથી, તેમ તેને કેદની સજા થઇ શકતી નથી.

માજીસ્ટ્રેટે જે સવાલ કરેલો છે, તેનો જવાબ માહારા તરફથી એવો છે કે. પી. કો. ના કોઈ ગુન્હા વાસ્તે મ્યુનીસીપાલ કારપોરેશન ઉપર ફરીયાદ કરવામાં આવી હોય, ત્યારે તેને સરકારી નોકરને વાસ્તે રાખેલા બચાવનો લાભ આપી શકાતો નથી.

જસટીસ વાઈટનો ઠરાવ—માહારો પણ એજ અભીપ્રાય છે. ૧૮૭૭ના ચોથા આકટની કલમ ૩૯મીનો શું અર્થ કરવો જોઇએ, તે ઉપર માજીસ્ટ્રેટના સવાલોનો પુરેપુરો આધાર છે.

સદરહુ કલમ કલકતા શેહેરના કારપોરેશનને લાગુ પડેછે, એમ જ્યાંસુધી સાબિત ન થાય, ત્યાં સુધી જેમ કોઇ એકાદા સક્ષે ગુન્હો કર્યો હોય, ને તેના માથે જેવી ફોજદારી ફરીયાદ ચાલી શકેછે, તેમ કારપોરેશન ઉપર પણ ફરીયાદ ચાલી શકેછે. આ સીધાંતમાં કોઈએ કાંઇ વાંધો લીધો નથી, તેમ વાંધો લેવાય એવું પણ નથી. કારપોરેશને કાંઇ અપકાર કર્યું હોય, અથવા કાંઈ કરવામાં કસુર કરી હોય તે બંનેને માટે તેના ઉપર ફોજદારી ચાલી શકેછે. જુઓ રાણી. વિ. બરમીંગહામ એન્ડ ગલોસેસ્ટર રેલવે કંપની, રાણી. વિ. કોસ્ટ, રાણી. વિ. ગ્રેટનોર્થ ઓફ ઇંગ્લાંડ રેલવે કંપની.

જે જડજ અથવા સરકારી નોકર, સરકારની પરવાનગી વગર, નોકરીમાંથી દુર થઇ શકતો નથી, તેના ઉપર ૩૯મી કલમ પ્રમાણે સરકારની પરવાંનગી વગર, કોઈ ગુન્હા માટે, ફોજદારી કામ માંડી શકાતું નથી. "સરકાર" શબ્દથી એ કલમમાં એવો અર્થ કરવાનો છે કે, જે સરકાર રાજ કારભાર ચલાવતી હોય તે સરકારની મંજુરી વગર જે સરકારી નોકર, નોકરી ઉપરથી દુર ન થઇ શકે એવો હોય, તે પંક્તીના નોકરમાં કલકત્તા કારપોરેશન આવે છે, એવો વાંધો લેવાયો છે. પરંતુ કારપોરેશનના પ્રત્યેક મેંબરથી, એલાયદી રીતે તે કારપોરેશન સરકારી નોકર છે કે નહીં તે બાબતમાં ઘણો શક લેવા જેવું છે, કેમકે "સરકારી નોકર" ની વ્યાખ્યા પી. કો. ની ૨૧મી કલમમાં આપી છે, અને તે કલમ પાછી ૧૮૭૭ના ચોથા આકટની ૩૯મી કલમ સાથે મેળવી છે. આ કામની દલીલ ખાતર એમ માનીએ કે, કારપોરેશન સરકારી નોકર છે. તોપણ કલકતાની કારપોરેશન, સરકારની પરવાનગી વગર નોકરીમાંથી દુર ન થઇ શકે, એવા સરકારી નોકરોની પંક્તીમાં આવતી નથી, એ સાફ દીવા જેવું છે. આ કારપોરેશનનો જન્મ ૧૮૭૬ના ચોથા આકટથી થયો છે. તેની ચોથી કલમ પ્રમાણે ૭૨ માણસોની સંખ્યા, જેઓ કમીશનરને નામે ઓળખાય છે. તેમાંથી ૪૮ સક્ષોને વેરો ભરનારા પસંદ કરેછે, અને ૨૪ સક્ષોની સરકાર તરફથી નીમણુંક થાયછે. તે સંખ્યાનો સમુદાય થઈને, એક કલકત્તા શેહેરની કારપોરેશન થઈ છે. આ કારપોરેશનમાં નિરંતર એક કમીશનરની જગએ બીજો કમીશનર નીમાયા કરેછે, તેઓ બધાની એકજ મોહોર છે. અને પોતાના સમુદાયના નામથી, ફરીયાદ કરી શકેછે, અથવા તેના ઉપર ફરીયાદ થાયછે. એ કારપોરેશનને બંધ પાડવાનો, અથવા સરકારની પરવાનગીથી ખસેડવાનો, અથવા બરતરફ કરવાનો, તે કાયદામાં કાંઈ ઠરાવ કર્યો નથી.

જો કારપોરેશન બંધ કરવી હોય તો કાયદાકારોએ, નવો કાયદો પસાર કરવો જોઈએ. અને જયાંસુધી કાયદાકારો વચ્ચે આવતા નથી, ત્યાંસુધી તેના સમુદાયની હયાતી ચાલુ

રણા કરેછે. "સરકારની પરવાનગી વગર ખસેડી ન શકાય એવો સરકારી નોકર" એ શબ્દોથી આવા સમુદાયની કાયદેસર પંક્તીનું વર્ણન કરવું એ બીલકુલ અજુક્તું છે.

કોરપોરેશનના સમુદાયપણા ઉપરાંત, તેના ૭૨ સક્ષોની પંક્તી કેહેવી છે, તેનો વિચાર કરવા આગળ વધવાની જરૂર હોય, તો, ૧૮૭૭ ના ચોથા આકટની ૩૯ મી કલમમાં, ખાસ રીતે સરકારી નોકરનું તેમાં ધ્યાન કર્યું નથી.

૨૨. મી કલમ પ્રમાણે આ બધા સક્ષો ત્રણ વર્ષને માટે નીમાય છે, અને તેટલો વખત તેને લગતું કામ કરે છે.

કહે પ્રસંગે એ કોરપોરેશનના, મેંબર તરીકે કહેવાતા અટકે છે, તેની વીગત ૨૩ મી કલમમાં આપી છે. એ પ્રસંગો નીચે પ્રમાણે છે.

મોત, રાજીનામું, અથવા ના લાયકી, આ ના લાયકી ઉતપન્ન થવાનાં કારણો નીચે પ્રમાણે છે. દેવાળું કાઢવું, કોરપોરેશન સાથે કોઈ કરારમાં હીત ધરાવવું, લગોલગ છ માસ સુધી કલકત્તેથી ગેર હાજર રહેવું, અને કોઈ મુદત સુધીની કેદની સજા ભોગવવી. તેથી જે સક્ષોના સમુદાયથી કોરપોરેશન થયું છે, તેઓની તરફ જોતાં કોરપોરેશન કરતાં કોઇ મેંબરના વીસે વધુ એમ કેહેવાઈ શકાતું નથી કે, સરકારની પરવાનગી વગર, જે સક્ષો ખસી શકે એવા નથી, તેવા સક્ષો, એ મેંબરો છે.

પીફ્રડ સાહેબે એવી દલીલ કરી છે કે, જે ૩૯ મી કલમના શબ્દોનો અમે વિચાર કરીએ છયે, તેમાં બે વર્ગના સરકારી નોકરોનો સમાસ કરેલોછે. તેમાંનો પેહેલો વર્ગ એવોછે કે, જેઓને કામગીરીમાંથી બીલકુલ ખસેડી શકતા નથી, અને બીજો વર્ગ એ છે કે, જેઓ માત્ર સરકારની પરવાનગીથી ખશી શકે એવાછે. એ કલમના શબ્દોનો આવો અર્થ કરવો જોઈએ, એ મત સાથે હું મળતો આવવા અશક્ય છું.

સરકારી નોકરના એકજ વર્ગ તરફ ચીંધણી હોય, એમ મને લાગે છે, એટલે કે જેઓ ફકત સરકારની પરવાનગીથી ખસી શકે એવો વર્ગ. એ વર્ગને તે કલમના શબ્દો લાગુ પાડીએ તો, કાંઈ ન્યુનાધીકતા રહેતી નથી. કેટલાક સક્ષોના લાભ માટે કોઇ એકને જન્મ આપ્યો છે, તો જે શબ્દોથી એ હકનો જન્મ થયો છે, તે શબ્દોનો સ્પષ્ટ, તથા સ્વભાવીક અર્થ છે, તે ઉપરાંત વધારે અર્થ ખેંચવો જોઇએ નહીં. પીફ્રડ સાહેબે જે દલીલ કરી છે, તે ઉપરથી તે કલમની ભાષા કેમ જાણે નીચે પ્રમાણે હોય, તેવો અર્થ કરવાની જરૂરજ પડે છે. "કોઇ સરકારી નોકર જે પોતાની કામગીરીપરથી, ખશી શકતો નથી, અથવા જો ખશી શકે છે, તો સરકારની પરવાનગી વગર ખશી શકતો નથી."

એ કલમનો જે અર્થ કરવા તકરાર લેવામાં આવી છે, તેમાં ખરેખરૂં જોતાં કેટલાક વધારાના શબ્દો દાખલ કરવા જોઇએ. અને તે મુજબ નથી, એટલે એ તકરાર સાવ મુકેલી છે. ૩૯ મી કલમમાં જે બચાવનો હક આપ્યો છે, તેનું કારણ તપાસતાં જે વર્ગના સરકારી નોકરને ખસેડવામાં સરકારની પરવાનગી જોઈએ, તે વર્ગ, કલકતા કોરપોરેશન જેવી પંક્તીના કોરપોરેશનના વર્ગથી તમામ જુદો છે, એ મત જસ્ટીસ એંસ્લીએ આપ્યો છે, તેને હું મળતો આવું છું. પેહેલા વર્ગના નોકરો ઉપર પરવાનગી વગર ફોજદારી ચાલવા ન દેવામાં, સરકારનું કેટલુંક હીત રહેલું છે, તેવું હીત બીજા વર્ગના લોકોને તેઓનાં કૃત્યનાં

પરીણામોમાંથી બચાવવામાં નથી. વળી કોરપોરેશન જો કોઈ ગુન્હાનું અપરાધી ઠરે, તો તેને કેદની સજા થઇ શકતી નથી, પણ માત્ર દંડની થઇ શકે છે. જે સરકારી નોકરને ખસેડવામાં સરકારની પરવાનગી જોઇએ છૈયે, તે નોકરને, પોતાની પરવાનગી વગર કેદખાનામાં જવા દેવો નહીં; એ વાત કાયદાકારોએ અગત્યની જાણી હશે. પણ જે નોકરોનો માત્ર દંડ થઇ શકે છે, અને જે દંડ, કર ભરનારાઓને આપવો પડે છે, તેવા નોકરોને માટે સરકારની પરવાનગી લેવી જોઇએ, તેનું બીલકુલ કારણ નથી.

પ્રેસીડેંન્સી માજીસ્ટ્રેટે જે સવાલ કર્યો છે, તેનો જવાબ નાના ૩૫માં દેવો જોઇએ, એ મતને હું મળતો આવું છું.

મદન મોહનની અરજીની બાબતમાં.

કલમ ૨૧
૩
તા. ૧૦-૧૨-૭૮.
ઈ. ૪ ક. પા ૩૮૬
સરકારી ભરણા દારનો નોકર, એ સરકારી નોકર નથી.

सरकारनी वती तीजोरीनुं काम करनारी अेक बेंकमां सरकारना थका, अेक कोर्ट ओफ वार्डसना हवालानी जागीरना वैवटदारे केटलाक रूपैया भर्या ब ए बेंकनो नोकर हतो, तेणे ए पैसामांथी पोतानी मेहेनत बदल कांइ रकम मागी लीधी. ब उपर हीं. पी. को. नी कलम १६१ मी मांहेला गुनाहनुं काम चाल्युं. तेमां ठराव्युं के, जो के, पैसा सरकारना थका अपाया छे, तोपण ते सरकारनी वती बंधवे पैसा लीधा नथी; पण बेंकनी वती लीधा छे, अने ते फक्त बेंकनो नोकर छे. पण पीनलकोडनी कलम २१ मीनी ९ मी रकम मुजब सरकारी नोकर नथी.

ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૨૯૭ (૧૮૮૨ ના દસમાની કલમ ૪૩૮) પ્રમાણે ચાલેલું કામ તપાસવાની આ એક અરજી છે.

એવું જણાયું છે કે, સને ૧૮૭૫ના જુન માસમાં એક કાશીચંદ્રે, પોતાના માણસની ચોકી તળે રૂપૈયા ૧૯૦૧ની રકમ બંગાળાની બેંકની શાખા ધાકામાં હતી, તેમાં ભરવા સારૂ મોકલી; સરકારે તેને કોઇ જાગીરનો વૈવટદાર નીમ્યો હતો, તેની ઉપજની તે રકમ હતી. સદરહુ બેંકમાં સરકાર તરફથી પૈસા ભરાતા, એટલે તે બેંકની ધાકાવાળી શાખાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વળી મજકુર બેંકમાં સરકારની તીજોરી પણ રહેતી હતી.

ઉપર કહેલી રકમ ભરણા સારૂ બેંકમાં આવી પહોંચી, એટલે મદનમોહન, જે બેંકનો એક નોકર હતો, તેણે કહ્યું કે મને મારી મેહેનત બદલ રૂપૈયા પાંચ નહીં આપવામાં આવે તો, હું એ રૂપૈયા લેઈશ નહીં. હા ના કરતાં આખરે જે નોકરોના હવાલામાં સદરહુ પૈસા હતા; તેમાંથી એક ગોવીંદચંદ્રે, મદનને એક રૂપૈયો આપ્યો.

પેલી જાગીરના વૈવટદારે જીલ્લાના કલેકટરની પાસે ઉપલી બીના જાહેર કરી. એટલે કલેકટરે સદરહુ મદનને, સરકારી નોકર હોઈને પોતાના અધીકારનું કામ કરતાં કાયદેસર મેહેનતાણા શીવાય પૈસા લીધાની, ફરીયાદ માંડવાનો હુકમ કર્યો. કેમકે સદરહુ મદન તે વખતે બેંકમાં નોકર હોવાથી, સરકારી તીજોરીનો પણ નોકર હતો. જ્યારે આ મુકરદમો ઇનસાફ સારૂ આવ્યો; ત્યારે ડેપ્યુટી માજીસ્ટ્રેટને માલુમ પડ્યું કે, બંધવો હિંદુસ્થાનના

પીનલકોડની કલમ ૧૬૧મીના ગુન્હાના તહોમતનો તકશીરવાંન છે. અને આખરે તેણે ઠરાવ કર્યો કે, બંધવાએ રૂપૈયા ૫૦) દંડના આપવા, અને તે ન આપે તો તેણે એક માસ સખત મજુરીથી કેદમાં રહેવું.

મદને, સેસનજડજને અપીલ કરી; એ અપીલ નામંજુર કરતાં, સેસનજડજે ઠરાવ્યું કે, બંગાળાની બેંકની ધાકાવાળી શાખામાં મદન નોકર હોવાથી, તે એક સરકારી નોકર છે, અને એવા સરકારી નોકરે ગેરકાયદેસર મેહેનતાણું લીધું છે, માટે તેને માજીસ્ટ્રેટે યોગ્ય રીતે ગુન્હેગાર ઠરાવ્યો છે.

મદને તે ઉપરથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૭ (૧૮૮૨ ના ૧૦માની ૪૩૮) મુજબ ગુન્હા તથા સજાનો ઠરાવ રદ કરવાને અરજી કરી;

અરજદાર તરફથી બાબુ જગેશચંદ્ર અને બાબુ હરીમોહન ચકરબતીએ એવો વાંધો ઊઠાવ્યો કે, મદનમોહન ઘણા નોકરો માંહેલો એક નોકર છે, જેઓની નેમણુંક બેંકની ખજાંનચીએ એકલાએજ કરેલી છે, અને સરકાર તરફનું ભરણું લેવાને ખાસ જુદા નોકરો નિમાયા નથી. અને જ્યારે એવું છે, તો પીનલકોડની કલમ ૨૧ મીની ૯મી રકમની વ્યાખ્યા મુજબ, તે એક સરકારી નોકર નથી.

સરકાર તરફથી વકીલ જગદાનંદ મુકંદજી.

એસ્લી જસ્ટીસનો ઠરાવ.

અમારો મત એવો છે કે, પીનલકોડની કલમ ૧૬૧ મુજબ ગુન્હાનો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે. માજીસ્ટ્રેટ એમ માને છે કે, બંગાળાની બેંકનો નોકર પીનલકોડની કલમ ૨૧ મીની નવમી રકમ પ્રમાણે સરકારી નોકર છે. સેસનજડજે તેવોજ નિર્ણય કરવામાં કેટલાંક કારણો આપ્યાં છે. પણ એ સવાલના લગતા પુરાવાને લઈને તે ઉપર વિચાર કરવાનું બેમાંથી એકે અદાલતવાળાએ દુરસ્ત ધારેલું નથી, તેમજ સરકારી વકીલ જે ગુન્હાનો ઠરાવ ચોભવી રાખવાને હાજર થએલ છે, તે પણ બતાવવાને અશક્ત છે.

કાયદાના શબ્દોનો અનવય કરી સેસનજડજ ભૂલમાં પડેલા છે. તે એમ કહેછે કે, સરકાર તરફથી જે પૈસા અપાય, તે લેવાની ફરજ બંધવાની હતી. સરકારી નોકરની વ્યાખ્યામાંથી કોઈ ભાગ લાગુ પડે તો આ કામમાં તે ભાગ આ પ્રમાણે છે. "હરેક અમલદાર જેનું કામ પોતાના હુદ્દાને લીધે સરકારની વતી કાંઈ લેવાનું છે."

સરકારની વતી કોર્ટ ઓફ વાર્ડસના વહીવટદારે તે પૈસા આપ્યા હતા એ ખરૂં છે; પણ જે પૈસા બંધવે લીધા તે સરકારની વતી લીધા નહોતા. પરંતુ બંગાળાની બેંકની વતી લીધા હતા. તે બેંકનો નોકર હતો, અને તેણે પોતાની ફરજમાં કોઇ રીતે કસૂર કરી હોત તો પરીણામે નુકશાંન થાત, તે બેંક ઉપર પડત, પણ સરકાર ઉપર પડત નહીં.

તેથી ગુન્હાનો તથા સજાનો ઠરાવ રદ કરી, ફરમાવવામાં આવે છે કે, જો દંડ વસુલ થયો હોય તો તેને મુજરે આપવો.

રાણી. વિ. આરાઇ.

कोर्ट ओफ वोर्डसना हवाला नीचेनी जागीरनो पटावाळो, हिंदुस्थानना पीनलकोडनी कलम २१मी मुजब सरकारी नोकर नथी. — કલમ ૨૧ ૪ તા. ૧૦-૫-૮૩ ઇ. ૭-મ. પા. ૧ કોર્ટ ઓફ વો ર્ડસનો પટાવાળો એ સરકારી નોક ર નથી.

વાલમના બીજા વર્ગના માજીસ્ટ્રેટે, સને ૧૮૮૩ના ૫૬મા નંબરના મુકદમામાં, એક આરાઇ નામની ઓરતે, ફરીઆદીને વાંસામાં સાવરણી મારી, એવું તહોમત તેણીના ઉપર રાખીને, તેને ૨૦ રૂપૈયા દંડની અને તે ન આપે તો, ૧૫ દીવસ સુધી કેદની શીક્ષા કરી હતી. આ સજા પીનલકોડની ૩૫૩મી માંહેલા ગુન્હાની કરી હતી. ફરીઆદી, કોર્ટ ઓફ વોર્ડસના તરફથી, ગાન્દાકોટાઇની, જમીનદારીની મેહેસુલ ઉઘરાવવાના કામમાં, પટાવાળો હતો. અને તેને બીજા વર્ગના માજીસ્ટ્રેટે, પીનલકોડની કલમ ૨૧ના અર્થ પ્રમાણે સરકારી નોકર ગણ્યો હતો.

ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે હાઈકોર્ટના હુકમ થવા વાસ્તે, આ કેસ લખી મોકલ્યો. તે એવા કારણથી કે, પીનલકોડની કલમ ૨૧ના અર્થ પ્રમાણે ફરીયાદી સરકારી નોકર છે કે નહીં એ શક પડતું છે.

કોઇના તરફથી કોઇ વકીલ હાજર નહોતો.

ચીફ જસ્ટીસ ટરનરનો ઠરાવ.

કોર્ટ ઓફ વાર્ડસના હવાલા નીચેની જાગીરનો કામદાર, એક પટાવાળાને નોકરીમાં રાખે, તો એ પટાવાળો પીનલકોડની કલમ ૨૧મીના અર્થ પ્રમાણે સરકારી નોકર નથી.

પીનલકોડની કલમ ૩૫૩ મુંજબ શિક્ષા થઇ શકે એવા ગુન્હાનો, ઠરાવ રહી શકતો નથી. પણ કલમ ૩૫૨મી મુજબ શિક્ષા થઈ શકે, એવો ગુન્હો તહોમતવાળાએ કર્યો છે, એમ જણાતાં, તહોમતના ઠરાવમાં સુધારો કરવા, તથા દંડની શિક્ષામાંથી રૂ. ૧૦) ઓછા કરવાનો હુકમ કર્યા શિવાય બીજી રીતે આ કોર્ટ વચ્ચે પડતી નથી.

રાણી. વિ. નીચીમુડુ અને બીજાઓ.

सरकार तरफथी नोकर राखेलो गाडावाळो पीनलकोडनी कलम २१ ना अर्थ प्रमाणे सरकारी नोकर नथी. — કલમ ૨૧ ૫ તા. ૨૧-૬-૮૩ ઇ. ૭. મ. પા. ૧૮ સરકારી કામ કરનાર મજુર એ સરકારી નોકર નથી.

સ. ૧૮૮૩ના ૨૦૨ નંબરવાળા મુકરદમામાં, નીચીમુડુ અને બીજા બે જણાઓને ઈ. પી. કોડની કલમ ૩૫૩મી મુજબ એક સરકારી નોકર જે પોતાનું કામ કરતો હતો,

તેના ઉપર હુમલો કર્યાના ગુન્હા માટે, નીગમપાટણના માજીસ્ટ્રેટે, અપરાધી ઠરાવ્યા હતા.

એ કેસ, સને ૧૮૮૨ના ૧૦મા આકટની કલમ ૪૩૮ પ્રમાણે, ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે, હાઇકોર્ટ તરફ લખી મોકલ્યો. તે એવા કારણથી કે, ફરીઆદી જે કે, ઇજનેરી ખાતામાં થોડા વખતને માટે, પાંચ રૂપીઆના દરમાયાથી ગાડું હાંકવાના કામમાં રાખેલો હતો, તેને સરકારી નોકર, પીનલકોડની કલમ ૨૧ના અર્થ પ્રમાણે ગણવો કે નહીં એ શક પડતું છે.

કોઇના તરફથી વકીલ હાજર નહોતો.

ચિફ જસ્ટીસ ટરનરનો ઠરાવ.

જે મજુરોને, સરકારની તરફથી, કામ કરવા અથવા મજુરી કરવાને, નોકર રાખેલા હોય, તેને માટે પીનલકોડની કલમ ૨૧ના અર્થ પ્રમાણે ગુન્હાનો ઠરાવ અયોગ્ય છે. પીનલકોડની કલમ ૩૨૩ પ્રમાણે તેને ગુન્હેગાર ગણવા જોઈતા હતા; માટે એ પ્રમાણે તહોમત સુધારવું.

કેસરે હિંદ. વિ. પરમેશ્વર દત્ત.

કલમ ૨૧

તા. ૫ ૨-૮૬. ઈ. ૮ અ. પા ૨૦૧ સરકારી નોકરનું કામ કર્યા પછી તથા સરકારી નોકર તરીકે ગણાયા પછી તે નોકરથી એમ કહેવા શે નહીં કે હું સરકારી નોકર નહોતો.

जे कोइ सक्षने पगार मळतो होय अथवा न मळतो होय, ते सक्ष सरकारी नोकरनी जगानी जवाबदारी, अने कामगीरी पोताने माथे लेवानुं पसंद करीने, सदरहु कामगीरी करे अने सदरहु जुवाबदारी कबुल राखे तथा ते सरकारी नोकरनी जग्यामां छे एवो विश्वास बेसाडे, तो ते सरकारी नोकर छे एम तेने गणवो जोइए, अने सरकारी कामकाज कर्या छतां अने सदरहु कामगीरी बीजाओ मंजुर करे ते छतां सदरहु सक्ष पछवाडेथी एम कहे के हुं पिनलकोडनी कलम २१ ना अर्थ मुजब सरकारी नोकर नहोतो तो ते कहेवुं ते नामोमां पोसाइ शकतुं नथी.

આ કામની હકીકત આ રીપોર્ટને માટે, જોઇએ તેટલી કોરટના ઠરાવમાં લખીછે.

અપેલેન્ટ તરફથી શીયન સાહેબ.

સરકાર તરફથી હીલ સાહેબ.

સ્ટ્રેટ જસ્ટીસનો ઠરાવ.

ગોરખપોરના સેસન જડજે, સ. ૧૮૮૫ના સપટંબરની ૨૬ મી તારીખે, પીનલકોડની કલમ ૪૨૦ માંહેલા ઠગાઇના ૩ ગુન્હાનો અપેલેંન્ટને અપરાધી ઠરાવેલ; તે ઠરાવ ઉપર આ અપીલ છે.

આ ગુન્હાઓ ૨૪૫૫–૪–૧૧, ૨૯૭–૧૪–૩, અને ૩૨૩–૧૫–૪ મળીને જે, એક મોટી રકમ થાયછે તેને લગતાછે. એ મોટી રકમ બંધવાએ, ખોટી હકીકત કહી હતી તેને લીધે, બીજા સક્ષસોને અયોગ્ય રીતે અપાઇ હતી. અપેલેંન્ટને વળી પીનલકોડની કલમ ૧૬૭ મુજબ, અપરાધી ઠરાવેલ હતો. પરંતુ તે કલમના સંબંધમાં તેને કાંઇ સજા કરવામાં આવી નોતી.

બંધવો સરકારી નોકર હતો કે નહીં, અને તે દરજાની સાથે જોડાયેલી જવાબદારીને તે તાબે હતો કે નહીં? એ સવાલ આ છેલા અપરાધના ઠરાવમાં રોકાયો છે. તેને શું કામ કરવાનું હતું; તે નીચેની વીગતથી જણાશે.

કેટલાંક વરસો થયાં ગોરખપોરમાં, તેશીલદારની હાફીસ સાથે તે જોડાયો હતો. એટલે કે, કાંઈ પગાર લીધા વગર તે હાફીસમાં કામ કરતો હતો. અને તેમાં નોકરીઆતો શું કામ કરેછે, તે કામ તે શીખતો હતો. તે એવી ઉમેદથી કે, અંતે તે હાફીસમાં પોતાને નોકરી લેવી, અને તેજ હાફીસમાં બીજા સક્ષો, કામ કરતા તેની માફક પગાર લેવો. પીનલકોડની કલમ ૨૧ની વ્યાખ્યા પ્રમાણે, તે સરકારી નોકર નથી, એવો તેના વતી જે વાંધો ઉઠાવ્યો છે, તે મને હવે ઘણો મોડો ઉઠાવેલો માલુમ પડેછે. મારો અભીપ્રાય એવો છેકે હરકોઇ સક્ષ, પછી તેને કાંઈ પગાર મળતો હોય કે નહીં તોપણ તે સક્ષ, જો સરકારી નોકરના હુદ્દાની જવાબદારી, અને કામગીરી પોતાને માથે લેવાનું કરીને, સદરહુ કામગીરી કરે, અને સદરહુ જવાબદારી કબુલ રાખે, તથા તે એક સરકારી નોકરની જગ્યા ઉપર છે, એવું માન્યામાં આવે, ત્યારે તે સરકારી નોકર છે એમ ગણવું જોઈએ. અને પછવાડેથી તે એમ કહેકે, હું જે સરકારી કામ કરતો હતો તે તથા બીજાઓ સદરહુ કામગીરી મારી માન્ય કરતા હતા. તે છતાં પણ હું સરકારી નોકર નોતો એમ કહેવું તેના મોમાં સમાઇ શકતું નથી. જો આવો વાંધો ચાલવા દેવામાં આવે, અને કોઇ માણસ સરકારી નોકર હતો કે નહીં, તે સવાલનો આધાર તેને કાંઇ પગાર મળતો નહીં તેવી પરીક્ષા ઉપર તદન લટકી રહેતો હોયતો, આ મુલક જેવા દેશોમાં જ્યાં ઘણા સક્ષો, પગાર વગર સરકારી કામ કરવા રોકાયા હોયછે, તે દેશોમાં ઘણું નુકશાન અને મુશકેલી ઊઠવા જેવું થાય; તેથી મારો અભીપ્રાય એવોછે કે, અપેલેન્ટ સરકારી નોકરની વ્યાખ્યામાં સમાઈ શકેછે, એમ ગણવું જોઇએ. આથીકરી અપેલેન્ટ તરફથી જે પેલી તકરાર ઊઠાવવામાં આવીછે, તેનો નીર્ણય થાયછે, કયા પ્રસંગમાં બંધવાને અપરાધી ઠરાવ્યોછે, તેની હકીકત મારે ટુંકામાં કહેવાની છે.

એમ જણાયછે કે, લશકરી ખાતાવાળાઓએ સગવડ ખાતર ગોરખપોરના કલેકટર સાથે એવો બંદોબસ્ત કર્યો હતો કે, કલેકટરે તેહેશીલદારની ઓફીસ મારફત બજારમાં દાણા તથા બીજી ખોરાકીની ચીજોનો શુ ચાલતો ભાવ છે તે નકી કરવો, અને રીતસર તે ભાવનું પત્રક ફારશીમાં બંધવે તૈયાર કરવું; અને તે કર્યા પછી કલેકટરની હાફીસમાં અગસ્ટીન સાહેબ હતા તેની પાસે, તે નીરખ પત્ર લઈ જઇને, ફારશીમાંથી નીરખના પત્રકના આંકડા તેને ઉતરાવવા. આ ઉપરથી આગષ્ટીન સાહેબ, કલેકટરના તરફથી ઈંગ્રેજીમાં પત્રક બનાવતો, અને ત્યારબાદ પલટનના કમાન્ડીંગ ઓફીસર આ પ્રમાણે તૈયાર કરેલા પત્રકોને આધારે જે વેપારીઓ ખોરાકીની ચીજ પુરી પાડતા, તેઓને તુરત પૈસા આપવાના હુકમ કરતો. તેથી કરી બજાર માંહેલા કોઇ સક્ષોની સાથે, ગોઠવણ કરીને, બંધવો જો ખોરાકી ચીજના નીરખની રકમના સંબંધમાં, ખોટી હકીકતનું પત્રક અગષ્ટીન સાહેબ પાસે લઈ જવાને તૈયાર કરે, અને તે પત્રક ઉપરથી, અગષ્ટીન સાહેબ જે પત્રક કરે, તેપણ અવસ્ય ખોટું હોવું જોઇએ; અને તેમ થવાથી વેપારીને જે પૈસા લેવાનો હક થાય, તે કરતાં વધારે રકમ અપાઈ જાય, પીનલકોડની કલમ ૪૨૦ના અર્થમાં, આવી શકે એ વધારે સ્પષ્ટ બીનાનો, હું ખ્યાલ કરી શકતો નથી. એમ સાબીત થયુંછે કે, બંધવાએ તૈયાર કરેલા નીરખનું ફારશી પત્રક સાચું હતું; અને અગષ્ટીન સાહેબે લખાવ્યુંછે કે, મારૂં ઈંગ્રેજી પત્રક બંધવાએ આપેલા ફારશી પત્રકના ભાષાંતર ઉપરથી, તૈયાર કર્યું હતું. આ બંને પત્રકો મુકાબલ કરતાં સાફ માલુમ પડેછે કે, અપેલેન્ટે ફારશી પત્રકની મતલબ ખોટી રીતે કહી સંભળાવી હતી; કેમકે, આગષ્ટીન સાહેબના પત્રકમાં, કહેલા ભાવમાં; ઘણું અધિકપણું હતું. આ કેસનો કોઈ રસ્તેથી બચાવ થઈ શકતો નથી; માટે આ અપીલ હું કાઢીનાખુંછું.

કલમ ૨૨ મી.

"જંગમ મિલકત" એ શબ્દો વડે જમીન તથા જમીનને ચોંહોટેલી વસ્તુ અથવા જમીનને ચોંહોટેલી વસ્તુ જોડે જાથુ જડાયલી વસ્તુ શીવાયની કોઈ પણ પ્રકારની સરકાર મિલકત સમજવી. "જંગમ મીલકત."

કલમ ૨૩ મી.

"ગેરવ્યાજબી લાભ" એટલે કાયદા વિરૂદ્ધ ઉપાયોથી મેળવેલી મિલકત જે મિલકતપર તે મેળવનાર સખસનો કાયદા પ્રમાણે હક નથી. "ગેરવ્યાજબી લાભ."

"ગેરવ્યાજબી હાની" એટલે કાયદા વિરૂદ્ધ ઉપાયોથી મિલકતનું જવું જે મીલકતપર તે જેહેની પાસે જાય છે તે સખસનો કાયદા પ્રમાણે હકછે. "ગેરવ્યાજબી હાની."

કોઈ સખસને ગેરવ્યાજબી રીતે કાંઈ મળે ત્યારે, અને તેમજ તે ગેરવ્યાજબી રીતે પોતાની પાસે રાખે ત્યારે પણ, તેને ગેરવ્યાજબી લાભ થયો એમ સમજવું. કોઈ સખસની પાસેથી ગેરવ્યાજબી રીતે કાંઇ મીલકત લઇ લેવાય ત્યારે, અને તેમજ તેહેને કાંઇ મીલકત લેતાં ગેરવ્યાજબી રીતે પ્રતિબંધ થાય ત્યારે પણ, તેને ગેરવ્યાજબી હાની થઇ એમ સમજવું. "ગેરવ્યાજબીલાભ" માં મીલકતનું ગૈરવ્યાજબી રાખવુંપણ સમજવું ગેરવ્યાજબી હાનીમાં કાંઇ મીલકત લેવામાં ગેરવ્યાજબી પ્રતિબંધ થાય તે પણ સમજવો.

કલમ ૨૪ મી.

૨૪. જે માણસ કાંઇ વસ્તુ એક સખસને ગેરવ્યાજબી લાભ કરવાના, અથવા બીજા સખસને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી કરે, તે માણસે તે વસ્તુ બદદાનતથી કરી એમ સમજવું. "બદદાનતથી"

કલમ ૨૫ મી.

૨૫. જો કોઇ સખસ કાંઈ વસ્તુ દગો કરવાના ઇરાદાથી કરે, તો તે વસ્તુ તેણે "દગલબાજીથી" કરી એમ સમજવું, નહી તો નહી. "દગલબાજી"

કલમ ૨૬ મી.

૨૬. જો કોઈ સખસને કાંઇ વસ્તુ માનવાનું પાકું કારણ હોય, તો તેહેને તે વસ્તુ "માનવાનું કારણ"છે એમ સમજવું, નહી તો નહી. "માનવાનું કારણ."

કલમ ૨૭ મી

૨૭. જ્યારે કાંઇ મિલકત, કોઇ સખસની વતી, તે સખસની સ્ત્રી, મેહેતા, અથવા નોકરના કબજામાં હોય, ત્યારે આ કાયદાના અર્થ પ્રમાણે તે તેજ સખસના કબજામાં છે એમ સમજવું. સ્ત્રી, મેહેતા, અથવા નોકરના કબજામાંની મિલકત.

ખુલાસો—જે સખસને થોડીવાર અથવા કોઇ વિશેષ પ્રસંગે મેહેતા અથવા નોકરની માફક રાખ્યો હોય તેને આ કલમના અર્થ પ્રમાણે મેહેતો અથવા નોકર સમજવો.

કલમ ૨૮ મી

૨૮. જે સખસ એક વસ્તુ બીજી વસ્તુના સરખી કરે એવા ઇરાદાથી કે તે સરખાપણાથી ફરેબ કરવો, અથવા એવું જાણીને કે તેથી ફરેબ થશે એવો સંભવ છે તે સખસે તે વસ્તુ ખોટી બનાવી એમ સમજવું. "ખોટું બનાવવું."

ખુલાસો—કાંઇ વસ્તુ ખોટી બનાવવામાં નકલ બરાબર થવી જોઇએ એમ જરૂર નથી.

કલમ ૨૯ મી

૨૯. "લેખ" એ શબ્દવડે કાંઈ પણ બાબત સમજવી, જે બાબત કોઇ પણ વસ્તુ ઉપર અક્ષર, અંક કે ચિન્હ વડે, અથવા એ માંહેના એકથી વધારે સાધનો વડે સમજાવી અથવા બ્યાન કરેલી હોય, અને જે સાધનો તે બાબતના પુરાવા દાખલ વાપરવાનો ઇરાદો કરયો હોય અથવા વપરાય.

ખુલાસો ૧ લો—ગમે તે સાધનવડે અથવા ગમે તે વસ્તુ ઉપર તે અક્ષર, અંક અથવા ચિન્હ કાહાડયાં હોય અને તે પુરાવો કોઇ ઇનસાફની કોરટ માટે ઇરાદો રાખી કરયો હોય કે નહી, અથવા તે કોઇ ઇનસાફની કોરટમાં વપરાય કે નહી તેહેની કાંઈ ફિકર નથી.

દૃષ્ટાંતો.

એક લખતમાં કોઇ કરારની સરતો લખીછે, અને તે લખત તે કરારના પુરાવાની માફક વાપરી શકાય એહવું છે, તો તે લેખછે.

કોઇ સરાફની ઉપરનો ચેક લેખછે.

'વકાલતનામું' અથવા મુખત્યારનામું લેખછે.

નકસો જે પુરાવામાં વાપરવાનો ઇરાદો કરેલો હોય, અથવા જે પુરાવામાં વપરાય તે લેખછે.

જે લખતમાં કાંઈ હુકમ લખ્યો હોય, અથવા કેમ કરવું એ બાબત કાંઇ સલાહ લખી હોય તે લેખછે.

ખુલાસો ૨ જો—અક્ષર અંક અથવા ચિન્હો વડે વેપારીઓના અથવા બીજા રિવાજ મુજબ, જે સમજાતુ હોય, તે આ કલમના અરથ પ્રમાણે તે અક્ષર, અંક અથવા ચિન્હોવડે સમજાય છે એમ સમજવું; પછી તે સઘળુ સવિસ્તર લખ્યું નહોય તોપણ.

દ્રષ્ટાંતો.

અ. હુકમ કરે તેને નાણાં આપવાં એવી તરેહની એક હુંડીની પાછળ અ. પોતાનું નામ લખે, તો એ પાછળ લખવાનો અર્થ વેહેપારીઓના રિવાજ મુજબ હેવોછે કે એ હુંડી જેહની પાસે હોય તેહને નાણાં આપવાં. હવે પાછળ જે લખ્યું છે તે લેખ છે. "આ જેહેની પાસે હોય તેહને નાણાં આપજો." એ શબ્દો અથવા એજ મતલબના બીજા શબ્દો જાણે તે સહીની ઉપર લખ્યા હોય, એ પ્રમાણે તેહેનો અર્થ કરવો.

કલમ ૩૦ મી

"કિમતીદસ્તાવેજ."

૩૦. "કિમતી દસ્તાવેજ" એ શબ્દો વડે જે લેખથી કાંઇ કાયદેસર હક ઉત્પન્ન થતો હોય, વધતો હોય, બીજાને અપાતો હોય, ઓછો થતો હોય, નાબુદ થતો હોય, અથવા છોડી દેવાતો હોય; અથવા જે લેખથી કોઇ સખસ કબુલ કરતો હોય કે માહારી કાયદેસર જુમેદારી છે, અથવા ફલાણો કાયદેસર હક માહારો નથી, એવો લેખ, અથવા એવી મતલબનો લેખ, સમજવો.

દ્રષ્ટાંતો.

અ. એ એક હુંડીની પાછળ પોતાનું નામ લખ્યું, હવે એ લખવાની અસર એવી છે કે તે હુંડીપરનો હક જે માણસની પાસે તે હુંડી કાયદા પ્રમાણે આવે તેને પોહોંચે, માટે પાછળ જે લખ્યું તે "કિમતી દસ્તાવેજ" છે.

કલમ ૩૧ મી

"વીલ"

૩૧. "વીલ" એ શબ્દ વડે કોઈપણ વશીયતનામાનો લેખ સમજવો.

કલમ ૩૨ મી

કામને કેહેનારા શબ્દોમાં કાયદા વિરૂદ્ધ કસુરો પણ સમજવી.

૩૨. આ કાયદાના હરેક ભાગમાં કરેલા કામોનો બોધ કરનારા શબ્દો હોય તે શબ્દો કાયદા વિરૂદ્ધ કસુરોને પણ લાગેછે એમ સમજવું પણ જે ઠેકાણે તે શબ્દો લખ્યા હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અર્થ દેખાતો હોય, તો ત્યાંહાં તેમ અર્થ કરવો.

કલમ ૩૩ મી

"કામ" "કસુર"

૩૩. "કામ"એ શબ્દ એક કામને અને તેમજ એક પછી એક એ પ્રમાણે કરેલા અનેક કામોને પણ લાગેછે; અને "કસુર" એ શબ્દ એક કસુરને, તેમજ એક પછી એક એ પ્રમાણે કરેલી અનેક કસુરોને પણ લાગેછે.

કલમ ૩૪ મી

ઘણા સખસોનો ઇરાદો પાર પાડવા સારૂતે સઘળા સખસોએ મળીને કરેલા કામની જવાબદારી.

૩૪. ઘણા સખસોનો ઇરાદો હોય તે પાર પાડવા સારૂ તે સઘળા સખસોએ મળીને જ્યારે કાંઈ ગુન્હાનું કામ કરયું હોય, ત્યારે તેઓમાંનો હરેક સખસ, તે કામ તેણે એકલાએજ કરયું હોય એ રીતે તે કામને માટે જવાબદાર છે."

કલમ ૩૫મી

૩૫. જો કાંઈ કામ ઘણા સખસોએ કરયુ હોય, અને તે કામ કાંઇ સાપ્રાધ જ્ઞાન અથવા ઇરાદાથી થયાને લીધેજ ગુન્હો ગણાતું હોય તો તેઓ માંનો હરેક સખસ, જે તે કામમાં તેવાં જ્ઞાન અથવા ઇરાદાથી સામીલ થયો હોય ને, તેણે એકલાએજ તેવાં જ્ઞાન અથવા ઇરાદાથી તે કામ કરયુ હોય એ રીતે, તે કામને માટે જવાબદાર છે.

જ્યારે એહવું કાંઇ કામ સાપ્રાધ જ્ઞાન અથવા ઇરાદાથી થયાને લીધેગુન્હો ગણાતું હોય, ત્યારે.

કલમ ૩૬મી

૩૬. જો, કાંઇ કામથી અથવા કાંઇ કસુરથી, કાંઇ અસર કરવી, અથવા અસર કરવાની કોશીશ કરવી એ કાંઇ ગુનોહ હોય, તો તેજ અસર થોડી કાંઈ કામથી કરવી, અને થોડી કાંઈ કસુરથી કરવી, એ પણ તેજ ગુન્હો છે એમ સમજવું.

થોડીએક કાંઈ કામથીતથા થોડીએક કાંઇ કસુરથી કરેલી અસર.

દ્રષ્ટાંત.

અ ઝ ને ખોરાક આપવાની કાયદા વિરૂદ્ધ કસુર કરીને તથા ઝ ને મારીને ઇરાદાથી ઝ નું મોત થાય એમ કરેતો, અ એ ખુન કરયુ એમ સમજવું.

કલમ ૩૭મી

૩૭. જો કોઈ ગુન્હો ઘણાં કામો કરવાથી થયો હોયતો, જે સખસ એકલો અથવા બીજા કોઈ સખસોની સાથે રહીને તે કામો માંહેનું ગમેતે એક કામ કરીને તે ગુન્હો કરવામાં ઈરાદાથી સહકાર કરે તે સખસે તે ગુન્હો કર્યો એમ સમજવું.

ઘણાંકામો મળીનેકંઇગુન્હો થતો હોયતો તે ઓમાંનુંકામ કરીતેમદદકરવી

દ્રષ્ટાંત.

(અ) અ તથા બ હરેક જુદે જુદે વખતે થોડું થોડું જેહેર આપીને ઝ ને મારી નાંખવાનો ઠરાવ કરે, અને અ તથા બ તે ઠરાવ મુજબ ઝ ને મારી નાખવાના ઇરાદાથી ઝેર આપે, અને તેને જુદેજુદે વખતે આપેલાં તે ઝેરની અસરથી ઝ મરી જાય, તો એ ઠેકાણે ખુન કરવામાં અ તથા બ ઇરાદાથી સહકારી થયા; અને તેઓનાં કામ જુદાં જુદાં તોપણ તે બને તે ગુન્હાના તકશીરવાર છે એમ સમજવું. કેમકે તેઓમાંના હરેકે જેથી મોત થયું એવું કામ કીધું છે.

(બ) અ તથા બ એ બે એકઠા જેલર છે. અને તેઓના હોદાને લીધે, ઝ એક કેદીછે તે વારા ફરતી છ છ કલાક એક એકના હવાલામાં રહે છે. હવે ઝ નું મોત આણવાના ઇરાદાથી, તે અસર પેદા કરવામાં જાણી બુઝીને તેઓ સહકારી થાયએવી રીતે કે ઝ ને પહોંચાડવા સારૂ તેઓને આપેલો ખોરાક તેઓ પોતપોતાના હાજરીના દરમીયાનમાં ઝ ને પહોંચાડવા કાયદા વિરૂદ્ધ કસુર કરે અને ઝ ભુખે મરી જાય, તો અ તથા બ એ બંનેએ ઝ નું ખુન કર્યું એમ સમજવું.

(ક) અ જેલરના હવાલામાં ઝ કેદી છે. ઝ નું મોત આણવાના ઇરાદાથી અ ઝ ને ખો-

રાક આપવામાં કાયદા વિરૂદ્ધ કસુર કરે, જેથી ઝ ઘણો અશકત થઇ જાય, પણ ભુખમરો એટલો ન થઇ પડે કે તેથી તે મરી જાય પછી અ પોતાના હોદ્દાપરથી બરતુરપ થઇને બ તેની જગોપર મુકરર થાય અને બ અ ની સાથે મીલાપી અથવા સહકારી ન થતાં, ઝ ને ખોરાક આપવામાં કાયદા વિરૂદ્ધ કસુર કરે એવું જાણીને કે તેમ કરેથી ઝ મરી જશે એવો સંભવ છે, અને ઝ ભુખે મરી જાય, તો બ એ ખુન કર્યું એમ સમજવું; પણ અ કાંઇ બ ની સાથે સહકારી થયો નહી માટે અ એમાત્ર ખુન કરેવાની કોશીશ કરી એમ સમજવું.

કલમ ૩૮ મી

૩૮. કાંઇ ગુન્હાનું કામ કરવામાં ઘણા સખસો લાગેલા અથવા સામિલ હોય, તો તેઓ તે કામથી જુદા જુદા ગુન્હાના તકસીરવાર થઈ શકે.

કાંઇ ગુન્હાનું કામ કરવામાં ઘણા સખસો સામિલથયાહોય, તો તેઓ જુદા જુદા ગુનાહના તકશીરવાર થઇશકે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની ઉપર હુમલો કરે, પણ તે વખતે તેને એટલો ભારે ક્રોધ ચહડેલો હોય કે તેને હાથે ઝ નું મરવું ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ થાય, તે હેવામાં ઝ ની ઉપર દ્વેષભાવથી, તથા ઝ ને મારી નાંખવાના ઈરાદાથી, અ ની માફક ક્રોધ ન ચઢ્યા છતાં, ઝ ને મારી નાંખવામાં બ અ ને મદદ કરે, તો એ ઠેકાણે, અગર ઝ નું મોત આણવામાં અ તથા બ બંને સામીલ છે તોપણ બ એ ખુન કીધું, અને અ એ માત્ર શિક્ષણીય મનુષ્યવધ કીધો એમ સમજવું.

કલમ ૩૯ મી

૩૯. જ્યારે કોઇ સખસે જે ઉપાયથી કાંઇ અસર પેદા કરવાનો ઇરાદો કર્યો હોય તે ઉપરથી અથવા જે ઉપાયથી તે અસર પેદા થશે એવો સંભવ છે. એમ તે ઉપાય કામે લગાડતી વખતે તેણે જાણ્યુંહોય અથવા એમ માનવાનું તેને કારણ હોય તે ઉપાયથી તે તે અસર પેદા કરે, ત્યારે તેને બુદ્ધિપૂર્વક તે અસર પેદા કરી, એમ સમજવું.

"બુદ્ધિપુર્વક"

દ્રષ્ટાંત.

એક મોટા શહેરમાં એક ઘર છે, તેમાં માણસો રહે છે. તે ઘરને રાતને વખતે અપહરણનો ગુન્હો શહેલ કરવા માટે, અ આગ લગાડે, અને તેથી એક સખસનું મોત થાય તો એ ઠેકાણે કોઇનું મોત આણવાને અ એ ઇરાદો ન કીધો હોય, અને પોતાના કામથી મોત થયું એમ જાણીને અ દીલગીર પણ થાય, તોપણ તેણે બુદ્ધિપુર્વક તે મોત આણ્યું એમ સમજવું.

કલમ ૪૦ મી

૪૦ આ કલમની બીજી અને ત્રીજી રકમમાં લખેલા બાબ અને ક- "ગુન્હો."
લમો શિવાય "ગુન્હો" એ શબ્દ વડે જે જે વસ્તુને માટે આ કાયદામાં શિક્ષા કરવાનું ફરમાવ્યું છે તે વસ્તુ સમજવી.

"૪ થા બાબમાં અને હેઠળ લખેલી કલમોમાં એટલે ૬૪ મી, ૬૫ મી, ૬૬ મી, ૭૧ મી, ૧૦૯ મી, ૧૧૦ મી, ૧૧૨ મી, ૧૧૪ મી, ૧૧૫ મી, ૧૧૬ મી, ૧૧૭ મી, ૧૮૭ મી, ૧૯૪ મી, ૧૯૫ મી, ૨૦૩ જી, ૨૧૧ મી, ૨૧૩ મી, ૨૧૪ મા, ૨૨૧ મી, ૨૨૨ મી, ૨૨૩ મી, ૨૨૪ મી, ૨૨૫ મી, ૩૨૭ મી, ૩૨૮ મી, ૩૨૯ મી, ૩૩૦ મી, ૩૩૧ મી, ૩૪૭ મી, ૩૪૮ મી, ૩૮૮ મી, ૩૮૯ મી, અને ૪૪૫ મી કલમમાં "ગુન્હો" આ શબ્દ લખેલો છે તે શબ્દ વડે જે વસ્તુને માટે આ કાયદામાં અથવા આ કાયદામાં વ્યાખ્યા લખેલી છે તેવા કોઈ વિશેષ કાયદામાં અથવા સ્થાનીક કાયદામાં શિક્ષા કરવાનું ફરમાવ્યું છે, તે વસ્તુ સમજવી."

"અને ૧૪૧ મી, ૧૭૬ મી, ૧૭૭ મી, ૨૦૧ લી, ૨૦૨ જી, ૨૧૨ મી, ૨૧૬ મી, અને ૪૪૧ મી કલમમાં "ગુનોહ" આ શબ્દ લખેલો છે તે શબ્દનો અર્થ જે વસ્તુને માટે વિશેષ કાયદામાં કે સ્થાનિક કાયદામાં શિક્ષા કરવાનું ફરમાવ્યું છે અને તેજ કાયદા ઉપરથી તે વસ્તુને માટે દંડ સુધાં અથવા દંડ બગર છ મહીનાની અથવા તે કરતાં વતી મુદતની કેદની શિક્ષા કરવા ફરમાવ્યું હોય ત્યારે તેવોજ અરથ સમજવો."

કલમ ૪૧ મી

૪૧. "વિશેષ કાયદો" એટલે કાંઈ ખાસ બાબતને લાગુ પડે એ- "વીશેષ કાયદો
વો કાયદો

કલન ૪૨ મી

૪૨. "સ્થાનિક કાયદો" એટલે બ્રિટિશ ઈંડિયાના કોઇ વિશેષ ભાગ સ્થાનીક કાયદો
નેજ લાગુ પડે એવો કાયદો.

કલમ ૪૩ મી

૪૩. "કાયદા વિરૂદ્ધ" એ શબ્દો જે જે વસ્તુ ગુનોહ છે, અથવા "કાયદા વીરૂદ્ધ" કાયદા પ્રમાણે ફરજ.
કાયદાએ મને કરેલી છે, અથવા દિવાની ફરીયાદીનું કારણ થાય છે, તે પ્રત્યેકને લાગુ પડે છે; અને જે સખસ જે વસ્તુ કરવામાં કસુર કરે તો કાયદ વીરૂદ્ધ થાય, તે વસ્તુ કરવાની તે સખસની "કાયદા પ્રમાણે ફરજ છે" એમ સમજવું.

કલમ ૪૪ મી

૪૪. "નુકશાન" એ શબ્દ વડે કોઇપણ સખસના શરીરને, મનને, "નુકશાન"
આબરૂને અથવા મીલકતને કાયદા વિરૂદ્ધ રીતે કરેલી કાંઇપણ હાની સમજવી.

કલમ ૪૫ મી

૪૫. "જિંદગી" એ શબ્દ વડે માણસની જીંદગી સમજવી; પણ જે ઠેકાણે એ શબ્દ લખ્યો હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અરથ દેખાતો હોય, તો ત્યાં તેમ અરથ કરવો. "જીંદગી"

કલમ ૪૬ મી

૪૬. "મોત" એ શબ્દ વડે માણસનું મોત સમજવું; પણ જે ઠેકાણે એ શબ્દ લખ્યો હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અરથ દેખાતો હોય તો ત્યાંહાં તેમ અરથ કરવો. "મોત"

કલમ ૪૭ મી

૪૭. "જાનવર"એ શબ્દ વડે માણસ સિવાય બીજી કાંઇ પણ જીવ વાળી વસ્તુ સમજવી. "જાનવર"

કલમ ૪૮ મી

૪૮. "વાહાણ" એ શબ્દ વડે જળ મારગે માણસોને અથવા મિલકતને લેઇ જવા બાટે કરેલી કાંઈ પણ વસ્તુ સમજવી. "વાહાણ"

કલમ ૪૯ મી

૪૯. "જે જે ઠેકાણે વર્ષ" એ શબ્દ અથવા "મહીનો" એ શબ્દ લખ્યો હોય, તે તે ઠેકાણે એમ સમજવું કે ઈંગ્રેજી પંચાંગ પ્રમાણે તે વરસ અથવા મહીનો ગણવો. "વરસ"

કલમ ૫૦ મી

૫૦. "કલમ" એ શબ્દ વડે આ કાયદાના બાબના જે જે ભાગોની આગળ આંકડા લખીને તેઓને જુદા પાડેલા છે તેઓમાંનો એક ભાગ સમજવો. "કલમ"

કલમ ૫૧ મી

૫૧. "સોગંદ" એ શબ્દમાં, સોગંદને ઠેકાણે ધરમ પુર્વક પ્રતિજ્ઞા કરવાનું કાયદામાં ફરમાવેલું હોય તે પ્રતિજ્ઞા, તથા, ઇનસાફની કોરટમાં કે બીજે ઠેકાણે, કોઈ સરકારી નોકરી આગળ કાંઈ પણ એકરાર કરવાનું કાયદામાં ફરમાવ્યું અથવા રજા આપી હોય, અથવા જે એકરાર પુરાવાના કારણસર વાપરવો હોય, તે એકરાર પણ સમાય છે એમ સમજવું. "સોગંદ"

કલમ ૫૨ મી.

"શુદ્ધબુદ્ધિ"

જે વસ્તુ ઘટતી સંભાળ તથા ધ્યાન વિના કરી અથવા માની હોય તે "શુદ્ધબુદ્ધીથી" કરી અથવા માની એમ સમજવું નહીં.

સુકારૂ કવિરાજ વી. માહારાણી કેસરેહીંદ.

કલમ ૫૨.

૧

તા૦ ૩૦-૪-૮૭ ઇ ૧૪૬. પા. ૫૬૬

કોઈ પણ વી ઘાનું જ્ઞાન મેળવ્યા વગર એ વીધાનો પ્રયોગ કરવાથી જો કાંઈ ખરાબી થાય તો તે ખરાબીનો બચાવ આ કલમથી થતો નથી.

एक सामान्य चाकु षती एक कविराजे (वैदे) कोइ माणसना अंदरना हर्ष कापी नाखी तेना उपर शस्त्र क्रीया करी, जेनी अंते सदरहु माणस घणुं लोही नीकळवाथी मरण पाम्यो. गफलत तथा वगर विचार्यु काम करीने मोत आण्यानुं ही. पी. को. नी ३०४ अ मी कलममां कहेलुं सदरहु कविराज उपर तहोमत मुकवामां आव्युं.

बंधवा तरफथी एवो वांधो लेवामां आव्यो हतो के, तेणे पेस्तर एवीने एवी शस्त्र क्रीया करी हती. माटे ३०४ अ मी कलमना अर्थ प्रमाणे ते कृत्य विचार्यु कर्यानुं कहेवाइ शकातुं नथी. अने कदापी तेम कहेवाय तोपण तेने ही. पी. को. नी कलम ८८ मी नो लाभ मळवो जोइए. केमके तेणे जे काम कर्यु हतुं ते काम मोत आणवाना इरादा वगर, शुद्धबुद्धीथी तथा जे पोताना दरदीए जोखम स्विकार्यु हतुं ते तेना हितने अर्थे कर्युं हतुं.

हाइकोर्टे टराव्युं के, शस्त्र काममां बंधवाए कांइ केळवणी लीधी नहोती, ए वात नीर वीवादे कबुल करवाथी तथा ही. पी. को. नी ५२ मी कलममां "शुद्धबुद्धी" नी जे व्याख्या आपी छे, ते तरफ जोतां तेने ८८ मी कलमना लाभनो हक मळी शकतो नथी.

वळी ठराव्युं के, आ काममां ८८ मी कलम लागु पडती नथी. केमके शस्त्र क्रीयाने तावे थवानी समंत्ती आपवामां बंधवो जे जोखममां पडतो हतो, ते जोखम विषे तेना जाणवामां हतुं. ए हकिकत साबीत करवानो पुरावानो बोजो तहोमतदार उपर रहेलो छे, तेणे ते वात साबीत करी नथी, ने तेथी ते जोखम तेणे कबुल कर्यानुं कही शकातुं नथी.

वळी एम पण ठराव्युं के, जे प्रसंगने लेइने ३०४ अ मी कलमना गुन्हानो ठराव करेलो छे ते वाजबी छे.

આ કામના બંધવા ઉપર પી. કો. ની ૩૦૪ અ મી કલમમાં કહેલા ગુન્હાનું

તોહોમત મુકવામાં આવ્યું હતું. આ મુકદ્દમાની હકીકત વિષે કોઇ રીતનો વાંધો રહેલો નથી.

બંધવો એક કવિરાજ એટલે વૈદ્ય હતો. અને તેણે મનાઇ નામના એક ખેડુત ઉપર અંદરના હર્ષ માટે શસ્ત્ર ક્રિયા કરી હતી. એ શસ્ત્ર ક્રિયામાં તેણે એક લોઢાના ચિપિયાથી હર્ષને ખેંચી કહાડયા પછી તેને એક સાધારણ ચાકુવતી કાપી નાંખ્યા હતા. એ શસ્ત્ર ક્રિયાને અંતે મનાઈ જે એક બુઢો અને નબળી તબીયતનો માણસ હતો તે બહુ લોહી નીકળવા-વાથી મરણ પામ્યો.

સિવીલ સરજનને બોલાવી તેની જુબાની લેતાં તેણે લખાવ્યું છે કે, એ શસ્ત્ર ક્રિયા મોટી ભયંકર હતી; બંધવે પોતાના બચાવમાં ચાર સાક્ષીઓ બોલાવ્યા હતા, તેમાંના બે જણે લખાવ્યું છે કે, તેણે અમારા હર્ષ મટાડયા હતા, અને બીજા બે જણાઓએ એવું લખાવ્યું છે કે, બંધવે ચાકુનો ઉપયોગ કરીને બીજા દરદો મટાડયાં હતાં. આસેસરોના મતથી મળતા નહીં આવીને સેસન જડજે બંધવાને અપરાધી ઠરાવી તેને એક વર્ષની સખત કેદની શિક્ષા કરેલી છે.

બંધવે અપીલ કરી તેમાં તેના તરફથી બાબુ ઈશરચંદ્ર ચકરબર્તી હાજર હતા. સરકાર તરફથી કીલબી સાહેબ.

જે કારણો આપીને ગુન્હાનો ઠરાવ રદ કરવાની માગણી કરી છે તે કારણો પુરતી રીતે હાઈકોર્ટ તરફથી જસ્ટીસ ટોટનહામ તથા જસ્ટીસ ઘોસે આપેલા ઠરાવમાં લખેલાં છે, અને તે ઠરાવ નીચે પ્રમાણે છે.

આ કામનો અપેલેંન્ટ એક કવિરાજ છે, અને તેને રંગપોરના સેસન જડજે પી. કો. ની. કલમ ૩૦૪ અ ની કલમ માંહેલા ગુન્હાનો અપરાધી ઠરાવી એક વર્ષની સખત કેદની શિક્ષા કરેલી છે; જે એક મોટી ભયંકર શસ્ત્ર ક્રિયા જણાય છે, તે ક્રિયા એટલે અંદરના હર્ષ કાપી નાંખીને એક દરદીનું તેણે મોત આણ્યું છે. એ ક્રિયાની પછવાડે તેને અથાગ લોહી નીકળ્યું, તે બંધ કરવાની તેની અશકતીને લીધે વળતે રોજ પેલો દરદી મરણ પામ્યો હતો. સેસન જડજે આ શસ્ત્ર ક્રિયાને ૩૦૪ અ મી કલમના અર્થ પ્રમાણે વગર વિચાર્યું કૃત્ય ઠરાવ્યું છે.

અપેલેંટ તરફથી તેના વકીલ બાબુ ઇશરચંદ્ર બતીએ એવી તકરાર લીધી કે, આ કૃત્ય સદરહુ કામના અર્થ પ્રમાણે વગર વિચાર્યું કૃત્ય કહી શકાતું નથી. કેમકે બંધવો એક કવિરાજ હતો, અને તેણે તેવાજ પ્રકારની પેસ્તર એક બે શસ્ત્ર ક્રીયાઓ કરેલી છે, અને બીજા કામમાં જુદા પ્રકારની શસ્ત્ર ક્રિયા કરેલી છે; અને તે એકે ક્રિયામાં કોઈ દરદીનું મોત આણ્યું હોય એમ બતાવવામાં આવ્યું નથી. વળી એક વકીલે એવો પણ વાંધો લીધો છે કે, આ હકીકત કદાપી ધ્યાનમાં નહીં લેતાં આ અદાલત હજુર એવોજ અભીપ્રાય ધરાવે કે, બંધવાનું કૃત્ય ૩૦૪ અ મી કલમના અર્થ પ્રમાણે વગર વિચાર્યું હતું, તોપણ તેને ૮૮ મી પી. કો. ની. કલમનો લાભ મળવો જોઇએ. કેમકે આ કામ તેણે શુદ્ધ બુધ્ધીથી મોત આણવાનો કાંઇ ઇરાદો રાખ્યા વગર તથા દરદીના ભલાખાતર કરેલું હતું, અને એ દરદીએ તે ક્રીયાનું જોખમ સ્વીકારેલું હતું.

૮૮ મી કલમનો લાભ બંધવાને નહીં મળવો જોઇએ; એવો અમારો અભીપ્રાય છે. બેશક પોતાના દરદીનું મોત આણવાનો ઇરાદો નોહોતો, તેમ તેવા ઇરાદા વિષે તેના ઉપર

કોઇએ આરોપ મુકયો નથી. વળી તેણે પોતાના દરદીના ભલા ખાતર પોતાના ખ્યાલમાં આવ્યા પ્રમાણે તેણે કરેલું છે, એ વાત પણ સાચી છે; પરંતુ પી. કો. ની ૫૨ મી કલમમાં શુદ્ધબુદ્ધિની જે વ્યાખ્યાઆપીછે; તે તરફ લક્ષ કરતાં બંધવે શુદ્ધબુદ્ધિથી કામ કર્યાનું કહી શકાય કે નહીં એ વાત ઘણીજ શક પડતી છે; શુદ્ધબુદ્ધિની વ્યાખ્યા આપી છે તે એવી છે કે, જે કામ યોગ્ય સંભાળ અને લક્ષથી ન કર્યું હોય તે શુદ્ધબુદ્ધિથી કર્યાનું કહી શકાતું નથી. બંધવો શસ્ત્રવિધાના કામમાં સાવ અભણ છે; એ વિષે કાંઇ વાંધો નથી. તેમ વૈદકી કામમાં પણ તેણે રીતસર કેળવણી લીધેલી નથી.

બંધવાની વતી એવી તકરાર કરવામાં આવી છે કે, જે શસ્ત્રક્રીયા કરવાનું તેણે માથે લઇને જે શસ્ત્રકામ કર્યું હતું, તેમાં દરદીને કાંઇ જોખમ થશે એવો તેના દિલમાં કંઇ ખ્યાલ હતો નહીં. પરંતુ પ્રોસીક્યુશન તરફથી કુશળ વૈદકી માણસના પુરાવાથી સાબીત કરવામાં આવ્યું છે કે, બંધવે જે શસ્ત્રવિધી કરેલી હતી, તે સોવસા એટલી તો ભયંકર હતી કે, કેળવણી પામેલા વૈદો પણ તેની ભાગ્યેજ કોશીશ કરે છે. અંદરના હર્ષના રોગને મટાડવા સારૂ તેઓ જુદોજ રસ્તો લેછે. માટે શુદ્ધ બુદ્ધીની ઉપરની કલમમાં જે વ્યાખ્યા આપેલીછે તે વ્યાખ્યાના અર્થ પ્રમાણે પોતાના ઇલમનું કાંઈ જ્ઞાન ધરાવ્યા વગર તે શુદ્ધ બુધ્ધીથી કામ કરતો હતો, એમ કહેવું સાવ અશકય છે. પરંતુ એ દલીલ એક પડખે રાખીએ તોપણ આ કામમાં ૮૮ મી કલમ લાગુ નહીં પડવાનું અમારા ધ્યાનમાં આવે છે; કેમકે જે જોખમ અંતે ભયંકર નીવડયું, તે જોખમ પેલા દરદીએ ખરેખરૂં સ્વિકાર્યું હોય, એમ જણાઇ આવતું નથી. જે જોખમની કોઇ દરદીને માહેતી ન હોય, તે જોખમ તેણે સ્વિકાર્યું હતું એમ ભાગ્યેજ કહી શકાય છે. એમ ધારીએ છીએ કે, આ અપવાદની દલીલ આપીને બચાવ કરવામાં બંધવાએ બતાવવું જોઇએ કે, ચાલતા કામમાં પેલા દરદીએ જોખમ સ્વિકારેલું હતું. અને તેથી એ જોખમની તેને માહેતી હતી; પરંતુ હું શું જોખમ માથે લઉં છું, તે વિશે પેલો દરદી જાણતો હતો; તે બતાવવાનું પ્રયત્ન થએલું નથી. તેણે મોટા અરૂચી પણાથી શસ્ત્ર વિધીને તાબે થવાનું કબુલ કર્યું હતું. એટલે સુધીનોજ માત્ર પુરાવો પડેલો છે. અને બંધવાએ તેને જે ખબર આપી હતી, એ ફકત એ હતી કે, જોતું મારી શસ્ત્ર વિધીને તાબે થઇશતો તારો રોગ મટી જશે; અને એ સમજણ ઉપરથી તે તાબે થયો હતો. અને એ પ્રમાણે તાબે થવામાં તેનું મરણ થયું હતું; તેથી બંધવાના કૃત્યનું જોખમ તેણે સ્વિકાર્યું હતું; એમ કહેવું અમોને તદન અશક્ય લાગે છે.

હવે બંધવાને ૩૦૪ અ મી કલમના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવ્યો છે; તે વિષેનો સવાલનો ઉચ્ચાર કરવો રહે છે. પોતાના કૃત્યથી બંધવે ગુજરનારનું મોત આણ્યું હતું, એ વીષે કાંઇ શક નથી. વિલાયતના કાયદા પ્રમાણે તેના ઉપર "મનુષ્યવધ"નું તોહોમત રાખી શકાત; આ દેશમાં જે ઠેકાણે મોત આણવાનો ઈરાદો નહોય તથા જે કૃત્ય કરવાથી વખ્તે મોત થવાના સંભવનું જ્ઞાન નહોય, તે ઠેકાણે ૩૦૪અ કલમના નિયમો લાગુ પડયાનું જણાયછે. બંધવા તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે,-બીજા પુરૂષો ઉપર આવી ને આવીજ વિધિઓ ફતેહમંદીથી કરી હતી. તેથી આ કામમાં મોત થવાનો સંભવ છે, એ વાત બંધવાના જાણવામાં હોવાનું કાંઇ કારણ નથી.

આ દલીલ સ્વીકારવાને અમો ખુશી છીએ. પરંતુ હું ઉપર કહી ગયો છું કે, બંધ-

યાના અજ્ઞાનપણાથીજ તેનું કૃત્ય વધારે અવિચારવાળું થયું છે. માટે જે ગુન્હાનો તેને અપરાધી ઠરાવ્યો છે તેમાંથી મુક્ત કરવાનું અમે અશક્ય માનીએ છીએ. કવિરાજોને પોતાનો કાયદેસર ધંધો ચલાવવામાં અટકાયત કરવાની આ ઠરાવથી અમે ઈચ્છા રાખતા નથી. ઘણાં કામોમાં કેટલાક રોગો ઉપર તેઓ ફતેહમંદીથી વૈદું કરે છે. પરંતુ તેની સાથે અમે એટલું પણ જરૂરનું માનીએ છીએ કે, પ્રજામાંથી મુખ્યત્વે કરીને ગરીબ ભાગ જેઓને બહુ કરીને કવિરાજો જેવા વૈદો ઉપર આધાર રાખવો પડે છે; તેઓને શસ્ત્ર ક્રીયાના કામમાં અણવાકેફી ભરેલા પ્રયોગોમાંથી બચાવ કરવો જોઈએ.

માટે અમે ધારીએ છીએ કે, ગુન્હાનો ઠરાવ કાયમ રહેવો જોઈએ. પરંતુ ઇનસાફના હેતુ ખાતર બંધવાને કરેલી સખત સજા કાયમ રાખવાનું અમોને યોગ્ય જણાતું નથી. ખરેખરા ઇલમવાળા માણસોથી થયેલાં તેવાંજ કામોમાં ઓછી સજા આ દેશમાં થએલી છે. જીલ્લામાંથી આ પેહેલો વેહેલો મુકરદમો આવ્યો છે; તેમાં કેદને બદલે દંડની સજા કરવી અમોને બસ લાગે છે. માટે એક વરસની સખત કેદની સજાને બદલે બંધવાનો ૧૦૦) રૂપૈઆ દંડ કરવામાં આવે છે, અને એ દંડ જો તે ન આપે તો તેણે ત્રણ માસ સુધી સખત કેદની સજા ભોગવવી.

બાબ ૩ જો.

શીક્ષા બાબત.

કલમ ૫૩ મી.

૫૩. આ કાયદાના ઠરાવો પ્રમાણે ગુનેહગારો જે શીક્ષાઓને લાયક છે તે નીચે પ્રમાણેઃ— "શિક્ષા"

પેહેલી—મોત.

બીજી—સમુદ્રપાર.

ત્રીજી શાશનીક દાસત્વ.

ચોથી—કેદ, કેદ બે પ્રકારની છેઃ—

(૧) સખત એટલે સખત મજુરી સાથે.

(૨) આસાન.

પાંચમી—મીલકત સરકાર જપત થવી.

છઠી—દંડ.

કલમ ૫૪ મી.

૫૪. જે જે બાબતમાં મોતની શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય તે તે બાબતમાં, ગુનેહગારની રજામંદી શીવાય, હિંદુસ્તાનની સરકાર અથવા જે ઠેકાણે ગુનેહગારને શીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકાણાની સરકાર તે શીક્ષાને બદલે આ કાયદામાં ઠરાવેલી બાજી ગમે તે સીક્ષા કરવાને મુખત્યાર છે.

મોતની શિક્ષાને બદલે બીજી શિક્ષા.

કલમ ૫૫ મી.

૫૫. જે જે બાબતમાં જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય તે તે બાબતમાં ગુનેહગારની રજામંદી શીવાય, હિંદુસ્તાનની સરકાર અથવા જે ઠેકાણે તે ગુનેહગારને શીક્ષોનો હુકમ થયો હોય તે ઠેકાણાની સરકાર તે શીક્ષાને બદલે ચઉદ વરસનો મુદત સુધીના બે માંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવાને મુખત્યાર છે.

જીવતાં સુધી સમુદ્ર પારની શીક્ષાને બદલે બીજી શીક્ષા

કલમ ૫૬ મી.

૫૬. જે જે બાબતમાં કોઇ સખસ યુરોપીયન અથવા અમેરિકન છતાં આ કાયદામાં જેને માટે સમુદ્રપારની શીક્ષા ઠરાવી છે એવો કોઈ ગુનોહ તેની ઉપર સાબીત થાય તે તે બાબતમાં સમુદ્રપારની શીક્ષાનો હુકમ ન કરતાં સન ૧૮૫૫ ના ૨૪ મા આકટના ઠરાવો મુજબ કોરટે તે ગુન્હેગારને શાસનિકદાસત્વની શિક્ષાનો હુકમ કરવો.

યુરોપિયન તથા અમેરિકન લોકોને સમુદ્ર પારની શીક્ષાને બદલે શાસનિક દાસત્વ નીશિક્ષાકરવી.

"પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ આકટ ઠરેયા નહી હોત તો જે ગુનાહ બાબત યુરોપીયન અથવા અમેરીકન માણસ જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને લાયક થતે નહી પણ દસ વર્ષ કરતાં વતી મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શીક્ષા પામવાને અથવા તેને તે શીક્ષા કરવાનો હુકમ થ-

જીવતાં સુધી ની શિક્ષાનો ઠરાવ નહી હોય અને દસ વરસ કરતાં વ-

યાને તે લાયક થતે તો તે ગુનાહ બાબત તે માણસ કોરટની નજરમાં આવશે તે પ્રમાણે છ વરસ કરતાં વતી મુદત સુધી શાસનિક દાસત્વની શીક્ષા પામવાને અથવા તેને તે શીક્ષા કરવાનો હુકમ થવાને તે લાયક થશે, પણ જીવતાં સુધી શાસનિક દાસત્વની શીક્ષાને લાયક થશે એવું સમજવું નહી." ની મુદતની કેદની શિક્ષાનો ઠરાવ હોય તે બાબત વિશેષ ઠરાવ

કલમ ૫૭ મી.

૫૭. શીક્ષાની મુદતોના ભાગોની ગણતી કરવામાં જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને વીસ વરસની સમુદ્રપારની શીક્ષાની બરાબર ગણવી. શિક્ષાની મુદતના ભાગ.

કલમ ૫૮ મી.

૫૮. જે જે બાબતમાં સમુદ્રપારની શીક્ષાનો હુકમ કરવામાં આવે, તે તે બાબતમાં જે ગુનેહગારને સમુદ્રપાર કરતાં સુધી જાણે તેને સખત કેદની શીક્ષાનો હુકમ થયો હોય એ રીતે તેની ઉપર અમલ કરવો, અને તે કેદ રેહે તે મુદતના દરમિયાનમાં તેણે સમુદ્રપારની શીક્ષા ભોગવી એમ સમજવું. જે ગુનેહગારોને સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવામાં આવે તે ગુનેહગારો સમુદ્રપાર કરતાં સુધી શું કરવું.

કલમ ૫૯.

જેજે બાબતમાં ગુનેગારને સાત વરસ અથવા તેથી વધારે મુદતની કેદની શીક્ષા થઇ શકતી હોય, તે તે બાબતમાં તે ગુનેગારને કેદની શીક્ષાનો હુકમ ન કરતાં સમુદ્રપારનો હુકમ કરવાને તે ગુનેગારને શીક્ષાનો હુકમ કરનારી કોરટ મુખ્ત્યાર છે; પણ તે સમુદ્ર પારની શીક્ષા સાત વરસ કરતાં ઓછી મુદતની ન હોવી જોઇએ, તથા આ કાયદા મુજબ જેટલી મુદતની કેદની શીક્ષાને તે ગુનેહગાર લાયક હોય તે કરતાં વધારે મુદતની પણ ન હોવી જોઇએ.

કેદને ઠેકાણે સમુદ્રપારનો હુકમ કયારે થઇ શકે.

રાણી વિરૂદ્ધ નઇઆદા,

ज्यारे कोइ गुन्हाने माटे सजा जीवतां सुधी समुद्रपारनी, अथवा अमुक वरसोनी मुदत सुधीनी केदनी फरमावी होय त्यां, जीवतां सुधीथी ओछी मुदत सुधीनी समुद्रपारनी सजा करवामां आवेतो, ते शिक्षा जेटली मुदतने माटे केदनी फरमावी होय, तेथी वधवी जोइए नहीं.

કલમ ૫૯

૧

તા૦ ૨૩-૮-૭૫

ઈ૦ ૧ અ૦પા.૪૩

જીવતાં સુધી સમુદ્રપારની સજા સાથે અમુક વરસની કેદની સજા કરી હોય, તેમાં સમુદ્રપારની સજા કેદની સજાની મુદત કરતાં વધારે મુદતની હોવી જોઇએ નહીં.

હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૭૭મી મુજબ નઈઆદાને, મુરાદાબાદના સેસન જડજે, અપરાધી ઠરાવ્યો હતો. અને ગુનેગારની યુવાવસ્થા જાણીને તેને જીવતાં સુધી સમુદ્રપારની સજા કરવાને બદલે, ચૌદ વરસની સમુદ્રપારની સજા કરી હતી. એવાજ કારણથી એવાજ પ્રકારની સજા આગળ હાઈકોર્ટે આપી હતી, તેને અનુસરીને આ શિક્ષા સેસન જડજે કરી હતી. જસ્ટીસ ઓલ્ડફીલ્ડ પાસે ઉપરના ઠરાવ અને શિક્ષા વિરૂદ્ધ અપીલ આવતાં, તે શિક્ષાના કાયદાપણા વિષે શક રહેવાથી એ વીદવાન જડજે, નીચેની હકીકત સાથ એક સવાલ ફુલ બેંચમાં લખી મોકલ્યો.

જસ્ટીસ ઓલ્ડફીલ્ડનો અભિપ્રાય.

કલમ ૩૭૭મીના ગુનાહ વાસ્તે ધણામાં ધણી સજા દસ વર્ષની સમુદ્રપારની થઈ શકે કે નહીં, તે બાબત કાંઇ શકવાળી છે; એ ગુન્હાને વાસ્તે જીવતાં સુધી સમુદ્રપારની અથવા બેમાંના ગમે તે પ્રકારની દશ વરસ સુધીની કેદની સજા છે. પીનલકોડમાં જીવતાં સુધીથી બીજી કોઇપણ ટુંકી મુદતને માટે સમુદ્રપારની સજા વીશેષ રીતે આપી નથી, તોપણ એ કાયદાની કલમ ૫૯ મીમાં કહેલું છે કે "જેજે બાબતમાં ગુન્હેગારને સાત વરસ અથવા તેથી વધારે મુદતની કેદની શિક્ષા થઈ શક્તી હોય, તે તે બાબતમાં તે ગુન્હેગારને કેદની શિક્ષાનો હુકમ ન કરતાં, સમુદ્ર પારનો હુકમ કરવાને, તે ગુન્હેગારને શિક્ષાનો હુકમ કરનારી કોરટ મુખ્ત્યારછે. પણ તે સમુદ્ર

પારની શિક્ષા સાત વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ." એમ વખ્તે કહેવામાં આવે કે, • આ કલમ જે ગુન્હાને માટે ફક્ત કેદનીજ શિક્ષા છે તેને લાગુછે, અને જીવતાં સુધી સમુદ્ર પાર એ શબ્દો જ્યાં જ્યાં શિક્ષા દરસાવવાને અર્થે લખવામાં આવતા હોય, તે જીવતાં સુધી સમુદ્ર પારની શિક્ષામાં અમુક વર્ષોની મુદત સુધીની સમુદ્રપારની શિક્ષાનો સમાવેશ થાય છે. પણ બીજી રીતે જોઈએ છીએતો, ૫૯મી કલમના શબ્દો બધા કેસોને લાગુછે, પછી તેમાં જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા કેદની શીક્ષાને, અભાવે કરવાનું ઠરાવ્યું હોય કે ન હોય, તેની ચીંતા નહીં. કેમકે એ કલમના શબ્દો એછે કે "જે બાબતમાં ગુન્હેગારને સાત વર્ષ અથવા તેથી વધારે મુદતની કેદની શિક્ષા ઇત્યાદી" અને ૩૭૭મી કલમમાં વપરાયેલા જીવતાં સુધી સમુદ્રપાર એ શબ્દો ઉપરથી એમ જણાયછે કે, જીવતાં સુધી કરતાં ટુંકી મુદતને માટે સમુદ્રપાર કરવાની ઇચ્છા હોય તો, તે થઈ શકે નહીં. કેમકે એવો ઇરાદો હોતતો તે કલમમાં એવી શબ્દ રચના કરવામાં આવત કે, "અથવા દસ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની" આ શબ્દ રચના જેવી કેદની શિક્ષાને માટે કરેલીછે, તેવી રીતે સમુદ્રપારની શીક્ષા માટે શબ્દ રચના કરવી પડત તે નીચે પ્રમાણે થાત. "જીવતાં સુધી હરકોઈ મુદત સુધીની સમુદ્રપારની શિક્ષા કરવામાં આવશે." મેન સાહેબની, પીનલકોડની ટીકા ૫૯મી કલમ નીચેછે, તેના ઉપર તથા મોરગન અને મેકફરસનના પીનલકોડને પાંને ૩૪મે વિચારો બતાવ્યા છે તે તરફ લક્ષ ખેંચુંછું. હમણાં હિંદુસ્થાનની સરકારે સને ૧૮૭૪ના નવેંબરની તારીખ ૧૭ના ઠરાવથી ફક્ત જન્મસુધીના દેશ નીકાલવાળા બંધવાઓનેજ એન્ડમન ટાપુમાં મોકલવાનો ઠરાવ હતો તે રદ કર્યોછે. અને તે કારણસર હવે ન્યાય કરનારાને અમુક વર્ષો સુધીની સમુદ્રપારની સજા કરવાનો અધિકાર છે, તે અધિકાર વધારે બોહોળી રીતે વાપરવામાં આવશે એવો સંભવ છે.

ફુલબેંચનો અભિપ્રાય નીચે લખ્યા મુજબ આપવામાં આવ્યો હતો.

હિંદુસ્તાનના પીનલકોડનું મુળ મંડાણ થયું ત્યારે, તે કાયદો બાંધનારાઓના ચીતવનમાં એવું હતું કે જીવતાં સુધીથી ઓછી મુદતની સમુદ્રપારની સજા કરવી નહીં, અને એ વિચારથી તેનો મુસદ્દો ઘડયો હતો, એ મુસદ્દો કાંઉસીલમાં રજુ થયો ત્યારે, તેમાં ૫૯મી કલમ દાખલ કરી જેમાં એવો નિયમ બાંધ્યો કે "જેજે બાબતમાં ગુન્હેગારને સાત વર્ષ, અથવા વધારે મુદતની કેદની શિક્ષા થઈ શકતી હોય તે તે બાબતમાં તે ગુન્હેગારને કેદની શિક્ષાનો હુકમ ન કરતાં, સમુદ્રપારનો હુકમ કરવાને ગુન્હેગારને તે શિક્ષાનો હુકમ કરનારી કોરટ મુખ્તીયારછે. પણ તે સમુદ્રપારની શિક્ષા સાત વર્ષ કરતાં ઓછી મુદતની હોવી ન જોઇએ, તથા કાયદા મુજબ જેટલી મુદતની કેદની શિક્ષાને તે ગુન્હેગાર લાયક હોય, તે કરતાં વધારે મુદતની પણ ન હોવી જોઇએ."

જેટલી કલમોમાં, સમુદ્રપારની સજા ફરમાવીછે, તેની ભાષામાં કાંઈ ફેરફાર થયો હોય એમ જણાતું નથી. જેમકે ઘણી કલમોમાં, શબ્દો વાપર્યા છે, તે એવા છે, કે "જીવતાં સુધી સમુદ્રપારની અથવા અમુક વર્ષોની મુદત સુધીની કેદની સજા કરવામાં આવશે" કેટલાં વર્ષો સુધીની કેદની સજા કરવી, તે બાબત અદાલતની પ્રસન્નતા ઉપરછે. પણ એટલાં વર્ષો સુધીની, સમુદ્રપારની સજાનો ઠરાવ કરવાનું અદાલતની પ્રસન્નતા ઉપર રાખ્યું ન-

થી. કલમ ૩૦૨ પ્રમાણે ખુનના ગુન્હેગારને, મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની સજા કરવામાં આવેછે. ૩૦૭મી કલમ મુજબ ખુનની કોશીશ કરવામાં, કાંઈ વ્યથા થઈ હોય તો, ગુન્હેગાર જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વર્ષની મુદત સુધી કેદની સજાને પાત્ર થાયછે. ૩૮૯ કલમ પ્રમાણે તે કલમમાં કહેલા પ્રસંગે, જબરાઈથી કઢાવનાર ગુન્હેગારને, જીવતાં સુધી સમુદ્રપારની સજા થઇ શકેછે. કલમ ૭૫ પ્રમાણે ચોકસ ગુન્હામાંથી કોઇ ગુન્હાનો બીજીવાર અપરાધી ઠરે, તે અપરાધીને જીવતાં સુધી સમુદ્રપારની સજા અથવા બીજી રીતે જેટલી સજાને પાત્ર થાય તેનાથી બમણી સજાને તે પાત્ર થાયછે. ૫૯મી કલમ સિવાય, જે કલમમાં સમુદ્રપારની સજા લખીછે, તેમાં તે સજા કેટલાં વર્ષોની કરવી, તે બાબતની પ્રસન્નતા અદાલતને છે, એવુ સુચવનારી કોઈ ઠેકાણે ભાષા નથી, તો હવે સીધ થાયછે કે, જીવતાં સુધીથી ઓછી મુદતની સમુદ્રપારની સજા ફકત ૫૯મી કલમ મુજબ થઈ શકે. અને તેથી જ્યારે કોઈ ગુન્હો જીવતાં સુધી સમુદ્રપાર કે દસ વરસની મુદત સુધી કેદની સજાથી સજા કરવા લાયક હોય, તેમાં જીવતાં સુધીથી ઓછી મુદતની સમુદ્રપારની સજા કરી હોય તો તે મુદત દસ વર્ષથી વધવી જોઇએ નહીં.

કનહુસા વિ. રાણી.

કલમ ૫૯
૨
તા૦ ૨૮–૨–૮૨ ઈ૦ ૫ મ૦પાનુ ૨૮ દંડ ન આપવાની કસુરી બદલ સમુદ્રપારની સજા થતી નથી.

दंड न आपवानी कसुरी बदल केदनी सजा करवानो, अदालतने अधिकारछे ते दंडनी सजाने ठेकाणे समुद्रपारनी सजा करवानो अधिकार हिंदुस्तानना पीनलकोडनी कलम ५९मीथी आवतो नथी.

આ કામમાં ઉત્તર મલબારના સેસન જડજે, અપેલેન્ટને નીચેના ગુન્હાઓનો અપરાધી ઠરાવ્યો હતો.

(૧) ચોરી કરવાના મતલબથી રાતે ઘર ફોડવાનો (પીનલકોડની કલમ ૪૫૭).
(૨) ઘરમાં ચોરી કરવાનો (કલમ ૩૮૦)
(૩) ડેકોઈટી કર્યાનો (કલમ ૩૯૫)

તે આગળ, ચોરી કરવાના ઇરાદાથી, રાત્રે ઘર ફોડવાના ગુન્હાનો ગુન્હેગાર ઠર્યો હતો, તેથી તેને કલમ ૭૫ને આધારે નવ વરસ સુધીની સમુદ્રપારની, તથા રૂપૈયા ૩૦૦ દંડ આપવાની ને તે દંડ ન આપે તો બીજા ત્રણ વરસ સમુદ્રપારની એમ સજા કરી.

જસટીસ મુતુસામી આયર, તથા ઇન્સે, આપેલો ઠરાવ.

પ્રોસીક્યુસનના પેહેલા ત્રણ સાક્ષીઓએ, અપેલેન્ટને ખાત્રી કરી ઓળખ્યોછે. અને તેની આંગળી ઉપરના જખમથી, તેઓની જુબાનીને પુષ્ટી મળેછે કે, જેઓએ અપહરણ કર્યું, તેમાં અપેલેન્ટ પણ હતો. પુરાવામાંથી, વધુ એમ માલુમ પડેછે કે, પાંચ કરતાં

વધારે સક્ષો, તે અપહરણ કરવામાં સામેલ હતા.

દંડની કસુરી બદલ, સમુદ્રપારની સજા કરીછે, તે સજાને માટે અમે માનીએ છીએ કે, તે કાયદેસર નથી. તે ગુન્હાઓ માટે, સમુદ્રપારની સજા ખાસ રીતે, ફરમાવી નથી. અને જેને માટે સજા સાત અથવા તેથી વધુ વર્ષોની કેદની સજા કહેલીછે, તેવા ગુન્હાઓમાં કેદની શિક્ષાને બદલે, સમુદ્રપારની શિક્ષા કરવાને, જડજને અધિકારછે, એવો ઠરાવ સામાન્ય રીતનો ૫૯મી કલમમાં કહેલોછે, એમ અમને જણાયછે.

તેથી થયેલી સજા સુધારવી જોઇએ, એવું અમને લાગેછે, અને દંડની કસુરી બદલ સુધારીને સજા કરવા અમે જડજને હુકમ કરીએ છીએ. બીજી બાબતમાં, અપીલ નામંજુર કરવામાં આવેછે.

કલમ ૬૦ મી

૬૦. જે જે બાબતમાં ગુનેહગારને એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા થઇ શકતી હોય, તે તે બાબતમાં આખી કેદ સખત અથવા આખી આસાન, અથવા તે કેદનો કાંઇ ભાગ સખત તથા બાકીનો ભાગ આસાન, એ પ્રમાણે શીક્ષાના હુકમમાં ઠરમાવવાને તે ગુનેહગારને શીક્ષાનો હુકમ કરનારી કોરટ મુખત્યાર છે.

(કેટલીએકબાબતોમાં) કેદ આખી મુદત અથવા થોડી મુદત સુધી સખ્ત અથવા આસાન એવો હુકમ થઈ શકે

કલમ ૬૧ મી

૬૧. જે જે બાબતમાં કોઇ સખસની ઉપર એવો ગુન્હો સાબીત થાય કે તે ગુન્હાને માટે તે તે ગુન્હેગાર પોતાની સઘળી મીલકત સરકાર જપ્ત થવાને લાયક છે, તે તે બાબતમાં ફરમાવેલી શીક્ષા અથવા તેને બદલે કરવામાંઆવી હોય એવી બીજી શીક્ષા, ભોગવી રહ્યા વિના અથવા તેને માફ થયાવિના સરકારના લાભ શીવાય બીજી રીતે, તે ગુન્હેગારથી કાંઇ મીલકત મેળવી શકાશેનહિ.

મિલકત સરકાર જપ્ત થાય એવો હુકમ.

દ્રષ્ટાંત.

હિંદુસ્તાનની સરકારની સામા લડાઈ કરવાનો ગુન્હો અ ની ઉપર સાબીત થયો, તેથી તેની સઘળી મીલકત સરકાર જપત થવાને અ લાયક છે. હવે શીક્ષાનો હુકમ થયા પછી, તથા તે હુકમ કાયમ છે તે દરમીયાનમાં અ નો બાપ કાંઇ મિલકત મુકીને મરી જાય, જે મીલકત, અગર સરકાર જપતીનો હુકમ ન થયો હોત તો, અ ની થાત; તો તે મીલકત સરકારની થાય એમ સમજવું.

કલમ ૬૨ મી

૬૨. જે જે બાબતમાં કોઇ સખસની ઉપર મોતની શીક્ષા થઇ શકે એવો ગુન્હો સાબીત થાય, તો તે બાબતમાં તે સખસની સ્થાવર જંગમ સઘળી મીલકત સરકાર જપત થાય એવો હુકમ કરવાને કોરટ મુખતિયાર છે; અને જે જે બાબતમાં કોઇ સખસની ઉપર એવો ગુન્હો સાબીત થાય કે તે ગુન્હાને માટે તેને સમુદ્રપાર કરવામાં આવે અથવા સાત વરસ અથવા તે કરતાં વધારે મુદતની કેદની શીક્ષાનો હુકમ કરવામાં આવે, તો તે બાબતમાં તેના સમુદ્રપારની અથવા કેદની મુદતના દરમીયાનમાં તે સખસના કુટુંબ તથા અનુજીવીઓને માટે સરકારની નજરમાં દુરસ્ત જણાય તેવો બંદોબસ્ત સરકાર કરે એવી છુટ રાખીને, તે મુદતના દરમીયાનમાં તે સખસની સરવે સ્થાવર તથા જંગમ મીલકતનું ભાડુ તથા ઉપજ સરકાર જપત થાય, એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

જે ગુન્હેગારો મોતની, સમુદ્ર પારની, અથવા કેદની શીક્ષા થઇ શકે એહેવા હોય તેઓની મીલકત સરકાર જપ્ત થવી.

કલમ ૬૩ મી

૬૩. કેટલે સુધી દંડ કરવો, એની રકમ જ્યાં ઠરાવી નથી ત્યાં ગુન્હેગારને જે દંડ થઈ શકે તે દંડની કાંઈ હદ બાંધી નથી પણ અતીશય દંડ કરવો નહી.

દંડની રકમ

કલમ ૬૪ મી

૬૪ એ શબ્દો કાઢી નાંખી "કેદની તથા દંડની શિક્ષા થઇ શકે એવા ગુન્હાની જે જે બાબતમાં ગુનેહગારને કેદ સાથે કે કેદ વગર દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે તે તે બાબતમાં " " અને ફકત દંડની શિક્ષા થઇ શકે એવા ગુનાહની જે જે બાબતમાં ગુનેહગારને દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે " તે તે બાબતમાં, તે ગુનેહગાર, દંડ ન આપે તો, તે આટલી મુદત સુધી કેદ ભોગવે એ પ્રમાણે તે ગુનેહગારને શીક્ષાનો હુકમ કરનારી કોરટ તે હુકમમાં ફરમાવવાને મુખત્યારછે; અને તે કેદ, બીજી કાંઇ કેદની શીક્ષાનો હુકમ તે ગુનેહગારની ઉપર થયો હોય તે કેદની ઉપરાંત, અથવા એક શીક્ષાને બદલે બીજી શીક્ષા કરવાના હુકમ ઉપરથી જે કેદને તે લાયક હોય તે કેદની ઉપરાંત, સમજવી.

દંડ ન આપે તો કેદનો હુકમ.

કલમ ૬૫.

જે ગુનાહને માટે કેદ તથા દંડ એ બંને શિક્ષા થઇ શકતી હોય તેવા ગુનાહમાં દંડ ન આપેતો તેને બદલે કેદ નાસુદતનીહદ.

અગર કોઇ ગુનાહને માટે કેદ તથા દંડ એ બંને શીક્ષા થઇ શકતી હોય, તો તે ગુનોહ કરનાર દંડ ન આપે તો તેને આટલી મુદત સુધી કેદ કરવો એ પ્રમાણે જે કોરટ ફરમાવે તેણે તે મુદત, તે ગુનાહને માટે ઠરાવેલી ઘણામાં ઘણી કેદની જે મુદત હોય તેના ચતુરથાંશ કરતાં વધારે ઠરાવવી નહી.

રાણિ વિ. મહમદ સાહેબ તથા એક બીજો.

કલમ ૬૫

૧

તા૦૪–૮–૭૭
ઈ.૧ મ, પા.૨૭૭

દંડઅથવા કેદની સજામાં દંડની કસુરી બદલ કેદની સજા આપી કેદના ચોથા ભાગ સુધીનીજ થાય એમ કાંઈ નથી.

बेधत्राओने पीनलकोडनी कलम १६० मी मांहेला गुन्हानी शिक्षा थइ शके, एवा गुन्हाना अपराधि ठरावीने दरेकना रुपैया २५ पचीस दंड कर्यो, अने ते न आपेतो दरेक जणने सदरहु कलममां जे पुरेपुरी ३० दीवसनी सजा कही छे तेटलाजदिवस सखत केदनी सजा करी. ठराव्युं के फोजदारी काम चलाववाना कायदानी कलम ३०९ (१८७२ नो १० मो आक्ट) ना शब्दो जोतां, ते सजा कायदासर छे.

સને ૧૮૭૭ના ૨૦૧ કેસમાં કેનાનોરના છાવણીના માજીસ્ત્રેટે કામ ચલાવેલ, તે કામ ઉત્તર મલબારના સેસનજડજે હાઈ કોર્ટને લખી મોકલતાં હાઈ કોર્ટે નીચે મુજબ ઠરાવ કર્યો.

ઠરાવ.

આ કામમાં છાવણીના માજીસ્ત્રેટે પેનલકોડની કલમ ૧૬૦ મુજબ શીક્ષા થઇ શકે, એવા બખેડાના ગુન્હા માટે બે પુરૂષને અપરાધી ઠરાવી, ને દરેકનો રૂપૈયા ૨૫ પચીસ દંડ ને જો તે ન આપે તો ત્રીસ દીવસ સખ્ત કેદ રહેવું. એવી સજા કરી છે. ૧૬૦ મી કલમ પ્રમાણેનો ગુન્હો, એક માસની કેદ, અથવા ૧૦૦ રૂપૈયા સુધી દંડ અથવા બંને પ્રકારની શિક્ષા થઇ શકે એવો છે. અને સેસનજડજે લખે છે કે, એ માજીસ્ત્રેટને દંડની કસુરી બદલ એક માસના ચોથા ભાગની મુદત ઉપરાંત વધુ કેદની શિક્ષા કરવાનો અધિકાર નથી. સન ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૩૦૯ માં (કલમ ૩૩ મીમાં) જે ઠરાવ કર્યો છે, તે ઉપર લક્ષપૂર્વક ધ્યાન આપતાં, અમારો એવો અભિપ્રાય છે કે, છાવણીના માજીસ્ત્રેટનો શિક્ષાનો ઠરાવ ગેરકાયદેસર નથી. ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૩૦૯ ના છેલા વાક્યમાં એમ ઠરાવ્યું છે કે, જ્યાંહાં કોઈ માણસને એકલી દંડની શિક્ષા કરી હોય, ત્યાં કાયદામાં જે પ્રમાણે પરવાનગી આપી છે, તે પ્રમાણે દંડ ન આપ્યાની કસુરી બદલ, કેદની સજા માજીસ્ત્રેટ કરવાને મુખ્તીયાર છે. પણ એવું ઠરાવ્યું છે કે, એ શિક્ષા માજીસ્ત્રેટની હકુમતની શિક્ષા કરતાં વધારે ન હોવી જોઇએ. એ વાક્યનો અર્થ હાઇ કોર્ટને નીચે મુજબ વાજબી જણાય છે. કેદ તથા દંડ, અને દંડ ન આપે તો જાદે કેદ, એવી શીક્ષા ઠરાવી હોય, ત્યાં દંડ ન આપવાની કસુરી બદલ, એ ગુ-

ન્હાને માટે માજીસ્ત્રેટ જે શિક્ષા કરી શકે છે, તેના એક ચતુર્થાંશ કરતાં, એ કેદની શિક્ષા વધવી ન જોઈએ. પણ શિક્ષા માત્ર દંડની હોય, તો દંડ ન આપવાની કસુરી બદલ માજીસ્ત્રેટને જે શિક્ષા કરવાનો અધિકાર છે, તે આખી શિક્ષા સુધી ફરમાવી શકે છે.

કાયદાનો હેતુ ને અર્થ, જે આગલા સને ૧૮૬૧ ના ૨૫ મા આકટમાં નહતો, ને જે અર્થ ઉપર કરવામાં આવ્યો છે, તે સાફ અને સમજાય તેવો થાય છે, માટે છાવણીના માજીસ્ત્રેટની શિક્ષા કાયદેસર છે. તેથી તે બાહાલ રાખવામાં આવે છે.

મહારાણી કૈસરેહીંદ, વિ. દરમા.

કલમ ૬૫
૨
તા૦ ૩-૮-૭૭
ઈ. ૧અ. પા. ૪૬૧
હી. પી. કો. ની ૬૫ મી કલમ પ્રમાણે હરકોઈ માજીસ્ટરેટ જે સજા કરેછે તે સજામાં વધારો કરવાનો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૯મી થી અધીકાર મળતો નથી.

सने १८७२ ना दसमा आकटनी ३०९ मीं (१८८२नानी कलम ३३ मी) थीं हीं. पी. को. नी कलम ६५ मी प्रमाणे कोइ माजीस्त्रेट केदनी सजा करी शके छे. ते केदनी मुदतमां वधारो करी शकतो नथी. जे माजीस्ट्रेटोना अधिकारोनी मरीयादा बांधी छे ते माजीस्त्रेटे काम शी रीते चलववुं तेनेज फकत ए कलम लागती छे.

સને ૧૮૭૩ના આઠમા આકટની કલમ ૭૦ મી પ્રમાણે નવ જણાને એકજ કલમ પ્રમાણે જુદા જુદા ગુન્હાના ગુન્હેગાર ઠરાવ્યા હતા. તેઓના મુકરદમા શાહારાનપોરના સેસનજડજે ૧૮૭૨ ના દસમા આકટની કલમ ૨૯૬ (૪૩૮) મુજબ હાઇકોર્ટમાં લખી મોકલ્યા હતા. આ સક્ષોનો ફકત દંડ કરવામાં આવ્યો હતો. ને દંડ ન આપે તો તે બદલ કેદની કરેલી સજાઓ બધી ૭૦ મી કલમ મુજબ ઘણામાં ઘણી કેદની સજા આપી શકાય તેના ચોથા ભાગ કરતાં વધારે હતી. આ લખાણ કરવાનો મુળ મતલબ એવો હતો કે આ બધી સજાઓ પી. કો. ની ૬૫ મી કલમ તરફ નજર કરતાં કાયદા વીરૂદ્ધ છે. જસ્ટીસ ટરનરે આગળ એક એવો ફેસલો કર્યો હતો કે, આવી સજાઓ સદરહુ કલમ લક્ષમાં રાખતાં કાયદા વિરૂધ છે જે જસ્ટીસ સ્પાંકી પાસે આ બધા કામોનું લખાણ આવ્યું હતું તેમાં તેણે ફુલબેંચમાં એવો સવાલ લખી મોકલ્યો કે ૧૮૭૨ ના દસમા આકટના કલમ ૩૦૯ (૩૩) મીથી આવી સજા વીશે કાંઈ ખુલાસો થતો નથી. તેથી આ સજાઓ કાયદેસર છે કે નહીં?

ફુલબેંચ તરફથી ચીફ જસ્ટીસ સ્ટુઅર્ટે નીચે પ્રમાણે અભીપ્રાય આપ્યો.

સને ૧૮૭૩ નો આઠમો આકટ જેનું નામ ઉત્તર હિંદુસ્થાનની કેનાલ તથા ડ્રેનેજનો આકટછે તેની કલમ ૭૦મી માંહેલા ગુન્હાઓ માટે નવ કામોમાં કેનાલ (નેહેર) ખાતાના બે ડેપ્યુટી માંજીસ્ત્રેટે સજા કરી છે તે સજા કાયદેસર છે કે ગેરકાયદેસર છે તેને લગતો સવાલ અમોને લખી મોકલ્યો છે. એ સજાઓ દંડની કસુરી બદલ કરવામાં આવી હતી. દંડની સજાના વાજબીપણા વીશે કશોએ સવાલ નથી.

સને ૧૮૭૩ ના આઠમા આકટની ૭૦ મી કલમમાં ઠરાવ્યું છે, કે જે ગુન્હાઓના આ સક્ષ અપરાધી ઠર્યા છે, તે ગુન્હા વાસ્તે સ્થાંનીક સરકાર ફરમાવે તે વર્ગના માજીસ્રેટ પાસે ગુન્હો કર્યાની વાત સાબીત થતાં ગુન્હેગારોને પચાસ રૂપૈઆ સુધી દંડ થશે, અથવા એક માસ સુધીની કેદની શીક્ષા થશે, અથવા બંનેની સજા થશે. તેથી હવે દંડની કરેલી સજાના કાયદાપણા વીશે કશોએ શક નથી. પરંતુ દંડ ન આપે તો તે બદલ જે કેદની સજા ફરમાવી છે. તે કાયદા વિરૂદ્ધ છે એમ તુરત માલુમ પડશે. સને ૧૮૭૩ ના આઠમા આકટમાં ૭૦ મી કલમ પ્રમાણે ગુન્હો સાબીત થતાં જે સજા કરવાની કહી છે તે ઉપરાંત કાંઈ વધુ ઠરાવી હોય એમ દેખાતું નથી. અને તેથી જેમ ફોજદારી કાંમોમાં સજા ફરમાવવાના જે સામાન્ય નીયમો છે તે નીયમો મુજબ આ કાયદાનો અર્થ કરવો જોઈએ. પ્રથમ તો એ ધોરણનો નીયમ ૧૮૭૨ ના દસમા આકટની કલમ ૩૦૯ મીની છેલી રકમમાંથી મળી આવે છે. અને તેમાં એવું ઠરાવ્યું છે કે "જ્યારે કોઈ સક્ષને એકલા દંડની સજા કરી હોય ત્યારે તે દંડ ન આપે તો તેને બદલે કેદની સજા કરવાને માજીસ્રેટ મુખતીઆર છે, પરંતુ તેમાં એવું ઠરાવ્યું છે કે, તે સજાની મુદત આ કાયદા પ્રમાણે તે માજીસ્રેટને અધીકાર મળ્યો છે તેનાથી વધુ થવી જોઈએ નહીં."

વળી ૧૮૬૮ ના પેહેલા આકટની કલમ પાંચમીમાં ઠરાવ્યું છે કે, પી. કો. ની કલમ ૬૩-૬૪-૬૫-૬૬-૬૭-૬૮-૬૯-૭૦ મીમાં જે નીયમો બાંધ્યા છે, તે નીયમો હવે પછી બાંધેલા કાયદાઓને અનુંસરીને દંડ કરવામાં આવે તેને લાગુ પડશે; પરંતુ તે કાયદાઓમાં ઉલટી રીતે સાફ લખ્યું હશે, તો લાગુ પડશે નહીં. સને ૧૮૭૩ના આઠમા આકટમાં ઊલટી રીતે સાફ કાંઈ ઠરાવ કરેલો નથી, અને તેથી પીનલકોડમાં ઉપલી કલમોમાં દંડ ન આપવાની કસુરી બદલ જે કેદની સજા કરવી ઠરાવી છે તેમાંથી આ કામની સજાના કાયદેસરપણા વીશે શોધવાનું છે. અને આ કલમોમાંથી ૬૪ મી તથા ૬૫ મી કલમ આ સવાલને લાગુ પડતી હોય એમ મને દેખાતું નથી. કેમકે જ્યાં સજા ફકત એકલાજ દંડની થઇ શકે, ત્યાં તેને એ કલમ લાગુ છે; પરંતુ ૧૮૭૩ ના આઠમા આકટની ૭૦ મી કલમમાં પચાસ રૂપૈઆ દંડ, અથવા એક માસ સુધીની કેદની અથવા બંનેની જુવાબદારી રાખી છે. ૬૪ મી કલમમાં ઠરાવ્યું છે કે, "જે જે બાબતમાં ગુન્હેગારને દંડની શીક્ષાનો હુકમ કરવામાં આવે તે તે બાબતમાં ગુન્હેગાર દંડ ન આપે તો તે આટલી મુદત સુધી કેદ ભોગવે. એ પ્રમાણે તે ગુન્હેગારને શીક્ષાનો હુકમ કરનારી કોર્ટ તે હુકમમાં ફરમાવવાને મુખતીયાર છે. અને તે કેદ બીજી કાંઈ કેદની શીક્ષાનો હુકમ તે ગુન્હેગારની ઉપર થયો હોય તે કેદની ઉપરાંત અથવા એક શીક્ષાને બદલે બીજી શીક્ષા કરવાના હુકમ ઉપરથી જે કેદને તે લાયક હોય તે કેદની ઉપરાંત સમજવી. તથા ૬૫ મી કલમમાં ઠરાવ્યું છે કે "અગર કોઇ ગુન્હાને માટે કેદ તથા દંડ એ બંને શીક્ષા થઈ શકતી હોય તો તે ગુન્હો કરનાર દંડ ન આપે તો તેને આટલી મુદત સુધી કેદ કરવો એ પ્રમાણે જે કોરટ ફરમાવે તેણે તે મુદત તે ગુન્હાને માટે ઠરાવેલી ઘણામાં ઘણી કેદની જે મુદત હોય તેના ચતુર્થાંશ કરતાં વધારે ઠરાવવી નહીં."

તેથી હવે જયારે કોઇ ગુન્હા માટે બંને જાતની સજા ઠરાવી હોય ત્યારે દંડની ક-

સુરી બદલ કેદની સજા આખી કેદની સજાના ચોથા ભાગથી વધુ થવી ન જોઈએ. એ નીયમ આ કાંમને લાગુ પડયાનું માગી આવે છે. નેહેરના ગુન્હામાં ઘણામાં ઘણી કેદની સજા એક માસની છે. અને તેથી એક માસના ચોથા ભાગ કરતાં વધારે મુદતની કેદની સજા કરવા સારૂ ડેપ્યુટી માજીસ્ત્રેટને અધિકાર નથી. પછી તે કેદની સજા આસાન હોય કે સખત હોય તેની ચીંતા નહીં.

આ બધા ઉપરથી સાફ જણાઈ આવે છે કે, કેનાલ ખાતાના ડેપ્યુટી માજીસ્ત્રેટે દંડની કસુરી બદલ જે કેદની સજાઓ કરેલી છે તે બધી કાયદા વિરૂદ્ધ છે. અને જેટલી વધુ પડતી છે તેટલી રદ કરવામાં આવે છે.

પોયરસન ટરનર તથા સ્પાંકી જસ્ટીસનો એકમતે ઠરાવ:—

"કેનાલનો આકટ માંહેલા ગુન્હાની સજા પચાસ રૂપીઆ સુધી દંડથી અથવા એક માસની મુદત સુધીની કેદથી અથવા એ બંનેથી થાય છે. ક્રી. પી. કો. ની ૬૪ મી કલમ પ્રમાણે જે દરેક કામમાં દરેક ગુન્હેગારને દંડની સજા કરવામાં આવે છે. તેમાં એવો હુકમ કરી શકાય છે કે દંડ ન આપવાની કસુરી બદલ ગુન્હેગારને કેદની સજા ભોગવવી પડશે. આ કેદ કેટલી મુદત સુધી ભોગવવી તે વાત ૬૫ મી તથા ૬૬ મી કલમોમાં જાહેર કરેલી છે. જ્યારે હરકોઇ ગુન્હાને માટે સજા દંડની તથા કેદની કહેલી છે તેમાં દંડ ન આપે તો તે ગુન્હા માટે ઘણામાં ઘણી કેદની સજા ફરમાવેલી છે તેના ચોથા ભાગની મુદત સુધીની કેદની સજા કરવા સારૂ ૬૫ મી કલમમાં મરીયાદા રાખી છે. પણ જો કોઇ ગુન્હાને માટે એકલા દંડનીજ સજા થતી હોય તો તેને માટે બીજું ધોરણ બાંધવાની જરૂર છે. અને તેટલાજ માટે ક્રી. પી. કો. ની ૬૭ મી કલમ ઘડાઇ છે અને દંડની સજાની રકમના પ્રમાણમાં તે ધોરણ ચોકસ કરવામાં આવ્યું છે.

કેટલેક થોડે પ્રસંગે આ કલમોથી વીપરીતપણું થાય છે. એમ અમારે કબુલ કરવું જોઇએ. કેમકે જે ગુન્હાને માટે દંડની અથવા કેદની અથવા એ બંનેની સજા ફરમાવવામાં આવી હોય તેમાં સજા તરીકે એકલો દંડ કર્યો હોય તો તે દંડ દેવાની કસુરી બદલ જે કેદની સજા કરી શકાય છે તેના કરતાં ઓછી છે. જેમકે બખેડાના ગુન્હા વાસ્તે કેદની અથવા દંડની અથવા બે બંનેની સજા થઇ શકે છે તે ગુન્હાને વાસ્તે જો ક્રી. પી. કો.ની ૧૫૦ મી કલમ પ્રમાણે ગુન્હેગારના પચાસ રૂપીઆ દંડ કરવામાં આવ્યા હોય તો તે દંડ જો ન આપે તો તેને એક માસના ચોથા ભાગ સુધીની કેદની સજા થઇ શકે છે. પરંતુ જમીનના કોઈ માલેકને ક્રી. પી. કો. ની ૧૫૪ મી કલમ પ્રમાણે હંગામાના ગુન્હાની ખબર આપવાની કસુર કરવા સારૂ તેનો ફક્ત દંડ થઇ શકે છે. અને એ દંડ રૂપૈઆ પચાસનો કર્યો હોય તો તે આપવાની કસુરી બદલ ગુન્હેગારને બે માસની મુદત સુધીની કેદની સજા થઈ શકે છે. આ વીપરીતપણું બહુ થોડેજ પ્રસંગે જણાય છે અને વળી તે બહુ અગત્યનું નથી, કેમકે જે ગુન્હાની સજા દંડથી કે કેદથી કીંવા બંનેથી થઈ શકે છે તેમાં ફક્ત દંડની સજા કરવી જોઈએ એમ કાંઈ નથી, પરંતુ કેદની સજા પણ એલાયદી કરી શકાય છે. તે ઉપરાંત દંડ આપવાની કસુરી બદલ ભોગવેલી કેદની સજાથી દંડનું વળતર આવી ચુકયું એમ કાંઇ નથી, પરંતુ એ દંડ ગુન્હેગારની જે મિલકત મળી આવે તેમાંથી વસુલ કરી શકાય છે.

સને ૧૮૭૨ ના દસમા આક્ટની ૩૦૯ મી કલમથી તે ગુન્હાની સજા પીનલકોડથી થઈ શકેછે. એટલુંજ નહીં પણ જે વખતે જે કાયદાઓ ચાલતા હોય તે પ્રમાણે સજા થઈ શકે એવા ગુન્હાઓમાં હી. પી. કો. ની ૬૪ મી તથા ૬૫ મી કલમો લાગુ પડે છે. અને તેથી કેનાલના કાયદાને પણ લાગુ થાય છે. સદરહુ ૩૦૯ મી કલમમાં જે વીશેષ ઠરાવ કર્યો છે, તેથી હી. પી. કો. ની ૬૫ મી કલમમાં કેદની સજા કરવાની જે મર્યાદા બાંધી છે, તેમાં કાંઇ વૃદ્ધિ થતી નથી. કેમકે તેમ ન હત તો માજીસ્ત્રેટોને લાગુ ન કરતાં બધી ફોજદારી અદાલતોને પણ લાગુ થાત. ને માજીસ્ત્રેટોના શું અધિકારો છે, તેની સીમા બાંધી છે, તેઓએ કેમ વર્તવું તે સંબંધી નિયમ બાંધવા સારૂ આ કલમો રચાઇ છે. જેમકે, જો કોઇ સેસન કોર્ટ સાપરાધ વીશ્વાસઘાતના ગુન્હેગારને સજા કરવામાં કેદ, તથા દંડની સજા ઉપરાંત એ દંડની કસુરી બદલ, સદરહુ ગુન્હાને માટે ઘણામાં ઘણી સજા ત્રણ વર્ષની છે તેના ચોથા ભાગની નવ માસની સજા કરવા ધારે તો કરી શકે છે, તે ઠેકાણે એક બીજા વર્ગના માજીસ્ત્રેટ જેને છ માસ સુધીની કેદની સજા કરવાનો અધીકાર છે, તે માજીસ્ત્રેટ જ્યારે એજ ગુન્હા માટે ગુન્હેગારને અપરાધી ઠરાવી તેને કેદની તથા દંડની સજા કરવા ધારે તો, માત્ર તેને દંડની કસુરી બદલ છ માસના ચોથા ભાગની મુદત સુધીની કેદની સજા આપી શકે છે. અને કદાપી સદરહુ ગુન્હેગારને માત્ર દંડની સજા કરે તો ૧૮૭૨ ના દસમા આક્ટની ૩૦૯ મી કલમના બીજા નંબરના ખાસ ઠરાવ પ્રમાણે દંડ ન આપ્યાની કસુરી બદલ છ માસ સુધીની કેદની સજા આપવી હોય તો આપી શકેછે. કાયદા પ્રમાણે તો નવ માસ સુધી આપી શકાય છે. એ કલમના ખાસ ઠરાવોનો ખુલાસો કરવા આ વિચારો કામના છે. હી. પી. કો. ની કલમ ૬૫ મી અનુસાર જેટલી મુદતની કેદની સજા કરી શકાય તે કરતાં વધુ મુદતની કેદની સજા કરવાનો માજીસ્ત્રેટને જે અખતીયાર છે, તેમાં એ વીશેષ ઠરાવોથી વધારો થઇ શકે છે એમ સુચવી શકાય છે.

જે કેનાલનો ગુન્હો કેદ તથા દંડની સીક્ષા કરવા લાયક છે તેના કામમાં દંડ ન આપવાની કસુરી બદલ ઘણામાં ઘણી મુદતની કેદની સજા એક માસના ચોથા ભાગની છે અને જો માજીસ્ત્રેટ તેવા ગુન્હાને માટે ગુન્હેગારને દંડની સજા કરે તો તે દંડ ન આપવાની કસુરી બદલ ઉપર કહેલી મુદત કરતાં લાંબી મુદતની કેદની સજા આપી શકતો નથી.

કલમ ૬૫

૩.

તા૦૧૯-૧-૮૭ ઈ.૧૦ મ. પા. ૧૬૫ હી. પી. કો. ની ૬૫ મી કલમ પ્રમાણે હુ કોઈ માજીસ્ટરેટ જે સજા કરેછે તે સજામાં વધારો કરવાનો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૩ મીથી અધીકાર મળતો નથી.

सने १८८२ ना फोजदारी कांम चलाववानी रीतना कायदानी ३३ मी कलमथी कोइ माजीस्त्रेटने ही. पी. को. नी ६५ मी कलममां जे मुदत ठरावी छे तेथी वधु मुदतनी दंड न आपवानी कसुरी बदल केदनी सजा आपवानो अधीकार मळतो नथी. रांणी वीरुद्ध महमद साहेबनो (१ म. पा. २७७) फेसलो सने १८८१ मां रद थओ छे.

ફસ્નાના જીલ્લા માજીસ્ત્રેટે આ મુકરદમો હાઇકોર્ટનો હુકમ થવા સારૂ ફોજદારી કાંમ ચલાવવાની રીતના કાયદાની ૪૩૮ મી કલમ અનુસાર મોકલ્યો હતો.

છાકટા થઈને શરીયાંમ રસ્તે હરકત કર્યાના ગુન્હા માટે હી. પી. કો. ની ૫૧૦ મી કલમ પ્રમાણે વેંકટેસા ગાડુ તથા ચાર બીજાઓને મંગલગીરીના એક બીજા વર્ગના માજીસ્ત્રેટે અપરાધી ઠરાવ્યા હતા. તેમાંથી ત્રણ બંધવાઓને તેણે ૧૨ કલાક આસાન કેદની, અને દરેકના પાંચ રૂપૈઆ દંડની અને તે દંડ ન આપે તો બીજા બે દીવસ આસાન કેદની સજા કરી હતી. અને બાકીના બેને, દરેકને ત્રણ ત્રણ રૂપૈઆ દંડની અને તે દંડ ન આપે તો બે દીવસ આસાન કેદની સજા કરી હતી. સઘળો દંડ વસુલ થએલોછે.

જીલ્લા માજીસ્ત્રેટે આ મુકરદમો એવા કારણથી લખી મોકલ્યો છે કે આ ગુન્હા માટે ઘણામાં ઘણી સજા ચોવીશ કલાક આસાન કેદની છે. તો ૭ કલાક ઉપરાંતની વીકલ્પ રીતની સજા પી. કો. ની ૬૫ મી તથા ફોજદારી કાંમ ચલાવવાની રીતના કાયદાની ૩૩ મી કલમો પ્રમાણે કાયદાથી ઊલટી છે.

જસ્ટીસ મુતુ સ્વામી આયરે તથા જસ્ટીસબ્રાંન્ટે આ મુકરદમો ફુલબેંચ પાસે મુંકેલો છે.

સરકાર તરફથી પોવેલ સાહેબ.

ફુલબેંચનો (ચીફજસ્ટીસકોલીંસ તથા જસ્ટીસ કરનાંન, મુતુસ્વામી આયર, બ્રાંન્ટ, અને પારકરનો) ઠરાવ:—

રાણી. વિ. મહમદ સાહેબનો ફેસલો સને ૧૮૮૧ માં ફુલબેંચે રદ કર્યો છે. માટે અમે છેવટના ફેસલાને વળગી રહીએ છીએ. જુઓ વળી મહારાણી કેસરેહિંદ. વિ. દરબા. (૧ અ. ૪૬૧)

ઉપર સુચવેલો ફેસલો છપાયો નથી. પરંતુ વેર સાહેબના ફોજદારી ડાઇજેસ્ટમાં પ્રસીધ થએલો છે અને તે નીચે પ્રમાણે છે.

મદ્રાસ હાઈકોર્ટનું રોજ કાંમ નંબર ૯૯૪ તારીખ ૧૮-૫-૮૧નું થએલું છે તે વખતે તેનો ઠરાવ કરવામાં આવ્યો છે અને જે નીચે પ્રમાણે છે આ મુકરદમાના પ્રતીવાદીને એક બીજા વર્ગના માજીસ્ત્રેટે દસ રૂપૈઆ દંડની અને તે ન આપે તો તે બદલ એક માસ આસાન કેદની સજા કરી હતી. પ્રતીવાદી. હી. પી. કો. ની ૫૧૦ મી કલમના ગુન્હાનો અપરાધી ઠર્યો હતો.

જીલ્લા માજીસ્ત્રેટની મારફતે એક જોઇન્ટ માજીસ્ત્રેટે નમ્રતા પુર્વક લખી મોકલ્યું છે કે દંડ ન આપવાની કસુરીમાં કેદની સજાની મુદત કાયદામાં ઠરાવી છે. તે કરતાં વધુ પડતી છે. અને આ ગુંન્હાને માટે સ્વતંત્ર કેદની સજાની મુદત માત્ર ચોવીશ કલાકની છે તો પછી બીજા વર્ગના માજીસ્ત્રેટને દંડ ન આપવાની કસુરીમાં ૭ કલાક ઉપરાંત વધુ મુદતની કેદની સજા કરવાનો અખતીયાર નથી.

જસ્ટીસ ઇન્સનો ઠરાવ.

જે કેદની સજા કરેલી છે તે બે શક કાયદા વિરૂદ્ધ છે. અને કાંમ ચલાવીને તેના ઉપર થએલી સજા ટકાવી શકાતી નથી.

એ કામનો મુદાનો ભાગ નીચે પ્રમાણે છે.

"પરંતુ જો સજા માત્ર દંડનીજ હોય તો તે ન આપવાની કસુરી બદલ કેદની સ-

જાની મુદત સદરહુ ગુન્હાને માટે માજીસ્ટ્રેટને કરવાનો અધીકાર હોય તે પુરે પુરી પણ થઈ શકે છે." તેથી આ માજીસ્ટ્રેટને જ્યારે એકલી દંડનીજ સજા કરવાની હતી તો તે ન આપવાની કસુરી બદલ કેદની સજા આપવાની મુદત બે પ્રકારે તેને જોવાની હતી.

પેહેલો પ્રકાર:—સદરહુ ગુન્હાને માટે સ્વતંત્ર કેદની મુદત ઠરાવી છે તેનું ઉલંઘન તેનાથી થઈ શકતું નથી; કેમકે તેમ કરવા જાય તો તે ગુન્હાને માટે જે કેદની સજા કરવાનો અખતીયાર છે તેની મર્યાદા બહાર ગયા જેવું થાય છે.

બીજો પ્રકાર:—જે કેદની સજા હું આપું છઊં, તેની મુદત માજીસ્ટ્રેટ તરીકે જે મને અધીકાર છે, તેથી વધુ છે કે નહીં તે તેણે જોવું જોઇએ. જો તેમ થતું ન હોય તો તેને જેટલી સજા કરવાનો અખતીયાર છે, તેટલી આખી સજા દંડ ન આપવાની કસુરી બદલ થઈ શકે છે. જો તેના અધીકાર ઉપરાંત જતી હોય તો, પછી પોતાના અખતીયાર પ્રમાણે માત્ર તે સજા તે કરી શકે છે. આ કામમાં માજીસ્ટ્રેટે માત્ર એટલોજ વિચાર કર્યો છે કે, મારી સાધારણ સતા કેટલી છે; સદરહુ ગુન્હા માટે કેટલી સજા કરવાની તેની સત્તા છે તેનો વિચાર કરવાની તેણે કસુર કરી છે. આ કામમાં તેના અખતીયારની મુદત ૨૪ કલાકની છે, દંડતો અપાઇ ગયો છે એટલે એક માસની કેદની સજાની મુદત રદ કરવા સારૂજ આ હાઇકોર્ટ ફક્ત વચમાં આવે છે.

ફોજદારી કાંમ ચલાવવાની રીતના કાયદાની ૩૦૯ મી કલમ (૩૩) ના છેલા ભાગમાં "કાયદા પ્રમાણે થઇ શકતી હોય." એ શબ્દોનો અર્થ આ મુકરદમો લખી મોકલનાર માજીસ્ટ્રેટે એવો કરવો જોઇએ કે "જે મુદત. હો. પી. કો. ની ૬૫ મી કલમમાં બાંધી છે" તે પ્રમાણે હવે એ ૬૫ મી કલમમાં તો ફકત સ્વતંત્ર કેદની સજાના ચોથા ભાગની મુદત સુધીની સજા કરવાનું કહેલું છે. માટે જ્યાં એકલી ફકત દંડની સજા કરી છે ત્યાં તે દંડ ન આપવાની કસુરી બદલ ઉપર ઠરાવેલી મર્યાદાની બહાર જઈને જે કેદની સજા કરી છે તે બીલકુલ કાયદાથી ઊલટી છે. ગમે તે પ્રકારનો વિચાર કરીએ તોપણ માજીસ્ટ્રેટે કરેલી કેદની સજા કાયદા વિરૂદ્ધ છે એમાં કશોએ વાંધો નથી.

જસ્ટીસ હચીંસનો ઠરાવ:—આ લખાણના સવાલનો ગમે તે પ્રકારે વિચાર કરીએ છેએ, તેથી કરેલી સજા ખોટી ઠરે છે; કેમકે "કાયદા પ્રમાણે થઇ શકતી હોય" એ શબ્દોનો ગમે તે અર્થ કરીએ તોપણ ૫૧૦ મી કલમના ગુન્હા માટે એક માસની કેદની સજા થઈ શકતી નથી. હવે વધારે ઉપયોગી સવાલ એટલોજ જોવાનો રહે છે કે, ફોજદારી કાંમ ચલાવવાની રીતના કાયદાની ૩૦૯ મી કલમની ત્રીજી રકમમાં જે શબ્દો લખ્યાછે તે શબ્દનો અર્થ આ અદાલતે કર્યો છે કે "સદરહુ ગુન્હા માટે પુરે પુરી સ્વતંત્ર સજા તરીકે જે સજા કાયદા પ્રમાણે થઈ શકતી હોય" તે પ્રમાણે કરવો કે અલાહબાદની હાઇકોર્ટે (માહારાણી વિ. દરબા. ૧ અ, પા. ૪૬૧)માં ઠરાવ્યું છે કે પી. કો. ની. ૬૫ મી કલમ તથા તે ગુન્હાને જે કલમ પીનલકોડની લાગુ પડતી હોય તે બંને કલમો "ભેગી કરીને" જે કેદની સજા કાયદા પ્રમાણે થઈ શકતી હોય, તે કરવી જોઇએ એ અર્થ કરવો.

"કાયદા પ્રમાણે થઈ શકતી હોય." એવું સામાન્ય રીતનું વાક્ય જ્યાં લખ્યું હોય ત્યાં તે વાક્યનો ઘણામાં ઘણો સ્વભાવીક અર્થ એ છે કે "સદરહુ કાયદામાં જે નીયમો

બાંધ્યા છે તે બધા ભેગા લેતાં થઇ શકે તે" આ અર્થ ખોટો છે એમ કોઇનાથી ભાગ્યેજ કહેવાશે. જો કાયદા કરનારાઓની એવીજ મતલબ હોય કે જે ખાસ તે ગુન્હાને માટે લાગુ પડે તેજ કલમ શીવાય બીજી કલમ જોવી નહીં. તો પછી એ અર્થ બતાવવામાં યોગ્ય શબ્દો શોધી કાઢવાની બીલકુલ મુશીબતી નોતી. "તે ખાસ ગુન્હાને માટે કાયદા પ્રમાણે થઇ શકતી હોય" એ વાક્ય રચના બાંધવાની તેઓની મતલબ ખુશીથી પાર પડત. માટે ૩૦૯ ભસે એકલી હત, અને તેનો જે સ્વભાવીક અર્થ થવો જોઈએ, તે અર્થ અલાહબાદ હાઈકોર્ટે કરેલો છે એમ હું ધારૂં છું. જે માજીસ્ત્રેટે, આ લખાણ કરેલું છે-તેણે આવો નીર્ણય કરવા સારૂ બીજા કારણો પણ બતાવ્યાં છે. કેદની સજા ઉપરાંત દંડની સજા થઈ શકે એવાજ ગુન્હાઓને માટે સદરહુ કલમમાં નીયમ બાંધવાની મતલબ રહેલી છે. અને તેનો પહેલો પારેગ્રાફ એવી મતલબનો છે કે, આવા સઘળા ગુન્હાઓમાં કરવાની સજા માત્ર દંડની હોય, અથવા દંડ સાથે કેદની હોય, તથા ઇનસાફ કરનારી અદાલતને મર્યાદા સહીત હકુમત હોય. અથવા તે ગુન્હા માટે જે સજા પુરેપુરી લખી હોય, તે બધી આપવાનો અખતીયાર હોય; કીંવા તે પ્રમાણે તે ન હોય તો પણ કેટલી મુદત સુધી કેદની સજા કરવી તે વીશેનુ ધોરણ ઈ. પી. કો. ની ૬૪ તથા ૬૫ મી કલમોમાં બાંધેલું છે બીજા શબ્દોમાં કહેવામાં આવે તો તેનું એક સામાન્ય તત્વ એવું હતું કે જ્યાં સ્વતંત્ર સજા તરીકે કેદ કરવાનું ઠરાવ્યું હોય ત્યાં ઘણામાં ઘણી સ્વતંત્રી સજા કામમાં લખી હોય તેના ચોથા ભાગની મુદતની સજા કરતાં વધુ સજા કોઇ ફોજદારી અદાલતે વીકલ્પ રીતે કરવી નહીં.

ત્યાર બાદ વીશેષ ઠરાવ લખેલો છે અને પાછલી કલમોથી માજીસ્ત્રેટના કેદ કરવાના અધીકારની મર્યાદા બંધાણી હોય તેને માટે તે ઠરાવ લાગુ પડે છે. જો તેઓની મરજી કેદની તથા દંડ કરવાની હોય તો દંડ ન આપવાની કસુરી માટે જાદે કેદ કરવાનો તેઓનો અધીકાર વધુ ટુંકો થાય છે. કોઇ ચોકસ ગુન્હા માટે ઘણામાં ઘણી કેદની સજા લખી છે તેના ચોથા ભાગ કરતાં વધુ તેઓએ સજા નહીં કરવી એટલુંજ, પણ જે પાછલી કલમોથી તેઓની સામાન્ય સત્તામાં કમતી પણું કરવામાં આવ્યું હોય તેની મુદતના ચોથા ભાગની મુદતથી પણ તેઓએ વધારે સજા કરવી નહીં.

ત્યારબાદ છીકરવાળી પેટા કલમ લખેલી છે. તે વળી ફક્ત માજીસ્ત્રેટોને લાગુ પડે છે. પરંતુ જે ગુન્હાઓમાં તેઓએ સ્વતંત્ર કેદની સજાની મુદતમાંથી ચોકસ મુદતની કેદની સજા આપવી ધારી હત તો અપાત, પણ તેમ નહીં કરતાં માત્ર દંડની સજા આપી હોય, તે વીશેનો તેમાં નીયમ બાંધેલો છે. આવે પ્રસંગે પાછલી પેટા કલમથી માજીસ્ત્રેટોના અધીકારમાંથી વધારે કરેલું કમીપણું દુર થઈ જાય છે, અને જો તે સજા બીજી રીતે કાયદા પ્રમાણે થઇ શકે એવી હોય તો માજીસ્ત્રેટને સામાન્ય રીતે જેટલી સજા કરવા અખતીયાર છે તેટલી પુર અખતીયારવાળી કરવી હોય તો તે કરી શકે છે. જ્યારે કોઇ ચોકસ ગુન્હાને માટે ઘણાણાં ઘણી જે સ્વતંત્ર સજા ઠરાવી હોય, તેના ચોથા ભાગ કરતાં વધુ મુદતની વીકલ્પ રીતે કેદની સજા એકે પ્રસંગે "કાયદા પ્રમાણે થઇ શકતી હોય," એમ હું ધારતો નથી. માટે મામદ સાહેબના કામમાં આ અદાલતે જે ઠરાવ કર્યો છે. તે રદ કરવાનું માહારૂં

મળતું થાય છે. તેની સાથે માહરે એટલું વધુ કહેવાનું છે કે ૩૦૯ મી કલમમાંજ સાફ રીતે જણાવ્યું છે કે, હરકોઇ માણસને કેટલી સજા કરવી તે વાત પીનલકોડ જોઇને નકી કરવી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાથી કોઇ પ્રકારે સજા કરવામાં ન્યુનાધીકતા થતી નથી. અને જે અમલદારોને સજા કરવાની હોય, તથા જુદા જુદા વર્ગની કોર્ટો ક્યાં સુધી સજા કરી શકે છે તેમની સાથેજ એ કાયદો નીસબ્બત રાખે છે.

ચીફ જસ્ટીસ ટરનરનો ઠરાવઃ—

ઈ. લો. રી. ૧ મ. ૨૭૭ મે જે આ અદાલતનો ઠરાવ પ્રસીદ્ધ થયો છે. તે માહારા વિચાર પ્રમાણે કાયમ રહી શકે એવો નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૩૦૯ (૩૩) મી કલમથી એવું જાહેર કરેલું છે કે, કોઇ પણ અપવાદ વગર બધી ફોજદારી અદાલતોએ જે વખતે જે કાયદો ચાલુ હોય તે કાયદા પ્રમાણે કેદ તથા દંડથી સજા થઈ શકે એવા દરેક ગુન્હાના કામમાં દંડ ન આપવાની કસુરી બદલ જે કેદની સજા આપવી પડે, તેમાં પોતે હી. પી. કો. ની ૬૪ તથા ૬૫ મી કલમોમાં જે નીયમો બાંધ્યા છે, તે નીયમો પ્રમાણે ચાલવું.

જે કામ ચલાવવાના કાયદામાં અદાલતોના અધીકારો જાહેર કર્યા છે, તે કાયદા કરતાં જે કાયદામાં સજાઓ જાહેર કરી છે, તે પીનલકોડના કાયદામાં વાસ્તવીક રીતે આ ઠરાવની સામાન્ય રીતે જગા કરવી જોઈએ; પરંતુ હીંદુસ્તાનના પીનલકોડના નીયમો તેજ કાયદાથી સજા થઇ શકે એવા ગુન્હાઓ માટે બાંધી રાખ્યા હતા. અને જો કે જનરલ કલોઝીસ આક્ટ, (સામાન્ય વાક્યોનો કાયદો) તેની પાંચમી કલમ અનુસાર જે કોઈ કાયદો હવે પછી પસાર થાય, અને જેમાં ઊલટી રીતનો નીયમ બાંધ્યો હોય તો, તે કાયદા પ્રમાણે દંડની સજા કરવામાં આવે, તેને પણ પીનલકોડના નીયમો લંબાવીને લાગુ પાડયા છે. તોપણ જે કાયદામાં ફોજદારી અદાલતોના અધીકારો પ્રસીદ્ધ કર્યા છે, તે કાયદામાં પીનલકોડની ૬૪ તથા ૬૫ મી કલમોના નીયમો જે કાયદો જે વખતે ચાલુ હોય, તેમાં દંડથી સજા થઇ શકે એવા દરેક ગુન્હાને લાગુ કરવાનું સગવડવાળું હતું.

૩૦૯મી કલમની મુખ્ય રકમનો આવો હેતુ હોવાનું, હું સમજું છઊં. પરંતુ જુદા જુદા વર્ગની ફોજદારી અદાલતોના શુંશું અધીકારો છે, તે પ્રસીદ્ધ કરવામાં, સ્વતંત્ર સજાના ભાગ તરીકે કેદની સજા કરવામાં માજીસ્ત્રેટોને અપાએલી સત્તામાં ઘટાડો કર્યો છે. તેથી દંડ ન આપવાની કસુરી બદલ કેદની સજા કરવાનો માજીસ્ત્રેટોને જે અધીકારો અપાયાછે, તેમાં પણ કાંઇ ઘટાડો કરવાનું જરૂર હતું. આવી મતલબથી ૩૦૯ મી કલમની બીજી તથા ત્રીજી રકમો રચવામાં આવીછે. જે કામોમાં માજીસ્ત્રેટ કેદની તથા દંડની સજા કરી શકેછે, તે વીશેનું ધ્યાન બીજી રકમમાં કરીને, તેમાં એમ જાહેર કરેલું છે કે તેવા કામોમાં દંડ ન આપવાની કસુરી બદલ વધુ કેદની સજા કરવી પડેતો, જે સજા સ્વતંત્ર સજાના ભાગ તરીકે માજીસ્ત્રેટને જે અધિકાર મળ્યો હોય, તેના આખા ભાગના ચોથા હીસ્સા કરતાં તે સજા વધવી જોઇએ નહીં. જે કામોમાં માજીસ્ત્રેટ માત્ર દંડની સજા કરતો હોય તે વિશેનું ત્રીજી રકમમાં ધ્યાન કરીને તેમાં એવું ફરમાવ્યું છે કે, તેવાં

કામોમાં દંડ ન આપવાની કસુરી બદલ ચોકસ મુદત સુધીની કાયદા પ્રમાણે થઇ શકતી હોય, તેવી કેદની સજા માજીસ્ટ્રેટને કરવી હોયતો, તે કરી શકે છે; પણ તે એવી શરતે કે આ કાયદા પ્રમાણે તેનો જે અધિકાર છે, તેથી વધુ થવી જોઈએ નહીં.

જસ્ટીસ મુતુ સ્વામી આયર:—

હરકોઈ ગુન્હો કેદ તથા દંડની સજાથી શીક્ષા કરવા લાયક છે, એવું ઈી. પી. કો. ની ૬૫ મી કલમમાં આગળથી ચીતર્વન કરી રાખ્યા પછી, એજ કાયદામાં તે ગુન્હા માટે જે સ્વતંત્ર સજા ઠરાવી છે, તેના ચોથા ભાગની ઘણામાં ઘણી કેદની સજા વીકલ્પ રીતે આપવાનું નકી કરેલું છે. વીશેશ અથવા સ્થાનીક કાયદાઓમાં જે ગુન્હાઓ ઠરાવેલા છે, તેને માટે કેદની અથવા દંડની સજા કરવી હોયતો થઇ શકે છે; અને ૩૦૯ મી કલમનો પેહેલો પારીગ્રાફ તેવા ગુન્હાઓને પી. કો. ની ૬૫ મી કલમ લાગુ પડે છે. હરકોઈ માજીસ્ટ્રેટે એક કામનો ઠરાવ કરીને, સજામાં કેદની સજા ખરેખરી કરી હોય, તેની સાથે ૩૦૯ મી કલમનો બીજો પારીગ્રાફ સંબંધ રાખેછે; અને પછી તેમાં એવું ફરમાન કરેલુંછે કે તેવા કામમાં વીકલ્પ રીતની સજા કરવી, તે ઘણામાં ઘણી સજા ઠરાવી હોય, તેના ચોથા ભાગથી વધુ કરવી નહીં. તથા પોતાને સજા કરવાનો જે અધીકાર હોય તેનાથી પણ વધુ થવી જોઇએ નહીં.

જે કામમાં ફકત દંડનીજ સજા કરવી જોઈએ, તે કામની સાથે તેનો છેલો પારીગ્રાફ સંબંધ રાખેછે; અને તેમાં એવું પણ ઠરાવ્યું છે કે, બીજા પારીગ્રાફથી જે હકુમત માં જે વિશેષ ઘટાડો કર્યો છે, તે આવા કામમાં લાગુ પડશે નહીં. આ બધા પારીગ્રાફ ભેળા કરીને વાંચશું તો જણાશે કે, કાયદામાં જે સ્વતંત્ર સજા ઠરાવી છે, તે સજાના ચોથા હીસ્સા કરતાં વધુ સજા વિકલ્પ રીતે કરવી નહીં એવું જે પેહેલા પારીગ્રાફમાં બંધન રાખ્યું છે, તે જે જે કામોમાં કેદ અથવા દંડની સજા થઇ શકતી હોય એવા સઘળા ગુન્હાઓને લાગુ પડે છે પછી ખરેખરી કરેલી સજા કેદની હોય કીંવા દંડની હોય, તેની ચીંતા નહીં; પરંતુ જે ગુન્હાને માટે એકલા દંડનીજ સજા થઈ શકતી હોય, તે ગુન્હાના કામમાં ૩૦૯ મી કલમના પેહેલા તથા બીજા પારીગ્રાફમાં જે બંધનો લખ્યાં છે, તે બંધનો લાગુ પડતાં નથી. ૩૦૯ મી કલમના પેહેલા પારીગ્રાફમાં એવા શબ્દો લખ્યા છે કે "પછી કેદની સજા સાથે અથવા તે વગર" માંમદ સાહેબના ફેંસલાથી એ શબ્દોનો અમલ થતો નથી. વળી તેજ કલમના ત્રીજા પારીગ્રાફમાં એવા શબ્દો લખ્યા છે કે "કાયદા પ્રમાણે થઈ શકતી હોય" તો તે શબ્દો પી. કો. ની ૬૫ મી કલમને લાગુ પડતા નથી. એમ અવશ્ય રીતે અનુમાન કરવું જોઈએ, એવું કાંઈ તેમાં નથી. તથા પીનલકોડની ૬૫ તથા ૬૬ મી કલમમાં જે નિયમો બાંધ્યા છે, તેથી વીકલ્પ રીતે કેટલી કેદની સજા કરવી તે વીશેના તે નથી.

ગમે તે પ્રકારે વિચાર કરતાં, આ કામમાં કરેલી સજા કાયદા વિરૂદ્ધ છે; માટે રદ કરવી જોઈએ.

જસ્ટીસ ઇન્સનો ઠરાવ.

ચીફ જસ્ટીસ તથા બીજા જસ્ટીસોના અભીપ્રાયો વાંચવાનો લાભ મળતાં મારો એવો અભીપ્રાય છે કે માંમદ સાહેબના કામમાં કરેલો ઠરાવ ભુલ ભરેલો છે. માટે તે રદ કરવો જોઈએ.

કલમ ૬૬ મી

૬૬. દંડ ન આપવાને સારૂ જે કેદનો કોરટ હુકમ કરે તે કેદ, તે દંડ ન આપે ગુન્હાને માટે ગુન્હેગારને જે પ્રકારની કેદની શીક્ષાનો હુકમ થઇ શકે, તે તોકેદનોપ્રકાર પ્રકારની થઈ શકે.

કલમ ૬૭.

અગર દંડની શીક્ષા થઇ શકે એવો ગુન્હો હોય, તો તે દંડ ન આપે તો કોરટ જે કેદની શીક્ષા કરે તે આસાન હોવી જોઇએ અને દંડ ન આપે તેને બદલે તે ગુન્હેગારને કેદ કરવાનું કોરટ ફરમાવે તેની મુદત નીચે લખી છે તે કરતાં વધારે ન હોવી જોઇએઃ—એટલે દંડની રકમ પચાસ રૂપીયાથી વધારે ન હોય, તો કેદની મુદત બે મહીનાથી વધારે ન હોવી જોઇએ; અને દંડની રકમ એકસો રૂપીયાથી વધારે ન હોય, તો કેદની મુદત ચાર મહીનાથી વધારે ન હોવી જોઇએ. અને બીજી કોઇ બાબતમાં છ મહીનાથી વધારે ન હોવી જોઇએ.

ગુન્હાની શિક્ષામાં દંડજ થઈ શકતો હોય ત્યારે અગર દંડ ન આપે તો કેદની મુદત.

મહારાણી વિ. આશગરઅલી.

दंड न भरवानी कसुरी बदल आसान केदनी सजा करवामां आवे एवां कामोमां क्री. मो. कोडनी २६२ कलम. जे कलमथी संक्षेप रूपना इनसाफोमां, केटले सुधी सजा करवानी हद बांधी छे, ते कलम लागु पडती नथी; केमके ते कलम फक्त स्वतंत्र केदनी सजाने लगती छे.

કલમ ૬૭

૧

તા. ૧૩-૮-૮૩. ઈ. ૬ અ. પા. ૬૨ સંક્ષેપ ઈનસાફના કામમાં ૩ માસની મુદતસુધીની સજા કરવાની હદ બાંધી છે તે દંડની કસુરી બદલ કરેલી કેદની સજાને લાગુ નથી.

અલીગઢના સેસન જડજે આ મુકરદમો, હાઇકોર્ટમાં હુકમ થવા મોકલ્યો હતો. આશગરઅલી જે એક ખેડુત હતો, તેણે અફીણમાંથી ચોરી કરી, તે ગુન્હા સારૂ, એક માજીસ્ટ્રેટે તેનો સંક્ષેપ રીતે ઈનસાફ કર્યો. આ ગુન્હાની સજા સને ૧૮૫૯ ના ૧૩ મા આકટની ૧૯ મી કલમ મુજબ થઇ શકે એવી છે. એ ગુન્હાનો તેને અપરાધી ઠરાવી, તેના ૬૦ રૂપૈઆ દંડ કર્યો. અને જો તે દંડ ન આપે તો, તેણે ચાર માસ સુધી દીવાની જેલમાં રેહેવાનો હુકમ કર્યો. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૩ મી તથા ૨૬૨ મી કલમો તરફ લક્ષ આપતાં, સેસન જડજનો એવો અભિપ્રાય થયો છે કે, સંક્ષેપરૂપના ઇનસાફના કામોમાં ૩ મહિના ઉપરાંતની, કેદની સજા કરતાં વધારે સજા દંડની કસુરી બદલ માજીસ્ટ્રેટને કરવા અધિકાર નથી. તેથી તેણે આ કામ હાઈકોર્ટમાં લખી મોકલ્યું છે.

જસ્ટીસ ટાયરલનો ઠરાવ.

આમાં વચે આવવાનું કારણ નથી. સને ૧૮૮૨ ના દસમા આકટની ૨૬૨ મી કલમ સ્વતંત્ર કેદની સજાને લાગુ પડે છે. દંડ ન આપવાની કસુરી બદલ આસાન કેદની સજા આપી હોય, એવા કામોમાં ૩૨ મી તથા ૩૩ મી કલમો લાગુ પડે છે. સને ૧૮૮૨ ના ૮ મા આકટથી સુધર્યા પછીની ૬૭ મીના નિયમને ૧૮૮૨ ના આકટ ૧૦ માના બાબ ૨૨ માથી કશોએ બાધ આવતો નથી.

કલમ ૬૮ મી

૬૮. દંડ નહી આપવાથી જે કેદ કરી હોય, તે કેદ, તે દંડ આપવામાં આવે અથવા કાયદાના હુકમથી વસુલ કરવામાં આવે એટલે બંધ થશે.

તે કેદ દંડ આપે કે બંધ થાય

કલમ ૬૯ મી

૬૯. દંડ નહી આપે તેને માટે કેદની મુદત ઠરાવી હોય, તે મુદત પુરી થતાં પેહેલાં અગર તે દંડનો એટલો ભાગ આપવામાં કે વસુલ કરવામાં આવે, કે દંડનો જેટલો ભાગ બાકી રહ્યો હોય તેના પ્રમાણમાં દંડ ન આપ્યાથી ભોગવેલી કેદની મુદત ઓછી ન હોય, તો કેદ બંધ થશે.

દંડના હીસાબે નીકળે તેટલો ભાગ આપે કે કેદ બંધ થાય.

દ્રષ્ટાંત.

અ ને શીક્ષાનો એવો હુકમ થયો છે કે તે એકસો રૂપીયાનો દંડ આપે, અને દંડ ન આપે તો ચાર મહીના કેદ રહે. હવે એ ઠેકાણે તે કેદનો એક મહીનો પુરો થતાં પેહેલાં તે દંડમાંના પોણોસો રૂપીયા આપવામાં કે વસુલ કરવામાં આવે, તો પેહેલો મહીનો પુરો થાય એટલે તુરત અ ને છોડી મુકવામાં આવશે. જો પેહેલો મહીનો પુરો થાય તે વખતે અથવા ત્યાર પછી અ કેદમાં છતાં કોઇ બીજી વખતે, પોણોસો રૂપીયા આપવામાં કે વસુલ કરવામાં આવે તો અ ને તુરત છોડી મુકવામાં આવશે. જો કેદના બે મહીના પુરા થતાં પેહેલાં તે દંડમાંના પચાસ રૂપીયા આપવામાં કે વસુલ કરવામાં આવે, તો બે મહીના પુરા થાય એટલે તુરત અ ને છોડી મુકવામાં આવશે. જો તે બે મહીના પુરા થાય તે વખતે અથવા ત્યાર પછી અ કેદમાં છતાં કોઈ બીજી વખતે, પચાસ રૂપીયા આપવામાં કે વસુલ કરવામાં આવેતો, અ ને તુરત છોડી મુકવામાં આવશે.

કલમ ૭૦ મી

૭૦. દંડ અથવા તેનો જેટલો ભાગ આપવાનો બાકી રહે તેટલો ભાગ, શિક્ષાનો હુકમ થયા પછી છ વરષ સુધીમાં કોઇપણ વખતે, વસુલ થઇ શકે, અને અગર તે શિક્ષાના હુકમ મુજબ ગુન્હેગાર છ વર્ષ કરતાં વધારે મુદતની કેદને લાયક હોય તો તે મુદત પુરી થતાં પહેલાં કોઇપણ વખતે વસુલ થઇ શકે; અને ગુન્હેગારના મોતથી જે મીલકત તેનું મરણ થયા પછી તેના કરજને સારૂ કાયદા પ્રમાણે જવાબદાર હોય, તે મીલકત તે દંડની જવાબદારીમાંથી છુટતી નથી.

દંડ છ વર્ષસુધીમાં અથવા કેદની મુદત સુધીમાં કોઈપણ વખતે વસુલથઇ શકે.

ગુન્હેગારના મોતથી તેની માલ મિલકત જવાબદારીમાંથીછુટતીનથી.

કલમ ૭૧.

૭૧. જો જે વસ્તુ ગુનોહ છે તે જુદા જુદા ભાગોથી બનેલી હોય, અને તે ભાગો માંહેલો હરકોઇ ભાગ જાતેજ ગુનોહ હો. ય, તો, એથી બીજી રીતે કરવું એવો સાફ ઠરાવ ન કરયો હોય તો, ગુનેગારને તે તેના ગુનાહોમાંના એક કરતાં વધારે ગુનાહની શિક્ષા કરવી નહી.

જે ગુન્હો ઘણાગુન્હાઓથી બનેલો હોયતેની શીક્ષાની હદ.

દ્રષ્ટાંતો.

(અ) અ ઝ ને એક લાકડીથી પચાસ સપાટા મારે, તો એ ઠેકાણે એ સઘળા મારથી, તથા તે સઘળા મારમાં જેટલા સપાટા આવ્યાછે તેમાંના હરએક સપાટાથી પણ ઝ ને બુદ્ધિપુરવક વ્યથા કરવાનો ગુનોહ અ એ કરયો હોય એમ બની સકેછે. હવે જો તે હરએક સપાટાને માટે અ શિક્ષા લાયક હોય, તો દરએક સપાટાને સારૂ એક વરસ એ પ્રમાણે પચાસ વરસની કેદ અ ને થઇ સકે. પણ સઘળા મારને સારૂ એકજ શિક્ષાને તે લાયક છે.

(બ) પણ અ ઝ ને મારે છે એટલામાં ય વચ્ચે પડે અને અ ઇરાદાથી ય ને મારે, તો ઝ ને બુદ્ધીપુરવક વ્યથા કરવાની એક શિક્ષાને, તથા ય ને સપાટો મારયો તેની બીજી શિક્ષાને અ લાયક છે કેમકે જે કામથી અ એ ઝ ને બુદ્ધીપુર્વક વ્યથા કરી તે કામનો ય ને મારેલો સપાટો કાંઇ ભાગ નથી.

"જ્યારે કાંઇ પણ વસ્તુ, જે ચાલુ કાયદા ઉપરથી ગુનાહોની વ્યાખ્યા કરવામાં આવતી હોય તથા તેઓ બદલ શીક્ષા કરવામાં આવતી હોય તે ચાલુ કાયદાની બે અથવા વધારે જુદી જુદી વ્યાખ્યામાં આવે એવો ગુનોહ હોય ત્યારે, અથવા

"જે કૃત્યોમાંનું એક કૃત્ય અથવા એક કરતાં વધારે કૃત્ય જાતેજ ગુનોહ થાય તેવાં કેટલાંક કૃત્ય એકઠાં કરવામાં આવે ત્યારે કાંઇ જુદો ગુનોહ થાય ત્યારે,

"ગુનેહગારનો ઇનસાફ કરનારી કોરટ સદરહુ ગુનોહ પઇકી કોઇ પણ એક ગુનાહ બદલ જેટલી શીક્ષા કરી શકતી હોય તે કરતાં વધારે સખત શિક્ષા તે ગુનેહગારને કરવી નહી."

રાણી વિ. તુકીયા બીન તમાનો.

ઇ. पी. को. नी ४५७ मी कलम परमाणे चोरी करवाना इरादाथी घर फोडवाना गुन्हाना, तथा ३८०मी परमाणे चोरी करवाना गुन्हाना ठरावमां आ बंने गुन्हाओ माटे एक सजा करवी होयतो तें सजा थइ शके छे. अथवा प्रत्येक गुन्हाओ माटे जुदी जुदीं सजा करवी होयतो. ते थइ शकेछे. परंतु तेमांथी भारे गुन्हाने माटे जे सजा आपी शकाय तेना करतां बंनेनी एकंदर सजा वधारे होवी जोइए नहीं.

કલમ ૭૧

૧

તા. ૧૪-૮-૭૫
ઈ. ૧ મુ. પા. ૨૧૪

બે નાના ગુન્હાએ ભીને એક મોટો ગુન્હો થતો હોય તો કાંતો બે ગુન્હામાટે જુદી જુદી સજા થઇ શકેછે અથવા મોટા ગુન્હા એકને માટે થઇ શકેછે. પરંતુ નાનાગુન્હાઓની સજા ભેગી કરતાં મોટા ગુન્હાને માટે જેસજા અપાય તેનાકરતાં વધવી જોઈએ નહીં.

બંધવા તુકીયા બીન તમાના ઉપર, ૪૫૭ મી કલમ પ્રમાણે રાતે ઘર ફોડવાના, તથા ૩૮૦ મી કલમ પ્રમાણે રહેવાના ઘરમાંથી, ચોરી કરવાના ગુન્હાઓનાં તોહોમતો મુકી, બેલગામ જીલ્લાના આમપોરના એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે આ બંને તોહોમતોનો તેને અપરાધી ઠરાવી, બંનેને માટે ૧૫ માસની સખત કેદની સજા તેને કરી. માજીસ્ટ્રેટનું ફોજદારી ગુન્હાનું ફેસલ પત્રક જોવા ઉપરથી તે કામના કાગળીયા જોવા સારૂ હાઇ કોર્ટે મગાવી લીધા હતા. તે એવા ઇરાદાથી કે, રાણી. વિ. હરીદાસના કામમાં જે ઠરાવ હાઈ કોર્ટે કરેલો છે તે નજરમાં રાખતાં પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે જુદી જુદી સજાઓ કરી નથી તેમાં તેણે મુદ્દાની ભુલ કરી છે કે નહીં, તે જોવું. આ કામનું દફતર આવતાં તે વીશે જસ્ટીસ વેસ્ટે તથા પીનીએ વિચાર કર્યો, અને નિચેના અભીપ્રાય સહીત તે કામ ફુલ બેંચને ચરણે તેઓએ મુક્યું:—

જસ્ટીસ વેસ્ટનો અભીપ્રાય:—

રાતે ઘર ફોડવાના, તથા તેજ વખતે ચોરી કરવાના ગુન્હાઓ માટે માજીસ્ટ્રેટે, બંધવાને અપરાધી ઠરાવી, ક્રી. પી. કો. ની ૪૫૭ મી તથા ૩૮૦ મી કલમો પ્રમાણે તેને ૧૫ માસની સખત કેદની સજા કરીછે. તે એકજ સજા હોવાથી આ કામ જોવા મંગાવ્યું હતું; તે એવા ઇરાદાથી કે, ઘર ફોડવાના તથા ચોરી કરવાના ગુન્હાઓ માટે જુદી જુદી સજા માજીસ્ટ્રેટે કરી નથી. તેથી તેણે મુદ્દાની ભુલ કરીછે કે નહીં, તે નક્કી કરવું.

૧૨–૨–૭૫ને રોજ ફેસલ થઇ ગયેલા, રાણી. વિ. હરીદાસ સામદાસના મુકરદમામાં એવો ઠરાવ થયોછે કે, ઘર ફોડવાના, તથા ચોરી કરવાના ગુન્હાના ઠરાવમાં કોર્ટે બે સજાઓ કરવી જોઇએ. ૧૧–૧૨–૭૩ ને રોજ રાણી. વિ. ગોવીંદનો ફેસલો થયોછે તે આ કામને મળતો છે; તેમાં એમ ઠરાવ્યુંછે કે, ૧૮૭૨ના દશમા આકટની ૪૫૪ મી કલમમાં જે નિયમો બાંધ્યા છે, તે ઉપર નજર રાખતાં, સજા કરવા સારૂ આ બંને ગુન્હાઓને એકજ ગુન્હો ગણવો જોઈએ ઘર ફોડ્યા માટે બંધવાને કેદની સજા થવાથી તથા ચોરીને માટે ફટકાની સજા થવાથી, તે આગળ કોઇ વખત એનાં એ ગુન્હાનો અપરાધી ઠર્યો નોહોતો, છતાં ભારે ગુન્હાને માટે જે કેદની સજા ઉપરાંત ફટકાની સજા થાય તે તેને ભોગવવી પડી છે.

ભાષાંતર કરનાર તરફથી નોટ.

સન ૧૮૬૪ના ફટકા મારવાના આકટની કલમ ૨ જી પ્રમાણે ક્રી. પી. કો. ની કલમ ૩૮૦ માંહેલા ગુન્હા વાસ્તે, અથવા ૪૫૭મી કલમના ગુન્હા વાસ્તે જે સજા આપેલી છે, તેને બદલે ફટકાની સજા થઈ શકેછે. અને કલમ ૩ જી પ્રમાણે ગુન્હાઓ બીજી વખત કરવામાં આવેતો, પી. કોડમાં જે સજા કરી છે, તે ઉપરાંત ફટકાની સજા કરવી હોય તોપણ થઇ શકે છે,

સામટા ગુન્હાનાં તોહોમતનામામાં દરેક તોહોમત દીઠ બંધવો અપરાધી ઠર્યો હોય, તેને જુદી જુદી સજા કરવીજ જોઇએ; તથા તોહોમતનામામાં બીજાં તોહોમતોમાં જે ગુન્હાઓનો સમાસ થાયછે, તેનાથી અલગ રાખીને પ્રત્યેક તોહોમત માટે શીક્ષા કરવાની પધ્ધતીના કાયદા પ્રમાણે શીક્ષા કરવી જોઇએ, તો પછી ઘર ફોડવાના ગુન્હા માટે, કેદની

સજા ઉપરાંત ફટકાની સજા કરવી, એ વાજબી રીતે ગેરકાયદેસર ગણી શકાય નહીં. તેથી રાણી. વિ. ગોવીંદના કામમાં ફટકાની સજા કાયમ રાખવી જોયતી નોહોતી. પણ ક્રી. પ્રો. કો. ની કલમ ૨૨૦ તથા ૩૧૪ (૩૫ તથા ૨૫૮) મીથી જે અમલ કરવાનું ધાર્યું છે, તે અમલ, આપણાથી બંધ થઇ શકતો નથી, તથા જે ગુન્હાઓ માંહોમાંહે નીકટ રીતે જોડાયા નથી, તથા મુદ્દે એકજ સાપ્રાધ ઇરાદો પાર પાડવામાં કરેલાં કૃત્યો તે ઈરાદાનાં પેટાંનાં કૃત્યો નથી, તેવા સાધારણ ગુન્હાઓના કામમાં, સદરહુ કલમોમાં ઠરાવેલા નિયમોમાં કાંઇ ન્યુનાધીકપણું કર્યા વગર સજા કરવી, એ ધોરણ, તે કલમોના નિયમોને અનુસરતું છે. તો પણ ૪૫૪ મી કલમના નીયમો, એક જાતના વધારે ખાસ નિયમો તરીકે, મજકુર કલમોની મતલબમાં સમાઇ શકે એવા મુકરદમામાં લાગુ પડેછે. ૪૫૪ મી કલમની ત્રીજી રકમના દ્રષ્ટાંતથી જણાય છે કે, ઘરફોડવાના ગુન્હા ઉપરાંત જે ગુન્હા માટે ઘર ફોડવાનો ગુન્હો કરવામાં આવેછે. તે બંને ગુન્હાઓ સજા કરવાના કામ વાસ્તે એક સંયુકત ગુન્હો ગણાય છે. એ ત્રીજી રકમમાં કહેલું છે કે, એકંદર સજા, સંયુક્ત અથવા વધારે ભારે ગુન્હાને માટે આપી શકાય, તેના કરતાં વધવી જોઇએ નહીં. આ ઉપરથી મને લાગેછે કે, જુદી જુદી સજાઓ કરવાનો આગ્રહ, કાયદાકારોએ ધાર્યો હોય, એવો સંભવ નથી. એ રકમમાં જો કે, દરેક પ્રથક પ્રથક ગુન્હા માટે જુદાં જુદાં તોહોમતો વીષે કહેવામાં આવ્યું છે, પરંતુ જુદી જુદી સજા વીશે કહેવામાં આવ્યું નથી. અને સજાઓ નહીં, પરંતુ સજા, એવું તેમાં જે બયાન કર્યુંછે, તે ઉપરથી લાગેછે કે, સંયુકત ગુન્હાઓના કામમાં એકજ સજા કરવાનું કોણ જાણે, તેમાં ચીતવન કર્યું હોય; પણ ૪૫૪ મી કલમની ત્રીજી રકમમાં જે ઠરાવ કર્યોછે, તે પ્રમાણે એકંદર સજા કરવામાં આવેતો, અલબતે દરેક તોહોમત દીઠ સજા કરવી, એ કાયદેસર છે. પરંતુ આવાં કામોમાં એકજ સજા કરવી એ ગેરકાયદેસર દેખાતું નથી. તોપણ જરૂરનું છે કે, આ સવાલનો ફૂડચો ફુલ બેંચે કરવો જોઇએ. તેથી ફુલબેંચ તરફ આ કામ મોકલવામાં આવેછે.

ચિફ જસ્ટીસ વેસ્ટ્રોપ તથા જસ્ટીસ કેંબોલ, વેસ્ટ અને નાંનાભાઇ હરીદાસે મળીને આ સવાલનો વિચાર કરી તારીખ ૧૪-૮-૭૫ ને રોજ નીચે પ્રમાણે ઠરાવ આપ્યો:—

ચોરી કરવા સારૂ રાત્રે ઘર ફોડવાના, તથા ચોરી કરવાના ગુન્હાના ઠરાવમાં, બંને ગુન્હાઓ વાસ્તે એક સજા પણ થઈ શકેછે. અને તે સજા કાયદા પ્રમાણે મોટા ગુન્હાને માટે અપાય તેનાથી વધવી જોઈએ નહીં; અથવા દરેક ગુન્હાને માટે જુદી જુદી પણ આપી શકાય છે, પરંતુ એકંદર સજા ભારે ગુન્હા માટે જે અપાય તેના કરતાં વધવી જોઇએ નહીં.

રાણી વિ. રામેશ્વરરાય.

કલમ ૭૧
૨
તા. ૨૩-૪-૭૭
ઈ.૧ અ. પા. ૩૭૯
એકીવખતે એક જ કૃતીમાં પીનલ કોડના બે જુદા જુદા બાબપ્રમાણે જુદા જુદા મતલબથી કરવામાં આવેલા ગુનાહો જુદા જુદાજ છે તેતેની સજા જુદી જુદી થવી જોઇએ

कोइ मीरअपराधी सख्सने गुनेगार तरीके सजा थाय एवा मतलबथी सदरहु सक्षना घरमां अने खेतरमां, रेलवेनी चोराउ चावीओ बुधिपूर्वक संताडवानी मदद करवा सारू. अरजदारने गुनेगार ठराव्यो हतो. तेमां ठराव्यु के, माजीस्त्रेटे ते अरजदारने, हींदुस्थानना पीनलकोडनी कलम १९३ प्रमाणे इनसाफी कामनी, कोइ मंजले खोटो पुरावो बनाव्याना तथा तेज कायदानी कलम ४११ परमाणे चोराउ मीलकत संताडवामां बुधिपूर्वक मदद कर्याना, बे जुदा जुदा गुनाह माटे गुनेहगार ठरावी सजा करी छे ए वाजबी थयुं छे.

ગાજીપોરના પેહેલા વર્ગના માજીસ્ટ્રેટ કાશી સાહેબે, રામેશ્વર નામના જમીનદારરે એક મુસામત ભગબીનદીન નામની ઓરતને કામે લગાડીને, પોતાના દુશમન નામે શીદારીના ખેતરમાં, અને વખારમાં, આગગાડીની ચાવીઓ ચોરાઉ હતી, તે સંતાડાવી. તે એટલા માટે કે, સદરહુ સીદારી ચોરીના ગુન્હામાં સપડાય, એવું આરોપ રાખીને, મજકુર રામેશ્વરને અપરાધી ઠરાવ્યો હતો.

એ માજીસ્ટ્રેટે સદરહુ રામેશ્વરરાયને ઇનસાફી કામના મુકરદમાનીમાં વાપરવા વાસ્તે, ખોટો પુરાવો બનાવ્યાનું તોહમત સાબીત ગણી, તેને પીનલકોડની કલમ ૧૯૩ મુજબ બે વર્ષની, સખ્ત કેદની અને ૫૦ રૂપૈઆ દંડ અને દંડ ન આપે તો બીજા ૬ માસ કેદ એવી શીક્ષા કરી. અને વળી એની એ હકીકત ઉપરથી, એ માજીસ્ટ્રેટે મજકુર રામેશ્વરરાય ઉપર ચોરાઉ મિલકત સંતાડવામાં બુદ્ધિપુર્વક મદદ કરવાનું, આરોપ મુકી કલમ ૪૧૪ પ્રમાણે બીજા બે વર્ષની સખ્ત કેદની, અને રૂપૈયા ૫૦ દંડ, અને તે ન આપે તો બીજા ૬ માસ જ્યાદે કેદ રહે, એવી શીક્ષા કરી. અને તે બીજી શીક્ષા, પેહેલી શીક્ષા ભોગવ્યા પછી ભોગવવી; એવો ઠરાવ કર્યો.

રામેશ્વર રાયે ગાજીપોરના જડજને ત્યાં અપીલ કરી, અને તે અપીલ તેના ગુણદોષ ઉપરથી કાઢી નાંખતાં, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાઇકોરટને, ઉપરની શીક્ષાઓ સુધારવા અરજ કરી છે, તે એવા કારણથી કે, જે હકીકત પડેલી છે તેમાં એકજ ગુન્હો થયો છે; અને મને પીનલકોડની કલમ ૧૯૩–૪૧૪ પ્રમાણે શીક્ષા થઈ છે તે, ગેરકાયદેસર છે.

અરજદાર તરફથી કોલવીન સાહેબ.

કોર્ટે નીચે પ્રમાણે ઠરાવ આપ્યો.

ચાવીયો ચોરાઉ માલ હતો, એ વાત કબુલ કરેલી છે. તે ચોરાઉ મીલકત રામેશ્વરને ઘેર આણી હતી; અને તેણે સંતાડવા અથવા, વગે કરવામાં, અથવા તે લઈ જવામાં, બુદ્ધિપૂર્વક મદદ કરી હતી, અને તે જાણતો હતો, અથવા જાણવાનું તેને કારણ હતું કે, આ ચાવી ચોરાઉ મીલકત છે. અને તેથી તે ગુન્હા બદલ, તેને શીક્ષા થએલ છે. વળી એમ, પણ માલુમ પડેલું છે કે, સીદારી જે, પોતાનો શત્રુ હતો, તેના ખેતરમાં, તે મીલકત તેણે સંતાડી. તે એવા વિચારથી કે, સીદારીના ઘરમાં, અને ખેતરમાંથી, તે જડી આવે, અને તે ઉપરથી તે પકડાય, અને તેના ઉપર ચોરીનું આરોપ આવે. વળી તેમાં એક મજબુત અનુમાન થાય છે કે, સીદારીના ઘરમાં, એ ચાવીયો સંતાડવાને, એક ભાગી નામની ઓરતને ઉશકેરી હતી. એવી તકરાર લેવામાં આવી છે કે, સીદારીને સંકટમાં આણવા સારૂ તેના ખેતરમાં, એ ચાવીઓ મુકવામાં તથા મુકવાના હેતુથી એ મીલકતને વગે કરવામાં આવી હતી, તો પછી એકજ ગુન્હો થયોછે; પણ જુદા ગુન્હા થયા નથી. આ વિચાર હુ મંજુર કરી શકતો નથી. પીનલકોડની વાખ્યા પ્રમાણે બદદાનતથી, ચોરાઉ મીલકત રાખવાના કલમ ૪૧૧ મુજબના ગુનાહ માટે પુરતો પુરાવ નથી. એવું માજીસ્ટ્રેટના મનમાં હશે. એ કલમ પ્રમાણે ગુન્હો બનવામાં, એમ સાબીત થાયકે, તોહોમતદાર મીલકત ચોરાઉ છે, એવું તે જાણતો હોય, અથવા તેને જાણવાનું કારણ હોય,

તે લેઈ જવામાં, અથવા વગે કરવામાં, અથવા સંતાડવામાં, મદદ કરી હોય તો, તેટલો પુરાવો બસ છે. તે પ્રમાણે તેણે કર્યું તો, પીનલકોડના બાબ ૧૭ પ્રમાણે, તેના ઉપર મીલકત વીરૂદ્ધનો ગુનોહ સાબીત થાયછે. તે વખતે જ્યાં તેણે એ મીલકત સંતાડી, તે સંતાડવાથી પુરાવો મળી આવે તે, એ બે પુરાવાથી તેણે, એવી આશા રાખી હશે કે, જે મીલકત સંતાડી છે, તે મીલકતની ચોરીને માટે સીદારી, અપરાધી ઠરશે, એવું તેના મનમાં આવ્યું હશે, પણ બેશક તેણે મીલકત વિરૂધ, પીનલકોડની કલમ ૪૧૪ પ્રમાણે ગુન્હો કર્યોછે, એ વાતનો સંદેહ નથી. વળી તેણે એ કલમમાં બયાન કરેલા ગુન્હાની બધી સરતો પુરી કરી છે. પછી તેણે કયાં સંતાડી તે જોવાનું નથી. કાંતો તેણે સંતાડી હશે, અથવા બુધી પૂર્વક સંતાડાવી હશે. પછી શીદારીના ઘરમાં, અથવા ખેતરમાં, અથવા બીજે ગમે ત્યાંહાં સંતાડી હોય, પણ તે જાણતો હતો, અથવા તેને જાણવાનું કારણ હતું, કે એ મીલકત ચોરાઉ છે.

સીદારીના ખેતરમાં, તેહેના કહેવા પ્રમાણે સંતાડવામાં, માજીસ્ત્રેટે જે ઈરાદો ઠરાવ્યો છે, તે ઈરાદાથી, પીનલકોડના ૧૧ મા બાબ પ્રમાણે, ઇનસાફ વિરૂદ્ધ એક બીજો, અને ઈલાહેદો ગુનોહ બંધવે કરેલોછે, કેમકે, ઈનસાફના કામમાં, વાપરવા સારૂ તેણે ઇરાદાપુર્વક ખોટો પુરાવો બનાવ્યો. તેના માટે તેને કલમ ૧૯૩ પ્રમાણે, શીક્ષા થઈછે. લગભગ પીનલકોડની કલમ ૧૯૫મીમાં એ ગુન્હો આવી શકે છે. સીદારીના ખેતરમાં, ચાવીઓ સંતાડવામાં, એવો ઇરાદો હતો કે, તે ચાવીઓ મળી આવે, અને સીદારીના ખેતરમાંથી, મળી આવ્યાની વાત ઈનસાફના કામમાં માલમ પડે; અને એ વાત ઉપરથી, માજીસ્ત્રેટને એમ માનવાનું કારણ મળે કે, કલમ ૧૯૨ પ્રમાણે મનકુર સીદારીને, ચોરી સાથે કાંઈ સંબંધ છે. તે ખોટો પુરાવો બનાવ્યા બરાબરછે, અને તે વાંક, ચોરાઉ મીલકત વગે કરવામાં, બુદ્ધિ પુર્વક મદદ કર્યાના ગુનાહથી જુદોછે. હું વચમાં પડવાનું કારણ, જોતો નથી. અને તેથી આ અરજ રદ કરૂંછું.

કેસરેહીંદ વિ. રામદીન.

કલમ ૭૧

हंगामो करवो अने हंगामो करतां व्यथा करवी एबे जुदाजुदा गुन्हा छे. अने प्रत्येकने जुदी जुदी सजा थइ शकेछे

૩
તા. ૧૩–૨–૭૯
ઈ. ૨ અ. ૩૩૯
હંગામાનો ગુન્હો એ વ્યથા કરવાના ગુન્હાથી જુદો છે માટે બંનેની જુદી જુદી સજા કરવી જોઈએ.

સને ૧૮૭૨ ના ૧૦ મા આકટની કલમ ૨૯૭ ને ૧૮૮૨ ના ૧૦ માની ક. ૪૩૮ મુજબ કામના કાગળીયા તપાસવાની સતા ચલાવવા સારૂ, આ એક હાઇકોર્ટને અરજી કરવામાં આવી હતી. અરજદારો સંખ્યામાં આઠ હતા; તેઓએ બીજા સાત જણાઓની ટોળી ઉપર, પોતાના સામાન્ય હેતુને અનુસરીને, હુમલો કર્યો. બખેડો થયો તે દરમીયાન, બંને પક્ષ વાળાઓને ઈજા થઈ. સને ૧૮૭૮ ના નવેંબરની ચોથી તારીખે અલાહબાદના

માજીસ્ટ્રેટે, અરજદારો ઉપર જુદાં જુદાં તહોમત રાખી તેઓને પીનલકોડની કલમ ૧૪૭ તથા ૩૨૩ મુજબ ગુન્હાની સજા કરી હતી. આ ઠરાવ અને સજા અલ્લાહબાદના સેસન જડજે ૧૮૭૮ ના ડીસેંબરની ૧૬ મી તારીખે અપીલમાં બહાલ રાખેલછે. અરજદારોના વકીલ તરફથી એમ વાંધો લેવામાં આવ્યો કે, હંગામો કર્યાનું, અને બુદ્ધીપુર્વક વ્યથા કર્યાનું, એ બે તહોમત રાખી સજા થઇ શકે નહીં.

સરકાર તરફથી બાબુ દવારકાંનાથ.

પીયરસન જસટીસનો ઠરાવ.

એવો વાંધો લેવામાં આવ્યોછે કે, પીનલકોડની કલમ ૧૪૭ તથા ૩૨૩ ના ગુન્હાની સજા ટકી શકતી નથી. આ વાંધાની પુષ્ટીમાં, રાણી. વિ. રબીઉલાનો ફેસલો બતાવ્યો છે. આ મુકરદમો ૧૮૬૭ ના જાન્યુઆરીની ૧૬ મી તારીખે જસટીસ નોરમન તથા સેટનકારે ચુકાવ્યો હતો. એ મુકરદમામાં બંધવાઓને, કલમ ૧૪૭ તથા ૩૦૪ ના ગુન્હાના અપરાધી ઠરાવ્યા હતા; અને તેમાં પછી ઠકાવ્યું કે, પેહેલા ગુન્હાને માટે જુદું તહોમત રહી શકતું નથી, અને એક ગેરકાયદેસર મંડળીના અંગભુત તરીકે, બંધવો હાજર હતો. એ વાત મોટા ગુન્હાના પુરાવામાં લેવી ન જોઈએ. તે ઉપરાંત એક બીજો ફેસલો પણ વકીલે ટાંકેલો છે. રાણી. વિ. માંગરૂ, આમાં બંધવા ઉપર મનુષ્ય હરણની કોશિશ, તથા ગેરકાયદેસર કેદ કર્યાનાં તહોમતો રાખી, તેને અપરાધી ઠરાવ્યો હતો. તેમાં એમ ઠર્યું હતું કે, બંને ગુન્હાઓનો ઠરાવ કાયમ રહી શકતો નથી.—એક બીજો કેશ મારા લક્ષ ઉપર આણવામાં આવ્યોછે. તે રાણી. વિ. કાળાચંદનોછે. જે જસટીસ નોરમન તથા સેટનકારે ૧૮૬૭ ના એપ્રીલની ૨૯ મી તારીખે ચુકવ્યો હતો; તેમાં એમ ઠરાવ્યું હતું કે, મોત આણે એવાં હથિઆર બાંધી હંગામો કરવો, એ ગુન્હો જેની જમીન ઉપર હંગામો થયો હોય, તે જમીન વાળાને હથિયારવતી મારી નાંખવાના ગુન્હાથી જુદોછે; અને તે પ્રત્યેક, જુદી જુદી સજા થવા લાયકછે. વળી આ કોર્ટમાંથી, જસટીસ ટરનરે રાણી. વિ. હરગોવિંદનો ફેસલો ૧૮૭૧ ના જુલાઇની ૭ મી તારીખે કરેલોછે, તેમાં ઠરાવ્યું છે કે, જે માણસ હંગામાના અપરાધી ઠર્યો હોય, તો તે પ્રસંગ પ્રમાણે, હથિયાર બાંધી હંગામો કર્યાના, શિક્ષણી મનુષ્ય વધના, તથા મહા વ્યથાના જુદા જુદા ગુન્હાઓ કર્યાને માટે, સજાને પાત્ર થાયછે. આ મુકરદમામાં એ વિદ્વાન જજે, ઉપર કહેલા રબીઉલાના ફેસલાનો હવાલો લીધો હતો. અને તેમાં જે ઠરાવ થયેલ તેમાં તેણે, પોતાની નાપસંદગી બતાવી હતી. વળી એમ પણ જણાય છેકે, એજ કલકતાની હાઈકોર્ટના જજોએ, રબી ઉલાના ફેસલાથી જુદો ઠરાવ, તે પછીના એપ્રીલ માસમાં કર્યો હતો.

બધી રીતે જોતાં જે ફેસલાઓ, બતાવવામાં આવ્યાછે, તે આ કેશના વાંધાથી વિરૂદ્ધછે. આ ઠેકાણે નીશ્ચય કહેવું જોઇએ કે, હંગામો તથા ગેર કાયદેસર મંડળીના ગુન્હાઓ લોકોની સમાધાની વિરૂદ્ધછે; અને હુમલો, વ્યથા, વિગેરેના ગુન્હાઓ, માણસના શરીરને અસર કરનારાછે. વચમાં આવવાનું પુરતું કારણ ન જણાતાં આ અપીલ નામંજુર કરૂંછું.

કેસરેહીંદ વિરૂધ્ધ બની.

ज्यारे कोइ मा, पोतना बचाने साफ तजी देवाना इरादाथी तजीदे, अने जाणती होय के, आम तजी देवाथी, ते बचानुं मोत थवा संभव छे, अने पछी तजी दीधाना परिणामे, छोकरुं मरी जाय, त्यां ठराव्युं के, ते मामाने पीनलकोडनी कलम ३०४ मुजब तथा ३१७ मुजब अपराधी ठरावी; सजा करी शकाय नहीं, पण फकत ३०४ मी कलम प्रमाणे सजा करी शकाय.

કલમ ૭૧
૪
તા. ૪-૭-૭૯
ઈ. ૨ અ.પા. ૩૪૯
છેવટનો ગુન્હો કરવામાં દરમીયાન મંજલના ગુન્હા કરવા પડે તો તેઓમાં છેવટનો ગુન્હો થતાં સમાઈ જાય છે. જેમ કે છોકરાંને મારી નાંખવામાં તજી દેવું. મા તજીદેવાનો ગુન્હો મારી નાંખવામાં સમાય છે.

એક બની કરીને ઓરત હતી. તેણે પોતાનું બચું પોતાના એકલીના હવાલામાં હતું, તેને કોઇ ઠેકાણે, સાફ તજી દેવાના ઇરાદાથી, તથા તેમ કરવાથી તે મરી જશે, એમ જાણીને ઉઘાડું મુકી દીધું. આવી રીતે મુકી દેવાથી, તે છોકરૂં મરણ પામ્યું. બરેલીના સેસન જડજે ૧૮૭૯ના જુનની ૧૮મી તારીખે, એ બનીને, પીનલકોડની કલમ ૩૧૭ તથા ૩૦૪ ના ગુન્હાઓની અપરાધી ઠરાવી. પેહેલા ગુન્હા માટે તેને બે વરસ સુધી, સખ્ત કેદની સજા કરી, અને બીજા ગુન્હા માટે, પણ તેટલીજ મુદતની, પણ છેલી સજા પેહેલી સજા ભોગવ્યા પછી ભોગવવી, એવો ઠરાવ કર્યો, તેણે હાઇકોર્ટને અપીલ કરી.

જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવ.

માહારા વીચાર પ્રમાણે સેસન જડજે, કામ ચલાવવાની રીતમાં, જે ભુલ કરી છે, તે આ અપીલનો ઠરાવ કરવામાં સુધારવી ઊચીત લાગે છે. તે એ છે કે, સેસન જડજે પીનલકોડની કલમ ૩૦૪ થી તથા ૩૧૭ મી માંહેલા ગુન્હાઓ વાસ્તે અપેલેન્ટને બંને ગુન્હાની અપરાધી ઠરાવી, પ્રત્યેકને માટે સજા કરી છે. જ્યાં લગી છોકરૂં જીવતું રહ્યું ત્યાં લગી, કલમ ૩૧૭ અનુંસાર "તજી દેવાના ઇરાદાથી મુકી દેવાનું" તોહોમત વાજબી રીતે રહી શકત; અને તેના મરણ અગાઉ, આ ગુન્હાને માટે, તેનો ઇનસાફ થયો હતતો, તે ખરી રીતે ગુન્હેગાર ઠરી શકત; અને કલમ ૩૧૭ ની અંતે જે ખુલાસો આપ્યો છે, તેથી બચાનું મર્ણ થવાના બનાવ ટાણે, તેણીની ઉપર શીક્ષણી મનુષ્ય વધના ગુન્હાનું કામ ચલાવવા સારૂ, જરાએ પ્રતીબંધ આવત નહીં. આ મુકરદમા જેવો એક બીજો મુકરદમો ધારીએ. અ બ ના ઉપર હુમલો કરેછે. અને બ નું મર્ણ થયા અગાઉ, તેનો ઇનસાફ થાયછે આખરે અયે ઈજા કરેલીછે. તેમાંથી બ નું મોત થાયછે. હુમલો કર્યાના વાંકનો ઠરાવ, શીક્ષણી મનુષ્ય વધના તોહોમતને પ્રતીબંધ કરતા નથી; પણ અ નો ઇનસાફ થવા પેહેલાં બ ગુજરી જાય તો, પછી તેના ઊપર શીક્ષણી મનુષ્યવધનું તોહોમત રાખી, કામ ચલાવવું; કેમકે નાહાનો વાંક મોહોટા વાંકમાં સમાઇ જાયછે. અને જે વાંક થયોછે, તે એની એજ રીતને લગતો છે. ચાલતા મુકરદમામાં, જ્યારે બચું ગુજરી ગયું, ત્યારે બનીનો અપરાધ, શીક્ષણી મનુષ્યવધના ભારે ગુન્હામાં પેશી ગયોછે. અને છોકરાને પડતું મુકી દેવાના,

ગેરકાયદેસર કૃત્યથી, તેનું મર્ણ પ્રત્યક્ષ રીતે થયુંછે, અને કૃત્ય કરવા ટણે તે જાણુતી હતી કે, તેમાંથી મર્ણ થવાનો સંભવછે. તો પછી ૩૦૪ કલમમાં તોહોમત વાળી બાઈનો સમાસ થવો જોઇએ. કાયદાનું એક મહા વાકયછે કે "એક માણસને એકજ ગુન્હા માટે બે વાર સજા કરવી નહીં." એ આ કામમાં લાગુ પડે છે. એમ મને જણાય છે. એક માણસને કાંઈ વ્યથા કરી, તેથી તે ગુજરી ગયો. હવે જો ગુન્હેગાર માટે ખુન કર્યાનું, અને ખુન કરવાના ઇરાદાથી, વ્યથા કર્યાનું, એમ બે તોહમતો રહી શકે તો, આ કામમાં પણ બે રહી શકે. કેમકે મર્ણ અને વ્યથા, એના એજ ખટલામાં થયાં છે. ૩૧૭ મી કલમ મુજબ પડતું મુકવાથી, બચ્ચાનું મર્ણ થવાનું, પ્રત્યક્ષ કારણ થયુ છે. અને એટલા માટે આ ગુન્હો, ૩૧૭ મી કલમે અટકવાને બદલે મર્ણ થયું. તેથી તે ગુન્હાએ ૩૦૪ મી કલમનું, ભારે ગુન્હાનું રૂપ લીધું છે. અલબતે ૩૧૭ મી કલમનું તહોમતનામું ઘડવું, તદન વાજબી હતું, અને પડતું મુકવાથી મર્ણ થયું છે કે નહીં? એવો સવાલ તેમાંથી નીકળત, તો, ૩૧૯ મી કલમનું સ્વરૂપ એ ખટલો પકડી લેત. આગળ બતાવેલા કારણોથી, ૩૧૭ મી કલમ પ્રમાણે, ગુન્હાનો ઠરાવ રદ કરવામાં વધારે સલામતી ભરેલું છે; એમ હું ધારૂં છું. અને તોહોમતવાળી બાઇની વર્તણુંક માટે, શું વાજબી સજા છે, તેના વીશે અનુભવી સેસન જડજે જે મત બાંધ્યો છે, તેને મળતો થઇ એવો ઠરાવ કરૂં છું કે, ૩૦૪ થી કલમના ઠરાવ વિરૂદ્ધ, જે અપીલ કરી છે. તે મંજુર કરવી, અને સજા વધારી તે ગુન્હા બદલ ૪ વર્ષની સજા કરવી.

મહારાણી કેસરેહિંદ વિ. અજોધ્યા.

કલમ ૭૧

૫

તા. ૧૯-૧-૮૦
ઇ. ર. અ. પા. ૬૪૪
મોટો ગુન્હો કરવા સારૂ નાનો ગુન્હો કરવો પડે તેમાં જો મોટા ગુન્હાની સજા આપી હોયતો બસછે જેમ કે ઘરમાંથી ચોરી કરવાના ઇરાદાથી ઘર ફોડવું અને પછી તેમાંથી ચોરી કરવી,

एकना एकज मामलामां एवुं जणाय के, बंधवे घणां कामो कीधां छे, ते कामो एकज मतलबथी कर्यां होय, तेने जो भेगां करीएतो, जुदां जुदां राखतां जे गुन्हाओ थायछे, तेना करतां मोटो गुन्हो थाय छे. अने जोके ईनसाफ करवासारू तोहोमतनामां तामकारोमां फेरफार करवा सगवडता वाळो छे. तथा जे मुख्य गुन्हो थाय छे, ते गुन्हानुं तोहोमत मुकाय छे, एटलुंज नहीं, पण पेटा गुन्हाओ जे कर्या कहेवामां आवता होय, ते पण मुकायछे. तोपण इनसाफनी सगवडतानुं, तथा सादाइनुं हीत विचारतां, साबीत थएला सैथी भारे गुन्हानो ठराव करी, तेनी सजा करवी ए श्रेष्ट रस्तो छे.

तेथी ज्यां कोई सक्षे राते चोरी करवा सारू, घर फाडवुं होय, अने तेमांथी चोरि करी होय, अने ते सक्ष उपर. पी. को. नी ३८० मी तथा ४५७ मी कलमो वाळा गुन्हानां, तोहोमत मुकी, इनसाफ थयो होय, अने तेमां, आ बने गुन्हाओनो, ए अपराधी ठरतां, प्रत्येक गुन्हा वास्ते तेने,

अढार अढार मासनी, सखत केदनी सजा करवामां आवी होय, तेमां ठराव्युं के, ४५७मी कलमना गुन्हानो बंधवाने अपराधी ठरावो, ते बदल तेने त्रण वर्ष केदनी सजा ठीक छे. पण ३८० मी कलमना गुन्हामां थी तेने नीरदोश करवो जोइए.

સને ૧૮૭૨ના દસમા આકટની, ૨૯૭(૪૩૮)મી કલમમાં ઠરાવ મંગાવી, સુધારવાનો જે અધિકાર હાઈકોર્ટને આપ્યો છે, તે વાપરવા સારૂ, આ અરજી હાઈકોર્ટમાં કરી હતી. તા. ૪–૯–૭૮ની રાતે એક હેમરાજનું રેહેવાનું ઘર, અરજદારે ફોડયું; અને તેમાંથી કેટલીક મિલકત તેણે–ચોરી લીધી. તા. ૨૧–૩–૮૯ને રોજ એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે, તેને ઈ. પી. કો.ની ૩૮૦મી કલમના, ઘરમાં ચોરી કર્યાના ગુન્હાનો, તથા ૪૫૭ મી કલમના ચોરી કરવાના ઈરાદાથી, રાતે ઘરફોડવાના ગુન્હાનો અપરાધી ઠરાવી, બંને ગુન્હા વાસ્તે, એક એક વર્ષની, સખત કેદની સજા કરી. અરજદારે સેશન કોર્ટમાં અપીલ કરી, તેમાં તેના જડજે, કરેલી સજામાં વધારો કરી, દરેક ગુન્હાનો અઢાર અઢાર માસની, સખત કેદની સજા કરી.

અરજદાર તરફથી વકીલ ચાતરજી

જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવ.—

નીચલી અદાલતમાં જે હકીકત સાચી ઠરીછે, તે હું મંજુર રાખું છઊં. ચોરી થયા પછી તુરતજ બંધવાના કબજામાં, ચોરેલી મીલકત હતી. અરજદારને અપરાધી ઠરાવવામાં, માજીસ્ટ્રેટે ભુલ કરીછે. અથવા પુરાવો એવો જોઈએ તેટલો નથી કે, તેવો ઠરાવ કરવો વાજબી છે, એવો માહારો અભીપ્રાય થાયછે. માહારી પાસે અરજદારની વતી, એવો સવાલ થયો છે કે, પી. કો. ની ૩૮૦ મી તથા ૪૫૭મી કલમો અનુસાર એનાએજ ગુન્હા માટે, તેને ગુન્હાહીત ઠરાવવો, એ ગેરકાયદેસર છે. તથા તેને, જે નીરાળી નીરાળી અને આકરી સજા કરીછે, તે પણ વાજબી નથી. આ વખતે મને એવો ઠરાવ કરવા ઈચ્છા થતી નથી કે, આ તકરાર જેટલે દરજે, કરવામાં આવીછે, તેટલે દરજે મજબુત છે. તોપણ ક્રીમીનલ પ્રોસીજરની ૩૧૪–૪૫૨–૪૫૪ તથા ૪૫૫ મી કલમોનો સાર; પી. કો.ની ૭૧મી કલમ સાથે લેતાં. તથા અદાલતોમાં સગવડતા ખાતર, જે વહીવટ ચાલે છે, તે ઉપર વિચાર કરતાં, જે ધોરણ ચાલતાં કામમાં લેવાયુંછે; તે કરતાં જુદી જુદી રીતનું લેવાયું હતતો, ઠીક પડત. જે હકીકત સાબીત થઈછે, તે ઉપરથી ૩૮૦મી કલમનું, ઘરમાંથી ચોરી કરવાનું, તથા ૪૫૭ મી કલમ પ્રમાણે ચોરી કરવાના ઈરાદાથી ઘર ફોડવાનું, એવાં બે તોહોમતો, મુકવામાં કોઈ રીતે અજુગતુ થાય છે, એ વાત ખોટી છે. પરંતુ બીજો ગુન્હો પેહેલા ગુન્હા કરતાં; વધુ મોટો છે. અને તેમાં એ પેહેલા ગુન્હાનાં સઘળાં તત્વો, આવી જાય છે. અને ગુન્હેગાર ઠરાવવામાં, પુરાવો જોઈએ તેટલો હોયતો, માહારા અભીપ્રાય પ્રમાણે, બંધવો જે બે ગુન્હાઓનો અપરાધી ઠર્યો હોય, તેમાં ભારે ગુન્હાનો તેને અપરાધી ઠરાવી, તે ગુ-

ન્હાની તેને સજા કરવી જોઇએ. તોહોમતનામાંઓ ઘડવામાં, વીલાયતમાં સામાન્ય વૈવટ એવો છે કે, જુદાં જુદાં તોહોમતો, જેવાં કે, કોઇ માણસ ઉપર ખુન કરવાના ઇરાદાથી, જખમ કરવાનું, અથવા શરીરની કોઈ માહા વ્યથા કરવાનું, અથવા કોઈ માહાપરાધ કરવાનું, અથવા તેને કાયદેસર પકડવો હોય, અથવા પરેજ રાખવો હોય, તેમાં સામાથવાનું તેની હકીકતની વીગતોમાં ફેરફાર કરવો, પરંતુ તેવા તોહોમતોમાંથી તેને એવાં તહોમતનો, ગુન્હેગાર ઠરાવી શકાય છે. જે ઠરાવ અલબતે, સાબીત થયેલાં તોહોમતોમાંથી, ભારે તોહોમતનો હોય છે, અને તેમાં બધા પેટાના ગુન્હાઓ, આવી જાય છે. તેજ પ્રમાણે, સજા પણ એકજ તોહોમતની થાય છે. જ્યાં એમ જણાય કે, એકના એકજ મામલામાં, બંધવાએ ઘણાં કામો કરેલાં છે; અને તે કામો એકજ મતલબથી કર્યાં હોય, તેને જો ભેગાં કરીએતો, તેઓને જુદાં જુદાં રાખતાં, જે ગુન્હાઓ થાય છે, તેના કરતાં મોહોટો ગુન્હો થતો હોય, અને જો કે ઇનસાફ કરવા સારૂ, તોહોમતનામાના પ્રકારોમાં, ફેરફાર કરવો સગવડતા વાળો છે, અને જે મુખ્ય ગુન્હો થાય છે, તેનું તોહોમત મુકાય છે, એટલુંજ નહીં, પણ પેટાના ગુન્હાઓ જે કર્યા કહેવામાં આવતા હોય, તેનાં પણ તોહોમત મુકાય છે. તથાપી ઈનસાફની સગવડતા, તથા સાદાઇના હીતનો વિચાર કરતાં, સાબીત થયેલાં ગુન્હામાંથી, સૌથી ભારે ગુન્હાનો ઠરાવ કરી, તેની સજા કરવી, એ શ્રેષ્ટ રસ્તો છે. આવી રીતે આ કામમાં કરવું જોઈતું હતું, એમ માહારો અભીપ્રાય છે. માટે દફતરમાં નીચે પ્રમાણે સુધારો કરવાનો, હુકમ કરૂં છું:—"અરજદાર અજોધ્યા પી. કો. ની કલમ ૫૭૪ માંહેલા, ચોરી કરવા સારૂ, રાતે ઘર ફોડવાના ગુન્હાનો, ગુન્હેગાર છે. અને તેણે ૨૧–૩–૧૯ ને રોજથી ત્રણ વર્ષ સુધી, સખત કેદ ભોગવવી." હી. પી. કો. ની ૩૮૦મી કલમના ગુન્હાનો, તેને નીર અપરાધી ઠરાવ્યો છે, તે મંજુર રાખું છું.

કેસરેહીંદ. વિરૂદ્ધ જબદુરકાજી અને ગુલાબખાં.

કલમ ૭૧

૬

તા. ૧૮–૨–૮૧
ઈ. ૬ ક. ૭૧૮
કેટલાક નાંના ગુન્હા એકઠા કરતાં એક મોટો ગુન્હો થતો હોય. તો નાના ગુનાહ માટેની એકંદર સજા મોટા ગુન્હાની સજા થીવધવી નજોઇયે.

सने १८७२ना १०मा आकटर्ना ४९४ (२३९)मी कलम अनुसार, पीनलकोडनी कलम १४७ १४८ तथा ३२४मीना गुन्हाओने माटे आपेली सजाओ एकठी करतां, ते सजा तेमांथी भारेमां भारे गुन्हा माटे जेटली आपी शकाय, तेटली करतां वधवी न जोइए.

એકજ ઇનસાફના કામમાંથી આ બંને અપીલો થઇછે. કેદી જબદુરકાજી, અને ગુલાબખાં, એ બંને એક ગેરકાયદેસર મંડળીના અંગભુતો હતા. તેમાંના કેટલાકોની પાસે ઢાલ અને ભાલા હતાં, અને કેટલાકોની પાસે ડાંગ હતી. અંતે તેઓએ સને ૧૮૭૯ના અકટોબરની ૨૮ મી તારીખે હંગામો કર્યો, જેને અંતે એક ગુરૂ ચરણ નામના સક્ષનું મોત થયું; અને બાબુલચંદ નામના બીજા સક્ષને સખ્ત ઇજા થઈ. કેદીઓ ઉપર બીજા સક્ષોની સાથે હીં. પી. કો. ના ગુન્હાઓમાંથી, કેટલાક ગુન્હાઓનાં તહોમત મુકવામાં

આવ્યાં, અને આસેસરના મતથી, મળીને સેસન જડજે, જબ્દુરકાજીને કલમ ૩૦૨ તથા ૩૦૪ મીના ભારે તોહોમતોમાંથી મુકત કીધો, અને ગુલાબખાંને કલમ ૩૨૪ મી તથા ૩૨૬ મીના તોહોમતોમાંથી મુકત કીધો. પણ તેઓ બંનેને કલમ ૧૪૮ મી તથા ૩૨૪ મી સાથે કલમ ૧૪૯ મીના ગુન્હાઓના અપરાધી ઠરાવી, દરેકને ૧૪૮મી કલમના ગુન્હા વાસ્તે, ત્રણ ત્રણ વરસની અને ૩૨૪મી તથા ૧૪૯મીની કલમોના ગુન્હાઓ વાસ્તે, બીજા બબે વર્ષની સખ્ત કેદની સજા કરી, અને તે સજા પેહેલી સજા ભોગવ્યા પછી, બીજી સજા ભોગવવાનો હુકમ કર્યો, અને વળી જબ્દુરકાજીનો ૧૪૮ મી કલમના ગુન્હા વાસ્તે રૂપૈયા ૨૦૦) દંડ કીધો, અને તે ન આપેતો બીજા ૬ મહીના સખ્ત કેદ રહે એવો હુકમ કર્યો. આ સજાઓ સામે બંને બંધવાઓએ હાઈકોર્ટમાં અપીલ કરીછે.

અપીલેન્ટ જબ્દુરકાજી તરફથી લાલ મોહન ગોશ, અને બાબું વેજ-નાથ દત્ત સરકાર તરફથી બાબુ જગદાનંદ મુકંદજી.

ગુલાબખાં તરફથી કોઇ હાજર હતું નહીં.

જસ્ટીસ મીટરે આપેલો ઠરાવ.

આ બંને અપીલો એકજ ઇનસાફમાંથી થઈછે. જે ગેરકાયદેસર મંડળીથી એક ગુરૂ ચરણનું મોત થયું, અને એક બાબુલચંદને ભારે વ્યથા થઈ, તે ગેરકાયદેસર મંડળીના અંગભુતો હોવાના, અપેલેંટોને અપરાધી ઠરાવ્યા હતા. એમ જણાય છે કે, ગુરૂચરણને મારી નાખ્યાના ગુન્હામાંથી તેઓને નીરદોષ કર્યા હતા; અને ૧૪૮ મી કલમ પ્રમાણે નાશકારક હથીયારો બાંધી હંગામો કર્યાના, તથા પી. કો. ની કલમ ૧૪૯મી સાથે ૩૨૪ મી કલમો જોડતાં, બાબુલચંદને વ્યથા કર્યાના ગુન્હેગાર ઠરાવ્યા હતા. ૧૪૮મી કલમ પ્રમાણે ૩ વરસ, અને ૧૪૯–૩૨૪ મી પ્રમાણે બે વરસની મુદતની સજા કરી હતી. જગદુરકાજી તરફથી જે વિદ્વાન વકીલ હાજર થયેલછે, તે પંડે એવી તકરાર કરેછે કે, માહારા અસીલને જે સજા થઇછે, તે કાયદામાં લખીછે, તે સજા ઉપરાંત થઇછે. અને એ ગેરકાયદેસર મંડળીના એક અંગભુતે બાબુલચંદને જે, ઇજા કરી હતી, તે માહારા અસીલે કરી નોહોતી, અને તે ગેરકાયદેસર મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવાના મતલબ સર કરી નહોતી.

પેહેલી તકરારનો આધાર ૧૮૭૨ ના દસમા આંકટની ૪૫૪ મી કેલમ ઉપર રાખે છે; અને તે કલમમાં સામટી સજા કરવાનો એવો નીયમ બાંધ્યોછે કે, હરકોઇ ગુન્હો કોઇ કાયદાની બે વ્યાખ્યામાં આવુતો હોયતો, તે ગુન્હા માટે એકજ સજા કરવી, અથવા તો જે કૃત્યોથી એક કરતાં વધારે છુટા છુટા ગુન્હાઓ થતા હોય, પણ તે કૃત્યો સામટી રીતે લેતાં, હરકોઇ ગુન્હાની વ્યાખ્યામાં સમાઇ જતાં હોયતો, તેમાં છુટી છુટી સજા કરવી. જ્યારે પેહેલી રીતનો પ્રસંગ બન્યો હોય ત્યારે, જુદી જુદી સજાઓ કરવી. પરંતુ પેહેલા પ્રસંગમાં આપેલી સજા, એમાંથી ગમે તે ગુન્હા વાસ્તે ઘણામાં ઘણી આપી શકાય તેના કરતાં વધુ હોવી જોઇએ નહીં. અને બીજા પ્રસંગમાં તે સજાઓ સામટી રીતે લેતાં તેવા ઘણા ગુન્હાએમાંથી હરકોઇને માટે અપાય, અથવા સંયુકત ગુન્હાને માટે અપાય, તેના કરતાં વધવી જોઈએ નહીં.

સેશન જડજે ક દ્રષ્ટાંતનો હવાલો લીધોછે, તે ઉપરથી જણાયછે કે, ૧૪૭, ૩૨૪ તથા ૧૫૨ મી કલમો માંહેલા ગુન્હાઓનો જુદો જુદો નીકાલ કરવો હોય તો, તેમ થઇ શકેછે.

આ કામમાં ૧૪૭ મી તથા ૩૨૪ મી કલમો માંહેલા ગુન્હાઓનો, અપરાધીપણાનો ઠરાવ થયોછે; પરંતુ આ કોર્ટે ઠરાવ્યુંછે કે, આ કલમો માંહેલા ગુન્હાઓ માટે જુદા જુદા ગુન્હાના હીતપણાના ઠરાવો કાયદેસર નથી, (જુઓ રાણી. વિ. દુરઝુલા ૯ વીકલીરીપોર્ટ ૨૩૩). પણ રાણી. વિ. કાળાચંદના ૭ વીકલીરીપોર્ટ ૨૯૦) કામમાં ઉલટી રીતનો ઠરાવ થયોછે. અને આ ઠરાવ પ્રમાણે માહારાણી. વિ. રામદીન (૨ અ. ૧૩૯)માં અનુસરતું કરેલુંછે. પરંતું તે ગુન્હાઓને માટે જુદા જુદા ઠરાવ થાય કે ન થાય, તોપણ એટલુંતો ચોકસછે કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૪મી અનુસાર સામટી સજા, ભારે ગુન્હામાટે જેટલી આપી શકાય, તેના કરતાં વધુ થવી જોઇએ નહીં. (જુઓ રાણી વિરૂદ્ધ તુફીયા બીનતમાંના), તેથી અમે આ બંને અપેલેંન્ટોની સજામાંથી બબે વરસની સજા ઓછી કરીએ છૈયે.

માહારાણી કેસરેહીંદ. વિ. રામપ્રતાપ

गेर कायदेसर मंडळीना केटलाक अंगभुतोए महा व्यथा करी, तेमांथी एक अंगभुतने हंगामो कर्याना, तेमज माहाव्यथा कर्याना, गुन्हाने माटे जुदी जुदी सजा करवी ए वाजबी नथी.

કલમ ૭૧
૭
તા-૫- ૧૨—૮૨
ઇં૬—અ ૧૨૧
ગેરકાયદેસર મંડળીના અંગભુતો એ મહાવ્યથા કરી તેમાંના એકને હંગામા તથામહા વ્યથા માટે જુદી જુદી સજા કરાય નહીં

અપેલેંન્ટ રામપ્રતાપ, વાઇસરાયની ખાસ પારટીનો એક ઘોડેસ્વાર હતો. અને જે હંગામો કરતાં, મનુ, અને બીજાઓને માહા વ્યથા થઇ હતી, તેમાં સદરહુ રામપ્રતાપ ઉપર, હંગામાનું તથા માહા વ્યથાનું તહોમત મુકીને, ઈનસાફ થવા સારૂ શાહરનપુરના સેશન જડજ પાસે કમીટ કરવામાં આવ્યો હતો. રામપ્રતાપે કોઇને હંગામો કરવામાં માહા વ્યથા કરી હતી. એવું કામ ચાલતાં સાબીત થયું ન હતું. પરંતુ મનું અને બીજાઓને સદરહુ હંગામામાં રોકાએલા, બીજા સક્ષોથી માહા વ્યથા થઇ હતી, એવું સાબીત થયું હતું. સેશન જડજે રામપ્રતાપને હંગામાનો ગુન્હેગાર ઠેરાવી, તે ગુન્હા માટે, તેને એક વરસની સખ્ત કેદની સજા કરી, તથા માહા વ્યથા કર્યાનો અપરાધી ઠેરાવી, તે ગુન્હા માટે, તેને બીજા બે વરસ સખ્ત કેદની સજા કરી, આ છેલી સજાનો અમલ, પેહેલી સજા પુરી થએ કરવાનો હતો.

અપેલેંન્ટ તરફથી હીલ સાહેબ.
સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથજી બાંદરજી.
જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવ.

આ અપીલ તેના ગુણ દોષ ઉપરથી ના મંજુર કરવી જોઈએ, એવો ઠરાવ આપ્યા પછી તેણે નીચે પ્રમાણે વીવેચન કરેલુ છે. અપેલેન્ટને પી. કો. ની કલમ ૧૪૭તથા૨૩૫ માંહેલા ગુન્હાઓનો બેવડો અપરાધી ઠરાવી, અનુક્રમે એક તથા બે વરસની સખ્ત કેદની જુદી જુદી સજા કરીછે, તે વાજબી ઠરી છે કે નહીં, તે સવાલનો વિચાર કરવાની હવે

અને ફરજ પડીછે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૩૫ ની રકમ ૧ પ્રમાણે, એકજ ઈનસાફના કામમાં હુંગામો, તથા માહાવ્યથાના ગુન્હાનો ઈનસાફ કરવા સારૂ, જડજને અધીકાર છે; તે હું એકદમ કબુલ કરૂં છું. જેવી જાતનો મુકર્દમો હાલ માહારી પાસે આવ્યો છે, તે જાતના મુકરદમામાં બેશક તહોમતનામામાં તોહોમતોનો ફેરફાર કરવાનું સગવડવાળું છે. કેમકે ફોજદારી કામનો ઈનસાફ કરવામાં જે પુરાવો પડે છે, તેમાં સૌથી ભારે અથવા થોડો ઘણો ભારે આરોપ નીભાવી રાખવા સારૂ જોઇએ તેવો હોતો નથી; પણ કોઈ હલકા ગુન્હાના ઠરાવ કરવા સારૂ, જોઈએ તેટલો પુરાવો મળી આવેછે, એવું વખ્તો વખ્ત બનેછે; અને આ નાના ગુન્હાના તહોમતનો જવાબ, કામ ચલાવવાની શરૂઆતમાં લીધો હોય તો, પછવાડેથી તહોમતમાં સુધારો અથવા ફેરફાર કરવાની મેહેનત પડતી નથી, ઉપર કહેલી ૨૩૫ મી કલમના શબ્દો તપાસતાં જોવામાં આવશે કે, તેને મળતી જુના કાયદાની ૪૫૪ મી કલમની સાથે, જે વીશેષ પ્રતીબંધ જોડયો હત તો, તે નવા કાયદામાં દેખાતો નથી. તે ઉપરાંત આ નવી કલમમાં એવું જાહેર કર્યું છે કે, "આ કલમના કોઈ પણ મજકુરથી હિંદુસ્થાનના ફોજદારી કાયદાની ૭૧મી કલમને બાધ આવશે નહીં." આ ઇકોતેરમી કલમ ૧૮૮૨ ના ૮ મા આકટની ૪ થી કલમથી નવેસર રચાંણી છે. તથા તેમાં વધારો કર્યોછે. આખી કલમ હવે નીચે પ્રમાણે વંચાય છે.

જે વસ્તુ ગુન્હો છે, તે જુદા જુદા ભાગોથી બનેલી હોય, અને તે ભાગો માંહેલો હરકોઇ ભાગ જાનેજ ગુન્હો હોયતો, એથી બીજી રીતે તેમ કરવું, એવો સાફ ઠરાવ ન કર્યો હોય તો, ગુન્હેગારને તેના ગુન્હામાના એક કરતાં વધારે ગુન્હાની શિક્ષા કરવી નહીં. જ્યારે કાંઇપણ વસ્તુ, ચાલુ કાયદા ઉપરથી ગુન્હાઓની વ્યાખ્યા કરવામાં આવતી હોય, તથા તેઓ બદલ શિક્ષા કરવામાં આવતી હોય, તે ચાલુ કાયદાની બે અથવા વધારે જુદી જુદી વ્યાખ્યામાં આવે એવો ગુન્હો હોય ત્યારે, અથવા.

ગુન્હેગારનો ઈનસાફ કરનારી કોરટ, સદરહુ ગુન્હા પૈકી કોઈપણ એક ગુન્હા બદલ, જેટલી શિક્ષા કરી શકાતી હોય, તે કરતાં વધારે સખ્ત શીક્ષા, તે ગુન્હેગારને કરવી નહીં.

આ બાબતમાં અમલ કરવાનો, આવો કાયદો હોવાથી હાલ મારી પાસે આવેલો મુકરદમો, જેમાં અપેલેંન્ટને હંગામો, તથા મહા વ્યથાના ગુનાહ માટે અપરાધી ઠરાવી જુદી જુદી સજા કરી છે, તેનો આ કલમમાં સમાસ થઇ શકે, અથવા સમાસ થાય એવું કહી શકાય છે. કોઇ સખ્સને તેણે પોતે મહા વ્યથા કરી એવું દેખાડવાનો પુરાવો નથી, એમ માનવું જોઇએ. અને જે ગેર કાયદેસર મંડળીનો, તે સોબતી હતો, તેમાંથી બીજા અંગભુતોએ હુમલો કરીને ઈજા કીધી, તેમાં અપેલેંન્ટને જુવાબદાર ગણ્વો હોયતો, પીનલકોડની કલમ ૧૫૦ માં જે ઠરાવ્યું છે, તેની જ્યારે મદદ માગી લેઇએ, ત્યારે બની શકે એવું છે. ૧૪૯ મી કલમનો મતલબ એવો છે કે, ગેર કાયદેસર મંડળીનો દરેક અંગભુત, બીજા અંગભુતના કરેલા ગુન્હા માટે, જવાબદાર થાય છે. અથવા સદરહુ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા વાસ્તે, બીજા અંગભુતો જે કાંઈ ગુન્હો કરે તેના તે જવાબદાર થાય છે, અથવા એવો સામાન્ય હેતુ પાર પાડવામાં ધારી શકાય કે, વખતે એવો ગુન્હો થશે, તે તેના જાણવામાં હોવું જોઇએ, તેવા ગુન્હાને માટે પોતે જુવાબદાર થાય છે. બીજા શબ્દોમાં બોલીએ તો, આ કલમથી તેને મદદગારીના ગુન્હામાંથી બાતલ કર્યો છે. અને

પ્રત્યેક, અથવા બધા અંગભુતના કૃત્યો વાસ્તે, એક મુખી તરીકે તે જવાબદાર ગણાયછે, તે ફક્ત એટલાજ સારૂ કે, તે ગેરકાયદેસર મંડળીનો અંગભૂત હતો.—

દ્રષ્ટાંત.

જો પાંચ માણસો ભારે લાકડીઓ બાંધી, માણસોની બીજી ટોળી ઉપર હુમલો કરવાને બાહાર નીકળી જાય, અને તેમાંથી એક જણો માહાવ્યથા કરે તો, આ માહાવ્યથા તેઓની વચેનો સંતલસનો સામાન્ય હેતુ પાર પાડવામાં કરી હોય, અથવા સાધારણ અકલના માણસ તરીકે, તેઓના જાણવામાં આવે કે, એવા સામાન્ય હેતુ પાર પાડવામાં એવી કજા થવાનો સંભવ છે, તો આ પાંચે જણાઓ પીનલકોડની ૩૨૫ મી કલમ પ્રમાણે એક સરખા ગુન્હેગાર થાયછે, તેવીજ રીતે આ મુકરદમામાં, કેટલાક હંગામો કરનારાઓનો અપેલેંટ સોબતી હતો, તેઓએ બેશક માહાવ્યથા કરી હતી; અને તે ઇજા હંગામો કરનારાઓનો સામાન્ય મતલબ પાર પાડતાં થઈ હતી, એવું હકીકત ઉપરથી જડજે ઠરાવ્યું છે. તેમ કરવા વાસ્તે તે પુરી રીતે મુખ્તીયાર છે. આ બાબતનો આવો અભીપ્રાય લેતાં, પીનલકોડની ૩૨૫ મી કલમ પ્રમાણે, અપેલેન્ટને અપરાધી ઠરાવવામાં જડજે ચુક કરી નથી, પરંતુ તેની સાથે યાદ રાખવાનું છે કે, એ ગુનાહનો ઠરાવ કાયદા પ્રમાણે વાજબી છે. તે ઠેરાવવામાં મુખ્ય બાબત એ છે કે, ગેરકાયદેસર મંડળીમાં, અપીલેન્ટે ભાગ લેવો જોઇએ, કેમકે એવો પ્રસંગ હોય તોજ, બીજા અંગભુતોના પ્રથક પ્રથક કામો વાસ્તે, તે કાયદા પ્રમાણે જવાબદાર થાય છે. હવે અપરાધી ઠરેલ સખ્સને, એજ હકીકત ઉપરથી, હરકોઇ ગેરકાયદેસર મંડળીનો, અંગભુત હોવાના ગુન્હા વાસ્તે તથા હંગામો કર્યાના ગુનાહ વાસ્તે, જુદી જુદી સજા, કોરટને કરવી હોય તો તે કરી શકે છે. એ વીશે કોઈનાથી ખરી રીતે શક લેવાય તેમ નથી, એમ હું માનું છઊં. કેમકે હંગામાના મીશ્ર ગુનાહમાં, એક પ્રથક ભાગ તરીકે, ગેરકાયદેસર મંડળીનો ગુનાહ હોવો જોઈએ; અને માત્ર જ્યારે બળ કીંવા જુલમનો તેમાં ઉમેરો થાય ત્યારે હંગામાનો ગુનાહ સંપુર્ણ થાય છે. ટુંકામાં કહીએ તો, હંગામો એ ગેરકાયદેસર મંડળીના વધી ગએલા રૂપ શીવાય કાંઈ વધુ નથી. તેજ પ્રમાણે પક્ષકારો, વક્તારે આગળ જઈને વ્યથા કીંવા માહાવ્યથા, કીંવા મોત કરે, તો પણ તેઓ હજી હંગામાના ગુન્હેગાર થાય છે; કેમકે ભેગા થઇને તેઓની ગેરકાયદેસર મંડળી થઇ; અને બળ અથવા જુલમ તેઓએ વાપર્યો; અને તેઓની પીનલકોડની કલમ ૩૨૩ કે ૩૨૫—૩૦૪ અથવા ૩૦૨ પ્રમાણે એક બીજાના કૃત્યોને માટે, તેઓની જુવાબદારીની ઉત્પતી, ગેરકાયદેસર મંડળી હોવાના કારણથી થાય છે. સન ૧૮૮૨ ના આઠમા આક્ટની ૪ થી કલમમાં કાયદાનો જે નિયમ બાંધેલો છે, તે નિયમનો ઉઘાડો અર્થ મને એવો લાગે છે કે, જો કોઇ મામલામાં હરકોઈ માણસ જુદા જુદા ગુન્હા કરે, અને તે ગુન્હાઓ એક બીજાથી જુદા પાડી શકે, એવી રીતે શેળભેળ થઇ જાય તેવા હોય, અને તે બધા ગુન્હાઓ પાછા ભેગા થઇને, એકજ ઈલાયદા ગુન્હાને જન્મ આપે તો, આવા એકેક અને જુદા જુદા ગુનાહ માટે, તથા બીજાઓના ગુન્હાઓમાંથી હરકોઈ ગુન્હા અથવા પ્રત્યેક ગુનાહ માટે, અપરાધી ઠરાવી તેને જુદી જુદી સજા થઇ શકતી નથી. જેમકે

દ્રષ્ટાંત.

કોઈ માણસ ધમકી દેખાડવાની રીતે બીજા ઉપર મુઠી ચીંધેછે. અને પછી તેને

એક લાકડીથી હલકો માર મારે છે, અને છેવટ છરીથી તેને જખમ કરે છે. કાયદાની બારીકી પ્રમાણે, હુમલો, વ્યથા, માહાવ્યથા; એ ત્રણે ગુન્હા કરનારો, તે કરનારો થાય છે. પણ આ બધા ગુનાહમાંથી, પ્રત્યેક ગુનાહ માટે તેને જુદી જુદી સજા કરવી જોઇએ, એમ ખરી રીતે કોઇ કહી શકશે નહીં. તેજ પ્રમાણે આ કામમાં અપેલેન્ટ એ ગેરકાયદેસર મંડળીનો અંગભુત હતો, તેણે હંગામામાં ભાગ લીધો, અને હંગામો કરવાના દરમીયાન, તેના શીવાય બીજા જણાએ માહાવ્યથા કરી, અને કેમ જણુ કે ગેરકાયદેસર મંડળીના તેઓ પણ અંગભુત હતા, તે ગેરકાયદેસરે મંડળીના અંગભુત હોવાના કારણથી પોતાને હાથેજ માહાવ્યથા કરી, એમ કાયદાની રૂયે તે જવાબદાર થાય છે. પ્રત્યેક જણ ઉપર હુમલો થયો, તેના સંબંધમાં વ્યથા થઈ હોય તો, વ્યથા માટે, અગર માહાવ્યથા થઈ હોય તો, માહાવ્યથા માટે, તેમજ હંગામા માટે, ઇનસાફ કરી, તેને અપરાધી ઠરાવવા વાસ્તે છુટ છે, પરંતુ તે છુટ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૩૪ મી કલમમાં કેટલાં તહોમતની સંખ્યા રાખીને ઈનસાફ કરવો જોઇએ, તે મરીયાદા બાંધી છે. તે મરીયાદાને અનુસરીને, પરંતુ હંગામા વાસ્તે, અથવા માહાવ્યથા કરવાના પ્રત્યેક તહોમતો વાસ્તે, તેને જુદી જુદી સજા કરવી હોય તો થાય ખરી, પરંતુ હું ધારતો નથી કે હંગામા વાસ્તે તથા બીજાં બધાં તહોમતો છે, તે પ્રત્યેક તહોમત માટે તથા એકને માટે તેને જુદી જુદી સજા થઇ શકે, મારો અભીપ્રાય એવો છે કે, હંગામો કર્યાનો જોગ બનવાથી, જે માત્ર બીજી રીતે ગેરકાયદેસર મંડળીનો ગુન્હો ગણાત, તે બદલાઇને હવે માત્ર હંગામાનો ગુન્હો થાય છે. આ બાબતમાં મારો આવો અભીપ્રાય છે, તેથી અપીલેન્ટને ૧૪૭ મી કલમ પ્રમાણે, જે સજા કરી છે. તે રદ કરવી જોઈએ, અને હું ધારૂંછુ કે, પીનલકોડની ૩૨૫ મી કલમ પ્રમાણે બે વરસ સખ્ત કેદની સજા કર્યા પછી ઇનસાફ જેવો જોઇએ તેવો થાય છે. આ શિવાય વધારે કાંઈ હુકમ કરવા વાસ્તે હું જરૂરતું માનતો નથી.

માહારાણી કેસરેહીંદ. વિ. ડુંગરસિંહ તથા એક બીજો.

કલમ ૭૧

૮

તા. ૨૨-૮ ૮૪. છ૭ અ પા. ૨૯ હંગામાનો બુદ્ધિ પુરવક વ્યથાનો અને માહાવ્યથાનો એ ત્રણે ઇલાયદા ગુન્હા છે. માટે સજા જુદી જુદી થઇ શકે.

सने १८८२ना दसमा आकटनी, कलम ३६ मीना अर्थ प्रमाणे, हंगामानो, बुधीपूर्वक व्यथा कर्यानो, तथा बुधीपूर्वक माहाव्यथा कर्यानो, (जेमांथी आ बे छेला गुन्हाओ एक जुदाज माणस प्रत्येक कर्या हता) ए त्रणे एलायदा गुन्हाओ छे.

एज कायदानी २३९ मीं कलमनी पेहेली रकम प्रमाणे, जे सक्षना उपर हंगामानुं, तथा बुधीपुर्वक माहाव्यथा कर्यानुं एम बे गुन्हाओनां, तोहोमत राखी, एकज इनसाफना काममां, आ प्रत्येक गुन्हाओ वास्ते, इनसाफ थइ शके छे. माहाराणी केसरेहींद. वि. रामपरताब, (इ. ६ अ. १११) वाळो फेसलो, नामंजुर करवामीं आव्यो.

આ મુકરદમાની હકીકત, જોઇએ તેટલી ઠરાવમાં આપેલી છે.

સરકાર તરફથી રોસસાહેબ.
જસ્ટીસ બ્રોડહર્સ્ટનો ઠરાવઃ—

હી. પી. કો. ની ૧૪૭ મી તથા ૩૨૫ મી કલમો મુજબ, સજા થઈ શકે એવા હંગામાના, તથા માહા વ્યથા કર્યાના ગુન્હાઓ વાસ્તે, એક ડેપ્યુટી માજીસ્ત્રેટે, આ કામના બંધવાઓ ડુંગરસિંહ, ચુનીસિંહ, તથા બીજા પાંચ સક્ષોનો, ઈનસાફ કર્યો હતો. ચુની, ડુંગર તથા એક નથુખાંને, ૧૪૭ મી કલમના ગુન્હાના, અપરાધિ ઠરાવી, ૭ માસની, સખ્ત કેદની, તથા ૩૨૫ મી કલમના, ગુન્હાના અપરાધી ઠરાવી, તે બદલ દરેક જણને, બીજા ૭ માસની, સખત કેદની સજા કરી હતી. બાકીના ચાર જણાઓને, ૧૪૭ મી કલમના ગુન્હા બદલ, ૭ ૭ માસની સજા કરી હતી.

બંધવાઓએ અપીલ કરી, તે સેસન જડજે ના મંજુર કરી, ત્યાર બાદ ચુની તથા ડુંગરે નીચલી કોર્ટોમાં ચાલેલું કામ, મંગાવી જોવાની, આ અદાલતને અરજી કરી છે. નીચલી અદાલતોના ઠરાવો સામે, ચાર વાંધા લેવામાં આવ્યા છે. તેમાંના ત્રણ વાંધા વિદ્વાન વકીલે જતાં કરેલા છે. બાકી ચોથો વાંધો એવો છે કે, "આ નામદાર અદાલતે, ફેસલા કર્યા છે, પી. કો. ની ૧૪૭ મી તા. ૩૨૫ મી કલમો પ્રમાણે, પ્રથક સજા કરવી એ કાયદા વિરૂદ્ધ છે." માટે હવે નકી કરવું જોઈએ કે, એ તકરાર વજનદાર છે કે નહીં? જે ફેસલાનો હવાલો આપ્યો છે, તે મહારાણી કેસરેહીંદ. વિ. રામપરતાપના ફેસલાનો છે. તેમાં તે કામની અપીલ, તેના ગુણદોશ ઉપરથી, ના મંજુર કરવી જોઈએ, એવો નીર્ણય કરી, જસ્ટીસ સ્ટ્રેટે લખ્યું છે કે, "અપેલેંન્ટને, પી. કો. ની કલમ ૧૪૭ તથા ૩૨૫ માંહેલા ગુન્હાનો બેવડો અપરાધી ઠેરાવી અનુક્રમે એક તથા બે વર્ષની સખત કેદની જુદી જુદી સજા કરી છે. તે વાજબી કરી છે કે નહીં? તે સવાલનો વિચાર કરવાની હવે મને ફરજ પડી છે. ફોજદારી કામ ચલાવવાની રીતનાં કાયદાની કલમ ૨૩૫ ની રકમ ૧ પ્રમાણે એકજ ઇનસાફના કામમાં, હંગામો, તથા માહાવ્યથાના ગુનાહનો ઇનસાફ કરવા સારૂ, જડજને અધીકાર છે. તે હું એકદમ કબુલ કરૂંછું. એ મારા વીદવાન બંધુએ ઉપરનો ઠરાવ બંધ કરતી વેળા, નીચે પ્રમાણે વિચારો આપ્યા છે. તેજ પ્રમાણે આ કામમાં અપેલેંન્ટ એ ગેરકાયદેસર મંડળીનો અંગભુત હતો, તેણે હંગામામાં ભાગ લીધો, અને હંગામો કરવાના દરમીયાંન, તેના શિવાય બીજા જણાએ માહા વ્યથા કરી, અને કેમ જાણે કે ગેર કાયદેસર મંડળીના તેઓ પણ અંગભુત હતા. ગેર કાયદેસર મંડળીના અંગભુત હોવાના કારણથી, પોતાને હાથેજ માહાવ્યથા કરી, એમ કાયદાની રૂએ તે જવાબદારી થાય છે. પ્રત્યેક જણ ઉપર હુમલો થયો, તેના સંબંધમાં વ્યથા થઈ હોય તો, વ્યથા માટે, અગર મહાવ્યથા થઇ હોય તો, મહાવ્યથા માટે, તેમજ હંગામા માટે ઇનસાફ કરી, તેને અપરાધી ઠરાવવા વાસ્તે છુટ છે પરંતુ તે છુટ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૩૪ મી કલમમાં કેટલાં તોહોમતની સંખ્યા રાખી, ઇનસાફ કરવો જોઇએ, તે મરીયાદા બાંધી છે. તે મરીયાદાને અનુસરીને." પરંતુ હંગામા વાસ્તે, અથવા માહા વ્યથા કરવાના પ્રત્યેક તહોમતો વાસ્તે, તેને જુદી જુદી સજા કરવી હોયતો, થાય ખરી. પરંતુ હું ધારતો નથી કે, હંગામા વાસ્તે તથા બીજાં બધાં તોહોમતો છે, તે પ્રત્યેક તોહોમત માટે, તથા એકને માટે તેને જુદી જુદી સજા થઈ શકે, મારો અભીપ્રાય એવો છે કે, હંગામો કર્યાનો જોગ બ-

નવાથી, જે માત્ર બીજી રીતે ગૈર કાયદેસર મંડળીનો ગુન્હો ગણાત તે બદલાઈને હવે માત્ર હંગામાનો ગુન્હો થાય છે. આ બાબતમાં મારો એવો અભીપ્રાય છે. તેથી અપીલેંન્ટને ૧૪૭ મી કલમ પ્રમાણે જે સંજા કરી છે, તે રદ કરવી જોઇએ, 'અને હું ધારૂં છઊં કે, પીનલકોડની ૩૨૫ મી કલમ પ્રમાણે બે વરસ સખ્ત કેદની સજા કર્યા પછી, ઇનસાફ જેવો જોઇએ તેવો થાય છે. આ શીવાય વધારે કાંઈ હુકમ કરવા વાસ્તે, હું જરૂરતું માનતો નથી. પીનલકોડની આજ, અથવા એના જેવી બીજી કલમો અનુસાર આ અદાલતે, એક બે બીજા ફેસલાઓ કર્યા છે, તેનું વીવેચન કરી, આ વિશયમાં મારો શું અભીપ્રાય છે, તે લખીશ.

રાણી. વિ. હરગોવીંદના મુકરદમામાં, બંધવાઓને, પી. કો. ની ૧૪૮–૩૦૪ તથા ૩૨૬ ના કલમોના, ગુન્હાના અપરાધી ઠરાવી, પ્રત્યેકને, ૧૪૮ ના ગુન્હા વાસ્તે, ૩ વરસની ૩૦૪ મીના ગુન્હા વાસ્તે, પાંચ પાંચ વરસની, તથા ૩૨૬ ના ગુન્હા વાસ્તે બબે વરસની અથવા, એકંદર દસ વરસની, સખત કેદની સજા કરી હતી. તે ઊપર બંધવાઓએ, એ ઠરાવ, તથા સજા ઉપર, અપીલ કરી, તેમાં જસ્ટીસસ્ટરનરે (જે હાલ મદ્રાસ હાઇકોર્ટના ચીફ જસ્ટીસ છે) તે અપીલનો નીકાલ કરતાં નીચેના વિચારો બતાવ્યા છે:—

બીજું એમ કહેવામાં આવ્યું છે કે, નાશકારી હથીયારો બાંધી, હંગામા કર્યાના ગુન્હાના, તથા શિક્ષણી મનુષ્ય વધના, તથા, માહાવ્યથા કર્યાના ગુન્હાના અપેલેંન્ટોને ગુન્હેગાર ઠરાવવા જોઈએ નહીં. સાબીત થયેલી હકીકત ઊપરથી જણાય છે કે, આ અપેલેંન્ટો, નાશકારી હથીયારો બાંધી, હંગામો કરવામાં રોકાયા હતા, અને ગેર કાયદેસર મંડળીનો, સામાન્ય હેતુ પાર પાડવામાં, એક માણસનું, મોત થયું હતું. અને બીજા ઘણાક જણોને, સખત ઘા વાગ્યા હતા. રાણી. વિ. રબીઉલાનો, જે જડજે ફેસલો કર્યો છે, તે વીનય પુર્વક માન્ય રાખીને માહારે કેહેવું પડે છે કે, હું તેના મતને મળતો આવી શકતો નથી. એટલે કે જેવો પ્રસંગ આ કામમાં બન્યો છે, તેવા પ્રસંગોમાં અપેલેંન્ટોને ત્રણ જુદા જુદા ગુન્હાના અપરાધી ઠરાવી શકાય નહીં, આ અદાલતમાં ઉલટી રીતની સમઝ ચાલે છે. એકત્ર જોતાં, કરેલી સજા ઘણી ભારે છે, પરંતુ ગુન્હાના પ્રમાણની બાહેર નથી તેથી વચમાં આવવાનું હું વાજબી માનતો નથી, માટે અપીલ નામંજુર કરૂં છું."

જ્યારે સને ૧૮૬૧ નો ૨૫ મો આક્ટ અમલમાં હતો, ત્યારે આ ઠરાવ કરવામાં આવ્યો હતો, પરંતુ તેના કરતાં વધારે તાજો ફેસલો માહારાણી વિ. રામદીન (૨ અ. ૧૩૯) નો જસ્ટીસ પીયરસને તેવાજ મતલબનો ચુકવ્યો છે. એ કામમાં એક માજીસ્ટ્રેટે આઠ બંધવાઓ ઉપર જુદી જુદી રીતે પી. કો. ની ૧૪૭ મી તથા ૩૨૩ મી કલમો માંહેલા ગુન્હાઓનાં તોહોમત મુકી તેઓને અપરાધી ઠરાવી, સજા કરી હતી. આ સજા અપીલમાં સેસનજડજે બાહાલ રાખી હતી. તે ઉપરથી તે ઠરાવ જોવા સારૂ મંગાવવાની બંધવાઓએ હાઈકોર્ટને અરજી કરી. તે અરજીમાં અરજદારોના વીદવાન વકીલે વાંધો લીધો હતો કે, હંગામો તેમજ બુધીપૂર્વક વ્યથા કર્યા વાસ્તે, બંધવાઓને સજા થવી જોઈએ નહીં. આ કામનો ઠરાવ આપતાં, પીયર સન જસ્ટીસે નીચે પ્રમાણે વિચારો આપ્યા છે.

વળી આ કોર્ટમાંથી જસ્ટીસટરનરે રાણી. વિ. હરગોવીંદનો ફેસલો ૧૮૭૧ ના જુલાઇની ૭ મી તારીખે કરેલોછે. તેમાં ઠરાવ્યુંછે કે, જે માણસ હંગામાનો અપરાધી ઠર્યો

હોય, તો તે પ્રસંગ પ્રમાણે હથીઆર બાંધી હંગામો કર્યાના, શિક્ષણી મનુષ્ય વધના તથા મહા વ્યથાના જુદા જુદા ગુન્હાઓ કર્યાને માટે સજાને પાત્ર થાયછે. આ મુકરદમામાં એ વીદવાન જજે ઉપર કહેલા રખીઊલાના ફેસલાનો હવાલો લીધો હતો. અને તેમાં જે ઠરાવ થયેલા, તેમાં તેણે પોતાની નાપસંદગી બતાવી હતી. વળી એમ જણાયછે કે, એજ કલકતાની હાઇકોર્ટોના જજોએ, રખીઉલાના ફેસલાથી જુદો ઠરાવ તે પછીના એપ્રીલ માસમાં કર્યો હતો.

બધી રીતે જોતાં ફેસલાઓ બતાવવામાં આવ્યાછે, તે આ કેસના વાંધાથી વિરૂદ્ધછે. આ ઠેકાણે નીશ્ચય કેહેવું જોઇએ કે, હંગામો તથા ગેરકાયદેસર મંડળીના ગુન્હાઓ લોકોની સમાધાનની વિરૂદ્ધછે. અને હુમલો, વ્યથા, વીગેરેના ગુન્હાઓ માણુસના શરીરને અસર કરનારા છે. વચમાં આવવાનું પુરતું કારણ ન જણાતાં આ અપીલ નામંજુર કરૂં છું. તે વખતમાં આ બાબતનો ચાલતો કાયદો સને ૧૮૭૨ ના દસમા આકટની ૪૫૪ મી કલમની પેહેલી રકમમાં સમાવેલોછે. અને એ રકમનો શું અર્થ કરવો તે બાબતમાં વખ્તે કાંઇ સ્લેશ જેવું રહેતું હોય તો, તેનું क દ્રષ્ટાંત વાંચવાથી મુકરર થઇ જશે; તે ઉપરથી સાફ રીતે જણાયછે કે, આરોપીત સક્ષ ઉપર. પી. કો. ની ૧૪૭, ૩૨૩ તથા ૧૫૨ મી માંહેલા ગુન્હાઓનાં જુદાં જુદાં તોહોમતો રાખી, તેઓને સદરહુ ગુન્હાના ગુન્હેગાર ઠરાવી શકાયછે. તથા તેને જુદી જુદી સજા થઈ શકેછે.

કેટલાંક વરશો થર્યા, આ ઈલાકાના શેસન જડજો તથા માજીસ્ત્રેટો, ન્યાયના ફડચાઓ, ઉપલા મુકરદમાના, તથા તેના જેવા બીજા મુકરદમાના ઠરાવોને અનુસરીને કરતા આવેછે, અને તેમાંથી જથા બંધ ફડચાઓ આ અદાલતે અપીલમાં, તેમજ રીવીઝનમાં બાહાલ રાખ્યાં છે.

દસ વરસ કરતાં વધુ વરસ સુધી સને ૧૮૭૨ નો ૧૦ આકટ અમલમાં રહ્યો ત્યાં સુધી, ૧૪૭ મી તથા ૩૨૫ મી કલમના ગુન્હાઓ માટે જેમ આ કામના અરજદારોને, અપરાધી ઠરાવી, સજા કરીછે. તેવી રીતે આરોપીત સક્ષો ઉપર તે ગુન્હાનાં તોહોમતો રાખી તેઓને અપરાધી ઠરાવી જુદી જુદી સજા કરવામાં આવતી, એ વાતમાં કશોએ શક નથી. હવે માત્ર એટલુંજ જોવાનુંછે કે, આ બાબતમાં ૧૮૮૨ ના આઠમા આકટથી, તથા ૧૮૮૨ નો આકટ દસમો જે ૧૮૮૩ ના જાનેવારીની પેહેલી તારીખથી અમલમાં આવ્યો છે, તેથી કાંઇ ફેરફાર થયોછે કે નહીં?

૧૮૭૨ ના દસમા આકટની ૪૫૪ મી કલમની બરોબર સન ૧૮૮૨ ના દસમા આકટની કલમ ૨૩૫ મીછે, નવા કાયદાની ૨૩૫મી કલમની શબ્દ રચનાથી, જુના કાયદાની ૪૫૪ મી પેહેલી રકમની શબ્દ રચના કાંઇક જુદીછે. પરંતુ બંને રકમોનો અર્થ એકનો એકજ છે. તથા સન ૧૮૮૨ ના દસમા આકટની ૨૩૫ મી કલમની પેહેલી રકમનું ग દ્રષ્ટાંતના શબ્દેશબ્દ જુના કાયદાની કલમ ૪૫૪ ની પેહેલી રકમના फ દ્રષ્ટાંત જેવુંછે. ग દ્રષ્ટાંતથી જણાઇ આવેછે કે. હી. પી. કો. ની કલમ. ૧૪૭. ૩૨૫. ૧૫૨ મી કલમ માંહેલા ગુન્હાઓનાં કોઇ સક્ષ ઉપર જુદાં જુદાં તોહોમત મૂકી, અપરાધી ઠરાવી શકાય છે. પણ રદ થઇ ગયેલા જુના फ દ્રષ્ટાંતમાં શીક્ષા કરવાનો શબ્દ હતો, તે શબ્દ આ નવા

દ્રષ્ટાંતમાં દેખાતો નથી. નવા કાયદાના બધા દ્રષ્ટાંતોમાંથી. શિક્ષા કરવાનો શબ્દ કાઢી નાંખ્યો છે. અને આમ કરવાનું કારણ, મેઈન સાહેબે પોતાના. હી. પી. કો. ની ટીકાની બારમી આવૃતીને ૪૫મે પાંને જે સમઝાવ્યુંછે. તે નીચે પ્રમાણેછે.

"સન ૧૮૮૨ ના દસમા આકટની ૨૩૫ મી કલમ. પી. કો. ની ૭૧ મી કલમની સાથે લેતાં જણાયછે કે, તેમાં સન ૧૮૮૨ના દસમા આકટના જુના નિયમો ફરીને રાખેલાછે; તે કલમ તથા રદ થઈ ગયેલી ૪૫૪ મી કલમ નીચે જે દ્રષ્ટાંતો આપ્યાં હતાં, તે માંહેલુ સજા કરવાનું લખાણ આ નવી કલમમાં, તથા તેના દ્રષ્ટાંતોમાં ન રાખવાથી જણાયછે કે, એ કલમનું બંધારણ માત્ર ફોજદારી કામ ચલાવવામાં, કેવી રીત ચલાવવી તથા કેવી રીતે દલીલ કરવી, તેના નિયમો તરીકે ગણવી જોઈએ; અને સજા કેવી રીતે આપવી, તે બાબતના નિયમો વિશે ૧૮૮૨ ના આઠમા આકટ વાળી. પી. કો. ની.૭૧ મી કલમ, તથા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫ મીમાં જોવું જોઇએ.

સને ૧૮૭૨ ના દસમા આકટની ૪૫૪ મી કલમની, પેહેલી રકમને પી. કો. ની. ૭૧ મી કલમથી કાંઈ બાધ આવતો નોતો. સને ૧૮૮૨ ના આકટ આઠમાથી ૭૧ મી કલમ સુધરીછે. તેનાથી ૧૮૮૨ ના દસમા આકટની ૨૩૫ મી કલમની પેહેલી રકમને, કોઈ રીતનો કાંઇ બાધ આવતો નથી; તેથી તોહોમતવાળા સક્ષનો આગળના કાયદા મુજબ હી. પી. કો. ની ૧૪૭, ૩૨૫ તથા ૧૫૨ મી કલમોના ગુન્હાઓ માટે જુદો જુદો ઇનસાફ કરી, જુદી જુદી સજા થઇ શકે છે. ૧૮૮૨ ના આઠમા આકટની ચોથી રકમથી, હી. પી, કો. ની ૭૧ મી કલમ સુધરીછે. તે સુધારેલી કલમ ૧૮૮૨ ના દસમા આકટની ૨૩૨ મી કલમ સાથે વાંચી જોતાં દેખાયછે કે, આ બાબતમાં જ્યારે ૧૮૭૨ ના દસમા આકટનો અમલ હતો, ત્યારે જેવી રીતે કાયદો ચાલતો તેવીજ રીતે હાલ ચાલેછે. ૧૮૭૨ ના દસમા આકટની ૪૫૪ મી કલમની બીજી તથા ત્રીજી રકમોમાં સ્વતંત્ર કાયદાના (સબ સ્ટાંટીવલોના) નિયમો સમાવ્યા હતા; પણ એ કાયદો જ્યારે નવેસરથી રચાણો ત્યારે, તે બાબત તેમાંથી કાઢી નાંખી, ને તેનો સમાસ પીનલકોડમાં ૧૮૮૨ ના આઠમા આકટની ચોથી કલમમાં કર્યો છે.

ક્રીમીનલ પ્રોસીજર કોડની ૩૫ મી કલમમાં ઠરાવ્યુછે કે, જ્યારે કોઇ સક્ષની ઉપર, એકજ ઇનસાફના કામમાં, બે અથવા વધારે જુદા જુદા ગુન્હા સાબીત થાય, ત્યારે સદરહુ ગુન્હાઓને માટે, ઠરાવેલી જુદી જુદી જે શિક્ષાઓ કરવાનો કોરટને અખત્યારછે; તે શીક્ષાઓનો હુકમ તે સખસની ઉપર તે કરવાને કોરટ મુખત્યાર છે. તે શીક્ષાઓ જો કેદની અથવા સમુદ્રપારની હોય, તો કોરટ ફરમાવે તેવા અનુક્રમમાં, એક પુરી થઇ રહ્યા પછી બીજી શરૂ થવી જોઇએ.

એકજ ગુન્હો સાબીત થએથી જેટલી શીક્ષા કરવાનો તે કોરટને અખત્યાર હોય, તેટલી શીક્ષા કરતાં, તે જુદા જુદા ગુન્હાઓની એકઠી શીક્ષા વધારે થાયછે, એટલાજ સબબ ઉપરથી, કોઇ ઉપલી કોરટ આગળ ઇનસાફ થવા સારૂ તે ગુન્હેગારને મોકલવાની તે કોરટને જરૂર નથી.

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુંછે:—

(અ) કોઇ પણ મુકદમામાં સદરહુ સક્ષને ચૌદ વરસ કરતાં વધારે મુદતની કેદની

શીક્ષાનો હુકમ કરવો નહીં.

(ब) જો તે મુદતમાંનો ઇનસાફ (૩૪ મી કલમ પ્રમાણે કામ ચલાવનારા માજીસ્ત્રેટ સિવાય બીજા) કોઇ માજીસ્ત્રેટે કર્યો હોય તો, પોતાની મામુલ હકુમત ચલાવતાં જેટલી શીક્ષા કરવાનો તે માજીસ્ત્રેટને અધિકાર હોય, તે શીક્ષાની બમણી શીક્ષા કરતાં તે એકઠી શિક્ષા, વધારે નહીં હોવી જોઈએ.

મંજુરીનાં અથવા અપીલનાં કારણ સારૂ, એકજ ઈનસાફમાં કામમાં સાબીત થયેલા જુદા જુદા ગુન્હાઓને માટે, આ કલમ પ્રમાણે એકઠી કરેલી શિક્ષા ફરમાવી હોય, તે એકજ શિક્ષા છે, એમ સમજવું.

હંગામાનો ગુન્હો, તથા બુદ્ધિ પૂર્વક મહા વ્યથાના ગુન્હાઓ, તેમાંથી જ્યારે છેલા બે ગુન્હાઓ, કોઈ જુદાજ સક્ષના પ્રત્યે કરવામાં આવ્યા હોય, તે બધા ગુન્હાઓ એક બીજાથી એલાયદા છે. હંગામાનો ગુન્હો કર્યા વગર બુદ્ધિ પૂર્વક વ્યથા કર્યાનો, અથવા બુદ્ધિ પૂર્વક મહાવ્યથા કર્યાનો ગુન્હો, કરવો હોયતો થઇ શકે છે. અને તેવીજ રીતે બુદ્ધિપુર્વક વ્યથા તથા બુદ્ધિપૂર્વક મહાવ્યથાનો ગુન્હો કર્યા વગર, હંગામાનો ગુન્હો થઈ શકે છે. તેથી જો હવે કોઇ સક્ષના ઉપર નાશકારી હથીયારો બાંધી, હંગામો કર્યાનું તોહોમત આવ્યું હોય, અને વળી તેજ વખતે તેના ઉપર બીજા સક્ષને, નાશકારી હથીયાર વતી બુદ્ધિપૂર્વક વ્યથા કર્યાના તથા ત્રીજા સક્ષને બુદ્ધિપૂર્વક માહાવ્યથા કર્યાના ગુન્હાનાં તોહોમતો આવ્યાં હોય તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫ મીની પેહેલી રકમ પ્રમાણે, એકજ ઈનસાફના કામમાં ઉપર, કહેલાં ત્રણે ગુન્હાઓનાં તોહોમતો રાખી શકાયછે. તથા મારા મત પ્રમાણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫ મી અનુસાર, હી. પી. કો. ની ૧૪૮ મી કલમના ગુન્હા માટે ત્રણ વર્ષની, તથા ૩૨૩ મીના ગુન્હા માટે એક વરશની, તથા ૩૨૬ મી કલમના ગુન્હા માટે દસ વરસની, અથવા એકંદર ૧૪ વર્ષની સખત કેદની સજા થઇ શકે છે. આ ધોરણ ફકત કાયદાને અનુસરીને છે, એટલુંજ નહીં, પણ સામાન્ય અકલને પણ અનુસરતું છે.

(अ) એક એવો તો ब ના ઉપર જબરો હુમલો કરેછે કે, તેથી તેનાં હાડકાં ભાગી જાય, અથવા બીજી મોટી ઈજા થાય, અને બહુ કરીને તે એવી રીતે વર્તે કે પી. કો. ની. ૩૨૫ મી કલમના ગુન્હા માટે જે ઘણામાં ઘણી સખત કેદની સજા ૭ વરશની છે, તેમાંથી જરાએ ઓછી સજા થઈ શકે નહીં. એક બીજો મુકરદમો કલ્પીએ કે, क નામનો કોઇ ગરાશીઓ, પોતાના પડોશના ગરાશીઆ ड ને, તેની કોઈ જમીન ઉપરથી કાઢી મુકી, તે જમીન પોતાના કબજામાં લેવા સારૂ ૨૦૦ માણસનો જમાવટ કરી, તેઓને લાકડીઓ, ભાલાં, તથા તલવાર, વીગેરેનાં હથિયારો બંધાવે છે. આવી રીતે કરવાથી क તથા તેના માણસો એક ગેરકાયદે સર મંડળીના અંગભુતો થાય છે; જ્યારે આ ગેરકાયદેસર મંડળીના અંગભુતો, ड ની જમીન જે તેણે પોતે ખેડી છે, તે જમીન તરફ જઈને, સાંતીડાં છોડાવી નંખાવી, ખેડ કરતાં અટકાયત કરે, તો તેઓએ બળ વાપર્યું માટે નાશકારી હથીઆરો બાંધી હંગામો કર્યાના ગુન્હેગાર થાય છે. પોતાની જમીન ઉપર क એ ગેરકાયદેસર મંડળીના અંગભુતોને આણીને પોતાનું સાંતીડું ચાલતાં અટકાવ્યું. તે સા-

૩ ड એ कને ઠપકો દીધો, તે ઉપરથી તે ड ઉપર હુમલો કરે, અને ब ની બાબતમાં જેવો બાહા વ્યથાનો ગુન્હો કર્યો, તેવા પ્રકારનો ગુન્હો કરે છે. ब તથા क ને પી. કો, ની ૩૨૫ મી કલમની પુરેપુરી સજા દેવી ઘટીત છે. તેમાં વળી क એ, માણસના શરીરની પ્રત્યે એક ભારે ગુન્હો કર્યો, તે ઉપરાંત લોકોની સમાધાનીની વિરૂદ્ધ બીજો એક ગુન્હો કર્યાનો ગુન્હેગાર થાય છે. તથા બાઈડીઓ તથા છોકરાંઓને તથા પોતાના મુલકની અંદર, બીજા સમાધાનીવાળાં માણસોને ભય ઉત્પન્ન કરીને જે ગુન્હો કરેછે, તેથી તેને. પી. કો. ની કલમ ૧૪૮ માંહેલા ગુન્હાની સજા દીધા વગર છોડવો જોઇએ નહીં. ઘણાંક વર્ષો થયાં, આ અદાલતે જે સંખ્યા બંધ ફેસલાઓ કર્યા છે, તેને અનુસરીને ડેપ્યુટી મેજીસ્ત્રેટે પોતાનો ફેસલો આપ્યો છે; વળી મારા અભીપ્રાય પ્રમાણે, તે કાયદાને પણ અનુસરતો છે. અને બીજી કોઇ રીતે વાંધાં ભરેલો નથી. તેથી વચમાં આવવાની ના પાડી આ અરજી ના મંજુર કરૂં છઊં.

માહારાણી કેસરેહીંદ. વિ. પરશોત્તમ તથા બીજાઓ.

જુ ૯ — ૧૭–૧–૮૫ ૭ અ. ૪૧૪ હંગામો તથા અને ત્રણે ઈલાયદા ગુના છે. માટે સજા જુદી જુદી કરી શકાય

तारीख ८--८--८४ ने रोज एक बीजा वर्गना माजीस्त्रेटे एक मुकरदमानो इनसाफ करवो शरु कर्यो, तेमां घणाक सक्षो उपर हंगामो कर्यानुं तथा बुद्धिपुर्वक माहाव्यथा कर्यानुं, एम बे गुन्हाओनां तोहोमतो आव्यां हवां. तारीख ६-९-८४ मीतीना सरकारी ठरावथी सदरहु माजीस्त्रेटने पेहेला वर्गना माजीस्त्रेटनो अधीकार आपवामां आव्यो; ते हुकम तेने ८--९-८४ ने रोज हांसल थयो. तारीख ९-९-८४ ने रोज प्रोसीक्युशन तरफना मुकरदमो खल्लास थतां, प्रत्येक बंधवा उपर ही. पी. को.नी ३२३मी तथा ३२५मी कलमोना गुन्हानां तहोमतनामांओ घडी, माजीस्त्रेटे बंधवाओना, तथा बचावना साक्षीओनी जुबानीओ नोंधी लीधी, अने १०-९-८५ ने रोज बधां तहोमतोना बंधवाओने अपराधी ठरावी, ते बदल पेहेला वर्गना माजीस्त्रेट तरीके जे सजा तेनाथी थइ शके, पण बीजा वर्गना माजीस्त्रेट तरीके न थइ शके एवी सजाओ करी, अपीलमां सेशन जडजने मालुम पडयुं के, बंधवाओए पी. को. नी १४८ मी कलममां कहेलो गुन्हो कर्यो छे. ते कारणथी माजीस्त्रेटे करेली सजा कायदा विरुद्ध छे; केमके ७१ मी कलमनी बीजी तथा चोथी रकमनां बंधनोने अनुसरती नथी. एम समजी, ते सजाओमां घटाडो करी, माजीस्त्रेट घणामां घणी सजा १४८ मी कलमना गुन्हा माटे करत तेटली सजा तेणे राखी.

फुलबेंचमांथी चीफ जस्टीस पेथीराम तथा ब्रोड हर्स्टनो मत न मळवाथी, बाकीना त्रण जस्टीसोए ठराव्यु के, माजीस्त्रेटे जे सजाओ करी छे, ते कायदासरछे. जस्टीस ओल्डफील्ड, मामद तथा डेयुथोइटे ठराव आप्यो के, क्रीमीनल प्रोसीजरकोडनी ३९ मी कलमना शब्दो जोतां, जे कोइ बीजा वर्गना माजीस्त्रेट इनसाफनी शरुयात करी हती, अने सजा आपवानी पळसुधी तेज शुदानी हकुमत चालु रही हती; पण सजा आपवा अगाउ तेने पेहेला वर्गना माजीस्त्रेटनो अधीकार मळयो हतो, ते माजीस्त्रेट आ काममां, पेहेला वर्गना माजीस्त्रेटनी रुये सजा आपवाने लायकछे. जस्टीस ओल्डफील्ड तथा डयुथोइटे ठराव आप्यो के, पी. को. नी ७१ मी कलमनां बंधनो आ कामने लागु थतां नथी. केमके बुद्दीपुर्वक व्यथा, अने बुद्धीपुर्वक माहाव्यथा करवीना गुन्हाओ हंगामाना गुन्हाना भागो नथी.

चिफजस्टीसपेथीरामे ठराव आप्यो के, जे दहाडे कोइ मुकरदमानो इनसाफ शरु थाय, ते दहाडे तेनो इनसाफ शरु थयो, एम समजवुं जोइए. तथा इनसाफ करवानां सघळां कामो वास्ते, आ काममां माजीस्त्रेटनो बीजा वर्गना माजीस्त्रेटनो सजा करवानो, जे अधिकारछे ते अधीकार तेने नोतो.

वळी पेथीराम चिफ जस्टीसे ठराव कर्यो के—आ काममां सेशन जडजने तहोमत फेरववानो अथवा नवु तहोमत रचवानो कोइ रीते अधीकार नथी.

जस्टीस ब्रोड हर्स्टे ठराव आप्यो के, एकंदर सजा जे माजीस्त्रेटे करेली छे, ते कायदा विरूद्ध छे. जो बंधवाओने तेणे पी. को. नी १४८ मी कलमनां गुन्हाना अपराधी हरतो, तेनो ठराव आ प्रसंगमां कायदेसर गणात. वळी हरकोइ माजीस्त्रेटनुं शोधन फेरवीने, जे अदालतनो ठराव अपीलमां आव्यो होय ते अदालतने, जे गुन्हानो इनसाफ करवा अधीकार नथी, ते गुन्हाना बंधवाओने अपराधी ठराववामां अपील कोर्टने अधीकार नथी. जे गेर कायदेसर मंडळीना अंगभुतोमांथी, केटलाक अंगभुतोए महाव्यथा करी होय, ते मंडळीना हरकोइ अंगभुतने हंगामो कर्यानो गुन्हानी, तेमज माहाव्यथा कर्याना गुन्हानी सजाओ थइ शके.

महाराणी वि. डुंगरसिंहनो फेसलो जोवामां आव्यो.

ફરકાબાદના સેશન જડજે આ કામ હાઈકોર્ટ તરફ લખી મોકલ્યું હતું. તેની હકીકત એવીછે કે, તારીખ ૮-૮-૮૪ ને રોજ એક બીજા વર્ગના માજીસ્ટ્રેટે, એક કામની તજવીજ કરવી શરૂ કરી; તેમાં પરદેશ, કરણ, ધરમપાલ, તથા બીજા ચાર સક્ષો ઉપર હંગામો કર્યાના, તથા બુદ્ધિપુર્વક માહાવ્યથા કર્યાના ગુન્હાઓના આરોપ રાખ્યા હતા. તોહોમતવાળાઓમાંથી જેઓનાં નામ લખવામાં આવ્યાંછે, તેઓજ ફકત અદાલતમાં હાજર હતા; બાકીનાઓ તે વખ્તે પકડાયા નહોતા. તા. ૮-૯-૮૪ ને રોજ તારીખ ૪-૯-૮૪ ની મીતીનો સરકારનો ઠરાવ, જેમાં પેહેલા બીજા વર્ગના માજીસ્ટ્રેટને પેહેલા વર્ગના માજીસ્ટ્રેટનો અધીકાર આપવામાં આવ્યો હતો તે ઠરાવ તેને હાંસલ થયો. તારીખ ૯-૯-૮૪ ને રોજ પ્રોસીક્યુશન તરફનો મુકરદમો પુરો થઈ રહ્યા બાદ, સદરહુ માજીસ્ટ્રેટે પરસાદ, કરણ, તથા ધરમપાલ, ઉપર પી. કો. ની ૩૨૫ મી કલમનાં બે તહોમતો સંયુક્ત રીતે મુક્યાં. તેમાંનું પેહેલું તોહોમત, એક કુંદનને બુદ્ધિપુર્વક મહાવ્યથા કર્યાનું હતું અને બીજું પણ તેવુંજ તોહોમત, એક સીતાર નામના સક્ષને બુદ્ધિપુર્વક વ્યથા કર્યાનું હતું. આ બંને તોહોમતનામાઓમાં વખત, તથા ઠેકાણાની વીગત એકની એક હતી; વળી તેણે મજકુર બંધવાઓ ઉપર એક ત્રીજું તોહોમત મુક્યું, અને એ તોહોમત, તોહોમતનામામાં કહેલા ચાર સક્ષોને તેજ વખતે અને તેજ ઠેકાણે બુદ્ધિપુર્વક વ્યથાના હી. પી. કો. ની ૩૨૩ મી કલમના ગુન્હાનું હતું. તા. ૧૦-૯-૮૪ ને રોજ સદરહુ માજીસ્ટ્રેટે, પેલા ત્રણ તોહોમતવાળા સક્ષોને અપરાધી ઠરાવી, એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટના અધીકારની રૂયે તેને નીચે પ્રમાણે સજા કરી. કુંદનને બુદ્ધિપુર્વક માહાવ્યથા કર્યા બાબત, દરેકને બબે વરસની સખત કેદની, તથા ૨૦ રૂપૈઆ દંડની અથવા દંડ ન આપેતો, બીજા બે માસ સખત કેદની સજા કરી. ત્રીજા તોહોમતનામામાં કહેલા સક્ષોને બુદ્ધિપુર્વક વ્યથા કર્યા બાબત, દરેકને ત્રણ ત્રણ માસની સખત કેદની તથા પાંચ પાંચ રૂપૈઆ દંડની, અને દંડ ન આપે તો, બીજા પંદર રોજ સખત કેદની સજા કરી. એ વ્યથા ચાર સક્ષોને કરી હતી, તેથી ઉપલી સજા ચારવાર ભોગવવી. દરેક બંધવાને કુલ એકંદર સજા ચાર વરસની સખત કેદની, તથા રૂપૈઆ ૫૦ દંડની, અને દંડ ન આપેતો બીજા પાંચ માસની સખત કેદની સજા આપી હતી. આ ઠરાવની અંતે માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૬ ઠી મુજબ વધુ હુકમ કર્યો કે, આ દરેક બંધવાઓએ સુલેહ રાખવાના બે વરસ સુધીના જામીન આપવા. ત્યારબાદ આ બંધવાઓએ સેસન જડજોને ત્યાં અપીલ કરી, તેણે આ કામ પોતાનાં કેટલાંક કારણોને લેઇને હાઈકોર્ટ તરફ લખી મોકલ્યું. એ કારણો તેના ઠરાવના નીચેના ફકરામાંથી જણાઇ આવશે.

"સબોરડીનેટ માજીસ્ટ્રેટે યુકતીથી દલીલો આપીને, દરેક અપેલેન્ટોને ત્રણ વરસ કરતાં વધુ વખતની કેદની તથા દંડની સજા કરીછે; પરંતુ તેનો ઠરાવ ૭૧ મી કલમની બીજી તથા ચોથી રકમના નીયમોને અનુસરીને થયો નથી.

બંધવાઓ પાંચ માણસો કરતાં વધારે માણસોનાં ટોળા માંહેલા હતા, તેઓએ હી. પી. કો. ની કલમ ૧૪૮ મીમાં કહેલો ગુન્હો કરીને, તેઓએ કુંદન તથા હુલાસને જે માર

માર્યો, તથા વ્યથા કીધી તે સઘળું, પોતાનો સામાન્ય ગેર કાયદેસર હેતુ પાર પાડવાનું એક સ્વાભાવીક પરીણામ હતું. ગેરકાયદેસર હેતુ એ હતો કે, કેટલાક સક્ષો તેઓનાં ઢોરો વાજબી રીતે ડબે હાંકી જતા હતા; તે ઢોરોને તેઓએ જબરાઈથી પડાવ્યાં.

બંધવાઓનો વકીલ ના પાડતો નથી. લાકડીઓ બાંધીને તેઓએ હંગામો કર્યો નોહોતો, તથા માહા અને સાદી વ્યથા કરી નહોતી. (કલમો ૩૨૫ મી ૩૨૩ મી) અને જ્યારે એમ છે ત્યારે, ઈ. પી. કો. ની ૭૧ મી કલમની બીજી તથા ચોથી રકમ ખાસ રીતે લાગુ થયાનું માહારા મતમાં આવેછે. એવીજ રીતના માહારાણી કેસરેહિંદ. વિ. રામ પરતાપ (૯. અ ૧૨૧) ના મુકરદમામાં, જસ્ટીસ સ્ટ્રેટે પણ આવોજ અભિપ્રાય બાંધ્યાનું મને લાગે છે.

' અપેલેંન્ટોના ગુન્હા વાસ્તે યોગ્ય સજા કરવાને, સબોરડીનેટ માજીસ્ટ્રેટને (પેહેલા વર્ગનાને) અધિકાર નથી; અને તેથી તેણે આ કામ સેશનમાં કમીટ કરવું જોઇતું હતું. તે મુકરદમો જે સ્થીતીએ પોહોંચ્યો છે, તે સ્થીતીએ બંધવાઓએ જેમણે ગુન્હાઓ કર્યાનું કહેવામાં આવ્યું છે, તેમાંથી એક ગુન્હો એ કહેલી સેશન કોર્ટમાં સાંભળી શકે એવો નથી. તેથી તેને કમીટ કરવાનો હું હુકમ કરી શકતો નથી. પણ ૭૧ મી કલમના છેવટ ભાગમાં સજા કરવા જે હદ બાંધી છે, તે હદ સુધી માહારે સજા ઓછી કરી, બે વરસની કેદની તથા દંડની સજા સુધી કરવી જોઇએ. એ દંડ સબોરડીનેટ માજીસ્ટ્રેટે ૫૦ રૂપૈઆનો કર્યો છે; અને તે ન આપવાની કસુરી બદલ બીજી પાંચ માસ સુધીની સખત કેદની સજા કરીછે. અને આ કેશ હવે હું લખી મોકલું છું તે એવા કારણથી કે, આ સજા વધારવી જોઇએ."

આ મુકરદમો પ્રથમ જસ્ટીસ મામદ તથા, જસ્ટીસ ડચુથોઈટ પાસે ફેસલ થવા ગયો હતો, અને તેઓએ નીચેના સવાલો ફુલબેંચ તરફ લખી મોકલ્યા હતા.

૧ "માજીસ્ટ્રેટે જે સજાઓ કરી છે તે કાયદેસર છે કે ગેર કાયદેસર છે?

૨ માજીસ્ટ્રેટે આરોપીત સક્ષોને ઈ. પી. કો. ની ૧૪૮ મી કલમના અપરાધી ઠરાવ્યા હત તો તે ઠરાવ વાજબી કહેવાત કે નહીં?

૩ માજીસ્ટ્રેટે તપાસીને ઠરાવ કર્યો છે, તે ફેરવીને જે ગુન્હા વાસ્તે જે અદાલતનો ઠરાવ અપીલમાં આવ્યો છે, તે અદાલતને ઇનસાફ કરવાનો અધિકાર નથી. તે ગુન્હાનો કોઈ આરોપીત સક્ષને અપરાધી ઠરાવવા અપીલ કોર્ટને અધિકાર છે?

૪ કોઈ ગેર કાયદેસર મંડળીના કેટલાક અંગભુતોએ માહાવ્યથા કરી હોય, તેમાંથી હરકોઈ અંગભુતને હંગામાના તથા માહા વ્યથાના ગુન્હાઓની સજા થઇ શકે નહીં?"

સરકાર તરફથી હૉલ સાહેબ.

નીચેના ઠરાવો ફુલબેંચે આપ્યાછે.

જસ્ટીસ ડચુથોઇટનો ઠરાવ.

ફુલબેંચને લખી મોકલેલા સવાલોમાંથી પેહેલો સવાલ એ છે કે, માજીસ્ટ્રેટે જે સજાઓ કરી છે, તે કાયદેસર છે કે ગેર કાયદેસર છે? વીદ્વાન સેશન જડજે એ સજાઓને

ગેર કાયદેશર ગણીછે. કેમકે તે ૭૧ મી કલમની બીજી તથા ચોથી રકમોને અનુસરતી નથી.

પરંતુ ક્રી. પી. કો. ની કલમ ૭૧ મીના ઠરાવોને, માજીસ્ટ્રેટની શોધેલી વાત બંધ બેસતી આવતી નથી. તે કલમનું દ્રષ્ટાંત નીચે પ્રમાણે છે.

(બ) પણ અ બ ને મારે છે. એટલામાં ય વચ્ચે પડે, અને અ ઈરાદાથી ય ને મારે. તો બ ને બુદ્ધીપુર્વક વ્યથા કરવાની એક શિક્ષાને, તથા ય ને સપાટો માર્યો તેની બીજી શિક્ષાને; અ લાયકછે, કેમકે જે કામથી અએ બને બુદ્ધીપૂર્વક વ્યથા કરી, તે કામનો ય ને મારેલો સપાટો કાંઇ ભાગ નથી.

આ કામમાં માજીસ્ટ્રેટે જે વાત શોધી છે, તે વાતની સ્થિતિ તાદ્રષ આદ્રષ્ટાંત જેવી છે. જ્યારે ઈનસાફનું કામ ચાલતું થયું ત્યારે, માજીસ્ટ્રેટને ફકત બીજા વર્ગના માજીસ્ટ્રેટનો અધિકાર હતો. તેથી તેને એક વરસની કેદની સજા કરવાને અધિકાર નહોતો, એમ પણ સુચના થઇછે.

હું ધારતો નથી કે, આવી વાતથી માજીસ્ટ્રેટે કરેલી સજા ગેરકાયદેસર છે. કામ શરૂ કરવા ટાણે, સદરહુ માજીસ્ટ્રેટ ફક્ત એક બીજા વર્ગનો માજીસ્ટ્રેટ હતો. તેવા માજીસ્ટ્રેટને ક્રી. પી. કો. ની ૩૨૩ તથા ૩૨૫ મી કલમ માંહેલા ગુન્હાઓનો તોહોમતોનો ઈનસાફ કરવાનો અધિકાર છે; પણ તેનાથી ૭ માસ ઉપરાંતની કેદની સજા થઇ શકતી નથી. તોપણ જ્યારે તેણે આરોપીત સક્ષોને ગુન્હેગાર ઠરાવ્યા ત્યારે, તેણે પેહેલા વર્ગના માજીસ્ટ્રેટનો અધીકાર મળ્યો હતો. ક્રીમીનલ પ્રોસીજર કોડની ૩૯ મી કલમમાં ઠરાવ્યું છે કે, આ કાયદા પ્રમાણે જે હુકમથી કોઇને અધીકાર આપવામાં આવશે, તે હુકમનો અમલ જે તારીખે સંદરહુ હુકમ અધીકાર પામનાર અમલદારને હાંસલ થશે, તે તારીખેથી થશે. જીલ્લા માજીસ્ટ્રેટે લખી મોકલ્યું છે કે, એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટનો અધીકાર આપવાનો સરકારી હુકમ, તારીખ. ૬–૯–૮૪ ની મીતીનો તેજ માસની આ નીમી તારીખે તેને પોહોંચાડી દીધો હતો. આ સજાઓ ૧૦–૯–૮૪ ને રોજ થઇ હતી. અને તેથી હરકોઇ પેહેલા વર્ગના માજીસ્ટ્રેટને આપવાનો અધીકાર હતો.

સામટી સજાઓના સંબંધના સુવાલોનો નીકાલ, દોલશીમાના કામમાં ફુલબેંચના ઠરાવથી થઈ ગયો છે.

માટે પેહેલા સવાલનો માહારો જવાબ એ છે કે, કરેલી સજાઓ કાયદેસરછે, અને જ્યારે આમછે ત્યારે, બાકીના કોઈ સવાલનો જવાબ લખવા જરૂર નથી.

જસ્ટીસ મહમદનો ઠરાવ.

માહારો પણ એજ નિર્ણય છે. માહારાં જે કારણો છે, તે તે ક્રીમીનલ પ્રોસીજર કોડની ૩૯ મી તથા ૩૪૯ મી કલમો સાથે નીસબત રાખેછે. પેહેલો સવાલ જે લખી મોકલ્યો છે, તેનો હું ટુંકો અર્થ એવો સમજાંછું કે, હરકોઇ બીજા વર્ગનો માજીસ્ટ્રેટ જે તે હુદાની રૂએ, કોઈ કામનો ઈનસાફ કરવો શરૂ કરે, અને સજા આપવાની વખતની પળ સુધી અને એજ હુદે કાયમ રહે, અને સજા ફરમાવ્યા અગાઊ જેને પેહેલા વર્ગના માજીસ્ટ્રેટનો અધીકાર મળે તે માજીસ્ટ્રેટ, બીજા વર્ગના માજીસ્ટ્રેટને જે સજા આપવાનો અધીકાર છે, તે સજા કરતાં વધુ સખત સજા કરી શકેછે. કે નહીં ? તે સંબંધમાં માહારો મત

એવો છે કે, તેમ તે કરી શકેછે, મને એમ લાગેછે કે આ બાબતનો નીકાલ કરવામાં, કોઇ ગુન્હાનો ઈનસાફ કરવાના અધીકારના સંબંધમાં તથા તેની સજા કરવાના સબંધમાં, માજીસ્ટ્રેટની યોગ્યતા વચેનો તફાવત ધ્યાનમાં રાખવો જોઇએ.

ક્રીમીનલ પ્રોસીજર કોડની ૩૯ મી કલમમાં કહેલુંછે કે, જે માણસને આ કાયદા પ્રમાણે અધીકાર આપ્યો હોય, તે માણસને જે તારીખે સદરહુ હુકમ જણાવવામાં આવે, તે તારીખથી સદરહુ પ્રકારનો દરેક હુકમ અમલમાં આવશે. એ માજીસ્ટ્રેટને પેહેલા વર્ગના માજીસ્ટ્રેટનો અધીકાર આપવા બાબતનો હુકમ, આઠમી સપ્ટેંબરને રોજ પહોંચતો કરવામાં આવ્યોછે. તેથી તેણે જે સજા કરી છે, તે તેના અખતીયારની છે. તે મુકરદમાનો ઇનસાફ કરવાને તેને અધીકાર હતો, એ વીશે તો જરાએ શક નથી. જ્યારે તેને પેહેલા વર્ગના માજીસ્ટ્રેટનો અધીકાર મળ્યો ત્યારે, તેને આ કામમાં બાકી રહેલું કામ સજા સંભળાવવાનું હતું. ક્રીમીનલ પ્રોસીજર કોડની ૩૪૯ મી કલમમાં કહેલુંછે કે, આ મુકરદમાની જાતના મુકરદમામાં જ્યારે કોઇ અધીકારવાળા બીજા વર્ગના માજીસ્ટ્રેટનો અભીપ્રાય થાય કે, માહારાથી જોઈએ તેવી સખત સજા આપી શકાય એમ નથી ત્યારે, પોતાનું ચાલેલું કામ જીલ્લા માજીસ્ટ્રેટ તરફ મોકલવાને તે મુખતીયાર છે. આ કલમમાં જે સરખાપણું રાખ્યુંછે, તે ઉપરથી હરકોઈ કામનો ઈનસાફ કરવાની યોગ્યતા તથા, સજા કરવાની યોગ્યતા વચેનો તફાવત છે, તે જણાઇ આવેછે. ધારો કે તે માજીસ્ટ્રેટને પેહેલા વર્ગના માજીસ્ટ્રેટનો અધીકાર મળ્યો નહોતો; તોપણ ૩૪૯ મી કલમ અનુસાર આ કામ, તેને મોકલવું હતતો મોકલી શકત. પરંતુ એવી સતાઓ હોઈને જો તેણે તે સતા વાપરી ન હત, અને આ કામ તે કલમ અનુસાર મોકલી દીધું હતતો, મને લાગેછે કે તેમાં તેની ભુલ થાત. જીલ્લા માજીસ્ટ્રેટ તેને યોગ્ય રીતે જવાબ લખત કે, "તમે પેહેલા વર્ગના માજીસ્ટ્રેટ છો અને આ કલમ બીજા વર્ગના માજીસ્ટ્રેટોને માટે રચાણી છે."

આ કામનો તથા કોઈ મુકરદમાનો ઇનસાફ કરવાની યોગ્યતા અને સજા કરવાની યોગ્યતા વચેના તફાવત વીશેનો, આવો માહારો અભીપ્રાય થાયછે. તેથી હું ઠરાવું છઊં કે, માજીસ્ટ્રેટે જે સજાઓ કરીછે, તે કરવાનો તેને અધીકાર છે. માટે પેહેલા સવાલનો માહારા તરફનો જવાબ હાંરૂપનો છે. અને જ્યારે એમછે ત્યારે બાકીના સવાલોના જવાબ દેવાની અગત્ય નથી.

આ મુકરદમામાં પ્રોસીક્યુસનના તરફથી જ્યારે સબોરડીનેટ માજીસ્ટ્રેટે પુરાવો લીધો, ત્યારે તે એક બીજા વર્ગનો માજીસ્ટ્રેટ હતો. તારીખ ૮–૯–૮૪ ને રોજ તેને પેહેલા વર્ગના માજીસ્ટ્રેટનો અધીકાર મળ્યો. વળતે દહાડે તેણે તોહોમતનામાં ઘડીને, બંધવાઓની તથા તોહોમતના શાહેદીઓની જુબાની લીધી. અને બીજે દહાડે એટલે ૧૦–૯–૮૪ ને રોજ, તેણે આ કામનો ફેંસલો આપ્યો. તેમાં બંધવાઓને ઈ. પી. કો. ની ૩૨૩ મી તથા ૩૨૫ મી કલમો માહેલા ગુન્હાઓના અપરાધી ઠરાવ્યા. દફતરમાં જે પુરાવો પડયો છે, તે જોતાં હું ધારૂંછું કે, ઈ. પી. કો. ની ૧૪૮ મી, ૩૨૩ મી, ને ૩૨૫ મી કલમોના ગુન્હાઓનેજ વાસ્તે બંધવાઓનો ઈનસાફ થવો જોઈતો હતો. અને ૯–૮–૮૪ ને રોજ જ્યારે માજીસ્ટ્રેટે તોહોમતનામાં ઘડયાં, તે તહોમતનામાં માહારા અભીપ્રાય પ્રમાણે ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૨૫૪ માં જે નિયમો બાંધ્યાછે, તેને લેઈને માજીસ્ટ્રેટે ઈ. પી. કો.

ની ઉપર કહેલી ત્રણે કલમોના દરેક ગુન્હાનાં તોહોમત તેણે મુકવાં જોઈતાં હતાં; અને પછી તેઓને પુછવું હતું કે, તમે ગુન્હેગારછો અથવા તમારે કાંઈ બચાવ દેવાનોછે.? ગુન્હેગાર છીયે એવો જવાબ ન આપ્યો હત, અને ઈનસાફ કરાવવાનો દાવો કર્યો હત તો, તે દરેક બંધવાને ૨૫૬ મી કલમ પ્રમાણે પોતાનો બચાવ કરવાનું તથા પુરાવો રજુ કરવાનું, તથા જ્યારે તેઓ બચાવ કરે તે દરમીયાન, પ્રોસીક્યુશનનો જે સાક્ષી અદાલતનામકાનમાં અથવા કંપાંઉડરમાં હાજર હોય, તેને ફરી બોલાવી ઉલટ તપાસણી કરવાની પરવાનગી આપવાનું કહેવું જોતું હતું.

આમછે ત્યારે પી. કો. ની ૩૨૩ તથા ૩૨૫ મી કલમો માંહેલા ગુન્હાના ઠરાવો બહુ કરીને, તેજ કાયદાની ૧૪૮. તથા ૧૪૯ મી કલમોનાં તોહોમતોને અભાવે પુરાવેથી ટકી શકે એવા નથી; અને ૧૦૯ તથા ૧૧૪ મી કલમોના નિયમો લક્ષમાં રાખતાં ભળે તેવા નથી. અને ભારે ગુન્હાઓ થયાછે, તેથી માહારા અભીપ્રાય પ્રમાણે ઈી. પી. કો. ની. ૧૪૮, ૧૪૯, ૩૨૩, તથા ૩૨૫ મી કલમોના ગુન્હાઓ વાસ્તે, બંધવાઓનો ફરીને ઈનસાફ થવો જોઇએ.

જે ચાર સવાલો પુછેલાછે તેના માહારા તરફના જવાબો નીચે પ્રમાણેછેઃ—

૧ એકંદર રીતે જોતાં માજીસ્ટ્રેટની કરેલી સજાઓ કાયદા વિરૂદ્ધ છે.

૨ જો માજીસ્ટ્રેટે આરોપીત સક્ષોને ઈી. પી. કો. ની. ૧૪૮ મી કલમના ગુન્હાના ગુન્હેગાર ઠરાવ્યા હત તો, ઉપર કહેવાઈ ગયેલે પ્રસંગે તેનો કરેલો ઠરાવ કાયદેસર થાત.

૩ માજીસ્ટ્રેટે તપાસ કરીને જે વાત નકી કરીછે તેને ફેરવીને, જે અદાલતનો ઠરાવ અપીલમાં આવ્યોછે તે અદાલતને, જે ગુન્હાનો ઇનસાફ કરવા અધીકાર નથી તે ગુન્હાના અપરાધી ઠરાવવા, અપીલકોર્ટને અખતીયાર નથી.

૪ રાણી. વિ. ડુંગરસિંહ (૭ અ. ૨૯)ના કામમાં જે કારણો મેં લંબાણથી લખ્યાં છે, તે કારણોસર હરકોઈ ગેરકાયદેસર મંડળીના અંગભુતોમાંથી. કોઇ અંગભુતોએ માહાવ્યથા કરી હોય, તે મંડળીના કોઇ પણ અંગભુતને હંગામો કર્યાના. તથા માહાવ્યથા કર્યાના બંને ગુન્હાઓનો અપરાધી ઠરાવી શકાયછે.

ઓલ્ડફીલ્ડનો ઠરાવ.

૧૪૭ મી પ્રમાણે હંગામાનું તથા ૩૨૫ પ્રમાણે બુદ્ધિપૂર્વક મહાવ્યથા કર્યાનું, એમ બે તહોમતો રાખી ઇનસાફ થવા સાર પોલીસે, બંધવા પરશેદ, કરણ, તથા ધરમપાલને એક બીજા વર્ગના માજીસ્ટ્રેટની અદાલતમાં કમીટ કર્યા હતા.

એ માજીસ્ટ્રેટે એક બીજા વર્ગના માજીસ્ટ્રેટ તરીકે તે કામનો ઇનસાફ ૧૩ મી અગષ્ટને રોજ શરૂ કર્યો. સરકારે ૬-૯-૮૪ ની મીતીના હુકમથી તેને, પેહેલા વર્ગનો માજીસ્ટ્રેટ નીમ્યો. આ ઠરાવ તેને તેજ માસની આઠમી તારીખે હાંસલ થયો; ત્યાર પછી બંધવાઓ ઉપર, નીચે લખેલાં તોહોમત મૂકવામાં આવ્યાં.

૧ કુનંદને બુદ્ધિપુર્વક માહાવ્યથા કર્યાનું ૩૨૫ મી કલમનું.

૨ એક ચીતારને તેવીજ માહાવ્યથા કરી હતી તેનું, તેજ કલમનું.

૩ એક હુલાસ, કેસરી, ધરમજીત, તથા અકબર એમ ચાર જણાઓને બુદ્ધિપુર્વક

વ્યથા કર્યાનું, ૩૨૩ મી કલમનું.

બંધવાઓનો બચાવ લીધા પછી, તેણે આ બધાં તોહોમતોના તેઓને અપરાધી ઠરાવ્યા. અને પેહેલા તોહોમતના ગુન્હાની દરેક બંધવાને, બબે વરસ સખત કેદની, તથા ૨૦ રૂપૈઆ દંડની, અને તે દંડ ન આપે તો બીજા બે માસ વધુ સખત કેદની, સજાઓ કરી. બીજા તોહોમતના ગુન્હાની દરેકને એક એક વરસની કેદની, તથા ૧૦ રૂપૈઆ દંડની અને તે દંડ ન આપે તો, બીજા એકમાસની સખત કેદની સજા કરી.

અને ત્રીજા તહોમતના દરેક ગુન્હાની દરેક જાણને, ત્રણ ત્રણ માસની સખત કેદની, તથા પાંચ રૂપૈઆ દંડની, અને તે દંડ ન આપે તો, બીજા પંદર રોજ સખત કેદની સજાઓ કરી. આ બધી સજાઓનો એકંદર મેળ કરતાં, ચાર ચાર વરસની સખત કેદની તથા ૫૦ રૂપૈઆ દંડની અને તે ન આપેતો, બીજા પાંચ માસ સખત કેદની સજા થઇ.

વળી તેણે વધુ હુકમ કર્યો કે, બંધવાઓએ ક્રીમીનલ પ્રોસીજર કોડની ૧૦૬ ઠી કલમ પ્રમાણે, બે વરસ સુધી સુલેહ રાખવાના જામીન આપવા.

હવે આપણને એવું પુછવામાં આવ્યુંછે કે, આ કરેલી સજાઓ કાયદેસરછે કે નહીં ? માહારા મતમાં તે કાયદેસર છે.

તે માજીસ્ટ્રેટને બીજા વર્ગના માજીસ્ટ્રેટ તરીકે, બંધવાઓનો ઇનસાફ કરવાનો અધીકાર હતો; પરંતુ બીજા વર્ગના માજીસ્ટ્રેટ તરીકે, તેને સજા કરવાની જે હદ બાંધી દીધીછે, તે પ્રમાણે તે છ માસની સજા કરી શકેછે. તેમ ૧૦૬ ઠી કલમ મુજબ જામીન માગવાનો તેને અધીકાર નોહોતો.

બીજા વર્ગના માજીસ્ટ્રેટ તરીકે, જે સજાઓ તથા હુકમ કર્યાછે, તે કરવાનો તેને અધીકાર નહોતો; પરંતુ ૬–૯–૮૪ ને રોજ ક્રીમીનલ પ્રોસીજરકોડની ૧૩ મી કલમ પ્રમાણે જે અખતીયાર મળ્યોછે, તે મુજબ સરકારે તેને પેહેલા વર્ગનો માજીસ્ટ્રેટ નીમ્યો. એ હુકમ તેને ૯–૯–૮૪ ને રોજ હાંસલ થયો. અને માહારા મત પ્રમાણે, આ તેની નીમણુંકનો અમલ તે તારીખથી થયો, અને તેથી એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટ તરીકે, આ કામનો નીકાલ કરવાને તથા પેહેલા વર્ગના માજીસ્ટ્રેટને કાયદાથી જે અધીકાર મળેછે, તે અધીકાર વાપરવાને, તથ. જે સજાઓ તેણે કરી તે સજાઓ કરવાને, તથા ૧૦૬ ઠી કલમ પ્રમાણે હુકમ કરવાને દરજે તે આવ્યો.

પ્રથમ જ્યારે આ કામ તે માજીસ્ટ્રેટ પાસે આવ્યું, ત્યારે તેને બીજા વર્ગના માજીસ્ટ્રેટનો અધિકાર હતો, તે વાતથી સદરહુ કેશનો પેહેલા વર્ગના માજીસ્ટ્રેટ તરીકે નીકાલ કરવાના અધીકારને કાંઇ બાધ આવતો નથી, એમ માહારો મત થાયછે.

આ મુકરદમાનો ઇનસાફ કરી શકવાના સવાલ વીશે કાંઇ વાંધો નથી; કેમકે સદરહુ માજીસ્ટ્રેટ, બીજા અથવા પેહેલા વર્ગના માજીસ્ટ્રેટ તરીકે તેનો ઇનસાફ કરી શકે છે. ગુન્હાઓ સાબીત થતાં, જે સજા અને હુકમો કર્યા છે, તેનો ફક્ત હવે સવાલ છે; કેમકે બીજા વર્ગના માજીસ્ટ્રેટનો અધીકાર વધારે ટુંકો છે. પરંતુ જ્યારે તેનો અધીકાર, પેહેલા વર્ગના માજીસ્ટ્રેટ તરીકે નીમણુંક થતાં વધ્યો, ત્યારે તે તુરત વાપરવાને દરજે પોહોચ્યો. કેમકે તેની નીમણુકનો સરકારી હુકમ, જે તારીખે તેને હાંસલ થયો તે તારીખે, ૩૯મી કલમ મુજબ તે અમલમાં આવ્યો. જો બીજી રીતે હોય તો પછી, બીજા વર્ગના માજીસ્ટ્રેટ તરીકે, તે જે સ-

જા કરી શકે તેનું કમીપણું તેની નજરમાં આવે, ત્યારે તે કામનો નીકાલ કરવામાં તેણે કેમ કરવું તે મુશ્કેલી ભરેલું છે.

૩૪૯ મી કલમમાં ઠરાવ્યું છે કે, આવા કામમાં બીજા અથવા ત્રીજા વર્ગના માજીસ્ત્રેટે, જીલ્લા માજીસ્ત્રેટને અથવા જે પેટાદુકડી માજીસ્ત્રેટના તે તાબામાં હોય, તેને કામ મોકલી દેવું જોઇએ. આ રીતે મોકલી શકે, તે માત્ર બીજા અથવા ત્રીજા વર્ગનો માજીસ્ત્રેટ છે. અને આ કલમ પ્રમાણે કામ મોકલવાનું તેને ટાણું આવ્યું હત તો, તે વખતે તે બીજા વર્ગનો માજીસ્ત્રેટ નોહોતો. પેહેલા વર્ગનો માજીસ્ત્રેટ હોઇને જે રીતે બીજા વર્ગના માજીસ્ત્રેટે ચાલવું જોઈએ તે પ્રમાણે ચાલવામાં તે એક અજબ પ્રકારની સ્થીતીમાં આવી પડયો હતો.

તેજ પ્રમાણે હું ધારી શકતો નથી કે, જુદી જુદી ગુન્હેગારીના ઠરાવો ગેર કાયદેસર છે. ૭૧ મી કલમના લાગુપણા વિશે સેસન જડજે ખોટો મત બાંધ્યોછે. જે ભાગોમાંથી હરકોઇ ભાગ પંડે ગુન્હો છે, તેવા ભાગો ભેગા થયાના ગુન્હાનું આ કામ નથી. બુદ્ધીપુર્વક વ્યથા તથા માહા વ્યથા કર્યાનો ગુન્હો એ હંગામાના ગુન્હાનો એક ભાગ નથી; એ ગુન્હો તો સાફ ઇલાયદો છે; તેજ પ્રમાણે પ્રત્યેક હુમલો કરવાથી જુદો જુદો ગુન્હો થાયછે, અને તેનો નીકાલ પણ જુદો જુદો થઇ શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની ૨૩૫મી કલમોના દ્રષ્ટાંતોમાંથી વીશેશે કરીને ગૌ દ્રષ્ટાંતથી આ અભીપ્રાયના ખરાપણા વીશે પુર્ણ રીતે ખાતરી થાયછે.

માજીસ્ત્રેટે જે સજાઓ કરીછે, તે કાયદેસર છે એવો માહારા તરફનો પેહેલા સવાલનો જવાબ છે. અને આવા અભીપ્રાયથી માહારે કહેવું જોઇએ કે, જે કારણોથી સેસન જડજ ગુન્હેગારીના ઠરાવો, તથા તેની સજાઓમાં વચે આવેલ છે, તથા જે કારણોથી તેણે આ કોર્ટમાં રેફરંસ કરેલું છે, તે કારણો ટકી શકે એવાં નથી. વળી બીજા જે સવાલો કર્યા છે, તેનો વિચાર કરવાની જરૂર દેખાતી નથી.

ચીફ જસ્ટીસ પેથીરામનો ઠરાવઃ—માહારો અભીપ્રાય છે કે આ બધી સજાઓ કાયદા વિરૂદ્ધ છે. બંધવાઓ ઉપર એક બીજા વર્ગના માજીસ્ત્રેટે તોહોમતો મુક્યાં હતાં તેઓનો ઈનસાફ કરવાને તે માજીસ્ત્રેટને અધીકાર હતો, પરંતુ બીજા વર્ગના માજીસ્ત્રેટ તરીકે જે સજાઓ તેણે કરી, તે સજાઓ કરવાનો તેનો અધીકાર નહોતો. ઈનસાફ કરવાના કામો માટે તે માજીસ્ત્રેટના દરજ્જામાં ફેરફાર થતો નથી; માહારા સમજવામાં આ બાબતનો કાયદો એવો છેકે, જે દીવસથી ઇનસાફનું કામ શરૂ થાય, તેજ દીવસથી તેનો ઇનસાફ થયો એવું ધારવાનું છે અને તે રોજ પછી એ મુકરદમો મુલતવી રાખતાં આગળ લખાય છે. કઇ તારીખે કોઇનો ઈનસાફ થયોછે તે જોવું હોયતો કઇ તારીખે તે શરૂ થયો તે તારીખ ફકત જોવી જોઇએ માટે જે માજીસ્ત્રેટે તે કેશ પુરો કર્યો તે માજીસ્ત્રેટ પણ જેણે શરૂ કર્યો તેજ હતો. પેહેલેથી છેલે સુધી તે મુકરદમો પણ એકછે, દીવસ પણ એક છે, તથા ઈનસાફ અથવા તપાસ પણ એકજ છે. જો પુસ્તકો તપાશીશું તો માલુમ પડશે કે આ મુદ્દો આમજ વારંમવાર ચુકયો છે. તેથી પેહેલા સવાલનો માહારા તરફનો જવાબ હાના રૂપમાં છે, ત્રીજા સવાલ વગર બીજા સવાલો હવે ઉઠતા નથી. તોહોમત ફેરવવાના અધીકારની બાબતમાં માહારો મત એવોછે કે તેમ કરવાને અથવા નવું તહોમત મુકવાને અધીકાર નથી.

લોકનાથ સરકાર અને એક બીજો વિરૂદ્ધ મહારાણી સરકાર.

७१
र ठ
તા. ૬-૩-૮૫.
ઈ. ૧૧ ક. ૩૪૯
આણ લે એવા હથીયાર બાંધીને બખેડો કરવો તથા ભયંકર હથીયાર વડે બે સક્ષીને વ્યથા કરવી એ જુદા જુદા ગુન્હા છે.

प्राण ले एवां हथीयार बांधीने बखेडो करवो, तथा भयंकर हथीयार वडे बे सक्षोने, बुद्धिपुर्वक व्यथा करवी, ए जुदा जुदा गुन्हाछे. अने ए बा गुन्हाओनां जे सक्षो उपर तोहोमतो आव्यां होय, ते सक्षोने हंगामो कर्याना तथा ते सक्षोमांहेला दरेक सक्षने व्यथा कर्याना, गुन्हानेमाटे अपराधी ठरावी, दरेक तोहोमतमाटे तेओने सजा थइ शकेछे.

प्राण ले एवां हथीयारो बांधी हंगामो कर्यो, एवुं पीनलकोडनी कलम १४८ मी. तथा क्ष नामना सक्षने भयंकर हथीयारथी व्यथाकरी, एवुं कलम १४९ मी साथे ३२४ मी कलम जोडतां, ते कलमो मांहेला गुन्हाओनां तोहोमतो, अ तथा ब उपर मूक्यां हतां. वळी एवीज जातनी व्यथा यने करी, तेथी कलम ३२४ मी मांहेलुं एक बीजुं तोहोमत ब उपर तथा बये यने व्यथाकर्या बाबतमां, १४९ मी कलम ३२४ मी कलम साथे जोडतां, ते कलमो मांहेलुं, एक ज्यादे तोहोमत, अ उपर मुकवामां आव्युं हतुं. बधा तोहोमतोना अ तथा ब अपराधी ठर्या अने दरेक तोहोमतना गुन्हावास्ते तेओने सजा करवामां आवी. ते सजा एकनी पुरी थइ रह्याबाद बीजांनी भोगववी. कलम ३२४ मी मांहेला गुन्हाओ हंगामो करवानी दरमीयांन कर्या हता.

ठराव्युं के, जुदां जुदां कृत्यो कर्याना सबंधमां, बंधवाओउपर तोहोमतो राख्यां हतां, ते कृत्यो ही. पी. कोडनी कलम ७१ ना बंधारणमां आवी शकतां नथी. केमके एवुं साबीत नथी थयुं के, जे जोरजुलम कर्याथी एकलो हंगामानो गुन्हो थायछे, ते जोरजुलम करीने व्यथाकरी हती. अने तेथी फोजदारी काम चलाववानी रीतना कायदानी कलम ३३५ मी प्रमाणे जुदी जुदी सजा थइछे. ते जराए कायदाथी उलटुं थयुं नथी.

જીવ લેનારાં હથીઆરો બાંધીને, એક હંગામો કરવામાં ભાગ લીધો, એવું તોહોમત લોકનાથ સરકાર તૃથા સચાણીશેખ ઉપર રાખીને, તેઓનો ઈનસાફ કર્યો હતો, તેમાંથી આ અપીલે જન્મ લીધોછે.

કેદીઓ ઉપર જે તોહોમતો રાખી તેઓનો ઇનસાફ થયો હતો, તે તોહોમતો નીચે મુજબ હતાં.

બંનેના ઉપર હી. પી. કોડની કલમ ૧૪૮ મી માંહેલું તોહોમત મુકયું હતું. હંગામો

કરનારાઓમાંથી, એક કંગાળ સિંહ, જે કોરટમાં હાજર ન હતો, તેણે એક જયધરનામના સક્ષને વ્યથા કરી હતી; એમ કહેવામાં આવ્યુંછે. તેના સબંધમાં કલમ ૧૪૯ મીની સાથે કલમ ૩૨૪ મી જોડતાં, જે ગુન્હો થાય, તે ગુન્હાનું પણ, વળી એક બીજું તોહોમત મુકયું હતું.

બંધવા સચાણી ઉપર ૩૨૪ મી કલમ માંહેલા ગુન્હાનું એક જાદે તોહોમત રાખવામાં આવ્યું હતું. અને કમળા કંથપદર નામના એક બીજા સક્ષને વ્યથા કરી હતી, એમ કહેવામાં આવ્યુંછે, તેના સબંધમાં બંધવા લોકનાથ ઉપર, એજ કલમની સાથે ૧૪૯ મી કલમ જોડતાં જે ગુન્હો થાય, તે ગુન્હાનું તોહોમત મૂકયું હતું.

લગભગ ૪૦ થી તે ૬૦ સુધીની સંખ્યાના માણસો, જેમાંથી એક જણે તરવાર બાંધી હતી, અને બીજાઓએ લાકડીયો અને ગુપ્તીઓ રાખી હતી, તે સંખ્યાના સમુદાયમાં બંધવાઓ પણ હતા. એક નાસરૂદીનનું ડાંગરનું ખેતર હતું, તેમાંથી પોતાનાં ઢોરો લઇ જઈને, તેઓએ ચરવા મૂકી દીધાં. તેમાં એક હંગામો થયો, જેને અંતે આ તહોમતો પેદા થયાં છે.

એ ઢોરોને ન ચરવા દેવા સારૂ, નાસરૂદીન તથા તેમાં થોડાંક માણસોએ, કેટલીક તકરાર કરી, તેમાંથી હંગામો થયો, અને તેના દરમીઆંનમાં કેટલીક વ્યથાઓ થઈ. તે વ્યથાઓ થવાથી, આટલાં બધાં તોહોમતો રાખવા પ્રસંગ બન્યોછે. આસેસરોના મતને મળતા આવીને, શેશનજડજે બંધવાઓને અપરાધી ઠરાવ્યા, અને તેઓને નીચેની વિગતે સજા કરી.

કલમ ૧૪૮ પ્રમાણે લોકનાથને બે વર્ષની સખ્ત કેદની સજા કરી.

કલમ ૧૪૮ પ્રમાણે સચાણી શેખને ડોઢ વર્ષની સખ્ત કેદની સજા કરી.

કલમ ૧૪૯ મી તથા કલમ ૩૨૪ મી પ્રમાણે, લોકનાથને રૂપૈયા ૨૦૦) દંડની, અને સચાણીને રૂપૈયા ૫૦ ના દંડની, અને જો તેઓ ન આપેતો, બીજા ૯ માસની કેદની સજા કરી. ૧૪૯ તથા ૩૨૪ મી કલમો ભેળી કર્યા પ્રમાણે, લોકનાથને ત્રીજા તોહોમતને વાસ્તે, ડોઢ વર્ષની સખ્ત કેદની સજા કરી અને તે એવી રીતે કે, ઉપલી સજા પુરી થએ આ સજા ભોગવવી. ૩૨૪ મી કલમ પ્રમાણે, સચાણી શેખને ડોઢ વર્ષની સખ્ત કેદની સજા કરી, અને તે આગલી સજા ભોગવી છુટયા પછી, આ સજા ભોગવવી.

ઉપર કહ્યા પ્રમાણેના ઠરાવ, તથા સજા, વિરૂદ્ધ બંધવાઓએ અપીલ કરી. નીચલી કોરટનો ઠરાવ ટકાવવા જેટલો, બીલકુલ પુરાવો નથી, તથા તેની કરેલી સજા કાયદા વિરૂદ્ધછે, માટે રદ કરવી જોઇએ, એવાં અપીલ કરવાનાં બે કારણો બતાવ્યાંછે.

અપેલેન્ટો તરફથી બાબુ અંબીકા ચરણ.

સરકાર તરફથી કોઇ હાજર હતું નહીં.

જસ્ટીસ કોટનહામ તથા જસ્ટીસ ઘોષે નીચે પ્રમાણે ઠરાવ કીધો.

નીચલી અદાલતે જે હકીકત સાબીત માનીને, જે મત બાંધ્યોછે, તે મતથી જુદા પડવાનું અમોને કાંઇ કારણ દેખાતું નથી. એ સાબીત થએલી હકીકત એવીછે કે, હંગામો કરવામાં હથીયાર બાંધીને, બંને બંધવાઓએ ભાગ લીધો હતો. હંગામો કરનારાઓનો

સામાન્ય હેતુ પાર પાડવામાં, બંધવા સચાણી શેખે, એક કમળા કંથને ભયંકર હથીયારથી વ્યથા કરી. અને હંગામો કરનારાઓમાંથી એક બીજા જણે, એક જયધરને ભયંકર હથીયારથી વ્યથા કરી. આવી હકીકત ઉપરથી, બંને બંધવાઓ. હી. પી. કોડની કલમ ૧૪૮ મી માંહેલા ગુન્હાના અપરાધી ઠર્યા. જયધરને વ્યથા કરી, તેના સંબંધમાં કલમ ૧૪૯ મીમાં બાંધેલો નીયમ લાગુ પાડીને, બંનેને ૩૨૪ મી કલમ માંહેલા ગુન્હાના ગુન્હેગાર ઠરાવ્યા.

કમળાકંથને વ્યથા કરી, તેના સંબંધમાં તેજ કલમો પ્રમાણે, લોકનાથને વળી વધુ ગુન્હેગાર ઠરાવ્યો. અને એ વ્યથા. સચાણીશેખે એકલે કરી, તેથી તેને ૩૨૪ મી કલમના ગુન્હાનો વધુ ગુન્હેગાર ઠરાવ્યો.

આ પ્રત્યેક ગુન્હાના ઠરાવની પછવાડે, બંધવાઓને જુદી જુદી સજા થઈ. લોકનાથને, કરેલી સજા એકંદર ૩॥ વરસની તથા ૨૦૦ રૂપૈયા દંડની હતી. અને સચાણીનીસજા એકંદર ત્રણ વરસની તથા રૂપિયા ૫૦ દંડની હતી.

સદરહુ દંડ તેઓ ન આપે તો, બીજા નવ માસની વધારે કેદની સજા હરેક બંધવાને ભોગવવાની હતી. અપેલેંટ્ તરફથી હાજર થઈને, બાબુ અંબીકા ચરણે એવી તકરાર કરી કે, એકજ મામલામાં જુદા જુદા ભાગો મળીને, એક આખો ગુન્હો બન્યો છે, તો બંધવાઓ કાયદેસર એક કરતાં વધારે ગુન્હાના ગુન્હેગાર ઠરી શકતા નથી. અથવા જો ઘણાક ગુન્હાના ઠરાવો કાયદેસર હોય, તોપણ તેમાંથી એક કરતાં વધારે ઠરાવને માટે, બંધવાઓને ન્યાયસર સજા થઈ શકતી નથી. આવી તકરારની પુષ્ટી માટે તેણે રાણી વિરૂધ દરઝુલા, રાણી વિરૂધ દીનાશેખ, માહારાણી વિરૂદ્ધ જબ્બદુરકાંજી, તથા રાણી વિરૂધ સાહબત શેખના આ કોરટના ફેસલાઓ છે. તેના ઉપર તેણે આધાર રાખ્યો હતો તે ફેસલાઓં થોડી ઘણી રીતે, તેની તકરારને મજબુત કરેછે. જે વિદ્વાન જડજોએ સદરહુ ફેસલાઓ કર્યા છે. તેઓની દલીલને અમો પુરી રીતે મળી સકતા નથી. અને ચાલતા મુકરદમામાં તે ફેસલાઓ મંજુર રાખવા કે નહીં, તે કાંઇ કહેવાની જરૂર નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના આગલા કાયદાના બંધનો જેને લઈને સદરહુ ફેસલાઓ કરવામાં આવ્યા હતા, તે બંધનો હાલના ચાલતા કાયદાના બંધનો કર્તાં, ઓછાં ખુલાસા વાળાં, તથા ઓછી સ્ફુટતાવાળાં હતાં. નવાં કાયદાની કલમ ૩૫ મી, અથવા જુના કાયદાની કલમ ૩૧૪ મીથી, એવી રીતે ઠરાવવામાં આવ્યું છે કે, જ્યારે કોઈ સક્ષની ઉપર એકજ ઈનસાફના કામમાં, બે અથવા જુદા ગુન્હા સાબીત થાય, ત્યારે સદરહુ ગુન્હાઓને માટે ઠરાવેલી જુદી જુદી જે સીક્ષાઓ કરવાનો તે કોરટને અખત્યાર છે, તે શીક્ષાઓનો હુકમ તે સખસની ઉપર કરવાને, તે કોરટ મુખત્યાર છે. ઘણામાં ઘણી સજા કેટલી કરવી, તે આ કલમમાં ઠરાવ્યું છે. પણ તે બાત ચાલતા, કામમાં મુદાની નથી. હવે ૨૩૫ મી કલમની પેહેલી રકમ, ચાલતા કામને લાગુ પડે છે. અને તેમાં એવું બંધન રાખ્યું છે કે, કેટલાંએક કૃત્યોનો એક બીજા સાથે એવો સંબંધ હોય કે, તેથી તે કૃત્યો મળીને એકજ કાંમ થાય, તેવાં કૃત્યો કરવામાં, જો એકજ સખસે એક કરતાં વધતા ગુન્હા કર્યા હોય, તો એવા દરેક ગુન્હાનું, તહોમત તે સક્ષની ઉપર મુકીને, તે બાબત તેનો ઈનસાફ એકજ વખતે કરવાનો અધીકાર છે. અને જો એમ ઇનસાફ કરવામાં આવ્યો હોય તો, કાંતો તેને અપરાધી અથવા કાંતો, નીર અપરાધી ઠરાવવો જોઈએ

"આ કલમના કોઇપણ મજકુરથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની ૭૧ મી કલમને બાધ આવશે નહીં."

એટલું લખ્યા ઉપરાંત, તે કલમમાં સજા કરવા વીશે કાંઇ પ્રતીબંધ કર્યો નથી. એ, ૭૧ મી કલમ, સને ૧૮૮૨ના આકટ ૮માની કલમ ૪ થી સુધારવા સરૂ, તેમાં આગલા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૪ મીની રકમ બીજી તથા ત્રીજીમાં, સજા કરવાની હદ બાબતના નિયમો હતા, તેજ નિયમો તેમાં આવ્યાછે. તો હવે જે કાયદો બંધાણો છે, તેથી કોઇ સક્ષને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૩૫ મી મુજબ, જુદા જુદા ગુન્હાનો ઈનસાફ કરીને, તેને અપરાધી ઠરાવ્યો હોય તો, જો કલમ ૭૧ મીથી જે બચાવ કરવામાં આવ્યો છે, તેને બાદ ન આવતો હોયતો, સદરહુ પ્રત્યેક ગુન્હા માટે તેને સજા થઈ શકે છે. હવે ૭૧ મી કલમમાં એવું ઠરાવ્યું છે કે, "જે જે વસ્તુ ગુન્હો છે તે જુદા જુદા ભાગોથી બનેલી હોય અને તે ભાગો માંહેલો હરકોઈ ભાગ જાતેજ ગુન્હો હોયતો, એથી બીજી રીતે કરવું. એવો સાફ ઠરાવ ન કર્યો હોયતો, ગુન્હેગારને, તેના ગુન્હાઓમાંના એક કરતાં વધારે ગુન્હાઓની શિક્ષા કરવી નહીં. જ્યારે કોઇ પણ વસ્તુ, જેની ચાલુ કાયદા ઉપરથી ગુન્હાઓની વ્યાખ્યા કરવામાં આવતી હોય, તથા તેઓ બદલ શીક્ષા કરવામાં આવતી હોય, તે ચાલુ કાયદાની બે અથવા વધારે જુદી જુદી વ્યાખ્યામાં આવે એવો ગુન્હો હોય, ત્યારે, અથવા—જે કૃત્યોમાંથી એક કૃત્ય, અથવા એક કરતાં વધારે કૃત્યો, જાતેજ ગુન્હો થાય, તેવાં કેટલાંક કૃત્યો એકઠાં કરવામાં આવે, ને તેથી કાંઈ જુદો ગુન્હો થાય ત્યારે, ગુન્હેગારનો ઇનસાફ કરનારી કોરટે, સદરહુ ગુન્હા પૈકી કોઈ પણ એક ગુન્હા બદલ જેટલી શીક્ષા કરી શકાતી હોય, તે કરતાં વધારે સખત શીક્ષા, તે ગુન્હેગારને કરવી નહીં." ૭૧ મી કલમમાં જે ભાવ રહેલ છે, તેમાં ચાલતા કામનો સમાસ થતો હોય, એમ અમારા જોવામાં આવતું નથી. જે ગુન્હાઓને માટે બંધવાઓને અપરાધી ઠરાવ્યા છે, તે જુદા જુદા છે. (૧) પ્રાંણ લે એવાં હથીયાર બાંધીને હંગામો કર્યો. (૨) કમળા કંથને ભયંકર હથીયારથી બુદ્ધિપુર્વક વ્યથા કરી. (૩) જયધરની બાબતમાં પણ તેવોજ ગુન્હો કર્યો.

જે જુદા જુદા કામને આધારે બંધવાઓ ઉપર તોહોમત રાખવામાં આવ્યાં હતાં, તે ભેગાં કરવાથી જે કાયદાઓ આમારા જાણવામાં આવ્યા છે, તેમાં કોઈ બીજોજ ગુન્હો થાય છે, એમ અમારા જોવામાં આવતું નથી. તેમ ૭૧ મી કલમની બીજી કોઇ સરત પુરી પાડતાં, સદરહુ કલમમાં બંધવાને, એક કરતાં વધુ સજા ન કરીને, અથવા બંધવાઓને જે સજા ફરમાવી છે, તે સજાની સખતીમાં કાંઈ મર્યાદા રાખીને, તેનો બચાવ કરવામાં આવ્યો છે, એમ પણ અમારા જોવામાં આવતું નથી.

આલતા મુકરદમામાં જે હંગામો થયો છે, તે ફકત એકલા જોર જુલમ થવાથી થયો છે, તો તે જોર જુલમ કરીને કાંઈ વ્યથા કરવામાં આવી હતી, એવું સાબીત થયું હોતતો, અમે એમ ઠરાવવાને તૈયાર છૈયે કે, બંધવાઓને વ્યથા તથા હંગામો કર્યા વાસ્તે, બંનેની શીક્ષા થઈશકે નહીં. પણ મુકદમાની કેફીયત ઉપરથી, એમ ઠરાવવાને આધાર મળતો નથી. કેમકે જખમી થયેલા બંને જણાઓને વ્યથાકરી, તેની પહેલાં હંગામો થઇ ચુકેલો હતો.

ન્યાયનો જે મત અમે ધારણ કરીએ છીયે, તેવોજ મત, મહારાણી વિરૂદ્ધ ડુંગરસિંહના તાજા કામમાં અલાહબાદ હાઇકોરટે ગ્રહણ કીધો છે.

આટે અમોને લાગે છે કે, જુદા જુદા ગુન્હાના ઠરાવ, તથા જુદી જુદી શીક્ષાઓ કરી છે, તે જરાએ કાયદા વિરૂદ્ધ નથી. અને અપેલેન્ટોના વકીલે જે કારણો આપ્યાં છે, તે ઉપરથી આ ઠરાવ રદ કરવામાં આવતો નથી. કામનું સ્વરૂપ જોઇને સજામાં કાંઇ ઘટાડો કરીએ તો, અમોને કાંઈ હરકત જેવું દેખાતું નથી. તેથી ૧૪૮ મી કલમ માંહેલી સજા ઘટાડીને, લોકનાથની એક વર્ષની, અને સચાંણી શેખની ૬ માસની કરીએ છીયે. અને બીજાં તોહોમતોની સજામાં જે દંડ કર્યો છે, તે ઘટાડીને અનુક્રમે રૂ. ૧૦૦ તથાં ૩૧. કરીએ છીયે.

મહારાણી કેસરેહીંદ. વિ. રામસ્વરૂપ અને બીજાઓ.

હી. पी. को नी. १४७मी कलम मांहेला हंगामाना गुन्हाना तथा, ७१/१६
ते हंगामा मध्ये माहाव्यथा कर्यांना गुन्हाना त्रण सक्षो अपराघी ठरतां तेओ
दरेकने १४७मी कलमना गुन्हा वास्ते छ छ मासनो तथा ३२५ मी
कलमना गुन्हावास्ते त्रण त्रण मासनो सखेत केदनो सजा करवामां आवी.

(તા.૧૨-૫-૮૫ ઈ. ૭ અ. ૭૫૭ હંગામો અને મહાવ્યથા એ જુદા ગુન્હાછે માટે જુદી જુદી સજા કરી શકાય.)

चीफ जस्टीस पेथीराम तथा जस्टीसोस्ट्रेट अने टीरले ठराव्युं के—

આ રેફરંસ જસ્ટીસ સ્ટ્રેટે ફુલ બેંચને લખી મોકલ્યું હતું; તે માંહેલી કાયદાની બાબત, તથા જે હકીકતમાંથી તેનો જન્મ થયો, તે સર્વ તેના લખાણમાં કહેલી છે. અને તે નીચે મુજબ છે.

રામ સ્વરૂપ તથા નારાયણદાસને હી. પી. કો. ની ૧૪૭મી કલમ માંહેલા હંગામાના, તથા તે હંગામો કરવા દરમીયાન દયારામ નામના સક્ષને માહાવ્યથા કર્યાના ગુન્હાઓના અપરાધી ઠેરાવી; તેઓને અનુક્રમે ૧૪૭મી કલમ મુજબ છ છ માસની, તથા ૩૨૫મી પ્રમાણે ત્રણ ત્રણ માસની સખત કેદની સજા કરવામાં આવી હતી. ઠરાવ જોઇને સુધારવાની અરજીમાં તેઓનાવતી એવો વાંધો લેવાયો છે કે, આ જુદી જુદી સજાઓ કાયદા વિરૂધ છે. હું પણ તેમ માનુંછઊં. અને એ બાબતમાં મારા જે અભીપ્રાયો છે, તે માહારાણી કેસરે હીંદ. વિ. રામ પરતાપ (ઈ. ૬ અ. ૧૨૧)ના કામમાં આપી ચુક્યોછું. જસ્ટીસ બ્રોડહર્સ્ટે માહારાણી. વિ. ડુંગસિંહ (ઈ. ૭ અ. ૨૯)ના કામમાં ઉલટી રીતનો અભીપ્રાય આપ્યો છે. અને આ મત ભેદથી નીચલી અદાલતોમાં બડબડ થાય, તેથી ઠરાવ જોવાની અરજીમાં જે પેહેલો ધાંધો લેવાયોછે. તે હું ફુલબેંચમાં મુકું છું.

અરજદારો તરફથી ડીલોન તથા પાલીઓ લોગંસ સાહેબ.

સરકાર તરફથી હીલ સાહેબ.

ફુલબેંચે નિચે પ્રમાણે ઠરાવ આપ્યો.

ચીફ જસ્ટીસ પેથીરામ, જસ્ટીસો સ્ટ્રેટ તથા ટાઇરલનો ઠરાવ:—

આ કામનો પુરાવો જોતાં અમોને જણાય છે કે, રામ સ્વરૂપ, નારાયદાસ, તથા મેહબુબશાહ, આ ત્રણ સક્ષોએ પોતાને હાથે જુદા જુદા જુલમો કર્યા હતા. અને એક હંગામાનો ગુન્હો પરીપુર્ણ થઇ રહ્યો હતો. તે ગુન્હાથી અલગ રીતે, માહા વ્યથા, તથા સાદી વ્યથાના નીરાલા ગુન્હાઓ, પેહેલા જુલમોને અંતે થયા હતા. પી. કો.ની ૩૨૫ મી કલમ માંહેલા ગુન્હાની કાયદેસર જવાબદારી સ્થાપીત કરવાસારૂ, હંગામો થયાની વાત એ પુરાવાનો અગત્યનો ભાગ નથી. અને આટલીજ બાબતથી રામપરતાપનો મુકરદમો (ઇ.૬અ. ૧૨૧) સાફ રીતે ઉઘાડો પડી રહેછે. રામ સ્વરૂપ, નારાયણદાસ, તથા માહબુબશા, પી. કો.ની ૧૪૭મી તથા ૩૨૫મી કલમો પ્રમાણે જુદી જુદી સજાને પાત્ર છે, એવું ઠરાવતાં અમે કોઈ રીતે રામ સ્વરૂપના મુકરદમાના ઠરાવમાં કોઇ જાતની ઊથલ પાથલ કરતા નથી. માટે લખી મોકલનાર જડજ જસ્ટીસને તે પ્રમાણે જવાબ લખવો.

જસ્ટીસ બ્રોડ હર્સ્ટ સ્ટ્રેટનો ઠરાવ.

ફુલબેંચ તરફથી લખાઇ આવેલો શવાલ એટલોજ છે કે, ક્રી. પી. કો.ની ૧૪૭ મી તથા ૩૨૫મી કલમો માંહેલા ગુન્હાઓને માટે જુદી જુદી સજા કાયદેસર છે કે કેમ?

જે જસ્ટીસસ્ટ્રેટે આ રેફરંસ કર્યુંછે, તેનો એવો અભીપ્રાય છે કે, જે મુકરદમો તેની પાસે ચાલ્યો હતો, તેમાં ઉપર કહેવાઇ ગયેલી બંને કલમોના ગુન્હાઓ વાસ્તે, જુદી જુદી સજા કરવી એ કાયદા વિરૂધ્ધ છે. તેણે એવા મતલબથી, આ કામનો પુરાવો જોતાં જણાય છે કે, ત્રણ સક્ષોએ પોતે જુદા જુદા જુલમો કરીને માહા વ્યથા, અથવા વ્યથાના નીરાલા નીરાલા ગુન્હાઓ કર્યા. અને એક હંગામાનો ગુન્હો પુરો થઇ રહ્યો હતો, તે ગુન્હાથી આ ગુન્હાઓ અલગ રીતે તથા સ્વતંત્ર રીતે થયા હતા. માટે ક્રી. પી. કો. ની ૩૨૫ મી કલમ માંહેલા ગુન્હાની કાયદેસર જવાબદારી સ્થાપીત કરવા સારૂ હંગામો થયાની વાત, એ પુરાવાનો અગત્યનો ભાગ નથી. માહારાણી કેસરે હીંદ વિ. રામ પરતાપ (ઇ.૬ અ. ૧૨૧) ના મુકરદમાનો ફરક બતાવ્યો.

બ્રાડહર્સ્ટ જસ્ટીસનો ઠરાવ.

પુરાવા ઉપરથીતો જણાયછે કે, ત્રણ બંધુવાઓમાંથી માત્ર એકજ બંધવે પોતાને હાથે, માહા વ્યથા કરી હતી, અને બાકીનાંઓનેતો વાજબી રીતે તો ફકત. ક્રી. પી. કો. ની ૧૪૯મી કલમના બંધારણ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય; પરંતુ ક્રી.પી.કો.ની.૧૪૭ તથા ૩૨૫મી કલમોના ગુન્હા વાસ્તે, જુદી જુદી જે સજાઓ કરીછે, તે ગેરવાજબી નથી. માહારાણી કેસરે હીંદ. વિ. ડુંગરશીંહ (ઈ. ૭ અ ૨૯) મંજુર રાખવામાં આવ્યો.

વળી ક્રીમીનલ પ્રોસીજરની ૩૨૫ મી કલમનું ग દ્રષ્ટાંત, હંગામાનો ગુન્હો કર્યા ઉપરાંત, જે શક્ષે, પોતાના હાથેવતી બુદ્ધી પુર્વક માહા વ્યથા કરી હોય, તથા હંગામો દબાવી દેવામાં જે સરકારી નોકર કામે લાગ્યો હોય, તેને વ્યથા કરી હોય, તેનેજ ક્રીમીનલ પ્રોસીજરકોડની ૨૩૫મી કલમનું ग દ્રષ્ટાંત લાગુ પડેછે. અને જ્યારે ૧૪૯મી કલમના બંધારણ મુજબ ગુન્હાના ઠરાવો કર્યા હોય, તેનીજ સાથે ખાસ રીતે મજકુર દ્રષ્ટાંતના અપરાધીપણામાં ઠરાવો નીસબત રાખેછે. રેફરંસમાં સવાલ કર્યોછે કે આ અદાલતે બે મુકરદમાઓમાં (માહારાણી કેસરે હીંદ વિ. રામ પરતાપ(ઈ.૬ અ.૧૨૧) માહારાણી કેસરે હિંદ

વિ. ડુંગરસિંહ (ઇ.૭ અ ૨૯) તેના સવાલના સંબંધમાં જુદા જુદા મતો આપ્યા છે. અને વખતે તેથી નીચલી અદાલતો, એક બીજાથી જુદા ઠરાવો હોવાને લીધે ગડબડ થવા સંભવ છે. જસ્ટીસ મામદ તથા ડ્યુથોઇટે માહારાણી કેસરે હીંદ. વિ. પેરસેદના (ઇ. ૭ અ ૪૧૪) કામમાં ચાર સવાલો ફુલબેંચમાં લખી મોકલ્યા હતા; તેમાંના એક સવાલ જેવો આ સવાલ છે. એ મુકરદમાની તકરાર ગયા જાનેવારીમાં ફુલબેંચ પાસે ચાલી હતી; પરંતુ અભાગ્યને લીધે વધુ જડજનો એવો મત થયો કે, આ ચોકસ સવાલનો વિચાર કરવાનું જરૂર નથી.

આ મુકરદમાની દલીલ જ્યારે ફુલબેંચે સાંભળી ત્યારે, અરજદારોના વીદ્વાન વકીલોને બેંચ તરફથી કહેવામાં આવ્યું કે, અમારો સઘળાનો મત થયોછે કે, આ મુકરદમાના પ્રસંગમાં અપેલેન્ટોને વાજબી રીતે ગુન્હેગાર ઠરાવી, તેઓને હી. પી. કો. ની ૧૪૭ મી તથા ૩૨૫મી કલમો પ્રમાણે વાજબી સજા થઇછે, એટલે આ પ્રસંગે વધુ કાંઇ ઠરાવ કરવામાં આવશે નહીં. અને તેથી કાયદાની જે બાબતો, ઉપર કહેલા બે ઠરાવોમાં લખેલી છે, અને જેના વીશે કોઇ રીતનો મતફેર જણાયો નથી, તે બાબતોની પુરી રીતે તકરાર થઈ નથી.

આ મુકરદમાનો ઠરાવ ભાઇ જસ્ટીસસ્ટ્રેટે લખ્યો છે. અને મને એવી ખબર મળી છે કે, આપણા બીજા વીદ્વાન ભાઈઓ મળતા આવ્યા છે. રામસરૂપ, નારાયણદાસ, તથા મહબુબશાહમાંથી પ્રત્યેક જણ. હી. પી કો.ની ૧૪૭મી તથા ૩૨૫મી કલમો મુજબ જુદી જુદી સજાને લાયક છે. એ ઠરાવને હું મળુંછું; પરંતુ જે આધારો ઉપર ઇતબાર રાખીને માહારા નામદાર બંધુઓએ ઠરાવ કર્યોછે, તેનાથી તમામ જુદાજ આધારો ઉપર ઇતબાર રાખી મળતો આવુંછું.

વળી મેં પુરાવા ઉપર પણ નજર કરીછે, અને તેમાંથી મને જણાય છે કે, માત્ર એકજ સક્ષને એટલે દયારામને મહા વ્યથા થઈછે, અને તે ઈજા લાકડીના મારથી જમણા પોંચાના હાડકાંઓમાંથી એક હાડકુ ભાંગ્યું છે, તેથી સંભવે એવુંછે કે તોહોમતવાળા શક્ષોમાંથી ફકત એકજ જણે પોતાના હાથથી મહા વ્યથા કરી હશે, તેથી હી. પી. કો. ની ૧૪૯મીમાં જે નિયમ બાંધ્યોછે, તે વગર આ ત્રણે સક્ષોને વાજબી રીતે એ ગુન્હાના અપરાધી ઠરાવી શકાય નહીં.

આશરે લાકડીવાળા હથીયારબંધ ૫૦—૬૦ માણસોની સાથે તોહોમતવાળાઓ મોજે બેહેરી ગયા હતા, એનો પુષ્કળ પુરાવો છે. સદરહુ ગામની અમીનની અદાલતથી જો તે ગામમાં કેટલાક ચોકસ ભાગનો કબજો તેના ગીરાશીયા પાસેથી ન મળેતો, તે ગરાશીયાઓને સાપેરાધ બળ વાપરીને, અથવા સાપ્રાધબળ વાપરવાનો દેખાડો કરીને લેઈ લેવો, એ સદરહુ લોકોનો સામાન્ય હેતુ હતો.

હંગામો થશે એવી અમીનને બીક હતી, તે છતાં તેઓ મજકુર ગામે એકઠા થયા. અને જ્યારે અમીન, હુકમનામાના દેણદારને કબજો આપી શકયો નહીં ત્યારે ત્યાંથી ચાલ્યો ગયો, પણ પેહેલા આદમીઓ ત્યાં રોકાયા હતા. સાફ રીતે સાબીત થયું છે કે બંધવાઓ એક ગેરકાયદેસર મંડળીના અંગભુતો હતા, અને તેઓ દરેક જણ, હી.પી. કો. ની ૧૪૩મી કલમ પ્રમાણે તેમાંથી ગમે તે પ્રકારની છ માસ સુધીની કેદ, અથવા દંડની અથવા બંનેની સજાઓને લાયક થયા છે. વળી તેઓ આ ગુન્હો કરી અટકી રહ્યા નથી; અને જ્યારે

તેઓ હુમલો કરવા સારૂ આગળ વધ્યા ત્યારે, તેઓ ગેરકાયદેસર મંડળીના અંગભુત હોવા વાસ્તે નહીં, પરંતુ તેના કરતાં જે વધારે ભારે ગુન્હો ૧૪૭ મી કલમ માંહેલો હંગામાનો છે, તે ગુન્હા વાસ્તે તેઓને વાજબી સજા થઇ છે. આ ગુન્હા માટે ઘણામાં ઘણી સજા બેમાંથી ગમે તે પ્રકારની બે વરસ સુધીની કેદની, અથવા દંડની, અથવા બંનેનીછે. ૧૪૬ મી કલમમાં હંગામાની વ્યાખ્યા આપીછે, તેના તેઓ નીચેની રીતે અપરાધી થયા છે. એટલે કે જ્યારે તેઓ ગેર કાયદેસર મંડળીના અંગભુતો હતા, ત્યારે તેઓમાંથી એક જણે એટલે નારાયણદાસે, બેલી ગેરકાયદેસર મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં, ગરાશીયાના કામદારને માથા ઉપર એક લાકડીનો ઘા માર્યો; જેથી તેણે તેને બુદ્ધી પૂર્વક વ્યથા કરી. તે ઉપરથી તે ગેર કાયદેસર મંડળીનો દરેક અંગભુત, હંગામાનો ગુન્હેગાર, બની ઉપર કહેલી સજાઓને લાયક થયો. તે હંગામો કરતાં, સદાનંદ નામના કોઈ બીજા સક્ષને માહા વ્યથા થઇ. પી. કો. ની ૧૪૦ મી કલમના બંધારણ પ્રમાણે બંધવાઓ જેઓ ગેર કાયદેસર મંડળીના અંગભુતો હતા, તેઓ હંગામાના, બુધી પુર્વક વ્યથા કર્યાના, તથા બુદ્ધી પુર્વક મહા વ્યથા કર્યાના તકશીરવાન થયા. ઉપરા ઉપર કામો સકળાઇ જઈ, તેમાંથી એક આખો મામલો; મચ્યો તેની અંદર આ ત્રણે ગુન્હાઓ થયા, માટે ૧૮૮૨ ના દસમા આકટની ૨૩૫ મી કલમનાં બંધનો પ્રમાણે બંધવાઓનો, એકજ ઈનસાફના કામમાં એ બધા ગુન્હાઓમાંથી પ્રત્યેક ગુન્હા વાસ્તે ઇનસાફ કર્યો છે. ૨૩૫ મી કલમના ग દ્રષ્ટાંતમાં જે બતાવ્યું છે તે પ્રમાણે જુદાં જુદાં તોહોમતો રાખી તેઓને ઉપર કહેલા ત્રણે ગુન્હાઓના અપરાધી ઠરાવવા હોય તો ઠરાવી શકાય છે; અને જ્યારે ૧૮૭૨ નો દસમો આકટ અમલમાં હતો ત્યારે તે સક્ષો એકલાને અપરાધી ઠરાવવા હોત તો ઠરાવી શકાત એટલુંજ નહીં, પણ સજાએ થઇ શકત, એ વાત આ અભીપ્રાયની શરૂઆતમાં જે બે ફેસલાઓ લખ્યા છે તેમાંથી છેલા ફેસલા ઉપરથી બે ધડક જણાઇ આવેછે.

જે સક્ષો હંગામાનો ગુન્હો કર્યા ઉપરાંત, પોતાને હાથે બુદ્ધી પુર્વક મહા વ્યથાનો વધારાનો ગુન્હો કરે, તથા હંગામો દાબી દેવાને જે સરકારી નોકર કામે લાગે તેને વ્યથા કરે તે સક્ષોનેજ ફકત ક્રીમીનલ પ્રોસીજર કોડની ૨૩૫ મી કલમનું ग દ્રષ્ટાંત લાગુ પડેછે;

આ મુકરદમાની સુનાવણી વખ્તે માહારા વીદ્વાન બંધુએ વિચાર દેખાડયો હતો તે.

અસાધારણ બનાવોમાંથી નહીં, પણ સાધારણ બનાવોમાંથી દ્રષ્ટાંતો મળે છે, અને એતો અત્યંત અસંભવીત છેકે, હંગામો કરનારાઓમાંના સાતે જણાઓ પોતપોતાને હાથે કરી મહા વ્યથા કરે, અને વળી હંગામો દાબી દેવામાં જે સરકારી નોકર કામે લાગ્યો હોય તેને જઇને વ્યથા કરે; પરંતુ હંગામો કરનારા સાત જણાઓમાંથી એક જણ ઉપર કહેલા બંને ગુન્હાઓ કરે એ વાત અશક્ય નથી; અને માહારો એવો મત છે કે, ડી. પી. કો. ની ૧૪૭, ૩૨૫, તથા ૧૫૨ મી કલમોના ગુન્હાઓના ગુન્હાહીતપણા વીશે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫ મીના ग દ્રષ્ટાંતમાં લખ્યું છે, તે ખાસ રીતે. પી. કો. ની. ૧૪૯ મી કલમના ગુન્હાના ગુન્હાહીતપણાને લાગુ પડે છે.

ઉપર જે કારણો મેં લખ્યાં છે, તથા માહારાણી. વિ. ડુંગરસિંહના (ઇ. ૭ અ. ૨૯) કામના ઠરાવમાં જે કારણો દેખાડયાં છે, તે પ્રમાણે આ લખાણનો માહારા તરફથી એવો જવાબ છે કે, આ કામમાં ડી. પી. કો. ની ૧૪૭ મી તથા ૩૨૫ મી કલમોના ગુન્હાઓ વાસ્તે જુદી જુદી સજા કરી છે તે કાયદા વિરૂદ્ધ નથી.

ચંદ્રકંથ ભટાચારજી વિ. માહારાણી કેસરેહીંદ.

૭૧
———
૧૨
તા. ૧૧-૧૨-૮૫
ઈ. ૧૨-કે. ૪૯૫
હંગામો કરીને
વ્યપા કરવી ને ત
ઉપરાંત સરકારી
નોકર ઉપર હુમલો
કરવો એ નહીં ઈ-
લાયદા ગુન્હાછે.

गेर कायदेसर मंडळी थइ, तेमां तोहोमतवाळा चार जणोओ उपर ते मंडळीना अंगभुत होवानुं आरोप आव्युं हतुं. ए मंडळीना सामान्य हेतु, कोइ एक कायदेसर थयेला हुकमनी सामे थवानो हतो. मजकुर हुकम एक दीवानी कोर्टना पटावाळा जोगनो, कोइ एक हुकमनामाना देणदारने पकडवानो हतो. ए देणदारने ओळखवा सारु अ तथा ब ने पोताना भेगा राखी, ए पटावाळो पकडवाना वारंट शीके पकडवा गयो. वळी तेओना उपर बीजुं एवुं तहोमत हतुं के, तेओए दीवानी कोर्टना पटावाळा उपर एक हुमलो करीने, तथा अ उपर भयंकर हाथियार लेइ बीजो हुलमो करीने, सामान्य हेतुं पार पाडवामां जोर जुलम कर्या. डेप्युटी माजीस्ट्रेटे सघळा तहोमतदारोने. पी. को. नी १४७ मी तथा ३५३ मी कलमो मांहेला गुन्हाना अपराधी ठरावी, तेओने प्रथमनी कलमना गुन्हा वास्ते छ, छ, मासनी, तथा बीजी कलमना गुन्हा वास्ते बबे मासनी सख्त केदनी सजा करी. अ उपर हुमलो कर्या वास्ते मजकुर बंधवाओमांथी एक जणने ३३४ मी कलमना गुन्हानो अपराधी ठरावी, तेने एक मासनी वधु केदनी सजा करी. अने ते साथे एवो हुकम कर्यो के, प्रथमनी सजा भोगवी छुटया पछी पछवाडानी भोगववी.

ठराव्युं के अ ऊपर हुमलो थता हंगामानो गुन्हो पुरो थायछे; अने पटावाळा उपर हुमलो थवाथी क्रीमीनल प्रोसीजर कोडनी २३५ मी कलमनी पेहेली रकम प्रमाणे एक वधारानो गुन्हो थायछे.

वळी ठराव्युं के कदी जो अ ना उपर हुमलो थयो न हततो, हंगामो, तथा पटावाळा उपर हुमलो कर्याना गुन्हाओ वास्ते करेली सजा कायदेसर छे, केमके बंधवाओनां कृत्योने प्रथक प्रथक लेतां, पी. को. नी १४३ मी तथा ३५३ मी कलम मांहेला गुन्हाओ बनेछे; अने समग्र रीते लेतां १४७ मी कलम मांहेलो गुन्हो बनेछे; अने क्रीमीनल प्रोसीजरनी कलम २३५ मीनी त्रीजी रकम प्रमाणे, एकज इनसाफना काममां बंधवाओ उपर १४७ मी कलमना, तथा १४३ अने ३५३ मी कलमोना गुन्हाना आरोप राखी शकायछे; अने तेथी ते प्रत्येक गु-

न्हाना गुन्हेगार ठरावी शकायछे. अने जो सने १८८२ ना आकट आ-ठमानी कलम चोथीथी पी.को. नी ७१ मी कलम सुधरीछे, तेमां सजा करवानी जे हद ठरावीछे, ते हदनी अंदर तेओने सजा थइ शकेछे. चालता काममां ए हद चातरवामां आवी नथी.

આ મુકરદમાની હકીકત નીચે પ્રમાણે છે.

કોઇ દીવાની કોર્ટનો પટાવાળો રામદયાળ, કોઇ એક હુકમનામાના દેણદાર કાશીચંદ્ર ભટાચારજીને પોતા પાસેના વારંટની રૂએ પકડવા સારૂ તેને ઘેર ગયો. તે પોતા સાથે અબાસમીરધા, તથા લાલમામદને તેડી ગયો હતો. એવું કહેવામાં આવ્યું છે કે, કાશીચંદ્રને પકડયા પછી, ચંદ્રકંથ ભટાચારજી, સોચી ભટાચારજી, કાળી પ્રસન મુકરજી, તથા મોહીનીવાશી મંડળ, જે આ કામના તહોમતદારો છે, તેઓ લાકડીઓ તથા ખુરપીઓ લેઈને આવ્યા. કાશીચંદ્રને પટાવાળા પાસેથી છોડાવ્યો; છોડાવવામાં તેઓએ પટાવાળા ઉપર હુમલો કર્યો. અબાસમીરધા અને, લાલમામદ, સદરહુ હુકમનામાના દેણદારને ઓળખાવવા સારૂ પટાવાળા ભેગા આવ્યા હતા; અને તહોમતવાળાઓ કાશીચંદ્રને છોડાવતા હતા, તેમાં આ બંને જણાઓએ અટકાયત કીધી, એટલામાં અબાસ મીરધા ઉપર હુમલો કરી તેને જખમ કર્યો, અને લાલ મામદને પણ માર માર્યો.

બંધવા તરફથી બચાવ કરવામાં આવ્યો છેકે, કાશીચંદ્રને પકડવાને બદલે ચંદ્રકંથને પકડયો હતો; અને એ પટાવાળા પાસે છુટો થઈ પોતાના ઘરમાં પેસતો હતો, એટલામાં મજકુર પટાવાળો તથા બીજા ઘણાક જણો, તેની પછવાડે દોડયા; અને તેને ઘરમાંથી ઢરડીને બાહાર કાઢયો. અને જ્યારે એ પટાવાળાને તથા તેની સાથેનાં માણસોને પોતાની ભુલ જડી ત્યાં સુધી, તેઓએ તેને છોડયો નહોતો.

આ બચાવ ઉપર ડેપ્યુટી માજીસ્ટ્રેટને વિશ્વાસ ન આવતાં, તેને જણાયું કે બંધવાઓ એક ગેરકાયદેસર મંડળીના અંગભુતો હતા; અને કાશીચંદ્રને પકડવામાં કાયદેસર હુકમની બજાવણી થતી હતી, તેમાં સામા થવા સારૂ તે મંડળી ભેગી થઇ હતી. અને તે મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં, મજકુર ગેરકાયદેસર મંડળીએ જોર જુલમ કર્યા હતા. વળી તેને જણાયું કે, પટાવાળો મજકુર દેણદારને પકડવામાં કામે લાગ્યો હતો, એટલામાં બંધવાઓ તેની સામા થયાં હતા. આવી બીના જણાતાં, તેણે બધા તહોમતદારોને પી. કો. ૧૪૭ તથા ૩૫૩ મીનાં ગુન્હાંના અપરાધી ઠરાવ્યા; અને તેઓને ૧૪૭ મીના ગુન્હા વાસ્તે છ, છ, માસની, તથા ૩૫૩ મીના ગુન્હા વાસ્તે બબે માસની સખ્ત કેદની સજા કરી. વળી તેમાંથી શોશી ભટાચારજીને. પી. કો. ની ૩૨૪ મી કલમ માહેલા અબાસને વ્યથા કર્યાના ગુન્હા વાસ્તે અપરાધી ઠરાવી, તેને એક માસની સખત કેદની સજા કરી. ડેપ્યુટી માજીસ્ટ્રેટે વધુ એવો હુકમ કર્યો કે, એક સજા ભોગવી રહ્યા પછી બીજી સજા ભોગવવી.

આ ઠરાવો અને સજાઓ સામે બંધવાઓએ સેસન જડજને અપીલ કરી; પરંતુ

સેસન જડજે નીચલી કોર્ટનો ઠરાવ બહાલ રાખ્યો, અને કરેલી સજા બહુ સખત નથી એવો વિચાર કરી તેઓની અપીલ તેણે ના મંજુર કરી. કામના કાગળીઆ મગાવી ઠરાવ સુધારવાનો હાઈકોર્ટને અધિકાર છે. તે અધિકાર વાપરવા સારૂ બંધવાઓએ હાઈકોર્ટને અરજી કરી, અને તેમાં એવાં કારણો લખ્યાં કે પી. કો. ની ૩૫૩ મી તેમજ ૧૪૭ મી કલમ પ્રમાણે ઠરાવ અને સજા ટકી શકે એવાં નથી.

અરજદારો તરફથી બાબુ અંબીકા ચરણ બોશ.

સામાવાળા તરફથી કોઇ હાજર નોતું.

જસ્ટીસ મિત્ર તથા બીવરલીએ આપેલો ઠરાવ—

૩૫૩ મી તેમજ ૧૪૭ મી કલમો પ્રમાણે, સજા તથા ઠરાવ કર્યા છે તે ટકી શકે છેકે નહીં, એ નકી કરવા સારૂ આ કામનું દફતર મંગાવ્યું હતું.

અમારી હજુરમાં એવો વાંધો લેવાયો છે કે, હી. પી. કો. ની ૧૪૬ મી કલમની વાખ્યા પ્રમાણે, હંગામાના ગુન્હામાં જોર જુલમ થવો જોઇએ. તેથી એકજ જોર જુલમ વાપરવાથી બંધવાઓને ૩૫૩ મી કલમના ગુન્હા વાસ્તે જુદી સજા થઇ શકતી નથી.

બંને નીચલી કોર્ટોને જે હકીકત જણાઈ છે, તે એ છે કે, કોઈ દીવાની કોર્ટનો પટાવાળો રામદયાળ, આબાસ મીરધા, તથા લાલમામદને સાથે લઈને એક કાશીચંદ્ર ભટાચારજીને પકડવા ગયો. બંધવાઓ પકડવાના હુકમની સામે થયા, અને પટાવાળા તથા આબાસ મીરધા એ બંનેના ઉપર રકઝકની અંદર હુમલો થયો. સદરહુ ચારે બંધવાઓને હી. પી. કો. ની ૧૪૭ મી તથા ૩૫૩ મી કલમો માંહેલા ગુન્હાના અપરાધી ઠરાવી, તેઓને દરેક જણને પ્રત્યેક ગુન્હા માટે જુદી જુદી સજા કરી. તેમાંથી વળી સુસી ભુષણ ભટાચારજીને હી. પી. કો. ૩૨૪ કલમ પ્રમાણે, આબાસને વ્યથા કર્યા સારૂ અપરાધી ઠરાવી તેને તે ગુન્હા બદલ વધુ સજા કરી.

નીચલી અદાલતને જણાયું કે, પટાવાળા તથા અબાસ એ બંનેના ઉપર જોર જુલમ થયાં હતાં. તેથી અને સાફ જણાય છે કે, આ બંને જણાઓમાંથી એકના ઉપર ગેરકાયદેસર મંડળીના હરકોઇ અંગભુત તરફ જોર જુલમ થવાથી, હંગામાનો ગુન્હો થવા સારૂ બસ થાયછે તો હવે સાબીત થાયછે કે, "અબાસ" ઉપર હુમલો કરવાથી હંગામાનો ગુન્હો પરીપુર્ણ થાય છે. અને પટાવાળા ઉપર હુમલો કરવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની ૨૩૫ મી કલમની પેહેલી રકમ પ્રમાણે એક વધુ ગુન્હો થાય છે.

પરંતુ અમારી પાસે એવી ગણતરી કરી, દલીલ કરવામાં આવી છેકે, જે જોર બળ પટાવાળા ઉપર વાપર્યું, તેજ બળથી હંગામાનો ગુન્હો થયો; અને એના એ બળમો ઉપયોગ કરતાં બંધવાઓ વાજબી રીતે બીજી કલમના ગુન્હાના અપરાધી ઠરી, બીજી સજાને પાત્ર થઇ શકતા નથી.

કાયદાનો આવો અર્થ કરવામાં ભુલ છે, એમ અમો ધારીયે છીએ; ધારો કે અબાસ ઉપર હુમલો નોતો થયો, તોપણ પટાવાળા ઉપર હુમલો થવાથી કરેલ ઠરાવ અને સજા કાયદેસર છે. અને ક્રીમીનલ પ્રોસીજર કોડની ૨૩૫ મી કલમની ત્રીજી રકમ પ્રમા-

ણે બાહાલ રાખવાં જોઈએ. તે આખી કલમ નીચે પ્રમાણે છે.—

(૧) કેટલાંએક કૃત્યોનો એક બીજા સાથે એવો સંબંધ હોય કે, તેથી તે કૃત્યો મળીને એકજ કામ થાય, તેવાં કૃત્યો કરવામાંજ એકજ સખ્સે એક કરતાં વત્તા ગુન્હા કર્યા હોય, તો એવા દર એક ગુન્હાનું તહોમત તે સખસની ઉપર મુકીને, તે બાબત તેનો ઇનસાફ એકજ વખતે કરવાનો અધિકાર છે.

(૨) જે કૃત્યો કર્યાનું કહેવામાં આવતું હોય તે કૃત્યો મળીને એક ગુન્હો થાય, અને જે કોઇ ચાલુ કાયદામાં ગુન્હાઓની વ્યાખ્યા અથવા શિક્ષા કહેલી હોય, તે કાયદાની બે અથવા જુદી જુદી વ્યાખ્યા તે ગુન્હાને લાગુ હોય, તો જે સખસની ઉપર તે કૃત્યોનું તહોમત આવ્યું હોય તે સખસની ઉપર સદરહુ ગુન્હાઓમાંના દરેક ગુન્હાઓનું તહોમત મુકીને, તે બાબત તેનો એકજ વખ્તે ઈનસાફ કરવાનો અધિકાર છે.

(૩) જે કૃત્યોમાંનું એક અથવા એક કરતાં વધારે કૃત્ય જાતેજ કાંઇ ગુન્હો થાય, તેવાં કેટલાંએક કૃત્યોને જ્યારે એકઠાં કરવામાં આવે ત્યારે કાંઈ જુદોજ ગુન્હો થાય, તો જે સખસની ઉપર તે કૃત્યોનું તોહોમત આપ્યું હોય, તે સખસની ઉપર જે કૃત્યો એકઠાં કરવાથી થતો હોય, તે ગુન્હાનું અથવા જે ગુન્હો સદરહુ કૃત્યોમાંના એક અથવા વધારે કૃત્યથી થતો હોય, તે ગુન્હાનું તહોમત મુકીને તે બાબત તેનો એકજ વખ્તે ઇનસાફ કરવાનો અધિકાર છે.

આ કલમના કોઇપણ મચકુરથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૭૧ મી કલમને બાધ આવશે નહીં.

ચાલતા કામમાં અમે જોઈયે છીએ તો બંધવાઓનાં કૃત્યોથી, હી. પી. કો. ની ૧૪૩ મી તથા ૩૫૩ મી માંહેલા જુદા જુદા ગુન્હાઓ થાયછે; અને તે કૃત્યો જ્યારે સામટાં લેઇએ ત્યારે ૧૪૭ મી કલમનો એકજ ગુન્હો થાય છે. તેથી એ કલમની ત્રીજી રકમ મુજબ, એકજ ઈનસાફના કામમાં ૧૪૭ મી તથા ૧૪૩ અને ૩૫૩ મી કલમોના ગુન્હાનાં તહોમતો રાખી, બંધવાઓનો ઇનસાફ થઈ શકેછે. તો હવે સાબીત થાયછે કે, આ પ્રત્યેક ગુન્હાઓ વાસ્તે તેઓને અપરાધી ઠરીવી જુદી જુદી સજા થઇ શકેછે.

૩૫૩ મી કલમના છેવટ ભાગમાં લખ્યુંછે કે, "આ કલમના કોઈપણ મજકુરથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની ૭૧ મી કલમને બાધ આવશે નહીં."

અને એ ૭૧ મી કલમ જે ૧૮૮૨ ના આઠમા આક્ટની ચોથી કલમથી સુધારીછે, તે તરફ નજર કરતાં તેમાં લખ્યુંછે કે, ક્રીમીનલ પ્રોસીજર કોડની ૨૩૫ મીની ત્રીજી રકમમાં આવી શકે એવા મુકરદમાઓમાં, "ગુન્હેગારનો ઇનસાફ કરનારી કોર્ટ સદરહુ ગુન્હાઓ પૈકી કોઈપણ એક ગુન્હા બદલ જેટલી શીક્ષા કરી શકતી હોય, તે કરતાં વધારે શિક્ષા તે ગુન્હેગારને કરવી નહીં."

હવે હી. પી. કો. ની ૧૪૭ મી તથા ૩૫૩ મી માંહેલા ગુન્હાઓને વાસ્તે, એકંદર સજા માત્ર આઠ માસની છે; જેને માટે ફક્ત ૧૪૭ મી કલમના ગુન્હા વાસ્તે, ડેપ્યુટી માજીસ્ટ્રેટ બે વર્ષની સજા આપવાનું ધાર્યું હત તો આપી શકત.

તેથી જે સજાઓ કરવામાં આવી છે, તેમાં જરાએ ગેરકાયદેસર થયું નથી.

મહારાણી કેસરેહીંદ. વિ. પીરમાંમદ.

बंधवो एक हेड कांस्टेबल हतो. ते ही. पी. को. नी २११ मी तथा १९३ मी कलमो मांहेला गुन्हाओनो अपराधी ठर्यो हतो. अने सेसन जडज्ने प्रत्येक गुन्हा माटे त्रण त्रण मासनी आसान केदनी सजा करी. बंधवानी आगली वर्तणुक नजरमां राखी एवो हुकम कर्यो के, आ सजाओ एकी वख्ते भोगववी.

૭૧/૧૩ તા: ૧૦–૧૨–૮૫ ઈ. ૧૦–મું–૨૫૪ કોઈના ઉપર ખોટી ફરીયાદ માં ડવામાં ખોટી જુબાની આપવી એ બે જુદા જુદા ગુન્હાછે. માટે તે બંને ગુન્હાની જુદી જુદી સજા થઈ શકેછે.

ठराव्युं के—आ सजाओ अपुरती तथा कायदा विरुद्ध छे.

ते उपरथी प्रत्येक गुन्हानी सजामां वधारो करी, त्रण त्रण मासनी सखत केदनी सजा करी. अने ए बंने गुन्हाओ, नीराळा होवाथी हाइकोर्टे हुकम कर्यो के, एक सजा पुरी थया बाद बीजी सजा बंधवाए भोगववी.

राणी. वि. अब्दुल अजीजना (७ वीकली रीपोरटर ५९) मुकरदमा प्रमाणे अमल करवामां आव्यो.

આ કામનો બંધવો, સુરતની પોલીસની ફોજમાં એક બીજા વર્ગનો હેડ કાંસ્ટેબલ હતો. સુરતના એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટની અદાલતમાં કોઇ મેરવાનજી હોરમસજી ઉપર જુગટું રમાન્યું તહોમત રાખી, તેણે એક ફોજદારી ફરીયાદ કરી હતી. અને એ ફરીયાદ કરવા વાસ્તે વાજબી કીંવા કાયદેસર સબબો તેને હતા નહીં, એમ તેના જાણવામાં હતું. તેથી હી. પી. કો. ની ૨૧૧ મી કલમ માહેલા ગુન્હાનું તેના ઉપર તોહોમત આવ્યું હતું. સદરહુ ફરીયાદમાં તેણે ઈરાદા પુર્વક ખોટી જુબાની આપી કે, મજકુર મેરવાનજી બીજા પાંચ સક્ષો સારે જુગટું રમતો હતો. તે બાબતનું તેજ કાયદાની ૧૯૩ મી કલમ માંહેલા ગુન્હાનું તેના ઉપર બીજું તહોમત આવ્યું હતું. આ બંને તહોમતોનો સુરતના સેસન જડજે બંધવાને અપરાધી ઠરાવી, પ્રત્યેક ગુન્હાને માટે તેને ત્રણ ત્રણ માસની આસાન કેદની સજા કરી. આ ગુન્હાઓ બંધવે હદ ઉપરાંત હોંશથી પોતાની ફરજ બજાવવાની દરમીયાંન કર્યા હતા, એવું સેસન જડજને જણાતાં તેણે એવો હુકમ કર્યો હતો કે, આ સજાએ એકી વખતે તેણે ભોગવવી.

બંધવે હાઇકોર્ટમાં અપીલ કરી; પરંતુ તે સજા અને ઠરાવ હાઇકોર્ટે બહાલ રાખ્યાં. પણ તેમને જણાયું કે, આપેલી સજા અપુરતી છે. તેથી તેમાં શા સારૂ વધારો ન કરવો, તે બાબતનું કાંઇ કારણ હોય તો તે કારણ બતાવવાં બંધવા ઉપર હુકમ કાઢ્યો.

બંધવા તરફથી શામરામ વીઠલ ફરીયાદી હોરમસજી સામે ફોજદારી ફરીયાદ માંડવામાં બંધવો દવેશ ભાવથી ઉશકેરાયો નહોતો, એમ સેસન જડજને જણાયું છે. તેણે સુધ બુદ્ધિથી કામ કરેલું હતું. અને જો તેમાં તેણે કંઈ ભુલ કરીછે તો તે ભુલ, પોતાનું

કામ હદ ઉપરાંત હોંશથી બજાવતાં થઈ છે. તેની વર્તણુંક તથા તેની નોકરીની મુદતનો વિચાર કરીને નીચલી કોર્ટે રહેમ ભરેલી સજા કરી છે, તેમાં કશુંએ ખોટું થયું નથી. અલબતે હી. પી. કો. ની. ૨૧૧ મી તથા ૧૯૩ મી કલમો માહેલા ગુન્હાઓ નીરાળાછે; પણ તેઓનો જન્મ એકજ માંમલામાંથી થયો છે, માટે એજ કાયદાની ૭૧ મી કલમ પ્રમાણે સજા થવી જોઈએ. મહારાણી. વિ. રામ પરતાપ (ઈ. ૬ અ. ૧૨૧)ના કામમાં એવું ઠરાવ્યું છેકે, "જે ગેર કાયદેસર મંડળીમાંથી કેટલાક અંગભુતોએ મહા વ્યથા કરી હોય, તેના હરકોઈ અંગભુતને હંગામા તેમ મહા વ્યથા કર્યાના ગુન્હાઓ માટે કાયદેસર સજા થઈ શકતી નથી."

જસ્ટીસ બર્ડવુડનો ઠરાવ—

એક વિશ્વાસુ પોલીસ અમલદારની હદ ઉપરાંતની હાંશને લેઇને બંધવે ગુન્હો કર્યો હતો, એવા મતને અમે મળતા આવતા નથી. સેસન જડજ તથા આસેસરોને માલમ પડયું છે કે, બંધવે જાણી બુજીને ખોટી જુબાની આપી હતી. તેણે પોતાની જુબાની વિચાર કરીને, તથા દવેશ ભાવથી જુઠાણું કહેવાને આપી હતી. નીતીસર નોકરીની ફરજને આવી વર્તણુક છાજતી છે, એમ ગણવું ઘણુંજ ભયંકર છે. જે કારણોને લેઇને રહેમવાળી સજા થઇ શકે, તે કારણો માત્ર એજ છેકે બંધવો અપરાધી ઠરતાં, તેની નોકરીનો નાશ થાય છે, અને પેનશનનો હક તણાઈ જાય છે, તથા ગુન્હેગાર ઠરવાની પળ સુધી, પોલીસખાતામાં ઘણાં વરસોથી સારી ચાલે ચાલનારો છે. આ બધી હકીકત તરફ યોગ્ય ધ્યાન આપ્યા પછી સેસન જડજે ત્રણ માસની આસાન કેદની સજા આપી છે, તે લાયક છે, એવા સેસન જડજના મતને અમો મળતા આવતા નથી.

હી. પી. કો. ની ૨૧૧ મી તથા ૧૯૩ મી કલમો માંહેલા ગુન્હાઓ માટે, એક વખતે ભોગવવાની સજા સેસન જડજે આપીછે, તે કાયદેસર છે એમ પણ અમે ધારતા નથી. આ મુકરદમાનો સમાસ, પી. કો. ની ૭૧ મી કલમમાં થતો નથી. જુઓ રાણી. વિ. અબદુલ અઝીઝ (૭ વીકલી રીપોરટર ૫૯) ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૩૫ મી કલમ મુજબ ઉત્તરોતર સજા આપવી જોતી હતી; કેમકે તેજ કલમના અર્થ પ્રમાણે બંધવો બે જુદા જુદા ગુન્હાઓનો અપરાધી ઠર્યો હતો.

સેસન જડજે આસાન કેદની સજા આપીછે, તે બદલાવીને અમે સખત કેદની સજા કરીએ છૈયે; તથા તેની સાંથે એવો હુકમ કરીએ છૈયે કે, એક ટીપ પુરી થઇરહ્યા પછી બીજી ટીપ ભોગવવી.

માહારાણી કેસરેહિંદ. વિ. સખારામ ભાઉ.

૭૧
14
તા. ૨૫—૧—૮૬
૧૦ મું. ૪૯૩

ચોરી કરવાનાઈરાદાથી ઘર ફોડવું તથા તેમાંથી ચોરી કરવી એ બે એ-ખાતો જૂદા જૂદા

ही. पी. को. ५७ मी कलम मांहेला चोरी करवाना इरादाथी राते घर फोडवाना, तथा ३८० मी कलम-मांहेला घरमांथी चोरी करवाना, तथा तेज कलमो अनुसार सजा थइ शके एवा गुन्हाओ वास्ते, एक पेहेला वर्गना माजीस्रेटे, एकज इन-

साफनुं काम चलावी, बंधवाने गुन्हेगार ठराव्यो हतो. आ बंने गुन्हाओ अेकज मामलामां थया हता. एटले के, घर फोडवा पछवाडे चोरीनो गुन्हो थयो हतो. ४५७ मी कलमना गुन्हा वास्ते बे वरस सखत केदनी, अने ३८० कलमना गुन्हा वास्ते छ मास सखत केदनी, तथा सो रुपैया दंडनी, अने दंड न आपे तो बीजा त्रण मास सखत केदनी, एम सजा करवामां आवी हती. जे पेहेला वर्गना माजीस्त्रेटे, आ कामनो इनसाफ कर्यो हतो, तेने सजा करवानो जे अधिकार छे, तेना करतां आ बंने तोहोमतो, दीठ करेली सजानो सरवाळो, वधु पडतो थाय छे, एवो सबब लावी जील्ला माजीस्त्रेटे. आ काम हाइकोर्टमां लखी मोकल्युं हतुं. दरमीयान सेसन जडजने सां बंधवे अपील करी, अने तेना पण एज अभीप्राय थयो. तेथी तेणे सजामां घटाडो करी बे वरसनी सखत केदनी सजा राखी.

ગુન્હા છેકે, તે બંનેને એમાં કરતાં પીનલકોડની હરકોઇ કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે એવો કોઇ સંયુક્ત જૂદો ગુન્હો થતો નથી તેથી કોઇ પેહેલાનો મેજીસ્ત્રેટ પોતાની સાંમાન્ય હકુમત પ્રમાણે જ્યાંસુધીની કેદની સજા કરે ત્યાં સુધી તે ગેરવ્યાજબી નથી.

ठराव्युं के, बंधवे बे जुदा जुदा गुन्हा करेला छे, अने ज्यारे ते गुन्हाओ एकठा थाय, त्यारे पी.पी.को. नी हरकोइ कलम मुजब, सजा करवा लायक एक जुदो गुन्हो थतो नथी, माटे तेज कायदानी ७१ मी कलम आने लागु पडती नथी; अने इनसाफ करनार माजीस्त्रेटनो जे अधिकार छे, तेना बमणा अधिकार करतां, एकंदर थयेली सजा, वधु थती नथी. तेथी १८८२ ना १० आकटनी ३५ मी कलम अनुसार करेली सजा कायदाथी विरूद्ध नथी.

जस्टीस जारडीने मत आप्यो के १८७२ना दसमा आकटनी ४५४ मी कलममां सजा करवानां प्रमाणो वास्ते, जे नीयमो आप्या हता. ते नीयमो १८८२ ना आकटनी ३५ मी कलममांथी काढी नांख्यां, तो हवे ते नीयमो वीशे पी. को. नी ७१ मी तथा क्रीमीनल प्रोसीजर कोडनी ३५ मी कलममां शाधवुं जोइए,

રાણી. વિ. તુકીયા, (૧ મું. ૨૧૪) ના ફેંસલાનો તફાવત બતાવ્યો.

પુનાના જીલ્લા માજીસ્ત્રેટે, આ કામ ૧૮૮૨ના દસમા આકટની ૪૩૮ મી કલમ મુજબ લખી મોકલ્યું હતું.

તે રેફરંસની હકીકત એવી છે કે, ચોરી કરવાના ઈરાદાથી રાતે ઘર ફોડવાના, તથા ઘરમાંથી ચોરી કરવાના ગુન્હાઓ વાસ્તે, બંધવા સુખારામ ભાઉનો ઈનસાફ થઈ, તેને તે ગુન્હાઓનો અપરાધી ઠરાવવામાં આવ્યો હતો. આ બંને કામો એકજ મામલામાં કર્યા હતાં. એટલે કે ઘર ફોડવાની પછવાડે, ચોરી કરી હતી, પુના જીલ્લામાં ભાવલ તાલુકાના, એક પેહેલા વર્ગના માજીસ્ત્રેટે, તારીખ ૨૫ મી નવેંબર ૧૮૮૫ ને રોજ બંધવાને, ૫૫૭ મી કલમના ગુન્હા વાસ્તે, બે વરસની સખત કેદની, તથા ૩૮૦ મી કલમના ગુન્હા વાસ્તે, ૭ માસની સખત કેદની, તથા ૧૦૦ રૂપૈયા દંડની, અને દંડ ન આપે તો બીજા ત્રણ માસની સખત કેદની સજા કરી હતી.

રાણી. વિ. અનવરખાં, રાણી. વિ. ગોવીંદા, તથા રાણી. વિ. તુકીયા (ઇ. ૧ મું. ૨૧૪) ના કામોમાં, નામદાર મુંબઈ હાઇકોર્ટે જે ઠરાવ કર્યા છે, તે તરફ નજર કરતાં, જીલ્લા માજીસ્ત્રેટનો અભીપ્રાય થયો કે, બે તહોમતો દીઠ, સજા કરવામાં આવે, તેનો સરવાળો બે વરસની સજાથી વધવો જોઇએ નહીં.

તે ઉપરથી તેણે આ કેશ હાઈકોર્ટમાં રીફર કર્યો. (૧૮૮૨ ના આકટ દસમાની કલમ ૪૩૮ મી).

આ રેફરંસ હજુ થયું હતું એટલામાં, પુનાના સેસન જડજને ત્યાં આ કામની અપીલ થઈ. તેને જણાયું કે, પી. કો. ની ૭૧ મી કલમથી ઉલટી રીતે સજા થઇ છે, અને તે ગેરવાજબી છે; માટે તે સજામાં ઘટાડો કરીને, બે વરસની સખત કેદની સજા તેણે રાખી.

બે વરસની સખત કેદની સજા કરતાં, બંધવા સખારામને માજીસ્ત્રેટે કરેલી એકંદર સજા વધુ હોવાથી ગેરકાયદેસર છે, એવું અપીલમાં સેસન જડજે ઠરાવ્યું છે. તેના સંબંધમાં મોસુફ જડજને જણાવવું જોઇએ, એ વિચાર ભુલ ભરેલો છે. કેમકે હી. પી. કો. ની ૪૫૭ મી તથા ૩૮૦ મી કલમો માંહેલા ગુન્હાઓ ભેગા કરવામાં આવે તો, તેથી તેજ કાયદાની હરકોઈ કલમ અનુંસાર શિક્ષા કરવા લાયક એક જુદોજ ગુન્હો થતો નથી. તારીખ ૧૧ મી સને ૧૮૮૬ ના જાનેવારીની ૧૧ મી તારીખે સને ૧૮૮૫ના ફોજદારી રેફરંસ નંબર ૧૮૨ માં અમે જે ઠરાવ કર્યો હતો, તેની એક નકલ સેસન જડજને મોકલવી જોઇએ. માજીસ્ત્રેટે જે સજા કરી હતી, તે પાછી શું કરવા ન કાયમ રાખવી, તેનું કાંઈ કારણ હોય, તે બતાવવાનો બંધવાને હુકમ કરવો જોઈએ.

જસ્ટીસ જારડીનનો ઠરાવ.

માહારો ઉપર મુજબનો મતછે. ચોરી કરવાના ઇરાદાથી રાત્રે ઘર ફોડવાનો, તથા ઘરમાંથી ચોરી કરવાનો, અનુક્રમે. હી. પી. કો. ની ૪૫૭ મી તથા ૩૮૦ મી કલમ મુજબ શિક્ષા થાય, એવા ગુન્હાઓનો આ મુકરદમો છે. ઘર ફોડવા પછવાડે ચોરી એવા એકજ માંમલાના એક ભાગ તરીકે આ બંને કર્યો છે. એક પેહેલા વર્ગના માજીસ્ત્રેટે, ૪૫૭ મી કલમ અનુંસાર બે વરસ સખત કેદની તથા ૩૮૦ મી કલમ અનુંસાર ૭ માસ સખત કેદની, તથા ૧૦૦ રૂપૈયા દંડની, અને દંડ ન આપે તો બીજા ત્રણ માસ સખત કેદની સજા કરી હતી. પેહેલા વર્ગના માજીસ્ત્રેટને બે વરસની સખત કેદની સજા કરવાનો અધિકાર છે. તે હદ ઉપરાંત ઇનસાફ કરનાર માજીસ્ત્રેટે સજા કરી છે, એવું કારણ બતાવી જીલ્લા માજીસ્ત્રેટે આ કામ હાઈકોર્ટમાં લખી મોકલ્યું છે. અને આધાર તરીકે, રાણી.

વિ. તુકીયાનો ફેસલો ટાંક્યો છે. દરમીયાંન આ કાંમની અપીલ સેસન જડજને ત્યાં થઇ, અને તેને પણ લાગ્યું કે, થયેલી સજા કાયદા વિરૂદ્ધ છે. કેમકે તે સજા, ૧૮૮૨ ના આઠમા આકટથી પીનલકોડની ૭૧ મી સુધરી છે તે કલમથી ઉલટી છે, તેથી તેણે સજામાં ઘટાડો કરી બે વરસની સખત કેદની સજા રાખી.

કાર્ય વેપાર તથા તોહોમતોના સંબંધમાં રાણી. વિ. તુકીયાના કેશ તાદરસ આ કેશ જેવો છે; પરંતુ તેનો ઈનસાફ ૧૮૭૨ ના દસમા આકટની ૪૫૪ મી કલમ મુજબ આ અદાલતે કર્યો હતો. તેમાં જસ્ટીસ વેસ્ટે નીચે મુજબ અભીપ્રાય આપ્યો છે. "૪૫૪ મી કલમના ત્રીજા દ્રષ્ટાંતથી જણાય છે કે, ઘર ફોડવાનો ગુન્હો, તથા જે ગુન્હો કરવામાં ઘર ફોડવાનો ગુન્હો કરવામાં આવ્યો હોય તે ગુન્હો એમ બંને ગુન્હા સજા કરવાના કામ સારૂ કાયદાકારોએ એક સંયુક્ત ગુન્હો ગણ્યો હોય એમ જણાય છે."

પરંતુ આ કેશનું નીરાકરણ, સને ૧૮૮૨ ના દસમા આકટની ૨૩૫ મી કલમ અનુંસાર કરવાનું છે. આ ઠેકાણે બતાવવું જોઈએ કે, ઊપર લખાઈ ગયેલું દ્રષ્ટાંત (જુના કાયદાની ૪૫૪ મી કલમની ત્રીજી રકમનું ન દ્રષ્ટાંત) તેજ કાયદાને મળતી નવા કાયદાની ૨૩૫ મી કલમમાં જુદાજ વર્ગ નીચે મુકવામાં આવ્યું છે; અને હવે તે ૨૩૫ મી કલમની પેહેલી રકમના દ્રષ્ટાંત તરીકે લખવામાં આવ્યું છે. તે ઉપરથી સાફ ઊઘાડું દેખાય છેકે, હાલના મુકરદમા, જેની કેફીયત જેવા મુકરદમાને કાયદાકારોએ સંયુક્ત ગુન્હો ગણ્યો નથી, અને તેથી રાણી. વિ. તુકીયાનો કેશ આંહીં લાગુ પડતો નથી.

જુના કાયદાની ૪૫૪ મી કલમમાં શીક્ષા કરવાનાં પ્રમાણો વીશે જે નીયમો આપ્યા હતા, તે નીયમો નવા કાયદાની ૨૩૫ મી કલમમાંથી કાઢી નાખ્યા છે. તે વીશે પી. કો. ની ૭૧ મીમાં તથા ક્રીમીનલ પ્રોસીજર કોડની ૩૫ મી કલમમાં જોવાનું રહે છે. ચાલતા મુકરદમાની કેફીયત, ૧૮૮૨ ના દસમા આકટની ૨૩૫ મી કલમની બીજી તથા ત્રીજી રકમમાં જે વર્ગવારી કરી છે, તેમાં પણ સમાતી નથી. વળી ૭૧ મી કલમની પેહેલી રકમ પણ આંહીં લાગુ પડતી નથી. જે દલીલો લેઇને, આ કામનો ઇનસાફ થયો છે, તેમાંથી ૭૧ મી કલમની દલીલો નીકળી જાય છે. માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની ૩૫ મી કલમ એકલીનેજ વળગી રહીને ઈનસાફ થવો જોઈએ. જે. માજીસ્ટ્રેટે આ કામનો ઇનસાફ કર્યો, તેની અવલ હકુમત પ્રમાણે જે સજા કરવાનો અધિકાર છે, તેના દુપટ કરતાં વધુ સજા થઇ નથી. માટે ૩૫ મી કલમ અનુંસાર સજા કાયદેસર છે.

નોટ—સને ૧૮૮૬ ના જાનેવારી માસની ૧૯ મી તારીખે જસ્ટીસ જારડીન, તથા બર્ડવુડ સાહેબે સને ૧૮૮૫ ના ૧૮૨ નંબરના ફોજદારી રેફરંસમાં જે ઠરાવ આપ્યો હતો, તેની કેફીયત આજ કેશની કેફીયત જેવી હતી. તેમાં હાઇકોર્ટે ઠરાવ્યું હતું કે,

"ચાલતા ક્રીમીનલ પ્રોસીજર કોડમાંના નીયમોને લેઇને, આ કામનો વિચાર કરવો જોઇએ. ૨૩૫ મી કલમની પેહેલી રકમમાં આ કેફીયતનો સમાસ થાય છે. માટે એકજ ઇનસાફના કામમાં પ્રત્યેક ગુન્હા માટે બંધવાનો ઈનસાફ થઇ, તેને આપેલી જુદી જુદી સજાઓ કાયદેસર છે. જુઓ ૨૩૫ મી કલમનું બ દ્રષ્ટાંત, પણ એ કલમમાં જે કાંઇ ઠરાવ્યું છે, તેથી પી. કો. ની ૭૧ મી કલમને બાધ આવતો નથી. હવે સવાલ એટલોજ છે કે, આ મુકરદમો ૭૧ મી કલમમાં પણ આવે છે કે નહીં? જો આવતો હોયતો જે ગુન્હાઓ કર્યા, તેમાંથી એક ગુન્હાને માટે એકજ સજા થઇ શકે. પણ બંધવાએ જુદા જુદા ગુન્હાઓ કર્યા છે; અને તે એવા છે કે, તેઓને ભેગા કરીયે તો, પી. કો. ની હરકોઇ કલમ મુજબ સજા થાય એવો એકે સંયુકત ગુન્હો થતો નથી. માટે મારા અભીપ્રાય મુજબ ૧૧ મી કલમ આ કામને લાગુ પડતી નથી. જે સજાઓ માજીસ્ટ્રેટે કરેલી છે, તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૫ મી પ્રમાણે કાયદેસર છે."

કલમ ૭૨ મી

ગુન્હેગારે ઘણા ગુન્હાઓમાંથી એક ગુન્હો કર્યો એમ સાબીત થાયછે પણ કીયો એ બાબત શક છે એ પ્રમાણે ફેંસલામાં લખવામાં આવે, ત્યારે.

૭૨. જે જે બાબતોમાં એવો ફેંસલો આપવામાં આવે કે ફલાણા ફલાણા જુદા જુદા ગુન્હાઓમાંનો એક ગુન્હો ફલાણા સખસે કર્યો છે, પણ તેઓમાંનો કીયો એક કર્યો છે તે વિશે શક છે, તે સરવે બાબતોમાં અગર તે સઘળા ગુન્હાઓને સારૂ એક સરખીજ શિક્ષા ન ઠરાવી હોય તો, જે ગુન્હાને સારૂ ઓછામાં ઓછી શિક્ષા ઠરાવી હોય તે શિક્ષા તે ગુન્હેગારને કરવામાં આવશે.

કલમ ૭૩ મી.

૭૩ કોઇ સખસની ઉપર એવો ગુનોહ સાબીત થાય કે, તેને સખત કેદની શિક્ષા કરવાનો કોરટને અખત્યાર છે, તો તે ગુનેહગારને જેટલી મુદ્દતની કેદનો હુકમ કરવામાં આવે તે મુદતના આટલા ભાગ અથવા ભાગો સુધી તેને એકાંત કેદમાં રાખવો એ રીતે તેના શિક્ષાના હુકમમાં ફરમાવવાને કોરટ મુખત્યાર છે; પણ સઘળું મળીને તે એકાંત કેદની મુદત ત્રણ મહીનાથી વધારે ન હોવી જોઇયે, અને તે નીચેના હીસાબો પ્રમાણે હોવી જોઇએ. (એટલે)— એકાંત કેદ. માટે, આ કાયદા મુજબ,

જો કેદની મુદત છ મહીનાથી વધારે ન હોય, તો એકાંત કેદની મુદત એક મહીનાથી વધારે ન જોઇએ.

જો કેદની મુદત છ મહીનાથી વધારે હોય અને એક વર્ષથી વધારે ન હોય તો એકાંત કેદની મુદત બે મહીનાથી વધારે ન જોઇએ.

મહારાણી કેસરેહીંદ. વિ. અનુખાં.

जे मुकरदमानो इनसाफ संक्षेप रीते थयो होय तेंना सजाना भाग तरीके एकांत सजा करवी ते गेरकायदेसर नथी.

કલમ ૭૩
૧
તા-૧૧-૯-૮૩
ઈ. ૬ અ. પા. ૮૩
સંક્ષેપ રીતે ચાલેલા કામમાં એકાંત કેદની સજા થઈ શકે છે.

આ મુકરદમો ફરૂકાબાદના સેસન જડજે, હાઈકોરટનો હુકમ થવા સારૂ મોકલી દીધો હતો. એમ જણાયું છે કે, અનુખાંને એકાંત કેદની સજા આપેલી છે. અનુખાંનો, એ ગુન્હા માટે સંક્ષેપ રીતે ઈનસાફ થયો હતો. સેસન જડજનો એવો અભીપ્રાય થયો કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા મુજબ, તે કામનો ઈનસાફ સંક્ષેપ રીતે થાય. તેમાં એકાંત કેદની સજા આપવી, એ કાયદેસર નથી. એ અભીપ્રાયના સંબંધમાં તેણે નીચે પ્રમાણે લખેલું છે. "એવી દલીલ કરવામાં આવી છે કે, એ કાયદાની ૨૬ મી કલમની છેલી રકમ પ્રમાણે, સંક્ષેપ ચોકશીના ઈનસાફના કામમાં, ત્રણ માસ સુધીની કેદની સજા થઈ શકે છે. હવે એ કલમ ૩૨ મી આ સાથે વાંચીએ તો, તે ઉપરથી જણાશે કે, ૨૬મી કલમમાં એકાંત કેદની સજા કાયદા પ્રમાણે આપી શકાય, તેમાં તેનો સમાસ કર્યો નથી. કેદ એ શબ્દમાં પીનલકોડની અંદર બંને પ્રકારની કેદનો સમાશ થાય છે. તેથી હું એવું ઠરાવવા માગુંછું કે, ૨૬૨ મી કલમના છેલા ભાગના શબ્દોમાં એકાંત કેદની સજા જે કાયદા પ્રમાણે આપી શકાય, તેવા શબ્દો નાંખ્યા નથી, તે ઉપરથી એમ અનુમાન થાય છે કે, સંક્ષેપ ચોકશીમાં એકાંત કેદની સજા કરવાનો કાયદાકારોનો ઇરાદો નથી.

ઓલ્ડ ફીલ્ડ જસ્ટીસનો ઠરાવ.

સંક્ષેપ ચોકશીમાં સજાના ભાગ તરીકે, એકાંત કેદની સજા કરવી, તે ગેરકાયદેસર

છે, એવું ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૬૨ મી કલમમાં કશુંએ નથી. ૨૬૨ મી કલમની અસર તો એટલીજ છે કે, ત્રણ મહિનાની મુદત સુધીની કેદની સજા કરવી; પરંતુ પીનલકોડની ૭૩ કલમ પ્રમાણે એકાંત કેદની સજા કરવાનો જે અદાલતને અધિકાર છે, અથવા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૨ અ માં જે અધિકાર આપવામાં આવ્યો છે, તેમાં એ ૨૬૨ મી કલમ કોઇ જાતનો પ્રતીબંધ કરતી નથી.

કલમ ૭૪ મી

એકાંત કેદની હદ.

૭૪. એકાંત કેદની શિક્ષાનો હુકમ બજાવવામાં તેવી કેદ એકી વખતે કદાપી ચઉદ વરસ કરતાં વધારે ન હોવી જોઇએ, અને એકાંત કેદની મુદતો વચ્ચે તે મુદતો કરતાં ઓછી વેળા ન જવી જોઈએ; અને જ્યારે કેદની શિક્ષા ત્રણ મહીનાથી વધારે મુદતની હોય, ત્યારે તે ફરમાવેલી આખી કેદની મુદતના કોઇપણ એક મહીનામાં સાત દિવસ કરતાં વધારે એકાંત કેદ ન હોવી જોઇએ, અને એકાંત કેદની મુદતોની વચ્ચે તે મુદતો કરતાં ઓછી વેળા ન જવી જોઇએ.

કલમ ૭૫ મી.

જે સક્ષની ઉપર એવો કોઇ ગુન્હો સાબીત થયો હોય કે, જેને માટે આ કાયદાના બાબ ૧૨ મા અથવા બાબ ૧૭ મા મુજબ ત્રણ વરસ અથવા તેથી વધારે મુદતની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા થઇ શકે, તે સક્ષ ફરીથી એવો કોઇ ગુન્હો કરે કે, જેને માટે તે બાબો માંહેના ગમે તે બાબ મુજબ ત્રણ વરસ અથવા તેથી વધારે મુદતની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા થઇ શકે, તો તે સક્ષ એવા પાછળના હરેક ગુન્હાને માટે જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને અથવા એ પ્રમાણે ન બન્યું હોય તો, તે ગુન્હાને માટે જેટલી શીક્ષાને તે લાયક થાય, તેથી બમણી શીક્ષાને અથવા બેમાંની ગમે તે પ્રકારની દસ વરસ સુધીની કેદની સજાને લાયક થશે. પરંતુ કાંઇ પણ બાબતમાં દસ વરશથી વધારે મુદતની કેદને, તે લાયક થશે નહીં.

જે સખસોની ઉપર એકવાર આગળ ત્રણવરસની કેદની શીક્ષા થાયએવો ગુન્હો સાબીત થયો હોય તેઓની ઉપર તેવો કોઇ બીજો ગુન્હો સાબીત થાય તોતેઓનેશીક્ષા.

નોટ.—આ કલમમાં "અથવા બેમાંથી ગમે તે પ્રકારની દસ વરસ સુધીની કેદની શીક્ષાને." એ વાક્યનો સને ૧૮૮૬ ના દસમા આકટથી વધારો કરવામાં આવ્યો છે; જેથી માહારાણી કેસરેહીંદ. વિ. માધુ ૬ મું. ૬૯૦ નો ફેસલો રદ થઇ ગયા જેવો થાય છે. એટલે આમાં દાખલ કર્યો નથી. એ કામમાં બંધવા ઉપર ૩૭૯ મી કલમ પ્રમાણે ચોરીનું તોહોમત આવ્યું હતું. એ બંધવો આગળ એના એ ગુન્હાનો અપરાધી ઠર્યો હતો, તેથી તેને, ૭ વરસની કેદની શીક્ષા કરી હતી. પણ હાઇકોર્ટે તે શીક્ષા રદ કરીને ૬ વરસથી વધુ કેદની શીક્ષા ન થઇ શકે, એમ ઠરાવ્યું હતું.

કેસરેહિંદ વી. મેધા.

એવું ઠરાવ્યું કે જ્યાં એક સક્ષે પીનલકોડના બાબ ૧૨ તથા ૧૭ મા માંહેલો ત્રણ વરસની કેદની સજા થાય, એવો ગુન્હો કરેલો હોય, અને એ ગુન્હાનો ઠરાવ થયા પેહેલાં બીજો એજ બાબો માંહેલો એવોજ ગુન્હો કરે તો, બીજી વારના ગુન્હા માટે પીનલકોડની કલમ ૭૫ મુજબ વધારે સજાને પાત્ર થતો નથી.

કલમ ૭૫.

તા. ૨-૪-૭૮
ઈ. ૧ અ. પા. ૬૩૭

આ કલમ માંહેલા પહેલી વખતના ગુન્હાનો ઠરાવ થયા ન હોય ત્યાં તેવો બીજો ગુન્હો કરનારને આ કલમ લાગુ નથી.

સને ૧૮૭૮ ના જાનેવારીની ૨૨ મી તારીખે, હિંદુસ્થાનના પીનલકોડની કલમ ૧૦૯-૩૨૮ મુજબ ચોરી કરવાના ઇરાદાથી, કોઇ ખુશાલ નામના સક્ષને કાંઈ નીશો કરનારી વસ્તુ આપવાની ઉશકેરણી કર્યાના ગુન્હાનો, બંધવા મેધાને આગ્રાના સેસન જજે અપરાધી ઠરાવ્યો હતો.

જે ગુન્હાનો તેને અપરાધી ઠરાવ્યો હતો, તે ઉપરાંત તેના ઉપર ૩૭૯ કલમ મુજબ ચોરીનું તોહોમત હતું.

સને ૧૮૭૮ ના જાનેવારીની ૨૯ મી તારીખે, અલીબક્ષ નામના સક્ષને ચોરી કરવાના ઈરાદાથી નીસો આપનારી વસ્તુ આપ્યા સબબ, પેનલકોડની કલમ ૩૨૮ મુજબ તથા ૩૭૯ પ્રમાણે ચોરી કર્યાના ગુન્હા સબબ, તેને અપરાધી ઠરાવ્યો હતો.

૩૨૮ મી કલમના ગુન્હા બદલ તેને દસ વર્ષની સખ્ત શિક્ષા કરી હતી; અને સન ૧૮૭૮ ના જાનેવારીની ૨૨ મી તારીખે જે અપરાધ સાબેત થયો હતો, તેના સંબંધમાં પેનલકોડની કલમ ૭૫ અને ૩૭૯ પ્રમાણે, જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા કરી હતી. આ બીજા અપરાધને માટે મેધાએ અપીલ કરી, અને તેમાં એવો વાંધો લીધો કે, સન ૧૮૭૮ ના જાનેવારીની ૨૨ મી તારીખે, મારા ઉપર ચોરીનું તોહોમત સાબેત નહોતું થયું, માટે ૭૫ મી કલમ લાગુ પડી શકતી નથી. અને કદાપી એમ માનો કે, મારા ઉપર તે રોજ ચોરીનું તોહોમત સાબેત થયું હતતો પણ જે ચોરી મેં કરી, અને જેને વાસ્તે પછવાડેથી મને ૨૯ મી તારીખે અપરાધી ઠરાવ્યો, ત્યાં સુધી હું અપરાધી નહોતો. તેથી હું ૭૫ મી કલમ પ્રમાણે વધુ શીક્ષાને પાત્ર થતો નથી.

અપીલેંન્ટ તરફથી વકીલ ડીલોન હાજર.

હાઇકોર્ટનો ઠરાવ ટર્નર સાહેબે આપેલો.—

સેસનજજે પેનલકોડની કલમ ૭૫ પ્રમાણે જે વધુ શિક્ષા ફરમાવેલી છે, તે ટેકાવી રાખવાને હું અશક્ય છું. એ કલમમાં એવું લખેલું છે કે કોઇ માણસ હિંદુસ્થાનના પેનલકોડના અમુક ભાગ પ્રમાણે શિક્ષા થઇ શકે, એવા ગુન્હાનો અપરાધી ઠર્યા બાદ, એનાએ ભાગ પ્રમાણે શિક્ષાના ગુન્હાનો અપરાધી ઠરશે તો, એ બીજીવારના એવા દરેક ગુન્હા બદલ તેમાં કહેલી શિક્ષાને પાત્ર થશે.

ચોકસ ગુન્હા કર્યાની સાબીતી થયા પછે, તેવા ગુન્હા બીજીવાર કરવામાં આવે તો, તે સારૂ વધુ સજા એ કલમમાં ફરમાવેલી છે પણ બીજીવાર માત્ર ગુન્હેગાર ઠર્યો, તે માટે એ કલમ નથી.

આ મુકરદમામાં એવું બતાવેલું છે કે, હાલના ગુન્હાનો તપાસ થયો તેના પેહેલાં, થોડા રોજ ઉપર અપેલેંન્ટ અપરાધી ઠરેલો હતો. પણ એવું નથી બતાવવામાં આવ્યું કે, ૭૫ મી કલમમાં કહેલા ગુન્હામાંથી એકે ગુન્હાનો અપરાધી તે ઠર્યો હતો. તેમ હિંદુસ્થાનના પેનલકોડ પ્રમાણે જે ગુન્હો કર્યા બદલ વધારે સજા થઈ, તેની પેહેલાં એવા ગુન્હાનો તે અપરાધી ઠરેલો હતો, એમ પણ જણાયું નથી.

તેથી હું પેનલકોડની કલમ ૭૫—૩૭૯ મી પ્રમાણે ઠરાવેલી શિક્ષા રદ કરૂંછું અને અપેલેંન્ટને એકી વખતે, પીનલકોડની કલમ ૩૨૮—૩૭૯ પ્રમાણે બનેલા ગુન્હા વાસ્તે પુરે પુરી સજા થઈ છે, તો ૩૭૯ પ્રમાણે સજા ફરમાવૃવાનું જરૂર નથી. ૩૨૮ મી કલમ પ્રમાણે અપરાધીપણું અને શિક્ષા મંજુર કરીને અપીલ રદ કરૂંછું.

કેસરેહીંદ. વિ. નાના રહીમ.

हिंदुस्थानना पीनलकोडना बाब १२ मा तथा १७ मा मांहेला त्रण अथवा तेथी वधु वरसनी केदनी सजा थइ शके, एवा गुन्हानो कोइ सक्ष अपराधी ठर्या होय, ते पाछो तेवा गुन्हामांनी कोशीशना गुन्हानो अपराधी ठरे तो, तेथी करी ए कायदानी कलम ७५ मां ठराव्या प्रमाणे वधु सजाने पात्र थतो नथी.

કલમ ૭૫.
૨
તા. ૨૮-૧૦-૮૦
ઈ૫ મુ.પા. ૧૪૦
પહેલી વખત મુખ્ય ગુન્હો કરવે તેને બીજી વખત કોશીશ કરવી એથી ૭૫ મી કલમ લાગુ પડતી નથી.

આ કામના બંધવાને અમદાવાદના સેસન જડજે, પીનલકોડની કલમ ૩૭૯ તથા ૫૧૧ મુજબ ચોરીની કોશીશના ગુન્હાને અપરાધી ઠરાવ્યો. તે આગળ સાત વખત ચોરીનો ગુન્હેગાર ઠરી ચુક્યો હતો. અને પીનલકોડની કલમ ૭૫ ને આધારે સેસન જડજે તેને ૧૦ વર્ષ સુધી સમુદ્રપારની સજા કરી.

બંધવે હાઇકોર્ટમાં અપીલ કરી.

અપીલ જસ્ટીસ મેલવીલ તથા કેંબોલની હજુરમાં ચાલી હતી.

મેલવીલનો ઠરાવઃ—

હું ધારૂંછું કે, આ કામમાં થયેલી સજા કાયદેસર છે. કલમ ૫૧૧ મીમાં ઠરાવ્યુંછે કે, સમુદ્રપારની કે કેદની શીક્ષાથી સજા થઇ શકે, એવા ગુન્હા કરવાની કોશીશ કરશે, તેને સમુદ્રપારની અથવા એ ગુન્હા માટે ઠરાવેલી સજામાંથી એમાંના ગમે તે પ્રકારની એ ગુન્હાને માટે જે સજા ઠરાવી છે, તેથી અરધી મુદત સુધીની સજા કરવામાં આવશે. ચોરીને માટે લાંબામાં લાંબી સજા જીવતાં સુધી સમુદ્રપારનીછે. એ સજા ૭૫ મી કલમમાંના પ્રસંગ મુજબ, આપી શકાય એમછે. અને એવે પ્રસંગે ૫૧૧ કલમને આધારે એ શીક્ષાના અરધ ભાગની શીક્ષા, અથવા દસ વર્ષ સુધી સમુદ્રપારની સજા આપી શકાયછે. (કલમ ૫૭ પ્રમાણે) અનીર્ણય ૫૧૧ મી કલમના શબ્દોને પુર્ણ રીતે અનુસરીનેછે; એટલુંજ નહીં પણ, કોઈ ગુન્હાને વાસ્તે સજા ઠરાવી છે તે, અને સદરહુ ગુન્હાની કોશીશ કરતાં જે સજા ઠરાવી છે તે વચે, ગણીતનું પ્રમાણ નકી કરવામાં કાયદાકારોનો શું ઇરાદો હતો, તેના અનુમાનને પણ અનુસરીને છે. શિક્ષાની પધ્યતી ગુન્હેગારની પધ્યતી ઉપરથી ચલાવવામાં આવે છે. અને સાફ એખું છેકે, આગળ ગુન્હા કર્યાની સજાથી ગુન્હો કરવામાં અટકાયતની અસર થયા છતાં, ચોરી કરવાની વ્યર્થ કોશીશ કરવી તે કેમ જાણે એ ગુન્હો કરવામાં આવ્યો હોય, તેની માફક કાયમ થઈ ગયેલી ગુન્હો કરવાની પ્રક્રતીનું ચીન્હ છે.

જસ્ટીસ કેંબોલનો ઠરાવઃ—

ફરેલી સજા કાયદેસર છે, એવા મતને મળવા હું અશક્યછું. અને તેથી કરી એ સ-

જા ઘટાડીને ૧૮ મહીનાની સખ્ત કેદની સજા કરવા હું ચાહુંછું. હિંદુસ્થાનના પિનલકોડના બાબ ૧૨ મા તથા ૧૭ મા પ્રમાણે સજા થઈ શકે એવા ગુન્હાને માટે બીજી વખ્ત કોઈ સક્ષ અપરાધી ઠરે, ત્યારે ફક્ત તેને ૭૫ કલમ પ્રમાણે વધારાની સજા ભોગવવાની ફરજ પાડવી જોઇએ. તેથી કરી સદરહુ ગુન્હામાંથી એક ગુન્હો કરવાની કોશીશને તે કલમ કેવી રીતે લાગુ થઈ શકે, તે હું જોઇ શકતો નથી. પીનલકોડની ૫૧૧ કલમ સંપુર્ણ રીતે ચોખી છે, અને આ કામમાં વધારેલી સજા આપવાનું ગમે તેટલું ઊચીત છે તોપણ, મારો મત છેકે, આ બંધવાં ૩૭૯ કલમના ગુન્હાનો અપરાધી ઠર્યો હત તો, ભારે સજા તેને ભોગવવી પડત, તે સજા આપવાનો આપણાથી વિચાર થઈ શકતો નથી. આ પ્રમાણે બંને જજોના મતમાં ભેદ પડવાથી, ત્રીજા જજ પાસે ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૨૭૧ ને સને ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૪૩૯ પ્રમાણે અભીપ્રાય માટે કેશ મોકલ્યો.

ચીફ જસ્ટીસ વેસ્ટ્રોપનો ઠરાવઃ—

૭૫ કલમ પ્રમાણે વધારે સજાનો હુકમ કરવાને, એ કલમમાં બે સરતો જોઈએ છીએ. તેમાંથી પેહેલી સરતની અંદર બંધવો નાનારહીમ આવેછે; એટલે કે એજ કાયદાના ૧૭ મા બાબ પ્રમાણે શિક્ષા થઇ શકે, એવા ગુન્હાનો આગળ અપરાધી ઠર્યો હતો; પરંતુ ૭૫ કલમ પ્રમાણે, બીજી સરત જોઇયે તે પરીપુર્ણ થઇ નથી. તેનો આ વખતનો ગુન્હો પીનલકોડના બાબ ૧૨ કે ૧૭ મા પ્રમાણે સજા થઇ શકે એવો નથી. પણ તેજ કાયદાના બાબ ૨૩ માની કલમ ૫૧૧ પ્રમાણે શિક્ષા થઇ શકે, એવો ચોરીનો ગુન્હો કરવાની કોશીશનો તે અપરાધી ઠર્યો છે; તેથી મારો અભીપ્રાય છેકે, શેસન જજે દશ વર્ષની સમુદ્ર પારની કરેલી સજા કાયમ રાખી શકાતી નથી, મેં તથા જસ્ટીસ કેમબોલે આવા કામમાં પીનલકોડની કલમ ૭૫ નું લાગુપણું થતું નથી, એવો ઠરાવ ઠરાવ્યો છે; તેવોજ મત રાણી વીરૂદ્ધ મણી સ્વામીના કામમાં બીટલસન જસ્ટીસે બાંધ્યો હતો. આ વાત મેંન સાહેબે પોતાના પીનલકોડની ટીકાની નંવમી આવૃત્તીને પાને ૪૨૦ કલમ ૫૧૧ મીની નોટમાં લખેલીછે.

આ અભીપ્રાયને અનુસરીને સજા ઘટાડી, ૧૮ માસની સખત કેદની સજા કરવામાં આવે છે.

કેસરેહીંદ. વિ. રામદયાળ.

કલમ ૭૫.

૩

તા, ૬.૫.૮૧
ઈ. ૩ અ પા. ૭૭૩
પેહેલી વખત મુખ્ય ગુન્હો કરવાને બીજી વખત કોશીશ કરવી એથી ૭૫મી કલમ લાગુ પડતી નથી

एक मक्ष आगळ पीनलकोडनी कलम ४५७ [बाब१७मा] मुजब सजा थाय,एवा गुन्हानो अपराधी थयो हतो. ते पाछळथी एज गुनानी कोशीश कर्यानो अपराधि ठर्यो, ठराव्युं के पीनलकोडनी कलम ७५ मां कहेला ठराव आ मक्षने लागु पडता नथी.

આજમ ગઢના સેસનજજે, સને ૧૮૮૧ ના જાનેવારીની ૨૧મી તારીખે ઇનસાફ કરી ઠરાવ કર્યો હતો. તેના ઉપર આ અપીલ હતી. ચોરી કરવાના ઇરાદાથી રાત્રે ઘર ફોડયાની કોશીશ કર્યાનો આપેલેંન્ટને સેસન જજે અપરાધી ઠરાવેલ, અને પીનલકોડની કલમ ૫૫૧

૪૫૭ તથા ૭૫ માં જે કહેલુંછે, તે ઉપર લક્ષ રાખી, તથા અપેલેંન્ટ આગળ ૪૫૭ મી કલમ (બાબ ૧૭ મો) પ્રમાણે ગુન્હેગાર ઠરેલ, એ વાત ઉપર લક્ષ રાખીને સેસન જજે તેને ચઉદ વર્ષ સુધીની સમુદ્રપારની સજા કરી. અપેલેંન્ટ તરફથી એવો વાંધો લેવામાં આવ્યોછે કે, પીનલકોડની કલમ ૭૫ મીમાં જે બીના લખીછે, તે આ કામમાં લાગુ પડતી નથી. કેમકે અપેલેંટને આગળ જે સજા થઈ હતી, તે ૧૭ મા બાબ મુજબ સજા થાય એવા ગુન્હાની ન હતી.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ.

હાઇકોર્ટનો ઠરાવઃ—

કામના દફતરના પુરાવા ઉપરથી, બંધવાના ગુન્હા વીશે કાંઇ શક નથી. જે ગુન્હાને માટે તેને સજા થઇ છે, તે ગુન્હો પીનલકોડની કલમ ૫૧૧ તથા ૪૫૭ મુજબ સજા થઇ શકે એવોછે. સને ૧૮૭૩ ના માર્ચની ૧૨ મી તારીખે, પીનલકોડની કલમ ૪૫૭ (બાબ ૧૭ મો) મુજબ સજા થાય, એવા ગુન્હાનો તે અપરાધી ઠર્યો છે. અને તેણે આગળ ગુન્હો કરેલ, તે વાત ત્યારે તેના વીરૂદ્ધ સાબીત ગણી હતી. બંધવો કહે છે કે, મને એક વરસ આગળ ખોટો શીક્કો કબજામાં હોવાના કારણથી ફટકાની સજા મળી હતી. પણ કઇ તારીખે તેનો કેવા પ્રકારનો ગુન્હો હતો, તે જણાયું નથી. ૪૫૭ મી કલમ મુજબ સજા થાય, એવા ગુન્હાને માટે તેને ચાર વર્ષની સખ્ત કેદની સજા થયેલી છે. એ પાછલો ઠરાવ તથા સજા આ કામના ઇનસાફ ટાણે વિચારમાં લીધા છે. અને કલમ ૫૧૧-૪૫૭ તથા ૭૫ મુજબ બંધવાને ૧૪ વર્ષ સુધીની સમુદ્રપારની સજા કરીછે. ૫૧૧ મી પ્રમાણે સજા થાય, એવી ગુન્હો કરવાની કોશીશ પીનલકોડની કલમ ૪૦ મુજબ ગુન્હોછે. તે ગુન્હો પીનલકોડના બાબ ૧૭ મા મુજબ સજા થઈ શકે એવો નથી. તે ગુન્હો ૫૧૧ મી કલમ મુજબ સજા થાય એવો છે. એટલા માટે આ કામમાં ૭૫ મી કલમ લાગુ પડતી નથી. બંધવાને જે ગુન્હા માટે અપરાધી ઠરાવ્યોછે, તે ગુન્હો ચોરી કરવાના ઈરાદાથી રાતે ઘર ફોડવાની કોશીશનોછે. એના મુખ્ય ગુન્હા માટે, ઘણામાં ઘણી સજા ૧૪ વર્ષ કેદ સુધીની છે. અને ૫૧૧મી મુજબ કોશીશને માટે, તેની અરધી મુદ્દતની કેદની સજા થાય; માટે સજાના ઠરાવમાં ફેરફાર કરવાની જરૂરછે. તેથી બંધવાને હું ૭વર્ષ સુધી સખ્ત કેદની સજા કરૂંછું.

શીવસરણ તાતો. વિ. મહારાણી.

કલમ ૭૫.
૪
તા.૪-૫-૭૩
ઈ. લ રૂ. પા. ૭૭
બીજીવારના ગુન્હામાટે પુરેપુરી સજા આપી શકાતી હોયતોપછી૭૫ મી કલમનો ઉપયોગ કરવો નહીં.

बीजीवार ज्यारे कोइ सक्ष गुन्हेगार ठरे, त्यारे ओछी सख्त सजा नहीं, पण वधु सजा करवा वास्ते, ही. पी. को. नी ७५ मी कलमनी मतलबछे. जे गुन्हो कर्यो होय, तेने वास्ते आपवानी सजा पुरती होयतो, पेहेली ७५ मी कलमनी मदद लेवी नहीं.

શાહાબાદના સેશન જડજે આસેસરની સાથે ભરેલી સેસનમાં, ૧૯ મી માર્ચ ૧૮૮૩ ને રોજ જે સજા તથા ઠરાવ કરેલાં હતાં, તે ઉપર આ અપીલછે. સદરહુ સજા તથા

ઠરાવ નીચે પ્રમાણેછે. " આસેસરોના મત સાથે મળતા આવીને, આ કોર્ટને એમ જણાય છે કે, તોહોમતદાર શીવસરણતાતો પોતાના ઉપર આવેલા તોહોમતનો ગુન્હેગારછે; એટલે કે ૧૮૮૩ના ફેબ્રુઆરીની ૧૮ મી તારીખે, અથવા એ અરસામાં, ચોરી કરવાના ઈરાદાથી ઘર ફોડવાનો ગુન્હો તેણે કર્યો. આગળ ૨૫ મી અગષ્ટ ૧૮૭૪ ને રોજ ચોરી કરવા સારૂ રાતે ઘર ફોડવાના ગુન્હાનો તે અપરાધી ઠર્યો હતો. આ ઠરાવ અપીલમાંથી રદનોતો થયો, અને તેથી. પી. કો. ની ૪૫૭ મી કલમ માંહેલો ગુન્હો કરીને તે, તેજ કાયદાની ૪૫૭ મી તથા ૭૫ મી પ્રમાણે સજા થવાને પાત્ર થાયછે. અને આ કલમો અનુસાર, કોર્ટ ફરમાવેછે કે, સદરહુ શીવસરણ તાતાને આજની તારીખથી ચાર વર્ષની સખત કેદની સજા કરવી."

કોઇના તરફથી કોઇ વકીલ હાજર થયો નહોતો.

હાઇકોરટનો ઠરાવ જસ્ટીસ પ્રીંસેપ તથા ઓકીનેલીએ આપ્યો તે નીચે પ્રમાણે છેઃ—

અપેલેંન્ટને જે ગુન્હાનો અપરાધી ઠરાવ્યોછે, તેના ખરાપણાનો સવાલ કરવા કંઈ કારણ નથી. સજા પણ વધુ પડતી નથી. માટે આ અપીલ નામંજુર કરવામાં આવેછે.

૭૫ મી કલમનો શું મતલબછે, તે સમજવામાં સેસન જડજે ભુલ કરીછે. માટે તે ઉપર કાંઇ વિવેચન કરવું જરૂરનુંછે. સેસન જડજ માનેછે કે, ૭૫ મી કલમ જેજે ગુન્હાની તેમાં વિગત આપીછે, તેમાંથી હરકોઇ ગુન્હાનો બીજીવાર જે સક્ષ અપરાધી ઠરે, તેને તે કલમ પ્રમાણે સજા કરવાની ફરજછે. તે જણાવેછે કે, ૪૫૭ મી કલમના ગુન્હામાટે બંધવો ૧૪ વર્ષની કેદની સજાને લાયક થાયછે, તોપણ તેણે આગળ ગુન્હો કર્યોછે, તે કાનુનસર. પી. કો. ની ૭૫ મી કલમ મુજબ માત્ર ૧૦ વર્ષની કેદની સજાને પાત્ર થઈ શકેછે.

વળી તેજ સેસન જડજે લખ્યુંછે કે, "આગળ ગુન્હો કર્યાની વાત બંધવો કબુલ કરેતો, તે તેના લાભનીછે; પરંતુ તે એટલી શરતે કે, જો સમુદ્રપારની સજા તેને થાય તો, તેણે ભોગવવી જોઇએ."

ત્રીજી વખ્ત ગુન્હો જે સક્ષ કરે, તેને ઓછી સખત સજા કરવાને ૭૫ મી કલમનો મતલબ નથી; પરંતુ જે સજા થઇ શકે, તેના કરતાં જાદે સજા કરવાનો છે. કરેલા ગુન્હા માટે કરવાની સજા, જો પુરેપુરી હોયતો ૭૫મી કલમની મદદ લેવી નહીં.

મહારાણી કેસરેહીંદ. વિ. દોરાસ્વામી.

हीं. पी. को. नी कलम ७५मी प्रमाणे शीक्षा थइ शके एवा कोइ गुन्हाने माटे बंधवानो इनसाफ करवो होय तो, सदरहु कलम प्रमाणें जुदां जुदां तोहोमतनामां घडीनेनोंधवां जोइए.

<u>કલમ ૭૫.</u>
૫
તા-૨-૪-૮૬
ઈ-લ-મ-પા-૨૮૪
આગલા ગુન્હાઓના ઠરાવો ઉપરથી તોહમતનામાં ઘડીને તેને લાગતા ગુન્હાના તોહમત સાથે સામેલ કરતાં જોઈએ.

સન ૧૮૮૫ ના પ્રેસીડેંસી માજીસ્ટ્રેટ, કોર્ટના કયાલંડર કેશ નંબર ૨૦૨૩૯ ના કામની સજા ઉપર આ અપીલ છે.

આ કામની જોઇએ તેટલી હકીકત, જસ્ટીસ કરનાંન તથા મુતુ સ્વામી આયરના ઠરાવમાં આપેલી છે.

કોઇના તરફથી વકીલ હાજર નોહોતા.

કરનાંન જસ્ટીસનો ઠરાવઃ—

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં જે ધોરણો બાંધ્યાં છે, તેની સાથે પે. મે. ની રીત એક સરખી નથી, એમ અમો માંનીએ છીયે.

ત્યાંની રીત એવી લાગે છે કે, બંધવા ઉપર તોહેમત મુકવું જેમકે ચોરીનું, પછી. ઢી. પી. કો. ની ૭૫મી કલમ માંહેલા ગુન્હાનું તોહોતનામું દફતરમાં નોંધાતું નથી; પરંતુ બંધવો જો ગુન્હેગાર ઠરે, તો મેજીસ્ટ્રેટ તેને પુછે છે કે, તું આગળ કોઇ બીજ ગુન્હામાં આવ્યો હતો ? આ સવાલના જવાબમાં હા કીંવા ના પાડે છે. અને જો તે ના પાડતો હોયતો, મેજીસ્ટ્રેટ તોહોમતનામું ઘડયા વગર તેનો ઇનસાફ કરે છે. જો તે વખતે અપરાધી ઠરે તો, જેવી રીતે આ કામમાં કર્યું છે, તેવી રીતે મેજીસ્ટ્રેટ પેહેલવેલો ગુન્હો કર્યો હોય, તેને માટે જે સજા આપી શકે છે, તે ઉપરાંત વધુ સજા કરવા વાસ્તે, આગળના ગુન્હાના ઠરાવ જોવા બેસે છે. સબબ તે કરેલી શીક્ષા પેહેલવેલા ગુન્હાને માટે છે. જેટલી આપી શકાય છે, તેટલી આપવી હોય તો અપાય છે; અને તે પ્રમાણે આ કામમાં થયેલું છે. પરંતુ સદરહુ કાયદાના ફરમાન તથા મતલબ એવાં છે કે, વારંટના મુકરદમામાં પ્રત્યેક ગુન્હા માટે જુદું જુદું તહોમત મુકવું જોઇએ. કરેલી સજામાં અમે વચમાં આવતા નથી. તેથી અપીલ નામંજુર કરીએ છીએ. અને આશા રાખીએ છીએ કે, આયંદે આ કોર્ટના અભીપ્રાય પ્રમાણે માજીસ્ટ્રેટ અમલ કરીને, આવા કામમાં ૭૫ મી કલમ પ્રમાણે તોહોમતનામું ઘડીને તહોમતનો ઈનસાફ કરશે.

કેસરેહીંદ. વિ. શ્રી ચરણ બાઉરી.

जे माणसने चोरीना गुन्हानी अपराधी ठराव्यो होय ते माणस फरीने चोरीना गुंन्हानी कोशीशनो अपराधी ठरे त्यारे ते पी. को. नी. ७५ मी कलममां ठराव्या प्रमाणे वधारे सजा ने पात्र थतो नथी.

કલમ ૭૫.

૬

તા. ૧૯–૩-૮૭
ઈ. ૧૪ ક પા. ૩૯૭
એક વખત બધવોચોરીના ગુન્હાનો ગુન્હેગારઠરયો હોય, અને બીજી વખત ચોરીની કોશીશના ગુન્હાનો ગુન્હેગાર ઠરયોહોય ત્યાં આ કલમ લાગુ નથી.

સને ૧૮૮૫ ના એપ્રીલની ૭મી તારીખે એક શ્રીચરણ બાઉરીને, પી. કો. ની ૩૮૦ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવી, તેને ત્રણ માસની કેદની સજા થઇ હતી. અને સને ૧૮૮૭ના ફેબ્રુઆરીની ૪ થી તારીખે પી. કો. ની ૩૭૯ તથા ૫૧૧ મી કલમો પ્રમાણે, ચોરી કરવાની કોશીશના ગુન્હાનો ગુન્હેગાર ઠર્યો હતો.

જે ડેપ્યુટી માજીસ્ટ્રેટ પાસે આ છેલા ગુન્હાનું કામ ચાલ્યું, તેણે શ્રીચરણને સજા

કરવામાં આગલા ગુન્હાનો ઠરાવ, જે રીતસર બંધવા વીરૂધ્ધ પુરાવામાં દાખલ કર્યો હતો, તે ધ્યાનમાં લેવાની તેણે ના પાડી. તે એવા કારણથી કે તેનો છેલો ગુન્હો, માત્ર કોશીશ-નો હોવાથી પી. કો. ની ૭૫ મી કલમમાં, તેનો સમાસ થઈ શકતો નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૮ મી કલમ પ્રમાણે, સજા વધારવાના ઈરાદાથી, આ કામ હાઇકોર્ટ તરફ સેસન જડજે લખી મોકલ્યું હતું.

આ લખાણની સુનાવણી ટાંણે બંને પક્ષવાળા તરફથી કોઇ હાજર થયું નહોતું.

ચીફ જસ્ટીસ પેથીરાંમ તથા કનીંગહાંમનો ઠરાવઃ—

વચમાં પડવાની અમારે ના પાડવી જોઇએ. બંધવો ચોરીના ગુન્હાની કોશીશનો અપરાધી ઠર્યો છે; અને તેથી તેના ગુન્હાનો ઠરાવ વાસ્તવીક રીતે જોતાં, ઈં. પી. કો. ની ૭૫ મી કલમમાં સમાતો નથી.

બાબ ૪ થો
સાધારણ અપવાદ.

કલમ ૭૬ મી

૭૬. જે સખસની જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણે ફરજ છે, અથવા કાયદાની કાંઇ ભુલના સબબથી નહી, પણ હકીકતનાં કાંઇ ભુલના સબબથી, જે સખસ શુદ્ધબુદ્ધિથી એમ માને છે કે એ વસ્તુ કરવાની મા હારી કાયદા પ્રમાણે ફરજ છે, તે સખસ જો તે વસ્તુ કરે, તો તે ગુન્હો છે એમ સમજવું નહિ.

જે કામ કરવાની જે સખસની ફરજ છે અથવા જે કરવાની માહારી કાયદા પ્રમાણે ફરજ છે, એમ જે સખસ કાંઇ હકીકતની ભૂલને લીધે માનેછે તે સખસે કરેલું તે કામ.

દ્રષ્ટાંતો.

(અ) અ સોલજર, કાયદાના હુકમ મુજબ પોતાના ઉપરી અમલદારના ફરમાવ્યાથી લોકોનાં એક ટોળા ઉપર બંદુકનો એક બહાર કરે, તો અ એ કાંઇ ગુન્હો કીધો એમ સમજવું નહી.

(બ) એક ઇનસાફની કોરટના અમલદાર અ ને તે કોરટે ય ને પકડવાનો હુકમ કર્યા ઉપરથી ધટતી તજવીજ કરીને, ઝ ને ય માનીને તે ઝ ને પકડે, તો અ એ કાંઇ ગુન્હો કીધો એમ સમજવું નહી.

કલમ ૭૭ મી

૭૭. જે અખ્તિયાર જે જડજને કાયદાએ આપેલો છે. અથવા જે જડજ શુદ્ધબુદ્ધિથી એમ માને છે કે આ અખ્તિયાર મને કાયદાએ આપેલો છે, તેવો કોઇ અખ્તિયાર અમલમાં લાવતાં તે જડજ ઇનસાફનું કામ કરવામાં જે વસ્તુ કરે, તે ગુનોહ છે એમ સમજવું નહીં.

ઇનસાફનું કામ કરતાં કરેલું જડજનું કામ.

કલમ ૭૮ મી

૭૮. કોઈ ઈનસાફની કોરટનો ફેંસલો અથવા હુકમ કાયમ હોયતે દરમિયાનમાં તે ફેંસલા અથવા હુકમ મુજબ કરેલી કાંઈ વસ્તુ અથવા તે ફેંસલા અથવા હુકમથી થઇ શકે એવી કાંઇ વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી, પછી તે ફેંસલો અથવા હુકમ કરવાનો તે કોરટનો અધિકાર ન હોય તેની કાંઇ ચિંતા નહીં; પરંતુ તે કામ કરનાર સખસે શુદ્ધબુદ્ધિથી એમ માનવું જોઇએ કે તે કોરટને તે અધિકાર છે.

કોઇ ઇનસાફી કોરટના ફેંસ અથવા હુકમ મુજબ કરેલું કામ

કલમ ૭૯ મી

૭૯. જે સખસને તે વસ્તુ કરવાની કાયદાથી રજા છે, અથવા કાયદાની કાંઇ ભુલના સબબથી નહી, પણ હકીકતની કાંઇ ભુલના સબબથી જે સખસ શુદ્ધબુદ્ધિથી એમ માને છે કે એ વસ્તુ કરવાની મને કાયદાથી રજા છે તે સખસ જો તે વસ્તુ કરે, તો તે ગુન્હો છે એમ સમજવું નહી.

જે કામ કરવાની જે સખસને કાયદાથી રજા છે, અથવા જે કરવાની મને કાયદાથી રજા એમ જે સખસ કાંઈહકીકતની ભુલને લીધે માનેછે તેસખસે કરેલું તે કામ.

દ્રષ્ટાંત.

ઝ ખુન કરે છે એવું સમજીને અ ઝ ને પકડે. હવે ખુન કરનારાઓને ખુન કરતાં પકડવાનો અખતિયાર કાયદાએ સઘળા સખસોને આપ્યો છે તે અખતિયાર પોતાની અક્કલ શુદ્ધબુદ્ધિથી ચલાવીને અમલમાં લાવતાં અ ઝ ને પકડે, એવા હેતુથી કે તેને યોગ્ય અમલદારની આગળ હાજર કરવો, તો અ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહી; પછી એમ માલમ પડે છે કે ઝ પોતાના બચાવમાં કાંઇ કામ કરતો હતો તોપણ.

કલમ ૮૦ મી

૮૦. કાંઈ કાયદેસર કામ, કાયદેસર રીતે, કાયદેસર ઉપાયોથી તથા ઘટતી સંભાળ અને ખબરદારીથી કરતાં ઇતેફાકન અથવા કમનશીબથી અને સાપ્રાધ ઈરાદા કે જ્ઞાન વિના થએલી કાંઇ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

કાંઇ કાયદેસર કામ કરતાં ઇતેફાક.

દ્રષ્ટાંત.

અ એક કુહાડો લઇને મજુરીનું કામ કરે છે, એટલામાં તેનું માથુ હાથામાંથી જુદુ થઇને ઉડીને પાસે ઉભેલા એક માણસને લાગીને તે માણસ મરી જાય, તો એ ઠેકાણે જો બરાબર ખબરદારી રાખવામાં અ ની તરફની કાંઇ કસુર ન હોય તો અ નું કામ માફ કરવા જેવું છે, ગુન્હો નથી, એમ સમજવું.

કલમ ૮૧ મી

જો કાંઇવસ્તુ હાની કરવાના સાપરાધ ઈરાદા વગર, તથા શુદ્ધબુદ્ધિથી શરીર અથવા મીલકતને થતી બીજી હાની અટકાવવાને અથવા તેથી તે બચાવવાને, કરી હોય, તો તે વસ્તુથી હાની થશે એવો સંભવ છે એમ જાણીને તે વસ્તુ કીધી એટલાજ સબબ પરથી તે ગુન્હો છે એમ સમજવું નહી.

જે કામથી હાની થાય એવો સંભવ હોય તે કામ, ગુન્હાના ઇરાદા વગર, તથા બીજી હાની અટકાવવાને કરેલું.

ખુલાસો—એવી બાબતમાં તે અટકાવવાની અથવા જેથી બચાવ કરવાનો તે હાની એવી તરેહની તથા નજદીકની હતી કે જે કામથી બીજી હાની થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામનું જોખમ માથે લેવું એ કાયદાસર અથવા માફ કરવા જેવું ગણાય એ હકીકતની બાબત છે.

દૃષ્ટાંતો.

(અ) એક આગબોટના કપતાન અને એકાએક તથા પોતાની તરફની કાંઇ ભુલ અથવા ગફલત વિના એમ દીઠામાં આવે કે હું એવી સ્થિતિમાં આવી પડ્યો છું કે જો હું માહરાં વાહાણનો મારગ બદલું નહી તો તેને હું અટકાવી શકૂ તે પેહેલાં ૨૦ અથવા ૩૦ઉતારૂવાળી એક બ હોડીને એ વહાણ લાગીને જરૂર નીચે બેસાડી દેશે, અને જો હું મારગ બદલું તો માત્ર ૨ ઉતારૂ વાળી એક ક હોડી નીચે બેસાડી દેવાનું જોખમ માથે લેવું પડે, અને તે હોડી એવી છે કે બને તો બચી પણ શકે. હવે એ ઠેકાણે ક હોડી નિચે બેસાડી દેવાના ઇરાદા વગર, તથા શુદ્ધબુદ્ધિથી, બ હોડી માંહેના ઉતારૂઓને બચાવવાના હેતુથી, જો અ પોતાનો મારગ બદલે, તો, જે કામ કરેથી ક હોડી નીચે બેશી જશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામ કરેથી ક હોડી નીચે બેસી જાય તો પણ, અ એ કાંઇ ગુનોહ કીધો એમ સમજવું નહી; પરંતુ હકીકતની બાબત દાખલ એમ માલમ પડવું જોઇએ કે જે ભયમાંથી બચવાનો તેણે ઇરાદો કર્યો તે એટલો મોહોટો હતો કે, તેને લીધે તેણે ક હોડી નિચે બેસાડી દેવાનું જોખમ માથે લીધું તે માફ થઇ શકે.

(બ) એક મોહોટી આગમાં અ લોકોનાં ઘરો તોડી પાડે, એટલા સારૂ કે તે આગ પથરાતી અટકે; અને તે કામ તે, શુદ્ધબુદ્ધીથી, માણસની જીંદગી અથવા મીલકત બચાવવાના ઈરાદાથી કરે, તો એ ઠેકાણે, જો એવું માલમ પડે કે અટકાવવાની હાનિ એવી તરેહની તથા એટલી નજદીક હતી કે તેથી અ નું કામ માફ થાય તો, અ એ એ ગુન્હો કીધો એમ સમજવું નહી.

કલમ ૮૨ મી

૮૨. સાત વર્ષથી ઓછી ઉમરના બાળકે કરેલી કાંઇ પણ વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી. ૭ વર્ષથી ઓછી ઉમરનાં બાળકે કરેલું કામ.

કલમ ૮૩ મી

૮૩. સાત વર્ષથી વધારે અને બાર વર્ષથી ઓછી ઉમરનું બાળક જેની અક્કલ તે વખતે પોતાની ચાલ કેવી છે તથા તેથી શું પરિણામો થશે એ બાબત વિચાર કરી શકે એટલી પુખ્ત થઇ નથી તેણે કરેલી કાંઇ પણ વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી, ૭ વર્ષથી વધારે અને બાર વર્ષથી ઓછી ઉમરનું બાળક જેની અકલ જોઈએ એટલી મુખ્ત થઇ નથી તેનું કામ.

કલમ ૮૪

૮૪ જે શખસ કાંઈ કામ કરતી વખતે, દીવાનગીના સબબથી, હું કેવી રીતનું કામ કરૂછું એ, અથવા જે કામ હું કરૂછું તે ખોટું છે, અથવા કાયદાથી ઉલટું છે એવું જાણી શકતો નથી, તેનું કરેલું કામ તે કામ ગુનોહ છે, એમ સમજવું નહી.

દીવાના સબબનું કામ.

મહારાણી કેસરે હીંદ. વિ. લક્ષમણ. દગડુ.

कलम ८४

१

તા० ૪–૩–૮૬
ઈ.૧૦ મુ.પા,૫૧૨

સનેપાત વગરના તાવના આવેશમાં હરકોઈ ગુન્હો કરવો તે દિવાનાપણાના કારણથી કરયો હતો એમ ઠરી શકતુ નથી.

मनतुं दीवानापणुं ज्यां कहेवामां आवतुं होय, तेवा कामोमां जवाबदारीनी कायदेसर परीक्षा करवा सारु, इं. पी. कोनी ८४ मी कलममां नीयम बांधेलो छे. वैदकी परीक्षाथी जुदा पाडी शकाय एवी, आ परीक्षाथी हरकोइ कसनी अपराधिपणा विशे नक्की करवानुं छे.

बंधवे एक कुहाडाथी पोतानां बे बाळक छोकरांने मारी नांख्या. ते गुन्हो करवा वास्ते आपेलुं कारण ए हतुके, ज्यारे हुं तावमां पड्यो हतो त्यारे. छोकरांओना रडवाथी मने खीज चडी हती. एवुं कहेवामां आव्युं हतुं के, ए वातथी खीजाळ थइ गयो हतो; अने अवाज सहन थइ शकतो नहोतो. परंतु ज्यारे गुन्हो कर्यो त्यारे, तेने सनेपात थयो हतो, एम जणायु नहोतुं. गुन्हो ढांकवानी कांइ कोशीश थइ नहोती. तथा बंधवे यथास्थीत कबुलती जुबानी आपी हती.

ठराव्युं केः—पोतानुं कस केवा प्रकारनुं छे, ते बंधवो जाणतो हतो. तेथी ते कसना अपराधीपणाविशे, पण ते जाणीतो होवो जोइए. माटे ते खुननो गुन्हेगार छे.

નાશીકના સેસન જડજે, બંધવાને મોતની સજા કરી હતી. તે સજાની મંજુરી માટે, ૧૮૮૨ ના દસમા આકટની ૩૭૪ મી કલમ અનુસાર, આ લખાણુ હાઈકોર્ટમાં આવ્યું હતું.

બંધવા ઉપર નીચે લખેલા પ્રસંગે, પી. કો. ની ૩૦૨ જી કલમ માંહેલા ખુનના ગુન્હાનું તોહોમત રાખવામાં આવ્યું હતું. સને ૧૮૮૫ ના નવેંબર માસની ૨૮ મી તારીખને પાછલે પોહોરે, બંધવો પોતાના ઘરમાં તાવથી બીમાર પડયો હતો. તેનાં બે બે છોકરાંઓ, જે અનુક્રમે ત્રણ તથા એક વરસનાં હતાં, તેમના રોવાથી તેને કંટાળો આવ્યો. સાપ નાનું છોકરૂં

ખોડીયામાં સુતું હતું. તેને બહાર કાઢી ઘરના માંહેલા બારના ઉંબરા ઉપર, કુહાડીથી તેનું, ગળું કાપી નાખ્યું. તે વખતે જરા મોટું બાળક ઘરના દરવાજા પાસે હતું. તેને પકડીને તેનું ગળું પણ, એવીજ રીતે કાપી નાંખ્યું.

દીવાનાપણાનાં આગળ કોઇ ચીન્હો બંધવામાં હતાં, એમ દેખાયું નથી. તેની વહુએ જુબાની આપી છે કે, મારા ધણીને પાંચ છ રોજ થયાં તાવ આવતો હતો; અને કમાવવા જઈ શક્યો નોતો. તાવમાં તેને બકબકાટ થયો નહોતો, પણ બહુ ચીડાઉ થઇ ગયો હતો. અને કાંઈ અવાજ સહન થઇ શકતો નહોતો; અને બોલવામાં પણ ધડો રહો નહોતો. જે રોજ છોકરાને તેણે મારી નાખ્યાં તે રોજ, પછાડનો તેને બહુ તાવ આવ્યો હતો. અને તે ખાટલામાં સુતો હતો. એ છોકરાં તેને બહુ વાહાલાં લાગતાં હતાં; તેથી તેના હવાલામાં છોકરાને જેમ આગળ રાખી જતી હતી, તે મુજબ રાખી ગઈ હતી.

ગળું કર્યા પછી, બંધવે નાશી જવાની જરાએ કોશીશ કરી નહોતી. તેમ તેને જરાએ દીલગીરી કે પશ્ચાતાપ થયાં નહોતાં. પોતાની મેળે પોલીસની પાસે રજુ થયો હતો. અને બીજા વર્ગના માજીસ્ટ્રેટ પાસે, તેણે પુરેપુરી કબુલત આપી હતી.

સેસન કોર્ટમાં જ્યારે તેનો ઇનસાફ થયો, ત્યારે તેના તરફથી તેના વકીલે દીવાનાપણાની દલીલથી બચાવ કર્યો. બંને આસેસરોએ, એ બચાવ માનીને તેને નીરદોષ ઠરાવ્યો; પણ તેમના મન સાથે સેસન જડજનો મત મળતો ન આવતાં, એ દલીલ નાસાબીત ગણીને બંધવાને, ઈ. પી. કો. ની ૩૦૨ જી કલમ મુજબ ખુંનનો અપરાધી ઠરાવ્યો હાઇકોર્ટની મંજુરીની સરતે, તેને ફાંસીની સજ્યા દીધી. તે મુજબ આ કામ, સજાની મંજુરી માટે હાઇકોર્ટમાં રજુ થયું હતું.

બંધવા તરફથી ભાટવડેકરઃ—

ચીવર સાહેબના મેડીકલ જુરી સંપુડસના પુસ્તકને પાને ૭૧૪ તથા ૭૭૭ મે હકીકત ટાંકી છે, તેમાં આ મુકરદમાનો સમાસ થાય છે. ગુન્હો કરવા અગાઉ પાંચ રોજથી બંધવાને તાવ આવતો હતો; તેથી ખીજાળ, અવાજથી કંટાળેલો, તથા બોલવા ચાલવામાં ધડા વગરનો થઈ ગયો હતો. એક શાહેદી એવું લખાવે છે કે, તેને બકબકાટ (સનેપાત) પણ થયો હતો. વળી વૈદકી સાક્ષીઓ પણ કબુલ કરેછેકે, સનેપાત થવાથી માણસ એટલો બધો બે અક્કલ થાયછેકે, હું શું કરૂંછું, અથવા હું કાંઇ ખોટું કરૂંછું, તે જાણવાની તેને શકતી રહેતી નથી. જુવો રોસકોનું એવીડંન્સનું પુસ્તક પૃષ્ટ ૯૦૫ આ કામમાં હેતુનો પુરાવો બીલકુલ પડયો નથી.

સરકાર તરફથી પાંડુરંગ બલીભદ્ર.

ગુન્હો કર્યો ત્યારે, હું શું કામ કરૂંછું તેની મને ખબર નહોતી, એવું બંધવાએ ચોખ્ખી રીતે દેખાડવું જોઇએ, તે તેણે દેખાડયું નથી. જરી જરીમાં ખીજાય, અથવા તેનું મંન ગુંચવાઇ ગયું હતું. એટલીજ હકીકતથી, તે પોતાની જવાબદારીમાંથી મોકળો થઇ શકતો નથી. કાંઇ હેતુ હતો નહીં, એ દીવાનાપણાની પરીક્ષા કરવાનું ચીન્હ નથી. પુરાવેથી સાબીત થતું નથીકે, તેને સનેપાત થયો હતો. તેનીજ વહુ કહેછે કે, બકબકાટ થયો નહોતો. જો તેને સનેપાત થયો હોતતો, ગુન્હો કર્યાની તથા તેની સાથે સબંધ ધરાવનારી સઘળી વીગતવાર હકીકત આપી, તેનો યથાસ્થીત અંગીકાર કરત નહીં.

દીવાનાપણાની દલીલ તુટીજાયછે, માટે બંધવાને ખુંની ઠરાવ્યોછે તે વ્યાજબીછે.

જસ્ટીસ બર્ડવુડનો ઠરાવ:—

બંધવે પોતાનાં બે નાંનકડાં છોકરાંઓને, એક કુવાડીથી નીરદયપણે મારી નાંખ્યાંછે. એમ કહેવાયું છે કે, તે છોકરાં તેને બહુ વહાલાં હતાં. અને ગુન્હો કરવાનું તે કારણ આપેછે કે, હું તાવમાં બેજાર હતો, ત્યારે છોકરાંઓ રડવા લાગ્યાં, અને તેથી મને બહુ ત્રાસ આવ્યો. મારી નાંખ્યા પછી તે પાછો ખાટલે ગયો, અને સુઈ રહ્યો. જ્યારે તેને સવાલ કરવામાં આવ્યો ત્યારે, તેની રીતભાત શાંત હતી. અને કાંઇ વીત ઢાંકવા સારૂ, તેણે કોશીશ કરી નોહોતી. તેણે યથાસ્થીત રીતે ગુન્હો કબુલ કર્યોછે; અને પશ્ચાતાપ કે દીલગીરીનાં કાંઈ ચીન્હો, તેણે દેખાડયાં નથી.

ઘણાં દીવસથી તે તાવમાં બેજાર હતો પણ તેને સનેપાત થયો હોય, એવું દેખાતું નથી. તેની વહુ લખાવેછેકે, વાત કરવામાં તે ચુકતો નહોતો. જ્યારે તાવ આવતો ત્યારે, તે વહેમી થતો; અને તેને કાંઈ ભાન રહેતું નહીં. સનેપાતના જોરમાં તેણે પોતાનાં છોકરાંને મારી નાંખ્યા, એવું પુરાવેથી જણાતું નથી. જો તેને સનેપાત થયો હતતો, તે વખતની વાત તેને યાદ રહત નહીં, અને ગુન્હાનો અંગીકાર કરત નહીં. અગર જો તેની ઓરત કહે છે કે, જ્યારે તેને તાવ આવતો ત્યારે તે બેશુદ્ધ થતો, તોપણ એટલું ચોકસ કહે છે કે, જે બે હકીકત બની તે તેના જાંણવામાં સારી પેઠે હતી. ઈી. પી. કો. ની કલમ ૮૪ મીની ભાષા માંહેલા દીવાનગીપણાના કારણથી, બંધવો પોતાનું કરેલું કામ કેવા પ્રકારનું છે, તે જાંણવાને અશક્ત હતો કે નહીં, અથવા હું જે કરૂં છઊં તે ખોટું છે, અથવા કાયદા વિરૂધ્ધ છે, એવું જાંણવાને તે અશક્ત હતો કે નહીં, એ સવાલનો સેસન જડજે વિચાર કરીને, તેણે તે સવાલનું નીરાકરણ બંધવા વિરૂધ્ધ કરેલું છે. અને તેને ફાંસીની સજા કરેલી છે. બંને આસેસરોનો મત થયો કે, બંધવો બેગુન્હા છે. તેમાંથી એકના ધારવામાં આવ્યું કે, તેને તાવ આવતો હતો; અને તેથી પોતાનું કૃત્ય કેવા પ્રકારનું છે, તેની તેને ગમ નહોતી. બીજો એમ કહે છે કે, તેની અકલ ઠેકાણે નહોતી. તે બીમાર હતો. અને પોતાનાં છોકરાં તરફ વહુ સાથે તેને એક ગાંઠ હતી. તેથી દીવાના વગર, કોઇ પોતાના બાળક છોકરાંને મારે નહીં.

ડાકતર ટેલરના મેડીકલ જુરીસપ્રુડંસના ગ્રંથના ભાગ ૫૯ મામાંની મનની નીરમળતાની જે વૈદકી પરીક્ષા લખી છે, તે વૈદકી પરીક્ષાથી, બંધવાના મનની નીરમળતાનું નીરાકરણ કરવાના સવાલનો જવાબ, મારા ધારવા પ્રમાણે આસેસરોના મતને અનુંસરતો છે. જે વર્ગના ખુંની કાંમો કરવા પેહેલાં, મનની નબળી સ્થીતીનાં ચીન્હો જણાય, તે વર્ગના કૃત્યોનું ડાકટર ટેલરે યથાસ્થીત વ્યાખ્યાન કરેલું છે. તે માહેલું આ કામનું કૃત્ય છે. ઘણાક કામોમાં એવાં કૃત્યો, રક્તથી નીકટ રીતે જોડાએલાં મારી નાંખેલ સક્ષો ઉપર થએલાં હતાં. એવા ગુન્હાઓ ડાકટર ટેલરના અભીપ્રાય પ્રમાણે, વ્યાજબી રીતે જવાબદાર, અથવા ડાહ્યા માણુસના કૃત્ય તરીકે, ગણી શકાતાં નથી.

આવા મુકરદમામાં ઈંગ્રેજી કાયદાનો તર્ક ગમે તેટલો નીરમળ હોય તોપણ, જે કાંમોનો ઇનસાફ જુરીની મદદથી થાયછે, તેમાં તેનું લાગુંપણું હમેશાં એકસરખું હોતું નથી. ત્રણ મોટા

પ્રખ્યાત મુકરદમાઓ જોવાની માત્ર જરૂર છે. રાણી. વિ. ગ્રીન્સવીથના કામમાં, પોતાનાં છોકરાં માંથી ચાર છોકરાંનું ખુન કર્યાનું બંધવા ઉપર તહોમત હતું. તેને તેઓના ઉપર બહુ હેત હતુ; પણ ઘણી દુખી અવસ્થામાં આવી પડયા પછી, તેણે એ છોકરાંઓનું ગળું દાબીને મારી નાખ્યાં હતાં. તે એટલા માટે કે, શેરીમાં રખડતાં ન થાય. આ વીચાર માત્ર તેને ગુન્હો કરવાની રાત્રે થયો હતો. અને ઈનસાફ વખતે પોતાનો બચાવ આપ્યો નહોતો. આ માણસની મનની નબળાઇનાં કાંઇ ચીન્હો, કોઇ સાક્ષીએ કોઇ દીવસ જોયાં નહોતાં. તેને અપરાધી ઠરાવી ફાંસીની સજા કરવામાં આવી; પરંતુ "ડોકટરબ્લેક અને બીજાઓની ઉદ્યમી હીલ ચાલથી, દીવાનપણાનો સબબ રાખી તેને છોડી મુંકવામાં આવ્યો. આ કામમાં એક શ્રેષ્ઠ કાયદાનો આધાર આપી શકાય, એવો જડજે નીચે પ્રમાણે વિચાર આપ્યાનું કહેવાય છે. તે માણસનું મન બગડી ગયું હોય, એમ સાફ દેખાય છે. જે કાંમો કર્યા તે કરવાની તેની રીત, તથા તેનો હેતુ, અને તેની વર્તણુક, એ સઘળાં ઉપરથી તેના મનની ડાગળી ખસી હોય, એમ જણાય છે." ગ્રીન્સવીથના કામમાં કરેલા ગુન્હાના પ્રકાર ઉપરથી, અનુંમાન જેટલું થઇ શકે, તે શીવાય મનના બગડવાની હયાતી વીશેનો કંઈ પુરાવો હતો નહીં. ડાકટર ટેલર કહે છે કે, "પુરાવામાં ગુન્હો પંડે અથવા ગુંન્હો કરવાની રીત, દીવાનાપણાની સાબેતીમાં આપવી, એ એક મોટો ભયંકર નીમછે. પણ આવા મુકરદમા ઉપરથી નીઃસંદેહ સાબીત થાય છે કે, જે કાંમોમાં માત્ર મેળવી શકાય એવો પુરાવો આવોજ છે, તે માંહેલું આ એક દ્રષ્ટાંત છે." રાણી. વિ. બ્રીક્ષીના કામમાં, કેદણ કોઇ સારા માણસના કુટુંબમાં શાંત મીજાજની એક નીર અપરાધી લોંડી હતી. તેને અન્યમીત રજસ્વળાના રોગની વ્યાધી હતી. અને કજા બનવાની અગાઉ થોડીકવારે સફ્લી સંસારી બાબતમાં તેને અદભુત ક્રોધ ચડી ગયો હતો. ખુદ ખુંનના કૃત્યથી, જે પુરાવો મળે તે બાતલ કરીયે તો, તેણીના કહેવાયેલા દીવાંનાપણાની બાબતમાં જે કાંઈ પુરાવો હતો, તે આટલોજ હતો.

તે એક નજીવું બહાનું કાઢીને, બબરચીખાંનામાંથી એક ચાકુ લાવી હતી. અને પોતાના શેઠના છોકરાંની દાઇ ઓરડામાંથી જ્યારે બહાર હતી ત્યારે, તે છોકરાનું ગળું તેણે વાઢી નાંખ્યું. જે ગુન્હો તેણે કર્યો, તેનું તેને સંપુર્ણ ભાન હતું. પોતાનું કૃત્ય ગુન્હો છે, એમ તે ગણતી હતી. અને ફાંશી દેશે કે સમુદ્રપાર મોકલશે, તે જાંણવાની બહુજ ઈંતેજારી બતાવતી હતી. વળી તેણે સઘળી વાત પોતાના શેઠને કહી દેખાડી હતી. મનુષ્યને મારી નાંખવાના દીવાનાપણાની પરીક્ષા કરવા વાસ્તે, ડોકટર ટેલરે જે વૈદકી કસોટીઓ લખી છે, તેમાંથી ત્રણ કસોટીયો એ કેશમાં પુરી પડી. તે એકે (૧) તેમાં તેનો કંઇ હેતુ નહોતો. (૨) તેણ ખુંન કર્યા પછી તેણે નાશી જવાની કોશીશ કરી નહોતી. (૩) તથા ખુંન કરવાના ઈરાદાની કોઇ સાથે તેણે મસલત કરી નોહોતી. કેદણ દીવાંની હતી, એવો કંઈ પણ પુરાવો નહોતો; છતાં તેને છોડી મુંકવામાં આવી હતી. રાંણી. વિ. બરટનના કાંમમાં, બંધવો પોતાની ઓરતનું ગળું કાપી નાખ્યાનો ખુનનો અપરાધી ઠર્યો હતો. તે ગુન્હો કરવાનો તેનો કંઈ હેતુ હતો નહીં. આગલી રાતે તે માંદો અને બેચેન હતો. કંઈ વાત ઢાંકવાની તેણે કોશીશ કરી નહોતી; અને પશ્ચાતાપ કે દીલગીરી તેણે દેખાડયાં નહોતાં. વૈદકી શાક્ષીઓએ એવો ખુલાસો આપ્યો કે, મજકુર ખુંન એક તાત્કાળીક ક્રોધના આવેશમાં કર્યું હતું. પરંતુ આ મતથી જડજ જુદો પડયો, તે એટલા કારણથી કે, મન

ઠેકાણે હોય, તેની સાથે ન દાબી શકાય, એવા ક્રોધનું બાહાનું દેઈને, હરકોઈ ગુન્હામાંથી તે ગુન્હેગાર છુટવા માગે, તો છુટી જાય. તથાપી ડાકટર ટેલરે આ કામમાં એવો અભીપ્રાય આપ્યો છે કે, તે વખતે તેનું મન પુરેપુરૂં ઠેકાણે હશે નહીં. જે પ્રસંગ વર્ણવ્યો છે, તે પ્રસંગમાં કોઇ સાધારણ અકલવાળો માણસ પણ, તેવા પ્રકારનું કામ કરશે નહીં. "બ્રીક્ષીને અપરાધી ઠરાવવામાં જે કારણ હતું, તેના કરતાં વધારે મજબુત કારણ, આ બંધવાને અપરાધી ઠરાવવાને દેખાતું નથી. જ્યારે બ્રીક્ષીને નીર અપરાધી ઠરાવી હતી, તે છતાં કેદીને અપરાધી ઠરાવ્યો હતો." એજ ડાકટર આગળ ઉપર પોતાના ગ્રંથમાં કહે છે કે, "જેવી રીતે ગ્રીન્સવીથના કાંમમાં બન્યું હતું, તેવીજ રીતે આ કામમાં બંધવાની આગલી વર્તણુંકથી, અથવા તેની વાત ચીતથી પ્રસિધ્ધ નહીં થયેલું, તથા મનમાંથી એકદમ ઉગી આવેલું ક્રોધાંધાપણું થયું હશે."

બ્રીક્ષીના કેશની બાબતમાં, તેણે નીચે પ્રમાણે લખ્યું છે. "જે કૃત્ય કરવામાં આવ્યું, તે કૃત્યના તથા જે રીતે કર્યું, તે રીતના ઉપર આધાર રાખીને, દીવાંનાપણાની હયાતીનું, એક ચોખું કાયદાનું અનુમાંન બાંધવામાં આવ્યું હતું." અને એ મુકરદમાથી મળેલો આધાર તથા તેનાજ જેવો રાણી. વી. સ્ટોવેલના ફેંસલા પ્રમાણે, રાંણી. વિ. બરટનના કામમાં વર્તવામાં આવ્યું નહોતું, કેમકે, સામાન્ય રીતે, કોઈ ન્યાયની અદાલત "ગુન્હો કરવા ટાંણે, અથવા ગુન્હો કરવા અગાઉ મનમાં ક્રોધાંધાપણા વીશે, અથવા અકલના અંધાપણા વીશે, સ્પષ્ટ અને ઉજળો દુધ જેવો પુરાવો શોધવાનું કરે છે." (ટેલર પ્ર. ૬૨૭) (જુઓ વળી રાણી. વી. લેટનના કામમાં બેરનરોલફે, કરેલો ઉપદેશ તથા રાંણી. વિ. લોનો ફેસલો).

બ્રીક્ષીના કાંમમાં બચાવ વીશે અભીપ્રાય આપ્યો છે, તે પ્રમાણે તેવાં સઘળાં કાંમોનો ઈનસાફ કરવામાં, સાંમાન્ય નીયમો લાગુ પડતા નથી. પ્રત્યેક મુકરદમાનો ઈનસાફ, તેની સાથે જોડાયેલી ખાસ હકીકત ઉપરથી કરવો જોઇએ. જે ત્રણે કેશોનો હવાલો હમણાં અમે આપી ગયા, તેની સાથે આ મુકરદમાનો મુકાબલો કરતાં, એક વાત જોવાની છે કે, ગુન્હા વાસ્તે બંધવે ખુદે જો કે એક હેતુ બતાવ્યો છે, તો પણ તે હેતુ એક અપુર્ણ અને માનવા સરખો નથી. અને ગ્રીન્સવીથના મુકરદમામાં, જે હેતુ હતો તેનાથી ઓછો માનવા લાયક છે. આગળથી વીચાર કરી રાખ્યાની વાત પણ સાબીત થઈ નથી. ગ્રીન્સવીથના કામમાં જે વિચાર તુરત થયો હતો, તે વિચાર આ કામમાં બંધવાને વધારે ઉતાવળથી થયો હશે. જેવાં આ ત્રણે કાંમોમાં સાવચેતી, સંતાડવાપણું, ભાગી જવાની કોશીશ, અથવા દીલગીરી કે પશ્ચાતાપ નહોતાં, તેમજ આ કામમાં થયેલું છે. એ બધા મુકરદમાઓમાં, સદરહુ કૃત્ય કોઈ પણ સાબેતીની મદદ વગર થયું હતું. અને વૈદકી ગ્રંથકારોના અભીપ્રાય પ્રમાણે, જેમ ઇંગ્લાંડના મુકરદમાઓમાં બંધવા ઉપર જવાબદારી રાખી નહીં, તેમ આ કામમાં પણ રહી શકે નહીં. તોપણ જે ન્યાયતત્વો ન્યાયવાળાઓએ મંજુર રાખ્યાં છે, તે લાગુ પાડવાની અમારી ફરજ છે. અને તે તત્વો જેવા વીલાયતમાં ચાલે છે, તેવાંજ આંહી ચાલે છે. તથા ઈી. પી. કો. ની કલમ ૮૪ માં મનના દીવાનાપણાની બાબતોની અંદર જવાબદારીની જે પરીક્ષા લખી છે, તે પરીક્ષા જો ચાલતા કાંમને લાગુ પાડીયે તો, તાવની સાથે સનેપાત થયો હતો, એવું જ્યાં સુધી ઠરે નહીં, ત્યાંસુધી બંધવાને નીરદોષ કરવાને અમે અશકય છીએ. (જુઓ ચીવર સાહેબના મેડીકલ જુરીસપ્રડંન્સના પુસ્તકને પાંને ૮૦૧મે આ બાબેતનું વીવેચન.)

અલબત તે તાવને લીધે ચીડાઉ, અને અવાજથી ખેદ પાંમતો હતો. તેની વહુ કહેછે તે પ્રમાણે, તે ભ્રષ્ટી થઇ ગયો હતો. તેના વીચારો ગુંચવાઇ ગયા હતા. પણ પોતાનું કૃત્ય કેવા પ્રકારનુંછે, તેનું તેને ભાન નહોતું, એવું ઠરાવવા જેટલો પુરતો પુરાવો નથી. તે કામ કેવા પ્રકારનુંછે, તેનું જો તેને ભાંન હોયતો પછી, તે કાંમનાં અપરાધીપણા વિશેનું તેને ભાન હોવું જોઇએ.

માટે સેસન જડજે પી. કો. ની ૩૦૨જી કલમ પ્રમાણે ખુંનનો ઠરાવ કર્યોછે, તે અમે બાહાલ રાખીએ છીએ. પરંતુ આ એવો મુકરદમો નથીકે, જેમાં ફાંસીની સજા દેવી જોઇએ. અમારા વીચાર પ્રમાણે જીવતાં સુધી સમુદ્રપારની સજા કરવાથી ન્યાયના હેતુનો અર્થ સરેછે.

સેસન જડજે ફાંસીની સજા કરીછે, તે બાહાલ રાખવાની અમે ના પાડીએ છૈયે. અને બંધવા લક્ષ્મણ દગડુને જીવતાં સુધી સમુદ્રપારની સજા કરીએ છૈયે.

તેની સાથે, અમે એવો હુકમ કરીએ છૈયેકે, આ સઘળું ચાલેલું કાંમ અમારા ઠરાવની નકલ શીકે, નામદાર ગવ્રનર ઈન કાંઊંસીલને મોકલી દેવું; અને તે સાથે એવો ભળામણ પત્ર લખવો કે, સરકારે કૃપા કરીને આ કાંમ ધ્યાનમાં લેવું જોઈએ. બંધવાને શું કરવું, તે બાબતની અમે નામ પાડીને ભલામણ કરતા નથી. માણસને મારી નાંખવાની ઘેલછાપણાની સ્થીતી, જેમાં તહોમતવાળા સક્ષેના મનની સ્થીતી, ખુંનનાં કાંમો કરવા ટાંણે એવીતો હોયછેકે, દીવાનાપણાનું કારણ લેઇને તેઓને છોડી મુકવા એ વ્યાજબીછે. એવી સ્થીતી વખતો વખત થાયછે. એમ ગ્રીન્સવીથ તથા બ્રીક્ષીના મુકરદમાની બાબતમાં ડાકટર ટેલર જેવા પંકાયેલા ગ્રંથકારે અભીપ્રાય આપ્યોછે. તેવા મુકરદમાના વર્ગમાં આ મુકરદમો લાવવા જેટલું પુરતું કારણછે. એટલુંજ અમારે કહેવાપણું રહેછે. આ મુકરદમાની હકીકતને જે કાયદો ચાલુછે, તે કાયદો અમે લાગુ કર્યોછે. એટલું કહ્યા વગર અમારાથી રહેવાતું નથી. આગળ ઉપર બંધવાના મનની સ્થીતી વીશેનાં ચીન્હો જણાય, એવો આ મુકરદમોછે. અને વખતે જો માફી નહીં, તોપણ સજામાં ઘટાડો કરવો, અથવા જે સજા કરીછે તે બદલાવીને, બીજી સજા કરવા જેવો આ મુકરદમોછે.

કલમ ૮૫ મી

૮૫. જે સખસ કાંઇ કામ કરતી વખતે, કેફના સબબથી હું કેવી રીતનું કામ કરૂં છું એ, અથવા હું જે કામ કરૂં છું તે ખોટું છે અથવા કાયદાથી ઉલટું છે એવું, જાણી શકતો નથી, તેનું કરેલું તે કામ ગુનોહ છે એમ સમજવું નહી; પણ જે વસ્તુથી તેને કેફ ચહડી તે વસ્તુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવાડી હોય તો.

પોતાની ખુશી નછતાંથએલી કેફના સબબથી જેસખસ વીચાર કરવાને અશકત થયોછેતેનુંકામ.

કલમ ૮૬ મી

૮૬. જે જે બાબતોમાં કાંઇ કામ અમુક જ્ઞાન અથવા ઇરાદાથી કરયું ન હોય તો તે ગુનોહ ન ગણાય એવું હોય, તે તે બાબતોમાં જે સખસ કેફની હાલતમાં હોઇને તે કામ કરે તે સખસની ઉપર, હેતુ એમ સમજીનેજ, અમલ થવાને તે લાયક થશે; પણ જે વસ્તુથી તેને કેફ ચહડી તે વસ્તુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવડાવી ન હોય તો.

જે ગુનાહમાં અમુક ઇરાદો અથવા જ્ઞાન જોઇતુ જેને કેફ ચડી હોય એવા માંણસે કરેલો.

કલમ ૮૭ મી

૮૭. જે વસ્તુથી મોત અથવા મહાવ્યથા કરવાનો ઇરાદો કરયો નથી, અને જેથી મોત અથવા મહાવ્યથા થશે એવો સંભવ છે એમ તેહેનો કરનાર જાણતો નથી, તે વસ્તુ કરવાથી, થતી હાનિ ખમવાની જે સખસે સાફ રીતે અથવા અર્થાત સમજાય એવી રીતે, રજામંદી આપી હોય, એવા અઢાર વર્ષથી વધારે ઉમરના કોઇ સખસને કાંઇ હાનિ થાય અથવા કાંઇ હાનિ કરવાનો તે વસ્તુ કરનારે ઇરાદો કરયો હોય, તે હાનીના સબબથી, અથવા એવા જે સખસે તે હાનિનું જોખમ માથે લેવાની રજામંદી આપી હોય તે સખસને તે વસ્તુથી કાંઇ હાનિ થશે એવો સંભવ છે એમ તે વસ્તુ કરનાર જાણતો હોય તે હાનીના સબબથી, તે વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી.

જે કામથી મોત અથવા મહાવ્યથા કરવાનો ઇરાદોકરયો નથી, અથવા તે થશે એવો સંભવ જાણવામાં નથી, એવું કામ રજામંદીથી કરેલું.

દ્રષ્ટાંત.

અ તથા ઝ અમથા રમતને સારૂ એક બીજા સાથે પટો ખેલવાનું કબુલ કરે, તો, એ કબુલતમાં અર્થાત હરએકની હેવી રજામંદી સમજાય છે કે વગર દગલબાજીએ તે પટો ખેલતાં જે હાનિ થાય તે ખમવી. હવે અ થી વાજબી રીતે ખેલતાં ઝ ને કાંઇ વ્યથા થાય, તો અ એ કાંઈ ગુનોહ કરયો એમ સમજવું નહી.

કલમ ૮૮ મી

૮૮. જે વસ્તુથી મોત થાય એવો ઈરાદો કરયો નથી તે વસ્તુથી થતિ હાનિ ખમવાની અથવા તે હાનિનું જોખમ માથે લેવાની જે સખસે, સાફ રીતે અથવા અર્થાત સમજાય એવી રીતે, રજામંદી આપી હોય, તે સખસના ફાયદાને માટે શુદ્ધબુદ્ધિથી તે કરવામાં તે સખસને કાંઇ હા-

જે કામથી મોત થાય એવો ઈરાદો કરયો નથી, તે કામ રજામંદીથી.ત

નિ થાય, અથવા તેને કાંઈ હાનિ કરવાનો ઇરાદો તે કરનારે કરયો હોય, અથવા તેને તેથી કાંઇ હાનિ થશે હેવા સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય, તે હાનિના સબબથી તે વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી.

થા શુદ્ધ બુદ્ધિ થી કોઇ સખસના ફાયદાનેમાટેકરેલું.

દ્રષ્ટાંત.

અમુક શસ્ત્રક્રિયા કરવાથી ઝ નું મોત થશે એવો સંભવ છે એમ જાણીને, પણ ઝ મોત આણવાનો ઈરાદો ન કરતાં અને ઝ કાંઇ દુખકારક રોગથી પીડા પામે છે તેને ફાયદો થાય એવા ઇરાદાથી, સુદ્ધબુદ્ધિએ, ઝની રજામંદી લઇને ઝની ઉપર તે શસ્ત્રક્રિયા, આ દાકતર કરે, તો અ એ કાંઇ ગુનોહ કરયો એમ સમજવું નહી.

કલમ ૮૯ મી

૮૯. કોઇ બાર વર્ષથી ઓછી ઉમરના અથવા દીવાના સખસના ફાયદાને માટે, તે સખસનો જે વાલી હોય અથવા જે બીજા સખસના કાયદેસર હવાલાંમાં તે સખસ હોય તે અથવા સાફ રીતે અથવા અર્થાત સમજાય એવી રીતે રજામંદી લઇને કોઇ બીજો સખસ, સુદ્ધબુદ્ધિથી, કાંઇ વસ્તુ કરે, અને તે વસ્તુથી તે સખસને કાંઇ હાની થાય, અથવા તેને કાંઇ હાનિ થશે એવો સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય, તો તે હાનિના સબબથી તે વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી; પરંતુ.

કોઇ બાળકઅથવાદીવાનાના ફાયદા માટે,તેના વાલીએ, અથવા વાલીની રજામંદીથી બીજા સખસે, સુદ્ધબુદ્ધિથી કરેલું કામ શરતો.

પેહેલી—ઇરાદાથી મોત આણવાને, અથવા મોત આણવાની કોશીશ કરવાને, આ અપવાદ લાગુ પડશે નહી.

બીજી—કાંઇ વસ્તુનો કરનાર સખસ એમ જાણતો હોય કે એથી મોત આવે એવો સંભવ છે, તે વસ્તુ મોત અથવા મહાવ્યથા અટકાવવાના, અથવા કાંઇ મોટો રોગ કે અશકતતા દુર કરવાના કારણથી કાંઇ બીજા કારણ માટે, તે સખસ કરે, તેને આ અપવાદ લાગુ પડશે નહી.

ત્રીજી—મોત અથવા મહાવ્યથા અટકાવવાનાં, અથવા કાંઇ મોટો રોગ કે અશકતતા દુર કરવાના, કારણ શિવાય બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાને, અથવા મહાવ્યથા કરવાની કોશિશ કરવાને આ અપવાદ લાગુ પડશે નહી.

ચોથી—જે ગુન્હો કરવાને આ અપવાદ લાગુ પડતો નથી તે ગુન્હો કરવામાં મદદગારી કરવાને પણ એ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત.

અ શુદ્ધબુદ્ધિથી પોતાના બાળકના ફાયદાને સારૂ પોતાનાં બાળકની રજામંદી શિવાય, તેની પથરી કહડાવવાને તેની જાંગ એક દાકતર પાસે ચીરાવે અને તે એમ જાણતો હોય કે એ શસ્ત્રક્રિયાથી એ બાળકનું મોત થશે એવો સંભવ છે, પણ તે બાળકનો જીવ જાય એવો તેનો ઇરાદો ન હોય તો અ આ અપવાદમાં દાખલ થાય છે કેમકે તેની મતલબ પોતાના બાળકનો રોગ જાય એ છે.

કલમ ૯૦ મી.

૯૦. કાંઇ નુકશાનની દેહેસુતથી અથવા હકીકતની ખોટી સમજથી કાંઇ રજામંદી કોઈ સખસથીઅપાઈ હો, અને તે રજામંદી તેવી દેહેસતથી અથવા ખોટી સમજથી અપાઈ છે એમ તે કામ કરનાર સખસ જાણતો હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય અથવા, દેહસત અથવા ખોટીસમજથી અપાઇછે એવી જાણેલી રજામંદી.

જે સખસ દીવાનગી અથવા કેફના સબબથી જે કામ બાબત પોતાની રજામંદી આપતો હોય તે કામ કેવી તરેહનું છે તથા તેનો પરિણામ કેવો થશે એ સમજવાને અશક્ત હોય એવા સખસે રજામંદી આપી હોય અથવા વાક્ય સંબંધી એથી ઉલટું ન દેખાય તો બાર વરસથી ઓછી ઉમરના કોઈ સખસે રજામંદી આપી હોય તો તે રજામંદીને આ કાયદાની કોઇપણ કલમમાં લખેલી રજામંદી સમજવી નહીં. બાળક અથવા દીવાના સખસનીરજામંદી.

કલમ ૯૧ મી.

૯૧. જે સખસ રજામંદી આપતો હોય, અથવા જેની વતી રજામંદી અપાતી હોય, તે સખસને જે હાની થાય અથવા જે હાની કરવાનો ઇરાદો થયો હોય, અથવા જે હાની થશે એવો સંભવ છે એમ જાણવામાં આવ્યું હોય તે હાનીના સંબંધ વિના પણ જે કામો ગુન્હા છે, તે કામોને ૮૭, ૮૮, તથા ૮૯ મી કલમોમાંના અપવાદો લાગુ પડતા નથી. રજામંદી આપનાર સખસને થનારી સંબંધ વિના પણ જે કામો ગુનોહ છે તે કામોને ૮૭,૮૮ તથા ૮૯મી કલમો માંહેલા અપવાદો લાગુપડતાનથી.

દ્રષ્ટાંત.

(શુદ્ધબુદ્ધિએ કાંઇ સ્ત્રીનો જીવ બચાવવાના હેતુથી ન કર્યો હોય તો) તે સ્ત્રીને તેથી કાંઇ હાની થાય અથવા કાંઇ હાની કરવાનો ઈરાદો કર્યો હોય તે હાનીના સંબંધ વિના પણ ગરભપાત કરવો એ ગુન્હો છે. માટે "તે હાનીના સબબથી" કાંઈ તે ગુન્હો નથી; અને તે સ્ત્રી અથવા તેના વાલીની રજામંદી લઇને તેનો ગરભપાત કર્યો હોય તો તે રજામંદીથી તે કામ નહિ ગુન્હો એમ થતું નથી.

કલમ ૯૨ મી.

૯૨. જે સખસના ફાયદાને સારૂ કાંઇ વસ્તુ કરવીછે તે એવી હાલતમાં આવી પડયો હોય કે તેથી રજામંદી બતાવી શકાતી ન હોય, અને કોઇ વાલી અથવા તેને કાયદેસર હવાલામાં રાખનારો કોઇ બીજો સખસ ન હોય કે તે વસ્તુ કરેથી ફાયદો થાય એ રીતે વખતસર તેની રજામંદી મેળવી શકાય, તો તેવી વેળાએ શુદ્ધબુદ્ધિથી તે સખસના ફાયદાને સારૂ તેની રજામંદી વગર કાંઇ વસ્તુ કરી હોય તે, તેથી તે સખસને કાંઇ હાની થાય, તે હાનીના સબબથી ગુન્હો છે એમ સમજવું નહી. પરંતુ— કોઇ સખસની વગર રજામંદીએ તેના ફાયદા સારૂ શુદ્ધબુદ્ધિએ કરેલું કામ.

શરતો.

પેહેલી.—ઇરાદાથી મોત આણવાને અથવા મોત આણવાની કોશીસ કરવાને આ અપવાદ લાગુ પડશે નહી.

બીજી.—કાંઈ વસ્તુનો કરનાર સખસ એમ જાણતો હોય કે એથી મોત આવે એવો સંભવ છે, તે વસ્તુ, મોત અથવા મહાવ્યથા અટકાવવાના, અથવા કાંઇ મોટો રોગ કે અશક્તતા દુર કરવાનાં કારણથી કાંઇ બીજા કારણ માટે તે સખસ કરે, તેને આ અપવાદ લાગુ પડશે નહી.

ત્રીજી મોત અથવા વ્યથા અટકાવવાનાં કારણથી કાંઇ બીજા કારણ માટે બુદ્ધિપુર્વક વ્યથા કરવાને અથવા વ્યથા કરવાની કોશીશ કરવાને આ અપવાદ લાગુ પડશે નહી.

ચોથી.—જે ગુન્હો કરવાને આ અપવાદ લાગુ પડતો નથી, તે ગુન્હો કરવામાં મદદગારી કરવાને પણ એ લાગુ પડશે નહી,

દ્રષ્ટાંતો.

(અ) ઝ પોતાના ઘોડાપરથી પડીને બેહોશ થઈ જાય, અને તેવામાં અ દાકતર ત્યાં આવી પહોંચે ને તેના વિચારમાં એમ આવે કે ઝ ની ખોપરી કાપવી જોઇએ, પછી ઝ ને વિચાર કરવાની શક્તી પાછી આવતાં પહેલાં અગર અ ઝ નું મોત આણવાના ઇરાદાથી નહી, પણ શુદ્ધબુદ્ધિથી, ઝ ના ફાયદાને માટે ઝ ની ખોપરી કાપે તો અ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહી.

(બ) ઝ ને એક વાઘ લઇ જાય છે, તે જોઇને અ તે વાઘને તાકી ગોળી મારે, અને તે ગોળીથી ઝ નો જીવ જાય એવો સંભવ છે એમ જાણીને પણ ઝ નો જીવ લેવાના ઈરાદાથી નહી, અને શુદ્ધબુદ્ધિએ ઝ ને ફાયદો કરવાના ઇરાદાથી તે ગોળી મારે, અને તેની ગોળીથી ઝ ને તેનો જીવ જાય એવું જખમ લાગે, તો અ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહી.

(ક) એક બાળક એકાએક એવી આફતમાં આવી પડે કે તેની ઉપર તુરત કાંઈ શસ્ત્રક્રિયા ન થાય તો તેનો જીવ જાય એવો સંભવ હોય, અને તે બાળકના વાલીની રજા લેવાની વેળા ન હોય એવી હાલત જોઈને તે બાળકના કાલાવાલાપર નજર ન રાખતાં, શુદ્ધબુદ્ધિએ તે બાળકના ફાયદાને માટે અ દાકતર તે શસ્ત્રક્રિયા કરે તો અએ કાંઈ ગુન્હો કર્યો એમ સમજવું નહી.

(ડ) એક ઘરને આગ લાગી છે. તે ઘરમાં અ તથા ઝ એક બાળક છે, એવામાં લોક નીચેથી એક ચાદર પહોળી કરીને પકડી રહે, અને અ તે બાળકને તે ઘરના છાપરાપરથી નીચે નાંખે, એવું જાણીને કે નીચે પડેથી એ બાળકનો જીવ જાય એવો સંભવ છે, પણ તે બાળકનો જીવ લેવો એવો તેનો ઇરાદો ન હોય અને શુદ્ધબુદ્ધિએ તે બાળકને ફાયદો કરવાનો ઇરાદો તેણે કર્યો હોય એ ઠેકાણે અગર પડવાથી તે બાળકનો જીવ જાય તોપણ અ એ કાંઈ ગુન્હો કર્યો એમ સમજવું નહી.

ખુલાસો.—ફકત પઈસાની તરફનો ફાયદો થતો હોય, તેને ૮૮, ૮૯, તથા ૯૨ મી કલમોના અર્થ પ્રમાણેનો ફાયદો સમજવો નહી.

કલમ ૯૩ મી

૯૩. કોઇ સખસના ફાયદાને સાર તેને શુદ્ધબુદ્ધિએ કાંઇ કહેવામાં આવે અને તેથી તે સખસને કાંઇ હાની થાય, તો તે હાનીના સબબથી તે કહેવું ગુન્હો છે એમ સમજવું નહી. શુદ્ધબુદ્ધિએ કાંઈ કહેવું.

દ્રષ્ટાંત.

એક માંદા માણસને તેનો દાકતર અ શુદ્ધબુદ્ધિએ પોતાનો અભિપ્રાય કહે કે તું જીવી શકવાનો નથી, અને તે ધ્રેબકથી તે માંદો માણસ મરી જાય, તો અગર અ ને ખબર હતી કે એ પ્રમાણે કહેવાથી તે માંદા માણસનું મોત થાય એવો સંભવ છે તોપણ, અ એ કાંઈ ગુન્હો કર્યો એમ સમજવું નહી.

કલમ ૯૪ મી.

૯૪. ખુન તથા રાજ્ય વિરૂદ્ધ જે ગુનાહોને માટે મોતની શિક્ષા ઠરાવેલી છે તે ગુનાહો શીવાય, જે કામ કોઇ સખસને કાંઇ ધમકીને લીધે કરવું પડે અને તે ધમકી હેવી હોય કે જેથી, તે કામ કરતી વેળાએ તે સખસના મનમાં કારણસર હેવી દેહેસત પેદા થાય કે જો હું એ કામ નહી કરીશ તો મારૂ તાત્કાલીક મોત થશે, તો તે કામ ગુનોહ છે એમ સમજવું નહી; પણ તે કામ કરનાર સખસ પોતાની ખુશીથી અથવા પોતાને તાત્કાલીક મોત કરતાં કાંઇ ઓછી હાનના કારણસર દેહેસતથી, હેવી હાલતમાં પોતે આવ્યો હોય કે તેથી તેની ઉપર તે દાબ થયો હોય એમ ન થવું જોઇએ. જે કામ કોઈ સખસનેડરથી કરવું પડે.

ખુલાસો ૧ લો.—જે સખસ પોતાની ખુશીથી, અથવા માર મારવાની ધમકીના સબબથી, આ માણસો ડાકાઇટ છે એમ જાણીને, તે ડાકાઇટોની ટોળીમાં ભળે, અને પછી કાયદા મુજબ ગુનોહ હોય એવી કોઈ વસ્તુ તેના સોબતીઓના જોરથી તેને કરવી પડે, તો તેને આ અપવાદોનો ફાયદો મળી શકતો નથી.

ખુલાસો ૨ જો.—કોઈ સખસને ડાકાઈટોની એક ટોળી પકડે, અને તેને તુરત મારી નાંખવાની ધમકી દેખાડીને કાયદા મુજબ ગુનોહ હોય એવી કાંઈ વસ્તુ તેની પાસે કરાવે, જેમકે કોઇ લુહાર પાસે તેના હથિયાર લેવાડીને પોતે કોઇ ઘરમાં પેશીને તે લુટી લેવાસારૂ તે ઘરનાં બારણાં ઉઘડાવે, તો તેને આ અપવાદનો ફાયદો મળી શકે છે.

કલમ ૯૫ મી.

૯૫. કાંઇ વસ્તુથી કાંઇ હાનિ થાય અથવા કાંઇ હાનિ કરવાનો ઇરાદો કરયો હોય, અથવા કાંઇ હાનિ થશે એવો સંભવ જાણ્યામાં હોય, પણ તે હાનિ એટલી જુજ હોય કે સાધારણ સમજ તથા સ્વભાવનો કોઇ સખસ તે હાનિ બાબત ફરિયાદ કરે નહી, તો તે હાનિના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી. જુજ હાની થાય એવું કામ.

ખાનગી બચાવના હક બાબત.

કલમ ૯૬ મી.

૯૬. ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કરેલી કાંઈ પણ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

ખાનગી બચાવમાં કરેલી કાંઇપણ વસ્તુ ગુન્હો નથી.

કલમ ૯૭ મી.

૯૭. હરએક સખસને નીચે લખેલો બચાવ કરવાને હક છે, પણ તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદો લાગુ પડે છેઃ—

શરીર તથા મિલકતના ખાનગી બચાવનો હક.

પેહેલો—શરીર સંબંધી કોઇ પણ ગુન્હાથી પોતાના અથવા બીજા કોઇ પણ સખસના શરીરનો બચાવ.

બીજો—ચોરી, અપહરણ, બીગાડ, અથવા સાપરાધ પ્રવેશ, એ ગુનાહોનો લક્ષણોમાં દાખલ થઇ શકે એવો ગુન્હો જે કામ હોય, અથવા જે કામ ચોરી, અપહરણ, બીગાડ અથવા સાપ્રાધ પ્રવેશ કરવાની કોશિશ હોય, તે, કામથી પોતાની અથવા બીજા કોઈ પણ સખસની સ્થાવર કે જંગમ મિલકતનો બચાવ.

કલમ ૯૮ મી.

૯૮. જે કામ બીજી હાલતમાં થએથી અમુક ગુન્હો ગણાય એવું હોય, તે જો તે કામના કરનારની નાહાની ઉમરના, બુદ્ધિની કચાઇના, અથવા દીવાનગીના સબબથી, અથવા તેને કેફ ચડી હોય, અથવા તે સખસની કાંઇ ખોટી સમજ હોય તે સબબથી, તે ગુન્હો થઇ શકતું ન હોય, તોપણ જાણે તે કામ તે ગુન્હો હોય, એવી રીતે તેથી ખાનગી બચાવનો હરએક સખસનો તેવોજ હક છે.

દીવાના સખસ વગરેનાં કામથી ખાનગી બચાવનો હક.

દ્રષ્ટાંતો.

(અ) દીવાનગીના જોરથી ઝ અ નો જીવ લેવાની કોશિશ કરે, તો ઝ એ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહી. પણ ઝ ડાહ્યો હોય એવીજ રીતે ખાનગી બચાવનો અ નો હક છે.

(બ) જે ઘરમાં પેસવાનો અ નો કાયદા પ્રમાણે હક છે તે ઘરમાં અ રાતને વખતે પેસે. ઝ સુધબુદ્ધિએ, બ ને ઘર ફોડનારો સમજીને અ ની ઉપર હુમલો કરે, તો એ ઠેકાણે આ ખોટી સમજને લીધે અ ની ઉપર હુમલો કરવાથી ઝ એ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહી પણ ઝ તે ખોટી સમજથી કામ ન કરતો હોય એવીજ રીતે ઝ ની સાહામા ખાનગી બચાવનો અ નો હક છે.

કલમ ૯૯.

પેહેલી—જે કામથી મોત અથવા મહાવ્યથા થવાનો કારણસર ભય ઉત્પન્ન થતો નથી એવું કાંઇ કામ કોઇ સરકારી નોકર પોતાના હોદ્દાની રીતથી સુદ્ધ બુદ્ધિએ અમલ કરતાં જો કરે અથવા કરવાની કોશિશ કરે, તો પછી તે કામ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ તે કામથી ખાનગી બચાવનો હક નથી.

કીયાં કામોથી ખાનગી બચાવ કરવાનો હક નથી.

બીજી—જે કામથી મોત અથવા મહાવ્યથા થવાનો કારણસર ભય ઉત્પન્ન થતો નથી એવું કાંઇ કામ કોઇ સરકારી નોકર પોતાના હોદ્દાની રીતથી શુદ્ધ બુદ્ધિએ અમલ કરતાં કરેલા હુકમ ઉપરથી જો કોઇ કરે અથવા કરવાની કોશિશ કરે, તોપછી તે હુકમ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ તે કામથી ખાનગી બચાવનો હક નથી.

ત્રીજી—સરકારી અધિકારિઓનો આસરો માગવા જવાની વેળા હોય એવી બાબતોમાં ખાનગી બચાવનો હક નથી.

ચોથી—કોઇપણ બાબતમાં બચાવ કરવાનાં કારણસર કરવી જરૂર હોય તે કરતાં વધારે હાનિ કરવા સુધીનો ખાનગી બચાવનો હક નથી.

કેટલી હદ સુધી એ હક અમલમાં લાવી શકાય.

ખુલાસો ૧ લો—આ કામ કરનારો સરકારી નોકરછે એવું જે સખસ જાણતો નથી અથવા એવું માનવાનું જેને કારણ નથી તે સખસનો તે સરકારી નોકર જે કામ કરે અથવા કરવાનો કોશિશ કરે તે કામથી ખાનગી બચાવનો હક જતો નથી.

ખુલાસો ૨ જો—આ કામ કરનારો માણસ કોઇ સરકારી નોકરના હુકમથી એ કરેછે એવું જે સખસ જાણતો નથી અથવા એવું માનવાનું જેને કારણ નથી, અથવા હું ફલાણા અખતીઆરથી એ કામ કરૂંછું એમ તે માણસ કેહે નહીં, અથવા અગર તે અખતીઆર લખેલો હોયતો માગ્યેથી તે અખતીયાર બતાવે નહીં તો તે સખસનો, તે સરકારી નોકરના હુકમથી તે માણસ જે કામ કરે અથવા કરવાની કોશીશ તે કરે તે કામથી ખાનગી બચાવનો હક જતો નથી.

કેસરેહીંદ. વિ. અબ્દુલહકીમ.

કલમ ૯૯

૧

તા૰ ૫-૧૦-૮૦ ઇ ૩ અ. પા. ૨૫૩ જે કૃત્યોને અંતે વાસ્તવીક રીતે મોત અથવા મહાવ્યથા થવાનો સંભવ નથી તેમાં કેઇ સરકારીનોકરને ખાનગી બચાવનો હક રહેતો નથી.

घर फोडीने तेमांथी चोरी कर्याना गुन्हानो तपास एक मुखी कानस्टेबल करतो हतो, तेमां तेणे चोरायेली मीलकत वास्ते केटलाक भटकनाराओना तंबुनो आडो लीधो; पण तेमांथी कांइ जडयुं नहीं. ए आडो पुरो थयापछी भटकनाराओए तेने पैसानी कांइ चोकस रकम आपी, जे तेणें कबुल करी पण तेज वखते ते ओछी छे एम मानीने, तेओ पासेथी तेणे वधारे रकम

मागी. अमे गरीब छैए, अने हवे वधारे आपवा जेटलुं अमारी पासे नथी, एम कहीने मागेली रकम आपवानी तेओए ना पाडी. ते उपरथी तेणे तेओमांना एक जणने बांधी लेवानो धारा विरुद्ध हुकम आप्यो. सदरहु हुकम तेना ताबाना माणसे बजाव्यो. पडाउ नाखीने रहेला बधा भटकनाराओ, पोतानी बाइडीयो तथा छोकरां सहित बाहार नीकल्या. तेमांथी चार पांच जणना हाथमां लाकडीयो तथा पथरो हता. अने बधा भेगा थइने डारो बतावता होय, एवी रीते ज्यां पेलो बंधायेलो भटकनारो हतो, तथा मुखी कोनेस्टेबल उभो हतो; तेणी तरफ तेओ चाल्या. आगळ वधनारा भटकनाराओना टोळामांथी कोइये कांइ बळ वापर्युं, तेनी अगाउ ते टोळुं तेनाथी पांच कदम छेटुं हतुं, त्यांथी पेला कान्स्टेबले बंदुकनो भडाको करी, तेमांथी एक जणने ठार मार्यो. अने पछी त्यांथी ते नाशी गयो. जे भटकनाराने तेणे धारा विरुद्ध बांध्यो हतो तेने जो तेणे छोडी मूक्यो हत तथा पोतानी मेळे पोताना सोबतीओथी आघो खशी गयो हत, अथवा त्यांथी नाशी गयो हत तो, सदरहु टोळामांथी कोइना कृत्यना परीणामने अंते मोत अथवा माहाव्यथा थवानी धास्ती बंध पडत.

ठराव्युं के, सदरहु भटकनाराओना कृत्य सामे मुखी कोन्स्टेबलने खानगी बचाव करवानो हक नथी. केमके ते कृत्योने अंते, वास्तवीक रीते मर्ण अथवा माहाव्यथा थवानो संभव हतो नहीं. अने तेथी मजकुर मुखी कांन्स्टेबल खुनथी उतरता दरजाना शीक्षणी मनुष्य वधनो गुन्हेगार छे.

મીરતના સેસન જડજે ૧૮૮૦ ના એપ્રીલની ૮ મી તારીખે નાસાબીતીનો ઠરાવ કર્યો હતો. તેના ઉપર સરકારે, આ અપીલ કરી છે. મુકરદમાની હકીકત હાઇકોર્ટના ઠરાવમાં આપેલી છે.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ.

અથવા તરફથી અમીરૂદીન.

જસ્ટીસ સ્ટ્રેટે આપેલો ઠરાવઃ—

મીરતના સેસન જડજે ૧૮૮૦ ના એપ્રીલની ૮ મી તારીખે રીસ્પોન્ડેન્ટ અબદુલ હકીમને પીનલકોડની કલમ ૩૦૪ તથા ૩૦૪ અ માંહેલા ગુન્હાના તોહોમતોમાંથી નીરદોશમાની છોડી મુકયો હતો. તે ઠરાવ ઉપર સરકાર તરફથી આ અપીલ કરવામાં આવી છે. મુકરદમાની હકીકત નીચે મુજબ જણાય છે:—

૧૮૮૦ ના જાનેવારીની ૨૮ મી તારીખની રાતે, કરોલીના ઠાકાર હારજસનુંઘર કોઇ સક્ષે કે સક્ષોએ ફોડયું હતું ને તેમાંથી કેટલીક મીલકત તેઓએ ચોરી લીધી હતી. આ ગુન્હો થયાની ખબર, મંગળનામના ચોકીદારે જેવરના થાણામાં રીતસર આપી હતી. અને રીસ્પોન્ડેંન્ટ જે સદરહુ થાણાનો કાન્સ્ટેબલ હતો, તેને આ કામમાં તપાસ કરવાની વીગતવાર સુચના મળી હતી. જાનેવારીની ૨૯ મી તારીખે આશરે મધ્યાન્હ વખતે, કાંસ્ટેબલ ગોપાલ, ચોકીદાર બડામીયાં, તથા મંગળ અને હારજસને લેઇને જેવરને થાણેથી તે રવાને થયો હતો. અને દાનતપોરના નામથી ઓળખાતા ગામમાં જ્યાં ભટકનારાઓએ પડાવ નાંખ્યો હતો, ત્યાં ગયો. ત્યાં પહોંચ્યા પછી જુદા જુદા તંબુઓમાં ચોરેલી મિલકત વાસ્તે તેણે ઝાડો લીધો, પણ તેમાંથી કાંઈ નીકળ્યું નહીં. અને સદરહુ પડાવમાં રહેનારા સક્ષોને, આગલી રાતના ગુન્હાની સાથે જોડવા કશી વસ્તુનો પતો લાગ્યો નહીં. આવી જાતના ઝાડાઓ વારંમવાર આગળ લેવાયા હતા, અને ભટકનારાઓ પાસેથી પૈસાની કાંઇ બક્ષીસ લેવાની પોલીસવાળાની રીતીએ ઘણોજ ધીકારવા લાયક જન્મ લીધો હતો. કેટલા પૈસાની બક્ષીસ આપવી, તે એવો ઝાડા લેનારા અધીકારીના દરજા ઉપર આધાર રાખે છે. રીસપોંડેંટ અને તેની સાથેના માણસોએ તંબુનો ઝાડો લેઇ લીધોં, ત્યાર પછી રૂપૈયા સવાએની રકમ ભટકનારાઓમાંથી એક બંધુ નામના સક્ષે કાંનસ્ટેબલ ગોપાળના હાથમાં મૂકી. અને તેણે પાછી રીસ્પોન્ડેંન્ટે અબદુલ હકીમના હાથમાં આપી. તે રકમ તેણે પોતાના ગજવામાં મૂકી દઇને, કહ્યું કે તેટલી રકમ ઓછી છે, તેથી રૂપૈયા પાંચ માગ્યા. ગરીબ છીએ, અને વધુ રકમ આપી શકાય તેમ નથી, એમ કહીને તે રકમ આપવાની પેલા ભટકનારાઓએ ના પાડી. અને તે ઉપરથી ભટકનારાઓ માંહેલા હરદેવ, જે બંધુનો ભાઇ હતો ,તેને પકડી લઇ કેદમાં રાખવાનો રીસ્પોન્ડેંન્ટે, કાનસ્ટેબલ ગોપાળ, તથા ચોકીદાર બડામીયાં, અને મંગળને હુકમ આપ્યો.

આ પ્રમાણે તેઓ કરવા જતા હતા, એટલામાં પડાવમાંથી બધા મર્દો, ઓરતો, તથા છોકરાંઓ, બાહાર નીકળી આવ્યાં. તેમાંથી ચાર પાંચ માણસોએ, પોતા પાસે લાકડીઓ રાખી હતી. અને કેમ જાણે મારવા આવતા હોય, એવી જે તરફ હરદેવને બાંધ્યો હતો, તે તરફ તેઓ ચાલ્યા. રીસ્પોન્ડેંન્ટ પણ તેજ તરફ ઉભો હતો. કાંઈ માર પડયાની હરોલ, અથવા પોતા તરફ કે પોતાના સોબતીઓ તરફ ખરેખરૂં કાંઇ જોર વપરાયા અગાઉ અબદુલ હકીમે, પોતાની બે નાળી બંદુક જે પોતા પાસે હતી, તે ઉપાડીને ભટકનારાઓ તરફ ચીંધી, અને તેનો ભડાકો કર્યો. અને તેજ વખતે તે બંધુનું મોત થયું. આમ કર્યા પછી તે લાગલોજ ત્યાંથી નાસી ગયો. અને કેટલાક ભટકનારાઓની પંછવાડે દોડયા. અને કાંનસીંહ નામે કાંનસ્ટેબલ હાજર હતો, તે પણ પછવાડે ગયો. અને અબદુલ હકીમને પકડીને જ્યાં ગુજરનારો સક્ષ પડયો હતો, ત્યાં તેને આણ્યો. દરમીયાંનમાં થાણામા સબઈન્સ્પેકટર અબદુલ કાદરને, ગોપાલે ખબર પહોંચાડી, અને છેવટે તે દાનતપોરમાં આવ્યો. અને કેટલોક વખત વીત્યા પછી રૂપૈયા ૧૨૫ ની રૂશવત લેઈને, બંધુની લાશને બાળી નાંખવાને, અને જે બંદુકથી તેનું મર્ણ થયું, તે બંદુક પાછી આપવા ભટકનારાઓને તેણે સમજાવ્યા.

રીસ્પોન્ડેંન્ટ અબદુલ હકીમના નીર અપરાધી અથવા અપરાધીપણાના સંબંધમાં,

મુકરદમાનો આટલો બાબ ઘણો મુદ્દાનો હોય એમ જણાતું નથી. આવી બીનાને લેઇને સબઈન્સ્પેકટર અબદુલકાદર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. અને તેનું સાધારણ ફળ એવું ઉતર્યું કે, કાયદો જોતાં અબદુલ હકીમે તો કાંઇ ગુન્હો કર્યો નથી. પરંતુ અબદુલ હકીમે ગુન્હો કર્યો છે, એમ જાણતાં, અથવા એમ માનવાનું કારણ હોવા છતાં, તેને કાયદેસર સજામાંથી બચાવવાના હેતુથી સદરહુ ગુન્હાનો પુરાવો અબદુલકાદરે ઉડાડી દીધો, એવું સેસન જડજે ઠરાવ્યું. સાફ ઉઘાડું છે કે આવો ઠરાવ જરાએ ટકી શકે એવો નથી. અને તેવીજ રીતનો હાઇકોર્ટની ફુલબેચે ઠરાવ આગળ કીધો છે.

સેસન જડજે અયોગ્ય રીતે તથા અસંતોષ થાય એવી રીતે, આ કેશ ફેસલ કર્યો છે, તે તરફ અમારે દીલગીરી બતાવ્યા વગર તથા તે નામંજુર કર્યા વગર છુટકો નથી. માજીસ્ટ્રેટ પાસે ચાલેલા કામનું દફતર ઘણુંજ લાંબું છે, એવો જડજે મત આપ્યો છે, તેને અમે મળતા આવતા નથી. પણ ઉલટી રીતે કહેવામાં આવે તો, પ્રથમ અદાલતમાં જે સંભાળથી અને મેહેનતથી તજવીજ સંપુર્ણ થઈ, તે પ્રમાણે તે વર્ત્યો હત તો ઠીક થાત. અને જ્યારે પોતા પાસે કામ ચાલ્યું, ત્યારે તેમાં હરદેવ તથા હાટી જેવા ઉપયોગી સાક્ષીઓ જેને માજીસ્ટ્રેટે બોલાવ્યા હતા, તેઓની જુબાની લેવાની કસુર શા માટે તેણે કરી, તેનું કારણ અમે બીલકુલ જાણી શકતા નથી. સેસન કોર્ટમાં સાક્ષીઓએ જે કહ્યું, તે તેણે નોંધી લીધું છે. અને તે ઘણુંજ અપુર્ણ અને ઢંગ વગરનું છે. અને ખાનગી બચાવ કરવાના કાયદાના ધોરણનો ખરો અર્થ સમજવામાં જડજે સારી પેઠે ચુક કરીછે. અને હકીકત તથા કાયદો, અથવા બંનેને ભેગાં કરતાં તે ઉપરથી જે નીર્ણય કરવાનો બીલકુલ આધાર નથી, તે નીર્ણય તેણે ઘણીજ ઉતાવળથી કર્યો છે. ભટકનારાઓની વર્તણુંક, જેને લીધે બંદુકનો ભડાકો કરવાનું ગણવામાં આવ્યું છે, તે વર્તણુંક કેદ કરવાની રીસ્પોન્ડેંન્ટની ગેરકાયદેસર કૃતીથી ક્રોધને વશ થઇ હતી. એ હકીકત તેની નજરમાં બીલકુલ રહી હોય, એમ જણાતું નથી. હરદેવને કેદ કરવાનો તેને બીલકુલ હક હતો નહીં. કેમકે સદરહુ પડાવમાંથી કોઇ ચોરાઉ મિલકત જડી આવી નોતી. તથા હરદેવ ઉપર વાજબી શક પણ નહતો. તથા તેણે ઝાડો લેવાના કામમાં, અથવા સરકારી નોકરને, પોતાની ફરજ બજાવવામાં કાંઈ હરકત કરી નોતી. પોતાની મેળે તથા પોતાની ગેર કાયદેસર અને અયોગ્ય રીતભાતથી ભટકનારાઓનાં કૃત્યને ક્રોધાયમાન કર્યા પછી, રીસ્પોન્ડેંન્ટ કોઇ ખાનગી ગ્રહસ્થની સ્થીતીથી 'ઉત્તમ કે' કનીષ્ટ સ્થીતીમાં રહી શકતો ' નથી. અને સરકારી નોકર કાયદામાં રહીને, પોતાની ફરજ બજાવતો હોય તેને જે ઉત્યમ પ્રકારના બચાવો મળેછે, તેવા બચાવ તેને પ્રાપ્ત થતા નથી. ચુસ્ત રીતે બોલતાં ખાંનગી બચાવના હક બાબતનો સવાલ ઉઠતો હોય, 'એમ અમને લાગતું નથી. કેમકે જે હકીકત સાબીત થઈ છે, તે ઉપરથી સાફ જણાય છે કે, રીસ્પોન્ડેંન્ટે જે મહાવ્યથા કે મોતની બહુ બીક હતી, તો તે બીક હરદેવને છોડી મુકીને, તથા રૂપૈયા ૫) પાંચની માગણી જતી કરીને, અને તે ઠેકાણેથી તે તથા તેના સોબતીઓ ચાલ્યા ગયા હત તો દુર થાત. જે ઠેકાણે તે ઉભો હતો, તે ઠેકાણે ક્ષણવાર સુધી ઉભો રહેવામાં, તથા બંદુક ફોડવામાં એક પોલીસ અધિકારી તરીકે, પોતાના શરીરનો બચાવ કરવા 'સારૂ, અથવા કોઇ કેદીને ભાગી જતો અટકાવવા સારૂ તેણે જે કર્યું તે કોઈ રીતે પોતાની કામગીરી' માંહેલું કામ હતું નહીં. અને એક ખાંનગી ગ્રહસ્થ તરીકે, બચાવ

કરી તથા પોતાની જીંદગીને, કે પોતાના શરીરના કોઇ ભાગને જોખમનાં કારણો દુર કરવાને, તેને પુશ્કળ વેળ હતી. તેને મરણનો અથવા માહાવ્યથાનો ભય હતો કે નહીં, એ બાબતનો સવાલ ઘડીભર કદાપી આપણે વિચારમાં લઈએ, તોપણ તે પંડે હથીઆર બંધ હતો; અને તેના સોબતીઓના હાથમાં લાકડીયો હતી. અને ભટકનારાઓએ તેઓના ઉપર કાંઈ જુલમ કર્યો નહતો. એ વાત લક્ષમાં લેતાં અમુને જણાતું નથી કે, સદરહુ ધાસ્તી રાખવાનું તેને વાજબી કારણ હતું. રીસ્પોન્ડેંન્ટના વકીલે અમારી પાસે દલીલ મુકી છે, તે પ્રમાણે મોતનો અથવા મહાવ્યથાનો ભય હતો, એટલું કહેવું બસ નથી. આ વાત રીસ્પોન્ડેંન્ટે પંડે તો બીલકુલ કહીજ નથી. જે સ્થીતીમાં બંધવો આવી પડયો હતો. તે સ્થીતીમાં એક સાધારણ બુધીના માણસને ભય ઉત્પન્ન થાય, તેવો તેને ભય ઉત્પન્ન થયો હતો કે નહીં, તે નક્કી કરવાનું કામ જે કોરટ તે બંધવાનું અપરાધીપણું, અથવા નીરપરાધીપણું નક્કી કરવા બેસે છે તેનું છે. બીજી વખત બંદુક ફોડવાની કોશીશ નથી કરી, એથી રીસ્પોન્ડેંન્ટના વેર ભાવની ગેરહાજરી બતાવી આપે છે, એવી સેસન જડજની દલીલ અમે બીલકુલ માન્ય કરી શકતા નથી. થોડું ઘણું ઊઘાડું છે કે, પોતાની પેલી ગોળીનું પરીણામ નાશકારી જોયા પછી, તેનો તત્કાળનો વિચાર ભાગી જઈને બચી જવાનો હતો; માજીસ્ટ્રેટ તથા સેસન કોરટના દફ્તરમાં જે હકીકત સાબીત થઇ છે, તે ઉપર લક્ષ કરતાં તે ઉપરથી અમારો અભીપ્રાય છે કે, અબદલ હકીમનો ના સાબીતીનો ઠરાવ કરી, ઈનસાફની ભારી ગેરવ્યવસ્થા તેણે કરી છે. અને તેથી સરકાર તરફથી થએલી આ અપીલ મંજુર રાખવી જોઇએ. ખુનથી ઉતરતા દરજાના શીક્ષણી મનુષ્ય વધના ગુન્હાના વર્ગમાંથી રીસ્પોન્ડેન્ટના કૃત્યને ખસેડવા સારૂ, તેને કોઈ પ્રકારનો બચાવ કે બહાનું, અથવા વાજબીપણું મળી શકતું નથી.

પાંચ કદમને છેટેથી કેટલાંક માણસો તરફ, બંદુક એવી રીતે ઝાલીને ફોડવી કે તેથી એક જણો છાતીમાં ગોળી વાગવાથી મરી જાય, એ એવું તો મોહું ભયંકર કામ છે કે, તેથી તે કૃત્ય કરનાર સક્ષને જાણવું જોઇએ કે, તેનાથી સોટકા મોત થશે. અથવા મોત નીપજે એવી મહાવ્યથા થશે.

રીસ્પોન્ડેંન્ટ પોતાની જુબાનીમાં લખાવે છે કે, બંધુને ગોળી વાગી; એ આકસ્મી કહતું. અને ભટકનારાઓને બીવડાવવા સારૂ તેઓના માથા ઉપર થઈને જાય, એમ બંદુક ફોડવાનો મેં ઇરાદો કર્યો હતો. પણ મહારો હાથ ધુજ્યો જેથી ગોળી કોઠેકાણે ગઇ. પરંતુ આ બચાવ ઉપર જરાએ સેસનજ્જે ભરૂસો રાખ્યો નથી. અને અમે પણ તેની સાથે પુરેપુરા મળતા આવીએ છીએ. પરંતુ આ બાબતના સંબંધમાં કહેવા જેવું છે કે, જે સંબબ ઉપરથી સેસન જજે નાસાબીતીનો ઠરાવ કર્યો છે, તે સબંધ ઉપર બંધવે પંડે માજીસ્ટ્રેટની કોરટમાં કે સેસન કોરટમાં આધાર રાખ્યો નોહતો.

આ કામ ઘણુંજ સાર્વજનીક ઉપયોગનું છે. અને પોલીસ અમલદારો પોતાની ફરજ બજાવે, તેમાં તેઓની સંપૂર્ણ રક્ષા કરવાની જરૂર છે, એમ અમે સમજીએ છીએ. તેટલેજ દરજે રૈયત પાસેથી જોર જુલમ અને જબરીથી તેઓ કઢાવે છે. તેની પણ સંભાળ રાખવા સારૂ તેટલીજ ગરજ છે. આ મુકરદમામાં વરણવેલી પૈસાની અપાતી બક્ષીસ, જ્યારે પોલીસ તરફથી ધમકી અને દબાણ થાય છે, ત્યારે ફકત અપાય છે. અને તે અત્યંત અયોગ્ય અને નીયમથી ઉલટી છે. તેઓનાં હમેશનાં સાધનો ઉપર જુલમ તથા

દબાણો છે, અને તેને અંતે ઈનસાફના કૃત્યને મોહોટી હાની છે. રીસ્પોન્ડેંન્ટ અબદુલ હકીમની વર્તણુક તમાંમ નેષ્ટ અને બચાવ થઇ શકે તેવી નથી. અમે તેને ખુનનો અપરાધી ઠરાવી. જીવતાં સુધી તેને સમુદ્રપારની સજાનો હુકમ કરીએ છીએ.

કેસરે હીંદ વિ. જાનકીપ્રસાદ તથા બીજાઓ.

કલમ ૯૯
૨
તા.
ઈ.૮ અ. ૨૯૩
જે સરકારી નોકરને યોગ્ય રીતે કાયદેસર હુકમ બજાવવાને આપ્યો હોય તે હુકમમાં હુકમ કાઢનારનારની પુરી સહીને બદલે બાંધેલી સહી હોય તેથી તે બજાવનારો સરકારી નોકર નથી એમ સમજવું નહીં અને તે હુકમની રૂઇએ તે જે કાંઇ કામ કરે તેમાં ખાંનગી બચાવનો હક નથી.

दीवानी काम चलाववानी रीतना कायदानी कलम २९१ प्रमाणे देणदारने केद करवा सारु, एक वारंट काढवामां आव्युं. तेमां अदालतना नाजरे आखी सही करवाने बदले, पोताना नामना प्रथम अक्षरो लखी सही करी. अदालतनी सीलमारी बजावणी वास्ते योग्य अमलदारने सदरहु वारंट आपवामां आव्युं.. देणदार जबरीनथी ते अमलदारनी सामे थयो. अने तेनो इनसाफ करी पीनलकोडनी कलम ३५३ प्रमाणे सरकारी नोकर पोतानी फरज वजावतो हतो, तेमां ते सरकारी नोकर उपर हुमलो कर्याना गुन्हानो तेने अपराधी ठराव्यो. सदरहु ठराव तपासवानी अरजीमां, एवी तकरार उठाववामां आवी हती के, दीवांनी कांम चलाववानी रीत । कायदानी कलम २९१ मां जे बाबतो जोइए, तेने संबंधे केद करवाना वारंटमां अधुरी सही होवाथी, ते वारंट कायदेसर नहतुं. अने तेथी ते बजावनार अमलदार कायदेसर काम करनारो नहोतो, अने तेथी पनिलकोडनी कलम ३५३ मांहिलो गुन्हो थवामां आव्यो नथी.

ठराव्युं के आ तकरार चाली शके तेवी नथी, अने जो के वारंटमां सही करनार सक्षे पोतानुं नाम पुरु लखवुं ए वाजबी छे, तथापि तेनी सही अपुर्ण छे, माटे तेनो अमल करनार अधिकारी पोतानी फरज बजावतो नहती एम कही शकाय नहीं.

वळी पीनलकोडनी कलम ९९ ना संबंधमां एवुं छे के, बंधवानुं कृत्य जे तेणे पोताना खांनगी बचावना हक वास्ते कर्युं हतुं, ते आधारे गुन्हो थतां अटकतुं नथी.

સને ૧૮૮૬ ના જાનેવારીની ૨૬ મી તારીખે, એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે ઠરાવ કરેલો હતો. અને જે ઠરાવ અપીલમાં સેસન જડજે બહાલ રાખ્યો હતો, તે જોઇને સુધારવાની આ અરજી છે. અરજદારો જાંનકી તથા બીજા પાંચ જણાઓને ઈ. પી. કોડની કલમ ૩૫૩ માંહેલા ગુન્હાના માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવ્યા હતા. વાત એમ બની કે જાન-

કીને હુકમનામાની બજાવણીમાં કેદ કરવાનું, હુકમનામું બજાવનારી અદાલતના નાજરે, એક ઈમામબક્ષ કરીને અદાલતની પ્રોસેસ બજાવનારો હતો, તેને એક વારંટ આપ્યું. તે વારંટમાં નાજરે સહી કરી નહીં. પણ ફકત સહીના પ્રથમના અક્ષરો બાંધીને લખ્યા. ઇમામબક્ષ સદરહુ વારંટ બજાવવા ગયો ત્યારે, તેના ઉપરે જાનકી તથા બીજા અરજદારો જેઓ જાનકીના મીત્ર હતા, તેઓએ હુમલો કર્યો.

અરજદારો તરફથી એવો વાંધો લેવામાં આવ્યો છે કે, કેદ કરવાનું કામ કાયદા વિરુદ્ધ હતું, કેમકે દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૫૧ મી મુજબ સદરહુ વારંટમાં સહી કરી નહતી અને તેથી કેદ કરવા ટાંણે સામા થવું એ. ડી. પી. કોડની કલમ ૩૫૩ માંહેલો ગુન્હો થતો નથી.

અરજદાર તરફથી કોલવીંન સાહેબ.

સરકાર તરફથી મુનસી રામપ્રસાદ.

જસ્ટીસ ઓલ્ડફીલ્ડનો ઠરાવઃ—

કેદ કરવાના વારંટની બજાવણી કરતાં, એક સરકારી નોકર ઉપર હુમલો કરવામાં આવ્યો, તે વાસ્તે ડી. પી. કોડની કલમ ૩૫૩ માંહેલા ગુન્હાનો ઠરાવ કર્યો હતો, તે જોઈને સુધારવાની આ અરજી કરવામાં આવી છે. દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૫૧ ના ઠરાવ મુજબ દેણદારને કેદ કરવાનું સદરહુ વારંટ કાઢેલ હતું. અદાલતના નાજરે તેમાં પોતાની સહીના પ્રથમાઅક્ષરે સહી કરી હતી. તે ઉપર અદાલતની સીલથી સીક્કો કર્યો હતો. અને જે અધિકારીની સામે થએલ તેને બજાવણી વાસ્તે તે વારંટ આપવામાં આવ્યું હતું.

કલમ ૨૫૧ મુજબ જે પ્રમાણે કરવું જોઇએ, તેમાંથી એક બાબત સિવાય સઘળું કરવામાં આવ્યું હતું. અને તે એક બાબત જેના વાસ્તે તકરાર કરવામાં આવી છે, તે એછે કે નાજરે તેમાં પુરી રીતની સહી કરી નહતી. પણ પ્રથમાઅક્ષરે સહી કરી હતી. માટે સદરહુ વારંટ કાયદેસર નહતું. અને તેથી મજકુર અમલદાર બજાવી શકે તેવું નહોતું. અને તેને અંતે ૩૫૩ મી કલમ માંહેલો કોઈ ગુન્હો થયો નથી.

આ તકરાર હું ચાલવા દેઇ શકતો નથી. કલમ ૨૫૧ માં એવું લખ્યું છે કે, જડજે અથવા આ કામ વાસ્તે અદાલતે નીમે તેવા અધિકારીએ, વારંટમાં સહી કરવી. કલમ બીજી જેમાં સહી કરવી એ શબ્દ જોતાં તેમાં નીચેની મતલબ છે "એમાં નીશાની કરનારો સખસ પોતાનું નામ લખી શકે એવો નહોય ત્યારે "નીશાની કરેલું" એનો, તથા જે સખસ વીશેનો મજકુર હોય તે સખસના નામની સ્ટાંપ (શીક્કા) મારેલું એનો પણ સમાવેશ થાય છે.

આ ભાગ બહુ સ્પષ્ટ નથી. પરંતુ જે સક્ષને સહી કરવાની છે, તેને જો લખતાં આવડતું હોય તો, તેણે પોતાનું નામ પુરે પુરૂં લખવું એમ અર્થ થાય છે એવું ગ્રહણ કર્યા પછી અને (વારંટ બાબતમાં તેમ કરવું ખરેખર વ્યાજબી છે.) હું એમ નથી ઠરાવી શકતો કે વારંટમાં સહી પ્રથમાક્ષરોથી કરી હોય એટલા માટે સદરહુ અમલદારની તે બજાવવાની ફરજ નથી. અને (પીનલકોડની કલમ ૩૫૩ મી પ્રમાણે ગુન્હાનો ઠરાવ કરેલો છે.)

અને જેનો આ કામમાં સવાલ એ છે કે સદરહુ વારંટ એવા પ્રકારનું હતું કે, જેમે તે આપવામાં આવેલ તે અધિકારીને બજાવવાની ફરજ હતી કે, નોતી. તે કલમ જોતાં મારૂં એમ ધારવું છે કે, તેવી ફરજ તેને હતી. આ વારંટ બધી રીતે નમુનાસર હતું. અને સહીની બાબતમાં યોગ્ય અધિકારીની સહીની મતલબની તેમાં સહી હતી. વળી તેમાં અદાલતની છાપ મારી હતી. તથા અદાલતના વારંટ તરીકે, તે વારંટ કાઢવાનો જે અમલદારને અધિકાર હતો, તે અમલદાર પાસેથી લેઈને, જે અમલદારને તેની બજાવણી કરવી હતી, તેને હવાલે કરવામાં આવ્યું હતું. અને પછી મારા ધારવા પ્રમાણે જે અમલદારને તે વારંટ બજાવવા આપેલ, તે અમલદારને તેની બજાવણી કરવાની ફરજ હતી. ખરેખરી રીતે જોતાં તેણેલે બજાવ્યું ન હતતો, પોતાની કામગીરીમાં તેણે કસુર કરી એમ ગણાત. અને સરકારી નોકર પોતાની ફરજ બજાવતો હોય, તેમાં તેની સામે થવું તે, સરકારી નોકરની સામે થવા બરોબર છે. સદરહુ અમલદાર પોતાના હુદાની રૂએ તથા શુદ્ધ ભાવે હી. પી. કોડની કલમ ૩૫૩મી અનુસારે પોતાની ફરજ બજાવતો હતો. બંધવે જે કાંઇ કર્યું, તે ખાનગી બચાવને અર્થે કર્યું હતું, તેવા સબબ ઉપરથી બંધવાનું કૃત્ય ગુન્હો થતાં અટકે છે કે નહીં! તે સવાલના સંબંધમાં માહારે કહેવું જોઇએ કે, આવું હરકોઈ કૃત્ય કરવું તેને કાયદો બીલકુલ વ્યાજબી ગણાતો નથી. અને વળી હરકોઈ સરકારી નોકર પોતાના અમલની રૂએ, અને શુદ્ધ ભાવે જે કાંઈ કામ કરે તેની સામે કોઈ કામ અથવા તે કામની કોશીશ કરવી તેને હી. પી. કોડની ૯૯ મી કલમ માંહેલો હક મળતો નથી. મુકદમાની બધી હકીકત તરફ લક્ષ કરતાં, મહારો અભીપ્રાય એવો છે કે, દંડ આપવો તે પસંદ કરે તો તે પ્રસંનતા તેને દેવી જોઇએ. તેથી દરેકને માટે સજામાં ફેરફાર કરી દસ દસ રૂપૈયા દંડની અથવા તે ન આપે તો એક માસ સુધી સખત કેદની સજા કરૂંછું.

૧૦૦. જે ગુન્હા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે તે ગુન્હો જો નીચે લખેલા પ્રકારોમાંના કોઇ પણ પ્રકારનો હોય, તો હુમલો કરનારને બુદ્ધિપુર્વક મોત અથવા બીજી કાંઇ પણ હાની કરતા સુધી શરીરના ખાનગી બચાવનો હક પોહોંચે છે, પણ તે હકને ઉપલી કલમમાં લખેલી હદો લાગુ પડે છે. ગુન્હાઓના પ્રકારો:— શરીરના ખાનગી બચાવનો હક મોત કરતાં સુધી ક્યારે પોહોંચે છે.

પેહેલો—જો બચાવનો હક એટલે સુધી અમલમાં ન લવાય, તો તેનો પરિણામ મોત થશે, એવો કારણસર ભય જેથી ઉત્પન્ન થાય એવો હુમલો.

બીજો—જો બચાવનો હક એટલે સુધી અમલમાં ન લવાય, તો તેનો પરિણામ મહાવ્યથા થશે, એવો કારણસર ભય જેથી ઉત્પન્ન થાય એવો હુમલો.

ત્રીજો—બળાત્કાર સંભોગ કરવાના ઇરાદાથી હુમલો.

ચોથો—સૃષ્ટાક્રમ વિરૂદ્ધ મઇથુનેચ્છા પુરણ કરવાના ઇરાદાથી હુમલો.

પાંચમો—મનુષ્યહરણ અથવા મનુષ્યનયન કરવાના ઇરાદાથી હુમલો.

છઠો—કોઈ સખસને ગેરવ્યાજબી રીતે કેદ કરવાના ઇરાદાથી હુમલો, અને તે એવી હાલતમાં હોય કે તેથી પેલા સખસને કારણસર એવો ભય ઉત્પન્ન થાય કે પછી એ કેદમાંથી છુટવાને સારૂ સરકારી અધીકારીઓને અરજ કરવાનું માહારાથી બની શકશે નહીં.

કલમ ૧૦૧ લી.

જો ગુન્હો ઉપલી કલમમાં લખેલા પ્રકારોમાંના કોઇ પણ પ્રકારનો નહી હોય, તો શરીરના ખાનગી બચાવનો હક હુમલો કરનારને બુદ્ધિપુર્વક મોત કરતાં સુધી પોહોંચતો નથી; પણ હુમલો કરનારને મોત શીવાયની બુદ્ધિપુર્વક કાંઇ બીજી હાની કરતા સુધી પોહોંચે છે, અને તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે. તે હક મોત સિવાયના કાંઇ બીજી હાની કરતાં સુધી ક્યારે પોંચે છે.

કલમ ૧૦૨ જી.

૧૦૨. અગર ગુન્હો થયો નહી હોય, તોપણ ગુન્હો કરવાની કાંઇ કોશીશ અથવા ધમકીથી શરીરને જોખમ પોહોંચવાનો કારણસર ભય ઉત્પન્ન થાય કે તરત શરીરના ખાનગી બચાવનો હક શરૂ થાય છે; અને જ્યાં સુધી શરીરને જોખમનો ભય જારી રહે ત્યાં સુધી તે હક જારી રહેછે. શરીરના ખાનગી બચાવના હકની શરૂઆત અને તેનું જારી રહેવું.

કલમ ૧૦૩ જી.

૧૦૩. જે ગુન્હો કરવા અથવા જેની કોશીશ કરવા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે; તે ગુન્હો જો નીચે લખેલા પ્રકારોમાંના કોઈ પણ પ્રકારનો હોય, તો ગુન્હો કરનારને બુદ્ધિપુર્વક મોત અથવા બીજી કાંઇ પણ હાની કરતા સુધી મીલકતના ખાનગી બચાવનો હક પોહોંચે છે; પણ તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે ગુનાહોના પ્રકાર:— મીલકતના ખાનગી બચાવનો હક મોત કરતાં સુધી ક્યારે પોંચે છે.

પેહેલો—અપહરણ.

બીજો—રાતને વખતે ઘર ફોડવું.

ત્રીજો—કોઈ ઈમારત, તંબુ, અથવા વાહાણ માણસનાં ઘર દાખલ વપરાતું હોય, અથવા મીલકત રાખવાની જગા દાખલ વપરાતું હોય, તે ઇમારત, તંબુ, અથવા વાહાણ પર આગથી બીગાડ કરવો.

ચોથો—ચોરી, બીગાડ, અથવા ગ્રહપ્રવેશ, અને તે એવી હાલતમાં કર્યો કે તેથી કારણસર એવો ભય ઉત્પન્ન થાય કે જો ખાનગી બચાવનો તે હક અમલમાં નહી લવાય તો તેનો પરિણામ મોત અથવા મહાવ્યથા થશે.

કલમ ૧૦૪ થી.

૧૦૪. જો ગુન્હો કરવા અથવા જેની કોશીશ કરવા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે, તે જો ઉપલી કલમમાં લખેલા પ્રકારોમાંના કોઈ પણ પ્રકારની ચોરી, બીગાડ, અથવા સાપ્રાધ પ્રવેશ નહી હોય તો તે હક બુદ્ધિપુર્વક મોત કરતા સુધી પોહોંચતો નથી, પણ ગુન્હેગારને મોત શીવાયની બુદ્ધિપુર્વક બીજી કાંઇ પણ હાની કરતા સુધી પોહોંચે છે, અને તે હકને ૯૯ કલમમાં લખેલી હદો લાગુ પડે છે.

તે હક મોત શીવાયની બીજી કાંઈ હાની કરતાંસુધીક્યારે પોહોંચે છે.

કલમ ૧૦૫ મી.

૧૦૫. પેહેલી—જ્યારથી કાંઈ મીલકતને જોખમનો કારણસર ભય ઉત્પન્ન થાય, ત્યારથી તે મીલકતના ખાનગી બચાવનો હક શરૂ થાયછે.

મીલકતના ખાનગી બચાવના હકની શરૂઆત અને તેનું જારી રહેવું.

બીજી—ચોરીથી મીલકતના ખાનગી બચાવનો હક, મીલકતને લઈને ગુન્હેગાર નાસી જાય, અથવા સરકારી અધીકારીઓનો આશરો મળે અથવા તે મીલકત પાછી હાથ લાગે, ત્યાં સુધી જારી રહે છે.

ત્રીજી—અપહરણથી મીલકતના ખાનગી બચાવનો હક જ્યાં સુધી ગુન્હેગાર કોઇ સખસને મોત અથવા વ્યથા અથવા ગેરવાજબી અટકાવ કરે અથવા કરવાની કોશીશ કરે, અથવા જ્યાં સુધી તાત્કાલિક મોતનો અથવા તાત્કાલિક વ્યથાનો, અથવા શરીર સંબંધી તાત્કાલિક અટકાવનો ભય જારી રહે ત્યાં સુધી જારી રહે છે.

ચોથી—સાપ્રાધ પ્રવેશ અથવા બીગાડથી મીલકતના ખાનગી બચાવનો હક, જ્યાંહાં સુધી ગુન્હેગાર સાપ્રાધપ્રવેશ અથવા બિગાડ કરવામાં જારી રહે, ત્યાંહાં સુધી જારી રહેછે.

પાંચમી—રાતને વખતે ઘર ફોડવાથી મીલકતના ખાનગી બચાવનો હક, તે ઘર ફોડવાથી શરૂ થએલા ગૃહપ્રવેશ જ્યાંહાં સુધી જારી રહે, ત્યાંહાં સુધી જારી રહે છે.

કલમ ૧૦૬ ઠી.

૧૦૬. જો કોઇ હુમલો એવો થાય કે તેથી મોતનો કારણસર ભય ઉત્પન્ન થાય અને તે હુમલાથી ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં પોતાનો બચાવ કરનાર સખસ એવી હાલતમાં આવી ગએલો હોય કે કોઇ બે ગુન્હા સખસને હાની કરવાના જોખમ શીવાય તેથી તે હક ધાર્યું થા। એવી રીતે અમલમાં લાવી શકાય નહી, તો તે જોખમમાં પડતા સુધી ખાનગી બચાવને તેનો હક પોહોંચે છે.

કોઇ બેગુન્હા સખસને હાની થવાનું જોખમ હોય એવી વેળા એ જીવ લે એવા હુમલાથી ખાનગી બચાવનો હક.

દૃષ્ટાંત.

અ ની ઉપર એક ટોળીએ હુમલો કર્યો છે, અને તેઓ તેનું ખુન કરવાની કોશીશ કરે છે. તે ટોળીની ઉપર બંદુક છોડયા શીવાય ધારેલું થાય એવી રીતે ખાનગી બચાવનો હક અ અમલમાં લાવી શકે એવું નથી, અને તે ટોળી કેટલાએક બાળક છોકરાં છે તેઓની હાની કરવાના જોખમ શીવાય આ બંદુક છોડી શકતો નથી હવે એવું છતાં બંદુક છોડેથી જો **અ** થી તે છોકરાઓમાંના કોઇ છોકરાઓને કાંઈ હાની થાય, તો **અ** એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહી.

કલમ ૧૦૭ મી.

કાંઈ વસ્તુમાં મદદગારી.

કાંઇ વસ્તુ સંબંધી નિચે લખ્યા પ્રમાણે જે માણસ કરે તે માણસે તે વસ્તુ કરવામા મદદગારી કરી એમ સમજવું.—

પેહેલું—જે માણસ તે વસ્તુ કરવાને કોઇ સખસને ઉસકેરે; અથવા;

બીજું—જે માણસ તે વસ્તુ કરવા સારૂ કોઇ શખસ અથવા સખસોની સાથે કાંઇ મસલતમાં સામીલ થાય; પણ તે કયારે કે તે મસલત મુજબ, તથા તે વસ્તુ કરવા માટે, કાંઇ કામ અથવા કાયદા વિરૂદ્ધ કુસુર કરવામાં આવે તો; અથવા—

ત્રીજું—જે માણસ કાંઇ કામ અથવા કાયદા વિરૂધ્ધ કસુર કરીને તે વસ્તુ કરવામાં ઇરાદાથી સહાય કરે,

ખુલાસો ૧ લો—અગર કોઇ સખશ જાણી જોઇને કાંઇ કોઇ વાત કહીને, અથવા જે જરૂરની હકીકત જાહેર કરવાની પોતાની ફરજ હોય તે હકીકત જાણી જોઇને છુપાવીને, બુધ્ધિપુરવક કાંઇ વસ્તુ કરાવે અથવા કરાવવાની કોસીશ કરે, તો તેણે તે વસ્તુ કરવાની ઉસકેરણી કરી એમ સમજવું.

દ્રષ્ટાંત.

અ. એક સરકારી અમલદાર છે. તેને એક ઇનસાફની કોરટમાંથી વારંટ મળેલું છે. તે વારંટ મુજબ ઝ ને પકડવાનો અ નો અખતિયાર છે. હવે એ હકીકત જાણ્યા છતાં તથા ક તે ઝ નથી એ પણ જાણ્યા છતાં, બ અ ને જાણી જોઇને એમ કહે કે ક તે ઝ છે, અને એમ કરીને ઇરાદાથી અ ની પાસે ક ને પકડાવે, તો એ ઠેકાણે બ એ ઉસકેરણીથી ક ને પકડવામાં મદદગારી કરી એમ સમજવું.

ખુલાસો ૨ જો—કાંઇ કામ કરતાં પહેલાં, અથવા કાંઇ કામ કરતી વખતે તે કામ કરવું સેહેલ કરવા સારૂ જે માણસ કાંઇ વસ્તુ કરે, અને તેમ કરીને તે કામ કરવું સેહેલ કરે, તે માણસે તે કામ કરવામાં સાહાય કર્યું એમ સમજવું.

કેસરે હીંદ. વિ, મુળા.

કલમ ૧૦૭

૧

તા૦ ૨૪—૧—૭૫. ઇ. ૨ અ. પા. ૧૦૫ કોઇ ગુન્હો કરવામાં ઉશકેરણી કરવી ને તે ઉશકેરણીથી અગર જો તે ગુન્હો ન થાય તોપણ ઉશકેરણી કરયાથી મદદગારીનો ગુન્હો થાય છે.

(म) नामना सख्से (ज) नामना सख्सने एवी उष्केरणी आपीके तुं (च) नुं नाम धारण करी (च) ना नामथी एक स्टांपनो कागळ लइ आव अने ते उपरथी स्टांपना कागळ वेचनारे ए कागळ [च] ए लीधोछे एवुं ते कागळनी नीचे (च) नुं नांम ठाम नोंध्युं. आवो नाम ठामवाळो शेरो (च) ना विरुद्ध इनसाफी काममां वपराय एवा इरादाथी (म) ए पोतानुं कृत्य कर्युं हतुं ठराववामां आव्युं के खोटो पुरावो बनाववानो गुन्हो खरेखरी रीते बन्यो छे, अने तेमां [म] ए आ गुन्हो बनवामां मददगारी करी एवा तेना उपर वाजबी रीते अपराध साबीत थयो छे.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૭ મુજબ તપાસ કરવાનો અધીકાર છે તે તપાસ કરવા બાબતની આ એક હાઈકોર્ટ ઉપરની અરજી છે.

ખોટો પુરાવો બનાવવાની કોશીશનું તોહોમત મુકીને શાહજાનપુરના. ડી. માજીસ્ટ્રેટે સને ૧૮૭૮ ના અગષ્ટની તા. ૨૪ મીએ અરજદારને અપરાધી ઠરાવ્યો હતો સેસન જડજ ડુથોઇટ સાહેબને અપિલ કરતાં તે સાહેબનો એવો અભીપ્રાય થયો કે, ખોટો પુરાવો બનાવ્યાનો ગુન્હો ખરેખર બનેલો છે. અને અરજદારે એ ગુન્હામાં મદદ કરી હતી તેથી તે પ્રમાણે નીચલી કોર્ટનો અપરાધી ઠરાવ્યાનો ઠરાવ તેણે ફેરવી નાંખ્યો.

કેશની હકિકત હાઇકોર્ટના ઠરાવમાં, આ રીપોર્ટ માટે જોઈએ તેટલી, લખવામાં આવીછે અરજદાર તરફથી વકીલ ડિલોન સાહેબે એવો વાંધો લીધો કે, ખોટો પૂરાવો બનાવવાનો ગુન્હો સંપુર્ણ થયો નથી. અને તેણે રાણી વિરૂદ્ધ રામચરણ ચોબેના કેશનો હવાલો આપ્યો.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ બાંદરજી.

ટરનર જસ્ટિસનો ઠરાવ.—

અરજદાર શાહજાનપુરમાં વેરગત કરનારો છે. તેની સાથે ઠકર ચતુરસિંહે લેણદેણ કરી હતી. પણ જે બનાવમાંથી આ ગુન્હો બન્યો તે અગાઉ આ ચતુરસિંહે અરજદાર સાથેનું કરજ ધોઇ વાળ્યું હતું, અરજદાર મુળાએ જેહા તથા ધોકલની સામે દિવાની દાવો માંડયો હતો. તેમાં ચતુરે પ્રતીવાદીઓ તરફથી સાક્ષી આપી હતી અને તે ઉપરથી મુળાએ તેને એવી ધમકી આપી કે, હું તારી પાસેથી રૂપૈયા પચાસ ગમે તેમ કરીને લઇશ. જુલાઈની ૨૮ મી તારીખે મુળાના એક કરજદાર જબરે ચાર આનાનો સ્ટાંપ લેવા મથુરાં પ્રસાદને અરજ કરી. અને તે લેતાં પોતાનું નામ ઠકર ચતુરસિંહ છે, એમ નોંધાવ્યું, અને ચતુરસિંહના બાપનું નામ, તથા ચતુરસિંહનું ઠેકાણું પણ નોધાવ્યું. આ હકીકત સીરસ્તા પ્રમાણે સ્ટાંપની પછવાડે નોંધવામાં આવી હતી. એ જબર, સ્ટાંપ વેચનારની દુકાનમાં રહેતો હતો, તેથી એ વેચનરાને તેના નામ ઠામનો સવાલ કરવાને ફરીને મન થયું. ત્યારે તેણે એ નામ આપવામાં ભુલ કરી અને ચતુરસિંહના બાપનું નામ આપી, આગલા નામમાં ફેરફાર કર્યો તે ઉપરથી સ્ટાંપના વેચનારને શંકા ઉત્પન્ન થઇ, અને જબરને વધારે સવાલો કર્યા, જે ઉપરથી જબરે એમ કહ્યું કે મેંતો મુળાના કેહેવાથી તેણે મને ચાર આના આપ્યા હતા તેનો સ્ટાંપ વેચાતો લીધો હતો, એ ટીકટ વેચનાર ધણી યોગ્ય રીતે જબરને પોલીસને થાંણે લઇ ગયો અને જે વાત બની હતી તે જાહેર કરી. બીજો પુરાવો જે નીચલી કોર્ટે માન્ય રાખ્યો છે. તે ઉપરથી એમ નીકળે છે કે, મુળાએ ચાર આના એક સ્ટાંપ વેચાતો લેવાને આપ્યા હતા, અને કહ્યું હતું કે એનો સ્ટાંપ લેજે એ મુળો પોતે જે કામ કરતો હતો એ જગોથી નિકળી ટીકીટ વેચનારની દુકાંન તરફ રસ્તે જબરની સાથે ચાલ્યો, જ્યારે જબર દુકાનમાં ગયો ત્યારે તે દુકાનની પાસે ઊભો હતો અને જ્યારે તેણે જોયું કે જબરને અટકાવવામાં આવ્યો છે. ત્યારે તે નાસી ગયો.

આ પુષ્ટીની સાથે જબરનું કહેવું કે મને મુળાએ ચતુરસિંહનું નામ લઇને ચતુરસિંહને નામે ચાર આનાનો સ્ટાંપ લાવવા કહ્યું હતું. એ હકિકત માજીસ્ટ્રેટ ત—

થા સેસન જડજે વીસ્વાસ લાયક માની છે. જે હકીકત સાબિત થઇ તે ઉપરથી ઠરાવ્યું કે, ન્યાયના કામમાં વાપરવા વાસ્તે ખોટો પુરાવો બનાવવાની કોશીશના ગુન્હાનો મુળો તકસિરવાન છે. સેસન જજે વધારે ખરી રીતે એમ ઠરાવ્યું છે કે, હકિકત ઉપરથી ખોટો પુરાવો બનાવ્યાનો ગુન્હો સંપૂર્ણ થયો છે, એમ સાબીત થાય છે. અને કોશીશના ગુન્હા માટે નહીં, પણ મદદગારીના ગુન્હા માટે અપરાધિ થવાને અરજદાર પાત્રછે. અને તે પ્રમાણે તોહોમતનામામાં સુધારો કર્યો, આ કોર્ટમાં એવી તકરાર આણી છે કે, અરજદારે જોકે ગુન્હો કરવાની તૈયારી કરી હોય; તો પણ ગુન્હો ખરેખરી રીતે પુરો થયો નથી. અને આ તકરારના ટેકામાં રાણી વિરૂદ્ધ રામ ચરણ ચોબેનો કેશ, જેમાં ઠર્યુ હતું કે, આવા પ્રસંગમાં તોહોમતવાળો ખોટો દસ્તાવેજ બનાવ્યાનો અપરાધી ઠરી શકતો નથી, તે કેશનો હવાલો આપ્યો.

મને એમ લાગેછે કે એ બંને મુકદ્દમા વચ્ચેનો તફાવત ઓળખી શકાયછે જે શખ્સે નામ, ઠામ, લખાવ્યા, તે નામ, ઠામ, સ્ટાંપના કાગળ ઉપર લખવાનો તેનો હેતુ નોહોતો, એમ માનતાં સ્ટાંપના વેચનારે જે નામ ઠામ લખ્યાં છે, એથી કાંઇ દસ્તાવેજનો ભાગ બનતો નથી. તેટલા માટે ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુન્હો, તૈયારીની મંજલથી આગળ વધ્યો નથી. પણ જે કેશ આ કોર્ટ પાસેછે તેમાં ખોટો પુરાવો ખરેખરો બનાવવામાં આવ્યો હતો, કાંઇપણ તેમાં કરવામાં આવ્યું હતું, એ ખરૂં છેકે, કાંઇ ઇનસાફી કામ મંડાયું નહોતું. પણ આ ખોટાં નામ, ઠામ, લખવાનો શું હેતુ હતો તેનો ખુલાસો અરજદારનો વકીલ આપી શકતો નથી. અરજદારે ચતુરસિંહને ધમકાવ્યો હતો કે કોઇ રીતે તારી પાસેથી પચાસ રૂપૈઆ લઈશ. આ રૂપિઆ પચાસ કોર્ટને વચમાં રાખ્યા વગર તે લઇ શકત નહીં. સ્ટાંપના વેચનારે, જે નામ, ઠામ લખ્યું છે, તે ઉપરથી એમ પુરાવો મળે કે, એ કાગળ કોને વેચાતો આપ્યો હતો. અને સ્ટાંપના કાગળ ઉપર લખેલા દસ્તાવેજને આધારે જ્યારે દાવો માંડવામાં આવે, અને એ દસ્તાવેજ નથી લખી દીધો એમ કહેવામાં આવે ત્યારે સ્ટાંપના કાગળ નીચેનું લખાણ તથા સ્ટાંપ વેચનારની યાદદાસ્તીથી કોને એ કાગળ વેચ્યો છે, તે પુરાવો લેવા તરફ હમેશનો રિવાજ છે. અને જે ઉપરથી એમ જણાય કે, જેણે કાગળ ખરીદ કર્યો હોય તેણેજ એ દસ્તાવેજ લખી આપ્યું હશે, એવો પુરાવો ગ્રહણ થાય. જે મુકદ્દમાનો હવાલો આપ્યો છે, તે મુકરદમામાં તોહોમતવાળો છૂટી જવો જોઈએ, એમ હું કહી શકતો નથી. જો એ બાબત ઉપર તકરાર ચાલી હોત તો જે ગુન્હો આ અપરાધીના ઉપર ઠરાવ્યો છે, તે ગુન્હાને માટે તે અપરાધિ ઠરત. પણ મારો એવો અભિપ્રાય છે કે, કોર્ટ પાસે જે કેશ આવેલો છે તેમાં, ફરીયાદીના પુરાવાથી અનુમાન બાંધી શકાય છે કે, અરજદારે પછવાડેથી ઇનસાફી મુકદ્દમામાં વાપરવા વાસ્તે ખોટાં નામ, ઠામ, લખાવ્યાં હતાં. અને તે કારણસર તેના અપરાધિપણાની વિરૂદ્ધ જે હકિકત લિધીછે, તે ચાલી શકતી નથી. માટે એ બહાલ રાખીને હું અરજદારની અરજી કાઢી નાંખું છું.

માહારાણી કેસરેહિંદ. વિ. લિંગમ રામાણા અને બીજાઓ.

કલમ ૧૦૭
૨
તા૦ ૩-૫-૮૦
ઇ. ર. મ. પા. ૧૩૭
ગુન્હો કરવાની ધારણા રાખનારને કાંઈ ખોરાક આપવો એટલા ઉપરથી મદદગારીનો ગુન્હોય તો નથી. પરંતુ ગુનાહ કરતાં સુધી તેલાજ માટે તેને ખોરાકી પોશાકી આપવી ત્યારેજ મદદગારીનો ગુનોહ થાયછે

जे माणस गुन्हो करवानो होय ते माणसने खोराक आपवो तेथी सदरहु गुन्हामां मददगारी करी एम अवस्य समजवानुं नथी. परंतु जो ए गुनहेगार गुन्हो करवानी धारेली जगाए जवा पांमे एटला सारु अथवा गुन्हो करवानो लाग जोवाने ते संताइ बेसे त्यां सुधी तेने खोराक पुरो पाडवो ए गुन्हो थवामां सेहेलाइ करी देवा बराबर छे. अने वख्ते तेथी सेहेलाइ थवानो संभव पण रहे छे.

આ કામ ગોદાવરીના સેસન જડજે ફો. કામ ચલાવવાના કાયદાની કલમ ૨૬૩ મી મુજબ લખી મોકલેલું હતું. આ કામનો વિચાર કરીને તે ઉપરથી હાઇકોર્ટના ચિફ જસ્ટીસ ટરનર તથા જસ્ટીસ મુતુસ્વામીએ નીચે પ્રમાણે ઠરાવ કર્યો.

ઠરાવ:—

બંધવા લીંગમ રામાણા, મીરી આલાબલાદુ, તથા વાલા બલીઆના ઉપર એવાં તહોમત હતાં કે (૧) સને ૧૮૭૯ ના નવેંબરની ૧૯ મી તારીખે એક ડેકાઈટી કરવાની તેઓએ ઉશકેરણી કરી. અને એ ઉશકેરણીને લીધે સદરહુ ડેકાઈટી થઇ પણ હતી. (૨) જે ડેકાઇટી થઈ શકી નહીં. તે ડેકાઇટી કરવાની તેજ રોજ તેઓએ ઉશકેરણી કરી કામ ચાલતી વખત જે પુરાવો પડયો છે તે નીચે મુજબ છે. નવેંબરની ૧૮ મી તારીખની રાતે બીજા તથા ત્રીજા નંબરના બંધવાઓ મારી ગોલીયમ તરફ જતા જોવામાં આવ્યા હતા. અને તેઓની સાથે ઘઉં, સાળ, તથા જુવારના ચાર ભરેલા પોઠીયાઓ હતા. તેઓને બંધવા રામાણાએ પાછા તેડાવ્યા હતા, અને રામાણા પોતે પછવાડેથી આવ્યો. એક લશ્કરી અમલદારે બંધવા રામાણાને કાંઇ પુછયું. તે ઉપરથી તેણે જવાબ આપ્યો કે, "કરમાન' દોરા બે વખત અમારે ગામ આવ્યો હતો. અને અમારી પાસેથી જોર જુલમ કરીને તેણે ખાધાનું લીધું હતું. જે દાણા હું લેઇ જતો હતો તે ફકત મારા પોતાનાજ ખપના હતા" બંધવા અલાદુએ એવી જુબાની આપી કે. "લિંગમા રામાણા (પેહેલા નંબરનો બંધવો.) તથા બીજાઓ, કેટલાક વખત થયાં. કમાંન દોરાને તથા તેના લોકોને ખાધાનું આપતા હતા. રામાણાએ મને તથા બલીયાને છ રૂપૈયા આપી ચોખા વેચાતા લેવા મોકલ્યા હતા. અમે કોટાપાલે ગયા, ત્યાંથી ચોખા વેચાતા લીધા. અને ગઇ રાતે અમારી પોલીયમમાં તેને લાવી આપ્યા. ત્યાર બાદ કોટાપાલેથી કેટલાએક લોક આવ્યા અને અમને ચોખા સહીત પાછા આંહીં આણ્યા, જે ચોખા રામાણાએ મંગાવ્યા હતા, તે કરમાન દોરાને માટે હતા."

બંધવા બલીઆએ નીચે પ્રમાણે જુબાની આપી.

"લિંગમ રામાણા કરમાન દોરાને તથા તેની ટોળીને ખોરાક આપતો હતો. તાજેતર તેણે મને તથા અલાદુને કોટાપાલેથી ચોખા લેઇ આવવા બોલાવ્યા હતા. ગઇ રાતે એ ચોખા અમે મારી પોલીયમ લેઈ ગયા હતા, અને ત્યાંથી અમોને આજ સવારે લેઇ આવ્યા છે." સેસન કોર્ટમાં બંધવા રામાણાએ લખાવ્યું કે મેં બીજા બંધવાઓને મહારા બે પોઠીયા, તથા બીજા બે પોઠીયા એક ગંગાયાના આપીને, મહારા ખપને માટે દાણા લેવા મોકલ્યા હતા, બંધવા અલાઉદુએ લખાવ્યું કે રામણાએ મને પોતાના ખપસારૂ દાણા લેવા મોકલ્યો હતો અને તે પ્રમાણે હું લેઇ આવ્યો હતો. અને બંધવા બલીઆએ લખાવ્યું કે, ગંગાએ મને દાણા લેવા તથા તે દાણા મારી પોલીયમ લેઇ આવવાને મોકલ્યો હતો. હું ગઇ રાતે તેમ કરી લાવ્યો હતો.

જુરીએ મત આપ્યો કે. બંધવાઓ નીરદોષ છે. જડજના મનમાં આવ્યું કે બંધવાઓ ડેકાઈટી કરનારાને મદદ કરવામાં હતા, અને બે તોહોમતોમાંથી કલા તોહોમતના અપરાધી ઠરાવવા. તે લખ્યા વગર જડજે તેઓને અપરાધી ઠરાવ્યા કરમાન દોરાનો ડેકાઈટી કરવાનો ઇરાદો હતો, તથા જો કે ડેકાઈટી કરવામાં કોઇ જાતની મસલત નોતી

કરી, તોપણ પેહેલા નંબરનો બંધવો એ વાત જાણતો હતો. તથા એ વાત જાણવામાં હતી છતાં, કરમાનદોરાને ખોરીક પુરો પાડીને, ડેકાઇટીનો ગુન્હો થવાને સેહેલાઇ કરી આપવા, સદરહુ બંધવે ઇરાદો રાખ્યો હશે, અને વખતે તેથી તેણે ગુન્હો કરવામાં મદદ આપી હશે, આટલું બધું માની લેતાં, ખોરાક પુરો પાડયો, તેથી તોહોમતનામામાહેલા તોહોમતોના બંધવાને અપરાધી ઠરાવવા," પુરતો પુરાવો જણાતો નથી એટલુંજ નહીં, પણ ડેકાઇટીની મદદ કરવાની કોશીશના પણ તેઓ અપરાધી ઠરી શકતા નથી. બીજા તથા ત્રીજા નંબરના બંધવાઓ પેહેલા નંબરના બંધવાને ઘેર જતા હતા, એ ઉપરાંત વધુ કાંઈ જણાયું નથી. અને ચોખા પોહોંચ્યા પછી, વખતે પેહેલા નંબરના બંધવાએ પોતાનો ઈરાદો ફેરવી નાંખ્યો હત, અથવા બીજા તથા ત્રીજા નંબરના બંધવાઓએ, કરમાનદોરાને ચોખા આપી આવવા સારૂ જવાની ના પાડી હત તો તે બની શકે એવું છે. ખરેખરો ગુન્હો કરવામાં જ્યાં સુધી કાંઇ પગલું ન ભરાય ત્યાં સુધી તેઓને કોશીશ કર્યાના પણ ગુન્હેગાર ઠરાવી શકાતા નથી. ખરેખરી લેવડ દેવડ જો પુરી થઇ હોત તો મદદગારીનો ગુન્હો થાત પણ કરમાનદોરાને ખોરાક દેવાને કર્યાનો આરંભ થયાનું દેખાયું નથી. જે જે કાંઈ જણાયું છે (અને તે બીજા તથા ત્રીજા બંધવાના કહેવા ઉપરથી)તે એ છે કે કરમાનદોરાને ધાન પુરૂં પાડવાના ઈરાદાથી પેહેલા નંબરનો બંધવો ભેગું કરતો હતો.

આ શીવાય એવો પણ પુરાવો પડયો નથી કે, કરમાનદોરા, ડેકાઇટી કરવાનો હતો, અને કદાપી બંધવાને અપરાધી ઠરાવવા તેટલું સાબિત થયું હત તોપણ, તે ઉપરાંત એટલું વધુ સાબીત થવું જોઈએ કે, ગુન્હો કરવામાં સેહેલાઇ મળે એટલા સારૂ એ ખોરાક પુરો પાડવાનો હતો, તથા તેથી કરીને ગુન્હો થવામાં સેહેલાઇ થવાની વકી હતી. જે માણસ ગુન્હો કરવાની તૈયારીમાં હોયછે. તે માણસને ખોરાક પુરો પાડવો એથી કરીને ગુન્હો કરવામાં મદદગારી કરી, એમ કાંઇ અવશ્ય રીતે સમજવાનું નથી. કાંતો કાંઇ ઉશકેરણી કે મસલત કર્યા પછી, અને અનુસાર કાંઇ કૃત્ય થવું જોઈએ, અથવા કાયદા વિરૂદ્ધ કસુર થવી જોઇએ, અથવા હરકોઇ વસ્તુ કરવામાં કાંઇ ઇરાદા પુર્વક મદદ મળવી જોઈએ. ત્યારેજ મદદગારીનો ગુન્હો થાય છે. "કાંઇ કામ કરતાં પેહેલાં અથવા કાંઈ કામ કરતી વખતે તેને સેહેલ કરવા સારૂ જે માણસ કાંઈ વસ્તુ કરે, અને તેમ કરીને તે કામ સેહેલું કરે, તે માણસે તે કામ કરવામાં મદદગારી કરી એમ સમજવું" જુઓ હી. પી. કો. ની કલમ ૩૦૭ મી નો ખુલાસો બીજો જે માણસ કોઇ ગુન્હો કરવામાં ગુંથાવાનો છે. એમ જાણ્યા છતાં, તે માણસને જોઈતો ખોરાક પુરો પાડવો એટલા ઉપરથી તેણે ગુન્હો કર્યો એમ કહેવાનું નથી. પરંતુ ગુન્હો કરવાને ધારેલે ઠેકાણે ગુન્હેગાર જવા પામે તેટલા સારૂ અથવા ગુન્હો કરવાની તકની વાત જોઇને સંતાઈ રહે ત્યાં સુધી તેને ખોરાક આપવો તો તે વખતમાં તે ખોરાક આપવો, એ ગુન્હો કરવાની સેહેલાઇ કરી આપ્યા બરોબર છે. અને વખતે તેથી સેહેલાઇ થવાનો સંભવ પણ છે.

જે તોહોમતો મુકી બંધવાઓનો ઇનસાફ થયો છે તેમાંથી એકે તહોમતના અપરાધી ઠરાવવા સારૂ દફતરમાં જોઈએ તેવો પૂરાવો નથી એમ અમો માનીએ છીએ, માટે તેઓને છોડી મુકવાનો અમે હુકમ કરીએ છીયે.

રાણી. વિ. પડલા વ્યંકટાસ્વામી તથા એક બીજો.

कलम १०७ / ३

तां० ८–३–८१ ઇં. ૩ મ. પા. ૪ કોઇની સાથે મસલત કરીને કરતરીમ દસ્તાવેજમાં દાખલ કરવાની હકીકતની પુછગાછ કરવી તથા સ્ટાંપનો કાગળ લેવો વિગરે કૃત્યોથી ખોટો લેખ બનાવ્યાનો કીંવાતની કોશીશ કરયાનો ગુનોહ થતો નથી પરંતુ મદદગારીનો ગુનોહ થાયછે.

बीजाओनी साथे रहीने धारी राखेला कोइ दस्तावेजनो एक नकल तैयार करवी, तथा सदरहु नकल लखवा काजे स्टांपनो कागळ वेंचातो लेवो, तथा तेमां दाखल करवानी हकिकतनी खबर पुछवी, तेथी खोटो लेख बनाव्यो एम थतुं नथी. तेम पी. को. प्रमाणे ते बनाववानी कोशीस थइ एम पण थवुं नथी. परंतु ते सघळी हकिकतो एवी छे के, ते गुन्हो थवामां सेहेलाइ करनारा कृत्यो तरीके, खोटो लेख बनाववामां मददगारीनो गुन्हो ठराववा पुष्टी कर्त्ता छे.

વિજાંગા પટનની સેસન કોર્ટવાળું આ કામનું કયાલંડર તપાસવા ઉપરથી હાઇકોર્ટના ચિંફ જસ્ટીસ ટરનર તથા કિંડર્સલીએ જે હુકમ કર્યો હતો તે હુકમમાં આ મુકરદમાની કેફીયત પુરેપુરી લખેલી છે.

બંધવે અપીલ કરી નહોતી.

હુકમ.—આ કામમાં બંને બંધવાઓ ઉપર અનુક્રમે હી. પી. કો. ની કલમ ૪૬૭ ૪૬૮ મી અને ૧૦૯ મી પ્રમાણે સજા થઇ શકે એવા ગુન્હાઓનાં તોહોમતો રાખવામાં આવ્યાં હતાં. તેમાં પેહેલા ઉપર એક કિમતી દસ્તાવેજ ખોટું બનાવ્યાનું, તથા બીજા ઉપર મદદ ગારીનું, એમ બે તોહોમતો રાખ્યાં હતાં. પેહેલા બંધવાને અપરાધી ઠરાવી તેને બે વરસની સેસન જડજે સજા કરી અને બીજાનું કામ ગેર સાબેત કરી તેને છોડી મુક્યો.

અમારા જોવામાં આવે છે કે ખોટો દસ્તાવેજ તૈયાર કરાવવાની મતલબથી પેહેલા નંબરના બંધવા પાસે તેની એક નકલ તૈયાર કરાવવામાં આવી હતી, તથા તે દસ્તાવેજ લખવા સારૂ એક સ્ટાંપનો કાગળ મેળવ્યો હતો, તથા એક ઇંગ્રેજી તારીખે તેલંગી કહી તારીખ હતી, તે પુરી પાડવા વાસ્તે એક સાક્ષીને તેણે કહેલું હતું. અને તે ઉપરથી વખ્તે એમ અનુમાન કરી શકાય કે જે દસ્તાવેજ લખાવી લેવાનું હતું, તેમાં તે તારીખ દાખલ કરવાની હશે. સદરહુ સાહેદ એ બધા કાગળીઆઓ ઘણી યોગ્ય રીતે મેળવીને, સબોરડીનેટ માજીસ્ત્રેટ પાસે લઇ ગયો હતો.

કોઇ એક નકલ કરતરીમ દસ્તાવેજનો ભાગ છે, એમ ગણીને સેસન જડજે બંધવાને ખોટો લેખ બનાવ્યાનો ગુન્હેગાર ઠરાવ્યોછે. પરંતુ હાઇકોર્ટનો એવો મત થાયછે કે, એ ઠરાવ નભી શકે તેવો નથી. બેશક સદરહુ નકલ ખોટો દસ્તાવેજ હતો, પરંતુ ખોટો લેખ બનાવવામાં જે જે ઇરાદાઓ હોવાની જરૂરછે, તે ઇરાદામાંથી એકે ઇરાદાથી તેનો ઉપયોગ કરવાની બંધવાની ધારણા હતી નહીં. તથા જે ખોટો લેખ બંધવે બનાવવો ધાર્યો હતો, તેના ભાગ તરીકે પણ તે નકલ ગણાઇ શકાતી નથી. વળી આ અદાલતના અભીપ્રાય પ્રમાણે, ખોટો લેખ બનાવવાની કોશીશનો પણ તેને ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. કેમકે

અલબત તે ગુન્હો કરવા સારૂ બંધવાનો ઈરાદો હતો, અને તેણે તૈયારી કરી હતી; તોપણ તે ગુન્હો કરવા તરફ કાંઈ કૃત્ય કરવા વાસ્તે તે આગળ વધ્યો નથી.

આ બાબતનો નીયમ મીમેન સાહેબે પોતાના પીનલકોડની ટીકામાં નીરમળતાથી લખ્યોછે; અને તેમાં અમેરીકા ખંડમાં જે નિયમ ચાલેછે, તેમાં તેની સાહદત આપી છે. એ ટીકામાં નીચે બતાવ્યા પ્રમાણે લખેલુંછે.

"પરંતુ કોશીશ વાસ્તે તૈયાર કરવા, અને કોશીશ કરવા વચે એક બોહોળો ભેદ છે. તે ગુન્હો કરવા વાસ્તે જોઇતા ઈલાજો અથવા સાધનોની તરતીબ કે ગોઠવણ કરવી, તે બધું તૈયારીમાં રહેલુંછે; તૈયારી કર્યા પછી ગુન્હો કરવા તરફ કંઈ પાધરી હિલચાલ કરવી, તે કોશીશ છે." અને ત્યાર બાદ મેન સાહેબે. ઈ. પી. કો. ની કલમ ૩૦૭ મીમાં क તથા ड દ્રષ્ટાંતો છે, તેનો હવાલો આપ્યો છે.

કોઇ ગુન્હો કરી તેનો પશ્ચાતાપ કરવાની તકની છુટ કાયદાથી મળેછે; અને જ્યાં સુધી કોઇ સક્ષ તૈયારી કરવાની મંજલથી આગળ વધ્યો નથી, ત્યાં સુધી તે માણસને કોઈ ગુન્હાની કોશીશ કર્યા વાસ્તે અપરાધી ઠરાવી શકાતો નથી.

પરંતુ દફતરમાં જે પુરાવો પડ્યોછે, તે ઉપરથી. ઈ. પી. કો. ની કલમ ૧૧૬ મી પ્રમાણે ખોટા લેખ કરવામાં મદદગારીનો ગુન્હો ઠરાવવો જોઈએ, તેટલો આધાર મળે છે. બંધવો કબુલ કરેછે કે, કિંમતી દસ્તાવેજની મતલબનું એક દસ્તાવેજ તૈયાર કરવામાં તેણે બીજા સક્ષો સાથે મસલત કરી હતી. એ દસ્તાવેજ ખોટું થશે, અથવા થવાનું છે, એમ તે જાણતો હતો. અને કપટ કરવા વાસ્તે તે વાપરવાનું છે, એવું વખતે તેના જાણવામાં હશે, છતાં તે મતલબથી તેણે એક મુસદો તૈયાર કર્યો હતો. અને એ મુસદા પ્રમાણે, આગલે દહાડે, મેળવી રાખેલા પુરેપુરા સ્ટાંપના કાગળ ઉપર તેની લખાવટ કરવાની હતી. અને સદરહુ દસ્તાવેજ પુરે પુરૂં કરવા સારૂ, એ ખોટા દસ્તાવેજમાં જે તારીખ નાખવી ધારેલી હતી, તે ઇંગ્રેજી તારીખને રોજ તૈલંગી કહી તારીખ હતી, તેની ખબર પુરી પાડવા વાસ્તે, એક સાહેદને તેણે પુછ્યું હતું.

આવી હકીકત ઉપરથી ઠરાવી શકાય છેકે, તેણે તે ગુન્હો કરવાની મસલત કરી હતી. અને સદરહુ ગુન્હો જેથી સેહેલો થાય, તેવું કૃત્ય તેણે કર્યું હતું. અને એ કૃત્યથી એ ગુન્હો કરવાની સેહેલાઈ પણ થઇહતી. પરંતુ બંધવાને કરેલી સજા, કિંમતી દસ્તાવેજ ખોટું બનાવવાની મદદગારી માટે જેટલી થાત, તે કરતાં વધુ ન હોવાથી, સજાનો ઠરાવ બહાલ રાખવામાં આવેછે.

ગોપાળચંદ્ર સરદાર વિ. ફુલમણી બાવા.

કલમ ૧૦૭
૪

તા૦ ૨૦–૪ ૮૨
ઈ. ૮ ક પા. ૬૨૮
જબરાઈથી કહેડાવવાના ગુન્હામાં કોઇ ચોકીદાર પોતાની ના પસંદગી બતાવે નહીં તેથી તે મદદગારીના ગુન્હાનો જવાબદાર થતો નથી.

कोइ गामडाना चोकीदारनी रूबरूमां पिनलकोडनी ३८४ मी कलम मांहेलो जबराइथी कढावबानो गुन्हो बन्यो. अने तेमां तेणे पोताना तरफथी नामंजुरी बतावी नही. एवी वात उपरथी ते चोकीदार मददगार तरीके जवाबदार थतो नथी.

આ કામમાં અરજદાર ગોપાળચંદ્ર સરદાર ઉપર ફુલમણીબાવા પાસેથી રૂપૈયા ૧૫) શીવચંદ્ર ભંડારીએ જબરાઇથી કઢાવ્યા, તેમાં મદદ કર્યાનું તોહોમ્સ્ત હતું. ડેપ્યુટી માજીસ્ટ્રેટે પોતાના ઠરાવમાં કહ્યું છે કે, "પ્રોસીક્યુસનના પુરાવાથી સાબિત થાય છે કે, બંધવા શીવચંદ્રે પોતાના હોકાની ચીલમ ચોર્યાનું ફરીયાદી ઉપર આળ ચડાવ્યું. અને રૂ. ૩૦) ન આપે તો પોલીસમાં જાહેર કરવાની ધમકી તેને આપી. અને અંતે બંધવે પંદર રૂપૈઆ લેવાનું કબુલ કર્યું. આ રકમ ફરીયાદીએ પોતાનું અંગનું ઘરેણું, એક ઊમેશપુર ખેતને ત્યાં ગીરો મુકીને, સદરહુ રકમ એકઠી કરી બંધવાને આપવાનો બંદોબસ્ત કર્યો. અને બંધવો ગોપાળચંદ્ર સરદાર ચોકીદાર હતો, અને તે વખ્તે તે ત્યાં હાજર હતો, એવી જુબાની ખડી છે. જોકે જો કે એમ ખુલ્લું થતું નથી કે, સદરહુ ચોકીદારે વિશેષ કરીને કાંઈ કર્યું, અથવા કહ્યું હોય, તોપણ આ હકીકત બની તે દરમિયાન તે હાજર હતો. અને તેની સાથે બંધવા શીવચંદ્રના શબ્દો, તેની વર્તણુંક, અને તેનું કૃત્ય નામંજુર કર્યું, એ પૂર્ણ રીતે કહી આપે છે કે, તેણે તે કામમાં મદદ કરી.

ડેપ્યુટી માજીસ્ટ્રેટે, શીવચંદ્ર ભંડારીને પીનલકોડની કલમ ૩૮૪ મી પ્રમાણે અપરાધી ઠરાવી, તેને એક માસની સખ્ત કેદ તથા રૂપૈયા ૩૦) દંડ, ને ન આપે તો બીજો એક માસ જાદે કેદની સજા કરી.

તેણે અરજદાર ગોપાળચંદ્ર સરદારને પીનલકોડની કલમ ૩૮૪—૧૦૯ પ્રમાણે અપરાધી ઠરાવી, એક માસની સખ્ત કેદની સજા કરી. શીવચંદ્રે ડીસ્ટ્રીકટ જજને અપીલ કરી; અને તેને પ્રોસીક્યુશનના પુરાવાનો ભરોંસો ન પડતાં, ગુન્હાનો ઠરાવ રદ કરી દંડ પાછો આપવાનો હુકમ કર્યો. ગોપાળચંદ્રે હાઇકોર્ટમાં ડેપ્યુટી માજીસ્ટ્રેટનો સજાનો ઠરાવ ફેરવી રદ કરાવવાની અરજી કરી.

અરજદાર તરફથી બાબુ વૈજનાથ દત્ત.

જસ્ટીસ મેકડોનલ અને ફીલ્ડે આપેલો ઠરાવ.—

આ કામમાં એક શીવચંદ્ર ભંડારી ઉપર જબરાઇથી કઢાવ્યાનું તોહોમત હતું. અને એક ઓરત પાસેથી રૂપૈયા ૧૫) તે સ્ત્રી ઉપર ચોરીનું આરોપ લાવવાની ધમકી આપીને કઢાવ્યા હતા, એમ કહેવામાં આવ્યું છે. અરજદાર ગોપાળચંદ્ર સરદાર ગામડાનો ચોકીદાર હતો. અને શીવચંદ્ર ભંડારીએ જબરાઇથી કઢાવવાનો ગુન્હો કર્યો, તેમાં મદદગારી કરી, એ ગુન્હાનો તેને અપરાધી ઠરાવ્યો હતો. ડેપ્યુટી માજીસ્ટ્રેટ પોતાના ઠરાવમાં કહે છે કે, "જો કે એમ ખુલ્લું થતું નથી કે, સદરહુ ચોકીદારે વિશેષ કરીને કાંઇ કર્યું, અથવા કહ્યું હોય તોપણ આ હકીકત જ્યારે બની, ત્યારે તે હાજર હતો. અને તેની સાથે બંધવા શીવચંદ્રના શબ્દો, તેની વર્તણુંક, અને તેનું કૃત્ય નામંજુર ન કર્યું, એ પૂર્ણ રીતે કહી આપે છે કે, તેણે તે કામમાં મદદ કરી."

ગોપાળચંદ્ર સરદારે શીવચંદ્ર ભંડારીની વર્તણુંક, ઉપલે પ્રસંગે નામંજુર કરવાની કસુર કરી, એથી મદદગારી થતી હોય, એમ અમે ધારતા નથી. પીનલકોડની કલમ ૧૦૭ મીની વ્યાખ્યાનો ફક્ત જે ભાગ આ કામને લાગુ પડે છે, એવું માનવામાં આવે તો તે ત્રીજી રકમ છે. એટલે કે, "કાંઇ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને, તે વસ્તુ કરવામાં

ઇરાદાથી મદદ કરે. હવે આ કામમાં ચોકીદારની કાયદા વિરૂદ્ધ કાંઈ કસુર થઈ નથી. ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૮૯—૯૦ (૪૪—૪૫) પ્રમાણે જબરાઇથી કઢાવવાના ગુન્હાની વાત જાહેર કરવાની તેની ફરજ નથી. અને જો તેની ફરજ હોય તોપણ, ગુન્હો બન્યાની વાત જાહેર કરવાની તેની પછવાડાની કસુરીથી એમ કહી શકાય નહીં કે, તેણે ઈરાદા પૂર્વક વસ્તુ કરવામાં મદદ કરી.

જબરાઈથી કઢાવવાનો ગુન્હો, એ કોગ્નીઝેબલ ગુન્હો નથી. અને તેથી કદાપી જો આપણે ધારીયે કે, ચોકીદાર જાણતો હતો કે, ચોરીનું આરોપ ખોટું છે, તોપણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૯૫ કે ૯૭ (૧૪૯-૧૫૧) લાગુ પડતી નથી.

ચોકીદારે ઇરાદા પૂર્વક, કોઇ કત્યથી જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવામાં સહાયતા કરી, એ વાત ડેપ્યુટી માજીસ્ટ્રેટ પોતાના ઠરાવથી નકાર કરે છે. અને કાયદાની વિરૂધ કસુર કરીને તેણે મદદ કરી હોય, એમ અમે જોઇ શકતા નથી. માટે ગુન્હાનો ઠરાવ તથા સજા રદ કરીએ છીએ.

માહારાણી વિ. જાંનકી.

કલમ ૧૦૭.
૫
તા૦ ૨—૧૧·૮૨
ઇ. ૭. મુ. પા. ૮૨
સ્ટાંપ ચોડયા વગરનું દસ્તાવેજ લેવું એ ગુનોહ નથી.

अ ए एक सादा कागळ उपर ब ने दस्तावेज लखी आप्युं. ए दस्तावेज उपर चार आनानी स्टांप जोयती हती. बए अना उपर दीवानी कोर्टमां एक दावो कर्यो, अने सदरहु दस्तावेज पुरावामां गुजार्युं. दीवानी कोर्टे स्टांपना पैसा, तथा स्टांप चोडवानी कसुरीना दंडना पैसा आपवानुं अ ने कह्युं, पण ते पैसा तेणे अप्या नहीं. तेथी सदरहु दस्तावेज जप्तीमां राखी, कलेकटर तरफ मोकली आप्युं. दीवानी अदालतना मत साथे कलेकटरनो मत मळवाथी, अ तथा ब ना उपर फोजदारी मांडवानो हुकम कर्यो; परंतु तेणे जगातना तथा दंडना पैसा आपवानो हुकम कर्यो नहोतो. ए फोजदारीनी अंते स्टांपना कायदानी कलम ६१ मी प्रमाणे अ गुनेहगार ठर्यो; अने ब, अ ना गुनेहामां मददगारना गुनाहनो अपराधी ठर्यो.

ठराव्युं के, आ बंने गुन्हाना ठराव कायदा वीरुद्ध छे. केमके जगात तथा दंड आपवानी तक, कलेकटरे आपी नहोती.

वळी ठराव्युं के, स्टांप वगरनुं दस्तावेज लेवुं तेथी, सदरहु दस्तावेज करवामां मददगारीनो गुन्हो थतो नथी.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ ના ઠરાવો પ્રમાણે, આ કામ કાનડા જીલ્લા મેજીસ્ટ્રેટે હાઇકોર્ટે તરફ હુકમ થવા સારૂ મોકલ્યું હતું.

તા. ૧૭-૪-૮૦ ને રોજ એક કુમાર પાયકેજાનકી જોગની કબુલીયત લખી આપી. અને તેમાં તેણે એવી કબુલત આપી કે, એ જાનકી પાસેથી ખેડવાને સારૂ કેટલાંક ખેતરો લીધાં છે તેના વેરા બદલ ચોકસ ખાંડી શાળ આપીશ. આ કબુલતમાં ગયા વરસનો વેરો ચડત થઇ ગયો હતો, તે આપવાની પણ કબુલત કરી હતી. એ દસ્તાવેજ સાદા કાગળ ઉપર લખાયું હતું. અને કારવાડના પેલા વર્ગના સબોરડીનેટ જડજની કોર્ટમાં, સદરહુ દસ્તાવેજની રૂએ વેરો લેવાની જાંનકીએ ફરીયાદ કરી, તેમાં પુરાવા સારૂ દાખલ કર્યું હતું. સબોરડીનેટ જડજે ઠરાવ્યું કે, એ દસ્તાવેજ એક કરાર પત્રના રૂપ તથા ગણોતના સામા લખી આપેલા દસ્તાવેજના રૂપનું છે. અને તેથી સ્ટાંપ એકટના પરીસીષ્ટ પેલાની કલમ ૬૩ પ્રમાણે, તેના ઉપર ચાર આનાની સ્ટાંપ ચોડવી જોઈએ. કેમકે જાંનકીએ પોતાની ફરીઆદ અરજીમાં ગયા વરસની સાલનો દાવો કર્યો હતો, તેની કીંમત ગણતાં ૨૫ રૂપૈયા થતા હતા. સ્ટેંપના ધારાની ૩૪ મી કલમ પ્રમાણે, પુરેપુરી જકાત તથા દંડ આપવાની જાંનકીના વકીલે ના પાડી, તેથી સબોરડીનેટ જડજે તે દસ્તાવેજની જપ્તી કરી, અને તેજ કાયદાની ૩૫ મી કલમની બીજી પેટા રકમ પ્રમાણે, કલેકટર તરફ મોકલી દીધું. તે ઉપરથી ગણોતીયા ઉપર સ્ટેંપ એકટની કલમ ૬૧ પ્રમાણે, તથા જાંનકી ઉપર. ક્રી. પી. કો. ની કલમ ૧૦૯ તથા સ્ટેંપના ધારાની કલમ ૬૧ પ્રમાણે ફોજદારી માંડવાની મંજુરી આપી.

આ મુકરદમો કારવાડના બીજા વર્ગના માજીસ્ત્રેટે ચલાવી; પ્રત્યેકને ગુન્હેગાર ઠરાવ્યા. અને તેઓને પાંચ પાંચ રૂપૈયા દંડ કર્યો. આ ઠરાવ અને સજા ઉપર જાંનકીએ અપીલ કરી. અને અપીલમાં નીચલી કોર્ટનો ઠરાવ રદ થઈ ગયો.

હાઇકોર્ટે નીચે પ્રમાણે ઠેરાવ આપ્યો.

જસ્ટીસ વેસ્ટનો ઠરાવ—

સ્ટાંપના ધારાની કલમ ૩૭ મી તથા ૪૦ મીની અસર એવી છે કે, કલેકટર એજ ધારાની ૬૯ મી કલમ પ્રમાણે પોતાની મુખતીયારીનો ઉપયોગ કરે, તે અગાઉ જકાત અને દંડ આપવાની તકહરેક માણસને આપવી જોઇએ. કાંઇ દંડ આપવા જેવો છે કે નહીં, તેનો વાજબી સવાલ ઘણેક પ્રસંગે ઉઠે છે. પોતાની મુખતીયારી વાપરતાં પેહેલાં તેની કાયદેસર ફરજ છે તે ફરજ પ્રમાણે તેણે પ્રથમ વર્તવું જોઇએ. ચોરાઉ મીલકત કબુલ કરવી એ જેમ ચોરીની મદદગારી નથી, તેવીજ રીતે સ્ટાંપ વગરનું દસ્તાવેજ કબુલ રાખવું, તે પણ મદદગારી નથી. માટે અપીલ કોર્ટનો કરેલો ફેસલો મારા વિચાર પ્રમાણે સાચો છે.

કેસરેહિંદ વી. મીઠુલાલ.

કલમ ૧૮૭
૬
તા० ૨૫ ૧૦-૮૫
ઈ. ૮ આ પા.૧૮
સ્ટાંપ વિનાની પોહોંચ આપવી એ સ્ટાંપના કાયદા પ્રમાણે ગુન્હો છે.

एक करजदारे पोताना लेणदारने पैसानी कांइ रकम आपी. अने तेनी पासेथी स्टांप चोढया वगरनी पोहोंच लीधी. अने कहयुं के हुं तेना उपर स्टांप लगावीश.

ठराव्युं के स्टांप चोढया वगरनी रसिदना गुन्हामां हिंदुस्थानना पि-

नलकोडनी कलम १०७ना अर्थ प्रमाणे मददगारी कर्यानो गुन्हो थतो नथी.

સ્ટાંપ વિનાની પહોંચ લેવી એ ઉપલા ગુનહામાં મદદગારી છે. પણ તે ક્યારે કે તે સ્ટાંપવાળી પહોંચ પોતાની સંમતીથી કબુલ રાખી હોય ત્યારે.

હું સ્ટાંપ તે ઉપર ચોડીસ એમ કહીને તે લેવી એ મદદગારી કરી કહેવાય નહીં તેમ તેટલું કહ્યા વગર પણ લેવી તે પણ મદદગારીનો ગુનો છે નથી.

આ કામમાં એક મીઠુલાલને પિનલકોડની કલમ ૧૦૯ મી તથા ૧૮૭૯ના આક્ટ પેહેલાની કલમ ૬૧ મી પ્રમાણે, સ્ટાંપ વગરની રસિદ આપવામાં મદદગારી કર્યાનો ગુન્હેગાર ઠરાવ્યો હતો.

એમ જણાયું છે કે, એક સ્ટાંપ વગરની પાવતી એક તહશિલદારની અદાલતમાં જપ્તીમાં રાખી હતી. અને તેના બનાવનાર ઉપર ફોજદારી માંડવાનો કલેકટરે હુકમ કર્યો હતો. તે ઈનસાફમાં માજીસ્ત્રેટે મીઠુલાલને સમન કર્યો. અને તેના ઉપર તોહોમત મુકી, તેનો ઈનસાફ કરીને તેને અપરાધી ઠરાવ્યો. માજીસ્ત્રેટને એમ માલુમ પડયું કે, મીઠુલાલે સ્ટાંપ વગરની પોહોંચ કબુલ રાખી હતી; અને હું સ્ટાંપ ચોડીશ એવું તેણે કહેલ હતું, અને તેથી તેણે ઇરાદા પુર્વક ગેરકાયદેસર કસુર કરવામાં મદદ કરી, માટે માજીસ્ત્રેટે તેનો ૧૦ રૂપિઆ દંડ કર્યો.

આ મુકરદમો હાઇકોર્ટ તરફ લખી મોકલતાં સેશન જડજે નીચે પ્રમાણે લખેલું હતું.

"કેસરેહિંદ. વિ. જાનકી (૭ મુ. ૨૨) તથા કેસરેહિંદ. વિ. ભેરનના મુકરદમાઓની શાદત આપવામાં આવી છે. પરંતુ માજીસ્ત્રેટનો એવો અભિપ્રાય થયો છે કે, આ બંને કામના ઠરાવો કેસરેહિંદ. વિ. બાહાદુરશિંહના તાજા ઠરાવથી રદ થઇ ગયા છે. (આમાંથી છેલ્લા બે મુકરદમાઓ અલાહબાદ હાઇકોર્ટના છે) તેમાંથી અલાહબાદના ફેંસલાઓ બન્ને એકેક જડજે કર્યા છે. તેથી કયા ફેંસલાને અનુસરીને ચાલવું એ તેની મૂખત્યારી ઉપર છે. પણ એ ફેંસલાઓ એક બીજાથી, અથવા મુંબઈ હાઇકોર્ટના ફેંસલા (કેસરેહિંદ. વિ. જાનકી)થી પ્રતિકુલ નથી. તે મુંબઇના ફેંસલામાં એવું ઠરાવ્યું છે કે, સ્ટાંપ વગરની પાવતી લેવી એ ગુન્હો નથી. ભેરનના મુકરદમામાં માજીસ્ત્રેટને એમ માલુમ પડયું હતું કે, ખત લખાવી લેનારે સાદા કાગળ ઉપરનું ખત કબુલ રાખ્યું હતું. સેશન જડજે જ્યારે આ ભેરનવાળો કેસ લખી મોકલ્યો હતો, ત્યારે તેમાં તેણે લખ્યું હતું કે, એ બાબતનો કાંઇ પૂરાવો પડયો નથી. તેથી હાઈકોર્ટમાં એ ગુન્હાનો ઠરાવ રદ થઈ ગયો હતો.

બાહાદુરશિંહના કામોમાં અપરાધી ઠરેલ મદદગાર પૈસાની ધિરધાર કરનારો હતો. તેણે પોતાના કરજદાર પાસેથી, સ્ટાંપ વગરના કાગળ ઉપર પૈસા ધીર્યાની પોહોંચ કરાવી લિધી. આ કામમાં મદદગારી એવી છે કે, પૈસા આપનારે પોહોંચ લિધી, અને તે

ઉપર સ્ટાંપ ચોઢવાનું પોતે કહેલ હતું. આ કામમાં આટલી બાબતનો પુરાવો છે. આને મદદગારી કહેવી, એ કાયદાનો તાણીને અર્થ બેસાડયા જેવું મને લાગે છે. અને પૈસા આપનારો સ્ટાંપ વગરની પોંહોંચ લેઈને, તથા તે ઉપર સ્ટાંપ ચોડવાનું કહ્યા વગર, તેવી પોહોંચ બનાવવામાં ઈરાદા પુર્વક મદદ કરનારો થાય છે, એમ કેહેવું એ એટલેજ દરજ્જે વાજબી છે. માહારી અરજ એવી છે કે, આ ગુન્હાનો ઠરાવ રદ કરવો જોઇએ.

પેથીરામ ચિફ્જસ્ટિસનો ઠરાવ.

હિંદુસ્થાનના પિનલકોડની કલમ ૧૦૭ માં મદદગારીના ગુન્હાની જે વ્યાખ્યા આપી છે, તેનો મીઠુલાલ ગુન્હેગાર નથી, એમ માહારો અભિપ્રાય થાય છે. સાબિત થયેલી હકીકત એવી છે કેઃ—

બંધવે પોતાના લેણદારને કાંઇક પૈસાની રકમ આપી. એ પૈસા જ્યારે અપાયા, ત્યારે તેને પોંહોંચ આપવાનું ઠરેલ હતું, પણ લેણદારે કહ્યું કે, માહારી પાસે સ્ટાંપ નથી, તેથી હું સ્ટાંપવાળી પોંહોંચ આપી શકતો નથી. તે ઉપરથી બંધવે સ્ટાંપ વગરની પોંહોંચ કબુલ રાખી. અને પોતા થકી સ્ટાંપ ચોહોડવાનું કહ્યું.

આવી હકીકત ઉપરથી સાફ ચોખ્ખું છે કે, બંધવે કોઇ કૃત્યથી કોઇ ગુન્હામાં મદદગારી કરી નથી. કેમકે તેણે કાંઇ વધુ ઘટુ કર્યું નથી. જે વાત કાયદા પ્રમાણે કરવાને તે બંધાએલો હતો, તે કરવાની તેણે કાયદા વિરૂધ કસુર કરી કે નહીં, તેજ ફક્ત સવાલ રહે છે. જે પ્રમાણે માહારા જોવામાં આવે છે તે પ્રમાણે, તેને જે કરવાનું હતું તે તેણે કીધું છે. એટલે તેણે સ્ટાંપવાળી પોંહોંચ માગી. અને તેના લેણદાર પાસે સ્ટાંપ ન હોવાથી, સ્ટાંપવાળી પોંહોંચ આપવાની અશકતી બતાવી, તેથી જેવી પોહોંચ તેને મળી તેવી તેણે લીધી. એટલે કે સ્ટાંપ વગરની પોંહોંચ તેણે લીધી. બાહાદુરશિંહનો ફેસલો આ કામમાં મુદાનો નથી. તે કાંમમાં પોંહોંચ બંધવાની ખુદની ચોપડીમાં તથા તેની મરજીથી લખાઈ હતી. બીજા જે ફેસલાઓની શાહદત આપી હતી, તે માંહેલા ઠરાવો આ કામને લગતા છે. તેથી મીઠુલાલને અપરાધી ઠરાવી દંડ કર્યોછે, તે રદ કરવામાં આવે છે. દંડ વસુલ થયો હોયતો તેને પાછો આપવો.

કલમ ૧૦૮ મા.

૧૦૮. જે સખસ, કાંઇ ગુન્હો કરવામાં મદદગારી કરે, અથવા જે કામ મદદગાર સખસના ઈરાદા અથવા જ્ઞાનથી ગુન્હો કરવાને કાયદા પ્રમાણે કોઇ શકતીમાન સખસે કર્યું હોય તો ગુન્હો થાય, એવું કાંઇ કામ કરવામાં મદદગારી કરે તે સખસે ગુન્હામાં મદદગારી કરી એમ સમજવું. મદદગાર.

ખુલાસો ૧ લો.—કાંઇ કામની કાયદા વિરૂધ કસુર કરવામાં મદદગારી કરવી તે ગુનોહ થઈ શકે છે, પછી તે કામ કર્‌યાની અગર તે મદદગારની પોતાની ફરજ નહી હોય તો પણ.

ખુલાસો ૨ જો.—મદદગારીનો ગુન્હો થવામાં એવી કાંઈ જરૂર નથી કે મદદગારી કરેલું કામ થવું જોઇએ, અથવા જે અસર તે ગુન્હો થવામાં જરૂર છે તે અસર પેદા થવી જોઇએ.

દ્રષ્ટાંત.

(અ) અ બ ને ક નું ખુન કરવાને ઉશકેરે, બ તેમ કરવાની ના કહે તો બ ને ખુન કરવામાં અ એ મદદગારી કરી એમ સમજવું.

(બ) અ બ ને ડ નું ખુન કરવાને ઉશકેરે. તે ઉશકેરણી મુજબ બ ડ ને એક ખાંજર મારે, તે જખમથી ડ સારો થાય તોપણ અએ બ ને ખુન કરવાની ઉશકેરણી કરી એમ સમજવું.

ખુલાસો ૩ જો —એવું કાંઇ જરૂર નથી કે જે સખસને મદદગારી કરી હોય તે સખસ કાંઇ ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શકતીમાન જોઇએ, અથવા તે મદદગારના જેવોજ તે સખસનો સાપ્રાધ ઇરાદો કે જ્ઞાન જોઇએ, અથવા તે સખસનો કાંઇ પણ સાપ્રાધ ઇરાદો અથવા જ્ઞાન જોઇએ.

દ્રષ્ટાંતો.

(અ) અ, સાપ્રાધ ઇરાદાથી, એક બાળકને અથવા ગાંડા માણસને કાંઇ કામ કરવાને ઉસકેરે, અને તે કામ એવું હોય કે ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શક્તિમાન હોય એવો કોઇ સખસ અ ના જેવા ઇરાદાથી તે કામ કરે તો ગુન્હો ગણાય, તો એ ઠેકાણે અ એ ગુન્હામાં મદદગારી કરી એમ સમજવું, પછી તે કામ કરવામાં આવે કે નહી તો પણ.

(બ) ઝ નું ખુન કરવાના ઇરાદાથી અ સાત વર્ષથી ઓછી ઉમરના એક બાળક બ ને એક એવું કામ કરવાને ઉશકેરે કે તેથી ય નું મોત થાય. બ તે મદદગારી ઉપરથી તે કામ કરે, અને તે કામથી ઝ નું મોત થાય, તો એ ઠેકાણે, જો બ ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શક્તિમાન નથી તો પણ જાણે, બ ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શક્તિમાન હોય, અને તેણે ખુન કરયું હોય તેજ મિસાલે, અ શિક્ષા થવાને લાયક છે; માટે તેને મોતની શિક્ષા થઇ શકે.

(ક) અ એક ઘરને આગ લગાડવાને બ ને ઉશકેરે, અ ની ઉશકેરણી ઉપરથી બ તે ઘરને આગ લગાડે અને દીવાનગીના સબબથી તે કામ કેવી તરેહનું છે તે, અથવા પોતે જે કામ કરે છે તે કામ ખોટું અથવા કાયદા વિરૂદ્ધ છે એવું જાણવાને બ અશકત હોય, તો બ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહી; પણ અ એ ઘરને આગ લગાડવાના ગુન્હામાં મદદગારી કરી, અને તે ગુન્હાને માટે ઠરાવેલી શીક્ષાને લાયક છે, એમ સમજવું. ર૧૫.

(ડ) ચોરી કરવાના ઇરાદાથી ઝ ના કબજામાંથી કાંઇ ઝ ની મીલકત લેવાને અ બ ને ઉશકેરે, અ બ ના મનમાં એવો વિશ્વાસ ઉત્પન કરે કે તે મીલકત અ ની છે, પછી શુધબુદ્ધિથી તે મીલકત અ ની છે એમ માનીને, બ તે મીલકત ઝ ના કબજામાંથી લે, તો એ ખોટી સમજણથી કામ કર્યું તેથી તેણે તે બદઘાનતથી લીધી એમ કહેવાય નહી; માટે તેણે ચોરી કરી એમ સમજવું નહી. પણ અ એ ચોરીમાં મદદગારી કરી, અને અ એ ચોરી કરી હોય ને જે શીક્ષા બ ને થાય તેજ શીક્ષાને અ લાયક છે એમ સમજવું.

ખુલાસો ૪ થો.—કોઈ ગુન્હામાં મદદગારી કરવી એ ગુન્હો છે, માટે એવી મદદગારીમાં મદદગારી કરવી એ પણ ગુન્હો છે, એમ સમજવું.

દ્રષ્ટાંત.

ઝ નું ખુન કરવાને ક ને ઉશકેરવાને અ બ ને ઉશકેરે. તે ઉપરથી ઝ નું ખુન કરવાને બ ક ને ઉશકેરે, અને બ ની ઉશકેરણી ઉપરથી ક તે ગુન્હો કરે, તો પોતાના ગુન્હાને માટે બ ખુનની શીક્ષાને લાયક છે; અને તે ગુન્હો કરવાને અ એ બ ને ઉશકેર્યો માટે અ પણ તેજ શીક્ષાને લાયય છે, એમ સમજવું.

ખુલાસો ૫ મો...મસલતથી મદદગારીનો ગુન્હો કરવામાં એવું કાંઇ જરૂર નથી. કે જે સખસ ગુન્હો કરે તે સખસની સાથે તે મદદગારે તે ગુન્હા બાબત મનસુબો કરવો જોઈએ. જે મસલત મુજબ તે ગુન્હો કરવામાં આવે તે મસલતમાં સામીલ થયો તો બસ છે.

દ્રષ્ટાંત.

અ બ ની સાથે મનસુબો કરીને તેઓ ઝ ને ઝેર દેવાની ગોઠવણ કરે. તેમાં એમ ઠરે કે અ એ ઝેર આપવું પછી તે ગોઠવણ બ ક ને સમજાવે; અને એમ કહે કે એક ત્રીજો સખસ ઝેહેર આપવાનો છે, પણ અ નું નામ કેહે નહી. ક ઝેર લઇ આવવું કબુલ કરે અને સમજાવેલી રીતે વાપરવા સારૂ તે ઝેર બ ને હવાલે કરે પછી અ તે ઝેર આપે અને તેના જોરથી ઝ મરી જાય, તો એ ઠેકાણે અ તથા ક એઓએ મળીને કાંઈ મસલત કરી નથી, તોપણ જે મસલત મુજબ ઝ નું ખુન થયું તે મધ્યે ક સામીલ થયો, માટે ક એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો, અને તે ખુનની શીક્ષાને લાયક છે, એમ સમજવું.

કલમ ૧૦૯ મી.

૧૦૯. અગર કોઇ માણસ કાંઇ ગુન્હામાં મદદગારી કરે અને તે મ જો મદદગારી દદગારીની શીક્ષાને માટે, આ કાયદામાં કાંઇ સાફ ઠરાવ કરેલો નહી હોય, પરથી મદદગા

તો તે ગુન્હાને માટે ઠરાવેલી શીક્ષા તે માણસને કરવામાં આવશે.

રી કરેલું કામ કરવામાં આવે અને તે એવી મદદગારીનેમાટે બીજે કયાં સારૂ શીક્ષા ન ઠરાવી હોય તે હેની શીક્ષા.

ખુલાસો.—કાંઈ કામ અથવા ગુન્હો મદદગારી ઉપરથી કરવામાં આવ્યો એમ ક્યારે સમજવું. કે જ્યારે તે કામ અથવા ગુન્હો તે મદદગારીમાં જે ઉશકેરણી અથવા મસલત અથવા સહાય આવ્યું હોય તે ઉશકેરણી ઉપરથી, અથવા તે મસલત મુજબ, અથવા તે સાહાયથી કરવામાં આવે ત્યારે.

દ્રષ્ટાંત.

(અ) બ એક સરકારી નોકર છે. તે પોતાના ઓહદાનો અમલ ચલાવવામાં અ ની ઉપર કાંઇ મેહેરબાની બતાવવાના બદલામાં અ બ ને કાંઇ લાંચ આપવા માંડે. અને બ તે લાંચ લે, તો ૧૬૧ મી કલમમાં બ્યાન કરેલા ગુન્હામાં અ એ મદદગારી કરી એમ સમજવું.

(બ) ખોટી સાહેદી આપવાને અ બ ને ઉશકેરે, અને તે ઉશકેરણી ઉપરથી બ તે ગુન્હો કરે, તો અ એ તે ગુન્હામાં મદદગારી કરી, તથા બ ના જેવીજ શીક્ષાને તે લાયક છે એમ સમજવું.

(ક) અ તથા બ ઝ ને ઝેર આપવાની મસલત કરે તે મસલત મુજબ અ ઝેર લાવીને બ ને હવાલે કરે, એટલા સારૂ કે બ તે ઝેર ઝ ને આપે પછી તે મસલત મુજબ બ અ ની ગેરહાજરીમાં તે ઝેર ઝ ને આપે, અને તેથી ઝ નું મોત થાય, તો એ ઠેકાણે બ ખુનનો તકશીરવાર છે; અને અ એ મસલતથી તે ગુન્હામાં મદદગારી કરી, તથા તે ખુનની શિક્ષાને લાયક છે, એમ સમજવું.

કલમ ૧૧૦ મી

૧૧૦. અગર કોઇ માણસ કાંઇ ગુન્હામાં મદદગારી કરે, અને મદદગારી કરેલો સખસ મદદગારના ઇરાદા અથવા જ્ઞાન કરતાં જુદાજ ઈરાદા કે જ્ઞાનથી તે કામ કરે, તો બીજા ઇરાદાથી અથવા જ્ઞાનથી નહી પણ મદદગારના જેવાજ ઇરાદાથી અથવા જ્ઞાનથી અગર તે કામ કર્યું હોય, તો જે ગુન્હો થાય, તે ગુન્હાને માટે ઠરાવેલી શિક્ષા તે માણસને કરવામાં આવશે,

અગર મદદગારી કરેલો સખસ તે કામ મદદગારના ઇરાદા કરતાં જુદા ઈરાદાથી કરે, તો તે મદદગારીની શિક્ષા

કલમ ૧૦૯ મી.

અગર કોઇ માણસ ગુનાહમાં મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે કરેલું કામ કરવામાં આવે, અને તે મદદગારીની શિક્ષાને માટે, આ કાયદામાં કાંઇ સાફ ઠરાવ કરેલો નહી હોય, તો તે ગુનાહને માટે ઠરાવેલી શિક્ષા તે માણસને કરવામાં આવશે.

જો મદદગારી પરથી મદદગારે કરેલું કામ કરવામાં આવે, અને તે હેવી મદદગારીને માટે બીજે કેથાં સાફ શિક્ષા ન ઠરાવી હોય તેહેની શિક્ષા.

ખુલાસો—કાંઇ કામ અથવા ગુનહો મદદગારી ઉપરથી કરવામાં આવ્યો એમ ક્યારે સમજવું, કે જ્યારે તે કામ અથવા ગુનાહ, તે મદદગારીમાં જે ઉશકેરણી, અથવા મસલત, અથવા સાહાય આપ્યું હોય તે ઉશકેરણી ઉપરથી, અથવા તે મસલત મુજબ, અથવા તે સાહાયથી કરવામાં આવે ત્યારે.

દ્રષ્ટાંત.

[અ] બ એક સરકારી નોકર છે. તેણે પોતાના ઓહદાનો અમલ ચલાવવામાં અ ની ઉપર કાંઇ મેહેરબાની બતાવવાના બદલામાં અ બ ને કાંઇ લાંચ આપવા માંડે, અને બ તે લાંચ લે, તો ૧૬૧ મી કલમમાં બ્યાન કરેલા ગુનાહમાં અ એ મદદગારી કરી એમ સમજવું.

[બ] ખોટી સાહેદી આપવાને અ બ ને ઉશકેરે, અને તે ઉશકેરણી ઉપરથી બ તે ગુનાહ કરે, તો અ એ તે ગુનાહમાં મદદગારી કરી, તથા બ ના જેવીજ શિક્ષાને તે લાયક છે, એમ સમજવું.

[ક] અ તથા બ ઝ ને ઝેર આપવાની મસલત કરે તે મસલત મુજબ અ ઝેર લાવીને બ ને હવાલે કરે, એટલા સારૂ કે બ તે ઝેર ઝને આપે પછી તે મસલત મુજબ બ અ ની ગેરહાજરીમાં તે ઝેર ઝને આપે અને તેથી ઝ નું મોત થાય, તો એ ઠેકાણે બ ખુનનો તકસિરવાર છે; અને અ એ મસલતથી તે ગુનાહમાં મદદ કરી. તથા તે ખુનની શિક્ષાને લાયક છે, એમ સમજવું.

રાણી વિ. મારૂતી દાદા.

हिंदुस्थानना पीनलकोड प्रमाणे मददगारीनो गुन्हो, एक स्वतंत्र गुन्हो छे. अने तेथी मदद करनारना अपराधी पणानो ठराव मुख्य गुन्हाना ठराव उपर कोइ प्रकारे आधार राखनारो नथी.

કલમ ૧૦૯
૧
તા—૧૨—૧૦—૭૫
ઈ-રી મુ-બા, ૧૫
મદદગારીનો ગુન્હો મુખ્ય ગુનહાથી ઈલાયદો છે.

આ એક અપીલ મુંબઈ સરકારે કરી હતી. પુનાના સેસન જડ્જે ત્રણ તોહોમત-

વાળાઓ, એટલે, નારાયણ, સીતાબાઇ, અને મારૂતી,ના લાભમાં ના સાબીતીનો ઠરાવ કર્યો હતો. તે ફેરવી નાંખવાને તથા પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે ગુન્હાનો ઠરાવ કરી, સજા કરેલી હતી, તે પાછી બાહાલ કરવા વાસ્તે, અપીલની માગણી હતી.

બંધવા મારૂતી ઉપર પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે ઘર ફોડવાના ગુન્હાનું, તથા ફરીયાદી ગોવીંદરાયના રેહેવાના ઘરમાંથી ચોરી કર્યાનું, એમ બે તોહોમતો, બંધવા મારૂતી ઉપર રાખ્યાં હતાં. કનસ્ટાનશીયો, મલહાર, નારાયણ, અને સીતાબાઇ, એમ ચાર જણાઓ ઉપર ઉપલા ગુન્હાઓમાં, મદદગારી કર્યાનું તોહમત હતું. બધા તોહોમતદારોને ગુન્હેગાર ઠરાવી તેઓને જુદી જુદી મુદતની કેદની તથા દંડની સજા કરવામાં આવી. અપીલમાં નારાયણ, સીતાબાઇ, તથા મારૂતીને સેસન જડજે છોડી મૂકયાં. આ નાસાબીતીના ઠરાવ ઉપર સરકારે અપીલ કરીછે.

જસ્ટીસ નાનાભાઇ તથા જસ્ટીસ વેસ્ટ.

સરકાર તરફથી ધીરજલાલ મથુરાદાસ.

સીતાબાઇ તરફથી પાંડુરંગ બલીભદ્ર.

અપીલની સુનાવણી જસટીસ નાનાભાઇ તથા જસટીસ વેસ્ટની હજુરમાં થઇ. પુરાવાની હકીકત કહી બતાવ્યા પછી, સરકાર તરફથી સરકારી પ્લીડર ધીરજલાલ મથુરાદાસે એવી દલીલ કરી કે, સેસન જડજની પાસે, ત્રણે બંધવાઓને, ગુન્હેગાર ઠરાવવા સારૂ, પુષ્કળ પુરાવોછે.

બંધવા નારાયણ, તથા સીતાબાઇ, તરફથી પાંડુરંગ બળીભદ્રે સામી દલીલો આપીને કહ્યું કેઃ—જો મુખ્ય ગુન્હેગાર મારૂતીને છોડી મૂકવામાં આવે, તો તેના મદદગાર, નારાયણ, તથા સીતાબાઈ, ઉપર કાયદેસર કોઇ ગુન્હાનો ઠરાવ પોસાઈ શકે નહીં. મારૂતીની વીરૂદ્ધમાં, પુરાવાની મોટી ઉપયોગી બાબત મલહારની કબુલત છે. પણ તેના ઉપર એકજ ગુન્હાનું તોહોમત નથી. તેથી તેની કબુલત મારૂતીની વિરૂદ્ધનો પુરાવો નથી. જો મારૂતી છુટી જાય તો, તેને મદદ કરનારા છુટી જવા જોઇએ, જુઓ ચમન બાપુજીનો કેસ મલહારની કબુલતને, એક સોબતીની જુબાની તરીકે ગણવામાં આવે તોપણ તેને પુષ્ટી મળવી જોઈએ.

પ્રત્યુત્તરમાં ધીરજલાલે જવાબ આપ્યો કે, ઉપરના ફેંસલાના નિયમથી માજીસ્ટ્રેટે ઉલટું કર્યું નથી. હિંદુસ્થાનના પીનલકોડ પ્રમાણે, મદદગારીનો ગુન્હો સ્વતંત્ર છે. મુખ્ય ગુન્હાનું તે કાંઈ અંગ નથી, અને પ્રત્યેકનો ઇનસાફ એકબીજાથી સ્વતંત્ર રીતે થઇ શકેછે.

એ કાયદાની, જે કલમોમાં, મદદગારી વીશે કહેવામાં આવ્યુંછે, તે કલમોમાં મુખ્યત્વે કરીને ૧૧૪ મી કલમ છે. તેમાં એવું ઠરાવ્યું છે કે, ગુન્હો કરવા ટાંણે જે મદદગારો હાજર હોય, તેઓને મુખ્ય ગુન્હો કર્યાના ગુન્હેગાર પ્રમાણે ગણવા જોઇએ. અને કલમ ૧૦૯મીમાં એવો સમાન્ય રીતનો નીયમ બાંધ્યો છે કે, બંન્નેને માટે સજા એકજ કરવી. તે ઉપરથી દેખાય છે કે, મદદગારના ગુન્હાનો ઠરાવ કરવામાં, મુખીના ગુન્હાના ઠરાવ ઉપર આધાર રાખવાનો નથી.

પુરાવા ઉપર ટીકા કર્યા પછી, નારાયણ, અને સીતાબાઇને છોડી મુક્યાની સામે તથા મારૂતીને છોડી મૂક્યાની તરફેણમાં હાઈકોર્ટે પોતાનો અભિપ્રાય લખ્યા પછી, જસ્ટીસ વેસ્ટ નીચે પ્રમાણે લખે છે.

બંધવા મારતીને છોડી મુકતાં, તેમાંથી નિકળતી કાયદાની બાબતનો વિચાર કરવા જરૂર લાગે છે. તે બાબત બંધવા નારાયણ, તથા સીતાબાઈ તરફથી, પાંડુરંગ બળીભદ્રે દલીલ મુકી છે. તેણે એવો વાંધો લીધો છે કે, મુખ્ય ગુન્હેગારને છોડી મુક્યા પછી, મારા અસીલોને મદદગારીના ગુન્હેગાર ઠરાવી શકાય નહીં. અને તેણે રાણી વિરૂધ ચમન બાપુજીના કેશનો હવાલો આપ્યો છે. આ અદાલતના માજી ચીફ જસ્ટીસ સર રીચર્ડ કાઉચ તથા એક બીજા જડજે ૧૮૬૪ ના જાનેવારીની ૨૨ મી તારીખે એવું ઠરાવેલ છે કે, મુખ્ય ગુન્હેગારના છુટી જવાથી બીજા બંધવાને એજ ઇનસાફના કામમાં એજ ગુન્હાની મદદગારી માટે ગુન્હેગાર ઠરાવી શકાય નહી. મુખ્યના ગુન્હાનો ઠરાવ થયા પેહેલાં મદદગાર પોતાનો બચાવ આપવાને ના પાડી શકે, એવું જ્યારે વિલાયતના કાયદાનું ધોરણ હતું, ત્યારે આ ઠરાવ કરવામાં આવ્યો છે. હમણાં હવે જુદુંજ ધોરણ ચાલેછે. અને તે જોઇને સંતોષ પામવા જેવું છે. તથાપિ વિલાયતના ફોજદારી કાયદા ઉપરથી આધાર લેઇ જે ઠરાવ કરવામાં આવ્યો છે. અને જે ઠરાવનો હવાલો આપ્યો છે, તેને અનુસરવાને અમે બંધાયા નથી. નવા કાયદા ઉપરથી તાજા વિલાયતના કેશો બીજેજ રસ્તે ચુક્યા છે. રાણી વિ. હાઉજીસના ફેંસલાનો હવાલો અમારે દેવો જોઇએ. એ ફેંસલાને મથાળે લખ્યું છે કે, "તોહમતનામાનાં પેહેલાં બે તોહોમતો કેદી તથા એક ह (નામના સક્ષ) ઉપર, ચોરી કર્યાનાં હતાં. ત્રીજું તોહોમત કેદી ઉપર ચોરીનો માલ રાખ્યાનું હતું. ઇનસાફ કરતી વખત ह ના વિરૂધ કાંઇ પુરાવો પડયો નહીં, એટલે તેને છોડી મુક્યો . તે એટલા સારૂ કે કેદીની વિરૂદ્ધ તેને શીક્ષા દરજે બોલાવી શકાય. પુરાવેથી એમ જણાયું કે, ह એ ચોરી કરી તે અગાઉ કેદી ચોરી કરવાની વાતમાં સામેલ હતો. અને ચોરી થયા બાદ તેણે ચોરીનો માલ રાખ્યો હતો. કેદી ઉપરનાં, બધાં તોહમતોની બાબતમાં રજુ કરીએ. "એક અંદર ગુન્હેગાર છે." એવો પોતાનો ઠરાવ સંભળાવ્યો, એ ઉપરથી ઠરાવ્યું કે, ह મુખ્ય ગુન્હેગારને છોડી મુક્યાના કારણથી, પેહેલા બે તોહમતોમાંથી કેદી છુટી જવાને પાત્ર થતો નથી."

એજ કામમાં ઠરાવ સંભળાવતી વખતે, નીચે પ્રમાણે ચીફ જસ્ટીસ અર્લસાહેબ બોલ્યા છેઃ—"અમારા ધારવામાં આવે છે કે, સ્વતંત્ર ગુન્હા તરીકે ગુન્હાનો ઠરાવ કાયમ રાખવો જોઇએ. ધારો કે, મુખ્ય ગુન્હેગારની પેહેલાં મદદગાર પકડાઇ ગયો, તો લાગલાજ તેનો ઇનસાફ કરીને ગુન્હેગાર ઠરાવી શકાય છે. જો પછવાડેથી મુખ્ય પકડાય, અને તેનો ઇનસાફ થઇ, તેને છોડી મુકવામાં આવે, તો મદદગારને છુટી જવાનો જરાએ હક છે ? અમારો મત એવો છે કે, એવો કાંઇ તેને હક નથી. તેની સજા પુરી થઇ ગઇ હોય એથી મદદગારને કાંઇ ખોટું થાય છે? અમે નથી ધારતા કે કાંઈ ખોટું થાય છે. મુખ્યનો ઇનસાફ થતો હોય, ત્યારે તેનો ઇનસાફ થાય કે તે પેહેલાં થાય. પરંતુ જો કે મુખ્ય ગુન્હેગાર છુટી જાય. પણ મદદગાર ગુન્હેગાર ઠરી શકે છે ખરો, કેમકે કોઈ રીતે એમ ચોકસ નથી થઇ શકતું કે, મુખ્ય ગુન્હેગાર છુટી જાય, પણ તે ખરેખરો ગુન્હેગાર નોતો.

હિંદુસ્થાનના પિનલકોડ મુજબ, મદદગારીનો ગુન્હો, એ સ્વતંત્ર ગુન્હો છે. મુખ્ય ગુન્હો થતો હોય ત્યાં, મદદગાર હાજર હોય તો, તેની સજા પણ મુખ્ય ગુન્હા જેટલી છે. અને જે સક્ષ ઉપર, મુખ્ય ગુન્હો કર્યાનુ તોહમત હોય, તેનો ઇનસાફ થયા ઉપર મદદગા-

રીના ગુન્હાનો ઇનસાફ કોઇ રીતે લટકી રહેતો નથી. હિંદુસ્થાન તેમજ વિલાયતના કામ ચલાવવાના કાયદા મુજબ મુખ્ય ગુન્હેગાર પકડાય, તેની પેહેલાં મદદગારને પકડી શકાયછે. પછવાડેથી મુખ્યનો ઇનસાફ થઇ તેને છોડી મુકવામાં આવે. પરંતુ તેમ કરતાં મદદગારને કાંઇ હાની થતી નથી. પુરાવાનો કાંઈ ભાગ કોઇ કાયદાની બારીકીથી બાતલ થતાં, મુખ્ય ગુન્હેગારના અપરાધીપણા વિશૈ, તથા તેને ઓળખી કાઢી, નકી કરવામાં, વખતે વાજબી રીતનો શક લેવો હોય, તો લેઇ શકાય ખરો. પરંતુ મદદગારના અપરાધીપણાની, બાબતમાં કાંઇ શક ઉત્પન્ન થવા સંભવ નથી. તેનો ઈનસાફ કરવામાં પુરાવો બાતલ કરવાની બારીકી વખતે હોય કે ન હોય.

કોઇ નિયમથી મુખ્ય ગુન્હેગાર અ વિરૂધનો પુરાવો, બાતલ કરવામાં આવે, એ ઉપરથી મલ્હાર જેવા મદદગાર, જેણે પોતાનો વાંક કબુલ કર્યો છે, અને જે બેશક ગુન્હેગાર છે. તેવા બ મદદગારને તે નિયમથી છોડી મુકવો પડે એ પુરાવાના નિયમને ઊંધો વાળવા જેવું છે.

બંનેનો જુદો જુદો ઇનસાફ કરવાને બદલે અ ની સાથે બ નો ઇનસાફ કર્યો, એવી હકીકતથી બ વિરૂદ્ધ જેટલી બીના છે, તેમાં ફેરફાર થતો નથી.

ઉપર બતાવ્યા પ્રમાણે જે ન્યાયનું ધોરણ છે, તે ધોરણ મુજબ મારૂતીને છોડી મુક્યો છે. અને તેના સબંધમાં અમે સેસન જડજને મળતા આવીએ છીએ. તે ઉપરથી કોનસ્ટાનશીયો, અને મલ્હારે છુટી જવું એમ કાંઇ નથી, તેમ નારાયણ, તથા સીતાબાઇના સબંધમાં સેસન જડજે જે ઠરાવ કર્યો છે તે મંજુર રાખવો જોઇએ એમ પણ કાંઇ નથી.

અમે ફરમાવીએ છીએ કે નારાયણ તથા શીતાબાઈને, જે ઠરાવથી ગુન્હેગાર ઠરાવવવામાં આવ્યાં હતાં, તે ઠરાવ પાછો બહાલ કરવો. અને તેમાં એવો સુધારો કરવો કે, બંધવાઓ ચોરી કરવા ટાંણે હાજર હતા નહી. માટે તેઓ ઘરમાંથી ચોરી કર્યાના ગુન્હામાં મદદગાર તરીકે ગુન્હેગાર છે. અને અનુક્રમે તેઓને સજા કરવામાં આવી હતી. તે સજા પણ બહાલ કરવી.

કલમ ૧૧૧ મી.

અગર એક કામમાં મદદગારી કરવામાં આવે અને બીજું કામ બને, તો જાણે તે કામમાં મદદગારી કરી હોય એવીજ રીતે તથા તેટલે દરજ્જે તે મદદગાર તે બનેલા કામને માટે જવાબદાર છે: પણ તે બનેલું કામ તે મદદગારીનું સંભાવ્ય ફળ હોવું જોઇએ. તથા જે ઉશકેરણી, અથવા સાહાય, અથવા મસલત તે મદદગારીમાં આવી હોય તે ઉશકેરણીના જોરથી, અથવા તે સાહાયથી, અથવા તે મસલત મુજબ, તે કામ થયું જોઇએ.

એક કામમાં મદદગારી કરી હોય અને જુદુજ કામબને, ત્યારે મદદગારીની જવાબદારી.
શરત.

દ્રષ્ટાંતો.

(અ) ઝ ના ખોરાકમાં ઝેર ઘાલવાને એક બાળકને ઉશકેરીને અ તે કારણસર તે બાળકને કાંઇ જેહેર સોંપે, પછી તે ઉશકેરણી ઉપરથી, ય નો ખોરાક ઝ ના ખોરાકની પાસે છે તેમાં ચુકથી તે જેહેર ઘાલે, તો એ ઠેકાણે, જો તે બાળકે તે ઉશકેરણીના જોરથી કામે કર્યુ હોય, અને સઘળો હાલ જોતાં જે કામ થયું તે મદદગારીનું સંભાવ્ય ફળ હોય તો અગર અ એ તે બાળકને ય નાજ ખોરાકમાં જેહેર ઘાલવાને ઉશકેર્યો હોય એવીજ રીતે તથા તેટલેજ દરજ્જે અ જવાબદાર છે.

(બ) ઝ નું ઘર બાળી નાખવાને અ બ ને ઉસકેરે, અને બ તે ઘરને આગ લગાડીને તેજ વખતે ત્યાંહાં કાંઇ મિલકતની ચોરી કરે, તો, અગર તે ઘર બાળવામાં મદદગારી કરવાનો અ તકસીરવાર છે તોપણ, તેણે તે ચોરીમાં મદદગારી કરી, એમ સમજવું નહી; કેમકે ચોરી તે જુદુજ કામછે, અને તે બાળવાનું સંભાવ્ય ફળ નથી.

(ક) અપહરણના કારણસર મધરાતે એક વાસેલું ઘર ફોડવાને અ બ તથા ક એઓને ઉસકેરે, અને તે કારણસર તે તેઓને શસ્ત્ર આપે. પછી બ તથા ક તે ઘર ફોડીને અંદર જાય, અને તે ઘર માંહેલો એક માણસ ઝ તેઓની સામો થએથી તેઓ ઝ નું ખુન કરે, તો એ ઠેકાણે, જો તે ખુન તે મદદગારીનું સંભાવ્ય ફળ હોય તો, અ ખુનને માટે ઠરાવેલી સિક્ષાને લાયક છે એમ સમજવું.

કેસરે હિંદ. વિ. મથુરાદાસ અને બીજાઓ.

जे एक अपहरण करवामां, अथवा जोर जुलम थयां हतां, अने जेनी अंते लुटायेला सक्षोनां मर्ण थयां हतां, तेमां म तथा छ ए जाण्युं अजाण्युं कर्यानी वात, साबीत थइ हती. सेसन जजे ए बंने जणाओनें, खुननी

કલમ ૧૧૧
૧
તા૦ ૨૭-૬-૮૪
ઈ ૬ અ-૪૯૧
અપહરણનો ગુનો
હ કરવામાં બંધવે

મદદગારીના ગુન્હાના, ગુન્હેગાર ઠરાવ્યા. તે એવા સબબથી કે, અપહરણ કરવાનો ઇરાદો, તેઓના જાણવામાં હતો. અને તે અપહરણ કરવામાં તેઓએ ઉશકેરણી કરેલી હતી. તેને અંતે સો-ટકા મોત થવાનો સંભવ હતો. ઠરાવ્યું કે, મદદગારીના તોહોમતમાં, અપરાધીપણાની સાબીતી, હમેશ એવી હોવી જોઇએ કે, ઉશકેરણી અથવા, મસલતની તુરતની મતલબને, લક્ષમાં લેતાં મુખ્ય ગુન્હેગારે, કરેલું કામ સામાન્ય, અનુભવ, તથા અકલ મુજબ, એવા પ્રકારનું હોવું જોઇએ કે, મદદ કરનારાએ, આગળથી જાણ્યું હતું કે, તેમ થવા સંભવ છે કે નહીં. શીક્ષા કરવાના કાયદાનો, અને તેમાં વીશેષે કરીને પીનલકોડની કલમ ૧૧૧ નો અર્થ કરવા જે ચુસ્ત રીતની સાબીતીઓ, કામે લગાડવી જોઇએ. તે તથા કોઇ ચોકસ, ક્ષણે, કોઇ પુરુષના મનની સ્થીતી કેવી હતી, તે સવાલનું નીરાકરણ કરવું બહુ કઠણ છે. તે વાત લક્ષમાં રાખીને, આ કામમાં એમ કહી શકાતું નથી કે, બંધવાઓને ધારેલું અપહરણ, કરવાની ખબર હતી; અને તેમાં તેઓએ જાણ્યું અજાણ્યું કર્યું તેટલા માટે, તે અપહરણમાં, અયાગ જોર જુલમ વાપર્યા, તે વપરાશે એમ તેઓએ આગળથી જાણ્યું નહોતુ.

ઉશકેરણી કરી હતી પરંતુ અપહરણની અંતે ખુન કરવાની ઉશકેરણી કરી નહોતી, અપહરણથીઅને ખુન થયું તેથી બંધવા ખુનના ગુન્હાનો મદદગાર ઠરતો નથીપરંતુ અપહરણના ગુનહાનો મદદગાર ઠરેછે.

આ કામમાં ફીરનસીંઘ, મથુરાંદાસ, અને છતંરજીત, એમ ત્રણ સક્ષોનું કામ ચલાવી જહાંસીના સેસન જડજે, પેહેલા નંબરના સક્ષને પી. કો. ની ૩૦૨ જી કલમ માંહેલા ખુનનો, અને બીજાને, કલમ ૧૦૯ અને ૩૦૨ જી અનુંસાર ખુનમાં મદદગારી કર્યાના, ગુન્હેગાર ઠરાવ્યા હતા. જે સક્ષોનાં ખુન થયાં, તેઓનાં નામ હીરાસીંગ, અને બસોરા હતાં. અને તે બંસોરા હીરાશીંઘનો એક ચાકર હતો. અને એવું શીદ્ધ થયું હતું કે, જાન્યુઆરીની ૨૯ મી તારીખે, હીરાશીંઘ જાંહાસીમાં આવ્યો. અને ૩૧ મી તારીખે, તેને સરકારી તીજોરીમાંથી, રૂ ૧૯૬ ની રકમ, જે તોહોમતવાળો મથુરાંદાસ ઉપરના હુકમનામાંથી, આપવી ઠરી હતી, તે તેને આપવામાં આવી હતી. વળી એમ પણ સાબીત થયું હતું કે, મથુરાંદાસ, ૨૯ મી જાન્યુઆરીએ, એક ગજરાજશીંઘની ભેગો, જહાંસીમાં આવ્યો હતો. અને જે જગ્યામાં મરનારાઓ ઉતર્યા હતા, તે જગ્યામાં તે ઉતર્યો હતો. વળતે રોજ ફીરનસીંગ, તથા બીજાં બે માણસો ઝંગી તથા લાલી, અને એક બીજી મુસામત નાઇ, બાહુ, એમ ત્રણ જણાઓ જહાંસીમાં આવ્યાં હતાં. અને ત્રીજા નંબરના તોહોમતવાળા, છતરજીતને ઘેર તેણે ઉતારો કર્યો હતો. એ છતરજી ઝંગીનો બાપ થતો હતો. હીરાસીંગ અને બસોરા, સન ૧૮૮૪ના ફેબ્રુઆરીની ૧ લી તારીખે, સુકરવારના સવારમાં જહાંસી ચાલ્યા. અને બીજી ફેબ્રુઆરીએ, જહાંસીથી સુમારે ૨૫ માઇલને છેટે, એક ખેતરમાં તેઓ મુએલા માલમ પડયા હતા.

૪ થી ફેબ્રુઆરીને રોજ, મથુરાંદાસને જ્યાં ખુન થયું હતું, ત્યાંથી પકડવામાં આવ્યો. અને તેની પાસેથી પૈસાની મોટી રકમની, એક કોથળી મળી આવી. ૫ મી ફેબ્રુઆરીને રોજ, તેણે જુબાની આપી, અને તે જુબાની એક તેહસીલદારના રૂબરૂ લેવાણી હતી અને તે જુબાની નીચે રાજી ખુશીથી આપ્યાનું યોગ્ય રીતે સરટીફીકેટ લખેલું છે, એ જુબાનીમાં મથુરાંદાસે એવું કબુલ કર્યુ હતું કે, ઝુંગી, લાલી, અને હીરનસીંગે, હીરાસંગને લુંટી લેવાનો, ઇરાદો કરેલો હતો, તે મારા જાણવામાં હતું. અને મૈયત પૈસા લેઇને જહાંસીથી નીકળ્યો, ત્યારે તેની ખબર, મેં તેઓને આપી હતી. વળી મેં તેઓની સાથ ગોઠવણ કરી હતી કે, લુટ કર્યા પછી લુટનો માલ વેહેંચી લેવા સારૂ, તેઓએ જહાંસી આવવું. તે પ્રમાણે કરીને તેઓ જહાંસી આવ્યા હતા. અને લુટના માલમાંથી, મેં માહારો ભાગ લીધો હતો. વળી એમ સાબીત થયેલું છે કે, ૩ જી ફેબ્રુઆરીના રવીવારના સવારમાં, મથુરાંદાસ અને છતરજીએ, ઘણા કલદાર રૂપીઆ વટાવીને, પોતાના ગામમાં ચાલતા હતા, તેવા સીક્કાના રૂપીયા તેઓએ લીધા હતા, મુસામત નાઈ બાહુએ એવી જુબાની આપેલ કે, જહાંસી આવ્યા પછી તુરતજ હીરનસીંગ, મથુરાંદાસને તેડવા ગયો હતો. અને પાંચ માણુસો એટલે, મથુરાંદાસ, હીરન્સીંગ, ઝંગી, લાલી, અને છતરજીત, માંહોમાંહે વાતો કરતા હતા. પણ શું વાતો કરતા હતા તે મેં સાંભળી નહોતી, તે ઓરતે, વધારે એવી જુબાની આપી કે, ૧ લી ફેબ્રુઆરીને સુક્રવારને રોજ, હીરનસીંગ, ઝંગી, અને લાલી, બપોરે ભેગા નીકળ્યા હતા. અને વળતે રોજ એકજ વખતે તેઓ આવી પુગા હતા. પણ મથુરાંદાસ પછવાડે રોકાયો હતો. અને સુક્રવારની સાંજે, જહાંસીમાં હતો. ગજરાજસીંગે વળી એવી જુબાની આપી કે, દીવસ ઉગ્યે શેહેરબાર ફેબ્રુઆરીની ૨ જી તારીખના સવારમાં, મેં મથુરાંદાસને દીઠો હતો.

વિદ્વાન સેસન જજનો એવો મત થયો કે, નાઈ બાહુ અને ગજરાજસીંગની જુબાની તરફ લક્ષ દેતાં, તોહોમતવાળો મથુરાંદાસ ખુનની જગ્યોએ હાજર હોય, તથા એ ગુન્હો કરવામાં ખરેખરો ભાગ લઇ શકયો હોય, એમ સંભવ નથી. બાકીના કેસ વીશે, એ વિદ્વાન જજે નીચે પ્રમાણે ઠરાવ કર્યો છેઃ—

"મથુરાંદાસે, તેસીલદાર અને મજીસ્ટ્રેટ એ બંને પાસે કબુલ કરેલું છે કે, હીરાસીંગને લુંટી લેવાની વાત હું જાણતો હતો. તથા લુંટનો મને હીસો મળ્યો હતો. તેની પાસેથી પૈસાની એક મોટી રકમ મળી આવી તેથી, એ જુબાનીને પુષ્ટી મળે છે, (કેમકે થોડા રોજ ઉપરજ સરકારે તેને પોતાની જમીન છોડાવવા સારૂ નાંણાની મદદ આપેલી હતી.) તથા જે સરાફોએ કલદાર, રૂપૈયાને બદલે, ચલણી રૂપૈયા આપ્યા હતા, તેઓની જુબાનીથી પણ પુષ્ટી મળે છે. માટે મથુરાંદાસ પોતાનાજ આપેલા ખુલાસા પ્રમાણે, ખુનની મદદગારીના ગુન્હાનો ગુન્હેગાર છે. કેમકે, જે ઈરાદો તેના જાણવામાં હતો, અને જે ઇરાદામાં તેણે સાહેતા કરી હતી, તે ઇરાદાનું પરીણામ ખુન હતું.

ત્રીજા નંબરના તોહોમતદાર છતરજીતની બાબતમાં, વિદ્વાન જજ નીચે પ્રમાણે લખેછે. "છતરજીની વીરૂદ્ધનો પુરાવો, મુખ્યત્વે કરી નાઇબાહુની જુબાની છે. તથા ખુનથી મેળવેલા પૈસાને વટાવી, બીજા પૈસા કર્યાની વાત છે. નાઇ બાહુ લખાવે છે કે, એકવાર ખુનની પેહેલાં, અને એક વાર ખુનની પછી, એમ બે પ્રસંગે છતરજીત અને બીજા ચાર

સક્ષો, લાંબી લાંબી વાતો કરતા હતા. અને તે વાત તેઓએ મને સાંભળવા દીધી નહોતી. એ છત્રજીત ઝંગીનો બાપ થાયછે. અને તે ઝંગી પલાયન કરી ગયોછે. જ્યાં સુધી મથુરાંદાસની વીરૂદ્ધ, રૂપીઆ વટાવ્યાની વાત સાબીત થઈ નહોતી, ત્યાં સુધી તે મથુરાંદાસની વતી રૂપૈયા વટાવ્યાનું, ઇનકારે કરતો હતો. અને એ પ્રમાણે રૂપૈયા આપ્યાનીવાત કબુલ કર્યા પછી, તેનો તેણે ઘણોજ લુલો ખુલાસો આપ્યો છે.

ત્રણ માણસો જેઓ ખુન કરવામાં રોકાએલ, તેઓને ખુન થયા પેહેલાં, તેણે પોતાના ઘરમાં ઉતારો આપેલ, અને ખુન થયા બાદ તેઓ પાછા તેની મેર આવ્યા હતા, અને તેઓ જે લુટી આવ્યા હતા. તેમાંથી તેણે હીસો લીધો હતો. ફીરન્સીંગે પોતાની પેહેલી કબુલતમાં એવું લખાવ્યું હતું કે, મુળ સંતલસમાં છત્રજીત સામીલ હતો, અને આ પ્રમાણે તેનું તે મફત નામ દે, એવું કાંઇ કારણ દેખાતું નથી. આવા કારણ ઉપરથી હું માનું છઊં કે, છતરજીત પણ ખુનની મદદગારીનો ગુન્હેગાર છે.

તોહોમતંવાળાઓએ હાઇકોર્ટમાં અપીલ કરી, તેઓના તરફથી કોઈ વકીલ નહોતો. સરકાર તરફથી, પબ્લીક પ્રોસીક્યુટર રોઝ સાહેબ હાજર હતા.

ફીરન્સીંગને ખુનનો અપરાધી બરાબર ઠરાવ્યો છે, એવો ઠરાવ કર્યા પછી ચિફ જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવઃ—

મથુરાંદાસ અને છતરજીતને માટે કાંઇ પણ નીર્ણય કરવો સેહેલો નથી. અને તેઓને પીનલકોડની કલમ ૩૦૨ના ગુન્હાના મદદગાર ઠરાવ્યા છે, તે બાબત પુરતો પુરાવો છે કે નહીં, તેનો મને અંદેસો રહે છે. અને તે અંદેસાનો લાભ, તેઓને આપવો જોઇએ. સેસનજજે માન્યું છે કે, મથુરાંદાસ પેલા બે બીચારા કમનસીબવાળાઓને મારી નાંખવામાં હાજર હતો, અથવા ખરેખરો ભાગ લીધો હતો, એવો વીશ્વાસ લાયક પુરાવો નથી. એ વાતને હું મળતો આવું છઊં ને નાઇ બાહુ અને ગજરાજસીંગની જુબાની પ્રમાણે, જ્યારે ગુન્હો બન્યો, ત્યારે તે ઠેકાણે હાજર હોય એ બની શકે એવું નથી, એવો સેસનજજે મત બાંધ્યો છે. તેમને પણ હું મળતો આવુંછું. છતરજીત વીશે ફરીયાદવાળા તરફથી, કહેવામાં તથા આરોપ મુકવામાં આવ્યું નથી કે, ખુન કરવામાં તે પ્રતક્ષ હાજર હતો. ખરેખરી રીતે જોતાં, પુરાવો લેશ માત્ર પણ નથી કે જેથી તે હતો, એ બતાવી શકાય. અને તેથી હવે સદરહુ તોહોમતવાળા મથુરાંદાસ અને છતરજીતને વીશે મારા મનમાં સવાલ ઉઠેછે. તે એ છે કે, આ બંને સક્ષોને, ખુનની મદદગારીના ગુન્હેગાર ઠરાવવા જોઇએ. કેમકે જે ખુન થયું, તે તેઓના જાણવામાં આવેલા ઇરાદાનું, તથા ઉશકેરણીનું. એવો જે જડજનો અભીપ્રાય છે. તે હું મંજુર રાખુંતો, વ્યાજબી કહેવાય કે નહીં? હું માનતો નથી કે વ્યાજબી કહેવાય. માટે મારે ખુલાસેથી કહેવું જોઇએ કે, શીક્ષા પધ્ધતીના ધારાનો, અને મુખ્ય વે કરીને, પીનલકોડની કલમ ૧૧૧ નો અર્થ બેસાડવામાં ઘણી બારીકી અને સખ્ત પરીક્ષાનો ઉપયોગ કરવો જોઇએ. એ વાતનો ભાગ્યેજ જડજને ખ્યાલ થયો છે, કેમકે એ કલમનો લાંપડી રીતે અર્થ કરવામાં આવેતો, કેટલી હદ સુધી પહોંચી શકે, એ જોવું કાંઇ સહેલું નથી, ચોખો કાયદાનો નીયમ એ છે કે, જો એક સક્ષ બીજા સક્ષને કોઇ ચોકસ ગુન્હો કરવાની ઉશકેરણી કરે, અને તે બીજો સક્ષ, સદ-

રહ્ય ઉશકેરણી પ્રમાણે, તે ગુન્હો કરે, એટલુંજ નહીં પણ તે ઉપરાંત બીજા ગુન્હો કરેતો, પેહેલો સક્ષ બીજા ગુન્હાની બાબતમાં, ઉશકેરનાર તરીકે, સાપ્રાધ રીતે જવાબદાર થાયછે. પણ તે ક્યારે કે, જો ઉશકેરણી કરનારો સક્ષ, સાધારણ અકલવાળો હોય અને ઉશકેરણી કરતી વખતે તેના જાણવામાં હોય કે, મુળ ગુન્હો કરવા સારૂ સૃષ્ટીના સામાન્ય ક્રમમાં, બીજો ગુન્હો થવાનો સંભવ છે. ત્યારેજ, જેમકે, દ્રષ્ટાંત, ધારો કે अ એ ब ને કહ્યું કે તું ફલાણો રસ્તો क નો છે, તે ઠેકાણે જઇને બેશ. અને क આવે ત્યારે, તેને પકડીને લુંટી લેજે. અને જો તે તારી સામો થાય, તો આ તરવાર રહી તેનો ઉપયોગ કરજે. પણ તેમ કરવાની જેટલી જરૂર લાગે. તેથી વધારે તેનો ઉપયોગ કરીશમાં, પછી ब क ને મારી નાંખે છે, તો अ મારી નાખવામાં ઉશકેરણી તરીકે જવાબદાર છે, કેમકે, તેણે જે ઉશકેરણી કીધી, તેની અંતે મારી નાખવાનો સંભવ હતો. ઉપલું દ્રષ્ટાંત વધારે સ્ફુટતાથી કેહેવામાં આવેતો, ન્યાયનો બોધ નીચે પ્રમાણે છે. "કોઈ ગેરકાયદેસર કામ કરવાને તમે બીજા સક્ષને ગતીમાં મુંકી, જોખમ લેવાનું પસંદ કરતા હોતો; તેટલા વખત સુધી, તે તમારો પ્રતીનીધી છે. અને પેહેલું કામ બજાવી લાવવા સારૂ, બીજું કાંઇ કરે તો તમારી ઉશકેરણીનું સંભવના વાળું પરીણામ, આગળથી તમે જોયેલું હતું, એમ હકીકત ઉપરથી સાફ રીતે માનવામાં આવે તો, તમે જેટલા પેહેલા કામની ઉશકેરણી માટે જવાબદાર છો, તેટલાજ બીજા કામને માટે પણછો, ટુંકામાં કહીએ તો, આવા કામોમાં પરીક્ષા કરવાની રીત એ છે કે, મસલત અથવા ઉશકેરણીની, તુરત મતલબ ઉપર ધ્યાન રાખતાં મુખ્ય ગુન્હેગારે કામ જે કર્યું, તે કામ સામાન્ય અનુભવ તથા સામાન્ય અકલ પ્રમાણે, ઉશકેરનારાઓને આગળથી જાણવામાં આવે, એવો સંભવ હતો કે નહીં. કોઇ એક ચોકશ, ક્ષણે માણસના મનની કહેવી સ્થીતી હતી, તેના સંબંધના સવાલનું નીરાકરણ હમેશાં કાંઇ ઓછી મુશીબતવાળું નથી. બધી હકીકતનો સંભાળથી, તથા ઉલટે તપાસ કર્યા વગર, કાંઇ પણ નીર્ણય કરવો નહીં. આવી મતલબથી, મથુરાંદાસ તથા છતરજીતના ગુન્હાઓ તરફ જોતાં, અને એક કરતાં વધારે વાર આખો પુરાવો વાંચ્યાં પછી, એ પુરાવો એવો તો ખાતરી લાયક તથા સજડ છે કે, હીરાસીંઘ તથા બસોરાનું ખુન કરવામાં, આ બંને સક્ષોએ મદદગારી કર્યાનો ગુન્હો કર્યો છે કે નહીં? એવી શંકા લાવવાને જરાએ માર્ગ રહેતો નથી. એવું કહેવાને માટે બીલકુલ હું અશક્ય છું. તેઓને ધારેલી લુંટની ખબર હતી. અને તેમાં તેઓએ જાણ્યું અજાણ્યું કર્યું, એટલા ઉપરથી, એમજ નકી કરી લેવું જોઇએ કે, આવો હાહાકાર જુલમ થવાની વાત, તેઓને પેહેલેથી જાણવામાં હતી, અને વખતે તેઓએ જાણ્યું. કે કાંઈ પણ જુલમ કરવો પડશે, એવો સંભવ છે. તોપણ એવી ખાતરી લાયક હકીકત નથી બની કે, જે ઉપરથી હું એમ અનુમાન કરૂં કે, જે જોર જુલમથી મોત નીપજવાનો, અથવા, જે શરીરની ઇજા કરવાથી, મોત નીપજવાનો સંભવ છે, એવો જોર જુલમ કરવામાં આવશે; તે તેઓના જાણ્યામાં હતું. ગમે તેમ છે પરંતુ હકીકત જોઇએ તેટલી શક પડતી છે, અને તેથી તે શકનો લાભ કેદીઓને આપવા, મને ફરજ પડેછે.

છેવટ એવો ઠરાવ કરવામાં આવ્યો છે કે, મથુરાંદાસ, તથા છતેરજીતને, પીનલકોડ-

ની કલમ ૧૦૯—૩૦૨ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યા છે. તે ઠરાવમાં, તથા તેઓને જીવત સુધી સમુદ્રપારની સજા કરી છે, તે સજામાં ફેરફાર કરી, કલમ ૧૦૯-૩૯૨ અનુસારાં ગુન્હેગાર ઠરાવી, અનુક્રમે ૧૨ વરસની સમુદ્રપારની, તથા દસ વરસની સખ્ત કેદની સજા કરવી.

કલમ ૧૧૨ મી

૧૧૨. મદદગારી કરેલું કામ પણ કરવામાં આવે, અને ઉપલી કલમ મુજબ જે કામને માટે મદદગાર જવાબદાર છે તે કામ પણ કરવામાં આવે, અને તે કામ જુદોજ ગુન્હો થાય, તો તે મદદગાર તે ગુન્હાઓમાંના હરએક ગુન્હાની શિક્ષાને લાયક છે.

મદદગારને મદદગારી કરેલાં કામની તથા બનેલાં કામની એ બંને શિક્ષા કયારે થઇ શકે.

દ્રષ્ટાંત

એક સરકારી નોકરે કરેલી જપતીની સામો થવાને અ બ ને ઉશકેરે, પછી તે ઉપરથી બ તે જપતીની સામો થાય અને સામો થવામાં બ તે જપતી કરનાર અમલદારને બુધિપુર્વક મહાવ્યથા કરે, તો તે જપતીના સામો થવાનો ગુન્હો તથા બુધિપુરવક મહાવ્યથા કરવાનો ગુન્હો, એ બંને ગુન્હા બ એ કર્યા, માટે બ એ બંને ગુન્હાની શિક્ષાને લાયક છે; અને અગર અ એ એમ જાણ્યું હોય કે તે જપતીની સામો થવામાં બ બુધિપૂરવક મહાવ્યથા કરશે એવો સંભવ છે, તો અ પણ એ ગુન્હાઓમાંના હરએક ગુન્હાની શિક્ષાને લાયક છે એમ સમજવું.

કલમ ૧૧૩ મી

૧૧૩. એક મુકરર અસર પેદા કરવાના ઇરાદાથી મદદગાર સખસ કાંઈ કામમાં મદદગારી કરે; અને તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય એવું કાંઇ કામ તે મદદગારે ધારેલું હોય તે કરતાં જુદીજ અસર પેદા કરે, તો અગર તે મદદગારે તેજ અસર પેદા કરવાના ઇરાદાથી તે કામમાં મદદગારી કરી હોય એવીજ રીતે તથા તેટલેજ દરજ્જે; તે મદદગાર તે પેદા કરેલી અસરને માટે જવાબદાર છે પણ તે મદદગારી કરેલા કામથી તે અસર થવાનો સંભવ છે, એમ તેણે જાણ્યું હોય તો.

મદદગારી કરેલાં કામથી મદદગારના ધાર્યા કરતાં જુદી અસર પેદા થાય, તે અસરને માટે તે મદદગારની જવાબદારી.

દ્રષ્ટાંત.

ઝ ને મહાવ્યથા કરવાને અ બ ને ઉશકેરે, પછી બ તે ઉશકેરણી ઉપરથી ઝ ને મહાવ્યથા કરે, અને તેથી કરીને ઝ મરી જાય તો એ ઠેકાણે, અગર અ એ એમ જાણ્યું હોય કે તે મદદગારી કરેલ મહાવ્યથાથી ઝ નું મોત થશે એવો સંભવ છે તો, ખુનને માટે ઠરાવેલી શીક્ષા પામવાને ઝ લાયક છે એમ સમજવું.

કલમ ૧૧૪ મી

૧૧૪. જે સખસ અગર ગેરહાજર હોય તો મદદગાર દાખલ શિક્ષા પામવાને લાયક થાય, તે સખસને તે મદદગારીને લીધે જે કામ અથવા ગુન્હાને માટે શિક્ષા થઇ શકે એવું હોય, તો તેણે તે કામ અથવા ગુન્હો થ-

ગુન્હો થતી વખતે મદદગાર હાજર હોય તો.

તી વખતે, તે જો ત્યાં હાજર હોય, તો તેણે તે કામ અથવા ગુન્હો કરર્યો એમ સમજવું.

કલમ ૧૧૫ મી

૧૧૫. મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કાંઈ ગુન્હો કરવામાં કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપરથી તે ગુન્હો કરવામાં આવે નહી, તથા તે મદદગારી માટે શિક્ષા સંબંધી આ કાયદામાં કાંઇ સાફ ઠરાવ નહી કરેલો હોય, તો તે માણસને સાત વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય, અને જે કામથી તે સુખસને વ્યથા થાય એવું કાંઇ કામ કરવામાં આવે તો તે મદદગારને ચઉદ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

મોતની અથવા જીવતાંસુધી સમુદ્ર પારની સિક્ષા થઈ શકે એવા ગુન્હામાં મદદગારી કરવામાં આવે અને તે ગુન્હો તે મદદગારીઉપરથી ન થાય તો તે મદદગારીનીશિક્ષા અગર જેથી વ્યથા થાય એવું કાંઈ કામ તે મદદગારી ઉપરથી કરવામાં આવે તો.

દૃષ્ટાંતો.

ઝ નું ખુન કરવાને માટે અ બ ને ઉશકેરે, પણ તે ગુન્હો કરવામાં આવે નહી. હવે અગર બ ઝ નું ખુન કરે તો તે મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને લાયક થાય એવું છે; માટે અ સાત વરસની મુદત સુધીની કેદને તથા દંડને પણ લાયક છે એમ સમજવું. અને તે મદદગારી ઉપરથી જો ઝ ને કાંઇ વ્યથા કરવામાં આવે તો તે માણસ અ ચઉદ વરસની મુદત સુધીની કેદને તથા દંડને લાયક થશે એમ સમજવું.

કલમ ૧૧૬ મી

૧૧૬. કેદના શિક્ષા થઈ શકે એવા કાંઇ ગુન્હામાં કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપરથી તે ગુન્હો કરવામાં આવે નહી, તથા તે મદદગારીને માટે શિક્ષા સંબંધી આ કાયદામાં કાંઇ સાફ ઠરાવ નહી કરેલો હોય તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે; અને અગર તે મદદગાર અથવા જેને મદદગારી કરી હોય તે સખસ સરકારી નોકર હોય, એને તેની ફરજ તે ગુન્હો થતો અટકાવવાની હોય, તો તે મદદગારને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અડધા મુદત સુધીની કેદની, અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કેદની શિક્ષાથઇ શકે એવાગુન્હામાંમદદગારીકરવામાંઆવે,અનેતેગુન્હો તે મદદગારી ઉપરથીનથાય તો તે મદદગારીની શિક્ષા અગર તેમદદગારઅથવમદદગારી કરેલો સખસ સરકારી નોકર હોય અનેતેહેની ફરજતેગુન્હોઅ

ટકાવવાની હો ય તો.

દૃષ્ટાંત.

(અ) બ એક સરકારી નોકર છે તે પોતાના ઓહદાનો અમલ ચલાવવામાં અ ની ઉપર કાંઇ મેહેરબાની કરે તેના બદલામાં અ બ ને કાંઇ લાંચ આપે, અને બ તે લાંચ લે નહી, તો અ ને આ કલમ મુજબ શીક્ષા થઇ શકે.

(બ) ખોટા શાહેદી આપવાને અ બ ને ઉસકેરે, તો એ ઠેકાણે, અગર બ ખોટી શાહેદી આપે નહી, તો પણ અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો, અને તે મુજબ તેને શિક્ષા થઇ શકે, એમ સમજવું.

(ક) અ એક પોલીસ અમલદાર છે, તેની ફરજ અપહરણ અટકાવવાની છે, તે અપહરણ કરવામાં મદદગારી કરે, તો એ ઠેકાણે, અગર તે અપહરણ ન થાય તોપણ, તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય, તેની અરધી મુદતની કેદને તથા દંડને પણ અ લાયક છે, એમ સમજવું.

(ડ) અ એક પોલીસ અલમદાર છે, તેની ફરજ અપહરણ અટકાવવાની છે. તેની પાસે તે ગુન્હો કરાવવામાં બ મદદગારી કરે તો એ ઠેકાણે, અગર તે અપહરણ ન થાય તોપણ, તે અપહરણના ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અરધી મુદતની કેદને, તથા દંડને પણ, બ લાયક છે, એમ સમજવું.

કલમ ૧૧૭ મી

૧૧૭. લોક પાસે અથવા કોઈ પણ વરગના દશથી વધારે સખસો પાસે કાંઇ ગુન્હો કરાવવામાં જે માણસ મદદગારી કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

લોક પાસે અથવા દશથી વધારે માણસો કાંઇ ગુનોહ કરાવવામાંમદદ ગારી.

દૃષ્ટાંતો.

અ એક સરીયામ જગ્યામાં એક જાહેરનામું ચોહોડે, અને તે મધ્યે દશથી વધારે માણસોના એક તડવાળાઓને એવી રીતે ઉશકેરે કે તમારા સામા તડવાળા માણસો ફલાણી વખતે તથા ફલાણા ઠેકાણેથી એક વરઘોડો લઇ જવાના છે તેઓની ઉપર હુમલો કરવાના કારણસર તમે તે વખતે તે ઠેકાણે એકઠા થજો, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો, એમ સમજવું.

કલમ ૧૧૮ મી

૧૧૮. મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવો સેહેલ કરવાના ઇરાદાથી, અથવા તે પોતાથી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, અગર કોઇ માણસ, કાંઈ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને, તે ગુન્હો કરવાની, ધારણા થઇ હોય તે ધારણા બુદ્ધિપુર્વક છુપાવે, અથવા તે ધારણા બાબત પોતે જેને

મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કોઈ ગુનોહ ક-

ખોટી જાણતો હોય એવી કાંઇ વાત જાહેર કરે, તો તે માણસને જો તે ગુન્હો થાય તો, સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની શીક્ષા કરવામાં આવશે; અથવા જો તે ગુન્હો ન થાય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને ગુન્હો થાય તોપણ, અને ન થાય તોપણ ઉપલી શીક્ષાની સાથે દંડને પણ તે માણસ લાયક થશે.

રવાનીધારણા છુપાવવી.

અગર તે ગુનોહ થાય, તો અગર તેગુનોહ ન થાય તો.

દ્રષ્ટાંત.

બ ઠેકાણે એક ડાકાઇટીનો ગુન્હો થવાનો છે એમ જાણ્યા છતાં અ માજીસ્ટ્રેટને એવી ખોટી ખબર કરે કે તેથી સામા રસ્તાપર એક ક નામની જગા છે ત્યાં તે ગુન્હો થવાનો છે અને એમ કરીને તે માજીસ્ટ્રેટને છેતરે એવા ઇરાદાથી કે તે ગુન્હો કરવો સેહેલ કરવો, અને તે ધારણા મુજબ બ જગાપર તે ગુન્હો કરવામાં આવે તો અ ને આ કલમ મુજબ શીક્ષા થઇ શકે.

કલમ ૧૧૯ મી

૧૧૯. કોઇ માણસ સરકારી નોકર હોય, અને સરકારી નોકર દાખલ જે ગુન્હો થતો અટકાવવાની તેની ફરજ હોય, એવો કોઇ ગુન્હો કરવો સેહેલ કરવાના ઇરાદાથી, અથવા પોતાથી તે સેહેલ થશે એવો સંભવ છે એમ જાણીને, અગર તે સરકારી નોકર, કાંઇ કામ કે કાયદા વિરૂદ્ધ કસુર કરીને, તે ગુન્હો કરવાની ધારણા થઇ હોય તે ધારણા બુદ્ધિપુરવક છુપાવે, અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કાંઇ વાત જાહેર કરે તો તે માણસ, જો તે ગુન્હો થાય તો તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય, તેની અરધી મુદત સુધીની કેદની અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે; અથવા જો તે ગુન્હો મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો હોય તો તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અથવા જો તે ગુન્હો ન થાય, તો તે માણસને, તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની ૧/૪ મુદત સુધીની કેદની, અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

જે ગુનાહ અટકાવવાની પોતાની ફરજહોય એવો કોઇ ગુનોહ કરવાની ધારણા કોઇસરકારી નોકરેછુપાવવી.

અગરતેગુનોહથાય,તોઅગરતેગુન્હોમોત વગેરેની શીક્ષા જોગ હોય તો, અગર તે ગુનોહ ન થાય તો.

દ્રષ્ટાંતો.

અ એક પોલીસ અમલદાર છે, અને અપહરણ કરવાની જે જે ધારણા તેના જાણ્યામાં આવે તે સરવેની ખબર આપવાની કાયદા મુજબ તેની ફરજ છે. તેના જાણ્યામાં એમ હોય કે અપહરણ કરવાની બ ધારણા કરે છે, અને તે તે ગુન્હો કરવો સેહેલ કર-

વાના ઈરાદાથી તે ખબર આપવામાં કસુર કરે, તો એ ઠેકાણે કાયદા વિરૂદ્ધ, કસુર કરીને, અ બ ની ધારણા છે તે છુપાવી માટે તે આ કલમના ઠરાવ મુજબ શીક્ષાને લાયક છે એમ સમજવું.

કલમ ૧૨૦ મી

૧૨૦. કેદની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવો સેહેલ કરવાના ઈરાદાથી, અથવા તે પોતાથી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, અગર કોઇ માણસ કાંઇ કામ અથવાં કાયદા વિરૂદ્ધ કસુર કરીને, તે ગુન્હો કરવાની ધારણા થઈ હોય તે ધારણા બુદ્ધિપુરવક છુપાવે અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કાંઇ વાત જાહેર કરે, તો તે માણસને જો તે ગુન્હો થાય તો તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવેલી હોય તેની પા મુદત સુધીની, અને જો તે ગુન્હો ન થાય તો તે ઘણામાં ઘણી મુદતની એક અષ્ટમાંશ મુદત સુધીની કેદની, અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કેદની શીક્ષા થઇ કે એવો કોઇ ગુનો કરવાની ધારણા છુપાવવા.

અગર તે ગુનો થાય તો, અગર ન થાયતો.

બાબ ૬ ઠો

રાજ્ય વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

કલમ ૧૨૧ મી.

૧૨૧. જે માણસ રાણીની સામા લડાઇ કરે, અથવા લડાઇ કરવાની કોશીશ કરે, અથવા લડાઈ કરવામાં મદદગારી કરે, તેને મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવામાં આવશે, અને તેની સઘળી મીલકત સરકાર જપ્ત થશે.

રાણીના સામા લડાઇકરવીઅથવા લડાઇ કરવાની કોશીશ કરવી, અથવા લડાઇ કરવામાં મદદ ગારી કરવી.

કલમ ૧૨૧ મી

"૧૨૧. અ.—જે માણસ બ્રિટીશ ઇંડીયામાં અથવા બ્રિટીશ ઇંડિયા બહાર ૧૨૧ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કાંઇ ગુન્હો કરવાની અથવા બ્રિટીશ ઇંડિયાનું અથવા તેના કાંઇ ભાગનું રાણીસાહેબનું રાજ્ય છીનવી લેવાનો સંપ કરશે, અથવા ઇંડિયા સરકારને અથવા હરકોઈ ઈલાકાની સરકારને સાપ્રાધ બળથી અથવા સાપ્રાધ બળના દેખાવથી ડરાવવાનો સંપ કરશે તે માણસને જીવતાં સુધી અથવા થોડી મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શિક્ષા કરવી, અથવા ઘણામાં ઘણા દશ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવી."

૧૨૧ મી કલમપ્રમાણેશીક્ષા કરવા લાયકગુન્હોકરવાનો સંપકરવો

"ખુલાસો.—આ કલમ પ્રમાણે સંપ કરવાનો ગુન્હો થવા સારૂ સંપ કરવાના કામમાં

હરકાંઇ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર થવીજ જોઇએ એવું સમજવું નહી."

દ્રષ્ટાંતો.

(**અ**) રાણીની સામા એક બંડ થાય તેમાં **અ** સામીલ થાય તો, આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો **અ** એ કર્યો એમ સમજવું.

(બ) શીલોન મધેના બંડખોરોને હથિયારો મોકલીને ત્યાંના રાણીના રાજ્યની સામા બંડ કરવામાં **અ** હિંદુસ્થાનમાં રહ્યો મદદગારી કરે, તો **અ** એ રાણીના સામા લડાઇ કરવામાં મદદગારી કરવાનો ગુન્હો કીધો એમ સમજવું.

કલમ ૧૨૨ મી

રાણીનાસામા લડાઇ કરવાના ઇરાદાથી હથિયારો વગેરેએકઠાં કરવાં

૧૨૨. જે સખસ રાણીની સામા લડાઈ કરવાના ઇરાદાથી, અથવા લડાઇ કરવાને તૈયાર થવાના ઈરાદાથી, માણસો, હથિયારો, અથવા દારૂગોળા એકઠા કરે, અથવા લડાઇ કરવાની બીજી રીતે તઇયારી કરે તો તે સખસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તેની સઘળી મિલકત સરકાર જપ્ત થશે.

કલમ ૧૨૩ મી

લડાઈનું કામ સેહેલ કરવાના ઇરાદાથી લડાઈની ધારણાછુપાવવી.

૧૨૩. રાણીની સામા લડાઇ કરવાની કાંઇ ધારણા થઇ હોય તે ધારણા કાંઇ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને જો કોઈ માણસ છુપાવે, અને તે એવા ઇરાદાથી કે એ પ્રમાણે તે ધારણા છુપાવેથી તે લડાઇ કરવી સેહેલ થાય, અથવા એ પ્રમાણે તે છુપાવેથી તે લડાઇ કરવી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંનાં ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કલમ ૧૨૪ મી

કાંઈકાયદેસર અખતિયારઅમલમાં અણાવવાના ઇરાદાથી ગવરનર જનરલ, ગવરનર વગેરે પર હુમલો કરવો.

૧૨૪. હિંદુસ્થાનના ગવરનર જનરલ અથવા કોઇ પ્રેસીડેન્સીના ગવરનર અથવા કોઇ લીવટેનંટ ગવરનર, અથવા હિંદુસ્થાનના ગવરનર જનરલની કાંઉનસીલના અથવા કોઇ પ્રેસીડેન્સીની કાંઉનસીલના કોઈ સભાસદના કાયદેસર અખતિયાર માંહેલા કાંઇપણ અખતિયાર, તે ગવરનર જનરલ અથવા ગવરનર લિવટેનંટ ગવરનર અથવા કાંઉન્સીલના સભાસદને સમજાવીને અથવા જબરદસ્તીથી તેની પાસે કોઇપણ રીતે અમલમાં અણાવવાના અથવા ન અણાવવાના ઇરાદાથી જે માણસ તે ગવરનર જનરલ અથવા ગવરનર અથવા લિવટેનંટ ગવરનર અથવા કાંઉન્સીલના સભાસદની ઉપર હુમલો કરે, અથવા તેને ગેરવ્યાજબી અટકાવ કરે, અથવા ગેરવ્યાજબી અટકાવ કરવાની કોશીશ કરે, અથવા સાપ્રાધ બળથી અથવા સાપ્રાધ બળના દેખાવથી તેને ડરાવે, અથવા તે રીતે ડરાવવાની કોશીશ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી દંડને પણ લાયક થશે.

કલમ ૧૨૪ મી અ

"૧૨૪ અ—કોઇ માણસ બ્રિટિશ ઈંડિયામાં કાયદાની રૂઇએ જે સરકારનો અમલ સ્થાપેલો છે તે સરકાર બાબત લોકોના મનમાં બેદિલી-વિચાર બોલેલા શબ્દો વડે અથવા કોઈ વાંચે તેના ઇરાદાથી લખેલા શબ્દો વડે અથવા ઇસારત કરીને અથવા પ્રતક્ષ કાંઈ દેખાડીને અથવા બીજી રીતે ઉત્પન્ન કરશે અથવા ઉત્પન્ન કરવાની કોશીશ કરશે તો તેને જીવતાં સુધી અથવા હરકોઇ મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શીક્ષા કરવી અને વળી જોઈએ તો દંડ પણ કરવો. અથવા ઘણામાં ઘણા ત્રણ વરસ સુધીની કેદની શીક્ષા કરવી અને વળી જોઈએ તો દંડ પણ કરવો, અથવા દંડ કરવો. બેદિલી ઉત્પન્ન કરવી.

"ખુલાસો—સરકારી યોજના બાબતની જે નાપસંદી સરકારનો કાયદાસર અધીકાર માનવાના ધોરણને અનુસરીને હોય અને સરકારનો કાયદાસર અધીકાર નહિ સરખો કરવા બાબત અથવા તેને હરકત કરવા બાબત કાયદા વિરૂદ્ધ રીતે કરેલી કોશીશ વિરૂદ્ધ સરકારના અધીકારને મદદ કરવાના ધોરણને અનુસરીને હોય તે નાપસંદી ને બેદીલી સમજવી નહી; વાસ્તે એવા પ્રકારની નાપસંદીજ લોકના મનમાં લાવવાના ઇરાદાથી સરકારી યોજના બાબત ટીકા કરવી તે આ કલમના અર્થ પ્રમાણે ગુન્હો થતો નથી."

કલમ ૧૨૫ મી.

૧૨૫. રાણીની સાથે મઇત્રી અથવા સલાહ હોય એવા એશિયાના કોઇ પણ રાજાના રાજ્યની સામા જે માણસ લડાઇ કરે, અથવા લડાઇ કરવાની કોશીશ કરે, અથવા લડાઇ કરવામાં મદદગારી કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવામાં આવશે, અને તેની સાથે તેને દંડ પણ થઇ શકે; અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે: અને તેની સાથે તેને દંડ પણ થઇ શકે, અથવા દંડની શીક્ષા કરવામાં આવશે. રાણીનીસાથે મઇત્રી રાખનારા એશીયાના કોઈ રાજાની ઉપર લડાઇ કરવી.

કલમ ૧૨૬ મી.

૧૨૬. રાણીની સાથે મઇત્રી અથવા સલાહ હોય, એવા કોઇ પણ રાજાના મુલુકપર જે માણસ લુટ કરે, અથવા લુટ કરવાની તઇયારી કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને, તથા તે લૂટ કરવામાં વાપરેલી અથવા વાપરવામાં ધારેલી, અથવા તે લૂટમાંથી મળેલી જે મીલકત હોય તે મીલકત સરકાર જપ્ત થવાને પણ, લાયક થશે. રાણીનીસાથે સલાહ રાખનારા કોઇ રાજાના મુલકપરલૂટ કરવી.

કલમ ૧૨૭ મી.

૧૨૭. ૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમાં લખેલા ગુન્હા માંહેલા કોઇ ગુન્હા કરવામાં મળેલી કાંઇ મિલકત જે માણસ તે તે રીતે મેળવેલી છે એમ જાણીને લે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને, તથા લીધેલી મીલકતને સરકાર જપ્ત થવાને પણ લાયક થશે. ૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમાં લખ્યા પ્રમાણે લડાઇ અથવા લુટથી મળેલી મિલકત.

કલમ ૧૨૮ મી.

૧૨૮. જે માણુસ સરકારી નોકર છતાં, પોતાના હવાલામાંના કોઇ રાજકીય કેદીને અથવા લડાઇના કેદીને, જે જગામાં તે કેદીને કેદ કર્યો હોય તે જગામાંથી બુદ્ધિપુરવક નાશી જવાદે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશવર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી નોકર બુધિપુર્વક પોતાના હવાલામાં કોઇ રાજકીય અથવા લડાઇના કેદીને નાશી જવા દે તે બાબત.

કલમ ૧૨૯ મી.

૧૨૯. જે માણસ સરકારી નોકર છતાં પોતાના હવાલામાંના કોઇ રાજકીય કેદીને અથવા લડાઇના કેદીને કેદની જે જગામાં તે કેદીને કેદ કર્યો હોય તે જગામાંથી ગફલતથી નાશી જવા દે, તે માણસને ત્રણ વરસની મુદત સૂધીની આસાન કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારીનોકર ગફલતથી પોતાના હવાલામાંના કોઇ રાજકીય અથવા લડાઇનાકેદીને નાશી જવાદે તે બાબત.

કલમ ૧૩૦ મી.

૧૩૦ કોઇ રાજકીય કેદીને અથવા લડાઇના કેદીને કાયદેસર કેદમાંથી નાશી જવામાં જે માણસ સહાય અથવા મદદ કરે, અથવા એવા કોઈ કેદીને જે છોડાવે, અથવા છોડાવવાની કોશીશ કરે, અથવા એવો કેદી કાયદેસર કેદમાંથી નાશી ગયો હોય તેને જે ઘરમાં રાખે અથવા સંતાડે અથવા એવા કેદીને પાછો પકડવામાં જે હરકત કરે, અથવા હરકત કરવાની કોશીશ કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ બરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

તેવા કેદીનેનાશી જવામાંસહાય કરવી, છોડાવવો અથવા ઘરમાં રાખવો.

ખુલાસો.—જે રાજકીય કેદીને અથવા લડાઇના કેદીને પોતાના વચનપરથી બ્રિટીશ ઇંડિયાની કેટલીએક મુકરર કરેલી હદમાં છુટો રહેવા દીધો હોય, તે કેદી જે હદમાં છુટો રહેવાની તેને રજા હોય તે હદમાંથી બહાર જાય તો તે કાયદેસર કેદમાંથી નાશી ગયો, એમ સમજવું.

બાબ ૭ મો.

જમીનપરની તથા દરીયાઇ ફોજ સબંધી ગુન્હાઓ બાબત

કલમ ૧૩૧ મી.

૧૩૧. રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંના કોઇ આફિસરે, સોલજરે, અથવા ખલાશીએ બંડ કરવામાં જે માણસ મદદ કરે, અથવા તેવા કોઇ ઓફીસર, સોલજર, અથવા ખલાશીએ પોતાના પ્રજાધર્મથી અથવા પોતના શેવા ધર્મથી ભ્રષ્ટ કરવાની જે માણસ કોશીશ કરે તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

બંડમાં મદદગારી કરવીઅથવા કોઈ સોલજરને કે ખલાશીને પોતાની નોકરીથી ભ્રષ્ટકરવાનીકોશીશ કરવી.

ખુલાસો.—આ કલમમાં "ઓફીસર" અને "સોલજર" આ શબ્દો લખેલા છે તેમાં મલિકામાઆઝમાના લશ્કરનો વધારે સારો બંદોબસ્ત રાખવા બાબતના લશ્કરી આઇન અથવા સને ૧૮૬૯ ના ૫ મા આકટના લશ્કરી આઇન જે માણસને લાગુ હોય તે માણસનો સમાસ થાય છે એવું સમજવું.

કલમ ૧૩૨ મી.

૧૩૨. રાણીની જમીનપર અથવા દરીયાઈ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે, અથવા ખલાશીએ બંડ કરવામાં જો કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપર બંડ થાય તો તે માણસને મોતની, અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

બંડ કરવામાં મદદગારી કરવાથી જો બંડ થાય તો તેની શિક્ષા.

કલમ ૧૩૩ મી.

૧૩૩. રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંના કોઇ આફિસરે, સોલજરે, ખલાશીએ, કોઇ ઉપરી અમલદાર પોતાના હોદાનું કામ કરતો હોય તેવામાં તેની ઉપર હુમલો કરવામાં જે માણસ મદદગારી કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ ઉપરી અમલદાર પોતાનો હોદ્દો ચલાવતો હોય તે દરમીયાનમાં તેના ઉપર કોઇ આફિસરે, સોલજરે, અથવા ખલાશીએ હુમલો કરવામાં મદદગારી કરવી.

કલમ ૧૩૪ મી.

૧૩૪. રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે, અથવા ખલાશીએ કોઈ ઉપરી અમલદાર પોતાના હોદ્દાનું કામ કરતો હોય તેવામાં તેની ઉપર હુમલો કરવામાં જો કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપરથી તે હુમલો થાય, તો તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જો તે હુમલો થાય તો હુમલામાં મદદગારીની શિક્ષા.

કલમ ૧૩૫ મી.

૧૩૫. રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે, અથવા ખલાશીએ નાશી જવામાં તે માણસ મદદગારી કરે, તેને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સોલજર અથવા ખલાશીને નાશી જવામાં મદદગારી કરવી.

કલમ ૧૩૬ મી

૧૩૬. રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંનો ફલાણો આફીસર, સોલજર, અથવા ખલાશી નાશી આવેલો છે, એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં નીચેનો અપવાદ ન લાગતાં જે માણસ તે આફીસર, સોલજર, અથવા ખલાશીને ઘરમાં રાખે, તેને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, દંડની, અથવા, એ બંનેની શિક્ષા કરવામાં આવશે,

નાશિ આવેલાને ઘરમાં રાખવો.

અપવાદ.—કોઇ સ્ત્રી પોતાના વરને ઘરમાં રાખે તેને આ ઠરાવ લાગુ પડતો નથી.

કલમ ૧૩૭ મી.

૧૩૭. જે વેપારી વાહાણમાં રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંથી કોઇ નાસી જનારો સંતાયો હોય, તે વાહાણનો માસ્તર અથવા જે સખસના હવાલામાં તે વાહાણ હોય તે સખસ અગર તેના સંતાયાની વાતથી અજાણ્યો હોય તોપણ જો તે માસ્તરે અથવા જે સખસના હવાલામાં તે વાહાણ હોય તે સખસે પોતાનો હોદો બજાવવામાં કાંઈ ગફલત ન કરી હોત, અથવા વાહાણપર પાકો બંદોબસ્ત રાખ્યો હોત તો તેના જાણ્યામાં તે વાત આવત એવું હોય તો તે માસ્તર અથવા જે સખસના હવાલામાં તે વાહાણ હોય તે સખસ પાંચસે રૂપીયા સુધીના દંડને લાયક થશે.

કોઇ વેપારી વાહાણમાં મસ્તરની ગફલતથી કોઇ નાશી જનાર સંતાયા હોય તો.

કલમ ૧૩૮ મી.

૧૩૮. ફલાણું કામ નાફરમાનીનું છે એમ જાણીને તે કામ રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંનાજ કોઇ આફીસરે, સોલજરે; અથવા ખલાશીએ કરવામાં જો કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારીથી તે નાફરમાનીનું કામ થાય, તો તે માણસને છ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કોઇસોલજર અથવા ખલાશીને નાફરમાનીનું કાંઇ કામ કરવામાં મદદગારી કરવી.

કલમ ૧૩૯ મી.

૧૩૯. રાણીની જમીનપરની અથવા દરીયાઈ ફોજને સારૂ, અથવા રાણીની જમીનપરની અથવા દરીયાઈ ફોજના કોઈ ભાગને સારૂ, કરેલા કોઇ લશ્કરી કાયદાને તાબે હોય એવા કોઇ સખસને આ કાયદા મુજબ આ બાબમાં બ્યાન કરેલા ગુન્હાઓમાંના કોઇ ગુન્હાને સારૂ શીક્ષા થઇ શકશે નહી.

લશ્કરીકાયદાને તાબેના સખસને આ કાયદા મુજબશીક્ષા થઇ શકે નહી.

કલમ ૧૪૦ મી.

૧૪૦. રાણીની જમીન પરની અથવા દરિયા ફોજમાંનો જે માણુસ સોલજર નથી, તે માણુસ તેવો સોલજર પેહેરતો હોય એવો કાંઇ પોશાક પેહેરે, અથવા તેવો સોલજર જે ચિન્હ વાપરતો હોય તેના જેવું કાંઇ ચિન્હ વાપરે, એવા ઇરાદાથી કે તે તેવો સોલજર છે એમ માનવામાં આવે, તો તે માણુસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીની દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

સોલજરનોપોશાક પેહેરવો

બાબ ૮ મો.

લોકની સંમાધાની વિરૂદ્ધ ગુનાહો બાબત.

કલમ ૧૪૧ મી.

૧૪૧. જો પાંચ અથવા વધારે શખસોની એક મંડળી મળે, અને જે સખસો તે મંડળીમાં હોય તેઓનો સામાન્ય હેતુ નીચે લખ્યા પ્રમાણે હોય તો તે મંડળીને "કાયદા વિરૂદ્ધ મંડળી" કહેવી.

કાયદાવિરૂદ્ધમંડળી

પેહેલો—હિંદુસ્તાનની કાયદા કરનારી અથવા હકુમત કરનારી સરકારને, અથવા કોઇ પ્રેસીડેન્સીની સરકારને, અથવા કોઇ લીવટેન્ટ ગવરનરને, અથવા પોતાના ઓહદાનો કાંઈ કાયદેસર અખતિયાર અમલમાં લાવતાં કોઈ સરકારી નોકરને, સાપરાધ બળ કરીને અ-

બીજો—કોઇ કાયદો કે કોઇ કાયદેસર હુકમ બજાવતા હરકત કરવી; અથવા,

ત્રીજો—કાંઇ બીગાડ અથવા સાપ્રાધ પ્રવેશ અથવા બીજો ગુન્હો કરવો; અથવા,

થવા સાપ્રાધ બળ દેખાડીને ડરાવવો; અથવા,

ચોથો—કોઇ સખસની ઉપર સાપ્રાધ બળ કરીને અથવા સાપ્રાધ બળ દેખાડીને, કાંઇ મીલકતનોકબજોલેવોઅથવા મેળવવો, અથવા કોઇ સખસનો આવવા જવાનો હક, અથવા પાણી વાપરવાનો હક અથવા બીજો જે નીરાકાર વસ્તુ સંબંધી હક તે સખસના કબજામાં કે ભોગવટામાં હોય તે તેની પાસેથી લઇ લેવો, અથવા કાંઇ હક કે ધારેલો હક અમલમાં લાવવો; અથવા,

પાંચમો—સાપ્રાધબળ કરીને અથવા સાપ્રાધ બળ દેખાડીને જે કામ કરવાની જે સખસની કાયદા પ્રમાણે ફરજ નહી હોય તે કામ તે સખસ પાસે કરાવવું, અથવા જે કરવાનો તેનો કાયદા પ્રમાણે હક હોય તે કરવામાં તેની પાસે કસુર કરાવવી.

ખુલાસો—જે મંડળી પ્રથમ મળતી વખતે કાયદા વિરૂદ્ધ ન હોય તે પાછળથી કાયદા વિરૂદ્ધ મંડળી થઇ શકે.

કલમ ૧૪૨ મી.

૧૪૨. જે હકીકતોને લીધે કોઇ મંડળી કાયદા વિરૂદ્ધ મંડળીમાં થતી હોય તે હકીકતો જાણ્યા છતાં જે માણુસ ઇરાદાથી મંડળીમાં સામીલ થાય, અથવા તેમાં જારી રહે, તે માણુસને કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત સમજવો.

કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત તે શું.

કલમ ૧૪૩ મી.

જે માણસ કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત હોય તેને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. શિક્ષા.

આપાવું નાયક વિ. મંહારાણિ.

कलम १४३.

जे हक वगर प्रवेश करनारना कबजामां अमुक जमीन होय, अने ते जमीन ते खेडतो होय, ते जमीन उपर जबरइथी प्रवेश करतां, तथा ए प्रवेश करवामां पेलो हक वगर प्रवेश करनारो सामो थाय, तेनी अंदर हंगामानो जे गुन्हो थाय, ते गुन्हानी फरियादमां कबजानो हक होवाना जवाब देवा, ए जवाब बरोबर नथी.

કલમ ૧૪૩.
૧
તા૦ ૧૯. ૧૨-૮૨
ઈ. ૬ મ. ૨૪૫
કાયદેસર હક વગર કબજો મળ્યો હોય તો કબજો લેવા આવનારા સક્ષો ની સાથે કબજાવાળા લોકો હંગામો કરે તો તે ગુનહાની ફરીઆદમાં કબજો હતો એવો બચાવ આપી શકાતો નથી.

સને ૧૮૮૨ ના ૧૨ મા નંબરના કયાલંડર કેશમાં, તાલુકે તીલુકોઈલુરના બીજા વર્ગના માજીસ્રેટે સજા કરી હતી. તેના ઉપર દક્ષિણ આરકાટના ડેપ્યુટી માજીસ્રેટને ત્યાં અપીલ થઈ હતી. તે અપીલનું કામ મંગાવી લઈ જોવા સારૂ, આ અરજી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૭ (૪૩૮) મી કલમ પ્રમાણે કરવામાં આવી હતી. અને તેમાં એવું કારણ બતાવ્યું હતું કે, અરજદારોને ગુન્હેગાર ઠરાવ્યા છે, તે કાયદા વિરૂદ્ધ થયું છે.

હી. પી. કો. ની ૧૪૭ મી કલમ મુજબ, અરજદારોને હંગામાના ગુન્હાના અપરાધી ઠરાવી, તેઓ દરેકને બબે માસની કેદની તથા પચીસ પચીસ રૂપૈયા દંડની સજા કરી હતી.

ડેપ્યુટી માજીસ્રેટને ત્યાં અપીલ થતાં, તેણે સજામાં ઘટાડો કરી, ચોત્રીસ ચોત્રીસ દહાડા કેદની સજા કાયમ રાખી હતી. આ મુકરદમાની મુખ્તેસર હકીકત તથા તેના સબંધમાં થએલી દલીલો, જસ્ટીસ ઈન્સના ઠરાવમાં આપેલી છે.

અરજદારો તરફથી નોરટન સાહેબ.

ઠરાવ.

"આ કામમાં જે મિલકત ઉપર ગુન્હો થયાનું કહેવામાં આવેછે, તે મિલકત બે વિધવા સ્ત્રીઓની હતી. અને તેઓને કાંઈ સંતાન ન હોવાથી, પોતાના પુત્ર તરીકે પાંચમા તથા છઠા નંબરના પ્રતીવાદીઓને ઉછેરીને તેઓએ મોટા કર્યા હતા. આ બંને સક્ષો તે મિલકતનો વહીવટ કરતા હતા; એટલામાં તેઓ તથા તેઓની વિધવા મા વચે અણુબનાવ થયો; અને તેથી આ વિધવા ઓરતોએ સદરહુ મિલકત, તીરૂ કોઈલુરમાં વિશ્નુ મંદિરના ઉપરીને એક ગીરોખતથી સાનમાં લખી આપી. આ સક્ષે સદરહુ મિલકત પેહેલેથી તે ત્રીજા નંબર સુધીના પ્રતિવાદીને ઈજારે ખેડવા આપી. આ ત્રણે સક્ષોએ તથા ચોથા નંબરના પ્રતિવાદીએ તથા બીજા કેટલાક સક્ષો, જેઓ ઉપર ફરીયાદ કરવામાં આવી નથી, તેઓએ આ જમીન ઉપર જબરદસ્તીથી પ્રવેશ કર્યો, જેથી તેઓને હંગામાના

ગુન્હાના ગુન્હેગાર ઠરાવી, તેઓને હલકી કેદની સજા કરી છે. અને તે સજા અપીલમાં વધારે હલકી કરી હતી. પાંચથી ચૌદમા નંબરના પ્રતિવાદીઓએ, માત્ર પોતાના કબજાનો બચાબ કર્યો હતો, તેથી તેઓને છોડી મુક્યા હતા.

નોરટન સાહેબે એવો વાંધો લીધો છે કે, પાંચમા તથા છઠા નંબરના પ્રતિવાદીઓ પાસે, પેલી વિધવાઓ તરફથી સદરહુ મિલકતનો કબજો વહીવટ કરનાર તરીકે ગણાતો નથી. ખરેખરો કબજો ઇજારદારનો હતો, તેથી તેઓના અપરાધનો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે.

ઘણા ઘણા મુકરદમાઓનો તેણે હવાલો આપ્યો છે. રાજકુમારસીંઘનો મુકરદમો બીગાડના ગુન્હાનો છે. તેમાં એવું ઠરાવ્યું લાગે છે કે, બીગાડના ગુન્હાની ફરિયાદ ચાલી શકે એવી નથી. કેમકે એક દીવાની હુકમનામાની રૂએ, એવો ઠરાવ થયો હતો કે, જે મિલકતનો નાશ કરી નાંખવામાં આવ્યો હતો, તે મિલકત જમીન ઉપર કાયદેસર બંધાણી ન હોતી, અને તેથી તેમાં ગેરકાયદેસર હાની થઈ નથી. પરંતુ આ કામને બીગાડના ગુન્હા સાથે કાંઈ લાગતું વળગતું નથી. આંહી તો ફરિયાદ હંગામાની કરવામાં આવી છે.

મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટના છઠા વાલ્યુમની પુરવણીને તેરમે પાને જે ફેંસલો છે, તે ફેંસલો કબજાના સવાલ સાથે સંબંધ રાખે છે. પરંતુ ચાલતા કામ સાથે તેને કાંઇ સબંધ નથી. વળી એ ફેંસલાનો ઠરાવ પાછવાડેથી વધારે શક પડતો ઠરાવવામાં આવ્યો છે.

જોન્સ વિ. ચાપમેનના કામમાં જસ્ટીસ મોલે લખેલું છે કે, કોઇ એક ખેતરમાં જો બે જણા હોય, અને દરેક એમ કહે કે, આ ખેતર મારૂં છે, તથા પોતાના કબજાનો હક દરસાવવા સારૂ, તે દરેક જણ કાંઇ કામ કરે, તો તેમાંથી જે સક્ષનો સાચે સાચો હક હોય, તેનોજ ખરેખરો કબજો ગણવો જોઈએ; અને બીજો માત્ર મફતનો કબજો લેવા આવનારો છે.

આ ન્યાયતત્વ ચાલતા કામને લાગુ કરીને, નોર્ટન સાહેબે એવો વાંધો ઉઠાવ્યો છે કે, કબજાનો હક ઈજારદારનો હતો. તે કબજો લેવામાં, તથા તે કબજો લીધા પછી, પોતાનું કામ કરવામાં અરજદારોએ ગુન્હો કર્યો નથી. પરંતુ એ મુકરદમો ચાલતા મુકરદમાની માફક, જાહેર કાયદો તોડવાના સવાલ ઉપરનો નથી, એમ સ્પષ્ટ જણાઇ આવશે. અને જોહારવી વિ. બ્રીગ્ગસનો ફેંસલો જોવામાં આવે, તો તે ઉપરથી જણાશે, કે આ કામના પક્ષકારોમાંથી પાંચમા તથા છઠા નંબરના પ્રતિવાદીએ પેહેલેથી તે ચોથા નંબરના પ્રતિવાદીઓ ઉપર નુકશાનીની ફરિયાદ કરી હત, તો વિલાયતના કાયદા પ્રમાણે, તેઓ તે નુકશાની આપવાને પાત્ર થાત નહીં. પરંતુ તેજ દેશના કાયદા પ્રમાણે જબરીનથી, પરવેશગીરી કર્યા વાસ્તે ગુન્હેગાર ઠરત. અને હિંદુસ્થાનના કાયદા પ્રમાણે પણ તેમ થઇ શકે છે. પેહેલેથી તે ચોથા નંબરના પ્રતિવાદીઓએ, પાંચમા તથા છઠા નંબરના પ્રતિવાદીઓ ઉપર હુમલો કરીને એક જાતની જાહેર ફરજનું ઉલંઘન કરતાં જે નુકશાન કીધું, તેને માટે પેહેલેથી તે ચોથા નંબરના પ્રતિવાદી સામે નુકશાનીનો દાવો માંડવાને, વખતે હિંદુસ્થાનમાં ચાલતા કાયદા પ્રમાણે મજબુત કારણ મળે છે. પરંતુ ઉપર ટાંકેલા કેશમાં વિલાયતની અંદર ઉલટી રીતે ઠરાવ્યું છે, તોપણ હિંદુસ્થાનના કાયદા પ્રમાણે પેહેલેથી તે ચોથા નંબરના પ્રતિવાદીએ, જે કૃત્ય કરીને પાંચમા તથા છઠા નંબરના પ્રતિવાદીઓ ઉપર હુમલો કર્યો, તેને માટે દિવાનીમાં નુકશાનીનો દાવો કરવો હોય તો, તેમ થઈ શકે છે. માટે જે ઠરાવ થયો છે, તે આ કોરટને સાચો લાગે છે. એટલે વચમાં આવવાનું આ કોરટને જણાતું નથી. જેથી અરજદારની અરજ નામંજુર કરવામાં આવે છે.

પીયારી મોહન સરકાર વિ. માહારાણી.

एक गेरकायदेसर मंडळीना अंगभुत होवानुं तहोमत राखी, केटलाक सक्षनो इनसाफ थयो हतो. तेमां एम साबीत थयुंके कोइ चोकस जमीनना कबजा वीशेनो बंधवाओ, तथा बीजा केटलाक सक्षो वचे, लांबी मुदतथी डखो चालतो हतो. ए जमीन कोइ पण पक्षकार पासे, अवीछींनपणे हतो नेही. ते जमीनमां गळीवाववा सारू बंधवाओ गया हता. अने पोतानी साथे लाकडी बंध माणसोनो, जमावट राख्यो हतो. जो जरूर पडेतो, जोर बळ वापरवा वास्ते, आ माणसोनी तैयारी हती. अने लाकडीवाळा जुवानोए, वावेतर थतुं हतुं तेटला वखत सुधी पोताना हथीयारो फरतां राखीने सामावाळाओने छेटे राख्या हता. ठराव्युं के, पीं. को. नी १४३ मी कलम प्रमाणे बंधवाओने, एक गेरकायदेसर मंडळीना अंगभुत होवाना गुन्हेगार ठराव्याछे, ते वाजबीकरूछे.

कलम १४३
२
તા० ૧-૩-૮૩
ઈ ૮ અ પા. ૬૩૯

જે જમીનના કબજાના હકવીશે તકરારનો નીવેડો થયો નથી તે જમીનમાં સામા પક્ષકારને ન આવવા દેવા સારૂ માણસો રાખીને વીવેતર કરવું તેથી પી. કો, ની ૧૪૩ મી કલમ માંહેલો ગુન્હો થાય છે.

आ केश तथा शंकरासिंह वि. बरमा माताना केश वचेनो तफावत देखाडवामां आव्यो हतो.

રાજશાહીના જોઈંટ માજીસ્ટ્રેટે આ કામના બંધવાઓને, કોઇ ગેરકાયદેસર મંડળીના અંગભુત હોવાના ગુન્હાના અપરાધી ઠરાવી, તેઓને ઈ. પી. કો. ની ૧૩૪ મી કલમ પ્રમાણે, ત્રણ ત્રણ માસની સખત કેદની સજા કરી હતી. તે ઉપરથી બંધવાઓએ, રાજશાહીના સેસન જડજને ત્યાં અપીલ કરી હતી. તે જડજના ઠરાવમાંથી મુદાનો ઠરાવ નીચે પ્રમાણે છેઃ—

સાક્ષીઓએ જે જમીન પોતાની જુબાનીમાં કહેલી છે, તે જમીન ઉપર ગળી વાવવા સારૂ, વાટસન એન્ડ કો. નાં દાડીયાંઓ એક મોટું ટોળું થઈને ગયાં હતાં. અને તેમાંથી ઘણાંક દાડીયાંઓ હથીયાર બંધ હતાં. એ વીશે જરાએ આ કામમાં, ઈનકારી મત થઈ નથી એમ જણાય છે. આ વાત ઘણાજ નીરમળ પુરાવાથી સાબીત થઈ છે. અને પોલીસના કાન્સ્ટેબલ પરમેસ્વરશીંઘની જુબાનીથી માલમ પડે છે કે, જ્યારે લાકડીવાળા જુવાનો પોતાની લાકડીયો ફેરવતા હતા, તેટલામાં પચાસ માણસોએ જમીન ઉપર ગળી વાવી લીધી. વોટસન એન્ડ કોના વકીલે શંકરસીંઘ. વિ. બરમા મેહેતા (૨૩ વીકલી રીપોર્ટર ૨૫) ના મુકદમા ઉપર આધાર રાખીને, એવો વાંધો લીધો હતો કે, પ્રતીવાદીઓનો ઈરાદો, પોતાનો હક જબરાઈથી લેવાનો નોતો; પણ જે હકો તેઓના ચાલતા ભોગવટાના હતા; તે હકો કાયમ રાખવાનો હતો. માટે આ કામમાં જે તોહોમત મુક્યું છે, તે પોસાઈ શકતું નથી. પરંતુ મને લાગે છે કે, એ મુકરદમાનો ઠરાવ, આ કામને લાગુ પડતો નથી. જે પાણી ખરેખરૂં વહેતું હતું, તેના ભોગવટા વીશે, તથા તે વખતે જે ચાલતો હક હતો, તેના રક્ષણ વીશે તેમાં લખેલું છે. વળી તેમાં એવો પ્રસંગ બન્યો હતો કે, પોલીસની સ-

તાવાળાનો આશરો લેવા જેટલી તક રહી નહોતી. પણ આ અપીલના મુકરદમામાં સાફ ચોખું છે કે, જે જમીનના ભોગવટાનો દાવો કર્યો હતો, તે તકરારી જમીન હતી. અને સને ૧૮૮૨ ના એપ્રીલ તથા મે માસ સુધી, તથા તે પછીના આવતા નવેંબર સુધી, તે જમીન તેવીજ રીતની વાંધા વાળી હતી. એ નવેંબર માસમાં તે જમીન પાછી, પદમાનદીના પટમાં પાધરી થઈ હતી. બેમાંથી એકે પક્ષવાળાનો, આ જમીનનો સુખ ખુષીવાળો કબજો હતો, એવો ખાતરી લાયક પુરાવો કામમાં પડયો નથી. એમ જે જોઇન્ટ માજીસ્ટ્રેટનો અભીપ્રાય થયો હતો, તે અભીપ્રાય સેસન જડજે મંજુર રાખ્યા વીશે, તેણે તે ઠરાવમાં લખેલું છે. પરંતુ એટલું તો ચોખું છે કે, બંને પક્ષવાળાઓ કબજાનો દાવો કરે છે. જ્યારે એ જમીન ફરીને નદીના પટ ઉપર પાધરી થઇ, કે તુરતજે આ હાવાની ઉત્પતી થઇ હતી. આવો હક જબરદસ્તીથી અપેલેંન્ટોએ વર્તાવ્યો હતો. અને તે ઉપરથી તેઓના ઉપર, હાલનું તોહોમત મુક્યું હતું. એકંદર જોતાં જોઈન્ટ માજીસ્ટ્રેટે, અપેલેંન્ટોને જે ગુન્હાના અપરાધી ઠરાવ્યા છે, તેને માટે હું માજીસ્ટ્રેટના મતથી મળું છું. માટે આ અપીલ નામંજુર કરૂંછું. આ ઠરાવ કાયદાથી ઉલટોછે, તેથી શામાટે તે રદ ન કરવો જોઈએ. એવો હુકમ કઢાવવાને, બંધવાઓએ હાઈકોર્ટમાં અરજી કરી.

અરજદાર તરફથી ઇવાન સાહેબ.

હાઇકોર્ટ તરફથી ઠરાવ જસ્ટીસ વીલસન, તથા માકલીન સાહેબે આપ્યો.

જસ્ટીસ વીલસન.—

જે હકીકત સાબીત થઇ છે, તે સાચી માનતાં પણ, ગુન્હાનો ઠરાવ કાયદાથી ઉલટો છે. તેથી શામાટે તે રદ ન કરવો જોઇએ, તેનું કારણ બતાવવા સારૂ, આ હુકમ કાઢવામાં આવ્યો હતો. અરજદારોના વકીલની દલીલો સાંભળવાનો, અમોને લાભ મળ્યો હતો. તે ઉપરથી અમોને લાગે છે કે, પડેલી હકીકત સાચી માનતાં, અપરાધીપણાનો ઠરાવ કાયદેસર છે. એ હકીકત એવી છે કે, તકરારી જમીન વાંધા વગર કોઇના કબજામાં હતી નહીં. પરંતુ એ જમીન ઉપર કોનો હક પહોંચે છે, તે બાબત ઘણા વખતથી બંને પક્ષવાળાઓ વચ્ચે તકરાર ચાલતી હતી. અરજદારના ઘણાંક માણસો, લાકડીવાળા જુવાનોને સાથે લેઇને, તે જમીન ઉપર, વાવેતર કરવા ગયાં હતાં. તેઓએ આ લઠવાળા જુવાનોને, સામા પક્ષવાળાઓને ન આવવા દેવા સારૂ, ચોકીએ રાખ્યા હતા. અને જમીનમાં જ્યાં સુધી વાવેતર ચાલ્યું, ત્યાં સુધી પેલા લાકડીવાળા જુવાનો, પોતાના હથીયાર ફેરવતા હતા. આ સઘળું સંદરહુ ગુન્હાની વ્યાખ્યામાં આવી જાય છે. કેમકે સાપ્રાધ બળથી અથવા સાપ્રાધ બળના દેખાવથી, હરકોઇ હક પળાવવા બારતે એક મંડળી થઇ હતી.

એવો વાંધો લેવામાં આવ્યો છે કે, આ કામનો ઈનસાફ શંકરશીંઘ વિ. બરમા માતાના, ફૈસલાના ઠરાવ પ્રમાણે થવો જોઇએ. પણ આ કામમાં અપીલ કોરટની અંદર જડજે બતાવ્યું છે, તે પ્રમાણે મુકરદમો આ મુકરદમાથી અળગો પડી શકે એવો છે. એ મુકરદમાનો નીર્ણય કરવાનું, એવું કારણ હતું કે, તેમાં જે કાંઈ કરવામાં આવ્યું હતું, તે ખાનગી બચાવના સંબંધની કલમો પ્રમાણે, વાજબી હતું. અને તે વખતે સ્પષ્ટ રીતે તેમાં બતાવ્યું હતું કે, પી. કો. ની ૯૯ મી કલમની ત્રીજી રકમમાં તે આવી શકતું નથી. સરકારી સતાવાળાનો આશ્રો લેવાની જે કામમાં વેળ હોય, તે કામમાં ખાનગી બચાવનો હક નથી આ કામમાં સરકારી સતાવાળાઓનો આશ્રો લેવા જેટલી પુષ્કળ વેળ હતી, એમ જણાય છે. માટે ખાનગી બચાવના હકનો કાયદો, આંહીં લાગુ પડતો નથી. માટે કરેલો હુકમ કાઢી નાખવામાં આવે છે.

કલમ ૧૪૪ મી.

૧૪૪. જીવ લેનારૂં કાંઇ હથિયાર, અથવા જે મારેથી સામા માણુસનો પ્રાણ જાય એવો સંભવ હોય એવી કાંઇ વસ્તુ પાસે છતાં જે માણુસ કોઇ કાયદા વિરૂધ મંડળીનો અંગભુત તેને બે વર્શની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. જીવલેએવુંકાંઇ હથિયાર પાસે છતાંકોઇકાયદા વિરૂધ મંડળી માં સામીલ થવું

કલમ ૧૪૫ મી.

૧૪૫. કોઇ કાયદા વિરૂધ મંડળીને ફરમાવેલી રીતે વિખરાઇ જવાનું ફરમાવ્યું છે એમ જાણ્યા છતાં જે માણુસ તે કાયદા વિરૂધ મંડળીમાં સામીલ થાય અથવા જારી રહે, તેને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા બંનેની શીક્ષા કરવામાં આવશે. કોઇ કાયદાવિરૂદ્ધ મંડળીને વીખરાઇ જવાનો હુકમથયો છે એમ જાણ્યા છતાં તેમાં સામીલ થવું, અથવા જારી રહેવું.

કલમ ૧૪૬ મી.

૧૪૬. કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં તે કાયદા વિરૂદ્ધ મંડળી અથવા તેનો કોઈ અંગભુત બળ અથવા જુલમ વાપરે, તો, તે મંડળીના દરએક અંગભુતને હંગામાનો ગુન્હો કર્યો, એમ સમજવું. સામાન્ય હેતુ પાર પાડવામાં એક અંગભુતે વાપરેલું બળ.

કલમ ૧૪૭ મી.

૧૪૭. જે માણુસ હંગામાનો ગુન્હો કરે, તેને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે. હંગામો કરવાની શીક્ષા.

કલમ ૧૪૮ મી.

૧૪૮. જીવ લેનારૂં કાંઇ હથીયાર, અથવા જે મારેથી સામા માણુસનો પ્રાણ જાય એવો સંભવ હોય એવી કાંઇ વસ્તુ પાસે છતાં જે માણુસ હંગામો કરે, તેને ત્રણ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. જીવ લે એવું હથીયાર પાસે રાખીને હંગામો કરવો.

કલમ ૧૪૯ મી.

૧૪૯. કોઇ કાયદા વીરૂદ્ધ મંડળીનો હેતુ પાર પાડવામાં તે મંડળીના કોઇ અંગભુતથી કાંઇ ગુન્હો થાય, અથવા એવો કાંઈ ગુન્હો થાય કે તે હેતુ પાર પાડવામાં તે ગુન્હો થશે એવો સંભવ તે મંડળીના અંગભુતો- કોઇ કાયદા વીરૂદ્ધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા

ના જાણ્યામાં હોય તો તે ગુન્હો થતી વખતે જે જે સખસ તેજ મંડળીના અંગભુત હોય તે દરેક સખસે તે ગુન્હો કર્યો એમ સમજવું.

માંકાંઈ ગુન્હો થાય તો તે મંડળીના પ્રત્યેક અંગભુતને તે ગુન્હાનો તકસીરવાર સમજવો.

કલમ ૧૫૭ મી.

૧૫૦. જે કોઇ સખસને કાયદા વીરૂદ્ધ મંડળીમાં સામીલ થવાને અથવા અંગભુત થવાને પઇશા આપવા કરીને અથવા કોઈ બીજી રીતે રાખે, અથવા પઈશા આપવા કરીને અથવા બીજી કોઇ રીતે રાખવામાં મદદ કરે, અથવા ચસ્મપોસી કરે, તે માણસને તે કાયદા વીરૂદ્ધ મંડળીના અંગભુત દાખલ, તથા તે પઇશા આપવા કરીને અથવા બીજી કોઇ રીતે રાખ્યા ઉપરથી તે રાખેલા સખસથી તે કાયદા વીરૂદ્ધ મંડળીના અંગભુત દાખલ જે કાંઇ ગુન્હો થાય તે ગુન્હાને માટે જાણે-તે માણસ તે કાયદા મંડળીનો અંગભુતજ હોય, અથવા જાણે તેણે પોતેજ તે ગુન્હો કર્યો હોય, એવી રીતે શીક્ષા કરવામાંજ આવશે.

કોઇ કાયદા વીરૂદ્ધ મંડળીમાં સામીલથવાને પઇશા આપવા કરીને કોઇ સખસોને રાખવા અથવા તેઓને રાખવામાં ચસ્મપોશી કરવી.

કલમ ૧૫૧ મી.

જેથી લોકોની સુલેહમાં ગડબડ થાય એવો સંભવ હોય એવી પાંચ અથવા વધારે સખસોની મંડળીને વીખરાઇ જવાનો કાયદેસર રીતે હુકમ થયા પછી, જે માણસ જાણી બુઝીને તે મંડળીમાં સામીલ થાય અથવા જારી રહે તેને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની સીક્ષા કરવામાં આવશે.

પાંચ અથવા વધારે સખસોની કોઈ મંડળીને વીખરાઈ જવાનો હુકમ થયા પછી જાણી બુઝીને તે મંડળીમાં સામીલ થવું અથવા જારી રહેવું.

ખુલાસો.—અગર તે મંડળી ૧૪૧ મી કલમના અરથ પ્રમાણેની કાયદા વિરૂધ મંડળી હોય તો તે ગુન્હેગારને ૧૪૫ મા કલમ મુજબ શિક્ષા કરવામાં આવશે.

માહારાણી કેસરે હિંદ. વિ. ટકર.

કલમ ૧૫૧ મી.

૧

તા. ૨૮-૭-૮૨. ઈ. ૭ મુ. પા. ૪૨

ત્રણ માણસે એવી રીતે વરતણુંક કરી તેઓની આસપાસ ઘણાક માણસોનો જમાવ થાય, અને તે આખા જમાવટ લોકોની સુલેહનો ભંગ થવાનો સંભવ હોય તો એ ત્રણે જણા ગેરકાયદેસર મંડળીના અંગભુત ગણાય છે.

ज्यां मात्र त्रण पुरूषोनो इरादो लोकोनुं टोळुं पोता पासे भेगुं करवानुं होय, अने तेओनुं कृत्य एवुं होय के तेथी ५०-६० माणसो भेगां थइने सुलेहनो भंग थाय, त्यां ठराव्युं के ही. पी. को. नी कलम १५१ मीना अर्थ प्रमाणे आवो जमावट थवाथी पांच अथवा वधारे माणसोनी एक मंडळी थाय छे. अने तेने वीखराइ जवानो कायदेसर हुकम मल्या पछी वीखराइ जवानी ना पाडवी, एथी सदरहु जमातनो दरेक अंगभुत मजकुर कलमना गुन्हानो अपराधी थाय छे.

जे पोलीस अमलदारना हवालामां पोलीसनुं थाणुं होय, ए अमलदार करतां चडता दरजानो अमलदार सुलेहनो भंग करनारी पांच अथवा वधु माणसोनी मंडळीने वीखराइ जवानो हुमक करे तो, ते हुकम सन १८७२ ना दसमा आक्टनी कलम ४८० (१२७) ना अर्थ प्रमाणे कायदेसर हुकम छे.

केटलांक कृत्योथी सुलेहनो भंग थशे के नहीं, ए बाबतमां पोलीसना माणसोनो अभीप्राय पुरावामां लगतो छे. अने ते बाबतमां खुद अदालतनो शो अभीप्राय छे, ते सारु ते अदालत आसपासनी हकीकत तरफ नजर करे, तो ते वाजवी छे.

બીજા પ્રેસીડેંસી માજીસ્ટ્રેટ, શેઠ ડોસાભાઇ ફ્રામજીએ, એક મુકરદમામાં, બંધવા-

ઓને અપરાધી ઠરાવ્યા હતા. તે મુકરદમાનું ખુદ હાઇકોર્ટમાં સ્થળાંતર કરવાની આ એક અરજી છે. સદરહુ માજીસ્ટ્રેટના ઠરાવમાં નીચેની હકીકત લખી છેઃ—

આ કામના પ્રતીવાદીઓમાંથી ટકર સાહેબ એક મુક્તિફોજના મેજરનું નામ ધરાવે છે. તથા નોરમન સાહેબ, તથા મીસ થોમસન, તે ફોજના લેફ્ટેનેન્ટનું નામ ધરાવે છે. સદરહુ પ્રતીવાદીઓ ઉપર પોલીસ કમીશનરના કહેવાથી, નીચે લખેલા તહોમતો મુકવામાં આવ્યાં છે.

૧ તારીખ ૨૪-૯-૮૨ ને રોજ પાંચ અથવા તેથી વધુ માણસોની એક ગેરકાયદેસર મંડળી, જેનાથી સુલેહનો ભંગ થવાની ધાસ્તી હતી, તે મંડળીને વીખરાઇ જવા કાયદેસર હુકમ આપ્યા પછી, તે મંડળીમાં જાણી બુજીને તેઓ સામેલ થયા, તથા તેના અંગભુતો તરીકે જારી રહ્યા.

૨ એક સરકારી નોકરે કાયદેસર હુકમ પ્રગટ કરીને, ફલાણું કામ ન કરવાની મનાઈ તેઓને કરી હતી, એમ જાણ્યા છતાં તે હુકમનો તેઓએ અનાદર કર્યો, અને તેજ તારીખે એક હંગામો અથવા બખેડો કર્યો.

૩ કોઈ એક જાહેર જગામાં જેમ વર્તવું જોઇએ તે પ્રમાણે તેઓ વરત્યા નહીં.

પુરાવા ઉપરથી જણાઇ આવે છે, તે હકીકત આ પ્રમાણે છે. કેટલાક વર્ષોથી ઘણાંક માણસોએ એક સંપ બાંધીને પોતાનો જમાવટ બાંધ્યો છે. એ જમાવટનું નામ "મુક્તી ફોજછે." વિલાયતમાં તથા આ દેશમાં કેટલાક પાધરીઓની જમાતનો હેતુ છે, તેવોજ આ જમાત અથવા ફોજનો જોવામાં આવે છે. પણ બહુ કરીને એ પાધરીઓનું, જેવું શાંત રીતે અને ગજો પડયા વગર કામ કરવાનું ધોરણ છે, તેનાથી આ લોકોનું ધોરણ જુદું છે. આ ફોજમાંથી કેટલાક સક્ષોએ મુંબઇમાં આવી પોતાનું કામ શરૂ કર્યું છે. તેઓના પેહેલા દહાડાના સરગસમાં શું બન્યું, તે હું કહેતો નથી. પણ ગયે રવીવારે શું બન્યું, અને જે બનવાથી તોહોમતોનો જન્મ થયો, તે હું કહેવા માગું છું. મેજર ટકરે, સુપ્રીંટેંડેંટ બ્રેવીનને લખ્યું કે, માહારી ટોળીવાળાઓ વાજતે ગાજતે પોતાનાં નીશાન સહીત સરીયામ રસ્તે સરગસ કાઢે, તો તેને તેમ કરવા પરવાનગી મળશે કે નહીં? આ અરજી આપ્યા ઉપરથી, પોલીસના ડેપ્યુટી કમીશનર સમીથ સાહેબ, તથા સુપ્રીંટેંડેંટ બ્રેવીન ટકર સાહેબ પાસે ગયા. અને તેને કહ્યું કે, પોલીસના કમીશનર તરફથી જે વરધી મળી છે, તે ઉપરથી તમારી માગણી મંજુર થશે નહીં. ત્યારે મેજર ટકરે કહ્યું કે, તમે જે હુકમ આપ્યો છે તેનો અનાદર કરી માહારે કરવું પડશે; અને તે ઉપરથી મેજર ટકરને સમીથ સાહેબે ચેતવણી આપી કે, પોલીસ કમીશનરના હુકમનો અનાદર કરી જેઓ સરગસ ફેરવવાનો આગ્રહ કરીને તેમાં જેઓ ભાગ લેશે, તે બધાને તેનાં ફળ ભોગવવાં પડશે. આ ચેતવણીનો ટકરે જવાબ આપ્યો કે, માહારા કૃત્યોનાં ફળ ભોગવવા વાસ્તે હું તૈયારછું. આ મુલાકાત થઇ રહ્યા પછે, પાછા આજ અમલદારો મેજર ટકર પાસે આવ્યા. અને સરીયામ મોહોલ્લાઓમાં સરગસ ન ફેરવવા બાબતનો સુટર સાહેબનો લખીત હુકમ તેને વાંચી સંભળાવ્યો. આ હુકમનો આગળની માફક અનાદર કરવાનું તેણે કહ્યું. અને સાંજના પાંચ વાગતે લેફ્ટેનેંટ નોરમન તથા લેફ્ટેનેંટ થોમસનને લઇને, પોતાના મકાનમાંથી ગાતે ગાતે, તથા નીશાંનો ખુલ્લાં કરીને બહાર આવ્યો. પોલીસ તે વખ્તે જાગ્રત હતી. મુક્તી ફોજને મથકે બ્રેવીન આ-

ગળથી જઈ પહોંચ્યો હતો. તે પણ સરગસ સાથે ચાલ્યો. અને જેમ જેમ તે આગળ વધતું ગયું, તેમ તેમ તેની આસપાસ માણસનો જમાવટ વધવા માંડયો. જ્યાં પાંચ રસ્તાઓ ભેગા થાય છે, ત્યાં જ્યારે સરગસ આવી પહોચ્યું, ત્યારે સ્મીથ સાહેબને ભેટો થયો. તેણે મેજર ટકર, તથા લેફ્ટેનેંટ નોરમન તથા થોમસનને કહ્યું કે, તમારે ગાતા બંધ રહેવું મેજર ટકરે જવાબ આપ્યો કે, આ હુકમ અમો માળતા નથી. એમ કહીને ગાતાં ગાતાં આગળ ચાલ્યો. ત્યાર પછી ડેપ્યુટી પોલીસ કમીશનર મેજર ટકરની સામે આવીને ઉભો. અને તેને તથા ૫૦–૬૦ માણુસોં તેની આસપાસ વીંટાઈ ગયાં હતાં, તેને માહારાણી કેસરેહિંદના નામથી વીખરાઇ જવાને હુકમ કર્યો. મેજર ટકરે જવાબ વાળ્યો કે, હું તે હુકમ માનવાનો નથી. અને તેને તથા તેના ભાઇબંધોએ, એ હુકમ માન્યો પણ નહીં. બંધવાઓને ત્યારબાદ ડે. કમીશનરના હુકમથી પકડવામાં આવ્યા. અને જે માણસોનું ટોળું તેઓની સાથે આવ્યું હતું, તે તરત વીખરાઇ ગયું. આ મુકરદમાની આવી હકીકત છે. તો હવે અદાલતને તપાસવાનું છે કે, બંધવાઓએ પોતાની વર્તણુંકથી, કાયદાના ફરમાંનોનું ઊલંઘન કર્યું છે કે નહીં? સને ૧૮૫૬ ના તેરમા આકટની ૭૭ મી કલમ પ્રમાણે, પોલીસના કમીશનરને જે અધીકાર મળ્યો છે તે એ છે કે, ઝાહેર રસ્તાઓ, મોહોલ્લાઓ, સરીયામ જગ્યાઓ ઉપર સરગસ વાળાઓએ, તથા બધી મંડળીઓએ કેમ ચાલવું, તેનો નિયમ બાંધવો. તથા એવાં સરગસોએ, કહે રસ્તે જાવું, તે આગળથી નકીં કરવું. આ કલમને આધારે મુક્તીફોજવાળાઓને ગાજતે વાજતે, તથા પોતાનાં નીશાંનો લેઇને, ઝાહેર રસ્તા તથા મોહોલ્લાઓ ઉપર, સરગસ ન ફેરવવાની મનાઇ, સુટર સાહેબે કરી હતી. એ મનાઇ હુકમ ખુદ મેજરટકરને સાવ સમજાય એવી રીતે, તેનાથી માત્ર બીજા દરજાના અમલદારે સંભળાવ્યો હતો. પરંતુ મેજરટકરે કહ્યું કે, એ હુકમ હું માનીશ નહીં. અને જે બનાવ બન્યો, તે ઉપરથી જણાય છે કે, તે હુકમ તેણે માન્યો નહીં. જ્યારે સદરહુ સરકસ, પોલીસ કમીશનરના સ્પષ્ટ હુકમ જાણી જોઇને અનાદર કરી, ઘણે છેટે સુધી ચાલ્યું, ત્યારે ડેપ્યુટી કમીશનરને તેનો ભેટો થયો. અને સુલેહનો ભંગ થશે, એવી ધાસ્તી લાગવાથી તેણે બંધવાઓ જ્યારે ગાતા હતા, તથા પોતાંના નીશાન લઈ જતા હતા, ત્યારે તેઓને વીખરાઇ જવાનો હુકમ કર્યો. અને ના પાડીને આગળની માફક ચાલતા રહ્યાં. પાંચ અથવા વધુ માણસોની જે મંડળીથી, સુલેહનો ભંગ થવાનો સંભવ છે, તે મંડળીને વીખરાઇ જવાનો કાયદેસર હુકમ થયા પછી, તેમાં જાંણી જોઈને સામેલ રહ્યાંના ગુન્હા વાસ્તે, તથા એક સરકારી અમલદારે યોગ્ય રીતે પ્રગટ કરેલા, એક હુકમનો અનાદર કર્યા વાસ્તે, બંધવાઓ ઉપર ઈ. પી. કો. ની કલમ ૧૫૧ તથા ૧૮૮ મી માંહેલા ગુન્હાઓનાં તોહોમત આવેલાં છે. ૧૫૧ મી કલમ પ્રમાણે એ મંડળીમાં પાંચ, અથવા તેથી વધુ સક્ષો હોવા જોઇએ. મેંજર ટકર એવો વાંધો લે છે કે, માહારી ટોળીમાં માત્ર ત્રણ જણા હતા. અને એડવીન સાહેબ તથા તેનાં મેડમ સાહેબ અમારાથી ઘણેજ છેટે હતાં, એ વાત ખોટી નથી. અને હું હીંમતથી કહું છઉં કે, જાંણી જોઇને તેઓ છેટે રહ્યાં હતાં. સોવસા તેઓએ ધાર્યું હશે કે, જો આપણે પછવાડે રહેશું તો તોહોમત ટકાવવા સારૂ જેટલાં માણસ જોઇએ, તેટલાં પુરાં થશે નહીં. પરંતુ એડવીન સાહેબે, મુક્તી ફોજવાળા-

ના જેવો પોશાક પેહેર્યો હતો. તથા તેની મેડમે "મુક્તીફોજ"ની પટી નીશાંની ખાતર રાખી હતી. તે ઉપરથી ઉઘાડું છે કે, તેઓ પોતાનીજ મેળે, સરઘસથી છેટે રહેતાં હતાં. અને બંધવાઓને જે ફળ ભોગવવું પડે, તેમાં ભાગ લેવાની તેઓની મરજી નહીં હશે, તેથી તેઓ બંધવાથી, સારી પેઠે છેટે રહેતાં હશે, એવો માહરો અભીપ્રાય હું આપું છું ખરો, પરંતુ ગ્લાડવીન સાહેબ તથા તેની મડમ, તે મંડળીમાં કોઇ ચોકસ જણો, અથવા જણાઓને વીખેરાઇ જવા હુકમ મળ્યો હતો કે નહીં, તે વાત આ તોહોમતનામા વાસ્તે બતાવાની જરૂર દેખતો નથી. બંધવાઓની આસપાસ તુરત ૫૦—૬૦ માણુસોનો જમાવટ થઇ ગયો હતો, એમ પુરાવો કહી આપે છે. પાંચ અથવા વધારે માણસે, એકઠાં થઇને નહીં, પણ અકેક છુટી રીતે રસ્તે ચાલ્યા જાય, અને ત્યાં તેઓને, अ તથા ब માંહોમાંહે ગાળ દેતા તથા લડતા નજરે પડે, અને પછી તેઓની લડાઇ જોવાને તેઓ ઉભા રહે, એટલામાં પોલીસનો અમલદાર રોન ફરતો ત્યાં આવી ચઢે, અને તેને એ બીક લાગે કે, લોકની સુલેહમાં ભંગ થશે, એમ જાણીને ભેગાં થએલાં લોકોને આગળ ચાલ્યાં જવા, અથવા વીખરાઇ જવા હુકમ આપે આવા હુકમની બેપરમાની કરવાનું આ કલમમાં ચીતવન કર્યું હોય, એમ હું માનું છું. અને જે તહોમતવાળા સક્ષોની સાથે ૫૦—૬૦ માણુસ ભેગું થયું હોય, તેને લેઇને તે મંડળીને પાંચ અથવા વધુ સક્ષોની મંડળી કહેવાય છે. જે મંડળીને વીખેરાઈ જવાનો હુકમ આપ્યો હતો. તે મંડળીથી લોકોની સમાધાની તુટવાની, તથા તે હુકમની બેફરમાની કરવાથી પી. કો. ની. ૧૮૮ મી કલમમાં જે નુકશાંનકારી પરીણામો લખ્યાં છે, તે માંહેલું કાંઇ પરીણામ થવાની બીકની વકી હતી, એટલી વાત સાબીત કરવી જરૂરની છે, એમ માહારે કહેવું જોઇએ. આ બાબતમાં પોલીસના ડેપ્યુટી કમીશનર જેવા ઘણા અનુભવવાળા, તથા પોલીસની ફોજમાં ૧૫ વરસની નોકરીવાળા અમલદારની, તેમજ બ્રેવીનસાહેબ જેવા એક દસ વરસની નોકરીવાળા એક બીજા અમલદારની જુબાની બસ છે. સ્મીથ સાહેબે આંહીં લખાવ્યું છે કે મુક્તીફોજવાળાનું આંહીં આવવું થયા બાદ, તથા તેઓએ આંહીં બોધ આપવો શરૂ કર્યા બાદ, મુસલમાંનોમાં એક જાતનો ગભરાટ ઉઠી રહેલો છે. તથા જે સઘળું એ સાહેબના જાણવામાં આવ્યું છે, તે ઉપરથી તેનો એવો અભીપ્રાય થયો હતો કે, મુક્તી ફોજવાળા જેવું સરઘસ ફેરવવા ઇચ્છે છે, તેવા સરઘસથી લોકોની સમાધાનીમાં બલવો થવાની ધાસ્તી રહે છે. આવો અભીપ્રાય બાંધવાનાં તેણે પોતાનાં કારણો બતાવ્યાં છે. અને આ ઠેકાણે તે કારણોનું પુનરાવર્તન કરવાની કશી ગરજ નથી. એક ઠેકાણે તેણે જુબાની આપી છે કે, આવાં સરગસો લોકોની સમાધાનીનું હીત વીચારતાં પસંદ કરવા લાયક નથી. "આથી કરી ખુનરેજી કરવાનો રસ્તો મળે છે, કેમકે આવી બાબતો તણખા જેવી છે. જેથી કોઇ ક્ષણે મોટી લાહે સળગી ઊઠે છે." બ્રેવીન સાહેબે લખાવ્યું છે કે, જો મુક્તીફોજવાળાઓને શેહેરના મુસલમાન વાડામાં થઇને "ખુન તથા આગ" એવા શબ્દો તેઓના વાવટા ઉપર લખ્યા હતા, તે વાવટા લેઇને જવા દીધા હતતો, સમાધાનીમાં એક જાતનો ભંગ થાત. ઇન્સ્પેકટર હોલ્મસ સાહેબે લખાવ્યું છે કે, મુસલમાનોને એમ ખબર પડત કે મુક્તી ફોજવાળાઓ એક ધરમની ટોળી માંહેલા છે, તો બેશક હંગામો થયા વગર રહેત નહીં. મેજર ટકરે, સાક્ષીઓની ઉલટ તપાસણીથી કહાવ્યું છે કે, જે ટોળું તેના તથા તે-

ના ભાઇબંધોની પછવાડે ચાલ્યું આવતું હતું, તે નિયમમાં હતું; પણ પ્રોસીક્યુશનવાળાએ તે ઉપર એવો વાંધો લીધો છે કે, આ નિયમમાં રહેવાપણું પોલીસની ઝાઝી ફોજ ત્યાં હાજર હતી, તથા સાવચેતી રાખી હતી, તેને લીધે હતું. એ વાંધો વજનદાર ગણવો જોઇએ. વળી મેંજર ટકરે આ અદાલતના લક્ષપર એક બીજી એવી દલીલ મુકી છે કે, હંગામો કીંવા બખેડો કરવામાં સામેલ થવાની અમારી બીલકુલ ઇચ્છા નોહોતી. એવું એક પરિણામ ઇચ્છવાની બંધવાઓની ઇચ્છા નહોતી, એ હું કબુલ કરૂં છું. પરંતુ ૧૮૮ મી કલમના ખુલાસામાં લખેલું છે કે, "તે ગુન્હેગારે હાની કરવાનો ઇરાદો કરવો જોઇએ. અથવા તે હુકમ ન માનેથી હાની થવાનો સંભવ છે એવો તેનો વિચાર થવો જોઇએ, એમ કાંઈ જરૂર નથી. તે એમ જાણે કે હું ફલાણો હુકમ માનતો નથી, તથા તે હુકમ તેણે ન માનવાથી હાની થાય અથવા થશે એવો સંભવ હોય, તો બસ છે." વળી એજ કલમ નીચે આપેલું દ્રષ્ટાંત નીચે પ્રમાણે આપેલું છે. "જે સરકારી નોકરને કાયદા મુજબ હુકમ જાહેર કરવાનો અખતિયાર હોય એવો કોઈ સરકારી નોકર અગર એ પ્રમાણે એક હુકમ જાહેર કરે કે ફલાણો ધરમ સંબંધીનો વરઘોડો ફલાણે રસ્તે થઇને જાય નહીં ને પછી જાણી બુઝીને અ તે હુકમ ન માને, અને તેથી હંગામાનું જોખમ થાય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ જાણવું." તે ઉપરથી કાયદાકારોનો શું ઈરાદો છે, તે જણાઇ આવે છે. હરકોઇ કૃત્ય ભલે પડે કાયદેસર હોય, પણ જો તેથી લોકોની સમાધાનીમાં કાંઇ ખલેલ પહોંચતો હોય, તો તે કારણથી તેની મનાઇ કરવામાં આવે છે. મુક્તી ફોજવાળાનું સરગસ ભલે પડે નીરઅપરાધી હતું, પણ તે એવું હતું કે, તેથી લોકોની સામાધાનીમાં ખલેલ પોંચી શકે, એ વાત પુષ્કળ પુરાવેથી સાબીત થઇ છે. જો પોલીસવાળાઓ, મુક્તી ફોજવાળાઓની સાથે સરઘસમાં ચાલ્યા ન હત, જો એક જંગલી પશુના ચામડાનો પોશાક પેહેરી, મોલવીને વેશે, કોઈ સક્ષને, પોલીસની ચોકી વગર, મેજરટકર, તથા તેના ભાઇબંધની પછવાડે ચાલવા દીધો હતતો, મુક્તી ફોજવાળાઓની તુરત આંખ ઉઘડત કે, અમારી આસપાસ કેવી ભયંકર વ્યાધીઓ સંતાઇ રહેલી હતી. બચાવના સાક્ષી દરજે મોદી સાહેબની જુબાનીથી પ્રોસીક્યુશનના મુકરદમાને મજબુત પુષ્ટી મળે છે. પોતાના બોધથી બીજા પંથના લોકો ઉપર શું આસરો થઇ હતી. પોતાને તેઓએ હડહડ કરી કેવો માર માર્યો હતો, અને નાકમાંથી લોહી પરજંત કાઢયું હતું, અને પાદરીનો બોધ એ રાજકર્તાઓના ધર્મનો બોધ છે. એમ જાણીને, કેટલાક બીજા ધર્મવાળાઓ, પાદરીઓ, તથા તેને લીધે સરકાર પ્રત્યે કેહેવો અભાવ વર્તાવ્યો છે, તે વિશે મોદી સાહેબે જુબાની આપી છે. તેના એક સામાન્ય બોધની એવી અસર થઇ હતી ત્યારે, મુકતી ફોજવાળાઓએ ઉસકેરવા સારૂ જે ધામધુમો કરવાની ધારી હતી, તેનાથી કેવાં ફળ નીકળે, તેનો ખ્યાલ સહેજ આવી શકે છે. મેજર ટકરે કલકતાના પોલીસ કમીશનર વિ. તેજ શેહેરના પાદરીઓનો મુકરદમો આધારમાં આપ્યો છે. એ મુકરદમો જ્યારે બન્યો ત્યારે મેં તે વાંચ્યો હતો, તથા મેજર ટકરે મેહેરબાની કરી મને હાલ તે વાંચવા મોકલ્યો હતો, તે મેં ફરીને જીવ રાખી વાંચ્યો છે. એ મુકરદમો આંહીં લાગુ પડતો નથી. તે કામમાં પાદરી લોકોને ખુલા મેદાનમાં બોધ ન કરવાની મનાઈ કરી હતી. પણ આ કામમાં પોલીસ તરપથી એવી છુટ હતી કે, મુકતીફોજવાળાઓને તેમ કરવું હોય તો તેઓ

બેલાશક કરે, પણ લોકોની સમાધાનીમાં ખલેલ પહોંચવાની બીકથી મુકવી ફોજવાળાઓને રસ્તા ઉપર સરગસ ફેરવવાની રજા આપી શકાશે નહીં, એમ પોલીસે કહેલું હતું. આ શેહેરની પોલીસ ખાતાનો મુખી અમલદાર સરફ્રાંકસુટર, જે પોતાની ચતુરાઇ, વીચાર શકતી તથા બાહોશપણાથી મુંબઇ જેવામાં, જેની વસ્તીમાં, જુદા જુદા પંથના લોકો રહે છે, તે શેહેરની પોલીસના વડા તરીકે પોતાની ફરજ ચતુરાઇથી, વિચાર શકતીથી, તથા બાહોશપણાથી કરે છે. તે વાસ્તે તે ઓળખાય છે, તથા વખણાય છે, તેણે પોતાની ઊંચા પ્રકારની માહીતીને લેઇને મુક્તી ફોજવાળાઓને શેહેરમાં સરગસ ન ફેરવવાની મનાઇ કરવાનું દુરસ્ત ધાર્યું હતું, અને એનો હુકમ કોઇ રીતનો સવાલ જવાબ કર્યા વગર માનવો જોઇતો હતો. મુકતીફોજવાળા પણ આવી જાય એમ બધા પક્ષવાળાઓના હીતને અર્થે એ હુકમ તેણે કાઢયો હતો.

આવી બાબતોમાં માજીસ્ત્રેટે કેમ કરવું, તે સંબંધમાં પ્રજાના કોઈ ભાગ વીશે ગેર સમજુતી ન થવા પામે એટલા સારૂ મને ખાસ રીતે બોલવાનું મન થાય છે કે, આવાં કામોમાં માજીસ્ત્રેટોની શું ફરજ છે, તે વિશે મેન સાહેબે પોતાની પીનલકોડની ટીકામાં નીરમળતાથી સમજાવ્યું છે. આ બધા ધર્મવાળાઓ જાણે કે, ધર્મને બહાને કેટલે સુધી તેઓના કૃત્યોને છુટ આપવી એટલા માટે તે ભાગ હું અત્રે લખું છઊં. મેન સાહેબ કહે છે કે, લોકોની સમાધાનીમાં ખેલેલ પહોંચશે એટલાજ કારણો ઉપરથી, કેટલાંક ચોકસ કૃત્યો વાસ્તે માજીસ્ત્રેટે અવસ્ય રીતે મનાઈ કરવી જોઇએ કે નહીં, તે બાબતમાં એક ઘણો ઉપયોગી સવાલ વખતો વખત ઉઠવા સંભવછે.

એવા પણ વખતે મુકરદમાઓ બને છે કે જેમાં, ધર્મ અથવા રાજ પ્રકરણના મમતને લીધે, ચોકસ પ્રકારના હકોનો અનુભવ લેતાં, ગડબડાટ થવાનું ચોકસ જણાય, પરંતુ તેવા હકોનો અનુભવ લેવાનો જે પક્ષવાળાઓ દાવો કરે, તે સામો ગમે તેટલો વાંધો લેવાતો હોય, તોપણ તે પક્ષવાળાને સાહયતા આપવા બધા માજીસ્ત્રેટની ફરજ છે. જેમકે એક દ્રષ્ટાંત, ખ્રીસ્તી ધર્મની બંદગી કરવાની જગો, કોઇ બ્રાહ્મણોના ગામમાં સ્થાપવી, અને તે ઠેકાણે વટલેલા દેશીઓ, પ્રભુની સ્તુતી કરવા ત્યાં હાજર થાય, તેથી સુલેહનો ભંગ થવાનો ચોકસ હોય, તોપણ નીરઅપરાધી સક્ષોને પોતાના કાયદેસર હકોનો અનુભવ લેવામાંથી ધમકી આપી કાઢી મુકવા તેના કરતાં, જો જરૂર પડે તો હથીયારબંધ ફોજ બોલવવા બધા માજીસ્ત્રેટોની ફરજ છે, એમ હું સમજું છઉં. જ્યાં કોઇ એક હકનો અનુભવ લેવો એ માત્ર મોજશોકની વાત હોય, અને થોડો વખત તેમ ન ભોગવવા તેને મનાઈ કરવામાં આવે, અને તે મનાઇ થવા એક રૈયત તરીકેના તેના જે સામાન્ય હકો છે, તેનો અનુભવ કરતાં કાંઇ અડચણ ન આવે, તો લોકોની સમાધાનીમાં ખલેલ પહોંચે તોપણ, તેવા હકોનો અનુભવ ન લેવા સારૂ વાજબી રીતે મનાઇ કરી શકાય છે. એ ન્યાયનીતીથી ચાલતું જોઇએ. એમ હું માનુંછું. પણ જ્યારે એવો કોઈ હક જરૂરનો હોય, અને દરરોજના વ્યવાહારમાં રહીને ભોગવવો જોઇએ, ત્યારે કાયદા વિરૂદ્ધ વાંધો લેવાતો હોય તેની સામે, પ્રજાનો બચાવ, ગમે તે જોખમે કરવા સારૂ માજીસ્ત્રેટની ફરજ છે. સ્વતંત્રતાને દાબી દેઈને સમાધાની સાચવવી જોઇએ નહીં. ધર્મ સંબંધી હકનો અનુભવ લેવા સારૂ જે સ્થળો નીરધાર્યા હોય, ત્યાં તેમ કરવા સારૂ દરેક રૈયતને ગમે તેટલું દાવાનળ ઉપજે તો-

પણ માજીસ્ત્રેટે તેને સાહાયતા આપવી જોઇએ, આવો હક અવસ્યનો છે, પરંતુ રૈયતમાંથી કોઇ સક્ષ્સ પોતાના ધર્મની નીશાની લેઇ ને રસ્તા ઉપર ચાલવાનું મન કરે, તો તે માત્ર મોજશોકની બાબત છે. અને જો તેથી સુલેહનો ભંગ થવાની બીક રહેતી હોય તો, તેની મનાઇ કરવી એ વાજબી વાત છે. માજીસ્ત્રેટે આવે પ્રસંગે ખરી રીતે કેમ કરવું, તે સંબંધી ઉપલી લખાવટનો હેતુ છે, અને તેથી પ્રજાના કોઈ ભાગને ફરીયાદ કરવાનું ખરૂં કારણ રહે નહીં. બંધવાઓ ઉપર જે તોહોમતો રાખ્યાં છે, તેમાંથી પહેલા તથા બીજા તહોમતના હું તેઓને અપરાધી ઠરાવુંછું. ત્રીજા તોહોમત સંબંધી કાંઇ બોલવાનું જરૂર નથી. જે ગુન્હાના બંધવાઓને અપરાધી ઠરાવ્યા છે. તેને માટે છ માસ સુધીની કેદની, તથા એક હજાર રૂપૈઆ સુધી દંડની સજા કરવાને કાયદો મને અધીકાર આપે છે. પરંતુ તે સજા કરવા ટાણે આ મુકરદમાની હકીકત લક્ષમાં રાખવાની માહારી ફરજ છે. બંધવાઓ ઉમદી ધારણાઓથી ઉસકેરાયા હોય એમ માનુંછું. પણ જે કલીવ લેંડ સાહેબે આ કામ આ અદાલતની હજુરમાં ઘણોજ ન્યાય પક્ષ રાખીને તથા શાંતતાથી ચલાવ્યું હતું, તે કલીવ લેંડ સાહેબ એવો મત આપે છે કે, જ્યાં સુલેહમાં ખરાબી થવાની વકી હોય, ત્યાં ધારણાના સવાલનો વિચાર કરવાનો નથી. બંધવાઓને ભારે સજા અપાવવાનો પ્રોસીક્યુશન વાળાનો ઇરાદો હોય, એમ હું ધારતો નથી. પરંતુ જે કાયદો બાંધ્યો છે, તે નીરમળતાથી દેખાડવો જોઈએ. તથા તેનાથી ઉલટી રીતે, વરતનારાઓને સજા કરવી જોઇએ. આ મુકરદમાની કેફીયત તરફ નજર રાખતાં, પેહેલા નંબરના બંધવા મેજર ટકરને ૫૦ રૂપૈયાનો દંડ, તથા બીજા બે બંધવાઓ (લેફ્ટેનંટ નોરમન, તથા લેફ્ટેનંટ મીસથૌર સન) નો દરેકનો પચીશ પચીશ રૂપૈયા દંડ કરતાં ઇનસાફની મતલબ પુરી પડશે એમ હું ધારૂંછું. બંધવાઓએ સમજવું જોઈએ કે, આ ગુન્હો બીજી વખત તેઓ કરશે તો, જે ગુન્હાના તેઓ અપરાધી ઠર્યા છે. તેને માટે આપેલી પુરેપુરી સજાને તેઓ પાત્ર થશે.

બંધવાઓએ સને ૧૮૭૫ ના દસમા આકટની ૧૪૭ મી કલમ પ્રમાણે હાઇકોર્ટને અરજ કરવી.

અપેલેંન્ટો તરફથી ઇનવરારીટી.

સરકાર તરફથી ઓનરએબલ લોંગ સાહેબ.

ઇનવરારીટી.—

૧૫૧ મી કલમમાં જોયા પ્રમાણે કોઇ મંડળીજ થઈ નહોતી, એવી મારી તકરાર છે. પુરાવો જો મંગાવી લેવામાં આવે તો તે ઉપરથી જણાશે કે ત્રણે તોહોમત વાળાઓ ગાતા ગાતા રસ્તે ચાલ્યા જતા હતા. અને તેઓની પછવાડે ૫૦-૬૦ માણસો ચાલ્યાં જતાં હતાં, એકજ જગ્યાએ ભેગી મળેલી કેટલાંક માણસોની ટોળીને, મંડળી કહે છે. વખતે તેઓ સાવ બેશી રહ્યા ન હોય. પણ આટલું તો સાવ ચોખું છે કે, જે માણસો વાટે ચાલ્યાં જતાં હોય, તેનો હરકોઈ મંડળીમાં સમાસ થતો નથી. અને કદી એમ ધારીએ કે, મંડળીમાં તેઓનો સમાસ થઈ શકે છે, તો જ્યારે તેઓને વીખરાઇ જવાનો હુકમ આપ્યો હોય, અને વીખરાયા બાદ તેઓ એકજ દીશામાં જવાનું પસંદ કરે તો પછી કોઇ મંડળીમાંથી, જુદું પડવું અશક્ય છે. "મંડળી" એ શબ્દની વ્યાખ્યા વેબસ્ટર ડીકશનેરીમાં આપી છે, તે એવી છે કે, "કોઇ સામાન્ય મતલબસર માણસોની ટોળી એક જગ્યાએ ભે-

ગી થાય" તેનું નામ મંડળી છે, વળી બીજું એક બંધવાઓને, કાયદેસર વીખરાઇ જવા-
નો હુકમ થયા પછી તેઓ પાંચ અથવા વધારે માણસોની મંડળીમાં સામેલ રહ્યા હતા
એવો લેશ માત્ર પુરાવો નથી. કેમકે પુરાવા ઉપરથી જણાય છે કે, જે લોકો આ ત્રણે
બંધવાઓની પુંઠે ચાલ્યા આવતા હતા, તેઓને વીખરાઇ જવાનો હુકમ ડેપ્યુટી કમીશનર
સ્મીથ સાહેબે, તથા સુપ્રીટેંડેન્ટ એવીન સાહેબે જ્યારે આપ્યો હતો, ત્યારે તેઓ વીખરાઈ
ગયા હતા. ના પાડી તે ગાવું નહીં અને ચાલ્યા જવું એ હુકમની બંધવાઓએ ના પાડી
હતી. ૧૫૧ મી કલમ મુજબ ગુન્હો બનવા સારૂ પાંચ અથવા વધુ માણસોની મંડળીમાં
કોઇ માણસે સામેલ રહેવું જોઈએ, અને જો પાંચમો સક્ષ, તથા બાકીના સક્ષો ચાલ્યા જા-
ય, અને પછવાડે જે ચાર રહે, તેઓ હુકમને તાબે થવા ના પાડે તો, તેઓ, એ કલમ
માંહેલો ગુન્હો કરનારા થતા નથી. ત્રીજો અમારો વાંધો એ છે કે, મંડળીને વીખરાઇ
જવાનો કાયદેસર હુકમ થયો નહોતો. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાનો બાબ
૭૬ મો જે શને ૧૮૭૪ ના અગીયારમા આકટની કલમ ૪૩ મીથી હાઈકોર્ટને લાગુ પડયો
છે, તે બાબ માંહેની ૪૮૦ (૧૨૭)મી કલમમાં લખ્યું છે કે. "કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીને,
અથવા જેથી લોકોની સુલેહમાં ગડબડ થવાનો સંભવ હોય એવા પાંચ અથવા વધારે મા-
ણસોની મંડળીને, વીખરાઈ જવાનો હુકમ કરવાને કોઇ ધણ માજીસ્ત્રેટ અથવા જે અમ-
લદારના હવાલામાં કોઇ પોલીસ થાણું હોય, તે અમલદાર મુખત્યાર છે; અને એવો હુકમ
થએથી તે હુકમ મુજબ વીખરાઇ જવાની તે કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુતોની ફરજ
છે. આ કલમ કલકત્તા તથા મુંબાઇ એ શેહેરોમાં પોલીસને લાગુ છે"

એવું સાબીત નથી થયું કે, સ્મીથ અથવા એવીન સાહેબ તેવી જાતના અમલદાર
હતા. અને કોઇ માજીસ્ત્રેટે હુકમ આપ્યો હતો એવું કહેવામાં આવ્યું નથી (જસ્ટીસકે
બોલે ૧૩૭ મી (૫૫૦) કલમ જોવાનું કહ્યું.) આ કલમ હાઈકોર્ટને લાગુ પાડી નથી. તે
કાયદાની થોડી કલમો મુંબઈના કાયદાકારોએ લાગુ કરી છે. આ બાબતમાં છેવટ મારે એ-
ટલુંજ કહેવાનું છે કે, સુલેહનો ભંગ થવાની ધાસ્તી હોવાના સંભવનો જરાએ પુરાવો પ-
ડયો નથી. જે પુરાવો કબુલ રાખીને ભરોંસા પાત્ર ગણવામાં આવ્યો છે, તે બધો પોલી-
સના કારણો શીકે અભીપ્રાયો છે. જો ફોજદારી કામોમાં પોલીસ તરફથી ફરીયાદ થઇ
હોય, તેમાં પોલીસનાં માણસોનો અભીપ્રાય કબુલ રાખવો એથી પોતાના મુકરદમાના
તેઓ ઇનસાફદાર થાય છે. હી. પી. કો. ની ૧૮૮ મી કલમના ગુન્હાનો ઠરાવ કર્યો છે.
તેના સંબંધમાં, ન ગાવાના હુકમ શીવાય, બીજા બે હુકમો બંધવાઓને કર્યાનું કહેવામછે.
એટલે કે નેજા ઉતારી નાંખવાનો હુકમ, તથા સરગસ બીલકુલ નહીં ચલાવવાનો પો-
લીસ કમીશનર સરફ્રાંકસુટરનો હુકમ. આ છેલો હુકમ કમીશનરને કાઢવાનો અધિકાર નથી.
સને ૧૮૫૬ ના તેરમા આકટ (મુંબઇ શેહેરની પોલીસનો કાયદો) ની કલમ ૭૭ મી પ્રમા-
ણે જ્યારે કોઇ સરગસ નીકળે, ત્યારે તેને કેમ ચલવવું એ બાબતના નીયમો, સ્થાનીક સર-
કારની વરધી મુજબ, બાંધવાને કમીશનરનો અખતીયાર છે. પણ સરગસ બીલકુલ ચલ-
વવું નહીં, એવો હુકમ કરવાને તેને અધિકાર મળ્યો નથી. મેજર ટકરને કહેવામાં આવ્યું
હતું કે, તારે બીલકુલ સરગસ કાઢી ચાલવું નહીં, નિયમ બાંધવાના અધિકારમાં મનાઇ
કરવાના અધિકારનો સમાસ થતો નથી. જુઓ કયાલંડર નાવીગેશન કંપની. વિ. પીલ્કીં

સરકાર તરફના એડવોકેટ જનરલને આ કામમાં હાજર રહેવા હાઇકોર્ટે હુકમ કર્યો નહોતો.

જસ્ટીસ કંબોલનો ઠરાવઃ—

હાઇકોર્ટમાં ફોજદારી કામ ચલાવવાની રીતના ૧૮૭૫ ના દસમા આકટની કલમ ૧૪૭ મી પ્રમાણે અમોને જે ખાસ અધિકાર આપવામાં આવ્યો છે, તે અધીકાર વાપરીને વચમાં આવવાની આ એક અરજી છે. કાયદા પ્રમાણે આ કામની અપીલ થઇ શકતી નથી. (જુઓ ૧૮૭૭ના ચોથા આકટની કલમ ૧૬૭ તથા ૧૮૦ મી) પી. કો. ની કલમ ૧૫૧ મી તથા ૧૮૮ મી કલમો માંહેલા ગુન્હાઓના બંધવાઓ અપરાધી ઠર્યા છે. દેખીતા આ બે જુદા જુદા ગુન્હાઓ છે, પરંતુ દરેકનો સાર એકજ, અને તે ઘણીજ હલકી સજા તેને માટે કરી છે. ટકરનો પચાશ રૂપૈઆ દંડ કર્યોછે, અને બીજા બે જુણાઓનો પચીસ પચીસ રૂપૈઆ દંડ કર્યો છે. હવે માત્ર એટલુંજ જોવાનું રહેછે કે, આ મુકરદમામાં ઇનસાફ ઊંધો વળે છે, એમ ધારવા સારૂ તેના ગુણ દોષ ઉપરથી જોઇએ તેટલો પુરાવો પડયો છે કે નહીં. ઇ. પી. કો. ની કલમ ૧૫૧ મી માંહેલા ગુન્હાના તોહોમતના સંબંધમાં એવી દલીલ કરવામાં આવી છે કે, કોઇ મંડળી થઇ નહોતી, કેમકે માત્ર ત્રણ સક્ષોની પછવાડે મેજીસ્ટ્રેટના કહેવા પ્રમાણે ૫૦–૬૦ માણસો ચાલ્યાં જતાં હતાં અને મંડળીના અર્થ વાસ્તે વેબસ્ટરની ડીક્ષનેરીમાં જોવામાં આવ્યું છે. અને તે ઉપરથી એવો ઇસારો કરવામાં આવ્યો છે કે, કોઈ સક્ષો રસ્તે ચાલ્યા જતા હોય, અને તેની પછવાડે બીજા સખસો ચાલ્યા જતા હોય, અને ઘણી વખત સુધી તેઓ ઉભા રહેતા ન હોય તો, તેઓના જમાવટને મંડળી ગણી શકાતી નથી. પરંતુ સામાન્ય અકલથી જોતાં સાફ ચોખું દેખાય છે કે, આ બંધવાઓના કૃત્યથી તેઓના તરફ માણસોનો જમાવટ થવાનો સંભવ હતો. ખરેખરૂં જોઇએ તો તેઓની મતલબ પણ માણસોને એકઠાં કરવાની હતી. માટે બંધવાઓ તથા જે માણસો તેઓની સાથે સામેલ થયા હતા, તેઓનાથી પાંચ અથવા વધારે માણસોની એક મંડળી થઈ હતી, પછી તે મંડળી સ્થીર હતી કે ચાલતી હતી તેની ચીંતા નહીં. વળી એમ કહેવામાં આવ્યું છે કે, તે મંડળીના બીજા અંગભુતોને વીખરાઇ જવાનો હુકમ થતાં તેઓ વીખરાઈ ગયા હતા, ત્યારે બંધવાઓએ વીખરાઇ જવાની ના પાડી હતી. એ વાત ખરી નથી. પરંતુ મેજીસ્ટ્રેટનો ઠરાવ જોતાં પુરાવો સાવ દીવા જેવો છે કે, મંડળીના બાકીનાં માણસોને વીખેરી દીધા અગાઉ બેવીન, તથા સ્મીથ સાહેબ, ટકર સાહેબ તથા તેના બે ભાઇબંધો પાસે ગયા હતા. અને વીખરાઇ જવાનું તેઓને કહ્યું હતું, પણ તેમ કરવાની તેઓએ સ્પષ્ટ રીતે ના પાડી હતી. અને અમારી પાસે એવો કોઇ કરાર પત્ર (એફીડેવીટ) આપ્યો નથી કે, જે ઉપરથી એમ કહી શકાય કે, પુરાવાની આ હકીકત ખોટી છે. જ્યારે આમ છે તો હવે અમોને સાફ જણાય છે કે, જે મંડળીને વીખરાઇ જવાનો હુકમ થયો હતો, તે મંડળીમાં બંધવાઓ જાણી બુજીને સામેલ રહ્યા હતા. પરંતુ એવી તકરાર કરવામાં આવી છે કે, ઉપર કહેલા પોલીસ અમલદારોને કોઇ ગેરકાયદેસર મંડળીને વીખરાઇ જવાનો હુકમ આપવાનો બીલકુલ અધીકાર નહોતો. અને લોકોની સમાધાનીમાં ખલેલ પહોંચવાનો પણ સંભવ નહોતો. "જે અમલદારના હવાલામાં પોલીસનું થાણું હોય," તેની કોઈ વ્યાખ્યા નથી. પરંતુ મુંબઈમાં પોલીસનાં થાણાઓ તેઓના અમલદારના હવાલામાં છે, એમ અમે સમ-

છીએ છીએ. તથા સને ૧૮૭૨ ના દસમા આકટના ૨૧ મા બાબ પ્રમાણે અમલ કરતાં, તેજ કાયદાની ૧૩૭ મી કલમ અમારે ધ્યાનમાં લેવી જોઈએ એવો અમારો અભીપ્રાય છે. તેથી ઘડીભર એમ માનીએ કે, જે અમલદારના હવાલામાં પોલીસનું થાણું હોય, તેવો અમલદાર એડવીન સાહેબ નહોતો. તોપણ પોલીસના ડે. કમીશનર સ્મીથ સાહેબ જે અમલદારોના હવાલામાં પોલીસનું થાણું હોય તે અમલદારો કરતાં ઊંચા દરજાનો પોલીસ અમલદાર હતો. એ વાત કોઇનાથી ના પાડી શકાતી નથી. અને તેથી ફો. કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮૦ માં જે અધીકારનું વીતવન કર્યું છે, તે અધિકાર તેને હતો.

ઉઠાવેલા વાંધાઓમાંથી હવે બાકી રહેલો વાંધો એ છે કે, મજકુર મંડળીથી સુલેહનો ભંગ થવાની વકી હતી કે નહી? તેના સબંધમાં અમોને એમ કહેવામાં આવ્યું છે કે કોઇ પુરૂષોનો અભિપ્રાય તે બાબતનો પુરાવામાં ગણી તેને દાખલ કરવો જોઇએ નહી.

પરંતુ સમાધાનીમાં ખલેલ પહોંચવાની વકી હતી કે નહીં? તે સવાલ અભિપ્રાયની બાબત ગણ્યા વગર છુટકો નથી. અને જે પોલીસ અમલદારની પસંદતા ઉપર મંડળીઓને વીખેરી નાંખવાનું કામ કાયદાએ સોંપેલું છે, તે અમલદારે પોતાના અભિપ્રાય પ્રમાણે ધુન પડે એ રસ્તે વર્તવું જોઇએ. અને તેનો જો એ અભિપ્રાય પુરાવામાં ગ્રાહી હોય તો તેનાં કારણો પણ ગ્રાહી છે. આવા પ્રકારના કામોમાં જે પોલીસવાળાઓ મુંબઇના લોકોને જાણે છે, તેઓનો અભિપ્રાય કીમતી હોવો જોઇએ, એ ઉઘાડું છે. અને આસપાસની બાબતો માજીસ્ટ્રેટે પંડે નજર માંડીને પોતાનો છેવટનો અભિપ્રાય બાંધવો જોઈએ, કે જે કત્યો કરવામાં આવ્યાં તેથી વ્યાજબી રીતે સુલેહનો ભંગ કરવાનો રસ્તો મળે છે કે નહીં. જે જુદા જુદા લોકો મુંબઈમાં રહે છે તેઓને, તથા તેઓની લાગણીઓને, તથા તરત ભડકો ઉઠી જાય એવી મુંબઇની પ્રજાની, વસ્તુતા જે આપણા જાણવામાં છે. તે તથા જે લોકો પોતાની મેળે ફોજની ઉપમા આપે છે, અને જેઓને સિદ્ધ કરવાનો હેતુ એ છે કે, પોતાના વિચારો બીજાઓને દબાણથી ઠસાવવા, તેવા મુક્તીફોજવાળાના વિચારોને પણ અમે જાણીયે છીયે. તે ઉપરથી અમે જાણીએ છીયે કે, સાધારણ અકલનાં ઘણાંખરાં માણસો એવો નિર્ણય કરે કે, આ મુકરદમા જેવી હરકોઇ મંડળી શાહમારગે ભેગી થાય તેથી ખલેલ પહોંચવાની વકી છે, તો તે કાંઇ નવાઇ ભરેલું નથી. અમારો એવો મત હોવાથી અમે બીલકુલ માનતા નથી કે, ક્રી. પી. કો ની ૧૫૧ મી કલમ માંહેલાં તોહમતોના સંબંધમાં કોઇ કાયદાની ભુલ થઇ છે. પોલીસ કમીશનરે આ બંધવાઓને સરગસ કહાડી ન જવાનો જે મનાઇ હુકમ કહાડયો હતો તે હુકમનો અનાદર કરવાના સંબંધમાં ક્રી. પી. કો. ની ૧૮૮ મી કલમ માંહેલા ગુન્હાના તોહમત વિશે સને ૧૮૫૬ ના ૧૩ મા આકટની ૭૭ મી કલમ ઉપર ઈનવેરેરીટી સાહેબે જે દલીલ આપી છે તેમાં બેશક કાંઈ મોકમપણું દેખાય છે. પરંતુ આ કામમાં જે પ્રસંગ બન્યો છે. તે પ્રસંગે ગુન્હાના ઠરાવમાંથી તે ઠરાવને લગતો ભાગ ટકાવી રાખવો કે કેમ? તેનો વિચાર કરવા અથવા જે સરગસ ફેરવવાનો ઇરાદો રાખ્યો હતો તે સરગસ ફેરવવાની પોલીસ કમીશનરે મનાઇ કરી તેમાં તેણે વ્યાજબી કર્યું કે નહી? તે નકી કરવાનું અમને જરૂર જણાતું નથી. કાયદા પ્રમાણે અપીલ થેઇ શકતી નથી. તથા ક્રી. પી. કો. ની ૧૫૧ મી કલમ માંહેલા ગુન્હાનો જે ઠરાવ કર્યો છે તે જોતાં, તેમાં ઇનસાફનો મતલબ વધારવા સારૂ તેમાં વચે આવવાની ગરજ દેખાતી નથી. માટે આ અરજી નામંજુર કરવી જોઇએ.

કલમ ૧૫૨ મી.

૧૫૨. કોઇ સરકારી નોકર પોતાનો સરકારી હોદો બજાવવામાં કાંઇ કાયદા વિરૂધ મંડળીને વીખેરી નાંખવાની અથવા કાંઈ હંગામો કે બખેડો બંધ પાડવાની મેહેનત કરતો હોય તેવામાં તેની ઉપર જે માણસ હુમલો કરે, અથવા હુમલો કરવાનો ડર દેખાડે અથવા તેને હરકત કરે, અથવા હરકત કરવાની કોશીશ કરે, અથવા તે સરકારી નોકર પર સાપરાધ બળ વાપરે, અથવા તે વાપરવાનો ડર દેખાડે અથવા તે વાપરવાની કોશીશ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

હંગામો બંધ પાડવા વગેરેનું કામ કરતો હોય તેવામાં કોઇ સરકારી નોકરની ઉપર હુમલો કરવો અથવા તેને હરકત કરવી.

કલમ ૧૫૩ મી.

૧૫૩. જે માણસ દ્વેષ બુદ્ધિથી અથવા દુષ્ટતાથી કાંઇ કાયદા વિરૂદ્ધ વસ્તુ કરીને કોઇ સખસના મનમાં ક્રોધ ઉત્પન્ન કરે અને તે એવા ઇરાદાથી કે તે ક્રોધ હંગામાનો ગુન્હો કરાવે અથવા તે ક્રોધ હંગામાનો ગુન્હો કરાવશે એવો સંભવ છે એમ જાણીને તે એ પ્રમાણે કરે તો અગર તે ક્રોધ ઉત્પન્ન થયાથી હંગામાનો ગુન્હો થાય તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે; અને અગર હંગામાનો ગુન્હો ન થાય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

હંગામો કરવા ના ઇરાદાથી, દુષ્ટતાથી કોઇના મનમાં ક્રોધ ઉત્પન્ન કરવો.

અગર હંગામો થાય તો.

કલમ ૧૫૪ મી.

૧૫૪. જ્યારે કાંઇ કાયદા વિરૂદ્ધ મંડળી મળે અથવા હંગામો થાય ત્યારે જે જમીનપર તે કાયદા વિરૂદ્ધ મંડળી મળે અથવા તે હંગામો થાય તે જમીનના માલીક અથવા કબજેદારને, તથા તે જમીનમાં જેનો હક હોય અથવા જે હકનો દાવો કરતો હોય એવા સખસને એક હજાર રૂપીયા સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે પણ તે ક્યારે કે જો તે અથવા તેનો મુખતિયાર કે કારભારી, તે ગુન્હો થાય છે અથવા થયો છે એવું જાણીને અથવા એવો સંભવ છે એમ માનવાનું કારણ છતાં, પાસેમાં પાસેની પોલીસની ચોકીપરના મુખ્ય અમલદારને તે બાબતની પોતાથી બનતી જલદીમાં જલદી ખબર નહી આપે તો; અને તે ગુન્હો થવાનો છે એમ માનવાનું તેને અથવા તેઓને કારણ છતાં, તે અથવા તેઓ તે ગુન્હો અટકાવવાને સારૂ પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો; અને તે ગુન્હો થયા પછી તે હંગામો બંધ પાડવાને અથવા તે કાયદા વિરૂદ્ધ મંડળીને વીખરી નાંખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો.

જે જમીનપર કાંઈ કાયદાવિરૂધ મંડળી હોય તે જમીનનો માલિક અથવા કબજેદાર.

કલમ ૧૫૫ મી.

૧૫૫. જો કોઇ સખસના ફાયદાને સારૂ, અથવા તેની વતી, કાંઇ હંગામો કરવામાં આવે, અને જે જમીન બાબત તે હંગામો થાય તે જ-

જે સખસના ફાયદાને સારૂ કાંઈ હંગામો ક

મીનનો તે સખસ માલીક અથવા કબજેદાર હોય, અથવા તે જમીનમાં અથવા જે કાંઇ તકરાર ઉપરથી તે હંગામો થયો હોય તે તકરારની બાબતમાં, કાંઇ હકનો તે સખસ દાવો કરતો હોય; અથવા તેમાંથી તે સખસને કાંઇ ફાયદો થયો હોય અથવા તેણે કાંઇ ફાયદો કબુલ કરયો હોય, તો તે સખસને દંડની શીક્ષા કરવામાં આવશે; પણ ક્યારે કે જો તે અથવા તેવો મુખતિયાર કે કારભારી, તે હંગામો થવાનો સંભવ છે, અથવા તે હંગામો જેથી થયો હોય તે કાયદા વિરૂદ્ધ મંડળી મળવાનો સંભવ છે, એમ માનવાનું તેને કારણ છતાં. તે મંડળી અથવા હંગામો થતો અટકાવવાને, તથા તે હંગામો બંધ પાડવાને અને તે મંડળીને વીખેરી નાખવાનો પોતે પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો.

રવામાં આવે, તે સખસની જવબદારી.

કલમ ૧૫૬ મી.

જો કોઇ સખસના ફાયદાને સારૂ, અથવા તેની વતી; કાંઇ હુંગામો કરવામાં આવે, અને જમીન બાબત તે હુંગામો થાય તે જમીનનો તે સખસ માલિક અથવા કબજેદાર હોય, અથવા તે જમીનમાં અથવા જે કાંઇ તકરાર ઉપરથી તે હુંગામો થયો હોય તે તકરારની બાબતમાં, કાંઇ હકનો તે સખસ દાવો કરતો હોય, અથવા તેમાંથી તે સખસને કાંઇ ફાયદો થયો હોય, અથવા તેણે કાંઇ ફાયદો કબુલ કરયો હોય, તો તે સખસ મુખતિયાર અથવા કારભારીને દંડની શિક્ષા કરવામાં આવશે; પણ કયારે કે જો તે મુખતિયાર અથવા કારભારી, તે હુંગામો થવાનો સંભવ છે. અથવા તે હુંગામો જેથી થયો હોય તે કાયદા વિરૂધ મંડળી મળવાનો સંભવ છે. એમ માનવાનું તેને કારણ છતાં, તે મંડળી મળતી અથવા હુંગામો થતો અટકાવવાને, તથા તે હુંગામો બંધ પાડવાને અને તે મંડળીને વિખેરી નાંખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડતો.

જે માલિક અથવા કબજેદારના ફાયદાને સારૂ કાંઈ હુંગામો કરવામાં આવે તે સખસના અખતીયારની જવાબદારી.

એ. વિ. કેસરે હિંદ.

कोइ एक गळीना कारखानाना. उपरीने, पी. को. कलम १५६ मी प्रमाणे गुन्हेगार ठरावबा सारु, त्रण बाबतनी पुरवारी थवी जोइए. पेहेली हंगामो थयो हतो. बीजी जो हंगामो थयो हतो, तो ते तोहामत वाळाना लाभने माटे थयो हतो. त्रीजी हंगामो रखेने थशे, एवुं तोहोमत वाळाने मानवानुं कारण हतुं.

કલમ ૧૫૬

૧

તા૦ ૨૨-૯-૮૩
ઇ. ૧ અ. પા. ૩૩૮

કોઇ જમીનના કબજેદારના લાભને અરથે હુંગામો થયો હોય તો તેને આ કલમ પ્રમાણે જવાબદાર ગણવા સારૂ તે ત્રણ વાતોની સાબેત થવી જોઈએ. [૧] હુંગામો થયાની [૨] જે હુંગામો થયા તે તેના લાભને માટે થયાની [૩] હુંગામો થવાની દેહશતની વાકેફગારી હોવાની.

આ ફોજદારી કામ, એક ગળીના કારખાનાના ઉપરી ઉપર, પીનલકોડની કલમ ૧૫૫ મી માંહેલા ગુન્હા માટે, ચાલ્યું હતું, એક તરફ પોતાના નોકરો અને બીજી તરફ પડોશીની જમીનના માલેકોના ગણોતીઆ વચે, જે હુંગામો થયેલો કહેવામાં આવ્યો છે. તે હુંગામો અટકાવવાને બધા કાયદેસર ઇલાજો કામે નહીં લગાડયાનું, તોહોમત રાખવામાં

આવ્યું હતું. એ હંગામો તેના હીતને વાસ્તે થયેલો હતો. અને હંગામો થશે, એવું માનવાને તેને કારણ પણ મળ્યું હતું.

ફરીયાદ પક્ષવાળાનો કેસ એવો હતો કે, કારખાનાના લોકો, તથા કેટલાક ખેડુતો વચ્ચે, કેટલીક જમીનના કટકાઓ સંબંધી, ઘણો વખત થયાં માંહોમાંહે, તકરાર ચાલતી હતી. તે કટકાઓ, ગળીવાળાઓએ જબરદસ્તીથી ખેડુતો પાસેથી લેઇને, તેમાં તેઓએ ગળી વાવી દીધી હતી. આ કટકાઓ વાસ્તે ખેડુતોએ, દીવાની દાવા કરેલા હતા. અને હુકમનામાં પણ મેળવ્યાં હતા. અને હંગામો થયો, તે પેહેલાં બે રોજ અગાઉ તેઓને, તેનો કબજો સોંપવામાં આવ્યો હતો. જ્યારે દીવાની કોર્ટના નાજરે કબજો સોંપ્યો, ત્યારે કારખાનાના ઘણાક નોકરો હાજર હતા, ને તે વખતે ગળીના છોડ, જમીનથી છછ ઈંચ ઊગીને વધેલા હતા. ૯ મી માર્ચના સવારના સાત વાગે, કારખાનાનો ઉપરી બ્રે સાહેબ તકરારી ખેતરો ભણી, ઘોડે ચઢીને જતો જોવામાં આવ્યો. અને થોડોક વખત વીત્યા પછી તે પોતાનાં કેટલાક માણસો સહીત, તે ખેતરોની પાસે થઈને, તેમાં ઉગેલો ગળીનો મોલ તપાસતો હતો. સવારના સાડાદશ અથવા અગીયાર વાગ્યાને શુમારે, કારખાનાના ઘણાક નોકરો લાકડીઓ લઇને, અને તેમાંથી એક બંદુક લઇને, જ્યાં હુકમનામાના લેણદાર ખેડુતો, ગળીનો મોલ પાડી નાખવાનું કરતા હતા, ત્યાં તેઓ ગયા. તે ઠેકાણે પછી હંગામો થયો. અને ખેડુતોમાંથી એક જણને કારખાનાના બંદુકદારની ગોળી વાગતાં તે મરણ ગયો. જ્યારે હંગામો થયો, ત્યારે બ્રે સાહેબ એક ગાઉ છેટે, પોતાને બંગલે હતો. અને તેણે એ હંગામો અટકાવવા કશા ઇલાજો લીધા નોહોતા; અપીલેન્ટ તરફથી વકીલ ડુન સાહેબે એવી દલીલ આપી કે, ૧૫૫ મી કલમ પ્રમાણે નહીં, પણ ૧૫૬ મી કલમ પ્રમાણે કારખાનાના ઉપરી ઉપર તહોમત રહેવું જોઇએ. અને તેને તેનો જવાબદાર ગણવા વાસ્તે, એવું બતાવવું જોઇએ કે, તે કૃત્ય કરવામાં આવ્યું, તેમાં તેણે પ્રતક્ષ રીતે, કીંવા પરોક્ષ રીતે ઉશકેરણી કરી હતી, અને તે કૃત્ય તે જમીનના માલેક અથવા કબજેદારના, હીતને માટે કર્યું હતું. આ કેશમાં એવું કાંઇ બતાવ્યું નથી કે, હંગામો ખરેખરી રીતે થયો હતો. કેમકે જે માણસ ગોળીથી મરણ ગયો તે હકીકત બાદ કરીયેતો, બીજી એવી કોઇ હકીકત, કહેવામાં આવી નથી કે, જે ઉપરથી બંધવાઓનો સામાન્ય હેતુ શું હતો, તે કલ્પી શકાય. વળી આવા કામમાં બ્રે સાહેબે ઉષ્કેરણી કરી, તેમ તે ઉષ્કેરણી જમીનના માલેક, અથવા કબજેદારના હીતને માટે કરી હતી, એ પણ ધારી શકાતું નથી. હંગામો થશે એવું કારખાનાના ઉપરીને જાણવાને, કાંઇ કારણ હતું. એમ ફરીયાદ પક્ષવાળાઓ બતાવી શક્યા નથી. કેમકે હુકમનામાના લેણદારને કબજો સોંપાવ્યો, એથી હંગામો થયા વગર રહેશે નહીં, એવું અનુંમાન કરવા વાસ્તે તેટલી હકીકત બસ નથી. વળી જે હંગામો થયો, તેવી જાતનો હંગામો અટકાવવા વાસ્તે, બ્રે સાહેબ પાસે સાધનો હતાં, એવું પણ કાંઈ બતાવ્યું નથી.

સરકાર તરફથી વકીલ વ્હાઇટ સાહેબ.

જે હંગામા ગળીના કારખાનાના ઉપરીએ કર્યા હોય, અથવા તેમાં તેઓએ મદદ કરી હોય, એવા હંગામા અટકાવવાનો આ કલમનો હેતુ છે. અને તે કલમ પ્રમાણે ફરીયાદ પક્ષ તરફથી, પુરાવો આપવા સંબંધમાં, માજીસ્ટ્રેટની કોર્ટમાં, પ્રથમ દર્શનીક પુરાવાથી,

વધારે પુરાવો આપવાની જરૂર નથી, કાયદાકારોએ જ્યારે આ કલમ રચી, ત્યારે એવું વીચાર્યું હશે કે, મુળ હંગામાની તજવીજ, પેહેલ વેહેલી થવી જોઈએ. અને સેસન કોર્ટમાં, જ્યાં પુરાવો ઘણોજ બારીકી વાળો, અને જથા બંધ હોય, તેવી સેસન કોર્ટમાં ગુન્હેગારોને શીક્ષા થઇ જવી જોઇએ, અને તે કેશોનો નીકાલ થયા પછી, આવા પ્રકારનો ઇનસાફ થવા સારૂ, ઉપરી ઉપર કામ ચલાવવું જોઇએ. હંગામો થયો છે એ બતાવવાને વાસ્તે, જોઇએ તેટલો પુરાવો છે, કારખાનાના જે નોકરોમાંથી, જેણે બંદુક બાંધી હતી, તેનાથી એક માણુસ મરણ ગયો છે. એમ અમે બતાવીએ છીએ. વળી એવું બતાવીએ છીએ કે, એ સાહેબ સવારમાં કેટલાંક માણુસ લેઈને, ખેતરો પાસે થઈને વટાયો હતો. ને એ ખેતરો માંહેલા મોલનો તપાસ કર્યો હતો. ત્યારબાદ જરા મોડેથી, તેના કારખાનાનાં માણુસોની, સંખ્યાબંધ ટોળી હથિયારો લેઇને હુકમનામાના, લેણદારને ખેતરે ગયા હતા. અને તકરાર ગમે તેવી હતી, તોપણ એક માણુસ મરણ ગયો. એ ખેતરમાં ઉગેલી ગળી, એ સાહેબને ઘણી કીંમતી હતી. એ માણુસોનો જવાનો હેતુ, ગળીના મોલને પાડી નાખતા અટકાવવાનો હતો. અને જો તે પ્રમાણે તેઓએ કર્યુ હતતો, તેના માલેકને નીઃસંદેહ ફાયદો હતો. જુઓ ફીનીલીનો પીનલકોડ, પુષ્ટ ૫૪ તથા રાણી વીરૂદ્ધ હરનાથ રાયનો કેશ (૩ વી. રી. ૫૪)

કોર્ટ તરફથી મીટર, તથા પીઅર્ટ જસ્ટીસે આપેલો ઠરાવઃ—

આ કેશમાં અપીલેંન્ટને જંડીઆના માજીસ્ટ્રેટે, પીનલકોડની કલમ ૧૫૫ પ્રમાણે અપરાધી ઠરાવ્યો છે. તેને ગુન્હેગાર ઠરાવવાને વાસ્તે, એ કલમ સાચી નથી. એ સાફ ઉઘાડું અને નીર વીવાદ છે. અપીલેંન્ટ ફક્ત કારખાનાનો એક કામદાર હતો. અને જે જમીનની બાબતમાં હંગામો થયેલો કહેવામાં આવે છે, તેનો તે માલેક નહોતો. જે કલમ માંહેલા ગુન્હાનું તેના ઉપર તોહોમત મુકવું જોઈએ, તે કલમ ૧૫૧ મી છે. પણ મને એમ લાગે છે કે, ત્રણ મુદાની બાબત ઉપર, પુરાવો આપેલો છે, તે ૧૫૬ મી કલમ માંહેલો ગુન્હો, સ્થાપીત કરવા સારૂ નથી.

હંગામો થયો હતો, એ વાત પ્રથમ સ્થાપીત કરવી જોઈએ. પણ પીનલકોડમાં, હંગામાની જે વ્યાખ્યા આપી છે, તેવો હંગામો થયો હોય, એમ સાબીત કરવા જેટલો પુરાવો નથી. એકજ હેતુવાળી, પાંચ કરતાં વધારે સક્ષની મંડળી થઇ હતી, એવું પ્રથમ બતાવવું જોઇએ. પણ આ કેશમાં કારખાનાના નોકરો, જેઓનાથી ગેરકાયદેસર મંડળી, થયેલી કહેવામાં આવે છે, તેઓના મનમાં એક સરખો હેતુ હતો, એવું બતાવવાને વાસ્તે, કાંઈ પુરાવો નથી. એમ કહેવામાં આવ્યું કે, ગળીના છોડ પાડી નાખતાં, અટકાવવાનો તેઓનો હેતુ હતો. પણ એ બાબત્તમાં ફરીઆદપક્ષવાળા તરફથી કાંઇ પુરાવો પડયો નથી. માટે હંગામો થયો. એમ સાબીત કરવાને વાસ્તે, કાયદેસર પુરાવો નથી.

બીજો મુદો એ છે કે, ઘડીભર માનીયે કે, હંગામો થયો હતો. પણ તે હંગામો તે જમીનના માલેક અથવા, કબજેદારના હીતને અર્થે થયો હતો. એ વાતનો ફરીયાદ પક્ષવાળા તરફથી, કશો પુરાવો પડયો નથી. જો બધાનો એક સરખો હેતુ, ગળીના છોડને પાડી નાખતા, અટકાવવાનો હતો, તો તે બાબત બેશક એમ વાજબી રીતે, અનુમાન લઈ શકાત

કે, હંગામો જમીનના માલેકની વતી અથવા તેના હીતને માટે, કરવામાં આવ્યો હતો. પણ એ વાત સાબીત થઈ નથી. તેથી એમ નીકળે છે કે, જો હંગામો થયો, તોપણ તે હંગામો જમીનના માલેક, અથવા કબજેદારના, હીતને વાસ્તે થયો હતો. એમ દેખાઇ આવતું નથી.

ત્રીજી બાબત એ છે કે, અપીલેંન્ટને, રખેને હંગામો કરવામાં આવશે, એમ આગળથી માનવાનું કારણ હતું, એમ બતાવ્યું નથી. અલબત એ વાત, પ્રત્યક્ષ પુરાવાથી ભાગ્યેજ સીદ્ધ થઇ શકે છે. પણ જે પ્રસંગો ઉપરથી, તેનું વાજબી રીતે અનુમાન થાય, તે આ પ્રસંગોની હયાતી હોવી જોઈએ. આ કેશમાં જે પ્રસંગો સાબીત થયા છે. તે એ છે કે, જ્યારે કહેવામાં આવેલો હંગામો થયો, તે વખતે બ્રસાહેબ કારખાનામાં હતો. અને હંગામો કરનારાઓમાં કારખાનાના કેટલાએક નોકરો હતા. પણ એ હકીકત ઉપરથી હંગામો જો થયો હોય, તો તેની પેહેલાં તે રખેને થશે, એવું અપીલેંન્ટને માનવાનું કારણ હતું, તેવું અનુંમાન કર્વાને વાસ્તે, બસ નથી. આ ત્રણે બાબતો ઉપર મને જણાય છે કે, પુરાવો પુરતો નથી. માટે આ ઠરાવ અને શીક્ષા રદ કરી, દંડ લીધો હોય તો પાછો આપવા હુકમ કરૂં છઊં.

જસ્ટીસ પીગટનો અભીપ્રાય.

હું ઉપરના ઠરાવને તદન મળતો આવું છઊં. માત્ર એટલુંજ ઉમેરવા માગું છઊં કે, જે કલમોથી મેજીસ્ત્રેટોને મોટી સતા મળે છે, તે કલમો લાગુ કરવામાં જે સક્ષોને તેવો અધીકાર વાપરવાનું સોંપેલું છે, તેઓએ અનુમાન કે શક ઉપર, અમલ કરવાનો નથી પણ પુરાવા ઉપરથી, અમલ કરવાનો છે. એમ માહારો અભીપ્રાય છે. કાયદાકારોનો હેતુ, ફરીઆદના વીદવાન વકીલે સમજાવ્યો, તેવો હોય કિંવા ન હોય, તથાપી આવી જબરી કલમો, કાયદામાં દાખલ કરવાનો ગમે તેવો પ્રસંગ હોય, તોપણ અમારે ઠરાવવું જોઇએ કે, તે કલમોનો કાયદો, અટકળ ઉપરથી નહીં, પણ પુરાવા ઉપરથી લાગુ કરવો જોઇએ.

કલમ ૧૫૭ મી.

૧૫૭; જે માણસ પોતાના કબજા કે હવાલા માંહેના અથવા પોતાના અખતિયાર તળેના કોઇ ઘર કે જગામાં, કોઇ સખસોને રાખે, અથવા દે, અથવા એકઠા કરે, અને તે એવું જાણીને કે કોઇ કાયદા વિરૂધ મંડળીમાં સામીલ થવાને અથવા અંગભુત થવાને એ સખસો પૈસા આપવા કરીને અથવા કોઇ બીજી રીતે રાખવાના છે, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇકાયદાવિરૂધ મંડળીને સારૂપઇસાઆપવા કરીને રાખેલા સખશોને ઘરમાં રાખવા.

કલમ ૧૫૮ મી.

૧૫૮. ૧૪૧ મી કલમમાં લખેલાં કામો માંહેના કાંઇ પણ કામ કરવાને અથવા તે કરવામાં મદદ કરવાને જે માણસ પઇસા લેવા કરીને અથવા કોઇ બીજી રીતે રેહે અથવા પઈસા લેવા કરીને કે કોઇ બીજી રીતે રેહેવાનું કહે અથવા રેહેવાની કોશીશ કરે, તે માણસને છ મહિનાની મુદત સુધીની બેમાં ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. અને ઉપર લખ્યા પ્રમાણે પઈસા લેવા કરીને અથવા કોઇ બીજી રીતે રહયા પછી જે માણસ જીવ લેનારૂં કાંઇ હથિયાર અથવા જે મારેથી સામા માણસનો પ્રાણ જાય એવી કાંઈ વસ્તુ સાથે લઇને ફરે, અથવા ફરવાનું કબુલ કરે કે કહે, તે માણસને બે વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ કાયદા વિરૂધ મંડળી અથવા હંગામામાં સામીલ થવા સારૂ પઈસા લેવાકરીને રહેવું.

અથવાહથિયારબંધ થઇનેફરવું.

કલમ ૧૫૯ મી.

૧૫૯. જ્યારે બે અથવા વધારે સખસો કોઇ જાહેર જગામાં મારામારી કરીને લોકોની સુલેહમાં ગડબડ કરે, ત્યારે તેઓએ તે "બખેડો" કર્યો એમ સમજવું.

બખેડો.

કલમ ૧૬૦ મી.

૧૬૦. જે માણસ બખેડો કરે તેને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એકસો રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બખેડો કરવાની શિક્ષા.

કલમ ૧૬૧ મી.

જે માણસ સરકારી નોકર હોય, અથવા સરકારી નોકર થવાની ઉમેદ રાખતો હોય, તે માણસ પોતાના હોદ્દાનું કાંઇ કામ કરવા અથવા ન કરવાનાં કારણ દાખલ અથવા બદલામાં, અથવા પોતાનો હોદ્દાનો અમલ ચલાવવામાં કોઇ સખસની ઉપર મેહેરબાની અથવા ઇતરાજી કરવા અથવા ન કરવાનાં કારણ દાખલ અથવા બદલામાં, અથવા હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે, અથવા કોઇ પ્રેસીડેન્સીની સરકારની જોડે, અથવા કોઇ લીફટેનંટ ગવરનરની જોડે, અથવા કોઇ પણ સરકારી નોકરની જોડે તેના સરકારી હોદ્દા સંબંધી કોઇ સખસને માટે અથવા કોઇ સખસની વિરૂદ્ધ કાંઇ વગ ચલાવવાનાં અથવા વગ ચલાવવાની કોશીશ કરવાના કારણ દાખલ અથવા બદલામાં, કોઇ પણ સખસ પાસે, પોતાને માટે અથવા બીજા કોઇ સખસને માટે, કાયદેસર મેહેનતાણાં શિવાય બીજો કોઇ પણ અવેજ લે, અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાને કોશીસ કરે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કાંઇ સરકારી નોકરીના કામ સંબંધી કાયદે સર મેહેનતાણા સિવાય કોઇ સરકારી નોકરે કાંઈ બીજો અવેજ લેવો.

ખુલાસો—"સરકારી નોકર થવાની ઉમેદ રાખતો હોય" અગર કોઇ સખસ સરકારી નોકર થવાની ઉમેદ રાખતો ન હોય, અને તે બીજાઓને એમ સમજાવે કે મને સરકારી નોકરી મળવાની છે અને ત્યારે હું તમારૂં કામ કરી આપીશ, અને એ પ્રમાણે તેઓને ઠગીને કાંઇ અવેજ મેળવે તો તે ઠગાઇનો ગુનેહગાર થઇ શકે, પણ તે કાંઇ આ કલમમાં બયાન કરેલા ગુનાહનો તકસીરવાર ગણાય નહીં.

"અવેજ" અવેજ શબ્દ વડે એકલા પઇશાજ, અથવા તેની કીમત પિઇશાથી થઇ શકે એવો અવેજજ સમજવો નહીં.

"કાયદેસર મેનતાણું" "કાયદેસર મેનતાણું" એ શબ્દો વડે કોઇ સરકારી નોકર જે મેનતાણું કાયદા મુજબ માગી શકે તે મેનતાણુંજ સમજવું નહીં, પણ જે સરકારની તે નોકરી કરતો હોય તે સરકારની તેને જે જે મેનતાણું લેવાની પરવાનગી હોય તે સઘળા મેનતાણાનો તેઓમાં સમાવેશ થાય છે.

"કરવાનું કારણ અથવા બદલો," કોઇ સખસ જે વસ્તુ કરવાનો ઇરાદો રાખતો ન હોય તે વસ્તુ કરવાના કારણ દાખલ, અથવા જે વસ્તુ તેણે કરી ન હોય તે વસ્તુ કરવાના બદલામાં, કાંઇ અવેજ લે, તો તે શબ્દોમાં દાખલ થાય છે.

દૃષ્ટાંત.

(અ) એક મુનસફ, અ એક સરાફ ઝ ની તરફનું હુકમનામુ કરી આપવાના બદલામાં પોતાના ભાઇને ઝ ની પાસે (ઝ ની પેહેડીમાં) એક જગ્યા અપાવે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

(બ) એક કુમ્મક કરનારા રાજાના દરબારમાં રેસીડેન્ટના ઓહોદાપર છતાં તે રાજાના પ્રધાન પાસેથી અ એક લાખ રૂપીઆ લે, અને એમ નહી માલમ પડે કે પોતાના હોદાનું ફેલાણું મુકરર કામ કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં અથવા તે રાજાને માટે બ્રિટીશ સરકારની સાથે કાંઇ મુકરર બાબતમાં વગ ચલાવવા અથવા વગ ચલાવવાની કોશિસ કરવાનાં કારણ દાખલ અથવા બદલામાં, અ એ ઉપલી રકમ લીધી, પણ એમ માલમ પડે કે પોતાનો ઓહદાનો અમલ ચલાવવામાં તે રાજાની ઉપર અફસર મેહેરબાની રાખવાના કારણ દાખલ અથવા બદલામાં અ એ તે રકમ લીધી, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

(ક) કોઇ સરકારી નોકર અ ઝ ને એમ ખોટું સમજાવે કે સરકારની સાથે મારી વગથી તને ખીતાબ મળયો અને એમ કરીને તે ચાકરીના બદલામાં ઝ તેને કાંઇ નાણું આપે એમ કરે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સનજવું.

માહારાણી કેસરે હિંદ. વિ. બલદેવ સાહી.

કલમ ૧૬૧મી.

૧

તા. ૭—૪—૭૯.
ઈ.ર અ. પા.૨૫૩.
રૂશ્વત માગવી એ રૂશ્વત લીધાના ગુન્હાની કોશીશ છે, અને તે સ્પષ્ટ રીતે પણ મગાય છે. અને મભમ રીતે પણ મગાય છે.

कांइ रुशवत मागवी, ते एक रुशवत लेवानी कोशीश छे. अने स्पष्ठ शब्दो बोलीने, जेम संपुर्ण रीते रुशवत मगाय छे, तेम गर्भीत शब्दो बोलीने, पण, तेज रीते रुशवत मागवी होय तो मगाय छे.

तथा ज्यां ब नामनो सखस पेनशन खातामां कारकुनी करतो हतो. तेने एक अ नामना सखसनी मुलाकात थइ, ते अए पेनशन मळवामाटे अरजी करी हती. तेने सदरहु ब ए, ए खातामां पोतानी केटली वगछे ते वीशेनी वात कह्या पछी, तथा ते वगथी तेणे पेनशननी रकममां इजाफो कराव्यो हतो, तेना बे दाखला आपीने कहेवा लाग्यो के, ए बग बदल कांइ रुशवत मळे तो जे करवानुं छे, ते थइ शके एवुं छे. आ मागणी नामंजुर थवाथी, तेणे अ ने कह्युं के, मारी मागणी तुं रद करे छे पण, ते वीशे तुंने पश्चाताप थशे, त्यां.

ठराव्युं के, रुसवत लेवानी कोशीशनो गुन्हो, परीपुर्ण थइ चुक्यो छे.

અલાહબાદ સેસન જડજે, તારીખ ૨૨ મી નવેંબર ૧૮૭૮ ને રોજ, ના સાબીતીનો ઠરાવ કર્યો હતો. તેની સામે સ્થાનીક સરકારે, હાઇકોર્ટમાં આ અપીલ કરી હતી. તારીખ ૧૬ સપ્ટેંબર ૧૮૭૮ને રોજ, એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે, કોઈ બલદેવશાહીને, કાયદા વીરૂદ્ધ અવેજ માગવાની, કોશીશના ગુન્હાનો, હી. પી. કો. ની ૧૬૧મી કલમ પ્રમાણે, અપરાધી ઠરાવ્યો હતો. અપીલમાં બલદેવશાહીને, સેસન જડજે છોડી મુકયો, તે એવો ઠરાવ કરીને કે ગેરકાયદેસર અવેજ મેળવવાની કોશીશનો ગુન્હો કરવા તરફ, બંધવાએ કાંઇ કૃત્યો કર્યા નથી. પરંતુ એવો ગુન્હો કરવાની, તૈયારી કરવા તરફ તે કૃત્યો કર્યાં હતાં, તેથી બંધવાને તે ગુન્હાનો, અપરાધી ઠરાવી શકતો નથી. આ કામની હકીકત, હાઇકોર્ટના ઠરાવમાં જોઇએ તેટલી લખેલી છે.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ.

બલદેવશાહી તરફથી, કોલવીન, તથા ડીલોન સાહેબ.

હાઇકોર્ટ તરફથી જસ્ટીસ સ્પાંકીએ નીચે પ્રમાણે ઠરાવ આપ્યો:—

તા. ૩૦ મી જુલાઇ ૧૮૭૮ ને રોજ, અથવા તે અરસામાં, સરકારી નોકર હોઇને હરકોઇને, પોતાના હોદાનું કામ કરવાના કારણ દાખલ, અથવા બદલામાં કાયદેસર મેહેનતાણા શીવાય, પોતાને માટે અબાસઅલી પાસેથી, કાંઇક અવેજ મેળવવાની, બંધવે કોશીશ કરી. અને તેથી તેણે હી. પી. કો. ની ૧૬૧ મી કલમ મુજબ, શીક્ષા થઈ શકે એવો ગુન્હો કર્યો, એવું તેના ઉપર તોહોમત મુકવામાં આવ્યું હતું.

જો અબાસઅલીની જુબાની મંજુર રાખવામાં આવે તો, તે ઉપરથી સાવ દીવા જેવું ખુલું છે કે, હું બલદેવશાહીને કાંઇ આપીશ તો તે પોતાની વતી મારી તરફેણમાં, ચલવ્યા વગર રહેશે નહીં. એવું તે અબાસઅલી સમઝયો હતો. જ્યારે મેં આ કામનો વીચાર કર્યો, ત્યારે કાયદા વિરૂદ્ધ અવેજ મેળવવાની કોશીશનો ગુન્હો સાબીત થયો છે કે નહીં, તે બાબતમાં પ્રથમ તો મને થોડીક મુશ્કેલી લાગી હતી. પણ હવે મને ખાતરી થાય છે કે, પી. કો. ની ૧૬૧ મી કલમ માંહેલો, ગુન્હો કરવાનો ઇરાદો કેટલોક વખત થયાં, બલદેવશાહીના મનમાં થયો હતો. એટલુંજ નહીં પરંતુ, તે કરવાની તેણે તૈયારી પણ કરી હતી, અને જ્યારે એ તૈયારીઓ અને ગોઠવણો પરીપક્વ થઈ ત્યારે તે ઇરાદાનો અમલ કરવા તેણે કોશીશ કરી. ૧૫ મી જુલાઇ ને રોજ, અબાસઅલીને પેનસન આપવાનો ઠરાવ, એકાઉંટંટ જનરલની ઓફીસમાં આવ્યો હતો, અવો પુરાવો પડયો છે. પરંતુ તેટલામાં મજકુર ઓફીસમાં એક નનામો કાગળ આવ્યો, કે અબાસઅલીની નોકરીની મુદતમાં કેટલાંક તુટવાણો થયાં છે, તેથી તેનું પેનશન મંજુર કરવામાં ઘણી કાળજી રાખવી જોઇએ. એ કાગળ ન નામો હોવાથી, તેના ઉપર ધ્યાન આપ્યા વગર, પેનશન ખાતાના ઉપરી આસીસટંટ એકાઉંટંટ જનરલે, "હમેશ પેનશન આપવાનો" હુકમ કાઢવાનો ઠરાવ કર્યો, અને આ ઠરાવનો અમલ કરવા તેણે પેનશન પગાર ખાતાના, કારકુન બલદેવશાહીને એ બાબતની ફાઈલ આપી દીધી.

તારીખ ૧૨ મી જુન સને ૧૮૭૮ ને રોજ વાયવ્ય કોણના પ્રાંતની સરકારે, પેનસન

આપવાનું મંજુર કર્યું હતું, એવો પણ પુરાવો પડયો છે. ડેપ્યુટી એકાઉંટંટજનરલે પેનશન દેવા સંબંધમાં, જે વાંધો ઉઠવ્યો હતો, તેને સ્થાનીક સરકારે વિચાર કરીને, તે રદ કરવાપછી, કરનાક સાહેબે તારીખ ૧૪ મી આગષ્ટ અથવા તે અરસામાં, ઉપર કહ્યા પ્રમાણેની ફાઈલ આપી દીધી હતી. એટલી વાત પણ સાબીત થઇ છે. તેથી બલદેવશાહીને પુરેપુરી ખબર હોવી જોઇએ કે, પેનસન આપવાના સબંધમાં હવે વધારે વાંધો લેવા જેવું રહ્યું નથી. આગષ્ટ માસના વચલા ભાગમાં જ્યારે અબાસઅલી, બળદેવશાહીને મળ્યો હશે, એમ માસ્ટ્રેટમાને છે, તેને હું મળતો આવ્યુંછું, ત્યારે તેને બલદેવશાહીએ કહ્યું કે, પેનશન આપવાના વાંધા વીશેની એક નનામી અરજી આવી છે, અને તેમાં જે લખેલું છે તે ઉપરથી મને બીક લાગે છે કે, વખતે તેમાં કાંઈ વીપરીત થાવું હોય તો થાય, કેમકે બીસ સાહેબે ઘણાક વાંધા લીધા છે તથા તે ઉપરથી તેણે રીપોર્ટ કર્યો છે કે, વાજબી જે પેનસન આપવું જોઇએ, તેના કરતાં દરમાસે પચીસ રૂપીયા વધારે મંજુર થયાછે. એ અરજી વળતે દીવસે અબાસઅલીને બતાવવાનું બળદેવશાહીએ કહ્યું હતું. વળતે રોજ એકોન્ટંટ જનરલની આફીસ પાસે બળદેવશાહીને અબાસઅલી મળ્યો. તેવખતે તેના હાથમાં બેલીફાઇલ હતી. અને ત્યાંથી ઘોડા ગાડીમાં બેસાડીને તેને પોતાને ઘેર લઇ ગયો. તે વખતે સાંઝ હતી, તેથી બલદેવશાહીએ કહ્યું કે, હવે બહુ વખત થઇ ગઇ છે. માટે તું કાલ સહવારે આવતો ઠીક, અને ત્યારે હું તમને પેલો કાગળ બતાવીશ.

આટલે દરજે બળદેવશાહીએ, પોતાનો આગળથી ટેવી રાખેલો મનસુબો, અમલમાં લાવવા વાસ્તે, તૈયારીઓ કરી હતી. વળી તેણે અબાસઅલીની ઉતકંઠાને જાગૃત કરી હતી, તથા જે પેનશન, નકી થઈને આવ્યું છે તે પુરેપુરૂં લેવાના રસ્તામાં, હજુ કેટલીક હરકતો છે એવું ખોટી રીતે કહીને, તેને ધાસ્તીમાં નાખ્યો હતો. વળતે રોજ સવારના આઠ વાગે, બળદેવશાહીએ પેલો નનામો પત્ર વંચાવ્યો. અને બે પેનસનના સવાલનાં કામો, મહારી વગથી પાર પડયાં હતાં. એ વાત તેણે તેને કહી, એક કામમાં મીરઝાંઅલીને, ત્રીજા ભાગનું પેનશન મળવાનું હતું, તે ઠેકાણે બીજા ભાગનું પેનશન તેને મેળવી આપ્યું હતું. અને બીજા કામમાં અલીબક્ષખાના પેનશનમાં, વધારો કરીને દરમાસે ૪૦૦ રૂપીઆ, પેનશનના કરાવી આપ્યા હતા. જો આ પુરાવો ખરો હોયતો, લોકોને સારૂ પેનશન મેળવાવી આપવાની, તેની સફલ કોશીશો વીશે તેની કહેલી હકીકતને લીધે, અબાસઅલીના મન ઉપર અસર કરવાનો મતલબ હોય, એમાં કશોએ વાંધો લીધો નથી. જેનું નામ લેવડ દેવડ કહેવાય છે, અને જેથી અબાસઅલીની પાસેથી, રૂશવત મેળવવાની કોશીશ કહેવાય છે, તે હવે આંહીંથી શરૂ થાય છે.

"ઇરાદાની ટેવણી કરી, તથા ગોઠવણોને બરોબર પરીપકવ કરી, અને સઘળી તૈયારીઓ કરી, અને જોકે કાંઇ ચોકસ રકમ માગી નહોતી, તોપણ વાતચીત એટલે બધે સુધી ચાલી કે, બળદેવશાહી શું કરવા માગે છે, તે બધું અબાસઅલી સમજી ગયો. અને અબાસઅલીએ કાંઇ ગોઠવણ કરવાની ના પાડી. તેથી, જે વાત બીજી રીતે ફળદાયક થાત, તેને તેણે અટકાવી દીધી, અને તેણે કહ્યું કે, હું તને કાંઇ આપવાનો નથી. બળદેવશાહીએ જાણ્યું કે માહારી કોશીશ નીશફળ ગઈ એ વાત "તારે પશ્ચાતાપ કરવો પડશે," એ તેના કહેલા વાક્ય ઉપરથી જણાઇ આવે છે. બળદેવશાહીએ જે કહ્યું તે કોઇએ રાજી

ખુશીથી સાંભળી તે ઉપર લક્ષ દીધું હત, તો જેવી રીતે બળદેવશાહીએ રૂશવતની રૂપે પૈસાની લેવડ દેવડ કરવાનું સૂચવ્યું હતું, અને કેમ કરવું તે અબાસઅલી સારી રીતે સમજતો હતો, તેણે તે વાત મંજુર રાખી હતતો બેશક અબાસઅલીની ઈચ્છા પ્રમાણે થાત, અબાસઅલી બળદેવશાહી, રૂશવત લેવાની કોશીશમાં ફતે પામત એટલુંજ નહીં, પણ પી. કો. ની ૧૧૬ મી કલમ માંહેલો ગુન્હો અબાસઅલીને હાથે ને કરાવત. તેથી જે પુરાવો પડયો છે, તે સાચો હોયતો બંધવા ઉપર પી. કો. ની ૧૬૧ મી કલમ માંહેલા ગુન્હાનું તહોમત છે તે મારા અભીપ્રાય મુજબ સાબીત થયેલું લાગે છે.

મુકરદમાના ગુણદોષ ઉપરથી બંધવાના અપરાધીપણા વીશે મને જરાએ શક રહેતો નથી. એ બાબતમાં પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે જે ઠરાવ કર્યો છે, તેને હુ પુરેપુરો મળતો આવું છું. તે ઠરાવમાં કશી ખામી નથી, તથા તેમાં હવે વધારે કાંઈ લખવાપણું નથી. એટલુંજ નહીં પણ જુબાનીઓમાં એક બીજાથી વિરૂદ્ધપણું તથા તુટકપણું થયું છે તેની મુસકેલીનો પણ તેણે નીકાલ કર્યો છે. જે ઓફીસમાં તે નોકર હતો, તેના ઉપરીની બાબતને લેઇને તેજ ઓફીસના બીજા નોકરોએ મને એ ખટપટમાં ફસાવ્યો હતો. એવો બચાવ બંધવો કરી શકયો નથી, તેમજ અબાસઅલીની ઉતકંઠા બળદેવશાહીને સજા કરાવવાની દેખાતી નથી, પણ દફતર ઉપરથી, માલમ પડે છે કે, તેના ઉપર ફોજદારી રીતનું તોહોમત રાખવાને તે ખુશી નહોતો. લખનોરના ડેપ્યુટી કમીશનર પાસે તેણે પ્રથમથીજ કહેલું છે કે, મારી ફરીયાદ વીશે ધ્યાન ન દેવાયતો ઠીક, જો મને પેનશન મળવાનો હુકમ મળે તો મહારે બીજી કોઇ પંચાતમાં પડવાનું નથી.

છેવટ મહારે કહેવું જોઇએ કે, ગુન્હાને માટે જે સજા કરી છે, તે મારા મત પ્રમાણે ઘણીજ રહેમવાળી છે. મારા ભાઇબંધ જસ્ટીસ, પીયરસનનો મત દંડની સજામાં વધારો કરવાનો લાગે છે. તેનાથી હું સંપૂર્ણ રીતે મળતો આવું છઊં.

જસ્ટીસ પીયરસનનો ઠરાવઃ—

મારા માનવંતા ભાઇબંધે અભીપ્રાય બાંધ્યો છે કે, માજીસ્ટ્રેટે પોતાના વીદ્વતા ભરેલા, તથા સારી પેઠે વિચાર કરેલા ઠરાવમાં, જે કારણો દરશાવ્યાં છે, તે કારણોને લેઇને, અબાસઅલીની જુબાની મુદે વીશ્વાસ રાખવા લાયક છે, અને તેથી. હી. પી. કો. ની ૧૬૧ મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે, એવા ગુન્હાનો બંધવો અપરાધી ઠરે છે, એ અભીપ્રાયને હું મળતો આવું છઊં. વળી મને એમ પણ દેખાતું નથી કે, મેજીસ્ટ્રેટે જે રીતે કાંમ ચલાવ્યું છે. તે રીત મુદાની બાબતમાં વાંધાવાલી હતી. "ગુન્હો કરવા તરફ બંધવે કંઇ કૃત્ય કર્યુ નથી. અને જે સઘળું કર્યુ છે. તે ફકત ગુન્હો કરવાની તૈયારી હતી," એવો જે મત સેસન જજે બાંધ્યો છે, તે ભુલ ભરેલો છે. અબાસઅલીને બોલવામાં તથા ન નામી અરજી અને અંક બતાવવામાં, તથા તેમાં લખેલી કેફીયતથી તેને વાકેફ કરવામાં, બંધવો આ ગુન્હો કરવાનો રસ્તો કરતો હોય એમ પણ વખતે હોય, પણ તે હાફીસમાં પોતાની કેટલી વગ છે. તેનું કહ્યા પછી તથા એ વગથી તેણે પેનશનમાં ઈજાફો કર્યાના બે દાખલા આપ્યા પછી, જ્યારે તેણે તેને કહેવા માંડયું કે, કારકુન જે કરવામાં આવી, ત્યારે અબાસઅલીને છેવટ કહ્યું કે, તું મારી માગણી જે નામંજુર કરે છે. કરવાનું ધારે તે

કરી શકેછે. અને જ્યારે એ માગણી ના કબુલ તેને માટે તારે પશ્ચાતાપ કરવો પડશે. રીતે આવી બોલ ચાલથી કાંઈ રૂશવત મેળવવા વાસ્તે, બંધવો ખરેખરી તેને લાલચ આપતો હતો. કંઈ રૂશવત વીશે માગણી કરવી, એ રૂશવત લેવાની એકકોશીશ છે, અને સ્પષ્ટ શબ્દો બોલીને કંઇ રૂશવત પરીપુર્ણ રીતે માગી લેવામાં આવે છે, તેવીજ રીતે ગર્ભીત શબ્દો બોલીને પણ માગી લેવી હોય તો, માગી લેવાય છે. અબાસઅલીને જ્યારે તેણે સમજાવ્યો કે, કંઈ રૂશવતના બદલામાં હું તારી શેવા બજાવવા ખુશી છઊં, કે તરતજ કંઇ રૂશવત મેળવવાની કોશીશનો ગુન્હો પરીપુર્ણ થયો. અને તે પરીપુર્ણ નથી થયો, એવું જે સેસન જજે માન્યું છે, તેમાં તેણે ભુલ કરી છે. મેજીસ્ત્રેટે જે સજા આપીછે. તે, ગુન્હાને માટે જોઈએ તેટલી લાયક નથી. માટે અપીલમાં સેસનજડજે જે ઠરાવ કર્યો છે તે રદ કરીને, તથા મેજીસ્ત્રેટે જે સજા અને ઠરાવ કર્યો છે તે પાછા બહાલ રાખીને, એવો ફેરફાર કરૂં છઊં કે, સદરહુ મેજીસ્ત્રેટે જે સજા આપી છે, તે સજા ઉપરાંત બંધવા બળદેવશાહીએ. રૂા ૨૦૦) દંડના આપવા એને જો તે આપવા કસુર કરે તો તેણે બીજા ૬ માસ સખ્ત કેદ રહેવું.

કલમ ૧૬૨ મી

૧૬૨. લાંચના અથવા કાયદા વિરૂદ્ધ ઉપાયથી કોઇ સરકારી નોકરને પોતાના ઓહદ્દાનું કાંઇ કામ કરવા અથવા ન કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, અથવા તે સરકારી નોકરને પોતાના ઓહદ્દાનો અમલ ચલાવવામાં કોઇ સખસની ઉપર મેહેરબાની અથવા ઇતરાજી કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, હીંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે, અથવા કોઇ પ્રેસીડેન્સીની સરકારની જોડે, અથવા કોઇ લેફટેનેંટ ગવરનરની જોડે, અથવા કોઇપણ સરકારી નોકરની જોડે, તેના સરકારી ઓહદ્દા સંબંધી, કોઈ સખસને માટે અથવા કોઇ સખસની વિરૂધ વગ ચલાવવાને અથવા વગ ચલાવવાની કોશીશ કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, જે માણસ કોઇપણ સખસ પાસે, પોતાને માટે અથવા બીજા કોઈપણ સખસને માટે, કાંઈ પણ અવેજ લે, અથવા મેળવે, અથવા તે લેવાને કબુલ કરે, અથવા મેળવવાને કોશિશ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરની સાથે લાંચના અથવા કાયદા વિરૂદ્ધ ઉપાયથી વગચલાવવા માટે કાંઇ અવેજ લેવો.

કલમ ૧૬૩ મી

૧૬૩. પોતાનો ખાનગી વગ ચલાવીને કોઇ સરકારી નોકરને પોતાના ઓહદ્દાનું કાંઇ કામ કરવા અથવા ન કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં; અથવા તે સરકારી નોકરને પોતાના ઓહદ્દાનો અમલ ચલાવવામાં કોઇ સખસની ઉપર મેહેરબાની અથવા ઈતરાજી કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, અથવા હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે, અથવા કોઇ પ્રેસીડેન્સીની સરકારની જોડે અથવા કોઇ લીવટેનંટ ગવરનરની જોડે, અથવા કોઇપણ સરકારી નોકરની જોડે, તેના સરકારી ઓહદ્દા સંબંધી, કોઇ સખસને માટે અથવા કોઈ સખસની વીરૂધ વગ ચલાવવાને અથવા વગ ચલાવવાની કોશિશ કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં જે માણસ કોઇપણ સખસ પાસે પોતાને માટે અથવા બીજા કોઈ સખસને માટે, કાંઈપણ અવેજ લે, અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાને કોશીશ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરની સાથે પોતાનો વગચલાવવાસારૂ કઈ અવેજલેવો.

દ્રષ્ટાંત.

કોઈ વકીલ જડજની આગળ કોઈ મુકદ્દમામાં તકરાર કરવાને કાંઇ ફી લે તે; સરકારને કાંઇ અરજી કરવી હોય, અને તેમાં અરજદારની ચાકરી તથા તેના દાવાનું બ્યાન કરવું હોય, તે અરજીની બીના બરાબર ગોઠવવા સારૂ તથા તે અરજી શુદ્ધ કરવા સારૂ કોઇ માણસ કાંઇ અવેજ લે તે; કોઈ તકશીરવાર ઠરેલા માણસનો પૈસા આપીને રાખેલો મુખત્યાર જે તે માણસને ગેરબ્યાજબી રીતે તકશીરવાર ઠરાવ્યો છે, એવું બતાવવાને સરકારની આગળ કાંઇ મજકુર લખીને રજુ કરે તે.—એ સખસો આ કલમમાં દાખલ થતા ન

થી કેમકે તેઓ પોતાનો ખાનગી વગ ચલાવતા અથવા ચલાવવાનું કહેતા નથી.

કલમ ૧૬૪ મી

૧૬૪. કોઇ માણસ સરકારી નોકર હોય, તેની બાબતમાં ઉપલી બે કલમો મધે બ્યાન કરેલા બે ગુન્હાઓ માંહેનો ગમે તે ગુન્હો કરવામાં આવે, અને તે ગુન્હામાં મદદગારી કરે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

સરકારી નોકર ઉપર બ્યાન કરેલા ગુનાહોઓમાં મદદગારી કરે તેને શીક્ષા.

દૃષ્ટાંતો.

અ એક સરકારી નોકર છે તે અ ની વહુ બ અ ની પાસે કોઈ મુકરર સખસને કાંઇ જગા આપવાનું અ ને કહેવાના કારણ દાખલ કાંઇ નજરાણું લે, અને અ બ ને તે લેવામાં મદદગારી કરે, તો બ ને એક વરસની, મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા થઇ શકે: અને અ ને ત્રણ વરસની મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા થઇ શકે.

કલમ ૧૬૫ મી.

૧૬૫. કોઇ સરકારી નોકર જે મુકરદમો અથવા મામલો ચલાવતો હોય અથવા ચલાવવાનો હોય, અથવા જે મુકરદમો કે મામલો પોતાના અથવા પોતે જે સરકારી નોકરને તાબે હોય એવા કોઇ સરકારી નોકરના હોદ્દાના અમલની સાથે નીસબત રાખતો હોય, એવા કોઇ મુકરદમા કે મામલા મધ્યે જે સખસનું કાંઇ લાગતું વળગતું હતું; અથવા છે અથવા થવાનો સંભવછે, એમ તે જાણતો હોય, હેવા કોઇ સખસની પાસેથી, અથવા એ પ્રમાણે લાગતું વળગતું હોય, તેવા સખસની સાથે જે સખસનો કાંઇ સંબંધ અથવા સગપણ છે એમ તે જાણતો હોય એવા કોઇ સખસ પાસેથી, તે સરકારી નોકર, કિંમત આપ્યા વગર, અથવા પોતાના જાણ્યા મુજબ ઓછી કીમત આપીને, પોતાને માટે અથવા બીજા કોઇ સખસને માટે, કાંઇ કિંમત વસ્તુ લે, અથવા મેળવે; અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાની કોશિશ કરે, તો તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડનો, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઈસરકારી નોકરની આગળ કાંઈમુકદમો અથવામામલો ચાલતો હોયતે મધ્યે નિસબત રાખનારા કોઇ સખસ પાસેથી તે સરકારીનોકરે વગર કીમત આપેકાંઈ કીમતદારિવસ્તુલેવી.

દ્રષ્ટાંત.

(અ) અ એક કલેકટર છે. તેની આગળ જમાબંધી બાબતનો એક ઝ નો મુકદમો ચાલેછે હવે.ઝ નું એક ઘર અ ભાડે લે, અને એવો બંદોબસ્ત થાય કે અ એ દર મહીને પચાસ રૂપીઆ આપવા, અને તે ઘર એવું હોય કે, અગર તે સાટું શુધ્ધબુધિએ થયું હોય તો અ એ દર મહીને બસેં રૂપીઆ આપવા પડે, તો અ એ ઝ પાસેથી પુરી કીમત આપ્યા વીના કીમતી વસ્તુ મેળવી એમ સમજવું.

(બ) અ એક જડજ છે તેની કોરટ મધે ઝ નો એક મુકદમો ચાલેછે તે ઝ ની પાસેથી બજારમાં સરકારી પ્રામિસરી નોટો વધારે ભાવે વેચાય છે એવી વખતે, ઓછે ભાવે અ કાંઇ સરકારી પ્રામિસરી નોટો ખરીદ કરે, તો અ એ ઝ ની પાસેથી પુરી કિંમત આપ્યા વિના કિંમતી વસ્તુ મેળવી એમ સમજવું,

(ક) ઝ ના ભાઇને ખોટી શાહેદી આપવાના તોહોમત પરથી પકડીને અ માજીસ્ત્રેટની આગળ લેઇ ગયા છે, હવે કોઇ બેંકના શેર બજારમાં ઓછે ભાવે વેચાતા હોય એવી વખતે અ તે બેંકના કાંઇ શેર ઝ ને વધારે ભાવે વેચે, અને તે ભાવ પ્રમાણે ઝ અ ને તે શેરનાં નાણાં ભરે, તો અ એ રીતે મેળવેલા નાણાને તેણે પુરી કીમત આપ્યા વિના લીધેલી કીમત વસ્તુ સમજવી.

માહારાણી કેસરે હિંદ. વિ. કાંતાપ્રસાદ.

કલમ ૧૬૫.

૧

તા૦ ૧૫-૧૨-૭૭
ઈ. ૧ અ. ૫૩૦

સરકારી નોકરને દસ્તુરીની મળતી રકમ બહુજ નહાની હોય છે, પણ એથી મોટી રકમ દસ્તુરીને નામે ખાઈ જવી એ આ કલમ પ્રમાણે ગુન્હો થાય છે.

क नामनो सखस एक पोलीस खातानो नोकर हतो तेने पोलीसथी चोकशी थएला कामोनुं टीपण वांचवा तथा दरेक केसना तोहोमतदार तथा साक्षी सहीत तेनो इनसाफ थवा साद रजु करवा, तेने एक फोजदारी अदालतमां नोकर राख्यो हतो, तेणे एक चोरीना मुकरदमानो अदालतमां निकाल थइने तेमां बे सक्षोने गुन्हेगार ठराव्या पछी, तथा चोरीना मालनी किंमतना पैसा, ते कामना फारीआदीने निकाल करनारी कोर्टे आपवानो हुकम कर्या पछी, सदरहु फारीआदी पासेथी तेणे ते पैसामांथी कांइ भाग मागी लीधो, पण ते. हिं. पि. कोडनी कलम १६१ मी मां वर्णवेला गुन्हामां जे मतलबो कही छे ते मतलब दाखल एक इनाम अथवा अवेज तरीके नहीं परंतु एक दस्तुरी तरीके, तेमां ठराव्युं के आ प्रसंगमां क. हिं. पि. कोडनी कलम १६१ प्रमाणे नहीं परंतु तेज कायदानी १६९ मी कलम प्रमाणे सजाने पात्र थाय छे.

કાંતાપ્રસાદ એક પોલીસ ખાતાનો અધિકારી હતો. પોલીસે તપાસ કરવામાં જે જે કામનાં ટીપણો કર્યા હોય તેનું વંચાણ કરવા સારૂ તથા દરેક કામ અનુક્રમે, તોહોમતદારો અને સાક્ષીઓ સહિત ઇનસાફ થવા રજુ કરવા, એક માજીસ્ત્રેટની અદાલતમાં તેને નોકર રાખેલો હતો, એક રોજ રોજના મામુલ પ્રમાણે એક મુકરદમો તેણે રજુ રાખ્યો, તેમાં એક છતર નામના સક્ષે બીજા બે સક્ષો ઉપર ચોરીના ગુન્હાનું આળ ચઢાવ્યું હતું. આ સક્ષોનો ગુન્હો સાબિત થતાં તેઓને સજા કરવામાં આવી, અને ચોરાયેલી મિલકતમાંથી રૂપૈયા ત્રણની રકમ છતરને સોંપી દેવાનો માજીસ્ત્રેટે હુકમ કર્યો હતો, તે હુકમ થયાબાદ ફરિયાદી (સદરહુ છતર) લાગલોજ અદાલતના મકાનમાંથી ઉઠી ગયો. તુરતજ તેની પછવાડે કાંતાપ્રસાદ પણ અદાલતના મકાનમાંથી હુકમ વગર બહાર આવ્યો. કાંતાપ્રસાદને બાહાર નિકળવાનું કાંઇ કારણ હતું નહીં. ત્યારબાદ એવું બન્યું કે માજીસ્ત્રેટે છતરને અપાવેલી રકમમાંથી કાંતાપ્રસાદે મજકુર છતર પાસેથી કાંઇ રકમ માગી લીધી. આવી કેફીયત ઉપરથી જીલ્લાના માજીસ્ત્રેટે કાંતાપ્રસાદને હી. પી. કો. ની કલમ ૧૬૧ મી માંહેલા ગુન્હાનો અપરાધી ઠરાવ્યો. કાંતાપ્રસાદે અપીલ કરી તેમાં સેસન જડજે એ ઠરાવ ફેરવી નાંખવા ટાણે નીચે મુજબ લખ્યુંછે. એક ફોજદારી કામના ફરિયાદી પાસેથી અપેલેંટે એક રૂપૈયાનું નાનું સરખું હાંસલ લીધુંછે એ વાતમાં જરાએ શક નથી, પરંતુ હિ. પિ. કો. ની ૧૬૧મી કલમ અનુસાર તેને ગુન્હેગાર ઠરાવ્યોછે. તે કલમમાં જે મતલબો કહીછે તે મતલબ સારૂ એક હાંસલ લેવામાં આવ્યું હતું એવું સાબિત કરનારો, અથવા એવી સંભવતા વાળુ દેખાડનારો જરાએ પુરાવો થયો નથી. પૈસા આપનારાએ યથાસ્થિત કહેલું છે. તે મુજબ એક દસ્તુરીના

કહીને આપ્યાનો સંભવછે. આ ગુન્હાની સજા વખતે સને ૧૮૬૧ના પાંચમા આકટની કલમ ૨૯ મી અનુસાર થઇ શકેછે, અને આવો માહારો મતછે. તો નિચલી અદાલતના ઠરાવ ફેરવીને સજામાં સુધારો કરૂંછું, અને ઠરાવુંછું કે કાંતાપ્રસાદે ગયા સપટેંબર માસની ૧૦ મી તારીખથી એક માસ સુધી સને ૧૮૬૧ ના પાંચમા આકટની કલમ ૨૯ મી પ્રમાણે કેદમાં રહેવું.

આ કામ નામદાર હાઇકોર્ટમાં હુકમ થવા વાસ્તે મોકલ્યું હતું.

જસ્ટીસ સ્યાંકીનો ઠરાવ.—

આ મુકરદમાનો અભિપ્રાય જેટલો હિ. પિ. કો. ની કલમ ૧૬૧ મી લેઇને શેસન જડજે બાંધ્યોછે, તે અભિપ્રાય સાચો છે એમ મને લાગેછે. પી. કો. ની કલમ ૧૬૧ મીના શબ્દો પ્રમાણે, કોઇ સરકારી નોકરે પોતાના હોદાનું કાંઈ કામ કરવા અથવા ન કરવાનાં કારણ દાખલ, અથવા પોતાના હોદાનો અમલ ચલાવવામાં કોઇ સક્ષની ઉપર મેહેરબાની અથવા ઇતરાજી કરવા અથવા ન કરવાના કારણ દાખલ મેહેનતાણું લેવું જોઇએ, વળી આ કામમાં ખોટું સાચું પણ કહેવામાં આવ્યું નથી કે, તોહોમતદારને આપલો એક રૂપૈઓ કાંઇ હોદાની રૂઇએ કામ કરવામાં અથવા પોતાના હોદાનું કામ ચલાવવામાં કોઈ સક્ષ ઉપર મેહેરબાની, અથવા ઇતરાજી કરવા અથવા ન કરવાના કારણ દાખલ મેહેનતાણાનો આપ્યો હતો અને બંને પક્ષવાળાઓ વચે કોઈ સમજુતી થઇ નહોતી, તેમ આગળથી સલાહ પરિયાણ પણ ખરેખર થયાં નહતાં, ઇનસાફ થવા વાસ્તે પોલીસ મુકરદમાઓ રજુ રાખવા વાસ્તે માજીસ્રેટની અદાલતમાં બંધવાને રાખ્યો હતો. માજીસ્રેટની અદાલતમાં તે એક પોલીસ કારકુન જેવો હતો. તે કોઇ ગુન્હા મોકલનારો પોલીસ અમલદાર નહોતો તેમજ પોલીસની તજવીજ સાથે તેને કાંઇ નિસબત નથી. જે સક્ષે પંડે રૂપૈઓ આપ્યો તે એમ કહેછે કે તે દસ્તુરીનો કહીને તથા તે મુકરદમાનો અંત આવ્યા બાદ, તથા તોહોમતદારોનો સજાનો ઠરાવ થયા બાદ માગી લીધોછે. એ રૂપૈઆનો આપનાર મુળ ફરિઆદી હતો. હોદાનું કામ કરવા અથવા ન કરવા દાખલ, અથવા હોદાની રૂયે કોઇ સક્ષ ઉપર રાજી અથવા ઇતરાજી બતાવવા અથવા ન બતાવવાના કારણ દાખલ, મેહેનતાણું લેવું જોઇએ એવું એ કલમમાં ફરમાવેલુંછે એમ મને લાગેછે. કામ પુરૂં થઈ રહ્યા પછી, તથા આગળથી સમઝણ કર્યા વગર તે રકમ લેવાની હતી. બંધવાને અદાલતમાં કામગીરી હતી તે કરવાના ઇનામ દાખલ તે રકમ આપવાનું વચન આપીને આપી હતી એવો પુરાવો આ કામમાંથી હાથ લાગતો નથી.

મને એમ લાગેછે કે ૧૬૫ મી કલમ વધારે લાગુ પડતીછે, અને જે માજીસ્રેટે ઈનસાફ કરીને મુકરદમાનો અંત આણ્યો, તેના તાબામાં બંધવો હતો. અને તેથી તેણે મુકરદમાનું છેવટ થયે એક રૂપૈઆનું ઇનામ માગ્યું, માટે તે "કિમતી વસ્તુ" કબુલ કર્યાનો ગુન્હેગાર છે, અને સરકારી હોદાનું કામ કરવા અથવા ન કરવા બદલ કોઇ ખાસ ઇનામ કિંવા બદલાનું તેમાં કાંઇ લાગતું વળગતું નથી. તોપણ માહારી એવી ઇચ્છા છે કે આ કામ બે જડજોની હજુર જવું જોઇયે અથવા માહારી સાથે બીજા બે જડજની રૂબરૂ તેની સુનાવણી થવી જોઇયે. (તે પ્રમાણે આ કામ ચિફ જસ્ટિસની હજુરમાં જતાં તેણે નીચે મુજબ ઠરાવ કર્યો).

ચિફ જસ્ટિસ સ્ટુઅર્ટનો ઠરાવઃ—

જસ્ટિસ સ્યાંકીની સૂચના મુજબ આ કામ માહારી તર્ફ મોસફ જસ્ટિસની રૂબરૂ ચાલવાનો મેં હુકમ કર્યો છે, અને ધ્યાન દેઇને મેં તેનો વિચાર કર્યો છે. જસ્ટિસ સ્યાંકીએ આ મુકરદમાને લગતો આગળ શેરો કર્યો છે અને તેમાં તેણે જે અભિપ્રાય આપ્યો છે તેજ અભિપ્રાયને તેજવળગી રેહે છે એમ હું માનું છું, અને માહારો પણ એજ મત છે કે, પિ. કો. ની કલમ ૧૬૧ મી આ કામની હકીકતને લાગુ થતી નથી, અને માજીસ્રેટે કાયદાની આવી ખોટી ધારણા કરી છે તે જોઇને માહારે અચંબો બતાવવો જોઈયે. આ મુકરદમા જેવા કોઈ મુકરદમાને ૧૬૧ મી કલમમાં સમજાવ્યા પ્રમાણે અવેજ અથવા ઇનામનું બિલકુલ લાગુપણું થતું નથી, એ તમામ ઊઘાડું છે. પણ બીજી રીતે જોતાં તે એક રૂપૈઓ જે છતરે આપ્યો હતો અથવા વખતે તેની પાસેથી જબરાઇથી કઢાવ્યો હશે. તે દસ્તુરીના પ્રકારનો ગણી શકાય એમ હું ભાગ્યેજ ધારી શકું છું. મને એમ લાગે છે કે દસ્તુરીને માટે એટલી રકમ ઘણીજ છે, કેમકે છતરને જેટલું સોંપાયું હતું, તેનો ત્રીજો ભાગ તે રકમ છે, દસ્તુરી તરીકે જે આપવાનો વેવટ છે તે તો બહુજ થોડી હોય છે. આખા હિંદુસ્થાનમાં માહારી માન્યતા પ્રમાણે દસ્તુરીની રકમ એકસરખી નથી. એક રૂપૈયે બેથી તે ચાર પૈસા સુધી તેનો નિરખ છે. હું ધારતો નથી કે એમ કરવું વાજબી છે, પરંતુ એક પોલીસ ખાતાના માણસ તરીકે કાંતાપ્રસાદને દસ્તુરીને નામે કાંઈ લેવું વાજબી હતું તો તે રકમ બે આના કરતાં વધતી હોવી ન જોઈયે. વખતે આ ગુન્હો સને ૧૮૬૧ના આકટ પાંચમાની કલમ ૨૯ મીમાં આવે એવો છે, કેમકે તે રૂપૈયો લેવામાં કાંતાપ્રસાદે ખુલી રીતે પોલીસ ખાતાની સૂચનાઓનું ઉલંઘન કર્યું છે એમ જણાયછે.

વળી પણ હું જસ્ટીસ સ્યાંકીના મતને મળતો આવું છું કે, આના જેવા મુકરદમાનો સમાસ પિ. કો. ની કલમ ૧૬૫ મીના શબ્દોમાં થઇ શકે છે. માત્ર એટલોજ સવાલ છે કે, એ કલમના અર્થ મુજબ એક રૂપૈયો એ કિંમતી વસ્તુ કેહેવાય કે નહીં. જે મિલકત અથવા નાણા સાથે દસ્તુરીની રકમ કેટલા પ્રમાણમાંછે. તે ઉપરથી કિંમત ગણવી જોઇ એમ હું ધારૂં છું, અને આ કામમાં ફોજદારી અદાલતે જે રકમ છતરને અપાવી હતી તેના ત્રીજા ભાગ કરતાં કાંઇક થોડીક ઓછી હતી. માટે માહારો વિચાર એવોછે કે જડજે ઠરાવ કરીને સજા કરી છે, તેને બદલે કાંતાપ્રસાદને પિ. કોડની કલમ ૧૬૫ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવો ઠીક છે, અને તેણે ચાર માસની આસાન કેદ ભોગવવી. વળી હું એવો હુકમ કરવાને ઇચ્છું છું કે તેણે એક રૂપૈયો દંડનો આપવો, અને તેની કસુરી બદલ એક માસ જાદે કેદ ભોગવવી, અને જ્યારે દંડ આપે, અથવા કાયદાની રીત પ્રમાણે વસુલ થાય ત્યારે એ કેદ બંધ રાખવી.

જસ્ટિસ સ્યાંકીનો ઠરાવ.—નામદાર ચિફ જસ્ટિસના ૧૬૫ મી કલમ મુજબ ગુન્હાના ઠરાવના વાજબીપણા વિશે તથા ધારેલી સજા વિશે એક મત થાઉં છું. સેસન જડજે ૧૮૬૧ના આકટ પાંચમાની કલમ ૨૯ મુજબ જે ઠરાવ તથા સજા કરેલાં છે, તે રદ કરવામાં આવે છે, અને તેને બદલે હિ. પિ. કો. ની કલમ ૧૬૫ મી પ્રમાણે બંધવાને ગુન્હેગાર ઠરાવું છું અને વારંટ પણ તે મુજબ કાઢવું જોઇએ.

કલમ ૧૬૬ મી

૧૬૬. કોઇ માણસ સરકારી નોકર હોય. અને તેણે પોતાના સરકારી ઓહદાસર કેમ ચાલવું એ બાબતનો કાંઈ કાયદાનો હુકમ તે જાણી બુઝીને ન માને, એવા ઇરાદાથી કે તે ન માનવાથી કોઈ સખસને કાંઇ નુકશાન કરવું, અથવા તેથી કાંઈ નુકશાન થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સખસને નુકશાન કરવા ના ઇરાદાથી કોઈ સરકારી નોકરે કાંઇ કાયદાનો હુકમન માનવો.

દ્રષ્ટાંત.

(અ) ની તરફનું એક ઈનસાફની કોરટે હુકમનામું કરી આપ્યું હોય તે હુકમ નામુ પુરૂ કરવા સારૂ તે બજાવવામાં કાંઇ મિલકત જપ્ત કરવાનો કાયદાએ અ અમલદારને હુકમ કરયો હોય. તે કાયદાનો હુકમ અ જાણી બુઝીને ન માને અને તે એમ જાણતો હોય કે હું એ હુકમ નહી માનીશ તેથી ઝ ને નુકશાન થવાનો સંભવ છે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

કલમ ૧૬૭ મી

૧૬૭. કોઇ માણસ સરકારી નોકર હોય, અને તેને પોતાના સરકારી હોદાના જોરથી કાંઇ લેખ તૈયાર કરવાનું અથવા તેનો તરજુમો કરવાનું સોંપ્યુ હોય, તે માણસ પોતે જેને ખોટી જાણતો હોય અથવા માનતો હોય એવી રીતે તે લેખ બનાવે, અથવા તેનો તરજુમો કરે, એવા ઇરાદાથી કે તેમ કરીને પોતે કોઇ સખસનું નુકશાન કરવું, અથવા તેમ કરવાથી પોતાથી કોઇનું નુકશાન થાય એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

નુકશાન કરવા ના ઇરાદાથી કોઇ સરકારી નોકરે કાંઇ ખોટો લેખ બનાવવો.

કલમ ૧૬૮ મી

૧૬૮. જે માણસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદાને લીધે કાયદા મુજબ જેની વેપાર નહી કરવાની ફરજ હોય, તે માણસ જો વેપાર કરે, તો તેને એક વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

સરકારી નોકરે કાયદા વિરૂધ વેપાર કરવો.

કલમ ૧૬૯ મી

૧૬૯. જે માણસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદાને લીધે કાયદા મુજબ જેની કાંઇ મીલકતની ખરીદી અથવા માગણી નહી કરવાની ફરજ હોય, તે માણસ જો પોતાને નામે અથવા બીજાને નામે, અથવા બીજાઓની સાથે રહીને કે ભાગમાં તે મીલકતની ખરીદી.

સરકારી નોકરે કાયદા વિરૂધ કાંઈ મીલકતની ખરીદી અથવા

અથવા માગણી કરે, તો તેને બે વરસની મુદત સુધીની આસન૰ કેદની, અથવા દંડની, અથવાએ બંનેની, શિક્ષા કરવામાં આવશે અને અગર તે મીલકત ખરીદ થઇ હશે, તો તે સરકારમાં જપ્ત કરવામાં આવશે. માગણીકરવી.

કલમ ૧૭૦ મી

૧૭૦. જે સખસ પોતે અમુક હોદાપર નથી એમ જાણ્યા છતાં, સરકારી નોકર દાખલ તે હોદાપર હોવાનો ઢોંગ કરે, અથવા તે હોદાપર હોય એવા કોઇ બીજા સખસનો વેશ લે, અને તે વેશ લેઇને, તે હોદાથી ફરતો હોય એવી રીતે કાંઇ કામ કરે અથવા કામ કરવાની કોશિશ કરે તે સખસને બે વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે. કોઈ સરકારી નોકરનો વેસ લેવો.

કલમ ૧૭૧ મી

૧૭૧. જે માણસ સરકારી નોકરોના અમુક વરગનો નહી છતાં, તે વરગના સરકારી નોકરોના પોશાક જેવો પોશાક પેહેરે અથવા તેઓની નીશાણી જેવી નિશાણી સાથે રાખે, એવા ઇરાદાથી કે તે માણસ સરકારી નોકરોના તે વરગમાં છે એમ માનવામાં આવે અથવા એમ માનવામાં આવશે. એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા બસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે. કોઇ સરકારી નોકર જેવો પોશાક પેહેરતો હોય અથવા જેવી નીશાણી સાથે રાખતો હોય તેવા પોશાક અથવા તેવી નિશાણી દગલબાજીના ઇરાદાથી પેહેરવો અથવા સાથે રાખવો.

કલમ ૧૭૨ મી.

જે સરકારી નોકરને પોતાના સરકારી ઓહદાના જોરથી સમન અથવા નોટીસ, અથવા હુકમ કરવાનો કાયદા મુજબ અખતિયાર હોય એવા કોઇ સરકારી નોકરે કરેલો સમન, અથવા નોટીસ અથવા હુકમ પોતાને ન પોહોચાડાય એટલા માટે જે માણસ નાશી જાય, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે અથવા અગર તે સમન, નોટીસ, અથવા હુકમ જાતે અથવા મુખતિયારની મારફતે કોઇ ઇનસાફની કોરટમાં હાજર થવા બાબતનો અથવા કાંઇ લેખ હાજર કરવા બાબતનો હોશે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરની તરફથી થએલો સમન કે હુકમ ન પોહોચે એટલા માટે નાહાસી જવું.

ભાદ્રાપુસીશ્રી નીવાસ તથા જુદા જુદા કામના બીજાઓ. વિ. રાણી.

પોતાની કામગીરી બજાવતાં, જબરીનથી કઢાવવાના આરોપની બાબતમાં, એક તહશીલદારની વર્તણુંક કેહેવી છે, તેની ખાતાની રુયે, તપાસ કરી સરકારમાં એક રીપોર્ટ કરવા સારु, सने १८६९ना मद्रासना त्रे.जा आकटमां ठराव्या प्रमाणे सदरहु तपास करवामां जे लोकोनी जुबानी लेवी अगत्यनी जणाय, तेवा लोकोने समन करी बोलाववा, हरकोइ कलेकटरने अधिकार छे.

ही. पी. को. नी १७२ मी कलम मांहेलो गुन्हो थयो छे, एटलुं साबीत करवा सारु, कोइ समन अथवा हुकम नीकल्यो हतो. अने ते नीकळेलो छे एम बंधवो जाणतो हतो, अथवा तेने जाणवानुं कारण हतुं, ए वात प्रोसीक्युशनवाळाए साबीत करवी जोइए. जे समन के नोटीस हजु नीकल्यां नथी. ते न बजे एटला सारु भागता फरवुं; एथी ही. पी. को.नो १७२ मी कलम मांहेलो गुन्हो थतो नथी. भागता फरवुं तेमां जग्यानी अदल बदल करवी एम अवश्य समजवानुं नथी. संताइ बेठाथी पण तेम थाय छे. कोइ हुकम नीकल्या अगाउ हरकोइ सक्ष संताइ बेसे अने ते नीकल्या पछी, पण एमने एम चालु रहे तो ते भागतो फरेछे एम कहेवायछे,

કલમ ૧૭૨.
૧
તા. ૨૨-૧૨-૭૭
ઇ. ૪ મ. પા. ૩૯૩.

આ કલમ માંહેલો ગુનહો સાબીત કરવા સારૂ પ્રાસીકયુશનવાળાએ સાબીત કરવું જોઇએ કે કોઇ સમન્સ, નોટીસ, યા કાંઇ હુકમ નીકળ્યાની વાત બંધવો જાણતો હતો, અથવા તેને માનવાનું કારણ હતું. સમન્સ નીકળશે એવી બીકથી એક ઠેકાણેથી બીજે ઠેકાણે ચાલ્યા જવું એ આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી.

ચીંગલપટના ડેપ્યુટી માજીસ્ત્રેટે સજા કરી હતી તેની સામે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૪–૨૯૭ (૪૩૫–૪૩૯) મી કલમ પ્રમાણે હાઇકોર્ટને આપેલી આ સાતે અરજીઓની ભેગી સુનાવણી થઇ હતી.

ચીફ જસ્ટીસ ટરનર તથા મુતુસામી આયરે આ કામનો ઠરાવ આપ્યો છે. તેમાં તેની હકીકત તથા દલીલો જોઇએ તેટલી લખવામાં આવી છે.

અરજદારો તરફથી ભાષ્યમ આઇયંગર તથા રામચંદ્ર આયર તથા ગોપાલાચાર્ય.

સરકાર તરફથી શેપર્ડ સાહેબ.

જસ્ટીસ ટરનરે આપેલો ઠરાવઃ--

કોઈ એક તહશીલદાર જ્યારે સરકારી મેહેસુલ ઉઘરાવતો હતો, ત્યારે તેમાં તેણે પોતાના ખાનગી લાભને માટે, ખેડુતો પાસેથી કાયદા વિરૂદ્ધ વેરાઓ ઉઘરાવ્યા છે. તથા પોતાની નોકરીના કામમાં બીજી કેટલીક જાતની ગેરવર્તણુંકો ચલાવી છે, એવી સરકારમાં ફરીયાદ થયા ઉપરથી, સરકારે તે બાબતની હકીકત માગી, અને જે કલેકટરના તાબામાં પેહેલો તહશીલદાર હતો, તેણે તે બાબતની તપાસ કરવા એક ડેપ્યુટી કલેકટરને નીમ્યો.

તપાસ કરવામાં મુદાની હકીકત મેળવવા સારૂ ૧૮૬૯ના મદ્રાસના ત્રીજા આકટમાં ઠરાવ્યા પ્રમાણે સબ કલેકટરે અરજદારો ઉપર સમન કાઢયા.

જે ગામમાં અરજદારો રેહેતા હતા, તે ગામમાં સમન બજાવનારો સમનની બજાવણી કરવા લાગ્યો, ત્યારે અરજદારો તેને મળ્યા નહીં, અને પોતાના ઉપર સમન નીકળશે એવી બીકથી તેઓ પોતાનું ગામ છોડી ચાલ્યા ગયા હતા. એ વાત સાબિત થતાં તેઓને ઈ. પી. કો. ની ૧૭૨ મી કલમ મુજબ સજા થઇ શકે એવા ગુન્હાના અપરાધી ઠરાવ્યા હતા.

આવો ઠરાવ કાયદેસર નથી એવો વાંધો લેવામાં એમ બતાવવામાં આવ્યું છે કે, સમન કાઢવાનો સબ કલેકટરને અધિકાર નહોતો, કેમકે સને ૧૮૬૯ ના મદ્રાસના ત્રીજા આકટમાં જે શબ્દ વાપર્યા છે, તેના અર્થ પ્રમાણે તપાસ કરવાનો સબ કલેકટરને અધિકાર નહોતો. અને ઘડીભર માનીએ કે સબ કલેકટરને તેવા સમન કાઢવાનો અધિકાર હતો. તો પણ સમન્સ નીકળ્યા પેહેલાં અરજદારો પોતાનું ગામ છોડી ચાલ્યા ગયા હતા. તેમાં તેઓએ કાંઇ ગુન્હો કર્યો નથી. પછી પોતાના ઉપર સમન્સ નીકળશે એવી બીકથી તેઓએ તેમ કર્યું હતું તેની ચીંતા નહીં.

જે કેટલાંક કામોમાં મેહેસુલ ખાતાના અમલદારોને તપાસ કરવો પડે તેમાં લોકોને હાજર થવા સારૂ સમન્સ કાઢવાનો, કોઈ કાયદાના સ્પષ્ટ ફરમાનથી અધિકાર મળ્યો નથી, અને તેથી દેશનું મેહેસુલ ખાતું જેવું ચાલવું જોઈએ, તેવું ચાલતું નથી. એવો ઉદેશ કર્યા બાદ, સને ૧૮૬૯ ના મદ્રાસના ત્રીજા આકટમાં એવો નિયમ બાંધ્યો છે કે, જે કામમાં તપાસ કરવાનો અધિકાર મળ્યો હોય, તેમાં જે લોકોની સાક્ષી લેવી જરૂરની જણાય તેવા લોકોને પોતાના જીલામાં સમન કરી બોલાવવાનો કલેકટરોને તથા સબ કલેકટરો વિ-

ગેરેને અધિકાર આપવામાં આવેછે. તે ઉપરથી એવી દલીલ કરવામાં આવે છે કે, જે લોકોને સમન્સ કરી બોલાવવાનો અધિકાર રેવીન્યુ ખાતાના અધિકારીઓને આપ્યો છે, તે અધિકારીઓ મુદ્દાનો પુરાવો આપી શકશે એવું તેઓ માનતા હોય, તેવા લોકોને સમન્સ કરી શકે છે. માટે એવું અનુમાન થાયછે કે, જે તપાસ કરવાનું એ કાયદાએ ચીતવન કર્યું છે તે તપાસને અંતે કાંઇ હુકમનામુ થવું જોઇએ.

"તપાસ કરવાનો અધિકાર હોય." એ વાક્યના નમુના ઉપરથી એમ સમજવું જોઇએ કે, તેવો અધિકાર કાયદાના કોઇ સ્પષ્ટ ઠરાવથી મળવો જોઇએ. એ વાત પણ દલીલની અંદર સુચક તરીકે રાખેલી છે. વળી સરકારની પરવાનગી વગર ન ખશેડી શકાય એવા પેટાના મેહેસુલ ખાતાના અમલદારોની રીતભાતોનો તપાસ કરવામાં પુરાવો મેળવવા સારૂ કાયદાના સ્પષ્ટ ઠરાવથી અધિકારો આપવામ આવ્યા છે, તેથી કોઈ તુહશીલદારની, રીતભાત વિશે માત્ર ખાતાની રૂઇએ તપાસ કરવામાં સહેલાઇ થાય એટલા સારૂ સને ૧૮૬૯ ના મદ્રાસના ૩ જા આકટથી જે સામાન્ય રીતની સત્તા આપી છે, તે સત્તાનો લાભ લેવાને સબ કલેકટર પોતા થકો મુખતીયાર નથી. જે કાયદાથી કાંઇ અધિકાર અપાય છે તે કાયદાનો અર્થ કરવામાં, જે શબ્દોથી અધિકાર દેવાય છે તે શબ્દો તેમના સામાન્ય અર્થમાં વપરાય છે, એવું ગ્રહણ કરવાને અમે બંધાએલા છીએ. પણ જ્યારે આગલો પાછલો અર્થ બેસાડતાં એવું અનુમાન કરવાનું સાધન મળે કે, મજકુર શબ્દો એ અર્થમાં વાપર્યા નથી, અને બહારથી તેમનો અર્થ બેસાડવાનું ધારેલું છે, તો પછી અમે કોઇ રીતે બંધાયા નથી.

તકરારી બાબતનું સાચાપણું જે હકીકત ખુલ્લું કરી આપે છે, તેનું નામ સામાન્ય અર્થમાં "પુરાવો" છે. અલબતે ઇનસાફની અદાલતમાં સાબિતી અપાય તેને પણ વારંવાર પુરાવો કહેવામાં આવેછે, પરંતુ તેજ અર્થમાં તે શબ્દ વાપરવો જોઇએ એવું કાંઇ નથી. કોઈ તકરારી સવાલનો તપાસ કરવાનું જે સક્ષ માથે લેછે, તે સક્ષ મેળવેલી ખબર લખી મોકલે તે અર્થમાં પણ તેનો એટલોજ સાચો અર્થ થાય છે.

"અધિકાર છે." એ શબ્દ પણ જે જે કામોમાં અધિકાર આપવામાં આવેછે તેને લાગુ પડેછે. પછી તે સત્તા સ્પષ્ટ રીતે આપી હોય કીંવા ગર્ભીત રીતે આપી હોય તેની ચીંતા નહી. કેટલાંક કામોમાં તપાસ કરવાનો અધિકાર મેહેસુલ ખાતાના અમલદારોને સ્પષ્ટ શબ્દોથી અપાયો છે, અને કેટલાંક કામોમાં ગર્ભીત રીતે અપાયોછે. અને આવા તપાસોની અંતે કેટલાંક કામોમાં હુકમનામું થાયછે. મેહેસુલ ખાતાના કારભારને ભાગ્યેજ અસર કરનારાં થોડાં ઉપયોગી કામોમાં કાંઈ હુકમનામું કરવાનું ચીતવન રાખવામાં આવ્યું નથી.

આ તફાવત, કાયદાકારોના ખ્યાલમાં નહીં હશે, એવું અનુમાન કરવાને અમોને હક નથી. અને જે કામોનો તપાસ કરવાને મેહેસુલ ખાતાના અમલદારોને અધિકાર આપવામાં આવ્યો છે, ત્યારે તે અધકાર કોઇ ચોકસ વર્ગના કામોમાં ચલાવવો જોઈએ, એવું ઠરાવવાને અમો બંધાયા નથી. કાયદાકારોનો આવો ઇરાદો હત તો તે યોગ્ય ભાષામાં તેઓ દરશાવત, અને સામાન્ય ભાષાનો ઉપયોગ કરેત નહીં. એવું અનુમાન અમારે કરવું જોઈએ.

આ ઇલાકાના આકટો તથા રેગ્યુલેશનોમાં "મેહેસુલ ખાતાનો કારભાર" એ શબ્દ-

નો જે અર્થ રાખી ઉપયોગ કર્યો છે, તે અર્થ કેવો છે તેનો કાંઈ ખ્યાલ સને ૧૮૦૩ ના બીજા રેગ્યુલેશનમાંથી એકઠો કરી શકાય છે. સદરહુ રેગ્યુલેશનની ઉપમા નીચે મુજબ છે, " કેટલાક કામોમાં કલેકટરે કેમ વર્તવું તે હકીકતનો, તથા નક્કી કરનારૂં રેગ્યુલેશન." "કલેકટરોને સત્તા આપી છે તેની મર્યાદા બાંધવા વાસ્તે, આ રેગ્યુલેશન રચવામાં આવ્યુંછે." એવો ઉદ્દેશ કર્યા પછી તેની ૯ મી કલમમાં ઠરાવ્યું છે કે, "બોર્ડ ઓફ રેવન્યુના હુકમ મુજબ, સરકારી મેહેસુલ ખાતાના કારભારમાં જે લોકોને નોકરો રાખવામાં આવ્યા છે, તેઓને બંદોબસ્ત રાખવા, તથા તેમના ઉપર દેખ રાખવા; બધા કલેકટરોને અધીકાર છે, એમ સમજવું."

એક સરકારી નોકરને, બીજા સરકારી નોકરોનો બંદોબસ્ત, તથા તેમના ઉપર દેખરેખ રાખવાનું કામ, સોંપવામાં આવ્યું હોય, ત્યારે સદરહુ નોકરોની, સરકારી નોકરીના સંબંધમાં જ્યારે ગેર વર્તણુંકનું આળ મુકવામાં આવ્યું હોય, તેનો તપાસ કરવાને તેનો અધીકાર છે, એમ સમજી લેવાનું છે. સને ૧૮૨૨ ના મદ્રાસના ૯ મા રેગ્યુલેશનને રૂએ મેહેસુલ ખાતાના નોકરોને કેટલાક ગુન્હા બદલ સંક્ષેપ રીતે ઇનસાફ કરી સજા કરવાનો અધીકાર કલેકટરોને આપવામાં આવ્યો છે, તે રેગ્યુલેશનથી કલેકટરોની સામાન્ય સત્તા લઇ લેવામાં આવી નથી.

સરકારી મેસુલ ઊઘરાવવાની કામગીરીમાં તેહેશીલદારની વર્તણુંક વીશે તપાસ કરવાનો સને ૧૮૬૯ ના મદ્રાસના ત્રીજા આકટથી જે અધિકાર આપવામાં આવ્યો છે. તેની રૂએ તે વર્તણુંકને એક તપાસ કરવા જેવી બાબત છે, એમ અમારો અભીપ્રાય થાયછે.

કલેકટરને એવો તપાસ કરવાનો અધીકાર છે. તો તેવો તપાસ કરવાને તે પોતાના સબકલેકટરને અધીકાર આપી શકે કે નહી તે બાબત આ કામમાં બીલકુલ વાંધો ઊઠયો નથી.

હવે સમન્સ કાઢવા સબકલેકટરને અધીકાર હતો, એટલી વાત ઠરાવ્યા પછી, બીજી વાત વિચાર કરવાની એ છે કે, ઈી. પી. કો. ની ૧૭૨ મી કલમ પ્રમાણે ગુન્હો થવામાં શી શી હકીકત સાબીત થવી જોઇએ. જે સતાધીશે હુકમ કર્યો હોય, તેનો અનાદર કરવાથી પોતે તે સતાધીશનો જે તીરસ્કાર કરે છે તેને સજા કરવાનો મજકુર કલમનો હેતુ છે. એ કલમ માંહેલો ગુન્હો સાબીત થવા સારૂ, હરકોઇ સમન્સ, નોટીસ, કે હુકમ નીકળવાં જોઇએ. એવી અરજદારના વકીલોએ તકરાર લીધી છે, તે અમો મંજુર કરીએ છૈએ. જે હુકમ અપાયો નથી તેના અખાડા કોઇ માણસ કરી શકતો નથી. કોઇ રીતનું ફરમાન કરવાનો જે અદાલત કે અમલદારને અધીકાર છે, તે અધીકાર વાપરવા અગાઊ, તેના અધિકારનો તીરસ્કાર થતો નથી. "અથવા હુકમ જાતે અથવા મુખતીઆરની મારફતે કોઈ ઇનસાફની કોરટમાં હાજર થવા બાબતનો અથવા કાંઈ લેખ હાજર કરવા બાબતનો હોશે તો તે માણસને ૭ મહિનાની મુદત સુધીની આસાન કેદની અથવા એકહજાર રૂપૈઆ સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે." તો તે માણસ વધુ સજાને પાત્ર થશે, એ વાક્ય ઉપરથી પણ જણાય છે કે, સદરહુ ગુન્હો થાવા સારૂ કોઇ સમન્સ, નોટીસ, કીંવા હુકમ થવાથી જરૂર છે. સમન્સ નીકળશે એવી બીકથી, જે મા-

બુસ ભાગતો ફરે છે. એટલું સાબીત કરવું બસ નથી. હા વખતે તેની દીલમાં ઉમેદ હોય કે, માહારી ગેરહાજરીથી અદાલતને હરકત પડશે. તોપણ તેથી હી. પી. કો. ની ૧૭૨ મી કલમના ગુન્હાનો તે ગુન્હેગાર થતો નથી.

જે જગ્યાએ કોઈ સક્ષ હોય, ત્યાંથી તે ચાલ્યો જાય એવા અર્થમાં "નાસી જવું" એ શબ્દનો અર્થ અવસ્ય રીતે સમજવાનો નથી. નાસી જવું એ શબ્દની બરાબર ઇંગ્રેજીમાં જે વપરાયો છે તેની મુળ ઉત્પતિની, તથા હાલનો ચાલુ અર્થ સંતાઇ રહેવાનો છે. જો કોઇ સક્ષ સંતાઇ રહેતો, પછી તેની તેજ જગ્યામાં ભરાઇ બેસે, અથવા ત્યાંથી ચાલ્યો જાય તેની ચીંતા નહીં. વળી સંતાઇ જવાની શરૂઆતને પણ એ શબ્દ લાગુ પડતો નથી. કોઇ હુકમ નીકળે તેની પેહેલાં કોઇ સક્ષ પોતાની મેળે સંતાઈ રહ્યા પછી, તેવો હુકમ નીકળ્યા બાદ ત્યાંનો ત્યાં રહેતો નાશી ગયો એમ કહેવાય છે.

બંધવો જાણતો હતો કે હુકમ નીકળી ચુકયો છે. એટલી વાત, આ કલમની ગુન્હાનો ઠરાવ ટકાવી રાખવા બતાવવાની જરૂર છે કે નહીં, તેનો વિચાર કરવો રહે છે. ન પહોંચાડાય એટલા સારૂ નાશી જવું તેને આ કલમ સજા પાત્ર ગણે છે. નાશી જવું હોય તે કોઈ ઈરાદાથી ભરેલું હોવું જોઇએ. અમારા અભીપ્રાય પ્રમાણે, આનો અર્થ એવો સમજવાનો છે કે, નાશી જનાર જાણતો હતો, અથવા કાંઈ નહીં તો તેને જાણવાનું કારણ હતું કે, હુકમ નીકળી ચુકયો છે ઉપર જે અમોને સુઝયું છે, તે પ્રમાણે વખતે તે સક્ષ હુકમ ન બજવા સારૂ ભાગી ગયો હશે. અને એ ક્રિયા હી. પી. કો. ની ૧૭૨ મી કલમ મુજબ સજા કરવા લાયક નથી. તે સમન નીકળ્યાનું જયારે તેના જાણવામાં આવે, અથવા માનવાનું તેને કારણ મળે ત્યારે જે કોરટે અથવા અમલદારે એ સમન કહાડયો છે, તેની સતાનો તીરસ્કાર કરવામાં તે વખ્તે રાજી ન હોય, અને વખ્તે તે સમન પ્રમાણે અમલ કરે, અથવા તે એવી રીતે તો વર્તે કે, સમન તેને પહોંચાડી શકાય. પણ જ્યારે સતાવાળાએ પોતાનો અધિકાર વાપરીને કાંઇ સમન કહાડયો હોય, તે વાત તેના જાણવામાંજ ન હોય, કીંવા તે વાત તેને માનવાનું કારણ ન હોય તો, સદરહુ સતાનો તીરસ્કાર કર્યાના ગુન્હાનો તેને ભાગ્યેજ ગુન્હેગાર કહી શકાય છે. તેમ જયારે એ સમન નીકળ્યો છે, એ વાતની તેને ખબર ન હોય, અથવા માનવાનું તેને કારણ ન હોય, તો તે એવા કોઇ હુકમની બજાવણી અટકાવવા સારૂ ભાગતો ફરે છે, એમ પણ ભાગ્યેજ કહેવાય. હવે જે મુકરદ્દમાઓ મારી પાસે આવ્યા છે. તે મુકરદમાનો ઈનસાફ કરવામાં અમે ઉપલા ન્યાયનાં મુળતત્વો લાગુ પાડીએ છીએ, ૫૫૩–૫૫૫–૫૮૪–વાળા નંબરની અરજીઓમાં મેજીસ્ટ્રેટે બંધવાઓને એવો હુકમ કર્યો છે કે, સમન્સ નીકળ્યાની વાત અમારા જાણવામાં નહોતી, એમ તમે સાબીત કરો. હી. પી. કો. ની ૧૭૨ મી કલમમાં જે નીયમ બાંધ્યો છે, તેનો વિચાર કરતાં જાણવામાં હતું, એમ સાબીત કરવાનો બોજો પ્રોસીકયુટર ઉપર રહેલો છે, પરંતુ નાસાબીત કરવાનો બોજો તોહોમતદાર ઉપર નથી. વળી આ વાત તેના જાણવામાં હતી, એમ સાબીત કરવા સારૂ જોઇએ તેટલો પુરાવો પડયો નથી. તેથી ગુન્હાના ઠરાવ રદ કરી દંડ લીધા હોય તો પાછા આપનો હુકમ કરૂં છઊં. ૫૬૮ નંબર વાળી અરજીમાં અરજદારને ૨૪ મી અકટોબરને રોજ હાજર થવાનું સમનમાં ફરમાવ્યું હતું, તેના સંબંધના ગુન્હાનો કરેલો ઠરાવ ટકી શકતો નથી. કેમકે ક-

હી જગ્યોએ અરજદારે આવવું, તેનું ઠેકાણું તે સમન્સમાં લખ્યું નહોતું. માટે ગુન્હાના ઠરાવ અને સજા રદ કરવામાં આવે છે.

૫૬૯ અને ૫૭૦ ની અરજીની બાબતમાં અમે ઠરાવીએ છીએ કે, ઉપર નીરાકરણ કર્યા પ્રમાણે, સબકલેકટરને સમન્સ કહાડવાનો અધીકાર છે, અને તે સમન્સની બેદરકારી કર્યાના ગુન્હાનો ઠરાવ અમે કાયમ રાખીએ છીએ, અને સજા પણ કાયમ રાખીએ છીએ.

૫૯૯ નંબરની અરજીની બાબતમાં અમે એવો હુકમ કરીએ છીએ કે, કાયદાની કાંઈ ખામીને વાસ્તે કરેલા ગુન્હાના ઠરાવમાં અમે વચમાં આવી શકતા નથી. અમો એ ઠરાવ્યું છે કે, સમન્સકહાડવાનો સબકલેકટરને અધિકાર છે, અને તેથી હાજર થયેલા સાક્ષીને, જે બાબતમાં તેની તપાસણી થઇ ગઇ હોય, તે શીવાય બીજી કોઇ બાબતમાં તેની જુબાની લેવાનું જરૂર જણાય તો, તે સાક્ષીને રોકવાનું કહેવાને સબકલેકટરનો અધિકાર છે, માટે ગુન્હાનો ઠરાવ કાયમ રાખવામાં આવે છે.

કલમ ૧૭૩ મી.

સમન અથવા બીજો હુકમ પોહોચતો અટકાવવો અથવા તે જાહેર થતો અટકાવવો.

જે સરકારી નોકરને પોતાના સરકારી ઓહદ્દાના જોરથી સમન, અથવા નોટીસ, અથવા હુકમ કરવાનો કાયદા મુજબ અખતિયાર હોય એવા કોઇ સરકારે નોકરે કરેલો સમન, નોટીસ, અથવા હુકમ પોતાને અથવા બીજા કોઇ પણ સંખસને પોહોંચે તો જે માણસ કોઇ પણ રીતે ઇરાદાથી અટકાવે અથવા કાયદા મુજબ તે સમન, નોટીસ અથવા હુકમ કોઇ જગોપર ચોડતાં જે માણસ કોઇ પણ રીતે ઇરાદાથી અટકાવે અથવા તે જગોપર તે સમન, નોટીસ અથવા હુકમ કાયદા મુજબ ચોડ્હોડયો હોય તેવી કોઇ જગો પરથી જે માણસ કોઇ પણ રીતે તેને ઇરાદાથી ખસેડે, અથવા જે સરકારી નોકરને પોતાના સરકારી ઓહદ્દાના જોરથી કાંઇ જાહેર ખબર આપવાનું ફરમવવાને કાયદા મુજબ અખત્યાર હોય તેવા કોઇ સરકારી નોકરના હુકમથી તેવી કાંઇ જાહેરખબર કાયદા મુજબ અપાતી જે માણસ કોઇ પણ રીતે ઇરાદાથી અટકાવે, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા બંનેની શિક્ષા કરવામાં આવશે; અથવા અગર તે સમન, નોટીસ, હુકમ કે જાહેર ખબર જાતે અથવા મુખતિયારની મારફતે કોઇ ઇનસાફની કોરટમાં હાજર થવા બાબતની અથવા કાંઇ લેખ હાજર કરવા બાબતની હશે તો તે માણસને છ મહિનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપિઆ સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ભુબનેશ્વરની અરજીની બાબતમાં.

કલમ ૧૭૩.

૧

તા૦ ૧૪-૧૨-૭૭ ઇં. ૩ ક. પા. ૬૨૩ સમનની પહોંચ આપવાની ના પાડવી એ પી. કો. ની ૧૭૩ મી કલમ મુજબ ગુનહો થતો નથી.

समननी पहोंच आपवानी नापाडवी तेथी पीनलकोडनी कलम १७३ मी मुजब गुन्हो थतो नथी.

આ કામમાં બંધવા ઉપર સમન્સની પહોંચ આપવાની ના પાડવાનું તહોમત આવ્યું હતું. બંધવાએ અપીલ કરી કે, માહારા ઉપર જે અપરાધ સાબિત ઠર્યો છે, તે કાયદા પ્રમાણે નથી. કેમકે પોતાથી અથવા બીજા માણસથી સમન્સ પહોંચ્યાની પહોંચ આપવાની ના પાડવી, એ હિંદુસ્થાનના પીનલકોડની કલમ ૧૭૩ પ્રમાણે ગુન્હો થતો નથી.

અરજદાર તરફથી બાબુ અમેરંદ્રનાથ ચત્રજી.

માર્કબી સાહેબનો ઠરાવ:—

અમને એમ જણાય છે કે આ ગુન્હાનો ઠરાવ રદ કરવો જોઇએ. અરજદાર ઉપર એવું તોહોમત હતું કે, તેણે સમન્સની પહોંચ આપવાની ના પાડી, મુંબાઇ હાઇકોર્ટે કલી-

આ બીન ફકીરના કામમાં ઠરાવ્યું છે કે, આ પ્રમાણે ના પાડવી, તે હિંદુસ્તાનના પીનલકોડની કલમ ૧૭૩ પ્રમાણે ગુન્હો થતો નથી. અને એ કલમ મુજબ આ ગુન્હો સાબિત ગણવામાં આવ્યો છે, એ ઠરાવ અમે કબુલ કરીએ છીએ, માટે કરેલો ઠરાવ રદ કરવો. જો દંડ આપ્યો હોય તો, પાછો આપવો. જો બંધવો કેદખાને હોય તો તેને છોડી મુકવો.

રાણી. વિ. પુનાંમાળીનાંદન અને બીજાઓ.

समन लेवानी नापाडवी, ए हिंदुस्थानना पीनलकोडनी कलम १७३ मांहेलो गुन्हो नथी.

કલમ ૧૭૩.
૨
તા૦ ૪-૫-૮૨.
ઈ. ૫ મ. પા. ૧૯૯
સમનસ લેવાની ના પાડવાથી પી. કો. ની ૧૭૩ મી કલમ મુજબ ગુનહો થતો નથી.

આ કામ ત્રુણવલીના જીલ્લા માજીસ્ત્રેટે હાઇકોર્ટને લખી મોકલ્યું હતું, તે એવા સબબથી કે, તેમાં કરેલી સજા ગેરકાયદેસર છે.

જસ્ટીસ કરનાન તથા કીંડર્સલીનો ઠરાવઃ—

વીલેજ મુનસફે (ગામડાંનો મુનસફ) બંધવાઓને હાજર થવા સમન્સ કર્યા હતા, તે સમન્સ લેવાની તેઓએ ના પાડી. એટલે પ્રત્યેકને પીનલકોડની કલમ ૧૭૩ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી બબે રૂપૈઆના દંડની અને તે ન આપે તો પાંચ દિવસ સુધી આસાન કેદની સજા કરી.

આ કામ લખી મોકલનાર અધિકારી એમ અરજ કરે છે કે, બંધવાઓના કૃત્યથી સમન્સની બજાવણીમાં ઇરાદા પુર્વક અટકાયત થઇ નથી. માટે તે કાંઇ ગુન્હો થતો નથી. તેના આધારમાં રાણી વિ. આરૂમુગા નાદનનો ફેંસલો ટાંક્યો છે.

સમન્સની બજાવણી ઘણુંકરીને સમન્સ થયેલા પક્ષકારને આપીને, અથવા તેને ત્યાં રાખી દેઇને થાય છે

ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૧૫૪ મુજબ સમન્સ ધર્યો હોય તોપણ બસ છે. સમન્સ લેવાની ના પાડવી, એ અમારા ધારવા મુજબ ૧૭૩ મી કલમ માંહેલો ગુન્હો નથી. અને "કોઇ રીતે પહોંચતાં અટકાવે" એ શબ્દો જ્યારે સમન્સ ધરીને આપવા માંડ્યો હોય, ને તે લેવાની ના પાડે તેને લાગુ નથી. ધરવું એ પંડેજ આપ્યા બરોબરછે.

અમે ઠરાવ રદ કરીએ છીએ. અને જો દંડ લીધો હોય તો, તેઓને પાછો આપવાનો હુકમ કરીએ છીએ.

કલમ ૧૭૪ મી.

કોઈ સરકારી નોકર તરફથી થયેલા હુકમમુજબ હાજર ન થવું.

જે સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના જોરથી સમન, નોટિસ, હુકમ, અથવા જાહેર ખબર આપવાનો કાયદા મુજબ અખતિયાર હોય, એવા કોઇ સરકારી નોકરે કરેલા સમન, નોટીસ, હુકમ, અથવા જાહેર ખબર મુજબ ફલાણે ઠેકાણે તથા ફલાણી વખતે જાતે, અથવા મુખતિયારની મારફતે હાજર થવાની જે માણસની કાયદા મુજબ ફરજ હોય, તે માણસ અગર ઇરાદાથી તે ઠેકાણે અથવા તે વખતે હાજર થવામાં કસુર કરે, અથવા જે ઠેકાણે હાજર થવાની ફરજ હોય તે ઠેકાણેથી જવાની કાયદેસર વખત થતાં પહેલાં, ત્યાંથી જાય, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચશે રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અથવા અગર તે, સમન, નોટિસ, હુકમ કે જાહેર ખબર જાતે અથવા મુખતિયારની મારફતે કોઇ ઇનસાફની કોરટમાં હાજર થવા બાબતની હોશે તો, તે માણસની છ મહીનાની મુદત સુધીના આસાન કેદની, અથવા એક હજાર રૂપિઆ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

(અ) કલકત્તાની સુપ્રીમ કોરટમાંથી થએલા સમન મુજબ તે કોરટ મધ્યે હાજર થવાની કાયદા મુજબ ફરજ છતાં અ હાજર થવામાં ઇરાદાથી કસુર કરે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

(બ) કોઇ જીલ્લાના જડજે કરેલા સમન મુજબ તે જીલ્લા જડજની હુજુરમાં હાજર થવાની કાયદા મુજબ ફરજ છતાં અ હાજર થવામાં ઇરાદાથી કસુર કરે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

કેસરેહીંદ વિ. રામસરણ.

કલમ ૧૭૪. ૧ તા૦ ૭-૭-૮૨ ઇ. ૫ અ. પા. ૦ સમનસની અંદર કહી જગોઅે તથા દહાડા ને કહે વખતે, હાજર થવું વિગરે સ્પષ્ટ હકીકત લખેલી ન હોય તો જે સખસના ઉપર તે સમનસ કાઢેલો હોય ને તે હાજર ન થાય તો પી. કો. ની ૧૭૪ મી કલમ મુજબ ગુનહેગાર થતો નથી.

जे सक्षने समन करी बोलाव्यो होय, ते सक्षे कही अदालतमां, कए ठेकाणे, कए दहाडे, तथा दहाडाने कए वखते हाजर थवुं, ए वधुं तेना उपरना समन्समां साफ तथा स्पष्ट रीते लखवुं जोइए, तथा तेमां एवुं लखवुं जोइए के, मजकुर सक्षे कोर्टनी परवानगी वगर कोर्टमांथी जवुं नहीं अने जे काममां समन करीने बोलाव्यो होय ते मुलतवी राख्युं होयतो कही तारीखे पाछो चालशे ते पण नकी कर्या वगर जवुं नहीं.

कही जगाए, तथा दहाडे ने कए वखते बोलावेला सक्षने हाजर थवुं, ए ज्यारे समन्समां लख्युं नहोय, तेमां ठराव्युं के, सदरहु सक्ष मजकुर समन्स प्रमाणे हाजर न थायतो, तेने पीनलकोडनी कलम १७४ प्रमाणे कायदेसर शिक्षा थइ शके नहीं.

ગોરખપોરના સેસન જડજે આ કામ ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૨૯૬ (૧૮૮૨નાની કલમ ૪૩૮) મુજબ હાઇકોર્ટને હુકમ થવા મોકલી આપ્યું હતું.

એમ જણાયું છે કે. એક રામ સરણ, અને અમુક બીજા સક્ષોને માજીસ્ટ્રેટે હિંદુસ્થાનના પીનલકોડની કલમ ૧૭૪ મી મુજબ સરકારી નોકરે કાઢેલા સમન્સ મુજબ હા-

જર થવાની, એફરમાની કર્યાના ગુન્હેગાર ઠરાવ્યા હતા. સદરહુ સક્ષોને, જે સમન્સ કાઢવામાં આવ્યો હતો, તેમાં ફલાણે દહાડે હાજર થવું એવું ફરમાવ્યું હતું. પણ કહી જગ્યાએ, તથા દહાડાને કહે વખતે, હાજર થવું, તેમાટે જણાવ્યું નહોતું.

અપરાધી ઠરેલા માણસોની અરજી ઉપરથી સેસન જડજે કામનું દફતર મંગાવી લીધું. તેનો એવો અભીપ્રાય થયો કે, હિંદુસ્થાનના પીનલકોડની કલમ ૧૭૪ માં કહેલો ગુન્હો, અરજદારોએ કર્યો નથી, કેમકે જે સંમન્સ કાઢવામાં આવેલો તેમાં જગા તથા હાજર થવાના વખતની વીગત લખી નહોતી. અને જે ઠરાવ કરવામાં આવ્યો છે. તે કાયદાથી ઉલટો છે. તેના આધારમાં તેણે મદ્રાસ હાઇકોર્ટના રીપોર્ટનું ૭ મું પુસ્તક અપીલ ૧૪મી નો હવાલો આપ્યો.

સ્ટેટ જસ્ટીસનો ઠરાવઃ—

૧૭૪ મી કલમ મુજબ અપરાધી થયેલા સક્ષો ઉપર બજેલો સંમન્સ દેખીતોજ ગેર કાયદેસર છે, બોલાવેલા સક્ષોને કહે ઠેકાણે, તથા દહાડાને કહે વખતે હાજર થવું, તેનું સંમન્સમાં કાંઈ બયાન કરવામાં આવ્યું નોહતું. જે સક્ષને સંમન્સ કરી બોલાવ્યો હોય, તે સક્ષે કહી અદાલતમાં, કહે ઠેકાણે, કહે દહાડે તથા દાહાડાને કહે વખતે, હાજર થવું, એ બધી વીગત સંમન્સમાં સાફ તથા સ્પષ્ટ રીતે લખવી જોઇએ, ને તેમાં એવું પણ લખવું જોઇએ કે, મજકુર સક્ષે કોર્ટની પરવાનગી વગર કોર્ટમાંથી જવું નહીં. અને જે કામમાં સંમન્સ કરી બોલાવ્યો હોય, તે કામ મુલતવી રાખવામાં આવે, તે પણ નકી કર્યા વગર, કોર્ટની પરવાનગી શીવાય જવું નહીં. માજીસ્ત્રેટે જે ઠરાવ કર્યો છે, તે રદ કરવામાં આવે છે. જો દંડ મુજરે લેવાયો હોય, તો તેઓને પાછો આપવો.

રાણી. વિ. રામચંદ્રાપા તથા બીજાઓ.

કલમ ૧૭૪.
૨
તા૦ ૨૫-૧-૮૩૯
ઈ. ૬ મ. પા.૨૪૩
કોઈ વિશેષ કાયદાથી સમનસ કાડેલો હોય અને તે પ્રમાણે જે માણસ હાજર ન થાય તો તે વિશેશ કાયદા પ્રમાણે સદરહુ કસુરી બદલ નીકાલ કરવો જોઈએ પણ આ કલમ પ્રમાણે તહોમત રાખ્યું હોય તો ફોજદારી કોરટે તે ગુનહાનો ઈનસાફ કરવો જોઈએ.

सने १८१६ ना मद्राशना चोथा रेग्युलेशननी १५ मी तथा १६ मी कलमामां जे नीयमो बांध्याछे, ते ही. पी. को. नी १७४ मी कलमना नियमथी विरुद्ध पक्षना नथी.

कोइ गांमडाना मुनसफे समन काढेलो होय, तेनो अनादर करवाना गुन्हानो नीकाल, सामान्य रीते मजकुर रेग्युलेशन अनुसार करवो जोइए; परंतु जो ही. पी. को. मांहेलुं तोहोमत मुकवामां आवे तो पछी फोजदारी अदालते तेनो नीकाल करवो जोइए.

સને ૧૮૮૨ના દસમા આકટની ૪૩૮ મી કલમ અનુસાર આ મુકરદમો કડાપાના જીલ્લા માજીસ્ત્રેટે હાઇકોર્ટનો હુકમ થવા મોકલી આપ્યો હતો. તેની હકીકત નીચે મુજબછેઃ—

આ કામના પાંચ બંધવાઓને, એક દિવાની દાવામાં જુબાની આપવા સારૂ ગામડાના મુનસફ પાસે હાજર થવાનો એક ગામડાના ચોકીદારે સમન કાઢયો હતો. તે પ્રમાણે તેઓએ આવવાની કસુરી કરી, જેથી તેઓએ હી. પી. કો. ની ૧૭૪ મી કલમ માંહેલો ગુન્હો કર્યો એવું તેઓના ઉપર તોહોમત રાખી, તેમાંથી એક મદનપાલીના બીજા વર્ગના માજીસ્ત્રેટે તેઓને નીરદોષ કર્યા હતા, તે એવા કારણથી કે, સને ૧૮૧૬ ના મદ્રાસના ચોથા રેગ્યુલેશનમાં જે રીતે સજા ફરમાવી છે, તે આ કામને લાગુ પડે છે, માટે પી. કો. ની ૧૭૪ મી કલમ લાગુ પડતી નથી. મજકુર રેગ્યુલેશનની ૧૫ તથા ૧૬ મી કલમમાં એવો નીયમ બાંધ્યો છે કે, જે સક્ષને યોગ્ય રીતે, ગામડાના મુનસફ પાસે હાજર થવાનો

સમન કાઢયો હોય, તે પ્રમાણે તે હાજર ન થાય તો, તે એવા પ્રત્યેક ગુન્હા માટે અરધા રૂપૈયાના દંડ સુધીની મુનસફની મરજી મુજબ, સજાને પાત્ર થશે.

ચિફ જસ્ટિસ ટરનર તથા મુતુસામી આયરનો ઠરાવઃ—

વિશેષ કાયદામાં જે નીયમો બાંધ્યા છે, તે નીયમો પી. કો. ના નીયમથી પ્રતીકુળ નથી; માટે બંનેનો અમલ કરવો હોયતો થઈ શકે છે. દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૭૦ મીથી દીવાની અદાલતોને જે સંક્ષેપ અધીકાર આપવામાં આવ્યો છે, તેવોજ અધીકાર ગામડાના મુનસફને, મજકુર રેગ્યુલેશનની ૧૬ મી કલમથી અપાયો છે. ગુન્હાની મહત્વતા વધારી શકે નહીં, એવા પ્રસંગના સામાન્ય કામોમાં, ગામડાના મુનસફને, કીંવા દીવાની કોર્ટને વિશેષ કાયદાથી જે અધિકાર અપાયો છે તે અધિકાર તેણે પોતાની મરજી પ્રમાણે વાપરવાનો છે, પરંતુ ક્રી. પી. કો. માંહેલા ગુન્હાનું તોહમત રાખી, કોઈ ફોજદારી અદાલતમાં કામ માંડયું હોય તો, તે કામનો નીકાલ તે અદાલતે કરવો જોઇએ. માટે નીચલી કોર્ટનો ઠરાવ રદ કરી માજીસ્ત્રેટને ફરમાવવામાં આવે છે કે તેણે બંધવાઓને ફરી સમન કરી બોલવવા તથા તેમનો ઈનસાફ પુરો કરવો.

મહારાણી કેસરેહિંદ વિ. કીશનબાપુ.

કલમ ૧૭૪.

૩.

તા૦ ૧૮–૮–૮૫ ઈ. ૧૦ મું. પા. ૯૩ જે માણસનેકોર્ટે કાંઇ જવાબ દેવા સારૂ હાજર થવાનો સમનસ કર્યો હોય તે સંખસે વાજબી રાહ જોયા પછી જવું જોઇએ નહીંતો તે આ કલમ પ્રમાણે ગુનેહગાર છે.

कोइ माणस मेजीस्त्रेटनी अदालतमां, पोता उपरना फोजदारी तोहोमतनो हाजर थइ जवाब देवाने समन्समां फरमाव्या प्रमाणे मेजीस्त्रेटनी अदालतमां हाजर थाय, पण समन्समां लखेले वखते मेजीस्त्रेटने गेर हाजर जोइने वाजबी राह जोया वगर, चाल्यो जाय ते हीं. पीनलकोडनी कलम १७४ प्रमाणे गुन्हेगार छे.

આ અરજી જે હાઈકોર્ટને ફરી તપાસવાની હકુમત છે, તે અનુસાર કરી હતી. ખાંનદેશ જીલ્લામાં, તાલોડાના બીજા વર્ગના માજીસ્ત્રેટે, બંધવા તરપ એક સમન કાઢીને, તેમાં તેને એક ફોજદારી તોહોમતનો જવાબ દેવા સારૂ, સને ૧૮૮૫ના મેની ૨૭ મી તારીખે, ૧૦ બજે કોરટમાં હાજર થવા બોલાવ્યો હતો. બંધવો એક પોલીસનો કોન્સ્ટ્રેબલ હતો. તે દિવશે મેજીસ્ત્રેટને, તેના ઉપરી અધિકારીએ, કાંઇ સરકારી કામ સારૂ બોલાવેલ, તે સારૂ તેને જવું પડયું હતું, ને તેથી અગીયાર બજયા સુધી તે કોરટમાં હાજર થઇ શકયો નહોતો. બંધવો દસ વાગ્યે કોરટમાં આવ્યો, અને મેજીસ્ત્રેટને ગેર હાજર જોઇને, તેણે કોરટના મકાનમાં ચોડીને એક નોટીસથી, મેજસ્ત્રેટને ખબર આપી કે, હું હાજર થયો હતો, અને હવે જાંઊં છઊં, અને પોતે આવ્યા પછી બે ત્રણ મીનીટ રહીને, કોરટમાંથી ચાલ્યો ગયો. ધુળીયાના ફર્સ્ટકલાસ મેજીસ્ત્રેટે, બંધવાને ઇંડીયન પીનલકોડની કલમ ૧૭૪ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી, તેને ત્રણ માસની સખ્ત કેદની સજા કરી.

ખાનદેશના સેસન જડજે તે ઠરાવ અને સજા અપીલમાં મંજુર રાખ્યાં.

સને ૧૮૫૨ના દસમા આકટની કલમ ૪૩૯ પ્રમાણે, સદરહુ ઠરાવ અને સજા ફેરવી નાંખવા બંધવે હાઇકોર્ટમાં અરજી કરી.

બંધવા તરફથી દાજી અબાજી વકીલ હતા.

તેણે તકરાર કરી કે, આ કામમાં કહાડેલો સમન, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૬૮ તથા તેજ કાયદાનાં પરીશીષ્ટ ૫ માના નંબર પેહેલાના નમુના પ્રમાણે કાઢયો હતો. સંમન્સમાં લખ્યું હતું કે, "મુંબઇની ડીસ્ત્રીકટ પોલીસ એકટ પ્રમાણે એક હુકમ કાઢયો હતો, તેની બેફરમાનીનો જવાબ દેવા સારૂ, બંધવાએ સન ૧૮૮૫ ના

મેની ૨૭ મી તારીખે, દસ વાગતાં તાલોડાના બીજા વર્ગના મેજીસ્ટ્રેટ પાસે, જાતે હાજર થાવું, અને તેમાં કસુર કરવી નહીં."

કલમ ૬૮ તથા ૨૫૨ પ્રમાણે એક સાહેદીને કાઢેલાં સમન્સ, અને આસમન્સ વચે મોટો તફાવત છે. (જુવો પરીશીષ્ટ ૫ મુંનો નમુનો ૩૧ મો.) આ છેલા નમુનામાં" સાહેદીએ કોરટની પરવાનગી વગર જવું નહીં." એમ ફરમાવ્યું છે. જો તોહોમતવાળો સંમન્સમાં લખે વખતે હાજર થાય, અને તેનો અધ્યક્ષ અધિકારી ગેર હાજર હોય તો, બાંધવો ચાલ્યો જાય, તે ગેર કાયદેસર નથી. તે અધિકારીના આવતાં સુધી, તેની રાહ જોઈ બેસવા સારૂ તે બંધાએલો નથી.

જસ્ટીસ નાનાભાઇ હરીદાસે રાણી વિરૂદ્ધ સધરલેનનો કેસ જોવાનું કહ્યું, ત્યારે એ વકીલે જવાબ આપ્યો કે, તે કેશમાં તોહોમતદારને નહીં પણ એક સાક્ષીને સમન કરવામાંઆવ્યો હતો.

જસ્ટીસ નાનાભાઇ હરીદાસે કરેલો ઠરાવ:—

તોહોમતવાળો પોલીસનો કોન્સ્ટેબલ હતો તેના ઉપર હી. ફોજદારી કાયદાની કલમ ૧૭૪ પ્રમાણે, ધુળીયાના પેહેલા વર્ગના મેજીસ્ટ્રેટ મી. ડેવીડસને, ગુન્હો સાબીત ઠરાવી, તેને ત્રણ માસ સખ્ત મજુરી સાથે કેદની શિક્ષા કરેલી હતી. ખાનદેશના સેસન જડજે, અપીલમાં ગુન્હાની સાબીતીનો ઠરાવ, તથા શિક્ષાનો હુકમ બહાલ રાખ્યો. તેથી અરજદારે હાલ હાઈકોર્ટને, તે ગુન્હાની સાબીતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ ફરી તપાસવાની હકુમત વાપરી, તે ફેરવવાને અરજ કરી છે.

હમેશના નમુના પ્રમાણે, તારીખ ૨૭ મે સને ૧૮૮૫ના રોજ ૧૦ વાગતાં પોતાની રૂબરૂ, હાજર થવાને તોહોમતવાળા ઉપર, તાલોડાના બીજા વર્ગના મેજીસ્ટ્રેટે સમન કાઢયો હતો. તે ઉપરથી બાંધવો નીમેલી તારીખે ૧૦ બજે મેજીસ્ટ્રેટની કોરટના મકાનમાં હાજર થયેલો હતો પણ એવું માલમ પડેલું છે કે, મેજીસ્ટ્રેટ તે વખતે હાજર હતો નહીં. પણ એવું જણાયું કે, બે ત્રણ મીનીટમાં, એક નોટીસ મેજીસ્ટ્રેટને એવી ખબર આપ્યાની ચોડી કે, હું હાજર થયો હતો, પણ મેજીસ્ટ્રેટની ગેરહાજરીના કારણથી, હું ગયેલો છું.

આ હકીકત ઉપરથી મી. દાજી અબાજી ખરે અરજદાર તરફથી, એવી અરજ કરી છે કે, તે સમન્સમાં કેટલી વખત સુધી થોભવું, અને મેજીસ્ટ્રેટની પરવાનગી વગર જવું નહીં, એવું ફરમાવવામાં આવેલું નથી, માટે વધારેવાર અરજદાર ત્યાં થોભવાને બંધાયેલો નોહોતો. અરજદારની તકરાર મજબુત છે એમ અમારી નજરમાં આવતું નથી. માટે ગુન્હાની સાબેતીના ઠરાવમાં હાથ ઘાલવાને, અમારા જોવામાં કાંઇ સબબ જણાતો નથી. ખરી બાત છે કે, સમન્સમાં એવું કહ્યું નહોતું કે, અરજદારે કોર્ટમાં આટલા વખત સુધી રહેવું. પરંતુ તે સમન્સનો શો હેતુ હતો, એટલે કે અમુક ફોજદારી તોહોમતનો જવાબ દેવાને તેમને બોલાવવામાં આવ્યો હતો, એવું તેમાં કહેલું હતું. માટે જ્યાં સુધી તે તોહોમતનો જવાબ દેવામાં આવ્યો નહીં હતો, ત્યાં સુધી તેને જે કારણથી હાજર થવાનું હતું, તે પુરૂં થયું નહોતું.

અમારી નજરમાં આવે છે કે, યોગ્ય વખત સુધી તે હાજર થવાને બંધાયેલો હતો. અને તે ફકત બે અગર ત્રણ મીનીટ રોકાયો, તેથી તે, હુકમ પ્રમાણે ચાલ્યો, એમ અમારી નજરમાં આવતું નથી. (માહારાણી વિરૂદ્ધ સધરલાન્ડના કામનો ઠરાવ જુવો.) તે વખતે આ કામમાં મેજીસ્ટ્રેટ, સરકારી કામના કારણથી ગેરહાજર હતો, પરંતુ થોડી વખત સુધી તેણે તેની વાટ જોવી હતી. તે ૧૧ વાગતાં આવ્યો હતો, અને એવું માલુમ પડયું હતું કે, કોરટના મકાનની દીવાલ ઉપર નોટીસ લગાવીને, અરજદાર ગયેલો હતો. આવી હકીકત ઉપરથી, અમે ગુન્હાની સાબીતીનો ઠરાવ બાહાલ રાખીએ છીએ, પરંતુ તેણે જે કેદની શીક્ષા ભોગવેલી છે, તે આ ગુન્હાને માટે બસ છે, એવું અમારા વીચારમાં આવે છે; સબબ અમે બાકીની શીક્ષાનો હુકમ માફ કરીએ છીએ. મધ્યમ રીતે દંડ કરવામાં આવ્યો હોત તો, તે વધારે યોગ્ય શીક્ષા હતી.

કલમ ૧૭૫ મી

૧૭૫. સરકારી હોદ્દાના જોરથી કોઇ સરકારી નોકરની આગળ કાંઇ લેખ હાજર કરવાની અથવા તેને કાંઇ લેખ સ્વાધીન કરવાની કાયદા મુજબ ફરજ છતાં જે માણસ તે લેખ હાજર કરવામાં અથવા સ્વાધીન કરવામાં ઇરાદાથી કસુર કરે, તે માણસને એક મહિનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. અથવા, અગર તે લેખ કોઈ ઇનસાફની કોરટમાં હાજર કરવાનો અથવા કોરટને સ્વાધીન કરવાનો હશે તો, તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરની આગળ કાંઈ લેખ હાજર કરવાની જે સખસની કાયદા મુજબ ફરજ હોય તે સખસે તે લેખ હાજર કરવામાં કસુરકરવી.

દ્રષ્ટાંત.

કોઈ જીલ્લા કોરટ મધ્યે કાંઇ લેખ હાજર કરવાની કાયદા મુજબ ફરજ છતાં અ તે લેખ હાજર કરવામાં ઈરાદાથી કસુર કરે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

કલમ ૧૭૬ મી.

સરકારી ઓહદ્દાના જોરથી કોઇ સરકારી નોકરને કાંઇ બાબત સંબંધી કાંઇ નોટીસ અથવા ખબ આપવાની કાયદા મુજબ ફરજ છતાં જે માણસ કાયદામાં ફરમાવેલી રીતે તથા વખતે તે તે નોટીસ અથવા ખબરે આપવામાં ઇરાદાથી કસુર કરે, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચશે રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે; અથવા અગર તે આપવાની નોટીસ અથવા ખબર કાંઇ ગુન્હો થવા બાબતની હોય, અથવા કાંઇ ગુનેહ અટકાવવાના કારણસર, અથવા કોઇ ગુનેહગારને પકડવા માટે આપવી જોઇતી હોય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની, સિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરને નોટિસ અથવા ખબર આપવાની જે સખસની કાયદા મુજબ ફરજ હોય તે સખસે તે નોટીસ અથવા ખબર ન આપવી.

પંડયા નાયકની અરજીની બાબતમાં.

કલમ ૧૭૬.
૧
તા૦ ૨-૪-૮૪
ઈ. ૭ મ. પા. ૪૩૬

जे बातमी सरकारी नोकरने आपवानी होय ते बातमी ते नोकरना जाणवामां होय तो ते बातमी न आपवानी कसुर ए गुनहो थतो नथी.

कोइ एक चोकस गाममां ढंढेराथी प्रसीध करेलो ब नामनो गुन्हेगार आव्यो हतो तेनी, पोलीसने बातमी देवामां एक क नामना सक्षे इरादा पूर्वक कसुर करी तेथी ते क ने ही. पी. को. नी १७६ मी कलम मांहेला गुन्हानो गुन्हेगार ठराव्यो. सन १८८२ नी फोजदारी काम चलाववानी रीतना कायदानी ८८ मी कलम मुजब ब नी मिलकत उपर जपती थयानी वांत साबीत थतां ब एक ढंढेराथी प्रसीध थयेल गुन्हेगारछे एम कोर्टे अनुमान कर्युं हतुं.

ठराव्युं के, ढंढेरो प्रसीध कर्यानी वात साबीत करवानी प्रोसीक्युशनवाळानी फरज छे.

कोइ चोकस जग्याए ढंढेराथी प्रसीद्ध थयेला गुन्हेगारनी आव्यानी वात पोलीसना जाणवामां होयतो, जे माणसनी ते वीशेनी बातमी आपवानी फरज होय, ते माणस इरादा पूर्वक कसुर करेतो, तेना उपर फोजदारी काम चलाववुं जोइए नहीं.

મદુરાના માજીસ્ત્રેટે પોતાના સને ૧૮૮૩ ના ૩૮ મા નંબરના ક્યાલેંડર કેશમાં સાજા કરી હતી, અને તે સજા મદુરાના સેસન જડજે તારીખ ૧૪-૧-૮૪ ને રોજ બહાલ રાખી હતી, તે રદ કરવા સારૂ આ અરજી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની

૪૩૫ મી તથા ૪૩૯ મી કલમ પ્રમાણે કરવામાં આવી હતી.

નામદાર હાઇકોર્ટના ઠરાવમાંથી આ કામની મુખતેસર હકીકત જોઇએ તેટલી જણાઈ આવે છે.

અરજદાર તરફથી બ્રાનસનસાહેબ તથા રામાસામી મુદલીયર.

જસ્ટીસ બ્રાંન્ટનો ઠરાવઃ—

અરજદાર કનૈયા રાજા પંડયા નાયક એક ગરાશીયો હતો. કોઇ સરકારી નોકરને કાયદેસર કંઈ બાબતની બાતમી આપવાની ફરજ છતાં ઇરાદા પુર્વક, સદરહુ પંડયા નાયકે બાતમી આપવામાં કસુર કરી, અને તેથી ક્રી. પી. કો. ની ૧૭૬ મી કલમ મુજબ સજા થઇ શકે એવા ગુન્હાનો તેને એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવ્યો.

એવું માલમ પડયું છે કે; જે બાતમી આપવાની પેલા ગરાસીયાની ફરજ હતી, તે બાતમી જે ગામમાં તેમો ગરાસ હતો, તે ગામમાં એક વેલામણ નામના સક્ષના રહેઠાણને લગતી હતી. એ વેલાયણ એક ઢંઢેરાથી પ્રસિદ્ધ થયેલો ગુન્હેગાર હતો એમ જણાય છે. સદરહુ બાતમી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૫ મી કલમ અનુસાર મજકુર ગામના એક ગરાશીયાને દરજે તેને પોલીસને આપવાની કાયદેસર ફરજ હતી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ઉપર કહેલી કલમ ઢંઢેરાથી પ્રસિદ્ધ થયેલા ગુન્હેગારના જે શબ્દો વાપર્યા છે, તેના અર્થ પ્રમાણે વેલાયણ ઢંઢેરાથી પ્રસિદ્ધ થયેલો ગુન્હેગાર હતો. એ વાત સાબિત થઇ નથી, એમ અરજદાર તરફથી વાંધો લેવાયો છે.

પેહેલે દરજે માજીસ્ટ્રેટે, તથા અપીલમાં સેસન જડજે, એમ બંને જણે ઠરાવ્યું કે વેલાયણ ઢંઢેરાથી પ્રસિદ્ધ થયેલો ગુન્હેગાર હતો. કેમકે વેલાયણની મિલકત ઉપર ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા પ્રમાણે જપ્તી કરીને ૮૮ મી કલમ અનુસાર વેચી નાખવામાં આવી હતી. અને જ્યારે આગલી કલમ પ્રમાણે ઢંઢેરો પ્રસિદ્ધ કર્યો હોય, ત્યારેજ માત્ર આવી રીતે જપ્તી તથા વેચાણ થઇ શકે છે. અને તેથી સમઝવું જોઇએ કે, ૮૭ મી કલમ પ્રમાણે જે કરવાપણું રહેછે તે યોગ્ય રીતે થયા પછી સદરહુ કલમમાં ઠરાવ્યુંછે તે પ્રમાણે ઢંઢેરો પ્રસિદ્ધ થયો હશે.

૮૭ મી કલમ મુજબ ઢંઢેરો પ્રસિદ્ધ થયો હતો. અથવા તે કલમ મુજબ કોઈપણ જાતનો ઢંઢેરો પ્રસિદ્ધ થયો હતો, એવો પુરાવો પડયો નથી. એટલા કારણસર સેસન કોર્ટનો ઠરાવ રદ કરવો જોઈએ. એવી અરજી આ અદાલતને કરવામાં આવી છે. અને તેમાં જણાવ્યું છે કે, આવો ઢંઢેરો પ્રસિદ્ધ થયો હતો, તે વિષેનાં નીચલી કોર્ટે પોતાનાં કારણો આપીને પ્રસિદ્ધ થયાનું અનુમાન કર્યું છે, તે ભુલ ભરેલું છે.

વળી તે અરજીમાં મહારાણી વિ. સુશીભુષણ ચકરબતી (૪ ક. ૬૨૩) ના મુકરદમાનો હવાલો આપ્યો હતો.

આ બધી દલીલો વાજબીછે. એમ માહારો અભિપ્રાય થાયછે.

કાયદાના જે વાક્ય ઉપરથી નીચલી અદાલતોએ અમલ કર્યોછે. તે વાક્ય ઘણાખરા જે મુકરદમાઓમાં ગ્રહણ કરેલુંછે. તે મુકરદમાઓમાં હકુમતનો સવાલ ઉઠયો હતો. અને હકુમત હોવાનું સાબિત થતાં મજકુર અનુમાન કરવામાં આવ્યું હતું. જેમકે ટેલર વિ. કલે-

હોય તો) એ વાત પ્રોસીકયુશનવાળાએ આ કામમાં સાબિત કરવી જોઈએ. અને તેમ કરવું કાંઇ કઠણ નોહોતું, પરંતુ જ્યાં લગી એમ બતાવવામાં આવે નહી કે મજકુર ઢંઢેરો એવે ઠેકાણે તથા એવી રીતે પ્રસિદ્ધ થયો હતો કે, તે ગરાશીયો જાણતો હતો, અથવા એમ સમજાય કે, તેની તેને ખબર પડી હતી. ત્યાં સુધી એટલીજ હકીકત બસ નથી. એમ વખતે બને એવું છે. અલબતે ઢંઢેરો પ્રસિદ્ધ કરવાનું લાયક ઠેકાણું ગરાશીયાનું રહેવાનું ગામજ હોવું જોઈએ, એમ કાંઈ નથી। અપેલેન્ટ બીન ગુન્હેગાર ઠરવાને. લામસનનો મુકરદમો. તે મુકરદમામાં કહેલુંછે કે, “જ્યાં ચાલેલું કામ જોવા ઉપરથી જણાય કે, નીચલી અદાલતની હકુમત હતી, તે કામ નીયમસર ચાલ્યું હતું એમ સમજવું. પણ જો તેમ જણાય. અથવા જણાતું હોય તે શક પડતું હોય તો, તેવી રીતે સમજવાનું નથી.” એ માહા વાક્ય રીતના નીયમીત પણાનેજ માત્ર લાગુ પડેછે. અને જ્યાં કોઇ કૃત્ય કરવામાં આવ્યું હોય, તે કરવાને વાજબી કારણ હતું. તેવું મુદાનું કૃત્ય થયું હતું કે નહીં? તેનો પુરાવો આપવાની ગરજ દુર થાયછે. એમ કાંઇ નથી.” કા પ્રાક્ષી ભાઇ વિ. ઇસ્ટ ઇંડીયા કંપની.

૮૭ મી કલમમાં કહેલું છે તેવી રીતે ઢંઢેરો પ્રસીદ્ધ થયો હતો. (જો પ્રસીધ થયો થક હતો. તે બાબતનું મારા અભિપ્રાય પ્રમાણે એક બીજું કારણ છે. તે ઉપર ટાંકેલા કલકત્તાના મુકરદમામાં વિદ્વાન જડજોએ કહેલું છે તે પ્રમાણે એ છે કે, કાયદાનાં આવાં બંધારણો હેરાન કરવા સારૂ મુખ્યત્વે કરીને અમલમાં લાવવાં જોઇએ નહી. પણ જેઓનો દરજો એવો હોય કે, તેઓએ કાંઈ બાતમી ઇરાદા પુર્વક સંતાડવી નહી તેટલા માટે તેમનો અમલ કરવો જોઈએ. અને જે સક્ષ, અથવા સક્ષો તરફથી એવી બાતમી ખરેખરી મળી હોય, અને વખતે જે, અથવા જેઓ એવી બાતમી આપવામાં બંધાએલા હોય, તે વગર દરેક સક્ષ ઉપર એવી ખબર ન આપવા સારૂ ફોજદારી ચલાવવી એ વાજબી નથી.

આ મુકરદમામાં ખરેખરા ફરીયાદી શનમુગાય ચેટીને મજકુર જમીનદારનું વેર લેવાની ઉતકંઠાને લીધે, એ જમીનદાર ઉપર તોહમત આણ્યું હતું. એ વિશે અવલ અદાલતને સાવ ઉઘાડું માલમ પડયું હતું; એમ જણાયું છે કે તે ગરાશીઆઓ ચેટીનું અપમાન કરવા તથા તેને હીણો પાડવાના મુખ્ય ઈરાદાથી સદરહુ જમીનદારે તેને લુંટાવ્યો હતો. એને એવો હુમલો કરવામાં વેલાયણ નીસબત ધરાવતો હતો. તે સારૂ તેને પકડવાનું વારંટ કહાડયું હતું.

ખુદશાન સુગમની જુબાની ઉપરથી જણાયછે કે, તેના ઉપર હુમલો કરનારાઓમાંથી, જે લોકો પકડાયા હતા, તેનો ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. તે સજા પુરી થઈ રહ્યા બાદ, વેલાયણને પેલા જમીનદારની ખીજમતમાં રહેલો વારંવાર સદરહુ શાનમુનમના જોવામાં આવતો. અને તેના કહેવા પ્રમાણે આ વીશેની ચાર વખત બાતમી આપી, તેને પકડવાનું પોલીસને કહેવામાં આવ્યું હતું. પરંતુ તે પોલીસવાળાએ પકડવાની નાપાડી હતી. અથવા તેમ ન કરવાનાં બહાનાં બતાવ્યાં હતાં. તો હવે સાફ જણાયછે કે, વેલાયણ, ગરાશીયાની ડેલીની આસપાસ હતો, અને એ વેલાયણ પકડાયો નહીં, તે મજકુર ગરાશીયાની બાતમી દેવાની કસુરનું કારણ નથી. ખરેખરૂં કહીએ તો વેલાયણ કયાં રહેતો તેની પોલીસને ખબર હતી.

વળી જે ગુન્હાનો ગરાશીયો અપરાધી ઠર્યોછે. તે ઉપરાંત બીજાં બે તોહોમતો રાખી તેનો ઇનસાફ થયો હતો. ત્રીજા ગુન્હાના તોહોમત કરતાં એ પેહેલાં બે તોહોમતો વ-

ધારે ભારે ગુન્હાનાં હતાં. એટલે ઈ. પી. કો. ની ૨૧૨ તથા ૨૧૬ મી કલમોના ગુન્હાનાં હતાં. આ તોહોમતોમાંથી તેને નિરદોષ ઠરાવ્યો હતો. એથી આ બે વધારે ભારે ગુન્હાઓનાં તોહોમતો વખતે પડી ભાગે. તદ્દન જુદા પ્રસંગ સાથે નિસબત નહી રાખનારા ત્રીજા તોહોમતનો તે ગુન્હેગાર ઠરે એટલા સારૂં તે ત્રીજું તોહોમત રાખ્યું હતું.

પોતાની ટેલીએ વેલાયણ આવી જાયછે, તે વાત છાની રાખવાની ઇચ્છાથી, તેના પત્તાની ખબર આપવાની ગરાશીયાએ કસુર કરી નહોતી. પરંતુ તે વેલાયણના ત્યાં હોવા વિશે પોલીસને ખબર છે, એમ તે ગરાશીયાના જાણવામાં હતું; તેથી તેણે બાતમી આપી નહોતી. એ તકરાર માજીસ્ત્રેટ પાસે લેવાઇ હતી, અને આંહી પણ એજ તકરાર લેવામાં આવી છે. માજીસ્ત્રેટે ઠરાવ્યું હતું કે, "જે સક્ષના વિશે બાતમી આપવાની હોય, તેના રહેઠાણ તથા સ્થિતિ વિશેની વાત સાબિત થાય તો, પછી તેના વિશેની બાતમી આપવાની ફરજ નહોતી. તે સાબિત કરવાનો બોજો તોહોમતદાર ઉપર રહે છે."

જે કારણો મેં ઉપર લખ્યાં છે, તે કારણોથી મારે ઠરાવવું જોઇએ કે, અપેલેન્ટને અપરાધી ઠરાવવો નોતો જોઈતો. એ ગુન્હાનો ઠરાવ કાયમ રાખવા જેવું મેં ધાર્યું હતતો, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૮૭ મી કલમ મુજબ ઢંઢેરો પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો કે નહી? અને પ્રસિદ્ધ કર્યો હતો, તે કલમમાં લખેલું છે તે પ્રમાણે થયો હતો કે કેમ? અને જો તેજ કલમમાં લખ્યા પ્રમાણે પ્રસિદ્ધ થયો હતો, તો તેની પ્રસિદ્ધતાની અપીલેન્ટને માહીતગારીની વાત સાબિત ન થાય તો, તેની માહીતી હતી એમ અનુમાન કરવું કે નહી? તે બાબતમાં વધારે પુરાવો લેવાનો હું હુકમ કરત, પરંતુ મને ખાતરી છે કે, આવા મુકરદમામાં જે વાત ધ્યાનમાં રાખવાની છે, અને જેના વિશે કલકત્તા હાઈકોર્ટે નીયમ સમજાવ્યો છે તે નિયમ પાકો છે. અને આ વિશેમાં કાયદાકારોના ઇરાદાને અનુસરતો છે. તથા આ કામની અંદર જે હકીકત જણાઇ છે, તથા કબુલ કરવામાં આવી છે, તે ઉપરથી અપેલેન્ટને ઈ. પી. કો. ની ૧૭૬ મી કલમ માંહેલા ગુન્હાનો અપરાધી ઠરાવવો એ ગેરવ્યાજબી છે.

તેથી હું નીચેની અદાલતોના ઠરાવ રદ કરૂંછું, તથા માજીસ્ત્રેટની કરેલી સજા સેસન જડજે બહાલ રાખી હતી, તે સજા રદ કરી અપેલેન્ટને નિરદોષ કરૂંછું અને તેની પાસેથી કાંઇ દંડ વસુલ કર્યો હોય, તો તે પાછો આપવો હુકમ કરૂંછું.

કલમ ૧૭૭ મી.

સરકારી હોદ્દાના જોરથી કોઇ સરકારી નોકરને કાંઇ બાબ ખોટી ખબર
ત સંબંધી કોઇ ખબર આપવાની કાયદા મુજબ ફરજ છતાં તે આપવી. બાબત સંબંધી જે ખબર પોતે ખોટી છે એમ જાણતો હોય, અથવા એમ માનવાનું પોતાને કારણ હોય, એવી કાંઇ ખબર ખરી ખબર દાખલ જે માણસ આપે તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપિઆ સુધીના દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે, અથવા, અગર જે ખબર આપવાની તેની કાયદા મુજબ ફરજ હોય તે ખબર કાંઇ ગુનોહ થયા બાબતની હોય, અથવા કાંઇ ગુનોહ થતો અટકાવવાના કારણસર, અથવા કાંઇ ગુનેહગારને પકડવા માટે આપવી જોઇતી હોય તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) અ જમીનદાર પોતાની જમીનદારીની હદમાં એક ખુન થયેલું જાણ્યા છતાં તે જીલ્લાના માજીસ્ટ્રેટને જાણી જોઇને એવી ખોટી ખબર આપે કે એ મોત એક સાપના ડસથી અકસ્માત થયું છે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

(બ) એક પાસેની જગામાં રેહેનારા એક માતબર વેપારી ઝ ના ઘરમાં ડાકાઇટીનો ગુનોહ કરવા માટે પોતાના ગામમાંથી ઘણા એક અજાણ્યા માણસો ગયા છે એમ જાણ્યા છતાં; તથા બંગાલાના કાયદાના પુસ્તક માંહેલા સન ૧૮૨૧ ના ૩ જા કાયદાની ૭ મી કલમની ૫ મી રકમ મુજબ તે હકીકતની જલદી તથા બરાબર ખબર પાસેમાં પાસેની ચોકીના અંમલદારને આપવાની પોતાની ફરજ છતાં, અ તે ગામનો રખવાળ જાણી જોઇને તે પોલીસ અમલદારને એવી ખોટી ખબર આપે કે (તે માણસો ગયા હોય તેથી જુદી દિશા બતાવીને) આણીમેર કાંઇ દુર જગાપર ડાકાઇટીનો ગુનોહ કરવાના વિચારથી જેઓની ઉપર ગુમાન જાય એવા કેટલાએક સખસોનું એક ટોળું આ ગામમાંથી ગયું તો એ ઠેકાણે અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

વીરા સ્વામી મુદાલી વિ. કેસરે હિંદ.

खाताना हुकम मुजब एक सरकारी नोकर पोताना उपरीने डायरी-मां खोटी हकीकत दाखल करी मोकले तो तेथी ते पीनलकोडनी क-

કલમ ૧૭૭.
૧
તા૦ ૯-૯-૮૧
ઈ. ૪ મ. પા. ૧૪૪

कलम १७७ मी मुजब गुन्हेगार थाय छे.

કોઈ સરકારી નોકર તેના ઉપરી તરફ ડાયરીમાં ખોટી ખબર લખી મોકલે તો પી. કો. ની ૧૭૭ મી કલમ મુજબ ગુનેહગાર થાય છે.

આ મુકરદમાની હકીકત તથા તે માંહેલી દલીલો કોર્ટના ઠરાવમાંથી જણાઈ આવશે.

અરજદાર તરફથી બે વકીલો હાજર હતા.

ઠરાવઃ—આ કામમાં એક નીમકની મેહેસુલ ખાતાના અમલદારે, ડાયરીમાં ખોટી હકીકત દાખલ કરી, પોતાના ઉપરીને તેણે મોકલી દીધી. તે હકીકત એવી હતી કે, એક રોજ હું ચોકસ જગ્યેપર કામગીરી ઉપર ગયો હતો. ખરેખરૂં જોતાં તેમ તેણે કરેલું નોહોતું. સવાલ એટલોજ છે કે, પીનલકોડની કલમ ૧૭૭ મી મુજબ તકરારી સવાલની બાબતમાં કાંઈપણ ખબર આપવા, કાયદાસર તે બંધાયેલો હતો કે નહીં? કોઇપણ કાયદાથી તેની તેવી ફરજ હતી, એમ જણાતું નથી. પણ બેશક ખાતાની રૂઇએ કાઢેલો હુકમ તોહોમતદારને માનવાની ફરજ હતી. તે પ્રમાણે તે ડાયરી તેણે રાખી હતી અને પોતાના ઉપરીને મોકલી હતી.

આગળ અમે ઠરાવો કરેલા છે, તે ઉપરથી ઠરાવીએ છૈએ કે, જે બાબતમાં તોહોમતવાળાને ખબર આપવાની કાયદેસર ફરજ હતી, ને તેમાં તેણે ખોટી ખબર આપી, તેથી તેણે ૧૭૭ મી કલમ મુજબ ગુન્હો કર્યો છે.

માટે તેની અરજી નામંજુર કરૂં છઊં.

કલમ ૧૭૮ મી

૧૭૮. સાચુ બોલાવવાને સોગંદ આપવાનો જે સરકારી નોકરને કાયદા મુજબ અખતિયાર હોય તેવા કોઇ સરકારી નોકરે સાચુ બોલવાને બંધાવા સારૂ કોઇ માણસને સોગન ખાવાનું ફરમાવ્યા છતાં તે માણસ અગર તે પ્રમાણે સાચુ બોલવાને બંધાવા સારૂ સોગન ખાવાની ના કહે તો તે માણસને ૭ મહીનાની મુદ્દત સુધીની આસન કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. કોઇ સરકારી નોકરે કાયદામુજબ સોગન ખાવાનું ફરમાવ્યા છતાં સોગન ખાવાની ના કહેવી.

કલમ ૧૭૯ મી

૧૭૯. કોઇ સરકારી નોકર પોતાના સરકારી હોદ્દાના કાયદેસર અખતિયારનો અમલ કરતાં કોઇ બાબતમાં કાંઇ સવાલ પૂછે, અને તે બાબતમાં તે સરકારી નોકરને સાચી વાત કહેવાની કાયદા મુજબ પોતાની ફરજ છતાં જે માણસ તે સવાલનો જવાબ દેવાની ના કહે, તે માણસને ૭ મહીનાની મુદત સુધીની આસાન કેદની; અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. સવાલ પુછવાનો અખત્યાર હોય એવા કોઇ સરકારી નોકરને કાંઇ સવાલનો જવાબ દેવાની ના કહેવી.

કલમ ૧૭૯ મી.

કોઇ સરકારી નોકર પોતાના સરકારી હોદ્દાના કાયદેસર અખતિયારનો અમલ કરતાં કોઇ બાબતમાં કાંઇ સવાલ પુછે, અને તે બાબતમાં તે સરકારી નોકરને સાચી વાત કહેવાની કાયદા મુજબ પોતાની ફરજ છતાં જે માણસ તે સવાલનો જવાબ દેવાની ના કહે, તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની; અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

સવાલ પુછવાનો અખત્યાર હોય એવા કોઇ સરકારી નોકરને કાંઇ સવાલનો જવાબ દેવાની ના કહેવી.

માહારાણી કેસરે હિંદ. વિ. હરી લક્ષમણ.

કલમ ૧૭૯.

૧

તા० ૪-૧૦-૮૫
ઈ. ૧૦મુ.પા. ૨૮૫

લગતી हकीकतनो पुरावो मेळववा सारु, जो कोइ जडज कोइ शाक्षीने पुरावाना कायदानी कलम १६९ मी प्रमाणे नहीं लगता सवाल पुछे, तो ते सवाल तेने पुछवा अधिकार छे. पण ए शीक्षा उपर फोजदारी काम मांडवाना हेतुथी जो ते सवालो तेने पुछायतो, तेनो जवाब देवा सदरहु साक्षी बंधायो नथी. अने पीनलकोडनी कलम १७९ प्रमाणे जवाब न देवाथी ते सजाने पात्र थतो नथी.

જે હકીકત લગતી હોય નહીં તેના સંબંધનો સવાલ પુછવા માટે જડજ મુખતીયાર છે; પણ એ સવાલનો જવાબ દેવાથી સાક્ષી ફોજદારીમાં ફસાતો હોય તો તે સવાલનો જવાબ દેવાને મજકુર સાક્ષી બંધાયો નથી.

૧૮૮૨ ના ૧૦ મા આકટની કલમ ૪૩૯ મી પ્રમાણે હાઇકોર્ટને ઠરાવ સુધારવા અધીકાર છે ને પ્રમાણે ઠરાવ સુધારવાની આ એક અરજી હતી.

અરજદાર હરિલક્ષ્મણને હિંદુસ્થાનના પીનલકોડની કલમ ૧૭૯ મી માંહેલા ગુન્હાનો અપરાધી ઠરાવી, ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૪૮૦ પ્રમાણે રૂપીયા ૪૦ દંડ દેવાની સજા કરી હતી; ને તે ન આપે તો એક માસ આસાન કેદ રહેવા હુકમ કર્યો હતો.

હરી લક્ષમણે એક નારાયણ માધુ અને બીજા ઉપર હુકમનામું મેળવ્યું હતું, તેની બજાવણી માટે તેણે સબોરડીનેટ જડજ ને અરજ કરી હતી. તેમાં હુકમનામાના દેણદારે વાંધો લીધો કે, મેં સદરહુ હુકમનામુ પતાવી આપ્યું છે. અને હરી લક્ષમણે જાણે પોંચ આપી હોય, એવી તેની પોંચ તેણે દેખાડી. તે ઉપરથી સબોરડીનેટ જડજે હરી લક્ષમણને પુછ્યું કે, તે પહોંચ તારા હાથની લખેલી છે કે નહીં? અને તેનો જવાબ દેવાની ના પાડવાની અંતે જે પરીણામ ઉપજે, તે બાબતની તેને ચેતવણી આપ્યા છતાં, તેણે જવાબ દેવા ના પાડી, અને કહ્યું કે, એ સવાલ પુછાય નહીં. અને તેનો જવાબ દેવા હું બંધાએલ નથી. તે ઉપરથી સબોરડીનેટ જડજે તેનો ઇનસાફ કરીને ઉપર કહ્યા પ્રમાણે તેને સજા કરી.

થાણાના સેસન જડજે અપીલમાં આ ઠરાવ અને સજા બાહાલ રાખ્યાં. અરજદાર તરફથી દાજી અબાજીએ તકરાર કરી કે, સાક્ષી ગુન્હા હીત ઠરે, એવા મતલબથી તેને સવાલ પુછવાનો, સબોરડીનેટ જડજને અધીકાર નથી. અને આવા જવાબ દેવાને સદરહુ સાક્ષી બંધાયો નથી.

જસ્ટીસ નાહાનાભાઇ હુરીદાસનો ઠરાવઃ—પુરાવાના આકટની ૧૬૫ કલમ પ્રમાણે કોઈ લગતી વાત ન હોય, તેના સવાલ પણ જડજને પુછવા હોય તો પુછી શકે છે. પરંતુ તેની મતલબ યોગ્ય પુરાવો મેળવવાની, અથવા શોધી કાઢવાની ન હોય તો તેવા સવાલો પુછી શકતો નથી. ચાલતા કામમાં સબોરડીનેટ જડજના પોતાના ચલાવેલા કામથી જણાય છે કે, તે સવાલ તેને ઉપર કહેલી વીગતની મતલબ વાસ્તે નહીં, પણ સાક્ષી ઉપર ફોજદારી ફરીયાદ મંડાય, તેટલા સારૂ પુછાયો હતો. તેથી સદરહુ સાક્ષીએ તે સવાલ લગતો નથી, એમ જાણીને તેનો જવાબ દેવા જે વાંધો લીધો, તે વાજબી હતો. અને તેનો જવાબ દેવાનો પાંધો પણ કાયદેસર હતો. અને તેનો જવાબ દેવાને પણ તે કાયદાથી બંધાયો નોહોતો, માટે સજા અને ઠરાવ રદ કરી દંડ પાછો આપવાનો હુકમ કરૂં છું.

કલમ ૧૮૦ મી.

કોઇ માણસે કાંઇ મજકુર કહ્યો હોય તે મજકુર ઉપર તેને સહી કરવાનું ફરમાવવાને કાયદા મુજબ મુખતિયાર હોય તેવા કોઇ સરકારી નોકરે તે મજકુર ઉપર સહી કરવાનું ફરમાવ્યા છતાં અગર તે માણસ તે ઉપર સહી કરવાની ના કહે, તો તેને ત્રણ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસેં રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કાંઇ મજકુર ઉપર સહી કરવાનીનાકહેવી.

મહારાણી કેસરેહિંદ. વિ.. સીરસાપા·

જે તોહોમતદારનું કામ ચાલતું હોય તેમાં તેને કોર્ટેથી પુછેલા સવાલના જવાબોની જુબામીમાં પોતાની સહી કરવાની તે તહોમતદાર નાપાડે તો તેથી તે. હી. પી. કો.ની ૧૮૦ મી કલમ પ્રમાણે સજા થઇ શકે એવા ગુન્હાની ગુન્હેગાર થતો નથી.

કલમ ૧૮૦.
૧
તા० ૫-૯-૮૭
ઈ. ૧ મુ. પા. ૧૫

તોહમતવાળોાસ બસ પોતાની જુબાનીમાં સહી કરવાની ના પાડે તો તેથી આ કલમ પ્રમાણે ગુનહો થતો નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ (૪૩૮) મી પ્રમાણે આ કામ ધારવાડના જીલ્લા માજીસ્ત્રેટે લખી મોકલ્યું હતું.

બંધવા ઉપર એક ગુન્હાનું કામ ચાલતું હતું. ત્યારે માજીસ્ત્રેટના સવાલના જવાબમાં જે જુબાની આપી હતી, તેમાં પોતાની સહી કરવાની તેણે ના પાડયા સારૂ હુબલીના બીજા વર્ગના માજીસ્ત્રેટે તેનો ૨૦૦ રૂપૈયા દંડ કર્યો હતો.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૩ (૩૪૨) મી પ્રમાણે બંધવાને પુછેલા સવાલનો જવાબ દેવાનું અથવા જવાબ દેવાની ના પાડવાનું તેની મરજી ઉપર રહેલું છે; તોપણ જ્યારે બંધવે જુબાની આપી, ત્યારે તેમાં સહી કરવીજ જોઇએ કે નહીં, એ બાબતમાં જીલ્લા માજીસ્ત્રેટને ક્લેશ રહેવાથી તેણે આ કામ હાઇકોર્ટમાં મોકલ્યુંછે.

સરકાર કે બંધવા તરફથી હાઇકોરટમાં કોઇ હાજર થયું નહોતું.

આ કામનો જસ્ટીસ કંબાલ તથા જસ્ટીસ મેલવીલે વિચાર કર્યો. પણ બંનેના મતમાં ભેદ પડવાથી તેણે ચિફ જસ્ટીસ તરફ મોકલી દીધું. નામદાર જડજોએ નીચે પ્રમાણે અભિપ્રાય આપ્યો છેઃ—

જસ્ટીસ મેલવીલ.

આમાં સવાલ આટલોજ છે કે, જ્યારે કોર્ટ બંધવાની તપાસણી કરતી હોય, ત્યારે પોતાની જુબાનીમાં સહી કરવાની ના પાડવાથી બંધવો હી. પી. કો. ની ૧૮૦ મી કલમના ગુન્હાનો ગુન્હેગાર થાય છે કે નહીં?

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૧ (૩૬૪) મીમાં ઠરાવ્યું છે કે, બંધવાને પોતાની જુબાનીમાં લખાવી રાખ્યું હોય તથા તે સઘળી જુબાની બરોબર છે, એવું તે કહે તે પછી એ જુબાનીમાં એ બંધવે પોતાની સહી કરવી—માજીસ્ટ્રેટ અથવા અદાલતનો તેમાં તેની સહી લેવી જોઇએ, એવો અર્થ બેસાડીએ તોપણ બેશી શકે છે ખરો. પણ એ કલમનો આજ અર્થ લેવાં મને જણાય છે કે, જ્યારે જુબાનીમાં સહી કરવાનું બંધવાને કહેવામાં આવે ત્યારે તેમાં ના પાડવી તેને પણ ઈ. પી. કો. ની ૧૮૦ મી કલમ લાગુ પડે છે.

કોઈ માણસે કોઈ મજકુર કહ્યો હોય, તે મજકુર ઉપર તેને સહી કરવાનું ફરમાવવાને કાયદા મુજબ અખતીયાર હોય, તેવા કોઇ સરકારી નોકરે તે મજકુર ઉપર સહી કરવાનું ફરમાવ્યા છતાં, અગર તે માણસ તે ઉપર સહી કરવાની ના કહે, તો તેને ત્રણ મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચસે રૂપિઆ સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

આ કામમાં બંધવાએ જુબાનીમાં સહી કરવી જોઇએ એમ કહેવાને કોર્ટ કાયદા પ્રમાણે મુખતીયાર હતી; અને જ્યારે સહી કરવાનું કહ્યું ત્યારે તેણે ના પાડી. ગુન્હાનાં બધાં તત્વો આ કામમાં હાજર છે એમ મને જણાય છે; તેથી ગુન્હાનો ઠરાવ કેવે પ્રકારે ગેરવાજબી છે, તે હું જોઇ શકતો નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૬ (૩૬૪) મીમાં એવા શબ્દો લખ્યા છે કે, "તોહોમતવાળા સક્ષ સહી કરવી" એ શબ્દોનો અર્થ જો આપણે એ મલઇએ કે, અદાલતે તોહોમતવાળાની સહી લેવી, એવી ફક્ત એક સુચના છે. એટલુંજ નહીં, પણ તોહોમતવાળાને પણ સહી કરવાની ફરજ છે, તો આ મુકરદમો બંધવાની વિરૂદ્ધ વધારે મજબુત થાય છે.—બંધવાએ સવાલના જવાબ દેવા કે નહીં, એ તેની ખુશી ઉપર છે, માટે જુબાનીમાં સહી કરવી એ પણ તેની ખુશી ઉપર છે એવી દલીલ વાજબી રીતે આપી શકાય એમ હું ધારી શકતો નથી. કાયદો એમ કહે છે કે બંધવાની ખુશી હોયતો તેણે જવાબ દેવા, નહીં તો તેની જરૂર નથી. પણ જો જવાબ દેવાનું તે પસંદ કરે તો ઠરાવેલી રીત મુજબ નોંધી લીધેલા જવાબો તેને બંધન કર્તા છે. તથા કાયદામાં મુકરર કરેલી રીતને અનુંસરવાની ના પાડીને તે જવાબોથી તેનાથી ફરી જવાશે નહીં, એવું ધારેલું હોય એમ મને જણાય છે.

તેથી હવે ફક્ત સજાનો સવાલ માહારા અભીપ્રાય મુજબ વિચારવાનો રહે છે, અને તે સારૂ દેશી ભાષામાં ચાલેલું કામ જોવાની જરૂર છે.

જસ્ટીસ કેમ્બેલનો મત:—

જે તોહોમતવાળો સક્ષ ક્રીમીનલ પ્રોસીજરની કલમ ૩૪૬ (૩૬૪) મી પ્રમાણે પોતાની જુબાનીમાં સહી કરવા ના પાડે છે, તે તોહોમતદાર ઈ. પી. કો. ની ૧૮૦ મી કલમ પ્રમાણે અદાલતનો તીરસ્કાર કર્યા માટે સજાને પાત્ર થાય છે. એમ ધારવામાં હું એક મતે થવાને અશક્ય છું. માટે આ સવાલ ત્રીજા જડજ પાસે મુકવો જોઇએ.

૧૮૭૨ના દસમા આકટની કલમ ૨૭૧ (૪૨૮) મી પ્રમાણે આ કામ સિદ્ધ જસ્ટીસ પાસે મુકવા અમે એક મત થઇએ છીએ.

"જુના ક્રીમીનલ પ્રોસીજરની કલમ ૩૪૬ મીના અર્થ ઉપર આ સવાલ ઉઠતો રહેતો હોય, એમ જણાય છે તોહોમતવાળા સક્ષે એવા દફતરમાં સહી કરવી, અથવા પોતાની નીશાની કરવી, એવું કાયદામાં ઠરાવેલું છે. ૩૪૬ મી કલમ પેહેલાંની જે કલમોનું મથાળું "તોહોમતવાળા સક્ષની તપાસણી વીશે" છે, તે કલમો તથા ૩૪૬ મી કલમ ભેગી વાંચતાં એવી તપાસણી કેમ કરવી તે બાબત સેસન કોર્ટ અથવા માજીસ્ટ્રેટને એક જાતની સુચના છે, તે શીવાય આ શબ્દોમાં વધુ હોય એમ જણાતું નથી. કોઇ રીતે તોહોમતવાળા ઊપર ફરજ નાંખવામાં આવી હોય, એમ તેમાંથી વંચાતું નથી. જો આમ હોય તો માજીસ્ટ્રેટ, અથવા સેસન કોર્ટ ક્રી. પીં. કો. ની ૧૮૦ મી કલમના અર્થ પ્રમાણે, તોહોમતવાળાને પોતાની જુબાનીમાં સહી કરવાનું ફરમાવવાને કાયદેસર મુખતીયાર હોય, એમ કહી શકાતું નથી, આ બાબત ઘણીજ અગત્યની છે. અને તાજુબી ભરેલું છે કે, આવો સવાલ અદાલત પાસે હજુ સુધી આવ્યો નથી, એમ દફતર તપાસતાં કહી શકાયછે.

બંને જસ્ટીસનો મત ભેદ થવાથી આ કામ ચિફ જસ્ટીસ પાસે રજુ થયું.

ચિફ જસ્ટીસ વેસ્ટ્રોપનો મતઃ—

ક્રીમીનલ પ્રોસીજરની કલમ ૧૨૨ (૧૬૪) મી પ્રમાણે કબુલતી જુબાની આપી હોય, અથવા એજ કાયદાની ૩૪૨ થી તે ૩૪૬ મી કલમ પ્રમાણે કોર્ટના પુછેલા સવાલના જવાબમાં જુબાની આપી હોય, તેને પી. કો. ની ૧૮૦ મી કલમ લાગુ પડે છે કે નહીં? એ માહારા વિચાર પ્રમાણે બહુ શક પડતું છે. આવી કબુલતો તથા જુબાનીનો સાર એ ઠેલોજ છે કે—તેઓએ ખુશીથી આપવી જોઇએ. અને જ્યાં સુધી તોહોમતવાળા સક્ષે તેમાં સહી કરી નથી. ત્યાં સુધી તે પુર્ણ ગણી શકાતી નથી, એમ મને લાગે છે. આ મત રાણી વિ. બાઈ રતનના કામમાં આપણી ફુલબેંચે સર્વાનુંમતે ગ્રહણ કર્યો હતો. એ મુકરદમાનો છેવટ નીકાલ કરવા અગાઉ ક્રીમીનલ પ્રોસીજરમાં જે ઠરાવો છે. તેનો પુરી રીતે ફુલબેંચે વિચાર કર્યો હતો. તે કામમાં અમો એ કહેલું હતું કે, "બંધવાની જુબાની માજીસ્ટ્રેટે લીધી હોય કે, તેની રુબરૂમાં તથા તેના શાંભળતા તેના વતી બીજા કોઇએ લીધી હોય, તોપણ તેનો નોંધ તોહોમતવાળા સક્ષને દેખાડવો, અથવા વાંચી બતાવવો જોઇએ. તે વખતે પોતાના જવાબમાં સુધારો કરાવવા અથવા કાંઇ ખુલાસો કરવા તેને સરખી તક છે. તેથી એક વખતે તેની સહી લેવી જોઇએ. અને બીજી વખતે ન લેવી. તેનું કાંઇ વધારે કારણ અમારા જોવામાં આવતું નથી. એવી સહી લેવાનું કારણ વખતે બંને પ્રસંગમાં એકજ હશે. અને તે કારણ એવું હશે કે, તેણે જે કબુલતી જુબાની આપી હોય, તે ખુશીથી આપી છે કે નહીં? તથા તે આપવા ટાંણે તેના ઉપર અસર કરનારી વ્યાધીઓમાંથી તે મોકળો હતો કે નહીં? તેની એક જાતની એક નવી અને જોરાવર પરિક્ષા કરવી. તથા દફતર સંપુર્ણ થાય તેની પેહેલાં છેવટની તક એટલે પશ્ચાતાપ કરવાની તક તેને આપવી, અને તે ઉપરથી જાણી શકાય કે, એ કબુલત ખુશીથી કરી નહોતી. અથવા ગેર વાજબી વ્યાધીઓના અમલમાં રહીને કરી હતી."

વળી તેજ કામમાં એમ કહેલું છે કે, "આ ઉપરથી એટલું નીકળે છે કે અમારા અભીપ્રાયમાં આ કામમાં લીધેલી કબુલત બંધવાની સહી વગરની હોવાથી અપુર્ણ છે. બં-

થવાએ સહી કરવી જોઇએ. એવો જે કાયદાકારોનો વખતે ઇરાદો હશે તે તરફ નજર રાખતાં, તેમાં સહી કરવાનું તેણીને ફરમાવવામાં બીજા વર્ગના મેજીસ્ટ્રેટની ચુક એવા પ્રકારની છે કે જેથી તેણીને ભારે નુકશાન થવા સંભવ છે, અને તેથી અપુરૂં દફતર બાંધવા વિરૂદ્ધ પુરાવામાં દાખલ કરી શકાતું નથી. એવો અમારો અભીપ્રાય છે."

દફતરમાં તોહોમતવાળા સક્ષની સહી અથવા નીશાની લેવીજ જોઈએ. એવું ઠરાવવામાં કાયદાકારોનો શું હેતુ હશે, તે બાબતમાં સદરહુ ફુલબેંચે વખતે જે મત બાંધ્યો છે, તે મત દંડ અથવા બીજા કોઇ જાતના દબાણથી તોહોમતવાળા સક્ષની સહી લેવી જોઈએ. તેને તમામ પ્રતીકુળ લાગે છે. હું દ્દઢ રીતે માનું છઊં કે, ક્રીમીનલ પ્રોસીજરની કલમ ૧૨૨ તથા ૩૪૬ મી પ્રમાણે લેવાયેલી જુબાનીઓમાં, તથા કબુલતોમાં જે સહી અથવા નીશાની જોઈએ, તે કરવાની ના પાડવાને હિંદુસ્થાનના પીનલકોડની ૧૮૦ મી કલમ લાગુ પડતી નથી.

માટે હું ધારૂં છઊં કે, ગુન્હાનો ઠરાવ રદ કરવો જોઇએ. તથા જો તેનો દંડ લીધો હોય તે પાછો આપવો જોઇએ.

કલમ ૧૮૧ મી.

૧૮૧. કોઇ સરકારી નોકરને અથવા કાયદા મુજબ સોગન આપવાનો જેને અખતિયાર હોય એવા કોઇ બીજા સખસને કાંઈપણ બાબતમાં સાચી વાત કહેવાને કાંઇ સોગનથી કાયદા મુજબ બંધાયા છતાં જે માણસ સદરહુ સરકારી નોકર અથવા બીજા સખસને તે બાબતમાં એવો કાંઈ મજકુર કહે કે તે ખોટો હોય, અને તે મજકુર ખોટો છે એમ તે માણસ જાણતો કે માનતો હોય, અથવા તે ખરો છે એમ તે માણસ માનતો ન હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જે સરકારી નોકર અથવા સખસને સોગનઆપવાનો અખત્યાર હોય તેનીઆગળ સોગન ખાઈને જુઠો મજકૂર કહેવો,

કલમ ૧૮૨ મી.

> કોઇ સરકારી નોકર પાસે તે નોકાયદેસર અખત્યાર અમલમાં અણાવીને બીજા સખસને નુકશાન કરાવાના ઇરાદાથી ખોટી ખબર આપવી.

કોઇ સરકારી નોંકરથી પોતાના સરકારી હોદ્દાનો કાયદેસર અખતિયાર વાપરતાં કોઇ સખસને નુકશાન અથવા દુખ થાય, અથવા સાચે સાચી હકીકત તે સરકારી નોકરના જાણ્યામાં આવી હોય તો જે વસ્તુ તે સરકારી નોકરે ન કરવી જોઇએ અથવા જે વસ્તુ કરવામાં તેણે કસુર ન કરવી જોઇએ તે વસ્તુ તે કરે, અથવા તે કરવામાં તે કસુર કરે, એવા ઇરાદાથી અથવા તે એમ કરશે, એવો સંભવ છે એવું જાણ્યા છતાં જે માણસ તે સરકારી નોકરને પોતે જે ખબર ખોટી જાણતો હોય અથવા ખોટી માનતો હોય એવી કાંઇ ખબર આપે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધી દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) અ કોઇ માજીસ્ત્રેટને એવી ખબર આપે કે, તમારા હાથ તળેનો ઝ પોલીસ અમલદારે નોકરીમાં ગફલત કરી છે અથવા બદચાલ ચલાવી છે, અને તે ખબર ખોટી છે એમ તે પોતે જાણતો હોય તથા તે ખોટી ખબર ઉપરથી તે માજીસ્ત્રેટ ઝને બરતરફ કરશે એવો સંભવ છે એમ પણ તે જાણતો હોય, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

(બ) અ કોઇ સરકારી નોકરને એવી ખોટી ખબર આપે કે મને કરેલું નિમક ઝ એ એક છાને ઠેકાણે સંતાડયું છે, અને તે ખબર ખોટી છે એમ પોતે જાણતો હોય, તથા તે ખોટી કલમનો પરીણામ એવો થશે કે ઝ ની જગાનો ઝાડો લેવાશે, તથા ઝ ને દુખ થશે એવો સંભવ છે એમ પણ જાણતો હોય, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

રાણી. વિ. પરીયાનન વગેરે.

> કલમ ૧૮૨
> ૧
> તા. ૧૮–૧૪–૮૧
> ઇ. ૪ મ. પા. ૨૪૧
>
> કોઇ સરકારી અંમલદારને ખોટી ખબર મળતાં તે તપાસ કરે અને તે તપાસથી જેનાવિશે ખોટી ખબર મળી હોય તે સખસને પાધરૂં કે તુરત નુકશાન ન થતું હોય તો તે ઠેકાણે આ કલમ લાગુ પડતી નથી

कोइ सरकारी नोकरने खोटी खबर मळतां मात्र तेने पुछपाछ करवानो अधिकार होय, अने सदरहु खबर मल्या उपरथी तेणे कोइ पुछपाछ करी होय, अने तेने पुछपाछ करवानो जे अधिकार छे, तेने अंते जे माणसना विरुध खोटी खबर आपी होय, ते माणसने कांइ पाधरुं के, ततक्षण नुकशान न थतुं होय तो ते ठेकाणे ही. पी. को. नी १८२ मी कलम लागु पडती नथी.

આ મુકરદમાઓ સાલમના જીલ્લા માજીસ્ટ્રેટે હાઇકોર્ટનો હુકમ થવા વાસ્તે ક્રીમીનલ પ્રો. કો. ની કલમ ૨૯૬ (૪૩૮) મી મુજબ મોકલી દીધા હતા. તે એવા કારણથી કે તેમાં ચાલેલું કામ કાયદા વિરૂદ્ધ થયું છે. એ મુકરદમાઓની કેફીયત જસ્ટીસ ઇન્સ તથા મુતુસ્વામી આયરના ઠરાવમાં પૂરેપૂરી આવેલી છે.

કોઇના તરફથી વકીલ હાજર હતા નહીં.

આ કામની મુદાની હકીકત નીચે પ્રમાણે છે.

ઠરાવઃ—

કેટલાક સક્ષોએ માર મારીને રૂ. ૧૦-૦-૦ કરતાં વધારે કીમતનાં ઘરેણાં માર આપેલાં સક્ષ પાસેથી લઇ લીધાં, એવી ફરિયાદ વીલેજ માજીસ્ટ્રેટ પાસે થઇ હતી.

એ વીલેજ માજીસ્ટ્રેટે આ હકીકત પોલીસના થાણાવાળા તરફ લખી મોકલી, અને તે થાણાના ઉપરીએ તપાસ કર્યા પછી વણીયામબાદીના સબ માજીસ્ટ્રેટને લખી મોકલ્યું કે, એ ફરીયાદ ખોટી છે. તેની સાથે ફરીયાદીઓ ઉપર પી. કો. ની કલમ ૧૮૨ મી પ્રમાણે કોઇ બીજા સક્ષને નુકશાન થાય એવી રીતની સરકારી નોકર પોતાની કાયદેસર સત્તા વાપરે, તેટલા સારૂ ખોટી ખબર આપ્યા વાસ્તે ફરીયાદીઓ ઉપર કામ ચલાવવા વાસ્તે મંજુરી માગી.

સદરહુ માજીસ્ટ્રેટે એ મંજુરી આપી અને ત્યારબાદ તેણે પોતેજ એ કામનો ઇનસાફ કરી તેઓને પી. કો. ની કલમ ૧૮૨ મીના અપરાધી ઠરાવી સજા કરી. જીલ્લા માજીસ્ટ્રેટ નમ્રતાથી લખે છે કે, ચાલેલું કામ નીચેના કારણોથી કાયદા વિરૂદ્ધ છે.—

૧. જે વીલેજ માજીસ્ટ્રેટને ખબર આપી હતી તેને આ કામમાં કાંઇ અધિકાર નહોતો.

૨. સબ માજીસ્ટ્રેટને મંજુરી આપવાનો અધિકાર નથી. કેમકે જે સરકારી નોકરને ખબર આપવામાં આવી, તે સરકારી નોકર નહોતો.

જીલ્લાસ્ટ્રેટના અભિપ્રાય સાથે મળવાને અમે અશક્ય છીએ. આ કામમાં બે સવાલ ઉત્પન્ન થતા અમોને જણાય છે. પેહેલો સવાલ એ છે કે, આવા પ્રસંગમાં ૧૮૨ મી કલમ લાગુ પડી શકે કે નહીં.

અને બીજો એ છે કે ચાલેલા કામને કાયદેસર ગણવા સારૂ, તેમાં જેટલું થયું છે તે કરતાં કાંઇ વધારે કરવાની જરૂર છે કે નહીં.

જે શક્ષના વિરૂધ ખબર આપવાની ધારણા રાખીને જે સરકારી નોકરને ખોટી ખબર આપી હોય, તે સરકારી નોકરને તેના વાપરવાના અધિકારમાંથી કંઇ અધિકારને લીધે જે માણસના વિરૂધ ખબર આપવાનું ધાર્યું હોય, તે માણસને પ્રત્યક્ષ અને તતક્ષણ નુકશાન થશે, એવા અખતીયારની સાથે ૧૮૨ મી કલમના શબ્દો "કાયદેસર અખતીયાર વાપરતાં" નીસબત રાખે છે એથી અમે માનીએ છીએ કે, કોઇને હેરાન કર્યા વગર વચમાંથી જેવા ઉપાયો આ કામમાં લેવાયા હતા. તેવા ઉપાયો લેવાને અંતે જે નુકશાન છેવટ થાય તેને લાગુ પડે છે, એમ અમારો અભિપ્રાય છે. આ કામમાં ખોટી ખબર પામનાર અમલદારે જે કર્યું હતું, તે એટલુંજ હતું કે, સદરહુ ખબર ઉપરથીબેશી ન રહેતાં તે આગળ વધ્યો.

બીજા સવાલના સંબંધમાં અમારો મત એવો છે કે, જે કાંઇ કરવાનું હતું તે બધું

થયેલું છે. સરકારી નોકરે પંડેજ ફરીયાદ કરી છે. અને તેથી ક્રી. પ્રો. કો. ની કલમ ૪૬૭ મી પ્રમાણે જેટલું જોઇએ તેટલું થવાને બસ છે. અને જો તે પ્રમાણે ન થયું હતતો વિલેજ માજીસ્ટ્રેટ બીજા વર્ગના માજીસ્ટ્રેટના તાબામાં છે, એમ કહેવું હોય તો કહી શકાયછે. અને તો પછી બીજા વર્ગના માજીસ્ટ્રેટની મંજુરી બસ છે.

મહારાણી. કૈસરે હિંદ. વિ. માધો.

કલમ ૧૮૨.
૨
તા૦ ૨૧-૬-૮૨
ઇ. ૪ મ. પં. ૪૯૮

કોઇ બાતમી દેનાર સરકારી નોકરને બાતમીમાં પોતાના અભિપ્રાય તરીકે કોઇ હકીકત જાહેર કરે અને તે બાતમી સાચી માનીને નુકશાન પવાનો સંભવ બીજી રીતે દુર થાય એવો હોય તો તેની બાતમી દેવી એ આ કલમ માં કહેલો ગુનહો નથી

म नामना कोइ सक्षे एक जील्लाना कलेकटरने एवी खबर आपी के, केटलाक जमीनदारोए. सरकारी अमुक जमीननो कबजो करी लीधोछे. आवी खबर आपवानो तेनो इरादो सदरहु जमीनदारोने "हेरान करवानो, तथा सरकारी अधिकारीनो वखत गुमाववानो" हतो. ठराव्युं के, सदरहु जमीनदारो उपर दीवानी दावो मंडाय तो तेमां कलेकटर जीते एम छे. एवा अभीप्राय सिवाय आ खबरमां बीजी कांइ वीशेषता नथी. तेटला माटे तथा कलेकटरे सदरहु खबर देनारानी वात साची मानी हत तो कलेकटर तरीके अथवा माजीस्त्रेट तरीके जमीनदारोने हालाकी अथवा नुकशानी पहोंचाडवानी जे सत्ता वापरी ते वापरवी पडत नहीं. अथवा जे तेने करवुं नोतुं जोतुं ते करवुं पडयुं. तेटला माटे ही. पी. को. नी कलम १८२ मांहेलो गुनोह म. ए कर्यो एम कहेवाय नहीं.

જોનપોરના જીલા માજીસ્ટ્રેટે આ કામ હાઇકોર્ટને જોવા મોકલ્યું હતું. એક માધા નામના સક્ષે કલેકટરને અરજી કરી કે કોઇ ચોકસ ગામના જમીનદારોએ, સરકારી બજારની જગ્યેનો કબજો કરી લીધો છે. અને તેના માલેક તરીકે, તેઓએ પોતાનાં નામ નોંધાવ્યાંછે. કલેકટરે આ બાબતમાં તજવીજ કરી, અને તેમાં તેને જણાયું કે, કેટલાંક વર્ષો અગાઉ, એ જમીન જમીનદારોની ઠરેલીછે અને તેના માલેક તરીકે તે જમીનદારોનાં નામ નોંધાઈ ચુકયાં છે. આ ઉપરથી કલેકટરના મનમાં આવ્યું કે, માધાએ જાહેર કરેલી હકીકત સાવ પાયા વગરની હતી. તથા તે જમીનના સંબંધમાં આગળ કામ ચાલેલું હતું, તેનાથી તે અજાણ્યો હોવો ન જોઇએ. વળી તેણે જમીનદારોને ઘણી તરખડમાં નાંખેલા છે. તથા સતાવાળાઓનો વખત ગુમાવ્યોછે. તેથી પીનલકોડની કલમ ૧૮૨ મી માંહેલા ગુનાહનું તોહોમત મુકી તેના ઉપર કામ ચલાવવાનો હુકમ કર્યો. અને એક જોઈન્ટ માજીસ્ટ્રેટ તરફ આ કામ મોકલી દીધું. એ માજીસ્ટ્રેટનો એવો અભીપ્રાય થયો કે, ૧૮૨ મી કલમ પ્રમાણે માધા ઉપર તોહોમત વાજબી રીતે રહી શકે તેવો પુરાવો નથી. તેથી તેણે માધા ઉપર સમન કાઢવાની ના પાડી. કલેકટર જે પંડે જીલ્લા માજીસ્ટ્રેટ હતો તેનો અભીપ્રાય થયો કે, માધા ઉપર કાંઇ નહીં તોપણ સમન કાઢવોજ જોતો હતો, તેથી તેણે આ કામ હાઇકોર્ટ તરફ લખી મોકલ્યું.

ઠીરેલ જસ્ટીસનો ઠરાવ:—

કોઇ એક બાતમીદાર જીલાના કલેકટરને એવી ખબર આપે કે, માહારા ધારવા પ્ર-

માણે જે બજારની જગ્યાનો સરકારની વતી દાવો કરવાનો કલેકટરને હક્ક છે, તે જગ્યાનો મારા જાણવા પ્રમાણે સ્થાનીક ગીરાસીયાઓએ કબજો કરી લીધો છે. આવી ખબર ખોટી હોય તો, તે ખબર દેનારને ક્રી. પી. કો. ની ૧૮૨ મી કલમમાં કહેલી સજા લાગુ કરવાનું કલેકટર ધારે છે તેમાં તેની ભુલ થાય છે. એ ગીરાશીયા ઉપર દીવાની દાવો મંડાય તો તેમાં કલેકટર જીતે એમ છે, એવા અભીપ્રાય સિવાય આ ખબરમાં બીજી કંઈ વીશેષતા નથી. ૧૮૨ મી કલમમાં તથા ક્રી. પી. કો, ના દસમા બાબમાં દાખલ કરેલી બીજી કલમમાં જે જાતની "ખબરનું" ચીંતવન કર્યું છે તેવી જાતની આ ખબર નથી. તથા "જમીનદારોને" હેરાન કરવાના તથા સરકારી સતાવાળાઓનો વખત ગુમાવવાના ઇરાદાનો દોષ જે કલેકટરે ખબર દેનારના ઉપર મુકયો છે, તેવા સાપ્રાધ ઇરાદાનું ૧૮૨ મી કલમમાં ચીતવન કર્યું નથી. જો કલેકટરે બાતમીદારથી વાત સાચી માની હતતો, કલેકટર તરીકે અથવા માજીસ્ટ્રેટ તરીકે, જમીનદારો ને હાલાકી અથવા નુકશાન પહોંચાડવાની જે સતા વાપરી તે વાપરવી પડત નહીં. એ કલેકટરને પોતાના દફતરમાં સુધારો માત્ર કરવો પડત. અને જમીનદારોના દાવા પાયા વગરના છે તેથી જતા કરવા સાર તેઓને બોલાવવા પડત, અથવા પોતાના જીલ્લાના સરકારના પ્રતીનીધી તરીકે તેઓના ઉપર દીવાની દાવો આણવો રહત. જોઈન્ટ માજીસ્ટ્રેટે ખબર દેનાર ઉપર સમન કાઢવાની ના પાડી હતી તેમાં તેણે સાચું કર્યું છે.

મહારાણી. વિ. જમની.

કલમ ૧૮૨.
૩
તા. ૯–૩–૮૩
ઇ. ૫ અ. પા. ૩૮૭
કોઈ ગુનહાની ફરીયાદ પોલીસને કરવામાં આવી હોય અને તેજ ગુનહાની ફરીઆદ પાછી કોઈ માજીસ્તરેટ પાસે કરી હોય તો જ્યાં સુધી આ બીજી ફરીઆદનો નીકાલ થયો ન હોય ત્યાં સુધી પ્રથમની ફરીઆદ ખોટી કરી એવું તોહોમત રાખી ફરીઆદી ઉપર કામ ચલાવવું નહીં.

ज. ए पोलीसने एवी फरीयाद करी के, र. ए माहारी जबरीनथी लाज लीधी छे. आ तहोमत खोटुं छे एम पोलीसे रीपोट करी वाळयो अने पी. को. नीं १८२ मी कलम मांहेला गुनाह वास्ते पोलीसे तेणीना उपर फोजदारी मांडी. ते दरमीयान ज. ए बळात्कारनुं तहोमत राखी र. उपर इनसाफनी अदालतमां फरीयाद करी. आ फरीयादनो नीकाल थयो नहोतो, पण तेणीना उपर १८२ मी कलमना गुन्हानुं काम चालु रहेलुं हतुं, अने आखरे ते गुनाहनी ते अपराधी ठरी.

ए ठराव रद करीने, ज. नी फरीयादनो नीकाल करवानो हुकम कढीने ठराव्युं के, १८२ मी कलमना गुनाह वास्ते फोजदारी मांडवानी अगाउ आवी रीते करेली फरीयादनो नीकाल थवो जोइए.

જોનપોર જીલ્લાના જીલ્લા માજીસ્ટ્રેટના કહેવા ઉપરથી મજકુર જીલ્લાના સેસન જડજે, ક્રીમીનલ પ્રોસીજર કોડની ૪૩૮ મી કલમ અનુંસાર, આ કામ, હાઇકોર્ટનો હુકમ થવા મોકલ્યું હતું. એ કામની હકીકત જે માજીસ્ટ્રેટે લખી છે તે એવી છે કે, જમનીએ એક પોલીસ થાણા ઉપર એવી ખબર આપી કે એક રામપ્રસાદે માહારી સાથે બળાતકાર સંભોગ કર્યો. જે પોલીસ અમલદારના હવાલામાં તે થાણું હતું તેણે તપાસ કર્યો, અને પોલી-

સના જીલ્લા સુપ્રીટેંડેંટ સાહેબને રીપોર્ટ કરી વાળ્યો કે, આ ફરીયાદ ખોટી છે. પી. કો. ની ૧૮૨ મી કલમના ગુન્હા વાસ્તે કામ ચલાવવાનો જે માજીસ્ત્રેટને અધિકાર હતો, તેને આ અમલદારે, કામ ચલાવવાનું લખી મોકલ્યું. મજકુર કલમ માહેલા ગુન્હાના તોહોમતનો જવાબ દેવા હાજર થવાનો, જમની ઉપર તે માજીસ્ત્રેટે સમન કાઢયો. એ અરસામાં જમનીએ, ફરીને રામપ્રસાદ ઉપર, બળાત્કાર સંભોગનું તહોમત રાખી ડેપ્યુટી માજીસ્ત્રેટને ત્યાં ફરીયાદ કરી. તે ફરીયાદ અરજીને પછવાડે તેની જુબાની, તેણે નોંધી લીધી, અને તેણીના ઉપર જે ફોજદારી મંડાણી હતી, તેનું છેવટ આવતાં સુધી આગળ ચલાવવું મુલતવી રાખ્યું. જે દિવસે જમની ઉપર ૧૮૨ મી કલમના ગુન્હાનું કામ ચાલવાનો દીવસ મુકરરક કર્યો હતો, તે દીવસે પ્રોસીકયુશન તરફના સાક્ષીઓ તપાસવામાં આવ્યા, તથા જમનીની જુબાની લેવામાં આવી, એ જુબાની આપવામાં તે પોતાની મુળની વાતને વળગી રહી હતી. તેણીએ પોતાના બચાવના સાક્ષીઓનાં નામ આપ્યાં, તે સાક્ષીઓને એક રોજ હાજર થવાના સમન કાઢયા, પણ તેમાંથી બધાઓ તે રોજ હાજર થયા નહીં. તે રોજ ડેપ્યુટી માજીસ્ત્રેટે જમનીને ગુન્હેગાર ઠરાવી, તેણીને ૭ અઠવાડીયાંની, સખત કેદની સજા સંભળાવી. જીલ્લા માજીસ્ત્રેટનો અભીપ્રાય થયો કે, ડેપ્યુટી માજીસ્ત્રેટનું ચલાવેલું કામ અનીયમીત છે. તે એવા કારણોથી કે, આ કામને ૧૮૨ મી કલમ લાગુ પડતી નથી; વળી બળાતકાર સંભોગના ગુન્હાની, પરબારી ફરીયાદ ડેપ્યુટી માજીસ્ત્રેટને ત્યાં, જમનીએ કરી હતી. માટે તેણે તેનો તપાસ કરવો જોતો હતો, અને તે તપાસની અંતે, તેને જણાય કે, મુકેલું તહોમત ખોટું છે. તો પછી પી. કો. ની ૨૧૧ મી કલમના ગુન્હા વાસ્તે તેણીના ઉપર, ફોજદારી માંડવાનો હુકમ કરવો જોતો હતો. અને બળાતકાર સંભોગનો ગુન્હો, સાત વરસ કરતાં વધુ વરસની કેદની, સજા લાયક છે, તેથી સેસનમાં, કમીટ કરવા જેવા ગુન્હાની તજવીજને રૂપે પ્રોસીકયુશન ચાલતું કરવું જોતું હતું. આ ઉપરથી જીલ્લા માજીસ્ટ્રેટના મનમાં આવ્યું કે, ડેપ્યુટી માજીસ્ટ્રેટનું ચલાવેલું કામ રદ કરવું જોઇએ. અને ડેપ્યુટી માજીસ્ટ્રેટને એવો હુકમ થવો જોઇએ કે, પ્રથમ તો તેણે જમનીએ, કરેલી ફરીયાદનો તપાસ કરવો, અને તે તપાસને અંતે જો તેને જણાય તો, પી. કો. ની ૨૧૧ મી કલમના ગુન્હા વાસ્તે, તેણીના ઉપર, ફોજદારી ચલાવવાનો હુકમ કરવો. આ કામ હાઇકોર્ટ તરફ રવાને કરતાં સેસન જડજે લખ્યું છે કે, પોલીસને ખોટી ખબર આપવાના વાંક વાસ્તે, જમની અપરાધી ઠરી છે. તેથી પી. કો. ની ૧૮૨ મી કલમ પૂરેપુરી લાગુ પડે છે. આ મતના આધારમાં, માહારાણી. વિ. રાધાકીશન, (૫. અ. ૩૬)ના ફેસલાનો તેણે હવાલો આપ્યો. છે. વળી તેણે લખ્યું છે કે, બળાતકાર સંભોગના ગુન્હાનું તહોમત રાખી, ફરીવાર જમનીએ, ડેપ્યુટી માજીસ્ટ્રેટને અરજી આપી હતી. અને એ ફોજદારી ખટલો તેને ખોટો જણાયો હત તો, પછી ૨૧૧ મી કલમ મુજબ સજાને તે લાયક થાત કલમ ૧૮૨ અથવા ૨૧૧ મી મુજબ કામ ચલાવ્યા પેહેલાં, બળાતકાર સંભોગના તોહોમતના ખરાપણા વીશે, ડેપ્યુટી માજીસ્ટ્રેટને તપાસ કરવાની ફરજ છે કે નહીં, એ સવાલનો જવાબ, નકારના રૂપમાં દેવાઇ ચુકયો છે. તે બાબતમાં માહારાણી. વિ. ભવાની પ્રસાદ (૪ અ. ૧૮૨)ના મુકરદમાનો સેસન જડજે હવાલો આપ્યો છે.

જસ્ટીસ ઓલ્ડફીલ્ડનો ઠરાવઃ –

માજીસ્ટ્રેટનો મત સાચો છે, જ્યારે ડેપ્યુટી માજીસ્ટ્રેટની અદાલતમાં, રામપ્રસાદ ઉપર બળાત્કાર સંભોગનું તોહોમત મુકી જમનીએ ફરીયાદ કરી, ત્યારે ૧૮૨ મી કલમ મુજબ તેના ઉપર ફોજદારી કામ ચલાવવાની અગાઉ તે ફરીયાદનો તપાસ કરી, તેનો પ્રથમ નીકાલ કરવો જોઇએ. ડેપ્યુટી માજીસ્ટ્રેટે ગુન્હા તથા સજાનો જે ઠરાવ કર્યો છે, તે રદ કરવામાં આવે છે. જમનીએ જે ફરીયાદ કરી છે. તેનો તેણે ધારાસર નીકાલ કરવો.

કેસરે હિંદ વિ. જુગલ કીશોર.

કલમ ૧૮૨.

૪

ઈ. ૮ અ. ૩૮૨ જ્યાં મલમ રીતની ફરીયાદ થઈ હોય અને તે ફરીઆદ ખોટી હોય તો ૧૮૨ મી કલમ પ્રમાણે અને જો વિગત પાડીને ફરીઆદ કરી હોય તો ૨૧૧ મી કલમ પ્રમાણે કામ ચલાવવું જોઈએ.

कोइ सरकारी नोकरने खोटी खबर आपी होय तो तेनी मंजुरी मेळव्या पछी पी. को. नी १८२ मी कलम मांहेला गुन्हानी फरीयाद हरकोइ खानगी माणस मांडी शके छे. केसरे हिंद वि. राधाकीशननो मुकरदमो रद कर्यो (इ. लॉ. री. ५ अ. ३६.)

ज्यां विगत पाडीने तोहोमत मुक्युं होय, त्यां फोजदारी काम चलाववानो व्याजवी रस्तो पिनलकोडनी कलम २११ मी मुजब लेवानो छे.

આ કામ શાહારાનપુરના, સેસન જડજે હુકમ થવા લખી મોકલ્યું હતું. તેમાં ત્રણે સક્ષો જેઓનાં નામ, છાજુરામ, સાધુરામ, તથા જુગલકીશોર હતાં. તેઓનો ઇનસાફ ૨૨ કીની છાવણીના માજીસ્ટ્રેટે કરી, તેઓને હી. પી. કો. ની કલમ ૧૮૨ માંહેલા ગુન્હાના અપરાધી ઠરાવ્યા હતા. જે ખોટી ખબરનાં સબંધમાં તેઓના ઉપર તોહોમત મુકી ઇનસાફ કર્યો હતો. તે ખબર તેઓએ એક હેડ કાન્સટેબલને આપી હતી. અને તે એવા મતલબની હતી કે, અમારા માન્યા પ્રમાણે ચોરેલી મિલકત વખતે ફરિયાદીના ઘરમાંથી જડી આવશે. એ ઉપરથી તે ઘરનો ઝાડો લીધો, પણ તેમાંથી કાંઈ ચોરેલી મિલકત જડી નહિ, અને એમ જણાયું કે, બંધવાનો મતલબ આ ખબર આપવામાં માત્ર ફરીયાદીને હેરાન કરવાનો તથા તેને હલકો પાડવાનો હતો. બાવા ઉપર કામ ચલાવવાની ફરીયાદીએ જીલ્લાના પોલીસના સુપ્રીન્ટેડેન્ટની મંજુરી મેળવી. અને પરિણામે ઇનસાફ થઇને ઉપર કહેલા ગુન્હાના તેઓ અપરાધી ઠર્યા. અને દરેકનો રૂપૈયા દશ દસ દંડ થયો. સેસન જડજનો એવો અભિપ્રાય થયો કે, જસ્ટીસ સ્ટ્રેટે કેસરે હિંદ વિ. રાધાકીશન (ઈ. લા. રી. ૫ અ. ૩૬) ના કામમાં જે ઠરાવ કર્યો છે, તે જોતાં પીનલકોડની કલમ ૧૮૨ મી પ્રમાણે ફરીયાદ માંડવાને કોઈ ખાનગી સક્ષને અધિકાર નથી. માટે આ ઠરાવ કાયદા વિરૂદ્ધ છે તે બાબતમાં તેણે લખ્યું છે કે, "જ્યાં પોલીસને આપેલી ખોટી ખબર, ફરિયાદ અથવા ફોજદારી કામ માંડવાના રૂપની ન હોય, ત્યાં સદરહુ ખોટી ખબરથી, હરકોઇ ખાનગી સક્ષને નુકશાન થયું હોય, તેને કલમ ૧૮૨ મી ઉપરથી જે ઈલાજ લેવાનું લખ્યું છે, તે ઇલાજ કેસરે હિંદ વિ. રાધાકીશનના કામમાં હાઇકોર્ટે ઠરાવ કર્યો છે તેથી તદન નાબુદ થાય છે, એમ મને લાગે છે. પરંતુ મને લાગે છે કે, જે સક્ષને આવી રીતનું નુકશાન થયું હોય, તેને કશો બીજો ઇલાજ નથી. તેમ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૫ માં પણ એવું દેખાડનારૂં મારા જોવામાં આવતું નથી કે, પીનલકોડની કલમ ૧૮૨ મી પ્રમાણે હરકોઇ ખાનગી સક્ષ ફોજદારી માંડી ન શકે, પણ મુળગું ઉલટું છે. પોલીસ ઓફીસરની મંજુરી મેળવ્યા બાદ, ખાનગી સક્ષ ફોજદારી માંડી શકેછે. એવું એ ક-

ામનું દેખીતું ચીંતવન છે."

ચીફ્.જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવ.

વિદ્વાન સેસન જડજે આ મુકરદમો લખી મોકલ્યો છે. તેથી હું ખુશી થાઉછું. કેમકે કેસરે હિંદ વિ. રાધાકીશનના કામમાં મેં જે ઠરાવ કર્યો છે, તેનો વિચાર કરવાની મને તક મળી છે. વધારે વિચાર કરવા ઉપરથી હું છેવટ એવો ઠરાવ કરૂં છું કે, સદરહુ કામમાં મારા ફેંસલાનો પાછલો ભાગ ભૂલવાળો છે. તથા પીનલકોડની કલમ ૧૮૨ મી અનુસાર, હરકોઈ ખાનગી સક્ષ, જેણે સરકારી નોકરને ખોટી ખબર આપી હોય, તેની અથવા તેના ઉપરીની પ્રથમ મંજુરી મેળવીને ફોજદારી માંડી શકે છે. ફોજદારી કામ ચલાવવાની રીતના ધારાની કલમ ૧૯૫ મીમાં ફરીઆદ, તથા મંજુરી વચે જે તફાવત પાડયો છે. તેનો બારીકીથી વિચાર કરતાં ફેરવેલો મત ગ્રહણ કરવાને હું લલચાઊંછું, અને હું એમ ધારૂંછું કે, મંજુરી એ શબ્દ તેમાં વાપરવાથી નીસબતવાળા અમલદાર સિવાય, કોઇ સક્ષ ફોજદારી માંડી શકે એવું તેમાંથી ચીંતવન થાયછે. આ બાબતમાં હવે મારો આ અભિપ્રાય બાંધ્યો છે, તોપણ જ્યારે વિગત પાડીને આરોપ મુકવામાં આવે ત્યારે (જેમકે કૈસરે હિંદ વિ. રાધાકીશનના કામમાં આવેલ) ૨૧૧ મી કલમના ગુન્હાનું કામ ચલાવવું જોઇએ.

આ અભિપ્રાય સહિત કામનું દફતર પાછું મોકલવું.

પુનીતસીંગ વિ. માધો ભટ અને એક બીજો.

કલમ ૧૮૨.

૫

તા૦ ૨૨-૬-૮૬
ઈ. ૧૩૬. પા. ૨૭૦

એકી વખતે બે સખસના વિરૂધ ખોટી ખબર એકજ મામલાના સબંધમાં આવી હોય તો તે ખોટી ખબર આપનારને આ કલમ માંહેલા એકજ ગુન્હાનો અપરાધી ઠરાવવો જોઇએ.

कोइ पोलीस अमल्दारने खबर आपी कें फलाणा फलाणा बे सक्षोना घरमांथी फलाणा पुरुषनी चोराएली मिलकत जडी आवशे. फरीयाद थया पछी आ खबर खोटी मालम पडी अने तेथी जुदा जुदा माणसने असर थइ छे. माटे १८२ मी कलम प्रमाणे बने गुन्हानो बंधवाने अपराधी ठरावी सजा करी. ठराव्युं के, अलबत ते बे जुदा जुदा सक्ष साक्षे संबंध राखनारी, तें खबर हती, परंतु बंधवे फक्त एकज हकीकत कह्यानुं, तेना उपर तहोमत रहेवुं जोइए. अने फक्त एकज गुन्हाने माटे तेने १८२ मी कलम प्रमाणे सजा थवी जोइए.

क्री. प्रो. को. नी कलम १९५ उपरथी साफ मालुम पडेछे के, सदरहु कलम प्रमाणें कोइ सरकारी नोकर परबारी फरीयाद करे, तो तेनी मंजुरी तरीके ते फरीयाद बस छे.

माहाराणी केंसरेहींद विरुद्ध राधा कीसननो. इ. लो. री ९ अ. २६ नो फेसलो नामंजुर करवामां आव्यो..

ક્રિ. પ્રો. કો. ની કલમ ૪૩૫ પ્રમાણે મુકરદમો મંગાવી જોઇને સુધારવા બાબતની આ અરજી હતી. અરજદાર પુનીતસીંહ આરા ગામનો ભટોળીનો રહેવાસી હતો, અને સદરહુ ગામનો આણંદીદાસ, એક ભાગદાર હતો. આણંદીદાસના ઘરમાં ચોરી થયાની વાતની ખબર થતાં પોલીસની તજવીજ ચાલતી થઇ, એપ્રીલની ત્રીજી તારીખે, ડીસ્ટ્રીકટ સુપ્રીટે-

ન્ડેન્ટ પાસે પુનીતસીંહ હાજર થયો અને કહ્યું કે ભટોલીના ચાર મુસલમાન લોકો વાત કરતા હતા કે, આણંદીદાસના ઘરમાં અમે ચોરી કરીછે. અને એ ચોરીનો માલ, ચંદરકુમાર, અબદુલા અને એક બીજાના ઘરમાં મુકેલોછે. અને એ વાત કચેરીની ઓશરીમાં મે માહારા કાનોકાન સાંભળી હતી, માટે મારા ગામના કેટલાક માજન, તથા જમીનદારોના ઘરનો ઝાડો લેવો જોઇએ. આખર તેજ રોજ સબ ઇન્સ્પેકટરે થાણામાં યોગ્ય રીતે નોંધી લીધી, અને તે ઉપરથી પોલીસે, ચંદ્રકુમાર તથા અબદલાના ઘરનો ઝાડો લીધો, તે ઘરમાંથી કાંઇ મિલકત જડી નહીં. અને તેથી મુળ ફરીયાદ ખોટી છે, એવો રીપોર્ટ કરી વાળ્યો. પુનીતસીંહ ઉપર ફરીયાદ થવાથી ડેપ્યુટી માજીસ્ત્રેટે એ પુનીતસીંહને પી. કો. ની ૧૮૨ કલમ માંહેલા, બે જુદાં જુદાં તોહોમતોનો અપરાધી ઠરાવ્યો. તેમાં પેહેલું ચંદ્રકુમારના સંબધનું, અને બીજું અબદલાના સંબંધનું, અને તે દરેક તહોમત દીઠ તેને ત્રણ માસની સજા કરી.

આ હાઈકોર્ટમાં અરજદાર તરફથી, એવો વાંધો લેવામાં આવ્યો છે કે, (૧ નીસબતવાળા સરકારી નોકરની આગળથી મંજુરી લીધા વગર, કોઇ ખાંનગી સક્ષની ફરીયાદ ઉપરથી ૧૮૨ મા કલમના ગુન્હાનો ઇનસાફ કરવા મેજીસ્ત્રેટને અધિકાર નથી. (૨) એકના એક એજ ગુન્હા માટે બે જુદી જુદી સજા કરવામાં. ડે. મેજીસ્ત્રેટે ભુલ કરેલી છે.

અરજદાર તરફથી બાબુ રોમેશચંદ્ર મીત્ર અને બાબુ ભગવતી ચરણ ઘોશ હાજર હતા.

હાઇકોર્ટનો ઠરાવ:—

જસ્ટીસ મીટર તથા બેન્ટે આપ્યો તે નીચે પ્રમાણે છે.

ઠરાવ.

કાયદાની બે બાબતો ઉપર અમારી પાસે તકરાર કરવામાં આવી છે. તેમાં પેલી તકરાર એવી છે કે, હરકોઈ ખાનગી સક્ષની ફરીયાદ ઉપરથી, ફોજદારી કામ માંડવાની રજા દેવા મેજીસ્ત્રેટને, કાયદાથી અધીકાર મળતો નથી આ તકરારની પુષ્ટમાં અરજદારની વતી હાજર થએલા વિદ્વાન વકીલે, અલાહબાદ હાઇકોર્ટનો માહારાણી કેસરેહીંદ વિ. રાધાકીસનના ઠરાવની શાહદત આપી છે. જે વિદ્વાન જડજે તે ફેસલો ચુકાવ્યો, તેમના તરફ અમારો યોગ્ય સતકાર કાયમ રાખીને, તેમાં જે અભીપ્રાય આપ્યો છે, તેને મળતા આવવાને અમે અસક્ય છીએ. ક્રી. પ્રો. કો. ની ૧૯૫ મી કલમ ઉપરથી સાફ રીતે જણાઇ આવે છે કે તે કલમમાં લખેલા સરકારી નોકરે મંજુરી આપી હોય તો, તે અથવા તેણે પરબારી ફરીયાદ કરી હોય તો તેટલું બસ છે. જ્યારે આમ છે તો, સાહદત આપેલા એ ફેસલામાં કાયદાનો ઠરાવ કર્યો છે. તેને મળતા આવવાને અમે અશક્ય છીએ. માટે આ દલીલ ટુટી જાય છે. પણ બીજી દલીલ જે અમારી પાસે કરવામાં આવી છે, તેના સંબંધમાં અમે ધારીએ છીએ કે, બે તહોમતોમાંથી એક તહોમતનો ઠરાવ અને સજા, કાયદા વિરૂદ્ધ છે. તોહોમતવાળા સક્ષે એક સરકારી નોકરને ખોટી ખબર આપી એવું તે સક્ષના ઉપર, તહોમત હતું. અને ખબર આપવામાં બેશક તેણે, બે જણનાં નામ આપ્યાં હતાં, અને તે બંનેના ઘરમાંથી આણંદીદાસની ચોરાએલી મીલકત જડી આવશે, એમ તેણે કહ્યું હતું. પણ આ કહેવું એકજ છે. અને તેથી માત્ર તેણે એકજ ખોટી ખબર આપ્યાનું તેના ઉપર તહોમત રહેવું જોઈએ. ૧૮૨ મી કલમ માંહેલા, જે બે જુદા જુદા ગુન્હા માટે ઇનસાફ થયો છે, તેમાં ભુલ થઇ છે. એટલા માટે તે સેખ અબદલાની ફરીયાદ ઉપરથી જે સજા અને ઠરાવ થયો છે તે અમે રદ કરીએ છીએ, અને ચંદ્રકુમારના ગુમાસ્તા માધો ભટની ફરીયાદ ઉપરથી જે કામ ચાલ્યું હતું, તેમાં મેજીસ્ત્રેટે કરેલ સજા અને ઠરાવ કાયમ રાખીએ છીએ

ગુલામ આમદ કાજીની અરજીની બાબતમાં.

કલમ ૧૮૨.

૬

તા० ૧૯-૨-૮૭
ઈ. ૧૪ક. પા. ૩૧૪

આ કલમનો હમેશાં સામટો અરથ કરવો જોઇએ અને તે અરથ કરતાં પોલીસ પાસે જે વાત જાહેર થઈ હોય તે વાત ઉપરથી કોઈ ત્રીજા પુરૂસને અસર થાય એવું કામ કરવું કિંવા ન કરવું પડે અને જો ખરી હકીકત પોલીસવાળા પાસે જાહેર થઈ હતતો પોલીસવાળાને આમ કરવું પડત નહીં તેવા કામને આ કલમ લાગુ પડતી નથી.

पीनलकोडनो १८२ मी कलमनो सामटो अर्थ करवो जोइए अने ए प्रमाणे सामटो अर्थ करतां पोलीस पासे जे वात जाहेर थइ होय ते वात उपरथी कोइ त्रीजा पुरुषने असर थाय एवुं काम करवुं कींवा न करवुं पडे अने जो खरी हकीकत पोलीसने जाहेर थइ होततो पोलीसवाळाने ते प्रमाणे करवुं पडत नहीं. तेवा कामोने ए कलम लागु पडे छे.

સને ૧૮૮૫ ના ડીસેંબરની ૧૪ મી તારીખે એક ગુલામ આમદ કાજીએ પોલીસને એવી ખબર આપી કે એક રાત્રે જ્યારે હું પલાણા ગામને રસ્તે ચાલ્યો આવતો હતો ત્યારે મારા ઉપર હુમલો થયો ને મારી એક સાલ લુંટાઇ ગઈ, પરંતુ એ હુમલામાં નીસબત ધરાવનારા કોઇ ચોકસ માણસનું તેણે નામ આપ્યું નહીં. આ ખબર મળવા ઉપરથી પોલીસે આ બાબતની તપાસ કરી અને ગુલામ હામદ કાજીની રાખેલી ઓરતના ઘરનો ઝાડો લીધો અને પોલીસ ચોકશી કરતી વખતે તેની જુબાની લેવામાં આવી તે ઉપરથી એમ નીકળ્યું કે તકરારી શાલ થોડોક વખત થયાં આ ગુલામ આમદ કાજીએ સદરહુ ઓરતને આપી હતી. એ શાલ ગુલામ હામદ કાજીની નોતી પણ એ સ્ત્રીએ થોડો વખત માત્ર ઓઢવા આપી હતી. અને ડીસેંબરની ૧૪ મી તારીખે તે શાલ પેલા ગુલામ આંમદે ઓઢી હતી અને તેણીના માગવા ઉપરથી પાછી તેણીને આપી દીધી હતી.

ગુલામ આંમદ કાજી ઉપર આ ઉપરથી પોલીસ ઇનસ્પેકટરે શાલ ચોરાયાની ખોટી ખબર આપ્યાંનું તોહોમત રાખ્યું.

"શીળવાના માજીસ્ટ્રેટ પાસે આ મુકરદમો ચાલ્યો તેણે બંધવા ઉપર પેનલકોડની કલમ ૧૮૨ ના ગુન્હાનું તોહોમત મુકીને તેને તેજ ગુન્હાનો અપરાધી ઠરાવ્યો. અને તેને ૭ અઠવાડીઆની સખત કેદની સજા કરી. "ત્યારબાદ બંધવે ચોવીશ પ્રગણાના શેસનજડજને પોતાના કામનું દફતર મંગાવી તથા ગુન્હાનો ઠરાવ રદ કરવાનો ઈલાજ લેવા સારૂ અરજી કરી પરંતુ તેણે વચમાં આવવાની ના પાડી તથા રાણી વિરૂદ્ધ શરાજી મોહનનો મુકરદમો જે ઓકીનીલી સાહેબની પીનલકોડની ટીકાના પ્રષ્ટ ૧૨૨ મે ટાંકયો છે અને એ ફેંસલો અરજી લખનાર વકીલે આધારમાં આપ્યો છે તેના સબંધમાં તેણે એવું લખ્યું કે આ મુકરદમો ઘણો જુનો છે: અને ઓકીનીલી સાહેબે મંજુર રાખીને ટાંકેલો નથી.

તે ઉપરથી ફોજદારી કામ ચલાવવાના કાયદાની ઠરાવ સુધારવા બાબતની કલમો અનુસાર હાઈકોરટને બંધવે અરજ કરીને એવો હુકમ મેળવ્યો કે માજીસ્ત્રેટે જે ઠરાવ કર્યો છે, તે ઠરાવ શા માટે રદ ન કરવો, તેનું જો કાંઇ કારણ હોય તો સરકારે બતાવવું.

સરકાર તરફથી કીલ્બી સાહેબ.

અરજદાર તરફથી બાબુ કીશોરીલાલ સરકારે એવો વાંધો લીધો કે ૧૮૨ મી કલમ

લાગુ પડતી નથી. કેમકે પોલીસ પાસે ફરીઆદ કરવામાં કોઇ ચોકસ માણસનું નામ આપ્યું નથી. અને એવી દલીલની પુષ્ટીમાં તેણે ઉપર કહેલા મુંબાઇ હાઇકોરટના ફેસલાનો હવાલો આપ્યો.

ચીફ જસ્ટીસ પેથીરામ તથા જસ્ટીસ બીવરલીનો ઠરાવ.

"ગુન્હાનો ઠરાવ રદ કરવા સારૂ જે હુકમ કાઢયો છે. તે હુકમ બહાલ રાખવો જોઇએ એવો મારો અભિપ્રાય થાયછે.

"આ મુકરદમાની હકીકત એવી છે કે કોઈ એક સખસે એક વખતે પોલીસ પાસે જઈને તેને એવી ખબર આપી કે મારી પાસેની શાલ રસ્તેથી લુંટાઇ ગઇ છે, પરંતુ પોલીસ પાસે જે હકીકત તેણે કહી તેમાં તેણે કોઇ ચોકસ પુરૂષનું નામ આપ્યું નહીં. અથવા જે સક્ષે લુટ કરી તે સક્ષ તે લુટમાં સામેલ થયો હતો, એમ ધારી શકાય એવી સક્યતા વિશે કોઇ રીતે કોઇ સક્ષનું તેણે બ્યાન કર્યું નહીં, જે કાંઇ તેણે કહ્યું તે એવું હતું કે મને એક માણસે લુંટી લીધો છે તે માણસને મેં જોયો નહીં. તેથી જે હકીકત તેણેપોલીસ પાસે લખાવી તેમાં કોઇપણ ચોકસ પુરૂષ ઉપર શક નાખવા જેવું તેણે કાંઇ કહ્યું નથી.

જ્યારે આમ છે તો પીનલકોડની ૧૮૨ મી કલમના અર્થ પ્રમાણે કાંઈ ગુન્હો થતો નથી.

સદરહુ કલમમાં ઠરાવ્યું છે કે, "કોઇ સરકારી નોકરથી પોતાના સરકારી હોદ્દાનો કાયદેસર અખતીયાર વાપરતાં કોઇ સક્ષને નુકશાન અથવા દુખ થાય, અથવા સાચેસાચી હકીકત તે સરકારી નોકરના જાણ્યામાં આવી હોય તો જે વસ્તુ સરકારી નોકરે ન કરવી જોઇએ, અથવા જે વસ્તુ કરવામાં તેણે કસુર ન કરવી જોઇએ તે વસ્તુ તે કરે. અથવા તે કરવામાં તે કસુર કરે એવા ઇરાદાથી અથવા તે એમ કરશે એવો સંભવ છે એવું જાણ્યા છતાં જે માણસ તે સરકારી નોકરને પોતે જે ખબર ખોટી જાણતો હોય, અથવા ખોટી માનતો હોય એવી કાંઈ ખબર આપે તે માણસને છ મહિનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપૈયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

સદરહુ કલમનો સામટો અર્થ કરવો અને એ પ્રમાણે સામટો અર્થ કરવો જોઇએ અને એ પ્રમાણે સામટો અર્થ કરતાં અમોને એમ લાગે છે કે પોલીસ પાસે જે વાત જાહેર થઇ હોય તે વાત ઉપરથી કોઈ ત્રીજા પુરૂષને અસર થાય એવું કામ કરવું કિંવા ન કરવું પડે અને ખરી હકીકત જો પોલીસ પાસે જાહેર થઈ હત તો પોલીસવાળાને તેમ કરવું પડત નહીં. તેવાં કામોને એ કલમ લાગુ પડે છે.

"પોલીસના કોન્સ્ટેબલોને જે વાત જાહેર થઇ તે ઉપરથી વ્યાજબી રીતે તેઓ જે કાંઇ કરી શકે તે એ છે કે જાહેર કરનારને વીતેલી બાબતમાં સવાલ જવાબ કરી તેને તપાશી લેવો અને ત્યારબાદ એ તપાસણીને અંતે ઉચીત જણાય એવી ચોકશી કરવી પરંતુ કોઇ માણસને હરકત કરવા અથવા કોઇ માણસના ઘરનો ઝાડો લેવા એ કાન્સ્ટેબલોનો અધિકાર નથી કેમકે આ માણસે જે ખબર આપી તે ખબર ઉપરથી કોઇ ગુન્હાનો ફલાણો સક્ષ ગુન્હેગાર છે એમ ધારવા સારૂ તેઓને મળેલી બાતમી ઉપરથી અધિકાર મળતો નથી.

જો બહુ ગણીએ તો બંધવાની જાહેર કરેલી વાત ખોટી છે અને પોલીસવાળાઓને ફોસલાવવા વાસ્તે જાહેર કરેલી છે.

"કોઇ માણસ આવું કામ કરે તે ખરેખર ખોટું છે.

"ખોટું બોલવું એ પ્રથમ દરજ્જે અઘટીત છે. અને આવા પ્રસંગમાં નીરૂપયોગી તપાસ કરવા સારૂ સરકારી નોકરોનો વખત રોકવો એ અત્યંત અઘટીત છે પરંતુ આવી વર્તણુક આ કલમના અર્થમાં સમાતી હોય, અથવા ફોસલામણી ઉપરાંત એથી કાંઇ બીજું થતું હોય એમ હું પંડે ધારતો નથી. અને એવી ફોસલામણીને માટે પી. કો. માં કાંઈ પણ સજા ફરમાવી નથી. આવા પ્રસંગમાં પીનલકોડ માંહેલો જે ગુન્હો થતો નથી અથવા જેને માટે તેમાં સજા ફરમાવી નથી તેવા કામને અમે ગુન્હો ગણી શકતા નથી.

માટે ગુન્હાનો ઠરાવ રદ કરવા માટે જે હુકમ કાઢયો છે તે કાયમ રાખી બંધવાને છોડી મુકવામાં આવે છે.

કલમ ૧૮૩ મી.

૧૮૩. આ સખસ સરકારી નોકર છે એમ જાણીને, અથવા એમ માનવાનું કારણ છતાં, તે સરકારી નોકરના કાયદેસર અખત્યારથી કાંઇ મીલકત જપ્ત હોય તેમાં જે માણસ સામો થાય, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરના અખત્યારથીકાંઈમીલકત જપ્ત થતીહોયતેમાંસામા થવું.

આણંદ લાલબેરા તથા બીજાઓ. વિ. પટાવાળો આજીમ તરફથી ફરીયાદી કેસરેહીંદ.

કોઇ સરકારી નોકર મિलकतनी जप्ती करतो हतो, तेमां एक सक्षे तेने हरकत करी, जेथी तेने १८३ मी कलम मुजब गुन्हेगार ठराव्यो. ए गुन्हो ४ थी फेब्रुआरीने रोज थयो हतो, अने जे वारंटनी रुयें पेलो सरकारी नोकर, अमल करतो हतो, ते वारंट त्रीजी तारीखे बजावीने पाछुं कोर्टमां मोकलवानुं हतुं ठराव्युं केः—ए गुन्हानो ठराव कायदा विरूद्ध छे.

કલમ ૧૮૩.
૧
તા૦ ૨-૮-૮૩
ઈ. ૧૦ ક. પા. ૧૮

આટલી મુદતની અંદર એક સરકારી નોકરનો હુકમ બજાવી લાવવો તે મુદતવીત્યા પછી તેની બજાવણીમાંહરકત કરવી એ ગુનહો નથી.

એક સરકારી નોકરની કાયદાસર સતાથી, કોઈ મિલકત લેવાતી હતી, તેમાં તોહોમતવાળાઓએ હરકત કરી. અને તેથી પીનલકોડની ૧૮૩ કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે એવો તેઓએ ગુન્હો કર્યો. અને તે ગુંન્હાના તેઓને તમલુકના માજીસ્ટ્રેટે અપરાધી ઠરાવ્યા.

હકીકત એવી હતી કે, આજીમ કરીને એક રેવન્યુ ખાતાનો પટાવાળો હતો સરકારી ઉધરાંણી વસુલ કરવાના સને ૧૮૮૦નાં કાયદા મુજબ તુળશીરામ બેરાની જંગમ મીલકતની જપ્તીના વારંટની બજાવણી કરવાનું કામ તેને સોંપ્યું હતું. ગયા ફેબ્રુઆરીની ૪થી તારીખે એ પટાવાળો વારંટ બજાવવા ચાલ્યો. અને તે બજાવતો હતો. એટલામાં તોહોમતવાળાઓએ તેને હરકત કરી. જે વારંટની રૂયે પેલો પટાવાળો બજાવણી કરતો હતો. તે વારંટ ત્રીજી તારીખ પેહેલાં, અથવા તે તારીખે બજાવીને કોર્ટમાં પાછું મોકલી દેવાનું હતું.

માજીસ્ટ્રેટનો ઠરાવ રદ કરવા, તોહોમતવાળાઓએ નામદાર હાઇકોર્ટને અરજ કરી. અરજદાર તરફથી બાબુ જોગેશચંદ્ર અને બાબુ દ્વારકાનાથ મુકંદજી વકીલો હતા.

કોર્ટનો ઠરાવ જસ્ટીસ પ્રીનસેપ તથા ટોટનહામે આપ્યોઃ—તે એ છે કે, સરકારી લેણું વસુલ કરવાના સને ૧૮૮૦ ના બંગાળાના ૭ મા આકટ મુજબ તુળશીરામ બેરાની

મિલકતની જપ્તી કરવાનું વારંટ ડેપ્યુટી કલેકટરે કાઢ્યું હતું. તેમાં અરજદારોએ હરકત કરી, જે ઉપરથી તેઓ ૧૮૩ મી કલમના ગુન્હાના ગુન્હેગાર ઠર્યા. જે વારંટની રૂયે પેહેલો પટાવાળો અમલ કરતો હતો તે ત્રીજી ફેબ્રુઆરી પેહેલાં અથવા તે રોજ બજાવીને કોર્ટ તરફ પાછું મોકલી દેવાનું હતું.

આ કેસમાં એમ જણાય છે કે, જે હરકત થઇ, તે ચોથી ફેબ્રુઆરીને રોજ થઈ હતી. અને અમારી પાસે એવી તકરાર કરવામાં આવી છે, કે, જ્યારે આમ છે તો તે વખતે કોઈ કાયદેસર હુકમ અમલમાં હતો નહીં. અને તેથી બધવાઓએ, કાંઇ ગુન્હો કર્યો નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૫૧ મીની બીજી રકમના શબ્દો જોતાં અમોને જણાય છે કે, એ તકરાર, સાબીતીના ઠરાવનું ખંડન કરી નાંખે એવી છે. માટે તે ઠરાવ રદ કરવો જોઇએ, અને જો દંડ લીધો હોય તો પાછો આપવો જોઈએ.

કલમ ૧૮૪ મી

૧૮૪. કોઇ સરકારી નોકરનાં પોતાના સરકારી હોદ્દાના કાયદેસર અખત્યારથી વેચવા કહાડેલી કાંઇ મીલકત વેચાણમાં જે માણસ ઇરાદાથી કાંઇ અડચણ કરે, તે માણસને એક મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. કોઇ સરકારી નોકરના અખત્યારથી વેચવા કહાડેલી મીલકતના વેચવામાં અડચણ કરવી

કલમ ૧૮૫ મી

૧૮૫. કોઇ સરકારી નોકરના પોતાના સરકારી હોદ્દાના કાયદેસર અખત્યારથી કાંઇ મીલકતનું વેચાણ થતું હોય તે વેચાણમાંથી તે મીલકત ખરીદ કરવાને ફલાણો સખસ કાયદા મુજબ અશકત છે એમ જાણ્યા છતાં તે સખસને હિસાબે પછી તે સખસ પોતેજ હોય કે કોઈ બીજો સખસ હોય તો પણ જે માણસ તે મીલકત ખરીદ કરે અથવા તેની માગણી કરે અથવા માગણી કરેથી જે ફરજ પોતાની ઉપર આવતી હોય તે ફરજ અદા કરવાનો પોતાનો ઇરાદો નહી છતાં જે માણસ તે મીલકતની માગણી કરે, તે માણસને એક મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા બસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે. કોઈ સરકારી નોકરના અખત્યારથી વેચવા કહાડેલી માલકતની કાયદા વીરૂધ ખરીદી અથવા માગણી;

કલમ ૧૮૬ મી.

૧૮૬. કોઇ સરકારી નોકરને તેના સરકારી કામ કરવામાં જે માણસ બુદ્ધિપુરવક અડચણ કરે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. કોઇ સરકારી નોકરને તેના સરકારી કામ કરવામાં અડચણ કરવી.

કલમ ૧૮૭ મી

૧૮૭. કોઇ સરકારી નોકરને તેની સરકારી નોકરી બજાવવામાંમદદ કરવા અથવા આપવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ હોય, તે માણસ અગર ઇરાદાથી તે પ્રમાણે મદદ આપવામા કસુર કરે, તો તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા બસે રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અને મદદ માગવાનો કાયદા પ્રમાણે જેને અખતિયાર હોય એવા કોઇ સરકારી નોકરે કોઇ ઇનસાફની કોરટે કાયદા મુજબ કરેલા કોઇ હુકમ બજાવવાનાં કારણસર અથવા કાંઇ ગુન્હો થતો અટકાવવાના કારણસર અથવા કાંઇ હંગામો કે બખેડો બંધ પાડવાના કારણસર અથવા જે સખસની ઉપર કાંઇ ગુન્હાનું તોહોમત મુકયું હોય, કે જે કાંઇ ગુન્હાનો તકશીરવાર હોય કે કાયદેસર કેદમાંથી નાશી ગયો હોય, એવા કોઇ સખસને પકડવાના કારણસર, તે મદદ માગી હોય તો તે માણસને છ મહિનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચસે રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. કાયદા મુજબ મદદ કરવાની ફરજ છતાં કોઇ સરકારી નોકરને મદદ કરવામાં કસુર કરવી.

કલમ ૧૮૮ મી.

૧૮૮. કોઇ સરકારી નોકરને કાંઇ હુકમ જાહેર કરવાને કાયદા મુજબ અખતિયાર હોય, તે પ્રમાણે હુકમ જાહેર કરીને તે કોઇ માણસને એ પ્રમાણે ફરમાવે કે તમારે ફલાણા કામથી દુર રહેવું, અથવા તમારા કબજામાં કે તમારા વહીવટમાં ફલાણી મિલકત છે તે બાબત ફલાણી તરેહનો બંદોબસ્ત રાખવો અને એ પ્રમાણે તે સરકારી નોકરે ફરમાવેલું છે એમ જાણ્યા છતાં તે માણસ તે હુકમ ન માને અને તે હુકમ તેણે ન માનવાથી અગર કાયદેસર કહેલા કોઇ સખસોને કાંઇ અડચણ, દુઃખ, કે નુકશાન થાય અથવા થશે એવું થાય અથવા કાંઇ અડચણ, દુખ કે નુકશાનનું જોખમ થાય અથવા થશે એવું થાય, તો તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા બસેં રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે, અને અગર તેણે તે હુકમ ન માનવાથી માણસની જીંદગીને, તનદુરસ્તીને અથવા સલામતીને જોખમ થાય અથવા થશે એવું થાય, અથવા હંગામો કે બખેડો થાય અથવા થશે એવું થાય, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકરે કાયદામુજબ જાહેરકરેલો હુકમ નમાનવો.

ખુલાસો—તે ગુનેહગારે હાનિ કરવાનો ઇરાદો કરવો જોઇએ અથવા તે હુકમ ન માનેથી હાની થવાનો સંભવ છે એવો તેને વિચાર થવો જોઇએ, એમ કાંઇ જરૂર નથી. તે એમ જાણે કે હું ફલાણો હુકમ માનતો નથી, તથા તે હુકમ તેણે ન માનવાથી હાની થાય અથવા થશે એવો સંભવ હોય, તો બસછે.

દ્રષ્ટાંત.

જે સરકારી નોકરને કાયદા મુજબ હુકમ જાહેર કરવાનો અખતિયાર હોય એવો કોઇ સરકારી નોકર અગર એ પ્રમાણે એક હુકમ જાહેર કરે કે ફલાણો ધરમ સબંધીનો વરઘોડો ફલાણે રસ્તે થઇને જાય નહીં ને પછી જાણી બુઝીને અ તે હુકમ ન માને, અને તેથી હંગામાનું જોખમ થાય તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કર્યો એમ જાણવું.

માહારાણી કસરેહીંદ. વિ. બક્ષારામ તથા બીજાઓ.

एक चोरीना काममां १९ दिवसनी अंदर पतो मेळवी आपवा तथा पोलीसने मदद आपवा कोइ एक गराशीयाने, एक माजीस्त्रेटे हुकम कर्यो.

ठराव्युं के १८७२ ना दसमा आकटनी ९०-९१ मी (४४-४९) कलमो प्रमाणे आवो हुकम काढी शकाय नहीं, तथा ते हुकमनी बेफरमानी कर्या सारु गराशीयाने, ही. पी. को. नी १८७ तथा १८८मी कलम मांहेला गुन्हानो अपराधी ठरावी शकाय नहीं.

કલમ ૧૮૮.
૧
તા० ૧૮-૮-૮૦
ઇ. ૩ અ. પૃ.૨૦૧
જે કામ પોલીસનું છે. અને જેને માટે પોલીસ પગાર ખાય છે તે કામ બીજાને સોંપવું અને એ સોંપણી પ્રમાણે સદરહુ બીજો કરે નહીં તેથી તે હુકમની બેફરમાની કરયાનો ગુન્હેગાર થતો નથી.

ક્રી. પી. કો. ની ૧૮૭ તથા ૧૮૮ મી કલમો માંહેલા ગુન્હાઓ વાસ્તે અરજદારોને, એક બીજા વર્ગના માજીસ્ટ્રેટે તારીખ ૨૫-૪-૮૦ ને રોજ અપરાધી ઠરાવ્યા હતા, તે ઠરાવ તારીખ ૩૧-૫-૮૦ ને રોજ આગ્રા જીલ્લા માજીસ્ટ્રેટે અપીલમાં કાયમ રાખ્યો હતો. તે ઠરાવ જોઈને સુધારવાની આ અરજી હાઈકોર્ટને, સને ૧૮૭૨ ના દસમા આક્ટની ૨૯૭ મી (૪૩૯) કલમ અનુસાર કરવામાં આવી હતી.

એમ જણાયું છે કે, તારીખ ૨૧-૧-૮૦ ને રોજ આગ્રા મધ્યે શીકંદરા બાગના મકાનોના બે બુરજો ઉપરથી ઘરેણાં ચોરાયાં હતા. લાગતા વળગતા માજીસ્ટ્રેટ તરફ પોલીસે એવો રીપોર્ટ કરી મોકલ્યો કે, આવી રીતની ઘણી ચોરીઓ આગળ થઈ હતી, પણ શીકંદરા બાગની અડોશ પડોશના ગામડાના ગરાશીયાઓ, ગુન્હેગારોને શોધી કાહાડવાના કાંઈ ઉપાયો કરતા નથી. તેથી આ પ્રસંગમાં ચોરીનો થતો મેળવવાના કામમાં ગરાશીયાઓ, પોલીસને મદદ આપે, એવો તેઓના ઉપર હુકમ થવો જોઇએ. એ ઉપરથી તારીખ ૨૪-૧-૮૦ ને રોજ મોજે શીકંદરાના ગરીશીયા, અરજદાર બક્ષીરામને, તથા મોજે ગૈલાણાના ગરાશીઆ, અરજદારો મીઠુલાલ તથા ગંગારામને, તથા શીકંદરા બાગની અડોસ પડોસના ગામોના બીજા કેટલાક ગરાશીયાઓને, માજીસ્ટ્રેટે હુકમ લખ્યો કે, "પંદર દિવસની અંદર આ કામનો પતો મેળવી આપવો, તથા પોલીસને જોઈતી મદદ આપવી." પોલીસે ફરીયાદ કરી કે, "અરજદારોએ અમોને કાંઇ મદદ આપી નહીં. એટલુંજ નહીં, પણ મદદ આપતાં તેઓ દુર રહ્યા, તથા કામ બગાડી નાંખવા સારૂ, ઇરાદા પૂર્વક પોતાનું કામ કરવા તેઓએ કસુર કરી." તે ઉપરથી કોઇ સરકારી નોકર પોતાની કામગીરી બજાવતો હોય, તેમાં કાયદા પ્રમાણે મદદ આપવાની ફરજ છતાં, તે સરકારી નોકરને મદદ કરવામાં કસુર કરી. તથા એક સરકારી નોકરે, ધારાસર યોગ્ય રીતનો હુકમ પ્રગટ કર્યો હતો, તે હુકમની બેફરમાની કર્યાના, તથા ક્રી. પી. કો. ની ૧૮૭ તથા ૧૮૮ મી કલમો અનુસાર સજા થઇ શકે, એવા ગુન્હાઓના અરજદારો ઉપર આરોપો રાખી, તેઓનું, એક બીજા વર્ગના માજીસ્ટ્રેટ પાસે કામ ચાલ્યું. અને તેમાં તેઓ અપરાધી ઠરતાં તેઓને દંડની સજા થઈ. જીલ્લા માજીસ્ટ્રેટને ત્યાં બંધવાઓએ અપીલ કરી. નીચલી અદાલતનો ઠરાવ બાહાલ રાખી અપીલમાં એવો ઠરાવ કર્યો કે, અપેલેંન્ટોએ પોલીસને મદદ ન આપી તે વાત સાબીત થઇ છે. સને ૧૮૭૨ ના દસમા આક્ટની ૯૦-૯૧ (૪૪-૪૫) મી કલમો મુજબ માજીસ્ટ્રેટને હુકમ કરવા અધિકાર હતો અને તે હુકમ અપેલેંન્ટોએ માન્યો નથી.

જે કારણો લેઈને એ ઠરાવ જોવરાવવા માગ્યો છે, તે એવાં છે કે, ૨૪ મી જાનેવારીની તારીખનો માજીસ્ટ્રેટે કરેલો હુકમ, કાયદા વિરૂદ્ધ હતો. અને તેનો આદર સતકાર કરવા અરજદારો બંધાયા નોહોતા, અને તેથી તેનો અનાદર કર્યા વાસ્તે, તથા પોલીસને મદદ ન આપ્યા વાસ્તે તેઓ ક્રી. પી. કો. ની ૧૮૭ તથા ૧૮૮ કલમ મુજબ સજાને પાત્ર થતા નથી.

અરજદારો તરફથી કાલવીન સાહેબ.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ

જસ્ટીસ પીયરસને આપેલા ઠરાવમાંથી આ કામને લગતો મુદ્દાનો ભાગ એ છે કે,

મોજે સીકંદરાવાળા બક્ષીરામ તથા બીજાઓને તથા ગૈલાણાવાળા મીઠુલાલ તથા બીજાઓને ૨૪ મી જાનેવારીને રોજ એક ચોરીના કામનો પંદર દિવસમાં પતો મેળવી આપવાનો, માજીસ્ત્રેટે જે હુકમ કર્યો હતો તે તદન કાયદાને અનુસરતો નથી. તથા સને ૧૮૭૨ ના દસમા આકટની ૯૦–૯૧ મી કલમ પ્રમાણે તેવો હુકમ કરવાનો તેને અધિકાર છે, એમ જીલ્લા માજીસ્ત્રેટે ઠરાવ્યું છે. તે પણ ભુલ ભરેલું છે. ક્રી. પી. કો. ની ૧૮૭ મી તથા ૧૮૮ મી કલમો પ્રમાણે અરજદારોને ગુન્હેગાર ઠરાવ્યાનો ઠરાવ બહાલ રાખ્યો છે, તે કોઇ રીતે કાયમ રાખી શકાતો નથી. તેથી તે રદ કરવો જોઇએ. અને દેશી માજીસ્ત્રેટે જે સજા કરી છે, તે પણ રદ કરવી જોઇએ. અને જો કાંઇ દંડ વસુલ થયો હોય તો તે પાછો આપી દેવો જોઇએ.

૧૮૭૨ ના દસમા આકટની ૯૦ તથા ૯૧ મી કલમોમાં ગરાશીયાની ફરજોની વીગત આપી છે, તે ફરજો પ્રમાણે અમલ કરવા પોલીસ નીમાણીછે, તથા પગાર ખાયછે, એટલે અરજદારોની તે ફરજો છે નહીં. ૯૦ મી કલમની अ, ब, क તથા ड. રકમમાં લખ્યા પ્રમાણે કોઇ બાબતની તે ગરાશીયાની ખબર મળે તો તે ખબર પોલીસવાળાને આપવાની તેઓ ઉપર ફરજ રાખી છે. કેટલાંક ચોકસ કામોમાં કોઇ માજીસ્ત્રેટને મદદ આપવાની તેઓ ઉપર ૯૧ મી કલમમાં ફરજ રાખી છે.

માજીસ્ત્રેટે જે હુકમો લખ્યા હતા તે આગળ લખાઇ જવા પ્રમાણે આ બંને કલમોમાંથી એકે કલમ અનુસાર લખ્યા નહોતા, તેમ તે હુકમનો અમલ કરવા વાસ્તે પોલીસની હાજરીમાં રહેવા અરજદારો કાયદા પ્રમાણે બંધાયા નહોતા.

ચંદ્રકંથ દેની અરજીની બાબતમાં.

કલમ ૧૮૮.
૨
તા: ૯-૧૧-૮૦
ઈ. ૬ ક. પા. ૪૪૫

સારવજનિક કામ વાસ્તે કોઈ સરકારી નોકરે મનાઈ હુકમ કાઢ્યો હોય તેને ૧૮૮ મી કલમ લાગુ છે. દિવાની કામના હુકમનો અનાદર કરનારાને કેદમાં મોકલવો એજ વાજબી રસ્તો છે.

ज्यां कोइ सरकारी कामदारे सार्वजनिक काम वास्ते हुकमो कर्या होय तेने ही. पी. को. नी १८८ मी कलम लागु पडे छे. पण मांहो मांहे पक्षकारो वचे दीवानी दावामां हुकम कर्या होय तेने लागु पडती नथी. कोइ दीवानी काममां मनाइ हुकमनी बेफरमानी थइ होय, तेने माटे योग्य रस्तो गुन्हेगारने केदमां मोकली देवानो छे.

પીનલકોડની ૧૮૮ મી કલમ માંહેલા ગુન્હા વાસ્તે એક ગીરજાકંથ લેહેરી તથા બીજાના ઉપર ફરીયાદ થઇ હતી. તે કાઢી નાંખવા મીમાનસીંગના માજીસ્ત્રેટે સને ૧૮૮૦ ના એપ્રીલની ૨૯ મી તારીખે હુકમ કર્યો, તે હુકમના સબંધમાં હાઇકોર્ટનો શું મત છે, તે પુછવા સારૂ મીમાનસીંગના સેસન્સ જડજે આ કામ હાઈકોર્ટ તરફ મોકલ્યું હતું.

જે પ્રસંગે એ હુકમ કાઢવો પડયો હતો તે નીચે મુજબ હતો. સને ૧૮૭૯ ના અગષ્ટની ૨૧ મી તારીખે મીમાનસીંગના ડીસ્ત્રીકટ જડજે, રીતસર અપીલમાં હુકમનામું કર્યું કે, "અપેલેન્ટ ગીરજાકંથ લેહેરીએ, મજકુર ભાગદાર તરીકે તારીનીકંથ લેહેરીને અમુક તળા-

વના હરકોઈ ભાગમાંથી કાઢી મુકવો નહીં. (બંને પક્ષકારો વચે તળાવ સબંધી તકરાર હ-તી) તથા એ બંને પક્ષકારોમાંથી કોઈએ એક બીજાની સંમતી મેળવ્યા વગર તળાવના કોઈ ભાગનો સુવાંગ કબજો હરકોઇ સક્ષને આપી દેવો નહી."

એજ રોજ ડીસ્ત્રીકટ જડજે બીજું હુકમનામું કર્યું કે, "ગીરજાકંથ લેહેરીએ, તારીણીકંથ લેહેરીનો મજમુ ભાગદાર તરીકે એ કટકાનો કબજો છે તે છીનાવી લેવો નહીં, અને બંને પક્ષોમાંથી કોઇએ એક બીજાની સમતી વગર એ કટકાઓમાંથી કોઈ કટકાનો સ્વાંગ કબજો બીજા સક્ષોને આપી દેવો નહીં."

આ હુકમનામા થયા પછી, તારીણીકંથ લેહેરીએ ડીસ્ત્રીકટ જડજને અરજી કરી કે, ગીરજાકંથ લેહેરીએ મનાઇ હુકમની બેફરમાની કરી છે. અને તળાવને લગતી જમીન ઉપર તેણે ઝુંપડી કીધી છે. માટે પી. કો. ની ૧૮૮ મી કલમ પ્રમાણે ગીરજાકંથ ઉપર ફોજદારી કામ ચલાવૃવા પરવાનગી આપવી જોઇએ.

આ પરવાનગી આપવામાં આવી. સન ૧૮૮૦ ના એપ્રીલની ૨૯ મી તારીખે એક માજીસ્ત્રેટ પાસે તે કામ આવતાં ઝુંપડી બાંધી હતી કે નહીં, તે વાતનો પુરાવો લીધા વગર તેને એમ જણાયું કે, ડીસ્ત્રીકટ જડજનો કાઢેલો મનાઈ હુકમ પ્રસિદ્ધ થએલો નહોતો, અને તેને એવો સંકલ્પ વિકલ્પ થયો કે દીવાની કોર્ટે કરેલો હુકમ પીનલકોડની ૧૮૮ મી કલમમાં જેવા હુકમનું ચીતવન કરેલું છે, તેવા પ્રકારનો હુકમ હશે કે નહીં. અને તેટલા ઉપરથી ફોજદારી કામ ચલાવવાના ધારાની કલમ ૨૧૧ મી (૧૮૮૨ નાની ૨૪૭) મુજબ તેને છોડી મુક્યો. માજીસ્ત્રેટના મત સાથે સેસન જડજનો મત મળતો નહીં આવતાં તેણે હાઇકોર્ટનો અભિપ્રાય પુછ્યો કે,

(૧) કે, પીનલકોડની ૧૮૮ મી કલમ દિવાની કોર્ટના કરેલા હુકમની બેફરમાનીને લાગુ પડતી નથી. એવું માજીસ્ત્રેટે ઠરાવ્યું છે, તેમાં તે સાચો છે કે નહીં?

(૨) તે હુકમ યોગ્ય રીતે પ્રસિદ્ધ કર્યો નહોતો, એવું ઠરાવવામાં માજીસ્ત્રેટ સાચો છે કે નહી?

કોઇના તરફથી કોઇ વકીલ હાજર નહોતો.

ચિફ જસ્ટીસ ગાર્થ તથા જસ્ટીસ માકલીને કરેલો ઠરાવ.

સરકારી કામદારોએ સાર્વજનીક કામ વાસ્તે હુકમો કર્યા હોય તેને ૧૮૮ મી કલમ લાગુ પડે છે, પણ બંને પક્ષકારો વચે દિવાની દાવામાં હુકમ થયો હોય તેને લાગુ નથી, એવો અમારો મત છે. તેથી તે કલમ મુજબ અમલ કરવાની માજીસ્ત્રેટે ના પાડી છે. તેમાં તેણે બરોબર કરેલું છે.

દીવાની દાવાના કોઇ મનાઇ હુકમની પ્રતીવાદીએ બેફરમાની કરી હોયતો, જડજે વાદીની અરજી લેઈને, કોર્ટના હુકમનો અનાદર કર્યા સારૂં તેને બંધીખાને મોકલવો જોઇએ. એજ વાજબી રસ્તો છે.

ખારકચંદ્ર પાલ વિ. તારકચંદ્ર ગુપ્ત (મ્યુનીસીપાલટીનો એક ઓવરસીયર.)

કલમ ૧૮૮.

૩

તા૦૨૨-૮-૮૪

ઈ.૧૦ ક. પા.૧૦૩૦

એક દરજ્જે રહીને કોઈ સખસ કાંઈ હુકમ બહાર પાડે અને એનો એ સખસ બીજે દરજ્જે રહીને તે હુકમની બેફરમાની ના ગુનહાનો ઈનસાફ કરે તો તેનો ઠરાવ કાયદેસર ગણાય નહી.

तारीख २९ मी मार्च सने १८८३ नी तारीखनी एक बेठकमां कोमीलाना म्युनीसीपाल कमीशनरोए सने १८७६ ना बंगाळानी म्युनीसीपालटी आक्टनी कलम २५६मी अनुसार एक हुकम बाहार पाडयो.

ही. पी. को. नी १८८ मी कलमना गुन्हा वास्ते जीलामाजीस्त्रेट पासे, बंधवानुं काम चालतां तेमां ते सदरहु हुकम तोडयाना गुन्हानो अपराधी ठर्यो, अने तेनो १०० रुपैया दंड थयो.

जे माजीस्त्रेटे तेनुं काम चलावी अपराधी ठराव्यो हतो, ते मजकुर तारीखे म्युनीसीपाल कमीशनरोनी बेठकमां सभापती तरीके हाजर हतो, अने ते वखते मजकुर हुकम प्रगट थयो हतो. आ कामनी बेफरमानी करवाना गुन्हा वास्ते, बंधवाने अपराधी ठराव्यो हतो.

ठराव्युं के, ए गुन्हानो ठराव कापदा विरुद्ध छे, माटे तेने रद करवो जोइए.

હાઈકોર્ટ તરફથી પ્રીનસેપ જસ્ટીસે જે ઠરાવ આપ્યો છે, તેમાં આ કામની હકીકત પુરેપુરી લખાઈ છે.

અરજદાર તરફથી મુનશી સીરાજુલ ઇસલામ.

સામી બાજુવાળા તરફથી કોઇ હાજર થયું નહીં.

જસ્ટીસ પ્રીનસેપનો ઠરાવ.

સને ૧૮૮૩ ના માર્ચ માસની ૨૩ મી તારીખે, સને ૧૮૭૬ ના બંગાળાના પાંચમા આકટની ૨૫૬ મી કલમ પ્રમાણે, કોમીલાના મ્યુનીસીપાલ કમીશનરોએ એક હુકમ પ્રગટ કર્યો હતો. તે હુકમની અરજદારે બેફરમાની કર્યા સબબ, પી. કો. ની ૧૮૮ મી કલમના ગુન્હાનો તેને અપરાધી ઠરાવવામા આવ્યો હતો.

તપાસ કરતાં અમોને જણાય છે કે, જે જીલ્લામાં માજીસ્ટ્રેટે આ કામનો ઇનસાફ કરી અરજદારને અપરાધી ઠરાવ્યો હતો, તે માજીસ્ટ્રેટ તા. ૨૯-૩-૮૩ ના રોજની મ્યુનીસીપાલ કમીશનરોની સભામાં સભાપતી તરીકે હાજર હતો. અને તે સભામાંથી થએલા હુકમની બેફરમાની કર્યાનું ચાલતા કામનું તોહોમત છે.

ક્રીમીનલ પ્રોસીજર કોડની ૫૫૫ મી કલમમાં જે નીયમ બાંધ્યો છે, તે નીચે પ્રમાણે છે. "કોઈ જડજે અથવા માજીસ્ટ્રેટે, પોતાની કોરટ ઉપર જે કોરટમાં અપીલ ચાલતી

હશે, તે કોરટની રજા લીધા વગર, જે મુકરદમાનો પોતે પક્ષકાર હોય, અથવા જે મુકરદમામાં પોતાનો હીત સંબંધ હોય, તે મુકરદમાનો ઇનસાફ કરવો નહીં. અથવા ઇનસાફ થવા સારૂ તે મુકરદમો કમિટ કરવો નહીં, અને કોઇપણ જડજે અથવા માજીસ્ટ્રેટે પોતે જાતે કરેલા કોઈપણ ફેંસલા ઉપર, અથવા હુકમ ઉપર અપીલ સાંભળવી નહીં.

જે બાબતનો પોતા પાસે ઈનસાફ ચાલતો હોય એવી બાબતમાં મ્યુનીસીપાલ કમીશનર તરીકે હરકોઇ માજીસ્ટ્રેટ, પોતાની જાતથી કાંઇ નીસબત રાખતો હોય, તેવી જાતની બાબતોને એ ખુલાસો લાગુ પડતો હોય, એવો અમારો અભીપ્રાય નથી. જેવો માજીસ્ટ્રેટ માત્ર મ્યુનીસીપાલ કમીશનર હોવાના કારણથી, જે બાબતમાં મ્યુનીસીપાલીને લગતી વળગતી હકીકત નીસબત રાખતી હોય, તેનો ઇનસાફ કરવાને તે નાલાયક હોવો જોઇએ. એવી તકરાર વખતે ઉઠવામાં આવે, તેને અટકાવવાના ઇરાદાથી એ ખુલાસો વધારવામાં આવ્યો હશે. ચાલતા મુકરદમામાં જયારે તે માજીસ્ટ્રેટ વ્યવહાર ઉપયોગથી જોતાં એક ફરીયાદી તથા જડજ હોય ત્યારે તે બાબત સાવ જુદીજ રીતની છે. જે વાંધો વખતે જીલ્લા માજીસ્ટ્રેટ પાસે ઊઠાવવામાં આવ્યો હશે તે વાંધો અમારી પાસે પણ ઉઠાવ્યો છે કે, જે હુકમની બેપરમાની થઇ છે, તે હુકમ કાયદેસર નહોતો; તેથી સાવ ઉઘાડું છે કે, એ હુકમ કરવામાં તે માજીસ્ટ્રેટ પણ હતો, એટલે આ વાંધાનો ઇનસાફ કરવાને તે કોઇ રીતે યોગ્ય નથી. આ કામમાં અમોને નથી જણાતું કે, મજકુર હુકમ કોઇ રીતે કાયદા વિરૂદ્ધ હતો, પણ તેથી જે ઇનસાફ થયો છે તેની યોગ્યતા વીશે કાંઇ અસર થતી નથી આ ઠેકાણે અમારે સારજંટ. વિ. ડેલના ફેંસલાનો હવાલો આપવો જોઈએ. તે ફેંસલાના ઠરાવમાંથી એક વાક્ય જડી આવે છે. તે એ છે કે, "ચાલતા ધારા પ્રમાણે જે જડજકોઇ દાવાનું છેવટ થાવામાં કાંઇ હીત રહ્યું હોય, તે જડજ ઘણાજ જરૂરીના પ્રસંગ શીવાય, જો બીજો કોઈ જડજ હોયતો, ઇનસાફ આપવાને ના લાયક છે. જડજનું કેટલું તેમાં હીત છે. તેનું માપ કરવા કાયદો બેસતો નથી. તકરારી મુદ્દાનો ફેંસલો થાતાં, કોઇ રીતે જડજનું કાયદેસર હીત હોયતો, પછી તે ગમે તેટલું થોડું હોય, તોપણ તે ઇનસાફ કરવાને ના લાયક છે. આવો સખત નીયમ ઠરાવવામાં, જડજના મનમાં ગમે તેવો વખતે વેહેમ હોય, તે ઉપર કાયદો બહુ ધ્યાન રાખતો નથી. પરંતુ પક્ષકારોના મનમાં લાગણી ઉત્પન્ન થાય તે ઉપર કાયદે લક્ષ રાખ્યું છે. ગમે તેમ હો, પરંતુ, એક મોટો કીમતી હેતુ એ છે કે, ઇનસાફદારના વીશે અવીસ્વાસ તથા વેહેમ પેદા કરે એવી દરેક બાબત આથી દુર થાય છે, અને તેથી ન્યાય ખાતાના કારભારમાં વિસ્વાસની લાગણીઓ વૃધી પામે છે, અને એવી વૃતીઓ વ્યવહારી સુલેહ તથા નીરલ્લયપણા માટે સારી પેઠે જરૂરનીછે. આવી લખાવટથી અમારો કેહેવાનો શું હેતુ છે તે ખોટી રીતે ન સમજાય; તેટલાસારૂ અમે ઈન્તેજાર છૈયે. કોઇપણ સાચી દલીલવાળો માણસ, ઘડીભર એવો વિચાર લાવશે નહીં કે, પાધરી સાહેબ (આ કામમાં માજીસ્ટ્રેટ) જેને આ કામમાં નીવેડો દેવાનું હતું હતું, તેને તેમાં પોતાના જાતના હીતને લઇને કાંઇ મનમાં વહેમ આવ્યો હોય." આવાં કારણોથી અમે ધારીએ છૈયે કે, જીલ્લા માજીસ્ટ્રેટ પાસે ચાલેલું કામ રદ કરવું જોઇએ. તથા જો દંડ વસુલ થયો હોયતો, અરજદારને પાછો આપવો જોઇયે.

ગોરખચંદ્ર વિ. કાળી ચરણ દે.

કોઇ જમીનના કबजा माटे अ अने ब दावो करता हता तेना संबंधमां एक जीला माजीस्त्रेटे १८८३ ना मे महिनामां तपास कर्यो, अने तेणे पुरावो लीधो ते उपरथी तेने जणायुं के, कबजो अ नो छे माटे सन १८८३ ना मे नी २१ मी तारीखे एवो हुकम जाहेर कर्यो के, कायदाना योग्य क्रमथी कहाडी मुकवामां न आवे त्यां सुधी तकरारी जमीननो कबजो राखवानो अ नो हक छे. तथा ब अने बीजाओए अ ना कबजामां कांइ हरकत करवी नहीं. सन १८८९ ना नवेंबरनी अगाउ ब ए तकरारी मिलकतमांथी पोतानो अरधो हीस्सो क ने वेचातो आप्यो. ते क ने खरीद करवा टाणे १८८३ ना मे नी २१ मी तारीखना हुकमनी खबर हती. सन १८८९ ना नवेंबरमां ब तथा बीजाओ, ए तकरारी जमीन उपर गयां. अने जबरीनथी अ नी पासेथी कबजो खुंचावी लेवानी, तथा सदरहु जमीनना खेडुत हता तेओने घेरो तथा कबुलत, ब अने क ने आपवानी फरज पाडवानी कोशीश करी, ज्यारे ब अने तेना सोबतीओ तकरारी जमीन उपर गया, त्यारे ते सोबतीओमांथी कोइ सोबती, जीला मेजीस्त्रेटे तपास कर्यो, तेमां पक्षकार नहोतो. तोपण तेओने १८८३ ना मे नी २१ तारीखना हुकमनी खबर हती. १८८९ ना डसिंबरमां तेओनुं काम चाल्युं अने एक सरकारी नोकरे योग्य रीति हुकम प्रसीध कर्यो हतो. ते हुकमनी बेकरमानी कर्याना तेओ अपराधी ठर्या. ठराव्युं के ए ठराव वाजबी छे.

કલમ ૧૮૮.
૪
તા० ૨૦-૫-૮૧
ઈ. ૧૩ ક. પા.૧૭૫

કોઈસરકારી નોકરે સારવજનીક મનાઈ હુકમ પ્રસીધ કરયો હોય અને એ હુકમ જે સખસો ખરળીત રીતે જાણતા હોય તે છતાં તે હુકમની બેફરમાની કરે તો તેઓ પણ આ કલમ. પ્રમાણે ગુનેહગાર થાય છે.

આ કામના તહોમતદાર બક્ષી સોનારનું કામ ચાલી, તેને પીનલકોડની કલમ ૧૫૭ માંહેલા ગેરકાયદેસર મંડળી વાસ્તે કેટલાક સક્ષોને રોજે રાખ્યા હતા, તેઓને આશરો આપ્યાના ગુન્હાનો અપરાધી ઠરાવવામાં આવ્યો હતો. અને જે બીજાઓ હતા તેઓના ઉપર કામ ચલાવી પી. કોડની કલમ ૧૮૮ પ્રમાણે એક સરકારી નોકરે યોગ્ય રીતે હુકમ પ્રસિદ્ધ કર્યો હતો, તે હુકમ ન માન્યા માટે, તેઓને ગુન્હેગાર ઠરાવ્યા હતા. આ મુકરદમાની કેફીયત નીચે પ્રમાણે છે.

સન ૧૮૮૩ ની શરૂઆતમાં તહોમતદારોમાંથી એક કુતબુદીન અને એક નાગ નામના સરખા જમીનદારો વચે કોઇ જમીનના ચોકસ કટકાની માલીકી વિશે તકરાર ઉઠી. એ કબજો પોતાનો છે, એમ બંને પક્ષવાળા કહેતા હતા. જીલ્લા માજીસ્ટ્રેટ પાસે પોલીસ તરફથી કેટલાક રીપોર્ટો આવ્યા. તે ઉપરથી તેણે ૧૮૮૩ ના મે મહિનામાં ક્રી. પ્રો. કો.

ની કલમ ૧૪૫ અનુસાર તપાસ કરવાનું કામ ચલાવ્યું. અને પુરાવા ઉપરથી તેને એવી ખાત્રી થઈ કે, સદરહુ નાગ નામના જમીનદારોના કબજામાં તકરારી મિલકત છે. તે ઉપરથી તેણે એવો ઠરાવ કર્યો કે, જુવારની લાખી નામની તકરારી જમીનનો કબજો કાયદાના યોગ્ય ક્રમથી છુટી શકે ત્યાં સુધી, તે કબજો નાગ જમીનદારોએ રાખવો, અને કુતબુદીન તથા બીજા પક્ષકારોએ જ્યાં સુધી, કાયદાના યોગ્ય ક્રમથી એ કબજો છુટે નહી, ત્યાં સુધી કાંઇ હરકત કરવી નહી. આ ઠરાવ સને ૧૮૮૩ ના મેની ૨૧ મી તારીખે કર્યો હતો. જીલ્લા માજીસ્ત્રેટનો આ ઠરાવ રદ કરાવવા વાસ્તે કુતબુદીને સેસન જડજને અરજી કરી, પરંતુ તે અરજી ના મંજુર થઇ હતી.

સન ૧૮૮૫ ના નવંબરની પેહેલાં એક વખતે તકરારી જમીનનો અરધો હિસ્સો કુતબુદીને અબદલ બારીને વેચાતો આપ્યો, તે વખતે તે અબ્દુલને સન ૧૮૮૩ ના મે મહિનાની ૨૧ મી તારીખના ઠરાવની પુરેપુરી ખબર હતી. અને સન ૧૮૮૫ ના નવેંબરની ૨૧ મી તારીખે નાગ જમીનદારના તળાટી એક કાલી ચરણ દેએ જીલ્લા માજીસ્ત્રેટ પાસે ફરીયાદ કરી કે, કુતબુદીન અને બીજા તહોમતદારો એકઠા થઈ ભાલાં તથા લાકડીઓ બાંધીને નીલાખી ઉપર આવ્યા હતા. અને તેના ખેડુતો પાસેથી જબરીનપણે પૈસા કઢાવ્યા હતા. તથા કુતબુદીન અને અબદલબારીના જોગની કબુલતોમાં સહી કરવાની ફરજ પાડી હતી. સદરહુ જીલ્લા માજીસ્ત્રેટે, આ ફરીયાદ ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ મોકલી દીધી. અને તેને એમ જણાયું કે, બક્ષી સોનાર વગર બધા તોહમતદારોને સન ૧૮૮૩ ના મેની ૨૧ મી તારીખના હુકમની પુરેપુરી ખબર હોવા છતાં, તેઓની લાખી ઉપર કુતબુદીન અને અબદુલ બારીના હકની, સાબીતા કરવા સારૂ ગયા હતા. બક્ષી સોનાર વગર બધા તહોમતદાર વિરૂદ્ધ તળાટીએ જે તહોમત સાબિત માન્યું હતું, તે ડેપ્યુટી માજીસ્ત્રેટને પણ સાબિત થએલું માલુમ પડયું. પરંતુ બક્ષી સોનારે, ગેરકાયદેસર મંડળીના અંગભુતો થવા સારૂ જે સક્ષોને નોકર રાખેલા હતા, એમ જાણીને તેઓને આશરો આપ્યા વાસ્તે તે બક્ષી સોનારને ગુન્હેગાર ઠરાવ્યો, અને પછી એ સઘળાઓમાંથી કેટલાકને કેદની, અને કેટલાકને દંડની સજા કરી. આ ઠરાવો અને સજાઓ જીલ્લા માજીસ્ત્રેટે સન ૧૮૮૬ ના જાનેવારીની ૭ મી તારીખે બાહાલ રાખ્યાં, તે ઉપરથી બંધવાઓએ ક્રી. પ્રો. કો. ની કલમ ૪૩૯ ના ઠરાવ પ્રમાણે હાઇકોર્ટમાં અરજ કરી, અને એ ગુન્હાનો ઠરાવ શા માટે રદ ન કરવો, તે દેખાડવા વાસ્તે સામા પક્ષકાર ઉપર હુકમ કઢાવ્યો.

અરજદાર તરફથી ઈવનસાહેબે એવી દલીલ કરી કે, સન ૧૮૮૩ ના મેની ૨૧ મી તારીખનો હુકમ તહોમતવાળાઓમાંથી કોઇ તહોમતવાળાઓને સંભળાવ્યો નહોતો. અને તે હુકમ કાયદેસર નહોતો, માટે તે હુકમથી તહોમતવાળા બંધાયા નહોતા. આ દલીલની શાદતમાં તેણે ચંદ્રમાધવ ઘોશ વિ. જગત ચંદ્રસેન તથા કુનંદનારાયણ ભુપના ફેંસલાનો હવાલો આપ્યો છે.

સામી બાજુ તરફથી આસપર સાહેબ તથા બાબુ અંબીકાચરણ હાજર થયા હતા.

હાઇકોર્ટનો ઠરાવ જસ્ટીસ પ્રીનસેપ તથા ગ્રાન્ટે નીચે પ્રમાણે આપ્યો.

ઠરાવ.

ચોવીશ તહોમતદારોમાંથી, એક બક્ષી સોનારને હી. પી. કો. ની કલમ ૧૫૭ પ્રમાણે તથા બીજાઓને ૧૮૮ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યા હતા.

તેઓની વતી આ અરજી કરવામાં આવી છે. બક્ષી સોનારના સંબંધમાં એટલું કહેવું બસ છે કે, પેહેલો પુરાવો એ ડેપ્યુટી માજીસ્ત્રેટે અને જીલ્લા માજીસ્ત્રેટે અપીલમાં માનેલો છે. તે પુરાવો તેના ગુન્હાનો ઠરાવ કરવા વાસ્તે બસ છે. માટે રીવીઝન કોર્ટ તરીકે આ બક્ષીના સંબંધના ઠરાવમાં, વચમાં આવવાના કાંઇ સબબો નથી. નાગ કુટુંબનાં કેટલાંક માણસો અને કુતબુદીન વચે તકરાર હતી. તેમાં ક્રી. પ્રો. કો. ની કલમ ૧૪૫ પ્રમાણે સન ૧૮૮૩ માં માજીસ્ત્રેટે હુકમ કર્યાનું જણાય છે. અને તેમાં એવું ઠરાવ્યું હતું કે, નાગવાળાના કબજામાં ચોકસ જમીન હતી, અને કાયદાના યોગ્ય ક્રમથી કાઢી મુકવામાં ન આવે, ત્યાં સુધી એ જમીનનો કબજો રાખવાનો હક તેઓનો છે. તથા સદરહુ કબજામાં ઉપર પ્રમાણે બહાર કાઢતાં સુધી, કોઈએ હરકત કરવી નહીં. એવું એ ઠરાવમાં જાહેર કર્યું હતું. તકરારી જમીનની લગોલગ જેણે કુતબુદીનની મીલકતનો થોડો ભાગ વેચાતો લીધો હતો, તેની તથા કુતબુદીનની નોકરીમાં આ અરજદારો રહ્યા હતા. અથવા બીજી રીતે કહીએ તો, આ તકરારી જમીનની પડોશમાં પેલા કુતબુદીન તથા તેની પાસેથી ખરીદ કરનાર સક્ષોના પ્રતીનીધીયોએ, આ અરજદારોને કામે લગાડયા હતા. ક્રી. પ્રો. કો. ની કલમ ૧૪૫ પ્રમાણે સન ૧૮૮૩ માં એક હુકમ થયો હતો કે નાગવાળાઓનો કબજો છે તેમાં કોઇએ હરકત કરવી નહીં. એ હુકમ જાણ્યા છતાં તેઓએ તે હુકમ માન્યો નહીં. એટલે તેઓને હી. પી. કો. કલમ ૧૮૮ પ્રમાણે અપરાધી ઠરાવવામાં આવ્યા હતા.

સદરહુ હુકમ તેઓને સંભળાવ્યો નહોતો તેથી ૧૮૮ મી કલમના ગુન્હાનો ઠરાવ વાજબી નથી, એવો પેહેલો વાંધો લેવામાં આવે છે. બેશક જે કામમાં અરજદારોમાંથી કોઇજણ પક્ષકાર નહોતો, તે કામમાં સદરહુ હુકમ થએલો હતો. પરંતુ તે હુકમ સાર્વજનિક હતો, અને જે તકરારનો નીવેડો કરવાનો હતો, તેમાં નીસબત રાખનારાઓને એવું જાહેર કરવાનું હતું કે, સદરહુ સક્ષો અને નાગવાળામાંથી નાગવાળાઓનો કબજો રહેવા દેવો, એવી તે હુકમની મતલબ હતી. અરજદારો કાંતો એ કામમાં હારેલા કુતબુદીનના નોકરો હતા, અથવા કુતબુદીનના પાસેથી તેની મીલકતનો ચોકસ ભાગ વેચાતો લેનારના નોકર હતા. અને એ કામમાં ભાગવાળાઓના કબજામાં હરકત કરવા સારૂ જે કારણો હતાં તેજ કારણોથી, તે કબજામાં હરકત કરવાની કોશીશ થઇ હતી. અરજદારો માજીસ્ત્રેટના હુકમથી વાકેફગાર હતા તે ખુલું છે. અને માત્ર સવાલ હવે એટલોજ છે કે, પાધરી રીતે એ હુકમ માન્યો નહીં, તે સારૂ તેઓને વ્યાજબી સજા થઇ શકે કે નહીં ? નાગવાળાના કબજામાં કાંઇ હરકત કરવી નહીં, એટલુંજ માત્ર એ હુકમમાં હતું નહીં, પરંતુ સામાવાળાઓએ એ મિલકતનો કબજો લેવા વાસ્તે દાવો કર્યો હતો, તેનું નીરાકરણ કરાવવા સારૂ દીવાનીકોર્ટમાં જવાનું તેઓને કહ્યું હતું. એનો એ દાવો ફરીને ઉઠાવવાના પ્રસંગમાં હાલની ફોજદારી મંડાણી હતી. જે હકીકત સાબિત થઇ છે તે ઉપરથી એમ જણાય છે કે, આ અરજદારોએ કુતબુદીનના હુકમથી માજીસ્ત્રેટનો સદરહુ ઠરાવ ન માનીને નાગવાળાના કબજામાં

હરકત કરવાની કોશીશ કરી હતી. અને તેથી જેટલે દરજે કુતબુદ્દીન તેના પરીણામોને માટે જવાબદાર છે, તેટલે દરજે તેઓ જવાબદાર થાય છે. માટે નીચલી બંને અદાલતમાં જે હકીકત સાબિત થઈ છે, તે ઉપરથી મારો અભિપ્રાય એવો થાય છે કે, અરજદારોને વાજબી રીતે ગુન્હેગાર ઠરાવ્યા છે.

અરજદારો તરફથી બીજો વાંધો એવો લેવામાં આવ્યો છે કે, તકરારવાળો હુકમ કાયદેસર નીકળ્યો નહોતો, અને તેથી તે માનવાને માટે અરજદારો બંધાયા નહોતા.

આ કામના ઇનસાફમાં સદરહુ હુકમ એક પુરાવાના કાગળ તરીકે મુકવાને બદલે આગળ ચાલેલું કામ માજીસ્ત્રેટે પુરાવામાં લીધું છે, એમ જોવામાં આવે છે. અમારે કહેવું જોઇએ કે આ રીત ઘણીજ નિરૂપયોગી, તથા અસાધારણ છે. કેમકે આ કામમાં માત્ર જે ભાગ લગતો છે તે ફક્ત પેહેલો હુકમજ છે. એટલે ઈવનસાહેબે, આખું ચાલેલું કામ જોવાના હકનો દાવો કર્યો છે. અને એવો વાંધો લીધો છે કે, બંને પક્ષવાળાઓ વચ્ચે, વચમાં આવવાનો અખતીયાર વાપરતાં સુલેહનો ભંગ અડીકડીનો છે. તેનો વિચાર કરીને જે કારણો તે કામના દફતરમાં માજીસ્ત્રેટે દાખલ કર્યા છે, તેમાં તેવું કાંઇ નથી. વળી હાઇકોર્ટે કેટલાક ફેંસલા ચુકવ્યા છે, તેને આધારે તે એવી તકરાર કરે છે કે હકુમત ન હોવાના કારણથી, ચાલેલું કામ નીરઅર્થક છે અને તેથી કરેલો હુકમ અધિકાર વગરનો છે, માટે તે પાળવાનું બંધન નથી.

આ મુદાને લગતા જે ફેંસલાઓ છે તે એકબીજાથી વિરૂદ્ધ છે. એમ અમારા જોવામાં આવે છે, અને એ મુદ્દો જો આ કામમાં ખરેખરો ઉઠતો હતતો, ફુલબેંચ પાસે નીચકરણ કરાવવા આ કામ અમે તેના તરફ લખી મોકલત, પણ આ કામની હકીકત જોતાં એ તકરારનું કાંઇ મજબુત કારણ અમારા જોવામાં આવતું નથી. પોલીસે જે રીપોર્ટ કરેલ તેમાં સુલેહનો ભંગ થવાની સંભવતા ચોખી રીતે લખી હતી, તેને આધારે માજીસ્ત્રેટે અધિકાર ચલાવ્યો છે. અને પોલીસનો રીપોર્ટ માજીસ્ત્રેટ પાસે ચાલેલા કામનો એક ભાગ અથવા એક અંગ છે, એમ અમારે ગણવું જોઇએ.

તેથી ઠરાવ જોઈ સુધારનારી કોરટ તરીકે વચમાં આવવાને અમે કાંઇ પુરતાં કારણો જોતાં નથી.

• કલમ ૧૮૯ મી.

કોઇ સરકારી નોકરને પોતાના સરકારી ઓહદાના અમલ સંબંધી કાંઇ કામ ન કરવાને, અથવા કાંઇ કામમાં ઢીલ કરવાને લલચાવવાના કારણસર, તે સરકારી નોકર ખુદને, અથવા જે સખસની સાથે તે સરકારી નોકરને સંબંધ છે એમ પોતે માનતો હોય, એવા કોઇ સખસને, કાંઇ નુકશાન કરવાનો, જે માણસ ડર દેખાડે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકરને નુકશાન કરવાનો ડર દેખાડવો.

કેસરે હિંદ. વિ. મહેશ્રીબક્षીસિંહ.

કલમ ૧૮૯.

૧•

તા૦ ૨૨-૫-૮૬
ઈ- ૮ અ. પા.૩૮૦

કીયા શબ્દોથી ધમકી દીધી એશબ્દો અદાલતે જાણવા જોઇએ.

पीनलकोडनी १८९ मी कलम मांहेला गुन्हानुं फोजदारी काम चालतुं होय, तेमां बंधवे सरकारी नोकरने धमकी देवामां कयाकया चोकस शब्दो वापर्या हता, ते विशे साक्षीओ जुदुं जुदुं बोल्या. परंतु ते शब्दो वापरवाथी सामान्य असर शुं हती. ते वीशे तेओए एकज वात करी. परंतु माजीस्त्रेटना धारवामां आव्युं के, मजकुर गुन्हो साफ रीते साबीत थयो छे एटले बंधवाने तेणे गुन्हेगार ठराव्यो. अपीलमां सेसन जडजे ते ठराव बाहाल राखतां लख्युं के कया शब्दो वापरवामां आव्या हता, ते कांइ मुदानी बाबत नथी. अने ते शब्दोनी मतलब तथा असर वीसे कांइ ल्केश नथी.

ठराव्युं के, खरेखरा कया शब्दो वापर्या हता, ए वात मुदानी नथी. एम गणवामां जडजे भुल खाधी छे. पण उलटी रीते सरकारी नोकरने नुकशान करवानी धमकी, बंधवे खेरेखरी आपी हती के नहीं, ते नकी करवा सारु, ते शब्दो अदालते जाणवा जोइए.

અલાહબાદના એક માજીસ્ટ્રેટે, એપ્રીલની પેહેલી તારીખે અરજદારને પીનલકોડની ૧૮૯ મી કલમ માંહેલા ગુન્હાનો અપરાધી ઠરાવી, તેને ત્રણ માસની સખત કેદની તથા રૂપીયા ૨૫ ના દંડની, અને તે દંડ ન આપે તો તે બદલ બીજી બે માસની સખ્ત કેદની સજા કરી હતી. તે ઠરાવ અલાહબાદના સેસન જડજે ૧૮૮૬ ના મેની પેહેલી તારીખે બાહાલ રાખ્યો હતો. તે ઠરાવ વાંચીને સુધારવાની આ અરજી હતી.

કરીયાંણાના હેડકાંસ્ટેબલ નીયામતઅલીને સરકારી નોકરને દરજે હોઈને જે કામ કરવાનું હતું, તે ન કરવાની અટકાયેત કરવા સારૂ, અરજદાર બંધવે તેને ધમકી આપ્યાનું તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. પ્રોસીક્યુશન તરફનો એવો ખટલો હતો કે, સન ૧૮૮૫ ના ડીસંબરની ૨૮ મી તારીખની સાંજે, એક માતાદીનના ઘરમાં આગલી રાતે ચોરી થઈ હતી. તેનો હેડકાંસ્ટેબલ તપાસ કરતો હતો. અને કેટલાક સરદાર માણસોને પુછતો હતો. તેટલામાં બંધવો આવી ચડયો. અને સદરહુ સક્ષો મારા ખેડુતો છે, અને જો તેને વધારે સવાલ જવાબ કરવામાં આવશે, તો હું તારા વિશે ફરી-

યાદ કરીશ, એમ કહીને તેને ધમકી આપી. હેડકાંસ્ટેબલે એવી જુબાની આપી કે, બંધવે બીજા કાંસ્ટેબલને એવી ધમકી દીધી હતી કે, તારી નોકરીનો પટો ખેંચાવી લેવાની માહારામાં શક્તી છે. પરંતુ ખુદ એ કાંસ્ટેબલે એવી જુબાની આપી કે, આવી ધમકી મેં સાંભળી નહોતી. હેડકાંસ્ટેબલને ધમકી આપવામાં કયા કયા શબ્દો વાપર્યા હતા, તે બાબતમાં પ્રોસીક્યુશનના બીજા સાક્ષીઓની જુબાની હેડકાંસ્ટેબલની જુબાનીથી જુદી પડી હતી. પરંતુ તે શબ્દોની સામાન્ય અસર એક સરખી હતી. માજીસ્ટ્રેટનો એવો અભીપ્રાય થયો કે, પીનલકોડની કલમ ૧૮૯ મી માંહેલો ગુન્હો સાફ રીતે સાબેત થયો છે. તેથી ઉપર કહ્યા પ્રમાણે, અરજદારને તેણે ગુન્હેગાર ઠરાવી સજા કરી. અપીલમાં સેસન જડજે એવો મત જણાવ્યો કે, "કયા શબ્દો વાપર્યા હતા એ મુદ્દાની વાત નથી. કેવા મતલબથી એ શબ્દો વાપર્યા હતા, તથા તેમાંથી શું અસર કરવાની હતી, એ તરફ આપણે જોવું જોઈએ. મને સાફ રીતે સુઝે છે કે, તેની મતલબ પોલીસ અમલદારને ધમકી દેઇને તેને ફરજ બજાવતાં અટકાયેત કરવાની હતી. અને જો કે સદરહુ અમલદાર પોતાનો તપાસ ચલાવવામાં અટકયો નહોતો એવો પુરાવો છે. તોપણ અપેલંન્ટે જે ૨૫ પકડયું હતું તે ઉપર ચોકશીના કામને ભારે અડચણ થઇ હતી. આવા પ્રસંગમાં માજીસ્ટ્રેટનો ઠરાવ મોહારા અભીપ્રાય પ્રમાણે પુરેપુરો વાજબી ગણી શકાય છે. તેથી ગુન્હાનો તથા સજાનો ઠરાવ બાહાલ રાખું છું."

"અરજદારની વતી એવી તકરાર કરવામાં આવે છે કે, કયા શબ્દો વાપરવામાં આવ્યા હતા, અને જે શબ્દોની ફરીયાદ થઇ છે, તેમાં બરોબર કયા શબ્દો વાપર્યા હતા, તેના પુરાવાની ગેરહાજરીમાં પીનલકોડની કલમ ૧૮૯ માંહેલા ગુન્હાનો ઠરાવ વાજબી નથી.

અરજદાર તરફથી લાલા લલતા પ્રસાદ.

સરકાર તરફથી મુનશી રામપ્રસાદ.

ચિફ જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવઃ—

ગુન્હાનો ઠરાવ કાયમ રહી શકતો નથી. ફરીયાદી નીયામતઅલીના સંબંધમાં અરજદારે કયા શબ્દો વાપર્યા હતા તે બાબતના પુરાવામાં ભારે ભીનતાપણું છે. અને પીનલકોડની કલમ ૧૮૯ મીમાં સમાઇ શકે એવી નુકશાનીની ધમકી ફરીયાદીને અરજદારે આપી હતી કે નહીં, તે બાબત સઘળા પુરાવાના દીદાર ઉપરથી ઘણુંજ શક પડતું છે. વાપરેલા શબ્દો ખરેખરા શું હતા એ વાત મુદ્દાની નથી, એમ જડજે અભિપ્રાય આપ્યો છે. તેને હું મળતો આવતો નથી. પરંતુ અરજદારે ખરેખરી રીતે કાન્સ્ટેબલને નુકશાની કરવાની ધમકી આપી હતી કે નહીં, તેનું નકી કરવા સારૂ સદરહુ શબ્દો અદાલતે જાણવા જોઇએ. એ વાત ઊલટી રીતે મુદ્દાની છે. ઘર ફોડવાના ગુન્હામાં ભાગ લેનારા ઘણા શકદાર સક્ષોની તપાસણી કરવામાં એ કોન્સ્ટેબલ કેવી રીતે વર્તતો હતો, એ બીલકુલ જણાયું નથી. અને વખતે સદરહુ કાન્સ્ટેબલ એવી રીતે વર્તતો હોય કે, તેથી કરીને અરજદાર તેના વિશે ફરીયાદ કરવાની ધમકીની સાથે વાજબી રીતે કાંઇ ઠપકો કે વિચાર આપવા ધારે તો આપી શકે એવું પણ બનવા સંભવ છે. અને જો આ પ્રસંગે, તેમ કરવામાં આવ્યું હોય તો, તે ધમકી કલમ ૧૮૯ મી માંહેલા ગુન્હાનું આરોપ રાખવાનો વિષય થતો નથી. ગમે તેમ હોય તોપણ આ મુકરદમો એટલો બધો શકથી ભરેલો છે કે, ગુન્હાનો ઠરાવ કાયમ રહી શકતો નથી તેથી ઠરાવ સુધારવાની અરજી મંજુર કરીને માજીસ્ટ્રેટ તથા સેસન જડજનો ઠરાવ રદ કરૂં છઊં. અને બંધવાને નીરદોષ કરી ઠરાવુંછું કે તેને એકદમ છોડી મુકવો, તથા તેનો દંડ વસુલ થયો હોય તો પાછો આપી દેવો.

કલમ ૧૯૦ મી

૧૯૦. કાંઈ નુકશાનથી કોઇનું રક્ષણ કરવાનો અથવા કરાવાનો જે સરકારી નોકરને કાયદા મુજબ અખત્યાર હોય, એવા કોઈ સરકારી નોકરની આગળ કોઇ સખસને કાંઇ નુકશાનથી પોતાનું રક્ષણ થવા બાબત કાયદેસર, અરજ ન કરવાને અથવા અરજ કરતો અટકાવવાને લલચાવવાના કારણસર, જે માણસ તે સખસને કાંઇ નુકશાન કરવાનો ડર દેખાડે તે માણસને એક વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરની પાસે આશરો માગવાની અરજ કરવાથી દુર રેહેવાને કોઇ સખસને લલચાવવા સારૂ તેને નુકશાન કરવાનો ડર દેખાડવો.

બાબ ૧૧ મો.

ખોટા પુરાવા તથા સરકારી ઇનસાફ વિરૂધ ગુન્હા બાબત.

કલમ ૧૯૧ મી

૧૯૧. કાંઇ સોગંદથી અથવા કાયદાના ખાસ ઠરાવથી સાચુ બોલવાને જે માણુસ કાયદા મુજબ બંધાએલો હોય, અથવા કાંઈ પણ બાબત સંબંધી કાંઇ એકરાર કરવાને કાયદાથી બંધાએલો હોય, તે માણસ એવી કાંઈ વાત કેહે કે જે ખોટી હોય, અને જે ખોટી છે એમ તે જાણતો કે માનતો હોય, અથવા ખરી છે એમ તે ન માનતો હોય, તો તે માણસે ખોટી શાહેદી આપી એમ સમજવું.

ખોટી શાહેદી આપવી.

ખુલાસો ૧ લો—કાંઇ વાત મોહોડેથી કહી હોય અથવા કોઇ બીજી રીતે કહી હોય તોપણ તેને આ કલમના અર્થ પ્રમાણેની વાત સમજવી.

ખુલાસો ૨ જો—શાહેદી આપનાર સખસ પોતાના માનવા બાબત જે ખોટી વાત કહે, તેને પણ આ કલમના અર્થ પ્રમાણેની વાત સમજવી, અને જેમ જે વસ્તુ કોઇ સખસ જાણતો ન હોય ને તે કહેકે હું જાણુંછું તેથી તે સખસ ખોટી શાહેદી આપ્યાનો ગુનેગાર થાય તેમજ જે વસ્તુ તે માનતો નહી હોય તે વીશે તે એમ કહે કે હું એ માનુંછું તો તેથી પણ તે સખસ ખોટી શાહેદી આપ્યાનો ગુન્હેગાર થઈ શકેછે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની ઉપર બ નો હજાર રૂપીઆનો એક વ્યાજબી દાવો છે, તેની મજબુતીમાં ઇનસાફની વખતે અ આવીને એવા ખોટા સોગન ખાય કે બ નો દાવો વ્યાજબી છે એમ ઝ ને કબુલ કરતાં મેં સાંભળ્યો, તો અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું.

(બ) કાંઇ સોગનથી સાચું બોલવાને બંધાએલો છતાં, અ એ પ્રમાણે કહે કે ફલાણી સહી ઝ ની લખેલી છે એમ હું માનુંછું. અને ઝ ની લખેલી છે એમ તે ન માનતો હોય, તો એ ઠેકાણે અ જે વાત પોતે ખોટી જાણેછે તે કહેછે, માટે તેણે ખોટી શાહેદી આપી એમ સમજવું.

(ક) ઝ ના અક્ષરનું વલણ અ જાણેછે અને તે એ પ્રમાણે કેહેકે ફલાણી સહી ઝ ની લખેલી છે એમ હું માનુંછું, અને તેમજ તે સહી તેની લખેલી છે એમ અ શુદ્ધબુદ્ધિએ માનતો હોય, તો એ ઠેકાણે અ ની વાત ફકત તેના માનવા વિશે છે અને તેના માનવા વિશે તે સાચી છે, માટે અગર તે સહી ઝ ની લખેલી નહોય તોપણ અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું નહી.

(ડ) કાંઈ સોગનથી સાચુ બોલવાને બધાયલો છતાં, અ એ પ્રમાણે કેહેકે ફલાણે દહા-
ડે ઝ ફલાણે ઠેકાણે હતો એમ હું જાણુંછું, અને તે બાબત અ કાંઇ જાણતો ન
હોય તો, અગર તે દહાડે ઝ તે ઠેકાણે હતો કે નહી તોપણ અ એ ખોટી શાહે-
દી આપી એમ સમજવું.

(ઇ) અ કોઈ સમજાવનારો કે તરજુમો કરનારો છે, અને તે જે વાત અથવા લેખ
ખરી રીતે સમજાવવા અથવા તેનો તરજુમો કરવાને સોગનથી બંધાએલો છે, તે
વાતની અથવા લેખની એવી સમજણ આપે અથવા એવો તરજુમો કરે, અથવા તે
સમજણ અથવા તરજુમો ખરો છે એમ સરટીફીકેટ આપે; કે તે સમજણ અથ-
વા તરજુમો ખરો ન હોય, અને તે તેને ખરો માનતો ન હોય, તો અ એ ખોટી
શાહેદી આપી એમ સમજવું.

કલમ ૧૯૨ મી.

૧૯૨. જે માણસ કાંઇ બીના બનાવે, અથવા કાંઇ ચોપડી કે દ-ફતર મધ્યે કાંઇ ખોટી રકમ લખે, અથવા કાંઇ લેખ કરે અને તેમાં કાં-ઈ ખોટી વાત લખે, એવા ઇરાદાથી કે કોઇ ઈનસાફી મુકદમામાં, અથવા કોઈ સરકારી નોકરની આગળ તેના સરકારી હોદ્દાથી કાયદા મુજબ ચાલતા મુકદમામાં, અથવા કોઈ લ-વાદની આગળ તે બીના, ખોટી રકમ અથવા ખોટી વાત પુરાવામાં રજુ થાય, તથા તે રજુ થનારી બીના, અથવા ખોટી રકમ, અથવા ખોટી વાતથી, તે મુકદમામાં પુરાવા ઉપ-રથી જે સખસ કાંઇ અભીપ્રાય બાંધનાર હોય તે સખસના મનમાં, તે મુદતમાંના ફેસ-લાને લગતી કાંઇ જરૂરની બાબત સંબંધી ખોટો અભીપ્રામ આવે, તો તે માણસે ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

ખોટો પુરાવો બનાવવો.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની એક પેટીમાં અ કાંઇ ઘરેણાં મુકે; એવા ઇરાદાથી કે તે ઘરેણાં તે પેટી-
માંથી જડે, તથા એ બીનાથી ઝ ની ઉપર ચોરી સાબીત થાય, તો અ એ ખો-
ટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

(બ) અ પોતાની દુકાનના ચોપડામાં એક ખોટી રકમ લખે, એટલા સારૂ કે કોઈ ઇ-
નસાફની કોરટમાં તે પુષ્ટીકર પ્રમાણ દાખલ વાપરવી, તો અ એ ખોટો પુરાવો બ-
નાવ્યો એમ સમજવું.

(ક) ઝ ની ઉપર બદમસલતનો ગુન્હો સાબિત કરવાના ઇરાદાથી અ ઝ ના જેવા અ-
ક્ષર કરીને એક કાગળ લખે, એવી રીતે કે જાણે તે કાગળ તે બદમસલત માહેના
કોઇ સોબતિને લખેલો હોય, અને પોલીસ અમલદારો ફલાણે ઠેકાણે ખોળ કરશે
એવો સંભવ છે એમ જાણીને તે કાગળ તે ઠેકાણે મુકે, તો અ એ ખોટો પુરાવો
બનાવ્યો એમ સમજવું.

કલમ ૧૯૩ મી.

જે માણસ કાંઇ ઇનસાફી મુકરદમાના કોઇપણ ભાગમાં ઇરાદાથી ખોટી શાહેદી આપે, અથવા કોઇ ઇનસાફી મદદમાંના કોઇપણ ભાગમાં વપરાય એવા કારણસર ખોટો પુરાવો બનાવે તે માણસને સાત વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; તથા બીજી કોઇ બાબતમાં જે માણસ ઇરાદાથી ખોટી સાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; વળી તે દંડને પણ લાયક થશે. ખોટી શાહેદી તથા ખોટા પુરાવાની શિક્ષા.

ખુલાસો ૧ લો.—કોઇ કોરટ માર્સલ અથવા મીલીટરી કોરટ આવરિક વેસ્ટની આગળ તજવીજ ચાલતી હોય તેને ઇનસાફી મુકદમો સમજવો.

ખુલાસો ૨ જો.—કોઇ ઇનસાફની કોરટની આગળ મુકરદમો ચાલતાં પેહેલાં કાયદાએ ફરમાવેલી તજવીજ થતી હોય તેને ઇનસાફી મુકરદમાનો એક ભાગ સમમવો, પછી તે તજવીજ કોઇ ઇનસાફની કોરટ આગળ નહી થતી હોય તોપણ.

દ્રષ્ટાંત.

ઝ ને તેનો ઇનસાફ થવા સારૂ કમિટ કરવો જોઇએ કે નહી એ ઠરાવવા સારૂ કોઇ માજીસ્ત્રેટની આગળ ચાલતી તજવીજમાં અ સોગંદ ખાઇને એવી વાત કહે કે જે ખોટી છે એમ તે જાણતો હોય, તો એ તજવીજ ઇનસાફી મુકદમાનો એક ભાગ છે, માટે અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું.

ખુલાસો ૩ જો. કોઇ ઇનસાફની કોરટે કાયદા મુજબ કાંઇ તજવીજ કરવાનું ફરમાવ્યું હોય, અને તે તજવીજ કાંઇ ઇનસાફની કોરટના હુકમ મુજબ થતી હોય, તો તે તજવીજને ઇનસાફી મુકદમાનો એક ભાગ સમજવો. પછી તે તજવીજ કોઇ ઇનસાફની કોરટની આગળ નહી થતી હોય તોપણ. કાંઇ જમીનની હદ મુકરર કરવા સારૂ એક ઇનસાફની કોરટે કોઇ અમલદારને તે જગોપર મોકલ્યો હોય, તે અમલદારની આગળ થતી તજવીજમાં અ સોગંદ ખાઇને એવી એક વાત કહે કે જે ખોટી છે એમ તે જાણતો હોય, તો એ તજવીજ ઇનસાફી મુકદમાનો એક ભાગ છે માટે અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું.

મારાહાણી કેસરે હિંદ વી. ઇરબ સાપા.

કલમ ૧૯૩.

૧

પા૦ ૨૯-૪-૮૦ ઇ. ૪ મુ. પા.૪૧૯

સન ૧૮૬૭ ના મુંબઇના આઠમા આક્ટ પ્રમાણે કોઇ પોલીસ પટેલ પાસે સોગન લઇ ખોટી જુબાની આપવી એ આ કલમ પ્રમાણે થનથી છે

सने १८६७ ना मुंबाइना आठमा आक्टनी १३ मी कलम प्रमाणे जे कोइ पोलीस पटेल काम करतो होय तेनी पासे सोगन लइ खोटी जुबानी आपनार सक्ष ही. पी. को. नी १९१ मी कलमना अर्थ मुजब खोटो पुरावो आपनारो तथा तेज कायदानी १९३ मी कलम मुजब सजाने पात्र थाय छे, पण ए गुन्हानो इनसाफ करवा सारु मंजुरी लेवानी जरुर नथी. केमके, बेशक ही. पी. को. ना दसमा बाबना गुन्हा-

ओ, एना ए अधीकारीनी रुबरुमां कर्या होय तेनो इनसाफ परवानगी वगर करी शकातो नथी, ए वात साचीछे. तोपण फोजदारी काम चलाववानी रीतना कायदानी ४ चोथी कलमनी व्याख्या प्रमाणे पोलीस पटेल पासे चालेलुं काम फोजदारी कोर्टमां चालेलुं काम कहेवातुं नथी.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૬ (૪૩૮ કલમ મુજબ, આ કામ ધારવાડના સેસન જડજે લખી મોકલ્યું હતું.

એ મુકરદમાની મુખતેસર હકીકત નીચે પ્રમાણે છે.

સને ૧૮૬૭ ના મુંબાઇના આઠમા આકટની ૧૩ મી કલમ પ્રમાણે એક પોલીસ પટેલે તજવીજ કરી હતી, તેમાં એક ઇરબ સાપા નામના સક્ષની સાક્ષી દરજે જુબાની લેવાણી હતી. એક ફરીયાદીએ ચાર સક્ષો ઉપર બુદ્ધિપુર્વક વ્યથા કર્યા વાસ્તે ફરીયાદ કરી હતી. તેની તરફથી આ સાક્ષીની જુબાની સોગન ઉપરની, તે પોલીસપટેલે નોંધી લીધી હતી. જે માજીસ્ત્રેટે આ કામનો ઇનસાફ કર્યો હતો. તેના તરફ આ જુબાની રીતસર મોકલાણી હતી. માજીસ્ત્રેટ પાસે કામ ચાલ્યું તેમાં એ ઇરબસાપાએ પોલીસપટેલ પાસે જે જુબાની આપી હતી, તેનાથી વિરૂદ્ધ જુબાની આપી, એટલે માજીસ્ત્રેટે તોહમતવાળા સક્ષોને છોડી મુક્યા, અને કાંતો પોતા પાસે અગર પોલીસપટેલ પાસે ખોટો પુરાવો આપ્યાના ગુન્હા વાસ્તે ઇરબ સાપા ઉપર કામ ચલવવાની પરવાનગી આપી.

એ ઉપરથી એક પેહેલા વર્ગના માજીસ્ત્રેટે ઈરબ સાપા ઉપર કામ ચલાવી તેને છ છ માસની સખત કેદની સજા કરી.

આ કામ જ્યારે ડીસ્ત્રીકટ જડજે જોયું, ત્યારે તેનો એવો અભિપ્રાય થયો કે ઇરબ સાપાએ પોલીસ પટેલ પાસે આપેલી જુબાની એવી તો છે કે, તેના ઉપર ખોટી સાક્ષી પુર્યાનું તોહોમત રાખી તેને હી. પી. કો. ની ૧૯૩ મી કલમ પ્રમાણે સજા થઇ શકે તથા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ४६८ (૧૯૫) મી કલમના અર્થ મુજબ પોલીસપટેલ માજીસ્ત્રેટના તાબામાં ન હોવાથી, તેણે ફોજદારી કામ ચલાવવાની જે મંજુરી આપી છે, તેથી પોલીસપટેલ પાસે આપેલી જુબાનીના સંબંધમાં વીકલ્પ રીતના તોહોમતોમાંથી જે તોહમતો છે, તે તોહોમતનું કામ ચલાવી શકાતું નથી. કેસરે હિંદ વિ. (૧૧ મું. હા. કો. રી. ૩૪) પેહેલા સીધાંતના આધારે, સેસન જડજે નીચે પ્રમાણે લખ્યું છે. "સને ૧૮૭૮ ના પાછલા છ માસ માંહેલા પેલા ફોજદારી ફેંસલા (માહારાણી વિ. માલકા) નો ઠરાવ થયો ત્યાં સુધી એવો શક રહ્યા કરતો હતો. કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૨૨ મી કલમ (૧૬૪) પ્રમાણે કોઇ માજીસ્ત્રેટ પાસે આપેલી જુબાની ઉપરથી પી. કો. ની ૧૯૩ મી કલમના ગુન્હાનો ઠરાવ કરવાનો કાંઈ આધાર મળી શકે છે કે કેમ?

કોઈ પોલીસ અમલદાર પાસે કાંઈ જુબાની આપી હોય, અને ગોયા તે સોગન લઇને આપી હોય, તોપણુ તેવાજ ગુન્હાનો ઠરાવ કરવાને આધાર મળી શકે છે કે નહીં? તે બાબતમાં ઘણોજ શક રહે છે."

મંજુરી આપવાના પુરતાપણાના સંબંધમાં એજ સેસન જડજે નમ્રતા પુર્વક નીચે પ્રમાણે લખ્યું છે. "બાલાજી સીતારામનો ફેંસલો (૧૧ મું. હા. કો. રી. ૩૪) જોવાનું કહ્યું છે. વિકલ્પ રીતનાં તોહોમત માટે તેવા તોહોમતની દરેક શાખા વાસ્તે ફોજદારી માંડવાની મંજુરી હોવી જોઇએ. કાંતો પોલીસ પટેલ પાસે, અથવા કાંતો પોતાની પાસે, ખોટો પુરાવો આપ્યાના ગુન્હા વાસ્તે ઇરબ સાપા ઉપર ફોજદારી કામ માંડવા સારૂ તારીખ ૩૧ મી ડીસેંબર સને ૧૮૭૯ ને રોજ પેહેલા બીજા વર્ગના માજીસ્ત્રેટે મંજુરી આપી છે. તે માજીસ્ત્રેટે જે મંજુરી આપી, તે મંજુરીને મજબુત કરવા સારૂ સદરહુ પોલીસ પટેલ કાયદેસર મજકુર માજીસ્ત્રેટનો તાબેદાર નથી, એવો માહારો વિચાર છે.

આવી બાબતનું નીરાકરણ કોઇ ફેંસલાથી થઇ ગયું હોય, એવો કોઈ ફેંસલો માહારા જાણવામાં નથી. પોલીસ પટેલ કોના તાબામાં છે તે, સને ૧૮૬૭ ના મુંબાઇના આઠમા આકટની ત્રીજી કલમથી જણાઇ આવે છે, અને તે કલમમાં જે સક્ષોનું બ્યાન કર્યુંછે, તે સક્ષોમાં મામલતદારનું નામ લખ્યું નથી."

કોર્ટનો ઠરાવ.

આ મુકરદમાના ચાલેલા કામથી કાંઇ કાયદા વિરૂદ્ધ થયું હોય એમ જણાઈ આવતું નથી. સને ૧૮૬૭ ના મુંબાઇના આઠમા આકટની ૧૩ મી કલમ પ્રમાણે કામ કરનાર પોલીસ પટેલ પાસે, સોગન લેઇને બંધવાએ જો ખોટી જુબાની આપી હોય તો, તે સક્ષે હી. પી. કો. ની ૧૯૧ મી કલમની વ્યાખ્યા મુજબ ખોટો પુરાવો આપ્યો એમ સમજવાનું છે. તથા તે ૧૯૩ મી કલમ મુજબ સજાને પાત્ર થાય છે. બીજી રીતે જોતાં જયારે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૬૮ મી (૧૯૫) કલમમાં જે જે ગુન્હા કહેલા છે, તેમાં કોઇ ગુન્હો દિવાની કિંવા ફોજદારી અદાલતની સામે, અથવા રૂબરૂમાં કર્યો હોય ત્યારેજ માત્ર મંજુરીની જરૂર છે. "ફોજદારી અદાલત" ની વ્યાખ્યા તે કાયદાની ૪ થી કલમમાં આપી છે તે લક્ષમાં રાખતાં સાફ રીતે જણાઇ આવે છે કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના અર્થ પ્રમાણે, પોલીસ પટેલ એ, ફોજદારી અદાલત કહેવાય નહીં. તેથી આ કામમાં કોઇ મંજુરીની જરૂર છે એવું જણાતું નથી.

હી. પી. કો. ની ૧૯૩ મી કલમ માંહેલો ગુન્હો જયારે કોઇ પોલીસ પટેલ પાસે કર્યો હોય તેને માટે મંજુરીની જરૂર નથી. અને તેજ કાયદાના દસમા બાબના ગુન્હાઓ. (જેમાં ૧૮૧ મી કલમનો ગુન્હો આવી જાય છે.) જયારે એજ અમલદાર પાસે કર્યો હોય તેનો ઇનસાફ કરવા સારૂ મંજુરીની જરૂર છે એ વાત, અલબતે અગડગટી છે. પણ હાલનો ચાલતો કાયદો તેવી રીતનો છે એટલે કાંઈ ઉપાય નથી.

કેસરે હીંદ વિરૂદ્ધ મોરદઇકરાર અલી.

કલમ ૧૯૩.
૨
તા० ૩-૧૨-૮०
ઇ. ૬ ક. પા. ૪૮૨

કોઇ દસ્તાવેજ તે રજીષ્ટર કરાવવાની મુદત વીતી ગઇ હોય અને મુદતની અંદર લાવવા સારૂ તેની અસલ તારીખમાં ફેરફાર કરવે. એ ગુન્હો ખોટો લેખ બનાવ્યાનો નથી. પણ ખોટો પુરાવો આપ્યાનો થાયછે.

जे दस्तावेज वखतसर बीजी रीते रजीष्टर थवा सारु हाजर करी शकाय नही, ते दस्तावेज रजीष्टर करावचा सारु तेनी तारीखमां फेरफार करवो, तेथी खोटा लेख बनाववानो गुन्हो थतो नथी. केमके फेरफार बददानतथी के, फरेबीथी करेलो छे, एम बतावनारु तमां कांइ नथी. पण ते गुन्हो पीनल कोडनी १९३ मी कलम गुजब खोटो पुरानो बनाव्यानो थायछे.

ચિફ જસ્ટીસ ગાર્થ તથા જસ્ટીસ ફીલ્ડે જે ઠરાવ આપ્યો છે, તેમાંથી આ મુકરદમાની કેફીયત જણાઇ આવશે.

બંધવાએ એક ખત રજીષ્ટર થવા સારૂ સને ૧૮૭૯ ના ડીસેંબરની ૧૮ મી તારીખે હાજર કર્યું. એવું કહેવામાં આવ્યું છે કે, એ ખતમાં મુળ તારીખ સન ૧૮૭૯ ના અગષ્ટની છઠી હતી. જો આ તારીખ કાયમ રેહી હત તો, જેટલી મુદતમાં તે દસ્તાવેજ રજીષ્ટર થવા સારૂ હાજર કરવું જોઇએ, તે વખત પછી હાજર થાત. મુદતની અંદર આણવા સારૂ બંધવે છ માંથી છવીશમી તારીખ કરી. અથવા એ છઠી તારીખ ફેરવેલી છે, તે જાણ્યા છતાં તે ખત રજીષ્ટર કરાવવા સારૂ તેણે રજુ કર્યું હતું, એમ કહેવામાં આવ્યું છે. અમોને લાગે છે કે આવે પ્રસંગે, તારીખમાં ફેરફાર કરવો, એથી ખોટો લેખ બનતો નથી. કેમકે પીનલકોડની ૪૬૪ મી કલમની બીજી રકમના અર્થ મુજબ, બદદાનત કે ફરેબીથી તે ફેરફાર કરવામાં આવ્યો હતો. એમ બતાવનારૂં તેમાં કાંઇ નથી.

સદરહુ ખતના સાચાપણા વિશે, અથવા એ ખતથી ખોટી દાવાને પુષ્ટી આપવાનું બંધવે ધાર્યું હતું. એ વિશે કશોએ વાંધો લેવામાં આવ્યો નથી. ચોખું છે કે ખતની તારીખ ફેરવવામાં તેનો ઇરાદો રજીષ્ટર કરનારા અધિકારીને રજીષ્ટર કરવાના કામના પરીણામમાં અગત્યની બાબતમાં ખોટો અભિપ્રાય ઉપજાવવાનો હતો. અને જ્યારે એમ છે તો તેના કૃત્યથી પીનલકોડની ૧૯૨—૧૯૩ મી કલમો પ્રમાણે ખોટો પુરાવો બનાવ્યાના, તથા ૧૯૬ મી કલમ મુજબ બનાવટી પુરાવો બદનીષ્ટાથી વાપર્યાનો એમ બે ગુન્હાઓ થાયછે કાયદાની આવી માન્યતા છે, તથા થએલો ગુન્હો એક ભારે ગુન્હો છે, એમ સેસન જડજે જોયું છે. પણ ખરેખરી રીતે તેમ નથી. તેથી સજામાં ઘટાડો કરીને બે માસની સખત કેદની સજા કાયમ રાખવામાં આવે છે. દંડની સજા પણ બહાલ રાખવામાં આવે છે.

મહારાણી કેસરે હીંદ વિ. નીયાજઅલી તથા બીજાઓ.

કલમ ૧૯૩.
૩
તા૦ ૨૪—૭—૮૨

સ્ટાંપ આકટની કલમ ૫૧ મીમાંબગડી ગએલી સ્ટાંપનું વળતર આપવા બાબતની અરજીનો તપાસ કરવાની જે અમલદારને અખ્તીકાર આપવામાં આવ્યો હોય તે અમલદાર પોતાને કરવાનું કામ બીજાને સોંપી શકતો નથી અને જે અમલદારને એવું તપાસનું કામ સોંપાયુ હોય તે અમલદાર પાસે સોગન લેઇને આપેલી જૂબાની કાયદેસર જુબાની ગણાતી નથી.

આ કલમ પ્ર-

सने १८७१ ना पेहेला आकटना छठा बाबनी ५१ मी कलममां ठराव्युं छे के " हवे पछी कहेलुं छे, तेमां छापेल स्टेंपना कागळ बगडे तेनो कलेकटरे बदलो आपवो. अने तेने ए सबंधमां जे जे पुरावो जोइए ते पुरावो तेणे गवरनर जनलर इन कांउसील जे धाराओ बांधे तेने अनुसरीने लेवो. आ कलम अनुसार एक एवो नीयम बंधायो के, सदरहु एकटना ६ठा बाब प्रमाणे जे सक्ष बदलो लेवानी अरज करतो होय तेने अथवा तेना मुखतीयारने सोगन उपर मुख जुबान पुरावो आपवा वास्ते बोलाववाने मुखतीयारछे. ठराव्युं के, बगडी गयेला स्टेंपना कागळ वास्ते बदलो लेवानी अरजीना संबंधमां पतीज्ञा उपर पुरावो लेवानी तथा तेवी अरजी मंजुर या नामंजुर करवानी, अने ए फरज कलेकटर शीवाय बीजा कोइना उपर राखी नथी. अने तेथी ते आ बाबतमां पो-

तानो अधीकार बीजा कोइने ते कलेकटर सोंपी शकतो नथी.

सन १८६९ ना पेहेला एकटना ६ठा भाग प्रमाणे पैसा पाछा मळवानी एक माणसे अरजी करी हती. ते अरजी तेणे तपास थवा सारु डेप्युटी कलेकटरने मोकली दीधी. तेमां ठराव्युं के, अरजदारे रजु करेला शाक्षीओनी प्रतीज्ञा देइने जुबानी लेवानो ए डेप्युटी कलेकटरने अधीकार नोहोतो. अने तेथी सदरहु साक्षीओए जे जुबानी लखावी तेना संबंधमां ही. पी. कौ. नी १८१ मी कींवा १९३ मी कलम प्रमाणे एके गुन्हानुं तोहोमत टकी शकतुं नथी.

पीनलकोडनी १९३ मी कलम प्रमाणे खोटो पुरावो आप्याना फोजदारी काममां प्रत्येक तोहोमतदारोनी तजवीज जुदी जुदी थवी जोइए. अने इनसाफ थवा सारु तेओने कमीट करवामां आवेतो तेओनो जुदो जुदो इनसाफ थवो जोइए. अने एक एकठा तोहोमतमां तेओनो समास करवानी रीती तदन भुल भरेलीछे.

માટે ખોટો પુરાવો આપવાના ફોજદારી કામમાં દરેક તોહોમતદારની જુદીજુદી તજવીજ થવી જોઇએ. અને તેઓને કમીટ કરવામાં આવે તો પણ જુદો જુદો ઇનસાફ થવો જોઇએ

कोइ बंधवे सोगन लेइने एक वख्ते एक जुबानी लखावी होय. अने बीजी वखते तेनाथी पाधरी जुदी अने एक बीजाथी प्रतीकुळ लखावी होयतो, तेथी खोटो पुरावो आप्यानां गुन्हानो ठराव करवा सारु तेटलीज हकीकत बस नथी. आवी जुबानीमांथी कइ जुबानी खोटी छे, ए वात तोहोमतनामामां लखवी जोइए. एटलुंज नहीं पण जे जुबानी खोटी कहेवामां आवती होय, तेनुं खोटापणुं साबीत करवा सारु पेली प्रतिकुळ जुबानी सिवाय बीजो पुष्टी करता पुरावा सहीत प्रोसीक्युटरे तैयार रहेवुं जोइए. राणी. वि. जेकसन राणी. वि. वीटलेन्ड अने राजा. वि. हेरीस ए त्रण मुकरदमाओनो हवालो लेवामां आव्यो.

एक वखत सोगन लेइने, एक जुबानी आपवी, अने बीजी वखते तेथी पाधरी रीते प्रतीकुळ जुबानी आपनार उपर खोटो पुरावो आप्यानुं तोहोमतनामुं विकल्प रीते घडवानी सत्ता सन १८७२ ना दसमा आकटनी ४९९ मी कलमे आपेली नथी. "विकल्प रीते" ए शब्दो, मजकुर कलममां वापर्या छे. तेनो अर्थ एवो थाय छे के, साबीत थयेली हकीकत उपरथी, तोहोमतवाळा सक्षे कया खास प्रकारनो गुन्हो कर्यो, ए

बात ज्यारे शक पडती होय त्यारे ते तोहोमतवाळो सक्ष कायदानी बारी-कीने लीधे छुटी जवा न पामे तेनो बंदोबस्त करवाने सारु तोहोमतोनी अदली बदली थइ शके छे. अथवा विकल्प रीते मुकी शकाय छे.

सोगन लेइने साचुं कहेवाने वास्ते कायदेसर बंधाइने त्रण सक्षोए, २६-९-८१ ने रोज अथवा ते अरसामां अथवा १८-१०-८१ना रोज अथवा ते अरसामां, एम बे रोज तेओए एकज बाबतना संबंधमां, सोगन लेइने एक बीजाथी विरुध जुबानी आप्यानुं एक सामटुं तोहोमत राखी सदरहु त्रण सक्षने इनसाफ थवा सारु ही. पी. को. नी १९३मी कलम प्रमाणे सजा थइ शके एवा गुन्हानो इनसाफ थवा सारु कमीट करवामां आव्या हता. अने सदरहु तोहोमतनो ए सक्षोनो भेगो इनसाफ थयो हतो, तेमां ठराव्युं के, आ सक्षोमांथी प्रत्येक सक्षना उपर जुदु जुदु अने विगतवार तोहामत मुकवाने बदले त्रणे बंधवा उपर एक अने एकठुं तोहोमत राख्युं हतुं. ते कायदा विरूध हतुं. वळी तेमांथी कइ जुबानी खोटी छे, ते जुबानीना शब्दो तेमां स्पष्ट रीते आप्या नथी. तेथी सदरहु तोहोमत वधारे कायदा विरुध छे. तथा आवा भुल भरेला तोहोमत उपर थएलुं कमीट में टकावी शकाय एम छे, एवुं घडीभर मांनीए तो-पण जे जुबानी खोटी कहेवामां आवी छे, तेनी विगत आपीने दरेक बंधवा उपरनुं नवुं तहोमतनामुं घडीने दरेकनो जुदो जुदो इनसाफ सेसन कोर्ट करी शके छे; पेहेली जुबानी बीजीथी उलटी हती. ए उप्रांत बेमांथी कइ जुबानी तोहोमतवाळा शक्षोए खोटी लखावी, तेनो पुरावो नहोवाथी आवा शक्षो उपर मुकेलुं तोहोमत टकीशकतुं नथी; केमके आ बंने जुबानीओ खोटी हती. एवुं बतावावानो पुरतो पुरावो नथी.

सने १८८२ ना जानेवारी मासनी २८ मी तारीखे मोरादाबादना सेशन जडजेना साबीतीने ठराव कर्या हते. तेना उपर स्थानीक सरकारे आ अपील करी हती. ते मुकदमानी हकीकत जस्टीसस्ट्रेटना ठरावमां लखेलीछे.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ.

રીસ્પોંડન્ટ નીયાજઅલી તરફથી લીચ. ચિફ જસ્ટીસ સ્ટુઅર્ટ તથા જસ્ટીસસ્ટ્રેટ નીચે પ્રમાણે ઠરાવ આપ્યા છે.

જસ્ટીસ સ્ટ્રેટને। ઠરાવ:—

ડી. પી. કો. ની ૧૯૩ મી કલમમાં જે ઠરાવ્યું છે. તેની વિરૂદ્ધ જઇને, એક ઇન-

સારી કામમાં ખોટો પુરાવો આપ્યાના ગુન્હામાંથી ત્રણ રીસ્પોડેંન્ટોને બે ગુન્હા કરી મોરાદાબાદના સેશન જડજે ગયા જાનેવારી માસની ૨૮ મી તારીખે નાસાબીતીનો ઠરાવ કર્યો હતો. તે ઠરાવની સામે સ્થાનીક સરકારે આ અપીલ કરી છે. અપીલની અરજીમાં જે દલીલો ગુજારી છે તે સમજવા સારૂ નીચેની હકીકતનું ફરીને પુનરાવર્તન કરવું જરૂર લાગે છે. સને ૧૮૮૧ ના સપ્ટેંબર માસમાં એક મુબારખ હુસેન પોતાની એક મિલકત ગીરો આપવાનો વિચાર કરતો હતો. અને તે કામ વાસ્તે રીતસર દસ્તાવેજ લખવા સારૂ, એક નવાઝીશ નામના સક્ષ પાસેથી ૨૫ રૂપૈયાની કીમતનો સ્ટાંપનો કાગળ ખરીદ કર્યો હતો. પરંતુ એ ગીરો ખત લખાઇ રહ્યા પછી, તથા તેમાં પરસપર સહીઓ થયા પછી કેટલાંક કારણોને લેઇને, ગીરો આપવાની વાત વચકી જઈ, તે કારણો શું હતાં તે અત્રે લખવાની કશીએ જરૂર નથી. આ બનાવ બનવાથી કામ વગરના દસ્તાવેજ અને રદી પડી ગએલો સ્ટાંપ, મુબારકના હાથમાં રહ્યો. તે ઉપરથી સને ૧૮૭૯ ના પેહેલા આકટની ૫૫ મી કલમમાં ઠરાવ્યું છે, તે મુજબ રદ થઇ ગએલા ૨૫ પચીસ રૂપૈયાની સ્ટાંપના કાગળનો બદલો મેળવવા વાસ્તે, મુરાદાબાદના કલેકટરને તેણે અરજી કરી. આ ઠેકાણે કહેવું જોઇએ કે, સદરહુ કલમના પુર્વ ભાગ પ્રમાણે માત્ર કલેકટરને તે બાબતમાં પુરાવો જોઇતો હોય તો, લેઇને તપાસ કરવાનો અધિકાર છે. એ અધિકાર કલેકટરને ગવરનર જનરલ ઈન કૌંસીલ, એવો પુરાવો લેવાના સંબંધમાં જે નિયમો બાંધે તેને અનુસરીને વાપરવાનો છે. આ કલમના ઠરાવ પ્રમાણે જે નિયમ બાંધીને સને ૧૮૮૧ ની સાલના ગાઝીટ ઓફ ઈંડીયાને ૬૫ મે પાને ૨૬-૧-૮૧ ને રોજ જાહેર ખબર પ્રસિદ્ધ થઇ છે. તેના ૧૬ મા નિયમમાં લખ્યું છે કે, " જે સક્ષ મજકુર આકટના છઠા બાબ પ્રમાણે નાણાં પાછાં મળવાની અરજ કરતો હોય, તેની અથવા તેના મુખતીયારની જુબાની લેવા સારૂ અથવા તેવી અરજ કરવાનો જે પ્રસંગ બન્યો હોય, તેની ઈકરારનામાથી લખેલી હકીકત રજુ કરવા સારૂ બોલાવવાને કલેકટર મુખતીયાર છે. મુખજુબાનીમાંની, અથવા લખેલા ઈકરારપત્રની પુષ્ટીમાં જે જે સાક્ષીઓની જુબાની લેવી જરૂર જણાય તો, તે તે સાક્ષીઓને બોલાવવાને પણ કલેકટર મુખતીયાર છે. "નાણાં પાછાં મેળવવાની મુબારક હુસેનની અરજી આવતાં, પોતા થકો અમલ કરવાને બદલે, મોરાદાબાદના કલેકટરે યોગ્ય તપાસ કરવાનું કામ પોતાના ડેપ્યુટી કલેકટરને સોંપ્યું. તારીખ ૨૬-૯-૮૧ ને રોજ ઉપર લખાઇ ગયેલા જાહેરનામાની રૂએ, કેમ જાણે પોતે કલેકટર થઇને તપાસ કરતો હોય, એમ ડેપ્યુટી કલેકટરે આ અપીલના ત્રણ રીસ્પોડેંન્ટોને સોગન આપી તપાસ્યા. આ ઠેકાણે કહેવું જોઈએ કે શા કારણથી સ્ટાંપનો કાગળ બગાડયો તેની પુછપરછ આ તપાસણીમાં ઓછી થઇ, અને મુબારકહુસેનને, નવાઝીશે સ્ટાંપનો કાગળ વેચ્યો હતો. તે નકી કરવાનો તપાસ વધારે થયો. એ ત્રણમાંથી બે રીસ્પોડેંન્ટ નીઆઝઅલી, તથા રહીમઉલ્લાએ, ડેપ્યુટી કલેકટર પાસે લખાવ્યું કે, પેલો સ્ટાંપનો કાગળ અમારી દેખતાં મુબારખહુસેને નવાઝીશઅલી પાસેથી વેચાતો લીધો હતો. ત્રીજા રીસ્પોડેંન્ટ છદુએ જે કાંઇ લખાવ્યું, તે એવું હતું કે " ચાર માસ ઉપર મુબારખહુસેને, નવાઝીશ પાસેથી ૨૫ રૂપૈયાનો સ્ટાંપ લીધો હતો."

આવી રીતે તપાસ કર્યા પછી ડેપ્યુટી કલેકટરે, કલેકટર તરફ રીપોર્ટ કર્યો. અને તે

ઉપરથી કલેકટરે, મુબારખને પૈસા પાછા આપવાનો હુકમ કર્યો. અને તે પૈસા મુબારખને યોગ્ય રીતે પાછા આપી દેવામાં આવ્યા હતા. ત્યાર બાદ સને ૧૮૭૯ ના સ્ટાંપ એકટની ૬૮ મી કલમ પ્રમાણે, નવાઝશ વાજબી રીતે સનંદી વેચનાર ન હોવાથી તેણે મુબારખ હુસેનને ૨૫ રૂપૈયાનો સ્ટાંપનો કાગળ વેચવાના ગુન્હા વાસ્તે કલેકટરની મંજુરી લેઇને ફોજદારી ફરીયાદ માંડવામાં આવી. આ મુકરદમો તારીખ. ૧૯-૧૯-૮૧ ના રોજ ડેપ્યુટી માજીસ્ટ્રેટે એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટને હુદ્દે ચલાવ્યો. અને પ્રોસીકયુશન તરફથી પેલા ત્રણે રીસ્પોન્ડેંન્ટોને સાક્ષી દરજે બોલાવી તપાસવામાં આવ્યા. આ વખતે તેઓએ જુદી જુદી હકીકત લખાવી. તેમાં પેહેલાં નીયાઝઅલીએ લખાવ્યું કે, મેં પડે ખરીદી જોઈ નહોતી પણ મુબારખસેને તે વીશે મને કહ્યું હતું. અને ત્યારબાદ જ્યારે ૧૮ મી અકટોંબરને દિવસ આગળ તેણે આ જુબાની આપી હતી, તે વાંચવામાં આવી ત્યારે તેણે કહ્યું કે, માહારી દેખતાં પેહેલો સ્ટાંપનો કાગળ વેચાતો લીધો હતો. અને માહારી આગલી જુબાની હતી, તેજ ખરી જુબાની છે; રહીમુલાએ લખાવ્યું કે, પેહેલો સ્ટાંપનો કાગળ માહારી દેખતાં વેચાતો લેવાયો ન હતો, અને મેં તો ફકત તે વિશે સાંભળ્યું હતું; ઈદુએ લખાવ્યું કે, સ્ટાંપનો કાગળ મારી દેખતાં લેવાયો હતો. એવી જુબાની મેં ૧૮મી અકટોબરને રોજ આપી નહોતી; પરંતુ મેં તો એ પ્રમાણે ખરીદ કર્યાની વાર્ત સાંભળી હતી. તે મુકરદમાને અંતે નવાજસ વિરૂદ્ધ કાંઈ પુરાવો નહીં હોવાથી તેને છોડી મુકવામાં આવ્યો. ત્યારબાદ જીલામાજીસ્ટ્રેટની મંજુરી મેળવીને આ ત્રણે રીસ્પોન્ડેટો ઉપર તા. ૨૬મી સપ્ટેબરને રોજ જ્યારે સ્ટાંપ એકટ પ્રમાણે તજવીજ ચાલતી હતી તેમાં પ્રથમ ખોટો પુરાવો આપ્યા વાસ્તે, તથા ૧૮ મી અકટોંબરને રોજ જ્યારે નવાઝસનો કેશ ચાલતો હતો તેમાં ખોટી જુબાની આપ્યા વાસ્તે ઇી. પી. કો.ની કલમ ૧૯૩ પ્રમાણે ફોજદારી ફરીયાદ માંડવામાં આવી. આ ફરિયાદનો તપાસ પણ પેહેલાં ડેપ્યુટી માજીસ્ટ્રેટે કર્યો. અને તેને અંતે તેણે તેઓને તોહોમતનામામાં મુકેલાં તોહોમતોના અપરાધી ગણ્યા. ત્યારબાદ રીતસર એ કામ સેશન જડજ પાસે આવ્યું. અને તેમાં તેણે ઠરાવ્યું કે, તારીખ ૨૬ મી સપ્ટેંબરના રોજ પ્રતીવાદીઓએ જે જુબાની આપી, તે કોઈ ઇનસાફી મુકરદમામાં આપી નહોતી, તથા જે અધીકારીએ તેઓને પ્રતીજ્ઞા આપી હતી તે પ્રતીજ્ઞા દેવાનો તેને અધિકાર નોહોતો. વળી તેણે વધુ ઠરાવ્યું કે, તેઓની જુબાની નોંધી લેવામાં આવી છે. અને તેવો નોંધ પુરાવામાં અગ્રાહી હોવાથી, ૨૬ મી તારીખે તેઓએ શું કહ્યું હતું, તેનો મુખ્ય પુરાવો લઇ શકાતો નથી. અને આ અભીપ્રાયને લેઇને તેણે તેઓને છોડી મુકયા. તે ઉપર ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૭૨ મીં કલમમાં ઠરાવ્યા પ્રમાણે ત્રણ કારણો આપીને સરકારે અપીલ કરીછે. તે કારણો નીચે પ્રમાણે છે.

(૧) ૨૬ મી સપ્ટેંબરના રોજ આપેલી જુબાની રદ કરવામાં જડજે વાજબી કર્યું નથી.

(૨) ગેજીટ ઓફ ઇન્ડીયાની જાહેર ખબરમાં જે નિયમો બાંધ્યા છે, તે પ્રમાણે ૨૬-૯-૮૧ ને રોજ પ્રતિજ્ઞા આપવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટને અધિકાર હતો.

(૩) જો કાંઇ નહીં તોપણ રીસ્પોન્ડેટોએ પી. કો. ની ૧૮૧ મી કલમ મુજબ ગુન્હો કર્યાનું જણાઇ આવ્યું છે.

ઉપલા સવાલોમાંથી વિચાર કરવા જેવો પેહેલો સવાલ એ જણાય છે કે, ડેપ્યુટી-કલેકટરને તા. ૨૯-૯-૮૧ ને રોજ રીસ્પોન્ડેન્ટને અગર કોઈ રીસ્પોન્ડેન્ટને સોગન આપવાનો અધિકાર હતો કે નહીં? ઉપર કહેવાઇ ગયું છે કે ૧૮૬૯ ના પેહેલા એકટની કલમ ૫૧ મીમાં બગડી ગએલા સ્ટેંપનો બદલો આપવા સારૂં કલેકટરનેજ અધિકાર છે. તથા ૧૮૮૧ ના ફેબ્રુઆરી માસની ગવરમેન્ટ ઓફ ઇન્ડિયાની જાહેરખબર પ્રમાણે એ કલેકટર અરજદારને કિંવા તેના મુખત્યારને સોગન અથવા પ્રતિજ્ઞા આપી જુબાની લેવાને, અથવા તે અરજીની પુષ્ટીમાં સાક્ષીઓનો પુરાવો લેવાને, અથવા અરજદાર અથવા તેના મુખતીયારનું ઇકરાર નામું લેવાને મુખતીયાર છે. તેથી હવે સવાલ ઉઠાડું છું કે, બગડી ગએલા સ્ટેંપનો બદલો મળવાની અરજીનો તપાસ કરવાને, તથા તેના સંબંધમાં સોગન ઉપરાંત પુરાવો લેવાને તથા તેની અરજીઓ મંજુર કીંવા નામંજુર કરવાને કાયદે જે અધિકારીને સત્તા આપી છે. તે અધિકારી ખુદ કલેકટર છે. પરંતુ સરકારી વકીલ એવી દલીલ કરેછે કે, સને ૧૮૭૯ ના સ્ટેંપ એકટના ખુલાસાની કલમમાં "કલેકટર" એ શબ્દનો જે ખુલાસો કર્યો છે. તેમાં સ્થાનીક સરકાર, સરકારી ગેજીટમાં નામ પાડીને કીંવા હુદ્દાની રૂયે જે અધિકારીને નીમે તેનો પણ સમાસ થાય છે. પરંતુ ડેપ્યુટી કલેકટર એ પ્રમાણે નીમાયો નોહોતો, એટલુંજ કહેવું બસ છે. અને તેથી આ દલીલ પ્રોસીક્યુશનવાળાને સાબીતી કરતી નથી. મુબારક હુસેનની અરજી ઉપરથી તપાસ કરવાનો તથા જે શક્ષોનો મુખ જુબાન અથવા લખેલો પુરાવો જોઇતો હોય તેને સોગન આપવાનો ખુદ મુરાદાબાદના કલેકટરને એકલાનેજ અધીકાર હતો, એવો માહરો અભીપ્રાય છે. આ બાબતમાં પોતાનો અધીકાર બીજાને સોંપવો એ કાયદા વિરૂદ્ધ અને અધિકાર વગરનું કામ હતું. તેથી હું ઠરાવું છઊં કે ડેપ્યુટી કલેકટરને રીસ્પોન્ડેંટને પ્રતીજ્ઞા આપવાનો અધિકાર બીલકુલ હતો નહીં. અને ૨૯ મી સપ્ટેંબરને રોજ તેની પાસે તેઓએ જે જુબાની આપી તેના સંબંધમાં ૧૯૧ કીંવા ૧૯૩ મી કલમ આંહેલું તોહોમત ટકી શકતું નથી. અપીલની અરજીમાં લીધેલી બીજી દલીલ માહારા અભીપ્રાય પ્રમાણે તુટી જાય છે.

ડેપ્યુટી કલેકટરે તોહોમતનામું મુકીને સેશનમાં કમીટ કર્યા હતા તે તોહોમતનામાના શબ્દો તપાસવાની જરૂર છે.

"હું એચ. શી. એક પેહેલા વર્ગનો મેજીસ્ટ્રેટ, આ ઉપરથી નીયાઝઅલી, રહીમુલા, અને ઈદુ, તમારા ઉપર એવું તોહોમત મુકું છઊં કે, તમે સને ૧૮૮૧ ના સપ્ટેંબરની ૨૯ મી તારીખે અથવા તે અરસામાં મુરાદાબાદ મધે સદરહુ દિવસોએ કોઇ બાબતમાં સોગન લેઇને સાચું કહેવાને તમે કાયદેસર બંધાયા છતાં જાણી જોઇને સોગન લીધા પછી એક બીજાથી વિરૂદ્ધ જુબાનીઓ આપી, તે એવી રીતે કે, સને ૧૮૮૧ ના સપટેંબરની ૨૯ મી તારીખે તમે કહ્યું કે, પચીસ રૂપીઆનો એક સ્ટેંપ મુબારકને વેચાતો આપતાં અમે નવાજસ હુસેનખાંનને જોયો હતો, અને ૧૮૮૧ ના અકટોબરની ૧૮ મી તારીખે કહ્યું કે, અમે તે પ્રમાણે જોયું નથી પણ સાંભળ્યું છે, આથી તમે બુદ્ધીપૂર્વક ખોટો પુરાવો આપીને ઈી. પી. કો. ની ૧૯૩ મી કલમ પ્રમાણે શીક્ષા થઈ શકે તથા સેશન કોર્ટ સાંભળી શકે એવો ગુન્હો તમોએ કર્યો છે.

હવે પ્રથમતો આ તોહોમતનામું વાંધા ભરેલું છે, તે એ છે કે, આ ત્રણે રીસ્પોન્ડેંટમાંથી પ્રત્યેકના સંબંધમાં નોખું નોખું વીગતવાર તોહોમતનામું મુકવાને બદલે એક અને એકજ તોહોમતનામું મુકેલું છે. ક્રી. પી. કો. ની ૧૯૩ મી કલમ પ્રમાણે ખોટો પુરાવો આપ્યાના ફોજદારી કામમાં પ્રત્યેક તોહોમતવાળાનો માજીસ્ટ્રેટે જુદો જુદો તપાસ કરવો જોઇએ. અને તેઓને સેશન કોર્ટમાં કમીટ કરવામાં આવે તો સેશન જડજે તેઓનો જુદો જુદો ઇનસાફ કરવો જોઈએ. એક સંયુક્ત તોહોમતનામામાં બધાઓને મેળવવા એ કેવળ ભુલ ભરેલું છે. આ વાંધો જે ખરેખરો હાની કરતા છે, તે જુદો રાખતાં આ કામ મેજીસ્ટ્રેટે એક અસાધારણ અનુમાન લઇને કમીટ કર્યું હતું. તે અનુમાન એ છે કે, રીસ્પોન્ડેંટોએ જુદી જુદી જુબાનીઓ આપી હતી. માટે તેઓ ખોટો પુરાવો આપ્યાના ગુન્હાના તકસીરવાન થવા જોઇએ. કાયદાની આવી સમજણ ઘણીજ ભુલ ભરેલી છે, અને તે સુધારવી જોઇએ. કેમકે એવી ભુલ એકલા ડેપ્યુટી કલેકટરે કરી નથી, પણ આ ઈલાકામાં ઘણે દરજ્જે બધા મેજીસ્ટ્રેટોમાં એવી સમજણ ચાલે છે. બંધવે સોગન લેઇને એક વખત એક જુબાની આપી, અને બીજે વખતે તેથી જુદીજ આપી, એટલાજ ઉપરથી બંધવાને ખોટો પુરાવો આપવાના તથા ખોટા સોગન લેવાના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવા જે બસ નથી. તોહોમતનામા માંહેલા કયા મજકુરો ખોટા છે એટલું કહેવા ઉપરાંત બીજી વખતની ઉલટી જુબાનીને અલગ રાખીને જે જુબાની ખોટી કહેવામાં આવી હોય; તે જુબાનીનું ખોટાપણું સાબીત કરવા સારૂ પુષ્ટી કરતા પુરાવાથી પ્રોસીક્યુટરે તૈયાર રહેવું જોઈએ. રાણી. વિ. જાકસનના કામમાં જસ્ટીસ હોલરોઇડે આ બાબતમાં જે કિંમતી વિચારો આપ્યા છે તે નીચે પ્રમાણે "કદીયે એક પ્રસંગે નહીં તો બીજે પ્રસંગે જે વાત સાચી નથી, તેના તેણે સોગન લીધા હતા એવું વખતે જો કે તમે માનો, તોપણ તે ઉપરથી તેણે ખોટા સોગન લીધા એવું તેનું અવશ્ય પરિણામ હોવું જોઇએ, એમ કાંઈ નથી. કેમકે કોઈ માણસ નીતીથી અને સાફ દાનતથી કોઈ ચોકસ હકીકત વીશે પોતાની ખરેખરી માન્યતા તથા યાદગીરીને લેઇને સાચી માનતો હોય, અને સોગન લેઇને તે હકીકત તે લખાવે અને પછવાડેથી તેને એમ ખાત્રી થાય કે, આગળનું કહેવું ખોટું હતું, અને પછી એકે વખતે ખોટું કહેવાનો ઇરાદો રાખ્યા વગર બંને વખતે જુદું જુદું કહે. વળી એક વખતે કોઈ માણસ સોગન લેઇ એક વાત લખાવે, અને બીજી વખતે બીજી વાત લખાવે તોપણ તેમાંથી કઇ વાત સાચી છે ને કઇ વાત ખોટી છે, એમ કહેવાનું જ્યાં અશક્ય હોય, ત્યાં તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહીં." રાણી. વિ. વીટલાના કામમાં ગરની જસ્ટીસે એવાજ પ્રકારનો અભીપ્રાય આપ્યો છે. આ મુકરદમા ઉપર તથા રાણી. વિ. હારીસના કામમાં જે ઠરાવ થયેલો છે, તે ઉપર રસલના ત્રીજા પુસ્તક ૭૫-૮૨ મા પૃષ્ટમાં ઘણીજ કીંમતી ટીકા આપેલી છે, આ કામમાં જે નમુનાનું માજીસ્ટ્રેટે તોહોમતનામું ઘડયું છે, તે નમુના વાસ્તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૫૫ મી કલમમાં કોઈ રીતનો અધિકાર આપવામાં આવ્યો નથી, અને તેની જે કલમોમાં "વિકલ્પ રીતે" એ શબ્દો વાપર્યા છે. તેનો અરથ એવો થાય છે કે, જ્યાં સાબિત થયેલી હકીકત એવી હોય કે, આરોપિત સક્ષે કયા ચોકસ પ્રકારનો ગુન્હો કર્યો છે, તે શક પડતું હોમ ત્યાં કાયદાની બારીકીને લીધે તે છુટી જવા ન પામે, તેનો બંદોબસ્ત કરવા વાસ્તે તો-

હમતનામામાં ફેરફાર કરી શકાય છે. અથવા વિકલ્પ રીતે મુકી શકાય છે. ડેપ્યુટી કલેકટરે જે તહોમતનામું ઘડયું છે, તે તહોમતનામું સઘળા રીસ્પોનડેન્ટોની ઉપર પ્રથક પ્રથક મુકવાને બદલે એક સામટું મુકયું. તથા તેઓની જુબાનીમાંથી કઇ જુબાની તેઓએ ખોટી લખાવી એ શબ્દો તેમાં દાખલ નહીં કરવાથી કાયદા પ્રમાણે ભુલ ભરેલું છે, એમ કહેવાને હું બીલકુલ આંચકો ખાતો નથી. આવું ભુલ ભરેલું કમીટમેન્ટ કાયમ રાખી શકાય એવું છે, એમ ઘડીભર માની લઇએ, અને સેશન જડજે પ્રત્યેક રીસ્પોન્ડેન્ટ ઉપર નવું તહોમતનામું તૈયાર કરી તેમાં જે જુબાની તેઓએ ખોટી લખાવી છે, તેની વિગતવાર નોંધ કરીને પ્રત્યેકનો જુદો જુદો ઈનસાફ કરવાને કાંઈ હરકત નથી. પરંતુ આ પ્રમાણે તેણે કર્યું નહીં, અને તેણે જે કામ ચલાવ્યું છે તેની સામે ભારે વાંધો લેવો હોય તો લેઇ શકાય એમ છે.

આ ઠરાવના પ્રથમ ભાગમાં જે કહેલું છે, તે ઉપરથી સાફ ચોખું છે કે, ૨૬ મી સપ્ટેંબરને દિવસે જે જુબાની આપી તેના સબંધમાં વાજબી રીતનું તહોમત મુકી કે ટકાવી શકાતું નથી. રીસ્પોનડેન્ટ ઇદુના સંબંધમાં હું કહી ગયો છઊં કે, સ્ટેંપનો કાગળ તેના દેખતાં વેચાતો લીધો હતો એવું તેણે સ્પષ્ટ કહ્યું નથી. રીસ્પોન્ડેન્ટ નીયાઝઅલી તથા રહીમુલ્લાએ નવાંજસના કામમાં જે જુબાની આપી છે, તેના સબંધમાં ૨૬ મી સપ્ટેંબરને રોજ એક બીજાથી તેઓના ઉલટા બોલવા સિવાય, તેઓના વિરૂદ્ધ બીજો કાંઈ પુરાવો નથી. અને એ કહેવું તેઓનું એકલું લેતાં તેમાંથી કયું સાચું ને કયું ખોટું હતું, એ કહેવું ઘણુંજ અશક્ય છે. અને તેથી કાયદેસર કોઇ રીતનું તહોમત તેઓ બધાના ઉપર અથવા તેઓમાંથી એકેના ઉપર મુકી અગર નભાવી શકાતું નથી. જ્યારે મુબારક હુસેને સ્ટાંપ વેચાથી લીધી ત્યારે તેઓ હાજર હતા કે નહીં. એ વાત દેખાડવા સારૂ તેની આપેલી જુબાની જોતાં કાંઇ દેખાતું નથી. તથા આ કામમાં એ મુબારક હુસેનને સાક્ષી દરજે બોલાવ્યો હત તો તેની જુબાનીથી કેટલુંક અજવાળું પડત, તોપણ તેને સાક્ષી દરજે બોલાવ્યો નથી. ક્રી. પી. કો. ની ૧૯૩ મી કલમ પ્રમાણે ત્રણે અથવા ત્રણેમાંથી એકે રીસ્પોન્ડેન્ટ ઉપર ખોટો પુરાવો આપ્યાનું તહોમત મારા અભિપ્રાયમાં નભાવી શકાય એવું નથી. અને બે જુબાનીઓમાંથી એક જુબાની ખોટી છે એમ કહેવાની ફરજછે. તેની સાથે એક બીજાથી પ્રતિકુળ જુબાની ઉપરાંત તેનું ખોટાપણું બીજા પુષ્ટી કરતા પુરાવાથી સાબીત કરવાની તેટલે દરજે જરૂર છે. ૧૯૩ મી કલમ પ્રમાણે જો પ્રોસીક્યુશનવાળા ફાવી શકશે નહીં તો, ૧૮૧ મી કલમ પ્રમાણે તે ફાવી શકતા નથી. આ વાત પણ તેટલેજ દરજે ચોખી છે. કેમકે તે કલમમાં પણ તેટલાને તેટલા તાદરશપણાથી ખોટાપણું સાબિત કરવું જોઇએ. આ અપીલનો સમગ્રહ વિચાર કરતાં તથા જે જે જુદી જુદી બાબતો ઉપર લક્ષ ખેંચવામાં આવ્યું છે, તે બધું નજરમાં રાખતાં મારો નીર્મળ રીતે એવો અભિપ્રાય છે કે, આ અપીલ નામંજુર કરવી જોઇએ.

ચીફ જસ્ટીસ સ્ટુઅર્ટનો ઠરાવ.

માહારા વિદ્વાન ભાઇ જસ્ટીસ સ્ટ્રેટે આ મુકરદમામાં બહુ ચીવટ રાખી વિચાર કર્યોછે અને અપીલ નામંજુર કરવી જોઈએ, એવો તેણે જે નિર્ણય કર્યો છે, તેમાં હું તેને તદન મળતો આવુંછું. પરંતુ તેની સાથે માહારે જણાવવું જોઇએ કે, જે વાંધા ભરેલી, તથા આ-

વડત વગરની રીતે આ ત્રણે તહોમતદારો ઉપર જે તહોમતો રાખ્યાં છે તે જોતાં, તેની થયેલી ભુલો, જડજે તહોમત સુધારવાનો હુકમ કર્યો હતતો દુરથીત, અથવા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૭ મી કલમ પ્રમાણે આ અદાલત બ્યાનજુબી તહોમત મુકી ફરીને ઇનસાફ કરવાનો હુકમ કરત, અથવા તે પ્રમાણે કરીને અમે ઈનસાફ આપત. પરંતુ તે કરવાથી કાંઇ ઉપયોગી અથવા લગતો હેતુ પાર પડતો હોય એમ અમોને જણાતું નથી.

ડેપ્યુટી કલેક્ટર પાસે ખોટા સોગન લેવાનો ગુન્હો કર્યો કહેવામાં આવે છે, તેજ એક મુદ્દાનો સવાલ છે અને તેની સાથે આ અપીલ નીસબત રાખે છે, અને આ કામનો જે પ્રસંગ બન્યો છે, તેમાં તે અધિકારીને પોતાના હોદ્દાની રૂયે કિંવા કલેક્ટરે સોંપેલી કામદારીના હુદ્દાની રૂએ કોઈપણ રીતના તોહમતનો તપાસ કરવા અધિકાર નહોતો. તેથી તેની પાસે જે તજવીજ ચાલી, તે ક્રી. પી. કો. ની ૧૯૩ મી કલમના અર્થ પ્રમાણે ઇનસાફી કામ કહેવાતું નથી. અને સેશન જડજ પાસે ઇનસાફ થવા કમીટ કરવાનું કાંઈ કારણ તેથી મળતું નથી. મોરાદાબાદના સેશન જડજનો પણ આજ અભીપ્રાય છે, અને તે ખરો છે.

કલેક્ટરે ડેપ્યુટી કલેક્ટરને સોંપેલી કામગીરીની નાલાયકી સાફ ઉઘાડી છે. તેની ડેપ્યુટી કલેક્ટર પાસે ચાલેલી તજવીજ કોઈ રીતે ઇનસાફી કામમાં ઘડીભર ગણવામાં આવે તોપણ, આ મુકરદમો, તેના ગમે તે ગુણદોશ ઉપરથી સાફ ઉચકી લીધા જેવો છે. અને જે સંસ્કારો તેમાં થયા છે, તેવા સંસ્કારો થવાને કોઈ રીતે પાત્ર નથી. તથા બંધવાઓએ, પ્રતીજ્ઞા લેઇ જે મજકુરો લખાવ્યા છે તે ખોટા છે, એમ ડેપ્યુટી કલેક્ટરે માન્યું, તે મજકુરો તેમના દીદાર ઉપરથી તેવા પ્રકારના નથી. એવો જે જસ્ટીસ સ્ટ્રેટનો મત થયો છે, તેને હું મળતો આવું છું. તેમાં માત્ર થોડો ફેરફાર છે. અને ફેરફાર કાળજી વગર થયો છે. પણ ઇરાદા પુર્વક કોઇને ઠગવાનો કે ભુલથાપમાં નાંખવાનો નથી. નીપાઝનું તો ખાસ રીતે તેમજ બન્યું છે. સ્ટાંપ મારા દેખતાં લીધો હતો, એવા મજકુરને તે પકડી રહ્યો છે. અને નોતો લીધો એવું જે તેણે બીજી વખત કહેલું છે, તેનો ખુલાસો તે એમ કરે છે કે, વેચાણ વખતે હું જાતે હાજર નહોતો, એ માહારૂં કહેવું તાવના વખતનું હતું. તાવનું આહાનું એવું છે કે, ઘણાજ ખબરદાર માણસની ખબરદારી અને તેની યાદશકતી વખતે બહુ મંદ થઇ જાય છે. આવા વિચારો ઉપ્રાંત દેશી લોકોની સાક્ષી આપવાની વિચીત્ર વર્તણુંક સાથે પરભાષા મારફત જુબાની આપવાની રસમનો વિચાર કરતાં, થએલો ઇનસાફ બંધવાને હાની કર્તા થયો હશે, એમ માનવું ગેરવાજબી નથી જે સરકારી મેહેસુલના સંબંધમાં તેના અમલદારોની ઉત્કંઠા સ્તુત્ય છે તે મેહેસુલ સાથે આ ખટલાને કાંઇ નીસબત ન હતતો, આવી ફરીયાદ સોમાંથી નવાણું ટકા ચાલી હત નહીં. માટે અપીલ નામંજુર કરવામાં આવે છે.

નોટ.

આ ફેસલામાં એક એવો ઠરાવ કર્યો છે કે, બે જુબાનીમાંથી કયી જુબાની ખોટી આપેલી હતી, તે જ્યાં સુધી સાબીત ન થાય ત્યાં સુધી ખોટો પુરાવો આપવાનો ગુન્હો સાબીત થયો કહેવાય નહીં. પરંતુ આ ઠરાવ કોરટે માહારાણી કેસરેહીંદ વિરૂદ્ધ ઘસેટ (૭ અ. ૪૪)ના કામમાં રદ કરેલો છે.

માહારાણી વિ, ચેતરામ.

कलम १९३.

४

તા૦ ૨૭-૧૦-૮૩
ઈ. ૬ અ. પા.૧૦૩

ફોઈસરકારી નોકર પોતાના પગાર નો કોઈ અવેજ પોતાના ઉપરીના હાથમાં લેણો રાખી ગુજરી જાય અને તેના વારસ તે ઉપરી પાસે એ નાણાં મળવાનીમાગણી કરે અને તે ઉપરથી તે સરકારી નોકર સદરહુ અરજદારને કોઈ જડજ પાસે નીકાલ કરાવવા મોકલી દેતો તે જડજ પાસે ચાલેલું કામ એ કાયદેસર કામ ગણાય નહી અને તે કામમાં સોગન લેઈને આપેલી જૂબાની એ કાયદેસર જૂબાની કહેવાય નહીં.

तार खातानी सत्तावाळाना हाथमां, पोतानी उंघराणीनी कांइ रकम मुकीने एक सक्ष गुजरी गयो. गुजरनारनो हुं एकलोज वारस छुं, एम कहीने तार खातावाळाना हाथमां रहेली रकमनो दावो करीने प नामना सक्षे एक अरजी करी. इकरार थइ आव्या पछी ते अरजीनो नीकाल करवा वास्ते डीस्ट्रीक्ट जडज तरफ आ अरजी मोकलवामां आवी. जडजने त्यां पेला प ए पोताना दावानी पुष्टीमां क नामना सक्षनी प्रतीज्ञा उपर जुबानी अपावी. आ क नी जुबानी खोटी छे, एम जडजना अभीप्रायमां आवतां, सदरहु जडजे सेसन जडजने दरजे, खोटो पुरावो आप्या सबब, क नो इनसाफ करी तेने ते गुन्हानो अपराधी ठराव्यो.

ठराव्युं के प नी अरजी, तारखातावाळाए इकरार थावा तथा नीकाल करवा, डीस्ट्रीक्ट जडज तरफ मोकली दीधी तेथी तेनी पासे चालेलुं काम केहेवाय नहीं, अने डीस्ट्रीक्ट जडजने क ने प्रतीज्ञा आपवा अधीकार नोहोतो तेथी गुन्हानो ठराव कायदा विरुद्ध छे. वळी ठराव्युं के फोजदारी काम चलावबानी रीतना कायदानी ४७७ मी कलम प्रमाणे क नो इनसाफ करवा सारु डीस्ट्रीक्ट जडजने अधीकार नथी.

સને ૧૮૮૩ ના અકટોબરની ૪થી તારીખે ફરૂકકાબાદના સેસન જડજે ગુન્હાનો ઠરાવ કર્યો હતો તે ઉપરની આ એક અપીલ હતી. અંબાળામાં એક ભગવાન દીન નામનો સક્ષ તાર ખાતામાં નોકર હતો. તે સક્ષ તે ખાતાના અધિકારીના હાથમાં પોતાના માગણુ પૈસા રાખીને ગુજરી ગયો. ગુન્જરનારની ઉપરી તરફ એક પીતમ નામના સક્ષે, એક અરજી લખી તેમાં તેણે ગુજરનારનો વારસ હું એકલોજ છું, એમ લખીને તે પૈસાનો દાવો કર્યો. ઇકરાર—નહોતો તે થવા, તથા તેનો નીકાલ કરવા આ અરજી ફરૂકાબાદના ડીસ્ત્રીકટ જડજ તરફ રવાને કરવામાં આવી. પોતાની હકીકતને પુષ્ટી આપવા સારૂ ડીસ્ત્રીકટ જડજ પાસે , પીતમે બે સાક્ષીઓ રજુ કર્યા. આ બેમાંથી એક સાક્ષી ચેતરામ હતો. જે આ કામનો અપેલેંન્ટ હતો. સોગન લેઇને ચેતરામે લખાવ્યું કે, પીતમ ગુજરનારનો કાકો છે, અને તે કોઇ વિધવા કે છોકરૂં તે મુકી ગયો નથી. પીતમ ગુજરનારનો કાકો નથી પણ કાકાનો દીકરો ભાંઇ છે. તથા તે ગુજરનાર) એક વિધવા મુકીને મરી ગયો છે. એટલી હકીકત સાબીત થતાં, ડીસ્ત્રીકટ જડજે એવો હુકમ કર્યો કે, ખોટો પુરાવો આપ્યાના ગુન્હા વાસ્તે ચેતરામના મુચરકા લેવાં જોઇએ. પછી એ જડજે સેસન જડજને હુદ્દે ચેતરામનો ઇનસાફ કરીને તેને ખોટો પુરાવા આપ્યાના ગુન્હાનો અપરાધી ઠરાવ્યો. ચેતરામ તરફથી એવો બચાવ કરવામાં આવ્યો હતો કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાય-

દાની કલમ ૪૭૭ મી પ્રમાણે સદરહુ ગુન્હો સેસન જડજને હુદે ડીસ્ત્રીકટ જડજ પાસે થયો નથી. અને તેથી આનો ઈનસાફ કરવાનો તેને અધીકાર નથી. તોપણ ડીસ્ત્રીકટ જડજે તો ઠરાવ્યું કે, મને અધિકાર છે.

અપેલેંન્ટ તરફથી જે વાંધાઓ લીધા છે, તેમાંથી આ અપીલમાં એક વાંધો લેવામાં આવ્યો હતો કે, જે ગુન્હો થયો કહેવામાં આવે છે, તે ગુન્હો, સેસન જડજને દરજ્જે નહીં, પણ ડીસ્ત્રીકટ જડજને દરજ્જે જ્યારે તે જડજ કામ કરતો હતો ત્યારે થયો છે. માટે હાલના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૭૭ મી કલમ માંહેલો બાંધેલો નીયમ લાગુ પડતો નથી.

અપેલેંન્ટ તરફથી ડીલોંન સાહેબ.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ.

જસ્ટીસ સ્ત્રેટનો ઠરાવઃ—

તારખાતાવાળાના અધિકારીએ, પીતમની અરજી ઇકરાર કરાવવા તથા નીકાલ કરવા મોકલી દીધી. અને તેના સંબંધમાં જે કામ ચાલ્યું તે કાયદેસર ચાલેલું કામ કહેવાય નહીં, તેમજ અપેલેંન્ટને સોગન આપવાનો અધિકાર નહોતો. આ આધારે જડજનો ઠરાવ એક ઘડી ભર કાયમ રાખી શકતો નથી. વળી માહારે કહેવું જોઈએ કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૭૭ મી કલમનો તેણે જે વિચાર બાંધ્યો છે તે પણ ખોટો છે.

માટે અપીલ મંન્જુર કરી, ગુન્હાનો ઠરાવ રદ કરવામાં આવે છે.

નથુશેખ અને બીજાઓ વિ. કેસરે હિંદ.

કલમ ૧૯૩.
૫
તા૦ ૭—૨—૮૪
ઇ. ૧૦ક. પા. ૪૪૫

ખાસ રીતે બેમાંથી કયો મજકુર ખોટો છે એ જયાં પુરાવેથી સાબીત ન થઇ શકે ત્યાં જૂદે જૂદે વખતે કહેલા મજકુરો એક બીજાથી સાવ વિરૂધના છે એટલુ બતાવવું બસ છે.

કોઈ કામમાં જૂદા જૂદા સાક્ષીઓએ જૂદી જૂદી જુબાની આપી હોય તો તેઓના ઉપર જૂદાં જૂદાં કામ ચલાવી ઈનસાફ કરવો જોઈએ, એકજ કામ ચલાવાય નહીં.

खास रीते कयो मजकुर खोटो छे. ते ज्यां पुरावाथी बताव्युं न होय. त्यां विकल्पी तोहोमतो राखीने खोटो पुरावो आप्याना तोहोमतनो ठराव टकावी राखवा सारु बे मजकुरा एक बीजाथी विरुद्ध हता एटलुं साफ रीते बताववुं जोइए. केसरे हिंद विरुद्ध काशमखां ७ क. १२१ ना केसमां फुल बेंचे जे ठराव कर्योछे, ते सने १८८२ ना १० मा आकटनी १६१ मी कलमथी फेरवी नांखवामां आवेलो छे, अने जे साहेद पोलीस फोजदारना सवालनो जवाब देवाने बंधाएलो होय, ते शाक्षी तेने जवाब देवामां खोटो मजकुर कहे, तो ते इरादा पूर्वक खोटो पुरावो आप्यानो अपराधी थायछे.

एकज काममां चार सक्षो उपर खोटो पुरावो आप्यानुं तोहोमत राखीने तथा सेसन जडज दरेकनो जुदो जुदो इनसाफ करवानो डोळ घालीने ते काममां फकत एकजवार साक्षीओनी जुबानी ले तो तेमां ठराव्युं केः—खरेखरी रीते आ चारे बंधवानो एकठो इनसाफ थयो हतो, अने सेसन जडजे चलावेली रीत कायदाथी उलटी हती.

પીનલકોડની ૧૯૩ મી કલમ પ્રમાણે શીક્ષાનો હુકમ કર્યો હતો. તેના ઉપર આ એક અપીલ છે. અપેલેન્ટ અને બીજા ત્રણ તહોમતવાળાઓ, એકજ જાતના ઇનસાફની તજવીજ ને અંતે એકજ જાતના ગુન્હાના અપરાધી ઠરતાં તેઓમાંના દરેકને છછ માસની સખત કેદની શિક્ષા કરી હતી. દરેક કેશમાં જે તહોમત મુકવામાં આવ્યું હતું, તે એહતું કે, એક કોઇ અબુચી બાવા, અને એક બીજા સક્ષના મરણના કારણના સંબંધમાં પોલીસની પાસે તજવીજ ચાલતી હતી. તેમાં તેઓએ જુબાની આપી. અને તે કેશ જ્યારે માજીસ્ટ્રેટ પાસે તપાસ થવા આવ્યો, ત્યારે એથી વિરૂદ્ધ જુબાની આપી.

આ ઇનસાફના કામમાં આ ચારે તહોમતવાળાઓની ડીસ્ત્રીકટ જડજના કહેવા પ્રમાણે જુદી જુદી રીતે તજવીજ થઇ હતી. પણ સાક્ષીઓની જુબાની ફક્ત એકજ વાર લેવામાં આવેલી હતી. અને સેસન જડજે પોતાના અભિપ્રાયમાં લખેલું છે કે, કાંઇ ગેરકાયદેસર થએલું છે. એવું રખેને કહેવાય, તે અટકાવવાને સારૂ એ રસ્તો લેવામાં આવ્યો હતો. તોપણ તેણે એવું વિચાર્યું હતું કે, ફોજદારી કામ ચલાવવાના કાયદાના ૨૩૯ મી કલમ મુજબ તહોમતવાળાઓની એકઠી તજવીજ થાય કે ન થાય ? તે બાબત કાંઇ ચોખું નથી. જે જુબાની આપ્યાથી તેઓને અપરાધી ઠરાવવામાં આવેલ, તે કેવા પ્રકારની હતી, તે હાઈકોર્ટના ઠરાવમાંથી પૂરેપૂરૂં જણાઇ આવે છે.

જસ્ટીસ મેકડોનલ્ડ અને ફીલ્ડ સાહેબનો ઠરાવ.

અપેલેન્ટ નથુ શેખ ઉપર નીચે પ્રમાણે તહોમતનામું રાખી તેનો ઇનસાફ કરવામાં આવ્યો હતો. "તમે સને ૧૮૮૩ ના એપ્રીલની ૨૧ મી તારીખે અથવા તે અરસામાં તથા જેતપોરના થાણામાં આ જુનાગઢમાં અબુચી બાવા અને ફીફાત છોકરાના મરણના કારણની તજવીજમાં શાહજાદપોરના સબોર્ડીનેટ ઇન્સ્પેકટરે પોલીસ ચોકશી કરી, તે દરમીયાન સાહેદ તરીકે નીચેની જુબાની આપી." અબુચી બાવાની રાડ સાંભળીને જ્યાં બનાવ બન્યો ત્યાં હું આવ્યો. અબુચીની લાસ તેના ઘર તરફ લેઈ જતાં મોરા, ઘનું, અને પનુંને મેં જોયા. અને તમે સને ૧૮૮૩ ના અગષ્ટની ૧૪ મી તારીખે અબુચીબાવાને ફીફાત છોકરાના મરણના કારણની કાયદેસર તજવીજમાં માજીસ્ટ્રેટ પાસે ઈનસાફી ચોકશી ચાલતી હતી. તે દરમીયાન સાહેદ તરીકે નીચે લખેલી જુબાની આપી. "મેં અબુચીબાવાને રાત્રે તેની વાડી તરફ લઈ જતાં, મોરા, પનું, તથા ઘનુંને જોયા નથી. ને રાત્રે આવજો, આવજો, મને કોઇ મારી નાંખે છે એવી રાડ સાંભળી નહોતી. ઉગમણે મોઢે ઘર હતું તેમાં અબુચીબાવાની લાસ મુકતાં મોરા અને તેના સોબતીઓને મેં જોયા નહોતા. આવા મજકુરમાંથી એક મજકુર તમે ખોટો જાણતા હતા, કિંવા માનતા હતા, અને સાચો નથી, એમ માનતા હતા. માટે પીનલકોડની કલમ ૧૯૩ મુજબ શીક્ષા થઇ શકે તથા સેસનકોર્ટ સાંભળી શકે, એવો ગુન્હો તમોએ કર્યો." વીકલ્પની રીતે તહોમત રાખીને બંધવાને અપરાધી ઠરાવ્યો હતો, અને તે ઉપરથી તેણે આ અપીલ કરી છે.

ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૧૬૧ મી પ્રમાણે કોઇ પોલીસનો અમલદાર પોલીસ ચોકસી કરવામાં કોઇ સાહેદને તપાસતો હોય, તો તે સાહેદને એ પોલીસ અમલદાર ચોકશીના સબંધમાં જે સવાલો કરે તેના સાચે સાચા જવાબ દેવા જોઇએ, પણ

જે સવાલના જવાબથી ફોજદારી તહોમતમાં ફસાતો હોય, અથવા જેથી દંડ કિંવા મિલકત સરકાર જપ્ત થતી હોય, એવા સવાલના જવાબ દેવાની મજકુર સાહેદની ફરજ નથી તેથી કોઈ સાહેદ કોઇ પોલીસ અમલદારના સવાલના જવાબમાં આ ઉપલી કલમ પ્રમાણે જવાબ દેવાને બંધાયો છે, તેમાં ખોટી હકીકત કહે તો તેણે ઈરાદા પૂર્વક ખોટો પુરાવો આપ્યાનું તેના ઉપર તહોમત રહી શકે છે. અને કેસરે હિંદ વિ. કાસમખાનના કામમાં પુરાબેંચે ઠરાવેલા ફેંસલામાં જે નિયમ બાંધ્યો છે તે નિયમ કાયદાકારોએ ફેરવ્યો હોય એમ માનવામાં આવે છે.

કયો મજકુર ખાસ રીતે ખોટો છે, એમ પુરાવો આપવામાં ન આવે, ત્યાં વીકલ્પી તહોમતો રાખીને, ખોટી જુબાની આપ્યાનો ગુન્હો ટકાવી રાખવા વાસ્તે બંને મજકુરોનું વિરૂદ્ધપણું સાફ રીતે સાબિત થવું જોઇએ. પોલીસ પાસે જે મજકુર કહ્યો તે નીચે પ્રમાણે હતો.

૧. જ્યાં બનાવ બન્યો ત્યાં હું આવ્યો હતો.
૨. અબુચીબાવાની રાડો મેં સાંભળી હતી.
૩. મેં અબુચીબાવાની લાશ તેના ઘર તરપ લઈ જતાં अ ब ने कने જોયા હતા.

માજીસ્ટ્રેટ પાસે જે જુબાની આપી તે નીચે પ્રમાણે હતી.

૧ અબુચીને તેની વાડી તરફ રાત્રે લઈ જતાં મેં अ ब ने क ને જોયા નહોતા. તે અબુચી જીવતી હતી કે મરી ગઇ હતી તે કાંઈ કહ્યું નહોતું.
૨ એ રાત્રે આવજો, આવજો, મને મારી નાંખ્યો, એવી રાડ મેં સાંભળી નહોતી.
૩ ઉગમણે મોઢે ઘરમાં અબુચી બાવાને મુકતાં મોરા અને તેના સોબતીને મેં જોયા નહોતા.

આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે, પેહેલા ત્રણ મજકુરોમાંનો કોઇ મજકુર બીજા ત્રણ મજકુરોમાંના કોઈ મજકુરથી વિરૂધ નથી.

સેશન કોર્ટ પાસે કામ ચાલ્યું, તેમાં એક વધારે ભુલ થઇ છે અને તે એ છે કે, વખતે ગુન્હાના ઠરાવનું તદન ખંડન થઈ જાય એવું છે. સેસન જડજ પોતાના ઠરાવમાં કહે છે કે, "તહોમતવાળાના વકીલની અરજ ઉપરથી ચારે કેશોના સાક્ષીઓની ફકત એકજવાર જુબાની લીધી છે; એટલે કે નીજામ શેપા અને બીજા ત્રણ સખ્શો જેઓને માથે એકજ ગુન્હાનું તહોમત હતું, તે બધાઓનો ઇનસાફ જુદી જુદી રીતે થયો હતો." જો સાહેદીઓને ફકત એકજવાર તપાસ્યા હોય તો, ચારે બંધવાનો જુદો જુદો ઈનસાફ કેમ થઇ શકે, તેનો સેસન જડજે ખુલાસો કર્યો નથી. તેમ તે ખુલાસો અમે સહેલાઇથી સમજી શકતા નથી. સેસન જડજની વખતે એમ કહેવાની મતલબ હોય કે, ચાર જુદાં જુદાં દફતર કર્યા હતાં, અને તેની સાથે એ સાક્ષીયોની જુબાનીનો જે ભાગ મુદાનો હતો, તેની તપાસણી આ ચારે કેદીયોના ઇનસાફના કામને વાસ્તે માત્ર એકવાર ચાલી હતી. તો ખરેખરૂં જોતાં આ ચારે કેદીયોનો ભેગો ઈનસાપ કર્યા બરોબર છે, પણ ઇનસાફ કરવાની આવી રીત ખોટી છે, એમ કરતાં વધુ વખત બતાવવામાં આવ્યું છે. જુઓ કેસરે હિંદ વિ. અનંતરામ ૪ મ. ૨૯૩ તેથી અમે ઠરાવીએ છીએ કે, બંધવા નથુ શેખને નીર્દોષ ગણી છોડી મુકવો. આ ઠરાવ પ્રમાણે બીજા ત્રણ જણાની અપીલનો નીકાલ કરવો.

હબી બુલા વિરૂદ્ધ કેસરે હીંદ.

एक इनसाफी काममां साहेदी तरीके उलट तपासनी तथा फेर तपासणीमां एक बीजाथी विरुद्ध मजकुरो कहीने खोटी जुबानी आप्यानुं सने १८८२ ना १० मा आक्टना परीशीष्ट पांचमामां नमुना २८ नी पेटा रकम पांच मुजब विकल्प रीते तोहोमत राखीने बंधवाने अपराधी ठराव्यो हतो. आमांथी क्यो मजकुर खोटो हतो, ते चोकस करलुं नहोतुं.

जस्टीस नोरीस, सिवाय बीजा जडजोए ठराव्युं के फोजदारी काम चलाववाना कायदानी कलम २३३ थी आ बाबतने कांइ असर थती नथी. जे ठराव थयो छे, ते कायदेसर छे.

કલમ ૧૯૩.

૬

તા૦ ૭–૭–૮૪
ઈ. ૧૦ક. પા.૯૩૭
બે વિરૂધ મજકુરોમાંથી કયો મજકુર ખોટો છે એમ બતાવવા જરૂર નથી. પરંતુ તે મજકુરો એક બીજાથી સાફ વિરૂધ હોય તો આ કલમ પ્રમાણે ગુનહો થાય છે પછી તે મજકુરો એકી વખતેની તપાસણીમાં કહ્યા હોયતો તેની ચીંતા નહીં.

અરજદારને ઢાકાના જોઇંટ માજીસ્ત્રેટે પેનલકોડની કલમ ૧૯૩ મી મુજબ અપરાધી ઠરાવ્યો હતો. અને તે ઠરાવ સેસન કોરટ પાસે અપીલમાં મંજુર રહ્યો હતો. તે કાયદાથી ઉલટો છે. માટે શા સારૂ રદ ન કરવો, તેનાં કાંઈ કારણ હોય તો તે કારણ દેખાડવા બાબતનું આ કામ હતું. કેશની હકીકત નીચે પ્રમાણે છે.

ઢાકાના બીજા સબોરડીનેટ જડજની કોરટમાં કેટલાક દીવાની મુકરદમા ચાલતા હતા. તેમાં તોહોમતદારે પ્રતીજ્ઞા લઈ ખોટી જુબાની આપી, એવું વીકલ્પ રીતે અરજદાર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. પ્રતીવાદીયો તરફથી તેને એ દાવાઓમાં સાક્ષી તરીકે તપાસ્યો હતો. અને બારમી સપટેંબરને રોજ તેની ઉલટ તપાસણી થઇ, તેમાં તેણે કબુલ કર્યું કે, હીસાબના ચોપડાઓમાં જે વીગત લખાણી છે, તથા કેટલાક કાગળીયા છે, તે માહારા હાથના લખેલા છે. તેરમી સપટેંબરને રોજ તેની ફરી તપાસણી ચાલી, કેમકે બારમી તારીખની સાંજે મોડી તેની ઉલટ તપાસણી પુરી થઇ હતી. અને એ ફેર તપાસણીમાં પેલા કાગળો વીશે તથા રકમો લખ્યા વીશે પોતાની આગલી જુબાનીથી ઉલટું બોલ્યો, અને સોગન ખાઈને એમ સ્પષ્ટ કહ્યું કે, એ અક્ષર મારા નથી. આવા એક બીજાથી વિરૂદ્ધ મજકુરોની બાબતમાં તેના ઉપર કામ ચલાવવા મંજુરી આપવામાં આવી અને તે ઉપરથી તેના ઉપર તોહોમત મુકવામાં આવ્યું. જોઇંન્ટ માજીસ્ટ્રેટને એમ માલુમ પડયું કે, તેને પોતાના પહેલા મજકુરથી વિરૂદ્ધ બોલવાનું પાકું કારણ હતું, અને ગફલતથી કીંવા અજાણપણેથી કાંઈ ભુલ થઇ નોહોતી. અને કયો મજકુર ખોટો છે, તેનો નીર્ણય કર્યા વગર તોહોમતદારને બે એકજ સરખા તોહોમતનો અપરાધી ઠરાવ્યો. તેમાં એક ખાતાના ચોપડાઓમાં રકમો દાખલ કરેલ તે બાબતના મજકુરને વાસ્તે, અને બીજા કાગળો વીશે મજકુર કહયો હતો તે માટે, એમ બંને તોહોમતો માટે તેને અકેક વરસની સખત કેદની સજા કરી.

આ ઠરાવ સેસન કોરટમાં બાહાલ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ અરજદારે હાઇકોરટને કામના કાગળ તપાસવા વાસ્તે, તથા માજીસ્ટ્રેટનો હુકમ રદ કરવા વાસ્તે અરજ

કરી અને તે એવા કારણોથી કે, જ્યારે તેની એકની એક જુબાનીમાં એક બીજાથી ઉલટા મજકૂર કહ્યાછે તે ઉપરથી ૧૯૩ મી કલમ પ્રમાણે ખોટી સાક્ષી આપી, તે બાબતમાં વીકલ્પ રીતનાં તોહોમત ચાલી શકે નહીં. આ અરજીની સુનાવણી વખતે પુ. અને આસપર સાહેબ અરજદાર વતી હાજર થયા હતા. અને કોરટે હાલને હુકમ કાઢયો હતો.

એ હુકમની સુનાવણી હાઇકોંરટમાં જસ્ટીસ ટોટનહામ તથા નોરીશ પાસે ચાલી.

અરજદાર તરફથી પુ. આસપર સાહેબ તથા બાબુ દુરગા મોહનદાસ અને બુઅંબીકા ચણુમોશ હાજર હતા.

સામા પક્ષમાં એડવોકેટ જનરલ પોલ સાહેબ તથા બાબુ ચંદ્ર માધુ ગોશ હાજર હતા.

એડવોકેટ જનરલે આ હુકમના વિરૂદ્ધ કારણ બતાવવામાં રાણી વિરૂદ્ધ મુસામત ઝુંમારણુ (૯. વી. રી. ફો. ૬૫) તથા રાણી વિરૂદ્ધ મહચંદ હુમાયુશાહ (૨૧. વી. રી. ફો. ૭૨) ના કેશોની સાહદત આપી. એ હુકમના ટેકામાં પુ. સાહેબે કેસરેહીંદ વિરૂદ્ધ નીયાઝઅલી ઇ. લા. ૫ અ. ૨૨ તથા રાણી વિરૂદ્ધ હુમાયુશાહના કેશમાં જસ્ટીસ જાકશનના અભીપ્રાય વિગેરેનો હવાલો આપ્યો.

કેવા કેવા પ્રકારની દલીલો કરવામાં આવી હતી, તે નીચેના ઠરાવથી જણાઇ આવશે.

જસ્ટીસ ટોટનહામનો ઠરાવઃ—

ઢાકાના માજીસ્ટ્રેટે પેનલકોડની કલમ ૧૯૩ મી પ્રમાણે અરજદારને ગુન્હેગાર ઠરાવેલ, અને અપીલમાં એ ઠરાવ સેસન જજ પાસે બહાલ રહેલ, તે કાયદાથી વિરૂદ્ધ છે માટે શા સારૂ રદ ન કરવો તેનાં કારણો બતાવવાનો આ હુકમ હતો.

અરજદારને અપરાધી ઠરાવી તેના ઉપર વીકલ્પ રીતે તોહોમત મુકેલ તે વીકલ્પ રીતના તોહોમતનું દ્રષ્ટાંતઃ—ફોજદારી કામ ચલાવવાના પરીશીષ્ટ ૫ મામાં આપેલ છે. અને તે એવી રીતે કે, અરજદારે એકની એક જુબાનીમાં એક બીજાથી વિરૂદ્ધ બે મજકુરો કહ્યા હતા, તેમાંનો એક મજકુર એક રોજ ઉલટ તપાસણીમાં, અને બીજો વળતે રોજ ફેર તપાસણીમાં કહયો હતો.

જે કારણ ઉપરથી અમને વચે પડી ઠરાવ રદ કરવાની અરજ થઇ છે, તે એ છે કે, એક બીજાથી વિરૂદ્ધ જુબાની આપ્યાથી બુદ્ધિપુર્વક ખોટા પુરાવો આપ્યાનું વીકલ્પ રીતે તોહોમત, જ્યાંહાં એ મજકુરો એકની એક જુબાનીમાં કહ્યા હોય ત્યાંહાં કાયદેસર રાખી શકાય નહીં.

પણ ફકત બે સાવ જુદી જુદી જુબાનીમાં જુદા જુદા કહયા હોય, ત્યાંજ ચાલી શકે છે.

પ્રોસીજર કોડના પરીશીષ્ટમાં જે ખાસ નમુનો આપ્યો છે, તે જુદા પ્રસંગોમાં જુદી જુબાનીને શાપ રીતે લાગુ પડે છે, એટલે એક માજીસ્ટ્રેટ પાસે ચોકશીના કામમાં અને પછવાડેથી સેસન કોરટના ઇનસાફના કામમાં એવો વાંધો લીધો છે કે, જેમાં ખોટા પુરાવો આપ્યાના એકજ વીકલ્પ તોહોમતને માટે વાપરવા સારૂ, જે ૫ માં પરીશીષ્ટમાં નમુનો આપ્યો છે, અને એ નમુનો ૫૫૪ મી કલમ પ્રમાણે વાપરવાને સારૂ કાયદામાં ઠરાવ્યું

નથી. અને નમૃતાથી કહેવામાં આવ્યું છે કે, એકજ જુબાનીમાં એક બીજાથી, વિરૂદ્ધ મજકુર કહ્યા હોય, તેના સંબંધમાં વીકલ્પ રીતે તોહોમત મુકવા સારૂ કાયદો લાગુ પાડવો જોઇએ નહીં, અને એવી દલીલ કરી છે કે, આવું, તોહોમત કાયદા પ્રમાણે ખરૂં છે તો, કોઇ સાહેદ પોતાનો ભુલ ભરેલો એક વખત કહેલો મજકુર સહી સલામતીથી સુધારી શકશે નહીં; અને જો તેમ કરશે તો તેના ઉપર કામ ચાલશે; ને જો કામ ચાલ્યું, અને તેના ઉપર અપરાધ સાબીત થયો, તો ખચીત તેમાંથી એમ નીકળશે કે, બેમાંથી કયો મજકુર ખોટો છે, તે સાબીત કરવા વાસ્તે, ફરિયાદી તરફ બંધન રહેશે નહીં.

મારી શકિત મુજબ આ બાબતમાં મેં ઘણી સંભાળથી વીચાર કરી જોયા પછી, માહારો અભીપ્રાય એવો છે કે, જે તોહોમત આપણી પાસે આવ્યું છે, તેમાં કાંઇ ગેરકાયદેસર થયું નથી. અને તે ઉપરથી જે ગુન્હાનો ઠરાવ થયો છે, તે કાયદા પ્રમાણે સાચો છે, આ દેશમાં એક કરતાં વધારે વાર ઠરાવ્યું છે કે, ઇરાદા પુર્વક ખોટી સાક્ષીનું વીકલ્પ ને આકારે તોહોમત મુકી ગુન્હાનો ઠરાવ થઇ શકે છે. અને તેમાં કયું સાચું, અને કયું ખોટું. એ શોધવાની જરૂર નથી. રાણી વિરૂદ્ધ મુસામત ઝમીરન ને રાણી વિરૂદ્ધ મહમદ હુમાયુના ફુલ બેંચના કેશોથી આ સિદ્ધાંત નકી થયો છે, અને હાલનો ફોજદારી કામ ચલાવવાનો કાયદો છે, તેમાં આવા તોહોમતને માટે નમુનો આપીને, આગળ જે કાયદાનું ધોરણ ચાલતું હતું, તે ચાલુ રાખેલું છે. અને તેથી ઉલટો ઠરાવ કરવા સારૂ, અથવા જ્યાં બે જુદાં જુદાં કામ ચાલેલાં હોય, તેમાંજ ફકત આ તોહોમત લાગુ કરવું એને વાસ્તે કાંઇ આધાર જોવામાં આવતો નથી. કાયદાના પરીશીષ્ટમાં એક દ્રષ્ટાંત તરીકે, એક નમુનો આપ્યો છે, અને તે નમુનો બે જુદા જુદા કામોમાં બે મજકુરો કહ્યા હોય, તેને લાગુ પડે છે. માટે એવો ને એવો નમુનો એકના એક કામમાં બે મજકુરો કહ્યા છે, તેને લાગુ ન પાડવો, એ તકરાર વજનદાર નથી.

કેમકે ૫૫૪ મી કલમ જે પરીશીષ્ટ માંહેલા નમુનાનો ઉપયોગ કરવા ફરમાવે છે, તેજ કલમ જેમ પ્રસંગોપાત લાગુ પડે, તેવો ફેરફાર કરીને નમુના વાપરવાનું સ્પષ્ટ રીતે કહે છે. એક સાક્ષી ઉઘાડે છોગે જેમ બે કામોમાં એક બીજાથી વિરૂદ્ધ મજકુર કહે, તેજ રીતે એકજ કામમાં કહે, અથવા વખતો વખત કહે, અને કયો મજકુર ખોટો છે, તે જેવું એક બાબતમાં નકી કરવું કઠણ છે, તેવુંજ બીજી બાબતમાં નકી કરવું કઠણ છે, એક બાબતમાં છુટ આપી દેવી, અને બીજી બાબતમાં કામ ચલાવવા દેવું, એવો કાયદાકારોનો હેતુ હોય એમ ધારવાને હું કાંઇ કારણ જોતો નથી. દરેક બાબતમાં સરખું જોખમ રાખવાનો ઇરાદો હશે એમ ધારવું ફકત મને વ્યાજબી લાગે છે.

જો કાયદાનો આ અર્થ લઇએ તો, સાહેદે એક વખત જુબાની આપી; તેમાં કાંઇ સુધારો કિંવા ફેરફાર કરવો સલામતી ભરેલો નથી, એવો દલીલની બાબતમાં હું ધારતો નથી કે, સાચા સાક્ષીને એવો ડર રાખવાનું કારણ રહે. જે અદાલત પાસે તેણે જુબાની આપી હોય, તે અદાલત અથવા તેની ઉપરી અદાલત જોઇતી તજવીજ થયા પછી મંજુરી ન આપે ત્યાં સુધી તેના ઉપર કામ ચાલી શકતું નથી. અને તેણે ઇરાદા પુર્વક તથા વિચાર કરીને એક બીજાથી વિરૂદ્ધ એવા બે મુચરકા કહ્યા છે, ને તે વળી શુદ્ધબુદ્ધિથી ભુલ સુધારવા નહીં, પણ જે પોતે જાણે છે કે ખોટો છે અથવા સાચો છે એમ જા-

ણુતો નથી, તેવો મજકુર પેહેલે અથવા બીજે પ્રસંગે કહેવાના ઈરાદાથી કર્યો છે, એમ જ્યાં સુધી ખાત્રી થાય નહીં, ત્યાં સુધી કોઈ અદાલત, તેના ઉપર ફોજદારી કામ ચલાવવાની મંજુરી આપશે નહી. અને એમ કરતાં પણ તેના ઉપર કામ ચાલ્યું, તોપણ તે સાહેદે ભુલ સુધારી, તે સારૂ વિકલ્પ રીતે તહોમત રાખી તેને અપરાધી ઠરાવાશે નહીં. પણ જો અદાલતને એમ ખાત્રી થાય કે તહોમતનામા માંહેલા પેહેલા અથવા બીજા પ્રસંગમાં તહોમતવાળાએ ઈરાદા પૂર્વક ખોટી સાક્ષી આપી છે, તોજ તેને ગુન્હેગાર ઠરાવી શકાય છે. ગુન્હાનું તત્વ ઇરાદો છે. અને તે ઇરાદો જેમ બે જુદા જુદા કામોમાં એક બીજાથી ઉલટું બોલવાથી પ્રતક્ષ દેખાય છે તેમ, એકજ જુબાનીમાંથી જુદી જુદી મંજલે પણ દેખાઇ આવે છે. તેથી હું હવે છેવટ લાવું છું કે, જે તહોમત ઉપરથી અરજદારને ગુન્હેગાર ઠરાવ્યો છે, તેમ કરવા કાયદો રજા આપે છે. અને જે માણસે જાણી જોઇને ખોટી સાક્ષી પુરી છે, તે માણસને કાયદાની આવી સ્થિતિથી કાંઈ ખાસ દુખ થતું હોય, એમ હું જોતો નથી. માટે અરજદારને શા માટે છોડી ન મુકવો એવો ખુલાસો કરવાનો હુકમ કરેલો છે, તે રદ કરૂંછું. અને અરજદારે થયેલી શીક્ષા ભોગવી છુટવું, એવો હુકમ કરૂંછું.

"નોરીસ જસ્ટીસનો ઠરાવ.—

ઢાકાના બીજા વર્ગના સબોરડીનેટ જજે દીવાની મુકરદમાઓ ભેગા ચલાવેલ તેની સુનાવણીમાં પ્રતીવાદીયો તરફથી આ કેશના અરજદારને, સાક્ષી તરીકે તપાસવામાં આવેલ હતો. અરજદારની મુખ્ય અને ઉલટ પાલટ તપાસણી સને ૧૮૮૩ના સપ્ટેંબરની ૧૧ મી તારીખે ચાલેલી હતી. ઉલટ પાલટ તપાસણી કરતાં બહુ અસુર થઈ ગયું હતું. તેથી ફેર તપાસ વળતા રોજ માટે રાખ્યો હતો. અરજદારે પોતાની ઉલટ પાલટ તપાસણીમાં કબુલ કરેલ કે, જે હિસાબના ચોપડા બતાવવામાં આવે છે, તેમાં કેટલીક રકમો માહારા હાથ અક્ષરની છે. અને એક પત્ર જેમાં પૈસા ખાઇ ગયાની વાત કબુલ કરેલ, તે પણ મારા હાથનો લખેલો છે. ફેર તપાસણીમાં પેહેલી રકમો તથા પત્ર વીશે આગળની કબુલત કરતાં તે ઉલટું બોલ્યો. અને ચોખી રીતે નાપાડી કે, એમાંનું એકે મારા હાથનું લખેલ નથી. તેના ઉપેર કામ ચલાવવાની ન્યાયાધીશે મંજુરી આપ્યાથી તેને ઢાકાના માજીસ્ટ્રેટ પાસે આણવામાં આવ્યો હતો. અને તેણે તેની જુબાની લીધા પછી નીચે પ્રમાણે તોહોમતનામું ઘડયું.

આજે હબી બુલા, હું આથી તારા ઉપર એવું તોહોમત મુકુછું કે, તેં સને ૧૮૮૩ ના સપ્ટેંબરની ૧૨ મી તારીખે અથવા તે અરસામાં ઢાકા મધે ઈનસાફના ચાલતા કામમાં એટલે બીજા સબોરડીનેટની અદાલતમાં દીવાની દાવાઓ $\frac{૯૯—૯૩}{૯૨}$ ના ઇનસાફના કામમાં એ દાવાઓની એકઠી તજવીજ થતાં તેમાં તુને પ્રતીવાદી તરફથી સાક્ષીમાં ગુજારેલ અને તેમાં તું પ્રતીજ્ઞા લેઈને એમ બોલ્યો કે, "અંક ૯ મો માહારા હાથ અક્ષરનોછે, અને તેમાં સહી માહારી છે." અને તેરમી સપ્ટેંબરને રોજ તે કામમાં તું બોલ્યો કે, "અંક ૯ માહારા હાથ અક્ષરનો નથી." એ બે કથનોમાંથી એક મજકુર તેં જાણ્યો કે, તે ખોટોછે, અથવા માન્યું હતું કે તે ખોટોછે, અથવા સાચો નથી. અને તેથી તેં હીંદુસ્થાનના પીનલકોડની કલમ ૧૯૩ મુજબ શીક્ષા થઇ શકે, અને આ કોર્ટ સાંભળી શકે, એવો ગુન્હો કર્યો. આ ઉપરથી તુંને ફરમાવું છઊ કે,

તારો ઇનસાફ સદરહુ તોહોમત રાખી આ અદાલતે કરવો. હીસાબના ચોપડામાં રકમો માંડયાના સંબંધમાં અરજદારના મજકુર વિશે માજીસ્ત્રેટે એક બીજું તોહોમત ઘડયું. માજીસ્ત્રેટે અરજદારને ગુન્હેગાર ઠરાવી દરેક તોહોમત બદલ એક એક વર્ષની સખત કેદની સજા કરી. અરજદારે સેસન જડજ આગળ અપીલ કરી, અને તેમાં નીચેની કોરટનો ઠરાવ બહાલ રહ્યો. ત્યાર બાદ કામનાં કાગળીયાં મંગાવીને વાંચી જોઇ તે ઠરાવ રદ કરવા સારૂ તપાસ કરવાનો અધિકાર આ કોરટે ચલવવો જોઈએ, એવી અરજ કરી, અને તેમાં એવું કારણ લખ્યું કે, પીનલકોડની ૧૯૩ મી કલમના ગુન્હાનું વીકલ્પ રીતે રાખેલું તોહોમત જ્યાં એ તોહોમતનો પાયો, એકજ જુબાનીમાં એક બીજાથી ઉલટા મજકુરો ઉપર રાખ્યો છે, તે ખોટું છે.

એ ઠરાવ શા માટે રદ ન કરવો, તેનું કારણ બતાવવા સારૂ અમે હુકમ કાઢયો છે. એ હુકમની દલીલોમાં એડવોકેટ જનરલ કારણ બતાવવા હાજર થયા છે. પુ. અને ગ્યાશપર સાહેબ એ હુકમને ટેકો આપનારા છે. એ મુકરદમા ઉપર ઘણામાં ઘણો વિચાર હું કરી શક્યો છું. તે પછી મારે દિલગીરીથી કહેવું જોઇએ કે, જસ્ટીસ ટોટનહામે જે છેવટનો નીર્ણય કર્યો તેની સાથે મળતો આવવાને હું અશક્ય છું.

માહારો અભિપ્રાય એવો છે કે, એ હુકમ છેવટનો કરવો જોઇએ. એડવોકેટ જનરલે એવી દલીલ આપી કે, આ બાબતનો સત્તાથી નીરણે થઇ ચુક્યો છે. અને તેના સબંધમાં રાણી વિ. મુસામત ઝમીરન તથા રાણી વિ. મહચંદ હુમાયુશાહના ફેંસલાઓનો હવાલો આપ્યો છે. આ બંને ફેંસલાઓ ફુલ બેંચે કર્યા છે. તેમાંનો પેહેલો ફેંસલો સને ૧૮૬૧ ના ફોજદારી કામ ચલાવવાના ધારા ઉપર વીકલ્પ રીતે રાખેલા તોહોમતને સંબંધ છે. અને બીએ ફેંસલો સન ૧૮૭૨ ના કાયદા ઉપર તેવાજ તોહોમતોના સંબંધે છે.

બેશક આ કેશની હકીકતથી આ ઉપરના બંને કેશની હકીકતને જુદી પાડી ન શકુ તો એ ઠરાવોથી હું બંધાએલો છું. તોપણ વીવેક સહીત હું કહું છઊં કે, પેહેલા મુકરદમામાં જસ્ટીસ નોરમંન અને કયાંપબેલે શક બતાવેલો છે. અને બીજા મુકરદમામાં જસ્ટીસ જાકસને જે દલીલથી છેવટ આણ્યું છે, તે દલીલ મારા અભીપ્રાયને ભાવતી છે. એમ કહું તો હું બહુ ડાહયો ગણાઇશ નહીં. આ કેશને ઉપરના બંને કેશોની વચે એક મુખ્ય તફાવત છે, એમ મને ભાસે છે. એ બંને કેશોમાં કહેલા ઉલટા મજકુરો બંને પ્રસંગે લેવાયલી જુદી જુદી જુબાનીમાં કહેવામાં આવ્યા હતા. રાણી વિરૂદ્ધ મુસામત જમીરનના કેશમાં સને ૧૮૬૫ના અકટોબરની ૧૪ મી તારીખે માજીસ્ત્રેટ પાસે પહેલો મજકુર કહેવામાં આવ્યો હતો. અને બીજો મજકૂર તેજ સાલના ડીસેંબર મહીનામાં સેસન જજ પાસે કહેવામાં આવ્યો હતો.

રાણી વિરૂધ હુમાયુશાહના કેશમાં બંધવા ઉપર એવું તોહોમત હતુ કે "તેં સને ૧૮૭૬ના જાનેવારી મહિનાની ૨૩ મી તારીખે અથવા તે અરસામાં અલીપુર મધ્યે તુળશીદાસ દત્ત અને મહમદ લતીફ પાસે એવી જુબાની આપી કે, ઇત્યાદી, ઈત્યાદી, અને સને ૧૮૭૩ ના ફેબરૂઆરી મહિનાની ૧૩ મી તારીખે અથવા એ અરસામાં એજ ઠગાઈના કેશમાં બેલીલીયાસ તુળશીદાસ દત્ત અને અહમદ લતીફના ઈનસાફના કામના દરમીયાન અલીપોરના ડેપ્યુટી માજીસ્ત્રેટ અબદલ લતીફ પાસે એવી જુબાની આપી કે, ઇત્યાદી ઇત્યાદી"

હવે ચોખ્ખું છે કે, જો કે એકજ ઠગાઈનો કેશ કહેવામાં આવ્યો છે તોપણ ખરેખરી રીતે બોલતાં એકજ કેશ થઇ શકે નહીં. ૨૩ મી જાનેવારીને રોજ તુળશીદાસ દત્ત અને મહમદ લતીફ એમ ત્રણ જણાના ઉપર કેશ ચાલતો હતો. સાફ રીતે ૨૩ મી જાનેવારી અને ૧૩ મી ફેબરૂઆરી વચે બેલીબ્યાસને એક પ્રતીવાદી તરીકે, પધાર્યો હતો. ૨૩ મી તારીખે બે પ્રતીવાદી વિરૂદ્ધ બંધવાએ આપેલી જુબાની ૧૩ મી ફેબ્રુઆરીયે, નવા ઉમેરાયલા પ્રતીવાદી વિરૂદ્ધ તેને ફરી સોગન આપ્યા વગર વાપરી શકાત નહીં. એટલે બે જુદા જુદા પ્રસંગો ઉપર બે જુદાં જુદાં તોહોમતોમાં બે જુબાનીયો થાય છે. આ કેશમાં અરજદારની ઉલટ અને ફેર તપાસણી વચે એક રાત જો કે ગઈ હતી, તોપણ ઉલટા મજકુરો એકજ કેશની સુનાવણીમાં એની એજ જુબાનીમાં કહેવામાં આવ્યા હતા.

આવી તરેહના મુકરદમાઓને, ઉપર લખેલા ફુલ બેંચોના ઠરાવોનો નીયમ લાગુ કરવો એ ઘણું ધાસ્તી ભરેલું છે. એથી કરી એક સાક્ષીને પોતાની જુબાની સુધારવામાં ઘણું જોખમ થઈ પડશે. જે તફાવત મેં બતાવ્યો, તે તફાવતના કારણ ઉપરથી મારો એવો અભીપ્રાય છે કે એ ફુલ બેંચના ઠરાવો આંહીં લગતા નથી. અને તેટલા માટે કારણ શામાટે ન બતાવવું તે હુકમ છેવટનો કરવો જોઈએ. બંને જડજો એક મત ન થયા તેથી આ કેશ ત્રીજા જજ જસ્ટીસ વીલસન પાસે મુકવામાં આવ્યો, અને તેની પાસે એ કેશની ફરીને દલીલ અને તકરાર થઇ હતી.

જસ્ટીસ વીલસનનો ઠરાવ:—

જસ્ટીસ નોરીસ અને ટોટનહામ વચે મત ભેદ થવાના કારણથી, આ કેશ મારી પાસે મુકવામાં આવ્યો છે. તોહોમતવાળાને પીનલકોડની કલમ ૧૯૩ મુજબનું તોહોમત રાખી ગુન્હેગાર ઠરાવ્યો છે. દરેક તોહોમત ફોજદારી કામ ચલાવવાના કાયદાના પરીશીષ્ટ ૫ માના નમુના ૨૮ મા પ્રમાણે ઘડવામાં આવ્યું છે. ને તેણે સાહેદ તરીકે બે એક બીજાથી વિરૂદ્ધ મજકૂરો જેમાંનો એક તે ખોટો છે, એમ જાણતો હતો. તથા સાચો છે એમ માનતો નહોતો, તેવા મજકૂરો ઇનસાફનું કામ ચાલતું હતું, તે દરમીયાન કહ્યાનું તહોમત રાખ્યું હતું. આમાંથી કયો મજકૂર ખોટો છે, તે સ્પષ્ટ રીતે ગોત્યાવગર તોહોમત પ્રમાણે પાધરો ઠરાવ કરવામાં આવ્યો હતો.

અરજદાર તરફથી ગ્યાપર સાહેબ હાજર છે. તેણે એવી તકરાર ઉઠાવી છે કે, (૧) હાલમા કાયદા પ્રમાણે આવા પ્રકારનું તહોમત તથા તેનો ઠરાવ કોઈ પણ રીતે કાયદેસર નથી. આ તહોમતોના ખરાપણાની બાબત આ કોરટની ફુલબેંચ પાસે બે વખત આવીછે.

રાણી વિરૂદ્ધ મુસામત ઝમીરણમાં આવું તહોમત પેહેલે અથવા બીજે પ્રસંગે ખોટી સાહેદી પુરી એમ વિકલ્પ રીતે ગણ્યું, અને તે વખતે જે ફોજદારી ધારો ચાલતો હતો, તે મુજબ બરોબર થયું છે એમ ઠરેલું હતું, એમ પણ જણાય છે.

જો હાલની હકીકત ઉપલા બોધથી જોવામાં આવે તો સને ૧૮૭૨ ના ૧૭ મા આકટની કલમ ૪૫૨ મી અથવા હાલના કાયદાની કલમ ૨૩૩ મી મુજબ દરેક ગુન્હા વાસ્તે જુદાં જુદાં તહોમતો જોઇએ. અને જેમાં વિકલ્પ રીતે તહોમતો મુકવા સ્પષ્ટ રીતે કહેલું છે, તેઓની સાથે સમાધાન કરવાનું બહુ મુસ્કેલ નથી. પણ પછવાડેથી રાણી વિરૂદ્ધ મ-

હમદ હુમાયુના ફુલબેંચના કેશમાં કાઉચ અને કેંપ જસ્ટીસે સ્ફુટતાથી કહેલું છે કે, આવું તહોમત વિકલ્પ રીતે બે ગુન્હાનું નથી. પણ એક ગુન્હાનું છે. અને જસ્ટીસ મોરીસ, બર્ચ, તથા એનસલીના પણ એજ મતલબના વિચારો છે. બીજા બે જડજો, જે મળી ફુલબેંચ થયો હતો, તેઓએ પોતાનાં કારણો બતાવ્યાં નથી.

કાયદાનો આ નિયમ જો કે સુત્તાવાર રચાયો નથી, તોપણ તેને મંજુર કરવા માહારા વિચાર મુજબ હું બંધાયો છું.

જો આમ હોય તો ૨૩૩ મી કલમથી ચાલતી બીનાને કાંઇ અસર થતી નથી. અને પરીશીષ્ટમાં તહોમતનામાનો જે નમુનો આપ્યો છે, અને જેને ૫૫૪ મી કલમે મંજુર કરેલો છે, અને જે આ કેશમાં ગ્રહણ કરેલો છે, એ કાયદેસર છે. અને તેને મળતો ઠરાવ પણ કાયદેસર છે. માટે ગ્યાસપર સાહેબની દલીલ આ ઠેકાણે તુટે છે.

એક બીજાથી વિરૂદ્ધ એવા બે મજકુરોમાંથી કયો મજકુર સાચો છે તે પડેલા પુરાવા ઉપરથી શોધી કાઢવું અશક્ય છે. તેવા કામમાં હાલના રૂપનું તહોમતનામું અને ઠરાવ ફક્ત વ્યાજબી રીતે વાપરી શકાય, એવી ગ્યાસપરની બીજી દલીલ છે. અને તે સારૂ તેણે રાણી વિરૂદ્ધ બીદુનોશીયાનો કેશ કહાડી બતાવ્યો. તહોમતનામું ઘડવામાં અને તેનો નીકાલ કરવામાં કોરટે શું કરવું જોઈએ. તે બતાવવા સારૂ સદરહુ કેશમાં જે કહ્યું છે તે હું જાણું છઊં કે, ઘણુંજ ઉપયોગી છે. પણ હું ધારૂંછું કે એ બાબતને લાગુ પડે, એવા કાયદાને તે અસર કરતો નથી. અથવા અસર કરવાની તેની મતલબ નથી.

ગ્યાસપરની ત્રીજી દલીલ એવી છે કે, એકજ જુબાનીની દરમ્યાન, જ્યાં એક બીજાથી વિરૂદ્ધ મજકૂર કહ્યા હોય ત્યાં જે નિયમો ઠરાવ્યા છે તે લાગુ પડતા નથી. બેશક ઉપયોગનું છે કે, કોઇ સાહેદી પોતાની જુબાની માંહેલી ભુલ સુધારવાને સારૂ દાનતથી ઇચ્છતો હોય, તે સાક્ષીને માથે ફોજદારી તહોમતનું જોખમ રાખી સુધારો કરતાં અટકાવવો જોઇએ નહીં, અને એકજ જુબાનીમાંથી કહેલા એક બીજાથી વિરૂદ્ધ મજકુરો ઉપરથી જે તહોમત નીકળે, તે તહોમતો ખસુસ સંભાળથી તપાસવાં જોઈએ. પરંતુ આવા એક બીજાથી ઉલટા મજકુરો એક જુબાનીમાં કહ્યા હોય. કે બે જુબાનીમાં કહ્યા હોય, તેમાં વચ્ચે ન્યાયતત્વમાં, કાંઇ પુરતો તફાવત મારા જોવામાં આવતો નથી. બે એક બીજાથી વિરૂદ્ધ મજકુરો કહેવા, જેમાંથી એક અથવા બીજો ખોટો હોય, અને તે પાછા સાપ્રાધ ઈરાદાથી, બે જુદા જુદા પ્રસંગે તેમ કરવામાં આવે, એ જો ૧૯૩ મી અ કલમ પ્રમાણે ગુન્હો હોય તો, મારા માનવા પ્રમાણે એકજ પ્રસંગ ઉપર, એવા બે મજકુર કહેવા, એ પણ ગુન્હો છે. તેથી હવે હું પુ ટોટનહામ જસ્ટીસના અભિપ્રાયથી મળતો થાઉછું.

માહારાણી કેસરે હીંદ વિ: મેહેરબાનસીંગ અને બીજાઓ.

કલમ ૧૯૩.

૭

कोइ माणस दीवानी दावामां लखेली केफीयत दाखल करे तो तेमां सार्चु लखवाने ते कायदाथी बंधायलो छे अने जे केफीयत तेना जाणवा प्रमाणे अथवा मानवा प्रमाणे खोटी होय, अथवा ते साची नथी, एवुं ते जाणतो होय एवी केफीयत जो ते लखेतो ते, पी. को. नी १९१ मी कलमना अर्थ प्रमाणे खोटो पुरावो आप्यानो गुन्हेगार थाय छे.

તા૦ ૨૪-૭-૮૪. ઈ. ૬ મ. પા. ૬૨૬
કોઈ પ્રતીવાદી પોતાના ઉપરના દાવાના જવાબમાં કાંઈ ઈકરાર કરીને ખોટો જવાબ આપે તો તે આ કલમ પ્રમાણે ગુનેહ થાય છે.

આ કામની હકીકત જોઇએ તેટલી હાઇકોરટના ઠરાવમાં આપેલી છે. અપેલેંન્ટ મેહેરબાનસીંગ તરફથી કારાપીટ સાહેબ વકીલ અપેલેંન્ટ મનાલાલ બળદેવપ્રસાદ તથા ભવાનીપ્રસાદ તરફથી રોઝ સાહેબ વકીલ.

અને સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ બાદરજી વકીલ.

ચિફ જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવ:—

ફરૂકાબાદના સેસન જડજે તારીખ ૩૧-૩-૮૪ ને રોજ ઠરાવ આપ્યો હતો, તેના ઉપર આ પાંચે અપીલો થઇ છે. કાયમગંજના મુનસફની કોરટમાં બચાવમાં લખેલા મજકૂરમાં ખોટા ઇકરાર કરીને ખોટો પુરાવો આપ્યાનો પાંચ અપેલેંન્ટોમાંથી, અપેલેંન્ટ મેહેરબાનસીંગને અપરાધી ઠરાવ્યો હતો. અને આવો ખોટો પુરાવો આપવામાં તેને બીજા ચાર જણાએ મદદ કરી. તેથી તેઓને મદદગારીના ગુન્હાના અપરાધી ઠરાવ્યા હતા. ગુનાનો ઠરાવ કરવામાં જોઇએ તેટલો પુરાવો નથી. એવી મેહેરબાનસીંગ તરફથી આ અપીલમાં તકરાર લેવામાં આવી છે. તથા બીજાઓની બાબતમાં તેઓની વતી એવી દલીલ કરવામાં આવી છે કે, મેહેરબાનસીંગના ગુન્હામાં મદદગારીનું તહોમત નભાવી રાખવા. અથવા મેહેરબાનસીંગે જે લખેલો જવાબ દાખલ કર્યો હતો, તે માંહેલો મજકુર તેણે જાંણી જોઇને અને બદનીષ્ટાર્થી ખોટો લખ્યો હતો. એવું બતાવવાને જોઇએ તેવો કાયદેસર પુરાવો નથી.

આ મુકરદમાનો પ્રસંગ થોડો ઘણો વિચીત્ર પ્રકારનો છે. તેથી ટુંકામાં તેની વિગત આપવાને જરૂર છે. એક નવાબ પ્યારી સાહેબ જે આ કામનો પ્રોસીકયુટર હતો, તે સમસાબાદમાં રહે છે, અને છોટાલાલની પેઢીવાળો બાબુ દુરગાપ્રસાદ, ફરૂકાબાદમાં રહે છે. અને તે બાબુ છોટાલાલના આડતીયા તથા વહીવટ કરનાર તરીકે કામ કરતો હોય, એમ લાગે છે. અપેલેંન્ટો બધા મંઝાના નામના ગામમાં રહે છે. અને તે ગામમાં બાબુ દુરગાપ્રસાદે એક કોઠી રાખી છે, અને તે કોઠી પ્રતાપનારાયણ નામના સખસના હવાલામાં રહે છે. જે લેવડ દેવડમાંથી હાલનાં તહોમતો ઉભાં થયાં છે. તે લેવડ દેવડ કરવા ટાંણે, અપેલેંન્ટ મેહેરબાનસીંગ નવાબ પ્યારી સાહેબના ભાઇ નવાબ જાનનનો કામદાર હતો, અને તે તથા બીજા ચાર અપેલેંન્ટોમાં જે કરનાવડમાં એક ખેતરના મજમું ભાગદાર હતા. તે ખેતર બે વસા અને બે વીસવાસી હતું. અને તે બાબુ દુરગાપ્રસાદને ત્યાં ગીરો માંડયું હતું. તથા ૧૮૮૦ ના જાનેવારી મહીનામાં વ્યાજ તથા મુદલ મળીને ૨૭૦ રૂપૈયાની રકમ તેની લેહેણી થતી હતી. એ મહિનામાં નવાબ પ્યારી સાહેબ પોતાની મા મુસામત જફરી બેગમના નામથી સદરહુ ખેતર અઘાટ માંડી લેવાનું દસ્તાવેજ કર્યું. અને તેમાં એવો ઠરાવ કર્યો કે, ત્રણસો અડસઠ રૂપૈયા વેચનારાઓને રોકડા આપવા અને ૨૭૦ રૂપૈયા બાબુ દુરગાપ્રસાદને ગીરોના છુટકામાં આપવા, નવાબ પ્યારીસાહેબના કામદાર સામસરૂપની જુબાનીથી જણાય છે કે, તેણે પોતાના શેઠ પાસેથી ૧૮૮૦ ના જાનેવારીની ૨૫ મી તારીખે અથવા તે પેહેલાં સમસાબાદમાંથી ૩૬૮ રૂપૈયા લીધા, અને તે રૂપૈયા મંઝાણે લાવ્યા બાદ બાબુ દુરગાપ્રસાદની કોઠી, એ પ્રતાપ નારાયણસીંગના હવાલામાં તેણે રાખ્યા. તે વધુ લખાવે છે કે, ૨૬ મી તારીખે મેહેરબાનસીંગે હઠ પકડીને કહ્યું કે, મને પૈસાની તાણ છે. તેથી એ રકમ મંઝાણામાં પાંચે અપેલેન્ટને આપી દીધી. અને તે પછી બાબુ દ્વારકાંપ્રસાદે વેચાણ ખત તૈયાર કર્યું. સદરહુ બાબુ દ્વારકાંપ્રસાદ કહે છે કે, એ દસ્તાવેજ મેં તૈયાર કર્યો હતો. અને મારી રૂબરૂ પાંચે અપેલેન્ટોએ, તે દસ્તાવેજમાં સહીઓ કરી હતી. અને તેઓએ મને કહ્યું હતું કે, ૩૬૮ રૂપૈયા અમે ભરી પામ્યા છીએ. એજ તારીખે તે દસ્તાવેજ રજીષ્ટર કરવામાં આવ્યો. અને રજીષ્ટર કરનાર અધિકારી પાસે એવાજ પ્રકારની અપેલેન્ટોએ કબુલત કરી. પ્રતાપ નારાયણની જુબાની ઉપરથી જણાય છે કે, જે સાંમસરૂપે, ૨૬ મી તારીખે ૩૬૮ રૂપૈયા સોંપ્યા હતા, તે તેણે ૨૭ મી તારીખે ઉપાડી લીધા, તે ઉપરાંત રજીષ્ટર કરાવવાના ખરચનાં ૧૬ રૂપૈયા ઉપાડયા હતા. ત્યારબાદ સદરહુ પ્રતાપ નારાયણે પોતાના શેઠ બાબુ દુરગાપ્રસાદને આ હકીકતની ખબર મોકલીને

પુછ્યું કે, મંઝાની કોઠીના હિસાબના ચોપડામાં પેહેલી છેલી રકમ કેવી રીતે લખવી, તે ઉપરથી તેને જવાબ મળ્યો કે, ૩૬૮ નવાબ પ્યારીએ સામસરૂપ મારફત આપ્યા છે. તે અપેલેન્ટોને આપવા, અને રૂપૈયા ૧૬ ની રકમ નવાબને ખાતે માંડવી. પ્રતાપ નારાયણની જુબાની ઉપરથી જણાય છે કે, ૩૬૮ રૂપૈયા ફેબ્રુઆરીની ૨૨ મી તારીખે અપેલેન્ટોને આપવામાં આવ્યા હતા. આથી કરીને નવાબ પ્યારી સાહેબની જુબાનીના અરથનો ખુલાસો થાય છે. એ જુબાની તેણે એવી આપી હતી કે, મેં પોતે પૈસા આપ્યા નહોતા. આ રીતે અઘાટ માંડવાની ભાંજગડ સંપુર્ણ થઈ; પરંતુ દખલ દેવાનું કામ બાકી રહ્યું હતું. અને જ્યારે નવાબે તેનો અમલ કરવાનો પ્રયત્ન કર્યો, ત્યારે અપેલેન્ટો તેની સામા થયા. છેવટ ૧૮૮૩ ના જાનેવારીની ૨૪ મી તારીખે નવાબે ૧૮૮૦ ના જાનેવારીની ૨૭ મી તારીખના અઘાટ ખતની રૂયે વેચેલી મિલકતનો કબજો મેળવવા વાસ્તે કાયમ ગંજની મુનસફની અદાલતમાં દીવાની દાવો દાખલ કર્યો. તે દાવામાં બધા અપેલેન્ટો તરફથી, અને મેહેરબાન સીંગના કહેવા ઉપરથી લખેલો જવાબ આપવામાં આવ્યો કે, ૩૬૮ રૂપૈયા અપાણા નથી. પણ તેમાં એવી સમજણ કરી હતી કે, તે રકમ એકને નામેથી બીજાને નામે ચડાવી દેવા ટાંણે આપવાની હતી. અને તે પ્રમાણે ચડાવી દેવા ટાંણે આપી નથી. તથા વાદીએ બાબુ દુરગાપ્રસાદના ગીરોનો ઉકેલ કર્યો નથી. તે દાવાની સુનાવણી થતી હતી દરમીયાંન મેહેરબાને પ્રતીજ્ઞા ઉપર જુબાની આપી અને લખેલી કેફીયતમાં પણ તેજ મતલબને તે વળગી રહ્યો. બચાવમાં આપેલી કેફીયતમાં જે હકીકત હતી, તેના સંબંધમાં આ તોહોમત રાખ્યું હતું. અને તે તોહોમત ઉપરથી બધા અપેલેંન્ટોનો ઇનસાફ થયો હતો. તેમાંથી મેહેરબાનસીંગને ખોટો પુરાવો આપ્યાના ગુન્હા વાસ્તે, અને બાકીના ચાર જણાનો તે ગુન્હામાં મેહેરબાનસીંગને મદદ કર્યાના ગુન્હા વાસ્તે ઈનસાફ થયો હતો.

આવી રીતે લખેલા જવાબમાં લખનાર સક્ષ પોતાના જાણવા અથવા માનવા પ્રમાણે સાચાપણાનો ઇકરાર કરે, અને તે ઇકરાર ઇરાદા પુર્વક અને જાણીબુજીને કરવામાં આવે તો, તે જવાબમાં તેણે કાંઇ મુદાની હકીકત કહેલી છે એવો માહારો અભિપ્રાય છે. અને તે સક્ષ પી. કો. ની ૧૯૩ મી કલમ પ્રમાણે ફોજદારી ફરીયાદનો ભોક્તા થાય છે. દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની ૧૫૫ મી કલમમાં એવું ઠરાવ્યું છે કે, કોઇ દીવાની દાવામાં દાખલ કરેલી લેખી કેફીયતમાં ફરીયાદ અરજીની માફક સહી તથા એકરાર કરવો જોઇએ, તથા તેજ કાયદાની ૫૧ મી કલમમાં એવું ઠરાવ્યું છે કે, " ફરીયાદ અરજી ઉપર વાદીએ તથા તેના પ્લીડરે પણ (જો પ્લીડર હોય તો) સહી કરવી, અને તેની નીચે વાદીએ અથવા બીજો કોઇ સક્ષ મુકરદમાની હકીકતથી વાકેફ છે, એમ કોરટની ખાત્રી લાયક શાબિતી થાય તો, તે સખસે તે ફરીયાદ અરજીના સાચાપણા વિશે એકરાર કરવા જોઇએ.

પણ એવું ઠરાવ્યું છે કે, ગેરહાજરીના સબબથી અથવા બીજા મજબુત કારણથી ફરીયાદ અરજી ઉપર વાદીથી સહી ન થઇ શકે, તો તે કામ સારૂ તેણે યોગ્ય રીતે અખિકાર આપેલો કોઇ સખસ તેના ઉપર સહી કરવાને મુખત્યાર છે."

માટે જે માણસ કોઈ દાવામાં લેખી કેફીયત દાખલ કરતો હોય, તો કાયદા પ્રમાણે સાચું કહેવાને તે બંધાએલો છે. અને જે કેફીયત પોતાના માનવા તથા જાણવા પ્રમાણે ખોટી છે, અથવા સાચી નથી, એવું તે માનતો હોય, એવી કેફીયત જો તે લખે તો પીનલકોડની ૧૯૧ મી કલમના અર્થ પ્રમાણે ખોટો પુરાવો આપ્યાનો તે ગુન્હેગાર થાય છે. કાયંમગંજની મુનસફની કોરટમાં ૧૮૬૩ ના ફેબ્રુઆરીની ૯ મી તારીખે ૩૬૮ રૂપૈયા અપાણા નથી. એવી મતલબનો જવાબ દાખલ કરેલી કેફીયતમાં લખેલો છે, તે મેહેરબાનસીંગના જાણવા પ્રમાણે ખોટો હતો કે નહીં? અને તે તેણે જાણીજોઇને અથવા ઇરાદા પુર્વક કરેલો હતો કે નહીં? તથા તેવી કેફીયત લખવામાં બીજા અપેલેન્ટોએ પોતાની વતી અથવા મેહેરબાનસીંગના તરફથી તેને ઉશકેરણી કરી હતી કે નહીં? તેટલા ઉપર આ કામનો આખો સવાલ રહે છે. આ છેલ્લા કહેલા સક્ષો તરફથી જે વિદ્વાન વકીલ હાજર થ-

યો છે, તે મારા ઉપર એવું દબાણ કરે છે કે, હકીકતના વિરૂદ્ધ એક દલીલ દેવામાં કાંઈ વાત કહેવી, અને તે ફકત વાદીને પોતાના દાવાની સાબીતી કરવા સારૂ કહેવી, તે ઉપરથી ફોજદારી કોરટમાં ફોજદારી માંડવાનો વીશય થઈ શકતો નથી. એ વીદ્વાન વકીલે જેવી જાતનો અપવાદ સુચવ્યો છે તેવી જાતનો અપવાદ વખ્તે નહીં હશે, એમ હું પુરે પુરૂં કહી શકતો નથી. પરંતુ મારો એવો અભીપ્રાય છે કે, આ દેશના કાયદાનો એક નીયમ છે કે, દાવાના પક્ષકારોમાંથી વાદી પોતાના દાવાના આધારમાં, મુદ્દાની હકીકત વીશે જે હકીકત લખે, અથવા પ્રતીવાદી તરીકે, એ દાવા સામે જે લખેલી ફરીયતનો જવાબ આપે તે સઘળું સાચું લખવાની તેઓની ફરજ છે. અને જ્યારે તેઓ તેમ કરે નહીં, અને જો, એમ બતાવી શકાય કે, જે હકીકત તેના જાણવા પ્રમાણે ખોટી હતી, તે હકીકત તેણે ઇરાદા પૂર્વક લખી છે; તો તે સખસ હીં. પીનલ કો. ની ૧૯૧ મી કલમ પ્રમાણે ગુન્હેગાર થાય છે. કેમકે યાદ રાખવું જોઇએ કે, આવી જાતના ગુન્હાઓનું તત્વ દાવાના પક્ષકારમાંથી, કયા પક્ષકારને તે હકીકતો કેવી રીતે નુકશાન કરેછે, તે જોવાનું નથી પરંતુ, અદાલતને કેવી રીતે ઠગે છે, તથા ભુલથાપમાં નાંખે છે, તથા ફોજદારી તથા દિવાની ઇનસાફના કારભારમાં કેવાં મોટાં ભયંકર પરિણામોને જન્મ આપે છે, તે જોવાનું છે. અદાલતમાં મારા અનુભવ ઉપરથી ખાત્રી થઈ છે કે, દીવાની દાવાઓના સવાલના જવાબ કરવામાં બે ધડક ખોટી હકીકત આપી શકાય છે. એવી બાહારના લોકનો સામાન્ય માનતા છે. આવી ભુલ ભરેલી માન્યતા સુધારવાનો આ અયોગ્ય વખત છે. તથા આ માન્યતા ઘણી આડે રસ્તે લઈ જનારી છે, એવું બધાએ સમજવું જોઇએ; એમ મારી ઇચ્છા છે. માટે અપેલેન્ટ મેહેરબાનસીંગને કરેલી સજા તથા ઠરાવ બહાલ રાખુંછું. પણ બીજા અપેલેંન્ટો ઉપર જે મદદગારીનો ઠરાવ થયો છે, તેમાં પુરતો પુરાવો નહીં હોવાથી, તેમને છોડી મુકવાનો હુકમ કરૂંછું.

માહારાણી કેસરે હીંદ વિ. દલા જીવા.

કલમ ૧૯૩.

૮

તા૦ ૧૦-૧૨-૮૫
ઈ. ૧૦ મુ.પા. ૧૯૦

જે માજીસતરેટને કોઇ ગુન્હાનો ઇનસાફ કરવાને અધીકાર નથી તે ઇનસાફના કામમાં આપેલી જુબાની એ કાયદેસર કહેવાય નહીં. અને જુબાની ખોટી આપી હોયતો આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી

फोजदारी काम चलाववानी रीतना कायदानी ३३७ मी कलममां जे जातना मुकरदमानुं चींतवन कर्युं नथी तेमां प्रथम चोकशी करनार माजीस्त्रेटने, बंधवाने माफी आपवानो कींवा साक्षी तरीके, तपासवानो अधीकार नथी.

आवी जातनी तपासणीना दरमीयांनमां बंधवे कहेली हकीकत लगती न होय, एटले अग्राही होय, अने पछवाडेथी सदरहु कहेवुं पाछुं खेंची ले तो आगलुं कहेवुं अथवा पछवाडानुं कहेवुं तेना विरुद्ध गणाइ शकातुं नथी. अथवा हींदुस्थानना पीनलकोडमी १९३ मी कलम प्रमाणे खोटो पुरावो आप्यानुं काम तेना उपर चाली शकतुं नथी.

१८८२ ना १० मा आकटनी ३३७ मी कलम प्रमाणे बंधवाने कायदेसर माफी अपाय छे, सदरहु बंधवो प्रतीज्ञा लेइने कांइ वात कहे, अने त्यार पछीना इनसाफना काममां ए वात पाछी खेंची लेतो. वीकल्पी तोहोमतनी दरेक शाखाओ उपरथी खोटो पुरावो आप्याना फोजदारी काम वास्ते योग्य मंजुरीनी जरुर छे. सदरहु मंजुरी काम चाल्या पछे नहीं, पण काम चलाव्या पहेलां आपी शकाय छे.

અમદાવાદના આસીસ્ટંટ સેસન જડજે ના સાબિતીનો ઠરાવ કર્યો હતો તેના ઉપર સરકારે આ અપીલ કરી છે.

આ મુકરદમાની હકીકત જોઈએ તેટલી આસીસ્ટંટ સેસન જડજના ઠરાવમાં લખી છે તે એવી છે કેઃ—

બંધવા ઉપર હિંદુસ્થાનના પીનલકોડની ૧૯૩ મી કલમ પ્રમાણે નીચે લખેલા પ્રસંગે ખોટો પુરાવો આપ્યાનું તહોમત હતું.

લગભગ બે વર્ષ પહેલાં એક ડાકાઇટી થઇ હતી. અને હાલનો બંધવો તે વખતે પકડાએલા સખસો માંહેલો હતો. એ વખતે તેને ઇનસાફના કામમાં માફી લીધી, અને પછી તેણે સાક્ષી તરીકે જુબાની આપી. એ જુબાનીમાં તેણે કહ્યું કે એક બુપટ લીલા પણ એ ગુન્હામાં સામીલ હતો. એ બુપટી હાલ પકડાયો છે, અને તેના ઇનસાફમાં હાલના બંધવાને એક સાક્ષી દરજે તપાસ્યો હતો. આ વખતે તે કહે છે કે, સદરહુ બુપટો ડાકાઇટી કરનારાઓની ટોળીમાં નહોતો. આમાંથી એક મજકુર ખોટો હોવો જોઇએ. આ પ્રસંગે અથવા એને આગલે પ્રસંગે તેને ખોટો પુરાવો આપ્યો એ વાતનો સંદેહ છે. પરંતુ બંધવાના વકીલે એવો વાંધો લીધો છે કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૩૯ ના છેલા ફકરા પ્રમાણે હાઇકોર્ટની મંજુરી જોઇએ, તે મંજુરી લીધી નથી. માટે આ ફોજદારી ખટલો ચાલી શકતો નથી. મંજુરી નથી લીધી એ વાત ખરી છે, તેમ કામ ન ચલવવું જોઇએ એ પણ ખરૂં છે.

તેથી મેં આસેસરોને એવી ભલામણ કરી કે, બંધવો બેગુન્હા છે, એવો તમે અભિપ્રાય આપો, અને તેઓના મતને મળતા આવીને હી. પી. કોડની ૧૯૩ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે, એવા ગુન્હાનો બંધવો દલો જીવો ગુન્હેગાર નથી. એમ મને જણાય છે. માટે તેને નીરદોષ કરી છોડી દેવાનો હુકમ કરૂંછું. આ ઠરાવ ઉપર સરકારે હાઇકોરટમાં અપીલ કરી.

સરકાર તરફથી પાંડુરંગ બળીભદ્ર.

બંધવાઓ તરફથી કોઇ હાજર નથી.

પાંડુરંગ તરથી કહેવામાં આવ્યું કે, નાસાબિતીનો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે. બંધવાની જ્યારે મોરાપી તરીકે જુબાની લીધી ત્યારે, અથવા આ કામમાં જુબાની લીધી ત્યારે તેમાંથી એક વખત ખોટી સાક્ષી આપ્યાનો બંધવો ગુન્હેગાર છે એ વાત દીવા જેવી છે. આ બેમાંથી એક મજકુર ચોખી રીતે ખોટો છે, જો તેની આગલી જુબાની ખોટી હોય તો બેશક હાઇકોરટની મંજુરી લેવી જરૂરની છે. જો ઈનસાફ કરવાની પેહેલાં તે મંજુરી લેવાણી ન હોય તો, તેથી આખું કામ બગડી જતું નથી થોડી વખ્ત સુધી તે કામ મુલતવી રાખીને તથા મંજુરીને માટે આ કોરટને અરજ કરીને તે ખામી સુધારી શકત. નીચલી કોરટમાં સરકારી વકીલે તે વાસ્તે મુલતવી રાખવાની અરજ કરી હતી, પણ તે અરજ મંજુર કરી નહીં. હાલને પ્રસંગે બંધવાનો મજકુર ખોટો હોય તો, તે માજીસ્ટ્રેટની પાસે તે કહેવામાં આવ્યો હતો તેણે તેને કમીટ કર્યો. એજ વાત ઉપરથી મંજુરી આપ્યા બરોબર છે. અને હવે વધુ મંજુરીની જરૂર નથી. (જુઓ ઇશ્રીપ્રસાદ વિરૂદ્ધ શામલાલ ઇ. લો. રી. ૭ અ. ૮૭૧)

જસ્ટીસ બર્ડવુડનો સવાલઃ—

૧૮૮૩ ની સાલમાં બંધવા અને તેના સોબતી ઉપર મુળ ફરીયાદ શું હતી, ડેકાયટીની હતી કે, રાત્રે ગૃહપ્રવેશ કરવાની હતી.

જવાબઃ—

ફરીયાદ કેવા પ્રકારની હતી તે કાંઈ દફતર ઉપરથી જણાતું નથી.

બર્ડવુડનો પ્રત્યુત્તર.

ફરીયાદ ડેકાઇટીની હોય, એમ અમે ગ્રહણ કરી શકતા નથી. જો કોઇ મુકરદમો એકલી સેસન કોરટ તપાસી શકે એવો ન હોય તો, તેમાં માફી આપીને બંધવાને સને ૧૮૮૩ માં પ્રતીજ્ઞા આપી જુબાની લેવાનો માજીસ્રેટને અધિકાર નહોતો, જુઓ ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૩૩૭ મી તેથી તેનો આગલો મજકુર તેના વિરૂદ્ધ વાપરી શકાતો નથી.

જસ્ટીસ બર્ડવુડનો ઠરાવ.

૧૮૮૩ ની સાલમાં ઇનસાફ થવાના અપરાધી સક્ષો ઉપર હિંદુસ્થાનના પીનલકોડની કલમ ૪૫૭ માંહેલા ગુન્હાનું એટલે કે, જે ગુન્હો એકલી સેસન કોરટ સાંભળી શકે નહીં એવા ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું હતું, તેઓના ઉપરની ફરીયાદ ડેકાયટીની હતી કે નહીં. એટલે એ ગુન્હો એકલી સેસન કોરટ સાંભળી શકે એવો હતો કે નહીં? એ ખબર સરકારી પ્લીડર આપી શકતો નથી.

સને ૧૮૮૨ ના ૧૦ મા આકટની કલમ ૩૩૭ માં ચીતવેલા મુકરદમા માંહેલો તે મુકરદમો ન હોય તો, ૧૮૮૩ માં જે માજીસ્રેટે પ્રથમ ચોકશી કરી, તેને આ કામનો બંધવો જે આગલા કામમાં એક બંધવા માંહેલો હતો, તેને માફી આપવાને અથવા તેને સાક્ષી દરજ્જે તપાસવાનો અધિકાર નહોતો. અને આગલા કામમાં હાલના બંધવાની નોંધાએલી જુબાની જે રીતે તેના વિરૂદ્ધ વાપરવાનું પ્રયત્ન કર્યું છે, તે રીતે વાપરી શકાતી નથી. (જુઓ મહારાણી વિરૂદ્ધ હનમંતા. ઇ. લો. રી. ૧ મું. ૬૧૦) અને જો તે જુબાની તેની વિરૂદ્ધ વપરાય તો, હાલના કામમાં તેણે ખોટી જુબાની આપી છે, એવું તેના ઉપર તહોમત રહી શકે ખરૂં. જો આ કામમાં તેણે ખોટી જુબાની આપી એવું દેખાડવાનું કાંઇ ન હોય તો, તેના ઉપર આ મંડાએલું ફોજદારી કામ તુટી પડવું જોઈએ.

જો બીજી રીતે ૧૮૮૩ માં બંધવાને કાયદા પ્રમાણે માફી અપાઈ હત તો હાલ ફોજદારી કામ મંડાણું છે, તેમાં વિકલ્પી તહોમતોની દરેક શાખા માટે યોગ્ય મંજુરીની જરૂર છે. (જુઓ બાલાજી ચીતારામના કામની બાબતમાં ૧૧ મું. હા. રી. ૩૪)

૧૮૮૩ ની સાલમાં કહેલા મજકૂર માટે ૧૮૮૨ ના ૧૦ મા આકટની કલમ ૩૩૯ મી પ્રમાણે હાઇકોર્ટની મંજુરીની જરૂર છે. એ મંજુરી કદી અપાણી નથી. અને હવે અપાઇ શકાતી નથી. (જુઓ ૧૮૮૨ના આકટ ૧૦ માની કલમ ૧૯૫ ની પેટા રકમ. (બ) અને હાલના કામમાં જે માજીસ્રેટ પાસે તેણે જુબાની આપી છે, તે, તોહોમતની શાખાના સંબંધમાં જોઇએ તેટલી મંજુરી આપી હતી કે નહીં? એ સવાલનો અમે આ પ્રસંગમાં વીચાર કરતા નથી. માટે અપીલ રદ કરૂં છઊં.

કલમ ૧૯૪ મી.

૧૯૪. જો કોઈ માણસ ખોટી શાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે એવા ઈરાદાથીકે તેમ કરવાથી કોઇ સખસની ઉપર આ કાયદા મુજબ (સન ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે "અથવા ઈંગ્લાંડ દેશના કાયદા મુજબ,,) દેહાંત શિક્ષા જોગ હોય એવો કોઇ ગુનોહ સાબિત થાય, અથવા તેમ કરવાથી સાબિત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વર્ષની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર તે ખોટી સાહેદીને લીધે કોઈ બે ગુન્હા સખસની ઉપર ગુન્હો સાબીત થઇને તેનો જીવ લેવામાં આવે તો તે ખોટી સાહેદી આપનાર સખસને અગર તો મોતની અથવા ઉપર બ્યાન કરેલી શિક્ષા કરવામાં આવશે.

દેહાંત શિક્ષા જોગ ગુન્હો કોઇની ઉપર સાબીત કરવાના ઇરાદાથીખોટી સાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

અગર તેમ કરવાથી કોઇબે ગુન્હા સખસની ઉપર ગુન્હો સાબિત થઇને તેનો જીવલેવામાં આવે તો.

કલમ ૧૯૫ મી.

૧૯૫. જે માણસ ખોટી સાહેદી આપે, અથવા ખોટો પુરાવો બનાવે, એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ સખસની ઉપર આ કાયદા મુજબ (સન ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે "અથવા ઈંગ્લાંડ દેશના કાયદા મુજબ") દેહાંત શિક્ષા જોગ નહી પણ જીવતાં સુધી સમુદપારની અથવા સાત વર્ષ અથવા તેથી વધારે મુદત સુધી કેદની, શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો સાબીત થાય, અથવા તેમ કરવાથી સાબીત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં; તો તે માણસને જે માણસની ઉપર તે ગુન્હો સાબિત થયો હોય તેને જે શીક્ષા કરવામાં આવે, તે શીક્ષા કરવામાં આવશે.

સમુદ્ર પારની અથવા કેદની શીક્ષા થઈશકે એવોગુન્હોકોઇની ઉપર સાબીત કરવાના ઈરાદાથી ખોટી શાહેદીઆપવી, અથવા ખોટો પુરાવો બનાવવો.

દ્રષ્ટાંત.

એક ઇનસાફની કોરટ આગળ અ ખોટી સાહેદી આપે, એવા ઈરાદાથી કે તેમ કરવાથી ઝ ની ઉપર ડાકાઈટીનો ગુન્હો સાબીત થાય. ડાકાઈટીની શિક્ષા જીવતાં સુધી સમુદ્રપાર, અથવા દશ વર્ષની મુદત સુધીની, દંડ સાથે અથવા દંડ વીના, કેદ એ છે માટે અ તે સમુદ્રપારની, અથવા દંડ સાથે દંડ વિના, કેદની શિક્ષાને લાયક એમ સમજવું.

કલમ ૧૯૬ મી.

૧૯૬. કાંઇ શાહેદી ખોટી છે અથવા પુરાવો બનાવટનો છે એવું જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે સાહેદી અથવા પુરાવાને ખરી સાહેદી અથવા ખરા પુરાવાની માફક વાપરે અથવા વાપરવાની કોશિશ કરે, તે માણસને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય અથવા ખોટો પુરાવો બનાવ્યો હોય એવી રીતે શિક્ષા કરવામાં આવશે. ખોટા પુરાવા.

માહારાણી કેસરે હીંદ. વિ. ખેરોડચંદ્ર મજમુંદાર તથા બીજાઓ.

કલમ ૧૯૬.
૧
તા૦ ૨-૩-૮૦
ઈ. ૫ ક. પા. ૭૧૭
બનાવટી ખોટુ દસ્તાવેજ પુરાવામાં વાપર્યું એ ૪૭૧ મી કલમ પ્રમાણે ગુનહો છે પણ ૧૯૬ મી કલમ પ્રમાણે ગુનહો થતો નથી.

बंधवा उपर एक एवुं आरोप हतुं के, तेणे एक दीवानी दावामां जे दस्तावेज ते करतरीम जाणतो हतो, ते दस्तावेज तेणे पुरावामां वापर्यु, आवो गुन्हो, ही. पी. को. नी ४७१ मी कलम प्रमाणे गणवो जोइए. तेथी आवा तोहोमतदार उपर तेज कायदानी १९६ मी कलम प्रमाणे नहीं, परंतु ४७१ मी कलम प्रमाणे तोहोमत राखवुं जोइए.

આ કામના બંધવા વિરૂદ્ધ જે હકીકત કહેવામાં આવી છે તે એ છે કે, તેઓએ એક કાજીલયપુલહક, ઉપર એક દીવાની દાવો કર્યો હતો તેમાં, પુરાવા તરીકે એક પાવતીનો પત્ર દાખલ કર્યો, તે પાવતી કેમ જાણે વાદીયોને પ્રતીવાદીએ આપી હોય, એવી રીતની હતી. આ પાવતીના દસ્તાવેજની તારીખ, બદદયાનતથી ૧૮૭૬ માંથી ૧૮૭૭ કરી નાંખી છે, એમ કહેવામાં આવ્યું હતું. વળી તેવાજ પ્રકારની કપટવાળી મતલબથી બંધવાઓએ બે સાહેદીઓનાં નામ તેમાં પછવાડેથી સાક્ષી તરીકે ઉમેર્યા હતાં, એમ પણ કહેવામાં આવ્યું હતું. મેજીસ્ટ્રેટે તે બાબતનો તપાસ કરીને બંધવાઓ ઉપર હી. પી. કો. ની ૧૯૬ મી કલમનું તોહોમત રાખી તેણે પોતે તેઓનો ઇનસાફ કર્યો. અને બંધવાઓને અપરાધી ઠરાવ્યા.

સેસન જડજ પાસે અપીલમાં જે જે વાંધા લેવામાં આવ્યા, તેમાં એક એવો વાંધો લેવામાં આવ્યો કે, જો બંધવાએ કાંઇ ગુન્હો કર્યો હોયતો, તે ગુન્હો હી. પી. કો. ની ૪૭૧ મી કલમ માંહેલો ગુન્હો છે. અને તે ગુન્હો માત્ર એકલી સેસન કોરટ સાંભળી શકે એવો છે. અને તેથી ૧૯૬ મી કલમ માંહેલા ગુન્હાનું તોહોમત મુકવામાં તથા તેનો ઇનસાફ કરવામાં મેજીસ્ટ્રેટે ચુક કરી છે. સેસન કોર્ટે આ વાંધો ગણકાર્યો નહીં. અને સાબીત થયેલી હકીકત ઉપરથી તેણે મેજીસ્ટ્રેટે જે સજા કરી હતી તે બાહાલ રાખી. ત્યારબાદ આ મુકરદમો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ઠરાવ જોઇને સુધારવાની કલમોની રૂયે, હાઈકોરટમાં આવ્યો.

અરજદાર તરફથી બાબુ મનમોહન ઘોશે તથા બાબુ અખીલચંદ્રસેને દલીલ કરી કે, જ્યાં સાબીત થયેલી હકીકત ઉપરથી એમ માલુમ પડે કે, હરકોઇ ગુન્હો એકલી સેસન

કોર્ટ સાંભળી શકે છે, તે ગુન્હો પોતાની હકુમત તળે લાવીને બંધવાના ઉપર નાહાના ગુન્હાનું તહોમત રાખીને માજીસ્ત્રેટને ઇનસાફ કરવાનો અધીકાર નથી. આ મુકરદમો સેસનમાં કમીટ કરવા સારૂ માજીસ્ત્રેટને અરજ કરવામાં આવી હતી. સેસન જડજે મેહેરઅલીનો વગર છપાયેલો ફેંસલો શાહદતમાં બતાવ્યો છે. તેમાં બંધવો ક્રી. પી. કો. ની ૧૯૩ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠર્યો હતો. કેમકે તેણે જે પુરાવો આપ્યો હતો, તે પુરાવો કરતરીમ દસ્તાવેજની પુષ્ટીમાં આપ્યો હતો, અને તેથી તે કલમ પ્રમાણે તે ગુન્હાનો ઇનસાફ કરવાને માજીસ્ત્રેટને જે અધિકાર હતો, આ કામમાં તો કરતરીમ દસ્તાવેજ સાચું જાણીને વાપરવાનો ઠરાવ થયો છે.

જસ્ટીસ જાકસનનો ઠરાવ:—

વાજબી રીતે આ મુકરદમાનો ઇનસાફ ૧૯૬ મી કલમ પ્રમાણે નહીં, પરંતુ ક્રી. પી. કો. ની ૪૭૧ મી કલમ પ્રમાણે થવો જોઈતો હતો. અને તેથી મેજીસ્ત્રેટને આ મુકરદમામાં ગુન્હાનો ઠરાવ કરવાનો અધીકાર હતો નહીં, પરંતુ તેણે બંધવાને સેસન કોર્ટમાં ઇનસાફ થવા સારૂ કમીટ કરવા જોઇતા હતા. આ ઠેકાણે અમારે કહેવું જોઇએ કે, રાણી વિરૂદ્ધ ઉડણલાલ (૩ વી. રી. ૧૭) નો માત્ર એકજ કેશ છે, અને તે મુકરદમામાં આ મુકરદમા જેવી હકીકતની રૂઇએ ૧૯૬ મી કલમના ગુન્હાનો ઠરાવ કંઈ કારણથી થયેલો છે. પરંતુ તે ઠરાવ જુરીની મદદથી સેસન જડજે કર્યો હતો, અને તેથી હકુમતનો સવાલ તેમાં ઉભો થયો નહોતો. વળી તે મુકરદમાના ઠરાવમાં આપેલો અભીપ્રાય બીજા કોઇ કામોમાં મંજુર રાખ્યો હોય એવી અમોને ખબર નથી. તથા તે ફેંસલો એકજ જડજે કરેલો છે, તેથી અમારો એવો અભીપ્રાય થાય છે કે, ગુન્હાનો ઠરાવ રદ કરવો જોઇએ અને બંધવાઓને ઇનસાફ થવા સારૂ કમીટ કરવા જોઈએ.

લક્ષ્માજી વિ. કેસરે હીંદ.

કલમ ૧૯૬.

૨

તા૦ ૧૮–૧–૮૪
ઇ. ૭ મ, પા. ૨૮૯
ખોટો બનાવેલો પુરાવો રજીસ્ટાર પાસે વાપરવા સારૂ બનાવ્યો હતો એ દલીલ ૧૯૬ મી કલમના ગુનહાના ઠરાવની સામે વાંધો લેવામાં વાજબી ગણાતી નથી.

ल नामना सक्षे एक दस्तावेजनी रुइए दावो कर्यो, अने एक बनावटी कागळथी पोताना हकने मजबुत करवानुं तेणे प्रयत्न कर्युं. सदरहु दस्तावेज ल रजीष्टर करावी शके, एटला सारु ए पत्र बनाव्यानो संभव छे. ही. पी. को. नी १९६ मी कलमनो ल ने अपराधी ठराव्यो.

ठराव्युं के:—रजीष्टार पासे वापरवा सारु ए पत्र बनाव्यो हतो, एवी तकरार आ गुन्हाना ठरावनी सामे वाजबी नथी.

આ મુકરદમાની હકીકત તથા દલીલો જોઇએ તેટલી હાઇકોર્ટના ઠરાવમાંથી મળી આવે છે.

અપેલેંન્ટ તરફથી બ્રેન્સન સાહેબ.

સરકાર તરફથી શેપર્ડ સાહેબ.

અપેલેંન્ટના વકીલે પોતાની દલીલની પુષ્ટીમાં માહારાણી કેસરે હિંદ વિરૂદ્ધ ખેરોડચંદ્ર મજમુંદાર (૫. ક. ૭૧૭) ના ફેંસલાની શાહદત આપી.

હાઇકોર્ટ તરફથી આ કામનો ઠરાવ, જસ્ટીસ કીંડર્સલી તથા હચીનસને નીચે પ્રમાણે આપ્યો છે.

ઠરાવ.

સને ૧૮૭૫ માં એક પટાભીરામા આયર જેપુરનો દીવાન હતો. વળી એક મદુગુલા નામની જાગીરની પણ તેને સુપ્રુતી હતી. આ જાગીર પટાભીરામા આયરના શેઠને ત્યાં ગીરો મૂકવામાં આવી હતી. આ કામનો અપેલેંન્ટ આ બંને જાગીરોનો મુખતીયાર હતો. એક, (अ) નામનું દસ્તાવેજ કેમ જાણે, મદુગુલાના ગીરાસીયાએ, અપેલેન્ટને કરી આપ્યું હોય, તેવું દસ્તાવેજ અપેલેંન્ટે તારીખ ૨૧-૪-૭૫ ને રોજ રજીષ્ટર કરાવ્યું. સને ૧૮૮૧ માં આ દસ્તાવેજને આધારે તેણે દાવો કર્યો. અને તે દાવાના ઇનસાફમાં પોતાના હકને એક (ब) પત્રથી મજબુત કરવાનું તેણે પ્રયત્ન કર્યું એ ब પત્ર, કેમ જાણે અપેલેંન્ટને પટાભીરામા આયરે, તારીખ ૧૦-૪-૭૫ ને રોજ મદુગુલેથી લખ્યો હોય, એવી રીતનો તે પત્ર હતો. અને તેની સાથે अ દસ્તાવેજ બીડયું હતું. આ પત્ર બનાવટી છે એમ કોર્ટની નજરમાં આવતાં અપેલેંન્ટ ઉપર ફોજદારી કામ ચલાવવાની મંજુરી આપવામાં આવી.

ત્રણ તોહોમતો રાખીને તેને કમીટ કરવામાં આવ્યો. સદરહુ પત્રના સંબંધમાં તેણે ખોટો પુરાવો આપ્યો, તે વીશેનું તેના ઉપર પેહેલું તોહોમત હતું. પરંતુ જે જુબાની તેણે આપી હતી, તે જુબાની કાયદા પ્રમાણે તેને વાંચી નહીં સંભળાવવાના પરણામથી, આ પેહેલું તોહોમત તુટી પડયું. ત્રીજું તોહોમત ૪૭૧ મી કલમ પ્રમાણે ઘડયું હતું. અને કોઇ એક કરતરીમ દસ્તાવે બદદાનતથી વાપર્યાનું તેના ઉપર આ તોહોમતથી આરોપ મુકવામાં આવ્યું હતું. આ ત્રીજા તોહોમતથી પણ તેને નીરદોષ ઠરાવ્યો હતો. કેમકે अ દસ્તાવેજ કરતરીમ હતું, અથવા ખરેખરૂં તેનું માગણું નોહોતું, એવો પુરાવો નહોતો. અને તેથી બદદાનત, અથવા ગેરકાયદેસર હાની કરવાનો ઈરાદો સાબીત થયો નહીં. ब પત્ર એક ખોટો બનાવેલો લેખ છે, એમ જાણવા છતાં, તેણે બદ નીષ્ટાથી વાપર્યો, તેથી ૧૯૬ મી કલમ માંહેલા ગુન્હાનું તેના ઉપર બીજું તોહોમત હતું, આ તોહોમતનો તેને અપરાધી ઠરાવી ચાર વરસની સખત કેદની તેને સજા કરવામાં આવી.

ખુદ અપેલેંન્ટે મોટો શ્રમ લેઇને એક લખેલો બચાવ દાખલ કર્યો છે. વળી તેના તરફથી તેના વકીલે જે દલીલો કરી છે, તેપણ અમે સાંભળી છે અને તે દલીલ એવીછે કે, ૧૯૬ મી કલમ લાગુ પાડવાનો બીલકુલ સંભવ નથી. અને જો કોઇ કલમ લાગુ પડતી હોયતો, તે ૪૭૧ મી કલમ છે. પરંતુ એ કલમના ગુન્હામાંથી ના સાબેતીનો ઠરાવ કર્યો છે, વળી તે બાબત અપીલ કરવામાં આવી નથી. માટે હવે અપીલમાં તે ગુન્હાનો ઠરાવ થઇ શકતો નથી. ૧૯૬ મી કલમના સબંધમાં તેણે જે દલીલ આપી છે, અને જે દલીલ અમે સાચી માનીયે છેએ તે એછે કે, તે કલમ ૧૯૧ તથા ૧૯૨ મી કલમ સાથે વાંચવી જોઇએ. અને ૧૯૧ મી કલમના અર્થ પ્રમાણે જે પુરાવો ખોટો હોય, અથવા ૧૯૨ મી કલમની વ્યાખ્યા પ્રમાણે જે પુરાવો બનાવટી હોય, તેવા પુરાવાનો ઉપયોગ કરવામાં આવે ત્યારેજ ૧૯૬ મી લાગુ પાડી શકાય છે. વળી તેણે એક બીજી દલીલ કરી છે, અને જે દલીલ અમે સાચી માનીયે છીએ, તે દલીલ એછે કે, જ્યાં સુધી કોઈ ખોટું દસ્તાવેજ બનાવવા ટાણે, તે દસ્તાવેજ પુરાવામાં આપવાનો ઈરાદો નહોય ત્યાં સુધી ૧૯૨ મી

કલમ પ્રમાણે, તે દસ્તાવેજ બનાવટી પુરાવો ગણાય નહીં. ત્યારબાદ સદરહુ પત્ર તેમાં લખેલી તારીખે બનાવ્યો હતો. તથા તે પત્ર લખવામાં જે સક્ષનું નામ બોલે છે, તે સક્ષે સદરહુ દસ્તાવેજ રજીષ્ટર કરાવી દેવામાં અપેલેન્ટને મદદ આપવા સારૂ બનાવ્યો હતો. એમ સેસન જડજે અભીપ્રાય બાંધેલો છે, તે અભીપ્રાય જોવાની તેણે અરજ કરી. તથા દીવાની કોર્ટમાં જે કામ ચાલે, તથા રજીષ્ટર કોર્ટમાં જે કામ ચાલે, તેની વચેનો તફાવત બતાવીને, તે વકીલે એવી દલીલ કરી છે કે, તે રજીસ્ટ્રાર પાસે વાપરવાસારૂ સદરહુ પત્ર, બનાવ્યો હોય તોપણ દીવાની કોર્ટમાં તદન જુદાજ કામને વાસ્તે તેનો ઉપયોગ કરવાથી ૧૯૬ મી કલમ પ્રમાણે ગુન્હો થતો નથી. આ ઠેકાણે તેની દલીલ તુટે છે, કોઇ પણ કામમાં પુરાવા દાખલ વાપરવા સારૂ જો તે પત્ર બનાવ્યો હોય, તો તેને બનાવટી પુરાવો કહેવો જોઇએ. અને હરકોઇ બનાવટી પુરાવાનો બદ નીએટથી ઉપયોગ કરવો, એ ૧૯૬ મી કલમ પ્રમાણે ગુન્હો થાય છે. જો સદરહુ પત્ર બનાવટી હોયતો, તેની મતલબ સેસન જડજની અટકળ પ્રમાણે રજીસ્ટ્રાર પાસે વાપરવાની હોવી જોઇએ, અથવા કાંતો જે છેવટના દીવાની દાવામાં વાપર્યુ છે. તેમાં વાપરવાની હોવી જોઇએ, અથવા કાંતો બંનેમાં વાપરવાની હોવી જોઈએ. આ શીવાય બીજી મતલબ હોય, એમ સમજી કીંવા કલ્પી શકાતું નથી. અને સદરહુ પત્ર ખરેખરો આ સઘળી મતલબોમાંથી એક મતલબને માટે વપરાયો છે, તે ઉપરથી તેવી રીતે વાપરવાની મતલબ હતી, એવું અનુમાન કરવું હોયતો થઈ શકે છે.

સદરહુ પત્ર બનાવટી હતો કે નહીં.? તે વિશેનું નકી કરવું રહે છે. સને ૧૮૭૫ ના એપ્રીલની ૧૦ મી તારીખે પટાભીરામા આયર મદુગુલાની નજીકમાં કોઇ ઠેકાણે હતો નહીં. એ વાત નીઃસંદેહ સાબીત થઇ છે અને તેથી, સદરહુ પત્ર બનાવટી કર્યો હતો, એટલું બતાવવાને બસ છે.

તેથી હવે સાબીત થાય છે કે, જો અપેલેન્ટને પોતાનો બચાવ કરવાને વાસ્તે, વાજબી તક આપી નહોતી, એવું જ્યાં સુધી ન ઠરે ત્યાં સુધી ગુન્હાનો ઠરાવ કાયમ રાખવો જોઇએ. ફક્ત એકજ બાબતમાં અપેલેન્ટને વાજબી તક મળી નહોતી, તેનું ચાલેલા કામના દફતર ઉપરથી જણાઇ આવે છે. દફતર તથા ખાસ રીતે સેસન જડજના ઠરાવના તેરમાથી સોળમા પેરીગ્રાફ સુધીમાં સેસન જડજે, જે હકીકત બની છે તેનું સરટીફીકેટ આપેલું છે, તેની પાસે એવો વાંધો લેવામાં આવ્યો હતો કે, બીજા કોઇ કામમાં ચાર સક્ષોએ જે જુબાની આપી હતી, તે જુબાનીની નકલ, અપેલેન્ટને કમીટીંગ મેજીસ્ટ્રેટે આપવાની ના પાડી છે. અને આ તકરારના સંબંધમાં સેસન જડજે ઠરાવ કરેલો છે કે, તે જુબાની લગતી નથી. આ ઠરાવ તેણે પોતાના ઠરાવના ૧૫ મા પારીગ્રાફમાં ખાસ રીતે આપેલો છે, તે ઠરાવ અમારા ધારવા પ્રમાણે સાચો છે. તેણે તેમાં જે કારણો આપ્યાં છે, તેમાં અમે એક વધતું કારણ ઉમેરીએ છીએ કે, આ ચારે સક્ષોમાંથી કોઇ સક્ષને કમીટીંગ મેજીસ્ટ્રેટ કીંવા સેસન કોર્ટ પાસે તપાસવામાં આવ્યા નહોતા. માટે આ મુકરદમો પાછો મોકલવાની અમે ના પાડીએ છીએ. હવે સજાનું વિચારવાપણું રહે છે. અપેલેન્ટે જાતે ખોટી સાક્ષી આપ્યાનું તેના ઉપર ભારે ગુન્હાનું તોહોમત હતું, તેમાંથી તેને મુક્ત કરેલો છે, અને જે દસ્તાવેજની રૂઈએ, તેણે ફરીયાદ કરી હતી, તે દસ્તાવેજ સાચું હતું, એમ માનવાને અમારૂં દિલ ચાહે છે. જે ગુન્હાનો તેને અપરાધી ઠરાવ્યો છે, તે ગુન્હો એક બનાવટી કાગળનો ઉપયોગ કરવાનો છે. અને જે પત્ર, આ દસ્તાવેજ વધારે સહેલાઇથી રજીષ્ટર થવા સારૂ, તથા દસ્તાવેજ લખી આપનાર તરફથી લખાવી લેનાર તેના ખરાપણાની કબુલત કરે, તેમાં રજીષ્ટ્રાર કાંઇપણ મુશકેલી નલાવે એટલા સારૂ એ પત્ર લખાયો હોય, એમ દેખાય છે. આટલા ગુન્હાને માટે ચાર વરસની સજા અમોને ઘણીજ સખત લાગે છે, વળી અપેલેન્ટ એક બીજી ભારે સજા ભોગવે છે, તેથી ચાર વરસની સજામાંથી ઘટાડો કરીને અમે એક વરસની સજા કરીએ છીએ.

કલમ ૧૯૭ મી.

૧૯૭. જે સર્ટીફીકેટ આપવાનુ અથવા જે સર્ટીફીકેટપર સહી કરવાનું કાયદામાં ફરમાવ્યું હોય એવું સર્ટીફીકેટ; અથવા જે હકીકતના પુરાવામાં જે સર્ટીફીકેટ કાયદા પ્રમાણે લઇ શકાય તેવી કાંઇ હકીકત બાબતનું સર્ટીફીકેટ, કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એમ જાણીને અથવા એમ માનીને જે માણસ તે સર્ટીફીકેટ આપે અથવા તે પર સહી કરે, તેને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

ખોટું સર્ટીફીકેટ આપવું અથવા તે પર સહી કરવી.

કલમ ૧૯૮ મી.

૧૯૮. એવું કાંઈ સર્ટીફીકેટ કાંઈ જરૂરની બાબતમાં ખોટું છે એમ જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે સર્ટીફીકેટને ખરા સર્ટીફીકેટની માફક વાપરે અથવા વાપરવાની કોશીશ કરે, તેને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એવું જાણેલું સર્ટીફીકેટ ખરાની માફક વાપરવું.

કલમ ૧૯૯ મી.

૧૯૯. જે એકરાર કોઇ ઇનસાફની કોરટ અથવા કોઇ સરકારી નોકર, અથવા બીજો સખસ કાંઇ હકીકતના પુરાવા દાખલ કબુલ કરવાને કાયદાથી બંધાએલો અથવા અખત્યાર પામેલો હોય, એવા કોઇ એકરાર મધે, જે કારણસર તે એકરાર કરવામાં અથવા વાપરવામાં આવે તેને લગતી કાંઇ જરૂરની બાબત સંબંધી ખોટી હોય એવી, તથા ખોટી છે એવું પોતે જાણતો કે માનતો હોય એવી, અથવા ખરી છે એવું પોતે ન માનતો હોય એવી કાંઇ કેફીયત જે માણસ તે એકરાર કરે અથવા તે પર સહી કરે તે માણસ લખે તો તે માણસને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય, એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

કાયદા પ્રમાણે પુરાવામાં લઇ શકાય એવા કોઇ એકરારમાં લખેલી ખોટી કેફીયત.

કલમ ૨૦૦ મી.

૨૦૦. એવો કાંઇ એકરાર કાંઇ જરૂરની બાબતમાં ખોટો છે એમ જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે એકરારને ખરા એકરારની માફક વાપરવાની કોશીશ કરે, તેને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

એવો કોઇ ખોટો જાણેલો એકરાર ખરાની માફકવાપરવો

ખુલાસો.—જે એકરાર ફકત કાંઇ ગેરશીરસ્તે વાત બની હોય તે સબબ ઉપરથીજ પુરાવામાં કબુલ નહી થઇ શકતો હોય તેને પણ ૧૯૯ મી તથા ૨૦૦ મી કલમોના અર્થ પ્રમાણેનો એકરાર સમજવો.

કલમ ૨૦૧ લી.

૨૦૧. કાંઇ ગુનોહ થયો છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં જે માણસ તે ગુનેહગારને કાયદા મુજબ થતી શિક્ષાથી બચાવવાના ઇરાદાથી તે ગુનોહ થયાનો કાંઇ પુરાવો ઉડાવે, અથવા એવા ઇરાદાથી જે માણસ પોતે ખોટી જાણતો અથવા માનતો હોય એવી કાંઇ ખબર તે ગુના બાબત આપે તે માણસને, અગર જે ગુનોહ થયો, એવું તે જાણતો અથવા માનતો હોય તે ગુનાહને માટે મોતની શિક્ષા થઇ શકતી હોય, તો સાત વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે માણસ દંડને પણ લાયક થશે; અને જો તે ગુનાહને માટે જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વર્ષ સુધીની કેદની, શિક્ષા થઇ શકતી હોય તો તે માણસને, ત્રણ વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે માણસ દંડને પણ લાયક થશે; અને જો તે ગુન્હાને માટે દશ વર્ષથી ઓછી મુદત સુધીની કેદની શિક્ષા થઇ શકતી હોય, તો તે માણસને, તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની, તથા તે ગુન્હા માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની, કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઇ ગુન્હો કરનારને બચાવવાના ઈરાદાથી તે ગુન્હો થયાનો પુરાવો ઉડાવવો અથવા તે બાબત ખોટી ખબર આપવી.

દ્રષ્ટાંત.

બ એ ઝનું ખુન કર્યું છે એવું જાણીને, બ ને શિક્ષાથી બચાવવાના ઇરાદાથી, લાશ સંતાડવામાં બ ને અ મદદ કરે તો સાત વરસની એમાંના ગમે તે પ્રકારની કેદની, તથા દંડને પણ અ લાયક છે.

માહારાણી કેસરે હીંદ વિ. કીસ્ના તથા એક બીજો.

कलम २०१.
१
ता० १८-२-८०
ઇ. ર્આ. પા. ૭૧૩

ब नुं खेतर हतुं तेमां ब तथा क ए ज नुं मोत आण्युं. अने पछी ज नी लाशने तेना पोताना खेतरे लेइ गया. ते एवी मतलबथी के, पोतानी मेळे सजामांथी बची जवुं, आ हकीकत उपरथी क ने २०१ ली कलम प्रमाणे अपराधी ठराव्यो. ठराव्युं के, आ कलम खरेखरा गुन्हेगार होय. ते सिवाय बीजा सक्षोने लागु छे, अने तेथी सजामांथी बचवाने सारु क ए जे कांइ काम कर्युं तेने मांटे ए कलम प्रमाणे वाजबी रीते ए क ने सजा थवी जोइए नहीं. वात मुदे जोइए छैए तो, एवी छे के, ज नी लाश एक खेतरमांथी लेइ जइने, बीजाना खेतरमां नांखवी, तेथी ते लाशनो पुरावो संताडयो कहेवाय नहीं. अने जो पोता उपर शक आवे ते न आववा सारु लाश खसेडी होय तोपण ते कृतथी २०१ ली कलममां जे गुन्हो कहेलो छे ते गुन्हो थतो नथी.

કોઇ ગુન્હેગાર એક ગુન્હો કરીને તે ગુન્હાનો પુરાવો સંતાડે તો તે આ કલમ પ્રમાણે ગુનેહગાર થતો નથી.

આ રીપોર્ટ માટે જેટલી હકીકત જરૂરની છે તે એવી છે કે:—કીસ્ના તથા ભોજા ઉપર શાહારાનપોરના સેસન જડજ પાસે, એક જીવણનું ખુન કર્યાના તહોમતનું તથા ખુનમાં ન સમાઈ શકે, એવા જીવણના શીક્ષણીય મનુષ્યવધના તહોમતનું કામ ચાલતુ હતું. તથા હી. પી. કો. ની ૨૦૧ લી કલમ પ્રમાણે સજા થઇ શકે એવા ગુન્હાના તહોમતનું પણ કામ ચાલ્યું હતું. છેલા તહોમતના સંબંધમાં કામ ચાલતી વખતે પડેલા પુરાવા ઉપરથી એમ જણાયું કે, આ બે બંધવાઓએ તથા ભીખને જીવણને ભીખનના ખેતરમાં મારી નાંખીને તેની લાશને તે ખેતરમાંથી લેઈ જઈને જીવણનાજ ખેતરમાં ફગાવી દીધી. ખુનમાં ન સમાય એવા શિક્ષણીય મનુષ્યવધનો સેસન જડજે કીસ્નાને અપરાધી ઠરાવ્યો. તથા પોતાની મેળે સજામાંથી બચવા સારૂ શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો પુરાવો એ જીવણના ખેતરમાં તેની લાશ ફગાવી દીધાથી સંતાડયાના ગુન્હાનો પી. કો. ની ૨૦૧ લી કલમ પ્રમાણે તેને અપરાધી ઠરાવ્યો.

કીસ્નાએ હાઇકોર્ટમાં અપીલ કરી.

કોર્ટનો ઠરાવ:—

નીચે પ્રમાણે છે. પીયરસન જસ્ટીસ:—અપીલના કારણોને પુષ્ટી આપવા સારૂ અપેલેંન્ટ તરફથી કોઈ હાજર થયું નથી. સેસન જડજે ઠરાવ્યું છે, તથા શોધ્યું છે, તે ઉપર અપીલ કરવાના કારણો અપીલની અરજીમાંથી દેખાઈ આવતાં નથી. તથાપી જે શોધનો થયાં છે, તે સામે ભારે વાંધો લેવા જેવાં છે. પોતાને તથા બીજાઓને સજામાંથી બચી જવા સારૂ કરેલા ગુન્હાનો પુરાવો સંતાડયા વાસ્તે, અપેલેંન્ટને અપરાધી ઠરાવ્યો છે. હવે હી. પી. કો. ની ૨૦૧ લી ખરેખરા ગુન્હેગારો શીવાય, બીજાઓને લાગુ પાડવાનું ઠરાવ્યું છે. અને તેથી સજામાંથી બચી જવા સારૂ અપેલેંન્ટે જે કાંઇ કરેલું છે, તે માટે તેને વાજબી રીતે સજા થાય નહીં. પરંતુ ખરેખરી વાત જોઇએ તો, એક ખેતરમાંથી બીજા ખેતરમાં લાશ લઇ જવાથી, જીવણની લાશથી જે પુરાવો મળવાનો હતો, તે પુરાવામાંથી કાંઇ પુરાવો સંતાડયો, એમ કહેવાય નહીં. પોતા ઉપર કે ભીખન ઉપર ઉભો થાય, તે ન થવા સારૂ તેની મતલબ હશે. તેમ કરવાથી હી. પી. કો. ની ૨૦૧ કલમમાં જે ગુન્હાની વ્યાખ્યા આપી છે, તે ગુન્હો થતો નથી. તેથી એ કલમ પ્રમાણે કરેલો ઠરાવ તથા સજા રદ કરવામાં આવે છે.

કેસરે હીંદ વિ. અબદુલ કાદર.

કલમ ૨૦૧.

૨

તા૦ ૧૧-૧૧-૮૦
ઈ.૩ અ. પા. ૨૭૯

જે ગુન્હાનો પુરાવો સંતાડીને ગુનોહ કરવાનું કહેવામાં આવતુ હોય તે ગુનોહ થવો જોઇએ.

हिंदुस्थानना पीनलकोडनी कलम २०१ मांहेल्ञ गुन्हानो ठराव वाजबी छे. एम गणवा सारु हरकोइ गुन्हो जेने माटे कोइ सक्ष गुन्हेगार ठरेल होय, अथवा फोजदारी रीते जवाबदार होय, ते गुन्हो थवो जरुरनोछे.

એક અબદલ હકીમે એક બંધુ નામના સક્ષનું મોત આણ્યું. તેથી તેને મીરતના સેસનજડજ પાસે ખુનમાં ન સમાઇ શકે એવા શીક્ષણીય મનુષ્યવધના ગુનાહનું તોહોમત રાખી ઇનસાફ વાસ્તે ખડો કરવામાં આવ્યો.

૧૮૮૦ ના એપ્રીલની ૮ મી તારીખે સેસનજડજે તેને એ ગુન્હામાંથી નીરદોષ કર્યો. ત્યારબાદ બંધુનું ખુન કર્યાના પરીણામમાંથી અબદુલ હકીમને બુચાવવા સારૂ, બંધુની લાશને અબદુલ કાદરે બળાવી દીધી, તેથી હી. પી, કો. ની ૨૦૧ લી કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે, એવા કોઇ બનેલા ગુન્હાનો પુરાવો નાશ કરવાના ગુન્હા વાસ્તે સેસન જડજ પાસે તેનો ઇનસાફ થયો. અને ૧૮૮૦ ના અપ્રીલની ૨૮ મી તારીખે તે સેસનજડજે તેને સદરહુ ગુન્હાનો અપરાધી ઠરાવ્યો. સદરહુ ઠરાવ ઉપર તેણે હાઇકોર્ટમાં અપીલ કરી, અને તેનાં બીજાં કારણોમાં એવું કારણ બતાવ્યું કે, ગુન્હો થયો છે, એમ સાબીત થયું નથી. તો તે ગુન્હાનો પુરાવો સંતાડયાનો હું કાયદેસર અપરાધી ઠરી શકતો નથી. તે અપીલની સુનાવણી જસ્ટીસસ્ટ્રેટ પાસે ચાલી અને નીચેનો સવાલ ફુલબેંચ તરફ લખી મોકલ્યો.

"હીંદુસ્થાનના પીનલકોડની કલમ ૨૦૧ પ્રમાણે ગુન્હાનો ઠરાવ વાજબી ગણવા સારૂ જે ગુન્હાને માટે કોઇ સક્ષ ગુન્હેગાર ઠર્યો હોય, અથવા જે ફોજદારી રીતે પીનલકોડની કલમ ૪૦ ના અર્થ પ્રમાણે જવાબદાર હોય, તે ગુન્હો થવો જોઇએ, એમ જરૂરનું છે કે નહીં?

અબદુલ કાદર તરફથી રોસ સાહેબ તથા શાહઅશદ અલી.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ.

ફુલબેંચે આપેલો ઠરાવ નીચે પ્રમાણે છે.

ચિફ જસ્ટીસ સ્ટુઅર્ટનો ઠરાવ:

આ લખાણના ઉતરમાં માહારો જવાબ હાની રૂપમાં છે. જો હીંદુસ્થાનના પીનલકોડની કલમ ૨૦૧ અનુસાર હું કોઈ ગુન્હાનો ઇનસાફ કરતો હત, અને તે ઇનસાફની દરમીયાનમાં સાબીત થયું હતું કે, કોઇ ગુન્હો થયો નથી, તો નીરદોશીત પણાનો અભીપ્રાય આપવા વાસ્તે, જ્યુરીને આદેશ કરવાની હું મારી ફરજ માનત, પીનલકોડ પ્રમાણે મનનો વીતર્ક ગમે તેવો અપરાધવાળો અને દોષીત હોય, તોપણ તે મનના વીતર્ક અથવા ભ્રમણને વાસ્તે કોઇ સક્ષનો ઇનસાફ થઇ શકતો નથી.

"કોઇ ગુન્હો બન્યો છે એમ જાણીને અથવા માનવાનું કારણ હોઈને" આ શબ્દો થોડા ઘણા કઢંગી રીતે વાપર્યા છે, તેથી કલમ ૨૦૧ ના અર્થના સંબંધમાં બહુ ભાંજગડ ઉઠયા કરે, અને તે શબ્દો તરફ પ્રથમ નજર કરીએતો તે ઉપરથી જણાય છે કે, માત્ર કાંઇ માનવાનું કારણ હોવું, તે ગુન્હાનો ઠરાવ ટકાવી રાખવા બસ છે. પરંતુ મંજુર થયેલા શીક્ષાના ધારાના ન્યાયતત્વો પ્રમાણે કોઈ ગુન્હો ઉઘાડી અને ખરેખરી રીતે થવો જોઈએ. અને પછી એ કલમનો અર્થ અને એ અર્થમાં તે કલમની શરૂઆતના શબ્દોનું નીરમળ ભાષ્ય નીચે પ્રમાણે થઇ શકે છે.

કોઇ ગુન્હો બન્યો છે એમ જાણ્યા પછી, અથવા કોઇ ગુન્હો બન્યો છે એવું માનવાનું કારણ હોવા પછી સદરહુ ગુન્હો ખરેખર બન્યો છે." કલમ ૨૦૧ નો આવોજ કાયદેસર અર્થ કરવો એમ હું માનું છું.

પીયસ્સન જસ્ટીસનો ઠરાવઃ—

આ સવાલના ઉત્તરમાં મારો જવાબ પણ હાની રૂપનો છે. "જાણીને અથવા માનવાનું કારણ હોઇને" એમ આ કલમમાં વપરાયેલા શબ્દો જોતાં તે કલમ માંહેલો ઠરાવ જે જે કામમાં ગુન્હો બન્યો નથી, તેને લાગુ પડતા નથી, એમ નીર્ણય થાય છે. જ્યારે કોઇ ગુન્હો બન્યો નથી, ત્યારે કોઇ સક્ષને તે ગુન્હો બન્યાનું પુરતું કારણ જાણવાનું અશક્ય છે. જ્યારે કોઈ ગુન્હો બન્યો નથી ત્યારે હરકોઈ સક્ષ ધારે કે, હા હું ગુન્હો બન્યાની વાત જાણું છું, અથવા માહારે માનવાનું કારણ છે, પરંતુ એમ ધારવામાં તેની ભુલ થાય છે. આવી ભુલના આવેશમાં, ગુન્હો બન્યાનો પુરાવો તે માનતો હોય, તેનો થોડો ઘણો પુરાવો તે ખસેડી નાંખે, અને તેમ કરવાથી નીતીની રુયે, તે વખતે ઠપકાને પાત્ર થાય, પણ કોઇ માણસને તેના ભ્રમણ વાસ્તે, જે કૃત્યથી પ્રજાને, કે મંડળીના કોઇ અંગભુતને ખરેખરૂં નુકશાન થયું ન હોય, તેવા કૃત્યને વાસ્તે કોઇ સક્ષને સજા કરવી, એ ફોજદારી કાયદાના કામથી બહાર છે. મારો મત પણ એવો છે કે "ગુન્હો" એ શબ્દનો અર્થ ખરેખરો ગુન્હો બન્યો હોય તે ગુન્હો સમજવો જોઇએ. અને તેવીજ રીતે, ગુન્હેગાર, એ શબ્દ કલ્પીત ગુન્હેગાર નહીં, પણ ખરેખરા ગુન્હેગારને લાગુ પડે છે.

જસ્ટીસ ઓલ્ડફીલ્ડનો ઠરાવઃ—

કલમ ૨૦૧ પ્રમાણે ગુન્હાનો ઠરાવ કરવા સારૂ જરૂરનું છે કે, જે ગુન્હાને માટે હરકોઇ સક્ષ ગુન્હેગાર ઠરેલ હોય, અથવા જે ફોજદારી રીતે જવાબદાર થયો હોય, તે ગુન્હો અવશ્ય થાવો જોઇએ. એ કલમની ભાષા ઉપરથી બીજો અરથ કરી શકાતો નથી. તે ભાષા એવી છે કે, "ગુન્હેગારને કાયદેસર સજામાંથી બચાવવાના ઇરાદાથી મજકુર ગુન્હો થયાની વાતનો પુરાવો નાશ કરે." જ્યાં સુધી કોઇ ગુન્હો થયો નથી ત્યાં સુધી તેની કાયદેસર સજાને કોઇ ગુન્હેગાર પાત્ર થતો નથી, અને જ્યાં સુધી કોઇ ગુન્હો થયો નથી ત્યાં સુધી જે કોઇ સક્ષ કાંઈ વસ્તુનો નાશ કરે, તે વસ્તુ કોઈ ગુન્હાનો પુરાવો કહેવાઇ શકાતી નથી.

કાયદાના હેતુનું હું એવું અનુમાન કરૂં છઊં કે, કરેલા ગુન્હા વાસ્તે ગુન્હેગારને સજા કરવી. પણ જે માણસો ભુલ ભરેલી અસરને આધીન થઇને, એમ માને છે કે, હરકોઇ ગુન્હો બન્યો છે, તે ગુન્હાનો પુરાવો જે પોતે માનતા હોય, તેનો નાશ કરવાથી તેઓ સજાને પાત્ર થતા નથી. આવા સક્ષને સજા શામાટે કરવી જોઇએ, એનું કાંઇ ઇનસાફનું હીત તથા રાજ્ય નીતી વિચારતાં હું કલ્પી શકતો નથી.

જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવઃ—

આ લખાણના જવાબમાં હું કહું છઊં કે, પીનલકોડની કલમ ૨૦૧ માંહેલા ગુન્હાનો ઠરાવ વાજબી છે. એમ ગણવા સારૂ હરકોઇ ગુન્હો જેને માટે, કોઇ સક્ષ ગુન્હેગાર ઠરેલ હોય, અથવા ફોજદારી રીતે જવાબદાર હોય, તે ગુન્હો થવો જોઇએ. આવો મત ધરાવતાં સાર્વજનીક પ્રબંધની દલીલનો મેં પુરેપુરો વિચાર કર્યો છે. પરંતુ શીક્ષા પદ્ધતીના કાયદાનો અર્થ કરતાં સરકારી વકીલ જે લાંપઠી રીતે અર્થ કરવાનું કહે છે. તેવું લાંપડાપણું હું વાપરી શકતો નથી તેમ કરવા સારૂ એ કલમ કેમ જાણે નીચે પ્રમાણે રચાઈ હોય, એવી રીતે મારે વાંચવી જોઇએ.

"કોઇ ગુન્હો થયો છે, એમ માનવાનું કારણ છતાં, તે માણસ માનેલા ગુન્હેગારને

શીક્ષાથી બચાવવાના ઇરાદાથી જે ગુન્હો થયો છે, એમ તે માને છે, તે ગુન્હો થયાનો પુરાવો પોતે માનતો હોય, તે પુરાવો ઉડાવે ઇત્યાદી."

જો કાયદાકારોનો આવી રીતનો ગુન્હો પેદા કરવાનું મન હતતો તેવો ઇરાદો દરસાવવા વાસ્તે વાક્ય રચના કરવામાં અડચણ ન આવત; તો તેવી બાબત આ કામમાં દાખલ કરવાનું હું મારા મનમાં વાજબી સમજતો નથી. જે વાક્ય રચના મારા જોવામાં આવે છે, તે રચના મારે ગ્રહણ કરવી જોઇએ.

પરંતુ આગળ ઉપર હરકત ઉઠે તેનું કેમ કરવું જોઇએ, એટલા માટે તે શબ્દોનો મારાથી તાંણી તુશીને અરથ થતો નથી. જે હરકોઈ ગુન્હો બન્યો હોય, અને પુરાવેથી માલમ પડે કે એક અકલવાંન માણસ તરીકે, બંધવાને તે ગુન્હો બન્યાનું માનવાનું કારણ હતું, અને એવી માન્યતા પ્રમાણે ગુન્હેગારને બચાવવા સારૂ પુરાવો ઉડાવે તો માહારા અભીપ્રાય પ્રમાણે તે સક્ષ ફોજદારી રીતે જવાબદાર છે, પણ બીજી કોઇ રીતે નથી. જે જડજોએ રાણી. વી. રામ રશીયાશીંહ તથા રાણી. વી. સુભરામની યાગીદ્વે (૩ મ. હા. રી. ૨૫૧)ના ફેંસલા ચુકવ્યા છે તેઓનો પણ આવોજ મત જણાય છે. અને એવા સ્પષ્ટ મતથી જુદા પડવાને હું કાંઈ કારણ જોતો નથી. માટે આ લખાણનો જવાબ જે ઉપર જણાવી ગયો છઉં તે પ્રમાણે સમજવો.

કેસરે હિંદ વિ. બેહેલા બીબી.

કલમ ૨૦૧.
૩
તા૦ ૭-૩-૮૧
ઈ. ૬ ક. પા. ૭૮૯

જે કામમાં કોઈ સક્ષ ગુનેહગાર થઈ શકે છે અથવા ગુનેહગાર થવાનો સંભવ છે, તે સક્ષ પોતે નીરદોશ થઈને બીજાને દોશમાં આણવા કાંઈ હકીકત કહે તેના કામને આ કલમ લાગુ પડતી નથી.

एक ओरत पोतानां नांनां बचाने लेइने पोताना धणीना घरमांथी जती रही. अने ए छोकरुं खोवायुं जांणीने तेनुं खुंन कर्याना तोहोमत उपरथी ते ओरतने पछवाडेथी पकडवामां आवी तेणीए त्रण जुदा जुदा मजकुरो कह्या (१) में ते छोकराने माहारा धणीने त्यां राख्युं हतुं. (२) मने र नामनो सक्ष फोसलावी लइ आव्यो, अने छोकरांने ते माहारी पासेथी लइ गयो हतो. (३) ह नामना सक्षे ते छोकरांने डुबावी दीधुं हतुं. सेशन जडजने छेला मजकुरनो भरुसो पडयो, अने तेणीने पीनलकोडनी कलम २०१ प्रजाणे गुन्हेगार ठरावी, ठराव्युं के ए ठराव खोटो छे, अने ते रद करवो जोइए. कोइ सक्ष गुन्हेगार थइ शके छे. अथवा गुन्हेगार थवानो संभव छे. ते सक्ष पोते नीरदोष थइने बीजाने दोशमां आणवा कांइ हकीकत कहे तेवा कामने पीनलकोडनी २०१ ली कलम लागु पडती नथी.

જસ્ટીસ પોન્ટીફેકસના ઠરાવમાં આ મુકરદમાની હકીકત લખવામાં આવી છે.

કોઇના તરફથી વકીલ હાજર નથી.

જસ્ટીસ પોન્ટીફેકસનો ઠરાવઃ—

અમારો મત થાય છે કે, આ મુકરદમામાં ગુન્હાનો ઠરાવ ટકી શકતો નથી કેફીયત નીચે પ્રમાણે છે.

અપેલેન્ટ બેહેલા પોતાના ધણી સાથે એક ઓરડીમાં પોતાનાં બચ્ચાંને લેઇને સુતી હતી. ભળકડે તેનો ધણી જાગ્યો, ત્યારે તેની ઓરત તથા છોકરીને દીઠાં નહીં, થોડો ઘણો શોધ કર્યા પછી એક સગાંને ઘેર માલુમ પડી. પણ તેની સાથે પેહેલું છોકરૂં નહોતું. છોકરાંને શુ થયું તેના સંબંધમાં તે વખ્તે અને પછવાડેથી તેણીએ એક બીજાથી વિરૂદ્ધ હકીકત કહી. એક વખ્તે તેણીએ કહ્યુ કે, હું તો છોકરૂં મ્હારા ધણીના ઓરડામાં મુકી આવી હતી. બીજી વખ્તે કહ્યું કે, મને એક રખાલ નામનો સક્ષ ફોસલાવી લેઇ ગયો, અને છોકરૂં જયારે રડવા માડયું, ત્યારે રખાલે કહ્યું કે, "એ છોકરાને તેના બાપ પાસે મુકી આવવા દે," એમ કહીને તે છોકરૂં લઇ ગયો, અને તરતજ પાછો આવ્યો. તે પછી ઓરત અને રખાલ બંને ભેગાં ચાલ્યાં ગયાં. મેજીસ્ત્રેટ પાસે તેણીએ કહ્યું કે, મને હરસતૌલા ફોસલાવી લાવ્યો. અને તેણે પેલાં છોકરાંને નદીમાં નાખી દીધું.

સેસન જડજને આ છેલી વાતનો ભરોંસો પડતાં તે ઓરતને, ખુન કરનારને કાયદેસર સજામાંથી બચાવવાના, એટલે હરસતૌલાને બચાવવાના ઇરાદાથી પોતાના છોકરા ઉજાલાના ખુનને લગતી ખોટી ખબર આપ્યાની તેણીને પીનલકોડની ૨૦૧ કલમ પ્રમાણે અપરાધી ઠરાવી જે ખબર ખોટી કહેવામાં આવે છે, તે રખાલના સંબંધમાં જે હકીકત તેણે કહી હતી, તેના સંબંધની હતી. રખાલની સબબમાં જે હકીકત કહી તેના કરતાં, હરસતૌલાની લગતી હકીકત વધારે સાચી છે, એ વીશેનો કાંઇ પુરાવો નથી, અને જડજે એક વાત ગ્રહણ કરવી, અને બીજી વાત ગ્રહણ ન કરવી, તેનું કાંઇ ખરૂં કારણ નથી.

રખાલની બાબતમાં એ ઓરતે જે કહ્યું, તે સંબંધમાં તેણે શું કહ્યું, તથા કહે પ્રસંગે શું કહ્યું તે બાબતનો પુરાવો ઘણો નબળો છે. અને પોલીસ અમલદારે આપેલી જુબાંની ખરેખર ઉજાળાના ખુનના સંબંધની નથી, કેમકે તેણીએ ફક્ત કહ્યું છે કે, છોકરાને તેના પાસે મુકી આવવાનો ઈરાદો દેખાડયા પછી રખાલ તે છોકરાને લઇ ગયો હતો. એમ જણાય છે કે, પોતાના ધણીના પડખામાંથી રાત્રે આ કમનશીબ ઓરત છાનું માનું ચાલી ગઇ હતી. અને તે છોકરાંને સાથે લેતી ગઇ, એમ માનવાને ઘણું કારણ છે. થોડા વખત પછી તે છોકરૂં તેની પાસે જોયામાં આવ્યું નહીં. એ છોકરૂં ઘણુંજ કુંમળી વયનું અને પોતાની મેળે સંભાળ ન લઇ શકે એવું હતું, આવા પ્રસંગમાં ભારી શક તે ઓરત તરફ ગયો, જ્યારે તેને પકડવામાં આવી ત્યારે તેણીએ એ છોકરાંને શું કર્યું, તેના સંબંધમાં એક બીજાથી વિરૂદ્ધ હકીકત કહી. આ હકીકત કહેવાનો તેણીનો દેખીતો મતલબ પોતાની મેળે ગુનાહમાંથી નીકળી જવાનો હતો. અમે ધારીએ છૈએ કે, પીનલકોડની ૨૦૧ કલમ આવા મુકરદમાને લાગુ પાડવાનો કાયદાકારોનો મતલબ નથી. એટલે કે જે કામમાં જે સક્ષ ગુન્હેગાર થઇ શકે, અથવા ગુન્હેગાર થવાનો સંભવ છે, તેમાં પોતે ગુન્હામાંથી નીકળી જઇને બીજાને ગુન્હામાં સપડાવવો એવા મજકુરને તે કલમ લાગુ નથી.

હરસતૌલાએ બચાંનું ખુન કર્યું, અને બેહેલા આ વાત જાણતી હતી, છતાં તેણીએ એ ખુંનને લગતી વાત હરસ તૌલાને સજામાંથી બચાવવના ઇરાદાથી કરી, એ વાત કોઇ પુરાવા ઉપર રહેલી નથી, તેથી અમે ગુન્હાનો ઠરાવ રદ કરી, અપેલેંન્ટ બેહેલાંને છોડી મુંકવાનો હુકમ કરીએ છૈએ.

કેસરેહીંદ વિ. લાલી.

કલમ ૨૦૧.
૪
તા૦ ૧૧-૪-૮૫
ઇ. ૭ અ. પા.૭૪૯

જે વસ્તુનું હુયાતીપણું હરકોઈ ગૂનાહનો પુરાવો નથી એ વસ્તુને સંતાડી દેવી અથવા એ વસ્તુનો નાશ કરી નાંખવો એ આ કલમ પ્રમાણે ગૂનોહ થતો નથી. કોઈ સક્ષ કોઈ ગૂનોહ કરીને તે ગૂનાહનો પુરાવો સંતાડી દે અથવા તેનો નાશ કરી નાંખે તેથી તે પુરાવો સંતાડયાનો ગૂનેહગાર થતો નથી

पीनलकोडनी कलम २०१ ना गुन्हानुं तोहोमत राखी इनसाफ करवामां आव्यो हतो, तेमां तोहोमतवाळाए एवो मजकुर कह्यो के, ज्यारे बीजा बे माणसोए खुन कर्युं त्यारे हुं त्यां हाजर हतो, पण ते कृत्यमां में कांइ भाग लीधो नहोतो. अने खुन थयानी पहेलां जे बीछानापर मरनार सुतो हतो, ते बीछानानी रजाइ सदरहु सक्षोमांथी एक जणे लीधी हती. अने पछी ए रजाइ माहारी देखतां एक ओघामां संताडी मूकी हती एम साबीत थयुं छे के, ए रजाइ गुजरनारनी हती. अने ते ओघामांथी संताडेली मळी आवी हती. तथा ते रजाइ तोहोमतवाळाए पोलीसने देखाडी हती. पीनलकोडनी कलम २०१ प्रमाणे गुन्हेगारने कायदेसर शिक्षामांथी बचाववाना इरादाथी खुननो पुरावो संताडयानो बंधवाने गुन्हेगार ठराव्यो हतो. एवुं ठराव्युं के ए ठराव रद करवो जोइए. केमके जो ए रजाइने संताडी न होत, अथवा तेनो नाश कर्यो न होत तोपण ते रजाइनी हयाती खुननो पुरावो थात नहीं.

कोइ गुन्हो करवामां जे माणश मूख्य भाग लेतो होय, ते माणसने ए गुन्हानो पुरावो छुपाव्यान पेटाना गुन्हाने माटे अपराधी ठरावी शकाय नहीं.

મીરતના સેસન જડજે સને ૧૮૮૫ ના ફેબરૂઆરીની તારીખ ૧૭ મીને રોજ ગુન્હાનો ઠરાવ કર્યો હતો, તેના ઉપરની આ એક અપીલ હતી. અપીલેન્ટ ઉપર સેસન કોરટમાં પીનલકોડની કલમો ૨૦૧ તથા ૨૦૨ મુજબ આરોપો રાખી તેને ૨૦૧ મુજબ અપરાધી ઠરાવ્યો હતો, સેસન જજના ઠરાવમાં કહેલી આ કેશની હકીકત નીચે મુજબ છે.

"દાલીના ભાઇ સાલીકને જ્યારે મારી નાંખ્યો ત્યારે તે તેના ખેતરમાં હતો. તેના ભાઇ દાલીને તેની લાશ સવારમાં જડી. ગડદન લાકડાની ખંપાળીના દાંતા વચ્ચે હતી. માથા ઉપર જખમો હતા. દાકતરની જુબાનીથી જણાય છે કે, ખોપરીમાં ખુબખુબા ફુટ થઇ હતી. ડાબી કોરનાં જડબાં તથા આંખને સારી પેઠે ઇજા થયેલી હતી. નાક ઉપર તથા ડોકની નસો ઉપર પણ છોલાણું હતું. તેમાં ડોક ઉપરનું છોલાણુ ખંપાળીથી થયું હોય એમ દેખાતું હતું.

"એમ જણાય છે કે, પ્રથમ તો કોઇના ઉપર શક નહોતો આવતો; પછવાડેથી તોહોમતવાળા ઉપર શક ગયો. કેમકે દાલીની વહુ તે ગુજરનારની ભાભી સાથે, ઠઠા મશ્કરી તોહોમતવાળાએ કરેલી હતી, તે બાબત બે ત્રણવાર તકરાર થઈ હતી.

"દાલીની જુબાની ઉપરથી જણાય છે કે, મઇયતની પાસે એક રજાઇ હતી. આ

કામમાં રજાઈ મળી આવી એ મુખ્ય પુરાવો છે. તોહોમતવાળાએ બે મજકુરો કહેલા છે. તેમાં એક ૨૦ મી નવેંબરને રોજ ઓનરરી માજીસ્ત્રેટ ઉમરાવશિંઘ પાસે, અને બીજો કમિટીંગ માજીસ્ત્રેટ પાસે."

"એ મજકુરો એવા હતા કે,-મઈયતે ફરીયાદ કરેલ તે ઉપરથી ગંગા સાહીનો દંડ થયેલ એટલે એ બંનેને માંહોમાંહ કજીઓ હતો. હું જ્યારે રામદયાળ વાણીયાના ઘરમાં સુતો હતો ત્યારે ગંગાસાહીના ભત્રિજા તથા દીકરા મરી તથા મથુરાએ મને ઉઠાડયો, ને મને કહ્યું કે તું અમારી સાથે ખેતર જોવા ચાલ, હું પછી તેઓની સાથે ગયો, અને મરી અને મથુરાએ પોતાનું ખેતર જોઇ લીધું અને પછી ગુજરનારને ખેતરે ગયા ત્યાં ગુજરનાર પથારી ઉપર સુતો હતો. મથુરાએ મને કહ્યું કે, ગુજરનારની પથારી તળેથી રજાઈ ખેંચીલે. પણ મેં તેમ કરવા ના પાડી, પછી મરીએ મને કોરે રહેવાનું કહી રજાઇ ખેંચી લીધી, અને પછી મરી તથા મથુરાએ સાલીકને દરાંતીથી મારી નાખ્યો. જે રજાઇ ખેંચી લીધી હતી તે લેઈને, અમે મથુરાને પછવાડે મુકી ચાલ્યા ગયા; હું સુવા ગયો અને બીજાઓ પણ પોત પોતાને ઘેર ગયા. વળતી સાંજે મથુરાએ મને કહ્યું કે, ચાલ્ય આપણે રજાઇ સંતાડી આવીયેઃ-મરી ભેગો થયો, અને અમે ત્રણે રામ રતનને ખેતરે ગયા. અને મથુરાએ જુવારના ઓઘામાં રજાઈ સંતાડી દીધી. મને કહ્યું કે કોઇ ઠેકાણે વાત કરીશ માં, જ્યારે પોલીસનો દરોગો આવ્યો, ત્યારે મેં કહેલ કે, હું ખુનની વાત કાંઈ જાણતો નથી. અને પછી જે બન્યું હતું તે કહી આપ્યું. અને રજાઇ દેખાડી આ અદાલત પાસે તહોમતવાળો કહે છે કે હું સાવ નીર્દોષ છઊં પણ જ્યારે તેને પુછયું કે, માજીસ્ત્રેટ પાસે જે હકીકતો બેવાર લખાવી છે તે તારી છે? ને તે સાચી છે કે નહીં? ત્યારે તેણે હા પાડી, અને ઠરાવ કરવાનું કામ આગળ ચાલ્યું, અને આસેસરોએ પોતાનો અભીપ્રાય લખીને આપ્યો કે, પછી તેણે એવું કહ્યું કે, જે મેં કહેલું હતું તે દબાણથી કહેલું હતું.

"જુવારના ઓઘામાં રજાઈ સારી રીતે સંતાડેલ, તે રજાઈ તોહોમતવાળાએ દેખાડી આપી, એ વાત બે સાક્ષીઓથી સાબીત થઇ છે, એ રજાઇ સાલીકની હતી; એ પણ પુરી રીતે સાબીત થયું છે.

"તોહોમતવાળાએ જે મજકૂરો કહેલા તે તેણે રાજી ખુશીથી કહેલા હતા. એ માનવાને કાંઇ શક રહેતો નથી. બીજો મજકુર પેહેલો મજકુર કહ્યાબાદ તેર રોજ પછી કહેવામાં આવેલ, તેઓ બંને લાંબા અને વિગતવાર છે, અને આ અદાલતમાં તોહોમતવાળાએ કબુલ કરેલું છે કે તે ખરા છે.

"એ મજકુરો સાવ સાચા છે. એમ કોઇ પણ ઘડીભર સાચું માનશે નહીં, તોપણ ખરેખરો ખુની છે, એમ માનવાનો થોડો શક રહે છે. પણ તેના કહેવા શીવાય અને રજાઇ ના મળી આવ્યા શીવાય તેને ખુની ઠરાવવા વાસ્તે પુરાવો નથી. ખુન કરવામાં મેં કાંઈ ભાગ લીધો છે, એમ તે પોતાની જુબાનીમાં કબુલ કરતો નથી. મારી નાંખવાનું કાંઈ ધાર્યું હોય, એમ માહારા જાણવામાં નોહોતું. એવું તે લખાવે છે. જે બધું તે કબુલ કરે છે, તે એ છે કે, ખુન તથા રજાઇની છુપામણી માહારી સમક્ષ થઇ હતી. મારી નાંખવાનો કાંઇ ઇરાદો હોય એમ માહારા જાણવામાં નહતું પણ રજાઇ સંતાડી દેવાની છે, એમ હું જાણતો હતો. એ લખાવે છે કે મરી તથા મથુરાએ મૈયતને મારી નાંખ્યો. એ વાત

બેશક ખોટી છે, પણ તેની સાથે એવો સંભવ છે કે ખુન કરવામાં એક કરતાં વધારે માણસો રોકાયાં હતાં, મારી નાખવાનું જે કારણ તોહોમતવાળો બતાવે છે, તે આ કોરટને પુરતું લાગતું નથી. બેશક તેમાં બીજા હતા, ને તે કોણ હતા અને શા હેતુથી ઉશકેરાયેલ તે જણાતું નથી.

"તોહોમતવાળે બેવાર જુબાની આપી છે, અને આ અદાલતમાં કબુલ કરેલું છે કે, એ જુબાનીઓ સાચી છે. તે ઉપર નજર કરતાં આ અદાલત તહોમતવાળાને કલમ ૨૦૧ ના ગુન્હાનો અપરાધી ઠરાવે છે, કેમકે, તું પંડે કબુલ કરે છે, જેઓ ખાસ રીતે રજાઈ સંતાડવા ગયા હતા, તેમાં હું એક હતો. અને પુરાવાથી માલુમ પડે છે કે, રજાઇને સંતાડયાની જગ્યો તેણેજ દેખાડી હતી.

"આસેસરો તોહોમતવાળાને કલમ ૨૦૧ના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવે છે, બીજું તોહોમત આમાં આવી જાય છે, કેમકે, એક માણસ કાંઈ પુરાવો સંતાડે તો જે ગુન્હો તે સંતાડે છે તેના કોઇને ખબર દેતો નથી.

"માટે આ કોર્ટ, લાલીને પીનલકોડની કલમ ૨૦૧ મુજબ જે તોહોમત રાખેલ છે, તેનો અપરાધી ઠરાવે છે.

અપીલેન્ટ તરફથી કોઇ હાજર નથી.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ હાજર છે.

ચિફ જસ્ટીસ પેથીરામ તથા જસ્ટીસ બ્રોડહર્સ્ટનો ઠરાવઃ—

અમારા વિચાર મુજબ આ ઠરાવ રદ કરવો ઘટે છે. તે એવા કારણથી કે, ગુન્હાનો પુરાવો ઢાંકી દેવો, અથવા તેનો નાશ કરવો એવી મતલબ કલમ ૨૦૧ માં છે. આ કામમાં જો એ રજાઇને સંતાડી દિધી નહોતી કીંવા તેનો નાશ કર્યો ન હતતો, તેની હયાતી, અથવા હાજરપણું ખુનની વાતનો પુરાવો થાત નહીં. વળી એ કલમની રચના જોતાં અમારો અભીપ્રાય એવો છે કે, જે માણસ મુખ્ય ગુન્હેગાર છે, તેના ઉપર એ ગુન્હાનો પુરાવો સંતાડવાનો, પેટાનો અથવા દાયમ ગુન્હો સાબીત થઇ શકતો નથી. માટે ઠરાવ રદ કરી બધવાને છોડી મુકવાનો હુકમ કરીએ છીએ.

ભટુકી ભીસર વી. માહારાણી કેસરે હિંદ.

કલમ ૨૦૧.
૫
તા૦ २३–५–८५
ઇ.૧૧ ક. પા.६१९

જે ગૂનાહનો પુરાવો સંતાડીને ગૂનોહ કરયાનું કહેવામાં આવતુ હોય તે ગૂનોહ થવો જોઈએ અને તે બનયાનું બંધવાને માનવાનું કારણ હોવું જોઈએ. અથવા તે ગૂનોહ બનવાની વાતની તેને ખબર હોવી જોઈએ.

ही. पी. को. नी २०१ ली कलम महिला गुन्हानो बंधवाने अपराधी ठरावबा पहेलां, जे गुन्हानो पुरावो संताडयानुं तेना उपर तहोमत होय, ते गुन्हो खरेखरो बन्यो हतो, ते वात अथवा ते गुन्हो बन्यो हतो एम मानवाने जोइए तेटली तेने खबर मळी हती. अथवा सदरहु बंधवो गुन्हो बन्यानी वात जाणतो हतो, एम साबित थवुं जोइए. (महाराणी केसरे हिंद वि. अब्दल कादर ३ अ. २७९ नो मुकरदमो मंजुर करवामां आव्यो.

जस्टीस ग्रीनसेप तथा मेकफरसने ठराव्युं के:—फोजदारी काम चलाववानी रीतना कायदानी ४९ मी कलममां जे बंधनो बांध्या छे, ते

बंधनमां जे सक्षनो समावेश थतो होय, ते सक्ष सदरहु कमलनी ड पेटा रकम प्रमाणे कंइ बनावनी खबर आपवानी कसुर करे, त्यारे तेने ही. पी. को. नी १७६ मी कलम मांहेला गुन्हाना अपराधीपणाना ठरावने पुष्टी आपवा सारु, ज्यारे ते माणसनी जमीन उपर जे मोत तातकाळी सृष्टीक्रमविरुद्ध अथवा शक पडता प्रसंगमां थयुं हशे; एवी स्थितिमां ज्यारे लाश मळी आवे, त्यारे ते खुन तेनी जमीना उपर खरेखरुं थयुं हतुं एम बताववानी कांइ जरुर नथी. लाश जडी आव्यानी हकीकत उपरथी, उलटी रीतनो पुरावो न मळे त्यां सुधी कोरट वाजबी रीते एवुं अनुमान करवाने मुखतीयार छे के, ते मोत त्यांज थयुं हशे.

जस्टीस मीटरनो ठरावः—बंधवानी जमीन उपर अथवा बंधवानागाममां ते मोत थयुं हतुं, एम साबीत थाय तोज १७६ मी कलमना गुन्हाने ठराव थइ शके छे, अने ते ठेकाणेथी लाश मळी आवी, एटलाज उपरथी खुन त्यांज थयुं हशे एम मानी शकातुं नथी.

આ કામના અપેલેન્ટ તથા એક ભદુ ચોકીદાર ઉપર ૧૭૬ મી તથા ૨૦૧ કલમના ગુન્હાઓનાં તોહોમતો રાખવામાં આવ્યા હતા. આ મુકરદમાની હકીકત નીચે પ્રમાણે છે.

અપેલેંન્ટના ભત્રીજા એક ઘોધન નામના સક્ષના ખેતરમાં એક ભુલકીયા નામની ઓરત તા. ૧૬ મી નવેંબરને રોજ અથવા તે અરસામાં ગઇ, પ્રોસીક્યુશન વાળાએ કહ્યું છે કે, ઘોધને એક ભુલકીયાને ત્યાં જોઇ, એટલે તેણીને તેણે બેવાર લપડાક મારી. તથા તે ત્યાં પડી ગઇ, અને વળતે રોજ ત્યાં તેને માંદીનું કહેવામાં આવ્યું છે. ત્યાંથી થોડેક છેટે એક ખેતરમાં મુવેલી સ્થીતીમાં તે મળી આવી. પ્રોસીક્યુસન વાળાએ વધારે કહેલું છે કે, એ મોતનું કારણ લપડાક મારવાથી થયું હેતું ને પોતાના ભત્રિજા અપેલેંન્ટને બચાવી લેવા સારૂ તેણે ગુજરનારના છોકરા સાંગળીને ફોસલાવીને તે લાશને બાળાવી દીધી તથા તે બાબત કોઇને કાંઈ ખબર ન દેવાની બંદોબસ્તી કરી લીધી, જે રાત્રે આ લાશ જડી આવી હતી, તેજ રાત્રે તેને બળાવી દીધી હતી, અને ૨૫ મી તારીખ સુધી આ વાતની ખબર પોલીસને આપી નહોતી. પછી એ તારીખે પડોસના ગામના સબઇન્સ્પેકટરને ભદુએ ખબર આપ્યા, તે ઉપરથી તપાસ ચાલ્યો, અને એ તપાસની અંતે ઢી. પી. કો. ની ૩૦૪ થી કલમના ગુન્હાનો ઇનસાફ થવા સારૂ ઘોધનને કમીટ કર્યો અને જોઇતા પુરાવાની ખામીને લીધે તેને છોડી મુકયો, હાલના અપેલેંન્ટ મકુકીએ સેસન કોર્ટ પાસે એવો વાંધો લીધો હતો કે, જયારે ઘોધનને છોડી મુકવામાં આવ્યો છે તો પછી કોઇ ગુન્હો નહીં બન્યાનો ઠરાવ કરવો જોઈએ. અને તેથી ૨૦૧ લી કલમ માંહેલા ગુન્હાનું તોહોમત પોસાઈ શકતું નથી. આ દલીલના આધારમાં, તેણે માહારાણી કેસરે હીંદ. વિ. અબદલ કાદરના

ફેસલાની શાહેદત આપી, પરંતુ રાણી વિ. હરદત શરમા ૮ વી. રી. ૬૮ ના મુકરદમાનો ઠરાવ મંજુર રાખીને આ વાંધો ના મંજુર કર્યો.

તોહોમતની પુષ્ટીમાં જે પુરાવો આપ્યો હતો, તે કેવા પ્રકારનો હતો. તથા સેસન જડજે તે ઉપરથી શું નીરણય કર્યો તે નીચે પ્રમાણે છે:—

ઘોઘને ભલકીયાને મારી હતી. એ વાતનો પુરાવો એ ઓરત સાક્ષીની જુબાનીમાંથી પડયો છે, અને ઘોઘનના કામમાં આ પુરાવો અવીશ્વાસ રાખવા લાયક ગણ્યો છે. ઘોઘને ભલકીયાને માર્યાની અફવાઈની વાત સાંભળી હતી, એ વીશે બીજા સાક્ષીઓએ પુરાવો આપ્યો છે; પરંતુ તેમાંથી જે બે સાક્ષીઓ લાશને બાળી નાંખવામાં સાહેતા કરનારા હતા, તેઓએ લખાવ્યું છે કે, આવી અફવાઈ અમે સાંભળી નહોતી. ભટુએ પોલીસ પાસે એવું ઝાહેર કરેલું હતું કે. જે દિવસે લાશને બાળી નાંખી, તે દહાડે મેં સાંભળ્યું હતું કે, ઘોઘને ભલકીયાને મારી હતી, ત્યારબાદ સેસન જડજે નીરણય કર્યો કે, બંને તોહોમતો સાબીત છે, અને તેની સાથે તેણે અભીપ્રાય આપ્યો કે, મોતની વાત ઢાંકીદેવામાં તથા લાશની વ્યવસ્થા કરવામાં અપેલેંન્ટને જબરો હેતુ હતો. અને તે બ્રાહ્મણ અને વગવાળો માણસ હતો તેથી તેના હુકમ પ્રમાણે ભટુ અમલ કરે તે સ્વભાવિક છે.

ભટુ ઉપરના ૨૦૧ લી કલમના તોહોમતના સંબંધમાં એક આસેસરના મતથી મળતા થઈને સેસન જડજે ભટુને અપરાધી ઠરાવી તેને છ માસની સખસ કેદની સજા કરી તથા ૧૭૬ મી કલમના તોહોમતના સંબંધમાં બંને આસેસરોના મતથી મળતા આવી તેને એ કલમના ગુન્હાનો અપરાધી ઠરાવ્યો, અને તે બદલ તેને એક અઠવાડીયાની આસાન કેદની સજા કરી.

અપેલેંન્ટના કામમાં બંને આસેસરોએ તેને બંને તોહોમતોનો નીરઅપરાધી ઠરાવ્યો. પરંતુ સેસન જડજનો મત તેમના મતથી જુદો પડતાં તેણે તેને ગુન્હેગાર ઠરાવી ભટુ જેટલી તેને સજા કરી.

આ ઠરાવ અને સજા સામે મટુકી મીસરે અપીલ કરી. સુનાવણી વખ્તે ઉભય પક્ષ તરથી કોઇ હાજર હતું નહીં.

હાઇકોર્ટ તરફથી જસ્ટીસ મિત્ર તથા માકફરસને નીચે પ્રમાણે ઠરાવ આપ્યો:—

જસ્ટીસ મેકફરસનનો ઠરાવ:—

અપેલેંન્ટને પી. કો, ની ૨૦૧ તથા ૧૭૬ મી કલમોના ગુન્હાઓનો અપરાધી ઠરાવ્યો છે. તેમાં પ્રથમની કલમના ગુન્હા માટે તેને છ માસની સખત કેદની તથા બીજી કલમના ગુન્હા માટે એક અઠવાડીયાની આસાન કેદની સજાઓ થઇ છે. જે ગુન્હાનો પુરાવો ઉડાવ્યાનું કહેવામાં આવે છે, તે ગુન્હો થયાના પુરાવાની ખાંમીને લીધે ૨૦૧ લી કલમના ગુન્હાનો ઠરાવ કાયમ રાખી શકાતો નથી. એવો માહારો અભીપ્રાય છે- મુસમત ભલકીયાને બે લપડાક ઘોઘને માર્યાનું જે બે ઓરત સાક્ષીઓએ લખાવ્યું છે તે પુરાવો મારા માનવા પ્રમાણે તદન વીશ્વાસ રાખવા લાયક નથી. અને કોઈ ગુન્હો બન્યો હતો એવું દેખાડનારો બીજો કાંઇ પુરાવો નથી. અને જ્યારે લાશની વ્યવસ્થા કરી ત્યારે ખુંન અથવા શીક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો બન્યો છે, એવું માનવાને અપેલેંન્ટને કોઇ વાતની ખબર હતી, એ વીશેનો બીલકુલ પુરાવો પડયો નથી.

પરંતુ ૧૭૬ મી કલમના ગુન્હાનો ઠરાવ સાચો છે. એવો મારો અભીપ્રાય છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૫ મી કલમ પ્રમાણે જમીનના દરેક ભોગવટો કરનારાએ, સદરહુ ગામમાં કાંઇ પણ આકસ્મિક અથવા સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મોત થયાની વાત અથવા શક ભરેલી હકીકતમાં કાંઇ પણ મોત થયાની વાત બની હોય, અને તેના સંબંધી તેને જે ખબર મળેલી હોય તો તે ખબર પાસેમાં પાસેના માજીસ્ટ્રેટને અથવા પાસેમાં પાસેનું પોલીસથાણું જે અમલદારના હવાલામાં હોય તેને દેવી જોઈએ. આવી ખબર આપ-

વામાં ઇરાદા પૂર્વક કસુર કરવી તે ૧૭૬ મી કલમ પ્રમાણે ગુન્હો છે. મુસમત ભલકીયાનું મરણ તાતકાળી, સૃષ્ટીક્રમ વિરૂદ્ધ તથા શક પડતી સ્થીતીમાં થવું જોઈએ. એ તર્ક શીવાય બીજો એકે તર્ક કરી શકાય નહીં તેવા પ્રસંગમાં તેણીની લાશ અપેલેંન્ટના ખેતરમાંથી મળી આવી હતી. એ વાત સાબીત થઇ છે, અને આ વીશેની ખબર આપવીતો એક કોર રહી, પણ ગુન્હેગારનો સગો એક ચોકીદાર હતો. તેણે તે લાશની વ્યવસ્થા કરી નાંખવાનો હુકમ આપ્યો. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૫ મી કલમના અર્થ પ્રમાણે તેને ખબર આપવા જેવી ખબર હતી. અને તે ખબર આપવાની તેની કસુર ઇરાદા પુર્વક હતી. પરંતુ જે ગામમાં એટલે જે ખેતરમાંથી લાશ મળી આવી એ જગામાં મોત ખરેખરૂં થયું હતું. એ વીશેનો કાંઇ પુરાવો નથી. ગુન્હેગાર ઠરાવવામાં આટલી હકીકતનો પુરાવો જરૂરનો છે કે નહીં? તે સવાલ હવે ઉઠે છે, આવા પ્રસંગમાં હું ધારતો નથી કે, તેમ થઇ શકે. જો પોતાના ગામના કોઇ માણસની લાશ પોતાના ખેતરમાંથી એવી રીતે મળી આવે છે કે, તે ઉપરથી એમ જણાય કે, મર્ણ તાતકાળી, સૃષ્ટીક્રમ વિરૂદ્ધ, અથવા શક ભરેલું થયુંછે, તો પોતાના ગામમાં બનેલા બનાવના સંબંધમાં તેને કાંઇક ખબર આપવા જેવી મળી છે, અને તે ખબર ૪૫ મી કલમ પ્રમાણે બીજાને પહોંચાડવાની તેની ફરજ છે. પોતાની જમીન ઉપરથી લાશ મળી આવી, તે ઉપરથી વિરૂદ્ધ રીતના પુરાવાને અભાવે વાજબી રીતનું એવું અનુમાન થઇ શકે છે કે, મર્ણ પણ ત્યાંજ થયું હશે. મર્ણના કારણ વીશેનો બીજો એકે પુરાવો નથી કે જે હું આ કામમાં મંજુર રાખી શકું. શક પડતી હકીકતના મર્ણનો આ મુકરદમો છે, તે વીશે જરાએ શક નથી. તાતકાળી મર્ણ થયાના બનાવ વીશે પણ એ કલમમાં ઠરાવ કર્યો છે. મર્ણ તાતકાળી થયું હતું. તથા અ ના ખેતરમાંથી લાશ જડી આવી હતી એટલો પુરાવો પડયો છે. એ વાત ગ્રહણ કરતાં બીજું પડોસનું ગામ છે, તેના બ ના પાસેના ખેતરમાં ગુજરનાર મરી ગઈ નોતી, અને મરી ગયા પછી અ ના ખેતરમાં તેની લાશને આંણી નહોતી. આ બંને બાબતો શું પ્રોસીક્યુશન વાળાએ સાબીત ન કરવી જોઈએ? સોમાંથી નવાણું કામોમાં આવો પુરાવો આપવો અશક્ય છે. તેથી હું ૧૭૬ મી કલમના ગુન્હાનો ઠરાવ કાયમ રાખુંછું.

જસ્ટીસ મિત્રનો ઠરાવઃ—

૨૦૧ લી કલમના ગુન્હાનો ઠરાવ પોશાઇ શકતો નથી. એવો મારા વીદ્વાન ભાઇબંધે મત બાંધ્યો છે, તેની સાથે તદન મળતો આવું છઉ. તે મત બાંધવાના જે કારણો તેણે આપ્યાં છે તે કારણોથી પણ હું મળતો આવુંછું. .

પરંતુ હું દિલગીર છઉં કે, તેના બીજા ઠરાવને હું મળતો આવી શકતો નથી. બીજો ઠરાવ એ છે કે, ફી. પી. કો. નાં ૧૭૬ મી કલમ માંહેલા ગુન્હાના ઠરાવને ટકાવી રાખવા સારૂ, જે ગામડામાંથી લાશ મળી આવી હતી તેજ ગામડામાં મર્ણ ખરેખરૂં થયું હતું, તે વાતનો પૂરાવો મુદ્દાનો નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૫ મી કલમ ड પેટા કલમ પ્રમાણે, કોઇ ગામડામાં તાતકાળી, અથવા સૃષ્ટી ક્રમ વિરૂદ્ધ, અથવા કોઇ શક પડતા પ્રસંગમાં મર્ણ થયું હોય, તો મર્ણના બનાવના ખબર નજીકમાં નજીકના માજીસ્ત્રેટને આપવાને સદરહુ ગાંમડાનો હરકોઇ ભોગવટો કરનાર બંધાયેલો છે, માટે એ મોત સદરહુ ગાંમડામાં થયું હતું, અથવા એવો બનાવ એ ગાંમડામાં બન્યો હતો એ વીશેની સાબીતી આવા ગુન્હાના ઠરાવમાં અવશ્ય રીતે હોવી જોઇએ. ગાંમડામાંથી લાશ જડી આવી એટલા ઉપરથી મારા અભીપ્રાય પ્રમાણે પુરવારી થતી નથી એકલી આવી હકીકત ઉપરથી અવશ્ય રીતે અનુમાન થઇ શકતું નથી કે, એ ખુન સદરહુ ગાંમડામાંજ થયું, બીજા ગાંમડામાં તે ખુન થયું હશે, અને ત્યારબાદ અપેલેન્ટના ગામમાં લાશ આણી હશે, એ વાત પણ એટલેજ દરજે મજબુત છે.

પેલી બે બાઇડીઓ જેઓએ જુબાની આપી છે કે, મુસમત ભલકીયાને ઘોઘને બે થપાટ મારી, તે વખતે અમે નજરે જોયેલું છે, એ પૂરાવો તદન વીશ્વાસ રાખવાલાયક ન-

થી, એમ માનીને તે પૂરાવો રદ કર્યા પછી, તેણીનું મોત તાતકાળીક હતું. એવો પૂરાવો જોવામાં આવતો નથી. જો એવો કશો પૂરાવો હોય તો, પછી જે ખેતરમાંથી લાશ જડી આવી, તે ખેતરની નજીક અથવા તે ખેતરમાં એ ખુન તાતકાળીક થયું હશે, એવું અનુમાન જો આપણે કરવાનું હોય તો કરી શકીએ ખરા.

તેથી મારો એવો અભીપ્રાય થાય છે કે, મુસમત ભલકીયાનું ખુન અપેલેન્ટના ગાંમડામાં થયાનો પુરાવો ન હોવાથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૫ મી કલમમાં જે વાતો લખી છે તે પ્રમાણે બન્યું નથી. અને તેથી હી. પી. કો. ની ૧૭૬ મી કલમના ગુન્હાનો ઠરાવ રદ કરવો જોઇએ.

૧૭૬ મી કલમના ગુન્હાના ઠરાવના સાચાપણા વીશે આ બંને જડજોની વચે મતપડવાથી તકરારી સવાલ જસ્ટીસ પ્રીન્સેપ તરફ મોકલતાં તેણે નીચે પ્રમાણે ઠરાવ આપ્યોછે;

જસ્ટીસ પ્રીન્સેપનો ઠરાવઃ—

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૫ મી કલમમાં જે જે વરગના લોકોનું વરણન કર્યું છે; તે વરગ માંહેલા અપેલેન્ટો છે, તથા સૃષ્ટીક્રમ વિરૂદ્ધ અથવા શક પડતા પ્રસંગોમાં મોત થયું હતું, તે વીશે ભુલાય નહીં. એવાં ચીન્હો સહીત ગુજરનારની લાશ અપેલેન્ટોની જમીન ઉપરથી જડી આવી હતી, તથા એ અપેલેન્ટોએ એ ખુનના સંબંધને લગતી ખબર નજીકમાં મેજીસ્ટ્રેટને કીંવા નજીકમાં નજીકના પોલીસના થાણાવાળાને પહોંચાડવાની તેઓએ કસુર કરી હતી, એ વીશે કંઇ સંદેહ નથી.

હવે માત્ર આટલોજ સવાલ છે કે, અપેલેન્ટોની જમીન ઉપર ખુન થયું હતું, એ વાતનો પૂરાવો પડયો છે કે નહીં ?

જે લોકો વહેલામાં વહેલી ખબર પોહોંચાડવાની સ્થીતીમાં હોય, તેઓએ વહેલામાં વહેલી ખબર પહોંચાડવી જોઇએ, અથવા જે લોકો પોતાની જમીન સાથે નીસબત ધરાવતાં કંઇક સતાવાળા હોય, તેઓને મરી ગયેલાની લાશનું તરત મેંજરનામું લેવાય તેટલા સારૂ આવી ખબર આપવા બાબતમાં જવાબદાર ગણવા જોઈએ. એવી કાયદાની સાફ રીતની મતલબ છે. આવી ફરજનો સખત રીતે અમલ કરાવવાની અવષ્યતા એટલી બધી તો ઊઘાડી છે કે, જેને વીશે લખવું કંઈપણ જરૂરનું નથી. કાયદામાં જે સબંધ વર્ણવ્યો છે, તે સંબંધવાળા કોઇ ચોકસ પુરૂષની જમીન ઉપર મોત થવું જોઇએ, એમ કાયદો ફરમાન કરે છે. આ મોત પ્રતક્ષ જોનારા સાક્ષીઓના પાધરા પુરાવાથી સાબીત થવું જોઈએ, એવો આ કલમનો અરથ હોય, એમ હું સમજતો નથી. જેમકે દ્રષ્ટાંતઃ—કોઈ એક સક્ષ કપાયેલી ગરદન સહીત ખેતરમાંથી મળી આવે તો, વાજબી રીતે અનુમાન કરવું જોઇએ કે, તે ત્યાંજ મરી ગયો હશે. અને તેથી અપેલેન્ટના દરજા જેવા માણસે તે મોત થયાની ખબર આપવીજ જોઈએ. પુરાવાના કાયદાની ૧૧૪ કલમમાં લખ્યું છે કે, "કોઇ અમુક કામની હકીકતને સંબંધે કુદરતી બનાવની, તથા મનુષ્યની વરતણુંકની તથા સરકારી તથા ખાનગી કામકાજની સાધારણ ગતી ઉપર વિચાર રાખતાં કોઇ હકીકત બન્યાનો સંભવ છે એવું કોરટની નજરમાં આવે તો તે હકીકત બનેલી છે એવું અનુમાન કરવાને મૂખતીયાર છે."

આવું અનુમાન કરવાનું કામ અપેલેન્ટનું છે, પરંતુ અપેલેન્ટો તેમ કરવામાં ફાવ્યા નથી એટલુંજ નહીં, પણ સૃષ્ટીક્રમ વિરૂદ્ધ અથવા શક પડતા મોતના કારણના સઘળા પતાનો નાશ કરી નાંખવા સારૂ તેઓએ ઉતાવળથી લાશ બાળી નાંખી, એ વર્તણુંકથી કેટલેક દરજે પેહેલું અનુમાન મુળગું મજબુત થાય છે. જે ધણીઓની જમીન ઉપર કોઇને મારી નાખ્યાનો દેખાવ જણાતો હોય, તે ધણીઓની જવાબદારી મુકરર કરવામાં કોઇ રીતની મુશ્કેલી આવી હોય, તથા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૫ મી કલમમાં કહેલી કામગીરી બજાવવાની કસુર કરવાનો આવો કોઇ ધણી અપરાધી ઠરે તેની અગાઉ, એ ખુન થયાનું, અથવા ખુન થયેલા સક્ષે પોતાનો પ્રાણ તેજ જમીન ઉપર છોડયાનું સાબીત કરવું જોઇએ. તો પછી જે સરકારી નોકરને શક પડતા મનુષ્યવધનો સઘળો પત્તો શોધી કાઢવાની ફરજ છે, તે સરકારી નોકરોને મદદ આપવાનો ન્યાયનો હેતુ છે, તેનો ઉલટો પરાજય થાય છે.

તેની જમીન ઉપરથી લાશ મળી આવવાથી મારા મત પ્રમાણે એવું અનુમાન થાય છે કે, તેજ જગ્યો ઉપર ખુન થયું હશે, અને તેથી કરીને ૪૫ મી કલમમાં જે સ્થીતીની જમીન નીસબત ગણવી છે, તે સ્થીતીનાં માણસે, એ ખુનના સંબંધમાં ખબર પહોંચાડવાનું બંધન રાખ્યું છે. આવી ખબર પહોંચાડવામાં તે કસુર કરે, અને તેની ગેર વર્તણુંકને માટે તેના ઉપર ફોજદારી કામ ચાલે તો, જે કસુર તેણે કરી હતી, તે વાજબી કારણસર હતી એ વાત સાબીત કરવા સારૂ તેણે તૈયારી રાખવી જોઇએ.

તેથી હું વચમાં આવવા ધારતો નથી.

કેસરે હીંદ વિ. ડુંગર અને એક બીજો.

કલમ ૨૦૧.

૬

તા૦ ૫-૪-૮૬

ઈ. ૮ મ. પા.૨૫૨

कोइ गुन्हेगार पोताना गुन्हानो पुरावो उडावी दे, तेने पीनलकोडनी २०१ ली कलम लागु पडती नथी, पण जे सक्ष मुख्य अथवा खरेखरा गुन्हेगारने बचाववानुं करे छे तेनेज ते कलम लागु पडे छे.

કોઇ માણસ પોતે કરેલા ગુન્હાનો પુરાવો ઉડાવી દે તેથી તે આ કલમ પ્રમાણે વધુ ગુનેહગાર થતો નથી.

આ કામનું દફતર હાઈકોર્ટે પોતા પકું જોવાને મંગાવ્યું હતું. તેની હકીકત હાઇકોરટના ઠરાવમાં જોઇએ તેટલી લખી છે.

બોડહુસ્ટ જસ્ટીસનો ઠરાવ.

ડુંગરશીંઘ તથા તેની ઓરત દુલારીને પીનલકોડની ૩૦૨ જી તથા ૧૦૯ મી સાથે ૩૦૨ જી તથા ૪૧૧ મી કલમો માંહેલા ગુન્હાઓને માટે સેસન કમીટ કરવામાં આવ્યા હતા.

તહોમતનામામાંથી બીજું તહોમત સેસન જડજે કાહાડી નાંખ્યું છે, અને તેને બદલે પીનલકોડની ૨૦૧ લી કલમ પ્રમાણે નીચેની વિગતે બીજું તહોમત રાખ્યું:—ઠાકોરશીંઘનું ખુન થયું છે, એમ જાણવા છતાં સમેરામાં તેની લાશ સંતાડીને ખુનીને કાયદેસર સજામાંથી બચાવવાના ઇરાદાથી તે ગુન્હાનો પુરાવો તમોએ નાશ કીધો." આશેસર સાથે એકમત થઇ જડજે બંને બંધવાઓને ખુનના ગુન્હેગાર નથી એમ ઠરાવ્યું. પણ ઠાકોરશીંહનું ખુન થયું છે એમ જાણ્યા છતાં કાયદેસર સજામાંથી ખુનીને બચાવવાના ઈરાદાથી તેની લાશ સંતાડી રાખ્યાના તેઓને ગુન્હેગાર ઠરાવ્યા.

આશેસરોના મતથી મળતા આવીને જડજે ડુંગરશીંહને ચોરેલી મિલકત બદદ્યાનતથી લેવાના ગુન્હાનો નીરઅપરાધી ઠરાવ્યો. અને એક આશેસરથી મળતા આવીને તથા બીજા બે આશેસરોથી જુદા પડીને, આ છેલ્લા કહેલા ગુન્હા માટે દુલારીને અપરાધી ઠરાવી. ૨૦૧ લી કલમ માંહેલા ગુન્હાને માટે ડુંગરશીંહને ૫ વરસની તથા દુલારીને ૭ વરસની સખત કેદની જડજે સજા કરી. અને ૪૧૧ મી કલમના ગુન્હા સારૂ, દુલારીને બીજી ત્રણ વરસની સખત કેદની સજા કરી. આ બીજી સજાનો અમલ પેલી સજા પુરી થએ કરવાનો હતો

જે છોકરાનું ખુન થયું હતું, તે છોકરો બંધવાઓનો છેટેનો સગો હતો. ગયા અગષ્ટ માસની ૧૭ મી તારીખના સવારથી તે જડતો નહોતો. તેને વાસ્તે શોધ કરવામાં આવી હતી. અને સદરહુ જડજે લખેલું છે કે:—"૧૯ મી તારીખના સવારમાં હજારીસીંહના ખંડેરમાંથી આગલે રોજ તપાસ કરતાં લાશ જડી નહોતી, તે લાશ જડી આવી. તે લાશને દાટી દીધી હોય એમ જણાયું છે. જ્યારે આસુપાસના ઘરનો ઝાડો લેવાયો હતો, ત્યારે ડુંગરશીંહના ઘરનો પણ ઝાડો લેવાયો હતો, અને તેના ઘરમાં લાશ દાટી હોય એમ નીશાનીઓ માલુમ પડી હતી. અને આ બંને બંધવાઓએ ઈનસાફના કામમાં પેહેલેથી તે છેલે સુધી કબુલ કર્યું છે કે તે લાશ ખરેખરી અમારા ઘરમાં દાટેલી હતી. રૂપીઆ ૩ ની કીમતનું કડું લાશ ઉપર હતું અને ૨૫ રૂપીયાની કીમતના બીજાં રૂપાનાં ઘરેણાં હતાં તેનો પતો લાગ્યો નથી. અને રૂ. ૫ા ની કીમતની કાનમાં પેહેરવાની વાળી હતી તે પણ જડી નથી. ડુંગરશીંહનું આગષ્ટની ૧૯ મી તારીખે ચલણ કર્યું. અને ૨૧ મી તારીખે દુલારીએ હેડકોનસ્ટેબલ તથા બે આબરૂદાર સાક્ષીઓની રૂબરૂમાં પોતાના ઘરમાં જઈને તથા એક પાકી મોરી હતી, તેમાં છેટે સુધી પોતાનો હાથ ઘાલીને ૪ કડાં કાઢી આપ્યાં અને એ કડાંઓ એક છોકરાના હતાં, એમ ઓળખવામાં આવ્યું છે. "ડુંગરશીંહ કહે છે કે વખતે રોજ સવારે મારી ઓરતે મને માહારા ઘરમાં તે છોકરાની લાશ બતાવી હતી. અને તે લાશને ગામમાં તે વખતે જે હેડકાન્સ્ટેબલ હતો, તેની પાસે રજુ કરવાનું મેં કહ્યું, પણ માહારી વહુએ મને કહ્યું કે જો તે લાશ રજુ કરીશું તો હું ખુનની આરોપીત થઈશ. તેથી મેં એ લાશને માહારા ઘરમાં દાટી દીધી, અને રાતરે હજારીના ખંડેરમાં મુકી દીધી."

દુલારીએ પછવાડેથી માજીસ્ત્રેટને જુબાની આપી, તેમાં તેણીએ લખાવ્યું છે કે, તે છોકરાને ગીરવસીંહે મારી નાખ્યો હતો. પણ તેમ કરતાં મેં તેને જોયો નહોતો. અને ભળકડે તે લાશ મારા ઘરમાં પડેલી જ્યારે મેં જોઇ ત્યારે એ વાત મેં મારા ધણીને કહી. મારા ધણીએ તે લાશ હેડકોન્સ્ટેબલને બતાવવાનું કહ્યું, પરંતુ એ હેડકોન્સ્ટેબલ આ ગુન્હામાં મને અપરાધી ઠરાવશે એ બીકથી એમ ન કરવા સારૂ મેં માહારા ધણીને સમજાવ્યો. છોકરાના શરીર ઉપર ફક્ત એકજ કડું હતું, બીજાં કાંઈ ઘરેણાં હતાં નહીં. મેતો ફક્ત એકલી લાશને દાટી હતી. અને પછવાડેથી તે લાશને ખંડેરમાં નાંખી દીધી હતી. આ કોરટ પાસે તે એવી અરજ કરે છે કે જે કાંઇ સજા કરવી જોઇએ તે મને કરવી જોઇએ. અને જો કદી મારા વરને સજા થશે તો તેનો ગરાસ ખાલસા થઇ જશે, માહારો અભિપ્રાય એવો છે કે, આગલી પાછલી હકીકતનો પુરાવો લેતાં આ ખુન બંને બંધવાઓમાંથી એકે અથવા બંને જણાઓએ કર્યાનું સાબિત થયું છે. પણ તેમાંથી કોણે કર્યું એ નકી થતું નથી. કાંતો આ ઓરતે તેના ધણીની ગેરહાજરીમાં કર્યું હશે, અથવા સ્ત્રીની ગેરહાજરીમાં ધણીએ કરેલું હશે અને તેથી આ બંને બંધવાઓમાંથી કોણે કર્યું હશે, એ ચોકસ કહી શકાતું નથી.

પીનલકોડની ૨૦૧ લી કલમ માંહેલું તહોમત સેસન કોરટમાં ઉમેરાયું હતું, તેના સબંધમાં સેસન જડજ નીચે મુજબ લખે છે.

"કદાપી એમ તકરાર કરવામાં આવે કે, ગુન્હેગાર પોતાના ગુન્હાનો પુરાવો સંતાડે તેને આ કલમ લાગુ પડતી નથી. આ દલીલ વજનદાર હોય એમ ધારી શકતો નથી. ગુન્હાવાળાં કૃત્યો પુરાં કરતાં અધવચમાંથી અટકી જવાનું ગુન્હેગારને ઈચ્છા થાય તો તેમ થઇ શકે છે. માટે કોઇ ગુન્હામાં એક પછી એક ક્રમવાર, જુદાં જુદાં કામોની સજા કરવા સારૂ તથા એકને બીજાથી ઓળખવા સારૂ દરેક ન્યાયના નીતીસર બંધનોમાં સંભાળ રાખવામાં આવી છે. એક ગુન્હેગાર પોતાના કરેલા આખા ગુન્હાનો પતો ઉડાવી દે, અને બીજો ગુન્હેગાર તે પ્રમાણે ન કરે તો દેખીતું છે કે, પેહેલો ગુન્હેગાર ઈનસાફના ક્રમની

સામે વધારે પગલું ભરનારો થાય છે. અને તેટલાજ સારૂ ઇનસાફના ક્રમની સામે થવાનો તેને હક આપ્યો હોય એમ હું ધારી શકતો નથી. વળી જે ગુન્હેગાર પોતાના અપરાધનો સઘળો પુરાવો ઉડાવી દે તેને સજામાંથી બચાવી લેવાનો શું હેતુ હશે, તે હેતુ મારા ખ્યાલમાં આવી શકતો નથી. સ્પષ્ટ રીતે જ્યાં મોટા ગુન્હામાં નાના ગુન્હાનો સમાસ કરવામાં આવ્યો. તે શીવાય મોહોટામાં નહાનું સમાવવાનું ન્યાયતત્વ આ કામને લાગુ પડયાનું માહારા મનમાં આવતું નથી. ધારો કે કાયદા વિરૂદ્ધ હથીયારો પાસે રાખ્યાનું કોઇ સક્ષ ઉપર તહોમત આવ્યું હોય, તે સક્ષ છુટી જવા સારૂ એવો બચાવ કરે કે, એ હથીયારોથી મેં ખુન કરેલું છે. તો આવો બચાવ તે કરી શકે છે, એમ હું માની શકતો નથી. હીંદુસ્થાનના પીનલકોડની ૨૦૧ લી કલમનો અક્ષરે અક્ષરનો અરથ કરવામાં આવે તો, જે ગુન્હેગાર પોતાનો ગુન્હો સંતાડે છે, તેમાં તેનો સમાસ થઇ શકે છે એ વીશે માહારા મનમાં જરાએ શક રહેતો નથી. કાયદાકારોનો એથી ઉલટો મત હત તો તેઓએ તે પ્રમાણે તેમાં લખ્યું હત. પરંતુ તે પ્રમાણે તેમાં કહેવામાં આવ્યું નથી. તેમ તેવો હેતુ હોય એમ ધારી શકાતું નથી."

કેવા પ્રકારે હીંદુસ્થાનના પીનલકોડની એ કલમ ઘડવી જોતી હતી, તે વીશેનો માહારો અભીપ્રાય, પ્રસીધ કરવાની આ વખતે મારી ફરજ હોય તેમ હું સમજતો નથી. મારૂં કામ હાલ શું છે તે હું સમજું છું, અને તે એ છે કે, જે ગુન્હેગાર પોતાના કરેલા ગુન્હાનો પુરાવો ઉડાવી દે, તેને આ કલમ લાગુ પડે છે કે નહીં? એ કલમ ૧૧ અલહાબાદમાં મુકી છે. અને તેને મથાળે "ખોટા પુરાવા તથા સરકારી ઈનસાફ વિરૂદ્ધ ગુન્હા બાબત" એમ લખેલું છે. ૨૦૧ લી કલમના પડખાને મથાળે "કોઈ ગુનોહ કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુનોહ થયાનો પૂરાવો ઉડાવવો અથવા તે બાબત ખોટી ખબર આપવી" એ શબ્દો લખ્યા છે.

આ કલમનો ખરેખરો અર્થ શું છે, તે ઉપલા મથાળાથી જણાઇ આવે છે. અને ખુદ એ કલમની શબ્દ રચના ઉપરથી તથા જસ્ટીસ લાઈડે જે કારણો આપ્યાં છે, તે કારણો ઉપરથી માહારો નીહસંદેહ એવો અભીપ્રાય થાય છે કે, આ કલમ જે સક્ષ મુખ્ય અથવા ખરેખરા ગુનેહગારને બચાવે છે તેનેજ માત્ર લાગુ પડે છે. આ માહારા અભીપ્રાયને ટેકો આપનારા હીંદુસ્થાનની હાઇકોર્ટના ઘણા ફેસલા થયા છે, અને તેમાંથી કોઇ ફેસલો માહારા મતથી ઉલટો હોય એમ માહારા જાણવામાં નથી. આ બધા ફેસલાઓ બહાર પડયા નથી. પરંતુ નીચેના પાંચ ફેસલાનો હવાલો આપવો બસ છે.

(૧) રાણી. વિ. રાસુદર સુતાર.
(૨) રાણી. વિ. કાશીનાથ દીનકર
(૩) કેસરેહીંદ. વિ. કીશન.
(૪) કેસરેહીંદ. વિ. એહેલા બીબી.
(૫) કેસરેહીંદ. વિ. લાલી.

આ ફેસલાઓ લગભગ ઓગણીશ વરસની મુદતમાં થયેલા છે, અને એ ત્રણે હાઈકોર્ટમાંથી નવ જડજોએ તે ફેસલાઓ કરેલા છે.

આ ફેસલાઓ કાયદાકારોના લક્ષમાં રહ્યા નહીં હોય, એમ કદી માની શકાય એવું નથી. અને તેથી હીંદુસ્થાનની ત્રણ હાઇકોર્ટના આટલા બધા જડજોએ એ કલમોનો ખોટો અર્થ કર્યો હતતો, તે અર્થ સુધાર્યા વગર રહેત નહીં. ડુંગરશી તથા દુલારીનું પી. કો. ની ૨૦૧ લી કલમ પ્રમાણે અપરાધીપણું કાયદા વિરૂદ્ધ છે. એવો માહારો ખાસ અભીપ્રાય છે, તેથી તે ઠરાવ અને તેને કરેલી સજા રદ કર્યા વગર, અને ડુંગરને છોડી મુકવાનો હુકમ કર્યા વગર ચાલતું નથી.

હી. પી. કો. ની ૪૧૧ મી કલમ માંહેલા ગુન્હાની દુલારીને સજા કરી છે તે વચમાં આવવાનું કાંઈ કારણ માહારા જોવામાં આવતું નથી.

કલમ ૨૦૨ જી.

૨૦૨. જે ગુન્હા બાબતની કાંઇ ખબર આપવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ હોય, તે માણસ તે ગુન્હો થયો છે એવું જાણીને અથવા એવું માનવાનું તેને કારણ છતાં, ઇરાદાથી તે ખબર આપવામાં કસુર કરે, તો તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંન્નેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ ગુન્હા બાબત ખબર આપવાની જેની ફરજ હોય તે સખસ ઈરાદાથી ખબર આપવા માં કસુર કરે તો.

કલમ ૨૦૩ જી

૨૦૩. કાંઇ ગુન્હો થયો છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં તે ગુન્હા બાબત પોતે ખોટી જાણતો હોય અથવા માનતો હોય એવી કાંઇ ખબર જે માણસ આપે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કાંઇ ગુન્હો થયો હોય તેની ખોટી ખબર આપવી.

કલમ ૨૦૪

કોઇ ઇનસાફની કોરટમાં, અથવા કોઇ સરકારી નોકરની આગળ તેના ઓહદ્દાના જોરથી કાયદા પ્રમાણે ચાલતા કોઇ મુકદમામાં જે લેખ કોઇ માણસ પાસે કાયદા પ્રમાણે પુરાવા દાખલ હાજર કરાવી શકાય એવો કાંઈ લેખ તે માણસ છુપાવે અથવા તેનો નાશ કરે, અથવા ઉપર લખ્યા મુજબની કોરટ કે સરકારી નોકરી આગળ પુરાવા દાખલ તે લેખ હાજર થતો અથવા વાપરતો અટકાવવાના ઇરાદાથી, અથવા તે કારણસર તે લેખ હાજર કરવાનો તેને કાયદા પ્રમાણે સમન અથવા હુકમ થયા પછી, તે માણસ તે આખા લેખને અથવા તેમાંના કાંઇ ભાગને ચેરી નાંખે અથવા વંચાય નહિ એવો કરે, તો તેને બે વરસની મુદ્દત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાઈલેખને પુરાવા દાખલ હાજરથતો અટકાવવાનેતેનો નાશ કરવો.

સુબર મણીયા ધાણાપની કેદીઃ વિરૂદ્ધ રાણી.

કલમ ૨૦૪. ૧ તા૦ ૨-૯-૮૧ ઇ.૩ મ. પા. ૨૬૧

परस्परनी संमतीथी एक दावो घरमेळे नीकाल करवा सोंपायो हतो ते दावाना वादीए एक दस्तावेज उपर नोंध कर्यो हतो, ते नोंध एक साक्षीने जोतां अटकाववाना हेतुथी, ए दस्तावेज नीकाल करनारनी पासे पडयुं हतुं. ते वादी झोंटी लेइने भागी गयो, अने ते दस्तावेज रजु करवानी तेणे ना पाडी.

(ए दस्तावेज उपर जे नोंध कर्यो हतो, तेथी एम देखाडवानुं हतुं के, वादीना कहेवा प्रमाणे जे रकम प्रतीवादीए आपी हती, ते प्रतीवादीना कहेवा प्रमाणे वधु आपी हती.) ठराव्युं के करेलो गुन्हो चोरीनो थतो नथी ही. पी. को. नी कलम २०४ प्रमाणे दस्तावेज छुपाव्यानो थाय छे.

એક દીવાની દાવામાં પુરાવા તરીકે કોઈદસ્તાવેજ જ્યારે તેના સંબંધમાં પુરાવો આપનાર સાક્ષીનીયાદદાસ્તી તાજી કરવાસારૂ તેના હાથમાં આપ્યુ હોય, ત્યારે સદહુ સાક્ષીના હાથમાંથી એ દસ્તાવેજ લેઈ લેવું એથી ચોરીનો ગુન્હો થતો નથી. પણ આ કલમ પ્રમાણેગુન્હોથાયછે

આ કામના બંધવાનો દક્ષિણ તંજાવરના સેસન જડજે જુરીની મદદથી એક કીંમતી દસ્તાવેજ કોઈ રહેવાના ઘરમાંથી ચોર્યાનું તહોમત રાખી ઇનસાફ કર્યો હતો. એ ગુન્હો હી. પી. કો. ની કલમ ૩૮૦ પ્રમાણે શીક્ષા કરવા લાયક હતો.

જુરીને માલમ પડયું કે, બંધવો ગુન્હેગાર નથી. અને તેઓએ એવો અભીપ્રાય આપ્યો કે, આ મુકરદમો એક ખોટો મુકરદમો છે.

ક્રિ. પ્રો. કો. ની ૨૬૩ મી કલમ પ્રમાણે સેસન જડજે આ મુકરદમાનું દફતર હાઇકોર્ટનો ઠરાવ મળવા સારૂ મોકલી આપ્યું. તેનો એવો અભીપ્રાય થયો કે, જુરીએ ભરપુર અને નીર્ણયકારી પુરાવાની સામે થઇને પોતાનો ઠરાવ આપ્યો છે. તથા બંધવાને ઘાણુ અને વેદીઓ જાણીને જુરીને સજા કરવાનું મન થયું નથી.

બંધવો એક દીવાની દાવાનો વાદી હતો, તે દાવો ખતની રૂએ ડીસ્ટ્રીકટ મુનસફની કોર્ટમાં પૈસા મેળવવા કર્યો હતો. બંને પક્ષકારોની મરજીથી તે દાવાનું ઘર મેળે સમાધાન કરવા સારૂ સદરહુ કોર્ટના એક વકીલને સોંપવામાં આવ્યો હતો. એ વકીલે વાદીના પૈસાની રકમ ચોકસ કરવા સારૂ સાક્ષીઓને પોતાના ઘરમાં તપાસ્યા હતા. આ સાક્ષીઓમાંથી એક સાક્ષીએ કહ્યું કે, કંઇ ચોકસ રકમ આપ્યાની વાત એ દસ્તાવેજમાં નોંધેલી છે તેથી એ વકીલે પોતાના નોકરને સદરહુ દસ્તાવેજ લાવવાનો હુકમ કર્યો અને તે દસ્તાવેજ તેણે પોતાના સમાધાન કરનાર શેઠની પાસે ભોંય ઉપર મુક્યું. પૈસા આપ્યાની વાત એ દસ્તાવેજ ઉપર નોંધેલી હતી. તે રકમ બાબતમાં બંધવે તકરાર લીધી. અને એવો વાંધો લીધો કે, એ દસ્તાવેજ તે સાક્ષીને બતાવવો જોઇએ નહીં. તે વાંધો નીકાલ કરનાર વકીલે માન્યો નહીં. તે ઉપરથી બંધવાએ તુરતજ સદરહુ દસ્તાવેજ ઉપાડી લીધો, અને એક પણ શબ્દ બોલ્યા વગર ઘરમાંથી દોડયો ગયો. બંધવાની પાછળ પેલા વકીલે તેના નોકરને દોડાવ્યો. અને તેણે તેને રોકી પાડયો, પેલો નીકાલ કરનાર વકીલ પછવાડે થયો, અને એ દસ્તાવેજ પાછો આપવાને વાસ્તે તેને કહ્યું. બંધવે તેમ કરવાની ના પાડી અને ચાલ્યો ગયો.

જુરીને આદેશ કરતાં સેસન જડજે નીચે પ્રમાણે બોધ કર્યો છે.

"જે બાબતો મારે વિચારવાની છે, તે એ છે કે, બંધવે આ દસ્તાવેજ નીકાલ કરનાર વકીલના કબજામાંથી લીધું હતું કે નહીં? (૨) જો તેણે લીધું હોય તો, તેમાં તેનો બદ દયાનતવાળો ઈરાદો એટલે કે કાંતો પોતાને એ દાવામાં લાભ લેવાના અથવા પ્રતિવાદીને નુકશાન કરવાના ઇરાદાથી લીધું હતું કે નહીં?"

બંધવા તરફથી રામચંદ્ર આયરની દલીલ સાંભળી તે ઉપરથી ચિફ જસ્ટીસ ટરનર તથા મુટુસ્વામી આયરે હાઇકોર્ટ તરફથી ઠરાવ આપ્યો, અને તે ઠરાવ એ છે કેઃ—

પુષ્કળ રીતે સાબીત થાય છે કે, જે દસ્તાવેજ બંધવે ચોર્યું કહેવાય છે, તે તેણે સાક્ષીના કહેવા પ્રમાણે લીધું હતું. સવાલ એટલોજ ઉઠે છે કે, તેના કૃત્યથી ચોરી થાય છે કે નહીં? એમ જણાય છે કે એ દસ્તાવેજ રજુ કરવામાં બંધવે વાંધો લીધો નહોતો. તે દસ્તાવેજ એક ત્રાહેત સક્ષે આણીને તથા તેનો પુરાવો લઈને દફતરમાં દાખલ કર્યો હતો. સામાવાળાએ એક સાક્ષી બોલાવ્યો. તેણે કહ્યું કે રૂ. ૫૧૬-૦-૦ ખાતા પેટે આપ્યા હતા, અને દસ્તાવેજમાં નોંધી લીધા હતા. એમ કહેવાયું છે કે, નોંધાયેલી રકમ રૂપૈયા ૫૪૦ની હતી. અને સાક્ષીને યાદદાસ્તી તાજી કરવા સારૂ બંધવાના સામાવાળીયાઓએ અરજ કરી કે, સદરહુ દસ્તાવેજ સાક્ષીને બતાવવું જોઇએ. બંધવો એ માગણી સામે થયો. અને નીકાલ કરનાર વકીલે તેના વાંધા વિરૂદ્ધ ઠરાવ કર્યો. એટલે તે દસ્તાવેજ તેણે આંચકી લીધું અને તે લેઇને ત્યાંથી ભાગી ગયો. અને પછી રજુ કરવાની તેણે ના પાડી. આવી હકીકત ઉપરથી બંધવાનું કૃત્ય કાંઈ ગેર કાયદેસર હાની, કે ગેર કાયદેસર લાભ કરવાની, તથા લેવાની ઇચ્છાથી ઉશકેરાયું હશે, એવું ભાગ્યેજ અનુમાન થઈ શકે છે. જે હાની અથવા લાભનું જડજના મનમાં આવ્યું છે, તે હાની કીંવા લાભ, તુરતમાં થાય એવાં નથી. અને અમે ધારીએ છીએ કે, બંધવાના મનમાં તે વખતે તે લાભ અથવા હાનીનો ખ્યાલ પણ હશે નહીં. અને એ ખ્યાલ રાખીને તેણે પોતાનો ભાવ ભજવ્યો નહીં હશે. એ હકીકત ઉપરથી દેખીતું અનુમાન એવું થાય છે કે, તકરારી બાબતનો ઠરાવ પોતાની વિરૂદ્ધ થતાં, તે બાબતમાં નારાજ થઇને, તેણે થયેલા ઠરાવનો અમલ થતો અટકાવવા નકી ધાર્યું હશે. અને તે ઈરાદાથી સદરહુ દસ્તાવેજ ખસેડી લીધું હશે. અને પછવાડેથી તે રજુ કરવાની ના પાડી હશે. જે દસ્તાવેજ એક સરકારી નોકર પાસે પુરાવામાં રજુ કરવાની તેની કાયદેસર ફરજ હતી. તે દસ્તોવેજ, સંતાડયાનો તે ગુન્હેગાર થાય છે. એ ગુન્હો ઈ. પી. કો. ની ૨૦૪ થી કલમ પ્રમાણે શીક્ષા કરવા લાયક છે.

અમે ૨૦૪ થી કલમ પ્રમાણે ગુન્હાનો ઠરાવ દફતરમાં લખવા હુકમ કરીએ છીએ. અને જે કેદ તેણે ભોગવી છે. તે તરફ નજર રાખી તેનો ૫૦ રૂપૈયા દંડ અને તે દંડ ના આપે તો એક માસની આસાન કેદની સજા કરીએ છીએ.

કલમ ૨૦૫ મી.

૨૦૫. જે માણસ ખોટી રીતે કોઇ બીજાનો વેષ લે, અને તે વેષ લઇને કાંઇ કબુલત કરે, અથવા કાંઈ મજકુર કહે, અથવા કબુલતથી ફેસલો કરાવે, અથવા કાંઇ હુકમ કહડાવે, અથવા હાજર જામીન કે બીજી તરેહનો જામિન થાય, અથવા કોઈ દીવાની કે ફોજદારી મુકદમામાં કાંઇ બીજું કામ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઈમુકદમામધ્યેકાંઇકામકરવા સારૂ ખોટો વેશલેવો.

કલમ ૨૦૬ મી.

૨૦૬. જો કોઈ માણસ કાંઇ મિલકત અથવા તે માંહેનો કાંઇહક દગલબાજીથી કેથાં ખસેડે કે છુપાવે, અથવા કોઈ સખસના નામપર ચહડાવે કે કોઇને સ્વાધીન કરે, એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ ઇનસાફની કોરટે અથવા બીજા મુખતિયાર અધિકારિએ કાંઈ શિક્ષાનો હુકમ કર્યો હોય અથવા કાંઈ હુકમ તે કરશે. એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમ મુજબ તે મીલકત અથવા તે માંહેલો હક સરકાર જપ્ત થતો અથવા દંડ પેટે વસુલ થતો અટકે, અથવા કોઈ ઇનસાફની કોરટે કોઈ દિવાની મુકદમામાં કાંઇ હુકમનામુ અથવા હુકમ કર્યો હોય, અથવા કાંઇ હુકમનામુ કે હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમનામુ અથવા હુકમ બજાવવામાં તે મીલકત અથવા તે માંહેલો તે હક લેવાતો અટકે તો તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડનીઅથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કાંઇમીલકતસરકારજપતથતીઅથવાહુકમનામુંબજાવવામાં લેવાતી અટકાવવા સારૂતેમીલકત દગલબાજી થી ખશેડવીઅથવા છુપાવવી.

કલમ ૨૦૭ મી.

૨૦૭. ફલાણી મિલકત અથવા તે માંહેલા ફલાણા હકપર માહરે કાંઇ હક અથવા વ્યાજબી દાવો નથી એવું જાણીને જે માણસ દગલબાજીથી તે મીલકત અથવા તે માંહેલો તે હક કબુલ કરે, અથવા લે, અથવા તેનો દાવો કરે અથવા જે માણસ કોઇ મીલકત અથવા તે માંહેલો કાંઇ હકપરના કાંઈ હક બાબત કોઇ તરેહની દગબાજી કરે એવા ઈરાદાથી કે તેમ કરવાથી કોઈ ઇનસાફની કોરટે અથવા બીજી મુખત્યાર અધીકારીએ કાંઇ શિક્ષાનો હુકમ કર્યો હોય અથવા કાંઇ હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમ મુજબ તે મિલકત અથવા તે માંહેલો તે હક સરકાર જપ્ત થતો અથવા દંડને પેટે વસુલથતો અટકે, અથવા કોઈ ઇનસાફની કોરટે કોઇ દીવાની મુકદમામાં કોઈ હુકમનામુ અથવા હુકમ કરયો હોય અથવા કાંઇ હુકમનામુ કે હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમનામુ અથવા હુકમ બજાવવામાં તે મીલકત અથવા તે માંહેલો તે હક લેવાનો અટકે, તો તે માણસ ને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઇમીલકતસરકારજપતથતીઅથવાહુકમનામુ બજાવવામાં લેવાતી અટકાવવા સારૂ દગલબાજી થીતેમીલકતપરદાવોકરવો.

કલમ ૨૦૮ મી.

૨૦૮. કોઇ સખસે ફરીયાદી કરયા ઉપરથી જે રકમ લેહેણી ન હોય તે રકમને સારૂ, અથવા તે શખ્સને જેટલી રકમ દેવી હોય તે કરતાં વધારે રકમને સારૂ, અથવા જે મિલકતપર કે તેના જે હકપર તે શખ્સનું કાંઇ પોહોચતું ન હોય એવી મિલકતને સારૂ, અથવા એવા હકને સારૂ, જે માણુસ દગલબાજીથી પોતાની ઉપર કાંઈ હુકમનામું કે હુકમ કરાવે અથવા થવા દે, અથવા કાંઇ હુકમનામું કે હુકમ પુરો થયા પછી અથવા જે વસ્તુ સંબંધી તે પુરો થયો હોય તે વસ્તુ સંબંધી જે માણુસ દગલબાજીથી પોતાની ઉપર તે હુકમનામું કે હુકમ બજવાવે અથવા બજવા દે, તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

જેરકમલેહેણી નથીતેને સારૂ દગલબાજીથી હુકમનામુ થવાદેવું.

દ્રષ્ટાંત.

અ ઝ ની ઉપર એક ફરીયાદી કરે, અ નું આરી ઉપર હુકમનામું થશે એવો સંભવ છે એમ જાણીને બ જેનો ઝ ની ઉપર કાંઇ વ્યાજબી દાવો નથી તેણે ફરિયાદી કરેથી વધારે રકમનું ઝ દગલબાજીથી પોતાની ઉપર થવા દે, એવા હેતુથી કે અ ના હુકનામાની રૂઇએ ઝ ની મીલકતનું જે વેચાણ થાય તેમાંથી જે રૂપીયા ઉપજે તેમાં બ પોતાને હીસાબે અથવા ઙ ના ફાયદાને સારૂ ભાગ ભળે તો આ કલમ મુજબ ઝ એ ગુન્હો કર્યો એમ સમજવું.

કલમ ૨૦૯ મી.

૨૦૯. જે માણુસ દગલબાજીથી અથવા બદદયાનતથી, અથવા કોઈ સખસને નુકશાન કરવાના કે દુઃખ આપવાના ઈરાદાથી કાંઇ દાવો ખોટો છે એમ જાણીને કોઇ ઇનસાફની કોરટમાં તે દાવો કરે, તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી દંડને પણ લાયક થશે.

કોઇ ઇનસાફની કોરટમાં બદદયાનતથી ટો દાવો કરવો

કલમ ૨૧૦

જે રકમ લેહેણી ન હોય તે રકમને સારૂ અથવા લેહેણી હોય તે કરતાં વધારે રકમને સારૂ, અથવા જે મિલકતપર કે તેમાંના જે હકપર પોતાનું કાંઇ પહોંચતું ન હોય એવી મિલકતને સારૂ અથવા એવા હકને સારૂ, જે માણસ દગલબાજીથી કોઇ સખસની ઉપર કાંઇ હુકમનામું કે, હુકમ કરાવી લે, અથવા કાંઇ હુકમનામુ કે હુકમ પુરો થયા પછી, અથવા જે વસ્તુ સબંધી તે પુરો થયો હોય તે સંબંધી, જે માણસ દગલબાજીથી કોઇ સખસની ઉપર તે હુકમનામુ કે હુકમ બજાવે, અથવા દગલબાજીથી એવું કાંઇ કામ પોતાને નામે થવા દે અથવા કરવાની રજા આપે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

જે રકમ લેહેણી ન હોય તેનેસારૂ દગલબાજીથી હુકમ નામું કરાવી લેવું.

માહારાણી કેસરે હીંદ વિ. પીલ્લાલા.

કલમ ૨૧૦.

૧

તા૦ ૬–૨–૮૫
ઇ. ૯મ. પા. ૧૦૧

दीवानी काम चलाववानी रीतना कायदानी २९८ मी कलममां एवो नियम बांधेलो छे के, कोइ हुकमनामानी भरपाइ करी होय, अथवा ते पेटे कांइ अपार्युं होय, परंतु सदरहु कलममां कह्या मुजब ते विशेनुं अदालते सरटीफीकेट न आप्युं होय तो, कोइ कोरटे ते मंजुर राखवुं नही. ज्यां हुकमनामानो लेणदार कपट भावथी पती गएलुं हुकमनामु बजावे, त्यां सदरहु रीते आपेला पैसा फोजदारी कोर्टे मंजुर राखवा नही, एवो कांइ ए ठरावथी प्रतीबंध थतो नथी.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની ૨૫૮મી કલમમાં કોઇ દીવાની હુકમનામાંની પતાવણી પેટે આપેલા પઇસાનું કોરટે સરટીફીકેટ આપ્યું ન હોયતો કપટભાવથી ફરીને હુકમનામું બજાવતાં તાજે ગુન્હો થાયછેતે ગુન્હાની તપાસમાં દીવાની કાયદાનીસદરહુ કલમને વળગી રહેવું. એવો કાંઇ નીયમ નથી.

ગંજામના સેસન જડજે આ કામ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૮ મી કલમ પ્રમાણે હાઇકોર્ટને લખી મોકલ્યું હતું. તે માંહેલી હકીકત કોર્ટના ઠરાવમાં આપી છે.

ઇનસાફની કોર્ટમાં ખોટો દાવો કર્યાનું તહોમત પીનલકોડની ૨૦૯ મી કલમ પ્રમાણે બંધવા ઉપર મુક્યું હતું. બદધાનતથી પતીગએલું હુકમનામું બજાવવાનું પ્રયત્ન કરતાં જો કોઈ ગુન્હો થતો હોય તો તે ૨૦૯ મી કલમ કરતાં ૨૧૦ મી કલમ માંહેલો થાય છે. પરંતુ માજીસ્ટ્રેટે બંધવાને છોડી મુક્યો, તે એવા સબબથી કે દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની ૨૫૮ મી કલમ પ્રમાણે જે હુકમનામાની ભરપાઈ હું મંજુર રાખી શકતો નથી. દીવાની કામ ચલાવવાની રીતનો ધારો, દીવાની કોર્ટોની હકુમતની રીત ચલાવવા ઘડેલો છે. અને તેમાંથી સાફ રીતે ઉલટું ન જણાય તો, તેમાં લખેલો કોઈ નિયમ ફોજદારી

અદાલતોને લાગુ છે, એમ સમજવાનું નથી. માહારો સાફ રીતનો અભિપ્રાય છે કે તે સબબને આધારે ના સાબિતીનો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે માટે રદ કરી તેના ગુણ દોષ ઉપરથી ફેંસલો આપવા માજીસ્ત્રેટને હુકમ કરૂછું.

કલમ. ૨૧૧

જો કોઇ માણસ કોઇ સખસનું નુકશાન કરવાના ઇરાદાથી તે સખસની ઉપર કાંઇ ફોજદારી કરે અથવા કરાવે, અથવા કોઇ સખસ ઉપર કાંઇ ગુનોહ કરયાનું ખોટું તોહોમત મુકે, અને તે એવું જાણીને કે તે સખસની ઉપર તે ફોજદારી કરવા અથવા તે તોહોમત મુકવાનું કાંઇ વ્યાજબી અથવા કાયદા મુજબ કારણ નથી, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બનેની, શીક્ષા કરવામાં આવશે, અને અગર તે ફોજદારી કરે એવા કોઇ ગુન્હાનાં ખોટાં તોહોમતપરથી કરે કે તે ગુન્હાને માટે મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા સાત વરસ કે તેથી વધારે મુદતની કેદની, શીક્ષા થઇ શકતી હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને લાયક થશે.

નુકશાન કરવાનાઈરાદાથી મુકેલું ગુન્હાનું ખોટુંતહોમત.

માહારાણી કેસરે હીંદ વિ. અબ્દુલ હુસેન.

હીંदुस्थानना पीनलकोडनी २११ मी कलम प्रमाणे कोइ गुन्हो कर्यानुं खोटुं तहोमत राखवानो गुन्हो थवा सारु कोइ गुन्हो कर्यानुं खोटुं तहोमत राखवुं, एटलुं बस छे, पछी ते उपरथी काम चाल्युं न होय तो तेनी चींता नहीं, राणी विरुद्ध सुभाना गौदन (१. म. हा. री. ३०) नो फेंसलो बहाल राखवामां आव्यो. राणी विरुद्ध. बीसु बारीक (१३. वी. री. ७७) ना मुकरदमा वचे तफावत बतावावामां आव्यो.

કલમ ૨૧૧.
૧
તા૦ ૧૮-૧-૮૪
ઈ. ૭ મ,પા. ૨૮૯
કોઈ ગુનહો કરવાની ખોટી ફરીઆદ કરવી એથી સંપુરણ ગુનહો થાય છે પછી તે ખોટીફરીઆદનું કામ ચાલ્યું નહોય તેની ચીંતા નહી.

અલીગઢના સેસન જડજે પેહેલા વર્ગના માજીસ્ટ્રેટના તારીખ ૩ જુલાઇ ૧૮૭૭ ના ઠરાવથી તહોમતદારને છોડી મુકવાનો ઠરાવ કરેલો હતો, તે ઠરાવ વીરૂધ્ધ આ એક અપીલ સ્થાનીક સરકારે હાઈકોર્ટને કરી હતી.

મુકરદમાની હકીકત જોઈએ તેટલી હાઈકોર્ટના ઠરાવમાં કહેલી છે.

અપીલ કરનાર સ્થાનીક સરકાર તરફથી બાબુ દુવારકાંનાથ બાનરજી હાજર હતા.

રીસ્પોંડંટ તરફથી ડીલન સાહેબ હતા.

હાઇકોર્ટે નીચે મુજબ ઠરાવ કર્યો.

આ મુકરદમાવાળો અબદુલ હુસેન પોલીસ થાણામાં ગયો. અને અતરોલી ગામના દવાખાનામાંથી વૈદકી વાઢકુટ કરવાના હથીયારો ચોરી લાવ્યાનું સેરમલ ઉપર તહોમત મૂક્યું. તે વાત માજીસ્ટ્રેટ પાસે ઝાહેર થાય, અને તે ઉપરથી શેરમલ ઉપર કામ ચાલે, એવા ઇરાદાથી આ ફરીઆદ તેણે કેરી હતી. અબદુલ હુસેનની સુચના ઉપરથી પોલીસે તાબડતોબ શેરમલના ઘરનો ઝાડો લીધો. અને ઘરની બહારથી સહેજ પહોંચી શકાય એવી જગ્યામાંથી તેના કહ્યા પ્રમાણે ચોરી ગયેલી વસ્તુઓ મળી આવી. પોલીસને જણાયું કે,

અબદુલ હુસેનને તેની ડાકતરી ફી આપવાની ના પાડવાથી શેરમલ સાથે તાજે તરજ તકરાર થઇ હતી. અને એ પોલીસને એવું પણ માલુમ પડયું કે, સદરહુ ચોરાઉ વસ્તુઓ તેના ધણીએ જે જગ્યામાં તે વસ્તુઓ રાખી હતી, તેમાં તે વસ્તુ રાખે,એવી તે જગ્યા હતી નહીં. પણ એ જગ્યામાં કોઇ સક્ષ ઘરની બાહારથી રાખી જાય, ને તે વાતની ખબર ઘરમાં રહેનારને પડી શકે નહીં. એવી તે જગ્યા હતી. તે સઘળું જોયા પછી એ બધી હકીકતનો રીપોર્ટ પોલીસે માજીસ્ટ્રેટ તરફ રવાના કરતી વખતે લખ્યું કે, જે તહોમત મુકેલું છે તે ખોટું છે. માજીસ્ટ્રેટે તેહેશીલદારની મારફત બીજી વાર તપાસ કરાવ્યો, અને તેમો મત પણ પોલીસના રીપોર્ટને મળતો થયો, અને તેથી શેરમલ વિરૂદ્ધ કાંઇ આગળ કામ ચલાવ્યું નહીં.

તોપણ ફોજદારી ગુન્હાની ખોટી ફરીયાદ કરી, તેથી તે તહોમતનો જવાબ દેવાસારૂ અબદુલ હુસેનને સમન કરવામાં આવ્યો, ને તે તહોમત તેના ઉપર સાબિત થયું. અપીલમાં સેસન જડજે તેને એવા કારણથી છોડી મુકયો કે, માજીસ્ટ્રેટે ચોરી કર્યાનો તપાસ કર્યો નથી. માટે ખોટી ફરીયાદ કર્યાનું તહોમત રહી શકતું નથી. આ ઠરાવના ટેકામાં તેણે રાણી વિ. વીશુ બારીક (૧૬ વી. રી. ફો. ૭૭) નો કેશ કલકત્તા હાઇકોર્ટે ચુકવેલો છે. તેના ઉપર આધાર રાખ્યો હતો. અમારે બતાવવું જોઇએ કે, એ વીશુ બારીકના મુકરદમામાં જ્યારે ખોટી ફરીયાદ કર્યાના તહોમતનું કામ ચાલી તેનું છેવટ થયું હતું, ત્યારે મૂળ તહોમતના ઇનસાફનું કામ હજુ ચાલતું હતું. પણ જે કેશ આપણી પાસે આવેલો છે, તેમાં અબદુલ હુસેનની વિરૂદ્ધ કામ ચાલવા માંડયું, ત્યારે મૂળ તહોમતનું કાંઈ પણ કામ ચાલતું ન હતું. ખોટી ફરીયાદ કર્યાના કામમાં ફરીયાદનું છેવટ થયું ન હતું. અને તે બાબતનું કામ હજી ચાલતું હતું. એ જવાબ બસ છે કે નહીં ? તે નકી કરવાની જરૂર નથી. કેમકે આ કેશમાં કાંઇ પણ કામ ચાલેલું નથી. ખોટી ફરી યાદ કરી કામ ચલાવવામાં ગુન્હો નથી. પણ ખોટી ફરીયાદ કરવી એજ ગુન્હો છે. રાણી વિ. સુભાના ગૌદાન (૧ મદ્રાસ હા. કો. રી. ૩૦) નો કેશ બરાબર આ કેશને લગતો છે. તેમાં ચીફ જસ્ટીસ સ્કોટલેંડે જે ઠરાવ કરેલો છે, તેને તથા તે ઠરાવનાં જે કારણો છે તેને અમે મળતા આવીએ છીએ. માટે સેસન જડજનો ઠરાવ જે કારણો ઉપરથી થએલો છે, તે કારણો કાયદાથી વિરૂદ્ધ છે, એમ ફરીયાદી તરફના રજુ થએલા પુરાવા ઉપરથી અમને ખાત્રી થાય છે. મૂળ તહોમતની ફરીયાદ થઇ હતી, અને તે ખોટી હતી, અને તે ઉપરથી અમે પણ અનુમાન કરીએ છીએ કે, અબદુલ હુસેન જાણતો હતો કે, તે ફરીયાદ ખોટી છે. અને શેરમલને નુકસાન પહોંચાડવાના ઇરાદાથી કરેલી હતી, તેથી જે ગુન્હો સાબિત થયો છે તે વાજબી છે. ને તેની સજા પણ ખરેખરી રીતે સખ્ત નથી. અપીલ મંજુર કરી સેસન જડજનો છોડી મુકવાનો ઠરાવ રદ કરતાં મુળ ઠરાવ તથા તેની શીક્ષા બહાલ કરવામાં આવે છે.

માહારાણી કેસરે હીંદ વી. સાલીક.

हीं. पी. को. नी २११ मी कलम प्रमाणे हरकोइ खोटुं तहोमत राखवानो गुन्हो थवा सारु खोटुं तहोमत मुकवुं एटलुंज बस छे. अने गुन्हेगारनो इनसाफ थवा वखते सदरहु तहोमत लटकतुं रहेवानुं नथी. राणी वि. सुभाना गोंदान (१ मं. हा. री. ३०) प्रमाणे अमल करवामां आव्यो.

કલમ ૨૧૧.
૨
તા૦ ૭-૧૨-૭૭
ઈ-૧ અ-પા. ૫૨૭
કોઈ ગુનહો કરવાની ખોટી ફરીયાદ કરવીઅથી સંપુરણ ગુનહો થાયછે પછી ખોટી ફરીયાદનું કામ ચાલ્યું ન હોય તેની ચીંતા નહી.

સને ૧૮૭૭ ના આગષ્ટની પેહેલી તારીખે એક પેહેલા વર્ગના માજીસ્ત્રેટે ગુન્હાનો ઠરાવ કર્યો હતો. તે ઠરાવ ફેરવી નાંખીને ગાજીપોરના સેસન જડજે, સને ૧૮૭૭ ના સપ્ટેંબરની આઠમી તારીખે ના સાબીતીનો ઠરાવ કર્યો. તેના ઉપર સ્થાનીક સરકારે હાઇકોર્ટમાં અપીલ કરી હતી.

આ મુકરદમો રાણી વિ. સુભાના ગોદાનના ઠરાવ પ્રમાણે ચુકવ્યો હતો. અને એ મદ્રાસના મુકરદમાને અનુસરીને માહારાણી કેસરે હીંદ વિરૂદ્ધ અબદલ હસન (૧ અ. ૪૯૭) નો ફેસલો થયો હતો. તેથી આ મુકરદમો વિગત વાર લખવામાં આવ્યો નથી.

ભકતીરાંમ વી. હીરા કોલીટા.

पीनलकोडनी २११ मी कलमना गुन्हामां तेज कायदानी १८२ मी कलमवाळो गुन्हो आवी जाय छे. तेथी माजीस्त्रेटने आ बंने कलमोमांथी गमे ते कलम मुजब काम चलाववाने छुट छे परंतु वधारे भारे कामोमां २११ मी कलम प्रमाणे काम चलववुं ए वाजबी रस्तो छे. रफीमांमद वि अबासखांन (८ वी. री. ६७) नो फेंसलो जुओ.

કલમ ૨૧૧.
૩
તા. ૨-૪-૭૯
ઈ ૫ ક-૧૮૪
હી. પી. કો.ની ૨૧૧ મી કલમના ગુનહામાં ૧૮૨ મી કલમના ગુનાનો સમાસ થઈ જાયછે, તેમાં૨૧૧ મી કલમનોગુનહોઅેવધારે ભારે ગુનહો છે.

સને ૧૮૭૨ ના ૧૦ આકટની ૨૯૬ મી કલમ (૪૩૮) પ્રમાણે આ કામ હાઇકોરટ તરફ લખી મોકલ્યું હતું.

પોલીસના થાણામાં જઈને, એક હીરાએ ભકતીરામ ઉપર ચોરીનું આળ ચઢાવ્યું. પોલીસે તપાસ કરી રીપોર્ટ કર્યો કે, ફરીયાદ ખોટી છે. તે ઉપરથી ભકતીરામે આસીસ્ટંટ કમીશનરની કોરટમાં હીરા ઉપર પીનલકોડની ૨૧૧ મી કલમના ગુન્હા માટે ફોજદારી માંડી.

ભક્તીરામ ઉપરની ફરીયાદ સાચી છે. તે કોર્ટમાં મરજી હોય તો, સાબીત કરવાની તક હીરાને આપ્યા વગર, ૧૮૨ મી કલમના ગુન્હાના ઇનસાફ વાસ્તે હીરાને બંધવા તરીકે ઉભો રાખ્યો. અને સંક્ષેપ રીતે ઇનસાફ કરીને તેને ગુન્હેગાર ઠરાવ્યો. અને ત્રણ માસની સખત કેદની સજા કરી. બંધવાની અરજી ઉપરથી સેસન જડજ પાસે એ કામ આવતાં, તેણે તે કામ હાઈકોર્ટને લખી મોકલ્યું. કેમકે આસીસ્ટંટ કમીશનરના ઠરાવ ઉપર અપીલ થઇ શકે, એમ નહોતી. સેસન જડજનો અભીપ્રાય થયો કે, આસીસ્ટંટ કમીશનરનું

ચલાવેલું કામ રદ કરવું જોઈએ. કારણ કે બંધવા ઉપર જે ગુન્હાની ફરીયાદ કરી હતી તેને બદલે બીજા ગુન્હામાં સંક્ષેપ રીતે તેનો ઇનસાફ થયો છે, અને વળી ભક્તીરામ ઉપર ચોરી કર્યાનું આળ ચડાવ્યું હતું, તે ખરૂં છે એમ સાબીત કરવાની તક આપ્યા વગર, કેદીને ઇનસાફ વાસ્તે ખડો કરવો એ કાયદા વિરૂદ્ધ છે.

હાઈકોર્ટનો ઠરાવ: –

(જસ્ટીસ એંનસ્લી તથા આઉટનનો.)

આ કામમાં કેદીએ, પોલીસના થાણામાં જઇને એવી ખબર આપીકે, સાધુરામ, ભક્તીરામ, તથા બે બીજાઓ, માહારા ઘરમાંથી ચોરી કરી ગયાનો મને શક છે. પોલીસ અમલદારે તે કામનો તપાસ કર્યો. અને તેનો એવો અભીપ્રાય થયો કે, આ ખબર ખોટી છે. તેથી તેણે આસીસ્ટંટ કમીશનરને એ બાબતનો રીપોર્ટ કરી મોકલ્યો. આસીસ્ટંટ કમીશનરે એ રીપોર્ટ નીચે ફરીયાદ કાઢી નાંખવાનો ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૧૪૭ (૨૩) મી કલમ પ્રમાણે શેરો કર્યો. આસીસ્ટંટ કમીશનરે આમ કરવું જોયતું નહોતું. હાલના બંધવાએ તેની પાસે ફરીયાદ કરી નથી, તેમ આ કામને માટે પોલીસ અધિકારીનો રીપોર્ટ એ ફરીયાદ ગણાય નહીં. કેમકે તેણે એવો રીપોર્ટ કર્યો કે, ફરીયાદ ખોટી છે. ભક્તીરામે પછી આસીસ્ટંટ કમીશનર પાસે ઇ. પી. કો. ની ૨૧૧ મી કલમ પ્રમાણે કેદી ઉપર ફોજદારી માંડવાની પરવાનગી માગી. સદરહુ પરવાનગી અથવા મંજુરીની જરૂર નથી. જો કાંઇ ગુન્હો થતો હોય તો, તે ગુન્હો કોરટની રૂબરૂમાં થયો નહોતો. (જુઓ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૮ મી(૧૯૫) તથા બંગાળાની સરકાર વિરૂધ્ધ ગોકળચંદ ચોધરી ૨૪)વી. રી. ૪૧ તથા રામરંજન ભંડારી વિ. માધવ ગોશ ૨૫ વી. રી. ૩૩ આસીસ્ટંટ કમીશનરે મંજુરી આપી નથી. તેમ મંજુરીની નાપાડી નથી. પણ આખું કામ ડેપ્યુટી કમીશનરને લખી મોકલ્યું છે. આ રસ્તો પણ ૨૧૧ મી કલમ પ્રમાણે ફોજદારી કામ ચલાવવા વાસ્તે જરૂરનો નોહોતો.

ડેપ્યુટી કમીશનરે કહ્યું છે કે, "આસીસ્ટંટ કમીશનરને ખાત્રી થતી હોય કે, ભક્તીરામને હેરાન કરવાના ઇરાદાથી, હીરાએ પોલીસને ખોટી ખબર આપી. તો તેણે ભક્તીરામની અરજી લઇને પીનલકોડની ૧૮૨મી કલમ માંહેલા ગુન્હાનો ઇનસાફ કરવો."

૨૧૧ મી કલમ પ્રમાણે ફોજદારી ચલાવવા સારૂ, ડેપ્યુટી કમીશનર તરફથી અધિકાર મળવાની જરૂર નહોતી, તેથી ઉપરનું કહેવું કાંતો ફક્ત સલાહ દાખલ ગણવું જોઈએ. અને તે સલાહ જો કાંઇ મુશકેલી જણાઇ હોય, તો તે પુછવાનો આસીસ્ટંટ કમીશનરને હક હતો અને ડેપ્યુટી કમીશનરને જવાબ આપવાનો હક હતો. અને કાંતો ૪૬૭મી કલમ પ્રમાણે જે સરકારી નોકર સામે ૧૮૨મી કલમ માંહેલો ગુન્હો થયો હોય,તે સરકારી નોકરના ઉપરી અધિકારીની મંજુરી હોવી જોઈએ. તેવી મંજુરી ગણવી જોઈએ. ડેપ્યુટી કમીશનરે જે લખ્યું છે, તે લખાણ બે રીતે વાંચી શકાય એવું છે. કાંતો હીંદુસ્થાનના પીનલકોડની ૧૮૨મી કલમ માંહેલા ગુન્હાનો ઈનસાફ કરવાને આસીસ્ટંટ કમીશનર શક્તીમાન થાય, તે સારૂ મંજુરી મળવાની ભક્તીરામની અરજી બસ છે, અથવા તો ભક્તીરામે બીજી અરજી અથવા ફરીયાદ કરી હતતો, આસીસ્ટંટ કમીશનર સદરહુ કલમ માંહેલા ગુન્હાનો ઇનસાફ, બાધમાં આવ્યા વગર કરી શકત. આસીસ્ટંટ કમીશનરે પેહેલા અર્થ પ્રમાણે તે લખાણનો અર્થ કર્

યો છે. તેણે ઇ. પી. કોડની ૧૮૨ મી કલમના ગુન્હાના ઇનસાફમાં ઉભા રહેવા માટે, સમન કહાડયો, અને જોઇતો પુરાવો રજુ કરવાને પોલીસને ફરમાવ્યું. ભક્તીરામ હાજર થયો. અને તેણે પુરાવો આપ્યો. સને ૧૮૨ મી કલમના ગુન્હા વાસ્તે બંધવાને ત્રણ માસની સખત કેદની સજા કરવામાં આવી.

ભક્તીરામની એવી ફરીયાદ નથી કે, ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાની ફોજદારી ચલાવવા સારૂ મને પરવાનગી મળી નથી. પરંતુ અપીલ ન હોવાથી બંધવે સેસન જડજને હાઇકોર્ટમાં એ કામ બે કારણસર લખી મોકલવા અરજ કરી. પેહેલું કારણ એ હતું કે, માહારો ઇનસાફ ૧૮૨ મી કલમ પ્રમાણે નહીં. પણ ૨૧૧ મી કલમ પ્રમાણે થવો જોઇતો હતો. (૨) માહારી ફરીયાદ સાચી છે, તે સાબીત કરવાની મને તક આપ્યા વગર, મને ઇનસાફ માટે ઉભો કર્યો. એ કાયદા વિરૂધ્ધ છે. એટલે કે માહારા ઘરમાં ખાતર ખરેખરૂં પડયું છે કે નહી? અને ભક્તીરામ, અને સાદીરામ, તથા બીજાઓ ઉપર, એ ચોરીનો શુદ્ધ ભાવે શક જાય કે નહીં. એ સાબીત કરવાની મને તક આપી નથી.

સેસન જડજ એવું ધારે છે કે, આ કામની પ્રથમ ચોકશી થવી જોઈતી હતી.

પેહેલા કારણના સબંધે બોલતાં, ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હામાં ૧૮૨ મી કલમ માંહેલો ગુન્હો આવી જાય છે. અને આવા પ્રકારના ગુન્હામાં આજ કલમ પ્રમાણે કામ ચલાવવું, અને આ પ્રમાણે ન ચલાવવું, એમ કાંઇ કારણ નથી. અલબતે ભારે પ્રકારના ગુન્હામાં ૨૧૧ મી કલમ પ્રમાણે કામ ચલવવું એ વાજબી રસ્તો છે.

રહીમાંહમંદ. વી. અબાસખાંન (વી. રી. ૬૭) નો મુકરદમો પણ એવીજ રીતનો હતો, તેનો માજીસ્ટ્રેટથી ઇનસાફ થઈ શકયો નહોતો.

બીજા કારણને સબંધે ૪૭૧ મી (૪૭૬) કલમમાં ફરમાવ્યું છે કે, કોઇ કોર્ટ પંડે ઇનસાફ થવા કમીટ કરે, અથવા એ કોર્ટ માજીસ્ટ્રેટ તરફ મોકલી દે, તેની પહેલાં પ્રથમ ચોકશી કરવી જોઇએ. તેનો મતલબ એવો છે કે, ગુન્હો થયો છે, તે માનવાને પાકાં કારણ છે કે નહીં તેની કોર્ટ ખાત્રી કરી લે, જ્યારે સજાએ પહોચાડવાનું કામ ખુદ કોર્ટે માથે લીધું ન હોય, ત્યારે જે સત્તાએ કોર્ટને અથવા તેની ઉપરી કોર્ટને સોંપવામાં આવી છે, તે સત્તા અદાલત અથવા સરકારની સાથે કામનો સંબંધ રાખનારા સક્ષોને કારણવગરનાં તથા હેરાન કરવાવાળાં ફોજદારી કામોથી હાલાકી ન પહોંચે એટલા સારૂ એ સોંપેલી સત્તા વાપરવાની ધારણા રાખી છે.

મંજુરી આપીને, અથવા મંજુરી આપી હોય તે ખેંચી લઈને એ સત્તા વાપરવાની છે. આ કામમાં ઉપરી અધિકારીએ, ફોજદારી માંડવાની પરવાનગી આપી છે, અને જો કે કોર્ટ અને સરકારી નોકરનો ઉપરી અધિકારી કેટલેક પ્રસંગે એજ અને એકજ હોય, તોપણ જ્યારે ફોજદારી અથવા દીવાની કોર્ટ તરીકે, બેશીને કામ ચાલતું હોય તેમાંથી જે કામ ઊભું થાય, તેનેજ ૪૭૧ (૪૭૬) મી કલમ લાગુ થાય છે.

સેસન જડજે જે આધાર બતાવ્યા છે, તે ઉપરથી વચમાં પડવું જોઇએ, એમ અમે ધારતા નથી. પણ કામનું દફતર અમારી પાસે આવ્યું છે. અને તેમાં અમે જોઇએ છીએ કે, મુળમાં જે સક્ષ ઉપર તહોમત હતું, તેના એકલાના કહેવાના પુરાવા શીવાય બીજો કાંઇ પુરાવો નથી. એવું અમને જણાય છે. તે પૂરાવેથી હીરાને અપરાધી ઠરાવ્યો છે. તો અમો ધારીએ છીએ કે, એ ઠરાવ એ આધારે ફોજદારી કાયદાની કલમ ૨૯૭ (૪૩૮) મુજબ રદ કરવો જોઇએ.

અસરફઅલી વી. કેસરેહીંદ.

કલમ ૨૧૧.

૪

તા. ૨૪—૬—૭૯
ઈ. ૫ ક. પા.૨૮૧
પોલીસવાળાપા સે ખોટી ફરીયાદ કરવી તે પણ આ કલમ માંહેલો ગૂનહો થઈ શકેછે.

इनसाफनी कोर्टमां जइने खोटां तहोमतनुं खरापणुं साबीत करवा जेमां प्रयत्न थयुं होय, तेमांज ही. पी. को. नी. २११ मी कलममां कहेली शीक्षा थइ शके छे. एवीं मरीयादा बांध्यानुं ते कलममां कशुंए नथी. पोलीसमां जइ खोटुं तहोमत मुकवुं ए पण आ कलम मुजब सजा करवा लायक छे.

ગુલજારખાં નામનો સખસ જે ઓરડીમાં રહે છે, તે ઓરડીમાં મેં મારી પેટી મુકી હતી. તેમાંથી બતાઇ નામના સક્ષે પૈસા ચોરી લીધાની ફરીયાદ તારીખ ૧૯-૧૧-૭૮ ના રોજ એક અસરફઅલીએ પોલીસના થાણામાં જઇને કરી. એ ગુલજારખાં પોલીસને થાણે આ અસરફઅલી ભેગો થયો હતો. અને એ ગુલજારે આ અસરફઅલીને જે વાત કરી હતી તે વાતનો આધાર પકડીને સદરહુ તહોમત મુકવામાં આવ્યું હતું. તે કામનો તપાસ કરીને માજીસ્ત્રેટને પોલીસે રીપોર્ટ કરી વાળ્યો કે, આ ફરીયાદ ખોટી છે. અને અસરફઅલી તથા ગુલજારખાંને કોઈના ઉપર ખોટી ફરીયાદ કરવાના ગુન્હા વાસ્તે કમીટ કરવાનો તેણે હુકમ કર્યો, તે પ્રમાણે કરતાં અસરફ ઉપર પીનલકોડની ૨૧૧ મી કલમના ગુન્હાનું અને ગુલજાર ઉપર તેમાં મદદગારી કર્યાનું તહોમત રાખવામાં આવ્યું. અને છેવટે સેસન જડજે અસરફઅલીને ૨૧૧ મી કલમના ગુન્હાનો, અને ગુલજારને ૨૧૧ મી સાથે ૧૦૯ મી કલમના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી તેઓ દરેકને ત્રણ ત્રણ વરસની કેદની સજા કરી.

બંધવાઓએ હાઇકોર્ટમાં અપીલ કરી.

અપેલેન્ટો તરફથી લીડેલ સાહેબે વાંધો લીધો કે, ઠરાવ અને સજા બંને ગેરકાયદેસર છે. કેમકે અસરફઅલી તથા ગુલજારની પ્રથમ કરેલી ફરીયાદનો કોઇ પ્રકારે ઈનસાફ થયો નહોતો. તેમને ફરીયાદ કહાડી નાંખવાનો પણ કાંઇ શેરો આવ્યો નહોતો. અને હરેક રીતે જોતાં સજા સખત કરેલી છે.

જસ્ટીસ મીતર તથા ટોટનહામે કરેલો ઠરાવ.

અપેલેન્ટોની તરફથી કાયદાના એક સવાલનો ઉઠાવ કરીને અમારી પાસે એવો વાંધો લેવામાં આવ્યો છે કે, આ મુકરદમાનું ચાલેલું સઘળું કામ ગેરકાયદેસર છે. કેમકે કોઇ ફોજદારી અદાલતમાં મુકેલા તહોમતનું સાચાપણું સાબિત કરવાની અપેલેન્ટોને તક આપી નથી. આ વાંધાની મજબુતીમાં ઘણા ફેંસલાઓ ટાંકેલા છે. આ બધા ફેંસલાઓ આ ફેંસલાથી જુદા પડી શકે એવા છે. એ સઘળા ફેંસલાઓમાં તહોમતદારે કોઇ અદાલતમાં કામ ચલાવવું શરૂ કર્યું હતું. તે બધા ફેંસલાઓમાં એવું ઠર્યું છે કે, જે તહોમત રાખવામાં આવેલ તે ખરૂં છે, એમ દેખાડવાની તક આપ્યા વગર પીનલકોડની ૨૧૧ મી કલમ પ્રમાણે તેના ઉપર ફોજદારી માંડવાની મંજુરી આપવી જોઇએ નહીં. આ કામમાં કોઇ ફોજદારી કોર્ટમાં અપેલેન્ટો એ રીતસર ફરીયાદ કરી નહોતી. ચોરી કર્યાની ફરીયાદ પોલીસ પાસે થઇ હતી. અને તે ફરીયાદ ખોટી છે એવો પોલીસે રીપોર્ટ કરી વાળ્યો હતો. અપેલેન્ટોએ કોઇ ફોજદારી કોર્ટમાં જઇને નવેસર ફરીયાદ કરી નહોતી. જે વાંધો અમારી

રી પાસે લેવામાં આવ્યો છે, તે વાંધો અમોને દમ વગરનો લાગે છે. અને જે ફેંસલાઓ ઉપર આધાર રાખવામાં આવ્યો છે, તે ફેંસલાથી એ વાંધાને કાંઈ પુષ્ટી મળ્યાનું અમોને જણાતું નથી. ઈનસાફની કોર્ટમાં જઇને ખોટા તહોમતનું ખરાપણું સાબિત કરવાને જેમાં પ્રયત્ન થયું હોય, તેવાજ કામમાં ૨૧૧ મી કલમમાં કહેલી શીક્ષા થઇ શકે છે. એવી મરીયાદા બાંધ્યાનું તે કલમમાં કશુંએ નથી.

અદાલતમાં જઇને કામ ચલાવવાંની ધારણા રાખ્યા વગર અમસ્તી પોલીસમાં જઇને ખોટી ફરીયાદ કરવાથી, આરોપીત સક્ષને હી. પી. કો. ની ૪૪ મી કલમમાં વર્ણવેલું ભારે નુકશાન થવા સંભવ છે.

તેથી આ બંને બંધવાઓને ગુન્હેગાર ઠરાવ્યા છે, તે ઠરાવ અમે કાયમ રાખીએ છીએ. પરંતુ ત્રણ વર્ષ જેટલી સખત કેદની સજા કરવાની જરૂર નહીં જાણીને તે સજામાં ઘટાડો કરીને અમે અઢાર માસની સજા દરેક અપેલેન્ટને કરીએ છીએ.

સરકાર વી. કરીમ દાદ.

કલમ ૨૧૧.
૫
તા૦ ૯-૧૨-૮૦
ઈ. ૬-ક. પા. ૪૯૬

કોઈ ગુનહાની કોઈ માણસ ફરીયાદ કરે તો તે ફરીયાદ ખોટીછે. એવું ઠરાવીને તેના ઉપર આ કલમ માંહેલા ગુન્હાનું તોહોમત મુકતા અગાઉ, તેની મુળ ફરીયાદનું ખરાપણું સાબીતકરવાની તેને તક આપવી જોઇએ.

पीनलकोडनी २११ मी कलम प्रमाणे खोटी फरीयाद कर्याना गुन्हा वास्ते, कोइ सक्षने इनसाफ थवानुं फरमाव्यं हरोल, तेनी करेली फरीयाद साची छे. ते साबीत करवानो तेने तक आपवी जोइए. पोलीस पासे नहीं पण माजीस्त्रेट पासे तेवी तकनो लाभ लेवा ते इच्छतो होय, तो तेवी तक पण तेने आपवी जोइए. माजीस्त्रेटोए साफ रीते समजवुं के, पोलीसनुं काम पुरावो एकठो करवानुं छे. ने ते एकठो करेलो पुरावो बस अथवा वजनदार छे के नहीं, ते नकी करवानुं काम फक्त माजीस्त्रेटनुं छे.

સને ૧૮૮૦ ના જુલાઈની ૨૬ મી તારીખે એક કરીમ દાદે કલ્વડીયા થાણાના મુખી કાંન્સ્ટેબલ પાસે પીનલકોડની ૩૪૨ મી કલમના ગુન્હાની એક સરકારી અમલદાર દુરગાચરણ ઘોશ તથા તેના પટાવાળા ઉપર ફરીયાદ કરી. પોલીસે તે કામનો તપાસ કર્યો. અને સદરહુ ફરીયાદ ખોટી છે એવો રીપોર્ટ કરી વાળ્યો.

અગષ્ટની ૨૦ મી તારીખે પેટા તુકડી માજીસ્ત્રેટે પોલીસના રીપોર્ટ નીચે શેરો કર્યો કે, કરેલી ફરીયાદ ખોટી હોવાથી કરીમદાદ ઉપર પીનલકોડની ૨૧૧ મી કલમ પ્રમાણે ફોજદારી માંડવાનો હુકમ કરવાને જીલ્લા માજીસ્ત્રેટને ભલામણ કરી જીલ્લા માજીસ્ત્રેટે આગળથી કરીમદાદને એક ડેપ્યુટી માજીસ્ત્રેટ પાસે જુબાની આપવા સમન કર્યો હતો. પણ તે પ્રમાણે તે હાજર થયો નહોતો.

આગષ્ટની ૩૧ મી તારીખે હીંદુસ્થાનના પીનલકોડની ૨૧૧ મી તથા ૧૯૮ મી કલમ મુજબ કરીમ દાદ ઉપર ફોજદારી કામ ચલાવવાની તે માજીસ્ત્રેટે મંજુરી આપી. અને તે કામ ડેપ્યુટી માજીસ્ત્રેટને ચલાવવાનો હુકમ કર્યો.

૨૧ મી સપ્ટેંબરને રોજ ડેપ્યુટી માજીસ્ત્રેટે કેશ ચલાવ્યા વગર નીચે મુજબ ઠરાવ કર્યો. "જે કામમાં કરીમ દાદ ફરીયાદી છે, તે કામની પ્રથમ સુનાવણી થયા અવલ, ૨૧૧

મી કલમ માંહેલો ગુન્હો ચાલી શકતો નથી. તેથી એવો ઠરાવ કરવામાં આવે છે કે, જે કામમાં ફરીયાદી કરીમ દાદ છે, તે કામના તોહોમતદારો તરીકે, પટાવાળા ગોલખસીંહને, તથા સાક્ષીઓને પોલીસે મોકલી દેવા. અને આ કામ પાછું તારીખ ૩૦ મીને રોજ ચલાવવું. તથા હાજર થયેલા સાક્ષીઓએ પણ તેજ રોજ હાજર થવું."

૩૦ મી સપ્ટેંબરને રોજ ગોલખસીંહ હાજર થયો નહીં. એટલે ડેપ્યુટી માજીસ્ટ્રેટે જીલ્લા માજીસ્ટ્રેટને લખાણ કર્યું. અને જવાબ આવતાં સુધી કેશ મુલતવી રાખ્યો.

જીલ્લા માજીસ્ટ્રેટે વિચાર્યું કે, ડેપ્યુટી માજીસ્ટ્રેટે જે રસ્તો લીધો છે તે ખોટો છે. એટલે ૧૮૭૨ના ૧૦ મા આંકટની ૨૯૬ મી કલમ મુજબ હાઇકોરટમાં તેણે ચાલેલું કામ મોકલી દીધું.

ચીફ જસ્ટીસ ગાર્થ તથા જસ્ટીસ ફીલ્ડે આપેલો ઠરાવ:—

ડેપ્યુટી માજીસ્ટ્રેટે આ કામમાં જે હુકમ કર્યો છે તે અન્યમિત અથવા ગેરકાયદેસર હોય એવું અમે જોઈ શકતા નથી. જ્યારે કરીમ દાદે, પોતાના સાક્ષીઓ સહીત હાજર થઇને પોતાની ફરીયાદ સાબીત કરવાની અરજ કરી, ત્યારે તે ફરીયાદ સાચી છે, કીંવા ખોટી છે તે બાબતનો મત માજીસ્ટ્રેટે પોલીસના રીપોર્ટ ઉપરથી ગમે તેવો બાંધ્યો હોય, તોપણ તે માજીસ્ટ્રેટે તેની તથા સાક્ષીની વાત સાંભળ્યા વગર, તથા ફરીયાદ માંહેલું તહોમત સાચું છે કે ખોટું છે, તે નકી કર્યા વગર પીનલકોડની ૨૧૧ મી કલમ પ્રમાણે કરીમ દાદ ઉપર કામ ચલાવીને તેનો તે ઈનસાફ કરી શકતો નથી. જે માણસે કાંઇ ફરીયાદ કરી હોય, તે ફરીયાદનું ખરાપણું સીદ્ધ કરવાની તેને તક આપતાં સુધી ખોટી ફરીયાદ કર્યાના ગુન્હા વાસ્તે તેનો ઇનસાફ કરવો જોઇએ નહીં. એ દેખીતો ન્યાયછે, તથા પોલીસ પાસે નહીં પણ માજીસ્ટ્રેટ પાસે તેવી તકનો લાભ લેવા તે ચાહતો હોય તો તેવી તક તેને આપવી જોઈએ. પોલીસે રીપોર્ટ કર્યો કે, જે સક્ષોએ ફરીયાદ કરી છે, તે સાચી નથી. તેવા રીપોર્ટ ઉપરથી ફક્ત પીનલકોડની કલમ ૨૧૧મી મુજબ તે સક્ષોના ઉપર એ ગુન્હાનું કામ ચાલે તો, કોઈ ફરીયાદ સાચી કીંવા ખોટી છે, તેના ઇનસાફદાર પોલીસવાળા થાય છે. માજીસ્ટ્રેટના કામની આવી સોંપણી પોલીસને સોંપવાનું કાયદામાં બીલકુલ ચીતવન કરેલું નથી. અને જો એવું ચીતવન કર્યું હોય તો, ઈનસાફના ઉતકૃષ્ટ હેતુમે કેટલું બધું જોખમકારી છે. તે સમજવાને આ દેશનો થોડો અનુભવ બસ છે. બધા વર્ગના માજીસ્ટ્રેટે, સાફ રીતે સમજવું જોઇએ કે, પોલીસનું ખરૂં કામ પુરાવો એકઠું કરવાનું છે. અને તે એકઠો કરેલો પુરાવો જોઇએ તેટલો અને વીશ્વાસ લાયક છે કે નહીં, તે નકી કરવું એ માજીસ્ટ્રેટનું કામ છે.

માટે અમે આ કામમાં હાથ ઘાલવાની ના પાડીએ છૈયે.

કેસરેહીંદ વી. રસીકરાય.

કલમ ૨૧૧.
૬
તા૦ ૧૩-૧-૮૧
ઈ. ૬ ક.પા. ૫૮૨

કોઇ માણસની બીજા કોઇના ઉપર કરેલી ફરીઆદ એ બીજા સખસને જાણી જોઇને હેરાન કરવાના ઇરા-

बंधवानी करेली फरीयादनो धारासर तपास कर्या वगर तेनी फरीयाद खोटी छे, एम पोलीसना रीपोर्ट उपर आधार राखीने, आरोपीत सक्षो ने नुकशान करवाना इरादाथी जाणी जोइने तेओना उपर खोटुं तहोमत मुक्याना गुन्हाने माटे पीनलकोडनी २११ मी कलममां ठराव्या प्रमाणे बंधवाने इनसाफ थवा सारु कमीट करवो ए गेरकायदेसर नथी.

દાથી કરેલી છે અને તે ખોટી છે એવા પોલીસના રીપોર્ટ ઉપરથી ફરીઆદીને આ કલમના ગુનાહ માટે કમીટ કરવો એગેરકાયદેસર નથી

પોતાના ઘરને આગ લગાડયાનું કેટલાક સક્ષો ઉપર આરોપ મુકીને બંધવા સલીકરાયે ચોકીદારની મારફત પોલીસમાં ખબર મોકલી. અને પોલીસ અમલદાર એ કામનો તપાસ કરવા સારૂ જ્યારે તેના ગામમાં આવ્યો, ત્યારે તેની પાસે પણ તેણે એની એજ ફરીયાદ કરી. છેવટે પોલીસ અમલદારે રીપોર્ટ કરી વાળ્યો કે, આ ફરીયાદ ખોટી છે. એ ઉપરથી માજીસ્ટ્રેટે એકદમ સલીકરાય ઉપર પોતાનો કેશ સાબિત કરવાની કાંઇ પણ તક આપ્યા વગર, અથવા એ તક લેવાનું ફરમાવ્યા વગર, ખોટી ખબર આપ્યાના ગુન્હા વાસ્તે ફોજદારી માંડવાનો હુકમ કર્યો. જે સક્ષોના ઉપર તહોમત મુકયું હતું, તે સક્ષોને નુકશાન કરવાના ઇરાદાથી જાણી જોઈને ખોટું તહોમત મુકયું હતું. એમ માનીને પીનલકોડની ૨૧૧ મી કલમમાં ઠરાવ્યા પ્રમાણે સલીકરાયને ઈનસાફ થવા સારૂ સેસન કોર્ટમાં કમીટ કર્યો.

આ કમીટમેંટ ગેર કાયદેસર તથા જે હાઇકોર્ટના ફેંસલા વિરૂદ્ધ છે, તેણે હાઇકોર્ટના ફેંસલાનો હવાલો આપીને, તથાપી તે ફેંસલાનું નામ દીધા વગર, આ મુકરદમાનું કામ તેણે હાઇકોર્ટમાં કમીટમેંટ રદ કરાવવા સારૂ, અથવા હાઇકોર્ટને યોગ્ય લાગે એવો બીજો હુકમ થવા સારૂ લખી મોકલ્યું. તે ઉપરથી નામદાર હાઈકોર્ટે નીચે પ્રમાણે ઠરાવ કર્યો.

જસ્ટીસ મીતરનો ઠરાવ.

કમીટમેંટ રદ કરવાની અરજ કરીને, સારણના સેસન જડજે આ લખાણ કર્યું છે. તે અરજનો આધાર એવો છે કે, બંધવાના ઉપર જે પીનલકોડની ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાનું તહોમત રાખેલું છે તે માટે તેને તેણે જે ફરીયાદ કરી હતી, તેનો ધારાસર તપાસ કર્યા વગર કમીટ કરવો જોઈએ નહીં. અને આ કોર્ટ આગળ એક ફેંસલો આપેલો છે તે ફેંસલો આ કામને લાગુ પડે છે, એમ જાણીને તેનો તેણે હવાલો આપ્યો છે. સેસન જડજનો હવાલામાં આપેલો ફેંસલો જો વીયોગીભક્ત (૪ ક. લો. રી. ૧૩૪) હોય તો અમારે કહેવું જોઇએ કે તે બધી રીતે આ કામને મળતો નથી. એ કામમાં ફરીયાદીએ પોલીસની તપાસ તથા રીપોર્ટથી નારાજ થઇને માજીસ્ટ્રેટ પાસે ફરીયાદ કરી હતી. અને તે કામના સાક્ષીઓની જુબાની લીધા વગર તે ફરીયાદ કાઢી નાખવામાં આવી હતી. આ કામમાં માજીસ્ટ્રેટ પાસે ફરીયાદ કરી હોય, એવું દફતરમાંથી અમોને દેખાતું નથી. પરંતુ પોલીસે રીપોર્ટ કર્યો કે, કેશ ખોટો છે. એટલે ફરીયાદ ઉપર ફોજદારી મંડાણી તે કામમાં કાંઇ ધારાસર થયું હોય એવું કહેવાને અમે અશકય છીએ. અને કેસરે હિંદ વિ. અબદુલ હુસેન (૧ ક. ૪૯૭) ના મુકરદમાથી અમારા મતને ટેકો મળે છે અને તેથી આ કોરટે ઉલટા પ્રકારનો ફેંસલો તાજેતર ચુકવ્યાનું અમારા જાણવામાં નથી. માટે જે આધાર ઉપર જડજે કમીટમેંટ રદ કરવાની અમને ભલામણ કરી છે, તે મંજુર કરવાની અમે ના પાડીએ છીએ. (જુઓ અસરફઅલી વિ. કેસરે હિંદ ૫ ક. ૨૮૧)

માહારાણી વી. શીવો બેહેરો.

કલમ.૨૧૧.

૭

તા૦ ૨૦-૧-૮૧
ઇ.૬ ક. પા. ૫૮૪

કોઇ ફરીઆદી ના આપેલા સાક્ષી ઓની તપાસ કર્યા વગર મન્જુર ફરીઆદી ઉપર ખોટી ફરીઆદ કર્યાના ગુન્હા વાસ્તે મંજુરી આપવી એ કાયદા વિરૂધ છે.

ज्यां सुधी खोटां तहोमत मुकवाना गुन्हानो आरोपित सक्ष जे जे साक्षी रजु करवानुं इच्छे, तेने तपास्या वगर पी. को. नी २११ मी कलम प्रमाणे खोटुं तहोमत मुकवाना गुन्हानुं काम चलाववानी परवानगी देवी ए कायदा विरुद्ध छे.

जे काम कायदा विरुद्ध कमीट थयुं होय, ते काम तेनी हरकोइ मंजले रद करवानी हाइकोर्टने सत्ता छे.

ટીપો ટપાના પોલીસવાળા પાસે, બંધવા શીવા બેહેરાએ રાતે ઘર ફોડવાના વાંકની એક વાલી જાંનાં તથા બીજાઓ ઉપર ફરીયાદ કરી, પોલીસે એ કામ હાથમાં લઇને, તેનો તપાસ કર્યો. અને પછી રીપોર્ટ કરી વાલ્યો કે, કરેલી ફરીયાદ ખોટી છે. તે ઉપરથી શીવા બેહેરા ઉપર પી. કો. ની ૨૧૧ મી કલમના ગુન્હાનું કામ ચલાવવા માજીસ્ત્રેટે મંજુરી આપી. પરંતુ આ મંજુરી આપ્યા અગાઉ શીવા બેહેરાએ કાયદેસર તપાસ કરવા સારૂ મેજીસ્ત્રેટને અરજી આપી હતી. પણ જણાય છે કે, આ અરજીનો નીકાલ થયો નોહોતો. ૨૧૧ મી કલમના ગુન્હાનો મુકરદમો ડેપ્યુટી મેજીસ્ત્રેટ તરફ મોકલ્યો. અને તેણે બંધવાને ઇનસાફ વાસ્તે કમીટ કર્યો. સેસન જડજ પાસે બંધવે ગુન્હો કર્યાની નાપાડી. અને પોતાનો ઈનસાફ કરવાના સંબંધમાં એવો વાંધો લીધો કે, ન્યાયસર તજવીજ કરવા સારૂ, માહારી આપેલી અરજી ના મંજુર થવાથી મને નુકશાન થયું છે.

આ વાંધો સાચો છે, એવું સેસન જડજના મનમાં આવતાં કમીટ કરેલું કામ રદ કરવા સારૂ તેણે આ મુકરદમો, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની, ૨૯૬ (૪૩૮) મી કલમ અનુસાર હાઇકોર્ટ તરફ લખી મોકલ્યો, અને તે લખાણમાં તેણે નીચે લખેલા મુકરદમાઓ ટાંક્યા હતા. (૧) ગઉ મહુનસીંહની બીબતમાં (૮ બંગાળા લો. રી. ૧૧) (૨) ‘બીશુક બારીની બાબતમાં (૧૬ વી. રી. ૭૭) માહારાણી કેસરે હીંદ વિ. તુસીબન નીસાબીબી વિ. શેખ ઇરાદ અલી. (પૂ. ક. ૨૮૧ શેખ ઇરાદ અલી વિરૂદ્ધ તુસીબન નીસાબીબી (ક. લો. રી. ૪૧૩) સરકાર વિરૂદ્ધ કરીમ દાદ. [૨ ક. ૪૯૬]

હાઇકોર્ટનો અભીપ્રાય નીચે પ્રમાણે છે.

જસ્ટીસ મિત્રનો ઠરાવ:—

કોઇ ઇનસાફનું કામ શરૂ થયા પછી, મુલતવી રાખવામાં જડજે ઠીક કીંવા અઠીક કર્યું હોય, પરંતુ કાયદા વિરૂદ્ધ કમીટ થયેલું કામ તેની કોઇ પણ મંજલે રદ કરવાનો અધિકાર આ કોર્ટને હોવાનું હું માનું છઊં.

આ બંને મુકરદમાઓમાં માહારો અભીપ્રાય એવો ‘છે કે, કમીટ કરેલું કામ રદ કરવું જોઇએ; કારણ કે ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાનું કામ ચલાવવા સારૂ આપેલી મંજુરી કાયદા વિરૂધ્ધ છે, તુસીબન નીસાબીબી વિરૂદ્ધ શેખ ઇરાદ અલીના કામમાં ગમે

તેવું કહેવામાં આવ્યું હોય તોપણ, પછવાડેથી ફેસલ થયેલા મુકરદમાઓમાં સ્પષ્ટ રીતે ઠરાવ્યું છે કે, કોઇ ફરીયાદીના આપેલા સાક્ષીઓની તપાસણી કર્યા વગર ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાની ફોજદારી ચલાવવા સારૂ, આપેલી મંજુરી કાયદા વિરૂદ્ધ છે. તેથી આ કામોમાં ૨૧૧ મી કલમના ગુન્હા વાસ્તે ફોજદારી માંડવાની આપેલી મુળ મંજુરી કાયદા વિરૂદ્ધ છે. અને જ્યારે એમ છે ત્યારે, કમીટ કરેલું કામ પણ કાયદા વિરૂદ્ધ છે. માટે સેસન જડજની ભલામણ પ્રમાણે તે રદ કરવાની મારી ઈચ્છા થાય છે.

જસ્ટીસ મેકલીનનો ઠરાવ.

ચક્રોધર પાટીનો મુકરદમો હમણાં જે ફેસલ થયો છે, તેમાં જે તત્વ રહેલું છે, તેજ તત્વ આ કામમાં રહેલું છે; તેથી કમીટ કરેલા કામનો ઈનસાફ કરીને જે ગુન્હાનો ઠરાવ થયો છે, તે કોઇ પણ મંજલે રદ કરવો એજ સાદો રસ્તો છે.

કેસરે હીંદ વી. જમુનાં.

કલમ ૨૧૧.
૯
તા૦ ૨૨-૧-૮૧
ઈ. ૬ ક. પા. ૬૨૦

કોઇ અધીકારીને તપાસ કરવાનો તથા ઈનસાફ વાસ્તે મોકલી દેવાનો અધીકાર હોય તે અધીકારી પાસે ગુનોહ કરયાનું ખોટું તહોમત મુકવામાં આવ્યું હોય તોજ પીનલકોડની ૨૧૧ મી કલમ મુજબ સજા થઈ શકે છે.

जे अधिकारीने तपास करवानो तथा इनसाफ वास्ते मोकली देवानो अधिकार होय, ते अधिकारी पासे गुन्हो कर्यानुं खोटुं तहोमत मुकवामां आव्युं होय तोज पीनलकोडनी २११ मी कलम मुजब सजा थइ शके छे

દોરદાની છાવણીના સ્ટેસન સ્ટાફ ઓફીસર કપતાન સીમસનની હજુરમાં, એક શેખ આમદ નામના સખસને નુકશાન કરવાના ઇરાદાથી, તેના ઉપર બળાતકાર સંભોગ કર્યાનું ખોટું તોહોમત મુક્યાનું આરોપ પીનલકોડની ૨૧૧ મી કલમ મુજબ બંધવી જમુનાં ઉપર રાખવામાં આવ્યું હતું.

એમ સાબીત થયું છે કે, તેણીએ, તે તહોમત મુક્યું હતું, અને એમ પણ સાબીત થયું છે કે, એ તોહોમત ખોટું હતું. અને તે ઉપરથી તે ઓરતને એક વર્ષની સખત કેદની સજા કરવામાં આવી હતી.

તેણીએ હાઇકોરટમાં અપીલ કરી.

જસ્ટીસ મીતરે કરેલો ઠરાવ

આ હાઇકોરટના જડજોમાંથી એક જડજની પાસે આ કેશ રજાના વખતમાં આવ્યો હતો. અને તેમાં તેને એમ સુઝયું કે, જે ફરીયાદ ઉપરથી કામ ચાલી શકે, એવા અધિકારવાળા અધીકારી પાસે તહોમત મુકાયું નથી. તેથી સ્ટેશન સ્ટાફ ઓફીસરને કાંઇ

પોલીસનો કે, માજીસ્ત્રેટનો અધિકાર છે કે, નહીં, તે બાબતની પુછપાછ કરવામાં આવી હતી.

એ તપાસના કાગળો ઉપરથી જણાય છે કે, એવો અધિકાર તેને નહોતો. કેપટન સીમસન મદ્રાસની ૧૧ મી દેશી પાયદળની ફોજમાં અજુટંટ હતો. તેની હજુરમાં અપેલેન્ટે આવીને એક નોનકમીસનડ ઓફીસર ઉપર બળાત્કાર સંભોગ કર્યાનું તહોમત મુક્યું. તે ઉપરથી તપાસ થયો, અને એ લશકરી અધિકારીને" તહોમત ખોટું જણાયાથી, કમાંડીંગ ઓફીસરે અપેલેન્ટના ઉપર ૨૧૧ મી કલમના ગુન્હા માટે કામ ચલાવ્યું. અને તેનો ઇનસાફ થવાસારૂ કમીટ કરવામાં આવી. અને એ ઇનસાફની અંતે સદરહુ કલમ મુજબ જુડીશીયલ કમીશનરે તેણીને ગુન્હેગાર ઠરાવી.

અમારો અભીપ્રાય એવો છે કે, અપેલેન્ટે કોઇ જાતની ફોજદારી ફરીયાદ કરી નહોતી. તેમ કરાવી નહોતી. બેશક તેણીએ એક નોન કમીશંડ ઓફીસર ઉપર, એ ગુન્હો કર્યાનું તહોમત મૂક્યું હતું. પરંતુ સ્ટેશન સ્ટાફ ઓફીસરને માજીસ્ત્રેટ કે પોલીસની કાંઇ સત્તા નહીં હોવાનું અમોને જણાતાં, અમોને એમ લાગે છે કે, ૨૧૧ મી કલમ લાગુ થઇ શકે તેવી નથી.

જે અમલદારને તપાસ કેરવાનો તથા ઈનસાફ વાસ્તે મોકલી દેવાનો અધિકાર હોય, તે અમલદાર પાસે અથવા તેની કોઇ અદાલતમાં ખોટું તહોમત મુકવું જોઇએ, એમ કહેવામાં આવે તો અમે ધારતા નથી કે, એ કલમના શબ્દોમાંથી અમે દુધમાંથી પુરા કાઢ્યા કહેવાય. માટે અમે સજાનો ઠરાવ રદ કરી, અપેલેન્ટને છોડી મુકવાનો હુકમ કરીએ છીએ.

માહારાણી કેસરે હીંદ વી. ગોપાળ ધનુક.

કલમ ૨૧૧.

૯

તા. ૨૧-૪-૮૧
ઈ. ૭ કા પા. ૯૬
કમીટીંગ માજીસ્તરેટ પાસે કેદીએ આપેલી જુબાની મંજૂર રાખીને તથા તહોમતનામું કેદીને વાંચી સંભળાવી સમજાવ્યા વગર તથા સેશન જડજના સવાલના જવાબમાં કેદીની લખાવેલી હકીકત નોંધી લીધા વગર તેની આગલી જૂબાની કબુલત તરીકે ગણીને ૨૫૧ મી કલમના ગુન્હાહનો ઠરાવ કરવો એ ગેરવાજબી છે.

ही. पीं. को. नी ३०४ अ. कलम प्रमाणे गफलत तथा वगर वीचार्यु काम करीने, शीक्षणीय मनुष्यवधथी उतरता दरजानुं कोइ एक सक्षनुं मोत आणवानुं अ. उपर आरोप राखी तेने हेरान करवाना इरादाथी खोटी फरीयाद कर्या वास्ते, एक बंधवा उपर ही. पी. को. नी २११ मी कलम प्रमाणे तहोमत मुकवामां आव्युं हतुं. तेमां सदरहु केदीए पोतानी जुबानमां लखाव्युं के, मारी फरीआद मूळथी खोटी हती. अने ते में वगर विचारे करी हती. सेसन जडजे आ जुबानी गुन्हो कबूल कर्या बरोबर मानीने बंधवाने सखत केदनी सजा करी. फोजदारी काम चलाववानी रीतना कायदानी २३७ (२७१) मी कलम प्रमाणे बंधवाना जवाबनी जे नोंध होवी जोइए, ते नोंध दफतरमां हती नहीं. तथा मुकेलुं तहोमत बंधवाने वांचीने समजाववुं जोइए, ते प्रमाणे वांचीने समजाव्युं नहोतुं. अने प्रथमनी करेली फरीयाद ३०४ अ. कलम मांहेला गुन्हानी खोटी फरीयाद न होवानुं जडजे विचार्यु हतुं.

ठराव्युं के गुन्हानो ठराव साचो नथी.

કોઇ એક બેદવાન નામના સક્ષને હેરાન કરવાના ઈરાદાથી તેના ઉપર ખોટી ફરીયાદ કર્યા વાસ્તે આ મુકરદમાના ગોપાલ ધનુંક ઉપર હી. પી. ની ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાનું તહોમત રાખવામાં આવ્યું હતું, પોલીસ પાસે જઇને બંધવે જાહેર કર્યું હતું કે, બેદવાએ એક મંજર નામના સક્ષને માર માર્યો, અને તે મારને અંતે સદરહુ મંજર તુરતજ મરણ પામ્યો. સેસન જજ પાસે બંધવાનો ઈનસાફ ચાલ્યો, તેમાં તેણે કહ્યું કે, મારી પ્રથમની પોલીસ પાસે કરેલી ફરીયાદ ખોટી હતી, અને તે મેં વગર વિચારે કરી હતી. આ જવાબને ગુન્હો કર્યાની કબુલત સમજી જડજે તેને આઠ માસની સખત કેદની સજા કરી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૩૭ (૨૭૧) મી કલમ પ્રમાણે કેદીના જવાબની જે નોંધ કરવી જોઈએ, તે નોંધ દફતરમાં દેખાતી નથી; તેમ કેદી ઉપર મુકેલું તોહોમત તેને વાંચીને સમજાવ્યું હોય, એમ પણ જણાતું નથી. અને સેસન જડજે પોતાનો ઠરાવ આપ્યો તેમાં તેણે લખ્યું છે કે, અલબતે પ્રથમની કરેલી ફરીયાદ દૂષભાવથી કરી હતી, પણ તે ફરીયાદને શિક્ષીણીય મનુષ્ય વધના તહોમતની ભાગ્યેજ ગણાઇ શકાયછે.

બંધવે હાઇકોરટને અપીલ કરી અને હાઇકોરટે (જસ્ટીસ નોરીસ તથા ટોટનહામે) નીચે પ્રમાણે ઠરાવ કર્યો છે.

ઠરાવ

આ ઠરાવ કાયદા વિરૂધ્ધ છે, માટે તે રદ કરવો જોઈએ. સેસન જડજ લખે છે કે, બંધવે પોતાનો ગુન્હો કબુલ કર્યો છે, અને તેને કેટલી સજા આપવી, એજ માત્ર જોવાનું રહે છે, જ્યારે કોઇ કેદી પોતાનો ગુન્હો કબુલ કરતો હોય, ત્યારે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૩૭ (૨૭૧) મી કલમ પ્રમાણે તેની કરેલી કબુલતનો નોંધ, કામમાં અમે દેખતા નથી. શું બીના બની હતી, તેની તથા કેદીએ આપેલી જુબાનીની હકીકત જડજની લખેલી એ દફતરમાંથી અમારા જોવામાં આવે છે, આ ઉપરથી અમે જોઇ શકતા નથી કે, ૨૩૭ (૨૭૧) મી કલમ પ્રમાણે તહોમત કેદીને વાંચીને સમજાવ્યું હશે, તથા તે કામમાં જે બીજું અમારા જોવામાં આવે છે, તે એ છે કે, હી. પી. કો. ની ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાનું એક ઘણું અમુલ્યનું તત્વ એટલે, કોઈને હેરાન કરવાના ઈરાદાનું તત્વ કેદીએ કબુલ કર્યું નથી. તે કેદીએ ખોટી ફરીયાદ વગર વીચારે કરી હતી. એમ તેના વીશે કહેવામાં આવ્યું છે, પણ ખરેખર આ હકીકત કહેવાથી ગુન્હો કર્યાની કબુલત ગણાતી નથી. એ જડજે પોતાના ઠરાવમાં થોડું ઘણું પોતાનું કઢંગાપણું બતાવ્યું છે, કેમકે બંધવો પોતાનો ગુન્હો કબુલ કરે છે, એમ લખ્યા પછી તે એમ બતાવવાનું પ્રયત્ન કરે છે કે, બંધવો તેના ઉપર મુકેલા તોહોમતનો ગુન્હેગાર નથી. કેમકે તોહોમતનામામાં કહ્યા પ્રમાણે તેણે હી. પી. કો. ની ૩૦૪ અ કલમ માંહેલા ગુન્હાની ફરીયાદ કરી નહોતી.

તેથી ઇનસાફ કર્યા વગર બંધવાને અપરાધી ઠરાવવામાં જડજે ચુક કરી છે, માટે અમે તે ઠરાવ અને તેને કરેલી સજા રદ કરીને બંધવાનો કાયદા પ્રમાણે ઇનસાફ કરવાનો, તથા જડજે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૧૯ મામાં જે રીત ઠરાવી છે, તે રીત પ્રમાણે વર્તવાનો હુકમ કરીએ છીએ.

સખીના બીબીની અરજીની બાબતમાં.

નुकशान करवाना इरादाथी खोटी फरीयाद कर्याना गुन्हानो इनसाफ करतां एम जणायुं के, मूळ फरीयाद एकष्ट्रा आसीस्टंट कमीशनरनी अदालतमां करी हती. अने स्थानीक चोकशी करवानो योग्य पोलीस अधिकारीने हुकम करवामां आव्यो हतो, ए अधिकारीए एवो रीपोर्ट कर्यो के, फरीयाद खोटी छे, अने भळामण करी के, बंधवा उपर फोजदारी काम चलाववुं जोइए. एक्षट्रा आसीस्टंट कमीशनरे डेप्युटी कमीशनर तरफ काम मोकली देवानो हुकम कर्यो. तेणे फोजदारी काम चलाववानो हुकम करी बंधवाने गुन्हेगार ठराव्यो. ठराव्युं के—ए गुन्हेगारीभो ठराव गेरकायदेसर छे. एकस्ट्रा आसीस्टंट कमीशनरे, पोलीसनो रीपोर्ट पहोंच्या पछी ते रीपोर्टनी मतलब बंधवाने जाहेर करी. तेनी करेली फरीयाद खरी छे, ते बताववानी तेने तक आपवी जोइती हती अने त्यारपछी ए कामनो फेंसलो करवो जोइतो हतो.

કલમ ૨૧૧.

૧૦
તા० ૨૬-૪-૮૧
ઈ. ૭ કૃ. પા. ૮૭

કોઈ ગુનાહની કોઈ માણસ ફરીઆદ કરે તો તે ફરીઆદ ખોટી છે એવું ઠરાવીને તેના ઉપર આ કલમ માંહેલા ગુનાહનું તહેમત મુકવા અગાઉ તેની મુળ ફરીઆદનું ખરાપણું સાબીત કરવાની તેને તક આપવી જોઈએ.

અરજદાર તરફથી બાબુ જયગોવીંદ વકીલ હતો.

કામની હકીકત હાઈકોરટના ઠરાવમાંથી જોઈએ તેટલી જણાઇ આવે છે.

મોરીસ તથા ટોટનહામનો ઠરાવઃ—

હીંદુસ્થાનના પીનલકોડની ૨૧૧ મી કલમ પ્રમાણે સખીના બીબી ઉપર કામ ચલાવવા સારૂ કાયદેસર આધાર નથી. એક્ષટ્રા આસીસ્ટંટ કમીશનરની કોરટમાં હી. પી. કો. ની ૩૫૪ મી તથા ૩૪૬ મી સામે ૫૧૧ મી કલમોના ગુન્હાની ફરીયાદ સખીના બીબીએ કરી. તેની જુબાની લીધા પછી ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૧૪૬ મી કલમ પ્રમાણે સદરહુ કોરટે યોગ્ય અધીકારીને, સ્થાનીક ચોકશી કરવાને હુકમ કર્યો. એ અધીકારી એક સબ ઈન્સ્પેકટર હતો. તેણે એવો રીપોર્ટ કર્યો કે, માહારા અભીપ્રાય પ્રમાણે જે ફરીયાદ થઇ છે તે ખોટી છે. અને ખોટી ફરીયાદ કર્યા વાસ્તે ફરીયાદી ઉપર ફોજદારી કામ ચલાવવું જોઇએ. આ લખાણ ઉપરથી એક્ષટ્રા આસીસ્ટંટ કમીશનરે નીચે પ્રમાણે ઠરાવ કર્યો.

"ફરીયાદ ખોટી છે. અને પીનલકોડની ૨૧૧ મી તથા ૧૮૨ મી કલમો પ્રમાણે ફરીયાદી ઉપર ફોજદારી કામ ચલાવવાના સંબંધમાં કામના કાગળો ડેપ્યુટી કમીશનર તરફ રવાને કરવા."

ડેપ્યુટી કમીશનરે ડીસેંબરની ૩ જી તારીખે હુકમ કર્યો કે, "ફરીયાદીની રીતભાત જોઇને તેની ફરીયાદ તરફ કાંઇ લક્ષ દેવા જેવું નથી. તે ઉપર તપાસ થયો છે. તો જીલ્લાના પોલીસ સુપ્રીટેંન્ડેંન્ટની મરજી હોય તો, અરજદાર ઉપર ફોજદારી કામ ચલાવવાની હું પરવાનગી આપું છઉં."

તે ઉપરથી સુપ્રીટેંન્ડેન્ટે કામ ચલાવવાની પોતાની મરજી બતાવી એટલે ડેપ્યુટી કમીશનરે ડીસેંબરની ૨૦ મી તારીખે કામ ચલાવવાનો હુકમ કર્યો.

સખીના બીબીએ જે ફરીયાદ કરી હતી, તેનો એક્ષ્ટ્રા આસીસ્ટંટ કમીશનરે યોગ્ય રીતે, નીકાલ કર્યો નથી. એમ અમને સાફ રીતે જણાય છે. સબ ઇન્સ્પેકટરનો રીપોર્ટ પહોંચ્યા પછી, તેની મતલબ ફરીયાદીને જાહેર કરી. ફરીયાદમાં લખેલા સાક્ષીઓને રજુ કરવા અથવા પોતાની ફરીયાદના આધારમાં પોતાને વાજબી જણાતો હોય, એવો બીજો પુરાવો આપવાની તક ફરીયાદીને આપવી જોઇતી હતી.

આ પ્રમાણે ફરીયાદીની પુરવારી થયા પછી, તથા ફરીયાદ સાચી છે, તે સાબીત કરવાની તક આપ્યા પછી એક્ષ્ટ્રા આસીસ્ટંટ કમીશનરે કામનો નીકાલ કરવો જોઇતો હતો. આ રસ્તો તેણે બીલકુલ લીધો નથી. અને સખીના બીબી પોતાની ફરીયાદના આધારમાં પુરાવો આપવા તૈયાર હતી. છતાં અમારા ધારવા પ્રમાણે ડેપ્યુટી કમીશનરને ફરીયાદી ઉપર ૨૧૧ મી કલમ મુજબ કામ ચલાવવાનો હુકમ કરવા બીલકુલ અધીકાર નથી. સૈયદ મીસર હુસેન. વિ. રામ ગુલામસીંહ અને સરકાર વિ. કરીમ દાદના મુકરદમામાં ઠરાવ્યું છે; તેને અનુસરીને અમે અમારો અભીપ્રાય આપ્યો છે..

ફરીયાદી ઉપર કામ ચલાવવું, એ વાજબી નથી. એવો પોતાનો સ્પષ્ટ અભીપ્રાય હતો, તેથી વિરૂદ્ધ જઇને, તથા જીલ્લાના સુપ્રીટેંન્ડેન્ટ, જેના નોકર ઉપર ફરીયાદ કરી હતી, તેની મરજીના ફકત માનને ખાતર ફરીયાદી ઉપર કામ ચલાવવાનો ડેપ્યુટી કમીશનરે હુકમ કરેલો છે, તે જોઇને અમને વધારે તાજુબ લાગે છે.

ફરીયાદીના સાક્ષીની જુબાની લેવાના સંબંધમાં, એક્ષ્ટ્રા આસીસ્ટંટ કમીશનરે જે ખુલાસો આપ્યો છે, તેના સંબંધમાં અમારે કહેવાનું છે કે, મુળ ફરીયાદના તપાસ વખતે સબ ઈન્સ્પેકટરે તેઓની જુબાની લીધેલ, અને પાછી પોતા પાસે આ કામમાં બચાવ તરીકે, સદરહુ સાક્ષીની જુબાની લેવાઈ તેથી મુળ ફરીયાદ સાચી છે, તે સાબીત કરવાની તક અપાઇ નથી. ખોટી ફરીયાદ કર્યા વાસ્તે તેના ઉપર કાયદેસર કામ ચલાવવામાં આવે તો, એ તક આપવી જોઇએ, તેથી અમે ૨૧૧ મી કલમ પ્રમાણે સખીના બીબીને ગુન્હેગાર ઠરાવેલ છે, તે કામ રદ કરીએ છીએ. અને તેને ૧૮ માસની સખ્ત કેદની સજા કરીછે, તે રદ કરી તેને છોડી મુકવાનો હુકમ કરીએ છીએ.

ગીરધારી મંડલ વિ. ઢિચીતઝા.

કલમ ૨૧૧.

૧૧
તા૦ ૭-૧૨-૮૧
ઈ. ૮ ક. પા. ૪૩૫

કોઇ ગુનાહની કોઇ માણસ ફરીઆદ કરે તો તે ફરીઆદ ખોટી છે એવું ઠરાવીને તેના ઉપર આ કલમ માં હેલા ગુનાહનું તહોમત મુકવા અગાઉ તેની મૂળફરીઆદનું ખરાપણું સાબીત કરવાની તેને તક આપવી જોઇએ.

कोइ फरीयादीए प्रथम कोइ गुन्हानी फरीयाद करी होय, तेनो कायदेसर तपास करावनानी तक आप्या वगर, पी. को. नी २११ मी कलमना गुन्हानो इनसाफ लेवा सारु ते फरीयादीने माजीस्त्रेटे हुकम करवो जोइए नहीं.

फोजदारी काम चलाववानी रीतना कायदानी ४६८ मी कलममां फरीयाद करवानी जे मंजुरीनुं चतिवन कर्युं छे, ते मंजुरी फोजदारी काम मांडवानो हुकम नथी. परंतु कोइ खानगी सक्षने पोतानी धुंन प्रमाणे कोइना उपर काम चलाववुं होय तो, ते काम चलाववानी परवानगी छे.

કોઇ એક જોઇંટ મેજીસ્ટ્રેટ સ્વારીમાં ફરતો હતો, ત્યારે તેની પાસે એક ચમરૂ મંડળ નામના સક્ષે સન ૧૮૮૧ ના મે.ની ૨૫ મી તારીખે પોતાના ભાઇ ગીરધારીના ઘરમાં ડેકાયટી થવાની ફરીયાદ કરી. સદરહુ મેજીસ્ટ્રેટ ત્યાં ગયો. અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૨૫ મી કલમ અનુસાર પ્રથમની તજવીજ કરી, તેમાં ચમરૂએ કહ્યું કે, ડેકાઇટી કરનારાઓમાંથી મેં એક ઉચીતઝા તથા બીજાઓને ઓળખ્યા હતા. મેની ૨૮ મી તારીખે પોતાના કરેલા રોજ કામનું ટીપણુ જીલ્લા મેજીસ્ટ્રેટને તથા પોલીસ સુપ્રીટેંડેન્ટને ખબર થવા મોકલી દીધું. તેજ તારીખે જીલ્લા માજીસ્ટ્રેટે સદરહુ મેજીસ્ટ્રેટનું ચલાવેલું કામ મંજુર કરીને શેરો કર્યો. પણ તે કામનો છેવટનો હુકમ તેણે આપ્યો નહીં. ત્યારબાદ સદરહુ ડેકાયટીમાં સામેલ થયાનો એક શક બદરી ડોસાનો આવ્યો, અને એ બદરી ડોસા પાસેથી જે મિલકત જડી આવી હતી, તેને ઓળખવા સારૂ પેલા ગીરધારી મંડળને મોકલ્યો હતો. પરંતુ એ મિલકત ઓળખવામાં ગીરધારી એ ચુક કરી. અને તેથી બદરીને છોડી મુકયો. ૧૩ મી જુલાઇને રોજ ફરીયાદીને કીંવા તેજ સાક્ષીને તપાસ્યા વગર, તથા ઉચીતઝા ઉપર ડેકાયટીનું તહોમત હતું, તેની કાયદેસર તજવીજ કર્યા વગર જીલ્લા મેજીસ્ટ્રેટે નીચે પ્રમાણે ઠરાવ કર્યો:—

"ડી. પી. કો. ની ૨૧૧ મી કલમ પ્રમાણે કેસ માંડવાનું ઉચીતઝાએ સમજવું. સને ૧૮૮૧ ના અગષ્ટની ૩૦ મી તારીખે પ્રોસીક્યુશનનું કામ ચલાવવા સારૂ, જીલ્લા માજીસ્ટ્રેટે પોલીસના જીલ્લા સુપ્રીટેંડેંન્ટ તરફ લખ્યું. ૧૩ મી જુલાઇનો હુકમ રદ કરવા સારૂ મંડળે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૭ (૪૩૯) મી કલમ પ્રમાણે હાઇકોર્ટને અરજ કરી કે, ડેકાયટીનો મુકરદમો પ્રથમ ચાલવો જોઈએ, અને તે મુકરદમો ફેસલ થતાં સુધી ૨૧૧ મી કલમ પ્રમાણે માંડેલી ફરીયાદ મુલતવી રહેવી જોઈએ,

અરજદાર તરફથી વુડ સાહેબ તથા આબુ આણંદ ગોપાળ.

પલીતે એવો વાંધો લીધો કે, ઉચીતઝા ઉપરના તહોમતનું પ્રથમ કામ ચલાવ્યા વગર સદરહુ હુકમ કાઢવાનો તે કોર્ટને હક નથી, વળી ગીરધારી મંડળે કહ્યું નથી કે, મેં ડેકાયટીમાં ઉચીતઝાને ઓળખ્યો હતો. અને એ ઉચીતઝાનો ઇનસાફ કરવા સારૂ કાંઇ હીલચાલ થઇ નથી. અને કોર્ટમાં હાજર થવાનો પણ તેને સમન કહાડયો નથી.

સરકાર તરફથી ફીલ્બી સાહેબ.

હાઇકોર્ટ તરફથી જસ્ટીસ પોંટીફેકસ તથા ફીલ્ડે આપેલો ઠરાવ નીચે પ્રમાણે છે.

ઠરાવ

આ મુકરદમાની હકીકત એવી છે કે, ગયા મે મહિનાની ૨૫ મી તારીખને સવારે રણીયાના જોઇંટ મેજીસ્ટ્રેટ પ્રેટ સાહેબ પોતાના તાલુકાના એક ભાગમાં ઘોડે ચડીને જતા હતા. તેવામાં એક ચમરૂ મંડળ તેની પાસે આવ્યો. અને તેની પાસે તેણે એવી ફરીયાદ કરી કે મારા ભાઇ ગીરધારી મંડળના ઘરમાં આગલી રાતે ડેકાઇટી થઇ છે. તે ઉપરથી એ પ્રેટ સાહેબ તાબડતોબ તે ઠેકાણે ગયા. અને ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૧૨૫ (૨૫૩) મી કલમમાં ઠરાવ્યા પ્રમાણે અમારા સમજવા મુજબ તેણે પ્રથમ ચોકશી કરી. તે ચોકશી તેણે ઇનસાફી ખાતાના અધિકારી તરીકે નહીં, પણ એક પોલીસ અધિકારી તરી-

કે કરી. આવો નીરણય કરવામાં ઘણી ઘણી બાબતો અમે ધ્યાનમાં લીધી છે. એ માંહેલી પ્રથમ બાબત એ છે કે, ઇનસાફની રીતનું કામ ચલાવવા વાસ્તે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં સાક્ષીઓની જુબાની લખી લેવાની જે રીત કહી છે, તે રીતે, નોંધ લેશે નથી. બીજી બાબત એ છે કે, પ્રેટ સાહેબ ડેકાઇટીના મુકરદમાનો છેવટનો નીકાલ કરવા સારૂ ત્યાં ગયા નહોતા, અને જો ઇનસાફ ખાતાના અમલદાર તરીકે, તે વર્ત્યા હતતો, તે કામનો પ્રેંટ સાહેબનો છેવઠનો ઈનસાફ કરત. ત્રીજી બાબત એ છે કે, મે ની ૨૮ મી તારીખે તેણે પોતાનું રોજ કામ મેજીસ્ટ્રેટને તથા જીલ્લા પોલીસ સુપ્રીટેંડેંન્ટને તેણે ખબર થવા સારૂ યાદની સાથે મોકલી દીધું હતું, અને એક પોલીસ અમલદાર તરીકે, કામ કરવાનો તેને ખ્યાલ થવો હશે. એ તર્ક બાંધીએ તોજ તેણે આવી રીતે કર્યું હશે; એ મેજીસ્ટ્રેટે જે સ્થાનીક ચોકશી કરી હતી, તે સ્થાનીક મે ની ૨૫ મી તારીખથી તે ૨૮ મી તારીખ સુધી ચાલી હતી. એ ૨૮ મી તારીખે પ્રેટ સાહેબે જે સ્થાનીક ચોકશી કરી હતી. તેની નોંધ થોડી ઘણી સંભાળ રાખીને કરેલી છે. તથા તે ઉપરથી તેણે જે નીરાકરણ કર્યું છે, તે નીરાકરણ ઉપર તેણે નોંધ કરેલો છે. અને ઉપર કહી ગયા પ્રમાણે આ નોંધ તેણે જીલ્લા મેજીસ્ટ્રેટને રવાને કરી દીધો હતો. એજ તારીખે પેલા જીલ્લા મેજીસ્ટ્રેટે, જોઇ મેજીસ્ટ્રેટના કરેલા નીરણય સાથે પોતાનો એક મત બતાવીને તેણે પોતાનો કેટલોક અભીપ્રાય નોંધ્યો. પરંતુ આખા કામના સંબંધમાં તેણે કાંઇ છેવટનો હુકમ આપ્યો નહીં. તો હવે જણાશે કે, પોલીસ કીંવા કોઇ મેજીસ્ટ્રેટ પાસે જે કામ ચાલ્યું, તેમાં એક ચોકસ ડેકાયટીમાં ભાગ લીધાના સંબંધમાં તથા સદરહુ ડેકાયટીમાંથી કેટલીક મિલકતનો હીસો મળ્યાના સંબંધમાં એક બદ્રી ડોસાએ, કેટલીક હકીકત લખાવી હતી. જે ગીરધારી મંડળના ઘરમાં ૨૫ મી તારીખે ડેકાયટી થઇ કહેવામાં આવે છે, તે ગીરધારી મંડળને તથા તેના કુટબનાં બીજાં કેટલાંક માણસોને બોલાવવામાં આવ્યાં અને ૧૩ મી જુને પ્રેટ સાહેબે તેઓની જુબાની લીધી. તારીખ ૨૫ મેની રાત્રે ચોરેલી મિલકત તરીકે, જે મિલકત બદ્રી ડોસાએ રજુ કરી હતી, તે મિલકત આ સાક્ષીઓમાંથી કોઇ સાક્ષી ઓળખી શક્યો નહીં. પ્રેટ સાહેબે ગીરધારી મંડળ તથા તેના ઘરનાં માણસોની જુબાની લીધા પછી ૫૦ રૂપીયાનો જાત મુચરકો લઇને બદ્રી ડોસાને જમાન ઉપર છોડી મુક્યો. અને ૨૮ મી જુને એક ઠરાવ કરી બદ્રી ડોસાનું કામ હુકમ થવા સારૂ તેણે જીલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપ્યું. ૬ ઠી જુલાઇના રોજ જીલ્લા માજીસ્ટ્રેટે એ મુકરદમો હાથમાં લીધો. અને હુકમ કર્યો કે, બદ્રી ડોસાને જામીનગીરીમાંથી મોકળો કરવો. આટલી હકીકત બની તે દરમીયાનમાં ૨૫ મી મેની સવારે ચમરૂ મંડળે પ્રેટ સાહેબ પાસે ડેકાયટીની મુળ ફરિયાદ કરી હતી. તે ઉપર કાયદેસર ઈનસાફનું કામ ચાલ્યું નહોતું. અને એ સાહેબે સ્થાનીક ચોકશી કરીને જે રીપોર્ટ કર્યો હતો, તેના ઉપર કાંઇ છેવટ હુકમ થયો નહોતો, ત્યારબાદ આપણને જણાય છે કે, ૧૩ મી જુલાઈના રોજ જીલ્લા માજીસ્ટ્રેટે આ મુકરદમો હાથમાં લેઇને તેણે તેનો નીચે પ્રમાણે ઠરાવ કર્યો.

"ડી. પી. કો. ની ૨૧૧ મી કલમ પ્રમાણે ફરીયાદ કરવા સારૂ નનુંને હુકમ આપવામાં આવે છે. નનું એ પેલા ઉચીતઝાનું બીજું નામ હતું. અને એ ઉચીતઝાનું નામ ચમરૂ મંડળે, તથા ગીરધારી મંડળે, એવું કહીને આપ્યું હતું કે, એ સક્ષોને તેના અવાજથી, અ-

થવા બીજી રીતે ડેકાયટી કરવા ટાણે ઓળખી લીધો હતો, ઉચીતઝાને પકડયો હતો. અથવા ચમરૂ મંડળે અથવા તેના ભાઈ ગીરધારી મંડળે, ડેકાયટી કરવા ટાણે જે સક્ષી હાજર હતા તેના નામ આપ્યાં હતાં, તેઓ, તથા આ ઉચીતઝા ઉપર ડેકાયટી કર્યાની ફરીયાદ કરી હતી તેના સંબંધમાં ઇનસાફના ધોરણ પ્રમાણે ઈનસાફની રીતની તજવીજ થઇ હતી. એવું જોવાને વાસ્તે જે કાગળો અમારી પાસે આવ્યા છે, તેમાંથી કશું એ દેખાતું નથી. જે સક્ષે પ્રથમ ફરીયાદી કરી હોય, તેનો ધારાસર તપાસ કરી, ફરીયાદીને તેનું ખરાપણું સાબીત કરવાની તક આપ્યા વગર, સદરહુ ફરીયાદીને ક્રી. પી. કો. ની ૨૧૧ મી કલમ પ્રમાણે ઇનસાફ થવાને ખડો કરવાનો વાજબી રસ્તો નથી. એમ આ કોર્ટે વારંવાર કહેલુંછે. મેની ૨૫ મી તારીખના સવારમાં ડેકાયટી કર્યાની મુળ ફરીયાદ કરી હતી. તેનું માજીસ્ટ્રેટને દરજ્જે, કામ કરનાર અધિકારી પાસે સાક્ષીઓ આણીને ખરાપણું સાબીત કરવાની તક ચમરૂમંડળ તથા તેના ભાઇ ગીરધારી મંડળને આપી નહોતી. એ વાત સાફ ઉઘાડીછે. આ પ્રસંગમાં ૧૩ મી જુલાઈને રોજ કરેલો ઠરાવ જે ઉપર કહેવામાં આવી ગયો છે, તેની મતલબ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૬૮ મી કલમ પ્રમાણે મંજુરી આપ્યાની હોયતો એમ ધારીએ છીએ કે, તે હુકમ યોગ્ય વિચાર કર્યા વગર તથા આવી બાબતોમાં અમલ કરવાનો શું વાજબી રસ્તો છે, તે વિશે આ કોર્ટે વારંવાર નકી કર્યુંછે. તેની વિરૂધ જઇને આપવામાં આવી છે. પરંતુ આ મુકરદમાનો પુરેપુરો વિચાર કર્યા પછી અમોને જણાય છે કે, ૪૬૮ મી કલમના અર્થ પ્રમાણે, આ હુકમ વાજબી રીતે મંજુરી આપ્યાનો ગણાઇ શકાતો નથી. ધારાસર કાંઇ કામ ચાલેલું નથી તથા ૨૧૧ મી કલમ માંહેલો જો કંઈ ગુન્હો થયો હોય તો, તે કોર્ટની રૂબરૂ, તે કોર્ટની સામે થયેલો નથી. પોલીસને કરેલી ફરીયાદના કામમાં ૪૬૮ મી કલમ પ્રમાણે જોઇતી મંજુરીની જરૂર નથી એમ ઠરી ચુક્યું છે. અમારે વધુ જણાવવું જોઇએ કે, ૧૩ મી જુલાઈનો આ ઠરાવ ૪૬૮ મી કલમની મંજુરીની મતલબનો હોય તો, તે હુકમ અયોગ્ય રીતે લખેલો છે.” ૨૧૧ મી કલમ પ્રમાણે ફરીયાદ માંડવાનો નનુને હુકમ કરવામાં આવે છે. મોફીસીલમાં ફરીયાદી જેવા દરજાના માણસ ઉપર આવો હુકમ કરવાની અસર, એવી થાય છે કે, જીલ્લા માજીસ્ટ્રેટે જે હુકમ તેને આપેલો છે, તે હુકમનો તેણે અમલ કરવો જોઈએ. ૪૬૮ મી કલમમાં જે મંજુરીનું ચીતવન કર્યું છે તે મંજુરી આવી જાતની મંજુરીથી ઘણીજ જુદી છે. કેમકે તેણે તે મંજુરી પ્રમાણે ચાલવું કે નહીં, તે બાબતમાં કોઇ ખાનગી ફરીયાદીની સ્વતંત્ર ધુન ઉપર રહેલું છે. ૩૦ મી અગષ્ટને રોજ એક વધુ આપેલો હુકમ અમારા જોવામાં આવે છે. અને એ હુકમમાં જીલ્લા માજીસ્ટ્રેટે, જીલ્લા પોલીસના સુપ્રીટેંડેન્ટને ફોજદારી માંડવાનું ફરમાન કર્યું છે. આ કામમાં સરકારી પ્રોસીક્યુટરનું કામ ડીસ્ત્રીકટ મેજીસ્ત્રેટે પોતાના હાથમાં લેવાનું ધાર્યું હોય, અથવા સરકારની વતી, ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાની ફરીયાદ માંડવાની તથા ચલાવવાની ધારણા તેણે રાખી હોય, એમ અમો માનતા નથી. જ્યારે આમ છે, તો અમારો એવો અભીપ્રાય છે કે, જીલ્લાના સુપ્રીટેંડેન્ટે ફોજદારી ફરીયાદ માંડવી જોઇએ. એ વીશેના વધારેના કરેલા હુકમથી જે બંધવાઓ ઉપર ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાની ફરીયાદ કરવા વાસ્તે નનુંને હુકમ થયો હતો, તે બંધવાઓને વધુ નુકશાન થયેલું છે. ડેકાયટીની ફરીયાદનું કામ કોઈ કોર્ટમાં ચાલેલું કામ ન હોવાથી ૪૬૮ મી કલમ માંહે-

ની મંજુરી આપવાની જરૂર નહોતી. તથા આ સઘળું ચાલેલું કામ માત્ર એક પોલીસ અમલદાર પાસે ચાલેલું કામ ગણતાં અમારો એવો અભીપ્રાય થાય છે કે, ૨૧૧ મી કલમના ગુન્હા માટે ફોજદારી માંડવાનો નનુંને મેજીસ્ત્રેટે હુકમ કર્યો હતો તે હુકમ, તથા ફોજદારી ફરીયાદનું કામ પોતાના હવાલામાં લેવાનો સુપ્રીટેંડેંન્ટને જે વધુ હુકમ કર્યો હતો, તે હુકમ હકુમત વગરનો હોવાથી રદ કરવો જોઇએ. ઉચીતઝાએ ખાનગી ફરીયાદ માંડી છે, તે બંધ પડવી જોઇએ. અથવા છેવટ કાંઈ નહીં તો ડેકાયટીની ફરીયાદની ધારાસર તજવીજ થતાં સુધી બંધ રહેવું જોઇએ. એવો હુકમ કરવાની અમારી પાસે અરજ કરવામાં આવી છે. આવા મજમુનો હુકમ કરવાને અમોને અધિકાર હોય, એમ અમો સમજતા નથી. અને ઉચીતઝાને ક્રી. પી. કો.ની ૨૧૧ મી કલમના ગુન્હાનું કામ ચલાવવાની ઈચ્છા હોય તો, તેને અમે અટકાવી શકતા નથી. પરંતુ તેની સાથે અમે ઠહેવાનું ઉચીત માનીએ છૈએ કે, જો ચમરૂ મંડળ તથા ગીરધારી મંડળ ડેકાયટીની ધારાસર તજવીજ કરાવવા માગતો હોય તો તે ફરીયાદની ધારાસર તજવીજ કરવાની ના પાડવાનો જીલ્લા માજીસ્ત્રેટને અધિકાર નથી.

માહારાણી કેસરે હીંદ વી. ભવાનીપ્રસાદ અને એક બીજો.

કલમ ૨૧૧.
૧૨
તા૦ ૨૪-૧૨-૮૧
ઈ. ૪ અ. પા.૧૮૨

ખોટી ફરીઆદ કરયાના ગુનાહનું કામ ચલાવવા અગાઉ મુળ ફરીયાદી ને તેની ફરીઆદનું ખરાપણું સાબીત કરવામાં તેજ સાક્ષી આપે તેને માજીસતરેટે બોલાવવા જોઈએ એવું કાંઈ કાયદાનું બંધન નથી.

ज्यारे कोइ माजीस्त्रेट फोजदारी काम चलाववानी रीतना कायदानी १४७ मी कल्म प्रमाणे हरकोइ फरीयाद खोटी करीने कहाडी नांखे, अने खोटी फरीयाद कर्या वास्ते ए फरीयादी उपर एज कायदानी १४७ मी कलम प्रमाणे काम चलाववानुं करे तो, ए काम चलाववा पहेलां फरीयादीने पोतानीं फरीयादनुं खरापणं साबीत करवा सारु तेना साक्षीने रजु करवानी परवानगी आपवाने ते माजीस्त्रेट बंधायो नथी.

ક્રી. પી. કો. ની ૨૧૧ મી કલમના ગુન્હાના અપેલેન્ટ ભવાની પ્રસાદ તથા ગોલીને ગોરખપોરના સેસન જડજે તારીખ ૮ સપ્ટેંબર સને ૧૮૮૧ના રોજ અપરાધી ઠરાવ્યા હતા, તેના ઉપર આ અપીલ કરવામાં આવી હતી.

આ બંને અપેલેન્ટોએ ભેગા થઈને એક શીવ ભીખ તથા બીજા કેટલાક સક્ષો ઉપર સન ૧૮૭૦ ના ઇડીયન રજીષ્ટ્રેશન એકટની ૮૨ મી કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે, એવા ગુન્હામાં સબરજીષ્ટ્રાર પાસે ભવાની પ્રસાદનો ખોટો વેશ ધારણ કરવામાં મદદ કર્યાની ફરીયાદ કરી. સદરહુ ફરીયાદના સાચાપણાની, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૪૬ (૨૦૨) મી કલમ પ્રમાણે પોલીસ પાસે સ્થાનીક ચોકશી કરાવીને મેજીસ્ત્રેટે એ ફરીઆદ લીધી, અને અપેલેન્ટોની જુબાની લીધા પછી, એજ કાયદાની ૧૪૭ મી કલમ પ્રમાણે સદરહુ ફરીયાદ તેણે કાઢી નાંખી. એ ફરીયાદ કાઢી નાંખ્યા બાદ, મેજીસ્ત્રેટનો એવો અભીપ્રાય થયો કે, શીવ ભીખ અને બીજાઓ ઉપર અપેલેન્ટોએ ખોટી ફરીયાદ

કરી હતી, તેથી તે કામનો તેણે તપાસ કરવા માંડયો. અને અંતે ફી. પી. કો. ની ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાને માટે સેસન કોરટમાં ઇનસાફ થવા સારૂ અપેલેન્ટને તેણે કમીટ કર્યા. સેસન કોર્ટે અપેલેન્ટોને એ ગુન્હાના અપરાધી ઠરાવ્યા.

અપેલેન્ટોએ હાઇકોરટમાં અપીલ કરી, અને બીજા વાંધાઓની સાથે અપેલેન્ટ તરફથી એવો વાંધો લેવામાં આવ્યો કે, જે ફરીયાદ કરી હતી તેનું ખરાપણું સાબીત કરવાની તક આપ્યા વગર મેજીસ્ટ્રેટે અપેલેન્ટોને સેસન કોરટમાં ઇનસાફ થવા કમીટ કર્યા, તે તેણે વાજબી કર્યું નથી.

અપેલેન્ટો તરફથી સીમીયન સાહેબ.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ.

જસ્ટીસ ઓલ્ડફીલ્ડનો ઠરાવઃ—

ફી. પી. કો. ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાનું તહોમત કેદીયો વિરૂદ્ધ ચોખ્ખી રીતે સાબીત થયું છે, પણ એવો વાંધો લેવામાં આવ્યો છે કે, જે ફરીયાદ તેઓએ કરી હતી તેનું ખરાપણું સાબીત કરવાની તક આપ્યા વગર મેજીસ્ટ્રેટે તેઓનો ઇનસાફ થવા સારૂ કમીટ કર્યા, માટે સજાનો ઠરાવ રદ કરવો જોઈએ.

મને જણાય છે કે, અપેલેન્ટોને તેઓની ફરીયાદના સંબંધમાં મેજીસ્ટ્રેટે તપાસ્યા હતા, તથા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૪૬ તથા ૧૪૭ મી કલમો પ્રમાણે પોલીસ પાસે તેની તજવીજ કરાવ્યા પછી, મેજીસ્ટ્રેટે તેઓની ફરીયાદ કાઢી નાંખી હતી. અને એજ કાયદાની ૪૭૧ મી કલમ પ્રમાણે તેણે થોડી ઘણી પ્રથમની તજવીજ કર્યા પછી ફી. પી. કો. ની ૨૧૧ મી કલમ માંહેલું તોહોમત રાખી, બંધવાઓને સેસન કમીટ કર્યા હતા. મેજીસ્ટ્રેટની ચલાવેલી રીતમાં કાંઇ ગેર વાજબી થયાનું દેખાતું નથી. અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૭૧ મી કલમ પ્રમાણે જે ઈલાજો મેજીસ્ટ્રેટને લેવા વાજબી જણાય, તે લીધા પહેલાં ફરીયાદીને પોતાની ફરીયાદના ખરાપણાની સાબીતીની તક આપવી જોઇએ, એવું એ કાયદામાં કાંઇ હોય એમ જણાતું નથી. અયોગ્યપણાને, અથવા અન્યમીતપણાને લીધે કમીટમેંટ અને કરેલો ઇનસાફ વાંધોવાળો છે, અથવા તે રદ કરવો જોઇએ, એમ માહારી નજરમાં આવતું નથી. કદી ઘડીભર માનીએ કે, મેજીસ્ટ્રેટે લીધેલો રસ્તો અન્યમીત હતો, તોપણ ગુન્હાનો ઠરાવ રદ કરવા પહેલાં, બંધવાઓએ બતાવવું જોઇએ કે, અમોને અમારો બચાવ કરવામાં નુકશાન થયું છે; પરંતુ તે માંહેલું તેઓએ કાંઇ બતાવ્યું નથી. જ્યારે તેઓનો સેસન કોરટમાં ઇનસાફ થયો, ત્યારે પોતાની મુળ ફરીયાદનું ખરાપણું સાબીત કરવા સારુ તેઓને જોઇએ તેટલી તક મળી હતી. અને એ ફરીયાદના પુરાવામાં મેજીસ્ટ્રેટની કોરટમાં તેઓને પુરાવો રજુ કરવાની તક નહોતી મળી, એથી કરી સેસન કોરટ પાસે તે વાત સાબીત કરવાનો તેઓને પ્રતીબંધ થયો નહોતો. આ મારા મતને આ અદાલતના માહારાણી કૈસરેહીંદ. વિ. અબદુલ હુસેન (૧ મ. ૪૯૭) તથા રાણી વિ. સુભાના ગૌંદન (૧ મ. હા. રી. ૩૦)ના ઠરાવથી પુષ્ટી મળે છે.

માહારાણી કેસરે હીંદ વી. રાધાકીસન અને એક બીજો.

કલમ ૨૧૧.
૧૩
તા૦ ૫-૭-૮૨
ઈ. ૫ અ. પા. ૩૬

કોઈ ગૂનાહની કોઈ માણસ ફરીઆદ કરે તો તે ફરીઆદ ખોટી છે એવું ઠરાવીને તેના ઉપર આ કલમ માંહેલા ગૂનાહનું તહોમત મુકવા અગાઉ તેની મુળ ફરીઆદનું ખરાપણું સાબીત કરવાની તેને તક આપવી જોઇએ,

क. ए पोलीसना थाणामां जइने खबर आपी के, कोइ एक र. ए एक चोकस गुन्हो करेलो छे. जे माजीस्त्रेटने ए गुन्हानो अधिकार हतो, तेना तरफ पोलीसे रीपोर्ट करी वाळ्यो के, अमारा विचार प्रमाणे ते गुन्हो साबित थतो नथी. ते उपरथी ते माजीस्त्रेटे केश काढी नांखवामो हुकम कर्यो. त्यारबाद एज माजीस्त्रेट पासे र. उपर एज गुन्हानो फरीयाद करी, अने पोलीसनो रीपोर्ट ध्यानमां राखीने, सदरहु मार्जीस्त्रेटे ते फरीयाद नामंजुर करी. त्यारबाद पोलीस सतावाळानी मंजुरी लइने र. ए क. उपर पोलीसथाणे खोटी खबर आप्या बाबतमां पी. को. नी. १८२ मी कलमना गुन्हानी फोजदारी फरीयाद मांडी.

ठराव्युं के:—क. उपर काम चलाववा अगाउ सदरहु माजीस्त्रेटे पोते क. नी फरीयाद हाथमां लइने तेनो पुरेपुरो तपास करवो जोइतो हतो. अने तेनी फरीयाद ना संघरवा बाबतमां पोलीसे रीपोर्ट कर्यो हतो एटला कारणसर कायदाथी जे काम तेने करवानुं छे, तेनो तेणे अनादर करवो जोइतो नहोतो. सरकार वि. करीमदाद (६ क. ४९६ नो मुकरदमो मंजुर करवामां आव्यो.

वळी ठराव्युं के.—र. ना कहेवा उपरथी ही. पी. को. नी १८२ मी कलमना गुन्हानी फरीयाद संघरवानो सदरहु मार्जीस्त्रेटने अधिकार नहोतो, तेथी मजकुर कलमना गुन्हानो क. ने अपराधी ठराव्यो छे, ते ठराव कायदा विरुद्ध छे. वळी सने १८७२ ना दसमा आकटनी ४६७ मी कलममां कहयुं छे ते प्रमाणे कोइ सरकारी नोकर अथवा ए सरकारी नोकरना उपरीनी सामे गुन्हो करवामां आव्यो होय, तेनेज १८२ मी कलम मांहेली गुन्हानी मांडेली फरीयाद तथा ते कलमनुं लागुथवापणुं नकी कर्युं छे. परंतु खानगी सक्षोना कहेवा उपरथी ए कलममां ठरावला नीयमोनो अमल करवानो इरादो राख्यो नथी. वळी क नी फरीयाद जो खोटी हती तो, तेनो करेलो गुन्हो र विरुद्ध हतो. पण जे सरकारी नोकरनी पासे तेणे फरीयाद करी हती, ते सरकारी नोकरनी सामे नहोतो, अने तेथी तेणे करेला गुन्हानो समास ही. पी. को. नी २११ मी कलममां थाय छे.

वळी हुकम कर्यो के, क. नी करेली फरीयादनो तपास थवो जोइए.

આ મુકરદમો આગ્રાના સેસન જડજે સને ૧૮૭૨ ના ૧૦ આંકટની ૨૯૬ (૪૩૮) મી કલમ મુજબ હુકમ થવા સારૂ હાઇકોર્ટ તરફ લખી મોકલ્યો હતો. એ કામમાંથી જણાય છે કે, કોઇ એક રાધાકીસને પોલીસ થાણાવાળા પાસે ફરીયાદ કરી કે, કોઈ એક રૂપરામ તથા કોઇ એક નંદલાલ જે માહારાં ઢોર મેં માહારી કોહડમાં બાંધ્યાં હતાં, તે ઢોર ચોરી લઈ ગયા છે. જે મેજીસ્ત્રેટ પાસે આ કામનો પોલીસ તરફથી રીપોર્ટ આવ્યો, તેણે તે રીપોર્ટ નીચે એવો શેરો કર્યો કે, રૂપરામ તથા નંદલાલ ઉપર મુકેલા વાંકનો ગુન્હો પોલીસના માનવા પ્રમાણે સાબીત થતો નથી. માટે તે કેશ પોલીસે કહાડી નાંખ્યો. તારીખ ૪-૨-૮૨ ને રોજ રાધાકીસને આ બાબતની એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટ પાસે ફરીયાદ કરી. એ ફરીયાદ અરજીમાં તેણે નીચે પ્રમાણે લખ્યું હતું. "પોલીસનો દરોગો ગામમાં આવીને પેલા બંધવાને ઘેર ગયો. તજવીજ કર્યા પછી તેણે બંધવાઓને પકડી લઇને તેઓને થાણા ઉપર લઇ ગયો. પણ પછવાડેથી છોડી મુકીને, તેણે અરજદારને કહ્યું કે હું આ કામનો ફરીને તપાસ કરીશ, પરંતુ હજી સુધી તેણે તપાસ કર્યો નથી. તેમ આ કામના બંધવાઓનું તેણે ચલણ પણ લખ્યું નથી. અરજદારને ખબર મળી છે કે, આ અદાલત તરફ કાંઈ રીપોર્ટ પોલીસ તરફથી આવ્યો છે. અને કોર્ટનો અરજદાર અરજ કરે છે કે આ કામનો તપાસ થવો જોઇએ."

આ ફરીયાદના સંબંધમાં કાંઇ પણ કામ ચાલ્યું નહીં, પરંતુ તે ફરીયાદ પછવાડેથી રાધાકીસન ઉપર, રૂપરામે માંડેલી ફરીયાદીના કામની ફાઇલમાં રાખી, આ રાધાકીસન ઉપર શું ફોજદારી મંડાણી હતી તે હવે તુરત કહેવામાં આવશે. તારીખ ૭-૨-૮૨ ને રોજ પોલીસ સુપ્રીટેંડેન્ટને રૂપરામે અરજ કરી કે, રાધાકીસન ઉપર તથા કોઇ એક ચોકીદાર મયારામ ઉપર ડી. પી. કો. ની ૧૮૨ તથા ૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાઓનું કામ ચલાવવું જોઇએ. સદરહુ મયારામે આ ગુન્હો કરવામાં રાધાકીસનને મદદ આપી હતી, તેથી તેના ઉપર પણ કામ ચલાવવાની મંજુરી માગી હથી. એ મંજુરી મળવા ઉપરથી તારીખ ૧૧-૨-૮૨ ને રોજ રૂપરાંમે પેહેલા, પે. વ. ના માજીસ્ટ્રેટ પાસે રાધાકીસન તથા મયારામ ઉપર ડી. પી. કો. ની ૧૮૨ તથા ૨૧૧ મી કલમોના ગુન્હાનાં તહોમતો મુકીને ફરીયાદ કરી. તેજ રોજ તેજ મેજીસ્ત્રેટ પાસે રાધાકીસને બીજી ફરીયાદ દાખલ કરી. અને તેમાં તેણે રૂપરામ તથા નંદલાલ ઉપર ઢોર ચોરી ગયાનું તહોમત રાખી અરજ કરી કે, સદરહુ તહોમતનો તપાસ થવો જોઇએ. સદરહુ મેજીસ્ત્રેટે તારીખ ૨૭ મી ફેબરૂઆરીને રોજ શેરો કરીને આ ફરીયાદ કાઢી નાંખી. અને તે એવાકારણથી કે, તારીખ ૨૯-૧-૮૨ ને રોજ આ કામ કહાડી નાંખવાનો હુકમ થઈ ગયો છે. તથા ફરીયાદી ઉપર કામ ચલાવવાની મંજુરી મેળવી છે. માટે આ ફરીયાદની બાબતમાં કંઇ વધુ કરવા પણું રહેતું નથી. ત્યારબાદ સદરહુ મેજીસ્ત્રેટે રાધાકીસન તથા મયારામનો ડી. પી. કો. ની ૧૮૨ મી કલમના ગુન્હા વાસ્તે સંક્ષેપ રીતે ઇનસાફ કરીને, મજકુર ગુન્હાના તા. ૧૧-૪-૮૨ના રોજ અપરાધી ઠરાવ્યા. રાધાકીશન તથા મયારામની અરજી ઉપરથી, સેસન જડજે આ કામનું દફતર મંગાવી જોયું. અને નીચેનાં કારણો આપીને તેણે અભીપ્રાય આપ્યો કે, મેજીસ્ત્રેટનું ચલાવેલું કામ કાયદા વિરૂદ્ધ છે.

"રાણી વિ. હરીરામ (અ. હા. રી. ૧૯૪) સને ૧૮૭૧ નો) ના ફેસલામાં સાફ રીતે

ઠરાવ્યું છે કે, પી. કો. ની ૧૮૨ મી કલમનો ગુન્હો કોઇ સરકારી નોકર સામે કરવો જોઈએ, પણ જે માણસ ઉપર ફરીયાદ કરી છે, તેની સામેનો તે ગુન્હો નથી. રાધા કીશને જે હકીકત જાહેર કરી, તે હકીકત ખોટી હોય તો તેનો કરેલો ગુન્હો, ૨૧૧ મી કલમ માંહેલો છે. અને તે નંદલાલ તથા રૂપરામ વિરૂદ્ધ કરેલો છે. પણ ૧૮૨ મી કલમ માંહેલો તે ગુન્હો નથી. ચોકીદાર મયારામે કાંઈ ગુન્હો કર્યો હોય, એમ જણાતું નથી. અલબતે તે રાધા કીશન સાથે થાણામાં ગયો હતો ખરો, તોપણ તેણે કાંઇ ખબર આપી નહોતી. અને પોલીસ તે જગ્યા ઉપર ગઇ ત્યાં સુધી તે ખબરના સંબંધમાં, તેણે કોઇ રીતની કાંઇ હકીકત કહી નથી. ૨૧૧ મી કલમ પ્રમાણે નહીં, પરંતુ ૧૮૨ મી કલમ પ્રમાણે અપેલેન્ટનો ઇનસાફ થવામાં, તેઓને નુકશાન થયું છે; તેમાં કશોએ શક નથી. કેમકે જો ૨૧૧ મી કલમના ગુન્હાનો ઇનસાફ કર્યો હતતો, સંક્ષેપ રીતે તે ઈનસાફ થાત નહીં. અને પુરાવો પણ સવીસ્તર નોંધી લેવામાં આવત. વળી પોતાની ફરીયાદનું સાચાપણું સાબીત કરવાની તક, રાધાકીશનને બીલકુલ અપાણી નથી. તેણે તારીખ ૪-૨--૮૨મે રોજ આ કામની અરજી કરી હતી પરંતુ તે અરજી પોતાના મયારામ ઉપરના કામમાં, છેવટ ફાઇલ કરેલી છે અને તેની અરજી પ્રમાણે કાંઇપણ તપાસ થયો નથી. આજ મુદાની બાબત ઉપર કલકત્તા હાઇકોર્ટે એક ફેસલો કર્યોછે. (૬૬.૪૯૬) અને તેમાં ચીફ જસ્ટીસ ગાર્થ તથા જસ્ટીસ ફીલ્ડે ઠરાવ્યું છે કે,—કોઇ માણસનો ૨૧૧ મી કલમના ગુન્હાનો ઇનસાફ કરવા પહેલાં, તેને તેણે કરેલી ફરીયાદનું સાચાપણું સાબીત કરવાની તક જો તે માગેતો આપવી જોઇએ. તથા પોલીસ પાસે નહીં, લેકીન કોઇ માજીસ્ટ્રેટ પાસે, પોતાની ફરીયાદ સ્થાપીત કરવા સારૂ તેને પરવાનગી મળવી જોઇએ. એકંદર રીતે જોતાં, મારો અભીપ્રાય એવો છે કે, આ કામની કાયદાની ખરી બારીકી મેજીસ્ટ્રેટના મનમાં આવી નથી. અને હું ધારૂં છઊં કે, તેનો કરેલો ઠરાવ, નીતી તથા કાયદાથી ઉલટો છે.”

જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવ:—

માહારો પણ સાફ રીતે એવો અભીપ્રાયછે કે, સેસન જડજે અમારા ઉપર લખી મોકલેલા પત્રમાં જે વાંધા બતાવ્યાછે, તેવા વાંધાવાળો મેજીસ્ટ્રેટનો, કરેલો ઠરાવ છે. અને તેથી રાધાકીસન મયારામને, જે ગુન્હાના અપરાધી ઠરાવ્યા છે અને તેમાંથી તેને છોડી મુકવા જોઈએ. પુરાવાની ખાંમીને લીધે પોલીસ તરફથી કંઇ હકીકત આવી નહીં, એટલાજ કારણથી રાધાકીશનની ફરીયાદ અરજી દુર કરવાનો ડેપ્યુટી મેજીસ્ટ્રેટે હુકમ કરવો જોઇતો નહોતો. પરંતુ નંદલાલ અને રૂપરામની વિરૂદ્ધ કાંઇ હુકમ કાઢવો જોઇએ કે નહીં તે નકી કરવા સારૂ તેણે પોતેજ તપાસ કરવો જોઈતો હતો. તારીખ ૨૧-૧-૮૨ની રાધાકીશનની અરજીની બાબતમાં કંઇપણ ઇલાજ લેવાની પોલીસ તરફથી ના પાડયા પછી વધુ ઈલાજ લેવામાં દુર રહીને તકરારી બાબત પડતી મુકી દીધાનું તેણે દરસાવી આપ્યું હતતો ક્રી. પી. કો. ની ૨૧૧ મી કલમ પ્રમાણે ખોટી ફરીયાદ કર્યા વાસ્તે ફોજદારી માંડી હત, તો તે વાજબી હતું. પરંતુ ચોથી અને તેને પછવાડે ૧૧ મી ફેબરૂઆરીને રોજ તેણે જ્યારે અરજીઓ કરી, ત્યારે તે ઉપરથી નંદલાલ અને રૂપરામ ઉપરની ફરીયાદનું કામ ચલાવવાનો તથા તેમાં મંડયા રહેવાનો તેનો ઇરાદો જણાઇ આવ્યો હતો. તો પછી સદરહુ મેજીસ્ટ્રેટે પોતે અરજદારની, ફરીયાદ હાથમાં લઇને તેનો પુરેપુરો તપાસ કરવો જોઇતો હતો. તથા ફરીયાદ ન સ-

ધરવા સારૂ પોલીસે રીપોર્ટ કર્યો હતો, એટલાજ ઉપરથી જે કામ કાયદાએ, તેને સોપ્યું છે, તેનો તેણે અનાદર કરવો જોતો નોહોતો. પોલીસનું કામ એક વસ્તુ છે, અને મેજીસ્ટ્રેટનું કામ બીજી વસ્તુ છે, અને એક બીજાના કામમાં વાજબી રીતે કોઇએ ઘુસવું જોઇએ નહીં. આ મુકરદમા જેવો કરીમ દાદ (૬. ક. ૪૯૬)નો મુકરદમો ને તેમાં ચિફ જસ્ટીસ ગાર્થ તથા જસ્ટીસ ફીલ્ડે જે વીચારો આપ્યા છે તેને હું પુરેપુરો મળતો આવું છું.

રાધાકીસન અને મયારામ ઉપરની ફરીયાદના કામમાં મેજીસ્ત્રેટે જે રીત ચલાવી છે. તે રીતની સામે દેખીતો વાંધો એ છે કે, રૂપરામના કહેવા ઉપરથી પી. કો. ની ૧૮૨ મી કલમના ગુન્હાની ફરીયાદ સંઘરવાનો તેને અધિકાર નથી. ૧૮૨ મી કલમ માંહેલા ગુન્હાઓની ફોજદારી માંડવી, અને એ કલમને લાગુ પાડવી, એની મરીયાદા જે સરકારી નોકરની સામે અથવા તેના સરકારી કામના ઉપરીની સામે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૬૭ મી કલમમાં કહ્યું છે, તે પ્રમાણે તેવા સરકારી નોકર સુધી રાખીછે, અને ખાનગી ગ્રહસ્થોના કહેવા ઉપરથી, આ કલમોમાં કહેલું છે, તે પ્રમાણે અમલ કરવાનો ઇરાદો રાખ્યો નથી. કેમકે રાધાકીસનની કરેલી ફરીયાદ, જો ખોટી હતી તો, તેનો ગુન્હો રૂપરામ સામે હતો. અને જે સરકારી નોકરની પાસે તેણે ફરીયાદ કરી, તે સરકારી નોકર સામેનો નહોતો, અને તેથી તે એ ગુન્હો ઈ. પી. કો. ની ૨૧૧ મી કલમ પ્રમાણે થાય છે. ગયા એપ્રીલની ૨૧ મી તારીખના રોજ મેજીસ્ત્રેટે જે હુકમ કર્યો છે. તે રદ કરીને તેમાં કરેલી સજા પણ રદ કરવામાં આવે છે. વળી વીશેશ ઠરાવવામાં આવે છે કે, રાધાકીસને ફેબ્રુઆરીની ચોથી તથા અગીયારમી તારીખે, કરેલી ફરીયાદની આગ્રાના માજીસ્ત્રેટે ધારાસર તજવીજ કરવી, અને યોગ્ય લાગે તે પ્રમાણે તે ફરીયાદોનો નીકાલ કરવો. કામ ચલાવવા જેટલું પુરતું કારણ નથી. એવું તેને નીરાકરણ કરવું પડે તો, તેણે સદરહુ ફરીયાદ કાઢી નાંખવી. અને રૂપરામ ઉપર ખોટી ફરીયાદ કરવાનો પુરાવો જો કાંઇ હોયતો, રાધાકીશન તથા મયારામનો ૨૧૧ મી કલમના ગુન્હા માટે ઇનસાફ કરવાની, જો યોગ્ય લાગેતો મંજુરી આપવી. અલબતે એ ફોજદારી કામ બીજા માજીસ્ત્રેટને ચલાવવું પડશે. અને બંધવાળો સેસન કમીટ કરવો, કે તેને અપરાધી ઠરાવવો, કે તેને નીરઅપરાધી ઠરાવવો, એ પણ એજ માજીસ્ત્રેટ નકી કરશે, આ કામનું છેવટ થઈ રહ્યા પછી, તેના સઘળા કાગળીયાઓ, કોર્ટને જોવા સારૂ મોકલી દેવા.

કેસરે હિંદ. વિ. અરજણ.

કલમ ૨૧૧.
૧૪
તા૦ ૨-૧૧-૮૨
ઈ. ૭ મું પા. ૧૮૪

કોઇ સક્ષ નામ પાડીને फरीयाद करे के, कोइ बीजा जणे कांइ गुन्हो करेलो छे; ते फरियाद पेला बीजा सक्षने दुःख देवाना हतुथी खोटी रीते करी होय, तो ते फरीयाद करनार १८२ मी कलम मुजब नहीं पण २११ मी कलम मुजब गुन्हेगार थाय छे.

કોઈ સક્ષ કોઈનું નામ પાડીને તેને હેરાન કરવાના ઈરાદાથી ખોટી ફરીઆદ કરે તો તે ગુનોહ ૧૮૨ મી કલમ માંહેલો નહીં પણ આ કલમ માં હેલો ગુનોહ છે.

ખાનદેશ જીલ્લામાં ચોપડાના મુખ્ય કોન્સ્ટેબલને આ કામના તહોમતવાળાએ ખોટી ફરીયાદ કરી કે, માહારી પાસેથી ગણપત બીન ગંગારામે રૂપૈયા ૧૫૦) લુંટી લીધા, ને તે ખોટી ફરીયાદ કરવામાં તેનો હેતુ એ મુખ્ય કોન્સ્ટેબલ પાસે તેની કાયદેસર સત્તા વપરાવી, સદરહુ ગણપતને હેરાન કરવાનો હતો. આવી ખોટી ફરીયાદ કર્યાનો તહોમતવાળો અપરાધી ઠર્યો હતો. ઇનસાફ કરનાર માજીસ્ટ્રેટનો એવો અભીપ્રાય થયો કે, તહોમતવાળાનું આ કૃત્ય પીનલકોડની ૧૮૨ મી કીંવા ૨૧૧ મી કલમમાં આવી શકે તેવું છે. અને તેથી તેણે તહોમતવાળાને ૧૮૨ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી રૂપૈયા ૧૦) નો દંડ કર્યો. અને જો એ દંડ ન આપે તો એક અઠવાડીયા સુધી આસાન કેદની સજા કરી. આવો ઠરાવ કરવામાં ભક્તિરામ વિરૂદ્ધ હીરા કોલીટાના (પ. ક. ૧૮૪) મુકરદમાની તેણે શાહદત આપી છે.

ફોજદારી ક્યામંડર તપાસ્યા ઉપરથી ચાલેલું કામ તથા તેનું દફતર હાઇકોર્ટે મગાવી લીધું.

તહોમતવાળા કે સરકાર તરફથી કોઇ હાજર નહતું.

જસ્ટીસ પીનીનો ઠરાવ.

અમે ગુન્હાનો તથા સજાનો ઠરાવ રદ કરીએ છીએ. અને હુકમ કરીએ છીએ કે, પીનલકોડની ૨૧૧ મી કલમ પ્રમાણે શીક્ષા થઈ શકે, એવા ગુન્હાને વાસ્તે આ તહોમતવાળાનો ઇનસાફ કરવો જોઇએ. ચીફ કાન્સ્ટેબલને, તહોમતવાળાએ મભમ રીતે લુટ્યાની ફરીયાદ નહોતી કરી પણ ગણપતે લુટયો હતો, એવી વીગતથી તેણે ફરીયાદ કરી હતી.

ટીકા—જસ્ટીસ મેલવીલ તથા વેસ્ટ સાહેબે સને ૧૮૭૩ ના એપ્રીલની ૨૪ મી તારીખે રાણી વિરૂદ્ધ ગોપાળ ભીખાજીના કામમાં પીનલકોડની કલમ ૧૮૨ પ્રમાણે નીચે લખેલો ઠરાવ કર્યો છે.

એક સક્ષે પોલીસને ખોટી અરજી કરી, એક બીજા સક્ષે ગુન્હો કર્યાનો મહે શક છે. માટે તેનો તપાસ થવો જોઈએ. આવી જાતની ફરીયાદ પીનલકોડની ૨૧૧ મી કલમના અર્થ પ્રમાણે ફોજદારી કામ ચલાવવાનો આરંભ કર્યા બરોબર નથી.

બીજા પુરૂષને હેરાન કરવાના ઇરાદાથી, કોઇ સરકારી નોકરને ખોટી ખબર આપી, તેને પોતાની સરકારી કાયદેસર સત્તા વાપરવાને જાગૃત કરવાના ગુન્હાનું ઢી. પી. કો. ની ૧૮૨ મી કલમ પ્રમાણે અરજદાર ઉપર તહોમત રાખવું જોઇએ.

માહારાણી કેસરે હીંદ વી. પારાડ.

ही. पी. को. नी २११ मी कलमना छेला भागमां जे जातनी शीक्षा करवा लायक गुन्हानुं वर्णन कर्युं छे, तेवा प्रकारना गुन्हानी खोटी फरीआद न करी होय, पण बीजा गुन्हाने माटे खोटी फरीयाद करी होय, तो २११मी कलमना प्रथम भाग प्रमाणे खोटी फरीआद कर्याना गुन्हा वास्ते सजा करवी जोइए.

કલમ ૨૧૧.

૧૫
તા૦ ૨૫-૫-૮૩
ઈ.૫ મુ. પા. ૫૯૮

હી. પી. કો.ની ૨૧૧ મી કલમના છેલા ભાગમાં જે જાતની શિક્ષા કરવા લાયક ગુનાહનું વરણન કરયું છે તેવા પ્રકારના ગુનાહની ખોટી ફરીઆદ ન કરી હોય પણ બીજા ગુનાહને માટે ખોટી ફરીઆદ કરી હોય તો ૨૧૧ મી કલમના પ્રથમ ભાગ પ્રમાણે ખોટી ફરીઆદ કરયાના ગુનાહ વાસ્તે સજા કરવી જોઈએ,

હી. પી. કો. ની ૨૧૧ મી કલમનાં ગુન્હાનો અપેલેન્ટને અપરાધી ઠરાવી ગોરખપુરના સેસન જડજે તેને ૭ વરસની સમુદ્રપારની સજા તારીખ ૧૯–૨–૮૬ને રોજ કરી હતી, તેના ઉપરની આ અપીલ છે.

કોઇ એક ઊદીત નારાયણને હેરાન કરવાના ઇરાદાથી ફરીયાદ કરવાનું વાજબી કારણ નહીં હોવાનું જાણ્યા છતાં, એ ઉદીત નારાયણે ખુન કર્યું છે, એવું તેના ઉપર ખોટું તોહોમત મૂકયાનું અપેલેન્ટ ઉપર તોહોમત આવ્યું હતું. એમ જણાયું છે કે, આ અપેલેન્ટે જીલ્લાના પોલીસ સુપ્રીટેન્ડેન્ટને અરજી આપી, તેમાં તેણે લખ્યું કે, એક ભારે ગુન્હો કરવામાં આવ્યો છે, અને તેના સંબંધમાં મને થોડી બાતમી મળી છે, એ અરજી આવ્યા બાદ ઊદીત નારાયણ ઉપર ખુનનું તોહોમત મૂકવા જેવી પોલીસ પાસે તેણે જુબાની આપી, પોલીસે જ્યારે તપાસ કર્યો ત્યારે તેને માલુમ પડયું કે, કરેલી ફરીયાદ ખોટી છે, અને ત્યારબાદ જે ગુન્હાનો અપેલેન્ટને અપરાધી ઠરાવ્યો છે, તે ગુન્હાનું તેના ઉપર તોહોમત મુકી ફોજદારી મંડાણી હતી.

અપેલેન્ટ તરફથી કોઇ હાજર હતું નહીં.

જસ્ટીસ ઓોડહર્સ્ટનો ઠરાવઃ—

કામમાં પડેલા પુરાવા ઉપરથી બંધવાના અપરાધ વીશેનો કંઈ શક રહેતો નથી; પરંતુ સાત અથવા તેથી વધુ વરસની કેદની, કીંવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા મોતની શીક્ષા થઇ શકે, એવા ગુન્હાની ખોટી ફરીયાદ કર્યા ઉપરથી ફોજદારી મંડાણી હતી, એમ અમોને જણાતું નથી. અને તેથી આ કોરટના જડજોએ ઘણાક ઠરાવો કર્યા છે, અને જે ઠરાવને હું મળતો આવું છઊં, (માહારાણી કેસરેહીંદ. વિ. પીતમરાય ૫ અ. ૨૧૫) તે ઠરાવોને અનુસરીને કહું છઊં કે, બંધવો માત્ર હી. પી. કો. ૨૧૧ મી કલમના પ્રથમ ભાગના ગુન્હાને માટે સજાને પાત્ર થાય છે. તેથી તેને કરેલી સજામાં ફેરફાર કરી, તેને બે વરસની સખત કેદની, તથા ૫૦ રૂપીયા દંડની, અને દંડ ન આપે તો બીજા ૬ માસની સખત કેદની સજા કરૂં છઊં.

ગૌરીસહાયની અરજીની બાબતમાં.

કલમ ૨૧૧.

૧૬
તા. ૨૩–૧૧–૮૩
ઈં. ૬ અ. પા. ૧૧૪

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૯૫ મી કલમ પ્રમાણે આ કલમ માંહેલા ગુનાહની ફોજદારી માંડવાની મંજુરી માગી એટલે આપવીજ જોઈએ એમ સમજવાનું નથી.

हीं. पी. को. नी २११ मी कलम प्रमाणे खोटी फरीयाद कर्यानुं फोजदारी काम चलाववानी मंजुरी १९५ मी कलम प्रमाणे मागी, एटले आपवीज जोइए एम कांइ नथी. परंतु ज्यारे फरीयादी अदालतने एवी खात्री करे के, इनसाफनुं हीत विचारतां फोजदारी मांडवानी जरुर छे तथा बंधवा विरुद्ध उपर उपरथी जोतां काम चलाववानां मजबुत कारणो छे त्यारेज मात्र तेवी मंजुरी आपवी जोइए.

एक स. नामना सक्षनो कोइ गुन्हा माटे सेसन कोर्टमां इनसाफ थतां तेमां ते नीरदोष ठर्यो. त्यारबाद तेणे तेना उपर फोजदारी मंडा-

यला कामना संबंधमां तेणे हीं. पी. को. नी २११ मी कलमना गुन्हामां मदद कर्या वास्ते ग. उपर काम चलाववाने परवानगी मळवानी एज कोर्टने अरज करी. अने सेसन जडजे माग्या प्रमाणे मंजुरी आपी तथा पेलो फोजदारी मुकरदमो चाल्यो. ते मुकरदमाना दफतर उपरथी कींवा जडजना रोज काम उपरथी कोइ प्रकारे मालम पडतुं नथी के, कये आधारे पोताना उपरना कोइ गुन्हानी फरीयादमां ग. उपर स. ए मदद कर्यानुं तहोमत राख्युं हशे. अथवा शा कारणोथी जडजे मागेली मंजुरी आपी हशे, तथा जडजे मंजुरी आपी, तेनी पहेलां तेणे स. नी जुवानी लीधाथी, अथवा बीजी तपास करवाथी पोताने खात्री करी लेवी जोइए के, ग. उपर तहोमत मुकवामां स. पासे पुरतां कारणो छे के नहीं. तथा खोटी फरीयाद करवामां मदद करवाना संबंधमां ग. उपर शक लाववां जेटला उपरथी पाकां कारणो छे के नहीं.

શાહારાનપોરના સેસન જડજે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૯૫ મી કલમ પ્રમાણે એક ગૌરી સહાય નામના સક્ષ ઉપર ફોજદારી કામ ચલાવવાની મંજુરી આપ્યાનો ઠરાવ કર્યો હતો. તે ઠરાવ જોઇને સુધારવા સારૂ આ અરજી કરવામાં આવી હતી. એક સોહનલાલ નામના સક્ષનો ઇનસાફ સેસન જડજ પાસે બળાતકાર સંભોગના ગુન્હા માટે ચાલી, તેને બચાવ કરવાનું ફરમાવ્યા પેહેલાં નીરદોષ કરી છોડી મુકયો હતો. ત્યારબાદ ખોટી ફરીયાદ કરનાર પેલી ઓરત ઉપર ફોજદારી કામ ચલાવવાની સેસન જડજ પાસે તે સોહનલાલે મંજુરી મળવાની અરજી કરી. આ અરજીમાં તેણે લખ્યું કે, એક ગૌરી સહાયની ઉશકેરણીથી આ ખોટી ફરીયાદ કરવામાં આવી હતી. માટે ૨૧૧ મી કલમના ગુન્હામાં મદદ કર્યા સારૂ ગૌરી સહાય ઉપર પણ કામ ચલાવવાની પરવાનગી મળવી જોઇએ. જ્યારે સેસન જડજે આ મંજુરી આપી, ત્યારે પોતાના સંબંધમાં આપેલી મંજુરી રદ કરવા સારૂ હાઇકોરટને અરજી કરી. અને એ અરજીમાં તેણે એવાં કારણો લખ્યાં કે. (૧) સોહનલાલ ઉપર મુકેલા તહોમતના સંબંધમાં મારે કોઈ રીતની નીસબત હતી, એવો પુરાવો નથી.

(૨) મારો બચાવ સાંભળ્યા વગર તથા કાંઇ તજવીજ કર્યા વગર મંજુરી મળી છે.

અરજદાર તરફથી કોલવીન સાહેબ.
તથા શાઅસદ અલી હાજર હતા.
જસ્ટીસ ઓલ્ડફીલ્ડનો ઠરાવઃ—

રાણી વીરૂદ્ધ સોહનલાલના કામના દફતરમાંથી, અથવા સેસન જડજના રોજ કામમાંથી કોઈ પ્રકારે માલુમ પડતું નથી કે, કયે આધારે પોતાના ઉપર બળાત્કાર સંભોગની

ફરીયાદમાં ગૌરી સહાય ઉપર સોહનલાલે મદદ કર્યાનું તહોમત રાખ્યું હશે અથવા શાકો- રણોથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૯૫ મી કલમ અનુસાર ગૌરી સહાય ઉપર ફોજદારી કામ ચલાવવાની મંજુરી સેસન જડજે આપી હશે. ગૌરી સહાય ઉપર ફો- જદારી માંડવાની મંજુરી જડજે આપી તેની પેહેલાં તેણે સોહનલાલની જુબાની લઇને, અથવા બીજી રીતે ખાત્રી કરવી જોઈતી હતી કે, એ સોહનલાલને ગૌરી સહાય ઉપર ત- હોમત મુકવા જેટલાં કારણો છે કે નહીં? તથા ખોટી ફરીયાદ કરવામાં ગૌરી સહાય ઉપર શક લાવવા જેટલાં મજબુત* કારણો છે કે નહી?

ઈી. પી. કો. ની ૨૧૧ મી કલમ પ્રમાણે ખોટી ફરીઆદ કર્યાનું ફોજદારી કામ ચ- લાવવાની મંજુરી ૧૯૫ મી કલમ પ્રમાણે માગી એટલે આપવીજ જોઈએ. એમ કાંઇ નથી. પરંતુ જ્યારે ફરીયાદી અદાલતને એવી ખાત્રી કરે કે, ઇનસાફનું હીત વીચાર- તાં ફોજદારી માંડવાની જરૂર છે, તથા બંધવા વિરૂધ્ધ ઉપર ઉપરથી જોતાં કામ ચલાવ- વાનાં મજબુત કારણો છે, ત્યારેજ માત્ર તેવી મંજુરી આપવી જોઇએ.

માટે જડજનો હુકમ રદ કરીને આ અરજીનો નીકાલ ઉપર લખેલા અભીપ્રાયને અ- નુસરીને કરવાનો હુકમ કરવામાં આવે છે.

રામા સ્વામી વિરૂધ્ધ મહારાણી.

કલમ ૨૧૧.
૧૭
તા૦ ૪-૨-૮૪
ઈ. ૭ મ. પા. ૨૯૨

મુળ ફરીઆદીને પોતાની મુળ ફરીઆદ સાબીત કરવાની તક આપવી જોઇએ એવું ઠરેલું છે પણ જ્યાં એવી તક લેવામાં તે ફરીઆદી દાવો કરતો ન હોય તો પછી આ કલમ માંહેલા ગુનાહનું કામ ચલાવી તેને સજા કરવી એ ગેર કાયદેસર નથી.

पोलीस पासे र. ए स. उपर चोरी कर्यानी फरीयाद करी.

पोलीसे माजीस्त्रेटने लखी वाळ्युं के, आ फरीयाद खोटी छे, माजीस्त्रेटे र. ने समन करी बोलाव्यो, अने तेनी जुबानी लीधी. परंतु तेना आपेला साक्षीओने बोलावी तेनी करेली फरीयाद साबीत करवानी तक तेणे तेने आपी नही.

त्यारबाद माजीस्त्रेटे हुकम कर्यो के, आ काम फाइल उपरथी कहाडी नांखवुं अने र. उपर काम चलाववानी परवानगी आपी.

पछवाडेथी एज माजीस्त्रेट पासे र. ने उभो करवामां आव्यो. अने तेणे तेने सेसन कमीट कर्यो अने सेसन कोर्टे ही. पी. को. नी २११ मी कलमनो अपराधी ठराव्यो.

अलबते र. नो पोतानो इनसाफ थया पहेलां तेने पोतानी करेली फरीयाद साबीत करवानी तक नहोती मळी ए वात खरी, पण तेथी तेनो अपराधीपणानो ठराव गेरकायदेसर नथी, एवुं हाइकोर्टे ठराव्युं. आ मुकरदमो तथा सरकार वि. करीम दाद (६ क. ४९६) ना मुकरदमा वचे शुं तफावत छे, ते बताववामां आव्यो.

આ મુકરદમાની હકીકત તથા તેમાં કરેલી દલીલો, આ રીપોર્ટને માટે જોઈએ તેટ- લી હાઈકોર્ટના ઠરાવમાંથી મળી આવે છે.

અપેલેન્ટ તરફથી પોવેલ સાહેબ તથા રંગા ચર્ય.

હાઈકોર્ટે તરફથી જસ્ટીસ કરનાન તથા કીડસેલીએ નીચે પ્રમાણે ઠરાવ આપ્યો.

જસ્ટીસ કરનાનનો ઠરાવ.

સુભામલ ઉપર એક વાટકો ચોર્યાની ખોટી ફરીયાદ કર્યા વાસ્તે અપેલેન્ટ રામાસ્વામી નાયકને મદુરાના સેસન જડજે હી. પી. કો. ની ૨૧૧ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવ્યો. તે ઉપરથી તેણે આ કોર્ટને ચાર કારણો આપીને અપીલ કરી. ચોથા કારણ સીવાય બીજાં સઘળાં કારણો રદ કરી, અપીલ જસ્ટીસ હચીનસને નામંજુર કરી, અને એ જસ્ટીસે એવો હુકમ કર્યો કે, આ ચોથા કારણ માટે બે જડજોએ અપીલ સાંભળવી જોઈએ.

ચોથું કારણ એ છે કે, અપેલેન્ટ ઉપર ફોજદારી કામ ચલાવવાની મેજીસ્ત્રેટે મંજુરી આપી, તે પેહેલાં ચોરીની ફરીયાદની પુષ્ટીમાં જે પુરાવો આપ્યો હતો. તે પુરાવો લેવડાવવાનો તેનો હક છે. આ વાંધાની મજબુતી સમજવા સારૂ યાદ રાખવાનું છે કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૯૧ મી કલમમાં ઠરાવ્યું છે કે, આગળ ઉપર કહ્યું છે તે સિવાય હરેક મેજીસ્ત્રેટ ફરીયાદ અરજી ઉપરથી, અથવા પોલીસના રીપોર્ટ ઉપરથી, અથવા ખબર મળવા ઉપરથી કોઇ ગુન્હો હાથ ઝાલવાને મુખતીયાર છે.

એજ કાયદાની ૧૯૫ મી કલમમાં ઠરાવ્યું છે કે, તે કલમમાં જે જે ગુન્હાનું બ્યાન કર્યું છે, તેમાંથી હી. પી. કો. ની ૨૧૧ મી કલમ માંહેલો ગુન્હો જ્યારે કોઈ કોરટમાં કોઇ ઈનસાફી કામમાં, અથવા ઇનસાફી કામના સંબંધમાં કરવામાં આવ્યો હોય, તે ગુન્હો, સદરહુ કોરટની ફરીયાદ, અથવા આગળથી આપેલી મંજુરી વગર, અથવા જે બીજી કોર્ટના તાબામાં સદરહુ કોર્ટ હોય તે કોરટની ફરીયાદ અથવા પરવાનગી વગર, કોઇ કોર્ટે તેવા ગુન્હા હાથમાં ઝાલવા નહીં.

સુભામલને હેરાન કરવાના ઇરાદાથી બંધવે તેની તા. ૨૪—૩—૮૩ ને રોજ ઉસીરામ પટીના પોલીસ થાણાના અમલદાર પાસે ઘરમાંથી ચોરી કર્યાની ખોટી ફરીયાદ કર્યાના તોહોમત વાસ્તે તેનો ઇનસાફ થયો હતો.

ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદાની ૧૯૫ મી કલમ પ્રમાણે કોઇ કોરટ પાસે ચાલેલા ઈનસાફી કામના સંબંધમાં હરકોઈ ગુન્હો કર્યાનું આ તોહોમત નથી. અને તેથી સદરહુ કલમ પ્રમાણે તેના ઉપર ફોજદારી કામ ચલાવવાની મંજુરી આપવાની જરૂર નોહોતી.

૨૧૧ મી કલમ માંહેલા ગુન્હાની ફરીયાદ મેજીસ્ત્રેટ પાસે નહીં કરતાં પોલીસ પાસે કરી હોય, તોપણ તે બરોબર છે. જુઓ રાણી. વિ. સુભાના ગૌદન (૧ મ. હા. રી. ૩૦) ભકતીરામ વિરૂદ્ધ હીરા કોલીટા (૫. ક. ૧૯૪) અશરફઅલી. વિ. માહારાણી. (૫ ક. ૨૮૧) ગીરધારી મંગળની બાબતમાં (૮ ક. ૪૩૫) માહારાણી કેસરેહીંદ. વિ. અબદુલ હુસેન (૧ ક. ૪૯૭)

અપેલેન્ટને વાંધો લેવાનું જે કારણ મળ્યું છે, તેની હકીકત નીચે પ્રમાણે છે. પોલીસ અમલદારે કરેલી ફરીયાદનો તપાસ કર્યા પછી, તારીખ ૯—૫—૮૩ ને રોજ તેણે માજીસ્ત્રેટ તરફ લખી મોકલ્યું કે, આ ફરીયાદ ખોટી છે. તે ઉપરથી તે મેજીસ્ત્રેટે અપેલેન્ટને સમન કરી બોલાવ્યો. અને તારીખ ૨ જી જુનને રોજ તેણે તેની જુબાની લઈ લીધી. આ જુબાનીમાં સુભામલે વાટકી ચોર્યાની વાત, તેણે ફરીને કહી. જે બે સાક્ષોએ તેણીના

હાથમાં એ વાટકી જોઈ હતી, તેણીનાં નામ પણ દીધાં. સદરહુ મેજીસ્ટ્રેટે આ કામમાં વધુ તપાસ નહીં કરતાં, અપેલેન્ટને પોતાના સાક્ષી બોલાવી, કરેલી ફરીયાદનું સાચાપણું સાબીત કરવાની તેને તક આપી નહીં. માજીસ્ટ્રેટે જે નોંધ રાખ્યો છે, તે માત્ર ब અંકવાળો પત્ર છે. અને તે પત્ર સેસન કોરટમાં ઇનસાફ કરતી વખતે રજુ કરવામાં આવ્યો હતો. એ ब અંક ઉપર તારીખ ૩ ત્રીજી જુન સને ૧૮૮૩ ની માંડેલી છે. અને તેમાં માજીસ્ટ્રેટે સહી કરી છે, પોલીસ અમલદારે રીપોર્ટ કરી વાળ્યો હતો કે એ ફરીયાદ ખોટી છે. તેના સંબંધનો એ કાગળ છે, અને તેમાં લખેલું છે કે, અપેલેન્ટને સમન કરી બોલાવતાં, તથા તેની જુબાની લેતાં પોલીસના મતથી જુદા પડવાનું મેજીસ્ટ્રેટને કંઇ કારણ દેખાતું નથી. તથા કરેલી ફરીયાદ સાફ રીતે ખોટી હોવાથી સદરહુ કામ ફાઇલ ઉપરથી દુર કરતાં, અપેલેન્ટ ઉપર ખોટી ફરીયાદ કર્યાનું, કામ ચલાવવાની તેણે મંજુરી આપી છે.

પોલીસે આ મુકરદમો એના એ મેજીસ્ટ્રેટ પાસે ૩ જી અગષ્ટને રોજ આણ્યો, અને પ્રોસીક્યુસનના સાહેદીઓની જુબાની લીધા પછી અપેલેન્ટને ૨૧૧ મી કલમના ગુન્હામાટે સેસન કમીટ કરવામાં આવ્યો. તે કામનો ઇનસાફ સેસન જડજે તારીખ ૨-૯-૮૩ ના રોજ કર્યો. અપેલેન્ટે બચાવમાં ચાર સાક્ષીઓની જુબાની લેવડાવી. તે ચાર સાક્ષીઓમાં તેણે ૨ જી જુનને દહાડે જુબાની આપી હતી. તેમાં, જે સાક્ષીઓના નામ આપ્યાં હતાં, તે માંહેલા તેઓ હતા. અપેલેન્ટ અપરાધી ઠર્યો. અને તેને બે વરસની સખત કેદની, તથા ૨૦૦ રૂપૈયા દંડની અને એ દંડ ન આપે તો એક વરસ વધુ સખત કેદની સજા કરવામાં આવી.

આવા પ્રસંગમાં અપેલેન્ટોનો જે ઈનસાફ થયો છે, તેમાં તેઓને નુકશાન થયું છે. તે એટલા માટે કે, ब નંબરનો કાગળ, જેમાં અપેલેન્ટનો મુકરદમો ચોખ્ખી રીતે ખોટો છે, એવો ડેપ્યુટી મેજીસ્ટ્રેટનો તેમાં લખેલો અભીપ્રાય પુરાવામાં દાખલ કર્યો છે. આવા પ્રસંગમાં આ અભીપ્રાય, અન્યમીત અને ગેરકાયદેસર છે. કેમકે પોતાના સાક્ષીઓને તપાસવાની અપેલેન્ટને માજીસ્ટ્રેટે તક આપી નથી. જુઓ માહારાણી વિરૂદ્ધ ગ્રીસચંદ્ર નંદી (૭ ક. ૮૭) સરકાર વિ. કરીમદાદ (૬ ક. ૪૯૬) અપેલેન્ટે ફરીયાદનું કામ ચલાવવા નાપાડી હતી. અથવા પોતાની ફરીયાદની પુષ્ટીમાં સાક્ષીઓને બોલાવવાની તેણે ઇચ્છા બતાવી હતી, એમ માજીસ્ટ્રેટે લખેલું નથી. ફોજદારી માંડવાસારૂ મંજુરી હોવી જોઇએ. એવા ખ્યાલથી ब પત્ર અપેલેન્ટના વિરૂદ્ધ પુરાવામાં મુકયું છે. જો એ પ્રમાણે મંજુરી જોઈતી હોયતો, ब પત્રથી નીમીતપણે અથવા કાયદેસર મંજુરી મળતી નથી. અને તેથી જે મંજુરી માની લીધી છે તે કાયદા વીરૂધ્ધ છે. તો પણ ब પત્રને કાયદા વિરૂદ્ધ પુરાવામાં દાખલ કરવાથી ગુન્હાનો ઠરાવ ગેર કાયદેસર થતો નથી. કેમકે-તે ઠરાવ વાજબી છે, એમ ગણવા સારૂ, જોઇએ તેટલો બીજો પુરાવો પડયો છે. પોલીસ પાસે ખોટી ફરીયાદ કરી હતી, તેને વાસ્તે અપેલેન્ટનો ઈનસાફ થયો હતો તેટલા માટે ફોજદારી કામ ચલાવવાની બીલકુલ મંજુરીની જરૂર નથી.

અલબતે પોલીસવાળાએ, ફોજદારી માંડી હતી. અને તે ફોજદારી માટે કાયદા વિરૂદ્ધ મંજુરી મેળવી હતી, તોપણ આવાં કારણોથી ચાલેલું કામ કાયદા વિરૂધ્ધ થતું નથી. જે મુકરદમાનો છેવટમાં હવાલો આપ્યો છે, તે મુકરદમામાંથી ઠર્યું છે કે, જે સક્ષે ખોટી ફ-

રીયાદ કર્યાનું કહેવામાં આવતુ હોય, તે સક્ષના ગુન્હાની તજવીજ કરવા પેહેલાં, તેને તેનું ખરાપણું સાબીત કરવાની તક આપવા સારૂ, કોઇ મેજીસ્ટ્રેટ કાયદા વિરૂદ્ધ મંજુરી મેળવીને મુકરદમો હાથમાં લે તેમાં કશુંએ અન્યમીતપણું થતું નથી. પરંતુ જો ખોટી ફરીયાદ કર્યાનું ફોજદારી કામ તે બાબતનો પુરાવો લીધા વગર ચાલ્યું હોય, અને જો ગુન્હાનો ઠરાવ કરવામાં આવ્યો હોય તો, એ ઠરાવ કાયદા વિરૂધ્ધ છે, એમ તે ફેસલાથી ઠર્યું નથી. મંજુરી લેવાની જરૂર ન હોવાથી, કયા કારણસર ગુન્હાનો ઠરાવ કાયદા વીરૂદ્ધ છે, તે અમે જોઇ શકતા નથી. ગુન્હાના ઠરાવમાં અમે કાંઇ ફેરફાર કરી શકતા નથી. પરંતુ સજા બહુજ ભારી છે. ૨-૭-૮૩ ની તારીખથી અપેલેન્ટ સખત કેદ ભોગવે છે, સજામાં ઘટાડો કરીને અમે બાર મહિનાની સખત કેદની દંડ વગર સજા કરીએ છીએ. દંડ જો લીધો હોય તો, પાછો આપવાનો હુકમ કરીએ છીએ.

મહારાણી કેસરે હિંદ વિ. અતરઅલી.

कलम २११. — १८ — તા૦ ૩-૧૧-૮૪ ઇ.૧૧-ક. પા. ૭૯

કોઇ સક્ષ બીજા સક્ષ ઉપર કોઇ ગુન્હા વાસ્તે ફરીઆદ કરે અને એ ફરીઆદ ખોટી કરયા વાસ્તે તેના ઉપર આ કલમ પ્રમાણે જ્યારે કામ ચાલે ત્યારે મુળ ગુનાહની ફરીઆદના કામનુ ઘરમેળે સમાધાન કરયું છે એવા જવાબથી તેનો અનુગ્રહ થતો નથી.

जे गुन्हो कर्यो कहेवामां आवे छे, ते गुन्हो घर मेळे पती गयानो जवाब ईं. पी. को. नी. २११ मी कलम प्रमाणे कोइ फरीयादी उपर तहोमत आव्युं होय, तेमां अनुग्रह करता नथी.

गेरकायदेसर केद कर्या वास्ते अ. ए म. ना उपर तहोमत मुक्युं, पोलीसे खबर लखी के आ फरीयाद खोटी छे, अने अ. पोतानी फरीयाद साबित करवा सारु हाजर थयो नहीं. तेथी ईं. पी. को. नी. २११ मी कलम प्रमाणे काम चलाववानो जील्ला माजीस्त्रेटे हुकम कर्यो. ए कामनुं तहोमत संभळाव्या पछी, अ. ए जवाब आप्यो के, म. ना उपरनी फरीयादना सबंधमां में तेनाथी घरमेळे समाधान कर्युं छे. अने तेथी हवे २११ मी कलमना गुन्हाना तहोमतनुं पण समाधान थइ जाय छे. डेप्युटी माजीस्त्रेटे कांइ पुरावो लीधा वगर ते मुकरदमो कहाडी नाख्यो.

टराव्युं केः—आवी रीते रस्तो लेवो ते कायदा विरुद्ध छे, केमके २११ मी कलमना गुन्हाना जवाबमां, आवो जवाब अनुग्रह करनारो नथी.

જે હકીકતને લીધે આ લખાણુ કરવાની જરૂર પડી છે, તે નીચે પ્રમાણે છે.

તારીખ ૨૯ મી જુનને રોજ એક અતરઅલી નામના સક્ષે ચરસીદીની પોલીસને ખબર આપી કે, માહારા બાપ પાસે કાંઇ કબુલત જબર દસ્તીથી કરાવી લેવા સારૂ મીણુત અલીએ તેને ગેરકાયદેસર કેદ કરેલો છે, પોલીસે રીપોર્ટ કર્યો કે, આ ફરીયાદ ખોટી છે, અને હાજર થઇને પોતાની ફરીયાદ સાબીત કરવામાં ફરીયાદીએ કસુર કરી છે, તે-

થી તેના ઉપર પી. કો. ની ૨૧૧ મી કલમના ગુન્હાની ફોજદારી ચલાવવાનો જીલ્લા માજીસ્ટ્રેટે તારીખ ૨૩ મી અગષ્ટને રોજ હુકમ કર્યો. અને તે મુકરદમાનો ઇનસાફ થવા સારૂ તેણે પેહેલા વર્ગના મેજીસ્ટ્રેટ તરફ મોકલી દીધો. આ મેજીસ્ટ્રેટે સુનાવણી વાસ્તે ૯ મી સપ્ટેંબરની તારીખ ઠરાવી, અને પી. કો. ની ૨૧૧ મી કલમના ગુન્હાનો અતર અલી ઉપર સમન કાઢયો, સદરહુ તારીખને રોજ, આ મુકરદમો ૧૦ મી સપ્ટેંબર સુધી મુલતવી રહ્યો, અને એ દસમી તારીખને રોજ અતરઅલીએ, એક અરજી દાખલ કરી, જેમાં તેણે એવી અરજ કરી કે, પીનલકોડની ૩૪૨ મી કલમના ગુન્હાના તહોમતનું કામ ચલાવવું જોઈએ નહીં. તે ઉપરથી સદરહુ મેજીસ્ટ્રેટે બંધવાના સંબંધમાં કાંઇ ઠરાવ કર્યા વગર મુકરદમો કાઢી નાંખ્યો, એમ કરવાના કારણનો જ્યારે જીલ્લા માજીસ્ટ્રેટે તેની પાસેથી ખુલાસો માગ્યો ત્યારે તેણે પોતાની રીતનાં કારણો નીચેની વીગતે લખી મોકલ્યાં.

"મુળ ફરીયાદના ફરીયાદીને આ કામમાં કામ ચલાવવા સારૂ બોલાવવામાં આવ્યો હતો, પણ તે પ્રમાણે તે આવ્યો નહીં. તે એવા કારણથી કે, બંધવા સાથે મેં ઘર મેળે સમાધાન કર્યું છે. હવે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૩૪૫ મી કલમ પ્રમાણે ૩૪૨ મી કલમના ગુન્હાનું કોર્ટની બહાર ઘર મેળે સમાધાન કરવામાં કાંઇ બાધ આવતો નથી. તેથી જો એ ગુન્હાનો ફરીયાદી કામ ચલાવવા હાજર ન થાય તો, ૨૧૧ મી કલમના ગુન્હાનું તહોમત ખાસ રીતે પોલીસવાળાની અરજી ઉપરથી રહી શકતું નથી."

આ ઉપરથી આ કામ મેજીસ્ટ્રેટે હાઇકોર્ટ તરફ લખી મોકલ્યું છે. અને ઉપરનો કાગળ રવાને ન કરતાં, તેણે નીચે પ્રમાણે પોતા તરફથી લખ્યું છે.

"મને જણાય છે કે, ડેપ્યુટી મેજીસ્ટ્રેટે કરેલો હુકમ તદન કાયદા વીરૂધ્ધ છે. પીનલકોડની ૨૧૧મી કલમના ગુન્હાનું તહોમત ઘર મેળે માંડીવાળી શકાતું નથી. પીનલકોડની ૨૧૧ મી કલમ પ્રમાણે સમનથી બોલાવેલા તહોમતદારોને, પ્રોસીક્યુશનનો પુરાવો લીધા વગર છોડી શકતો નથી. પોલીસ પાસે જે ફરીયાદ કરી હતી, તે ફરીયાદ પીનલકોડની ૩૪૭ મી કલમના ગુન્હાની હતી. અને પોલીસે પણ એ ફરીયાદ એવાજ પ્રકારની ગણી હતી. પણ આવો ગુન્હો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૩૪૫ મી કલમ પ્રમાણે ઘર મેળે માંડી વાળી શકાતો નથી. ગેરકાયદેસર કેદ કરવાના ગુન્હાની ફરીયાદ કરનાર પોતાની ફરીયાદ સાબીત કરવામાં કસુર કરે તો, તે ગુન્હાની ખોટી ફરીયાદ કર્યાના તહોમતની તજવીજ થઇ શકતી નથી."

"વખ્તો વખત અમારી પાસે નીચે લખેલા સવાલો ઉઠયા કરે છે. પેહેલો સવાલ ફોજદારી કામ ચલાવવાના રીતના કાયદાની ૩૪૫ મી કલમમાં ગુન્હાનું ઘર મેળે સમાધાન કરવાનો જે હક આપ્યોછે, તે ફરીયાદીનું જ્યારેં મન થાય ત્યારે, એટલે કે તહોમતનામું ઘડયા પછી, અથવા પ્રોસીક્યુશનના સાક્ષીયોની તપાસણી કર્યા પછી, અથવા પ્રોસીક્યુશનની શરૂવાતની મંજલેથી વાપરવો જોઇએ, કેમકે સવાલ બીજો ઈ. પી. કો. ની ૨૧૧ મી કલમના ગુન્હાની માંડેલી ફરીયાદ ઉપર કહેલો હક વાપરવાથી પડી ભાગે છે કે કેમ? એટલે કે મુળ ફરીયાદીનો ઈ. પી. કો. ની ૨૧૧ મી કલમ પ્રમાણે ઇનસાફ કરવા અગાઉ તેની ફરીયાદનું ખરાપણું સાબીત કરવાનો જ્યારે તેને હુકમ આપ્યો હોય, ત્યારે એ ગુન્હાનું ઘર મેળે સમાધાન કર્યું છે, એટલુંજ માત્ર કહીને તે છુટી જઇ શકે કે કેમ?"

"આ બંને સવાલો, આ લખાણ સાથે જોડાયેલા છે, અને હું અરજ કરૂં છઉં કે, નામદાર હાઇકોર્ટ મેહેરબાની કરીને અમારો શક ટાળશે."

હાઇકોર્ટ તરફથી જસ્ટીસ વીલસન તથા મેકફરસને આપેલો અભિપ્રાય.

ડેપ્યુટી માજીસ્ત્રેટનો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે, એમ ધારવામાં અમે જીલ્લા માજીસ્ત્રેટને મળતા આવીએ છીએ. અને તેવા કારણથી કે, મુળ ફરીયાદનું તહોમત ઘર મેળે માંડી વાળ્યું છે. એ જવાબ ૨૧૧ મી કલમના ગુન્હાના કામમાં અનુગ્રહ કરનારો નથી. માટે એવો હુકમ કરવામાં આવેછે, અને જીલ્લા માજીસ્ત્રેટ ફરમાવે તે માજીસ્ત્રેટ પાસે આ મુકરદમાનું કામ ચલાવવું. જીલ્લા માજીસ્ત્રેટે બીજું પ્રશ્ન કર્યુંછે તેના સંબંધમાં કાંઇ કહેવું કારવવું જરૂરનું નથી.

મહારાણી કેસરેહિંદ વિ. ગંગારામ.

કલમ ૨૧૧.
૧૯
તા૦ ૨-૧૨-૮૫
ઈ. ૮ અ. પા. ૩૮
પોતાની ફરી-આદ સાચીછે એ સાબીત કરવાની તક આપ્યા વગર પોલીસના લખાણથી ખોટી ઠરી કાઢી નાખવી એ વાજબી નથી.

पीनलकोडनी कलमो ३२३ तथा ३७९ मांहेला गुन्हानी फरीयादनो तपास करवा सारु पोलीस तरफ लखवामां आव्युं. पोलीसे लखी जणाव्युं के फरीयाद मांहेलुं तहोमत खोटुं छे अने ते उपरथी एक माजीस्ट्रेटे क्रीमीनल प्रोसीजर कोडनी कलम १९५ मी प्रमाणे ठराव कर्यो के, फरीयादीओ उपर पी. को. नी २११ मी कलम मांहेला गुन्हानी फोजदारी मांडवी.

ते उपर ठराव करवामां आव्यो के करेली फरीयाद जे मात्र पोलीसना लखवामां आवी होय ते साची छे एवुं साबीत करवानी ज्यांसुधी फरीयादीने तक आपवामां न आवे त्यांसुधी क्रीमीनल प्रोसीजरनी १९५ मी कलम मुजब कांइ ठराव करवो जोइए नहीं.

सरकार वि. करीम दाद (६ क. ४९६) नो हवालो लेवायो हतो.

આ કામના અરજદાર ગંગારામ તથા દુરગાએ ચીદા તથા ચંદન ઉપર પી. કો.ની ૩૭૯ મી કલમના ચોરીના તથા ૩૨૩ મી કલમના હુમલાના ગુન્હાઓને વાસ્તે ફોજદારી ફરીયાદ કરી. સદરહુ ફરીયાદનો તપાસ કરવા સારૂ પોલીસ તરફ લખવામાં આવ્યું. પોલીસે જવાબ લખ્યો કે ફરીયાદ માંહેલું તોહોમત ખોટું છે તે ઉપરથી અલીગઢના માજીસ્ત્રેટે સદરહુ ફરિયાદ કાઢી નાંખી હુકમ કર્યો કે. પી. કો. ૨૧૧ મી કલમના ખોટું આરોપ મુકયાના ગુન્હા વાસ્તે ફરીયાદી ઉપર કામ ચલાવવું, અને તેટલા માટે તેણે એ કામ પરગણાના માજીસ્ત્રેટ તરફ મોકલી દીધું; માજીસ્ત્રેટે ૨૫-૭-૮૫ ને રોજ ક્રીમીનલ પ્રોસીજર ની કલમ ૧૯૫ મી પ્રમાણે ઠરાવ કર્યો કે આ કામનો નિકાલ એક ડેપ્યુટી માજીસ્ત્રેટે કરવો. આ ઠરાવ સુધારવાની જીલ્લા જડજને અરજી કરી; પરંતુ તે અરજી તેણે ૨૯-૮-૮૫ ને રોજ નામંજુર કરી, એટલે અરજદારે તે હુકમ સુધારવાની હાઈકોર્ટમાં અરજી કરી તે એવા સબબોથી કે—

"જે કામ ફકત એક પોલીસના લખવા ઉપરથી કાઢી નાંખ્યુંછે તેનું સચાઇપણું સાબીત

કરવાની ફરીયાદીને તક આપ્યા વગર કામ ચલાવવાની મંજુરી આપવી જોતી નહોતી."

ફરીયાદીની ફરીયાદ માનવા લાયક છે કે નહીં, તે નક્કી કરવાનું કામ ફક્ત માજીસ્ટ્રેટનું છે.

અરજદારો તરફથી બાબુ રામ ચકરબતી.

સરકાર તરફથી બાબુ દ્વારકાંદાસ બાનરજી.

જસ્ટીસ બ્રોડહર્સ્ટનો ઠરાવ.

ઠરાવ સુધારવાના સબબોમાંથી એક સબબ એવો છે કે જે ફરીયાદ પોલીસના લખવા ઉપરથી માત્ર કાઢી નાંખી હતી તેનું સાચાપણું સાબીત કરવાની ફરીયાદીઓને તક આપી નથી ત્યાંસુધી ક્રીમીનલ પ્રોસીજરની કલમ ૧૯૫ મી પ્રમાણે મંજુરી આપી શકાતી નથી.

આ વાંધો હું માનું છું કે જોરવાળો છે અને તેને સરકાર વિ. કરીમ દાદના ફેસલાથી (૬. ક. ૪૯૬) પુષ્ટી મળે છ, તેથી હું તારીખ ૨૫-૭-૮૫ નો માજીસ્ટ્રેટનો ઠરાવ રદ કરૂં છું.

કલમ ૨૧૨ મી.

કોઈગુનેગારને ઘરમાંરાખવો.

૨૧૨. કાંઈ ગુન્હો થયો હોય, અને ફલાણો સખસ તે ગુન્હાનો કરનાર છે એવું જે માણસ જાણતો હોય, અથવા એવું માનવાનું જેને કારણ હોય, તે માણસ જો તે સખસને કાયદા પ્રમાણે થતી શીક્ષાથી બચાવવાને ઘરમાં રાખે અથવા કેથાં સંતાડે, તો, અગર તે ગુન્હાને માટે મોતની શીક્ષા થઇ શકે તો, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે. અને અગર તે ગુન્હાને માટે જીવતાં સુધી સમુદરપારની, કે દસ વરસ સુધીની કેદની, શિક્ષા થઇ શકતી હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુન્હાને માટે દશ વરસ સુધીની નહી પણ એક વરસ સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોય તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય, તેની પા મુદત સુધીની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

તે ગુન્હો જો દેહાંતશિક્ષાજોગ હોય તો.

તે ગુન્હો જો જીવતાંસુધી સમુદ્રપારની અથવા કેદની શીક્ષા જોગ હોય તો.

અપવાદ—ગુન્હેગારના વરથી અથવા ગુન્હેગારની વહુથી ગુન્હેગારને ઘરમાં રાખવા કે સંતાડવાનું કામ થયું હોયતો તે બાબતમાં આ ઠરાવ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત.

બ એ ડાકાઇટીનો ગુન્હો કર્યો છે એમ જાણીને કાયદા પ્રમાણે થતી શીક્ષા બ ને બચાવવાના હેતુથી અ બ ને જાણી બુઝીને સંતાડે, તો એ ઠેકાણે બ જીવતાં સુધી સમુદ્રપાર થવાને લાયક છે માટે, અ ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદને લાયક છે અને વળી તે દંડને પણ લાયક છે.

કલમ ૨૧૩ મી.

કોઈ ગુન્હેગારનેશીક્ષાથીબચાવવાનેબક્ષીસ વગેરે લેવી.

૨૧૩. પોતે કાંઇ ગુન્હો છુપાવવાના, અથવા કાંઇ ગુન્હાની કાયદેસર શીક્ષાથી કોઈ સખસને પોતે બચાવવાના અથવા કાયદેસર શીક્ષાએ પહોંચાડવાને કોઇ સખસની ઉપર પોતે કાંઇ મુકદમો નહી ચલાવવાના બદલામાં જે માણસ પોતાને વાસ્તે અથવા કોઇ બીજા સખસને વાસ્તે કાંઇ અવેજ કબુલ કરે, અથવા મેળવવાની કોશીશ કરે, અથવા કબુલ કરવાની હા કહે, અથવા કાંઇ મીલકત પોતે અથવા બીજાની વતી પાછી લે, અથવા પાછી મેળવવાની કોશીશ કરે, અથવા પાછી લેવાની હા કહે, તે માણસને, અગર તે ગુન્હાને માટે મોતની શીક્ષા થઇ શકતી હોય તો, સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુન્હાને માટે જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસ સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુ-

તે ગુન્હો જો દેહાંત શીક્ષા જોગ હોયતો.

તે ગુન્હો જો જીવતાંસુધીસ

ધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુન્હાને માટે દશ વરસ સુધીની કેદની શીક્ષા નહી થઈ શકતી હોય તો તે માણસને ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

મુદ્રપારની અથવા કેદની શીક્ષા જોગ હોય તો.

કલમ ૨૧૪ મી.

૨૧૪. કોઇ સખસ કાંઇ ગુન્હો છુપાવે તેના, અથવા તે કાંઇ ગુન્હાની, કાયદેસર શિક્ષાથી કોઇ સખસને બચાવે તેના, અથવા કાયદેસર સીક્ષાએ પોહોંચાડવાને કોઇ સખસની ઉપર તે કાંઇ મુકદમો નહી ચલાવે તેના, બદલામાં જે માણસ તે સખસને કાંઇ અવેજ આપે અથવા બદલો વાળે, અથવા અવેજ આપવાનું કે બદલો વાળવાનું કહે અથવા કબુલ કરે, અથવા કાંઈ મીલકત તે સખસને પાછી આપવાનું અથવા અપાવવાનું કહે, અથવા કબુલ કરે, તે માણસને, અગર તે ગુન્હાને માટે મોતની શીક્ષા થઈ શકતી હોય તો, સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુન્હાને માટે જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસ સુધીની કેદની શિક્ષા થઇ શકતી હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુન્હાને માટે દશ વરસની મુદત સુધીની કેદની શિક્ષા નહી થઇ શકતી હોય, તો તે માણસને તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇગુન્હેગારને બચાવવાના બદલામાં કાંઇ બક્ષી સઆપવીઅથવામીલકતપાછીઆપવી.

તેગુન્હોજાદેહાંતશીક્ષા જોગ હોય, તો,

તેગુન્હોજેજીવતાં સુધીસમુદ્રપારનીઅથવા કેદનીશિક્ષાજોગહોય,તો.

અપવાદ—જે જે બાબતમાં ગુન્હો કાયદેસર માંડીવાળી શકાય તે તે બાબતને ૨૧૩ અને ૨૧૪ મી કલમોના ઠરાવો લાગુ પડતા નથી.

દ્રષ્ટાંતો.

(અ) ખુનના ઈરાદાથી અ બની ઉપર હુમલો કરે, તો એ ઠેકાણે જે ગુન્હો છે તે કરવાના ઇરાદા સાથે નિસબત નહી રાખતો ફરત હુમલો નથી, માટે તે આ અપવાદમાં દાખલ થતો નથી, અને તે કારણને લીધે માંડી વળાય નહી.

(બ) અ બ ની ઉપર હુમલો કરે, તો એ ઠેકાણે જે ગુન્હો છે તે ગુન્હેગારના ઇરાદા સાથે નિસબત ન રાખતુ ફકત કામ છે, અને હુમલાને માટે બ દીવાનીમાં ફરીયાદ કરી શકે છે, માટે તે આ અપવાદમાં દાખલ થાય છે, અને તે માંડીવળાય છે.

(ક) અ પોતાનો વર કે પોતાની વહુ હયાત છતાં બીજી વહુ કે બીજો વર કરવાનો ગુન્હો કરે, તો એ ગુન્હા બાબત દીવાનીમાં ફરીયાદ થઈ શકતી નથી, માટે તે માંડી વળાય નહી.

(ડ) બ એક ધણીંવાળી સ્ત્રી જોડે છીનાળુ કરે, તો તે ગુન્હો માંડીવળાય.

કલમ ૨૧૫ મી.

૨૧૫. કોઇ સખસની પાસેથી તે સખસની કાંઇ જંગમ મીલકત આ કાયદાથી શીક્ષા થઇ શકે એવા કાંઇ ગુન્હાથી ગઇ હોય તે સખસને તે મીલકત પાછી મળવામાં મદદ કરવાના બાનાથી અથવા મદદ કરવાસારૂ જે માણસ કાંઇ અવેજ લે અથવા લેવાને હા કહે અથવા કબુલાત કરે, તે જો તે ગુન્હેગારને પકડવાને તથા તેની ઉપર તે ગુન્હો સાબિત કરવાને પોતાથી બનતા સઘળા ઈલાજો કામે ન લગાડે તો, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ચોરીની મીલકત પાછીમેળવવામાં મદદ કરવા સારૂ કાંઇ બક્ષીસ લેવી વગેરે.

કલમ ૨૧૬ મી.

૨૧૬. કોઇ સખસની ઉપર કાંઈ ગુન્હો સાબિત થયો હોય, અથવા કાંઇ ગુન્હાનું તહોમત મુક્યું હોય, અને તે ગુન્હાને સારૂ તે સખસ કાયદેસર કેદમાં હોય, તે સખસ જો કેદમાંથી નાશી જાય અથવા કોઇ સરકારી નોકર પોતાના સરકારી ઓહદાનો કાયદેસર અખત્યાર અમલમાં લાવતા કોઈ સખસને કાંઇ ગુન્હાને માટે પકડવાનો હુકમ કરે ત્યારે જે માણુસ તે નાસી જવાની અથવા પકડવાના હુકમની વાત જાણ્યા છતાં તે સખસને પકડાતો અટકાવવાના ઇરાદાથી તેને ઘરમાં રાખે અથવા કેથાં સંતાડે, તે માણસને નીચે મુજબ શીક્ષા કરવામાં આવશે; એટલે જે ગુન્હાને માટે તે સખસ કેદમાં હતો અથવા તેને પકડવાનો હુકમ કર્યો હોય તે ગુન્હાને માટે જો મોતની શિક્ષા થઇ શકતી હોય

જે ગુન્હેગાર કેદમાંથી નાઠો હોય, અથવા જેને પકડવાનો હુકમ થયો હોય, તે ગુન્હેગારને ઘરમાં રાખવો.

તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે; અને

તે ગુન્હો જો દેહાંત શિક્ષા જોગ હોય તો.

તે ગુન્હાને માટે જો જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસ સુધીની કેદની શિક્ષા થઇ શકતી હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા દંડ સાથે અથવા દંડ વિના, કરવામાં આવશે, અને તે ગુન્હાને માટે દશ વરસની નહી પણ એક વરસ સુધીની કેદની શિક્ષા થઇ શકતી હોય, તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

જો જીવતાંસુધી સમુદ્રપારની, અથવા કેદની શિક્ષા જોગ હોય તો.

અપવાદ.—જે માણસને પકડવું હોય તેના વરથી અથવા તેની વહુથી, તે માણસને ઘરમાં રાખવાનું કે સંતાડવાનું કામ થયું હોય, તો તે બાબતને આ ઠરાવ લાગુ પડતો નથી.

કલમ. ૨૧૭

કોઇ માણુસ સરકારી નોકર હોય, તેણે પોતાના સરકારી હોદ્દાના જોરથી કેમ ચાલવું એ બાબતનો કાંઇ કાયદાનો હુકમ અગર તે માણુસ જાણી બુઝીને ન માને, એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ સખસ કાયદેસર.શિક્ષાથી બચે, અથવા જે શિક્ષાને તે લાયક હોય તેથી તેને ઓછી શિક્ષા થાય અથવા મારા તેમ કરવાથી તે શિક્ષાથી તેને ઓછી શિક્ષા થશે એવો સંભવછે એમ જાણ્યા છતાં,તો અથવા એવા ઇરાદાથી તેમ કરવાથી કાંઇ મિલકત સરકાર જપ્ત થતી, અથવા કાંઇ રૂપીયા તેમાંથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપવાથી તે, બચી જાય, અથવા બચી જશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઇ સખસને શિક્ષાથી અથવા કાંઇ મીલકતને સરકાર જપ્ત થતી બચાવવાના ઇરાદાથી જે સરકારી નોકર કાયદાનો હુકમ ન માને તેને શિક્ષા.

અરજદાર રામીની નાયરની બાબતમાં.

કલમ ૨૧૭.

૧
તા૦ ૭–૩–૭૭
ઈ. ૧ મ. પા. ૨૬૬

આ કલમમાં લખેલા કાયદાનો હુકમ અમુક કામ કરવાનો સ્પષ્ટ રીતનો હોવો જોઇએ.

कोइ गामडाना एकाउन्टन्टने तथा गामडाना मुनसफना पटावाळाने फोजदारी काम चलाववानी रीतना कायदानी ९० (४९) मी कलममां कायदानो जे हुकम लख्यो छे, ते हुकम न मान्या वास्ते, हिं. पीं. को. २१७ मी कलम प्रमाणे अपराधी ठर्या हता.

तेमां ठराव्युं के,—ए बंने सक्षोनो ठराव कायदा विरुद्ध छे. केमके सदरहु ९० (४९) मी कलममां जेवी फरज मुकेली छे, तेवी फरजवाळा ते सक्षो नथी.

हिं. पी. को. नी २१७ मी कलममां कायदाना हुकमनुं वर्णन कर्युं छे, ते हुकम जेवो फोजदारी काम चलाववानी रीतना कायदानी ८९–९० (४४–४९) मी कलममां लखेलो छे, तेवो स्पष्ट हुकम होवो जोइए. परंतु फोजदारी फरीयाद उडावी नहीं देवानी दरेक रैयतनी सामान्य फरज छे. ते फरज सुधी ते हुकम पहोंची शकतो नथी.

અરજદાર તરફથી શેપર્ડ સાહેબ.

કોર્ટે નીચે પ્રમાણે ઠરાવ આપ્યો.

આ અરજી પેહેલા નંબરના બંધવાએ કરેલી છે. પરંતુ જે કારણો હવે અમે લખવાના છીએ, તે પ્રમાણે બંને બંધવાઓને હિં. પીં. કો. ની ૨૧૭ મી કલમના ખોટી રીતે અપરાધી ઠરાવ્યા છે. એવો અમારો અભીપ્રાય થાયછે. ચોરીના ગુન્હાનું તહોમત બંધવાઓ-

એ ઢાંકી દીધું, એથી કાયદાનો હુકમ ન માન્યાની હકીકત ઝાહેર થવા ઉપરથી ૨૧૭ મી કલમ પ્રમાણે તેઓને અપરાધી ઠરાવ્યા છે. પેહેલા નંબરનો બંધવો ગામડાનો હિસાબ રાખનારો છે, અને બીજા નંબરનો બંધવો ગામડાના મુનસફનો પટાવાળો છે, કાયદાના જે હુકમની બેફરમાની કર્યાનું માની લેવામાં આવ્યું છે. તે હુકમ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૯૦ (૪૫) મી કલમમાં લખ્યો છે, પરંતુ સદરહુ હુકમમાં જેવી ફરજ મુકી છે, તેવી ફરજવાળાઓનો તેઓનો દરજો હોય, ત્યારેજ તેઓ સદરહુ કલમ પ્રમાણે ગુન્હેગાર થઈ શકે છે. ગામડાના હિસાબ રાખનારને દરજે પેહેલા નંબરનો બંધવો સદરહુ ગામડાનો મુખી નથી, તેમ તે સરકારી મેહેસુલ ઉઘરાવવામાં રોકાયેલો શક્ષ નથી. વળી સદરહુ કલમમાં જે જે દરજાવાળા સક્ષો ઉપર ફરજ રાખેલી છે તેવા દરવાજાવાળાઓમાં આ બંધવાઓનો સમાસ થતો નથી એમ પુરાવેથી જણાય છે. ગામડાના પટાવાળા ઉપર કંઇ પણ ફરજ મુકવાનો એ કલમનો હેતુ હોય, એમ અમોને દેખાતું નથી.

હિં. પી. કો. ની ૨૧૭ મી કલમમાં કાયદાના ફરમાનનું વર્ણન કર્યું છે. તે ફરમાન અમારા ધારવા પ્રમાણે ચોકસ અમુક કામ કરવાનું હોવું જોઇએ. અને એવા હુકમો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૮૯—૯૦ (૪૪—૪૫) મી કલમમાં લખેલા છે. પરંતુ ફોજદારી ગુન્હાને ઢાંક પછેડો ન કરવાની જે દરેક રૈયતની સામાન્ય ફરજ છે, તેટલે સુધી એ હુકમ પહોંચી શકતો નથી. મૂળ અદાલતમાં માજીસ્ત્રેટે, તથા અપીલમાં અપીલ કોર્ટે, જે કારણો આપીને, ૨૧૭ મી કલમના ગુન્હાનો ઠરાવ કર્યો છે, તે કારણ સીવાય, સદરહુ ગુન્હાનો ઠરાવ ટકાવી રાખવાનો કંઇ પુરાવો નથી. અલબતે બંધવાઓ બીજી રીતે ગુન્હેગાર છે. અથવા ખાતાની રૂએ જવાબદાર છે. પરંતુ આ કલમના ગુન્હાનો ઠરાવ બીલકુલ પોશાઇ શકતો નથી. માટે તે રદ કરીને દંડ લીધો હોય, તો પાછો આપવાનો કરીએ છીએ.

માહારાણી કેસરેહિંદ. વિ. બાબનખાં વલદમહસકેકોજી.

बंधवा उपर हिं. पी. को. नी २१७ मी कलमना गुन्हानुं तहोमत हतुं. पण जे कायदाना फरमाननी बेफरमानी करी, अने ते केवी रीते करी, ते फरमान शुं हतुं, ते तहोमतनामामां चोखी रीते जणाव्युं न हतुं.

ठराव्युं के मभम शब्दोमां वर्णवेला तहोमतनामा उपरथी बंधवाने अपराधी ठरावेल होय, त्यारे काम चालती वखत, जे अर्थमां ए तहोमतनामुं समजाणुं होय, ते अर्थने अपीलमां प्रोसीक्युशनवाळाए वळगी रहेवुं जोइए.

કલમ ૨૧૭.
૨
તા० ૧—૮—૭૭
ઈ. ૨ મું. પા. ૧૪૨

કાયદાની જે બેફરમાની કર્યાનું કહેવામાં આવતું હોય, તે બેફરમાની શું અને કયા કાયદામાં હતી, તે સ્પષ્ટ લખવું જોઇએ.

બંધવાને સતારાના સેસન જડજે હિં. પી. કો. ની ૨૧૭ મી તથા ૨૧૩ મી કલમ માંહેલા ગુનાઓનો ગુનેગાર ઠરાવી તેને પ્રથમની કલમના ગુન્હા વાસ્તે એક વર્ષ તથા બીજીના ગુન્હા વાસ્તે બે વર્ષની સખત કેદની સજા કરી હતી. તથા બીજા ગુન્હા માટે રૂપૈયા ૫૦ નો દંડ અને તે ન આપે તો બીજા ત્રણ માસ જ્યાદે કેદની સજા કરી હતી.

૨૧૭ મી કલમનું તહોમત નીચે મુજબ હતું,

પાંડુ વલદ નાના, તથા બીજા ઘણાક જણોને કાયદેસર સજામાંથી બચાવવાનો ઈરાદો કરીને, અથવા વખતે એઓ બચી જશે એવું જાણીને, એક નારાયણ ભટ વલદ બજી ભટના ઘરમાં ઘર ફોડવા સાથે ચોરીનો ગુન્હો થયો હતો. તે કામમાં તપાસ કરતાં જે મિલકત મળી આવી, તેના સંબંધમાં તમે મુખ્ય ફોજદાર હોઇને એક સરકારી નોકર તરીકે કેમ વર્તવું જોઇએ તે બાબતમાં કાયદાનું ફરમાનછે, તે તમે જાણી જોઇને સતારે જીલ્લે માણ તાલુકાના સંબુખેડ ગામમાં સને ૧૮૭૬ ના અક્ટોબરની ૨૫ મી તારીખે અથવા તે અરસામાં તોડયું.

જ્યારે બંધવાનો ઇનસાફ ચાલવા લાગ્યો ત્યારે આ તહોમતનામા ઉપરથી જડજે એવો મુકરદમો કાઢયો કે,

"કેટલાક સક્ષોને સજામાંથી બચાવવાના ઇરાદાથી, ચોરાયેલી મિલકતમાંથી કાંઇ ભાગ તે મિલકતના ધણીને તહોમતદારે સોંપાવ્યો કે નહીં?"

આ બાબતમાં ઘણા સાહેદોની જુબાનીથી જણાય છે કે, નારાયણ ભટના ઘરમાંથી જે મિલકત ચોરાયેલી કહેવામાં આવે છે, તે મિલકત બંધવાની સમક્ષ જડી આવી હતી. અને બંધવાના હુકમથી નારાયણ ભટને મોકલી હતી. નારાયણ ભટ એવી જુબાની આપે છે કે, મને તહોમતદારે કહેલ કે, આ કામમાં વધુહીલ ચાલ કરવી સારી નથી, નહીંતો ગામડાના લોકો દુશ્મની રાખશે. તહોમતદાર પોતાના બચાવમાં કહે છે કે, હું આ બધું કાંઇ જાણતો નથી. અને એવું સાબીત કરવાનું પ્રયત્ન કરે છે કે, ચોરી થયાની વાત મેંતો ઉડતી ઉડતી સાંભળી હતી. અને જ્યારે તે સાંભળી ત્યારે મેં તેનો તપાસ કર્યો. પણ તેમાંથી કાંઇ મુદાની હકીકત મળી નહીં. એટલે મારા ઉપરી તરફ તેવા મતલબનો રીપોર્ટ કરી વાળ્યો.

આ તહોમતને લગતો બંને બાજુનો રજુ થયેલો પુરાવો જોયા પછી સેસન જડજે બંધવાને અપરાધી ઠરાવ્યો. વળી ગુન્હેગારને બચાવવા ખાતર તેણે કાંઇ બક્ષીસ લીધી. એ તહોમતનો પણ અપરાધી ઠરાવ્યો.

અપેલેંન્ટ તરફથી માકફરસન તથા વીશ્વનાથ નારાયણે એવી દલીલ કરી કે, જડજે પુરાવાની યોગ્ય રીતે તુલના કરી નથી.

જસ્ટીસ વેસ્ટે કહ્યું કેઃ—પુરાવા ઉપરથી અમોને ખાત્રી થઈ કે, બક્ષીસ લેવાના સંબંધનું જે તહોમત છે. તેનો બંધવાનો પુરી રીતે અપરાધી ઠરાવ્યો છે. માટે અમે સરકારી વકીલને હુકમ કરીએ છીએ કે, એ બાબતના પુરાવા ઉપર અમારી પાસે તેણે કાંઇ બોલવું નહી. પરંતુ પહેલા તહોમતના સંબંધમાં અમોને જણાય છે કે, તે તહોમત સ્ફુરતા વાળું નથી. પણ મભમ છે. ખરેખરૂં બંધવા ઉપર જે આરોપ મુકવાનો મતલબ છે. તે આરોપનો રદીયો દેવા સારૂ જે હકીકત આપવા કાયદાની મતલબ છે, તે પુરેપુરી બંધવાને અપાણી નથી. આ બાબત ઉપર સરકારી વકીલનું કહેવું સાંભળવાને ચાહીયે છીએ.

સરકારી વકીલ તરીકે નાનાભાઇ હરીદાસ.

કોગ્નીઝેબલ ગુન્હો બન્યાના શક ઉપરથી જે મિલકત હાથ કરી હોય, તે પાંછી

આપવાની પોલીસને મનાઇ છે, એવો કોઈ ઠરાવ અથવા સરક્યુલર હોવાની મને ખબર નથી. પણ ખુદ બંધવાને ઇનસાફ થવા ટાણે પુછયું હતું કે, એમ પાછી આપવાનો કોઈ આધાર છે. તે ઉપરથી તેણે ના પાડી હતી.

૧૮૭૨ ના દસમા આકટની કલમ ૯૨ (૫૪) મીમાં ફરમાવ્યું છે કે, જે મિલકત ચોરાયેલી છે, એવો તેના ઉપર વાજબી શક જાય, તે મિલકત જેની પાસે હોય, તે માણસને પોલીસે પકડવો, અને એવી મિલકત હાથ કર્યાનો રીપોર્ટ તેણે માજીસ્ટ્રેટને કરવો જોઇએ. એમ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૧૫ (૫૨૩) મી કલમમાં કહેલું છે. બંધવો કહે છે કે એવો રીપોર્ટ મેં કરેલો હતો. પણ તેમ તેણે કર્યું હોય, એમ માલુમ પડતું નથી. અને આથી કરીને તેણે કાયદાના ફરમાનની બેફરમાની કરી છે. જે માજીસ્ટ્રેટની હકુમત હોય, તેને કોગ્નીઝેબલ ગુન્હો થયાના શકના ખબર જેના હવાલામાં પોલીસનું થાણું હોય, તેણે મોકલી દેવા જોઇએ. એવું પણ ૧૧૪ (૧૫૭) મી કલમમાં તથા જીલ્લા પોલીસ આકટની (૧૮૬૭ નો મુંબાઇનો આકટ) કલમ ૨૧ મી માં કહેલું છે કે, ગુન્હા થતા અટકાવવા તથા ગુન્હેગારને પકડીને ઈનસાફ થવા સારૂ આણવા એ કામ દરેક પોલીસ અમલદારનું છે. ફોજદારી કામ ચલાવવાની રીતના તથા જીલ્લા પોલીસના કાયદામાં જે નીયમો બાંધ્યા છે, તેનું ઉલંઘન કરવામાં રીપોર્ટ કર્યા વગર ચોરાયેલી મિલકત તેના ધણીને બંધવે આપી દીધી છે. જેમ જોઇએ તેમ જણાય છે કે, ક્રીમીનલ પ્રોસીજર કોડની ૨૮૩ મી (૫૩૭) મી કલમ પ્રમાણે ગુન્હેગારીનો ઠરાવ રદ કરવો વાજબી છે. એટલા સારૂ બંધવાને પોતાનો બચાવ કરવામાં કાંઇ નુકશાન થયું હોય, અથવા ઈનસાફ ઊંધો વળતો હોય, એવું આ કામમાં કાંઇ થયું નથી.

જસ્ટીસ વેસ્ટનો ઠરાવ.

આ કામમાં તોહોમતનામાનું પ્રથમનું તોહોમત એવી રીતે હકીકત મુકીને ઘડયું છે કે, જેનો જવાબ દેવાને બંધવાને ફરમાવવામાં આવેલ. તેની, એ ચોકસ ગુન્હામાં જેજે હકીકત તોહોમતદારને કહેવી જોઇએ, એવો કાયદાનો મતલબ છે. તે ખબર કહી નથી એવો અમારો મત થાય છે.

પીનલકોડમાં ગુન્હાઓનું જે બ્યાન આપ્યું છે, તે સામાન્ય શબ્દોમાં આપ્યા વગર ચાલે તેમ નથી. પરંતુ સામાન્ય શબ્દોથી જે નિયમો બાંધ્યા છે, તેમાં બંધવાનું કરેલું ચોકસ કૃત્ય, અથવા કરેલી કસુરનો સમાસ થઈ શકે છે કે નહીં, તે નકી કરવું એજ બંધવા ઉપર કામ ચલાવવાની મતલબ છે. આ ધોરણને અનુસરીને ક્રીમીનલ પ્રોસીજરના પરિશિસ્ટ ત્રીજામાં તોહોમતનામાના સઘળા નમુનાઓમાં, વાજબી હકીકતનો સમુદાય લેતાં, ગુન્હો બન્યો એમ કહેવાય છે. તે હકીકતો તેમાં બધી આવે છે. આ કામમાં બંધવા ઉપર એવું તોહોમત છે કે, “ચોરીના કામમાં તપાસ કરતાં જે મિલકત મળી આવી તેના સંબંધમાં એક સરકારી નોકર હોઇને, તેવા સરકારી નોકર તરીકે, કેમ વર્તવું જોઇએ, તે બાબતમાં કાયદાનું ફરમાન છે તે જાણી જોઈને તોડયું.” કાયદાનું શું ફરમાન છે, તથા કહેલી વર્તણુક ચલાવીને તેની બેફરમાની કરી, એ સંબંધી બંધવાને ખબર કરી નથી. અને તેમ ન કરવાથી પોતાના બચાવમાં તેને નુકશાન થયું હોય તો હોય, કેમકે ચાલેલું કામ લક્ષ દઇને વાંચ્યા પછી અમે એમ સમજ્યા છીએ કે, બંધવો એક હેડ ફોજદાર થઇ

ને ગુન્હો ઢાંકી દેવા સારૂ ચોરાયેલી મિલકત તેના ધણીને પાછી સોંપવા દીધી. તે આ કામના તોહોમતનો સાર છે. અને સરકારી વકીલ હવે એવી ઉજર કરેછે કે, પોતે મિલકત હાથ કરી છે, એવો રીપોર્ટ ક્રીમીનલ પ્રોસીજરકોડની ૪૧૫ (પ૦૩) મી કલમ મુજબ કરવો જોઇએ. તે કરવામાં બંધવે કસુર કરી. તેમાં ગુન્હાનો સાર રહેલો છે. તે મિલકત હાથ કરી હતી, એવું અમો હકીકતથી જોઇ શકતા નથી. અમોને તો કાંઇ એવું જણાય છે કે, સદરહુ મિલકત જ્યારે જડી, ત્યારે તે હાથ કરવાને બદલે તેના માલીકને તેણે અપાવી દીધી, અને આજ રીતભાતથી તેણે કાયદાનો હુકમ તોડયો. કાયદા શું હુકમ છે, અને તે કએ ઠેકાણે લખેલો છે, એ બેમાંથી ગમે તે અદાલતમાં બતાવવા માગ્યું હત તો, તે બતાવી શકાત, પરંતુ તેમાંનું કાંઇ બતાવ્યું નથી. અને આજ કારણથી હવે જીકર કરવામાં આવે છે કે, એક રીપોર્ટ ન મોકલ્યો, એ વર્તણુકથી કસુર કરી એમ જણાયા જેવું લાગે છે. જે સક્ષ ફોજદારી રીતે ગુન્હેગાર ઠરેછે, તેના લાભમાં ઘણોજ થોડામાં થોડો લાભ વાજબી રીતે આપી શકાય, તે એ છે કે જ્યારે, મભમ શબ્દોમાં તોહોમતનામું રચ્યું હોય, ત્યારે જે કામ ચાલે, તેમાં એ શબ્દો કામ ચાલતી વખતે ખાસ કયા અર્થમાં સમજાણા હતા, તેને બળગી રહેવું જોઈએ.

બીજી જાતની ફરજનું સાપ્રાધ રીતનું ઉલંઘન સાબીત કરવા વાળી પુરાવાની હકીકતની પુષ્ટી આપવા સારૂ કોઇ રીપોર્ટ મોકલવાની કસુર કર્યાનો પુરાવો આપ્યાના કારણથી જે હકીકતનો અનાયાસ પુરાવો પડયો. પરંતુ જેને વાસ્તે સાફ અને પ્રત્યક્ષ રીતનું તોહોમત રાખ્યું નહોતું. તેવા તોહોમતના ગુન્હા વાસ્તે બંધવો સજાને પાત્ર થતો નથી.

તેથી અમો તોહોમતનામામાંથી પહેલા તોહોમની સજા તથા ઠરાવ રદ કરીએ છીએ, અને બીજાના બાહાલ રાખીએ છીએ.

મહારાણી કેસરે હીંદ વિ. અમિરૂદ્દીન.

કલમ ૨૧૭.
૩
તા. ૧૨-૨-૭૮
ઈ૦ ૩ ક-પા.૪૧૨

કોઈ માણસને કાયદેસર સજામાંથી બચાવી લેવું એ આ કલમ મ પાણે ગુનોહ છે. પછી જે સક્ષને બચાવ્યો હોય તે સક્ષે કાંઈ ગુનોહ કર્યો છે કે નહીં અથવા તે સજાને પાત્ર હતો કે નહીં, તે સાબીત કરવાની જરૂર નથી.

एक सरकारी नोकर तरींके पोताने केम वर्तवुं जोइए, ते बाबत कायदाना हरकोइ हुकम होय, तेनी बंधवे जाणी जोइने बेफरमानी अने ते पाछी कोइ सक्षने कायदेसर सजामांथी बचाववाना इरादाथी करवी जोइए. एटलुं पी. को. नी २१७ मी कलम प्रमाणे गुन्हानो ठराव करवा सारु बस छे. जे माणसने बचावी लेवानी धारणा राखी होय, ते माणस पोते कांइ गुन्हो कर्यो हतो के नहीं, अथवा वाजबी रीते ते कायदेसर सजाने पात्र हतो के नहीं ए बतावावानी कांइ जरुर नथी.

બંધવો એક પોલીસ કોન્સ્ટેબલ હતો. તેના હવાલામાં જ્યારે ગૌરેડીનું પોલીસ થાણું હતું, ત્યારે જુલાઇ માસની ૨૮ મી તારીખે સદરહુ બંધવા પાસે હેડ પોલીસ કાન્સ્ટેબલને દરજે એક રાધાચરણ ધોસે એક આધારી ઉપર પોતાનું નાક કાપી નાંખ્યાની ફરીયાદ કરી હતી. તે ફરીયાદ માંડીવાળવા સારૂ સદરહુ રાધાચરણને સમજાવ્યાનું, તથા પોતાની ફરજનું વધુ ઉલંઘન કરીને, રાધાચરણ ફરીયાદ કરવા આવ્યો હતો, એ વાત દાબી દેઇને, એ આધારી કાયદેસર સજામાંથી બચી જાય, એવા ઇરાદાથી તેણે સરકારી દફતર ખોટું બનાવ્યાનું, એમ બે તોહોમતો બંધવા અમિરૂદ્દીનને માથે આવ્યાં હતાં, પીનલકોડની

૨૧૭ તથા ૨૧૮ મી કલમના ગુન્હાઓનું તેના ઉપર કામ ચલાવવા સારૂ તેને કમીટ કરવામાં આવ્યો હતો. અને આ બંને કલમો પ્રમાણે ગુન્હેગાર ઠરતાં તેને કેદ તથા દંડની સજા થઇ હતી. તે ઉપરથી તેણે હાઇકોર્ટમાં અપીલ કરી.

અરજદાર તરફથી બાબુ મનમોહન ઘોસ.

જેકસન જસ્ટીસનો ઠરાવ.

આ અપીલમાં અમારા ઉપર એવી દબાવણી કરી છે કે, બંધવાને હિં. પી. કો.ની ૨૧૭ મી કલમ અનુસાર અપરાધી ઠરાવ્યોછે. તે યોગ્ય થયું નથી. કેમકે જ્યારે અદાલત પાસે આ બંધવાનું કામ ચાલ્યું, ત્યારે મુદ્દે કાંઇ ગુન્હો બન્યો હતો કે નહીં, એવું દેખાડવાનો કાંઈ પુરાવો પડયો નથી. એટલુંજ નહીં પણ જે સક્ષને સંબંધે પોલીસ અમલદાર તરીકે બંધવાએ ગેરકાયદેસર કામ કર્યું કહેવામાં આવ્યું છે, તે સક્ષે એવો ગુન્હો કર્યો હતો કે નહી, તેનો પણ કંઇ પુરાવો પડયો નથી. જે કાંઈ હકીકત જણાઇ આવી છે, તે એ છે કે, આખારી નામના સક્ષ ઉપર સેસન કોર્ટમાં તોહોમત આવેલ હતું. અને તેનું કામ ચાલીને તેને ગુન્હામાંથી નીર્દોશ કર્યો હતો. તોહોમત કોઈ સક્ષનું નાક કાપી નાંખ્યાના ગુન્હાનું હતું. વળી એમ જણાય છે કે બંધવે આ કામમાં જે ખાસ કૃત્ય કર્યું હતું, અને તે એવું હતું કે, સરકારી અમલદાર તરીકે, પોતાને કેમ વર્તવું જોઇએ, તે બાબતમાં કાયદાનો ચોકસ હુકમ તેણે જાણી જોઇને માન્યો નહીં. અને તેમ કરવાનું વલણ એવું હતું કે, પ્રથમ કહી ગયા પ્રમાણે, જે સક્ષ ઉપર ફરીયાદ થઇ હતી. તે માણસને કાયદેસર સજામાંથી બચાવવો. સરકારી નોકર તરીકે પોતાને કેમ વર્તવું જોઇએ, એ બાબતનું જે કાયદાનું ફરમાન છે, તે જાણી બુજીને બંધવે તોડયું. અને તે કરવાની તેની મતલબ કાયદેસર સજામાંથી કોઇને બચાવવા સારૂ હશે, એટલું ૨૧૭ મી કલમના ગુન્હાનો ઠરાવ કરવા સારૂ બસ છે, એમ મને લાગે છે. અને મુદ્દે જે માણસને બચાવી લેવાનો હતો, તેણે કાંઇ ગુન્હો કર્યો હતો, અથવા કાયદેસર સજા પામવાને તે વાજબી રીતે પાત્ર હતો, એમ વિશેષ રીતે દેખાડવાની જરૂર નથી. જે માણસને બચાવી લેવાનો હોય, તે માણસને સજા મળવાની પાત્રતા વિશે ભુલ ભરેલી માન્યતાના આધાર ઉપર તે ઇરાદો રહ્યો હોય કે નહીં, તો પણ તે સરખી રીતે સજાને પાત્ર થાય છે. મેં પંડેજ એક મુકરદમામાં ઠરાવ કર્યો છે, તે ઠરાવ તરફ આઅહથી મારૂં લક્ષ ખેંચવામાં આવ્યું છે. તે ફેંસલો રાણી વિ. જનાસ્યણ પતરેનો છે. (૨૦ વિ. રી. ૬૬) એ ફેંસલો સાચો છે કે ખોટો તેનો વિચાર કરવા હાલ કાંઇ જરૂર નથી. કેમકે જે કલમને આધારે એ ફેંસલો થયેલો છે તે હાલની વિચાર કરવાની કલમથી તદન જુદોજ છે. કોઈ નાતનો માણસ સજાને લાયક થાય છે કે નહીં, તે બાબતની એ કલમ છે. તથા જે માણસનો ઇનસાફ કરવો હોય, તે માણસે કોઈ ગુન્હો બન્યાની વાત જાણવી જોઇએ. અથવા માનવાનું કારણ"હોવું જોઇએ. એ હકીકત સદરહુ ગુન્હાનું તત્વ છે. આ ગુન્હો ફકત સરકારી નોકરને લાગુ છે. જે માણસને સજામાંથી બચાવી લેવાને ધાર્યો હોય, તે માણસે ગુન્હો કર્યો હોય કે નહીં, તોપણ જ્યારે કોઈ જાતનું કૃત્ય સદરહુ સક્ષને કાયદેસર સજામાંથી બચાવી લેવાની ધારણાથી કાયદાના ફરમાનની સામે થઇને જાણી બુજીને કર્યું હોય, તે કૃત્ય એક સજા થવા લાયક ગુન્હો છે.

હું એમ ધારૂં છઊં કે, આ કામમાં થયેલો ઠરાવ સાચો છે, અને તેથી અપીલ નામંજુર કરૂં છું.

કલમ ૨૧૮ મી.

કોઇ માણસ સરકારી નોકર હોય, અને તેના સરકારી હોદ્દાસર તેને કાંઇ દફ્તર અથવા બીજું લખાણ તૈયાર કરવાનું કામ સોંપ્યું હોય, તે માણસ જો તે દફ્તર અથવા લખાણ જેરીત ખોટી છે એવું, તે જાણતો હોય તેવી રીતે તૈયાર કરે, એવા ઇરાદાથી કે તેથી લોકને અથવા કોઇ સખસને ટોટો અથવા નુકશાન થાય, અથવા ટોટો કે નુકશાન થશે એવો સંભવ છે એમ જાણીને, અથવા એવા ઇરાદાથી કે તેથી કોઇ સખસને કાયદેસર શિક્ષાથી બચાવવો, અથવા તેથી કોઇ સખસ કાયદેસર શિક્ષાથી બચશે એવો સંભવ છે એમ જાણીને, અથવા તેથી કાંઇ મીલકત સરકાર જપ્ત થતી, અથવા કાંઇ રૂપીયા તેમાંથી કાયદા મુજબ આપવા જેવા હોય તે અપવાદથી બચી જાય, અથવા તે બચી જશે એવો સંભવ છે એમ જાણીને, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

સરકારી નોકર કોઇ સખસને શિક્ષાથી અથવા કાંઇ મિલકતને સરકાર જપ્ત થવાથી બચાવવાના ઇરાદાથી કાંઇ ખોટું દફ્તર અથવા લખાણ બનાવે તે બાબત.

કેસરેહિંદ વિ. ગવરીશંકર.

कोइ पोलिस अमलदारने तेना उपरी तरफ एक कागळ रवाने करवा सोंप्यो हतो, ते दबावी दइने तेणे पोतानी कामगीरीनी डायरीमां एवी खोटी लखावट करी के, ए कागळ रवाने करवामां आव्यो छे. ते एवा मतलबथी के, सदरहु कागळ दबावी देवा सारु तेना उपर जो पोलीसना धारा प्रमाणे काम चाले तो, सदरहु लखावट ए कागळ रवाने कर्यो छे एवी पोताने पुरवारी करवी पडे, तो ते पुरावामां आपवी. ते उपरथी ठराव्युं के, पीनलकोडनी १९२ मी कलममां खोटो पुरावो बनाव्यानी व्याख्या आपी छे, ते गुन्हो थवा सारु बनावेलो पुरावो पुरावाना कायदा प्रमाणे पुरावा तरीके दाखल थइ शके एवो होवो जोइए, अने जो सदरहु अमलदार उपर पोलीसधारा प्रमाणे काम चाल्युं हत तो डायरी मांहेनुं लखाण, तेना तरफथी पुरावामां दाखल थइ शकत नहीं. अने जो के तेनो इरादो गमे तेवो हतो, तोपण ते लखावट तेना विरुद्धमां मुकी शकाय एवी छे. परंतु लाभमां वापरी शकाय एवी नथी. माटे ए लखाणना संबंधे आवी रीते पोलीस अमलदारने

કલમ ૨૧૮.

૧

તા૦ ૨૪-૭-૮૩
ઇ. ૬ અ. પા. ૪૨

કોઈ સરકારી નોકર પોતાની મેળે શિક્ષામાંથી બચવા સારૂ ઇરાદાપુરવક ખોટું દફતર લખે તેને આ કલમ લાગૂ નથી પરંતુ બીજાને બચાવવા સારૂ જયારે તેમ કરે ત્યારે આ કલમ લાગૂ પડે છે,

કોઈ માણસ ઉપર ખોટો પુરાવો બનાવ્યાનું તહોમત મુકવામાં આવ્યું હોય ત્યારે તે બનાવેલો પુરાવો પુરાવાના કાયદામાં દાખલ થઈ શકે એવો હોવો જોઇએ.

पीनलकोडनी १९३ मी कलम प्रमाणे खोटो पुरावो बनाव्यानो अपराधी ठराववो ए वाजबी नथी.

वळी विशेष एवुं ठराव्युं के, मजकुर लखावट करीने सदरहु पोलीस अमलदारनो इरादो, पोताने शीक्षामांथी बचवानो होय तोपण तेने ए कायदानी २१८ मी कलम प्रमाणे सजा थइ शकती नथी.

બંદાના સેસન જડજે સને ૧૮૮૩ ના જુનની ૧૮ મી તારીખે, શીક્ષાનો ઠરાવ કર્યો હતો, તેના ઉપર આ અપીલ છે.

ભેરનપ્રસાદ અને મનુલાલ જેઓ ડાકની ગાડીના ઇજારદાર હતા તેઓના નોકરે ટપાની ગાડીઓમાં હદ ઉપરાંત વધુ બોજો ભર્યાના ગુન્હાના ખબર સંબંધી બે પોલીસના રીપોર્ટો કાલીખાન નામના ફોજદારના થાણામાંથી બંદા પ્રગણાના પોલીસના થાણામાં રવાને કર્યા હતા. બળદની ગાડીના ઇજારદાર બાબુ બોશના નોકરે તેની ગાડી હદ ઉપરાંત વધારે હાંકી હતી. તેના સંબંધના ખબરનો પણ એક ત્રીજો રીપોર્ટ મોકલવામાં આવ્યો હતો. એ પોલીસના થાણાના અમલદારે એ ત્રણે રીપોર્ટો બંદે મોકલવાનો હુકમ કર્યો હતો. અને આ કામનો અપેલેન્ટ ગવરીશંકર એક પોલીસ ખાતાનો કારકૂન હતો, તેને આ ત્રણે રીપોર્ટો ટપાલમાં નાખવા સારૂ આપ્યા હતા, ઉપર લખેલા બે રીપોર્ટો બંદે પહોંચ્યા નહીં. ગવરીશંકરને એ બે રીપોર્ટનું શું કર્યું તેનો ખુલાસો પુછતાં તેણે કહ્યું કે, મેં તો ત્રણે રીપોર્ટો બંદે રવાના કર્યા હતા, અને તે પ્રમાણે કર્યાની સાબીતીમાં તેણે સને ૧૮૮૩ ના મેની ૧૧ મી તારીખની ડાયરી રજુ કરી. તેમાં તેણે બંદે રવાને કરેલા કાગળોના નોંધ હેઠળ નીચે પ્રમાણે રીમાર્ક કર્યો હતો.

"ટપાની ગાડીના ઇજારદાર ભેરનપ્રસાદ મનુલાલ અને બાબુ બોશ ઉપર ફરીયાદ બાબતમાં મુખ્ય ફોજદાર કાળેખાનનો રીપોર્ટ" આ ત્રણે રીપોર્ટો તેણે પુરાવામાં રજુ થતા અટકાવવાના ઇરાદાથી દબાવી રાખ્યાનું પીનલકોડની ૨૦૪ થી કલમ પ્રમાણે શીક્ષા થાય, એવા ગુન્હાનું તથા પોતાની ડાયરીમાં ખોટો લેખ કર્યાનું તેજ કાયદાની ૪૬૬ મી કલમ મુજબ શીક્ષા થાય એવા ગુન્હાનું એમ બે તોહોમત મુકી તેનો ઇનસાફ થવા સારૂ તેને કમીટ કરવામાં આવ્યો હતો.

કાગળો દબાવી દેવાના તોહોમતનું કામ ચાલે તેના બચાવમાં પુરાવા તરીકે, વાપરવા સારૂ તેણે ખોટો પુરાવો બનાવ્યો, એમ માનીને સેસન જડજે સદરહુ લખાવટને સંબંધે તેને હિં. પી. કો. ની ૧૯૩ મી કલમ અનુસાર અપરાધી ઠરાવ્યો.

અપેલેન્ટ તરફથી કોલવીન તથા ડીલોન સાહેબ વકીલ હતા.

સરકાર તરફથી બાબુ દુવારકાંનાથ બાનરજી.

સ્ટ્રેટ જસ્ટીસનો ઠરાવ.

મારો મત એવો છે કે, પીનલકોડની ૧૯૨ મી કલમ પ્રમાણે ગુન્હાનો ઠરાવ કાયમ રહી શકતો નથી.

ભેરનપ્રસાદ તથા મનુલાલ વીરૂધ્ધના બે રીપોર્ટો દાબી દીધાનું તથા પોતાની વર્તણુક ઢાંકવા સારૂ તેણે ડાયરીમાં ખોટો રીમાર્ક કર્યાનું, તથા પોલીસ ધારા પ્રમાણે તેના ઉપર કામ ચાલે તો રીતસર તે કાગળો મોકલી આપ્યાનો ઇરાદો રાખ્યાનું ખાત્રી પૂર્વક અપેલેન્ટે બતાવી આપ્યું છે. એમ પડેલી હકીકત ઉપરથી સેસન જડજે જે અભીપ્રાય બાંધ્યો છે, તે અભીપ્રાયને હું મળતો આવું છું,

પણ એટલું બધું કર્યાથી ખોટો પુરાવો બનાવ્યાનો ગુન્હો સંપુર્ણ થતો નથી. કેમકે જે પૂરાવો ખોટો બનાવ્યાનું કહેવામાં આવે છે, તે પૂરાવો પૂરાવામાં દાખલ થઇ શકે એવો હોવો જોઇએ. પણ આ કામમાં પેલી ખોટી લખાવટ પૂરાવામાં દાખલ થઈ શકે એવી નથી. કેમકે ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૧૭૨ મી કલમ જેને આ કામની સાથે કશો સંબંધ નથી તેમાં મનાઈ કરી છે એટલા માટે નહીં, પણ જ્યારે પછવાડેથી તે સક્ષના ઉપર કોઈ ગુન્હાનું તહોમત આવે તેમાં પોતા થકી લાભ લેવા સારૂ પૂરાવો બનાવી શકતો નથી. તેથી પોલીસના ધારાની ૨૯ મી કલમ મુજબ કામ ચાલ્યું હતતો, ડાયરીમાં તેનું લખાણ તેના હીતને અર્થે પૂરાવામાં વાપરી શકાત નહીં, પણ તેના વિરૂદ્ધ વાપરી શકાત, પણ તેમ કરવાનો તેનો ખરેખરો ઇરાદો હશે નહીં. "એ પ્રમાણે પૂરાવામાં રજુ થાય" એવા ૧૯૨ મી કલમના શબ્દો ઉપરથી સાફ રીતે માની લેવું જોઇએ કે, ખોટી લખાવટ અથવા ખોટો મજકુર પૂરાવામાં દાખલ થઇ શકે, એવો હોવો જોઇએ. આ કારણથી ગુન્હાનો ઠરાવ કાયમ રહી શકતો નથી માટે રદ કરવો જોઇએ. આ હકીકતને પીનલકોડની ૨૧૮ મી કલમ લાગુ પડે છે. અને તેટલા માટે તેને તે કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવો જોઇએ. એવી સરકારી વકીલની તકરાર હું માન્ય કરી શકતો નથી. અપેલેન્ટનો હેતુ નિઃસંદેહ પોતાનો બચાવ કરવાનો હતો. અને એ કલમમાં જે ઇરાદો કહ્યો છે તે બીજાને બચાવવાના સંબંધનો છે માટે અપીલ મંજુર કરવામાં આવે છે. અને ગુન્હાનો ઠરાવ રદ કરી અપેલેન્ટને છોડી દેવામાં આવે છે.

કલમ ૨૧૮ મી.

૨૧૮. કોઇ માણસ સરકારી નોકર હોય, અને તેના સરકારી ઓહદાસર તેને કાંઇ દફતર અથવા બીજુ લખાણ તૈયાર કરવાનું કામ સોંપ્યું હોય, તે માણસ જે તે દફતર અથવા લખાણ જે રીત ખોટી છે એવું, તે જાણતો હોય તેવી રીતે તૈયાર કરે, એવા ઇરાદાથી કે તેથી લોકને અથવા કોઇ સખસને ટોટો અથવા નુકશાન થાય, અથવા ટોટો કે નુકશાન થશે એવો સંભવ છે એમ જાણીને, અથવા એવા ઇરાદાથી કે તેથી કોઇ સખસને કાયદેસર શિક્ષાથી બચશે એવો સંભવ છે એમ જાણીને, અથવા તેથી કાંઇ મીલકત સરકાર જપ્ત થતી, અથવા કાંઇ રૂપીયા તેમાંથી કાયદા મુજબ આપવા જેવા હોય તે અપવાદથી બચી જાય, અથવા તે બચી જશે એવો સંભવ છે, એમ જાણીને, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

સરકારી નોકર કોઇ સખસને શિક્ષાથીઅથવાકાંઇ મિલકતનેસરકારજપતથવાથીબચાવવાનાઇરાદાથીકાંઇખોટું દફતર અથવા લખાણબનાવે તેબાબત.

કલમ ૨૧૯ મી.

૨૧૯. કોઇ માણસ સરકારી નોકર છતાં લાંચ લેઇને અથવા દ્વેષ બુદ્ધિથી કાંઇ ઈનસાફી મુકદમાના કોઇ પણ ભાગમાં કાંઇ રિપોટ, હુકમ, ફેંસલો, અથવા ઠરાવ કરે કે કહી સંભળાવે, એવો કે તે કાયદાથી વિરૂદ્ધ છે, એમ તે માણસ પોતે જાણતો હોય, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાંઈઇનસાફીમુકદમામાટે,પોતેકાયદા વિરૂદ્ધ છેએમજાણતો હોયએવોહુકમ રીપોર્ટ વીગેરે કોઇ સરકારી નોકરકરે તેબાબત.

કલમ ૨૨૦ મી.

૨૨૦. કોઇ માણસનો ઓહદો એવી તરેહનો હોય કે તેથી કોઈ સખસોને તેઓનો ઇનસાફ થવા સારૂ કમિટ કરવાનો અથવા તેઓને કેદમાં મોકલવાનો અથવા કોઇ સખસોને કેદમાં રાખવાનો તેને કાયદેસર અખત્યાર મળ્યો હોય, તે માણસને તે અખત્યાર અમલમાં લાવતાં લાંચ લેઈને અથવા દ્વેષ બુદ્ધિથી, જો કોઇ સખસને તેનો ઇનસાફ થવા સારૂ કમીટ કરે અથવા તેને કેદમાં મોકલે, અથવા કોઇ સખસને કેદમાં રાખે અને તે એમતો હોય કે આમ કરવામાં હું કાયદાથી ઉલટો ચાલુંછું; તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

જેશખસનેઅખત્યાહોયતેશખસહું કાયદાથીવિરૂદ્ધચાલુછુંએમજાણીને,કોઇને તેનેઇનસાફ થવા સારૂકમિટકરે, અથવા કેદમાં મોકલેતે બાબત.

કલમ ૨૨૧ મી.

કોઇ માણસ સરકારી નોકર હોય, અને કોઇ સખસની ઉપર કાંઇ ગુનાહનું તોહોમત મુકાએલું હોય તેને, અથવા કાંઇ ગુન્હાને માટે પકડવા જોગ હોય એવા કોઇ સખસને, પકડવા અથવા કેદમાં રાખવાની તે માણસની પોતાના સરકારી હોદાને લીધે કાયદા મુજબ ફરજ હોય, તે માણસ અગર તે સખસને પકડવામાં ઇરાદાથી કસુર કરે, અથવા ઇરાદાથી તે સખસને નાસી જવા દે, અથવા તે સખસને તે કેદમાંથી નાશી જવામાં અથવા નાસી જવાની કોશીશ કરવામાં ઇરાદાથી સહાય કરે, તો તે માણસને નીચે પ્રમાણે શિક્ષા કરવામાં આવશે, એટલે:—

જેસરકારી નોકરનીકાયદા મુજબકોઇનેપકડવાની ફરજ હોય તે સરકારી નોકર તેને પકડવામાં ઇરાદાથી કસુર કરે તે બાબત.

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે સખસની ઉપર મોતની શિક્ષા થઇ શકે એવા ગુન્હાનું તોહોમત મુકવામાં આવ્યું હોય, અથવા એવા ગુન્હાને માટે તે પકડવા જોગ થયા હોય, તો તે માણસને સાત વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વિના કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા

શીક્ષા

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે સખસની ઉપર જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હાનું તોહોમત મુકવામાં આવ્યું હોય, અથવા એવા ગુન્હાને માટે તે પકડવા જોગ થયો હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વિના, કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા—

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે સખસની ઉપર દશ વર્ષથી ઓછી મુદત કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હાનું તોહોમત મુકવામાં આવ્યું હોય, અથવા એવા ગુન્હાને માટે તે પકડવા જોગ થયો હોય, તો તે માણસની બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વિના, કેદની શિક્ષા કરવામાં આવશે.

મહારાણી કેસરેહિંદ. વિ. કાલુ.

कोइ गामनी हद बहार जे शक्ष उपर खुन कर्यानुं आरोप आव्युं होय, अने जे सक्षने ढंढेरायी प्रसीद्ध कर्यो होय नही, अने खुन करतां सदर गामना चोकीदारे नजरे जोयो न होय, तेने पेलो चोकीदार सरकारी नोकरने दरजे कायदेसर पकडवाने बंधायो नथी. अने तेथी कोइ खानगी शक्षना कहेवा उपरथी एवा आरोपीत सक्षने पकडवानी सदरहु चोकीदार ना पाडेतो, पीनलकोडनी २२१ मी कलम प्रमाणे सजाने पात्र थतो नथी.

કલમ ૨૨૧.
૧
તા૦ ૨૫-૬-૪૦
ઈ. ૩ અ. પા. ૬૦

ગામની બહાર ખુનના આરોપવાળા સક્ષને એમ ગામનો ચોકીદાર પકડવા સારૂ બંધાયો નથી અને તે પકડવામાં જ્યારે એ ચોકીદાર કોઈ સક્ષના કહેવા ઉપરથી ના પાડે ત્યારે સદરહુ ચોકીદાર આ કલમ પ્રમાણે સજાને પાત્ર થતો નથી.

મીરજાપોર જીલ્લાના એક માજીસ્ત્રેટની માગણી ઉપરથી આ મુકરદમો સદરહુ જીલ્લાના સેસન જડજે હુકમ થવા સારૂ હાઇકોર્ટમાં લખી મોકલ્યો હતો. એ લખાણની મતલબ નીચે પ્રમાણે હતી.

"બનારસના રાજાની ઘરખેડના સુપ્રીટેંન્ડેન્ટે એક ફેંસલ કરેલો મુકરદમો મીરજાંપોરના માજીસ્ત્રેટની માગણી ઉપરથી નામદાર હાઇકોર્ટનો હુકમ થવા લખી મોકલું છું. કોઈ એક બહાદુર નામના સક્ષ ઉપર ખુન કર્યાનું આળ આવ્યું હતું. તેને પકડવા સારૂ એક અશરફ નામના ખાનગી સક્ષે તોહોમતવાળા ગામડાનો ચોકીદાર હોવાથી તેઓને સદરહુ બહાદુરને પકડવાનું કહ્યું હતું. તે પ્રમાણે તેઓએ પકડવાની ના પાડી, જેથી મજકુર બહાદુર નાસી ગયો. અને ત્યારથી પકડાયો નથી. તે કારણથી ચોકીદાર બંધવાઓ ઉપર પી. કો. ની ૨૨૧ મી કલમનું તહોમત રાખવામાં આવ્યું હતું. એ બહાદુરને પકડવાની બંધવાઓની સરકારી નોકર તરીકે કાયદેસર ફરજ નથી. એમ જાણીને પેલા સુપ્રીટેંન્ડેન્ટે તેઓને છોડી મુકયા હતા. સને ૧૮૭૩ના ૧૬ મા આકટની આઠમી કલમથી આ તેનો મત સાચો ઠરે છે. કેમકે તોહોમતદારોની ચોકી કરવાની ગામડાની હદમાં તે ખુન થયું નોહોતું. તેમ બહાદુરનો ગુન્હો ઢંઢેરાથી પ્રસીદ્ધ થયો નહોતો, તેવીજ રીતે એ બહાદુરે ચોકીદારના દેખતાં ખુન કર્યું નહોતું. પરંતુ મીરજાંપોરના માજીસ્ત્રેટે એવો વાંધો લીધો છે કે, સને ૧૮૭૨ ના દસમા આકટની ૯૨ મી કલમના અર્થ પ્રમાણે ચોકીદાર બંધવાઓ, એક જાતના પોલીસ અમલદાર છે. હું આ વાંધો મંજુર કરતો નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં ચોકીદારોને જુદાજ નામથી ઓળખવામાં આવ્યા છે. જુઓ એજ કાયદાની ૯૦ મી કલમ, અને નવમા તથા દસમા બાબોનો આખો ભાવાર્થ જોતાં જણાય છે કે, પોલીસ અમલદાર એ શબ્દોમાં ચોકીદારનો સમાસ કરવાનો ઇરાદો રાખવામાં આવ્યો નથી. જુઓ કલમો ૯૩, ૯૭, ૧૦૦, ૧૧૦, ૧૧૯, ૧૨૬, તથા ૧૨૭ (૫૭, ૧૫૧, ૪૮, ૧૫૫, ૧૬૧, ૧૭૨, ૧૭૩) વળી સને ૧૮૬૧ ના પાંચમા પોલીસ આકટની ૪૭ મી કલમમાં, ૧૮૭૨ ના દસમા આકટની ૯૦ મી કલમની માફક, ચોકીદાર અને પોલીસ વચ્ચે ફરક રાખવામાં આવ્યો છે. માટે આ કામની હકીકત જોતાં સુપ્રીટેંડેંન્ટે કાયદાનો જે અર્થ કર્યો છે, તે મને સાચો લાગે છે, તથા બંધવાઓને છોડી મુકવાનો ઠરાવ પણ કાયદેસર છે અને તેથી તેઓના ઉપર વાજબી રીતે પી. કો. ની ૨૨૧ મી કલમ માંહેલું તોહોમત રહી શકતું નથી."

પીયરસન જસ્ટીસનો ઠરાવ:—

હું સેસન જડજના મતને મળું છઊં કે, સુપ્રીટેંડેંન્ટે કાયદાનો ખરો અર્થ કર્યો છે.

કલમ ૨૨૨ મી

૨૨૨. કોઇ માણુસ સરકારી નોકર હોય, અને કોઇ સખસની ઉપર કાંઇ ગુન્હાને માટે કોઇ ઇનસાફની કોરટે શિક્ષાનો હુકમ કરયો હોય, તે સખસને (સન ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે) "અથવા જે સખસને કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય તેવા સખસને" પકડવાની અથવા કેદમાં રાખવાની તે માણુસની પોતાના સરકારી ઓહદાને લીધે કાયદા મુજબ ફરજ હોય તે માણુસ અગર તે સખસને પકડવામાં ઇરાદાથી કસુર કરે, અથવા ઇરાદાથી તે સખસને નાસી જવા દે, અથવા તે સખસને કેદમાંથી નાસી જવામાં અથવા નાસી જવાની કોશિશ કરવામાં ઇરાદાથી સહાય કરે, (સન ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે) "અથવા જો તે સખસને કાયદાસર રીતે કેદમાં રાખ્યો હોય" તો તે માણુસ તે નિચે પ્રમાણે શિક્ષા કરવામાં આવશે, એટલે:—

જેશખસના ઉપરકોઈ ઇનસાફનીકોરટે શીક્ષાનોહુકમકરયોહોય,તેસખસને પકડવાની જેસરકારીનોકરનીફરજ હોયતેશખસને પકડવામાંઇરાદાથી કસુરકરે તે બાબત.

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઈતો હતો તે સખસની ઉપર મોતની શિક્ષાનો હુકમ થએલો હોય, તો તે માણુસને ચઉદ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની દંડસાથે અથવા દંડ વિના; કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા

શીક્ષા.

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઈતો હતો તે શખસ કોઇ ઇનસાફની કોરટે કરેલા શિક્ષાના હુકમથી, અથવા તેને બદલે બીજી શિક્ષા કરવાના કોઈ હુકમથી, જીવતાં સુધી સમુદ્રપાર અથવા જીવતાં સુધી શાસનિક દાસત્વને, અથવા દશ વરસ કે તેથી વધારે મુદત સુધી સમુદ્રપાર અથવા શાસનિક દાસત્વ અથવા કેદને લાયક હોય, તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વિના કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા,

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઈતો હતો તે શખસ કોઇ ઈનસાફની કોરટે કરેલા શિક્ષાના હુકમથી દશ વરસની મુદત સુધીની કેદને લાયક ન હોય, તો તે માણુસને ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કલમ ૨૨૩ મી.

સરકારી નોકર ગફલતથી કોઈ કેદીને નાસી જવા દે તે બાબત.

જે માણુસ સરકારી નોકર હોય અને જે સખસની ઉપર કાંઇ ગુન્હાનું તોહોમત મુકયું હોય અથવા કાંઇ ગુન્હો સાબીત થયો હોય એવા કોઇ શખસને (સન ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે 'અથવા જે શખસને કાયદાસર રીતે કેદમાં રાખ્યો હોય તે સખસને") કેદમાં રાખવાની કાયદા પ્રમાણે જે માણસને પોતાના સરકારી હોદાને લીધે ફરજ હોય તે માણસ અગર ગફલતથી તે શખસને કેદ-માંથી નાશી જવા દે, તો તે માણસને બે વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

મહારાણી કેસરેહિંદ વિ. અશરફઅલી.

કલમ ૨૨૩.

૧

તા. ૧૩-૧૨-૮૩ ઈ. ૬ મું. પા. ૧૨૯ કોઈ બંધપાને ફોજદારી કામ ચલાવવાનો રીતના કાયદાની ૧૬૭ મી કલમ પ્રમાણે હુકમ કરીને પોલીશના હવાલામાં રાખ્યો હોય અને તેનો છુટકારો થતાં સુધી એ પોલીસ અમલદાર બંધવાને જવા દે તો આ કલમ પ્રમાણે ગૂનેહગાર થાય છે.

अ नामना पोलीस अमलदार एक मुकरदमानो फोजदारी काम चलाववानी रीतना कायदाना १४ मा बाबमां ठराव्या प्रमाणे तपास करतो हतो. तेटलामां ट नामना सक्षे ए केशनो इनसाफ करनारा हकुमतवाळा माजीस्ट्रेटने ट ए एक अरजी आपी. अने ते अरजीमां तेणे व नामना शक्ष उपर एक गुन्हो करवामां सामेल होवानुं तोहोमत मुक्युं. अने एवी अरज करी के, जे पोलीस अमलदार सदरहु मुकरदमानी तपास करे छे, तेनी पासे ए व ने पकडीने मोकलवो जोइए. ए उपरथी व ने पकडीने सदरहु माजीस्ट्रेट पासे आणवामां आव्यो. अने तेणे ट नी प्रतीज्ञा उपर तथा ब नी जुबानी लइने पेली अरजी हेठळ नीचे प्रमाणे शेरो कर्यो. "आ काममां पोलीस तरफथी कांइ लखाण आव्युं नथी. अने मात्र अदजदारे आ अरजी करी छे, तेथी व. ना कामना बधा कागळो जील्लानी पोलीसना सुप्रीटेंडेन्ट तरफ मोकली देवानो हुकम करवामां आवे छे, अने "आ बाबतनो रीपोर्ट करवामां आवे तो धारा प्रमाणे कागळीया शीके, सदरहु मुकरदमो पोलीसे मोकली देवो" आ शेरा प्रमाणे व. ने जील्लाना सुप्रींटेंडेंटनी रफ लइ जइने ते अमलदारे तेने अ. पासे मोकल्यो.

ठराव्युं के माजीस्ट्रेटनो करेलो हुकम फोजदारी काम चलाववानी रीतना कायदानी १६७ मी कलम प्रमाणे थवो जोइए. अने तेथी व. ने कायदासर पोलीसना हवालामां करवामां आव्यो हतो. अने धारासर तेनो छुटको थतां सुधी तेने तेना हवालामां राखवानी अ. नी फरज हती. पण त्यारबाद ए व. ने अ. ए गफलतथी भागी जवा दीधो. तेमां तेणे पी.को.नी.२२३मी कलम पमाणे अपराधी ठराववामां वाजबी कर्युंछे.

એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે તારીખ ૨૨-૫-૮૩ ને રોજ ઠરાવ કર્યો હતો. અને જે ઠરાવ આજમગઢના સેસન જડજે ૨૯-૬-૮૩ ને રોજ બહાલ રાખ્યો હતો, તે ઠરાવ જોઇને સુધારવાની આ અરજી કરવામાં આવી હતી.

હકીકત એવી બનેલી હતી કે, આજમગઢ પાસે આમલો નામના ગામડામાં તા. ૧૯-૬-૮૩ ને રોજ મહુમદાબાદના પોલીસ થાણાની હદની અંદર કેટલાક સક્ષોએ ખુદાબક્ષ નામના સક્ષને લાકડીથી માર મારી તેનું ખુન કર્યું હતું. તેજ રોજ એક તલુબબુલહક નામના સક્ષે આજમગઢ પ્રગણાના જે ભાગમાં મોજે આમલા ગામ આવ્યું હતું તેના માજીસ્ટ્રેટને આજમગઢ મધ્યે એક અરજી આપી. અને જે સક્ષોએ ખુદાબક્ષને માર્યો હતો તેમાં વાજેદહુસેન હતો, એવી મને બાતમી મળી છે. અને એ વાજેદહુસેન આજમગઢ આવ્યો હતો. અને હમણાં તે માજીસ્ટ્રેટની અદાલતમાં આવ્યો છે, માટે અરજ કરવાની કે, એ વાજેદહુસેનને પકડીને મહમુદાબાદના પોલીસ થાણામાં મોકલવો જોઇએ.

આ અરજી આપ્યા ઉપરથી વાજેદહુસેનને પકડીને સદરહુ માજીસ્ટ્રેટ પાસે આણવામાં આવ્યો. અને તે માજીસ્ટ્રેટે તલુબબુલહકની પ્રતીજ્ઞા ઉપર જુબાની લઇને તે વાજેદહુસેનની જુબાની લઇ તેણે પેલી અરજી નીચે નીચે પ્રમાણે શેરો કર્યો. "આ કામમાં પોલીસ તરફથી કાંઈ રીપોર્ટ આવ્યો નથી. અને અરજદારેજ ફકત આ અરજી કરેલી છે. તેથી હુકમ કરવામાં આવે છે કે, વાજેદહુસેનના સઘળા કાગળીવા જીલ્લાના પોલીસ સુપ્રીટેંડેન્ટ તરફ લખી મોકલવા, અને આ બાબતનો રીપોર્ટ કરે તો એ વાજેદહુસેનનો મુકરદમો આ કાગળો સાથે ધારાસર મોકલી દેવો. તલુબબુલહકે આપેલી અરજી તથા લોહીના ડાઘવાળો દુપટો પણ મોકલવામાં આવે છે."

આ હુકમ પ્રમાણે તલુબબુલહકને પકડવામાં આવ્યો. તે વખ્તે તેણે જે દુપટો ઓઢેલો હતો, અને જે દુપટા ઉપર લોહીના ડાઘો દેખાતા હતા, તે દુપટા સહીત તેને જીલ્લાના સુપ્રીંટેન્ડેન્ટ તરપ લઈ જવામાં આવ્યો. અને તે અમલદારે તેને બે પોલીસના સીપાઈની ચોકીમાં રાખીને મહુમુદાબાદના થાણાના સબ ઇન્સ્પેટર અસરફઅલી તરફ મોકલી દીધો. એ અસરફઅલી આ કામનો અરજદાર છે. વાજેદહુસેન ૨૦ મી જુનને રોજ આમલે આવી પહોચ્યો. અને ત્યાં અસરફઅલી જે આગલે દહાડે આવ્યો હતો, તે ખુદાબક્ષના ખુન સંબંધીનો તપાશ કરતો હતો. વાજેદહુસેનને અસરફઅલીને હવાલે કરવામાં આવ્યો. તારીખ ૨૩ મી જુનને રોજ પોલીસની તજવીજ પુરી થઈ અને અસરફઅલી પ્રોસીક્યુશનની તરફના સાક્ષીના કહેવા પ્રમાણે સદરહુ વાજેદહુસેનને સાથે લઇને આમલેથી ચાલ્યો ગયો. એ વાજેદહુસેનને પછવાડેથી ગાજીપુરના જીલ્લામાંથી પકડવામાં આવ્યો. અસફરઅલીએ પોતાના બચાવમાં કહ્યું કે, હું અને પોલીસનો ઇન્સ્પેકટર ભેગા થઇને ખુદાબક્ષના ખુન સંબંધી તપાસ કરતા હતા. અને વાજેદઅલીને પેહેરામાં રાખવામાંનું કાંઈ કારણ નહીં જણાતાં સદરહુ ઇન્સ્પેકટરે વાજેદહુસેનને ૨૩ મી જુનને રોજ છોડી મુક્યો હતો. આ સઘળી હકીકત ઉપરથી વાજેદહુસેનને ક્રી. પી. કો. ની ૨૨૩ મી કલમ અનુસાર કાયદેસર હવાલામાંથી અસરફઅલીએ પોતાની ગફલતથી જાવા દીધાનો અપરાધી ઠરાવી તેને ૭ અઠવાડીયાની આસાન કેદની તથા ૩૦ રૂપૈયા દંડની અને દંડ ન આપે તો બીજાં બે અઠવાડીયાં કેદની સજા કરી. સેસન જડજે અપીલમાં આ સજા અને ઠરાવ બહાલ રાખ્યાં.

અરજદાર તરફથી કોલવીન તથા સ્પેંકી સાહેબ.

સરકાર તરફથી પબ્લીક પ્રોસીક્યુટર હીલ સાહેબ.

અરજદાર તરફથી તેના વકીલે વાંધો લીધો કે, વાજેદહુસેનને કેદ રાખવાની તેની કાયદેસર ફરજ હોવાનું બતાવવામાં આવ્યું નથી. આજમગઢ પ્રગણાના માજીસ્ત્રેટનો કરેલો હુકમ એવા પ્રકારનો નહોતો કે, જેની રૂયે અરજદાર વાજેદહુસેનને કેદમાં રાખવાને બંધાયો હતો. અથવા એ વાજેદહુસેનને કાયદા પ્રમાણે પેરાની અંદર મોકલાયો હતો. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૬૭ મી કલમ પ્રમાણે કરેલા હુકમની ગેરહાજરીમાં વાજેદહુસેનને ૨૪ કલાક કરતાં વધુ વખત અટકાવી રાખ્યો હતો. તે કાયદા વીરૂદ્ધ હતું. જુઓ તેજ કાયદાની ૬૧ મી કલમ વાજેદહુસેન ઉપર આવેલું તહોમત મજબુત પાયા વાળું હતું, એવું માનવા વાસ્તે અરજદારને કારણો હોવાનો બીલકુલ પુરાવો પડયો નથી. અને તેને છોડી મુકવો તે વાજબી હતું. જુઓ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૬૭ અને ૧૬૯ મી કલમો.

સરકાર તરફથી વાંધો લેવામાં આવ્યો કે, આજમગઢ પ્રગણાના માજીસ્ત્રેટનો કરેલો હુકમ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૪૪ પ્રમાણે ગણવો જોઇએ. અને તે હુકમની રૂયે વાજેદહુસેનને પરેજ રાખવાની અરજદારની ફરજ હતી, અને એ વાજેદ હુસેનને જ્યારે અરજદારને હવાલે કર્યો ત્યારે તે તેના કાયદેસર હવાલામાં હતો. ૧૬૯ મી કલમમાં ફરમાવ્યા પ્રમાણે વાજેદહુસેનના જામીન લીધા વગર તેને છોડી મુકયો. એથી તેને કેદખાનામાંથી ગફલત રાખી ભાગવા દીધા બરોબર છે અને જ્યાં સુધી વાજેદહુસેને જામીન નહોતો આપ્યો, ત્યાં સુધી તેને કેદમાં રાખવો જોઇતો હતો.

જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવઃ—

ગુન્હાનો ઠરાવ ટકાવવો જોઇએ એવો મારો અભીપ્રાય થાય છે. અલબત તે માજીસ્ત્રેટનો કરેલો હુકમ જેવો સ્પષ્ટ લખવો જોઇતો હતો, તેવો લખાયો નહોતો. અને વાજેદહુસેનને કેદમાં રાખવાનાં કારણો જેવાં ખુલ્લાં હોવાં જોઇએ, તેવાં ખુલ્લાં થયાં નહોતાં. તોપણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૬૭ મી કલમ પ્રમાણે તે હુકમ થયાનું ગણવું જોઇએ. વાજેદહુસેનને પોલીસના હવાલામાં કાયદેસર મોકલ્યો હતો તથા તેનો ધારાસર છુટકારો થતાં સુધી તેને તે હવાલામાં રાખવાની પોલીસ અમલદાર તરીકે અરજદારની ફરજ હતી, એમ મને લાગે છે. તેણે વાજેદહુસેનને પોતાના હવાલામાંથી ગફલત કરી જવા દીધો, અને તેથી તેણે પી. કો.ની ૨૨૩ મી કલમ પ્રમાણે ગુન્હો કીધો, એ વાત કામમાં પડેલા પુરાવા ઉપરથી સારી પેઠે જણાઇ આવે છે. અને તેના ગુન્હાનો ઠરાવ ટકાવી રાખવા સારૂ પડેલો પુરાવો જોઇએ તે કરતાં વધુ છે. ખરૂં જોઇએ તો તેણે ઇરાદા પૂર્વક વાજેદહુસેનને ભાગી જવા દીધોછે. અને તેથી ૨૨૨ મી કલમ આ કામને વધુ લાગુ પડે છે. માટે અરજદારની અરજી નામંજુર કરવી જોઇએ. પરંતુ અરજદારે જે કર્યું તે બદ નીયતથી કર્યાનો પુરાવો પડયો નથી. અને તેથી તેની વર્તણુક માત્ર નાની સરખી ગફલત ગણવી જોઇએ. તેથી તેના ગુન્હાને માટે દંડની સજા યોગ્ય છે, કેમકે કેદની સજા ક-

રવાથી તેની નોકરી ટુકી જવા સંભવ છે. માજીસ્ત્રેટની કરેલી સજા તેથી હું રદ કરૂંછું, અને અસરપ્અલીનો ૧૦૦ રૂપૈયા દંડ અને તે ન આપેતો બે માસ આસાન કેદની સજા કરૂંછું. માજીસ્ત્રેટે કરેલા દંડના રૂપૈયા ૩૦ જો વસુલ થયા હોય તો રૂપૈયા પેટે જમે કરવા જોઇએ.

મહારાણી કેસરેહિંદ. વિ. તફ્ફોલા.

કલમ ૨૨૩.
૨
તા. ૧૨–૯–૮૫
ઈ. ૧૨ક. પા.૧૯૦

જે માણસને કોઇ દિવાની હુકમથી પકડ્યો હોય તેને ભાગી જવા દેવામાં આવે તો તેનો પેહેરેગીર આ કલમ પ્રમાણે ગુનેહગાર ઠરી શકતો નથી.

जे माणसने केदमां राख्या होय, अथवा जेने केद करीने मोकल्यो होय, ते सक्षने जो भागी जवा देवामां आवे तो फक्त तेनेज पी. को. नी ३२३ मीं कलम लागु पडे छे. परंतु जे माणसने कोइ दिवानी हुकमथी पकडयो होय, तेने लागु पडतीं नथी.

તફ્ફોલા એક મુનસફની અદાલતનો પટાવાળો હતો. અને કોઇ હુકમનામાની બજાવણીમાં વારંટ એક હુકમનામાના દેણુદાર અલી મુળાને પકડવાનું એ પટાવાળાને સોંપ્યું હતું. અલીમુળાને તે પકડીને મુનસફની અદાલતમાં લાવતો હતો. તેટલામાં તે ભાગી ગયો. તે ઉપરથી મુનસફે રોજ કામ કરી, પોતાનો અભીપ્રાય નોંધ્યો કે, દીવાની કામ ચલાવવાના ધારાની કલમ ૬૫૧ પ્રમાણે માજીસ્ત્રેટને ચોકશી કરવાના સબબો છે. અને પછી તે આખા રોજ કામની નકલો એક પેટા ટુકડી માજીસ્ત્રેટ તરફ રવાને કરી દીધી, અને લખ્યું કે આનો ધારાસર ઇનસાફ કરવો જોઇએ, અને જે તારીખ મુકરર થઈને આવશે તે તારીખે એ પટાવાળાને મોકલી દેવાનો બંદોબસ્ત થશે.

ડેપ્યુટી માજીસ્ત્રેટે તો બંધવાને દીવાની ધારાની કલમ ૬૫૧ મી મુજબ સમન કરીને બોલાવ્યો, અને એક તહોમતનામું ઘડયા વગર હીં. પી. કો. ની. ૩૨૩ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવી તેનો ૫૦ રૂપૈઆ દંડ કર્યો, અને તેની કસુરી બદલ ત્રણ માસની આસાન કેદની સજા કરી.

આ હકીકત સેસન જડજના લક્ષપર આવતાં તેણે ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૪૩૮ મી અનુસાર પોતાનાં નીચેનાં કારણો લખીને એ કામ, હાઈકોર્ટ તરફ લખી મોકલ્યું.

" ૩૨૩ મી કલમ લાગુ પડેછે, એમ માનતાં હું ધારતો નથી કે તહોમતનામું ઘડવાની કસુર કરવાથી ઇનસાફમાં કાંઈ ખામી પડી હોય, કેમકે ડેપ્યુટી માજીસ્ત્રેટ પાસે જે જુબાની તેણે આપી છે તે ઉપરથી એ પટાવાળો જાણતો હતો કે માહારા ઉપર શા વાસ્તે કામ ચાલે છે. તેથી આ સબબને માટે હું આ કામ લખી મોકલતો નથી.

પરંતુ આ બાબત ઉપર જેટલો માહારાથી બન્યો એટલો ખુબ વિચાર કર્યા બાદ મને ખાત્રી થતી નથી કે, સન ૧૮૭૦ ના ૨૭ મા ઓકટથી સુધારેલી ૩૨૩ મી કલમ આ કામની હકીકતને લાગુ પડે છે. "કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય" એ શબ્દોના અર્થ ઉપર આ સવાલનો આધાર છે. તકરારી બાબતમાં કોઇ હાઇકોરટનો ઠરાવ શોધતાં ની-

કળતો નથી. પરંતુ કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય, અને વારંટથી પકડયો હોય, એ બંને વાકયો એક બીજામાં સેળ ભેળ થઇ જાય, એવા નથી. પકડવું, અને કેદમાં રાખવું, એ બંને વચે શું તફાવત છે તે બતાવવાને હું ઇચ્છતો નથી. પરંતુ પકડવું, અને કમીટ કરવું, એનો તફાવત બતાવવા ઇચ્છુંછું. જે માણુસને કમીટ કરવો હોય, તે માણુસ જો અદાલતમાં હાજર હોય, તે અદાલત પંડે તેને પરબારો મોકલે, એટલોજ તેનો અર્થ કરવો જોઇએ, એમ મને જણાય છે. આ માહારા મતનો આધાર દીવાની કાયદાની કલમ ૩૩૬ મી ના છેલા ભાગ ઉપર, તથા હેસ્ટી (૧૧૩-૪૫૧) ના મુકરદમામાં જે ભાષા વાપરી છે તે ઉપર હું રાખું છું. એ મુકરદમામાં જેમ આ કામમાં બન્યું છે, તેમાં કોઇ માણુસને પકડીને ફકત એક મંજલ કમીટ કરવા વાસ્તે આણ્યો હોય, પરંતુ જે હજુ કમીટ થયો નથી. એ શબ્દોથી પકડવું, અને કમીટ કરવું, તે વચેનો તફાવત સાફ રીતે દેખાઇ રહે છે. કોઇ દીવાની કોર્ટનો પટાવાળો, રસ્તેથી ગફલત કરીને પોતાના કેદીને ભાગી જવા દે, તેથી તે હીં. પી. કો. ની કલમ ૩૨૩ પ્રમાણે ગુન્હેગાર થાય છે કે નહી, એ સવાલ વ્યવહારમાં ઘણો અગત્યનો છે,. એમ કહેવાની મને ભાગ્યેજ ગરજ છે. અને ઉપર જે મેં માહારા વિચારો બતાવ્યા, તેથી મને લાગે છે કે, તે ગુન્હેગાર નથી. માટે માજીસ્ત્રેટનો ઠરાવ રદ કરવો જોઈએ, એવી ભળામણ કરવાની અરજ કરૂંછું.

આ કામમાં કોઇના તરફ કોઇ વકીલ હાજર હતો નહીં.
હાઇકોર્ટ તરફથી જસ્ટીસ ટેટનહામ તથા આગન્યુએ આપેલો મત નીચે પ્રમાણે છે.

ગુન્હાનો કરેલો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે, એવો વિચાર કરવામાં સેસન જડજ ખરો છે, એમ અમારો અભીપ્રાય થાય છે. જે માણુસને ભાગી જવા દેવામાં આવ્યો હોય, તે સક્ષને કોઇ ગુન્હા માટે કેદ રાખ્યો હોય, અથવા જેને કેદ કરીને મોકલ્યો હોય, તે સક્ષને પી. કો. ની ૩૨૩ મી કલમ લાગુ પડે છે. પરંતુ જે માણુસને કોઇ દીવાની હુકમથી માત્ર પકડયો હોય, તેને લાગુ પડતી નથી, માટે ગુન્હા તથા સજાના ઠરાવો રદ કરૂંછું.

કલમ ૨૨૪ મી તથા ૨૨૫ મી.

જે સખસની ઉપર કાંઇ ગુન્હાનું તહોમત મુકયું હોય, અથવા કાંઇ ગુન્હો સાબિત થયો હોય તે ગુન્હાને માટે તે સખસને કાયદેસર પકડવામાં તે સખસ ઇરાદાથી જો સામો થાય અથવા કાયદા વિરૂદ્ધ કાંઇ અડચણ કરે, અથવા તે કાંઇ ગુન્હાને માટે તેને કાયદેસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી જો તે નાશી જાય અથવા નાશી જવાની કોસીસ કરે, તો તે સખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંન્નેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સખસને કાયદા મુજબ પકડતાહોય તેમાં તેણે સામાથવું અથવા હરકત કરવી.

ખુલાસો.—આ કલમમાં લખેલી શિક્ષા છે તે, જે ગુન્હાનું તહોમત તે સખસની ઉપર મુકયું હોય, અથવા જે ગુનૅાહ તેની ઉપર સાબીત થઓ હોય તે ગુનાહને માટે તે પકડવાનો તથા કેદમાં રાખવાનો શખસ જે શિક્ષાને લાયક હોય, તે શિક્ષાથી ઉપરાંત સમજવી.

૨૨૫. જે સખસ કોઇ બીજા સખસને કાંઇ ગુન્હાને માટે કાયદેસર પકડવામાં ઇરાદાથી સામો થાય, અથવા કાયદા વિરૂદ્ધ કાંઇ અડચણ કરે, અથવા કોઇ બીજા સખસને કાંઇ ગુન્હાને માટે કાયદેસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી તેને છોડાવી મુકે અથવા છોડાવી મુકવાની કોશીશ કરે તે સખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સખસને કાયદા મુજબ પકડતાહોય તેમાં કોઇ બીજા સખસે સામાથવું અથવા હરકત કરવી.

અથવા, અગર પકડવાના, અથવા છોડાવી મુકેલા, અથવા જેને છોડાવી મુકવાની કોશીસ થઇ હોય તે સખસની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની કેદની શીક્ષા થઇ શકે એ ગુન્હાનું તહોમત મુકયું હોય, અથવા એવા ગુન્હાને માટે પકડવા લાયક થયો હોય, તો પેલા સખસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

શિક્ષા.

અથવા, વગર પકડવાના, અથવા છોડાવી મુકેલા, અથવા જેને છોડાવી મુકવાની કોશીશ થઇ હોય તે સખસની ઉપર મોતની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત મુકયું હોય, અથવા એવા ગુન્હાને માટે તે પકડવા લાયક થયો હોય તો, પેલા સખસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

અથવા, અગર પકડવાનો અથવા છોડાવી મુકેલો સખસ કોઇ ઇનસાફ઼ની કોરટની શીક્ષાના હુકમ મુજબ, અથવા તેને બદલે બીજી શીક્ષા કરવાના કાંઇ હુકમ મુજબ, જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની કે તેથી વધારે મુદત સુધી સમુદ્રપાર અથવા શાશનિક દાસત્વ અથવા કેદની, શીક્ષાને લાયક હોય તો, પેલા સખસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

અથવા, અગર પકડવાના, અથવા છોડાવી મુકેલા, અથવા જેને છોડાવી મુકવાની કોશીશ થઇ હોય તે સખસની ઉપર મોતની શિક્ષાનો હુકમ થયો હોય તો, પેલા સખસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

"૨૨૫. અ. કોઇ માણસ સરકારી નોકર હોય અને કલમ ૨૨૧ મી, કલમ ૨૨૨ મી, અથવા કલમ ૨૨૩ મીમાં અથવા તે વખતે ચાલુ હોય એવા કોઇ કાયદામાં ઠરાવ નહિ કરેલો એવા કોઇ પ્રસંગમાં કોઇ સખસને પકડવાની અથવા કેદમાં રાખવાની તે માણસની પોતાના સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ ફરજ હોય તે તે સખસને પકડવામાં કસુર કરે અથવા તે સખસને કેદમાંથી નાશી જવા દે તો તે માણસને નીચે મુજબ શિક્ષા થશે.

બીજી રીતે ઠરાવ નહિ કરેલો હોય એવા પ્રસંગોમાં સરકારી નોકર કોઇ સખસને પકડવામાં કસુર કરે અથવા નાસી જવા દેતો.

"(અ) જો તે ઇરાદાથી તેમ કરે તો ૩ વરસ સુધીની બેમાંથી ગમે પ્રકારની શિક્ષા અથવા દંડ અથવા બન્ને; અને

(બ) જો તે ગફલતથી તેમ કરે તો બે વરસ સુધીની આસાન કેદ: અથવા દંડ અથવા બન્ને.

"૨૨૫. બ. ૨૨૪ મી કલમમાં અથવા ૨૨૫ મી કલમમાં અથવા બીજા કોઇ ચાલુ કાયદામાં જે વિશે ઠરાવ કરેલો નહિ હોય એવા કોઇ પણ પ્રસંગમાં જે કોઇ સખસ પોતાને અથવા બીજા કોઇ સખસને કાયદેસર પકડવાની ઇરાદાથી સામો થાય અથવા તેમાં કાયદા વિરૂદ્ધ કાંઇ અડચણ કરે, અથવા તેને કાયદાસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી નાશી જાય અથવા નાશી જવાની કોશિશ કરે અથવા બીજા કોઇ સખસને કાયદાસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી તેને છોડાવી મુકવાની કોશિશ કરે તો તેને છ મહિના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બન્નેની શિક્ષા કરવામાં આવશે."

બીજી રીતે ઠરાવ નહિ કરેલો હોય એવા પ્રસંગોમાં કાયદાસર પકડવાની સામું થવું અથવા તેમાં અડચણ કરવી અથવા નાશી જવું અથવા છોડવવું.

દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૬૫૧ મી કલમ આ ઉપરથી રદ કરી છે.

કેસરેહિંદ. વિ. બોજીગાન.

કલમ. ૨૨૪—૨૨૫

તા૦ ૨૪—૨—૮૨
ઈ. ૫ મ. પા. ૨૨

જે સક્ષને માથે ચોરી કર્यानुं तोहोमत हतुं अने जेमो पोलीसमां खप हतो, अने जेने शक उपरथी पकडयो हतो, ते सक्ष गामडाना चोकीदारना हवालामांथी भागी जाय, तो ते पी. की. नी २२४ मी कलम मुजब गुन्हेगार थतो नथी.

જે સક્ષને માથે ચોરી કરયાનું તહોમત હતું અને જેનો પોલીસમાં ખપ હતો અને જેને શક ઉપરથી પકડયો હતો તે સક્ષ ગામડાના ચોકીદારના હવાલામાંથી ભાગી જાય તો તે પીનલકોડની ૨૨૪મી કલમ મુજબ ગુનેહગાર થતો નથી

આ મુકરદમાના બંધવાને ચોરી કર્યાના ગુન્હાનો, તથા પીનલકોડની ૨૯૪ મી કલમ મુજબ, કાયદેસર હવાલામાંથી ભાગી ગયાના ગુન્હાનો અપરાધી ઠરાવી, તેને બીજા ગુન્હા માટે બે .માસની સખત કેદની સજા કરવામાં આવી હતી.

બંધવાએ એક ગાય તથા વાછડો ચોરેલાં હતાં. પોલીસના થાણાના અધિકારી પાસે બંધવાની ફરીયાદ કરવામાં આવેલી હતી. ગામડાના ચોકીદારને ખબર પડી કે, બંધવાની જરૂર છે. એટલે તેણે તેને જાબદે કીધો, અને એક હવાલદારની મદદ લઇને તેને પોતાના હવાલામાં રાખ્યો. બંધવો નાસી ગયો. અને તેને પોલીસે પકડયો.

જીલ્લા માજીસ્ટ્રેટે આ કેશ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૬ (૪૩૮) મી કલમ પ્રમાણે હાઈકોર્ટમાં લખી મોકલ્યો. તે એવા કારણથી કે, બંધવા ઉપરનાં બીજાં તોહોમતનો ઠરાવ કાયમ રહી શકતો નથી.

હાઇકોર્ટનો ઠરાવ:—

(જસ્ટીસ ઇન્સ તથા મુતુસ્વામી આયરે) આપેલો છે.

બીજા વર્ગના માજીસ્ટ્રેટે તોહોમતવાળાને ચોરી કર્યાનો તથા કાયદેસર હવાલામાંથી નાસી ગયાનો અપરાધી ઠરાવ્યો છે.

બીજા ગુન્હામાટે તેને બે માસની સખત કેદની સજા કરેલી છે તે સજા રદ કરવી જોઇએ.

પાંચમા તથા છઠા નંબરના સાક્ષીઓ, ચોકીદાર તથા હવાલદાર છે, તેઓના હવાલામાંથી બંધવો નાશી ગયાનું કહેવામાં આવ્યું છે. પરંતુ એમનો હવાલો એ કાયદેસર હવાલો નહોતો. કેમકે ચોરીનો ગુન્હો એ બેમાંથી એકની રૂબરૂ થયો નહોતો. અને આ બંને જણાઓ પોલીસ અધિકારીઓ નોહોતા જુઓ રાણી. વિ. સીનાકુ પડીઆચી. આ મુકરદમાની હકીકત નીચે પ્રમાણે હતી.

બંધવો લીંબુ ચોરતાં પકડાઇ ગયો. તે ઉપરથી તેનો ધણી તેને ગામડાના માજીસ્ટ્રેટ

પાસે લઈ આવ્યો. એ માજીસ્ટ્રેટે તેને કાઠમાં નાંખી તેને ચોકીદાર તથા હવાલદારને હવાલે કર્યો. આ બંને સક્ષો સુઇ ગયા અને બંધવો પોતાની મેળે છુટો થઇ ગયો.

ઠરાવ્યું કે, ગુન્હાનો ઠરાવ કર્યા અવલ બંધવાને કાઠમાં નાંખ્યો હતો એ કાયદેસર નોહોતું. તેમ ગામડાનો ચોકીદાર કોઈ પોલીસ ખાતાનો અધિકારી નથી. તેથી કાયદેસર હવાલામાંથી નાશી ગયાના ગુન્હાનો ઠરાવ રદ કરવામાં આવે છે.

કેસરેહિંદ વિ. શાસ્તી ચરણુનાપીત.

सारी चाले चालवानुं दस्तावेज करी आपवा वास्ते मेजीस्त्रेट पासे लइ जतां पेरामांथी नाशी जवुं ए पीनलकोडनी २२४ तथा २२९ मी कलम प्रमाणे शीक्षा थइ शके एवो गुन्हो थतो नथी.

કલમ ૨૨૪-૨૨૫.

૨

તા૦ ૨૮-૨-૮૨
ઈ. ૮ ક. પા. ૩૩૧

સારી ચાલે ચાલવાનું દસ્તાવેજ કરી આપવા વાસ્તે માજીસતરેટ પાસે લઇ જતાં પેરામાંથી નાશી જવું એ પીનલકોડની ૨૨૪ તથા ૨૨૫ મી કલમ પ્રમાણે શીક્ષા થઈ શકે એવો ગુન્હો થતો નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૫ (૧૧૦) પ્રમાણે સારી ચાલના મુચરકા લેવા સારૂ એક માજીસ્ટ્રેટ પાસે હાજર કરવા અગાઉ-એક શાસ્તી ચરણુનાપીતને પકડવામાં આવ્યો. મેજીસ્ટ્રેટની પાસે તેને રજુ કરવામાં આવ્યો, તે અગાઉ તે પેરામાંથી નાશી ગયો.

તો પણ તેને ફરીથી પકડવામાં આવ્યો. અને નાસી ગયા વાસ્તે તેજ માજીસ્ટ્રેટે તેનો ઇનસાફ કરીને પીનલકોડની ૨૨૪ મી કલમ મુજબ તેને ૬ માસની સખત કેદની સજા કરી.

જીલ્લા માજીસ્ટ્રેટનો એવો મત થયો કે, એ ઠરાવ ગેરવાજબી છે. ને એટલા વાસ્તે કે, ૨૨૪ મી કલમ આ કામને લાગુ પડતી નથી. કેમકે તે માણસને કોઈ ગુન્હા વાસ્તે પેહેરામાં રાખ્યો નહોતો. તેમ ૨૨૫ મી કલમ પણ લાગુ પડતી નથી. કારણ કે જે પહેરામાં તે હતો, તે પેહેરો તારણ પૂરૂં પાડવાનો હુકમ કર્યાની અગાઉનો હતો, તેથી તેણે હાઇકોર્ટમાં આ કામ લખી મોકલ્યું.

જસ્ટીસ મીતર તથા મેકલાંને આપેલો ઠરાવ:-

આ ઠરાવ અમને ગેરકાયદેસર લાગે છે. એમ માનીયે કે, એ શાસ્તીચરણને ફોજદારી કામ ચલવવાની રીતના કાયદાની ૯૪ મી કલમ મુજબ કાયદેસર પકડયો હતો તથાપી કોઇ ગુન્હા વાસ્તે તેને પેહેરામાં રાખ્યો નહોતો. અને તેટલા કારણથી તેને પીનલકોડની ૨૨૪ મી કલમ પ્રમાણે સજા થઇ શકતી નથી. તેમ ૨૨૫ મી અ કલમ પ્રમાણે પણ સજા થઈ શકત નહીં. કેમકે સારી ચાલ વાસ્તે તારણ આપવાની તેણે કસુર કરી નોહોતી.

માટે ગુન્હાનો ઠરાવ રદ કરવો જોઇએ, અને તેને કેદખાનામાં મોકલ્યાનું વારંટ પણ રદ કરવું જોઈએ.

માહારાણી કેસરેહીંદ વી. ખંઢીઆ અને બીજાઓ.

क नामनो सक्ष सारी रीते गुजरान चलावनारो नथी एम जाणीने फोजदारी काम चलाववानी रीतना कायदानी ९९ मी कलम प्रमाणे तेने पकडवा वास्ते एक पोलीस अमलदार तरफ हुकम काढवामां आव्यो हतो. सदरहु क बीजा त्रण जणनी मदद लेइने पकडतां सामो थयो अने पछी ते भागी गयो.

ठराव्युं के पी. को. नी ४० मी कलममां गुन्हानी जे व्याख्या आपी छे, तेना अर्थ प्रमाणे कोइ गुन्हानुं क. उपर तहोमत आव्युं नहोतुं, तेथी पकडतां छटकी जवाना संबंधे, हिं. पी. को. नी २२४ तथा २२९ मी कलम प्रमाणे सजा थइ शके तेवो गुन्हो थयेलो नथी. महाराणी. वि. शास्ती चरणनापीतनो फेंसलो मंजुर करवामां आव्यो.

કલમ.
૨૨૪-૨૨૫
૩
તા૦ ૭-૮-૮૫
ઈ. ૭ અ. પા. ૬૭

સારી રીતે ગુજરાન ચલાવનારો જે સક્ષ ન હોય તેની પાસેથી તેમ કરવાના તારણ લેવા સારૂ તે સક્ષને યોગ્ય અધિકારી પાસે લઈ જતાં પકડાએલો સક્ષ ભાગી જાય તો તેઆ કલમ પ્રમાણે ગુનેહગાર થતો નથી. કેમકે તારણ લેવા વાસ્તે પહેરામાં લેવા એ કાંઈ ગુનોહ કરવા વાસ્તે પહેરામાં લેવા બરોબર નથી.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ બાનરજી.
રીસ્પોંડેન્ટ તરફથી સીમીયન સાહેબ.
હાઇકોર્ટનો ઠરાવ જસ્ટીસ મામદ તથા ડયુથોઇટે કર્યો તે નીચે મુજબછે.
જસ્ટીસ ડયુથોઇટનો ઠરાવ.

આ મુકરદમાની હકીકત જોઈએ તેટલી હાઇકોર્ટના ઠરાવમાં આપેલીછે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૧૭ મી કલમમાં ઠરાવ્યા પ્રમાણે આ અપીલ કરવામાં આવી છે અને એ મુકરદમાની હકીકત નીચે પ્રમાણે છે.

સને ૧૮૮૩ ના સપ્ટેંબર તથા નવેંબરમાં જુદે જુદે દહાડે, બંદા જીલ્લાના પોલીસ અધિકારીઓએ લખી મોકલ્યું હતું કે, મોજે ખંડીઆમાં એક ખંઢીયો તથા બીજા સક્ષો રહે છે. તેઓ પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે તેવા નથી. અને જો સદરહુ સક્ષોનો બંદોબસ્ત થશે નહીં તો, અડોસપડોસમાં મિલકત વિરૂદ્ધ ભારે ગુન્હા થવાની બીક રહેછે.

તા. ૮-૧૨-૮૩ ને રોજ એક પેહેલા વર્ગના અધિકારવાળા મેજીસ્ત્રેઠ સૈયદ નાદીક હુસેને એક ખુણાના પોલીસ સ્ટેશનના અધિકારી તરફ નીચેનો હુકમ લખી મોકલ્યો.

"મોજે ખંડીઆના રહેવાશી ખંઢીયા તથા ભવાની નાઈ ઉપર સને ૧૮૮૨ ના દસમા આકટની ૫૫ મી કલમ પ્રમાણે તહોમત મુકયું.

ઉપરનું ખાસ ટીપણુ તથા બંદા જીલ્લાના માજીસ્ત્રેટનો તારીખ ૧-૧૨-૮૬ નો હુકમે વાંચીને તમારે રીતસર ચલણુ, તથા ચલણુની સાથે આધાર આપવાનો જે કાંઇ પુરાવો હોય તે મોકલી દેવો."

તારીખ ૯-૧૨-૮૩ ને રોજ આ હુકમ હાંસીલ થતાં, ખુણાના પોલીસ થાણાના અધિકારીએ, તે હુકમ તેજ થાણાના એક સીપાઇ સાલીગરામને લખીને આપ્યો. અને તેમાં તેને ફરમાવ્યું કે, ખંઢીઆને કેદ કરવો. આ હુકમની રૂએ સાલીગરામે ખંઢીયાને કેદ કર્યો. આવી રીતે પકડતાં ખંઢીઓ સામો થયો. અને મોહન, પલટુ, અને સેવકની મદદ લેઇને સાલીગરામના હાથમાંથી છટકીને ભાગી ગયો. આટલી વાત આ અપીલનો બચાવ કરનાર વિદ્વાન વકીલે કબુલ કરેલી છે. પ્રોસીક્યુશન તરફના પુરાવાથી જણાય છે કે, ભાગી જવાની દરમીયાન ખંઢીએ સીપાઈને લાકડી મારી હતી. અને મોહન, પલટુ, તથા સેવકે, તેને ધ-

કો માર્યો હતો. પરંતુ રીસપોન્ડેંન્ટોના વિદ્વાન વકીલે આ વાતનો ઈનકાર કરેલો છે. તેજ રોજ પાછલે પહોરેથી પોલીસ થાણે ખંઢીયાને પકડવા આવેલા માણસોની મદદ લઈને ખંઢીયાને પકડવામાં આવ્યો.

તારીખ ૧૭-૧૨-૮૩ ને રોજ માજીસ્ટ્રેટ સૈયદ સાલીક હુસેને ઠરાવ્યું કે ખંઢીયા ભવાની પાસેથી સારી ચાલે ચાલવાના તારણો લેવાનાં પુરતાં કારણો નથી. તે ઉપરથી સદરહુ ખંઢીયા તથા ભવાનીને છોડી મુકવામાં આવ્યા. તારીખ ૯-૧૨-૮૩ ને રોજના ગુજરેલા બનાવના સંબંધમાં, ખંઢીયા, મોહન, પલટુ અને સેવક ઉપર એકદમ કામ ચલાવવાનું શરૂ કર્યું, પ્રોસીક્યુશન તરફથી પુરાવો લેવાઈ રહ્યા બાદ, તહોમતનામું નીચે લખ્યા પ્રમાણે ઘડવામાં આવ્યું.

"સૈયદ સાલીક હુસેન એક પેહેલા વર્ગનો માજીસ્ટ્રેટ ખંઢીયા, પલટુ, મોહન તથા સેવક, તમારા ઉપર એવાં તહોમતો મુકુંછું કે,

તમોમાંથી ખંઢીયાએ તારીખ ૧૦-૧૨-૮૩ ને રોજ અથવા તે અરસામાં મોજે ખંઢીયા ગામમાં હિં. પી. કો. ની ૨૨૪ મી કલમ માંહેલો ગુન્હો કર્યો. એટલે તમે કાયદેસર હવાલામાંથી ભાગી ગયા, અને તમો પલટુ, મોહન, તથા સેવકે, ૨૨૫ મી કલમ માંહેલો ગુન્હો કર્યો. એટલે ખંઢીઓ કાયદેસર હવાલામાં હતો, તેને તમે બચાવી લીધો. અને તેને પકડતાં તમો સામે થયા માટે ખંઢીયાએ ૨૨૪ મી કલમ મુજબ સજા થાય એવો, તથા તમો પલટુ, મોહન તથા સેવકે ૨૨૫ મી કલમ પ્રમાણે સજા થાય એવો ગુન્હો કર્યો છે. આ ગુન્હાઓનો ઇનસાફ મારાથી થઇ શકે એવો છે, માટે આ ઉપરથી તમોને ફરમાવું છું કે, ઈત્યાદી—

આ તહોમતવાળા સખસો તરફથી પોતાને માટે બચાવમાં જે સાક્ષીઓના નામ આપ્યાં હતાં તેને બોલાવ્યા નહોતા. પરંતુ તારીખ ૧૫-૧૨-૮૩ ના રોજ આ મુકરદમાનો નિકાલ એક ઠરાવથી કરવામાં આવ્યો; ને તે ઠરાવનો મુખ્તેસર ભાગ નીચે પ્રમાણે છે.

"સન ૧૮૮૨ ના દસમા આકટની ૫૫ મી કલમના ગુન્હાનું ખંઢીઆ ઉપર તહોમત હતું. તેના સંબંધમાં પોલીસે પેરતર તજવીજ કરી હતી. તેમાં અદાલતે હુકમ કર્યો હતો કે, સદરહુ બંધવાને પકડીને તેના વિરૂદ્ધના પુરાવા શીકે મોકલી આપવો. આ કામ સીપાઇ સાલીગરામને સોંપવામાં આવ્યું હતું, તહોમતદાર ખંઢીઆને સીપાઈ સાલીગરામે પકડયા પછી તેના હવાલામાંથી ભાગી ગયો. અને પલટુ, મોહન, તથા સેવકે, તેને બચાવી લીધો. સને ૧૮૮૨ ના દસમા આકટની ૫૫ મી કલમ પ્રમાણે મંડાયેલી ફોજદારી પુરાવાની ખાંમીને લીધે કહાડી નાંખીને બંધવાઓને નીરદોષ કરી છોડી મુક્યા. બંધવાઓના વકીલે આ કામમાં કાયદાની એવી તકરાર ઊઠાવી છે કે, ૨૨૪ મી તથા ૨૨૫ મી કલમના ગુન્હાનું બંધવાઓ ઉપર આરોપ મુકવા સારૂ તેઓએ કાંઇ ગુન્હો કરવો જોઈએ. બંધવાઓએ કાંઈ ગુન્હો કર્યો હોત, અથવા કાયદેસર હવાલામાંથી તેઓ ભાગી ગયા હોત, અથવા તેઓએ તહોમતદારને બચાવી લેવામાં મદદ આપી હતતો, તેઓના ઉપર હીં. પી. કો. ની કલમ ૨૨૪ મી તથા ૨૨૫ મી પ્રમાણે ગુન્હાનું તહોમત રહી શકત નહીં. તો એકે ગુન્હાનું તેઓના ઉપર આરોપ રહી શકતું નથી. અને સને ૧૮૬૦ ના ૪૫ મા આકટની ૪૦ મી કલમ પ્રમાણે સન ૧૮૮૨ ના ૧૦ મા આકટની ૫૫ મી કલમ માંહેલું તહોમત કોઇ ગુન્હાની વ્યાખ્યામાં આવી શકતું નથી. તેથી તહોમતદાર ખંઢીઓ હવાલામાંથી ભાગી ગયો હોય, અથવા તેને પલટુ, મોહન અથવા સેવકે, બચાવી લીધાનું માની લેતાં પણ તેમાં કાંઇ ગુન્હો થતો નથી. વળી સને ૧૮૮૨ ના દસમા આકટની ૫૫ મી કલમ પ્રમાણે કોઈ માણસના સારી ચાલના મુચરકા લેવા, અથવા સારી ચાલનાં તારણ લેવાં, એ હિંદુસ્તાનના પીનલકોડની કલમોમાં જે જે સજાઓ કરવાની કહી છે, તે માંહેલી એકે સજા નથી. તેમ કોઇ સ્થાનીક અથવા વીશેષ કાયદામાં પણ કહેલી સજા માંહેલી આ એકે સજા નથી. આ બાબતની તકરાર બે દિવસ સુધી ચાલી હતી. યોગ્ય વિચાર કર્યા પછી મારો એવો પણ અભિપ્રાય થાય છે કે, સને ૧૮૮૨ ના ૧૦ મા આકટની ૫૫ મી કલમ માંહેલા ગુન્હાના તહોમત ઉપરથી સારી ચાલે ચાલવાનું તારણ આપવાનું પરીણામ થાય, અથવા સુલેહ રા-

ખવાના મુચરકા આપવાનું તેને ફરમાવવાનું પરીણામ થાય, પણ તે સઘળું હિં. પી. કો. ની કલમોમાં ફરમાવેલી સજા માંહેલી એકે સજા નથી. પોલીસે જે તજવીજ કરી હતી તે નીરૂપયોગી હતી. અને તેઓનો રીપોર્ટ પણ સાફ ખોટો હતો. જ્યારે બંધવા ઉપર એકે ગુન્હાનું તહોમત નહોતું, અથવા તેઓ એકે ગુન્હાના અપરાધી ઠર્યા નહોતા, ત્યારે તેઓના ઉપર હિંદુસ્તાનના પીનલકોડની ૨૨૪ અથવા ૨૨૫ મી કલમોનું તહોમત રાખી શકાતું નથી. માટે હુકમ કરવામાં આવે છે કે, બંધવાને છોડી મુકવા અને આ મુકરદમો નોંધ ઉપરથી કાઢી નાખવો."

આ કોર્ટમાં જે અપીલ થઈ છે, તેમાં એવો વાંધો લેવામાં આવ્યો છે કે, ખંઢીયા તથા બીજા તહોમતવાળા સક્ષોએ અનુક્રમે હિં. પી. કો. ૨૨૪ મી તથા ૨૨૫ મી કલમ પ્રમાણે સજા થઇ શકે એવા ગુન્હા કર્યા નથી. એવું ઠરાવવામાં માજીસ્ટ્રેટે ભુલ કરેલી છે. અને બીજું નહીં તોપણ તેઓને હી. પી. કો. ની ૩૫૩ મી કલમ પ્રમાણે સજા થઈ શકે, તેવા ગુન્હાના અપરાધી ઠરાવવા જોઈતા હતા.

હિં. પી. કો. ની ૨૨૫ મી કલમમાં ઠરાવ્યું છે કે.

"જે સક્ષ કોઇ બીજા સક્ષને કોઈ ગુન્હા માટે કાયદેસર પકડવામાં ઈરાદાથી સામો થાય અથવા કાયદા વિરૂધ્ધ કાંઈ અડચણ કરે અથવા કોઇ બીજા સક્ષને કોઇ ગુન્હાને માટે કાયદેસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી તેને છોડી મુકે, અથવા છોડી મુકવાની કોશીશ કરે, તે સક્ષને ઇત્યાદી."

હવે જ્યાં સુધી ખંઢીયા ઉપર કાંઇ ગુન્હાનું તોહોમત નથી, ત્યાં સુધી હિં. પી. કો. ની ૨૨૪ મી કલમ મુજબ તેના ઉપર, અથવા તેના સોબતીઓ ઉપર ૨૨૫ મી કલમના ગુન્હાનો ઠરાવ પોસાઈ શકનો નથી.

હિ. પી. કો. ૨૨૪ મી તથા ૨૨૫ મી કલમને વાસ્તે ગુન્હાની વ્યાખ્યા તેજ કાયદાની ૪૦ મી કલમ જે ૧૮૭૦ ના ૨૭ મા આકટની બીજી કલમથી સુધારી છે, તેમાં ગુન્હાની વ્યાખ્યા આપી છે, તે નીચે પ્રમાણે છે. હવે પછી સ્થાનીક તથા વિશેષ કાયદાની વ્યાખ્યા આપવામાં આવશે, તે કાયદા પ્રમાણે અથવા આ કાયદા પ્રમાણે શીક્ષા કરવા લાયક વસ્તુ હોય તેનું નામ ગુનોહ છે, અને ૪૧ મી કલમમાં વિશેષ કાયદાની વ્યાખ્યા આપી છે, તેથી ૧૮૮૨ નો ૧૦ મો આકટ એક વિશેષ કાયદો છે. અને ૧૮૮૨ ના દસમા આકટની ૧૧૮ મી કલમના શબ્દો પ્રમાણે કોઈ માણસને તારણ આપવાનું કહેવું તે સદરહુ માણસના ઉપર એક જાતનો બોજો નાંખ્યા બરાબર છે અને એ બોજાથી એ માણસને વ્યાજની રૂપે અથવા બીજી રીતે પૈસા આપવાની ફરજ પડે છે. અને આ બોજો અદા કરવામાં કસુર કરવાથી તે કેદ થવાને પાત્ર થાય છે. માટે સારી ચાલનું તારણ આપવાને કોઇ માણસને હુકમ કરવો, તે સદરહુ માણસ કોઈ ગુન્હાનો ગુન્હેગાર છે. એવું જાહેર કર્યા બરાબર છે. અને તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૫૫ મી કલમના શબ્દો મુજબ જે માણસને પકડવાનો હુકમ કર્યો હોય, તે કામમાં હિં. પ્રો. કો. ની ૪૦ મી કલમ પ્રમાણે જે થવું જોઇએ તે થઈ ચુકયું છે. આ દલીલ ભુલ ભરેલી છે, એવો અમારો અભીપ્રાય છે, કેમકે સજા કરવા લાયક જે વસ્તુ હોય, તે વસ્તુએ પીનલકોડની વ્યાખ્યા પ્રમાણે એક ગુન્હો છે. અને તે હરકોઈ વસ્તુ કોઇ એક કૃત્ય હોવું જોઇએ. અથવા હારબંધ ગેરકાયદેસર કૃત્યો હોવાં જોઈએ. અથવા ગેર કાયદેસર કસુર હોવી જોઈએ. અથવા હારબંધ ગેર કાયદેસર કસુરો હોવી જોઇએ. અથવા બેનથામ સાહેબના કહેવા પ્રમાણે દરેક કૃત્ય જેને આપણે કાંઇ દુઃખ પેદા કરવાના કારણથી ન કરવાનું કહ્યું હોય, તેવા દરેક કૃત્યનું નામ ગુન્હો છે.

અને કોઇ કૃત્ય કરવું, અથવા કોઇ કૃત્ય કરવાની કસુર કરવી, અને જે કરવાની અથવા ન કરવાની, મનાઇ થઇ હોય, તે કૃત્ય કરવાથી, અથવા ન કરવાથી કાયદાએ જે જવાબદારી રાખી છે, તે જવાબદારી લેવી એટલે સજા પામવી તેનું નામ "સજા કરવા લાયક" છે.

પરંતુ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૧૮ મી કલમ પ્રમાણે કોઇ હુ-

કમના કામ વાસ્તે, કોઈ કામ કરવાનો અથવા ન કરવાનો પુરાવો જરૂરનો નથી. એટલે સામાન્ય આબરૂ કેવી છે, તે સઘળું જોવાપણું રહે છે. અને તારણ આપવા વાસ્તે કોઇ માણસને હુકમ કરવો તેવા હુકમનું નામ બેનથાંમસાહેબના કહેવા પ્રમાણે અટકાયત કરનારો ઇલાજ છે. અને તે ઉપાય, શાશનીક ઉપાય, એટલે સજાથી ઉલટો છે. બેનથાંમ સાહેબે સજાની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે. જે કૃત્ય કરવું જોઇએ, અથવા ન કરવું જોઇએ, તે કૃત્યના કારણથી કોઇ સક્ષ બીજા કોઇના પ્રત્યક્ષ ઇરાદાથી નુકશાન ઉપજે, તેનું નામ સજા છે. તે સાહેબે એ વ્યાખ્યામાં બીજો એવો ઉમેરો કર્યો છે કે, કોઇ કૃત્ય કરવા અથવા ન કરવાના કારણથી હરકોઇ સક્ષને બીજા સક્ષના પ્રત્યક્ષ ઇરાદાથી નુકશાન થતું ન હોય, તો તેનું નામ સજા નથી. કોઈ કામ કરતાં, અથવા ન કરતાં, કરનારો સક્ષ કોઈ કામ કરવાથી સજાને પાત્ર થાય છે. એવું ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૧૦ મી કલમમાં લખેલું નથી. તેમ હરકોઈ માજીસ્ત્રેટ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૧૮ મી કલમના શબ્દોમાં જ્યારે કોઇ હુકમ કાઢવાનુ કરે, ત્યારે તેણે સજા કરવાનો પ્રત્યક્ષ ઇરાદો રાખવો જોઇએ નહીં. કેમકે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૧૧૮ મી કલમની મતલબ અંબીકા પ્રસાદના મુકરદમામાં જસ્ટીસ મેકપરસને જે શબ્દો વાપર્યા છે, તે પ્રમાણે છે. " એટલે ગુન્હાની અટકાયેત કરવી જોઇએ. પણ સજા કરવી ન જોઈએ. અને એવી મતલબથી કેટલાક સક્ષો પાસેથી તેઓની સારી ચાલ વાસ્તે તેઓનાં પાકાં અને પુરતાં તારણો લેવા માજીસ્ત્રેટને અધિકાર આપ્યો છે. પરંતુ એ કલમના સારીચાલે ચાલવાનો હેતુ પાર પાડવાને વાસ્તેજ ઉપયોગ કરવાનો છે. પણ પેસ્તર કરેલા ગુન્હાઓની સજા કરવા સારૂ એ કલમનો કંઇ ઉપયોગ કરવો એ ખોટું છે. અને તે કોશીશને કાયદો મંજુર રાખી શકતો નથી."

તેથી હવે અમે ઠરાવીએ છીએ કે, હી. પી. કો. ની ૪૦ મી કલમમાં ગુન્હાની જે વ્યાખ્યાના અર્થ પ્રમાણે, ખંઢીઆ ઉપર એકે ગુન્હાનું તહોમત હતું નહીં. અને તેથી પોતાને નહીં પકડવાના સંબંધમાં હિં. પી. કો. ની ૨૨૪ મી તથા ૨૨૫ મી કલમ પ્રમાણે શીક્ષા થઈ શકે, તેવો તેણે એકે ગુન્હો કર્યો નથી. દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની ૬૫૧ મી કલમમાં તથા હિં. પી. કો. ની ૨૨૫ મી अ કલમમાં જાપતો તોડવાવાસ્તે જે નીયમ બાંધ્યા છે, તેવા નીયમ જેવો નીયમ ફોજદારી કામ ચલવવાની રીતના કાયદાની કલમ ૫૫ ની ब તથા क પેટા રકમમાં જે સક્ષોનું બ્યાન કર્યુ છે, તેવા સક્ષોને પકડવા વાસ્તે બાંધેલા નીયમના વિપરીતપણા વિશે આ વખતે કાંઇ પંચાત કરવા જેવું નથી. અને અમે જોઇને ખુશી થઈએ છીએ કે, કલકતાની કોરટે પણ માહારાણી. વિ. શાસ્તી ચરણ નાપીતના કામમાં પણ જેવો મત અમે આ કામમાં બાંધીએ છીએ, તેવોજ મત બાંધેલો છે હિંદુસ્તાનના પીનલકોડની ૨૨૪ તથા ૨૨૫ મી કલમ પ્રમાણે જે નાસાબીતીનો ઠરાવ કર્યો છે, તે માટે આટલું કહેવું બસ છે.

હિંદુસ્તાનના પીનલકોડની ૩૫૩ મી કલમ પ્રમાણે આરોપીત સક્ષોનો ઇનસાફ કરવાની જે કસુર કરી છે, તેના સંબંધમાં અમારે કહેવું જોઈએ કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૫૬ મી કલમના શબ્દો પ્રમાણે, ખંઢીઆને પકડવા સારૂ સાલીગરામને તેના ઉપરી અધિકારીએ હુકમ આપ્યો હોય, અને હુકમ પ્રમાણે પોતાની ફરજ બજાવવામાં તેના ઉપર સાપ્રાધબળ વાપરવામાં આવ્યું હોય, તો જે સક્ષોએ સદરહુ બળ વાપર્યું, તે સક્ષોએ હિંદુસ્તાનના પીનલકોડની ૩૫· મી કલમ માંહેલો ગુન્હો કર્યો છે, માજીસ્ત્રેટે સદરહુ આરોપીત સક્ષોનો ઇનસાફ ૩૫૩મી કલમ પ્રમાણે કરવો જોઇતો હતો. પરંતુ એ કામનું દફતર હજી સુધી અપુર્ણ છે કેમકે બચાવના સાક્ષીઓ લેવાયા નથી. નાસાબીતીનો ઠરાવ રદ કરીને સૈયદ સાદીક હુસેન સિવાય બંદા જીલ્લાનો માજીસ્ત્રેટ ફરમાવે તેવા કોઇ યોગ્ય અધિકારવાળા બીજા માજીસ્ત્રેટે અથવા જીલ્લા માજીસ્ત્રેટે પોતે હિંદુસ્તાનના પીનલકોડની ૩૫૩ મી કલમ માંહેલા ગુન્હાનું તહોમત મુકી આરોપીત સક્ષોનો નવેસરથી ઇનસાફ કરવા અમે હુકમ કરીએ છીએ.

કલમ ૨૨૬ મી.

૨૨૬. જે માણુસને કાયદા મુજબ સમુદ્રપાર કરયો હોય તે માણુસ, પોતાની સમુદ્રપારની મુદત વિત્યા પેહેલાં, તથા શિક્ષા માફક ન થયા છતાં અગર સમુદ્રપારથી પાછો આવે, તો તેને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને, તથા પાછો સમુદ્રપાર તથા પેહેલા ત્રણુ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા પામવાને તે લાયક થશે. સમુદ્રપારથીકાયદાવિરૂધ પાછું આવવું.

કલમ ૨૨૭ મી.

૨૨૭. કોઇ માણુસે શીક્ષાની કાંઇ સરતી માફી કબુલ કરી હોય તે માણુસ અગર જે સરતથી તેને માફી મળી હોય તે સરત જાણી બુઝીને તોડે. તો તે માણુસને, અગર તેણે અસલ શિક્ષામાંની કાંઈ ભોગવી નહી હોય તો, જે શીક્ષાનો અસલ હુકમ થયો હોય તે શિક્ષા કરવામાં આવશે, અને તે શીક્ષામાંની કાંઇ તેણે ભોગવી હોય, તો તે શીક્ષામાંની જેટલી નહી ભોગવી હોય તેટલી શીક્ષા કરવામાં આવશે. શીક્ષાનીમાફીનીસરતતોડવી

કલમ ૨૨૮ મી.

૨૨૮. કોઈ સરકારી નોકર કાંઇ ઈનસાફી મુકદમાના કાંઇ પણુ ભાગમાં બેઠો હોય તે વેળાએ તે સરકારી નોકરનું જે માણુસ ઈરાદાથી અપમાન કરે, અથવા તેને કાંઈ હરકત કરે, તે માણુસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. કોઇસરકારીનોકર કાંઇઇનસાફી મુકદમાના કાંઇપણભાગમાંબેઠાછતાંતેનુંઈરાદાથીઅપમાનકરવું અથવાતેને હરકતકરવી.

કલમ ૨૨૯ મી.

૨૨૯. ફલાણી બાબતમાં જયુરર અથવા આસેસર દાખલ મારૂં નામ લખી મોકલાય, અથવા ટીપમા લખાય, અને મને સોગંદ અપાય એવો કાયદા મુજબ મારો હક નથી એવું જે માણુસ જાણુતો હોય તે માણુસ, વેષ લઇને અથવા બીજી રીતે. અગર તે બાબતમાં જયુરર અથવા આસેસર દાખલ ઈરાદાથી પોતાનું નામ લખી મોકલાવે; અથવા ટીપમાં લખાવે અથવા સોગંદ ખાય, અથવા પોતે જાણ્યા છતાં તેમ થવા દે અથવા કાયદા વિરૂધ મારૂં નામ લખી મોકલ્યું છે, અથવા ટીપમાં લખ્યું છે અથવા સોગંદ આપ્યા છે, એમ પોતે જાણ્યા છતાં, જે માણુસ બુદ્ધિપુરવક તે જયુરીમાં બેશીને અથવા તે આસેસર દાખલ કામ કરે, તે માણુસને બે વરસની મુદત સુધીની બેસોંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. જયુરર અથવા આસેસરનોવેશ લેવો.

બાબ ૧૨ મો.

શિક્કા તથા સરકારી સ્ટાંપ સંબંધી ગુનાહો બાબત.

કલમ ૨૩૦ મી.

૨૩૦. શિક્કો એટલે જે ધાતુ નાણાં દાખલ વપરાતો હોય, તથા જે પર છાપ મારીને નાણાં દાખલ વાપરવા માટે તેને કોઇ સરકારના હુકમથી બાહાર પાડયા હોય, તે ધાતુ. શિક્કો.

જે શિક્કાપર છાપ મારીને તેને રાણીના હુકમથી, અથવા હિંદુસ્તાનની સરકારના, અથવા કોઇ પણ પ્રેસીડેન્સીની સરકારના, અથવા રાણીના રાજ્ય માંહેલી કોઈ પણ સરકારના, હુકમથી નાણાં દાખલ વાપરવા માટે બાહાર પડયો હોય, તે શિક્કો તે રાણીનો શિક્કો. રાણીનોશિક્કો.

દ્રષ્ટાંતો.

(અ) કોડીયો શિક્કો નથી.

(બ) વગર છાપેલા ત્રાંબાના ગઠા, અગર નાણાં દાખલ વપરાય તોપણ શિક્કા નથી,

(ક) ચાંદ કાંઇ શિક્કા ન ગણાય, કેમકે તે નાણાં દાખલ વાપરવાના ઇરાદાથી થયેલાં નથી.

(ડ) જે જિક્કાનું નામ કંપનીનો રૂપીયો પડયું છે તે રાણીનો શિક્કો છે.

કલમ ૨૩૧ મી

૨૩૧. જે માણસ શિક્કો ખોટો બનાવે, એથવા જાણી બુઝીને શિક્કો ખોટો બનાવવાની ક્રિયાનો કાંઈ ભાગ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. શિક્કો ખોટો બનાવવો.

ખુલાસો—જે સખસ ઠગબાજી કરવાના ઇરાદાથી, અથવા એમ કરવાથી ઠગબાજી થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, કોઇ ખરા શિક્કાને બીજા શિક્કા સરખો દેખાતો કરે, તે સખસે આ ગુન્હો કરયો એમ સમજવું.

કલમ ૨૩૨ મી

૨૩૨. જે માણસ રાણીનો શિક્કો ખોટો બનાવે, અથવા જાણી બુઝીને રાણીનો શિક્કો ખોટો બનાવવાની ક્રીયાનો કાંઇ ભાગ કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકાર કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. રાણીનોશિક્કો ખોટોબનાવવો

કલમ ૨૩૩ મી.

૨૩૩. શિક્કો ખોટો બનાવવાના કારણુસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણુસર વાપરવાનો ઈરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ કાંઇ છાપ અથવા હથિયાર બનાવે અથવા સમારે, અથવા તે બનાવવાની અથવા સમારવાની ક્રીયાનો કાંઇ પણ ભાગ કરે, અથવા તે ખરીદ કરે, વેચે, કે કોઇને આપે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. શિક્કા ખોટા બનાવવાનાં હથિયાર બનાવવાં અથવા વેચવાં.

કલમ ૨૩૪ મી.

૨૩૪. રાણીનો શિક્કો ખોટો બનાવવાના કારણુસર વાપરવાને વાસ્તે અથવા તે કારણુસર વાપરવાનો ઈરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ કાંઇ છાપ અથવા હથિઆર બનાવે, અથવા સમારે, અથવા તે બનાવવાની અથવા સમારવાની ક્રિયાનો કાંઇપણ ભાગ કરે, અથવા તે ખરીદ કરે, વેચે, કે કોઈને આપે, તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. રાણીનો શિક્કો ખોટો બનાવવાનાં હથિયાર બનાવવાં અથવા વેચવાં.

કલમ ૨૩૫ મી.

૨૩૫. શિક્કો ખોટો બનાવવાના કારણુસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણુસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ પોતાના કબજામાં કાંઇ હથિયાર અથવા સામાન રાખે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર ખોટો બનાવવાનો શિક્કો રાણીનો હોય, તો તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. શિક્કો ખોટો બનાવવાના કારણસર કાંઇહથિયાર અથવા સામાન રાખવો.

કલમ ૨૩૬ મી

૨૩૬. જે માણસ બ્રિટિશ ઇંડિયામાં છતાં, બ્રિટીશ ઇંડિયાની બહાર કાંઈ શિક્કો ખોટો બનાવવામાં મદદગારી કરે, તે માણસને જાણે તેને બ્રિટીશ ઇંડિયાની માંહેજ તે શિક્કો ખોટો બનાવવામાં મદદગારી કરી હોય, એવી રીતે શિક્ષા કરવામાં આવશે. હિંદુસ્તાનમાં રહીનેહિંદુસ્તાનની બહારકાંઇશિક્કો ખોટો બનાવવામાં મદદગારીકરવી.

કલમ ૨૩૭ મી

૨૩૭. ફલાણો શિક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ તે શિક્કો બ્રિટિશ ઇંડીયા મધે લાવે ખોટો શિક્કો આ દેશમાં લાવવો અથવા

અથવા બ્રિટીશ ઈંડિયા મધ્યેથી બહાર લઈ જાય, તે માણસને ત્રણ વરસની મુદત સૂધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

આ દેશમાંથી બહારલઇજવો

કલમ ૨૩૮ મી

રાણીના શીક્કો ખોટો બનાવેલો આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહારલઇ જવો.

૨૩૮. ફલાણો ખોટો શીક્કો રાણીનો શીક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને, અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ તે શીક્કો તે બ્રિટિશ ઈંડીયા મધ્યે લાવે અથવા બ્રિટિશ ઇંડીયા મધ્યેથી બહાર લઇ જાય, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કલમ ૨૩૯ મી

કોઇ શીક્કો ખોટો છે એમ જાણીને રાખ્યોહોય તેબીજાનેઆપવો.

૨૩૯. કોઇ માણસની પાસે કાંઇ ખોટા શીક્કા હોય, અને તેની પાસે તે શીકકા આવ્યો ત્યારે તેણે એમ જાણ્યું હોય કે આ શીકકો ખોટો છે તે માણસ અગર દગલબાજીથી, અથવા દગો થાય, એવા ઇરાદાથી, તે શીક્કો કોઈ સખસને આપે, અથવા કોઈ સખસને લેવાને લલચાવવાની કોશીશ કરે, તો તે માણસને પાંચ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી દંડને પણ લાયક થશે.

કલમ ૨૪૦ મી

રાણીનો કોઈ શીકકો ખોટો છે એમ જાણીને રાખ્યોહોય તે બીજાનેઆપવો.

૨૪૦. કોઇ માણસની પાસે કાંઇ ખોટા શીક્કો હોય, અને તે શીકકો રાણીનો ખોટો બનાવેલો હોય, અને તેની પાસે તે શીક્કો આવ્યો ત્યારે તેણે એમ જાણ્યું હોય કે આ રાણીનો શીક્કો ખોટો બનાવેલો છે, તે માણસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો કોઇ સખસને આપે, અથવા કોઈ સખસને લેવાને લલચાવવાની કોશીશ કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કલમ ૨૪૧ મી

કોઈ માણસની પાસે કાંઇ શીક્કા પેહેલા આવે તેવખતે એમ જાણતો ન હોય કે આ શીકકો ખોટો છે તે શીકકો તે માણસે કોઇને ખરા દાખલ આપવો.

૨૪૧. કાંઇ ખોટા શીકકો, ખોટો છે એમ જે સખસ જાણતો હોય પણ તે પોતાના કબજામાં લેતી વખતે તે ખોટો છે એમ જે સખસે જાણ્યું ન હોય તે સખસ અગર તે શીકકો ખરા શીક્કા દાખલ કાંઈ બીજા સખસને આપે, અથવા કોઇ બીજા સખસને તે ખરા શીક્કા દાખલ લેવાને લલચાવવાની કોશીશ કરે, તે સખસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા જેના જેવો ખોટો બનાવેલો હોય તે શીક્કાની કીમતની દશ ઘણી રકમ સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

એક શીક્કા પાડનારો અ ખોટા કંપનીના રૂપીયા પોતાના સોબતી બ ને આપે એટલા સારૂ કે તે તે રૂપીયા ચલાવે. બ તે રૂપીયા એક બીજા ચલાવનાર ક ને વેચાતા આપે, અને ક તે ખોટા છે એમ જાણીને તે રૂપીયા વેચાતા લે. પછી કાંઇ માલ લઇને તે કીમતના તે રૂપીયા ક ડ ને આપે, અને ડ તે ખોટા છે એમ ન જાણતાં લે. પાછળથી તે રૂપીયા લીધા પછી તે ખોટા છે એમ ડ ને ખબર પડે, અને ડ ત્યારપછી તે ખરા હોય એવી રીતે તે રૂપીયા કોઇને આપે, તો ડ ને ફક્ત આ કલમ મુજબ શીક્ષા થઇ શકે છે, પણ બ તથા ક એઓને મુકદમાની કેફીયત મુજબ ૨૩૯ મી અથવા ૨૪૦ મી કલમ પ્રમાણે શીક્ષા થઈ શકે છે.

કલમ ૨૪૨ મી.

૨૪૨. કાંઇ ખોટો શીક્કો પોતાના કબજામાં આવ્યો હોય તે વખતે તે ખોટો છે એમ જાણ્યા છતાં, જે માણસ દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો પોતાના કબજામાં રાખે તેને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ શીક્કો કોઇસખસની પાસે આવતી વખતે તેણેજાણ્યું હોય કેઆ શીક્કો ખોટો છે તે સખસે તે ખોટો શીક્કો પાસે રાખવો.

કલમ ૨૪૩ મી.

૨૪૩. રાણીના શીક્કા જેવો ખોટો બનાવેલો કોઇ શીક્કો પોતાના કબજામાં આવ્યો હોય તે શીક્કો ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં, જે માણસ દગલબાજીથી અથવા દગો થાય એવા ઈરાદાથી તે શીક્કો પોતાના કબજામાં રાખે, તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો કોઇ શીક્કો કોઇ સખસની પાસે આવતીવખતે તેણે એમ જાણ્યું હોય કેઆ શીક્કો ખોટોછે તે સખસે તે ખોટો શીક્કો પાસે રાખવો.

કલમ ૨૪૪ મી.

૨૪૪. બ્રિટિશ ઇંડીયા મધ્યે કાયદા મુજબ સ્થાપેલી કોઈ પણ ટંકશાળમાં જે માણસ નોકર રહેલો હોય, તે માણસ તે ટંકશાળમાંથી નીકળતો કોઇ શીક્કો તે શીક્કાનું વજન અથવા મેળવણી કાયદાથી કરી હોય તેથી જુદા વજન અથવા મેળવણીનો થાય એવા ઈરાદાથી અગર કાંઇ કામ કરે, અથવા જે કામ કરવાની તેને કાયદા મુજબ ફરજ હોય તે કામ કરવામાં કસુર કરે, તો તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી દંડને પણ લાયક થશે.

ટંકશાળમાં નોકર રહેલા માણસે કાયદામાં ઠરાવેલા વજન અથવામેળવણીથી જુદા વજન અથવા મેળવણીનો શીક્કો બનાવવો.

કલમ ૨૪૫ મી.

૨૪૫. બ્રિટિશ ઇંડીયા મધ્યે કાયદા મુજબ સ્થાપેલી કોઇ ટંકશાળ મધ્યેથી, કાયદેસર અખતિયાર વિના, જે માણસ કાંઈ શીક્કો પાડવાનું હથિયાર અથવા ઓજાર લેઇ જાય, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. શીક્કા પાડવાનું હથીયાર કોઇ ટંકશાળમાંથી કાયદા વિરૂદ્ધ લઇ જવું.

કલમ ૨૪૬ મી.

૨૪૬. કોઇ પણ શીક્કા ઉપર જે માણસ દગલબાજીથી અથવા બદદ્યાનતથી એવી કાંઇ ક્રિયા કરે કે તેથી તે શીક્કાનું વજન ઓછું થાય અથવા તેની મેળવણી બદલાય, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. દગલબાજીથી અથવા બદદ્યાનતથી કોઇ શીક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણીમાં ફેરફાર કરવો.

ખુલાસો—કોઇ સખસ એક શીક્કાનો કાંઇ અંસ કોરી કાહાડે અને તે છેદમાં કાંઇ બીજી વસ્તુ મુકે, તો તેણે તે શીક્કાની મેળવણી બદલી એમ સમજવું.

કલમ ૨૪૭ મી.

૨૪૭. રાણીના શીક્કાઓમાંના કોઇ પણ શીક્કા ઉપર જે માણસ દગલબાજીથી અથવા બદદ્યાનતથી એવી કાંઇ ક્રિયા કરે કે તેથી તે શીક્કાનું વજન ઓછું થાય અથવા તેની મેળવણી બદલાય તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. દગલબાજીથી અથવા બદદ્યાનતથી રાણીના શીક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણી બદલવી

કલમ ૨૪૮ મી.

૨૪૮. કોઇપણ શિક્કા ઉપર જો કોઇ માણસ એવી કાંઇ ક્રીયા કરે કે તેથી તે શિક્કાનું રૂપ બદલાય, અને તે એવા ઇરાદાથી કે તે શીક્કો કોઇ બીજા પ્રકારના શીક્કાને ઠેકાણે ચાલે; તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે. કોઈ શિક્કો બીજા શિક્કાને ઠેકાને ઠેકાણે ચાલે એવા ઈરાદાથી તે શીક્કાનું રૂપ બદલવું.

કલમ ૨૪૯ મી

૨૪૯. રાણીના શિક્કાઓમાંના કોઇ શિક્કા ઉપર જો કોઇ માણસ એવી કાંઈ ક્રિયા કરે કે તેથી તે શીક્કાનું રૂપ બદલાય, અને તે એવા ઈરાદાથી કે તે શીક્કો કોઇ બીજા પ્રકારના શીક્કાને ઠેકાણે ચાલે, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે. રાણીનો કોઈ શીક્કો બીજા શીક્કાને ઠેકાણે ચાલે એવા ઈરાદાથી તે શીક્કાનુ રૂપ બદલવું.

કલમ ૨૫૦ મી

૨૫૦. કોઇ સખસના કબજામાં કાંઈ શીક્કો હોય અને તે શીક્કા બાબત ૨૪૬ મી અથવા ૨૪૮ મી કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય અને તે શિક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે સખસના કબજામાં તે શિક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય, તે સખસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો કોઈ બીજા સખસને આપે, અથવા કોઇ બીજા સખસને તે શીક્કો લેવાને લલચાવવાની કોશીશ કરે તો તેને પાંચ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

આશીક્કામાં ફેરફારથએલો છે એવું જાણીને જે શીક્કોપાસે રાખ્યો હોય તે બીજાને આપવો.

કલમ ૨૫૧ મી.

૨૫૧. કોઇ સખસના કબજામાં કાંઈ શીક્કા હોય, અને તે શિક્કા બાબત ૨૪૭ મી અથવા ૨૪૯ મી કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવેલો હોય, અને તે શીક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે સખસના કબજામાં તે શીક્કા આવતી વખતે તેણે જાણ્યું હોય તે સખસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કા કોઇ બીજા સખસને આપે અથવા કોઈ બીજા સખસને તે શીક્કો લેવાને લલચાવવાની કોશીશ કરે, તો તેને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

આ શીક્કામાં ફેરફાર થએલોછે એમ જાણીને રાણીનો જે શીક્કો પાસે રાખ્યો હોય તે શીકો આપવો

કલમ ૨૫૨ મી.

૨૫૨. જે શીક્કા બાબત ૨૪૬ તથા ૨૪૮ મી એ બે કલમોમાંની ગમે તે કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય, તે શિક્કો દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઇ માણસના કબજામાં હોય, અને શીક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે માણસના કબજામાં તે શીક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે પ્રકારની કેદની બક્ષીક્ષ કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇસખસની પાસે કાંઇફેરફારથએલો શીક્કો આવતી વખતે તેમાં ફેરફાર થએલોછે એમ તેણે જાણા છતાંતે પાસે રાખવો.

કલમ ૨૫૩ મી

૨૫૩. જે શીક્ષા બાબત ૨૪૭ મી, તથા ૨૪૯ મી એ બે કલમોમાંની ગમે તે કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય, તે શીક્કો દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઇ માણસના કબજામાં હોય અને તે શીક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલોછે એમ તે માણસના કબજામાં તે શીક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય તો તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ સખસની પાસે કાંઇફેરફાર થએલો રાણીનો શીક્કો આવતી વખતે તેમાં ફેરફાર થએલોછેએમ તેણે જાણ્યાં છતાં તે પાસેરાખવો.

કલમ ૨૫૪ મી

૨૫૪. જે શીક્કા બાબત કોઇ સખસ એમ જાણતો હોય કે એની ઉપર કલમ ૨૪૬, ૨૪૭, ૨૪૮, અથવા ૨૪૯ મીમાં લખી છે તેવી કાંઇ કીયા કરવામાં આવી છે, પણ જે શીક્કો તે સખસના કબજામાં આવતી તે બાબત તેવી કાંઇ કીયા કરવામાં આવેલી છે એમ તેણે જાણેલું ન હોય, તે સખસ તો અગર કોઇ બીજા સખસને તે શીક્કો ખરા શીક્કા દાખલ, અથવા તે શીક્કો જે પ્રકારનો હોય તેથી જુદા પ્રકારના શીક્કા દાખલ આપે, અથવા કોઇ સખસને તે શીક્કો ખરા શીક્કા દાખલ અથવા તે શીક્કો જે પ્રકારનો હોય તેથી જુદા પ્રકારના શીક્કા દાખલ લેવાને લલચાવવાની કોશીશ કરે તો તે સખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા તે બદલેલો શીક્કો જે શીક્કાને ઠેકાણે ચલાવ્યો હોય અથવા ચલાવવાની કોશીશ કરી હોય તે શીક્કાની કીમતની દશ ઘણી રકમ સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે.

જે શીક્કો કોઇ માણસ પાસે પહેલાં આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ તેણે જાણ્યું ન હોયતે શીક્કો તેણે બીજાને ખરા શીક્કા દાખલ આપવો.

કલમ ૨૫૫ મી

૨૫૫. મેહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઇ પણ સ્ટાંપ જે માણસ ખોટો બનાવે, અથવા જાણી બુઝીને તે ખોટો બનાવવાની કીયાનો કાંઇપણ ભાગ કરે તે માણસને માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી સ્ટાંપ ખોટો બનાવવો

ખુલાસો.—કોઇ સખસ એક પ્રકારના ખરા સ્ટાંપને બીજા પ્રકારના ખરા સ્ટાંપ સરખો દેખાતો કરીને ખોટો સ્ટાંપ બનાવે, તેણે આ ગુન્હો કર્યો એમ સમજવું.

કલમ ૨૫૬ મી

૨૫૬. મેહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઈ સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ પોતાના કબજામાં કાંઇ હથીયાર અથવા સામાન રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર કાંઇ હથિયાર અથવા સામાન પાસે રાખવો.

કલમ ૨૫૭ મી.

૨૫૭. મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલો કોઇ સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ કાંઇ હથીયાર બનાવે, અથવા તે બનાવવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરે, અથવા તે ખરીદ કરે, વેચે કે કોઇને આપે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સરકારી સ્ટાંપખોટો બનાવવાના કારણસર હથીયાર બનાવવું અથવા વેચવું.

કલમ ૨૫૮ મી.

૨૫૮. ફલાણો સ્ટાંપ મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલા કોઈ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણીને, અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ તે સ્ટાંપને વેચે અથવા વેચવાનું કહે, તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી સ્ટાંપ ખોટા બનાવેલા વેચવા

કલમ ૨૫૯ મી.

૨૫૯. ફલાણો સ્ટાંપ મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલા કોઇ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણી, તેને ખરા સ્ટાંપ દાખલ વાપરવાના અથવા આપવાના ઈરાદાથી અથવા તે ખરા સ્ટાંપ દાખલ વાપરવામાં આવે એટલા માટે, જે માણસ તે સ્ટાંપ પોતાના કબજામાં રાખે, તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી સ્ટાંપ ખોટા બનાવેલા પાસે રાખવા

કલમ ૨૬૦ મી.

૨૬૦. ફલાણો સ્ટાંપ મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલા કોઇ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણીને જે માણસ તે સ્ટાંપને ખરા સ્ટાંપ દાખલ વાપરે, તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે,

કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં તે ખરા દાખલ વાપરવો.

કલમ ૨૬૧ મી.

૨૬૧. જે પદાર્થપર મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલો સ્ટાંપ લગાડેલો હોય તે પદાર્થ ઉપરથી, જે લખાણ અથવા લેખને માટે તે સ્ટાંપ વાપર્યો હોય તે લખાણ અથવા લેખ જે માણસ દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઈરાદાથી, કાહાડી અથવા ચેહેરી નાખે, અથવા કોઇ સ્ટાંપ કાંઇ બીજા લખાણ અથવા લેખને માટે વાપરવામાં આવે એટલા માટે જે લખાણ અથવા લેખને માટે તે સ્ટાંપ વાપર્યો હોય તે લખાણ અથવા લેખપરથી જે માણસ તે સ્ટાંપને કાહાડી નાખે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

સરકારને હાની કરવાના ઇરાદાથી જે પર સરકારી સ્ટાંપ હોય એવા કોઈ પદાર્થ ઉપરથી કાંઈ લખાણ ચેરી નાખવું, અથવા કોઈ લેખને માટે કાંઇ સ્ટાંપ વાપરચો હોય તે સ્ટાંપ લેખપરથી કાહાડી નાખવો.

કલમ ૨૬૨ મી.

૨૬૨. મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલો કોઇ પણ સ્ટાંપ આગળ વપરાયલો છે એમ જાણ્યા છતાં, દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી, જે માણસ કાંઇ પણ કારણસર તે સ્ટાંપ વાપરે

કોઇ સરકારી સ્ટાંપ આગળ વાપરેલો છે એમ જાણ્યા છતાં

તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે. *તે પાછો વાપરવો.*

કલમ ૨૬૩ મી.

સ્ટાંપ વાપરેલો છે એવી રીતની કાંઇ નીશાની છોલીનાખવી.

૨૬૩. મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલો કોઇ પણ સ્ટાંપ વપરાયેલો છે એમ દેખાડવા સારૂ તે સ્ટાંપપર કરેલી અથવા મારેલી કાંઈ પણ નિશાની, દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી, જે માણસ છોલી અથવા કાહાડી નાખે, અથવા જે સ્ટાંપ ઉપરથી એવી કાંઈ નીશાની છોલી અથવા કાહાડી નાખી હોય, એવો કોઇ સ્ટાંપ જે માણસ જાણી બુઝીને પોતાના કબજામાં રાખે, અથવા વેચે અથવા કોઇને આપે, અથવા એવો કોઇ સ્ટાંપ વપરાએલો જાણ્યા છતાં જે માણસ તે સ્ટાંપ વેચે, અથવા કોઇને આપે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

બાબ ૧૩ મો.

કાટલાં તથા માપ સંબંધી ગુન્હા બાબત.

કલમ ૨૬૪ મી.

તોળવાનું ખોટુ યંત્ર દગલબાજીથી વાપરવું.

૨૬૪. તોળવાનું કાંઇ પણ યંત્ર ખોટુ છે એવું જાણીને જે માણસ દગલબાજીથી વાપરે તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કલમ ૨૬૫ મી.

ખોટું કાટલું અથવા માપ દગલબાજીથી વાપરવું.

૨૬૫. જે માણસ કાંઇ પણ ખોટુ કાટલું અથવા લંબાઇનું કે ભરતરનું ખોટુ માપ દગલબાજીથી વાપરે, અથવા એક કાટલાને અથવા લંબાઇના કે ભરતરનાં માપને તે છે તેથી કાંઈ જુદાં કાટલાં અથવા માપને ઠેકાણે દગલબાજીથી વાપરે, તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કલમ ૨૬૬ મી.

ખોટાં કાટલાં અથવામાપપાસે રાખવાં.

૨૬૬. તોળવાનું કાંઇ પણ યંત્ર, અથવા કાંઇ કાટલું, અથવા લંબાઇનું કે ભરતલનું કાંઇ માપ, ખોટુ છે એવું જાણીને, તથા તે દગલબાજીથી વાપરવામાં આવે એવા ઇરાદાથી, જે માણસ પોતાની પાસે રાખે, તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કલમ ૨૬૭ મી.

ખોટાં કાટલાં અથવામાપબનાવવાં,વેચવાં

૨૬૭. તોળવાનું કાંઇ પણ યંત્ર, અથવા કાટલું, અથવા લંબાઇનું કે ભરતલનું કાંઇ માપ ખોટું છે એવું જાણીને જે માણસ બનાવે, વેચે, અથવા કોઇને આપે, એટલા સારૂ કે તે ખરાને ઠેકાણે વપરાય, અથવા એવું જાણીને કે તે ખરાને ઠેકાણે વપરાય એવો સંભવ છે, તો તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કલમ ૨૬૮મી.

જે સખસ એવું કાંઇ કામ કરે, અથવા એવી કાંઇ કાયદા વિરૂધ્ધ કસુર કરે, કે જેથી લોકને, અથવા જે માણસો પાડોસમાં રેહેતા હોય અથવા જેઓના કબજામાં ત્યાંહાં પાડોશમાં કાંઇ મિલકત હોય તે સર્વ માણસોને, કાંઇ સાધારણ નુકશાન, ભય, અથવા દુઃખ થાય અથવા જેથી જે સખસોને કાંઇ સાર્વજનીક હક વાપરવાની જરૂર પડે તે સખસોને નુકશાન, અડચણ, ભય, અથવા દુઃખ થયા વિના રહેજ નહી; તે સખસે લોકાપકારક કૃત્ય કર્યું એમ સમજવું. લોકાપકારકકૃત્ય.

રાણી. વિ. એંથની ઉદયન.

कोइ खानगी मिलकत उपर शाह रस्तेथी आठवारने छेटे आवेलो कुवो, ज्यां दरेक जणने जवानी छुट होय, ते कुवानी आसपास जाळी करवानी कसुर करवी ए लोकापकारक कृत्य गणीने शीक्षा करवो जेवुं कृत्य नथी.

કલમ ૨૬૮.
૧
તા૦ ૨૩-૨-૮૩
ઈ. ૬ મ૦પા. ૨૮૦

કોઇ ખાનગી મીલકત ઉપર શાહ રસ્તેથી આઠવારને છેટે આવેલો કુવો જ્યાં દરેક જણને જવાની છુટ હોય તે કુવાની આસપાસ જાળી કરવાની કસુર કરવી એ લોકાપકારકકૃત્ય ગણીને શીક્ષા ઠરવા જેવું કૃત્ય નથી.

વાલમના એક બીજા વર્ગના માજીસ્ત્રેટે, એક એંથની ઉદયન નામના સક્ષને પોતાના કુવાને ફરતી જાળી કર્યા વગરનો રાખ્યા માટે હીં. પી. કો. ની ૨૯૦ મી કલમ પ્રમાણે અપરાધી ઠરાવી, તેનો ત્રણ રૂપૈયા દંડ કર્યો હતો.

એ કામ તંજાવરના જીલ્લા માજીસ્ત્રેટે હુકમ થવા સારૂ હાઇકોર્ટ તરફ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૮મી કલમ પ્રમાણે લખી મોકલ્યું હતું, અને તે એવા કારણથી કે, કરેલો ગુન્હાનો ઠરાવ કાયદા વિરૂદ્ધછે. ભલે જો કે કુવાનો ધણી, બીજા લોકોને તેનો ઉપયોગ કરવા દેતો, અથવા ઉપયોગ કરતાં કોઇને અટકાવતો નહીં, તો પણ ખાનગી મિલકત ઉપર આવેલા કુવાને ફરતી જાળી વગરનો રાખવો, એથી લોકાપકારક કૃત્ય થતું નથી. એવો જીલ્લા માજીસ્ત્રેટે અભિપ્રાય આપ્યો. એ કુવો પ્રતીવાદીના ઘરની પછીતના ભાગમાં શાહ રસ્તેથી બાર ગજ છેટો હતો. પણ એ પછીતના ભાગને વાડ કરી નહોતી. અને સદરહુ કુવાને માત્ર એવેંત ઊંચી હૈયા રખી હતી. જે લોકો તે કુવામાંથી પાણી ભરતા, તે લોકો, અથવા વટેમાર્ગુઓ એ કુવામાંથી પાણી ભરતાં પડી જાય એવું બીજા વર્ગના માજીસ્ત્રેટે ધારેલું છે.

કોઇના તરફથી કોઇ વકીલ હાજર થયેલો નહોતો.

હાઇકોર્ટ તરફથી ચીફ જસ્ટીસ ઈન્સ તથા કર્નાને ઠરાવ આપ્યો કેઃ—શાહ રસ્તેથી સાડીઆડત્રીશ ગજની અંદર કોઇ માણસની મિલકત ઉપર આવેલો કૂવો જે સરીઆમ રસ્તેથી

આવતાં જતાં ઉપયોગમાં લેવાની છુટ હોય તેવા કૂવાની આસપાસ વાડ કરવાની વિલાયતના કાયદા પ્રમાણે દરેક માણુસની ફરજ છે. આવી જાતનો નિયમ હિંદુસ્થાનના કાયદાકારોએ બાંધેલો નથી.

બેશક શાહરસ્તેથી માત્ર બાર ગજને છેટે આવેલો કૂવો જેને ફરતી જાળી કરવામાં આવી ન હોય, અને લોકોને તેનો ઉપયોગ કરવા સારૂ ખુલ્લો મૂકયો હોય, તેથી પ્રજાને નુકશાન થવું જોઇએ. અને એવા કૂવાની આસપાસ વાડ કરવામાં કસુર કરવી, તેમાં લોકાપકારક કૃત્ય થવાના ઘણાં તત્વોમાંથી કેટલાંક તત્વો રહેલાંછે.

પરંતુ જ્યાં સુધી, એ કરેલી કસુર, કોઈ કાયદા વીરૂધ્ધની કસુર ગણાય નહીં, ત્યાં સુધી લોકાપકારક કૃત્યની વ્યાખ્યામાં તેનો સમાસ થતો નથી.

હીં. પી. કો. ની ૪૩ મી કલમમાં " કાયદા વિરૂધ્ધ" એ શબ્દની વ્યાખ્યા આપી છે, તે જે હરકોઇ કામ ગુન્હો છે તેને, અથવા જે ન કરવાની કાયદાએ મનાઇ કરી હોય, તેને અથવા જે કરવાથી દીવાની દાવાનું કારણુ મળે છે, તેને દરેકને લાગુ પડે છે. આમાંથી પેહેલી બે બાબતોનું આ કામમાં અસ્તીપણું નથી. અને પોતાની ધરતી ઉપર આવેલા કુવાની આસપાસ જાળી કરવાની કસુર કરવી, એટલાજ ઉપરથી દીવાની દાવાનું કારણુ ઉત્પન્ન થતું નથી; અને કોઇ સક્ષ શાહ માર્ગથી ભુલો પડીને જાળી વગરના કુવામાં પડી જાય, તેની નુકશાની સારૂ દીવાની દાવાનું કારણુ મળે કે નહી? એ ઘણુંજ શક પડતું છે. વળી તે પડનારો પોતાનીજ ગફલતથી પણુ પડી ગયો હોય, કેમકે એવી રીતે, પડી જનારને રસ્તે ચાલ્યા જવાની ફરજ છે. અને તેનું પડવું પોતાની ફરજમાં કસુર કરવાથી વખ્તે બનેછે.

આવા અભિપ્રાય ઉપરથી ગુન્હાનો ઠરાવ તથા સજા રદ કરી, દંડ પાછો આપવાનો હુકમ કરીએ છૈએ.

મુતુ મીરા. વી. કેસરેહીંદ.

કલમ ૨૬૮.

૨
તા૦ ૧૮-૯-૮૪
ઇ. ૭ મ. પા. ૫૯૦

હિંદુઓનાડામાં અથવા હિંદુઓના દેવાલય પાસે તાબુત બેસાડવા એથી કાંઇ લોકાપકારક કૃત્ય થતું નથી.

एक गामना केटलाक मुसलमान रहेवाशीओए, मोहोरमना दहाडामां गामतळीआना कोइ खंडेर उपर एक हंगामी छापरुं उभुं करी, तेमां धर्मनी प्रतीमा बेसाडी. मजकुर गामना हिंदु रहेवाशीओना मंदीरो पेला छापरानी पाडोशमां होवाथी, तेओना मनमां जरूर दुख पेदा थशे अने तेथी भारे सुलेहनो भंग थशे एम गणीने तेओने लोकापकारक कृत्य कर्या माटे ही. को. नी २९० मी कलमना गुन्हाना एक माजीस्त्रेटे अपराधी ठराव्या. ठराव्युं के ऐवो ठराव गेर कायदेसरछे.

સને ૧૮૮૩ ના ૩૩૯ મા નંબરના ક્યાલંડર કેસમાં ધારાપુરના બીજા વર્ગના માજીસ્ટ્રેટે સજા કરી હતી. તેના ઉપર કોઇમ્બતુરના માજીસ્ટ્રેટ પાસે અપીલ થઇ; અને તારીખ. ૨૦-૩-૮૪ ની અપીલના ઠરાવનું કામ, સને ૧૮૮૨ ના ૧૦ મા આક્ટની ૪૩૫ મા તથા ૪૩૯ મી કલમ પ્રમાણે ફરી તપાસવાની આ એક અરજી હતી.

કેશની હકીકત તથા દલીલો હાઇકોર્ટના ઠરાવમાં જોઇએ તેટલી માલુમ પડી આવેછે.

અરજદારો તરફથી વેડરબર્ન્સ સાહેબ વકીલ હતા.

ફરીયાદી તરફથી ડનહીલ સાહેબ વકીલ હતા.
ચીફ જસ્ટીસ ટરનરનો ઠરાવ.

મોહોરમના તહેવારમાં તોહોમતવાળાઓ કે જેઓ દલવીઆપાટણના રહેવાશીઓ હતા, તેઓએ ગામતળીઆના એક ખંડેર ઉપર હંગામી છાપરૂં ઉભું કર્યું, અને તેમાં એક પ્રતીમા બેસાડી.

એ ખંડેર હિંદુઓનાં દેવસ્થાનની પડોશમાંછે, અને તે મંદીરોમાંથી એ ખંડેરની પાસે થઈને, ચોકસ મોસમમાં સરગસ નોકળે છે, અને તેના કેટલાક ભાગમાં કાળી મનના તેહેવારે દેવીને, અર્પણ કરવાના પાડાઓ હિંદુઓ તરફથી બંધાયછે.

એમ નીકળ્યું છે કે,—આમ કરવામાં તોહોમતવાળાઓનો ખાસ ઇરાદો હિંદુઓની ધાર્મિક લાગણીઓને ઇજા કરવાનો નોહોતો. પણ લોકાપકારક કૃત્યના ગુંન્હાનો ઠરાવ માજીસ્ટ્રેટે કરેલો છે, અને તે અપીલ કોર્ટે મંજુર રાખેલછે. તે એવા કારણથી કે, હિંદુઓનાં મંદીરોની પાડોશમાં મુસલમાની ધર્મની મુર્તી મુકવાથી હિંદુઓને ભારે દુખ થવા સંભવછે.

પીનલકોડમાં લોકાપકારક કૃત્યની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

જે સક્ષ એવું કાંઇ કામ કરે, અથવા એવી કાંઈ કાયદા વીરૂધ્ધ કસુર કરે, કે જેથી લોકને, અથવા જે માણસો પાડોસમાં રહેતાં હોય, અથવા જેઓના કબજામાં તાંહાં પડોસમાં કાંઈ મિલકત હોય, તે સરવ માણસોને કાંઇ સાધારણ નુકશાન, ભય, અથવા દુખ થાય, અથવા જેથી જે સક્ષોને કાંઇ સાર્વજનીક હક વાપરવાની જરૂર પડે, તે સક્ષોને નુકસાન, અડચણ, ભય, અથવા દુખ થયા વીના રહેજ નહીં. તે સક્ષે લોકાપકારક કૃત્ય કર્યું એમ સમજવું.

કોઈ સર્વોપકારક કૃત્યથી કાંઇ અનુકુળતા અથવા લાભ થતો હોય, તો તે સબબથી તે ગુન્હો માફ થઈ શકતો નથી.

પીનલકોડના કાયદાની ભાષા ઉપરથી ખુલું છે કે, જે કૃત્યો કીંવા કસુરોથી એક વર્ગના માણસોની લાગણીને દુઃખ થાય, તેને લાગુ પાડવાની તેની ધારણા નથી. એક પંથવાળાઓએ કાંઈ કર્યું હોય, તેથી બીજા પંથવાળાની લાગણીઓને દુઃખ થાય છે, એવું આ મુલકમાં વારંવાર બન્યા કરે છે. બંદગી કરવાનું મકાન કોઇ ચોકસ સ્થળે ઉભું કરવામાં આવે, તો તેથી નજીકમાં રહેનારા બીજા પંથવાળાઓની લાગણીને દુઃખ થવા સંભવ છે. પણ આવી જાતના કામને પીનલકોડમાં લોકાપકારક કૃત્ય ગણ્યું નથી. અમુક કોમના માણસો એકલાંજ નહીં પણ આખી આલમ કોઈ જગ્યામાં રહેતી હોય, અથવા તેઓના કબજામાં તે જગ્યા હોય, અથવા જ્યારે તેઓને સાર્વજનીક હક વાપરવાનો પ્રસંગ પડે, ત્યારે તેવા લોકોને કાંઇ દુઃખ, દહેસત, અથવા અડચણ થતી હોય, ત્યારે તેઓનું રક્ષણ કરવું એજ આ કલમનો હેતુ છે.

છાપરૂં બાંધી તેમાં તાબુત રાખવાથી, જે લોકોનો સમુદાય પડોસમાં રહે છે, તેઓને કાંઇ દુઃખ અથવા દેહેસત, અથવા અડચણ થતી નથી અથવા એથી પોતાના સાર્વજનીક હકને એટલે કે, એ જમીન ઉપર રસ્તે ચાલવાના હકનો ઉપભોગ કરતાં, કોઇ માણસને કાંઇ ઇજા, હરકત, ભય, કીંવા અડચણ થતાં નથી. એ મુસલમાનોએ બીજી મોસમે, હિંદુઓ કરે છે તેના કરતાં, વધું કર્યું નથી. એટલે કે એ ખંડેરનો તેઓએ જે કામ, તેઓ

ધર્મનું માનતા હતા તે સારૂ થોડા વખતને માટે ઉપયોગ કર્યો છે. આ કૃત્યોથી બીજાઓ-ની ધાર્મીક લાગણીઓ ઉસ્કેરાય અને તેના આવેશમાં તેઓ સુલેહનો ભંગ કરવા લલ-ચાય, એટલા કારણથી તહોમતવાળાનાં કૃત્ય, લોકાપકારક કૃત્ય થતાં નથી.

જો પોતાને વાજબી જણાય કે, વાજબી કારણસર જે લોકો સુલેહનો ભંગ કરવાનો વિચાર કરે છે, તેઓને એમ ન કરવા દેવા સારૂ પ્રસંગ પડયે, જે સતા વાપરવાનો અધિ-કાર આપ્યો છે, તે સત્તા વાપરવાને માજીસ્ટ્રેટને અધિકાર છે. જો તોફાન થવાનું જોખમ એ-વું ભારે અને તાતકાળીક હોય કે, માજીસ્ટ્રેટ પાસે જે સાધનો છે તે વડે અટકાવી શકાય તેવું નથી, તો વાજબી રીતે એ છાપરૂં ખસેડવાનો હુકમ કરી શકે છે. પણ ઉપર બતાવ્યા કારણસર તહોમતવાળાનાં કૃત્યો હિં. પી. કો. ની ૨૯૦ મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવા ગુન્હાના રૂપનાં નથી. અને તેથી જે ઠરાવ કર્યો છે તે રદ કરી લીધેલો દંડ પાછો આપવાનો હુકમ કરીએ છીએ.

કલમ ૨૬૯ મી.

જે માણસ કાયદા વિરૂધ્ધ અથવા ગફલતથી એવું કાંઇ કામ કરે, કે જેથી જીંદગીને જોખમવાળા કોઇ રોગનો ચેપ પસરશે એવો સંભવ હોય, અને એવો સંભવ છે એમ તે જાણતો હોય, અથવા એમ માનવાનું તેને કારણ હોય તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

જીંદગીને જોખમપહોંચે એવા રોગનો ચેપ પસરે એવું ગફલતીનુંકામ

કેસરેહીંદ वी. ફસ્નાપા તથા મુરૂગાપા.

कलम २६९. १ ता० १४-१२-८३ ई. ७ म. पा. २७६

જે સખ્સને કોગળીઆનો રોગ પયો હોય તે સખ્સ પોતાની સ્થીતીની ખબર રેલવેના નોકરોને આપ્યા વગર આગગાડીમાં મુસાફરી કરે તોતે આ કલમ પ્રમાણે ગુનેહગાર થાયછે.

क जाणतो हतो के मने कोलरा थयुं छे. पण ते वातनी खबर रेल्वेना नोकरोने आप्या वगर मुसाफर तरीके गाडीमां बेठो. म. क. नी स्थीतीनो वाकेफगार छतां तेने वास्ते तेणे टीकट लीधी. अने तेनी साथे मुसाफरी करी. ठराव्युं के, जे कृत्य जींदगीने जोखममां नांखे एवा चेपी रोगनो फेलाव थवानो संभव छे, अने ए कृत्यथी एवी रीते थशे, एवुं तेने मानवानुं कारण छे. एवुं कृत्य गफलतथी कर्युं तेथी पीनलकोडनी २६९ मी कलम प्रमाणे क ने वाजबीरीते गुन्हेगार ठराव्यो छे. अने क ना गुन्हामां म ए मदद करी तेने वास्ते पण वाजबीरीते गुन्हेगार ठराव्यो छे.

આ કેસ સાલમના ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે હાઇ કોર્ટને લખી મોકલ્યો હતો.

આ માજીસ્ત્રેટે લખેલી હકીકત નીચે મુજબ છે.

"સને ૧૮૮૩ ના નંબર ૨૬૪૦ના કેલેંડર કેશમાં, વણીયબાંદીના બીજા વર્ગના માજીસ્ત્રેટે, એક ફસ્નાપાએ પોતાને કોલેરાનો રોગ હતો છતાં આગગાડીમાં મુસાફરી કરી તે સારૂ, અને બીજે મુરૂગાપા જેણે આ માંદા માણુસ વાસ્તે ટીકટ લીધી, અને પોતા સાથે લેઈ ગયો તે સારૂ બંને જણાનો દંડ કર્યો હતો.

"તેઓને પીનલકોડની ૨૬૯ મી કલમ પ્રમાણે શીક્ષા થઈ છે. સને ૧૮૭૯નો ચોથો આકટ જે રેલવે આકટ કહેવાય છે, તેની ૨૦ મી કલમ અનુસાર આગગાડીની ગાડીમાં કાંઇ ચેપી રોગથી બીમાર હોય, તેને બાહાર કાઢવા રેલવે ખાતાના નોકરોને અધિકારછે. પણ તેથી તેવા મુસાફર શીક્ષાને લાયક થતા નથી.

મને લાગે છે કે, હીં પી. કો. ની ૨૬૯ મી કલમનો જ્યારે તાણીને અર્થ કરીએ ત્યારેજ તે કલમ આ કામને લાગુ પડી શકે છે.

કોઇના તરફથી વકીલ હાજર નહોતો.

કોર્ટનો ઠરાવ. (ટરનર ચીફ જસ્ટીસ તથા કરનાન જસ્ટીસનો)

અમારો અભીપ્રાય એવો છે કે, આ કામમાં ગુન્હાનો ઠરાવ કરવા સારૂ જોઇએ તેટલો

બીમાર માણુસ જ્યારે ગાડીમાં સ્વાર થયો ત્યારે તે જાણુતો હતો કે મને કોગળીઉં થયું છે. અને તેથી કરીને તેણે જીંદગીને જોખમમાં નાંખે એવા ચેપી રોગનો ફેલાવો કર્યા જેવું કર્યું છે, એટલે કે જો સાવધાનીથી પોતાની સાથેના મુસાફરોને જોખમ થતું અટકત, અને પોતાની સ્થીતીની ખબર રેલવેના નોકરોને આપી હતતો, તેને માટે જુદો સમાસ કરત. અથવા તેને કાયદેસર મુસાફરી કરતાં અટકાવત, એ સઘળું કરવામાં તેણે કસુર કરી છે. બીજા તહોમતવાળાએ એ કૃત્યમાં મદદગારી કરી છે. માટે વચમાં પડવાનું આમે કાંઇ કારણુ જોતા નથી.

મહારાણી કેસરેહીંદ વિ. રખમા.

કલમ ૨૬૯.

૨

તા૦ ૩૦—૯—૮૬
ઈ. ૧૧ મું. પા. ૫૯

ચાંદીવાળી ઓરત સાથે જાઈને સંભોગ કરવો તેથી તે ઓરત ચેપી રોગ ફેલાવનાર તરીકે ગુનેહગાર થતી નથી પરંતુ તે કસબણે સંભોગ કરનારને ખોટી હકીકત સમજાવીને સંભોગ કરવાને લલચાવ્યો હોય તો તે ઠગાઇના ગુન્હાની ગુનેહગાર થાય છે.

जे कसबणने चांदीनो रोग होय, ते कसबण साथे संभोग करतां संभोग करनाराने ए रोग चोंटे तो ते कसबण हिं. पी. को. नी कलम २६९ मी प्रमाणे "जेथी जींदगी" ने जोखमवाळा रोगनो चेप पसरशे एवो संभव होय, तेवा कांइ गफलती काम वास्ते सजाने पात्र थती नथी.

जो ते संभोग तेणीनी तरफथी कांइ खोटी हरकत कह्या उपरथी थयो होय तो तेणीना उपर ४१७ कींवा ४२० मी कलम मांहला ठगाइना गुन्हानुं तोहोमत रही शके छे.

આરેપરંસ સતારાના જીલ્લામાજીસ્ત્રેટે ૧૮૮૨ ના દસમા આકટની ૪૩૮ મી કલમ પ્રમાણે લખી મોકલ્યું હતું.

તોહોમતદાર એક કસબણ હતી. ફરીયાદી વિલયુમ જીફાર્ડને ચાંદીનો રોગ ચોટાડયાનું તેણીના ઉપર તોહોમત હતું. અને એક પહેલા વર્ગના માજીસ્ત્રેટે હી. પી. કો. ની ૨૬૯ કલમ માંહલા ગુન્હાની તેણીને અપરાધી ઠરાવી હતી. " અને તેમ કરવાનાં કારણુ સદરહુ માજીસ્ત્રેટે નીચે પ્રમાણે આપેલાં છે.—

(૧) ફરીયાદીએ કરેલી કેદણુ સાથે સંભોગ કર્યો હતો, એ વાત સાબીત થઇ છે. અને તે તારીખે તેણીને જીદંગીને જોખમ લાગે એવા પ્રથમારંભની ચાંદીનો રોગ હતો." તેણીએ ફરીયાદીને કહેલ હતું કે, હું દુરસ્તછું પણ તે ફરીયાદીને તેણીનો રોગ ચોંટી ગયો કેદણુ કાંઇ બચાવ કરતી નથી. અને પોતાને ચાંદીનો રોગ હતો, એ વાત તે કબુલ કરે છે, માટે તે ગુન્હેગારછે."

એ ઉપર જીલ્લા માજીસ્ત્રેટે નીચે પ્રમાણે લખાણ કર્યું.

" ઘણા કારણોથી આ ઠરાવ મને ભુલ ભરેલો લાગે છે, તેમાંનું પેહેલું કારણ એ છે કે આવી જાતના મુકરદમાનો સમાસ કરવાના હેતુથી. હી. પી. કો. ની ૨૬૯ મી કલમ ઘડવામાં આવી નથી.

આવા સંભોગમાં, મજકુર કસબણે ભાગ લીધો, તે મારા અભીપ્રાય પ્રમાણે, તેણીએ કાંઇ કૃત્ય કર્યું, એમ કહેવાય નહીં, તેમ તે કલમનો કોઇ રીતે અર્થ બેસાડતાં કાયદા વિરૂદ્ધ કસુર કર્યાની પણ તે ગુન્હેગાર ઠરે નહીં.

આ કામમાં કહેવામાં આવ્યું છે કે, પોતાને રોગ હોવાની વાત તે સ્ત્રી જાણુતી હતી. તે વાત માન્ય કરતાં આવા કામમાં ગફલત એ મુદાની હકીકત નથી. ૨૬૯ મી તથા ૨૭૦ મી એ બે કલમોમાંથી છેલી કલમ વધારે લાગુ પડતી દેખાય છે. પરંતુ આ એક કલમ લાગુ પડવાની ધારણા રાખી હોય એમ હું માનતો નથી.

આ કામનો ઇનસાફ સંક્ષેપ રીતે થયો છે, તેથી રજીસ્ટરના આઠમા આસનમાં પુરાવાનો જે નોંધ કર્યો છે, તે શિવાય વધુ નોંધ નથી. અને તે ઉપરથી કોઇ રીતે સ્પષ્ટ દેખાતું નથી કે, જ્યાને સંભોગ થયો ત્યારે, પોતાને દરદ થયાની વાત સદરહુ ઓરત જાણુતી હતી. પોતાને ચાંદીનો રોગ થયો છે, એવી તેણીએ ઇનસાફને વખતે કબુલત કરી છે, તેથી આ મુદ્દો સાબીત થતો નથી.

તોપણ ઉઘાડું છે કે, જીંદગીને જોખમ લાગે એવો રોગ ફેલાવાનો તેણીના કૃત્યથી સંભવ હતો કે નહીં. તેના ઉપયોગી મુદા વીશે, માજીસ્ત્રેટે કાંઇ પુરાવો લીધો નથી. આંહીની છાવણીના લસ્કરના કમાનડીંગ ઓફીશરે માજીસ્ત્રેટને જે પત્ર લખ્યો હતો તે પત્ર આ કામના કાગળીઆ સાથે બીડવાનું મેં દુરસ્ત ધાર્યું છે. અને તે ઉપરથી તે પુરાવો તેણે લીધો નોહોતો, એવું માનવાને કારણ મળી આવે છે. તેણીને જે ચાંદું હતું તે ખરે ખરી ચાંદીના પ્રકારનું નહતતો મુકેલું તોહોમત પડી ભાગે છે.

ચાંદીનો રોગ પ્રથમારંભે ગમે તે પ્રકારનો હોય, તોપણ તે જીંદગીને જોખમ કારી છે કે નહીં, એ સવાલનું નીરાકરણ થયું નથી એમ હું માનુંછું અને વખતે એ સવાલ ઉઠાવવામાં આવે એવોછે માટે આ રેફરંસનો નીકાલ કરવાની જે તારીખ મુકરર થાય, તે એવી રીતે મુકરર કરવી જોઇએ કે, જો સરકારને આ કામમાં હાજર થવા વકીલને સુચના આપવાનું યોગ્ય જણાય તો, જે ગુન્હાનો ઠરાવ કર્યો છે તેના ટેકામાં તે પોતાની દલીલ આપવી હોય તો તે આપી શકે."

સરકાર તરફથી રાવસાહેબ વીશ્વનાથ નારાયણ મંડળીકે, માહારાણી કેસરેહિંદ વિ. કસ્નાપા (૭ મ. ૨૭૬) તથા રસલ ઓનક્રોયમ્સનું પુસ્તક ૧લું પ્રષ્ટ ૨૬૭નો હવાલો આપ્યો.

અપરાધી તરફથી કોઇ હાજર હતું નહીં.

જસ્ટીસ વેસ્ટનો ઠરાવ.

કેદણને ભયંકર રોગ હતો, અને તેણીએ સાપ્રાધ ગફલત કરી હતી, એવું માની લેતાં પણ સંભોગ કરાવ્યાથી તેણીનું કૃત્ય ફરીયાદીની મદદ વગર ચેપ ફેલાવી શકે એવું નથી. અને એ બાબતમાં ફરીયાદી પડેજ જવાબદાર છે. અને સામાન્ય રીતે કહીએ તો તે પોતેજ સહગુન્હેગાર છે. જો આ કામમાં કાંઇ ગુન્હો થયો છે, તો તે હિં પી. કો. ની ૪૧૭ અથવા ૪૨૦ મી કલમ મુજબ શીક્ષા થઈ શકે તેવો ઠગાઇનોછે. અને તે સાબીત કરવા સારૂ, દરદી અથવા તે દરદવાળી ઓરતના તરફથી ખોટી હકીકત કહ્યાથી સંભોગ કરવાની લાલચ થઈ હતી, એવો પુરાવો પડવો જોઇએ. માટે ગુન્હાનો તથા સજાનો ઠરાવ અમે રદ કરીએ છીએ.

કલમ ૨૭૦ મી.

૨૭૦. જે માણસ દ્વેષબુદ્ધિથી એવું કાંઇ કામ કરે, કે જેથી જીંદગીને જોખમવાળા કોઇ રોગનો ચેપ પસરશે એવો સંભવ હોય, અને એવો સંભવ છે એમ તે જાણતો હોય, અથવા એમ માનવાનું તેને કારણ હોય તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે. જીંદગીને જોખમ પોહોંચે એવા રોગનો ચેપ પસરે એવું દ્વેષબુદ્ધિનું કામ

કલમ ૨૭૧ મી.

૨૭૧. કોઇ વહાણને રોગના સબબથી દુર રાખવા બાબતની અથવા તે સબબથી દુર રાખેલાં વહાણોનો કિનારા સાથેનો અથવા બીજા વહાણો સાથેનો વેહેવાર કેમ ચાલે તેનો બંદોબસ્ત કરવા બાબતની અથવા જે જગોમાં કાંઈ ચેપી રોગ ચાલતો હોય તે જગો તથા બીજી જગોની વચ્ચે વેહેવાર કેમ ચાલે તેનો બંદોબસ્ત કરવા બાબતની હિંદુસ્તાનની સરકારે અથવા કોઈપણ સરકારે કરીને જાહેર કરેલી કોઈ કાનુન જે માણસ જાણીબુઝીને ન માને તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. રોગના સબબથી દુર રહેવા સંબંધીની કાંઇ કાનુન ન માનવી.

કલમ ૨૭૨ મી.

૨૭૨. કોઇ માણસ કાંઇ ખાવાની અથવા પીવાની વસ્તુમાં ભેળ કરે, એવી રીતે કે તેથી તે વસ્તુ ખાવાથી અથવા પીવાથી અવગુણ થાય અને એવા ઈરાદાથી કે તે વસ્તુ ખાવાને અથવા પીવાને વેચવી, અથવા તે ખાવાને અથવા પીવાને વેચાશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. વેચવાને ઇરાદે રાખેલી ખાવાની અથવા પીવાની વસ્તુમાં કાંઈ ભેળ કરવી.

કલમ ૨૭૩ મી.

૨૭૩. જે વસ્તુ અવગુણકારક કરેલી અથવા થયેલી હોય, અથવા ખાવા અથવા પીવા જોગ સ્થિતીમાં ન હોય, તેવી કાંઇ વસ્તુ ખાવા અથવા પીવાની વસ્તુ દાખલ કોઇ માણસ વેચે; અથવા વેચવાનું કહે, અથવા ચવેવા મુકે, અને તે વસ્તુ ખાવામાં અથવા પીવામાં અવગુણકારક છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં એ પ્રમાણે કરે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. ખાવાની અથવા પીવાની અવગુણકારક વસ્તુ વેચવી.

કલમ ૨૭૪ મી.

૨૭૪. કોઇ માણસ કાંઇ વસાણામાં અથવા તઇયાર કરેલા અઉષધમાં કાંઇ ભેળ કરે, એવી રીતે કે તેથી તે વસાણાનો અથવા તઈયાર કરેલા અઉષધનો ગુણ ઓછો થાય, અથવા તેની અસર બદલાય, અથવા તે અવગુણકારક વસાણામાં ભેળ કરવી.

થાય, અને તેમાં તેવી કાંઇ ભેળ ન થઇ હોય એ પ્રમાણે તે કાંઇ દવાના કામને સારૂ વેચવી અથવા વાપરવી એવા ઇરાદાથી અથવા તેવાં કામને સારૂ તે વેચાશે અથવા વપરાશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તે એ પ્રમાણે કરે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કલમ ૨૭૫ મી.

ભેળથયેલાંવસાણાંવેચવાં.

૨૭૫. કાંઇ વસાણામાં અથવા તઇયાર કરેલા અઉષધમાં તેનો ગુણ ઓછો થાય, અથવા તેની અસર બદલાય, અથવા તે અવગુણકારક થાય, એવી રીતે કાંઈ ભેળ થએલી છે, એમ જાણીને જે માણસ તે વસાણું અથવા તઇયાર કરેલું અઉષધ, તેમાં ભેળ ન થઇ હોય એ પ્રમાણે, કાંઇ દવાંના કામને સારૂ વેચે, અથવા વેચવાનું કહે, અથવા વેચવા મુકે, અથવા કોઇ દવાખાનામાંથી આપે, અથવા જે સખસને તેમાં ભેળ થએલી ખબર ન હોય એવા કોઇ સખસ પાસે તે દવાના કામમાં વપરાવે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કલમ ૨૭૬ મી.

કાંઇ વસાણાને તે જુદુ અથવા વસાણું તઇયાર કરેલુ અઉષધ હોય એ રીતે વેચવું.

૨૭૬. કાંઇ વસાણું અથવા તઇયાર કરેલું અઉષધ, તે જુદુ વસાણું અથવા તઇયાર કરેલું અઉષધ હોય, એવી રીતે કાંઇ દવાના કામને સારૂ જે માણસ જાણીબુઝીને વેચે, અથવા વેચવાનું કહે, અથવા વેચવા મુકે, અથવા કોઇ દવાખાનામાંથી આપે તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કલમ ૨૭૭ મી.

કોઇ પણ સાર્વજનીક ઝરા અથવા જલાશયનું પાણી જે માણસ બુદ્ધિપુર્વક બિગાડે અથવા મેલું કરે, એવી રીતે કે તેથી તે પાણી રોજ જે કામમાં વપરાતું હોય તે કામને સારૂ તે ઓછું લાયક થાય તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચશે રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

સાર્વજનિક ઝરા અથવાજ ળાશયનુંપાણી મેલું કરવું.

કેસરેહિંદ વિ. હલોધર અને બીજાઓ.

કલમ ૨૭૭.

૧

તા. ૭-૫-૭૭ ઇ. ૨ ક. પા. ૩૮૩

જાહેર નદીમાં જાહેર ઝરા અથવા જળાશયનો સમાસ થતો નથી.

पीनलकोडनी २७७ मी कलममां "जाहेर झरो अथवा जळाशय" एवा शब्दो लख्या छे. तेमां जाहेर नदीनो समास थतो नथी. माछलां मारवामां काम सारु कोइ नदीमां जांखरां पाथरवां ए सदरहु कलम मुजब गुन्हो थतो नथी.

તોહોમતદારનો, બીજા ૭ મછીમારોની સાથે, જેસોર પ્રગણામાં ઝાંસીના ડેપ્યુટી માજીસ્ત્રેટે ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૨૨૭ (૨૬૩)મી કલમ પ્રમાણે માંછલાં મારવાના કારણસર, નવ ગંગા નદીમાં ઝાડોનાં, જાંખરાં પાથરીને, તેનું પાણી બુદ્ધિ પૂર્વક બીગાડયું. તે સારૂ સંક્ષેપ રીતે ઇનસાફ કર્યો હતો.

પ્રતીવાદીઓએ તે ઉપરથી હાઇકોર્ટને અરજ કરી.

જસ્ટીસ માર્કબીનો ઠરાવ.

હીંદુસ્થાનના પીનલકોડની ૨૭૭ મી કલમ પ્રમાણે આ ગુન્હો થતો નથી, એમ ઠરાવવાનું હું ધારૂં છું, જે પાણી બગાડયું કહેવામાં આવે છે, તે કોઇ ઝરાનું પાણી નથી, તેમ મારા વિચાર પ્રમાણે સાર્વજનીક જળાશયનું પણ તે પાણી નથી. માજીસ્ત્રેટના ઠરાવ ઉપરથી જણાય છે કે, તે પાણી નવ ગંગા નદીનું હતું. "સાર્વજનીક જળાશયનું પાણી" એ શબ્દો વાપર્યાથી, તેમાં નદીના પાણીનો સમાવેશ કરવાનો ઇરાદો કાયદાકારોનો હોય, એમ હું ધારતો નથી. આ કારણસર નીચલી કોરટનો ઠરાવ રદ કરૂં છું, અને દંડ લીધો હોય, તો પાછો આપવાનો હુકમ કરૂંછું.

કેસરેહિંદ વી. વીટી ચોકાન તથા બીજાઓ.

हिंदुस्थानना पीनलकोडनी २७७ मी कलममां सार्वजनीक झरो, ए शब्दमां नदीना तळीया उपर वेहेता पाणीना जाथुना वेहेननो समास थतो नथी.

કલમ ૨૭૭.
૨
તા. ૨૧-૧૦-૮૧
ઇં. ૪ મ. પ્રા. ૨૨૯

નદીનું વેહેન એ સારવજનીક ઝરો ગણાતો નથી તેથી એ વેહેનના પાણીની બેજદને ખરાબ કરવા અથવા એ નદીના વહેનમાંથી બંધ બાંધીને માછલાં પકડવાં એથી કાંઇ ગુનોહ થતો નથી.

વીટી ચોકાને વરાગા નદીમાં બળદોને નવરાવ્યા તેથી એ નદીમાંથીજ ફકત પીવાનું પાણી મળી શકતું હતું તે પીવાનું પાણી બગાડયું માટે મદ્રાસ પોલીસ આકટની (૧૮૫૯ નો ૨૪ મો આકટ) ૪૮ મી કલમ મુજબ પેરે યાકુલમ તાલુકાના બીજા વર્ગના માજીસ્ત્રેટે તેને અપરાધી ઠરાવી તેનો દંડ કર્યો. તથા બીજા ચાર સક્ષો, કે જેઓએ એ વરાગા નદીના વેહેનમાં માછલાં પકડવા સારૂ બંધ બાંધ્યો હતો, અને તેથી તેઓએ એક ઝરાનું પાણી નહાવા તથા પીવાના કામ વાસ્તે નાલાયક કર્યું. એવો ગુન્હો સાબીત માની તેઓનો પણ દંડ કર્યો.

આ ઉપરથી મદુરાના જીલ્લા માજીસ્ત્રેટે એ બધા કેસો હાઇકાર્ટમાં મોકલી દીધા.

સુનાવણી ટાંણે કોઇ હાજર નહોતું.

જસ્ટીસ ઇન્સ તથા મુતુ સ્વામીનો ઠરાવ.

નદીના તળીયા ઉપર વેહેતા પાણીના જાથુના વેહેનનો સમાસ પીનલકોડની ૨૭૭મી કલમમાં "સાર્વજનીક ઝરા" એ શબ્દોમાં થતો નથી. એમ મારો અભિપ્રાય છે. માટે બંને અપરાધના ઠરાવો ખોટા છે, એમ ગણીને રદ કરવામાં આવે છે.

કલમ ૨૭૮ મી.

૨૭૮. કોઇ જગાની હવા જે માણસ બુદ્ધિપુર્વક બિગાડે, એવી રીતે કે તેથી તે જગાની પાડોસમાં ઘણું કરીને રેહેનારા અથવા ધંધો કરનારા અથવા કોઇ સરિયામ રસ્તાઉપર ફરનારા સખસોની તંદુરસ્તીમાં બિગાડ થાય, તે માણસને પાંચસે રૂપીઆ સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે. હવાને તનદુરસ્તીમાંબિગાડ કરેએવીકરવી

કલમ ૨૭૯ મી.

૨૭૯. કોઈ સરિયામ રસ્તાપર જે સખસ કાંઇ ગાડી એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે હાંકે અથવા સ્વારી કરે કે તેથી માણુસની જિંદગી જોખમમાં આવે, અથવા કોઇ જા સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, તે સખસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે. સરિયામરસ્તાપરબેફીકરાઇથીહાંકવુંઅથવાસ્વારીકરવી

કલમ ૨૮૦ મી.

૨૮૦. જે સખસ કાંઇ વહાણ એવી બેફિકરી અથવા ગફલતી ભરેલી રીતે ચલાવે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, અથવા બીજા કોઇ સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, તે સખસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. બેફીકરાઇથીવાહાણચલાવવું.

કલમ ૨૮૧ મી.

૨૮૧. કોઇ માણસ કાંઇ ખોટું અજવાળુ, નીશાણી અથવા બોયુ દેખાડે, એવા ઇરાદાથી કે તે દેખાડેથી કોઈ વહાણ ચલાવનારો ઠગાય, અથવા ઠગાશે એવો સંભવ છે એવું જાણીને, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે. ખોટુ અજવાળું,અથવા બોયુંદેખાડવું.

કલમ ૨૮૨ મી.

૨૮૨. જે વાહાણુ એવી હાલતમાં અથવા એટલું ભરેલું હોય કે તેમાં જનારા સખસની જિંદગી જોખમમાં રહે, તેવા કોઇ વાહાણુમાં બેસાડીને ભાડાને સારૂ જે માણસ જાણીબુઝીને અથવા ગફલતીથી કોઇ સખસને જળમાર્ગે લઈ જાય અથવા મોકલે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. ઘણોભારભરેલાંઅથવાદેસતવાળાં વાહાણુમાં ભાડુ કરીને કોઇ સખસનેજળમારગે લઇજવો

કલમ ૨૮૩ મી.

જે માણસ કાંઇ કામ કરવાની અથવા પોતાના કબજા અથવા હવાલા માંહેલી કાંઇ મીલકતનો બંદોબસ્ત રાખવામાં કસુર કરવાથી ખુસ્કીના અથવા તરીના કોઇ સરીયામ રસ્તામાં કોઇ શખસને ભય, અડચણ અથવા નુકશાન કરે, તે માણસને બસેં રૂપીયા સુધીના દંડની, શિક્ષા કરવામાં આવશે.

સરીયામ રસ્તા અથવાવાહાણના રસ્તામાંભય અથવા અડચણ કરવી.

કેસરેહિંદ વિ. કાદર મોહીદીન.

કલમ ૨૮૩.
૧
તા૦ ૭-૧૧-૮૧
ઈ. ૪ મ. પા. ૨૩૫

सरीआम रस्ता नी बाजुपर गंध मारती जाळ सुकववा मुकवी ऐ आ कलम प्रमाणे गुन्हो नथी.

कोइ गामना सरीयाम रस्तानी बाजुपर माछलां पठडवानी जाळ सुकबवा मुकवी एथी कोइ चोकस सक्षने अथवा सक्षोना एक वर्गने कांइ अडचण थइ, एवुं साबीत थया वगर, पीनलकोडनी २८३ मी कलम मुजब गुन्हो थतो नथी.

આ મુકરદમામાં પ્રોસીક્યુશન જે પોલીસવાળો છે. તેણે એવી જુબાની આપી કે, " પેહેલા તોહોમતદારના ઘર આગળ રસ્તા ઉપર ખરાબ ગંધવાળી જાળ, તે રસ્તે જનારા માણસોને અડચણ થાય એવી રીતે સુકવવા મુકી હતી.

બીજા તોહોમતવાળાએ કબુલ કર્યું કે, એ જાળ મારી છે, અને મેં ત્યાં મુકી હતી.

માજીસ્ત્રેટે બીજા તોહોમતવાળાને મદ્રાસ પોલીસ આકટની (૧૮૫૯ નો ૨૪ મો આકટ) ૪૮ મી કલમ મુજબ અપરાધી ગણી એક રૂપૈઓ દંડ કર્યો.

મદુરાના જીલ્લા માજીસ્ત્રેટે આ કેશ હાઇકોર્ટમાં લખી મોકલ્યો. અને તે એવા કારણથી કે, રસ્તા ઉપર જાળ સુકવવાનું તોહોમતવાળાનું કૃત્ય મારી મતી મુજબ સને ૧૮૫૯ ના ૨૪ મા આકટની ૪૮ મી કલમ પ્રમાણે અડચણ કરી એમ કહી શકાતું નથી.

સુનાવણી ટાણે કોઇ હાજર નહોતું.

જસ્ટીસ ઇન્સ તથા મુતુ સ્વામીનો ઠરાવ.

પોલીસ આકટની ૪૮ મી કલમ, જેને આધારે, તોહોમતવાળાને ગુન્હેગાર ગણ્યોછે, તે એકજ કલમમાં અમુક વિગતો આપીછે. તે પ્રમાણે જો ઢોરો તથા ગાડીઘોડાથી અડચણ થતી હોય તો તેને લાગુ પડેછે. માટે ૪૮ મી કલમ મુજબ રસ્તાની બાજુપર જાળ સુકવવા મુકવાનું તોહોમતવાળાનું કૃત્ય ગુન્હો થતો નથી.

તેમ અમારા અભીપ્રાય મુજબ એ ગુન્હાનો ઠરાવ પીનલકોડની ૨૮૩ મી કલમ મુજબ પણ ટકી શકતો નથી. કેમકે જો કે સામાન્ય રૂપે પુરાવામાં કહેલું છે કે, અડચણ થઇ હતી, પણ એ અડચણ કોઇ અમુક સક્ષને કીંવા અમુક સક્ષોને થઈ હતી, એમ જણાતું નથી.

માટે ઠરાવ રદ કરી વસુલ કરેલો દંડ પાછો આપવાનો હુકમ કરીએ છીએ.

કલમ ૨૮૪ મી.

૨૮૪. કાંઇ ઝેહેરી પદાર્થથી જે માણુસ કાંઈ કામ એવી બેફિકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણુસની જીંદગી જોખમમાં આવે અથવા કોઇ બીજા સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, અથવા જે માણુસ પોતાના કબજા માંહેના કાંઇ ઝેહેરી પદાર્થ સંબંધી, તે ઝેહેરી પદાર્થથી માણુસની જીંદગીને કાંઇ સંભાય જોખમ થતુ અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણી બુઝીને અથવા ગફલતથી કસુર કરે, તે માણુસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે. કાંઇ ઝેહેરી પદારથથી ગફલતીભરેલી ચાલ

કલમ ૨૮૫ મી.

૨૮૫. અગ્ની અથવા કાંઇ શીઘ્ર જ્વાળાગ્રાહી પદાર્થથી જે માણુસ કાંઈ કામ એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણુસની જિંદગી જોખમમાં આવે, અથવા કોઈ બીજા સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, અથવા જે માણુસ પોતાના કબજા માંહેના કાંઇ અગ્ની અથવા કાંઇ શીઘ્ર જ્વાળાગ્રાહી પદારથ સંબંધી, તે અગ્ની અથવા સીઘ્ર જ્વાળાગ્રાહી પદારથથી માણુસની જિંદગીને કાંઈ સંભાવ્ય જોખમ થતું અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણુસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. અગ્નીઅથવા શીઘ્ર જ્વાળાગ્રાહી પદાર્થો સંબંધી ગફલતીભરેલી ચાલ

કલમ ૨૮૬ મી.

અવાજ સાથે ફુટે એવા કોઇ પદારથથી જે માણસ કાંઇ કામ એવી બેફિકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, અથવા કોઇ બીજા સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, અથવા જે માણસ પોતાના કબજા માંહેના અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથ સંબંધી, તે પદારથથી માણસની જીંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતું અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણી બુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

અવાજ સાથે ફુટે એવાકાંઇ પદાર્થ સબંધી ગફલતીભરેલી ચાલ.

માહારાણી કેસરેહિંદ વિ. ચીંચુ ગાડુ.

कलम २८६.

ता० ३०–४–८५ ई. ८ म. पा. ४२१

કોઈ માણસપોતાની ભરેલી બંદુક પોતાના ઘર આંગણે મુકીને ચાલ્યોજાય અને ત્યાં બીજા કોઈને આવવાનો થોડો સંભવ હોય અને તે પ્રમાણે બંદુક મુકવાનો તેનો ઈરાદો કોઇને નુકશાન કરવાનો ન હોય તો અવાજ સાથે ફુટે એવા પદારથનો બંદોબસ્ત કરવામાં બેફિકરીથી કસુર કરયા માટે ગૂનેહગાર થઈ શકતો નથી.

एक च नामनो सक्ष पोताना मोहोलनी एक भरेली बुंदुक सहीत रात्रे चोंकी करीने भळकडुं थया पछी घेर आव्यो. अने पोताना घरनुं कमाड वासेलुं जोइने पेली भरेली बंदुक टोटी उपर घोड़ो राखीने घरनी बहार एक खाटला उपर मुकी अने थोडो वखत पडोसीने घेर चाल्यो गयो.

कोइ एक पडोसीनुं अ नामनुं ४ वरसनी उमरनुं छोकरुं बंदुक फुटवाथी मरी गयुं.

माणसनी जींदगीने जोखम थवानो संभव हतो. ते अटकाववा सारु बंदुकनो पुरतो बंदोबस्त करवानी बेफीकरीथी कसुर कर्या माटे च ने ही. पी. को. नी २८६ मी कलम प्रमाणे अपराधी ठराव्यो.

ठराव्युं के, ए ठराव कायदा विरुद्ध छे.

આ મુકરદમો કડાપાના સેસન જડજે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૮ મી કલમ પ્રમાણે હાઇકોરટ તરફ લખી મોકલ્યો હતો. જેમાં તેણે નીચે લખેલી હકીકત આપી હતી. " ગુન્હાનો ઠરાવ ગેરવાજબી તથા સજા ગેર કાયદેસર છે. એવો મારો અભીપ્રાય છે. બંધવો એક ભરેલી બંદુક લઇને મેહેલી તારીખની રાતે પોતાના મોલને વાસુએ ગયો હતો. અને ભળકડું થતાં તે પાછો પોતાને ઘેર આવ્યો. અને તેને પોતાનું ઘર વાસેલું માલમ પડયું. તેણે પોતાની બંદુક ઘરની નજીક બહાર આંગણામાં ખાટલા ઉપર મુકીને કાંઇક કામ વાસ્તે ચાલ્યો ગયો. તે બંદુક ટોટી સહીત ભરેલી હતી. અને વાંદરો અરધે રાખવાને બદલે ટોટી ઉપર રાખ્યો હતો. બંધવાની ગેરહાજરીમાં એક પડોશીની ચારવરસની છોકરી અકી ખાટલા પાસે આવી, અને બંદુક વછુટી, અને છોકરૂ મરીગયું.

એક બીજા વર્ગના માજીસ્ટ્રેટે તોહોમતદારને જીંદગીને જોખમમાં નાખવાનો સંભવ

જાણી પોતાની ભરેલી બંદુકનો તે જોખમ અટકાવવા જેટલો બંદોબસ્ત કરવામાં તેની ગફલત ભરેલી વર્તણુક માટે હી. પી. કો. ની ૨૮૬ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવ્યો. અને તેનો પચીશ રૂપૈયા દંડ કર્યો. અને દંડ ન આપે તો તે કસુરી બદલ ૨૦ દિવસની સખત કેદની સજા કરી. એ કરેલી સજા ભોગવી હોય તો તેમાં વચે આવવાને મોડું થઇ ગયા પછી આ મુકરદમો મારા લક્ષ પર આવ્યો.

આ બનાવને એક દિલગીરી ભરેલી કજા ગણવી જોઇએ, એવો મારો અભીપ્રાયછે. કોઇ માણસ પાપી ધારણાથી જ્યાં બીજાં માણસ આવી શકે, અને જો તેને અડે તો તેનું મોત થાય, એવી રીતે પોતાની ભરેલી બંદુક એવા ઇરાદાથી મુકી હતતો, તે સજાને પાત્ર થાત. પણ તે સજા હી. પી. કો. ની ૨૮૬ મી કલમ પ્રમાણે થઈ શકત નહીં. નુકશાન ઉભું કરવાની ધારણા ન હોવાની હકીકતથી ગુજરેલો બનાવ, ૨૮૬ મી કલમ નીચે આવી શકતો નથી. કોઇ એક બંદુક ભલેને ભરેલી હોય, તોપણ મારા વિચાર પ્રમાણે તે બંદુક ફુટે એવી વસ્તુ કે, જેનું આ કલમમાં ચીતવન કરેલું છે, તેવી વસ્તુ ગણાઇ શકતી નથી. આ કલમની શબ્દ રચનાનો તથા આ કજાનો ઉપર પ્રમાણે મારો વિચાર બતાવ્યો છે. તેને લઇને આ કામ હાઇકોર્ટની પાસે મુકવાની હું મારી ફરજ સમજું છઉં"

જસ્ટીસ બ્રેન્ટનો ઠરાવ.

કોઇ માણસ " પોતાના કબજા માંહેના અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થ સંબધી, તે પદાર્થથી માણસની જીંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતું અટકે એવો બંદોબસ્ત રાખવામાં જાણી બુજીને અથવા ગફલતથી કસુર કરે " એમ સાબીત થાય તો તે માણસ ૨૮૬ મી કલમના ગુન્હાનો ગુન્હેગાર થવાને પાત્ર છે, પછી તેવો સંભાવ્ય જોખમ કરવાનો તેનો ઇરાદો નહોય, તેની ચીંતા નહી.

"જાણી બુઝીને" આ શબ્દો વિચાર કરીને વાપર્યા છે. અને "ઇરાદા પૂર્વક" એ શબ્દ વિચાર કરીને વાપર્યા નથી. " જાણીબુજીને અથવા ગફલતથી" અને " બે ફીકરી અથવા ગફલત ભરેલી રીતે" એ બે પદો વચે ગમે તે તફાવત હોય, અને આ કલમના આ ભાગમાં પેહેલું પદ વિચાર કરીને વાપર્યું છે. અને " બે ફીકરી" એ શબ્દ તેના પ્રથમ ભાગમાં વિચાર કરીને વાપર્યાનું માની લેવું જોઈએ. તોપણ ઈરાદો નહીં. પરંતુ જાણવા પણું બંનેમાં રહેલું છે.

જસ્ટીસ હાલોવેએ આપણા ઉપર ઉપકાર કરી, સીક્ષણી બે ફિકરી, અને શીક્ષીણી ગફલત, એ શબ્દોનો ચોખો દિવા જેવો ખુલાસો કર્યો છે. તે ખુલાસો જોવાનું મારે કહેવું જોઇએ. કોઇ સક્ષ પોતાના કબજા માંહેલી પોતાની મેળે ફાટે એવી વસ્તુઓના સંબંધમાં મનુષ્યની જીંદગીને કાંઈ પણ જોખમ થવાનો સંભવ હોય, તે અટકાવવા સારૂ પુરતો બંદોબસ્ત કરવામાં કસુર કરે, અને એવી કસુર કરવાથી જોખમની સંભવતા થશે, એમ તેના જાણ્યામાં હોય, તો જે કામથી તે આ કલમ પ્રમાણે સજાને પાત્ર થાય છે, તે કામ તેણે જાણી બુજીને કર્યું એમ સમજવું. અને બે ફીકરી થવા સારૂ આ કરતાં કાંઈ વધારે જોઈએ છીએ કે નહીં? તેનો વિચાર કર્યા વગર, અથવા આવી જાતનું બાહોશપણું રાખીને કામ કરવાથી બે ફીકરીનો સમાવેશ થઇ જાય છે. અગર બે ફીકરી પોતે થાય કે નહીં? તેનો વિચાર કર્યા વગર હાલના મુકરદમામાં ઉપર કહ્યું એટલું બસ છે. કોઇ માણસને સાવધાન

પણું વાપરવાની ફરજ છે. અને તે સાવધાનપણું તેણે વાપર્યું હતતો, તેની કસુરીથી જે જે જોખમ થવાનો સંભવ છે તે જોખમનું તેના મનમાં બાહોશપણું આવત તો તેવું બાહોશપણું રાખ્યા વગર સદરહુ સક્ષ તેવા પ્રકારના ઇલાજ લેવામાં કસુર કરેતો, તે પોતાની ગફલતના કારણથી જવાબદાર થાયછે.

પરંતુ મને તો એમ લાગે છે કે, આ મુકરદમાનો નીકાલ બીજા આધાર ઉપર થઇ શકે એવો છે. એમ કહેવા નથી માગતો કે, તે નીકાલ ગફલત કીંવા જ્ઞાનનાં તત્વો અલગ રાખીને થઇ શકે છે, કેમકે પરીણામ થવાનું સંભાવ્યપણું અને તે સંભાવ્યપણાના જ્ઞાનનો સામટી રીતે વિચાર કર્યા વગર છુટકો નથી. હવે બીજો આધાર એ છે કે, જ્યાં સુધી મનુષ્યની જીંદગીનું જોખમ થવાની વાત કસુર કરવાનું સંભાવ્ય પરીણામ હોવાની સાબેતી ન થાય, ત્યાં સુધી આ ગુન્હો સાબીત ગણી શકાતો નથી. આ મુકરદમાની જે હકીકત સાબીત થઇને કબુલ કરવામાં આવી છે, તે એ છે કે, જ્યારે બંધવો પોતાની ભરેલી બંદુક સહીત ઘેર આવ્યો, અને જ્યારે પોતાના ઘરનો દરવાજો બંધ થયેલો જોયો ત્યારે તેણે ઘરની બહાર પોતાની બંદુક ખાટલા ઉપર મુકીને તથા એ બંદુકનો ઘોડો ટોટી ઉપર રાખીને પડોસીને ઘેર થોડો વખત ચાલ્યો ગયો. જો એ બંદુક તેણે ઘોડો પુરે પુરો ચડાવીને રાખી હતતો આ મુકરદમો જુદા રૂપનો થાત. પરંતુ એ ઘોડો અરધો ચડાવીને મુકી શકાય. એવો પુરાવો પડગો નથી. અને બંધવે કહ્યું છે કે, મેંતો સલામતી સારૂ વાંદરો ટોટી ઉપર મુક્યો હતો. એવી સ્થીતીમાં મુકેલી બંદુક તુરત ફુટી જાય એવી રીતે મુક્યાનો પુરાવો પડગો નથી. અને જો છોકરૂં તે બંદુકથી ખેલતું હતું તેણે તેને પડવા દેઇને અથવા બીજી રીતે ભારે આંચકો આપ્યો હશે, અથવા ખરેખર એ છોકરાએ વાંદરો ઉપાડીને ટોટી ઉપર પડવા દીધો હશે. અલબતે તે ઠેકાણે બંદુક ભરીને તથા ટોટી સહીત નોહોતી મુકવી, એ વધારે ડાપણવાળું હતું, પરંતુ તેમ કરવાથી જે પરિણામ થયું, તે સંભાવ્ય પરિણામ હતું તેને માટે બંધવાને જવાબદાર ગણવોકે કેમ, તેજ સવાલ આ કામમાં રહેલો છે. મારો મત એવો છે કે, તેને જવાબદાર ગણવો જોઇએ નહીં. તેણે વિચાર પુર્વક એમ ધાર્યું હશે કે, જે સક્ષને બંદુકનો ઉપયોગ કરવાની ખબર નથી અને જે સક્ષને તે બંદૂકને અડકવાનું કાંઇ કારણ નથી, તે સક્ષ બીલકુલ અડકશે નહીં. તથા એવા દારૂનાં હથીયારોનો ઉપયોગ કરવાની જે સક્ષને માહેતી છે, તે સક્ષપણ તેને અડકશે નહીં. અને કદાપી એ સક્ષ જો તેને અડકશે તો તેમાંથી નુકશાન થશે નહીં. વળી એમ પણ તેણે વ્યાજબી રીતે માન્યું હશે કે, જે સક્ષોના હવાલામાં છોકરાંઓ હોય છે, તે સક્ષો તે છોકરાં પાછળ દેખરેખ રાખવામાં સામાન્ય રીતની ફીકર રાખ્યા કરશે, અને બંધવા તરફથી તેની સામાન્ય રીતની સાવધગીરી રાખ્યાની આશા રાખવામાં આવે તો તેજ પ્રમાણે બીજા સંક્ષો જે છોકરાંઓ પોતાની મેળે સંભાળ લઇ શક્તાં નથી, તે છોકરાંઓની જવાબદારી માટે તેઓના સાવધપણાની પણ આશા રાખવી જોઇએ. જે ઠેકાણે ખાટલો પડયો હતો, તે જગ્યા ખુલ્લી હોવાનું કહેવામાં આવ્યું છે. અને વળી તે ઝાહેર જગ્યા હતી, એમ પણ કહેવામાં આવ્યું નથી. અને એ જગ્યા બંધવાના ઘરની સાવ પાડોશમાં હોવાથી તેના કબજાની હશે એમ પણ સંભવ છે.

એ છોકરાં નીમા તથા બીજા નંબરના શાક્ષી પપૈયાએ બેશક કહેલું છે કે, અડોસ

પડોશનાં છોકરાંઓએ જમીન ઉપર રમે છે. પરંતુ ચોથા નંબરનો સાક્ષી ગંગેરેડીએ કહેલું છે કે, બંધવાના ઘરમાં જવા સારૂ સદરહુ જગ્યામાં થઇને જવું જોઇએ. બંધવો પોતે એમ લખાવે છે કે, ગુજરનાર છોકરાંના માબાપનાં ઘર અને મારા ઘર વચ્ચે આ જમીન ઉપર થઇને જવાનો એક ટુંકો મારગ છે. કોઇ છોકરૂં અથવા કોઇ છોકરાંઓ આ જગાની આસપાસ રમવા આવશે, એમ બંધવે જાણ્યું હશે. અથવા ધાર્યું હશે. એવું ઠરાવી શકાતું નથી. અથવા એ બંદુકથી તેઓ ખેલ કરશે, અથવા એ બંદુકને તેઓ હાથ લગાડશે, એમ પણ બંધવે જાણ્યું અથવા વિચાર્યું હશે, એમ પણ ઠરાવી શકાતું નથી. માટે જે કજા ખરે ખરી બની તે કજા બનાવાનો સંભવ જાણીને બંધવાને ૨૮૬ મી કલમનો જવાબદાર ઠરાવી શકતો નથી. આ કારણથી હું ધારૂં છું કે, ગુન્હાનો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે. અને તેથી હું તે રદ કરૂં છઉં, અને જો દંડ લીધો હોય તો તે પાછો આપવાનો હુકમ કરૂં છું.

કલમ ૨૮૭ મી.

૨૮૭. કાંઈ સાંચાથી જે માણસ કાંઇ કામ એવી બેફિકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જિંદગી જોખમમાં આવે, અથવા કોઇ બીજા શખસને વ્યથા અથવા નુકશાન થશે એવો તે સંભવ દેખાય, અથવા જે માણસ પોતાના કબજા અથવા હવાલા માંહેના કાંઇ સાંચા સંબંધી, તે સાંચાથી માણસની જિંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતું અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીની દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ગુન્હેગારનાકબજાઅથવા હવાલા માંહેના કાંઇસાંચા સંબંધી ગફલતી ભરેલીચાલ.

કલમ ૨૮૮ મી.

૨૮૮. કાંઇ ઇમારત તોડી પાડવામાં અથવા તેને મરામત કરવામાં જે માણસ તે ઈમારત બાબત, તે ઈમારતના અથવા તેના કોઇ ભાગના પડવાથી માણસની જીંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતુ અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણી બુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવસે.

ઇમારતોતોડી પાડવામાં અથવા તેઓનેમરામતકરવાબાબત ગફલતી.

કલમ ૨૮૯ મી.

૨૮૯. જે માણસ પોતાના કબજા માંહેના કોઇ જાનવર સંબંધી તે જાનવરથી માણસની જીંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતુ અટકે, અથવા મહાવ્યથાતું કાંઈ સંભાવ્ય જોખમ થતુ અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇજાનવરસંબંધી ગફલતી.

કલમ ૨૯૦ મી.

૨૯૦. જે બાબતને સારૂ બીજી રીતે શીક્ષા કરવાનું આ કાયદામાં ઠરાવ્યું નથી એવી બાબતમાં જે માણસ કાંઇ લોકાપકારક કૃત્ય કરે, તેને બસેં રૂપીયા સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે.

લોકાપકારક કૃત્યની શીક્ષા.

કલમ ૨૯૧ મી.

ફલાણું લોકાપકારક કૃત્ય તું ફરીથી કરીશ અથવા જારી રાખીશ માં એવી તાકીદ કરવાનો જે સરકારી નોકરને કાયદેસર અખતિયાર હોય તે સરકારી નોકર તેવી તાકીદ કીધા છતાં, જે માણસ તે લોકાપકારક કૃત્ય ફરીથી કરે, અથવા જારી રાખે તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બંધ કરવાની તથા તાકીદ થયા છી અપકારક કૃત્ય જારી રાખવું.

માહારાણી કેસરેહિંદ વિ. જોખુ.

पीनलकोडनी कलम २९१ मांहेला गुन्हानो ठराव टकावी राखवा सारु फलाणुं लोकापकारक कृत्य न करवुं अथवा करतां बंध रहेवुं एवो मनाइनो हुकम बंधवाओने प्रथक प्रथक रीते आप्यानो पुरावो होवो जोइए, वळी गुन्हेगार ठरावेला सक्षे आगळ फलाणुं लोकापकारक कृत्य करेलुं हतुं ते न करवानो अथवा करता बंध रहेवानो. तेने मनाइ हुकम कर्यो हतो, एम पण बताववुं जोइए.

કલમ ૨૯૧.

તા૦ ૧૫-૧-૮૬
ઇ. ૮ અ. પા. ૯૯.

પીનલકોડની કલમ ૨૯૧ માંહેલા ગૂનાહનો ઠરાવ ટકાવી રાખવા સારૂ ફલાણું લોકાપકારક કૃત્ય ન કરવું અથવા કરતા બંધ રહેવું એવો મનાઈ હુકમ બંધવાઓને પ્રથક પ્રથક રીતે આપ્યાનો પુરાવો હોવો જોઈએ વળી ગૂનેહગાર ઠરાવેલા સક્ષે આગળ ફલાણું લોકાપકારક કૃત્ય કરયું હતું તે ન કરવાનો અથવા કરતાં બંધ રહેવાનો તેને મનાઈ હુકમ કરયો હતો એમ પણ બતાવવું જોઈએ.

हरकोइ लोकापकारक कृत्य फरीने करवुं नहीं अथवा करतां बंध रहेवुं एवो हुकम काढवानो अधिकार माजीस्त्रेटने फोजदारी काम चलाववानी रीतना कायदानी कलम १४३ मीमां आप्यो छे. ए हुकमनो भंग थाय तो ते पीनलकोडनी कलम २९१ मी मुजब सजा करवा लायक छे, हरकोइ हुकम कोइ चोकस सक्षने करवो जोइए एवुं सदरहु कलमनुं चीतवन छे.

लोकापकारक कृत्यनो बंदोबस्त करवानो माजीस्त्रेटना अधीकारो फोजदारी काम चलाववानी रीतना कायदाना बाब १० मा तथा ११ मामां समावेला छे, अडाकडीना मामलामां हंगामी हुकमोनेज फक्त ११ मो बाब वाजबी रीते लागु छे. फक्त एवाज मामलमां एक तरफी मनाइ हुकम काढी शकाय छे अने हरकोइ आवी रीतना हुकम काढवा ते चोकश सक्ष तरफ मोकलवा, एवो जे सामान्य नीयम छे तेनो ते अपवाद छे. एवा अडीकडीना मामलामां १४४ मी कलम प्रमाणे हरकोइ हुकम बहु करीने आखी आलम जे कोइ चोकश जगा तरफ आवती जती होय तेणे कोइ चोकस कृत्य करतां बंध रहेवुं, ते आलमने ए हुकम थइ शके छे. पण जे आलम बहु करीने कोइ चोकश जगा तरफ जती आवती नथी तेने जाहेरनामाथी हुकम कर्यो न होय पण आलमनी कोमना कोइ भागने कर्यो होय तो तेने आ नीयम लागु नथी.

સને ૧૮૮૫ ના અકટોંબરની ૨૨ મી તારીખે અલાહબાદના માજીસ્ત્રેટે ઠરાવ કરીને અરજદાર જોખુ તથા ચેટીને પીનલકોડની કલમ ૨૯૧ મી માંહેલા ગુન્હાના અપરાધી ઠરાવ્યા હતા. તે ઠરાવ વાંચી તેમાં સુધારો કરવાની હાઇકોર્ટને આ અરજી કરી છે.

એ અરજીનું પેહેલું કારણ એછે કે-પીનલકોડની કલમ ૨૯૧ ના અર્થ પ્રમાણે જે લોકાપકારક કૃત્યની ફરીયાદ થઇ છે તેનો લોકાપકારક કૃત્ય બીલકુલ કરવું નહીં, એવી સરકારી નોકરે અરજદારોને મનાઇ કરી નહોતી"

આ કામની હકીકત હાઇકોર્ટના ઠરાવમાં આપીછે.

અરજદારો તરફથી સ્ત્રાચી સાહેબ.

સરકાર તરફથી હીલ સાહેબ.

જસ્ટીસ ઓલ્ડફીલ્ડનો ઠરાવ.

વાત એવી બની છે કે ૧૮૮૫ ના સપટેંબરની ૧૬ મી તારીખે માજીસ્ત્રેટને એવી ફરીયાદ અરજી મળી કે અરજદારોની પડોસમાં ખેતરના ખેડુતો ખેતરમાં વીષ્ટાનું ખાતર પાથરીને અપકારવાળું કૃત્ય કરે છે તે અરજીમાં કોઇનું નામ લખ્યું નહતું, તે ઉપરથી માજીસ્ત્રેટે એવું મભમ ઝાહેરનામું કાઢયું કે કોઇ સક્ષે પોતાના ખેતરમાં દર્દ અથવા હરકત થાય એવી રીતે વીષ્ટા પાથરવી નહીં.

આ ઝાહેરનામું સપ્ટેંબરની ૧૯ મી તારીખે કાઢયું, ૧૦ મી અકટોંબરને રોજ અરજદાર જોખુ તથા એક બીજો જે અદાલતમાં નથી તેઓએ પોતાના ખેતરોમાં વિષ્ટા પાથરીને કલમ. ૨૭૮-૨૯૦ તથા ૨૯૧ માંહેલા ગુન્હા કર્યા છે, એવું એક અલીજાંને તેઓના ઉપર આરોપ મુકયું,

બંધવાઓને મોકલી દેવાનો પોલીસ તરફ હુકમ થયો, પોલીસે જોખુ તથા ચેટીને મોકલી આપ્યા. આ બંને જણાઓ અદાલતમાં અરજદાર છે. (ચેટી ઉપર અલીજાંને આરોપ રાખ્યું નહોતું) અને માજીસ્ત્રેટે તેઓની ઉપર ૨૯૧ માંહેલા ગુન્હાનું કામ ચલવી તે કલમના ગુન્હાના તેઓને અપરાધી ઠરાવી દરેકના ૨૫ રૂપૈઆ દંડની અને દંડ ન આપેતો, એક માસ આસાન કેદની સજા કરી. ૨૯૧ મી કલમ માંહેલો ગુન્હો બન્યો નથી એવું કારણ આપીને સદરહુ ઠરાવ સુધારવાની અરજી કરી છે, માહારા મત પ્રમાણે તે વાત વાજબી છે ૨૯૧ મી કલમમાં લખ્યું છે કે "ફલાણું લોકાપકારક કૃત્ય તું ફરીથી કરીશ અથવા જારી રાખીશ માં એવી તાકીદ કરવાનો જે સરકારી નોકરને કાયદેસર અખતીયાર હોય, તે સરકારી નોકરે તેવી તાકીદ કીધા છતાં એ માણસ તે લોકાપકારક કૃત્ય ફરીથી કરે અથવા જારી રાખે તે માણસને એક મહીનાની મુદત સુધી આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે."

હરકોઇ ઠરાવને ટકાવી રાખવા સારૂ ફલાણું ચોકસ લોકાપકારક કૃત્ય અરજદારોએ ન કરવું, અથવા જારી ન રાખવું, એવો મનાઇ હુકમ અકેક અરજદારોને કર્યાનો પુરાવો હોવો જોઈએ. અપરાધી ઠરેલા સક્ષોએ અગાઉ ફલાણું લોકાપકારક કૃત્ય કર્યું હતું; તેઓને તે કરવું નહીં, અથવા કરતાં બંધ રહેવું. એવો મનાઇ હુકમ આપવાનો અધિકાર માજીસ્ત્રેટને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૩ માં આપ્યો છે, અને આવી રીતના હુકમનો ભંગ કરવો એ ડી. પી. કોડની કલમ ૨૯૧ પ્રમાણે સજા કરવા લાયક ગુન્હો થાય છે. એ કાયદાના પરીશીષ્ટ પાંચમાના નમુના નબર ૨૦ તરફ જોતાં એવો હુ-

કમ કોઈ ચોકશ માણસને કરવો જોઇએ, એવું ધારેલું છે, એમ સાફ જણાય છે.

માહારી પાસેના મુકરદમામાં એ રીતે, કરવામાં આવ્યું નથી. આખી ખલકને એક મભમ ઝાહેરનામું કરીને ફકત માજીસ્ત્રેટે હુકમ કાઢેલો છે, તેમાં એવું લખ્યું હતું કે, કોઇ સક્ષો જેઓનાં નામ આપ્યાં નથી તેઓએ પોતાના ખેતરમાં વિષ્ટાનું ખાતર પાથરીને એ અપકારક કામ કરેલું છે, માટે બધા ખેડુઓએ દર્દ અથવા હરકત થાય એવી રીતે વીષ્ટા પાથરતાં બંધ રહેવું. આ હુકમ મને પોતાને લાગુ છે એમ હરકોઇ ખેડુ માની લે એમ તદન અશકય છે, એ ખાતર તરીકે વીષ્ટા પાથરવી એ કૃત્ય પંડે લોકાપકારક નથી. વીષ્ટા હું જે પાથરૂં છું તેથી દર્દ કે હરકત થતાં નથી, એટલે હું કાંઈ હુકમ તોડતો નથી. એમ દરેક ખેડુત પોતપોતાને માટે માની લે તો તેમાં કાંઇ નવાઇ નથી, લોકાપકારક કૃત્ય કરીને ન કરવું, અથવા કરતાં બંધ રહેવું, એવા હુકમનો જાણી જોઈને ભંગ કરે તેનું ૨૯૧ મી કલમમાં ચીતવન કર્યું છે, અને સદરહુ કલમ પ્રમાણે કોઇને ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં આરોપીત સક્ષને એલાયદો હુકમ કર્યો હતો, એમ તેને ગળે ઉતારવું જોઇએ.

ઝાહેરનામું કાઢવામાં માજીસ્ત્રેટે જે રીતી પકડી છે તે સારૂ તેને અધીકાર નથી, એમ પણ મારે કહેવું જોઈએ. લોકાપકારક કૃત્યોનો બંદોબસ્ત કરવા તેના કહેવા અધીકારો છે તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૧૦ મા તથા ૧૧ મામાં સમાવ્યાછે.

૧૦ મા બાબના નીયમોમાં નામ પાડીને માણસો તરપ્ આવો હુકમ મોકલી આપવાનું તથા તેને પોંહોંચાડવાનું ચીતવન કરેલું છે, અને એ હુકમની સામું કાંઇ કારણ બતાવવાનું હોય તો તેની તક આપવી જોઇએ. તે હુકમ પહોંચાડવો હોય તો બનતાં સુધી જેને હુકમ કાઢયો હોય, તેને પહોંચાડવો અને તે વખતે સમન પોહોંચાડવાની જે રીત કહી છે, તે રીતે ચાલવું જોઇએ. અને ફકત જ્યારે, સદરહુ હુકમ ઉપર કહેલી રીતે ન પહોંચાડી શકાતો હોય ત્યારેજ સ્થાનીક સરકાર નીયમ બાંધીને જે રીતે ફરમાવે તે રીતે ઝાહેરનામું પ્રસીદ્ધ કરીને મજકુર હુકમની વાત ઝાહેર કરવી.

ફકત અડાકડીના મામલામાં ૧૧ મો બાબ લાગુ કરવાનો છે, અને તેમાં એક તરફી હુકમ કરી શકાય અને ચોકસ સક્ષને એવો હુકમ મોકલવાનો જે નીયમ છે તેમાં હરકોઇ અપવાદ ચલાવી શકાય. આવા અડાકડીના મામલામાં ૧૩૪ મી કલમમાં ફરમાવ્યા મુજબ જે હુકમ પહોંચાડવાનો છે તે જે આલમ બહુકરીને કોઇ ચોકસ જગા તરફ આવતી જતી હોય તેની તરફ રવાને કરવો જોઇએ,

(કલમ ૧૪૪) એટલે કે ૧૪૪ મી કલમ અનુસાર કાઢેલો હુકમ જે આલમ બહુકરીને હરકોઇ ચોકસ જગા તરફ આવતી જતી હોય તે તરફ જતાં આવતાંથી દુર રહેવું, તે આલમની તરફ મોકલવો જોઇએ, પરંતુ માજીસ્ત્રેટનું ઝાહેરનામું આલમની એકકોમ તરફ રૂવાને કરલું હતું, તે માંહેલા પ્રકારના હુકમને આ કલમનો નીયમ લાગુ પડતો નથી, તથા જે આલમ બહુ કરીને હરકોઈ ચોકસ જગા તરફ આવતી જતી હતી તેની સાથે કાંઈ નીસબત ધરાવનારો તે નીયમ નથી. માજીસ્ત્રેટે ઝાહેરનામું કાઢીને જે કામ કર્યું છે તે ટકાવી રાખવા સારૂ વીશેશે કરીને ૧૪૪ મી કલમના આ ભાગનો તથા બાબ ૧૧ માનો પબ્લીક પ્રોસીકયુટરે હવાલો આપ્યો છે, એટલે આ બાબત માહારે લક્ષમાં લેવી પડીછે. અડાકડીના મામલામાં જ્યારે હંગામી હુકમ કાઢવા હોય ત્યારેજ ૧૧ મો બાબ વાજબી રીતે

લાગુ થઈ શકે છે, એમ મ્હારે કહેવું જોઈએ, અને જે હુકમ આ કામમાં કાઢેલો છે, તે હંગામી રૂપનો નથી, તેમ આ બાબ પ્રમાણે તુરતા તુરત ઉપયોગ લેવા માજીસ્ટ્રેટે વીચાર્યુ હોય એવું બતાવવાને કાંઇ નથી.

ઠરાવેલો ગુન્હો ફેરવીને ૨૯૦ મી કલમ પ્રમાણે લોકાપકારક કૃત્ય કર્યાનો ગુન્હો અથવા પુરાવેથી સાબીત થાય એવો બીજો ગુન્હો સાબીત ગણવાને પબ્લીક પ્રોસીક્યુટરે મને અરજ કરી છે, પરંતુ જો કે તેમ કરવાની સત્તા છે એમ માનતાં આવા કામમાં ઠરાવ સુધારનારી અદાલતે તેમ કરવું ઉચીત નથી. ૨૯૧ મી કલમ માંહેલા ગુન્હાના તોહોમતના સંબંધમાંજ અરજદારોને પોતાનો બચાવ કરવાનું ફરમાવ્યું હતું, અને તે કામનો ઇનસાફ સંક્ષેપ રીતે થયો છે. દફતરમાં એવો પુરાવો નથી કે તે જોઇને આ અદાલત એમ કહે કે કોઇ ગુન્હો થયો છે. વળી લોકાપકારકની બાબતમાં જો કોઇ ગુન્હો કરવામાં આવ્યો છે તો હવે બની ગયેલી વાત છે, તેથી તેનું તોહોમત ફરી લેઇ કાંઈ કરવું જરાએ પસંદ કરવા લાયક નથી અને તેથી સજા અને ઠરાવ રદ કરવાનો, તથા દંડ પાછો આપવાનો હુકમ કરવામાં આવે છે.

કલમ ૨૯૨ મી.

૨૯૨. કાંઇ બીભત્સ પુસ્તક, ચોપાનીયું, કાગળ, ચિત્ર, તસ્વીર, પ્રતિમા અથવા આકાર, જે માણસ વેચે અથવા વહેંચે અથવા વેચવાને કે ભાડાને સારૂ પરદેશથી આ દેશમાં આણેઅથવા છાપે, અથવા સર્વ લોકો જુએ એવી રીતે જાણી જોઇને દેખાડે, અથવા તેમ કરવાની કોશીશ કરે, અંથવા તેમ કરવાનું કહે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની; અથવા દંડની અથવા એબંનેની, શીક્ષા કરવામાં આવશે.

બીભત્સ પુસ્તકોનું વેચાણ વગેરે.

અપવાદ—કોઇ દેવસ્થાન મધ્યે અથવા ઉપર, અથવા મુર્ત્તીઓને બેસાડવા સારૂ વપરાતા કોઈ રથ ઉપર, કોરેલી અથવા નકસી પાડેલી, અથવા ચીતરેલી, અથવા કોઇબીજી રીતે કાહાડેલી, અથવા ધરમ સંબંધી કાંઇ કારણસર રાખેલી કે વપરાતી, કોઇ પણ પ્રતિમાને આ કલમ લાગુ પડતી નથી.

કલમ ૨૯૩ મી.

ઉપલી કલમમાં લખ્યું છે તેવું બીભત્સ પુસ્તક અથવા તેવી બીજી કાંઇ વસ્તુ, વેચવા સારૂ, અથવા વેહેંચવા સારૂ, અથવા સઘળા લોકોને દેખાડવા સારૂ, જે માણસના કબજામાં હોશે, તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. — વેચવા અથવા સારૂ બીભત્સ પુસ્તક કબજામાં રાખવું.

માહારાણી કેસરેહિંદ વિ. ઇંદ્રમન.

કલમ ૨૯૩.

૧
તા૦ ૩–૬–૮૧
ઈ. ૩ અ. પા. ૮૩૭

કોઈ પુસ્તકમાં ફકત એકજ બીભત્સ વાકય હોય તો પણ તે પુસ્તક આ કલમના અરથ પ્રમાણે બીભત્સ ગણાયછે.

कोइ पुस्तकमां फक्त एकज बीभत्स वाक्य होय, तोपण ते पुस्तक २९३ मी कलमना अर्थ प्रमाणे बीभत्स गणाय छे.

केटलांक बीभत्स पुस्तको वेचवां, तथा वेचवाना तहोमतना बचावमां, एम कहेवामां आव्युं के, सदरहु पुस्तको शुद्धबुद्धीथी धर्म संबंधी बीवेचन चलाववा वास्ते, वेंहच्यां, तथा वेच्यां हतां. तेमां ठराव्युं के, आवा पुस्तकना हद उपरांत वधारे बीभत्स पणाथी सदरहु पुस्तकना धर्म संबंधी वादवीवादने बीजी रीते कायदानो जे आश्रो मळी शके छे, ते आश्रो मळी शकतो नथी. वळी वेचनार, तथा वहेंचनारनो शुं इरादो हशे ते सदरहु लखेली बाबतना प्रकार उपरथी जाणवुं जोइए. पुस्तक बीभत्स हतुं, ते वेचवा, तथा वहेंचवानुं पसंद कर्युं हतुं. तेथी पोताना आ कृत्यनुं स्वभावीक परीणाम जे थवुं जोइए. ते परीणाम तेणे आगळथी धारी राख्युं हशे, एटले के प्रजानी नीतीमां खराबी करवी, तथा लोकोना मनने खोटे मार्गे चडाववां. मारो इरादो शुभेच्छक पणानो हतो, एटलुं कहेवुं, ए तेने माटे बस नथी. तेना लोकोने माटे करेला कृत्यथी तेना इरादानी परीक्षा करवी जोइए. अने गेरकायदेसर कृत्य कर्या पछी, ते कृत्य हुं कायदेसर मानतो हतो. एवो जवाब तेनाथी आपी शकातो नथी. राणी. वि. हीकलीन तथा स्टील वीरुद्ध ब्रेनना फेंसला प्रमाणे अमल करवामां आव्यो.

ठराव्युं केः—आ कलम प्रमाणे तेवो हुकम करवामे ते कोरटने अधिकार नथी.

मुरादाबाद જીલ્લાના માજીસ્ટ્રેટે અરજદારને, બીભત્સ પુસ્તકો વેચવા તથા વહેંચવાના ઈં. પી. કો.ની ૨૯૩મી કલમ પ્રમાણે શીક્ષા થઈ શકે એવા ગુન્હાનો તારીખ ૨૪-૭-૮૦

ના રોજ અપરાધી ઠરાવ્યો હતો. તે ઠરાવ જોઇને સુધારવા સારૂ આ અરજી હાઈકોર્ટને કરવામાં આવી હતી. અરજદારે હમલાઇ હીંદ તથા સમસમી હીંદ નામના બે પુસ્તકોનો ગ્રંથકાર હતો. આ પુસ્તકો મુસલમાની ધર્મની વિરૂદ્ધનાં તથા હિંદુ ધરમની તરફેણનાં વાદવીવાદનાં પુસ્તકો હતાં. તેને અરજદારે છપાવ્યાં હતાં. અને વેચવા તથા વેંહેચવા વાસ્તે તેની નકલો, પોતાને ઘેર રાખતો હતો. આ પુસ્તકોની હયાતીની જ્યારે માજીસ્ટ્રેટને ખબર પડી, ત્યારે તેણે પોતાના તાબાના એક માજીસ્ટ્રેટ મીર ઇમદાદઅલી. સી. એસ. આઇને સદરહુ પુસ્તકો તપાસીને, તે ઉપર રીપોર્ટ કરવાની સુચના કરી. તે પ્રમાણે સદરહુ ઈમદાદ અલીએ સદરહુ પુસ્તક વાંચી રીપોર્ટ કરી મોકલ્યો. અને તે રીપોર્ટ તથા ચુંટી કહાડેલાં વાક્યો વાંચ્યા પછી જીલ્લા માજીસ્ટ્રેટે અરજદાર ઉપર ફોજદારી ફરીયાદ માંડી. અરજદારનો ઈનસાફ કરતી વખતે તે માજીસ્ટ્રેટે સમસી હીંદમાંથી બે વાક્યો, તથા હમલાઈ હિંદમાંથી એક વાક્ય વીણી કાઢયાં અને તે વાક્યો, તેના અભીપ્રાયમાં બીભસ્ત હતાં, તેથી આ વાક્યોના સંબંધમાં અરજદારને તેણે હીં. પી. કો. ની ૨૯૩ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી તેનો ૫૦૦ રૂપૈયા દંડ કર્યો. વળી તેણે સને ૧૮૭૨ ના દસમા આકટની ૪૧૮ (૫૧૭) મી કલમના સંબંધમાં હુકમ કર્યો કે, અરજદારે સદરહુ પુસ્તકની નકલો જે રાજી ખુશીથી રજુ કરી છે, તે નકલોનો નાશ કરી નાંખવો, અરજદારે મુરાદાબાદના સેસન જડજને ત્યાં અપીલ કરી. તે ઉપરથી તેણે નીચલી કોર્ટનો ઠરાવ તારીખ ૨૨-૯-૮૦ ને રોજ બહાલ રાખી દંડની રકમમાં ઘડાડો કરી ૧૦૦ રૂપૈયાનો દંડ કાયમ રાખ્યો.

તે ઠરાવ સુધારવા સારૂ અરજદારે હાઈ કોર્ટમાં અરજી કરી, તેનાં કારણ હાઇ કોર્ટના ઠરાવમાં આપેલાં છે,

અરજદાર તરફથી રોઝ તથા હીલ સાહેબ.

સરકાર તરફથી કોલવીન સાહેબ તથા બાબુ દ્વારકાંનાથ બાનરજી.

જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવ.

અરજદારને મુરાદાબાદના જીલ્લા માજીસ્ટ્રેટે પીનલકોડની ૨૯૩ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવી રૂપૈયા ૫૦૦ નો દંડ કર્યો હતો, તે ઠરાવ ઉપર તેણે મુરાદાબાદના સેસન જડજને ત્યાં જે અપીલ કરી હતી, તે અપીલ તેણે ગયા સપ્ટેંબરની ૨૨ મી તારીખે નામંજુર કરી હતી. તે જોઇને સુધારવા સારૂ આ અરજી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૭ (૪૩૫ મી કલમ પ્રમાણે કરવામાં આવી છે. એ અરજીમાં જે જે કારણો લખ્યાં છે તે થોડાં ઘણાં લાંબાં છે. પરંતુ તેના વીદવાન વકીલે જે તકરારો કરીછે તેનો ટુંકો સાર નીચે પ્રમાણે છે.

(૧) જે વાક્યો બીભત્સ કહેવામાં આવે છે, તે સઘળાં વાક્યો તોહોમતનામામાં લખ્યાં નથી. માટે તોહોમતનામું અપુર્ણછે.

(૨) પ્રતીવાદીએ જે સાક્ષીઓનાં નામ આપ્યાં હતાં, તેઓને માજીસ્ટ્રેટે બોલાવવા જોઇતા હતા.

(૩) અપીલની સુનાવણી કરતી વખતે સદરહુ પુસ્તકના જે ફકરાઓનો હવાલો આપ્યો નહોતો, તે ફકરાઓ ઉપર જડજે પોતાનો ઠરાવ કરવામાં આધાર રાખેલો છે.

(૪) માજીસ્ટ્રેટે ત્રણ વાક્યોનો વાંધો લીધો છે, તે વાક્યોથી, પીનલકોડના અર્થ પ્રમાણે,

સદરહુ પુસ્તકો બીભત્સ થતાં નથી.

(૫) સદરહુ પુસ્તકો બીભત્સ હશે, તોપણ જડજે કીંવા માજીસ્ટ્રેટે તેમને પ્રસીદ્ધ કરનારાનો પ્રસંગ બીલકુલ ધ્યાનમાં લીધો નથી.

(૬) પ્રતીવાદીનું દુરાગ્રહી પણું સાબીત થયું નથી.

(૭) ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૧૮ (૫૧૩) મી કલમ પ્રમાણે સદરહુ પુસ્તકનો નાશ કરવાનો હુકમ અધિકાર સીવાય કરેલો છે.

(૮) સદરહુ પુસ્તકનો નાશ કરવાથી પ્રતીવાદીને જે નુકશાન થયું છે તે ધ્યાનમાં લેતાં તેનો કરેલો દંડ તદન પાછો આપવો જોઇએ.

(પેહેલાં ત્રણ કારણોનો નીકાલ કર્યા પછી વીદવાન જસ્ટીસ સ્ટ્રેટે નીચે પ્રમાણે લખેલુંછે.)

અરજદારની વતી ચોથા વાંધામાં જે સીદ્ધાંત કહેલો છે, તે હું મંજુર રાખી શકતો નથી. તેજ પ્રમાણે કોઇ પુસ્તકમાં એકજ વાક્ય બીભત્સ હોય, તેથી પીનલકોડના અર્થ પ્રમાણે તે પુસ્તક બીભત્સ થઇ શકતું નથી, એવો ઠરાવ કરવામાં હું તૈયાર થયો નથી. મોકળે મને એવો સીદ્ધાંત મંજુર કરવામાં આવે તો તેથી બેહદ હાની થવાનું મને લાગેછે. કેમકે એ તકરારમાં કાંઇ પણ વજન હોયતો તેનો ન્યાયસર નીર્ણય એવો થાય છે કે, ઘણુંજ ધીક્કારવા લાયક અને બીભત્સ લખાણ જો ટુંકામાં લખ્યું હોય તોપણ તેના પુસ્તકના કોઈ ભાગમાં લખીને પ્રસીદ્ધ થઇ શકેછે, હું આવા મતની સાથે બીલકુલ મળતો આવતો નથી. અને બેધડક કહું છઉં કે, હમલાઇ હીંદના પુસ્તકને ૯૪ મે પાને જે વાક્ય છે, તેથી તે પુસ્તક જોઈએ તેટલું બીભત્સ થાય છે. અને તેથી તેનો કર્તા ફોજદારી માંડવાને પાત્ર થાયછે.

અરજદારની મુદાની તકરાર પાંચમા તથા છઠા કારણમાં આપેલી છે, અને તેનો ટુંકો સાર એછે કે, સમસી હીંદ તથા હમલાઇ હીંદ, એ બીભત્સ પુસ્તકો નથી. અને તે પુસ્તકો શુદ્ધ ભાવે તથા હિંદુ અને મુસલમાની ધર્મ વચે શું શું ગુણદોષો છે તેના સંબંધમાં મુરાદાબાદના હિંદુ તથા મુસલમાનો વચે વાદવીવાદ ચાલતો હતો, તે વીદવીવાદ ચલાવવાના ભલા ઈરાદાથી. પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં. આ વાંધામાં બે વીચારો રહેલાછે. (૧) મુદે આ પુસ્તકો બીભત્સ છે કે નહીં! (૨) અને જો તેઓ બીભત્સ હોય તો, કાયદાનાં કારણો લેઇને, તેઓને પ્રસીધ કરવાનો પ્રસંગ વાજબી હતો કે નહીં? આ બે મુદામાંથી પેહેલા મુદાના સંબંધમાં માજીસ્ટ્રેટ તથા સેસન જડજે ઠરાવ્યું છે કે, સદરહુ પુસ્તકો બીભત્સ છે. અને અલબતે આ તકરારની બાબતમાં તેઓએ જે નીર્ણય કર્યો છે, તેને હું મળતો આવું છું. તોપણ ઠરાવ સુધારનારી કોરટ તરીકે, નીચલી કોર્ટના નીર્ણયમાં હાથ ઘાલવાને આ કોર્ટને અધિકાર નથી. તોપણ મારી પોતાની ખાત્રી કરવા સારૂ, તથા એકંદર આ મુકરદમાનો ઇનસાફ મારાથી થઇ શકે એટલા સારૂ આ બંને પુસ્તકોના ઘણા ભાગનો તરજુમો કરાવવાનું મેં દુરસ્ત ધાર્યું હતું. અને હું બેધડક કહું છું કે આ બંને પુસ્તકોનો ઘણો ભાગ બીભત્સ છે. તેથી હવે અરજદારના આખા મુકરદમાની તકરાર એકજ સવાલ ઉપર આવી જાય છે. અને તે સવાલ એ છે કે, એ બંને પુસ્તકો પ્રસીદ્ધ કરવાનો પ્રસંગ કાયદેસર વાજબી હતો કે નહીં? એમ કહેવામાં આવ્યું છે કે, પોત પોતાના ધર્મોના સંબંધમાં મુરાદાબાદના હિંદુ અને મુસલમાન વચે વાદવીવાદ ચાલતો હતો, અને સમસી હિંદ તથા હમલાઇ હિંદની જાતનાં પુસ્તકો, મુસલમાન લોકોએ મુરાદાબાદ તથા બીજે ઠેકાણે છપાવી પ્રસિધ કર્યાં છે, આ હકીકતનું ખરાપણું હું કબુલ કરૂં છું, અને મુસલમાનનાં છપાયેલાં પુસ્તકોમાં હિંદુ ધર્મના દેવોને તથા જે જે વસ્તુઓને તેઓ માન આપે છે, તે તે

વસ્તુઓનો તે પુસ્તકોમાં ઘણોજ ધિક્કારવા લાયક અને બીભત્સ ઈસારો કરેલો છે, અને તેથી તેઓ સંપુર્ણ રીતે વાંધાવાળાં અને અપમાન કરનારાં છે, પરંતુ આ બીના પોતાના બચાવનો મજબુત રીતનો આધાર પકડીને અરજદાર ઉપર મુકેલા તોહોમતનો જવાબ દેવામાં અરજરારના જવાબનું ખોટાપણું અને નબળાપણું દેખાઇ આવેછે, મુસલમાનોએ મારા દેવની તથા મારા ધરમની બાબતમાં હલકી અને અપમાન કરનારી હકીકત પ્રસીદ્ધ કરીછે. તો તેજ પ્રમાણે હું કરૂં તો તે વાજબી છે. એવી દલીલ તે કરે છે. ધરમ વીવાદ ચલાવવાની આ થોડી નવતર રીત છે. ધરમ વીવાદનો, અરથ સારી પેઠે સમજાયેલો છે. તથા સામાન્ય રીતે બહાલ રાખવામાં આવ્યો છે, એ અર્થ પ્રમાણે એક બીજાના વિરૂધ્ધ મતની આ તકરાર નથી. પરંતુ હલકી અને બીભત્સવાળી ગાળાગાળી જે સુધરેલી પ્રજામાં કોઈ દિવશ ચલાવવા દેવામાં આવે નહીં તેવી હલકી અને બીભીત્સ ગાળાગાળીથી સામસામી આડનકરણી છે. કોઇ જણે તમારા સામો ગુન્હો કર્યોછે, તેથી તે સક્ષના સામો તેવોને તેવો ગુન્હો કરવામાં છુટ અને પરવાનગી તમોને હોવાં જોઇએ એવી દલીલ આપવી તેના કરતાં કાંઈ દલીલ ન આપવી એ વધારે સારૂંછે. અને તેના પક્ષવાળાઓ મુસલમાન લોકોને અરજદાર જેટલે દરજે ગુન્હેગાર ગણી તેઓને શીક્ષાને પાત્ર ગણે છે એ વાત ઘડીભર સાચી માની લેવામાં આવે તો પણ હાલની ફોજદારીના વીષયના એ પુસ્તકોમાં જે જે હકીકતનું તેઓએ વિવેચન કરેલું છે, તેમ કરવાનું તેઓને કાંઈ વાજબી કારણ નથી. કોઇ માણસ એમ.ધારે કે, આવાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાથી મારા ધર્મના કારણને લાભ થશે તો તેથી કરી તેના મનની નીતિની લાગણીનું અધમપણું અને એવી નિર્બળતા ઉઘાડાં થઇ જાય છે, અને એવું અધમપણું અને એવી નિર્બળતા અરજદાર અથવા બીજા કોઇ કેળવણી પામેલા દેશીમાં હોય એમ હું માનતો નથી. બ્રહ્મા, વિસ્નુ અને મહાદેવને લગતી કંટાળો ઉપજાવે એવી કથાવાર્તાઓ મુસલમાનોએ જો પ્રસિદ્ધ કરી હતી, તો હમલાઇહિંદને ૬૨ મે તથા ૯૪ મે પાને તથા સમસીહિંદને ૫૧ મે તથા ૫૨ મે પાને જે હકીકત લખેલી છે, તેવી હકીકત હિંદુધર્મના સામાવાળીઆ સાથે વાદવિવાદ કરીને પ્રગટ કરવામાં એ ધર્મના કારણને કયી રીતની સાહ્યતા મળે છે ? આ વાક્યો બીજા ગ્રંથોમાંથી ઉતારેલાં છે અથવા અરજદારના મગજમાંથી ઉત્પન્ન થયાંછે કે નહિ? તે બાબતની હું કાંઈ દરકાર રાખતો નથી. ગમેતેમ હોય તોપણ તે વાક્યો બીભત્સ અને તીરસ્કાર કરવા લાયક છે, અને સામાન્ય વીવેકવાળા માણસે તેઓને પ્રસિદ્ધ કરવાનું માથે લીધેલું જોઈને ખરેખર ત્રાસ છુટે છે. ધર્મનો વાદવિવાદ કરવા સારૂ અથવા ધાર્મીક કે વ્યવહારી સવાલોની તકરાર મોકળી અને પૂરી રીતે કરવા સારૂ જે જે વસ્તુ પ્રસિદ્ધ કરવાની જરૂર છે તેમાં કાંઈ વચમાં આવવાનું ઈચ્છશે નહીં. પરંતુ તેમાં વિવેકની મરીયાદા ચાતરવી કોઈએ નહીં. અને એ વિવેકની મરીયાદા ચાતરવાથી અપેલેન્ટના ગ્રંથોને બીજી રીતે જે આશરો મળત તે આશરો આપી શકાતો નથી. આવી જાતના શાસ્ત્રો જે ઘણા લોકોના હાથમાં આવે તેઓની અનીતીવાળી પ્રેરણા બુદ્ધિઓ તથા વિચારોને પ્રત્યક્ષ રીતે અસર કરીને તેઓના મન ઉપર હાની કરનારાં ફળ ઉત્પન્ન થાય છે, અને સારી નીતીવાળાં માણસોને કાંઇ હાની નહીં થશે, એવો વાંધો લેવો એ દલીલ વ્યર્થ છે. પરંતુ અપેલેન્ટના વકીલે વળી એક એવી દલીલ કરેલી છે કે, જે લોકો આવાં પુસ્તકો ખરીદ કરનારા છે તે લોકોનાં નીતીનાં ધોરણો તથા તે લોકોની નીતીની સ્થિતિ આ મુકરદમાનો

વિચાર કરવા સારૂ એક અગત્યની બાબત છે. અને માજીસ્ટ્રેટ તથા જડજે બંને એ બાબતનો પુરાવો લેવો જોઈએ. આ દલીલ હું બરોબર સમજતો હોઉં એમ મને ખાત્રી થતી નથી. એનો અર્થ એમ હોય કે, મુરાદાબાદના હિંદુ તથા મુસલમાનો નીતી તથા કેળવણીના ધોરણમાં એટલા તો હલકા છે કે, સાધારણ માણસને જે બીભત્સ જણાય તે તેઓની નજરમાં બીભત્સ લાગશે નહીં. આ દલીલ વજનદાર છે એમ હું ઘડીભર પણ માનતો નથી. અપરાધવાળાં પુસ્તકોનો પ્રકાર તથા તેના કરતાનો અપરાધ નકી કરવામાં આવી જાતના વિચારો હિસાબમાં લેવા જોઈએ. તે કયા નીતીના અથવા ન્યાયના પક્ષ ઉપર રહ્યું હશે, તેની મને બીલકુલ કલ્પના પણ આવતી નથી. બીભત્સ કિંવા બીભત્સ નથી, એ સવાલ આવી જાતના ફર્યા કરતી પરીક્ષાને અનુસરીને થઇ શકતી નથી. પણ તે સવાલનો જવાબ બહોળી રીતે તથા વિવેક બુદ્ધિવાળા માણસના ઘણા ભાગને તરત ગમી જાય અને ખજાને ઉતરી જાય એવી રીતે દેવો જોઈએ. અરજદારના વકીલની આ દલીલનો એવો અર્થ હોય કે, સમસીહિંદ અને હીમલાઈ હિંદનાં પુસ્તકો વખતે બંને ધર્મના વાદવિવાદના જુસ્સામાં એટલા બધા તો ઉશકેરાઈ જશે કે, તેઓને તે પુસ્તક બીભત્સ લાગશે નહીં, તેમ તેઓના મન ઉપર હાની કરતા અસર થશે નહીં, તો આ તેનો સિદ્ધાંત નહીં ટકે એવો મને લાગે છે. સાર્વજનીક અગત્યના આવા ભારી સવાલનો નીકાલ કરવામાં એ પુસ્તક કોણ લેશે ને કોણ નહીં લેશે, તેનો સંકલ્પ વીકલ્પ કરવો કામનો નથી. આ કામમાં કાંઇપણ શક રહ્યાનું સાબિત થયું છે કે, એ પુસ્તકો દરેક માણસો લેઇ શકે એવી ઓછી કીમતે વેચાતાં હતાં. વળી તે જ્યારે જોઇએ ત્યારે મળી શકે એવાં હતાં. અને કયા વર્ગના લોકોએ અથવા કયી ઉમરનાં માણસોએ તે ખરીદ કરવાં જોઇએ એ બાબતની કાંઈ મરીયાદા કે બંધનો રાખવામાં આવ્યાં નહોતાં. આખી પ્રજાને તે વેચાતાં લેવાની છુટ હતી. અને આઠ આનાની કીમત આપીને પ્રજામાંથી હરકોઇ માણસ લેઇ શકતો એ વાત ચોખી છે, તેથી આ ગ્રંથોનો ફેલાવો મુરાદાબાદના વાદવીવાદ કરનારાઓમાં રહેલો હતો. એ વાત પ્રત્યક્ષ રીતે ખોટી પડે છે. પરંતુ તે પ્રમાણે નહોતું. પણ બીજી રીતે હતું. એમ ઘડીભર માનીએ તોપણ આ બે પુસ્તકોના પ્રષ્ટોમાં બીભત્સ પણાની મરીયાદા ઓળંગવા વાસ્તે વાદવીવાદથી જરૂર પડી હોય, અથવા મુસલમાનોએ હિંદુધર્મ ઉપર હુમલો કર્યો હતો, તેમાંથી બચાવ કરવા જેવું વાજબી પણું હોય, એમ હું પોતે ઠરાવી શકતો નથી. હું ઉપર કહી ગયેલો છઉં તે પ્રમાણે આ બીભત્સ હકીકત અરજદારે પોતે ઉપજાવી હોય. અથવા તેણે અક્ષરે અક્ષર કિંવા આચ્છાદન કરીને બીજા ગ્રંથકારોના ગ્રંથમાંથી લીધી હોય, એ વાત દરકાર વગરની છે. એ બાબતો તેના પુસ્તકમાં લખાએલીછે, પછી તે તેની પોતાની હોય કીંવા બીજા પાસેથી લીધી હોય, તોપણ તે એક સરખી રીતે જવાબદાર થાય છે. આવા પ્રકારના બીજાં પુસ્તકો, આવી જાતની ફોજદારીમાંથી બચી ગયાં છે. એ દલીલને આ સવાલ સાથે કાંઇ લાગતું વળગતું નથી. ઘણી ભાષાઓમાં ઘણાં પુસ્તકો છે; ને જો તે પુસ્તકોનો ઝાહેર રીતે ઈનસાફ કરી તેની પરીક્ષા કરવા મુક્યાં હોય તો, તેઓ બીભત્સ છે, એમ કહ્યા વગર છુટકો નથી. પરંતુ આજ દિવસ સુધી તેઓએ સ્વતંત્રતા ભોગવી છે તેને પહોંચવા સારૂ કાયદો નબળો છે એમ નથી. પરંતુ કાયદાની મદદ માગવામાં આવી નથી. અથવા સત્તાવાળાઓએ કાયદાનો અમલ કરવાનું દુરસ્ત ધાર્યું નથી. આ પુસ્તકો પ્રસીદ્ધ કરવામાં અ-

રજદારના ઇરાદાના સવાલને સંબંધે હું, જે કહું છું તે કરતાં વધુ કહેવાની જરૂર નથી. તે ઇરાદો કેવો હતો તેની તુલના પુસ્તકમાં લખેલી હકીકત ઉપરથી કરવી જોઇએ. જે પુસ્તક યોગ્ય હકુમતવાળાએ બીભત્સ ઠરાવ્યું છે, તે પુસ્તક છાપવાનું જો તેણે પસંદ કર્યું છે, તો પોતાના કૃત્યનાં સ્વાભાવીક પરીણામો, એટલે કે પ્રજાની નીતીમાં ભંગ કરવાનું તથા મન બગાડવાનું તેણે ધાર્યું હશે. એમ માન્યા શીવાય બીજો એકે રસ્તો નથી. અરજદાર એમ કહે કે, મારા ખાનગી હેતુ તથા ખાનગી મતલબોમાં હું મુસલમાન ધર્મનું ખોટાપણું ઉઘાડું કરવાની, તે ધર્મમાં વટલી જતા લોકોને અટકાવવાની, તથા જે લોકોએ માહારા ધર્મ ઉપર હુમલો કર્યો હતો તેનું પ્રતીપાદન કરવાની સ્તુત્ય અને નેકીવાળી ઇચ્છાથી ઉશકેરાયો હતો. તો તેને માટે તેટલું બસ નથી. તેની ઝાહેર વર્તણુકથી તેના ઇરાદાની પરીક્ષા કરવી જોઈએ. અને એક કાયદા વીરૂદ્ધ કૃત્ય કર્યા પછી, એમ કહેવું કે, હું તે કાયદેસર માનતો હતો, તો તે જવાબ તેનાથી આપી શકાતો નથી. આવો ન્યાય નીયમ સારી પેઠે જણાએલા, અને બહુ કરીને મંજુર કરેલા રાણી વિ. હીકલીનના મુકરદમામાં લખ્યો છે. અને તેને આધારે સ્ટીલ વિ. બ્રેનાંનનો ફેંસલો થયો છે. આ સંબંધી મારા આવા વિચારો હોવાથી મારે સાફ રીતે કહેવું જોઇએ કે, ગુન્હાનો ઠરાવ સુધારવાની અરજદારની અરજ માન્ય રાખ્યા વગર મારે સુધારવો જોઇએ. ક્રી. પી. કો. ની ૨૯૩ મી કલમ મુજબ ગુન્હો થયાનો ઠરાવ માજીસ્ટ્રેટે કર્યો છે. તે ઘણોજ વાજબી છે. અને તેમાં ઉથલ પાથલ કરવાની સેસન જડજે નાપાડી છે. તે પણ યોગ્ય થયું છે.

કલમ ૨૯૪ મી.

"૨૯૪ અ – સરકારે હુકમ આપ્યો નહી હોય તેવી સોરતી કહાડવા સારૂ કાંઇ આફીસર (એટલે કચેરી) અથવા જગા જે માણસ રાખશે તેને ઘણામાં ઘણી ૭ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા અથવા દંડ એ બેઉ શિક્ષા કરવી.

અને સદરહુ પ્રકારની હરકોઇ સોરતીમાં હરકાંઇ ટીકીટ અથવા ચાટ અથવા નંબર અથવા અંક કાહાડવા બાબત અથવા તેને લાગતી વળગતી ફલાણી વાત બનશે તો ફલાણા માણસના ફાયદા સારૂ ફલાણી રકમ અથવા માલ આપવામાં આવશે અથવા ફલાણી વાત કરવામાં આવશે નહીં એવો હરકાંઇ ઠરાવ જે માણસ પ્રસિદ્ધ કરશે તેને એક હજાર રૂપીઆ સુધી દંડ કરવો" (સને ૧૯૦૦ નો આકટ ૨૭ મા પ્રમાણે.)

સોરતીનીઆ શીસ રાખવી.

માહારાણી વિ. મંચેરજી કાવસજી શાપુરજી.

ક. ૨૯૪ અ.
૧
તા૦ ૧૦–૮–૮૫
ઈ. ૧૦ મુ. પા. ૯૭

બ્રીટીશ ઈંડીયાની બહાર કોઈ માણસ સોરતી કાહતો હોય તેના તરફથી એ સોરતીની બ્રીટીશ ઈંડિયામા રહીને જાહેરખબર પ્રસીધ કરવી એ આ કલમ પ્રમાણે ગુન્હો થાય છે.

ही. पी. को. नी २९४ मी अ कलमना बीजा पेरीग्राफमां "हर कोइ एवी सोरती" ए शब्दो लख्या छे, तेनो अर्थ, सरकारे हुकम नहीं आप्यो होय, एवी कोइ सोरती थाय छे. अने तेमां प्रदेशनी सोरतीनो पण समास थाय छे.

उपला पारीग्राफमां "प्रसीध करनार" ए शब्दनी अंदर सोरतीनो ठराव मोकलनार तथा झाहेर खबर तरीके, ए ठराव जे वर्तमान पत्रमां छपाय, तेना मालेकनो समास थाय छे.

मेलबोर्ननी सुरतीना संबंधमां एक मुंबइना वर्तमान पत्रमां तेना मालीके झाहेर खबर प्रसीध करी होय तो, ते ही. पी. को. नी २९४ मी अ कलम प्रमाणे सजाने पात्र थाय छे.

મુંબઈના પ્રેસીડેંન્સી માજીસ્ટ્રેટે આ રેફરંસ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૪ મી કલમ પ્રમાણે કર્યું હતું. એ રેફરંસ નીચે પ્રમાણે હતું.

હી. પી. કો. ની ૨૯૪ મી અ કલમમાં ઠરાવ્યું છે તે વીરૂદ્ધ જઇને આસ્ટ્રેલીયા દેશના મેલબોર્ન શેહેરની બે લાખ રૂપૈયાની સુરતીના સંબંધમાં, એક મંચેરજી કાવસજી શાપુરજીએ સત્ય મિત્ર નામના અઠવાડીયાના ગુજરાતી વર્તમાન પત્રમાં ઝાહેર ખબર છાપ્યાનું તહોમત રાખીને તે બાબતના મુકરદમાની સુનાવણી મારી પાસે ચાલે છે. તેના દરમીયાન કાયદાનો એક સવાલ ઉઠેલો છે. તે સવાલના સંબંધમાં નામદાર હાઈકોર્ટનો અભિપ્રાય લેવા વાસ્તે અરજ કરૂં છું.

"આ કલમમાં ઠરાવ્યું છે કે, સરકારે હુકમ આપ્યો નહીં હોય, તેવી સોરતી કાઢવા સારૂ કાંઇ ઓફીસ (કચેરી) અથવા જગ્યા, જે માણસ રાખશે, તેને ઘણામાં ઘણી ૭ મ-

હિના સુધીની એમાંના ગમે તે પ્રકારની, કેદની શીક્ષા અથવા દંડની એ બેઉ શીક્ષા કરવી.

અને સદરહુ પ્રકારની હરકોઇ સુરતીમાં હરકાંઈ ટીકટ અથવા લાટ અથવા નંબર અથવા અંક કહાડવાબાબત, અથવા તેને લગતી વળગતી ફલાણી વાત બનશે, તો ફલાણા માણસના ફાયદા સારૂ ફલાણી રકમ અથવા માલ આપવામાં આવશે. અથવા ફલાણી વાત કરવામાં આવશે. અથવા કરવામાં આવશે નહીં. એવો હરકાંઈ ઠરાવ જે માણસ પ્રસિદ્ધ કરશે તેનો એક હજાર રૂપૈયા સુધી દંડ કરવો. (સને ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે)

હવે આ કલમના કાયદાનો અર્થ જોતાં આ બધાં કૃત્યો જ્યારે બ્રીટીશ ઈંડીયાની અંદર કરવામાં આવે, ત્યારે હિં. પી. કો. ની ૪૦ મી કલમના અર્થ પ્રમાણે એક ગુન્હો થાયછે

પરંતુ સવાલ એટલોજ ઉઠે છે કે, જે મુકરદમો મારી પાસે ચાલે છે, તે મુકરદમા માંહેલી સુરતી બ્રીટીશ ઈંડીયામાં થવાની ન હોય, તેવી સુરતી ઉપર વર્ણવેલી સુરતી કે જેને સરકાર તરફથી હુકમ મળ્યો નથી, તેવી સુરતી ગણાય કે નહીં?

અને બીજો સવાલ એ છે કે, ૨૯૪ મી અ કલમમાં પ્રસિધ્ધ કરવાનું ચીતવન કર્યું છે. તેની પ્રસિધ્ધી સદરહુ સુરતી કરનાર સક્ષની વતી પ્રસિધ્ધ થઇ શકે કે નહીં?

બંધવે પોતાના સત્ય મિત્રમાં જાહેર ખબર પ્રસિધ્ધ કરવાનું બંધ કરવાનું માથે લીધુંછે.

સરકાર તરફથી એડવોકેટ જનરલ લેથેમ સાહેબ.

પેહેલો સવાલ એ છે કે, ઓસ્ટ્રેલીયામાં થવાની સુરતી ૨૯૪ મી અ કલમના અર્થ માંહેલી સુરતી છે કે નહીં? અને બીજો સવાલ એ છે કે, એજ કલમની બીજી રકમમાં કહ્યું છે, તે પ્રમાણે મુંબઇના કોઇ વર્તમાન પત્રમાં ઓસ્ટ્રેલીયાના કોઇ સક્ષે સદરહુ પ્રકારની હરકોઈ સુરતીમાં હરકાંઇ ટીકટ, અથવા લાટ અથવા નંબર અથવા અંક કહાડવા બાબત, અથવા તેને લગતી વળગતી ફલાણી વાત બનશે, તો ફલાણા માણસના ફાયદા સારૂ, ફલાણી રકમ અથવા માલ આપવાની દરખાસ્તની જાહેર ખબરનો મુંબઈના કોઇ વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ કરનાર સજાને પાત્ર થાય છે કે નહીં? હું નમૃતાથી અરજ કરૂં છું કે, આ કલમના પેહેલા પેરીગ્રાફમાં જે સુરતીની વિગત આપી છે, તે સુરતીને બીજા પેરીગ્રાફની સુરતી લાગુ પડે છે. એટલે કે જે સુરતીનો સરકારે હુકમ આપ્યો નથી, પછી તે સુરતી ગમે ત્યાં થવાની હોય, તેની ચીંતા નહીં. સદરહુ સુરતી બ્રીટીશ ઇંડીયાની માંહે અથવા બહાર થવાની હોય, તેથી કાંઇ તફાવત પડતો નથી. સુરતી થવાની જગ્યાની મરીયાદા રાખવાનો કાયદાકારોનો હેતુ હતતો "બ્રીટીશઇંડીયા" એ શબ્દો આ કલમમાં છે, એમ જાણીને તે કલમનો અર્થ બેસાડવામાં આવે તો' જે નુકશાન કરવાનો આ કલમનો હેતુ છે, તેનો ઇલાજ કરવા સારૂ નવો કાયદો રચવાની જરૂર દેખાય છે, જે માણસ તે બાબતની દરખાસ્ત પ્રસિદ્ધ કરે છે, તે માણસથી નુકશાન થાય છે. "પ્રસિદ્ધ કરનાર" એ શબ્દની વ્યાખ્યા પીનલકોડમાં આપી નથી. પરંતુ ૪૯૯ મી કલમ નીચે મેઇન સાહેબે ટીકા આપી છે, તેમાં તેણે સમજાવ્યું છે કે, પ્રસિદ્ધ કરનારમાં કોઇ વર્ત્તમાન પત્રની અંદર આબરૂ લેવાની જાહેર ખબર પ્રસિધ્ધ કરવા મોકલે છે તેનો, તથા તેના વર્તમાન પત્રના માલેકનો, બંનેનો સમાસ થાય છે. આ તકરારના સંબંધમાં ક્રીંવા વિરૂદ્ધ સ્મીથના વિલાયતના મુકરદમા સીવાય બીજા એકે મુકરદમાનો આધાર મળી આવતો નથી.

બંધવા તરફથી દીનશા પેસતનજી કાંગા.

સને ૧૮૭૪નો પાંચમો આકટ રદ કરીને, સગવડતા ખાતર ઈી. પી. કો. ની ૨૯૪ મી અ કલમ ફરીને ઘડવામાં આવી છે, એ એકટની પેહેલી કલમમાં ઠરાવ્યું છે કે, "ઇસ્ટ ઇંડીયા" કંપનીના તાબાના રાજ્યના સઘળા મુલકોમાં જે સઘળી સુરતીઓનો સરકારે હુકમ આપ્યો ન હોય, તે સઘળી સુરતીઓ સન ૧૮૪૪ ના માર્ચની ૩૧ મી તારીખને દહાડેથી તથા તે પછી કાયદા વિરૂદ્ધ તથા સામાન્ય અને સાર્વજનીક નુકશાન તરીકે ગણવામાં આવશે. "ઇસ્ટઇંડીયા કંપનીના તાબાના રાજ્યના મુલકોમાં" એ શબ્દો ૨૯૪ મી અ કલમમાં પાછા લખવામાં આવ્યા નથી. પરંતુ જે સુરતીઓ બ્રીટીશઇંડીયામાં થાય, અને જેનો સરકારે હુકમ આપ્યો હોય, તેવી સુરતી કરનારાઓને શીક્ષા કરવાનો કાયદાનો હેતુ છે. જે ગુન્હાઓ બ્રીટીશઇંડીયાની અંદર થાય છે, તેને પીનલકોડ સજા કરે છે. માટે જે જે મુલકને એ પીનલકોડ લાગુ પડે છે, તે તેજ ગામમાં માત્ર સુરતી બંધ કરવાની મતલબ ૨૯૪ મી અ કલમની છે. સને ૧૮૪૪ ના પાંચમા આકટની ત્રીજી કલમમાં કોઇ "ઠરાવ વાસ્તે" એ શબ્દો બદલાવીને માત્ર "ઠરાવ" એ શબ્દ ૨૯૪ મી અ કલમના બીજા પેરીગ્રાફમાં લખ્યા છે, તેની રૂએ કોઇ મુંબઇના વર્તમાન પત્રમાં તે ઠરાવનો પ્રસિદ્ધ કરનાર સજાને પાત્ર થતો નથી. આગળના વાક્યથી જાતની જવાબદારીનું ચીતવન થાય છે તથા માત્ર ઠરાવ કરનારને એકલાનેજ સજા કરવાનો કાયદાનો હેતુ દરસાઇ આવે છે, પરંતુ કોઇ વર્તમાન પત્રમાં એ ઠરાવના પ્રસિદ્ધ કરનારને સજા કરવાનો ઈરાદો દરસાઈ આવતો નથી. વિલાયતના સુરતી સંબંધના કાયદાઓ છે, તેમાં વીશેષે કરીને ચોથા વિલાયતના ૬૬ ના બાબના છઠા તથા સાતમા કાયદાની શબ્દ રચના એવી તો સખ્ત અને સ્પષ્ટ છે કે, પ્રદેશમાં થતી સુરતીઓની મનાઈ થયેલી છે. પીનલકોડની ૨૯૪ મી અ કલમમાં એવી સખત શબ્દ રચના ન હોવાથી માત્ર બ્રીટીશઇંડીયામાં સુરતી થતી અટકાવવાનો કાયદાકારોનો ઈરાદો હોય, એવી રીતે તે કાયદાનો અર્થ કરવો જોઇએ.

જસ્ટીસ નહાનાભાઇ હરીદાસનો ઠરાવ.

ઈી. પી. કો. ની ૨૯૪ મી અ કલમનો પેહેલો પેરેગ્રાફ નીચે પ્રમાણે છે.

"સરકારે હુકમ આપ્યો નહીં હોય, તેવી સોરતી કહાડવા સારૂ કાંઇ આફીસ (એટલે કચેરી) અથવા જગ્યા જે માણસ રાખશે તેને ઇત્યાદી ઇત્યાદી સજા કરવામાં આવશે."

આ મુકરદમો આ પેહેલા પેરીગ્રાફ નીચે આવતો નથી. કેમકે બંધવે તેમાં લખેલા કામો વાસ્તે કોઇ ઓફીસ કે જગ્યો રાખ્યાનું કહેવામાં આવ્યું નથી. તેના ઉપર આ કલમ માંહેલા બીજા પારીગ્રાફ માંહેલું તહોમત મુકયું છે અને એ પારીગ્રાફમાં ઠરાવ્યું છે કે, "અને સદરહુ પ્રકારની હરકોઇ સોરતીમાં હરકાંઈ ટીકટ, લાટ, અથવા નંબર, અથવા અંક કાહાડવા બાબત, અથવા તેને લગતી વળગતી ફલાણી વાત બનશે, તો ફલાણા માણસના ફાયદા સારૂ ફલાણી રકમ અથવા માલ આપવામાં આવશે. અથવા ફલાણી વાત કરવામાં આવશે નહીં. એવો હરકાંઇ ઠરાવ જે માણુસ પ્રસિદ્ધ કરશે, તેને ઇત્યાદી ઇત્યાદી સજા કરવામાં આવશે."

માજીસ્ટ્રેટના પેહેલા સવાલનો શું જવાબ આપવો તે નકી કરવામાં આ બીજા પારીગ્રાફમાં "સદરહુ પ્રકારની હરકોઇ સોરતી" એ શબ્દોનો શું અર્થ થાય છે, તે આપણે નકી કરવું જોઇએ. આ બંને પારીગ્રાફ ભેળા લેતાં અમારો અભીપ્રાય એવો છે કે, તેઓ-

નો વ્યાકરણથી અર્થ કરતાં "સરકારે હુકમ ન આપ્યો હોય, એવી કોઇ સુરતી" થાયછે. પછી તે સુરતી બ્રીટીશઈંડીયામાં કે બ્રીટીશઇંડીયાની બહાર થવાની હોય તેની બીલકુલ ચીંતા નહીં. "સરકારે હુકમ ન આપ્યો હોય" એવી જો તે સુરતી હોય તો તે क કલમમાં ચીતવ્યા પ્રમાણે એવો કોઈ ઠરાવ તેના સંબંધમાં પ્રસિદ્ધ કરે, તે સક્ષ આ કલમના બીજા પ્રારીગ્રાફ પ્રમાણે સજાને પાત્ર થાય છે.

તો હવે માજીસ્ટ્રેટના પેહેલા સવાલનો જવાબ ઉપર પ્રમાણે છે.

બીજા સવાલનો જવાબ દેવા સારૂ "પ્રસિદ્ધ કરશે" એ શબ્દોનો શું અર્થ કરવો તે હવે નક્કી કરવું જોઇએ. એ શબ્દની વ્યાખ્યા હિંદુસ્થાનના પીનલકોડમાં અમને કોઇ ઠેકાણેથી મળી આવતી નથી. માટે એ શબ્દનો જે સામાન્ય અર્થ આલે છે, તે અર્થ લેવો જોઈએ. અને એ પ્રમાણે લેતાં અમોને જણાય છે કે, જો अ કોઈ વર્તમાન પત્રના માલેક ब ને પ્રસિદ્ધ કરવા સારૂ કોઈ જાહેર ખબર મોકલે તો ब તથા अ બંને આવી પ્રસિદ્ધિને માટે સજાને પાત્ર થાય છે.

આ બાબતમાં કીંગ વિરૂદ્ધ સ્મીથના મુકરદમામાં ચીફ જસ્ટીસ લોર્ડ કેનીયનનો અમોને આધાર મળેછે. અને તે જોવાને અમો મેજીસ્ટ્રેટને ભલામણ કરીએ છીએ, જો સુરતી પ્રદેશમાં થવાની હોય તો, કોઈ વર્તમાન પત્રોમાં તેની જાહેર ખબર આપનારને અથવા તે વર્તમાનપત્રના માલેકને કોઇરીતની અસર થાય એવી રીતે એ કલમનો અર્થ ન કરવો જોઇએ. એવી બંધવા તરફથી દીનશાજીએ, તકરાર ઉઠાવી છે. પરંતુ તેમ કરવું, એ કાયદાના હેતુનો પરાજય કરવા બરોબર છે. દરેક સુરતી કાંતો સરકારના હુકમથી, કીંવા સરકારના હુકમ વગર થાય છે. આ કલમ હુકમથી થયેલી સુરતીને પોહોચતી નથી, પરંતુ તે સુરતી કરવા વાસ્તે કોઇ ઓફીસ કે જગ્યા રાખવાની મનાઇ કરીને, અથવા તેના સંબંધમાં કાંઈ જાહેર ખબર પ્રસિદ્ધ કરવાની મનાઇ કરીને જે સુરતીઓ વાસ્તે, સરકારે હુકમ આપ્યો નથી, તેવી સુરતીઓથી લોકોને બચાવી લેવાનો હેતુ રહેલોછે. પેહેલી જાતની મનાઈ કર્યા પછી જે સુરતી કાઢવાનો સરકારે હુકમ આપ્યો નથી, તે સુરતીની ઓફીસ બ્રીટીશ ઈંડીયામાં રાખવાનો સંભવ ઘણોજ થોડો રહે છે, પણ જે લોકો આપણા કાયદાને આધિન નથી. તે લોકો વખતે બ્રીટીશ ઇંડીયાની બહાર, પરંતુ આપણા ઘરના ઊંબરાની પાસે, જેમકે નવસારી અથવા દમણમાં તેવી ઓફીસો રાખવાની તજવીજ કરવા માગે તો, થઇ શકે એમ છે. અને ત્યાંથી આખા બ્રીટીશ ઇંડીયાની અંદર બહોળી રીતે ફેલાયેલાં વર્તમાન પત્રોમાં જાહેર ખબર મોકલવા માગે તો મોકલી શકે છે. ત્યારે જો બ્રીટીશ ઈંડીયાની અંદર સુરતી થતી હોય તેનેજ માત્ર આ કલમ લાગુ પડવી જોઇએ, એવો લોભ રાખીને તે કલમનો અનવય કરવામાં આવે તો, બીજા પ્રકારની મનાઈ કરીને બ્રીટીશઈંડીયાના લોકોને તેવી જાહેર ખબર બહાર પડવાથી લાલચમાં પડતાં, જે નુકશાન થાય છે, તે અટકાવવાનો હેતુ, તદન તો નહીં, પરંતુ સારી પેઠે તુટી ગયા બરોબર થાય છે. પરમુલકમાં થતી સુરતીઓનો સમાસ કરવા સારૂ આ કલમની શબ્દ રચના મન માનતી રીતે લાંપડી છે. અને પી. કો ની ૨૯૪ મી अ કલમના અમલમાંથી દુર રાખવા સારૂ એવી જાહેર ખબરોનું ચીતવન કાયદાકારોએ કરેલું એમ અમે ધારી શકતા નથી.

બાબ ૧૫ મો.

ધર્મ સંબંધી ગુન્હાઓ બાબત.

કલમ ૨૯૫ મી.

૨૯૫. જો કોઇ માણસ કોઇ પુજાના ઠેકાણાનો અથવા જે પદાર્થને કોઇ પણ જાતિના લોકો પવિત્ર ગણતા હોય તે પદાર્થનો નાશ કરે અથવા તેને નુકશાન કરેકે ભ્રષ્ટ કરે એવા ઇરાદાથી કે તેમ કરીને કોઈ પણ જાતિના લોકોના ધર્મને અપમાન પોંહોંચાડવું, અથવા એવું જાણીને કે એ પ્રમાણે નાશ અથવા નુકશાન અથવા ભ્રષ્ટ કરવાથી કોઇ પણ જાતિના લોકો પોતાના ધર્મને અપમાન પોંહોંચ્યું એમ સમજશે એવો સંભવ છે, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ પણ જાતિના લોકોના ધરમનેઅપમાનકરવાના ઇરાદાથીકોઇપુજાનાઠેકાણાનેનુકશાનકરવું અથવા તેને ભ્રષ્ટ કરવું.

કલમ ૨૯૬ મી.

૨૯૬. કોઇ પણ મંડળી દેવપુજન અથવા ધર્મ સંબંધી ક્રિયા કરવામાં કાયદા મુજબ રોકાએલી હોય તેને, જે માણસ બુદ્ધિપુરવક અડચણ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઈધરમ સંબંધી મંડળીને, અડચણ કરવી.

કલમ ૨૯૭ મી.

કબરસ્તાનવગેરેમાં વગર રજાએ જવું.

કોઇ પણ સખસનું દીલ દુખવવાના ઇરાદાથી, અથવા કોઇ પણ સખસના ધર્મને અપમાન પહોંચાડવાના ઇરાદાથી અથવા એ કરવાથી કોઇ સખસનું દીલ દુખશે અથવા કોઇ સખસના ધર્મને અપમાન પોંહોંચશે એવો સંભવ છે એમ જાણીને, કોઇ પુજાની જગામાં, અથવા કબરસ્તાનમાં, અથવા પ્રેત સંસ્કાર કરવા સારૂ અથવા મુરદાં મુકવા સારૂ જુદી કાહાડેલી જગામાં, જે માણસ વગર રજાએ પ્રવેશ કરે, અથવા કોઇ પ્રેતનું અપમાન કરે, અથવા પ્રેત સંસ્કાર કરવા સારૂ મળેલા કોઇ સખસોને અડચણ કરે, તે માણુસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખોજમાંમદ હામોનખાંની અરજીની બાબતમાં.

કલમ ૨૯૭.

૧

તા. ૨૭-૪-૮૧
ઈ. ૩ મ. પા. ૧૭૮

જે જમીન ઉપર કોઇ સક્ષનું કાંઈ હિત રહેલું હોય અને એ જમીન ઉપર આવેલી કબરોની નજીક કાંઈ કામ વાસ્તે ખાડો ખોદતાં આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી.

अ ब क तथा ड जमीनना एक कटकाना मजमु मालीक हता. अने ते जमीनमां तेओनां मुडदांनुं दफन थतुं. ड ना कोइ सगाओनी कबरोनी नजीक अ तथा ब ए लाकडां वहेरवानो खाडो गाळ्यो. पण तेथी करी कोइ कबरने हरकत थइ नहोती.

ठराव्युं के, ही. पी. को. नी २९७ मी कलम प्रमाणे गुन्हानो ठराव थयो छे ते खोटो छे.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૪ મી તથા ૨૯૭ મી કલમ પ્રમાણે આ અરજી હાઇકોરટને કરવામાં આવી હતી.

અરજદારો તરફથી જોનસ્ટન સાહેબ.

ચિફ જસ્ટીસ ટરનર તથા જસ્ટી હચીન્સના ઠરાવમાંથી આ કામની હકીકત તથા દલીલો જણાઈ આવશે.

ઠરાવ.

જે હકીકતનું શોધન થયું છે. તે ઉપરથી કોઇ ગુન્હો સ્થાપીત થયાનું અમો માનતા નથી.

માજીસ્ત્રેટને એમ માલુમ પડેલું છે કે, ફરીયાદી, તોહોમતદારો, અને શાક્ષીઓમાંનો એક શાક્ષી જમીનના કોઇ કટકાના મજમું માલેક હતા. તેમાંનો કાંઇ ભાગ મારકેટ કરવા સારૂ તાજેતર વેચાણો હતો.

જે ભાગ વેચાતાં બાકી રહેલો હતો. તેમાં તેઓનું કબરસ્થાન હતું. ફરીયાદીએ નાપાડ્યા છતાં, તોહોમતવાળાઓએ આ ભાગ ઉપર લાકડાં વહેરવા સારૂ તે ફરીયાદીના સ-

ગાની કબર હતી. ત્યાંથી કેટલાક ગજની માંહે એક ખાડો ગાળ્યો.

આ હકીકત ઉપરથી કબરસ્થાનની જગ્યા ઉપર પ્રવેશ કર્યો, અને તે ટાણે બંધવાને ખબર હતી કે, એથી કરીને વખતે ફરીયાદીની ધર્મ સંબંધી લાગણીને માઠું લાગશે, એવા ગુન્હાનો માજીસ્ત્રેટે બંધવાને અપરાધી ઠરાવ્યો. અને દરેક જણનો ૫૦ રૂપૈયા દંડ કર્યો.

કોઇપણ કબરને બંધવાઓએ હરકત કરી એ વાત સાબીત થઇ છે કે નહીં? તે વાતનો માજીસ્ત્રેટે વિચાર કર્યો નથી.

જે મુદ્દા શક પડતા જણાયછે તે નીચે પ્રમાણે.

જે ભાગ ઉપર લાકડાં વહેરવા સારૂ ખાડો ગાળ્યો હતો, તે ભાગ કબરસ્તાન વાસ્તે ઈલાયદો રાખ્યો હતો કે નહીં? તથા બંધવાઓ સદરહુ ભાગના માલેક તરીકે પ્રવેશ કર્યાના ગુન્હેગાર ઠરી શકે કે નહી?

મજમું માલેક તરીકે, બંધવાઓના કબજામાં તે જમીન હતી. અને ફરીયાદીના હાથમાંથી તે કબજો તેઓ છોડાવે નહીં, અથવા મજમું મિલકતનો કંઇ નાશ અથવા થોડી ઘણી હરકત કરે નહીં, ત્યાં સુધી તેઓએ સાપ્રાધ પ્રવેશ કર્યો એમ ઠરાવી શકાતું નથી. અલબતે જમીનનો સદરહું કટકો અવલમાં મજમું હતો તોપણ વખતે એમ અનુમાન કરવું હોયતો થઇ શકે છે કે મજમું માલેકોમાંથી દરેક જણે તે ઉપર પોતાના કોઇ સગાની કબર કરવા વાસ્તે જેટલી જમીન જોઇએ તેટલી જમીન વાપરવા સારૂ બીજા મજમું માલેકને સંમતી આપી છે અને તેમાંથી કોઈ કબરને હરકત કરવામાં આવે તો, આ અર્થ પ્રમાણે પ્રવેશની વાત સ્થાપીત ગણી શકાય, પણ એવું બતાવવામાં આવ્યુ નથી કે, કોઇ પણ કબરને બંધવાઓએ ખરેખરી હરકત કરી હતી. તેમ કરવાને વાસ્તે એ કટકાનો ચોકસ ભાગ એલાયદો રાખ્યો હતો, એમ પણ સાબે થયું નથી. માટે કરેલો ઠરાવ રદ કરીએ છીએ.

રતના મુદાલીની બાબતમાં.

કલમ ૨૯૭.

૨

તા૦ ૨૯-૧૨-૮૬
ઇ.૧૦ મ. પા. ૧૨૬

કોઈ મુસલમાન ફકીરની કબરને ફરતી જગ્યામાં છીનાળુ કર્યુ તે ૨૯૫ મી કલમ પ્રમાણે નહીં પણ ૨૯૭ મી કલમ પ્રમાણે ગુન્હો થાય છે.

कोइ र नामना हिंदुने एक मुसलमान फकीरनी कबरने फरती जग्यामां कोइ ओरत साथे छीनाळुं करतां जोयो तेथी तेने ही. पी. को. नी २९९ मी कलमना गुन्हानो अपराधी ठरावामां आव्यो.

ठराव्युं के सदरहु जग्या पुजा अथवा बीजा कोइ काम वास्ते वापरतां पवीत्र गणाती होय एम ज्यां सुधी साबीत न थाय त्यां सुधी ते ठराव कायदाथी उलटो छे अने ते बदलावीने तेने ठेकाणे २९७ मी कलमना गुन्हानो ठराव करवो जोइए.

આ મુકરદમો, હાઈકોરટનો હુકમ થવા સારૂ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૮ મી કલમ પ્રમાણે ચીંગલ પટના જીલ્લા માજીસ્ત્રેટે લખી મોકલ્યો હતો.

એ મુકરદમાની જોઇએ તેટલી હકીકત હાઈ કોરટના ઠરાવમાં આપી છે.

કોઇ પક્ષકારો તરફથી વકીલો હાજર થયા નોહોતા.

જસ્ટીસ બ્રેન્ટનો ઠરાવ.

કોઇ એક કબરસ્તાન જેમાં એક મુસલમાન ફકીરને દાટેલો હતો. અને જે ફકીરને

તેના ધર્મ ભાઇઓમાં કેટલાક જણો પુજતા હતા. તે કબરસ્થાનના ખુણામાં આસપાસ તેને ફરતી વાડ હતી. તેની અંદર બંધવે એક ઓરતથી જનાખોરી કર્યાની વાત સાબીત થયેલીછે. અને હું પણ તે વાત મંજુર રાખું છઉં.

જીલ્લા માજીસ્ત્રેટે એવો અભીપ્રાય આપ્યો છે કે પેટા ટુકડીના પેહેલા વર્ગના માજીસ્ત્રેટે જે ગુન્હાનો ઠરાવ કર્યો છે તે કાયદાનાં નીચેનાં કારણોથી ટકી શકે એવો નથી. (૧) સદરહુ જગ્યાને " કોઈ જાતીના લોકો પવીત્ર ગણુતા હોય એ બાબતનો દફતરમાં જોઈએ તેટલો પુરાવો પડયો નથી.

(૨) અપમાન કરવાનો ઈરાદો સાબીત થયો નથી. એટલુંજ નહીં પણ જે પ્રસંગે તથા જે વખતે જનાખોરી થઈ તે વીશેના પડેલા પુરાવાથી એ ઈરાદો મુળગો ના સાબીત થાય છે.

(૩) એ છીનાળાના કામથી પોતાના ધરમને અપમાન થશે એમ વખતે કોઇ વરગના લોકોના ખ્યાલમાં આવશે એવું જ્ઞાન બંધવાને કાયદેસર હતું કે નહીં એ બાબત પણ ઘણી શક પડતી છે. જે વખતે એટલે રાતના નવ વાગે છીનાળું કર્યું તે વખતના કારણથી તથા છીનાળું કરતાં પકડાઇ ગયો તે માત્ર અનાયાસથી પકડાઇ ગયો એ વાત ઉપરથી કોઇને અપમાન કરવાનો ઇરાદો નાબુદ છે એમ જે જીલ્લા માજીસ્ત્રેટે અભીપ્રાય આપ્યો છે તેને હું મળતો આવું છઊં અને એ જગ્યા પસંદ કરવામાં બંધવે ધાર્યું હશે કે હું ખુશીથી મારૂં કામ કરી શકીશ. અને તેમ કરતાં મને કોઇ દેખી જાશે નહીં. એજ ખરેખરૂં વાજબી અનુમાન કરવું જોઇએ. વળી મારો વધુ એવો મત છે કે પી. કો. ની ૨૯૫ મી કલમમાં જે શબ્દો વાપર્યા છે તે શબ્દોના અર્થ પ્રમાણે આ જગ્યાને કોઇ જાતીના લોકો પવીત્ર ગણુતા હોય એ બાબતનો જોઇએ તેટલો કાયદેસર પુરાવો પડયો નથી. તેમ એ જનાખોરી કરતાં પકડાઈ જવાય તો, તેવા લોકોના ધરમને, અપમાન થયું ગણાશે એમ બંધવાના જાણવામાં હોવું જોઇએ એવું કાયદેસર અનુમાન પણ કરી શકાતું નથી.

જે વસ્તુઓ માન આપવા લાયક તથા પુજ્ય છે અને જે વસ્તુઓ પવીત્ર ગણાય છે તે બંને વસ્તુઓ વચે તફાવત છે અને એ તફાવત બેનરસ્વી નથી. પેહેલા પ્રકારની વસ્તુના દ્રષ્ટાંતમાં મારે દાટવાની આગળથી કરેલી કબરની જગ્યાનો દાખલો દેવો જોઇએ અને બીજા વરગની વસ્તુના દ્રષ્ટાંતમાં દેવાલયનો દેવો જોઇએ. આ તફાવત કાયદાકારોએ પણ ધ્યાનમાં રાખ્યો હોય એમ જણાય છે કેમકે ૨૯૫ મી કલમમાં બીજા વરગના દ્રષ્ટાંતનું વર્ણન કર્યું છે અને ૨૯૭ મી કલમમાં વીશેષે કરીને જે જગ્યા મરણ ક્રીયા કરવા સારૂ અથવા કબર કરવા સારૂ તથા મુડદાંઓ સંઘરી રાખવા સારૂ એલાયદી રાખી હોય તેવી જગ્યા ઉપર પ્રવેશ કરવાનું વર્ણન કરેલું છે. જે મુકરદમો હાલ ચાલે છે તેમાં અમારા પાસે આવેલા પુરાવાથી આ જગ્યો ખાસ રીતે કોઇ ધરમના કામ માટે પવીત્ર ઠરાવી હશે એવું જણાતું નથી અને અલબતે અમને ખબર પણ છે કે મુસલમાન લોકો બહુ કરીને ઘણીવાર પોતાના બુજરગોની અથવા વડીલોની અથવા કોઇ પીરની કબરની જગ્યાના વંડામાં અથવા બગીચામાં આવે છે અને ત્યાં નીવાઝ પડે છે અને વરસો વરસ ઓરસ કરે છે પણ આ જગ્યા આવી રીતની હતી એવો પુરાવો પડયો નથી. અને તેથી તે રીવાજના હયાતીપણા વીશે અમારાથી અનુમાન કરી શકાતું નથી.

તેથી મારો એવો અભીપ્રાય છે કે કોઈ જાતીના લોકના ધરમનું માહારા કૃત્યથી વખતે અપમાન થશે એવું બંધવાના જાણવામાં હોવાનું ઠરાવવા સારૂ એકે કારણ નથી.

અલબતે કબરસ્તાનમાં પ્રવેશ થએલો છે પણ આવા પ્રવેશથી કોઇ વર્ગના લોકોની લાગણીને વખતે માઠું લાગશે એમ બંધવે જાણ્યાનું ઠરાવવું જોઇએ કે નહીં તેજ માત્ર હવે જોવાનું રહે છે. અને તે સવાલના સંબંધમાં મારો એવો અભીપ્રાય છે કે જે જાતીના લોકોમાં બંધવો રહેતો હતો તે જાતીની સામાન્ય શું રીતભાત અને લાગણીઓ છે તે બાબતનું બંધવાને જોઇએ તેટલું જ્ઞાન હોવાનું માનવું જોઈએ અને ખાસ રીતે કોઇ માણસનું મારા કૃત્યના સંબંધમાં સારે નશીબે હીત રહ્યું નથી. અથવા કોઈ માણસ મારા કામનું વેર વાળનાર નથી. તથા તેને વાસ્તે કોઇ ફરીયાદ માંડનાર નથી. અથવા આ મારૂં કૃત્ય વખતે કોઈના જોવા જાણવામાં આવે એવું નથી. એવા કારણો ઉપરથી બંધવો દોષ વગરનો થઇ શકતો નથી. તે પકડાયો તે ઉપરથી સાબીત થયું છે કે જે લોકોને જના ખોરી થવાથી દુભાવવાનું હતું તેવા લોકો હતા ખરા. જો હું પકડાઇ જઇશ તો શું થશે તેની કાંઈ દરકાર રાખ્યા વગર માહારે તો માહારો વીશય સંતુષ્ટ કરવાનો છે એવી દ્રઢતાની અંતે બીજા લોકોની લાગણીને અપમાન લાગશે કે નહીં તેની ફીકરચીંતા રાખ્યા વગર તથા જે સાવધગીરી રાખવાની તેની ફરજ હતી તે સાવધગીરી રાખવાની કસુર કરવાથી આ કૃત્ય થયેલું છે. તો હવે વાજબી રીતે ૨૯૭ મી કલમના ગુન્હાનો તે અપરાધી ઠરવો જોઈએ. અને ૨૯૫ મી કલમને બદલે ૨૯૭ મી કલમના ગુન્હાનો ઠરાવ કરવાથી બંધવાને નુકશાન થતું નથી માટે એ છેલી કલમના ગુન્હાનો ઠરાવ ફેરવી નાંખીને ૨૯૭ મી કલમના ગુન્હાનો ઠરાવ કરૂં છઊં.

સજાની બાબતમાં મને વધુ પડતી લાગે છે તેનો સ્પષ્ટ ઇરાદો ફલાણુંજ કરવાનો હતો એ વાત સાબીત થઈ નથી માટે એક મહિનાની સખત કેદની સજા બસ થશે અને તે એક મહિનો પુરો થયા પછી બંધવાને બંધીખાંનેથી છોડી મુકવાનો હુકમ કરૂં છઊં.

જસ્ટીસ મુતુસ્વામી આયરનો ઠરાવઃ—

આ કામનો બંધવો જે કે એક હિંદુ છે તેણે ગયા અકટોંબર માસની ૫ મી તારીખની રાતના ૯ બજે કોઇ એક ફકીરની કબરની ફરતી જગ્યામાં છીનાળું કર્યું હતું. જીલ્લા માજીસ્ત્રેટના વિચારમાં આવ્યું છે કે રાતના ૯ બજે પોતાનું કૃત્ય કોઈના જોવામાં આવશે નહીં. એમ ધારીને બંધવાએ એ જગ્યો પસંદ કરી હશે પણ પોતાના ગામના મુસલમાનોના ધરમને અપમાન કરવાનો તેનો ઇરાદો હશે નહીં. હું પણ આ મતને મળતો આવું છઊં, જે ઠેકાણે પોતાનું કામ ઉઘાડું થઇ જવાનો સંભવ નથી એવી જગ્યામાં પોતાનો વીશય તૃપ્ત કરવાનો બંધવાનો મુળ ઇરાદો હશે તોપણ જો પકડાઇ જઇશ તો મારા કૃત્યને મુસલમાન લોકો ભ્રષ્ટવાડો ગણશે અથવા તેઓની લાગણીને માઠું લાગશે એમ બંધવાને ભાન હોવાનું હું કહી શકતો નથી. વળી એ તકરારી કબર ફાતીઓ પઢવાની જગ્યા તરીકે વપરાતી અથવા કોઇ ચોકસ વસ્તુ પવીત્ર ગણવામાં આવતી તે ભ્રષ્ટ થઇ છે એવું દેખાડનારો કોઈ પુરાવો પડયો નથી. અને તેથી ૨૯૫ મી કલમના ગુન્હાનો ઠરાવ ટકી શકતો નથી. જે હકીકત સાબીત થઇ છે તે ઉપરથી હું પણ ધારૂં છઊં કે ૨૯૭ મી કલમના ગુન્હાનો ઠરાવ ટકી શકે એવોછે. જો હું પકડાઇ જઇશ તો મારા કૃત્યથી મુસલમાન લોકોની લાગણીને વખતે માઠું લાગશે એમ જાણીને બંધવે કબરસ્તાનની જગ્યા ઉપર પ્રવેશ કરેલો છે. સોવસાતો હું નહીં પકડાઈ જાઊં એવી બંધવાની માન્યતા હોય તો પણ તેથી કાંઈ ફરક પડતો નથી એમ હું ધારૂં છઊં. અલબતે એ વાત સજા કરવા ટાંણે લક્ષમાં લેવાની છે. ગુન્હાનો ઠરાવ ફેરવીને તેને બદલે ૨૯૭ મી કલમના ગુન્હાનો ઠરાવ કરવા હું ઇચ્છું છઊં અને જસ્ટીસ બ્રેન્ટના ઠરાવ્યા પ્રમાણે સજા પણ ઓછી કરૂં છઊં.

કલમ ૨૯૮ મી

૨૯૮. ધર્મ સંબંધી કોઇ પણ સખસનું દીલ દુખવવાના પાકા ઇરાદાથી જે માણુસ તે સખસ સાંભળે એમ કાંઈ શબ્દ બોલે, અથવા કાંઇ અવાજ કરે, અથવા તે સખસના દેખતાં કાંઇ ચાળા કરે, અથવા તે સખસની દ્રષ્ટિ પડે એમ કાંઇ પદારથ મુકે, તે માણુસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ધરમ સંબંધી કોઇપણસખસનું દીલદુખવવાના પાકા ઇરાદાથી કાંઈ શબ્દો બોલવા વગેરે.

કલમ ૨૯૯ મી.

મોત આણવાના ઇરાદાથી, અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી, કાંઇ કામ કરીને અથવા ફલાણું કામ કરેથી મોત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામ કરીને, જે માણસ મોત આણે, તે માણસ શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો કરયો એમ સમજવું. શિક્ષણીય મનુષ્ય વધ.

દૃષ્ટાંત.

(અ) મોત આણવાના ઇરાદાથી, અથવા તેથી મોત થશે એવો સંભવ છે એમ જાણીને, અ એક ખાડાની ઉપર લાકડીઓ ગોઠવી ઘાસ પાથરે, અને તે જમીન મજબુત છે એમ માનીને ઝ તે પર ચાલતાં અંદર પડીને તેનો જીવ જાય, તે અ એ શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો કરયો એમ સમજવું.

(બ) ઝ એક ઝાડી પાછળ છે એવું અ જાણે છે બને એ વાતની ખબર નથી. હવે ઝ નું મોત આણવાના ઇરાદાથી, અથવા એથી ઝ નું મોત થશે એવો સંભવ છે એમ જાણીને, અ બ ને તે ઝાડીમાં બંદુક ભરીને મારવાને લલચાવે, અને તે પ્રમાણે બ બંદુક મારીને ઝ નો પ્રાણ લે, તો એ ઠેકાણે બ કાંઇ ગુન્હાનો તકસીરવાર નહી થાય એમ બની શકે છે, પણ અ એ શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો કરયો એમ સમજવું.

(ક) એક પક્ષીને મારીને તે ચોરી લઇ જવાના ઇરાદાથી તેને ગોળી મારવામાં અ એક ઝાડી પાછળ બેઠેલા બ નો જીવ લે, અને બ ત્યાં બેઠેલો છે એમ અ જાણતો ન હોય, તો એ ઠેકાણે અગર અ એક કાયદા વિરૂદ્ધ કામ કરતો હતો તોપણ શિક્ષણીય મનુષ્ય વધના ગુન્હાનો તકશીરવાર નથી, કેમકે તેણે બ નો જીવ લેવાનો અથવા જે મોત થવાનો સંભવ તેના જાણ્યામાં હોય એવું કાંઇ કામ કરીને મોત આણવાનો ઇરાદો કરયો નહી હતો.

ખુલાસો ૧ લો.—જે સખસને કાંઇ રોગ, વ્યાધી, કે શરીરની અશકયતા થઇ હોય એવા કોઇ સખસને જે માણસ શરીરનું નુકશાન કરે, અને તેથી કરીને પેલા સખસનું મોત વેહેલું થાય તો તે માણસે તે સખસનું મોત આણ્યું એમ સમજવું.

ખુલાસો ૨ જો.—જે ઠેકાણે કાંઇ શરીરના નુકશાનથી મોત થાય, તે ઠેકાણે જે સખસે તે શરીરનું નુકશાન કરયું હોય તેણે તે મોત આણ્યું એમ સમજવું, પછી અગર બરાબર ઇલાજ કરેથી તથા હોંશીયાર હકીમની દવા કરેથી તે મોત થતું બચી શકત એમ હોય તોપણ.

ખુલાસો ૩ જો.—માના પેટ માંહેલા બચ્ચાનું મોત આણવું તે મનુષ્ય વધનો ગુન્હો નથી પણ કોઇ જીવતાં બચ્ચાંનો કાંઇ પણ ભાગ બહાર નીકળ્યો હોય, પછી તે બચ્ચાંથી શ્વાસોશ્વાસ ન લેવાયા હોય અથવા તે પુરેપુરૂં જનમ્યું નહોય તોપણ તે બચ્ચાનું મોત આણવું તે શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થઇ શકે.

રાણી વિ. ગોવીંદા.

કલમ ૨૯૯.

૧
તા૦ ૧૮—૭—૭૬
ઇ. ૧ મુ. પા. ૩૪૨

ज्यां बंधवे पोतानी वहुने पछाडी नांखीने तेनी छाती उपर घुंटण खोडीने भीडेल मुठीथी बे त्रण जोर भेर मुका मार्या होय, अने ते लमणा उपर सोझो चडी लोही फुटी आवे, अने तेने अंते त्यांनी त्यां अथवा त्यारबाद मरी जाय, त्यां ठराव्युं के, मोत आणवानो इरादो न होवाथी, तथा शरिरने करेली इजा कुदरतना सामान्य क्रममां मोत आणवाने माटे बस न होवाथी बंधवाए करेलो गुन्हो खुन नथी. पण खुनमां न समाइ शके एवा शीक्षणीय मनुष्य वधनो छे.

જયાં બંધવે પોતાની વહુને પછાડી નાંખીને તેની છાતી ઉપર ઘુંટણ ખોડીને ભીડેલ મુઠીથી બે ત્રણ જોરભેર મુક્કા મારયા હોય અને લમણા ઉપર સોઝો ચડી લોહી ફુટી આવે અને તેને અંતે ત્યાંની ત્યાં અથવા ત્યારબાદ મરી જાય ત્યાં ઠરાવ્યું કે મોત આણવાનો ઇરાદો ન હોવાથી તથા શરીરને કરેલી ઇજા કુદરતના સામાન્ય ક્રમમાં મોત આણવાને માટે બસ ન હોવાથી બંધવાએ કરેલો ગુનોહ ખુન નથી પણ ખુનમાં ન સમાઇ શકે એવા શીક્ષણીય મનુષ્ય વધનો છે.

સતારાના સેસન જડજે ખુનના અપરાધનો ઠરાવ કરી કેદીને મોતની સજા કરી હતી. અને તે સજા મંજુર થવા વાસ્તે મોકલેલ તેનો આ મુકરદમો છે.

સેસન જડજનો પેહેલો કાઢેલો મુદો એ હતો કે, "કેદીની ઓરત બાલાઇ માર કુટથી મરણ પામી કે કેમ?" અને તેનું નીરાકરણ તેણે અસ્તીરૂપમાં કરીને કહેલું છે કેઃ—

"આ બાબત ઉપર વૈદકી પુરાવો ચોખો છે. ઓસપિટલ આસીસ્ટંટ કહે છે કે, ડાબી આંખના માંહેલા ખુણાની તરફ અને ત્યાંથી જરાક ઉપલી કોરના લમણામાંથી એક થપાટ વાગ્યાને લીધે લોહી નીકળ્યું, તેને લીધે બાલાઇ મરણ પામી છે. થપાટ મારી હતી, અને આ જગોપરં માર માર્યાની નીશાની દેખાતી હતી. મેંજર નામું લેનાર રાવજીએ કહ્યું કે, વાંસામાં ઘણે ઠેકાણે તથા આ ઉપર માર માર્યાના દશ ચીન્હો હતાં. અને આ ઠેકાણે માર મારવાથી નાકની નસકોરી ફુટી હશે, ગુજરનારને કેટલે સુધી માર માર્યો હશે તે કહેવું ઘણું સહેલું નથી પણ એટલું તો ઉઘાડું છે કે, તે માર ઘણોજ સખત હતો.

અને જેટલી ઇજા કર્યાનું કહેવામાં આવે છે, તેના કરતાં વખતે વધુ માર માર્યો હશે. તથાપિ ઓસપિટલ આસીસ્ટંટ એક બાબત ઉપર નીઃસંદેહ કહે છે કે આ કામમાં મોત થવાનું કારણ ભેજા ઉપર લોહીની ફુટ થવાથી થયું છે.

બીજો મુદ્દો એવો કાઢેલો છે કે, "આ માર કેદીએ મારેલ હતો કે કેમ?" અને એ મુદ્દાનો ત્રોડ પણ કેદીના ગેર લાભમાં કરવામાં આવ્યો હતો. અને તેનાં કારણો જે હતાં તે અત્રે આપવાની કશી જરૂર નથી.*

ત્રીજો મુદ્દો એવો કાઢેલો હતો કે, "આ ગુન્હો ખુન કે એથી ઉતરતા દરજાનું શીક્ષીણીય મનુષ્યવધ કહેવાય," આનો ત્રોડ કરવામાં સેસન જડજે લખ્યુંછે કે.—

"આ ગુન્હો વધારે ભારે ગુન્હો છે, એમ મારે ઠરાવવું જોઇએ. માર મારતી વખતે ભારે અને આકસ્મીક ક્રોધ ચડયો નહોતો તે વાત ખરી, પરંતુ છેવટનો માર, એક ઉપર બીજો માર, એમ ઉપરા ઉપર માર મારવાથી, તથા તેની સાથે જે જોર બળ કરેલું હતું, તે એવું હતું કે, તેથી કરીને મોત આણવાનું જોખમ બંધવે પોતાને માથે લઈને તે માર માર્યો હતો."

આ કામ જસ્ટીસ કેંબેલ તથા નાનાભાઇ હરીદાસ પાસે સુનાવણી સારૂ આવ્યું હતું.

સરકાર તરફથી સરકારી વકીલમાં ધીરજલાલ મથુરાંદાસ હાજર હતા.

આરંભમાં નામદાર જડજ સાહેબોએ સરકારી વકીલને જણાવ્યું કે, બંધવે કયો ગુન્હો કર્યો છે, તે બાબતમાં અમારી વચ્ચે મત ભેદ થયો છે, માટે આ કામ જસ્ટીસ મેલવીલ પાસે તેના અભીપ્રાય સારૂ મોકલવું જોઇએ.

આ કામનું અવલોકન કરતાં કેંબેલ જસ્ટીસે નીચે મુજબ અભીપ્રાય લખ્યો છે.

"બંધવો પોતાની ઓરત તરફ બહુજ ધાતકી થયો હતો. અને તે કાયદેસર ખુનનો અપરાધી છે, એમાં મારા મનમાં કસોએ શક નથી. પરંતુ જે પ્રસંગે મરણ થયું છે, તે પ્રસંગ તથા બંધવાની ઉમર તથા આ ગુન્હાને માટે કયી સજા યોગ્ય છે, તેનો જડજના મનમાં સંકલ્પ વીકલ્પ દેખાય છે. તે બધું ધ્યાનમાં રાખતાં મોતની સજા કાયમ રાખવા માહારા મનમાં અંદેશો રહે છે. અને તેથી તે સજા બદલાવી, જીવતાં સુધી સમુદ્રપારની સજા કાયમ કરવા હું લલચાણો છું.

જસ્ટીસ નાનાભાઇ હરીદાસનો શેરો નીચે મુજબ છે.

"બંધવાને પોતાની ઓરતને મારી નાખવાનો ઈરાદો હતો, એવી મને ખાત્રી નથી. ઈ. પી. કો. ની ૩૦૦ મી કલમનો ઈરાદો હતો. અથવા જાણવાપણું સાબીત કરવા જોઇએ તેટલો સાબીત થયાનો આ કામમાં ભાગ્યેજ પુરાવો પડયો છે.

બંધવો ક્રુરતાથી વર્ત્યો છે, આ વાત સાવ ઉઘાડી છે. ઓરતના મોઢા ઉપર મુકી મારી. તથા નાક ઉપર માર માર્યો, અને તેથી લમણાનું લોહી નીકળ્યું અને જેથી આખર પ્રાણ થયો. એવા માર માર્યાના પુરાવા શીવાય, બીજી રીતે માર માર્યાનો પુરાવો પડયો નથી. ડાકતરની જુબાની પ્રમાણે વાંસામાં લાત તથા છાતી ઉપર મુકીઓ મારવારથી મરણ નીપજ્યું નથી.

કેદીના કહેવા મુજબ તેનો ઇરાદો તેણીને સજા કરવાનો હતો. અને તે સજા તેણે જરા સખતાઈથી કરી હતી. એ વાત સંભવતા વાળી છે. અને બીલકુલ અશકય નથી.

તેથી હું તો એમ ધારૂં છઊં કે, બંધવાના કૃત્યથી ખુનથી ઉતરતા દરજાનું શીક્ષીણીય મનુષ્યવધ થાય છે. અને તે પી. કો. ની ૩૦૪ થી કલમ પ્રમાણે સજા કરવી જોઈએ.

તેણીનો જાન લેવા વાસ્તે તેનો શું મતલબ હતો, એ કાંઇ ખુલતું નથી.

એવો માર વાગ્યા પછી ઘણા લોકો બચે છે. બંધવાએ ફકત વ્યથા કરવાનું ધાર્યું **હશે. અને તેને ખબર પણ હશે, એ વ્યથા પરીણામે જોખમકારી નીવડશે."**

જસ્ટીસ મેલવીલનો ઠરાવ.

બંધવાએ જે ગુન્હો કર્યો છે, તે ખુન સમજવું કે, ખુનમાં ન સમાય એવું શીક્ષીણીય મનુષ્યવધ સમજવું. તે ચોકસ કરવા સારૂ આ કામ માહારા તરફ ફોજદારી કામ ચલાવવાની રીતનાં કાયદાની ૨૭૧ મી બ કલમ પ્રમાણે મોકલ્યું છે, એમ હું સમજું છઊં. સહેલાઇથી મુકાબલો થઈ શકે, એટલા સારૂ હીંદુસ્તાનના પીનલકોડની ૨૯૯ મી તથા કલમ ૩૦૦ મી કલમોમાં જે નીયમ બાંધ્યો છે તે નીચે પ્રમાણે છે.

કલમ ૨૯૯	કલમ ૩૦૦
નીચે લખેલી વિગતે જે કૃત્યથી મોત થયું હોય, તો તે મોત, શીક્ષીણીય મનુષ્ય વધ થાય છે.	કેટલાક અપવાદો બાદ કરતાં નીચેની વીગતે શીક્ષીણીય મનુષ્યવધ થયું હોય તો, તે શીક્ષીણીય મનુષ્યવધ ખુન થાય છે.
(અ) મોત આણવાના ઇરાદાથી.	(૧) મોત આણવાના ઇરાદાથી.
(બ) જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઈ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી.	(૨) કોઇ સક્ષને જેથી તે સક્ષનું મોત થવાનો સંભવ તકસીરવાર માણસ જાણતો હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઈરાદાથી
	(૩) કોઇ સક્ષને કાંઇ શરીરનું નુકશાન કરવાને ઇરાદેથી એ કામ કર્યું હોય, અને તે ઇરાદો કરેલું શરીરનું નુકશાન એવી રીતનું હોય કે, ચાલતા સૃષ્ટીક્રમ પ્રમાણે મોત કરવાને તે સમર્થ છે તેવા ઈરાદાથી.
(ક) મોત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં.	ક (૪) એ કામ એવું તુરત ભયંકર છે કે તેથી સોવસા મોત અથવા જેથી મોહોત થવાનો સંભવ છે, એવું શરીરનું નુકશાન થશેજ એમ જાણીને.

આ બંને ગુન્હાઓ વચે ફરક પાડનારા શબ્દો મને દેખાય છે, તે શબ્દો નીચે મેં લીટીઓ કાઢી છે.

અ તથા (૧) થી જણાય છે કે, જ્યાં મારી નાંખવાનો ઇરાદો હોય, ત્યાં તે ગુન્હો હમેશાં ખુનનો થાય છે.

ક તથા (૪) જેમાં જેમાં મોત આણવાનો અથવા શરીરને ઇજા કર્યાનો ઇરાદો હોય, તે તે કામોમાં લાગુ પાડવાની મતલબ હોય એમ મને જણાય છે. (હું એમ નથી કહે-

તો કે, આ બંનેની મરીયાદા એટલે સુધી રહેલી છે) જોસભર ઘોડા ગાડી હાંકવી, અને સરીયામ રસ્તા નજીકમાં કોઇ નીશાન ઉપર બંદુક ફોડવી, એ કામો આવા પ્રકારનાં છે. એ ગુન્હો શીક્ષીણીય મનુષ્યવધ અથવા ખુન છે, એ બાબતનો આધાર માણસની જીંદગીના જોખમના ન્યુનાધિકપણા ઉપર રહે છે. જો આવા કૃત્યને અંતે મોત થવાનો વખતે સંભવ હોય, તો તે શીક્ષીણીય મનુષ્યવધનો ગુન્હો થાય છે. પણ જો મોત થવાનો નવાણું ટકા સંભવ હોયતો તે ખુન થાય છે.

(૨) જે શબ્દો નીચે મેં લીટીઓ કરેલી છે, તેમાંથી (૨) નો સાર જડી આવ્યાનું મને જણાય છે. જે ગુન્હેગારના જાણવામાં હોય કે, કોઈ ચોકસ પુરૂષ જેને ગુન્હેગારે ઇજા કરી છે, તે માણસ વખતે તેના બાંધાની ખાસીયતને લીધે, અથવા અપકવ અવસ્થાને લીધે, અથવા બીજા કોઇ ખાસ પ્રસંગને લીધે જે ઇજા સામાન્ય ક્રમમાં મોત ઉત્પન્ન કરે એવી નથી, તે ઇજાથી તે માણસ મરી જશે, એમ તે ગુન્હેગાર જાણતો હોય, તો તે ગુન્હો ખુન કહેવાય છે, એ કલમમાં આપેલું દ્રષ્ટાંત નીચે પ્રમાણે છે.

ग ને એવો રોગ થયેલો છે કે, એક સપાટો મારેથી તેનું મોત થવાનો સંભવ છે. એમ જાણ્યા છતાં अ તેને શરીરનું નુકશાન કરવાને ઈરાદેથી તેને સપાટો મારે, અને તે સપાટે ઝ મરી જાય, તો અગર ચાલતા સૃષ્ટીક્રમ પ્રમાણે સારી તંદુરસ્તીવાળા સક્ષનું મોત આણવાને તે સપાટો સમર્થ ન હોય, તો પણ अ ખુનનો તકસીરવાર છે હવે (ब) અને (૩) નો વિચાર કરવો રહે છે. અને એ બંને રકમોનો મુકાબલો કરવા ઉપર હાલના મુકરદમા જેવા શકવાળા મુકરદમાનો નીકાલ બહુ કરીને આધાર રાખે છે. જો જે શરીરની ઇજા કરવા ધારેલી હોય, તે ઈજાથી મોત થવાનો સંભવ હોય તો તે ગુન્હો શીક્ષીણીય મનુષ્યવધ છે; અને જો તેવી વ્યથા કુદરતના સામાન્ય ક્રમમાં મોત આણવા માટે બસ હોય તો તે ખુન છે. એ તફાવત બારીક છે. પરંતુ સાફ દેખાઇ આવે એવો છે. જેવો તફાવત (क) અને (૪) વચ્ચે હમણાં દેખાડયો છે, તેનાજ જેવો તે બહુ કરીને છે. મોત થવાના ટકાના ન્યુનાધીકપણાનો તે એક સવાલ છે. વ્યવહારી રીતે જોતાં એ સવાલનું પ્રથકરણ વાપરેલું હથીઆર કેવા પ્રકારનું હતું, તેનો વિચાર કરવામાં સામાન્ય રીતે રહેલું છે. એવો માહારો અભીપ્રાય છે. શરીરના કોઇ જાગૃત ભાગ ઉપર લાકડી કે મુકી મારવાથી વખતે મોત થાય ખરૂં. અને તેવાજ કોઇ ભાગ ઉપર તરવારનો જખમ કુદરતના સામાન્ય ક્રમ પ્રમાણે મોહોત પેદા કરવાને બસ છે.

આ કામમાં કેદી જે ૧૮ વરસની વયનો જુવાન માણસ છે. તેણે પોતાની ૧૫ વરસની વહુને લાતો આરેલી, તથા વાંસામાં ઘણી મુંકીઓ મારેલી જણાય છે. આ માર વાગવાથી તેણીને ભારે ઈજા થઇ હોય, એમ જણાતું નથી. પરંતુ જે જમીન ઉપર પડી ગઇ અને મારા વિચાર પ્રમાણે પુરાવેથી એમ જણાય છે કે, બંધવે ત્યારબાદ તેણીની છાતી ઉપર ઘુંટણીયું ખોડયું, અને બે ત્રણ વખત તેણીના મહોડા ઉપર માર માર્યો. દાકતરની જુબાની ઉપરથી મને જોવામાં આવે છે કે, આવા મારોમાંથી એક બે ઘા બહુ જોરાવર હતા, અને તે મુઠીવાળીને માર્યા હતા. તેની અસર એ છોકરીની ડાબી આંખમાં પહોચી. તેમાંથી સોઝો થયો, અને દુખવા આવી. ખોપરી ભાગી નહોતી. પણ મારથી લોહી લમણા ઉપર ચડી આવ્યું, અને તે ફુટવાથી તે છોડી ત્યાંને ત્યાં કાંતો મરી ગઇ હશે. અથવા

થોડીકવારે મરી ગઇ હશે. આવી હકીકતની સ્થીતીમાં સેસન જડજ તથા આસેસરોએ કેદીને ખુનનો ગુન્હેગાર ઠરાવ્યો છે. અને તેણે તેને મોતની શીક્ષા કરી છે. મારો પોતાનો અભીપ્રાય એવો છે કે, આ ગુન્હો ખુનનો નથી. પણ શીક્ષીણીય મનુષ્યવધનો છે. મોત આણવાનો ઈરાદો હોય એમ હું ધારતો નથી. તથા જે શરીરની વ્યથા કરી હતી તે સૃષ્ટીના સામાન્ય ક્રમમાં મોત આણવાને બસ છે, એમ પણ હું ધારી શકતો નથી. હું ધારૂં છઊં કે, સામાન્ય રીતે તેથી મોત થાય એમ નથી. પરંતુ, જ્યારે માર વાગેલો માણસ ધરતીઉપર પોતાનું માથું રાખીને પડયો હોય, ત્યારે આંખ ઉપર જોરથી મુંકી મારવાથી બેસક વખતે મોત થવાનો સંભવ છે.

ઉપરના કારણોથી મારો અભીપ્રાય એવો છે કે, બંધવાને ખુનમાં ન સમાઈ શકે, એવા શીક્ષીણીય મનુષ્યવધનો ગુન્હેગાર ઠરાવવો જોઇએ. અને તેને ૭ વરસ સુધી સમુદ્રપારની શીક્ષા કરવાને હું ઇચ્છું છઊં.

કેસરેહિંદ વિ. ગણેસદુલી તથા ગોપીદુલી.

કલમ ૨૯૯.

૨
તા૦ ૨૮–૭–૭૯
ઈ. ૫ ક. પા. ૩૫૧

કોઈ ઝેરી નાગનો કોઈ માણસનું મોત કરવાના ઈરાદા વગર, પણ વખતે મોત થવાનો સંભવ છે એમ જાણીને કોઈ ઝેરી સાપની દાઢ ખેંચી લીધા વગર એ નાગને તેનો ગારૂડી બીજા સક્ષ ઉપર ખેલ કરતાં કરતાં મુકે અને તે સક્ષ તે નાગના ડસવાથી મરી જાય તો તે ગારૂડી શીક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો ગુનેહગાર થાય છે.

कोइ एक सर्पनो वादी चौटामां एक झेहेरी सापने देखाडवा सारू लाव्यो. एनी डाढ ते जाणतो हतो के काढी नाखी नहोती. अने पोतानी जादुगीरी तथा चालाकी देखाडवाने, पण कोइने कांइ नुकशान करवाना इरादा वगर, खेल जोनाराओमांथी एक जणने माथे तेणे ते साप मुक्यो. ए खेल जोनारे सर्पने हडसलो मारवानुं कर्युं, तेटलामां ते सर्पे तेने डस्यो. अने आखरे ते मरी गयो. ठराव्युं के सर्पनो वादी पीनलकोडनी ३०४थी कलम मांहेला खुनमां समाइ न शके, एवा शीक्षणीय मनुष्यवधनो गुन्हेगार छे. अने ३०४ अ मांहेला गुन्हानो गुन्हेगार नथी. राणी वि. पुनाइ फतीमा (१२ वी. री. ७) ना मुकरदमामां शुं तफावत छे ते बतावबामां आव्यो.

આ કામમાં ગણેશ તથા ગોપી એક કોબરા જાતના બંને સર્પના ગારૂડીઓ હતા. તેઓ એક કોબરા જાતના ઝેહેરી નાગને પકડયા પછી, થોડે દહાડે લોકોના ટોળા પાસે એક ચૌટામાં તે નાગનો ખેલ કરવા સારૂ લઇ ગયા. એ ટોળામાં એક બીજ નામનો છોકરો હતો. જે નાગની ડાઢ કહાડી નાંખી નહોતી તે નાગની જોડે પોતાની કેટલીક ચાલાકીછે, તે દેખાડવામાં મદદ લેવા સારૂ, ગણેશે સદરહુ છોકરાને પસંદ કર્યાનું જણાય છે. એ નાગ દેખાડતાં દેખાડતાં તેણે તેને ટપ લેઇને પેલા છોકરાના માથાપર મુંકી દીધો. એ નાગ ખભા ઉપર પડયો. તેથી, અથવા કોઇ બીજા કારણથી તે છોકરો બીનો અને નાગને હડસેલો મારવાનું કરતો હતો, તેટલામાં તે નાગ તેના હાથ ઉપર ડસ્યો, અને પછી થોડીવારે

તે છોકરો મરી ગયો. આ પ્રસંગે ગણેશ તથા ગોપી ઉપર હિંદુસ્થાનના પીનલકોડની ૩૦૨ જી તથા ૩૦૪ થી તથા ૩૦૪ અ કલમ માંહેલા ગુન્હાઓનાં તહોમતો મુકવામાં આવ્યાં.

સર્પના વાદીઓની આવી રીતે સર્પ દેખાડવાનો રીવાજ મશહુર છે. વળી બંને અથવા બંનેમાંથી એકનો ઇરાદો તે છોકરાને મારી નાંખવાનો નહોતો. અને તેનું મરણ ચોખી કજાને અંતે થયું છે, એવો જુરીએ પોતાનો મત આપીને, બંધવાઓને તેઓએ નીરદોષ ઠરાવ્યા.

જુરીના મતથી જુદા પડીને સેસન જડજના મનમાં આવ્યું કે, બંધવાઓનો ધંધો વાદીનો છે. એટલે તેઓના જાણવામાં હોવું જોઈએ કે, આ સર્પ ભારી ઝેરી હોવો જોઇએ. અને તેથી જ્યારે કોઇ ઝેહેરી સાપને છુટો મુકવામાં આવે, ત્યારે તેની પાસે ઉભેલા ટોળામાંથી દરેક સક્ષને જે જોખમ અવશ્ય રીતે થવું જોઈએ, તેવા જોખમમાં ખેલ જોનારાઓને તથા સદરહુ છોકરાને નાંખવા, એથી બંધવાઓએ ભારે ગફલતનું કામ કર્યું છે; તેથી તેઓનો ગુન્હો કલમ ૩૦૪ અ માં આવી શકે છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૬૩ (૩૦૭) મી કલમ મુજબ આ કામ હાઇકોરટમાં લખી મોકલ્યું. તે ઉપર જસ્ટીસ માકડોનલ્ડે નીચે મુજબ ઠરાવ કર્યો.

સેસન જડજનો જુરી સાથે મત ન મળવાથી, તેણે ફોજદારી કામ ચલાવવાના ધારાની ૨૬૩ (૩૦૭) મી કલમ મુજબ આ કામ હાઇકોરટમાં લખી મોકલ્યું છે. અમારા ધારવા પ્રમાણે બંધવા ગણેશે કરેલો ગુન્હો પીનલકોડની ૩૦૪ થી કલમ માંહેલો છે. પેલા છોકરાનું મોત ઇરાદાથી કર્યું નથી, તેમ તે કામ એવું તો ભયંકર છે કે, તેથી સોવસા મોત થવાનો સંભવ છે; એમ જાણીને, તેણે તે છોકરા ઉપર સાપ મુક્યો નહોતો.

પ્રોસીક્યુસન તરફથી રાણી. વિ. પુને ફતેહમાંનો કેસ ટાંકવામાં આવેલ અને જુરીને આદેસ કરવા ટાણે એ કેશનો સેસન જડજે હવાલો આપેલ, તે કેશ એવો છે કે, તેમાં બંધવે ખરેખરી રીતે જે માણુસ મરી ગયો, તેને સાપ કરડાવ્યો હતો, જડજના કહેવા પ્રમાણે તે કેશમાં અને આ કેશમાં બહુ ફેર છે. કેમકે સોવસા મોત થવાનો મોહોટો ભય છે. એમ તેમાં સાફ રીતે જાણવામાં હતું.

આ કામ લખી મોકલતી વખત જડજનો એવો અભીપ્રાય હતો કે, બંધવાને ૩૦૪ અ કલમ માંહેલા ગુન્હાની સજા કરવી જોઇએ. પણ તે કલમ આ કામને લાગુ થતી નથી. તેનું કારણ ઉપર કહેલું છે. તેથી અમે ધારીએ છીએ કે, "અવિચારી કૃત્યથી શીક્ષણીય મનુષ્યવધ થાય છે."

આ કામમાં એ નાગ પેલા છોકરાને કરડશે એમ બંધવા ગણેશે ધાર્યું નહોતું. એવું કહેવું હોય તો કહી શકાય છે, પણ અમે ધારીએ છીએ કે, મોત કરવાના ઈરાદા વગર, પણ મોત થવાનો સંભવ છે, એમ જાણીને એ કૃત્ય કરવામાં આવ્યું હતું.

ગણેશને ત્રણ વર્ષની સખત કેદની સજા કરવી જોઈએ, એમ અમારો અભીપ્રાય છે. અને ગોપીએ ગણેશને મદદ કરી, તેથી તે હીંદુસ્તાનના પીનલકોડની ૩૦૪ થી તથા ૧૧૪ મી કલમો પ્રમાણે સજા કરવી જોઇએ. પરંતુ તેણે આ કામમાં બહુ થોડો ભાગ લીધો હતો. એટલે તેને માત્ર એક વર્ષની સખત કેદની સજા બસ છે.

કલમ ૩૦૦ મી.

નીચે બાતલ કરેલી બાબતો મુકી દઇને બીજી સરવ બાબ- ખુન, તોમાં શીક્ષણીય મનુષ્યવધને ખુન સમજવું, પણ કયારે કે જો જે કામથી મોત થાય તે કામ મોત આણવાના ઇરાદાથી કરયું હોય, તો અથવા.

૨ જી. કોઇ સખસને જેથી તે સખસનું મોત થવાનો સંભવ તકશીવાર માણસ જાણતો હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી તે કામ કરયું હોય, તો અથવા.

૩ જી. કોઇ સખસને કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી તે કામ કરયું હોય અને તે ઇરાદો કરેલું શરીરનું નુકશાન એવી રીતનું હોય કે ચાલતાં સૃષ્ટીક્રમ પ્રમાણે મોત કરવાને તે સમર્થ હોય, તો, અથવા—

૪ થી. તે કામ એવું તુરત ભયંકર છે કે તેથી સો વસા મોત અથવા જેથી મોત થવાનો સંભવ છે એવું શરીરનું નુકશાન થશેજ, એમ તે કરનાર સખસ જાણતો હોય, અને મોત આણવાના અથવા ઉપલા પ્રકારના નુકશાનના જોખમમાં પડવા કાંઇ કારણ વિના તે સખસ તે કામ કરે, તો.

દૃષ્ટાંત.

(અ) ઝ ને મારી નાખવાના ઇરાદાથી અ તેને ગોળી મારે, અને તેથી ઝ મરી જાય તો અ એ ખુન કરયું. એમ સમજવું.

(બ) ઝ ને એવો રોગ થએલો છે કે એક સપાટો મારેથી તેનું મોત થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં અ તેને શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી સપાટો મારે, અને તે સપાટાથી અ મરી જાય, તો, અગર ચાલતા સૃષ્ટીક્રમ પ્રમાણે સારી તંદુરસ્તીવાળા સખસનું મોત આણવાને તે સપાટો સમર્થ ન હોય તોપણ, અ ખુનનો તકશીરવાર છે. પણ ઝ ને કાંઇ રોગ થયેલો છે એમ ન જાણતાં અગર અ તેને એક એવો સપાટો મારે કે તેથી ચાલતા સૃષ્ટીક્રમ પ્રમાણે સારી તંદુરસ્તીવાળા સખસનું મોત ન થાય, તો એ ઠેકાણે, અગર તેનો ઇરાદો શરીરનું નુકશાન કરવાનો હોય તોપણ, જો મોત આણવાનો અથવા જેથી ચાલતા સૃષ્ટીક્રમ પ્રમાણે મોત થાય એવું શરીરનું નુકશાન કરવાનો ઇરાદો કરયો નહીં હોય તો, અ ખુનનો તકશીવાર છે એમ સમજવું નહીં.

(ક) અ ઇરાદાથી ઝ ને તલવાર અથવા ડાંગથી જખમ કરે એવું કે તેથી ચાલતા સૃષ્ટીક્રમ પ્રમાણે માણસનું મોત થાય, અને ઝ તે જખમથી મરી જાય, તો, એ ઠેકાણે અગર તેણે ઝ નું મોત આણવાનો ઇરાદો ન કરયો હોય તોપણ અ ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

(ડ) લોકોનું એક ટોળું મળેલું છે તેમાં વગર કારણે અ એક ભરેલી તોપ છોડે, અને તેથી તેઓમાંના એક જણનો જીવ જાય, તો અગર ફલાણા સખસનો જીવ લેવો એવો તેણે આગળથી વિચાર પુરવક ઇરાદો ન કરયો હોય તોપણ, અ ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

શિક્ષણીય મનુષ્યવધ ક્યારે ખુન નથી.

અપવાદ ૧ લો.—ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થવાથી જેની પોતાનો જીવ વશ રાખવાની શક્તી ગઇ છે એવી અવસ્થા છતાં કોઇ માણસ તે ક્રોધ ઉત્પન્ન કરનાર સખસનું મોત આણે, અથવા ભુલથી કે ઇતેફાકન કોઇ બીજા સખસનું મોત આણે, તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

ઉપલા અપવાદમાં નીચેની સરતો લાગુ પડે છેઃ—

પેહેલી.—કોઇ સખસને મારી નાંખવા અથવા કાંઇ હાની કરવા સારૂ બહાનાં દાખલ તે ક્રોધ ગુન્હેગારે માગી આણેલો અથવા બુદ્ધિપુર્વક ઉત્પન્ન કરેલો ન હોવો જોઇએ.

બીજી.—કાયદા મુજબ, અથવા સરકારી નોકરીનો અખ્તીયાર અમલમાં લાવતાં કોઇ સરકારી નોકરે કરેલી કાંઇ વસ્તુથી તે ક્રોધ થયેલો ન હોવો જોઇએ.

ત્રીજી.—ખાનગી બચાવનો હક કાયદા મુજબ અમલમાં લાવતાં કરેલી કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થયેલો ન હોવો જોઇએ.

ખુલાસો.—તે ક્રોધ એવો ભારે તથા આકસ્મિક હતો કે તેથી તે ગુન્હો ખુન થઇ શકે નહી, એ હકીકતની બાબત છે.

દૃષ્ટાંત.

(અ) ક્રોધ ઉત્પન્ન થાય એવું કાંઇ કામ અ એ કર્યાથી ક્રોધાધીન થઇને તે અવસ્થામાં બ ઝ નું છોકરૂં ય છે તેને ઇરાદાથી મારી નાખે, તો તે ખુન સમજવું, કેમકે તે ક્રોધ ઉત્પન્ન થવાનું કામ તે છોકરાએ કર્યું નથી અને તે ક્રોધથી થએલું કાંઇ કામ કરવામાં ઇતેફાકન અથવા કમનશીબથી તે છોકરાનું મોત થયું નથી.

(બ) અ ને ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થાય એવું કાંઇ કામ ય કરે, અને તેથી ક્રોધ ચઢીને અ ય ની ઉપર એક પિસ્તોલ છોડે. અને પાસે ઉભેલો પણ નહીં દીઠેલો ઝ તેથી મરી જાય, પણ તેને મારી નાખવાનો અ એ ઇરાદો ન કર્યો હોય, તથા પોતાને હાથે તેનું મોત થવાનો સંભવ પણ અ એ જાણ્યો ન હોય, તો એ ઠેકાણે અ એ ખુન નહી, પણ માત્ર શીક્ષણીય મનુષ્યવધ કર્યો એમ સમજવું.

(ક) અ ને એક નાજરનો સિપાઇ ઝ કાયદા મુજબ પકડે, અને તે પકડવાથી આકસ્મિક તથા ભારે ક્રોધ ચઢીને અ ઝ ને મારી નાખે, તો એ ખુન સમજવું. કેમકે ક્રોધ જે ઉત્પન્ન થયો તે સરકારી નોકરે પોતાનો અખ્તિયાર અમલમાં લાવતાં કરેલી વસ્તુથી ઉત્પન્ન થયો.

(ડ) એક ઝ માજીસ્ત્રેટની આગળ અ સાહેદ હાજર થાય, અને ઝ એ પ્રમાણે બોલે, કે અ ની જુબાનીનો શબ્દ પણ હું માનતો નથી, તથા અ એ ખોટી સાહેદી પુરી છે, અને એ શબ્દ સાંભળીને આકસ્મિક ક્રોધ ચઢીને અ ઝ ને મારી નાખે, તો એ ખુન સમજવું.

(ય) ઝ નું નાક ખેંચવાની અ કોશિશ કરે અને તેને તેમ કરતાં અટકાવવા સારૂ, ખાનગી બચાવનો હક અમલમાં લાવીને, ઝ અ નો હાથ પકડે તેથી આકસ્મિક તથા ભારે ક્રોધ ચઢીને અ ઝ ને મારી નાખે, તો એ ખુન સમજવું. કેમકે જે ક્રોધ ઉત્પન્ન થયો તે ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કરેલી વસ્તુથી ઉત્પન્ન થશે.

(ફ) ઝ બને મારે, તેથી બ ને ભારે ક્રોધ ચઢે, અને તે ક્રોધનો ફાયદો લેવાના ઇરાદાથી તથા તેની પાસે ઝ ને મારી નાખવાના ઇરાદાથી એક પાસે ઉભેલો માણસ અ તે કારણસર બ ના હાથમાં એક છરી આપે, અને તે છરીએ વળી બ ઝ ને મારી નાખે તો એ ઠેકાણે બ એ માત્ર શિક્ષણીય મનુષ્યવધ કર્યો એમ થઇ શકે, પણ અ તો ખુનનો તકસીરવાર છે એમ સમજવું.

અપવાદ ૨ જો.—કોઇ માણસ શુધ્ધબુધ્ધિ એ શરીર અથવા મિલકતના ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કાયદાએ તેને આપેલા અખ્તિયારની હદની બહાર જાય, અને આગળ વિચાર કર્યા વિના, તથા તે બચાવ કરવામાં જરૂર કરતાં વધારે હાની કરવાના ઇરાદા વગર જે સખસની શાહમાં તે બચાવાનો હક અમલમાં લાવતો હોય તે સખસનું મોત આણે, તો તે શિક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

દ્રષ્ટાંત.

(અ) ને મહાવ્યથા ન થાય એવી રીતે ઘોડાની ચાબુકથી તેને મારવાની ઝ કોશિશ કરે, અ એક પીસ્તોલ ખેંચી કાહાડે, ઝ હુમલામાં જારી રહે, મને ચાબુકનો માર પડતો બીજા કોઇ ઇલાજથી અટકાવશે નહી એવું શુદ્ધબુધ્ધીએ માનીને અ ગોળી મારીને ઝ નો પ્રાણ લે, તો અ એ ખુન નહી, પણ માત્ર મનુષ્યવધ કરયો એમ સમજવું.

અપવાદ ૩ જો.—કોઇ માણસ સરકારી નોકર હોય અથવા સરકારી ઇનસાફનો વધારો કરવાને કામ કરનારા કોઇ સરકારી નોકરને સહાય કરતો હોય તે માણસ કાયદાએ તેને આપેલા અખતિયારની હદની બહાર જાય,

અને સરકારી નોકર દાખલ પોતાની ફરજ બરાબર રીતે બજાવવાને સારૂ પોતે જે કામને શુધ્ધબુદ્ધિએ કાયદેસર તથા જરૂર માનતો હોય એવું કાંઇ કામ કરવાથી તે મોત આણે, પણ જે સખસનું મોત થાય તે સખસની ઉપર તેનો કાંઇ દ્વેષ ભાવ ન હોય, તો તે શિક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

અપવાદ ૪ થો.—આગળ વિચાર કરયા વિના એકાએક ઝઘડો થઇને ઘણો કરોધ ચડયો હોય તેવામાં એકાએક મારા મારી થઇને, શિક્ષણીય મનુષ્યવધ થાય, અને તે ગુન્હો કરનારે કાંઇ ગેરવ્યાજબી ફાયદો લીધો ન હોય, અને તે ઘાતકી રીતે અથવા નવાઇ રીતે ચાલ્યો ન હોય તો તે શિક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

ખુલાસો.—એવી બાબતમાં કરોધ ઉત્પન્ન કરનાર કોણ, અથવા પેહેલો હુમલો કરનાર કોણ, એ વાત કાંઇ જરૂરની નથી.

અપવાદ ૫ મો.—જે સખસનું મોત થયું હોય તે સખસ અઢાર વર્ષથી વધારે ઉમરનો છતાં તેણે પોતાની રજામંદીથી પોતાનું મોર થવા દીધું હોય, અથવા મોતનું જોખમ માથે લીધું હોય, તો તે ઠેકાણે શિક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

દ્રષ્ટાંત.

(ઝ) અઢાર વર્ષથી ઓછી ઉમરનો એક સખસ છે તેન ઉશ્કેરીને અ બુધ્ધિપુર્વક તેની પાસે આત્મઘાત કરાવે, તો એ ઠેકાણે ઝ ની નાની ઉમરના સબબથી ઝ પોતાનું મોત થવા બાબત પોતાની રજામંદી આપવાને, અશકત, માટે અ એ ખુન કરવામાં મદદગારી કરી એમ સમજવું.

માહારાણી કેસરેહિંદ વિ.· ખોગઇ.

કલમ ૩૦૦.
૧
તા૦ ૨૨-૧-૭૯
ઇ. ૨ મ. પા. ૫૨૨

ही. पी. को. नी ३०० मी कलममां जे क्रोधनुं चींतवन कर्युं छे, ते क्रोध गुन्हेगारनो मीजाज हाथमां न रही शके, एवा प्रकारनो होवो जोइएं. ते प्रमाणे हतुं के नहीं, ते नकी करवामां क्रोध चढवा टाणे गुन्हेगार केवा मननी स्थीतीमां हतो, ए वात लक्षमां राखवी जोइए.

હી. પી. કો.ની ૩૦૦ મી કલમમાં જે કરોધનું ચીંતવન કર્યું છે તે કરોધ ગુન્હેગારનો મીજાજ હાથમાં ન રહી શકે એવા પ્રકારનો હોવો જોઇએ તે પ્રમાણે હતું કે નહી તે નકી કરવામાં કરોધ ટાણે ગુન્હેગાર કેવા મનની સ્થીતીમાં હતો એ વાત લક્ષમાં રાખવી જોઇએ.

પેહેલા નંબરનો બંધવો જે અપેલેંન્ટ છે, તેના ઉપર એક સરાડીનું ખુન કર્યાનું ત-

હોમત હતું. અને બીજા નંબરની તહોમતદાર બુઢી ઉપર ખુનમાં મદદ કર્યાનું તહોમત હતું.

આ બંને બંધવાઓ પોતાના ખેતરનો બાંધો મજબુત કરતા હતા. તાત્યો અને એક બીજો જે બંને ભરવાડો હતા, તેઓ સદરહુ ખેતર પાસે થઈને પોતાનો વાઘ હાંકી ગયા. એ વાઘમાંથી કેટલાંક મેઢાંઓ તે બાંધા ઉપર ગયાં અને પોતાના બાંધાને નુકશાન થએલું જોઇને બંધવાઓને ક્રોધ ચડયો. તેથી સદરહુ ભરવાડોને તેઓએ ગાળ દીધી, અને માર માર્યો. તે વખતે તાત્યાનો બાપ (ગુજરનાર) અને એક બીજો આવી ચડયા. એ ગુજરનારે પોતાના દીકરાને પકડીને પુછ્યું કે, તુને બંધવાઓ શા સારૂ મારતા હતા, તથા ગાળો દેતા હતા? પેહેલા નંબરના બંધવે પોતાના હાથમાં એક ભારે લાકડી હતી, તે ગુજરનારના માથાના પડખામાં લગાવી. અને તેને મારી નાંખ્યો.

પેહેલા નંબરના બંધવા એટલે અપેલેન્ટને ખુનનો અપરાધી ઠરાવી, તેને જીવતાં સુધી સમુદ્રપારની સજા કરી. અને બીજા નંબરના બંધવાને છોડી મુકયો.

પેહેલા નંબરના બંધવાએ અપીલ કરી. અને સરકારી વકીલની એ ઠરાવ કાયમ રાખવા સંબંધી દલીલ સાંભળીને, હાઇકોર્ટના જસ્ટીસ ઇન્સ તથા મુતુસ્વામી આયરે નીચે પ્રમાણે ઠરાવ આપ્યો.

ઠરાવ.

સરકારી વકીલ જે આ ઠરાવ ટકાવી રાખવાને વાસ્તે હાજર થએલ છે, તેણે એવી દલીલ કરેલી છે કે, જે ક્રોધથી બંધવાને પોતાનું કૃત્ય કરવાનું મન થયું હતું, તે ક્રોધ વીશેષ નકી કરવામાં ગુજરનાર તકરારની જગ્યાએ આવી પહોંચ્યો, તેની પહેલાં જે કાંઇ બન્યું તે બધું મુકી દેવું જોઇએ. કેમકે સાપ્રાધ પ્રવેશ કે હુમલો કરવામાં તથા તેને દીકરે બીજા જે ગુન્હા કરેલા, તેમાં એ ગુજરનારનો ભાગ હતો, એવું દેખાડવાનો જરાએ પુરાવો પડયો નથી. ૩૦૦ મી કલમમાં જે ક્રોધનું ચીંતવન કર્યું છે, તે ક્રોધ જે માણસના મોત વીશે તપાસ ચાલતી હોય, તેનાથી ઉત્પન્ન થવો જોઈએ. પછી તે પોતાના કૃત્યથી થાય. કીંવા બીજા ઉશકેરણી કરનારા અગર બીજી રીતે મદદ કરનારાઓમાંથી થાય, એવો કાયદાનો નીયમ છે. એમ માનીલેતાં, તથા ગુજરનારે આ કામમાં જે ગાળ દીધી હતી, તેનાથી આ કામમાં જે ક્રોધ પેદા થયો છે, તે ક્રોધ ઉપર વીચાર કરતાં અમો હજુ માંનીએ છીએ કે, એ ક્રોધ જોઇએ તેટલો ભારી, અને તાતકાળી હતો. અને તેથી તે સદરહુ કલમમાં ક્રોધનું ચીંતવન કર્યું છે, તેવા પ્રકારનો તે ક્રોધ થઇ શકે છે.

ગુન્હેગારનો મિજાજ હાથમાં રહે નહીં, એવા પ્રકારનો ક્રોધ, એ કલમ પ્રમાણે હોવો જોઇએ. હવે તે પ્રકારનો હતો કે નહીં? તે નકી કરવામાં ક્રોધ ચડવા ટાણે ગુન્હેગારની મનની સ્થીતી કેવી હતી તે વાત લક્ષમાં રાખવી જોઇએ. આ કામમાં દીધેલી ગાળ ઘણીજ હલકી જાતની હતી. અને તે ગાળ પાછી ગુજરનારના દીકરાની વર્તણુકથી, જે માણસને ગુસ્સો ચડી ગયો હતો, તેને દીધી હતી. આવા પ્રસંગમાં અમો માનીએ છીએ કે, ક્રોધને લીધે માણસનો મીજાજ હાથમાં રહી શકે એવો નોહોતો, માટે ખુનના ગુન્હાનો ઠરાવ ફેરવી નાંખી તેને બદલે ખુનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો અપરાધી ઠરાવી બંધવાને સાત વરસની સખ્ત કેદની સજા કરીએ છીએ.

માહારાણી કેસરેહીંદ વી. રૈમુદીન, નજરમાંમદતથા સમીરૂદીન.

કલમ ૩૦૦.

૨

તા૦ ૨૨-૪-૭૯
ઇ. ૫ ક. પા. ૩૬

૩૦૦ મી કલમનો પાંચમો અપવાદ જ્યાં આગળથી વિચાર કરીને લડાઇ કરી હોય તેને લાગુ પડતો નથી પરંતુ સતી જેવા જુદાજ પ્રકારના મુકરદમાને તે લાગુ પડે છે.

मोत अवश्य थशे, अथवा अंते वखते मोत थवानो संभव छे एम जाणीने कोइ सक्ष अमुक काम करवाने पोतानी संमती आपी आधीन थाय छे, तेवा कामोमां पांचमो अपवाद लागु पड्यानुं हुं समजुं छऊं. परंतु जे कोइ माणसनी तरफथी कांइ भय थवानी आगळथी राखी होय, तेवा माणसनुं मोत करीने, पण जे वस्तुथी मोतनुं जोखम माथे लेवाय छे, अने जे वस्तु कोइ माणस पोताथी बने तो टाळवानी धारणा राखे छे, तेवा मोतना जोखममां पडवाने आ पांचमो अपवाद लागु थतो नथी.

३०० मी कलमनो पांचमो अपवाद ज्यां आगळथी विचार करीने लडाइ करी होय, तेने लागु पडतो नथी. परंतु सती जेवा जुदाज प्रकारना मुकरदमाने ते लागु पडे छे.

બાકરગંજના સેસન જડજે ઠરાવ કર્યો હતો, તેના ઉપરની આ ફોજદારી અપીલ છે.

હકીકત એવી છે કે, જમીનના કોઇ એક કટકા માટે અબદુલ લશકર તથા અબદુલ ખુંડકાર વચે તકરાર ઉઠી હતી. અને તારીખ ૬-૪-૭૮ ને રોજ અબદુલ લશકરે એક ૫૦-૬૦ માણસનું ભાલાં તથા લાકડી બંધ ટોળું લાવીને તકરારી જમીન ખેડવાનું શરૂ કર્યું. ખુંડકારનાં માણસો પણ તેજ પ્રમાણે હથીયારો બાંધીને અબદુલ લસ્કરના માણસોને અટકાવવાનું પ્રયત્ન કરતા હતા. તેમાં હંગામો થયો. પરંતુ તે હંગામો કેટલાક વજનદાર માણસોના વચે પડવાથી સમી ગયો. અને એ વજનદાર માણસોએ અબદલ લસ્કરને પોતાના માણુસ પાછાં લઇ જવાને સમજાવ્યો. આ માણસોને ત્યારબાદ ક્રોધ ચડવાથી પાછાં વળ્યાં, અને ત્યાર પછી ભેટા ભેટી થઈ, તેમાં અબદુલ ખુંડકરના માણસોમાંથી એક અસીરૂદીનને જખમ થયો. અને એ જખમથી તે મરણ પામ્યો. અબદુલ લસ્કરના ટોળા માંહેલા ત્રણ માણસો, રહીમુદીન, નજરમાંમદ અને સમીરૂદીનને પકડીને તેઓના ઉપર હી. પી. કો. ની ૩૦૨-૧૪૮-૧૪૯ મી કલમોના ગુન્હાઓનાં તહોમત મુકવામાં આવ્યાં.

સેસન જડજના વિચારમાં આવ્યું કે, આ બંધવાઓ ખુનના ગુન્હેગાર જણાતા નથી. પરંતુ બહુ થાય તો, તેઓ ખુનથી ઉતરતા દરજાના શીક્ષાણીય મનુષ્યવધના ગુન્હેગાર છે. પુરાવા ઉપરથી સાફ રીતે સાબીત થાય છે કે, હંગામો થયો તે વખતે નજીરૂદીનની સરદારી તળે અસીરૂદીન, હથીયાર બાંધીને હાજર થયો હતો. અને એ ગુજરનાર તથા તે જે પક્ષમાં તે હતો, તે પક્ષનાં માણસો પણ ભાલાવાળા હોવાથી, તેઓએ ઇરાદા પુર્વક લડાઇ ઉભી કરી. અને એ લડાઇમાં રાજી ખુશીથી, તથા આગળથી સલાહ પરીયાણ કરીને તેઓ સામેલ થયા હતા અને તેમ કરવામાં જે જોખમ હતું, તેના તેઓ સારી પેઠે વાકેફગાર હતા, તે ઉપરથી સેસન જડજને માલુમ પડયું કે, આ મુકરદમો હી. પી. કો. ની ૩૦૦ મી કલમના પાંચમા અપવાદ નીચે આવે છે. અને એ અપવાદમાં કહ્યું છે, કે

"જે સક્ષનું મોત થયું હોય, તે સક્ષ અરાડ વરસની ઉમરથી વધુ વરસનો છતાં તેણે પોતાની રજામંદીથી પોતાનું મોત થવા દીધું હોય, અથવા મોતનું જોખમ માથે લીધું હોય, તો તે ઠેકાણે શીક્ષીણીય મનુષ્યવધ ખુન નથી." તેથી સેસન જડજે આસેસરોના મતથી મળતા આવીને, રહીમુદીન, નજરમાંમદ અને સમીરૂદીનને, હી. પી. કો. ની ૩૦૪ થી ૧૪૯ મી કલમોના અપરાધી ઠરાવી તેમાંથી પેહેલા બે બંધવાઓને ૧૦ વરસની તથા ત્રીજા બંધવાને પાંચ વરસની સખત કેદની સજા કરી.

આ ઠરાવ સામે બંધવાઓએ હાઇકોરટમાં અપીલ કરી. પરંતુ તેઓના તરફથી કોઈ સક્ષ કામ ચલાવવા હાજર થયો નહોતો.

હાઇકોરટે નીચે પ્રમાણે ઠરાવ આપેલો છે.

જસ્ટીસ એન્સ્લીનો ઠરાવ:—

એક હંગામાની દરમીયાન ખુનથી હલકા દરજાના શીક્ષીણીય મનુષ્યવધના ગુન્હાના બંધવાઓને જડજે તથા આસેસરોએ એક મત થઇને અપરાધી ઠરાવ્યા છે. અને તેઓને હી. પી. કો. ની ૩૦૪ થી કલમ સાથે ૧૪૯ મી કલમ જોડતાં તે બંને કલમો અનુસાર સજા કરેલી છે. બીજા સક્ષોનો પેસ્તર ઇનસાફ કરીને આ બાબતની સંબંધે અપરાધી ઠરાવવામાં આવ્યા છે. અને એ સક્ષો ૩૦૨ જી કલમ સાથે ૧૪૯ મી કલમ જોડતાં ખુનના અપરાધી ઠર્યા છે. અને એ ઠરાવ અને તેઓને કરેલી સજા આ કોરટે તા. ૧૨–૧૧–૭૮ ને રોજ બહાલ રાખ્યાં છે. હાલના ઇનસાફના કામમાં સેસન જડજે ઠરાવ્યું છે કે, આ મુકરદમાનો સમાસ હી. પી. કો. ની ૩૦૦ મી કલમના પાંચમા અપવાદમાં થાય છે, અને એ અપવાદ નીચે પ્રમાણે છે. "જે સક્ષનું મોત થયું હોય, તે સક્ષ અરાડ વરસની ઉંમરથી વધુ વરસનો છતાં તેણે પોતાની રજામંદીથી પોતાનું મોત થવા દીધું હોય, અથવા મોતનું જોખમ માથે લીધું હોય, તો તે ઠેકાણે શીક્ષીણીય મનુષ્યવધ ખુન નથી." સેસન જડજ લખે છે કે, ભયંકર હથીયારબંધવાળા માણસો રાજી ખુશીથી સામેલ થઇને, કોઇ લડાઇ જગાવે, તે લડાઇમાં તેઓમાંનો કોઇ માણસ મરણ પામે તો તે મરણ ખુન ઠરી શકતું નથી. વળી તેણે તેજ ઠરાવમાં લખેલું છે કે, આ બધા સક્ષોને કોઇ શરીર કીંવા મીલકતનો બચાવ કરવા સારૂ લડાઇ કરવાની જરૂર પડી નહોતી. પરંતુ તેઓએ પોતેજ એ લડાઇ જગાવીને તેમાં પોતે રાજી ખુશીથી તથા સલાહ પરીયાણ કરીને, સામેલ થયા હતા. તેઓનો ધંધો ભાલાં બાંધવાનો હતો. અને તેઓના સામાવાળીયાઓએ પણ ભાલાંઓ બાંધ્યાં હતાં. જે જોખમમાં તેઓ ઉતર્યા હતા, તે જોખમના તેઓ સારી પેઠે વાકેફગાર હતા. અને તેઓની વર્તણુકથી જણાઈ આવે છે કે, આ જોખમ તેઓએ રાજી ખુશીથી માથે લીધું હતું. આ મુકરદમાની ટુંકામાં ટુંકી હકીકત એવી છે કે, કેટલાક સક્ષો, જેઓને લશ્કરની ટોળીવાળા કહેવા જોઇએ. અને જે માંહેલા આ બંધવાઓ હતા, તેઓ ભાલાં તથા લાકડીઓ બાંધીને ખેતરો ખેડવા ગયા. અને એક અબદૂલ રહીમ ખુંડકર આ ખેતરનો દાવો કરતો હતો. એ ખુંડકરે માણસોનો જમાવટ કર્યો. અને પછી બાઝાબાઝી થઇ, અને એક બીજાને ઢેફાંઓ મારવા માંડયાં. પરંતુ કેટલાક પડખે ઉભેલા સક્ષોનું વચે પડવાથી તેઓને જુદા કર્યા. અબદુલ લશ્કરની ટોળી ત્યાંથી ચાલવા માંડી. જે ઉપરથી ખુંડકરની

ટાળીવાળાઓએ તેઓને મેણાં માર્યાં. અને એક હરી નામનો શક્ષ જે પોતાનું સાંતીડું ઉપાડી જતો હતો, તેને તેઓએ માર માર્યો. આ ઉપરથી લશ્કરની ટાળી પાછી વળી. અને ખુંડકરની ટાળીમાંથી કેટલાંક માણુસો લડાઈ કરવાને તૈયાર થઇ ગયાં, અને પછી લડાઇ થઈ, તેમાં ખુંડકરનો એક માણુસ અસીરૂદીન ઘણુા ભાલાના જખમથી મરી ગયો. અને બીજો માણુસ ઘાયેલ થયો. પુરાવા ઉપરથી જણાઇ આવે છે કે, લશ્કરના માણુસોના હુમલાની સામે થવા સારૂ આ માણુસોએ જોઇ વીચારીને તૈયારી કરી હતી. તેથી એકાએક ઝઘડો થઇને ઘણો ક્રોધ ચઢયો હોય, તેવામાં એકાએક મારા મારી થઇને આ મુકરદમો ચોથા અપવાદ નીચે આવી શકતો નથી. જ્યારે પુરેપુરી ઉમરના લોકો રાજી ખુશીથી ભયંકર હથીઆર બાંધીને કોઈ લડાઇમાં સામેલ થાય, તો તેઓ પોતાનીજ રાજી ખુશીથી મોતનું જોખમ માથે લે છે. અને તેને અંતે એવી લડાઈમાં શીક્ષીણીય મનુષ્યવધ, એ ખુન થતું નથી. એવો જે સેસન જડજે અભીપ્રાય બાંધ્યો છે, તેને હું મળતો આવતો નથી. જો આ મત ખરો હોય તો, ચોથો અપવાદ સાવ ખપ વગરનો છે. ભયંકર હથીયાર બાંધી આગળથી વીચાર કરેલી લડાઇમાં શીક્ષીણીય મનુષ્યવધ જો ખુન ન હોય તો પછી આગળથી વિચાર કર્યા વિના એકાએક ઝઘડો થઇને ઘણો ક્રોધ ચડયો હોય, તેવામાં એકાએક મારામારી થઇને શીક્ષીણીય મનુષ્યવધ થાય, તે શીક્ષીણીય મનુષ્યવધ ખુન નથી, એટલે આ ચોથો અપવાદ નાંખવાની કાંઇ જરૂર નહોતી. ચોથા અપવાદથી સાફ રીતે જણાઈ આવે છે કે, જો લડાઇ આગળથી વિચાર કર્યા વગર ન કરી હોય, અને તેજ અપવાદમાં કહ્યા પ્રમાણે એકાએક ઝઘડો થઈને ઘણો ક્રોધ ચડયો હોય, તેવામાં તે લડાઇ કરી હોય તો, તેવી લડાઇની અંદરનું શીક્ષીણીય મનુષ્યવધ એ ખુન નથી, એમ મને લાગે છે. પંડ લડાઇ કરવી, એથી ગુન્હાની મહત્વતા ઓછી થતી નથી. વીચાર કર્યા વિના લડાઇ થાય ત્યારેજ ફકત તેમ થઇ શકે છે, શીક્ષીણીય મનુષ્યવધ થવાનું ધારી રાખ્યું હતું. એવું અનુમાન કરવા જેવો પ્રસંગ હોય, તે પ્રસંગે કોઈ લડાઇમાં જ્યારે કોઇ સક્ષો સામેલ થાય, ત્યારે તેઓ લડાઇના પરીણામ વાસ્તે તેઓ પુરેપુરા જવાબદાર થાય છે. આવા મુકરદમાને પાંચમો અપવાદ લાગુ પડતો હોય, એમ હું માનતો નથી.'

મોત અવશ્ય થશે, અથવા અંતે વખ્તે મોત થવાનો સંભવ છે, એમ જાણીને કોઇ સક્ષ અમુક કામ કરવાને પોતાની સંમતી આપી આધીન થાયછે, તેવા કામોમાં આ પાંચમો અપવાદ લાગુ પડયાનું હું સમજું છું. પરંતુ જે કોઇ માણસના તરફથી કાંઇ ભય થવાની આગળથી આશા રાખી હોય, તેવા માણસનું મોત કરીને પણ જે વસ્તુથી મોતનું જોખમ માથે લેવાય છે અને જે વસ્તુ કોઇ માણસ પોતાથી બને તો ટાળવાની ધારણા રાખે છે, તેવા મોતના જોખમમાં પડવાને આ પાંચમો અપવાદ લાગુ થતો નથી. ઈંડીયન લો કમીશનરવાળાઓએ રીપોર્ટ કરેલો છે, તે રીપોર્ટનો ઈનતેખાપ મોરગ્યાંન તથા મેકફરસનની પીનલકોડની ટીકાને પાને ૬૫ મે આપેલો છે. તેમાં આ અપવાદ લાગુ પડયાના દ્રષ્ટાંતો આપ્યાં છે. અને તેવાજ પ્રકારના કામોનો એ અપવાદ પ્રમાણે નીકાલ થઇ શકે છે. એવો મારો અભીપ્રાય છે. બંધવાઓને ઈી. પી. કો. ની ૩૦૨ જી તથા ૧૪૯ મી કલમ પ્રમાણે જડજે અપરાધી ઠરાવી તે પ્રમાણે તેઓને સજા કરવી જોઇતી હતી. બાકરગંજના સેસન જડજે ગુન્હાનો તથા સજાનો ઠરાવ કર્યો છે, તે રદ કરીને અમે બંધવા રહીમુદીન, નજર-

માંમદ, તથા સમીરુદીનને ક્રી. પી. કો. ની ૩૦૨ જી કલમ પ્રમાણે સજા થઇ શકે, એવા ગુન્હાના અપરાધી ઠરાવી તેઓને જીવતાં સુધી સમુદ્રપારની સજા કરીએ છીએ.

જસ્ટીસ બ્રાઉન્ટનનો ઠરાવ.

હું પણ ધારૂં છું કે, બંધવાઓને ક્રી. પી. કો. ૩૦૨ જી તથા ૧૪૯ મી કલમ પ્રમાણે ખુનના અપરાધી ઠરાવવા જોઈતા હતા. ભેગા થયેલા માણુસોનો સામાન્ય હેતુ પ્રથમ માત્ર સામાવાળાને તકરારી જમીન ઉપરથી હાંકી કાઢવાનો હશે. પરંતુ ત્રાહીત માણુસોના કહેવા ઉપરથી પાછા હઠીને તે ઇરાદો તેઓએ છોડી દીધો હતો. ત્યારબાદ સામાવાળાઓએ તેમને ફરીને આવવા ચાનક લગાડી હતી. અને ગુજરનાર તથા એક બીજો સક્ષ ભાલા બાંધીને લડાઇ કરવાને દરજે પોતાની મેળે ગોઠવાઇ ગયા. અમે કેદીઓના પક્ષવાળાઓના પાછા ફરવાની રાહ જોવા લાગ્યા, તે પ્રમાણે તેઓ પાછા ફર્યા, તેમાંથી વળી કેટલાક સક્ષોએ ભાલા બાંધ્યા હતા; અને લડવાનું કબુલ કર્યું. જે પાછા ફર્યા હતા, તેઓનો ઇરાદો તથા તેઓ મધ્યે કેદીઓનો ઇરાદો તે વખતે સામાવાળાઓને તકરારી જમીન ઉપરથી હાંકી કાઢવાનો નહોતો, પણ ભાલાં લઈને ખુનરેજીવાળી લડાઇમાં ઉતરવાનો હતો. કાંઇ જોર ન વાપર્યું હોય તોપણ કોઈ એક સક્ષ ૧૪૧ મી કલમમાં વ્યાખ્યા આપી છે, તે પ્રમાણે ગેરકાયદેસર મંડળીનો અંગભુત થઇ શકે છે. અને જો તેણે કોઇ પ્રાણુહારી ,હથીયાર બાંધ્યું હોય તો, તે ૧૪૪ મી કલમ પ્રમાણે સજાને પાત્ર થાય છે. અને જો તે ડેકાયટી કરનારાઓની ટોળી માંહેલો હોય, અને તેમાં ખુન થયું હોય, તો તેને ૩૯૬ મી કલમ પ્રમાણે સજા થઇ શકે છે. અને એ વખતે તેણે પ્રાણુહારી હથીયાર વાપર્યું ન હોય તો તેની ચીંતા નહીં. પણ જો કોઇ પ્રાણુહારી હથિયાર વાપર્યું હોય તો, તેને ૩૯૮ મી કલમ પ્રમાણે સજા થઇ શકે છે. આ સઘળાં દ્રષ્ટાંતો ઉપરથી જણાઇ આવે છે કે, તેવી મંડળીનો સામાન્ય હેતુ કીંવા ઇરાદો જુદો જુદો હોય, અને તે શું હતો તેની મુનસફી મુકરદમાની સાબીત થયેલી હકીકત ઉપરથી કરવી જોઇએ. ચાલતા મુકરદમામાં સદરહુ મંડળીનો સામાન્ય ઇરાદો કીંવા હેતુ સાફ રીતે પોતાનાં હથીયારો વાપરીને પોતામાંથી હરકોઇને અથવાસામાવાળાઓમાંથી હરકોઇને વખતે મારી નાંખવાનો હતો. જે માણુસ મરાયો તેણે મોતનું જોખમ માગી લીધું હતું, અથવા તે જોખમમાં પોતાની મેળે જઇને પડયો હતો, અને તેથી આ મુકરદમો ક્રી. પી. કો. ની ૩૦૦ મી કલમના પાંચમા અપવાદ નીચે આવી શકયાનું સેસન જડજ લખે છે. જ્યાં બે લડાઈ પક્ષવાળાઓ વચ્ચે, લડાઈ થઇ હોય ત્યાં, ચોથો અપવાદ લાગું કરવા સારૂ એ લડાઇ તાતકાળી અને આગળથી વિચાર્યા વગર થવી જોઇએ. અને ગમે તે પ્રસંગમાં લડાઇ થઇ હોય, તેમાં સંમતીનો સમાસ થઇ જાય છે. અને એ સંમતી વીશે સેસન જડજે ઇસારો કરેલો છે. ચાનક ચડાવ્યા પછી લડાઇ થઈ, તેની વચે કાંઇપણ વખત લાગ્યો હતો. અને એ વખત ગમે તેટલો ટુંકો હતો, તો પણ વિચાર કરવા સારૂ કાંઈક વેળ રહી હતી. જ્યારે ચાનક ચડાવી ત્યારે બંને પક્ષવાળાઓ, એક બીજેથી છેટા હતા. અને તેથી પ્રાણુહારી હથીયારો લેઇને લડાઇમાં ઉતરવું કે નહીં, તેનો વિચાર કરવા સારૂ વખત રહ્યો હતો. લડાઈ કરવાનું નીરધારીને તેઓએ લડાઇ કરી. અને તેને અંતે એક માણુસનું મોત થયું સતી જેવા દ્રસ્ટાંતને પાંચમો અપવાદ લાગુ પડવાનુંજ મને લાગે છે. પણ આગળથી વિચારીને ને

કરેલી લડાઇને લાગુ પડતો નથી. આ બંધવાઓએ અપીલ કરી છે. તેઓ કહે છે કે, પુરાવો નીર્ણયકારી નથી. અને નજરમાંમદ કહે છે કે, હું આ ગુન્હો બન્યો ત્યારે બીજે ઠેકાણે હતો, એવા મારા સાક્ષી છે. ડીફેન્સ તરફથી સાક્ષીઓની તપાસણી થએલી છે; અને તેમાંથી કોઇને બાતલ કર્યો હોય, એમ મને જણાતું નથી. એ સાક્ષીઓથી પ્રોસીક્યુશનના મુકરદમાને પુષ્ટી મળે છે. અને એ પુષ્ટી વધુ સાબેતી જે ત્રાહેત લોકોએ, વચમાં પાડીને તેઓના મનનો દ્વેષ મટાડયો હતો, તેઓની સ્વતંત્ર રીતની જુબાનીથી થાય છે. સેસન જડજ ખરી રીતે લખે છે કે, આ મુકદમાની હકીકત બંને પક્ષવાળાઓની સાહેદીઓથી સાફ રીતે સાબેત થયેલી છે. પરંતુ આ કામમાં થયેલો ગુન્હો ખુનનો થાય છે કે ખુનથી ઉતરતા દરજાના શીક્ષીણીય મનુષ્યવધનો થાય છે. એ સવાલને સંબંધે એ સેસન જડજે ભુલ કરેલી છે, એમ ધારવામાં હું પણ મળતો આવું છું. માહારા અભીપ્રાય પ્રમાણે આ મુકરદમો ખુનનો છે, જ્યારે એમ છે ત્યારે, બંધવાઓને જીવતાં સુધી સમુદ્રપારની સજા કરવી જોઈએ.

મહારાણી કેસરેહીંદ વિ. સરૂમીદીન.

કલમ ૩૦૦.

૩

તા૦ ૧૪-૧૨-૮૧
ઈ. ૮ ક. પા. ૨૧૧

જે શારીરનીવ્યથા સરૂષ્ટીના ક્રમ પ્રમાણે મોત આણવાને બસ છે. અથવા જેથી મોત થવાનો સંભવ છે એમ જાણવામાં હતું તે છતાં તેવી શારીરની વ્યથા કરવાના ઈરાદાથી બનું એક છીણીનો જખમ કરીને મોત આણ્યાનું બંધવા ઉપર તહોમત આવ્યું હતું.

ઠરાવ્યું કે એ તહોમતનામું પીનલકોડની ૩૦૦ મી કલમમાં ખુનની વ્યાખ્યા આપી છે તેની બીજી તથા ત્રીજી રકમને સંબંધે અપુરણ છે તથા સ્પષ્ટ નથી, બીજી રકમને સબંધે એ તહોમતનામામાં નીચે પ્રમાણે લખવું જોઇતું હતું. જે બને ઈજા કરવામાં આવી હતી તે બનું મોત થવાનો સંભવ છે અને

गुजरनार सक्षनो मरती वखतनो मजकुर तहोमतदारनी समक्ष लेवो जोइए. अने जो ते प्रमाणे न थयुं होय तो तेनी लखी लीधेली जुबानी सदरहु मजकुरनुं खरापणुं साबीत करवा सारु पुरावामां दाखल थइ शकती नथी. जे सक्षे ते मजकुर सांभळ्यो होय, तेनाथी सामान्य रीते तेनुं खरापणुं करी लेवुं जोइए. तेम करतां लखेली जुबानी याददास्ती करवा सारु वापरी होय तो, वापरी शकाय छे.

जे शरीरनी व्यथा सृष्टीना क्रम प्रमाणे मोत आणवाने बस छे, अथवा जेथी मोत थवानो संभव छे एम जाणवामां हतुं, ते छतां तेवी शरीरनी व्यथा करवाना इरादाथी ब नुं एक छेणीनो जखम करीने मोत आण्यानुं बंधवा उपर तहोमत आव्युं हतुं.

टराव्युं केः—ए तहोमतनामुं पीनलकोडनी ३०० मी कलममां खुननी व्याख्या आपी छे, तेनी बीजी तथा त्रीजी रकमने संबंधे अपूर्ण छे. तथा स्पष्ट नथी. बीजी रकमने संबंधे ए तहोमतनामामां नीचे प्रमाणे जोइतुं हतुं, जे ब ने इजा करवामां आवी हती, ते ब नुं मोत थवानो संभव छे "अने त्रीजी रकमने संबंधे" सृष्टीना साधारण क्रम प्रमाणे" ए शब्दो तेमां लखवा जोइता हता.

ત્રીજી રકમને સં- બંધે "સરષ્ટીના સાધારણક્રત્યપ્રમાણે" એ શબ્દો તેમાં લખવા જોઈતા હતા.

જે શરીરની વ્યથા સૃષ્ટીના ક્રમ પ્રમાણે મોત આણવાને બસછે, અથવા જેથી મોત થવાનો સંભવ છે, એમ જાણવામાં હતું, તે છતાં તેવી શરીરની વ્યથા કરવાના ઇરાદાથી બાબર અલીનું એક છેંણીનો જખમ કરીને મોત આણ્યાનું એક સમીરૂદીન ઉપર તોહોમત આવ્યું હતું.

ગુજરનાર સક્ષનો મરતી વખતનો મજકુર ડેપ્યુટી માજીસ્ત્રેટે જુબાની તરીકે, નોંધી લીધો હતો. પરંતુ બંધવાની રૂબરૂ એ ગુજરનારની તપાસણી થઇ હોય, એમ જણાતું નથી. તોપણ આ જુબાની સેસન જડજ પાસે ચાલેલા ઇનસાફના કામમાં પુરાવામાં દાખલ કરેલી છે. અને ડેપ્યુટી માજીસ્ત્રેટને તે જુબાની લખી લીધાનું ખરાપણું સાબીત કરવા સારૂ બોલાવવામાં આવ્યો નહોતો.

સેસન પાસેના ઇનસાફમાં વૈદકી પુરાવો, પેહેલા ડેપ્યુટી માજીસ્ત્રેટે લીધેલી દેશી ડાક્ટરની જુબાની છે. પણ કરેલી વ્યથા કુદરતના સામાન્ય ક્રમમાં મોત આણવાને બસ હતી, એવું બતાવવામાં તે દાકતરે કંઇ પુરાવો આપ્યો નથી.

આસેસરોના મતથી મળતા આવીને, સેસન જડજે ઈ. પી. કો. ની ૩૦૨ જી કલમ પ્રમાણે બંધવાને ફાંસીની સજા કરી. આ સજા મંજુર થવા સારૂ હાઈકોરટ તરફ લખવામાં આવ્યું હતું. વળી બંધવે પણ અપીલ કરેલી છે.

બંધવા તરફથી કોઇ હાજર થયું નથી.

જસ્ટીસ પોંન્ટીફેકસ તથા જસ્ટીસ ફીલ્ડનો આપેલો

ઠરાવ.

આ કામમાં સમીરૂદીનને આસેસરો સાથે બેશીને ફરીદપુરના સેસન જડજે ખુનનો અપરાધી ઠરાવીને તેને ફાંસીની સજા કરેલી છે. આ સજા મંજુરી માટે અમોને લખી મોકલવામાં આવી છે. અને બંધવે પણ એજ વખતે અપીલ કરેલી છે.

આ મુકરદમો લખી મોકલતાં સીવીલ સરજન તરફથી મળેલા પત્રની એક નકલ સેસન જડજે મોકલી આપી છે. અને એ પત્રમાં તે સીવીલ સરજને જે સક્ષનું મોત આણ્યાનો બંધવો અપરાધી ઠર્યો છે તે સક્ષને કેવા પ્રકારનો જખમ કરેલો હતો, તે બાબતનો અભીપ્રાય આપેલો છે. ઈનસાફના કામની બહાર લેવાયેલો કાગળ અમે રાખી શકતા નથી. તેમ તેના ઉપરથી અમે અમલ કરી શકતા નથી. જે પ્રમાણે બીજા સાક્ષીઓને ચાલુ રીતની કસોટી પ્રમાણે તપાસવામાં આવે છે, તે પ્રમાણે જ્યારે એ સીવીલ સરજનને તપાસ્યો હોય, અને તે પ્રમાણે જે અભીપ્રાય આપ્યો હોય, તે અભીપ્રાય અમે ધારાસર મંજુર કરી, તે ઉપર અમારાથી આ મુકરદમાનો નીકાલ થઈ શકે છે.

બંધવાને ખુનનો અપરાધી ઠરાવવાનો આસેસરોએ અભીપ્રાય આપેલો છે. પરંતુ તેઓના મન ઉપર અસર કરવાને જે થોડીક મુદ્દાની બાબત પુરાવામાં દાખલ ન કરવી જોઇએ તે દાખલ કર્યાથી આસેસરોના મતની કીંમત ઘટી જાય છે.

ઉપરનો અમારો કરેલો રીમાર્ક પુરાવાના જે ભાગ સાથે સંબંધ રાખે છે, તે ભાગ

ગુજરનાર બાબર અલીનો મરતી વખતનો મજકુર છે. એ મજકુર જુબાની તરીકે, ડેપ્યુટી માજીસ્ટ્રેટે નોંધી લીધો હતો. પરંતુ એ બાબર અલીને બંધવા સમીરૂદીનની રૂબરૂ તપાસ્યાનું જણાતું નથી. અને જ્યાં સુધી ન્યાયની હકુમત ચલાવનારા ડેપ્યુટી માજીસ્ટ્રેટે તેને તે પ્રમાણે તપાસ્યો નથી, ત્યાં સુધી સદરહુ માજીસ્ટ્રેટે લખી લીધેલી જુબાની, ગુજરનારના મરતી વખતના કહેલ મજકુર તરીકે, પુરાવામાં દાખલ થઇ શકતી નથી. એ મજકુર જેણે સાંભળ્યો હોય, તેનાથી સાધારણ રીત પ્રમાણે ખરો કરવો જોઇએ. જો એ ડેપ્યુટી માજીસ્ટ્રેટને તેનું ખરાપણું કરવા બોલાવ્યો હોત તો, જે વખ્તે તેણે એ મજકુર લખી લીધો, તે વખતનું પોતાનું લખાણ વાંચીને પોતાની યાદ દાસ્તી તાજી કરત.

જે શરીરની વ્યથા સૃષ્ટીના ક્રમ પ્રમાણે મોત આણવાને બસ છે, અથવા જેથી મોત થવાનો સંભવ છે, એમ જાણવામાં હતું તે છતાં તેવી શરીરની વ્યથા કરવાના ઇરાદાથી બાબર અલીનું એક છેણીનો જખમ કરીને મોત આણ્યાનું બંધવા ઉપર તોહોમત આવ્યું હતું. પીનલકોડની ૩૦૦ મી કલમમાં ખુનની વ્યાખ્યા આપી છે, તેની બીજી તથા ત્રીજી રકમને લાગુ કરવાનો આ તોહોમતનામાનો ઈરાદો હોવાનો સંભવ છે, પણ આ બંને રકમોને સંબંધે એ તોહોમતનામું અપુર્ણ છે તથા સ્પષ્ટ નથી. બીજી રકમને સંબંધે એ તોહોમતનામામાંનીચે પ્રમાણે લખવું જોઈતું હતું. "જે બાબરઅલીને ઇજા કરવામાં આવી હતી, તે બાબરઅલીનું મોત થવાનો સંભવ છે." અને ત્રીજી રકમને સંબંધે "સૃષ્ટીના સાધારણ ક્રમ પ્રમાણે" એ શબ્દો તેમાં લખવા જોઈતા હતા.

આ મુકરદમામાં વૈદકી પુરાવો, એક દેશી દાકતરનો છે, પણ સેસન કોર્ટ પાસે, તેને તપાસવો જોઇએ, તે પ્રમાણે તેને તપાસ્યો નહોતો. એ દાકતરની જુબાની ઉપરથી દેખાડવામાં આવ્યું છે કે, ગુજરનારના ડાબી બાજુના ફેફસામાં સડો થવાથી તેના શરીર ઉપર જેજે ઇજા જોવામાં આવી હતી, તે ઇજાને લીધે પાંસળીમાં બીગાડ થયો હતો. તેને લીધે ગુજરનાર મરી ગયો હતો. દેશી વૈદે વધુ લખાવ્યું છે કે, એ જખમ સડો પેદા કરવાને માટે બસ હતો.

સૃષ્ટીના સામાન્ય ક્રમ પ્રમાણે મોત આણવાને વાસ્તે એ શરીરનું નુકશાન મોત આંણવાને બસ હતું, એવો પુરાવો પડયો નથી. તેમ જે સડો ઉઠયો હતો, તે સડો કરેલી ઇજાનું સંભવવાળું પરીણામ હતું. અથવા જે મોત થયું, તે સડાને અંતે થવુંજ જોઈએ, અથવા થવાનો સંભવ છે, એવો પુરાવો પડયો નથી. દેશી દાકતરને પુછ્યું પણ નથી. તેમ તેણે કહ્યું પણ નથી કે, કરેલી ઇજાથી વખ્તે મોત થાય છે.

દફતર ઉપર નોંધાએલા પુરાવા ઉપરથી, અમે માનીએ છીએ કે, ખુનનો કીંવા ખુનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો બંધવાને ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. બંધવાની પોતાની જુબાની ઉપરથી તથા પાલણ મંડળ તથા હોલાધરદાસની જુબાની ઉપરથી અમોને ખાત્રી થાય છે કે, તેણે ગુજરનારને છેણીથી ઇજા કરી હતી. અને ભયંકર હથીયાર વડે મહાવ્યથા કર્યાનો તેને ઈ. પી. કો. ની ૩૨૬ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવો જોઇએ. ખુનનો ઠરાવ તથા ફાંસીની સજા રદ કરીને અમે સમીરૂદીનને ઈ.પી.કો. ની ૩૨૬ મી કલમનો અપરાધી ઠરાવીએ છીએ. અને તેને દસવરસની સખત કેદની સજા કરીએ છીએ.

કૈસરેહિંદ વિ. ભગીરથ.

खुन थयेला माणसनी लाश मळती नथी एटलीज वात उपरथी, खुनीने खुननो अपराधी ठरावबानी ना पाडवी ए कांइ सबब नथी.

કલમ ૩૦૦.
૪
તા૦ ૨૪-૧૨-૮૦
ઈ.૩ અ. પા. ૩૮૩

ખુન થએલા મા ણસની લાશ નથી મળતી એટલીજ વાત ઉપરથી ખુની ને ખુનનો અપરા ધી ઠરાવવાની ના પાડવી એ કાંઈ સ બબ નથી.

એક ભગીરથ નામના સક્ષને કોઈ ગંગાદાસ નામના સક્ષનું ખુન કર્યા વાસ્તે, આ- ગ્રાના સેસન જડજે ઠરાવ કરી તેને મોતની સજા ફરમાવી હતી. તે સજા મંજુર થવા સારૂ આ લખાણ હાઈકોરટને કરવામાં આવ્યું હતું. સેસન જડજની આગળ ભગીરથ ઉ- પર એજ વખતે ગંગાદાસની ઓરત બાઇજીનું ખુન કર્યાનું પણ તોહોમત મુકવામાં આવ્યું હતું. પુરાવેથી એમ માલુમ પડયુંછે કે, તેણે બાઈજીનું ખુન કરીને અપહરણ કર્યું હતું. પરંતુ બાઇજીની લાશ તે વખતે જડી નહી તેથી સેસન જડજે તેને બાઇજીનું ખુન કર્યાનો અપરાધી નહીં ઠરાવતાં હિંદુસ્તાનના પીનલકોડની ૩૬૭ મી કલમ માંહેલા ગુન્હાનો અપરાધી ઠરાવ્યો હતો.

હાઇકોર્ટે નીચે મુજબ ઠરાવ કર્યો. (જસ્ટીસ પીયરસન તથા જસ્ટીસ સ્ટ્રેટનો)

સ્ટ્રેટ જસ્ટીસનો ઠરાવ.

બનેલી હકીકત ઉપરથી, બંધવાને ગંગાદાસનું ખુન કર્યાનો અપરાધી ઠરાવી મોતની સજા કર્યા વગર સેસન જડજને બીજા કોઈ રસ્તો હતો નહીં. પુરાવો તમામ નીર્ણય કરી, તથા બહુજ બળવાન છે, તેથી તેના અપરાધ વીશે કાંઇ શંકા રહેતી નથી. સેસન જડજના ઠરાવમાં એક વાક્યછે અને તે વાક્ય કાયદાનો ખોટો અર્થ કરવાથી પેદા થએલુંછે. તે સુધારવા સારૂ અમારે લખવાની જરૂર પડેછે, અને તે વાક્ય નીચે પ્રમાણે છે.

" અનુમાન એવું છે કે, બાઇજી ખરેખર મરાણી છે, પણ તેની લાશનો કાંઇ પતો મળતો નથી. અને તેથી તેણીનું ખુન કર્યાનું તોહોમત ટકી શકે કે નહીં? તે બાબતમાં મને શક રહે છે." અમારે બેધડક તથા સ્પષ્ટ રીતે જડજને બતાવવું જોઈએ કે, ખુનના ગુન્હાનો ઠરાવ વાજબી ગણવા સારૂ અવશ્ય એમ જરૂર નથી કે, " અપરાધ મૂર્તી" મળી આવવી જોઇએ. બધા કામોમાં ગુન્હાનો ઠરાવ કરવા સારૂ આવી સરત પ્રથમ મળવી જો- ઈએ. એમ ગણાય તો જે ખુનીઓ, ખબરદારીથી તથા હુશીયારીથી પોતાના બળીદાનની લાશનો નાશ કરી નાંખે, અથવા આઘાપાછી કરી નાંખે, તેઓને નીર્ભયપણે તથા ચોકસ રીતે બચી જવાનો લાગ આપ્યા બરોબર છે. આવું ધોરણ એક વખત દાખલ થયું તો પછી કેટલાંક કામોમાં ન્યાયનો કારભાર અશક્ય થયા વીના રહેશે નહીં. સેસન જડજની શંકા સાવ ખોટા પાયાવાળી તથા ભુલ ભરેલી છે. અને બાઇજીની લાશ નથી મળી આવી, એ- ટલીજ હકીકત ઉપરથી, બંધવાને તેનું ખુન કર્યાનો અપરાધી ઠરાવવા ના પાડવી, એ ઘણુંજ અયોગ્ય કારણ છે. ઓરત બાઈજીને મારી નાંખ્યાની ભાગીરથે કબુલતી જુબાની આપી છે.

તે એક કોરે રાખી, તેના અપરાધનો તથા તેના હાથના જોર જુલમથી બાઇજીનું મોત થ-યાનો પુરાવો ખાત્રી લાયક અને સપડતો છે.

આવે પ્રસંગે ફાંશીની સજાનો અમલ કરવાના ઉચીતપણાનો આ અદાલતનો ગમે તે વિચાર થાય, તે જુદી બાબત છે. અને તેની ચરચા કરવી અત્રે જરૂર નથી. પણ સે-સન જડજની વાત નજરમાં લેતાં ભગીરથને બાઇજીનું ખુન કર્યા માટે પીનલકોડની ૩૦૨ જી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવા સારૂ તેણે આનાકાની કરવી જોઇતી નહોતી.

ગંગાદાસના ખુન માટે ભગીરથનો ઠરાવ તથા તેની સજા અમે બહાલ રાખીએ છીએ, અને તેનો અમલ કરવાનું ફરમાવીએ છીએ. વળી અમે ફરમાવીએ છીએ કે, હિંદુ-સ્થાનના પીનલકોડની ૩૯૭ મી કલમ પ્રમાણે બંધવાને ગુન્હેગાર ઠરાવ્યો છે, તે રદ કરી તેને બદલે બાઇજીનું ખુન કર્યાના ગુન્હાનો ઠરાવ સુધારી દફતરમાં લખવો. સજા બહાલ રા-ખવામાં આવે છે. તેથી હવે બીજા ગુન્હાની સજાનો હુકમ કરવાની કાંઈ જરૂર નથી.

બોયામની ગાડુ વિ. માહારાણી.

કલમ ૩૦૦.
૫
તા. ૨૦-૪-૮૧
ઈ. ૩ મ. પા. ૩૩

કોઇ સક્ષ પોતાની ઓરતને બીજા પુરૂષની સાથે નાપાક મોહોબતમાં ગુંપાએલી નજરો નજર જુએ અને એના પાક મોહોબતની અંતે કરેલું છીનાળુ વળતા રોજની ગેરવરતણુક સાથે જોડાએલું રહેતો તે વખતના આવેશની અંદર છીનાળુ કરનારનેમારીનાંખવો એખરેખરાક્રોધનું કારણ છે અને તેથી એ પ્રમાણે મારી નાખવું એ ખુન થતુ નથી પરંતુ ઉતરતા દરજાનું શીક્ષણીય મનુષ્યવધ થાય છે-

एक सांझे म नामना एक मजुरे न नामना सक्षने पोतानी ओरतथी छीनाळुं करतां जोयो, अने वळते रोज आ तेओनी गेर वर्तणुकथी म नुं मन क्रोधना आवेशथी उश्केरायुं हतुं. तेटलामां ते बंने जणाओ भे-गां थइने खातां हतां. अने म ने जमाडवानी तेनी ओरते कसुर करी हती म ए एक दातरडाथी तेज ठेकाणे न ने मारी नाख्यो.

ठराव्युं के, ज्यारे आगली रातनी न नी तथा पोतानी ओरतनी गे-रवर्तणुक साथे म ए तेओनी पछीनी वर्तणुकनुं अनुंसंधान कर्युं छे, अने नापाक मोहोबत चोडे धाडे चलाववानो इरादो तेओए दरसाव्यो छे. त्यारे तेनो मीजाज हाथमां न रहेवा सारु आ क्रोध जोइए तेटलो भारी अने तातकाळी छे. अने तेथी तेना उपरनो खुननो गुन्हो ओछो-थइने तेनाथी उतरता दरजाना शीक्षणीय मनुष्यवधनो थाय छे.

આ કામના બંધવાને એક કાવલી નરસી મુદ્દુનું ખુન કર્યાનો સને ૧૮૮૦ના અકટોંબર માસમાં અપરાધી ઠરાવી તેને જીવતાં સુધી સમુદ્રપારની સજા કરવામાં આવી હતી. અને બંધવાને ક્રોધ ચઢયો હતો અને તે ક્રોધના આવેશમાં ખુન કરવાનો પ્રસંગ બનવાથી તેના ગુન્હામાં ન્યુનતાપણું હોવાનું કોર્ટને જોવામાં આવ્યું હતું. પરંતુ ખુનથી ઉતરતા દર-જાના શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થવા સારૂ તે ક્રોધ જોઇએ તેવો ભારે નહોતો.'

કમીટીંગ માજીસ્ટ્રેટ પાસે બંધવાએ પુરેપુરી કબુલતી જુબાની આપી છે, ને એ જુ

બાની હકીકતની ખરી વાત તરીકે સેસન જડજે બુહાલ રાખી છે. ગુજરનાર, આ બંધવો તથા તેની સ્ત્રી પાંચ વરસ સુધી એકજ ઘરમાં ભેગાં રહેતાં હતાં. બંધવાની કબુલતી જુબાની નીચે પ્રમાણે હતી. "હું બનેલી હકીકત ખરેખરી કહીશ, કેમકે તેમ કરવાની પરમેશ્વરે મને પ્રેરણા કરી છે. મારા ગામના કાવલી નરસી મુદુએ મને શરમમાં નાંખ્યો છે, તે માહારો કટ્ટો દુશ્મન હતો. માહારા ઘરમાં માહારી ઓરતથી તેને નાપાક મોબત હતી. જ્યારે તેઓ સંભોગ કરતા હતા ત્યારે મેં તેને જોએલાં હતાં, પણ તે વખતે મેં તેઓના કામમાં ભંગ પાડયો નહોતો. હું મારા ઘરમાં બેશી રહ્યો તે રાત્રે મેં વાળુ કર્યું નહીં, અને અપવાસ કર્યો. ખેડુતો પાસેથી હું મારો પગાર લેવા ગયો હતો. મારી વહુએ ખાટી દાળ બનાવી હતી, અને તે દાળ તેણીએ તથા નરસી મુદૂએ ખાધી હતી. આગલી રાત્રે વિચિત્ર પ્રકારનો બનાવ મેં જોયો હતો. તથા હું જ્યારે ભૂખે મરતો હતો ત્યારે આ બંને જણાં ભેગાં થઇને ખાતાં હતાં, તે જોઈને મને ગુસ્સો આવ્યો હતો. એ બંનેને મારી નાખવાનો ઇરાદો કરીને ખીલી ઉપર લટકાવેલી દાતરડી મેં લીધી. તે વખતે તેઓ જમતાં હતાં. મારા હાથમાં દાતરડી જોઈને મારી ઓરત નાશી ગઇ, નરસી મુદુ મારી આગળ હાજર હતો. મેં એ દાતરડી તેને એક વાર મારી. હું સાવ દીવાનો બની ગયો હતો, અને એ દીવાનાપણામાં મેં તેને બે ત્રણ ઘા માર્યા હતા. મેં કેટલા ઘા શી રીતે અને શરીરના કયા ભાગ ઉપર માર્યા તે કહેવા જેટલું મને તે વખતે પુરેપુરૂં ભાન નહોતું. નરસી મુદુ જેવો પડી ગયો કે લાગલોજ હું ત્યાંથી ચાલ્યો ગયો. સાહેબ હું આટલી હકીકત જાણું છું. કોઇએ મને ધમકી આપી નથી. આ હકીકત હું મારી રાજીખુશીથી કહું છું. તે પ્રમાણે કહેવાને મને કોઇએ શીખવ્યું નથી. નરસી મુદુનું ખુન કર્યાની વાત સાચી છે. બીજો ઘા મેં તેને માથામાં માર્યો હતો."

વૈદકી પુરાવાથી જણાય છે કે મોત તેજ ક્ષણે થયું હતું.

આ બંધવાએ ઈનસાફ થતી વખત પોતાની કબુલત ખેંચી લીધી હતી.

બંધવે હાઈકોર્ટમાં અપીલ કરી હતી, પણ તેમાં તેના તરફથી કોઇ વકીલ હાજર થયો નહોતો.

સરકાર તરફથી હેનલીસાહેબ હાજર થયા હતા.

જસ્ટીસ ઇન્સ તથા મુતુસામી આયરનો ઠરાવ.

ગુન્હાનો ઠરાવ મુખતો કરીને બંધવાએ કરેલી કબુલતમાંથી જે હકીકત પ્રસિદ્ધ થાય છે તે ઉપર આધાર રાખે છે. અને જે કૃત્યને માટે બંધવા ઉપર તહોમત આવ્યું છે, તે કૃત્ય કરવાના હીતોના સંબંધમાં સેસન જડજે બંધવાની કહેલી હકીકત ઉપર ઇતબાર રાખ્યો છે. નરસી મુદુને મારી નાખ્યા પછી બંધવાની ઓરત દેખાવ દેતી નથી. એ બીનાથી સદરહુ નરસી મુદુને મારી નાખવાની બંધવાને પ્રેરણા થએલ, તેના સંબંધમાં તે બંધવે જે મજકુર લખાવ્યોછે તેને મજબુત પુષ્ટી મળે છે. અને તેના મજકુરના આ ભાગ ઉપર વિશ્વાસ રાખવાને સેસન જડજે જે આધાર રાખ્યો છે તે પાકા પાયાવાળો છે, એમ અમારા ધારવામાં આવે છે. જે કૃત્ય કર્યાનું બંધવા ઉપર આરોપ આવ્યું છે, તે કૃત્ય કરવાને આગલે દિવસે બંધવે ગુજરનારને પોતાની ઓરત સાથે સંભોગ કરતાં જોયાનું સિદ્ધ થાય છે. અને તે તેણે જે જોયું તેથી તેની લાગણી અત્યંત ઉશકેરાઇ હતી, પરતુ તેમાં

તેણે ભંગ કર્યો નહોતો. બંધવો જે હકીકત કહે છે તે ઉપરથી ગુસ્સાનો પેહેલો ઉભરો થં-યા પછી બેદરકારીની લાગણી થયાનું અનુમાન કરી શકાતું નથી. તે સવારમાં તેણે પોતાની ઓરતને ગુજરનારની સાથે જમતાં તથા પીરસતાં જોઇ હતી. અને તે વખતે તેણીનાં ધણીને તેણીએ ભુખ્યો રાખ્યો હતો. આગલી સાંજે જે બનાવ બન્યો હતો, તે બનાવ આ બંધવે ન જોયો હત તો આ તેની વર્તણુક વિશે ખાસ જુદોજ અર્થ લેવાત, અને બંધવે પોતાની સ્ત્રીને છીનાળુ કરાવતાં જોઇ, તેથી તેની ઓરત અને ગુજરનાર વચેની નાપાક મોબત જ-ણાઈ આવે છે. છીનાળાનું કૃત્ય જોયા પછી જયારે તેણે આ પછવાડાની વર્તણુકનું અનુસં-ધાન કર્યું છે, ત્યારે એ વર્તણુક અતીશય તેને ક્રોધ ઉત્પન્ન કરે એવા પ્રકારની છે. અને તે ઉપરથી અવશ્ય રીતે નીકળવું જોઇએ કે, તેઓની નાપાક મોબતની તમામ છુપકી અને તેની લાગણી વાસ્તેનું સઘળું માન તજી દેવામાં આવ્યું હતું. અને બંધવાનાજ ઘરમાં રહીને તેઓએ ગેરવર્તણુક ચાલુ રાખવાનું ધાર્યું હતું. પોતાનો મીજાજ કબજામાં નહીં રહેવા સારૂ આ બીનાથી ભારે અને તાતકાળીક ક્રોધ થવો બસ છે. અને તેથી ખુનનો ગુન્હો ખુનથી ઉતરતા દરજાના શિક્ષણીય મનુષ્યવધમાં આવી શકે છે.

ખુનનો ઠરાવ અમે રદ કરીને બંધવાને ખુનથી ઉતરતા દરજાના શિક્ષણીય મનુષ્યવ-ધના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવીએ છીએ. બંધવાને કરવાની સજાનો નીર્ણય હિં. પી. કો. ની ૩૦૪ થી કલમના પ્રથમ ભાગ પ્રમાણે કરવો જોઇએ, અને તે સજા અમે દસ વર-સ સુધી સમુદ્રપારની કરીએ છીએ.

નેટાઇ લશકર વી. માહારાણી કેસરેહિંદ.

કલમ ૩૦૦.

૬
તા૦ ૨૫—૩—૮૫
ઈ. ૧૧ક. પા. ૪૧૦

ખુનના તહોમતના જવાબમાં બંધવે કહ્યું કે મે મારી વહુને મારી નાંખી છે પણ આગલે રોજ મેં તેને છીનાળું કરાવતાં જોઈ તેના કારણથી મેં તેમ કરયું છે. ઠરાવ્યું કે સદરહુ તહોમતના અપરાધીપણાનો જવાબ અંગીકાર ગણાતો નથી અને તે મુકરદમામાં થયેલો ક્રોધ જોઈએ તેવો ભારી અને આકસ્મીક હતો કે નહી તેનો ઈનસાફ કરવાની કોરટની ફરજ હતી.

खुनना तोहोमतना जवाबमां बंधवे कहयुं के, में मारी वहुने मारी नाखी छे. पण आगले रोज में तेने छानाळुं करावतां जोइ. तेना कारणथी, में तेम कर्युं छे. ठराव्युं के, सदरहु तहोमतना अपराधी पणानो आ जवाब अंगीकार गणातो नथी, अने ते मुकरदमामां थयेलो क्रोध जोइए तेवो भारी अने आकस्मीक हतो के नहीं, तेनो इनसाफ करवामी कार्टनी फरज हती.

એક નેટાઇ લશ્કરને હી. પી. કો. ની ૩૦૨ જી કલમ માંહેલા ખુનના ગુન્હાનું તો-

હોમત મુકીને સેસન કોર્ટમાં કમીટ કર્યો હતો. તોહોમતનામું વાંચવામાં આવ્યું. તે સાંભળ્યા પછી બંધવે નીચે મુજબ હકીકત કહી. "મેં મારી બાઇડીને મારી નાંખી છે, પણ રાજી ખુશીથી મારી નાંખી નથી. છીનાળું કરતાં મેં તેને જોઇ, અને તેણીને અટકાવવાને વાસ્તે, તદ્દન નાચાર હતો, તેથી મેં તેને મારી નાંખી છે. મારી નાંખવાનું મેં ધારી રાખ્યું હતું. મને નાતમાં તેણે નીચું જોવરાવ્યું હતું. તેને મારી નાંખીને પછે માહારે આપઘાત કરવાનું મેં નકી કર્યું હતું. છીનાળું કરતાં મેં તેને શુકરવારે જોઇ, ત્યારે તો મેં તેને મારી નહીં. શનીવારે હું તેને મદનરાયની વાડીમાં તેડી ગયો. ને ત્યાં ને ત્યાં મારી નાંખી. છીનાળું કરાવતાં જોયા પછી મને શુક્રવારે તાવ આવી ગયો હતો. અને મેં કાંઈ ખાધું નહોતું. મેં પણ લીધું કે જ્યાં સુધી મારૂં નહીં. ત્યાં સુધી ખાવું નહીં. મેં મારી ધારેલી બધી વાત ગોરધનને કહી હતી. તેમ ન કરવાની તેણે મને સલાહ આપી હતી. મે કહ્યું કે, હું માર્યા વગર રહીશ નહીં. કેમકે તેણીએ મને હલકો પાડયો છે. અને એવી નામોશીને તાબે થવા કરતાં, મરવું વધારે સારૂં છે. તે ઓરતને મેં આ હાંસવેથી મારી નાંખી છે. તે હાંસવો તળાવમાં સંતાડી રાખ્યો હતો, ને પછી પોલીસને તે બતાવ્યો હતો. ગોવરધને પાણીમાંથી તે કાઢી આપ્યો હતો. માહારી વહુને મારી નાંખ્યાથી હું ઘણો ખુશી થયો છઉં. તેના રક્તમાં મેં સ્નાન કર્યું છે, ને જે મેં કબુલ કર્યું છે, તે મેં ખુશીથી કર્યું છે,"

ઉપર કહેલી જુબાની ઉપરથી સેસન જડજે ગુન્હો કબુલ કર્યાની જુબાની નોંધી લીધી ને ખુનનો અપરાધી ઠરાવી તેને ફાંસીની સજા કરી. બંધવે હાઈકોર્ટને અપીલ કરી, તથા મોતની સજા મંજુર થવા વાસ્તે પણ આ કામ મોકલાયું હતું.

જસ્ટીસ ફીલ્ડ તથા બેવરલીયે આપેલો ઠરાવ નીચે મુજબ છે.

આ મુકરદમો ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૩૭૪ મી કલમ અનુસાર બંધવાને મોતની સજા કરી છે તે બહાલ કરાવવા સારૂ સેસન જડજે લખી મોકલ્યો છે. બંધવે ગુન્હો કબુલ કર્યો છે એમ કહેવાય છે અને તે જવાબ ઉપરથી તેને સજા કરી છે. દફતરમાં બીજો કાંઈ અભીપ્રાય નથી.

બંધવે પણ આ કોરટને અપીલ કરી છે.

સેસન કોરટમાં બંધવે ઉપર પ્રમાણે જે જુબાની આપી તે સેસન જડજે નોંધી લીધી છે. અને તે જુબાની નીચે પ્રમાણે છે. " મેં મારી બાઈડીને મારી નાંખી છે, પણ રાજી ખુશીથી મારી નાંખી નથી. છીનાળું કરાવતાં મેં તેને મારી નાંખી છે. મારી નાંખવાનું ધારી રાખ્યું હતું. મને નાતમાં તેણે નીચું જોવારાવ્યું હતું, તેને મારી નાંખીને પછે, માહારે આપઘાત કરવાનું મેં નકી કર્યું હતું. છીનાળું કરાવતાં મેં તેને શુક્રવારે જોઇ, ત્યારે તો મેં તેને મારી નહીં. શનીવારે હું તેને મદનરાયની વાડીમાં તેડી ગયો. ને ત્યાં તેને મારી નાંખી. છીનાળું કરાવતાં તેને જોયા પછી મને શુક્રવારે તાવ આવી ગયો હતો. અને મેં કાંઈ ખાંધું નહોતું. મેં પણ લીધું કે જ્યાં સુધી મારૂ નહીં ત્યાં સુધી ખાવું નહીં. મેં માહારી ધારેલી બધી વાત ગોરધનને કહી હતી. તેમ ન કરવાની મને તેણે સલાહ આપી. મેં કહ્યું કે હું માર્યા વગર રહીશ નહીં, કેમકે તેણીએ મને હલકો પાડયો છે, ને એવી નામોશીને તાબે થવા કરતાં, મરવું વધારે સારૂં છે. તે ઓરતને મેં આ હાંસવેથી મારી

નાંખી છે. તે હાંસવો તળાવમાં સંતાડી રાખ્યો હતો, ને પછી પોલીસને બતાવ્યો હતો. ગોવરધને પાણીમાંથી તે કાઢી આપ્યો હતો. મારી વહુને મારી નાંખ્યાથી હું ખુશી થયો છઊં, તેના રક્તમાં મેં સ્નાન કર્યું છે, ને જે મેં કબુલ કર્યું છે, તે મેં ખુશીથી કર્યું છે."

બેશક આ મુચરકા ઉપરથી બંધવે પોતાની ઓરતને મારી નાંખ્યાની કબુલત છે. પરંતુ એ કબુલતની સાથે એક ખુલાસાવાળો મજકુર છે અને તે એવા મતલબનો છે કે, એ કૃત્ય ભારી અને તાતકાલી ક્રોધના આવેશમાં કરીને તેણીને મારી નાંખી હતી. મારો અભીપ્રાય એવો છે કે, આખો મચકુર સામટો લેવો જોઇએ. અને જો એમ લેવાય તો, તે પીનલકોડની ૩૦૨ જી કલમ ગાંહેલા ખુનના તોહોમતના અપારાધીપણાની કબુલત નથી.

હીંદુસ્થાનના પીનલકોડની ૩૦૦ મી કલમના પેહેલા અપવાદનો ખુલાસો છે તેમાં લખ્યું છે કે " તે ક્રોધ એવો ભારે તથા આકસ્મીક હતો કે, તેથી તે ગુન્હો ખુન થઇ શકે નહીં. એ એક હકીકતની બાબત છે." તથા ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૨૯૯ મી કલમમાં લખ્યું છે કે " જે તકરારોને કાયદા પ્રમાણે હકીકતની તકરારો ગણવી જોઇએ, તે સઘળી તકરારોનો ફેસલો કરવો, એ કામ જુરીનું છે" ત્યારે હવે અમારો મત એવો છે કે, આ મુકરદમાનો ઈનસાફ કરીને બંધવાએ આપેલા જવાબ ઉપરથી જુરીનો મત લેવો જોઇતો હતો. તેથી સેસન જડજે કરેલી સજા અમે રદ કરીએ છીએ. અને ફરમાવીએ છીએ કે, બંધવા મેટી લસ્કરનો જે તોહોમત રાખી તેને સેસનમાં કમીટ કર્યો હતો, તેજ તોહોમત રાખીને તેનો નવેસરથી ઇનસાફ કરવો.

માહારાણી કેસરેહિંદ વિ. મોહન.

કલમ ૩૦૦.

૭

તા. ૨૬-૬-૮૬
ઈ.૮ અ. પા. ૬૨૨

પોતાની ઓરતને બીજા સક્ષ સાથે નાપાક મોહોબત છે એવા શક આણીને તે સ્રીને તેણીના યારને માંહો માંહે વાતો કરતાં કરતાં મારી નાખવાં તે ગુન્હો ખુનનો થાય છે કેમકે તેને પેહેલા અપવાદમાં જે ક્રોધનું ચીતવન કર્યું છે તેવા ક્રોધમાં મારી નાખવાનું આ કામ બન્યું નથી.

पोतानी ओरतनुं खुन कर्यानुं बंधवा उपर तहोमत आवतां तेनुं काम चाल्युं. तेमां एम साबीत थयुं के-

पोतानी वहुने एक बीजा सक्ष साथे नापाक मोहोबत छे, एवो पाका पायावाळो बंधवाने शक हतो. वळी एक राते पोतानो धणी सुइ गयो छे एम जाणीने गुजरनार ओरत तेना पडखामांथी छानुं मानुं सटकी गइ, तथा बंधवो एक कुवाडो लइने ते रांड पछवाडे चाल्यो, अने ते तथा तेणीनो यार बेशीने वात करतां हतां ते तेणे जोयुं, के तुरतज ते स्त्रीने मारी नाखी.

ठराव्युं के, बंधवाना क्रत्यथी खुननो गुन्हो थाय छे. खुनमांथी मटीने उतरता दरज्जानुं शीक्षणीय मनुष्यवध थवा सारु पी. को. नी ३०० मी कलमना पेहेला अपवादना अर्थ प्रमाणे "भारे अने तातकाळी क्रोध" देखाडनारी तेमां बीना बनी नथी.

તારીખ ૪—૧—૮૬ ને રોજ શાહાજાનપોરના સેસન જડજે અપેલેન્ટને ખુનનો અપરાધી ઠરાવી, જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરી હતી. તે ઉપર આ અપીલ છે આ

કામની હકીકત જસ્ટીસ બ્રોડહર્સ્ટના ઠરાવમાં લખેલી છે.

અપેલેન્ટ તરફથી કોઇ વકીલ હાજર હતો નહીં, સરકાર તરફથી હીલ સાહેબ વકીલ હાજર હતા.

બ્રોડહર્સ્ટ જસ્ટીસનો ઠરાવ:—

ક્રી. પી. કો. ની ૩૦૨જી તથા ૩૦૪ મી કલમ માંહેલા ખુંન તથા ખુંનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધ એમ બે ગુન્હાનાં વીકલ્પ રીતનાં તોહોમત મુકી બંધવા મોહનને કમીટ કરવામાં આવ્યો હતો. આસેસરોએ પોતે જે કારણો આપ્યાં છે, તે ઉપરથી તેઓનો મત એવો છે કે, મોહન ખુંનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર છે, પરંતુ સેસન જડજે તેને ખુંનનો અપરાધી ઠરાવી, તેને જીવતાં સુધી સમુદ્રપારની સજા કરી છે.

આ ઠરાવ અને સજા સામે મોહને અપીલ કરી છે, તેનો ફેંસલો દેવા એ અપીલ માહારી પાસે આવતાં તે અપીલમાં બે કાયદાની બાબતો છે, તેનો વિચાર કરવા બે જડજ પાસે તે મોકલી દીધી. કાયદાની બે બાબતો એવી છે કે,

(૧) બંધવાએ આસીસ્ટંટ માજીસ્ટ્રેટ પાસે આપેલી કબુલત નોંધી લેવામાં કેટલીક ખામીઓ રહી ગયાના કારણથી, પુરાવામાં દાખલ કરવી જોઇએ કે નહીં? (૨) બંધવાનો ગુન્હો ખુંનનો છે કે, તેથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધનો છે? ત્યાર પછી આ અપીલ મારી તથા ચીફ જસ્ટીસની હજુરમાં ફેસલો દેવા આવી હતી. તે અમોએ ક્રીમીનલ પ્રોસીજરકોડની ૫૩૩ મી કલમ પ્રમાણે અમુક પુરાવો લેવા સારૂ પાછી મોકલી હતી. તે પુરાવો લેવાઇ આવતાં બંધવાની કબુલત સાબીત થઈ ચુકી છે. અને તે મારા માનવા પ્રમાણે સાચે સાચી છે. હવે માત્ર બીજા સવાલનો નીકાલ કરવો રહે છે.

આ મુકરદમાનો સાર એવો છે કે, પોતાની ગેર હાજરીમાં પોતાની વહુ એક ફકરૂદીન સાથે જનાખોરીવાળો નાતો રાખે છે, એવો બંધવાને શક આવ્યો. બંધવાનો એ શક સારી પેઠે પાયાદાર હતો. એ ફકરૂદીને કબુલ કર્યું છે કે, ગુન્હો બન્યાની રાતે ગુજરનાર ઓરતે જાણ્યું કે, મારો ધણી સુઇ ગયો છે, એટલે છાંની રીતે પોતાના યાર પાસે જવાના ઈરાદાથી ધણીના પડખામાંથી સટકી ગઇ, પછી બંધવો તેની પછવાડે એક કુવાડી લઇને ચાલ્યો. અને એ ઓરતને ફકરૂદીન સાથે વાતચીત કરતાં જોઈને તાબડતોબ તેને મારી નાંખી એટલામાં ફકરૂદીન ભાગી છુટયો, અને પોતાના શેઠના કંપાઊંડમાં તેને રહેવાની ઓરડી હતી, તેમાં ભરાઈ બેઠો. બંધવો તેની પછવાડે ત્યાં આવ્યો, અને ઓરડીમાં પેશીને ફકરૂદીનને માર્યો, પણ તેને ભારે માર માર્યો નહોતો. ફકરૂદીન પોતાની ઓરડીમાંથી નાશી ગયો, અને પછી બંધવે તેનું કમાડ વાશીને મરણીઓ થઇ ગળું કાપી નાખી, પોતાનો પ્રાણ હરવાની કોશીશ કરી. આસેસરોમાંથી બે જણાનો એવો મત થયો કે, ફકરૂદીન સાથે સાપ્રાધ સંભોગ કરાવતાં બંધવે પોતાની ઓરતને જોએલી હતી. જો એટલું સાબીત થાય તો, બંધવાનો ગુન્હો ખુનમાંથી મટીને ખુનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધનો થઈ શકે છે, પણ બંધવે આટલી લાભકારી પોતાની કબુલતી જુબાની આપી નથી તેણે તો એમ લખાવ્યું છે કે, ફકરૂદીન સાથે માહારી વહુ ખાનગી ખટપટ કરતી હતી એવું મને માનવાને કારણ હતું. અને જ્યારે તે રાતમાં માહારા ખાટલામાંથી છાનીમાની ચાલી ગઇ

ત્યારે હું હથિયાર બાંધી તેની પછવાડે ગયો. અને ફકરૂદીન સાથે બેશીને વાતચીત કરતાં જોઇ તેથી મેં તેણીને ઠાર મારી નાંખી. આ બાબતમાં કાયદાને લગતા અમેરીકાખંડના તથા વિલાયતના ફેંસલા જોવાનો, તથા વિદ્વાન ચીફ જસ્ટીસ સાથે મસલત કરવાનો લાભ મને આ કામમાં મળ્યો છે.

બીશમસાહેબ પોતાના ફોજદારી કાયદાની ટીકાના બીજા પુસ્તકને ૭૧૧ મે પાને નીચે પ્રમાણે લખે છે. "પોતાની ઓરતની જનાખોરીનો' શક આવતાં તેનો ધણી તેણીને પછવાડે ગયો, અને યાર સાથે તેને વાતચીત કરતાં જોઈ, તેમાંથી સ્ત્રી ભાગી ગઇ, અને યાર રહી ગયો. તે યાર ઉપર પેલો ધણી પથર તથા ચાકુ લઈને પુગ્યો. અને એવા જખમો કર્યા કે, તેનું મોત થયું. તેમાં ઠરાવ્યું કે થયેલો ગુન્હો ખુનનો છે." "વળી રસલસાહેબના ફોજદારી ગુન્હાના પેહેલા પુસ્તકને ૭૮૬ મે પાને કેલીના મુકરદમામાં એક જડજે પુરાવાનો સંકેલો કરવા ટાંણે નીચે પ્રમાણે વીવેચન કરેલું હતું" પોતાની સ્ત્રીને છીનાળું કરાવતાં કોઇ માણસ નજરે દેખે, અને તેણીને મારી નાંખે તો તે ગુન્હો ફકત શીક્ષણીય મનુષ્યવધનો થયાનું કહેવામાં આવે છે. કેમકે તે વખતે તેનો ક્રોધ એટલો બધો જોરાવર માનવામાં આવે છે કે, તેનાથી શાંત રહી શકાતું નથી. પરંતુ કંઇ શક કીંવા બીક રાખ્યા વગર માહારે તમોને કહેવું જોઇએ કે, કોઈ સ્ત્રી જનાખોરી ભરેલી ખટખટમાં ગુંથાઇ છે, એવો તમોને શક આવતો હોય, અને પછી તે સ્ત્રીને મારી નાંખવી, અને તે સ્ત્રી જો તમારી પોતાની વહુ હોય તોપણ તે ગુન્હો ખુનનો થાય છે. તમારો ગમે તેવો પાકો અને મજબુત શક હોય, તોપણ બેશક ખુનજ છે." મને ખાત્રી થઇ છે કે, મોહન ખુંનનો ગુન્હેગાર છે. અને તેની અપીલ નામંજુર કરવા હું એક મત થાઉં છઉં.

પરંતુ આ કામનો પ્રસંગ જોતાં જીવતાં સુધી સમુદ્રપારની સજા બહુજ આકરી છે. એમ હું ધારૂં છું. આવા પ્રકારના કામોમાં જેટલા યુરોપીયન લોકો પોતાનો ક્રોધ કબજે રાખવામાં બહુ કરીને ફતેહ પામે છે. તેટલા આ દેશના વતનીઓ ફતેહ પામતા નથી. વળી બધવો સાવ અભણ છે, અને જો કે ૩૦૦ મી કલમના પેહેલા અપવાદમાં આવી શકે, એવો તો નહીં, તોપણ તેને ક્રોધ ચઢયાનું હું માનું છઉં, તેથી તેને કરેલી સજા ફેરવી નાંખીને ૧૦ વરસ સુધી કેદની સજા કરવાની ભલામણ કરવાનો ચીફ જસ્ટીસનો મત છે, તે સાથે હું મળતો આવું છઉં.

ચીફ જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવ:—

આ અપેલેન્ટના કામના સંબંધમાં બ્રોડહર્સ્ટે અવલોકન કરેલું છે, તે વાંચવાની મને જોગવાઇ આવી છે. અને જે હકીકત તેણે નીરમળ રીતે તથા પુરેપુરી તથા પુરેપુરી રીતે પોતાના ઠરાવમાં આપી છે તેનું પુનરાવર્તન કરવું જરૂરનું નથી. જે ઠરાવ કરવા તે ધારે છે, તેને હું મળતો આવું છું. અને જ્યારથી અપેલેન્ટ વિરૂદ્ધનો પુરાવો મારા વાંચવામાં આવ્યો છે, ત્યારથી મારા મનમાં બીલકુલ સંદેહ રહેલો નથી કે, શાહજાનપોરના સેસન જડજે અપેલેન્ટના કરેલા કૃત્યના કાયદેસર ગુણનો તેણે જે મત બાંધ્યો છે તે ખોટો છે. બેશક એ કૃત્ય કરીને તેણે એક ખુનનો ગુન્હો કીધો છે અને હકીકત તરફ નજર કરીને ભારી અને તાતકાળી ક્રોધના કારણથી ઉતારી નાંખીને ખુનમાંથી શીક્ષણીય મનુષ્યવધના ગુન્હામાં લાવવા વાસ્તે એ વીદવાન જડજે અભીપ્રાય બાંધ્યો હતતો હું ધારૂં છઉં કે, આ-

વા કામોમાં જે કાયદો લાગુ પડે છે તે કાયદાનો અયોગ્ય રીતે અર્થ કર્યો એમ ગણાત, પોતાની સ્ત્રીને કે, તે સ્ત્રીના વરને, અથવા બંનેને ભારે તથા તાતકાળી ક્રોધના આવેશમાં મારી નાંખતાં ખુનનો ગુન્હો ઓછો થઈને શીક્ષણીય મનુષ્યવધ થાય છે. એવું ડમારૂઆના કામની પડેલી હકીકત ઉપરથી ઘણામાં ઘણું જે ઠરાવવાને હું તૈયાર હતો, તેટલું તે કામમાં ઠરાવી ચુકયો છું.

એ કામમાં પ્રસંગ એક એવા પ્રકારનો તથા એવી વીગતવાળો હતો કે, જ્યારે બંધવે પોતાની વહુને તથા તેણીના યારને જોયા ત્યારે છીનાળું તુરતમાંજ થઈ ગયું હતું. એવું માનવાને અથવા એવો તર્ક કરવાને, બંધવાને વાજબી કારણો હતાં. આવા પ્રકારના કામોમાં વિલાયતના ઘણાખરા પંકાએલા જડજોના ઠરાવોનું કબુલ કરેલું ન્યાયતત્વ, કાંઈક સલેશ રાખીને અને કાંઈક લાપડાપણાથી લાગુ કર્યુ હતું. હાલના મુકરદમામાં એવો કોઇ પ્રસંગ દેખાતો નથી. ઉલટી રીતે સાફ એવું દેખાય છે કે, અપેલેન્ટ એક હથીયાર બાંધીને થોડેક સુધી પોતાની વહુની પછવાડે ચાલ્યો. અને તેણીના ઉપર હુમલો કર્યો. તે અગાઉ જે તેના જોવામાં આવ્યું તે એ હતું કે, તેની સ્ત્રી અને જે સક્ષ સાથે તેણીનો અયોગ્ય નાતો હતો. તે બંને ભેગા થઇને વાત કરતાં હતાં, આવી સ્થીતીમાં તેને જે ક્રોધ ચડયો અને તે ક્રોધના આવેશમાં તેણે જે કામ કર્યું, તે ક્રોધ તે કરવા સારૂ જોઇએ તેવો ભારી નહોતો. અને તેનું કરેલું કત્ય ચડેલા ક્રોધના પ્રમાણુની બહાર હતું. જે રસ્તો ગ્રહણ કરીને બંધવે પોતાની સ્ત્રીને સજા કરી, તેવો રસ્તો પોતાના હાથમાં અખતીયાર કરવા વાસ્તે કાયદો મંજુરી આપી શકતો નથી, તેમ પસંદ કરતો નથી. એવો રસ્તો અખતીયાર થઇ શકે છે, એવું જો આપણે ઠરાવશું તો, પ્રજાને મોહોટો ત્રાસ થઈ પડશે. માણસ જો કાયદાના સંરક્ષણ તળે હોયતો, તે માણસથી પોતાને થયેલા નુકશાનનું વેર પોતાને હાથે વળી શકતું નથી. એ નુકશાન એવા પ્રકારનું હોય કે, પ્રજાના કાયદાથી તેની દાદ મળી શકતી હોય, તો ત્યાં જઇને તેણે દાદ માગવી જોઈએ (જુઓ રસલના પહેલા પુસ્તકનું પાનું ૭૨૫ મું). ગુજરનાર ઓરતની વર્તણુંક પોતીકા યાર સાથે મળવાની બેશક ઘણીજ અયોગ્ય હતી. પણ એ મળવું શા રસ્તા ઉપર થયું હતું, અને તે પ્રસંગથી અલબતે અપેલેન્ટને ક્રોધ આવે તો પણ ખુનમાંથી મટીને ઉતરતા દરજાનું શીક્ષણીય મનુષ્યવધ થવા સારૂ, જેટલો ક્રોધ હોવો જોઇએ તેટલો ક્રોધ ગણાઇ શકાતો નથી.

આ અપીલ નામંજુર કરવાનો જસ્ટીસ બ્રાડહર્સ્ટે જે ઠરાવ કર્યો છે, તે હું પસંદ કરૂં છું. વળી જે ભલામણ કરવાનું તે કહે છે, તેને પણ હું મળતો આવું છું. આવી જાતના મુકરદમાઓમાં જે કત્યનો બંધવો ગુન્હેગાર થાય છે તે કત્યનું કાયદા પ્રમાણે કેવું રૂપ થાય છે તે સદરહુ બંધવાની વિરૂદ્ધ નોંધવાનું ઘણુંજ અગત્યનું છે. તેની સાથે તેને સજા કરવાનો સવાલ માહારા ધારવા મુજબ નામદાર લેફ્ટેનંટ ગવરનર સાહેબના લક્ષ ઉપર લાવવો એ મને ઊચીત લાગે છે.

આ ગુન્હો થોડો ઘણો વિચીત્ર પ્રકારનો છે, એવું દેખાડનારો કેટલોક પ્રસંગ બન્યો છે, એવો બ્રાડહર્સ્ટ જસ્ટીસનો મત છે. તેને હું મળતો આવું છું. અને તેથી તેણે કરેલી ભલામણમાં હું મારી સંમતી આપું છઉં.

માહારાણી કેસરેહીંદ વિ. લોચન.

કલમ ૩૦૦.

૮

તા૦ ૨-૮-૮૬
ઈ.૮ અ. પા. ૬૩૫

પોતાના કોઈ સગાની ઓરતને કોઈ પુરૂષ સાથે છીનાળું કરાવતાં જોવાથી તેના ગુસ્સાના આવેશમાં તે સ્ત્રીના યારને મારી નાખવામાં આવે તો તે ગુન્હો ખુનનો થાય છે. પરંતુ ખુનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધનો પતો નથી.

पोताना काकाना दीकरा भाइनी विधवा पोता भेगी रहेती हती. तेना संबंधमां बंधवो खुनथी उतरता दरज्जानो शीक्षीणीय मनुष्यवधनो गुन्हेगार ठर्यो हतो. पुरावेथी जणायुं के, बंधवो खुरपी लइने घणे छेटे सुधी गुजरनारनी पछवाडे जतो जोवामां आव्यो हतो. ने ते वखते एवो प्रसंग हतो के, ते गुजरनार ओरत पोताना यार साथे परीयाम कर्या प्रमाणे जती हशे. एम बंधवाना मान्यामां आव्युं, तेथी ते बंधवो ते ओरतने पकडवा माटे जतो हतो. तेणे तेणीने पोताना यार साथे जनाखोरी करतां जोइने तेने मारी नाखी.

ठराव्युं के, शीक्षीणीय मनुष्यवधना गुन्हानो ठराव बदलावीने बंधवाने खुननो गुन्हेगार गणवो जोइए. केमके जे क्रोध चडवाथी तेनो गुन्हो ओछो मानेलो छे, ते क्रोध तेणे जाणी बुझीने वहोर्यो हतो. अने गुन्हानो जे प्रसंग साबीत थयो छे, ते उपरथी कही शकातुं नथी के, भारे अने तातकाळी क्रोधथी तेनो मीजाज हाथमां नहीं रह्यो हशे.

આ કામનું દફતર ચીફ જસ્ટીસ સ્ટ્રેટ સાહેબે કામ મંગાવી જોવાનો તથા સુધારવાનો જે હાઈકોર્ટને અધિકાર છે, તે અધિકાર વાપરીને મંગાવી લીધું હતું. તે કામ એવું છે કે, તેમાં એક લોચન નામના સખસને ગોરખપુરના સેસન જડજે ખુનથી ઉતરતા દરજાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો અપરાધી ઠરાવી તેને પાંચ વરસની સખત કેદની સજા સદરહુ સેસન જડજે તા. ૧૧-૩-૮૬ ના રોજ કરી હતી.

આ મુકરદમાની કેફીયત હાઇકોર્ટના ઠરાવમાં આપેલી છે.

સરકાર કે બંધવા તરફથી કોઇ વકીલ હાજર નહોતો.

ચીફ જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવ.

ગોરખપુરના સેસન જડજે બંધવા લોચનને ખુનથી ઉતરતા દરજાના શિક્ષણીય મનુષ્યવધનો અપરાધી ઠરાવી તેને પાંચ વરસની સખત કેદની સજા કરી હતી. તે કામ જોઈને સુધારવા સંબંધનો આ મુકરદમો છે. ગયા માર્ચ મહિનાનું ગોરખપુરનું સેસન કયાલંડર વાંચવાથી આ કેસ મેં મંગાવી લીધો હતો. અને ત્યારબાદ બંધવા ઉપર મેં નોટીસ કહાડી કે તારો જે ઠરાવ કર્યો છે તે ફેરવીને પીનલકોડની ૩૦૨ જી કલમ મુજબ ખુનનો ઠરાવ શા માટે ન કરવો, અને તને જે સજા કરી છે તેમાં શા માટે વધારો ન કરવો તેનું કારણ હોય તો જણાવ.

આ મુકરદમાની કેફીયત ટુંકામાં નીચે પ્રમાણે છે.

બંધવો લોચન એક જાનકીનો દીકરો હતો. અને તે જાતે શેઠ વડ, ઉમરમાં વરસ ૨૫ નો, અને તરકરવાના પોલીસ થાણાની હકુમતમાં બાલોહત ગામમાં રહેતો હતો. તેની

સાથે એક બાઇ જમની રહેતી હતી. અને જ્યારે તે બાઇને મારી નાખી ત્યારે તેણીની ઉમર લગભગ ૨૫ વરસની હતી. અને તે બાઇ આ લોચનના કાકાના દીકરા રામજીની વીધવા એટલે ભાભી થતી હતી. ગયા ડીસેંબરની ૧૦ મી તારીખના ગુરૂવારની સાંજે આશરે આઠ વાગે બંધવો પોતાના ઘરની નજીક એક ખરપીથી શેરડીના સાંઠા કાપતો હતો. અને તેની પાસે વાલી જુલાયા અને મુસા આહેર એ બે સખસો હતા. આ બંને સખસોએ આપેલી જુબાની પ્રમાણે ગુજરનાર બાઇ જમની તેઓની પાસે થઈને દક્ષિણ દિશા તરફ ચાલી જતી હતી. તે જોઇને બંધવો તરતજ ખરપી લઇને તેની પુંઠે પુંઠે ચાલ્યો. ત્યારબાદ શું બન્યું તે હકીકત એક વેણી મહાદેવની જુબાની ઉપરથી જાણી શકાય છે. એ વેણી મહાદેવ બંધવાની જાતનો હતો. તે કહે છે કે, દશમીની રાત્રે તહોમતદાર માહારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, બાઇ જમની એક ખેતરમાં મુવેલી પડી છે. ફુલપંથવા સાથે તે જનાખોરી કરતી હતી. અને હું ત્યાં જોવો ગયો કે ફુલ ત્યાંથી ભાગી ગયો. ત્યારબાદ મેં તેણીને મારા ખરપા વતી મારી નાંખી છે. આ વાત બંધવે વેણી મહાદેવને કહી હતી. બાઇ જમનીની લાશ ૧૧ મી તારીખે આંબાના ઝાડ તળે પડી હતી ત્યાંથી મળી આવી. ગરદન, માથું, તથા ભુજામાં સંખ્યાબંધ જખમો હતા. અને આ જખમ કર્યા પછી તરતજ તેનું મોત થયું હોય એમ જણાઇ આવે છે. બારમીની સવારમાં તરકવાના પોલીસથાણામાં ફરીયાદ કરવામાં આવી. અને ત્યારબાદ રીતસર બંધવાને પકડવામાં આવ્યો. બંધવે વેણી મહાદેવ પાસે જે માણસની વાત કરી હતી, તે ફુલે માજીસ્ત્રેટ પાસે એવી જુબાની આપી કે, હું બાઇ જમનીની સાથે આંબાના ઝાડ તળે જનાખોરી કરતો હતો, એટલામાં બંધવો આવી ગયો, એટલે હું ઠેકીને ભાગી ગયો, અને જ્યારે ભાગ્યો ત્યારે મેં આસપાસ જોયું તો બંધવાને ગુજરનાર ઓરતને મારતાં દીઠો. સેસન કોરટમાં તેણે લખાવ્યું કે, જ્યારે બંધવો આવી ગયો ત્યારે હું બાઇ જમની સાથે જનાખોરી કરતો નહોતો પણ માત્ર વાત કરતો હતો. પ્રોસીક્યુશન તરફનો આ પુરાવો આસેસરોએ નહીં માનવાનાં તેણે જે કારણો આપ્યાં છે, તે તમામ અપુર્ણ છે. વિદ્વાન જડજનો એવો અભિપ્રાય થયો કે, બાઈ જમનીને બંધવે મારી નાંખ્યાનો ગુન્હો પુરેપુરી રીતે સાબિત થયો છે, પણ તેણે વિચાર કર્યો છે કે, બધી હકીકત લક્ષમાં રાખતાં ભારે તાતકાળી ક્રોધના કારણથી બંધવાને એ કૃત્ય કરવું પડયું હશે. તેથી તેનો અપરાધ ખુનથી ઉતરતા દરજાનો શિક્ષણીય મનુષ્યવધ થાય છે. તેથી તેણે તેને હલકા ગુન્હાનો અપરાધી ઠરાવી પાંચ વરસની સખત કેદની સજા કરી. આ ફેંસલાના સંબંધમાં જે સઘળું મારે કહેવાનું છે તે એ છે કે, પ્રથમ તો પુરાવા ઉપરથી તથા આસપાસની હકીકત ઉપરથી બંધવાને હાથે ગુજરનાર બાઇ જમનીનું મોત થયું છે એવું મારા મનમાં નીઃસંદેહ છે. વેણી મહાદેવની જુબાની શા માટે ન માનવી તેનું હું કશુંએ કારણ જોઇ શકતો નથી. અને જે રાત્રે આ ગુન્હો થયો તે રાત્રે તેને બંધવે જે વાત કરી હતી, તે વાત તરતજ જાહેર ન કરવામાં સદરહુ વેણી મહાદેવની થોડી ઘણી વિચિત્ર વર્તણુંકનો માનવા લાયક ખુલાસો એ વિદ્વાન જડજે આપેલો છે. અલબત તે ફુલની બંને જુબાનીઓમાં વિરૂદ્ધપણું છે એમ હું આગળ કહી ગયોછું. પરંતુ વિદ્વાન જડજે માજીસ્ત્રેટ પાસે પેસ્તર આપેલી જુબાની પસંદ કરીછે, અને બંધવાનો ગુન્હો કેવા પ્રકારનો છે, તેની પેમાયશ કરવા માટે તેમ કરવામાં તેણે બંધવાનું હિત જોએલું છે.

અને જો કે તેની પછવાડેની જુબાની ઉપર તેટલા વાસ્તે તેણે ઈતબાર રાખ્યો નહીં હશે, તોપણ આવી ભીનતાથી તેની બાકીની જુબાની કમજોર થાય છે એમ હું ધારતો નથી. જે જાતીના ભારે અને તાતકાળી ક્રોધથી ખુનનું તહોમત બંધવા ઉપર આવ્યું હતું, તે બદલાઇ જઇને ખુનથી ઉતરતા દરજાનું શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થાય છે, એવું ઠરાવવામાં એ વિદ્વાન જડજે ભુલ કર્યાનું હું માનુ છું. મહારાણી કેસરેહિંદ વિ. દામા રૂપાના મુકરદમામાં આવી બાબતમાં જે નિયમ ચલાવવો જોઇએ, તે અમે અમારી માન્યતા મુજબ આપી ગયા છીએ, અને એજ મતને આધારે તાજે તર મહારાણી વિ. મોહનના કામમાં મેં તથા જસ્ટીસ બ્રોડહર્સ્ટે અમલ કર્યો છે. પ્રથમ તો બંધવો ગુજરનારનો ધણી નહતો. અને તેઓ બંને ભેગાં એક ઘરમાં રહેતાં, તેથી વખતે સંભવ છે કે, તેઓની વચ્ચે નીકટ દોસ્તી હશે. અને તેથી દ્વેષમાં ઉશકેરાઇ જઈને આ કામ તેને કરવું પડયું હશે. પરંતુ આ બાબતનો કાંઈ પુરાવો નથી. અને બંધવે આના સંબંધમાં જે ખુલાસો કર્યો છે તે હું મંજુર કરૂં છું. અને બાઈ જમની જનાખોરી કરાવતી હતી તે વખતે બંધવે તેણીને પકડી હતી, એવો જે સેસન જડજનો મત થયો છે, તે મત ગ્રહણ કરતાં પણ ખુનમાંથી ઉતારી નાંખી ખુનથી ઉતરતા દરજાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થવા વાસ્તે તેમાં ભારી અને તાતકાળીક ક્રોધ ચડયો હતો, એ વાત ઈનસાફની કોરટે મંજુર રાખવી જોઇએ, એવો મારો અભિપ્રાય નથી. બંધવો પોતાની સાથે ખુરપી લેઇ ગયો, અને તે ઉપરથી તેણે કાંઇ ઓર જુલમ કરવાનું ધારેલું હશે, એમ જણાઇ આવે છે. અને તે ખુરપી લઇને ઘણે છેટે સુધી ગુજરનાર ઓરતની પછવાડે ચાલ્યો, અને તે એવી માન્યતાથી કે, ઓરત પોતાનું આપેલું વચન પાળવા જાય છે, અને તેમ કરતાં તેને પકડી પાડવી. તેણે તેણીને પાછી નહિ બોલાવતાં તેમ તેણીને ઠબકો નહિ આપતાં, તેમ પાછું વળવા સારૂ સમજ આપવાની કોશીશ નહિ કરતાં, છાનોમાનો તેની પુંઠે ગયો, અને જ્યાં તેને મારી નાંખી હતી ત્યાં તેણીની પાછળ તેને નજરમાં રાખતો રાખતો ચાલ્યો ગયો. બીજા શબ્દમાં કહીએ તો, ક્રોધ શોધવા સારૂ તે ઇરાદા પૂર્વક ગયો હતો, અને હવે એ ક્રોધ ચડવાથી તેનો ગુન્હો ઓછો કરવાનું યત્ન કરવામાં આવ્યું છે. તે સદરહુ ઓરતનો ધણી નહોતો એમ હું આગળથી કહી ગયોછું અને તેથી તેણીની ખરાબ ચાલ વાસ્તે સજા કરવાનું નીતિની રૂએ તેના ઉપર બંધન હતું નહિ. જે હકીકત પાધરી સાબીત થઈ છે, તે ઉપરથી હું ક્ષણવાર પણ એમ નથી ઠરાવી શકતો કે ભારે અને તાતકાળી ક્રોધથી તેનો મીજાજ હાથમાં રહયો નહોતો. કેમકે "આવા પ્રકારના કામોમાં તપાસ કરવાનો તરતનો હેતુ એ છે કે, તાતકાળી ક્રોધ ચડયાથી વિવેકબુદ્ધિનું મોકુફપણું જ્યારથી ક્રોધ ઉત્પન્ન થાય છે ત્યારથી તે ઠેઠ નાશકારી ઘા મારવાની પળ સુધી ચાલુ હતું કે નહિ? કેમકે કોઈ પણ પ્રસંગ ઉપરથી એવું જણાય કે, નાશકારી ઘા માર્યા પહેલાં મારનાર સક્ષ ટાઢો પડયો હતો, અથવા વિવેકબુદ્ધિથી મારનારે વિચાર કર્યો હતો, અથવા શાંત થવા વાસ્તે તક અથવા વેળા હતી. તો એ પ્રમાણે મારી નાખવું એ ખુન થાય છે. અને તેનો દોષ મનુષ્યના ક્ષણ ભંગુર સ્વભાવ કરતાં વૈરભાવને દેવો જોઇએ." રસલના પહેલા પુસ્તકના ૭૨૫ મા પ્રષ્ટ ઉપરથી આ મુકરદમાના સંબંધમાં મારો આ પ્રમાણે અભિપ્રાય છે. તેથી બંધવાને હું પી. કો. ની ૩૦૨ જી કલમ પ્રમાણે અપરાધી ઠરાવું છું, અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૭૯ મી કલમને આધારે કરેલી સજા ફેરવીને સદરહુ ગુન્હા માટે ઠરાવેલી જીવતાં સુધી સમુદ્રપારની સજા કરૂં છું. પરંતુ સઘળી હકીકત ધ્યાનમાં લેઇને તથા વિશેષે કરી ગામડામાં રહેનારા અજ્ઞાન અને ઓછા સુધરેલા લોકોમાં પોતાના કુટંબની ઓરતની ગેરચાલને સબંધે દેશી લોકોની જે વિલક્ષણ લાગણીઓ છે, તે પણ ધ્યાનમાં લેતાં બંધવાને ચઉદ વરસ સુધી કેદની સજા કરવા સારૂ સરકારને ભલામણ કરવાને હું વાજબી માનું છઉં. આ ઠરાવમાં જસ્ટીસ મહામદ પણ એક મત થએલ છે.

સમશેરખાં વિ. માહારાણી કેસરેહીંદ.

जो बंने बाजुना माणसो इरादाथी लडतां होय, अने तेमांथी बंनेना घणां माणसो भयंकर हथियार बंध होय, अने पुरावेथी एम खुल्तुं होय के, जे माणस मरण गयो ते पुरी उमरनो हतो. अने बंने बाजुओ वाळामांथी कोइए ते लडाइमां सामांवाळा उपर अयोग्य लाभ लीधो न होय तो, ते लडाइनी वचमां कोइ माणसनुं मोत थाय तो गुन्हो शीक्षणीय मनुष्यबधनोछे पण तेथी खुन थतुं नथी.

કલમ ૩૦૦

૯
તા. ૩૧–૭–૮૦
ઈ. ૬ ક. ૧૫૪–
જે બંને બાજુનાં માણસો ઈરાદેથી લડતાં હોય–અને તેમાંથી બનેનાં ઘણાં માણસો ભયંકર હથીયાર બંધ હોય, અને પુરાવેથી એમ ખુલતું હોય કે, જે માણસ મરણ ગયો તે પુરી ઉમરનો હતો અને બંને બાજુઓવાળામાંથી કોઈએ તે લડાઈમાં સામાવાળા ઉપર અયોગ્ય લાભ લીધો ન હોય તો તે લડાઈની વચમાં કોઈ માણસનું મોત થાય તો ગુન્હો શીક્ષણીય મનુષ્યવધનો છે પણ તેથી ખુંન થતું નથી.

આ મુકરદમાની હકીકત જોઈએ તેટલી હાઇ કોરટના ઠરાવથી જણાઇ આવશે.

અપેલેન્ટ તરફથી વુડ સાહેબ, બાબુ બાંનરજી બાબુનલીત ચંદ્રસેન, બાબુ જોગેશ ચંદ્રરાય, અને મુનસી સીરાજુલ ઈસલાંમ હાજર હતા.

સરકાર તરફથી બાબુ દુરગા મોહનદાસ હાજર હતા.

જસ્ટીસ વ્હાઇટનો ઠરાવ.

સમશેરખાં, અબદુલ રહેમાન, મુનસી સાહેબખાં ઉવીસી મુદીમીયાં. અને ફકીર ઉલાખાન આ પાંચ અપેલેન્ટોને એક હંગામાની દરમીયાંન ખુન કર્યાના અપરાધી ઠરાવી તેઓ દરેકને જીવતાં સુધી સમુદ્રપારની સજા કરવામાં આવી હતી. તેના ઉપરની આ અપીલ થયેલી છે.

લીધેલો પુરાવો ઘણો લંબાણ વાળો છે. તેમાં ઘણીવાર એની એ વાતો આવેલી છે. તથાપી કેટલીક અગત્યની બાબતમાં જેવો જોઇએ તેવો બારીક નથી. તોપણ એટલી તો વાત ચોખી છે કે, ચાલતી સાલના જાનેવારી મહિનાની સતરમી તારીખને સવારે એક લટશીલા ગામમાં ભારે હંગામો થયો હતો. અને તે હંગામાને અંતે એક માણસને જખમ થયો હતો, અને બીજાનું મોત થયું હતું. સદરહુ ગામની પાટીના બે ભાગદારી જેઓના નામ કરીમ સરદાર, અને દોસ મામદ હતાં. તેઓની વચે પોતાના હિસ્સા સંબંધી તકરાર થતાં આ બંને જણાએ પોતાની પાટીનો કાંઈ હિસ્સો સાહેબખાં અને દુવારકાં નાથરાય નામના બે બરોબરીઆ જમીનદારોને વેચાતો આપ્યો. તે એવા ઇરાદાથી કે, આ તકરારમાં

બે જોરાવર પડોશીયોની કુમક જોઇએ તે ટાંણે મળે, ખાન સાહેબની ખરીદી તેના દીકરા હારીસના નામથી થઈ હતી. એમ જણાયું છે કે કરીમ સરદારે જ્યારે પોતાનો હિસ્સો વેંચ્યો. ત્યારે તે હિસ્સાનો તેની પાસે કબજો હતો નહીં. અને હંગામો થવાની અગાઉ થોડી વારે ખાંન સાહેબે જે પાટી વેચાતી લીધી હતી તેનો કાંઇક ભાગનો કબજો મેળવવાના ઉપાયો લીધા હતા. અને તે કામ સારૂ બંધવા ફકીર ઉલ્લાની જમીન ઉપર એક કચેરી અથવા ઝુંપડી બાંધી હતી. એ ફકીર ઉલ્લા, એ ગામનો એક નાનો તાલુકદાર હતો, અને તે ખાંન સાહેબના પક્ષમાં ભળ્યો હતો આ પગલું ભર્યાને પછવાડે તુરતજ ફકીર ઉલ્લાની વાડીમાં કેટલાક લાઠીવાળા જુવાન સીપાઇઓને દાખલ કરવામાં આવ્યા હતા. જાનેવારીની ૧૭ મી તારીખની સવારે દોસમામદે પણ પોતાના ઘરના વાડામાં કેટલાક માણસોનો જમાવટ કર્યો હતો. આ બંને પક્ષવાળાની વચે ૧૭ મી તારીખને સવારે હંગામો થયો, તે હંગામાના કારણમાં કોન્સ્ટેબલ નવી બક્ષને સદરહુ ગામમાં બંદોબસ્ત રાખવા સારૂ પોલીસ સત્તાવાળાએ થોડા રોજ ઉપર મોકલ્યો હતો. અને હંગામો થવા ટાંણે તે હાજર હતો. અને તે જુબાની ઉપરથી જણાય છે કે, દોસમામદ અને તેના પક્ષના કેટલાક માણસો તે સવારે ફકીર ઉલાની વાડીમાં આવ્યાં હતાં. સદરહુ કોન્સ્ટેબલને બંને બાજુની તૈયારીઓ જોવામાં આવતાં, તેણે ધાર્યું કે, સુલેહનો ભંગ થવામાં કાંઈ વાર નથી. એટલે તેને એક રીપોર્ટ લખ્યો, અને તે રીપોર્ટ થાણામાં રવાને કર્યો. અને પોલીસના ઈન્સ્પેકટરને આવવાની અરજ કરી. પરંતુ ઇન્સ્પેકટર આવી પહોંચ્યો તે પેહેલા આ બંને ટોપીવાળાના હથીયાર બંધ માણસોને ફકીર ઉલાની વાડીને શેઢે એક ધાણું સરકારના ખેતરમાં લડાઇ થઇ. થોડીક લડાઇ થયા પછી, ગરીબ ઉલા જે દોસમામદના પક્ષનો હતો. તેને પેટમાં ભાલાનો ઘા વાગ્યો તે ઉપરથી દોસમાંમદની પારટીવાળા ઉગમણી કોર એક ફણસના ઝાડની કોર પચાસ વારને છેટે નાસી ગયા, અને તેઓની પછવાડે ખાંન સાહેબના માણસ થયાં તેટલામાં દોસમામદની પક્ષવાળામાં બીજા કેટલાંક માણસો ભાલાં અને લાકડીઓ બાંધીને આવ્યાં હતાં, તે ભળી ગયાં તેથી ફરી ખાંન સાહેબની પારટીને ભાગી જવામેં વારો આવ્યો. અને આશરે એંશીવારને છેટે ભાગ્યા. ત્યારે તેઓના ઉપર કેટલાંક આંબાના ઝાડની પાસે હુમલો થયો. ત્યાં લડાઇ ફરીને શરૂ થઇ અને થોડી વારમાં દોસમાંમદની પારટીમાં એઆ ઝ નામનો સક્ષ મરાણો. ફકીર ઉલાની જમીન ઉપર કચેરી, ઝુંપડી બાંધી હતી, તેના બચાવ સારૂ ખાંન સાહેબના જમાવટ કરેલા માણસોની મંડળી કાયદેસર હતી. એમ દેખાડવા સારૂ ઘણી ઘણી દલીલો કરવામાં આવી છે. પ્રથમ જ્યારે માણસો ભેગાં કર્યાં. ત્યારે બચાવ કરવાનો વખ્તે હેતુ હશે પરંતુ તેઓના કૃત્ય તથા વરતણુંક ઉપરથી તથા પછવાડેથી જે બન્યું તે ઉપરથી વિચાર કરતાં અમો ધારીએ છીએ કે તે લોકો પ્રથમથીજ બચાવ કરવા તથા ગુન્હો કરવા વાસ્તે ભેગાં થયાં હશે. અને સાપ્રાધ બળ વાપરીને ખાંન સાહેબનો બરો અથવા ધારેલો હક પ્રસીધ કરવાનો તથા જે પાટી તેણે વેચાતી લીધી હતી તેમાંથી લેરો ઉઘરાવવાનો મુળ ઇરાદો હશે. અમે ૧૭ મી તારીખના સવારમાં તેના જાણવામાં આવ્યું કે, દોસમામદે સામા થવા સારૂ માણસોનો જમાવટ કર્યો છે. અને તે દોસમામદ તથા તેનાં કેટલાંક માણસો ફકીર ઉલાની વાડીએ દુશ્મની ભાવથી આવ્યા હતા. તેથી તેઓએ ફકીર ઉલાની વાડીમાંથી હથિયાર બંધ માણસોને બાહાર કાઢયાં. અને એ માણસોએ બા-

હાર કાઢવાનો તેઓનો સામાન્ય હેતુ દોસમામદની પાર્ટીવાળા સાથે લડવાનો હતો. અલબતે પડેલા પુરાવા ઉપરથી જણાય છે કે, દોસમાંમદની પારટીવાળા તે રોજે પેશ કદમી કરનારા હતા. અને ફકીર ઉલાની વાડીમાંથી ખાંન સાહેબની પારટીને બાહાર કાઢવાની સ્પષ્ટ મતલબથી, અથવા એ ખાંન સાહેબની પારટીવાળાને ચીડ ચડે એવી રીતે દોસમહંમદ વાળાઓ વરત્યા હતા. પરંતુ બીજી રીતે જોતાં સાફ માલમ પડે છે કે, દોસમાંમદ અથવા તેના પક્ષવાળાએ તે તરફથી લડાઇ કરવાનું આમંત્રણ મોકલ્યું હતું, તે આમંત્રણ કબુલ કરવાને ખાંન સાહેબવાળા તદન ખુશી હતા. આ બંને મંડળીના અંગભુતે અથવા દરેક મંડળીના ઘણા ભાગે લાઠી અને ભાલા જેવા પ્રાણહારી હથીયારો બાંધ્યાં હતાં. અને ખાંન સાહેબની પારટીવાળામાં મોટી સંખ્યા સીપાઈ લોકોની હતી. ખાંન સાહેબની ટોપી પહેલી વાડીમાંથી નીકળી ત્યારથી તે, પેલા ખોઆ ઝનુ મોત થયું તે દરમીયાનમાં જે બન્યું, તેને એમ એક ચાલુ રહેલી લડાઈ માનીએ છૈએ, અલબતે એ લડાઇ એમ કરતાં વધારે મજલે થઇ હતી ખરી, તોપણ તે એકજ લડાઈ હતી. અને લડાઇ કરવાનો સામાન્ય હેતુ પાર પાડવામાં ગરીબ ઉલા જખમી થયો. અને ખોઆ મરાણો હતો. એમ અમે ધારીએ છૈએ.

એક જણને જે લોકોએ મહાવ્યથા કરી હતી, તથા બીજા જણનું ખુંન કર્યું હતું, તે લોકો અમારી પાસે હાજર નથી. પરંતુ જે કાંઇ બન્યું તેને માટે કેટલે દરજે આ પાંચે બંધવાઓને જવાબદાર ગણવા, તેનો વિચાર કરવા પહેલાં જખમ કરવામાં તથા મારી નાખવામાં જે ગુન્હાઓ થયાછે. તે ગુન્હાઓ વીષે અમારો શું અભીપ્રાયછે તે અમારે કહેવું જોઇએ. ગરીબ ઉલાને જખમ કરવાની બાબતમાં અમે ધારીએ છીએકે એ જખમ મહાવ્યથા નહોતી, એ જખમ ભાલાનો હતો અને તેનાથી પેડુની ચાંબડી વીંધાણી હતી. એ જખમ કારી હતો અને દાકતરના કહેવા પ્રમાણે એ માણસને વીશ દીવસ કરતાં વધુ ઈસપીતાલમાં રહેવું પડયું હતું. અને ઇશ્વરની કૃપા ન થઇ હતતો એ માણસનો જાંન જાત કેમકે જો ભાલાની અણી પેડુમાં પેઠી હતતો મોત થવાની ઘણી વકી હતી.

જે માણસ મરાયો તેના સબંધમાં અમારો એવો અભીપ્રાય છેકે, તેને મારી નાંખવાથી શીક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો થાયછે પરંતુ ખુંનનો ગુન્હો થતો નથી કેમકે ખુઆઝ પુખ્ત ઉમરનો હતો અને જે બંને ટોળીવાળાઓએ સલાહ પરીયાણ કરીને જે લડાઇ કરી હતી, અને જેમાં બંને બાજુવાળાએ અથવા બંને બાજુના ઘણા માણસોએ લાકડી અથવા ભાલા જેવા પ્રાણહારી હથિયારો બાંધ્યા હતા અને જે લડાઇ કરતાં કોઈ પક્ષવાળાએ બીજા પક્ષવાળા પાસેથી અયોગ્ય લાભ લીધો હોય એમ પુરાવેથી જણાતું નથી. તેવી લડાઇમાં તેનું મોત થયું હતું.

આ બાબતમાં રાણી વીરૂદ્ધ કુકીયર માબરનો મુકરદમો તા. ૧૩—૧૧—૭૭ ને રોજ ચુકવ્યો હું હતો, તે જોવાનું મહારે કહેવું જોઇએ, ચાલતા મુકરદમાને મળતા પ્રસંગની અંદર જ્યાં મોત થયું હોય તે મુકરદમો કેવા પ્રકારનોછે તે વીશે લંબાણથી મેં મારો વિચાર આપેલોછે. હી. પી. કો. ની ૩૦૦ મી કલમના પાંચમા અપવાદમાં તેનો સમાવેશ થતાં મેં ઠરાવ્યું હતુંકે એ ગુન્હો ખુંનનો થતો નથી પરસપરની સમંતી આપીને બુદ્ધી પુરવક સીક્ષણીય મનુષ્ય વધના ગુન્હામાં વિલાયતના તથા હિંદુસ્તાનના કાયદામાં

શું તફાવતછે તેનો ઇસારો આપ્યા પછી મેં તેમાં નીચે પ્રમાણે લખેલુંછે.

" કોઇ માણુસ પોતાના સામાવાળા સાથે સલાહ પરીયાંણુ કરીને તે સામાવાળા સાથે પ્રાણુહારી હથિયાર લઇને લડવા જાય, અને તે સામાવાળો પણ તેવાજ પ્રાણુહારી હથિયાર બાંધીને આવ્યો હોયતો, તે માણુસે જાણવું જોઇએકે હું મારી જીંદગી ખોવાના જોખમમાં જાણીધું અને તેવી સ્થીતીમાં તે પોતાની રાજી ખુશીથી પોતાની મેળે આવીને ઉભો રહેછે, તો તે જોખમ લેવામાં તેણે પોતાની સમંતી આપીછે એમ સમજવું જોઇએ જો આ દલીલ આગળથી વિચાર કરીને લડાઈ કરનારા ઊભય જણને સબંધે સાચી હોય તો તે દલીલ બે હંગામાના અંગભૂતો અથવા બે મંડળીના માણુસો જેઓ સામસામી લડાઇ કરવાની કબુલત આપેછે અને દરેક પક્ષવાળામાંથી કેટલા જણાએ આ બધા અંગભુતોના જાણવા પ્રમાણે પ્રાણુહારી હથિયારો બાંધેલાં હોય તેને પણ સરખીજ રીતે લાગુ પડેછે "

આગળથી વિચાર કરીને કરેલી લડાઇના કામમાં આ પાંચમાં અપવાદના લાગુપણા વિશે મારા મત કરતા આ અદાલતના કેટલાક જડજો બે કારણોસર જુદો મત ધરાવેછે તેમાંનુ પહેલું કારણ એછેકે, જે માણુસ મરણ પામેછે તે જો પોતાનો ઇલાજ ચાલેતો મરવાનો ઈરાદો રાખતો નથી. પરંતુ જે કામમાં કોઇ માણુસ મોત ખમવાનું કબુલ કરેછે તેવાજ કામોમાં એ અપવાદ લાગુ પડયાનું તેની શબ્દ રચનાં ઉપરથી દેખાતું નથી. પરંતુ જ્યાં કોઇ માણુસ મોતનું જોખમ માથે લેવાનું કબુલ કરતો હોય ત્યાં પણ એ અપવાદ પહોંચેછે. અલબતે જો પોતાથી બનેતો મોતમાંથી બચી જવાનો ખોઆઝનો ઈરાદો હતો પણ હથિયાર બાંધેલાં માણુસો સાથે લડવામાં તે સામેલ થયો ત્યારે તે મોતના જોખમમાં ઓછો પડયો નહોતો. અને આ તેણે બુદ્ધી પુરવક કર્યુ હતું. એટલે તે પોતાની રાજી ખુશીથી સામેલ થયો હતો.

બીજું કારણ એછેકે જે ચોથો અપવાદછે તેનો વિષય તાત્કાળીક લડાઇ કરવાનો એટલા ઉપરથી એવી દલીલ કરવામાં આવી છે કે, પાંચમા અપવાદમાં વીચાર કરીને કરેલી લડાઇની બાબત કાયદા કારોનો સમાવવાનો ઇરાદો હોવો જોઇએ નહીં પાંચમા અપવાદનો સાચેસાચો અર્થ બેસાડવા ઉપર આ તકરાર રહેલી હોવાનું મને જણાતું નથી. કોઇ પાકી ઉમરના માણુસે બુદ્ધી પૂરવક સમંતી આપી હોય, તે ઉપરથી દરેક કામમાં આગળથી વિચાર કર્યાનું અનુમાન થાયછે સર્વાનું મતે સતીનો દાખલો જે પાંચમા અપવાદમાં રહ્યા છે તેમાં વિધવા બળી મરવાનો વિચાર કરીને ઇરાદો રાખેછે, અને તેણીના જે સગાઓ ચેહને અગ્ની સંસ્કાર કરેછે. તેઓ એ કામ વિધવા બળી મરે એવા ઇરાદાથી તે કામ અતીશે વિચાર કરીને કરેછે. એ લડાઇ આગળથી વિચાર કરીને કરી હતી. અને તેથી પાંચમા અપવાદમાંથી તેને બાતલ કરવી જોઇએ. એવું તેમાં કાંઇ રહેલું નથી. હું ધારૂંછું તે પ્રમાણે જો એ શબ્દોના સામાન્ય અને સ્વભાવીક અર્થ પ્રમાણે કોઇ માણુસ બીજા માણુસ સાથે વિચાર કરીને લડવાનું કરેછે, અને તે બીજો માણુસ વળી હથિયાર બંધ હોય તો તેથી કરીને તે મોટું જોખમ માથે લેવાનું કબુલ કરેછે તો પછી તેને મારી નાખનારા સામાવાળાને તાત્કાળીક લડાઈની અંદર કોઇ માણુસ પોતાના સામાવાળા માણુસને મારી નાંખે તેને માટે ખાસ રીતનો એક અપવાદ ઠરાવ્યોછે, એટલા માટે તેને પાંચમા

અપવાદના લાભમાંથી શા માટે બાતલ કરવો જોઇએ?

આગળથી વિચાર કરી રાખેલી લડાઇમાં કોઈ માણસ પોતાના સામાવાળા માણસને મારી નાંખે તેનાથી તે માણસ જ્યારે તાત્કાળીક લડાઇમાં એ માણસ મારી નાંખે તેનાથી એ બીના જુદી છે. અને જો કાયદાકારોએ આ બન્ને ગુન્હાનો માત્ર શિક્ષણીય મનુષ્યવધમાં સમાસ કરવાનું ધાર્યું હોય તો તેઓનો ઇરાદો બે જુદા જુદા અપવાદ ઘડીને સ્વભાવિક રીતે દરસાવવો જોઇએ.

વળી તાત્કાળીક લડાઈ કરવાનો ભેદ વિલાયતના કાયદામાં મંજુર રાખ્યો છે અને તાત્કાળી લડાઇમાંથી જે ઇરાદો ગર્ભીત રીતે સમજવો જોઇએ તે ઈરાદો આગળથી વિચાર કરીને લડાઇ કર્યાનો કેશ પાંચમા અપવાદમાંથી બાતલ કરીને પીનલકોડના ઘડનારાઓનો નહોતો એવો તેઓને દોષ દઇને તાતકાળી લડાઈનો વિષય એક જુદાજ અપવાદમાં મુકયો એમ તેઓના વિશે ધારવું હોય તો ધારી શકાય છે. મારા મનમાં પાંચમા અપવાદનો ખરો અનવય કરતાં એવું લાગે છે કે, જ્યારે મોત આગળથી વિચાર કરેલાં કૃત્યોને અંતે અથવા તેવા કૃત્યોથી થયું હોય અને જેમાં ગુજરનાર સક્ષે પોતાની રાજી ખુશીથી મરવાનું જોખમ માથે લીધું હોય, તેવાં સઘળા કામોમાં એ અપવાદ લાગુ થાય છે. જે ચોથો અપવાદ છે તે તમામ ઈલાયદો અપવાદ છે. અને જ્યાં તાતકાળી તથા આગળથી વિચાર કર્યા વગરની લડાઈમાં મોત થયાં હોય તેને લાગુ પડે છે. અને પાંચમાં અપવાદનો જે સ્વભાવિક રીતે અમલ થઇ શકે છે તે કોઇ રીતે તે અપવાદને પ્રતીબંધથી બાંધી લેતો નથી માટે સેસન જડજે ગુન્હાનો તથા સજાનો ઠરાવ કર્યો છે તે રદ કરી ઉપર કહી ગયા પ્રમાણે ગુન્હા તથા સજાના ઠરાવો કરવાનો હુકમ કરૂં છું.

જસ્ટીસ ફીલ્ડનો ઠરાવ.

જે ઠરાવ હમણાં વાંચી સંભળાવ્યો તેને હું મળતો આવું છું. ખાનસાહેબે ૧૭ મી તારીખના સવારમાં જથાબંધ હથિયારબંધવાળાં માણસો તે ગામમાં એકઠાં કરેલાં હતાં, તેમ દોસ્તમહંમદે પણ ઘણાં માણસો ભેગાં કર્યા હતાં એ વાત સાવ ચોખી છે.

જે કાંઇ ખરેખરૂં બન્યું હતું તે એ હતું કે, કોન્સ્ટેબલ દોસ્તમહંમદની વાડીમાં જઈ આવ્યા પછી તથા ત્યાં ઘણા માણસો એકઠાં કર્યા છે એવું માનવાનું કારણ મળ્યા પછી તે ફકીર ઉલાની વાડીએ ગયો અને ત્યાં પણ તેણે તેજ સ્થિતિ જોઇ.

દોસ્તમાંમદના લોકો કોન્સ્ટેબલની પછવાડે ગયાનું તથા ફકીર ઉલાનું ખેતર હતું તેની લગોલગ દક્ષીણ દીશામાં ઘાનું સરકારની જમીન હતી ત્યાં જઇને ઉભા રહ્યાનું જણાય છે. કોન્સ્ટેબલે રીપોર્ટ લખાવીને તથા ચોકીદાર ભગવાન સાથે થાણાં તરફ તેને રવાને કરીને ફકીર ઉલાની જમીન ઉપર તાજેતર જે ઝુંપડી બાંધી હતી તેમાંથી નીકળીને બહાર આવ્યો. ત્યારે દોસ્તમાંમદે તેને કહ્યું કે, ફકીર ઉલાના ખેતરમાં જથાબંધ હથિયારવાળાં માણસો જમા થએલાં છે માટે તેને પકડવાં જોઇએ. તેમ કરવાની જ્યારે કોન્સ્ટેબલે હાના કરવા માંડી ત્યારે પોતા થકી પકડવાની મદદ વાસ્તે તેણે પોતાના માણસોને હાકલ ક-

રી. કાંતો દોસ્તમાંમદના માણુસો તેની વાડીની પછવાડે ઉભાં હોય અથવા કાંતો ફકીર ઉ-લાની બાજુમાં કેટલાં માણુસો છે તેની ગણુતરી કરવામાં દોસ્તમાંમદ ચુકયો હોય એવું દે ખાઈ આવે છે. ગમેતેમ હોય તોપણુ દોસ્તમાંમદના માણુસો ફકીર ઊલાના ખેતરમાં આ-વશે એવી રાહ ફકીર ઊલાના માણુસોએ જોઇ નહીં, પણુ પ્રથમ પગલું ભરીને તેઓ શે-ઢો ઓળંગીને ધનું સરકારના ખેતરમાં ગયા ત્યાં પછી હંગામો શરૂ થયો.

ખાનસાહેબના માણુસો આમ પોતાનો બચાવ કરતા હતાં, અથવા બીજા શબ્દમાં બોલીએ તો તેઓ શરીર તથા મિલકતનો ખાનગી બચાવ કરતાં હતાં એમ કહેવું મને આ-વે પ્રસંગે અશક્ય લાગે છે. બન્ને પક્ષવાળાઓ હથિયાર સહિત હતા, તથા લડાઇ કરવા-ની બન્નેની તૈયારીઓ હતી. અને ભેટાભેટી થવામાં કાંઈ નજીવી બીનાનો બનાવ બનવો બસ હતો એમાં કસોએ વાંધો નથી.

એ ઝપાઝપી કરવામાં દરેક પક્ષવાળાની મતલબ લડીને જીતવાની હતી એમ કહેવું મ-ને વાજબી લાગે છે અને લડાઇ કરવામાં તેઓએ જાણીબુજીને તેના જોખમો માથે લીધાં હતાં. જ્યારે આવી રીતે બન્યું હોય ત્યાં ૩૦૦ મી કલમનો પાંચમો અપવાદ લાગુ પડચા-ના મતને હું મળતો આવું છું. અને તેમાંથી પ્રથમ કોણે પેશ કદમી કરી હતી. એ વાત જો કે સજા કરવા ટાંણે વિચારવાની છે તોપણુ તે બહુ મુદાની નથી. કોઈ માણુસ હથી-યારબંધ ટોળા માંહેલો હોય અને તેને પોતે પણુ મોત આણે એવું હથિયાર બાંધ્યું હોય, (અને ખોઆઝ જે મર્ણુ પામ્યો હતો તેણે હથિયાર બાંધ્યું હતું એવું દેખાડનારો પુરાવો પડયો છે) અને પછી તે કોઇ લડાઈમાં સામેલ થઈને પોતાના સામાવાળા ઉપર એ હ-થીયાર વાપરે તો ૩૦૦ મી કલમની ચોથી રકમ માંહેલું જે કામ એવું તો તુરત ભયંકર હોય કે, જેથી સોવસા મોત, અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું શરીરનું નુકશા ન થશેજ એવું કામ તે કરનારો થાય છે, એમ કહેવું મને વાજબી લાગે છે. અને વળી મને એમ પણુ લાગે છે કે મોત અથવા જે નુકશાનથી મોત થશેજ. તે મોત આણુવાનું જોખમ માથે લેવા સારૂ કાંઇ કારણુ હોવા વગર તેણે આવું કૃત્ય કરેલું છે. જ્યારે તેની ત થા તેના પક્ષવાળાની સાથે તેવીજ રીતના હથિયારવાળાં માણુસો થાય, અને તે હથિયાર પણુ તેમની માફકજ વાપરે તો તેઓએ પાંચમા અપવાદના અર્થ પ્રમાણે રાજી ખુશીથી મરવાનું જોખમ માથે લીધું હતું એમ કહેવું મને વાજબી દેખાય છે.

કલમ ૩૦૧ મી

૩૦૧. જે વસ્તુથી મોત આણવાનો ઇરાદો કરયો હોય, અથવા જેથી મોત થવાનો સંભવ છે એમ પોતાના જાણ્યામાં હોય, એવી કાંઇ વસ્તુ કરવાથી અગર કોઇ શખસ જેનું મોત આણવાનો તેણે ઇરાદો નહી કરયો હોય અને જેનું મોત પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં પણ ન હોય, એવા કોઇ શખસનું મોત આણીને શિક્ષણીય મનુશ્યવધ કરે, તો જે શખસનું મોત આણવાનો તેણે ઇરાદો કરયો હોય, અથવા જેનું મોત પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય તે શખસનું અગર તેણે મોત આણ્યું હોત, તો તે જે પ્રકારનો શિક્ષણીય મનુશ્યવધ થાત, તેજ પ્રકારનો તે ગુન્હેગારે કરેલો મનુશ્યવધ છે એમ સમજવું.

જે શખસનું મોત આણવું ધારયું હોય તેથી કોઇ જુદા શખસનું મોત થાય, તો તે શિક્ષણીય મનુશ્યવધ વિશે.

કલમ ૩૦૨ મી.

૩૦૨. જે માણુસ ખુન કરે, તેને મોતની, અથવી જીવતાં સુધીસ મુદ્રપારની, શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુનની શિક્ષા

કલમ ૩૦૩ મી

૩૦૩. જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાનો હુકમ જે માણસની ઉપર થએલો હોય, તે માણુસ અગર ખુન કરે, તો તેને મોતની શીક્ષા કરવામાં આવશે.

જન્મ ટીપના ગુન્હેગારે કરેલા ખુનની શીક્ષા.

કલમ ૩૦૪ થી. અ.

અ.—શિક્ષણીય મનુષ્યવધ કરતાં ઉતરતા દરજ્જાનું હર કાંઇ અવીચારનું અથવા ગફલતી ભરેલું કામ કરીને કોઇ માણસ કોઇનું મોત લાવે તો તેને ઘણામાં ઘણા બે વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવી અથવા દંડ કરવો, અથવા એ બેઉ શિક્ષા કરવી" (સને ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે.) ગફલતથી મોત થાય.

રાણી વિ. આચારજી.

ક. ૩૦૪ અ.

૧
તા૦ ૧૯—૧—૭૭
ઈ. ૬ મ. પા. ૨૨૪

પઇસાની ઉઘરાણી કરવાની રકઝકમાં એક જણ સામા માણસને ધકો મારે અને એ ધકાથી સહેજસાજ ઇજા થઇને મોત થાય તો તે ગુન્હો આ કલમ પ્રમાણે થતો નથી.

एक नजीवी तकरारनी दरमियान तहोमतदारे मैयतने वांसामां एक भारे हडसेलो मार्यो. अने ते हडसेलाथी अढी हाथ नीचे रस्ता उपर पडी गयो. ए प्रमाणे पडी जतां, मैयतने इजा थइ, ने ए इजामांथी चमक चाली, ने ते चमकथी पांचमे दहाडे मरी गयो. ठराव्युं के, आ हकीकत उपरथी तहोमतवाळो पीनलकोडनी ३०४ अ मी कमल मांहेला गुन्हानो तकसीरवार नथी, तेम खुनथी उतरता दरजाना शीक्षणीय मनुष्यवधना गुन्हानो पण तकसीरवान नथी, केमके जे परीणाम थयुं, ते परीणाम थशे एम संभव नहोतो. ने वीशेष तेम करवानो हेतु पण हतो नहीं.

ગંજામના પેહેલા વર્ગના આસીસ્ટંટ ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટના સને ૧૮૭૬ ના નંબર ૮૬ નાં કયાલંડરના ફોજદારી કેસનું દફતર વાંચતાં, તહોમતદાર ઉપર પીનલકોડની ૩૦૪ અ મી કલમ પ્રમાણે તહોમત મુકી અપરાધી ઠરાવ્યો હતો, તે ઉપરથી હાઈકોર્ટે નીચે પ્રમાણે ઠરાવ કર્યો હતો. કોઇના તરફથી વકીલ હાજર નહોતો.

ઠરાવ.

આ મુકરદમામાં શીક્ષીણીય મનુષ્યવધથી ઉતરતા દરજ્જાનું ગફલતથી કૃત્ય કરીને મોત આણ્યું એવું વહોમતદાર ઉપર તહોમત મુકીને આસીસ્ટંટ માજીસ્ત્રેટે ૭ માસની સખત કેદની શિક્ષા કરી હતી.

હકીકત એવી છે કે, ગુજરનાર તહોમતદારને ઘેર કેટલીક શાળ આપી આવ્યો. પછી પોતાની જે મજુરી થાય, તે તેણે તહોમતદાર પાસે માગી, કેટલી મજુરી થાય, તે બાબત તકરાર ઉઠી. અને તકરારની દરમીયાન મરનારને તહોમતદારે વાંસેથી એક ભારે હડસેલો માર્યો. જે ઉપરથી મૈયત અઢી હાથ નીચે પગથીયા ઉપરથી રસ્તામાં પડી ગયો. પડતાં મૈયતનો અંગુઠો તુટી ગયો. અને તેમાંથી ચમક ચાલી. ને મૈયત પાંચમે દહાડે ગુજરી ગયો.

હાઇકોર્ટનો એવો અભીપ્રાય છે કે, અપરાધી ઉપર જે ગુન્હો સાબીત ગણ્યો છે, તે કાયદા વિરૂદ્ધ છે. ખુનથી ઉતરતા દરજ્જાનું, આ શીક્ષણીય મનુષ્યવધ નથી. કેમકે જે પ-

રીણામ થયું, તે પરીણામ થવાનો સંભવ નહોતો. અને વીશેષ એ કે, તે કરવાનો તેનો ઇરાદો નહોતો. આ એક એવા પ્રકારનો કેસ છે કે, કાંતો શીક્ષણીય મનુષ્યવધ થાય, ને નીકર કાંઈજ ન થાય.

અહીં કાંઇ કૃત્ય થતાં પાધરૂં મોત થયું છે. એ કામ કરનારે જોયું હત કે, હું જે કરૂંછું, તેથી મોત થશે, તો એ કૃત્ય શીક્ષણીય મનુષ્યવધ ગણાય, પણ તેવી રીતનું કાંઇ થયું નથી. અને આ કેસ શીક્ષણીયમનુષ્યવધનો નથી, તેમ ગફલતથી મોત આણવાનો પણ નથી. પીનલકોડમાં લખ્યા પ્રમાણે આ એક સાપ્રાધબળનો કેસ છે. તોપણ વિલાયતના કાયદા પ્રમાણે આ કૃત્ય મનુષ્યવધનો ગુન્હો ગણાત. તહોમતદાર ઉપરનો અપરાધ ના સાબીત ગણવો. અને તહોમતદાર કેદમાં હોય તો તુરત તેને છોડી દેવો.

કેસરેહિંદ વિ. કતાબ્દી મંડલ.

ક. ૩૦૪ અ.
૨
તા. ૨૬-૨-૭૯
ઈ. ૪ ક-પા.૭૬૪

શરીર મત્યે બુ
ધીપુરવક ગુન્હો ક
રયો હોય તેમાં પી
નલકોડની ૩૦૪અ
મી કલમ લાગુ પ
ડતી નથી.

शरीर प्रत्ये बुद्धीपूर्वक गुन्हो कर्यो होय तेमां पीनलकोडनी ३०४अ मी कलम लागु पडती नथी.

कोइ माणस इरादा पूर्वक उपला प्रकारनो गुन्हो करे अने तरतनी मतलब उपरांत तेमांथी कोइ परीणाम नीपजे तो पोताना आवा कृत्यथी जे खरेखरुं परीणाम थयुं, ते परीणामनी संभवता वीशे, तेने केटलुं भान हतुं, ते चोकस करवानुं काम छे; अने तेवुं ज्ञान होवानो तेना उपर दोष मुकाय तो, थयेलुं परीणाम मात्र अविचार पणे थयुं हतुं एम कहेवुं जोइए नहीं. जो तेवा ज्ञाननो दोष न मुकी शकाय तोपण जाणी बुझीने करेलो गुन्हो, तेनुं परीणाम कमनशीबवाळुं थयुं माटे अविचारना प्रकारनो छे, एम कही शकाय नहीं. जे कृत्योथी वखते बीजाओने हानी थवानो संभव छे, पण जे पोते गुन्हा नथी, ते कृत्यो जो भयंकर परीणामो थवानी बंदोबस्ती करवामां योग्य संभाळ राख्या वगर करवामां आव्या होय, तो तेओ ३३६, ३३७, ३३८. अथवा ३०४ अ मी कलम प्रमाणे गुन्हो थाय छे. जे कृत्यो पंडेज गुन्हा छे, तेनो विचार गुन्हेगारना ज्ञान अथवा ज्ञानना साधनोने संबंधे करवानो छे, अने तेवा ज प्रकारना गुन्हाना वर्गमां योग्य कलमवार तेओने गोठववां जोइए.

સને ૧૮૭૨ ના ૧૦ મા આકટની કલમ ૨૮૭ (૪૩૮) મી મુજબ આ કામ હાઇકોર્ટ તરફ લખી મોકલ્યું હતું.

એક આઠ નવ વર્ષની છોકરી, જે યુવાવસ્થાને પહોંચી નહતી તે બંધવાની ઓરત હતી એમ જણાયછે. એ છોકરીનો બાપ તેણીને બંધવાને ઘેર મુકી ગયો હતો. પણ તે ભડુ સેવા

કુટવા લાગી, તેથી એક રાત તેનો બાપ ત્યાં રહેલો હતો. રાતે તે સ્ત્રી તથા બંધવો ઘરની માંહે સુતાં, અને છોકરીનો બાપ, તથા બંધવાનો બાપ એ બંને જણા ઘરની બહાર પરશાળમાં સુતા હતા. અરધી રાત વીત્યાબાદ પોતાના બાપને ઘેર જતા રહેવાના દેખીતા ઇરાદાથી તે છોકરી ઘરમાંથી બહાર આવી. અને એક મછવામાં બેશી ગઇ; તે મછવો ડુબ્યો. એટલે તે પાણીમાં પડી, ત્યાંથી તેને તેના સસરાએ ઉગારી, અને પાછી ઘેર તેડી લાવ્યો. બંધવે તેને ઘરમાંથી ઢસરડી બહાર કાઢી, અને વાંસામાં ઉઘાડે પગે લાતો મારી, તે લાતથી તે છોકરી પડી ગઈ, અને તરતજ મરણ પામી.

વૈદકી પુરાવા ઉપરથી જણાયું છે કે, તે છોકરી સાવ સાજી હતી. તેનું મરણ થવાનું કારણ એ હતું કે, પેટનો સૌથી માંહેલો પડદો બાહારના મારથી ફાટી પડયો. ઉઘાડે પગે લાત જોરથી મારી તેને અંતે આમ થયું હશે. માથા ઉપર પણ નાનો સરખો જખમ હતો. અને ગરદનના પછવાડાના ભાગમાં કાંઇ કચર થયો હતો. વૈદે એવું લખાવ્યું છે કે, એ છોકરી સાથે કોઇ માણસે સંભોગ કર્યો નહોતો. બંધવા ઉપર શીક્ષણીય મનુષ્યવધનું તહોમત મુકી કમીટ કરવામાં આવ્યો. સેસન જડજનો એવો અભીપ્રાય થયો કે, બંધવાને મોત આણવાનો ઇરાદો નહોતો, તથા તેને ખબર નહોતી કે, પોતાના કૃત્યથી વખ્તે મોત થશે. એટલા માટે શીક્ષણીય મનુષ્યવધનું તહોમત આ કામમાં પોહોચતું નથી. તેથી તેણે બંધવાને ૩૦૪ અ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવ્યો. અને એક વર્ષની સખત કેદની સજા કરી. કેમકે વ્યથા કરવાનો ઈરાદો પાર પાડવામાં તેણે અવીચારી ભરેલું કૃત્ય કર્યું. તે કૃત્યથી વખ્તે મોત થશે એવું બંધવો જાણતો નહોતો. તોપણ તે છેક સાવ એવા પ્રકારનું નહોતું કે, જેનું પરીણામ વખ્તે જે થયું તે ન થાય.

હાઇકોર્ટ પાસે જ્યારે આ કામ આવ્યું. ત્યારે બંધવા ઉપરનો ઠરાવ સુધારી સજા શામાટે ન વધારવી, તેનું કાંઇ કારણ હોય તો, તે બતાવવા બંધવા ઉપર હુકમ કાઢયો.

સરકાર કીંવા બંધવા તરફથી કોઇ હાજર થયેલું નહોતું. હાઇકોર્ટ તરફથી એંરલી જસ્ટીસ તથા પ્રાઉટન જસ્ટીસનો ઠરાવ.—સેસન જડજે કાયદાનો અર્થ લીધો છે, તેને અમે મળતા આવતા નથી. બેરાનનો મેમાના કામમાં સને ૧૮૭૭ના સપ્ટેમ્બરની ૭જીતારીખે આ અદાલતે એવું ઠરાવ્યું છે કે, શરીર વિરૂદ્ધ બુધી પુર્વક ગુન્હો કર્યો હોય તેમાં ૩૦૪ અ મી કલમ લાગુ પડતી નથી. કોઇ માણસ આવો ગુન્હો ઈરાદા પુર્વક કરે અને તેની તરતની મતલબ ઉપરાંતના પરીણામો તેમાંથી થાય, તો વખતે એવા કૃત્યથી ખરેખરૂં પરીણામ જે થયું, તેમાં કેટલું ગ્નાન હતું, એ નકી કરવાનું કામ અદાલતનું છે. અને જો તેવું ગ્નાન હતું, એમ કહેવામાં આવે તો માત્ર અવિચારને, એ પરીમાણનો દોષ દેવાનો નથી. જો ગ્નાન નહોતું એમ કહેવામાં આવે તોપણ જાણી બુઝીને કરેલો ગુન્હો, અગર જો તેનું પરીણામ કમનશીબવાળું થાય માટે અવિચારના પ્રકારનો છે, એમ કહી શકાય નહીં. જે કૃત્યોથી વખ્તે બીજાઓને હાની થવાનો સંભવ છે, પણ જે પંડે ગુન્હા નથી, તે કૃત્યો જો ભયંકર પરીણામો ન થવાની બંદોબસ્તી કરવામાં યોગ્ય સંભાળ રાખ્યા વગર કરવામાં આવ્યા હોય, તો તેઓ, ૩૩૬, ૩૩૭, ૩૩૮, કે ૩૦૪ અ મી કલમ પ્રમાણે ગુન્હા થાયછે. જે કૃત્યો કરવામાં એ પંડેજ ગુન્હા છે, તેઓનો વિચાર, ગ્નાન, અથવા ગ્નાન મેળવવાના સાધનોને લેઇને કરવાનો છે. અને તેવાજ પ્રકારના ગુન્હાના વર્ગમાં, યોગ્ય કલમવાર તેઓ-

ને ગોઠવવાં જોઇએ.

નીદાં મારતી નાગ ભુષણમનો એક મદ્રાસ હાઇકોર્ટનો ફેસલો ૭ મ. હા. ૧૧૭ મે પૃષ્ટે છે, તેમાં જસ્ટીસ હોલોવેએ પીનલકોડમાં "અવિચાર" તથા "ગફલત" શબ્દો છે તેનો ખુલાસો કર્યો છે. તે ફેસલો તાજેતર પંજાબની ચીફ અદાલતે મંજુર રાખીને બધી દીવાની અદાલતો તરફ સરક્યુલરને રૂપે ફેરવ્યો છે.

જસ્ટીસ હોલાવે કહે છે કે.—

"કોઇ કૃત્ય કરતાં એમ ખબર હોય કે, નુકશાનકારી તથા કાયદા વિરૂદ્ધ પરીણામો વખ્તે થાય તો થાય, પણ તેની સાથે તેની એવી ઉમેદ હોય કે, તે પરીણામો ન થાય તો ઠીક, અને કેટલીક વખ્તે તો તેની તેવું પરીણામ અટકાવવા સારૂ પુરતી સાવધાની મેં રાખી છે, એવું માનીને કાંઇ કામ કરવું, તેનું નામ સાપ્રાધ અવિચારપણું છે. ઉપર પ્રમાણે જાણ્યા છતાં તેવું કામ કરવાથી દોષ દેવાનું કામ ઉત્પન્ન થાય છે.

કાયદા વિરૂદ્ધ અથવા નુકશાનકારી ફળ થાશે, તે જાણ્યા વગર કાંઇ કરવું, પણ તે એવે પ્રસંગે કરવું કે, એ કામ કરનારાએ, જે સાવધાની રાખવી જોઈએ, તેને જો તેણે રાખી હત તો, તે પરીણામની તેને ખબર પડત. તેનું નામ સાપ્રાધ "ગફલત" છે. ખબરદારી રાખવાની જે દરેક માણસની ફરજ છે, તેની કસુર કરવાથી દોષનું કારણ ઉભું થાય છે. આનું નામ સાપ્રાધ "અવિચાર."

જાણી જોઇને તથા ઇરાદા પૂર્વક, શરીરને કાંઈ ઇજા કરવી, તેનો આ બંને વર્ગોમાંથી એક વર્ગમાં સમાસ થઇ શકતો નથી.

માટે અમે ૩૦૪ અ મી કલમ પ્રમાણે ઠરાવ રદ કરીએ છીએ, જે હકીકત ઉપર કહેવાઇ જવામાં છે, તે ઉપરથી અમોને એમ લાગે છે કે, બંધવાને ૩૦૪ મી કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવો જોઇએ.

બંધવાના જાણવામાં હતું તેનો વિચાર કરવામાં કામનો પ્રસંગ વિચારવો જોઇએ. એક જણને કાંઈ માર મારવો, તેની સૃષ્ટીના સામાન્ય ક્રમ પ્રમાણે સાધારણ સ્થીતીમાં, વખતે મોત આણે એવો ન હોય, તે બીજાને અથવા કોઇ ખાસ સ્થીતીના માણસને નવાણું ટકા જોખમકારી હોય.

સકોમળ છોકરીને એટલા બધા જોરથી લાત મારવી કે, તેથી સાજા માણસનું પેટ ફુટી જાય, તે અમોને એવા પ્રકારનું કૃત્ય લાગે છે કે, કોઇ સાધારણ અકલવાળો માણસ તેથી મોત થવાની સંભવતા વિશે બીન માહીત હશે નહીં. તેથી અમે બંધવા ફીતાબદીને હી.પી. કો.ની ૩૦૪ થી કલમના છેવટના ભાગ પ્રમાણે અપરાધી ઠરાવી પાંચ વરસની સખત કેદની સજા કરીએ છીએ. તે સજાનો અમલ મુળ સજા થયાની તારીખથી કરવો.

કેસરેહીંદ વિ. સફુતુલા.

ज्यां बंधवा उपर शीक्षणयि मनुष्यवधनुं तहोमत राख्युं होय, अने पुरावा उपरथी एम मालुम पडे के, गुजरनारनी बरेलनी गांट सोझेली हती. अने बंधवाए तेने शरीर उपर गुस्सा मार्या तेथी बरेल फाटी, अने तेमांथी तेनुं मर्ण थयुं होय त्यां ठराव्युं के, ३०४ अ कलम प्रमाणे बं-

ક. ૩૦૪અ.

૩

તા. ૩૧-૩-૭૯
ઈ.૪ ક. પા. ૮૧૫

કેઇ બાબતોમાં

धवाने अविचारी कामनो गुन्हेगार ठरावबासारु ए जील्हामां बरेलना सोजाना रोगनो वायरो छे, एटलीज जुरीने खात्री करीने बंधवाने मारवामां सापराध अविचारपणानुं अनुमान करावबुं एटलुंज बस नथीं. परंतु जुरीने वळी एवी पण खात्री करवी जोइए के, तेवा रोगनो ते जील्हामां वायरो हतो, एवी बंधवाने खबर हती. तथा एवा रोगवाळाने मारवामां जींदगीनुं जे जोखम रहेलुं छे, तेनी पण ते बंधवाने खबर हती.

ઠના દરદવાળાને ઘુસ્સો મારી મારી નાખવો એ ગુન્હો આ કલમ પ્રમાણે ઠરાવવા સારૂ જે જીલ્લામાં ગુજરનાર રહેતો હતો તે જીલ્લામાં બરલની ગાંઠના રોગનો વાયરો છે એટલીજ જુરીને ખાત્રી કરવી એ બસ નથી પણ તે ઉપરાંત એ જુરીને વધુ એવી ખાત્રી કરવી જોઈએ કે તેવા રોગનો તે જીલ્લામાં વાયરો હતો એવી બંધવાને ખબર હતી તથા એવા રોગવાળાને મારવામાં જીંદગીનું જે જોખમ રહેલું છે તેની પણ તે બંધવાને ખબર હતી.

જસ્ટીસ વાઇટે જે ઠરાવ આપ્યો છે, તે ઉપરથી હકીકત જોઇએ તેટલી જણાઈ આવે છે.

આ મુકરદમાના કેદીઓને જુરીએ શીક્ષણીય મનુષ્યવધના ગુન્હામાંથી નીરદોષ કરીને શીક્ષણીય મનુષ્યવધથી ઉત્તરતા દરજાના અવિચારી કૃત્યથી એક આલમ કારેગરના મોત આણ્યાના ગુન્હાના તેઓને ૩૦૪ અ કલમ પ્રમાણે અપરાધી ઠરાવ્યા હતા.

પુરાવેથી જણાયું છે કે, ગુજરનારની બરેલ ઘણું વરસથી વધેલી હતી. અને એનું મર્ણ એ બરેલ ફાટવાથી થયું હતું. અને ગુજરનાર જ્યારે જીવતો હતો, ત્યારે તેના ધડ ઉપર કેદીઓએ હાથે કરી ગુસ્સા માર્યા, તેમાંથી તે બરેલ ફાટી હતી.

૩૦૪ અ કલમના સંબંધમાં જુરીને જડજે નીચે લખ્યા મુજબ આદેશ કર્યો હતો.

"તમારો મત એવો હોયકે, આ કૃત્યથી શીક્ષણીય મનુષ્યવધ થતું નથી, પણ આ જીલ્લામાં બરેલની ગાંઠના રોગનો પ્રચાર છે, અને તેથી ધડ ઉપર મારતાં ગુન્હા ભરેલું અવિચારનું કૃત્ય થાય છે. તો ૩૦૪ અ કલમ પ્રમાણે બંધવાને ગુન્હેગાર ઠરાવશો તો તે વાજબી ગણાશે.

અમોને લાગે છે કે, જડજે આ બાબત જુરી પાસે જોઇએ તેવી સ્ફુટતાથી મુકી નથી. જે જીલ્લામાં ગુજરનાર રહેતો હતો, તે જીલ્લામાં બરેલની ગાંઠનો રોગ પ્રસરેલો છે, એટલા ઉપરથી આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવાને બસ નથી. જુરીને વધારે એવો આદેશ કરવો જોઇતો હતો કે, બંધવાને એ દરદના ફેલાવાની વાત જાણવામાં હતી અને જે માણસ એ રોગથી પીડાતો હોય, તેના શરીરના ધડ ઉપર માર મારતાં જીંદગીને જોખમ થાય છે, એમ પણ બંધવાઓના જાણવામાં હોવાની તમારે ખાત્રી કરવી જોઈએ.

તોપણ જે પુરાવો પડેલો છે, તે ઉપરથી બંધવાઓ બુદ્ધીપૂર્વક વ્યથા કર્યાના ગુન્હેગાર છે. અને તેઓને કરેલી સજા આ બુદ્ધીપૂર્વક વ્યથા કર્યાના ગુન્હાને માટે આપી શકાય એવી છે, માટે ગુન્હાના ઠરાવમાં વચમાં પડવાનું અમોને જરૂર નથી.

માહારાણી કેસરેહીંદ વિ. ફોકસ.

क. ३०४ अ.
४
ता. १६-१-७८
ઇ.રૂ. અ. પા. ૫૧૨

एक सक्षने बरेलनी गांठनो रोग हतो, तेनुं मोत आणवाना इरादा वगर, अथवा जेथी मोत थवानो संभव छे एवी शरीरनी महाव्यथा करवाना इरादा वगर, अथवा पोताना कृत्यथी वखते मोत थशे, एम जाण्या वगर बीजा सक्षे इरादा पुर्वक एवुं कृत्य कर्युं के, तेथी पेला माणसनुं मोत थयुं. तेमां ठराव्युं के ही. पी. को. नी ३२३मी कलम प्रमाणे व्यथा करवाना गुन्हानो तेने वाजबी रीते अपराधी ठराव्यो छे.

આ કામ હાઇકોર્ટે સને ૧૮૭૨ ના ૧૦ મા આકટની ૨૯૪ (　　) મી કલમ મુજબ મંગાવી લીધું હતું.

તે કામની હકીકત જોઇએ તેટલી હાઇકોર્ટના ઠરાવમાં આપેલી છે.

બંધવા તરફથી બાબુ ચાતરજી અને સરકાર તરફથી બાબુ દુવારકાનાથ બાનરજી હાજર હતા.

ચીફ જસ્ટીસ સ્ટુઅર્ટનો ઠરાવઃ—

આ મુકરદમો પ્રથમ આ ઈલાકાની ગવર્નમેંટે ગયા નવેંબર માસની અગીયારમી તારીખનઃ લખેલા પત્રથી આ અદાલતના લક્ષપર આણ્યો હતો. અને તે પત્રથી પુછવામાં આવ્યું હતું કે, માજીસ્ટ્રેટનો કરેલો ઠરાવ હાઈકોર્ટના અભીપ્રાયમાં વાજબી અને કાયદેસર લાગે છે કે કેમ?” એ પત્ર વાંચ્યા ઉપરથી મને સુઝયું કે, એ પત્રનો જવાબ વાળવાને બદલે તેનો કાયદેસર તપાસ કરીને તથા ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૭ મી કલમ પ્રમાણે નીકાલ કરવો એ વધારે સારૂં છે. એ રસ્તો ગ્રહણ કર્યા પછી આ કામનું દફતર મંગાવી લેવામાં આવ્યું. ફુલરના પ્રખ્યાત મુકરદમામાં જે ચરચા ઉઠી હતી, અને જે અગવડતા આ કોર્ટને તથા સ્થાનીક સરકારને લાગી હતી, તે દુર કરવાસારૂ, તથા એ ફુલરના મુકરદમામાં એક એવી સુચના કરવામાં આવી હતી કે, બેશક સ્થાનીક સરકારે આ કોર્ટની ઇનસાફદારને દરજે સલાહ લીધી હતી. પરંતુ સામાન્ય રીતે મુદાની બાબતની હકીકત સાંભળીને ઠરાવ થયો નોહોતો. પરંતુ કોર્ટનો ઠરાવ, સરકારના લખેલા પત્રનો પ્રત્યુતર હતો. તો તે સુચના દુર કરવા સારૂ આ રસ્તો મેં લીધો છે, એમ મારે કેહેવું જોઇએ.

આ મુકરદમો તેથી આ અદાલતના વહીવટ પ્રમાણે આવેલો છે, અને ફરીયારી તથા બંધવા તરફથી વકીલો હાજર થયા છે. અને તેઓની હકીકત સાંભળીને આ મુકરદમાનો નીકાલ કરેલો છે. સરકાર તરફથી બાબુ દુવારકાનાથ બાનરજી અને બંધવા તરફથી બાબુ ચાતરજી હાજર થયેલા છે. આ બંને ગ્રહસ્થોએ પોતાની દલીલો ઘણીજ વાજબી રીતે મુકેલી છે. અને આ મુકરદમાના કાયદેસરપણા વીશે, તેઓની વચ્ચે ભારે મતભેદ હોય, એમ મને જણાતું નથી. આ બંને ગ્રહસ્થોએ જે જે દલીલો આપી છે, તેનો મેં સંભાળથી વિચાર કરેલો છે, અને આ કામમાં પડેલો પુરાવો મેં ઉલટથી વાંચીને તપાસ્યો છે. અને તે ઉપરથી મેં સાફ રીતે એવો નીર્ણય કરેલો છે કે, પ્રથમ તો ફોકસ સાહેબનો પી. કો. ની ૩૨૩ મી કલમના ગુન્હાનો ઠરાવ વાજબી છે, તથા તેને ૨૦૦ રૂપૈઆ દંડની અને તે દંડ

ન આપે તો, એક માસ સખત કેદની કરેલી સજા તે માજીસ્ટ્રેટના અખતીયારની અંદરની છે. અને એ માજીસ્ટ્રેટને ઠેકાણે જો હું હતતો એવી ઓછી શીક્ષા કરીને ત્રપ્ત થાય, પરંતુ એ દંડ આપી દીધાનું હું માનું છું, અને આ મુકરદમાની સઘળી હકીકત જોતાં હવે કરેલી સજામાં ઘટાડો કરવાનું મારૂં મન થતું નથી.

પોલીસે જ્યારે આ ગુન્હાનો રીપોર્ટ કર્યો, ત્યારે ખુનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધનું હી. પી. કો. ની ૩૦૪ અ મી કલમ માંહેલા ગુન્હાનું, એટલે આગળથી વિચાર કર્યા વગરના શીક્ષણીય મનુષ્યવધના ગુન્હાનું, તહોમત મુકયાનું, મારા જોવામાં આવે છે. પણ એ તહોમત રાખીને ગુન્હાનો ઠરાવ કરવા સારૂ ફરીયાદીએ સાબીત કરવું જોઇએ કે, જે હુમલા અથવા મારથી મોત થયું હતું, તે હુમલો અથવા માર, એવો તો બેદરકારીથી કરવામાં આવ્યો હતો કે, પોતાના કરેલા કૃત્યથી શું પરીણામ થશે, તેનો બંધવો બેદરકાર રહ્યો હતો. પરંતુ આ કામના પુરાવાથી આટલું બધું સાપ્રાધપણું જણાઇ આવતું નથી. તે પુરાવા ઉપરથી જે કાંઈ સાબીત થાય છે તે એ છે કે, આગષ્ટ મહિનાની ત્રીશમી તારીખના સવારમાં ફોકસસાહેબ પોતાના પંખાવાળા તુળસીયાની પંખો તાણવાની સુસ્ત અને નબળી રીત જોઇને તથા તે પંખાને હળવે હળવે તાણતાં ઝોલાં ખાતાં જોઇને તે તુળશીયા પાસે ગયો. અને કયા ભાગ ઉપર એ નકી નથી તો પણ શરીરના કોઈપણ ભાગ ઉપર એક અથવા એકથી વધારે ભારે માર માર્યો. તે માર માથા ઉપર, કીંવા પડખામાં કીંવા શરીરના બીજા ભાગ ઉપર માર્યો હતો, તે વીશે કાંઇ નકી થયું નથી. પણ એટલી તો વાત ચોખી છે, અને જે વીશે કાંઈ વાંધો નથી. તે એ છે કે, આ તુળશીયાનું મોત વ્યથા થવાને અંતે થયેલું હતું. પુરાવાનો વાજબી વિચાર કર્યા પછી ફોકસ, ૩૦૪ થી કલમમાં જે બેદરકારી ભરેલા ક્રોધનું ચીંતવન કર્યું છે, તે ક્રોધથી ઉશકેરાયો હતો, એમ ઠરાવવાનું મને વાજબી લાગતું નથી. પંખો ખેંચનાર તુળશીયાની ઘણીજ નબળી રીત જોઇને તેને પાત્ર કંટાળાની લાગણી થઇ હતી. અને તે વખતના તતક્ષણ આવેશમાં ઉપર કહેવાઈ ગયા પ્રમાણે માર્યો. એ માર બહુ ભારે કીંવા સખત નહોતો. અને તુળશીયાના તનની સ્થીતિ તંનદુરસ્ત હતતો, તેથી કરીને તેને દુઃખ થવાનો સંભવ પણ નહોતો. પરંતુ તુળશીયો આરોગ્ય નહોતો. દાકતર હીલસનની જુબાની ઉપરથી જણાય છે કે, તેની બરસગાંઠ ઘણીજ રોગીષ્ટ હતી. અને કુદરતી કદના કરતાં બમણી થઇ ગઈ હતી. અને આ ઉપરથી તે બિચારા ગરીબ માણસની નબળાઈથી અને માર વાગવાથી તુરત મરી ગયો, તેનો ખુલાસો થઇ જાય છે. પોલીસના રીપોર્ટમાં ફોકસનો ગુન્હો હી.પી.કો.ની ૩૦૪ થી કલમ માંહેલો લખેલો છે, પરંતુ એ ફોકસે ગુજરનારને ૩૦મી આગષ્ટના સવારમાંજ પેહેલી વખતે જોયો હતો, કેમકે તે પહેલાં તે સરકારી રેલવે પોલીસના એક અમલદારની નોકરીમાં હતો. એ વાતનો એ પોલીસ રીપોર્ટમાં અંગિકાર થયો છે. ને તે જોઇને હું તાજુબ થાઉં છઊં. માર અથવા મારો વાગવાથી બેશક તુળશીયાનો અંતકાળ વેહેલો આવ્યો હતો, પરંતુ તેવા પરીણામનું ફોકસે ચીંતવન કર્યું હોય, અથવા તેવાજ પરીણામની સામે બેદરકારીથી તેણે જોયું હોય, એમ માનવું એ પુરાવા ઉપરથી મારા અભીપ્રાયમાં અશકય લાગે છે. કંટાળો ઉપજવાની તતક્ષણની લાગણીથી ફોકસે આ કામ કર્યાનું મને લાગે છે. અને એ લાગણીને તેણે એક હુમલો કરીને મારગ આપ્યો છે, અને એ હુમલો જો કાઇ નીરો-

ગી માણસની ઉપર કર્યો હોતતો, તેને અંતે કાંઈ નુકશાન થાત નહીં.

આ અદાલતે ફુલરના કામમાં જે અભિપ્રાય નોંધ્યો છે, તે અભિપ્રાયનો માજીસ્ત્રેટે ઇસારો કર્યો છે. તેની નોંધ લીધા વગર આ ઠરાવ મારાથી પુરો કરી શકાતો નથી. એ કામમાં આ અદાલતના કાગળના ૧૭ મા તથા ૧૮ મા પારેગ્રાફનો તેણે હવાલો લીધો છે. અને એ બંને પારીગ્રાફોમાં માજીસ્ત્રેટે કયી રીતે વર્તવું જોઈએ, તે વીશેનું વીવેચન કરવામાં આવ્યું છે. પરંતુ એજ કાગળના બીજા ભાગનો તથા માહારી પોતાની મીનીટનો હવાલો આપવા રજા લઊં છઊં. અને તેમાં ચાલતા મુકરદમાને કયો કાયદો લાગુ પાડવો તે વીશે નીરમળતાથી ખુલાશો કરેલો છે. ફુલરના કામમાં આ કોરટના કાગળના ૨૪ મા પારીગ્રાફમાં લખ્યું છે કે, " કોઇ સક્ષ બીજા માણસને કાંઇ શરીરની ઇજા કરે, અને તે બીજો માણસ કંઈ રોગ, વ્યાધી, અથવા શરીરની ક્ષીણતાથી હેરાન હોય, અને એ શરીરની વ્યથા કરવાથી એ બીજા સક્ષોનો અંતકાળ વેહેલો આવે તો વિલાયતના તેમજ હિંદુસ્થાનના કાયદા પ્રમાણે એ પેહેલા માણસે તેનું મોત આણ્યું એમ સમજવું. વળી દરેક જાતનું મોત આણવાથી શીક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થતો નથી. જે માણસે બીજાનું મોત આણ્યું હોય, તે મોત આણવાના ઇરાદાથી, અથવા જેથી મોત થવાનો સંભવ હોય, એવી શરીરની વ્યથા કરીને અથવા જે માણસને નુકશાન કર્યું હોય, તે નુકશાન વખ્તે મોત થશે એમ જાણીને શરીરની કાંઇ વ્યથા કરી હોય, અથવા જે શરીરની વ્યથા સૃષ્ટીક્રમ પ્રમાણે મોત આણવાને સમર્થ છે, તેવી શરીરની વ્યથા કરીને, અથવા પોતાના કૃત્યથી મોત થવાનો સંભવ છે એમ જાણીને શરીરની મહાવ્યથા કરવાને અથવા પોતાનું કામ એવું તો તુરત ભયંકર છે કે તેથી સોવસા મોત અથવા જેથી મોત થવાનો સંભવ છે, એવું શરીરનું નુકશાન થશેજ એવી રીતે મોત આણ્યાનું જ્યાં સુધી સાબીત ન થાય ત્યાં સુધી જે સક્ષે મોત આણ્યું છે, તેને બેમાંના ગમે તે પ્રકારના શીક્ષણીય મનુષ્યવધનો હિં. પી. કો. ના કાયદા પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાતો નથી.

વળી એજ કાયદાના ૨૫ મા પારીગ્રાફમાં સમજાવ્યું છે કે, "પીનલકોડમાં મહાવ્યથા તરીકે, જે વ્યથાઓનું બ્યાન કર્યું છે, તે માંહેલી એકે વ્યથા જે ઉપાયથી કાંઇ અસર પેદા કરવાનો ઇરાદો કર્યો હોય તે ઉપાયથી, અથવા જે ઉપાયથી તે અસર પેદા થશે, એવો સંભવ છે તે ઉપાય, કામે લગાડતી વખ્તે તેણે જાણ્યું હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય, તે ઉપાયોથી તે તે અસર પેદા કરે એમ જ્યાં સુધી સાબીત ન થાય, ત્યાં સુધી કોઇ સક્ષને બુદ્ધિપૂર્વક મહાવ્યથાના ગુન્હાનો અપરાધી ઠરાવી શકાતો નથી." (જુઓ હી. પી. કો. ની ૩૯ મી કલમ)

વળી આ કોરટે એજ પત્રના ૨૬ મા પારીગ્રાફમાં લખ્યું છે કે, "ફુલરના કામમાં તેણે પીનલકોડમાં મહાવ્યથા તરીકે જે વ્યથાઓ ગણાવી છે તે માંહેલી એકે વ્યથા કર્યાનો પુરાવો નથી, અને અલબત કોઇ માણસ કાંઇ કામ કરે, તે કામનું સામાન્ય અને સંભવવાળું શું પરીણામ થશે, તે પરીણામ ધાર્યું અથવા જાણ્યું હશે, એમ કાયદો અનુમાન કરે છે, તોપણ જે પરીણામ થયું, તે સામાન્ય અથવા સંભવવાળું હતું, એમ ભાગ્યેજ કહી સકાય છે. અને વળી શીક્ષણીય મનુષ્યવધ કે, મહાવ્યથા કરવાનો ઇરાદો અથવા જ્ઞાન હોવાનું અનુમાન પ્રસંગ ઉપરથી નાબુદ થાય છે." હેતુ અને ઇરાદા વીશેનું આતુંજ ન્યાયતત્વ મેં વળી ફુલરના મુકરદમામાં માહારા મીનીટમાં સણજાવ્યું છે એજ પત્રના

૨૩ મા પારીગ્રાફ્માં કહેલું છે કે, વૈદકી પુરાવા ઉપરથી જણાય છે કે, ગુજરનારની બરલ એવી તો રોગીષ્ટ હતી કે, માર અથવા પછાડના જરા બળથી તેનું મોત થવાને બસ હતું. દોડતાં અથવા ચાલતાં એ માણસને માત્ર લડથડીઆ ખાવાની ક્ન્જા થઇ હત તોપણ આવું નાશકારી પરીણામ થાત, એ સાવ ચોખ્ખુ છે, પણ એ માણસની શરીરની સ્થીતી આવી ભયંકર રીતે નાજુક હતી, એમ ફુલર સાહેબના જાણવામાં હતું, અથવા તે બાબતનો વાજબી રીતે સંદેહ આણવા જેવું હતું, એવો પુરાવો આ કામમાં બીલકુલ પડયો નથી. અને જો કથવરૂ મરી ગયો નહત, તો ફુલર સાહેબનો અપરાધ અથવા તેની સાપ્રાધ જવાબદારી, કંઇ કંપેશ થયા વગર એટલી ને એટલી રહત. ઇન્ડીયન સરકારના પત્રમાં લખેલું છે કે, ફુલર સાહેબે એ કથવરૂને માર્યો, તેના પ્રત્યક્ષ પરીણામથી એ કથવરૂનું મોત થએલું છે. અને નામદાર ગવરનર જનરલ, ઇન કાંઊસીલના જોવામાં આવે છે કે, આ બંને બનાવો બચેનો સંબંધ, ચોખો હોવાનું હાઇકોરટે માનેલું છે, પરંતુ લીડ સાહેબનો ઠરાવ વાંચતાં તે અમલદારે આ સંબંધનો પુરાવો અથવા પરીણામ કદી વિચાર્યું હોય એમ જણાતું નથી. આ અદાલતે સ્થાનીક સરકારને પ્રથમ પત્ર લખ્યો હતો, તેનો ભાગ નીચે પ્રમાણે છે.

"વૈદકી પુરાવા ઉપરથી જણાય છે કે. બરલની ગાંઠ ઘણીજ રોગીષ્ટ હતી. અને એ બરલ ફાટવાથી મોત ઉપજ્યું હતું. થોડું ઘણું બળ વાપરવાથી અથવા પડી જવાથી આ ઇજા થઈ શકે એવી હતી. અને શરીર ઉપર ઇજા કરવાનાં બહારનાં કાંઈ ચીન્હો હતાં નહી. આવા પ્રસંગમાં જણાયછે કે, વાપરેલું બળ બહુ મોટું નહોતું. તેમ બંધવે જે બળ વાપર્યું, તેને અંતે સખત વ્યથા થશે, એમ તેણે ધાર્યું પણ નહોતું. તેમ તેની આગળથી ટેવણી પણ કરી નહોતી, તો પછી તેને અંતે મોતનું દુખદાયક પરીણામ થશે, એમ તો તેણે શેનુંજ ધાર્યું હોય? આ ઠેકાણે કહેવું જોઇએ કે, ફુલરે મારેલો માર બહુ સખત નહોતો. તે હકીકત તથા એ મારને અંતે તે કથવરૂનું મોત થયું તે હકીકત એક બીજાથી જોડાયાનું અત્રે કહેવામાં આવ્યું છે. પરંતુ મોતના સંબંધમાં ફુલરસાહેબનો અપરાધ દેખાડી શકાય, એવી રીતે જોડાએલી નથી. આ બંને હકીકતોની માત્ર જોડાયાની વાત ઉપર વીવેચન કરવું જરૂરનું નથી. ખરેખરો મુદાનો અને જરૂરનો સવાલ એ માર મારવાને અંતે મોત ખરેખરૂં થયું હતું કે નહીં? એ નથી. પણ, જે નાશકારી બનાવ બન્યો, તેને વાસ્તે ફુલર સાહેબને ખરેખરો જવાબદાર ગણવા સારૂ જે પરીણામો થવાનો સંભવ હતો તે પરીણામ વીશે, સાપ્રાધ જ્ઞાન હતું કે નહીં? તે સવાલ છે. પરંતુ દફ્તર ઉપરથી એમ દેખાતું નથી કે, ફુલર સાહેબને આવું સાપ્રાધ જ્ઞાનહતું અથવા જે વ્યથા સામાન્ય રીતે મોત આણે એવી હતી, અથવા જે વ્યથાથી મોત થવાનો સંભવ હતો, તેવી વ્યથા કરવાનું તેણે ધાર્યું હતું. અને દરેક જાતની આવી બીના સ્પષ્ટ રીતે સાબીત કરવી જોઈતી હતી. પણ એકે જાતના અનુમાન અથવા શંકા ઉપર રાખવી જોઈતી નહોતી. "વળી લીડ સાહેબના ઠરાવના સંબંધમા મેં કહ્યું છે કે," માર અથવા હુમલાની વાત તેમાં સ્પષ્ટ રીતે લખીછે અને વળી તેજ પ્રમાણે તેને અંતે કથવરૂનું મોત થયું, તે હકીકત પણ તેમાં લખેલી છે. પરંતુ માહારે નમ્રતાથી કહેવું જોઇએ કે, ફુલર સાહેબના અપરાધી પણાની કોઇ રીતે ગણના કરવા સારૂ એ બીના એક બીજાથી અવશ્ય રીતે જોડાએલી હતી, એમ તેમાં ખરેખરૂં કહેવાયેલું નથી."

આ પ્રમાણે ઠરાવેલો ન્યાય બરોબર રીતે ચાલતાં કામને લાગુ પડયાનું મને દેખાયછે. પેલા તુળશીયાનું પોતાના કૃત્ય કરવાને અંતે વખ્તે મોત થશે, અથવા તેમાં મોત થવાનો સંભવ રહેશે, એમ ફોક્સ સાહેબે ધાર્યું હતું, એમ કહેવું તદન અશક્ય છે. અને તેથી ફોક્સ સાહેબના અપરાધની ગણના નાશકારી પરીણામ ઉપર થઈ શકતીનથી. પણ એ ગુજરનાર માણસ ઉપર ખરેખરો કાંઇ રીતનો દ્વેષભાવ નહી હતો, તે વખ્તે તથા જ્યારે તેનો જુસ્સો ક્ષણમાં ઉશકેરાયો હતો, તેમાં એકદમ જે માર માર્યો હતો, તે ઉપરથીજ થઇ શકે છે.

માહારાણી કેસરેહીંદ વિ. ઓબ્રીન.

ક. ૩૦૪ અ.
૫
તા. ૬-૩-૮૦
ઈ. ર અ. પા. ૭૬૬

बखते महाव्यथा थवानो संभव छे, एम पोते जाण्या छतां परंतु मोत आणवाना अथवा जेथी बखते मोत थवानो संभव छे एवी शरीरने इजा करवाना इरादा वगर, अथवा पोताना कृत्यथी बखते मोत थवानो संभव छे, एम जाण्या वगर न नामनो सक्ष जेने बरेलनो रोग हतो, तेने बुद्धीपुर्वक ब ए व्यथा करी अने ते थएली महाव्यथाथी न गुजरी गयो. ठराव्युं के ब ने ३०४ अ कलम प्रमाणे गफलतथी मोत आणवानो गुन्हेगार ठराव्यो छे, ते खोटुं छे, परंतु तेज कायदानी कलम ३२५ मी प्रमाणे बुद्धीपुर्वक माहाव्यथा करवानो गुन्हेगार ठरावबो जोइए.

વખતે મહાવ્યથા થવાનો સંભવ છે. એમ પોતે જાણ્યા છતાં પરંતુ મોત આણવાનાઅથવા જેથી વખતે મોત થવાનો સંભવ છે એવી શરીરની ઈજા કરવાનાઇરાદા વગર અથવા પોતાના કૃત્યથી વખતે મોત થવાનો સંભવ છે એમ જાણ્યા વગર ન નામનો સક્ષ જેને બરેલનો રોગ હતો તેને બુધીપુરવક બ એ વ્યથા કરી, અને તે થએલી મહાવ્યથાથી ન ગુજરી ગયો. ઠરાવ્યું કે બ ને ૩૦૪અ કલમ પ્રમાણે ગફલતથી મોત આણવાનો ગુન્હેગાર ઠરાવ્યો છે તે ખોટું છે પરંતુ તેજ કાયદાની કલમ૩૨૫ મી પ્રમાણે બુધીપુરવક મહાવ્યથા કરવાનો ગુન્હેગાર ઠરાવવો જોઈએ.

સને ૧૮૭૨ ના દસમા આકટની કલમ ૨૯૪ પ્રમાણે આ કામ હાઇકોર્ટે મગાવી લીધું હતું તેની હકીકત હાઈકોર્ટના ઠરાવમાં જોઈએ, તેટલી લખેલી છે.

ચીફ જસ્ટીસ સ્ટુઅર્ટનો ઠરાવઃ—

તહોમતદાર ઓબ્રીને જ્યારે ગુન્હો કર્યો, અને જે ગુન્હાનો તેને અપરાધી ઠરાવ્યો છે, ત્યારે તે વખતે તે નીશાના આવેશમાં હતો. એ હકીકત ઉપરથી તેનો અપરાધ જરાએ ઓછો થતો નથી. આ કામની જરૂરની હકીકત નીચે પ્રમાણે છેઃ—સને ૧૮૭૯ના સપ્ટેંબરની બીજી તારીખની સાંઝે તહોમતદાર ઓબ્રીન તથા તેનો એક સોબતી નામે શારલી-

ગ, રજપુતાણા સ્ટેટ રેલવેની લાઇન ઉપર આમામાં પોતાના એક દોસ્તને ઘેર ખાણું ખાતાં હતા. અને આશરે મધ્ય રાતે, તેઓ કીલ્લા તરફ ચાલતાં જવા બાહાર નીકળ્યા. ઓબ્રીને એક ગાડી ભાળી, તે ગાડી તેઓને ભાડે કરવી હતી. પણ તેનો હાંકનારો બજીર જે આ કામમાં સાક્ષી છે, તેણે ભાડું અગાઉથી લીધા વગર ગાડી આપવાની ના પાડી. ત્યારબાદ ઓબ્રીન, તથા સારલીંગ જ્યાં એક એકો ઊભો હતો, તે તરફ ચાલ્યા. અને તેના પડખામાં એક ખાટલા ઉપર સુતેલો માણસ તેનો ધણી છે, એમ અનુમાન કરી તેને ઊઠાડયો, અને તેને એકો ભાડે આપવાનું કહ્યું. આ માણસનું નામ નથુ હતું. અને તે ગુજરનાર હતો, નથુ એ તેમને સમઝાવ્યા કે એ એકો માહારો નથી. અને તેજ વખતે નથુએ કહ્યું કે હું બીમાર છું. એ ઉપરથી ઓબ્રીનને ગુસ્સો ચડયો. અને નથુના શરીર ઉપર હુમલો કર્યો. તેમાંથી તેનું મોત થયું. જે ખાટલા ઉપર ગુજરનાર સુતો હતો, તે ખેંચી કાઢયો, અને ગુજરનાર તે ઉપરથી પડી ગયો. ત્યારબાદ તેને તેણે લાત મારી તથા પડખામાં અથવા પાંસલીમાં લાકડીથી માર માર્યો. તેમાંથી ગુજરનારને ઈજા થઇ. અને તુરતજ તે મરણ પામ્યો. લાશની તપાસ કર્યા બાદ સીવીલસર્જને લખાવ્યું છે કે, ગુજરનારની બરસ ચાર ઠેકાણેથી તુટી હતી. તેમાંથી જ્યાં એક ઠેકાણે તુટેલ તે ઘા બહુ ઊંડો હતો. આ ઉપરથી જણાય છે કે, બંધવાએ નથુ ઉપર કરેલો હુમલો બહુજ ભારે હતો, અને તેથી તેનું પરીણામ નાશકારી થાય, એમ અવશ્ય હતું. માજીસ્ત્રેટે ઓબ્રીન ઉપર ઈ. પી. કો. ની ૩૨૩ તથા ૩૨૫ મી કલમોના તહોમતો મુકી તેને કમીટ કયો. પરંતુ સેસન જડજે તે તહોમતમાં સુધારો કરી તેને બદલે ૩૦૪ અ મી કલમનું તહોમત રાખ્યું. આ ગુન્હો શીક્ષણીય મનુષ્યવધનો નથી, એ તો સાવ ચોખુંછે. અને ૩૦૪ અ મી કલમમાં ઠરાવ્યું છે કે, "શીક્ષણીય મનુષ્યવધ કરતાં ઊતરતા દરજ્જાનું હરકાંઈ અવિચારનું અથવા ગફલતી ભરેલું કામ કરીને કોઇ માણસ કોઇનું મોત લાવે, તો તેને ઘણામાં ઘણાં બે વર્ષ સુધી, એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવી. અથવા દંડ કરવો. અથવા એ બેઉ શીક્ષા કરવી." ઓબ્રીને ગુજરનાર ઉપર જે હુમલો કર્યો, તે આ કલમના અર્થમાં આવી શકે છે, એવું દેખાડનારી દલીલ વખતે મંજુર કરવા લાયક હોય, તોપણ હું ધારૂં છઊં કે, ઓબ્રીનને ૩૨૫ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવવો, એ વધારે સલામતીવાળું છે. કેમકે પોતાના કૃત્યથી નાશકારી પરીણામ થશે, એવી શક્યતાનું બંધવાનું તદન બે દરકારીપણું હોવું જોઇએ. એમ આ કલમનો હેતુ હોય, તેવું મારા ધારવામાં આવે છે. અને ૩૨૫ મી કલમ માહારા અભીપ્રાય પ્રમાણે પુરાવામાં જે બીના જોઇએ, તે બીના વધારે સારી રીતે પાર પડે છે, તેથી ૩૦૪અ કલમના ગુન્હાનો ઠરાવ રદ કરવા ચાહું છું. અને તેને બદલે ઈ. પી. કો. ની ૩૨૫ મી કલમ પ્રમાણે ઓબ્રીનને ગુન્હેગાર ઠરાવું છું. જડજે જે સજા કરી છે, તે મને ઓછી અને અયોગ્યલાગે છે. તેથી તે સજા ફેરવી નાંખી તેને બદલે એક વર્ષની સખત કેદની તથા ૧૦૦ રૂપૈઆ દંડની ને તે ન આપે તો બીજા ત્રણ માસ સખત કેદની સજા કરૂં છું. જડજે બંધવાનો ૩૦૦ રૂપૈઆ દંડ કર્યો છે, તે દંડ વસુલ થયેલો છે, માટે આંહીંથી થયેલા દંડ ઉપરાંત જે વધે તે બંધવાને પાછો આપવો.

સ્પાંકી જસ્ટીસનો ઠરાવ:—

સાબેત થયેલી હકીકતનો કશો વાંધો નથી. બંધવાને કરેલી સજા શામાટે ન સુધા-

રવી તેનું કારણ બતાવવા બંધવા ઉપર નોટીસ કાઢી હતી. પણ તે હાજર થયેલો નથી. એક ઘરડો માણસ પોતાના ઘરની બાહાર સુતો હતો. તેના ઉપર ક્રોધનું કારણ મ-લ્યા વગર, બંધવે તેના ઉપર હુમલો કર્યો. તથા પડખામાં એક લાકડીથી માર માર્યો. એ ગુન્હાઓનો તેને અપરાધી ઠરાવ્યો છે. માર વાગવાથી ગુજરનારની બરલ ફાટી ગઈ, તેથી તેનું તુરતજ મોત થયું. જે માજીસ્ત્રેટે પ્રથમ ચોકશી કરી, તેણે બંધવા ઉપર ક્રી. પી. કો. ની ૩૨૩ મી તથા ૩૨૫ મી કલમોના ગુન્હાનાં તહોમતો મૂક્યાં પ-રંતુ સેસન જડજે તેમાં ફેરફાર કરી, તેજ કાયદાની ૩૦૪ અમી કલમનું તોહોમત રાખી, બંધવાનો ત્રણશે રૂપૈઆ દંડ કર્યો. અને તે દંડ ન આપે તો, તેને છ માસની સખત કે-દની સજા કરી. આ અદાલતનું તે કામ તરફ લક્ષ ખેંચાતાં તેનું દફતર મંગાવી લેવામાં આવ્યું હતું. સેસન જડજે જે હકીકત સોધી છે તેને ૩૦૪ અ મી કલમ બીલકુલ લાગુ પડતી નથી. વૈદકી પુરાવેથી સાબીત થયું છે કે, બંધવો બરલ ફાટવાથી ગુજરી ગયો. એથી કરી બંધવાનું કૃત્ય શીક્ષણીય અવિચાર કે, ગફલતમાં આવી જવું નથી. એવું ઠરા-વેલું છે કે, “ કોઇ કૃત્ય કરતાં એમ ખબર હોય કે નુકશાનકારી તથા કાયદા વિરૂદ્ધ પ-રીણામો વખતે થાય તો થાય પણ તેની સાથે એવી ઊમેદ હોય કે, તે પરીણામો ન થાય તો ઠીક અને કેટલીક વખતે તો તેની તેવું પરીણામ અટકાવવાસારૂ પુરતી સાવધાની મેં રાખી છે, એવું માનીને કાંઇ કામ કરવું, તેનું નામ સાપ્રાધ અવિચારપણું છે. ઉપર પ્રમાણે જાણ્યા છતાં તેવું કામ કરવાથી દોષ દેવાનું કામ ઉત્પન્ન થાય છે.

કાયદા વિરૂદ્ધ અથવા નુકશાનકારી ફળ થાશે. તે જાણ્ય વગર કાંઈ કરવું પણ તે એવે પ્રસંગે કરવું કે, એ કામ કરનારાએ, જે સાવધાની રાખવી જોઈએ, તેતે જો તેણે રાખી હતનો, તે પરીણામની તેને ખબર પડત તેનું નામ સાપ્રાધ “ગફલત” છે. ખબરદારી રા-ખવાની જે દરેક માણસની ફરજ છે, તેની કસુર કરવાથી દોષનું કારણ ઉભું થાય છે.

મોત આણવાના ઇરાદાથી અથવા ઘરડા માણસનું વખતે મોત થવાનો સંભવ છે, એમ બંધવાએ જાણ્યા છતાં શરીરને કાંઇ એવી ઇજા કરવા વાસ્તે સદરહુ કૃત્ય કર્યું નહોતું, એવો શક લાવવાને જરાએ કારણ નથી. તેમ તે માણસને શરીરની ઈજા કરવા સારૂ સ-દરહુ કૃત્ય કર્યું નહોતું. તેમ શરીરની ઇજા કરવી ધારી હતી. તે સૃષ્ટીના સામાન્ય ક્રમ પ્ર-માણે મોત આણવાને બસ નોહોતી, તથા બંધવે જયારે એ માણસને માર્યો ત્યારે તે જાણ-તો નહોતો કે, જે કૃત્ય હું કરૂં છું, તે એવું તો ભારે છે કે, તેથી સોવસા મોત થવાને અથવા જેથી મોત થાય એવી શરીરને ઇજા કરવાનો સંભવ છે, તેથી શીક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો થયો નથી. બંધવે બુદ્ધીપૂર્વક વ્યથા કર્યાનો ગુન્હો કર્યો છે, એમાં કશોએ શક નથી, એમ હું ધારૂં છઊં. તેણે ગુજરનારને પાંસળીયોમાં લાકડીથી માર માર્યો અને તેથી ફકત જીંદગીને જોખમમાં આવે એવી વ્યથા કરી. એટલુંજ નહીં પણ, તેથી તેનું ખરે-ખરૂં મોત આણ્યું, તે વખતે તે નીશાતુર હતો, તેથી બંધવાના કરેલા કૃત્યના પ્રકારમાં ફે-રફાર થતો નથી. પીનલકોડની ૮૬ મી કલમ આ કામને સુસ્ત રીતે લાગુ પડે છે.

૩૦૪ અ મી કલમના ગુન્હાનો ઠરાવ રદ કરીને બંધવાને પીનલકોડની ૩૨૫ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવું છઊં. જે હુમલો ક્રોધનું કારણ ઉત્પન્ન થયા વગર કર્યો, તેનો પ્રકાર જોતાં, તથા કયે પ્રસંગે કર્યો, તે જોતાં મને જણાય છે કે, એકલી દંડની સ-

જા તેને માટે બસ નથી. બંધવા ઓબીનને એક વર્ષની સખત કેદની તથા રૂપૈયા ૧૦૦ ના દંડની, ને તે દંડ ન આપે તો, બીજા વધુ ત્રણ માસની તેવીજ કેદની સજા કરૂંછું, વસુલ થઇ ગયેલા દંડમાંથી જેટલી રકમ વધુ હોય, તેટલી બંધવાને પાછી આપવી જોઇએ.

કેસરેહીંદ વિ. રણધીરશીંહ.

मोत आणवाना अथवा जेथी मोत थवानो संभव होय, एवी शरीरनी व्यथा करवाना इरादा वगर, अथवा पोताना कृत्यथी मोत थवानो संभव छे. एम जाण्या वगर, अथवा महाव्यथा करवाना इरादा वगर अथवा पोताना कृत्यथी महाव्यथा थवानो संभव छे एम जाण्या वगर, परंतु व्यथा करवाना इरादाथी एक सक्षे इंटनो कटको सामा धणी तरफ फेंक्यो. अने तेनो वरलगांठनो भाग दरदवाळो होवाथी तेनी साथे अफळातां ते बरेल फाटी अने तेथी तेनुं मोत थयुं.

ठराव्युं के, थयेलो गुन्हो गफलतवाळा अथवा अविचारवाळा कृत्यथी मोत आण्यानो नथी, पण बुद्धिपुर्वक व्यथा कर्यानो छे.

ક. ૩૦૪અ.

૬
તા૦ ૭-૩-૮૧
ઈ. ૩ અ. પા. ૫૮૭

જે ઈજા કરવાનો ઈરાદો ન હોય અથવા જે ઈજા કરવાથી અમુક પરીણામ થશે એમ જાણવામાં ન હોય ત્યાં એક જાતની ઈજા કરતાં બીજી જાતનું ફળ થાયતો કરેલા કૃત્યને માટે બંધવો જવાબદાર થાય છે.

આ કામ કાનપોરના સેસન જડજે, ૧૮૭૨ ના ૧૦ મા આકટની ૨૯૬ ( ) મી કલમ પ્રમાણે હાઇકોર્ટ તરફ લખી મોકલ્યું હતું, તે કામમાં સેસન જડજનો એવો અભીપ્રાય થયો હતો કે, પીનલકોડની ૩૦૪ અ કલમ માંહેલા ગુન્હાનો ઠરાવ કાયદાથી ઉલટો છે, અને તે ઠરાવ ૩૨૩ મી અથવા ૩૦૪ થી કલમના ગુન્હાનો કરવો જોઇતો હતો. કેશની હકીકત હાઇકોર્ટના ઠરાવમાં લખી છે.

જસ્ટીસ ઓલ્ડ ફીલ્ડનો ઠરાવ.

આ કેશની હકીકત એવી છે કે, ગુજરનારનાં ડુકરો બંધવાના ખેતરમાં ચરતાં હતાં, અને બંધવે હાંકી કાઢવાનું કહ્યું. તે ઉપરથી તેણે તુરત હાંકી કાઢયાં નહીં, એટલે બંધવે એક ઇટનો કટકો લેઇને પાંચ કદમને છેટેથી ગુજરનાર ઉપર ફેંકયો. તે તેને બરેલની ગાંઠ ઉપર વાગ્યો. અને ગાંઠ દર્દવાળી હોવાથી ફાટી ગઈ તેમાંથી તેનું મોત થયું. એ ઘા બહુ જોરથી માર્યો હોય, એમ લાગતું નથી. કેમકે ચામડી ઉપર કાંઈ નીશાની રહી નહોતી. માજીસ્ટ્રેટે બંધવાને હી. પી. કો. ની ૩૦૪ અ કલમ માંહેલા ગુન્હાનો અપરાધી ઠરાવી, તેનો રૂપૈયા ૧૫ દંડ કર્યો. જે વસુલ થઇ ગયો છે. સેસન જડજે આ કામ આંહી લખી મોકલ્યું છે. એવા વિચારથી કે આ ગુન્હો ૩૦૪ અ કલમ માંહેલો નથી. અને સજા પણ ઓછી છે. બનેલી હકીકત ઉપરથી ૩૦૪ અ કલમ માંહેલો ગુન્હો થતો નથી, એવું નીઃસંદેહછે. જ્યાં કોઈ ચોકસ સક્ષને વ્યથા કરવાનો અપરાધીનો ઇરાદો હોય ત્યાં, ગફલત અથવા અવીચારવાળું કૃત્ય કરીને મોત આણવાનો ગુન્હો, સદરહુ કલમના અર્થ મુજબ થઇ શકતો નથી. આવા ગુન્હા માટે પીનલકોડમાં બીજે ઠેકાણે સમાસ કર્યો છે.

૩૦૪ અ માંહેલા ગુન્હાનો પ્રકાર તથા તેની મર્યાદાની દામારૂતીનાગભુપણુમ (૭. મ. હા. રી. ૧૧૯) ના કામમાં ખરી રીતે સમજાવેલ છે. તે મુકરદમામાં વીદ્વાન જડજોએ

લખ્યું છે કે, " કોઇ કૃત્ય કરતાં એમ ખબર હોય કે, નુકશાનકારી તથા કાયદા વીરૂદ્ધ પરીણામો વખ્તે થાય તો થાય, પણ તેની સાથે તેની એવી ઉમેદ હોય કે, તે પરીણામો ન થાય તો ઠીક, અને કેટલીક વખ્તે તો તેની તેવું પરીણામ અટકાવવા સારૂં, પુરતી સાવધાની મેં રાખી છે, એવું માનીને કાંઈ કામ કરવું તેનું નામ સાપ્રાધ "અવિચાર"પણુંછે.

ઉપર પ્રમાણે જાણ્યા છતાં કામ કરવાથી દોષ દેવાનું કારણ ઉત્પન્ન થાય છે. કાયદા વિરૂધ્ધ અથવા નુકશાન કારી ફળ થશે, તે જાણ્યા વગર કાંઇ કામ કરવું પણ તે એવે પ્રસંગે કરવું કે, એ કામ કરનારાએ, જે સાવધાની રાખવી જોઇએ, તે રાખી નહોતી. અને તેણે રાખી હોતતો, તેને તે પરીણામની ખબર પડત, તેનું નામ સાપ્રાધ "ગફ્લત" છે. જાણી જોઇને અથવા ઇરાદા પુર્વક શરીરને કાંઇ નુકશાન કરવું, એ આ બંને વર્ગોમાંથી એકે વર્ગમાં આવતું નથી, એ દેખીતું છે."

હકીકત ઉપરથી જે ગુન્હો થયાનું સ્થાપન થાય છે, તે ગુન્હો ફકત ૩૨૩ મી કલમ મુજબ બુધ્ધિ પૂર્વક વ્યથા કર્યાનો છે. બેશક તે ઉપરથી શીક્ષણીય મનુષ્યવધનો ગુન્હો સ્થાપન થતો નથી. કેમકે જે હથીયાર તેણે વાપર્યું અને સામાન્ય બળથી ઈંટનો કટકો તેણે ફેંક્યો, તે તરફ નજર કરતાં બંધવાને મોત આણવાનો, અથવા જેથી પોતાના કૃત્યથી મોત થવાનો સંભવ છે એવી શરીરની વ્યથા કરવાનો ઈરાદો હતો અથવા પોતાના કૃત્યથી મોત થવાનો સંભવછે એવું જ્ઞાન હતું, એમ કહી શકાય નહી; જો ગુજરનારની બરેલ ગાંઠ તનદુરસ્ત હતતો, પરીણામે મોત થવાનો સંભવ નહોતો, તેમ બંધવાને ખબર નહોતી કે, ગુજરનારની બરેલ દર્દવાળી છે. તેમ બધી હકીકત વીચારતાં હું એમ નથી કહી શકતો કે, બંધવે મહાવ્યથા કરવાનું ટેવ્યું હશે, અથવા પોતાના કૃત્યને અંતે મહાવ્યથા થવાનો સંભવ હશે. પરંતુ બંધવાને હીંદુસ્થાનના પીનલકોડની ૩૨૩ મી કલમ માંહેલા ગુન્હાનો અપરાધી ગણતાં હું માનું છું કે, તેને કરેલી સજા ઓછીછે. અને જે દંડની સજા કરી છે, તે ઉપરાંત અમે તેને ત્રણ માસ સુધી સખત કેદની સજા કરીએ છીએ.

માહારાણી કેસરેહીંદ વિ. ઇદુ બેગ.

ક. ૩૦૭ અ.

૭

તા૦ ૧૨—૮—૮૧
ઈ. ૩ અ. પા. ૭૭૬

એક માણસે બીજા માણસને મોત આણવાના ઇરાદા વગર અથવા જે શરીરની વ્યથાથી મોત થશે એવી શરીરની વ્યથા કરવાના ઈરાદા વગર અથવા પોતાના કૃત્યથી વખતે મોત થશે એમ જાણ્યા વગર પરંતુ તેને મહાવ્યથા કરવાના ઇરાદાથી માર માર્યો અને એ મારથી તેનું મોત થયું તેમાં ઠરાવ્યું કે સદરહુ સક્ષ અવિચારવાળા કૃત્યથી મોત આણ્યાનો ગુન્હેગાર નથી પરંતુ બુધ્ધીપુરવક મહાવ્યથા કર્યાનો ગુન્હેગાર થાય છે.

एक माणसे बीजा माणसने मोत आणवाना इरादा वगर, अथवा जे शरीरनी व्यथाथी मोत थशे, एवी शरीरनी व्यथा करवाना इरादा वगर, अथवा पोताना कृत्यथी वखते मोत थशे, एम जाण्या वगर, परंतु तेने माहाव्यथा करवाना इरादाथी मार मार्यो, अने ए मारथी तेनुं मोत थयुं. "तेमां ठराव्युं के, सदरहु सक्ष अविचारवाळा कृत्यथी मोत आण्यानो गुन्हेगार नथी. परंतु बुद्धीपूर्वक महाव्यथा कर्यानो गुन्हेगार थाय छे."

नीदा मारुती नागभुषणम (७ म. हा. कौ. री ११९) राणी वि- प्रेमकुवर. राणी वि. मान माहाराणी केसरेहिंद वि. कीतावदी मंडळ ४. क. ७६४ माहाराणी वि, फोक्स २ अ. ९२२ माहाराणी वि. ओब्रीन २ अ. ७६६ ना फेंसला प्रमाणे अमल करवामां आव्यो.

"खुन" खुनथी उतरता दरज्जानुं शीक्षणीय मनुष्यवध अने अविचार अथवा गफलती कृत्यथी मोत आणवुं ए त्रणे गुन्हा वचेनो तफावत देखाडवामां आव्यो छे.

આ મુકરદ્દમાની હકીકત જોઇએ તેટલી હાઇકોરટના ઠરાવમાં લખેલી છે.

સને ૧૮૮૧ ના જુન માસનું કાનપોરના સેસન જડજનું કયાલંડર વાંચવાથી આ કામનું દફતર મેં મગાવી લીધું હતું. તેમાં બંધવા ઇદુ બેગે પોતાની ઓરત ચુરકીનું મોત આણ્યા વાસ્તે હી. પી. કો. ની ૩૦૪ અ કલમ પ્રમાણે ગયા જુનની ૮ મી તારીખે અપરાધી ઠરાવ્યો હતો, અને તે ગુન્હા બદલ તેને ચારમાસ સખત કેદની સજા કરી હતી, જે પ્રસંગથી આ મુકરદમો ઉઠયોછે તેનો ટુંક હેવાલ નીચે પ્રમાણે છે.

ગયા મે માસની ૧૦ મી તારીખે બંધવો પોતાની વહુ સાથે રગઝગ કરતો હતો, તે દરમીયાનમાં તેણે તે સ્ત્રીને ડાબીકોર મોટા જોરથી માર માર્યો. અને જેને અંતે તેણીને ઉલટી થઇ. તથા નસકોરી ફુટી અને એક કલાકની માંહે મણું પામી. તેની લાશની તપાસ કરવાથી માલુમ પડયું હતું કે, તેણીની "બરેલ ઘણીજ ખરાબ રીતે ફાટી ગઇ હતી અને આ બરેલ ફાટવાથી તેણીનું મોત થયું હતું. બરેલ થોડી ઘણી વધેલી હતી, તોપણ બરેલના રોગનાં કાંઇ ચીન્હો હતાં નહીં. ડાબીકોર બરેલ ઉપર કચર થયેલો હતો. ઘણીવાર સુધી માર માર્યાનાં પણ ચીન્હો હતાં નહી. થયેલી ઇજા એક મોટો આકરો માર મારવાથી અથવા પડી જવાથી થઇ શકે એવી હતી."

આટલી હકીકત ઉપરથી સાબીત થયેલું જણાય છે કે, બંધવે ગુજરનાર ઓરતને આકરો માર માર્યો હતો. અને તેના પ્રત્યક્ષ પરીણામને અંતે બરેલ ફાટી ગઇ અને તેમાંથી તેણીનું મોત થયું. " આ કામનો પ્રકાર તથા જે હથીયારથી તે કામ કરવામાં આવ્યું, તે હથીયાર તથા જેટલે દરજે વ્યથા કરવામાં આવી તે તરફ લક્ષ કરતાં આ કામના મુખ્ય સવાલો નીચે પ્રમાણે છે.

(૧) મોત આણવાનો અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવી શરીરની વ્યથા કરવાનો બંધવાને ઇરાદો હતો કે નહીં?

(૨) આ કામ એવું તો ભયંકર હતું કે, જેથી સોવસા મોત અથવા મોત થાય એવી મહાવ્યથા થશે, એમ એક અકલવાળા માણસ તરીકે, તેણે જાણ્યું હશે કે નહીં ?

(૩) વખતે મોત થશે એમ સાધારણ અકલવાળા માણસ તરીકે તેણે જાણ્યું હશે કે કેમ?

જો પેહેલા બે સવાલોની અંદર બંધવાની વર્તણુકનો સમાસ થઇશકે એવો હોય તો તેવા કૃત્યથી ખુન થાય છે. અને જો છેલા સવાલની અંદર સમાસ થઇ શકે તેમ હોયતો ખુનથી ઉતરતા દરજાનું શીક્ષણીય મનુષ્યવધ થાય છે. આ બધા સવાલોનો સેસન જડજે જે રીતે નીકાલ કર્યો છે, તે રીત તુરત તપાસવી એ સગવડતાવાળું છે, તે જડજે પોતાના ઠરાવની શરૂયાતમાં લખ્યું છે કે, "પોતાની ઓરત સાથે કજીઓ કરીને બંધવે તેણીની ડાબી કુખમાં એક અથવા એકથી વધુ ઘા એક લાકડીથી મારીને તેણીની બરેલ ફોડી નાંખી અને એક કલાકમાં તેણીનું મોત આણ્યાનું તેના ઉપર તોહોમત છે, આથી કરી તેણે પોતાની ઓરતનું ૩૦૪ અ કલમ પ્રમાણે અવિચારી કૃત્યથી મોત આણ્યું છે. ૩૦૨ જી કલમ લાગુ પડવાનો સંભવ નથી. કેમકે મોત આણવાનો બંધવાનો ઇરાદો નહોતો. ૩૨૫ મી કલમનો પણ સંભવ નથી. કેમકે માર વાગ્યા પછી તરતજ મોત થયેલું છે,"

એ જડજ પોતાના ઠરાવમાં આગળ જતાં લખે છે કે, " પરંતુ બંધવો તે વખતે

ઘણો ગુસ્સામાં હતો. અને જ્યારે તેને માર માર્યો ત્યારે તેણીને મહાવ્યથા કરવાનો ઊંડામાં ઉંડો ઈરાદો નહોતો, ત્યારે મોત કરવાનો તો ક્યાંથીજ હોય, તો પણ જે માર તેણે માર્યો હતો, તે ઘણો સખત હોવો જોઈએ. અને પુરાવા ઉપરથી જણાય છે કે, ચુરકીના બંને પડખામાં લાકડીની ભરોળો ઉઠી હતી, પરંતુ એ ઘાથી વખતે મોત થશે, એવું માનવાનું તેને કારણ હતું, અથવા તે જાણતો હતો એમ બીલકુલ જણાઇ આવતું નથી. બરેલ ચોડી ઘણી વધી ગયાનું સર્જને લખાવ્યું છે, આમ વખતે હોય તો હોય, પરંતુ બંધવો તે વીશે કાંઇ જાણતો નહોતો. બરેલ ઉપર કારી ઘા મારવાના અવિચારી કૃત્યથી બંધવે પોતાની વહુનું મોત આણ્યાનું મને માલમ પડે છે. અને તેથી ૩૦૪ અ મી કલમ લાગુ પડે છે.

ઘણી દીલગીરીની વાત છે કે, આ મુકરદમાને લગતો પીનલકોડમાં જે નીયમ બાંધ્યો છે, તે નીયમ જડજે ચીવટ રાખી મનમાં વિચાર્યો નથી. ૩૦૪ અ મી કલમના સંબંધમાં ઘણા ફેંસલાઓ થયા છે. તેમાં મુખ્યત્વે કરીને નીદાભારતી નાગભુષણમ (૭. મ. હા. કો. રી. ૧૧૯) રાણી વિ. પ્રેમ કુવર, રાણી. વિ. માન, મહારાણી. વિ. ફીતાબદી મંડલ ૪. ક. ૭૬૪ મહારાણી. વિ. ફોક્સ ૨ અ. ૫૨૨, માહારાણી વિ. ઓબ્રીન ૨ અ. ૭૬૬ નું અજાણપણું જોઇને અમને ઘણો આશ્ચર્ય લાગે છે. ૩૦૪ અ. મી કલમનો તેણે જે અર્થ કર્યો છે તે ત્રણે હાઇકોર્ટે કરેલા અર્થથી સાવ જુદો છે, અને તે ભુલ ભરેલો છે. મારી નાંખવાના ઈરાદા ભરેલાં કૃત્યો અથવા મારી નાખવાના કૃત્યો એમ જાણીને કર્યાં હોય કે, તેને અંતે સોવસા મોત, અથવા વખતે મોત, અથવા વખતે મોત થાય એવી વ્યથા થશે, અથવા એમ જાણીને કર્યા હોય કે, વખતે તેમાંથી મોત થાય તો થાય, એવા મારી નાંખવાના કૃત્યોનો સમાવેશ હીં.પી.કો.ની ૨૯૯ તથા ૩૦૦ મી કલમમાં કરેલોછે. ૩૦૪ થી કલમથી કોઇ ગુન્હો ઉત્પન્ન થતો નથી. પણ ખુનથી ઉતરતા દરજાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હા વાસ્તે તેમાં સજાનો ઠરાવ કર્યો છે, અને ત્યાં મારી નાંખવાનો ઇરાદો હાજર હોય, તો તે કૃત્ય ખુનનો ગુન્હો થાત, પરંતુ ૩૦૦ મી કલમના અપવાદોમાંથી એક અપવાદ નીચે આવવાથી, તથા જે જે કામોમાં થયેલો ગુન્હો, ખુનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધનો છે, એટલે કે જ્યાં વખતે પરીણામે મોત થશે, એવું જાણવાપણું હોય, પરંતુ મોત આણવાનો અથવા જે શરીરની વ્યથા કરવાને અંતે વખતે મોત થવાનો સંભવ છે, એવી વ્યથા કરવાનો ઇરાદો, ગેરહાજર હોય, તેમાં કરવાની સજામાં ભેદ બતાવ્યો છે; ટુંકામાં કહીએતો મારી નાંખવાના ઈરાદાથી અથવા જેથી મોત થવાનો સંભવ છે, એવી શરીરની વ્યથા કરવાના ઇરાદાથી, અથવા સોવસા મોત થવું જોઈએ, તેના જાણપણાથી મારી નાંખવા વાસ્તે કરેલાં સઘળાં કૃત્યો ખુન થાય છે. પણ વખતે મોત થાય તો થાય, એવું જાણ્યા છતાં તેવાં કૃત્યો કરવામાં આવે તો તે ખુનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધનાં છે, હવે જોવામાં આવશે કે, ૨૯૯ મી તથા ૩૦૦ મી કલમની મર્યાદા બહારના જે ગુન્હાઓ છે, તેને વાસ્તે ૩૦૪ મી અ મી કલમ છે, અને ઉપર કહેવાઇ ગયા પ્રમાણે ઇરાદો કીંવા જ્ઞાન રહેલાં નથી, તેવા કામોનું તે કલમમાં ચીંતવન કરેલું છે. અવિચારી અથવા ગફલતવાળું કૃત્ય જેને એક ગુન્હો કહેવામાં આવ્યો છે, તે "શીક્ષણીય મનુષ્યવધથી ઉતરતા દરજાનો ગુન્હો છે." અને તેથી કરીને સમજવું જોઇએ કે ઇરાદા પૂર્વક અથવા

જાણી બુઝીને જે વ્યથા કરી હોય, તે તેમાંથી બાતલ કરેલી છે, ક્ષમાનથઈ શકે એવા, અથવા વાજબી કહી ન શકાય, એવાં મારી નાંખવાના દરેક કૃત્યો, જેઓનું બ્યાન ૩૦૪ અ કલમની પેહેલાની કોઇ કલમમાં કરેલું નથી. તેવાં દરેક કૃત્યોને આ કલમ પ્રમાણે સજા કરવામાં આવશે, એમ એ કલમમાં લખેલું નથી. પરંતુ ખાસ રીતે અને સ્પષ્ટ શબ્દોથી તેની મરીયાદા શીક્ષણીય મનુષ્યવધના બેમાંના ગમે તે પ્રકારથી ઉતરતા દરજાના અવિચારી અથવા ગફલતી કૃત્યોથી મોત થાય છે, તેને વીશે બાંધેલી છે. વિલાયતના કાયદા પ્રમાણે આવી જાતના ગુન્હાઓ મનુષ્યવધના વર્ગમાં આવેલા છે, પરંતુ આપણા પીનલકોડના કરતાઓએ વધારે સગવડ પડતું વિચારીને તેવી જાતના ગુન્હાઓને એક કલમમાં જુદી પંક્તીમાં રાખ્યા છે. અને અપરાધના પ્રમાણમાં સજાની મર્યાદા ટુંકી રાખેલી છે. પ્રત્યક્ષ રીતે જાણીબુઝીને વ્યથા કરવામાં આવી હોય, તેવાં કામોને અવિચારી અથવા ગફલતવાળાં ગણવાં જોઇએ, એવું ઠરાવવાને મને અશક્ય લાગે છે. મારી નાંખવાના અથવા જેથી મોત થવાનો સંભવ છે, એવી શરીરની વ્યથા કરવાના ઇરાદાની, અથવા સોવસા મોત થશે, એમ જાણવાની, અથવા મહાવ્યથા કરવાના ઇરાદાની, અથવા વખતે મોત થશે, એમ જાણવાની ગેરહાજરી તેવા કોઇ કામોમાં હોય છે, અને કાંઇ નહીં તો પણ ઓછામાં ઓછી વ્યથા કરવાનું ધારેલું હશે, અથવા તેવી વ્યથા થવાનો સંભવ જાણવામાં હશે, એવું અનુમાન કર્યા વગર છુટકો નથી. જો આવો ઇરાદો અથવા આવું જાણપણું હાજર હોયતો, પછી ખુદ તે કૃત્ય ઉપરથી તેના સાપ્રાધપણાની ખરેખરી પરીક્ષા થાય છે. તે કૃત્યથી અવિચાર અથવા ગફલત કરતાં વધુ કંઇ થતું નથી. એમ કહેવું એ ખોટો અર્થ કર્યા બરોબર છે. આ કામમાં પુરાવા ઉપરથી સાફ માલુમ પડે છે કે, બંધવે ગુજરનાર ઓરતને પોતાની મરજી પૂર્વક અને જાણી જોઈને માર માર્યો હતો. અને તેથી, તેણે કાંઈ નહીં તોપણ ઓછામાં ઓછો હુમલાનો ગુન્હો કર્યો છે, એમ ઉઘાડું છે. માર મારવાથી જે પરીણામ થયું, તેથી કરીને મરજી પૂર્વક, તથા જાણી બુજીને કરેલું કૃત્ય, બદલાઇ જઈને, અવિચાર કે ગફલતવાળું થઇ શકતું નથી.

પરંતુ એ પરીણામના પુરાવાનું લગતાપણું અને ઉપયોગીપણું, જે ઉપરથી મારેલો માર કેટલો હતો તે જણાઈ આવે છે, તે બંધવાના વિરૂદ્ધ ઇરાદાનું કીંવા જાણવાપણાનું અનુમાન કેવા પ્રકારનું કરવું, તે સવાલને સંબંધે એ પુરાવો લેવો જોઈએ. ૩૦૪ અ મી કલમમાં જે જે કામો આવવાં જોઈએ, તે બધાં આવી જાય છે. એવો ડોળ ઘડીભર પણ રાખતો નથી. તો પણ મહારે કહેવું જોઇએ કે, કોઈ કૃત્ય ભયંકર છે અથવા, નીરંકુશછે, એ વીશેનું જાણુ થયેલું હોય, અને તેથી વખતે ઇજા થવા સંભવ છે, પણ તે ઇજા કરવાનો ઇરાદો રાખ્યા વગર અથવા તેવી ઈજા સોવસા થવીજ જોઈએ, એવું જાણ્યા વગર, તે કામ કરવાનું જોખમ માથે લેવું, તેનું નામ સાપ્રાધ અવિચારપણું છે. તેવું કૃત્ય કરવાને અંતે શું પરીણામ થશે; તે પરીણામ જાણવાની બેદરકારી રાખીને તે કામ કરવાનું જોખમ લેવું, તેમાં સાપ્રાધપણું રહેલું છે. મોટી અને માફ ન થઇ શકે એવી ગફલત, અથવા વીશેષ રીતે આખી પ્રજાને, અથવા ખાસ રીતે કોઇ ચોકસ સક્ષને ઇજા ન થાય, તેટલા સારૂ યોગ્ય અને વાજબી સંભાળ અને ખબરદારી રાખવાની કસુર કરવી, તથા જે પ્રસંગમાંથી બંધવા ઉપરના તહોમતે જે ભાગ લીધો હોય, અને તેવા પ્રસંગમાં જે બં-

દોબસ્તી કરવાની તેની ફરજ હતી, તે બંદોબસ્તી કરવામાં કસુર કરવી તેનું નામ સાપ્રાધ ગફલત છે. કેવા ઇરાદાથી અથવા કેવી માહેતીથી આ મુકરદમા માંહેલું કૃત્ય કરવામાં આવ્યું હતું, તે આ કામમાં નકી કરવાની મુખ્ય બાબત છે. બંધવે જાણી જોઈને તથા મરજી પુર્વક માર માર્યો હતો, એ વાત જોઇએ તે કરતાં વીશેષ રીતે માલુમ પડી છે. પરંતુ સેસન જડજને જણાયું છે, તે પ્રમાણે બંધવે મારી નાંખવાનું, અથવા જેથી મોત થવાનો સંભવ છે, તેવી વ્યથા કરવાનું ધાર્યું નહીં હશે. અને સોવસા મોત થશે, એમ પણ તેના જાણવામાં હશે નહીં. બીજો સવાલ રહે છે, તે એછે કે, મોત વખતે થશે, તે વાત તેના જાણવામાં હશે કે નહીં? અથવા વ્યથા કીંવા મહાવ્યથા કરવાનો ઈરાદો રાખ્યો હતો. અથવા તે વ્યથા અથવા મહાવ્યથા,વખતે થશે, એમ તેના જાણવામાં હશેકે નહીં? તે સવાલોનો નીકાલ બહુ સેલાઇથી થઇ શકે એવો નથી. સીવીલ સરજનની જુબાની ઉપરથી નીઃસંદેહ સાબીત થાય છે કે, ભલેને બંધવે એક ઘા માર્યો, તોપણ તેણે ગુજરનાર ઓરતને સખત માર મારેલો હોવો જોઇએ અને આ હકીકત તરફ તથા જે હથીયાર તેણે વાપર્યું, તે તરફ નજર કરતાં, જો સેસન જડજે બંધવાને ખુનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધનો અપરાધી ઠરાવ્યો હત, અને તે એવા કારણથી કે, વખતે મોત થશે, એવું બંધવાના જાણ્યામાં હશે. તો તે ઠરાવમાં હું બેશક કાંઇ હાથ ઘાલત નહીં. તેની સાથે મારે કહેવું જોઇએ કે, મોત થશે એમ બધવાના જાણવામાં નહોતું. એ નીર્ણય જે સેશન જડજે કર્યોછે તે નિર્ણય હું ખુશીથી કબુલ રાખું છઉં, અને તે ઉપરાંત જે અભીપ્રાય આપ્યો છે, તે હું કબુલ કરતો નથી. ભારે લાકડીથી શરીરના કોઈ ભયંકર ભાગ ઉપર ક્રોધથી જેવો માર બંધવે પોતાની ઓરતને માર્યો હતો, તેવો માર એક સક્ષ, કોઇ બીજા શક્ષને મારેતો, તે મારથી મહાવ્યથા થશે, એમ તેના જાણવામાં હતું, એવું ઓછામાં ઓછું અનુમાન કરવામાં આવે, તો તે અનુમાન વીશે મારનાર સક્ષથી કંઇ પણ વાંધો લેવાઇ શકાશે નહીં. ઉપર જે કારણો મેં કહ્યાં છે, તે કારણોથી ઈદુ બેગને ૩૦૪ અ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યો છે, તે ઠરાવ રદ કરીને, ૩૨૫ મી કલમના ગુન્હાનો ઠરાવ કરવો જોઈએ. એ ઇદુબેગને જે સજા થઇ છે, તે સજામાં શા માટે વધારો ન કરવો તેનાં કાંઇ કારણ હોય તો તે બતાવવાને તેના ઉપર નોટીશ કાઢનાનો વીશેષ હુકમ કરૂં છું. (છેવટે સજામાં વધારો કરીને ત્રણ વર્ષની સખત કેદની સજા કરવામાં આવી હતી.)

કેસરેહીંદ વિ. નંદકીશોર.

ક. ૩૦૪અ.

૮

તા. ૮-૩-૮૪
ઈ.ર અ. પા. ૨૪૮

ન નામનો સક્ષ એક રેલવેની કંપનીનો નોકર હતો અને તેને એક ઢાલવાળા પટાઉપરથઈને કેટલાક ડબા મજુરો પાસે ફેરવવાનો હુકમ મળેલ હતો આ કામ

न नामनो सक्ष एक रेलवे कंपनीनो नोकर हतो. तेने एक ढाळ वाळा पाटा उपर थइने केटलाक डबा मजूरो पासे फेरववानो हुकम मळेलो हतो, आ काम तेणे गफलतथी बजाव्युं, अने तेथी ए डबाओ हाथमां रह्या नहीं. एक मजुर तेना कहेवा प्रमाणे काम करतो हतो, तेणे डबा थोभवानी कोशिश करी, पण ए कोशीशमां ते मरण पाम्यो. ठराव्युं के, न ए हीं. पी. को. नी ३०४ अ मी कलमना अर्थ प्रमाणे पेला मजुरनुं गफलतथी मोत कर्युं छे.

તેણે ગફલતથી બનાવ્યું. અને તેથી એ ડબાઓ હાથમાં રહયા નહીં. એક મજુર તેના કહેવા પ્રમાણે કામ કરતો હતો તેણે ડબા થોભવાની કોશીશ કરી પણ એ કોશીશમાં તે મરણ પામ્યો ઠરાવ્યું કે ન એ પી. કો. ની ૩૦૪ અ મી કલમના અરથ પ્રમાણે પેલા મજુરનું ગફલતથી મોત કરયું છે.

મથુરાં જીલ્લાના માજીસ્ત્રેટે ૧૮૮૩ ના અકટોબરની ૨૩ મી તારીખે, અરજદારને પી. કો. ની ૩૦૪ અ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યો હતો, અને જે ઠરાવ આગ્રાના સેસન જડજે બહાલ રાખ્યો હતો. તે ફરીને તપાસવા સારૂ હાઇકોરટને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૯ મી કલમ મુજબ આ અરજી તેણે કરી હતી. કેસની હકીકત હાઇકોરટના ઠરાવમાં આપેલી છે.

અરજદાર તરફથી નીબ્લેટ સાહેબ વકીલ હતા.

સરકાર તરફથી બાબુ દુવારકાંનાથ બાંનરજી.

જસ્ટીસ ઓલ્ડફીલ્ડે કરેલો ઠરાવ.—

સાબીત થયેલી હકીકત એવી છે કે, અરજદાર મથુરાં તથા હતરાની રેલવે ઉપર મથુરાંના સ્ટેશન ઉપર સામાન સાચવનારો હતો. અને નદીની પેલીપાર મજુરો પાસે લેવરાવી જવાના ડબા તેના હવાલામાં હતા. જે રસ્તો નદીના પુલ તરફ જતો હતો. તેનો ઢાળ ઘણો આકરો હતો અને તેને સ્પષ્ટ રીતે વરધી મળ્યા છતાં તેની દરકાર કર્યા વગર પોતાનું કામ તેણે બે દરકારથી કર્યું. તે એવી રીતે કે, એક એક ડબો જુદો કરીને લઇ જવાને બદલે બધાને ભેગા લઈ જવા દીધા. અને તેમ કરવામાં પુરા મજુરો તેણે રાખેલા નહોતા. અને ઢોળાવ ઉપર ગાડી સરી ન જાય, એટલા સારૂ જોઇતા દોરડાં પણ રાખેલાં નહીં હતાં. તે કારણથી તે ડબાઓ હાથમાં રહ્યા નહીં. અને તે ડબાઓ રેલ ઉપર ચાલતા હતા, તેટલામાં એક મજુર જે અરજદારની વરધી પ્રમાણે તેઓને થોભવાની મેહેનત કરતો હતો, તે પઈડા નીચે આવી ગયો. અને પઈડુ તેને માથે ફરી જવાથી મરણ પામ્યો.

અરજદારને પી. કો.ની ૩૦૪ અ મી કલમ પ્રમાણે અપરાધી ઠરાવ્યો હતો. ડબાઓ લઇ જવામાં તેણે અવિચાર અને ગફલતી કામ કર્યું હતું, તેમાં કાંઇ સંદેહ નથી. અને હવે જે સવાલ ઉઠે છે, તે એ છે કે, એ કલમના શબ્દો મુજબ ગફલતી ભરેલા કૃત્યથી મજુરનું મોત આણ્યું કહેવાય કે નહીં?

એવો વાંધો લેવામાં આવ્યો છે કે, અરજદારની ગફલતને લીધે પુરતી સંભાળ લીધા વગર પાટા ઉપર ડબાઓ મોકલવા દીધા, તેના કરતા મૈયતનું મરણ ડબાઓ થોભવાની કોશીશ કરવામાં અને તે કોશીશમાં કજાથી પઇડા નીચે પડી જવાથી તેનું મોત થયું

છે. પણ આ વાંધો બહુ માલવાળો નથી. મૈયતે પોતાની ગફલતથી પોતાનું મોત આણ-વામાં થોડી ઘણી મદદ કરી હશે. તોપણ તે બીનાથી અરજદાર પોતાના ગફલતી કામના પરીણામમાંથી મોકળો થઈ શકતો નથી. જુઓ રસલનું પેહેલું પુસ્તક પ્રષ્ટ ૮૭૦-૮૭૧ રાણી. વિરૂદ્ધ લોંગ બોટમ અને રાણી વિ. સ્વીતડોલ વળી રાણી. વીલ્યમસનના છેલા કે-શમાં એક મછવો ઉતારૂઓથી હદ ઉપરાંત વધારે ભરાતાં ઉંધો વળી ગયો હતો. જુઓ એ ઉતારૂઓ પોતાની જગ્યા ઉપર બેશી રહ્યા હતતો. મછવો ઉંધો વળત નહીં. વીલ્યમસ જ-સ્ટીસે ઠરાવ્યું કે, આ કજા ખરેખરી ઉતારૂઓના કુદી પડવાથી થયેલી છે. તોપણ મછવા-ને હદ ઉપરાંત વધારે ભરવાથી આ તાતકાળીક પરીણામ થયું છે. માટે કેદી જવાબદાર થાય છે. કેમકે, આવો બનાવ બનવાથી જે ભય થવો જોઈએ, તે થશે એમ તેણે મા-નવું જોઈએ.

આ અરજદાર સામેનો કેશ તો વધારે મજબુતછે, કેમકે મૈયતનું મરણ પોતાની ફરજ બજાવતાં અને અરજદારના હુકમને તાબે થઇ અરજદારની ગફલતથી જે પરીણામ થયું, તે અટકાવવાને તથા ડબાઓને થોભવાની કોશીશમાં નીપજેલું છે. એ પ્રસંગોમાં અરજ-દારે યોગ્ય સંભાળ લીધા વગર ડબાઓને પાટા ઉપર જવા દીધા તેમાં એનું મોત થયું એમ ઠરાવવું જોઈએ. માટે અરજી નામંજુર કરવામાં આવે છે.

કલમ ૩૦૫ મી.

૩૦૫. જો હરાડ વરષથી ઓછી ઉમરનો કોઇ શખસ, અથવા કોઇ દીવાનો શખસ, અથવા કોઈ ચળેલો શખસ, અથવા જન્મથીજ ગાંડો એવો કોઈ શખસ, અથવા કેફની હાલતમાં હોય એવો કોઇ શખસ, આત્મઘાત કરે, તો તે આત્મઘાત કરવામાં જે માણુસ મદદગારી કરે, તે માણુસને મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરષની મુદત સુધીની કેદની સીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈબાળક અથવા દીવાના શખસને આત્મઘાત કરવામાંમદદગારીકરવી.

કલમ ૩૦૬ મી.

૩૦૬. જો કોઈ શખસ આત્મઘાત કરે, તો તે આત્મઘાત કરવામાં જે માણુસ મદદગારી કરે, તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની સીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

આત્મઘાતમાં મદદગારી.

કલમ ૩૦૭ મી.

૩૦૭. જો કોઈ માણુસ એવા ઇરાદા અથવા જ્ઞાનથી, તથા એવી હાલતમાં, કાંઇ કામ કરે કે, અગર તે કામથી તે મોત આણે તો તે માણુસ ખુનનો તકસીરવાર થાય, તો તે માણુસને દશ વરષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની સીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે, અને તે કામથી અગર કોઇ શખસને વ્યથા થાય, તો તે ગુન્હેગાર અગર તો જીવતાં સુધી સમુદ્રપારની, સીક્ષાને, અથવા ઉપર લખેલી છે તે સીક્ષાને લાયક થશે.

ખુનની કોશીસ.

"જે માણુસ ઉપર જીવતાં સુધી સમુદ્રપારની સીક્ષાનો હુકમ થઇ ચુકેલો હોય તે માણુસ આ કલમ પ્રમાણે ગુન્હો કરશે અને તેના તેજ ગુન્હાથી વ્યથા થઇ હોય તો તેને મોતની સીક્ષા થઇ શકશે." (સને ૧૮૭૦ ના આક્ટ ૨૭ મા પ્રમાણે)

જન્મ ટીપના ગુન્હેગારો એ કોસીસ કરવી

દ્રષ્ટાંતો.

(અ) ડ ને મારી નાંખવાના ઇરાદાથી અ ડ ને ગોળી મારે, એવી હાલતમાં કે અગર ડ નું મોત થાય તો અ ખુનનો તકસીરવાર થાય, તો અ આ કલમ મુજબ સીક્ષાને લાયક છે.

(બ) એક કુમળા વયના બ નું મોત આણુવાના ઇરાદાથી અ તે બચ્ચાને એક જંગલમાં ખુલ્લું મુકે, તો, પછી તે બચ્ચાનું મોત ન થાય તો પણ અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું,

(ક) ડ નું ખુન કરવાના ઈરાદાથી અ એ એક બંદુક વેચાતી લઇને તેને ભરી હજુ સુધી અ એ ઉપર લખેલો ગુન્હો કરયો નથી, અ તે બંદુક ડ ની ઉપર છોડે, તો તેણે આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું, અને અગર તે બંદુક છોડવાથી ડ ને જખમ થાય તો આ કલમના પાછલા ભાગમાં ઠરાવેલી સીક્ષાને તે લાયક છે.

(ડ) ઝેર ખવડાવીને ડ નું ખુન કરવાના ઇરાદાથી અ કાંઇ જહેર ખરીદ કરે, અને તે

ઝેહેર કાંઇ ખોરાકમાં મેળવે, અને તે ખોરાક અ ના કબજામાં રેહે, તો ત્યાં સુધી અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો નથી, પણ અ તે ખોરાક ડ ની ટેબલ પર મેલે, અથવા ડ ની ટેબલપર મેલવા સારૂ તે ખોરાક ડ ના ચાકરો આપે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

કલમ ૩૦૮ મી.

શિક્ષણીય મનુષ્યવધ કર્યાની કોશીશ.

૩૦૮. જો કોઇ માણુસ એવા ઇરાદાથી અથવા જ્ઞાનથી, અથવા એવી હાલતમાં કાંઇ કામ કરે કે અગર તે કામથી તે મોત આણે, તો તે માણુસ ખુનથી ઉતરતા દરજ્જાના મનુષ્યવધનો તકશીરવાર થાય, તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે; અને તે કામથી અગર કોઇ સખસને વ્યથા થાય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થવાથી અ ઝ ની ઉપર એક પીસ્તોલ છોડે, એવી હાલતમાં કે અગર તેમ કરવાથી મોત થાય તો ખુનથી ઉતરતા દરજ્જાના મનુષ્યવધનો તે તકશીરવાર થાય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

કલમ ૩૦૯ મી.

જે માણસ આત્મઘાત કરવાની કોશિશ કરે, તથા તે ગુન્હો કરવા તરફ કાંઇ કામ કરે, તેમાણસને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડનીઅથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે

આત્મઘાત કરવા કોશિશ.

માહારાણી કેસરેહિંદ વિ. રાયાકા.

अ नामनो सक्ष पोतानी मेळे कुवामां पडी आत्मधात करवाना इरादाथी कुवा तरफ दोडी गयो, त्यां ते पकडाइ गयो. आत्मघातनी कोशिश कर्याना गुन्हाना तेने ही. पी. को. नी ३०९ मी कलम अनुसार अपराधी ठराव्यो.

ठराव्युं के आवा ठराव कायवा विरुद्ध छे.

કલમ ૩૦૯.

૧

તા૦ ૧૧-૧૦-૮૪
ઈ. ૮ મ. પા. ૫

આપઘાત કરવાનો ગુન્હો સંપૂરણ કરવા પહેલાં બંધવાને પોતાનુ મન પાછું ફેરવી નાંખવાની વેળા રહી હોય તો પછી આપઘાત કરવાની કોશીસનો ગુન્હો કરયાનો તેને ગુન્હેગાર ઠરાવી શકાતો નથી.

આ કામ કરનાના જીલ્લા માજીસ્ટ્રેટે નામદાર હાઇકોર્ટ તરફ તરફે હુકમ થવા મોકલ્યું હતું.

એ કામની કેફીયત હાઇકોર્ટના ઠરાવ ઉપરથી જણાઈ આવશે.

જસ્ટીસ મુતુ સ્વામી આયરનો ઠરાવ.

કેદણુ પોતાના બાપ તથા ભાઇ સાથે લડીને એક કુવા તરફ દોડી ગઇ, અને કહેતી ગઈ કે, હું એ કુવામાં પડીશ. પ્રોસીક્યુશન તરફનો પેહેલો સાક્ષી જે એ કુવા ઉપર હતો તેણે બીજા શાક્ષીએ કરેલો હોકારો સાંભળ્યો. પછી તેણે કેદણુને પકડીને ગામના મુનસફને હવાલે કરી. આ હકીકત ઉપરથી એક બીજા વર્ગના માજીસ્ટ્રેટે તેણીને આત્મ ધાતની કોશીશ કર્યાની અપરાધી ઠરાવી, ચાર માસની આસાન કેદની સજા કરી. કેદણુને આત્મઘાત કરવાનો ઇરાદો હતો એ વાતનો કશો શક નથી. તેમ તે ઈરાદો પાર પાડવાની તૈયારી કરી; કુવા ભણી ગઈ હતી. પરંતુ પોતાનો મનસુબો ફેરવવાનું તેણીએ ધાર્યું હતતો તેમ કરી શકત, અને જે ગુન્હાની તેણીને અપરાધી ઠરાવેલી છે તે ગુન્હાના આરંભમાં જે કાંઇ કરેલું ગણાય, તે કરવા પેહેલાં તેણીને પકડી પાડવામાં આવી હતી. માટે એ ઠરાવ રદ કરી, કેદણુને બંધીખાંનામાંથી છોડી મુકવાનો હુકમ કરૂં છું.

કલમ ૩૧૦ મી

૩૧૦. આ આક્ટ પસાર થયા પછી કોઇપણ વખતે જે માણસ ખુનના ઉપાયથી, અથવા ખુનની સાથે, અપહરણ અથવા છોકરાં ચોરવાનો ગુન્હો કરવાના કારણસર નિત્ય કોઇ બીજા માણસ અથવા માણસોની જોડે મળેલો રહેશે તે માણસને ઠગ સમજવો. ઠગ.

કલમ ૩૧૧ મી

૩૧૧. જે ઠગ હોય, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. શીક્ષા.

કલમ ૩૧૨ મી.

ગર્ભપાત કરવો.

જે માણસ બુદ્ધિપુર્વક કોઇગર્ભવંતી સ્ત્રીનો ગર્ભપાત કરે, તે માણસને, અગર તે ગર્ભપાત શુદ્ધબુધ્ધીએ તે સ્ત્રીનો જીવ બચાવવાના કારણસર ન કરયો હોય તો, ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અને અગરતે સ્ત્રી ચલિતગર્ભા હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો.—જે સ્ત્રી પોતે પોતાનો ગર્ભપાત કરે તે પણઆ કલમના અર્થનાં દાખલ થાય છે.

માહારાણી કેસરેહિંદ વિઃ અદેમા.

કલમ ૩૧૨.

૧

તા૦ ૨૯-૩-૮૬
ઈ. ૯ મ. પા. ૩૬૯

જયારથી કોઇ સ્ત્રી ગરભવંતી થાય ત્યારથી તે સ્ત્રી ગાભણી સમજવી અને તે દરમીઆનમાં ગમે તે વખતે ગરભપાત કરવાની તે કોશીસ કરે તે પણ તે ગુન્હેગાર થાય છે.

ज्यारे कोइ स्त्री गर्भ धारण करे, त्यारथी ते स्त्री ही. पी. को. नी ३१२ मी कलमना अर्थ प्रमाणे गर्भवंती समजवी.

तेथी ठराव्युं के, ज्यां, कोइ स्त्री उपर पोतानी मेळे गर्भपात कर्यानुं तहोमत आव्युं, तेमां ते एक मासनो गर्भ हतो, अने गर्भस्थानमां पेहेलामां पेहेलुं पुतळुं हजु बंधायुं नोहोतुं, एटला सबब उपरथी ते स्त्रीने नीरदोश करी छोडी मुकवी ए ठराव कायदा बिरुद्ध छे.

ઉત્તર આરકટની સેસન કોર્ટની ફાઇલપર સને ૧૮૮૫ ના ૮૦ મા નંબરના ફોજદારી મુકરદમામાં, કેદણ બંદી અદેમાને હીં. પી. કો. ની ૩૧૨ મી કલમ માંહેલા ગર્ભપાત કર્યાના ગુન્હાના તહોમતમાંથી નીરદોષ કરી છોડી દેવામાં આવી હતી. તે કામમાં સેસનજડજે ઠરાવ્યું હતું કે, કેદણ ફકત એક માસથી સગર્ભા થઇ હતી, તેથી ૩૧૨ મી કલમના અર્થ પ્રમાણે તે ગર્ભવંતી કહેવાય નહી.

તે કામનું દફતર મંગાવી લેઇ કેદણને ખબર દીધી, પણ તે હાજર થઇ નહીં; યાર બાદ હાઇકોર્ટ તરફથી જસ્ટીસ મુતુ સ્વામી આયર તથા બ્રાંટે નીચે પ્રમાણે ઠરાવ આપ્યો.

ઠરાવ.

સેસન જડજે શોધેલું છે કે તહોમતવાળી અદેમા ગર્ભવાળી હતી, તેથી ગર્ભ પાડી નાંખવા સારૂ તેણીએ કેટલાક હાથના ઉપાયો કર્યા, જેને લીધે અંદરનું કાચું છોકરૂં પડી ગયું. તે સ્ત્રીએ જુબાની આપી હતી કે, હું ફકત એક માસથી, સગર્ભા થઇ હતી, તેથી તે ગર્ભવંતી કહેવાય નહીં, કેમકે પુરાવેથી માલુમ પડયું છે કે, જે અંદરથી બહાર નીકળી આવ્યું; તે લોહીનો લોચો હતો તેથી તેને છોડી મુકી હતી. કાચું છોકરૂં બંધાયું હોય, એમ પણ કહી શકાતું નથી, એવો સેસન જડજે પોતાનો અભીપ્રાય આપ્યોછે. ગર્ભપાતની વ્યાખ્યા

પીનલકોડમાં આપી નથી, લૌકીક અર્થ પ્રમાણે ગર્ભપાત, અને કસુવાવડ, એકજ શબ્દ છે અને એ ક્રતીમાં, ગર્ભસ્થાનનું કાચું બચ્ચું બહાર નીકળી પડે છે. કેટલા મહિનાનો ગર્ભ હતો તથા માંહેલી કોથળીનું, કેવડું રૂપ થયું હતું, તે બાબતો મુદાની નથી.

૩૧૨ મી કલમ પ્રમાણે એટલીજ સાબીતી જોઇએ છીએ કે, તે સ્ત્રી ગર્ભવંતી હતી કે નહીં. ગર્ભ ધારણ કર્યાની, તથા ગર્ભસ્થાનમાં કાચું બાળક પાડી નાંખવાની વાત જો સાબીત થાય તો બસ છે. "ગર્ભવંતી" એ શબ્દોનો અર્થ ગર્ભવાળી છે, અને તે માંહેલું છોકરૂં, ફરકતું જોઇએ એવુ બતાવવાની કાંઇ જરૂર નથી.

માટે નીચલી કોર્ટનો ઠરાવ રદકરી તેણીનો ફરીને ઇનસાફ કરવાનો હુકમ કરવામાં આવેછે.

કલમ ૩૧૩ મી.

૩૧૩. સ્ત્રીની રજામંદી વગર જે માણસ ઉપલી કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરે તે માણસને, પછી તે સ્ત્રી ચલીતગર્ભા હોય કે નહી તો પણ, જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સ્ત્રીનીરજામંદી વગર ગરભપાત કરવો.

કલમ ૩૧૪ મી.

૩૧૪. કોઇ ગર્ભવંતી સ્ત્રીનો ગર્ભપાત કરવાના ઈરાદાથી કોઇમાણસ એવું કામ કરે કે તેથી તે સ્ત્રીનું મોત થાય, તો તે માણસને દશ વરસની મુદત સુધીની, એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે કામ તે સ્ત્રીની રજામંદી વગર કરયું હોય, તો તે માણસને જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા, અથવા ઉપર લખેલી શિક્ષા કરવામાં આવશે.

ગર્ભપાતકરવાનાઇરાદાથીકરેલાકાંઇ કામથીથયએલુંમોત

તેસ્ત્રીનીરજામંદીવગરતે કામ કરયુંહોય, તો.

ખુલાસો—આ ગુન્હામાં એવું કાંઇ જરૂર નથી કે તે કામથી મોત થાય એવો સંભવ છે એમ તે ગુન્હો કરનારે જાણવું જોઇએ.

કલમ ૩૧૫ મી.

૩૧૫. જે માણસ, કોઈ બચ્ચું જન્મતાં પેહેલાં, તે બચ્ચું જીવતું જન્મતાં અટકાવવાના અથવા જન્મ્યા પછી તે મરી જાય એવું કરવાના ઇરાદાથી કાંઇ કામ કરે, અને તે કામ કરેથી તે બચ્ચું જીવતું જન્મતું અટકે, અથવા જનમીયા પછી તે મરી જાય, તો તે માણસને, અગર તે કામ શુદ્ધબુદ્ધિથી તે બચ્યાંની માનો જીવ બચાવવાના કારણસર નહીં કર્યુ હોય તો, દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇબચ્ચું જીવતું જન્મતા અટકાવવાના અથવા જનમ્યા પછી તેમરી જાય એવુંકરવાના ઈરાદાથી કરેલુંકામ.

કલમ ૩૧૬ મી.

૩૧૬. કોઇ માણસ કાંઇ કામ કરે, એવી હાલતમાં કે જો તે કામથી મોત થાય તો તે માણસ શિક્ષણીય મનુશ્યવધનો તકશીરવાર થાય, અને તે કામ કરેથી તે કોઇ નહી જન્મેલાં જીવતાં બચ્યાંનું મોત આણે તો તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જે કામ શીક્ષણીય મનુંસ્યવધ ગણાતું હોય એવા કામથી કોઇનહીજન્મેલાં જીવતાં બચ્યાંનુંમોતઆણવું.

દ્રષ્ટાંતો.

ફલાણી ગરભવંતી સ્ત્રીનું મારાથી મોત થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં અ એવું કાંઇ કામ કરે કે, અગર તે કામથી તે સ્ત્રીનું મોત થાય તો, તે શીક્ષણીય મનુસ્યવધ ગણાય, અને તે સ્ત્રીને નુકશાન થાય પણ તે મરી જાય નહી; પણ તેના પેટમાં જે જીવતું બચ્યું હોય તેનું તે કામથી મોત થાય તો અ આ કલમમાં બ્યાન કરેલા ગુન્હાનો તકસીરવાર છે એમ સમજવું.

કલમ ૩૧૭ મી.

૩૧૭. જે માણસ, કોઇ બાર વરસથી ઓછી ઉમરનાં બચ્ચાંનો બાપ અથવા મા તેની હોય, અથવા જે માણસના હવાલામાં એવું બચ્ચું હોય તે માણસ અગર તે બચ્ચાંને બીલકુલ તજવાના ઈરાદાથી તે બચ્ચાંને કોઇ જગામાં ખુલ્લુ મુકે, અથવા મુકે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ બારવરસથી ઓછીઉમરના બાળકને તેના માબાપે, અથવા જે સખસના હવાલામાંતે બચ્ચું હોયતે સખસે ખુલ્લુ મુકવુંઅથવા તજવું.

ખુલાસો.—અગર તે પ્રમાણે તે ખુલ્લું મુકવાથી બચ્ચું મરી જાય, તો તે મુકદમાની કેફીયત મુજબ, તે ગુન્હેગારની ખુન અથવા શિક્ષણીય મનુસ્યવધને માટે તજવીજ થવામાં અટકાવ કરવાની આ કલમની મતલબ નથી.

કલમ ૩૧૮ મી.

૩૧૮. જે માણસ, કોઈ બચ્ચાનું મુડદું છાની રીતે દાટીને અથવા બીજી રીતે વગે કરીને, તે બચ્ચાંનો જન્મ ઈરાદાથી છુપાવે. અથવા છુપાવવાની કોશીશ કરે, તે માણસને પછી અગર તે બચ્ચું જન્મતાં પહેલાં અથવા જનમ્યા પછી અથવા જનમતાં જનમતાંજ મરી ગયું હોય તો પણ, બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

મુડદુછાનીરીતે વગે કરી દઈને જન્મ છુપાવવો.

કલમ ૩૧૯ મી.

વ્યથા

૩૧૯. જે માણસ કોઇ સખસને કાંઈ શરીરનું દુ:ખ, રોગ, અથવા અશક્તતા કરે, તેણે "વ્યથા કરી" એમ સમજવું.

વ્યથા.

કલમ ૩૨૦ મી.

૩૨૦. નીચે લખેલા પ્રકારની વ્યથાનેજ "મહાવ્યથા" એવું નામ આપેલું છે.

મહાવ્યથા.

પેહેલો—પુરૂષત્વનો નાશ

બીજો.—બેમાંની કોઈ પણ આંખની જોવાની શક્તી જાથુ જવી.

ત્રીજો.—બેમાંના કોઈપણ કાનની સાંભળવાની શક્તી જાથુ જવી.

ચોથો.—કોઇ અવયવ અથવા સાંધો જવો.

પાંચમો.—કોઇ અવયવ અથવા સાંધાની શક્તિનો નાશ થવો, અથવા તેની જાથુ ક્ષણુતા થવી.

છઠો.—ડોકાંની અથવા ચેહેરાની જાથુ બદશીકલ થવી.

સાતમો.—કાંઇ હાડકાનું અથવા દાંતનું ભાગવું અથવા ખશી જવું.

આઠમો.—જે વ્યથાથી જીંદગી જોખમમાં આવે, અથવા જેથી વીશ દીવશની મુદત સુધી, વ્યથા થએલા માણસને શરીરનું ભારે દુ:ખ ખમવું પડે, અથવા તે પોતાનો હમેશનો ધંધો કરવાને આશક્ત રહે, એવી કોઇપણ વ્યથા.

કલમ ૩૨૧ મી.

૩૨૧. જે માણસ કોઇ સખસને વ્યથા કરવાના ઇરાદાએ અથવા તે પોતાથી કોઇ સખસને પોતાથી વ્યથા થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં કાંઇ કામ કરે, અને તે કામથી કોઇ સખસને વ્યથા કરે તો તે માણસે બુદ્ધિપુરવક વ્યથા કરી" એમ સમજવું. બુદ્ધિપૂર્વક વ્યથા કરવી.

કલમ ૩૨૨ મી.

૩૨૨. કોઈ માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે, અને જે વ્યથા કરવાને તેનો ઇરાદો હોય અથવા જે વ્યથા પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય તે વ્યથા અગર મહાવ્યથા હોય, તથા જે વ્યથા કરે તે વ્યથા મહાવ્યથા હોય તો તે માણસે "બુદ્ધિપૂરવક મહાવ્યથા કરી" એમ સમજવું. બુદ્ધિપુરવક મહાવ્યથાકરવી.

ખુલાસો.—કોઇ સખસ આ બંને વાત કરે, એટલે મહાવ્યથા કરે તથા મહાવ્યથા કરવાનો ઇરાદો કરે, અથવા મહાવ્યથા પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય તોજ તેને બુદ્ધિપુરવક મહાવ્યથા કરી એમ સમજવું; નહીતો નહી પણ અગર એક પ્રકારની મહાવ્યથા કરવાનો ઇરાદો કરીને, અથવા એક પ્રકારની મહાવ્યથા પોતાથી થવાનો સંભવ જાણ્યા છતાં, તે ખરેખર બીજા પ્રકારની મહાવ્યથા કરે, તો તેણે બુદ્ધિ પુરવક મહાવ્યથા કરી એમ સમજવું.

દ્રષ્ટાંત.

ઝ નો ચેહેરો જાથુ બદશીકલ કરવાના ઇરાદાથી, અથવા તે પોતાથી બદશીકલ થવાનો સંભવ જાણ્યા છતાં, અ ઝ ને એક સપાટો મારે, અને તે સપાટાથી ઝ નો ચેહેરો બદશીકલ નહી થા, પણ તેથી વીશ દીવસની મુદત સુધી ઝ ને શરીરનું ભારે દુખ ખમવું પડે, તો અ એ બુદ્ધિપૂરવક મહાવ્યથા કરી એમ સમજવું.

કલમ ૩૨૩ મી

૩૨૩. ૩૩૪ મી કલમમાં લખેલી બાબત શીવાય કોઇપણ બાબતમાં, જે માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે, તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. બુદ્ધિપુર્વક વ્યથાકરવાની શિક્ષા.

કલમ ૩૨૪ મી

૩૨૪. ૩૩૪ મી કલમમાં લખેલી બાબત સિવાય બીજી કોઇ પણ બાબતમાં, ગોળી અથવા તીર મારવાનાં, ખોશી ઘાલવાનાં, અથવા કાપવાનાં કાંઇ હથીયાર વડે, અથવા જે હથીયાર મારેથી સામાનું મોત થવાનો સંભવ હોય એવા કાંઇ હથીયાર વડે, અથવા અગ્ની કે કાંઇ ગરમ કરેલા પદારથ વડે, અથવા કાંઇ જેહેર કે ખાઇ જાય એવા કાંઇ પદારથ વડે અથવા અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથ વડે, અથવા દમ લેવાથી, ગળી જવાથી, અથવા લોહીમાં જવાથી જે પદારથ માણસના શરીરનો નાશકારક હોય એવા કાંઈ પદારથ વડે, અથ ભયંકર શસ્ત્ર અથવા સાધન વડે બુદ્ધિપુરવક વ્યથા કરવી.

વા કોઇ જાનવરની, જે માણુસ બુદ્ધિપુરવક વ્યથા કરે, તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કલમ ૩૨૫ મી.

૩૨૫. ૩૩૫મી કલમમાં લખેલી બાબત સિવાય બીજી કોઇ પણ બાબતમાં, જે માણુસ બુદ્ધિપુરવક મહાવ્યથા કરે, તેને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

બુદ્ધિપુર્વક મહાવ્યથાકરવાનીશીક્ષા.

કલમ ૩૨૬મી.

૩૨૬. ૩૩૫ મી કલમમાં લખેલી બાબત શિવાય બીજી કોઇ પણ બાબતમાં, ગોળી અથવા તીર મારવાના, બોશી ઘાલવાનાં, અથવા કાપવાનાં, અથવા કાંઇ કાપવાનાં હથીયાર વડે, અથવા જે હથીયાર મારેથી સામાનું મોત થવાનો સંભવ હોય એવા કાંઇ હથીયાર વડે, અથવા અગ્નીકે કાંઇ ગરમ કરેલા પદારથ વડે, અથવા કાંઇ જેહેર કે ખાઈજાય એવા કાંઇ પદારથ વડે, અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથ વડે, અથવા દમ લેવાથી, ગળી જવાથી, અથવા લોહીમાં જવાથી જે પદારથ માણુસના શરીરનો નાશકારક હોય એવા કાંઇ પદારથ વડે, અથવા કોઇ જાનવરની મારફતે, જે માણુસ બુદ્ધિપુરવક મહાવ્યથા કરે, તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ભયંકર શસ્ત્ર અથવાસાધન વડેબુદ્ધિ પુર્વક મહાવ્યથાકરવી.

કલમ ૩૨૭ મી.

૩૨૭. કોઇ સખસને વ્યથા કરીને તે સખસ પાસે, અથવા તેની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરાઇથી કાંઈ મીલકત અથવા કીમતિ દસ્તાવેજ કહડાવવાનાં, કારણુસર, અથવા વ્યથા કરેલા શખસ પાસે, કે તેની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાસે, જબરદસ્તીથી કાંઇ કાયદાં વિરૂદ્ધ કામ, અથવા જે કામ અથવા જે કામથી કાંઇ ગુન્હો કરવો સેહેલ થાય એવું કામ, કરવાના કારણુસર, જે માણુસ બુદ્ધિપુરવક વ્યથા કરે, તે માણુસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની, કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરાઈથી કાંઇમીલકતકહડાવવાસારૂ અથવાકાંઈ કાયદાવિરૂધકામકરાવવાસારૂબુદ્ધિપુર્વકવ્યથાકરવી.

કલમ ૩૨૮ મી.

૩૨૮. કોઈ સખસને વ્યથા કરવાના ઇરાદાથી, અથવા કાંઈ ગુન્હો કરવાના કે કાંઈ ગુન્હો કરવો સેહેલ કરવાના ઇરાદાથી, અથવા તેથી પોતાથી વ્યથા થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, જે માણુસ તે સખસને કાંઈ જેહેર કે બેહોશ કરે કે કેફ આવે અથવા અવગુણ કરે એવું કાંઇ વસાણું અથવા બીજી વસ્તુ આપે, અથવા લેવડાવે તે માણુસને દ-

કાંઇ ગુન્હોકરવાના ઇરાદાથી જેહેર વગેરે પદારથ વડે વ્યથા કરવી.

સ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કલમ ૩૨૯ મી.

૩૨૯. કોઇ સખસને મહાવ્યથા કરીને તે સખસ પાસે, અથવા તેની સાથે સંબંધ રાખનારા કોઈ સખસ પાસે જબરાઇથી કાંઇ મિલકત અથવા કીમતી દસ્તાવેજ કહડાવવાનાં કારણ અથવા મહાવ્યથા કરેલા સખસ પાસે, કે તેની સાથે સંબંધ રાખનારા કોઇ સખસ પાસે જબરદસ્તીથી કાંઇ કાયદા વિરૂધ કામ, અથવા જે કામથી કાંઈ ગુન્હો કરવો સેહેલ થાય એવું કામ, કરાવવાનાં કારણસર. જે માણસ બુદ્ધિપુરવક મહાવ્યથા કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરદસ્તીથી કાંઇમાલકતકહડાવવા અથવાકાંઇ કાયદા વિરૂદ્ધકામકરાવવાસારૂબુદ્ધિપુર્વક માહાવ્યથાકરવી.

કલમ ૩૩૦ મી.

૩૩૦. કોઇ સખસને વ્યથા કરીને તે સખસ પાસે, અથવા તે સખસની સાથેં સંબંધ રાખનારા કોઈ સખસ પાસે જેથી કાંઇ ગુન્હો અથવા બદચાલ પકડાય એવી કાંઈ ખબર અથવા કબુલાત જબરદસ્તીથી [illegible] વાનાં કારણસર, અથવા વ્યથા કરેલા સખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઇ સખસ પાસે જબરદસ્તીથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ પાછો અપાવવા અથવા અપવાનાં કારણસર, અથવા તે કાંઇ લેહેણું કે માગણું પતાવે, અથવા જેથી કાંઇ મીલકત કે કીમતી દસ્તાવેજ પાછો મળી શકે એવી કાંઇ ખબર આપે, એમ કરવાનાં કારણસર, જે માણસ બુધિપુરવક મહાવ્યથા કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરદસ્તીથી કબુલાતકરાવવવા અથવા કાંઇમીલકતપાછી અપાવવા સારૂબુદ્ધિપુર્વક વ્યથાકરવી.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની પાસે કાંઇ ગુન્હો કરયો કબુલ કરાવવા સારૂ જો અ પોલીસ અમલદાર ઝ ને શરીર વેદના કરે, તો અ આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવું.

(બ) અમુક ચોરેલી મીલકત કયાં મુકેલી છે તે દેખાડવાને બ લલચાય એટલા સારૂ જો અ પોલીસ અમલદાર તેને શરીર વેદના કરે તો અ આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવું.

(ક) ઝની પાસે મેહેસુલની કાંઇ બાકી લેહેણી છે તે તેની પાસે ભરાવવા તે સારૂ જો અ મેહેસુલનો અમલદાર ઝ ને શરીર વેદના કરે, તો આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવું.

(ડ) એક રઇતની પાસે તેનું ગણોત ભરાવવા સારૂ જો અ જમીનદાર તેને શરીર વેદના કરે, તો અ આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવું.

કલમ ૩૩૧ મી.

૩૩૧. કોઈ સખસને મહાવ્યથા કરીને તે સખસ પાસે અથવા સખસની સાથે સંબંધ રાખનારા કોઇ સખસ પાસે, જેથી કાંઇ ગુન્હો અથવા બદચાલ પકડાય એવી કાંઇ ખબર અથવા કબુલાત જબરદસ્તીથી લેવાના કારણસર, અથવા મહાવ્યથા કરેલા સખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઈ સખસ પાસે જબરદસ્તીથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ પાછો અપાવવા અથવા અપાવવાના કારણસર, અથવા તે કાંઇ લેહેણું કે માગણું પતાવે અથવા જેથી કાંઇ મીલકત કે કીમતી દસ્તાવેજ પાછો મળી શકે એવી કાંઇ ખબર આપે, એમ કરવાના કારણસર, જે માણસ બુધ્ધિપુરવક મહાવ્યથા કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરદસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઇ મીલકત પાછી અપાવવા સારૂ બુદ્ધિપૂરવક મહાવ્યથા કરવી.

કલમ ૩૩૨ મી.

૩૩૨. કોઇ સખસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતો હોય તેવામાં તે સખસને જે માણસ બુદ્ધિપૂરવક વ્યથા કરે, અથવા તે સખસને અથવા કોઈ બીજા સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બંધ રાખવાના ઇરાદાથી, અથવા તે સખસે પોતાના સરકારી હોદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઇ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે જે માણસ તે સખસને બુદ્ધિપુરવક વ્યથા કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધરાખવાને બુદ્ધિપુરવક વ્યથા કરવી.

કલમ ૩૩૩ મી.

૩૩૩. કોઈ સખસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી ઓહદ્દાનો અમલ ચલાવતો હોય તેવામાં તે સખસને જે માણસ બુદ્ધિપુરવક મહાવ્યથા કરે, અથવા તે સખસને અથવા કોઇ બીજા સરકારી નોકરને પોતાના સરકારી ઓહદ્દાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતાં બંધ રાખવાના ઇરાદાથી, અથવા તે સખસે પોતાના સરકારી ઓહદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઈ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય, તેટલા વાસ્તે, જે માણસ તે સખસને બુદ્ધિપુરવક મહાવ્યથા કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને બુદ્ધિપુરવક મહાવ્યથા કરવી.

કલમ ૩૩૪ મી.

૩૩૪. ભારે તથા આકસ્મિક ક્રોધ ચહડેથી કોઇ માણસ બુધિપુરવક વ્યથા કરે, અને તે ક્રોધ ઉત્પન્ન કરનાર સિવાય બીજા કોઇ સખસને વ્યથા કરવાનો તેણે ઇરાદો કર્યો ન હોય, તથા તે શીવાય બીજા કોઇ સ-

ક્રોધ ઉત્પન્નથયેથી બુધિપૂરવકવ્યથાકરવી

ખસને પોતાથી વ્યથા થવાનો સંભવ પણ તેના જાણ્યામાં ન હોય, તો તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કલમ ૩૩૫ મી

૩૩૫. ભારે તથા આકસ્મિક ક્રોધ ચહડેથી કોઈ માણસ બુધિપુરઃસર મહાવ્યથા કરે, અને તે ક્રોધ ઉત્પન્ન કરનાર શીવાય બીજા કોઈ સખસને મહાવ્યથા કરવાનો તેણે ઇરાદો કર્યો ન હોય, તથા તે શીવાય બીજા કોઈ સખસને પોતાથી મહાવ્યથા થવાનો સંભવ પણ તેના જાણ્યામાં ન હોય, તો તે માણસને ચાર વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા બે હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ક્રોધ ઉત્પન્ન થએથી મહાવ્યથા કરવી.

ખુલાસો.—ઉપલી બે કલમોને પણ ૩૦૦ મી કલમના ૧ લા અપવાદને જે શરતો લાગુ પડે છે. તે શરતો લાગુ પડે છે.

કલમ ૩૩૬ મી.

૩૩૬. જે માણસ કાંઇ કામ એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે જેથી માણસની જીંદગી અથવા બીજા સખસોના શરીરની સલામતી જોખમમાં આવે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બસેં પચાસ રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

જે કામથી જીંદગી જોખમમાં આવે અથવા બીજાઓનાં શરીરની સલામતી જોખમમાં આવે તે કામને માટે શીક્ષા.

કલમ ૩૩૭ મી.

૩૩૭. જેથી માણસની જીંદગી અથવા બીજા સખસોનાં શરીરની સલામતી જોખમમાં આવે એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઇ કામ કરીને જે માણસ કોઇ સખસને વ્યથા કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસેં રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

જીંદગી અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે એવું કામ કરીને મહાવ્યથા કરવી.

કલમ ૩૩૮ મી.

૩૩૮. જેથી માણસની જીંદગી અથવા બીજા સખસોના શરીરની સલામતી જોખમમાં આવે એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઇ કામ કરીને જે માણસ કોઈ સખસને મહાવ્યથા કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

જીંદગી અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે એવું કામ કરીને મહાવ્યથા કરવી.

કલમ ૩૩૯ મી.

ગેરવાજબી અટકાવ તથા ગેરવાજબી કેદ બાબત.

૩૩૯. કોઇ સખસને જેણીમેર જવાનો હકક હોય તેણીમેર જતો તેસખસ અટકે, એવી રીતે જે માણુસ તે સખસને બુધિપુરવક હરકત કરે, તે માણુસે તે સખસને "ગેરવ્યાજબી અટકાવ" કર્યો એમ સમજવું. ગેરવ્યાજબી અટકાવ.

અપવાદ.—જમીન અથવા પાણી ઉપરથી જવા આવવાનો કાંઇ ખાનગી રસ્તો હોય અને તે રસ્તો બંધ કરવાનો મારો કાયદા મુજબ હક છે એમ જે સખસ શુધબુધિએ માનતો હોય તે સખસે તે રસ્તો બધ કરવો એ આ કલમના અર્થ પ્રમાણેનો ગુન્હો નથી.

દષ્ટાંત.

જે રસ્તા ઉપરથી ઝ ને જવાનો હક છે એવો એક રસ્તો અ બધ કરે, અને શુધબુધિએ અ એ પ્રમાણે માનતો હોય કે એ રસ્તો બંધ કરવાનો માહારો હક છે, અને તે રસ્તો બંધ થયાથી ઝ તે ઉપરથી જતો અટકે, તો અ એ ઝ ને ગેરવ્યાજબી અટકાવ કર્યો એમ સમજવું.

કલમ ૩૪૦ મી.

૩૪૦. કોઈ સખસ મુક્રરર કરેલી ચોતરફી હદની બહાર જતો અટકે, એવી રીતે જે માણુસ તે સખસને ગેરવ્યાજબી અટકાવ કરે તે માણુસે તે સખસને "ગેરવ્યાજબી કેદ" કર્યો એમ સમજવું. ગેરવ્યાજબી કેદ.

દષ્ટાંતો.

(અ) એક દેવાર બાંધી લીધેલી જગામાં ઝ ને મોકલીને અ બહારથી તાળુ મારીને ઝ ને અંદર બંધ કરે, અને તેમ કરવાથી તે હદવાળી દેવારની બહાર કોઈ પણ તરફ ઝ થી જઇ શકાય નહી, તો અ એ ઝ ને ગેરવ્યાજબી કેદ કર્યો એમ સમજવું.

(બ) એક ઈમારતના દરવાજા આગળ અ બંદુકવાળા માણસો રાખે અને ઝ ને એ પ્રમાણે કહે કે જો તું એ ઇમારતમાંથી બહાર જવાની કોશીશ કરશે તો તને આ માણસો ગોળી મારશે તો અ એ ઝ ને ગેરવ્યાજબી કેદ કર્યો એમ સમજવું.

કમલ ૩૪૧ મી.

જે માણસ કોઇ સખસને ગેરવાજબી અટકાવ કરે, તે માણસને એક મહિનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચસેં રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે. ગેરવાજબી અટકાવની શિક્ષા.

માહારાણી કેસરેહીંદ વિ. શ્રીનાથ બાંનરજી.

કલમ ૩૪૧.

૧

તા. ૭-૮-૯૨
ઈ. ૮ ક. પા. ૨૨૧

ગેરકાયદેસર કેદ કરવાના ગુન્હામાં ગેરકાયદે કરવાનો ઈરાદો હતો એમ સાબીત થવું જોઈએ.

पी. को. नी ३४६ मी कलम प्रमाणे कोइ सक्षने गुन्हेगार ठराववो होय तो केद थयेलो सक्ष जडी न आवे, एवा इरादाथी तेने गेरकायदेसर केद करवामां आव्यानुं बतावvुं जोइए.

ફેબ્રુઆરીની ૧૭ મી તારીખે, એક હિંદુ ઓરતે ૨૪ પ્રગણાના માજીસ્ત્રેટની અદાલતમાં જઇને ફરીયાદ કરી કે, અરજદારના સગામાંથી કેટલાક સક્ષોએ રીબાવી રીબાવીને મને કેટલોક માર માર્યો છે. ૧૭ મી તારીખને રોજ તેની ફરીયાદની સુનાવણી પુરી થઇ રહી નોહોતી; એટલે તેણીને તેના વકીલે વગતે રોજ આવવાનું કહી પાછી ઘેર જવાનું કહ્યું. બાકીની હકીકત ૨૪ પ્રગણાના જડજના ઠરાવમાં આપી છે. જ્યારે તે પોતાને ઘેર જતી હતી, ત્યારે તે કહેછે કે, મને અપેલેંન્ટ ગંગાધર તથા શ્રીનાથ ધરે માન દઇને બોલાવીને યુક્તીથી મને એક ગાડીમાં બેસાડીને તે ગાડી જુદે જુદે ઠેકાંણે ફેરવી, અને તે જગાઓ મેં કોઇ દહાડો જોઇ નોહોતી, તેથી તે જગાઓ મને નવીન લાગતી હતી. અને પછી તેઓએ, એક જગામાં મને રાખી, અને મારી ફરીયાદ નોંધાયા પછી મને સંતાડી રાખવાના કારણથી શોર થયો. એટલે આ અપેલેંન્ટો મને પાછી લઈ આવ્યા. અને માજીસ્ત્રેટની અદાલતના બીજા વકીલ પાસે તેઓએ મને રજુ કરી. અને તે વકીલના ઘરમાં હું ૯ મી મારચ સુધી રહી, અને તે દહાડેથી પછી હું પોલીસના હવાલામાં ગઈ. આ મનુષ્યનયન કરવા વાસ્તે તથા આવીરીતે આ ઓરતને કોરટથી છેટી રાખીને તેણીનો મુકરદમો તે ન ચલાવી શકે, તે ગુન્હાને વાસ્તે આ અપેલેંન્ટોને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યાછે. બંધવાઓને ડેપ્યુટી માજીસ્ત્રેટે ૨૦૧ લી તથા ૩૪૬ મી કલમ પ્રમાણે અપરાધી ઠરાવ્યા છે પરંતુ તેણે સજા ફકત ૩૪૬ મી કલમના ગુન્હા માટે કરેલી છે. અપીલમાં સેસન જડજે ૨૦૧ લી કલમના ગુન્હાનો ઠરાવ રદ કરીને ૩૪૬ મી કલમના ગુન્હાનો તથા સજાનો ઠરાવ બહાલ રાખ્યો છે. તે સેસન જડજ પાસે વાંધો લેવામાં આવ્યો. હનોકે, આ સ્ત્રીને અહીં તહીં લઈ જવામાં આવી હતી. એ વાત કબુલ રાખીએ તોપણ તેણીને તેની ઇચ્છા પ્રમાણે એવી જગામાં કેદ રાખી હતી કે, જ્યાં તેને જાવું હોય, ત્યાં તેને જવાની તથા પોલીસની મદદ જોઇતી હોયતો, તે મદદ લેવાની તેણીને છુટ હતી. તેથી તેણીની જે બરદાસ કરવામાં આવી, એથી ફરી તે કાયદા પ્રમાણે કેદ થઇ નહોતી.” આ દેશની નીચ કોમની ઓરતને જ્યારે વચલા વરગના

મોભાદાર માણુસો, તથા બ્રાહ્મણોનો સંગ થાય છે, ત્યારે તેઓની પ્રકૃતી બીકણુ અને તાબેદાર હોયછે, એ વાત ઉપરથી તથા આ ઓરતને પોતાને ઘેરથી ઘણે છેટે નવીન નવીન જગોમાં લઇ જવામાં આવી હતી. તે હકીકતનો વિચાર કરીને સેસન જડજે ઉપર કહેલો વાંધો ના મંજુર કર્યો. ત્યારબાદ અરજદારોએ સેસન જડજે કરેલા ગુન્હાનો ઠરાવ રદ કરવાની અરજી કરી.

અરજદારો તરફથી બાબુ અંબીકા ચરણ બોશ.

સરકાર તરફથી બાબુ રામચંદ્ર મીત્ર.

જસ્ટીસ મેકડોનલ તથા ઓકીનીલીનો ઠરાવ.

આ કામમાં બંધવાઓને પીનલકોડની ૨૦૧ લી તથા ૩૪૬ મી કલમના અપરાધી ઠરાવવામાં આવ્યા હતા. અપીલમાં સેસન જડજે તેઓને ૨૦૧ લી કલમના ગુન્હાના નિરદોષ ઠરાવ્યા છે, તે વાજબી કરેલું છે. પરંતુ તેણે ૩૪૬ મી કલમના ગુન્હાનો ઠરાવ કાયમ રાખેલો છે. એ ઠરાવ નહીં ટકી શકે એવો છે. એમ અમારો અભીપ્રાય થાય છે. પીનલકોડની ૩૪૬ મી કલમ પ્રમાણે કોઇ સક્ષને ગુન્હેગાર ઠરાવવો હોય તો, કેદ થયેલો સક્ષ જડી ન આવે એવા ઈરાદાથી તેને ગેર કાયદેસર રદ કરવામાં આવ્યાનું બતાવવું જોઇએ, આ કામમાં એ વાતની ખામી હોવાનું સાવ ચોખું છે.

વળી અમોને લાગે છે કે, ફરીયાદણને બીલકુલ ગેર કાયદેસર કેદ કરેલ નોહોતી. ખુદ સેસન જડજ કહે છે કે, તેણીની ઉપર જબરદસ્તી થઇ નોહોતી, પરંતુ તેણીને સમજાવી હતી. અને તેણીનું કેદ થવાપણું ખરેખરૂં નહોતું. પરંતુ આ બસ નથી માટે ગુન્હાનો તથા સજાનો ઠરાવ અમો રદ કરીએ છીએ. અને બંધવાને નીરદોષ કરી તેને છોડી મુકવાનો હુકમ કરીએ છીએ.

કલમ ૩૪૨ મી.

૩૪૨. જે માણસ કોઇ શખસને ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ગેરવ્યાજબીકેદની શિક્ષા.

કલમ ૩૪૩ મી.

૩૪૩. જે માણસ કોઇ સખસને ત્રણ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ત્રણઅથવા વધારેદીવસગેરવ્યાજબી કેદની શિક્ષા.

કલમ ૩૪૪ મી.

૩૪૪. જે માણસ કોઇ શખસને દશ અથવા વધારે દિવસ ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

દશ અથવાવધારેદીવસગેરવ્યાજબી કેદની શીક્ષા.

કલમ ૩૪૫ મી.

૩૪૫. પલાણા શખસને છોડવાનો કાયદા મુજબ હુકમ સાદર થઇ ચુકયો છે એમ જાણ્યા છતાં જે માણસ તે શખસને ગેરવ્યાજબી કેદમાં રાખે, તે માણસને, આ કાયદાની કોઇ બીજી કલમ પ્રમાણે જેટલી મુદતની કેદને તે માણસ લાયક હોય તેથી ઉપરાંત, બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની બીજી કેદ કરવામાં આવશે.

જેશખસનેછોડવાનો હુકમ શાદરથયોહોય તેશખસનેગેરવ્યાજબી કેદમાં રાખવો.

કલમ ૩૪૬ મી.

૩૪૬. કોઇ માણસ અગર કોઈ શખસને એવી રીતે ગેરવ્યાજબી કેદ કરે કે તેથી તે શખસની કેદની વાત તે કેદ થએલા શખસની સાથે સંબંધ રાખનારા કોઇ શખસના જાણ્યામાં, અથવા કોઇ સરકારી નોકરના જાણ્યામાં ન આવે અથવા તે કેદનું ઠેકાણું ઉપર લખેલા પ્રકારના કોઇ શખસ અથવા સરકારી નોકરના જાણ્યામાં ન આવે અથવા તેને જડે નહી, એવો ઇરાદો તે કેદ કરનારા માણસના દીઠામાં આવે, તો તે માણસને, ગેરવ્યાજબી કેદને માટે બીજી જે કાંઇ શિક્ષાને તે માણસ લાયક હોય તેથી ઉપરાંત બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની બીજી શિક્ષા કરવામાં આવશે.

છાની ગેરવ્યાજબી કેદ.

કલમ ૩૪૭ મી.

૩૪૭. કોઇ શખસને કેદ કરીને તે શખસ પાસે, અથવા તેની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરાઈથી કાંઇ મિલકત અથવા કિમતી દસ્તાવેજ કહડાવવાના કારણસર, અથવા કેદ કરેલા શખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાસે, જબરદસ્તીથી કાંઈ કાયદા વિરૂધ કામ કરાવવાના અથવા જેથી કાંઈ ગુન્હો કરવો સેહેલ થાય એવી કાંઇ ખબર મેળવવાનાં કારણસર, જે માણસ તે શખસને ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરદસ્તીથી કાંઇમીલકત કહડાવવાનાંઅથવાકાંઇકાયદા વિરૂધકામકરવાના કારણસરગેરવ્યાજબી કેદ.

કલમ ૩૪૮ મી.

૩૪૮. કોઇ શખસને કેદ કરીને તે શખસ પાસે, અથવા તે શખસની સાથે સંબંધ રાખનારા કોઈ શખસ પાસે, જેથી કાંઇગુન્હો અથવા બદચાલ પકડાય એવી કાંઇ ખબર અથવા કબુલાત જબરદસ્તીથી લેવાના કારણસર, અથવા કેદ કરેલા શખસ પાસે, કે તેની સાથે સંબંધરાખનારા કોઈ શખસ પાસે, જબરદસ્તીથી કાંઈ મીલકત અથવા કિમતી દસ્તાવેજ પાછો અપાવવા અથવા અપાવાના કારણસર, અથવા તે કાંઇ લેણું કે માગણું પતાવે, અથવા જેથી કાંઇ મીલકત કે કાંઇ કીમતી દસ્તાવેજ પાછો મળી શકે એવી કાંઈ ખબર આપે, એમ કરવાના કારણસર, જે માણસ તે શખસને ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક લેખે.

જબરદસ્તીથી કબુલાતકરાવવાના અથવા કાંઇ મીલકત પાછીઅપાવવાનાંકારણસર,ગેરવ્યાજબી કેદ.

સાપ્રાધ બળ તથા હુમલા બાબત.

કલમ ૩૪૯ મી.

૩૪૯. જો કોઈ શખસ કોઈ બીજા સખસને ગતિ આપે, તેની ગતિમાં ફેરફાર કરે, અથવા તેની ગતિ બંધ કરે, અથવા જો તે શખસ કાંઇ પદાર્થને એવી રીતે કાંઇ ગતિ આપે, તેની ગતિમાં ફેરફાર કરે, અથવા તેની ગતિ બંધ કરે, તેથી તે પદાર્થ તે બીજા શખસના શરીરના કોઇ ભાગને અથવા તે બીજા શખસે કાંઇ વસ્તુ પેહેરી હોય અથવા તે સાથે લઇ જતો હોય તે વસ્તુને અડકે, અથવા કાંઇ બીજી વસ્તુને અડકે એવી રીતે કે તેથી તે બીજા સખસની સ્પરશેંદ્રિપર અસર થાય, તો તે સખસે તે બીજા સખસપર બળ વાપરયુ એમ સમજવું; પણ જે સખસ ગતિ આપવા, ગતિમાં ફેરફાર કરતો, અથવા ગતી બંધ કરતો હોય, તેણે નીચે બતાવેલા ત્રણ પ્રકારોમાંના કોઇ પ્રકારે તે ગતી આપવી, અથવા ગતીમાં ફેરફાર કરવો, અથવા ગતી બંધ કરવી જોઇએ.

બળ.

પેહેલો.—પોતાના શરીરની શક્તિથી.

બીજો.—કોઇ પદાર્થ એવી રીતે મુકવો કે પછી પોતાની તરફથી અથવા બીજા કોઇ સખસની તરફથી કાંઇ બીજું કામ થયા શીવાય તે ગતી થાય અથવા ગતીમાં ફેરફાર થાય, અથવા ગતી બંધ થાય, એમ રચના કરીને.

ત્રીજો.—કોઇ જાનવરને ગતીમાન કરીને, તેની ગતીમાં ફેરફાર કરીને, અથવા ગતી બંધ કરીને.

કલમ ૩૫૦ મી

૩૫૦. જો કોઇ સખસ કોઇ બીજા સખસની રજામંદી શીવાય તે બીજા સખસની ઉપર ઇરાદાથી બળ વાપરે, અને તે કાંઈ ગુન્હો કરવા સારૂ અથવા તે બળ જે સખસની ઉપર વાપરે તે સખસને તે બળથી કાંઇ નુકશાન, ભય, અથવા દુઃખ કરવાના ઇરાદાથી, અથવા તે બળ વાપરવાથી પોતાથી કાંઇ નુકશાન, ભય, અથવા દુઃખ થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે સખસે બીજા સખસની ઉપર સાપ્રાધ બળ વાપરયું એમ સમજવું.

સાપ્રાધબળ.

દ્રષ્ટાંતો.

(અ) એક નદીમાં બાંધેલી હોડીમાં ઝ બેઠો હોય, અને અ તેના દોરડાં છોડી નાંખે અને એ પ્રમાણે ઇરાદાથી તે હોડીને પ્રવાહથી ખેંચાઇ જવા દે, તો એ ઠેકાણે અ એ ઇરાદાથી ઝ ને ગતી આપી, અને તે પદાર્થોને એવી રીતે મુકવાથી કે પછી કો-

ઇ સખસની તરફથી બીજું કામ થયા શીવાય તે ગતી ઉત્પન્ન થઇ માટે **અ** એ ઇરાદાથી **ઝ** ની ઉપર બળ વાપરયું એમ સમજવું, અને અગર કાંઇ ગુન્હો કરવા સારૂ અથવા **ઝ** ને કાંઇ નુકશાન, ભય, અથવા દુઃખ કરવાના ઈરાદાથી, કે એ પ્રમાણે બળ વાપરેથી કાંઇ નુકશાન, ભય, કે દુઃખ થશે એવો સંભવ જાણ્યા છતાં તેણે એ કામ **ઝ** ની રજામંદી શીવાય કર્યું હોય તો **અ** એ **ઝ** ની ઉપર સાપ્રાધ બળ વાપરયું એમ સમજવું.

(બ) **ઝ** એક શીગરામમાં બેસીને જાય છે, તેના ઘોડાઓને **અ** ચાબક મારીનેતેની ચાલ ઉતાવળી કરે તો એ ઠેકાણે જાનવરો પાસે પોતાની ગતી બદલાવીને **અ** એ **ઝ** ની ગતીમાં ફેરફાર કર્યો માટે **અ** એ **ઝ** ની ઉપર બળ વાપરયું એમ સમજવું; અગર **ઝ** ને કાંઈ નુકશાન, ભય, અથવા દુખ કરવાના ઇરાદાથી કે તેથી **અ** ને કાંઈ નુકશાન, ભય, અથવા દુખ થાય એવો સંભવ જાણ્યા છતાં, તેણે એ કામ **ઝ** ની રજામંદી શીવાય કરયું હોય, તો **અ** એ **ઝ** ની ઉપર સાપ્રાધ બળ વાપરયું એમ સમજવું.

(ક) **ઝ** એક પાલખીમાં બેસીને જાય છે, તેની પાસેથી અપહરણ કરવાના ઇરાદાથી **અ** દાંડો ઝાલીને તે પાલખી અટકાવે, તો એ ઠેકાણે **અ** એ **ઝ** ની ગતી બંધ કરી, અને એ તેણે પોતાના શરીરની શક્તિથી કર્યું માટે **અ** એ **ઝ** ની ઉપર બળ વાપરયું એમ સમજવું; અને એ પ્રમાણે **અ** એ ઇરાદાથી **ઝ** ની રજામંદી શીવાય તથા ગુન્હો કરવા સારૂ કર્યું માટે **અ** એ **ઝ** ની ઉપર સાપ્રાધ બળ વાપરયું એમ સમજવું.

(ડ) રસ્તામાં **અ** ઇરાદાથી **ઝ** ને ધક્કો મારે, તો એ ઠેકાણે **અ** પોતાના શરીરની શક્તિથી પોતાના શરીરને એવી રીતે ગતી આપી કે તે **ઝ** ને અડક્યુ માટે ઇરાદાથી **ઝ** ની ઉપર બળ વાપરયું એમ સમજવું; અને અગર **ઝ** ને કાંઈ નુકશાન, ભય, અથવા દુઃખ કરવાના ઇરાદાથી, અથવા તેથી **ઝ** ને કાંઈ નુકશાન, ભય, કે દુઃખ થાય એવો સંભવ જાણ્યા છતાં, તેણે **ઝ** ની રજામંદી શીવાય એ પ્રમાણે કર્યું હોય, તો તેણે **ઝ** ની ઉપર સાપ્રાધ બળ વાપરયું એમ સમજવું.

(ઇ) **અ** એક પથર ફેંકે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે પથર **ઝ** ને અડકશે, અથવા **ઝ** ના કપડાંને અડકશે, અથવા **ઝ** કાંઇ વસ્તુ લેઇ જાય છે તેને અડકશે, અથવા તે પથર પાણીને લાગીને તે પાણીથી **ઝ** નાં કપડાં અથવા **ઝ** કાંઇ વસ્તુ લેઇ જાય છે તે છંટાશે, તો એ ઠેકાણે, અગર તે પથર ફેંકવાથી કાંઇ પદારથ આવીને **ઝ** ને અથવા **ઝ** નાં કપડાંને અડકે તો, **અ** એ **ઝ** ની ઉપર બળ વાપરયું એમ સમજવું; અને અગર **ઝ** ને કાંઇ નુકશાન, ભય, કે દુઃખ કરવાના ઇરાદાથી તેણે **ઝ** ની રજામંદી શીવાય એ પ્રમાણે કર્યું હોય, તો તેણે **ઝ** ની ઉપર સાપ્રાધ બળ વાપરયું એમ સમજવું.

(ફ) **અ** ઇરાદાથી કોઇ સ્ત્રીનો બુરખો ઊંચો ખેંચે, તો એ ઠેકાણે તેણે સ્ત્રીની ઉપર ઇરાદાથી બળ વાપરયું એમ સમજવું; અને અગર તે સ્ત્રીને કાંઇ નુકશાન, ભય, કે દુઃખ કરવાના ઇરાદાથી, અથવા તેથી નુકશાન, ભય, કે દુઃખ થાય એવો સંભવ જાણીને તેણે તે સ્ત્રીની રજામંદી શીવાય એ પ્રમાણે કરયું હોય, તો તેણે તે સ્ત્રીની ઉપર સાપ્રાધ બળ વાપરયું એમ સમજવું.

(ગ) **ઝ** નાહાવા બેઠો છે તેવામાં પોતે ઉકળતું જાણતો હોય એવું પાણી **અ** હમામખાનામાં રેડે,, તો એ ઠેકાણે **અ** એ ઇરાદાથી પોતાના શરીરની શક્તી વડે તે ઉકળતા પાણીને એવી ગતી આપી કે તે પાણી **ઝ** ને અડકે અથવા બીજા પાણીને અડકે, અને તે એવી રીતે કે તે અડકવાથી **ઝ ની** સ્પરશેંદ્રીપર **અસર** થાયજ, માટે **અ** એ ઇરાદાથી **ઝ** ની ઉપર બળ વાપરયું એમ સમજવું; અને અગર, **ઝ**

ને કાંઈ નુકશાન, ભય, કે દુ:ખ કરવાના ઈરાદાથી, અથવા તેથી નુકશાન, ભય, કે દુ:ખ થાય એવો સંભવ જાણીને, તેણે **ઝ** ની રજામંદી શીવાય એ પ્રમાણે કરયું હોય, તો **અ** એ **ઝ** ની ઉપર સાપરાધ બળ વાપરયું એમ સમજવું.

(હ) **ઝ** ની રજામંદી શીવાય **અ** એક કુતરાને **ઝ** ની ઉપર કુદાવે તો એ ઠેકાણે અગર **ઝ** ને કાંઇ નુકશાન, ભય, કે દુ:ખ કરવાનો **અ** નો ઇરાદો હોય તો, તેણે **ઝ** ની ઉપર સાપરાધ બળ વાપરયું એમ સમજવું.

કલમ ૩૫૧ મી.

૩૫૧. જે માણસ કાંઇ ચાળા અથવા કાંઇ તઇયારી કરે, એવા ઈરાદાથી અથવા એવો સભવ જાણીને કે તે ચાળા અથવા તઇયારીથી કોઇ સખસ હાજર હોય તેને એવો ભય ઉત્પન્ન થસે કે એ ચાળા અથવા તઇયારી કરનારો માણસ માહારી હાજરી ઉપર હમણા સાપરાધ બળ વાપરવાનો છે, તો તે માણસે હુમલો કર્યો એમ સમજવું. હુમલો.

ખુલાસો—માત્ર શબ્દોથી હુમલો થતો નથી, પણ કોઇ સખસ કાંઇ શબ્દો બોલે તે શબ્દો તેના ચાળા અથવા તઈયારીનો એવો અરથ ઉત્પન્ન કરી શકે કે તેથી તે ચાળા અથવા તઇયારી હુમલો ગણાય.

દ્રષ્ટાંત.

(અ) **અ** મુઠી વાળીને **જ** ની તરફ ધરીને હલાવે, એવા ઈરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી **જ** એમ માનશે કે **અ** મને હમણાં મારશે. તો **અ** એ હુમલો કર્યો એમ સમજવું.

(બ) **અ** એક ભયંકર કુતરાનું મુખબંધન છોડવા માંડે, એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી **જ** માનશે કે **અ** હમણાં તે કુતરા પાસે મને કરડાવશે; તો **અ** એ **જ** ની ઉપર હુમલો કરયો એમ સમજવું.

(ક) **અ** એક લાકડી લેઇને **જ** ને એમ કહે કે "હું તારી વલે કરૂ છું," તો એ ઠેકાણે **અ** એ વાપરેલા શબ્દો કોઇ પણ બાબતમાં હુમલો ગણાય નહી, તથા માત્ર નીચુ વાળીને લાકડી લેવી એ, બીજી કાંઇ બીના શીવાય હુમલો ગણી શકાય એવું હોય, તોપણ તે લાકડી લેવાના ચાળાનો અરથ તે શબ્દોથી સમજાઇને તે હુમલો થઇ શકે.

કલમ ૩૫૨ મી.

૩૫૨. કોઇ સખસે ભારે અથવા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન કરયા છતા, તે સખસની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધબળ વાપરે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. ભારે ક્રોધ ઉત્પન્ન કરચા છતાં કોઇની ઉપર સાપરાધબળ વાપરવાની શી

ખુલાસો—અગર તે ગુન્હો કરવાના બહાનાં દાખલ તે ક્રોધ ગુન્હેગારે માગી આણેલો અથવા બુદ્ધિપુરવક ઉત્પન્ન કરેલો હોય; અથવા—

અગર કાયદા મુજબ, કે સરકારી નોકરીનો અખતીયાર અમલમાં લાવતાં કોઇ સરકારી નોકરે, કરેલી કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થયો હોય, અથવા—

અગર ખાનગી બચાવનો હક કાયદા મુજબ અમલમાં લાવતાં કરેલી કે કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થયો હોય, તો તે ભારે તથા આકસ્માક ક્રોધના સબબથી આ કલમ મુજબ કાંઇ ગુન્હાની શીક્ષા ઓછી થશે નહી.

તે ક્રોધ એવો ભારે તથા આકસ્મીક હતો કે તેથી તે ગુન્હો ઓછો થઇ શકે, એ હકીકતની બાબત છે.

કલમ ૩૫૩ મી.

કોઇ સખસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદાનો અમલ ચલાવતો હોય, તેવામાં, તે સખસની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપ્રાધ બળ વાપરે, અથવા તે સખસને પોતાના સરકારી હોદાનો અમલ ચલાવતો અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બંધ રાખવાના ઇરાદાથી, અથવા તે સખસે પોતાના સરકારી હોદાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઇ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે, જે માણસ તે સખસની ઉપર હુમલા કરે અથવા સાપ્રાધ બળ વાપરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને સાપરાધ બળ વાપરવું.

રખમાજીની અરજીનો બાબતમાં.

નેર્ન સાહેબની રેવન્યુ બુકને ૨૬ મે તથા ૨૭ મે પાને જે નીયમો અથવા સરકારના અમલ કરવાના હુકમો છપાયા છે, તે કાયદા જેટલા બળપત્ર નથી. અને તે નીયમોને અનુસરીને કોઇ સરકારી નોકર કાંઇ કામ કરે તોએ તેનું કૃત્ય બીજી રીતે કાયદા વિરુદ્ધ હોય તો, સરકારી નોકરને દરજે પોતાની ફરજ બજાવવાનું કામ કર્યું, એમ ગણી શકાતું નથી.

રેવન્યુ ખાતાના પટાવાળાને એક જંગલ ખાતાના ઉપરીએ પોતાના કામ વાસ્તે કેટલાંક ગાડા પકડવાનો હુકમ કર્યો હતો, તે સીપાઇએ એવી ફરીયાદ કરી કે, બંધવાનું ગાડું જ્યારે પકડયું, ત્યારે તેણે અટકાયત કરી, અને તેણે હુમલો કર્યો. એ ઉપરથી એક પેહેલા વર્ગના માજીસ્ત્રેટે ઇ. પી. કો. ની ૩૫૩ મી કલમ પ્રમાણે એક સરકારી નોકરને તેની ફરજ બજાવવામાં હરકત તથા હુમલો કર્યો તેનો ગુન્હેગાર ઠરાવી બંધવાને એકવીશ દીવસની સખ્ત કેદની સજા કરી.

કલમ ૩૫૩.

૧

તા૦ ૬—૭—૮૫
ઈ. ૯ મુ. પા. ૫૫૮

વેઠે ગાડાં પકડવાં એ એક જાતનો ગુન્હો છે અને એ ગાડાં પકડતાં જે સરકારી નોકર ઉપર હુમલો થાય તે હુમલો તેના ઉપર સરકારી નોકરી બજાવતાં થાય તો તે સરકારી નોકર ઉપર હુમલો કરયા બરાબર ગણાતું નથી.

ઠરાવ્યું કે, પી. કો. ની ૩૫૩ મી કલમ પ્રમાણે કરેલો ઠરાવ ફેરવી નાખવો જોઇએ. પુરાવા ઉપરથી બંધવો જે ગુન્હાનો ગુન્હેગાર છે, તે ગુન્હો માત્ર પી. કો. ની ૩૫૨ મી કલમ પ્રમાણે સાદા હુમલાનો થાયછે.

સોલાપોરના એક ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટે ગુન્હાનો ઠરાવ કર્યો હતો. તે રદ કરવા સારૂ આ એક રીવ્યુ કરાવવાની અરજી છે.

સોલાપોરના જંગલખાતાના ઉપરીએ રેવન્યુખાતાના એક પટાવાળા મોહીદીનને પોતાને કામમાં લેવા સારૂ પંદર ગાડાં લેવાનો હુકમ કર્યો હતો. અરજદારને એક ગાડું હતું. અને મોહીદીન તે પકડતો હતો. તેમાં તેણે અટકાયત કરી. એ ઉપરથી મોહીદીને સોલા-

પુરના પેહેલા વર્ગના માજીસ્ત્રેટ પાસે ફરીયાદ કરી. અને બંધવા ઉપર એક સરકારી નોકર તરીકે, મોહીદીન પોતાનું કામ કરતો હતો, તેમાં તેને અટકાયત કર્યાનું તોહોમત હી. પી. કો. ની ૩૫૩ મી કલમ માંહેલા ગુન્હાનું રાખી, તેને તે ગુન્હાનો અપરાધી ઠરાવી એક-વીશ દીવસની સખત કેદની સજા કરવામાં આવી.

અરજદારે આ અરજી હાઇકોર્ટને કેશ મંગાવી જોવાનો અધિકાર વાપરવાને માટે કરી છે. અને તે કામ મંગાવી જોતાં સને ૧૮૮૫ ના એપ્રીલની તારીખ ૧૩ મીએ સુનાવણીપર લીધું. સરકાર તરફથી કોઇ હાજર હતું નહીં. અરજદાર તરફથી ધનશ્યામ નિલકંઠ નાથકરણી હાજર છે.

તેણે એવી દલીલ કરી કે, ફરીયાદી મોહીદીન અરજદારનું ગાડું પકડવામાં સરકારી નોકરને દરજે પોતાનું કામ કરતો હોય, એમ ગણી શકાતું નથી. કેમકે ગાડું પકડવાનો હક તેનો હતો નહી. હી. પી. કો. ની ૩૫૩ મી કલમ પ્રમાણે ગુન્હાનો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે. અરજદારની મિલકત પકડાય ત્યારે તે બચાવ કરે, તેથી હુમલો થતો નથી.

જસ્ટીસ નાનાભાઇ હરીદાસનો ઠરાવ.

સદરહુ પટાવાળો આ કામમાં સરકારી નોકરને દરજે પોતાની ફરજ અદા કરતો નહોતો. પણ હી. પી. કો. ની ૩૭૪ મી કલમના ઠરાવ વિરૂદ્ધ કામ કર્યાનું આ અદાલતને લાગે છે. અને તેથી હી. પી. કો. ની ૩૫૩ મી કલમ પ્રમાણે કરેલો ઠરાવ જો નેર્ન સાહેબની રેવન્યુખાતાની બુકને ૨૯ મે તથા ૨૭ મે પાને જે નીયમો જોવામાં આવે છે, તે કાયદા જેટલા બળવત્ર નહોય તો, તથા તે નીયમને અનુસરીને આ કામ કાયદેસર ચલાવવામાં ન આવ્યું હોય તો તે ઠરાવ રદ કરવો જોઇએ. એ નીયમો કયા કાયદાને આધારે બાંધવામાં આવ્યા છે, તે નકી કરવા સારૂ, સરકારી વકીલને નોટીસ આપવી જોઇએ. આ કામનું દફતર તથા ચાલેલું કામ તેને બતાવવું.

એ પ્રમાણે કર્યાબાદ અને સરકારી વકીલને સરકાર તરફથી હાજર થવાની વરધી મળ્યા પછે, સરકારી વકીલ તરીકે, વીશ્વનાથ નારાયણ મંડળીક સને ૧૮૮૫ ના જુલાઇ માસની છઠી તારીખે હાજર થાય.

તેણે એવી દલીલ કરી કે, સદરહુ સીપાઇ પોતાના કામ પ્રસંગે ગાડું પકડતો નહોતો, પણ જંગલખાતાના ઉપરીના હુકમથી પકડતો હતો. નેર્ન સાહેબની રેવન્યુ બુકને ૨૯ મે તથા ૨૭ મે પાને જે નીયમો અથવા અમલ કરવાના હુકમો છાપેલા છે તેની રૂએ ગાડાંઓને આવી રીતે પકડવાં એ ગેરવાજબી નથી. અને તેથી સદરહુ સીપાઇ સરકારી નોકરને દરજે પોતાની ફરજ બજાવતો હતો, તેટલામાં અરજદારે, તેના ઉપર હુમલો કર્યો હતો. જો અમલ કરવાના આ હુકમો કાયદા તુલ્ય ગણાય નહીં, તોપણ હુમલાને માટે કરેલો ઠરાવ કાયમ રહેવો જોઈએ.

જસ્ટીસ નાનાભાઇ હરીદાસનો ઠરાવ.

સરકારી વકીલની વાત સાંભળ્યા પછી અમારો અભીપ્રાય એવો છે કે, નેર્ન સાહેબની રેવન્યું હેંડ બુકને ૨૯ મે તથા ૨૭ મે પાને જે નીયમો અથવા સરકારના અમલ કરવાના નીયમો છપાયા છે, તે કાયદા જેટલા બળવત્ર નથી. માટે જે પટાવાળો તેની જુબાની પ્રમાણે જંગલ ખાતાના ઉપરીના હુકમથી તેના કામ માટે પંદર ગાડાં બેડે પકડવા ગયો હતો. તેણે જ્યારે તોહોમતદારનું ગાડું પકડયું, ત્યારે તે સરકારી નોકરને દરજે પોતાની ફરજ બજાવતો નોહોતો માટે પી.કો.ની ૩૫૩મી કલમ પ્રમાણે કરેલ ઠરાવ અમો રદ કરીએ છીએ.

પુરાવા ઉપરથી બંધવો જે ગુન્હાનો ગુન્હેગાર થાય છે, તે ગુન્હો તેજ કાયદાની ૩૫૨ મી કલમ પ્રમાણે સાદા હુમલાનો છે. ને આવા પ્રસંગમાં જુજ રકમનો દંડ કર્યો હત, તો તે બસ થાત, એમ અમો માનીએ છીએ. પરંતુ બંધવો એક અઠવાડીયાની સજા ભોગવી છુટયો છે, માટે તેની સજાનો બાકીનો ભાગ અમે માફ કરીએ છીએ. પી. કો. ની ૩૫૪ મી કલમ પ્રમાણે જે કામ કરવાની કાયદેસર મનાઈ છે, તે કામ પેહેલા વર્ગના માજીસ્ત્રેટે કાયદેસર માન્યું છે, એ જોઇને અમો અચંબો પામીએ છીએ.

કલમ ૩૫૪ મી.

૩૫૪. કોઈ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી, અથવા પોતે તેમ કરવાથી તેની લાજ જવાનો સંભવ છે એમ જાણ્યા છતાં, જે માણસ તે સ્ત્રીની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઈસ્ત્રીનીલાજલેવાના ઇરાદાથીતેનીઉપરહુમલોઅથવાસાપરાધબળ.

કલમ ૩૫૫ મી.

૩૫૫. કોઈ શખસે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન ન કરયા છતાં, જે શખસને બે આબરૂ કરવાના ઇરાદાથી જે માણસ તે શખસની ઊપર હુમલો કરે, અથવા સાપરાધ બળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ભારેક્રોધન ઉત્પન્નકરયા છતાંકોઇસખસનેબેઆબરૂકરવાનાઈરાદાથી હુમલો અથવા સાપરાધબળ.

કલમ ૩૫૬ મી.

૩૫૬. કોઈ શખસે કાંઇ વસ્તુ પેહેરી હોય અથવા તે લેઇ જતો હોય, તેની ચોરી કરવાની કોશીશ કરવામાં તે શખસની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપ્રાધ બળ વાપરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઇશખસકાંઈવસ્તુલેઇજતોહોયતે વસ્તુનીચોરીકરવાનીકોશીશકરવામાં હુમલો અથવાસાપરાધબળ.

કલમ ૩૫૭ મી.

૩૫૭. કોઇ શખસને ગેરવ્યાજબી કેદ કરવાની કોશિશ કરવામાં જે માણસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઈસખસનેગેરવ્યાજબી કેદ કરવાનીકોશીશમાંહુમલોઅથવા સાપરાધ બળ.

કલમ ૩૫૮ મી.

૩૫૮. કોઇ શખસે ભારે તથા અકસ્મિક ક્રોધ ઉત્પન્ન કરયા પરથી જે માણસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા બસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઇએભારેતથા આકસ્મીક ક્રોધઉત્પન્નકરયાપરથી તેની ઉપરહુમલોકરવોઅથવાસાપરાધબળવાપરવું.

ખુલાસો—૩૫૨ મી કલમ જે ખુલાસો લખેલો છે તે આ છેલી કલમને પણ લાગુ પડે છે.

મનુષ્યહરણ, મનુષ્યયન, ગુલામી તથા વેઠ બાબત.

કલમ ૩૫૯ મી.

૩૫૯. મનુષ્યહરણ બે પ્રકારનું છે, એક બ્રિટિશઈંડિયામાંથી અને મનુષ્યહરણવાલીના હવાલામાંથી.

કલમ ૩૬૦ મી.

બ્રિટિશઈંડિયામાંથી મનુષ્ય હરણ.

૩૬૦. જે માણસ કોઇ શખસની રજામંદી શિવાય અથવા તે સખસની વતી રજામંદી આપવાનો જેનો કાયદા મુજબ અખત્યાર હોય એવા કોઈ શખસની રજામંદી શીવાય, બ્રિટિશઇંડિયાની હદની બાહાર લઇ જાય, તે માણસે બ્રિટિશઈંડિયામાંથી તે શખસનું હરણ કરયું એમ સમજવું.

કલમ ૩૬૧ મી.

ચૌદ વરસથી ઓછી ઉમરના કોઇ છોકરાને, અથવા સોળ વરસથી ઓછી ઉમરની કોઇ છોકરીને, અથવા કોઇ દીવાના સખસને તે બાળક અથવા દીવાના શખસના કાયદેસર વાલીના હુવાલામાંથી, તે વાલીની રજામંદી શીવાય, જે માણસ લઇ જાય અથવા ફોસલાવીને તેડી જાય, તેણે તે બાળક અથવા તે સખસનુ કાયદેસર વાલીના હુવાલામાંથી હરણ કરયું એમ સમજવું.

કાયદેસર વાલીના હવાલામાંથી મનુષ્ય હરણ.

ખુલાસો—આ કલમ મધ્યે કાયદેસર વાલી એ શબ્દો લખ્યા છે તે શબ્દો મધ્યે તે બાળક અથવા તે બીજા સખસને રાખવાનું અથવા તેની સંભાળ કરવાનું કામ કાયદા મુજબ જે શખસનેસોંપ્યું હોય એવા કોઇ પણ સખસનો સમાવેશ થાય છે.

અપવાદઃ—કોઇ શખસ શુદ્ધબુદ્ધિએ એમ માનતો હોય કે લગ્ન સંબંધ વિના ઉત્પન્ન થએલા ફલાણા બચ્ચાનો હું બાપ છું, અથવા શુદ્ધબુદ્ધિએ એમ માનતો હોય કે તે બચ્ચાંને કાયદેસર હુવાલામાં રાખવાનો મારો હક છે, અને તે સખસ અગર કાંઇ અનીતીનાં અથવા કાયદાવિરૂદ્ધ કારણસર એવું કામ ન કરે, તો તેના કામને આ કલમ લાગુ પડતી નથી.

માહારાણી કેસરેહીંદ વી. ઉમસાદ બક્ષ.

दस वरसथी हेठेनी उमरनुं बाळक प्रथम वरसने जोतां कोइ वालीना स्वाधीनपणामां होवानुं समजवुं जोइए. अने जो कोइ माणस योग्य परवानगी मेळव्या वगर तेवा बाळकने लइ जाय तो ते माणस सदरहु कृत्यथी पोता उपर जोखम ओढे छे. ही. पी. को. नी ३६१ मी कलम प्रमाणे कोइ छोकरांने कायदेसर वालीना हवालामांथी लइ जवानुं जे माणस उपर तहोमत आव्युं तो सदरहु बाळकनो कोइ वाली हतो के नहीं तेनी तपास करवानी कसुर थइ छे एवो बचाव तेनाथी आपी शकातो नथी.

કલમ ૩૬૧.
૧
તા. ૧૨-૧૨-૭૮
ઈ. ૩ મુ. પા, ૧૭૮
દસ વરસની હેઠેનું બાળક ભલે પોતાનીખુશીયીઆવે તો પણ તે કોઈ વાલીના હવાલામાં છે એમ સમજવું જોઇએ તે વાલીની યોગ્ય પરવાનગી લીધા વગર એ બચ્ચાનું લઈ જવું એથી આ કલમનો ગુન્હો થાય છે.

અમદાવાદના આસીસ્ટંટ સેસન જડજે બંધવાને કોઇ બાળકનું કાયદેસર વાલીપણામાંથી મનુષ્ય હરણ કરવા વાસ્તે ત્રણ વરસની સખત કેદની સજા કરી હતી. એ સજા સેસન જડજે બાહાલ રાખી હતી. તે સુધારવા સારૂ આ અરજી કરવામાં આવી હતી.

પ્રોસીક્યુસનના પુરાવાથી જણાયું છે કે મજકુર બાળક જે દસ વરસની ઉમરની છોકરી હતી તે પોતાના સાસરાના ઘરમાં વર તથા સાસુ ભેગી રહેતી હતી, અને તેને તેઓએ છાણાં વીણી વેચી લાવવા સારૂ મોકલી હતી. અને જ્યારે તે પાછી ઘેર આવતી હતી ત્યારે બંધવે તેને પોતાના ઘરમાં રોકી રાખી અને બીજે ઠેકાણે જતા રહેવાની ધારણા કરીને ત્યાંથી તેને પોતાની સાથે તે બંધવો તેડી ગયો.

બંધવા તરફથી ગોકલદાસ કાહાનદાસે તકરાર લીધી કે બનેલી હકીકત ઉપરથી મનુષ્ય હરણ થતું નથી. જુઓ રાણી. વિ. ગ્રીન, રાણી વિ. ગુદનેરશીંઘ, તથા રાણી. વિ. મુસમત ઉઝીરણ.

જ્યારે આ બંધવે પેલી છોકરીને ખસેડી ત્યારે તે છોકરી પોતાની રાજી ખુશીથી ભેગી આવી હોય તો પછી તેનો કોઇ વાલી છે કે નહીં, તેની તપાસ કરવાની બંધવાની કાયદેસર ફરજ નથી.

હાઇકોર્ટનો ઠરાવ જસ્ટીસ વેસ્ટ તથા પીનીએ આપ્યો છે.

અદાલતનો એવો અભીપ્રાય છે કે બંધવે જ્યારે પેલી છોકરીને ખસેડી તે ટાણે તે દસ વરસની છોકરીનો કોઇ વાલી છે કે નહીં, તેનો તપાસ કર્યો નહીં. એથી કંઇ બચાવ થતો નથી. કેમકે તપાસ ન કર્યો તેથીજ બંધવે પોતા ઉપર જોખમ લીધેલું છે. અને હવે એ જોખમનાં કાયદેસર પરીણામોમાંથી તે બચી શકતો નથી. આવી કુમળી વયનું બચ્ચું કોઇ વાલીના તાબામાં છે એમ પ્રથમ દરસને માની લેવું જોઇએ. અને તે વાલીની યોગ્ય પરવાનગી મેળવ્યા વગર તે છોડીને ખસેડવા સારૂ કોઇ માણસ મુખતીયાર નથી. આ છોકરી કોઇ વાલીના હવાલામાં હોવીજ જોઇએ એ વાતથી. પી. કો. ની આ કલમ પ્રમાણે જે બનવું જોઇએ તે સઘળું બનેલું છે.

મહારાણી કેસરેહીંદ વિ. પીમાટલ.

કલમ ૩૬૧.

૨

તા. ૯-૭-૮૨
ઈ. ૮ ક. પા. ૯૭૧

કોઈ ધાવણું અનઉરસ બચ્ચું હોય તેનું ખરેખર સ્વભાવીક વાલીપણું તેની માના હાથમાં છે અને એ વાલીપણાનો હક સદરહુ મા પોતાતરફથી બીજાને સોંપી શકે છે.

कोइ अनौरस बचुं ज्यारे धावणुं होय, त्यारे तेनुं खरेखरुं अने स्वाभावीक वालीपणुं तेनी माना हाथमां छे. वळी ज्यारे आवी मा पोताना अंतकाळने वखते सदरहु छोकराने संभाळवानुं काम हरकोइ सक्षने सोंपती जाय, अने ए सक्ष ते सोंपणी कबुल राखीने ते छोकरानुं भरण पोशण करे तो ही. पी. को. नी ३६१ मी कलमना अर्थ प्रमाणे सदरहु बाळकनो हवालो तथा तेनी संभाळ एवा सक्षने सोंपाएली छे एम समजवुं.

"कायदेसर वाली" ए शब्दनो खुलासो ३६१ मी कलममां आपेलो छे. तेथी ते कलम करवानी एवी धारणा राखी छे के ज्यारे मनुष्य नयनना काममां बाळकनुं जे सक्षना हवालामांथी मनुष्य नयन करवामां आव्युं होय, ते सक्ष सदरहु बाळकनो वाली हतो एम जे प्रोसीक्युशन वाळाने चस्त रीते साबीत करवानी मुस्केली पडे ते पछी ओछी मुश्केली पडे अथवा बीलकुल मुश्केली न पडे.

કોઈ એક ધ્રુવા નામની છોકરી જારકરમ કરાવવા સારૂ પસાર કરાય એટલા સારૂ તેણીનું હરણ કર્યા વાસ્તે આ કામના બંધવા ઉપર પી. કો. ની ૩૬૬ મી કલમના ગુન્હાનું તહોમત રાખી તેનો ઇનસાફ થયો હતો અને એ ઇનસાફમાં તે ગુન્હેગાર માલુમ પડયો હતો.

સેસન કોર્ટમાં જે કામ ચાલેલું છે તેમાં આપેલા પુરાવા ઉપરથી જણાયું છે કે ઈવા-ફ્લોરી કોઇ એક મડમ ફ્લોરીની અનૌરસ છોકરી હતી. તે છોકરીને તેની માએ મરતી વખત મડમ લોરેંસેનને સોંપી હતી. જે વેળા એ છોકરીની ઉમર લગભગ ત્રણ વરસની હતી. અને જ્યારથી તે આ ગુન્હો બન્યો કહેવામાં આવે છે ત્યાં સુધી ઇવાફ્લોરી મડમ લોરેંસનના ઘરમાં તેણીની સંભાળ તથા આશરા તળે રહેતી હતી.

આ ગુન્હો બન્યો ત્યારે ઇવાફ્લોરી ૧૬ વરસથી ઓછી ઉમરની હતી. અને ઈં. પી. કો. ની ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે તેના તરફથી ફરીયાદ કરવામાં હું તે છોકરીની કાયદેસર વાલી છું એમ મડમ લોરેંસને પોતાનો દાવો કર્યો.

ઈનસાફમાં બંધવાને ગુન્હેગાર ઠરાવી ત્રણ વરસની સખત કેદની સજા કરવામાં આવી. પરંતુ તેના વકીલની અરજી ઉપરથી વિદ્વાન જસ્ટીસ કનીંગહામે જેની પાસે આ મુકરદમો ચાલ્યો હતો તેણે એક એવો સવાલ રાખી મુક્યો કે પી. કો. ની ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે મડમ લોરેંસન સદરહુ છોકરીની "કાયદેસર વાલી" કહેવાય કે નહીં.

એ પ્રમાણે રાખી મુકેલો સવાલ આ અદાલત પાસે આવતાં બંધવા તરફથી બાબુરાએ એવો વાંધો લીધો કે ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે મડમ લોરેંસન ઇવાફ્લોરીની કાયદેસર વાલી નથી. એટલુંજ નહિ પણ અનૌરસ છોકરાંના માબાપને પણ વાલીપણાનો કાયદેસર હક મળતો નથી. વળી મડમ ફ્લોરી પોતેજ આ છોકરીની વાલી નહોતી, તેથી વાલીપણું ચલાવવાનો અખત્યાર મડમ લારેંસનને સોંપી દેવાને તેણીને હક નોહોતો. વિલાયતના કાયદા મુજબ સાત વર્ષની ઉપરની ઉમરનું છોકરૂં ગમે તેને વાલી કરી શકે છે. મા બાપના હકોનું સંરક્ષણ કરવા સારૂ ૩૬૧ મી કલમ ઘડવામાં આવી છે. અને આ છોકરી અનૌરસ હોવાથી કાયદાની માન્યતા પ્રમાણે તે કોઇની છોકરી નોહોતી.

હાઈકોર્ટ તરફથી ચીફ જસ્ટીસ ગાર્થ તથા જસ્ટીસ કનીગહેંામ અને જસ્ટીસ માકલીને જે ઠરાવ કર્યો છે તે નીચે પ્રમાણે છે.

ચીફ જસ્ટીસ ગાર્થનો ઠરાવ.

એક ઈવાફ્લોરી નામની બાળક છોકરી જારકર્મ કરાવવા સારૂ ફસાય, એટલા સારૂ તેનું અપહરણ કરવા વાસ્તે બંધવા ઉપર પી. કો. ની ૩૬૬ મી કલમના ગુન્હાનું તોહોમત રાખી તેનો ગયા માર્ચ માસની ૩૦ મી તારીખે ઇનસાફ થઈ તેને તે ગુન્હાનો અપરાધી ઠરાવ્યો હતો.

ઈવાફ્લોરી એક મડમ ફ્લોરીની અનૌરસ દીકરી હતી. એ મડમ ઘણું થયાં ગુજરી ગઈ છે. અને જ્યારે આ ગુન્હો બન્યો ત્યારે તે છોકરી એક મડમ લોરેસનના ઘરમાં તેના હવાલામાં તથા સંભાળ તળે રહેતી હતી. હવે એ મડમ લોરેંસન પી. કો. ની ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે સદરહુ છોકરીની હું કાયદેસર વાલી છું એવો દાવો કરે છે. જ્યારે આ ગુન્હો બન્યો ત્યારે ઇવાફ્લોરીની ઉમર ૧૬ વરસથી ઓછી હતી. અને મડમ લોરેંસનના કાયદેસર વાલીપણાના હક વીશે વિચાર કરવાનો છે. તે હકનો આધાર એવો છે કે જ્યારે મડમ ફ્લોરી ગુજરી ત્યારે તે છોકરીને તથા એક બીજા બાળકને મડમ લોરેંસનને સોં-

પતી ગઈ હતી. આ વાત આસરે ૧૨ વરસ ઉપર બની હતી. મડમ લોરેસને એ હવાલો કબુલ રાખ્યો હતો અને ત્યારથી તે છોકરી તેણીના હવાલામાં હતી. અને તેણીના ખર્ચે તેનું ભરણ પોશણ થતું હતું.

કામ ચાલતી વખતે બંધવાના વકીલે એક એવી તકરાર ઉઠાવી કે જે ગુન્હો કરવામાં આવ્યાનું કહેવામાં આવે છે તે ગુન્હો બન્યો ત્યારે પી.કો.ની ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે મડમ લોરેસન ઇવાફ્લોરીની કાયદેસર વાલી નોહોતી. જે જડજે આ કામનો ઇનસાફ કર્યો હતો તેણે એ તકરાર રાખી મુકીને બંધવાને અપરાધી ઠરાવ્યોછે. અને ૩૬૬મી કલમ પ્રમાણે તેને સજા કરી છે. હવે આ કોર્ટને એટલુંજ નકી કરવાનું રહે છે કે, ગુન્હાનો ઠરાવ કાયમ રાખી શકાય છે કે નહીં. બંધવા તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે મડમ લોરેસન ઈવાફ્લોરીની કાયદેસર વાલી નથી. વળી મડમ ફ્લોરી પણ મરવા ટાણે તે છોકરીની કાયદેસર વાલી ન હોવાથી મડમ લોરેંસન અથવા બીજા કોઇને તેણીની કાયદેસર વાલી બનાવવાને તેનો અધીકાર નોહોતો તે ઉપરાંત ૩૬૧ મી કલમ રચવાનો હેતુ બાળક છોકરાંઓના હકો કરતાં તેમના વાલીઓના હકોનું સંરક્ષણ કરવાનો છે. અને તેથી જ્યાં સુધી જે વાલીપણાનો દાવો રાખતો હોય તે દાવો કાયદાથી મંજુર ન રહે ત્યાં સુધી તે મડમ ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે વાલી થઇ શકતી નથી.

પીનલકોડની આ કલમ તથા તેના જેવી બીજી કલમો છે, તેની રૂએ માબાપો તથા વાલીઓના હકનું સંરક્ષણ કરવાની મતલબ છે, તેટલીજ મતલબ નાજુક વયના છોકરાઓ અનીતીનાં કામો વાસ્તે ન ફોસલાઇ જવા પામે, તેટલા સારૂ તે છોકરાઓનું સંરક્ષણ છે. એમ અમે માંનીએ છીએ. વળી અમે એમ પણ ધારીએ છીએ કે ૩૬૨ મી કલમ નીચે "કાયદેસર વાલી"નો જે થોડો ઘણો મોકળો મને ખુલાસો કર્યો છે, તેમાં એવી ધારણા રાખી છે કે જ્યારે મનુષ્ય નયનના કામમાં કોઇ બાળકનું જે સખસના હવાલામાંથી નયન થયું હોય, તે સક્ષ સદરહુ બાળકનો વાલી હતો એમ જે પ્રોસીક્યુશનવાળાને ચુસ્ત રીતે સાબીત કરવાની મુસ્કેલી તે પછી ઓછી પડે અથવા બીલકુલ ન પડે, કોઇ અનૌરસ બાળક જ્યારે ધાવણું હોય ત્યારે તેનું ખરેખરૂં તથા સ્વાભાવીક વાલીપણું તેની માના હાથમાં છે. એ વીશે અમોને ઘડીભર પણ સ્લેશ પેદા થતો નથી, અને જો એવી અવસ્થામાં કોઇ મા જેવું આ કામમાં બન્યું છે તેવી રીતે, પોતાના નીમક હલાલ દોસ્તને પોતાનું બાળક સોંપી દઇને મરી જાય અને પછી તે દોસ્ત આપેલો હવાલો કબુલ કરી સદરહુ બચાંને પોતાના ઘરમાં રાખીને પોતાને ખરચે ઉછેરે તો, પી. કો. ની ૩૬૧ મી કલમના ખુલાસા પ્રમાણે સદરહુ બાળકનો હવાલો તથા સંભાળ તે સક્ષને કાયદેસર સ્વાધીન થયોછે, એમ અમે સાફ રીતે માનીએ છીએ.

જેવી રીતે ચાલતા કામમાં ઇવાફ્લોરીનો દાખલો બન્યોછે, તેવી રીતે અનૌરસ માબાપ વગરનાં છોકરાંઓને કાયદાનો આશ્રો લેવાની ઘણીજ જરૂર છે એમ વખ્તો વખ્ત બનેછે. અને મેડમ લોરેસનના દરજાના માણસો ખુલાસાના અર્થ પ્રમાણે કાયદેસર વાલી ન ગણાય તો પછી જે કામોમાં કાયદાને વચમાં આવવાની ખાસ રીતે જરૂર છે, તેમાં તે સાવ વ્યવહારી રીતે નિરૂપયોગી થાય છે.

રાણી વી. ઉમશાંદ બક્ષ.

દશ वर्षनी अंदरनुं बचुं कोइ वालीना हवालामां होवानुं मानी लेवुं जोइए. अने जे सक्ष योग्य परवानगी मेळव्या शिवाय, ए बचांने खसेडे तो पोता उपर जोखम ओढे छे. पीनलकोडनी ३६१ मी कलम प्रमाणे मनुष्य हरणना तहोमतमां सदरहु बचाना वालीना होवा न होवानो तपास करवामां नथी आव्यो.. ए वातथी बंधवानो कोइ रीतनो बचाव थइ शकतो नथी.

કલમ ૩૬૧.

૩
તા૦ ૧૨-૧૨-૭૮
ઈ. ૩ મુ. પા. ૧૭૮

દશ વરસની અંદરનું બચું કોઇ વાલીના હવાલામાં છે એમ માની લેવું જોઈએ-

કાયદેસર વાલીપણામાં એક સગીર ઉમરનું બાળક હતું તેનું હરણ કર્યાના ગુન્હાનો ઠરાવ કરી બંધવાને ત્રણ વર્ષની સખત કેદની સજા એક આસીસ્ટંટ સેસન જડજે કરી હતી. અને એ ઠરાવ સેસન જડજે બહાલ રાખતાં તે તપાસવાની આ અરજી કરવામાં આવી છે.

પ્રોસીક્યુશનના પુરાવાથી જણાયું છે કે, તે બાળક એક દસ વરસની ઉમરની છોકરી હતી. અને તે પોતાના ધણી અને સાસુ ભેગી રહેતી હતી. તેને એકઠાં કરેલાં છાણાં વેચવા મોકલી હતી. અને તે છાણાં વેચીને પાછી ઘેર આવતી હતી એટલામાં બંધવાએ પોતાને ઘેર રોકી રાખી. અને તેની સાથે બીજે ઠેકાણે જવાના ઇરાદાથી બંધવો તેને લેઇને નાશી ગયો.

બંધવા તરફથી પીરોજશાહ તથા ગોકળદાસ વકીલો હતા.

તેઓએ એવી દલીલ કરી કે, ઉપરની હકીકતથી મનુષ્યહરણ થતું નથી. અને પોતાના આધારમાં તેઓએ કેટલાક ફેંસલાઓ બતાવ્યા છે, બંધવે જ્યારે એ છોકરીને ખસેડી, અને તે છોકરીએ પોતાની મેળે તેની સાથે જવાનું કબુલ કર્યું, ત્યારે તેનું કોઇ વાલી છે કે નહીં, એવી તપાસ કરવાની બંધવાની કાયદેસર ફરજ નથી.

કોર્ટનો ઠરાવ.

બંધવે જ્યારે દશ વર્ષના બચાંને કાયદેસર વાલીના હવાલામાંથી ખસેડયું ત્યારે, તેનું કોઇ વાલી છે કે નહીં, તે બાબત સદરહુ બાળકને ખસેડવા ટાણે તપાસ નથી થયો, એથી બંધવાનો બચાવ થતો નથી, એમ આ કોર્ટ માને છે. કેમકે તપાસ કરવાથી બંધવો પોતા ઉપર જોખમ ઓઢે છે. અને તેના કાયદેસર પરીણામોમાંથી બચી શકતો નથી. હમેશાં જાણવું જોઇએ કે, આવી કીશોર વયનું બચું વાલીપણાના તાબામાં છે. અને યોગ્ય રીતે પરવાનગી મેળવ્યા શીવાય, કોઈને તે બચું લઇ જવાની છુટ નથી. તે બચું વાલીના હવાલામાં હતું, એથી કાયદાની આ કલમમાં જે વાતો જોઇએ, તે પુરી પડી રહે છે, માટે અરજી નામંજુર કરવામાં આવે છે.

કલમ ૩૬૨ મી

૩૬૨. કોઇ શખસને કોઇ જગેથી જવાને જે માણસ બળથી જ મનુષ્યનયન
રૂર પાડે, અથવા કાંઇ ફરેબી ઇલાજોથી લલચાવે તે માણસને તે સખસનું નયન કરવું
એમ સમજવું.

કલમ ૩૬૩ મી.

મનુષ્ય હર ણની શિક્ષા.

જે માણસ બ્રિટિશ ઇંડિયામાંથી, અથવા કાયદેસર વાલીના હવાલામાંથી, કોઇ સખસનું હરણ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણી વિ. શમીયા કુંદન.

કલમ ૩૬૩.
૧
તા. ૫-૧૨-૭૬
ઈ. ૧ મ. પા. ૧૭૩

કાયદેસર વાલીના હવાલામાંથી લેવાનું કામ જ્યાંસુધી જારી હોય છે, ત્યાં સુધી મનુષ્ય હરણના ગુન્હાની મદદગારી થઈ શકે છે.

एक सगीर उमरना बच्चानुं मनुष्य हरण करवाना गुन्हामां मददगारी कर्या माटे बंधवाने माजीस्त्रेटे गुन्हेगार ठराव्यो हतो. बंधवो जाणतो हतो के, ए सगीर पोताना मावापनी संमती लीधा वगर, तथा एक कुमारेण नामना सक्षनी उशकेरणीथी घर छोडेलुं हतुं. शीलोनमां कान्डी शेहेरमां लइ जवानुं माथे लीधुं अने रस्तामां ते पकडाइ गयो. सेसन जडजे नीचली कोर्टनो ठराव रद कर्यो. ते एवा कारणथी के, कुमारेण अने तहोमतवाळा वचे मनुष्य हरणनो गुन्हो संपुर्ण थवा पेहेलां कांइ मसलत थइ नहोती. हाइकोर्टे ठराव्युं के, कायदेसर वालीना हवालामांथी लेवानुं काम ज्यां सुधी जारी छे. त्यां सुधी मनुष्य हरणना गुन्हानी मददगारी थइ शके छे अने तेथी आ काममां पीनलकोडनी ३६३ मी अने १०९ मी कलम प्रमाणे शीक्षा थइ शके छे.

સાલમના સેસન જડજની પાસેનું અપીલ કેશ નંબર ૧૪ નું કામ વાંચી જોતાં હાઇકોરટે નીચે પ્રમાણે ઠરાવ કરેલો છે.

કોઇના તરફથી કોઇ વકીલ હાજર ન હતા.

ઠરાવ.

આ કેશમાં ડેપ્યુટી માજીસ્ત્રેટે તોહોમતદાર ઉપર ૧૧ અથવા બાર વર્ષના છોકરાનું તેના કાયદેસર વાલીના હવાલામાંથી હરણ કર્યાની મદદગારીનું તોહોમત સાબીત માની તોહોમતવાળાને હિંદુસ્તાનના પીનલકોડની ૩૬૩ મી અને ૧૦૯ મી કલમ પ્રમાણે ૯ માસ સખ્ત કેદની સજા કરી હતી.

ખરેખરૂં મનુષ્ય હરણ તોહોમતવાળાના બનેવી એક કુમારેણ નામના સક્ષે કર્યાનું કહેવામાં આવેલું છે. એ છોકરે કુમારેણની ઉશકેરણી ઉપરથી અને તેના માબાપની સંમતી વગર ઘર છોડયાનું તોહોમતવાળો જાણતો હતો. તે અને જાણ્યા છતાં લંકામાં કેનડી શેરમાં તે છોકરાને તથા એક બીજા છોકરાને, લઈ જવાનું માથે લીધું. અને ત્રીચીનાપોલી જ્યારે પહોંચ્યો ત્યારે તેને પકડવામાં આવ્યો. અપીલમાં સેસન જડજે મનુષ્ય હરણના ગુન્હાની મદદગારીનું તોહોમત ફેરવી નાંખ્યું. તે એવા કારણથી કે, મનુષ્ય હરણનો ગુન્હો

પુરો થયો, તેની પહેલાં એ કુમારેણ તથા તોહોમતવાળા વચે પરીણામ થયું નોહોતું.

હાઇકોર્ટનો એવો અભીપ્રાય છે કે, જ્યાં સુધી કાયદેસર વાલીના કબજામાંથી સગીરને લઈ લેવાની કૃતી બંધ પડી નથી ત્યાં સુધી મનુષ્ય હરણના ગુન્હાની મદદગારી થઇ શકેછે.

તોપણ પુરાવા ઉપરથી જણાય છે કે, જે મનુષ્ય હરણની તજવીજ થઈ છે એ મનુષ્ય હરણ બ્રીટીશ ઇંડીયામાંથી મનુષ્ય હરણ કર્યાની જાતનું છે. પણ એવું મનુષ્ય હરણ કરવાની કોશીશમાં કેદી ફાવ્યો નહીં. તેથી ૩૬૩ મી તથા ૧૧૬ મી કલમ (૧૦૯ નહીં) પ્રમાણે શીક્ષા થઇ શકે, એવો ગુન્હો કર્યાનો ઠરાવ કરવો જોઇએ.

સેસન જડજે જે તોહોમતનો ઠરાવ ફેરવી નાખ્યો છે તે ઠરાવ રદ કરીએ છીએ. અને તહોમતવાળા સમીયાકુંદન ઉપર પીનલકોડની ૩૬૩ મી તથા ૧૧૬ મી કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે, એવો ગુન્હો સાબીત માનીએ છીએ, તેથી તેને ૭ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરીએ છીએ.

કેસરેહીંદ વિ. પ્રાણકૃષ્ણ શર્મા.

કલમ ૩૬૩.

૨

તા. ૨૦-૬-૮૨
ઈ. ૮ ક. પા. ૯૬૯

બાપને પડતો મુકીને અનઉરસ બચાંના હવાલાનો હક માનો થઈ શકતો નથી. વાલી તરીકે બાપનો હક છે અને તે વાલીની મરજીને અનુસરીને નાના બચાંને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવું જોઈએ.

बापने पडतो मुकीने औरस बचांना हवालानो हक मानो थइ शकतो नथी. सामान्य रीते मानो हवालो ए बापनो हवालो छे. अने वाली तरीके बापना हवालानो हक छे, तेने अनुसरीने पोताना बच्चांने माए एक ठेकाणेथी बीजे ठेकाणे लइ जवा जोइए. परंतु ज्यांहां कोइ हिंदु स्त्री पोतानी बाळक छोकरीने लइने धणीने घेरथी चाली जाय, अने तेज दहाडे अ ने घेर जइने ते छोकरीने अ ना भाइ साथे ते छोकरीना बापनी संमती वगर परणावी दे तो अ ए मनुष्यहरणना गुन्हामां मदद करनार, तरीके पी. को. नी १०९-३६३ मी कलम अनुसार कायदेसर अपराधी ठरी शके छे.

અરજદાર તરફથી બાબુ દુરગા મોહનદાસ.
સરકાર તરફથી કીલ્બી સાહેબ.

મનુષ્ય હરણના ગુન્હાની મદદગારી વાસ્તે પીનલકોડની ૩૬૩-૧૦૯ મી કલમ પ્રમાણે આ કામમાં ગુન્હાનો ઠરાવ કર્યો છે. અપીલમાં બે સવાલો ચરચવામાં આવ્યા હતા. પેહેલો સવાલ એ હતો કે, મુળ સ્વતંત્ર ગુન્હો થયો છે કે નહીં? જો મુળ સ્વતંત્ર ગુન્હો થયો હતતો મદદગારીનો પુરાવો પુષ્કળ છે, એમ કહીને બીજા સવાલનો નીકાલ અમે કરીએ છીએ. ખરેખરો સવાલ મનુષ્ય હરણ વીશેનો છે. જે વાત સાબીત થઇ છે તે નીચે પ્રમાણેછે.

ઉમા ચરણ પાઠકની સ્ત્રી પરમેશ્વરી પોતાના ધણીને ઘેરથી રાત્રે ગઇ અને પોતાની સાથે એક ૭ સાત વરસની ઉમરની છોકરી, અને તેથી નાનો એક છોકરો લેતી ગઇ. અને કૂળીયામાં બંધવો અને તેનો નાનો ભાઈ ગુરૂદાસ રહેતા હતા. તે શરમાં તેનો મીત્રાઈ ભાઇ રહેતો હતો તેને ઘેર ગઈ, એજ રાત્રે પરમેશ્વરીએ, ગુરૂદાસને પોતાની છોકરી પરણાવી દીધી. બંધવા અને પરમેશ્વરી વચ્ચે, આગળથી ગોઠવણ થઇ હતી, તે ગોઠવણ પ્ર-

માણે તે સ્ત્રીએ, પોતાની દીકરી સાથે રાખીને પોતાના ધણીનું ઘર છોડયું. અને તે છોકરીને ગુરૂદાસ સાથે, પરણાવી દીધી. અને એ લગ્ન છોકરીના બાપની સંમતી કે, જાણ્યા વગરનું થયું હતું. એમ સાબીત થયું છે કે પરમેશ્વરી ઉપર તેનો ધણી થોડો ઘણો જોર જુલમ કરતો હતો. પણ નીચલી કોરટે જોયું નથી. એમ અમારા ધારવા પ્રમાણે ખરી રીતે તે જોવાઇ શકાય એવું નથી કે, તે પોતાના ધણીનું ગેરવાજબી રીતે, છોડીને ચાલી જાય, એવા પ્રકારનો જોર જુલમ તેના ઉપર થયો હતો. અને કદી એ વાત સાબીત થઈ હત, તોપણ અમે ધારીએ છીએ કે તેથી આ કામમાં તહોમતને કાંઇ અસર પહોંચત નહીં.

હિંદુ ધર્મ શાસ્ત્ર પ્રમાણે પોતાના છોકરાનો બાપ વાલી છે. અને સામાન્ય રીતે પોતાના હવાલામાં રાખવાનો તેને હક છે. એ બાબતનો કાંઈ સવાલજ નથી. પણ એમ કહેવામાં આવ્યું છે કે, બહુજ નાનાં છોકરાંની બાબતમાં જેટલો બાપને હવાલાનો હક છે, તેટલોજ માને હક છે, અને વખતે એથી પણ વધુ છે, એટલા માટે મા છોકરાને લઇ જાય, એ પીનલકોડની ૩૬૧ મી કલમના માયના પ્રમાણે કાયદેસર વાલીના હવાલામાંથી લઇ ગયા જેવું નથી. અને આના આધારમાં પંડીત ગરૂદાસ બાનરજીએ લગ્ન અને સ્ત્રી ધનના કાયદાનું પુસ્તક લખ્યું છે. તેને ૧૭૨ મે પાને વાક્ય છે, તે ટાંકવામાં આવ્યું છે. પણ બાપને પડતો મુકીને ઔરસ છોકરાના હવાલાનો હક માને હોયછે, એવા સિદ્ધાંત વાસ્તે કાંઈ આધાર શોધી કાઢવાને અમે અશક્ય છૈએ. અને આવી બાબતના હિંદુ ધર્મ શાસ્ત્રના નીયમો ચાલે છે, તેનાથી એવો મત વિરૂદ્ધ લાગે છે.

અલબતે સામાન્ય પ્રસંગે માનો હવાલો એ બાપનો હવાલો છે. અને મા એક ઠેકાણેથી બીજે ઠેકાણે છોકરાને લેઇ જાય તો, વાલી તરીકે બાપનો હક છે. તે હકને અનુસરીને લઇ જવાં જોઇએ. પણ તેની પાસેથી ઝોંટીને લઇ જવાં જોઇએ નહીં. પરંતુ આ મુકરદમો ઘણોજ વિચીત્ર છે. છોકરીના બાપની સંમતી વગર ખાસ પરણાવી દેવાના કામ વાસ્તે, બાપના ઘરમાંથી માલ લઇ ગઇ છે, અને તેના ઉપર એ બાપનું વાલીપણું તથા તેનો હવાલો છે, તે હમેશને માટે ખેંચી લીધાં છે. અમે માનીએ છીએ કે આથી કરી કાયદેસર વાલીના હવાલામાંથી લીધા બરોબર થાય છે. માટે ગુન્હાનો ઠરાવ સાચો છે.

માહારાણી કેસરેહીંદ વિ. ગીરધારીલાલ.

ही. पी. को. नी २१८ तथा ४६९ मी कलमो प्रमाणे एक तीजोरीना एकांऊन्टन्टने, नीचेने प्रसंगे अपराधी ठराव्यो हतो. एक पांचसो रुपैआनी रकम जे तीजोरीमां पडी हती, अने जे रकम दीवानी अदालत मारफत एक चोकस सक्षने आगवानी हती, ते रकम खोटी चीठीओ (चेक) नी सहायताथी उपाडी लइने बीजा सक्षोने आपी दीधी हती. ए ९०० रुपैआनो उपाड़ कर्या पछी तथा उपाड कर्यानी वात पाधरी थइ ते पेहेलां, जेने ए रकम खरेखरी आपवानी हती, तेना तरफथी तेना प्रतीनीधीए, पैसा मेळववानी अरजी करी. त्यारबाद बंधवे

કલમ ૩૬૩.
૩
તા० ૨૪-૮-૮૬
ઈ. ૮ અ. પા. ૬૫૩

કોઈ દસ્તાવેજમાં ફેરફાર કરવાનો હેતુ દગલબાજીકીવા બદધાનતવાળો ન હોય તો પછી સદરહુ દસ્તાવેજમાં ફેરફાર કરવાથી ખોટો લેખ થતો નથી.

बे वखत एवा रीपोर्ट कर्या के, ते तकरारी ५०० रुपैआ मेहेसुल खातानी डीपोझटिमां जेने आपवाना हता तेना हजु जमे पडेला छे. अने दीवानी कोर्ट तरफ मोकली देवाना छे. आ रीपोर्टोमांथी पेहेला रीपोर्ट नीचे तीजोरी ओफीसरे एवो शेरो कर्यो के, ते रकम दीवानी कोर्टने आपवानी होय, तेने आपी देवी. अने ते प्रमाणे मोकली देवा सारु एक कारकुने चीठी (चेक) तैयार करी अने तेनो असल मुसद्दो उपर लखाइ गया प्रमाणे ५०० रुपैआनी रकमनो हतो. ए चीठीमां तीजोरी ओफीसरनी सही थोडोक वखत थइ नहोती, ते दरमीयानमां ते चीठीमां बंधवे एवी रीतनो फेरफार कर्यो के, पछी ते चीठी उपरनी ५०० रकमना संबंधनी नहीं रहेतां जे बीजी ५०० रुपैआनी रकम पछवाडथी अनामत राखवामां आवी हती. अने जे बीजाज सक्षनी जमे करी हती, ते रकमनी साथे नीसबत राखनारी थइ. आखरे बीजा सक्षने आपवाना ५०० रुपैआ दीवानी अदालतमां अपाइ गया. अने केम जाणे प्रथमना रुपैआ ५०० जे प्रथमना सक्षना प्रतीनीधीने आपवाना हता, तेने आपवा सारु मोकल्या होय. आ प्रमाणे बंधवे करतां तेने ही. पी. को. नी ४६५ मी कलमना गुन्हानो अपराधी ठराव्यो हतो. अने तेणे बे रीपोर्टो कर्या हता. तेना संबंधमां तेने २१८ मी कलमना गुन्हानो अपराधी ठराव्यो हतो.

४६५ मी कमलना गुन्हाना संबंधमां हाइकोर्टे ठराव्युं के, बंधवानो तुरतनो तथा वधारे संभवता वाळो इरादो शुं हतो, ए ध्यानमां लेवानो नथी. अने प्रथम कहेलो इरादो ध्यानमां लेतां अलबते बीजा पांचसो रुपैआवाळाने नुकशान थात, तोपण तेने ते रुपैयानी रकम आपवानुं लंबावीने तेने गेरकायदेसर हानी करवानो नहोतो. परंतु प्रथमना जे ५०० रुपैआ दगलबाजीथी उपाडी लीधा हता; ते वात ढांकवानी हती, अने आवे प्रसंगे ही. पी. को. नी २४ मी तथा २५ मीं कलमोमां "बददानतथी" अथवा "दगलबाजीथी" ए शब्दोनी जे व्याख्या आपी छे ते व्याख्याओ प्रमाणे तेणे कर्यानुं कहेवाइ शकातुं नथी. माटे ४६५ मी कलमनो गुन्हो साबीत न थतां तेनो ठराव रद करवो जोइए.

वळी ठराव्युं के, खोटा रीपोर्टो करवानो बंधवानो इरादो, आगलुं कावतरुं उघाडुं न थइ जाय, तेनी आगळथी पाळ बांधवानो, तथा का-

यदेसर सजामांथी पोताने बची जवानो, अथवा जेणे खरेखरुं कावतरुं कर्युं हतुं, तेने बचावी लेवानो हतो. अने ए रीपोर्टो खोटा करवा छे. ते जाण्या छतां जे रीते खोटा रीपोर्टो कर्या, तेने साटे तेने २१८ मी कलमना गुन्हानो अपराधी ठराव्यो छे, ते बरोबर थयुं छे.

અપીલેંન્ટને પીનલકોડની ૪૬૫ મી કલમના એક ગુન્હા માટે તથા ૨૧૮ મી કલમના બેવડા ગુન્હા માટે અલીગઢના સેસન જડજે સને ૧૮૮૬ના મેની ૧૦ મી તારીખે અપરાધી ઠરાવ્યો હતો. તેના ઉપર આ અપીલ કરેલી છે.

ઈટા જીલ્લાની કલેકટરની ઓફીસમાં ત્રેજરી એકાંઉંટંટ તરીકે અપીલેન્ટ ગીરધારીલાલને સને ૧૮૮૨ ના અગષ્ટ માસમાં નોકર રાખ્યો હતો, ૧૮૮૨ ના અગષ્ટની ૧૯ મી તારીખે એક ૫૦૦ રૂપૈઆની રકમ એક શીવારામને હુકમનામા પેટે દેવાની હતી. અને તે રકમ બલવંતસીંઘ નામના સક્ષે તીજોરીમાં ભરી હતી. અને ભરનારનું નામ પહોંચ્યાની તારીખ શામાટે ભરી, એ સઘળી હકીકત ઇટાની તીજોરીના રેવન્યુ ડિપોઝીટ રજીષ્ટરમાં ૨૧૪ મે નંબરે રીતસર લખવામાં આવી હતી. આ નાણાની રકમ જે શીવારામને આપવાની હતી તે તેને આપવાને બદલે ૪૯/૧૬૬૭ ૭૦/૩૩૨ અને ૪૮/૧૬૫૦ ના નંબરની બનાવટી ચીઠીઓથી ઉપાડીને બીજા સક્ષોને આપી દેવામાં આવી હતી. આ ઉપાડની રકમો વીશેની હકીકત ઉપર કહેવાઇ ગયેલા ડીપોઝીટ રજીષ્ટરમાં જમણીકોરને પાને રીતસર નોંધી લેવામાં આવી હતી. જે વખતે પેલી બનાવટી ચીઠીઓથી પૈસા ઉપાડીને આપવામાં આવ્યા હતા, તેજ વખતે ઉપાડની વિગત દાખલ કર્યાનું જણાય છે. પેલી ઓગણપચાસ નંબરવાળી ચીઠી ૧૮૮૪ ના જુલાઇ માસની ૩ જી તારીખની હતી. ૭૦ મા નંબરની ચીઠીમાં ૧૮૮૪ ના સપ્ટેંબરની ૮ મી તારીખ હતી. અડતાલીસમા નંબરવાળી ચીઠીમાં ૧૮૮૫ ના જાનેવારીની ૩૦ મી તારીખ હતી. આ પ્રમાણે સને ૧૮૮૫ ના જાનેવારીની ૩૦ મી તારીખે ૫૦૦ રૂપૈઆનું ૨૧૪ મા નંબરવાળું આખું ભરણું જે શીવારામને દેવાનું હતું, તે શીવારામ અથવા તેના પ્રતીનીધીને દેવાને બદલે બીજા સક્ષોને દઇ દેવામાં આવ્યું હતું.

સને ૧૮૮૫ ના એપ્રીલની ૨૦ મી તારીખે ૫૦૦ રૂપૈયાની બીજી રકમનું ભરણું તીજોરીમાં કર્યું હતું, અને તેજ તારીખના રેવન્યુ ડીપોઝીટ રજીષ્ટરમાં રીતસર દાખલ કર્યું હતું. એ રકમ મુસામત ચુની વિ. મકબુલ આલમના મુકરદમામાં ૫૦૦ રૂપૈયાનું જે હુકમનામું કર્યું હતું, તે હુકમનામાની હતી. અને તે મહમદ ઇલતફાત હુસેને ભરી હતી.

દરમીયાનમાં ૧૮૮૪ ના જુનની ૩૦ મી તારીખે શીવારામે અરજી કરી કે, માહારા પૈસાના સંબંધમાં મને ખબર દેવી પડે તો તે ખબર ઇટાના મુનસફને તથા મેણપુરીના સબોર્ડીનેટ જડજને મોકલવી. અને ઘણાક લખાણ પઢાણ થયા પછી ૫૦૦ રૂપૈયાની રકમ દીવાની અદાલતમાં મોકલી દીધી હતી. આ રકમ જે રીતે મોકલી હતી, તે રીતમાંથી ચાલતા કામનો જનમ થયો છે. દીવાની અદાલતના વેચાણ કરનારા કારકુને આ રકમ સંબંધી સને ૧૮૮૫ ના એપ્રીલની ૨૩ મી તારીખે એક રીપોર્ટ કર્યો. અને તેમાં તેણે સુચવ્યું કે, શીવારામને પૈસા દેવાનું મારી પાસેની ફાઇલ ઉપરથી જણાય છે, માટે તે ૫૦૦

રૂપૈયાની રકમ ચોકસ પ્રમાણમાં દીવાની અદાલતો તરફ મોકલવી જોઇએ. આ ઉપરથી તીજોરી એકાંઉટંટે એટલે આ અપેલેન્ટે સને ૧૮૮૫ ના એપ્રીલની ૨૫ મી તારીખે રીતસર રીપોર્ટ કર્યો કે, ૧૮૮૨ ના અગષ્ટની ૧૯ મી તારીખે બલવંતસીંઘે ૨૧૪ મા નંબરની ડીપોઝીટમાં ભરેલી ૫૦૦ રૂપૈયાની રકમ શીવારામને રેવન્યુ ભરણા તરીકે, તીજોરીમાં જમે છે. આ રીપોર્ટ અપેલેન્ટે સ્વહસ્તે કર્યો હતો અને તે ખોટો હતો. એ રીપોર્ટ લખાયા પછી ૧૮૮૫ ના એપ્રીલની ૨૮ મી તારીખે ત્રેજરી ઓફીસરે પૈસા મોકલવાના હુકમમાં સહી કરી. અને ૪૫/૧૧૬૨ વાળી ચીઠી પ્રમાણે પુરણમલે પૈસા ઉપાડયા હતા. જ્યારે પ્રથમ એ પૈસા ઉપાડયા ત્યારે તેની ચીઠી ૧૮૮૨ ના અગષ્ટની ૧૯ મી તારીખે શીવારામને આપવાના ૫૦૦ રૂપૈયાને ડીપોઝીટને લગતી હતી. બાબુ જયંતીપ્રસાદ જે તીજોરી ઓફીસર હતો, તે ૧૮૮૫ ના એપ્રીલની ૨૮ મી તારીખને પાછલે પોહોર રજાઉપર રવાને થયો, અને ૧૮૮૫ ના જુલાઇની ૨૮ મી તારીખ સુધી પાછો આવ્યો નહોતો. શીરસ્તા પ્રમાણે તીજોરી ઓફીસરને તેજ રોજ અથવા વળતે રોજ પેલી ચીઠી (ચેકમાં) સહી કરવી પડત, પણ બાબુ જયંતીલાલની પછી જે અમલદાર તીજોરી ઓફીસર હતો, તેની પાસે તે ચીઠી રજુ કરવાનું કાંઇ પ્રયત્ન કરેલું નહોતું. અને જ્યારે સને ૧૮૮૫ ના જુલાઇની ૨૮ મી તારીખે બાબુ,જયંતીપ્રસાદ રજા ઉપરથી આવ્યો, ત્યાં સુધીમાં તે ચીઠી સહી કરવા સારૂ રજુ કરેલી નોહોતી. પછી તેજ રોજ રામપ્રસાદસીંઘે અરજી આપી કે, મારો બાપ શીવારામ ગુજરી ગયો છે. માટે શીવારામ વિ. ફુલકુવરના કામના ૫૦૦ રૂપૈયા મને મળવા જોઇએ. આ અરજીને લખાઇ આવવા, જે અમલદાર જયંતીપ્રસાદની બદલીમાં કામ કરતો હતો તેણે ઓફીસવાળા તરફ હુકમ કર્યો. તે ઉપરથી પુરણમલે એવો જવાબ લખ્યો કે, અરજદારને તેના પૈસા દીવાની અદાલતમાંથી મળશે. તેજ તારીખે એટલે, સને ૧૮૮૫ ના અગષ્ટની ૩ જી તારીખે અપેલેન્ટે બીજો એવો શેરો લખ્યો કે, આ પૈસા રેવન્યુખાતાના ડીપોઝીટ તરીકે પડયા છે. પરંતુ તેને દીવાની કોર્ટ તરફ મોકલવામાં આવશે, આ શેરા બાદ બીજો એક એવો શેરો કરવામાં આવ્યો કે, આ પૈસા ઉપર અરજદારનો હક છે એવો હુકમ આંહીથી થશે નહીં. પરંતુ તે દીવાની કોર્ટની તરફ મોકલી દેવામાં આવશે. અપેલેન્ટે કરેલો આ શેરો ખોટો હતો, કેમકે શીવારામને આપવાની આખી રકમ પાછી દેવામાં આવી છે, એવી હકીકત પત્રમાં લખી હતી.

અગષ્ટની ૫ મી તારીખે ૪૫/૧૧૬૨ નંબરવાળી ચીઠીમાં સહી થવા સારૂ બાબુ જયંતીપ્રસાદ પાસે રજુ થઈ હતી. અને તેમાં તેણે સહી કરી હતી. ત્યારબાદ તેમાં ફેરફાર કરીને સને ૧૮૮૫ ના એપ્રીલની ૨૮ મી તારીખે જે રૂપૈયા ૫૦૦ ની રકમ ચુનીકુંવરની જમે કરી હતી તે રકમની આ ચીઠી કરવામાં આવી હતી.

નંબર ૪૫ નીચે ૧૧૬૨ ખોટો બનાવવા સારૂ તથા ઉપર કહેલા બે રીપોર્ટો જેને ઇનસાફના કામમાં "ઓ" તથા "ક્યુ" નીશાની કરી હતી, તે ખોટા રીપોર્ટો કરવા સારૂ બંધવાનો ઈનસાફ થયો હતો. અને પીનલકોડની ૪૬૫ મી કલમના ગુન્હાનો, તથા ૨૧૮ મી કલમના બે ગુન્હાઓનો અપરાધી ઠરાવવામાં આવ્યો હતો.

સેસન કોર્ટમાં કામ ચાલતું હતું ત્યારે બંધવા તરફથી એવો બચાવ કરવામાં આવ્યો હતો કે, બનાવટી દસ્તાવેજનું તહોમત ટકાવી રાખવા સારૂ બદ દાનતવાળો કે દગલબાજી-

વાળો ઇરાદો સાબીત થવો જોઇએ. અને ૨૧૮ મી. કલમના ગુન્હાનું તોહોમત ટકાવી રાખવા સારૂ સરકારને હાની અથવા નુકશાન કરવાનો તેનો ઇરાદો હોવો જોઇએ. અથવા તો તે પ્રમાણે હાની કે નુકશાન થવાનો સંભવ છે એમ તેના જાણવામાં હોવું જોઈએ. પ્રથમ તો હું બીજા તથા ત્રીજા તહોમતના સંબંધમાં કહેવાને માગુ છઉં અને તે એછે કે, જેજે ફેંસલાઓનો આધાર આપ્યો છે તે ફેંસલાઓ ક્રમવાર લઇને તેની નોંધ લેવાની મને જરૂર જણાતી નથી. કેમકે બંધવાના વરગવાળા માણસોને લાભ થાય એવી રીતે કાયદાની રચના કરી છે, અને તે પ્રમાણે તેનો અન્વય કરવામાં આવે છે એ વાત કબુલ કરવી જરૂરની છે તે એટલે સુધી કે, પોતાની ગેરચાલ ઢાંકી દેવા સારૂ સોરીપોર્ટ ખોટા લખ્યાની વાત સાબીત થાય તોપણ જ્યાં સુધી કોઇને કાંઇ નુકશાન યા હાની કરવાનું તેણે ધાર્યું હતું, અથવા તે પ્રમાણે હાની કે નુકશાન થશે એમ તેણે જાણ્યું હતું, એ જ્યાં સુધી સાબીત ન થાય ત્યાં સુધી હી. પી. કો. ની કલમ ૨૧૮ પ્રમાણે તેને જવાબદાર ગણી શકાતો નથી. વળી એવી પણ તકરાર કરવામાં આવી છે કે, તોહોમતદારનો મુખ્ય ઇરાદો પોતાની તકસીર છુપાવવાનો હતો માટે તેનો આજ ઈરાદો ધ્યાનમાં લેવો જોઇએ. પણ જો આ પ્રમાણે કરવામાં આવે તો આપણા રહેમ ભરેલા કાયદાથી જેટલું આપણાથી થઇ શકે છે તે કાયદાથી પણ સારી પેઠે આગળ વધ્યા બરોબર દેખાય છે. અને બંધવાનો ઈરાદો નુકશાન કરવાનો હતો કે નહીં; અથવા પોતાના કૃત્યથી વખતે નુકશાન કીંવા હાની થશે એ વાત તેના જાણવામાં હતી કે નહીં, તે આ કામમાં નકી કરવાની જરૂર છે. આ બાબત સારૂ નિશ્ચયાત્મક મત આપવા સારૂ જે જુદા જુદા બનાવો બન્યા છે તેની તારીખો ધ્યાનમાં લેવી જોઈએ.

તારીખ ૩૦ મી જાનેવારી સને ૧૮૮૫—શીવારામના રૂપૈયા ૫૦૦ નો છેલો ભાગ આપી દેવામાં આવ્યો.

તારીખ ૨૦ મી એપ્રીલ સને ૧૮૮૫—રૂપૈયા ૫૦૦ ની રકમ આપી દેવાથી થોડા વખત સુધી તે વાત છાની રહી શકી.

તારીખ ૨૩ મી એપ્રીલ સને ૧૮૮૫—શીવારામવાળા રૂપૈયા ૫૦૦ દીવાની કોરટમાં મોકલવા જોઇએ, એવી મતલબનો પુરણમલે રીપોર્ટ લખ્યો.

તારીખ ૨૫ મી એપ્રીલ સને ૧૮૮૫—શીવારામના રૂપૈયા ૫૦૦ જે બધા આપી દેવામાં આવ્યા હતા તે હજી અનામત છે, એવી રીતનો ગીરધારીલાલે રીપોર્ટ કર્યો.

તારીખ ૨૮ મી એપ્રીલ સને ૧૮૮૫—શીવારામના રૂપૈયા ૫૦૦ દીવાની કોરટમાં મોકલવાના હેતુથી ચેક લખવામાં આવી.

તારીખ ૨૯ મી એપ્રીલ સને ૧૮૮૫—થી તે—તારીખ ૨૮ મી જુલાઇ સને ૧૮૮૫ સુધી બાબુ જયંતીપ્રસાદ રજાના કારણથી ગેરહાજર રહ્યા.

તારીખ ૩ ત્રીજી અગષ્ટ સને ૧૮૮૫—સીવારામના રૂપૈયા ૫૦૦ હજી સુધી તીજોરીમાં રેવન્યુખાતાની ડીપાઝીટમાં પડયા છે. એવી મતલબનો ગીરધારીલાલે રીપોર્ટ કર્યો.

તારીખ ૫ મી અગષ્ટ સને ૧૮૮૫–ચેકમાં ફેરફાર કરીને ચુનીકુંવરને જે રૂપૈયા ૫૦૦ આપવાના હતા તે દીવાની કોરટમાં મોકલ્યા.

ચુનીકુંવરના લેણા પૈસા ભરવામાં આવ્યા તે પછી તરતજ પહેલો ખોટો રીપોર્ટ

કરવામાં આવ્યો હતો. અને તે પૈસાની બદલી કરવામાં આવી તે પહેલાં ઘણાજ થોડા વખત આગળ (એટલે ફક્ત એકજ દિવસ વચમાં ગયો હતો) ત્રીજી આગષ્ટનો બીજો ખોટો રીપોર્ટ કરવામાં આવ્યો હતો. આ બીના ઉપરથી સીવારામના લેણા રૂપૈયા ૫૦૦ જે આપી દેવામાં આવ્યા હતા. તેને બદલે ચુનીકુંવરના રૂપૈયા ૫૦૦ નો ઉપયોગ કરવાનો બંધવાનો ઇરાદો હતો, એવો નીર્ણય કરવાનું વાજબી કારણ દેખાય છે. આનું પરીણામ એ થશે કે ચુનીકુંવરને પૈસા મળવામાં ઢીલ થશે. અને તે સબબે કાંતો હવે દીવાની કોર્ટમાં દાદ મેળવેલી જોઇએ અથવા તો સરકારને અરજ કરવી જોઇએ એમ તહોમતદારે જાણ્યું હશે, અને તેને પૈસા પછવાડેથી મળી ચુક્યા હોય તોપણ ચુનીકુંવરને ગેરકાયદેસર હાંની થઈ છે. કારણ કે, પી. કો. ની કલમ ૨૪ મી માં લખ્યું છે કે, કોઇ સખસની પાસેથી ગેરવાજબી રીતે કાંઇ મિલકત લઈ લેવાય ત્યારે, અને તેમજ તેને કાંઇ મીલકત લેતાં ગેરવાજબી હાની થઈ એમ સમજવું, તેટલા વાસ્તે પોતાના પૈસાની બદલી થવાથી ચુનીકુવરને ગેરવાજબી હાની થઇ છે એમ ઠરાવ કરવો જોઇએ. આ પ્રમાણે પૈસાની બદલી થવાથી "ડી" નીશાનીવાળા રજુ થએલા કાગળ ઉપરથી માલમ પડશે કે, પૈસા માંહેલા થોડાક સીવારામના પ્રતીનીધીને આપવામાં આવ્યા હતા, અને જો તે સુદલ રકમ બ્યાજ સુધાંત સરકાર તરફથી તે બાઇને ભરી આપવી પડત તો ગેરકાયદેસર હાની થાત તેને બદલે ફક્ત સરકારને ખાતે ચડત.

તોહોમતદારે હાઇકોર્ટને અપીલ કરી છે.

પંડીત અજોધ્યાનાથે બાબુ જોગીન્દ્રનાથ ચોધરીની સાથે અપેલેંન્ટ તરફથી વાંધો લીધો કે, પી. કો. ની કલમ ૪૬૫ પ્રમાણે ગુન્હાનો ઠરાવ વાજબી નથી.

" ખોટો લેખ બનાવવાનો અર્થ" "બનાવટી લેખ" કરવો એમ થાય છે (કલમ ૪૬૩) અને તે બનાવટી લેખ "દગલ બાજીથી કે બદદાનતથી" કરવો જોઇએ. (કલમ ૪૬૫) એક સખસને ગેરકાયદેસર લાભ કરવાના, અથવા બીજા સખસને ગેરકાયદેસર હાંની કરવાના ઇરાદાથી કરવું તેને "બદદાનતથી" કર્યું એમ કહેવાય છે (કલમ ૨૪) અરે દગો કરવાના ઇરાદાથી હોય તો "દગલબાજીથી" કર્યું કહેવાય છે (કલમ ૨૫) તે ચેકમાં અપેલેન્ટે ફેરફાર કર્યો છે એમ ધારીએ તોપણ તેણે તે કામ કોઇ સખસને ગેરકાયદેસર લાભ કરવાના ઇરાદાથી કર્યું છે એમ તકરાર કરવામાં આવી નથી. પણ એવી તકરાર કરવામાં આવી છે કે, તેનો ઇરાદો ગેરકાયદેસર હાની કરવાનો હતો. પણ પુરાવા ઉપરથી તેનો આવો ઈરાદો હોવાનું જણાઇ આવતું નથી. ચેકમાં ફેરફાર કરવાનું કૃત્ય પુરવાર થયું છે, એમ આપણે દલીલને ખાતર માંનીએ તોપણ તેનો ઇરાદો તો ફકત સીવારામના ખાતામાં જમે રૂપૈયા ૫૦૦ જે અગાઉ લઇ લીધા હતા તે છુપાવવાનો હતો. આવો ઈરાદો કલમ ૪૬૪ ના અર્થ પ્રમાણે બદદાંનતવાળો અથવા દગલબાજીવાળો નથી. રાણી. વિ. જંગલાલ. રાણી. વિ. લાલ, ગુમલ રાણી. વિ. ફતે. રાણી. વિ. જીવાનંદ. અને રાણી. વિ. શંકર.

વળી ૨૧૮ મી કલમના ગુન્હાનો ઠરાવ પણ ગેરવાજબી છે. જે સરકારી નોકરે કોઇ દફતર અથવા લખાણ ખોટી રીતે કર્યાંનું કહેવામાં આવતું હોય તે લખાણ કરવાને તે સરકારી નોકર તરી કે બંધાએલો હતો એમ હોય ત્યારેજ તે કલમ લાગુ પડી શકે છે. સને ૧૮૮૫ ના એપ્રીલની ૨૫ મી તારીખે અને ત્રીજી અગષ્ટે કરેલા રીપોર્ટો કરવાનું અપેલેંટને

સોંપવામાં આવ્યું હતું, અથવા તો તે રીપોર્ટ કરવા• એ તેની એક ફરજ હતી. એવું કોઈ શાક્ષીથી સાબીત થયું નથી. તેટલા વાસ્તે કલમ ૨૧૮ ના અરથ પ્રમાણે આ રીપોર્ટો તેણે સરકારી નોકર તરીકે કર્યા નથી. રાણી. વિ. મ ઙ્ર હુસેનનો કેસ આ તકરારમાં મુદ્દાનેછો.

સરકાર તરફથી. મી. એ. સ્ત્રચી સાહેબે એવો જવાબ આપ્યો કે, ગુન્હાનો ઠરાવ સાચો છે કારણ કે તે ચેકમાં ફેરફાર કરવાથી. પી. કો. ની કલમ ૨૪ તથા ૨૫ અને ૪૬૪મીના અર્થ પ્રમાણે તે દગલબાજીથી અને બદદાંનતથી કાંમ કર્યુંછે. તેના કૃત્યનાસ્વરૂપ અને તેના સ્વભાવીક પરીણામોના જ્ઞાન ઉપરથી તેના ઇરાદા વીશે અનુમાન કરવું જોઈએ. આતું ચોકસ પરીણાંમ એ હતુંકે, જ્યારે મુસામત ચુનીકુવરે પોતાના લેણા રૂપૈઆ ૫૦૦ મળવા સારૂ કહેલ ત્યારે તેને તે મળતાં ચોકસ રીતે ઢીલથાત વખતે તે પૈસા મળત પણ નહીં. આ પૈસા લેવાનો તેણીનો હક કબુલ કરવાને બદલે મુળગો વાંધામા પડત અને તે પૈસા પાછા મળવાનો આધાર દીવાનીમાં તે દાવો બાંધતાં તેના પરીણામ ઉપર લટકી રહેત. પી. કો. કલમ ૨૪ ના છેલા વાક્ય પ્રમાણે ચુનીકુંવરને ગેરકાયદેસર હાની થઇ એમ ગણવા સારૂ આ બીના પુરતી છે. તેના કૃત્યનાં આ પરીણામો જરૂર થશે એમ હોવાથી બંધવાનો તે વીશે ઈરાદો હતો. એમ અનુમાન કરવું જોઇએ. તીજોરીમાં તેની જગ્યા છે તે ઉપરથી અને તેમાં ચાલતા કામની તેની વાકેફગારી ઉપરથી ચોકસ જણાય છે કે જ્યારે તેણે ચુનીકુવરના લેણા રૂપૈયા ૫૦૦ ની દીવાની કોરટમાં બદલી થાય, એવા હેતુથી ચેકમાં ફેરફાર કર્યો ત્યારે, તેણે જાણ્યું હતું કે, તે પૈસા મળવા સારૂ પછવાડેથી જે અરજી કરશે તે જો કે, તે સાવ નામંજુર નહીં થાય તોપણ તેમાં ઢીલતો થશેજ જો હકીકત તેના જાણવામાં હતી તો પછી તેણે જે ઇરાદો રાખ્યો હતો તેનું આ પરીણામ થાત.

આ દલીલની સામે ચીફ જસ્ટીસ એજ સાહેબે જવાબ વાળ્યો કે, "હું ધારતો નથી કે તેનો તેવો ઇરાદો હશે. જે વખતે તેણે એ ચેકમાં ફેરફાર કર્યો, તે વખતે ચુનીકુવરને હાની કરવાની સંભવતા વીશે તેને કાંઇ વિચાર થયો હશે એમ હું ધારતો નથી. શીવારામવાળા ૫૦૦ રૂપૈયા કપટથી બીજા સક્ષોને આપી દેવામાં આવ્યા હતા. અને એ કપટ સંતાડવાનોજ ફકત તેનો ઇરાદો હતો. ૪૬૪ મી કલમમાં જે ઇરાદો કહેલો છે તે માંહેલો ઇરાદો હોવાનું કહી શકાતું નથી."

અલબતે આવો તેનો ઇરાદો હશે, પરંતુ તુરતનો ઇરાદો છેટેના ઇરાદાથી પ્રતીકુળ નથી. વાસ્તવીક રીતે જોતાં તેણે બંને પરીણામો ધારી રાખ્યાં હશે. પોતાના કૃત્યથી અવશ્ય રીતે બંને જાતના પરીણામો થશે એમ તેણે ધારેલું હોવું જોઇએ. સ્ટીફન સાહેબે પોતાના ફોજદારી ધારાના ઇતિહાસને પુસ્તક બીજાને પાંને ૧૧૧ મેં લખેલું છે કે, "કોઈ માણસનો ઇરાદો શું હતો તે શોધી કાઢવાનો શક્ય રસ્તો માત્ર તેણે જે કાંઇ ખરેખરૂં કર્યું હોય, તે તરફ જોયાથી તથા પોતાની વર્તણુંકનું સ્વભાવીક પરીણામ શું થશે તે તે વખતે તેને જણાયું હોય તેનો વિચાર કરવાથી શોધી કહાડી શકાય છે. આ મત ઓસ્ટીન સાહેબના મતને મળેતો આવે છે. અને એ ઓસ્ટીન સાહેબે ઇરાદાનું જે પ્રથકરણ કર્યું છે તે સર્વોનું મતે મંજુર રાખવામાં આવ્યું છે. કાંઇ કામ કરવાની પળે જે પરીણામો ધાર્યા હોય તે કરતાં ઈરાદામાં કાંઇ વધુ રહેલું છે. એમ બેસક સામાન્ય રીતે માનવામાં આવેછે. પણ એ માન્યતા સાચી નથી.

આ દલીલની સામે ચીફ જસ્ટીસ એજે જવાબ વાળ્યો કે, આ સવાલ હમેશાં દરેક કામના પુરાવાને લગતો છે. કોઇ કામ કરતી વખતે એક માણસના મનમાં ખરેખરૂં શું હોય, તે તથા જો તેણે તે વિશેનો વિચાર કર્યો હતતો તેના મનમાં શું વિચાર આવત, એ બે વચેનો ભેદ હું ધારૂં છઉં કે, તમારે બતાવવો જોઈએ. જો અપેલેન્ટે એ બાબતનો વિચાર કર્યો હતતો, વખતે તેને જણાઇ આવત કે, મારા કૃત્યથી ચુનીકુંવરને તેના પૈસા દેવામાં ઢીલ થાત પરંતુ આ પરિણામ ખરેખરૂં તેના મનમાં હોવાનું તથા ખરેખરા તેજ ઈરાદાથી તેણે પોતાનું કામ કર્યાનું તમારે બતાવવું જોઈએ. ચુનીકુવરને નુકશાન કરવાનું અપેલેન્ટે ધાર્યું હતું એ વાત જુરીના મનમાં કદી પણ આવી શકનાર નથી.”

પોતાના કૃત્યના સ્વભાવિક પરિણામ શું થશે તે અપેલેન્ટ જાણતો હતો એટલુંજ માત્ર અનુમાન કરી લેવાનું નથી. પરંતુ તેની સાથે તેના મનમાં તે વખતે કયો ખ્યાલ આવ્યો હશે તેનું પણ અનુમાન કરી લેવું જોઇએ. ખોટા લેખના ગુન્હામાં કપટ કરવાના ઇરાદાનું કેવા પ્રકારનું અનુમાન બાંધવું તે વિશે સ્ટીફન સાહેબે પોતાના ફોજદારીધારાના સારસંગ્રહ ગ્રંથમાં બતાવેલું"છે. ફરીયાદીને નુકશાન કરવાનો નહીં, પરંતુ પોતાને કિંવા બીજા કોઇ સખસને લાભ કરવાનો બંધવાનો મુખ્ય ઇરાદો બતાવીને આ ઈરાદો નાસાબીત કરવામાં આવ્યો નથી. કોઇ સખસને નુકશાન કરવાના અથવા તેને નુકશાનના જોખમમાં નાખવાના ઇરાદાથી તેણે ઠગાઇ કર્યાનું બતાવીને એ વાત સાબીત કરવી જોઇએ.

આ દલીલ સામે ચીફ જસ્ટીસ અર્જે જવાબ વાળ્યો કે, “જસ્ટીસ સ્ટીફન પ્રત્યે મારો ઘણો ભાવ છે. તોપણ તેનો ફોજદારી ધારાનો ઇતિહાસ ઈનસાફની અદાલતમાં આધાર તરીકે અપાયાનું મને યાદ નથી.”

એ ગ્રન્થ રાણી વિરૂદ્ધ ડડલીના કામમાં આધાર તરીકે આપેલો છે અને દલીલ કરવામાં તથા ઠરાવ આપવામાં તેનો હવાલો લેવાએલો છે. બીજી તરફથી જે મુકરદમાનો હવાલો આપવામાં આવ્યો છે, તે બધા મુકરદમા વચેનો ફરક દેખાડી શકાય એવો છે.

નુકશાન અથવા નુકશાનનું જોખમ અંતે થવાનો સંભવ છે, એ વાત બંધવાના જાણવામાં હશે તે ધારવા સારૂ પાકા કારણો તે ફેંસલાઓમાં હતાં નહીં. તે ફેંસલાઓથી ફક્ત સાબીત થાય છે કે, ફક્ત કપટ કરવું એથી ઠગાઇ થતી નથી.

વળી ૨૧૮ મી કલમના ગુન્હાનો ઠરાવ પણ વાજબી છે. મહારાણી વિ. પરમેશ્વર દત્તનો ફેંસલો લાગુ પડે છે.

સામી તરફથી જવાબ દેવામાં બાબુ જોગેન્દ્રનાથ ચોધરી.

આ કામમાં બંધવાને હીં. પી. કો. ની ૪૬૫ તથા ૨૧૮ મી કલમમાં જે ગુન્હાઓનું વર્ણન કર્યું છે તે ગુન્હાઓનો ગુન્હેગાર ઠરાવ્યો છે. એ ગુન્હાના ઠરાવ ઉપર તેણે આ અપીલ કરેલી છે, અને તેનો નીકાલ કરતાં ખોટા લેખને માટે ૪૬૫ મી કલમના ગુન્હાના ઠરાવ વિશે પ્રથમ કહેવું મને સગવડતાવાળું લાગે છે. જો તે ગુન્હો થયો હોય તો પીનલકોડની ૪૬૪ મી કલમની ત્રીજી રકમમાં આવ્યાનું મને જણાય છે. જ્યાં સુધી કાંઈ કૃત્ય બદદયાનતથી કે દગલબાજીથી કરવામાં આવ્યું ન હોય ત્યાં સુધી ૪૬૪ મી કલમ માંહેલો ગુન્હો થતો નથી એ વાત સાવ ચોખી છે, અને આ બંને શબ્દનો કેવી રીતે અર્થ કરવો તે જોવા સારૂ હીં. પી. કો. ની ૨૪ મી તથા ૨૫ મી કલમોનો હવાલો લેવો જરૂરનો છે.

૨૪ મી કલમમાં "બદદ્યાનતથી" એ શબ્દની વ્યાખ્યા આપેલી છે, અને તે એવી છે કે, "જે માણસ કાંઇ વસ્તુ એક માણસને ગેરવાજબી લાભ કરવાના અથવા બીજા સખસને ગેરવાજબી હાની કરવાના ઇરાદાથી કરે તે માણસે તે વસ્તુ બદદ્યાનતથી કરી એમ સમજવું."

તેવીજ રીતે ૨૫ મી કલમમાં "દગલબાજીથી" એ શબ્દની વ્યાખ્યા આપી છે, અને તે એવી છે કે, "જો કોઇ માણસ કાંઇ વસ્તુ દગો કરવાના ઇરાદાથી કરે તો તે વસ્તુ તેણે દગલબાજીથી કરી એમ સમજવું; નહીં તો નહીં."

આ કામમાં મારી પાસે જે દલીલો કરવામાં આવી છે, તે ઉપરથી એમ સુચવ્યું નથી કે, કોઈને ગેરકાયદેસર લાભ કરવાના ઇરાદાથી બંધવે ચેકમાં ફેરફાર કર્યો હતો, પરંતુ ગેરકાયદેસર હાની કરવા સારૂ તેણે એ ફેરફાર કર્યો હતો, એવી તકરાર ઉઠાવવામાં આવી છે.

સરકાર તરફથી સ્ટાચી સાહેબે એવો વાંધો લીધો છે કે, મુસમત ચુંનીકુવરને ૫૦૦ રૂપૈઆ આપવાના હતા તે આપવામાં ઢીલ કરવાથી તેણીને ગેરકાયદેસર હાની કરવાનો બંધવાનો ઇરાદો હતો. ઈરાદાના સવાલનો જવાબ દેવાનું કામ જુરીનું અથવા જુરી તરીકે જડજ કામ ચલવતો હોય ત્યારે જડજનું છે. દરેક કામમાં બે ઈરાદાઓનો સંભવ હોય છે, તેમાં વધારે સંભવવાળો અને તરતનો એક ઇરાદો હોય છે. અને બીજો થોડી સંભવતાવાળો અને છેટનો ઈરાદો હોય છે. તેમાંથી છેટના ઇરાદાનો બંધવાને દોષ દેવો એ હું વાજબી સમજતો નથી.

મારા અભિપ્રાયમાં જે કપટ બંધવે પ્રથમ કર્યું હતું. તે ઢાંકી દેવાનો બંધવાનો ઇરાદો હતો. એક ૫૦૦ રૂપૈયાની રકમ જે સીતારામને અને તેના મરણ પછી તેના પ્રતિનીધીને દેવાની હતી તે દગલબાજીથી ઉપાડી લીધી હતી. સીતારામના પ્રતિનીધીએ તે રકમ મળવાની જ્યારે એક અરજી કરી ત્યારે આ ૫૦૦ રૂપૈયાની રકમનો કેમ બંદોબસ્ત કરવો તે વિશે તુરતમાં વિચાર કરવાની તેને ફરજ પડી. બીજા ૫૦૦ રૂપૈયા તૈયાર રાખવાનોજ માત્ર રસ્તો રહેલો હતો. સને ૧૮૮૫ ના એપ્રીલની ૨૫ મી તારીખનો તથા આગષ્ટની ત્રીજી તારીખનો એમ બે રીપોર્ટો જેના વિશે તુરતમાં બોલવાની જરૂર પડશે; તે બે રીપોર્ટથી એવી હકીકત જાહેર કરવામાં આવી કે, સીતારામના નાણાં અનામત પડેલાં છે. આ ઉપરથી મારે એમ અનુમાન કરવું જોઇએ કે, ગીરધારીલાલનો ઇરાદો અને હેતુ મુસામત ચુનીકુવરને ગેરકાયદેસર હાની કરવાનો હતો. અલબત્તે તે ચીઠીની રકમ સીતારામના પ્રતિનીધીને આપી દીધી હત તો વખતે ચુનીકુવરને પોતાના પૈસા મળવામાં ઢીલ થવાથી હાની થાત. હું માની શકતો નથી કે બંધવાનો તેવો ઈરાદો હશે. સીતારામને આપવાના પૈઆ જે દગલબાજીથી ઉપાડી લીધા હતા તે વાત પાધરી પડે તેનો આગળથી બંદોબસ્ત કરવાનો બંધવાનો ઈરાદો હતો. આવા ઇરાદા વિશે ૨૪ મી કલમમાં કાંઇ લખ્યું નથી. અલબત્તે તેના કૃત્યથી હાની થાત તોપણ આ ચેકના સંબંધમાં બંધવાનો જે ઇરાદો હતો તે ઈરાદો સીતારામના દાવાને શું જવાબ દેવો તે બાબતનો હતો. આવા પ્રસંગોમાં ૨૪ મી કલમના અર્થ પ્રમાણે બંધવે "બદદ્યાનતથી કર્યાનું કહી શકાતું નથી. ૨૫ મી કલમના અર્થ પ્રમાણે "દગલબાજીથી" તેણે કાંઇ કરેલું છે? વખતે તેણે એમ જાણ્યું હશે કે, આ

મારા કૃત્યને અંતે મુસામત ચુનીકુવરને તેના પૈસા આપવામાં ઢીલ થશે, પરંતુ ઠગાઇ કરવાનો તેનો ઇરાદો હોવાનું કહી શકાતું નથી. સરકારને કાંઇ નુકશાન થવાનું હતું તો તેનું નુકશાન સીવારામની રકમ દગલબાજીથી ઉપાડી લેતાં થઇ ચુક્યું હતું. માટે જે ૪૬૫ મી કલમ પ્રમાણે કેદીને ગુન્હેગાર ઠરાવ્યો છે તે કલમના એક ભાગ તરીકે, પીનલકોડની ૪૬૪ મી કલમ વાંચતાં એ ૪૬૪ મી કલમ આ કામને લાગુ પડયાનું સાબીત થતું નથી. માટે તે કલમના ગુન્હાના સંબંધમાં આ અપીલ મંજુર કરી ગુન્હાનો તથા સજાનો ઠરાવ રદ કરૂંછું.

હવે આ કામના બીજા ભાગ ઉપર માહારે આવવું જોઇએ. એટલે પીનલકોડની ૨૧૮ મી કલમ પ્રમાણે જે ઠરાવ અને સજા કરેલી છે તે વિશે હવે મારે કેહેવું જોઇએ. ૨૧૮ મી કલમ નીચે પ્રમાણે છેઃ—

કોઈ સરકારી નોકરથી પોતાના સરકારી હોદાનો કાયદેસરઅખતીઆર વાપરતાં કોઇ સક્ષને નુકશાન અથવા દુઃખ થાય, અથવા સાચે સાચી હકીકત તે સરકારી નોકરના જાંણ્યામાં આવી હોયતો જે વસ્તુ તે સરકારી નોકરે ન કરવી જોઈએ અથવા જે વસ્તુ કરવામાં તેણે કસુર ન કરવી જોઇએ તે વસ્તુ કરે, અથવા તે કરવામાં તે કસુર કરે એવા ઈરાદાથી અથવા તે એમ કરશે એવો સંભવ છે એવું જાણ્યા છતાં જે માણસ તે સરકારી નોકરને પોતે જે ખબર ખોટી જાણતો હોય, અથવા ખોટી માનતો હોય એવી કાંઇ ખબર આપે તે માણસને છ મહિનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપૈયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે."

બંધવા તરફથી તેના વકીલ પંડીત અજોધ્યાનાથે મારી પાસે જે દલીલ કરી છે તેમાં તેણે એવો વાંધો લીધો છે કે, જે રીપોર્ટો લખ્યાના કારણથી બંધવા ગીરધારીલાલ ઉપર તોહોમત મુકવામાં આવ્યું છે, તે રીપોર્ટો તેણે સરકારી નોકરને દરજે કર્યા નથી. પણ બંધવો ખરેખરો સરકારી નોકર હતો તેણે બે રીપોર્ટો કર્યા હતા, અને તે બે રીપોર્ટો કેમ પોતે રીતસર કરતો હોય તથા તેવા રીપોર્ટ કરવા એ કેમ જાણે પોતાનું કામ હોય એવી રીતે કર્યા હતા અને કેમ જાણે યોગ્ય અધિકારીએ તે રીપોર્ટો કર્યા હોય, એવી રીતે તેણે લખીને આપ્યા હતા એ વાત અમારા જોવામાં આવે છે. વળી એવી પણ વાત જોવામાં આવે છે કે, ઓફીસમાંથી બે સક્ષોને સાક્ષી દરજે તપાસ્યા હતા ત્યારે આ રીપોર્ટ કરવાનું કામ બંધવાનું નહોતું તે વીશે તેઓને કાંઇ સવાલ કરવામાં આવ્યો નથી. આ ઉપરથી અમારે એવું અનુમાન કરવું પડે છે કે, બંધવાએ આ બે રીપોર્ટો કર્યા હતા. અને તે એટલાજ કારણ માટે કે તેમ કરવાનુ તેનુ કામ હતુ અને પેહેલા બે સાહેદીઓ તરફથી ઉલટી રીતની હકીકત નીકળી નથી. માટે ૨૧૮ મી કલમના અર્થ પ્રમાણે આ બે રીપોર્ટો સરકારી નોકરને દરજે લખ્યાનું હું પુરાવેથી સીધ માનું છું.

આ ખોટા રીપોર્ટો તેણે સરકારી નોકરને દરજે કર્યા હતા એમ માનીએ તોપણ તેના સંબંધમાં એક બીજી એવી દલીલ કરવામાં આવી છે કે, તે રીપોર્ટો તેણે નુકશાન કરવાના ઇરાદાથી કર્યા નહોતા. આ તકરાર કેટલે દરજે બંધવાને લાભકારી થાય છે તે હવે જોવાનું રહે છે. જ્યારે સીવારામના પ્રતીનીધીએ તેને ખાતે જમે પડેલી રકમ મળવાની અરજી કરી તે વખતે બંધવો એક સરકારી અમલદારના એટલે જયંતીપ્રસાદના તાબામાં હતો. આ અમલદારે એક રીપોર્ટ માગ્યો અને તે ઉપરથી ગીરધારીલાલે આ રીપોર્ટોમાંથી પેહેલો રીપોર્ટ કર્યો કે, ૫૦૦ રૂપૈઆની રકમ સીવારામની જમે પડેલી છે. તે રીપોર્ટ ૧૮૮૫ ના

એપ્રીલની ૨૫ મી તારીખનો છે. ઉપર કહેલા બે સહિદીઓને આ રીપોર્ટના અર્થ વાસ્તે પુછવામાં આવ્યું હતું, અને તે ઉપરથી તેઓએ તે અર્થનો એવો ખુલાસો કર્યો છે કે, આ રકમ સીવારામની અનામત જમે ઉભેલી છે અને જો કે તેનું કામ ચાલતી વખતે દરેક તક આપી છે તોપણ તે રીપોર્ટનો બીજો અર્થ થાય છે એવું તેણે કહેલું નથી. ફકત આ ઠેકાણે એવી સુચના કરવામાં આવી છે કે, આ રીપોર્ટનો જે અર્થ હમણાં કરવામાં આવ્યો છે, તેવો અર્થ તે વખતે કરવામાં આવ્યો નહોતો. તે ખોટા રીપોર્ટ હતો કે, તેના જાણવા પ્રમાણે અશુધ રીપોર્ટ હતો? એવું કહેવામાં આવે છે કે, બંધવે હિસાબની ફકત એકજ બાજુ જોઇ હતી. તેથી તેનો કરેલો રીપોર્ટ અશુદ્ધ હતો. પરંતુ એ પ્રમાણે હિસાબ જોવામાં તેની ચુક થયાનું હું માનતો નથી. ત્યારે પછી કયા ઇરાદાથી આ રીપોર્ટ તેણે કર્યો હશે? કોઇને ઠગવાનો અથવા કોઈની સાથે ફરેબી કરવાનો તેનો ઇરાદો નોહોતો. ટ્રેજરી ઓફીસર બાબુ જયંતીપ્રસાદ રજા ઉપરથી આવ્યો તેટલા સુધીમાં એક અઠવાડીયાની અંદર મસમત ચુનીકુવરના પૈસાનો ફેરફાર કરીને દીવાની કોરટની અનામતમાં દાખલ કરી શકયો હત, જે કાગળો પોતા પાસે આવતા તે સંભાળથી જોનારો જયંતીપ્રસાદ માણસ હોય એમ મને જણાતું નથી. તે સને ૧૮૮૫ના એપ્રીલની ૨૮ મી તારીખે રજા ઉપર ગયો અને સને ૧૮૮૫ ના જુલાઇની ૨૮ મી તારીખે રજા ઉપરથી પાછો આવ્યો, તેટલા દરમીયાનમાં તેની જગ્યા બીજા અમલદારથી પુરવામાં આવી હતી. જે ચીઠી ૨૮ મી એપ્રીલને રોજ તૈયાર કરી હતી તે ચીઠી તે અમલદાર પાસે મુકાંણી નહોતી. તે અમલદાર પાસે તે ચીઠી મુકવા સારૂ ગીરધારીલાલ વાટ જોઇને બેઠો હતો. અને તે શું કરવા?

બાબુ જયંતીપ્રસાદ જે કાગળોમાં તે સહી કરે છે તે કાગળો તે સંભાળથી જોતો નથી. એમ બંધવાને ખબર હતી તેથી તે ચીઠીમાં સહી કરવાનું લંબાવવા.

આ ઉપરથી તેનો ઇરાદો દેખાઈ આવતો નથી? ૧૮૮૫ ના અગષ્ટમાં તેણે બીજો અશુદ્ધ રીપોર્ટ કરેલો છે તેમાં પણ તેણે એમ લખ્યું હતું કે, સીવારામના રૂપૈઆ હજુ અનામત છે. આમ કરવામાં તેનો કાંઈક ઈરાદો હોવો જોઈએ. અને તે ઈરાદો શું હતો તે હવે જોવાનું રહે છે. તે વખતે તેના મનમાં શી વાત રમ્યા કરતી હતી અને શી બાબતની જરૂર હતી તે વીશે મારા મનમાં જરાએ સંકલ્પ વીકલ્પ થતો નથી. અને તે વાત એ હતી કે, પોતાને અથવા ખરેખરા કપટ કરનારને કાયદેસર સજામાંથી બચી જવું. અને તેજ મતલબથી અને તેજ ઈરાદાથી તેણે આ ખોટા રીપોર્ટો લખ્યા હતા તેથી હું એવો નીર્ણય કરૂં છઊં કે, પી. કો. ની ૨૧૮ મી કલમમાં જે ઇરાદો લખ્યો છે તે ઇરાદાથી જાણી જોઈને ખોટા રીપોર્ટો કર્યા હતા.

૨૧૮ મી કલમના બે ગુન્હાઓ માટે નીચલી અદાલતે જે સજા આપી છે તે બસ છે કે નહીં તેનોજ માત્ર વિચાર કરવાનું બાકી રહે છે. હું ધારૂં છઉં કે તેટલી સજા બસ નથી. સેશન જડજે બંધવાને ત્રણ ગુન્હાઓનો અપરાધી ઠરાવેલો છે. તેમાંથી ખોટા લેખના ગુન્હાનો ઠરાવ અને સજા રદ થતાં ૨૧૮ મી કલમના ગુન્હાઓના ઠરાવ કાયમ રહેલા છે.

આ છેલા ગુન્હાઓને માટે સેશન જડજે ત્રણ મહિનાની સખત કેદની સજા આપેલી છે. જો આ સજાઓ હું કાયમ રહેવા દઉંતો મારા વિચાર પ્રમાણે બંધવાઓને જે ગુન્હાઓનો અપરાધી ઠરાવ્યો છે, તે ગુન્હાને માટે જોઇએ તેટલી સજા થતી નથી.

બંધવાના વકીલ બાબુ જોગેંદ્રનાથ ચોધરીએ સારી પેઠે એવી અરજ કરી છે કે, સજા કરવામાં બંધવાની યુવાવસ્થા સરકારી નોકરી આગળ ઉપર મળવાના સઘળા જોગનો નાશ થઇ જવાના તથા આ મુકરદમાનો જેટલો વખત થયાં તપાસ ચાલેછે, તેટલા વખતનો મારે વિચાર કરવો જોઇએ બંધવાની ખરેખરી ઉમર કેટલી છે તેહું જાણતો નથી. દફતર ઉપરથી તેની વય ૨૯ વરસની જણાયછે. અને તેટલી વયમાં એકાંઊટંટનું કાંમ તેને સોંપવા વાસ્તે જોઈએ તેટલી બસ જણાયછે, અને સરકારી નોકરી તથા નાત વહેવારની પંકતીમાં હાની થવાની દલીલને સંબંધે મારે એટલુંજ કહેવું બસ છે કે, જો ગીરધારીલાલ સારી ચાલનો માણુસ ન હતતો તેના ઉપરીઓએ જે કામ તેને સોંપ્યું હતું, અને જે કામ તેની પાસેથી તેઓ લેતા હતા તે પ્રમાણે તેઓ કરત નહીં, તો આ ગુન્હો કરવાનું ટાણું આવત નહીં. પ્રસંગે નીચલી કોરટે બીજા તથા ત્રીજા તોહોમતના સંબંધમાં જે સજા કરી છે તેમાં નીચે પ્રમાણે વધારો કરવો જોઇએ.

બીજા તોહોમતના સબંધમાં છ માસની સખત કેદ તથા ૫૦૦ રૂપૈઆ દંડ આપે ને તે ન આપે તો બીજા છ માસ સખત કેદ. ત્રીજા તોહોમતના સંબંધમાં ઉપલી સજા ભોગવી રહ્યા પછી છ મહિનાની સખત કેદની સજા ભોગવવી આથી કરી એકંદર સજા બાર માસ સખત કેદની તથા ૫૦૦ રૂપૈઆ દંડની તથા તે ન આપે તો છ માસ સખત કેદની સજા કરવામાં આવે છે.

કલમ ૩૬૪ મી

૩૬૪. કોઇ સખસનું ખુન કરવામાં આવે એટલા માટે અથવા પોતાનું ખુન થવાના જોખમમાં તે સખસ આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે જે માણુસ તે સખસનુ હરણુ અથવા નયન કરે, તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની સખત કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણુ લાયક થશે. ખુનકરવા માટે મનુષ્યહરણઅથવા મનુષયનયન.

દ્રષ્ટાંત.

(અ) અ બ્રિટિશ ઇંડીઆમાંથી ઝ નું હરણુ કરે, એવા ઈરાદાથી અથવા એવો સંભવ જાણીને કે એક મુરતીને ઝ નો ભોગ આપવામાં આવે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

(બ) બ નું ખુન કરવામાં આવે એટલા માટે બ ને તેને ઘેરથી અ બળથી અથવા ફોસલાવીને લઇ જાય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

કલમ ૩૬૫ મી.

૩૬૫. કોઇ સખસને છાની રીતે, ગેરવ્યાજબી કેદ કરવાના ઈરાદાથી જે માણુસ તે સખસનું હરણુ અથવા નયન કરે, તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણુ લાયક થશે. કોઈ સખસને છાનીરીતે ગેરવ્યાજબી કેદ કરવાના ઇરાદાથી તેનુંહરણુ અથવા નયન કરવું.

કલમ ૩૬૬ મી.

કોઇ સ્ત્રીને તે સ્ત્રીની મરજી નહી છતાં કોઇ પુરૂશની સાથે જુલમથી પરણાવવામાં આવે એવા ઇરાદાથી, અથવા જુલમથી પરણાવવામાં આવશે એવો સંભવ છે એમ જાણીને, અથવા જુલમથી કે ફોસલાવીને તે સ્ત્રીની જોડે જારકર્મ કરવામાં આવે એટલા માટે અથવા જુલમથી કે ફોસલાવીને તેની જોડે જારકર્મ કરવામાં આવશે, એવો સંભવ છે એમ જાણીને જે માણસ તે સ્ત્રીનું હરણ અથવા નયન કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સ્ત્રી ના જુલમ થી લગ્ન કરાવવા વગેરે કારણસારૂ સ્ત્રીનું હરણ અથવા નયન.

મહારાણી કેસરેહીંદ વિ. પીમાંટલ.

કલમ ૩૬૬.

૧

તા. ૯–૩–૮૨
ઇ. ૮ ક. પા. ૯૭૧

કોઇ અનઉરસ બાળકની ધાત્રાણી સ્થીતિમાં તેની ખરેખરી વાલી તેની મા છે, અને તે મરતી વખત પોતાનું વાલીપણું બીજાને સોંપી શકે છે.

कोइ अनौरस बाळक धावणुं होय, ते दरमियान तेनी मां खरेखरी अने स्वाभाविक वाली छे. अने आ मा मरती वखत ए बचांने बीजा कोइ सख्सना हवालामां सोंपी जाय, अने बीजो सक्ष तेने हवालामां लेवानुं कबुल करी ते छोकरांनु पालण पोषण करे तो, हीं. पी. को. नी ३६१ मी कलमना अर्थ प्रमाणे सदरहु बाळकनो हवाले अने संभाल कायदेसर तेवा सक्षने सोंपेलां छे.

३६१ मी कलममां कायदेसर वाली ए शब्दोनो खुलासो एवा मतलबथी लख्यो छे के,

३६१ मी कलम प्रमाणे "कायदेसर वाली" ए शब्दोनो खुलासो थोडो घणो मोकळे मने करवानुं धारेलुं छे, अने ते एटलाज माटे के, वाली ए शब्दनो कायदेसर अर्थ मंजुर करवामां आव्यो छे, ते प्रमाणे जे माणसना हवालामांथी कोइ सगीरनुं हरण अथवा नयन थयुं न होय ते माणस आवी जातना कामोमां कायदेसर वाली हतो ते प्रोसीक्युशनवाळाने साबित करवानी जे मुशकेली पडे ते दुर करवी.

એક ઇવાફ્લોરી નામની છોકરીને જારકરમ કરાવવાની લાલચ થાય તે સારૂ તેણીનું હરણ કર્યા વાસ્તે, બંધવા ઉપર પી. કો. ની ૩૬૬ મી કલમના ગુન્હાનું તહોમત રાખી તેનો ઇનસાફ કરતાં તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.

સેશન કોર્ટ પાસે ઇનસાફ થયો તેમાં પુરાવેથી માલુમ પડયું કે, ઇવાફ્લોરી, મીસીસ ફ્લોરીનું, અનૌરસ બાળક હતું, અને એ મીસીસફ્લોરીનો અંતકાળ આવ્યો. ત્યારે સદરહુ બાળક લગભગ ૩ વર્ષનું હતું. તેને એક મીસીસલોરેન્સના ઘરમાં તેણીના આશરા

અને સંભાળ તળે રહેતી હતી.

જ્યારે આ ગુન્હો બન્યો ત્યારે ઇવાફ્લોરી ૧૬ વરસની છોકરી હતી. ને ઇનસાફનું કામ ચલાવવા સારૂ મીસીસલોરેન્સને પી. કો. ની ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે તે છોકરીના કાયદેસરવાળીનો હક ધરાવ્યો હતો.

બંધવાનો ઇનસાફ થયો તેમાં તે અપરાધી ઠર્યો. અને તેને ત્રણ વરસની સખત કેદની શીક્ષા કરવામાં આવી. પરંતુ વકીલની દરખાસ્ત ઉપરથી જે જસ્ટીસ કનીંગહામે આ મુકરદમાનો ઈનસાપ કર્યો હતો, તેણે કાયદાનો મુકરર કરવાનો સવાલ રાખી મુકયો અને તે સવાલ એ હતો કે, પી. કો. ની ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે મીસીસ લોરેન્સન એ છોકરીની કાયદેસરવાલી કહેવાય કે નહીં?

આ રાખી મુકેલો સવાલ આ કોરટ પાસે આવતાં કેદી તરફથી રાયસાહેબે વાંધો લીધો કે, ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે મીસીસલોરેન્સન ઇવાફ્લોરીની કાયદેસરવાલી ગણાઇ શકાતી નથી. અને તે એટલે સુધી કે, અનૌરસ છોકરાના માબાપને પણ વાલીપણાનો કાયદેસર હક મળતો નથી અને મીસીસ ફ્લોરી પંડે આ છોકરીની વાલી નહોતી એટલે વાલીપણાનો હક લોરેન્સનને સોંપવા તેને અખ્તીઆર નહોતો. વિલાયતના કાયદા પ્રમાણે ૭ વર્ષની ઉપરની વયનું બાળક પોતાનો વાલી પસંદ કરી શકે છે. ૩૬૧ મી કલમ માબાપના હકનું રક્ષણ કરવા વાસ્તે રચાએલી છે, અને આ છોકરી અનૌરસ હોવાથી કાયદાની નજર આગળ તે કોઇનું છોકરૂં ગણાઈ શકાતી નથી.

ચીફ જસ્ટીસ ગાર્થ તથા જસ્ટીસ કનીંગહામ, તથા મેકલાનનો ઠરાવઃ—

ઈવાફ્લોરી જારકરમ કરાવવાને લલચાય એટલા સારૂ બંધવે તેનું હરણ કર્યાવાસ્તે ગયા માસની ૩૦ મી તારીખને રોજ તેના ઉપર ૩૬૬ મી કલમ માંહેલું તહોમત મુકી, ઇનસાફ કરતાં તેને અપરાધી ઠરાવવામાં આવ્યો હતો, એક ઇવાફ્લોરી એક મીસીસફ્લોરીનું અનૌરસ બાળક હતું. એ મીસીસફ્લોરી, કેટલાંક વરસથી મરી ગયેલી છે અને આ ગુન્હો બન્યો ત્યારે એ ઈવાફ્લોરી, મીસીસલોરેન્સનના ઘરમાં તેણીના હવાલા અને સંભાળ તળે રહેતી હતી. આ મીસીસલોરેન્સનને પી. કો. ની ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે તે છોકરીના કાયદેસર વાલીપણાનો હક રાખ્યો છે. આ ગુન્હો બનવા ટાંણે ઇવાફ્લોરી સોળ વરસની વયની સગીર ઉમરની છોકરી હતી અને તેણીના કાયદેસર વાલીપણાનો હક મીસીસલોરેન્સન ધરાવે છે તે એવા કારણથી કે, મીસીસફ્લોરી જ્યારે અંતકાળની સ્થીતીમાં હતી ત્યારે ઇવા તથા એક બીજા છોકરાને એ મીસીસલોરેન્સનને સોંપી ગઇ હતી આ હકીકત ૧૨ વરસ અગાઉ બની હતી. મીસીસલોરેન્સને આ હવાલો કબુલ રાખ્યો હતો અને તેજ વખતથી આ બાળક તેણીના હવાલામાં હતું, અને તે પોતાને ખરચે તેનું ભરણ પોશણ કરતી હતી.

ઇનસાફ થતી-વખત બંધવાના વકીલે એક એવી તકરાર ઉઠાવી છે કે, જ્યારે આ કહેવામાં આવતો ગુન્હો બન્યો ત્યારે મીસીસલોરેન્સન પી. કો. ની ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે ઈવાફ્લોરીની કાયદેસરવાલી નોહોતી. આ તકરાર જે વીદવાન જડજે આ કામનો ઇનસાફ કર્યો હતો, તેણે રાખી મુકી હતી. અને ૩૬૬ મી કલમના ગુન્હાનો બન્ધવાને અપરાધી ઠરાવી તેને સજા કરી હતી. હવે આ કોરટને એટલુંજ નકી કરવાનું છે કે, એ ગુન્હા-

નો ઠરાવ કાયમ રહી શકે એવો છે કે નહીં?

બંધવા તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે, ૩૬૧ મી કલમના અર્થ પ્રમાણે મીસીસલોરેન્સન ઇવાફ્લોરીની કાયદેસરવાલી નથી. વળી મીસીસફ્લોરી પંડે મરતી વખત આ છોકરીની કાયદેસરવાલી નોહોતી. અને તેથી મીસીસલોરેન્સને અથવા બીજા કોઇને કાયદેસરવાલી ઠરાવવાનો અધીકાર નહોતો. વળી સગીર ઉમરનાં બાળકો કરતાં વાલીઓના હકનું રક્ષણ કરવા સારૂ ૩૬૧ મી કલમ રચાએલી છે, અને જ્યાં સુધી, આવી રીત વાલીનો દાવો કરનારી સ્ત્રીવાલી હતી કે નહીં? તે કાયદાથી નકી ન થાય ત્યાં સુધી સદરહુ કલમના અર્થમાં તેનો સમાસ થઈ શકતો નથી. તથા પીનલકોડમાં તેના જેવી કલમોનો હેતુ અનીતીના કામ વાસ્તે, ફોસલાઇ જતાં અટકાવવા સારૂ કુમળી વયનાં છોકરાઓનું રક્ષણ કરવાની મતલબ છે, અને તેવીજ રીતે મા બાપો અને વાલીઓના હકનું રક્ષણ કરવાનું છે એમ ધારીએ છીએ. વળી તેની સાથે અમે એમ પણ ધારીએ છીએ કે, ૩૬૧મી કલમ પ્રમાણે "કાયદેસરવાલી" એ શબ્દનો ખુલાસો થોડો ઘણો મોકળે મને કરવાનું ધારેલું છે, અને તે એટલાજ માટે કે, વાલી એ શબ્દનો જે કાયદેસર અર્થ મંજુર કરવામાં આવ્યો છે, તે અર્થ પ્રમાણે, જે માણસના હવાલામાંથી કોઇ સગીરનું હરણ અથવા નયન થયું હોય, તે માણસ આવી જાતના કામોમાં કાયદેસરવાલી હતો તે પ્રોસીક્યુશનવાળાને સાબીત કરવાની જે મુશકેલી પડે તે દૂર કરવી. અનૌરસ બચ્ચું જ્યારે ધાવતું હોય, ત્યારે તેની ખરેખરી અને સ્વભાવીકવાલી તેની માછે. અને જો તે વખતમાં, તે મા મરી જાય અને જેવું આ કામમાં બનેલું છે, તેવી રીતે પોતાના નીમકહલાલ દોસ્તને સોંપી દે, અને તે દોસ્ત એ હવાલો કબુલ રાખીને તે છોકરાંને પોતાના ઘરમાં રાખીને પોતાના પૈસાથી ભરણપોશણ કરે તો, અમે ધારીએ છીએ, તેવે સક્ષ, ૩૬૧ મી કલમના ખુલાસાના અર્થ પ્રમાણે સદરહુ બાળક તેના હવાલામાં કાયદેસર રહેલું છે.

અનૌરસ માબાપ વગરનાં છોકરાંઓનેજ કાયદાના આસરાની જરૂર છે. અને મીસીસલોરેન્સનના દરજાવાળા સક્ષો એ ખુલાસાના અર્થ પ્રમાણે કાયદેસરવાલી ન ગણાય તો, ઘણા કામોમાં કાયદાને વચમાં આવવાની જરૂર છે. તેમાં કાયદો વહેવારી રીતે સાવ નીરૂપયોગી થાય છે.

કલમ ૩૬૭ મી.

૩૬૭. કોઇ સખસને મહાવ્યથા કરવામાં આવે અથવા તેને ગુલામ કરવામાં આવે, અથવા તેની ઉપર કોઇ સખસની સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મઇથુનેચ્છા પુરણ થાય, એટલા માટે, અથવા તેની ઉપર એ પ્રમાણે ગુજરવાના જોખમમાં તે આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે, અથવા તે સખસની ઉપર એ પ્રમાણે ગુજરશે, અથવા તેનો એ પ્રમાણે વગ કરવામાં આવશે, એવો સંભવ છે એમ જાણીને, જે માણસ તે સખસનું હરણ અથવા નયન કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સખસને મહાવ્યથાથાય તેને ગુલામ કરવામાં આવે, વગેરે કારણસર તેનુંહરણ અથવા નયન કરવું.

કલમ ૩૬૮ મી

૩૬૮. ફલાણા સખસનું હરણ અથવા નયન થએલું છે એમ જાણ્યા છતાં જે માણસ તે સખસને ગેરવ્યાજબી રીતે સંતાડે અથવા કેદ કરે, તે માણસને, જે ઇરાદા કે જ્ઞાનથી, અથવા જે કારણસર તે માણસ તે સખસને સંતાડે અથવા કેદમાં રાખે તેજ ઈરાદા કે જ્ઞાનથી, અથવા તેજ કારણસર જાણે તે માણસે તે સખસનું હરણ અથવા નયન કરયું હોય, એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

હરણ થએલા સખસને ગેર વ્યાજબી રીતે સંતાડવો અથવા કેદમાંરાખવે

કલમ ૩૬૯ મી.

૩૬૯. દશ વરસથી ઓછી ઉમરના કોઇ બચ્ચાંના શરીરપરથી કાંઇ જંગમ મિલકત બદદાનતથી લેવાના ઇરાદાથી, જે માણસ તે બચ્ચાંનું હરણ અથવા નયન કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

દશ વરસથી ઓછી ઉમરના કોઈ બચ્ચાંના શરીર પરથી જંગમ મીલકત ચોરવાના ઇરાદાથીતેબચ્ચાંનું હરણ અથવા નયનકરવું.

કલમ ૩૭૦ મી.

કોઇ સખસને ગુલામ દાખલ જે માણસ આ દેશમાં લાવે અથવા આ દેશમાંથી બાહાર મોકલે, અથવા ખરીદે, અથવા ખરીદ કરે, અથવા વેચે, અથવા કોઇને આપે, અથવા તે સખસની મરજી નહી જતાં તેને ગુલામ દાખલ કબુલ કરે, લે, અથવા રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સખસને ગુલામ દાખલ વેચવો અથવા આપવો

માહારાણી કેસરેહિંદ વિ. રામકુંવર.

કલમ ૩૭૦.

૧

તા. ૮-૩-૮૦ ઇ. ૧ અ. પા. ૭૨૩ એક નાની ઉમરની છોકરીનો કબજો કરીને તે છોકરીને કોઇ બીજા પુરૂષને પઇસાવડે વેચાતી આપવી, અને તે એવા ઇરાદાથી કે તે તેની સાથે પરણે તો તેથી ૩૭૦ મી કલમ માંહેલો ગુન્હો થતો નથી.

कोइ र. नामनी स्त्रीए एक लगभग अगीआर वरसनी ड. ।नामनी छोकरीनो कबजो करीने ते छोकरीने एक त्रीजा पुरुषने क़ीमत लइने वेचाती आपी, ते एवा इरादाथी के आ त्रीजो सक्ष तेणीनी साथे परणे, अने पछी ते त्रीजा सक्षे तेवा इरादाथी ते छोडीने खरीद करी.

ठराव्युं के हीं. पी. को.नी ३७०मी कलम प्रमाणे ड. ने गुलाम तरीके वेच्याना गुन्हा वास्ते र. ने गुन्हेगार ठरावी शकाती नथी. राणी वि. मीरजा शीकंदर बख्तना मुकरदमा उपर टीका करवामां आवी.

આ મુકરદમો જસ્ટીસ પાંકીએ સને ૧૮૭૨ ના દસમા આકટની ૨૯૪( ) મી કલમ પ્રમાણે મંગાવી લીધા બાદ ફુલબેંચ તરફ લખી મોકલ્યો હતો. બંધવી રામ કુંવરે એક દેવકી નામની ઓરતને ગુલામ તરીકે વેચી હતી. તેથી તે બંધવીને આગ્રાના સેશન જડજે હી. પી. કો. ની ૩૭૦ મી કલમ પ્રમાણે સજા થાય એવા ગુન્હાની અપરાધી ઠરાવી હતી. જે મુખ્ય હકીકત ઉપર એ ઠરાવનો આધાર રહેલો છે, તે નીચે પ્રમાણે છે. એક દેવકી નામની પરણેલી અબળા લગભગ અગીયાર વરસની હતી. તેની સાથે બંધવીને એક રોજ આગ્રા શેહેરમાં મુલાકાત થઇ અને એ મુલાકાતમાં હું તારૂં સારી રીતે ભરણ પોષણ કરીશ એમ કહીને એક ઉદયરામ નામનો જત હતો તેને ઘેર તેણીને જબર દસ્તીથી તે તેડી ગઇ. અને દેવકી પણ જાતે જત છે એમ તે ઘરવાળાને કહીને ઉદયરામના ભાઈ સાથે પરણાવવા સારૂ તેણીને ચાર રૂપૈયા તથા એક ભેંસના બદલામાં આ કેદણે વેચી દીધી. હી. પી. કો. ની ૩૭૦ મી કલમના ગુન્હાની કેદણને જે કારણોથી અપરાધી ઠરાવી છે તે કારણો સેસન જડજના ઠરાવમાં નીચે પ્રમાણે અપાએલાં છે.—"મનુષ્ય પ્રાણીનો વેપાર કરવાની આ કલમથી મનાઈ થાય છે એ વાત ઉઘાડી છે, અને જ્યારે કોઇ મનુષ્ય પ્રાણીની નોકરી અને શરીર રૂપી મિલકતને આપી દેવાની કોશીશ થઈ હોય અને જે કોશીશ મુદે એક જાતની લેવડ દેવડ હોય ત્યારે આ કલમના અર્થ પ્રમાણે ગુલામ તરી કે તે સક્ષનું વેચાણ થયાનું સમજવું જોઈએ, પછી એ લેવડ દેવડના પક્ષકારો તેને ગમે તે અરથમાં ગણે. તેની ચીંતા નહીં. આ નાની છોકરી જે વખતે નીરાધાર હતી તેને રામકુંવરે લઇ લીધી એ વાત ચાલતા મુકરદમામાંથી સાવ ચોખી રીતે જણાઇ આવેછે.

અને એ છોકરી જાતની જત નથી એમ જાણ્યા છતાં તેણીને અવેજ લઇને એક જતને વેચાતી આપી તેથી રામકુંવરની વર્ત્તણૂંક આ કલમના અર્થમાં આવી શકે છે."

આ મુકરદમો ફુલબેંચ તરફ લખી મોકલતાં જસ્ટીસ સ્પાંકીએ નીચે પ્રમાણે લખાણુ કર્યું કે—

આ મુકરદમા માંહેલી જે હકીકત સાબીત થઈ છે તે ઉપરથી મારે એવો નીર્ણય કરવો પડે છે કે, પી. કો. ની ૩૭૦ મી કલમના ગુન્હાનો ઠરાવ પોસાઇ શકતો નથી. મજકુર લેવડ દેવડમાં એ છોકરીને ગુલામ તરીકે આપવા દેવાનો વહીવટ થયો હોય એમ હું ધારી શકતો નથી. જે મુકરદમો હાલ મારી પાસે આવ્યો છે તેવા મુકરદમામાં આ કલમ લાગુ પાડવાનો ઇરાદો રાખ્યો હોય એમ હું માનતો નથી. પરંતુ આ અદાલતે એક ફેંસલો કર્યો છે, અને બેશક એ ફેંસલાથી સેસન જડજના મતને પુષ્ટી મળે છે. એ ફેંસલો સને ૧૮૭૧ ના આ કોરટના ફેંસલાની ફાઈલ ૧૪૬ મે પાને છપાએલો છે અને તે રાણી.વિ. સીકંદર બખ્તનો છે.

એ ફેંસલામાં વીદવાન જડજોએ લખેલું છે કે, " કોઇ સક્ષને ગુલામ ગણવા સારૂ તેની પાસેથી પોતાની મરજી પ્રમાણે કામ કરવાની છુટ લઇ લેવા પણાની એટલુંજ નહીં પણ, તેની જીંદગી, તેની મહેનત તથા તેની મીલકત વેચી નાંખવાનો હક દેખાડવા પણાની દલીલ કરવામાં આવી છે. ખરેખરી ગુલામગીરીની સ્થીતીની વ્યાખ્યા આવી છે તેમાં કશોએ શક નથી. પરંતુ ગુલામગીરીની સ્થીતીમાં પણ ન્યુનાધીકતા રહેલી છે જો કોઇ માણસ બીજા સક્ષની અંગની સ્વતંત્રતાને અટકાવવાનો સ્વતંત્ર હક જાહેર કરીને જેમ માબાપ, વાલી, અથવા બંધીખાંનાના ઉપરીને પોતાના તાબાના માણસની અરજી વિરૂદ્ધ તેની મેહેનત વેચી નાંખવાનો જેવો હક કાયદાથી સંપાદન થાય છે, તેવો હક સંપાદન થયા વગર તેની મેહેનત વેચી નાંખેતો, તે સક્ષની ગુલામ તરીકે તેણે વ્યવસ્થા કરી એમ સમજવું મુસમતપગીયાનું છુટાપણું કબજામાં રાખવાનો તથા તેણીની મેહેનત વેચી નાંખવાનો હક અપેલેન્ટે જાહેર કર્યો છે, અને તેણીને પોતાના ઘરમાં એક ગુલામ તરીકે રોકી રાખ્યાનું અમોને જણાય છે.

આ કામમાં જણાય છે કે સેસન જડજ પાસે એ ઠરાવ હોવો જોઈએ. વળી એ મુકરદમો આ કોરટે ચુકવ્યો છે; તો પછી ફુલબેંચનો અભિપ્રાય લીધા વગર એ બાબતનો નીકાલ કરવાને હું રાજી નથી. મનુષ્ય હરણ કરવાના તથા જુવાન છોકરીઓને બીજા સક્ષો સાથે અથવા તેઓના કુટંબ માંહેના બીજા કોઇ સક્ષો સાથે પરણાવવા સારૂ અથવા રાખેલી તરીકે રાખવા સારૂ વેચી નાંખવાના સામાન્ય પ્રસંગોને ૩૭૦ મી કલમ લાગુ પડતી નથી. એમ માહારો મત છે, અને તેનાં કારણો લખવાનું હાલ હું મોકુફ રાખું છઉં. આ મુકરદમો જેમ બને તેમ જલદી ફુલબેંચ પાસે મુકવો વાજબીછે કેમકે ફોજદારી રીવીઝનમાં મારી પાસે બે મુકરદમાંઓ આવેલા છે, અને આ મુકેલી તકરારનો ફુલબેંચ તરફથી નીવેડો થયાથી તેમનો નીવેડો થઇ શકે એવું છે" ફુલબેંચે આ કામનો ઠરાવ નીચે પ્રમાણે કરેલો છે.

ચીફ જસ્ટીસ ટુર્વર્ટનો ઠરાવ.

આ કામમાં હી. પી. કો. ની ૩૭૦ મી કલમના ગુન્હાનો ઠરાવ ઘડીભર પણ ટકી

શકતો નથી. જો કાંઈ ગુન્હો થયાનું દેખાતું હોય, તો તે મનુષ્યહરણ અથવા મનુષ્ય નયનનો છે, પરંતુ જે હકીકત માલુમ પડી છે તે હકીકત ઉપરથી ગુલામગીરીનો જે ખરેખરો કાયદેસર અર્થ છે તે અર્થનું એકે તત્વ આ કામમાં દેખાતું નથી. તે અર્થ પ્રમાણે દેવકીને ગુલામ તરીકે ગણવામાં આવ્યાનો તદન ભુલ ભરેલો નીર્ણય કરવામાં વખતે સેસન જડજ સાહેબ રાણી. વિ. મીરજાશીકંદરબખ્તના એક નવાઇ જેવા ઠરાવને લીધે દોરાયા હશે. આ મુકરદમા કરતાં એ મુકરદમો ખરેખરો મજબુત હતો. પરંતુ તે ગુલામગીરીનો નહોતો, પણ મનુષ્ય હરણ તથા મનુષ્ય નયનનો હતો. હી. પી. કો ની ૩૭૦ મી કલમનો શું અરથ થાય છે, તે સમજવું અતીશય મુશકેલ છે. તે કલમમાં લખ્યું છે કે "જે માણસ કોઇ સક્ષને ગુલામ દાખલ આ દેશમાં લાવે, અથવા આ દેશમાંથી બહાર મોકલે, અથવા ખસેડે, અથવા ખરીદ કરે, અથવા વેચે, અથવા કોઇને આપે, અથવા તે સક્ષની મરજી નહીં છતાં તેને ગુલામ દાખલ કબુલે, અથવા રાખે, તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે." કાયદા પ્રમાણે સજા થઈ શકતી હોય એવી કોઈ ગુલામગીરીની સ્થીતી હોવાની વાત વખતે બનતી હશે એવું માની લીધાનું આ કલમ ઉપરથી જણાય છે. પરંતુ વીલાયતના તેમજ આ દેશના કાયદા કરનારાઓએ આટલી બધી સ્થીતીનો પુરેપુરો ખ્યાલ રાખ્યાનું જણાતું નથી. કોઇ પણ જાતના હક વગર અથવા કોઇ પણ જાતના દરજા વગર જે એક મનુષ્ય પ્રાણી બીજા કોઈ મનુષ્ય પ્રાણીની મીલકત થાય તેનું નામ ગુલામ છે. અને એ મિલકતના માલેકને કોઇ કાયદાના હીમાયતીને પુછયા ગાછયા વગર વેચાણથી, બક્ષીસથી, અથવા બીજી કોઇ રીતથી તે ગુલામને મારવા અગર જીવાડવાનો અધિકાર છે. ગુલામગીરીની ચોકસ અને મુકરર કરેલી આ સ્થીતી છે અને ઉપર કહેલા મીરજાશીકંદરબખ્તના મુકરદમામાં જે ઠરાવ કર્યો છે તેમાં ગુલામગીરીની સ્થીતીની અંદર કાંઇ ન્યુનાધીકતા થતી નથી.

પરંતુ હિંદુસ્તાનની સરકારની રાજ્યનીતી નીચે કોઇ મનુષ્ય પ્રાણીની આવી સ્થીતી સને ૧૮૪૩ ના એક કાયદાથી તદન નાબુદ થઇ ગઈ છે એ કાયદો સને ૧૮૪૩ ના ૫ મા આકટથી ઓળખાય છે અને ઇસ્ટઈન્ડીઆ કંપનીના મુલકમાં ગુલામગીરીની સ્થીતી હતી તેના સંબંધનો કાયદો સુધારવા સારૂ એ કાયદો રચાએલો છે એ કાયદો ઘણોજ ટુંકો છે અને તેમાં માત્ર ચાર ટુંકી ટુંકી કલમો જે નીચે મુજબ છે:—

(૧) પેહેલી કલમ—કોઇ સરકારી નોકરે કોરટના ઠરાવ યા હુકમનામાની બજાવણીમાં અથવા મેહેસુલ ખાતાના વેરાની વસુલાત કરવામાં બીજા કોઈ માણસને વેચવો નહીં, અથવા વેચાવવો નહીં, અથવા સદરહુ સક્ષ ગુલામ છે એમ જાણીને તે સક્ષ પાસેથી નોકરી કરાવવાનો અથવા પરાણે વેઠ કરાવવાનો હક વેચવો નહીં અથવા વેચાવવો નહીં.

(૨) બીજી કલમ:—એક ગુલામ તરીકે બીજા સક્ષ પાસેથી કરાવેલી નોકરી, તથા તેના શરીર રૂપી મિલકતના જે હકો ઉત્પન્ન થતા હોય તે હકો ઉપર દીવાની યા ફોજદારી કોરટે ઇસ્ટઈન્ડીઆ કંપનીના મુલકની અંદર બજાવણી કરવી નહીં.

(૩) ત્રીજી કલમ:—જે સક્ષે કાંઈ વસ્તુ પોતાના ઉદ્યોગથી અથવા કારીગીરીથી અથવા ધંધાથી અથવા ઇલમથી મેળવી હોય અથવા વારસાની અથવા તેને નામે જમે થ-

યાની અથવા બક્ષીસની અથવા વસીયતનામાથી મળ્યાની રૂયે મેળવી હોય તે મિલકત સદરહુ સક્ષ ગુલામ હતો એટલા માટે અથવા જે સક્ષની તરફથી એ મિલકત મળી હતી તે સક્ષ ગુલામ હતો એટલા માટે તેની પાસે ઝોંટાવી લેવી નહીં અથવા તેને આપવી હોય તો હરકત કરવી નહીં.

(૪) ચોથી કલમઃ—કાંઇ પણ કૃત્ય કરવાથી કોઇ સ્વતંત્ર માણુસ પ્રત્યે ગુન્હો થતો હોય તો તે કૃત્ય મજકુર સક્ષ ગુલામ છે એવી દલીલથી ગુન્હો ગણાતાં અટકશે નહીં.

હિંદુસ્તાનમાં વખતે ગુલામગીરી ચાલતી હશે એ વાત તદન આ કાયદાથી ખોટી પડે છે એટલુંજ નહીં પણ એ ગુલામગીરીમાં રહીને જે જે હકો, નફાઓ અથવા મિલકતો મેળવી હોય તેના ઉપર પણ બીજા કોઇની માલીકી હોવાની વાત ખોટી પડે છે. અને ઈ. પી. કો. ની ૩૭૦ મી કલમનો કેવો હેતુ રાખ્યો હશે તે સમજવું અતીશય મુશકેલ છે એમ મેં પોતે પણ ઉપર કહેલું છે. કોઇ મનુષ્ય પ્રાણીને ગુલામ ગીરીની સ્થીતીમાં રાખવાનું ખરેખરૂં મનથી નકી કર્યું હોય એમ ધારી શકાતું નથી. કેમકે જે વાત કાયદા કરનારાઓના જાણુવામાં ન આવી હોય, તે વાતનો અમલ કરવાની શક્યતા વીશે કાયદાકારોએ ધાર્યું હોય કીંવા ટેવ્યું હોય એમ માની શકાતું નથી. માટે માણુસોને ગુલામ રાખવાની, તથા રીતભાત, કામકાજ કીંવા માલ મતાની બાબતમાં તેઓ જ્યારે પોતાની મરજી પ્રમાણે રહેતાં હોય ત્યારે તેઓનો વહેવાર રાખવામાં તેઓના જે મનોવીકારો હોય તે મનોવીકારોને ગમે નહીં એવી રીતે વહેવાર રાખવાનાં પ્રયત્ન સામે ૩૭૦ મી કલમ ઘડયાનુંજ માત્ર સમજી શકાય છે. બાઇ દેવકીને પરણાવી દેવાસારૂ કેદણુ રામકુવરે તેને ફોસલાવ્યાનું જણાય છે અને એ લગ્ન પરનાતીની હોવાપણાના વાંધાથી થયું નહીં એટલે રામકુવરને ઘેર તે બાઈને પાછી મોકલી દીધી. એ લગ્ન થઇ શકત કે નહીં એ ઘણું શક પડતું છે કેમકે નાગા સાથે તેણીનું તેના કહેવા પ્રમાણે પેસ્તર લગ્ન થયું હતું અને તે વખતે રામકુંવરને આ વાતની ખબર હોવાનો સંભવ નથી. પરંતુ તે ખબર તેને હોય કીંવા ન હોય તો પણ ૩૭૦ મી કલમ પ્રમાણે કાંઇ પણ ગુન્હો થયો છે એમ ઠરાવવા સારૂ પડેલી હકીકત ઉપરથી નબળામાં નબળું પણ કારણ દેખાતું નથી તેમાં જરાએ શક નથી.

જસ્ટીસ પીયરસનનો ઠરાવ.

આ મુકરદમાને ઉપર ઉપરથી જોતાં જણાય છે કે બાઈ દેવકીને ઉદયરામના ભાઇએ ગુલામ તરીકે નહીં પણ પોતાની ઓરત કરવા સારૂ વેચાતી રાખી હતી. માટે જે વીદ્વાન જડજે આ મુકરદમો ફુલબેંચનો અભીપ્રાય મળવા સારૂ લખી મોકલ્યો છે તે વીદ્વાન જડજના મતને હું મળતો આવું છું કે ૩૭૦ મી કલમના ગુન્હાનો ઠરાવ રામકુવર ઉપર પોસાઇ શકતો નથી. આ મુકરદમામાં સેસન જડજે રાણી વિ. સીકંદર બખ્તના ફેંસલાને આધારે જે મત બાંધ્યો છે તે ફેંસલાથી તેને પુષ્ટી મળતી હોય એમ હું ધારી શકતો નથી.

જસ્ટીસ સ્પેંકીનો ઠરાવ.

જે વખતે આ મુકરદમો મેં લખી મોકલ્યો તે વખતે. પી. કો.ની ૩૭૦ મી કલમ આ કામને લાગુ ન પડયાનો જે અભીપ્રાય મેં આપ્યો હતો તેનોતેજ અભીપ્રાય હજુ સુધી મારો રહે છે.

સેસન જડજે પોતાનો અભીપ્રાય આપ્યો છે તે એવો છે કે " ૩૭૦ મી કલમથી

સઘળા મનુષ્ય પ્રાણીનો વેપાર કરવાની બંધી કરવામાં આવી છે અને જ્યારે એ વેપારનું તત્વ કોઈ મનુષ્ય પ્રાણીની મેહેનત તથા શરીર રૂપી મિલકતને આપી દેવાના પ્રયત્નના રૂપની હોય ત્યારે તે સક્ષ આ કલમના અર્થ પ્રમાણે ગુલામ તરીકે વેચાય છે પછી એ લેવડ દેવડના પક્ષકારો પોતાની લેવડ દેવડને ગમે તે જાતનું રૂપ આપવાની કોશીશ કરે તેની ચીંતા નહીં.

ફુલબેંચ તરફ આ મુકરદમો લખી મોકલવા ટાંણે આ અદાલતના આગળના ફેંસલાનો જે મેં હવાલો આપ્યો હતો, તે ફેસલાથી સેસન જડજના મતને પુષ્ટી મળ્યાનું મને લાગે છે. જે વીદવાન જડજોએ એ મુકરદમો ચુકવ્યો છે તેઓએ કહ્યું છે કે "જો એક સક્ષ બીજા કોઈ સક્ષની જાતની સ્વતંત્રાને અટકાવવાનો સ્વતંત્ર હક જાહેર કરીને જેમ માબાપ, વાલી, અથવા જેલરને તે સક્ષની મરજી વીરૂદ્ધ તેની મેહેનત વેચી નાંખવાનો હક કાયદાથી સંપાદન થયો છે, તે હક સંપાદન થયા વગર તેની મેહેનત વેચી નાંખે તો તે સક્ષની ગુલામ તરીકે વ્યવસ્થા થઈ એમ સમજવું. એ વાત બેશક ખરે ખરી છે પરંતુ તે જડજોએ એ ઠરાવમાં વળી કહ્યું છે કે "જે ગુન્હાનો અપેલેન્ટને અપરાધી ઠરાવ્યો છે તે ગુન્હો અમારા જાણવા પ્રમાણે આ દેશમાં વારંવાર બને છે તે માંહેલો આ એક નમુનો છે. છોકરાંઓને તેના માબાપ પાસેથી અથવા બીજા લોકો પાસેથી ખરીદ કરીને તેઓને ઘરના ચાકર તરીકે ઉછેરવામાં આવે છે અને એ ચાકરોને પોતાની જાતની કાંઈ સ્વતંત્રતા આપવામાં આવતી નથી. વહેવારમાં આવા છોકરાઓ ગુલામ જેવા છે અને કાયદાકારોએ પણ એવી સ્થીતિ મંજુર રાખી નથી એમ કહેવાની કશી જરૂર નથી. અને જે લોકો તે છોકરાઓને પોતાના ઘરમાં પુરી રાખે છે તે લોકો પીનલકોડ પ્રમાણે સજાને પાત્ર થાય છે."

કયો પ્રસંગ લઇને આ કલમ ઘડવામાં આવી છે તે નકી કરવા સારૂ મેં સરકારી દફતરમાં તપાસેલું છે.

સને ૧૮૩૭ માં પીનલકોડનો મુસદો સતાવાર પ્રસીદ્ધ થયો હતો તે મુસદામાં મનુષ્ય હરણ કરવાના બાબમાં ૩૫૭ મી કલમ હતી તે હાલ ૩૬૭ મી કલમ છે તે શીવાય ગુલામગીરીના સબંધમાં તેમાં કાંઇ લખ્યું નહોતું તથાપી ગુલામગીરીની સ્થીતી ચાલતી હોય એમ હયાતી વીશે કમીશનરોએ પોતાના રીપોર્ટમાં માની લીધું છે ખરૂં. તેઓ કહે છે કે હિંદુસ્તાનના દરેક ભાગમાંથી અમે એ બાબતની હકીકતનો સંઘરો કરેલો છે અને જે પત્રો ભેગા થયા છે, તે ઉપરથી અમને ખાત્રી થઇ છે કે હરકોઇ શેઠની પોતાના ગુલામો ઉપર કેટલે સુધી સતા રહેલી છે તેની વ્યાખ્યાવાળો કોઇ કાયદો થયો નથી. વળી ગુલામગીરીની સ્થીતી પાળવી કીંવા ન પાળવી તે બાબતમાં જે સરકારી અધિકારીના તાબામાં સરકારી મુલક છે તે અધીકારીઓની ખાસ પ્રકૃતી ઉપર આધાર રહેલો છે. અને અડોસ પડોસના મુલકના અમલદારો અથવા જે અમલદારો જુદે જુદે બખતે એકજ મુલકમાં આવી ગયા છે તેઓ સઘળાઓ ગુલામગીરીના સંબંધે પોતાની સરકારી શું ફરજો છે તે વિશે એક બીજાથી ઉલટા મતો ધરાવે છે. આનું પરીણામ એ થયું કે લો કમીશનરોએ ગવરનર જનરલ ઇન કાંઉસીલને ભલામણ કરીકે કોઈ ધણીએ પોતાના ગુલામની સામે ગુન્હો કર્યો એટલા માટે તેને સજામાંથી બચાવવો જોઇએ નહીં. કેટલાકો એમ ધારે છે કે આવી રીતે કાયદો ઘડીને લો કમીશનરોએ હિંદુસ્તાનમાંથી ગુલામગીરી ખરેખરી કાઢી નાંખી છે પરંતુ ગુલામનાં દુખો બે, એ સ્થીતીનું એક તત્વ છે

તે દૂર કરવાનો તેઓનો હેતુ હતો. અને ગુલામગીરીના આખા બંધારણનો જલદીથી અને સ્વભાવીક રીતે નાશ કરવો એ તેઓનો હેતુ હતો. તેઓ કહે છે કે, "ગુલામ ગીરીનું તત્વ એટલે જે બનાવેથી ગુલામગીરીની સ્થીતીમાં દુનીયાદારીના નેષ્ટ માંહેલા નેષ્ટ દુ:ખોનો જન્મ થાય છે, તે અમારા અભીપ્રાયમાં એવી રીતનું નથી કે તેગુલામને માલેક ઇનસાફ કરનારાઓનો આશરો લીધા વગર પોતાના ગુલામો પાસેથી પરાણે કામ કરાવવાનો કાયદેસર હકદાર છે. સને ૧૮૩૮ માં ઓનરેબલ કોર્ટ ઓફ ડીરેક્ટરોએ ફરમાવ્યું કે ઉપરની ભલામણ પ્રમાણે કાયદો બાંધવાની હિંદુસ્તાનની સરકારે ઢીલ કરવી જોઇએ નહી. લો કમીશનરોમાંથી ઘણા એ એ કાયદાનો મુસદો ઘડયો. પણ એ મુસદાથી કેમેરન સાહેબનો મત જુદો પડવાથી તથા એ કમીશનરોનો માંહોમાંહે મત ભેદ થયાથી તે મુસદો સને ૧૮૪૧ માં રજુ થઇ શકયો નહીં. આખરે સને ૧૮૪૩માં તેજ સાલનો પાંચમો આકટ પ્રસાર થયો અને લો કમીશનરોએ પ્રથમ ભલામણ કરી હતી તે ભલામણનો આ આકટથી અમલ થયો. કોઇ કોરટના ઠરાવ કીંવા હુકમનામાની બજાવણીમાં અથવા વેરો કીંવા મેહેસુલની ઉઘરાત કરવામાં કોઇ સરકારી નોકરે કોઈસક્ષનું વેચાણ કરવું નહીં અથવા સદરહુ સક્ષ ગુલામગીરીની સ્થીતીમાં છે એવું કારણ આપીને તેની પાસે પરાણે કામ કરવાના હકનું અથવા તેની નોકરીનું સદરહુ સરકારી નોકરે વેચાણ કરવું નહીં. એ વીશેની મનાઇ તે કાયદાની પેહેલી કલમમાં લખી છે અને તેની બીજી કલમથી એવું જાહેર કરવામાં આવ્યું છે કે ઇસ્ટઇંડિયા કંપનીના મુલકમાં કોઇ દીવાનીયા ફોજદારી કોરટે અથવા કોઇ માજીસ્ત્રેટે ગુલામ તરીકે કોઇ બીજા સક્ષની નોકરીરૂપી અથવા શરીર રૂપી મીલકત કહેવામાં આવતી હોય તે મીલકતમાંથી ઉત્પન્ન થતા સઘળા હકોની બજાવણી કરવી નહીં. ત્રીજી કલમમાં ઠરાવ્યું છે કે કોઇ માણસે ગમે તે રીતે મિલકત મેળવી હોય તે માણસ ગુલામ છે, અથવા જે માણસને મીલકત મળતી હોય તે ગુલામ પાસેથી મળી છે એવું કારણ બતાવીને તે મિલકત તેની પાસેથી ખુંચાવી લેવી નહીં. ચોથી કલમમાં ઠરાવ્યું કે જો કોઇ કૃત્ય એક છુટા માણસની પ્રત્યે કર્યું હોય અને તેથી ગુન્હો થતો હોય તો એનું એ કૃત્ય એક ગુલામ પ્રત્યે કર્યું છે એવો બચાવ આપવાથી સદરહુ કૃત્ય ગુન્હો ગણાતાં અટકશે નહીં.

આ કાયદો પસાર થયા પછી સને ૧૮૪૬માં ઇંન્ડયન લોકમીશનરોએ ફરીને પીનલકોડ ઉપર એક રીપોર્ટ કર્યો એ રીપોર્ટની ૪૨૬ માથી તે ૪૩૮ મી કલમ લગીમાં તેઓએ મનુષ્ય હરણ તથા છોકરાઓનું વેચાણ કરવા સંબંધમાં લખેલું છે. ૪૩૫ મી કલમમાં તેઓએ સને ૧૮૪૩ ના પાંચમા આકટનો હવાલો લેઇને એવો અભીપ્રાય આપ્યો છે કે કોઈ છુટા માણસનું ગુલામ તરીકે ખાંનગી વેચાણ થાય તે બાબત આ કાયદામાં મનાઇ કરી નથી. પરંતુ તેની ચોથી કલમ પ્રમાણે આવી રીતે કોઇ વેચાએલા સક્ષને તેની મરજી વિરૂદ્ધ ગુલામ તરીકે ગણવો નહીં. તે ઉપરથી તેની સાફ મનાઇ કર્યાનું સમજાય છે. અને વધુ કાયદો બાંધ્યા વગર જે પુખ્ત વયના માણસો એ કાયદાનો લાભ લેવા માગેછે તે લાભ જેવો જોઇએ તેવો મળી શકે છે. પરંતુ છોકરાઓના સંબંધમાં કહેવું જોઇએ કે હરકોઇ પ્રસંગે કોઇ છોકરાને વેચવું અથવા વેચાતું લેવું તેને ગુન્હો કહેવો જોઇએ. આ રીપોર્ટ લખ્યા પછી શું બન્યું તેનો મને કાંઈ પણ પત્તો લાગી શકયો નથી. પરંતુ સને ૧૮૪૬ ના રીપોર્ટમાં કરેલી ભલામણ નીષ્ફળ ગઇ એમ લાગતું નથી કેમકે તે ઉપરથી ૩૭૦મી તથા ૩૭૧ મી કલમ તૈયાર કરી હશે.

સને ૧૮૪૩ નો પાંચમો આકટ જોતાં તથા તેમાંથી વીશેષે કરીને ચોથી કલમ જોતાં આહારે ચોકસ ઠરાવવું જોઇએ કે જે મુકરદમો અત્રે લખાઇ આવ્યોછે તેને સંબંધે પ્રોસીક્યુશન વાળાએ બતાવવું જોઇએ કે કેદણ રામકુંવરે આ છોકરીની સ્વતંત્રાને વેચી નાંખવાનો હક જાહેર કર્યો હતો અને તે છોકરી ગુલામ છે એવો ડોળ ઘાલીને તેને ગુલામ તરીકે વેચી હતી. અને તે વેચાયાબાદ ગુલામ તરીકે રાખી હતી. એટલે આ મુકરદમામાં એવો જોગ બન્યાનું મને દેખાતું નથી માટે આ કલમ લાગુ પડતી નથી.

રાણી. વિ. મીરજા શીકંદરબખ્તના ઠરાવના પાછલા ભાગમાં વીદવાન જડજોએ જે વીવેચન કર્યું છે એ વીવેચન આ કલમની બહાર જતું હોય એમ મને લાગે છે. ૩૬૫, ૩૬૬–૩૬૭—૩૬૮–૩૭૨ તથા ૩૭૩ મી કલમો છોકરાંઓનું હરણ કરવાના કામો વાસ્તે ઠરાવેલી છે અને ૩૭૪ મી કલમમાં કહેલું છે કે, જે માણસ બીજા માણસનીમરજી વિરૂદ્ધ કાયદા વિરૂદ્ધ કામ કરવાની ફરજ પાડશે તે માણસને એમાંના ગમે તે પ્રકારની એક વરસની મુદત સુધીની બંને અથવા એમાંના ગમેતે પ્રકારની કેદની સજા કરવામાં આવશે. પરંતુ ૩૭૦મી કલમમાં જે જે બાબતો સમાવેલી છે, તેને માટે ખાસ ગુન્હો ગણીને બાંધેલી છે એમ સમજવું જોઈએ એટલે કે (૧) કોઇ સક્ષને આ દેશમાં ગુલામ તરીકે લાવવો નહિ અથવા આ દેશમાંથી બહાર મોકલવો નહિ. (૨) કોઇ સક્ષની ગુલામ તરીકે વ્યવસ્થા કરવી નહિ. (આ ઠેકાણે પણ તે કૃત્ય તે સક્ષની મરજી વિરૂદ્ધ કર્યાનું અનુમાન કરી લેવાનું છે.) (૩) કોઇ સક્ષને તેની મરજી વિરૂદ્ધ ગુલામ તરીકે રોકવો નહિ, લેવો નહિ, અથવા મંજુર કરવો નહિ, એટલે કે જે સક્ષ ગુલામ તરીકે રોકી શકાતો નથી, લઈ શકાતો નથી, અથવા મંજુર કરી શકાતો નથી, તે સક્ષની મરજી વિરૂદ્ધ સદરહુ કૃત્ય કરવામાં આવ્યું હતું એમ બતાવવું જોઈએ. જ્યારે કોઇ કામમાં આવી રીતની બીનાઓ દેખાય નહિ ત્યારે ૩૭૦ મી કલમ લાગુ પડયાનું મને દેખાતું નથી.

જસ્ટીસ ઓલ્ડફીલ્ડનો ઠરાવ.

મારી કલ્પનામાં એવું આવે છે કે પી. કો. ની જે કલમોના સંબંધનું આ લખાણ કરવામાં આવ્યું છે તે કલમો સાચેસાચા અર્થવાળી ગુલામગીરી જેનો ચોકસ રીતનો એવો અરથ છે કે કોઇ સક્ષનું સ્વાધીનપણું, તેનું દ્રવ્ય, તથા તેનું જીવતર છે તે ઉપર મારી સર્વોત્તમ તથા બેહદ સતા છે એમ બીજો કોઇ સક્ષ હક રાખતો હોય તેવી ગુલામગીરી દબાવી દેવાને ઘડવામાં આવી છે, એટલુંજ નહીં પરંતુ એથી ઉતરતા દરજાની ગુલામગીરી જેમાં એક સક્ષના સ્વાધીનપણા ઉપર બીજો કોઇ સક્ષ પોતાની સર્વોત્તમ સત્તા હોવાનું જાહેર કરતો હોય તેવી ગુલામગીરી દાબી દેવા સારૂ પણ એ કલમો રચાઇ છે.

હિંદુ તથા મુસલમાની ધર્મશાસ્ત્રોમાં ગુલામગીરીની છુટી આપી છે અને જ્યારે આ દેશમાં આપણું રાજ શરૂ થયું ત્યારે એક જાતની ગુલામગીરી ચાલતી હતી અને આ રેફરંસની બાબતમાં જસ્ટીસ સ્પેકીનો લખેલો અભીપ્રાય વાંચવાનો મને જે લાભ મળ્યો છે તે ઉપરથી સારી પેઠે જણાય છે કે જે કાયદાનું અત્રે વિવેચન થાય છે તે કાયદો એ રીવાજને દાબી દેવા સારૂ રચાયો છે.

આ મુકરદમામાં ૩૭૦ મી કલમના અર્થ પ્રમાણે બંધવાનું કૃત્ય થવા સારૂ તે છોકરીનું ગુલામ તરીકે વેચાણ થવું જોઈએ અથવા કાંઇ બીજી વ્યવસ્થા થવી જોઈએ એટલે કે એ વેચાણ અથવા એ વ્યવસ્થા એવા પ્રકારનાં હોવાં જોઇએ કે એથી કરી જે માણસ, ગુલામ તરીકે બીજા કોઇ સક્ષની શરીર રૂપી મીલકત લેવાનો દાવો રાખતો હોય તે માણસ બીજાને એ મીલકત આપી દેવાને સમર્થ થાય.

પરંતુ આ મુકરદમાની હકીકત ઉપરથી એવી જાતનું કાંઇ બન્યાનું જણાતું નથી. એ છોડી જ્યારે તંગ અવસ્થામાં હતી ત્યારે કેદણનો આશરો લેવા આવ્યાનું જણાય છે. અને ઉદયરામના ભાઇની સાથે પરણે એવા ઇરાદાથી તેણીએ તે ઉદયરામને તે છોડી આપી હશે અને તેણે જે અવેજ લીધો છે તે પોતાનું મેહેનતાણું છે. આટલી હકીકત ઉપરથી ૩૭૦ મી કલમનો ગુન્હો બન્યાનું મને જણાતું નથી.

જસ્ટીસ સ્કોટનો ઠરાવ

સેસન જડજના ઠરાવમાંથી જે હકીકત માલમ પડી આવે છે તે ઉપરથી મારો અભીપ્રાય એવો છે કે પી. કો. ની ૩૭૦ મી કલમ પ્રમાણે રામકુંવરના ગુન્હાનો ઠરાવ ટકી શકતો નથી. પેલી છોકરી દેવકુવરને ઉદયરામના ભાઇને ગુલામ તરીકે વેચી દીધી હતી, કીંવા આપી દીધી હતી અથવા બીજા શબ્દોમાં કહું તો તેણીની માંહેલી અને તેણીના ઉપરની મીલકતનો હક તેની મરજીની ઉપરાંત થઇને તથા તેની સ્વતંત્રતા જાબ્દામાં રાખીને તેની પાસે પરાણે કામ તથા ગોલાપો કરાવવા સારૂ તેના ખરીદદારે જાહેર કરેલો હોય એ વીશેનો જોઈએ તેટલો પુરાવો પડયો નથી. ઉલટી રીતે જોઇએ છીએ તો એ દેવકી જાતે જત છે એમ માનીને ઉદયરામના ભાઇએ ચાર રૂપૈઆ તથા એક ભેંશ આપ્યાનો પુરાવો થએલો છે, અને એ ઉદયરામના ભાઈનો તેણીના સંબધમાં કબુલ કરેલો ઇરાદો તથા કબુલ કરેલી મતલબ પરણવાની હતી. વળી જે પળે માલુમ પડયું કે તે દેવકી જાતે જત નથી એટલે ઉદયરામ પાછી રામકુવરને સોંપવાને રવાને થયો. અને જો પોલીસે તેને અટકાવ્યો ન હત તો તેને પાછી સોંપી દેત. બધી રીતે વિચાર કરતાં હું માનુંછઊં કે સેસન જડજનો ઠરાવ ફેરવી નાંખવો જોઈએ.

અમીનાં વિ. માહારાણી કેસરેહીંદ.

कलम ३७०.

२

તા૦ ૧૩-૨-૮૪
ઇ. ૭ મ. પા. ૨૭૭

કોઇ સક્ષ તેરવરસની છોકરીના શરીર રૂપી મીલકતનો સમળો હક કાંઈ અવેજ લઇ બીજા સક્ષને નામે ચડાવી આપે તો નામે ચડાવી આપનાર આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય છે.

एक स नामना सक्षे कोइ तेर वरसनी ब नामनी छोकरीना शरीर रुपी मिल्कतनो सघळो हक पचीस रुपैआमां अ ने नामे करी आप्यो. आ लेवड देवडमां जे दस्तावेज लखाणं हतुं तेमां ब नो वेलाती (चाकरडी) दाखल प नी पासेथी स ए वेचाती लीधी हती एम लखेलुं हतुं.

ठराव्युं के, ही. पी.को. नी कलम ३७० प्रमाणे गुलाम दाखल वेचातो लीधानो अ गुन्हेगार थाय छे.

સને ૧૮૮૩ ના કાલેંડરના ૭ મા નંબરના કામમાં ૮-૧૦-૮૩ ને રોજ ઉતર મ-ળબારના સેસન જડજે સજા કરી હતી તેના ઉપરની આ અપીલ હતી.

કોઇ એક છોડીને ગુલામ દાખલ વેચાતી લીધા વાસ્તે ઈ. પી. કો. ની ૩૭૦ મી કલમના ગુન્હાની અપેલેન્ટ અમીનાંને અપરાધી ઠરાવી હતી. ઇનસાફ દરમીયાન નીચેની હકીકત સાબીત થએલી છે.

ફરીયાદીની ચાકરડી જે ૧૩ વરસની ઉમરની હતી અને જેનું નામ ભીમા હતું તે-ને સુપી તથા ફકીર હાજી ફોસલાવી લઇ ગયા હતા.

આ બંને સક્ષોએ સદરહુ છોકરીને વેચવા સારૂ બીણાદ શેહેરની આસપાસ લઈ ગયા અને આખરે તેઓએ તેને પચીશ રૂપૈઆમાં અમીનાંને વેચાતી આપી. ફકીર હાજી પાસેથી સુપીએ તે છોકરીને વેચાતી લીધી હતી અને તેથી એ છોકરી ઉપરનો સઘળો હક અમીનાને નામે ચઢાવી આપ્યાના બદલામાં સુપીએ રૂપૈઆ ૨૫ લીધાની પહોંચનું દ-સ્તાવેજ એ અમીનાંને કરી આપ્યું હતું. અમીનાના ઘરમાં ભીમાને જ્યારે ફરીયાદીએ જોઈ ત્યારે એ અમીનાએ કહ્યું કે જે પૈસા ભીમાને વેચાતી લેતાં મેં આપ્યાં છે તે પા-છા ન મળતાં સુધી હું ભીમાને જવા દઈશ નહીં. તો પણ પછી પેલી છોકરી તથા પે-લું દસ્તાવેજ બે માણસને આપીને તેઓને મોજે કડાકડ મોકલ્યાં અને તેઓને એવી ભ-લામણ આપી કે જ્યાં સુધી કોઈ પૈસા ન આપે ત્યાં સુધી તે છોકરીને કોઇને આપવી નહીં. આખરે સુપીએ વચન આપ્યું કે કડાકડના ફકીર હાજી પાસેથી એ રૂપૈઆ લઇ દઇશ. પેલું દસ્તાવેજ કડાકડને રસ્તે જ્યારે હતું ત્યારે ફરીઆદીએ પેલા માણસો પાસેથી મેળવી લીધું. અને પછી તેણે માજીસ્ત્રેટને ત્યાં ફરીયાદ કરી.

ઇનસાફને અંતે સુપી તથા ફકીર હાજીને પેલી છોકરીને ગુલામ દાખલ વેચ્યા ખાતે અપરાધી ઠરાવ્યા. તે ઉપરાંત સુપીને મનુષ્ય હરણના ગુન્હાનો પણ અપરાધી ઠરાવ્યો.

બંને જણાઓએ હાઇકોર્ટમાં અપીલ કરી અને એ અપીલોનો નીકાલ અમીનાની અપીલની સાથે થયેલો છે.

અપેલેન્ટ અમીનાં તરફથી વેડરબરન સાહેબે માહારાણી કૈસરેહીંદ વિ. રામકુવરના મુકરદમામાં ચીફ જસ્ટીસ ટુઅર્ટના ઠરાવનો હવાલો આપી એવી તકરાર લીધી કે,

(૧) ઈ. પી. કો. ની ૩૭૦ મી કલમનો એ વીદવાન ચીફ જસ્ટીસે જે અનવય કર્યો છે તે ખરો હોય તો આ કામના ગુન્હાનો ઠરાવ ખોટો છે.

(૨) ચાકરડી શબ્દનો અર્થ ઓરત ચાકરાણી શીવાય બીજો કંઇ હોવાનો સંભવ નથી. અને જે હકીકત સાબીત થઇ છે. તે ઉપરથી એમ જણાતું નથી કે અમીનાંએ સદરહુ છોકરી ઘરબારના કામ સિવાય બીજા કોઇ કામ સારૂ ખરીદ કરી હતી.

(૩) જો ગુન્હો થયાનું સાબીત ઠરાવવામાં આવે તો પછી એ અમીનાએ શુદ્ધ બુ-દ્ધીથી કામ કરેલું છે તથા કાયદાનું ઉલંઘન કર્યું નથી એ વાત સાવ દુધ જેવી ઉજળી છે. અને એ છોકરીની બરદાસ્ત કરતાથી થએલી છે. એવું જ્યાં સુધી પુરાવેથી સાબીત થયું નથી ત્યાં સુધી આ કામમાં કંઇક નામની સજા કરી હતતો પણ બંધ બેસતું થાત.

હાઇકોર્ટ તરફથી જસ્ટીસ હચીન્સ તથા બ્રાંટ આપેલો છે.

હચીન્સનો ઠરાવ.

સેસન જડજે જે હકીકત સાબીત માનેલી છે, અને જેમાં આસેસરો પણ મળતા

આવ્યા છે તેના ખરાપણા વિશેનો વાંધો લેવા વિશે અમોને કાંઇ કારણ જોવામાં આવતું નથી.

સદરહુ છોકરી ગુલામ દાખલ વેચાયા વિશે આસેસરોનો મત મંજુર રાખવામાં સેસન જડજે બરોબર કર્યું છે એમ પણ અમે ધારીએ છીએ. ઉતર મલબારમાં માપીલા લોકો વીલાતી (ચાકરડી) શબ્દનો જે ઉપયોગ કરે છે તે ઉપરથી સાફ રીતે માલુમ પડે છે કે સદરહુ છોકરી ગુલામ તરીકેજ વેચાણી હતી એમ આસેસરોએ પોતાનો મત આપેલોછે.

અપેલેન્ટ અમીનાની બાબતમાં તેના તરફથી પ્રથમ એવો વાંધો લીધો છે કે સદરહુ છોકરીને ગુલામ દાખલ વેચી હતી એવો નિર્ણયકારક પુરાવો પડયો નથી. તથા બીજો વાંધો એવો છે કે, તે પ્રમાણે એ છોકરી વેચાણી હતી એમ માનીએ તોપણ હું જે કાંઇ કરૂં છું તે ખોટું અથવા રીવાજથી ઉલટું કરૂં છું એમ અપેલેન્ટ જાણતી એવું માની લેવાને કશુંએ કારણ નથી.

સજા કેટલી આપવી તેનો વિચાર કરવામાં આ બીજો વાંધો કાંઇક જોરદાર છે પણ તેથી ગુન્હો થયો છે કે નથી થયો એ સવાલને અસર કરનારૂં નથી.

રાણી વિ. મીરજા શીકંદરબખ્ત તથા મહારાણી વિ. રામકુવરના મુકરદમાઓ વાંચ્યા પછી તે ઉપર વિચાર કરવામાં આવેલો છે.

રામકુવરના મુકરદમાની હકીકત ચાલતા કેસની હકીકતથી કેટલીક બાબતમાં મુદ્દેસર તફાવતવાળી છે. પરંતુ તેમના વિદ્વાન જડજે કહેલું છે કે પી. કો. ના સોળમા બાબની જે કલમો આ બાબત સાથે વિશેષ રીતનો સંબંધ ધરાવે છે તે કલમો "સાચે સાચા અર્થવાળી ગુલામગીરી જેનો ચોકસ રીતનો એવો અર્થ છે કે, કોઇ સક્ષનું સ્વાધિનપણું, તેનું દ્રવ્ય, તથા તેનું જીવતર છે, તે ઉપર માહારી સર્વોત્તમ તથા બે સત્તા છે એમ બીજો કોઇ સક્ષ હક રાખતો હોય તેવી ગુલામગીરી દબાવી દેવાને ઘડવામાં આવી છે એટલુંજ નહિ પરંતુ એથી ઉતરતા દરજાની ગુલામગીરીમાં એક સક્ષના સ્વાધિનપણા ઉપર પોતાની સર્વોતમ સત્તા હોવાનું જાહેર કરતો હોય તેવી ગુલામગીરી દબાવી દેવા સારૂ પણ એ કલમો રચાઇ છે."

આ કામમાં સુપીએ છોડી ભીમા રૂપી મીલકતનો માની લીધેલો હક પૈસા લઇને અમીનાને માંડી આપ્યાનો પુરાવો સાવ શક વગરનો છે.

આ બાબતમાં તથા વેલાતી શબ્દનો શું અર્થ થાય છે, તે બાબતનો આસેસરોએ જે મત આપેલો છે તે ઘણોજ વજનદાર છે.

પરંતુ અમીનાના કામમાં પણ ગુન્હાનો ઠરાવ કાયમ રાખવા સાથે અમે એવો અભિપ્રાય આપીએ છીએ કે જે હકીકત સાબિત થઇ છે તે ઉપર લક્ષ દેતાં અમીનાની જેવી આ વર્તણુક જે વસ્તુતા આગળથી ચાલી આવે છે પરંતુ હમણાં જેને ભાગ્યજોગે ક્ષય થતો જાય છે તેનું એ પરીણામ છે, અને તે એ છે કે, આ કામમાં જે કર્યું છે, તે ખુંણે બેશીને કર્યું નથી તથા સદરહુ છોકરીને આપી દેવામાં બીજો કોઇ વાંધો લીધો નથી. પરંતુ તેનો વાંધો તો એટલોજ હતો કે જેણે પૈસા લીધા હોય તે પાછા આપે અને વળી અપેલેંન્ટે આ છોકરીની બરદાસ, સખતાઇ કે કરડાઇથી કરી હશે એવો લેશ માત્ર પુરાવો નથી. અને તેથી જે સજા તેણે આજદીન સુધી (લગભગ ત્રણ માસની) ભોગવી છે, તો તેટલી બસ છે અને બાકીની સજા અમે માફ કરીએ છીએ. હું સમજું છું કે, આ અપીલનો નીકાલ થતાં સુધી અપેલેંન્ટને જામીન ઉપર છોડેલો છે.

કલમ ૩૭૧ મી.

૩૭૧. જે માણુસ નિત્ય ગુલામોને આ દેશમાં લાવે અથવા આ નીત્ય ગુલામ દેશમાંથી બાહાર મોકલે, અથવા ખશેડે, અથવા ખરીદ કરે, અથવા વેચે, નોવેપારકરવો. અથવા તેઓને વેપાર ધંધો કરે, તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુંદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કલમ ૩૭૨ મી.

સોળ વરસથી ઓછી ઉમરનું કોઇ બાળક જારકરમના કારણસર, અથવા કાંઇ કાયદા વિરૂદ્ધ તથા અનીતીના કારણસર રાખવામાં કે વાપરવામાં આવે એવા ઇરાદાથી, અથવા તે બાળક તેવા કાંઇ કારણસર રાખવામાં કે વાપરવામાં આવશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, જે માણસ તે બાળકને વેચે, અથવા ભાડે આપે, અથવા બીજી રીતે કોઇને આપે, તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. જારકરમને માટે કોઇ બાળકને વેચવું વગેરે.

રાણી વિ. અરૂણા ચેમલ.

कोइ सगीर उमरना बाळकना अंग उपरनो जाबदो, अथवा कबजो बीजाने स्वाधीन करवा जेटलुं आपी देवापणुं थाय त्यारेज ही. पी. को. नी ३७२ मी कलमनो गुन्हो थाय छे एम कांइ जरुरनुं नथी.

કલમ ૩૭૨.

૧

તા. ૧૮-૭-૭૬
ઈ. ૧ મ. પા. ૧૬૪

કોઇ સગીર ઉમરના બાળકના અંગ ઉપરનો જાબદો અથવા કબજો. બીજાને સ્વાધીન કરવા જેટલું આપી દેવાપણું થાય ત્યારેજ હી. પી. કો. ની ૩૭૨ મી કલમનો ગુન્હો થાયછે એમ કાંઈ જરૂરનું નથી.

સને ૧૮૭૬ ના કાલેન્ડેર કેસ નંબર ૨૬ માના કામમાં મદુરાની સેસન કોર્ટે સજા આપી હતી, તેની સામે આ અપીલ થએલી છે. જારકરમ કરાવવા સારૂ રાખવામાં આવશે એવો સંભવ છે, એમ જાણ્યા છતાં પોતાની ૧૬ વરસથી હેઠેની છોકરીને આપી દીધાના ગુન્હાનું તહોમત ૩૭૨ મી કલમ પ્રમાણે પેહેલા નંબરના બંધવા અરૂણા ચેલમ ઉપર અને બીજા તથા ત્રીજા નંબરના બંધવાઓ ઉપર સદરહુ ગુન્હામાં મદદ કર્યાનું તોહોમત મુકયું હતું. બંધવાઓ ઉપર જેને ગુન્હાઓનાં તોહોમતો મુકયાં હતાં તે તે ગુન્હાઓના તેઓને આસેસરોએ અપરાધી ઠરાવ્યા. અને તેમના મતથી મળતા આવીને સેસનજડજે પેહેલા નંબરના બંધવાને ૭ કલાક આસાન કેદની તથા ૫૧ રૂપૈઆ દંડની, તથા બીજા તથા ત્રીજા નંબરના બંધવાઓને તેટલીજ મુદતની કેદની તથા અનુક્રમે પાંચ એકરૂપૈઆની દંડની સજા કરી.

સેસનજડના કેલંડર પત્રકમાં ઉપરની સજા આપવા સારૂ નીચેની હકીકત તથા કારણો આપેલાં છે.

"મદુરા શહેરના એક મહામંદીરમાં નાયક દાખલ પોતાની દીકરીને નોંધવા સારૂ પેહેલા નંબરના બંધવાએ એક અરજ કરી, તેમાં તેણે તે છોડીની ઉમર ૧૩ વરસની લખી હતી, અને આ કામમાં પેહેલેથી તે છેલે સુધી કબુલ કરવામાં આવ્યું છે કે, તે ૧૬

વરસથી હેઠે ઉમરની છે. નોંધાયા બાદ એક બે મહિને તે સ્ત્રીધર્મમાં આવી. બીજા નંબરની કેદણ જે નાયકા છે, તેની નોકરીમાં તે છોકરીનો બાપ રહેલો હતો. એ નાયકે પાંચ વરસ સુધી આ છોકરીને નાચવાનો ઇલમ આપ્યો હતો. તે પોતે તથા તેનો બાપ બીજા નંબરની કેદણના મકાનમાં રહેતાં હતાં, અને નોંધાવવાની ક્રિયા કરી આવ્યા બાદ તેજ ઘેર પાછાં આવ્યાં. પુરાવાથી સાબિત થાય છે કે બીજા નંબરની કેદણ આ છોકરી દેવાલયમાં લેઈ આવી હતી. અને વળી તેને તેણે શણગારી હોય એમ સંભવે છે. પરંતુ આ વાતનો અંગીકાર થયો નથી, અને જે વાતનો અંગીકાર થયો છે તેજ કહેવાને હું ચાહુ છું. અને એ છે કે જ્યારે કંઠી બાંધી તથા અર્પણ કરવાની બીજી વીધીઓ થઇ, ત્યારે પેહેલા તથા બીજા નંબરના બંધવાઓ પાસે ઉભા હતા, અને ત્રીજા નંબરનો બંધવો પુજારી તરીકે પોતાને હાથે કંઠી બાંધવામાં હાજર હતો. એ કંઠી બાંધવાથી એક નકી થાય છે કે, ત્યારથી તે છોકરી પ્રતિમાની પરણેતર સ્ત્રી છે. આવી સ્ત્રીઓ (નાયકાઓ) જારકર્મ કરાવીને રહે છે તે બાબતનો હમેશનો પુરાવો પડયો છે. કેટલીક વાર તો એક માણસ તેને એક કયા વધુ વરસ સુધી ઘરમાં બેસાડે છે. આ બાબતનો અંગીકાર થયો છે એટલે એ વિશે વધુ સાક્ષીઓ લેવાની જરૂર નહોતી.

આસેસરોનો ખાસ રીતે મેં અભિપ્રાય લીધેલો છે તે અભિપ્રાય નીચે પ્રમાણે છે.

"ક્સ્નામલ ૧૬ વરસથી ઓછી ઉમરની અમોને લાગે છે. પેહેલા નંબરના બંધવા તેણીના બાપે કંઠી બંધાવીને દાસી બનાવી છે. બહુ કરીને એવી દાસીઓ જારકર્મથી રળે છે. જારકરમ સારૂ રાખવામાં આવશે એમ તેણીનો બાપ જાણતો હતો, અને તેથી ૧૬ વરસની અગાઉ નાયકનો ધંધો ચલાવશે તે પણ વખતે તેના જાણવામાં હશે."

"બીજા તથા ત્રીજા નંબરના બંધવાઓએ આ કામમાં મદદ કર્યાનું અમોને જણાય છે. એ અભિપ્રાયને હું પુરેપુરો મળતો આવું છું."

કાયદાની બાબતમાં મેં એક આગલા મુકરદમામાં એવું ઠરાવ્યું છે કે આ કલમ પ્રમાણે ગુન્હો થવા સારૂ કોઇ સગીર ઉમરના માણસના અંગ ઉપરનો જાબદો, અથવા કબજો બીજાને સ્વાધિન કરી દીધા જેટલી આપી દેવાની ક્રિયા થવી જોઈએ. પરંતુ મુંબાઈ હાઇકોર્ટે ઉલટી રીતે ઠરાવ કર્યો છે, અને મદ્રાસ હાઇકોર્ટે બાંધેલા કોઈ કાયદાએ કલમનો કાંઇ અર્થ કર્યો હોય તેનાથી વિરૂદ્ધ અર્થ ન થતો હોય તો તે મુંબાઈની હાઇકોર્ટના ફેંસલાથી બંધાયાનું મારે માનવું જોઇએ. તેથી મેં ગુન્હાનો ઠરાવ કરેલો છે, પરંતુ મારો આગલો ઠરાવ લોકોએ કાયદા જેટલો બળવાન માન્યો છે, અને તેથી તેઓ આવાં કામને નિરદોષિત ગણે છે, માટે કંઇ નામની સજા આ મુકરદમામાં કરવાની ફરજ રહે છે."

ગુન્હાનો ઠરાવ કાયદાથી ઉલટો છે એવી દલીલને આધારે કેદીઓએ હાઇકોર્ટમાં અપીલ કરી.

તે અપીલની ૧૮–૭–૭૬ ને રોજ સુનાવણી થતાં કેદીઓના વકીલ હારેંટસાહેબે તકરાર લીધી કે ૩૭૨ મી કલમ પ્રમાણે ગુન્હો થવા સારૂ કોઇ સગીર ઉમરના બાળકના અંગ ઉપરનો જાબદો અથવા કબજો બીજાને સ્વાધિન કર્યા જેટલું થાય ત્યારેજ આપી દીધું ગણાય છે, માટે ગુન્હાનો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે.

હાઇકોર્ટે આ ગુન્હાનો ઠરાવ બહાલ રાખ્યો છે.

કલમ ૩૭૩ મી.

૩૭૩. જે સોળ વરસથી ઓછી ઉમરનું કોઇ બાળક જારકરમનાં કારણસર, અથવા કાંઈ કાયદા વિરૂધ તથા અનિતીનાં કારણસર, રાખવામાં કે વાપરવામાં આવે, એવા ઇરાદાથી, અથવા તે બાળક તેવાં કાંઇ કારણસર રાખવામાં કે વાપરવામાં આવશે, એવો સંભવ છે એમ જાણ્યા છતાં, જે માણસ તે બાળકને ખરીદ કરે, ભાડે લે અથવા બીજી રીતે પોતાના કબજામાં લે, તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. જારકરમનેમાટે કોઇ બાળકનેખરીદ કરવુ.

કલમ ૩૭૪ મી.

૩૭૪. કોઈ સખસની મરજી નહી છતાં જે માણસ તેની પાસે કાયદા વિરૂધ્ધ જબરાઇથી મજુંરી કરાવે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે. કાયદા વિરૂધ જબરાઈથી મજુરી કરાવવી.

કલમ ૩૭૫ મો.

નીચે બાતલ કરેલી બાબત શિવાય બીજી સઘળી બાબતમાં, જે પુરૂષ નીચે બ્યાન કરેલી પાંચ હાલતોમાંની કોઇ પણ હાલતમાં કોઇ સ્ત્રી સાથે સંગ કરે, તેણે બળાત્કાર સંભોગ કરયો એમ સમજવું.

બળાત્કારસંભોગ.

પહેલી—તે સ્ત્રીની મરજી નહીં છતાં.

બીજી—તે સ્ત્રીની રજામંદી વગર.

ત્રીજી—તે સ્ત્રીને મોતનો અથવા વ્યથાનો ભય ઉત્પન્ન કરીને તેની રજામંદી લીધી હોય તો તે રજામંદી છતાં પણ.

ચોથી—તે પુરૂષ એમ જાણતો હોય કે હું તે સ્ત્રીનો વર નથી, અને તે સ્ત્રી જે બીજા પુરૂષની સાથે કાયદા મુજબ પરણેલી છે અથવા પોતાને પરણેલી માને છે તે પુરૂષ હું છું એમ માનીને તેણે રજામંદી આપી છે, તો તે રજામંદી છતાં પણ.

પાંચમી—તે સ્ત્રી દસ વરસથી ઓછી ઉમરની હોય તો પછી તેની રજામંદી હોય કે નહીં તોપણ.

ખુલાસો—બળાત્કાર સંભોગના ગુન્હામાં જે સંગ થવો જરૂર છે તેમાં પ્રવેશ થયો તો બસ છે.

અપવાદ—કોઇ પુરૂષ પોતાની વહુની સાથે સંગ કરે, અને તે સ્ત્રી દસ વરસથી ઓછી ઉમરની નહી હોય, તો તે બળાત્કાર સંભોગ નહી ગણાય.

કેસરેહીંદ વિ. શંકર.

કલમ ૩૭૫.

૧

તા. ૨-૩-૮૧
ઈ. ૫ મું. પા.૪૦૩.
ગમે તેટલી જીકર કરયા છતાં ગમેતે પામ્યા તથાપી પોતાનો કામ સંતુષ્ટ કરવો એવો દ્રઢ નીશ્ચય હોવાની ખાત્રી કોરટને નથાય ત્યાં લગી કોઈ સ્ત્રી ઉપર નીરલજ હુમલો કરવાથી બળાત્કાર સંભોગની કોશીશનો ગુન્હો થતો નથી.

गमे तेटली जीकर कर्या छतां सुझे तेम थाओ तथापी पोतानो काम संतुष्ट करवानो द्रढ नीश्चय होवानी खात्री कोरटने न थाय त्यां लगी कोइ स्त्री उपर नीर्लज हुमलो करवाथी बळात्कार संभोगनो गुन्हो थतो नथी.

અહંમદનગરના સેસન જડજે સજા કરી હતી તે ઉપર આ અપીલ થઈ હતી. બળાત્કાર સંભોગ તથા તેની કોશીશના તોહોમત મુકીને બંધવાનો ઇનસાફ થયો હતો. અને તેમાં બીજા ગુન્હાનો અપરાધી ઠરતાં તેને ત્રણ વરસની સખત કેદની સજા કરવામાં આવી હતી. અને તે ઠરાવ ઉપર તેણે આ અપીલ કરેલી છે.

અપેલેંન્ટ તરફથી ઇન વેરારીટી બારીસ્ટરે તથા શીવશંકર ગોવીંદરામે તકરાર લીધી કે નીર્લજ હુમલો કર્યો એ વાત પુરાવેથી સાબીત થાય છે તે ઉપરાંત એ પુરાવા ઉપર

વધારે વીશ્વાસ રાખવો જોઇએ નહીં. બંધવાની મતલબ બેશક સંભોગ કરવાની હતી. પણ ગમે તે થાઓ તથાપી એ હેતુ પાર પાડવાજ છે એવી દ્રઢતા હોવાનો પુરાવો પડયો નથી. અને બળાત્કાર સંભોગ કરવાની કોશીશના ઠરાવને ટકાવી રાખવાને તેવીજ દ્રઢતા હોવાની ખાત્રી થવી જોઇએ એમ રાણી વિ. લાઇડના કેશમાં ઠરેલું છે.

સરકાર તરફથી વીશ્વનાથ નારાયણ મંડળીક.
કોરટ તરફથી જસ્ટીસ મેલવીલનો આપેલો ઠરાવ.

આ કામમાં જે બાબત શક ભરેલી છે તે એ છે કે બંધવાની વર્તણુક બળાત્કાર સંભોગ કરવાની કોશીશ ગણાય કે નહીં. રાણી. વિ. લાઇડના કેશમાં જસ્ટીસ પેટરસને પડેલા પુરાવાને એકઠો કરવા ટાણે નીચે પ્રમાણે કહેલું છે.

"બળાત્કાર સંભોગ કરવાના ઇરાદાથી હુમલો કર્યાનો બંધવો ગુન્હેગાર છે એવું ઠરાવવા સારૂ તમારે ખાત્રી કરવી જોઈએ કે જ્યારે બંધવો ફરીયાદણને વળગ્યો ત્યારે ફરીયાદણ તરફથી ગમે તેટલી ઉજર થયા છતાં તેણે પોતાનું કામ સંતુષ્ટ કરવા સારૂ ઇચ્છા રાખી હતી. એટલુંજ નહીં પણ સુઝે તે થાઓ તોપણ તેમ કરવાનો બંધવે દ્રઢ નીશ્ચય કર્યો હતો."

અમે માનીએ છીએ કે આ દેશમાં નીચેજ હુમલાને વખતોવખત મોટું રૂપ આપીને બળાત્કાર સંભોગની કોશીશ કહેવામાં આવે છે અને ઘણી વખતતો તેને બળાત્કાર સંભોગજ કહેવાય છે. વળી અમે એમ ધારીએ છીએ કે ગમે તેટલી જીકર ઓરત તરફથી થયા છતાં સુઝે તેમ થાઓ પણ પોતાનો કામ સંતુષ્ટ કરવાનો દ્રઢ નીશ્ચય હતો એમ બંધવાની વર્તણુકથી જણાય નહીં ત્યાં લગી કોરટે બળાત્કાર સંભોગની કોશીશના ગુન્હાના ઠરાવનો નીર્ણય કરવો નહીં.

વૈદકી પુરાવો લક્ષમાં રાખતાં તથા ફરીયાદીએ જુદે જુદે વખતે જુદી જુદી જુબાની આપી છે તે વાત પણ લક્ષમાં રાખતાં આ કામમાં તેણીના બોલવા ઉપર પુરો વિશ્વાસ રાખવાનું અમને અશક્ય લાગે છે અને તેણીના ઉપર કેટલે સુધી જોર જુલમ થયો હતો તેનો તેણીના બોલવા શીવાય બીજો કાંઈ પુરાવો પડયો નથી. પ્રવેશ થયાની વાત અથવા પ્રવેશ થયાનું તેણીનું કહેવું સેસન જડજે માન્યું નથી. અને તેથી બળાત્કાર સંભોગના ગુન્હાનો તકશીરવાન બંધવાને ઠરાવવાને સેસન જડજે વાજબી રીતે ના પાડી છે.

બંધવાની વર્તણુકથી બળાત્કાર સંભોગ કરવાની કોશીશનો ગુન્હો થયો એમ ફરીયાદણની આધાર વગરની જુબાની ઉપરથી નીર્ણય કરવા વાસ્તે અમને પણ એજ પ્રકારની આનાકાની થઇ પડી છે. કેમકે બંધવાને તે ક્રતી કરતાં અટકાવવામાં આવ્યો તેની પેહેલાં તે અટકી ગયાનું જણાય છે. અને ફરીયાદણના શરીર ઉપર જોર જુલમ થયાનો પુરાવો આપવામાં આવ્યો નથી. (ડાકટરની જુબાની આ સંબંધમાં ઉલટીજ છે) તથા બંધવાના કે ફરીયાદણનાં કપડાં ઉપર વીર્યના ડાઘ પડયાની વાત સાબીત થઈ નથી. કે જે ઉપરથી કહી શકાય કે કેટલે સુધી બંધવાનું સાપરાધપણું પહોચ્યું હતું. આમ કહેતાં ફરીયાદણ જુઠી છે. અથવા ઇરાદા પૂર્વક તેણીએ વાતનું રૂપ વધારી દીધું છે એવો આરોપ અમે મુકીએ છીએ એમ સમજવું જોઈએ નહિ. આ બાબતમાં ખાત્રી વગરના પુરાવાનું કારણ વખતે તેણીની જુબાની અથવા નિરદોષપણાને અંતે અજ્ઞાનપણાનું હોવા સંભવ છે. કેમકે તેણે કહ્યું છે કે કોઇ દહાડો મેં સંભોગ કરાવ્યો નથી. અને તેથી વખતે સમજાય એવી રીતે અથવા ભુલ ચુક કર્યા વગર બળાત્કાર સંભોગ વાસ્તે તેણીના ઉપર કેવા પ્રકારનું અને કેટલે સુધી ક્રત્ય થયું હતું તેનું વર્ણન કરવાને તે અશક્ય હોય એ સાવ ઉઘાડુ છે.

આ કારણો વાસ્તે અમને જણાય છે કે બંધવો બળાત્કાર સંભોગ કર્યાની કોશીશનો ગુન્હેગાર નથી. પણ હિંદુસ્તાનના પીનલકોડની ૩૫૪ મી કલમ પ્રમાણે સજા થઇ શકે એવા ગુન્હાનો અપરાધી છે ને અમે માનીએ છીએ કે હુમલો સાધારણ હુમલાથી ભારે પ્રકારનો હતો તેથી સદરહુ શંકરને અમે બે વરસની સખત કેદની સજા કરીએ છીએ.

કલમ ૩૭૬ મી.

૩૭૬. જે માણુસ બળાત્કાર સંભોગ કરે, તે માણુસને જીવતા સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણુ લાયક થશે. બળાત્કાર સંભોગનીશીક્ષા.

કલમ ૩૭૭ મી.

જે માણસ બુદ્ધીપુર્વક કોઇ પુરૂષ, સ્ત્રી, અથવા જાનવર સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મઇથુન કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. સૃષ્ટીક્રમવિરૂદ્ધ ગુન્હો.

ખુલાસો—આ કલમમાં બ્યાન કરેલા ગુન્હામાં જે મઇથુન થવું જરૂર છે તેમાં પ્રવેસ થયો, તો બસ છે.

માહારાણી કેસરેહીંદ વિ. ખેરાતી.

સૃષ્टीक्रम विरुद्ध गुन्हाने माटे कोइ सक्ष उपर काम चालतां तेने सदरहु गुन्हाना तहोमत उपरथी अपराधी ठराव्यो होय परंतु तहोमतनामामां कये वखते कये ठेकाणे ते गुन्हो करवामां आव्यो हतो ते तेमां लख्युं न होय अथवा कया पुरुष साथे रहीने ते गुन्हो कर्यो हतो, ते बताव्युं न होय. ए बाबतनो कांइ पुरावो पडया वगर बंधवाना विरुद्ध एटलीज हकीकत साबीत थइ होय के ते वख्तो वखत ओरतनो पोशाक पेहेरतो तथा सदरहु गुन्हो कर्याना तेना शरीर उपरथी चीन्हो जणाइ आव्यां हतां. तेमां ठराव्युं के गुन्हानो ठराव टकी शके एवो नथी.

કલમ ૩૫૩.
૧
તા૦ ૩૧-૧-૮૪
ઈ. ૬ અ. પા.૨૦૪
સરૂષ્ટીક્રમ વીરૂદ્ધ ગુન્હાના કામમાં તોહોમત નામાની અંદર કયે વખતે કયે ઠેકાણે ગુન્હો કરવામાં આવ્યોછે તથા કયા પુરૂષ સાથે રહીને એ ગુન્હો કરયો છે તે બતાવવું જોઇએ.

મુરાદાબાદના શેસન જડજે એક ખેરાતી નામના સક્ષને હીં. પી. કો. ની ૩૭૭ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવ્યો હતો. તે બાબતનું આ કામ હાઇકોર્ટે મંગાવી લીધું હતું. જે તહોમત રાખીને અપેલેન્ટને કમીટ કર્યો હતો. તથા તેનો ઇનસાફ કર્યો હતો. તે તહોમત નીચે પ્રમાણે હતું.

સને ૧૮૮૩ ના જુનની ૧૫ મી તારીખથી અગાઉ ચાર મહીનામાં (મુકરર વખત કહી શકાય એમ નથી) તમે તમારા શરીર ઉપર ગુદમૈથુનનો ગુન્હો કોઇ એક સક્ષ જેનું નામ જણાયું નથી તેને કરવા દઇને સદરહુ ગુન્હામાં મદદ કરી. અને એ ગુન્હો બનવા ટાણે તમે હાજર હતા. ને તેટલા માટે હીં. પી. કો. ની ૧૧૪ મી કલમમાં ઠરાવ્યા પ્રમાણે સદરહુ ગુન્હો તમે પંડેજ કર્યો એમ ગણવું જોઈએ. અને તેથી હીં. પી. કો. ની ૩૭૭ મી કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે તેવો ગુન્હો તમે કરેલો છે. બંધવાને ગુન્હેગાર ઠરાવવાનાં કારણો સેસન જડજે પોતાના ઠરાવમાં આપ્યાં છે તેનો ઇન્તેખાબ નીચે પ્રમાણે છે.—

"જે ખેરાતીને પાવૈઓ જાણી તેના ઉપર પોલીસે બરાબર નિયમસર એક જાતની દેખરેખ રાખ્યાનું જણાય છે, તે ખેરાતીના સબંધનો આ મુકરદમો છે. આ માણસ ખરેખરો પાવૈયો નથી, પણ પોલીસવાળા જ્યારે તેનું ગામ જોવા ગયા ત્યારે તે માણસ એક ચોકસ કુટુંબની બાઇડીઓ વચે બાઇડીનો પોશાક પહેરી ગાતો માલુમ પડયો હતો. એક સીવીલ સરજને તેની તપાસ કરતાં જણાઇ આવ્યું હતું કે, એ માણસને હમેશાં ગુદમૈથુન

કરાવ્યાનું ખાસ ચીન્હ હતું. એટલે કે તેની આમણુ મોકળી થઇને એક સીરણાઇના આકાર જેવી થઇ હતી. અને વળી તેજ ભાગમાં તેને ચાંદીની અસર લાગી હતી. તે ઉપરથી સ્પષ્ટ રીતે જણાઇ આવે છે કે થોડાક મહિના સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુન કરાવતો હશે.

વખતો વખત બાયડીનાં કપડાં પહેરવાનું બંધવો કબુલ કરે છે. ઉપર કહેલ પ્રસંગે હું ગાતો નહોતો એમ તે કહે છે. વળી કોઇ દિવશે સૃષ્ટિક્રમ વિરૂદ્ધ સંભોગ કરાવ્યાની તે ના પાડે છે. અને પોતાની ગુદાનું અવયવ વધ્યાનું કારણ એવું બતાવે છે કે મને હર્ષ થયા હતા. (વખતે મરડો થયાની કહેવાની તેની મતલબ હશે.) કોઇ દહાડો ચાંદી થયાનું તે ઇનકાર કરે છે.

"બંધવો ગાતો હતો એ દેખાડવાને જે પુરાવ આપેલો છે તે બસ છે. તથા બાયડીઓનો પોશાક પહેરવાનું બંધવો જ્યારે કબુલ કરે છે, ત્યારે તેની જાહેરની રીતભાત કેવી હોવી જોઇએ તે વિશે એ કીમતી હકીકતનો અંગીકાર કર્યો છે. ચાંદીની બાબતમાં જે પુરાવ પડયો છે તે તદન દોષ રહિત છે. ગુદાના અવયવનું બગડી જવાના સંબંધમાં તેનો ખુલાસો મંજુર રાખી શકાતો નથી. જે દરદ અથવા દરદોનો તેણે ઇસારો કરેલો છે, તે દરદો વૈદકી સાક્ષીઓને સારી પેઠે જાણવામાં આવવાં જોઇએ. અને ગુદાનું મોકળાપણું ગુદમૈથુનથી થાય છે એમ કહેવા ટાંણે બંધવે જે જે કારણો તે બાબતનાં આપ્યાં હતાં તે તેઓના ખ્યાલમાં આવવાં જોઇએ.

"બંધવા વિરૂદ્ધ ત્રણ હકીકત સાબિત થએલી છે.

(૧) પેહેલી બાઈડીના લૂગડાં પહેરી લીધેલો વેશ.

(૨) ગુદાનું શીકલનું બદલાઇ જવું.

(૩) ત્રીજી ચાંદીનો મરજ

આ ઉપરથી બેધડક એવોજ નીર્ણય કરી શકાય છે કે સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ઇશકને તે તાજેતર પોતાની મેળે આધીન થયો હશે. આ ત્રણે હકીકતોમાંની એકે હકીકતો ઉપરથી તેને વાસ્તે જે નીર્ણય કર્યો છે તે વાજબી નથી. આ ત્રણમાંની કોઇ એકજ હકીકતથી (ચાંદીના મરજની બાબતમાં) કાંઇ વધારે તર્ક કરીને કોઈ બીજા કારણથી અથવા બીજી સહાયતાથી તે રોગ થવાનું માની શકાય છે. અથવા તો કોઇ દલીલ બહુ મજબુત હોય પણ તેને બીજી રીતે પુષ્ટી મળતી ન હોયતો જડજનું મન જેવું અસંતોષી રહે છે, તેવું વખતે રહેવાનો સંભવ છે. પણ આ ત્રણે હકીકતોનો સામટી રીતે વિચાર કરતાં બંધવો તાજેતર ગુદામૈથુનને આધીન નહીં થયો હશે એમ હું વાજબી કારણ જોઇ શકતો નથી.

હવે માત્ર સવાલ એટલોજ રહેછે કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં અથવા સદરહુ કાયદાની સામાન્ય મતલબમાં જે માણુસ પાસે તે ગુન્હો કરાવ્યો, તે માણુસનું નામ તથા તે વખતની તારીખ મુકરર થઈ શકતી ન હોય તે કારણથી બંધવો સજામાંથી બચી શકે છે કે નહીં.?

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૨૨ મી કલમનો વિચાર કરતાં આવા કામોમાં

ગુન્હાનો ઠરાવ કરવામાં સાહેતા કરી શકતી નથી. પરંતુ કમીટીંગ માજીસ્ટ્રેટે બતાવ્યું છે તે પ્રમાણે સદરહુ કાયદો આવી જાતની ગેરવર્તણુકને સજાએ પહોંચાડવા સારૂ ઉપર કહેલી હકીકતથી બંધવાને માહેત કરવો જોઇએ. એમ તેમાં કહેલું નથી. માત્ર તેમાં એટલુંજ કહેલું છે કે, બંધવો પોતાની મેળે પોતાનો બચાવ કરી શકે એટલાજ સારૂ જે હકીકત જાણવામાં આવી હોય તે હકીકત તેના હીતને અર્થે તહોમતનામામાં દરસાવવી જોઈએ. જ્યારે આવી હકીકત અપુર્ણ રીતે જણાતી હોયતો બચાવ કરવાનું કામ નબળું પાડી નાંખે છે. અને એ પ્રમાણમાં પ્રોસીક્યુશન પણ નબળું થઇ જાય છે. કેમકે તોહોમતનામાની હકીકત ઉપરથી બંધવાએ જે રદીયો આપવો જોઇએ, તે ન આપી શકાય ત્યારેજ પ્રોસીક્યુશનનો મુકરદમો મજબુત થાય છે, માટે ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૨૨૨ મી કલમમાં જે હકીકત આપવાનું કહે છે, તે ન આપવાથી મુકરદમો નબળો થાય છે. પણ ઉઠી જતો નથી. જેમકે એક દાખલો.

" મુસાફરીમાં કોઈ માણસે ખુન કર્યું હોય, પણ તે ખુન ક્યાં અને કયે ટાણે કર્યું તે વાત તમામ અજાણી રહેતી હોય તોપણ તે માણસ ખુનનો અપરાધી ઠરી શકે છે. આવો મુકરદમો કલ્પવો જરાએ મુશ્કેલ નથી. જે સક્ષના વિરૂદ્ધ ગુન્હો કરવામાં આવ્યો હોય, તે સક્ષ માજીસ્ત્રેટના લખવા પ્રમાણે આ કામમાં કોઇ જણાયો નથી.

માટે હું ધારૂં છું કે સદરહુ કાયદો આ કામ સાથે જરૂરનો સંબંધ રાખતો હોય એમ મને દેખાતું નથી, હવે માત્ર એટલોજ સવાલ રહે છે કે સદરહુ કાયદાનો ભાવાર્થ શું છે? આ બાબતમાં મારો અભીપ્રાય આપતાં ખામોશ કરી જાઉંછું, પરંતુ આવી જાતની સ્પષ્ટ રીતની ગેરવર્તણુક તાજેતર કરી હોય તેને વ્યાજબી રીતે સજામાંથી મુક્ત કરી હોય અને તે એટલાજ માટે કે જે છુપા ભેદો સામાન્ય રીતે પ્રસીદ્ધ થતા નથી, તે છુપા ભેદો હોવાથી બચી જાય છે એમ મને દેખાતું નથી આ મુકરદમો વિચીત્ર પ્રકારનો છે અને ગુન્હામાં જે પક્ષવાળાને નુકશાન થયું હોય, તે પક્ષવાળો જણાતો નથી. અને તેથી તેવા ગુન્હામાં જે વિચીત્રતા રહેલી છે તે માંહેલી થોડી ઘણી વિચીત્રતાવાળો આ ગુન્હો છે. ગુદમૈથુનમાં બંધવે ભાગ લીધો અને તેથી તેને અપરાધી ઠરાવવામાં કોર્ટને વાજબી કારણો લાગે છે. ફી. પી. કો. ની ૧૧૧ મી કલમમાં કહ્યું છે તે પ્રમાણે હાજર હોવાથી બંધવાનો ગુન્હો માજીસ્ટ્રેટ મદદગારીનો ગણે છે. પરંતુ એ સવાલ એક શબ્દની તકરારનો છે અને હું ધારૂં છું કે મૈથુન કરવાના ગુન્હામાં મદદગારી કર્યા કરતાં મૈથુન પોતેજ કર્યું એમ કહેવું વધારે દુરસ્ત ગણાય છે. મૈથુન કરવામાં બે સક્ષોની જરૂર છે. અને એકે બીજા સાથે મૈથુન કર્યું એમ બંનેનું નામ દેવાયછે."

સરકાર તરફથી હીલ સાહેબ.

જસ્ટીસ સ્કોટનો ઠરાવ.

આ ગુન્હાનો ઠરાવ ટકાવવાનું સંભવે એમ નથી. જે તહોમત રાખી બંધવાને કમીટ કર્યો હતો, અને ત્યારબાદ પછવાડેથી તેનો ઇનસાફ થયો હતો, તેમાં તે ગુન્હો ક્યારે, કયે ઠેકાણે તથા કોની સાથે ફી. પી. કો.ની ૩૭૭મી કલમના ગુન્હાનું કૃત્ય કરવામાં આવ્યું

હશે, અને તેથી વિરૂદ્ધ કાંઈ જણાય છે, તે એ છે કે, સુચવેલું સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મૈથુન મુરાદાબાદની કોર્ટની હકુમતની બહાર થયું હશે, અથવા જે ઠેકાણે પી. કો. પ્રમાણે અમલ થતો નથી, ત્યાં કોઇ ઠેકાણે થયું હશે. ધણામાં ધણો પ્રોસીક્યુશનનો મુકરદમો એવો છે કે બંધવાને ગુદમૈથુન કરાવવાની ટેવ પડેલી છે, અને ચાલતા કામમાં જે પ્રકારનો મભમ અને ઉપર ઉપરનો સામાન્ય રીતનો પુરાવો પડેલો છે તે ઉપરથી તેને સજા કરવા સારૂ કાયદામાં કાંઇ ઠરાવ કર્યો નથી. મુરાદાબાદની સત્તાવાળાએ આવી અધમ રીતનો અટકાવ કરવાની જે ઈચ્છા બતાવી છે તેને હું પુરેપુરી સ્તુત્ય ગણું છું અને જે હેતુ ગમે તેટલો સ્તુત્ય હોય તોપણ કાયદાનો અને કામ ચલાવવાની રીતનો અનાદર કરવા મારી તથા મુરાદાબાદની સત્તાવાળાની તાકાદ નથી. માટે આ ગુન્હાનો ઠરાવ રદ કરી બંધવા ખેરાતીને છોડી મુકવાનો ઠરાવ કરૂં છું.

કલમ ૩૭૮ મી.*

જે માણસ કોઇ સખસના કબજામાંથી તે સખસની રજામંદી શિવાય કાંઇ જંગમ મિલકત બદદાનતથી લેવાનો ઇરાદો કરીને તે પ્રમાણે લેવા સારૂ તે મિલકતને ખસેડે, તે માણસે ચોરી કરી એમ સમજવું. ચોરી.

ખુલાસો ૧ લો.—કાંઇ વસ્તુ જ્યાં સુધી જમીનમાં ચોટેલી હોય ત્યાં સુધી તે જંગમ મિલકત નથી, માટે તેની ચોરી થઇ શકે નહી, પણ જમીનથી તે જુદી પાડવામાં આવે કે પછી તેની ચોરી થઇ શકે.

ખુલાસો ૨ જો.—જે કામથી જુદુ પાડવું થાય તેજ કામથી જે ખસેડવું થાય તે ખસેડવું ચોરી થઇ શકે.

ખુલાસો ૩ જો.—કોઇ સખસ ખરેખર કાંઇ વસ્તુને ખસેડે ત્યારે અને તેમજ તેનું ચલન થવામાં અટકાવ કરનારી કાંઇ અડચણ દુર કરે, અથવા તે વસ્તુને કાંઇ બીજી વસ્તુથી જુદી પાડે, ત્યારે પણ તે સખસે તે વસ્તુ ખસેડી એમ સમજવું.

ખુલાસો ૪ થો.—કોઇ પણ સખસ કોઇપણ ઉપાયથી કોઇ જનાવરને ગતીમાન કરે, તો તેણે તે જનાવર ખસેડયું તથા તે જનાવરને ગતિ થયાથી તે જાનવરે જે જે વસ્તુ ખસેડી હોય; તે તે વસ્તુ ખસેડી એમ સમજવું.

ખુલાસો ૫ મો.—ઉપલા લક્ષણમાં રજામંદી લખી છે તે સાફ રજામંદી હોય કે અરથાત સમજાય એવી રજામંદી હોય, અને તે કબજેદાર સખસ, અથવા તે કારણસર જેને સાફ કે અરથાંત સમજાય એવો અખતિયાર હોય તેવો કોઇ પણ સખસ, આપી શકે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની જમીનપરનું એક ઝાડ, ઝ ના કબજામાંથી બદદાનતથી લેઇ જવાના ઇરાદાથી, ઝ ની રજામંદી શિવાય, અ કાપી નાખે, તો એ ઠેકાણે તે પ્રમાણે લેઇ જવા સારૂ અ એ તે ઝાડ જુદું પાડયું કે તેણે ચોરી કરી એમ સમજવું.

(બ) કુતરાઓને લલચાવવાની કાંઇ વસ્તુ અ પોતાના ખીસામાં રાખે અને તેથી ઝ ના કુતરાને તેની પાછળ ચાલ્યો જવાને લલચાવે, તો એ ઠેકાણે અગર અ નો ઇરાદો તે કુતરાને ઝ ના કબજામાંથી ઝ ની રજામંદી શિવાય બદદાનતથી લઇ જવાનો હોય તો, ઝ ના કુતરાએ અ ની પાછળ ચાલવા માડયું કે અ એ ચોરી કરી એમ સમજવું.

(ક) એક બળદને નગદી ભરેલી એક પેટી લઇ જતો જોઇને, તે નગદી

બદદાનતથી લેવા સારૂ તે બળદને એક તરફ જો અ હાંકી જાય, તો તે બળદ ચાલવા માંડયું કે અ એ તે નજદીની ચોરી કરી એમ સમજવું.

(ડ) અ જ નો નોકર છે, તેને જ એ પોતાની રૂપાની તબકડીઓ રાખવાને સોંપી છે તે તબકડીઓ લેઇને, જ ની રજામંદી શિવાય, જો તે બદદાનતથી નાસી જાય, તો અ એ ચોરી કરી એમ સમજવું.

(ઇ) જ એક મુસાફરીપર જાય છે, તે એક વખારવાળા અ ને પોતાની રૂપાની તબકડીઓ સોંપે અને એમ કહે કે, હું પાછો આવું ત્યાં સુધી એ તમે રાખજો. અ કોઇ ચોકસીને ઘેર જઇને તે તબકડીઓ વેચે, તો એ ઠેકાણે, તે તબકડીઓ જ ના કબજામાં નહી હતી માટે તે જ ના કબજામાંથી લઇ શકાય નહી, અને, અગર અ એ સાપરાધ વીશ્વાસઘાત કરયો હોય તોપણ, અ એ કાંઇ ચોરી કરી એમ સમજવું નહી.

(ફ) જે ઘરમાં જ રેહે છે તે ઘરમાં એક મેજપર જ ની એક વીંટી પડેલી અ જોય, તો એ ઠેકાણે તે વીંટી જ ના કબજામાં છે, અને જો અ બદદાનતથી તે ખશેડે, તો અ એ ચોરી એમ સમજવું.

(ગ) એક ધોરી રસ્તાપર કોઇ સખસના કબજામાં નહી એવી એક વીંટી પડેલી અ જોય, તો તે વીંટી, લેવાથી અગર અ તે મિલકતના સાપરાધ ખોટા ઉપયોગનો ગુન્હેગાર થાય તોપણ અ એ કાંઇ ચોરી કરી એમ સમજવું નહી.

(હ) જ ના ઘરમાં જ ની એક વીંટી એક મેજપર પડેલી અ જોય, અને, તજવીજ થઇને પકડવાના ભયથી તુરત તે વીંટીનો ખોટો ઉપયોગ કરવાની હીમત નહી ચાલેથી તે એક એવી જગે તે વીંટી સંતાડે કે ત્યાંહાંથી કોઇ પણ વખતે તે જ ને પાછી જડવાનો ઘણો અસંભવ હોય, અને તે વેળાએ તેનો ઇરાદો એવો હોય કે એ વીંટીનું ખોવાઇ જવું સઉ ભુલી જશે ત્યારે એ સંતાડેલે ઠેકાણેથી તે વીંટી કહાડીને હું વેચીશ; તો એ ઠેકાણે તે વીંટી પેહેલી ખસેડતી વેળાએજ અ એ ચોરી કરી એમ સમજવું.

(ઇ) જ ઘડીઆળીને અ પોતાનુ ઘડીઆળ ઠીક કરવા સારૂ આપે, જ તે પોતાની દુકાને લઇ જાય. પછી અ ની પાસે તે ઘડીઆળનું કાંઇ એવું લહેણું નથી કે તેના અવેજમાં તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી શકે. એમ છતાં અ ખુલ્લી રીતે દુકાનમાં પેસીને જ ના હાથમાંથી બળથી પોતાનું ઘડીઆળ છીનવી લઇને તે લઇ જાય,

તો એ ઠેકાણે અ એ સાપ્રાધ પ્રવેશ તથા હુમલો કરયો હોય તો પણ, અ એ ચોરી કરી એમ સમજવું નહી, કેમકે તેણે જે કીધું તે બદદાનતથી કીધું નથી.

(જ) અગર તે ઘડીઆળ સમરામણીના કાંઇ પઇસા ઝ ના અ ની પાસે લેહેણા હોય, અને તે લેહેણાના અવેજમાં અગર ઝ તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી રાખે અને પછી ઝ ને પોતાના લેહેણાના અવેજમાં રહેલી મિલકતથી રહીત કરવાના ઇરાદાથી અ તે ઘડીઆળ ઝ ના કબજામાંથી લઇ લે, તો તેણે ચોરી કરી એમ સમજવું. કેમકે તેણે ઘડીઆળ બદદાનતથી લીધું.

(ઙ) વળી અગર અ એ પોતાનું ઘડીઆળ ઝ ને ઘરેણે આપ્યું હોય, અ હોય અને પછી ઝ ની રજામંદી શિવાય, તથા ઝ ની પાસેથી તે ઘડીઆળ ઉપર કરજે લીધેલા રૂપીઆ પાછા ન આપ્યા છતાં, તે તે ઘડીઆળ ઝ ના કબજામાંથી લેઇ લે તો, તે ઘડીઆળ તેની પોતાની મિલકત છે ખરી તોપણ, તેણે ચોરી કરી એમ સમજવું, કેમકે તેણે બદદાનતથી લીધું.

(લ) અ જ ના કબજામાંથી જ ની રજામંદી શિવાય જ ની કાંઇ વસ્તુ લે, એવા ઇરાદાથી કે તે વસ્તુ પાછી આપવાના બદલામાં જ કાંઇ પઇશા આપે ત્યાં સુધી તે રાખવી, તો એ ઠેકાણે અ એ તે વસ્તુ બદદાનતથી લીધી માટે તેણે ચોરી કરી એમ સમજવું.

(મ) અ જ નો દોસ્તદાર છે. તે જ નહી છતાં જ ના કીતાબખાનામાં જાય, અને માત્ર વાંચવા સારૂ, તથા પાછી આપવાના વિચારથી જ એ સાફ રજામંદી આપ્યા સિવાય, કાંઇ ચોપડી તેમાંથી લઇ જાય, તો એ ઠેકાણે જ ની ચોપડી વાપરવી એવી અરથાંત સમજાય એવી અને જ ની રજામંદી છે, એમ અ ના મનમાં હોય એવો સંભવ છે. જો એ પ્રમાણે અ ના મનમાં હોય, તો તેણે ચોરી કરી એમ સમજવું નહી.

(ન) અ ઝ ની સ્ત્રી પાસે ભીખ માગે, અને તે સ્ત્રી અ ને કાંઇ પઇશા, ખાવાનું તથા કપડાં આપે અને તે સઘળું તેના વર ઝ નું છે એમ અ જાણતો હોય, તો એ ઠેકાણે અ ની સ્ત્રીને ભીખ આપવાનો અખતિયાર છે એમ અ ના મનમાં હોય એવો સંભવ છે, જો એ પ્રમાણે અ ના મનમાં હોય, તો તેણે ચોરી કરી એમ સમજવું નહી.

(ઓ) અ ઝ ની સ્ત્રીનો યારછે. તે સ્ત્રી અ ને કાંઇ કિમતી મિલકત આપે, અને તે મિલકત તેના વર ઝ ની છે, તથા તે એવી છે કે જે આ-

પવાનો જ એ તેને અખત્યાર આપેલો નથી, એમ અ જાણતો હો ય તો, અગર અ તે મિલકત બદદાનતથી લે તો, તો તેણે ચોરી કરી એમ સમજવું.

(૫) કાંઇ મિલકત જ ની હોય તે મીલકત માહારી પોતાની છે, એમ શુદ્ધબુદ્ધીએ માનીને અ તે મિલકત બ ના કબજામાંથી લઇ લે તો, એ ઠેકાણે અ એ તે બદદાનતથી લીધી નથી માટે, તેણે ચોરી કરી એમ સમજવું નહિ.

માહારાણી વિ. કોટાયા.

कोइ गामडा नीचेनी जमीन जेना उपर सरकारनी वीघोटीनी रकम चडी न होय ते जमीन मांहेला कोइ एक भाग उपरथी कांइ हक कींवा कोइना तरफथी अधीकार मळ्या वगर ते जमीन मांहेली धुडनां केटलांक गाडांओ खोदीने तुरतज सारी जवामां आव्यां होय. तो ते खोदनार सक्ष चोरी कर्याना गुन्हानो गुन्हेगार थतो नथी.

કલમ ૩૭૮.

૧

તા૦ ૧૮-૨-૮૭
ઈ.૧૦ મ. પા. ૨૫૫
જમીન માંહેલુ ફરેતર જમીન માંહેથી ખોદી કાઢી લઇ જવું એથી ચોરીનો ગુન્હો થતો નથી કેમકે ખોદી કાઢયા પછી પણ તે જંગમ મિલ્કત ગણાતો નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૮ મી કલમ પ્રમાણે નામદાર હાઈકોર્ટનો હુકમ થવા સારૂ આ મુકરદમો કૃશ્નાના જીલ્લા માજીસ્ત્રેટે મોસુફ કોર્ટ તરફ મોકલી દીધો હતો, જેમાં તેણે એવી હકીકત લખી લીધી કે "આ કામના બંને બંધવાઓને વીઘોટી વગરની જમીનમાંથી ધુળનાં ગાડાં ભરીને લેઇ ગયા માટે ઈં. પી. કો. ની ૩૭૯ મી કલમ પ્રમાણે સજા થઇ શકે એવી ચોરીના ગુન્હાના અપરાધી ઠરાવવામાં આવ્યા છે."

બંધવા તરફથી કોઇ હાજર થયું નહોતું.

સરકાર તરફથી સરકારી વકીલ પાવલસાહેબ.

ગુન્હાનો ઠરાવ કાયમ રાખવાની પુષ્ટીમાં જે જે દલીલો આપી હતી તે તે દલીલો આ કામના ઠરાવમાંથી જણાઈ આવશે.

ચીફ જસ્ટીસ કોલીનસ તથા જસ્ટીસ બ્રેન્ટનો સરખી રીતે જુદો મત પડવાથી તેઓએ પોતાના અભિપ્રાયો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૨૯ મી કલમ પ્રમાણે નીચેની વિગતે નોંધ્યા છે.

ચીફ જસ્ટીસ કોલીન્સનો અભિપ્રાય.

આ બંધવાઓને ઈં. પી. કો. ની ૩૭૯ મી કલમ પ્રમાણે ચોરીના ગુન્હાના અપરાધી ઠરાવી તેઓ દરેકનો પાંચ પાંચ રૂપૈઆ દંડ કરેલો છે.

હકીકત એવી છે કે મોજે અમરાવારમને શીમાડે કેટલીક વીઘોટી બેઠા વગરની પડતર જમીન છે, આ બંધવાઓએ તે જમીનમાંથી કાંઇ ભાગ ખસેડીને તે ધરતીની ધુળનાં કેટલાંક ગાડાં ભરીને લઇ ગયા.

૩૭૮ મી કલમમાં ઠરાવ્યું છે કે, જે માણસ કોઈ સક્ષના કબજામાંથી તે સક્ષની રજામંદી સિવાય કાંઈ જંગમ મિલકત બદદાનતથી લેવાનો ઈરાદો કરીને તે પ્રમાણે લેવા સારૂ તે મીલકતને ખસેડે તે માણસે ચોરી કરી એમ સમજવું. વળી તેજ કલમના પેહેલા ખુલાસામાં લખ્યું છે કે, કાંઈ વસ્તુ જમીનમાં ચોંટી હોય ત્યાં સુધી તે જંગમ મિલકત નથી, માટે તેની ચોરી થઈ શકે નહીં. પણ તે જમીનથી જુદી તે પાડવામાં આવે કે પછી તેની ચોરી થઈ શકે છે. વળી તેજ કાયદાની ૨૨ મી કલમમાં જંગમ મિલકતની એવી વ્યાખ્યા આપેલી છે કે, જમીન તથા જમીનને ચોંટેલી વસ્તુ અથવા જમીનને ચોંટેલી વસ્તુ જોડે જાથુ જોડાએલી વસ્તુ સિવાયની કોઈ પણ પ્રકારની સાકાર મિલકતને જંગમ મિલકત સમજવી.

કાંઇ વસ્તુ જમીનથી જુદી પાડીને તે વસ્તુની ચોરી કરવાના ગુન્હાના બંધવાઓ અપરાધી ઠર્યા નથી, પણ તે જમીનને ખુદને ચોરવાના ગુન્હેગાર ઠરાવ્યા છે. રાણી વિરૂદ્ધ તમા ધંટીયાના મુકરદમામાં જે નિયમ બાંધ્યો છે તે બેશક ખરો નિયમ છે. પરંતુ તેમાં જે બાબતનો નીર્ણય કર્યો છે તે બાબત આ મુકરદમાની બાબતથી ઘણોજ જુદો છે.

તેથી મારો એવો અભિપ્રાય છે કે, ચોરીનું તહોમત ટકી શકતું નથી, માટે તે ગુન્હાનો ઠરાવ રદ કરી તહોમતદારનો થએલો દંડ તેઓને પાછો આપવો જોઈએ.

જસ્ટીસ બ્રાંન્ટનો અભીપ્રાય.

આ બંધવાઓએ કોઈ સરકારી પડતર જમીનના કડકામાંથી તેની ધુડનાં કેટલાંક ગાડાંઓ ખોદીને તેની ધુડ ખસેડી છે. એ બંધવાઓને તે ધુડ ખસેડવાનો કાંઇ હક હતો નહીં અને એમ પણ માલુમ પડયું છે કે, તેઓએ તે ધુડ બદદાનતથી લીધી હતી, એટલે કે જે મિલકત તેઓએ ખસેડી તે ખસેડવાનો તેઓને અધિકાર નહીં છતાં કાયદેથી વિરૂદ્ધ ઊપાયો લઇને તેઓ પોતાના લાભ વાસ્તે તથા તેઓના પોતાના ખાનગી ઉપયોગ વાસ્તે તેઓ લઈ ગયા હતા.

વિલાયતમાં જે કોમન-લોના નામથી ઓળખાયછે તે લો પ્રમાણે જે વસ્તુઓ સ્થાવર મિલકત સાથે વધારે મળતી અને બંધ બેસતી આવતી હોય, અને જે પંડે તે જમીનનું અંગ હોય, તેને સંબંધે ચોરીનો ગુન્હો થતો નથી. એ નીયમ હિંદુસ્થાનના પીનલકોડની કલમમાં ચોરીની વ્યાખ્યા આપી છે. તેને સંબંધે લાગુ પડતો નથી. જુઓ ૩૭૮ મી કલમોના ખુલાસાઓ. વળી જુઓ ૫ મદ્રાસ હાઈકોરટ રીપોર્ટ અપીલ નંબર ૩૬. વળી રાણી વિરૂદ્ધ તમાધંટીયાના કામમાં આ વીષયના સંબંધમાં કાયદાનો એવો નીયમ બાંધ્યો છે કે, સ્થાવર મિલકતની વસ્તુઓ જુદી પાડવાથી ખસેડી શકાય એવી થાય છે. અને તે નીયમ ખાણમાંથી ખોદેલા પાણા તથા ખનીજ પદાર્થો તથા લોખંડને અથવા એકઠા કરેલા નીમકને લાગુ પડે છે એટલુંજ નહીં પણ જે કાટ તેના ઉપર ઊગેલો હોય, અથવા તે જમીન ઉપર જે ઇમારત ચણાવી હોય, તેને પણ લાગુ થાય છે. એ ટીકા હું પોતે મંજુર રાખું છઊં અને તેથી તેવી વસ્તુઓ તથા કાંકરા કસ્તર કે ધુડ ખોદી કાઢયા પછી અને જમીનથી જુદી પાડ્યા પછી કબજે કરી હોય, તે વચે તથા જે જમીનમાં તે વસ્તુ દાટેલી હોય અથવા જેની સાથે અવલ જાથુ રીતે જડાએલી હોય, તે વચે કાંઈ પણ ભેદ બતાવવા સારૂ હું અશક્ય છું. વળી મને એમ પણ લાગે છે કે જુદી પડવા અને લ-

ઇ જવા વચ્ચે કાંઇ વેળા લાગી નહોતી એ વાત મુદ્દાની નથી.

જંગમ મિલ્કતની વ્યાખ્યા હિંદુસ્થાનના પીનલકોડની ૨૨ મી કલમમાં આપેલી છે તે એ છે કે, જંગમ મિલ્કત એ શબ્દવડે જમીન તથા જમીનને ચોંટેલી વસ્તુ અથવા જમીનને ચોંટેલી વસ્તુ જોડે જાથુ જોડાએલી સિવાય કોઈ પણ સાકાર મિલ્કત સમજવી. પરંતુ ૩૭૮ મી કલમના ખુલાસા પ્રમાણે જે વસ્તુઓ ખુદ જ્યાં સુધી તેઓ જમીન સાથે જોડાએલી હોય, ત્યાં સુધી તે ચોરવા જેવી થતી નથી. તે જુદી પાડવાથી તેવી થાય છે. કોઈ કસ્તર જે ધરતી અથવા જમીનના ભાગમાંથી ખસેડયા અગાઉ તે કસ્તરને જમીન ઉપમા દીધી હોય તો દઈ શકાય છે. પરંતુ આ ચોરી કોઇ જમીનની નથી, પરંતુ જમીનમાંથી જુદી પાડેલી ધુળ અથવા કસ્તરનીછે. અને તેથી કરી આ ગુન્હાનો ઠરાવ કાયદાથી ઉલટો છે. એમ ઠરાવવાને હું તૈયાર નથી. મારૂં ઉપરનું કહેવું ઉલટાવીને કહેતાં હું ઠરાવું છઊં કે, પીનલકોડ પ્રમાણે જે કસ્તર જમીનમાંથી ખસેડયું હોય, અને જુદું પાડવા પેહેલાં જેની અંદર તે દટાએલું હોય અથવા જેની સાથે તે જાથુનું જોડાએલું હોય, તે કસ્તરના સંબંધમાં ચોરી થઇ શકે છે. અને તેથી ફરી તપાસને અંતે વચ્ચે આવવાની હું ના પાડું છું.

આ કામ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૯ મી કલમ પ્રમાણે ઉપલા અભીપ્રાય શીકે, જસ્ટીસ કરનાન પાસે મુકાતાં તેણે નીચે પ્રમાણે ઠરાવ આપેલો છે

ઠરાવ:—

આ બંધવાઓએ કોઇના તરફથી અધીકાર મેળવ્યા વગર અથવા કાંઇ હક વગર કોઇ એક ગામડાની વીઘોટી વગરની જમીનના ભાગમાંથી ઘણાંક ગાડાં જેટલી ધુડ ખોદીને તરતજ લઈ ગયા હતા. અને તે ઉપરથી ૩૭૮ મી કલમના ગુન્હાના અપરાધી ઠરાવી તેજ કાયદાની ૩૭૯ મી કલમ પ્રમાણે સજા કરવામાં આવી છે.

હી. પી. કો. ની ૩૭૮ મી કલમના ગુન્હામાં લાવવા સારૂ ઉપરની હકીકત બસ નથી, એમ હું ધારૂં છઊં. કેમકે જે મિલ્કત લેવામાં આવી હતી, તે મિલ્કત તેજ કાયદાની ૨૨ મી તથા ૩૭૮ મી કલમ પ્રમાણે જંગમ મિલકત હતી નહિ. ૨૨ મી કલમમાં લખેલું છે કે, જંગમ મિલ્કત એ શબ્દવડે જમીન તથા જમીનને ચોંટેલી વસ્તુ અથવા જમીનને ચોંટેલી વસ્તુ જોડે જાથુ જોડાએલી વસ્તુ સિવાયની કોઈ પણ પ્રકારની સાકાર મિલ્કત સમજવી.

૩૭૮ મી કલમના અ દ્રષ્ટાંતમાં એક ઊગતાં ઝાડનો દાખલો આપ્યો છે અને જે ઝાડ બદદ્યાનતવાળા ઇરાદાથી લેવા સારૂ અ એ જુદું પાડેલું છે. અને પછી તેમાં લખ્યું છે કે, જેવું તે ઝાડ અ એ જુદું પાડયું કે, તેણે ચોરી કરેલી છે. હીં. પી. કો. ની ૨૨ મી તથા ૩૭૮ મી કલમમાં તથા ૩૭૮ મી કલમના પહેલા ખુલાસામાં તેમાં કહેલી ચોકસ મીલકત જેના વીશે ચોરી કરવી હોય તો થઇ શકે છે તે મિલકત જમીન સાથે ચોંટેલી મિલકત છે. અલબતે દ્રષ્ટાંત અ વીશાળ નથી, તોપણ સાફ રીતે એવો ખુલાસો કરે છે કે, જે મિલકત તેવી રીતે ચોરીનો વિષય થાય તે મિલકતનો એવો અર્થ સમજવો કે, જે મિલકત ખુદ જમીનથી જુદી અને ઓળખી શકાય એવી હોય તે. આ કામમાં બંધવે જે વસ્તુ જમીન સાથે ચોટેલી હતી તે નહીં પણ જે વસ્તુ પંડે એક જમીનનો ભાગ હતી, તે જુદી પાડીને ખસેડી હતી.

વિલાયતના કોમનલોના આધારે ચોરીને સંબંધે ૨૨ મી તથા ૩૭૮ મી કલમ ઘડા-

એવી છે. અને તેને સંબંધે જે ફેરફારો કાયદા ઘડીને દાખલ કરવામાં આવ્યા છે, તે ફેરફારો પણ તેઓને લાગુ રહે. કોમનલો પ્રમાણે ચોરી "માત્ર જાત સાથે રહેનારી વસ્તુઓ" ને સંબંધે ફકત થઇ શકે છે. પણ જે જાત સાથે રહેનારી વસ્તુઓ સ્થાવર મિલકતમાં મળતી આવે છે, તેને સંબંધે ચોરી થઈ શકતી નથી. જેમકે દાણા, જમીન ઉપર ઉગતું ઘાસ અથવા ઝાડો ઉપરનાં ફળ અથવા ઉગતું ઝાડ તેના વીશે ચોરી થતી નથી. પરંતુ જો આમાંથી કોઇ ચીજો તેનો માલેક કાપી લેતો પછી કાપેલી વસ્તુની ચોરી થઇ શકે છે.

ઘણાક બાંધેલા કાયદાઓમાં ઠરાવ્યું છે કે, આવી ચીજો ચોરી લઇ જવાના ઇરાદાથી કોઈએ ચોરી હોય અથવા તોડી હોય તો તેને ચોરીનો ગુન્હેગાર ઠરાવી શકાય છે.

૫ મ. હા. રી. અ. નં. ૩૬ નું કામ એ ઝાડની ચોરીનું હતું અને સાફ રીતે તે ૩૭૮ મી કલમમાં આવતું હતું. રાણી. વિ. ઘંટીયાના કામમાં તકરાર એવી હતી કે, જે હકીકત માલુમ પડેલી છે તે ખરી માનતાં જે મીઠું બંધવાએ લીધું હતું, તે મીઠાનો કબજો કાયદેસર સરકારનો હતો કે નહીં?

નીમક છે તે પૃથ્વીની કુદરતી પેદાશ છે. તે એવી રીતે કે તેની સપાટી ઉપરથી પોપડો થઇ ઊપસી આવવાને લીધે તે જમીન સાથે જોડાએલું હતું. તે કામમાં આ અદાલતે પણ તેવીજ રીતનું મીઠું માનેલું હતું, અને તે પ્રમાણે માનતાં એવું ઠરાવ્યું હતું કે, ધરતી ઉપર ઉગનારૂં ઘાસ, અનાજ, ફળ, અને પૃથ્વી સાથે ચોંટેલાં ઝાડોને લેતાં ૨૨ મી તથા ૩૭૮ મી કલમ લાગુ થાય છે. તેજ પ્રમાણે તેવી રીતે લીધેલું મીઠું પણ સમજવું. પરંતુ કોઈ માણસે પથરા અથવા ખનીજ પદાર્થો ખાણમાંથી ખોદયા હોય અથવા પૃથ્વીના કોઇ ભાગને ખોદીને બાકીની પૃથ્વીથી જુદો પાડયો હોય, તો આ પ્રમાણે ખોદેલો અથવા જુદો પાડેલો પદાર્થ તે પૃથ્વીના ભાગ તરીકે બોલતાં બદલાઇ જાય છે. અને તે બદલાયેલા ભાગ તરીકે જંગમ મિલકતની વ્યાખ્યા આપી છે, તેની શરત પ્રમાણે તે વસ્તુ ઈી. પી. કો. ની ૨૨ મી તથા ૩૭૮ મી કલમ પ્રમાણે ખસેડી શકાય એવી મિલકત થતી નથી.

કોઈ પણ જમીનનો માલેક પોતાની જમીનના કોઇ ભાગનો અથવા તે જમીન સાથે જે વસ્તુ જોડેલી હોય, તેનો પ્રકાર જુદા પાડવાથી બદલવા માગતો હોય તો તે કરી શકે છે. અને ત્યારબાદ જે વસ્તુ જુદી પાડી હોય, તે તેની જાત સાથે રહેનારી વસ્તુ થાય છે. કોઇ માલેકે પથર અથવા ખનીજ પદાર્થો ખોદી કાઢયો હોય, અથવા કોઇ ઝાડો અથવા જમીનની બીજી પેદાશ તેના ધણીએ જુદી પાડી હોય, તે વસ્તુઓ હમેશા સાથે રહેનારી છે એમ સમજવું. અને કોઇ જમીનના ભાગની માટી તેના માલેકે ખોદી કાઢીને પછી તેને લઇ જઇ વાપરવા સારૂ છુટી ને છુટી જુદી રાખી હોય, તેને પણ એક જંગમ મિલકત શા માટે ન ગણવી. તેનું હું કાંઇ કારણ જોઈ શકતો નથી.

પરંતુ કોઇ સક્ષે કાંઇ વસ્તુઓ ઘરની સાથે ચોંટેલી હોય, તેને તેનાથી જુદી પાડીને પછી લાગલોજ તે લઇ ગયો, તો તેવી રીતે લઈ જવું એ કોમનલો પ્રમાણે ચોરી ગણાતી નથી.

વળી ૩૭૮ મી કલમનો બીજો ખુલાસો જમીન સાથે ચોંટેલી વસ્તુની સંબંધની તકરારનું સમાધાન કરે છે કે, જે કામથી જુદું પાડયું થાય તેજ કામથી ખશેડવું થાય, તે

ખશેડવું ચોરી થઇ શકે છે, એવું તેમાં ઠરાવેલું છે. પરંતુ ધરતીના ભાગમાંથી કોઈ ચોરે પથરા અથવા ખનીજો ખાંણુમાંથી ખોદી કહાડયા હોય, અથવા સાધારણ ખોદાણ કર્યું હોય, તેવા કામને માટે ૩૭૮ મી કલમમાં કાંઇ પણ બંધારણ બાંધ્યું નથી. માટે મારા અભી-પ્રાય પ્રમાણે ચોરીના ગુન્હાનો ઠરાવ રદ કરવો જોઇએ. એમ હુકમ કરી દંડ લીધો હોય તો પાછો આપવાનો હુકમ કરૂં છું.

કલમ ૩૭૯ મી.

જે માણસ ચોરી કરે, તેને ત્રણ વરસની મુદત સૂધીની બે-માંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. ચોરીની શિક્ષા

કેસરેહીંદ વિ. ત્રૈલોકનાથ ચોધરી.

કલમ ૩૭૯.
૧
તા. ૧૨–૧૧–૭૮
ઈ. ૪ ક. પા. ૩૬૬

પોતાના માલની ચોરી કરનાર સક્ષને સજાએ પહોચાડવા સારૂ જયાં ચોરી કરવા દેવામાં આવે ત્યાં તે માલનો ખસેડનાર ચોરીનો ગુન્હો કરતો નથી પરંતુ એ પ્રમાણે ખસેડવાની સંતલસ આગળથી કરવી એથી ચોરીના ગુન્હાની મદદગારી નો ગુન્હો થાય છે.

अ ए ब ना धणीनी मिलकतनी चोरी करवाना इरादाथी, ब नी मदद मागी. सदरहु ब ए पोताना धणीनी मंजुरी लइने तथा अ ने सजा कराववा वास्ते अ नो हेतु पार पाडवामां मदद करी. चोरीना गुन्हा माटे ज्यारे अ उपर काम चाल्युं, त्यारे तेमां ठराव्युं के, जे माल खसेडवामां आव्यो ते वीशे तेना धणीनी माहेतगारी हती. माटे ते खसेडवाथी चोरीनो गुन्हो थतो नथी.

वधारे एम ठराव्युं के, कोइ गुन्हानी मददगारीमां मददगारी करवाना तहोमतमां ए गुन्हो खरेखरो थयो हतो, एम बतावबानी जरुर नथी.

કલકત્તાના કામ ચલાઉ ચીફ માજીસ્ત્રેટે આ રેફરન્સ હાઇકોર્ટને કરેલું હતું તેમાંથી આ મુકરદમાની હકીકત જણાઇ આવે છે તે એવી છે કે,—

"મેશર્સન મેંકેઝીના ગોદામમાંથી કેટલાંક લોઢાના તથા પીતળના ઇસ્ક્રૂ ચોરવાના હીં. પી. કો. ની ૩૮૦ મી કલમ માંહેલા ગુન્હાનું તહોમત રાખવામાં આવ્યું હતું. જે હકીકત પુરાવેથી સાબિત થઇ છે તે એવી છે કે, "મેશરસ મેકાનોન મેકાનઝીની કંપની પોતાનો લોખંડી સામાન મેકાનઝીલી યાલની કંપનીને એજંટ રાખી ઝાહેર લીલામથી વેચી નાંખવી. આવા વેચાણને માટે એક દલાલ "એક્ષચેંજ" નામના ચોકમાંથી આવીને માલના લાટ કરી જતો. અને તેમાંથી નમુનાઓ લેઈ જતો અને ત્યારબાદ વેચાણ થતું. વેચાણો થયા પછી એજ દલાલ ખરીદનારને લેઇને પાછો આવતો, અને વેચેલો માલ હવાલે કરવામાં આવતો. છેલું વેચાણ અગષ્ટ માસની છઠી તારીખે થયું હતું. ૧૯ મી તારીખે પેહેલો બંધવો કેટલો માલ સોંપવામાં આવ્યો અને વખારના ઉપરી ક્યુમીસનસાહેબને વેચાણના નોંધ કરતાં વધારે માલ લેઇ જવા દેવાનું તથા પોતા વચે ૬ તથા ૧૦ આનાના પ્રમાણમાં ફાયદો વહેંચી લેવાનું કહ્યું. ક્યુમીનસે આ વાત મોકીફ સાહેબને કહી, અને તેણે માલધણીને કહી. અને તેની સંમતીથી પહેલા બંધવાની વાત કબુલ કરી. એ ગોઠવણ છેવટ ૨૪ મી અગષ્ટને રોજ ક્યુમીનસને ઘેર પાકી કરી.

ચોથી સપ્ટેંબરને રોજ પહેલો, બીજો, અને ત્રીજો, એમ ત્રણે બંધવા ભેગા થઈને આવ્યા. છેલા બે જણાઓ ખરીદદાર હતા, અને ક્યુમીનસ તથા પહેલા બંધવા વચેના કરાર મુજબ વેચાણ પત્રકમાં લખ્યા ઉપરાંતનો માલ ખસેડવામાં આવ્યો. પણ પોલીસ

થી આ વાત કરી રાખેલ, તે તરતજ ચોકી ઉપર ઉભેલ તે છતી થઇને બંધવાઓને જાબ્તા-માં લીધા. વળી એમ પણ પુરાવાથી સાબિત થયું છે કે, મેંકાનઝીલીથાલના બાબુને (એ-ટલે પેહેલા નંબરનો બંધવો) પાવતી આપી હમેશાં વધારે માલ ખરીદદારોને લેવા દેવા-માં આવતો, અને એ બાબુ પોતાના તરફથી માકીનોંન મેકાટનઝીને પાવતી આપતો. અને તેથી ખરીદદારોને વેચનારી કંપની સાથે કાંઇ નીસબત રહેતી નહીં. ખરીદદાર બંધવાના વિરૂદ્ધ સાપ્રાધ ઇરાદો સાબિત થયો નથી, તેથી તેઓને મેં છોડી મુક્યા છે.

પરંતુ પેહેલા નંબરના બંધવાની બાબતમાં મેં ઠરાવ્યું છે કે, તેણે એ માલધણીની સ્પષ્ટ કીંવા ગર્ભીત પરવાનગીથી ખસેડયો હતો તેથી તેનું કૃત્ય ચોરીનું થતું નથી.

(જુઓ પીનલકોડની કલમ ૩૭૮ નો ખુલાસો ૫ મો. રાણી વિ. ડોલાન. રાણી વિ. હાંકોક) વધારે મેં એવું ઠરાવ્યું છે કે, પેહેલા નંબરનો બંધવો કલમ ૧૧૬ મી પ્ર-માણે જવાબદાર છે, કેમકે ૧૧૬ મી કલમનો ચોથો ખુલાસો મને એવો લાગે છે કે, અ-લબતે તે ગુન્હો ચોરીનો ગુન્હો થઇ શકે નહીં.

પરંતુ બંધવે ક્યુમીનસને ચોરીનો ગુન્હો કરવામાં ઉશકેરણી કરી, તેથી તે કલમ મુ-જબ બંધવો ગુન્હેગાર થાય છે.

તોપણ આ બાબતમાં મને શક છે, તેથી હું નામદાર હાઇકોર્ટને નીચેની બે બાબતો-ના અભિપ્રાય વિશે અરજ કરૂંછું.

(૧) માલ તેના ધણીની પરવાનગીથી ખસેડવામાં આવ્યો એ વાત લક્ષમાં લેતાં બં-ધવાનું કૃત્ય ચોરી થઇ શકે નહીં ?

(૨) એજ હકીકત ઉપરથી બંધવો ૧૦૬ ઠી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરી શકે કે નહીં ?

મેં મારો ઠરાવ નામદાર હાઇકોર્ટના ઠરાવને અનુસરીને કરેલો છે, અને સજાનો અ-મલ એક પખવાડીયા સુધી મુલતવી રાખ્યો છે. બંધવાને બંધીખાને મોકલ્યો છે, અને જા-મીન ઉપર છોડવાનો ઠરાવ નામદાર હાઇકોરટનો થશે તો તેનો સમાસ રાખેલો છે.

હાઇકોર્ટે નીચે પ્રમાણે ઠરાવ આપ્યો છે.

જસ્ટીસ જાકસન.

મને એમ જણાય છે કે પીનલકોડની કલમ ૧૦૬ ઠીના ખુલાસા ચોથા મુજબ મદદ-ગારીમાં મદદગારી કરવી એ એક ગુન્હો છે. અને જો ક્યુમીનસે ઉશ્કેરણીથી કૃત્ય કર્યું હ-ત તો ગુન્હો થાત. એટલે તેણે એ ઉશકેરણી કરવાથી ગુન્હો કર્યો છે, અને ખુલાસા બી-જા પ્રમાણે ગુન્હો થવા સારૂ ઉશકેરાએલું કૃત્ય થવાની જરૂર નથી, માટે ધણીને જાણ ક-રી માલ ખસેડવામાં આવ્યો, એ હકીકત ઉપરથી કાયદા પ્રમાણે ચોરીનો ગુન્હો થતો નથી. પણ તેથી તે ઉશકેરણીના પરિણામમાંથી છુટી શકતો નથી. એ ઉશકેરણી માટે તેને ગુ-ન્હેગાર ગણ્યો છે તે બરાબર કાયદેસર થયું છે.

બંધવાને સજા સારૂ માજીસ્ત્રેટની હજુરથાં હાજર કરવો.

કેસરેહીંદ વિ. સીતારામ રાય.

कोइ हिंदु पोताना कुटंबथी जुदो थवानो इरादो करीने मजुरीनो धंधो करवा डीमेराशना मुलकमां जइने वस्यो. ३० वर्ष सधी त्यां रहीने ते पाछो पोताना कुटंबमां आव्यो. अने मजुरी करीने डीमेराशमांथी राच रचीलुं तथा धन मेळव्युं हतुं, ते पोतानी साथे लेइ आव्यो. पोताने घेर आव्या बाद ते कुटंबनी भेगो रह्यो. अने पोतानी मिलकत मजीयारी गणवाने बदले तेणे सवांग गणी हती. ठराव्युं के, मिलकत तेनी एकलानी हती. अने तेना भाइनो तेमां मजमुं भाग नोहोतो. अने ते मिलकतना संबंधमां तेनो भाइ वाजबी रीते चोरीना गुन्हानो गुन्हेगार ठरी शके छे.

एकी वखते कोइ सक्षने चोरीनो माल राख्यानो तथा चोरीमां मददगारी कर्यानो अपराधी ठरावी सजा करवी ए अनीमीयतपणुं छे.

કલમ ૩૭૯.
૨
તા. ૧૧-૮-૮૦
ઈ. ૩ અ. પા. ૧૮૧

કોઈ હિંદુ પોતાના કુટંબથી જુદો થઈને પરદેશમા જઈ જાત મજુરીથી ધન કમાઈ પોતાના વતનમાં આવીને બાપુકા કુટંબમાં રહે પણ તે પાછા ભેગા થવાના ઈરાદાથી નહીં પણ એક સમવડ ખાતર રહેતો તેવું મેળવેલું ધન તેના એકલાનુંજ છે, અને તે મિલકતને તે કુટંબનો કોઈ માણસ બદધાનતથી ખસેડે તો તે ચોરી કરયાના ગુનાહનો અપરાધી ઠરે છે.

એકી વખતે ચોરી કરનાર પાછો તેજ વખતે ચોરીનો માલ રાખનારો થતો નથી

એક તુળસી નામનો સક્ષ ૩૦ વર્ષ સુધી ડીમેરાશના મુલકમાં રહી આવીને પાછો બળીઆ જીલ્લામાં પોતાને વતન સન ૧૮૭૯ માં આવ્યો. અને સરકારી ચલણી નોટો રૂપીયા ૬૦૦ ની, જેદ્રવ્ય તેણે મજુરી કરીને ડીમેરાશના મુલકમાં મેળવ્યું હતું, તે પોતાની સાથે લેઇ આવ્યો. અને તે ઉપરાંત બીજું રાચ રચીલું પણ તેની સાથે હતું. જ્યારે તે સ્વદેશમાં પાછો આવ્યો, ત્યારે તેનો બાપ મરી ગયો હતો. પણ તેની મા અને બીજા બે નાનાભાઇઓ, જેઓનાં નામ અનુક્રમે, દાલમીર અને જીંગર હતાં, તેઓ જીવતા હતા. અને બાપુકા ઘરમાં ભેળા રહેતા હતા. તુળસી અને તેની ઓરત પોતાના ધણી સાથે સ્વદેશ પાછી આવી હતી, તે બંને પોતાની મા, પોતાના ભાઇઓ અને તેઓની ઓરતો સાથે બાપુકા ઘરમાં રહેવા લાગ્યાં. આખું કુટંબ મજીયારૂં થઇને રહેતું હતું. તે આખું કુટંબ સમાધાનીથી એકઠું રહેતું હતું. પણ જ્યારે દાલમીરે તુળસીની મીલકતમાંથી ભાગ મળવાની માગણી કરી, અને તેને કનડવા લાગ્યો, અને કહેવા લાગ્યો કે, આપણે હિંદુ કુટંબના ભેગા ભાઇઓ છીએ. તો જે મિલકત તું ડીમેરાશમાંથી લાવ્યો છે, તેમાં મારો ભાગ છે. આ માગણી મંજુર કરવાને તુળસીએ ના પાડી. અને એ માગણીની જ્યારે વધારે જીકર થઇ, ત્યારે તેણે પોતાના ભાઈ સાથે ખાવા પીવાની નાપાડી. ને અંતે ડીમેરાશ મુલકમાં પાછું જવાનું તેણે નીરધાર્યું.

પોતાની ધારી રાખેલી રવાનગીરી અગાઉ સને ૧૮૮૦ ના જાનેવારીમાં, દાલમીર, પોતાના ભાઇ તુળસીની ગેર હાજરીમાં ઘરમાં પેઠો, અને જે પેટીમાં દ્રવ્ય હતું, તે પેટી

ઘરમાંથી કાઢી લાવ્યો. તે વખતે દેવીસીંહ તથા સીતારામ જે ગામના જમીનદારો હતા, તેઓ પેલી પેટી બહાર કાઢવા ટાણે ઘરના બારમાં ઉભા હતા. જ્યારે તે પેટી બહાર કાઢી આણી, ત્યારે આ ત્રણે સક્ષો તે પેટીને લઇને રવાને થઇ ગયા. સીતારામે, પછવાડેથી તુણસીને એકંદર ૧૧૦૦ રૂપૈયાની ચલણી નોટો પાછી સ્વાધીન કરી. અને તુણસીની એક ચલણી નોટ તેના ઘરમાંથી મળી આવી. આ હકીકત ઉપરથી ગાજીપોરના સેસન જડજે, દાલમીરને પીનલકોડની કલમ ૩૮૦ મી માંહેલા ઘરમાં ચોરી કર્યાના ગુન્હાનો અપરાધી ઠરાવ્યો. દેવીસીંહને કલમ ૩૮૦ તથા કલમ ૧૦૯ મી પ્રમાણે તે ગુન્હામાં મદદગારી કર્યાનો અપરાધી ઠરાવ્યો. અને સીતારામને ૧૯૦ તથા ૩૮૦ મીના અને ૪૧૧ મીના ગુન્હાનો એટલે ઘરમાંથી ચોરીની મદદગારી કરી, તથા બદઘાનતથી ચોરાઉ માલ રાખ્યો, એ પ્રમાણે બે ગુન્હાનો અપરાધી ઠરાવ્યો. દેવીસીંહ તથા સીતારામના સંબંધમાં સેસન જડજે પોતાના ઠરાવમાં નીચે પ્રમાણે અભિપ્રાય આપ્યો છે:—

"મુકેલા આરોપોનો હું ગુન્હેગાર નથી એમ દેવીસીંહ જવાબ આપે છે. ચોરેલી મિલકતમાંથી કાંઇ મિલકત તેણે છુપાવી એવું દેખાડનારો કાંઈ પુરાવો નથી, એમ મારે કબુલ કરવું જોઇએ. પણ ફરીયાદીના ઘરમાંથી પેટી ખસેડવામાં આવી ત્યારે તે પાસે ઉભો હતો, અને દાલમીરને તેમ કરવાનો કાંઈ હક નહીં છતાં તેણે ચોરી કરી છે, એમ તેને ખબર હતી, એવું બતાવનારો પુરાવો કામમાં પુષ્કળ છે, માટે તેણે ચોરીના ગુન્હામાં મદદગારી કરી છે. સીતારામ પણ જવાબ આપે છે કે, હું નીરઅપરાધી છું, પણ દાલમીર પાસેથી પેટી લીધાની વાતનો તે અંગીકાર કરે છે, અને જ્યારે પેટી ચોરાઇ, ત્યારે તે દેવીસીંહની સાથે હાજર હતો, તથા ૧૧૦૦ રૂપૈયાની નોટો ચોરેલી મિલકત હતી એમ જાણીને તેણે તે નોટો જાંગરને સ્વાધિન કરી હતી. તેણે પોલીસને કહેલું કે હું ચોરેલી મિલકત બતાવી આપીશ. તથા ફરીયાદીની ૧૦ રૂપૈયાની નોટ શક પડતી સ્થિતિમાં તેના ઘરમાંથી જડી આવી છે, તથા બીજી ઘણીક નોટો તેના નોકર ગોવીંદને ખબર પડે એવી રીતે સંતાડેલી જડી આવેલ છે, એવું બતાવનારો કામમાં પુષ્કળ પુરાવો છે. તેથી હું ધારૂંછું કે સીતારામ ઉપરના બંને ગુન્હાઓ એટલે ચોરીમાં મદદગારી અને ચોરેલી મિલકત સંતાડી એ સાબિત છે.

સીતારામે હાઇકોર્ટમાં અપીલ કરી.

અપેલેન્ટ તરફથી હીલસાહેબે એવો વાંધો લીધો કે, તુણશી તથા દાલમીર બંને હિંદુ કુટંબના અંગભુતો હતા. તેથી તુણશીએ મેળવેલી મિલકતમાં દાલમીરનું મજમું સ્વામીત્વપણું અને તે લેવાથી દાલમીરે કાંઇ ગુન્હો કર્યો નથી. અને તે પ્રમાણે લેવામાં મદદગારી કરવાથી, અથવા સદરહુ મિલકત રાખવાથી, અપેલેંન્ટે કાંઇ ગુન્હો કર્યો નથી. અને અપેલેંન્ટ જો કોઈ ગુન્હાનો અપરાધી છે તો, તે ચોરીનો, અને ચોરીમાં મદદગારી કર્યાનો ગુન્હેગાર છે. ચોરીમાં મદદગારી કરી, ચોરીની મિલકત રાખી, એ બે ગુન્હાનોતેને અપરાધી ઠરાવી સજા કરી છે, તેમાં અનીમીયતપણું થયું છે. જેકબવિન્સિવર્ડ પીનલકોડની મેનની ટીકા આવૃતી ૧૦ મી પૃષ્ટ ૩૭૦ ચાલાકોદા અલાસાણી. વિ. ચાલાકોદારત્ના ચલમ દુરવાસુલા ગંગાધરલું વિ. દુરવાસુલા નરસામાંનો હવાલો તેણે આપ્યો.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ.
જસ્ટીસ સ્ટેટનો ઠરાવ

દાલમીર અને દેવીસીંઘ નામના બે સક્ષોની સંઘાતે અપેલેંન્ટ સીતારામ રાયનો ઇનસાફ ગાજીપોરના સેસન જડજ સાહેબે તહોમતવાળા દાલમીરના ભાઇ તુણસીના રેણાકના ઘરમાંથી રોકડ નાણાંના કેટલાક કીંમતી દસ્તાવેજોની ચોરી કરવાની મદદગારીનું તહોમત તથા સદરહુ મિલકત લીધાનું તહોમત રાખી ઇનસાફ કર્યો હતો. દાલમીરને ચોરી કર્યાનો અપરાધી ઠરાવ્યો હતો. અને દેવીસીંઘ તથા અપેલેંન્ટને મદદ કર્યાના ગુન્હેગાર ઠરાવ્યા હતા. વળી સીતારામને પીનલકોડની કલમ ૪૧૧ માંહેલા ગુન્હાનો પણ અપરાધી ઠરાવ્યો હતો. અપેલેંન્ટના વિદ્વાન વકીલે જે બાબતોની તકરાર લીધી છે તેમાં પેહેલી એવી છે કે, તુણશી અને દાલમીર એક હિંદુ કુટંબના જુદા ન થયેલા અંગભુતો હતા. તેથી દાલમીરે જે નોટ અને રોકડ લીધી તેનો તે સંયુકત માલીક હતો. માટે તેને ચોરી કર્યાના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહીં. બીજી તકરાર એવી છે કે, ચોરીમાં મદદગારી કરવી અને તેજ મિલકત પાછી રાખવી, એ બંને ગુન્હા માટે અપરાધી ઠરાવી સજા કરવી એ, એક જાતનું અનીયમિતપણું છે. આ તકરારોમાંથી પેહેલી તકરાર કાંઇ વજનદાર જણાતી નથી. અને તે તકરારનું નીર્ણય કરવા મને કાંઇ જરૂર દેખાતી નથી. પરંતુ કેટલેક પ્રસંગે અને કેટલીક બીના બને ત્યારે અવીભકત કુટંબના એક અંગભુત ઉપર કુટંબની મિલકત કીંવા સાપ્રાધ ખોટા ઉપયોગ કર્યાનું તહોમત ન મુકી શકાય એમ કહેવાને હું કોઇ પ્રકારે તૈયાર નથી. પરંતુ આ સવાલનો વિચાર કરવો આ કામમાં રહેતો નથી. કેમકે મજીયારા હિંદુ કુટંબના અંગભુત હોઇને, તુણસી અને દાલમીરના સંબંધમાં ગમે તેવું અનુમાન હોય, તોપણ જે પુરાવો પડયો છે, તેથી એ અનુમાનનો તમામ નકાર થાય છે. મારા મનમાં સાવ દીવા જેવું છે કે, જયારે તુણસી ૩૦ વર્ષ પેહેલાં ડીમેરાશમાં ગયો ત્યારે તે તમામ જુદો થઇ ગયો હતો. અને જ્યારે તે સને ૧૮૭૯ માં હીંદુસ્તાનમાં પાછો આવ્યો ત્યારે તેની મુડી પોતાના કુટંબના મજમુ ફંડમાં નાંખીને તે તેને વાપરવાનો ઇરાદો નોહોતો. તેની આખી વર્તણુકથી દેખાય છે કે, નોટ અને પૈસા પોતાના છે, એમ તેણે ગણ્યું હતું. અને કોઇ રીતે તેમાં પોતાની સાથે પોતાના સગાઓનો સામાન્ય સ્વાર્થ રહેવા દેવાનો ઇરાદો કર્યો નહતો, કાયદાનું અનુમાન ઉલટી રીતે લેવું જોઈએ. એવા હીલ સાહેબના મત સાથે હું મળતો નથી. મદ્રાસના મુકરદમાઓનો તેણે હવાલો આપ્યો છે. તે મુકરદમા તેની તકારારની તરફેણમાં બેશક ઘણે દરજે જાય છે. પણ તેઓના આધારનું મકમપણું કોઇ રીતે સંકલ્પવીકલ્પ વગરનું નથી. અને જે અદાલતે તે ફેંસલા ચુકવ્યા છે, તે અદાલત તરફ ઘણુંજ માન રાખીને હું કબુલ કરૂં છઉં કે, તે ફેંસલાઓ પ્રમાણે, અમલ કરવા પેહેલાં આનાકાની કરવી પડે છે. ચાલતા કામમાં વધારે કહેવાનું છે કે, કેળવણીના ફાયદાના અસાધારણ સાહીત્યો પુરાં પાડયાં હોય, અથવા કુટંબની મજીયારી રકમમાંથી તેનું ભરણ પોષણ થયું હોય એમ જણાતું નથી. અને મજુર તરીકે, મજુરી કરીને મેળવેલી સ્વપારજીત મિલકત તેના વતી જે કાંઇ મજમુ મિલકતમાંથી ખરચ કરવામાં આવ્યું હોય, તે પેટે ખાસ રીતે જમે કરી શકાતી નથી. જેથી મારા અભીપ્રાયમાં એવું છે કે, જે નોટ અને રોકડ ચોરાયાં હતાં તે તુણસીની એકલાની મિલકત હતી. અને દાલમીરને પીનલકોડની કલમ ૩૮૦ પ્રમાણે

વાજબી રીતે અપરાધી ઠરાવ્યો છે. વળી હું ધારૂં છઉં કે, અપેલેન્ટ સીતારામ રાય, તથા દેવીસીંઘને મદદગારીના કરતાં ચોરી કર્યાના ગુન્હેગાર ઠરાવ્યા હત, તો વધારે વાજબી હતું. કેમકે પુરાવેથી સાફ માલમ પડે છે કે, તેઓ જ્યારે તુળસીના રેણાક ઘરમાંથી, દાલમીરે બદઘાનતથી મિલકત ખસેડી ત્યારે મો પડમાં અને ભાગ લેવામાં હતા. તેથી હું હુકમ કરૂંછું કે, એ પ્રમાણે દફતરમાં સુધારો કરવો અને સીતારામરાય તથા દેવીસીંઘના ગુન્હાનો ઠરાવ પીનલકોડની કલમ ૩૮૦ પ્રમાણે દફતરમાં લખવો. હીલ સાહેબે બીજી તકરાર લીધી છે, તે વજનદાર છે. અને તેથી હું પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે સીતારામ રાયને અપરાધી ઠરાવી સજા કરી છે તે રદ કરૂં છું. સેસન જડજે મદદગારીના ગુન્હા માટે સજા કરી છે તે સજા ૩૮૦ મી કલમ પ્રમાણે મુખ્ય ગુન્હાની સજા તરીકે, કાયમ રાખું છઉં.

કેસરેહીંદ વિ. તામા ધાંચ્યા..

કલમ ૩૭૯.

૩

તા૦ ૧૯–૧૦–૮૧
ઈ. ૪ મ. પા. ૨૨૮
સરકારી રણમાં પોતાની મેળે થતું મીઠું બદદાનતથી ખસેડવાથી ચોરીનો ગુન્હો થાયછે.

एक रण सरकारनी मिलकत हती. तेमांथी नीमक चोराइ न जाय तेटला माटे तेनी आसपास सरकारे पोलीसनी चोकी राखी हती.

ठराव्युं के, सरकारनी मरजी विरुद्ध, तथा गेरकायदेसर लाभ मेळववाना हेतुथी जे मीठुं पोतानी मेळे ए रणमां थयुं हतुं, ते लेवुं ए चोरीछे.

રેપાલી તાલુકાના બીજા વર્ગના માજીસ્ત્રેટે ત્રણે જણને નીમકની ચોરી કર્યાના અપરાધી ઠરાવી ૫૮કાની સજા કરી હતી. એ મીઠું પોતાની મેળે રણમાં થયું હતું. તે રણ પોલીસની ચોકીમાં હતું. આ કામનું દફતર તથા તેના કાગળીયા, ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટે હાઇકોર્ટમાં મોકલ્યા. તે એવા અભીપ્રાયથી કે, આવી રીતે ચોકીમાં રાખેલું મીઠું લેવું એ ચોરી કહેવાય નહીં. કેમકે રણમાં પોતાની મેળે થયેલું મીઠું સરકારના કબજામાં નહોતું.

આ કેશની સુનાવણી ટાણે કોઇ તરફથી હાજર નહોતું.

ચિફ જસ્ટીસ ટરનર તથા જસ્ટીસ કરનાનનો ઠરાવ:—

અમોને એમ લાગે છે કે, સરકારે રણની આસપાસ ચોકી રાખી, મીઠાનો એવો કબજો લીધો હતો કે, સરકારની મરજી વગર, તથા ગેર કાયદેસર લાભ લેવાના ઇરાદાથી રણમાંથી નીમક ખસેડવું, તેથી ચોરી થઇ શકે છે. રખાલમાંથી લાકડાંની ચોરી કરવી, અને આ કેશની ચોરી વચ્ચે, અમોને કાંઇ ફરક દેખાતો નથી. એટલોજ ફરક છે કે, નીમક છે તે ધરતીનો એક ખરેખરો ભાગ છે, પણ ઝાડ તે પ્રમાણે નથી. પણ જે વસ્તુઓ સ્થાવર છે, તે જુદી કરવાથી ખસેડી શકાય એવી થાયછે. અને આ વાત જમીનની સાથેથી તેના જુદા કરેલા ભાગોને લાગુ પડે છે. જેમકે ખોદી કાઢેલા પથ્થર, ખનીજો, લોખંડ, અથવા, એકઠું કરેલું નીમક તથા તેના ઉપર ઉગેલાં વ્રક્ષો, તેમજ ધરતી ઉપર બાંધેલી ઇમારતો. રણ એ સરકારની મિલકત છે, એમ ખરેખરૂં માનવામાં આવ્યું છે. તે કબુલ રાખતાં અમારા મત પ્રમાણે અમે ઠરાવીએ છીએ કે, ચોરીનો ગુન્હો થયો છે.

રાણી વી. રેવુ પોથીડું.

खाडीमांथी गेरकायदेसर माछलां पकडवां ए चोरी नथी.

કલમ. ૩૭૯
૪
તા. ૫-૯-૮૨
ઈ. ૫ મ. પા. ૩૯૦
દરીઆની ખાડી માંથી બદદયાનતથી માછલાં પકડવાં એથી ચોરીનો ગુનોહ થતો નથી.

ફોજદારી કામ ચલાવવાના સને ૧૮૭૨ના ૧૦ મા આકટની કલમ ૨૯૬ (૪૩૮) મુજબ કરનાના જીલ્લા માજીસ્ટ્રેટે આ કામ લખી મોકલ્યું હતું.

મુતુ સ્વામી આયર તથા ટારેંટ જસ્ટીસનો ઠરાવ.—

બંધવાને પીનલકોડની કલમ ૩૭૯ મી પ્રમાણે ચોરીના ગુન્હાનો અપરાધી ઠરાવી તેનો જુદી જુદી રકમોનો દંડ કરેલો છે. તે દંડ હજુ લેવાયો નથી. લક્ષ્મીપુર ગામ પાસે ખાડી છે. તે ખાડીમાંથી માછલાં પકડવાનો હક સરકારે ઇજારે આપ્યો હતો. તે ખાડીમાંથી બંધવે માછલાં પકડયાં હતાં, અને તે ચોરીના ગુન્હાનો ગુન્હેગાર ઠર્યો હતો. આ કોર્ટે સને ૧૮૭૮ના અકટોબરની ૨૩ મી તારીખે રોજ કામ કર્યું છે, તે અનુસાર ગુન્હાનો ઠરાવ રદ કરવાગાં આવે છે.

તે રોજકામ નીચે મુજબ છે.

આ મુકરદમાઓમાં કેટલાક સક્ષોએ કોઇ સરકારી તળાવોમાંથી માછલાં પકડયાં, તેથી તેઓને ગુન્હેગાર ઠરાવ્યા છે. સદરહુ તળાવોમાંથી માછલાં પકડવાનો હક સરકારે લીલામ કરી બંધવા શીવાય બીજા સક્ષોને વેચેલો છે.

દક્ષિણ હિંદુસ્થાનમાં જે ખુલ્લાં તળાવોમાંથી ખેતરને પાવા સારૂ પાણી લઇ જવામાં આવે છે, તે માંહેલાં આ તળાવો છે, તેમ આ કોર્ટ માને છે. અને સવાલ એટલોજ છે કે, તેવા તળાવોમાં વસનારાં માછલાં કોઇ એવા અર્થવાળા કબજામાં છે, કે તેને પકડી ખસેડવામાં આવે તો, તે ચોરી થાય? હાઇકોર્ટનો એવો અભીપ્રાય થાય છે કે, ના, તેમ નથી. માછલાં પકડવા જેવા કોઇ હકનો ભાગ થાય તો, તેને માટે દીવાની ઇલાજ છે.

કેસરેહીંદ વિ. ગંગારામ સાંતારામ.

કલમ. ૩૭૯
૫
તા૦ ૨૯-૧૦-૮૪.
ઇ. ૯ મું. પા. ૧૩૫
જે માણસનો કોઈ મિલકત ઉપર જુલયાપ ન ખવાય એવો હક હોય તેના કબજામાંથી તેની રજામંદી સિવાય તે મિલકત લઇ લેવી તે ચોરી કહેવાયછે.

कांइ मिलकत उपर कोइ सक्षनो उपरथी साचो हक होय अथवा ते मिलकतमां तेना हक्कनो कांइ पण आभाश होय तेवा सक्षना हवालामांथी तेनी मरजी उपरांत ते मिलकत खसेडवामां आवे तो चोरीनो गुन्हो थवामां तेटलुं बस छे.

ખાનદેશના સેસન જડજે ચોકસ નામદાર હાઇકોર્ટને સને ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૪૩૮ મુજબ લખી મોકલ્યો હતો.

તેણે નીચે મુજબ લખાણ કર્યું છે.—

તહોમતવાળો ગંગારામ શાંતારામ એક લુવાર છે, તેની પાસે ફરીયાદી ગીરજુ, રૂપૈઆ ૬૦ માગતો હતો, અને ગંગારામની ગેર હાજરીમાં, તેની ઓરત ધોંડીએ, ગંગારામની વરધી મુજબ, સને ૧૮૮૪ ના જુલાઇની ૨૧ મી તારીખે કરજ પેટે રૂપૈયા ૧૫ માં કામ કરવાનાં હથીયાર વેચ્યાં. ગંગારામ જ્યારે પાછો ઘેર આવ્યો, ત્યારે ફરીયાદીની મરજી ઉપરાંત પોતાનાં ઓજાર પાછાં લેઇ આવ્યો. તે વખતે એટલે (૧૫-૮-૮૪)ને રોજ ફરીયાદી ત્યાં હાજર નહોતો.

ગયા માસની ૨૫ મી તારીખેં પેહેલા વર્ગના માજીસ્ત્રેટ રાવબહાદુર બાપુ પરસોતમે ગંગારામને ચોરી કર્યાનો અપરાધી ઠરાવી, તેનો દશ રૂપૈયા દંડ કરેલો છે. અને એવો હુકમ કરેલો છે કે, એ ઓજારો પાછાં ફરીયાદીને સોંપી દેવાં.

માહારો અભીપ્રાય એવો છે કે, એ ઓજારો લેવામાં ગંગારામનો બદદાનતવાળો ઇરાદો હોય, એમ પુરાવેથી સાબિત થતું નથી. તે ઓજારો ગંગારામની ઓરતે ફરીયાદીને આપ્યાં ત્યાં સુધી તેનાં હતાં, એ વાત કબુલ કરવામાં આવેલી છે. તે ઓજારો ફરીયાદીને, આપવા ગંગારામે પોતાની સ્ત્રીને અધીકાર આપ્યો હતો એવો પુરાવો પડયો નથી. ગંગારામ પાછાં લેઇ આવ્યો, એ વાતથી જણાય છે કે, કરજને, પેટે એ હથિયારો આપી દેવાની વરધી વખતે તેણે તેણીને આપી નહીં હશે. ગંગારામે પોતાના હથિયારોનો હક છોડી દીધો હતો, એમ ફરીયાદ પક્ષવાળા સાબીત કરી શકયા નથી. માટે ફરીયાદીની સમંતી વગર એ હથિયારો લેઇ લેતાં ચોરીનો ગુન્હો થતો નથી.

"ફરીયાદીએ પોતાની સ્ત્રી ધોંડી પાસે એવી કબુલત લખાવી લીધી હતી કે, આ હથીયારો મેં માહારા ધણીના હુકમથી ગીરજુના લેણા પેટે ગીરજુને આપેલાં છે. એ ધોંડીને ફરીયાદીએ પાવતી આપવી જોઇતી હતી, તે ઠેકાણે ઉપર મુજબની કબુલત લેવી અને તેમાં તેમ કરવા પોતાના ધણીનો હુકમ છે, એવી હકીકત લખાવી લેવી એ બીના ફરીયાદીએ હથીયારો શુદ્ધ બુદ્ધિથી લીધાં હતાં કે નહીં? તે સવાલ મોહોટો શક પડતો કરે છે.

"ઉપરનાં કારણોથી માહારો અભીપ્રાય એવો છે કે, ગુન્હાનો ઠરાવ રદ કરી દંડ પાછો આપી અને હથીયારો ગંગારામને પાછાં સોંપી દેવાં જોઇએ."

ફરીયાદી કે તહોમતવાળા તરફથી કોઇ હાજર નહોતું.

જસ્ટીસ વેસ્ટનો ઠરાવ.

ગીરજુ પાસેથી પોતાનાં ઓજારો પાછાં લેવાનું બંધવા ગંગારામને કારણ હોય તો પણ, એ ગીરજુ પાસે તે ઓજારો ઉપરથી સાચા હકની રૂયે હતાં, અથવા કાંઇ નહીં તો પણ જે હક દખીનો ભુલથાપવાળો નહોતો, તેવો હક, તે ઉપર માહારો છે, એમ ગીરજુ કહી શકે ખરો. હવે ન્યાય એવો છે કે, જે વસ્તુતામાં પોતાનો દરશનીક હક છે, તે વસ્તુ જબરીનથી પાછી મેળવવામાં તે સક્ષ કાયદાને કોરે મુકી શકતો નથી. (જુઓ કેપ વિ. કોસ્ટ (આ વિલાયતનો મુકરદમો વરજીવનદાસ વિ. મમુદ અલીખાન પ. મું ૧૫૮ ના કામમાં ટાંકેલો છે.)

માજીસ્ત્રેટે જે પુરાવો લીધો છે, તેની મુનશફી કરતાં ગુન્હાનો ઠરાવ વાજબી છે, એવા ખબર સેસન જડજને દેવા.

માહારાણી કેસરેહીંદ વિ. શેખ આદમ. વલદ શેખ ફરીદ તથા શેખ ઇબ્રાહીમ. વલદશેખ ઉમર.

કલમ. ૩૭૯

૬

તા૦ ૮-૧-૮૬
ઈ.૧૦ મુ.પા.૧૯૩
બંધેજ તળાવ
કોઇની માલેકીનું
હોય. તેમાંથી પરવા
નગી વગર માંછલાં
પકડવાં એથી ચોરી
નો ગુન્હો થાયછે.

बंधवाओ सरसी गामनी म्युनीसीपालीटीना बंधेज तळावमां परवानगी लीधा वगर माछलां मारता हता एम साबीत थयुं हतुं. तेमां ठराव्युं के, चोरी करवाना तेओ गुन्हेगार थइ शके छे. केमके जे तळावमांथी तेओ माछलां मारता हता, ते देखीतुं बंधेज हतुं. अने तेथी ते मांहेनां माछलांओनी आववा जवानी स्वभावीक छुटने अटकायत हती. अने तेथी ते तळावना मालीकनी मरजी थाय त्यारे ते माछलां पकडवा लायक हतां अने. तेथी तेओ चोरीनी वस्तु थइ शके छे.

કાનડાજીલ્લાના માજીસ્ત્રેટે ૧૮૮૨ ના ૧૦ મા આંકટની કલમ ૪૩૮ મી પ્રમાણે આ કામ લખી મોકલ્યું હતું તે લખાણની હકીકત નીચે પ્રમાણે છે:—

સને ૧૮૮૫ ના એપ્રીલની ૨૬ મી તારીખે સરસીની મ્યુનીસીપાલીટીની હદમાં કોટકેરી નામનું સરોવર છે, તેમાથી માછલાં પકડતાં બંધવાઓ જોવામાં આવ્યા. આ તળાવમાંથી માછલાં મારવાનો હક દર વરસે મ્યુનીસીપાલીટી તરફથી ઘણામાં ઘણી માગણી કરનારને ઇજારે અપાય છે. અને તેની ઉપજ મ્યુનીસીપાલીટીની ઉપજ પેટે જમે થાયછે. સદરહુ તળાવમાંથી કોઇએ માછલાં પકડવાં નહીં, એવી જાહેર ખબર મ્યુનીસીપાલીટી વાળાએ યોગ્ય રીતે પ્રસિદ્ધ કરી હતી.

બંધવાઓ આ નોટીસનું ઉલંઘન કરી માછલાં પકડતા હતા. તેન પકડવા સારૂ મ્યુનીસીપાલીટીના નોકરોએ તેઓને મનાઈ કરી હતી, પણ તેઓએ તે માની નહીં. આખરે આસીસ્ટંટ સરજન જે એક મ્યુનીસીપાલીટીનો કમીશનર હતો, તેણે આ બાબતમાં ચાંપતા ઉપાયો લીધા.

મ્યુનીસીપાલીટીના એક તન્દુરસ્તીખાતાના ઇન્સ્પેક્ટરે પછી મ્યુનીસીપાલીટીની વરધી પ્રમાણે એક બીજા વર્ગના માજીસ્ત્રેટ પાસે બંને બંધવાઓ ઉપર પરવાનગી લીધા વગર મ્યુનીસીપાલીટીના તળાવમાંથી માછલાં પકડયા વાસ્તે ફરીયાદ કરી. તે માજીસ્ત્રેટ પાસે તે ફરીયાદ ચાલતાં બંને બંધવાઓ પીનલકોડની કલમ ૩૭૯ મી તથા ૫૧૧ મી માંહેલા ગુન્હાઓના અપરાધી ઠર્યા. તેમાં પેહેલા નંબરના બંધવાનો ચાર રૂપૈયા દંડ, અને બીજાનો પાંચ રૂપૈયા દંડ થયો. બંને દંડો વસુલ થયા હતા.

બીજા નંબરના બંધવાએ આ ઠરાવ અને સજા સામે સરસીના પેટાહુકડી માજીસ્ત્રેટને અપીલ કરી. તેણે સદરહુ સજા એવા કારણથી રદ કરી કે, માછલાં એ કુદરતી જાનવર છે, અને તેથી તે ચોરી કરવાની વસ્તુ થતી નથી. જો સદરહુ તળાવમાં મ્યુનીસીપાલીટીવાળાએ માછલાં આણીને નાંખ્યાં હત તો, આ મુકરદમો જુદા પ્રકારનો થાત. પણ આ કામમાં ખરેખર માછલાં બગડાઉ જાનવર જેવાંછે, અને તેથી તે મ્યુનીસીપાલીટીવાળાના કબજાનાં નથી. પેહેલે બંધવે અપીલ કરી નથી, એટલે તેના વિરૂદ્ધનો ઠરાવ હજી કાયમછે.

સદરહુ પેટાહુકડી માજીસ્ત્રેટે જે અભિપ્રાય બાંધ્યો છે તે સાચો, અને કલકત્તા હાઈકોર્ટે તથા સીંધની સદર અદાલતે ઠરાવો કર્યા છે તેને અનુસરતો લાગે છે. (જુઓ ભુષણ પરૂઇ વિ. દીનાનાથ બાનરજી ૭૦ વી. રી. ૧૫) પણ બીજી રીતે જોતાં કલમ ૩૭૯ મી તથા ૫૧૧ મી પ્રમાણે એક આવા ગુન્હા માટે આ જીલ્લામાં સને ૧૮૭૬ ની સાલમાં ૨૨ જણ ઉપર ગુન્હાનો ઠરાવ થયો હતો, તે ઠરાવ સને ૧૮૭૬ ની ૨૦ મી તારીખે મુંબાઇની હાઇકોર્ટે ફરીતપાસમાં લઇ બહાલ રાખ્યો હતો. એ મુકરદમો છપાએલો જણાતો નથી. અને તે ઠરાવની પુષ્ટીમાં જે દલીલો અપાણી હોય, અથવા નામદાર જડજોએ કાંઇ ટીકા કરી હોય, તેનો કાંઇ મારી પાસે નોંધ નથી. આ મુકરદમામાં વીંટાયલો સવાલ બહુજ કીમતી છે, કેમકે સરકારનો તથા ખાનગી માણસોનો માછલાં પકડવાનો હક છે તેને બહુ અસર કરનારો છે, અને તે હકોનું રક્ષણ કરવાનો કોઇ ધારો દાખલ કરવાની મતલબથી કાયદા બાંધનારી સભાનું લક્ષ ખેંચાઈ મુક્યું છે.

આ મુકરદમામાં તળાવનો તથા માછલાં મારવાનો હક સરસીની મ્યુનીસીપાલીટીને સ્વાધિન થયો છે, અને નકી કરવાની બાબત એટલીજ છે કે તે માંહેલાં માંછલાં એ જંગમ મીલકત હોય તો તે મ્યુનીસીપાલીટીના કબજાની છે કે નહીં? જો આપ નામદાર સાહેબનો મત એવો થાય કે, માછલાં ચોરી કરવાની વસ્તુ થતી નથી, તો હું અરજ કરૂંછું કે પેહેલા બંધવા સામેનો ઠરાવ અને સજા રદ કરી તેનો દંડ પાછો આપવો જોઇએ.

હાઇકોરટે કરેલો ઠરાવ.

ભુષણ પરોઈ વિરૂદ્ધ દીનાનાથ બાનરજીનો મુકરદમો નવકા ગમન કરવા લાયક નદીમાંથી પકડેલાં માછલાં બાબતનો છે; અથવા રાણી વિરૂદ્ધ રેવુ પોથાડુના કામમાં મદ્રાસ

હાઇકોરટના મુકરદમાઓનો હવાલો આપ્યોછે, જેમાં સદરહુ હાઈકોરટે ઠરાવ્યુંછે કે, જે તળાવોમાંથી ખેતરોને પાણી પાવાનું પાણી લઇ જઇ શકાતું હોય, તેમાંથી માછલાં પકડવાં એ ચોરી નથી.

એમ જે ઠરાવો કરવામાં આવ્યા છે તે ઠરાવો પ્રમાણે આ મુકરદમાનો ઠરાવ થઇ શકતો નથી. આ કામમાં જે તળાવમાંથી માછલાં પકડવામાં આવ્યાં હતાં તે તળાવ બંધેજ હતું, એટલે મ્યુનીસીપાલીટીના કબજામાં હતું. તેથી તે માંહેલાં માછલાંની કુદરતી છુટને એક જાતની અટકાયત હતી. અને તેટલા માટે એના ધણીની મરજી હોય ત્યારે ગમે તે વખતે પકડવા માગે ત્યારે પકડી શકાય એવાં હતાં. અને તેથી ન્યાયતત્વો ઉપરથી આ વધારે ઊંચા અભિપ્રાય પ્રમાણે તેઓની ચોરી થઇ શકે છે. જો તળાવમાંથી માછલાં નાશી જવાને વાસ્તે અશક્ય હતાં તો તેઓ ફરીયાદીના હુકમમાં અને હવાલામાં હતાં. માટે જે ગુન્હાનો ઠરાવ કર્યો છે એ કાયદેસર છે. (જુઓ રાણી વિરૂદ્ધ સીકલ).

માહારાણી કેસરેહીંદ વિ. પુનુરંગમ.

कोइ मजमुं भागदार, मजमुं कबजानी मिलकत लइने तेनो बाप पोतानो सवांग कबजो करे एथी मजमुं मिलकतनी चोरी थाय छे.

કલમ ૩૭૯.

૭

તા. ૧-૩-૮૭

ઇ. ૧૦ મ.પા.૧૮૬

મજીયારી મિલકતમાંથી કોઇ મિલકતનો બદદ્યાનતથી સવાંગ કબજો કરવો એથી ચોરી કરવાનો ગુન્હો કરયો કહેવાય છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૮ મી કલમ પ્રમાણે ઊત્તર આરકાટના જીલ્લા માજીસ્ત્રેટે આ મુકરદમો હાઇકોરટનો હુકમ થવા સારૂ મોકલી દીધો હતો. અને તે કરવામાં તેણે નીચેની હકીકત લખી હતી.

"બંધવો પુનુરંગમ એક અઢાર વરસની ઉમરનો છોકરો હતો, અને તે પોતાના બાપને જાણ કર્યા વગર, તેની દુકાનમાંથી એક ગાડું લઈને વેચી નાખ્યું, અને તેની કીમત ગજવામાં મુકી, આ હકીકત તેણે કબુલ કરેલી છે. પરંતુ બચાવમાં કહે છે કે, (૧) હું મારા બાપથી જુદો થયો નથી. અને મુદ્દાનું ગાડું અમારૂં મજમુંનું છે. (૨) સદરહુ ગાડું લેવાનું મારૂં કારણ એ હતું કે મારે બાપે બીજું ઘર કર્યું છે. અને તે મારૂં અથવા મારી માનું ભરણ પોષણ કરતો નથી. ગાડું વેચતાં જે કીંમત આવેલી છે તેમાંથી થોડી મારા પોતાના નીરવાહ માટે રાખીને બાકીની મારી માને મોકલી દીધી છે.

જે બીજા વર્ગના માજીસ્ત્રેટે આ કામના બંધવાનો ઇનસાફ કરેલો છે, તેણે બંધવાનું આ સઘળું બોલવું મંજુર રાખીને તેણે ઠરાવ્યું છે કે, બંધવે શુધબુધીથી પોતાના હકનો દાવો રાખીને કામ કરેલું જણાય છે, અને તેથી તેને છોડી મુકવો જોઇએ."

જસ્ટીસ કરનાન તથા મુતુ સ્વામી આયરનો ઠરાવ.—

બીજા વર્ગના માજીસ્ત્રેટનો ફેંસલો અને ઠરાવ સાચો નથી. કુટુંબ માંહેલો કોઇ સક્ષ મજીયારી મિલકતનો ભલે ભાગદાર હોય, તો પણ મજમું કબજાની મિલકત લઇને પોતાના એકલાના કબજામાં રાખે તો, તે કુટુંબની મજીયારી મિલકતની ચોરી થઈ કહેવાય છે.

માટે નાસાબીતીનો ઠરાવ રદ કરીને હિ. પી. કો. ની ૩૭૮ મી કલમમાં ચોરીની વ્યાખ્યા તથા ૨૪ મી કલમમાં "બદદ્યાનત" એ શબ્દ ધ્યાનમાં રાખી આ મુકરદમાનો ફરીને ઇનસાફ કરવાનો માજીસ્ત્રેટને હુકમ કરવામાં આવે છે.

કલમ ૩૮૦ મી

૩૮૦. જે ઈમારત તંબુ, અથવા વહાણ માણસના રેહેવામાં આવતું હોય અથવા જેમાં કાંઇ મિલકત રાખવામાં આવતી હોય, એવી કોઇ ઇમારત, તંબુ, અથવા વાહાણમાંથી જે માણસ ચોરી કરે, તેને સાત વરસની મુદત સુધીની, એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રેહેવાના ઘર વગેરેમાંથીચોરી કરવી.

કલમ ૩૮૧ મી.

૩૮૧. કોઇ માણસ મેહેતો અથવા ચાકર હોય, અથવા મેહેતા દાખલ કે ચાકર દાખલ રાખેલો હોય, તે માણસ અગર પોતાના શેઠ અથવા રાખનારના કબજા માંહેલી કાંઇ મીલકતની ચોરી કરે તો તેને સાત વરસની મુદત સુધીની, એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

શેઠના કબજા માંહેલીમિલકતની મેહેતા અથવા ચાકરે ચોરી કરવી.

કલમ ૩૮૨ મી

૩૮૨. જે માણસ ચોરી કરે, તેણે અગર તે ચોરી કરવા સારૂ, અથવા તે ચોરી કરયા પછી નાશી જવા સારૂ, અથવા તે ચોરીથી મળેલી મીલકત રાખવા સારૂ, કોઇ શખસનું મોત આણવાની, અથવા કોઇને વ્યથા, અથવા અટકાવ કરવાની અથવા મોત, વ્યથા કે અટકાવનો ભય ઉત્પન્ન કરવાની, કાંઈ તઈયારી કરી હોય, તો તે માણસને દશ વરસની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ચોરીકરવાસારૂમોત અથવા વ્યથા કરવાની તૈયારી કરીને ચોરીકરવી.

દ્રષ્ટાંત.

(અ) ઝ ના કબજા માંહેલી મીલકતની અ ચોરી કરે, અને એ ચોરી કરતી વેળાએ તેના કપડામાં રાખેલી એક ભરેલી પિસ્તોલ હોય; અને તે પિસ્તોલ અગર ઝ સાહામો થાય તો ઝ ને વ્યથા કરવાના ઇરાદાથી રાખી હોય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

(બ) અ ઝ નું ખીસ્સુ કાતરે, અને તેણે પોતાના કેટલાએક સોબતીઓને આસપાસ રાખ્યા હોય, એટલા સારૂ કે, અગર શું બને છે તે ઝ ના જાણ્યામાં આવે અને ઝ સામો થાય, અથવા અ ને પકડવાની કોશિશ કરે, તો તેઓ ઝ ને અટકાવે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

જબરાઇથી કહડાવવા બાબત.

કલમ ૩૮૩ મી.

૩૮૩, જે માણસ ઇરાદાથી કોઇ શખસને તે શખસને પોતાને અથવા બીજા કોઇને નુકશાન કરવાનો ભય ઉત્પન્ન કરે, અને તેમ કરી ને તે ભય પામેલો શખસ કાંઇ મીલકત, અથવા કિમતી દસ્તાવેજ, અથવા સહી કે મોહોર કરેલી જે વસ્તુનો કાંઇ કિમતી દસ્તાવેજ બનાવી શકાય એવી કાંઇ વસ્તુ, કોઇ શખસને આપે, એમ બદદાનતથી કરે, તો તે માણસે "જબરાઇથી કહડાવવાનો ગુન્હો" કરયો એમ સમજવું.

જબરાઇથીકહડાવવું.

દ્રષ્ટાંત.

(અ) તું મને પઈસાં આપ, નહી તો તારી આબરૂ જાય એવું હું કાંઇ છાપીશ એમ કહીને **અ ઝ** ને ધમકાવે; અને એમ કરીને **ઝ** તેને પઇસા આપે એમ **અ** કરે, તો **અ**એ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરયો એમ સમજવું.

(બ) તું આટલા રૂપીઆ મને આપવાની એક ચીઠી લખી તે પર સહી કરી આપ, નહી તો હું તારા બાળકને ગેરવ્યાજબી કેદમાં રાખીશ એવી રીતે **અ ઝ** ને ધમકાવે, અને **ઝ** તેવી ચીઠી લખી આપી તે પર સહી કરી આપે, તો **અ** એ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) મારા ખેતરમાંના પાકનો આટલો ભાગ હું **બ** ને આપીશ, અને તે ન આપું તો આટલો દંડ આપીશ, એવી સરતનું એક ખત કરીને તે પર સહી કરીને તું **બ** ને આપ, નહી તો તારા ખેતર મધ્યેના પાકનો નાશ કરવાને હું ડંગોરાવાળા માણસો મોકલીશ, એવી રીતે **અ ઝ** ને ધમકાવે, અને તેથી કરીને **ઝ** તેવું ખત લખી તે પર સહી કરી આપે એમ કરે, તો **અ** એ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ડ) **ઝ** ને મહાવ્યથાનો ભય પમાડીને **અ** બદદાનતથી એવું કરે કે એક કોરા કાગળ ઉપર પોતાની સહી અથવા મોહોર કરીને તે કાગળ **અ ઝ** ને આપે, અને તે પ્રમાણે **ઝ** તે કાગળ પર સહી કરીને તે કાગળ **અ** ને આપે, તો એ ઠેકાણે તે સહી કરેલા કાગળનો કાંઇ મીલકતી દસ્તાવેજ બનાવી શકાય માટે, **અ** એ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

કલમ ૩૮૪ મી

૩૮૪. જે માણસ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

જબરાઇથીકહડાવવાનીશિક્ષા

કલમ ૩૮૫ મી.

૩૮૫. જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ જે માણસ કોઇ શખસને કાંઇ નુકશાનનો ભય ઉત્પન્ન કરે, અથવા ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે, તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

જબરાઈથીકહડાવવાનોગુન્હો કરવાસારૂકોઇ સખસને નુકશાનનો ભયઉત્પન્નકરવો.

કલમ ૩૮૬ મી.

૩૮૬. કોઇ શખસને, તે સખસને, પોતાને અથવા બીજા કોઇને મોત અથવા મહાવ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરીને જે માણસ જબરાઈથી કહડાવવાનો ગુન્હો કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

મોતઅથવામહાવ્યથાનોભયકોઇસખસનેપમાડીનેજબરાઇથીકહડાવવાનોગુન્હોકરવો.

કલમ ૩૮૭ મી.

૩૮૭. જે માણસ, જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ સખસને, તે સખસને પોતાને અથવા બીજા કોઇને મોત અથવા મહા વ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરે, અથવા ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. જબરાઇથીકહડાવવાનો ગુન્હોકરવા સારૂ કોઇ સખસને મોતઅથવામહાવ્યથાનોભયઉત્પન્નકરવો

કલમ ૩૮૮ મી.

૩૮૮. મોતની, અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની કેદની, શિક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરયાનું અથવા કરવાની કોશીશ કરયાનું, અથવા એવો ગુન્હો બીજાં કોઇ સખસ પાસે કરવાને તેને લલચાવવાની કોશીશ કરયાનું, તોહોમત કોઇ સખસની પોતાની ઉપર અથવા કોઇ બીજાની ઉપર મુકવાનો ભય તે સખસને ઉત્પન્ન કરીને, જે માણસ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરે, તે માણસને દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. અને અગર ૩૭૧ મી કલમ મુજબ શિક્ષા થઈ શકે એવો તે ગુન્હો હોય તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઈ શકે. મોતઅથવાસમુદ્રપારવગેરેનીશીક્ષાથઇશકેએવાગુન્હાનું તોહોમત મુકવાનોભયઉત્પન્નકરીનેજબરાઇથીકહડાવવાનોગુન્હોકરવો.

કલમ ૩૮૯ મી

૩૮૯. જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ, મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની કેદની શિક્ષા થઇ શકતી હોય એવો કોઈ ગુન્હો કરયાનું અથવા કરવાની કોશીસ કરયાનું તોહોમત કોઇ સખસની પોતાની ઉપર અથવા કોઈ બીજાની ઉપર મુકવાનો ભય તે સખસને જે માણસ ઉત્પન કરે અથવા ઉત્પન કરવાની કોશીસ કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર ૩૭૧ મી કલમ મુજબ શિક્ષા થઈ શકે એવો તે ગુનોહ હોય, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે. જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા કોઇ સખસને કાંઇ ગુન્હાનાતોહમતનો ભય ઉત્પન કરવો.

અપહરણ તથા ડાકાઇટી બાબત.

કલમ ૩૯૦ મી.

૩૯૦. સરવે અપહરણમાં અગર ચોરી અથવા જબરાઇથી કહડાવવાનો ગુનોહ હોયછે. અપહરણ.

અગર કોઇ ચોરી કરવા સારૂ, અથવા ચોરી કરવામાં, અથવા ચોરીથી મળેલી મીલકત લઈ જવામાં અથવા લઇ જવાની કોશીશ કરવામાં તે ગુન્હેગાર, તે મતલબસર, બુદ્ધિપુરવક કોઈ સખસનું મોત આણે, અથવા તેને વ્યથા કે ગેરવ્યાજબી અટકાવ કરે, અથવા મોત, વ્યથા કે ગેરવ્યાજબી અટકા- ચોરી ક્યારે અપહરણ થાય છે.

વ કરવાની કોશીશ કરે, અથવા તાત્કાલીક મોત, તાત્કાલીક વ્યથા, તાત્કાલીક ગેરવ્યાજબી અટકાવ કરવાનો ભય ઉત્પન્ન કરે; અથવા ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે, તો તે ચોરી અપહરણ થાય છે એમ સમજવું.

અગર જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરતી વખતે તે ગુન્હો કરનાર ભય પમાડેલા સખસની આગળ હાજર હોય, અને તાત્કાલીક મોત, અથવા તાત્કાલીક વ્યથા, અથવા તાત્કાલીક ગેરવ્યાજબી અટકાવ તે સખસને અથવા કોઇ બીજા સખસને કરવાનો ભય તે સખસને ઉત્પન્ન કરીને તે જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરે, અને એ પ્રમાણે ભય ઉત્પન્ન કરીને તે ભય પમાડેલા સખસનું મન એવું કરે કે તે સખસ તેજ વખતે અને તેજ ઠેકાણે જબરાઇથી કહડાવેલી વસ્તુ આપી દે, તો તે જબરાઇથી કહડાવવું અપહરણ થાય છે એમ સમજવું. જબરાઇથી કહડાવવું તે ક્યારે અપહરણ થાય છે.

અગર તે ગુન્હો કરનાર એટલો નજદીક હોય કે તેથી તે બીજા સખસને તાત્કાલીક પોતાનો અથવા તાત્કાલીક વ્યથાનો અથવા તાત્કાલીક ગેરવ્યાજબી અટકાવનો, ભય ઉત્પન્ન થાય, તો તે હાજર છે એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) અ જ ને નીચે દાબીને ઝાલી રહે, અને જ ની રજામંદી શીવાય જ ના કપડામાંથી જ ના પઈશા તથા દાગીના દગલબાજીથી કાહાડી લે, તો એ ઠેકાણે અ એ ચોરી કરી, અને તે ચોરી કરવા સારૂ તેણે બુદ્ધિપુરવક જ ને ગેરવ્યાજબી અટકાવ કર્યો માટે તેણે અપહરણ કર્યું એમ સમજવું.

(બ) અ જ ને ધોરી રસ્તા ઉપર મળે અને એક પીસ્તોલ દેખાડીને કહે, કે તારી નાણાંની થેલી આપ, અને તે પરથી જ પોતાની થેલી આપી દે, તો એ ઠેકાણે તાત્કાલીક વ્યથાનો ભય ઉત્પન્ન કરીને અ એ જ ની પાસેથી તે થેલી જબરાઇથી કહડાવવાનો ગુન્હો કર્યો, અને તે ગુન્હો કરતી વખતે તે જ ની આગળ હાજર હતો, માટે અ એ અપહરણ કર્યું એમ સમજવું.

(ક) જ પોતાના બાળકને લઇને જાય છે એવામાં એક ધોરી રસ્તાપર તેને અ મળે, અને તે બાળકને લઇને અ જ ને એમ કહે કે તું તાહારી નાણાંની થેલી આપ, નહી તો હું આ બાળકને લઇને પેલી ટેકરી ઉપરથી નીચે ફેંકી દઈશ; અને તે પરથી જ પોતાની થેલી આપી દે, તો એ ઠેકાણે જે બાળક ત્યાં હાજર છે તે બાળકને તાત્કાલીક વ્યથા કરવાનો ભય જ ને ઉત્પન્ન કરીને જ ની પાસેથી તેની થેલી અ એ જબરાઇથી કહડાવી માટે અ એ જ ની પાસેથી અપહરણ કર્યું એમ સમજવું.

(ડ) "તાહરૂ બાળક માહારી ટોળીના હાથમાં છે, અને તું હમને દશ હજાર રૂપીયા મોકલ, નહી તો અમે તારા બાળકનો જીવ લઇશું," એમ કહીને અ જ ની પાસેથી કાંઇ મીલકત મેળવે તો એનું નામ જબરાઇથી કહડાવવું, અને એને માટે તે ગુન્હાની શીક્ષા થઇ શકે, પણ પોતાના બાળકનું તાત્કાલીક મોત થવાનો ભય જ ને ઉત્પન્ન કરવામાં આવે નહી, તો એ કાંઇ અપહરણ ગણાય નહી.

કલમ ૩૯૧ મી.

૩૯૧. અગર પાંચ અથવા વધારે સખસો એકઠા મળીને કાંઈ અ- ડાકાઇટી.

પહરણ કરે અથવા કરવાની કોશીશ કરે, અથવા જે સખસો એકઠાં મળીછે અપહરણ કરતાં અથવા કરવાની કોશીશ કરતાં હોય તે, તથા જે સખસો હાજર હોય અને તે અપહરણ તથા કોશીસ કરવામાં સાહાય કરતા હોય તે, એ બંને મળીને તેઓની આખી સંખ્યા પાંચ અથવા વધારે થાય, તો એ ઠેકાણે અપહરણ કરનાર કોશીશ કરનાર, અથવા સાહાય કરનાર હરએક સખસે "ડાકાઈટી" કરી એમ સમજવું.

કલમ ૩૯૨ મી.

અપહરણની શીક્ષા.

૩૯૨. જે માણુસ અપહરણ કરે, તેને દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે અપહરણ ધોરી રસ્તાપર, સુર્યાસ્ત તથા સુર્યોદયની વચ્ચે, કરવામાં આવે, તો કેદ ચૌદ વરસની થઈ શકે;

કલમ ૩૯૩ મી.

અપહરણ કરવાની કોશીશ.

૩૯૩. જે માણુસને અપહરણ કરવાની કોશીશ કરે, તેને સાત વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કલમ ૩૯૪ મી.

અપહરણ કરવામાં બુદ્ધિ પુરવક વ્યથા કરવી.

૩૯૪. અગર કોઇ સખસ, અપહરણ કરવામાં અથવા અપહરણ કરવાની કોશીશ કરવામાં બુદ્ધિપુરવક વ્યથા કરે, તો તે સખસને, તથા બીજો કોઇ શખસ તેની સાથે તે અપહરણ કરવામાં અથવા અપહરણ કરવાની કોશીશ કરવામાં સામીલ હોય તે સખસને, જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કલમ ૩૯૫ મી.

ડાકાઇટીની શિક્ષા.

૩૯૫. જે માણુસ ડાકાઇટી કરે તેને જીયતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કલમ ૩૯૬ મી.

ખુનની સાથે ડાકાઇટી.

૩૯૬. અગર પાંચ અથયા વધારે સખસો સાથે મળીને ડાકાઇટી કરતા હોય તેઓમાંનો કોઇ તે પ્રમાણે ડાકાઇટી કરવામાં ખુન કરે, તો તે સખસોમાંના હરએકને મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની અથવા વરસની મુદત સુધીધી સખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કલમ ૩૯૭ મી.

ખુનની અથવા મહાવ્યથા કરવાની કોશીશની સાથે અપહરણ અથવા ડાકાઇટી.

૩૯૭. અગર અપહરણ અથવા ડાકાઈટી કરવાની કોશિસ કરતી વખતે, તે ગુન્હેગાર કાંઈ ભયંકર શસ્ત્ર વાપરે, અથવા કોઇ સખસને મહાવ્યથા કરે, અથવા કોઈ સખસનું મોત આણુવાની કે તેને મહાવ્યથા કરવાની કોશિસ કરે, તો તે ગુન્હેગારને કેદની. જે શિક્ષા કરવામાં આવશે તે સાત વરસથી ઓછી થશે નહી.

કલમ ૩૯૮ મી.

૩૯૮. અગર અપહરણ અથવા ડાકાઇટી કરવાની કોશિસ કરતી વખતે, તે ગુનેહેગારે કાંઇ ભયંકર શસ્ત્ર ધારણ કરયું હોય, તો તે ગુનેહેગારને કેદની જે શિક્ષા કરવામાં આવશે તે સાત વરસથી ઓછી થશે નહી.

કાંઇ ભયંકર શસ્ત્રધારણ કરયુંહોય, તે વખતે અપહરણ અથવા ડાકાઇટી કરવાની કોશીસ.

કલમ ૩૯૯ મી.

૩૯૯. જે માણસ ડાકાઇટી કરવાની કાંઇ તઈયારી કરે; તેને દશ વરસની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ડાકાઇટી કરવાની તઇયારી કરવી.

કલમ ૪૦૦ મી.

૪૦૦. આ આકટ પસાર થયા પછી કોઇ પણ વખતે, નિત્ય ડાકાઇટી કરવાના કારણસર મળેલા સખસોની કોઇ ટોળીમાં જે માણસ હોશે, તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ડાકાઇટીની ટોળીમાં હોવાની શિક્ષા.

કલમ ૪૦૧ મી.

૪૦૧. આ આકટ પસાર થયા પછી કોઇ પણ વખતે, નિત્ય ચોરી અથવા અપહરણ કરવાનાં કારણસર મળેલા સખસોની કોઇ ભટકતી અથવા બીજી ટોળીમાં જે માણસ હોશે, અને તે ટોળી ઠગ અથવા ડાકાઇટોની ટોળી નહી હોશેતો, તે માણસને સાત વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ચોરીની ભટકતી ટોળીમાં હોવાનીશીક્ષા.

કલમ ૪૦૨ જી.

૪૦૨. આ આકટ પસાર થયા પછી કોઇ પણ વખતે, ડાકાઇટી કરવાનાં કારણસર એકઠા થએલા પાંચ અથવા વધારે સખસોમાંનો જે માણસ હોશે, તેને સાત વરસની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ડાકાઇટી કરવાનાકારણસર એકઠા થવું.

મિલકતના સાપરાધ ખોટા ઉપયોગ બાબત.

કલમ ૪૦૩ જી.

૪૦૩. જે માણસ બદદાનતથી કાંઇ પણ જંગમ મિલકતનો ખોટો ઉપયોગ કરે અથવા તે પોતાને કામે લગાડે, તે માણસને બે વરસની મુધીના એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બદદાનતથી મીલકતનોખોટો ઉપયોગ.

દ્રષ્ટાંત.

(અ) અ ઝ ની મિલકત ઝના કબજામાંથી લે, અને તે લેતી વખતે શુદ્ધબુધિથી તે એમ માનતો હોય કે એ મિલકત માહારી છે, તો અ ચોરીનો તકશીરવાર નથી;

પણ પોતાની ભુલ માલમ પડયા પછી અગર **અ** બદદાનતથી તે મિલકત પોતાને કામે લગાડે, તો તેણે આ કલમ મુજબ ગુન્હો કરયો એમ સમજવું

(**બ**) **અ** ને **ઝ** ની સાથે દોસ્તી છે, અને તે **ઝ** ના કીતાબખાનામાં **ઝ** નહી હોય એવી વેળાએ જઇને **ઝ** ની સાફ રજામંદી શીવાય તેમાંથી એક ચોપડી લઇ જાય હવે એ ઠેકાણે અગર **અ** ના મનમાં એમ હોય, કે તે ચોપડી વાંચવાના કારણસર લેવાની મને **ઝ** ની અરથાંત સમજાય એવી રજામંદી છે, તો **અ** એ ચોરી કરી નથી. પણ અગર પાછળથી **અ** પોતાના ફાયદાને સારૂ તે ચોપડી વેચે, તો તેણે આ કલમ મુજબ ગુન્હો કરયો એમ સમજવું.

(**ક**) **અ** તથા **બ** એ બંને એક ઘોડાના એકઠા માલીક છે, અને **અ** વાપરવાનો ઇરાદો કરીને તે ઘોડાને **બ** ના કબજામાંથી લઇ જાય, તો, એ ઠેકાણે તે ઘોડો વાપરવાનો **અ** નો હકછે માટે, તેણે બદદાનતથી તે ઘોડાનો ખોટો ઉપયોગ કર્યો એમ સમજવું નહી પણ અગર **અ** તે ઘોડો વેચે, અને તેની કીમત ઉપજે તે સઘળી પોતાને કામે લગાડે, તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

ખુલાસો ૧ લો—ફકત થોડી વાર સુધીજ ખોટો ઉપયોગ કર્યો હોય તો પણ આ કલમના અર્થ મુજબનો ખોટો ઉપયોગ છે એમ સમજવું.

દૃષ્ટાંતો.

ઝ ની એક સરકારી પ્રામીસરી નોટ ખાલી શેરાવાળી **અ** ને જડે, અને તે નોટ **ઝ** ની છે એમ જાણ્યા છતાં એક શરાફને ત્યાંથી કાંઇ રૂપીયા કહાડીને તેના અવેજમાં તે નોટ ગીરો મુકે, એવા ઈરાદાથી કે પછી તે છોડાવીને હું **ઝ** ને પાછી આપીશ, તો **અ** એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

ખુલાસો ૨ જો.—જે મીલકત કોઇ બીજા સખસના કબજામાં નહોય એવી કાંઇ મીલકત કોઇ સખસને જડે, અને તે મીલકત સાચવવાના અથવા તેના માલીકને પાછી આપવાના કારણસર તે સખસ તે મીલકત લે, તો તે સખસે તે મીલકત બદદાનતથી લીધી અથવા તેનો ખોટો ઉપયોગ કર્યો નથી અને તેણે ગુન્હો કર્યો એમ સમજવું નહી; પણ તે મીલકતનો માલીક કોણછે એ વાતની તેને ખબર હોય, અથવા તે શોધી કાહાડવાનો તેની પાસે ઇલાજ હોય, તે છતાં અથવા માલીકને શોધી કહાડીને તેને ખબર આપવાના ઘટતા ઇલાજ વાપરયા પહેલાં, તથા માલીક આવીને તે મીલકતનો દાવો કરે એટલા સારૂ ઘટતી મુદત સુધી તે મિલકત રાખ્યા પેહેલાં, અગર તે સખસ તે મીલકત પોતાને કામે લગાડે તો તેણે ઉપર બયાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

એવી બાબતમાં ઘટતા ઉપાય તે કયા, અથવા ઘટતી મુદત તે કેટલી એ હકીકતની બાબત છે.

મીલકત જેને જડે તે શખસે તે મીલકતનો ધણી કોણ છે, અથવા તેનો ધણી કોઇ અમુક સખસ છે, એમ જાણવું જોઇએ એવું કાંઇ જરૂર નથી, અગર તે મીલકત કામે લગાડતી વખતે તે મીલકત પોતાની છે એમ તે માનતો ન હોય, અથવા તેનો ખરો માલિક જડી શકતો નથી એમ જો તે શુદ્ધબુધીથી માનતો ન હોય તો બસ છે.

દ્રષ્ટાંતો.

(**અ**) ધોરી રસ્તાપર પડેલો એક રૂપીઓ **અ** જોય. તે કોનો છે તે **અ** ને ખબર નહી

હોય, અને અ તે રૂપીઓ ઉચકી લે, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

(બ) ધોરી રસ્તાપર પડેલો એક કાગળ અ ને જડે, તે કાગળમાં એક બેંક નોટ હોય, અને તે કાગળના શીરનામાપરથી તથા તેમાં લખેલી બીનાપરથી તે નોટ કોની છે એ વાત તેના જાણ્યામાં આવે, અને પછી તે નોટ તે વાપરે, તો તેણે આ કલમ મુજબ ગુન્હો કરયો એમ સમજવું.

(ક) આ લાવે તેને નાણાં આપજો એવી તરેહનો અ ને એક ચેક જડે તે ચેક કોનો ગયો છે એ વાતની તેથી અટકળ થઇ શકે નહી, પણ જે સખસે તે ચેક લખ્યો હોય તે સખસનું નામ તે ચેકમાં લખેલું હોય, અને અ એમ જાણતો હોય કે તે સખસ મને બતાવી શકશે કે ફલાણા ધણીને માટે એ ચેક લખ્યો હતો. તેવું છતાં તે માલીકને સોધી કહાડવાની કોશીશ ન કરતાં અ તે ચેક વાપરે, તો તેણે આ કલમ મુજબ ગુન્હો કરયો એમ સમજવું.

(ડ) ઝ ની પઇશા ભરેલી એક થેલી ઝ ના હાથમાંથી નીકળી પડતી અ જોય, અને તે ઝ ને પાછી અપાવાના ઇરાદાથી અ ઉચકી લે, પણ પાછળથી તે તેને પોતાને કામે લગાડે, તો અ એ આ કલમ મુજબ ગુન્હો કરયો એમ સમજવું.

(ઇ) અ ને એક પઇશા ભરેલી થેલી જડે. તો તે થેલી કોની છે. એ વાત અ જાણતો નહીં હોય, પણ પાછળથી તેને ખબર પડે કે ઝ ની છે. અને તેવું છતાં તે થેલી પોતાને કામે લગાડે, તો અ એ આ કલમ મુજબ ગુન્હો કરયો એમ સમજવું.

(ફ) અ ને એક કીમતી વીંટી જડે તે વીંટી કોની છે એ વાત અ જાણતો નહી હોય; પણ તેનો માલીક શોધી કહાડવાની કોશીશ કરયા શીવાય તુરત અ તે વીંટી વેચે, તો અ એ આ કલમ મુજબ ગુન્હો ર્યો એમ સમજવું.

કલમ ૪૦૪ મી.

કોઇસખસમરીજાયતેવખતે તેનીપાસેજેમિલકતહોયતેમિલકતનોબદદાનતથીખોટોઉપયોગ.

૪૦૪. જો કોઈ માણસ બદદાનતથી કાંઇ મીલકતનો ખોટો ઉપયોગ કરે અથવા તેને પોતાને કામે લગાડે, અને તે એમ જાણતો હોય કે ફલાણો સખસ ગુજરી ગયો તે વખતે એ મીલકત તેના કબજામાં હતી, તથા ત્યાર પછી તે કબજામાં લેવાનો કાયદા મુજબ જેને હક હોય એવા કોઇ સખસના કબજામાં આવી નથી. તો તે માણસને ત્રણ બરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુન્હો કરનારને તે સખસે તે મૂઓ ત્યારે મેહેતા અથવા ચાકર દાખલ રાખેલો હોય, તો તે કેદ સાત બરસ સુધીની થઇ શકે.

દ્રષ્ટાંતો.

(ઝ) ના કબજામાં કેટલોએક ઘરનો સામાન તથા નાણાં છતાં ઝ ગુજરી જાય પછી તે નાણું કબજામાં લેવાનો જેને હક હોય એવા કોઇ સખસના કબજામાં તે આવતાં પેહેલાં ઝ નો ચાકર અ બદદાનતથી તેનો ખોટો ઉપયોગ કરે, તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

કલમ ૪૦૫ મીઃ

સાપ્રાધ વિશ્વાસઘાત.

જે માણસને કોઇ પણ રીતે કાંઇ મિલકત અથવા મિલકત પરનો અખત્યાર સોંપ્યો હોય, તે માણસ અગર બદદાનતથી તે મિલકતનો ખોટો ઉપયોગ કરે, અથવા તે પોતાને કામે લગાડે, અથવા તે સોંપણ શી રીતે બજાવવી એ વિશે કાયદાએ કાંઇ હુકમ ફરમાવ્યો હોય તે હુકમ તોડીને, અથવા તે સોંપણ બજાવવા વિશે તેણે સાફ અથવા અરથાંત સમજાય એવો કાંઇ કાયદેસર કરાર કર્યો હોય તે કરાર તોડીને, બદદાનતથી તે મિલકત વાપરે અથવા તેનો વગ કરે, અથવા જાણી જોઇને કોઇ બીજા માણસને તેમ કરવા દે, તે માણસે "સાપ્રાધ વિશ્વાસઘાત" કર્યો એમ સમજવું.

દૃષ્ટાંત.

(અ) એક મરનાર સખસના વિલમાં અ ને વકીલ ઠરાવેલો છે, તે અગર તે મરનારની મિલકતની વેહેચણ તે વિલ પ્રમાણે કરવાનો કાયદાનો હુકમ બદદાનતથી નહી માનીને તે મિલકત પોતાને કામે લગાડે તો અ એ સાપ્રાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવું.

(બ) અ એક વખારવાળો છે, અને બ કેથાં ગામ જાય છે, તે પોતાનો સામાન અ ને સોંપે, એવો કરાર કરીને કે એ સામાન રાખવા માટે હું તમને આટલું વખારનું ભાડું આપું, ત્યારે તમારે એ સામાન મને પાછો આપવો. અ બદદાનતથી તે માલ વેચી નાંખે, તો અ એ સાપ્રાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવું.

(ક) અ કલકત્તામાં રહીને જ દીલીમાં રહે છે તેના આડતીઆ દાખલ કામ કરે છે, અને અ તથા જની વચે સાફ કે અરથાંત સમજાય એવો એક એ રીતનો કરાર થએલો છેકે જ જેટલું નાણું મોકલે તેટલું સઘળું અ એ જના હુકમ મુજબ વાપરવું, પછી જ એક લાખ રૂપીઆ અ ને મોકલે, અને એમ લખી મોકલે કે અ એ તે રૂપીયાની કંપનીની નોટો લેવી. અ બદદાનતથી તે હુકમ નહી માને અને તે રૂપીયા પોતાના ધંધામાં વાપરે, તો અ એ સાપ્રાધ વિશ્વાસઘાત કરયો એમ સમજવું.

(ડ) પણ ઉપલાં દૃષ્ટાંતમાં અગર એમ બનેકે, બદદાનતથી નહી, પણ, બંગાળાની બેંકના શેર રાખવામાં જને વધારે ગુણ થશે એવું માનીને, શુદ્ધબુદ્ધિથી કંપનીની નોટો નહી ખરીદ કરતાં જને માટે તે બંગાળાની બેંકના શેર અ ખરીદ કરે, તો એ ઠેકાણે અગર જને હાની થાય, અને તે હાનિને માટે અની ઉપર દિવાનીમાં ફરીઆદી કરવાનો

તેનો હક હોય, તો પણ અ એ બદદાનતથી કામ કરયું નથી માટે, તેણે સાપ્રાધ વિશ્વાસઘાત કરયો નથી એમ સમજવું.

(ઇ) અ એક મેહેસુલી અમલદાર છે. તેને સરકારી નાણું સોંપેલું છે, અને જે નાણું તેના હવાલામાં હોય તે તેણે ફલાણી તીજોરીમાં ભરવું એવો તેને કાયદાનો હુકમ છે, અથવા એમ કરવાને તે સરકારની સાથેના સાફ અથવા અરથાંત સમજાય એવી રીતે કરેલા કોઇ કરારથી બંધાએલો છે. એમ છતાં અ બદદાનતથી તે નાણું વાપરે, તો તેણે સાપ્રાધ વીશ્વાસઘાત કર્યો એમ સમજવું.

(ફ) અ એક ભારવાહક છે. તેને ખુસ્કી કે તરીને રસ્તે લઇ જવાને કાંઇ મીલકત ઝએ સોંપી છે તે મીલકતનો તે બદદાનતથી ખોટો ઉપયોગ કરે, તો તેણે સાપ્રાધ વીશ્વાસઘાત કરયો એમ સમજવું.

મહારાણી કેસરેહીંદ વિ. ઇમદાદખાં.

કલમ ૪૦૫.
૧
તા. ૨૧-૧૨-૮૫
ઇ. ૮ અ. પા. ૫૨૦

કોઇ શેઠ પોતાના ચાકરને બીજા વેપારીનું નામું ચોખું કરવા સારૂ અવેજ આપીને મોકલે અને એગુમાસ્તો સદરહુ નામું ચોખું કરવામાં પેલા વેપારી પાસેથી કાંઇ બક્ષીસ લે તો તે પોતાના શેઠ તરફથી લીધી એમ ગણવું અને તે પોતાના શેઠનીજ છે એમ સમજવું અને તેનો બદયાનતથી ઉપયોગ કરવો એ વીશ્વાસઘાતનો ગુન્હો છે.

जे हिसाबनी रकम तपासीने मुकरर थइ न होय, एवा चालता हिसाबना पतावबाना पैसा कोइ शेठे पोताना चाकरने सोंप्या होय. अने जे वेपारीने ते पैसा आपवाना होय ते सदरहु चाकरने कांइ बक्षीस आपे, अने ते चाकर उघराणीनो खरडो जोइने वेपारीना हिसाबनी समजण करीने कांइ भावमां घटाडो करे, तो चाकरने मळेलो वटाव ए तेना शेठनुं हांसल छे एम समजवुं. अने तेना हाथमां रहेला पैसा ए शेठनी मिलकत छे. अने तेमांथी ते कांइ पोताना खपमां वापरे तो ते साप्राध वीश्वासघातना गुन्हानो गुन्हेगार थाय छे. पण ज्यां शेठे पंडे बेपारी साथे पोतानुं नामुं समजीने देवानी चोकस रकम नक्की करी होय, अने पछी देवाना पैसा पोताना चाकरनी साथे ते वेपारी तरफ मोकली आपे, तो ते चाकरे वेपारीने पैसा आप्या पछी, तेओनी कांइ बक्षीस कबुल राखे ते ठेकाणे सदरहु चाकर साप्राध वीश्वासघातनो गुन्हेगार थतो नथी. केमके जे पैसा आपवानो जेने हक छे, एवी तेनी मान्यता छे ते सक्षे तेने आपेला छे. आवी रीते पैसा लेवा ए नीतीना धोरण उपरथी विलायतनी चांन्सरी कोरटना नीयम मुजब चाकरे पोताना शेठने तेनो हिसाब आपवो जोइए. पण ते न आप्यो एथी गुन्हो थयो कहेबाय नहीं.

સરકારી નોકર તરીકે સાપ્રાધ વીશ્વાસઘાત કર્યાના પીનલકોડની **કલમ ૪૦૯ માંહેલા** ગુન્હાનાં બે તહોમતો તથા ટપાલ ખાતાના કાયદા (સને ૧૮૬૬ નો ૧૪) **માંની કલમ ૫૦**

માંહેલા બીજા ત્રણ તહોમતો અપેલેન્ટ ઉપર મુકીને અલહાબાદના સેસન જડજે ૧૮૮૫ના જાનેવારીની ૧૯ મી તારીખે ગુન્હેગાર ઠરાવી તેને પ્રથમ કહેલા બે તહોમતોને વાસ્તે ત્રણ ત્રણ વરસની સખત કેદની સજા કરી. તે ઠરાવ ઉપર આ અપીલ છે.

રેલવે સરકારી ટપાલ ખાતાની નોકરીમાં એક તપાસનાર તથા સામાન સરજાંમના સુપ્રીટેન્ડેન્ટ તરીકે અપીલેન્ટ ઈમદાદખાંને અલ્હાબાદમાં નોકર રાખ્યો હતો. એવું પ્રોસીક્યુશનના પુરાવા ઉપરથી જણાઇ આવ્યું છે. સામાન સરજાંમ ઈજારદાર પાસેથી લેવો તથા એ સામાન પુરેપુરો તથા સારો છે તે જોવું અને માગણી પત્રો આવ્યા ઉપરથી બાહાર ગામને સામાન મોકલી દેવો, એટલાં તેનાં કામો હતાં. ઇજારદારોના માસીક બીલો લઈને તે તપાસવા તથા કન્ટીજંટ બીલો તૈયાર કરી તથા તેમાં પોતાની સહી કરીને તથા રેલવેની ટપાલની નોકરીના ઈન્સ્પેકટર જનરલની સામી સહી કરાવી તથા તે બીલો મંજુર કરાવી ઇજારદારોને તે પૈસા આપવા સારૂ સરકારમાંથી એ પૈસા ઉપાડવાનું તેનું બીજું એક કામ હતું. સદરહુ પૈસા ઉપાડયા પછી ઇજારદારોને આપવા એ પણ તેનું એક કામ હતું.

જે ઇજારદારો સામાન પુરો પાડનારા હતા, તેમાં એક તારીણીચરણ અને કો. એવા નામથી વેપાર કરનારી એક કલકત્તાની પેઢી હતી. આ પેઢી તથા રેલવે ખાતાની ટપાલના ખાતા વચે એવો કરાર હતો કે, પેઢીવાળાએ પત્રકમાં કીંમતની જે વિગત આપી છે, તે કીમતે બે વરસ સુધી ટપાલખાતાવાળાને એક ચોકસ જાતનો માલ પુરો પાડે જવો.

સદરહુ માલની તપસીલમાં ટપાલખાતામાં બહુ વપરાતું ગજી નામનું લુગડું હતું. ૧૮ વારના એક થાનની કીમત ૧-૧૨-૬ ઠરી હતી. ૧૮૮૧ જાનેવારી સુધી એ પેઢીવાળાએ કલકત્તેથી એ ગજીનું કપડું મોકલી દીધું હતું. પછી તે મહીનામાં ૫૪ થાન હલકી જાતનાં છે એમ કહીને અપેલેન્ટે તે પાછાં મોકલ્યાં. આમ કર્યા પછી ઘણે ટુંકે અરસે અપેલેન્ટ અને તારીણીચરણદત્તની કંપની વચે એવી ગોઠવણ થઇ કે, કલકત્તેથી ગજીનું લુગડું મોકલવાને બદલે અપેલેન્ટ ઇમદાદખાંએ અલ્હાબાદમાંથી તે ખરીદ કરવું અને એક થાનના રૂપૈયા ૧-૧૨-૬ લેખે સરકારમાંથી પૈસા વસુલ લેવા, અને ગજીની કીમત આપીને જે નફો થાય તે પેઢીવાળાને મોકલી દેવો. તે નફો એક થાન પછવાડે ૮ પાઇ ઠરાવ્યો હતો. પણ પછવાડેથી વધારી એક આનો કર્યો.

આ ગોઠવણ પ્રમાણે ગજીનું કપડું અલ્હાબાદમાં સાધુલાલ પુરૂં પાડતો. કેટલું ગજીનું કપડું આપ્યું, તેનો હીસાબ તારીણીચરણદત્તની કંપનીને મોકલાતો, તે ઉપરથી કંપનીવાળા તેટલા માલનું ભરતીયું તૈયાર કરતા. એ ભરતીયાની બે બે નકલો મળ્યા પછી એક નકલ અપેલેન્ટ સહી કરી પાછી મોકલી દેતો અને બીજી નકલ પોતાની ઓફીસમાં રાખતો. પેઢીવાળાને સહીવાળાં ભરતીયાં મળવા ઉપરથી ઉઘરાણીનાં બીલ તેઓ મોકલી દેતા. અપેલેન્ટ કન્ટીજંટ બીલ કરીને તેમાં સામી સહી કરાવવા વાસ્તે ઇન્સ્પેકટર જનરલને મોકલતો, તેમાં આ બીલો પેટા કાગળ તરીકે સામીલ થતાં હતાં.

આવાં સામી સહીવાળાં બીલો અપેલેન્ટ અલ્હાબાદની જનરલ પોસ્ટ ઓફીસમાંથી વટાવી લેતો. ઉપરથી ઇજારદારોને પુરેપુરૂં અપાતું અને તેઓ પોતાની ઉઘરાણીના ખરડાની પુરેપુરી રકમની પોંચ આપતા. ૧૮૮૪ ના મે માસમાં ટપાલ ખાતાવાળાને એવો પતો મ-

જ્યો કે, ગજીનું કપડું સાધુલાલ પુરૂં પાડે છે અને એક થાનના રૂપૈયો ૧-૯-૦ લેખે તેને પૈસા અપાય છે.

પ્રોશીક્યુશનવાળાનો મુકરદમો એવો છે કે, સાધુલાલને ખરેખરી કીમત જે ગજીના લુગડા માટે અપાતી અને તારીણીચરણદત્તને જે હાંસીલ મોકલી દેતો તેમાંથી જે બાકી રહેતું હતું તે અપેલેન્ટ રાખતો. અને એ તેની ચાલથી પીનલકોડની કલમ ૪૦૯ ના અર્થ પ્રમાણે એક સરકારી નોકરે સાપ્રાધ વીશ્વાસઘાત કર્યા જેટલું થાય છે. તથા પૈસા મોકલ્યાના સદરહુ પેઢી તરફ તેના કાગળો છે, તેમાં દરેક પત્રમાં કહેલી આખી રકમ મોકલી દીધી છે. એવો તેમાં મતલબ દેખાડવામાં આવતો. પણ ફકત તે માંહેલો થોડો ભાગજ તે પેઢીવાળાને મોકલતો. તેથી તે ટપાલ આફીસના કાયદાની કલમ ૫૦ પ્રમાણે કપટવાળા ઈરાદાથી ખોટા લેખો કર્યાનો અપરાધી છે. તારીણીચરણદત્ત કંપનીવાળા જે જાતનું તથા જેટલું કપડું પોતાના કરાર પ્રમાણે પુરૂં પાડવાને બંધાયા હતા, તેથી હલકી જાતનું કપડું સાધુલાલે કોઇ વખતે પુરૂં પાડયું એમ કહેવામાં આવ્યું નથી.

બચાવ તરફનો મુકરદમો એવો છે કે, તારીણીચરણદત્તની કંપની સાથે ગોઠવણ કરી તેની અંતે જો કે, ૧-૯-૦ ને ભાવે સાધુલાલ રેલવે ટપાલખાતાવાળાને પુરૂં પાડતો, પણ તે ભાવ અને ૧-૧૨-૬ વચેના ભાવનો તફાવત હું રાખતો નહીં. અને તે આખો તફાવત નીયમસર હું ઇજારદારને મોકલી આપતો. આસેસરોનો મત સેસન જડજ સાથે મળતો આવ્યો નહીં. અને સેસન જડજનો એવો મત થયો કે, સાપ્રાધ વીશ્વાસઘાત કર્યાના તથા કપટવાળા મતલબથી ખોટો લેખ બનાવ્યાનાં તોહોમતો સાબીત થયાં છે, તેથી તેણે અપેલેંટને એ બધા તોહોમતનો અપરાધી ઠરાવી પીનલકોડની કલમ ૪૦૯ માંહેલા ગુન્હા માટે ૬ વરસની સખત કેદની સજા કરી. અને ટપાલખાતાના કાયદાની કલમ ૫૦ પ્રમાણે કાંઇ વધુ સજા કરવા સારૂ જરૂર નથી, એમ તેણે વિચાર્યું.

સેસન જડજના ઠરાવ ઉપરથી બંધવા ઈમદાદખાંએ હાઇકોરટમાં અપીલ કરી. અને આ મુકરદમાને લગતી બીજી મુદાની હકીકત છે, તે હાઇકોરટના ઠરાવમાં કહેવામાં આવી છે. અપેલેંટ તરફથી કોલવીલ સાહેબ તથા મી. હબીબ બુલા તથા બાબુ દુરગા ચરણે એવી તકરાર લીધી કે, ગુન્હાનો ઠરાવ ટકાવવા પ્રોસીક્યુશનનો પુરાવો અપુર્ણ છે. વધુ તકરાર એવી કરીકે, પ્રોસીક્યુશન તરફથી કહેલી વાત સાબીત થઇ છે એમ માનતાં પણ પીનલકોડની કલમ ૪૦૫ માં સાપ્રાધ વીશ્વાસઘાતની વ્યાખ્યા આપી છે તે માંહેલો ગુન્હો થતો નથી. ગુન્હેગારને જે મિલકતની સોંપણી થઇ છે તે મિલકતનો બદઘાનતથી ખોટોઉપયોગ કરવો એ વાત ગુન્હામાં વીંટાએલી છે. પણ આ કામમાં અપેલેંટે પીનલકોડની કલમ ૨૪ માં સમાવેલી વ્યાખ્યા પ્રમાણે કાંઈ કામ તેણે બદઘાનતથી કર્યું નથી. કેમકે તેણે ગેરકાયદેસર હાની કરી નથી. ગજીને વાસ્તે એક થાન દીઠ રૂ. ૧-૧૨-૬ આપવાનો કરાર કર્યો હતો. તે કરતાં વધારે કીંમત સરકારને આપવી પડી નથી. અને તારીણીચરણ દત્તની કંપની સાથે જેવી જાતનું કપડું લેવાનો કરાર હતો, તે કપડું હલકું અને થોડું કોઇ વખતે આવ્યું છે, એવું કહેવાને બીલકુલ પુરાવો નથી. જો આમ છે તો પીનલકોડની કલમ ૪૦૯ પ્રમાણેનો ઠરાવ અને સજા ગેરકાયદેસર છે, માટે રદ કરવો જોઇએ.

સરકાર તરફથી હિલ સાહેબ તથા બાબુ રામપ્રસાદ હાજર છે. તેઓએ એવી દલીલ

આપી કે, સેસન કોરટમાં જે પુરાવો લેવાયો છે, તે ઉપરથી પ્રોસીક્યુશન તરફથી કહેલી વાત સ્થાપીત થાય છે. પીનલકોડની કલમ ૪૦૫ માં વીશ્વાસઘાતની વ્યાખ્યા આપી છે તે પ્રમાણે એ વાતોથી સાપ્રાધ વીશ્વાસઘાતનો ગુન્હો થાય છે. કોઇ સખસને ત્રીજા સખસને દેવા સારૂ કાંઈ પૈસા આપવામાં આવ્યા હોય તો, તે પૈસા જે સક્ષને તે મોકલાવાના છે, તેની સાથે વચલો માણસ કાંઇ ઠરાવથી અથવા કાંઈ કામ કરીને પોતાના ઉપયોગ માટે તે પૈસા લેવાનું કબુલ કરે છે, તો તે પૈસા સદરહુ વચલો સક્ષ પૈસા મોકલનારના ઉપયોગને માટે રાખનારો થાય છે. જુઓ એડીસનનો કરારનો કાયદો પ્રષ્ટ ૭૨.

જે કામને વાસ્તે ચાકર અથવા વાણોતરને પૈસા સોંપેલા છે, તે કામ પાર ન પડે તો તે વાણોતરે સદરહુ મિલકત પાછી તેના ધણીને આપવી જોઈએ. અને જ્યાં સુધી ધણીની મતલબ પાર પાડી નથી, ત્યાં સુધી એના પૈસા બીજા કોઇના થઈ શકતા નથી. આ મત ટેન્ટરડન ચીફ જસ્ટીસે એક વિલાયતના બુચાનન વિરૂદ્ધ ફીન્ડલેના કામમાં આપેલો છે. ટુવી વિરૂદ્ધ. મીલલના મુકરદમામાં પણ જણાય છે કે, જ્યાં કોઇ ખાસ કામ માટે પૈસા આપવામાં આવ્યા હોય, અને એ કામ પાર ન પડે તો પૈસા આપનારાની તે પૈસા મિલકત રહે છે. આ કામમાં અપેલેન્ટને આપેલા પૈસા હમેશાં સરકારી મિલકત તરીકે રહ્યા હતા. કેમકે પૈસા આપ્યા પછીનું કામ પુરેપુરૂં કદી થયું નથી. એટલે કે જ્યારે તારીણી ચરણદત્તની કંપનીવાળાએ પોતાના કામમાં ઠરાવેલા ભાવથી ઓછો ભાવ લેવાનું અપેલેંટ સાથે નક્કી કર્યું ત્યારે તે કામ પાર પડયું નહીં. અને તે ઉપરથી સરકારના ઉપયોગને વાસ્તે અપેલેન્ટે પેહેલેથી તે છેલે સુધી પૈસા લીધા છે. તે પૈસા સરકારને પાછા આપવાની તેની ફરજ હતી. પણ તેમ નહીં કરતાં તથા પોતાના ઉપયોગમાં તે પૈસા લઇને તેણે સરકારને ગેરકાયદેસર હાની અને પોતાને ગેરકાયદેસર લાભ કર્યો છે. માટે ૨૩ મી કલમના અર્થ પ્રમાણે બદઘાનતથી તેણે પોતાની વર્તણુક ચલાવી તેથી પીનલકોડની કલમ ૪૦૫ ના અર્થ પ્રમાણે સાપ્રાધ વીશ્વાસઘાતનો ગુન્હો કર્યો છે.

હેરીંગટન વિરૂદ્ધ વિક્ટોરીયા ગ્રવીંગડોક કંપનીના કામમાં એવું ઠરાવ્યું છે કે, કોઇ માણસના શેઠની સાથે બીજા કોઈ સક્ષે કરાર કર્યો છે, અથવા કરાર તેને કરવાનો છે. તે શેઠના કોઇ ચાકરને વફાદારીથી તથા નીકમહલાલીથી પોતાના શેઠ તરફ વરતવાને બદલે બીજી રીતે વરતવા સારૂ સદરહુ ચાકરને લાલચ આપવાની મતલબથી પેલો ઇજારદાર(કરાર કરનાર) કાંઇ રૂસ્વતનો અથવા રૂસ્વત આપવાનો કોલ આપે, તો એ કરાર બદઘાનતવાળો છે. અને પોતાના શેઠ તરફ બેવફાદારીથી વરતવા સારૂ ચાકરના મનપર ખોટી અસર થાય છે. પછી શેઠને ખરેખરૂં કાંઇ નુકશાન થયું હોય કે નહીં, તે વાત કાંઈ મુદાની નથી.

તારીણીચરણદત્તની કંપનીવાળાએ અપેલેંટને જે હકશી આપી તે હકશી પોતાની નોકર તરીકેની કામગીરીના દરમીયાનમાં મેળવી હતી, તેથી તે હાંસીલ પાછું લેવાનો હક સરકારનો હતો. અને પોતાના ઉપયોગમાં તે હાંસીલ વાપર્યું તેથી અપેલેંટે સાપ્રાધ વીશ્વાસઘાતનો ગુન્હો કર્યો છે.

આ દલીલ સામે ચીફ જસ્ટીસ પેથીરામે નીચે પ્રમાણે સવાલ કર્યો.

સવાલ.—એક શેઠ બીજા માણસને કાંઇ ખાસ કામ વાસ્તે જેમકે મિલકત વેચવા સારૂ નોકર રાખે. અને તે નોકર સદરહુ મિલકત વેચાતી લેનાર પાસેથી પૈસા લે તો સાવ

ચોખું છે કે, મજકુર પૈસા શેઠના છે. જે પોતાની નોકરીના દરમીયાનમાં નોકરે હાંસીલ મેળવીને પેદા કર્યો છે. પણ જે નોકરને વેચવા માટે નોકર રાખ્યો નથી, તે નોકરને સદહરહુ ખરીદદાર કાંઇ બક્ષીસ આપેતો તે બક્ષીસનું હાંસીલ લેવાનો શેઠને હક છે?

જવાબ.—હારીંગટન વિરૂદ્ધ વિક્ટોરીયા ગ્રેવીંગડોક કંપનીના કેસમાં ચીફ જસ્ટીસ કોકબરનનની દલીલથી ઉપર કહેલા સવાલને પુષ્ટી મળે છે એમ અમને જણાય છે પેથેરારામનો સવાલ.

ધારો કે એક માણસ બીજાને પોતા વાસ્તે ગાડી ખરીદ કરવા નોકર રાખે. અને પછી તે નોકર ગાડી ખરીદ કરે, હવે જો ગાડી બાંધનાર તે નોકરને કાંઇ બક્ષીસ આપેતો શેઠ તે બક્ષીસનો બેશક હકદાર થાય છે; કેમકે સદરહુ લેવડ દેવડને અંતે કીમતમાં ઘટાડો થવાનો સંભવ છે. પણ એમ ધારો કે શેઠ પંડે જઇ સાટું કરે, કીંમત મુકરર કરે, અને પોતાના નોકરને ગાડી બાંધનારને પૈસા આપવા મોકલે અને પછી સદરહુ ગાડીબાંધનાર શેઠના નોકરને રૂપૈયા આપે તે લેવાનો શેઠને હક છે કે નહીં?

જ્યારે ગાડી આપં ત્યારે તે માંહેલી ખોટ ચાકર ન કાઢે એટલા સારૂ બેશક તે રકમ તેને આપવામાં આવી છે. શેઠનો તે નોકર છે. તે શેઠે પંડે કરાર કર્યો છે. તેમાંથી પેલા ચાકરને હાંસીલ પેદા થતું નથી. જવાબ તે કેસ ચાલતા કેસને પુરેપુરો મળતો આવતો નથી. કેમકે નોકરે તે પૈસા ખરેખરા આપીદીધા છે. અને વેપારીએ તેને પછીથી બક્ષીસ તરીકે આપ્યા છે, એવું તેમાં ધારેલું છે. ઉલટી રીતે આ કેસ એવો છે કે, સરકારમાંથી ઇજારદારો તરફ તે પૈસા જવાના રસ્તામાં હતા. તે દરમીયાનમાં તે સોંપેલા પૈસામાંથી અપેલેન્ટે પોતાના ઉપીયોગમાં લીધા છે. ઠરાવેલી કિંમત અને ખરેખરી ગજીના કપડા માટે અપાએલી કીંમત વચેનો તફાવત અપેલેન્ટે રાખ્યો હતો, કે તેણે ઠરાવેલા બધા પૈસા ઇજારદારોને આપી તેઓની પાસેથી તે તફાવત લીધો, એ વાત મુદ્દાની નથી. પાનામાં અને સાઉથ પાસીફીક ટેલીગ્રાફ કંપની વિરૂદ્ધ ઇન્ડીયારબર ગટાપરકા અને ટેલેગ્રાફ વર્કસ કંપનીના કામમાં લાર્ડ જસ્ટીસ જેમ્સ સાહેબે એવો નીયમ બાંધ્યો છે કે, "એક શેઠ અને બીજા શેઠના ચાકર વચે નીમક હરામીવાળી ધાલમેલ થાય તો તે બીજા શેઠના ઉપર કપટ કર્યા બરોબર છે."

અને એ કરાર રદ કરવાનો તેનો અધિકાર થઇ શકે છે. અને તે ચાકર સાથેનો નીમક હરામીવાળો પેટા કરાર પોતાની ફરજ બજાવવામાં કસુર કરવા અથવા ઊલંઘન કરવા સારૂ રૂસ્વત દાખલ ગણવામાં આવે છે.

સવાલ:—તે કામમાં ચાકરનો અરથ કરાર કરવાના કામ વાસ્તે ચાકર તરીકે લોર્ડ જસ્ટીસે નથી કર્યો એમ તમે કહો છો?

જવાબ:—હું નમૃતા પૂર્વક કહું છઊં કે, લાર્ડ જસ્ટીસનો અર્થ વધુ બોહોળો છે. અને એક ચાકર તથા તેના શેઠ સાથે વેવાર ચલાવનાર બીજા સક્ષની વચે બધા નીમકહરામી કામકાજોને લાગુ પડે એવો સામાન્ય સિદ્ધાંત તેણે મુકયો છે.

લીક સાહેબના કૉન્ટ્રેકટના કાયદામાં પૃષ્ટ ૪૮૧ મે એવું લખ્યું છે કે, "કોઇ નોકરને કાંઇ પૈસા ખુશીથી અને નોકરીનું કામ થઇ રહ્યા પછી આપવામાં આવે તો પણ તે પૈસા તેનો શેઠ પાછા લઈ શકે એમ જણાય છે." કેનેડીયન ઓઇલવર્કસ કોરપોરેશનના કામમાં લોર્ડ જસ્ટીસ મેલીશે કહ્યું છે કે, "પોતાની નોકરીના સંબંધવાળા કામમાંથી શેઠની

રજામંદી વગર નોકર તરીકે જે તેનો યોગ્ય મુસારો છે, તે ઉપરાંત કાંઇ હાંસીલ કાઢવાને તે ચાકરને અધિકાર નથી. એમ આ કોરટનો નીયમ છે તેમાં કાંઇ સંદેહ નથી. તેજ ફેંસલામાં મોસુફ મેલીસ સાહેબે નીચે પ્રમાણે દ્રષ્ટાંત આપ્યું છે.

"એક ગૃહસ્થ પોતાના વેપારીઓને પૈસા આપવા સારૂ એક જણને નોકર રાખે છે. તે નોકર સદરહુ વેપારીને ત્યાં જઈ કહે છે કે, 'તમારી ઉઘરાણીના પૈસા આપવાને માહારી પાસે પૈસા આવ્યા છે, પણ તેમાંથી તમારે મને કાંઇ બક્ષીસ આપવી જોઈએ.' તે વેપારી જવાબ આપે છે કે, 'હું તમને બક્ષીસ આપવા ખુશી છઊં.' હવે કાંઈ રકમ ઓછી કરીને સદરહુ પૈસા તેની પાસે મુક્યા. અને તે પાછા હાથો હાથ આપ્યા. એક અર્થમાં તો બેશક એ પૈસાની રકમ નોકરની મિલકત થશે. તેના ઉપર રૂસ્વત લીધાનું અથવા વખતે પોતાના ગજવામાં તે પૈસા મુકી દઇને વાપરવાનું તહોમત મુકી શકાશે નહીં. પણ જો કોઇ ઇનસાફની કોરટમાં વાજબી રીતે હિસાબ લેવામાં આવે તો તેને જવાબ દેવો પડશે. આ વાતનો કાંઇ શક નથી. કેમકે સાવ ઉઘાડું છે કે, જે લેણદારે પૈસા લીધા તે મળેલી રકમમાંથી કાંઇ વટાવ આપવાને ખુશી છે, તો પૈસા આપનાર શેઠનું હાંસલ ગણાવું જોઇએ. પણ જે નોકરે પોતાના શેઠની રજામંદી શીવાય હરકાંઇ એવું હાંસીલ મેળવવાનો હકદાર થતો નથી, તેનું તે હાંસીલ ગણાશે નહીં" રૂસ્વતને માટે સદરહુ ચાકર ઉપર તહોમત મુકાશે નહીં એમ જે કહેવાય છે તેનું કારણ એ છે કે, વિલાયતના ગુન્હા સંબંધમાં બાંધેલા કાયદા પ્રમાણે તે મિલકત શેઠના ઉપયોગ વાસ્તે ગુન્હેગારને આપવી જોઈએ. એ વાત રૂસ્વત લેવાના ગુન્હામાં મુખ્ય મુદ્દાની છે. અને તે વિલાયતના મુકરદમામાં તે પૈસા શેઠના ઉપયોગને માટે ચાકરને આપ્યા નહોતા. પરંતુ આ વાત હિંદુસ્થાનના પીનલકોડની કલમ ૪૦૫ માં સાપ્રાધ વીશ્વાસઘાતની વ્યાખ્યા આપી છે તેના મુદ્દાની નથી. માટે હિંદુસ્થાનમાં મેલીસના કહ્યા પ્રમાણે ચાકરની વરતણુક એક સાપ્રાધ વીશ્વાસઘાત છે.

સવાલઃ—વેપારીએ વટાવ આપ્યાનું મેલીસ સાહેબ બોલે છે. એટલે એ બોલથી સરભર કરેલું નહીં પણ ચાલતું ખાતું તેના મનમાં હશે એમ મનાય છે. શેઠ અને વેપારી વચે જે ખાતાની આગળથી કબુલત હતી, અને જે પછી ચોકસ થયું, તે ખાતામાંથી કાંઇ વટાવ આપી શકાય નહીં, એમ દલીલ કરવામાં આવે, જેમકે શેઠ પોતાના નોકરને વેપારી સાથે નકી નહીં કરેલો હિસાબ સરભર કરવા સારૂ મોકલે અને હિસાબ બાકી કરતાં રૂપૈયા ૧૦૦) થયા. હવે જો તે ચાકર અને વેપારી એવી ગોઠવણ કરે કે, સઇકડે દસ ટકા લેખે વટાવ ગણતાં ફકત બાકીના ૯૦ આપે અને તે ચાકર વટાવ આપ્યાની વાત સંતાડી લઈને તે વટાવની રકમ પોતાના ઉપયોગમાં લે તો તે દેખીતી રૂસ્વત છે. પણ જો શેઠે રૂપૈઆ ૧૦૦ નો હિસાબ નકી કર્યો હોય, અને ચાકર તે બધા ૧૦૦ રૂપૈઆ શેઠની વરધી પ્રમાણે આપી દે અને તેમાંથી તે વેપારી તેને રૂપૈઆ ૧૦ આપે તો ખરેખર શેઠનો હક નથી, એવી એક બક્ષીસ છે?

જવાબઃ—મેકેના મુકરદમામાં લોર્ડ જસ્ટીસ મેલીસ સાહેબે ઉપર કહેલા મુકરદમાનો તથા કોઈ શેઠનો ચાકર તેવાજ પ્રસંગમાં બીજા શેઠ પાસેથી કાંઇ હાંસીલ લે તો તે હાંસલ લેનાર ચાકરના શેઠનું ગણવું જોઇએ. એવું દેખાડનારા બીજા આધારોનો હવાલો આપીને મોસુફ સાહેબે લખ્યું છે કે "હરકોઇ નોકર પોતાના શેઠના વતી મેહેનતાણા બદલ જે કાંઇ

સે અને જો કે તે મુળ સાટાનો એક ભાગ હોય, અથવા મેહેનતાણા બદલ કાંઇ બક્ષીસ હોય તેની ચીંતા નહીં. પણ તે સઘળું તે પોતાના શેઠનીવતી લે છે." વળી તેવીજ રીતે પારકર વીરૂદ્ધ મેકીના કામમાં લોર્ડ જસ્ટીસ કેનસાહેબે કહ્યું છે કે, "મારા સમજ્યા પ્રમાણે નોકરના સંબંધમાં આ અદાલતના જે નીયમ છે તે બાંધેલા કાયદાને અનુસરીને અથવા મનસ્વીપણે નથી. નીતીના શ્રેષ્ટમાં શ્રેષ્ટ અને સાચામાં સાચા ધોરણ ઉપર એ નીયમનો પાયો મંડાણો છે. કોઇ માણસ એક નોકર તરીકે કામ કરતો હોય, તેને પોતાના હિતમાં અને પોતાની કામગીરીમાં પ્રતીકુળપણાની સ્થીતિમાં મુકવા દેવામાં આવશે નહીં, એમ આ અદાલતનો નીયમ છે. માટે આ અદાલતમાં એમ પુછાશે નહીં અને પુછીને એમ નક્કી થાશે નહીં કે, બેંકના વહીવટદારોના કૃત્યથી ટોટો થયો કે નહીં. આ કોરટ જે કાંઇ બધું પુછશે તે એવું છે કે કોઇ ચાકરે ચાકરી કરવાના દરમીયાનમાં શેઠના જાણ્યા વગર સદરહુ ચાકરે હાંસલ કાઢ્યું છે કે નહીં તેનો તપાસ કરવો."

જેમ્સ જસ્ટીસે એજ કામમાં કહ્યું છે કે કોઇ નોકરે પોતાની નોકરીના દરમીયાનમાં તથા પોતાની નોકરીને સંબંધે શેઠની રજામંદી અને જાણ્યા શીવાય કાંઇ તેને હાંસલ કાઢવા દેવું નહીં, એવો સામાન્ય નીયમ ફરી ફરીને બાંધવા સારૂ આપણે બધાએ એક મતે થવું, એ મને ઘણું જરૂરનું લાગે છે. એ નીયમ તમામ ન ચશી શકે એવો છે, અને કોરટે જરાએ રહેમ રાખ્યા વગર લાગુ કરવો જોઇએ. અને શેઠને પોતાના નોકરના આવી રીતના કામોથી કાંઇ નુકશાન થયું છે કે નહીં, તે સંબંધમાં કાંઇ પુરાવો કીંવા ખુલાસો કીંવા દલીલ મારા અભીપ્રાય પ્રમાણે લેવાનો અધીકાર નથી. કેમકે માણસ માત્રનું નીરભયપણું જોતાં કોઇ નોકરે પોતાના શેઠને સદરહુ તપાસની ધાસ્તીમાં મુકવા ન દેવો જોઇએ, એ વાત અવશ્ય છે. એક સરકારી નોકરે સાપ્રાધ વીશ્વાસઘાતનો ગુન્હો કર્યો. જેવું અપેલેન્ટે કર્યું એમ તેની વર્તણુંક ઉપરથી ઉપર કહેલા આધારો બસ છે. આજ બોલ સાહેબનું ફોજદારી કામમાં પુરાવો અને દલીલ આપવાનું પુસ્તક છે તેની ૧૮ મી આવૃતીમાં ૪૮ મે પાને રૂસ્વત લેવાનો ગુન્હો સ્થાપીત કરવા સારૂ કયા રૂપનો પુરાવો જરૂરનો છે તે લખવામાં આવ્યુંછે.

પ્રતીવાદીએ લીધેલા પૈસાનો પોતાના શેઠને કદી હિસાબ આપ્યો નહીં. અથવા તે લીધાની ના પાડી એટલે કે, પુરાવાથી આવા કામમાં સામાન્ય રીતનું અનુમાન થાય છે. પરંતુ આ બંને સરતો ચાલતા મુકરદમામાં મળી આવે છે. ઇજારદારે જે હકશી આપી તે મેં મારા પોતાના ઉપયોગમાં લીધી છે. એવું કબુલ કરીને તથા મજકુર ઉપયોગ કરવાનો મારો હક છે, એવો દાવો કરીને તે પોતાનો બચાવ કરતો નથી. પણ સામો નાજ પાડે છે કે પૈસા લીધા નથી.

ઈજારદારે આ કામકાજ કર્યાનું કબુલ કર્યું છે. એ વાતથી અપેલેંટના અપરાધને કાંઇ અસર થતી નથી. જો તેણે કબુલ કર્યું નહતતો અપેલેન્ટનો અપરાધ દેખીતો હતો. કેમકે, તે વખતે પૈસા નથી આપ્યા અને હજી સરકાર પાસે લેણા રહે છે. એટલી વાત બસ છે. પણ શેઠનાં નાણાં શેઠ પાસેથી ખુંચાવી લેવાનો કર અને પૈસા લેનાર મસલત કરે તેથી નોકર છુટી શકતો નથી.

(આ તકરાર પછી બીજી તકરાર ફોજદારી કામ ચલાવવાની રીતના ધારા ઉપર ચાલી તે પીનલકોડના ફેંસલામાં ઉપયોગી નહીં ગણી લખી નથી.)

અપેલેન્ટના વકીલ કોલવેન સાહેબે જવાબ આપ્યો કે વીદ્વાન સરકારી વકીલે દલીલ આપી છે કે, અપેલેન્ટે તારીણીચરણદત્તની કંપનીવાળા પાસેથી ચોકસ રકમો લીધી. એ રકમો નોકરી કરવાની દરમીયાનમાં તેણે હાંસલ કાઢ્યું તેની હતી. એ હાંસીલ તેના શેઠની મિલકત હતી. અને સરકારને તેણે પાછી આપી નહીં. કીંવા હિસાબ આપ્યો નહીં, પણ તે રકમો પોતાના ઉપયોગમાં લીધી. તેથી તે બદદ્યાનતથી વર્ત્યો છે અને સાપ્રાધ વીશ્વાસ ઘાત કર્યાનો ગુન્હેગાર છે. આ દલીલની સામે મહારો જવાબ એવો છે કે, કદી અપેલેન્ટે તે રકમ તારીણીચરણદત્તની કંપની પાસેથી લીધી એમ કબુલ રાખીયે તોપણ ચાકર તરીકેની નોકરીના દરમીયાનમાં તેણે લીધા નથી. જ્યારે ઇજારદારને પૈસા આપી દીધા કે, તે લેવડ દેવડના સંબંધમાં તે પછી ચાકર નથી. અને પછવાડેથી કાંઈ બક્ષીસ અથવા હકસી મળે તો તે પોતાની નોકરીના દરમીયાનમાં મેળવેલા હાંસલનું નામ તેને આપી શકાય નહીં. અપેલેન્ટના મનમાં કોઇ રીતનું પાપ હતું નહીં. આ કામને પાધરી રીતે લાગુ પડે એવો આધાર ફકત પ્રૉસીકયુશન તરફથી મેલીસ લોર્ડ જસ્ટીસનો અભીપ્રાય આપવામાં આવ્યો છે. પરંતુ તે અભીપ્રાય તે કામની ચોકસ હકીકત સાથે લેવો જોઇએ.

પોતાના શેઠને કાંઈ ચોકસ મિલકત વેચવાની ઉમેદ રાખનારા સક્ષો તરફથી તે શેઠના નોકરોને કાંઈ પૈસા આપવામાં આવ્યા હોય, અને એ નોકરને કરાર રદ કરવાનો તથા બદલી નાંખવાનો શેઠે ઓહોળો અધિકાર આપ્યો હોય. તે મુકરદમામાં સદરહુ અભીપ્રાય દ્રષ્ટાંતને રૂપે આપેલો છે. એ મુકરદમામાં નોકરને તેની નોકરીની દરમીયાનમાં બેશક પૈસા મળ્યા હતા. અને તે વખતે તેનો દરજ્જો તેના શેઠથી સ્પષ્ટ રીતે પ્રતીકુળ હતો. તેથી તે પ્રસંગમાં નોકરને જે કાંઇ આપ્યું હતું તે તેની પાસે ન રહેવા દેવાનાં ખરાં કારણો હતાં. પરંતુ આ કામમાં કરારની કાંઇ સરત કે તેના શબ્દો બદલવાનો અધીકાર નહોતો. મેલીસ સાહેબે ચુકવેલા મુકરદમાની સાથે તેનું દ્રષ્ટાંત વાંચતાં તે દ્રષ્ટાંત બાકી કાઢેલા હિસાબને નહીં પણ ચાલતા હિસાબને લાગુ પાડવાને તેનો દેખીતો ઇરાદો હતો. માટે ચાલતા કામની હકીકતને તે લાગુ પડતો નથી.

પેથેરામ ચીફ જસ્ટીસનો સવાલ.

હિસાબ બાકી કરતાં તેમાં માગણાની રકમ ઓછી કરવાનો જ્યાં નોકરને અધિકાર છે, તેવાજ કામોમાં મેલીસ સાહેબનો ઠરાવેલો નીયમ લાગુ પડે છે એવો તમારો મત છે?

જવાબ.—હા. કેમકે કાંઇ બક્ષીસ કબુલ કરવાથી નોકરને પોતાના શેઠથી પ્રતીકુળ સ્થીતિમાં આવી જવું પડે છે. તેવામાંજ તે લાગુ પડે છે. જે ફેંસલાઓનો હવાલો આપવામાં આવ્યો છે, તે ફેંસલાનું મુળ ધોરણ એવું છે કે, બક્ષીસ કબુલ કરવી એ કીંમત ઓછી કર્યા બરોબર છે. અને તેથી કીંમત ઓછી કરવાથી થયેલું હાંસલ શેઠને મળવું જોઇએ. જ્યાં કિંમત શેઠ અને વેપારી વચે કબુલતથી નકી થઈ ગઈ છે, તે રકમ પુરેપુરી નોકરને આપ્યા પછી વેપારી તેના નોકરને કાંઇ બક્ષીસ કરે તો તેને એ નીયમ લાગુ નથી.

મેલીસ સાહેબના સદરહુ દ્રષ્ટાંતમાં વેપારીને ખરે ખરા પૈસા આપ્યાની વાત નોહોતી. અને પૈસા હાથો હાથ આપ્યા એ માત્ર બાહાનું હતું.

(આ પછી તેનો જવાબ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સંબંધી નોહોતો. જેથી ઉપર લખાઇ ગયેલા કારણસર આંહી આપેલો નથી.

ચીફ જસ્ટીસ પેથેરામનો ઠરાવ.

બંધવા ઇમદાદખાં ઉપર પીનલકોડની કલમ ૪૦૯ પ્રમાણે ઘડેલાં બે તહોમતનામાં સાપ્રાધ વીશ્વાસઘાત કર્યાનાં અને પોસ્ટ ઑફીસના આકટની કલમ ૫૦ પ્રમાણે બીજા ત્રણ તહોમતો ઘડીને તેને અપરાધી ઠરાવેલ છે. સાપ્રાધ વીશ્વાસઘાત કર્યાનાં તેના ઉપર બીજાં તોહોમતો હતાં. તેમાં સાહ્યતા કરવાસારૂ અથવા તે ગુન્હો ઢાંકવા સારૂ ખોટા લેખ બનાવ્યા એવી મતલબનું તોહોમત છેલી કહેલી કલમ માંહેલા ગુન્હાનું છે. તેથી સેસન જડજના ઠરાવ . પ્રમાણે એ તોહોમતો કાંતો ભેગાં રહી શકે છે, ને કાંતો બધાં નાબુદ થઇ શકે છે. અને જો બંધવો તેમાંના એક તોહોમતનો અપરાધી ઠરે તો તે બીજાં તહોમતો માટે અપરાધી ઠરવો જોઇએ. પરંતુ પ્રત્યેક તોહોમતને માટે જુદી જુદી સજા કરવાની જરૂર નથી. તે બાબતો વીશેનો આરોપ છે. તો હવે પ્રથમ ઠરજે જોવાની જરૂર છે કે કઈ કઈ બાબતોનો અંગીકાર થયો છે. ને જો અંગીકાર નથી થયો તો પ્રોસીકયુસનના પુરાવાથી કઇ કઈ વાત સ્થાપીત થઇ છે અને પછી તેમાંથી કાંઇ ગુન્હો બને છે કે નહીં, ને બને છે તો કયો તે ચોકસ કરવું.

જે હકીકત હું એકઠી કરી શકયો છું તે એવી છે કે, આ પ્રાંતની ટપાલખાતાની નોકરીનું એક ખાતું છે. અને એ ખાતાના એક ભાગ તરીકે, અલહાબાદમાં સામાન સરજામ રાખવાનું એક મોહોટું ઘર છે. તેમાં એ ખાતાને જોઇતી વસ્તુનો સંગ્રહ રાખવામાં આવ્યો છે. અને વખ્તો વખત સંગ્રહમાં કઇ કઇ વસ્તુઓ જોઇએ છીએ, તે કોણ નકી કરે છે તે વાતનો પુરાવો દફતરમાં જણાએ નથી. પરંતુ એતો ચોખું છે કે, બંધવો ઈમદાદખાં કેટલાક વર્ષ થયાં અલહાબાદ મધ્યે સંગ્રહસ્થાનનો તપાસનાર અને સુપ્રીટેન્ડેન્ટ તરીકે રેલવેની ટપાલખાતાની નોકરીમાં નોકર હતો. ત્યારબાદ પુરાવા ઉપરથી જોવાનું છે કે, ત્યાં તેનું શું કામ હતું.

સંગ્રહમાં કયી વસ્તુઓ જોઇએ છીએ, તે નકી કરવા વાસ્તે અથવા તેને હુકમ આપવા વાસ્તે તેને કાંઇ અધિકાર હતો, એવો ખુલાસો કરવાને દફતરમાં કાંઇ નથી. સંગ્રહ સ્થાનમાં જે સામાન આવતો તેના ઉપર દેખરેખ રાખવાનું તથા તે માલ નમુના પ્રમાણે છે કે નહીં તે જોવાનું અને જે સામાન જે ગુણના હોવા જોઇએ, તે ગુણનો તથા જેટલો મંગાવ્યો તેટલો હોય તો, તેટલો તથા જે ભાવથી આવ્યો હોય, તેટલા ભાવવાળો હોય તો તેણે મંજુર કરવો. એ તેનું કામ હતું. સામાનની પરીક્ષાના સંબંધમાં એટલુંજ તેનું કામ હતું. આ ઉપરાંત સામાન સંગ્રહસ્થાનમાં આવ્યા પછી મંજુર થાય તો પુરોપાડનાર વેપારીના હિસાબો તપાસવા અને તપાસ્યાબાદ વેપારીનાં બધાં બીલો જે પાક્યાં હોય તે એકઠાં કરીને તથા પોતાના ઉપરી અધીકારીની તેમાં સામે સહી લઇને તે ઉપરથી જેનું પૈસા આપવાનું કામ હતું તેના તરફ રવાના કરવાની એક બીજી વાશેપ ફરજ હતી. ત્યારબાદ વેપારીયોના ટોળાને આપવાના પૈસા મેળવ્યા પછી તેઓને વહેંચી દેવાનું કામ પણ તેનું હતું.

ઈમદાદખાં ઉપર એવું તોહોમત છે કે એક ચોકસ વેપારીએ સંગ્રહસ્થાન વાસ્તે માલ પુરો પાડયાનું કહેવામાં આવ્યું છે. તે વેપારીને આપવાના પૈસા સરકારમાંથી લીધાબાદ એ પૈસા તેણે પોતાના ઉપયોગમાં લીધા અને તેથી તેણે સાપ્રાધ વીશ્વાસઘાતનો ગુન્હો કર્યો. આ તોહોમતની બાબતમાં શું પુરાવો છે તે હવે આપણે જોવું જોઇએ. પ્રોસીકયુશન તરફથી

જે વાત કહેવામાં આવી છે તે નીચે પ્રમાણે છે.

કલકત્તામાં તારીણીચરણદત્ત એન્ડ કો એ નામથી વેપાર કરનારી કલકત્તામાં એક ચોકસ પેઢી છે. તે પેઢીએ કેટલોક સામાન પુરો પાડવા સારૂ સરકાર સાથે કરાર કર્યો હતો.

એ કરારની ચોખે ચોખી સરત શું હતી, તે આંહીં આપી નથી. પરંતુ ઉભય પક્ષવાળાની લેવડ દેવડ ઉપરથી તથા યાદના મથાળા ઉપરથી એમ જણાય છે કે, ઇજારદાર તારીણી ચરણદતે એક ચોકસ વર્ગનો સામાન બે વરસ સુધી ભાવ પત્રકમાં લખેલી વિગતના ભાવથી દેવો કબુલ કર્યો હતો.

એક કોર સરકાર બંધાએલ કે બે વરસ સુધી સદરહુ કંપનીમાંથી સામાન લેવો. અને બીજી કોર સદરહુ પેઢી બે વરસની મુદતને વાસ્તે નકી કરેલા ભાવથી સામાન પુરો પાડવા માટે બંધાએલી હતી. એવો ઉભય પક્ષકાર વચે કરાર હતો. એ વાત સાબેત થએલી ગણવી જોઈએ. એમ માહારો અભીપ્રાય થાય છે. પત્રકમાં ગણાવેલી વસ્તુઓમાં ગજી નામનું કપડું હતું. અને ભાવ પત્રકમાં તેની કીંમત એક થાને રૂ. ૧-૧૨-૬ રાખી હતી. સદરહુ ઇજારદારે તેથી જેટલું જોઇએ તેટલું ગજીનું કપડું દર થાને રૂ. ૧-૧૨-૬ ના ભાવથી સરકારને પુરૂં પાડવા બંધાએલા હતા. અને સરકારને જેટલું ગજીનું કપડું જોઈએ તેટલું બે વરસ સુધી ઉપર કહેલું કપડું લેવાને સરકાર બંધાએલી હતી. સામાન મગાવવાનું જે માણસનું કામ હતું, તે માણસે કલકત્તાની પેઢીવાળાને ગજીનું કપડું મોકલવાનો હુકમ મોકલ્યો. તે ઉપરથી તેણે સને ૧૮૮૧ ના જાનેવારી મહિના સુધી અલહાબાદના સંગ્રહ સ્થાનવાળાને કપડું મોકલી દીધું. તે વખતે ગજીનું કપડું તારીણીચરણદત્તે અલાહાબાદ મોકલ્યું હતું. અને જે સંગ્રહ સ્થાનમાં આવ્યું તે ઇમદાદખાંએ તપાસ્યા પછી સરખાવવા સારૂ જે નમુનો ઓફીસમાં રાખ્યો હતો, તેની સાથે સરખાવતાં મળતું નહીં આવવાથી પાછું મોકલ્યું. ત્યારબાદ જે આગળ ગોઠવણ કરી હતી તેથી જૂદીજ ગોઠવણ કરવામાં આવી. તેમાં એવી કબુલત થઈ હતી. કે, ઇજારદારોએ પોતાની દુકાનેથી ગજી અલહાબાદ મોકલવાને બદલ કલકતાના ઇજારદારના નામથી અલહાબાદનો એક વેપારી સદરહુ કપડું પુરૂં પાડે. અને એમ જણાય છે કે કોક રીતે પણ કલકતાની પેઢીવાળાની વતી તે કપડું મોકલવાની આ વેપારીને સુચના ઇમદાદખાં મારફત થઇ, તે કેમ થઇ તથા એટલું કપડું જોઇએ છીયે તે આ અલાહાબાદવાળા વેપારીને કોણ લખતું, એ વાત ચોકસ નથી. તેમાંથી જે કાંઇ જણાય છે તે એવું છે કે, સને ૧૮૮૧ નો જે પ્રસંગ મેં ઉપર કહ્યો છે, તે પ્રસંગની પછી મજકુર કપડું અલહાબાદની દુકાનેથી પરબારૂં કલકતાના ઇજારદારના નામે આપવા માંડયું. અને આ બધી ગોઠવણ ઈમદાદખાંની ફરમાશથી થઇ હોય એમ જણાય છે. કપડાંની કિંમતનું શું થાતું, તે વિશે હવે જોવું જરૂરનું છે. અલહાબાદવાળો વેપારી જ્યારે સંગ્રહસ્થાનમાં માલ આપતો, ત્યારે સરકારને જેટલી નીસબત હતી, તે પ્રમાણમાં હિસાબ રાખવાનું ફારમ બદલાયું નહોતું. સંગ્રહસ્થાનમાં ગજીનું જેટલું કપડું આવતું તે બધું આ ફેરફાર થયાની પેહેલાં જે પ્રમાણે કલકતાના ઇજારદારો પુરૂં પાડતા હતા, તેજ પ્રમાણે હજુ પુરૂં પાડે છે. એમ ગણીને કલકતાવાળી પેઢીનું હિસાબમાં જેમ થતું અને તારીણીચરણદત્તને જે ભાવ આપવાનો કરાર હતો, તે ભાવ સરકારમાં મંડાતો. એટલે રૂ. ૧-૧૨-૬ ગજીના એક થાનની કિંમત હતી. તેથી સરકાને જેટલી નીસબત હતી તેના સંબંધમાં દેખીતો કાંઇ ફેરફાર થયો નહોતો. ઉપરથી કલકત્તાની

પેઢીવાળા માલ મોકલ્યા કરતા હતા અને આગળ પ્રમાણે તેજ ભાવથી ઊધરાણી પત્ર મોકલવામાં આવતું. વેપારીઓને આપવા વાસ્તે ઇમદાદખાંના હાથમાં સરકાર પૈસા આપ્યા કરતી હતી. અને બીજા વેપારીને પૈસા મળતા, તેમાં તારીણીચરણદત્તને પણ ગજીના કપડાંના પૈસા મળ્યા હતા.

આખરે સત્તાવાળાના જાણવામાં આવ્યું કે, અલહાબાદની પેઢીવાળાને એક થાન પછવાડે રૂપૈયા ૧-૬-૦ ને ભાવે મળે છે અને તેથી તે ઈજારદારોને સરકારમાંથી અપાયેલા પૈસા મળતા નથી. પણ એક થાને રૂ. ૦-૬-૬ કમતી મળે છે. આટલી તફાવતવાળી રકમો કોના ગજવામાં જાય છે, તેનો તપાસ કરવાની ઉપલી વાતથી ફરજ પડી. ઇમદાદખાંને પુછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે, તારીણીચરણદત્તે કપડું પુરૂં પાડનારની સાથે જે ગોઠવણ કરી છે, તેને અંતે તેને રૂ. ૧-૬-૦ મળે છે, પણ સંગ્રહસ્થાનના ઉપરી તરીકે મારે સંગ્રહસ્થાનમાંથી રૂ. ૧-૧૨-૬ વસુલ કરી લેવા પડે છે. ને ઇજારદારને આખી રકમ મોકલી દઊં છઊં. તપાસની શરૂવાતમાં તેણે આ પ્રમાણે જવાબ આપ્યો છે. અને ત્યારથી તે જવાબ તેને વળગી રહ્યો છે.

પરંતુ સરકારને ખાત્રી થઈ કે, એ જવાબ સાચો નથી. કલકતાવાળા ઇજારદારો તથા જે સખસો ખરેખરૂં કપડું પુરૂં પાડે છે, તેઓનો તપાસ કરીને સરકારને એવો નીર્ણય કરવો પડયો છે કે, સને ૧૮૮૧ માં ગજીનું કપડું ઇમદાદખાંએ રદ કર્યા પછી ઇમદાદખાં તથા ઇજારદાર વચે નવી ગોઠવણ થઇ. તે ઉપરથી જુનો કરાર રદ થયો. ત્યારબાદ ગજીનું કપડું રૂ ૧-૧૨-૬ ના થાન લેખે કલકતાની પેઢીવાળા આપતા નોહોતા. પણ તેઓની વતી અથવા ઇમદાદખાંની વતી ફકત રૂ. ૧-૬-૦ ને ભાવે અલહાબાદનો કોઈ સક્ષ પુરૂં પાડતો હતો. અને બાકી જે રહેતું તે ઇમદાદખાંના ગુંજામાં પડતું. બીજા શબ્દમાં કહીયે તો એમ કહેવામાં આવે છે કે, સને ૧૮૮૧ ની સાલના વહીવટ પછી સંગ્રહસ્થાનના ઉપરી અને ઈજારદાર વચે એવી કબુલત થઇ કે ગજીનાં કપડાંની કિંમત રૂ. ૧-૧૨-૬માંથી ઘટાડીને રૂ ૧-૬-૦ કરવી જોઈએ. અને જે સક્ષને ગજીના પૈસા આપવા પડતા હતા, તેનાથી આ ઘટાડાની વાત સંતાડવા સારૂ ચોપડા અને હિસાબો ખોટા લખ્યા. અને તેમાંથી નીકળતું હાંસીલ ઇમદાદખાં પોતાનું કરીને રાખતો. જો કે સરકારમાંથી વધુ ભાવ માંડીને પૈસા લેતો, પણ ફકત થોડો ભાવ આપતો. હવે ચોખું છે કે હકીકત આ પ્રમાણે સાબીત થઇ હોય. તો તેથી સાપ્રાધ વીશ્વાસઘાત કર્યાનો ગુન્હો કર્યા બરોબર થાય છે. ગમે તે ખાસ નામથી તે કહેવામાં આવે, તો પણ એક સરકારી નોકરે બે ભાવ વચેનો તફાવત ચોર્યા બરોબર છે. તથા ગુન્હો સંતાડવાના મતલબથી હિસાબ ખોટા માંડયા બરોબર છે. ખરેખરી રીતે આવી વાત સાબીત થઇ છે એમ પ્રોસીકયુશનવાળા તકરાર કરીને કહેછે. અને તેટલા ઉપર તેઓ આધાર રાખે છે પણ તેમ માનવાને તેઓ ખરા છે કે નહીં, તે જોવા સારૂ જે પુરાવો તેઓ સાબીત થએલો કહે છે, તે આપણે તપાસવો જોઇએ. અને જોવું જોઈએ કે, તેના ઉપર ભરોસો રાખી શકાય છે કે નહીં. જે ગુન્હાનું તહોમત છે તેનું રૂપ નજરમાં રાખતાં ચોખું છે કે, જો તે જરાએ ગુન્હો થયો છે, તો તે ઇમદાદખાં તથા વેપારીઓએ ભેળા થઇને કર્યો છે. જે મસલતમાં તેઓ બધા ભાગીયા હતા, અને જેની મતલબ ઓછે ભાવે કપડું લઇને બાકી રહેલો ભાવ બધાઓએ માંહોમાહે હાંસલ તરીકે વહેંચી લેવો. જો એમ છે તો ઈમદાદખાંના કરતાં વેપારી ઓછા ગુન્હેગાર નથી. એ

વાત પોતાની મેળે નીકળે છે. એકલા ઈમદાદખાં ઉપર તહોમત મુકયું છે, તે તહોમત પ્રમાણે ગુન્હો બન્યાની વાત ઈમદાદખાં વીરૂદ્ધ સાબીત થઇ છે કે નહીં, તેનો વિચાર કરવામાં ઉપરની હકીકતની નોંધ લેવાની જરૂર છે.

ઉપર જે પ્રમાણે મેં હકીકત કહી, તેજ પ્રમાણે હકીકત હોય તો બધી હકીકત જેના જાણવામાં હતી, તે સક્ષો ઇમદાદખાં, તારીણીચરણદત્ત, અને તારીણીચરણદત્તને નામે જે કપડું આપતો હતો તે અલહાબાદનો વેપારી, એમ ત્રણ જણ હતા. હવે સ્વભાવીક છે કે જ્યારે એમાંથી એક જણ ઉપર સાપ્રાધ વીશ્વાસઘાતનું તહોમત મુકવામાં આવે, તો બીજાઓને પ્રોસીકયુશનવાળા સાક્ષી તરીકે બોલાવે અને તેઓના પુરાવાથી ઈમદાદખાં સામેનો મુકરદમો સ્થાપીત ન થાય.

આ સાક્ષીઓમાંથી પેહેલો સાક્ષી જે બોલાવ્યો હતો તે તારીણીચરણદત્તની પેઢીનો એક ભાગીયો હતો. એ ઇજારદારની વાત જો સાચી હોયતો બેશક પ્રોસીકયુશન તરફનો મુકરદમો સાબીત થાય છે. સદરહુ ઈજારદારોની કહેવાની મતલબ એવી છે કે "સને ૧૮૮૧ ની સાલ સુધી આ સામાન પુરો પાડતા અને એક થાન દીઠ રૂપૈયા ૧–૧૨–૬ અમને કીમત મળતી. ૧૮૮૧ ના જાનેવારીમાં માલ રદ કર્યો પછી ઈમદાદખાંયે કહ્યું કે સારે ભાવે અલહાબાદમાં તે માલ મળી શકે છે. અમે જવાબમાં લખ્યું કે તમારી મરજીમાં આવે તે ભાવે માલ લ્યો, તેમાં અમારી કબુલત છે. તથા હાંસીલમાંથી અમોને કાંઇ હિસો આપવાની સરત કબુલ કરો, તો તે વૈવટને ઢાંકીદે એવી રીતે હિસાબ માંડો. માલ કોણ આપવું તથા તેનો શું ભાવ હતો તેની અમોને ખબર નહોતી."

આ જુબાની જો સાચી હોય તો પ્રોસીકયુશનનો મુકરદમો સાબીત થાય છે. કેમકે જુની ગોઠવણ રદ થયાનું તથા ઓછે ભાવે ગજીનું કપડું પુરૂં પાડવાની નવી ગોઠવણ થયાનું તથા હિસાબના ચોપડામાં આ ગોઠવણ છાની રહે એટલા સારૂ ખોટા હિસાબ લખ્યાનું જણાઇ રહે છે. તારીણીચરણદત્તની પેઢીવાળા ઇમદાદખાં સાથે સરખા ગુન્હેગાર છે, એમ વળી તેમાંથી અર્થ નીકળે છે. અને તેઓની કબુલત ઉપરથી તેઓનો ઇનસાફ કરી ગુન્હેગાર શામાટે ન ઠરાવવા તેનું કાંઇ કારણ નથી.

આ ખટપટમાં સપડાઈ ગયેલો પ્રોસીકયુશનનો બીજો સાક્ષી જે સ્વભાવીક રીતે બધી હકીક્ત જાણી શકે, એવો અલહાબાદનો વેપારી જે ૧૮૮૧ ના જાનેવારી પછી કપડું આપનારો સાધુલાલ છે, તેની જુબાની ઉપરથી તારીણીચરણદતવાળાની જુબાની ખોટી ઠરે છે. ને એણે છેવટ કહ્યું છે કે "હું એક રૂપૈયા છ આનાને ભાવે કપડું આપતો હતો એ વાત સાચી છે. પણ ઈમદાદખાંના કહેવા ઉપરથી હું આપતો નહોતો. કલકતાની પેઢીવાળા સાથે કરાર કરી આ કપડું આપતો ને તેઓના નામથી આ કપડું સંગ્રહસ્થાનમાં મોકલતો. કલકતાની પેઢીવાળા સાથે સરકારે કરાર કર્યો હતો, તે અગાઉ સરકાર સાથે અમારો કરાર હતો અને જે ગોઠવણ મેં હમણાં કહી, તે અનુસાર ગજીના કપડા શીવાય સંગ્રહસ્થાનવાળાને બીજી વસ્તુઓ પણ આપતો.

હવે અહીંઆં બે સાક્ષીયોની જુબાની છે. તેમાંથી એમના કહેવા પ્રમાણે ઈમદાદખાંની સાથે સાપ્રાધ વીશ્વાસઘાતનો ગુન્હો કરવામાં બંને સોબતી હતા. તે ત્રણ ગુન્હેગારોમાંથી એક ગુન્હેગાર કેદીના પાંજરામાં છે અને બીજા બેને તેના ઉપરનું તહોમત સાબી-

ત કરવાને સાક્ષી દરજ્જે બોલાવ્યા છે. એમાંનો એક સોબતી નથી એટલુંજ નહીં, પણ પ્રોસીકયુશનનો મુકરદમો જો સાચો હોય તો બંધવાને મદદ કરવા સારૂ ખોટા હિસાબ માંડેલા હોવા જોઇએ. બીજો કે જેની જુબાની સાચી હોય તો તે મુકરદમાનો નાશ કરી નાંખે છે. હરકોઈ કોરટ નીરભયપણે કેદીને આવી જાતને પુરાવેથી આવા પ્રસંગમાં ગુન્હેગાર ઠરાવી શકે એ કેમ બની શકે?

પ્રોસીકયુશન તરફથી આધાર રાખવામાં આવેલી ફકત બીજી બાબત તારીણી ચરણ દતના ચોપડાઓ છે. ઇમદાદખાંએ કહ્યું છે કે, હું બધી કીંમત ઇજારદારને આપી દેતો. એનું ખોટાપણું સાબીત કરવાના મતલબથી સદરહુ ચોપડા તપાસ્યા છે. કેમકે બધી કિંમત તેઓને નહોતી મળતી એમ પ્રોસીકયુશન તરફથી કહેવામાં આવ્યું હતું. પરંતુ ફકત ચોકસ હદ સુધી પુરાવો છે, એટલે કે તારીણીચરણદત જ્યારે પોતાની જુબાની આપે ત્યારે યાદદાસ્તી તાજી કરવા વાસ્તે તેમાં તે જુવે, પરતુ તે ઉપરાંત બીજો પુરાવો કહાડી શકતો નથી. તેમ તારીણીચરણદતે કહેલી હકીકતની સ્થીતી તેની જુબાની ઉપર આધાર રાખે છે. એ વાતને સદરહુ ચોપડા બદલાવી શકતા નથી. તેથી હવે એક આપણી પાસે સામાન્ય રૂપનો મુકરદમો છે. જેમાં બંધવા વિરૂદ્ધનો પુરાવો માત્ર તેના સોબતીઓની જુબાનીઓ છે.

આ દેશમાં તથા વિલાયતમાં મોટી નામના તથા ઉંચા અનુભવના જડજોએ ઠરાવ્યું છે કે, જ્યાં સુધી આવી જાતના પુરાવાને મુદ્દાની બાબતોમાં પુષ્ટી ન મળે ત્યાં સુધી તેના ઉપર નીરભયપણે ઇતબાર રાખવો નહીં. એવા ઘણા ફેંસલાઓની તપશીલો જોવી એ જરૂરનું નથી. શા કારણોથી આવો મત બાંધવામાં આવ્યો છે, તે ઉઘાડાં છે. જ્યાં બંધવાની વિરૂદ્ધનો કોઈ શાક્ષી કાંઈ વાત કહે, તેથી તેટલે દરજ્જે તે પોતે ગુન્હેગાર થતો હોય, ત્યાં બંધવાની વાત સાચી માનવાને બદલે તેની વાત સાચી માનવાનું કારણ ખુલું છે. જો તારીણીચરણદત્તની વાત સાચી હોયતો તે તથા ઇમદાદખાં બંને લુચાઓ છે. અને એકની જુબાની બીજાની જુબાની કરતાં વધારે વીશ્વાસ રાખવા લાયક ગણવાનો કાંઈ સબબ નથી. આવા અભીપ્રાયના આધારમાં મહારાણી કેસરે હીંદ. વિ. રામચરણના કેસમાં ભાઈ સ્ત્રેટ જસ્ટીસે ફેંસલો આપ્યો છે. તેજ ફકત જોવાનું માહારે કહેવું જોઇએ. જે મુકરદમામાં બધા વિલાયતના ફેંસલા એકઠા કર્યા છે, અને ઉચામાં ઉંચી સત્તાવાળાયે ઠરાવ્યું છે કે આવા વર્ગના પુરાવા ઉપર ઇતબાર રાખવો એ શા માટે સલામતીવાળું નથી, તેના કારણો તેમાં સમજાવ્યાં છે. મારે માટે કહેલું એટલુંજ બસ છે કે ભાઇ સ્ત્રેટ જસ્ટીસે જે ફેંસલાઓ આપ્યા છે, તેને હું પુરી રીતે મળતો આવું છું તથા તેણે જે તેમાં અભીપ્રાય આપ્યો છે, તેને પણ મળતો આવું છું. આવાં કારણોથી મારો અભિપ્રાય એવો છે કે આવા પ્રકારના સાક્ષી ઉપરથી અપેલેન્ટ ઇમદાદખાંને અપરાધી ઠરાવવો એ સલામતી ભરેલું નથી. અને એટલોજ પુરાવો તેના વિરૂદ્ધ છે. માટે તેને સાપ્રાધ વીશ્વાસઘાતના તોહોમતમાંથી નીરદોષ કરી છોડી મુકવો જોઇએ, એમ હું ઠરાવું છું.

ખોટા હિસાબ માંડયાના તોહોમતોના સંબધમાં કહેવું જોઈએ કે, જો સાપ્રાધ વીશ્વાસઘાત કર્યાના તોહોમત તટકે અથવા પડેતો ખોટા હિસાબ માંડયાનાં તોહોમત પણ તેજ પ્રમાણે થાય છે. સાપ્રાધ વીશ્વાસઘાત અમલમાં આણવાના મતલબથી મુળ કરાર પ્રમાણે

મુળના ભાવથી માલ પુરો પાડયો હતો, એવું બતાવવાને તારીણીચરણદત્તે જે હિસાબ મોકલેલ તે હિસાબ ખોટા લેખના તોહોમતો છે, તે તોહોમતો મતલબમાં એકજ રીતનાં અને એકજ પુરાવા ઉપર આધાર રાખનારાં છે અને જે કારણો હું હમણાં ઉપર આપી ગયો છઊં તે કારણસર તે તોહોમતોમાંથી બંધવાને નીરદોષ કરવો એમ મારો મત થાય છે.

માલની કિંમતમાં ઘટાડો કરવાના સંબંધમાં આવા પ્રકારનો સાપ્રાધ વીશ્વાસઘાત કરવો તેને લગતો થોડોક મારો અભીપ્રાય આપવાને હું ઇચ્છું છઉં.

કેનેડીયન ઓઇલઓાવ કારપોરેશનના મુકરદમામાં લાર્ડ જસ્ટીસ મેલીસ સાહેબના અભીપ્રાય ઉપર હીલ સાહેબે બહુ ભાર મુક્યો છે. તે અભીપ્રાય એવી મતલબનો છે કે, જો કોઇ શેઠ પોતાના નોકરને ઉધરાણીના પૈસા ચુકવવા મોકલે, અને આપવાના પૈસા તેને સાથે આપે. પછી જો વેપારી તે નોકરને કાંઈ બક્ષીસ આપે તો શેઠ તે હાંસલનો હકદાર થાયછે. કેમકે એથી કરી માલની કિંમત ઘટાડયા બરોબર થાય છે.

હવે જો હિસાબ ચાલતો હોય એટલે કે, હિસાબની બધી રકમો તપાસીને ચોકસ ન થઇ હોય, અને જો ત્યારબાદ નોકર પૈસા આપે તો તે હિસાબ ચોખો કરી તથા કીમતમાં ઘટાડો કરીને પૈસા આપવા બરોબર છે. ત્યારે દેખીતું છે કે, સદરહુ નોકર જે કાંઈ વટાવ લે છે તે તેના શેઠનો છે. અને તેના હાથ માંહેલા પૈસા હમેશાં તેના શેઠના છે. અને જો તે પોતાના ઉપયોગમાં લેતો તે ચોર થાય છે. પણ જો શેઠે પંડે વેપારી સાથે હિસાબ ચોખો કરીને ચોકસ રકમ ઠરાવી હોય, અને પછી પોતાના નોકરને પૈસા આપીને તે વેપારીને દેવા મોકલે, અને તે વેપારીને પૈસા ચુકવ્યા પછી સદરહુ નોકર કાંઇ બક્ષીસ માગે તો સદરહુ નોકર તે બક્ષીસ લઇને પોતાની પાસે રાખેતો તે ચોરી કર્યાનો ગુન્હેગાર નથી. કેમકે, તેમ કરવાનો તેનો ઇરાદો નથી. તે પૈસા તેને આપવાનો અધિકાર છે એમ તે માને છે. વિલાયતની ચાન્સરી અદાલતના નીતી ભરેલા મત પ્રમાણે સદરહુ નોકરને તે પૈસાનો હિસાબ આપવાની ફરજ વખતે હોય, પરંતુ તે કૃત્ય ગુન્હો કરવાથી કાંઇ ઇલાયદુજ છે. અને ચાન્સરી અદાલતના નીતીના અભીપ્રાયથી તે પૈસાનો હિસાબ તેને આપવાની જરૂર હતી. માટે તેને સાપ્રાધ વીશ્વાસઘાત કરવાનો ગુન્હેગાર ઠરાવવો એ હું દુરસ્ત માનતો નથી.

પરંતુ ચાલતા મુકરદમામાં આ સવાલ ખરેખરે ઉઠતો નથી. કીંમતનો ભાગ બંધવાને પાછો આપ્યો હતો. એમ નથી પણ માંહોમાંહેની મસલતની અનુસાર ભાવ ઘટાડીને હાંસલ તેણે ખરેખરૂં ચોરી લીધું છે એવો પ્રોસીકયુશન તરફનો મુકરદમો છે અને તે જે મુકરદમો ભાગીયાઓએ એ મસલત કરી કહેવામાં આવે છે. તેઓની જુબાની ઉપર પુરેપુરો આધાર રાખે છે. અને હું આગળ કહી ગયો છું. તે પ્રમાણે એ પુરાવો નીરભય પણે સાબીત ગણવાનો માહારો અભીપ્રાય થતો નથી.

જે ઠરાવ સેસન કારટમાં કરીને ઇમદાદખાંને અપરાધી ઠરાવ્યો છે તે ફેરવીને કાયદા પ્રમાણે કોઇ બીજા ગુન્હાનો અપરાધી ઠરાવવાને વીદ્વાન સરકારી વકીલ આગ્રહ કરે છે.

આવી રીતે કોઇ કામમાં એમ થઈ શકે કે નહીં. એ બાબતનો મારા મનને ભારે શક રહે છે. પરંતુ ચાલતા કામમાં આવો રસ્તો લેવો એ વાજબીનથી એમ કહેવું બસ છે. જો ઈમદાદખાં બીજા કોઇ ગુન્હાનો ગુન્હેગાર હોય તો તેનું તોહોમત રાખી ઈનસાફ થાય. આ બાબતમાં હું મારો કાંઇ અભીપ્રાય આપવા ચાહતો નથી. જે ગુન્હાનું તેના ઉપર તોહોમત મુકી તેનો ઇનસાફ થયો છે. તે ગુન્હાના સંબંધમાં તેની નીસબત રાખવી જોઇએ અને મારો અભીપ્રાય એવો છે કે, જે પુરાવા ઉપરથી તેને અપરાધી ઠરાવેલો છે તે પુરાવો નીરભય પણે વીશ્વાસ રાખવા લાયક નથી. આ પ્રસંગમાં અપીલ મંજુર કરૂં છું. અને ઠરાવ અને સજા રદ કરી બંધવાને છોડી મુકવાનો હુકમ કરૂં છઉં.

કલમ ૪૦૬ મી.

૪૦૬. જે માણસ સાપ્રાધ વીશ્વાસઘાત કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. સાપ્રાધ વીશ્વાસઘાતની શીક્ષા.

કલમ ૪૦૭ મી.

૪૦૭. કોઇ સખસને ભારવાહક દાખલ, અથવા ડંકાવાળા કે વખારવાળા દાખલ કાંઇ મીલકત સોંપી હોય, અને તે સખસ તે મીલકત બાબત સાપ્રાધ વીશ્વાસઘાત કરે, તો તે સખસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. ભારવાહકવગેરે એ સાપ્રાધ વીશ્વાસઘાત કરવો.

કલમ ૪૦૮ મી.

૪૦૮. કોઇ માણસ મેહેતો અથવા ચાકર હોય, અથવા કોઇને મેહેતા કે ચાકર દાખલ રાખ્યો હોય, અને તે દરજ્જાથી તેને કાંઇ મીલકત અથવા કાંઇ મીલકત ઉપર અખતીયાર કોઈ પણ રીતે સોંપ્યો હોય તે માણસ તે મીલકત બાબત સાપ્રાધ વીશ્વાસઘાત કરે, તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. કોઇ મેહેતા અથવા ચાકરે સાપરાધ વીશ્વાસઘાત કરવો.

કલમ ૪૦૯ મી.

કોઇ માણસને તેના દરજ્જાથી સરકારી નોકર દાખલ, અથવા તેના ધંધાસર, તેને સરાફ, વેપારી, કોઠીદાર, દલાલ, વકીલ કે અડતીયા દાખલ, કાંઇ મિલકત અથવા કાંઇ મિલકત ઉપર અખતીયાર કોઇ પણ રીતે સોંપ્યો હોય, તે માણસ તે મિલકત બાબત સાપ્રાધ વીશ્વાસઘાત કરે, તો તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇસરકારી નોકરેઅથવાસરાફે,વેપારીએ કે આડતીયાએ સાપ્રાધવિશ્વાસઘાત કરવો.

માહારાણી કેસરેહિંદ વિ. ગણપત તાપીદાસ.

બંધવાને રેવન્યુ પટેલના હુદાની रुए एक मंदीरना वरशासनना पैसा सरकारी तेजुरीएथी मळ्या हता. अने ते पैसा जे सक्षोने देवाना हता. तेमने तेणे आपी दीधा नहोतो. परंतु तेओए तेना हवालामां राजी खुशीथी राख्या हता. अने खरेखरी रीते बंधवाने तेओए जे पहोंच आपी हती. ते पहोंच तेणे रेवन्यु अधीकारीने मोकली दीधी हती.

ठराव्युं केः—बंधवा उपर सरकारे जे वीश्वास मुकेल हतो ते वीश्वास तेणे अदा कर्यो छे. अने थोडा वख्तने माटे बंधवे ए पैसा साफ दानतथी फक्त राख्या. एथी करीने ते बंधवो हिं. पी, को. नी ४०९मी कलमना अर्थ प्रमाणे साप्राध वीश्वासघातनो गुन्हेगार थतो नथी.

કલમ ૪૦૯
૧
તા. ૧૭-૧૨-૮૫
ઈ. ૧૦ મ. પા. ૨૨૬
જે કોઈ સરકારી નોકર ઉપર સરકાર વીશ્વાસ રાખીને કોઇને પઈસા આપવા મોકલે તે પઈસા જેઓને આપવાના હોય તે સખસો તુરત લેવાને બદલે તે સરકારી નોકરના હવાલામાં રાખેતો તેથી તે સરકારી નોકર ગુન્હેગાર થતો નથી.

નાણુાની બે નાની રકમોના સંબંધમાં બંધવાને એક સરકારી નોકર તરીકે ખાંનદેશના સેસન જડજે સાપ્રાધ વીશ્વાસઘાત કર્યાનો અપરાધી ઠરાવી તેને ૬ મહિનાની આસાન કેદની સજા કરી હતી તે ઉપર આ અપીલ કરવામાં આવી હતી.

તે મુકરદમાની હકીકત હાઇકોર્ટના ઠરાવમાંથી જોઇએ તેટલી જણાઈ આવે છે.

સરકાર તરફથી પાંડુરંગ બળીભદ્ર.

જસ્ટીસ બર્ડવુડનો ઠરાવ.

આ મુકરદમાના ગુન્હાનો ઠરાવ ટકી શકે છે એમ અમે ધારતા નથી. બંધવે સદરહુ રકમ પોતાના ઉપયોગમાં લીધી એવું બતાવનારૂં તેમાંથી જણાયું નથી.

પાંડુરંગ બળીભદ્રનો પ્રત્યુત્તર.

એ પૈસા જેઓનો લેવાનો અધિકાર હતો તેઓને આપી દેવાની ફરજ તેની હતી છતાં થોડા વખતને માટે તેણે પોતાના ગજવામાં એ પૈસા શા માટે રાખ્યા.?

જસ્ટીસ જાર્ડીનનો સામો જવાબ.

પૈસા લેનારાઓ તેને સોંપવા ખુશી હતા. એટલા માટે તેણે તે પૈસા પાસે રાખ્યા હતા.

આ કામમાં સરકારને જેટલી નીસબત હતી તેના સંબંધમાં તેણે પૈસા લેનારાઓ પાસેથી પહોંચ લઇને તે પહોંચો મેહેસુલખાતાના અધિકારીને મોકલી દીધી હતી. એટલે એ રસ્તે તેના ઉપર જે વીશ્વાસ મુકવામાં આવ્યો હતો તે વીશ્વાસ તેણે અદા કીધો છે.

જસ્ટીસ જારડીનનો ઠરાવ.

એક દેવળના વરશાસનના પૈસાની બે નાની રકમો અપેલેન્ટને પટેલ તરીકે આપી દેવાની હતી. તે રકમોના સંબંધમાં તેણે સાપ્રાધ વીશ્વાસઘાત કર્યાના બે તોહોમતો ઈ.પી. કો. ની ૪૦૯ મી પ્રમાણે મુકીને અપેલેંટને અપરાધી ઠરાવ્યો હતો. એમ સાબીત થયું છે કે જે બે સક્ષોને સદરહુ પૈસા આપવાના હતા. તેઓની પાસેથી રીતસર પહોંચો લઇને તે પહોંચો રીતસર મેહેસુલખાતાના અધીકારીને તેણે મોકલી દીધી હતી. પુરાવા ઉપરથી ઇનસાફ કરવાનું જેટલું બની આવે છે તે એછે કે અપેલેંટે ઉપર આ રીતે સરકારે વીશ્વાસ મુકયો હતો તે વીશ્વાસ તેણે અદા કર્યો છે અને તેથી અમારો એવો મત થાય છે. સદરહુ તોહોમતો તેના ઉપર રહી શકતાં નથી.

જે બે સક્ષોને પૈસા લેવાનો અધીકાર હતો તેને તેણે તુરતજ આપી દીધા નહીં એ વાત ખરી છે પણ તેનું કારણ એછે કે તે પૈસા અપેલેંટને સોંપવાને તેઓ ખુશી હતા. શેખ લાલે એવી જુબાની આપી છે કે, અપેલેંટ મને મારા પૈસા આપ્યા વગર રહેશે નહીં. એમ હું ધારતો હતો. તે પૈસા ફકત દોઢ રૂપૈયાના હતા. સીતારામ જેને રૂપૈયા ૨-૮-૦ લેવાનો અધીકાર હતો તેણે નીચે પ્રમાણે જુબાની આપી છે. " પહોંચમાં જ્યારે મેં સહી કરી ત્યારે હું મંદીરમાં હતો. બંધવે કહેલ કે તે પૈસાં હું આઠદીવસમાં પાછા આપીશ. મહારી પોંહોંચમાં સહી કર્યા પછી હું ગામતરે ગયો હતો અને અશાડ મહિના સુધી હું ધરણા ગામમાં પાછો આવ્યો નહોતો" બીજે ઠેકાણે તેણે એવું લખાવ્યું છે કે બંધવો ઠગી જાશે એમ હું ધારતો નોહોતો આ બેમાંથી એકે માણસે ફોજદારી ફરીયાદ કરી નથી. આ નજીવી રકમનું કરજ તેણે આપવાના પાડી હોય, અથવા ઠગાઇનું અથવા બીજું બદ દાનતવાળું કામ કરવા જેવું તેણે કર્યું હોય એવો કાંઇ પુરાવો પડયો નથી.

આ સબબ ઉપરથી ઠરાવ અને સજા રદ કરી અપેલેંન્ટને છોડી મુકવાનો હુકમ કરીએ છીએ.

કલમ ૪૧૦ મી.

ચોરીની મીલકત.

જે મિલકતનો કબજો ચોરીથી, અથવા જબરાઇના કઢાવવાથી, અથવા અપહરણથી, એકની પાસેથી બીજાની પાસે ગયો હોય તે મિલકત, તથા જે મિલકતનો સાપ્રાધ ખોટો ઉપયોગ થયો હોય, અથવા જે બાબત સાપ્રાધ વિશ્વાસઘાત થયો હોય, તે મિલકતનું નામ "ચોરીની મિલકત" પાડયું છે પછી બ્રીટીશ ઇંડિયાની માંહે અથવા બહાર તે કબજો એકની પાસેથી બીજા પાસે ગયો હોય અથવા તે સાપ્રાધ ખોટો ઉપયોગ અથવા વીશ્વાસઘાત થયો હોય તો પણ અગર તે મિલકત જે સખસનો તે કબજામાં લેવાનો કાયદા મુજબ હક હોય એવા કોઇ સખસના કબજામાં પાછળથી આવે તો પછી તે ચોરીની મિલકત સમજવી નહીં.

માહારાણી કેસરેહીંદ વિ. મલહારી.

કલમ ૪૧૦.

૧

તા૦ ૧૧-૯-૮૨
ઈ. ૭ મ. પા. ૭૩૧
ચોરાઉ મિલકત કબજામાં હોવાથી તે મિલકતબદદાંનતથી મેળવ્યાનુ અનુમાન બાંધવું કે નહીં તેનો વિચાર કરવામાં સદરહુ મિલકતનો કબજો કરવાનો પતો નીરમળ રીતે તોહોમતદાર તરફ જવાની ખાત્રી કરી લેવાની જરૂર છે એમ જુરીને આદેશ કરતી વખત તે જુરીને લક્ષ ખેંચવું જોઇએ

चोराउ मिलकत कबजामां होवाथी ते मिलकत बददाततथी मेळव्यानुं अनुमान बांधवुं के नहीं तेनो विचार करवामां सदरहु मिलकतनो कबजो करवानो पतो नीरमळ रीते तहोमतदार तरफ जवानी खातरी करी लेवानी जरुर छे एम जुरीने आदेश करी तेमनुं ते वीशे लक्ष खेंचवुं जोइए.

चोराएली मिलकत संताडी राख्या पछी कोइ माणसना घरमांथी ते नीकळे तो ते मिलकत चोराउं छे. एम ते माणसना जाणवामां होवानुं अनुमान बांधी शकाय छे पण डेकायटीथी मेळव्यानुं अनुमान बांधवा सारु तेटली हकीकत बस नथी.

પુનાના સેસન જડજે જુરીની મદદથી ઈ. પી. કો. ની. ૪૧૨ મી કલમ પ્રમાણે જે મીલકતનો કબજો ડેકાયટીનો ગુન્હો કર્યા પછી બદલાયો હતો એમ જાણવા છતાં બદઇરાદાનતથી તે મીલકતને રાખવામાં ઈ. પી. કો. ૪૧૨ મી કલમના ગુન્હા વાસ્તે બીજાઓની સાથે અપેલેન્ટનો ઇનસાફ પુનાના સેસન જડજે જુરીની મદદથી કર્યો હતો. અને તેમાં અપેલેન્ટને ચાર વરસની સખત કેદની સજા કરી હતી.

અપેલેન્ટ મલહારીના સંબંધમાં નીચે મુજબ સેસન જડજે જુરીને આદેશ કરેલોછે.

" ૧૭ મા નંબરના તોહોમતદાર મલહારીના ઘરમાં જે ઘરેણાંઓ તથા વસ્તુઓ નીકળી તેનો પુરાવો હવે બાકીમાં છે.

ડેકાઇટી કરીને જે માલ ચોરાયો હતો તે માંહેલો આ માલ છે. એમ કોઈ કહી શકતું નથી, પરંતુ ૧૭ મા નંબરવાળો કહે છે કે મારા ઘરમાં તે માલ શી રીતે આવ્યો

તેની મુને ખબર નથી. જે એક મેડામાં તમાકુ ભરી રાખી હતી તેમાં આ દાગીનાઓ સતાડી રાખ્યાનું જણાય છે. જો તમોને એવી ખાતરી થઈ હોય કે આમાં કોઈ જાતનો દગો થયો નથી તો પછી ૧૭ મા નંબરના બંધવા વિરૂદ્ધ ઘણુંજ સપડતું અનુમાન ઉભું થાય છે. તેની સાથે બીજી કેટલીક બાબતો છે કે જે બંધવાના લાભ ખાતર વીચારવી જોઇએ. છઠી એપ્રીલને રોજ ડેકાઇટી થઇ, અને આઠમી તારીખ સુધી તેનું બીબલી ગામમાં આવેલા ઘરનો ઝાડો લેવાયો નહોતો. એટલા બધા અરસામાં સખત તજવીજો ચાલુ રહી હતી. અને ઘણાઓને પકડવામાં આવ્યા હતા. જો પોતાના ઘરનો ઝાડો લેવાશે તો જે ઠેકાણે એ દાગીનાઓ સંતાડયા હતા તે ઠેકાણેથી તે દાગીના અવસ્ય મળી આવશે એવી બીક છતાં બંધવો પોલીસ પટેલ થઇને તે દાગીનાઓ પોતાના ઘરમાં રાખે એ થોડું ઘણું અજાયેબી ભરેલું છે. આટલી બધી લાંબી વેળા મળી તેમાં તે દાગીના ગાળી નાંખવાનું અથવા જંગલમાં સંતાડી દેવાનું બહુજ સહેલું હતું થોડો ઘણો શક રહે છે કે, ઝાડો લેનારાઓના જાણવામાં હતું કે માલ તુરત મળી આવવાનો છે કેમકે જે ગાંસડી માંહેલા દાગીના જડી આવ્યા કે તુરતજ ઝાડો લેવો તેઓએ બંધ કર્યો. ફરીઆદી લધુજીનું એકંદર નુકશાન રૂપૈયા ૨૬૯૨-૮-૦ નું કહેવામાં આવ્યું હતું. અને તેમાંથી થોડોક ભાગ જડી આવતાં વધુ બારીક તજવીજ થવી જોઇતી હતી એમ સ્વભાવીક રીતે ધારવું જોઈએ. પણ તેમ કરવાને બદલે પોલીસને જેટલું મળ્યું તેટલેથી સાવ સંતોષ થઇ ગયો અને એજ ઘરમાં દાણાઓના મોટા ટોપલાઓ ભર્યા હતા તેમાં તપાસ કર્યા વગર બીજા ઘરમાં તપાસ કરવા ગયા. ફરીઆદીની જુબાની ઉપરથી જણાય છે કે મારા ઘરમાંથી કીંમતી માલ ખોળવા સારૂ ડેકાઇટી કરનારાઓએ દાણાના આવા કોઠારો તોડયા હતા. તથા ભીંત અને ભોંપણ તોડી હતી. કુલકરણીએ લખાવ્યું છે કે ઘરની અંદરથી નીસરણી મુકયા વગર તેમાં જવાય એવું નથી. માટે તે હકીકતથી કુલકરણીની જુબાની કમ જોર થઇ જાય છે."

જુરીએ મલહારીને અપરાધી ઠરાવવાનો જે મત આપ્યો છે, તે મત સાથે સેસન જડજનો મત પણ એકત્ર થવાથી તેને ઇ. પી. કો. ની ૪૧૨ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવવામાં આવ્યો છે. અને તે બદલ તેને ચાર વરસની સખત કેદની સજા કરીછે.

બાનસન તથા માહાદેવ ચીમનાજી અપેલેંન્ટ તરફથી હાજર હતા તેઓએ એવી તકરાર લીધી કે ડેકાઇટી કરીને મેળવેલી મિલકતનો અપેલેંન્ટનો તાજો કબજો હતો. તે ઉપરથી સેસન જડજે એવું અનુમાન કરેલું છે કે સદરહુ મિલકત ડેકાઇટીમાંથી ચોરાયાની અપેલેંન્ટને જાણ થઇ હશે. અને તેવું અનુમાન કરવામાં તેણે કાયદાની ભુલ કરેલી છે. કેમકે એ મિલકત ચોરાઉ છે એટલું જાણ્યા ઉપરાંત વધુ તે વીશે તેના જાણવામાં હતું એવું અનુમાન કરી શકાતું નથી. આવો ગુન્હો ઇ. પી. કો. ની ૪૧૧ મી કલમમાં આવી શકે છે અને તેને માટે ઘણામાં ઘણી સજા ત્રણ વરસની છે. માટે ચાર વરસની કરેલી સજા કાયદા વીરૂદ્ધ છે પણ આ કામમાં ચોરાઉ મિલકતના કબજાનો પતો સાફ રીતે અપેલેન્ટ ભણી નીકળ્યો નથી. અને તે વીશે સેસન જડજે જુરીનું લક્ષ ખેંચ્યું નથી તેમાં તેણે ભુલ કરેલી છે.

સરકાર તરફથી નાનાભાઇ હરીદાસ.

જસ્ટીસ મેલવીલનો ઠરાવ.

સંતાડી રાખેલી ચોરાઉ મિલકત પોતાના ઘરના મેડામાંથી જડી આવ્યાની હકીકત

ઉપરાંત અપેલેન્ટ મલહારી વીરૂદ્ધ બીજો કાંઇ પુરાવો પડયો નથી. તેણે જાણ્યું હશે કે એ મિલકત ચોરાઉ હોવાના જાણ્યા વીશેનું અનુમાન કરવાને આટલી હકીકત બસ છે.

પરંતુ ડેકાઇટી કરીને તે મીલકત મેળવ્યાનું હોવાનું જુરીએ માની લીધું છે તે કાયમ રાખી શકાતું નથી. જુરીના ઠરાવમાં આ ખાંમી છે. તે અલગ રાખીએ તો પછી સદરહુ ચોરાઉ મીલકતનો કબજો સાફ રીતે અપેલેન્ટેજ મેળવ્યો હતો. તથા જે ઠેકાણેથી આ માલ જડી આવ્યો તે ઠેકાણે તોહોમતદારના ઘરવાળાઓમાંથી બીજું કોઈ મુકી જાય એમ નહોતું એ વીશે ખાતરી કરી લેવાનું જુરીનું લક્ષ ખેંચાયું નથી. બેસ્ટ સપ્ટેલે પોતાના પુરાવાના ગ્રંથને પાંને ૨૯૪ મે જે વીવેચન કરેલું છે તે વીચારવા યોગ્ય છે" પરંતુ વાજબી રીતે અનુમાન કરવા સારૂ ચોરાઉ મિલકતનો કબજો આંગત તથા તાજો હોવો જોઇએ. તોહોમતવાળાના શરીર ઉપર તે મિલકત માલમ પડે અથવા પોતાના તાળાથી બંધ કરેલ ઓરડીમાં કે ઘરમાંથી જડી આવે અથવા પોતે એકલોજ કુંચી રાખતો હોય, એવી તાળા બંધ પેટીમાંથી જડી આવે તો તે તોહોમતવાળાને વાજબી રીતે કહેવું કે હવે તારે તારો બચાવ કરવો હોય તો કર પરંતુ જે ઘરમાં અથવા ઓરડામાં બીજાઓની સાથે તે રહેતો હોય અને જે બીજા પાછા તેવીજ ચોરી કરવા ધારેતો કરી શકે એવા હોય, તે ઘર અથવા ઓરડામાંથી અથવા જે પેટી ઉઘાડવા દેવાનો બીજાઓને લાગ આવતો હોય તે પેટીમાંથી ચોરાએલા દાગીના જડી આવે તો તેના અપરાધીપણા વીશે ચોકસ રીતનું અનુમાન થઈ શકતું નથી. જ્યારે બંધવો એકલોજ ઘરમાં રહેતો હોય અને તે ઘરમાંથી ચોરાઉ મીલકત જડી આવે ત્યારે તેના અપરાધીપણાનું ઉપલા નીયમોમાં અનુમાન કરવું જોઈએ. કારણ કે તેની રજામંદી વગર કોઇ વસ્તુ માંહે લાવતાં અથવા તેમાંથી બહાર લઇ જતાં અટકાએત કરવાનો તેનો સંપુર્ણ અખતીયાર છે. એવી દલીલ આપીએ તો આપી શકાય એવી છે. સદરહુ મીલકતના સંબંધમાં માંહો માંહે જે સવાલજવાબ કરવા પડે તેમાં એ દલીલ વખતે સાચી હોય, પણ ચોરાએલો માલ તેણે પોતે પોતાના ઘરમાં રાખ્યો હતો. અથવા તેમાં રાખવામાં તેણે જાણ્યુ અજાણ્યું કર્યું હતું એવું અનુમાન તથા તે પ્રમાણે એ માલ તેણે રાખ્યાનું ધારીએ તોપણ જ્યાં સુધી પુષ્ટી કર્તા પુરાવો પડયો નથી, ત્યાં સુધી તેણેજ એ માલ ચોરેલો હોવો જોઈએ. એવું બીજું, એમ બેવડા અનુમાનથી સદરહુ ઘરના માલેકને ગુન્હેગાર ઠરાવવો એ કેવળ જાણી જોઇને કાયદા નીચે કચરી મારવા જેવું થાય છે."

આ કામના અપેલેન્ટને એક પુખ્ત ઉમરનો ભાઈ છે. ને તે અપેલેન્ટની ગેરહાજરીમાં પણ તે ઘરમાં રહેતો હતો. વળી તેના બીજા કુટંબના માણસો પણ રહેતાં હતાં, સદરહુ ચોરાએલી મીલકત જ્યાંથી જડી આવી ત્યાં અપેલેન્ટેજ મુકી હતી. અને તેના ઘરના માણસોમાંથી બીજા કોઇએ મુકી નહોતી. એ અનુમાન એટલુંતો નબળું છે કે, તે ઉપર જુરીનું લક્ષ ખેંચ્યું હતતો ઠીક પડત. જે ઠરાવ કર્યો છે તે ઠરાવ અથવા ક્રી. પી. કો. ની ૪૧૧ મી કલમ મુજબ ઉતરતા ગુન્હાનો ઠરાવ આ પ્રસંગમાં રહી શકે એમ અમો ધારતા નથી. માટે ફેરવી નાંખી મલહારીને છોડી મુકવા હુકમ કરીએ છીએ.

રાણી વિ. બેગારઈ કૃષ્ણા સરાણું.

કલમ ૪૧૦.
૨
તા. ૨૪-૪-૮૩

क्री. पी. को. नी ८३ मी कलमना अर्थ प्रमाणे समक्ष शक्तिनी

खामीना सबबथी कोइ बचांनो चोरी कर्याना गुन्हा माटे इनसाफ थइ ते बचांने फोजदारी काम चलाववानी रीतना कायदानी २१९ मी (२९३) कलम अनुसार छोडी मुक्युं हतुं एटलीज वात उपरथी जे मिलकत चोराएली कहेवामां आवती होय ते राखवामां कोइ सक्षना उपर ४११ मी कलमनुं तहोमत आव्युं होय तो ते गुन्हा माटे तेने अपराधी ठरावबा कशोए प्रतीबंध नथी.

ઈ. ૬ મ. પા. ૩૭૩ કોઇ ઓછીસમજનું છોકરૂં ચોરી કરીને બીજાસક્ષને આપે તો તે બીજો સક્ષ હીં.પી કો. ની. ૨૫૭ મી કલમ પ્રમાણે સદરહુ છોકરાના છુટી જવાથી ચોરીનોમાલ રાખ્યાના ગુન્હામાંથી છુટી શકતો નથી.

ગંજામના જીલ્લા માજીસ્રેટે આ કામ હાઇકોર્ટનો હુકમ થવા સારૂ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૮ મી કલમ પ્રમાણે લખી મોકલ્યું હતું તે એવા સબબથી કે હી. પી. કો. ની ૪૧૧ મી કલમના ગુન્હાનો ઠરાવ કાયદાથી ઉલટો છે.

કોઇના તરફથી કોઇ વકીલ હાજર હતા નહી.

હાઇકોર્ટ તરફથી જસ્ટીસ કરનાન તથા મુતુસ્વામી આયરે ઠરાવ આપ્યો છે તેમાંથી આ કામની હકીકત જણાઇ આવશે.

ઠરાવ.

પ્રોસીકયુશન તરફનો પેહેલો સાક્ષી એક નવ વર્ષનો છોકરો છે. એને એક બીજા છોકરાની ડોકમાં પહેરેલી આશરે અઢી રૂપૈયાની કંઠી લઇને તેણે બંધવાને પાંચ આનામાં આપી. બીજા વર્ગના માજીસ્રેટે નકી કર્યું કે સદરહુ કંઠી ચોરીનો માલ છે એમ બંધવો જાણતો તેથી તેને હી. પી. કો. ની ૪૧૧ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવ્યો.

તથાપી એ પહેલા સાક્ષીને હી. પી. કો. ની ૮૩ મી કલમ પ્રમાણે છોડી મુકયો છે. અને બંધવાની બાબતમાં જે ગુન્હાનો ઠરાવ કરેલો છે તે કાયદાથી ઉલટો છે એમ કહીને આ રેફરંસ કરવામાં આવ્યું છે. અને તેનું એવું કારણ બતાવ્યું છે કે જ્યારે કાંઇ ચોરી થઇ નથી ત્યારે મુદાની મિલકત ૪૧૦ મી કલમના અર્થ પ્રમાણે ચોરાઉ મિલકત ગણાઈ શકાતી નથી.

સદરહુ છોકરે તે દાગીનો લેઇને તુરતજ પાંચ આનામાં વેચી નાંખ્યો અથવા ધરેણે મુકયો. તે જોઇને અમોને લાગે છે કે, અલબતે તે સાત વરસ કરતાં અને બાર વરસ કરતાં ઓછી ઉમરનો હતો તોપણ હી. પી. કો. ની ૮૩ મી કલમના અર્થ પ્રમાણે તે પ્રસંગે પોતાની ચાલનું શું પરીણામ થશે એ તે ચાલ સારી કીંવા નરસી છે તે વીશેનો વિચાર કરવા સારૂ તેને જોઇએ તેટલી પુખ્તાઇ સંપાદન થઇ હતી. જ્યારે આમ છે તો એ છોકરાને કંઠી લઇને પોતાને ગેર કાયદેસર લાભ લેવાનો ઇરાદો હતો માટે ચોરી થયાની વાત સાવ દીવા જેવી છે. એટલે અમે કરેલા ઠરાવમાં વચે પડતા નથી.

માહારાણી કેસરેહીંદ વિ. થામસ બર્ક.

कोइ सक्ष उपर ही. पी. को. नी ४११ मी कलमना गुन्हानुं तहोमत आव्युं होय, अने जे मिलकत तेनी पासेथी नीकळी ते क्यांथी आवी, तेनो खुलासो करी शकतो न होय एटलाज उपरथी ज्यां प्रसंगो ल.

કલમ ૩૧૦.

૩

તા. ૧૬-૨-૮૪
ઈ. ૬. મ. ૨૨૪
અમુક ધારાએ

इने ते मिलकत चोरेली जाण्या छतां तेणे मेळव्यानुं •अनुमान थतुं न होय त्यां मजकुर गुन्हानो तेने अपराधी ठरावी शकातो नथी.

ते मिलकत चोराणी हती तथा बंधवे बददानतथी मेळवी हती एम बंने वोतो प्रोसीक्युशनवाळाए सावीत करवी जोइए.

સો મિલકતપોતાના કબજામાં શી રીતે આવી તેનો કોઈસાફીખુલાસો કરી શકતો નહોય એટલાજઉપરથી તેણે તે મિલકત ચોરેલી જાણ્યા છતાં મેળવ્યાનું બીજું કશું અનુમાન થતું નહોય તો આ કલમ પ્રમાણે તેને અપરાધી ઠરાવી શકતો નથી.

સને ૧૮૮૩ ના ડીસેંબરની ૧૮ મી તારીખે અપેલેંન્ટ થોમસ બર્કને હી. પી. કો. ની ૪૧૧ મી કલમના ગુન્હાનો આગ્રાના સેસન જડજે અપરાધી ઠરાવ્યો હતો તે ઠરાવ ઉપર આ અપીલ કરવામાં આવી છે.

આગ્રાના સેસન જડજ પાસે અપેલેંટનું કામ ચાલ્યું તેમાં સાબીત થયું છે કે ફરીયાદી મેજર હેકેટ સાહેબ સને ૧૮૮૩ ના મે ની ૧૭ મી તારીખને રોજ ગાડા રસ્તે ચકરાટા ગામથી શાહારાનપોર આવીને ત્યાંથી ઇસ્ટ ઇંડીઆ રેલવેમાં આગ્રે જતા હતા.: ચકરાટા મુકયા અગાઉ તેની મેડમે પોતાના ધણીની પેટીમાં અથવા તેના પોર્ટમેંટોમાં સાત રૂમાલો મુકયા હતા. તે સાહેબની સઘળી પેટીઓ તથા પોર્ટમેંટો ટુંડા જંકશનથી આગગાડીમાં આગ્રે જતા;હતા. તેમાં અપેલેન્ટ ગાર્ડ (ચોકીદાર અથવા આગગાડીના છેલા ડબામાં જે સક્ષ રહે છે તે) અને સદરહુ પેટી અને પોર્ટમેંટો પાસે થઇને તેનાથી જવાય અવાય એવું હતું. એક બે દહાડા પછી મેજર હેકેટ સાહેબને એક રૂમાલ જોઈતો હતો ત્યારે તેના નોકર નજફખાંએ તેની પેટીઓ તથા પોર્ટમેંટોના તાળાં ઉઘાડયાં પણ તેમાંથી એક રૂમાલ મળ્યો નહીં. ત્યારબાદ એક મહિને મેજર હેકેટ સાહેબની પેટીઓમાં તથા પોર્ટમેંટોમાં જે રૂમાલ મુક્યા હતા તેને બધી રીતે મળતો એક રૂમાલ અપેલેંન્ટની પાસે હતો. અને આ રૂમાલ તેની પાસે હોવાથી તે ચોરાએલો જાણ્યા છતાં પોતાની પાસે બદનીષ્ટાથી રાખ્યાનું તોહોમત અપેલેંન્ટ ઉપર મુકવામાં આવ્યું. પ્રથમ ચોકશીમાં ચકરાટે કમીશન મોકલીને મેજર તથા મીસીસ હેકેટની જુબાની લેવામાં આવી. અને તેઓના નોકર નજફખાંને જાતે બોલાવીને તપાસ્યો. અપેલેંન્ટ ઉપર જ્યારે કામ ચાલ્યું ત્યારે તેમાં સેસન જડજે મેજર હેકેટની જુબાની ચકરાટે કમીશન મોકલીને લેવરાવી અને એ જુબાની તથા પ્રથમ ચોકશી વખતે તેની તથા તેની મેડમની કમીશન મોકલીને લેવરાવેલી જુબાની તથા તેજ ચોકશીમાં નજફખાંની લીધેલી જુબાની સેસનજડજે અપેલેંટ વિરૂધ પુરાવામાં દાખલ કરી. અપેલેંટે બચાવ કર્યો કે સદરહુ રૂમાલ દીલીમાં રહેનારી એક વેસ્યા પાસેથી મને મળ્યો છે, પરંતુ આ તેની હકીકત સાબીત કરવાસારૂ તેણે કાંઇ પુરાવો આપ્યો નહીં. તે ઉપરથી સેસન જડજે ઠરાવ્યું કે તકરારી રૂમાલ મેજર હેકેટ સાહેબનો હોવાનું સાબીત થયું છે તથા એ રૂમાલ પોતાની પાસે શી રીતે આવ્યો તેની અપેલેન્ટે ખાત્રી આપી નથી, તેથી તે હી. પી. કો. ની ૪૧૧ મી કલમના ગુન્હાનો ગુન્હેગાર છે.

અપીલનાં કારણો નીચે પ્રમાણે હતાં.

(૧) સદરહુ રૂમાલ ચોરાયાનો પુરાવો સાબીત થયો નથી.

(૨) સદરહુ રૂમાલ બદનીષ્ટાવાળા અથવા સાપરાધ ઇરાદાથી અપેલેન્ટે પોતે મેળવ્યાનું સાબીત થવા જેટલો પુરાવો પડયો નથી.

(૩) ફરીયાદી તથા તેની વહુની કમીશન મોકલીને લેવરાવેલી જુબાની અપેલેન્ટને હાની કર્ત્તા છે.

અપેલેન્ટ તરફથી રોઝ સાહેબ તથા બાબુ રૂદ્રાજી.

સરકાર તરફથી હીલ સાહેબ.

જસ્ટીસ ઓલ્ડફીલ્ડનો ઠરાવ.—

આ ગુન્હાનો ઠરાવ ટકી શકતો નથી. કેમકે અપેલેન્ટ પાસેથી નીકળેલો સદરહુ રૂમાલ મેજર હેકેટ સાહેબનો હોવાનું જો કે પુરાવાથી સાબીત થઇ શકે તોપણ સદરહુ રૂમાલ ચોરાયો હતો તથા અપેલેન્ટે તે ચોરાયો છે એમ જાણીને અથવા માનીને બદધાનતથી મેળવ્યાનું ખાત્રી પૂર્વક સાબીત થતું નથી. જે માણસ ઉપર ચોરીનું તહોમત આવ્યું હોય તે કામમાં ચોરી થયાની વાત સાબીત કરવાની જેટલી જરૂર છે, તેટલીજ આ કામમાં અપેલેન્ટ ઉપર ૪૧૧ મી કલમના તહોમતને સંબંધે ચોરી થયાની વાત પુરેપુરી સાબીત થવી જોઇએ. હવે એ ચોરી કયે ટાંણે તથા કયે ઠેકાણે થઇ અથવા કયે પ્રસંગે, કોણે કરી, તે બીલકુલ જણાતું નથી. મેજર હેકેટ સાહેબ મે માસમાં ચકરાટેથી આગ્રે આવતા હતા ત્યારે તેની પેટીમાં મુદાના રૂમાલો જેવા રૂમાલો મુકયાનું તથા ત્યારબાદ આગ્રે આવ્યા પછી જ્યારે પેટીઓ ઉઘાડી ત્યારે તે રૂમાલો તેમાં ન હોવાનું જણાય છે. અલબતે તે રૂમાલ ચોરાયો હશે પણ કાંતો આગગાડીમાં કીંવા તેની પહેલાની મુસાફરીમાં અથવા તે મુસાફરી કર્યા પછી ચોરાયા હોય તો તે કાંઈ નવાઇ નથી અથવા તેવીજ રીતે ખોવાઇ ગયો હોય અથવા કઠેકાણે મુકાઇ ગયો હોય એ પણ તેટલેજ દરજે માની શકાય એવું છે. રૂમાલો ગયાની વાત બધી અટકળ ઉપર રહેલી છે.

વળી અપેલેન્ટ પાસેથી જે રૂમાલ મળી આવ્યો, તે રૂમાલ પેટીમાં મુકેલા રૂમાલ માંહેલો હોવાનું સાબીત થયું નથી. તેમ તે બદધાનતથી મેળવ્યાનો પણ જોઇએ તેટલો પુરાવો પડયો નથી. ધારો કે મુદાનો રૂમાલ તા. ૧૭ મી મે સુધી મેજર હેકેટ સાહેબ પાસે હતો અને એક મહિનાથી વધુ વખત વીત્યા બાદ અપેલેન્ટની પાસે હતો. એ મુદત ઘણી લાંબી છે. અને પોતાની પાસે શી રીતે આવ્યો તેનો જો અપેલેન્ટ ખુલાસો કરે તો પછી તે રૂમાલ ચોરાયાનું જાણ્યા છતાં લીધો એવું અનુમાન આવા પ્રસંગોમાં કરી શકાતું નથી. તે રૂમાલ તે તેની પાસે હોવાથી તથા તેનો ખુલાસો ન કરવાથી બેશક શક આણવાનું કારણ મળે છે પણ તે ઉપરાત બીશેષ માની શકાતું નથી. અને સદરહુ રૂમાલ ચોરાયાનું તથા બદ નીષ્ટાથી મેળવ્યાનું કંઇ પણ સંકલ્પ વીકલ્પ રાખ્યા વગર સાબીત કરવાની ફરજ છે, તે ફરજમાંથી ફરીયાદી મુકત થતો નથી. તે પ્રમાણે તેણે કર્યું નથી. માટે ગુન્હાનો ઠરાવ તથા સજા રદ કરી અપેલેંટ ટીબર્ટને છોડી મુકવાનો હુકમ કરૂં છું,

ઇણાશેખ વિ. માહારાણી. કેસરેહીંદ.

कलम ४१०.

४

તા૭ –૧–૮૫
ઈં૧૧ ક.પા.૧૬૦
કોઈ ચોરાએલી મીલકતનો કબજો તાજોછે કે નહીતે વીશે ચોરાએલીમિલકત કેવા પ્રકારની છે તે ઉપરથી વિચાર કરી લેવો જોઇએ.

एक साधारण पाणी पीवानो प्यालो सने १८८३ ना अक्टोंबर मासमां चोरायो अने सने १८८४ ना सप्टेंबर महिनामां बंधवाना कबजामांथी हाथ आव्यो. तेमां ठराव्युं के जे काममां चोराएली मिलकत लेवा वास्ते बंधवा उपर काम चाल्युं होय तेमां चोराएली मिलकतना तेना कबजा साथे ए कबजो तेने केम प्राप्त थयो, तेनो खुलासो आपवानी कसुरने लीधे तेना अपराधनुं संभाव्य अनुमान साधारण प्रसगे थइ शके छे, परंतु जेवुं आ काममां बन्युं छे, तेवी रीते तेनो कबजो ताजो न होय परंतु चोरी थया बाद अगयार माहिने कबजो थयो होय तो बंधवानी वीरुद्धनुं ते अनुमान एटलुं तो नजीवुं छे के ए अनुमान शीवाय बीजुं कांइ न होय तो ए कबजो शी रीते आव्यो तेनो खुलासो करवानी तेने फरज पाडवी नहीं. चोराएली मिलकतनो कबजो ताजो छे के नहीं ते सवाल चोराएली मिलकतना प्रकार जोइने विचारवानाछे.

પી. કો. ની ૪૫૭ મી કલમના ચોરી કરવા સારૂ રાત્રે ઘર ફોડવાના ગુન્હાનું તોહોમત ભીમાનસીંગના સેસન જડજે એક ઇણા શેખ ઉપર રાખ્યું હતું.

ફરીઆદીનું ઘર સને ૧૮૮૩ ના અકટોંબરની ૧૦ મી તારીખની રાતમાં ફોડીને તેમાંથી એક પીતળનો પાણી પીવાનો પ્યાલો ચોરાયાનું જણાય છે. ઘર ફોડવાના ગુન્હા સાથે બંધવાને જોડવા સારૂ કામ ચાલતાં તેમાંથી કાંઇ જણાયું નથી. પરંતુ ફરીયાદી તથા જે પોલીસ અમલદારે આ ગુન્હાની તજવીજ કરી તેણે બંને જણાએ એવી જુબાની આપી છે કે સને ૧૮૮૪ ના સપ્ટેંબર માસમાં આ ગુન્હાનો જ્યારે તપાસ કરવામાં આવ્યો, તે વખતે પોતાના ઘરની નજીકના કોઇ વાડામાંથી લાવીને મુદ્દાનો પ્યાલો બંધવે રજુ કર્યો હતો. તે પ્યાલો ઓળખાવતાં ફરીયાદીનો હોવાનું જણાય છે. બંધવાએ પોતાની વર્તણુક શીવાય પુરાવામાં કોઈ શાક્ષીને બોલાવ્યા નથી. પરંતુ તેણે એવી જુબાની આપી છે કે સદરહુ પ્યાલો મારો પોતાનો છે અને તે વાડામાં સંતાડયો નહોતો, પણ એ પ્યાલો લેઇને મારો નાનકડો છોકરો વાડામાં રમતો હતો, તેને જોઇને પોલીસે લઇ લીધો અને પછી આ તોહોમત મારે માથે ખડું કર્યું છે.

સદરહુ પ્યાલો મારો પોતાનો છે એમ કહીને બંધવો તેનો કાંઇ પુરાવો આપી શકયો નથી. માટે તેને પી. કો. ની ૪૧૧ મી કલમ પ્રમાણે બંધવાને અપરાધી ઠરાવવાનો આસેસરોએ અભીપ્રાય આપ્યો છે.

સેસન જડજે પોતાનો ઠરાવ નીચેના શબ્દોથી સંકેલ્યો છે.

"ત્રણ ગુન્હાઓના કામમાં આ બંધવો અપરાધી ઠર્યો છે. તે માંહેલો આ ચાલતી સેસનનો મુકરદમો છે. તેથી તે હમેશા ગુન્હા કરનારો જણાય છે. તેને હી. પી. કો. ની

૪૧૧ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યો છે. અને તે ઠરાવ ૪૫૭ મી કલમના ગુન્હાના ઠરાવ કરતાં વધારે લાગુ પડ્યાનું લાગે છે. કેમકે ખરેખરા ઘર ફોડવાના ગુન્હા સાથે બંધવાને પાધરી રીતે જોડવાનો કાંઇ પુરાવો પડ્યો નથી. અને લગભગ એક વરસ વીત્યાબાદ મુદાનો પ્યાલો તેના કબજામાંથી મળી આવ્યો છે.

આસેસરોના મતથી મળતા આવીને આ અદાલત ઇનાશેખને મુદાનો પ્યાલો ચોરાયાનું જાણ્યા અથવા માન્યા છતાં બદઘાનતથી રાખ્યાના ગુન્હાનો અપરાધી ઠરાવી તેને બે વરસની સખત કેદની સજા કરે છે."

બંધવે એ ઠરાવ ઉપર હાઇકોર્ટમાં અપીલ કરેલી છે.

સરકાર કીંવા બંધવા તરફથી કોઇ વકીલ હાજર થયો નહોતો.

જસ્ટીસ મીતર તથા નોરીસનો ઠરાવ.

આ કામના બંધવાને એક પીતળનો પાણી પીવાનો પ્યાલો બદઘાનતથી રાખ્યા વાસ્તે હી. પી. કો. ૪૧૧ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવવામાં આવ્યો છે.

ચાલેલા કામમાં જે પુરાવો પડ્યો છે તે ઉપરથી સાફ રીતે માલમ પડે છે કે સને ૧૮૮૩ ના અકટોબરમાં ફરીયાદીનું ઘર ફોડીને તેમાંથી એ પ્યાલો ચોરાયો હતો, અને એ પ્યાલો ફરીયાદીનો છે એમ સારી પેઠે ઓળખાયો છે.

ખરેખરા ઘર ફોડવાના ગુન્હા સાથે બંધવાને જોડવાનો કાંઇ પુરાવો પડ્યો નથી, તેથી હીંદુસ્તાનના પીનલકોડની ૪૧૧ મી કલમ પ્રમાણે જે ગુન્હાનો ઠરાવ કર્યો છે તે પુરાવેથી સાબીત થાય છે કે નહીં? તે વીશેનો વિચાર કરવો રહે છે.

સદરહુ પ્યાલો સને ૧૮૮૩ ના અકટોંબર મહિનામાં ચોરાયો હતો અને ૧૮૮૪ ના સપ્ટેંબરની ચોથી તારીખ સુધી જડ્યો નહોતો અને એ તારીખે પ્રોસીક્યુશનવાળાના કહેવા પ્રમાણે બંધવે જંગલમાં ઉગેલા એક ઝાડ નીચે સદરહુ પ્યાલો કાઢીને પોલીસ પાસે રજુ કર્યો હતો. કામ ચાલતાં સદરહુ પ્યાલો જંગલમાં સંતાડ્યાની બંધવે ના પાડી છે અને તે વીશેનો તેણે એવો ખુલાસો કર્યો છે કે સદરહુ પ્યાલો લઇને મારો નાનો છોકરો જંગલમાં રમતો હતો અને પોલીસે તે પ્યાલો ઉચકી લઇને જંગલમાં સંતાડ્યાનું પોલીસવાળાઓએ ખોટે ખોટું લખાવ્યું છે. બંધવો પણ પોતે કહે છે કે એ પ્યાલો મારો પોતાનો છે.

બંધવે પોતાની કહેલી વાત સાચી ઠરાવવામાં ફાવ્યો નથી. માટે આસેસરોએ તેને ગુન્હેગાર ઠરાવવાનો અભીપ્રાય આપેલો છે. અને તે અભીપ્રાય તેઓએ નીચેના શબ્દોમાં નોંધેલો છે.

"સદર પ્યાલો પોતાનો છે તે વીશેનો પુરાવો બંધવે આપ્યો નથી. માટે તેને હીંદુસ્તાનના પીનલકોડની ૪૧૧ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવવા બંને આસેસરો ધારે છે."

પ્યાલો સંતાડવાની વાતનો પુરાવો અલગ રાખતાં અમારો અભીપ્રાય એવો છે કે એ પ્યાલાનો કબજો બંધવા પાસે શી રીતે આવ્યો તેનો તેની પાસેથી ખુલાસો કરાવવા જેટલો પુરાવો બંધવાની વીરૂદ્ધ પડ્યો નથી.

અલબતે કોઇ મિલકત ચોરાયા પછી લાગલાજ ચોરેલી મિલકતનો કબજો હોવાથી જે માણસના કબજામાં તે મીલકત હોય તે માણસ કાંતો ખરેખરો ચોર હોવાનું અથવા સાપ્રાધ જ્ઞાનથી તે મીલકત મેળવ્યાનું ઘણુંજ મજબુત અનુમાન બાંધી શ-

કાય છે. અને જેના કબજામાં સદરહુ મીલકત હોય તે માણસ શી રીતે કબજેદાર થયો તેની ખાત્રી કરવામાં પ્રાવે નહીં તો અથવા ખોટો ખુલાસો આપે તો, અથવા એક બીજા વિરૂદ્ધ ખુલાસો આપેતો, અથવા જો એ મીલકત સંતાડી રાખી હોય તો આ અનુમાન બેશક મજબુત થાય છે. પરંતુ કોઇ ચોરાએલી મિલકત કબજામાં હોવાથી અને તે શી રીતે કબજામાં આવી તે વીશેનો ખુલાસો થયો ન હોય, અથવા ખોટો ખુલાસો કર્યો હોય અથવા એક બીજાથી ખોટા ખુલાસા આપ્યા હોય, અથવા તે મીલકત સંતાડી રાખી હોય તોપણ બહુજ મજબુત અનુમાન કરી શકાતું નથી. પણ ફકત સંભવવાળું અનુમાન થઇ શકે છે.

પરંતુ આ કામમાં તુરતનો કબજો થયો નથી. તેમ થોડો વખત વીત્યા પછી પણ થયો નથી. ચોરી થયા પછી અગીયાર માસ વીત્યાબાદનો કબજો જોવામાં આવે છે. એવા કબજા ઉપરથી બંધવાની વિરૂદ્ધ ઘણુંજ નાનું સુનું અનુમાન થઇ શકેછે. અને તે એવું તો નાનું સુનું અનુમાન છે કે એકલાજ એ અનુમાન ઉપરથી પોતાનો કબજો શી રીતે થયો તેનો તેની પાસે ખુલાસો કરાવવો જોઈએ નહીં.

એક વિલાયતના મુકરદમામાં જસ્ટીસ બેલીએ લખેલું છે તે નીચે મુજબ છે " જો ચોરાએલી મિલકત ચોરી થયા પછી કોઇ સક્ષના કબજામાં તાજેતર મળી આવે તો તે કબજો શી રીતે સંપાદન થયો તેનો તેણે ખુલાસો આપવો જોઇએ. નહીં તો તેજ માણસ ચોર છે એવું અનુમાન તેની સાથે જોડાએલું છે, પરંતુ ૧૬ મહિનાની મુદત વીત્યાબાદ બંધવાને કહેવું કે જે મિલકત ચોરાએલી ધારવામાં આવે છે તે તારી પાસે શી રીતે આવી તેનો ખુલાસો કરવાનું તેને કહેવું, એ મારા વીચાર પ્રમાણે વાજબી નથી.

વિલાયતમાં રાણી વિ. આદનના કામમાં જસ્ટીસ પારકે લખેલું છે કે ચોરી થયાબાદ ત્રણ મહિના પછી ચોરાએલી મીલકતનો કબજો તાજો કબજો કહેવાતો નથી. અને તેથી એ કબજો શી રીતે આવ્યો તે દેખાડવાનું બંધવાને કહેવાતું નથી. પરંતુ એટલી મુદત વીત્યાબાદ સદરહુ મીલકત કબજામાં આવી તેટલીજ હકીકત ઉપરાંત વિશેશ હકીકતનો કાંઇ પુરાવો હોય તો તેમ કરવાને હરકત નથી.

વિલાયતના રાણી. વિ. કુંપનના કામમાં જસ્ટીસ મોલે લખ્યુંછે કે "એક ઘોડો ચોરાયા પછી છ સાત, મહિને કોઇ માણસના કબજામાંથી જડી આવે અને તે સક્ષ વિરૂદ્ધ કબજાના પુરાવા શીવાય બીજો પુરાવો ન હોય તો તે ઘોડો કયાંથી આણ્યો, તેનો ખુલાસો કરવાનું તેને કહેવું જોઇએ નહીં"

તેજ દેશમાં રાજા. વિ. પાત્રીજના કામમાં જસ્ટીસ પેટીસને બતાવ્યું છે કે કોઇ ચોરાએલી મિલકતનો કબજો કયાંથી આવ્યો, તેનો તે મીલકતનો કબજેદારને ખુલાસો આપવા જેવો કબજો તાજો છે કે નહીં? તે સવાલ ચોરાએલી મિલકત કેવા પ્રકારની છે તે જોઈને વિચારવું જોઇએ. "જો તે વસ્તુઓ એક બીજાના હાથમાં તુરત જઈ શકે એવી હોયતો બે મહિનાની મુદત ઘણી લાંબી છે."

આ કામમાં ચોરાએલી મિલકત અલોકીક અથવા અસાધરણ પ્રકારની નથી. પણ દરેક દેશીઓના ઘરમાં હોય એવી છે, તથા એક બીજાના હાથમાં તુરત જઈ શકે એવી છે.

ઉપર કહેલા ફેંસલાઓને આધારે અમારો અભીપ્રાય છે કે પાણી પીવાનો પ્યાલો ચોરાયા પછી અગીયાર મહિને બંધવાના કબજામાંથી હાથ આવ્યો, એટલીજ હકીકત ઉપ-

રથી તેનો કબજો તાબે ગણીને બંધવાને તે કબજો શી રીતે સંપાદન થયો તેનો પુરાવો આપવાની ફરજ પાડવી જોઇએ નહિ.

કબજાના પુરાવા શીવાય બેશક બીજા પુરાવાનો વિચાર કરવો જોઇએ. અને એ પ્યાલો સંતાડયાનો પુરાવો માનવાનું અમારૂં દિલ ચાહેતો આ ગુન્હાના ઠરાવની વચમાં આવવા અમારે આનાકાની કરવી જોઇએ. પરંતુ આ પુરાવો કબુલ રાખવાને અમો તૈયાર થયા નથી. માટે ગુન્હાનો ઠરાવ અમે રદ કરીએ છીએ.

કેસરેહીંદ વિ. બંધુ.

કલમ. ૪૧૦

૫

તા૦ ૭-૧૨-૮૫
ઈ.૮ અ. પા. ૫૧
આંકેલો સાંઢ કોઇની માલિકીનો નથી.

कोइ एक आखलानो साप्राध रीते खोटो उपयोग थयो छे. एम जाणीने ते बददानतथी लेवा सारु एक सक्षने हि. पी. को. नी कलम ४११ मी प्रमाणे अपराधी ठरावी तेने सजा करी हती. खोटो उपयोग करवामां आव्यो एम कहेवामां आव्युं छे. ते वखते कोइ हिंदुए पोतानी धर्मनी रीत मुजब कोइ मर्ण क्रियानी विधी करवा टांणे ए आखलाने रखडतो छोडी मुक्यो हतो एम जणायुं छे.

ठराव्युं के कहेलो खोटो उपयोग करवा टाणे मजकुर सांढ हिं. पी. को. ना मायना प्रमाणे मिलकत नथी. केमके कोइ सक्ष तेनो स्वामी नथी. एटलुंज नहीं पण मूळ धणीए पोताना स्वामीपणाना बधा हकोनो त्याग करी दीधो हतो. अने तेथी ते कोइनी मिलकत गणाय नहीं. अने एम छे तो तेना संबंधमां कोइ जातनी चोरी थइ शकती नथी, माटे गुन्हानो ठराव रद करवो जोइए.

બનારસના સેશન જડજે ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે હુકમ થવા સારૂ આ કામનો તેણે રિપોર્ટ કર્યો છે. કોઇ એક આખલાનો સાપ્રાધ રીતે ખોટો ઉપયોગ કરવામાં આવ્યો છે. એમ જાણીને સદરહુ આખલો એક બંધુ નામના સક્ષે લીધો. તેથી તેને હી. પી. કો. ની ૪૧૧ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવી તારીખ ૨૧-૯-૮૫ ને રોજ એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટ જયકીસનદાસે તેને છ માસની સખ્ત કેદની સજા કરી. પૂરાવેથી એમ જણાયું છે કે સપટેંબરની પેહેલી તારીખની મધ્યરાતને સમયે બંધવો મોજે શિવનાથપોરને રસ્તે બળદ હાંકી જતો નજરે પડયો. તું કોણ છે એમ જ્યારે ચોકીદારે પુછ્યું તેના જવાબમાં તેણે કહ્યું કે હું એક આયર છું, પણ તરતજ એ જવાબ સુધારીને બીજો જવાબ આપ્યો કે "હું એક ચમાર છું અને રામનગરમાં રહું છું અને આ આખલો માહારાજનો છે તેને હું રામનગર લેઈ જાઊં છું." વળી તેણે કહ્યુ કે "મારૂં ઘર ઘોઘરામાંછે આ આખલો માદર, તથા સામર ખાટકીઓએ મંગાવ્યો છે. તેઓએ મને આઠ આના આપવા કહેલા છે" અને તે ઉપરથી બંધવાને પરેજ રાખવામાં આવ્યો. સદરહુ સાંઢ આંધળો છે અને હિંદુ ધર્મના રિવાજ પ્રમાણે મર્ણ ક્રિયા કરવા ટાણે તેને કોઇ હિંદુએ છોડી મૂકયો છે, એમ તેના ઉપર ડાંભ હતો તે ઉપરથી જણાઈ આ-

વે છે. માજીસ્ત્રેટ પાસે બંધવે એવી જુબાની આપીકે "આ સાંઢનો કોણ માલેકછે તે હું જાણુતો નથી. માદર તથા સાંમરે ક્યાંકથી આણીને મને આપ્યો હતો. ક્યાંથી તેઓ હાંકી લાવ્યા તે હું જાણતો નથી. તે આખલો છુપી રીતે પોતાને ઘેર લેઇ જવાનું સદરહુ સક્ષોએ મને કહ્યું હતું. અને આઠ આના આપવાનો મારી સાથે તેઓએ વદાડ કર્યો હતો.

ઘોઘરા ગામથી ચીગયા ભણી જવાનો ગામથી આથમણી બાજુ રસ્તોછે તે ઠેકાણે એ સાંઢ તેઓએ મને આપ્યો હતો.

હમણુંથી (જુબાની આપતી વેળાના ટાણાથી) તે સાંજ સુધી વાડી બાગ પાસે તેઓએ મને રોકેલ હતો અને ત્યાર બાદ તે સાંઢને હાંકી જવાનું મને તેઓએ કહ્યું હતું. તેઓના કહેવા ઉપરથી સદરહુ ચોરેલી મિલકત માહારી સાથે લેઇ ગયો, એ ગુન્હો હું માહારો કબુલ કરૂંછું. રાંક હોઇને મને આઠઆના મળતા હતા તે લેવાની મને લાલચ થઈ હતી.

બંધવાને ગુન્હેગાર ઠરાવવામાં માજીસ્ત્રેટ નીચે પ્રમાણે લખી ગયેલ છે. જો કે આ સાંઢનો કોઈ ધણી હવાલેદાર કે રખોવયો જડી આવ્યો નથી, તોપણ ખુદ બંધવાની જુબાની ઉપરથી એવું નીકળે છે કે કાયદા વિરૂદ્ધ સાધનોથી, ખાટકીઓની પાસે તે આવ્યો હતો. સદરહુ સાંઢ ચોરેલી મિલકત નથી. પણ ખોટો ઉપયોગ કરવાના કારણથી તે લેવામાં આવ્યો હતો, એટલી વાત નીસંદેહ છે. અને બંધવે જાણી બુઝીને લેઇ જવા સારૂ પોતા પાસે રાખ્યો હતો. માટે તે બંધવો પીનલકોડની કલમ ૪૧૦ મીમાં જે વ્યાખ્યા આપી છે તે અનુસાર કલમ ૪૧૧ પ્રમાણે ગુન્હેગાર થાય છે."

બંધવે સેસન જડજને ત્યાં અપીલ કરી, અને તે અપીલ નામંજુર કરતાં તેણે નીચે પ્રમાણે ઠરાવમાં અવલોકન કર્યું છે—"જે સક્ષોએ સદરહુ આખલાને છુટો મૂક્યો હતો તેઓનો બેશક એવો ઈરાદો નહતો કે તેના ઉપર હરકોઇ સક્ષ મિલકતના સામીત્વપણાનો હક ધરાવશે, અને સદરહુ સક્ષોનો એવો ઇરાદો સાર્વજનીક સમઝથી માનપૂર્વક મનાય છે. અને જે આખલાઓ આવી રીતે છુટેછે, તેઓની છુટમાં હરકત આવે એવી રીતે તે ઉપયોગમાં લેવા લાયક થાય છે, એમ માનવામાં આવતું નથી. આ બાબતમાં હું તાણી તુશીને કહેતો હઇશ, પરંતુ માહારો મત એવો છે કે આવા સાંઢો વગર હરકતે છુટા રહે તેમાં સઘળા હિંદુઓનો સ્વાર્થ રહેલો છે અને તેથી તેઓ એક જાતની સાર્વજનીક હકની વસ્તુતા થાય છે. અને તેટલા માટે તેઓ મિલકતના અર્થમાં આવી શકે છે. મને એમ જણાય છે કે આ સાંઢ કલમ ૪૦૩ મીના કાર્યો વાસ્તે એક મિલકત છે અને તેનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવામાં આવ્યો છે, માટે તે કલમ ૪૧૦ પ્રમાણે ચોરેલી મિલકત થાય છે. તેથી નીચલી કોર્ટનો ઠરાવ તથા સજા મંજુર કરી આ અપીલ નામંજુર કરૂંછું, જે સવાલનું મેં વ્યાખ્યાન કર્યું છે, અને જેના ઉપર આ કામનો આધાર છે, તે વિચીત્ર છે. તથાપી તે બીજીવાર બને એવો છે અને સદરહુ સાંઢ એક મિલકત છે, એ ઠરાવ થોડો સંકલ્પ વિકલ્પ થયા પછી કર્યો છે, માટે બેહેતર છે કે આખું કામ હાઇકોર્ટને જાણ થવા સારૂ મોકલવું."

બંધવા તરફથી મુનસી કાશીપ્રસાદ હાજર છે.

સરકાર તરફથી બાબુ દ્વારકાંનાથ.

જસ્ટીસ સ્ત્રેટનો ઠરાવ.

આ અદાલતમાં તહોમતવાળા તરફથી યથાસ્થિત હકીકત મુકવામાં મુનસી કાસીપ્ર-

સાદે જે તસ્દી લીધી છે, તે માટે હું તેનો આભારી થયો છું. આ વકીલ તરફથી કહેવાયું છે કે આ કામની સાથે સંબંધ ધરાવનારી જાતના પ્રાણીનો કહેવાતો ખોટો ઉપયોગ કરવા ટાણે હિંદુસ્થાનના પીનલકોડના અર્થ મુજબ તે કોઇની મિલકત હતી નહીં. કેમકે કોઇ સક્ષનું તેના ઉપર સ્વામીપણું હતું નહીં, એટલુંજ નહીં પણ તેના મુળ માલીકે, તેના સ્વામી તરીકેના તમામ હકો તજી દેઇને તે પ્રાણીને ગમે ત્યાં જવાની છુટ આપી હતી. માટે તે કોઈની મિલકત હતી નહીં, અને કેમ જાણે તે વગડાઉ જાનવર હોય અને તેની ચોરી થઈ શકતી નથી, તેમ આ પ્રાણીની ચોરી થવી અશકય છે. એ અભિપ્રાયને હું તદન મળતો આવું છું. આવા મુકરદમા જ્યારે ઉઠે ત્યારે તેમાં આવા પ્રાણીને મારી નાંખવા એ ગુન્હો છે કે નહીં તેનો નીર્ણય કરવાની હાલ કાંઇ ગરજ નથી. પરંતુ મહારે તો એટલુંજ નકી કરવાનું છે કે બંધુને ૪૧૧ મી કલમ પ્રમાણે અપરાધી ઠરાવ્યો છે, તે ઠરાવ બહાલ રાખી શકાય કે નહીં.? હું ધારતો નથી કે તેમ થઇ શકે, અને માજીસ્ત્રેટ તથા સેસન જડજનો ઠરાવ રદ કરતાં બંધવો નિર્દોષ થાય છે. જો તે જામીન નહીં મળવાથી કેદમાં હોય તો તેને એકદમ છોડી દેવો. જો તેણે જામીન આપ્યો હોય તો બીજો કાંઇ હુકમ કરવાની જરૂર નથી.

માહારાણી કેસરેહીંદ વિ. નીહાલ.

કલમ ૪૧૦.
૬
તા. ૭-૧-૮૭.
ઈ'લ્મ. પા. ૩૪૮

આંકેલો સાંઢ કોઈની માલેકીનો નથી.

कोइ हिंदु पोताना सगाना मर्णने वखते पोताना धर्मना रीवाजने अनुसरीने गुजरनारना प्राणना भला खातर एक पुन्यनुं काम करवामां कोइ आखलाने अर्पण करी दे अथवा तेने आंकीने छुटो मुकी दे तो ते कृत्यथी ए प्राणी उपरथी सघळो मालीकीनो हक तजी दे छे अने त्यार पछी हिं. पी. को. नी ४१० तथा ४११ मी कलमो प्रमाणे बददानतथी मेळववानो अथवा राखवानो गुन्हो थवा सारु तेकोइनी मिलकत गणाती नथी.

અરજદાર નીહાલને એક પેહેલા વર્ગના માજીસ્ત્રેટે હી. પી. કો. ની ૪૧૧ મી કલમ પ્રમાણે સજા થઇ શકે એવા ગુન્હાનો અપરાધી ઠરાવી તેને એક વરસની સખત કેદની સજા કરી હતી. તે ઉપર તેણે મીરતના સેસન જડજને ત્યાં અપીલ કરી, અને તે અપીલ સેસન જડજે કાઢી નાંખવાને જે ઠરાવ કર્યો તે સુધારવા સારૂ આ અરજી કરવામાં આવી હતી. ફરીયાદી કુનદને પોતાના ભાઇનું દોઢ વર્ષ પેહેલાં મર્ણ થયું હતું તે મર્ણની ક્રીયામાં ગુજરનારના જીવનું કલ્યાણ થવા સારૂ એક પુન્યના કામ દાખલ (હિંદુ ધર્મના રીવાજને અનુસરીને) એક આખલાને આંકી દેઇ તેને મણીપોર ગામ જ્યાં પોતાની કેટલીક ધરતી હતી, તે ઉપર છુટો રહેવા દીધો. માજીસ્ત્રેટે નકી કર્યું કે "અલબતે તે વાછડાને ફરીયાદીની જમીન ઉપર પોતાની મરજી પ્રમાણે ફરવા છુટ આપી હતી, તોપણ તે વાછડો તેણે સાવ તજી દીધો નોતો." એ પ્રાણી ઉપર ફરીયાદીએ કેટલી દેખરેખ રાખી હતી અથવા તેના ઉપર તેનો કેવો જાબદો રાખ્યો હતો, તે વીશે કાંઇ માલુમ પડયું નથી- સને ૧૮૮૬ ના અગષ્ટ માસમાં સદરહુ આખલો એક ગામમાંથી ખોવાઇ ગયો. અને એજ માસની આખરમાં મજકુર

નગર જીલ્લાના મોલાગામમાં એક બળદેવને ઘેરથી જડી આવ્યો. તે બાબતનો તપાસ કરતાં એમ જણાયું કે સદરહુ આખલો મનીપોર ગામના રહીશ નીહાલ પાસેથી બળદેવે બજારમાંથી વેચાતો લીધો હતો. એ ઉપરથી એ નીહાલનું કામ ચાલી પી. કો.ની ૪૧૧ મી કલમ પ્રમાણે સજા થઈ શકે એવા ગુન્હાનો તેને ઉપર કહ્યા પ્રમાણે અપરાધી ઠરાવી સજા કરવામાં આવી.

જે ઠરાવથી બંધવાને અપરાધી ઠરાવ્યો છે તે ઠરાવ કરતાં માજીસ્ત્રેટે નીચે પ્રમાણે લખેલું છે. " જે આખલો નીહાલે બદદાનતથી રાખ્યાનું કહેવામાં આવે છે તે આખલાની માલીકીનો હક ફરીયાદીએ રાખ્યો હતો કે નહીં. તેજ માત્ર વિચાર કરવાની બાબત છે, અથવા પી. કો. ની ૪૧૦ મી કલમમાં જે અર્થથી" મીલકત" શબ્દ વાપર્યો છે તે અર્થ પ્રમાણે તે આખલો ફરીયાદીની મિલકત ગણાય કે નહીં? જે માણસ પોતાના કોઇ ગુજરનાર સગાની નામના દાખલ કોઇ સાંઢને છોડી મુકે તે સક્ષનો તે આખલા ઉપર કેટલો હક અથવા સ્વાર્થ રહેલો છે તે બાબતમાં પ્રોસીક્યુશનના સાક્ષી શીવદયાળે જે વ્યાખ્યા આપી છે તે ઉપરથી જણાય છે કે એવું કામ કરવાથી માલીકી તજી દેવામાં આવે છે એમ કાંઇ ચોખ્ખી રીતે માલમ પડતું નથી. એથી કરી જે ન્યુનપણું થાય છે તે ફક્ત એટલુંજ છે કે પોતાને લાભ થાય તથા પોતાતા ઉપયોગમાં જ્યારે લેવો હોય ત્યારે લેવાઈ શકાય એવી રીતે તે આખલાની તેનાથી વ્યવસ્થા થઇ શકતી નથી આ ઉપરથી સાફ જણાય છે કે મુળ માલીકીનો હક તેના ઉપરથી પરીપુરણ રીતે નાબુદ થતો નથી. જે ખાસ કામને માટે એ પ્રાણીને એલાયદુ કર્યું હોય ને ખાસ કામમાં હરકત ન આવે ત્યારેજ માત્ર માલીકીના હકનો ઉપભોગ તેનાથી થાય છે. જ્યારે આમ છે ત્યારે આ કામનો આખલો ફરીયાદીનો હોવાનું તથા તેના કબ્જામાંથી ચોરાયાનું ઠરાવવું જોઇએ".

અપીલમાં સેસન જડજે ફક્ત એટલુંજ લખ્યું છે કે " આ કામમાં પડેલા પુરાવાથી ગુન્હાના ઠરાવને પુરેપુરી પુષ્ટી મળે છે વચમાં આવવાનું જરાએ કારણ દેખાતું નથી. અપીલ નામંજુર કરવામાં આવે છે."

સરકાર તરફથી મુનસી રામપ્રસાદ.

અરજદાર તરફથી કોઇ હાજર થયું નોતું

જસ્ટીસ સ્ત્રેટનો ઠરાવ.

માહારાણી કેસરે હીંદ. વિ. બંધુ (૮ અ. ૫૧) ના મુકરદમાનું છેવટ પુરેપુરી અને ચીવટ રાખીને કર્યા પછી તથા લંબાણથી વિચાર કર્યા પછી થએલું છે. હિંદુઓમાં પોતાના કોઇ સગાના મરણની પછવાડે આખલાઓ અર્પણ કરવામાં અથવા તેઓને છુટા મુકવામાં કેવો રીવાજ અને વહીવટ ચાલે છે તેને લગતી વાકેફગારી એ કામમાં મુનશી કાશીપ્રસાદે માહારા ઉપર કૃપા કરીને મને આપી હતી. અને એવી વાકેફગારી ઉપરથી નીઃસંધે એમ ઠરાવ્યું છે કે, હિંદુધર્મના લોકોમાં જે સમજણ ચાલે છે તે પ્રમાણે કોઇ માણસ કોઇ આખલાને આંકીને છુટો મુકી દેતો તે કૃત્યથી તે જાનવર ઉપરના પોતાની માલીકીના સઘળા હકો તજી દેછે. માહારા ભાઇબંધ જસ્ટીસ બ્રોડહર્સ્ટે માહારાણી કેસરેહીંદ. વિ. જમુરાના કામમાં આજ મત ગૃહણ કરેલો છે. જ્યારે આમ છે ત્યારે બંધુના કામમાં મે

જે ઠરાવ કર્યો છે તેનાથી જુદો ઠરાવ કરવાનું અથવા તેમાં કાંઈ ફેરફાર કરવાનું મને મન થતું નથી. માટે ઠરાવ સુધારવાની અરજી મંજુર કરવામાં આવે છે. તે એવા કારણથી કે, ક્રી. પી. કો. ની ૪૧૧ મી કલમના અર્થ પ્રમાણે કોઈ મિલકત બદદાનતથી. મેળવવા અથવા રાખવા સારૂ સદરહુ આખલો મીલકત ગણાતી નથી. માટે અરજદારને છોડી મુકવાનો હુકમ કરૂં છું.

કલમ ૪૧૧ મી.

૪૧૧. કોઇ માણુસ બદદાનતથી કાંઇ ચોરીની મીલકત લે અથવા રાખે, અને ચોરીની મીલકત છે એમ તે જાણુતો હોય, અથવા એમ માનવાનું તેને કારણ હોય, તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ચોરીનીમિલકત બદદાનતથીલેવી.

કલમ ૪૧૨ મી.

૪૧૨. કોઈ માણુસ બદદાનતથી કાંઇ ચોરીની મીલકત લે અથવા રાખે, અને તે મીલકતનો કબજો ડાકાઇટી કરવાથી એકની પાસેથી બીજાની પાસે આવેલો છે એમ તે માણુસ જાણુતો હોય, અથવા એમ માનવાનું તેને કારણ હોય, અથવા જે સખસ ડાકાઇટોની ટોળીમાં છે અથવા તેઓની ટોળીમાં હતો એવું જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં એવા કોઇ સખસ પાસેથી કોઇ માણુસ બદદાનતથી કાંઈ મીલકત લે, અને તે મીલકત ચોરેલી છે એમ તે જાણુતો હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય, તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની સખત કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ડાકાઈટીકરતાં ચોરેલીમીલકત બદદાનતથી લેવી.

કલમ ૪૧૩ મી.

૪૧૩. જે મિલકત ચોરીની મિલકત છે એમ જાણીને અથવા એમ માનવાનું પોતાને કારણ છતાં, જે માણુસ નિત્ય તેવી મીલકત લે અથવા તેનો ધંધો કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

નત્ય ચોરીની મિલકતનો ધંધોકરવો.

કલમ ૪૧૪ મી.

કાંઇ મીલકત ચોરીની મીલકત છે એમ જાણીને અથવા એમ માનવાનું પોતાને કારણ છતાં, તે મીલકત સંતાડવામાં, અથવા તેનો વગ કરવામાં, તે ખશેડવામાં જે માણસ બુધિપુરવક મદદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ચોરેલી મિલકત સંતાડવામાં મદદ કરવી.

માહારાણી કેસરેહીંદ વિ. રંગુ તૈમાજી.

કલમ ૪૧૪.

૧

તા. ૨૧-૧૨-૮૦ ઈ. ૬ મું. પા.૪૦૨

આ કલમમાં "માનવાનું" શબ્દ છે તેનો અરથ શક આણવા બરોબર નથી કોઇ સક્ષ માનતો હતો એવું જયારે કહેવામાં આવે ત્યારે જાએ સક્ષ સાધારણ અકલનો માણસ હત ને જેવું માનત તેમ તેણે માન્યા જેટલું સાબીત થવું જોઇએ.

ही. पीं. को. नी ४१४ मी कलममां "मानवानुं" ए शब्दो लख्या छे ते शब्द शक आववाना शब्द करतां वधारे मजबुत शब्द छे. अने तेनी साथे एटलुं पण साबीत करवानी जरुर छे के जे प्रसंगे कोइ मिलकत बंधवाना कबजामां आवी होय ते मिलकत ए बंधवो जो साधारण अकलनो माणस हत तो ते पोताना मनमां खात्री करी लेत के जे मिलकत मारा हाथमां आवी छे ते चोराउ मिलकत होवी जोइए बंधवो गाफल रह्यो हतो अथवा ते मिलकत चोराएली छे एम शक आणवानुं तेनें कारण हतुं, अथवा ए मिलकत नीतीथी मेळवी छे के नहीं. तेनकी करवा सारु तेणे जोइए तेटली पुछगाछ करी नोती. एटलुं बतावबुं आ कामना मुकरदमामां बस नथी.

હાઈકોરટને અસાધરણ હકુમત આપી છે. તે હકુમત વાપરવા સારૂ આ એક ફોજદારી કામની અરજી કરવામાં આવી છે.

સને ૧૮૮૦ ના અગષ્ટની ચોથી તારીખે હિંદુસ્તાનના કાયદાની ૧૪૪ મી કલમ પ્રમાણે ચોરાઉ મીલકતની વ્યવસ્થા કરવામાં બુદ્ધી પુરવક મદદ કર્યાના ગુન્હા વાસ્તે ધારવાડના એક પેહેલા વર્ગના માજીસ્ત્રેટે બંધવાને અપરાધી ઠરાવી તેને એક વરસની સખત કેદની તથા સો રૂપૈયા દંડની અને તે દંડ ન આપે તો બીજા ૬ માસની સખત કેદની સજા કરેલી છે.

સને ૧૮૭૮ ના અક્ટોંબરની ૧૨ મી તારીખે કાઇ રંગુરામ નામના સક્ષે બસલીંગ આપાને એક બળદ વેચાતો આપ્યો અને એ બળદ રંગુનો છે એમ બંધવે જુમાદારી રાખી હતી. પરંતુ પુરાવેથી જણાયું છે કે સદરહુ બળદ એક માહારૂદ્રાપાનો હતો. અને તેની પાસેથી તે ચોરાઇ ગયો હતો. બંધવે માજીસ્ત્રેટ પાસે જુબાની આપી તેમાં તેણે લખાવ્યું છે કે " હું રંગુને ઓળખું છઉં અને થોડો વખત થયાં દુકાળના વખતમાં માહારા ગામમાંથી નીકળી જઇ ઉદર પુરણા કરવા સારૂ બીજે કોઇ ઠેકાણે ગયો છે. રંગુએ કહ્યું હતું કે, એ બળદ મેં સોળ રૂપૈઆમાં વેચાતો લીધો હતો. બંધવાની આવી જુબાની ઉપરથી માજીસ્ત્રેટે નીર્ણય કર્યો કે સદરહુ બળદ ચોરાઉ મિલકત હોવાનું બંધવો જાણતો હતો અથવા તેને માનવાનું કારણ હતું કેમકે એ રંગુ ઘણો ગરીબ છે અને તેથી તેને બીજે ગામ જઈ.

ને ઉદરપુરણા સારૂ રળવાની ફરજ પડી હતી એમ બંધવાના જાણ્યામાં હતું તે ઉપરથી આરોપ રાખેલા ગુન્હાનો બંધવાને અપરાધી ઠરાવ્યો. અપીલમાં " સેસન જડજે તે ઠરાવ અને સજા તા. ૪-૯-૮૦ ને રોજ બહાલ રાખ્યાં.

તે ઉપરથી બંધવે અસાધારણ હકુમત ચલાવવાની હાઇકોર્ટને અરજ કરી અને તે અરજી ઉપરથી આ કામનું દફતર હાઈકોર્ટે મંગાવી લીધું.

સદરહુ કામના કાગળો પહોંચતાં જસ્ટીસ મેલવીલ તથા નાનાભાઇ હરીદાસની હજુરમાં બંધવાની અરજીની સુનાવણી થઇ હતી.

બંધવા તરફથી માણેકશાએ તકરાર કરી કે પેલો બળદ ચોરાઉ મિલકત હોવાનું આ બંધવો જાણતો હતો. કીંવા માનતો હતો એ વાત સાબીત કરનારો આ કામમાં કાંઈ પુરાવો પડયો નથી. કોઇ સક્ષ સાધારણ અકલનો માણુસ તે બળદ ચોરીનો છે એમ માનવાનો બળદના વેચાણ સાથે જોડાએલો કાંઈ પ્રસંગ જણાતો નથી. રંગુને બંધવો ઓળખતો હતો તથા તેણે જે જુબાની આપી હતી. તે ઉપરથી સદરહુ બળદ ચોરાઉ મીલકત હોવાનું બંધવો જાણતો હતો અથવા માનતો હતો એવું અનુમાન કરવામાં નીચલી અદાલતોએ ભુલ કરેલી છે.

આ મુકરદમામાં જે હકીકત સાબીત થઇ છે તે ઉપરથી ગુન્હાનો બંધવાને અપરાધી ઠરાવ્યો છે તે ગુન્હો બીલકુલ થતો નથી.

સરકાર તરફથી વીશ્વનાથ નારાયણ મંડળીક.

જસ્ટીસ મેલવીલનો ઠરાવ.

સદરહુ બળદ ચોરાઉ મીલકત હોવાનું બંધવો જાણતો હતો કીંવા માનતો હતો એ વાત સાબીત કરવાનું કામ આ મુકરદમામાં પ્રોસીકયુશનવાળાનું છે સદરહુ બંધવો ગાફલ રહ્યો હતો. અથવા તે બળદ ચોરાએલો છે એમ શક આણવાનું તેને કારણ હતું. અથવા એ બળદ નીતીથી મેળવ્યો છે કે નહીં? તે નકી કરવા સારૂ તેણે જોઈએ તેટલી પુછગાછ કરી નોતી એટલું બતાવવું આ કામમાં બસ નથી. હીંદુસ્તાનના પીનલકોડની ૪૧૪ મી કલમમાં " માનવાનું " એ શબ્દ લખ્યો છે તે શબ્દ શક આવવાના શબ્દ કરતાં વધારે મજબુત શબ્દ છે. અને તેની સાથે એટલું પણ સાબીત કરવાની જરૂર છે કે જે પ્રસંગે કોઇ મિલકત બંધવાના કબજામાં આવી હોય તે મીલકત એ બંધવો જો સાધારણ અકલનો માણુસ હતતો તે પોતાના મનમાં ખાતરી કરી લેત કે જે મીલકત મારા હાથમાં આવી છે તે ચોરાઉ મીલકત હોવી જોઈએ. આ મુકરદમામાં જે પ્રસંગ માત્ર કહેવામાં આવ્યો છે તે એ છે કે જે રંગુની સાફ દાનત વીશે બંધવે જામીનગીરી આપી હતી તે રંગુ દુકાળના વખતમાં પોતાનું ગુજરાન કરવા સારૂ વતન છોડીને બીજે ઠેકાણે ચાલ્યો ગયો હતો. બંધવાને સોળ રૂપૈયાની કીંમતનો બળદ વેચાતો લેવા સારૂ આટલા બધા લાંબા અરસામાં રંગુ પાસે જોઈએ તેટલું દ્રવ્ય હોય એવી પોતાના મનમાં ખાત્રી કરવા સારૂ બંધવાને જોઈએ તેટલું કારણ હતું એવું આ એકજ હકીકત ઉપરથી ઠરાવવાને આ અદાલતને અશકય લાગે છે.

માટે ગુન્હાનો ઠરાવ કાયદેસર કાયમ રાખી શકાય એવો પુરાવો નહીં હોવાના કારણથી આ અદાલત તે ઠરાવ અને કરેલી સજા રદ કરે છે અને જો દંડ લીધો હોયતો પાછો આપવાનો હુકમ કરે છે.

કલમ ૪૧૫ મી.

જે માણસ, કોઇ સખસ સાથે ફરેબ કરીને, દગલબાજીથી ઠગાઇ. અથવા બદદાનતથી એવું કરે કે જેની સાથે ફરેબ કરયો હોય તે સખસ કોઇ સખસને કાંઇ મીલકત આપે, અથવા કોઇ સખસની પાસે કાંઇ મિલકત રેહેવા દેવાની રજામંદી આપે, અથવા અગર ફરેબ નહી કરયો હોય તો જે વસ્તુ તે સખસ કરે નહી અથવા કરવામાં કસુર કરે નહી એવી કાંઇ વસ્તુ તે ફરેબ દીધેલા સખસને કરવાને અથવા તે કરવામાં કસુર કરવાને ઇરાદાથી લલચાવે,અને તે કામ અથવા કસુર એવી હોય કે તેથી તે સખસને શરીર, મન, આબરૂ,કે મિલકત તરફની કાંઇ નુકશાની કે હાની થાય, અથવા થશે એવો સંભવ હોય, તો તે માણસે "ઠગાઇ" કરી એમ સમજવું.

ખુલાસો—કાંઇ હકીકતને બદદાનતથી છુપાવવી, તે પણ આ કલમના અર્થ પ્રમાણેનો ફરેબછે એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) હું સિવિલ સરવિસમાં છુ એવો ખોટો ઢોંગ કરીને, અ ઇરાદાથી ઝને ફરેબ દે, અને એ પ્રમાણે બદદાનતથી એમ કરે કે ઝ તેને કાંઇ માલ ઉધાર લેઇ જવા દે, અને અ તે માલનાં નાણાં આપવાનો ઇરાદો રાખતો નહી હોય, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(બ) અ કોઇ વસ્તુ પર એક ખોટી નીશાની કરીને ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને તેના મનમાં એવો ભરૂસો ઉત્પન્ન કરે કે એ વસ્તુ ફલાણા નામીચા કારીગરે બનાવેલી છે, અને એમ કરીને તે વસ્તુ ખરીદ કરીને તેની કિમત આપવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ક) અ કાંઇ માલનો ખોટો નમુનો બતલાવીને ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને તેના મનમાં એવો ભરૂસો ઊત્પન્ન કરે કે તે માલ નમુના જેવોજ છે, અને તેમ કરીને તે માલ ખરીદ કરીને તેની કીમત આપવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ડ) અ એ કાંઇ માલ ખરીદ કર્યો છે તેની કીમત આપવાને બદલે, અ એક પેહેડીપર હુંડી લખી આપે, અને તે પેહેડીમાં અ નું કાંઇ નાણું હોય નહી, અને તેથી અ ને ઉમેદ હોય કે હું જે હુંડી આપુછું તે શિકરાવાની નથી, તેમ છતાં તે હુંડી આપીને અ ઇરાદાથી ઝને ફરેબ દે, અને એમ કરીને તે માલ આપવાને ઝ ને બદદાનતથીલલચાવે;

અને તેને નાણું આપવાનો પોતાને ઇરાદો હોય નહી, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ઇ) કાંઇ વસ્તુ હીરા નથી એમ અ જાણતો હોય, તે વસ્તુ હીરા છે એમ કહીને અ તે ગીરો મુકે, અને ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને એમ કરીને તે ઉપર રૂપીયા ધીરવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ફ) અ ઇરાદાથી ઝ ને ફરેબ દઇને તેના મનમાં એવો ભરૂસો ઉત્પન્ન કરે કે હું અ ને જે રૂપીયા ધીરીશ તે અ મને પાછા આપશે અને એમ કરીને રૂપીયા ધીરવાને ઝ ને બદદાનતથી અ લલચાવે, અને તે રૂપીઆ પાછા આપવાનો પોતાનો ઇરાદો નહી હોય, તો અએ ઠગાઇ કરી એમ સમજવું.

(ગ) અ ઇરાદાથી ફરેબ દઇને ઝ ના મનમાં એવો ભરૂસો ઉત્પન્ન કરે કે અ મને આટલા ગળીના છોડવા આપવાનો ઇરાદો રાખે છે, અને અ નો કાંઇ આપવાનો ઇરાદો નહી હોય, અને એમ કરીને તે આપવાના ભરૂસા ઉપર કાંઇ નાણું આગળથી આપવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું, પણ અગર તે રૂપિયા લેતી વખતે અ નો ઇરાદો તે છોડવા આપવાનો હોય, અને પછી પોતાનો કરાર તોડીને તે છોડવા નહી આપે, તો તેણે ઠગાઇ કરી એમ સમજવું નહી; પણ તેની ઉપર કરાર તોડવાની દિવાનીમાં ફકત ફરિયાદી ચાલી શકશે.

(હ) અ એ ઝ ની સાથે કાંઇ કરાર કરયો છે, તે કરારમાંનો જેટલો ભાગ અ એ બજાવવાનો છે તેટલો અ બજાવી ચુકયો એ પ્રમાણે અ ફરેબ દઇને ઝ ના મનમાં ભરોસો ઉત્પન્ન કરે, અને એમ કરીને પઇસા આપવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ઇ) અ એક સ્થાવર મિલકત બને વેચીને તેના નામનું ખત કરી આપે, પછી તે મિલકત વેચી માટે હવે માહારો તે પર કાંઇ હક રહ્યો નહી એમ જાણ્યા છતાં, આગળ થયેલા વેચાણ તથા ખતની ઝ ને ખબર નહી આપતાં તે મિલકત અ ઝ ને વેચાતી અથવા ગીરો આપે, અને ઝ ની પાસેથી તેની કીમતના કે ગીરો બાબતનાં નાણાં લે તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

મહારાણી કેસરેહીંદ વિ. શ્રીલાલ અને બીજાઓ.

કલમ ૪૧૫

૧

તા:૦ ૯–૨– ૮૦
ઈ. ૨ અ. પા. ૨૯૪

કોઈ છોકરીઓ કે નીચી કોમની હોય તેને ઉંચી કોમની કહીને તે કોમના માણસ સાથે તેને પરણાવવામાં ખરી હકીકત છુપાવીને સામેલ થાય તેથી ઠગાઈનો ગુંન્હો થાયછે પણ ૩૭૨ તથા ૩૭૩ મી કલમ માંહેલા ગુન્હાનો ગુન્હેગાર થતો નથી.

कोइ एक हलका वरणनी नानी उमरनी छोकरी मोटी कोमनी छे एवी खोटी समज आपीने तेनी साथे परणवानी तथा सदरहु हकीकत साची छे एवो पुरण विश्वास बेसाडीने ते छोकरी माटे पैसा आपवानी केटलाक सक्षीए सदरहु ऊंची कोमना एक माणसने लालच आपी.

चीफ जस्टीस स्टुयर्टे ठराव्युं के, आवी हकीकत उपरथी ते सक्षोने ही. पी. को. नी ३७२ तथा ३७३ मी कलमोना गुन्हाना गुन्हेगार ठरावी शकाता नथी.

जस्टीस ओल्डफील्ड तथा जस्टीस स्ट्रेटे ठराव्युं के, जो सदरहु छोकरीने परणावी देवा सारु आपी दीधी हतती. ए लग्न हिंदुशास्त्र प्रमाणे बहाल नहीं रही शकवाना कारणथी सदरहु सक्षोए ते छोकरीओने वेश्या पणाना धंधामां लगाडवा सारु, अथवा कायदा विरुद्ध के अनीतीना काममां तेओने वापरवा सारु, अथवा एवा काममां तेओ वपराशे अथवा कामे लागशे, एवुं तेओ जाणता हता छतां तेओने तेणे आपी दीधानुं कही शकातुं नथी. माटे तेओने आ बंने कलमोना गुन्हाना अपराधी ठरावी शकाता नथी.

जस्टीस पीयरसन तथा जस्टीस स्पेंकीनो ठराव:—

सदरहु छोकरीओनुं लग्न करीने तेओने आपी देवामां आवी परंतु हिंदुधर्म शास्त्र प्रमाणे ते लग्न बांधा भरेलुं गणाय तोपण ते लग्न छेक नीरथक होवानुं जणातुं नथी अने तेथी तेवो इरादो होवानुं बेशक अनुमान करी शकातुं नथी वास्ते ते कलमो प्रमाणे सदरहु सक्षोने गुन्हेगार ठरावी शकातो नथी.

આ મુકરદમો જસ્ટીસ સ્ટ્રેટે ફુલબેંચમાં લખી મોકલ્યો હતો, જે હકીકતને લઇને એ લખાણ કરવાનું કારણ મળ્યું તે હકીકત તથા તેમાં લખેલી કાયદાની તકરાર તેના લખાણમાં આપેલી છે.

જસ્ટીસ સ્ટ્રેટનું લખાણ.

ગોરખપોરના સેસન જડજે ઉપરા ઉપર ગુન્હાનો ઠરાવ કર્યો છે. તે ઠરાવો ઉપર આ બધી અપીલો થઇ છે. પી. કો. ની. ૩૭૨ મી તથા ૩૭૩ મી કલમો માંહેલા ગુન્હાઓનું તહોમત અપેલેટો ઉપર મુકવામાં આવ્યું હતું. કેટલીક છોકરીઓ વાણીઆ, ઢોમી,

તથા બીજી કેટલીક જ્ઞાતિની છોકરીઓ કાયસ, રજપુત, અને આહેરના કુટંબો માંહેલી છે, એવી ખોટી હકીકત જાહેર કરીને તે કાયસ તથા રજપુતોની કોમના કેટલાક માણસોને તથા એક આહેરને સદરહુ છોકરીઓથી લગ્ન કરવા તથા અપેલેંટોએ જે હકીકત કહેલી હતી. તે સાચે સાચી છે, એવો વીશ્વાસ બેસાડીને તેઓ પાસેથી પૈસા લેવાની લાલચ આપ્યાનું પુરાવાથી સાબીત થાય છે, હવે ફુલબેંચ પાસે ઇનસાફ કરાવવાની માત્ર એટલીજ બાબત છે કે, આવે પ્રસંગે પી. કો. ની ૩૭૨ તથા ૩૭૩ મી કલમના ગુન્હાનો ઠરાવ વાજબી રીતે કાયમ રાખવો કે કેમ.

સરકાર તરફથી બાબુ દુવારકાંનાથ.

બંધવાઓ તરફથી કોઇ હાજર નહોતું.

ચીફ જસ્ટીસ સ્ટુઅર્ટનો ઠરાવ.

આ લખી મોકલેલા સવાલમાં જે હકીકત કહેલી છે, તથા સુનાવણી વખતે, સમજાવી છે, તે ઉપરથી સાવ ખુલું છે કે, ૩૭૨ મી તથા ૩૭૩ મી કલમના ગુન્હાનો ઠરાવ રહી શકે એવો નથી. બંધવાઓએ જે ગુન્હો કરેલો દેખાય છે તે ઠગાઇનો છે. બેશક બંધવાઓનો ઈરાદો તથા હેતુ અનીતીવાળો હતો. પરંતુ તેઓની વર્તણુંક કોઇ રીતે ગેર કાયદેસર હતી એમ કહેવાને આંચકો ખાઉં છું. કાવતરાથી પેલી છોડીઓ જેની સાથે પરણી તેઓની ઓરતો થવામાં તથા તેઓ અભાગીયાઓને કમકમાટ ભરેલા દરદો ચોટાડવામાં ફતેહ પામી હતી, એવો શોધ થયા પછી તેઓને તેઓના નવા ધણીએ પોતાના ઘરમાંથી કાઢી મુકી, અને સુનાવણી વખતે જે વાત જાહેર થએલી છે તે વાત ઉપરથી જણાઇઆવેલું છે કે, ત્યાર બાદ તેઓને જીવીને રળી ખાવાનો રસ્તો કસબણનો ધંધો કરીને રહ્યો હતો. તેથી તેઓના ધણીની સાથે કપટ કરીને જે વાતનો આદર થયો તે વાત આખરે નીરંતર નીચું જોવરાવનારી નીવડી. વળી સદરહુ છોકરીઓ તેઓના ધણી પ્રત્યે કપટ કરવામાં સામેલ હોવાનું જણાય છે. કેમકે તે અભાગીયા સક્ષો સાથે તેઓને કેવો કપટનો ખેલ કરવો હતો. તે વીશે બંધવાઓએ તે છોકરીઓને આગળથી બરોબર પઢાવી રાખી હતી, અને તેઓએ પોતાનો વેશ એવો તો સરસ રીતે બજાવ્યો હતો કે, કાંઇ ખોટું થાય છે એવો લેશ માત્ર પણ શક આવ્યા વગર લગ્ન વીધી ખુશીથી પુરી થઈ હતી. ફોજદારી કીંવા દીવાની કોઇ કાયદો આવા કામને પહોંચી શકતો નથી, એમ કહેવાને હું આંચકો ખાઉં છું. આ કામમાં અપેલેંટોનો પી. કો. ની ૪૧૫ મી કલમ પ્રમાણે ઠગાઇ કર્યા વાસ્તે ઇનસાપ થવો જોઇતો હતો અને તેજ કાયદાની ૧૦૭ મી કલમના અર્થ અને ભાવ પ્રમાણે સદરહુ છોકરીઓને મસલત અને મદદગારી કર્યા વાસ્તે ગુન્હેગાર ઠરવવામાં જોઇએ તેટલી મજબુત દલીલ આપી શકાય એવું છે એમ ધારવાને હું લલચાઉં છું પરંતુ ૩૭૨ મી તથા ૩૭૩ મી કલમ પ્રમાણે કરેલો ઠરાવ તદન ભુલ ભરેલો છે અને તેથી તે રદ કરવો જોઇએ.

જસ્ટીસ પીયરસનનો ઠરાવ.

વાણીઆ દોમ અને બીજી કેટલીક નીચી જાતની છોકરીઓ કાયસ રજપૂત તથા આહેરના કુટંબો માંહેલી છે. એવી ખોટી હકીકત જાહેર કરીને તે કાયસ તથા રજપુતોની કોમના કેટલાક માણસોને તથા એક આહેરને સદરહુ છોકરીઓથી લગ્ન કરવા તથા અપેલેંટોએ જે હકીકત કહી હતી તે સાચે સાચી છે એવો વીશ્વાસ બેસાડીને તેઓ પાસેથી

પૈસા લેવાની લાલચ આપ્યાનું પુરાવાથી સાબીત થાય છે, એવું આ રેફરંસ કરવાનો હેતુ હોયતો મારો સાફ રીતે એવો અભીપ્રાય છે કે હી. પી. કો.ની ૩૭૨ મી કલમમાં જે ગુન્હાની વ્યાખ્યા આપી છે તે ગુન્હાનો તેને અપરાધી ઠરાવી શકાતા નથી. કેમકે તે ગુન્હાનો ઠરાવ કરવા સારૂ સદરહુ છોકરીને જારકરમના કારણસર અથવા કાયદા વીરૂદ્ધ તથા અનીતીના કારણસર રાખવા કીંવા વાપરવામાં આવશે એવો સંભવ છે એમ બંધવાના જાણમાં હોવાનું સાબીત થવું જોઇએ. આવા ઇરાદાનો અથવા આવા જાણપણાનો પુરાવો ખામીવાળો છે એમ અમો સમજીએ છીએ. એટલુંજ નહીં પરંતુ એવો ઇરાદો અથવા જાણપણું આ પ્રસંગમાં બેશક હોવાનું માની શકાતું નથી. તે છોકરીઓને પરણાવી દેવા સારૂ આપી દીધી હતી અને એ લગ્નના પક્ષકારોની સંસારી સ્થીતીના સબંધમાં વીશમપણું હોવાના કારણથી હિંદુ ધર્મ શાસ્ત્ર પ્રમાણે થએલાં લગ્ન જો કે વાંધાવાળાં ગણાય તોપણ તે લગ્ન નીરરથક થવાનું જણાતું નથી. જે ગુન્હાના અપેલેંટો દેખીતા ગુન્હેગાર છે તે ગુન્હો હી. પી. કો. ની ૪૧૫ મી કલમમાં વર્ણવ્યા પ્રમાણે ઠગાઈનો છે.

જસ્ટીસ સ્પેંકીનો ઠરાવ.

જસ્ટીસ પીયરસનના મતનેહું મળતો આવું છઊં.

જસ્ટીસ ઓલ્ડફીલ્ડનો ઠરાવ.

અગરજો જાતના જુદા પણાના કારણથી હિંદુધર્મ પ્રમાણે થતું લગ્ન કાયદેસર ગણાય (અને આ સંબંધમાં કાંઈ અભીપ્રાય આપવા જરૂર નથી)અને એવું લગ્ન કરીને સદરહુ છોકરીને પોતાની વહુ તરીકે ઘરમાં બેસાડવાની બંધવાની સાફ દાનત હોય તો પણ તેને પી. કો. ની. ૩૭૨ મી. તથા ૩૭૩ મી. કલમના ગુન્હાના બંધવાઓને અપરાધી ઠરાવી શકતા નથી. કેમકે તે છોકરીને જારકરમમાં અથવા કાંઇ કાયદા વીરૂદ્ધ કે અનીતીના કામમાં રાખવાની કીંવા ખપાડવાની છે એવો બંધવાઓનો ઇરાદો હોવાનું તથા તેવા કામમાં વખ્તે ખપશે એવું બંધવાઓનું જાણપણું હોવાનું કહી શકાતું નથી. આ જવાબ શીવાય વીશેષ જવાબ આપવાનું અથવા બંધવાઓએ પી. કો. પ્રમાણે કયો ગુન્હો કર્યો છે તેનો જવાબ દેવાનું લખાઇ આવેલા સવાલમાં માગ્યું નથી.

જસ્ટીસ સ્ત્રેટનો ઠરાવ.

આ લખાણમાં જે સવાલ મેં ફુલ બેંચને ચરણે મુકયો છે તે બાબતમાં મારો એવો અભીપ્રાય છેકે પી. કો. ની ૩૭૩ મી કલમના ગુન્હાનો ઠરાવ કાયમ રહી શકતો નથી. બંધવાનો મુખ્ય હેતુ અને ખરેખરો ઇરાદો પૈસા મેળવવાનો હતો અને તે પાર પાડવામાં ખોટી સમજાવણી એક માત્ર તેઓનું સાહીત્ય હતું. પેલી નાની ઉમરની છોડીઓનો કાયદા વીરૂદ્ધ તથા અનીતી વાસ્તે ઉપયોગ કરવાના ઈરાદાથી બંધવાઓએ આવું નહીં કરવા જેવું કૃત્ય કર્યાનું હું ધારી શકતો નથી. લગ્ન થવામાં તેઓની નાતના રીવાજ પ્રમાણે શું ગુણ દોષ હોવા જોઇએ તે બાબતની ખાત્રી પેલી છોડીઓને ખરીદ કરનારાઓને કરવામાં આ સઘળી ખોટી સમજાવણીઓ થઈ હતી અને એ ખરીદનારાઓ ઠગાયા હતા એમ સેસન જડજને ખાસ રીતે જણાયું છે. લગ્ન કીયા કરવા ટાણે નાતના રીવાજ પ્રમાણે જે થવું જો-

ઇએ તે પ્રમાણે દરેક છોકરીના લગ્ન પ્રસંગે થયું હતું, એ ઉપરથી તે છોકરીઓના ખરીદનાર ઠગાયાની વાત નીરમળ રીતે સાબીત થાયછે. અને તેટલે દરજ્જે ઊઘાડું છેકે પોતાના છળ ભેદો ઊઘાડા નહીં થઈ જશે એવો ખ્યાલ આણીને સદરહુ છોકરીઓ તેઓના ખરીદનારાની ઓરત તરીકે રાખવાની બંધવાઓએ ધારણા રાખી હશે. સરકારી વકીલે એવો વાંધો લીધો છેકે એ જુદી જુદી નાતના માણસો વચ્ચે યોગ્ય તથા મંજુર થઇ શકે એવું લગ્ન કદી થઇ શકતું નથી તેથી પોતાના છળ ભેદના પરીણામની અંતે એ છોકરીઓ એક રાખેલી ઓરતને દરજ્જે રહેશે એમ બંધવાઓની માન્યતાનું અનુમાન કરી લેવું જોઇએ. કદાપી એવું અનુમાન લઇએ તો પણ તે કાયદા વીરૂદ્ધ અથવા અનીતીનું કામ કહેવાઇ શકાતું નથી. વખ્તે અનીતીવાળું તે કામ હોય તો પણ તે કાયદા વીરૂદ્ધછે એમ કહેવું અશક્યછે. વેશ્યા પણાના ધંધામાં અથવા એવાજ પ્રકારના કાયદા વીરૂદ્ધ અથવા અનીતીવાળા કામમાં નાની ઉમરની છોકરીઓને વેચાતી આપતાં જે ખરાબી થાયછે તેઅટકાવવા સારૂ આ કલમો બાંધી છે, પરંતુ આ કામમાં એક જાતનું લગ્ન થએલું છે પછી તે લગ્ન કેવા પ્રકારનું હતું તે જોવાનું નથી અને પોતાની ગ્નાતીઓમાં લગ્ન કરવાના જે નીયમો અને ધોરણો ચાલતાં હોય તે નીયમો અને ધોરણોનું ઊલંઘન કરવા વાસ્તે જે માણસોએ તેમાં ભાગ લીધો હોય તેઓને નાત બહાર મુકીને સજા થાય છે. એ વાત ખરી તો પણ એ નાત બહાર થએલાં માણસોની પરણેતર સ્ત્રી કરતાં તે ઓરતો ઓછી ગણાય એમ મને દેખાતું નથી. માટે પી. કો. ની ૩૭૨મી તથા ૩૭૩ મી કલમ પ્રમાણે ગુન્હાનો ઠરાવ રદ કરવાનો મારો અભીપ્રાય છે.

કેસરેહીંદ વિ. દુવારકાંપ્રસાદ.

કલમ ૪૧૫.

૨
તા—૨૫—૯—૮૩
ઈ. ૬. અ. પા.૯૭
જ્યાં એવો નીયમ ચાલતો હોય કે અમુક તાલુકાના વતનીને દાખલ કરવો નહીં ત્યાં જે માણસ પોતાના ખરા વતનની વાત છુપાવી દઈ તથા ખોટું વતન બતાવી પોલીસનીભરતીમાં દાખલ થવાનીકોશીશ કરેતો તે સક્ષ ઠગાઈની કોશીશનો ગુન્હેગાર થતો નથી.

ज्यारे कोइ एक जील्लानी पोलीसमां भरती थाती हती त्यारे बंधवे दाखल थवानी कोशीश करतां तेमां केटलीक हकीकत खोटी होवानुं जाण्या छतां तेणे ते हकीकत जील्लाना पोलीस सुप्रींटेंडेंटने खोटी रीते जाहेर करी, ठराव्युंके आम करवाथी १७७ कींवा १८२ मी कलमोनो अथवा ४१९ कलमना अर्थ मुजब ठगाईनी कोशीश कर्यानो गुन्हो थतो नथी.

હીંદુસ્તાનના પીનલકોડની ૧૭૭ મી તથા ૧૮૨ મી કલમો પ્રમાણે એક પેહેલા વર્ગના આસીસ્ટંટ માજીસ્ત્રેટે એપેલેંન્ટ દુવારકાંપ્રસાદને ત્રણ માસની સખત કેદની શીક્ષા કરેલી હતી તેના ઉપર તેણે અપીલ કરતાં તે અપીલ ફ્રરકાબાદના સેસન જડજે કાઢી નાંખવાનો જે હુકમ કર્યો હતો તે હુકમ તપાસવા સારૂ આ એક અરજી હાઇ કોર્ટને કરવામાં આવી હતી. દુવારકાંપ્રસાદે અરજી કરી પરંતુ તે તાલુકામાં જે સક્ષ રહેતો હોય તે તાલુકાની પોલીસમાં તે સક્ષની ભરતી કરવી નહીં એવો નીયમ હોવાનું તે જાણતો હતો છતાં તેણે

સુપ્રીંટેંડંટને જાહેર કર્યુંકે હું ફરકાબાદ તાલુકાનો રહેવાશી નથી. પોલીસની આ હકીકત ઉપરથી દુવારકાં પ્રસાદને પીનલકોડની ૧૭૭ તથા ૧૮૨ મી કલમો મુજબ શીક્ષા થઇ શકે એવા ગુન્હાઓનો અપરાધી ઠરાવ્યો.

અપીલમાં સેસનજડજનો એવો મત થયોકે અપેલેંન્ટના કૃત્યોથી ઉપર કહેલા ગુન્હાઓમાંથી એક ગુન્હો થતો નથી પણ તેણે ઠગાઇ કરવાની કોશીશ કરીછે અને તેથી અપીલ રદ કરવી જોઈએ.

અરજદાર તરફથી કોઇ હાજર નહોતું.
સરકાર તરફથી બાબુ દુવારકાંનાથ હાજર હતા.
ટોરેલ જસ્ટીસનો ઠરાવ.

ફરૂકાબાદ જીલ્લાની પોલીસમાં પોતાની ભરતી સહેલાઇથી થઇ જાય, એટલા માટે પોતાના વતન વીશે અરજદાર કપટ ભાવથી બોલ્યો. તેથી તેણે પી. કો. નીં. ૧૭૭ તથા ૧૮૨ મી કલમોમાં ધારેલો ગુન્હો કર્યો નથી. એવો જે સેસનજડજે ઠરાવ કરેલોછે તે બેશક સાચો છે પણ પી. કો. ની. ૪૧૫મી કલમમાં ઠગાઇના ગુન્હાની જે વ્યાખ્યા આપીછે તે વ્યાખ્યા પ્રમાણે અરજદારનાં કૃત્યોથી ઠગાઇ થાયછે એવું ઠરાવવામાં તે સેસનજડજ પેલા માજીસ્ત્રેટ કરતાં ઓછો ખોટો નથી. આ કામની હકીકત સાથે ફરેબી અથવા બદદાનત જે ઠગાઇના ગુન્હાનાં મુખ્ય તત્વો છે તે દેખાતાં નથી. પોતાના વતન વીશે જે સક્ષને તેણે ખોટી ખબર આપ્યાનું ધારવામાં આવેછે, તે સક્ષના મનને, તનને, અથવા આબરૂને, અરજદારના કૃત્યથી કાંઇ હરકત કીંવા નુકશાન થયું હોય, અથવા થવાનો સંભવ હોય એમ કોઈએ બતાવ્યું નથી માટે ગુન્હાનો અને સજાનો ઠરાવ રદ કરવામાં આવેછે.

માહારાણી કેસરેહીંદ વિ. ધંધી,

કલમ ૪૧૫.

૩

તા. ૮-૫-૮૧.

ઇ. ૮ અ. પા. ૩૪૦

જયાં એવા નીયમ ચાલતો હોય કે કોઇ શહેરમાંથી બહાર ખાતે લઇ જવા નાસધળા માલ ઉપર શહેરની માંડવીની આફીસમાં પુરે પુરી જગાત લેવી અને તે પઈકી બહાર ગામ જે માલ વેચાણો નહોય તે માલ શહેરમાં પાછો લાવતાં તેના ઉપરની જગાત લેવાઇ હોય તે પાછી આપવી. જેટલી જગાત પાછી દેવાની હોય તે બાબતનું સરટીફી

हीं. पी. को. नी ४१७ तथा ५११मी कलमो मांहेला ठगाइनी कोशीश कर्यानी एक फोजदारी फरीयादमां बंधवा उपर “दाण लेवाने मुख्य चबुतरे पोतानी पासेना घीना कुडलामां केटलुं घीछे ते संबंधी खोटी हकीकत कह्यानुं तोहोमत मुकी तेने सदरहु गुन्हाने माटे अपराधी ठराव्यो हतो.”

चबुतरा वाळा पासेथी जगात पाछीं मुजरे लेंवा सारु एक सरटीफीकेट मेळववानी तेनो मतलब हती. ए सरटीफीकट आप्पा अगाउ जगात लेनारा अमलदारोए बंधवा पासेमा कुडला मांहेलो जे माल तपासवानो हतो ते मालना संबंधमां बंधवे खोटी हकीकत जाहेर करी हती. अने ज्यारे आखर मालनो तपास थया. त्यारे मागेलुं सरटीफीकट बंधवाने मळयुं नहीं. परंतु उपर कह्या प्रमाणे तोहोमत मुकीने तेने गुन्हेगार ठ-

राव्यो. चबुतरा वाळा पासेथी जगात पाछी मुजरे मळवानो हमेशनो वहीवट एवो हतो के तेना मुख्य अमलदारने रजु करेली वस्तु जेवा प्रकारनी कहेवामां आवी होय, तेवा प्रकारनीछे तेनी खात्री करवी अने पछी ए खात्री थया बाद सरटीफीकट अपातुं अने जे पेटा चबुतरानी आफीसना कारकुने शेहेरनी बाहार माल लइ जवानी रजा दीधी होय तेनी पासे ते सरटीफीकट लइ जइने तेमां शेरो करावी लेवो अने आवी रीतना शेरावाळुं सरटीफीकट मुख्य चबुतरे लइ जइने आपेली जगातमांथी मुकाणनी जगात पाछी लेवी.

કટ નીકાસની માંડવીમાં નોંધાવીને પછી મુખ્ય ચબુતરે અઠવાડીઆના ચોકસ દિવસે જઈને રજુ કરવું ત્યાં જે માલ પાછો શહેરમાં લાવવામાં વખારે જગાત પાછી લેવાના ઇરાદાથી તે માલની કિંમત વીશે ખોટી હકીકત જાહેર કરી સરટીફીકેટ મંગવું એથી ઠગાઈની કોશીશનો ગુન્હો થતો નથી.

ठराव्युंके, बंधवे पोताना कुडला मांहेला माल वीशे खोटी हकीकत जाहेर करतां ठगाइना गुन्हानी कोशीशनुं काम परीपुरण रीते पार पाड्युं नथी. फक्त तेणे ठगाइ करवानी तैयारी करेलीछे माटे ठगाइना गुन्हानी कोशीशनो ठराव रद करवो जोइए.

હુકમ થવા સારૂ આ કામ હાઈકોર્ટ તરફ આગ્રાના સેસનજડજે લખી મોકલ્યું હતું અને જેની હકીકત એવી છેકે, "ઠરાવ સુધરાવનારો અરજદાર બંધી મથુરાંના વાણીઆ કાલુમલનો એક નોકર છે, અને તેની સામે એવી ફરીયાદ થઇ છે કે સને ૧૮૮૫ના ડીસેંબરની ૧૬મી તારીખે તેણે મથુરાં નગરીની મુખ્ય માંડવીમાં જઇને ત્રણ કુડલા રજુ કર્યાં અને તે સર્વે કુડલામાં ઘી હોવાની હકીકત જાહેર કરી ફક્ત બે કુડલામાં ઘી હતું અને ત્રીજામાં તેલ હતું. બેકુડલા ઘીના અને એક કુડલો તેલનો હોયતો આપેલી જકાતમાંથી પચીશઆના મુજરે મળે તેને બદલે ઘીના ત્રણ કુડલા કહી જકાતના ત્રીસઆના પાછા મુજરે થવાનું સરટીફીકટ લેવાસારૂ તેણે આવી રીતની ખોટી હકીકત જાહેર કરી હતી. પ્રોસીક્યુશનવાળા તરફથી કહેવામાં આવ્યું છેકે પૈસા આપવાનું સરટીફીકટ આપ્યા હરોલ ચબુતરાના અમલદારોએ કુડલા માંહેલો માલ તપાસ્યો હતો. અને તે તપાસ કરવાથી માલુમ પડયુંકે, ત્રણ કુડલામાં ઘી હોવાને બદલે બેમાં ઘી અને ત્રીજામાં તેલ હતું. આબીના ઉપરથી બંધવાને ઠગાઇની કોશીશ કર્યાના ગુન્હાનોગુન્હેગાર ઠરાવી તેનો ચાર રૂપૈઆ દંડ કરવામાં આવ્યોછે. બંધીએ પોતે પોતા ઉપર રાખેલા આરોપનો ઇનકાર કરેલોછે, અને કહેછેકે ત્રણે કુડલામાં ઘી હોવાનુ મેં બીલકુલ કહેલું નથી. બંધવાને તેના શેઠે આપેલું ત્રણ કુડલાનું ભરતીઉં પ્રોસીક્યુશનવાળાએ રજુ કરેલું નથી એમ કામ ઉપરથી મારા જોવામાં આવેછે. ચબુતરાવાળા પાસેથી જકાત જ્યારે પાછી મુજરે લેવી હોય, ત્યારે માલ રજુ કરવાની સાથે એવી રીતનાં ભરતીઆં મોકલવાંનો રીવાજ ચાલેછે અને તેવું ભરતીઉં આકામમાં નહોવાથી પ્રોસીક્યુશનનો પુરાવો આકામમાં ઓછી ખામીવાળો નથી. પોતાના શેઠ તથા ચબુતરા ખાતાના સુપ્રીટેંડેંન્ટ વચ્ચે અંટસ હોવાનું બંધવો કહેછે એ હકીકત પણ મારા લક્ષ ઉપર આવેલીછે. જે હકીકત કામમા પડેલીછે તે શકપડતીછે એટલાજ ઉપરથી આ મુકરદમો લખી મોકલવાની

બસ્દી હું મેત નહીં. કુડલા માંહેલા માલ વીશે બંધવે ખોટી હકીકત જાહેર કર્યાનું કહેવામાં આવેછે. તેવાત સાચી છે એવું માની લેતાં પણ હું ધારૂં છઊંકે, તેણે ઠગાઇના ગુન્હાની કોશીશ પરી પુરણ કરી નથી પરંતુ ઠગાઇ કરવાની માત્ર તૈયારી કરેલીછે. મથુરાંનગરીને ચબુતરેથી જ્યારે દાણ મુજરે લેવાનું હોયછે. ત્યારે જે માલ રજુ કરવામાં આવ્યો હોય, તે વેપારીના ઝાહેર કરવા પ્રમાણે બરાબર છેકે નહીં તે વીશેની ખાત્રી મુખ્ય ચબુતરાના અ. મલદારને કર્યા પછી તે અમલદાર એક સરટીફીકટ આપેછે અને પછી એ સરટીફીકટ પેટાની માંડવીનો કારકુંન સદરહુ માલ ગામમાંથી બહાર લઈ જવાની રજા આપેછે. તે તેના નીચે શેરો ભરી આપેછે. માલધણી આ શેરા વાળું સરટીફીકટ પાછું મુળ ચબુતરે લઇ જઇને અઠવાડીઆમાં એક રોજ દરશનીવારે રજુ કરી જકાત પાછી લઇઆવેછે. ત્રીશ આના પાછા મેળવવામાં તોહોમતદાર ધંધીએ ખોટી હકીકત જાહેર કરીને ફાવ્યો એમ ધારતાં પણ તેને પશ્ચાતાપ કરવાનો પુર્ણ વખત હતો કેમકે પેટાને ચબુતરે જઇ તેના ઉપર શેરો કરાવવાનું હજુ બાકી હતું અને સદરહુ સરટીફીકટ ઉપર તેનો અખતીયાર જતા રહેવા પેહેલાં તથા ઉપર કહેલો ગુન્હો સંપુર્ણ થઈ રહ્યા પછી કાંઇ ઇલાજ ચાલે નહીં ત્યાં સુધીમાં વળતા શનીવારને રોજ તેને રજુ કરવાનું રહેતું હતું એટલે તે શનીવારે રજુ કરવાના વખત પેહેલાં પોતાના મનમાં પશ્ચાતાપ પામી તેને રજુ કરવાનો મનસુબો ફેરવી નાંખવો હતતો ફેરવી નાંખત. તથા તે સરટીફીકેટને ફાડી નાંખવું હતતો ફાડી નાખત તો પછી ઠગાઇનો ગુન્હો થવા બીલકુલ પામત નહીં. જો પેલા અમલદાર સાથે બંધવો કપટ ન રમ્યો હત તો તે અમલદારને બંધવાના સંબંધમાં કાંઇ કામ કરવાનું નોહોતું. અને જ્યારે સરટીફીકટ આપવાની તેની ઇચ્છા થઇ ત્યારે ઠગાઇનો ગુન્હો થઇ શકેછે, એવી દલીલના સંબંધમાં મારે આ ઠેકાણે એક એવાત લખવાની જરૂર છે કેમકે ઠગાઈના ગુન્હાની વ્યાખ્યામાં ઘણોજ ગુઢ અરથ સમાવેલો છે, જે કામ અથવા કસુર કરવાથી કોઇ સક્ષને નુકશાન થતું હોય, અથવા થવાનો સંભવ હોય તેવું કામ આ મુકરદમામાં હોવાનું મારે માનતું જોઇએ. પરંતુ સરટીફીકટ આપીને તેના ઉપર જ્યાંસુધી શેરો થયો નથી ત્યાંસુધી તથા એ શેરો કરાવ્યા પછી વધારે હીલચાલ કરતાં સુધી કોઇને નુકશાન થવાનો સંભવ હોવાનું કહીશકાતું નથી. વળી વાસ્તવીક રીતેજોતાં આવી રીતનું સટીફીકટ તોહોમતદારને મળ્યું પણ નથી માટે નીચલી કોરટનો કરેલો ઠરાવ કાયદાથી ઊલટો હોવાનું હું માનું છઊં.

જસ્ટીસ બ્રોડ હર્સ્ટનો ઠરાવ.

સેસનજડજે જે કારણો લખ્યાં છે, તે કારણોને લઇને ડેપ્યુટી માજીસ્ત્રેટનો ગુન્હાનો તથા સજાનો ઠરાવ રદ કરી જો દંડ વસુલ થયો હોય તો પાછો આપવાનો હુકમ કરૂં છઊં.

કલમ ૪૧૬ મી.

૪૧૬. પોતે કોઇ બીજો સખસ હોવાનો ઢોંગ કરીને, અથવા જાણી બુઝીને એક સખસને ઠેકાણે બીજો સખસ મુકીને, અથવા પોતે અથવા કોઈ બીજો સખસ ખરેખર જે હોય તેથી જુદોજ સખસ છે એવું બતાવીને, અગર કોઇ માણસ ઠગાઇ કરે, તો તેણે "વેશલેઇને ઠગાઇ કરી" એમ સમજવું.

વેઠ લઇને ઠગાઇ કરવી.

ખુલાસો—જે સખસનો વેશ લીધો હોય તે સખસ ખરેખર કોઇ હોય અથવા નહી હોય, તોપણ તે ગુન્હો થયો એમ સમજવું.

દ્રષ્ટાંત.

(**અ**) હું **અ** નામનો ફલાણો માતબર સરાફ છું એમ કોઇ **અ** ઢોંગ કરીને ઠગાઇ કરે, તો **અ** એ વેશ લેઇને ઠગાઇ કરી એમ સમજવું.

(**બ**) હું **બ** છું એમ ઢોંગ કરીને **અ** ઠગાઇ કરે, અને **બ** તો મરી ગયેલો સખસ હોય, તો **અ** એ વેશ લેઇને ઠગાઇ કરી એમ સમજવું.

કલમ ૪૧૭ મી.

૪૧૭. જે માણસ ઠગાઇ કરે, તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ઠગાઇનીશીક્ષા.

કલમ ૪૧૮ મી.

૪૧૮. કોઇ સખસ ઠગાઇ કરે, અને તેમ જાણતો હોય કે જે પ્રકરણમાં હું ઠગાઈ કરૂં છું તે પ્રકરણમાં ફલાણા સખસનો લાભ જાળવવાની કાયદા પ્રમાણે અથવા કાંઈ કાયદેસર કરાર પ્રમાણે મારી ફરજ છે તે સખસને એ ઠગાઇથી ગેરવ્યાજબી હાની મારાથી થાય એવો સંભવ છે, તો એ સખસને બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

જેનો લાભ જાળવવાની જે સખસની ફરજ હોય તેને ગેરવ્યાજબીહાની થશે એવું જાણીને તે સખસે ઠગાઇ કરવી.

કલમ ૪૧૯ મી.

૪૧૯. જે માણસ વેશ લઇને ઠગાઇ કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

વેશલઇને ઠગાઇ કરવાનીશિક્ષા.

કલમ ૪૨૦ મી.

૪૨૦. કોઇ માણસ ઠગાઇ કરે, અને તેથી કરીને બદદાનતથી એમ કરે કે તે ફરેબ દીધેલો સખસ કાંઇ મીલકત કોઇ સખસને આપે, અથવા કાંઇ કીમતી દસ્તાવેજ અથવા સહી કે મોહોર કરેલી કાંઈ વસ્તુ જેનો કીમતી દસ્તાવેજ બની શકે તે આખી કે થોડી ઘણી બનાવે, ફેરવે, કે તેનો નાશ કરે, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ઠગાઇ કરીને બદદાનતથીકાંઇ મિલકત અપાવવી.

કલમ ૪૨૧ મી.

દગાના ખતો તથાં મીલકતની વ્યવસ્થા બાબત.

૪૨૧. જે માણસ બદદાનતથી કે દગલબાજીથી કાંઇ મીલકત ખશેડે, અથવા છુપાવે, અથવા પુરેપુરી કીમત લીધા વિના કોઈ સખસને

માગનારાઓમા વહેંચણીથ

આપે, કે તેને નામે કરી આપે, કે કરાવી આપે, એવા ઇરાદાથી કે તેમ કરીને પોતાના કે કોઈ બીજા સખસના માગનારાઓમાં તે મીલકત કાયદા મુજબ વહેંચાતી અટકે, અથવા તેમ કરવાથી તે વહેંચાતી અટકશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

તી અટકાવવાને માટેકાંઈ મીલકતનું બદદાનતથી અથવાદગલબાજી ખશેડવું અથવાછુપાવવું.

કલમ ૪૨૨ મી.

૪૨૨. પોતાનું અથવા બીજા કોઇ સખસનું કાંઇ લેહેણું કે માગણું હોય, તે પોતાનું અથવા તે સખસનું કરજ અદા કરવામાં કાયદા મુજબ કામે આવતુ જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી અટકાવે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઈનું કાંઇલહેણું કે માગણું હોય તે પોતાના માગનારાઓને મળતુ તે માણસે બદદાનતથી અથવા દગલબાજીથી અટકાવવું.

કલમ ૪૨૩ મી

૪૨૩. જે ખત કે દસ્તાવેજ કાંઇ મીલકત અથવા તે માંહેલો કાંઈ હક કોઇ સખસના નામપર કરી આપવાની મતલબનો અથવા કાંઇ મીલકતમાંથી કાંઇ રકમ અપાતી થાય એવી મતલબનો હોય, અને જેમાં તે નામપર કરી આપવાની અથવા તે રકમ અપાતી થવાની કીમત બાબત, કે જે સખસ અથવા સખસોના ઉપયોગ અથવા લાભમાં તે ખત અથવા દસ્તાવેજનો અમલ થવાનો ખરેખર ઇરાદો કર્યો હોય તે સખસ અથવા સખસો બાબત, કાંઈ ખોટો જીકર લખેલો હોય એવા કોઈ ખત કે દસ્તાવેજ પર જે માણસ બદદાનતથી સહી કરે, અથવા એવું ખત કે દસ્તાવેજ લખી આપે, અથવા લખીઆપનાર કે લખાવી લેનાર થાય, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇના નામની કાંઇ મીલકત કરી આપવાના જે ખતમાં કિમતનો જિકર ખોટો લખ્યો હોય એવા ખતપર બદદાનતથી કે દગલાજીથી સહી કરવી.

કલમ ૪૨૪ મી

૪૨૪. પોતાની અથવા બીજા કોઈ શખસની કાંઈ મીલકત જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી છુપાવે કે ખશેડે, અથવા તે છુપાવવામાં કે ખશેડવામાં જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી મદદ કરે અથવા કાંઇ માગણા કે લેહેણાપર પોતાનો હક હોય તે જે માણસ બદદાનતથી કે દગલબાજીથી મુકી દે, તે માણસને બેવરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કાંઈમિલકતનું બદદાનત થી અથવા દગલબાજીથી ખશેડવુંકેછુપાવવું.

કલમ ૪૨૫ મી.

લોકોને અથવા કોઇ સખસને ગેરવ્યાજબી હાની અથવા બિગાડ. નુકશાની કરવાના ઇરાદાથી, અથવા તેવી હાની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે, એમ જાણીને જે માણસ કાંઇ મીલકતનો નાશ કરે, અથવા કાંઇ મીલકતમાં કે તેની સ્થિતિમાં એવો કાંઇ ફેરફાર કરે કે તેથી તે મીલકતની કીમતનો અથવા ઉપયોગીપણાનો નાશ થાય અથવા તેની કીમત કે ઉપયોગીપણું ઓછું થાય અથવા તેથી તે ઉપર નુકશાન ભરેલી અસર થાય તો તે માણસે "બીગાડ" કરયો એમ સમજવું.

ખુલાસો ૧ લો—જે મીલકતને નુકશાન કરયું હોય અથવા જેનો નાશ કરયો હોય, તે મિલકતના ધણીને કાંઇ હાની અથવા નુકશાની કરવાનો ઇરાદો તે ગુનોહ કરનારે કરયો જોઇએ એવું કાંઇ બીગાડના ગુનાહમાં જરૂર નથી, અગર કાંઇ મિલકતને નુકશાન કરીને કોઇ પણ સખસને ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાનો તેનો ઇરાદો હોય, અથવા તેવી હાની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે એમ તેના જાણ્યામાં હોય, તો બસ છે, પછી તે મિલકત તે શખસની હોય કે નહીં તો પણ.

ખુલાસો ૨ જો—પોતાનીજ અથવા પોતાની સાથે બીજા સખસોના રાસ ખાતાની કાંઇ મિલકત બાબત પણ કાંઇ કામ કરીને તે કામ કરનાર તે કામથી બીગાડ કરી શકે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી ઝ નો એક કીમતી દસ્તાવેજ અ બુદ્ધિપુરવક બાળી નાંખે, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(બ) ઝ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી ઝ ની એક બરફનીવખારમાં અ પાણી દાખલ કરે, અને તેથી કરીને તે બરફ પીંગળી જાય, તો અ એ બિગાડ કરયો એમ સમજવું.

(ક) ઝ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી ઝની એક વીંટી અ બુદ્ધિપુરવક એક નદીમાં નાખીદે, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(ડ) માહારી પાસે ઝ ના આટલા રૂપીઆ નીકળે છે તે અદા થવા સારૂ હુકમનામું બજીને માહારી મિલકત જપત થવાની છે એમ અ ના જાણ્યામાં હોય, અને ઝ ને તે રૂપીઆ મળતા અટકાવવાના તથા એમ કરીને ઝ ને નુકશાની કરવાના, ઇરાદાથી અગર અ તે મિલકત બાળી નાખે, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(ધ) અ એ એક વાહાણનો વીમો ઉતરાવ્યો છે, હવે વીમાવાળાઓને નુકશાની કરવાના ઇરાદાથી અગર અ તે વહાણને ખરાબાપર ચડાવી દે, તો તેણે બીગાડ કરયો એમ સમજવું.

(ક) ઝ એ એક વાહાણપર જોખમી નાણાં ધીર્યાં છે, તેને નુકશાની કરવાના ઇરાદાથી અગર અ તે વહાણને ખરાબાપર ચડાવી દે, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(ગ) એક ઘોડો અ તથા ઝ એ બંનેની, રાશ ખાતાની મિલકત છે તે ઘોડાને અ ગોળી મારે એવા ઇરાદાથી કે તેમ કરીને બ ને ગેરવ્યાજબી હાનિ કરવી, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(હ) અ ઝ ના ખેતરમાં કેટલાએક ઢોરને મોકલે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી ઝ ના પાકને નુકશાની થાય, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

દીનોનાથ ઘટક વિ. રાજકુમારસિંહ અને બીજાઓ.

કલમ ૪૨૫.

૧ તા૦૨૭–૩–૭૮ ઈ.૩ ક.પા. ૫૭૯

एक जमीनना कटकानो अ. मजीयारो मालेक हतो. तेणे ते जमीन उपर ब. नामना बीजा मजीयारा मालेकनी समत्ती लीधा वगर अने तेनी मरजीना उपरवट थइने एक इमारत बांधी जेने लीधे तकरार उठतां माजीस्त्रेटे तपास करीने फोजदारी काम चलाववानी रीतना कायदानी ५३० (   ) मी कलम अनुसार ठराव कर्योके, जे जमीनना भाग उपर सदरहु इमारत बांधी हती तेनो कबजो एकला अ. नोछे.

जसटीस जाकसने ठराव्युंके, सदरहु ठराव भूल भरेलो छे केमके ते हकीकत एवी नथी के, जेने ५३०(   ) मी कलम लागु पडी शके,

त्यारबाद सदरहु आखा कटकानो मजमु कबजो होवानो मारो हक छे ते स्थापीत करवा सारु तथा ते कटका उपर कोइ जातनी इमारत खडी करवानो अ. नो हक नथी ते ठरावया सारु ब. ए दीवानी कोरटमां दावो कर्यो ते उपरांत तेणे एवी अरज करीके, सदरहु इमारत खसेडी नाखवी जोइए. ब. ना लाभमां हुकमनामुं थतां तेना नोकरो ते जमीन उपर गया अने पेली इमारत तोडी नांखी. जे उपरथी बीगाड कर्यानुं तोहोमत राखी तेआना उपर डेप्युटी माजीस्त्रेटने त्यां फरीयाद थतां तेण तेओने ते गुन्हाना अपराधी ठरावी तेओनो दंड कर्यो.

जस्टीस जाकसने ठराव्युं के, आ गुन्हामां गेरकायदेसर हानी थइ नथी. माटे बंधवाओ बीगाडना गुन्हेगार ठरी शकता नथी.

८ मी अकटोबरने रोज आ बंधवाओ जे क, ब ना नोकर हता, तेओने जणायुं के, अ ना नोकरो पाछी ते इमारत बांधे छे. एटले तेओए ते प्रमाणे नहीं बांधवानी जीकर करीने ए इमारतना केटलाक वांसो ढोळी नाख्या तथा अ ना नोकरोने धके मारी पडखे करतां एक जण जे ते वांसडाओने वळगी रह्यो हतो तेने भोंयपर पछाडयो ९ मी अकटोबरने रोज आ नोकरो उपर माजीस्त्रेट पासे हंगामानी फरीआद थतां ज्यारे तेओना बचावना साक्षीओनां नाम देवानुं कहेवामां आव्युं, त्यारे तेओए घणानां नाम आप्यां, अने वळते रोज तेओने हाजर थवाना समन्स काढया, परंतु तेओ मळ्या नही. फरीने तओने समन्सथी बोलाववाने वास्ते ते माजीस्त्रेटे ना पाडी, अने १२ मी अकटोबरने रोज बंधवाओने अपराधी ठराव्या.

जस्टीस जाकसने ठराव्युं के आ वारंट मुकरदमो होवाथी तहोमतदारो जे साहेदोना नाम आपे, तेओने समन्स करी बोलाववानी माजीस्त्रेटनी फरज हती. तथा पोताना ध्यानमां आवे तो ते मुकरदमो मुलतवी राखवो होय तो राखी शकाय एवो हतो.

वळी जस्टीस जाकसने ठराव्युं के, फोजदारी काम चलाववानी रीतना कायदानी ३५९ मी कलमनो अर्थ एवो छे के, तोहोमतदार साक्षी दरजे जे माणसना नाम आपे ते मांहेला साक्षीनुं नाम हेरान करवा सारु अथवा लंबाववा सारू आपेलुं छे एम माजीस्त्रेटनी नजरमां आवे त्यारे सदरहु साक्षी मुदानो छे के नहीं, तेनी पुछपाछ करीने ते साहेदीने बोलाववो के केम? ते विषे माजीस्त्रेटने विचार करवानो छे; परंतु तोहोमतवाळानो बचाव शुं छे ते बीशेनी पुछपाछ करवा तथा केवी जातनो बचाव करवानो छे ते जाणीने तोहोमतवाळाए कहेला सघळा साहेदीयोमांथी तेने समन्स करी बील्कुल बोलाववानुं बंध करवानो अखतीयार माजीस्त्रेटने आपवानो ते कलमनो हेतु नथी. वळी आ काममां

कांइ लंबाण के हेरान करवानो ईरादो हतो नहीं. जेथी माजीस्त्रेटे मुकरदमो मुलतवी राखवामां जे ना पाडी छे तेनाथी पोतानो बचाव करवामां तोहोमतवाळा सक्षोने वखते नुकशान थयुं हशे.

वळी जस्टीस जाकसने ठराव्युं के, आ बंधवाओ पेली तकरारी जमीन उपर एक गेरकायदेसर मंडळीना अंगभुतने दरजे अथवा कोइ गेरकायदेसर काम वास्ते नहोता. जेथी गुन्हानो ठराव तथा काम चलाववानी रीत गेरकायदेसर हती.

जस्टीस कनींगहांमे ठराव्युं के, कोइ खानगी ग्रहस्थ तरफथी अपकृत्य थतुं हतुं ते अटकाववानो इलाज बंधवा मात्र लेता हता अने खांनगी बचावनो हक कायदेसर चलवता हता.

वळी जस्टीस कनींगहांमे ठराव्युं के, नोबतखानुं उभुं करतां बंधवाना कृत्योथी बीगाडनो गुन्हो थतो नथी. अने तेथी हीं. पी. कोनी ४२९ मी कलमनो जे तात्पर्य छे ते तात्पर्यनी अंदर ते कृत्योनो समास थाय छे.

जस्टीस इन्स्ली तथा मेकडोनले ठराव्युं के, ज्यां सुधी फोजदारी कामोमां कायदामां ठरावेला बीजा कोइ इलाजो पेस्तर लेवाया न होय त्यां सुधी हाइकोरट पोतानी असाधारण हकुमतना अधीकारो चलावीने वचमां आवी शकती नथी. तेथी जे सक्षोने कोइ माजीस्त्रेटे हंगामानो अपराधी ठराव्या होय, अने जेओने सेसन कोरटमां अपील करवाना हक होय; तेओ तेम करवाने बदले हाइकोर्टने मळेला रुकानी १९ मी कलम प्रमाणे ते इलाज ज्यां सुधी लेवायो न होय त्यां सुधी वचमां आववानी ते हाइकोर्टने अरज करी शकतो नथी.

આ કેસમાં એવી હકીકત હતીકે, જમીનનો એક કકડો ગોપીકીસ્તો ગોસાઈન અને સામચર્ન લાહીરી અને એક ત્રીજો સક્ષ જેણે આ મુકરદમાના ખટલામાં કાંઇ ભાગ લીધેલો નથી. તેઓ ત્રણે જણનો મજમું હતો. તે મજમું જમીનના કોઇએક ભાગમાં ભુર્થીઓને આધારે શામચર્ન લાહીરીએ એક નોબતખાનું અથવા ગવૈયાઓને. માટે માંચડો (પ્લેટફોર્મ) ઊભું કર્યાથી તથા તે ઊભો કરવામાં ગોપીકીસ્તો ગોસાઇએ વાંધો લેવાથી ઇસવીસન ૧૮૭૬ના દુરગા પુજાના તહેવારની અગાઊ એ બંનેની વચ્ચે ઝઘડા ઊઠયા. આ ઝઘડાની વાત સાંભળી

ને ચેટાટુકડી માજીસ્ટ્રેટે તપાસ કરીને ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૫૩૦ મી કલમ પ્રમાણે એવો હુકમ કર્યો કે, જે જમીનના કકડા ઉપર નોબતખાનું ખડું કરવામાં આવ્યુંછે, તે જમીનનો સ્વાંગ કબજો શામચર્ન લાહીરીનો ઠરાવવામાં આવેછે. આ ઉપરથી ગોપીકીસ્તો ગોસાંઇએ સબોરડીનેટ જડજની કોરટમાં દીવાની દાવો કર્યો, તે એવી મતલબથી કે આ આખી જમીનનો મજમુ કબજો રહેવાનો મારો હકછે તથા તે ઉપર નોબતખાનું બાંધવા વાસ્તે શામચરણ લાહીરીને હક નથી એમ કોરટ પાસે નકી કરાવવું. ફરીયાદ અરજીમાં તેણે ખાસ રીતે એવી માગણી કરી હતીકે, ઉપર પ્રમાણે માગેલી અરજ મંજુર કરવી જોઇએ, અને સદરહુ નોબતખાનું તોડાવી નાંખવું જોઈએ. સને ૧૮૭૭ના મે માસની ૧૯ મી તારીખે સબોરડીનેટ જડજે હુકમનામું વાદીના લાભમાં કર્યું.

૧૯ મી મેના હુકમનામામાં ફરમાવ્યા પ્રમાણે શામચરણ લાહીરીએ તે નોબતખાનું નહિ પાડી નાખવાથી સને ૧૮૭૧ના સપ્ટેંબર મહિનામાં ગોપીકીસ્તો ગોસાઇના કેટલાએક નોકરોએ તે જગ્યા ઉપર જઇને નોબતખાનું તોડી પાડયું. આ ઉપરથી શામચરણ લાહીરીએ ફરીયાદ કરી, અને તેથી જે માણસોએ તે નોબતખાનું પાડી નાખ્યું હતું તેઓને ડેપ્યુટી માજીસ્ટ્રેટે બોલાવી ૨૮ મી સપ્ટેંબર સને ૧૮૮૭ને રોજ ક્રી. પી. કો. ની. ૪૨૫ મી. કલમ પ્રમાણે બીગાડના ગુન્હાના અપરાધી ઠરાવી તેઓનો દંડ કર્યો.

ચાલતા મુકરદમાના અરજદારો સહીત ગોપીકીસ્તો ગુસાઇના કેટલાએક નોકરોએ શામચરણ લાહીરીના જે મજુરો આ નોબતખાનું પાછું ઊભું કરવામાં રોકાએલા હતા તેઓને જોઇને ૧૮૭૭ના અકટોંબર માસની ૮ મી તારીખની સવારમાં તે ઊભું ન કરવા સારૂ વાંધો લીધો, એટલુંજ નહીં પણ શામચરણ લાહીરીના નોકરોને ધકા મારીને તથા તેમાંથી જે એકજણ ભુર્થી ઉપર ચડયો હતો, અને જે નીચે ઉતરવાની ના પાડતો હતો તેને ભોંયપર પછાડીને બધી ભુર્થીઓ જમીનમાંથી ખેંચી કાઢી.

૯ મા અકટોંબરની શીરામણી ટાણે શામચરણ લાહીરીએ માજીસ્ટ્રેટને ત્યાં ફરીયાદ કરી અને તે માજીસ્ટ્રેટે એકદમ તોહેમતદારો ઉપર સમન કર્યો. અને તેજ રોજ તેઓને હાજર કર્યા ઉપરથી તે માજીસ્ટ્રેટે તેઓનો ઈનસાફ સંક્ષેપ રીતે કરવાનું પ્રથમ ધાર્યું, પણ તેમ નહીં કરવાસારૂ તોહોમતદારના વકીલોએ વાંધો લેવાથી ક્રી. પી. કો. ની ૧૪૧ અને ૧૪૭ મી કલમ માંહેલા ગુન્હાનું તોહોમતનામું તેણે ઘડવા, માંડયું. અને પછી તેને તેજ ક્ષણે તોહોમતદારોને પોતાનો બચાવ આપવાનું ફરમાવ્યું તેઓએ પોતાના બચાવમાં કેટલાએક સાક્ષીઓનાં નામ આપ્યાં. અને તેથી વળતી સવારે હાજર થવા સારૂ સમન કર્યા. આ સાક્ષીઓ માલમ નહીં પડવાથી તોહોમતદારોએ ૧૨મી તારીખે વધારે મુદત મળવા સારૂ માજીસ્ટ્રેટને અરજ કરી; એવું બતાવીને કે તે વખત પુજાનો હતો અને તેઓના સાક્ષીઓને હાજર કરવાને તેઓને સારી તક મળી નહોતી. માજીસ્ટ્રેટે વધારે મુદત આપવાની ના પાડી અને કેદીને ક્રી. પી. કો. ની ૧૪૭ મી કલમ પ્રમાણે હંગામો કરવાના ગુન્હાના અપરાધી ઠરાવી તેઓમાંના હરેકને ત્રણ ત્રણ માસની સખ્ત કેદની સજા કરી.

કેદીઓએ સેસનકોર્ટમાં અપીલ કર્યા વગર હાઇકોરટના રૂલની ૧૫મી રકમ પ્રમાણે દફતર મંગાવવાની ૨૬ મી અકટોંબરે હાઈકોર્ટને (જસ્ટીસ વ્હાઈટ અને જસ્ટીસ મેકડોનેલને) અરજ કરી. અને થએલી શિક્ષા શું કામ રદ નહીં કરવી જોઇએ તેનું કારણ બતાવવાને ફરીયાદી દીનો-

નાથ ઘટક ઉપર હુકમ મેળવ્યો. અને હાઇકોર્ટે કેદીઓને જામીન ઉપર છોડવાનું ફરમાવ્યું. સને ૧૮૭૮ ના જાનેવારીની ૧૮ મી તારીખે જસ્ટીસ એન્સ્લી તથા જસ્ટીસ મેકડોનલ આગળ તે હુકમ વીશે તકરાર ચાલતાં તે હુકમ રદ કરવામાં આવ્યો, અને તેમાં તે વિદ્વાન જડજોએ નીચે પ્રમાણે ઠરાવ આપ્યો.

જસ્ટીસ વ્હાઈટ સાહેબે એવી ઈચ્છા બતાવી છે કે, આ બાબતનો આ કોરટે નીકાલ કરવો જોઇએ. અમારો એવો મત છે કે, જ્યાં સુધી કાયદામાં ફરમાવેલા બીજા સઘળા ઈલાજો લેવાયા ન હોય ત્યાં સુધી આ કોરટ પોતાની અસાધારણ સત્તા વાપરીને વચમાં આવી શકતી નથી. આ મુકદમામાં અરજદારો ચોખી રીતે અપીલનો લાભ લઇ શકે છે, અને તેથી તે ઇલાજ લેતાં સુધી આ અદાલતે પોતાના રૂકાની ૧૫ મી કલમ વાજબી રીતે ક્યાં લાગુ પાડવી જોઇએ-તે લક્ષમાં રાખી આ કોરટે વચમાં આવવું જોઇતું નથી. "કોઇ પ્રસંગે એમ થાય કે નહીં તે મારે કહેવાની જરૂર નથી, માટે થએલો હુકમ રદ કરવો જોઈએ. જો અરજદારો અપીલ કરવાને દુરસ્ત ધારતા હોય તો પછી અપીલ દાખલ કરવી જોઇએ. તથા માજીસ્ટ્રેટના હુકમનો અમલ આજની તારીખથી એક અઠવાડીઆ સુધી મુલતવી રાખવો જોઈએ. એવો જે મારા વિદ્વાન ભાઇબંધે મત આપ્યો છે તેને હું મળતો આવુંછું."

જસ્ટીસ મેકડોનલનો ઠરાવ.

હું એટલુંજ વધારે કહું છઉં કે, મારા વિદ્વાન ભાઇબંધ ઇનસ્લીએ જે મત બાંધ્યો હતો તેજ મતને જસ્ટીસ વ્હાઇટ સાહેબ તદન મળતા આવે છે, તેમજ જો અમારા જાણવામાં આવ્યું હત કે, તેની ઉપર અપીલ થઈ શકે છે તો અમે તે હુકમ કરત નહીં, અને તેની સાથે વખત વીત્યા બાદ અપીલ પ્રસંગને લેઇને સંઘરવામાં આવે તો તેનો નીકાલ કરવામાં જડજ સારી પેઠે વિવેક બુદ્ધી વાપરશે.

" અરજદારો હાલમાં જામીન ઉપર છે, અને જો તેઓ આજની તારીખથી એક અઠવાડીઆની અંદર અપીલ ન કરે તો શીક્ષાનો હુકમ અમલમાં લેવાશે."

તે ઉપરથી હુગલીના જડજને અપીલ કરી કરેલી સજામાં છ માસની સખ્ત કેદની શિક્ષા વધારીને ૧૮૭૮ ના ફેબ્રુવારીની ૫ મી તારીખે તે વીદ્વાન જડજે અપીલ કાઢી નાખી. અને વધારે એમ ફરમાવ્યું કે, તોહોમતદારના શેઠ ગોપીકીસ્તો ગોસાઇ વિરૂદ્ધ અને તેમજ તેના પુત્ર નંદોલાલ વિરૂદ્ધ કામ ચલાવવું. આ ગુન્હાનો ઠરાવ શા માટે રદ ન કરવો જોઇએ તે બાબતનું કારણ બતાવવા સારૂ હાઈકોરટ તરફથી જસ્ટીસ જાકસન તથા જસ્ટીસ કનીંગહામે હુકમ આપવાથી કામના કાગળીયા મંગાવવામાં આવ્યા હતા, અને પછી આ બાબતની તકરાર ચાલી.

ફરીયાદી તરફથી બેલ સાહેબ તથા બાબુ શ્રીનાથચંદ્રે કારણ બતાવ્યું હતું. બંધવાઓ તરફથી બ્રેનસન સાહેબ જાકસન સાહેબ, તથા બાબુ ત્રૈલોકનાથ મિત્ર, તથા બાબુઅભયચરણ બોશ હાજર થયા હતા. બેલ સાહેબે એવી દલીલ કરી કે, નોબતખાનાનો નાશ કરવો એ પી. કો. ની ૪૨૫ મી કલમ પ્રમાણે બીગાડ છે. જસ્ટીસ જાકસન બોલ્યા કે, જમીનના આખા કટકાના મજમુ કબજાનો હક ગોપીકીસ્તો ગોસાઇનો હતો, એમ યોગ્ય હકુમતવાળી દીવાની કોરટે નકી કર્યુ છે તેજ પ્રમાણે અમારે માની લેવું જોઈએ. તેના જવાબમાં કહેવામાં આવ્યું કે, અલબતે તેનો કાંઇ ચોકસ હક હશે, તથાપી તેનાથી પોતાના હાથમાં કા-

પદો લેવાઇ શકાતો નથી તેમ આંહીં કર્યું છે. તેમ પોતાથી અમલ થઇ શકતો નથી. જો અમોએ દીવાની કોરટના હુકમનામાની વિરૂદ્ધ અથવા અઘટીતપણે કાંઈ કર્યું હત તો તે બાબત દીવાની અદાલતને અરજ થઇ શકત, અને જે કામ ચાલ્યું તે અટકાવવાનો મનાઈ હુકમ મેળવી શકત. સૈયારાની મિલ્કતને ૪૨૫ મી કલમનો બીજો પારીગ્રાફ લાગુ પડે છે. બેનસન સાહેબ બોલ્યા કે, નોબતખાનું પંડે કાંઇ મજમું મીલકત નથી. તેના પ્રત્યુત્તરમાં જવાબ વાળ્યો કે, વળી સામા પક્ષકારની વર્તણુંકનો સમાવેશ ૪૪૧ મી કલમ પ્રમાણે સાપ્રાધ પ્રવેશમાં થાય છે.

જસ્ટીસ કનીંગહામ સાહેબ બોલ્યા કે, જો મિલ્કતનો મજમું ઉપભોગ લેવામાં ભાગદારો એક મત નહીં થઇને તેની અંતે માંહોમાંહે લડે તો તે હંગામો કહેવાય કે નહીં? તેનો જવાબ વાળવામાં આવ્યો કે, અલબતે તેમ કહેવાય છે. જો તેઓનાથી કાયદા વિરૂદ્ધ મંડળી થયાનું આપણે ગણીએ તો તે મંડળીનો દરેક અંગભૂત હંગામાના ગુન્હાનો ગુન્હેગાર છે. સામા પક્ષવાળાનો હક હોવાનું કબુલ કરીએ, તોપણ તે હક બેસાડવા સારૂ તેઓએ એ વાતો સાધનો વાપરવાનું યત્ન કર્યું છે કે, તે સાધનોથી ૩૫૦ મી કલમની વ્યાખ્યા પ્રમાણે સાપ્રાધ બળ થાય છે. ભુર્થીઓ ખેંચીને કાઢી નાખી, અમારા નોકરોને ધકા માર્યા, અને એક માણસને જમીન ઉપર પછાડી નાંખ્યો. તો હવે સાવ ચોખ્ખું છે કે, આ સાપ્રાધ બળ થયું, અને તે પાંચ કરતાં વધારે માણસોએ વાપર્યુંછે, તેથી તેઓની કાયદા વિરૂદ્ધ મંડળી બની, અને તેટલાજ સારૂ દરેક જણ હંગામાના ગુન્હાનો ગુન્હેગાર થાયછે. તેઓના ઉપર કામ ચલાવવાની રીતના સંબંધમાં સાક્ષી નહિ બોલાવવાથી કોઈ ખરેખરી હાની થઇ નથી. કેમકે તેથી જે માજીસ્ટ્રેટે ઠરાવ કર્યો છે તેમાં ફેરફાર થઇ શકત નહી. તોપણ સાક્ષીઓને બોલાવવા સમન કર્યા હતા. અને સીરામપોરમાં હોવા છતાં તેઓના મનમાં હાજર થવાનું ઠીક લાગ્યું નહીં.

બેનસન સાહેબે નીચે પ્રમાણે દલીલો આપી છે.

પાંચ માણસો હાજર હતાં એવો પુરવાર થયો નથી, અને જો નથી તો પછી કાયદા વિરૂદ્ધ મંડળી થઈ શકે નહીં. એક માણસને નીચે પછાડી નાંખ્યો એ જો અપવાદમાં ગણીએ તો પછી કાંઇ બળ વાપર્યું નથી; જો થયું હત તો પોલીસ વચમાં આવી હત. હુકમનામામાં તે નોબતખાનું ખસેડવાનો હુકમ કર્યો હત તો તે વધારે રીતસર હતું. તોપણ નોબતખાનું પાડી નાખવા વીશેનો દીવાની કોરટના હુકમનામા પ્રમાણે અમારો હક હતો. અમારા પાંચ નોકરો હાજર હતા એવું કબુલ કરીએ તોપણ તેઓ હરકત માત્ર દુર કરતા હતા. તેથી કાયદા વિરૂદ્ધ મંડળી થઇ શકે નહીં. બ્લેક સ્ટોનની ટીકા (૩ જું પુસ્તક પાંચમી આવૃતી પૃષ્ટ ૩૫૪)

વિચારવાનું એ છે કે, તે જમીન ઉપર ખરો હક કોનો હતો. લોઝ વિ. ટેલફોલ્ડ. આ ઠેકાણે માણસો તેઓના શેઠની મિલકતનું રક્ષણ કરતા હતા. અને તે કારણસર તેઓનાથી કાયદા વિરૂદ્ધ મંડળી થયાનું કહી શકાય નહીં. શંકરસીંગ વિ. બરમામેતો. અમે અમારી મિલકતનું રક્ષણ તથા તેને કાંઇ પણ નુકશાન થતું અટકાવવાનું યત્ન કરતા હતા. ખરેખરી રીતે જોતાં ખાનગી બચાવનો હક અમલમાં લાવવાથી સાપ્રાધ બળ થયું એમ કહી શકાય નહીં. બીજસીંગ વિ. ખુબલાલ.

કામ ચલાવવાની રીતના સંબંધમાં તહોમતદારોના સાક્ષીઓની જુબાની નહીં લેવાથી પોતાનો બચાવ કરવામાં તેને હાની થઇ છે, કારણ કે એ જુબાનીઓ મોટી કીમતી થઇ પડત.

જસ્ટીસ જાકસન સાહેબે આગળ જે કામ ચાલ્યું હતું તેનુ પુનરાવર્તન કર્યા પછી નીચે પ્રમાણે ઠરાવ આપ્યોઃ—

ઠરાવઃ—પ્રથમ તો મને લાગે છે કે, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૫૩૦ મી કલમ પ્રમાણે માજીસ્ટ્રેટે જે હુકમ આપેલો છે તેમાં તેણે ભુલ કરેલી છે. મને લાગે છે કે, એવી બાબતના વિષયને તે કલમ લાગુ થઇ શકતી નથી, કેમકે તેમાં કાંઇ કબજા સંબંધી ખરેખરી તકરાર નહોતી. તે જમીન તકરાર કરનારાઓના મજમું કબજાની હતી: અને ફકત સવાલ એટલોજ હતો કે, તેઓમાંથી એક જણ ભાગદાર હોવાથી બીજા ભાગદારની મરજી વિરૂદ્ધ તેને હાની થઇ એમ તે ગણતો હોય, એવી રીતે એ જમીનનો ઉપભોગ લેવાને તેને છુટ હતી કે નહીં. તે કલમ પ્રમાણેની સત્તા માજીસ્ટ્રેટે કેમ નથી વાપરી તેનું કારણ ખરેખરી રીતે તેણે પોતાના ઠરાવના એક વાક્યમાં સરસ રીતે બતાવ્યું છે. આવી રીતનો ભોગ લેવાની મનાઇ કરવા વીશે ગોપીકીસ્તો ગોસાઇના હક બાબત તહોમતદારના વકીલે જે દલીલ બતાવી છે. તે તરફ જોતાં તે કહે છે કે, "આ મતના લાગુપણાને મળતો આવવાને હું અશક્ય છું. વકીલ કહે છે કે જે સૈયારી ધરતી હોય, તે ઉપર ફકત પોતાનાજ ઉપયોગ સારૂ એક ભાગદાર ઘર બાંધી શકે છે, એ મત ત્રાસદાયક છે. તે પછી તે લખે છે કે, "આ હરકત આંહી લાગુ પડતી નથી. કારણ કે નોબતખાનું એ ઘર નથી. તે ફકત હંગામી અને સારી પઠે કાચી ઇમારતની પંકતીનું છે. ધરતી કરતાં એ આકાશ વધારે રોકે છે. તે ઉભો કરેલો માંચડો છે. અને જેના ઉપર ગવૈયાઓને બેસવું હોય તો બેશી શકે છે. તે નીચે ઘાસ ઉગી શકે છે. અને બકરાં તથા ઢોર ત્યાં ચરી શકે છે."

તે માજીસ્ટ્રેટની પોતાની એવી દલીલ હતી કે, આ નોબતખાનું ઉભું કરવામાં શામચરણ લાહીરીએ આકાશ રોકવાનું ધાર્યું હતું. અને અલબતે ૫૩૦ મી કલમ જમીન તથા જળને લાગુ પડે છે ખરી, પરંતુ તેમાં હવાનો સમાસ થતો નથી. ૫૩૦ મી કલમ પ્રમાણે જે હુકમ કરેલો છે તે હુકમ કરવાનો માજીસ્ટ્રેટને અધીકાર નહોતો. તેમ તેને તે હુકમ કરવો જોઇતો નહોતો એમ હું માનું છઊં. તોપણ માજીસ્ટ્રેટે એ હુકમ કર્યો એટલુંજ નહી, પણ જે કામ હમણાં અમારી પાસે આવેલું છે તે કામમાં તેણે તેજ હુકમ ઉપર આધાર રાખેલો છે. કેમકે દફતરમાં તેની નકલ દાખલ કરવાનો શેરો કરેલો છે, અને જો કે પછવાડેથી જે બીના બની તે ઉપરથી સાફ દેખાઇ આવે છે કે, સદરહુ હુકમ કાંઇ અસર કરતાં બંધ પડયો હતો, કેમકે તે હુકમનું પરીણામ એવું હતું કે, ગોપીકીસ્તો ગોસાઈને તે હુકમ સાથે નીસબત રહેવાથી તેણે તુરતજ દીવાની કોરટમાં લાગલોજ દાવો કર્યો, અને એ કોરટે ઠરાવ્યું કે સદરહુ જગ્યામાં નોબતખાનું ખડુ કરવાનો પ્રતીવાદીનો હક નહોતો, અને વાસ્તવીક રીતે જોતાં તે ખસેડી નાખવાનું હુકમનામુ થયું હતું. પરંતુ જે માણસને કબજો આપ્યો હોય તે માણસ પાસેથી કાયદાના યોગ્ય ક્રમે તે કબજો છીનવતાં સુધી ૫૩૦ મી કલમ પ્રમાણે કરેલો કોઈ હુકમ કાયમ રહી શકે છે, અને પહેલી દીવાની કોરટના હુકમનામાની મતલબ નીઃસંદેહ શામચરણ લાહીરીની પાસેથી કબજો મુકાવવાની હતી.

તેથી માજીસ્ટ્રેટનો કરેલો હુકમ કોઇ કામમાં જોવો જોઈતો નહોતો. પેહેલી દીવાની કોરટનું સદરહુ હુકમનામુ અપીલમાં ઉથલાવી નાખ્યાનું હું જાણતો નથી. પરંતુ તેના ઉપર અપીલ થયેલી હોય કીંવા નહીં, તથા તેની અપીલનું ગમે તે પરીણામ થયું હોય તોપણ તે ઠરાવના ખરાપણા વીશે વિચાર કરવાનું હાલ અમારૂં કામ નથી. જે પક્ષકારોની નીસબતે એ હુકમનામુ કરેલું હતું તે હુકમનામુ યોગ્ય અધીકારવાળી કોરટે કાયદેસર ફેંસલો આપીને કર્યું હતું એ વાતમાં જરાએ સંદેહ નથી. અને માજીસ્ટ્રેટ તથા પક્ષકારો તેનું માન રાખવાને બંધાયા હતા. સને ૧૮૭૭ ના સપ્ટેંબર મહીનામાં જે બન્યું તેને સંબંધે મને લાગે છે કે ડેપ્યુટી માજીસ્ટ્રેટે પ્રથમ જે ગુન્હાનો ઠરાવ કર્યો હતો તે ભુલ ભરેલો હતો. બંધવાઓને માજીસ્ટ્રેટે બીગાડના અપરાધી ઠરાવ્યા હતા. હવે બીગાડની વ્યાખ્યા હી. પી. કો. ની ૪૨૫ મી કલમમાંથી જણાઇ છે આવે છે અને તે નીચે પ્રમાણે છે.

"લોકને અથવા કોઇ સખસને ગેરવાજબી હાની અથવા નુકશાની કરવાના ઇરાદાથી અથવા તેવી હાની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે એમ જાણીને જે માણસ કાંઇ મીલકતનો નાશ કરે અથવા કાંઇ મિલકતમાં કે તેની સ્થીતીમાં એવો કાંઇ ફેરફાર કરે કે તેથી તે મીલકતની કિમતનો અથવા ઉપયોગીપણાનો નાશ થાય અથવા તેની કીંમત કે ઉપયોગીપણું ઓછું થાય, અથવા તેથી તે ઉપર નુકશાન ભરેલી અસર થાય તો તે માણસે " બીગાડ " કર્યો એમ સમજવું."

હવે જ્યાં સુધી હું જોઇ શકું છું તે માત્ર બંધવાઓનું કરેલું કામ એવું હતું કે, તેઓએ ભુર્થીની જગ્યા ફેરવી હતી અને તે એટલે સુધી કે જે રૂપમાં માંચડો બાંધ્યો હતો, તે રૂપમાં બાંધે જવાની તેણે અટકાયત કરી હતી. હી. પી. કો. ની ૨૩ મી કલમમાં ગેરકાયદેસર હાનીની જે વ્યાખ્યા આપી છે તેના શબ્દો તરફ જોતાં તે વ્યાખ્યા એવી છે કે, "ગેરવાજબી હાની એટલે કાયદા વિરૂદ્ધ ઉપાયોથી મીલકતનું જવું, જે મીલકતપર તે જેની પાસેથી જાય છે તે સક્ષનો કાયદા પ્રમાણે હક છે.

તેથી દીવાની કોરટે જે ઠરાવ કર્યો હતો અને જે ઠરાવનો અમલ તે વખ્તે બંધ પડયો નહોતો, તે ઠરાવ ઉપરથી સાફ રીતે જણાઇ આવે છે કે, નોબતખાનું સદરહુ જગ્યામાં બાંધવા સારૂ પેલી ભુર્થીઓ સામટી રીતે ખોદવાને શામચરણને તે વખતે કાંઈ હક કાયદેસર પ્રાપ્ત થયો નહોતો. અને તેથી બંધવાઓએ જે કામ કર્યું તે કામમાંથી ગેરકાયદેસર હાની થઇ નહોતી તેથી મને જણાય છે કે, જો તે ગુન્હાનો ઠરાવ ફરી તપાસમાં લેવાનો અધીકાર ચલાવવા સારૂ આ અદાલતની હજુરમાં આણ્યો હત તો તે ગુન્હાનો ઠરાવ રદ કરવામાં આવત. પરંતુ જે સક્ષે આ બંધવાઓને કામે લગાડયા હતા, તે સક્ષ આ કામમાં પહેલેથી તે છેલે સુધી અજબ રીતની કોઇની બદસલાહથી વરત્યો હોય એમ જણાય છે. ૫૩૦ મી કલમ પ્રમાણે તેના વિરૂદ્ધ ગેરકાયદેસર એ હુકમ થયો હતો અને એ હુકમ એમનો એમ રહેવા દીધો હતો. ત્યારબાદ તેણે દીવાની કોરટમાં એક દીવાની દાવો આણેલો છે, અને પોતાની પુરેપુરી અરજ સંપાદન કરવામાં તે ફાવ્યો નથી. તેના નોકરોને બીગાડના ગુન્હાનો ઠરાવ ગેરકાયદેસર સહન કરવો પડયો છે અને તે ઠરાવ ખોટો છે કીંવા સાચો છે, તેનો સવાલ કરવાની પણ તેઓને પરવાનગી મળી નથી. ત્યારબાદ આ જમીનના કટકા ઉપર લાકડાના કટકા, ઈંટો તથા બીજો સામાન વાપરીને તે ઉપર માંચડો

બાંધવાની તેને સલાહ મળ્યાનું જણાય છે, અને જે કામ કરવાનું બીલકુલ વાજબી નહતું એ વાતનો કશો શક નથી. તે ઉપરથી તેના નોકરો ઉપર હંગામાનું તહોમત મુકાયાથી પેહેલા દીવાની કોરટના ફેંસલા ઉપર આધાર રાખવાને બદલે તેના વકીલે હકના સવાલ વીશે લંબાણુથી માજીસ્ટ્રેટ પાસે તકરાર કરવાનું દુરસ્ત ધાર્યું હોય એમ જણાય છે. આખરે તેઓને ગુન્હેગાર ઠરાવવાથી એકદમ અપીલ કોરટમાં અપીલ કરવાને બદલે બંધવાઓને આ કોરટમાં આવવાની સલાહ મળી છે. અને બેશક એ રીતથી સેસન જડજના મનમાં તેઓને વહેમ ભરાયો છે, અને જેને લીધે આ કામમાં ખરચ અને હાલાકીઓમાં સારી પેઠે ઉમેરો થયો છે. હવે જે ખાસ રીતનું કામ ચાલેલું છે અને જે અમારી પાસે આવેલું છે તેને સંબધે હવે હું બોલું છું. આ અરજદારો ઉપર હંગામાના ગુન્હાનું તહોમત મુક્યું હતું. હવે કામ ચલાવવાની રીતના સંબંધમાં મને જણાય છે કે, જે ઉતાવળથી પ્રોસીક્યુશનનું કામ ધકેલવામાં આવ્યું હતું તે ઉતાવળથી બંધવાઓ વીશે બેશક વહેમ ભરાયો હતો. કઇ લોકોપયોગી મતલબસર આ પ્રમાણે કરવામાં આવ્યું હતું. અથવા આ મુકરદમાનું ખાસ ઉપયોગીપણું જેના વિષે માજીસ્ટ્રેટે લખેલું છે તે શું હતું, તે અમારા જોવામાં આવતું નથી. ખાસ ઉપયોગીપણા વીશે માજીસ્ટ્રેટની નજરમાં એમ આવ્યાનું અમને જણાય છે કે, જે સક્ષે બંધવાઓને કામે લગાડયા હતા, તે સખસ પોતાના હેતુમાં ફાવવો જોઈએ નહીં. અને તે ઉપરથી ફરીયાદીએ પોતાની મુરાદમાં ફાવવું જોઇએ. એટલે કે ફોજદારી ફરીયાદનું અંત ગમે તે થાઓ તોપણ આ કામનો છેવટનો ફરીયાદી શામચરણ લાહીરીને ઉચીત જણાય એવા કામને માટે નોબતખાનું ઊભું કરવાને તથા ઊભું કરેલું કાયમ રાખવાને બની આવે એટલાજ સારૂ તેણે આ કામનું છેવટ ઘણુંજ ઉપયોગી ધાર્યું હશે. અને પોતા તરફનો ખુલાસો કરનારૂં વાક્ય જે થોડા રોજ અગાઉ આ કોરટને ચરણે આવ્યું હતું. તેમાં માજીસ્ટ્રેટ લખે છે કે, "પાછલું કામ તમામ નજરમાં લેતાં કયો રસ્તો લેવો જોઇએ, તે મને સુજતું નથી. આ સવાલ જે દિવાની કોરટને સાંભળવાનો યોગ્ય અધિકાર હતો તેની પાસે તે મુકાઇ ગયો હતો, તથા તે કોરટે પાછી સાચી રીતે કીંવા ખોટી રીતે નકી કર્યું હતું કે ફલાણો ચોકસરૂપે તે મીલકત ભોગવવાનો હક શામચરણ લાહેરીને થતો નથી. એ વીશે વિચાર કરતાં કબુલ કરવું જોઈએ કે, માજીસ્ટ્રેટનું ઉપરનું કહેવું મને તાજુબી ભર્યું લાગે છે. માજીસ્ટ્રેટને જે ભાંજગડ આવી પડી હતી. તેમાંથી નીકળવાનો ખરો રસ્તો જે દીવાની કોરટે અમુક કામ નહી કરવાનો તેનો હક ઠરાવ્યો હતો તે કરતાં શાંમચરણ લાહીરીને અટકાવવાનો તેને સુજી નથી આવ્યો એ જોઇને મને વધુ તાજુબી ભર્યું લાગેછે.

બંધવાને પોતાના સાહેદો લેઇ આવવા સારૂ વખત આપવાની જે માજીસ્ટ્રેટે ના પાડી છે તેના ઉપર હવે મારે ટીકા કરવાની છે. આ બાબતમાં માજીસ્ત્રેટને મરજી પ્રમાણે કરવાના આધાર ઉપર સેસન જડજ તથા માજીસ્ત્રેટે આધાર રાખ્યો હોય એમ મારા જોવામાં આવે છે. આ કેશ વારંટનો મુકરદમો કહેવાય છે, અને તે બાબત માજીસ્ટ્રેટની શું ફરજ છે તે બીના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૧૯(૨૪૪) મી કલમમાં લખેલી છે, તે કલમમાં કહેલું છે કે " ૩૬૨ મી કલમમાં જે નીયમો બાંધ્યા છે તે નીયમોને અનુસરીને માજીસ્ટ્રેટે હરકોઇ સાહેદીને સમન કરવો અને બંધવા વિરૂદ્ધ જે કાંઈ પુરાવો આપ્યો હોય તે ના સાબીત કરવાને અથવા તેનો જવાબ દેવાને તેના તરફથી જે

પુરાવો આપવામાં આવે તે પુરાવો તપાસવો અને આ કામને તેની નજરમાંઆવે તો યોગ્ય લાગ્યા પ્રમાણે વખતો વખત ઇનસાફનું કામ મુલતવી રાખવું."

૩૬૨ મી કલમમાં કહેલું છે કે " વારંટના મુકરદમામાં માજીસ્ત્રેટે ફરીયાદી પાસેથી અથવા બીજી રીતે નકી કરવું કે, કયા લોકો મુકરદમાની હકીકતથી અને પ્રસંગથી વાકેફગાર હોઇને પ્રોસીક્યુશન તરફનો પુરાવો આપવાને લાયક છે, અને તે ઉપરથી પોતાને યોગ્ય લાગે એવા સક્ષોને, પોતા પાસે જુબાની દેવા સારૂ સમન કરવો."

વળી ૩૫૯ મી કલમમાં જે નીયમો બાંધ્યા છે, તેને અનુસરીને બંધવા વિરૂદ્ધ જે પુરાવો પડયો હોય તે ના સાબીત કરવાને અથવા તેનો જવાબ દેવાને તેના તરફથી જે સાહેદોનાં નામ આપવામાં આવે તેઓને સમન કરી માજીસ્ત્રેટે તેને તપાસવા અને તે કામ માટે પોતાને નજરમાં આવે તો ઈનસાફનું કામ વખતો વખત મુલતવી રાખવુ."

૩૫૯ મી કલમ જેનો ૩૬૨ મી કલમમાં હવાલો આપવામાં આવ્યો છે તેમાં એવું લખ્યું છે કે " વળી એવું પણ ઠરાવ્યું છે કે, જો તે ટીપમાં કોઇ પણ સાહેદનું નામ તસ્દી આપવા સારૂ અથવા વીલંબ કરવા સારૂ, અથવા ન્યાયની મતલબ પાર ન પડે એમ કરવા સારૂ દાખલ કરેલું છે. એવું તે માજીસ્ત્રેટ ધારે તો સદરહુ સાહેદનો પુરાવો મુદ્દાનો છે, એવું માનવાના યોગ્ય કારણો છે એવી પોતાની ખાત્રી કરી આપવાનું તહોમતવાળાને ફરમાવવા માજીસ્ત્રેટ મુખત્યાર છે."

હવે આ ૩૫૯ મી કલમનો હું એવો અરથ સમજું છું કે, જે સક્ષોના નામ બચાવમાં સાહેદ તરીકે આપ્યાં હોય, તેમાંથી માજીસ્ત્રેટને એમ લાગે કે, ફલાણો સાહેદ લખાવવા સારૂ અથવા હેરાન કરવા સારૂ લખેલું છે તો માજીસ્ત્રેટે પોતાની મુનસફી ચલવીને પુછવું કે, મજકુર સાહેદ મુદ્દાનો છે કે નહીં સદરહુ કલમના તહોમતવાળા સક્ષનો બચાવ સામાન્ય રીતે શેમાં રહેલો છે તેની પુછપાછ માજીસ્ત્રેટ કરી શકે, તથા બચાવ કેવા પ્રકારનો છે તે જાણ્યા પછી બંધવા તરફના આપેલ તમામ સાહેદોને સમન કરી બોલાવતાં તદન દુર રહેવું કે કેમ તેનો વિચાર તે કરી શકે, એટલાજ સારૂ સદરહુ કલમમાં તે નીયમ બાંધ્યાનું ધારેલું હોય, એવું મેં કોઇ દિવસ સાંભળેલું નથી. આવી સ્વતંત્ર સત્તા વાપરવી એ વાજબી છે એમ હજી મારા જાણવામાં આવ્યું નથી. હવે એ બીનાને એક કોર મુકીએ તો લંબાણ કરવા સારૂ અથવા હેરાન કરવા સારૂ આ સાહેદોને સમન કર્યા હતા. એમ કહી શકાય ખરૂં!

ગુન્હાની તજવીજ ઘણી જડપતાથી ચાલી હતી. આ બંધવાઓ ઉપર જે ગુન્હાનું તોહોમત મુકયું હતું તે ગુન્હો ઘણોજ ભારે હતો જે હકીકત તેઓના સામે સાબીત થઈ હતી તે નાસાબીત કરવા સારૂ અથવા તેનો દેવા સારૂ સાહેદોને બોલાવવાની તેઓને કાયદા પ્રમાણે છુટ હતી, અને સાહેદોને બોલાવી દેવાની પ્રથમ કોશીશ જે વખતે થઇ. તે વખત કેવો હતો તેનો વિચાર કરતાં તે કામ સારૂ તેઓને વધારે વખત આપવામાં કારણ હતું એમ મને જણાય છે. અને વળી હું એમ પણ ધારૂં છું કે, તેવો વખત ન આપવાના કારણથી બંધવાઓને પોતાનો બચાવ કરવામાં હાંની પહોંચી હશે. કેમકે આ કાંઇ નાનો સુનો સવાલ નોહોતો. પરંતુ તે એવો હતો કે, જેનો આધાર થોડો ઘણો બારીક વિચાર કરવા ઉપર હતો. બંને પક્ષવાળાનાં આચરણ તથા એક પક્ષકારે એક

રીતે કર્યું અને બીજે પક્ષકારે બીજી રીતે કર્યું. તે સઘળું બંધવાઓએ ગુન્હો કર્યો છે કે નહીં તે નકી કરવા સારૂ પ્રથમ અતી ઉપયોગનું હતું. તથા બીજે દરજે મજકુર ગુન્હો કેવા પ્રકારનો અને કેવી મહત્વતાનો હતો. તે નકી કરવું પણ ઘણું ઉપયોગનું હતું. પોતે ના પાડી હતી તે વાજબી રીતે ના પાડી હતી તેના સંબંધમાં માજીસ્ત્રેટ કહે છે કે, બંધવાઓએ પોતા ઉપર મુકેલા તહોમતનો અંગીકાર કર્યો હતો. ખરેખરૂં જોઇએ તો બંધવાઓએ કશી વાતનો અંગીકાર કર્યો નથી. કેમકે, તેના ઉપર એકે ગુન્હાનું તહોમત મુકયું નહોતું. જે કાંઈ તેઓએ અંગીકાર કરેલો છે તે એ હતો કે અમોએ આ ભુર્યાંથી ખેંચી કહાડી હતી. તથા માંચડો વીંખી નાંખ્યો હતો. હંગામાનો ગુન્હો કબુલ કરવો અને આવો અંગીકાર કરવો તે બંને વચે અસમાન જમીનનો ફેર છે. એક બીજી પણ બાબત છે કે, જેના ઉપર ટીકા કરવાને અમે બંધાયા છીએ એમ હું માનું છું. અને તે એછે કે, જે પુરાવો અનુમાન કરતાં નીશપક્ષપાતવાળો હતો. એટલે કે પોતાનાજ પોલીસ અમલદારો તરફનો પુરાવો લેવાનાં સાધનો તેના હુકમમાં હતાં છતાં તે અમલદાર માંહેલા કોઈ અમલદારને તેણે બોલાવ્યો નથી. અથવા તપાસ્યો નથી. હું માનું છું કે પ્રોસીક્યુશન તરફના માત્ર એજ સાક્ષી હતા. અને પોલીસ અમલદારોનોપુરાવો જે અનુમાન કરતાં એમાંથી એકે બાજુ તરફ નમતો હોવો જોઇએ નહીં તે પુરાવો લેવાનું આવા કામમાં માજીસ્ત્રેટે યત્ન કરવું જોઈએ. એમ હું ધારૂં છું. આટલે સુધી તો આ કામમાં જે રીત ચલાવી છે તે વીશે ટીકા કરવામાં આવી છે. હવે મ્હારે ગુન્હાના ઠરાવ તરફ વળવું જોઇએ. બંધવાઓને હી. પી. કો. ની ૧૪૭ મી કલમમાં વર્ણવેલા ગુન્હાના અપરાધી ઠરાવેલા છે. સારી પેઠે વિચાર કર્યા પછી બંધવાઓએ જે કર્યું. તે સદરહુ કલમમાં આવે છે કેમ તે વીશે મારી પોતાની ખાત્રી કરવાને હું અશકય છું.

કોઇ ગેરકાયદેસર મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં જે જોર વપરાય તેમાં હી. પી. કો. પ્રમાણે હંગામાનો ગુન્હો રહેલો છે. માટે પ્રથમ તો અમારે નકી કરવું જોઇએ કે, એ ગેરકાયદેસર મંડળી થઇ હતી કે નહીં. અને તેઓ બધાનો એક સામાન્ય હેતુ હતો કે નહીં તથા તે હેતુ પાર પાડવામાં કાંઈ જોર જુલમ કર્યો હતો. કે કેમ? હવે આ પ્રસંગે પાંચ કરતાં વધુ માણસો ભેગાં થયાં હતાં. એ વાતનો સારી પેઠે સંભવ હોવાનું હું ધારૂં છઊં પણ એ સક્ષો કોણ હતા! તે સક્ષો કોઈ ગેરકાયદેસર કામ વાસ્તે ભેગા થયા નહોતા. કીંવા સુલેહનો ભંગ કરવા સારૂ તેઓને એકઠા કર્યા નહોતા. તેઓ આ બાબુગોપી ક્રીસ્તો ગોસાઇના સાધારણ નોકરો હતા તેમાંથી એક જણને માલમ પડી આવ્યું કે, જે-માંચડો કરવાને દીવાની કોરટે તેને સતા આપી નોહોતી તે માંચડો એક રાતની દરમીયાનમાં છાંની રીતે ઉભો કરી દીધો હતો. અને આ માંચડો જે કાયદાની ઉપરવટ થઇને ચણ્યો હતો તે ખસેડવામાં તથા નહીં બાંધવાની સમજ આપતાં મદદ કરવા સારૂ તેણે બીજા ચાકરોને બોલાવ્યા હતા. આ બીના ૧૪૧ મી કલમની ત્રીજી અથવા ચોથી રકમમાં આવી જાય છે. એમ સુચવવામાં આવ્યું છે· કંઇબીગાડ અથવા સાપ્રાધપ્રવેશ અથવા બીજો કાંઇ ગુંન્હો કરવાના ઇરાદાની વિગત ત્રીજી રકમમાં આપેલીછે. આગળના ગુંન્હાના ઠરાવની નીસબતે બીગાડના ગુંન્હાના સબંધમા હું કહી ચુકયો છઊં કે બીગાડ થયાનું અને જણાતું નથી. સાપ્રાધપ્રવેશના સંબંધે ફરીયાદમાં જે હકીકત લખી છે તેમને અસંભવીત લાગે છે.

બંધવાનેજ્યારે રહેવાનો અધિકાર હતો એટલે કે, પોતાના ધણીની જમીન ઉપર ઊભા રહેવાનો અધીકાર હતો ત્યાંજ તેઓ માત્ર ઊભા હતા. પ્રવેશ કરવા સારૂ અથવા કાયદા વિરૂદ્ધ બીજું કાંઇ કાંમ કરવા સારૂ તેઓ ત્યાં ગયા નોહોતા, અથવા ત્યા ઊભા નોહોતા. ત્યાર પછી એમ કહેવાય કે, કોઇ ખરો અથવા કલ્પીત હક બેસાડવા સારૂ તેઓ ત્યાં ગયા હશે. મને એમ લાગે છે કે, તેઓ તેવા કોઇ કામ વાસ્તે ત્યાં ગયા નોહોતા પરંતુ, સામા પક્ષવાળાને પુર્ણ રીતે ખબર હતી કે, જે મિલ્કતનો કબજો નહીં લેવાનું દીવાંની કોરટે ઠરાવેલું હતું. તે મીલ્કતનો કબજો કરવાનો હક બેસાડવા સારૂ સાંમા પક્ષવાળા ગયા હતા તે જોઈને આ લોકો પોતાના ધણીના ફકત પ્રતીનીધીને દરજે પોતાના ધણીના હકનું ખંડન થતું અટકાવવા સારૂ ત્યાં ગયા હતા. કોઇ ચોકસ જોર જુલમ વાપરવામાં નોહોતાં. એ વીશેની કબુલત અપાએલી છે. અને તે પ્રમાણે બન્યું હતું એ વીશેનું બિશેષ અનુમાંન જે પોલીસ અમલદારો તે જગ્યા ઉપર હતા. તેઓને વચમા આવવાનો પ્રસંગ નહીં મળી આવ્યાની વાતથી થઇ શકે છે માટે આ સક્ષોને હંગામાના ગુન્હાના ગુન્હેગાર ઠરાવવાનું કાંઈ કારણ મારા જોવામાં આવતું નથી. કેમકે તેઓ ત્યાં કોઈ ગેરકાયદેસર મંડળીના અંગભુત દરજે અથવા કોઈ ગેરકાયદેસર કામ કરવા વાસ્તે ઊભા નોહોતા. જેથી હવે હું ધારૂં છું કે, ગુન્હાનો ઠરાવ તથા જે રીતથી એ ગુન્હાનો ઠરાવ કરેલો છે. તે બંને ધારા વિરૂદ્ધ હોવાથી રદ કરવા જોઇએ.

સેસન કોરટમાં જે હકીકત બની તેના ઉપર હવે એક બે ટીકા કરવાનું માત્ર રહે છે. જે ભુલો માજીસ્ટ્રેટે કરેલી છે તે ભુલોનો ખુલાસો સહેલાઇથી એવી રીતે થઇ શકે છે કે, પોતાના જીલ્લાની સુલેહ સાચવવાની ફરજને લીધે તેના મનમાં ખરીયા ખોટી લાગણી તેને થઇ હશે વળી આગળ જે મામલો ચાલ્યો હતો. અને જેમાંથી આ ગુન્હાનો ઠરાવ કરવાનું બની આવ્યું છે તેમાં તેણે મોટો ભાગ લીધો હતો. અને તેથી જે તેણે કાંઇ કરેલું છે તે, જોકે મારા ધારવા પ્રમાણે ભુલ ભરેલું હતું તો પણ તે અસ્વભાવીક નોહોતું. પણ આ સંબંધી બીના સેસન કોરટોને લાગુ પડતી નથી. સેસન જડજ અત્યંત બોળા અનુંભવવાળો અધિકારી હતો. માજીસ્ટ્રેટની અદાલતની સત્તા નભાવી રાખવાની જરૂરીયાતથી અથવા આગળના મામલામાં કાંઈ ભાગ લેવાના કારણથી તેને કાંઇ નીસબત રહી નહોતી એટલું છતાં પણ માજીસ્ટ્રેટે જે રસ્તો ગ્રહણ કર્યો હતો. તેની બહાર તે ગએલો છે. જોઇંન્ટ માજીસ્ટ્રેટે અલબતે જણાવ્યું છે કે, મારી અદાલતનો માંન મરતબો સાચવવા હું પછાત રહ્યો નથી. અને તેજ કારણથી તેણે અરજદારને ત્રણ ત્રણ મહિનાની સખત કેદની સજા કરવાનું દુરસ્ત ધારેલું છે, કયે આધારે અથવા કયા કારણોથી તે સજા એકલી બહાલ રાખેલી નથી. પણ બમણી કરી છે તે કારણો અમો જોઇ શકતા નથી માટે આંહીથી કાઢેલો હુકમ મંજુર રાખી. ગુન્હાનો ઠરાવ તથા ચાલેલું તમામ કામ રદ કરવું જોઇએ અને તેથી ગોપીકીસ્તો ગોસાઇ તથા નંદોલાલ ગુસાંઇ વિરૂદ્ધ માજીસ્ટ્રેટે ચલાવેલું કામ બંધ કરવું જોઈએ.

જસ્ટીસ કનીંગહાંમનો ઠરાવ.

ગુન્હાના આ ઠરાવો રદ કરવામાં હું મળતો આવું છઊં. મુકરદમાંની હકીકત ઉપરથી સ્થાપીત થાય છે કે, કેટલાક સહીયારી માલીકો પોતાની મજીયારી મિલકત જે તે પ્રમાણે મજીયારી હોવાનું યોગ્ય અધીકાર વાળી અદાલતે ઠરાવ્યું હતું, તે મિલ્કતનો ભોગવટો લેવામાં કેટલાંક કાંમો કર્યા હતાં. અને તેથી તે કૃત્યોને આપણે ગેરકાયદેસર ગણવાં જોઇએ. એટ-

સે કે જે માંચડો ઊભો કરવામાં અદાલતે મનાઇ કરી હતી તે માંચડો ઊભો કરવાનું કૃત્ય ગેરકાયદેસર ગણવું જોઇએ. હવે બીજા મજમું માલેકો આવીને ત્યાં કાંઇ જોર અથવા વધુ પડતો જુલમ વાપર્યાવગર તથા સુલેહનો ભંગ કર્યા વગર કેટલીક ભુર્થીઓ ખોદીને જે માંચડો બંધાતો હતો. અને તે માંચડા શીવાય વિષેશ કાંઇ બાંધવાનું નહોતું તે માંચડાની ભુર્થીઓ કહાડી નાંખીને થતો બીગાડ ઓછો કરવાને આવ્યા. તેને માટે તેઓને ગેરકાયદેસર મંડળીના અંગભુતો ગણીને અપરાધી ઠરાવેલા છે અને તે ગુંન્હા માટે તેઓને ત્રણ ત્રણ માસની સખત કેદની સજા કરેલી છે અપીલમાં આ સજા વધારીને બમણી કરેલી છે.

મને દેખાય છે કે આ બંધવાઓ ખાંનગી નુકશાન અટકાવવાનો ઇલાજ વાપરતા હતા. આ ઇલાજ વિશે વિલાયતના કાયદા જાણનારા સહુ કોઇ સારી પેઠે વાકેફગાર હશે. આ હક વીશે સ્ટીફન સાહેબે પોતાની ટાકાના ૩ ત્રીજા પુસ્તકને ૩૫૪ મેં પાને નીચે પ્રમાણે વ્યાખ્યાન કર્યું છે.

" આ ન્યાય તત્વ પેરી. વિ. ક્રીડજ હાઉના કામમાં લોર્ડ ડેનમાને ચોકસ કરેલું છે એ કામમાં એક મજમુ ભાગદારના ઢોર ચરાવવાના હકમાં તે જમીન ઉપર કાંઈ ચણતર કામ કરીને કનડ ગત થઇ હતી. તે મજમુ ભાગદાર ત્યાં આવ્યો. અને વાદી અને તેનું કુટંબ તેમાં ખરેખરા બેઠા હતાં તેટલામાં પાડી નાંખ્યું. તેમાં ઠરાવેલું છે કે, મનુષ્યની જીંદગાનીને જે ભારે જોખમ રહેલું હતું અને તેથી કદી સુલેહનો ભંગ થવામાં જે મોટી ધાસ્તી રહેલી હતી એવું કામ કરવાથી વાદીનું કૃત્ય ગેર કાયદેસર થાય છે.

ચાલતા મુકરદમામાં થયાનું અને સુલેહના ભંગમાં ખરેખરી ધાસ્તી હોવાનું જણાતું નથી. પોલીસ ઉભી ઉભી માંચડો ફગાવી નાંખવાનું કામ જોતી હતી. અને તેથી મારા ધારવા પ્રમાણે તે ફગાવી નાંખબાનું કામ કાયદેસર હતું આવુંજ ન્યાય તત્વ હિંદુસ્તાનના પીનલકોડમાં આણ્યાનું જણાય છે. તે કાયદાથી ૪૨૫ મી કલમમાં બીગાડની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે. અને તે નીચેનો બીજા નંબરનો ખુલાસો છે તે ઉપરથી જણાય આવે છે કે " લોકને અથવા કોઇ સક્ષને ગેર વાજબી હાંની અથવા નુકશાની કરવાના ઇરાદાથી, અને તેવી હાંની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે એમ જાણીને જેમાણસ કાંઇ મિલકતનો નાશ કરે અથવા કાંઇ મીલકતમાં કે, તેની સ્થીતીમાં એવો કાંઇ ફેરફાર કરે કે, તેથી તે મીલકતની કિંમતનો અથવા ઉપયોગી પણાનો નાશ થાય. અથવા તેની કીંમત કે ઉપયોગી પણું ઓછું થાય અથવા તેથી તે ઉપર નુકશાની ભરેલી અસર થાય તો તે માણસે "બીગાડ" કર્યો એમ સમજવું"

" પોતાનીજ અથવા પોતાની સાથે બીજા સક્ષો નારાશ ખાતાની કાંઈ મીલકત બાબત પણ કાંઈ કામ કરીને તે કામ કરનાર તે કામથી બીગાડ કરી શકે."

આ વ્યાખ્યા પ્રમાણે માંચડો ઉભો કરવાનું કામ હું બીગાડ તરીકે ગણું છું હવે પી. કો. ની ૯૯ મી કલમ પ્રમાણે બીગાડની વ્યાખ્યામાં જે કામનો સમાસ થતો હોય, તે કૃત્ય સામે સ્થાવર કીંવા જંગમ મીલકત બચાવવાનો હક છે. હું ધારૂં છઉં કે, ૯૯ મી કલમનો ત્રીજો અપવાદ આંહી લાગુ પડતો નથી. કેમકે બંધવાઓને તે માંચડો બાંધતાં અટકાવવાનો હક હતો. અને જો તેઓએ દિવાની કોરટના મના હુકમની રાહ જોઇ હત તો

તેઓને આમ કરવું પડત નહી. આ મુકરદમાની જેવાં બરજુ સીંગ. વિ. ખુબલાલ ૧૯ વિ. રી. ૬૬ નો મુકરદમો છે તેમાં ચીફ જસ્ટીસ કાઉચે જે અભીપ્રાય આપ્યો છે તે આ કામના બંધવાઓને લાગુ પડયાનું જણાય છે.

અમારા અભીપ્રાયને લઇને ધારૂં છું કે, બંધવાઓ ખાંનગી બચાવનો હક કાયદેસર વાપરતા હતા. અને તેથી તેમાં કાંઇ સાપ્રાધ બળ થયું નથી. ગેર કાયદેસર મંડળી થઇ નથી. તથા હંગામો પણ થયો નથી. માટે ગુન્હાનો ઠરાવ રદ કરવો જોઇએ.

માહારાણી કેસરેહીંદ વિ. બુધસીંહ.

કલમ ૪૨૫.

૨
તા—૨૪—૧—૭૯
ઇ. ૨. અ. પા. ૧૦૧
જે માણસ સુધભાવેથી માનતો હોય કે, અમુક મિલકત મારી છે અને એ માન્યતામાં સદરહુ મિલકતનું તે કાંઇ નુકશાન કરે તો તે બીગાડના ગુન્હાનો અપરાધી ઠરી શકતો નથી.
પરંતુ મારોકંઇ હક પહોંચેછે એટલુંજ ફક્ત કહેવાથી તેનો બચાવ થઇ શકતો નથી.

माहारो हक छे एवो शुद्धबुद्धीथी दावो करीने, कोइ माणस बीजानी मिलकतमां जइने प्रवेश करे अने ते प्रवेश करवामां धमकी आपवानो, अपमान करवानो, अथवा ते माणसने दुख देवानो अथवा कांइ गुन्हो करवानो, तेनो इरादो न होय. अने प्रवेश करेली मिलकत उपर तेनो कांइ हक साबीत न थाय तोपण ते सक्षने साप्राध प्रवेशना गुन्हानो अपराधी ठरावी शकातो नथी.

तेवीज रीते जे माणस शुध भावेथी मानतो होय के अमुक मिलकत मारी छे. अने ए मान्यतामां सदरहु मिलकतनुं ते कांइ नुकशान करे तो ते माणस बीगाडना गुन्हानो पण अपराधी ठरी शकतो नथी. परंतु ए मिलकतमां मारो कांइ हक छे एटलुंज फक्त कहेवाथी साप्राध प्रवेश तथा बीगाडना गुन्हाना काममां ए जवाब संपुर्ण गणातो नथी. जेणे गुन्हो कर्यो कहेवामां आवतुं होय, तेनो ते गुन्हो करती वख्ते शुं इरादो हतो ए जोवानुं काम फोजदारी अदालतनुं छे अने ए अदालत एवो ठराव करे के बंधवे पोताना हकनो दावो शुद्धबुद्धीथी करेलो नथी. तो पछी बीजी जे हकीकतोना संयोगथी गुन्हो बनतो होय तो ते हकीकतो उपर वीश्वास राखीने तेने अपराधी ठरावबा सारु कोइ फोजदारी अदालतथी ना पाडी शकाती नथी.

ज्यां बीगाड करवाना इरादाथी कोइ माणसे प्रवेश कर्यो होय, अने ते प्रवेश पाछो साप्राध प्रवेश थतो होय, अने ए साप्राध प्रवेशनो गुन्हो करवा टांणे तेणे बीगाडनो गुन्हो कर्यो होय तो, सदरहु सक्षने १८७२ ना दसमा आक्टनी ४५४ मी (२३९) मी कलमनी त्रीजी रकम प्रमाणे सदरहु गुन्हामांथी एक गुन्हाने माटे जे सजा आपी शकाय, तेथी वधारे सजा तेने आपी शकाती नथी. कोइ फोजदारी काममां जे जे तहोमतो साबीत थाय ते दरेक तहोमतने माटे सजा नहीं करवी एवो कांइ कायदानो नीयम नथी.

સને ૧૮૭૨ના દસમા આક્ટની ૨૯૭ (૪૩૯) મી કલમ મુજબ ઠરાવ મગાવી તે સુધારવાનો હાઇકોરટને જે અધીકાર છે તે અધીકાર ચલાવવા સારૂ આ અરજી કરવામાં આવી હતી.

અરજદાર ઉપર એક પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે તારીખ ૧૨-૬-૭૮ ને રોજ સાપ્રાધ પ્રવેશ તથા બીગાડના ગુન્હાઓના તોહોમતો મુકી તેના અપરાધી પણા વીશે જે ઠરાવ કર્યો હતો. તે ઠરાવ વીરૂદ્ધ સેસન જડજને ત્યાં અરજદારે અપીલ કરતાં તે અપીલ તા.૧૭-૮-૭૮ ને રોજ નામંજુર કરી નીચલી કોરટનો ઠરાવ સેસન જડજે બહાલ રાખ્યો હતો.

આ મુકરદમાની કેફીયત તથા ઠરાવ મંગાવી સુધારવાની અરજીના કારણો પુરતી રીતે હાઇકોર્ટના ઠરાવમાં આપેલાં છે.

અરજદાર તરફથી દીલોંન સાહેબ.

સરકાર તરફથી બાબુ દુવારકાંનાથ બાંનરજી.

જસ્ટીસ ટરનરનો ઠરાવ.

ફરીયાદી અરજદારનો પડોશી છે અને એ ફરીયાદીના ઘરની ભીંતમા અરજદારનો કાંઈ હક નથી. એમ અરજદાર જાણતો હતો છતાં સદરહુ મિલકત મારી છે અને તેમાં બીજા કોઇનો હક નથી એવો ડોળ ઘાલીને તે ભીંત ઉપર પીઢીઆ મુકવા તથા તેમાં પાણી નો ખાળ કરવા મજુરો પાસે તેમાં ખાંચા કરાવ્યા. વળી સદરહુ ભીંતની બીજી મેર તે નવી ઈમારત કરતો હતો. તે ઈમારતની હૈયા રખી કરવા સારૂ તેણે ફરીઆદીના આંગણામાંથી તેની ઇટો પડી હતી તે મજુરો પાસે ઉપડાવી લઈને તેનાથી પેલી હૈયા રખીની ભીંત ચણાવી લીધી. અને પોતાની મીલકતનો બચાવ કરવાની ફરીઆદીએ જ્યારે તજવીજ કરવા માંડી ત્યારે તેને મારવાની તેણે ધમકી આપી.

આટલી હકીકત સાબીત થયા ઉપરથી અરજદારને સાપ્રાધ પ્રવેશ તણા બીગાડના ગુન્હાનો અપરાધી ઠરાવી માજીસ્ટ્રેટે પ્રત્યેક ગુન્હા માટે તેનો સો, સો, રૂપૈઆ દંડ કર્યો છે. અને તે દંડ આપવામાં તેની કસુર થએથી પંદર રોજની આસાન કેદની સજા કરેલી છે.

નીચલી અદાલતોના ઠરાવો સુધરાવવામાં નીચે લખેલાં કારણો બતાવ્યાં છે

(૧) ધમકી દેવાના, અથવા તીરસ્કાર કરવાના, અથવા દુ:ખ આપવાના, અથવા કોઇ ગુન્હો કરવાના ઇરાદાથી ફરીયાદીની મિલકત ઉપર મેં પ્રવેશ કર્યો નથી. પરંતુ મારા પોતાના લાભને અર્થે સદરહુ પ્રવેશ કરેલો છે માટે સાપ્રાધ પ્રવેશનો ગુનોહ સાબીત થયાનું માનવું જોઇએ નહીં.

(૨) વળી સદરહુ મિલકતનો નાશ અથવા તે મીલકતમાં કે તેની સ્થીતીમાં એવો કાંઇ ફેર ફાર કરેલો નથી કે જેથી તે મિલકતના કીંમતી પણાનો અથવા ઉપયોગી પણાનો લય થાય. માટે બીગાડનો ગુન્હો પણ સાબીત માનવો જોઇએ નહીં. અને કદાપી તે પ્રમાણે માનવામાં આવે તો પણ ફરીયાદીને ગેરકાયદેસર હાની અથવા નુકશાંન પહોંચાડવાના ઈરાદાથી મેં મારૂં કામ કર્યું નથી. પરંતુ મેં મારા હીતને અર્થે કરેલું છે. આ બંને જાતનાં આરોપો માટે ફરીઆદીને દીવાની કોરટમાં જઈને દાદ મેળવવાનું કહેવું જોઇતું હતું. પણ તે બાબતનું ફોજદારી રીતે કામ ચલાવવું જોઇતું નહોતું.

(૩) સાપ્રાધપ્રવેશ કરવાનું કારણ બીગાડ કરવાનું હતું માટે મને એવડી શીક્ષા થવી જોઈએ નહીં.

ભીંત તથા ઇંટની માલીકીનો અરજદારે દાવો રાખ્યો હતો તેથી ફોજદારી અદાલતે પોતાની હકુમત ચલાવવાની નાપાડવી હતી. એ તકરાર માજીસ્ત્રેટ પાસેનો પડેલો પુરાવો જોતાં ટકી શકે એવી નથી.

જે સક્ષના કબજામાં કાંઇ મિલકત્ત હોય તે સક્ષને ધમકી દેવાના, તેનો તીરસ્કાર કકરવાના, અથવા તેને દુખ દેવાના, અથવા કાંઇ ગુન્હો કરવાના ઇરાદા વગર પોતાના હકનો સુધ ભાવેથી દાવો કરવા વાસ્તે સદરહુ મિલકત ઊપર કોઇ બીજો સક્ષ પ્રવેશ કરે અને તે માણસનો તેના ઉપર હક હોય કીંવા ન હોય તોપણ તેણે સાપ્રાધ પ્રવેશનો ગુન્હો કર્યો એ વાત્ત બીલકુલ ઠરાવી શકાતી નથી. કેમકે જે ઇરાદાથી ગુન્હો બન્યાનું કહેવામાં આવતું હોય. તે ઇરાદાથી તેણે પ્રવેશ કરેલો નથી. તેજ પ્રમાણે અમુક મિલકત મારી છે એવું કામ કરેતો બીજા કોઇને ગેરકાયદેસર હાની કરવાના ઇરાદાથી નહોતું કર્યું એટલાજ માટે તે બીગાડના ગુન્હાનો ગુન્હેગાર ઠરી શકતો નથી. પરંતુ માહારો હક પહોંચે છે એવા ડોળનો દાવો કરવાથી તે માણસ પેલા બંને તોહોમતોમાંથી બચી શકતો નથી. જેને અપરાધ કર્યાનું કહેવામાં આવતું હોય, તેનો તે વખતે શું ઇરાદો હતો તેવાત નકી કરવાનું કામ ફોજદારી અદાલતનું છે. અને તે ફોજદારી અદાલત એમ નકી કરે કે, તોહોમતદાર જે કાંઈ કૃત્ય કરતો હતો તે પોતાના શુદ્ધ ભાવના હકની રૂએ કરતો ન હોય તો, પછી જે બનેલી હકીકતને લીધે જે ગુન્હો સાબીત થતો હોય તે હકીકત ઉપર વીશ્વાસ રાખીને બંધવાને તે ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં ના પાડી શકાતી નથી.

પોતાની પાસે કામ ચાલતા તેની અંતે માજીસ્ત્રેટને માલુમ પડેલું છે કે, અરજદારને બીલકુલ હક હતો નહીં. એટલુંજ નહીં પણ પોતાનો હક નહોવાનું તે જાણતો નોહોતો એમ નોહોતું.

માજીસ્ત્રેટને જે હકીકત માલમ પડી છે તે ઉપરથી જણાય છે કે, ફરીયાદીની મિલકતમાં અરજદારે ફેર ફાર કર્યો હતો અને એ ફેરફારથી સદરહુ મિલકતને નુકશાંન પણ થયું હતું વળી અરજદાર ઉપર જે તોહોમતો રાખીને તેને ગુન્હેગાર ઠરાવ્યો છે તે તોહોમતોનો બચાવ કરવામાં પોતાનું ભલું કરવાનો ઈરાદો હોવાની દલીલ જે તેણે આપેલી છે તે ચાલી શકતી નથી. જે લાભ તેને લેવાનો હતો તે લાભ ફરીયાદીને ગેરરકાયદેસર હાંની પહોંચાડયા વગર મળી શકે એવો નથી. એ વાત તેના જાણ્યા બાર ન હોવી જોઇએ. અરજદારના વકીલે એક એવો વાંધો ઉઠાવ્યો છે કે, જે ગુન્હાઓ સાબીત્ત ગણ્યો છે તે બરોબર નથી. આ વાંધો પણ ટકી શકે એવો નથી. પરંતુ મારે એટલું તો કહેવું જોઇએ કે પ્રવેશ અને બીગાડનાં કૃત્યો, અરજદારે પોતે કર્યા નથી. પરંતુ તેની ઉશકેરણીથી તેના મજુરોએ કરેલાં છે માટે એ બંને ગુન્હાઓની મદદગારીના ગુન્હાઓને તેનો અપરાધી ઠરાવ્યો હતતો તે વધારે યોગ્ય હતું. અને તેમ કરવાથી જેટલી સજાને તે પાત્ર થાત તેમાં કાંઇ તફાવત ન હોવાથી, એ કારણોને લઈને નીચલી અદાલતોના ઠરાવની વચમાં આવવાનું જરૂર જણાતું નથી.

હવે સજાને માટે લીધેલા વાંધાના સંબંધમાં નકી કરવું રહે છે. અરજદારે જે બીગાડ કર્યાનું કહેવામાં આવે છે તે બીગાડ કરવા સારૂ તેણે સાપ્રાધ પ્રવેશ કર્યો હતો. એ

વીશે કાંઈ તકરાર નથી. અને તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૪ (૨૩૫) મી કલમની ત્રીજી રકમ જે દ્રષ્ટાંતો આપીને સમજાવેલી છે. તે પ્રમાણે બંને ગુન્હાઓ માંથી જે ગુન્હાને માટે અમુક સજા આપવાનું ઠરાવ્યું છે તે સજા કરતાં વધારે સખત સજા અરજદારને થવી જોઇએ નહીં.

અરજદારનો વકીલ કહેછે ખરો પણ કાયદાના આવા નીયમથી દરેક સાબીત થએલા ગુન્હાને માટે જુદી જુદી સજા કરવાની અદાલતને મના કરી નથી પણ તેવા ગુન્હાને માટે જે સામટી સજા કરવામાં આવે તે સજા તેમાંથી હરેક ગુન્હાને માટે અથવા એ બધા ગુન્હા ભેગા કરતાં જે ગુન્હો થાય તેને માટે જેટલી અપાય તેના કરતાં વધારે સખત સજા ગુન્હેગારને નહીં કરવાનું તે નીયમથી જાહેર કરેલું છે જ્યાં બીજા ગુન્હાઓનો સંયોગ થવાથી કોઈ ગુન્હો થતો હોય અથવા કોઈ ગુન્હામાં બીજા ગુન્હાનો સમાસ થઇ જતો હોય ત્યાં સામાન્ય રીતે ફકત તેજ ગુન્હાના લગતા તોહોમતની સજા કરવી જોઇએ. પરંતુ જુદી જુદી આપેલી સજા મુકરર કરેલી સજાની હદ બાહાર ન જતી હોય, તેવી રીતે સામટી સજા કરવાની કાયદામાં ના પાડી નથી. સાપ્રાધ પ્રવેશના ગુન્હા માટે પીનલકોડમાં ઘણામાં ઘણી ત્રણ માસની કેદની તથા પાંચસો રૂપૈયા દંડની સજા ઠરાવેલી છે દંડની કસુરી બદલ જે સજા કરવી જોઈએ તેની હદ ત્રણ મહિનાના ચોથા ભાગ સુધીની છે, બીગાડના ગુન્હા માટે ઘણામાં ઘણી સજા ત્રણ માસ સુધીની કેદની તથા હદ વગરની દંડની છે પરંતુ દંડની કસુરી બદલ કેદની સજાની મુદત તેની સજાના ચોથા ભાગ સુધીની છે.

પ્રત્યેક ગુન્હાને માટે સો સો રૂપૈયા દંડ માજીસ્ટ્રેટે કરેલો છે એટલે એ દંડ એકઠો કરતાં એમાંથી એક ગુન્હાને માટે જેટલો દંડ કરી શકાય તેના કરતાં ઓછી રકમનો છે અને એ દંડ ન આપવાની કસુરી બદલ તેને પંદર દિવસની કેદની સજા કરેલી છે એક ગુન્હાની કેદની મુદત પુરી થએ બીજા ગુન્હાની કેદની સજા ભોગવવાનું માજીસ્ત્રેટે ઠરાવ્યું નથી. તેમ બંને દંડ ન આપવાની કસુરી બદલ બંને કેદીની સજાઓ એકી વખતે ભોગવવાનું પણ તેણે ઠરાવ્યું નથી. માટે એકંદર જોતાં જે ગુન્હાઓનો અરજદારને અપરાધી ઠરાવ્યો છે તે ગુન્હામાંથી પ્રત્યેક ગુન્હાને માટે કાયદાથી નકી થએલી સજા કરતાં કરેલી સજા વધતી નથી જેથી વચમાં આવવાનું હું કાંઇ કારણ જોતો નથી.

માહારાણી કેસરેહીંદ વિ. વીયાપુરો.

કલમ ૪૨૫.

૩

તા. ૧૧-૭-૮૨
ઈ. ૫ મ. ૪૦૧

જે દસ્તાવેજ અનીતીના અવેજના કારણથી નીરરથક હોય પરંતુ તે દસ્તાવેજમાંથી ઇનસાફના કામમાં બીજો પુરાવો મળતો હોયતો તે દસ્તાવેજ ફાડી નાંખવું એથી બીગાડનો ગુન્હો થાયછે

जे दस्तावेज अनीती भरेला अवेजने लीधे निररथक होय, पण जेमांथी कांइ पुरावो मळी आवतो होय, तो ते दस्तावेजनो नाश करवो एथी ही. पी. को. नी ४२६ मी कलम मांहलो बीगाडनो गुन्हो थायछे.

આ કામ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૨ (૪૩૮) મી કલમ પ્રમાણે ઉત્તર આરકાટના જીલ્લાના માજીસ્ત્રેટે હાઈકોરટને લખી મોકલ્યું હતું

જસ્ટીસ કરનાન તથા મુતુસ્વામી આયરનો ઠરાવ.

બે દસ્તાવેજોમાં કરેલી કબુલત અનીતી ભરેલી હતી અને તે કબુલતની રૂએ ફરીઆદીએ પોતાની ઓરતને બંધવા સાથે જનાખોરી કરવાની પરવાનગી આપી હતી. અને એ પરવાનગી આપી હતી. અને એ પરવાનગીના બદલામાં તે ઓરતે પોતાના ભરણ પોષણની નદાવા ફારગતી આપી હતી. આ બંને દસ્તાવેજોનો બંધવે નાશ કર્યાથી તેને ઈ. પી. કો. ની ૪૨૬ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવી તેનો દસ રૂપૈયા દંડ થએલો છે અને દંડ ન આપવાની કસુરી બદલ ચાર દિવસની મુદતની સખત કેદની સજા કરેલી છે.

જીલ્લા માજીસ્ટ્રેટ તરફથી આ કોરટ તરફ લખાઇ આવ્યું છે કે, ઉપરનો ઠરાવ ખોટો છે કેમકે કબુલતનો અવેજ કાયદા વિરૂદ્ધ છે અને તેથી કરી એ દસ્તાવેજ એક દમડીની કીંમતનું પણ નથી. માટે તેનો નાશ કરવાથી બીગાડનો ગુન્હો થતો નથી.

આ બંને દસ્તાવેજોની નકલ જે કામમાં રાખેલી છે તેની મતલબ ફરીઆદી અને તેની ઓરત વચેનું લગ્ન રદ કરી લગ્નનાં સઘળાં બંધનોની અરસપરસની ફારગતી આપી દીધાની છે એ સ્ત્રી પુરૂષ બંને હિંદુઓ છે અને તેઓ વચેનું લગ્ન એક બીજાની મરજીથી રદ થઈ શકતું નથી. તેથી જે મતલબ પાર પાડવાનો ઇરાદો કરેલો છે તેને વાસ્તે સદરહુ દસ્તાવેજો કાંઇ કીમતના નથી. " પણ એટલાજ કારણથી તે બીજા કશા ઉપયોગના નથી. એવું ઠરાવવામાં અમે તૈયાર થયા નથી. પોતાની ઓરત તથા બચ્ચાંનાં ભરણ પોષણ વાસ્તે દર માસે અઢી રૂપૈયા આપવાનો ફરીયાદીને હુકમ થયાનું માલમ પડેલું છે જેથી પેલી સ્ત્રી સાથે છીનાળું કરવાની તથા પેલા મરદને ખોરાકી પોશાકીની રકમ આપવાની એમ બંને જુવાદારીમાંથી મોકળા થઇ ગયાનો પુરાવો આપવા વાસ્તે તે દસ્તાવેજો કીંમતી છે માટે અમે વચમાં આવવાની ના પાડીએ છીએ.

માહારાણી કેસરેહીંદ વિ. બાયાંબાઇ.

કલમ ૪૨૫.

૪
તા. ૧૧-૧-૮૪
ઈ ૭ મું. પા.૧૨૬

કોઈ ઢોર રખડતું રખડતું કોઈ માણસને નુકશાન કરે એથી તેનો માલીક બીગાડના ગુન્હાનો ગુન્હેગાર થતો નથી. પરંતુ ફરીયાદીને ખાસ ગેરકાયદેસર નુકશાન કરવાના ઈરાદાથી તેણે સદરહુ ઢોરને છૂટું રાખ્યું હોય તો નુકશાન થયાથી તે બીગાડના ગુન્હામાં ગુન્હેગાર થાય છે.

ही. पी. को. नी ४२९ मी कलम मांहेलो बीगाडनो गुन्हो थवा सारु जे ढोरे नुकशान कर्युं होय, ते ढोर तेना धणीए बेदरकारीथी रखडतुं राख्यानुं बताव्युं एटले बस थयुं एम नथी. प्रोसीक्युशनवाळाए बताववुं जोइए के ए प्रमाणे राखवाथी तेनो इरादो गेरकायदेसर हानी अथवा नुकशान करवानो हतो.

સને ૧૮૮૨ના દસમા આકટની ૪૩૯ મી કલમ પ્રમાણે આ મુકરદમો હાઇકોર્ટે તપાસેલો હતો.

તોહોમતવાળીએ બીગાડ કર્યાનું સાબીત થતાં ખેડા જીલ્લાના પેહેલા વર્ગના માજીસ્ત્રેટ દાદાભાઇ દીનશાહે નીચે લખેલે પ્રસંગે તેનો બે રૂપૈઆ દંડ કર્યો હતો.

"મારી બકરી રેઢી ફર્યા કરતી હતી. તેથી પોલીસ ચોકીના કંપાઊંડમાં પરદેશી ઝાડનો છોડ હતો તેનો નાશ થતાં બીગાડ કર્યાની વાત તોહોમતવાળી બાઈ કબુલ કરે છે એ રોપ ઘણી સંભાળથી આંણ્યો હતો, નુકશાનની રકમ બે રૂપૈઆની નકી કરીછે સેજસાજ દંડ કરવાથી બકરાઓના ધણી ખબરદાર રહેશે. એમ આ કોરટ ધારે છે પોતાની બકરી બીગાડ કરશે એમ જાણ્યા છતાં તેને રેઢી રાખ્યાની ગફલત માલમ પડતાં આ અદાલત બેરૂપૈઆ આપવાને હુકમ કરે છે. અને તે દંડ આપવાની કસુરી બદલ ચાર દહાડા લગીની આસાન કેદની સજા કરે છે. ક્રી. પી. કો. ની. કલમ ૪૨૬"

તોહોમત વાળી અથવા સરકાર તરફથી કોઇ હાજર નહોતું. તોહોમતવાળીની વર્તણુંક ઉપરથી તેણીને જે ગુન્હાની અપરાધી ઠરાવી છે તે ગુન્હો થતો નથી. બીગાડનો ગુન્હો બનવા સારૂ પોતાની બકરીને બેદરકારીથી રેઢી રહેવા દીધાનું બતાવવું એટલું બસ નથી. ગેરકાયદેસર હાની અથવા નુકશાન કરવાનો ઇરાદો હોવાનું પણ પ્રોસીકયુશનવાળાએ બતાવવું જોઇએ. આ અદાલત તથા મદ્રાસ હાઈકોરટનો પણ એવાજ પ્રકારનો મત છે, તેથી સજા અને ગુન્હાનો ઠરાવ રદ કરી તોહોમતવાળીને દંડ પાછો આપવાનો હુકમ કરવામાં આવે છે.

માહારાણી કેસરેહીંદ વિ. ગોવીંદ પુંજા,

कोइ ढोर मरी गया पछी तेनो धणी तेने दाटी दे, अने अगर जो तेम करवामां तेनो खास हेतु देशना रीवाज प्रमाणे पोताना गामडाना ढेढोने तेनुं चामडुं लइ जता अटकाववानो होय, तोपण ते सक्ष बीगाड अथवा बीजा कोइ गुन्हानो तकशीरवान थतो नथी.

કલમ ૪૨૫.

૫
તા. ૩૧-૧-૮૪
ઈ. ૮ મું. પા.૨૯૫

કોઈ મુવેલા ઢોરનો ધણી તેને પોતાના ગામના ઢેડ પાસે ઢરડાવવાને બદલે પોતેજ ખાળ ઉતારી લે એથી તે સક્ષ બીગાડના ગુન્હાનો ગુન્હેગાર થતો નથી કેમકે મૂવેલાં ઢોરનાં ચાંમડાં લેવાનો ઢેડાનો હક સ્વભાવિક નથી. પરંતુ ઢરડી લઈ જવાની તથા ખાળ ઉતારી નાખવાનું તે મહેનતાણું છે.

હાઇકોર્ટને નીચલી કોર્ટોના ઠરાવ જોઈને સુધારવાની જે હકુમત છે તે હકુમત વાપરવા સારૂ, તથા નાશીકના એક પેહેલાવર્ગના માજીસ્ત્રેટે બંધવાને સજા કરી હતી. તે રદ કરવા સારૂ આ અરજી કરવામાં આવેલી છે.

મોજે ચીચવડના રહીશ એક ઉખડીયા ગંગીયા નામના ભંગીઆએ ફરીયાદ કરી કે બંધવાનો એક મરી જતાં તેને તેણે દાટી મુક્યો. જેથી તે બળદના આળા ચામડાનો તેણે નાશ કરેલો છે. તે ઉપરથી ઈ. પી. કો. ની. ૪૨૬ મી કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે એવો બીગાડનો ગુન્હો કર્યા માટે બંધવાનો સંક્ષેપ રીતનો ઈનસાફ કરી તેનો દસ રૂપૈઆ દંડ કરવામાં આવ્યો.

માજીસ્ટ્રેટે આ મુકરદમો ચુકવતાં નીચે લખેલી હકીકત પોતાના ઠરાવમાં આપી છે.

પોતાના મુએલા બળદના આળા ચામડાનો નાશ કરી નાંખવા, તથા ફરીઆદી જે તેના ગામનો ઢેડ છે તેને એ ચામડુ મળતું અટકાવવા, બંધવે તે બળદના ઢુંઢને થોડું ઘણું દાટી દીધાનું ચોકસ થએલું છે.

મુએલાં જાનવરોનાં ચામડાં લેવાનો પોતાનો હક હોવાનું આ કામના બંધવાને સાબીત કરવાનું રહેલું છે, આ તરફના આખા દેશમાં ગામડાના કોઇ મુએલા બળદનું ચામડુ લેવાનો ઢેડ લોકોનો હક હોવાનો રીવાજ મહશુર છે, તો આ કામમાં તેથી ઊલટો રીવાજ બંધવો સાબીત કરી શક્યો નથી. એ ચામડું ફરીયાદીનું હતું, અને બંધવે જાણી બુજીને તેને બરબાદ કરેલું છે, આવું કામ આગળ પણ તેણે કરેલું છે. માટે બીગાડના ગુન્હાનો હું તેને અપરાધી ઠરાવું છું.

અપેલેન્ટ તરફથી વીષ્નુકૃષ્ના ભાટવડેકરે એવી દલીલ કરી કે સાબીત થએલી હકીકત ઉપરથી તોહોમતનામાવાળો કીંવા બીજો કોઇ ગુન્હો થતો નથી. પોતાના ગામમાં મરી ગએલાં ઢોરોના માલક ત્યાંના ઢેઢ લોકો નથી. પરંતુ તે માલીકી જીવતી સ્થીતીના વખતના માલેકોની ચાલતી રહે છે. મુએલાં ઢોરોને ઢસરડી જવાની મેહેનતના બદલામાં પૈસાની મામુલી રકમ અથવા ચામડુ લેવાનો હક, અથવા તેની ચામડી ઉતારવાની મેહેનતનો બદલો લેવાનો હક તમામ એલાયદો છે. અને દીવાની અદાલતમાં જઇને તે હક જાહેર કરવો જોઇએ. જનાવરો જ્યારે મરી જાય ત્યારે દેશના રીવાજ પ્રમાણે ઢેડ લોકો તેના માલેક થાય છે. એમ જે માજીસ્ટ્રેટે શોધેલું છે, તે પુરાવાથી સાબીત થએલું નથી. કહેવામાં આવતો રીવાજ સ્થાપીત થયેલો નથી. સંતુ. વિ. બાબાજીનો મુકરદમો, જે પણ એક દક્ષણ દેશનો મુકરદમો હતો. તેમાં ઠરેલું છે કે ગાડાના બળદો કોઇ ગામમાં મરી જાય તેના આળા ચામડા ઉપર મજકુર ગામના ઢેડોનોજ હક નથી પરંતુ તે ચામડાં તેઓએ તે ઢોરના માલેકોને આપવાં જોઇએ. અને ખાળ ઉતારવાની મજુરીનો બદલો તેઓએ તે માલેક પાસેથી લેવો જોઇએ. અમે કબુલતો કરતા નથી તો પણ ધારો કે ઢેઢ લોકોનો કાંઇ હક પહોંચે છે, તો તે હક જાહેર કરવાનું સ્થળ દીવાની અદાલત છે. હિંદુસ્થાનના પીનલકોડના અર્થ પ્રમાણે ગેરકાયદેસર હાની કરવાનો ઈરાદો આ કામમાં હતો નહીં.

સરકાર તરફથી કોઇ હાજર થયું નહોતું.

જસ્ટીસવેસ્ટનો ઠરાવ.

બળદ જ્યારે મરી ગયો ત્યારે તેના ધણીએ મુડદાંના હકનો દાવો જાહેર કરેલો છે. તેના હકને કોઇ રૂપની પુષ્ટી મળતી હોય તો તે કબજો તેનોજ હોવો જોઈએ. પરંતુ તેના હક કરતાં કોઇ બીજાનો વધારે મજબુત હક હોય, તો પછી તે કબજો તેની પાસે રહેવો જોઇએ નહીં પરંતુ તેનોજ કબજો હોવાથી, આ કામમાં જે કૃત્ય રહ્યું છે તેના વાંધાનો ફ-

રુચો ફોજદારી ધારાની રૂયે થવો જોઇએ નહીં, પરંતુ દીવાની અદાલતમાં જઇને દાદ મેળવવી જોઇએ. માટે આ અદાલત ગુન્હાનો તથા સજાનો ઠરાવ રદ કરી દંડ પાછો આપવાનો હુકમ કરે છે.

માહારાણી કેસરેહીંદ વિ. શેખરાજુ.

જે जानवर बीजानी जमीन उपर रखडतुं रखडतुं जइने तेना उपर ऊगेला मोलनो बीगाड करे तेथी ही. पी. को. नी ४२६ मी कलम प्रमाणे बीगाडनो गुन्हो थतो नथी. परंतु सदरहु जानवरमा मालेके तेने ते जमीन उपर जाणी बुझीने हांक्युं होय तो पछी बीगाडनो गुन्हो थाय छे.

કલમ ૪૨૫.
૬
તા. ૨૭–૧૧–૮૪
ઇ. ૯ મું પા. ૧૭૩

જે જાનવર રેઢું હોય ને કોઇ મોલનું નુકશાન કરે તો તેથી બીગાડનો ગુન્હો થતો નથી. પરંતુ એ ઢોરના રખવાળે મોલમાં હાંક્યું હોય તો તેથી તેણે બીગાડ કર્યા નું કહેવાય છે.

બંધવાની ગાય કલેકટર સાહેબના બંગલાના બગીચામાં રખડતી રખડતી ગઇ અને તેમાં મકાઈના પાકનું પાંચ રૂપીયા સુધીનું નુકશાન કર્યું તે ઉપરથી બંધવા ઉપર બીગાડના ગુન્હાનું તોહોમત મુકી તેને ધુળીઆના બીજા વર્ગના માજીસ્ટ્રેટ પાસે છનસાફ થવા સારૂ મોકલ્યો. અને તેને તેણે ગુન્હેગાર ઠરાવ્યો. તે એવા કારણથી કે પોતાની ગાય હમેશાં મોલને નુકશાન કરેછે એ વાત પુરેપુરી જાણ્યામાં હતી. તોપણુ તેને રેઢી મુકીને ઉપર કહેલું નુકશાન તેણે કરવા દીધું. માજીસ્ટ્રેટે બંધવાને ૨૦ રૂપીઆ દંડ કર્યો. ને તે દંડ ન આપે તો ૨૦ દિવસ સુધીની મુદતની આસાન કેદની સજા કરી.

બંધવા અથવા સરકાર તરફથી કોઇ હાજર નહોતું.

જસ્ટીસ વેસ્ટનો ઠરાવ.

શેખ રાજુએ જાણી જોઇને પોતાની ગાય બગીચામાં હાંકી દઇને તે માંહેલા મોલનો નાશ કરાવ્યો એ વાત આ કામમાં પુરાવેથી સાબીત થતી નથી.

હી. પી. કો. ની ૪૨૬ મી કલમ માંહેલો ગુન્હો થવા સારૂ આવી જાતની ગફલતવાળી વર્તણુંક જરૂરની છે જે જાનવર પોતાના ધણી શીવાય બીજાની જમીન ઉપર રખડતું રાખવાની કસુરના નાના ગુન્હા સારૂ ઢોરના અતીક્રમણના કાયદાની ૧૦ મી કલમમાં નીયમ બાંધેલો છે અને યોગ્ય જણાય તો એ કાયદા પ્રમાણે બંધવા ઉપર કામ ચલાવાની છુટ આપીને ગુન્હા તથા સજાનો ઠરાવ રદ કરવામાં આવે છે.

જાગેશ્વરદાસ વિ. કૈલાસચંદ્ર.

पोताना केटलाक सामाननो वहीआरो करवा सारु ते सामान एक गाडी उपर लाद्यो तेटलामां ते बंधवो आवी पोहोच्यो अने बळदने छोडी नाख्या तथा गाडी उपरथी रस्तामां माल फगावी दीधो, तेथी

કલમ ૪૨૫.
૭
ઇ. ૧૨ ક. પા. ૫૫
કોઇ આદમીના માલ લદેલા ગાડા બાંધી બહાર રસ્તા

फरीयादी एकदम ते सामान आंनो त्यां मुकीने चाल्यो गयो, ठराव्युं के आवे प्रसंगे पी. को. नी कलम ३४१ प्रमाणे करेलो ठराव नभी शकतो नथी. परंतु ४२९ मी कलम मांहेला बीगाडना गुन्हामां लाववा जेटलो तेमां बीगाड थयो छे, वळी वधु ठराव्युं के. नाश थाय एवा प्रकारनी हानीनुं ४२९ मी कलममां चतिवन करेलुं छे, एम कांइ नथी, मात्र तेमां एटलुंज जोइए छीए के कोइ हक उपर हुमलो थवो जोइए अने तेवा हुमलाथी कोइनी मिलकतनी किमतमां कमीपणुं थवुं जोइए.

ઉપર ફ્રમાવી દે અને તે માલ થોડો વખત ત્યાંનો ત્યાં રહે એવી બીગાડનો ગુન્હો થાયછે.

આ કામમા અરજદારો ઉપર પીનલકોડની કલમ ૩૪૧ મી પ્રમાણે ગુન્હો કર્યો એમ ઠરાવવામાં આવ્યું છે. પુરાવા ઉપરથી એમ જણાય છે કે ગયા અગષ્ટ માસની તા૦ ૫ મીના રોજ ફરીયાદી એક લોઢાની પેટી અને એક બીજી પેટી પોતાની દુકાનમાંથી બીજા હાટમાં લેઇ જતો હતો. પણ તેટલામાં તહોમતવાળાએ આવી તેને હુકમ કર્યો કે તારે તે લેઈ જવું નહીં. તે પ્રમાણે તેણે ચાલવાને ના કહેવાથી તહોમતવાળાએ ગાડાને ફેરવી રસ્તા ઉપર તે પેટીઓ નાંખી દીધી, ત્યાં ફરીયાદીએ તે પડી રેહેવા દીધી, અને પોતે નવા હાટમાં ગયો. જે હાટમાંથી તે ખસેડતો હતો, તે તહોમતવાળાને નોકર રાખનારનું હતું.

તહોમતવાળાએ સોગન ઉપર કહ્યું કે ફરીયાદીએ જે કહેલું છે તે વિશે હું કાંઇપણ જાણુતો નથી, પણ તેણે ખોટી રીતે અટકાવ કર્યો હતો એવો તે ગુન્હેગાર માલુમ પડવાથી, પીનલકોડની કલમ ૩૪૧ મી પ્રમાણે પંદર દીવસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

આ શીક્ષાના હુકમ ઉપર તોહોમતવાળાએ આ અરજી આપી છે.

અરજદારો તરફથી મી. આર. મીત્તર અને મુનશી સીરાજુલ ઇસલામ.

કોર્ટનો ફેસલો નીચે પ્રમાણે આપવામાં આવ્યો.

જસ્ટીસ પીગટ સાહેબ.

હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૪૧ મી પ્રમાણેના ગુન્હાના માજીસ્ટ્રેટે અરજદારોને ગુન્હેગાર ઠરાવ્યા છે. સમન્સ કહાડતી વખતે અને તે કાહાડતાં અવલ ફરીયાદીને માજીસ્ટ્રેટે તપાસેલો છે. અરજીની પીઠે તેની જુબાની લેવામાં આવી છે તે માજીસ્ટ્રેટની લખેલી છે, તેમાં ફરીયાદીએ કહેલું છે કે જે વખતે મુખ્યત્વે કરીને જે બાબત હું ફરીયાદ કરૂં છું તે બની તે વખતે હું જાતે ત્યાં હાજર નહીં હતો. માજીસ્ટ્રેટની રૂબરૂ તેણે એમ કહેલું જણાય છે કે હું હાજર હતો. તેણે ફરીયાદ એવી કરી છે કે તા. ૫ મી અગષ્ટના રોજ તહોમતવાળાનું હાટ ચાંપદાનીમાં છે. ત્યાંથી હું કેટલીક ચીજો ખસેડતો હતો, ત્યારે તહોમતવાળાએ કહ્યું કે તે ચીજો ખસેડવી જોઈએ નહીં. પણ તે વાત મેં નહીં સાંભળી એટલે તેણે ગાડી ઉંધી નાંખી, તેથી તે ચીજો જમીન ઉપર પડી ગઇ. અને ત્યાંહાં તે કેટલાક દીવસ સુધી પડી રહી. ફરીયાદીએ કહેલી આ વાત બાબત તકરાર કરવામાં આવી નથી. તેથી માજીસ્ટ્રેટે હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૪૧ મી પ્રમાણે તહોમતવાળાને ગુન્હેગાર ઠરાવ્યા.

અમારી નજરમાં આવતું નથી કે આવી હકીકત છતાં ગુન્હો સાબેત ઠરાવી શકાય. ખોટી રીતે અટકાવ કર્યાનું તહોમત છે. અને ફરીયાદીની જુબાની સમન કહાડવામાં આવ્યો તે વખત અગર તે કહાડતાં અવલ આપેલીછે તેવી અગર માજીસ્ટ્રેટની રૂબરૂ કામની

સુનાવણી ચાલતી વખતે આપવામાં આવી છે, તેવી હોય, પણ ખોટી રીતે અટકાવ કર્યા બાબત જે વિચાર એવે છે તેને અનુસરતી નથી, એમ અમને જણાય છે. પેહેલી જુબાનીમાં તે કહે છે કે હું હાજર નહીં હતો, અને બીજામાં કહે છે કે તે ચીજો ગાડીમાંથી કહાડી નાંખવામાં આવી ત્યાર પછી હું નવા હાટમાં ગયો પરંતુ અમારી નજરમાં આવે છે કે આ કામનો હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૨૫ મી માં સમાસ થતો નથી, કારણ કે તે માલની બાબતમાં એવો ફેરફાર થયેલો નહીં હતો કે જેથી ઇરાદાથી અગર જાણી બુઝીને ફરીયાદીને ખોટી રીતનું નુકશાન અગર બાધ થાય. તે પ્રમાણે તે માલની કીંમતમાં અગર ઉપયોગમાં કમી થએલું અગર ઇજા થાય તેવી હરકત થએલી નથી. આ કામની હકીકતથી તે શબ્દો પ્રમાણે બરોબર થએલું છે. તે ગાડીમાંથી માલ ખસેડવામાં આવેલો છે તે કાયદેસર નથી, અને તેમાં એવો ફેરફાર જાણી જોઇને કરેલો છે. કે તેથી કાંઈ અવગડ તે માલના માલીકને થોડી ઘણી થાયજ, અને કેટલેક દરજે તે માલ ગાડીમાંથી કહાડી નાંખવામાં આવ્યાથી તેના ઉપયોગમાં પણ કમી થાય, માટે તેટલે દરજે તે માલનો ઉપયોગ ઓછો થએલો હતો, અને તેથી તેઓને ઇજા થાય તેવી હરકત થએલી હતી. અમારી નજરમાં આવે છે કે આ કલમ પ્રમાણે જે નુકશાન થએલું જોઇએ, તે નાશકારક રૂપનું હોવું જોઇએ, એમ જરૂર નથી, બધામાં જરૂરી એટલી છે કે હક ઉપર હુમલો કરવાથી એકાદા સખસની મીલકતની કીંમતમાં કમી થવું જોઇએ તે કમી કરવાનો હેતુ તે હુમલો કરનારનો તે કરતી વખતે હોવો જોઇએ.

હાલની હકીકત છે તે પ્રમાણે શીક્ષા વધારે છે એમ અમારી નજરમાં આવતું નથી. આ ગુન્હો જો કે ઘણો ભારે નથી, તોપણ કેટલેક દરજે ભારેછે, જે હકીકત પ્રમાણે માજીસ્ટ્રેટે પોતાના ફેંસલામાં જે કારણો બતાવ્યાં છે તે પ્રમાણે તે શીક્ષા કરવી દુરસ્ત છે, એમ યુક્ત રીતે જણાય છે. માટે અમે કલમ ૩૪૧ મી પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરી તેની જગ્યો એ કલમ ૪૨૬ મી પ્રમાણેનો ગુન્હો ઠરાવીએ છીએ, અને ફરમાવીએ છીએ કે કેદીઓએ—જેટલી કેદ ભોગવી નથી તેટલી બાકીની ભોગવવી જોઈએ.

(ફેંસલાનો બાકીનો ભાગ આ રીપોર્ટના કારણસર જરૂરનો નથી.

ગુન્હાની સાબેતીના ઠરાવવામાં ફેરફાર કરી શીક્ષાનો હુકમ બહાલ રાખવામાં આવ્યો.

ધરમદાસ ગોસ વિ. નસીરૂદીન.

કલમ ૪૨૫.

(

ઈ. ૧૨ ક. પા. ૬૬૦

કોઈ જાતના હક ઉપર હુમલો થઇને તેને અંતે મિલકતની કીંમતમાં જરાકપણ ઘટ આવે તો પછી બીગાડ થાતું કહેવાય છે. હસ્તીમાં આવેલા ચાલતા તથા સંપુરણ હક ઉપર હુમલો કરવામાંજ નુકશાન રહેલું છે. અને ત્યારેજ બીગાડ થાય એમ સમજવું નહીં પરંતુ જે હક હસ્તીમાં આવવાનો છે તે હકનો પરાજય કરવામાં બીગાડનો ગુન્હો થાય છે.

हो. पी. को. नी ४२९ मी कमलमां जे नुकशाननुं चीतवन कर्युं छे. ते नुकशान हस्तीमां आवेला चालता तथा संपुर्ण वकना उपर हुमलो करवामांज रहेलुंछे. एम कांइ जरुर नथी. परंतु जे हक हजु हस्तीमां आववानो छे तेनो पराजय, अथवा तेने फळ वगरनो करवाना हेतुथी कांइ कृत्य करवामां आवे, तेथी पण एवुं नुकशान थाय छे.

जे माणस कांइ मिलकत वेचाती लेवानो करार करे, अथवा किमतनी रकममांथी कांइ भाग ते आपे ते माणसनुं सदरहु मिलकतमां कांइ हीत रहे छे. पछी तेनो दावो कदापी संपुर्ण न होय, अथवा तेनो हक छेवटनो तथा नकी न थयो होय, तोपण सदरहु मिलकतनो नाश करवाथी ४२९ मी कलमना अर्थ मुजब गेरकायदेसर हानी अथवा नुकशान तेने थाय छे.

નીચે લખેલા પ્રસંગે એક ધરમદાસ ઘોષે બિગાડ કર્યો એવું તેના ઉપર સીલદાના માજીસ્ટ્રેટે તહોમત રાખ્યું હતું.

૧૪—૧૨—૮૫ને રોજ એક માનું ખેતર બંધવાએ સરકારમાંથી લીધું હતું. તે ૨૪ પ્રગણાના કલેકટરે સરકારી મેહેસુલ આપાવાનું ચઢી ગયાના સબબે વેચી નાંખ્યું, તે ફરીયાદીએ વેચાતું લીધું. તેણે વેચાણના ધારા પ્રમાણે વેચાણ થયાને દીવસે ખરીદીના પૈસાનો કાંઇ ભાગ અનામત આપ્યો. બંધવો વેચાણ વખતે હાજર હતો, તથા તે ખેતર ફરીયાદીએ વેચાતું લીધુંછે, એમ તે જાણતો હતો. આ વેચાણ સંપુર્ણ થયા અગાઉ તથા વેચાણને દીવસથી ૬૦મા દીવસની પેહેલાં, એટલે ફરીયાદીને સરટીફીકેટ આપ્યા પેહેલાં બંધવે સદરહુ ખેતરમાંથી કેટલાંક ફલાઉ ઝાડો કાપી નાંખ્યાં, અને તે ઉપરથી ઉપલો ગુન્હો કર્યાનું તેને માથે તહોમત આવ્યું. ઉપલી હકીકત બંધવા વિરૂદ્ધ ડેપ્યુટી માજીસ્ટ્રેટે સાબીત માની તથા તેને એમ માલુમ પડયુંકે ફરીયાદી જેનો સદરહુ ખેતર ઉપર આગળ જતાં માલિકીનો હક થવાનો છે તેને ગેરકાયદેસર હાંની કરવાંનો બંધવાને ઇરાદો હતો. તેથી તેને પીનલકોડની કલમ ૪૨૫ માંહેલા ગુન્હાનો અપરાધી ઠરાવી તેનો ૧૦૦ રૂપૈઆ દંડ કર્યો. અને તેની કસુરી બદલ બે માસની સખ્ત કેદની સજા કરી.

૨૯—૩—૮૬ને રોજ બંધવાના કરેલા કૃત્યથી બીગાડાનો ગુન્હો થતો નથી, એવા સબબ ઉપરથી તેને કરેલી સજા શા માટે રદ ન કરવી જોઈએ, તે બાબતનું કારણ આપવા ફરીયાદી ઉપરનો જસટીસ પ્રીસેપ તથા બ્રાટ પાસેથી તેણે હુકમ મેળવ્યો.

એ હુકમ ૧૪—૪—૮૬ ને રોજ જસ્ટીસવીલસન તથા પોરટર પાસે સુનાવણીમાં આવ્યો હતો.

સદરહુ હુકમના આધારમાં બાબુ અંબીકાચરણ બોસે એવો વાંધો લીધો કે, જયારે ઝાડો કાપી નાંખ્યાં ત્યારે તે ખેતરનો કબજો બંધવાના હાથમાં હતો અને ફરીયાદીનો હક હજી પરીપુર્ણ થયો નહોતો કેમકે વેચાણના ધારા પ્રમાણે વેચાણની તારીખથી ૬૦ દીવસો વીત્યા અગાઉ વેચાણ સંપુર્ણ થઇ શકતું નથી અને જ્યાં સુધી ખરીદનાર વેચાણનું સરટીફીકેટ મેળવતો નથી ત્યાં સુધી તેને માલીકીના હકો મળતા નથી. અને તેથી બંધવાના કૃત્યોને લીધે તેને ગેરકાયદેસર હાની થતી નથી. માટે આ કામમાં બીગાડનો ગુન્હો થયો નથી.

બાબુ રાજેંદ્રનાથે એ હુકમનું કારણ બતાવ્યું હતું.

જસટીસ વીલસન તથા પોરટરે તે ઉપરથી નીચે મુજબ ઠરાવ કર્યો.

જે હકીકત મળી આવીછે, તે ઉપરથી બીગાડનો ગુન્હો થાયછે કે નહીં એટલો આ કામમાં સવાલછે બીગાડના ગુન્હાની વ્યાખ્યા, ઈી. પી. કો. નીં૪૨૫મી કલમમાં આપીછે. તે એછેકે લોકને અથવા કોઈ સક્ષને ગેરવાજબી હાની અથવા નુકશાંની કરવાના ઇરાદાથી અથવા તેવી હાંની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે, એમ જાણીને જે માણુસ કોઇ મીલકતનો નાશ કરે, અથવા કાંઇ મીલકતમાં કે તેની સ્થીતીમાં એવો ફેરફાર કરે કે તેથી તે મીલકતની કીંમતનો અથવા ઉપયોગીપણાનો નાશ થાય, અથવા તેની કીંમત કે ઉપયોગીપણું ઓછું થાય, અથવા તેથી તે ઉપર નુકશાન ભરેલી અસર થાય તો તે માણુસે 'બીગાડ' કર્યો એમ સમજવું" આ કલમ નીચે પેહેલો ખુલાસો છે, કે "જે મીલકતને નુકશાંન કર્યું હોય, અથવા જેનો નાશ કર્યો હોય, તે મીલકતના ધણીને કાંઈ હાંની અથવા નુકશાની કરવાનો ઈરાદો તે ગુન્હો કરનારે કર્યો જોઇએ, એવું કાંઈબીગાડના ગુન્હાગાં જરૂર નથી. અગર કાંઈ મીલકતને નુકશાન કરીને કોઇ પણ સક્ષને ગેર વાજબી હાંની અથવા નુકશાની કરવાનો તેનો ઈરાદો હોય અથવા તેવી હાંની

કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે. એમ તેના જાણ્યામાં હોયતો બસછે. પછી તે મીલકત તે સક્ષની હોય કે ન હોય તોપણ " તે નીચે બીજો ખુલાસો છેકે " પોતાનીજ અથવા પોતાની સાથે બીજા સક્ષોના રાશ ખાતાની કાંઈ મીલકત બાબત પણ કાંઇ કામ કરીને તે કામ કરનાર તે કામથી બીગાડ કરી શકે " તેથી બીજા સક્ષને જાણી જોઈને અથવા ઇરાદા પુર્વક ગેરકાયદેસર હાંની અથવા નુકશાન કરવા સારૂ કોઇ સક્ષ બીગાડ કરતી વખત પોતાની મીલકતનો નાશ કરેછે. તે બીગાડ કર્યાનો ગુન્હેગાર થાયછે.

સને ૧૮૫૯ના અગીયારમા આકટ મુજબ વેચાણ થયા બાદ તથા પૈસા આપ્યા પછી અને ૩૦ રોજ વીતીગયા પછી અને જો કોઈ અપીલ થઈ ન હોય તો વેચાણ છેવટનું તથા ચોકસ થાયછે.

આ મુદત સને ૧૮૬૮ બંગાળાના આઠમા આકટની ૪થી કલમથી ફરી ગઈછે. અને તેને બદલે ૬૦ રોજ કર્યાછે. સને ૧૮૫૯ના અગીયારમા આકટની ૨૮મી કલમ મુજબ વેચાણ છેવટનું તથા ચોકસનું થવા માટે વેચાણનું સરટીફીકેટ આપવું જોઇએ અને તે સરટીફીકેટ તેમાં લખેલી તારીખથી હક્કના પુરાવા તરીકે થાયછે.

જ્યારે ઝાડો કાપી નાખ્યાં ત્યારે તેનો કબજો તહોમતદાર પાસે હતો અને ફરીયાદીનો હક તે વખતે છેવટનો તથા નક્કી થયો નહોતો માટે આ કામમાં બીગાડનો ગુન્હો થયો નથી એવો અમારી પાસે વાંધો લેવામાં આવ્યોછે બેશક ફરીયાદીનો હક હજુ તે વખતે પરીપુર્ણ થયો નહોતો તેમ છેવટનો અને નક્કી પણ થયો નહોતો ફરીયાદીના સદરહુ ખેતરમાં એવો હક નહોતો કે જેથી તે ઉપર હરકત કરતાં તેની ગેરકાયદેસર હાની કે નુકશાન થતું નથી, એવું કેહેવું અમને ભુલ ભરેલું લાગેછે. જો માણસ કાંઈ મીલકત વેચાતી લેવાનો કરાર કરે અને કીમતની રકમમાંથી કાંઈ ભાગ આપે તે માણસનું સદરહુ મીલકતમાં કાંઇ હીત રેહેછે પછી જોકે તેનો દાવો સંપુર્ણ ન હોય તોપણ એ મીલકતનો નાશ કરવાથી તે માણસને ગેરકાયદેસર હાંની કે નુકશાન ન થાય તેવું તે મીલકતમાં એ સક્ષનું હીત રહેલુંછે. એ વાત ચોખીછે એવું અમે ધારીએ છીએકે આ કામમાં બીગાડ થયોછે.

બીજું પણ કારણછે.

ઈી. પી. કો.ની કો. ની ૪૨૫ મી કલમમાં જે નુકશાનનું ચીતવન કર્યું છે તે નુકશાન હસ્તીમાં આવેલા ચાલતા તથા સંપુરણ હકના હુમલા ઉપર હુમલો કરવામાંજ રહેલું છે એમ કાંઇ જરૂરનું નથી. પરંતુ જે હક હજુ હસ્તીમાં આપવાનો છે તેનો પરાજય અથવા ફળ વગરનો કરવાના હેતુથી જે કાંઇ કૃત્ય કરવામાં આવે તેથી પણ એવું નુકશાન થાય છે. આ વાત પંડે ૪૨૫ મી કલમના દ દ્રષ્ટાંતમાં ચોખી રીત બતાવી છે તે દ્રષ્ટાંતમાં કહેલું છે કે.

માહારી પાસે ઝ ના આટલા રૂપૈયા નીકળે છે તે અદા થવા સારૂ હુકમ નામુ બજીને મારી મીલકત જપ્ત થવાની છે. એમ અ ના જાણ્યામાં હોય અને ઝ ને તે રૂપીઆ મળતા અટકાવવાના તથા એમ કરીને ઝને નુકશાન કરવાના ઈરાદાથી અગર અ ને તે મીલકત બાળી નાંખે તો અ એ બીગાડ કર્યો એમ સમજવું."

આ શબ્દોમાં ઘણોજ થોડો ફેરફાર કરવા તે દ્રષ્ટાંત ચાલતા મુકરદમાની સાથે બધ બેસતું થઇ જાય છે.

મારી મીલકત સરકારી ઉઘરાણી પતાવવા સારૂ વેચાણી છે. એવું અ ના જાણવામાં હતું, અને વળી એમ પણ જાણવામાં હતું કે ૬૦ દહાડા વીત્યાબાદ ખરીદ કરનારાનો હક છેવટનો તથા નકી થશે એમ જાણીને સદરહુ અ ખરીદ કરનારને પોતાની ખરીદીનો લાભ ન લેવા દેવાના ઇરાદાથી સદરહુ ધરતી ઉપરના ફલાઉ ઝાડોનો નાશ કરેતો તેણે બીગાડ કર્યો એમ સમજવું જોઇએ.

માટે અમો કાઢેલો હુકમ નામંજુર કરવાનું ધારીએ છીએ.

કલમ ૪૨૬ મી.

૪૨૬. જે માણસ બીગાડ કરે તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બિગાડ કરવાની શીક્ષા.

કલમ ૪૨૭ મી.

૪૨૭. જે માણસ બીગાડ કરે, અને તેની પચાસ રૂપીઆની કે તેથી વધારેની હાની અથવા નુકશાની કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બીગાડ કરીને ૫૦ રૂપીયાની નુકશાની કરવી.

કલમ ૪૨૮ મી

૪૨૮. દશ રૂપીયાની અથવા તેથી વધારે કીમતના કોઇ જાનવર અથવા જાનવરોને મારી નાખીને, અથવા જેહેર દઇને, અથવા લંગડા લુલાં કરીને, અથવા નકામા કરીને, જે માણસ બીગાડ કરે, તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

દશરૂપીયાની કીમતના કોઇ જાનવરને મારી નાખીને અથવા લંગડું લુલુ કરીને બીગાડ કરવો.

કલમ ૪૨૯ મી.

૪૨૯. કોઇ હાથી, ઊંટ, ઘોડો, ખચ્ચર, ભેંસ, અથવા પાડો, ગોધો, ગાય. અથવા બળદ, એ જાનવરની પછી ગમે તે કીમત હોય તો પણ તેને, અથવા પચાસ રૂપીયાની કે તેથી વધારે કીમતના કોઇ બીજા જાનવરને મારી નાખીને, જેહેર દઇને, લંગડુ લુલુ કરીને, અથવા નકામું કરીને, જે માણસ બીગાડ કરે, તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ઢોર વગેરેને અથવા ૫૦ રૂપીયાની કીમતના કોઇ જાનવરને મારી નાખીને અથવા લંગડુ લુલુ કરીને બીગાડ કરવો.

કલમ ૪૩૦ મી.

ખેતીવાડીનાં કારણસર, અથવા માણસોનાં અથવા જે જાનવરો કોઇની મિલકત હોય એવા જાનવરોનાં ખાવા પીવાના કારણસર, અથવા સ્વછતાના કારણસર, અથવા કોઇ કારખાનાનું કામ ચલાવવાના કારણસર, પહોંચતું પાણી જેથી ઓછું થાય, અથવા જેથી તે ઓછું થવાનો સંભવ પોતાને માલમ હોય, તેવું કાંઇ કામ કરીને જે માણસ બિગાડ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

પાણી સીંચવાના કામોનેનુકશાન કરીને અથવાગેરવ્યાજબી રીતે પાણીનો રસ્તો બદલી બીગાડ કરવો.

રામકૃષ્ન ચેટી વિ. પાલાનીયાન્ડી હુડાંમ્બર અને બીજાઓ.

જસ્ટીસ ઇન્સ વગર ફુલ બેંચના ઘણા મતથી ઠરાવવામાં આવ્યું કે, જ્યાં બંધવે ફક્ત બેદરકારી ભરેલા કૃત્યથી પાણી બગાડ્યું હોય ત્યાં તે કૃત્ય ખેતીવાડીના કામને જોઇતા પાણીના જથાનો ઘટાડો કરી નાખ્યાના ગુન્હાની વ્યાખ્યામાં સમાઇ શકતું નથી. તેણે કોઇ જાતનો હક દરસાવ્યા વગર તે કામ કર્યું હોય તો તેટલું બસ છે.

કલમ ૪૩૦.

૧

તા. ૨૪-૧૧-૭૬
ઇ. ૧ મ. પા.૨૬૨
બેદરકારીથી ખેતીના કામને જોઇતા પાણીનું નુકશાન કરવાથી આ કલમપ્રમાણેગુન્હો થાય છે એમ કાંઇ નથી. પોતાનો કાંઇ હક હોવા વગર તે પાણીને બગાડવું એ થી પણ કલમનો ગુન્હો થાયછે.

દીંદીગાલના બીજા વર્ગના માજીસ્ટ્રેટનું સને ૧૮૭૬ના ૩૮ મા નંબરનું કામ મદુરાના જીલ્લા માજીસ્ટ્રેટ તરફથી એક પત્ર સાથે આવતાં તે પત્ર તથા સદરહુ કામનાં કાગળીઆંઓ વાંચીને હાઇકોર્ટે નીચે મુજબ ઠરાવ કરેલો છે.

ઠરાવ.

કોઇ એક નદીમાં ફરીયાદીએ નેહેર કરી હતી, તે નેહેરની વચમાં થઇને બંધવે પાણીનો મારગ ખોદી કાઢીને ખેતીવાડીના કામને માટે જોઇતો પાણીનો જથો જ્યારે ઓછો કર્યાના ગુન્હા વાસ્તે એક બીજા વર્ગના માજીસ્ટ્રેટે બંધવાને અપરાધી ઠરાવ્યો હતો.

હાઇકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલી દેવા જીલ્લા માજીસ્ટ્રેટે લખેલું છે કે "ખેતીવાડીના કામને માટે જોઇતો પાણીનો જથો ઓછો કરીને બીગાડના ગુન્હા તરીકે, માજીસ્ટ્રેટો વખતો વખત સંખ્યાબંધ ફેંસલાઓના ચુકાદા કરે છે તે માંહેલો આ મુકરદમો છે પરંતુ તેમાં ખરેખરૂં તહોમત ઘટાડો કરીને બીગાડ કર્યાનું નથી પણ ફકત અખ્તીકાર વગર પાણી ઓછું કર્યાનો છે."

"જે ઠેકાણે નુકશાન કરવાનો ઇરાદો રાખીને બેદરકારીથી પાણી બગાડ્યું હોય, તે ઠેકાણે આ કલમ લાગુ પડયાનું હું સમજું છું પરંતુ જ્યાં એકને વધુ અને બીજાને ઓછું પાણી મળવાની માંહોમાંહે તકરાર હોય તે ઠેકાણે આ કલમ લાગુ પડતી નથી. આ છેલી જાતના વાંધાની માજીસ્ટ્રેટો તરફથી વખ્તોવખત તપાસ થાય છે. પરંતુ દીવાની અદાલતમાં

તે તપાસો થવાનું હું માનું છું."

આવા સામાન્ય રીતના વિચારો સાથે હાઈકોરટ મળતી આવતી નથી. લૌકીક ભાષા પ્રમાણે બેદરકારીથી પાણીનો બીગાડ કરવાનું કૃત્ય આ કલમના ગુન્હાની વ્યાખ્યામાં સમાતું નથી.

પી. કો. ની ૪૩૦ મી કલમ માંહેલો ગુન્હો થવામાં નીચે પ્રમાણે થવું જોઇએ "જે કૃત્યથી પાણીના જથામાં ઘટાડો થાય અથવા તે કૃત્ય કરનારાના જાણવા પ્રમાણે ઘટાડો થવાનો સંભવ છે એવું કાંઇ કૃત્ય જાતથી કરવું" જ્યારે ગેરકાયદેસર હાની કરવાનો ઇરાદો રાખીને સદરહુ કૃત્ય કરવામાં આવ્યું હોય ત્યારે તેના મનની લાગણીની જે હકીકત જોઈએ તે પણ પુરીપડે છે. અને કોઈ જાતનો હક હોવા વગર જ્યારે પાણી લેવામાં આવે ત્યારે તેનો મનનો ઈરાદો પાપી હોવાનું ઠરાવવું એ ગેરવાજબી નથી. પરંતુ હકીકત ઉપરથી સાફ માલુમ પડે છે કે, હકનો દાવો રાખતાં તેણે દેખીતું વધારે નુકશાન કર્યું હોય તો પછી તેણે પોતાના હકનો દાવો કર્યો હતો તેની ચીંતા નહીં. જ્યાં મુકરદમો જોઈએ તેવો શક પડતો હોય, ત્યાં કાયદા વિરૂદ્ધ ઇરાદાનું અનુમાન કરી લેવાનું અટકાવી, શું ઈરાદો હતો તેનું પ્રથકરણ કરવાનું કામ ઇનસાફી મગજ ઉપર રહેલું છે.

જે હકીકત માલમ પડેલી છે તે ઉપરથી બીજા વર્ગના માજીસ્ત્રેટના ઠરાવની વચમાં આવવાનું કાઇ કારણ આ અદાલતને જોવામાં આવતું નથી.

માહારાણી કેસરેહીંદ વિ. જગનનાથ ભીખાજી ભાવે.

ज्यां पुरावेथी एम मालुम पडे के, फरीयादी एकलोज कोइक वाकळानो मालीक हतो. अने बंधवाने तेनो दावो करवानेकोइ जातनो हक नहोतो. त्यां पोतानो हक छे. एम कहीने बंधवो पाणीना जथानो कांइ घटाडो करे, त्यां ठराव्युं के, ते मात्र एक वधारानुं अपकृत्य छे. अने तेथी हिं. पी. को. नी ४३० मी कलमना अर्थ प्रमाणे बीगाड कर्यानो गुन्हेगार थाय छे.

કલમ ૪૩૦.

૨

તા. ૨૯-૧૦-૮૫
ઈ. ૧૦ મુ. ૧૮૩
બેદરકારીથી ખેતીના કામને જોઈતા પાણીનું નુકશાન કરવાથી આ કલમ પ્રમાણે ગુન્હો થાય છે એમ કાંઈ નથી. પોતાનો કાંઈ હક હોવા વગર તે પાણીને બગાડવું એથી પણ આ કલમનો ગુન્હો થાય છે.

આ કામ રત્નાગીરીના જીલ્લાના માજીસ્ત્રેટે ૧૮૮૨ ના દસમા આકટની ૪૩૮ મી કલમ પ્રમાણે લખી મોકલ્યું હતું.

બંધવા ઉપર રત્નાગીરીના એક પેહેલા વર્ગના માજીસ્ત્રેટે તહોમત મુક્યું હતું, તે તહોમત એવું હતું કે, ફરીયાદીએ કોઇ પાણીનો વોકળો બનાવ્યો હતો, અને તેના એકલાનોજ વોકળો છે, એવું કહેવામાં આવ્યું છે, તે વોકળામાંથી તેણે પાણી વાળી લઇ જઇને, ખેતીના કામ વાસ્તે પાણીનો જથો ઓછો કીધો એવો વાંધો લીધો કે, વોકળો મારો તથા ફરીયાદીનો મજમું છે, અને તે થોડોક મારી જમીનમાંથી ચાલે છે. તથા મારા ઝાડોને પાણી પાવાને વાસ્તે તે પાણી વાપરવાનો મારો હક છે.

માજીસ્ત્રેટને જણાયું કે, બંધવાની તકરાર તમામ પાયા વગરની છે, અને પાણીના વો-

કળા ઉપર તેનો હક નથી, તથા સદરહુ વોકળો એકલા ફરીયાદીનોજ છે. તેથી તેણે બંધવાને પીનલકોડની ૪૩૦ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી તેનો દસરૂપૈયા દંડ કર્યો.

જીલ્લા માજીસ્ત્રેટનો એવો અભીપ્રાય થયો કે, કયી સરતે બંધવે પોતાની જમીન ઉપર થઇને ફરીયાદીનો વોકળો જાવા દીધો. તેના પુરાવાની ગેર હાજરીમાં જ્યાં સુધી બંધવો દીવાની કોરટનું હુકમનામું અથવા કોઇ પરવાનગી આપ્યાની વાત, અથવા કોઇ ગોઠવણ કર્યાની વાત કે, જેથી કરીને સદરહુ વોકળાનો ઉપયોગ કરવાનો ફરીયાદી એકલાનોજ હક હતો એવું જ્યાં સુધી ફરીયાદી દેખાડે નહીં ત્યાં સુધી બધવાને પોતાની જમીન ઉપર તેમ કરવાનો હક હતો, એમ માનીને તેણે જે કાંઇ કર્યું, તેને માટે તે પીનલકોડની ૪૩૦ મી કલમ પ્રમાણે અપરાધી નથી.

ફરીયાદી કે સરકાર તરફથી હાઇકોર્ટમાં કોઇ વકીલ હાજર થયેલ નહોતો. કોરટે કરેલો ઠરાવ.

પુરાવાની તુલ્યના ઉપરથી ઈનસાફ કરનાર માજીસ્ત્રેટનો સાફ એવો અભીપ્રાય જણાય છે કે બંધવે જે વોકળાનો અટકાવ કીધો, તે વોકળો એકલા ફરીયાદીનોજ હતો, અને તે બંધવાને તે વોકળાનો કોઈ પ્રકારે દાવો કરવાનો હક હતો નહીં. માજીસ્ત્રેટના મુકરદાનો આ મત સાચો હોય, અને આ રેફરંન્સ દાવો કર્યો, તે શુદ્ધબુદ્ધીથી કર્યો હતો એમ કહેવાય નહીં. આવા કામમાં દાવો કરવો એ ફકત વધારે અપકૃત્ય કર્યા બરોબર છે, જુઓ રાંમકૃષ્ણ ચેટી. વી. પાલાનીયાંનડી કુંદાબર (૧-મ- ૨૬૨) ગાટે અમારા વિચાર પ્રમાણે થયેલો ઠરાવ અને સજા કાયમ રહેવા જોઈએ.

કલમ ૪૩૧ મી.

૪૩૧. કોઈ સરીયામ રસ્તો, પૂલ, નૌકાગમ્ય નદી, અથવા નૌકાગમ્ય નેહેર પછી તે કૃત્રિમ, હોય કે અકૃત્રિમ, તે જેથી અગમ્ય થાય અથવા મુસાફરી કરવાને કે માલ જવાને ઓછી સલામતી ભરેલી થાય, અથવા જેથી તે તેવી થવાનો સંભવ પોતાના જાણ્યામાં હોય, તેવું કામ કરીને જે માણુસ બીગાડ કરે, તે માણુસને પાંચ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ સરીયામ રસ્તાને, પુલને, અથવા નદીને નુકશાન કરીને બીગાડ કરવો.

કલમ ૪૩૨ મી.

૪૩૨. જેથી કોઇ સરીયામ ગટરમાંથી પાણી રેલાઇ જાય અથવા તે ગટર બંધ થઇ જાય, અને તેથી નુકશાન કે હાની પણ થાય, અથવા જેથી તેમ થવાનો સંભવ પોતાના જાણ્યામાં હોય એવું કાંઈ કામ કરીને જે માણુસ બીગાડ કરે, તે માણુસને પાંચ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

નુકશાનથાય એવી રીતે સરીયામ ગટરને રેલાવીને અથવા બંધ કરીને બીગાડ કરવો.

કલમ ૪૩૩ મી

૪૩૩. કાંઇ દાંડીનો દીવો અથવા બીજી રોશની દરીયાની નીશાણી દાખલ કામમાં આવતી હોય, અથવા કાંઈ દરીયાની નીશાણી અથવા બોયું, અથવા વાહાણ ચલાવનારાઓને સુચના દાખલ મુકેલી બીજી કાંઈ વસ્તુ હોય, તેનો નાશ કરીને અથવા તેને ખસેડીને, અથવા જેથી તે દાંડીનો દીવો, દરીયાની નીશાણી, બોયુ, અથવા ઉપર લખેલા પ્રકારની બીજી વસ્તુ વાહાણ ચલાવનારાઓને સુચના દાખલ ઓછી ઉપયોગી થઇ પડે એવું કાંઇ કામ કરીને, જે માણુસ બીગાડ કરે; તે માણુસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કાંઇ દાંડીનો દીવો અથવા દરીયાઈ નીશાણી હોય તેનો નાશ કરીને તેને ખસેડીને, અથવા ઓછી ઉપયોગી કરીને, અથવા ખોટી રોશનીબતાવીને બીગાડ કરવો.

કલમ ૪૩૪ મી.

૪૩૪. કોઇ સરકારી નોકરના અખત્યારથી ઉભી કરેલી કાંઇ જમીનની નીશાણીનો નાશ કરીને અથવા તેને ખસેડીને, અથવા જેથી તે જમીનની નીશાણી જમીનની નીશાણી દાખલ ઓછી ઉપયોગી થઇ પડે એવું કામ કરીને, જે માણુસ બીગાડ કરે, તે માણુસને એક વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

સરકારી અખતીયારથી ઉભી કરેલી કાંઇ જમીનની નીશાણીનો નાશ કરીને, તેને ખસેડી વગેરે કરીને બીગાડ કરવો.

કલમ ૪૩૫ મી.

૪૩૫. જો કોઇ માણુસ અગ્નીથી અથવા અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથથી બીગાડ કરે, અને તેથી કાંઈ મીલકતને સો અથવા વધારે રૂપીયાની અથવા (જ્યારે મીલક્ત ખેતરમાં ઉત્પન્ન થએલો માલ હોય ત્યારે) દશ અથવા વધારે રૂપીયાની નુકશાની કરવાનો તેનો ઇરાદો હોય અથવા તેથી તેટલી નુકશાની થશે એવો સંભવ છે એમ તે જાણુતો હોય, તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૧૦૦ રૂપીયાની નુકશાની કરવાના ઇરાદાથી અગ્ની વડે અથવા અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથ વડે બીગાડ કરવો.

કલમ ૪૩૬ મી.

૪૩૬. જો કોઇ માણુસ અગ્નિથી અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથથી બીગાડ કરે, અને તેથી જે ઈમારત ઘણું કરીને પુજાના ઠેકાણાં દાખલ, અથવા માણુસના રહેવાના ઠેકાણાં દાખલ, અથવા માલ ભરવાના ઠેકાણાં દાખલ, વપરાતી હોય, એવી કોઇ ઇમારતનો નાશ કરવો એવો તેનો ઇરાદો હોય, અથવા તેથી તેનો નાશ થશે એવો સંભવ છે એમ જાણુતો હોય તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ઘર વગરેનો નાશકરવાના ઇરાદાથી અગ્નીવડેઅથવા અવાજ સાથેફુટે એવા પદારથવડેબીગાડકરવો.

કલમ ૪૩૭ મી.

૪૩૭. કોઇ તુતકવાળા વહાણુને, અથવા વીશ ટનના કે તેથી વધારે ભારના વહાણુને, જો કોઇ માણુસ બીગાડ કરે, અને તેથી વહાણુનો નાશ કરવાનો અથવા તેને જોખમ ભરેલું કરવાનો તે માણુસનો ઇરાદો હોય, અથવા તેથી તે વહાણુનો નાશ થશે, અથવા તે જોખમ ભરેલું થશે, એવો સંભવ છે એમ તે જાણુતો હોય, તો તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

તુતકવાળાવહાણુને અથવા વીશ ટનનાભારના વહાણુનો નાશ કરવાના ઇરાદાથી અથવા તેવા વહાણુને જોખમભરેલું કરવાના ઇરાદાથી બીગાડ કરવો.

કમલ ૪૩૮ મી.

૪૩૮. ઉપલી કલમમાં જે બીગાડનું બ્યાન કર્યું છે એવો બીગાડ જે માણુસ અગ્નિવડે, કે અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથવડે કરે અથવા કરવાની કોશીશ કરે તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

છેલીકલમમાં બ્યાનકરેલોબીગાડ અગનીવડે, અથવા અવાજ સાથે ફુટે અથવા કાંઇ પદારથ વડે કરવાની શીક્ષા.

કલમ ૪૩૯ મી.

૪૩૯. કોઇ વહાણુમાં જે કાંઇ માલ હોય તે માલની ચોરી કરવાના ઇરાદાથી, અથવા તે માલનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવાના ઇરાદાથી, અથવા તે માલની ચોરી કે ખોટો ઉપયોગ કરવામાં આવે એવા ઇરાદાથી જે માણસ જાણીજોઇને તે વહાણુને જમીનપર અથવા કીનારાપર ચઢાવી દે તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ચોરી વીગેરે કરવાના ઈરાદાથી વહાણુને જમીનપર કે કીનારાપર ચઢાવી દેવું તેની શીક્ષા.

કલમ ૪૪૦ મી.

૪૪૦. કોઈ સખસનું મોત આણુવાની, અથવા કોઈને વ્યથા કરવાની કે ગેરવાજબી અટકાવ કરવાની, અથવા મોતનો, વ્યથાનો કે ગેરવાજબી અટકાવનો ભય ઉત્પન્ન કરવાની, તઇયારી કરીને જે માણસ બિગાડ કરે તે માણસને પાંચ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

મોત અથવા વ્યથા કરવાની તઇયારી કરીને બીગાડ કરવો.

કલમ ૪૪૧ મી.

જે શખસના કબજામાં કાંઇ મિલકત હોય તે શખસને ધમકી દેવાના, તેનો તિરસકાર કરવાના, અથવા તેને દુ:ખ આપવાના ઇરાદાથી, અથવા કાંઇ ગુન્હો કરવાના ઇરાદાથી, તે મિલકત મધ્યે અથવા તે ઉપર જે માણસ પ્રવેશ કરે, અથવા તે મિલકત મધ્યે કે તે ઉપર કાયદા મુજબ પ્રવેશ કરયા પછી, તેવા કોઇ સખસને ધમકી દેવાના, તેનો તિરસ્કાર કરવાના, અથવા તેને દુ:ખ આપવાના, ઇરાદાથી, અથવા કાંઇ ગુન્હો કરવાના ઇરાદાથી, જે માણસ કાયદા વિરૂદ્ધ ત્યાં રેહે તે માણસે સાપ્રાધ પ્રવેશ કરયો એમ સમજવું. ગ્રહપ્રવેશ.

માહારાણી કેસરેહીંદ વી. ચારૂનાયા.

कोइ जाहेर नदीना अमुक भागमांथी माछलां पकडवानो, जे सर्वांग हक होय, ते हकमां गेरकायदेसर पेसगीरी करवानो अपराध; ही. पी. को. मांहेला साप्राध प्रवेशनी व्याख्यामां आणी शकातो नथी.

કલમ ૪૪૧.
૧
તા. ૪-૫-૭૭
ઈં. ૨ ક. પા.૨૧૪
નદીના અમુક ભાગમાંથી જે હક હોય તેવા હક ઉપર હુમલો કરવો એથી સાપ્રાધ પ્રવેશનો ગુન્હો થતો નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૬ (૪૩૮) મી કલમ પ્રમાણે આ કામ બાકરગંજના સેસન જડજે હાઇકોરટ તરફ મોકલ્યું હતું.

ફરીયાદીએ એવી ફરીયાદ કરી કે; એક ચોકસ નદીના ભાગમાંથી માછલાં પકડવાનો મારો પોતાનોજ હક છે, છતાં બીજા ઘણાક મચ્છી મારોની સાથે રહીને, તહોમતદાર ચારૂ નાયાએ તે ભાગમાં પોતાની જાળો નાંખી છે. પ્રથમ આ મુકરદમાનો ઇનસાફ ડેપ્યુટી માજીસ્ટ્રેટે કર્યો હતો. અને બંધવા ચારૂનાયાને હી. પી. કો. ની ૪૪૭ મી કલમ મુજબ સાપ્રાધ પ્રવેશનો ગુન્હેગાર ઠરાવી, તેનો ૫૦ રૂપૈયા દંડ કર્યો હતો. અને તે દંડ ન આપે તો એક માસની આસાન કેદની સજા કરી હતી. બાકરગંજના જીલ્લા માજીસ્ટ્રેટે ડેપ્યુટી માજીસ્ટ્રેટનો ઠરાવ બહાલ રાખ્યો હતો.

તે મુકરદમો સેસન જડજે એવા કારણથી લખી મોકલ્યો કે, બંધવાનો કરેલો અપરાધ પીનલકોડ માંહેલા, સાપ્રાધ પ્રવેશના ગુન્હાની વ્યાખ્યામાં આવી શકતો નથી. સેસન જડજે પોતાના લખાણમાં હાઇકોરટનું લક્ષ નીચેના ફેંસલાઓ તરફ ખેંચ્યું છે. (૧) ખેતરનાથદત્ત વિ. ઇંદ્રજાલીયા ૧૬ વી. રી. ૭૮) (૨) સૃષ્ટીધર પરોઈ. વિ. ઇંદ્રભુષણ ચક્રબતી. ૧૮ વી. રી. ૨૫) કાશીચંદ્રદાસ વિ. હરકીશોર ૧૯ વી. રી. ૪૭ (૪) ભુષણ પરોઇ વિ. દીનોનાથ બાંનરજી ૨૦ વી. રી. ૧૫)

હાઇકોરટ તરફથી જસ્ટીસ માંકબીએ નીચે પ્રમાણે ઠરાવ આપેલો છે.

બંધવાને ખોટી રીતે સજા થયાનું, સેસન જડજ માને છે, તેમાં અમે મળતા આવીએ છીએ. જે ઝાહેર નદીના ભાગ ઉપર માછલાં પકડવાનો ફરીયાદી એકલાનોજ સર્વાંગ હક હતો; ત્યાંથી બંધવે માછલાં પકડયાનું સાબીત થયું છે. આવા કૃત્યને ડેપ્યુટી માજીસ્ટ્રેટે

સાપ્રાધ પ્રવેશનો ગુન્હો ગણ્યો છે. પરંતુ અમો અમારા મનમાં તેમ ગણતા નથી; તે ગુન્હાની વ્યાખ્યા કાયદામાં આપી છે, તેમાં ઠરાવ્યું છે કે; જે સક્ષ તેમાં લખેલા ઇરાદાથી બીજા કોઈ માણસના કબજાની મિલકત ઉપર અથવા મધ્યે પ્રવેશ કરશે, તે સાપ્રાધ પ્રવેશના ગુન્હાનો અપરાધી થશે. અલબત, માંછલા પકડવાનો હક તે એક જાતની મિલકત છે, તોપણ જે માણસને તે હક નહીં હોવા છતાં કોઈ જાહેર નદીમાંથી માછલાં પકડવાં એથી બીજાની મિલકત ઉપર પ્રવેશ કર્યાનું અમો કહી શકતા નથી.

જે નદી ઉપર બંધવે પ્રવેશ કરેલો છે, તે જાહેર નદી હોવાથી કોઇ સક્ષના એકલાના કબજામાં રહી શકતી નથી. અને તેમાંથી માછલાં પકડવાનો હક એવા પ્રકારનો નથી, કે જે માણસ ગેરકાયદેસર તે હક લોપે, તો સદરહુ કલમના અર્થ પ્રમાણે બીજા સક્ષના કબજાની મિલકત ઉપર પ્રવેશ કર્યાનું કહી શકાય. માટે ગુન્હાનો ઠરાવ રદ કરવામાં આવેછે.

મથુરાં વિ. જવાહીર અને બીજાઓ.

કલમ ૪૪૧.

૨

તા. ૧૫-૧૨-૭૭
ઈં. ૧ અ. પાં. ૫૨૭

જો કોઈ જાહેર જળવાટ ઉપર હોડી ચલાવવાનો એક સક્ષનો હક હોય તેને નુકશાન કરવાના ઇરાદાથી બીજો સક્ષ તે જળવાટવાપરે તેથી સાપ્રાધ પ્રવેશનો ગુન્હો થતો નથી.

कोइ चोकस ठकाणे,एक माणस जाहेर रीते इजारो लइने होडी चलावतो होय,ते ठकाणेथी त्रण माइलने छेटे बीजो सक्ष भाडुं लइने होडी चलावे, तो ते सक्षे पी. को. नी ४४१ मी कलमना अर्थ मुजब, साप्राध प्रवेश कर्यानुं कही शकातुं नथी, कोइ जाहेर जळवाट होय, तेनी नजीकमां भाडुं लइने कोइए मछवो चलाववो नहीं, एवो हुकम योग्य रीते प्रसीद्ध करीने, कोइ सरकारी अमलदारे काढयो होय, ते सक्ष सदरहु कलमनी बेफरमानी वास्ते ही. पी. को. प्रमांणे सजाने पात्र थाय छे.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૬ મી કલમ પ્રમાણે, કાનપોરના સેસન જડજે આ કામ હાઈકોરટમાં લખી મોકલ્યું હતું.

ફતેપુર જીલ્લાના કલ્યાણપુર પ્રગણામાં, બારા ગામ પાસે જમના નદી ઉપર હોડી ચલાવનાર ઈજારદારે, જીલ્લા માજીસ્ત્રેટ પાસે એવી ફરીયાદ કરી કે, એક જવાહીર નામનો સક્ષ તથા તેની સાથે બીજા કેટલાક સક્ષો, " મારી હોડી ચલાવવાની જગ્યાથી વાવ્ય ખુણામાં દોઢ ગાઉ ઉપરના જે ગામના તેઓ રહેવાશી છે, તે ગામમાં જાહેર રીતે હોડી ચલાવવાનો અધીકાર નહીં મળ્યા છતાં કાયદાની સામા થઇને ભાડું લઇ હોડીઓ ચલાવેછે, અને એમ કરતાં મારા ધંધામાં તે નુકશાન કરે છે.

તે ઉપરથી જીલ્લા માજીસ્ત્રેટે આ કામ ચલાવી તેનું છેવટ આણવા પોતાના તાબાના એક માજીસ્ત્રેટ તરફ હુકમ લખી મોકલ્યો હતો.

સદરહુ તાબાના માજીસ્ત્રેટનો એવો અભીપ્રાય થયો કે, કાયદાની સામે થઇ ભાડુતી હોડી ચલાવવાના ગુન્હાની સજા વાસ્તે, આ પ્રાંતમાં કોઇ કાયદો ચાલતો નથી. તેથી જીલ્લા માજીસ્ત્રેટે સને ૧૮૫૧ નો આઠમો આકટ, તથા સને ૧૮૬૪ નો ૧૫ મો આકટ, તથા સ્થાનીક સરકારના જાહેર બાંધ કામ ખાતા તરફથી સને ૧૮૭૪ ના સપ્ટેંબરની ૧૯ મી

તારીખનો પ્રસીદ્ધ થએલો સરકયુલર, તથા સને ૧૮૭૪ નો ૨૨ મા નંબરવાળો સરકયુલર, તથા ક્રી. પી. કો. ની ૪૪૭ મી કલમ જોવાનું તાબાના માજીસ્ત્રેટને લખ્યું હતું.

ત્યારબાદ એ તાબાના માજીસ્ત્રેટે તહોમતદારો ઉપર, પી. કો. ની ૪૪૭ મી કલમના ગુન્હા માંહેલો આરોપ મુકી; તેઓનો સંક્ષેપ રીતે ઈનસાફ કર્યો. અને તે કલમ પ્રમાણે તેઓ કાયદેસર સજાને પાત્ર થતા નથી, એવા કારણથી તેણે તેઓને છોડી મુકયા. હાઇકોરટનો હુકમ મેળવવા સારૂ, જીલા માજીસ્ત્રેટે એ ઠરાવ સેસન કોરટને લખી મોકલ્યો. અને સેસન કોરટે ઉપર કહ્યા પ્રમાણે હાઇકોરટમાં લખી મોકલ્યો. અને તેની સાથે તે કોરટે જણાવ્યું છે કે, આ મુકરદમાનો ઈનસાફ સને ૧૮૧૯ ના છઠા રેગ્યુલેશનની છઠી કલમ પ્રમાણે થવો જોઈએ. તથા તહોમતદારોને પ્રથમ જે હુકમ સંભળાવ્યો હતો, તે હુકમ તોડવા વાસ્તે સજા થવી જોઈએ. તેવીજ રીતે હોડી ચલાવનારના હક ઉપર સાપ્રાધ પ્રવેશ કર્યો છે, તેને માટે પણ તેઓને સજા થવી જોઇએ. તથા જે કાયદાઓ તથા સરકયુલરોનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે હવાલો આપ્યો છે,તે સઘળા કાયદાઓ અને સરકયુલરો તરતા તથા કાયમ પુલો અને રસ્તા ઉપર લેવાતા કરના સંબંધના છે, તેથી તે આ કામને લાગુ પડતા દેખાતા નથી.

જસ્ટીસ સ્પેંકીનો ઠરાવ.

તહોમતદારો ઉપર સાપ્રાધ પ્રવેશનું તહોમત મુકીને, તેઓને તાબાના માજીસ્ત્રેટે છોડી મુકયા છે. તેમાં કાંઇ ગેરકાયદેસરપણું થયાનું હું કહી શકતો નથી. આ ગુન્હાની વ્યાખ્યા ક્રી. પી. કો. ની ૪૪૧ મી કલમમાં આપેલી છે. અને તે એવી છે કે, "જે સક્ષના કબજામાં કાંઇ મિલકત હોય, તે સક્ષને ધમકી દેવાના, તેને તીરસ્કાર કરવાના, અથવા તેને દુખ આપવાના ઇરાદાથી, અથવા કાંઇ ગુન્હો કરવાના ઇરાદાથી, તે મીલકત મધ્યે, અથવા તે મિલકત ઉપર, જે માણુસ પ્રવેશ કરે, અથવા તે મીલકત ઉપર કે મધ્યે કાયદા મુજબ પ્રવેશ કર્યા પછી, તેવા કોઇ સક્ષને ધમકી દેવાના, તેનો તીરસ્કાર કરવાના, અથવા તેને દુઃખ આપવાના ઇરાદાથી, અથવા કાંઇ ગુન્હો કરવાના ઇરાદાથી, જે માણુસ કાયદા વીરૂદ્ધ ત્યાં રહે તે માણુસે સાપ્રાધ પ્રવેશ કર્યો એમ સમજવું."

જીલ્લા માજીસ્ત્રેટની લખેલી હકીકત ઉપરથી જણાય છે કે, બારા ગામ પાસે હોડી ચલાવવાનો ઈજારો ફરીયાદીનો હતો. ત્યાંથી વાવ્ય દીશામાં દોઢ ગાઉ ઉપર જમના નદીમાં તહોમતદારોએ ભાડું લેઈ હોડી ચલાવી છે. તે તે કારણથી તેઓના ઉપર સાપ્રાધ પ્રવેશનું તહોમત મુકેલુંછે. તાબાનો માજીસ્ત્રેટ ધારે છે કે. પી. કો. ની ૪૪૧મી કલમમાં જે વ્યાખ્યા આપી છે, તે વ્યાખ્યાવાળો ગુન્હો થતો નથી. અને જે હકીકત નીરવીવાદ કબુલ કરવામાં આવી છે, તેના ઉપર તથા ૪૪૧ મી કલમના શબ્દો ઉપર વિચાર કરતાં, ફરીયાદીની હોડી ચલાવવાની જગ્યાથી દોઢ ગાઉને છેટે, તોહોમતદારે હોડી ચલાવી, તેના સબંધમાં તાબાના માજીસ્ત્રેટે જે અભીપ્રાય બાંધ્યો છે, તે અભીપ્રાયને હું મળતો આવું છું.

સને ૧૮૧૯ ના છઠા રેગ્યુલેશનની છઠી કલમમાં એવી મને કરેલી છે કે, કોઇ જાહેર જળઘાટ ઉપર હોડી ચલાવવાનો કોઇ સક્ષને હક હોય, તેની પડોશમાં બીજા સક્ષે અવલથી માજીસ્ત્રેટની મંજુરી મેળવ્યા વગર, બીજી હોડી ચલાવવી નહીં. કોઇ સક્ષને હરકોઇ મનાઇનો હુકમ સ્પષ્ટ રીતે જણાવી દીધો હોય, અને પછી જો એ માણુસ કોઇ જાહેર

જળવાટની નજીકમાં, ભાડું લેઇને હોડી ચલાવવાનું કામ ચાલતું રાખે તો, સદરહુ હુકમની બેફરમાની કર્યા માટે, તેને સજા કરવાનો માજીસ્ત્રેટને બેશક પીનલકોડથી અધીકાર મળેછે.

સને ૧૮૫૧ ના આઠમા આકટ પ્રમાણે જાહેર રસ્તાઓ અને પુલો ઉપર, સરકાર કર ઉઘરાવી શકે છે, અને તેની છઠી કલમ સાવ જુદાજ ગુન્હા સાથે સંબંધ રાખે છે; અને તે ગુન્હાઓ નીચે પ્રમાણે છે.

જાહેર જળવાટ, અથવા પુલ ઉપર કર ઉઘરાવવાને જે માણસને નીમ્યો હોય, તે સક્ષની સામે કરેલો ગુન્હો.

(૨) વળી તે કાયદાના પરીશીષ્ટમાં કર લેવાની જે જે રકમો નકી કરી છે, તે કરતાં જાજરી નથી, તથા ગેરકાયદેસર વધુ રકમ માગવાનો ગુન્હો જે ખાસ મુકરદમો આ કોરટ પાસે આવ્યો છે, તેને ભાગ્યેજ તે કલમ લાગુ પડી શકે છે. માટે હાલ આ કોરટને વચમાં આવવાનું કાંઇ કારણ જણાતું નથી;

જુડારામ દવેની બાબતમાં.

કલમ ૪૪૧.

૩

તા. ૧૭–૯–'૭૮ ઈં. ૨ મ. પા. ૩૦ હુકમનામાની બજાવણી કરવામાં હુકમનામાનો લેણદાર પોતાના દેણદારના ઘરના બારણાં ફોડી અંદર પેસેતેમાં ઘર ફોડવાનો ગૂન્હો થતો નથી. કેમકે સાપ્રાધ પ્રવેશ થયા વિના ગૂપ્ત ગ્રહપ્રવેશ કે ઘર ફોડવાનો ગૂનોહ થતો નથી.

सने १८७७ नो चोथो आक्ट, जे प्रेसीडेंन्सी माजीस्त्रेटने काम केम चलववुं, तेनो छे, तेनी १६७ मी कलममां, "छ महीना उपरांत केदनी सजा, अथवा बसो रुपैया उपरांत दंडनी सजा," ए शब्दोनो अर्थ, स्वतंत्र सजाओने माटे राखेलो छे, अने दंड न आपवानी कसुरी बदल, जे केदनी सजा करवामां आवे, ते सजानो तेमां समास कर्यो नथी. कारण के,ते विकल्परीतनी सजानो अमल दंड न आपवानी शरतेज थइ शके छे.

बंधवाओ हुकमनामाना लेणदारो हता. अने तेओ अधिकारवाळा एक नाजरनी साथे जइने, सुर्योदय थया पेहेलां फरीयादीना घर मांहेली मिलकत, जप्तीमां लेवाना इरादाथी, तेना घरनुं बारणुं उघाडीने अंदर पेठा. तेने माटे रात्रे घर फोडवाना, अथवा रात्रे गुप्त गृहप्रवेशना गुन्हाना तेओने अपराधी ठरावामां आव्या.

ठरावामां आव्युं के, बंधवाओ साप्राध प्रवेशना गुन्हाना गुन्हेगार नथी; केमके ते गुन्हो थवा सारु, जे जे इरादाओ जोइए, ते ते इरादाओमांथी एके इरादो, तेओनो नहीं होवानुं जणायाथी, तथा उपर कहेला बंने गुन्हाओनुं तत्व,प्रथम साप्राध प्रवेशनुंछे, तेथी गुन्हानो ठराव रद करवो जोइए.

मद्रासना प्रेसीडेंसी माजीस्त्रेटनी पोलीस उपरना सने १८७८ना २१६७४ नंबरना

ક્યાલંડર કેશમાં, જે સજાઓ થઇ હતી તે રદ કરાવવા સારૂ આ અપીલ થઇ હતી અને તેની સાથે એવી અરજ કરી હતીકે, આ અપીલનો નીકાલ થતાં સુધી કરેલી સજા મોકુફ રાખીને અપેલેંટોને જામીન ઉપર છોડવા જોઇએ.

અપેલેંન્ટો તરફથી જોન્સટન સાહેબ.

પ્રોસીક્યુશન તરફથી ટારંટ સાહેબ.

આ મુકરદમાની હકીકત, તથા તેમાં થએલી દલીલો નીચેના ઠરાવમાંથી જોઈએ તેટલી જણાઇ આવશે.

જસ્ટીસ ધન્સનો ઠરાવ.

આ મુકરદમો પ્રથમ અમારી પાસે અપીલની અરજીથી આવ્યોછે. બંધવાઓ ઉપર હી. પી. કો. ની ૪૫૬ મી કલમ પ્રમાણે રાત્રે ઘર ફોડવાનું અથવા રાત્રે ગુપ્ત ગૃહપ્રવેશ કર્યાનું તહોમત રાખીને તેઓને પ્રેસીડેંસી માજીસ્ટ્રેટે સદરહુ ગુન્હાના અપરાધી ઠરાવી તેઓને છ માસ કેદની તથા બસો રૂપૈઆ દંડની, અને દંડ ન આપેતો બીજા બે માસ આસાન કેદની સજા કરી હતી.

નીચેના કારણો આપીને તેણે અપીલ કરીછે.

(૧) પડેલા પુરાવા ઉપરથી જે ગુન્હો સાબીત ગણ્યોછે, તે ગુન્હો થયાનું નીકળતું નથી. તથા તેવા ગુન્હાનો ઠરાવ કાયદાથી વિરૂદ્ધ, અને પુરાવાની તુલના સામે થયોછે.

(૨) સાપ્રાધ ઈરાદાનો કાંઇ પુરાવો પડયો નથી.

(૩) મુકરદમાની સઘળી કેફીયત સાપ્રાધ ઇરાદાની, ગેરહાજરી બતાવી આપેછે.

આ અપીલની સુનાવણી વખતે, સરકાર તરફના પ્રોસીક્યુટરે એવો વાંધો લીધોકે, આવા કામમાં અપીલ થઇ શકતી નથી. અને એ મુદા ઉપર તકરાર સાંભળ્યા પછી, અમે એવો નીર્ણય કર્યો છેકે, કાયદાની સ્પષ્ટ ભાષા ઉપરથી જણાઈ આવે તેવો કાયદા કારોનો હેતુ આવા કામમાં એવો છેકે, અપીલ ચાલવી જોઇએ નહીં. કેમકે બંધવાઓને જેટલી મુદતની કેદની સજા આપીછે, તે મુદત છ મહિનાથી વધતી નથી, તથા દંડ પણ બસો રૂપૈયાથી વધતો નથી.

ફો. કામ ચલાવવાની રીતના કાયદાની, ૨૭૪ (૪૧૫) મી કલમની છેલી રકમમાં બે અથવા વધુ સજાઓ, જેવીકે કેદની તથા દંડની ભેગી કરીને જે સજા કરવામાં આવી હોય, તેના ઉપર અપીલ કરવાનો અધીકાર આપ્યોછે. તેવા અધીકાર આપવા વિશે પ્રેસીડેંસી માજીસ્ટ્રેટના આકટમાં કાંઈ નીયમ બાંધ્યો નથી.

તેથી જે સઘળું અમારે જોવાનુંછે તે એછેકે, માજીસ્ટ્રેટે બંધવાને છ મહિના કરતાં વધુ મુદતની સજા કરીછેકે કેમ, અથવા દંડની સજામાં બસો રૂપૈયા કરતાં વધુ દંડ કર્યોછેકે કેમ? જો તેમ કર્યું ન હોયતો પછી અપીલ ચાલી શકતી નથી.

દંડની સજાના સંબંધમાંતો કાંઈ સવાલજ રહેતો નથી, પરંતુ દંડ ન આપવાની કસુરી બદલ, જે વીકલ્પ રીતની કેદની સજા કરેલીછે, તે સજા અપીલના કામને માટે, છ મહિનાની સ્વતંત્ર કેદની સજામાં ઉમેરવાનું કહેવામાં આવ્યુંછે. પરંતુ અમે માનીએ છેએકે, "છ મહિના સુધીની કેદની અથવા બસો રૂપૈયાથી વધે નહીં એવી દંડની " એ શબ્દોના

અર્થની મરીયાદા સ્વતંત્ર સજા સુધી રાખીછે, અને દંડ ન આપવાની કસુરી બદલ, જે કેદની સજા કરવામાં આવે, તે સજાનો તેમાં સમાસ કરીએતો, તેટલે સુધી તે મરીયાદા પહોંચી શકતી નથી. કારણકે એવી સજાનો અમલ જ્યારે દંડ ન આપવામાં આવે ત્યારે જ થાયછે. આ મત અગીઆરમી કલમથી સાચો ઠરેછે, અને તે કલમમાં બે વરસની કેદની સજા આપવાનો, આ માજીસ્ટ્રેટને અધીકારછે. અને એટલાજ અધીકાર સુધી માજીસ્ટ્રેટની હકુમતની મરીયાદા રાખીછે, તેમાં તે સજા સ્વતંત્ર રીતનીછે. અને દંડ ન આપવાની કસુરી બદલ જે કેદની સજા તે આપેછે તે સજા તમામ જુદાયદીછે, આટલા કારણો સર અમોએ આ અપીલ રદ કરેલીછે. તોપણ અમારી પાસે એવી અરજ કરવામાં આવી છેકે, હાઈકોરટના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (૧૮૭૫ના દસમા આકટની) ૧૪૭મી કલમ પ્રમાણે આ મુકરદમો અમે હાથમાં લઇ શકીએ છીએ, તે સામે સરકારી પ્રોસીક્યુટરે એવો વાંધો લીધો છેકે, તે કલમ પ્રમાણે વરતવા સારૂ, અમોને કોઇ અરજી કરવામાં આવી નથી. અને જ્યારે અમે અપીલ કોરટ તરીકે બેશીએ છીએ ત્યારે આ હાઈકોરટની અસલ ફોજદારી હકુમતની કામ ચલાવવાની રીતનો જે કાયદોછે, તેના ઉદ્દેશમાં લખ્યુંછે તે મુજબ અમે અપીલ સંધરી શકતા નથી. આ વાંધામાં કાંઇ ખરાપણું હોય, એમ અમે ધારતા નથી.

જ્યારે હાઈકોરટનો એક વીભાગ અપીલના કામમાં રોકાયો હોયછે, તેથી કરીને હાઇકોરટની અસલની સ્થાનીક હકુમતમાં ઉત્પન્ન થતા દીવાની કે ફોજદારી દાવાઓની હકુમત ચલાવવામાંથી તે કાંઇ બાતલ થઇ શકતી નથી.

આગળના વખતમાં એવો નીયમ ચાલતો હતો કે જ્યારે નીચલી કોરટમાં કોઇ ફોજદારી ઇનસાફ થવાનો હોય, તે ઇનસાફ પુરેપુરો તથા અપક્ષપાતપણે નહીં થશે; એવી જ્યારે ઉપલી કોરટને ખાત્રી થાય, ત્યારે નીચલી કોરટમાં ચાલેલું સઘળું કામ, તથા તહોમતદારને પોતાની હજુરમાં મંગાવવાનો, તે ઉપલી કોરટને હુકમ કરવાનો અધીકાર હતો. તે અધીકારને ઠેકાણે ૧૪૭ મી કલમ પ્રમાણે ચલાવવાનો અખતીયાર દાખલ કરવામાં આવ્યોછે. અને તે અખતીયાર ફોજદારી કામ ચલાવવાના કાયદાથી ઠરાવ સુધારવાનો જે અધીકાર આપ્યોછે, તેનો તેજ અધીકાર નથી. પરંતુ તેને મળતોછે. અને તે અધીકાર આ અદાલતની કોઇ ચોકસ શાખામાં ચલવવો એવું કાંઇ નથી. તે કલમમાં એવું જોઈએ છીએકે, કોઇ હાઇકોરટને જણાયકે હરકોઈ ચોકસ મુકરદમો પોતાની સામાન્ય અસલ હકુમતની સ્થાનીક હદમાં આવેલી કોઈ ફોજદારી કોરટમાંથી, પોતા પાસે ખેંચી લેવાથી ઇનસાફનો હેતુ વૃદ્ધી પામશે, તો પછી તે પ્રમાણે હુકમ કરી શકે છે, અને જ્યારે અમોને જણાવ્યુંકે અમારી હકુમત ચલાવવા વાસ્તે પ્રસંગ બન્યોછે, તથા દફતર પણ અમારી પાસે આવી ગયુંછે, તેથી તે કલમ પ્રમાણે મગાવી લીધેલા મુકરદમા તરીકે સાંભળવાનું અમે નકી કરેલુંછે. અને દલીલ દાખલા દેતાં ઘણા કીમતી સવાલો ઉઠવાને લીધે અમે આજ દિવસ સુધી ઠરાવ આપવો મુલતવી રાખ્યો હતો. આરોપીત સક્ષો ઉપર ગુપ્ત ગૃહપ્રવેશ અથવા ઘર ફોડવાના ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું હતું. અને તે ગુન્હાના તેઓને અપરાધી ઠરાવેલાછે. જોકે આ ઠેકાણે કહેવાનું ઘણું જરૂરનું નથી, તોપણ કહેવું જોઇએકે, જ્યાં વીકલ્પ રીતનું તહોમત મુકવાનું ધાર્યું નહોય, ત્યાં આરોપીત સક્ષો ઉપર આ-

સઘળા એલાયદા ગુન્હાઓમાંથી જે ગુન્હાનું તહોમત રાખવાનું હોય, તે તહોમત સ્પષ્ટ રીતે લખવું જોઇએ.

એ ઠરાવના છેલ્લા પારેગ્રાફ ઉપરથી જણાઇ આવેછેકે, ઘર ફોડવાના ગુન્હાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. અને જે ગુન્હાનું તહોમત મૂકયું હતું, તે ગુન્હાનો અપેલેન્ટને અપરાધી ઠરાવ્યોછે, તેથી જણાયછેકે, જે ગુન્હાનું તહોમત મુકવાનું ધાર્યું હતું, તે ગુન્હો એકલો ઘર ફોડવાનો હતો. અને તે બીના એ ઠરાવના પેહેલા પારેગ્રાફ ઉપરથી જણાઇ આવેછે. પરંતુ આ બંને ગુન્હાનું તત્વ સાપ્રાધ પ્રવેશનુંછે. અને ૪૪૧મી કલમમાં સાપ્રાધ પ્રવેશના ગુન્હાની વ્યાખ્યા આપતાં જે ઇરાદાઓનું બ્યાન કર્યુંછે, તે ઇરાદાઓ પૈકી એક પણ ઇરાદાથી કાંઈ કામ કરવામાં આવ્યું નહોય, ત્યાં સુધી તે કૃત્ય કાંઈ સાપ્રાધ પ્રવેશનું થતું નથી. એ ઈરાદાઓ નીચેનાં કૃત્યો કરવાના હોવા જોઇએ. (૧) ગુન્હો કરવાનો, (૨) અથવા જે મીલકતને સંબંધે સાપ્રાધ પ્રવેશ થયાનું કહેવામાં આવતું હોય, તે મીલકત જેના કબજામાં હોય, તેને ધમકી દેવાનો, (૩) અપમાન કરવાનો, (૪) દુઃખ દેવાનો.

હવે વિચાર કરવાનો મુખ્ય સવાલ એછેકે; આ ઇરાદાઓ પૈકી એક પણ ઇરાદાથી બંધવાઓએ આ કૃત્ય કર્યું હતું એવું દેખાડનારો દફતરમાં કાંઇ પુરાવો છેકે નહીં? જે હકીકત સાબીત થઇછે તે નીચે પ્રમાણે છે.

બંધવાઓ ફરીયાદીના હુકમનામાના લેણદાર હતા. અને તેઓ એક સ્મોલકોઝ કોર્ટના નાજરને, પોતા સાથે તેડી જઇને, સૂર્ય ઉદય થયાં પેહેલાં ફરીયાદીના ઘરનાં બારણાં ઉઘાડીને, અંદર પેઠા. સદરહુ નાજરને, ફરીયાદીના ઘર માંહેની કેટલીક ઘર વખરી ઉપર, જપ્તી કરવાનું વારંટ હવાલે કરવામાં આવ્યું હતું. નીચલી કોરટે ખરેખરી સત્યતાથી બેશક માની લીધુંછે કે, ફરીયાદીના ઘરનાં કમાડ ઉઘાડીને તેમાં પેસવાનો છેવટનો ઇરાદો, પોતાનું હુકમનામું બજાવવાનો હતો. આ ઇરાદો પરીપુરણ રીતે કાયદેસર હતો. તોપણ એટલાજ ઉપરથી ઠરી શકતું નથી કે, છેવટનો ઈરાદો તેજ માત્ર તેઓનો ઇરાદો હતો. એ ઇરાદો પારપાડવામાં ગુન્હો કરવો હોય તો થઇ શકે છે; અને કોઇ કાયદેસર છેવટનો હેતુ પારપાડવામાં, તેવો ગુન્હો કરવાના ઇરાદાથી; મિલકત ઉપર પ્રવેશ કરવો, એથી સાપ્રાધ પ્રવેશનો ગુન્હો થાય છે. તેજ પ્રમાણે તે છેવટનો હેતુ પાર પાડવામાં જે રસ્તાઓ લેવામાં આવે, તેમાં ધમકી દેવાનો; અપમાન કરવાનો, અથવા દુઃખ દેવાનો ઈરાદો સામેલ કરવો હોય તો સામેલ કરી શકાય છે. હાઇકોરટના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની, ૧૪૭ મી કલમ પ્રમાણે, ગુણદોષ જોયાથીજ, અમે વચમાં આવી શકીએ છીએ. અને જે હકીકતના ખરાપણા ઉપર, માજીસ્ત્રેટે આધાર રાખ્યો હોય, અને જે ઉપરથી કોઇ ઇરાદો દરસાઈ આવતાં, તેનો કરેલો ઠરાવ કાયમ રહી શકતો હોય, તે હકીકતનું ખરાપણું દફતરમાંથી મળી આવે તો, તેને બહાલ રાખવા સારૂ અમે બંધાયા છીએ. દરેક માણસે પોતાના કામોનાં સ્વભાવીક પરીણામો ધારી રાખેલાં હોવાં જોઈએ. અને તેથી ઘરનું કમાડ તોડવાના સ્વભાવીક પરીણામની અંતે, ફરીયાદીને દુખ થશે અને તે દુખ દેવાનું બંધવાઓએ ધારી રાખેલું હોવાની દલીલ કરવામાં આવી છે. તે કૃત્યની પછવાડે એવું પરીણામ થવાનું જ્યારે દેખાડવામાં આવે, ત્યારે આ નીયમ લાગુ પાડવાને દરકોઈ અદાલતને સંપુર્ણ રીતે અખત્યાર છે. જેમકે દ્રષ્ટાંત, જ્યાં અજાણ્યાથી કરેલાં કામથી કોઇને માર મારવામાં આવે,

આવે, અને તે મારથી પાધરી રીતે મોત થાય, ત્યાં બીજી રીતનો ખુલાસો ન આપતા સુધી તે માણસને મારી નાંખવાનો ઈરાદો હોવાનું, અનુમાન કરવું હોયતો કરી શકાય છે, અને તે અનુમાન કર્યા બાદ પણ, કરેલું અનુમાન કાયદાની બાબત નથી. કોરટ અથવા જીુરીએ ખાત્રી કરી લેવાની જરૂર છે કે બનેલો પ્રસંગ એવો તો હતો કે, એવો કોઈ ઈરાદો બંધવાના મનમાં તે વખતે રમી રહેલો હતો. ચાલતા કામમાં ડડલી સાહેબે પોતાના ઘરના કમાડ તોડયા વીશેની ફરીયાદ, એક લશ્કરી અમલદાર પાસે કર્યાનો થોડો ઘણો પુરાવો છે. એ વાત ખરી પણ દુખ દીધાની હકીકત માલમ પડી આવી નથી. જો આ ઉપરથી માજીસ્ત્રેટે ઠરાવ્યું હતું કે, તેમાં દુખ થયું હતું, અને દુખ દેવાનો ઇરાદો બંધવાઓએ કર્યો હતો, તો તે વાત અમે કબુલ કરત પણ તેણે જે નીરણય કર્યો છે, તેમાં અમે મળતા આવત કે નહીં, તે કહી શકાતું નથી. પરંતુ માજીસ્ત્રેટેતો તેમ કર્યું નથી. ડડલી સાહેબને ધમકી આપવાનો અથવા તેનું અપમાન કરવાના ઇરાદાનો, કાંઇ પુરાવો પડયો નથી. ગુન્હો કરવાના ઈરાદાનો પુરાવો પડયો છે કે નહીં, તે વીશે એમ કહેવામાં આવ્યું છે કે, દરવાજો ભાગવાથી બીગાડ થાય છે. અને આ ગુન્હો કરવાનો ઈરાદો હતો. તે કૃત્ય આ કલમમાં લાવવા સારૂ પ્રવેશ કરવાની જોડે અથવા તે કર્યા પછી, હરકાંઇ વસ્તુ કરવાના ઇરાદાને, તે ઇરાદો ગણવો કે નહીં તે વખતે શક પડતું છે.” પરંતુ આ નકી કરવાનું કાંઇ જરૂર નથી. કેમકે માજીસ્ત્રેટે તો ઠરાવ્યું છે કે, દરવાજો તોડીને ઉઘાડયો પણ તે દરવાજાની કીંમતમાં, અથવા ઉપયોગી પણામાં, દેખાઇ આવે એવો ઘટાડો થઈ આવ્યાનું, અથવા તેને કાંઇ નુકશાન પહોંચ્યાનું, સાબીત કરવાનો પુરાવો પડયાનું. તે માજીસ્ત્રેટના અભીપ્રાયમાં આવ્યું હતું, એવું બતાવવા સારૂ તેણે જે વાત નકી કરી છે તે બસ નથી. અને તે પ્રમાણે નકી કર્યા વગર, બીગાડનો ગુન્હો થયાની વાત માજીસ્ત્રેટે નકી કરી છે, એમ અમે કહી શકતા નથી.

કોઇ તાબાની કોરટમાં, ચાલેલું કામ, સુધારનારી કોરટ તરીકે, જે દરજ્જે અમે છીએ, તે દરજ્જે કાંઇ દુઃખ દીધાના સંબંધમાં, અથવા કમાડ ભાગવાના સંબંધમાં, જે ઇરાદાઓની હયાતી વીશે નકી કરવામાં આવ્યું નથી, તે ઇરાદાની ખામી પુરી પાડવાને, અમો સ્વતંત્ર નથી. એક પ્રસંગે બીગાડનો ગુન્હો થયો હતો, અથવા બીજે પ્રસંગે દુખ દેવામાં આવ્યું હતું, અને તે બેમાંથી હરેક કામ કરવાનો ઇરાદો, બંધવામાંથી એક જણના પણ મનમાં હોવાનું, અમે કહી શકતા નથી. હકીકત ઉપરથી તો સાફ રીતે દેખાઇ આવે છે કે, જે એકજ ઇરાદાથી ધારણા રાખી હતી, અને જે ઇરાદો તેઓના મનપર વસેલો હતો, તે ઈરાદો પોતાના હુકમ નામાની બજાવણી કરવાનો હતો.

ફકત માજીસ્ત્રેટેતો ઠરાવ્યું છે કે, કમાડ ભાગવામાં આવ્યું હતું, અને તે ભાગવાનો તેમને અધીકાર નહોતો, બેશક તેમ હતું પરંતુ નુકશાન પહોંચે એવું દરેક કૃત્ય, ફોજદારી રીતે સજા કરવા લાયક થતું નથી. અને તેમાં પણ ફકત દરવાજો ભાગીને ઉઘાડવો, એ તો બીલકુલ તેમ છેજ નહીં.

પ્રવેશ કર્યા સાટે ફોજદારી ફરીયાદ કેટલે સુધી લેવી, તેની મરીયાદા હિંદુસ્થાનના ફોજદારી કાયદાથી બાંધેલી છે. અને કેટલાક ખાસ પ્રકારના પ્રસંગો સીવાય, તે મરીયાદાની વ્યાખ્યા, ઈ. પી. કો. ની ૪૪૧ મી કલમમાં આમેલી છે, અને જે કૃત્યો કર્યાનું

ઠરાવ્યું છે, તે કૃત્યોનો આ કલમમાં આપેલી વ્યાખ્યા પ્રમાણે, સમાસ થતો નથી. તેથી સાપ્રાધ પ્રવેશ થઈ શકતો નથી. અને જ્યારે સાપ્રાધ પ્રવેશ થઇ શકતો નથી, ત્યારે રાતે ઘર ફોડવાનો ગુન્હો થતો નથી. માટે ગુન્હા તથા સજાના ઠરાવો રદ કરીને, બંધવાઓને છોડી મુકવાનો હુકમ કરૂં છું.

જસ્ટીસ મુતુ સ્વામી આયરનો ઠરાવ.

આ અપીલમાં નકી કરવાના ત્રણ સવાલો ઉઠે છે.

(૧) અપીલ ચાલી શકે છે કે નહીં?

(૨) રીવીઝન કોરટ તરીકે અમારાથી વચે આવી શકાયછે કે નહીં?

(૩) ગુણદોશનો વિચાર કરતાં ગુન્હાનો ઠરાવ ખોટો છે કે કેમ?

આમાંથી પહેલા બે સવાલોનો નીકાલ હું થોડા શબ્દોમાં કરૂં છું.

જે કલમથી અપીલ સાંભરવાની હકુમત મળે છે, તે કલમ છ મહિનાથી વધુ મુદત સુધીની કેદની, અથવા બસો રૂપૈયા ઉપરાત દંડની, સજા સાથે, નીસબત રાખે છે. પરંતુ જ્યાં કેદની, તથા દંડનીઅથવા દંડ ન આપવાની કસુરી બદલ વીકલ્પ રીતની સજાની સાથે નીસબત રાખતી નથી. એવો વાંધો લેવામાં આવ્યો છે કે, વીકલ્પ રીતની કરેલી સજા, સ્વતંત્ર કેદની સજાની સાથે, ભેગી કરવી જોઇએ. અને છ મહિનાને બદલે કેમ જાણે આઠ મહિનાની આ સજા કરી હોય, એમ અમારે ગણવું જોઇએ. જો તે કલમની ભાષાનો, એ પ્રમાણે અર્થ કરવા બેશીએ તો, એથી ભારે અનર્થ થાય છે. કેદ, અથવા દંડ, એ શીવાય વધારે કાંઇ શબ્દ ન લખ્યા હોય, તો તેને સામાન્ય અર્થ સ્વતંત્ર સજા તરીકે કરેલી કેદની અથવા દંડની સજાનો થાય છે. અને એ કાયદાની કોઇપણ કલમમાં, આથી જુદો ઇરાદો દરસાવનારૂં કાંઈ નથી. તેટલા માટે મારો એવો અભીપ્રાય છે કે, આ સજા ઉપર અપીલ ચાલી શકતી નથી.

બીજા સવાલના સબંધમાં, જો સજા ગેરકાયદેસર હોય તો બેશક અમારાથી સુધરી શકે છે. જ્યારે અસલ હકુમત ચલાવનારી કોર્ટ તરીકે બેશીએ છીએ, ત્યારે સજામાં સુધારો કરવો હોય તો અમારાથી થઇ શકે છે. પરંતુ અપેલેન્ટ તરીકે જ્યારે બેશીએ છીએ ત્યારે તેમ થઈ શકતું નથી. તે વીશેના વાંધામાં મારો જવાબ એવો છે કે, જ્યારે જ્યારે અમે હાઇકોરટના વીભાગની કોરટ તરીકે બેશીએ છીએ, ત્યારે ઇલાકાના મુખ્ય શેહેરમાં, જે કામમાં માજીસ્ટ્રેટે ઇનસાફ કર્યો હોય, તે કામમાં અમે હાથ ઘાલી શકીએ છીએ અને જ્યારે જરૂરનું હોય ત્યારે સજામાં સુધારો કરવાનો અમારો અખતીયાર છે.

ત્રીજા સવાલના સબંધમાં અમારે કહેવું જોઇએ કે, ગુન્હાનો ઠરાવ કાયમ રાખવા વાસ્તે હું લાપાડી શકતો નથી. કેમકે જે ગુન્હાનું તહોમત મુકેલું છે, તે ગુન્હો પઠેલી હકીકત પ્રમાણે થતો નથી.

માજીસ્ટ્રેટે ઠરાવ્યું છે કે,સવારના પાંચ વાગે,ફરીઆદીના ઘરનું બારણું જબર દસ્તીથી ઉઘાડ્યું હતું, અને તેથી ક્રી. પી. કો. ની ૪૫૬ મી કલમ પ્રમાણે શીક્ષા થઈ શકે, એવો ઘર ફોડવાનો ગુન્હો થાય છે. ઘરમાં પેઠા પછી જે કામ કરવાનું ધાર્યું હતું, તે કામ હુકમ નામાની બજાવણીમાં, કેટલીક મિલકત જપ્તીમાં લેવાનું હતું. એ સાવ ઉઘાડું છે. અને

આ કામ એવું હતું કે, તે કરવાનો બંધવાનો કાયદેસર હક હતો તે ઉપરથી સાપ્રાધપ્રવેશનો ગુન્હો થવા સારૂ, જે ઇરાદો હોવાની જરૂર છે તે ઇરાદાનું અનુમાન કરી શકાતું નથી. મિલકત ઉપર જપ્તી કરવા સારૂ, જબર દસ્તીથી દરવાજો ઊઘાડવાથી, જે મુખ્ય ઇરાદાનું અનુમાન કરવું વાજબી છે, તે ઇરાદો ફરીઆદીના ઘરમાંથી, કોઇ પરાયો માણસ આવે, તેને કાઢી મુકવાનો ફરીઆદીનો હક છે, તે હક ઉપર જુલમ કરવા જેવો છે; કમાડ ઊઘાડીને ઘરમાં પેસવું, એથી બેશક આ હક ઉપર હુમલો થયા બરોબર છે, અને તેથી ફરીઆદ કરવા લાયક અપકૃત્ય થાય છે, પણ તે ઉપરથી ફોજદારી શી રીતે થાય છે, તે હું સમજી શકતો નથી, એમ કહેવામાં આવ્યું છે કે, આથી કરીને ગેરકાયદેસર દુઃખ દેવામાં આવે છે, જો એમ હોયતો દરેક જાતનો દીવાની પ્રવેશ પણ તેમ થઇ શકે છે. કેમકે જે દિવાની હક છે, તે ઉપર હુમલો થાય છે અને દુખ દેવાના એક અર્થમાં, તે હુમલાને ગણવો હોય તો ગણી શકાય છે. આ અદાલતે વારમવાર ઠરાવ્યું છે કે, દરેક જાતનો દીવાની પ્રવેશ એ સાપ્રાધપ્રવેશ નથી. બીજું કાંઇ કૃત્ય કરવાના સાધન તરીકે બીજાના કબજાની મિલકત ઉપર પ્રવેશ કરવાનું, તથા એ કૃત્ય કરવાના સંબંધમાં જે ઇરાદાથી તે કરવામાં આવ્યું હોય, તેજ ઇરાદો માની લેવાનું, ૪૪૧ મી કલમમાં ચીતવન કર્યાનું મને લાગે છે. જે સાધન તરીકે આ કામમાં પ્રવેશ કરવામાં આવ્યો હતો, તે પ્રવેશ કરવાનું કામ બજાવણીમાં મિલકત હાથ કરવાનું હતું. અને એ કામ પંડે પુરેપુરૂં કાયદેસર છે, એવા પણ મુકરદમાઓ બને છે કે, જેમાં છેવટનો હેતુ કાયદેસર હોય, પરંતુ એ મેળવવામાં જે ઉપાયો કામે લગાડયા હોય, તે વખતે ગુન્હો કરવા સારૂ હોય છે, કેટલીક ઘર વખરી ઉપર ટાંચ કરવા સારૂ, ઊઘાડીને તેમાં પેઠા ઉપરાંત, બીજું કાંઇ કૃત્ય થયાનું, આ કામમાં ઠરેલું નથી માટે મારો એવો અભીપ્રાય છે કે, જે રીતથી પ્રવેશ કર્યો, તેજ રીત ઉપરથી સાપ્રાધ ઇરાદાનું અનુમાન કરી લેવામાં માજીસ્ટ્રેટે ભૂલ કરેલી છે.

અમારી પાસે એવી દલીલ કરવામાં આવી છે કે, પડેલા પુરાવા ઉપરથી પ્રવેશ કરવો, એથી બીગાડનો ગુન્હો થાય છે, પરંતુ કાંઈ બીગાડ થયાનું જણાયું નથી. એ ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું નથી. તેમ તે બાબતનો કાંઈ તપાસ પણ કરેલો નથી.

આવા કારણોથી પણ મારો અભીપ્રાય એવો છે કે, ગુન્હાનો તથા સજાનો ઠરાવ રદ કરવો જોઇએ.

ચંદ્રનારાયણ વિ. ફરકયુ હસ્સન.

અ ને ब नी जमीन उपर नहीं आववानी सुचना थया छतां, तेणे ते जमीनना शीमाडा नजीक, एक हरणने गोळी मारी, अने पछी ते हरण, ब नी जमीन उपर दोडयुं गयुं. अने ते मारी नाखवा सारू ते पछवाडे थइने पेला ब नी जमीम उपर गयो, ठराव्युं के आवी रीते करवाथी सापाध प्रवेश थतो नथी.

કલમ ૪૪૧.
૪
તા. ૨૪-૩-૮૧
ઈ. ૪ ક. પા. ૩૭
મુબાઈ કરવા જતાં કોઈ જમીન ઉપર પ્રવેશ કરેલો હોય ને તે પ્રવેશ કરવાનો જે આ કલમમાં લખેલા ચાર ઇરાદા માહેલો એક ઇરાદો ન હોય તો સાપ્રાધ પ્રવેશનો ગુન્હો થતો નથી.

આ મુકદમાના અરજદારને, એક ચાના બાગના મેનેજરે, ચેતવણી આપી હતી કે, તારે પરવાનગી વગર મારી વાડીમાં શીકાર કરવા સારૂ આવવું નહીં. એ ચેતવણી મળ્યા પછી, ફરીયાદીની વાડીની જોડમાં, એક બીજી ચાની વાડી હતી, તેમાં એક હરણને ગોળી મારી, અને તે જખમી હરણને મારી નાંખવા સારૂ ફરીયાદીની વાડીમાં અરજદાર તે જાનવરની પછવાડે ગયો, એ ઉપરથી ફરીયાદીએ તેના ઉપર, સાપ્રાધપ્રવેશ કર્યાનું, તહોમત મુકી, ફરીઆદી કરી, અને તે ફરીઆદની અંતે, કામ રૂપના આસીસ્ટંટ કમીશનરે પી. કો. ની. ૪૪૭ મી કલમ મુજબ અપરાધી ઠરાવી, તેનો ૫૦ રૂપૈઆ દંડ કીધો. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની, ૨૯૭ (૪૩૮) મી કલમ પ્રમાણે, અરજી કરીને આ કામ હાઇકોરટમાં મંગાવ્યું હતું.

અરજદાર તરફની બાબુ વૈકુંઠનાથ દાસ.

હાઇકોર્ટનો ઠરાવ જસ્ટીસ મીટરનો.

કામ રૂપના આસીસ્ટંટ કમીશનરે, સને ૧૮૭૮ ના આગષ્ટની ૮ મી તારીખે, અરજદાર ચંદ્રનારાયણને, હી. પી. કો ની ૪૪૭ મી કલમ મુજબ, સાપ્રાધપ્રવેશના ગુન્હાનો અપરાધી ઠરાવી, તેનો પચાસ રૂપૈઆ દંડ કર્યો હતો, તે ઉપર આ અરજી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૭ મી કલમ મુજબ કરવામાં આવી છે.

નીચલી અદાલતમાં જે હકીકત સાબીત થઇ છે, તે એવી છે કે, ફરીયાદીના કબજાની મિલકત ઉપર, અરજદારે પ્રવેશ કર્યો. પણ તેનો ઇરાદો હરણને મારવાનો હતો. અને ફરીયાદીની વાડીની બહારથી, અરજદાર તે હરણની પછવાડે થયો હતો. સાપ્રાધપ્રવેશના ગુન્હાની વ્યાખ્યા હી. પી. કો. ની ૪૪૧ મી કલમમાં આપેલી છે, તે વ્યાખ્યા જોતાં ગુન્હાનો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે. માટે તે રદ કરવો જોઇએ.

જસ્ટીસ બર્ચનો ઠરાવ.

અરજદારને ૪૪૭ મી કલમ મુજબ, સાપ્રાધપ્રવેશનો ગુન્હેગાર ઠરાવી તેનો પચાસ રૂપૈઆ દંડ કરવામાં આવ્યો છે.

તે કામનો સંક્ષેપ રીતે ઇનસાફ થયો છે. તો પણ જે પુરાવો નોંધી લેવામાં આવ્યો હતો, તે ઉપરથી અરજદારનું કરેલું કામ, "સાપ્રાધપ્રવેશની વ્યાખ્યા પ્રમાણે જોઇએ તેટલું દુઃખ દાયક હતું." ફરીયાદીની વાડીનો શીમાડો ક્યાં હતો, તે વીશે કાંઈ લેશ રહ્યાનું પુરાવા ઉપરથી જણાઇ આવે છે, અરજદાર અને તેનો સોબતી, જે હરણની પછવાડે લાગ્યા હતા, તે હરણની પછવાડે તેઓ એક તળાવ સુધી ગયા. અને ત્યાં તે હરણને તેઓએ મારી નાખ્યું, આ તળાવ; ફરીઆદી કહે છે કે, મારી હદમાં આવેલું છે. ફરકયુ હરસન સાહેબે અરજદારને પોતાની વાડીમાં શીકાર કરવા નહીં આવવાનું કહ્યા છતાં, તેણે શીકાર કર્યો. જેથી દુઃખ દેવાનો ઇરાદો, આસીસ્ટંટ કમીશનરે માની લીધો છે, પરંતુ પુરાવોથી જે હકીકત પ્રસિદ્ધ થઇ છે, તે ઉપરથી અમે ધારીએ છીએ કે, સાપ્રાધપ્રવેશનો ગુન્હો થએલો નથી; માટે આવેલું કામ રદ કરીને, દંડ પાછો આપવાનો હુકમ કરીએ છીએ.

ગોવીંદ પ્રસાદની અરજીની બાબતમાં.

કલમ ૪૪૧.

૫
તા. ૧૫-૧૦-૭૯
ઈ ૨ અ. પા.૪૬૫

૪૪૧ મી કલમમાં કહેલાઈરાદાઓ માંહેલા કોઇ ઈરાદા વગર કોઈ મિલકત ઉપર જવું. અથવા રહેવું એથી સાપ્રાધ પ્રવેશનો ગુનહો થતો નથી.

कोइ चोकस स्थावर मिलकत. क. ग. तथा त्रीजा पुरुषनी मजमुं अविभक्त मिलकत हती. सदरहु मिलकतनो कबजो मळवा सारु, र ए ग उपर हुकमनामुं मेळव्युं. अने ते हुकमनामानी बजावणीमां दीवानी काम चलाववानी रीतना कायदा; (१८७७ नी दसमानी) २६४ मी कलममां ठराव्या प्रमाणे,सदरहु मिलकत तेने स्वाधीन करवामां आवी. पोतानो हक जाहेर करवाना इरादाथी, तथा र ने धमकी देवाना अथवा तेनुं अपमान करवाना, अथवा कांइ गुन्हो करवाना इरादा वगर, शुद्ध भावथी क. तथा तेवीज रीते पोतानी साथेना भागदारोना हक जाहेर करवाना इरादाथी; ग सदरहु मिलकत उपर रह्या. ठराव्युं के, आ वे प्रसंगे तेओने साप्राध प्रवेशना गुन्हाना गुन्हेगार ठरावी शकाता नथी.

दीवानी हुकमनी रुए, जे सक्षने कोइ जगा उपरथी बाहार काढयो होय; अथवा जेनो कबजो बीजाने आपी देवामां आव्यो होय, ते जमीन उपर पोतानो एकलानो अथवा बीजा सक्ष साथेनो मजमुं हक जाहेर करवा सारु फरीने प्रवेश करवो, अथवा ते जमीन उपर रहेवुं, ए जो एमां कांइ गुन्हो करवानो, अथवा धमकी देवानो, अथवा अपमान करवानो, अथवा दुख देवानो, इरादो नीर्णय पूर्वक साबीत न थाय; तो त्यां सुधी साप्राध प्रवेश कर्यानुं कहेवातुं नथी.

સને ૧૮૭૨ ના દશમા આકટની ૨૯૭ મી(૪૩૮) મી કલમ પ્રમાણે નીચલી કોરટોના ઠરાવ મંગાવી જોવાનો, જે હાઈકોરટને અધીકાર છે, તે અધિકાર વાપરવા સારૂ, આ અરજી કરવામાં આવી હતી. આ મુકરદમાની જોઇએ તેટલી હકીકત નામદાર હાઇકોરટના ઠરાવમાં આપેલી છે.

અરજદારો તરફથી લીચ સાહેબ.
સામાવાળા તરફથી પંડીત અજોધ્યાનાથ.
જસ્ટીસ સ્ત્રેટનો ઠરાવ.

ક્રી. પી. કો. ની ૪૪૧ કલમ પ્રમાણે, એક ગોવીંદ પ્રસાદ, તથા તેની સ્ત્રી ચોરાસી, એમ બે સક્ષોને મીરજાંપોરના માજીસ્ત્રેટે; ગયા સપ્ટેંબરની ત્રીજી તારીખે, સાપ્રાધ પ્રવેશના ગુન્હાના અપરાધી ઠરાવ્યા હતા. તે ઠરાવ મંગાવીને સુધારવા સારૂ, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૭ મી કલમ પ્રમાણે, આ અરજી કરવામાં આવી છે, બંને પક્ષવાળાના વકીલોએ આ મુકરદમાની કાંઇ પણ બાબત પછવાડે રાખ્યા વગર, પુરે પુરી

રીતે મારી રૂબરૂ તકરારો કરી છે. અને તે ઉપરથી ચોકસ અભીપ્રાય બાંધવામાં ઘણામાં ઘણી મુસ્કેલી લાગ્યાનું, મારે ખુલા દિલથી કહેવું જોઇએ. આમ થવાનું કારણ ૪૪૧ મી કલમમાં જે ભાષા વાપરી છે; તે અસાધારણ રીતે મભમ, અને મોકલી હોવાનું છે. અને તે ભાષા, બારીકીથી તપાસ્યા વગર, તથા અક્ષર સમજ્યા વગર, લાગુ પાડવામાં આવે તો કાયદાકારોએ એ કલમ ઘડીને જે હકીકત, તથા પ્રસંગોને લાગુ પાડવાનું બીલકુલ ધાર્યું નથી, તેને વખતે લાગુ પડી જાય છે.

સંખ્યાબંધ, અને તેમાં ઘણાકતો જે તદન અસંભવ્યતાને કીનારે પહોંચે, એવા મુકરદમાઓ સહેલાઈથી કલ્પી શકાય છે, અને તે આ કલમના ભાવાર્થમાં નહીં, પરંતુ અક્ષરે અક્ષરમાં સમાય છે; છતાં કોઇ માણુસ ઘડીભર પણ તેના સંબધમાં; દીવાની કામ ચલાવવાનું પણ દુરસ્ત ધારશે નહીં. તો પછી તેના સંબંધમાં ફોજદારી કોર્ટમાં તો શેનુંજ કામ ચાલે. એ કલમનો કેટલેક દરજે અમલ કરવો, તે વીશેનો કોઇ પણ નીયમ બાંધવાનું ભાગ્યેજ બની શકે એવું છે, પરંતુ સામાન્ય બુદ્ધી, અને કાયમ અકલ કબુલ કરે, એટલી હદની અંદર તેની મરીયાદા રહેવી જોઇએ. આવો વિચાર રાખીને, હવે તે કલમના શબ્દોથી વ્યવહારના ઉપયોગમાં આવે, એવો શું નીયમ બાંધવામાં આવ્યો છે, અને તે શબ્દો વ્યવહારમાં કેવી રીતે લાગુ થાય છે, તે હવે આપણે જોવું જોઇએ. પ્રથમતો કોઇ મિલકત ઉપર અથવા મધ્યે અધીકાર વગર એટલે જે સક્ષના કબજામાં તે મિલકત હોય તે સક્ષની પ્રત્યક્ષ રીતે અથવા મરજી વીરૂદ્ધ પ્રવેશ થવો જોઇએ. અને તે પ્રવેશ એવા ભાવથી કરવો જોઇએ કે, જે માણુસ પેસતો હોય, તે માણુસનો ઇરાદો કાંઈ કાયદા વીરૂદ્ધ હતો, અને સદરહુ સક્ષના જાણુવામાં તે ઈરાદો આવ્યો હત તો તે સક્ષ તેને પેસતાં અટકાયત મના કરત, અથવા વાંધો લેત. પણ તેવો ઇરાદો તેના જાણુવામાં નહીં હોવાથી, પ્રવેશ કરવામાં તેણે પરવાનગી, કીંવા મંજુરી આપી હતી. વળી જો તેનું પેસવું કાયદેસર, અને યોગ્ય રીતે થયું હોય, તો પછી જે માણુસના કબજામાં તે મીલકત હોય તે માણુસની સ્પષ્ટ, અથવા ગર્ભીત રીતે મરજી વિરૂદ્ધ ગેરકાયદેસર તેના ઉપર રહેવું જોઇએ. અને તે વીશેનો નીર્ણય કરવો પડે તો, ઉપર જે ખરૂંખોટું પારખવાની વિગત આપી છે, તે પ્રમાણે કરવું જોઇએ.

કાંતો પ્રવેશ કર્યો હોય અથવા રહ્યો હોય તે બંને કીયાઓ કાંઈ ગુન્હો કરવાના ઈરાદાથી અથવા જે માણુસના કબજામાં તે મીલકત હોય તે માણુસને ધમકી આપવાના, અથવા અપમાન કરવાના અથવા દુખ દેવાના ઇરાદાથી થવી જાઇએ. આ બધા ઇરાદામાંથી પ્રથમના ત્રણુ ઇરાદાઓ પીનલકોડની ૪૦ મી ૫૦૩જી તથા ૫૦૪ ચોથી કલમોમાં જોઇએ તેટલા સમજાવ્યા છે. પણુ ચોથા ઇરાદાનો ફલાણો અરથ છે, અને ફલાણો નથી, એ નકી કરવામાં મોટી ભાંજગડ ઉઠેછે. દુઃખ દેવું એ શબ્દનો અરથ પુરેપુરો અને સામાન્ય રીતનો કરવો જોઇએ, કે અમુક હક સુધી કરવો જોઇએ.

મનુષ્ય પ્રકૃતીઓ ઘણી જાતનીછે તથા તેમાં ઘણા ઘણા તફાવતોછે તો પછી દુઃખ દેવાના શબ્દની અક્ષરે અક્ષરની વ્યાખ્યા કેટલી હદ સુધી પહોંચે એવીછે. તેનો અડસટો કાઢવાનું કામ બીલકુલ અશક્યછે. જેથી એક માણુસને દુઃખ થાય છે, તેથી બીજા માણુસના મનોવિકારમાં કાંઇ ફેરફાર થતો નથી. એ વાત નીરંતર જોવામાં આવેછે, અને આ

ભરતખંડની દેશી પ્રજાના જેટલા સમુદાયમાં, ધાર્મીક તથા જ્ઞાતી સાથે જનમેલી પારાવાર લાગણીઓ, તથા તુરંગો અને વહેમો એક કોમના કરતાં બીજી કોમમાં વધારે મજબુત અને ઘડીક ઘડીકમાં મનની અંદર આવી જાય એવાછે.

માટે આ કલમમાં દુઃખ દેવું એ શબ્દ લખ્યોછે. તે શબ્દનો કાંઈ સ્પષ્ટ, અને સમજાય એવો અરથ કરવો જોઇએ દરેક કામમાં જ્યારે તેને લાગુ પાડવો પડે, ત્યારે જે ખાસ વરગનો માણસ ફરીયાદ કરવા આવતો હોય તેના મનોવિકારના ઘેલછા પણા ઉપર અથવા તેની રીતભાતના વીચીત્રપણા ઉપર આધાર રાખવો નહીં. સાધારણ માણસને સામાન્ય તથા વાજબી રીતે અસર કરે એવી રીતના અરથમાં ૪૪૧મી કલમની અંદર દુઃખ દેવું, એ શબ્દનો અરથ કરવો જોઇએ. પરંતુ કોઈ ચોકસ પુરૂષ એકલાને ખાસ રીતે દુઃખ થાય, એવા અરથમાં તે શબ્દોના અરથ નહીં કરવા મને લાગેછે.

જ્યાં કોઇ મીલકત ઉપર પ્રવેશ કરવો, એ પંડેજ ગેરકાયદેસર હોય, ત્યાં ૪૪૧ મી કલમમાં ઠરાવ્યા પ્રમાણે, જે સાપ્રાધ ઇરાદાઓ જોઇએ, તેમાંથી એક ઇરાદો માની લેવાનું બસછે. એ દલીલ, આ ગુન્હાનો ઠરાવ ટકાવી રાખનારા પક્ષકારના વકીલે આપીછે તે હું મંજુર કરીશકતો નથી. દીવાની કાયદા પ્રમાણે, કોઇ હુકમ બજાવણીની રૂએ, અથવા બીજી રીતે કોઇ સક્ષ ઉપર બજાવવાનું યત્ન કરવામાં આવ્યું હોય, તે હુકમ માનવાની, તથા તેને તાબે થવાની દરેક માણુસની ફરજછે. તે ફરજ તોડવામાં જે કૃત્ય થાય, તે કાયદા વિરૂદ્ધછે તેથી તે કૃત્ય ફોજદારી રીતે કાયદા વિરૂદ્ધ છે. અને તેથી તે સજા કરવા લાયક છે; એમ અવશ્ય થવું જોઈએ એમ કાંઇ નથી. જે ઇરાદાથી તે કામ કરવામાં આવ્યું હોય, તે ઇરાદો દરેક કામના ખાસ પ્રકાર પ્રમાણે, ચોખ્ખા અને ખાત્રીલાયક પુરાવાથી સાબીત થવો જોઇએ. આટલે સુધીતો મેં દુઃખ દેવાના ઇરાદા વિશે વીવેચન કરેલુંછે, પણ કોને દુઃખ દેવાના ઇરાદાથી? તો જે કોઇ સક્ષના કબજામાં તે મીલકત હોય, તેને દુઃખ દેવાના ઈરાદાથી. હવે સવાલ એટલોજ ઉઠેછેકે, આ ઠેકાણે કેવી જાતનો કબજો ટેવેલોછે, એટલેકે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૫૩૦ (૧૪૫) મી કલમમાં ખરે ખરો અથવા કાયદેસર હક હોય, એવા અરથ વાળો સ્પષ્ટ, કે માની લીધેલો, કે ગર્ભીત કબજો લોકોની સુલેહના હીતને ખાતર એવું સ્પષ્ટ ઠરાવવામાં આવ્યુંછે કે, કાયદાના યોગ્ય ક્રમથી મલ્કતીયાનો કબજો છીનાવી લેવામાં ન આવે, ત્યાં સુધી તેના કબજાનું રક્ષણ કરવું જોઈએ. પ્રવેશ કરનારે કોઇ મીલકત રોકેલી હોય, તેના ઉપર દાખલ થવા સારૂ જે પક્ષકારને કાયદેસર કબજો હોવાનો હકછે, તે પક્ષકારની સામે; પી. કો. ની ૪૪૧મી કલમમાં જે ઠરાવ કર્યોછે, તે ઠરાવોની આવા દરજાના માણુસ, કેટલે સુધી સહાયતા માગી શકેછે; તેનું અતરે વિવેચન કરવાને વાસ્તે હું તૈયાર નથી. જો એમ કરૂંતો ચાલતા મુકરદમાનો નીર્ણય કરવા સારૂ; જે સવાલનું વિવેચન કરવું જરૂરનું નથી, તે વીવેચન કરવાનું બારણું ઉઘાડું મુકયા બરોબરછે. માટે વિવેચનમાં પેસવાથી હું વેગળો રહુંછું. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની; ૫૩૦ (૧૪૫) મી કલમમાં ઠરાવ્યા પ્રમાણે જે કબજો ખરે ખરો હોવો જોઇએ; તેવો કબજો હોવાનું ૪૪૧ મી કલમમાં ધારેલું તથા ટેવેલુંછે. એવો મારો અભીપ્રાયછે. એટલુંજ કહેવું ચાલતા મુકરદમાનો ઇનસાફ કરવા બસછે.

૪૪૧ મી કલમનો કાયદેસર શું ભાવાર્થ છે તે વીશેનું ઉપર પ્રમાણે વિવેચન કર્યા. પછી, હવે આપણે જોવું જોઇએ કે; ચાલતા મુકરદમાને શી રીતે લાગુ પડી શકે છે. આ કામની હકીકત નીચે પ્રમાણે છે.

સને ૧૮૭૩ ના જાનેવારીની ૧૬ મી તારીખે ગોવીંદપ્રસાદ તથા તેની વહુ ચોરાશી તથા તેના ભાઇ કાલીકાએ ભેગા થઇ તે બે હજાર રૂપૈઆ લીધા અને એક રામ રતન નામના સક્ષને ચાર ઘરો સાનમાં લખી આપ્યાં. તેમાંના બે ઘર નરંઘાટ મધ્યે અને એક મુજાફરગંજ મોહોલામાં અને એક તીનમોહનીમાં હતું. ગીરોના દસ્તાવેજમાં એવું ઠરાવ્યું હતું કે, લીધેલા પૈસા છ મહિનામાં પાછા આપવા, નહીં તો પછી સાનમાં માંડેલી મીલકત અઘાટ થશે. મુદ્દલ રકમ અથવા તેનો કાંઇ પણ ભાગ, ઉપર લખેલી મુદતમાં અપાણો નહીં. અને સને ૧૮૭૪ ના ફેબ્રુઆરીની ૧૨ મી તારીખે, સને ૧૮૦૬ ના ૧૭ મા રેગ્યુલેશનની ૮ મી કલમ પ્રમાણે એક નોટીસ રીતસર કાઢવામાં આવી. ત્યાર બાદ ગીરો આપનાર, તથા ગીરો લેનાર વચે કાંઈ ગોઠવણ થયાનું જણાય છે. અને તે ગોઠવણની અંતે નરઘાટવાળાં બંને ઘરો, અને ૧૮૭૪ ના જુલાઈની ચોથી તારીખે, રૂપૈઆ ૮૩૩ા માં, વેચી નાંખ્યા, અને તે વેચાણની કીંમત પેલા રામરતનને આપવામાં આવી, સને ૧૮૭૪ ના ફેબ્રુઆરીની નોટીસની મુદત પુરી થઈ રહી, પરંતુ ગીરો લેનારે વીશેશ હીલ ચાલ નહીં કરતાં, સને ૧૮૭૫ ના મારચની ૧૫ મી તારીખે, પોતાના માગણા પેટે ત્રણસો રૂપૈઆની બીજી રકમ કબુલ રાખી! એટલે બે હજાર રૂપૈઆની મુળ રકમને પેટે, અગીયાર સો તેંત્રીશ રૂપૈઆ વસુલ લીધા. સને ૧૮૭૬ ના આગષ્ટની ૨૪ મી તારીખે, સાનવાળી મિલકત ગીરવી રાખનારને ત્યાં અઘાટ રહેવા બાબતનો, હુકમ કાઢવામાં આવ્યો. તે ઉપરથી સદરહુ મિલકતનો કબજો લેવાનો દાવો માંડતા તેના બચાવમાં એવો જવાબ મળ્યો કે; વાદીએ ઉપર કહ્યા પ્રમાણે રકમો મંજુર રાખી હતી, તેથી મીલકત અઘાટ કરવાનો દાવો ચાલી શકતો નથી. જે મીરજાંપોરના સબોરડીનેટ જડજ પાસે, આ દાવો ચાલ્યો હતો, તેણે વાદીના લાભમાં ફેંસલો આપ્યો. અને તે ઠરાવ વીરૂદ્ધ ચોરાશી તથા કાલીકાએ અપીલ કરી. ગોવીંદપ્રસાદની વીરૂધમાં જે ઠરાવ થયો હતો, તે કાયમ રહેતાં તેણે સને ૧૮૭૪ ના જુનની ૨૫ મી તારીખે વાદીને એવી કબુલત લખી આપી કે, બાકીનાં નાણા વ્યાજ શીકે હું તને એક વરસમાં આપીશ અને ન આપું તો તારે કબજાનું હુકમ નામું બજાવવું. ઉપરની કબુલતમાં ચોરાશી તથા કાલીકાને સામેલ રાખવાનું ઠરાવ્યું હતું તે પ્રમાણે તેઓ સામેલ નહીં થતાં, ઊલટી તેઓએ અપીલ કરી અને તેની સને ૧૮૭૭ ના નવેંબરની ૨૯ મી તારીખે સુનાવણી થઇ, અને તેમાં તેઓને લાભ મળ્યો. ગોવીંદ પ્રસાદ પોતાની કબુલત પ્રમાણે પળ્યો નહીં, અને બાર મહિના વીત્યા બાદ, મુદલ નાણાં તથા વ્યાજ રામરતનને ન અપાયાથી તેણે મુજાફરગંજ મોહોલા તથા તીરમોહનીવાળાં બંને ઘરોનો કબજો સોંપાવવા અરજ કરી. તે અરજી સામે ગોવીંદપ્રસાદે વાંધો લીધો કે કાલીકા તથા ચોરાશીની અપીલ જે કારણોથી મંજુર રાખવામાં આવી હતી, તે કારણો મને પણ સરખી રીતના વાદીના દાવાની સામે બચાવ કરવામાં લાગુ પડે છે. (૨) સદરહુ ઘરો મારી પોતાની, તથા સને ૧૮૮૩ ના ગીરો દસ્તાવેજ માંહેલા બીજા બે ગીરો આપનારની મજીઆરી મીલકત છે. સને ૧૮૭૮ ના નવેંબરની બીજી તારીખે, સબોરડીનેટ જડજે કબજો સોંપવાનો હુકમ કર્યો. જે ઉપર ગોવીંદપ્રસાદે અપીલ કરતાં, જડજે સને ૧૮૭૮ ના નવેંબરની ૧૪ મી તારીખે, તે નામંજુર કરી. દરમીયાન નવેંબરની અગીઆરમી તારીખે સબોરડીનેટ જડજની અદાલતનો અમીન મુજાફર ગંજવાળા ઘરનો કબજો રામ રતનને સોંપાવવા ગયો હતો.

પણ ત્યાં કાલીકા અને એક ચોરાશીનો આડતીઓ ચબુતરે ભેગા થયા. અને તેઓએ કહ્યું કે, સદરહુ ઘરમાં અમારો ભાગ છે, એમ કહીને તેઓએ તકરાર લીધી. તે ઉપરથી તે અમીન પાછો વળ્યો. અને કોરટમાં જઇને જાહેર કર્યું. થોડા દિવસ પછી બીજો અમીન ગયો, અને તેણે દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની ૨૬૪ મી કલમમાં ફરમાવ્યા પ્રમાણે, કબજો સોંપી દીધો. અને તે વખતે કાલીકા તકરાર કરતો હતો, અને ગોવીં–

દપ્રસાદ ત્યાંજ ઉભો હતો. આવી રીતે રામરતને કબજો મેળવ્યો હતો. ૧૮૭૮ ના નવેમ્બર તથા ૧૮૭૯ ના એપ્રીલ માસની વચમાં, પક્ષકારોની વચે તકરાર ચાલ્યા કરતી હતી. અને કાયદાનો રીતસર રસ્તો લઇને, તકરારી ઘરનો કબજો મેળવાવાનું પ્રયત્ન કર્યા વગર, રામરતને ગોવીંદપ્રસાદ તથા તેના સગા પાસેથી સુલેહ રાખવાના જામીન લેવરાવવા સારૂ ફોજદારી અદાલતનો આશરો પકડયાનું જણાય છે. અને તે બેશક એવા હેતુથી કે, પેલા ઘરોનો કબજો દબાવીને લઇ લેવો. આખરે તેણે એપ્રીલમાસની શરૂઆતમાં, ગોવીંદપ્રસાદ તથા ચોરાશી ઉપર ૪૪૧ મી કલમ પ્રમાણે સાપ્રાધ પ્રવેશની ફરીઆદ કરી. અને તેમાં તેણે લખ્યું કે, એ સાપ્રાધપ્રવેશ એપ્રીલની ૧૫ મી તારીખે થયો હતો. જે કલમના ગુન્હાની ફરીઆદ થઇ હતી; તે કલમની ફરીઆદ સાંભળ્યા વગર, માજીસ્ત્રેટે કોણ જાણે શા કારણથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની, ૫૩૦ (૧૪૫) મી કલમ પ્રમાણે તકરારી બાબતનું નીરાકરણ પોતાથકું કરવાનું શરૂ કર્યું. અને તેણે મેની ૮ મી તારીખે ઠરાવ્યું કે, ગોવીંદપ્રસાદ તથા તેની વહુ ચોરાશીના કબજામાં તકરારી ઘર હતું. પણ તેણે દસ દિવસમાં એ ઘર ખાલી કરી દેવાનો તેઓને હુકમ કર્યો. તે કલમના શબ્દના અરથ પ્રમાણે કરેલો આ ઘણોજ અઘટીત થએલો ઠરાવ સુધારવા સારૂ; આ અદાલતમાં આવ્યો હતો. તે ઠરાવ જરૂર જણાયાથી ઓલ્ડફીલ્ડે રદ કર્યો. અને ચોરાશીનો કબજો કાયમ રાખવાનો હુકમ કર્યો. અને તેની સાથે તેણે જણાવ્યું કે, ૪૪૧ મી કલમના ગુન્હાની ફરીઆદનો નીકાલ કરવો જોઈએ. જુલાઇની ૧૪ મી તારીખે ગોવીંદપ્રસાદ તથા તેની વહુ ૧૫ મી એપ્રીલને રોજ કહેવામાં આવતા, પ્રવેશને માટે ૪૪૧ મી કલમના ગુન્હાની ફરીઆદનો જવાબ દેવા સારૂ માજીસ્ત્રેટ પાસે હાજર થયા. અને તેઓની વાત સાંભળ્યા પછી તેજ રોજ અપરાધી ઠરાવી તેઓનો એકેક રૂપૈઓ દંડ કર્યો.

આ ઠરાવ રદ કરાવવા સારૂ; તેઓએ કાંઇ ઇલાજ લીધો નહીં. અને પેહેલી સપ્ટેંબરને રોજ તેઓના ઉપર ચૌદમી જુલાઇ એટલે જે દહાડો માજીસ્ત્રેટની અદાલતમાં તેઓ હાજર થયા હતા; તે દહાડાના પ્રવેશને માટે તેઓના ઉપર એક બીજા માજીસ્ત્રેટ પાસે બીજી ફરીઆદ કરવામાં આવી અને તે ઉપરથી તેઓને ઘરમાંથી નીકળી જવાની ૨૪ કલાકની નોટીસ આપવામાં આવ્યા છતાં. નહીં નીકળ્યાથી ત્રીજી સપ્ટેંબરને રોજ અપરાધી ઠરાવી; તેઓ દરેકનો બસો બસો રૂપૈઆ દંડ કરવામાં આવ્યો. એ ઠરાવ, અને એ સજા સુધરાવવા સારૂ આ કામ આ અદાલત પાસે આવેલું છે. જે બીજી હકીકતનું પુનરાવર્તન કરવું જોઇએ તે ફકત એ છે કે, ૧૭ મી ફેબ્રુઆરીને રોજ ગોવીંદપ્રસાદે, નાદાર થવાની અરજી દાખલ કરી હતી. અને તે અરજી અવલ કોરટે રદ કરી. પણ આ કોરટમાં અપીલ કરતાં, મંજુર કરવામાં આવી. અને રામરતન, એકે વખ્તે માજીસ્ત્રેટ પાસે સાક્ષી દરજે, અથવા પોતાની ફરીઆદને પુષ્ટી દેવા સારૂ હાજર થયો નોહોતો. આવા પ્રસંગો ઉપરથી ગોવીંદપ્રસાદ તથા તેની સ્ત્રી પી. કો. ની ૪૪૧ મી કલમ પ્રમાણે ગુન્હેગાર છે, કે એ ગુન્હેગાર છે ? તે નકી કરવાનું માજીસ્ત્રેટ માથે આવી પડયું હતું. અને આ ઠરાવ વાજબી છે, કે ગેરવાજબી છે તે નક્કી કરાવવા હવે આ કામ આ અદાલત પાસે આવેલું છે. અને તેનો ઇનસાફ જેમ અપીલ આવતાં થવો જોઇએ, તેમ નહીં; પણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૭ (૪૩૮) મી કલમ પ્રમાણે ચુસ્ત રીતે, રીવીઝન તરીકે આ કામની મારે વ્યવસ્થા કરવી જોઈએ. પણ તેની સાથે મારી જોવાની ફરજ છે કે, ગુન્હાનો ઠરાવ કરવામાં માજીસ્ત્રેટ પાસે કાયદેસર જોઇતો પુરાવો પડયો છે કે નહીં ?

૪૪૧ મી કલમમાં ઠરાવ્યા પ્રમાણે, કબજા વીશેની જે તપાસ કરવી જોઇએ, અને જેના વીશે આ ઠરાવના પ્રથમ ભાગમાં મેં કહેલું છે, તે તપાસ લાગુ કરતાં મારો સ્પષ્ટ રીતનો એવો અભીપ્રાય છે કે, તકરારી મીલકત મધ્યે પ્રવેશ કર્યા માટે, અથવા તેના ઉપર રહ્યા માટે, ગોવીંદપ્રસાદને ગુન્હેગાર ઠરાવવા જેટલો રામરતનદાસનો કબજો સાબીત થયો નથી. દીવાની હુકમની રૂએ જે સક્ષને કોઇ જમીન ઉપરથી બાહાર કાઢયો હોય, અથવા જેનો કબજો બીજાને આપી દેવામાં આવ્યો હોય, તે જમીન ઉપર પોતાનો એકલાનો અથવા બીજા સક્ષોની સાથે મજમુંનો હક જાહેર કરવા સારૂ કરીને પ્રવેશ કરવો, અથવા તે જ-

મીન ઉપર રહેવું; એ જો એમાં કાઇ ગુન્હો કરવાનો, અથવા ધમકી દેવાનો, અથવા અપમાન કરવાનો, અથવા દુખ દેવાને ઇરાદો નીર્ણય પુરવક સાબીત નથાય, ત્યાં સુધી સાપ્રાધપ્રવેશ કર્યાનું કહેવાતું નથી. આ કામમાં આવો હરકોઇ ઈરાદો હોવાનો પુરાવો, તદ્દન ગેર હાજર હોવાનું મને જણાય છે, તેમ ફરીઆદી પંડે પણ એ બાબતનું કાંઈ પણ સાબીત કરવાને વાસ્તે બાહાર આવતો નથી. સાચું હોય કીંવા ખોટું હોય તો પણ. કાલીકા તથા ચોરાશી એ બંને મુજાફરંગંજ મોહોલા વાળા ઘર વીશે મજમું હક હોવાનું બતાવે છે. તથા કાલીકાએ રામરતનદાસને કબજો સોંપાવવા ટાંણે રીતસર વાંધો લીધેલો છે. મુળ મંડાણ મજમુંનું હતું, અને તેમાં ચાર ઘર સામટાં માંડી આપ્યાં હતાં, જે અવેજ ઉપાડયો હતો, તે પણ ભેગા થઇને ઉપાડયો હતો. તથા અગીઆરસેં સાડીતેત્રીશ રૂપૈઆની જે રકમ અપાઈ હતી, તે પણ મજમું પેટે અપાઇ હતી. ને તેજ હીસાબ પેટે ગીરવી રાખનારે જમે કરી હતી.

વળી સને ૧૮૭૭ ના જુનની તારીખની કબુલત પણ મજમું કરી આપવાની ધારી હતી પણ વાસ્તવીક રીતે તે કબુલત એકલા ગોવીંદપ્રસાદે કરી હતી. આ મુકરદમાની બીજી હકીકત ગણવા વગર, ૪૪૧ મી કલમ માંહેલા ઇરાદામાંથી એકે ઇરાદો હોવાનું મને જણાતું નથી. એટલુંજ નહીં પણ ગોવીંદપ્રસાદે તકરાર લેવામાં જે કર્યું હતું, તે પોતાનો અથવા પોતાના ભાગદારોનો હક જાહેર કરવાના, શુદ્ધ ભાવના ઈરાદાથી કર્યું હતું; જો દીવાની કાયદાનો સંચો ગતીમાં મુકવાનું, રામરતનદાસે યોગ્ય વીચાર્યું હત, તો તેને તેમ કરવું જોઇતું હતું, અને તેને જેજે વાતની ગરજ હતી, તે તે વાતો એજ સંચો પુરી કરી આપત. પરંતુ તેમ નહીં કરતાં, તેણે ફોજદારી અદાલતનો આશરો લીધો છે. અને જે રસ્તો તેને પ્રથમથી લેવો જોઈતો હતો, તે રસ્તે હવે જવાનું તેના જોવામાં આવે, તો તે દોષનો ધણી તે પંડેજ છે. ગોવીંદપ્રસાદને તથા તેની સ્ત્રીને જે ઠરાવથી ગુન્હેગાર ઠરાવ્યા છે, તે ઠરાવ અમે રદ કરીએ છીએ.

મહારાણી કેસરેહીંદ વિ. મારીમુતુ.

કલમ ૪૪૧.

૬
તા. ૨૨-૧૧-૮૧
ઈ. ૪ મુ. ૨૪૩
કોઈ મિલ્કત ઉપર પોતાનો હક કાયદે છીનાવી લીધો ન હોય, તે હક જાહેર કરવા અથવા તેનો લાગવટો લેવા તે મિલકત ઉપર જવું એથી સાપ્રાધપ્રવેશનો ગુન્હો થતો નથી.

कोइ हिंदु वर्गनी स्त्री नात बाहार थइ होय, एटलाज उपरथी पोताना धणी साथे घरमां रहेवानो हक खेंचाइ जतो नथी. अने खोराकी पोशाकी मागवा सारु, ते स्त्री सदरहु घरमां जाय, तो तेणीए साप्राध प्रवेश कर्यानुं कहेवातुं नथी.

આ મુકરદમાનું દફતર હાઈકોર્ટે જોવા સારૂ મગાવી લીધું હતું. અને તેની જોઈએ તેટલીહકીકત હાઇ કોરટના ઠરાવમાં આપેલી છે.

કોઇના તરફથી કોઇ હાજર નહોતું.

જસ્ટીસ ઇન્સનો ઠરાવ.

ઉધમ માલ પેટના બીજા વર્ગના માજીસ્ત્રેટે; એક સ્ત્રીને પોતાના ધણીના ઘરમાં રોટલા લુગડાં માગવા જવા સારૂ, તેણીને સાપ્રાધપ્રવેશના ગુન્હાની અપરાધી ઠરાવી હતી. આ સ્ત્રીને તેણીની બદ ચાલ વાસ્તે; નાતે નાત બહાર મુકી હતી.

આ ઠરાવ અપીલમાં બહાલ રાખ્યો હતો.

નાત બાહાર થવાથી કોઈની સંસારીક સ્થીતી ભ્રષ્ટ થતી હોય, એમ કાયદામાં ઠરાવ્યું નથી. અને તેથી કરી કોઈ સ્ત્રીને પોતાના ધણી ભેળી રહેવાનો જે હક છે, તે હક ખેંચાઇ જતો નથી.

સદરહુ ઓરતને નાત બાહાર કાઢયાનું; તથા પોતાના ધણીથી જુદા રહ્યાનું, સાબીત થએલું છે. પરંતુ તેણીની હર કોઇ ગેર વર્તણુંક ન્યાયસર સાબીત કર્યા વગર; તેના ધણીએ ઘરમાંથી કાઢી મુક્યાનું માલમ પડતું નથી. આવે પ્રસંગે એક પરણેતર ઓરત તરીકે;તેણીનો પોતાના ધણીના ઘરમાં જવાનો હક હતો, એમ મને લાગે છે. અને એ ઘરમાં એ વખ્તે તે પોતાના ધણી ભેગી રહેતી હતી, અને ભેગા રહેવાનો હક ખુંચાવી લીધો નહોતો. તેથી દીવાની યા ફોજદારી રીતે તે સ્ત્રી પ્રવેશ કરવા માટે; જુવાબદાર થઇ શકતી નથી.

માટે ગુન્હાનો તથા સજાનો ઠરાવ રદ કરી, દંડ પાછો આપવાનો હુકમ કરવામાં આવે છે.

જસ્ટીસ કરનાનનો ઠરાવ.

હું ઉપલા ઠરાવને મળતો આવું છું.

માહારાણી વિ. વરથાપા નાયકન.

કલમ ૪૪૧.

लोकलफंडने पैसेथी बनावेली मारकीटमां, तेनो ठरावेलो दर आपवाना अग्लाडा करवाना इरादाथी, प्रवेश करवो एथी साप्राध प्रवेश थतो नथी.

૭
તા. ૯-૮-૯૨
ઈ. ૫ મ. પા. ૩૯૨
અમુક મકાનમાં ફી આપીને માંહે જવાનો રસ્તો હોય તે રસ્તો છોડીને બીજે રસ્તેથી જવું એથી સાપ્રાધપ્રવેશનો ગુન્હો થતો નથી.

ઉત્તર આરકાટના જીલ્લા માજીસ્ત્રેટે, આ કામ હાઇ કોરટમાં લખી મોકલ્યું હતું. અને તે એવા સબબથી કે, તેમાં કરેલા ગુન્હાનો ઠરાવ કાયદાથી ઉલટો છે.

જસ્ટીસ મુતુસ્વામી આયર તથા જસ્ટીસ સ્ટાંરટનો ઠરાવ.

અમે જીલ્લા માજીસ્ત્રેટના મતને મળતા આવીએ છીએ. અંબુર ગામની બજારને ફરતી વાંસની વાડમાં થઇને બંધવો સુરતની આટલીઓ વેચવાનો ઈરાદો કરીને લઇ જતાં પકડાઇ ગયો હતો, જો તે બજારના દરવાજામાં થઇને પેઠો હત તો, તે ઠેકાણે ઇજારદાર પોતાની મેહેસુલ ઉઘરાવવા બેઠો હતો તેને કર આપવો પડત. પણ તેમ નહીં કરતાં, તે બીજે ઠેકાણેથી પેઠો, એટલે એ કર નહીં આપવાનો તેનો ઈરાદો હોવો જોઇએ; તેથી તે ઈરાદો જોઇને, બીજા વર્ગના માજીસ્ત્રેટે બંધવાને સાપ્રાધપ્રવેશના ગુન્હાનો અપરાધી ઠરાવી, તેનો બે રૂપૈઆ દંડ કર્યો છે.

કર આપવામાં ભુલ ખવરાવવી, એ ખોટું છે ખરૂં પણ તેથી કાંઇ ગુન્હો થતો નથી. ક્રી. પી. કો. ની ૪૪૧ મી કલમમાં જેજે ઇરાદાની વિગત લખી છે. તે માંહેલા એકે ઈરાદા શમીત બંધવે પ્રવેશ કર્યાનું જણાતું નથી. તેથી ગુન્હા તથા સજાનો ઠરાવ રદ કરી, દંડ પાછો આપવાનો હુકમ કરવામાં આવે છે.

કલમ ૪૪૨ મી.

૪૪૨. કાંઈ ઇમારત, તંબુ, અથવા વહાણ, જે માણસને રહેવાનાં ઠેકાણા દાખલ વપરાતું હોય તેમાં અથવા કાંઇ ઈમારત પુજા સ્થાન અથવા માલ રાખવાના ઠેકાણા દાખલ વપરાતી હોય તેમાં પેશીને અથવા તે મધ્યે રહીને જે માણસ સાપ્રાધ પ્રવેશ કરે તેણે "ગ્રહપ્રવેશ" કર્યો એમ સમજવું. ગૃહપ્રવેશ.

ખુલાસો.—પેટાસમાં તે સાપ્રાધ પ્રવેશ કરનારનાં શરીરના કોઇપણ ભાગનો પ્રવેશ થાય તો ગૃહપ્રવેશ થવામાં તેટલો પ્રવેશ બસ છે.

કલમ ૪૪૩ મી

૪૪૩. કોઇ માણસ ગૃહપ્રવેશ કરે, અને તેણે આમળથી એવી તદબીર કરી હોય કે જે ઇમારત, તંબુ, અથવા વાહાણ તે પ્રવેશનું સ્થાન હોય તે મધ્યે તે પ્રવેશ કરનારને જતો બંધ કરવાનો અથવા તે મધ્યેથી તેને બાહાર કાઢી મુકવાનો જેનો હક હોય એવા કોઇ સખસથી તે ગૃહપ્રવેશ છાનો રહે, તો તે માણસે "ગુપ્ત ગૃહપ્રવેશ" કર્યો એમ સમજવું. ગુપ્તગૃહપ્રવેશ

કલમ ૪૪૪ મી

૪૪૪. સુર્યનો અસ્ત થયા પછી તથા સુર્યનો ઉદય થતાં પહેલાં જે માણસ ગુપ્ત ગૃહપ્રવેશ કરે, "તેણે રાતે ગુપ્ત ગૃહપ્રવેશ કર્યો એમ સમજવું. રાતે ગુપ્ત ગૃહપ્રવેશ.

કલમ ૪૪૫ મી.

૪૪૫. કોઇ સખસ ગૃહપ્રવેશ કરે, તે અગર તે ઘર મધ્યે અથવા તેના કોઇપણ ભાગ મધ્યે પોતાનો પ્રવેશ નીચે બ્યાન કરેલા ૭ પ્રકારોમાંના કોઇપણ પ્રકારે અથવા ત્યાં કાંઈ ગુન્હો કરવાના કારણસર તે ઘર મધ્યે અથવા તેના કોઇપણ ભાગ મધ્યે ગયા પછી, અથવા તે મધ્યે કાંઈ ગુન્હો કરી રહ્યા પછી, અગર તે સખસ તે ઘર મધ્યેથી અથવા તેના કોઇપણ ભાગ મધ્યેથી તે ૭ પ્રકારમાંના કોઇપણ પ્રકારે બહાર નીકળે તો તે સખસે "ઘર ફોડવાનો ગુન્હો" કર્યો એમ સમજવું. તે પ્રકારોની વિગત.— ઘર ફોડવું.

પહેલો—તે ગૃહપ્રવેશ કરવા સારૂ પોતેજ જે રસ્તો કર્યો હોય અથવા તે ગૃહપ્રવેશ મધ્યે મદદગારી કરનારા કોઇ માણસે જે રસ્તો કર્યો હોય એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહે પેસે અગર બહાર નિકળે, તો

બીજો—પોતે અથવા તે ગુન્હામાં મદદગારી કરનાર કોઇ માણસ એ શીવાય બીજા કોઇ સખસે માણસને પેસવા માટે કર્યો નહિ હોય એવે કોઈ રસ્તે થઇને અગર તે માંહે પેસે, અથવા બહાર નીકળે, અથવા કોઈ ભીંત અથવા કોઇ ઇમારતપર સીડીથી અથવા બીજી રીતે ચહડી જઇને જે રસ્તો હાથ લાગે, એવે કોઈ રસ્તે થઈને અગર તે માંહે પેસે, અથવા બહાર નીકળે, તો

ત્રીજો—ગ્રહપ્રવેશ કરવા માટે, તે ઘર મધ્યે રહેનારા માણસે જે સાધન વડે, કાંઇ રસ્તો ઉઘાડવાનો ઈરાદો રાખ્યો નહિ હોય એવા કોઈ સાધન વડે, પોતે અથવા તે ગ્રહપ્રવેશમાં મદદગારી કરનાર કોઇ સખસે જે રસ્તો ઉઘાડ્યો હોય એવે કોઈ રસ્તે થઈને અગર તે માંહે પેશે અથવા બહાર નિકળે, તો.

ચોથો—ગ્રહપ્રવેશ કરવા માટે અથવા કાંઇ ગ્રહપ્રવેશ કર્યા પછી તે ઘરમાંથી બહાર

નિકળવા માટે, અગર તે કાંઈ કળ ઉઘાડીને માંહે જાય અથવા બહાર નિકળે, તો.

પાંચમો,—સાપરાધ બળ વાપરીને, અથવા હુમલો કરીને, અથવા કોઇ શખસને હુમલાનો ડર દેખાડીને અગર તે માંહે જાય અથવા બહાર નિકળે, તો.

છઠો—જે રસ્તેથી કોઇએ પ્રમાણે આવે જાય નહિ અટલા માટે તે બંધ કરેલો છે એમ તે જાણતો હોય, તથા જે રસ્તાને પોતેજ અથવા તે ગ્રહપ્રવેશમાં મદદગારી કરનાર કોઇ શખસે ઉઘાડેલો છે એમ તે જાણતો હોય એવો કોઇ રસ્તે થઇને અગર તે માંહેજાય અથવા બહાર નિકળે, તો.

ખુલાસો—કાંઇ ઉપગૃહ અથવા ઈમારત કોઇ ઘરની સાથેજ ઉપભોગમાં આવતી હોય, અને તે ઉપગૃહ તથા ઘર એઓની વચ્ચે બીજે કેયા ન જતાં એકમાંથી બીજામાં જવાનો રસ્તો હોય, તો તે ઉપગૃહને તે ઘરનો આ કલમના અર્થ પ્રમાણેનો ભાગ સમજવો.

દ્રષ્ટાંત.

(અ) ઝ ના ઘરની ભીતમાં એક ખાતર પાડીને તે બાકાં મધે પોતાનો હાથ ઘાલીને અગર અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(બ) અગર કોઇ વહાણનાં બે તુતકોની વચેની એક બારીમાંથી ગુસી ને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ક) અગર એક બારીથી ઝ ના ઘરમાં પેશીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ડ) અગર કોઈ દરવાજો બંધ કરેલો હોય તે ઉઘાડીને ઝ ના ઘરના દરવાજામાંથી ઝ ના ઘરમાં પેસીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ઇ) એક દરવાજા મધે કાણું છે તે કાણા મધે એક તાર ઘાલીને તે દરવાજાની આગળી ઉઘાડી નાખીને અગર તે દરવાજામાંથી ઝ ના ઘરમાં પેશીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ફ) ઝ થી પોતાના ઘરના દરવાજાની કુંચી ખોવાઈ ગઇ છે તે અગર અ ને જડે, અને તે કુંચી વડે દરવાજા ઉઘાડીને ઝ ના ઘરમાં પેશીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ગ) ઝ પોતાના દરવાજામાં ઉભો છે તેને નીચે પાડી નાખીને જબરાઇથી અ રસ્તો કરે, અને ઘરમાં પેશીને ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(હ) ઝ ય નો દરવાન છે. ને ય ના દરવાજામાં ઉભો છે તેને મારવાનો ડર દેખાડીને સામો થતો અટકાવીને અગર અ તે ઘરમાં પેશીને ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

કલમ ૪૪૬ મી

૪૪૬. જે માણસ સુરજનો અસ્ત થયા પછી તથા સુરજનો ઉદય થતાં પહેલાં ઘર ફોડવાનો ગુન્હો કરે, તેણે "રાતે ઘરફોડવાનો ગુન્હો" કર્યો એમ સમજવું. રાતેઘરફોડવું.

કલમ ૪૪૭ મી

૪૪૭. જે માણસ સાપ્રાધ પ્રવેશ કરે, તેને ત્રણ મહિનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. સાપ્રાધપ્રવેશની શિક્ષા.

કલમ ૪૪૮ મી.

૪૪૮. જે માણસ ગ્રહપ્રવેશ કરે, તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. ગ્રહ પ્રવેશની શિક્ષા.

કલમ ૪૫૦ મી.

૪૫૦. જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઈ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણસ ગ્રહપ્રવેશ કરે, તે માણસને દશ વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. જીવતાંસુધીસમુદ્રપારનીશિક્ષાથઇશકેએવોકોઇગુન્હોકરવાસારૂગ્રહપ્રવેશકરવો.

કલમ૪૫૧ મી.

૪૫૧. કેદની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણસ ગ્રહપ્રવેશ કરે તે માણસને બે વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર ચોરીનો ગુન્હો કરવાનો ઇરાદો કર્યો હોય, તો તે કેદની મુદત સાત વરસ સુધીની થઈ શકશે. કેદનીશિક્ષાથઇશકેએવોકોઇગુન્હો કરવા સારૂ ગ્રહપ્રવેશકરવો.

કલમ ૪૫૨ મી.

૪૫૨. કોઈ સખસને વ્યથા કરવાની, અથવા કોઈ સખસની ઉપર હુમલો કરવાની, અથવા કોઇ સખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની અથવા કોઈ સખસને વ્યથા, હુમલો, અથવા ગેરવ્યાજબી અટકાવવાનોભય ઉત્પન્ન કરવાની તઇયારી કરીને જે માણસ ગ્રહપ્રવેશ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે. કોઇ સખસને વ્યથાકરવાની તૈયારીકર્યા પછીગ્રપ્રવેશકરવો.

કલમ ૪૫૩ મી.

૪૫૩. જે માણસ ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, અથવા ઘર ફોડવાનો ગુન્હો કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો,અથવા ઘરફોડવું.

કલમ ૪૫૪ મી.

૪૫૪. કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણસ ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, અથવા ઘર ફોડવાનો ગુન્હો કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર ચોરીનો ગુન્હો કરવાનો ઇરાદો કર્યો હોય તો તે કેદની મુદત દશ વરસ સુધીની થઇ શકે. કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવાને સારૂ ગુપ્ત ગૃહપ્રવેશ કરવો, અથવા ઘરફોડવું.

કલમ ૪૫૫ મી.

૪૫૫. કોઈ સખસને વ્યથા કરવાની, અથવા કોઇ સખસની ઉપર હુમલો કરવાની, અથવા કોઇ સખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની, અથવા કોઇ શખસને વ્યથા, હુમલા, અથવા ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન કરવાની તઇયારી કરીને જે માણુસ ગુપ્ત ગૃહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થસે.

કોઈ સખસને વ્યથા કરવાની તઇયારી કરીને ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો, અથવા ઘરફોડવું.

કલમ ૪૫૬ મી

૪૫૬. જે માણુસ રાતે ગુપ્ત ગૃહપ્રવેશ કરે, અથવા રાતે ઘરફોડવાનો ગુન્હો કરે તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રાતે ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું, તેની શીક્ષા

કલમ ૪૫૭ મી.

૪૫૭. કેદની શિક્ષા થઇ શકતી હોય, એવો કાંઇ ગુન્હો કરવા સારૂ જે માણુસ રાતે ગૃહપ્રવેશ કરે, અથવા રાતે ઘર ફોડવાનો ગુન્હો કરે, તે માણુસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર ચોરીનો ગુન્હો કરવાનો ઇરાદો કર્યો હોય તો તે કેદની મુદત ચૌદ વરસ સુધીની થઇ શકે.

કેદની શિક્ષા થઇ શકતી હોય એવો ગુન્હો કરવા સારૂ રાતે ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

કલમ ૪૫૮ મી.

૪૫૮. કોઇ સખસને વ્યથા કરવાની, અથવા કોઇ શખસની ઉપર હુમલો કરવાની, અથવા કોઈ શખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની, અથવા કોઇ શખસને વ્યથા, હુમલા, અથવા ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન કરવાની, તઇયારી કરીને જે માણુસ રાતે ગુપ્ત ગૃહપ્રવેશ કરે, અથવા રાતે ઘર ફોડવાનો ગુન્હો કરે, તે માણુસને ચઉદ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સખસને વ્યથા કરવાની તૈયારી કરીને શતે ગુપ્ત ગૃહપ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું.

કલમ ૪૫૯—૪૬૦ મી.

કોઇ માણસ ગુપ્ત ગ્રહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતો હોય તેવામાં જો તે કોઇ સખસને મહાવ્યથા કરે, અથવા કોઇ સખસનું મોત આણવાની કે કોઇને મહાવ્યથા કરવાની કોશીશ કરે તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. ગુપ્ત ગ્રહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતાં કોઇને મહાવ્યથાકરવી.

અગર રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરતી વખતે, અથવા રાતે ઘર ફોડવાનો ગુનોહ કરતી વખતે તે ગુનાહનો તકસીરવાર કોઇ સખસ બુદ્ધીપુરવક કોઇનું મોત આણે અથવા કોઇને મહાવ્યથા કરે, અથવા મોત આણવાની કે મહાવ્યથા કરવાની કોશિશ કરે તો જે જે સખસ રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવામાં અથવા રાતે તે ઘર ફોડવાનો ગુનોહ કરવામાં જોડે સામીલ હોય તે હરએક સખસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની, એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે. ઘણાસખસો ઘર ફોડવાવગેરેમાં સામિલ હોય, અને તે ઓમાંનો કોઇ એક મોત અથવા મહાવ્યથા કરે તો તે સઘળા માણસોને આ શિક્ષા થઇ શકે.

માહારાણી કેસરેહીંદ વિ. ઇસમાઇલખાં તથા બીજાઓ.

૪૫૯–૪૬૦.
૧
તા. ૯–૮–૮૬
ઈં.૮ મ. પા. ૬૪૮
ગ્રહપ્રવેશ અથવા ઘર ફોડવામાં કોઈ સક્ષને મહાવ્યથા કરવી, અથવા તેનું ખુન કરવું, અથવા તે કરવાની કોશીશ કરવી એ બે પ્રથક પ્રથક ગુન્હા નહીં ગણતાં આ કલમો પ્રમાણે એકજ ગુન્હો ગણવો જોઇએ.

कलम ४१९ तथा ४६० मी कलममां संयुक्त गुन्हानो समावेश कर्यो छे. अने ते संयुक्त गुन्हो गृहप्रवेश अथवा घर फोडवानो छे. अने जे सक्ष महाव्यथा करीने, अथवा मोत आणवाने, अथवा महाव्यथानी कोशीश करीने, ते गुन्हा भेगो सामेल रहेलो हशे, तेने आ कलमो प्रमाणे जवाबदार गणवा सारु, सदरहु बंने गुन्हा संपुर्ण थवा जोइए. एवी ए बंने कलमोमां मुख्य बाबत छे. ए कलमोनो अक्षरे अक्षरे अर्थ करवो जोइए. अने तहोमतवाळाना करेला मुख्य कृत्यथी, गुप्त गृहप्रवेश अथवा घर फोडवाना गुन्हानी कोशीश उपरांत वधु थतुं न होय, तो, आ ठेकाणे ते कलमो लागु पडती नथी.

મીરનના સેસન જડજે ૮–૬–૮૬ ના રોજ અપેલેન્ટ ઈસમાઇલખાંને, પીનલકોડની કલમ ૪૫૯ તથા ૫૧૧ મી માંહેલા ગુન્હાનો, તથા બીજા બે અપેલેંન્ટને, તેજ કાયદાની કલમ ૪૬૦મી તથા ૫૧૧ મી માંહેલા ગુન્હાના અપરાધી ઠરાવવાનો હુકમ કર્યો હતો. તે ઉપર આ અપીલ છે.

આ મુકરદમાની કેફીયત કોરટના ઠરાવમાં આપેલી છે.
અપેલેન્ટો તરફથી કોઇ વકીલ હાજર હતો નહીં.
સરકાર તરફથી રામપ્રસાદ હાજર હતો.
ચિફ જસ્ટીસરેટનો ઠરાવ.

અપેલેન્ટો વીરૂદ્ધ આ કામમાં પુરાવો એવો છે કે, ગયા એપ્રીલની તારીખ ૧૩ મીને રોજ, સવારમાં એટલે પરોઢીએ તેઓ ફરીઆદીના ઘરની ભીંતમાં કાણું પાડતા હતા, એટલામાં એક ચોકીદારે તેમને હરકત કરી. આ પ્રમાણે હરકત થઇ કે લાગલાજ તેઓએ નાશી જવાની કોશીશ કરી અને અપેલેન્ટ ઈસમાઇલખાંએ, એક પીસતોલ ફોડી પણ તે કેવી રીતે, અને કયી દીશાએ ફોડી, તે પુરાવા ઉપરથી જણાતું નથી. અને બીજા બે અપેલેન્ટોએ, પોતાની લાકડીઓનો ઉપયોગ કરી ન પકડવાની કોશીશ કરી. આ બે છેલા અપેલેન્ટોએ પોલીસના સીપાઇઓને કાંઇ ભારે વ્યથા કરી હતી, એવું કહેવામાં આવ્યું નથી. અને મુકરદમાનો આ ભાગ બહુ ઉપયોગી હોવાનું હું ધારતો નથી. વીદ્વાન સેસન જડજે અપેલેંન્ટ ઇસમાઈલખાંને પીનલકોડની કલમ ૪૫૯ માં સમાસ કરેલા ગુન્હાની કોશીશ કર્યાનો અપરાધી ઠરાવ્યો. તથા બીજા બે અપેલેંન્ટો ને, તેજ કાયદાની કલમ ૪૬૦ મી માંહેલા ગુન્હાની કોશીશ કરવાના અપરાધી ઠરાવ્યા. મારો સાફ એવી રીતનો અભીપ્રાય છે કે, આ ઠરાવમાંથી એકે ઠરાવ ટકી શકતો નથી. ૪૫૯ મી તથા ૪૬૦ મી કલમમાં સંયુક્ત ગુન્હાનો સમાવેશ કર્યો છે. અને તે સંયુક્ત ગુન્હો ગુપ્ત ગૃહપ્રવેશ, અથવા ઘર ફોડવાનો છે. અને જે સખસ મહાવ્યથા કરી ને, અથવા મોત આણવાને,અથવા મહાવ્યથા કરવાની કોશીશ કરીને, તે ગુન્હા ભેગો સામેલ રહે છે, તેને આ બંને કલમો પ્રમાણે જવાબદાર ગણુવા સારૂ, સદરહુ બંને ગુન્હા સંપુર્ણ થવા જોઇએ. એટલી એ બંને કલમોમાં મુખ્ય બાબત છે. બીજા શબ્દોમાં કહીએ તો, ગુપ્ત ગ્રહ પ્રવેશનો અથવા ઘર ફોડવાનો ગુન્હો કેવા ટાંણે, તથા જ્યારે ગુપ્ત ગૃહ પ્રવેશ, અથવા ઘરફોડ થતાં હોય, ત્યારે મહાવ્યથા અથવા મોત આણવાની, કીંવા મહાવ્યથા કરવાની કોશીશ થવી જોઇએ. આ કલમમાં સમાવેલી બાબત અતીશય સાસનીક છે. અને તેના ગુન્હેગારોને ઘણીજ ભારે સજા ફરમાવેલી છે. માટે જરૂરનું છે કે, તે કલમોનો અરથ બહુ અક્ષરે કરવાનો છે. અને તહોમતવાળાના કરેલા મુખ્ય કૃત્યથી, ગુપ્ત ગૃહપ્રવેશના અથવા ઘર ફોડવાના ગુન્હાની કોશીશ ઉપરાંત કાંઇ વધુ થતું નહોયતો. મારા અભીપ્રાય પ્રમાણે તે કલમ લાગુ પાડવાનું ધાર્યું નથી. સેસન જડજે જે ઠરાવ કર્યો છે, તે રદ કરવામાં આવે છે. અને હું હુકમ કરૂં છું કે, સદરહુ ઠરાવો ઈ. પી. કો. ની ૪૫૨ મી તથા ૫૧૧ મી કલમ પ્રમાણે, રાતે ઘરફોડી ચોરીની કોશીશ કર્યાના ગુન્હાના કરવા જોઇએ. ઈસમાઈલખાંને સજા કરી છે, તે બદલાવીને સાત વરસ સુધીની સમુદ્રપારની સજા કરવામાં આવી છે. અને બીજા બેને પાંચ વરસની સજા કરવાનો ઠરાવ કરવામાં આવે છે. આ બધી સજાના ઠરાવનો અમલ સેસન કોરટના ફેંસલાની તારીખથી કરવો.

કલમ ૪૬૧ મી.

૪૬૧. જે નીધાન મધે કાંઇ મીલકત રહેલી હોય અથવા જે મધે કાંઈ મીલકત રહેલી છે એમ પોતે માનતો હોય એવાં કોઇ બંધ કરેલાં નીધાનને જે માણુસ બદદાનતથી, અથવા બીગાડ કરવાના ઇરાદાથી, ફોડીને ઉઘાડે અથવા તેના બંધ છોડે, તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કાંઇ બંધ કરેલાં નીધાનમાં કાંઇ મિલકત હોય, અથવા કાંઈ મીલકત છે એમ ધરાયું હોય તે નીધાનને બદદાનતથી ફોડીને ઉઘાડવું.

કલમ ૪૬૨ મી.

૪૬૨. જે નીધાન મધે કાંઇ મીલકત રહેલી હોય, અથવા જે મધે કાંઇ મીલકત રહેલી છે એમ પોતે માનતો હોય, એવું બંધ કરેલું કાંઇ નીધાન કોઇ માણુસને સોંપ્યું હોય, અને તે માણુસને તે ઉઘાડવાનો અખત્યાર નહી છતાં અગર તે માણુસ બદદાનતથી, અથવા બીગાડ કરવાના ઇરાદાથી, તે નીધાનને ફોડીને ઉઘાડે, અથવા તેના બંધ છોડે, તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

તેજ ગુન્હો જ્યારે તે નીધાન જેને સોંપ્યું હોયતે માણુસ કરે ત્યારે તેની શિક્ષા.

કલમ ૪૬૩—૬૪ મી.

જો કોઇ માણસ કાંઇ લેખ અથવા લેખનો કાંઇ ભાગ ખોટો બનાવે, એવા ઇરાદાથી કે, લોકને કોઇ સખસને કાંઇ હાની કે નુકશાન કરવું, અથવા કાંઇ દાવાને કે હકને મજબુતી આપવી; અથવા કોઇ સખસ પાસે કાંઇ મિલકત છોડાવવી, અથવા તેની પાસે કાંઇ સાફ કે અરથાંત સમજાય, એવો કરાર કરાવવો અથવા એવા ખોટા ઇરાદાથી કે દગો કરવો, અથવા દગો કરવામાં આવે, તો તે માણસે ખોટો લેખ બનાવવાનો ગુનોહ કર્યો એમ સમજવું. ખોટો લેખ બનાવવાનોગુન્હો.

જે માણસ નીચે લખ્યા પ્રમાણે કરે, તેણે ખોટો લેખ બનાવ્યો એમ સમજવું. લેખખોટોબનાવવોએટલેશું?

પહેલું—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી કાંઇ લેખ અથવા લેખનો ભાગ બનાવે, તે ઉપર સહી કરે, મોહોર કરે, અથવા તે લખી આપે, અથવા કોઇ લેખ લખી આપ્યો છે એવું બનાવવાની કાંઇ નીશાણી કરે, એવા ઇરાદાથી કે જે સખસે અથવા જેના અખતિયારથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો નથી, અથવા તે પર સહી કે મોહોર થઇ નથી, અથવા તે લખી આપ્યો નથી, એવું તે માણસ પોતે જાણતો હોય તે સખસે અથવા તેના અખતિયારથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો છે, અથવા તે પર સહી કે મોહોર થઇ છે, અથવા તે લખી આપ્યો છે, એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો, અથવા જે વખતે બન્યો નથી તે પર સહી કે મોહોર થઇ નથી, અથવા તે લખી આપ્યો નથી, એવું તે માણસ જાણતો હોય, તે એવે વખતે તે બન્યો છે, તે પર સહી કે મોહોર થઇ છે, અથવા તે લખી આપ્યો છે, એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો; અથવા:—

બીજું—જે માણસ કાંઇ લેખ પોતે ખુદ કે બીજા કોઇ સખસે કર્યા અથવા લખી આપ્યા પછી, ચેહેરીને અથવા બીજી રીતે કાંઇ જરૂરના ભાગમાં લેખને તે કાયદેસર અખતિયાર સિવાય, બદદાનતથી અથવા દગલબાજીથી ફેરવે, પછી તે ફેરવતી વખતે તે બીજો સખસ હયાત હોય કે મરીગયો હોય તોપણ; અથવા:—

ત્રીજું—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી, કોઇ સખસ પાસે કાંઇ લેખ પર સહી કે મોહોર કરાવે, અથવા કાંઇ લેખ તે સખસ લખી આપે એમ કરે, અથવા તેની પાસે કાંઇ લેખને ફેરવાવે, એવું જાણ્યા છતાં કે, તે લેખમાં શું લખ્યું છે, અથવા હું શો ફેરફાર કરૂ છું એ વાત તે સખસને દીવાનગી અથવા કેફના સબબથી જાણવાને શકતીમાન નથી, અથવા તેને ફેબ દીધો છે તે સબબથી તે વાત તે સખસ જાણતો નથી.

દ્રષ્ટાંત.

(અ) અ ની પાસે ઝ નો લખેલો બ ની ઉપરનો ૧૦૦૦૦ રૂપીયાનો એક ભલામણનો કાગળ છે, હવે બને દગો દેવા સારૂ અગર અ તે ૧૦૦૦૦ પર એક મીંડું વધારીને તે રકમને ૧૦૦૦૦૦ કરે એવા ઇરાદાથી કે તે કાગળ ઝ એ તેટલી રકમનો લખ્યો છે એમ બ માને તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કર્યો એમ સમજવું.

(બ) કાંઇ સ્થાવર મિલકત ઝ એ અ ને લખી આપી હોય એવી મતલબના એક ખત પર, ઝ ના અખતિયાર સિવાય અ ઝ ની મોહોર કરે, એવા ઇરાદાથી કે તે મિલકત બ ને વેચીને તેની કીમતના રૂપીઆ બ પાસેથી લેવા, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) એક ચેકપર બની સહી છે, અને તે ચેક જે લઇ આવે તેને તે નાણાં મળે એવી તરેહનો છે પણ તે મધે કાંઇ રકમ ભરેલી નથી, તે ચેક લઇને અ દગલબાજીથી તે મધ્યે દશહજાર રૂપીઆની રકમ ભરે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ડ) અ પોતાના માણસ બને એક સરાફ ઉપર ચેક લખી ને તે પર સહી કરીને આપે પણ તેમાં આપવાની કાંઇ રકમ લખે નહીં; અને બને એવો અખતીયાર આપે કે ફલાણા ફલાણા લોકોના રૂપીઆ આપવા છે માટે દસહજાર રૂપીઆ સુધીની રકમ તું એ ચેકમાં ભરજે પછી બ દગલબાજીથી તે ચેકમાં વીશ હજાર રૂપીયાની રકમ ભરે, તો બએ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ઇ) બના અખતીયાર શીવાય અ બના નામથી પોતાની ઉપર એક હુંડી લખે, એવા ઇરાદાથી કે તે હુંડીને ખરી હુંડી દાખલ કોઇ સરાફને ત્યાં વટાવીને, તથા તે હુંડી પાકેથી તે સરાફ પાસેથી તે લઇને તેનાં નાણાં આપવાં, તો એ ઠેકાણે બની જામીની છે એવો પોતાના મનમાં વીચાર ઉત્પન્ન થઇને તે સરાફ તે હુંડીના નાણા આપે એ રીતે તેને છેતરવા સારૂ અ એ તે હુંડી લખી માટે, અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ફ) ઝ ના વીલમાં આ શબ્દો લખેલા છે—"હું ફરમાવું છું કે મારી સઘળી બાકી રહેલી મીલકત અ, બ, અને ક એઓની વચ્ચે સરખે હીસ્સે વેહેચાય" અ બદદાનતથી તે મધ્યેથી બનુ નામ છીલી

નાખે, એવા ઇરાદાથી કે તેથી એમ માનવામાં આવે કે સઘળી મીલકત અ ને તથા ક ને માટે જ લખ્યો ગયો છે, તો અ એ ખોટો લેખ બનાવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ગ) "જ ને અથવા તે ફરમાવે તેને આપજો" એ પ્રમાણે એક સરકારી પ્રામીશીરી નોટની પાછળ શેરો કરીને તે શેરાપર સહી કરીને તેના નાણા જ ને અથવા જ ફરમાવે તેને મળે એવું અ કરે, પછી "જ ને અથવા તે ફરમાવે તેને આપજો" એ શબ્દો બબદદાનતથી છીલી નાખે અને એ પ્રમાણે તે ખાસ શેરાનો ખાલી શેરો કરે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ઘ) અ એક સ્થાવર મીલકત જ ને વેચી ને તેનું ખત કરી આપે પછી જ ને ઠગો કઇને તેની પાસેથી તે મીલકત જાય એવું કરવા સારૂ તેજ મીલકતનું અ એક ખત બ ને લખી આપે, અને તે ખત ઉપર જ ને ફરી આપેલા ખતની તારીખથી છ મહીનાની પહેલાંની તારીખ લખે એવા ઇરાદાથી કે તે મીલકતનું ખત જ ને કરી આપ્યા પહેલાં તેણે તે મીલકતનું ખત બ ને કરી આપ્યું છે એમ માનવામાં આવે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ચ) જ બોલેબોલ બોલી તે પોતાનું વીલ અ પાસે લખાવે તેમાં વશીયત આપવાને જેનું નામ લખવાનું જ એ કહ્યું હોય તેનું નામ નહી લખતાં અ ઇરાદાથી એક બીજા સખસનું નામ લખે, અને તમારા કહ્યા મુજબ આ વીલ લખ્યું છે એમ અ જ ને સમજાવીને તે વીલ પર જ ની સહી કરાવે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(છ) અ એક કાગળ લખીને બ ના અખત્યાર શિવાય તે પર બ ના નામની સહી કરે, અને તેમાં એમ લખે કે અ સારી આબરૂનો માણસ છે અને નહી ધારેલી કમનશીબીથી માઠી હાલતમાં આવી પડેલો છે, અને તેનો ઇરાદો એવો હોય કે તે કાગળ બતાવીને જ પાસે તથા બીજા સખસો પાસે ભીખ મેળવવી, તો એ ઠેકાણે જ ને પોતાની મીલકત છોડવાને લલચાવવાને સારૂ અ એ લેખ ખોટો બનાવ્યો માટે અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(જ) બ ના અખત્યાર શીવાય અ એક કાગળ લખીને તે પર બના નામની સહી કરે, અને તે કાગળ મધ્યે એમ લખે કે અની આબરૂ સારી છે, અને તેનો ઇરાદો એવો હોય કે તે કાગળ બતાવી

ને ઝના હાથ તળે કાંઇ નોકરી મેળવવી, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું, કેમકે તે બનાવટના સરટીફીકેટથી ઝને છેતરીને ઝની પાસે નોકરી બાબતનો કાંઇ સાફ કે અર્થાત સમજાય તેવો કરાર કરવાનો અ નો ઇરાદો છે.

ખુલાસો ૧ લો.—કોઇ માણસ પોતાના નામની સહી કરે, તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુનોહ થઇ શકે છે.

દ્રષ્ટાંત.

(અ) એક હુંડીપર અ પોતાના નામની સહી કરે, એવા ઇરાદાથી કે તેજ નામના એક બીજા સખસે તે હુંડી લખી છે એમ માનવામાં આવે, તો અ એ ખોટો લેખબનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(બ) એક કાગળના કકડાપર "સીકારી"એટલે શબ્દ લખીને તે પર અ-ઝ ના નામની સહી કરે એટલા સારૂ કે પછી તે કાગળપર ઝ ની ઉપરની એક હુંડી બ લખે, અને તે હુંડી જાણે ઝ એ સિકારી હોય એ રીતે બજારમાં ચલાવે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું અને અગર તે હકીકત જાણીને અ ના ઇરાદા મુજબ બ તે કાગળપર હુંડી લખે, તો બએ પણ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ક) અ નાજ નામનો કોઇ બીજો સખસ ફરમાવે તે ધણીને નાણાં આપવા એવી એક હુડી અને જડે, અને તેની પાછળ અ પોતાનાજ નામનો શેરો કરે, એવા ઇરાદાથી કે જે સખસ ફરમાવે તે ધણીને નાણાં આપવાની એ હુંડી છે તેજ સખસે એ શેરો કરયો છે એમ માનવામાં આવે, તો એ ઠેકાણે અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ડ) બની ઉપર એક હુકમ નામું થએલું બજે, તેમાં એક સ્થાવર મિલકત વેચાય તે અ ખરીદ કરે, હવે તે મિલકત જપત થયા પછી બ ઝ નો સાથે મળી જઇને કાંઇ જીજ ભાડે તે મિલકતનું લાંબી મુદતનું એક ભાડા નામુ ઝ ને લખી આપે, અને તે ભાડાનામામાં તે જપતીની તારીખથી છ મહીના આગળની તારીખ ભરે, એવા ઇરાદાથી કે અ ને દગો કરવો, તથા જપતી થતાં પહેલાં તે ભાડા નામું લખી આપ્યું છે એમ માનવામાં આવે તો, અગર બ એ તે ભાડા નામાપર પોતાના નામની સહી કરી છે તો પણ, તેણે આગળની તારીખ, તેથી તેણે ખોટો લેખબનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ઇ) દેવાળુ કહાડવાનો આગળથી વિચાર કરીને અ વેપારી પોતાના ફાયદાને સારૂ તથા પોતાના માગનારાઓને દગો દેવાના ઇરાદાથી કાંઇ મિલકત બ ની પાસે રાખે; અને તે કામ બાહારથી વ્યાજબી જણાય એટલા સારૂ તે બ ને એક ચીઠી લખી આપે કે તમારી પાસે અવેજ લીધો છે તે બાબતની માહારે તેમને આટલી રકમ દેવી અને તે ચીઠીપર આગળની તારીખ નાખે, એવા ઇરાદાથી કે અ દેવાળુ કહાડવાની તૈયારીમાં હતો ત્યાર પેહેલાં એ ચીઠી તેણે લખી છે એમ માનવામાં આવે તો, અ એ ઉપર લખેલા લક્ષણના પેહેલા પ્રકાર પ્રમાણે ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

ખુલાસોરજો— કોઇ માણસ કોઇ ખોટા શખસના નામથી કાંઇ ખોટો લેખ કરે, એવા ઇરાદાથી કે તે લેખ કોઇ ખરા શખસે કરેલો છે એવું માનવામાં આવે, અથવા, કોઇ મુવેલા શખસના નામથી કરે, એવા ઇરાદાથી કે તે શખસે પોતાની હયાતીમાં તે લેખ કર્યો છે એવું માનવામાં આવે તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુનોહ થઇ શકેછે.

દ્રષ્ટાંત.

(અ) એક ખોટા શખસની ઉપર એક હુંડી લખે, અને તે ચલાવવના ઇરાદાથી તે ખોટા શખસને નામે તે હુંડી દગલબાજીથી શિકારે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

કેસરે હીંદ. વિ. શંકર.

ક.૪૬૩-૬૪

૧

તા. ૧૯-૭-૮૦ ઈ. ૪ મું.પા૬૫ળી

પાછલા કામની કપટ વીનાની ગફલત ઢાંકવા સારૂ પછડેથી કાંઇ લેખ કરવો પડે તો તે ખોટો લેખ બનાવ્યો કહેવાતો નથી.

जो पोताना पेस्तर कामनी गफलत कपटवाळी न होय, तो ते ढांकवा सारू दफतरना कागळो खोटा बनाववा, ए हीं. पी. को. नी कलम ४६३ तथा ४६४ ना अर्थ प्रमाणे खोटो लेख बनाव्यो. एम केहवाय नहीं.

ઉત્તર કાનડાના સેસન જડજે ખોટા લેખ બનાવ્યાનો અપરાધી ઠરાવી, તહોમતવાળાને અઢાર માસની સખત કેદ ભોગવવા, તથા દંડના રૂપૈયા ૨૦૦ આપવા, ને દંડ ન આપેતો બીજા ૬ માસ વધારે કેદ ભોગવવાની સજા કરેલી હતી.

મુકરદમાની હકીકત આ ફેંસલાને માટે જેટલી જરૂરની છે તે નીચે મુજબછે.

ઉત્તર કાનડા જીલ્લાના સીદાપુર તાલુકામાં, તહોમતવાળો શંકર એક કામ ચલાઉ જંગલનો રખેપીઓ હતો. તેને જે કામો કરવાં પડતાં, તેમાં એક એવું કામ હતુંકે, સરકારી જંગલના સરપણ વેચવાં અને ખરીદદારોને કેટલા સરપણ કેટલી કીંમતે વેચાતાં આપ્યાં તેની પાવતીઓ આપવી.

આ કામગીરી દરમીઆનમાં તહોમત વાળાએ સને ૧૮૭૯ના ફેબ્રુઆરીની ૭મી તારીખે રામૈયા નામના સક્ષને જંગલમાં ઉભેલું એક ઝાડ હતું તેનો કાઠ લીલામથી વેચાણ આપ્યો; અને તેની સાથે નીચેની લખાવટ વાળી પાવતી સદરહુ સક્ષે આપી.

રામૈયા બીન પરમૈયાએ, શીશમનું લાકડું ખાંડી ૦—૧—૩—૮ એક થોકે રૂપૈયા ૨ાા માં લીલામથી ખરીદ કરેલુંછે. આ વેચાણ જંગલના આસીટંટ કંસરવેટર ઓફ ફોરેસ્ટ મીસ્તર સ્ટોખી સાહેબે મંજુર કરેલુંછે, અને એ લાકડું મજકુર રામૈયાને હવાલે કરેલુંછે.

ત્યારપછી સપ્ટેંબરની ૧૯મી તારીખે, સીદાપુરના મામલેલદાર સાહેબને કાંઈક ખબર મળતાં તે રામૈયાને ગામ ગયા. અને તેને જેટલું લાકડું આપ્યું હતું, અને જેટલું લાકડું તેના કબજામાં આવ્યું તેટલા લાકડાનો તેણે અંદાજ કર્યો. અને તેથી તેને એમ શક આવ્યોકે, પાવતીમાં જેટલું લાકડું લખેલુંછે તેના કરતાં વધારે લાકડું અપાયુંછે. અને તેથી રામૈયા પાસેથી પાવતી લઇ લીધી. અને વળતે રોજ જે મામલતદારને બદલે તે કામ કરતો હતો, તે મામલતદારને ચાર્જ આપવા ટાંણે સોંપી થોડો વખત વીત્યાબાદ એ મામલદારે પોતાની ઓફીસમાં રાખવામાં આવતી, તે જંગલની ડાયરી તપાશીતો તેને માલમ પડયુંકે, સને ૧૮૭૯ના ફેબ્રુઆરીની ૭મી તારીખના રોજમાં એટલે જે દહાડે વેચાણ થયું હતું, તે રોજમાં ૦-૧-૩-૯ એ આંકડાઓનો ફેરફાર કરી તેને બદલે ૨-૧-૩-૯ના આંકડા કરવામાં આવ્યાછે.

તહોમતવાળા ઉપર આ ફેરફાર કર્યનો આરોપમુકી તેને ખોટા દસ્તાવેજ બનાવ્યાનો હિંદુસ્તાનના પીનલકોડની કલમ ૪૬૪ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યો.

રામૈયાના ગામમાં કામ ચલાઉ મામલતદાર સાહેબ આવી ગયા કે લાગલાજ તેણે તહોમતદારને તેડાવ્યો. અને તેણે હકીકતનો ખુલાસો માગ્યો. તે ઉપરથી બંધવે કહ્યુંકે, પાવતીના આંકડામાં વખતે ભુલ થઇ હશે. વળી તે રવીવારને દહાડે મામલતદારની કચેરીમાં ગયો અને વામનરાય કરીને કારકુન હતો તેના દેખતાં બીજા કારકુન કક્ષરાઓ પાસેથી જંગલની ડાયરી પોતા પાસે લીધી અને તેમાંથી તકરારી વેચાણની હકીકતની નકલ કરી લીધી, અને તે નકલ કામ ચલાઉ મામલતદારને રજુ કરી. એ રજુ કરેલી નકલમાંથી માલમ પડયુંકે, કાઠ ખાંડી. ૨-૧-૩-૯ રૂપૈયા ૨ાા કીમતે વેચાણ હતો. આટલી બાબતો પુરાવા ઉપરથી નીકળીછે. વળી સેસન જડજે પુરાવાથી એમ ઠરાવ્યુંકે, જે જાવક તથા આવકની ચોપડીઓ બંધવાને હાથ આવી હતી, તેમાં પણ બદલાવેલી હકીકતો હતી. અને વેચાણ સંબંધના કાગળો પોતાના ઉપરીને મોકલ્યા હતા. અને જો તેના હાથમાં આવે તેવા ન હતા. તેમાં ઉપરીને લખી મોકલેલા અસલ કાગળમાં મુળ રકમ "૦—૧—૩—૯" હતી.

એ બધા પુરાવા ઉપરથી તથા ઉપર કહેલી બીના ઉપર, અને તહોમતવાળાએ કમીટીંગ માજીસ્ટ્રેટ તથા સેસન જડજ પાસે જુબાની આપીછે, તે ઉપર ખાસ લક્ષ રાખીને સેસન જડજે તેને ખોટો લેખ બનાવ્યાનો ગુન્હેગાર ઠરાવ્યો.

બંધવાએ હાઈકોરટમાં અપીલ કરી. અપેલેંટ તરફથી શાંતારામ નારાયણ.

બંધવે રામૈયાને વેચાણ કર્યું, તે કપટ ભરેલો વહીવટછે, એમ દેખાડવાને પુરાવો થયો નથી. તેમાં કોઈ પ્રકારનું અનીયમીત પણું થયું નથી. તથા બંધવાને કે રામૈયાને અયોગ્ય લાભ થવાનો કીંવા સરકારને ખોટી રીતે નુકશાન થયાનો કાંઈ પુરાવો દેખાતો નથી મીંડાને બદલે બંધવે બગડો કર્યો, એવો પુરાવોતો બીલકુલ પડયોજ નથી. અને કદાપી દલીલને ખાતર માનીએકે બંધવાએ ફેરફાર કર્યોછે, તોપણ તેણે ખોટો લેખ કર્યો નથી. હિંદુસ્તાનના પેનલકોડની કલમ ૪૬૩માં ખોટો લેખ બનાવ્યાની વ્યાખ્યા મુકીછે.

આ કામમાં કહેવામાં આવતો ફેરફાર બંધ કર્યો, તે આ કલમમાં નોંધેલા કોઇ મતલબસર કર્યો નથી. બંધવે ફેરફાર કર્યો તે વખતે તેનો કોઇને નુકશાન અથવા કાંઈ કપટ કરવાનો ઈરાદો નહોતો. જો કાંઇ કપટ હોયતો તે થઇ ચુક્યું હતું. અને બહુ કરીએ ત્યારે બંધવે ગત કપટ ઢાંકવાના ઈરાદા શીવાય કાંઇ વધુ કર્યું નથી. કાંઈ કપટ હતું એવી અમે ના પાડીએ છૈએ. કમીટીંગ માજીસ્ટ્રેટે વેચાણમાં કાંઇ કપટ થયુંછે એમ જણાવ્યું નથી. અને સ્ટોબી સાહેબને એમ જણાવ્યુંછેકે, રામૈયો જ્યારે કાઠ ઉપાડી ગયો ત્યારે તે ફરી માપી દીધું નથી. એટલીજ કસુરનો બંધવો તકસીરવાંન છે

સરકાર તરફથી સરકારી વકીલ ન્હાનાભાઇ હરીદાસ.

રામૈયાને આપેલી પાવતીમાં વેચાણ કાઠનો જે આંકડોછે, તેના કરતાં વધારે વેચ્યું એ વાતમાંતો કાંઈ સંદેહ નથી. સેસન જડજને જણાયું છેકે, તે બે ખાંડી કરતાં વધુ હતું. એમ છેતો રામૈયાને લાભ થયોછે અને સરકારને ખોટી રીતે નુકશાન થયુંછે. બંધવાની વર્તણુંક એવી છેકે, આ કપટ ભરેલા વહીવટમાં તેણે ભાગ લીધેલોછે. કામ ચલાઉ મામલતદારે ખુલાસો કરવાનું કહ્યું ત્યારે બંધવે પાવતીના આંકડામાં ભુલ થયાનું સુચવ્યુંછે. અને જંગલની ડાયરીમાં ફેરવેલો આંકડોછે એ વાત કબુલ થઈછે, એ ચોપડી તેને હાથ પડી હતી. એવો પુરાવો પડયોછે. તો સાવ સ્વભાવીક છેકે, ફેરફાર કરવામાં જે તેનું હીત હતું તે તેણે એ ફેરફાર કરેલો હોવો જોઇએ. જો વેચાણ કપટ ભરેલું નથી, તો હું કબુલ કરૂંછુંકે, એ ફેરફાર ખોટો લેખ નથી. પણ એ વેચાણ કપટ ભરેલું નથી, એવો શક રાખવાનું કાંઈ કારણ નથી.

કોર્ટનો ઠરાવ જડજ કેંબોલ સાહેબે આપ્યો.

જીલ્લાની જંગલ ખાતાની રોજની સીમા મીંડુ છેકીને તેમાંથી બગડો બંધવે કપટથી કાયદેસર અખ્તીયાર વગર કર્યોછે. એથી તેણે ખોટો લેખ કર્યો. એનો સેસન જડજે તથા આસેસરોએ અપરાધી ઠરાવ્યોછે. ફેરફાર થયોછે એમાંતો કાંઇ શક નથી. પણ કહેવામાં આવ્યુંછે તે પ્રમાણે તે અપેલેંટે કર્યો એવો વધારે પુરાવો નથી. કમીટીંગ માજીસ્ટ્રેટ પાસે તથા સેસન જડજ પાસે જે જુબાની આપીછે, તે ઉપરથી તથા હકીકતની સંભવંતા ઉપરથી તેનો અપરાધ મુખ્ય કરીને સંકલ્પવામાં આવ્યોછે. જડજ તથા આસેસરોએ એ

જુબાનીએ અપેલેંટના અપરાધનો મજબુત પુરાવોછે અને પોતાના અભીપ્રાયમાં એ બને બાજુની નકલો ઉતારીછે. ગુજરેલી બીનામાં અમારી નજર પહોંચેછે તે ઉપરથી એ જુબાનીલઇને જે નીર્ણય કર્યોછે તેને મળતા આવવા અમે અશક્ય છૈએ. અને વધારે જણાવવાનું દુરસ્ત માનીએ છૈએકે, સેસન કોર્ટમાં જે રીતે તપાસણી થઇછે તે અમે મંજુર કરી શકતા નથી.

લીલામથી વેચાણ થયું છે, તેમાં કાંઈ કપટ થયું છે કે નહીં? તે સવાલ તરફ આખો મુકરદમો વળે છે, એમ અમારા જોવામાં આવે છે. તે એકલો નાશ પામે છે એટલુંજ નહીં પણ નાનાભાઇએ તકરારમાં કબુલ કર્યું છે કે, જો વેચાણ કપટમાંથી મોકળું હોય તો, ચોપડીઓમાં અપેલેંટે ફેરફાર કર્યો કહેવામાં આવે છે તે ફેરફાર હિંદુસ્તાનના પીનલકોડની ૪૬૩ તથા ૪૬૪ મી કલમના અર્થ પ્રમાણે ખોટો લેખ નથી. તો તે પણ આધારનો નાશ થાય છે. હવે કપટની બાબતમાં આ મુકરદમાની સંપુરણ રીતે તકરાર ચાલીછે. અને જે નીરણય જડજે કર્યો, તેવા નીરણય ટેકાવી રાખવા કોઇ પુરાવો અમને મળી શકતો નથી. જાહેર લીલામથી વેચાણ થયું. ખરીદદાર રામૈયાને લાભ આપવા અથવા સરકારને નુકશાન કરવામાં અપેલેંટનો કાંઇ હેતુ હતો. એ સુચવનારો કે દેખાડનારો પુરાવો બીલકુલ પડયો નથી. કમીટીંગ માજીસ્ત્રેટનો મત હતો કે વેચાણ કપટ ભાવે થયું નથી. લેકીન આટલી કીંમત કેમ ઓછી આવી તેનો ખુલાસો આપવો પડે તેટલા સારૂ લાકડાનું વજન ઓછું લખ્યું હતું. એવો તેનો અભીપ્રાય હશે. એમ અમારા જોવામાં આવેછે. વેચાણના પ્રસંગનો પુરાવો બહુ ચોખો નથી. અને અમે ધારીએ છીએ કે, અપેલેંટે જાણી જોઇને એ બાબતમાં ખોટો રીપોર્ટ કર્યો એવો પુરાવો થયો નથી. અને તેના ઉપરી સ્ટોબી સાહેબે જે મત બાંધ્યો છે, તેના તરફ અમારૂ વલણ થાય છે કે, લાકડું આપતી વખતે માપ્યું હોત, અને તે ઉપરથી ખબર પડત કે, જેટલું વેચ્યું છે તેટલુંજ છે કે, કાંઇ વધુ ઘટુ, અને એ પ્રમાણે કરવાની કસુરી એ એનો ગુન્હો છે. રીપોર્ટમાં જેટલું લખ્યું તેના કરતાં વધુ લાકડું રામૈયાના કબજામાં આવ્યું, એમ કદાપી હોય, પરંતુ જડજને તે બે ખાંડી કરતાં નીઃસંદેહ વધુ માલુમ પડયું છે. એવું અમને જણાતું નથી. ગમે તેમ હોય તોપણ આટલું તો ચોખું છે કે, વેચાણ માંહેલું ઝાડ હતું, તેનો ઘણો ભાગ નકામો હતો, અને કમીટીંગ માજીસ્ત્રેટનો અભીપ્રાય હતો કે, જંગલમાં જ્યાં ઝાડ હતું, તે ઠેકાણે તેની વાજબી કીંમત અપાઇ છે, એમ તેના ખરાપણામાં કાંઇ શક લેવાનું કારણ દેખાતું નથી.

કામ ચલાઉ મામલતદારે તપાસ કરવા માંડયો એટલે, અલબતે અપેલેંટે મુરખાઈ કરેલી છે. અને તેથી તેના ઉપર કેટલોક શક રાખવા જેવું છે. તોપણ તેને એ ફેરફાર કરવાનુ કાંઇ હીત હોત તો જેવી આચતુરાઈથી એ ફેરફાર કર્યો છે, તે ભાગ્યેજ કરત, એ દલીલમાં કાંઇક અધીકતા છે. બધી રીતે જોતાં અમારો મત એવો છે કે, જંગલખાતાની વહીમાં અપેલેટે ફેરફાર કર્યો એવો નીર્ણય કરવા સારૂ પુરાવો બસ નથી. અને જ્યારે એમ નથી ત્યારે તેનું કૃત્ય ખોટો લેખ બનાવ્યાનું ઠરતું નથી. આટલા માટે ગુન્હાનો તથા સજાનો ઠરાવ રદ કરી અપેલેંટને છોડી મુકવાનો તથા દંડ વસુલ કર્યો હોય તો તે પાછો આપવાનો હુકમ કરીએ છીએ.

કેસરેહીંદ વિ. રયાસતઅલી.

क. ४६३-६४

२

તા. ૩-૬-૮૧
ઈ. ૭ મ. પા. ૩૫૨

કોઈ કૃત્ય સં- પુરણ થાત તો તે- થી ગુન્હો થયો કે- હેવાત અને તે કૃ- ત્યની કોશીશ પણ ત્યારેજ ગુન્હો ભ રેલી થઇ શકે છે.

जे गुन्हानी कोशीशनुं कोइ सक्षनी उपर तहोमत मुकवामां आव्युं होय, ते गुन्हानी कोशिश पार पडत, तो सदरहु गुन्हो थात, एम बने त्यारेज ही. पी. को. नी ५११ मी कलम प्रमाणे ते सक्षने सदरहु गुन्हानी कोशीशनो अपराधी ठरावी शकाय छे.

जे बंधवा उपर एक किमती दस्तावेजनो खोटो लेख बनाव्यानी कोशीशनुं तहोमत मुकवामां आव्युं हतुं; ते बंधवाने खोटो लेख बनाव्यानी कोशीशनो जुरीए अपराधी ठराव्यो, ते ठराव करवाना खुलासामां जुरीए कह्युं के, बंगाळानी कोल कंपनीनी वपराती पावतीना नमुना जेवी पावतीओ छापी देवानी बंधवे वरधी आपी हती. अने ते पावतीना नमुनामांथी एक नंग खरेखरुं छपायुं हतुं, अने तेनुं पृफ पण तेणे सुधार्युं हतुं. वळी ए छापेला नमुनामां कांइ वधारो करवाथी खोटो दस्तावेज करवानो तेनो इरादो हतो. अने आम करवामां तेनी बददानत हती; तथा ठगाइ करवानो तेनो इरादो हतो. खोटो लेख बनाव्यानी कोशीशने माटे बंधवाने ही. पी. को. नी ४६९ तथा ५११ मी कलम प्रमाणे सेसन जडजे एक वरसनी सखत केदनी सजा करी.

हाइकोर्टे ठराव्युं के, आ गुन्हानो ठराव कायदा विरुद्ध छे, माटे ते रद करवो जोइए.

આ કામના બંધવા ઉપર હિંદુસ્તાનના પીનલકોડ પ્રમાણે નીચે લખેલા તહોમતો રાખવામાં આવ્યાં હતાં.

(૧) કલમ ૪૧૭ તથા ૪૧૯ પ્રમાણે ઠગાઇનું.

(૨) ઉપરની કલમો તથા ૫૧૧ મી પ્રમાણે ઠગાઇની કોશીશનું.

(૩) કલમ ૧૦૯,-૧૧૬, તથા ૪૬૫ મી પ્રમાણે ખોટો લેખ બનાવવામાં મદદગારીનું.

(૪) કલમ ૪૬૭-૪૬૮ તથા ૫૧૧ મી પ્રમાણે ઠગાઇ કરવા સારૂ, કીંમતી દસ્તાવેજનો ખોટો લેખ બનાવવાની કોશીશનું.

બંધવે જવાબ આપ્યો કે મેં ગુન્હા કર્યા નથી. પુરાવેથી જણાયું છે કે, આગળ બંગાળાની કોલ કંપની જે પાવતીઓનો નમુનો વાપરતી હતી. તેવા નમુનાવાળી સો પાવતીઓ, ભરદવંનના છાપખાનાવાળાને છાપી દેવાની બંધવે વરધી આપી હતી. આ નમુનાનું પ્રુફ કારમ સુધાર્યું, અને તેજ કંપની તેજ વખતે જે પાવતીનો નમુનો વાપરતી હતી, તેને મળતું કરવા સારૂ શું વધઘટ કરવી; તેની સુચના બીજું પ્રુફ વાંચવા ટાંણે આપેલો હતો. એટલામાં તેને પોલીસે પકડયો.

એ પાવતીઓ બંગાળાની કોલ કંપનીની છે, એવું દેખાડીને ઠગવા સારૂ, તે પાવતીઓ વાપરવાનો તેનો ઈરાદો હતો; એમ પ્રોસીક્યુશન તરફથી કહેવામાં આવ્યું છે. સેસનજડજના મનમાં આવ્યું કે, પેહેલા તથા બીજા તહોમતનું કામ ચલાવવા સારૂ; કાંઇ આધાર નથી, કેમકે, બરદવાનના છાપખાનાવાળાએ પૈસા લઈને નમુનો છાપી દેવાનું કબુલ કરેલું હતું. તેથી ઠગાઇ કર્યાનો પુરાવો થતો નથી. માટે એ બે તહોમતોમાંથી બંધવાને નીરદોષ કરવા, જુરીને તેણે આદેશ કર્યો. બીજા બે તહોમતોના સંબંધમાં, બંધવો ખોટો લેખ બનાવ્યાની કોશીશનો ગુન્હેગાર છે. પણ કીંમતી દસ્તાવેજનો ખોટો લેખ બનાવ્યાની, કોશીશનો કે ખોટો લેખ બનાવવાની, મદદગારીનો ગુન્હેગાર નથી. એવું જુરીએ એક મતથી ઠરાવ્યું. કયી હકીકત ઉપરથી બંધવાને ગુન્હેગાર ઠરાવ્યો, તેનો ખુલાસો કરવા જ્યારે જુરીને પુછવામાં આવ્યું; ત્યારે તેના જવાબમાં જુરીએ કહ્યું કે,બંધવે પાવતીના નમુના છાપવાનો હુકમ આપ્યો હતો. અને જો કે પીનલકોડની ૨૯ મી કલમના અર્થ પ્રમાણે છાપેલો નમુનો દસ્તાવેજ નથી. તો પણ તેમાં વધારો કરીને ખોટું દસ્તાવેજ કરવાનો બંધવાનો ઇરાદો હતો; અને તે ઇરાદો બદદાનતવાળો તથા દગલબાજી કરવાનો હતો માટે બંધવાને ૪૬૫ તથા ૫૧૧ મી કલમોના ગુન્હાની એક વરસની સખત કેદની સજા કરી હતી. અને બંધવે તે સારૂ હાઇ કોરટમાં અપીલ કરી છે.

બંધવા તરફથી વકીલ સીયાજુલઇસમાલ.

સરકાર તરફથી કોઇ હાજર નોહોતું.

હાઇ કોરટનો ઠરાવ (જસ્ટીસગાર્થ તથા પીંસેપનો) ચીફ જસ્ટીસ ગાર્થે વાંચી સંભળાવ્યો તે.

આ કામમાં બંધવા ઉપર ખોટો લેખ બનાવ્યાની કોશીશનું તહોમત છે. જે હકીકત સાબીત થઇ છે, તે એવી છે કે આગળ બંગાળાની કોલકંપની, જે નમુનાની પાવતીઓ વાપરતી, તે નમુનાની પાવતીની ૧૦૦ પ્રતો છાપી દેવાની તેણે બરદવાનના છાપખાનાવાળાને વરધી આપી હતી. આ નમુનાનું એક પ્રુફ તેણે સુધાર્યું હતું. અને એ બંગાળાની કંપની હાલ જે નમુનાની પાવતી વાપરે છે તેવી પાવતીનો નમુનો કરવા સારૂ શું સુધારો વધારો કરવો, તે બાબતની સુચના બીજું પ્રુફ વાંચવા ટાંણે આપતો હતો એટલામાં તેને પોલીસે પકડી લીધો. બદદાંનતથી તથા કપટ કરવાના ઇરાદાથી, બંધવે એક દસ્તાવેજ છપાવ્યું. તે એવા હેતુથી કે, તેમાં વધારો કરીને એક ખોટું દસ્તાવેજ કરવું અને તેથી જુરીએ તેને ખોટો લેખ બનાવવાની કોશીશનો ગુન્હેગાર છે, એમ ઠરાવ આપ્યો.

બંધવે ખરેખરૂં જે કાંઇ કર્યું, તે બાબતમાં જુરીને જે માલમ પડયું છે, તે સાચું માનતાં સવાલ એટલોજ છે કે, ખોટો લેખ બનાવ્યાની કોશીશના ગુન્હાનો ઠરાવ કાયદેસર છે કે નહીં ?.

ખોટા લેખની વાખ્યા હિંદુસ્થાનના પીનલકોડની ૪૬૩ તથા ૪૬૪ મી કલમમાં આ કામમાં હવાલો આપવો જોઇએ. તેટલી જરૂરની નીચે મુજબની છે. ૪૬૩ મી કલમમાં કહેલું છે કે, "દગો કરવાના ઇરાદાથી જો કોઈ માણસ કાંઇ લેખ અથવા લેખનો કાંઇ ભાગ ખોટો બનાવે, તો તે માણસે ખોટો લેખ બનાવ્યાનો ગુન્હો કર્યો એમ સમજવું."

૪૬૪ મી કલમમાં કહેલું છે કે, પહેલું "જે માણસ બદદાનતથી, અથવા દગલબાજીથી, કાંઇ લેખ અથવા લેખનો ભાગ બનાવે. તે ઉપર સહી કરે, મહોર કરે, અથવા તે લખી આપે, અથવા કાંઇ લેખ લખી આપ્યો છે, એવું બતાવવાની કાંઇ નીશાંની કરે, એવા ઇરાદાથી કે; જે સક્ષે અથવા જેના અખતીયારથી તે લેખ, અથવા તેનો તે ભાગ બન્યો નથી. અથવા તેપર સહી કે, મહોર થઇ નથી, અથવા તે લખી આપ્યો નથી, એવું તે માણસ પોતે જાણુતો હોય, તે સક્ષે અથવા તેના અખતીયારથી તે લેખ, અથવા તેનો તે ભાગ બન્યો છે, અથવા તે પર સહી કે મહોર થઇ છે, અથવા તે લખી આપ્યો છે, એવો વીશ્વાસ ઉત્પન્ન કરવો, અથવા જે વખ્તે તે બન્યો નથી, તે પર સહી કે મોંહોર થઇ નથી, અથવા તે લખી આપ્યો નથી, એવું તે માણુસ જાણુતો હોય, તે એવે વખ્તે તે બન્યો છે, તે પર સહી કે મોહોર થઇ છે, અથવા તે લખી આપ્યો છે, એવો વીશ્વાસ ઉત્પન્ન કરવો."

હવે આ કામમાં જુરીએ શોધ્યું નથી કે, પાવતીનો નમુનો પંડેજ ખોટો દસ્તાવેજ હતો, જો એ પ્રમાણે તેઓએ કર્યું હત, તો બંધવાને ખોટો લેખ બનાવ્યાનો તેઓ ગુન્હેગાર ઠરાવત, અને કોશીશ કર્યાનો ઠરાવત નહીં. તેઓએ વિચાર કર્યો છે, અને તે સાચો વિચાર કર્યોછે, કે તેમાં જે સહી સીકો છે, તે બંગાળાની કોલ કંપનીનો છે. એવું દેખાડનારા સહી સીક્કાનો તેમાં વધારો કર્યો નથી, ત્યાં સુધી તે નમુનો ખોટો દસ્તાવેજ થતો નથી. તેઓનો મત જે હું સમજું છું તે એ છે કે, કોઇ દસ્તાવેજ લખવાનું કીંવા છાપવાનું શરૂ કરવું, અને તે પુરૂં થયે ખોટો દસ્તાવેજ કરવાનો ઇરાદો હોય, તેની સાથે કપટ કરવાની મતલબ જોડાઇ હોય, તો તે ખોટો લેખ બનાવવાની કોશીશ થાય છે.

પણ એવું સુચવવામાં આવ્યું છે કે, જે નમુનામાં વધારો કરવાનો હોય તે કરીને ખોટો દસ્તાવેજ બનાવવાનો મતલબ હોય તે નમુનો છાપવો, તથા તેમાં સુધારો કરવો એ પંડેજ ૪૬૪ મી કલમના અર્થ મુજબ ખોટા દસ્તાવેજનો ભાગ થાય છે, અને તેથી તે ખોટો લેખ બનાવ્યા જેટલું થાય છે. જો આમ હોય તો મને એમ લાગે છે કે એક શબ્દ ગમે તેટલો દોશ રહિત હોય, તોપણ તે કોઈ કાગળના કટકા ઉપર લખવો, અથવા છાપવો, અને જો તેની સાથે પછવાડેથી કેટલાક બીજા શબ્દોનો વધારો કરવાનો ઇરાદો રાખીને, છેવટે તે કટકો ખોટો દસ્તાવેજ થતો હોય, તો તે પણ તે લખવા તથા છાપવા સાથે ખોટા દસ્તાવેજનો ભાગ કર્યા બરોબર છે. મારા અભિપ્રાયમાં આમ થવું એ ૪૬૪ મી કલમના માયનાથી ઘણુંજ વેગળું છે. અને હું ધારૂં છું કે એ કલમનો એવો અર્થ બેસાડવામાં આવે તો "બનાવવો" એકલા શબ્દનો નહિ પરંતુ જે અરથમાં એ કલમમાં "એક દસ્તાવેજનો ભાગ" એમ લખ્યું છે. તેના અર્થનો પણ અનર્થ થાય છે.

હું એમ માનુંછું કે, દસ્તાવેજ અથવા તેનો ભાગ બનાવવો, તેનો અર્થ લખવો કીંવા છાપવો એમ નથી, પણ કાયદાના વાક્યમાં આપણે કહીએ છીએ કે "એક ખત લખી આપવું" કે "સામસામી કબુલત કરી લેવી" એ અર્થમાં સહી કરવી, અથવા બીજી રીતે દસ્તાવેજ કરી દેવું એવો થાય છે. અને એમ સમજવાનું નથી કે, દસ્તાવેજના નમુનામાં લખી આપવું, પણ દસ્તાવેજ કે ખત તરીકે, સહી કે સીકકો કરવો, એ કલમમાં "સહી કરે, મોહોર કરે, અથવા લખી આપે, અથવા એ લેખ લખી આપ્યો છે, એવું બતાવવાની કાંઇ નીશાની કરે" વીગેરે, વીગેરે, એ શબ્દોની સંગાતે "બનાવે" એ શબ્દો વાપર

યોં છે, તે ઉપરથી સાફ રીતે આજ તેનો ખરો અર્થછે, એવું અમને જણાયછે. જેથી ખોટા લેખ અથવા તેના ભાગનો ખોટા લેખ થાયછે. તે જે શબ્દો પંડેજ કોઇને હાની કરતા નથી, તે શબ્દો લખવાથી થતું નથી. પરંતુ તે દસ્તાવેજમાં, અગર તેના ભાગમાં કોઇ સક્ષની સહી, અથવા મોહોર કરવી, અને તે કરનાર એમ જાણતો હોય કે, તે સહીકે મોહર મારા નથી, અથવા તેમ કરવાનો મને અધીકાર આપ્યો નથી.

બીજી રીતે કહેવામાં આવે તો જે દસ્તાવેજ અગર તેના ભાગનું ખોટા પણું જે સક્ષના નામથી સહી, અગર મોહોર કરી, તે સક્ષે ખરેખરી તેમાં સહી કે મહોર કરી નથી, તેમાં છે.

હવે જ્યુરીએ જે ઠરાવ કર્યો છે, તે લઇએ તો, આ કામમાં સવાલ એટલોજ છે કે, બંધવે જે સઘળું કર્યું છે, તેથી ફકત તૈયારી થઇ કહેવાય ? કે ગુન્હો કરવાની ખરેખરી કોશીશ કરી કહેવાય ?

રાણી. વિ. ચીસમેનના કામમાં લોર્ડ બ્લાકબર્ને ગુન્હા કરવાની કોશીશની વ્યાખ્યા આપી છે. તે કહે છે કે "ગુન્હો કરવા પેહેલાં તૈયારી, અને ખરેખરી કોશીશ એ વચ્ચે બેશક તફાવત છે. પણ ખરેખરૂં કામ શરૂ થઇ ગયું હોય, ને તેમાં ભંગાણ થયું નહોત તો, તેની અંતે ગુન્હો થાત, એમ હોય તો એ સાફ રીતે ગુન્હો કરવાની કોશીશ છે." માકફરસનના કામમાં કોઇ બને ચીફજસ્ટીસે કહેલું છે કે, "કોશીશ" એ શબ્દમાં સાફ રીતે એવો ભાવ રહેલો છે કે, એ કોશીશ પાર ઉતરી હત, તો જે ગુન્હાનું તહોમત મુકાત, તે ગુન્હો બની જાત. જે કામ કરતાં જો પાર પડયું હત તો, ગુન્હો સંપુર્ણ થાત. તે કરવું એ કોશીશ છે. મને લાગે છે કે, ગુન્હો કરવાની કોશીશની આ વ્યાખ્યા વાજબી છે. અને આ કામમાં લાગુ પડયા પછી સવાલ અટલોજ છે કે, બંધવે જે કર્યું તેથી ખોટા દસ્તાવેજ બનાવવાની કોશીશ કરી છે એમ કહેવાય નહીં.

હું હમણાંજ કહી ગયો છું કે, મારા અભીપ્રાય પ્રમાણે છાપેલો નમુનો એ પંડે ખોટો દસ્તાવેજ નથી. અને જ્યાં સુધી બંગાળા કોલ કંપનીની સહી કે મોહોર તેના ઉપર કરી નથી, કે જેથી કરીને એમ જણાય કે, સદરહુ સહી કે મોર બંગાળાની કોલકંપનીની છે. તો ત્યાં સુધી ૪૬૪ મી કલમની વ્યાખ્યા મુજબ તે ખોટા દસ્તાવેજ, અથવા તેનો ભાગ થઇ શકતો નથી.

એટલા માટે જ્યાંસુધી છાપેલા નમુનાને બદલાવીને ખોટા દસ્તાવેજ કરવામાં નઆવે, ત્યાંસુધી બંધવો ખોટા લેખ બનાવવાના ગુન્હાનો અપરાધી નથી. અને એજ કારણુસર હું ધારૂં છું કે, જ્યાં સુધી બંધવે છાપેલા નમુનામાંથી એક પણ નમુનાને ખોટા દસ્તાવેજ કરવા તરફ કાંઇ કૃત્ય કર્યું નથી, ત્યાંસુધી ખોટા લેખ બનાવવાના ગુન્હાની કોશીશનો પણ અપરાધી થઇ શકતો નથી. જેમકે, છાપેલા નમુના ઉપર કંપનીનું નામ લખવાની કૃતી કરતાં તે પકડાઇ ગયો હત, અને ફકત તેના નામનો એકજ અક્ષર પુરો લખ્યો હત, તો જે કોશીશ નું તહોમત છે, તેનો બંધવો હું ધારૂં છું કે અપરાધી થાત. કેમકે,(લાર્ડબ્લેક બન્નેના શબ્દોનો ઉપયોગ કરીએ તો) ખરેખરૂં કામ શરૂ થઇને તેમાં જો ભંગાણ પડયું નહોત, તો ખોટો લેખ બનાવવાનો ગુન્હો પુરેપુરો થાત. પરંતુ બંધવે જો કાંઇ એવું નો

સધળું ગુન્હો કરવાની તૈયારી હતી. જે ઘરમાં ઘર ફોડીને ગુન્હો કરવાનો ઈરાદો હોય, તે ઘરના તાળાની ખોટી કુંચી કરાવ્યાથી, જો તે ઘર ફોડવાની કોશીશનો ગુન્હેગાર થાય તો, છાપેલું ફારમ પોતા પાસે હોવાથી ખોટો લેખ બનાવવાની કોશીશનો તે અપરાધી થાય. તેથી હું એમ ધારૂં છું કે, ગુન્હાનો ઠરાવ રદ કરી બંધવાને છોડી મુકવો જોઇએ. તેણે પોતે શુકન માનવો જોઈએ કે, જે કામ તેને દેખીતું પરીપુરણ કરવું હતું તેમાંથી ગુન્હો પાકયા પહેલાં પકડાઇ જઇ, તે ગુન્હો કરતાં અટકયો છે.

જસ્ટીસ પ્રીનસેપનો ઠરાવ.

જુરીનો ઠરાવ તથા અપેલેન્ટને કરેલી સજા રદ કરવામાં હું મળતો આવું છું. કેમકે, મારા અભીપ્રાયમાં જુરીએ જે કૃત્ય થએલું ઠરાવેલું છે, તેથી કોશીશ થતી નથી; પણ બહુ કરીએ તો ફકત ખોટો લેખ બનાવવાની તૈયારી કહેવાય, અને જે તૈયારી આગળ વધી શકી નથી. કાંઇ કૃત્ય આદર્યો પછી તેમાં ભંગાણ ન થયું હતતો, તેને અંતે ગુન્હો થાત. એવી રીતે ગુન્હો કરવાની કોશીશ કાયદેસર વ્યાખ્યાના સંબંધમાં ચીફ જસ્ટીસે જે અભીપ્રાય આપ્યો છે, તેને હું મળતો આવું છું. માટે બંધવાને નીરદોષ કરી છોડી મુકવો જોઇએ.

કેસરેહીંદ વિ. ફતે.

ક.૪૬૩-૬૪

૩

તા. ૨-૦૧-૮૨
ઇ. ૫.૬. પા. ૨૧૭
કોઇ મિલકતના વેચાણ ખતમાં તે મિલતના નંબર ફેરવીને ખરો માલ ૨ લખવા એથી કાંઇ ગુન્હો થતો નથી.

एक खेतरना खरीददारोए वेचाण खतमां सदरहु खेतरनुं जे नंबरथी घ्यान करवामां आव्युं हतुं, ते नंबरमां फेरफार कर्यो; ने तेम करवानुं एवुं कारण हतुं के, ते नंबर खरो लख्यो नहतो, आ फेरफार करीने वेचाण खत तेओए एक मुकरदमाना पुरावा दाखल वापर्युं.

तेमां ठराव्युं के, ही. पी. को. नीं ४६३ मी कलमना मायना प्रमाणे, ते खतमां आवो फेरफार करवाथी खोटो लेख थतो नथी. तेम कलम ४७० मीमां चींतवन कर्युं छे ते मुजब ए खत, फेरफार कर्या पछी, बनावटी लेख थइ शकतो नथी. केमके गेरकायदेसर हानी, अथवा गेरकायदेसर लाभ करवानो, अथवा कपट करवाना इरादानी तेमां ओछ रहे छे. वळी ए खत ज्यारे खरीददारोए वापर्युं, त्यारे ते दस्तावेज खोटो छे, छतां तेने साचा तरीके बददानतथी, के कपटथी वापर्यानुं कही शकातुं नथी. ते कारणसर सदरहु खतनो उपयोग करतां खरीददारो ही. पी. को. नी ४७१ मी कलम प्रमाणे गुन्हेगार थता नथी. वळी ते दस्तावेजनो उपयोग करवाथी तेओने पी. को. नी १९६ मी कलम अनुसार पण गुन्हेगार ठरावी शकाता नथी.

અને ૧૮૮૨ ના જુલાઈની ૧૦ મી તારીખે સાહારાનપોરના સેસન જડજે ગુન્હાનો ઠરાવ કર્યો હતો તેના ઉપર આ અપીલ થઇ છે. કેસની હકીકત જોઇએ તેટલી આ ઠરાવમાં આપેલી છે.

જસ્ટીસ માહામુદનો ઠરાવ.

અપેલેન્ટોને હિંદુસ્તાનના પીનલકોડની ૪૭૧ મી કલમના ગુન્હાના સેસન જડજે અપરાધી ઠરાવ્યા છે. જે બીનામાંથી આ કામની ઉત્પતિ થઇ તેનો સારાંશ એવો છે કે, બક્ષીસ તથા હરનામ કરીને બે ભાઇઓ હતા, તેઓને બીજા સક્ષો સાથે ચોકસ જમીન મળ્યારી હતી. સને ૧૮૮૧ ના જુનની ૩ જી તારીખે એક વેચાણ ખત હરનામે લખી આપ્યું, અને તે દસ્તાવેજ રજીષ્ટર કરાવ્યો હતો, અને તેમાં રૂ.૯૦૦ ના બદલામાં ઉપલી બધી જમીન બંધવા પતે તથા હરભુજને માંડી આપી, એ વેચાણ ખતમાં વેચેલી જમીનની ચતુરદિશા આપી છે, તે ઉપરથી બક્ષી તથા બીજા ભાગદારોએ વેચાણનો વાંધો લીધો, અને મજકુર મિલકતના અમે ભાગદાર છીએ એમ કહીને ખરીદદાર ઉપર પોતાના ભાગનો દાવો કર્યો, અને વેચેલી મિલકતની સંજ્ઞા નંબર ૨૭૨ છે, એમ તેઓએ દાવામાં લખ્યું. આ દાવા સામે બંધવાઓએ વેચાણ ખત અદાલતમાં રજુ કર્યું. અને તેમાં સદરહુ વેચેલી મિલકતનો નંબર ૨૭૨ હોવાનું જણાતું હતું.

પછવાડેથી એમ નિકળ્યું કે, રજીસ્ટ્રેશનખાતાની ઓફીસમાં વેચાણ ખતની નકલ રાખી હતી, તેમાં તકરારી તકતાનો નંબર ૧૦ મો હતો, પણ ૨૭૨ મો નહોતો. બાકીનું મુળ ખત રજીસ્ટ્રેશનખાતાની નકલને મળતું આવતું હતું. બક્ષી તથા તેના ભાગદારો પોતાના દાવામાં ફાવ્યા, અને બંધવાઓને તે ઉપરથી દીવાની કોર્ટ માજીસ્ટ્રેટ તરફ મોકલ્યા, અને તે માજીસ્ટ્રેટે તેઓને પીનલકોડની કલમ ૪૭૧ પ્રમાણે ખોટો દસ્તાવેજ વાપરવાના તથા ૧૯૩ મી કલમ પ્રમાણે ખોટો પુરાવો બનાવ્યાના ગુન્હાના તહોમતો રાખી ઇનસાફ થવા સારૂ સેસન કમીટ કર્યા, તેમાં જે પુરાવો પડયો તે ઉપરથી સેસન જડજ આસેસરોના મતને મળતા આવ્યા કે, મૂળ વેચાણ ખતમાં રજીષ્ટર થયા પછી ધાલમેલ થઇ છે. એટલે કે જે જમીનનો તકતો વેચવામાં આવેલ, તેનો નબર ૧૦ હતો તે બદલ નંબર ૨૭૨ કરવામાં આવ્યો છે.

હીંદુસ્તાનની લીપીમાં આંકડામાંથી આવી ધાલમેલ કરવી સહેલાઇથી બની શકે એવી છે, અને જે પુરાવો પડયો તેના ગુણદોષ ઉપરથી આ બાબતમાં વિદ્વાન સેસન જડજે જે નિર્ણય કર્યો છે તેને હું મળતો આવુંછું.

પરંતુ મારો અભિપ્રાય એવો છે કે આ કામમાં જે વાત સાબિત થઈ છે તે ઉપરથી બંધવાને જે ગુન્હાના અપરાધી ઠરાવ્યા છે, તે ગુન્હો થતો નથી. હિંદુસ્થાનના પીનલકોડની કલમ ૪૭૧ પ્રમાણે સજા થઇ શકે એવા ગુન્હાનો પ્રકાર નકી કરવા સારૂ તે કલમની પેહેલા એ કાયદામાં જે નિયમો બાંધ્યા છે તેનો વિચાર કરવાની જરૂર છે. કલમ ૪૬૩ માં ખોટો લેખ બનાવવાની વ્યાખ્યા આપી છે. પણ કલમ ૪૬૪ માં "કાંઇ ખોટો લેખ બનાવવો" એ વાક્યનો શું અરથ કરવો, તેના ઉપર સદરહુ વ્યાખ્યાનો આધાર છે. પછીની ૪૬૫ મી કલમમાં ખોટા લેખના ગુન્હાની સજા કહી છે. ૪૬૪ મી કલમમાં લખેલી વાત ધ્યાનમાં રાખીને; ૪૭૦ મી કલમમાં બનાવટી લેખની વ્યાખ્યા આપી છે, અને ખોટો લેખ બનાવવાના ગુન્હાની જેટલી સજા છે તેટલી સજા બનાવટી લેખ વાપરવાના ગુન્હાની કલમ ૪૭૧ મીમાં ઠરાવેલી છે. આ બધી વ્યાખ્યાઓમાં મોટી જરૂરની બાબત એ છે કે, જે કામથી ખોટો લેખ બનાવવાનો ગુન્હો થતો કહેવામાં આવતો હોય, તે કામ

૪૬૪ ના આશય મુજબ ખોટો દસ્તાવેજ બનાવ્યા બરોબર થવું જાઇએ. પણ તે કલમમાં જે વ્યાખ્યાઓ આપી છે, તેમાં "બદદાનતથી અથવા દગલબાજીથી" એવા શબ્દો એકસરખી રીતે આવે છે તે ઘણુાજ ઉપયોગી છે. અને જે અર્થમાં તે આ કોડમાં વાપર્યા છે તે અર્થમાં સમજવાના છે. તે શબ્દો પાછા કલમ ૪૭૧ મીમાં આવે છે. આ કામમાં જે સવાલો નકી કરવાના રહે છે તે એ છે કે,

(૧) સને ૧૮૮૧ ના જુનની ૩ જી તારીખના વેચાણ ખતમાં આંકડા "૧૦" ને ઠેકાણે આંકડા "૨૭૨" કર્યા, એથી ૪૬૪ મી કલમના અર્થ મુજબ ખોટો દસ્તાવેજ થયો કહેવાય છે.

(૨) આવી રીતે ફેરફાર કરવાથી વેચાણ ખત કલમ ૪૭૦ મુજબ ખોટો લેખ થાય છે?

(૩) કલમ ૪૭૧ ના અર્થ પ્રમાણે બંધવાઓએ એ દસ્તાવેજ બદદાનત કે દગલબાજીથી વાપરયું ?

"બદદાનતથી" તથા "દગલબાજીથી" એ શબ્દોના અર્થ ઉપર આ સવાલોના જવાબોનો આધાર રાખ્યાનું મને જણાય છે. ૨૩ મી કલમમાં "ગેરકાયદેસર લાભ" અને "ગેરકાયદેસર હાની" ની વ્યાખ્યા આપી છે. પછી ૨૪ મી કલમમાં એવું ઠરાવ્યું છે કે "જે માણસ કોઇ વસ્તુ એક સક્ષને ગેરવાજબી લાભ કરવાના, અથવા બીજા સક્ષને ગેરવાજબી હાની કરવાના ઇરાદાથી કરે, તે માણસે તે વસ્તુ બદદાનતથી કરી એમ સમજવું." કલમ ૨૫ મીમાં એમ લખ્યું છે કે જો કોઇ સખસ કાંઇ વસ્તુ દગો કરવાના ઇરાદાથી કરે, તે વસ્તુ તેણે દગલબાજીથી કરી એમ સમજવું. નહીં તો નહીં."

હવે ચાલતા કામમાં એવો સવાલ નથી કે, મૂળ વેચાણ ખત જેમાં આગળ આંકડો "૧૦" હતો તેને ઠેકાણે આંકડો "૨૭૨" કરવાથી જે, ખેતર વેચ્યું હતું, અને જેની ચતુરશીમા સ્પષ્ટ રીતે વેચાણ ખતમાં આપેલ છે, તે ખેતર તેજ છે કે નહીં? તે ઓળખવા સારૂ કાંઇ ગડબડ થતી નથી. ખરેખર એમ બતવવામાં આવ્યું છે કે, સદરહુ શીમાની અંદર જે તકતો આવ્યો છે, તે તકતો નંબર ૧૦ વાળો નથી, પણ તેમાં નંબર ૨૭૨ વાળો આવે છે. ખોટી રકમને ઠેકાણે સાચી રકમ વેચાણ ખતમાં કરવા સારૂ આ બધો ફેરફાર કરવાનું ધાર્યું હશે. વેચાણ ખતથી જે ખેતર આપ્યું છે, તે ઓળખવા સારૂ આંકડાનો ફેરફાર કરવાથી, ભાગ્યેજ ન્યુનાધિકપણું થવાનો સંભવ છે. અને એકને એક ઠેકાણે બીજો આંકડો લખવાથી કોઈને ઠગવાનો, અથવા કોઈને ગેરકાયદેસર લાભ, કે ગેરકાયદેસર હાની કરવાનો ભાગ્યેજ સંભવ છે. ફેરફાર કરવાની મતલબ એવી હતી કે, જે મીલકત વેચાણ ખતથી વેચી નાખવા ધારી હતી, અને જે ખરેખર વેચી નાંખી છે તેના કરતાં બીજી હતી. તો અલબતે આ કામ જુદી રીતનું થાત. પરંતુ પ્રોસીક્યુશન તરફથી આવી બીના જણાવવામાં આવી નથી. બંધવાઓ જે સર્વે વાતોના ગુન્હેગાર ઠર્યા છે, તે વાત એવી છે કે વેચાણ ખતને રજીસ્ટર કરાવ્યા પછી તેમાં તકતાનો નંબર ખોટો હતો, તેને ઠેકાણે સાચા આંકડાનો નંબર લખ્યો છે. વેચાણ ખતથી જે ખેતર વેચવામાં આવ્યું છે, તેને ઓળખવામાં એથી કાંઇ અસર થઇ નથી. તેથી પીનલકોડની ૪૬૪ મી કલમના અર્થ મુજબ, એ ફેરફાર, ખોટો દસ્તાવેજ કરવાની વ્યાખ્યામાં આવી શકતો નથી. બંધવા-

ઓની વર્તણુંક ગમે તેટલી મુર્ખાઇવાળી અથવા ઠપકાપાત્ર હોય, પરંતુ કલમ ૪૬૩ પ્રમાણે એ ફેરફાર "ખોટો લેખ" કર્યો કહેવાય નહીં. તેમ કલમ ૪૭૦ ના ચીંતવન પ્રમાણે ફેરફાર કર્યા પછી વેચાણ ખત ખોટો લેખ પણ કહી શકાય નહીં. ગુન્હો થવાનું મોહું અમૂલ્ય તત્વ એટલે ગેરકાયદેસર હાની કે ગેરકાયદેસર લાભ, અથવા દગલબાજી કરવાની મતલબની આ કામમાં પૂરેપૂરી ખોટ છે. વળી દીવાની કોર્ટમાં વેચાણ ખત રજુ કરવામાં કાયદાના ચીંતવન પ્રમાણે જે દસ્તાવેજ ખોટો છે, એવું જાણ્યા છતાં બધવાઓએ સાચું ગણી દગલબાજીથી કે બદદાનતથી વાપર્યાનું પણ ઠરાવી શકાતું નથી. માટે ૪૭૧ મી કલમ મુજબ જે ગુન્હાનો ઠરાવ કરવામાં આવ્યો છે તે પણ ટકી શકતો નથી.

થએલો ઠરાવ પીનલકોડની કલમ ૧૯૬ પ્રમાણે ટકી શકે કે નહીં? તેનો વિચાર કરવા સરકારી વકીલે મને અરજ કરી છે. ખોટો પુરાવો બનાવવો એ ગુન્હાની વ્યાખ્યા કલમ ૧૯૨ માં આપી છે. તે કલમની સાથે ૧૯૬ મી કલમ વાંચવી જોઇએ. મને એમ લાગે છે કે, કોઈ દસ્તાવેજમાં ભૂલ સુધારવી, એ ખોટો મજકુર કે ખોટી રકમ કહી શકાય નહીં. વળી એમ પણ કહી શકાય નહીં કે, કામ ચાલતાં તેના પરીણામે, મુદાની બાબતને લગતો ખોટો અભીપ્રાય ઉપજાવવા સારૂ, તે ઈરાદો હતો. આ કામમાં સંખ્યાનો ફેરફાર કરવાથી ખત ખરી બીનાને અનુસરતું થયું છે. ચતુરદિસાની વિગત આપી છે, તે જોતાં જે ખેતર વેચ્યું છે. તે ઓળખવામાં કશો ફેરફાર થતો નથી. અને ખસરામાં એ ખેતરનો જે સાચો નંબર હતો, તે બાબત દીવાની દાવાના પરીણામમાં પણ મુદાની નથી.

બે તહોમતો રાખીને આ કામ માજીસ્રેટે સેસન કોર્ટમાં કમીટ કર્યાનું મારા જોવામાં આવે છે. (તેમાનું પહેલું તહોમત વેચાણ વખતમાં ફેરફાર કર્યાનું છે. અને બીજું ૧૯૩ મી કલમનું તહોમત ખસરાબાદીના પત્રકમાં ખોટી રકમ લખવાના સંબંધમાં છે. વીદ્વાન સેસન જડજે પોતાના ઠરાવમાં આ બીજા તહોમતના સંબંધે લખ્યું છે કે, ખસરાબાદીના પત્રકમાં અસલ રકમો હતી, તે ચોકસ નહોવાની હકીકત લખ્યા શીવાય વીશેષ કહ્યું નથી. આ બીજા તહોમતને આગ્રહ પુર્વક પ્રોસીકયુશનવાળા વળગી રહ્યાનું, અથવા પુરાવેથી પુષ્ટી આપ્યાનું જણાતું નથી. પ્રોસીકયુશનવાળાએ જે સઘળો પુરાવો રજુ કરેલો હતો, તે સઘળો પુરાવો તે વીદ્વાન સેસન જડજે લીધાનું માલમ પડે છે. અને એ પુરાવા ઉપરથી આ બીજા તહોમતનો ઠરાવ કાયમ રાખવા વાસ્તે તદન અપુર્ણ છે. તેમ બધવાઓ વિરૂદ્ધ પુરાવો આપવાની હકીકત પ્રોસીકયુશનવાળાએ જાહેર કરી નથી. કોઈ ગુન્હાના આરોપીત સક્ષો ઉપર જુદા જુદા ગુન્હાનાઓના સ્પષ્ટ તહોમતો મુકીને, સેસન કોર્ટમાં કમીટ કરવામાં આવે, અને તે સેસન કોરટ પ્રોસીકયુશનનો રજુ કરેલો સઘળો પુરાવો લે, અને તે પુરાવેથી તે તહોમત ટકી શકતું નહોય તો, કાંઇ પ્રસંગ વગર વધારે તજવીજ કરવાનો; અથવા વધારે પુરાવો લેવાનો આ કોરટ હુકમ કરતી નથી. હાલના મુકરદમા જેવા મુકરદમાઓમાં પુરાવો રજુ કરવાની પુષ્કળ તક આપ્યા પછી; તે પ્રમાણે પ્રોસીકયુશનવાળાએ પુરાવો આપ્યો હોય, અને એ આપેલો પુરાવો તહોમત ટકાવી રાખવામાં ઓછો લાગતો હોય તો, તેમાં મારા અભીપ્રાય પ્રમાણે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૮૨ ( ) મી કલમમાં જે અધિકાર આપ્યો છે; તે અધિકાર ચલાવવાનું ધારેલું નથી. પોતાનો મુકરદમો ખરો કરવાનું કામ પ્રોસીકયુશનવાળાનું છે. અને આ

કામમાં તેઓ તેમ કરી શકયા નથી. આ બધા કારણોને લઈને ગુન્હાના ઠરાવો રદ કરી અપેલેંટ બંધવા ફતે તથા હરભુજને તાબડતોબ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

કેસરેહીંદ.વિ. જીવાનંદ.

क.४६३-६४

४

ता. ५-१०-८२
ઈ.૫ અ. પા.૨૨૧
આગળનો કરેલો ગુન્હો ઢાંકવા સારૂ પછવાડેથી કાંઈ ખોટું લખવું એથી ખોટો લેખ બનાવ્યાનો ગુન્હો થતો નથી.

एक कारकुने साप्राध वीश्वासघात कर्यो हतो, अने पछवाडेथी ते गुन्हो संताडवा सारु, तेणे हीसाबनी चोपडीमां खोटी रकमो दाखल करी, ठराव्युं के, आ प्रमाणे खोटी रकम लखवाथी खोटो लेख बनाव्यानो गुन्हो थतो नथी. अने तेटला सारु जो तेने ही. पी. को. नी ४६९ मी कलमप्रमाणे गुन्हेगार ठराव्यो होय तो ते ठराव गेरवाजबीछे.

સને ૧૮૮૨ ના જુલાઈ માસની ૨૮ મી તારીખે કુમાઊનના લેપ્ટેનંટ કમીસનર જનરલ હોનરેબલસર એચરામઝસાહેબે જે ગુન્હાનો ઠરાવ કર્યો હતો તે ઉપર આ અપીલ છે. અપેલેન્ટને પીનલકોડની ૪૦૮ મી કલમ પ્રમાણે કારકુન હોઈને સાપ્રાધ વીશ્વાસઘાત કરવાનો અને ૪૬૫ મી કલમ પ્રમાણે ખોટો લેખ કરવાનો ગુન્હેગાર ઠરાવી બંન્ને ગુન્હા સારૂ તેને શીક્ષા કરી હતી. એમ જણાયું છે કે, કારકુન તરીકે, તેને કેટલાક પૈસા સોંપ્યા હતા. સદરહુ પૈસા સરકારી તીજોરીમાં ભરવાની તેની ફરજ હતી. તે ન કરતાં તે બદદાનતથી ખાઇ ગયો. એ ગયાની વાતની ખબર પડયા પેહેલાં થોડી વારે તે ખાધેલી રકમ ચલણ અથવા પાસ બુકમાં લખી, અને સદરહુ રકમ તીજોરીમાં દેખાડવા સારૂ તેણે તીજોરીના તેહેસીલદારના નામની તેમાં પોતે સહી કરી.

અપેલેન્ટ તરફથી સ્પાંકી સાહેબે એવો વાંધો લીધો કે, ચલણ બુકમાં ખોટું લખવાથી, તથા તહેસીલદારના નામની ખોટી સહી બનાવવાથી, ખોટા લેખનો ગુન્હેગાર બનતો નથી. કેમકે એ બધાં કૃત્યો "બદદાનતથી કે ફરેબીથી" કરવામાં આવ્યાં નથી. પરંતુ અપેલેન્ટે સાપ્રાધ રીતે મિલકતનો ખોટો ઉપયોગ કર્યો છે. તે વાત ઢાંકવાના ઈરાદાથી કરવામાં આવેલ છે, તેણે રાણી વિરૂદ્ધ જગેશ્વર પ્રસાદ તથા રાણી. વિરૂદ્ધ લાલ ગુમલના ફેંસલાઓનો હવાલો આપ્યો.

સરકાર તરફથી બાબુ દુવારકાંનાથ બાંનરજીએ એવો વાંધો લીધો કે, ધારો કે બંધવે પકડાઇ જવાના ઇરાદાથી આ કૃત્ય કર્યું છે, તોપણ તેના કૃત્યો પીનલકોડના માયના પ્રમાણે બદદાનત તથા દગલબાજીવાળાં છે.

જસ્ટીસ મમુદ આપેલો ઠરાવ.

એક તાજા કામમાં મે મારો અભીપ્રાય સંપુર્ણ રીતે આપ્યો છે કે, હિંદુસ્તાનના પીનલકોડની કલમો ૪૬૩ તથા ૪૬૪ ને ૪૬૫ કલમ સાથે વાંચતાં ૪૬૫ કલમ માંહેલો ખોટા લેખનો ગુન્હો થવા સારૂ, બદદાંનત અથવા દગલબાજીવાળો ઇરાદો ખચીત હોવો જોઇએ. આ બંન્ને શબ્દો જે સાધારણ બોલીમાં મભમ અને અનીશ્ચીત અર્થમાં વપરાય છે તે અર્થમાં સમજવાના નથી. એ શબ્દોની વ્યાખ્યા સાફ રીતે પીનલકોડની કલમ ૨૪ તથા ૨૫ માં આપેલી છે, અને ૨૪ મી કલમ ૨૩ મી કલમ સાથે વાંચવાની છે. સવાલ

હવે એટલોજ ઉઠે છે કે, બંધવાએ ચલણ બુકમાં ફેરફાર કર્યા, તેમાં ખોટી સહી કરી, અથવા ખોટી રકમો નાંખી, એ બંધવાના ખોટા લેખની વ્યાખ્યામાં આવી શકે, એવા ઇરાદાથી કર્યા હતાં કે નહીં? બીજા શબ્દોમાં લખીએ તો કોઇ સક્ષને ગેરકાયદેસર લાભ, કે ગેરકાયદેસર હાની, કે કોઇ જણને કાંઇ છેતરવાનો તેનો ઇરાદો હતો.

ચોખ્ખું છે કે, એ ઇરાદો હવે પછી જે બીના ગુજરે તેની સાથે સંબંધ ધરાવનારો છે, પણ જેવાત બની ગઇ છે, તેની સાથે નહીં જ્યારે ગેરકાયદેસર લાભઆપી દીધો હોય, અથવા ગેરકાયદેસર હાની કરી દીધી હોય, અથવા હરકોઇ સક્ષને ઠગી લીધો હોય ત્યારે જે વસ્તુ બની ગએલી હોય, તે વસ્તુ કરવાના સંબંધે આ પછવાડાનું કૃત્ય થયું છે એમ કહી શકાય નહીં. આ કામમાં એમ પણ પ્રોસીકયુશન તરફથી કહેવામાં આવ્યું નથી કે, ચલણમાં ખોટું લખવામાં બંધવાનો ઇરાદો આગળ ઉપર કાંઇ હાની કરવાનો કે, કોઇ સક્ષને ઠગવાનો હતો. કદાપી પ્રોસીકયુશન તરફથી એમ કહેવામાં આવ્યું હત, તોપણ એવો સીદ્ધાંત સ્થાપવાને પુરાવો હોવાનું હું ઠરાવી શકતો નથી. મુકરદમાની સઘળી કેફીયત ઉપરથી જે કાંઇ હકીકત બન્યાનું માંની શકાય છે, અને ફેરફાર તથા ખોટી સહી કરવાના સંબંધમાં બંધવા વીરૂદ્ધ જે સઘળું કહી શકાય છે, તે એ છે કે પૈસા મંમ મંમ કરી જવાથી જે ઘટાડો આવે, તે વાત ધાર્યા પ્રમાણે છતી થાય ત્યારે તેની અપકીર્તી તથા સજામાંથી બચી જવા સારૂ, આ સઘળાં ખોટાં કૃત્યો કરવાનું તેણે ધાર્યું હશે. ન્યાયની ગણતરીમાં આવા ઈરાદાથી કરેલું કામ, ખોટા લેખનો ગુન્હો થતો નથી. રાણી વિ. જગેશ્વર પ્રસાદના કામમાં જસ્ટીસ પીયરસને એ ન્યાયતત્વનો સાફ રીતે ખુલાસો કર્યો છે. અને તે કામમાં એ વીદ્વાન જડજે ઠરાવ્યું છે કે, ગફલત કીંવા કપટનાં આગલાં કામો ઢાંકવા સારૂ, સરકારી દફ્તરમાં ખોટે ખોટું લખવું, એથી ખોટો લેખ બનાવ્યા જેટલું થતું નથી. કેમકે તેમ કરતાં કોઇ ઠગાતું નથી. તેમ કોઈને હાની થતી નથી. એવા પ્રકારનો ન્યાયનો નીયમ જસ્ટીસ ટરનર તથા સ્પાંકીએ રાણી. વિ. લાલ ગુમલના કામમાં ગ્રહણ કર્યો હતો. આવા નીયમોને વળગીને હું ઠરાવું છું કે, આ કામમાં બંધવે ચલણની ચોપડીમાં જે ખોટે ખોટું લખ્યું હતું, તે જો કે ગમે તેટલું ઠપકા પાત્ર હોય તોપણ તેથી ખોટો લેખ બનાવ્યાનો ગુન્હો થતો નથી. માટે તેને જે પીનલકોડની કલમ ૪૬૫ પ્રમાણે અપરાધી ઠરવ્યો છે, તે ઠરાવ ગેરકાયદેસર છે. હિંદુસ્થાનના પીનલકોડની કલમ ૪૦૮ પ્રમાણે અપેલેન્ટને અપરાધી ઠરાવેલ છે, તે મંજુર કરતાં, કલમ ૪૬૫ પ્રમાણે સેસન જડજે અપરાધી ઠરાવી જે સજા કરેલ છે તે રદ કરૂં છું.

જાનમહમદ અને જબર મહમદ વી. કેસરેહીંદ.

ક.૪૬૩-૬૪

૫

તા. ૧૭-૪-૮૪
ઈ,૧૦ ક. પા.૫૮૪
કોઇ સક્ષને કોઈ સનંદથી કાંઈ ઇલકાબ આપવામાં આવ્યો હોય અને તેવી ખોટી

.अमे लोश्करना मान मरतबावाळा छीए. एवुं सेटलमेन्ट ओफीसरनी पासे कबुल रखाववा वास्ते, तहोमतवाळाओए ते अधिकारी पासे एक सनंद रंजु करी, अने ए सनंद मळ्याथी सदरहु लोश्करनो इलकाब मळेलो हतो. आ दस्तावेज साचुं न होवानुं जणातां, सेसन जडजे तहोमतवाळाने पीनलकोडनी ४७१ तथा ४६४ मी कलम मुजब अपराधी

ठराव्या. अपीलमां ठराव्युं के, कदापी एम धारीए के, तहोमतवाळाए ए दस्तावेज साचुं नथी एम जाणीनें वापर्युं तोपण ते गुन्हेगार नथी, केमके तहोमतवाळाओनो इरादो गेरकायदेसर लाभ, अथवा कोइ सक्षने गेरकायदेसर हानी करवानो नहोतो. तेओनो इरादो सेटलमेंन्ट ओफीसरना मनमां एवो इतबार पेदा करवानो हतो के, अमने लोश्करनो इलकाब मळवानो अमारो हक छे. अने तेवा हकनो दावो कर्याथी, कपट अने ठगाइ कर्यानो इरादो थयो एम कहेवाय नहीं.

સનંદ કાંઇ કપટ અથવા બદદાનત વગર ખોટી બનાવવી એથી ખોટો લેખ બનાવ્યાનો થતો નથી.

कोइ माणसने कोइ सनंदथी कांइ इलकाब आपवामां आव्यो होय, तो ते सनंद पी. को. ना अर्थ प्रमाणे किमती दस्तावेज नथी.

સને ૧૮૮૩ના માર્ચની ૪થી તારીખે જાનમહમદ અને જબરમહમદે કાચરના સેટલમેંન્ટ ઓફીસરને અરજી આપી અને તેમાં તેઓએ લખ્યુંકે, અમારા બાપ રીજાકમહમદને કાચરના રાજા તરફથી " લોસ્કર " એવા ઇલકાબની સનંદ મળી હતી. અને એ સનંદ ખોવાઈ ગઇછે માટે અરજ કરીએ છીએકે, નજીકમાં રહેનારા અમુક આબરૂદાર માણસને પુછીને નવા સેટલમેંન્ટમાં અમારો હક કબુલ રાખવો જોઇએ. ત્યારબાદ આગસ્ટની ૩૧મી તારીખે ઉપરના મજમુનની બીજી અરજી એક સનંદ સાથે રજુ કરી. તે અરજીમાં એવું જણાવ્યુંકે, સાથેની સનંદ અમારા બાપદાદાના નામની છે. અને માર્ચની ચોથી તારીખે કરેલી અરજી ખોટી હતી. એ રજુ કરેલી સનંદમાં કેમ જાણે કાચરના રાજાની મહોર હોય, એવી મહોર તે ઉપર હતી.

આ બાબત ડેપ્યુટી કલેક્ટર પાસે આવતાં જાનમહમદ અને જબરૂમહમદને સેસન કમીટ કર્યા અને તેના ઉપર પીનલકોડની ૪૬૪,૪૭૧મી કલમો પ્રમાણે તહોમતો મુક્યાં. વળી એક વરીસમીયાં નામનો બીજો સક્ષ હતો, તેણે પોતાનો ખરો રૂકો ખરા રૂકા દાખલ વાપરેલ પણ જે મતલબથી ઉપરના બે સક્ષોએ સેટલમેંન્ટ ઓફીસરને અરજી કરી હતી. તેજ મતલબસર રૂકામાં લોશ્કરનો ખેતાબ દરશાવનારો શબ્દ ઉમેરીને તે રૂકો દાખલ કરેલો હતો. એટલે તેને પણ તેજ વખતે કમીટ કર્યો હતો. એ રૂકાનો કાગળ જેટલો જુનો બોલેછે તેટલો જુનો તેના દેદાર ઉપરથી સેસન જડજ તથા આસેસરોને લાગ્યો નહીં અને કોર્ટમાં રજુ થયેલી એક સાચી સનંદ ઉપરની તે રાજાની મહોર સાથે મુકાબલો કરતાં ખોટી હોય એમ ઉઘાડું દેખાતું હતું અને સાચી મહોર સાથે કાંઇ પણ મળતાપણું નહોતું.

અને તે રાજાએ આવી સનંદવાળાઓને તે ઇલકાબો વેંચાતા આપ્યા હતા. તેથી રજુ થએલી સનંદ એ કીંમતી દસ્તાવેજ ગણવું જોઇએ અને એ સનંદ રજુ કરવામાં બંધવાઓએ કપટ કર્યુંછે. કેમકે તે કરત્રીમ સનંદ સાચી હતી અને તેના સાચાપણાની રૂએ નવા સેટલમેંન્ટના દસ્તાવેજોમાં તેઓને " લોસકુરના " ઇલકાબથી ઓળખવાનો હકછે. એવી માન્યતા સેટલમેંન્ટ ઓફીસરના મનમાં પેદા કરવામાં તે સનંદ તેઓએ કપટ કરવાના ઈરા-

દાથી રજુ કરી હતી. તેથી તે રજુ કરવામાં દગલબાજીથી વરત્યા હતા. એમગણીને સેસન જડજે તેઓને પી. કો. ની. ૪૭૧ તથા ૪૬૪મી કલમો પ્રમાણે જે દસ્તાવેજ એક કીમતી દસ્તાવેજ હતું. અને જેને તેઓ કરત્રીમ દસ્તાવેજ જાણતા હતા, તે દસ્તાવેજ ખરા દાખલ વાપરવામાં તેઓએ દગલબાજીથી તેનો ઉપયોગ કરવા વાસ્તે તેઓને ગુન્હેગાર ઠરાવી દરેકને અઢાર અઢાર માસની સખત કેદની શીક્ષા કરવામાં આવી હતી. વરીસમીયાં ઉપરના મુકરદમાની બાબતમાં આસેસરો સાથે એક મત થઇને સેસન જડજે ઠરાવ્યું છેકે, ખોટા લેખથી સેટલમેંન્ટ ઓફીસરને ઠગવાની તથા કાચરના રાજાએ લોસકુરનો ઇલકાબ કબુલ રાખ્યો છે અને તેથી તે ઇલકાબના હકની રૂએ નવા સેટલમેંન્ટમાં દાખલ કરવો જોઇએ. અને તે આપટો કીંમતી દસ્તાવેજ છે અને તેથી મારો પટાવાળી જમીન ઉપર કાયદેસર હક છે. એવી આસ્તા તે સેટલમેંન્ટ ઓફીસરને કરાવવાની આ બંધવે કોશીશ કરી હતી. જેથી તેને પી. કો. ની ૪૭૧ તથા ૪૬૭ મી કલમો પ્રમાણે જે દસ્તાવેજ કરત્રીમ હોવાનું તે જાણતો હતો. તે કરત્રીમ દસ્તાવેજ ખરા દાખલ વાપરવા વાસ્તે, તેને અપરાધી ઠરાવી, છ માસની સખત કેદની સજા, તથા પચાસ રૂપૈયા દંડની, અને દંડ ન આપે તો બીજા ૬ માસની સખત કેદની સજા કરેલી છે.

આ બંને મુકરદમાઓ માંહેલા બંધવાઓએ, હાઈકોરટને અપીલ કરેલી છે.

બંધવાઓ તરફથી કોઇ વકીલ હાજર નહોતો.

કોર્ટ તરફથી જસ્ટીસ મીટરનો ઠરાવ.

ઠરાવઃ—અંક અ વાળું ખોટું દસ્તાવેજ છે, એવું સાબીત કરવાને વાસ્તે, પુરતો પુરાવો નથી એમ હું માનું છઊં.

સેસન જડજે કેટલાક રૂબાકારી ઉપર આધાર રાખ્યો છે અને તે રૂબાકારીઓ કામમાં રજુ કર્યા છે, એટલાજ ઉપરથી તે પુરાવા તરીકે ગણી શકાતા નથી. તે જો બાતલ કરીએ તો અપરાધનો ઠરાવ બે કારણો ઉપર મુખ્યત્વે કરી ઉભો રહે છે. તેમાં પહેલું કારણ કાચરના રાજાએ કોઇ બીજો રૂકો કરી આપ્યો હોય, તે સાબીત થઇને તેના ઉપરની મોહોર અને અંક અ ઉપરની મોહોર એ બંને મોહોરો ઉપરનો મુકાબલો કરવાથી તે બાબતમાં સેસન જડજનો એમ અભીપ્રાય છે કે, આ બંને મોહોરની છાપ એક સરખી નથી. બીજું કારણઃ—કાગળના દીદાર ઉપરથી જણાય છે કે, એ કાગળ જેટલો જુનો હોવાનું બોલે છે તેટલો જુનો નથી.

આ બે કારણો મારા વિચાર પ્રમાણે, ગુન્હાના ઠરાવને ટકાવી રાખવા સારૂ બસ નથી. વખ્તે એવું પણ બન્યું હોય કે, તે રાજાએ પોતાની મોહોર બદલી નાખી હશે, અને એ કારણથી મોહોરની છાપોના જુદાપણાનો ખુલાસો થઇ શકે છે. બીજા કારણોનો આધાર ફકત અટકળ ઉપર રહેલો છે. ઘડીભર માની લઇએ કે, અંક અ વાળું દસ્તાવેજ ખોટું છે. તોપણ અપેલેંટો તેવું જાણતા હતા એવું બતાવવામાં આવ્યું હોય, એમ હું ધારતો નથી. સેસન જડજે જે હકીકતો શુદ્ધ રીતે ગોતેલી છે, તે બધી કબુલ રાખતાં હું ધારતો નથી કે, પીનલકોડના કોઇ પણ ગુન્હા પ્રમાણે અપેલેન્ટો ગુન્હેગાર થાય છે. હકીકત ફકત એટલીજ છે કે, કેમ જાણે કાચરના રાજાએ. લોસકુરના કેતાબની સનંદ બક્ષી હોય, એવી સનંદ એ ઇલકાબ કબુલ કરાવવા અપેલેંન્ટોએ રજુ કરી છે. એ સનંદ સાચી નથી એમ જણાયું છે. અપેલેંન્ટોએ સાચું નહીં જાણીને સેટલમેંન્ટ ઓફીસર પાસેથી લોસકુરનો ઇલકાબ કબુલ કરાવવાના ઈરાદાથી વાપર્યું. એવું માનતાં સવાલ એટલોજ છે કે, એ કૃત્ય હી. પી. કો. ની ૪૭૧ મી કલમ પ્રમાણે અથવા આ દેશના શીક્ષાના બીજા કોઇ ધારા પ્રમાણે ગુન્હેગાર છે કે નહીં? સેસન જડજે અપેલેંટોને ૪૭૧ મી કલમ પ્રમાણે અપરાધી ઠરાવ્યા છે. હવે આ દસ્તાવેજ વાપરવામાં તેનો કપટવાળો, કીંવા બદદાનતવાળો, ઇરાદો ન હોય તો બંધવાઓ એ ૪૭૧ મી કલમ પ્રમાણે અપરાધી ઠરતા નથી.

પીનલકોડની ૨૪ મી કલમમાં "બદદાનતથી" શબ્દની એવી વ્યાખ્યાઆપી છે તે નીચે પ્રમાણે.

જે માણસ કાંઇ વસ્તુ એક સક્ષને ગેરવાજબી લાભ કરવાના અથવા બીજા સક્ષને ગેરવાજબી હાની કરવાના ઇરાદાથી કરે, તે માણસે તે વસ્તુ બદદાનતથી કરી એમ સમજવું.

હવે અપેલેન્ટોનો ઇરાદો તો કાયદેસર લાભ કરવાનો, કીંવા કોઇ પુરૂષને ગેરકાયદેસર હાની કરવાનો નહોતો.

"દગલબાજીથી" એ શબ્દની વ્યાખ્યા ૨૫ મી કલમમાં નીચે પ્રમાણે આપી છે.

જો કોઇ સક્ષ કાંઇ વસ્તુ દગો કરવાના ઈરાદાથી કરે, તો તે વસ્તુ તેણે "દગલબાજીથી" કરી એમ સમજવું, નહીં તો નહીં.

આ મુકરદમામાં અપેલેન્ટોનો દેખી તો ઇરાદો, અમે લોસકુરના ભરતબાને પાત્ર છીએ એવો સેટલમેંન્ટ ઓફીસરના મનમાં ખોટો ઈતબાર પેદા કરવાનો હતો. અને ઇતબાર પેદા કરવા સારૂ, તેઓએ સનંદ અંક અ વાળી રજુ કરી, અને એ સંનદ સાચીછે એમ નીકળ્યું નથી. શાથી દગો કરવાના ઈરાદાનું મંડાણ થાય છે, તેની સ્પષ્ટ રીતે વ્યાખ્યા આપ્યા વગર અમને ચોખે ચોખું લાગે છે કે, આ કામમાં અપેલેંટોએ સેટલમેંન્ટ ઓફીસરને દગો દેવાને સનંદ રજુ કરી છે, એમ ઠરી શકતું નથી. અને તેટલા માટે તેઓએ પીનલકોડની ૨૫ મી કલમની વ્યાખ્યા પ્રમાણે, તે દસ્તાવેજ દગલબાજીથી વાપર્યું એમ કહી શકાતું નથી. માટે અમે સેસન જડજના મત સાથે એક મત થઇશકતા નથી. અને તે મત એ છે કે, પીનલકોડની ૪૭૧ મી કલમ પ્રમાણે ગુન્હેગાર છે;તેમ અપેલેંન્ટોએ જે કામ કર્યું તેથી અમારી નજરમાં બીજો પણ કોઈ ગુન્હો આવતો નથી. તેથી ગુન્હાનો ઠરાવ રદ કરી અપેલેંટોને છોડી મુકીએ છીએ.

વરીસમીઆંની અપીલ જે એજ સેસન જડજના ફેંસલા વિરૂદ્ધ છે, તેમાં પણ તેજ કાયદાનો સવાલ ઉઠે છે. અપીલ નંબર ૮૭ ના કામમાં જે કારણ આપ્યાં છે, તે ઉપરથી આ કામમાં અમારો એવો મત છે કે, સેસન જડજે જે હકીકત સાચી ઠરાવી છે, તે હકીકતને લેતાં અપેલેન્ટ કોઇ ગુન્હાનો ગુન્હેગાર નથી. જો દસ્તાવેજ છે, એ દસ્તાવેજને અપીલેંન્ટે વાપર્યું તેનો સેસન જડજે તેને અપરાધી ઠરાવ્યો છે. એ દસ્તાવેજ ઉપરની હકીકત જેવી, આ કેશમાં સનંદ છે. અને જે સનંદથી સનંદ મળનારને અમુક ભરતબો મળેલો છે. આવા પ્રકારનું દસ્તાવેજ અમારા અભીપ્રાય પ્રમાણે કીંમતી ન ગણવું જોઇએ. તેથી આ અપીલમાં પણ અમે અપેલેંન્ટ વીરૂધનો ઠરાવ રદ કરીએ છીએ.

અબદુલ હાંમીદ. વિ. માહારાણી.

ક.૪૬૩-૬૪

૬

તા. ૭-૯-૮૬.
ઈ. ૧૩ ક.પા.૩૪૯
પાછલો ગુન્હો ઢાંકવા સારૂ કાંઇ ખોટું લખવું એથી ખોટો લેખ બનાવ્યાનો ગુન્હો થતો નથી.

ब नामने गामे एक सरकारी ओफीस हती, तेमां बंधवो नकल करवानुं काम करतो हतो, ते ओफीसमां एक कारकुनननी जगो खाली पडी, तेनी तेणे अरजी करी. ए ओफीसना उपरीए केम जाणे कर्यो होय, एवी जातनो शेरो ते अरजी नीचे बंधवे खोटो लख्यो, एम मालुम पड्युं छे. ए शेरो पेली जगा वास्ते भलामणनो हतो. एं अमलदारे लखेलो एक पत्र केम जाणे एक कलेकटरे लख्यो होय, अने जेमां एवी खबर आपेली होय के, खाली पडेली जग्या उपर तहोमतदारने पण पसंद करवामां आवेछे, एवी खबरवाळो पत्र पण खोटो बनाव्यो हतो, तेना साथे पेली अरजी पण ए अमलदार पासे आवी. ए पत्रना

खरापणा वीशे सदरहु अमलदारने शक पडवाथी, तेणे कलेकटर उपर एक खानगी सरकारी पत्र लखी मोकल्यो. अने तेमां तेणे पुछ्युं के, पेलो पत्र खरेखरो लखायो छे के नहीं? आ लखाण तेणे तेज गामनी टपालमां नाख्युं सदरहु खानगी सरकारी कागळ टपालमां न चलाववा सारु, केम जाणे पेला अधीकारीए पोस्टमास्तरने चीठी लखी होय, एवी चीठी बंधवे बनावी.

आ त्रणे दस्तावेजना संबंधमां सेसन जडजे बंधवाने पी. को. नी ४६४ मी कलम प्रमाणे अपराधी ठराव्यो.

ठराव्युं के, पेला बे दस्तावेजना संबंधमां गुन्हानो ठराव साचो छे, पण त्रीजुं दस्तावेज तेणे तेज कलमना अर्थ प्रमाणे बददानतथी के, दगलबाजीथी बनाव्यानुं कही शकातुं नथी.

આ કામની હકીકત હાઇકોર્ટ તરફથી જસ્ટીસ મીતર તથાગ્રેંટે આપેલા ઠરાવમાં જોઈએ તેટલી લખી છે.

અપેલેન્ટ તરફથી બાબુ અંબીકાચરણ બોશ.
સરકાર તરફથી કલબી સાહેબ.

અપેલેન્ટના વિદ્વાન વકીલે સેસન જડજના શોધનનો કાંઈ વાંધો લીધો નથી. પણ ક્રી. પી. કો. ની ४६४ મી કલમના અર્થ પ્રમાણે क्ष स તથા क નીશાનીવાળાં દસ્તાવેજો કે, જે ઉપરથી અપેલેન્ટના ઉપર તહોમત મુકવાનું કારણ બન્યું છે તેના સબંધમાં અપેલેન્ટે ખોટો દસ્તાવેજ બનાવ્યો, એવા શોધન ઉપરથી સેસન જડજે ઠરાવ કરવો જોઇતો નહોતો એટલોજ તેનો વાંધો છે. આ કામની હકીકત નીચે પ્રમાણે છે.

બદરૂક ગામમાં એક સરકારી ઓફીસમાં ત્રીજા કારકુનની જગ્યા ખાલી પડ્યા ઉપરથી અપેલેન્ટ જે તે ઓફીસમાં એક નકલકરનારો હતો તેણે લખી હોય એવા મતલબની એક અરજી તે જગોની માગણી કરવા વાસ્તે બાલાસોરના કલેકટરને મોકલી. આ અરજીને તળે બદરૂકની સદરહુ ઓફીસના ઉપરીએ શેરો કર્યો હોય, એવા મતલબનો શેરો હતો. અને તે શેરામાં સદરહુ જગ્યા વાસ્તે અરજદારની સીપારસ લખી હતી. क्ष નિશાની વાળો દસ્તાવેજ તે આ શેરો છે, અને એમ માલમ પડ્યું કે અપેલેન્ટે તે ખોટો કર્યો છે. બાલાસોરના કલેકટર તરફથી બદરૂકની ઓફીસના અમલદાર તરફ કેમ જાણે એક કાગળ લખી મોકલ્યો હોય, અને એવો કાગળ નિશાની क વાળો દસ્તાવેજ છે, અને તેમાં એવી ખબર લખી છે કે, ખાલી પડેલી જગ્યા વાસ્તે કલેકટરે અપેલેન્ટને નીમ્યો છે. આ પણ અપેલેન્ટે કરતરીમ બનાવ્યાનું માલમ પડ્યું છે. બદરૂકના અમલદારને આ દસ્તાવેજના ખરાપણા વિશે શક આવવાથી તેણે કલેકટરસાહેબને એક સરકારી ખાનગી કાગળ क દસ્તાવેજનું ખરાપણું નકી કરવા વાસ્તે લખ્યો. આ કાગળ બદરૂકની ટપાલમાં નાખ્યો. અપેલેન્ટને આ બાબતની કાંઈ ચેતવણી મળવાથી સદરહુ ખાનગી સરકારી કાગળ ચલવવો નહિ એવી મતલબનો પોષ્ટમાસ્તર ઉપરનો કાગળ કેમજાણે બદરૂકની ઓફીસના અમલદારે લખેલો હોય, એવો કાગળ અપેલેન્ટે ખોટો બનાવ્યો હતો. આ ત્રણ દસ્તાવેજના સંબંધમાં અપેલેન્ટને ખોટા દસ્તાવેજ બનાવ્યાના ગુન્હાનો અપરાધી ઠરાવ્યો છે, અને ત્રણે દસ્તાવેજમાંથી પ્રત્યેક દસ્તાવેજ ખોટો બનાવ્યા વાસ્તે તેને એક એક વરસની સખત કેદની સ-

જા થઇ છે એમ માલમ પડયું છે, અને સાવ ઉઘાડું છે કે, બન્ને દસ્તાવેજો ખોટાં બનાવીને બદરૂકની અમલદાર તથા બાલાસોરના કલેકટર સાથે ઠગાઇ કરીને કારકુનની ખાલી પડેલી જગો મેળવવાનો અપેલેન્ટનો ઈરાદો હતો. આવી હકીકતો ઉપરથી અમારી પાસે એવી તકરાર કરવામાં આવી છે કે, હીં. પી. કો. ની ૪૬૪ મી કલમ પ્રમાણે ઉપર કહેવાઇ ગએલા ત્રણે પ્રસંગોમાંથી એકે પ્રસંગે અપેલેન્ટે એકે ખોટો દસ્તાવેજ બનાવ્યાનું ઠરાવી શકાતું નથી. એ વીદ્વાન વકીલની એવી તકરાર છે કે, અલબતે અપેલેન્ટે આ લેખો ખોટા બનાવ્યા છે ખરા; પરંતુ પીનલકોડની ૨૪ મી તથા ૨૫ મી કલમોમાં "બદદાનતથી" અને "દગલબાજીથી" એ બંને શબ્દોની વ્યાખ્યામાં જે અર્થ છે તે પ્રમાણે તેણે ખોટાં બનાવ્યાં એમ કહી શકાય નહિ. क्ष તથા स નિશાનીવાળા દસ્તાવેજોના સંબંધમાં આ વાંધો મજબુત છે એમ અમારો અભિપ્રાય થતો નથી. ઉપર કહેવાઇ ગએલા પ્રસંગોએ આ બંને દસ્તાવેજો અપેલેન્ટે બદધાનતથી બનાવ્યાં એમ કહેવાય નહિ. તોપણ અમોને સાફ ચોખું લાગે છે કે, પીનલકોડમાં "દગલબાજીથી" એ શબ્દની જે વ્યાખ્યા આપી છે, તેવી દગલબાજીથી અપેલેન્ટે ખોટા દસ્તાવેજો બનાવ્યાં છે. બદરૂકની ઓફીસમાં ખાલી પડેલી જગો મેળવવાનો તેનો ઇરાદો હોવાનું કહેવાઈ ગયું છે. બદરૂકના અમલદારને તથા બાલાસોરના કલેકટરને ઠગીને કાંઇ પૈસા સંબંધી લાભ લેવા સારૂ આં બંને દસ્તાવેજો ખોટા બનાવવાનો તેનો ઇરાદો હતો. क्ष નિશાનીવાળો લેખ બનાવીને બદરૂકના અમલદારને ઠગવાનો ઇરાદો કર્યો તેથી તેણે બદરૂકના અમલદારને તથા બાલાસોરના કલેકટરને ઠગવાની મતલબથી, તથા બદરૂકની ઓફીસમાં જે જગા ખાલી પડી હતી, તે જગા ઉપર પોતાની નિમણુંક કરાવી પૈસા સંબંધી લાભ મેળવવાના ઇરાદાથી, તેણે આ બંને દસ્તાવેજો ખોટાં બનાવ્યાં છે. જ્યારે આમ છે તો અમારા અભિપ્રાય પ્રમાણે હીં. પી. કો. ની ૨૫ મી કલમના અર્થ મુજબ તેણે આ બંને દસ્તાવેજો દગલબાજીથી ખોટાં બનાવ્યાં પણ क નિશાનીવાળા દસ્તાવેજના સબંધમાં મારો મત એવો છે કે, વિદ્વાન વકીલની તકરાર સાચી છે क्ष તથા स નીશાનીવાળા ખોટા દસ્તાવેજો બનાવીને અપેલેન્ટે જે કાવતરૂં કર્યું હતું તેમાંથી પકડાઈ ન જવાનો બંદોબસ્ત કરવાના ઇરાદાથી તેણે આ ખોટો દસ્તાવેજ બનાવ્યો છે. એવા ઇરાદાથી क નીશાનીવાળો દસ્તાવેજ ખોટો બનાવેલ. તેથી એમ કહી શકાય નહિ કે, તે તેણે બદદાનતથી કે દગલબાજીથી બનાવ્યો હતો. તેનો મતલબ કોઇને ગેરકાયદેસર હાની કરવાનો નહોતો, અથવા પોતાને ગેરકાયદેસર લાભ લેવાનો નહોતો, અથવા પોતાના માટે કાંઇ પૈસા સંબંધી લાભ કાઢી લેવાનો નહોતો. માટે क નિશાનીવાળા દસ્તાવેજના સંબંધમાં ગુન્હાનો ઠરાવ રદ કરી क्ष તથા स દસ્તાવેજોના સંબંધના ઠરાવો કાયમ રાખવામાં આવે છે. અપેલેન્ટે કરેલા ગુન્હાનું મહત્વપણું જોતાં સેસન જડજે આપેલી સજા કરતાં હલકી સજા કરવી દુરસ્ત જણાતી નથી. क्ष દસ્તાવેજ માટે બે વરસની તથા स દસ્તાવેજ માટે કરેલી સજાએમની એમ રાખીએ છીએ.

હરધન મઇતિ. વિ. માહારાણી કેસરેહીંદ.

ज्यारे कोइ दस्तावेज इनसाफनी अदालतने छेतरवा सारु बनाव्युं होय, त्यारे ते दस्तावेज ते काम सारु वापरवाना इरादाथी बनाव्युं छे एम समजवुं.

ક.૪૬૩-૬૪

૭

તા. ૪-૬-૮૭
ઈં.૧૪ ક. પા.૫૧૩
જ્યારે કોઈ દસ્તાવેજ ઈનસાફની અદાલતને છેતરવા સારૂ બનાવ્યું હોય, ત્યારે તે દસ્તાવેજ તે કામ સાથે વાપરવાનાઈરાદાથી બનાવ્યું છે એમ સમજવું.

तेथी कोइ बीजा सक्षनी वरधी उपरथी कोइ सक्षने फसाववाना इरादाथी मोकल्यो होय, अने ते बीजो सक्ष केम जाणे कोइ डेप्युटी कलेकटरनी सहीवाळी तथा सीलवाळी नोटीस होय, एवी नोटीसनुं दस्तावेज खोटुं बनावे, अने ते बनाववानी वरधी आपवा टांणे तेने एम कहेवामां आवे के, ए नोटीस माहारे कोइ चालता दीवानी मुकरदमामां वापरवा सारु जोइए छीए, परंतु खरेखरी रीते एवा कोइ मुकरदमानी हयाती न होय तोपण ए सख्स खोटो लेख बनाव्याना गुन्हानो गुन्हेगार छे. अने जे सक्षे ए खोटुं दस्तावेज बनाव्युं होय, ते सिवाय बीजा कोइ सख्सना मनमां सदरहु दस्तावेज दगलबाजीथी वापरवानो इरादो होवो जोइए एम कांइ जरुरनुं नथी.

આસેસરોની સાથે બેસનારી એક સેસનકોર્ટે કોઇ હરધનમઇતિ નામના સક્ષ ઉપર હિ. પી. કો. ની. ૪૬૬ મી કલમ માંહેના ગુન્હાનું તહોમત મુકીને તેનો ઇનસાફ કર્યો હતો. એ તહોમત કેમ જાણે કોઈ સરકારી નોકરે ઓહદાથી બનાવ્યું હોય, એવા એક દસ્તાવેજનો ખોટો લેખ બનાવ્યાનું હતું. અને તેની સાથે તેજ ગુન્હામાં મસલત કરીને મદદ કર્યા વાસ્તે. પી. કો. ની ૧૦૯ તથા ૪૬૬ મી કલમો માંહેના ગુનાહનું તહોમત રાખ્યુ હતું. હકીકત એવી છે કે, એક પોલીસના સબઇન્સપેકટરે આગળથી ઘડી રાખેલી યુકતી પ્રમાણે એક પોલીસના સિપાઈ મસલાંનદીનને વેષપાલટો કરી હરધનને ઘેર મોકલ્યો; અને તેને એવી વરધી આપી કે, હરધન જે ખોટા લેખ બનાવવાનો કસબ કર્યાનું કહેવાય છે, તેને સમજાવીને કેમ જાણે કોઇ ડેપ્યુટી કલેકટરની ઓફીસમાંથી કાઢવામાં આવી હોય એવી એક ચોકસ નોટીસ ખોટી કરાવી આવ.

અને આ વરધી પ્રમાણે મસલાનદીને ડેપ્યુટી કલેકટરની ઓફીસમાંથી નીકળેલી એક કોઇ મનુલાલ ઉપર કાઢેલી નોટીસ પોતાની સાથે લઇને હરધનને ઘેર ગયો; અને તેને કહ્યું કે, એક ખેડુત અને મારા વચ્ચે એક દિવાની દાવો ચાલે છે; (ખરેખરો એવો કોઇ દિવાની દાવો ચાલતો નોહોતો) અને તે દાવાના કામ માટે માહારે એક નોટીસ જોઇએ છીએ, અને અસલ નોટીસ જે મનુલાલના નામની છે, તે નામે નહીં પણ મારે નામે લખી હોય એવી એક મારે નોટીસ જોઇએ છીએ. આ પ્રમાણે કહ્યા પછી તેણે હરધન સાથ એહવી ગોઠવણ કરી કે, કરત્રીમ નોટીસ તૈયાર કરીને લેવી અને તે કામ બદલ ૨૫ રૂપૈઆ હરધનને આંપવા; વળતે દહાડે તે રૂપીઆ આપ્યા હતા, અને એ રૂપીયામાંથી કેટલાક રૂપીઆ ઉપર આગળથી નીશાની કરી રાખી હતી. અને આ રકમ જે હરધનને આપવામાં આવી હતી તે તેણે પોતાના બાપને હવાલે કરી. આ રકમ આપ્યા પછી તથા અસલ અને કરત્રીમ નોટીસો હરધન પાસેથી મસલાનદીનને મળ્યા પહેલાં પેલા સબઇન્સપેકટરે તથા તેના પોલીસ સિપાઇઓએ મસલાનદીન તરફથી ઈસારો મળવાની ગોઠવણ કરીને હરધનના ઘર પાસે આવીને ઊભા રહ્યા, અને તેની પાસે પેલી અસલ અને કરત્રીમ નોટીસ સહીત તથા પેલા નીશાનીવાળા રૂપીયા તેના બાપ પાસે હતા તે સહીત તેઓએ હરધનને

પકડી લીધો અને હરધનના ઘરમાં તેના કાગળીઆંનો ઝાડો લેવા ઉપરથી પેલી અસલ નોટીસના મુસદાઓ મળી આવ્યા, તે હાથ કીધા. ઈનસાફને વખતે બંધવે કાંઈ પુરાવો રજુ કર્યો નોહોતો. આસેસરોના મતથી મળતા આવીને સેસનજડજે હરધનને પી. કો. ની કલમ ૪૬૬ ના ગુનાહનો અપરાધી ઠરાવી ૭ વર્ષની શીક્ષા કરી.

આ ઠરાવ ઉપર બંધવાએ હાઇકોર્ટમાં અપીલ કરી. અને તે અપીલ ચિફજસ્ટીસ "પેથેરાંમ" તથા જસ્ટીસ "ઘોસ" પાસે આવતાં તેઓને ઉપર કહેવાયા પ્રમાણે હકીકત માલુંમ પડી. પરંતુ એ હકીકત ઉપરથી બંધવાને ખોટા લેખ બનાવવાના ગુનાહનો ગુન્હેગાર ઠરાવી શકાય કે નહીં તેવિષેનો શક આવતાં તેઓએ ફુલબેંચ તરફ આ કેસ મોકલ્યો હતો.

સરકાર તરફથી "ફીલ"સાહેબે એવી દલીલ કરી કે, મુનસફની સહી અને સિક્કાવાળાં દસ્તાવેજની બરોબર પૈસાની પાવતી બંધવાએ બનાવી અને તે દસ્તાવેજ તેણે એવા ઇરાદાથી બનાવ્યું કે, એ દસ્તાવેજ બનાવવામાં તેને જે માણસે પૈસા આપ્યા હતા, તે માણસને માટે તથા તેના લાભમાં હુકમનામું કરાવવા સારૂ વાપરવામાં આવે, અને તે ઉપરથી જણાય છે કે, સદરહુ દસ્તાવેજ પી. કો. ની કલમ ૪૬૪ મીની વ્યાખ્યા પ્રમાણે એક ખોટો દસ્તાવેજ હતો. અને તેવો દસ્તાવેજ બનાવવું તે ૪૬૩ મી કલમના અર્થ પ્રમાણે ખોટો લેખ થાય છે. કેમકે કપટ થાય એવા ઇરાદાથી તે દસ્તાવેજ બનાવ્યો હતો. આ ગુનાહ થવામાં બેવાત રહેલી છે તે પેહેલીવાત એ દસ્તાવેજબનાવવો અને બીજી વાત કપટ ભરેલો ઇરાદો હોવો જોઇએ. જે માણસે તે દસ્તાવેજ કરવા સારૂ બંધવાને પૈસા આપ્યા હતા, તે માણસને સદરહુ દસ્તાવેજનો દગલબાજીથી ઉપયોગ કરવાનો હતો. તેથી બંધવાને કંઇ અસર થતી નથી. તેનો ઇરાદોતો બેશક દગલબાજી કરવાનો હતો;અને માત્ર તેનાં ઇરાદા વિષેજ કાયદો જોવાનો છે. જે ઠેકાણે ઈરાદો ચોખ્ખો દુધ જેવો હોય ત્યાં દગલબાજી થવાનો સંભવ જે કે નહીં તે વાત કાયદામાં જોવાની નથી; એમ હું નમ્રતાથી કહું છું રાંણી વિ. ટાલીના કામમાં કોઇ ઓરતને કાંઇ ગંધીયાણું વેચાતું આપવામાં આવ્યું હતું અને તે એટલા માટે કે, તે ગંધીયાણાથી તે ઓરતને ગર્ભપાત કરવો હોય તો કરી શકે, તેમાં ઠરાવ્યું છે કે, તે ઓરત ગર્ભપાત કરવાની સ્થિતીમાં નહોતી, તેમ તે ગંધીયાણું તેને વાપરવાનું નોહોતું; પરંતુ તેણીને પોલીસવાળાએ બંધવાને સપડાવવા સારૂ કાંમગીરીમાં રાખી હતી તો પણ બંધવે સદરહુ ગંધીયાણું ગર્ભપાડવા સારૂં વેચ્યું હતું, માટે તે ગુન્હેગાર થાય છે. રાણી. વિ. નાસના કામમાં જસ્ટીસ "મોલે" કહેલું છે કે, કોઇ ચોકસ પુરૂષને છેતરવાનો ઇરાદો દેખાડવાની જરૂર નથી. અને રાંણી. વિ. હોલડેન અને રાણી વિ. મારકસના કામમાં એવો કોઇ સખ્સ નહોતો કે, જે પ્રત્યે દગલબાજી થઇ શકે.

બંધવા તરફથી કોઇ હાજર નહોતું.

ચિફ "જસ્ટીસ" "પેથીરાંમ" જસ્ટીસવીલસન જસ્ટીસ "ટોટનહાંમ" જસ્ટીસનોરીસ તથા જસ્ટીસ "ગોસ" તરફથી ચિફ જસ્ટીસ "પેથેરાંમે" નીચે પ્રમાણે ઠરાવ આપ્યો છે.

ઠરાવ. હરધન મર્જીતનો આ મુકરદમો, એ એક એવો મુકરદમો છેકે,જેમાં મને તથા જસટીસ ઘોસને ગુનાહનો ઠરાવના સંકલ્પ વિકલ્પ થયો હતો;કેમકે અમોને લાગ્યું કે,જે હકીકત માલુંમ પડેલી છે,તે હકીકત ઉપરથી ખોટો લેંખ બનાવવા બાબતનો ગુનાહ થએલોછેકે નહીં તે બાબતમાં કાંઇ શક ઉઠવા જેવું છે.

જડજ તથા આસેસરોએ જે હકીકત ખરી રીતે શોધેલીછે,તથા તે હકીકત ઉપરથી તેણે જે ખરો નીર્ણય કરેલોછે તે બાબત અમો ધારીએ છીએકે અમોને કાંઇ સંકલ્પ વિકલ્પ રહેતો નથી. પરંતુ અમોને ફકત એટલીજ શંકા રહેતી હતી કે,પડેલી હકીકત ઉપરથી કાંઇ ગુનાહ થયોછેકે નહીં.

આ મુકરદમાની હકીકત એવી છે કે, એક સખ્સ કોઇ કસબામાં રહેતો હતો; અને તે સક્ષનો કસબ હમેશાં ખોટા લેખો બનાવવાનો કસબ કરવાનો છે;એમ શક આવ્યાથી જડજની કોરટના શીરસ્તેદાર તથા પોલીસે તેને પકડવાનો ઘાટ રચ્યો; અને ઘાટ એવો હતો કે, કોઇ એક નોટીસ જે કોઇ દીવાની દાવામાં વાપરવામાં આવી હતી, તે નોટીસ તેઓએ તેના પાસે મોકલી, અને તે નોટીસના જેવી બીજી એજ નેં એવી નોટીસ બનાવી, તેમાં ફકત એક બે નામોનો ફેર કરી તૈયાર કરી દેવાનું કહેવરાવ્યું. અને તેઓની સાથે તેણે

એવો ખુલાસો કર્યો કે,જુની નોટીસની બરોબર નવી નોટીસ કરવાની તેઓની મતલબ એવી છેકે, કોઇ એક મુકરદમામાં કોરટને છેતરવાના કામ સારૂ તેનો ઉપયોગ કરવાનો છે' એટલે તેઓના કહેવા પ્રમાણે બંધવો કોરટને ઠગવા સારૂ જે દસ્તાવેજ વાપરવાનું હતું તે દસ્તાવેજ ખોટો બનાવવા સારૂ તેને કામે લગાડયો હતો. હવે સાવ ચોખ્ખું છે કે, આ પ્રમાણે ખોટો નમુનો બનાવવામાં જે સક્ષોએ બંધવાને કામે લગાડયો હતો, તે સક્ષો જો કોઇ સાચેસાચા દાવાના પક્ષકાર હત, અને તે દાવામાં કોરટને ઠગવા સારૂ, આ દસ્તાવેજ તેયાર કરાવવા સારૂ તેઓ તેની પાસે ગયા હતા અને બંધવે તે પ્રમાણે વાપરવા સારૂ સદરહુ દસ્તાવેજ કરી આપ્યો હોત તો તે ખોટા લેખ બનાવવાના ગુનાહનો ગુનેગાર થાત પણ જે દસ્તાવેજનો કોઇ ઉપયોગ કરવાનો નહોતો, અને જે ચોખેચોખું કામ વગરનું હતું તે દસ્તાવેજ ખોટો બનાવતાં કોઇ સખસ ગુન્હેગાર થઇ શકે છે કે નહીં તે બાબત અમને ક્લેશ થયો હતો. અથવા બીજા શબ્દમાં કહીએતો કામે લગાડનાર સખ્સને ગુનાહ ભરેલો ઈરાદો ન હોય, ત્યારે જે સખ્સને તેણે તે દસ્તાવેજ કરવામાં કામે લગાડયો હોય, તે સખ્સનો ગુનાહ ભરેલો ઇરાદો થઇ શકે નહીં એ શક પડવાથી અમે ઠરાવ કર્યો કે,આ મુકરદમો પાંચ જડજોની રૂબરૂ ચરચાવવો જોઈએ. અને તે એટલા માંટે કે તે બાબતનો વિચાર કર્યા પછી એકી વખ્તે તેનો અંત લેવો અને તે સવાલનો વિચાર કર્યા પછી અમારા સઘળાનો એવો અભીપ્રાય થયો છે કે, ગુનાહનો ઠરાવ કાયમ રાખવા સારૂ પડેલી હકીકત બસ છે; અને આ ઠરાવ કરવામાં રાંની વિ. હિલમાનના મુકરદમા ઉપર અમો આધાર રાખીએ છીએ. મુકરદમામાં કોઇ ઓરતનું ગર્ભ પાડવા સારૂ તેણીને જે ગંધીઆણુ પુરૂં પાડવાનું તહોમત આવ્યું હતું, તેમાં સાબીત થએલી હકીકત એવી છે કે, બંધવે કાંઇક ગંધીયાણું આપેલું હતું; અમે તે ગંધીઆણું કોઇ ગર્ભવંતી ઓરત પેટમાં ખાય તો તેની અસરથી ગર્ભનો નાશ થતો હતો, પરંતુ તે વસ્તુ જે સખ્સે લીધી હતી, તેનો હેતુ બંધવાને સપડાવવામો હતો, અને ખરેખરી રીતે ગર્ભ પાડવા સારૂ સદરહુ વસ્તુ કોઈ ગર્ભવાળી ઓરતને આપવાની નોહોતી. એ મુકરદમામાં પણ આ હાલના જેવો સવાલ ઉઠયો હતો. એટલે કે જ્યાં પરીણામે ગર્ભપાત કરવાનો ઇરાદો ન હોય ત્યાં ગર્ભપાત કરવાની વસ્તુ પુરી પાડવાથી કંઇ ગુન્હો થાય છે કે નહીં. ચિપજસ્ટીસ સરવીલીયમ અરલસાહેબે ઠરાવ આપેલો છે; અને તે વખ્તે વિલાયતમાં એના જેવો કાબેલ જડજ અદાલતમાં બીરાજતો નોહોતો; અને તેઓ સાહેબે લખેલું છે તે એકે વિકટોરીઆના ૨૪ મા તથા૨૫મા વરસના ચાપટરસોની કલમ૫૯ પ્રમાણે શિક્ષા થઇ શકે,એવો ગુનોહ કરવામાં તહોમતદાર શીવાય બીજા કોઇ સક્ષનો ગુનોહ કરવાનો ઈરાદો હોવો જોઇએ કે નહીં. તે સવાલ અમોને કરવામાં આવ્યોછે;અમારો સઘળાનો અભિપ્રાય એવો છેકે,આ સઘળાનો જવાબ નાના રૂપમાં દેવો જોઇએ;ગર્ભનો નાશ કરવામાં જે વસ્તુ વાપરવામાંઆવે,તે વસ્તુ તેવા ઇરાદાથી પુરી પાડવા સામે સદરહુ કાયદો બાંધવામાં આવ્યોછે;આ કામના બંધવાએ તે વસ્તુ પુરી પાડી હતી. અને તે એવા ઇરાદાથી કે,તેનો ઉપયોગ તેનો નાશ કરવામાં થવાનોછે. આ પ્રમાણે તે વસ્તુ વપરાશે એ વાત તેના જાણવામાં હતી અને તેથી તેનો સમાસ સદરહુ કાયદામાં આવી જાયછે. અને અમે પણ તેવોજ અર્થ કરીએ છીએ.જે હાની અટકાવવાનો સદરહુ કાયદાનો હેતુછે તે હાની તેણે કરેલીછે માટે તેને ગુન્હેગાર ઠરાવવો જોઇએ.

ચારે તરફથી આ મુકરદમો ચાલતા મુકરદમાને બરોબર રીતે મળતો આવ્યાનું અમોને જણાયછે; કેમકે સરવિલિયમ અરલ સાહેબનો કહેવાનો હેતુ એવોછેકે,જ્યાં ગર્ભનો નાશ કરવા સારૂ જે વસ્તુ વાપરવામાં આવીછે તે વસ્તુ પુરી પાડવામાં આવે તો તે ગર્ભનો નાશ કરવાના ઇરાદાથી પુરી પાડયા બરોબરછે. ચાલતા કામમાં આ ચોકસ દસ્તાવેજ અદાલતને ઠગવા સારૂ બનાવ્યું હતું; અને જ્યારે તે કામ વાસ્તે બનાવ્યું હતું, ત્યારે ઉપર કહેલા વિલાયતના મુકરદમામાં જે કારણથી ગુન્હો બન્યાનું ઠરાવ્યું હતું તેજ કારણથી અમો કહીએ છીએકે,સદરહુ દસ્તાવેજ ઠગાઈ કરવાના ઇરાદાથીજ બનાવ્યું હતું, અને તેથી અમો ધારીએ છીએકે,બંધવે સદરહુ ગુનોહ કર્યોછે અને જે હાની અટકાવવાનો કાયદાનો હેતુછે તે હાની બંધવાએ કરી અને જડજ તથા આસેસરોને જે હકીકત સાચી રીતે જણાએલી છે તે હકીકત સાચીજછે એમ અમોને લાગવાથી અમો ગુન્હાનો ઠરાવ કાયમ રાખીએ છીએ અને તેથી અપીલ નામંજુર કરવામાં આવે છે.

કલમ ૪૬૫ મી.

૪૬૫. જે માણસ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરે, તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે. ખોટોલેખ બનાવવાનીશિક્ષા.

કલમ ૪૬૬ મી.

૪૬૬. કોઇ ઇનસાફની કોરટનું દફતર અથવા તે કોરટ મધ્યે ચાલેલાં કામનો કાગળ હોય એવી મતલબનો કાંઇ લેખ, અથવા જન્મ, બાપતિસમ, લગ્ન, કે ગાડવા બાબતનો કાંઇ રજીષ્ટર, અથવા કોઇ સરકારી નોકર પોતાના સરકારી હોદ્દાના જોરથી રાખતો હોય એવો કાંઇ રજીષ્ટર, અથવા કોઇ સરકારી નોકરે પોતાના સરકારી હોદ્દાના જોરથી કરેલો હોય એવી મતલબનો કાંઇ દાખલો કે લેખ, અથવા કાંઇ ફરિયાદી કે જવાબ કરવાનો, અથવા તેમાં કાંઇ પણ કામ ચલાવવાનો, અથવા કબુલાતથી હુકમનામું થવા દેવાનો, જેમાં અખત્યાર આપ્યો હોય એવો લેખ, અથવા વકીલાતનામું કે મુખત્યારનામું જે માણસ ખોટુ બનાવે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. કોઇ ઇનસાફનીકોરટનું દફતરઅથવાજનમવગરેબાબત

કલમ ૪૬૭ મી.

૪૬૭. જે લેખ કાંઇ કિમતી દસ્તાવેજની મતલબનો, અથવા કાંઇ વિલની મતલબનો, અથવા દત્તક લેવાનો અખત્યાર નામાની મતલબનો હોય, અથવા જે લેખ કોઇ શખસને કાંઇ કિમતી દસ્તાવેજ કરવાનો અથવા બીજાના નામનો કરી આપવાનો, અથવા તેના મુદલ રૂપીયા, વ્યાજ કે નફાની વેહેંચણ લેવાનો, અખત્યાર આપવાની મતલબનો હોય, અથવા કાંઈ નાણું જંગમ મિલકત, અથવા કિમતી દસ્તાવેજ લેવાનો કે આપવાનો અખત્યાર આપવાનો મતલબનો હોય, અથવા જે લેખ કાંઇ ફારગતી અથવા નાણું ભર્યાની પોહોંચની મતલબનો, અથવા કાંઈ ફારગતી કે કાંઈ જંગમ મિલકત અથવા કિમતી દસ્તાવેજ આપ્યાની પોહોંચની મતલબનો હોય, એવો કોઇ લેખ જે માણસ ખોટો બનાવે, તેને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે. કાંઇકીમતી દસ્તાવેજઅથવાવીલખોટુબનાવ્યું.

કલમ ૪૬૮ મી.

૪૬૮. જે કોઇ માણસ ખોટો લેખ બનાવે, એવા ઇરાદાથી કે તે બનાવટનો લેખ ઠગાઇ કરવાના કારણસર વપરાય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. ઠગાઇ કરવાના કારણસર ખોટા લેખ બનાવવો.

કલમ ૪૬૯ મી.

૪૬૯. જો કોઇ માણસ ખોટો લેખ બનાવે, એવા ઇરાદાથી કે તે બનાવટનો લેખ કોઈ ધણીની આબરૂને હાની કરે, અથવા તે લેખ તેવા કારણસર વાપરવામાં આવશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સખસની આબરૂનેનુકશાન કરવાના કારણસરખોટો લેખ બનાવવો.

કલમ ૪૭૦ મી.

૪૭૦. જે ખોટો લેખ સઘળો કે થોડો ઘણો, ખોટો લેખ બનાવવાના ગુન્હાથી બન્યો હોય, તેનું નામ "બનાવટનો લેખ."

"બનાવટનો લેખ."

કલમ ૪૭૧ મી.

બનાવટનો લેખ ખરા દાખલ વાપરવો

જે લેખ બનાવટનો લેખ છે એમ પોતે જાણતો હોય અથવા એમ માનવાનું પોતાને કારણ હોય એવો કોઇ લેખ જે માણસ દગલબાજીથી અથવા બદદાનતથી ખરા દાખલ વાપરે, તે માણસને જાણે તેણે લેખ ખોટો બનાવ્યો હોય, એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

કેસરેહીંદ. વિ. સૈયદ હુસેન.

કલમ ૪૭૧.

૧

તા.૨૭-૨-૮૫ ઇ૦૭ અ. પા. ૪૦૩ કોઇ લેખ બનાવવામાં બંધવાનો તુરતનો ઇરાદો શું હશે તે જણાઇ આવે તો પછી તેનો છેટેનો ઇરાદો જોવો જોઇએ નહીં અને એ તુરતનો ઇરાદો બદ દાનત અથવા દગલબાજી વાળો ન હોય તો કોઇ લેખમાં ફેરફાર કરવો એથી ખોટો લેખ બનાવ્યાનો ગુન્હો પતો નથી.

एक पोलीस फोजदारना करजदारोए, डीस्ट्रीकट सुप्रीन्टेन्डेन्ट ओफ पोलीसने एवी अरजी करी के, अमारुं लेणुं पती जाय, त्यां सुधी करजदारना पगारमांथी दर मासे बबे रुपैया कापी लेवा जोइए. ए अरजी उपरथी हुकम कर्यो के, अरजी प्रमाणे कपात करे जवी, एटले पछी देणदारे रुपैया १८ अढार जे आखुं करज हतुं, ते आपी दीधानी पहोंच रजु करी. पछवाडेथी एम मालुम पडयुं के, ए पहोंच रुपैया आठनी हती. पण तेमां देणदारे एकडो उमेरी १८ रुपैयामां देखाय एवी रीते तेमां फेरफार कर्यो छे. ठराव्युं के, बंधवाना मनमां खरेखरो इरादो पोतानो पगार गेरकायदेसर अटकाववानो हुकम कर्यो हतो ते तेनो उपरी अटकावे नहीं एवी असर करवानो हतो. अने तेथी अदालते फोजदारी काममां जे इरादो जणाय,ते उपरांत बीजो अथवा वधु इरादो शुं हतो, तेनी कल्पना करवी न जोइए. अने वळी एटलाज उपरथी एम नीकळतुं नथी के,बंधवाए फेरवेली पहोंच खडी करी,तेथी तेनो इरादो लेणदारोनो दावो खोटो करवानो हतो. माटे तेना उपर पी. को. नी कलम ४७१ मुजब अपराधनो ठराव पोसाइ शकतो नथी.

આગ્રાના સેસનજડજે સને ૧૮૮૪ ના ડીસેંબરની ત્રીજી તારીખના ઠરાવથી, અપીલેન્ટને ખોટા દસ્તાવેજ બનાવ્યાને અપરાધી ઠરાવ્યો હતો. તેના ઉપર આ એક અપીલ છે.

અપિલેન્ટ એક પોલીસ ફોજદાર હતો અને મથુરામાં તેની નોકરી હતી. તેણે પૈસા આપ્યાની પહોંચના મતલબનું એક દસ્તાવેજ બનાવેલ, તેના સંબંધમાં તેને અપરાધી ઠરાવ્યો હતો. જે હકીકત ઉપરથી એ ઠરાવ થયો તે નીચે મુજબ છે. રૂપૈઆ. ૧૮-૧૦-૩. નાં કપડાં તેણે એક દેવીલાલ પાસેથી વેચાતાં લીધેલ, તે રકમ તેની પાસે એ દેવીલાલ માગતો હતો.

એ કપડાં એક બાલમુકંદની મારફત પુરાં પાડવામાં આવ્યાં હતાં, તેથી અપેલેન્ટ જે કાંઇ પૈસા આપતો હતો, તે બાલમુકંદના દીકરા કૃશ્નલાલને આપતો હતો. દેવીલાલ

અને કૃશ્નલાલે ડિસ્ત્રીકટ સુપ્રીન્ટેંન્ડેંન્ટઓફ પોલીસને, મથુરાં એક કાગળ લખ્યો, ને તેમાં એવી ફરીયાદ કરી કે, દેવીલાલ અપીલેન્ટ પાસે રૂપૈઆ ૧૦-૦-૩ માગે છે અને તે રકમ તે આપતો નથી. માટે જ્યાં સુધી કરજ પતી જાય ત્યાં સુધી તેના પગારમાંથી દરમાસે,બબે રૂપૈઆ કાપી લેવા જોઈએ. આ અરજી ઉપર એ સુપ્રીન્ટેન્ડેન્ટે એવો ઠરાવ કર્યો કે, દરમાસે બે રૂપૈઆ અપેલેન્ટના પગારમાંથી કાપી લેવા. આ ઠરાવ તેણે મથુરાં શેહેરના પોલીસઇન્સ્પેકટર, જેના નીચે અપીલેન્ટ નોકરી કરતો હતો. તેને મોકલી દીધો. આ હુકમ ઇન્સ્પેકટરે અપીલેન્ટને બતાવ્યો. એ ઉપરથી અપિલેન્ટે કહ્યું કે, મેં મારૂં કરજ આપી દીધું છે. અને તેના બચાવમાં તેણે માહાજની લીપીમાં લખેલી પહોંચ રજુ કરી. અને તે ઈન્સ્પેકટરને આપી. એટલે તેણે એ પહોંચ તથા અપીલેન્ટ કહે છે કે, એ રૂપૈઆ તેણે આપી દીધા છે, તે ને પહોંચ ઉપરથી માલુમ પડશે. એ બાબતના તમામ કાગળો ડિસ્ત્રીકટસુપ્રીન્ટેન્ડેંન્ટને રવાને કરી આપ્યા. તે ઉપરથી સુપ્રીન્ટેંન્ડેન્ટે ઇન્સ્પેકટરને એવો હુકમ કર્યો કે, તમારે દેવીલાલ તથા કૃષ્નલાલને દીવાની કોર્ટમાં જવાનું કહેવું. પછી ઇન્સ્પેકટરે આ સક્ષોને બોલાવ્યા અને હુકમની ખબર આપી, તેઓને પહોંચ બતાવી. એ પહોંચ જોઇને ક્રશ્નલાલે કહ્યું કે, આ પહોંચ મેં અપિલેન્ટને રૂપૈયા આઠની આપી હતી. પણ તેણે ફેરવીને ૧૮ ની દેખાય એવું કરેલું છે એમ જણાયું છે કે, પહોંચમાં રૂપૈયા આઠ આંકડે તથા અક્ષરે લખી પહોંચ્યાની પાવતી આપી છે, જ્યાં રકમ આંકડેથી લખેલી છે ત્યાં આઠની આગળ એકડો ઊમેરેલો છે.

અપિલેન્ટનો બચાવ એવો છે કે, મેં ક્ર્ષ્નલાલને રૂપૈયા અઢાર આપ્યા હતા. અને તેટલી રકમને માટે તેણે મને પહોંચ આપી છે. વળી એ રસીદમેં ઇન્સ્પેકટરને આપી હતી. પણ જે રસીદ તેણે સુપ્રીન્ટેંન્ડેંટને મોકલી દીધી,ને જેની બાબતમાં ખોટા દસ્તાવેજનું તહોમત આવ્યું છે તે એ રસીદ નથી. અને આ બીજી રસીદ અસલ બદલે મોકલી દીધી હતી કેમકે મારે અને ઇન્સ્પેકટરને અદાવત છે.

અપીલમાં અપીલંટના વકીલે (સ્પાંકી તથા કોલવીને) એવો વાંધો લીધો છે કે, જે રસીદની બાબતમાં અમારા અશીલને અપરાધી ઠરાવેલ છે,તે રસીદ જે ઇન્સ્પેકટરને આપેલ ને કાંઈ ક્રષ્નલાલે આપી નહોતી, અને કદાપી એમ ધારો કે તેમ હતું, તો પણ અમારા અશીલે પીનલકોડનીવ્યાખ્યા પ્રમાણે કાંઈ કૃત્ય, બદદાનતથી કિંવા ફરેબીથી કરેલું નથી. કેમકે દેવીલાલનું માગણું ભરપાઈ કરવા પગારમાંથી કપાત કરવાનો ગેરકાયદેસર હુકમ કરેલો હતો. તે હુકમ સુપ્રીટેંડેંટ કરતાં અટકે એવા ઇરાદાથી આ કૃત્ય કરેલું છે, આ દલીલમાં નીચેના ફેંસલાઓ ટાંકવામાં આવ્યા છે. રાણી. વિ. ભવાનીશંકર રાણી વિ. લાલચુમલ રાણી. વિ. જગેશ્વરપ્રસાદ રાણી. વિ. મઝારહુસેન.

સરકાર તરફથી બાબુદુવારકાંનાથ.

કોર્ટનો ઠરાવ.

(પેથારામ ચીફજસ્ટીસ તથા જસ્ટીસએટ) જે રસીદ અપીલેન્ટે પોતાના ઉપરીને મોકલી અને જે હાલ કામમાં છે, તે મુળ રૂપૈયા આઠની અપીલેન્ટને ક્ર્ષ્નલાલે આપી હતી અને તેણે પ્રતીજ્ઞા ઉપર જુબાંની આપી છે, તે મુજબ તેમાં ફેરફાર થયો છે. એ વાત

સારી રીતે સાબીત થઇ છે. એમ અમે માનીએ છીએ. તોપણ અપીલેન્ટે ખોટો લેખ બનાવ્યો એવો તેના વીરૂદ્ધ યોગ્ય પુરાવો નથી. અને તે ઉપર જો કાંઈ તહોમત રહી શકત તો વાજબી રીતે પીનલકોડની કલમ ૪૭૧ પ્રમાણે મુકાત આ રૂપમાં અમારા અભીપ્રાય મુજબ આ કેશ તેના વીરૂદ્ધ ગણવો જોઇએ. અને હવે તેની અપીલની બાબતમાં નક્કી કરવાનો સવાલ એ છે કે, અપીલેન્ટે એ રસીદ બદલાએલી છે એવું જાણીને અથવા માનવાનું કારણ હોય ને કાંઇ ઠગાઇ કરવા સારૂ પોતાને ગેરકાયદેસર લાભ લેવા સારૂ, અથવા દેવીલાલને ગેરકાયદેસર હાની કરવા સારૂ સાચા દાખલ વાપરી કે નહીં ? એટલે કે, કાયદા મુજબ જે ઇરાદો જોઇએ, તે હકીકતમાંથી સાબીત થયો છે કે નહીં ?

માહાની લીપીમાં પહોંચ છે, તેમાં હિંદી આંકડો વધારીને ઘણીજ બેડોળ રીતે ફેરફાર કરેલો છે એમ કહેવું જોઇએ. અને તે એવોતો છે કે, ઉપર ઉપરની નજર કરનારના લક્ષમાંથી ભાગ્યેજ ઢાંકયો રહે. તે કાગળ કોર્ટમાં કામના કાગળોમાં દાખલ થઇ જાય, અથવા પોતાના પગાર કપાતા અટકે, તે ઊપરાંત બીજી રીતે કાંઇ ખપમાં આવશે એવો બિચાર કદી અપેલેન્ટે કરેલો હોય, એમ ભાગ્યેજ માની શકાય એવું છે. તે વેપારમાં તેનો હેતુ તાતકાળી એજ હતો એમ સાવ ઊઘાડું છે. અને તે વખ્તે તેના મનનો ખરેખરો ઇરાદો એ હતો કે, પોલીસના ઉપરીઓ ઠગી, દેવીલાલની અરજીની માગણી મુજબ થવા ન દેવું, પણ ધ્યાનમાં રાખવાનું છે કે, દીવાનીકોર્ટ યોગ્ય રીતે જપતી લાવી અપીલેન્ટને પગાર અટકાવે તે શીવાય, બીજી રીતે પોલીસઅધીકારીઓને પગાર અટકાવવા કાંઈ કાયદેસર હક્ક અથવા અધિકાર નથી; અને તેટલા માટે આતું ફળ એ છે કે, અપીલેન્ટે ફેરફારવાળી પાવતી પોતાના ઉપરીઓ ગેરકાયદેસર કામ કરતા હતા, તેમને અટકાવવા સારૂ વાપરેલી છે. બંધવાના મનમાં આજ ઇરાદો હતો. એવો અમારો અભીપ્રાય છે અને ફોજદારી કામમાં જે ઇરાદો ગુન્હેગારનો જણાઇ આવે છે, તે ઉપરાંત કાંઇ બીજો અને વધુ ઇરાદો હોય, એવી કલ્પના અમારે કરવી ન જોઇએ. કેમકે અમારા અભીપ્રાય મુજબ એમ જરાએ અવશ્ય રીતે નીકળતું નથી કે, અપીલેન્ટે પોતાનો પગાર લેણદારોના કરજમાં ભરપાઈ થવા દરમાસે કપાતો હતો તેમ ન થવા દેવાનું કૃત્ય કર્યું, તેથી તેના લેણદારોના માગણા દુબાવવા સારૂ ફેરવેલી રસીદ ખડી કરવાનું અવશ્ય રીતે ધાર્યું હશે. જ્યારે હકીકત વીશે આવો અમારો અભીપ્રાય છે કે, જે શક રહે છે તેનો લાભ કેદીને આપવો જોઇએ. અને જ્યારે એમ છે તો તેની અપીલ મંજુર કરી ઠરાવ અને સજા રદ કરીએ છીએ. અને તેના ઉપરનો કેસ ગેરસાબીત કરી તેને છોડી મુકીએ છીએ.

માહારાણી કેસરેહીંદ વિ. શીવદયાળ.

કલમ. ૪૭૧

૨

તા. ૬-૩-૮૫
ઇં. ૭ અ. પા. ૫૫૯
કોઇ ખરૂં દસ્તાવેજ ખોવાઇગયેલ હોય તેના બદલામાં નવુંજ બનાવવું એથી ખોટો લેખ બનાવ્યાનો ગુન્હો થતો નથી.

दगलबाजीथी अथवा बददानतथी कोइ दस्तावेज खोटो जाण्या छतां खरा दाखल वापर्याना पी. को. नी ४७१ मी कलमना गुन्हानी फरीआदना काममां मालम पडयुं हतुं के, वेरो आप्यानी चार बनावटी पहोंचो, जे बंधवे वापरी हती ते पहोंचो खरी पहोंचो खोवाइ गयाने बदले बनावी राखी हती.

ठराव्युं के, पी. को. नी २४ मी तथा २९ मी कलममां "बददानतथी" तथा "दगलबाजीथी" ए शब्दोनी जे व्याख्या आपी छे, ते जोतां ने हकीकत साबीत थइ छे ते प्रमाणे बंधवे ४७१ मी कलम प्रमाणे शीक्षा थाय एवो गुन्हो कर्यो नथी.

સન ૧૮૮૪ ના નવેંબરની ૧૮ મી તારીખે આજમગડના સેસન જડજે એક કરતરીમ દસ્તાવેજ દગલબાજીથી વાપર્યાના ગુન્હા માટે અપેલેંટને અપરાધી ઠરાવ્યો હતો તેના ઉપર આ અપીલ કરવામાં આવી છે.

ચાર દસ્તાવેજો જેની મતલબ પૈસા આપ્યાની પહોંચો છે તે દસ્તાવેજો બનાવટી જાણ્યા છતાં, અપેલેંટે "દગલબાજીથી" ખરા દાખલ વાપર્યાં હતાં, અને તેને તે ગુન્હાનો અપરાધી ઠરાવ્યો હતો, એમ જણાયું છે કે, કોઇ ચોકસ જમીનના ચવગરાસનો હક ધરાવીને અપેલેંટે એ ચવગરાસની જમીન પાછી મળવા સારૂ રેવન્યુ અદાલતમાં એક અરજી કરી હતી. અને તેમાં તેણે લખ્યું હતું કે, જે ગામમાં મારી ગરાસની જમીન આવેલી છે, તે ગામના ફેજઅલી તથા રામદોરસીંગ નામના બે ગરાસીયાઓએ મારા ગરાસની જમીનમારીપાસેથી ગેરકાયદેસર ખુંચાવી લીધાછે. કામ ચાલતા દરમીઆન તેણે વેરો આપ્યાની ચાર પાવતીઓ રજુ કરી હતી, અને એ પાવતીઓ બનાવટી હતી. આ દસ્તાવેજોના સબંધમાં અપેલેંટને પી. કો. ની ૪૭૧ મી કલમના ગુન્હાનો અપરાધી ઠરાવવામાં આવ્યો હતો.

એ બનાવટી પાવતીઓ જે ખરી પાવતીઓ ખોવાઈ ગઇ હતી તેને બદલે બનાવી હતી. એ વાત આસેસરોએ ઠરાવેલી છે, અને તેઓના મત સાથે સેશન જડજ મળતા આવ્યા છે. આવી હકીકત ઉપરથી અપેલેંટે જેવી રીતે તે પાવતીઓ વાપરવાથી તેણે કાંઈ ગુન્હો કર્યો નથી, એવો આસેસરોએ મત આપ્યો. પરંતુ સેસન જડજનો મત આસેસરોના મતથી મળતો નહીં આવતાં તેણે નીચે પ્રમાણે તેના સંબંધમાં લખેલું છે—કોઈ હક અથવા દાવાને પુષ્ટી આપવાના ઈરાદાથી ખોટું દસ્તાવેજ બનાવવામાં આવે, તો તે ખોટા લેખ બનાવ્યા બરોબર થાય છે. વળી કોઇ મિલકત ઉપર જે માણસનો કાયદેસર હક હોય, તે માણસ તે હકને પુષ્ટી આપવા સારૂ ખોટા દસ્તાવેજ બનાવે તો તે, ખોટા લેખ બનાવ્યાના ગુન્હાનો ગુન્હેગાર થાય છે.

અપેલેંટ તરફથી મુનશી કાશીપ્રસાદ.
સરકાર તરફથી બાબુ દુવારકાંનાથ.

જસ્ટીસ બ્રોડહર્સ્ટનો ઠરાવ.

આસેસરોના મતથી જુદા પડીને સેસન જડજે શીવદયાળને ઇ. પી. કો. ની ૪૭૧ મી કલમના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવ્યો છે અને તે બદલ તેને બે વરસની સખત કેદની સજા કરેલી છે.

અપીલમાં એવું બતાવવામાં આવ્યું છે કે, સેસન જડજે પોતાના હુકમનામામાં લખ્યું છે કે, "પેલી પાવતીઓ ખોટી બનાવી હતી." પણ ખરી પાવતીઓ જે ખોવાઇ ગઇ હતી, તેને બદલે આ પાવતીઓ બનાવી હતી અને ફેજઅલી અને રામદોરસીંગે ખોટી જુબાનીઓ આપીને તથા જોર જુલમ કરીને અપેલેંટને ક્રુરતાથી દુઃખ દીધું હતું. તેની સામે ખરી પાવતી જે ખોવાઇ ગઈ હતી, તેની ખોટ પુરી પાડવા સારૂ નવી પહોંચો તેણે બનાવી હતી.

વળી લખાવ્યું છે કે, "કોઇ હક અથવા દાવાને પુષ્ટી આપવાના ઇરાદાથી ખોટું દસ્તાવેજ બનાવવામાં આવે તો ખોટા લેખ બનાવ્યા બરોબર થાય છે. વળી કોઇ મિલકત ઉપર જે માણસનો કાયદેસર હક હોય, તે માણસ તે હકને પુષ્ટી આપવા સારૂ ખોટા દસ્તાવેજ બનાવે તો તે ખોટા લેખ બનાવ્યાના ગુન્હાનો ગુન્હેગાર થાય છે."

પીનલકોડની ૪૬૪ મી કલમ ઉપરથી જણાય છે કે, તેજ કાયદાની ૪૬૩ મી કલમમાં કહેલું ખોટું દસ્તાવેજ ખોટા લેખ થવા સારૂ "બદદાનતથી" અથવા "દગલબાજીથી" થવું જોઇએ. પરંતુ સેસન જડજે આ હકીકતનો વિચાર કર્યો નથી. એમ ઉઘાડી રીતે જણાઈ આવે છે. "બદદાનથી" તથા "દગલબાજીથી" એ બંને શબ્દોની વ્યાખ્યા અનુક્રમે પીનલકોડની ૨૪ મી તથા ૨૫ મી કલમમાં આપેલી છે. અને એ વ્યાખ્યાઓ જોતાં, તથા સેસન જડજે જે હકીકત સાબીત ઠરાવેલી છે અને જેના ફકરા ઉપર આપવામાં આવ્યા છે, તે જોતાં અપેલેંટને જે ગુન્હાનો તકસીરવાન ઠરાવ્યો છે, તે ગુન્હાનો તે તકસીરવાન થતો નથી. માટે ગુન્હાનો તથા સજાનો ઠરાવ રદ કરી તેને એકદમ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

કલમ ૪૭૨ મી.

૪૭૨. જો કોઇ માણુસ કાંઇ મોહોર, પતરૂ, અથવા છાપ પાડવાનું કાંઇ બીજુ હથીયાર બનાવે, અથવા ખોટું બનાવે, એવા ઇરાદાથી કે તે ૪૬૭ મી કલમ મુજબ શીક્ષા થઇ શકે એવો કોઇ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવામા કારણસર વાપરવામાં આવે, અથવા તે મોહોર, પતરૂ, અથવા બીજું હથીયાર ખોટું બનાવેલું છે એમ જાણીને ઉપલા ઈરાદાથી, અગર કોઇ માણુસ તે મોહોર, પતરૂ, અથવા બીજું હથીયાર પોતાના કબજામાં રાખે તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૬૭ મી કલમમુજબ શીક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના ઇરાદાથી ખોટી મોહોર, પતરૂ, વગેરે બનાવવું અથવા કબજામાં રાખવું.

કલમ ૪૭૩ મી.

૪૭૩. જો કોઇ માણુસ કાંઇ મોહોર, પતરૂ, અથવા છાપ પાડવાનું કાંઇ બીજુ હથિયાર બનાવે, અથવા ખોટું બનાવે, એવા ઈરાદાથી કે આ બાબ માંહેલી ૪૬૭ મી સિવાયની કોઇપણ કલમ મુજબ શીક્ષા થઇ શકે એવો કોઇ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના કારણસર વાપરવામાં આવે, અથવા તે મોહોર, પતરૂ, અથવા બીજુ હથિયાર ખોટું બનાવેલું છે એમ જાણીને ઉપલા ઇરાદાથી અગર કોઇ માણુસ તે મોહોર, પતરૂ, અથવા બીજુ હથીયાર પોતાના કબજામાં રાખે તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

બીજી કોઈ કલમ મુજબ શીક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના ઇરાદાથી ખોટી મોહોર, પતરૂ, વગેરે બનાવવું અથવા કબજામાં રાખવું.

કલમ ૪૭૪ મી.

૪૭૪. જો કોઇ માણુસના કબજામાં કાંઇ લેખ હોય, તે અને લેખ ખોટો બનાવેલો છે એમ તે માણુસ જાણતો હોય, તથા તે લેખ ખરા દાખલ દગલબાજીથી અથવા બદદાનતથી વાપરવામાં આવે એવો તે માણુસનો ઇરાદો હોય તો અગર તે લેખ ૪૬૬ મી કલમમાં લખેલા પ્રકારનો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે લેખ ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારનો હોય, તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કાંઇ કીમતી દસ્તાવેજ અથવા વીલ ખોટુ બનાવેલુ છે એવું જાણીને તે ખરા દાખલ વાપરવાના ઇરાદાથી કબજામાં રાખવું.

કલમ ૪૭૫ મી.

૪૭૫. ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારના કોઈ લેખનું ખરાપણું દેખાડવાના કારણસર વપરાતી હોય એવી કાંઇ મુદ્રા કે નીશાની કોઇ માણુસ કાંઇ પદાર્થ ઉપર અથવા કાંઇ પદાર્થ મધે ખોટી બનાવે એવા ઇરા-

૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારના લેખોનું ખરાપ-

દાથી કે તે પદાર્થ ઉપર તે વખતે કાંઈ લેખ ખોટો બનાવેલો હોય અથવા ત્યાર પછી ખોટો બનાવવાનો હોય તે લેખને ખરાપણાનો આભાસ આપવાના કારણસર તે મુદ્રા અથવા નીશાની વાપરવામાં આવે, અથવા જે પદાર્થ ઉપર અથવા જે પદાર્થ મધે એવી કાંઇ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવામાં આવી હોય તેવો કાંઈ પદારથ ઉપર લખેલા ઇરાદાથી કોઇ માણુસ પોતાના કબજામાં રાખે તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારનીઅથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડ ને પણ લાયક શે.

ણું દેખાડવાસારૂ વપરાતીહોય એવીકાંઇમુદ્રા અથવા નીશાની ખોટી બનાવવી અથવા ખોટી નીશાણી કરેલો પદારથ કબજામાં રાખવો.

કલમ ૪૭૬ મી.

૪૭૬. ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના કોઇ લેખનું ખરાપણું દેખાડવાના કારણસર વપરાતી હોય એવી કાંઇ મુદ્રા કે નીશાણી કોઇ માણુસ કાંઇ પદારથ ઉપર અથવા કાંઇ પદારથ મધે ખોટી બનાવે, એવા ઇરાદાથી કે તે પદારથ ઉપર તે વખતે કાંઇ લેખ ખોટો બનાલો હોય અથવા ત્યાર પછી ખોટો બનાવવાનો હોય તે લેખને ખરાપણાનો આભાસ આપવાના કારણસર તે મુદ્રા અથવા નીશાણી વાપરવામાં આવે, અથવા જે પદારથ અથવા જે પદારથ મધે એવી કાંઇ મુદ્રા અથવા નીશાણી ખોટી બનાવવામાં આવી હોય તેવો કાંઇ પદારથ ઉપર લખેલા ઇરાદાથી કોઇ માણુસ પોતાના કબજામાં રાખે તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના લેખનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી હોય એવી કાંઇ મુદ્રા અથવા નીશાણી ખોટીબનાવવી અથવા ખોટીનીશાણી કરેલો પદારથ કબજામાં રાખવો.

કલમ ૪૭૭ મી.

૪૭૭. કાંઇ લેખ વિલ હોય કે વિલની મતલબનો હોય, અથવા દત્તક લેવાનું અખત્યારનામુ હોય કે તેની મતલબનો હોય, અથવા કાંઈ કીમતી દસ્તાવેજ હોય કે તેવી મતલબનો હોય, તેવા કોઈ લેખને અગર કોઇ માણુસ દગલબાજીથી કે બદદાનતથી, અથવા લોકને અથવા કોઈ સખસને હાની અથવા નુકશાન કરવાના ઇરાદાથી છેકી નાંખે, તેનો નાશ કરે, અથવા ચેરી નાંખે, અથવા છેકી નાખવાની, નાશ કરવાની, કે ચેરી નાખવાની કોશીશ કરે, અથવા છુપાવે કે છુપાવવાની કોશીશ કરે, અથવા તેવા લેખ સંબંધી બીગાડ કરે, તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ વિલને દગલબાજીથી ચેહેરીનાંખવું. અથવાતેનોનાશકરવો.

વેપારની તથા મિલકતની નિશાણીઓ બાબત.

કલમ ૪૭૮ મી.

૪૭૮. આ માલ ફલાણા કારીગરે બનાવેલો છે, અથવા ફલાણી વખતે કેતે ઠેકાણે બનાવેલો છે, અથવા ફલાણી જાતનોછે, એ બતાવવાને માટે જે નીશાણી વાપરવામાં આવે તેનું નામ "વેપારની નીશાની" પાડયું છે. વેપારની નીશાની.

કલમ ૪૭૯ મી.

૪૭૯. આ જંગમ મિલકત ફલાણા સખસની છે, એ બતાવવાને માટે જે નિશાણી વાપરવામાં આવે તેનું નામ "મિલકતની નીશાણી" પાડયું છે મિલકતની નિશાની

કલમ ૪૮૦ મી.

૪૮૦. જો કોઇ માણસ કાંઇ માલ ઉપર અથવા કાંઇ પેટી કે ઘર ઉપર, અથવા ગાંસડી ઉપર, કે માલ ભરેલાં કાંઇ બીજાં બારદાન ઉપર, કાંઇ નીશાણી કરે, અથવા જે પર કાંઇ નીશાણી એવી પેટી કે ઘર, અથવા ગાંસડી કે બીજુ બારદાન વાપરે, એવા ઈરાદાથી કે તે નીશાણી કરેલો માલ અથવા તે નીશાણી કરેલી પેટી કે ઘરમાં, અથવા ગાંસડીમાં, અથવા બારદાનમાં ભરેલો કાંઇ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે બનાવ્યો છે એવો, અથવા જે વખતે કે ઠેકાણે તે બનાવ્યો ન હોય તે વખતે કે તે ઠેકાણે તે બનાવ્યો છે, એવો અથવા જે જાતનો તે ન હોય તે જાતનો તે છે એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો, તો તે માણસે "ખોટી વેપારની નીશાણી" વાપરી એમ સમજવું. ખોટીવેપારની નીશાનીવાપરવી.

કલમ ૪૮૧ મી.

૪૮૧. જો કોઈ માણસ કાંઇ જંગમ મિલકત કે માલ ઉપર, અથવા કાંઇ પેટી કે ઘર ઉપર, અથવા ગાંસડી ઉપર, અથવા જંગમ મિલકત કે માલ ભરેલાં બીજા કાંઇ બારદાન ઉપર, કાંઈ નીશાણી કરે, અથવા જે પર કાંઇ નીશાણી હોય એવી કાંઇ પેટી કે ઘર, અથવા ગાંસડી, કે બીજુ બારદાન વાપરે, એવા ઇરાદાથી કે તે નીશાણી કરેલી મિલકત અથવા માલ, અથવા તે નીશાણી કરેલી પેટી કે ઘરમાં, અથવા ગાંસડીમાં, અથવા બીજા બારદાનમાં રાખેલી કાંઈ મિલકત કે માલ જે સખસનો ન હોય, તે સખસનો છે એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો, તો તે માણસે "ખોટી મિલકતની નીશાણી" વાપરી એમ સમજવું. ખોટીમિલકતનીનીશાનીવાપરવી.

કલમ ૪૮૨ મી.

૪૮૨. કોઇ શખસને છેતરવાના અથવા નુકશાન કરવાના ઇરાદાથી જે માણસ કાંઇ ખોટી વેપારની નીશાણી અથવા કાંઇ ખોટી મિલકતની નીશાણી વાપરે, તે માણસને એક વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારાની કેદની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. કોઇશખસને છેતરવા અથવાનુકશાનકરવાનાઈરાદાથી કાંઇખોટીવેપારનીઅથવામિલકતનીનીશાવાપરવાનીશિક્ષા.

કલમ ૪૮૩ મી.

૪૮૩. લોકને અથવા કોઇ શખ્સને હાની અથવા નુકશાન કરવાના ઇરાદાથી જે માણુસ બીજો કોઇ વાપરતો હોય એવી કાંઇ વેપારની અથવા મિલકતની નીશાણી જાણી બુઝીને ખોટી બનાવે, તે માણુસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇબીજો માણુસકાંઇવેપારનીઅથવામિલકતનીનીશાણીવાપરતોહોયતેવીનીશાણીની અથવાનુકશાનકરવાનાઇરાદાથી ખોટી બનાવવી.

કલમ ૪૮૪ મી.

૪૮૪. કોઇ સરકારી નોકર જે વાપરતો હોય તેવી કાંઈ મિલકતની નીશાણી, અથવા આ મીલકત ફલાણા કારીગરે અથવા ફલાણી વખતે કે ઠેકાણે બનાવી છે અથવા ફલાણી જાતની છે, અથવા ફલાણી હાઉસમાંથી પાસ થઇ છે, અથવા કાંઇ માફીને લાયક છે, એવું બતાવવા સારૂ કોઇ સરકારી નોકર જે વાપરતો હોય તેવી કાંઇ નીશાણી જો કોઇ માણુસ જાણી બુઝીને ખોટી બનાવે, અથવા એવી કાંઇ નીશાણી ખોટી બનાવેલી છે એમ જાણ્યા છતાં તેને ખરી દાખલ વાપરે એવા ઇરાદાથી કે લોકને અથવા કોઇ શખસને હાનિ અથવા નુકશાન કરવું, તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સરકારી નોજેમિલકતનીનીશાણીવાપરતોહોય,અથવાકાંઇમિલકતનાબનાવટજાતજાતવગેરે બતાવવાસારૂતે જે નિશાણીવાપરતોહોયતેવી નિશાણીખોટી બનાવવી.

કલમ ૪૮૫ મી.

૪૮૫. કાંઇ છાપ, પતરૂં અથવા કાંઇ સરકારી કે ખાનગી મિલકતની અથવા વેપારની નિશાની કરવા અથવા ખોટી બનાવવાનું કાંઇ બીજુ હથિયાર, જો કોઇ માણુસ બનાવે અથવા પોતાના કબજામાં રાખે, એવા ઇરાદાથી કે તેવી ખોટી નિશાની બનાવવાના કારણસર વાપરવું, અથવા કોઇ માણુસ એવી કાંઇ મિલકતની કે વેપારની નિશાની પોતાના કબજામાં રાખે, એવા ઇરાદાથી કે કાંઈ માલ અથવા વેપારની જણસ જે કારીગરે અથવા કારીગરોની દુકાને બનાવી ન હોય તેણે તે બનાવી છે એમ અથવા જે જાતની તે ના હોય તે જાતની છે એમ અથવા જે શખસની તે ના હોય તે શખસની તે છે એમ બતાવવાના કારણસર તે નિશાણી વાપરવામાં આવે, તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાંઈછાપ,પતરૂ અથવાકાંઇસરકારીકે ખાનગીમિલકતની અથવાવેપારની નિશાણીખોટી બનાવવાનું કાંઇબીજુહથિયાર દગલબાજીથી બનાવવું અથવા કબજામાંરાખવું.

કલમ ૪૮૬ મી.

૪૮૬. જે માલ ઉપર સરકારી કે ખાનગી મિલકતની અથવા વે-

ખોટીમિલકત

પારની, ખોટી નીશાણી ચોહોડેલી અથવા પાડેલી હોય એવો કાંઇ માલ અથવા કાંઇ પેટી કે ઘર અથવા લપેટેલી વસ્તુ કે બારદાન ઉપર તેવીનિશાણી ચોહોડેલી અથવા પાડેલી હોય તે મધ્યે ભરેલો અથવા રાખેલો માલ; અગર કોઇ માણસ વેચે, અને તે માણસ એમ જાણતો હોય કે તે નિશાણી બનાવટની અથવા ખોટી કરેલી છે, અથવા તે નિશાણીથી જણાય છે તે કારીગરે અથવા તે વખતે અથવા તે ઠેકાણે નહી બનાવેલા માલ અથવા વેપારની જણસ ઉપર તે નિશાણી ચોહોડેલી અથવા પાડેલી છે અથવા તે નિશાણીથી જણાય છે તેવી જાતનો તે માલ નથી અને કોઇ શખસને છેતરવાનો અથવા નુકશાન કે હાનિ કરવાનો તે માણસનો ઇરાદો હોય તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની કરવામાં આવશે.

નીઅથાવેપારનીનિશાણીજેપરહોય એવોમાલજાણીબુઝીવેચવો.

કલમ ૪૮૭ મી.

૪૮૭. કાંઇ માલ ભરેલી ગાંસડી અથવા બારદાન ઉપર જો કોઇ માણસ દગલબાજીથી કાંઇ ખોટી નીશાણી કરે, એવા ઇરાદાથી કે કોઇ સરકારી નોકર અથવા બીજા સખસના મનમાં એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો કે તે ગાંસડી અથવા બારદાન મધે જે માલ ન હોય તે તે મધે છે અથવા તે મધે જે માલ હોય તે તે મધે નથી અથવા તે ગાંસડી અથવા બારદાન મધેનો માલ ખરેખર જે જાતનો અથવા તરેહનો હોય તેથી જુદી જાતનો અથવા તરેહનો છે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કાંઇ ગાંસડી અથવા બારદાન મધે માલ હોય તે ઉપર દગલબાજીથી કાંઇ ખોટીનીશાણી કરની.

કલમ ૪૮૮ મી.

૪૮૮. કોઇ માણસ ઉપલી કલમમાં લખેલા ઇરાદાથી એવી કાંઇ નીશાણી ખોટી છે એમ જાણ્યા છતાં તે ખોટી નીશાણીનો ઉપયોગ કરે તો તે માણસને ઉપલી કલમમાં લખ્યા મુજબ શીક્ષા કરવામાં આવશે.

તેવી કાંઈ ખોટીનીશાણીનો ઉપયોગ કરવાની શિક્ષા.

કલમ ૪૮૯ મી.

૪૮૯. કોઇ માણસ કાંઈ મીલકતની નીશાણી કાઢી નાખે અથવા તેનો નાશ કરે, અથવા તેને ચેહેરી નાખે, એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે એમ કરવાથી પોતાથી કોઇ સખસને નુકશાન થાય તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

નુકશાન કરવાનાઇરાદાથી કાંઇ મીલકતની નીશાણીકાઢીનાંખવી.

બાબ ૧૯ મો.

નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા બાબત.

કલમ ૪૯૦ મી.

૪૯૦. કોઇ સખસને અથવા કાંઇ મીલકતને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવા અથવા પહોંચાડવામાં પોતાના અંગની નોકરી કરવાને અથવા તરી કે ખુસ્કીના રસ્તાની કોઇ મુસાફરીમાં કોઈ સખસને નોકર દાખલ કામ કરવાને અથવા તરી કે ખુસ્કીના રસ્તાની કોઇ મુસાફરીમાં કોઇ સખસને કે કાંઈ મીલકતને સંભાળવાને જે માણસ કાયદેસર કરારથી બંધાયો હોય, તે માંદગી અથવા પોતાની સાથે માઠી વરતણુંકના સબબ શિવાય, તે પ્રમાણે કરવામાં બુધિપુરવક કસુર કરે તો તે માણસને એક મહીનાની મુદત સુધીનીએમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક સો રૂપીયા સૂધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

તરી અથવા ખુસ્કીનારસ્તાની મુસાફરીની નોકરી કરવાનો કરાર તોડવો.

દ્રષ્ટાંતો.

(અ) અ એક પાલખી ઉચકનારો ઝ ને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને કાયદેસર કરારથી બંધાએલો છતાં રસ્તામાંથી અધવચ નાશી જાય તો અ એ આ કલમમાં લખેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(બ) અ એક મજુર, ઝ નો સામાન એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને કાયદેસર કરારથી બંધાએલો છતાં, તે સામાન ફેંકી દે, તો અ એ આ કલમમાં લખેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) અ એક બળદીયાઓનો માલીક, પોતાના બળદીઆ ઉપર ભરીને કાંઇ માલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને કાયદેસર કરારથી બંધાએલો છતાં તેમ કરવામાં કાયદા વિરૂધ કસુર કરે, તો અ એ આ કલમમાં લખેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(ડ) અ કાયદા વિરૂદ્ધ ઉપાયથી પોતાનો સામાન લઇ જવાની બ મજુરને જરૂર પાડે, અને બ ચાલતાં ચાલતાં રસ્તામાં તે સામાન મુકીને નાશી જાય, તો એ ઠેકાણે બ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહી, કેમકે તે સામાન લઇ જવાની કાયદા પ્રમાણે તેની ફરજ નથી.

ખુલાસો—આ ગુન્હામાં એવું કાંઈ જરૂર નથી કે જે સખસને સારૂ નોકરી કરવી છે તેનીજ સાથે કરાર થવો જોઇએ. જે સખસ તે નોકરી કરવાનો છે તે સખસે કાયદા પ્રમાણે કોઇ પણ સખસની સાથે સાફ રીતે કે અરથાંત સમજાય એવી રીતે કરાર કીધો હોય તો બસછે.

દ્રષ્ટાંત.

અ એક ડાક કંપનીની સાથે એક મહિના સુધી પોતાની ગાડી હાંકવાનો કરાર કરે, અને બ તે ડાક કંપનીની સાથે ખુસ્કીએ કાંઇ મજલ પર પોતાને પોહોંચાડવાનો બંદોબસ્ત કરે, અને પેહેલી એક મહિનાની મુદત સુધી તે કંપની બ ને અ હાંકે એવી ગાડી આપે, અને અ રસ્તામાં અધવચ તે ગાડી બુદ્ધિપુરવક મુકીને જતો રહે, અ એ બ ની સાથે કરાર કરયો નથી તો પણ અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું

કલમ ૪૯૧ મી.

૪૯૧. જે સખસ પોતાની ન્હાની ઊંમરના, અથવા ગાંડાપણાના અ-થવા કાંઇ રોગ કે શરીરની નબળાઇના સબબથી લાચાર અથવા પોતાની સલામતીનો બંદોબસ્ત રાખવાને; અથવા પોતાની હાજતો પુરી પાડવાને, અશક્ત હોય, તેની ખિદમત કરવાને અથવા તેની હાજતો પુરી પાડવાનેજે માણુસ કાયદેસર કરારથી બંધાએલો છતાં તેમ કરવામાં બુધિપુરવક કસુર કરે, તેને ત્રણ મહિનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અ-થવા બસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

લાચાર સખસોની ખીદમત કરવા તથા તેઓની હાજતો પુરી પાડવાનો કરાર તોડવો.

કલમ ૪૯૨ મી.

૪૯૨. બ્રિટિશ ઈંડીયા માંહેની કોઇપણ જગોપર કોઇ બીજા સખસને વાસ્તે ત્રણ વરસ સુધીની કોઈપણ મુદત સુધી કારીગર, કામ કરનાર અથવા મજુર દાખલ કામ કરવાને જે સખસ લખેલા કાયદેસર કરારથી બંધાએલો હોય, અને તે કરારની શરત મુજબ તેને તે જગોપર તે બીજા સખસને ખરચે લેઇ ગયા અથવા લેઇ જવાના હોય, તે સખસ પોતાનો કરાર કાયમ છે તે દરમિયાનમાં, બુધ્ધિપુરવક તે બીજા સખસની ચાકરી છોડી દે, અથવા કબુલ કરેલી ચાકરી વ્યાજબી અને યોગ્ય સબબ છતાં વ્યાજબી સબબ વગર તે ચાકરી કરવાની ના કહે, તો તે સખસને એક મ-હિનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા તે ખરચથી બમણી ર-કમ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; પણ જો તેના શેઠે તેની સાથે કાંઇ માઠી વરતણુંક કરી હોય, અથવા પોતેજ તે કરાર મુજબ અમલ કરવામાં ગફલત કરી હોય તો તે ચાકરને કાંઈ શિક્ષા કરવામાં આવશે નહી.

કોઈ દુર જગો પરચાકરી કરવાનો કરાર કર્યોહોય અનેતે જગોપર શેઠને ખરચે ચાકરને લેઇ ગયા હોય, તેવો કરાર તોડવો.

બાબ ૨૦ મો.

લગ્ન સંબંધી ગુન્હાએ બાબાત.

કલમ ૪૯૩ મી.

૪૯૩. પોતાની સાથે કાયદા મુજબ જે સ્ત્રી પરણી નથી તે સ્ત્રીને કપટથી તે પુરૂષ એવો વિસ્વાસ બેસાડે કે હું એ પુરૂષની સાથે કાયદા મુજબ પરણી છું, અને એવો વિસ્વાસ છતાં તે સ્ત્રી તેની સાથે તેની વહુ હોય એવી રીતે રહે અથવા સંભોગ કરે, એમ તે પુરૂષ કરે તો તેને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે કે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આ-વશે, એને વળી તે દંડને પણ લાયક થશે.

કાયદા મુજબ લગ્નથવાના કપટથીવિસ્વાસ બેસાડીને દંપતીભાવે રહેવું

કલમ ૪૯૪ મી.

જેનો વર અથવા વહુ હયાત હોય તે જો પરણે, અને તે એવી રીતે કે તે વર અથવા વહુની હયાતીમાં થયાના સબબથી તે લગ્ન થએલું રદ ગણાય, તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

વર અથવાવહુની હયાતીમાં ફરીથી લગ્ન કરવું.

અપવાદ.—જે સખસનો વર અથવા વહુ હયાત છે, પણ જેનું તેની સાથે થએલું લગ્ન કોઇ મુખતિયાર કોરટે રદ ઠરાવ્યું છે; તેને આ કલમ લાગુ પડતી નથી; અને જે સખસનું તે પાછલાનું લગ્ન થતાં પહેલાં સાત વરસની મુદત સુધી નીરંતર તેનો વર અથવા વહુ બાહાર રહ્યા અથવા રહી હોય, અને તે દરમિયાન તે સખસને તે વર અથવા વહુ હયાત છે એવી ખબર નહી મળી હોય, અને તે સખસ પોતાના આગલા વર અથવા વહુની હયાતીમાં લગ્ન કરે, તેને પણ આ કલમ લાગુ પડતી નથી; પરંતુ જે એ સખસ પ્રમાણે પાછળનું લગ્ન કરે, તેણે જેની સાથે તે લગ્ન કરે, તેને તે લગ્ન થતાં પહેલાં સરવ બીના ખરેખરી પોતાના જાણ્યામાં હોય તેટલી જણાવવી જોઇએ.

મહારાણી વિ. શંભુ રાધુ.

કલમ. ૪૯૪

૧
તા. ૭-૯-૭૬
ઈ.૧ મું. પા.૩૪૭
કોઈનું લગ્ન તોડી નખવાનો અથવા ફરીને લગ્ન કરવાની પરવાનગી આપવાનો કોઈના તનો અધીકાર હશે તો તે અધીકારકાયદાની અદાલત મંજુર કરતી નથી

कोइ लग्न रद थयुं कहेवानी अथवा कोइ ओरतने फरीथी लग्न करवानी मंजुरी आपवानो हरकोइ नातनो अधीकार हशे तो ते अधीकार कायदानी अदालतोथी मंजुर रहेशे नहीं.

प्रथमना धणीनी हयातीमां फरी लग्न करवा वास्ते ही. पी. को. नी ४९४ मी कलमना गुन्हानुं तहोमत राख्युं होय अथवा तेज कलमनी १०९ मी कलम मेळवतां ते गुन्हामां मदद कर्यानुं तहोमत राख्युं होय तेना बचावमां फरी लग्न करवामां नातीलाओए परवानगी आपी हती, तेथी ते कायदेसर गणाय छे एवी अमारी मान्यता हती तो ते बचाव कांइ कामनो नथी.

એક તેલીની જાતમાંથી કોઇ નર્બદા નામની ઓરતે પોતાના પ્રથમના ધણીની હયાતીમાં ફરી લગ્ન કર્યું હતું. તેમાં અપેલેન્ટ શંભુએ મદદગારી કરી હતી અને તે માટે ખાનદેશના આસીસ્ટંટ સેસનજડજે તેને ૬ અઠવાડીઆની આસાન કેદની સજા કરી હતી. તે ઉપરની આ અપીલ છે.

નર્બદાનેપંડને અપરાધી ઠરાવી બે મહિનાની આસાનકેદની સજા કરી હતી. આ કામની હકીકત જડજના હુકમ નામામાંથી નીચે પ્રમાણે ઊતારી ટાંકી છે. "આ મુકરદમા-

ની હકીકતના ખરાપણા વીશે કશોએ વાંધો નથી, તે એ છે કે, ફરીયાદી ઇશારામ, નંબર ૧ ની તહોમતદાર બાઇ નર્મદાને ચૌદ વરસ પેહેલાં વીધી સહીત પરણ્યો હતો. તે બાઇ તેની સાથે ચાલતા કામનો ઇનસાફ થયો તેની પેહેલાં બે વરસ સુધી ભેગી રહી હતી. અને ત્યાર બાદ તે પોતાને માવતર ગઇ. અને ફરીયાદી ઇશરામ શીરપુરમાં રહ્યો હતો.

સને ૧૮૭૫ ના જુનની ૩૦ મી તારીખે પેહેલા નંબરની તહોમતવાળીએ ફરીયાદી ઈશરામને નોટીસ આપી કે, તુંને પતનો રોગ થયાની મને ખબર પડી છે; માટે મેં ફરી લગ્ન કરવાનું નક્કી કર્યું છે. માટે કાંતો તું સાજો થયાનું સરટીફીકેટ મોકલી દે, અગર ફરીથી મને લગ્ન કરવાની છુટ આપ. આ લખાણનો જવાબ તેણે ટપાલમાં લખ્યો હતો પણ તે જવાબ બચાવના પુરાવામાં મુકાયો નથી. તે ખોવાઇ ગયો હોય એમ દેખાય છે. તેમાં જે લખ્યું હતું તેનો રદીઓ દેવા સારૂ કાંઇ પુરાવો અપાયો નથી. ઇશરામના કહેવા પ્રમાણે તે કાગળ તેણે કોક પાસે લખાવ્યો હતો. અને તેમાં લખ્યું હતું કે, હું આવી શકું તેમ નથી તેથી નર્મદાએ પોતાના ઘરેણાં શીરપુર લાવવાં અને જો એમાંથી થોડાં ઘણાં ભાગી ગયાં હોય તો તેની ચીંતા નહીં. ફરી લગ્ન કરવાની મંજુરી આપ્યાની વાત ઇશરામ ઇનકાર કરે છે. આ નોટીસ બાદ આશરે ત્રણ મહિના પછી ફરી લગ્ન કરવું વાજબી છે કે નહીં, તે ચોકસ કરાવવા સારૂ નર્મદાએ તેલીની આખી નાત એકઠી બોલાવી.

તહોમતદાર કહે છે કે, એ સભા નીયમસર બોલાવી હતી. અને પટેલીઆઓ ભેગા થઇ ને બધાએ એક મતે ફરી લગ્ન કરવાનો ઠરાવ પસાર કર્યો હતો. આ કહેવા સામે પ્રોસીક્યુશનવાળા બીલકુલ વાંધો લેતા નથી. ફક્ત તેનો એવોજ વાંધો છે કે, આવો ઠરાવ કરવાને નાતને અધીકાર નથી. તથા ફારકતી વગર તથા ધણીની ગેરહાજરીમાં આવાં લગ્નો કરવાની રજા આપવી એ નાતના રીવાજથી ઉલટું છે: અને તેથી જ્યારે બીજું લગ્ન થયું ત્યારે પ્રથમનું લગ્ન હજુ રદ થયું નોહોતું.

પાટ લગ્ન કર્યાની વાત તહોમતદારો નકાર કરતા નથી. એ લગ્ન થઈ રહ્યા બાદ ફરીઆદી ઈશરામે એવો વાંધો લીધો હતો કે, મને માહારા લગ્નનું ખર્ચ પાછું મળ્યું નથી. સદરહુ ઇશરામે કહેલ કે, જો તે ખર્ચ આપવામાં નહીં આવે તો હું ફરીઆદ કરીશ. આ મુકરદમો ચાલવાની દરમીઆન ફરીઆદી ઇશરામે રાજીનામું રજુ કર્યું હતું તેથી ઉપર જણાય છે કે, તેનું થએલું ખર્ચ પાછું મળે તો નર્મદા સાથેનું લગ્ન ત્રોડવાની ખુશી હશે. આ ફોજદારી મુકરદમો ચાલતો થયા પછી તેને બંધ રાખવા સારૂ આ રાજીનામું કાંઇ ખપતું નથી. પરંતુ ઇશરામે પોતાના લગ્નના હકો ઉપરથી રીતસર આગળથી હાથ નહીં ઉઠાવ્યાનું સાબીત કરવા સારૂ તે રાજીનામું પુરાવામાં આપ્યું હોય એમ લાગેછે. મુદ્દાની બાબતોમાં ઉપરની હકીકતનો અંગીકાર થયો છે. તેથી હવે નીર્ણય કરવાની જે બાબત રહેલી છે તે ચોખા કાયદાની છે. જે નીચ કોમના હિંદૂઓમાં લગ્ન ત્રોડવાના નીયમમાં અતીશય ઢીલાપણું ચાલવા દેવામાં આવે છે; તેમાં ૪૯૪ મી કલમમાં ઠરાવેલા નીયમો થોડા ઘણા સખત તથા લાગુ પાડવામાં મુસ્કેલીવાળા જણાય છે. આગલું લગ્ન રદ થવાના સંબંધમાં ફરી લગ્ન કરનારા ઊભય પક્ષકારો ફલાણી માન્યતા હતી, અથવા તે ફલાણી વાત તેઓના જાણવામાં નોહોતી, એવો બચાવ ૪૯૪ મી કલમ આપવા દેતી નથી. વળી તે કલમમાં ઠરાવ્યું છે કે, જેજે કામમાં આવા લગ્ન આગલા ધણી અથવા ધણીઆંણી-

ની હયાતીમાં થયાના કારણથી નીરર્થક હોય તે કામોમાં ફરીને કરેલા લગ્નના ઊભય પક્ષકારો ગુન્હેગાર ગણાય છે. પરંતુ તે આગલું લગ્ન યોગ્ય હકુમતવાળી કોરટે ત્રોડયાનો હુકમ કર્યો હોય તો, તેઓ ગુન્હેગાર થતા નથી. તેથી જે સત્તાવાળાને લગ્ન રદ કરવાનો અધીકાર નથી, તે સત્તાવાળાએ જો લગ્ન રદ કર્યું હોય. (જેમકે કોઇ પંચે કર્યું હોય તેમ) તો તે લગ્ન ટુટી ગયાનું હું માનતો હતો, અથવા માનતી હતી, એવો બચાવ તહોમતદારને કરવાનો હક નથી.

વળી પુરૂષ ગુન્હેગાર ઉપર ૪૯૭ મી કલમના ગુન્હાનું તહોમત રાખ્યું હોય તો જ્યાં સુધી એ તહોમતદાર જાણતો હોય, અથવા તેને માનવાનું કારણ હોય કે, માહારી સાથે ગુન્હામાં ભાગ લેનાર સ્રી કોઇ પુરૂષની પરણેતર ઓરત છે, ત્યાં સુધી તો તેને તે ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શકાય છે. પણ તે પ્રમાણે તેના જાણવામાં અથવા માનવામાં ન હોય ત્યારે તેને ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. આ ભેદ કરસન ગોજા અને બાઇ રૂપાના કામમાં પાળવામાં આવ્યાનું જણાય છે. (જુઓ વળી રાણી વીરૂદ્ધ મનોહર, ખેમ કુંવર. વિ. ઊમીયા શંકર. રહી. વી. ગોવીંદ,) કેમકે એ કેસના કામમાં જે પુરૂષ ગુન્હેગાર ઉપર ૪૯૭ મી કલમનું તહોમત હતું, તે ગુન્હેગારની લગ્ન ટુટાના ખરાપણા વીશે શું માન્યતા હતી. તે વીશેનો પોતાના ઠરાવ આપવા સારૂ હાઈકોરટે નીચલી અદાલતને જોકે હુકમ કર્યો હતો, એને જો કે એ ઠરાવનું પરિણામ પેલા પુરૂષ ગુન્હેગારના લાભનું હતું, તો પણ બીજી ગુન્હેગાર જેના ઉપર ૪૯૪ મી કલમ માંહેલું તહોમત હતું, તેની જવાબદારીને કાંઇ અસર કરનારૂં નોહોતું, ત્યારે હવે જણાઇ આવશે કે, જો આગલું લગ્ન ટુટયાની ભુલભરેલી માન્યતાથી જે ઓરતનો પ્રથમનો ધણી હયાત હોય તે ઓરત સાથે હરકોઈ સક્ષ બીજું લગ્ન કરેતો તેના ઉપર ૪૯૪ તથા ૧૦૯ મી કલમો ભેગી કરી ને તે બંનેનું તહોમત તે સક્ષ ઉપર રાખ્યું હોય તો પછી તે માન્યતાનો તેનાથી બચાવ થઇ શકતો નથી પરંતુ જો તેના ઉપર એકલી લગ્ન વિધી કર્યાનું તહોમત રાખ્યું હોય એટલુંજ નહીં પણ ૪૯૭ મી કલમ પ્રમાણે એ લગ્ન વિધીની સમાપ્તી સંભોગથી કર્યાનું તહોમત રાખ્યું હોય, તો પછી, તે પોતાની સુદ્ધબુદ્ધી વીશેનો પુરાવો આપી શકે છે. અને એ પુરાવો જો તે સાબીત કરે તો તેને છુટી જવાનો હક થાય છે, જે ઠેકાણે ૪૯૭ મી કલમ વાળો છીનાળાનો ગુન્હો થયાનું સાબીત ન થાય તે ઠેકાણે કર્યા વગર છુટકો નથી. પરંતુ કેટલેક પ્રસંગે લગ્ન કરનારાઓમાંથી મદદગાર ઉપર ૪૯૪ તથા ૧૦૯ મી કલમોના ગુન્હાઓનું તહોમત રાખવાથી તહોમતદારને ભારે નુકશાન થાય છે.

આ કામના પ્રસંગ જેવા પ્રસંગોમાં જે માણસે ફરીને લગ્ન કર્યું હોય તેના ઉપર ૪૯૪ તથા ૧૦૯ મી કલમો પ્રમાણે મદદગાર તરીકેનું તહોમત રહી શકતું નથી. પણ ૪૯૭ મી કલમ મુજબ તહોમત રહી શકે છે. એવું હાઇકોર્ટે ઠરાવ્યાનું માહારા મનમાં ભાસે છે. પણ કેટલોક શોધ કર્યા પછી, આવો કોઈ ઠરાવ હાથ લાગ્યો નથી. અને એ ઠરાવ બરોબર રીતે કેવા રૂપનો હતો તે યાદ આવતું નથી. તેથી માજીસ્ટ્રેટે જે તહોમતનામું ઘડયું છે તેમાં સુધારો કરવાનો આધાર દેખાતો નથી.

માટે બીજા નંબરના તહોમતદારનો આ બાબતમાં જાણવાનો અથવા માનવાનો સવાલ પુરાવામાં લગતો નથી. તેથી આગલું લગ્ન રદ થયું હતું કે, નહીં એટલોજ નીકાલ

કરવાનો રહે છે. "યોગ્ય હકુમતવાળી અદાલત" એવા શબ્દો કાયદામાં વાપર્યા છે. ક્રી. પી. કો. ની ૨૦ મી કલમના દ્રષ્ટાંતમાં ખાસ રીતે લખ્યું છે તે શીવાય પંચાયતને બીલકુલ અદાલત ગણવી કે નહીં? એ વાત ચોકસ રીતે નક્કી થઇ નથી; એ દ્રષ્ટાંત ઉપરથી જણાય છે કે, પંચાયત, એ અદાલત ગણાય નહીં. કેમકે કાયદાનું એક મોહા વાક્ય છે, કે જે વસ્તુનું ખાસ રીતે ધ્યાન કર્યું હોય, તેથી બીજી વસ્તુ બાતલ કર્યાનું અનુમાન થાય છે. રાણી. વિ. મનોહરના ફેંસલા ઉપરથી, તથા તે ફેસલામાં બીજા ફેંસલાઓની શાહદત આપી છે તે ઉપરથી હરકોઇ લગ્ન રદ થયાનો ઠરાવ કરવામાં પંચાયત, એ અધીકારવાળી અદાલત સમજવી કે નહીં? તે વધારે શક પડતું લાગે છે. જે નીયમો ચોખેચોખા નીતીવિરૂદ્ધ હોય તે નીયમો વગર છુટકારાના સાચા પણાનું નક્કી કરવામાં હરકોઇ ન્યાયના નીયમો તથા રીવાજેનો વિચાર કરવો મુનાસબ છે. જ્યાં છુટકારાનું દસ્તાવેજ અથવા ફારકતી ધણીએ ન આપી હોય, અને પછી પંચાયત ઠરાવે કે, એ લગ્ન તુટ્યું છે, અને ત્યાર બાદ પેલી છુટકારો પામેલી ઓરતને, આગલા ધણીનું લગ્ન ખર્ચ આપીને ફરી લગ્ન કરવાને છુટ છે, એવી હિંદુઓની નીચકોમમાં, સાચીતો નહીં પરંતુ બોળો માન્યતા છે. વળી તલાકનો હક રીવાજ પ્રમાણે માત્ર ધણીનો છે, તો પણ ગ્રાંડી સાહેબે પોતાના હિંદુ ધર્મ શાસ્ત્રના ગ્રંથમાં લખ્યું છે કે, "કેટલીક નીચ કોમમાં છુટકારા એક બીજાથી આપી શકાય છે, અને પછી સ્ત્રીને જ્યાં પરણવું હોય, ત્યાં પરણી શકે છે." સ્ટ્રૂજ સાહેબે હિંદુધર્મ શાસ્ત્રના ગ્રંથમાં નીચે પ્રમાણે લખ્યું છે.

"લગ્ન થયું એટલે જેમ આપણા ખ્રીસ્તીધર્મમાં છે, તેજ પ્રમાણે હિંદુ શાસ્ત્ર પ્રમાણે પણ છુટકો કરવાનો હક ધણીને છે. અને ઉલટી રીતનો રીવાજ ન હોય તો તે હક સ્ત્રીને નથી." એક એવું પણ મહા વાક્ય છે કે, કોઇ નીયમનું ખરાપણું તે ખરાપણું તેના અપવાદથી સાબીત થાય છે. તેજ મીસાલે ધણીજ નીચી પંક્તીની કોમોમાં છુટકારો કરવાનો બંનેને હક છે. એટલુંજ નહીં પણ છુટકો મેળવ્યા પછી તે સ્ત્રીને ફરીને લગ્ન કરવું હોય તો કરી શકે છે. આવી જાતના લગ્નો મુંબઇના નાતરાં નામથી ઓળખાય છે.

આ ઉપરથી જણાય આવે છે કે, ઘણેક પ્રસંગે નાતરૂં અથવા પાટલગ્ન કેટલીક નાતોમાં, ધણીની હયાતીમાં થઇ શકે છે અને તેમ કરતાં, અગર જો તે ઓરત આરંભ કરે છે, તથાપી નાતના ચોવટીયાની મંજુરી લીધા વગર થતું નથી; પણ આવાં લગ્ન ઘણીજ નીચી જાતોમાંજ થાય છે. અને તેલીની નાત (જે માંહેલા બંને તહોમતદારો છે), તે નીચામાંનીચી નાત છે કે નહીં એ અતિશય શક પડતું લાગે છે. સ્ટીલસાહેબે, હિંદુની જાતીઓના ધારા તથા રીવાજના પુસ્તકમાં, નીચેની હકીકત આપેલી છે.

"ધણી જીવતો હોય, ત્યારે અમારી નાતમાં પાટલગ્ન થતું નથી;" એમ લક્ષ્મેસ્વર, તથા ખત્રીની, તેલીની નાતનો છે; પણ તેથી મરાઠી તેલીનો એ રીવાજ હોવાનું ઠરતું નથી. હાલના મુકરદમામાં આવાં પુનરલગ્ન હાલના પ્રસંગોએ પોતાની નાતના રીવાજથી થઇ શકે છે. એ સાબીત કરવાનું કામ બંધવાનું છે. પણ તેવો પુરાવો તેઓએ આપ્યો નથી. કોઇ એમ કહે કે, એ પુરાવાનો બોજો પ્રોસીક્યુશન તરફ રહે છે, તો જુદા સ્થળમાં રહેનારા નાતીલાઓને બોલાવી તેઓનો પુરાવો લેવો એ ભાગ્યેજ ન્યાય સર છે. તેમ જે નાતીલાઓ પડોસમાં રહેતા હતા. તેઓની જુબાની લેવી એ પણ તેટલેજ દરજ્જે

વ્યર્થ છે. કેમકે, ફરીઆદી તથા તહેમતદાર એ બંનેએ કબુલ કર્યું છે કે, તે નાતીલાઓ-એ એક મત થઇને લગ્ન કરવાની પરવાનગી આપ્યાથી મજકુર રીવાજસંબંધી એક જાતની જુબાની આપી ચુક્યા છે. હવે તેઓને બોલાવવા, એ ખાનગી અંદેશ, તથા જાતની તરફદારી બતાવ્યાનો લાભ આપ્યા બરોબર છે. માટે પુરાવાનો બોજા તહોમતદાર ઉપર હોવો જોઇએ. અને નાતની જમાત ભેગી થઇને સંભળાવીદે, તે લગ્ન હવે તદન નીરર્થક છે. એવું ગણવાનો પોતાનો રીવાજ સાબીત કરી આપવાનું તથા ધણીની રજા વગર અથવા તેની ગેરહાજરીમાં, તેની ઓરતની અરજી આવવા ઉપરથી, અમલ કરવાનો નાતની જમાતને અધિકાર હોવાનું, તથા ફારગતી આપ્યા વગર, અને આગલા ધણીનું લગ્ન ખર્ચ ચુકાવ્યા વગર, પ્રથમનું લગ્ન તોડી શકાયાનું સાબીત કરવાનું કામ પણ તહોમતદારોનું હતું પોતાની નાતમાં એવો રીવાજ હોવાનું સાબીત કરવામાં તેઓએ કસુર કરી છે, અને નાતીલાઓએ તે લગ્ન તોડવાનો મત આપ્યો હતો ખરો પણ એકલા તે જમાતથી તો જણાય છે કે, નાતીલાઓમાંથી ઘણાક જણો તે વાત તે પ્રમાણે માનતા હતા, આ રીવાજની સાબીતીની ગેરહાજરીથી પેહેલા મુદાનો તોડ માહારે નકારના રૂપમાં કરવો જોઇએ. વેલના રૂપૈઆ આપ્યા નોહોતા તેથી નાતીલાઓ આ કામમાં બરોબર રીતસર વર્ત્યા નથી, એમ માનવાનું થોડું ઘણું કારણ છે.

શંભુરધુએ, એકલાએજ હાઇકોરટમાં અપીલ કરી છે. અને તે સુનાવણી જસ્ટીસમેલવીલ તથા નાનાભાઇહરીદાસ પાસે ચાલી હતી. અપીલેન્ટ તરફથી શાંતારામ નારાયણે દલીલ કરી કે, અપેલેન્ટ તથા તેના સહ તહોમતદારોની માન્યતા બાબતમાં સેસન જડજે કાંઇ વિરૂદ્ધ ટીકા કરી નથી. અને તેથી તેઓને અપરાધી ઠરાવવા નોહોતા જોતા. નર્મદાનો ધણી પતીયલ છે; તેનો કશો સવાલ નથી. તેને તો પોતાના ખર્ચનીજ તકરાર હતી. બીજું લગન કરવાની તેણે રજુબંદી આપ્યાનું ગણવું જોઇએ. જે તેલીની નાતના, આ કામના પક્ષકારો છે, તેના તે નીયમસર ભેગી થઈને લગ્ન તોડવાની વાત બહાલ રાખી હતી. માટે બીજું લગ્ન કર્યું એ કાંઇ ગુનોહ નથી.

સરકાર તરફથી નામદાર વીશ્વનાથ મંડળીકે દલીલ આપી કે, આ કામમાં ખરેખરો સવાલ એ છે કે, નર્મદાનું પ્રથમ લગ્ન રદ કરવા નાતને અધિકાર હતો કે નહીં? હું કહું છઉં કે તે નોહોતો, માટે નર્મદાના પેહેલા ધણીની તરફથી ફારગતીની ગેરહાજરીમાં તેણીનું લગ્ન એક ગુન્હો છે પક્ષવાળાઓની શી માન્યતા હતી; એથી કાયદાના સવાલને કાંઇજ અસર થતી નથી.

કોરટનો ઠરાવ.

સેસન જડજે આ કામનો બહુ ચોંપ રાખી વિચાર કરેલો છે; અને તેણે જે નિર્ણય કાઢયો છે, તેમાં આ કોરટ મળતી આવે છે. પેહેલા નંબરની તહોમતદારનો ધણી પતીયલ હતો એટલા માટે તથા તેની ફારગતી લીધા વગર ફરી લગ્ન થઇ શકયાનો જવાબ દેવાથી જ્યાં સુધી પોતાની નાતના રીવાજની સાબીતી થઇ નથી ત્યાં સુધી એક રીતનો બચાવ થતો નથી એમ આ અદાલત માને છે. લગ્ન તુટયાનું કહેવાનો તથા હરકોઈ ઓરતને ફરી લગ્ન કરવા પરવાનગી આપવાનો નાતને અધિકાર હશે તો આ કોરટ તેને મંજુર રાખતી નથી.

આ કામ માંહેલી ઓરતે, તથા જે અપેલેન્ટે પુનર લગ્નની ક્રીયા કરી હતી, તે અપેલેન્ટે ફરી લગ્ન કરવા ટાંણે એમ શુદ્ધબુદ્ધીથી માન્યું હશે કે, નાતીલાની પરવાનગીથી ફરીનું લગ્ન કાયદેસર કહેવાય છે. પરંતુ જો કે આ હકીકત સજા ઓછી કરવાના પ્રસંગમાં લેવાય છે તોપણ, જ્યાં ઈ. પી. કો. ની ૪૯૪ મી કલમના ગુન્હાનું તહોમત હોય ત્યાં અથવા તેજ કલમ સાથે ૧૦૯ મી કલમના ગુન્હાનું તહોમત હોય ત્યાં આવો બચાવ કાંઇ કામનો નથી.

માટે નીચલી કોરટનો ગુન્હાનો ઠરાવ બાહાલ કરવામાં આવે છે; પરંતુ અપેલેન્ટે ૨૫ રોજની કેદ ભોગવી છે, માટે બાકીની માફ કરવામાં આવે છે.

મહારાણી કેસરેહીંદ વિ. અબ્દુલ કરીમ.

કલમ. ૪૯૪

૨

તા. ૧૯–૭–૭૮

ઈં. ૪ કે. પા. ૧૦

કોઈ પરણેલી ઓરતનું તેના પહેલા ધણીની હયાતીમાં તેનો વાલી બીજા પુરૂષ સાથે ફરી લગ્ન કરે અને તેમાં સદરહુ સ્ત્રીએ કાંઈ ભાગ લીધો ન હોય તો વાલી મદદગારીના ગુન્હાનો ગુન્હેગાર થતો નથી.

कोइ एक मुसलमान धर्मनी परणेली छोकरीना पहेला धणीनी हयातीमां तेणीना एक वालीए तेने एक बीजा पुरुष साथे परणावी दोधी. अने ते काममां ए छोकरीए कांइ भाग लीधो नहोतो. तेमां ठराव्युं के, सदरहु वाली पीनलकोडनी ४९४ मी तथा १०९ मी कलम प्रमाणे मददगारीना गुन्हानो गुन्हेगार थतो नथी.

એક મુસલમાનની છોકરી હુરમનીસા જ્યારે ૬ વરસની હતી ત્યારે તેની એક મા, અને બે કાકા હતા. જેઓનાં નામ અનુક્રમે અબદુલ કરીમ તથા અબદુલ સુભાન હતાં, પ્રથમ તે છોકરીનાં તેની માએ એક અબદુલ હુસેન સાથે લગ્ન કર્યાં હતાં. મુસલમાની સરેહ પ્રમાણે માએ પોતાની છોકરીનાં લગ્ન કર્યાં હોય, અને તેમાં તેણીના કાકાની સમ્મતી લીધી ન હોય તો થએલું લગ્ન ગેરકાયદેસર ગણવાની વાત નીરવીવાદ છે, ત્યારબાદ થોડાંક અઠવાડીયાં વીત્યા પછી ફરીને એ બંને સક્ષો વચ્ચે લગ્ન કરવામાં આવ્યું. અને આ બીજા વીવાહને પ્રસંગે પેલી છોકરીનો નાનો કાકો હાજર હતો, અને તેણેજ તે છોકરીને પરણાવ્યાનું કહેવામાં આવ્યુંછે. ત્યારબાદ તે છોકરીનાં એક દબીરૂદીન સાથે લગ્ન કર્યાં, અને આ બીજી વખતની શાદીને ટાંણે અબદુલ કરીમ તથા અબદુલ સુભાન એ બંને હાજર હતા. અને તેઓએજ એ છોડીને પરણાવી હતી.

આ સદરહુ અબદુલ કરીમ તથા અબદુલ સુભાન ઉપર હિ. પી. કો. ની ૪૯૪ તથા ૧૦૯ મી કલમ પ્રમાણે શીક્ષા થઇશકે એવા ગુન્હાઓનું તહોમત મુકવામાં આવ્યું હતું.

પ્રોસીક્યુશન તરફનો મુકરદમો એવો છે કે, હુરમનીસાને ગમતું લગ્ન તેના કાકા અબદુલ સુભાનની સમ્મતીથી થયું હતું માટે મુસલમાની શરેહ પ્રમાણે તે કાયદેસર હતું અને તેથી દબીરૂદીન સાથે ફરીને લગ્ન કરતાં તથા તેમાં પોતાની સમ્મતી આપતાં થએલું લગ્ન નીરરથક હોવાની વાત તેઓના જાણવામાં હતી. તેથી આવું કાયદેસર લગ્ન કરવામાં મદદ આપવા વાસ્તે તેઓ ગુન્હેગાર થાય છે.

અબદુલ સુભાને એવો બચાવ આપ્યો કે, મેં એકે લગ્ન કરવામાં ભાગ લીધો નથી તેમ બંનેમાંથી એકે લગ્ન થતી વખ્તે હું હાજર નહોતો. અબદુલ કરીમે કબુલ કર્યું છે કે, દબીરૂદીન સાથે લગ્ન કરવામાં મેં સમ્મતી આપી હતી. તથા તે વખ્તે હું હાજર પણ હતો, પરંતુ અબદુલ હુસેન સાથેના લગ્નની મુને કાંઈ ખબર નહોતી અને તેમાં મારી સમ્મતી ન હોવાના કારણથી તે ગેરકાયદેસર હતું. હુગલીની સેસન કોરટમાં આ કામનો ઇનસાફ થતાં કોરટ તથા આસેસરોનો એવો મત થયો કે, હુરમનીસા બેગમનું લગ્ન અબદુલ હુસેનની સાથે તેણીના કાકા અબદુલ સુભાનની સમ્મતીથી તથા તેમની રૂબરૂમાં થયું હતું. અને તેથી એ લગ્ન કાયદેસર હતું પણ જ્યારે દબીરૂદીન સાથે ફરી લગ્ન કરવામાં આવ્યું, ત્યારે તેમાં અબદુલ સુભાને કાંઇ ભાગ લીધો નહોતો માટે અબદુલ સુભાન કોઈ રીતે ગુન્હેગાર નથી.

બંધવા અબદુલ કરીમની બાબતમાં તેઓએ ઠરાવ્યું કે, દબીરૂદીન સાથે લગ્ન કરવામાં તેણે ભાગ લીધો હતો, અને તેણે મંજુર પણ કર્યું હતું. અને અબદુલ હુસેન સાથે આગળ લગ્ન કર્યું હતું તે તથા સદરહુ લગ્ન કાયદેસર હતું તે વાત તેના જાણ્યામાં હોવી જાઇએ. તે ઉપરથી અબદુલ કરીમને ગુન્હેગાર ઠરાવી તેને અઢાર માસની સખ્ત કેદની સજા કરી. આ ઠરાવ અને સજા ઉપર અબદુલ કરીમે હાઈ કોરટમાં અપીલ કરી. અપેલેન્ટ તરફથી વુડ સાહેબ તથા મોલવી શીરાજુલ ઇસલામે હાજર થઈ તકરાર લીધી કે નીચલી કોરટ પાસે જે પુરાવો પડયો છે, તે ઉપરથી તે કોરટનો ઠરાવ ભુલ ભર્યો છે. અને વધુ અરજ કરી કે, નીચલી કોરટમાં જે પુરાવો પડયો છે. તે ગ્રહણ કરતાં અપીલેન્ટ કોઇ ગુન્હાનો ગુન્હેગાર નથી. અને પોતાની ભત્રિજી તથા અબદુલ હુસેન વચ્ચે ખોટા નીકા થયા હતા. એ વાત જાણતો હતો, અથવા તેને જાણવાનું કારણ હતું. તોપણ જે નીકાના કાયદેસર પણા વીશે વાંધો લીધો છે. તે ખોટા નીકામાં અજાણ્યું કર્યું, એથી કાંઇ ગુન્હો કર્યો બરાબર નથી.

આમાંથી કયાં લગ્ન બંધનકારી છે તે નકી કરવાની જરૂર હોય તો દીવાની કોરટને નકી કરવાનું કામ સોંપીને જે લગ્ન મંજુર કરવાને તે ખુશી હતો, તેમાં તેને મંજુરી આપી તેથી તેણે કાંઈ ગુન્હો કર્યો નથી. વળી અપીલેન્ટ તરફથી આ અપીલમાં એક એવો ટેકો મળે છે કે, દબીરૂદીનની સાથે નીકા થયા તે વખ્તે હુરમનીસા બેગમ જાતે હાજર હતી નહીં. અને જે કાંઇ બન્યું તે વાલી તરીકેના પોતાના હકો તેણે એક રીતે જાહેર કર્યો હતા શીવાય બીજું કાંઈ તેણે કર્યું નહોતું.

જસ્ટીસ વાઇટનો ઠરાવ.

આ અપીલના બંધવાએ, સેસન કોરટની હકીકતના તથા કાયદાના નીર્ણય ઉપર ઠરાવ કર્યો છે. તેના વિરૂદ્ધ તેણે આ અપીલ કરી છે. આ અપીલના ગુણદોષ ઉપર જવાની મને જરૂર જણાતી નથી. નીચલી કોરટે જે હકીકત માની છે તે સાચી છે. અને જે કાયદો લાગુ પાડયો છે તે પણ સાચો છે. એ વાત કબુલ રાખતાં મારો અભીપ્રાય એવો છે કે, ગુન્હાનો ઠરાવ બીલકુલ કાયમ રહી શકતો નથી.

પીનલકોડની કલમ ૪૯૪ મા ગુન્હામાં મદદ કર્યાનું તહોમત કેદી ઉપર છે પીનલકોડ પ્રમાણે મદદગોરીનું તહોમત સ્થાપીત કરવા સારૂ બંધવાએ અપીલમાં કાયદાના તથા હકી

કતના જે સવાલો ઉઠાવ્યાં છે. તેમાંના એકેનો નીર્ણય કર્યા વગર ગુન્હાનો ઠરાવ રદ કરવો જોઇએ. તે એવા સબબથી કે, પીનલકોડના અર્થ પ્રમાણે બંધવો મદદગારીના ગુન્હાનો ગુન્હેગાર છે એવું બતાવવાને પ્રોસીક્યુશન વાળા ચુકયા છે.

સેસન જડજે જે કાયદો અને હકીકત શોધીને નક્કી કરેલ છે, તે ગ્રહણ કરતાં તે છોકરીના નાના કાકાએ તેણીના કાયદેસર નીકા પઢાવી દીધા હતા. તે વાત જાણ્યા પછી બંધવે તેણીને પરણાવી દેવામાં એક કાયદા વિરૂદ્ધ કૃત્ય કર્યું છે. પણ તે કૃત્ય કરવામાં પડેલા પુરાવા પ્રમાણે તે એકલોજ કરનાર હતો. અને તે કૃત્ય જો કાયદા વિરૂધ્ધ હતું. તે જ્યારે એકજ સક્ષ કરે ત્યારે તે પીનલકોડમાં ઠરાવ્યા પ્રમાણે ગુન્હો થતો નથી.

આ અપીલનો નીકાલ કરતાં માહારે જણવવું જોઇએ કે, અપીલેન્ટના કૃત્ય ઉપરથી ફોજદારી કામ ચલવવું જોઇતું નોહોતું. આ નાની છોકરી જેને મિલકત પ્રાપ્તી થવાનો હક થયો છે તે નાની છોકરીના સગાઓ વચ્ચે એવી તકરાર ઉઠી છે કે, તેણીને પરણાવી દેવાનો કોનો અધિકાર છે. એ વાંધામાં કેટલાક સવાલો ઉભા થાય છે. એટલે કે તે છોકરીની વતી શું શું લગ્ન ક્રીયાઓ થઈ હતી. અને તે કોણે કરી હતી. અને તેનું કાયદેસર પરીણામ શું હતું આ બધા સવાલો જો તેના સંબંધમાં પક્ષકારો માંહોમાંહે સમજે નહીં તો દીવાની ન્યાયાધીશ પાસે જવાનો છે. અને ઉભય પક્ષમાંથી એક પક્ષકાર એ સવાલનું નીરાકરણ કરવવા વાસ્તે ફોજદારી ઈનસાફની સાહ્યતા લે એ બહુજ દીલગીર થવા જેવું છે.

આ વાંધાને ફોજદારી રૂપ આપીને બંધવાને જે અગવડ અને દુઃખ થાયછે, તેનો ચીતાર ચાલતા કામથી બરોબર થઇ શકેછે. પ્રથમનું લગ્ન તેની માએ કર્યું હતું, તે પ્રોસીક્યુશનવાળા તમામ નીરર્થક ગણે છે. કેદીએ ત્રીજું લગ્ન કર્યું એ કાયદા વિરૂદ્ધ હતું, એવું બતાવવા સારૂ પ્રોસીક્યુશનવાળાએ સાબીત કરવું જોઇએકે, જે વચલી લગ્ન વીધીમાં અબદુલ સુભાને સદરહુ છોકરીને પરણાવી દીધી, તે લગ્ન મુસલમાની શરેહ પ્રમાણે કાયદેસર હતું. આ સવાલમાં અબદુલ સુભાનની જુબાની ઘણીજ ઉપયોગીછે છતાં પ્રોસીક્યુશનવાળાએ એ સુભાનને બંધવા સાથે સહ તહોમતદાર ગણવાનું પસંદ કર્યુંછે અને તેથી તેને સાક્ષી દરજ્જે બોલાવવામાં હરકત થઇછે. બીજું લગ્ન કર્યાની વાત અબદુલ સુભાનને ઇનકાર કરેછે, અને આ મુદ્દાની બાબત તેની જુબાની લીધાવગર ફોજદારી કોર્ટે નક્કી કરીછે. ચાલતા કામમાં જે રીતે ઈનસાફ થયોછે, તે રીત સામે બીજો એવો વાંધો છે કે, એમાંથી કયા છોકરાને સદરહુ છોકરી કાયદેસર પરણીછે, તે નક્કી કરવા સારૂ આગળ ઉપર દીવાનીકામ માંડવાને આ ફોજદારી કામ માંડવાથી પ્રતીબંધ થતો નથી અને આવું દીવાની કામ મંડાયતો બંધવાનો ગુન્હાનો ઠરાવ સદરહુ દીવાની કામમાં તેની વીરૂદ્ધ કોઇ રીતનો પુરાવો ગણાશે નહીં. તે વખતે પક્ષકારો જે પુરાવો આપશે તે ઉપરથી આ આખી બાબતનો તપાસ થઈ શકશે. અને વખતે સંભવે એવું છેકે, ફોજદારી કોર્ટે જે નીરણય કર્યોછે તેથી જુદો નીરણય દિવાની કોર્ટ કરી અને જે લગ્ન કર્યા સારૂ બંધવાને અપરાધી ઠરાવ્યોછે, તે લગ્ન કાયમ રાખે માટે બંધવાનો કરેલો ઠરાવ તથા સજા રદ કરી તેને છોડી મુકવાનો હુકમ કરવામાં આવેછે.

જસટીસ પીનસેપનો ઠરાવ.

માહારા વીદ્વાન બંધુએ આ કામમાં ઠરાવ્યુંછેકે, પડેલી હકીકત ઉપરથી કાંઇ નીર-

ણુષ કરવો જરૂરનો નથી. તથા પ્રોસીક્યુશન વાળાએ જે હકીકત કહીછે, તે કબુલ રાખતાં હિંદુસ્થાનવા પીનલકોડની કલમ ૧૦૯ તથા ૪૯૪ પ્રમાણે જીવતે ધણીએ ફરી લગ્ન કરવામાં મદદગારી કર્યા વાસ્તે અપેલેન્ટ અપરાધી ઠરી શકતો નથી. તેને હું મળતો આવુંછું.

આ. મુકદ્દમા માંહેલી છોકરી નીશા લગભગ ૯ વરસની છે, અને તેના રક્ષણ વાસ્તે તથા ઉપર કહેલા બે કુટંબ માંથી કયા કુટંબમાં તેને પરણાવવી તેનો વાંધો ચાલેછે. તેનું કારણ એછેકે. તેની પાસે ઘણી મીલકતછે. પ્રથમ તેની માંની સંમતીથી અબદુલ હુસેન સાથે પરણાવી, પણ જે સંમતીથી લગ્ન કાયદેસર થાય, તેની સંમતી હતી નહીં. ત્યારબાદ પ્રોસીક્યુશનના પુરાવા પ્રમાણે એજ અબદુલ હુસેન નામના છોકરા સાથે તેણીના બે કાકામાંથી એક નાના કાકની સંમતી લઈને નીકા કર્યો. ત્યારબાદ પ્રોસીક્યુશનવાળા એમ કહેછેકે, જીવતે ધણીએ ફરી લગ્ન થાય એમ ત્રીજીવાર તેણીને એક બીજા છોકરા સાથે તેના મોટા કાકા અપીલેન્ટ અબદુલ કરીમની ઉશકેરણી તથા મંજુરીથી પરણાવી દેવામાં આવી. હવે પ્રથમનું લગ્ન નીરવીવાદ કાયદેસર નથી, અને પ્રોસીક્યુશનવાળા જે હકીકત કહેછે, તેજ હકીકત હોયતો ત્રીજું લગ્ન પણ જીવતે ધણીએ ફરી લગ્ન કરવાના કારણથી નીરર્થકછે. પરંતુ ઉપર મુજબતીથી કહેવામાં આવ્યુંછે તે પ્રમાણે તેનો નીકાલ ફકત દીવાની કોરટ કરી શકેછે. અપીલેન્ટ અબદુલ કરીમે પ્રોસીક્યુશનની કહેલી વાત પ્રમાણે સદરહુ લગ્ન કરાવ્યું તેથી જીવતે ધણીએ ફરી લગ્ન કર્યાનો તે વાજબી રીતે ગુન્હેગાર ઠરીશકતો નથી. તેણીની વતી એ લગ્ન થયું, તે વાતની તેણીની માહેતી હોય, અથવા તે વખતે તે હાજર હોય, એમ જણાતું નથી. અથવા કહેવામાં આવ્યું નથી. મદદગારીનો ગુન્હો અને તેની વ્યાખ્યા હિંદુસ્તાનના પીનલકોડની ૧૦૭ મી કલમમાંથી જડી આવેછે અને ૧૦૮મી કલમમાં મદદગારીની વ્યાખ્યા આપીછે. તે વ્યાખ્યાથી તેમાં પુરવણી કરે છે પણ આ બંને કલમનું ચીતવન એવું છેકે, હરકોઈ મુખ્ય ગુન્હો કરવાને કોઇ સક્ષને સહાયતા કીંવા ઉશકેરણી કરવી અથવા અપીલેન્ટ જે દરજે હતા તેવા દરજાના એક અથવા તેથી વધારે સક્ષો સાથે મસલત કરવી. જસ્ટીસ વાહીટે દેખાડયું છે કે, મુખ્ય ગુન્હેગારે કાંઈ ચોકસ કામ કરવું જોઇએ. અથવા સદરહુ કામ કરવામાં ઉશકેરણી કરવી જોઇએ. અથવા હિંદુસ્તાનના પીનલકોડ પ્રમાણે મદદગારીનો ગુન્હો થવા સારૂ તે કામની સહાયતા કરવામાં અપીલેન્ટ સાથે કોઇ બીજો સક્ષ ગુંથાવો જોઇએ. પણ પ્રોસીક્યુશનવાળાએ એ માંહેલું કાંઇ પણ બતાવ્યું નથી. અને અપીલેન્ટના ઉપર જે જે કત્યો કર્યાના બાધ મુક્યાછે, તે બધાં કત્યો તેણે કર્યા હોય, એમ માનતાં પણ તે હિંદુસ્તાનના પીનલકોડ પ્રમાણે કાંઈ ગુન્હાનો ગુન્હેગાર નથી. તેથી બંધવાનો ગુન્હાનો ઠરાવ રદ કરી તેને છોડી મુકવો જોઇએ.

મુંબઈ સરકાર. વિ. ગંગાતે ગોસાની વહુ.

કલમ. ૪૯૪

કોઇ હિંદુ સ્ત્રી મુસલમાની ધર્મમાં વદલી જાય એટલીજ વાત ઉપરથી તેણીના વર સાથેનું લગ્ન તુટતું નથી. માટે તે ધણી જ્યાં સુધી જીવતો

તા. ૨૯-૧-૮૦.

होय त्यां सुधी ते स्त्री बीजो कोइ कायदेसर लग्न करार करी शकती नथी. अने जो कोइ मुसलमान साथे नीका करीने तेना घरमां ते स्त्री बेसे तो ते हीं. पी. को. नी कलम ४९४ मीनो गुन्हो करे छे.

ઇ.૪ મું. પા.૪૩૦ કોઈ પરણેલીસ્ત્રી પોતાના ધણીની હયાતીમાં પોતાના ધરમાંથી બીજા ધરમાં જઈ વટલી જાય એટલાજ કારણથી લગ્ન તુટતું નથી.

હાઇકોરના ઠરાવમાંથી આ કામની હકીકત સવીસ્તર જણાઇ આવશે.

મુંબઇ સરકાર તરફથી સરકારી વકીલ નાનાભાઇ હરીદાસ.

બંધવા તરફથી કોઇ હતું નહીં.

જસ્ટીસ પીનહીનો ઠરાવ.

તહોમતદાર ગંગા એક ગોસા વીમના હિંદુની વહુ હોઇને મુસલમાની ધર્મમાં વટલી ગઇ. અને પછી કાસમ નામના એક મુસલમાનની સાથે પરણી. પોતાના પ્રથમના ધણીની હયાતીમાં ફરી લગ્ન કર્યાનું. એટલે હી. પી. કો. ની ૪૯૪મી કલમ મુજબ સજા થાય એવો ગુન્હો કર્યાનું થાણાના આસીસ્ટંટ સેસન જડજ આગળ કામ ચાલતાં ૧૮૭૯ના જુલાઇની ૮મી તારીખે ગુન્હેગાર ઠરાવી તેને ત્રણ વરસની સખત કેદની સજા કરવામાં આવી હતી. આસીસ્ટંટ જડજનો ગુન્હા તથા સજાનો ઠરાવ સેસન જડજે ૧૮૭૯ ના આગષ્ટની ૨૯મી તારીખે ફેરવી નાંખ્યો હતો. તે એવા કારણથી કે, ગંગાનો મુસલમાની ધર્મની કોમમાં સતકાર થયો એટલીજ વાત ઉપરથી તેણીનું પ્રથમનું હિંદુ સાથેનું લગ્ન રદ થઈ જાયછે. તથા જ્યારે તે હાલના ધણી કાશમ સાથે પરણી ત્યારે તે મુસલમાન હતી. માટે તે એકી વખતે હિંદુ તથા મુસમાન બંનેની સ્ત્રી થઇ શકતી નથી. વળી એક મુસલમાન ધર્મની ઓરત તરીકે તે ધર્મની મુજબ કાશમ સાથે પરણવાને મુખ્તીયાર હતી. અને તેમ કરતાં કાંઈ ગુન્હો થતો નથી.

સેસન જડજે ગંગાને આવી રીતે છોડી મુકી હતી, તેથી સરકારે અપીલ કરી છે. પોતાની દલીલ આપવા ટાંણે સરકારી વકીલે અમોને જણાવ્યું છે કે, ગંગાને સજા કરવાના કારણથી સરકારે સેસન જડજના છોડી દેવાના ઠરાવ ઉપર અપીલ કરી નથી. પરંતુ તે માંહેલી તકરારનો મુદ્દો ઘણોજ ઉપયોગી છે અને સર્વોપરી સતાધીસ તરીકે, આ અદાલતે ફેસલો આપવો જોઇએ. હવે વિચાર કરી ને ચોકસ કરવાનો સવાલ એટલોજ છે કે, કોઇ હિંદુ સ્ત્રી મુસલમાની ધર્મમાં વટલી જાય તેથી, જે હિંદુ ભરથાર ભેગી વટલવાંના ટાંણા સુધી રહેતી હતી, તે હિંદુ ભરથાર સાથેનું લગ્ન રદ થાય છે કે કેમ?

આ સવાલના જવાબમાં ના પાડવાનો અમારો અભીપ્રાય થાય છે. કે કેમ હાના ૩૫માં જવાબ આપવા સારૂ જેટલા આધારો જોવાના હતા. તેટલા જોયા પછી તેમ કરવા સારૂ કાંઇ આધાર અમોને મળતો નથી. સેસન જડજે પોતે જે નીર્ણય કર્યો છે, તે કોઇ ચુકેલા ફેંસલાને આધારે કર્યાનું દેખાતું નથી. અમે એ નીર્ણય કરતાં તેણે જે દલીલ મુકી છે, તે તેનાજ શબ્દો લખતાં નીચે મુજબ છે.

"મુસલમાન ધર્મમાં વટલ્યા પછી ગોસાવી ઉપર સંસારના તથા લગ્નના હકનો ગંગાએ દાવો કર્યો હત તો તેની શી વલે થાત? આ સવાલનો જવાબ દેતાં પબ્લીક પ્રોસીક્યુટર જે પંડે હિંદુઓમાં એક બ્રાહ્મણ છે. તે એક સત્તા તરીકે કહે છે કે, તે દાવો કોઇ બહાલ રાખત નહીં. ખાવાનો અથવા સુવાનો હક માગત તો તે પણ કોઇ તેને આપત નહીં. તેથી એવો નીર્ણય થાય છે કે, મુસલમાન વર્ગની કોમમાં સત્તકાર થવાથીજ તેણીનું આગલું હિંદુ લગ્ન રદ થાય છે."

ગોસાવી ઉપર રોટીકપડાનો તથા લગ્નનો દાવો કરવાનો હક ગંગાએ પોતાની મેળે પોતાના કૃત્યોથી ખોઇ નાખ્યાની અંતે સેસન જડજે જે નીર્ણય કર્યો છે, તે કરવો જોઇએ એવું અમારા ધારવામાં આવતું નથી. જો ગંગાએ છીનાળું કર્યું હત, અથવા ગૌમાટી ખાધી હત તો, ગોસાવી ઉપર રોટીકપડાંનો તથા લગ્નના હકોનો તેણીનો દાવો ચાલત નહીં. પરંતુ આ બેમાંથી કાંઈ કામ તેણીએ કર્યું હત તો, રોટી કપડાં તથા લગ્નના હકોનો દાવો હાથે ડુબાવ્યાના કારણથી છુટકો થયાનું કહેવાઈ શકાતું નથી. જો ગંગાએ માત્ર છીનાળું કર્યું હત, અથવા ગૌમાટી ખાધી હત તો, ગોસાવી ઉપર રોટી કપડાંના તથા લગ્નના હકોનો દાવો કરી શકત નહીં. પરંતુ બેમાંથી એકે, કૃત્ય તેણે કર્યું હત તો રોટી કપડાંના તથા લગ્નના હકોના દાવાનો તેણે પોતે પોતાના કૃત્યોથી નાશ કર્યો તેટલા માટે તેમ કરવાથી છેડા છુટકો થતો નથી.

માટે જે કારણો ઉપર સેસન જડજે પોતાનો ચુકાવો આપવામાં આધાર રાખ્યો છે, તે કારણ પંડે નબળું છે. કરશનગોજાનો ફેંસલો જ્યારથી થએલો છે, ત્યારથી સ્ટ્રેંજસાહેબે પોતાના હિંદુલાના ગ્રંથને પર મે પાને જે નીયમ લખ્યો છે, તે નીયમ આંહીં તાબાની સઘળી અદાલતો હમેશાં કાયમ રાખતી આવી છે. તે નીયમ એવો છે કે, હિંદુઓમાં છેડા છુટકો કરવાનો હક, ફકત ધણીનોજ છે, વળી કોઇ લગ્ન રદ કરી નાંખવાનો, તથા કોઇ સ્ત્રીને તેના ધણીની ફારગતી આપ્યા વગર, ફરી લગ્ન કરવાની પરવાનગી આપવાનો નાતનો અધીકાર હોવાની વાત રાણી. વિ. શંભુ રાઘુના કામમાં આ કોર્ટે મંજુર રાખી નથી.

આ કામમાં ગંગાના ધણી ગોસાવીએ ગંગાનો છુટકારો કર્યો નથી. તેમ ફરી લગ્ન કરવા તેણીને રજા આપી નથી. વટલેલા દેશીઓના લગ્ન ત્રોડવાનો સને ૧૮૬૮ નો ૨૧ મો આકટ છે. તેનો હવાલો આસીસ્ટંટ સેસન જડજે પોતાના ઠરાવોમાં આપ્યો છે. આ કાયદો ચાલતા મુકરદમાને લાગુ પડતો નથી. તથા તેની સાથે પ્રત્યક્ષ રીતે સંબંધ ધરાવતો નથી કેમકે તે તો ખ્રીસ્તી ધર્મમાં વટલેલા લોકોને લાગુ પડે છે. પરંતુ મુસલમાની ધર્મમાં વટલેલાને લાગુ પડતો નથી. ભ્રષ્ટ થવાથી લગ્ન તુટવાની માન્યતા હિંદુ ધર્મમાં ન હોવાની વાત દેખાડવામાં આસીસ્ટંટ જડજે તે આકટનો હવાલો લીધો છે તે બરાબર કર્યું છે. કેમકે હિંદુ ધર્મ શાસ્ત્ર પ્રમાણે વટલવાથી છેડાછુટકો થાય છે, એવું હત તો ખીસ્તી ધર્મમાં વટલી જનારા હિંદુઓને ૧૮૬૬ ના ૨૧ મા આકટથી બચાવ કરવાની જરૂર હતી નહીં.

ઉપરનાં કારણોથી આ કામમાં આસીસ્ટંટ જડજે જે ગુન્હાનો તથા સજાનો ઠરાવ કરેલો છે, તે ફેરવી નાંખવામાં સેસન જડજે ભુલ કરેલી છે, એમાં કશો શક નથી. માટે તેણે કરેલો ઠરાવ અમારે ફેરવવો પડે છે. માટે તહોમતદાર ગંગાને આસીસ્ટંટ જડજે ત્રણ વરસની સખત કેદની સજા કરીછે. તે પાછી બાહાલ કરવી જોઈએ. પરંતુ આના જે-

વી તેટલી સખત સજા ફરીને કરવાની સરકારી વકીલને ભલામણ થઈ નથી. ગંગા જુલાઈની ૧૮ મી તારીખથી તે અગષ્ટની ૨૯ મી તારીખ સુધી બંધીખાને હતી. અને હાલ પાંચ માસ થયાં તેને બંધીખાનેથી છોડી છે. તે વરફ જોતાં ઠરાવું છું કે, ફરીને કેદમાં મોકલવા પાછી તેણીને તેમાં છ મહિના રાખવી.

રાણી. વિ. પિટરસન.

કલમ. ૪૯૪

૪
તા. ૬-૧૨-૭૬
ઈં. ૧ અ.પા.૩૧૬

લગ્ન કરવાના ઈરાદાને પ્રસીધ કરવાનું કૃત્ય એ ફકત પરણવાની તઈયારી છે અને તેથી પરણવાની કોશીશ થતી નથી.

लग्न करवाना इरादाने प्रसीद्ध करवानुं कृत्य ए फकत परण्वानी तैयारी छे अने तेथी परणवानी कोशीश थती नथी.

સને ૧૮૭૬ ના જુનની ૭ મી તારીખે પિટરસન નામના અંગ્રેજને બીજા તહોમતો સાથે ઈી. પી. કો. ની ૪૯૪ તથા ૫૧૧ મી કલમો પ્રમાણે પોતે ખ્રીસ્તી ધર્મનો હોવા છતાં પોતાની આગલી સ્ત્રી હયાત હતી, તો પણ સને ૧૮૭૫ ની આખરીમાં અથવા ૧૮૭૬ ના જાનેવારીમાં અથવા તે અરસામાં એક એથલ આયંદા ગાઇઝ નામની સ્ત્રી સાથે લગ્ન કરવાના ઇરાદાની જાહેર ખબર કાઢવાનું તહોમત રાખી તેને એક પેહેલા વર્ગના માજીસ્ત્રેટે સેસનમાં મોકલ્યો હતો.

આગ્રાના સેસનજડજે જુરીની મદદથી ઈનસાફ કર્યો. તેમાં સદરહુ પિટરસનને ૧૮૭૬ ના જુલાઇની ૨૭ મી તારીખે ઉપલાં તહોમતનો અપરાધી ઠરાવી ત્રણ વરસની સખત કેદની સજા કરી.

પિટરસને હાઇકોરટમાં અપીલ કરી.

અપેલેન્ટ તરફથી રેઝસાહેબ.

સરકાર તરફથી બાબુ દુવારકાંનાથ.

જસ્ટીસ પિયરસનનો ઠરાવ.

હિંદુસ્થાનના પીનલકોડની કલમ ૪૯૪ મીમાં જે ગુન્હાની વ્યાખ્યા આપી છે, એ ગુન્હાની કોશીશ કરવાના વાંક માટે બંધવો વાજબી રીતે અપરાધી ઠર્યો છે, તે વાજબી છે કે કેમ તેનો આ કામમાં વિચાર કરવો રહે છે. ખ્રીસ્તી ધર્મનો હોઈને તેની આગલી ઓરત જીવતી હતી છતાં એથલ આયંદા ગાઇઝ સાથે લગ્ન કરવાનું જાહેરનામું પ્રસીધ કરીને તેણે ફરી લગ્ન કરવાની કોશીશ કર્યાનું તેના ઉપર તહોમત આવતાં તે તહોમતનો તેને અપરાધી ઠરાવ્યો છે.

લગ્ન કરવાનું ઝાહેરનામું પ્રસીધ કરવું, એથી લગ્ન કરવાની કોશીશ ગણાય કે નહીં, એટલોજ માત્ર સવાલ છે. હરકોઈ ગુન્હો કરવાની કોશીશ કરવી, એ વાત સદરહુ ગુન્હો કરવાના ઇરાદાની વાતથી તથા તે કરવાની તૈયારી કરવાની વાતથી એલાયદી છે.

મેનસાહેબ પિનલકોડની ૫૧૧ મી કલમ નીચેની ટીકામાં લખે છે કે, હરકોઇ ગુન્હો કરવા સારૂ જરૂરના ઈલાજો અથવા સાધનોની તરતીબ અથવા ગોઠવણ કરવી એટલુંજ તૈયારીમાં રહેલું છે. અને સદરહુ તૈયારી કરી રહ્યા પછી ગુન્હો કરવા તરફ કાંઈ પાધરી હિલચાલ કરવી તેનું નામ કોશીશ છે. મેન સાહેબે પોતાની ટીકામાં ઉપલા મતના દ્રષ્ટાંતમાં જે ફેંસલાઓ બતાવ્યા છે, તેમાંથી એક ફેંસલામાં ઠરાવ્યું છે કે,

વર કન્યા જ્યાં સુધી લગ્ન વીધી કરવા સારૂ માજીસ્ટ્રેટ પાસે રજુ થાય નહીં, ત્યાં સુધી લગ્ન કરવાની કોશીશ થતી નથી. આ ઉપરથી સમજાય છે કે, ચાલતા કામમાં લગ્ન કરવાનો ઇરાદો પ્રસીધ કરવાથી બંધવે ગાઇઝ સાથે લગ્ન કરવાની કોશીસ કરી નથી. પણ તે કોશીશને માટે માત્ર તૈયારી કરી છે. લગ્ન થવામાં જ્યાં જ્યાં ખાસ પરવાનગી મેળવવાની જરૂર ન હોય, ત્યાં ત્યાં તે લગ્ન કાયદેસર થવાની શરતમાં લગ્ન કરવાના ઇરાદાને પ્રસીધ કરવામાં આવે કીંવા ન આવે તે બધું સરખું છે. પણ લગ્ન કરવાના ઇરાદાને જાહેર કરવો, અથવા પરવાનગી મેળવવી એ બેમાંથી એકે વાતને લગ્નવીધીનો ભાગ ગણવા, સામાન્ય અકલજ ના પાડે છે. અમેરિકા ખંડમાં એવો નીયમ ઠરાવ્યો છે કે, જે કત્ય થવાથી ગુન્હો પુરેપુરો થાય, પરંતુ ગુન્હો કરનારની મરજીથી સ્વતંત્ર રીતે એવો પ્રસંગ બની આવે કે,, તે કતીનો છેડો આવવામાં ભંગ થાય, તો તેવા કામને માત્ર કોશીશની ઉપમા આપી શકાય છે. આ નીયમને કબુલ રાખવામાં આવે તો સાવ દીવા જેવું છે કે, ગાઇઝ તથા પોતા વચે લગ્ન કરવાનો ઇરાદો પ્રસીદ્ધ કરવાથી બંધવાના કત્યને કાયદાની ગણતરી મુજબ કોશીશની ઉપમા આપી શકાતી નથી. કેમકે લગ્ન ક્રીઆનો આરંભ કરવા પેહેલાં તેણીની સાથે પરણવાનો સાપ્રાધ ઇરાદો પાર પાડવામાં પોતાનો મનસુબો બદલવો હોય તો બદલી શકાત. ઉપર કહેલાં કારણોને લઇને જે જુરીના ઠરાવથી બંધવો અપરાધી ઠર્યો છે, અને જેને અનુસરીને સેસન જડજે સજા કરી છે તે રદ કરવામાં આવે છે.

મહારાણી કેસરેહિંદ વિ. ઉમી તથા બીજાઓ.

કલમ. ૪૯૪.

૫
તા. ૧૧-૧-૮૨
ઇ. ૬ મુ. પા. ૧૨૬

જે ફરી લગ્ન કરવું એ આ કલમ પ્રમાણે ગુન્હો થતો હોય તો તે ફરી લગ્ન કરવાના તમાસામાં હાજર થવું અથવા એ લગ્ન કરવા સારૂ કોઈ જગ્યાનો સમાસ કરી આપવો એથી સદરહુ ગુન્હામાં મદદગારીસ કરી એમ કહેવાતું નથી.

खानदेश जिल्लामां रहेनारा गुजर न्या रजपुतनी नातमांथी एकजणे पोतानी ओरतना छुटकारानी फारकती लखी आपी. पुरावेथी आ फारकती अदालते साबीत मानी. वळी आ लोकोनी नातमां छीनाळना जेवा पुरता कारणने माटे कोइ धणी पोतानी स्त्रीने छोडी देवा मागे तो छोडी शके छे. परंतु चालता काममां जे फारगती आपी हती, तेने माटे पुरतु कारण हतुं नहीं. जेथी जे सक्षोए फरी लग्न कर्युं हतुं. तेओ हि. पी. को. नी ४९४ मी कलमना गुन्हेगार थाय छे. अने जे ब्राह्मणोए ए लग्नक्रीया करावी हती ते ४९४ तथा १०९ मी कलम प्रमाणे सदरहु गुन्हामां मदद करनारो थाय छे.

कोइ गेरकायदेसर लग्न थती वखत मात्र हाजर थवानी जे सक्षो कबुलत आपे अथवा जे सक्षो ते कबुलत प्रमाणे त्यां हाजर थाय, कोइ घरमां लग्न करवानो समास करी आपे एथी तेओए सदरहु लग्नमां मददगारी करी एम कांइ मकम रीते कहेवानुं नथी.

ખાનદેશના સેસન જડજે પહેલા નંબરની તહોમતદારેણુ બાઇ ઉમીને, પોતાના પ્રથમના ધણીની હયાતીમાં ફરીવાર લગ્ન કર્યાના ગુન્હાની તથા બીજા સાત તહોમતદારોને ગેરકાયદેસર લગ્ન કરવામાં મદદ કર્યાના ગુન્હાના ગુન્હેગાર ઠરાવી દરેકને ૭ ૭ માસની સખત કેદની સજા કરી હતી.

નીચેની હકીકત બંને પક્ષવાળાઓએ કબુલ કરેલી છે. અથવા પુરાવેથી સાબીત થએલી છે.

પહેલા નંબરની કેદણુ ઉમી, ફરીઆદી દૂલાને પરણી હતી. આ બંને જણાઓ ખાનદેશ જીલ્લામાં રહેતાં હતાં. અને તેઓની ગુજર અજાન્યા રજપુતની જાત હતી. ઉમી તથા દુલા વચે અણબનાવનાં કેટલાંક કારણો ઉપજવાથી દુલાએ એક બીજી ઓરત કરી હતી. અને તે પછી તે ઉમી ભેગો રહેતો નહોતો.

પછી ઉમીએ નાગા સાથે ફરીને લગ્ન કર્યું હતું. તથા બંધવો દામોદર ભટ લગ્ન કરાવવામાં ગોર તરીકે આવ્યો હતો. બંધવો પુંજો તે ઉમીનો બાપ હતો. અને બંધવી ચીમી તે ઉમીની બેહેન હતી. ઉમીનાં આ બંને સગાંઓએ તેનું લગ્ન સ્વીકાર્યું હતું. બંધવા લાલચંદ તથા ભગવાને લગ્ન થવા ટાંણે હાજર રહેવાની કબુલત તથા પોતાની મોટાઈનો આશરો આપ્યો હતો. અને તહોમતદાર દુલાએ લગ્ન કરવામાં પોતાનું ઘર વાપરવા દીધું હતું.

તહોમતદારોએ બચાવ કર્યો છે. તેમાં કેટલીક હકીકતની સાથે એક એવી હકીકત જાહેર કરેલી છે કે, ઉમીની નાતમાં છેડાછુટકો આપવાની રીત છે અને ફરીઆદીએ સને ૧૮૭૨ માં ઉમીના બાપને એક ફારગતી લખી મોકલી હતી, અને એ ફારગતીથી ઉમીને તેણે લગ્ન બંધનોમાંથી મોકળી કરીને તેણીની મરજીમાં આવે તો ફરી લગ્ન કરવાની છુટી આપી છે. પુરાવેથી આ ફારગતીને સેસન જડજે ખોટી ઠરાવી છે, અને ફરી લગ્ન કરવાની વાત સાબીત થમાથી તેણે ઉમીને પોતાના પ્રથમના ધણીની હયાતીમાં બીજીવાર લગ્ન કર્યા માટે, તથા બીજાઓને તેમાં મદદ કર્યા માટે ગુન્હેગાર ઠરાવ્યા છે.

સઘળા બંધવાઓએ હાઇકોરટમાં અપીલ કરેલી છે.

અપેલેંટો તરફથી બાન સાહેબે તથા દાજીઆબાજીખારે એવી દલીલ કરી છે કે, ફારકતી આપ્યાની વાત પુરાવેથી સાબીત થાય છે. બ્રાહ્મણ તથા વૈસ્ય સિવાય બીજી બધી હલકી કોમોમાં છેડાછુટકો આપી શકાય છે.

સરકાર તરફથી નાનાભાઇ હરીદાસે જવાબ આપ્યો કે, છીનાળાના કારણથીજ જ્યારે છુટકો કરવામાં આવે ત્યારેજ તે છુટકારા કાયદેસર ગણાય છે.

હાઇકોરટનો ઠરાવ જસ્ટીસ મેલવીલે આપેલો છે તેઃ—

ઠરાવઃ—આઠ જણાઓમાંથી પાંચ જણાઓએ તો અમારા અભિપ્રાય પ્રમાણે મુખ્ય ગુન્હામાં મદદ કરવા જેવું કાંઈ કામ કર્યું હોય એમ પુરાવાથી સાબિત થતું નથી. સેસન જડજે પોતાના ઠરાવમાં લખ્યું છે કે, "દુલા વલદ ભીખાજીએ પોતાના ઘરમાં લગ્ન કરવા દીધું છે. તહોમતદાર પુંજો તથા ચીમી એ અનુક્રમે ઉમીનો બાપ તથા તેની બેહેન છે. તેઓ તથા લાલચંદ અને ભગવાન જેઓ ગામના વગવાળા પટેલો છે, તેઓએ લગ્ન કરવાની રજા આપીને તથા લગ્ન થવા ટાંણે પાસે હોઇને તેમાં મદદ કર્યાનું કહેવામાં આવે-છે." લગ્ન વિધી કરવામાં આ કેદીઓમાં એકે કેદીઓની રજામંદી જરૂરની હોવાનું જણાતું

નથી. અને કોઇ ગેરકાયદેસર લગ્ન થતું હોય ત્યાં માત્ર હાજર રહેતાં હાજર રહેલા સક્ષોથી કોઈ જાતની મદદગારીનો ગુન્હો થતો નથી. તેમ લગ્ન કરવા વાસ્તે કોઈ ઘરમાં સમાસ કરી આપવાથી લગ્નના કામમાં એવી જાતની સહાયતા આપી કહેવાતી નથી કે, જેથી તે કૃત્ય મદદગારીમાં જાય. આ પાંચે કેદીઓએ આગળથી મસલત કર્યાનો કાંઈ પુરાવો પડયો નથી. ઉલટું સેસન જડજ કહે છે કે, "જ્યારે ઊમીને નાગાનાપેટનું ઓધાન રહ્યાનું જણાયું ત્યારે તેણે પોતા સાથે પરણવાની તેને ઉશકેરણી કરી હોય એ વાત કાંઇક સચાઇવાળી છે."

નાગા તથા ઊમીનું લગ્ન કરવાની ગોઠવણ કર્યા પછી તે લગ્ન વખતે હાજર રહેવાની બીજા સક્ષો માત્ર પોતાની કબુલત આપે તેથી અમારા ધારવા પ્રમાણે મદદગારી થતી નથી.

આ કારણુથી ત્રીજા, પાંચમા, છઠા, સાતમા, તથા આઠમા નંબરના બંધવાઓનો ગુન્હાનો તથા સજાનો ઠરાવ રદ કરવામાં આવે છે.

હવે ત્રણ કેદીઓ એટલે ઉમી, નાગા, તથા ગોર દામોદર જેણે લગ્ન ક્રીયા કરાવી હતી, તેના સંબંધમાં આ મુકરદમો જુદાજ રૂપવાળો છે. લગ્ન ક્રીયા નહીં થયાનો બચાવમાં લીધેલો વાંધો બંધવાઓના વિદ્વાન વકીલે છોડી દીધો છે. હવે જેના ઉપર તે આધાર રાખે છે તે ફરીયાદીએ ઊમીને લખી આપેલી ફારગતી છે. અને તે ફારગતીથી તે દલીલ કરે છે કે, બીજી વખત લગ્ન કરવાની છુટ મળે છે, અને તે પાછું કાયદેસર છે. સઘળા પુરાવાનો ચીવટ રાખી વિચાર કરતાં અમારો અભિપ્રાય એવો થાય છે કે, ફારગતી લખી આપ્યાની વાત સાચી ઠરે છે એ બાબતનો પુરાવો ઘણોજ સબળો છે. જે સ્ટાંપના કાગળ ઉપર પેલી ફારગતીનો દસ્તાવેજ કરી આપ્યો હતો તે કાગળ દસથી વધુ વર્ષ અગાઉ ફરીયાદીના નામથી વેચાતો લીધો હતો. અને જેનું ખોટું નામ લખવાનું તે વખતે કાંઇ દેખીતું કારણ નહોતું. આ હકીકતનો ખુલાસો કરી આપવામાં પ્રોસીક્યુશનવાળા ફાવ્યા નથી. પરંતુ ફારકતી સાબિત થએલી ગણતાં તેનાથી થતો છુટકો કાયદેસર હોય, એમ બતાવવા સારૂ દફતરમાં જોઈએ તેટલો પુરાવો નથી.

જે સાક્ષીઓ પોતાની નાતમાં છુટકો કરવાના રીવાજનો પુરાવો આપે છે તેઓ પાછા કબુલ કરે છે કે, છુટકો કરી આપવા ફરીયાદીને નાત જમાડયાની ફરજ પાડીને સજા કરવામાં આવી હતી.

સને ૧૮૩૦ માં બોરેડેલસાહેબને ગુજરાતી રજપુત લોકોએ જે જવાબ આપ્યા હતા તે જવાબોમાંથી એક જવાબ માલમ પડી આવે છે. અને જેમાં તેઓએ કહેલું હતું કે, અમારી નાતમાં છીનાળુ કર્યા વાસ્તે બાઇડીનો છુટકો કરી નાંખવો હોય તો તેનો ધણી તે કરી નાંખે છે. પરંતુ આ કોર્ટમાં જે બચાવ કર્યો છે તેમાં છીનાળા વાસ્તે ફરીયાદીએ ફારકતી આપ્યાનું કહેવામાં આવ્યું નથી. તેથી હવે જે પુરાવો કામ લાગે છે તે જોતાં અમારે એવો નિર્ણય કરવો પડે છે કે, જે નાતના આ કામના પક્ષકારો છે, તેમાં પુરતાં કારણુ વાસ્તે ધણીને પોતાની સ્ત્રી છોડી દેવી હોય તો છોડી શકે છે. પણુ આ કામમાં તે અપુરતાં કારણુને લીધે એમ થયું હતું, અને એમ પણુ સંભવે છે કે અપુરતાં કારણુને લીધે ફરીયાદીએ પોતાની સ્ત્રીને છુટકારો આપ્યો તેથી નાતે તેને દંડયો હતો. માટે પેહેલા, બીજા તથા ચોથા નંબરના કેદીઓના ઠરાવમા વચે આવવાનું પુરતું કારણુ હોવાની આ કોર્ટને ખાત્રી થતીનથી. વળી અમોએ એવો નિર્ણય કર્યો છે કે, ફારકતી ખરેખરી લખી આપવામાં આવી હતી. અને ફારકતી સાથે નીસબત રાખનારા સક્ષોએ વખતે તેને સાચી માની હશે તેથી સેસન જડજે જે સજા કરી છે તેના કરતાં હલકી સજા કરવાથી ઈન્સાફનો હેતુ પાર પડે છે. જેથી પેહેલા, બીજા, તથા ચોથા નંબરના બંધવાઓની સજા ઘટાડી માત્ર બે માસની સજા કાયમ રાખીએ છીએ. અને એટલી સજા તેઓએ ભોગવી છે. માટે તેઓને છોડી મુકવાનો હુકમ કરીએ છીએ.

મીલર્ડ તથા એક બીજાની અરજીની બાબતમાં.

कलम ४९४.

૬

તા. ૧-૪-૮૭
ઇ.૧૦ મ.પા.૨૧૮
- કોઇ ઓરતખ્રીસ્તી ધરમમાં વટલી જઇને પાછી પોતાના ધરમમાંઆવીને પોતાના નાતીલા સાથે લગ્ન કરે અને તે પરણેતર ધણી તેની આગલી વટલવાની વાત જાણીને તેને કાઢી મુકે ત્યારબાદ તે સ્ત્રી પાછી ખ્રીસ્તી ધરમમાં વટલીને તેજ ધરમના પુરૂષ સાથે લગ્ન કરે તો તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય છે.

अ नामनी एक छोडी बाळपणमां वटलीने रोमन काथेलीक धर्ममां आवी हती. अने पछी पोताना बीजा घरनां माणस साथे फरीने हिंदु धर्ममां आवीने एक हिंदु सक्ष साथे परणी हती. पछवाडेथी तेणीने तेना धणीए काढी मुकी ते एवुं कहीने के, जो ख्रीस्ती धर्ममां वटलावानी वात मारा जाणवामां आवी होततो हुं तेणीने परणत नहीं. केटलोक वखत वीत्या बाद अ ने पाछी रोमन काथेलीक धर्ममां फरीने दाखल करी अने एक ब नामना पादरीए तेज धर्मना एक बीजा सक्ष साथे आगला हिंदु धणीनी हयातीमां परणावी दीधी.

ठराव्युं के ख्रीस्ती धर्मनुं लग्न थयुं त्यारे अ नुं हिंदु साथेनुं लग्न चालु अने कायदेसर हतुं. तथा ते अ ४९४ मी कलमना गुन्हानी गुन्हेगार छे अने ब ए तेमां मदद करी छे.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૩૫ તથા ૪૩૯ મી કલમો પ્રમાણે દક્ષણ આરકટના સેસન જડજનું સને ૧૮૮૭ ના બીજા નંબરના ઠયાલ ઠરવાળું કામ ફરી તપાસવાની આ અરજી નામદાર હાઈકોર્ટને કરી તેમાં એવી માગણી કરી હતી કે પેહેલા નંબરના બંધવાને હીં. પી. કો. ની ૪૯૪ મી કલમ પ્રમાણે પ્રથમના ધણીની હયાતીમાં લગ્ન કર્યા માટે તથા બીજા નંબરના બંધવાને તેજ ગુન્હામાં મદદ કર્યા માટે અપરાધી ઠરાવેલા છે, તે ઠરાવ રદ કરવો જોઇએ.

આ મુકરદમાની હકીકત જેના વિષે કાંઇ વાંધો નથી તેનું બ્યાન સેસન જડજે નીચે પ્રમાણે કરેલું છે.

"દસ વરસ પહેલાં જે દુકાળ પડયો હતો તેમાં પેહેલા નંબરની તહોમતદારેણ ઈરીસી જે તે વખતે એક નાની છોડી હતી. તેને તેનાં માબાપ અમુક તાલુકાના એક ગામમાંથી બીજા તાલુકાના એક ગામમાં લઈ ગયાં ત્યાં બીજા લોકોની સાથે ત્યાંના રોમન કાથેલીક ધર્મના પાદરીએ વટલાવ્યાં. ત્યારબાદ તુરતજ તેઓ પોતાને વતન પાછાં આવ્યાં. અને ત્યાર પછી ઇરીસીનો બાપ મરણ પામ્યો. આ હકીકત સને ૧૮૭૭ માં બની હતી. પેહેલા નંબરનો સાક્ષી સુભાન અને ઈરીસી એ બન્ને ભંગીયાની જાતનાં હતાં. અને તે નાતના રીવાજ પ્રમાણે તથા ખ્રીસ્તી ધર્મ વગરની ધર્મની ક્રિયા પ્રમાણે સને ૧૮૮૫ માં એ ઇરીસી તથા સુભાન પરણ્યાં. લગભગ એક મહીના સુધી તે પોતાના ધણી સાથે રહી. અને તે દરમીયાન ધણીના ધર્મ પ્રમાણે તે વર્તતી હતી. તેઓનો જુદારો થવાનું દુરસ્તનું કારણ મળી આવતું નથી. પોતાની ઓરત એક વખત આગળ ખ્રીસ્તી ધર્મમાં વટલી હતી, એ વાત સુભાનને માલમ પડી હતી, તે કારણથી તેઓ જુદા થયાં હશે. ગમે તેમ હોય તોપણ હવે સુભાન એમ કહે છે કે, હું ઠગાયો છું અમે ખ્રીસ્તીધર્મમાં વટલ્યાની વાત મેં જાણી હતતો હું ઇરીસીની સાથે પરણત નહીં. વળી બીજા નંબરની તહોમતદાર રોમન કેથાલીકના પાદરી મીલર્ડ સાહેબે આ ધણી ધણીયાણી વચ્ચે સલુક કરવાનું ભિકવાડેથી પ્રયત્ન કર્યું ત્યારે એ સુભાને ખ્રીસ્તી ધર્મમાં વટલવાના કારણથી ફરીને પોતાના ઘરમાં લેવાની ના પાડી. એટલુંજ નહી પણ તેણીના બીજા લગ્નના ખરચ વાસ્તે ૨૦ રૂપૈયા આપવાની કબુલત આપી.

સને ૧૮૮૬ ના સપટેંબર મહીનામાં પાદરી મીલડૅસાહેબે ઈરીસીને એક બીજા ખ્રીસ્તી ધર્મવાળા સાથે પરણાવી. જો સુભાન સાથેનું તેણીનું લગ્ન કાયમ રહેલું ગણાય તો તે ઇરીસી ફરી લગ્ન કર્યા માટે ગુન્હેગાર છે. તથા તે ગુન્હામાં મદદ કર્યા વાસ્તે પેલા પાદરીને પણ અપરાધી ગણવો જોઇએ.

અરજદારો તરફથી ગ્રાન્ટ તથા લાક સાહેબે નીચેના ફેંસલાઓની સાહદત્ત આપેલીછે. કલાકા નાગીઆ (૩ મ. હા. કો. રી. ૨૫૪) ગોપાલસીંગ વિ. ધુંગાજી (૩ ચી. રી. ૨૦૬) મુંબાઇ સરકાર વિ. અંબા (૪ મું. ૩૩૦)

ગુન્હાનો ઠરાવ ટકાવી રાખવાના સંબન્ધમાં સરકારી વકીલે રાણી વિ. શંભુ રાધુ ૧ મું. ૩૪૭ ના ફેંસલાનો હવાલો આપ્યો છે.

આ અરજીની સાથે જે વિશેષ દલીલો અપાયેલી છે. તે નામદાર ચીફ જસ્ટીસ કોલીન્સ તથા જસ્ટીસ પારકરના ઠરાવમાં આપેલી છે.

ઠરાવ.—પેહેલા નંબરની બાંધવી ઇરીસીને પી. કો. ની ૪૯૪ મી કલમ પ્રમાણે પોતાના ધણી સુભાનની હયાતીમાં ફરી લગ્ન કર્યાના વાંક માટે અપરાધી ઠરાવી છે. તથા બીજા નંબરના બંધવા એક પાદરીને સદરહુ ગુન્હો કરવામાં મદદ કર્યા વાસ્તે ગુન્હેગાર ઠરાવ્યો છે. હકીકત ઉપરથી એમ માલમ પડે છે કે, સને ૧૮૭૭ માં જ્યારે ઇરીસી સાવ નાની છોકરી હતી, ત્યારે તેના માબાપ સહીત રોમન કેથાલીક ધર્મમાં વટલાવી હતી. પરંતુ તેના માબાપના ગુજરવા બાદ તેણીનું કુટંબ પાછું હીંદુ ધર્મમાં આવ્યું.

સને ૧૮૮૫ માં ભંગીયાની નાતના રીવાજ પ્રમાણે ઇરીસીને એક સુભાન સાથે પરણાવી હતી. અને થોડા વખત ઘરવાસ ચાલ્યા પછી તેણીના આગળ વટલવાનું બાનું આણીને સુભાને તેને કાઢી મુકી ત્યારબાદ ફરીને તેણીને બીજા નંબરના બંધવાએ ખ્રીસ્તી ધર્મમાં દાખલ કરીને એક બીજા ખ્રીસ્તી સાથે સને ૧૭૮૬ માં તેને પરણાવી હતી.

સેસન જડજે ઠરાવ્યું છે કે, ઈરીસી તથા સુભાન વચેનું લગ્ન સને ૧૮૬૬ ના ૨૧ મા આક્ટ પ્રમાણે નહીં તુટવાથી ખ્રીસ્તી ધર્મવાળા સાથે જ્યારે તેનું ફરી લગ્ન થયું તે તારીખે આગલું લગ્ન કાયદેસર અને ચાલુ રહેલું હતું. અને તેથી બંને બંધવાઓ ગુન્હેગાર છે. પરંતુ તે બન્ને જણે કાયદાના ભુલ ભરેલા વિચારથી આ લગ્ન કર્યું છે તેથી માત્ર તેઓને નામની સજા કરેલી છે. ફરી તપાસમાં ઉપરનો ઠરાવ રદ કરવાની જે અરજ અમોને કરી છે તેનાં કારણ નીચે પ્રમાણે છે.

(૧) ઇરીસી તથા સુભાન વચેનું ભંગીયાની નાતનું લગ્ન કાયદેસર નિરર્થક હતું.

(૨) કદાપી તે કાયદેસર હતું એમ માનવામાં આવે તોપણ ખ્રીસ્તી ધર્મના કાનુન પ્રમાણે રદ થઈ શકે એવું હતું અને તે કાયદેસર રદ થયું હતું એવું અનુમાન કરવું જોઇએ.

પેહેલા કારણને સંબંધે એવી તકરાર કરવામાં આવી છે કે, ઇરીસી કોઇ દીવસે પાછી હિંદુ ધર્મમાં આવી નહોતી. અને તેથી તેણીનું સુભાન સાથેનું લગ્ન સને ૧૮૭૨ ના ૧૫ મા આક્ટની ૪ થી કલમ પ્રમાણે નીરર્થક હતું. પરંતુ તેણીનું આખુ કુટંબ પોતાને વતન પાછું આવ્યા બાદ ફરીને હિંદુધર્મમાં આવ્યું હતું. એ વાત જે જડજે નકી કરી છે, તેને માટે પુરતો પુરાવો પડયો છે. ને તેથી અમે પણ ઠરાવીએ છીએ કે ઇરીસી તથા સુભાન વચેનું લગ્ન એક કાયદેસર લગ્ન હતું.

બીજો સવાલ એ છે કે, ખ્રીસ્તી ધર્મ પ્રમાણે કહેવાએલું લગ્ન જે તારીખે થયું તે તારીખે પ્રથમનું લગ્ન કાયદેસર તુટયું હતું કે નહીં?

લાકસાહેબ એવો વાંધો લે છે કે, ખ્રીસ્તી ધર્મના કાનુન પ્રમાણે તે રદ થઇ શકે એવું હતું. અને તે પ્રમાણે તે રદ થયાનો પુરાવો કામમાં પડેલો નથી. તો પણ તે લગ્ન થયું હતું તેથી એવું કાયદાનું અનુમાન કરવું જોઈએ કે, તે રદ થવામાં જેજે પ્રથમની તૈયારીઓ જરૂરની હોય તે બધી યોગ્ય રીતે કરવામાં આવી હતી.

અમારો સાફ રીતનો એવો અભીપ્રાય છે કે, આ કામમાં એવું અનુમાન થઈ શકતું નથી. અમારી પાસે આવેલી હકીકતને જે કાયદાનો નીયમ લાગુ પાડવાની અરજ કરવામાં આવી છે. તે એ છે કે જ્યારે કોઈ લગ્ન એક વખ્તે થયાનું સાબીત થયું હોય,

ત્યારે ઊલટી રીતના પુરાવાની ગેરહાજરીમાં એવું અનુમાન કરી લેવું જોઇએ કે એ લગ્ન વળી કાયદેસર થયુંહતું. જ્યારે પ્રથમનું ચાલુ રહેલું લગ્ન કાયદેસર ત્રોડવામાં આવ્યું હતું એ બતાવવાનો તમામ બોજો આવા કામમાં તહોમતદાર ઉપર છે.

ખ્રીસ્તી ધર્મના કાનુન પ્રમાણે ઇરીસી તથા સુભાન વચેનું લગ્ન ત્રોડી શકાય એવું હતું એ વાત સાબીત કરવાનો પુરાવો તથા ખરેખરૂં તે પ્રમાણે તે લગ્ન તુટયું હતું તે વાત સાબીત કરવાનો પુરાવો દાખલ કરવાની અમોને અરજ કરવામાં આવે છે. અને જે સક્ષોના ઉપર વિલાયતનો ઘડેલો ધારો લાગુ પડતો નથી, પણ જેઓને પોતાની નાતના રીવાજના નીયમ લાગુ પડે છે તેવા સક્ષોનું લગ્ન પેઢીના કારણથી કાયદેસર ન ગણાતું હોય તો પણ, રોમન કેથાલીકના ધર્મના કાનુન પ્રમાણે તેવું લગ્ન કાયદેસર માની શકાય છે. એ તકરારની પુષ્ટીમાં લોપેઝ. વિ. લોપેઝ. ૧૨ ક ૭૦૬ નો મુકદમો જોવાનું અમોને કહેવામાં આવે છે.

એ મુકરદમામાં જે નીયમ ઠરાવ્યો છે. તે ચાલતા મુકરદમાને લાગુ પડતો નથી. કેમકે લગ્ન કરનારા ઊભય પક્ષોમાંથી એક જણ એટલે સુભાનને રોમન કેથાલીક ધર્મનો જ્ઞાતોનો કાયદો કોઇ દિવસે લાગુ પડેલો નથી. માટે આ બાબતમાં પુરાવો લેવો એ અપ્રાસ જણાય છે કેમકે રોમન કેથાલીક ધર્મના કાનુનના નીયમો ગમે તેવા હોય, તો પણ સુભાન પાસેથી તેની સ્ત્રી છીનાવી લેનારા નથી. ત્યાર બાદ એવી અરજ ગુજારવામાં આવી છે કે, ખ્રીસ્તી ધર્મમાં વટલેલા દેશીઓનાં લગ્ન ત્રોડવાનો કાયદો (સને ૧૮૬૬ નો ૨૧ મો આકટ રોમન કેથાલીક ધમવાળાને લાગુ પડતો નથી. અને સાચી રીતે જોતાં ગવરનરજનરલ ઈનકાંઊસીલે લગ્નો સંબંધી જે કાયદાઓ પસાર કરેલા છે. તે કાયદાના અમલમાંથી રોમન કેથાલીક ધર્મવાળાઓને હમેશાં મોકલા રાખ્યા છે. આ તકરારની પુષ્ટીમાં સને ૧૮૭૨ ના આકટની ૬૫ મી કલમ તથા ઉપરના આકટની ૩૪ મી કલમ જોવાની અરજ થઇ તે. જે દેશી લોકો ખ્રીસ્તી ધર્મમાં વટલી જઇ ને તેમની ધણીયાણી અથવા તેમના ધણીએ ધર્મના કારણને લીધે છોડી દે છે તેઓનાં લગ્ન ચોકસ રીત પ્રમાણે તથા ચોકસ પ્રસંગે કયી રીતે કાયદેસર રદ થાય તે ઇરાદાથી સને ૧૮૬૬ નો ૨૧ મો આકટ બંધાએલો છે, અને તેજ કાયદાની ૩૪ મી કલમમાં ફરમાવ્યું છે કે કોઇ દેશી રોમન કેથાલીક ધર્મમાં વટલેલો હોય, એને તેનું લગ્ન તેજ ધર્મના કાનુનો, રીવાજો, તથા ધર્મ વીધીઓ પ્રમાણે થયું હોય તો તે લગ્ન કાયદા વિરૂદ્ધ છે એમ આ કાયદાથી સમજવું નહીં. જે રીત આ કાયદામાં બાંધી છે તે રીતના અમલમાંથી રોમન કેથાલીક ધર્મમાં વટલેલાઓને મોકલા રાખ્યા નથી પણ ફકત તે કલમથી એટલુંજ ઝાહેર કરેલું છે કે, આ કાયદાથી કોઇ રીતે રોમન કેથાલીક ધર્મ પ્રમાણે થએલું લગ્ન ગેર કાયદેસર થશે નહીં. જો કોઇ સ્ત્રીનો ભરથાર જીવતો હોય તો, કોઇ રોમન કેથાલીક ધર્મનો પાદરી તે સ્ત્રીને બીજા પુરૂષ સાથે પરણાવે તો તે કોઇ રીતે બેશક કાયદેસર ગુણાતું નથી.

જે કાંઇ સને ૧૮૭૨ ના ૧૫ મા આકટની ૬૫ મી કલમમાં ઠરાવ્યું છે તે એ છે કે, સદરહુ કાયદાના છઠ્ઠા ભાગ પ્રમાણે રોમન કે થાલીક ખ્રીસ્તીઓ વચે જે લગ્ન થાય, એટલે તેજ કાયદા પ્રમાણે જેને લગ્ન વિધી કરાવવાનો અધીકાર આપ્યો હોય, તે ખાત્રી પત્રથી એમ લખી આપે એ લગ્ન થયું છે. તો તેવાં લગ્ન નહીં કરવા, એ કાયદાથી જે ફેરફાર કર્યો છે તે એ છે કે, રોમન કેથાલીક ધર્મવાળાએ, પોતાના ધર્મની ક્રીયાઓ પ્રમાણે પોતાનાજ પાદરીઓથી લગ્નો ફકત કરાવી શકે છે તેમાં અમુક પંકતી સુધીમાં લગ્ન નકરવું તે વીશે તેમાં કાંઇ કહેલું નથી જુઓ લોપેઝ. વિ. લોપેઝ. [૧૨ ક ૭૦૬] પણ સ્થાનીક કાયદા પ્રમાણે જે ઓરતનું બીજા પુરૂષ સાથે લગ્ન કરાવવાનો અધીકાર રોમન કેથાલીક ધર્મના પાદરીને બેશક મળ્યો નથી. નીચલી કોર્ટે જે ઠરાવ કર્યો છે તે વાજબી છે તેમાં કશોએ શક અમોને આવતો નથી માટે આ અરજી કાઢી નાંખવી જોઇએ.

કલમ ૪૯૫ મી.

૪૯૫. જેની સાથે પાછળનું લગ્ન કરવામાં આવે તેનાથી આગલા લગ્નની વાત છુપાવીને જે સખસ ઉપલી કલમમાં લખેલો ગુન્હો કરે તેને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

તેજગુન્હો, પણજે સખસની સાથે પાછળનું લગ્નથાય તેનાથી આગળનાં લગ્નની વાત છુપાવીને કરેલો.

કલમ ૪૯૬ મી

૪૯૬ જે માણસ બદદાનતથી અથવા દગલબાજીના ઇરાદાથી પોતાનો લગ્ન વીધી થવા દે, એવું જાણીને કે તેમ થવાથી કાયદા મુજબ માફ લગ્ન થતુ નથી; તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કાયદા મુજબ લગ્નથતાંદગલબાજીના ઇરાદાથી થવા દીધેલોલગ્નવીધી

કલમ ૪૯૭ મી.

આ સખસ બીજા પુરૂષની સ્ત્રી છે, એવું જે જાણે છે અથવા એવું માનવાનું જેને કારણ છે, તે માણસ તે સખસની સાથે પેલા બીજા પુરૂષની રજામંદી સિવાય, અથવા તે બીજા પુરૂષે જાણ્યું અજાણ્યું ન કરતાં સંભોગ કરે, અને તે સંભોગ બળાત્કાર સંભોગનો ગુન્હો ન થતો હોય, તો તે માણસે છીનાળાનો ગુન્હો કર્યો એમ સમજવું. અને તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા બંનેની શિક્ષા કરવામાં આવશે. એવી બાબતમાં તે સ્ત્રીને મદદગારીની માફક શિક્ષા કરવામાં આવશે નહિ. છીનાળુ.

માહારાણી કેસરેહીંદ વિ. કાળુ.

કલમ ૪૯૭.

૧

તા. ૮-૧૨-૮૨
ઈ.૫ મું પા.૨૩૩

છીનાળાના ગુન્હામાં બંધવે જે સ્ત્રી સાથે છીનાળુ કરયું હોય તે સ્ત્રી ફરીઆદીની પરણેતર સ્ત્રી હોવાનું કબુલ કરે તથા એ સ્ત્રી પુરૂષ માંહોમાંહે પોતાનું લગ્ન થયાની વાત કબુલ કરે એટલીજ કબુલતથી તે સ્ત્રીનું ફરીઆદી સાથે લગ્ન થયાની વાત નીરણયકારક રીતે સાબીત થઇ શકતી નથી.

प जे ड नी स्त्री कहेवामां आवे छे, तेनी जबरीनथी लाज लीधानुं एक क उपर आरोप मुकीने ते ड तथा प ए फरीयाद करी ते उपरथी बळात्कार संभोग, अथवा छीनाळाना गुन्हानुं वीकल्प रीतनुं तहोमत मुकीने इनसाफ थवा सारु क ने कमींट करवामां आव्यो. ड तथा प वचेना लग्ननो पुरावो नीचे प्रमाणे हतो. ड एं कहयुं के हुं प साथे परण्यो छुं, प एं कहयुं के हुं ड साथे परणी छुं, क एं कहयुं प ड नी परणेतर स्त्री छे क, ने छीनाळाना गुन्हानो अपराधी ठरावव्रामां आव्यो. हाइ कोर्टे ठराव्युं के, सने १८७२ ना पुरावाना कायदानी ९० मी कलम नहीं. परंतु सघळां फोजदारी काममां लग्न थयानी वात द्रढ रीते साबीत थवी जोइए. ए न्याय तत्व पण लक्षमां लेतां आवो पुरावो प तथा ड वचेनो वरं वहुनो संबंध साबीत करवाने वास्ते बस नथी, केमके, छीनाळानी फरीआदमां ते संबंध घणोज जरुरनोछे. माहाराणी वि. पीतांबर सींधनो फेंसलो मंजुर करवामां आव्यो.

वळी १८७२ ना दसमा आक्टनी ४७८ मी कलममां चींतवन कर्युं छे. ते प्रमाणे छीनाळाना गुन्हा वास्ते क उपर ड ए खरेखरी फरीआद मांडी नथी. तथा छीनाळा माटे क ना गुन्हानो ठराव रद करवो जोइए. केमके बळात्कार संभोगना गुन्हाना काममां साक्षी दरजे ड ना हाजर थवाथी ४७८ मी कलमना अर्थ प्रमाणे फरीआद मांडया बरोबर थतुं नथी.

સને ૧૮૮૨ ના અકટોંબરની ૨૬ મી તારીખે અલહાબાદના સેસન જજે ગુન્હાનો ઠરાવ કર્યો હતો તેના ઉપર આ અપીલ કરવામાં આવી છે.

આ મુકરદમાની કેફીયત હાઇ કોરટના ઠરાવમાં આપેલી છે.

અપેલેન્ટ તરફથી હાવોટ સાહેબ.

સરકાર તરફથી બાબુ દુવારકાંનાથ બાંનરજી.

જસ્ટીસ સ્ટ્રેટનો ઠરાવ.

ગયા અકટોંબરની ૨૬ મી તારીખે અલહાબાદના સેસન જડજે એક કછી ડુબડી નામના સક્ષની ઓરત સાથે છીનાળું કર્યાના ગુન્હાનો અપેલેન્ટને અપરાધી ઠરાવી તેને એક વરસની સખત કેદની સજા કરી હતી. તેના ઉપર આ અપીલ કરવામાં આવી છે.

પ્રથમનું તહોમત બળાત્કાર સંભોગનું હતું. પરંતુ માજીસ્ત્રેટે તેના ઉપર વીકલ્પ રીતના તહોમત મુકીને કમીંટ કર્યો હતો. તે ઉપરથી સેસન જડજે નીચલી કોરટના મુકેલાં તહોમતો રાખી ઇનસાફ કર્યો હતો. મુકરદમાની હકીકત અપીલની અરજીમાં જીવાડી નથી તેથી તેનું વિવેચન કરવાની કાંઈ જરૂર નથી. અને આ અપીલમાં કાયદાની જે બાબતો રહેલી છે, તેનો નીકાલ કરવા સારૂ અપેલેન્ટ કાળુને ઓરત પાર્વતીથી દોસ્તી હોવાની વાત સાબીત થયાનું હું માની લઊં છઊં.

અપેલેન્ટના વકીલે બે સવાલો ઉઠાવ્યા છે, તેમાં પહેલો સવાલ એ છે કે, "ડુબડી અને પાર્વતી વચેનું લગ્ન સાબીત કરવા સારૂ દફતરમાં જોઇએ તેટલો પુરાવો પડયો નથી."

અને બીજો સવાલ એ છે કે, "ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૭૮ (૧૯૯) મી કલમના અર્થ મુજબ પી. કો. ની ૪૯૭ મી કલમના ગુન્હા માટે ડુબડીએ ફોજદારી ફરીયાદ કરી નથી.

આ સવાલોમાંથી પેહેલા સવાલના સંબંધમાં ખરેખરો પુરાવો શું છે. તે કહેવું સંગવડ વાળુ છે. પંડે પાર્વતી કહે છે કે, "હું ડુબડી કછીની કાયદેસર ઓરત છું. તેને ક્યારે પરણી હતી તેની મને ખબર નથી. હું ત્રણ ચાર વરસથી માહારા ધણી ભેગી રહુંછું." ડુબડી કહે છે કે, "પાર્વતી મારી ધણીયાણી છે તેની સાથે હું આઠ વરસ ઉપર પરણ્યો હતો. તે પેહેલાં કોઈની સાથે લગ્ન થયું નહોતું. ગયા ચાર વરસથી તે મારી ભેગી રહેછે, અમોને હજી છોકરાં થયાં નથી." આ પેહેલા વાંધાની સામે ઉપરની જુબાની શીવાય અપેલેન્ટે માજીસ્ત્રેટ પાસે જે કહ્યું હતું, તે સરકારી વકીલે મેં આગળ મુક્યું છે. અને તેનું એ કહેવું એ હતું કે, "પારવતી એ ડુબડીની પરણેતર સ્ત્રી છે." દફતરમાં સઘળી રીતનો પુરાવો આવો છે, અને તે પુરાવો તદન અપુર્ણ છે. એમ મારો સાફ રીતે અભીપ્રાય થાય છે. તથા પુરાવાના કાયદાની ૫૦ મી કલમમાં જે સ્પષ્ટ નીયમ બાંધ્યો છે, તે નીયમ તરફ એકલુંજ નહીં પરંતુ બધાં ફોજદારી કામોમાં લગ્નનો પુરાવો દ્રઢ હોવો જોઇએ. એ નીયમ તરફ પણ લક્ષ રાખતાં પારવતી અને ડુબડી વચેનો વર વહુનો સંબંધ બીલકુલ સાબીત થતો નથી. અને એ સંબંધ આ ફરીયાદમાં ખરેખરી મુદ્દાની બાબત છે અપેલેન્ટના કબુલ કરવાથી મુકરદમાનું રૂપ કોઈ રીતે મજબુત થતું નથી. કેમકે આ "ખરેખરી લગ્ન થયું હોય'તો, ૪૯૭ મી કલમ માંહેલા ગુન્હાનો ઠરાવ તેના વિરૂદ્ધ રહી શકતો નથી. કછીઓમાં જે લગ્ન વિધી ચાલે છે, તે લગ્ન વિધી ડુબડી અને પારવતી વચે થઇ હતી કે

નહીં? તે દેખાડવામાં એ બંને સક્ષોના ઘણાજ મભમ રીતના કહેવા શીવાય, કોઇ ખાત્રી લાયક પુરાવો સેસન જડજે લેવો જોઇએ. અને "પુરાવેથી સાફ રીતે સાબીત થાય છે કે, પારવતીએ ડુબડી કછીની કાયદેસર ઓરત છે. એ ટીકા પુરેપુરી સંભાળ કે વિચાર કર્યા વગર સાવ ઉઘાડુ છે. કલકત્તા હાઈ કોરટના ફુલબેંચે માહારાણી વિ. પીતાંબર સીંગના કામમાં જે ઠરાવ કર્યો છે તેને હું આખી રીતે મળતો આવું છું અને જ્યારે આ ફેંસલાનો આધાર તેની પાસે રજુ કરવામાં આવ્યો હતો ત્યારે મંજુર રાખ્યો હત તો જડજે ઠીક કર્યું કહેવાત.

આ પેહેલા સવાલના સંબંધમાં મેં જે અભીપ્રાય બાંધ્યો છે. તે ઉપરથી પારવતી અને ડુબડી વચેના લગ્નનો વધુ પુરાવો લેવા સારૂ આ કામ હું અલહાબાદના સેસન જડજ પાસે મોકલવાનું દુરસ્ત ધારત. પરંતુ બીજા સવાલના સંબંધમાં જે અભીપ્રાય બાંધ્યો છે, તે અભીપ્રાયથી તેમ કરવું વ્રથા લાગે છે. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૭૮ (૧૯૦) મી કલમમાં ચીતવન કર્યું છે, તે પ્રમાણે પી. કો. ની ૪૯૭ મી કલમના ગુન્હા માટે કાળુ ઉપર ખરેખરૂં જોતાં ડુબડીએ ફરીયાદ કરી નથી. પરંતુ ઉલટી રીતે જોતાં પારવતી અને ડુબડીએ ચોખો બળાતકાર સંભોગનો મુકરદમો ખડો કરાવ્યો છે. તે ગુન્હા (બળાતકાર સંભોગ) ને માટે પાસીક્યુશન તરફથી સાહેદી તરીકે તેનું હાજર થવું ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૪૭૮ મી કલમના અર્થ પ્રમાણે છીનાળાની ફરીયાદ માંડયાવત ગણવાનો મારો અભીપ્રાય થતો નથી. ફરીયાદ શબ્દ સારી પેઠે સમજાયેલો શબ્દ છે. અને ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૧૪૨ મી કલમમાં વીગતવાર લખ્યું છે કે, જ્યારે કોઇ ગુન્હો પીનલકોડના ૨૦ મા બાબ પ્રમાણે થતો હોય, તે ગુન્હાની ફરીયાદ વગર કોઇ માજીસ્ટ્રેટે તેનું કામ હાથ ઝાલવું નહીં. ૪૯૭ મી કલમનો ગુન્હો એ પીનલકોડના ૨૦ મા બાબ માંહેલો ગુન્હો છે. જે માણુસે કોઇની સ્ત્રીની બળાત્કારે લાજ લીધી હોય, એટલે કે તે સ્ત્રીની સંમત્તી વિરૂદ્ધ તેણીની સાથે સંભોગ કર્યો હોય, તે સક્ષને સજા કરાવવાની ઇચ્છા તે સ્ત્રીના ધણીની થાય, પણ જ્યારે તે સંભોગના કામમાં પેલી સ્ત્રી ખુશીથી સામેલ થયાનું નીકળી આવે ત્યારે માંડેલી ફરીયાદ આગળ ચલાવવાને તેની ઇચ્છા હોવી જોઈએ એમ તેમાંથી બીલકુલ નીકળી શકતું નથી. ગમે તેમ હોય તોપણ જો છીનાળા માટે ફોજદારી ફરીયાદ માંડવાની હોય તો તે ગુન્હાની રીતસર ફરીયાદ કાયદામાં ઠરાવ્યા પ્રમાણે માંડવી જોઇએ. અને જો તે પ્રમાણે ન માંડી હોય તો ૪૭૮મી કલમ પ્રમાણે જે થવું જોઇએ તે થતુ નથી. આ ઠેકાણે માહારે કહેવું જોઈએ કે હાલની જાતનો મુકરદમો જ્યારે અદાલત પાસે આવે ત્યારે કયો રસ્તો ગ્રહણ કરવો એ વીશે ફોજદારી કામ ચલાવવાની રીતના નવા કાયદાની ૨૩૮ મી કલમમાં કાંઈ શક પડતુ રાખ્યું નથી. જે અભિપ્રાય મેં અત્રે આપ્યો છે તેને લઇને આ અપીલ મંજુર રાખી કાળુના ગુન્હાનો ઠરાવ રદ કરવામાં આવે છે અને તેને તાબડતોબ છોડી મુકવાનો વિશેષ હુકમ પણ કરવામાં આવે છે.

માહારાણી કેસરેહીંદ વિ. પીતાંબરસીંગ.

કલમ ૪૯૭.

૨

તા. ૮-૧૨-૮૫
ઈ. ૫ ક. પા. ૫૬૬

છીનાળાના ગુન્હામાં બંધવે જે સ્ત્રી સાથે છીનાળું કર્યું હોય તે સ્ત્રી ફરીઆદીની પરણેતર સ્ત્રી હોવાનું કબુલ કરે તથા એ સ્ત્રી પ્રત્યક્ષ માંહોમાં કે પોતાનું લગ્ન થયાની વાત કબુલ કરે એટલીજ કબુલત ઉપરથી તે સ્ત્રીનું ફરીઆદી સાથે લગ્ન થયાની વાત નીરણયકારક રીતે સાબીત થઈ સક્તી નથી.

पुरावाना कायदानी ९० कलममां जे नीयमो बांध्या छे, ते उपरथी घणीज खुली रीते देखाइ आवे छे के, फरी लग्न करवाना छीनाळाना तथा परणेतर ओरतने भगवी लइ गयाना गुन्हानी फरीयादमां लग्न थयानी वात जरुरनी छे. अने ए वात नीयमसर खात्री थाय, एवी रीते साबीत थवी जोइए.

राणी विरुद्ध वजरीनो केश रद करवामां आव्यो.

ફુલબેન્ચના અભિપ્રાય માટે આ મુકરદમો જસ્ટીસ વીલસન તથા જસ્ટીસ ટોટનહામે લખી મોકલ્યો હતો. લખાણ કરવાનું કારણ નીચે મુજબ હતું.

આ કામમાં હીં. પી. પી. કો. ની ૪૯૭ મી કલમ માંહેલા છીનાળાના ગુન્હાનો બંધવાને અપરાધી ઠરાવ્યોછે, ઓરત સાથે લગ્ન થયાનો પુરાવો ફરીયાદીના બોલવા સીવાય બીજો નથી. તે કહેછેકે " આ સ્ત્રી માહરી પરણેતર ઓરતછે " અને તે ઓરત કહેછેકે " હું ફરીયાદી સોમૈયા સાથે પરણેલીછું. "

લગ્ન થયાના આટલા પુરાવા ઉપરથી છીનાળાના ગુન્હાનો ઠરાવ કાયમ રાખવો કે નહીં ? તે સવાલ ફુલબેંચના અભીપ્રાય માટે રજુ કરવાની અમો ઈચ્છા રાખીએ છીએ.

આ કોર્ટના બે ઠરાવો એક બીજાથી વીરૂદ્ધ રીતે ચુક્યાછે રાણી વીરૂદ્ધ સ્મીથના કામમાં છીનાળાના ગુન્હાનો ઠરાવ કેટલાક કારણોથી રદ થયો હતો. તેમાનું એક કારણ એવું હતુંકે, લગ્ન થયાનો પુરાવો જોઈએ તેટલો થયો નથી.

અને તે ઉપરથી ઠરાવ્યુંકે છીનાળાના ગુન્હાની ફરીયાદમાં લગ્ન થયાનો સજડ પુરાવો હમેશાં થવો જોઇએ. આવાજ મજમુનનો ઠરાવ આ અદાલતને સને ૧૮૬૫ ના ડીસેંબરની ૧૫ મી તારીખે ૧૧૪૪ વાળા નંબરના સરક્યુલરથી કરવામાં આવ્યોછે. રાણી વી. વજીરાના કામમાં ચાલતા મુકરદમાના પુરાવા જેવો પુરાવો બસ ગણવામાં આવ્યાનું જણાયછે. અમોને જણાયછેકે, ન્યાયતત્વો પ્રમાણે આવો પુરાવો અપુર્ણ ગણવો જોઇએ. છીનાળાના ગુન્હાની ફરીઆદમાં સંભોગ થયાની વાત જેટલે દરજે જરૂરનીછે તેટલે દરજે તે સ્ત્રીનું લગ્ન થયાની વાત સાબીત થવી જરૂરની છે, અને અમે ધારીએ છીએકે જેમ બીજા મુદાની હકીકતો સાક્ષીઓના પ્રત્યક્ષ પૂરાવાથી સાબીત થાયછે, તેમ જે હકીકતથી લગ્ન થતું હોય તે હકીકત પણ પૂરાવાના કાયદાની ૬૦ મી કલમ પ્રમાણે પ્રતક્ષ પુરાવાથી સાબીત થવી જોઇએ. અને જ્યારે એમ થાય ત્યારેજ જે હકીકત બન્યાનું તેઓ સાક્ષીઓ કહેતા હોય, તે હકીકત બની હતી કે નહીં તે કોરટ થકી નકી કરવાનું બની શકે, અને

જો તે પ્રમાણે બન્યું હોયતો કાયદાની બાબતમાં તે લગ્ન ખરૂં છેકે નહીં.

કેટલીક ફરીયાદોમાં તથા કેટલાક કામોને માટે લગ્ન થયાનો સજડ પુરાવો થોડો હોવાની પુરાવાના કાયદાની જે કલમોમાં છુટી રાખી છે, તે કલમ ૩૨ મી તથા ૬૦ મી દેખાય છે. પણ ૩૨ મી કલમ આંહી લાગુ પડતી નથી. અને ૫૦ મી કલમમાંથી તો સ્પષ્ટ રીતે ફરી લગ્ન કરવાની, છીનાળાની પરણેતર ઓરતને ફોસલાવી લઈ જવાની ફોજદારી ફરીયાદો બાબત કરેલી છે.

લગ્ન થયાનું પ્રત્યક્ષ પુરાવાથી સાબીત કરવાનું કાયદાકારોએ, આવા કામમાં ધાર્યું હોય, એમ અમોને આ સ્પષ્ટ રીતના બાતલ કરવાના ઠરાવથી મજબુત રીતે જણાય છે. હિંદુસ્થાનનો છેડા છુટકા કરવાનો કાયદો (૧૮૬૯ નો ચોથો આકટ) ઉપલા અમારા મતને પુષ્ટી કરે છે. અને છીનાળા માટે જે દીવાની ફરીયાદો મંડાણી હોય, તે ફરીયાદોમાં કેમ કરવું તે વીશેનો છે. છુટકારાની ફરીયાદ અરજીનો તેમાં નમુનો આપેલો છે. અને તે નમુનામાં લગ્ન થયાનો સમય, તથા સ્થળની હકીકતનું બ્યાન કરેલું છે. જો આ હકીકત ફરીયાદમાં જીવાડવી હોય તો તે વાત સાબીત કરવી જોઈએ. એટલાજ માટે લખવાનું અનુમાન કરવું જોઇએ. અને એકજ હકીકત ઉપરથી દીવાની ફરીયાદ મંડાણી હોય તેમાં જેટલો દ્રઢ પુરાવો જોઇએ, તેથી વધુ દ્રઢ પુરાવો કોઇ ફોજદારી ફરીયાદમાં હોવાનું ભાગ્યેજ ધારી શકાય છે.

પુરાવાનો કાયદો ઘડનારાઓએ, આ બાબતનો નીયમ બાંધવામાં તાદરશ વિલાયતમાં ચાલતા કાયદા પ્રમાણે ચાલવાનું યત્ન કર્યું હોય, એમ અમોને જણાય છે. અને વિલાયતમાં પણ જ્યારે ફરી લગ્ન કરવાની ફોજદારી માંડી હોય, તેમાં ફરી લગ્ન થયાની વાત અથવા છીનાળા બાબત ફોજદારી ફરીયાદ માંડી હોય તેમાં લગ્ન થયાની વાત બીજી બધી મુદ્દાની વાતો માફક એટલીજ દ્રઢતાથી સાબીત કરવી જોઇએ. એ બાબતમાં કશો સંદેહ નથી.

આ વધારે દ્રઢ નીયમ ગ્રહણ કરવાથી કાંઇ અગવડતા થવાનો સંભવ અમારા જોવામાં આવી શકતો નથી. આ દેશના લોકોના ઘણા સમુદાયમાં લગ્ન એટલી બધી ધામ ધુમથી તથા વિધી પૂરવક થાય છે કે, લગ્ન થયાની વાત સાબીત કરવા ટાંણે ભાગ્યેજ બાંજગડ ઊઠે છે. આ દેશની પ્રજાના હરકોઇ નાતના વરગમાં લગ્ન સંબંધના વિચારો તથા રીવાજો એટલા તો ઢીલા હોય કે, તેથી ઘણા લગ્નોનું ખરાપણું શક પડતું થાય છે. તેવી જ્ઞાતીના વરગમાં એટલી ધામધુમથી નહીં હોય, તથા પોતા પાસે જે જે ફરીયાદો આવી હોય, તે ફરીયાદમાં લગ્નનું ખરા કીંવા ખોટાપણું નકી કરવા સારૂ ખરેખરી બનેલી હકીકત બરોબર રીતે કોરટ પાસે ચુકાવવી જોઈએ. તેને વાસ્તે આ એક વધારેનું કારણ હોવાનું અમોને લાગે છે.

આ મુકરદમાની તકરાર કરવા સારૂ કોઇના તરફથી કોઇ હાજર થયું નહોતું.

ફુલબેંચ તરફથી ચીફ જસ્ટીસ ગાર્થે આપેલો ઠરાવ.

છીનાળાના ગુન્હાનો ઠરાવ વાજબી ગણવામાં લગ્ન થયાનો પુરાવો આ કામમાં જોઇએ તેટલો નથી. એમ અમે સાફ રીતે માનીએ છીએ.

આ ગુન્હાની ફરીઆદમાં સંભોગ થયાની વાત સાબીત કરવી જેટલી જરૂરની છે, તેટલીજ લગ્ન થયાની વાત સાબીત થવી જોઇએ. એવો અભીપ્રાય, આ કામ લખી મોકલનાર વિદ્વાન જડજોએ આપ્યોછે. અને પુરાવાના કાયદાની ૫૦મી કલમમાં જે નીયમો બાંધ્યા છે, તે ઉપરથી ઘણીજ ખુલી રીતે દેખાઇ આવે છે કે, ફરી લગ્ન કરવાના છીનાળાના તથા પરણેતર ઓરતને, ભગવી લઇ જવાના ગુન્હાની ફરીઆદમાં લગ્ન થયાની વાત જરૂરની છે. અને એવા નીયમસર ખાત્રી થાય, એવી રીતે સાબીત થવી જોઇએ.

કલમ ૪૯૮ મી.

જે સ્ત્રી કોઇ બીજા પુરૂષની સ્ત્રી છે, અને તેની સ્ત્રી છે એવું જે માણસ જાણે છે, અથવા એવું માનવાનું જેને કારણ છે તે અગર તે સ્ત્રીને તે પુરૂષ પાસેથી, અથવા તે પુરૂષની વતી જે સખસના હવાલામાં તે સ્ત્રી હોય તે સખસ પાસેથી લઇ જાય, અથવા ફોસલાવીને લઇ જાય, એવા ઇરાદાથી કે તે સ્ત્રી કોઇ સખસની સાથે જારકરમ કરે અથવા એવી કોઇ સ્ત્રીને તે ઇરાદાથી સંતાડી અથવા રોકી રાખે, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

સાપ્રાધઇરાદાથીકોઈપરણેલી સ્ત્રીને ફોસલાવી જવી લઈ જવી અથવા રોકી રાખવી.

કોરાંગા વિ. માહારાણી કેસરેહીંદ.

જો કોઇ રીવાજ સારી પેઠે જામેલો હોય તો, તે મુલક પ્રસીદ્ધ હોવો જોઇએ. અને તે બાબતનો નીરમળ પુરાવો ન હોય ત્યાં સુધી અલીઆ સંતાણાના ધર્મ શાસ્ત્ર પ્રમાણે કોઇ સ્ત્રી પુરુષ દંપતી ભાવે રહે. એથી કરીને લગ્ન થતું નથી. અને કોઇ સક્ષ ઈ. પી. કો. ની ૪૯૮ મી કલમમાં જે ઇરાદો લખ્યો છે. તે ઇરાદા સારુ કોઇ પરણેતર સ્ત્રીને ફોસલાવી લઇ જાય, તો તે સક્ષ એજ કલમના ગુન્હાની સજામે પાત્ર થતા નથી.

કલમ ૪૯૮.
૧
તા. ૧૪-૨-૮૩ ઈ. ૬ મ. પા. ૩૭૪ દંપતી ભાવે રહેવું એટલાજ ઉપરથી લગ્ન થયાવાત માની શકાતી નથી.

સને ૧૮૮૨ ના ૨૧ મા નંબરના કામમાં ગાંગલોર તાલુકાના એક બીજા વર્ગના માજીસ્ટ્રેટે સજા કરી હતી. અને જે સજા અપીલમાં દક્ષીણ કાનડાના જીલ્લા માજીસ્ટ્રેટે અપીલમાં બહાલ રાખી હતી. તે સુધારવા સારૂ આ અરજી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૯૭ (૪૩૮) મી કલમ પ્રમાણે હાઇકોર્ટને કરવામાં આવી હતી.

આ અરજદાર કોરાગા ઉપર ઈં. પી. કો. ની ૪૯૮ મી કલમ પ્રમાણે કોઈ પરણેલી ઓરતને લઈ જવાના ગુન્હાની ફરીયાદ કરવામાં આવી હતી. જેમાં તે સદરહુ ગુન્હાનો અપરાધી ઠરતાં તેને કેદ તથા દંડની સજા કરવામાં આવી હતી.

ગુન્હો બન્યા ટાંણે હુ બીજે ઠેકાણે હતો, એ બચાવ તેનાથી સાબિત થઇ શક્યો નહીં. ત્યારે તેણે એવી દલીલ આપી કે અલીઆ સંતાણાનું ધર્મશાસ્ત્ર જેના નિયમ ૪રીઆદી તથા તેની કહેવાતી સ્ત્રીને લાગુ પડે છે. તે મુજબ તે સ્ત્રીને ભુતાલ પંડચાની સ્મૃતીના ૧૨ મા નિયમ પ્રમાણે તે સ્ત્રીને પોતાના ધણીને છોડી દઈ મરજીમાં આવે ત્યાં રહેવાનો હક હોવાથી તે કોઇની સ્ત્રી ગણાઈ શકાતી નથી. ઉપર કહેલો ૧૨ મો નિયમ એવો છે કે "નાયરોમાં જે છોકરીઓ જુવાનીએ પહોંચી ન હોય તેઓનુંજ લગ્ન કરવું, પણ ઇચ્છાવરથી તેઓએ પરણવું નહીં. અને ત્યારબાદ એની એજ અથવા ઊંચી જાતીવાળાઓ તે છોકરીઓ રાખે તો તેમાં હરકત નથી."

આવી તકરાર ઉપર બીજા વર્ગના માજીસ્ટ્રેટે, અલીઆ સંતાણાના શાસ્ત્ર પ્રમાણે વર્તનારા લોકોમાં તેઓના રીવાજ તથા વહીવટના સંબંધમાં પુરાવો લેવા સારૂ કુસળ મા-

ણુસ તરીકે હાઇકોર્ટના બે વકીલોની જુબાંની લીકી.

આ બંને સાહેદોએ આપેલા પુરાવાનો સારાંશ નીચે પ્રમાણે છે.

મલબાર તરફનો વહીવટ કાનડા તરફના વહીવટથી જુદો છે. અલીઆ સંતાણુા શાસ્ત્ર પાળનાસ લોકોમાં લગ્ન ક્રીયા નીયમ પુર્વક કરવાનો રીવાજ છે અલીઆ સંતાણુના શાસ્ત્ર પ્રમાણે ચાલનારા તુલુ લોકોમાં લગ્ન વિધી કરવાનો રીવાજ છે. જેમ બીજા શાસ્ત્રો પ્રમાણે લગ્ન વિધી થયા પછી બંને જણુઓ વરવહુ તરીકે રહે છે, તેમ અલીઆ સંતાણુાના શાસ્ત્ર મુજબ લગ્ન થયા પછી તેઓ તેજીજ રીતે રહે છે. પરંતુ આવી રીતે પરણેલી સ્ત્રી, પોતાના ધણીનું ઘર મુકી દઇ માવતર જાય છે, અને પ્રથમના લગ્ન વખતે તેના ધણીએ આપેલી બક્ષીસો બીજું લગ્ન કરવા અગાઉ તેને સોંપી દેવામાં આવે તો, તે સ્ત્રીને તેની માવતરની કોરના સગાઓ બીજા ધણી સાથે પરણાવી દે છે. બીજી વખ્તનાં લ ક-રવામાં એજ ક્રીયાઓ કરવામાં આવતી નથી. પરંતુ એ સ્ત્રી નવા ધણીના કબજામાં રહે છે. અને આવા લગ્નથી થએલી પ્રજાને તેનો બાપ વખતો વખત મિલકત આપતો જાય છે, યુવાવસ્થા આવ્યા અગાઉ અથવા પછી છોકરીઓ પરણે છે. ભુતાલ પંડયાનું શાસ્ત્ર તુલુ લોકો માનતા નથી, તે લોકો અલીઆ સંતાણુના શાસ્ત્રને માને છે. વાંઢો સક્ષ વિધવા સાથે અથવા જે સ્ત્રીએ પોતાનો ધણી મુકી દીધો હોય, તે સ્ત્રી સાથે લગ્ન કરી શકતો નથી. આવો પુરાવો પડયા ઉપરથી માજીસ્ટ્રેટે ઠરાવ્યું છે કે, ફરીઆદીની ઓરતનું નીયમ પુર્વક સાબીત થવાથી, તેણીને પોતાના ધણીનું ઘર છોડયા પછી માવતર જવું જોતું હતું. પણ બંધવા સાથે રાત્રે ભાગી જઇને એક પખવાડીઆ સુધી જુદા જુદા ઘર બંધવા સાથે રહેવું જોઇતું ન નહોતું.

અપીલમાં જીલ્લા માજીસ્ટ્રેટે નીચે પ્રમાણે ઠરાંવ આપ્યો છે.

" અપીલેન્ટને એક કોઠારીની નાતના માણુસની સ્ત્રી સાથે જનાખોરી કરવાના ઇરાદાથી તેણીને ફોસલાવી લઇ ગયાંના ૪૯૮ મી કલમના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવેલો છે.

અપીલેન્ટ પણુ કોઠારીની નાતનો છે. અને તે નાતીવાળાઓ અલીઆ સંતાણુનું ધર્મ શાસ્ત્ર માને છે.

અને અપેલેન્ટ તરફથી એવો વાંધો લેવામાં આવ્યો છે કે, તે શાસ્ત્ર પ્રમાણે પેલી સ્ત્રી ૪૯૮ મી કલમના અર્થ મુજબ કોઈની સ્ત્રી નથી. અને તે કોઇની સ્ત્રી હોય તો પણ પોતાના ધણીનું ઘર છોડી ને બીજા સાથે પરણવાને મુખતીઆર હતી. અને તેથી જે જનાખોરી કરવી મેં ધારી હતી, તે જનાખોરી ગેરકાયદેસલ ગણાતી નથી.

આ માલમ પડેલી હકીકતનો અંગીકાર થયો નથી. પરંતુ આ અપીલનો આધાર ફકત કાયદાના સવાલ ઉપર રહેલો છે. તેથી રીસ્પોન્ડેન્ટની સ્ત્રીએ પોતાના ધણીનું ઘર છાની રીતે છોડી જવાનું તથા ઘણાક દહાડા સુધી વાત છાની પડે ત્યાં સુધી તેણીને સંતાડી રાખવાનું અપીલેન્ટે ધારણા કર્યાની હકીકત સાબીત થએલી ગણવી જાઈએ.

પેલી ઓરત કોઇની સ્ત્રી નહોવાની તકરારની પુષ્ટીમાં અપીલેન્ટના વકીલે સમુહેઆદી. વિ. તોંગુ ૪ મ. હા. રી. ૧૯૬ નો હાઈકોરટનો ઠરાવ બતાવ્યો છે અને એ ઠરાવમાં હાઇકોર્ટે લખ્યું છે કે, 'ખરેખરૂં જોતાં સગપણ લગ્નનું નથી. પરંતુ વેશ્યા પણાની સ્થીતી છે. અને એ સ્થીતીમાં ઓરત પોતાની રાજી ખુશીથી દાખલ થાય છે તથા જયારે

જ્યારે અને જેટલી જેટલી વાર તેમાં ફેરફાર કરવાની તેની મરજી હોય તેમ કરવા તેણીને છુટ છે; ”

આ અભીપ્રાયના સંબંધમાં અત્રે એટલુંજ કહેવું બસ છે કે, આ સવાલ તે કામમાં મુદ્દાનો નોહોતો.

અલીઆ સંતાણાના ભુતાલ પંડયાના ધર્મ શાસ્ત્રના પુસ્તકમાંથી કાનડાના મુલકમાં અલીઆ સંતાણાનો કાયદો ચાલે છે, તે ઉપર સર્વાનુમતે ચાલતો આધાર લેવાય છે, અને આ ઇલાકાની અદાલતોમાં તે પુસ્તક વારંમવાર મંજુર રાખવામાં આવે છે. કાનડા પ્રાંતની અલીઆ સંતાણાની જ્ઞાતીવાળાઓમાં લગ્નના સગપણો વીશે ૧૬ નીયમમાંથી પ્રથમના આઠ નીયમોમાં વિવેચન કરવામાં આવ્યું છે. અને તે નીયમો આગળ કહેવાઈ ગયા પ્રમાણે અલીઆ સંતાણાનાં મુખ્ય ન્યાય તત્વને અનુસરીને ચાલે છે. અને તે તત્વ એ છે કે, વારસાનુક્રમ સ્ત્રીની પેઢી ઉપર છે. અને તે ક્રમ મુજબ કોઇ પરણેતર ઓરતને અથવા તેનાં છોકરાંને પોતાના ધણીના વારસાનો કાંઇ ભાગ મળતો નથી.

“પેહેલા નીયમમાં લગ્નની સામાન્ય ક્રીયાઓ લખી છે. બીજી કલમમાં જે વીધવા પુનર લગ્ન પેહેલાં ગર્ભવંતી થઈ હોય, તેના લગ્નની ખાસ વીધીઓ લખેલી છે. અને તેણીની સાથે ફરી લગ્ન કરનાર સક્ષ અન્ય વરણનો હોય તો શું કરવું તે પણ તેમાં લખેલુંછે.

ત્રીજી કલમમાં ઠરાવ્યું છે કે, કોઈ ધણી પોતાની સ્ત્રીને તજીને પરદેશ જાય તો પાંચ વરસ વીત્યાબાદ તે સ્ત્રી ફરી લગ્ન કરવાને મુખ્તીયાર છે. પરંતુ પાંચ વરસ વીત્યા પેહેલાં તે સ્ત્રી ગર્ભવંતી થઇ હોય તો ઉપલા નીયમને વળગી રહેવાનું જણાતું નથી.

ચોથા નીયમમાં ઠરાવ્યું છે કે, જે સ્ત્રીને ત્રણ ચાર છોકરાં થયાં હોય, તેને ત્રીજો નીયમ લાગુ પડતો નથી. અને એ સ્ત્રી ગર્ભવંતી હોય તોપણ તેનાથી પુનર લગ્ન થઇ શકતું નથી.

પાંચમા નીયમમાં ઠરાવ્યું છે કે, જારકરમ કરનારી સ્ત્રીને તેનો ધણી છોડી દેવાનો મુખ્તીયાર છે. તથા કોઈ ધણીએ પોતાની પરણેતર સ્ત્રીને છોડી દઈ બીજી સ્ત્રીને રાખી હોય, અને ત્રણ ચાર વખત સમાધાન કર્યા પછી પણ તે તેને મારતો હોય તો એ સ્ત્રીના સગાં વહાલાઓ તેને છુટકારો દેવાની ફરજ પાડવાને મુખત્યાર છે.

છઠા તથા સાતમા નિયમમાં લગ્ન થયા પહેલાં કોઇ છોકરીને હમેલ રહ્યા વિશે અથવા તેણીના ભાગી જવા વિશે લખવામાં આવ્યું છે.

આઠમા નિયમમાં ઠરાવ્યું છે કે, કોઇ પરણેતર સ્ત્રી તેના મૂળ ધણીને મુકી દઇ પોતાની નાતવાળા બીજા કોઇ સક્ષ સાથે ભાગી જાય, તો તે સ્ત્રી તે સખસની સાથે પરણુવાને મુખત્યાર છે.

અપેલેન્ટ તરફના વકીલે આ આઠમા નિયમ પ્રમાણે એવી દલીલ આપી છે કે અપેલેન્ટ અને રીસ્પોનડેન્ટની સ્ત્રી વચ્ચે થએલો સંભોગ પુરી રીતે કાયદેસર હોવાથી ૪૯૮ મી કલમના અર્થ પ્રમાણે ગેર કાયદેસર નહોતો.

આ દલીલ તથા અભિપ્રાયને હું માન્ય કરી શકતો નથી. એ નીયમની શબ્દ રચનાથી સાફ રીતે જણાઇ આવે છે કે, ભાગી ગયા પછીનું કરેલું લગ્ન જુદાજ રૂપનું છે. અને જે કાયદા પ્રમાણે છેડા છુટકો આપી શકાય છે તથા પુનરલગ્ન કરી શકાય છે. તે કાયદામાં બીજા માણસની સ્ત્રીને ફોસલાવી લઇ જવાની છુટી અપાતી નથી. તેમ આ નિયમથી પણ છુટી અપાતી નથી.

બીજા વર્ગના માજીસ્ટ્રેટે અલીઆ સંતાણાના જ્ઞાતીના રીવાજો વિશે બે સાહેદોને તપાસ્યા છે, અને મેં બીજા પાંચ જણને તપાસ્યા છે. તેમાંથી ત્રણને તો અપેલેન્ટના વકીલની અરજ ઉપરથી તપાસ્યા છે હવે તે પૈકી હજુર શીરસ્તેદાર તથા કોરટના વકીલોને તપાસ્યા છે તેના સંબંધમાં અપેલેન્ટનો વકીલ વાંધો લે છે કે, તેઓની જુબાની ઊંચી જ્ઞાતી તથા કેળવણીવાળા લોકોના રીવાજની સાથેજ સંબંધ ધરાવનારી છે. જે ત્રણ લોકની જુબાની લેવામાં આવી છે, તેમાંથી એક જણ જેનું નામ કારાંગાકોટારી છે તેનો કસબ માળીનો છે અને તે લખાવે છે કે કોઇ પરણેતર સ્ત્રી નવા ધણી સાથે જ્યારે તેને ઇ-

ચ્છા થાય ત્યારે ભાગી જવાને મુખત્યાર છે. અને એ વાત તેના જુના ધણીને અથવા બીજા કોઈને કહેવાને તે બંધાએલી નથી. અને આ સ્ત્રીએ જે કરેલું છે તેવું વખતો વખત થયા કરે છે. બીજા બે સાક્ષીઓ ખાતા પીતા ખેડુ વરગ માંહેલા છે. તેઓ બન્ને જણા કહે છે કે કોઇ સ્ત્રી પોતાનો ધણી છોડી દેઈને બીજાની સાથે પરણે તેમાં કોઈનાથી ના પાડી શકાતી નથી. પરતુ તે બેમાંથી એક જણ જેનું નામ લખો છે તે લખાવે છે કે, "આ નવું લગ્ન નાતીલાઓની રૂબરૂમાં થવું જોઇએ." અને બીજો જણ જેનું નામ મંજાણ ચેટી છે તે લખાવે છે કે, "નાતને વચમાં આવવાની કાંઈ જરૂર નથી" પરંતુ આ મુકરદમામાં જે સઘળું થયું છે; તે નાતના ધારા વિરૂદ્ધ થયું છે.

ઉપર જે નીયમો લખવામાં આવ્યા છે. તેના ભાવ જોતાં જણાય છે કે, તેમાં જેમ સુધરેલી જ્ઞાતીઓમાં લગ્ન સગપણો વીશે લખેલું છે, તેટલુંજ તેમાં લખેલું છે. અને કેટલેક ખાસ પ્રસંગે છેડા છુટકો તથા પુનર લગ્નની છુટી આપેલી છે. ઊંચી કોમ કરતાં નીચી કોમમાં ખરેખરો ચાલતો રીવાજ બેશક ઢીલો છે પરંતુ તે રીવાજ સંબંધો વીશે લખેલાં પુસ્તકોમાંથી તથા પડેલા પુરાવા ઉપરથી જણાય છે કે, બધાં લગ્નનાં સગપણો નાતની સંમત્તી લઇને ખુલે મેદાને કરવાં જોઈએ. જે રીતે આ અપેલેન્ટ પેલી સ્ત્રીને છાની માની લઈ ગયો હતો. તે ઉપરથી સાફ રીતે જણાય છે કે, જે વાત ખુલી રીતે અને મેદાનમાં રહીને કરી શકાતી નહોતી તે વાતનું તેને જ્ઞાન હતું અને હવે તે એમ કહેવામાં ઉભો થયો છે કે, કેટલાક વર્ગોમાં આવી જાતના બનાવો સાધારણછે, તો તેમ કરવાથી ૪૯૮ મી કલમના બાંધેલા રીવાજમાંથી તે બચી શકતો નથી. માટે અપીલેન્ટની અપીલમાં ના મંજુર કરવામાં આવે છે.

જીલ્લા માજીસ્ત્રેટના ઉપલા ઠરાવ વિરૂદ્ધ હાઇ કોરટમાં અપીલ કરતાં અપીલેન્ટ કોરાંગાએ એવી દલીલ મુકી છે કે, અલીઆ સંતાણાના કાયદા મુજબ કોઈ લગ્ન થયું નહોતું અને તેની પુષ્ટીમાં સુબુ હેગાદી વિ. તેંગુનો ફેંસલો તથા ભુતાલ પંડયાના પુસ્તકનો આધાર આપીને કહે છે કે, જે હજુર શીરસ્તેદારને જીલ્લા માજીસ્ત્રેટે સાહેદ તરીકે તપાસ્યો હતો તે શીરસ્તેદારે અલીઆ સંતાણાના રીવાજ પ્રમાણે ચાલનારાઓમાં છેડો છુટકો આપવાનો રીવાજ દાખલ કરવાની કોશીશ કરેલી છે.

ચીફ જસ્ટીસ ટરનર તથા મુતુ સ્વામી આયરનો ઠરાવ.

આ કામમાં નોંધાએલો સઘળો પુરાવો વિચારમાં લીધા પછી અમારો એવો અભીપ્રાય છે કે, પીનલકોડની કલમોમાં લગ્નના હક વિરૂદ્ધના ગુન્હા વાસ્તે સજા કરવાનું ઠરાવેલું છે. તે કલમોમાં જે જાતનું લગ્ન ચીતવ્યું છે, તેવું લગ્ન અલીઆ સંતાણાના ધર્મ શાસ્ત્ર પ્રમાણે કોઇ મરદ, અને સ્ત્રીનું ભેગું રહેવાથી થતું હોય તે સાબીત કરવા સારૂ પડેલો પુરાવો બસ નથી. અલીઆ સંતાણાના ધર્મ શાસ્ત્રમાં આવી રીતે દંપતી ભાવે રહેવાથી લગ્ન ગણાતું હોય, એમ અમો કહી શકતા નથી. કેમકે તેવા લગ્નની અંતે મિલકત કીંવા વારસાનો હક મળતો નથી. જે પુસ્તક ભુતાલપંડે લખ્યાનું કહેવામાં આવે છે, તે પુસ્તક વીશે ભારે ટીકા થએલી છે.

અલીઆ સંતાણાના ધર્મ શાસ્ત્ર પ્રમાણે દંપતી ભાવે રહેવાના રીવાજથી અમોને જણાય છે કે, તે સગપણ માત્ર પ્રસંગને લઇને થાય છે. પણ જાથુનું નથી. અને તેને તોડી નાંખવામાં તે સ્ત્રી મુખ્તીઆર છે. જો કોઇ રીવાજ સારી પેઠે ચાલતો હોય, તો તે જગત પ્રસીદ્ધ હોવો જોઇએ. અને તે વીશેનો ઘણોજ નીરમળ પુરાવો ન પડયો હોય ત્યાં સુધી સુબુહે ગાદી. વિ. તેંગુના કામમાં આ અદાલતે જે અભીપ્રાય આપ્યો છે તેને અમે વળગી રહીએ છીએ.

ગુન્હાનો તથા સજાનો ઠરાવ જે અમોને લખી મોકલ્યો છે, તે રદ કરી બંધવાને નીરદોશી કરી છોડી મુકીએ છીએ. તથા જો તેની પાંસેથી દંડ વસુલ લેવામાં આવ્યો હોય, તો તે પાછો આપવાનો હુકમ કરીએ છીએ.

માહારાણી કેસરેહીંદ વિ. સુબારાયન.

કલમ ૪૯૮

૬

તા. ૨૫-૮-૮૫

ઈ.૯ મ. પા.૯

ફરીઆદી તથા તેની સ્ત્રી માંહોમાં પરણ્યાની વાત કબુલ કરે અને તહોમતદાર તેઓનો તે સંબંધ પરણેલા માનતો હોય તો છીનાળાના ગુન્હામાં લગ્ન થયાનો આટલો પુરાવો બસ છે.

फरीयादीनी स्त्रीने भगवी लइ गयाना स तथा ग ने अपराधी ठराव्या, बाद ते ठराव अपीलमां रद थयो. ते एवा कारणथी के हिं. पी. को. नी ४९८ मी कलम मांहेला गुन्हानो ठराव करवामां, लग्न थयानी वातनो पुरती रीते पुरावो लेवानी जरुर छे फरीयादी, तेनी वहु तथा तेनी सासुए, प्रतिज्ञा लइने, लग्न थयानी वातनी जुबानी आपी. लग्न थयुं हतुं के नहीं, तेनो अभीप्राय बांधवा सारु एटलो पुरावो बस नथी. लग्न थयानी वात अथवा तेना कायदेसर पणा वीशे, बंधवे ए साक्षीओने उलटी रीते तपास्या नहोता. तेम सदरहु लग्नना खोटा पणा वीशे, तेना तरफथी कोइ रीतनो वांधो लेवायो नहोतो.

हाइ कोर्टे ठराव्युं के, लग्न थयानी वात जोइए तेटली साबीत थइछे.

સને ૧૮૮૫ ના જુનની ૧૬ મી તારીખે, આ કામ હાઇકોર્ટ તરફથી તંજાવરના સેસનજડજે લખી મોકલ્યું હતું, તેની હકીકત હાઈકોર્ટના ફેંસલામાં આપેલીછે;

જસ્ટીસ હચીન્સનો ઠરાવ.

હિ. પી. કો. ની ૪૯૮ મી કલમ મુજબ સજા થઈ શકે એવા, એટલે કોઇ પરણેલી ઓરતને ફોસલાવી લઇ જવાના ગુન્હાનું આ કામમાં તહોમત રાખીને એક બીજા વર્ગના માજીસ્ટ્રેટે બંધવાને અપરાધી ઠરાવ્યો હતો. પણ અપીલમાં તે ઠરાવ એવા કારણથી રદ કરવામાં આવ્યો કે, "બંગાળાની હાઇકોર્ટે ઠરાવ્યું છે કે, ૪૯૭ તથા ૪૯૮ મી કલમો પ્રમાણે ગુન્હેગાર ઠરાવવા સારૂ લગ્ન થયાની વાનનો ચુસ્ત રીતનો પુરાવો લેવો જોઈએ. અને તે ઠરાવ નજરમાં રાખતાં કહેવાએલું લગ્ન ખરેખરૂં થયું હતું કે નહીં, અથવા જો તે થયું હતું તો કાયદા મુજબ હતું કે, નહીં ? તેનો અભીપ્રાય નીચલી કોર્ટને બાંધવા સારૂ પડેલો પુરાવો બસ નથી."

બતાવવામાં આવેલો આ આધાર માહારાણી. વિ: પીતાંબર શીંહના મુકદમાનો છે, ફુલબેંચમાં તે કામનો ઠરાવ સંભળાવતાં વખતે ચિફ જસ્ટીસ બોલ્યા હતા કે, "જે ગુન્હાનું તહોમત મુક્યું છે, તેમાં નાપાક મોહોબતની વાત જેટલી જરૂરની છે તેટલીજ વાત તે ઓરતના લગ્ન થયાની જરૂરની છે, અને પુરાવાના કાયદાના નીયમો (કલમ ૫૦) બહુજ ખુલાસેથી દેખાડી આપે છે કે, કોઈ ગુન્હામાં લગ્ન થયાની વાત જરૂરની છે તો તે વાત નીયમ પૂર્વક સાબીત થવી જોઇએ."

લગ્ન થયાની વાત સાબીત થવી જોઇએ. અને તે પુરાવાના નીયમ પુર્વક સાબીત થવી જોઇએ. એટલે જે સાક્ષી, કુટંબનો માણસ, અથવા લગ્ન થયાની વાત જાણવા સારૂ બીજું કંઇ ખાસ સાધન હોવાના કારણથી લગ્ન થયાનો અભીપ્રાય, આપે, અને તે અભીપ્રાય વરવહુ સાથે તેવી રીતે વર્તીને ખરો કરી આપે તે ઉપરાંત વધારે વીશ્વાસ લાયક પુરાવાથી પરણ્યાની વાત સાબીત થવી જોઈએ. એ વીશે અમે તદન મળતા આવીએ

છીએ. અને કેટલાક કામોમાં લગ્ન થયાનો પુરાવો પુરાવાના કાયદાની ૫૦ મી કલમ પ્રમાણે અભીપ્રાયને રૂપે આપ્યો હોય, તો તે દાખલ કરી શકાય છે. પણ ડી. પી. કો. ની ૪૯૮ મી કલમના ગુન્હાની જેવી ફોજદારી ફરીયાદોમાં તેમ થતું નથી.

વર્તણુંકથી સાચા પડે એવા અભીપ્રાયનો પુરાવો આપી શકાય છે, તે ઉપરથી એવી મતલબ સમઝાય છે કે, સદરહુ સક્ષને ખુદને પુછવાનું નથી. કે તારો શું અભીપ્રાય છે. પરંતુ જ્યારે તે ગુજરી જાય, અથવા તેને બોલાવી શકાય નહીં. ત્યારે તે કેમ વર્તતો હતો એ વાત બીજા પાસેથી સાબીત કરાવવી. સદરહુ કલમથી સગપણની વાતની પુરવારી કરવામાં એક અસાધારણ રસ્તો મળે છે, પણ હર કોઇ વાત જે સ્ત્રી કે પુરૂષના ખાસ જાણવામાં હોય, તે કહેવાને કોઇ સક્ષને કોઇ રીતનો બાધ આવતો નથી. સદરહુ કલકતાનો કેસ જસ્ટીસસ્ટ્રેટે માહારાણી. વિ. કાળુનો ફેંસલો આપવામાં મંજુર રાખ્યો છે. પરંતુ મોસુફ વીદ્વાન જડજનો આવી રીતનો ઠરાવ કરવાની મતલબ એવી હશે કે, સ્ત્રી અથવા પુરૂષ પોતાનાં લગ્ન થયાની વાત કબુલ કરે તો પણ તે પુરાવો કહેવાય નહીં. જો તેમ હોય તો તેઓના અભીપ્રાય પ્રત્યે માહારો વિવેક દેખાડીને હું કહું છઊં કે, માહારો મત એથી ઊલટોજ છે.

વિલાયતની કોર્ટોમાં હરકોઇ લગ્ન થયાની વાત સામાન્ય રીતે દેવળનો અથવા બીજી રીતનો નોંધ અથવા તે માંહેલા ઇન્તેખાબની ખરી નકલ રજુ કરેથી સાબીત થાય છે, પણ કોઈ લગ્ન પ્રદેશમાં થયું હોય, ત્યારે જે કોઇ સક્ષ પાસે હોય તેનાથી સાબીત થઇ શકે છે, અને જે દેશમાં તે લગ્ન થયું હતું, તે દેશના ધારા પ્રમાણે તે કાયદેસર હતું. એ હકીકત પણ વખતે જુરીને અનુમાન કરવા સારૂ સાબીત કરવી જોઇએ. પાદરી તરીકે ઉભો રહીને એક સક્ષે લગ્ન વીધી કરાવી હતી. તથા ઉભય પક્ષવાળાના સમજવાનું હતું કે, મજકુર પ્રદેશના રીવાજ તથા વીધી મુજબ જે કરવામાં આવ્યું હતું, ને લગ્ન ક્રીયા હતી. એવો પુરાવો થએથી લગ્ન થયાનું અનુમાન કરવાને બસ છે. જુઓ રાણી. વિ. બ્રાઅટનની રૈયત તો પછી એ લગ્ન કાયદેસર નથી. એવો પુરાવો કરવાનો બોજો પ્રતીવાદી ઉપર પડે છે. અને વિલાયતમાં લગ્ન થયાની વાત જે સક્ષ લગ્ન થવા ટાંણે પાસે હોય, અને લગ્ન થએલું તેના જોવામાં આવ્યું હોય તેનાથી પણ સાબીત થાય છે.

લગ્ન થયાનો નોંધ અથવા કોઇ છુટા પત્ર, અથવા તે લગ્ન થયાની કીંવા થવાની ઝાહેર ખબર સાબિત કરવાની જરૂર નથી.

આ દેશમાં દેશીઓને માટે લગ્નનો કાયદો નથી. અને જે કોમના વરરહુ હોય તેના રીવાજો ઉપર હરકોઇ ચોકસ લગ્ન થયાનું ખરા પણું મુખ્યત્વે કરીને આધાર રાખે છે. આ કામમાં લગ્નના પક્ષકારો મરવાની જાતીનાછે. અને એ જાતીમાં લગતી ક્રીયાઓ તથા પાળવાના ધારા બહુજ બારીક નથી. પેહેલા નંબરના સાક્ષી તરીકે, એ ઓરતે એવી જુબાંની આપી છે કે, "ફરીઆદીજ માહારો પરણેતર ધણી છે, ચાર વરસ પેહેલાં એ લગ્ન થયું હતું હું જુવાન થઈ ત્યારે માહારે સાસરે ગઇ હતી." તેજ પ્રમાણે ધણી લખાવે છે કે, "હું પાંચ વરસ ઉપર વેલાઇને પરણ્યો હતો, તે હાલ ૧૮ વરસની છે. વાકદાન કર્યા પછી તુરત લગ્ન કર્યું હતું." ચોથા નંબરની સાક્ષી વેલાઈની મા લખાવે છે કે, " મારી છોકરીને ફરીયાદી સાથે પરણાવી છે."

લગ્ન થયું હતું કે નહીં? અથવા તે કાયદેસર હતું કે નહીં? તેના સંબંધમાં આ સાક્ષીઓમાં કોઇની ઉલટ તપાસણી કરવામાં આવી નથી. તથા બંધવાઓએ સદરહુ લગ્નના કાયદેસર પણા વીશે કાંઇ ઉલટી રીતનું જાહેર કરેલું નથી.

સદરહુ લગ્ન પુરેપુરી રીતે સાબીત થયું છે, એમાં કશો શક નથી. અપીલ કોર્ટે ના સાબીતનો ઠરાવ કર્યો છે, તે રદ કરી તે અપીલ સંઘરવા તથા તેનો ઠરાવ કરવા અમે હુકમ કરીએ છીએ.

બાબ ૨૧ મો

આબરૂ લેવા બાબત.

૪૯૯. જે માણસ બોલેલા અથવા વાંચવાને ઇરાદો રાખેલા શબ્દોથી અથવા કાંઈ ચિન્હો કે આકારોથી, કોઈ સખસની બાબત કાંઇ આરોપ મુકે અથવા પ્રગટ કરે, એવા ઇરાદાથી કે તે આરોપથી તે સખસની આબરૂને હાનિ પોહોંચાડવી, અથવા હાનિ પોહોંચશે, એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં, તો તેણે તે સખસની આબરૂ લીધી એમ સમજવું; પણ નીચેના અપવાદો મધ્યેની બાબતોમાં એમ સમજવું નહી. આબરૂલેવી.

ખુલાસો ૧ લો—કોઇ મુએલા સખસની ઉપર કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી થઈ શકે, જો તે આરોપ એવો હોય કે તેથી તે સખસ જીવતો હોય તો તેની આબરૂને હાનિ પોહોંચે તથા, એવા ઇરાદાથી તે આરોપ મુકયો હોય કે તેથી તે સખસના કુટુંબને અથવા પાસેના બીજા સગાઓને માઠું લાગે.

ખુલાસો ૨ જો—કોઈ કંપની અથવા મંડળી અથવા મનુષ્ય સમુદાય વિશે કાંઇ આરોપ મુકવો, એ આબરૂ લેવી થઇ શકે.

ખુલાસો ૩ જો—વઇકલ્પિક રીતે, અથવા વ્યાજોક્તિ રીતે, મુકેલો આરોપ આબરૂ લેવી થઇ શકે.

ખુલાસો ૪ થો—જે આરોપ, પોતેજ અથવા દ્વારાંતરે, બીજાઓની નજરમાં જે સખસની નીતી અથવા બુદ્ધિવિશે હલકો વિચાર ઉત્પન્ન ન કરે અથવા જે સખસનું પોતાની જાતી અથવા ધંધા સંબંધી માન ઓછુ ન કરે, અથવા જે સખસની શાખ ઓછી ન કરે, અથવા જે સખસનું શરીર કંટાળો ઉપજાવે એવી હાલતમાં અથવા જે હાલત ઘણા માણસોના વિચાર પ્રમાણે શરમ ભરેલી ગણાય છે તેવી હાલતમાં છે એવું માનવાનું કારણ ન થઇ પડે, તે આરોપથી તે સખસની આબરૂને હાની પોહોંચી એમ સમજવું નહી.

દૃષ્ટાંત.

(અ) "ઝ ભલો માણસ છે; તેણે કદી બ નું ઘડિયાળ ચોર્યું નથી," એ પ્રમાણે અ બોલે એવા ઈરાદાથી કે ઝ એ બ નું ઘડિયાળ ચોર્યું એમ માનવામાં આવે, તો એ આબરૂ લેવી છે; પણ જો એકાદ અપવાદમાં એ દાખલ થાય તો નહિ.

(બ) બનું ઘડિયાંળ કોણે ચોરયું? એવો સ્વાલ અ ને પુછતાં અ ઝ ની તરફ આંગળી કરે, એવા ઇરાદાથી કે બ નું ઘડિયાળ ઝ એ ચોરયું એમ માનવામાં આવે, તો એ આબરૂ લેવીછે; પણ જો એકાદ અપવાદમાં દાખલ થાય, તો નહી.

(ક) બ નું ઘડિયાળ લઇને ઝ નાશી જતો હોય એવું અ એક ચિત્ર પાડે, એવા ઈરાદાથી કે બ નું ઘડિયાળ ઝ એ ચોરયું એમ માનવામાં આવે, તો એ આબરૂ લેવીછે, પણ જો એકાદ અપવાદમાં એ દાખલ થાય, તો નહી.

પેહેલો અપવાદ—જે કાંઇ સાચી વાતનો અરોપ કોઇ સખસની ઉપર મુકવો અથવા પ્રગટ કરવો. લોક કલ્યાણારથે જરૂર હોય તે આરોપ મુકવો અથવા પ્રગટ કરવો એ આબરૂ લેવીછે એમ સમજવું નહિ તેમ કરવું લોકકલ્યાણારથે જરૂર છે કે નહી એ હકીકતની બાબત છે. લોક કલ્યાણર્થે જેસાચોઆરોપમુકવો અથવા પ્રગટકરવો જરૂર હોય તે.

બીજો અપવાદ—પોતાનો સરકારી અમલ ચલાવવા સંબંધીની કોઇ સરકારી નોકરની ચાલ બાબત, અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તેની આબરૂ બાબત, શુદ્ધબુદ્ધિથી કાંઇ પણ અભિપ્રાય આપવો એ આબરૂ લેવીછે એમ સમજવું. સરકારીનોકરોની સરકારી અમલ સંબંધી ચાલ.

ત્રીજો અપવાદ—કાંઇ સારવજનિક વિષય સંબંધી કોઇ પણ શખસની ચાલ બાબત અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તેની આબરૂ બાબત શુદ્ધબુદ્ધિથી કાંઇ પણ અભિપ્રાય આપવો, એ આબરૂ લેવીછે એમ સમજવું નહિ. કાંઈ સારવજનિક વષય સંબંધી કોઇપણ સખસનીચાલ

દ્રષ્ટાંત.

કાંઇ સારવજનિક વિષય સંબીધી સરકારને અરજી કરવામાં, અથવા કાંઇ સારવજનિક વિષય સંબંધી એક મંડળીમાં મેળવવાની દરખાસ્ત ઉપર સહી કરવામાં, અથવા તે મંડળીમાં જવા અથવા તે મંડળીના પ્રમુખ થવામાં. અથવા લોકનો આશ્રય માગનારી કોઇ સભા ઉભી કરવામાં અથવા તેમાં સામિલ થવામાં, અથવા જે જગાનું કામ સારી રીતે ચલાવવામાં લોકને ફાયદો હોય એવી કોઈ જગાને માટે કોઇ ઉમેદવારની તરફ સંમન માગવા અથવા આપવામાં, ઝ ની ચાલ સંબંધી શુધબુદ્ધિથી અ ગમે તે અભિપ્રાય આપે, તો તે આબરૂ લેવીછે એમ સમજવું નહી.

ચોથો અપવાદ—કોઈ ઇનશાફની કોરટમાંના મુકદમાનો, અથવા તેવા કોઈ મુકદમાના નિવેડાનો, મતલબ બરાબર હોય એવો ખરેખરો હેવાલ જાહેર કરવો, એ આબરૂ લેવીછે એમ સમજવું. ઈનશાફની કોરટમાંના મુકદમાઓની હકીકત છાપવી.

ખુલાસો- કોઈ ઇનશાફની કોરટમાં ચોકશી થતાં પેહેલા ખુલી કોરટમાં કોઇ સુલેહનો અમલદાર અથવા બીજો અમલદાર કાંઇ તજવીજ કરતો હોય, તે ઉપલી કલમના અર્થ પ્રમાણેની કોરટ છે એમ સમજવું.

પાંચમો અપવાદ—કોઇ ઇનશાફની કોરટમાં જે દિવાની કે ફોજદારી મુકદમાનો ફેંસલો થઇ ચુક્યો હોય તે મુકદમાની કેફીયત બાબત અથવા એવાં કોઇ મુકદમામાં પક્ષકાર, શાહેદ અથવા મુખત્યાર દાખલ કોઇ પણ સખસની ચાલ બાબત, અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તે સખસની આબરૂ બાબત, શુધબુદ્ધિથી ગમે તે અભિપ્રાય આપવો, એ આબરૂ લેવીછે એમ સમજવું નહી. કોઈઇનશાફની કોરટમધેફેંસલ થએલામુકદમની કેફીયત અથવાતે માંહેલા શાહેદો તથા બીજાસંબંધ રાખનારા ઓની ચાલ.

દ્રષ્ટાંત.

(અ) "પેલા મુકદમામાં ઝ એ આપેલી શાહેદી એવી ઉલટી છે કે મને એમ લાગેછે કે તે મુરખ અથવા અપ્રમાણીક હોવો જોઇએ" એ પ્રમાણે જો અ શુધબુદ્ધિથી કેહે, તો તે આ અપવાદમાં દાખલ થાયછે; કેમકે જે અભિપ્રાય તે આપેછે તે શાહેદ દાખલ ઝ ની ચાલ ઉપરથીજ નજર આવતી ઝ ની આબરૂ બાબત છે.

(બ) પણ જો તે એ પ્રમાણે કેહે કે, "તે મુકદમામાં ઝ એ જે કહ્યું તે હું ખરૂ માનતો નથી, કેમકે હું જાણુછું કે એ અપ્રમાણીક માણસ છે," તો અ આ અપવાદમાં દાખલ થતો નથી. કેમકે ઝ ની આબરૂ બાબત જે અભિપ્રાય તે આપે છે તે શાહેદ દાખલ ઝ ની ચાલ ઉપરથી આધાર રાખતો અભિપ્રાય નથી.

છઠો અપવાદ—જે કૃતિ તેના કરતાએ લોકના વિચાર પર રજુ કરી છે એવી કોઇ કૃતિ ગુણ દોષ વિશે અથવા તે કૃતિમાંજ નજર આવતી તેના કરતાની આબરૂ વિશે, શુધબુદ્ધિથી કાંઇ પણ અભિપ્રાય આપવો એ આબરૂ લેવીછે એમ સમજવું નહી.

પ્રસિદ્ધકરતાના ગુણ દોષ.

ખુલાસો—કાંપ કૃતિ લોકોના વિચારપર સ્પષ્ટ રીતે રજુ થાય, અથવા તેના કરતાના કામો ઉપરથી તે લોકોના વિચારપર રજુ કરી એવું અનુમાન થઇ શકે,

દૃષ્ટાંતો.

(અ) જે શખસ કાંઈ પુસ્તક પ્રગટ કરેછે, ને તે પુસ્તક લોકના વિચારપર રજુ કરે છે.

(બ) જે શખસ જાહેર રીતે કાંઇ ભાપણ કરે છે, તે તે ભાષણ લોકના વિચારપર રજુ કરે છે.

(ક) જે નાટકવાળો અથવા ગાનારો લોકની આગળ નાટકમાં વેશ લઇને આવે, તે પોતાની નાટકની અથવા ગાયનની કૃતી લોકના વિચારપર રજુ કરે છે.

(ડ) ઝ એ એક પુસ્તક પ્રગટ કર્યું છે, તે વિશે અ એમ કહે છે કે, ઝ નું પુસ્તક બેવકુફી ભરેલું છે, માટે ઝ મંદબુદ્ધિ હોવો જોઇએ ઝ નુ પુસ્તક બીભત્સ છે, માટે ઝ નઠારા મનનો માણસ હોવો જોઇએ" હવે જો એ પ્રમાણે અ શુદ્ધબુધિએ કહેતો હોય, તો તે આ અપવાદમાં દાખલ થાય છે, કેમકે ઝ બાબત જે અભીપ્રાય તે આપેછે, તે ફક્ત ઝ ના પુસ્તકમાંજ નજર આવતી ઝ ની આબરૂ બાબત છે.

(ઇ) પણ જો તે એમ કહે કે "ઝ નું પુસ્તક બેવકુફી ભરેલું તથા બીભત્સ છે એ જોઇને મને કાંઇ આશ્ચર્ય લાગતું નથી, કેમકે તે જાતેજ મંદબુદ્ધિ તથા સોદો છે," તો અ આ અપવાદમાં દાખલ થતો નથી કેમકે ઝ ની આબરૂ બાબત જે અભિપ્રાય તે આપે છે તે ઝ ના પુસ્તક ઉપર આધાર રાખતો અભિપ્રાય નથી.

સાતમો અપવાદ.—જે સખસનો કોઈ બીજા સખસની ઉપર કાયદાએ આપેલો કાંઇ અખત્યાર હોય અથવા તે બીજા સખસની સાથે કરેલાં કાંઇ કાયદેસર કરારમાંથી નીકળતો અખત્યાર હોય, તે સખસ, જે બાબતોને તે કાયદેસર અખત્યાર લાગે છે તે બાબતોમાં તે બીજા સખસની ચાલ સંબંધી શુદ્ધબુધીથી કાંઈ ઠપકો દે, તો તે આબરૂ લેવી છે એમ સમજવું નહી.

જે સખસનો બીજા સખસની ઉપર કાયદા પ્રમાણે અખત્યાર છે તેણે શુધબુધિથી તે બીજા સખસને દીધેલો ઠપકો.

દૃષ્ટાંત.

જે જડજ કોઇ શાહેદની અથવા કોરટના કાઇ અમલદારની ચાલ સંબંધી શુધબુધિ-

થી ઠપકો દે તે; કોઇ ખાતાનો ઉપરી પોતાના હુકમ તળેના માણસોને શુધબુધિથી ઠપકો દે તે; મા અથવા બાપ પોતાના છોકરાને બીજા છોકરાંઓના દેખતાં શુધબુધિથી ઠપકો દે તે; કોઇ મેહેતાજી જેના અખત્યારમાં અથવા બાપથી મળેલો છે તે કોઇ નીશાળીયાને બીજા નીશાળીયાઓના દેખતાં શુધબુધિથી ઠપકો દે તે; નોકરીમાં આળસ કરવા સારૂ કોઈ શેઠ પોતાના ચાકરને શુધબુધિથી ઠપકો દે; કોઇ સરાફ પોતાની પેહેડીના ફોલીદારને તે ફોલીદારની ફોલીદારી બાબતની કાંઇ ચાલને વાસ્તે શુધબુધિથી ઠપકો દે તે; એ સઘળા આ અપવાદમાં દાખલ થાય છે.

કાયદા પ્રમાણે અખત્યાર પામેલા સખસની આગળ શુધબુધિથી મુકેલું તહોમત.

આઠમો અપવાદ.—કોઇપણ સખસની ઉપર તોહોમતની બાબતમાં તે સખસની ઉપર જે સખસોનો કાયદા પ્રમાણે અખત્યાર હોય તે સખસોમાંના કોઈપણ સખસની આગળ શુધબુધિથી કાંઇ તહોમત મુકવું, એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ.

દ્રષ્ટાંતો.

જો **અ** કોઈ માજીસ્ત્રેટની આગળ **ઝ** ની ઉપર શુધબુધિથી કાંઇ તહોમત મુકે જો **અ** કોઈ **ઝ** ચાકરની ચાલ બાબત **ઝ** ના શેઠની આગળ શુધબુધિથી ફરીયાદ કરે, જો **અ** કોઇ **ઝ** છોકરાની ચાલ બાબત ઝ ના બાપની આગળ શુધબુધિથી ફરીયાદ કરે, તો **અ** આ અપવાદમાં દાખલ થાય છે.

કોઇ સખસે પોતાનો લાભ જાળવવાને શુધબુધિથી મુકેલો આરોપ.

નવમો અપવાદ.—બીજાની આબરૂપર કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી ન ગણાય, પણ ક્યારે કે તે આરોપ મુકનાર સખસ પોતાનો અથવા કોઈ બીજા સખસનો લાભ જાળવવાને અથવા લોક કલ્યાણ અરથે, શુધબુધિથી તે આરોપ મુકતો હોય તો.

દ્રષ્ટાંત.

(અ) **અ** એક દુકાનદાર પોતાના ગુમાસ્તા **બ** ને એ પ્રમાણે કહે કે ઝ રોકડા નાણાં તને ન આપે તો તેને કાંઇ માલ તું વેચીશ માં, કેમકે તેના પ્રમાણિકપણા વિશે મારો વીચાર સારો નથી," હવે જો પોતાનો લાભ જાળવવા સારૂ શુધબુધિથી **અ** એ ઝ ની ઉપર આ આરોપ મુક્યો હોય તો **અ** આ અપવાદમાં દાખલ થાયછે.

(બ) **અ** એક માજીસ્ત્રેટ પોતાના ઉપરી અમલદારને રિપોર્ટ કરવામાં **ઝ** ની આબરૂ બાબત કાંઇ આરોપ મુકે, હવે શુધબુધિથી લોક કલ્યાણાર્થે તે આરોપ મુક્યો હોય, તો **અ** આ અપવાદમાં દાખલ થાય છે.

સુચના જે સખસને આપી હોય તે સખસનો ફાયદો થાય એવા ઈરાદાથી અથવા લોકકલ્યાણાર્થે આપીહોયતો.

દશમો અપવાદ—ફલાણાથી હોશિયાર રહેજે એવી સુચના શુધબુધિથી કોઇ સખસને આપવી, એ આબરૂ લેવી ગણાય નહી, પણ ક્યારે કે જે સખસને તે સુચના આપી હોય તે સખસનો, અથવા જે સખસની સાથે તેનો સંબંધ હોય એવા કોઇ સખસનો ફાયદો થાય, એવા ઇરાદાથી અથવા લોક કલ્યાણના ઇરાદાથી તે સુચના કરી હોય તો.

કલમ ૫૦૦ મી.

૫૦૦. જે માણસ કોઇ બીજા માણસની આબરૂ લે, તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. આબરૂ લેવાની શીક્ષા.

કલમ ૫૦૧ લી.

૫૦૧. કાંઇ બાબત કોઇ સખસની આબરૂ લેવા જેવી છે એવું જાણીને અથવા એવું માનવાનું સારૂ કારણ છતાં, જે માણસ તે બાબત છાપે અથવા કોતરે, તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. કાંઇ બાબત આબરૂ લેવાજેવી છે એવું જાણીને તે છાપવી અથવા કોતરવી.

કલમ ૫૦૨ જી.

૫૦૨. કાંઇ પણ છાપેલી અથવા કોતરેલી વસ્તુમાં આબરૂ લેવાજેવી કાંઇ બાબત છે એવું જાણીને જે માણસ તે વસ્તુ વેચે, અથવા વેચવા માંડે તો તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. આબરૂ લેવા જેવી કાંઇ બાબતવાળી છાપેલી અથવા કોતરેલી વસ્તુ વેચવી.

બાબ ૨૨ મો.

સાપરાધ ધમકી, તીરસ્કાર બાબત.

કલમ ૫૦૩ જી.

૫૦૩. જે સખસ કોઇ બીજા સખસને તેના શરીરને, આબરૂને, અથવા મિલકતને કાંઇ નુકશાન કરવાનો, અથવા જેની સાથે તે બીજા સખસને સંબંધ હોય તેના શરીર, અથવા આબરૂને કાંઇ નુકશાન કરવાનો ડર દેખાડે, એવા ઈરાદાથી કે તે સખસને ગભરાટ પેદા થાય, અથવા તે ડર અમલમાં ન આવે એટલા માટે, જે કામ કરવાની તેની કાયદા પ્રમાણે ફરજ ન હોય તે કામ તે સખસ કરે, અથવા જે કામ કરવાનો તેનો કાયદા પ્રમાણે હક હોય તે કામ કરવામાં તે સખસ કસુર કરે, તેણે સાપરાધ ધમકીનો ગુન્હો કર્યો એમ સમજવું. સાપ્રાધધમકી

ખુલાસો—કોઇ મુએલા સખસની સાથે જે સખસને સંબંધ હોય તે સખસને તે મુએલા સખસને આબરૂને નુકશાન કરવાનો ડર દેખાડવો, તે આ કલમમાં દાખલ થાયછે.

દ્રષ્ટાંત.

(અ) એક દિવાની મુકદમો ચલાવતો બંધ થાય એવા હેતુથી, **અ બ** ને ડર દેખાડે કે હું તારૂ ઘર બાળી નાખીશ, તો **અ** સાપરાધ ધમકીના ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવું.

કલમ ૫૦૪ થી.

૫૦૪. જે માણસ ઇરાદાથી કોઇ સખસનો તીરસ્કાર કરીને તેને ક્રોધ ઉત્પન્ન કરે, એવા ઈરાદાથી કે તે ક્રોધને લીધે તે લોકની સુલેહમાં ભં સમાધાનીનો ભંગ કરવાના

ગ કરે અથવા કાંઇ બીજો ગુન્હો કરે, અથવા એમ જાણીને કે તે સખસ તે ક્રોધને લીધે લોકની સુલેહમાં ભંગ અથવા કાંઇ બીજો ગુન્હો કરશે એવો સંભવ છે. તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. ઇરાદાથી જાણીજોઇનેકોઇનોતીરસ્કારકરવો.

કલમ ૫૦૫ મી.

૫૦૫. કાંઇ વાત, અફવા અથવા બુમ, જે માણસ ખોટી જાણતો હોય તે માણસ તે ચલાવે અથવા પ્રગટ કરે, એવા ઇરાદાથી કે રાણીની જમીનપરની અથવા દરીયાઈ ફોજ માંહેલા કોઈ આફીસર, સોલજર, અથવા ખુલાસી બંડ કરે, અથવા એવા ઇરાદાથી કે લોકમાં ભય અથવા ગભરાટ પેદા થાય, અને તેણે કરીને કોઈ સખસને રાજ્ય વિરૂધ અથવા લોકની સમાધાની વિરૂધ કાંઇ ગુન્હો કરવાનું મન થાય તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે. બંડઅથવારાજ્ય વિરૂધ ગુન્હોવીગરેકરવાના ઇરાદાથી ખોટીબુમ ચલાવવી.

કલમ ૫૦૬ ઠી

૫૦૬. જે સાપ્રાધ ધમકીનો ગુન્હો કરે, તેને બે વરસની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે, અને અગર મોત અથવા મહાવ્યથા કરવાનો, અથવા આગથી કાંઇ મીલકતનો નાશ કરવાનો, અથવા મોતની કે સમુદ્રપારની, અથવા સાત વરસની મુદત સુધીની કેદની શિક્ષા થાય, એવો કાંઈ ગુન્હો કરાવવાનો, અથવા કોઈ સ્ત્રીની સાથે વ્યભીચારનો દોશ મુકવાનો ડર દેખાડયો હોય, તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. સાપ્રાધધમકીનાગુન્હાની શીક્ષા. જો તેધમકી મોતઅથવામહાવ્યથા વગેરે કરવાની હોય તો.

કલમ ૫૦૭ મી.

૫૦૭. કોઈ નનામા સંદેશા વડે, અથવા ડર દેખાડનારા સખસનું નામ કે તેનું રહેવાનું ઠેકાણું છુપાવવાની આગળથી તદબીર કરીને, જે માણસ સાપરાધ ધમકીનો ગુન્હો કરે તેને, તે ગુન્હાને માટે ઉપલી કલમમાં ઠરાવેલી શિક્ષા ઉપરાંત, બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની બીજી શીક્ષા કરવામાં આવશે. નનામાસંદેશાનીમારફતેસાપ્રાધધમકી

કલમ ૫૦૮ મી.

૫૦૮. કોઇ પણ સખસની જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણે ફરજ નહી હોય તે વસ્તુ જે માણસ બુદ્ધિપુરવક તે સખસ પાસે કરાવે અથવા કરાવવાની કોશીશ કરે, અથવા જે વસ્તુ કરવાનો તે સખસનો કાયદા પ્રમાણે હક હોય તે વસ્તુ કરવામાં તેની પાસે કસુર કરાવે અથવા કસુર કરાવવાની કોશીશ કરે, અને તે એવી રીતે કે જે વસ્તુ મારી પાસે કરાવવાની એ ગુન્હેગારની મતલબ છે તે હું નહી કરૂં તો, અથવા જે વસ્તુ ક- મારી ઉપર ઈશ્વરની અપ્રસંનતાથશે એવો ભયઉત્પનકરીને કોઇ સખસ પાસે કાંઇ કામ કરવવું.

રવામાં મારી પાસે કસુર કરાવવાની એ ગુન્હેગારની મતલબ છે તે હું કરૂં તો મારી ઉપર અથવા જેની સાથે મારો સંબંધ છે એવા કોઇ સખસની ઉપર ઇશ્વરની અપ્રસંતા થશેઃ અથવા એ ગુન્હેગાર કાંઇ કરીને ઇશવરની અપ્રસનતા કરાવશે, એવો ભય તે સખસના મનમાં બેસાડી અથવા બેસાડવાની કોશીશ કરીને તે એ પ્રમાણે કરે; તો તે માણુસને એક વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) અ ઝ ને બારણે લાંધવા બેસે, એવા ઇરાદાથી કે એમ તેને બારણે બેસવા ઝ ની ઉપર ઇશ્વવની અપ્રસનતા થશે એવો સંભવ ઉત્પન્ન થાય, તો આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો અ એ કીધો એમ સમજવું.

(બ) અ ઝ ને એવી રીતે ડરાવે કે જો તું ફલાણું કામ નહી કરે, તો હું માહારા છોકરાઓમાંના એક છોકરાનો જીવ તે આપીશ; અને તે એવી હાલતમાં હોય કે તે પોતાનાં છોકરાનો જીવ આપશે તો તેથી ઝ ની ઉપર ઇશ્વરની અપ્રસનતા થશે એવો ભય ઊત્પન્ન થાય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

કલમ ૫૦૯ મી.

કોઇ સ્ત્રીને લજવવાના ઇરાદાથી બોલેલા શબ્દઅથવા કરેલા ચાળા.

૫૦૯. કોઇ સ્ત્રીને લજવવાનો વીચાર કરીને જે માણુસ કાઇ શબ્દ બોલે, અથવા કાંઇ અવાજ કે ચાળા કરે, અથવા કાંઇ વસ્તુ દેખાડે, એવા ઇરાદાથી કે તે સ્ત્રી તે શબ્દ અથવા અવાજ સાંભળે અથવાતે ચાળા અથવા વસ્તુ જોય, અથવા તે સ્ત્રીની એકાંત જગાપર જે માણુસ વગર રજાએ ધુસે, તેને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કલમ ૫૧૦ મી

ખુલ્લીરીતે પીધેલા સખસનીબેમુનસબચાલ.

૫૧૦. જે માણુસ કેફની હાલતમાં છતાં, કોઈ જાહેર જગામાં જાય અથવા જે જગામાં તેણે વગર રજાએ જવું કાયદા વિરૂધ હોય એવી કોઇ જગામાં જાય અને ત્યાં કોઈ સખસને દુખ થાય એવી રીતે ચાલે તેને ચોવીસ કલાકની મુદત સુધીની આસાન કેદની, અથવા દશ રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બાબ ૨૩ મો.

ગુન્હા કરવાની કોશીશ બાબત.

કલમ ૫૧૧ મી

જે ગુન્હાઓને માટેસમુદ્રપારનીઅથવા કેદનીશિક્ષાઠરાવી છેતે ગુન્હા ક

૫૧૧. જે ગુન્હાને માટે આ કાયદામાં સમુદ્રપારની અથવા કેદની શિક્ષા ઠરાવી હોય એવો કોઇ ગુન્હો કરવાની અથવા એવો કોઇ ગુન્હો કરવાની, જે માણુસ કોશીશ કરે, અને તે કોશીશમાં તે ગુન્હો કરવા તરફ કાંઇ કામ કરે, તે માણુસને, તેવી કોશીશને માટે શિક્ષા સંબંધી કાયદામાં

કાંઇ સાફ ઠરાવ નકર્યો હોય તેવે ઠેકાણે તે ગુન્હાને માટે જે પ્રકારની, કે- રવાનીકાશી
દની શિક્ષા ઠરાવી હોય તે પ્રકારની, તથા તે ગુન્હા માટે કેદની અથવા કરવાની શિક્ષા
સમુદ્રપારની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અડધી મુદતની, કે-
દની અથવા સમુદ્રપારની, અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની, અથવા એ બનેની
શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) અ એક પેટી ફોડીને કાંઈ જવેર ચોરવાની કોશિશ કરે, અને તે પેટી ફોડયા પછી તેને માલમ પડે કે માંહે કાંઇ જવેર નથી, તો તેણે ચોરી કરવા તરફ એક કામ કીધું, માટે આ કલમ પ્રમાણે તે તકશીરવાર થયો એમ સમજવું.

(બ) ઝ ના ખીસ્સામાં હાથ ઘાલીને તેમાંથી ચોરી કરવાની અ કોશિશ કરે, અને ઝ ના ખીસ્સામાં કાંઇ વસ્તું નહોવાને લીધે અ તે કોશિશમાં પાર નપડે, તો આ કલમ પ્રમાણે અ તકશીરવાર થયો એમ સમજવું.

(True translation)

Nanabhai Haridass,

Translator.

સન ૧૮૬૨ નો આકટ ૪ થો.

બજારો તથા મેળા સ્થાપવા વિશે નિયમ ઠરાવવા બાબતનો આકટ.

સન ૧૮૬૨ ના એપ્રીલ મહિનાની ૧૪ મી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કર્યો તે સન ૧૮૬૨ ના એપ્રીલ મહિનાની ૨૪ મી તારીખે મુંબઈના ગવરનર સાહેબે પ્રસીદ્ધ કર્યો.

જે જગાએ અગાઉ બજારો અથવા મેળા સ્થાપ્યા હોય તેઓની પડોસમાં નવી બજાર અથવા મેળો સ્થાપ્યાથી તે નવી બજાર અથવા મેળો અને અગાઉ આપેલી બજાર અથવા મેળો જે જગાએ ભરાય છે તે જગાઓના ધણીઓને માંહોમાંહે કજીઓ થાયછે અને તે કજીઆથી વારે ઘડીએ ફીસાદ થાયછે. અને તે બજારોમાં અથવા મેળામાં આવનાર જનાર લોકોને ઘણી અડચણ પડેછે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

કલમ ૧ લી.—આ આકટ ઠરચા પછી જીલ્લાના માજીસ્ત્રેટની લખેલી પરવાનગી લીધા વગર કોઈ માણુસે નવી બજાર અથવા મેળો સ્થાપવો નહી. કોઈ માણુસ એવી પરવાનગી વગર નવી બજાર અથવા મેળો સ્થાપવાનો યત્ન કરશે ને તેની ઉપર માજીસ્ત્રેટ ગુન્હો ઠરાવશે તો તે બસેં રૂપીઆ સુધી દંડને લાયક થશે. અને દંડ નહી આપશે તો ઘણામાં ઘણા બે કયાલેંડર મહિના સુધી નરી કેદની સજાને લાયક થશે.

કલમ ૨ જી.—નવી બજાર અથવા મેળો સ્થાપવાની કોઇ માણુસની ઈચ્છા હોય ત્યારે તેણે જીલ્લાના માજીસ્ત્રેટને અરજી લખી આપવી, તેમાં સદરહુ પ્રમાણે નવી બજાર અથવા મેળો જે જગાએ સ્થાપવાનો ઈરાદો હોય તે જગાનું નામ તથા તે કયે કયે દીવશે ભરાશે તે દીવસ, અને છેકજ પાસેની બજાર અથવા મેળો જે જગાએ ભરાતો હોય તે જગાનું નામ અને જેજે દીવસે ભરાતો હોય તે દીવસ અને તે બેઉ બજાર અથવા મેળા કેટલા અંગ્રેજી માઈલને છેટેછે, તે છેટું અને નવી બજાર અથવા મેળો સ્થાપવાનાં કારણો હોય તે લખવાં.

કલમ ૩ જી.—સદરહુ પ્રકારની અરજી આવ્યા પછી માજીસ્ત્રેટે જાહેરનામું મારવું કે અરજદારે જે જગા લખીછે તે જગાએ બજાર અથવા મેળો સ્થાપવાની તેની ઇચ્છાછે અને તે પ્રમાણે ફલાણે દહાડે ભરવાનો ઇરાદો છે, વાસ્તે તે બજાર અથવા મેળો સ્થાપવા બાબત જે માણુસને હરકત હોય તેણે જાહેર નામાની તારીખથી છ અઠવાડીઆમાં પોતાની હરકત લખીને જાહેર કરવી, એવું જાહેરનામુ મારવું. જે ગામમાં અથવા શેહેરમાં અથવા જે ગામની અથવા શેહેરની પાસે નવી બજાર અથવા મેળો ભરવાનો ઈરાદો હોય તે ગામની અથવા શેહેરનીજ જગા લોકોની નજરે સેહેજ પડે તે જગાએ જાહેરનામુ મારવું. અને જે પોલીસ થાણાની હકુમતમાં તે ગામ અથવા શેહેર હોય તે પોલીસ થાણામાં, તથા માજીસ્ત્રેટની કચેરીમાં તે જાહેરનામાની નકલ મારવી. જે જગાએ નવી બજાર અથવા મેળો સ્થાપવાનો ઈરાદો હોય તે જગાથી ચાર મૈલની અંદર બજાર અથવા મેળો ભરાયછે એવું માલમ પડે તો તે બજાર અથવા મેળો જે જગાએ ભરાતો હોય તે જગાના ધણીને જાહેરનામાના મચકુર પ્રમાણે માજીસ્ત્રેટે સુચના અપાવવી. જાહેરનામાનો ખરચ, તથા સુચના અપાવે તો તેનો ખરચ અરજદારે આપવો જોઇએ.

કલમ ૪ થી.—જે બજાર અથવા મેળો સ્થાપવાનો ઈરાદો હોય તે સ્થાપવા બાબત કોઇ માણસ જાહેરનામામાં તથા સુચના આપી હોય તે સુચનામાં લખેલી મુદ્દતમાં હરકત નહીં બતાવે તો તે સ્થાપવાનો જીલ્લાના માજીસ્ત્રેટે હુકમ કરવો. ઠરાવેલી મુદ્દતમાં કોઈ માણસ હરકત બતાવે તો તે બાબતની જીલ્લાના માજીસ્ત્રેટે ચોકશી કરીને પ્રસંગ પ્રમાણે પોતાને વાજબી દેખાય તેવો હુકમ કરવો.

કલમ ૫ મી.—આ આકટ ઠરયા પેહેલાં બે વરશની અંદર જે નવી બજારો અથવા મેળા સ્થાપ્યા હોય તે બાબત કોઇ માજીસ્ત્રેટને આ આકટ ઠર્યા પછી છ મહિનાની હરકત બતાવે તો માજીસ્ત્રેટે તે હરકત બાબત ચોકશી કરવી અને તે નવી બજાર અથવા મેળો અને અગાઉની બજાર અથવા મેળો એઓની વચ્ચે ચાર મૈલ કરતાં ઓછું છેટું છે. અને નવી બજાર અથવા મેળો સ્થાપ્યાથી આસપાસનાં લોકોને ઇજા અથવા બીજી અડચણ થાયછે એવું માલમ પડયા પછી જીલ્લાના માજીસ્ત્રેટને જરૂર દેખાશે તો જેજે દીવશે તે નવી બજાર અથવા મેળો ભરાતો હશે તે દીવસો બદલવાનો અથવા પોતાની નજરમાં આવે તો તે બજાર મેળે બંધ કરવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે.

કલમ ૬ ઠી.—આ આકટ પ્રમાણે માજીસ્ત્રેટ જે હુકમ કરશે તે ઉપર છ અઠવાડીઆમાં પોલીસ કમીશનરને ત્યાંહાં અપીલ ચાલશે અને પોલીસ કમીશનર જે હુકમ કરશે તે આખરનો સમજવો.

કલમ ૭ મી.—આ આકટ પ્રમાણે યોગ્ય રીતે હુકમ વિરૂદ્ધ કોઈ માણસ ચાલશે અથવા તે હુકમ નહી માનશે અથવા તે હુકમને હરકત કરશે તો તે બસેં રૂપીયા સુધી દંડને લાયક થશે; અને દંડ નહી આપશે તો ઘણામાં ઘણા બે કયાલેંડર મહિનાસુધી એમાંથી હરકોઈ એક પ્રકારની કેદની સજાને લાયક થશે.

કલમ ૮ મી.—આ આકટ મુંબઈ તથા કુલાબા ટાપુને લાગુ નથી એવું સમજવું.

કલમ ૯ મી.—ધર્મની ઈમારતને સંસકાર કરતી વખતે લોકોનો જમાવ થયો હોય તે અથવા તે સંસ્કારના કામમાં જે લોકોનો સંબંધ હોય તે લોકોનો જમાવ અથવા ધર્મની બાબતના બીજા તેહેવારની વખતે અથવા ક્રીયાની વખતે લોકોનો જમાવ થયો હોય તે જમાવ અથવા તેમાં જે લોકોનો સંબંધ હોયતે લોકોનો જમાવ મેળાનો અથવા બજારનો ભાગ નહીં હોય તો તે જમાવને આ આકટનો કોઈ ઠરાવ લાગુછે એવું સમજવું નહીં.

કલમ ૧૦ મી.—બજાર બાબત અથવા મેળા બાબત માજીસ્ત્રેટ અથવા પોલીસ કમીશનર હુકમ કરે તે ઉપર હુકમ ફરમાવવાનો સામાન્ય અધિકાર સરકારને છે તે અધીકાર આ આકટના કોઈ ઠરાવ ઉપરથી ઓછો થાયછે એવું સમજવું નહી.

ઇંડિયા ગવરનર જનરલ ઇનકાઉનસીલનો હેઠળ લખેલો આક્ટ ગવરનર જનરલે
સન ૧૮૬૪ ના ફેબરૂઆરી મહીનાની ૧૮ મી તારીખે મંજુર કરયો
તે સરવે લોકોને જાહેર થવા સારૂ પ્રસીધ્ધ કરયો છે.

સન ૧૮૬૪ નો આક્ટ ૬ ઠો.

ફટકાની શિક્ષા કેટલાએક પ્રસંગે ઠરાવવાનો અધિકાર આપવા બાબતનો આક્ટ.

હીંદુસ્તાનના ફોજદારી કાયદાના ઠરાવ પ્રમાણે ગુનેહગારોને કેટલેક પ્રસંગે ફટકાની શિક્ષા કરવી યોગ્ય છે, વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧ હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૫૩ મી કલમમાં શીક્ષાઓ કહી છે તે શીવાય વળી તે કાયદાના ઠરાવ પ્રમાણે ગુનેહગારો ફટકાની શીક્ષાને પણ લાયક થશે.

૨ કોઈ માણસ હેઠળ લખેલા ગુનાહમાંનો કાંઇ ગુનોહ કરશે તો તે ગુનાહ બાબત હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે જે શીક્ષાને લાયક હશે તે શીક્ષાને બદલે તેને ફટકાની શીક્ષા કરવાનો અખીતાર છે તે ગુનાહની વીગત.

૧ સદરહુ કાયદાની ૩૭૮ મી કલમમાં કહેલા પ્રકારની ચોરી.

૨ સદરહુ કાયદાની ૩૮૦ મી કલમમાં કહેલા પ્રકારની ઘરમાંની અથવા તંબુમાંની અથવા વહાણમાંની ચોરી.

૩ સદરહુ કાયદાની ૩૮૧ મી કલમમાં કહેલા પ્રકારની મેહેતાએ અથવા ચાકરે કરેલી ચોરી.

૪ સદરહુ કાયદાની ૩૮૨ મી કલમમાં કહ્યા પ્રમાણે જીવ લેવાની અથવા ઇજા કરવાની તઇયારી કરીને કરેલી ચોરી.

૫ સદરહુ કાયદાની ૩૮૮ મી કલમમાં કહ્યા પ્રમાણે ભય ઉત્પન કરીને જબરાઇથી કહડાવવું.

૬ સદરહુ કાયદાની ૩૮૯ મી કલમમાં કહ્યા પ્રમાણે જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરવા સારૂ કોઇ માણસ ઉપર ગુનોહ કરવાનું તોહમત મુકવાનું ભય ઉત્પન કરવું.

૭ સદરહુ કાયદાની ૪૧૧ મી કલમમાં કહ્યા પ્રમાણે બદદાનતથી ચોરીનો માલ લેવો.

૮ સદરહુ કાયદાની ૪૧૨ મી કલમમાં કહ્યા પ્રમાણે ડાકામાં ચોરાએલો માલ બદદાનતથી લેવો.

૯ આ કલમમાં જે ગુનાહ બાબત ફટકાની શિક્ષા કહી છે તેવો ગુનોહ કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૩ મી અને ૪૪૫ મી કલમમાં કહ્યા પ્રમાણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૧૦ આ કલમમાં જે ગુનાહ બાબત ફટકાની શીક્ષા કહી છે તેવો ગુનોહ કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૪ મી અને ૪૪૬ મી કલમમાં કહ્યા પ્રમાણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૩. ઉપરની છેલ્લી કલમમાં કહેલા ગુનાહમાંના હરકોઈ ગુનાહની સાબીતી કોઈ માણસ ઉપર અગાઉ થઈ હોય અને તેની ઉપર તેવાજ ગુનાહની પાછી સાબીતી થશે તો હિંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે તે ગુનાહ બાબત તે જે બીજી સજાને બાયક હશે તે સજાને બદલે અથવા તે સજા શિવાય વળી તેને ફટકાની શીક્ષા કરવાનો અખીકાર છે.

૪. હેઠળ લખેલા ગુનાહમાંના હરકોઈ ગુનાહની સાબીતી કોઈ માણસ ઉપર અગાઉ થઈ હોય અને તેની ઉપર તેવાજ ગુનાહની પછી સાબીતી થશે તો હિંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે તે જે બીજી સજાને બાયક હશે તે સજા શિવાય વળી તેને ફટકાની શિક્ષા કરવાનો અખીકાર છે તે ગુનાહની વીગત—

૧. હિંદુસ્થાનના ફોજદારી કાયદાની ૧૯૩ મી કલમ પ્રમાણે શિક્ષાને બાયક થાય એવી રીતે ખોટી શાહેદી આપવી અથવા ખોટા પુરાવો બનાવવો.

૨. સદરહુ કાયદાની ૧૯૪ મી કલમમાં કહ્યા પ્રમાણે જે ગુનાહ બાબત દેહાંત શિક્ષા કહી છે તેવો ગુનાહ સાબીત કરવા સારૂ ખોટી શાહેદી આપવી અથવા ખોટા પુરાવો બનાવવો.

૩. સદરહુ કાયદાની ૧૯૫ મી કલમમાં કહ્યા પ્રમાણે જે ગુનાહ બાબત સમુદ્રપાર કરવાની અથવા કેદની શિક્ષા કહીછે તેવો ગુનાહ કોઈ ઉપર સાબીત કરવાના ઈરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટા પુરાવો બનાવવો.

૪. સદરહુ કાયદાની ૨૧૧ મી અને ૩૭૭ મી કલમમાં કહ્યા પ્રમાણે સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મઈથુન કરવાનું ખોટું તોહોમત કોઈ માણસ ઉપર મુકવું.

૫. સદરહુ કાયદાની ૩૫૪ મી કલમમાં કહ્યા પ્રમાણે સ્ત્રીને લાજ લાગે અને તેના મનને ધોકો પોહોચે એવા ઈરાદાથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપ્રાધ બળ વાપરવું.

૬. સદરહુ કાયદાની ૩૭૫ મી કલમમાં કહ્યા પ્રમાણે બળાત્કાર સંભોગ.

૭. સદરહુ કાયદાની ૩૩૭ મી કલમમાં કહ્યા પ્રમાણે સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મઈથુન.

૮. સદરહુ કાયદાની ૩૯૦ મી અને ૩૯૧ મી કલમમાં કહ્યા પ્રમાણે અપહરણ અથવા ડાકો.

૯. સદરહુ કાયદાની ૩૯૩ મી કલમમાં કહ્યા પ્રમાણે અપહરણ કરવા કોશીશ કરવી.

૧૦. સદરહુકાયદાની ૩૯૪મી કલમમાં કહ્યાપ્રમાણે અપહરણ કરવામાં બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

૧૧. સદરહુ કાયદાની ૪૧૩ મી કલમમાં કહ્યા પ્રમાણે ચોરીનો માલ લેવાનો અથવા ચોરીનો ધંધો કરવાનો વહીવટ રાખવો.

૧૨. સદરહુ કાયદાની ૪૬૩ મી કલમમાં કહ્યા પ્રમાણે ખોટા લેખ બનાવવો.

૧૩. સદરહુ કાયદાની ૪૬૬ મી કલમમાં કહ્યા પ્રમાણે ખોટા લેખ બનાવવો.

૧૪. સદરહુ કાયદાની ૪૬૭ મી કલમમાં કહ્યા પ્રમાણે ખોટા લેખ બનાવવો.

૧૫. સદરહુ કાયદાની ૪૬૮ મી કલમમાં કહ્યા પ્રમાણે ઠગાઈ કરવાનાં કારણસર ખોટા લેખ બનાવવો.

૧૬. સદરહુ કાયદાની ૪૬૯ મી કલમમાં કહ્યા પ્રમાણે કોઈ માણસની આબરૂને હાની કરવાના કારણસર ખોટા લેખ બનાવવો.

૧૭. આ કલમમાં જે ગુનાહ બાબત ફટકાની શીક્ષા કહીછે તેવો ગુનોહ કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૩ મી અને ૪૪૫ મી કલમમાં કહ્યા પ્રમાણે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૧૮. આ કલમમાં જે ગુનાહ બાબત ફટકાની શિક્ષા કહી છે તેવો ગુનોહ કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૪ મી અને ૪૪૬ મી કલમમાં કહ્યા પ્રમાણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા રાતે ઘર ફોડવું.

૫ હિંદુસ્થાનના ફોજદારી કાયદામાં જે ગુનાહ બાબત દેહાંત શિક્ષા ઠરાવી નથી તેવો ગુનોહ કોઈ નાની ઉમરનો ગુનેહગાર કરે તો તે સદરહુ કાયદા પ્રમાણે જે બીજી શિક્ષાને લાયક હોય તે શિક્ષાને બદલે તેને ફટકાની શીક્ષા કરવાનો અખીત્યાર છે પછી તે તેનો પેહેલો ગુનોહ હોય કે બીજીવારનો હોય તે વાતની ચીંતા નથી.

૬. પોતાની હકુમત માંહેની સરહદ ઉપરના પ્રાંતમાં અથવા ઉજડ મુલકમાં આ કલમના ઠરાવ લાગુ છે એવું હરકોઇ ઠેકાણાની સરકાર સરકારી ગ્યાઝીટમાં જાહેરનામું છપાવીને ઠરાવશે, ત્યારે સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ થવા પછી જે માણસ આ આકટની ૪ થી કલમમાં કહેલા ગુનાહમાંનો કાંઈ ગુનોહ સદરહુ પ્રકારના પ્રાંતમાં અથવા મુલકમાં કરશે તે હિંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે જે બીજી શિક્ષાને લાયક હશે તે શિક્ષાને બદલે તેને ફટકાની શિક્ષા કરવાનો અધિકાર છે.

૭. સ્ત્રીઓને ફટકાની શિક્ષા કરવી નહી અથવા જે માણસને દેહાંત શિક્ષા અથવા સમુદ્રપાર કરવાની શિક્ષા અથવા સાધનીક દાસત્વની શિક્ષા અથવા પાંચ વરસ કરતાં વત્તા વરસની કેદની શિક્ષા ઠરાવી હોય તેને ફટકાની શિક્ષા કરવી નહી.

૮. પેહેલા વરગના તાબા માંહેના માજીસ્ટ્રેટના દરજજા કરતાં જે અમલદારનો દરજ્જો ઓછો હોય તેણે ઠેકાણે ઠેકાણાની સરકારે ફટકાની શિક્ષા ઠરાવવાનો ખસુસ કરીને અખીત્યાર આપ્યા વગર તેણે ફટકાની શિક્ષાનો ઠરાવ કરવો નહી.

૯. જે કોરટના શિક્ષાના ઠરાવ ઉપર ઉપલી કોરટમાં અપીલ ચાલે છે તેની કોરટે કેદ શિવાય વળી ફટકાની શિક્ષા ઠરાવી હોય ત્યારે તે ઠરાવની તારીખથી પંદર દીવસ સુધી અથવા તે મુદતમાં અપીલ કરી હોય તો શિક્ષાનો ઠરાવ ઉપલી કોરટ મંજુર કરે ત્યાં સુધી ફટકા મારવા નહી પણ પંદર દીવશ થવા પછી તાબડતોબ અથવા અપીલ કરી હોય તો શિક્ષાનો ઠરાવ મંજુર કરનારી કોરટનો હુકમ પંદર દીવશમાં નહી પોહોચે તો તે હુકમ પોહોચ્યા પછી તાબડતોબ ફટકા મારવા

૧૦ પુખ્ત ઉમરના માણસને ફટકાની શિક્ષા કરવી તે ઠેકાણે ઠેકાણાની સરકાર ફરમાવે તે હથીયારે તથા તે રીતે અને શરીરના તે ભાગ ઉપર કરવી અને ગુનેગાર નાહાની ઉમરનો હોય તો ઝીણી નેતર વતે નિશાળમાં શિક્ષા કરેછે તે રીતે કરવી. નવા ધરીના ચાબકાનો ઉપયોગ કરવો હોય તો ૧૫૦ ફટકા કરતાં વત્તા ફટકાની શિક્ષા કદી કરવી નહી અને નેતરનો ઉપયોગ કરવો હોય તો ૩૦ ફટકા કરતા વત્તા ફટકાની શિક્ષા કરવી નહી. જસ્ટીસ ઑફ ધી પીસના દેખતાં અથવા માજીસ્ટ્રેટનો અધિકાર ચલાવવાનો અખત્યાર જે અમલદારને આપ્યો હોય તેના દેખતાં અને જે કો

જેરે શિક્ષાનો ઠરાવ કરયો હોય તે કોરટે બીજી રીતે હુકમ કરયો નહી હોય તો વઈદના દેખતાં પણ ફટકા મારવા.

૧૧ ફટકાની શિક્ષા કરવા લાયક ગુનેહગારની પ્રકૃતી છે એવો દાખલો વઈદ હાજર હોય તો તેણે આપ્યા વગર જસ્ટીસ આફ ધી પીશ અથવા બીજો અમલદાર હાજર હોય તેની નજરમાં તે પ્રમાણે આવ્યા વગર ફટકા મારવાનો ઠરાવ અમલમાં લાવવો નહી અને ફટકાની શિક્ષા અમલમાં આવતી હોય ત્યારે બાકીના ફટકા ખમવા લાયક ગુનેહગારની પ્રકૃતી નથી એવો દાખલો વઈદ આપે અથવા જે અમલદાર હાજર હોય તે અમલદારની નજરમાં તે પ્રમાણે આવે તો ફટકા મારવાનું મોકુફ રાખવું. ફટકાની શિક્ષાનો ઠરાવ મુદતે મુદતે થોડે થોડો અમલમાં લાવવો નહી.

૧૨ આ આકટની ઉપરની છેલી કલમ પ્રમાણે ફટકા મારવાનો ઠરાવ મુદલ અમલમાં આણયો નહી હોય ત્યારે જે કોરટે શીક્ષાનો ઠરાવ કરયો હોય તે કોરટ તે ઠરાવ પાછો તપાસે ત્યાં સુધી ગુનેહગારને કેદમાં રાખવાનો અને ગહરકુ કોરટની નજરમાં આવશે તો ગુનેહગાર છેક છોડી દેવાને તે કોરટ મુખતિયાર છે અથવા તેજ ગુનાહ બાબત ગુનેહગાર ઉપર બીજી શીક્ષા ઠરાવી હશે તે શીક્ષા શિવાય વળી ફટકાને બદલે હરકોઈ મુદતની કેદની શિક્ષાનો ઠરાવ કરવાને મુખતિયાર છે પણ એવું ઠરાવ્યું છે કે એ કંદર કેદની મુદત હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે જેટલી મુદતની કેદની શિક્ષાને ગુનેહગાર લાયક હોય તેટલી મુદત કરતાં અથવા કોરટને જેટલી મુદતની કેદની શિક્ષા કરવાનો અધિકાર હોય તેટલી મુદત કરતાં વતી ઠરાવવી નહી.

આ આકટ અમદાવાદ લીતેહુ પ્રેસમાં છાપ્યો.

सने १८६६ नो आकट ८ मो.

મુંબઇના ગવરનર ઈન કૌન્સીલને નીચે લખેલો આકટ સન ૧૮૬૬ એપ્રીલ મહીનાની ૨૫ મી તારીખે મુંબઈના ગવરનર સાહેબે મંજુર કરે અને સન ૧૮૬૬ ના મે મહીનાની ૧૯ મી તારીખે ગવરનર જનરલે મંજુર કર્યો તે સરવ લોકને જાહેર થવા સારૂ છપાવી પ્રગટ કરે છે.

મુંબઈ ઇલ્લાકામાં ઝેર વેચવા બાબત નીયમ કરીતે ઠરાવ બાબત આકટ.

મુંબઇ ઈલાકામાં ઝેરી ઔશધી અને પ્રાણનાશક પદાર્થ વેચવા બાબત એક સામાન્ય કાયદો ઠરાવવો અને સદરહુ પ્રકારની ઔશધી તથા પદાર્થ વેચવા બાબત નીયમ કરીને મર્યાદા ઠરાવવી યોગ્ય છે માટે નીચે લખા પ્રમાણે ઠરાવ્યું છે—

કલમ ૧ લી.—સન ૧૮૨૭ ના ૧૪ મા કાયદાની ૨૦મી કલમ અને સને ૧૮૨૭ ના ૨૧ મા કાયદાનો ૯ મો બાબ રદ કર્યો છે પરંતુ તે ઉપથી બીજો કોઈ કાયદો બધો અથવા કાંઇ ભાગ રદ થતો હોય તે બાબતમાં તે કલમ તથા તે બાબત રદ છે એમ સમજવું નહી.

કલમ ૨ જી.—તે કલમમાં નીચે લખેલા શબ્દ તથા સંજ્ઞાનો જે અર્થ આ કલમમાં કહેલો છે તેજ તેનો અર્થ સમજવો—

મહીના એ શબ્દનો અર્થ અંગ્રેજી સનનો મહીનો સમજવો—

ઝેર એ શબ્દનો અર્થ આ આકટને જોડેલા અ પરીશીષ્ટમાં લખેલી ઝેરી ઔષધી તથા પ્રાણ નાશક પદાર્થ સમજવો—

ગુન્હેગાર એ શબ્દમાં માણસોની સનંદી મંડળીનો સમાવેશ થાય છે.

માજીસ્ત્રેટ એ શબ્દનો અર્થ મુંબઇમાં ઈન્સાફની હાઈ કોર્ટની અવલ દીવાની ફરીયાદી લેવાની મામુલ હકુમતની હાલની સ્થલ સીમના ઠેકાણાનાં પોલીસ માજીસ્ત્રેટ એમ સમજવો. અને તે સ્થળ સીમની બાહારના ઠેકાણાંના જે માણસને ફોજદારી ઈન્સાફનું કામ ચલાવાની રીતી સંબંધી કાયદા પ્રમાણે માજીસ્ત્રેટનો અધીકાર આપ્યો હોય તે માણસો સમજવાં.

પ્રકરણને અગર પુરવાગર સબંધે વીરોધ ન આવે તો મનુષ્ય એ શબ્દમાં માણસની મંડળીનો કિંવા સમુદાયનો સમાવેસ થાય છે પછી તે મંડળીને કિંવા સમૂદાયને સનંદ મળી હો કિંવા ન હો—

કલમ ૩ જી.—આ આકટ અમલમાં આવશે તે તારીખથી કોઇ માણસે આ આકટમાં પછવાડે કહેલા બે પ્રકારના પરવાના માંહેના કોઈ પણ એક પ્રકારનો પરવાનો લીધા વગર આ આકટને જોડેલા અ પરીશીષ્ટમાં કહેલુ કોઈ પણ ઝેર વેચવું નહી.

કલમ ૪ થી.—આ આકટ પ્રમાણે પરવાનો આપવો તે મુંબાઈમાં ઇન્સાફની હાઈકોર્ટની અવલ દીવાની ફરીયાદ સાંભળવાની મામુલ હકુમતની હાલની સ્થળ સીમમાં

મુંબઈ શેહેરના કમીશનરે આપવો અથવા તે આપવા સારૂ તેણે જેને અધીકાર આપ્યો હોય તે માણુસે આપવો અને તે સ્થળશીમની બાહારના ઠેકાણામાં કલેકટરે આપવો કિંવા તે આપવા સારૂ તેણે જેને અધીકાર આપ્યો હોય તેણે આપવો. અને સદહું પ્રકારના પ્રત્યેક પરવાના આ આકટને જોડેલા બ પરીશીષ્ટના નમૂના પ્રમાણે જોઇએ; પરંતુ પરવાના ઉપરથી વેચવાનો અધીકાર મળ્યો એટલે પરવાનો દેવાના અધીકાર ઉપરથી જે અમલદારે આપ્યો હોય તેની હકુમતની હદમાંનીજ કોઈ જગે વેચવાનો અધીકાર મળે છે એમ સમજવું.

કલમ ૫ મી.—પરવાના બે પ્રકારના ઠરાવ્યા છે, એટલે એક સામાન્ય પરવાનો જે માટે પાંચ રૂપીઆ ફી આપવી જોઇએ અને એક વીશેશ પરવાનો તે બદલ ૫૦ રૂપીઆ ફી આપવી જોઇએ. પરંતુ એવું ઠરાવ્યુ છે કે આ આકટ પ્રમાણે પરવાના માગનાર માણસને સામાન્ય પરવાનાની અરજી વીશેષ પરવાનો પોતાની મરજી પ્રમાણે મળનાર નથી પરવાનો માગનાર માણસને વીશેષ પરવાનો આપવો કે ન આપવો એ કમીશનરે કિંવા કલેકટરે પોતાની નજરમાં આવે તે પ્રમાણે ઠરાવવુ.

કલમ ૬ ઠી.—જે તારીખે પરવાનો આપ્યો હોય તે તારીખથી આવતા ડીસેંબર મહીનાની ૩૧ મી તારીખ પર્યંત તે ચાલશે પરંતુ કોઇ પણ વર્ષમાં જુલાઇ મહીનાની ૧ લી તારીખ પછી જે માણુસને પરવાનો આપવામાં આવે તે માણુસે જે પ્રકારનો પરવાનો આપ્યો હોય તે પ્રકારના પરવાના માટે જે ફી આપવાની તે ફીનો નીમે માત્ર અવેજ આપવો જોઇએ.

કલમ ૭ મી.—જે માણુસને સામાન્ય પરવાનો મળ્યો હોય અને તે પરવાનાની મુદત ગુજર્યા પછી આ પરીશીષ્ટમાં લખેલા જોહેરો માંહેલાં કોઈ પણ ઝેર વેચવાનું કામ ચલાવવાની જેની ઈચ્છા હોય તેણે મુદત ગુજર્યા પેહેલાં તે માટે આવતી સાલનો નવીન પરવાનો લેવો. અને જ્યાંહાં સુધી સદરહુ પ્રકારનું ઝેર વેચવાનુ કામ ચલાવવાની તેની ઈચ્છા હોય ત્યાં સુધી તેણે તે પ્રમાણે દર સાલ નવો પરવાનો લીધે જવો અને નવો પરવાનો ફરી લેવાની દર વખતે પરવાનો આપનાર અમલદારને તેણે પાંચ રૂપીઆ ફી આપવી.

કલમ ૮ મી.—આ આકટ પ્રમાણે જે માણુસને વીશેષ પરવાનો મળ્યો હોય અને તે પરવાનાની મુદત ગુજરાથી અ પરીશીષ્ટમાં લખેલાં ઝેરમાંનાં કોઇ પણ ઝેર વેચવાનું કામ ચલાવવાની ઈચ્છા હોય તે માણુસને પોતાની નજરમાં આવે તો નવો પરવાનો આપવાને પ્રસંગ પ્રમાણે કમીશનર અથવા કલેકટર મુખત્યાર છે અને જ્યાંહાં સુધી સદરહુ પ્રકારનુ ઝેર વેચવાનુ કામ ચલાવવાની તેની ઇચ્છા હોય અને તે નવો કરી આપવાનુ કમીશકર કિંવા કલેકટરને યોગ્ય લાગે ત્યાંહાં સુધી તેને વરસોવરસ વીશેશ પરવાનો ફરી આપવાને કમીશનર અથવા કલેકટર મુખત્યાર છે. પરંતું એવું ઠરાવ્યું છે કે વીશેષ પરવાનો નવો મેળવવા બાબત કિંવા તે નવો કરાવી લેવા બાબત અરજ કરવી તે ચાલુ પરવાનાની મુદત ગુજર્યા પેહેલાં કરવી જોઇએ અને નવીન પરવાનો આવે એટલે પરવાના આપનાર અમલદારને અરજદારે દર વખત ૫૦ રૂપીઆ ફી આપવી જોઈએ.

કલમ ૯ મી.—આ આકટ પ્રમાણે પરવાનો લેનાર માણસ કોઈ પણ દુકાનમાં કિંવા સનદી મંડળીમાં ભાગીદાર હોય ત્યારે અ પરીશીષ્ટમાં લખેલાં ઝેર વેચવા માટે તે દુકાને કિંવા મંડળીએ તે પરવાનો આપનાર અમલદારની હકુમતની સ્થળસીમમાં તે દુકાનના કિંવા મંડળીના બીજા ભાગીદારને પરવાનો લેવા જરૂર નથી.

કલમ ૧૦ મી.—પરવાનો દેવાના કીંવા નવો કરી આપવાની બાબતમાં આ આકટના ઠરાવ છે તે અમલમાં આણતાં ખરચ થાય તે આ આકટ પ્રમાણે ફી તથા દંડ તથા ગુન્હેગારી લેવામાં આવે તેમાંથી કરવો અને સદરહુ ખરચ કરતાં સદરહુ ઉત્પનમાં જે અવેજ સીલક રહે તે મુંબઇમાં ઇન્સાફની હાઈ કોરટની અવલ દીવાની ફરીઆદ લેવાની મામુલ હકુમતની હાલની સ્થળ સીમમાં મુંબઇના મ્યુનીસીપલ ફંડ ખાતે દર સાલ જમે કરવો અને તે સ્થળ સીમની બાહારની જગાઓમાં અવેજ સલીક રહ્યો હોય તે જે જે જીલ્લામાં પરવાના આપ્યા હોય તથા દંડ તથા ગુન્હેગારી લીધી હોય તે તે જીલાના કોઇ પણ મ્યુનીસીપલ કિંવા લોકલફંડ ખાતે કલેકટરને યોગ્ય લાગે તે પ્રમાણે જમે કરવા.

કલમ ૧૧ મી.—જે માણસને આ આકટ પ્રમાણે પરવાનો લેવો કિંવા નવો કરાવી લેવા જરૂર હોય તે માણસ જ્યારે આ આકટના ઠરાવ પ્રમાણે યોગ્ય રીતીએ પરવાનો લીધા વગર કિંવા નવો કરાવી લીધા વગર અ પરીશીષ્ટમાં લખેલાં ઝેરમાંનાં કોઇ પણ ઝેર વેચશે ત્યારે તે ઉપર તે વાતની માજીસ્ત્રેટ સમક્ષ સાબીતી થયાથી પેહેલી વખતનો ૨૦૦ રૂપીઆ સુધી દંડને પાત્ર થશે અને બીજી વેળા કીંવા ત્યાર પછી તેવોજ ગુન્હો કરશે ત્યારે તે પાંચસેં રૂપીઆ સુધી દંડને પાત્ર થશે કિંવા ઘણામાં ઘણાં એક વરસ સુધી એકલા કેદની શીક્ષાને પાત્ર થશે કીંવા એ બેઉ શીક્ષાને પાત્ર થશે.

કલમ ૧૨ મી—જે માણસને પરવાનો લેવાની આ આકટ પ્રમાણે જરૂર છે તેને પોતાનો પરવાનો હાજર કરી દેખાડવાને નીચે લખેલા અમલદારોએ કહ્યું હોય એટલે પરવાનો હાજર દેખાડવાનુ કેહેવાનો અધીકાર જે માણસને મ્યુનીશીપલ કમીશનરે કિંવા કલેકટરે યોગ્ય રીતીએ આપ્યો હોય તે અમલદારે કહ્યું હોય ને તે યોગ્ય કારણ વગર તેમ કરવા આનાકાની કરશે કિંવા ના કેહેશે ત્યારે તે વાતની માજીસ્ત્રેટ સમક્ષ સાબીતી થયાથી તે માણસ સો રૂપીઆ સુધી દંડને પાત્ર થશે.

કલમ ૧૩ મી.—જે માણસ અ પરીશીષ્ટમાં લખેલાં ઝેરમાંહેનું કોઈ પણ ઝેર વેચે તેણે તે વકરાનો દાખલો આ આકટને જોડેલા ક પરીશીષ્ટમાં લખેલા નમુના પ્રમાણે કીંવા તે સરખો તુરત અને તે ઝેર ખરીદદારને સ્વાધીન કર્યા પેહેલાં વાંચી શકાય તેમ સારી રીતે લખવો કિંવા લખાવવો. દાખલો લખવો કિંવા લખાવવો તે તે કામ સારૂ તે માણસે વહી રાખવી જોઇએ તે વહીમાં લખવો કિંવા લખાવવો અને તે દાખલામાં ઝેરનું નામ અને તે કેટલું વેચ્યું તે અને શા કારણ સારૂ જોઈએ છીએ તે કારણ કીંવા અમુક કારણ માટે તે જોઇએ છે એવું કહ્યું હોય તે કારણ તથા વેચાણની તારીખ તથા મહીનો તથા તેમાં વરષ તથા ખરીદદારનું નામ અને રેહેવાનું ઠેકાણું અને સ્થીતી અગર ધંધો એ વીગત જોઈએ. જે માણસને ઝેર વેચ્યું હોય તે માણસને સ્વાધીન કર્યા પહેલાં તે પાસેથી સદરહુ તપસીલ બાબત ઝેર વેચનારે ચોકશી કરવી જોઇએ અને ચોકશી કરવાનો તેને આ કલમ ઉપરથી અધિકાર છે અને સદરહુ પ્રકારનો દાખલો જે માણસ વહીમાં લખે તેણે તે દાખલા ઉપર સહી કરવી જોઇએ અને ખરીદદારે પણ સહી કરવી જોઈએ પરંતુ મને લખતાં આવડતુ નથી એવું ખરીદદાર કહે ત્યારે આ કલમમાં કહેલો દાખલો લખનાર માણસને "લખતાં આવડતુ નથી" એ શબ્દોને વકરાની તપસીલમાં ઉમેરવાં અને જે વકરામાં આ આકટ પ્રમાણે સાક્ષીદારની જરૂર હોય તે વકરાના દાખલા ઉપર શાક્ષીદારે સહી કરવી જોઈએ ને તેમાં પોતાનું રેહેવાનું ઠેકાણુ પણ લખવુ જોઇએ.

કલમ ૧૪ મી.—ઝેર વેચનારા માણસે જે માણસ પોતાનો ઓળખીતો નથી તેને અ પરીશીષ્ટમાં લખેલા ઝેર માંહેલુ કોઇ પણ ઝેર વેચવું નહી પરંતુ કોઈ સાક્ષીદારને ઝેર વેચનારો માણસ ઓળખતો હોય અને તે સાક્ષીદાર ખરીદદારને ઓળખતો હોય તે સાક્ષીદાર રૂબરૂ વકરો કરીને અને તે સાક્ષીદાર અને ખરીદદારને ઝેર સ્વાધીન કર્યા પેહે-

લાં વકરાના દાખલા ઉપર પેતાની સહી કરી પોતાનું રેવાનુ ઠેકાણુ લખે તારે તે વકરાની ચીંતા નહી.

કલમ ૧૫ મી.—આ પરીશીષ્ટમાં લખેલાં ઝેરો માંહેલુ કોઇ પણ ઝેરનો ખરીદદાર વેચાણ વખત હાજર ન હોય ત્યારે ખરીદદારે લખી મોકલ્યા પ્રમાણે સદરહુ ઝેરોમાંનું કોઇ પણ ઝેર વેચાતું આપવાનો અધીકાર આ આકટ પ્રમાણે જેને વીશેષ પરવાનો મળ્યો હોય તેનેજ માત્ર છે પરંતુ એવુ ઠરાવ્યું છે કે સદરહુ પ્રમાણે લખાઈ આવ્યુ હોય તે મામુલ પ્રમાણે કામ ચલાવતાં વીશેષ પરવાના વાળાને પહોચવું જોઇએ અને તે ઉપર ખરીદદારની સહી હોવી જોઇએ. અને એવું ઠરાવ્યું છે કે જે ખરીદદારની તે ઉપર સહી હોય તેના અક્ષર વીશેષ પરવાના વાળો ઓળખે છે એમ જોઇએ. આ કલમ પ્રમાણે વકરો કર્યો એટલે વીશેષ પરવાના વાળાએ વહી રાખી હોય તેમાં તેણે તે વકરાનો દાખલો તાતકાળ લખવો. તે દાખલામાં ઝેરનું નામ અને તે કેટલુ વેચ્યુ અને વકરાની તારીખ તથા જે ખરીદદારે લખી મોકલ્યા ઉપરથી વકરો કર્યો હોય તેનું નામ તથા ઠેકાણુ લખવું અને તે દાખલા ઉપર તે લખનાર માણસે સહી કરવી

કલમ ૧૬ મી.—જે માણસ ૧૮ વર્ષ કરતાં ઓછી ઉમરનો છે એમ પોતાને ખરેખર લાગતુ હોય તેને કોઇ પણ ઝેર વેચવું નહી.

કલમ ૧૭ મી.—ફટકીયા સોમલની પુડીકો વેચ્યા પહેલાં તેમાં નીચે લખ્યા પ્રમાણે કાજળ કિંવા ગળી કીંવા પ્રસીયન બ્લ્યુ (આસમાની રંગ) ભેળ્યા વગર કોઈ માણસને તે પડીકું વેચવું નહી એટલે એક રતલ સોમલમાં નીદાન અઢી તોલા કાજળ કીંવા સવા તોલો ગળી કીંવા પ્રશીઅન બ્લ્યુ (આસમાની રંગ) એ પ્રમાણે ભેળ્યા વગર વેચવુંનહી અને સોમલ એક રતલ કરતાં વધારે કીંવા ઓછો હોય તે પ્રમાણે સદરહુ પ્રમાણ મુજબ સદરહુ પદાર્થ કમીજાસ્તી કરવો પરંતુ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારનો સોમલ, એનો કામ સારૂ નહી પણ બીજાં કામ સારૂ જોઇએ છે એવુ ખરીદદાર કહેતા હોય અને તે કામમાં સદરહુ પ્રકારનો એજેસો સોમલ આવનાર નહી એવુ તેના કહ્યા પ્રમાણે હોય ત્યારે સદરહુ પ્રકારનો સોમલ સદરહુ પ્રમાણે ભેળ કર્યા વગર એક ખેપે નહી બે રતલ વેચવાનો અધીકાર છે.

કલમ ૧૮ મી.—આ આકટની ૧૩ મી અથવા ૧૪ મી અથવા ૧૫ મી અથવા ૧૬ અથવા ૧૭ મી કલમ માંહેના કોઇ પણ ઠરાવ વીરૂધ કોઇ માણસ આ પરીશીષ્ટમાં લખેલા ઝેર માંહેનું કોઈ પણ ઝેર વેચશે ત્યારે તે માણસ અથવા જે તપશીલ વીશે ખરીદદાર પાસેથી પુછી લેવાનો અધીકાર વેચનારને છે તે તપસીલ માંહેની કોઇ પણ તપસીલ બાબત ખરીદદાર તેને ખોટો મજકુર કહે ત્યારે તે ખરીદદાર માણસ અથવા જે માણસ પોતાનો ઓળખીતો નથી તે મનુષ્યને ઝેર વેચતાં તે વકરાના દાખલા ઉપર કોના માણસ પોતાની સાક્ષી કરશે તારે તે માણસ તે વાતની માજીસ્રેટ રૂબરૂ સાબીતી થવાથી સદરહુ પ્રકારના દરેક ગુનહા માટે બસો રૂપીઆ સુધી દંડને પાત્ર થશે અને સદરહુ પ્રમાણે જે માણસ ઉપર ગુનહાની સાબીતી થશે તે માણસને આ આકટ મુજબ પરવાનો મળ્યો હશે તો માજીસ્રેટના હુકમ ઉપરથી તેનો પરવાનો ચાલુ સાલ માટે રદ થવાને તે પાત્ર થશે.

કલમ ૧૯ મી.—કોઇ પણ યુનીવરસીટીમાંનો ગ્રાજ્યુએટ ઓફ મેડીસીન (વૈદકની પરીક્ષામાં પાસ થયેલો માણસ) એણે અથવા પબલીક મેડીકલ એક્ષામીનીંગ બાડીના (વૈદાની પરીક્ષા લેવા સારૂ નીમેલી મંડળી) ડીપલોમા (સનદ) જેને મળી હશે તેણે અથવા સરકારમાં એપાથીકરીની જેની નીમનોક હોય કીંવા કોઈ પણ વખતે હતી તેણે લખીઆપ્યા પ્રમાણે ઓસડ સારૂ કોઇ પણ ઝેરની જરૂર હોય તેના વકરાને અથવા જે માણસ આબરૂદાર છે તથા વદ્દ કરે છે એવુ વેચનારના જાણ્યામાં હોય તેણે જાતે ઓશધસારૂ કોઈ પણ ઝેર મંગાવ્યુ હોય, તેના વકરાને અથવા આ કલમમાં ઉપર કહેલા કોઇ પણ માણસે લખીઆપ્યા મુજબ કીંવા પોતે કહ્યા મુજબ કોઇ પણ ઓસડ તૈયાર કરવાનુ હોય અથવા ભેળી તૈયાર કરવાનુ હોય તેમાંની સર્વ અથવા કોઈ પણ ચીજ ઝેર

હોય તેના વકરાને અથવા જથાબંધ વેપાર કરતો હોય તેને લખાણ આવ્યા ઉપરથી તે છુટક વેચનારને ઉપર વેચશે તે વકરાને આ આકટની ૧૩ મી કિંવા ૧૪ મી કીંવા ૧૫મી કીંવા ૧૬ મી કીંવા ૧૭ મી કલમમાંના કોઈ પણ ઠરાવ લાગુ નથી એમ સમજવું.

કલમ ૨૦ મી—કોઇ પણ માજીસ્ટ્રેટે આ આકટના આધારથી દંડ કીંવા ગુનેહગારી ઠરાવી હશે તે ન આપીતો માજીસ્ટ્રેટ વારંટ આપી ગુનેહગારનો માલ જપ્ત કરી વેચીને તે દંડ કીંવા ગુનેહગારી વસુલ કરવી. જપ્તીનો વારંટ આપ્યો હોય ત્યારે જપ્તીના વારંટના પરીણામની હકીકત યોગ્ય વખતે લખાઈ આવે ત્યાંહાં સુધી તેને પોહોરામાં રાખવા બાબત હુકમ કરવાનો અધીકાર માજીસ્ટ્રેટને છે પરંતુ જપ્તીના વારંટના પરીણામની હકીકત મોકલવાની જે તારીખ ઠરાવી હોય તે તારીખે હું માજીસ્ટ્રેટ રૂબરૂ હાજર થઇશ એવી સરતનો જામીન કીંવા જામીન વગર ગુનેહગાર મુચરકો લખી આપે તો તેને પોહોરામાં રાખવા નહી. તારીખ ઠરાવી તે સદરહુ પ્રકારનો મુચરકો જે તારીખે લીધો હોય તે તારીખથી આઠ દીવસ કરતાં અધીક આવવી નાખવી નહી; પરંતુ સદરહુ દંડ કીંવા ગુનેહગારી વસુલ કરવા જેટલો માલ પોતાની હકુમતમાં જપ્તીમાં મળનાર નથી એવું ગુનેહગારે કહ્યા ઉપરથી કિંવા બીજી રીતે માજીસ્ટ્રેટની નજરે સદરહુ પ્રકારનો જપ્તીનો વારંટ આપ્યા પેહેલાં જણાઇ આવે ત્યારે પોતાને યોગ્ય જણાય તો તેણે જપ્તીનો વારંટ આપવો નહી અને એવે પ્રસંગે અથવા સદરહુ પ્રકારનો વારંટ આપ્યો હોય અને દંડ કીંવા ગુનેહગારી વસુલ કરવા જેટલો માલ જપ્તીમાં મળતો નથી એવું જપ્તીના વારંટના પરીણામની હકીકત લખાઈ આવ્યા ઉપરથી માજીસ્ટ્રેટને જણાય તો તેણે વારંટ આપી પોતાના વીચારમાં આવે તે પ્રમાણે એકલા કેદમાં રાખવા માટે ગુનેહગારને તુરંગમાં મોકલવો. પચાસ રૂપીઆ કરતાં અધીક દંડ ન હોય તો કેદની મુદત ચાર મહીના કરતાં વધારે ન જોઇએ અને બીજા કોઇ પણ પ્રસંગે કેદની મુદત છ માસ કરતાં અધીક ન જોઇએ પરંતુ દંડનો કીંવા ગુનેહગારીનો અવેજ આપ્યો હોય તો સદરહુ મોહેનત કોઇ પણ પ્રસંગે કેદમાંથી મોકળો કરવો.

કલમ ૨૧ મી.—મુંબઇમાં ઈન્સાફની હાઇકોરટની અવલ દીવાની ફરીયાદી સાંભળવાની મામુલ હકુમતની સ્થળ સીમમાં જગા અને ચાલતા સામાન્ય કાયદા જે જગાને લાગુ હોય તે જગા બાદ કરીને સદરહુ ઇલ્લાકામાંહેની કોઇ પણ જગાએ ગવરનર ઈન કોનસીલ હુકમ કરીને આ આકટ લાગુ કરશે ત્યાંહાં સુધી તે જગામાં આ આકટ અમલમાં આવનાર નહી. સદરહુ પ્રકારના હુકમ સરકારી ગેજેટમાં પ્રસીધ કરવા અને જે જગે આ આકટ સદરહુ પ્રમાણે લાગુ કરવામાં આવશે તે જગે આ આકટ ઉપરથી કલેકટરે જે કામ કરવાં જોઈએ તે કામ કોણે કરવુ તથા આ આકટ પ્રમાણે દંડ તથા ગુનેહગારી કોણે ઠરાવવી અને સદરહુ પ્રકારની જગાએ આ આકટ પ્રમાણે ફી તથા દંડ તથા ગુનેહગારી લેવામાં આવશે તેનો અવેજ કેઈ રીતે કામમાં લાવવો તથા ખરચવો તે રીત આ આકટ સદરહુ પ્રમાણે લાગુ કરવા ટાણે ઠરાવવાનો અધીકાર ગવરનર ઇન કોન્સીલને છે આ કલમ પ્રમાણે કરેલો કોઈ પણ હુકમ થયા પછી બીજો હુકમ કરી મોકુફ કરવાનો કીંવા ફેરવવાનો કીંવા રદ કરવાનો પણ અધીકાર છે; પરંતુ એવુ ઠરાવ્યુ છે કે સદરહુ પ્રમાણે હુકમ મોકુફ કરવો કીંવા ફેરવવો કીંવા રદ કરવો તે સદરહુ પ્રકારની જગામાં પેહેલા કોઇ પણ હુકમ ઉપરથી આ આકટ અમલમાં આવ્યા પેહેલાં કરવો જોઇએ.

કલમ ૨૨ મી.—આ આકટ ગવરનરજનરલે મંજુર કર્યાની વાત ગવરનર સાહેબે પ્રસીદ્ધ કરવાની તારીખથી બે મહીના થયા પછી અમલમાં આવશે અને સદરહુ પ્રમાણે મંજુરી પ્રસીદ્ધ કરવી તે કરી કે સર્વે કોર્ટ તથા માજીસ્ત્રેટે તે ન્યાયાધિકારની રીતી ધ્યાનમાં રાખવી.

પરિશીષ્ટ અ.

(ત્રીજી કલમમાં કહેલું.)

વનસ્પતિ રૂપ ઝેર.

ઝેરનું નામ.	દેશી નામ.
અકોનૈટ.	વછનાગ.
કાક્યુલસ ઇનૂટિકસ.	કાગફળ.
ધતુરો.	ધંતુરો.
હેનબેન	ખુરસાણીઅજમો
નકસવ્હામિકા.	ઝેરકોચલાં.
સેંટ ઇગ્રેશિઅસબીન	પપીટાં.
કાલા બાર બીન	

ધાતુ રૂપ ઝેર.

ઝેરનું નામ.	દેશી નામ.
વ્હૈટ આર્સેનિક.	ફૂટકીયો સોમલ સોમલ
રેડ આર્સેનિક (રી અલગાર)	મણુસલ
યલો આર્સેનિક (આરપિમેંટ)	હરતાલ.
શિલ્સગ્રીન (આર્સેનૈટ આફ્ કાપર) સ્વેન ફ્ર્યે ગ્રીન (આસિટ આરસેનૈટ આફ્ કાપર)	મોરથુથુ
કરોસિવ સબ્લિમેંટ.	રસકપુર

પરિશિષ્ટ બ.

(૪ થી કલમમાં કહેલું.)

ઝેરી પદાર્થ વેચવાના સામાન્ય કીંવા વિશેષ (જેવા હોય તેવા) પરવાનાનો નમુનો (આ અંગ્રેજીમાં હોય કીંવા દેશી ભાષામાં હોય.)

મુંબઈના સન ૧૮૮૬ ના ૮ મા આકટમાં કહેલાં ઝેરી પદાર્થ આ પરવાનાની તારીખથી આવતા ડીસેમ્બર મહીનાની ૩૧ મી તારીખ પર્યંત (મુંબઈમાં ઇનસાફની હાઈકોર્ટની અવલ દીવાની ફરીયાદ લેવાની મામુલ હકુમતની સ્થળ સીમમાં કીંવા જીલ્લામાં વીશેષ પ્રસંગ પ્રમાણે જેવું હોય તેવું લખવું.) વેચવાનો આ સામાન્ય કીંવા (જેવો હોય તેવો) પરવાનો—ક—ડ (અહીં મનુષ્યનું કીંવા કંપનીનું નામ લખવું) એને હું અ બ એ આપ્યો છે. સદરહુ આકટના નીયમ પ્રમાણે મસારનીલ્હે ક—ડ—એ ચાલવું જોઈએ ન ચાલ્યા તો આ પરવાનો રદ થવા જોગ થશે.

(સહી) અ. બ.

મ્યુનિસિપલ કમિશનર.

કચેરી.

(કિંવા કલેકટર.)

પરિશીષ્ટ ક.

(૧૩ મી કલમમાં કહેલું)

ઝેર વેચવાનો દાખલો લખવાનો નમુનો (આ દાખલો

અંગ્રેજીમાં કીંવા દેશી ભાષામાં લખવો.)

વકરાની તારીખ.	ખરીદદારનું નામ તથા ઉપનામ	ખરીદદારનું રેહેવાનું ઠેકાણું.	સ્થીતી કિંવા ધંધો.	ઝેર વેચ્યું હોય તે.	કેટલું વેચ્યું તે.	શાં કારણસાર જોઇયે કીંવા શા કારણસાર જોઇયે એમ કહ્યું હોય તે.

ખરીદદારની સહી કીંવા ખરીદદારને લખતાં આવડતું ન હોય ત્યારે તેની અવેજી તેની નીશાની કરાવવી ને લખતાં આવડતું નથી એ શબ્દો વધારવા.

સાક્ષીદારની સહી તથા રેહેવાનું ઠેકાણું.

વેચનારની સહી.

ઈંડિયાના ગવરનરે જનરલ ઇન કાંઉન્શીલને હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૬૬ ના મારચ મહીનાની ૨૩ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસિદ્ધ કર્યો છે.

સને ૧૮૬૬ નો આક્ટ ૧૪ મો.

પોસ્ટ આફીસનો બંદોબસ્ત કરવો તથા પોસ્ટના હાંસલના નિયમ ઠરાવવા તથા પોસ્ટ આફીસ સંબંધી ગુન્હા થાય તેની શિક્ષા કરવી તે બાબત કાયદો છે તે સુધારવો યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

ભાગ ૧ લો.

પ્રથમ નિયમો.

૧ આ આક્ટ સને ૧૮૬૬ ના મે મહીનાની ૧ લી તારીખે અમલમાં આવશે. અને "હીંદુસ્તાનનો સને ૧૮૬૬નો પોષ્ટ આફીસનો આકટ કહેવો.

આક્ટ ક્યારે ચાલુ થશે. નાહાનું મથાળું.

૨ વિષયને અથવા આગલા પાછલા સબંધને બાધ આવતો નહીં હોય તો આ આક્ટ માંહેના "ફોજદારી કોરટ" આ શબ્દોમાં જે જડજ અથવા માજીસ્ત્રેટ જસ્ટીસ ઓફ પીસ અથવા પોલીસ માજીસ્ત્રેટ ફોજદારી મુકદમામાં કાયદાસર રીતે હકુમત ચલાવતો હોય તે દરેક જડજનો અથવા માજીસ્ત્રેટ અથવા જસ્ટીસ ઓફ ધી પીસનો અથવા પોલીસ માજીસ્ત્રેટનો સમાસ થાય છે એવું સમજવું. અને દંડ આ શબ્દમાં ગુનેગારીના અથવા દંડ દાખલ જે અવેજ લેવા હોય તેનો અથવા મુચરકાની સરત તોડ્યા બાબત જે પઇશા આપવા પડે તેનો સમાસ થાય છે, એવું સમજવું. "કુઅરટ પાકેટ" (એકઠા કરેલા પત્રોનો લખોટો) એટલે જે લખોટામાં એકઠા કરેલા પત્રો હોય અને જે લખોટો પોષ્ટ આફીસના માણસે કર્યો નહીં હોય અને હેઠળ લખેલા મતલબથી પોષ્ટ આફીસની મારફતે મોકલ્યો હોય એટલે જે માણસે તે લખોટો કીધો હોય તે માણસનો આડતીઓ તે લખોટામાંના પત્રો એક કરતાં વત્તાં માણસોને પહોંચાડે એવી મતલબથી પોષ્ટ આફીસમાં મોકલ્યો હોય તે "વર્તમાન પત્ર" આ શબ્દમાં ઘણામાં ઘણાં એકત્રીશ દીવસ લગીની હરકાંઈ નિયમિત મુદતે મુદતે જે કાંઇ છપાતું હોય તેનો સમાસ થાય છે. "મેલ" (ડાક) આ શબ્દમાં આ આકટના ઠરાવ પ્રમાણે લેઇ ગએલા હરકાંઈ પત્રનો અથવા બેંગીનો અથવા બીજી જણસોનો સમાસ થાય છે. અને તેજ પ્રમાણે મેલ લાવવા લઈ જવાના કામના અથવા મેલ સંભાળવાના કામમાં પોષ્ટ આ-

અરથની કલમ.

દંડ.

કુઅરટ પાકેટ.

વર્તમાનપત્ર.

મેલ.

ફીસ જે પેટી અથવા થેલી અથવા બીજી જણસ અથવા ગાડી અથવા ઘોડો અથવા કાશદ અથવા બીજું માણસ રાખ્યું હોય અથવા કામમાં આવતું હોય તેનો સમાસ થાય છે. "બ્રીટીશ ઈંડીઆ" આ શબ્દોમાં "હીંદુસ્તાનનો રાજકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો" એ નામનો વિક્ટોરીયા રાણીના ૨૧ મા અને ૨૨ મા વર્ષમા ૧૦૬ ઠો બાબ કર્યો છે તે પ્રમાણે જે મુલક રાણી સાહેબને હાથ આવ્યો છે અથવા રાણી સાહેબને હાથ આપવા તેઓના જાયનાસીનને એટલે તેની ગાદી ઉપર બેસનારને હાથ આવે પછી આવશે તેટલા મુલકનો સમાસ થાય છે એવું સમજવું.

બ્રીટીશ ઈંડીઆ.

૩ સને ૧૮૫૪ નો ૧૭ મો આકટ આ કલમ ઉપરથી રદ કર્યો છે પણ તે આકટ ઉપરથી બીજો કોઈ આકટ અથવા કાયદો સઘળો અથવા થોડોઘણો રદ થતો હશે તો તે બાબત અને આ આકટ અમલમાં આવ્યા પહેલાં જે કાંઈ કામ અથવા ગુનોહ થયો હોય અથવા કર્યો હોય તે બાબત અથવા નાણું આપવાની મુદત થઇ હોય તે બાબત અથવા દંડના અથવા ગુનેગારીના રૂપીઆ આવ્યા હોય તે બાબત અથવા હરકાંઇ મુકરદમાનું કામ શરૂ હોય તે બાબત તે આકટ રદ છે એવું સમજવું નહીં.

સને૧૮૫૭નો૧૭ મો આકટ રદ કરવા બાબત.

૪ સને ૧૮૫૪ ના ૧૭ મા આકટ પછી રહેલા હરકોઇ આકટમાં સન ૧૮૫૪ ના ૧૭ મા આકટની હરકોંઈ કલમનો હવાલો આપ્યો હોય તે આ આકટની તેવીજ કલમનો આપ્યો છે એવું સમજવું.

સન ૧૮૫૪ ના ૧૭ મા આકટનો હવાલો આપ્યો હોય તે આ આકટનો આપ્યો છે એવું સમજવું.

૫ બ્રીટીય ઈંડીયામાં ઈંડીયા સરકારે જે ઠેકાણે પોષ્ટો બેસાડ્યા હોય અથવા સરકાર પોષ્ટો બેસાડશે તે ઠેકાણે હેઠળ લખેલા પ્રકારના પત્રો શિવાય બાકીના બાજા સઘળા પત્રો એક ઠેકાણેથી બીજે ઠેકાણે પોષ્ટની મારફતે લાવવા લઈ જવાનો અનન્યગ્રહ્યાધિકાર અને હેઠળ લખેલા પ્રકારના પત્રો શીવાય બાકીના બીજા સઘળા પત્રો લેવા તથા એકઠા કરવા તથા મોકલવા તથા રવાને કરવા તથા પહોચાડવા એ સઘળાં પ્રસંગીક કામો કરવાનો પણ અનન્યગ્રહ્યાધિકાર સદરહુ સરકારને છે ઉપર કહેલાં ખેરીજ પત્રોની વીગત.

પત્રો લાવવા લઇ જવાનો અનન્યગ્રાહ્યાધિકાર ઈંડીઆ સરકારને આપ્યો છે.

૧ પત્રો લેવા સારૂ અથવા લઇ જવા સારૂ અથવા પહોંચાડવા સારૂ કાંઈ મજુરી અથવા ઇનામ લીધા વગર અથવા પોતાનો બીજો કાંઇ નફો અથવા હીત કરી લીધા વગર તે પત્રો જેનાં નામના હોય તેણે કોઈ ખાનગી મિત્ર પહોંચાડે એટલા સારૂ તે મિત્ર રસ્તે જતો હોય તેની સાથે મોકલ્યાં હોય તે પત્રો.

૨ મોકલનારના અથવા જેને મોકલ્યાં હોય તેનાજ કામના ખસુસ કરીને કાસદ સાથે મોકલેલા પત્રો.

૩ માલ અથવા બીજી જણસ જળ માર્ગે અથવા ખુશકીને રસ્તે મોકલી હોય તે જ બાબતના પત્રો લેવા સારૂ અથવા લઈજવા સારૂ અથવા પહોચાડવા સારૂ કાંઈ મજુરી અથવા ઇનામ લીધા વગર અથવા બીજો કાંઈ નફો અથવા પોતાનું હીત કરી લીધા વગર તે પતરો જે માલ બાબત અથવા માણસ બાબત હોય તે માલની અથવા જણસની શાથે પોચાડવાના હોય તે પતરો પણ સદરહુ પ્રમાણે ખેરીજ કરેલા પતરો મોકલવા-

નો અધીકાર આપ્યો છે તે રીતે મોકલવા સારૂ તેવા પતરો એકઠા કરવાનો કોઈને આ કલમ ઉપરથી અધીકાર છે. એવુ સમજવું નહી.

પતરોએકઠાંકરવા-નીઅથવાલઈજવાની અથવા પહોંચાડવાની જેમાણસોને ખસુસક રીનેમનાઈ કરીછે તે માણસો.

૬ બ્રટીસ ઇંડીઆમાં જે ઠેકાણે ઇંડીઆ સરકારે પોસ્ટો બેસાડ્યા હોય અથવા બેસાડશે તે ઠેકાણે હેઠળ લખેલા માણસો પત્ર અથવા પત્રો એકઠા કરવા બાબત અથવા લઈજવા બાબત અથવા પત્રો આપવા કાડવા બાબત અથવા પહોંચાડવા સારૂ પોતાને સ્વાધીન લેવા બાબત કાંઈ મજુરી અથવા ઈનામ મળે તોપણ તેઓને તે કરવાની ખસુશ કરીને મનાઈ કરી છે તે માણસોની વિગત.

૧ ઊતારૂ અથવા માલ જે માણસો લઈ જતા હોયતે માણસો તથા તેઓની નીસબતનાં હાંકનારાઓ તથા તેઓના ચાકરો અથવા તેઓના આડતીયા તેઓના વહાણ માંહેના માલ બાબત માત્ર જે પત્રો હોય તે બાબત મનાઈ નથી.

૨ બ્રીટીશ ઈંડીઆ માંહેની નદીમાં અથવા નેહેરમાં ફરનારા અથવા એક બંદરથી બીજે બંદરે જનારા વહાણોના અથવા આગબોટોના અથવા બીજા વહાણોના ધણીને તથા કમાંડરને તથા તેઓના ચાકરને અથવા તેઓના આડતીઆઓને વહાણ ઊપરના માલ બાબત માત્ર પતરો હોય તે બાબતની મનાઈ નથી.

પોસ્ટહોફીસનુંકામ ચલાવવાસારૂઅમલદારોની નેમણુંક.

૭ પોસ્ટ આફીસનું કામ ચલાવવા સારૂ ઇંડીઆના ગવરનર જનરલ ઇનકાંઊશીલને વખતે વખતે યોગય દેખાસે તે પ્રમાણે અમલદાર નીમવાને તથા તેઓના હોદ્દાના નામો ઠરાવવાને અથવા તેવા અમલદારો નેમવાનો અધીકાર આપવાનો અને આ આકટનો ઠરાવ વીરૂધ નહોય તેવો અખતીઆર તેઓને આપવાને તથા સોંપવાને ઈંડીયાના ગવરનર જનરલ ઇનકાઊશીલ મુખતીયાર છે.

ભાગ ૨ જો.

પ્રથમ નિયમો.

પતરોના હાંસલના દર બાબત

૮ જે ઠેકાણે ઈંડીયા સરકારે પોસ્ટ બેસાડ્યા હોય અથવા બેસાડસે તે ઠેકાણે ખુશકીને રસતે જનારા લેટર પોષ્ટમાં એટલે પત્રની ડાકમાં જે પતરો મોકલવામાં આવસે તે પતરોનું હાંસલ આ આકટમાં હેઠળ લખ્યા પ્રમાણે ઠૅપ ચોડીને અગાઊ આપે તો તે હાંસલ પત્રના વજન પ્રમાણે હેઠળ લખેલા પરીણામ પ્રમાણે લેવું.

જે પતરોનું વજન ૦ા તોલા કરતાં વધારે નહી હોય તે દરએક પતરોના અરધો આનો.

જે પતરોનું વજન પા તોલા ઊપર અને અરધા તોલાની અંદર હોય તે દરેક પતરોનું એક આનો.

જે પતરોનુ વજન અરધા તોલા ઊપર અને એક તોલાની અંદર હોય તે દરેક પત્રના બે આના.

અને એક તોલા ઊપર વજન હોય તો વત્તા વજનના દરેક અરધા તોલાએ એક એક

આનો વત્તો લેવો, અને એક તોલા ઉપર અરધા તોલાનો કાંઈ અંશ વધારે હોય તો પણ અરધો તોલો વધારે થયો હોય તે પ્રમાણે હાંસલ લેવું.

જે જણશનુ હાંશલ આ આકટ પ્રમાણે બીજા દર પ્રમાણે લેવાનું નહી હોય તે જણસ લેટર પોષ્ટમાં મોકલે તો તે આ કલમના અર્થ પ્રમાણે પત્ર છે એવુ સમજવું.

૯ જે ઠેકાણે ઇંડીયા સરકારે પોષ્ટો બેસાડ્યા હોય અથવા બેસાડશે તે ઠેકાણે વરતમાનપત્ર લેટરપોષ્ટમાં ખુસકીને રસ્તે મોકલવામાં આવે તેનું હાંસલ તેના વજન પ્રમાણે હેઠળ લખેલા પરીણામ પ્રમાણે લેવું.

જે વરતમાનપત્રનું વજન દશ તોલાથી વધારે નહિ હોય તે દરેક વરતમાનપત્રનો એક આનો.

જે વરતમાનપત્રનું વજન દસ તોલા ઉપર અને વીશ તોલા અંદર હોય તે દરેક વરતમાનપત્રના બે આના.

અને વીશ તોલા ઉપર હોય તો વત્તા વજનના દર દશ તોલાએ એક એક આનો જાસ્તી લેવો અને દસ તોલાનો કાંઇ અંશ વધારે હોય તોપણ દસ તોલા જાસતી થયો હોય તે પ્રમાણે હાંસલ લેવું.

વરતમાન પત્રની જે તારીખ હોય તેજ તારીખનો તેનો અડસટો (એટલે વધારે અથવા પુરવણી) હોય, અને વરતમાનપત્ર સાથે એકજ પડબીડામાં ઘાલીને મોકલી હોય તો તે તેજ વરતમાનપત્રનો ભાગ છે એવું સમજવું.

લોકોએ વરતમાનપત્ર પોષ્ટની મારફતેજ મોકલવા જોઇએ એવું આ આકટના કોઇ ઠરાવ ઉપરથી સમજવું નહીં લોકો વરતમાનપત્ર બીજી ગમે તે રીતે મોકલવાને મુખતીઆર છે.

૧૦ હેઠળ લખેલી સરત પાળ્યા વગર વરતમાનપત્ર લેટરપોષ્ટમાં ઉપરની છેલ્લી કલમમાં લખેલા દર પ્રમાણે મોકલવું નહી તે સરતોની વીગત,

૧ વરતમાનપત્ર ઉપર પડબીડીયુ ન જોઇએ અને હોય તો ઠુક રાખીને બેઉ છેડે ઉઘાડુ જોઇએ.

૨ વરતમાનપત્ર છપાયા પછી ફરીથી તે ઉપર અથવા તેના પડબીડાનાપર કાંઈ પણ શબ્દ છાપેલો ન જોઈએ, અથવા તે ઉપર અથવા તેના પડબીડા ઊપર કાંઈ લખેલું ન જોઇએ અથવા કાંઇ ચિન્હ ન જોઇએ. પણ જેને તે મોકલ્યું હોય તેનુ નામ તથા ઠેકાણું તથા જેણે મોકલ્યું હોય તેનું નામ તથા ઠામ ઠેકાણું એટલુંજ ઉપર જોઇએ.

૩ વરતમાનપત્રમાં બીજો કાંઈ કાગળ અથવા વસ્તુ બીડેલી અથવા તેની સાથે ન જોઈએ.

૧૧ તે વરતમાનપત્ર લેટરપોષ્ટમાં મોકલ્યું હોય તે વરતમાનપત્ર બાબત સદરહુ શરત પ્રમાણે નહી હોય ત્યારે તે વરતમાનપત્રનું તથા તેની અંદર બીડેલી અથવા તેની સાથે જે વસ્તુ હોય તેનુ હાંસલ ષ્ટાંપ ચોહોડ્યા વગરના તેટલાજ વજનના પત્રનુ જેટલું હાંસલ લેવામાં આવે તેટલું લેવું.

૧૨ પ્રુફશિટ હોય અને એ પ્રુફશિટ છે એવું તે ઉપર લખ્યું હોય તો વરતમાન પત્રના દર પ્રમાણે તેનુ હાંસલ આપીને તે લેટર પોસ્ટમાં મોકલવાનો અધીકાર છે પણ અંદર શું છે તે મોકલનારાએ તેના પડબીડા ઉપર ખરેખરૂં લખીને પોતાની આખી શહી કરવી જોઇયે નહી તો તેનું

પ્રુફશિટ (એટલેસુધઅસુદ્ધજોવાસારૂછા

પેક્ષાબંધ)બાબત — હાંશલ ચોઢ્યા વગરના તેટલાજ વજનના પત્રનુ હાંશલ જે દર પ્રમાણે લેવામાં આવે છે તે દર પ્રમાણે લેવું.

બુકો એટલે ચોપડીઓ) તથા વરતમાન પત્રના પાકેટો વગેરેના હાંસલના દર બાબત.

૧૩ બુકો એટલે (ચોપડીઓ) તથા વરતમાનપત્રોનાં પાકેટો તથા બીજી જણસો જેટલે છેટે લેઇ જવી હોય તે છેટા ઉપર નજર રાખ્યા વગર તેઓનુ હાંશલ ઇંડીયા ગવરનર જનરલ ઇનકાંઊસીલ વખતે વખતે નીયમ તથા સરતો ઠરાવે તે નિયમ તથા સરતો પ્રમાણે ચાલીને હેઠળ લખેલા દર પ્રમાણે લેવુ પણ આ એકટમાં આગળ કહ્યા પ્રમાણે તેઓ ઉપર યોગ્ય સ્ટાંપ ચોડીને તેઓનુ હાંશલ અગાઉ આપવુ જોઈએ.

દશ તોલાથી વધારે વજન નહી હોયતો એક આનો.

દશ તોલા ઉપર અને વીશ તોલાની અંદર હોય તો બે આના.

અને વીશ તોલા ઉપર વજન હોયતો વતા વજનના દશ તોલાએ બીજો એક આનો જાસતી લેવો. અને દસ તોલાનો કાંઈ અંશ વધારે હોય તો પણ તેનુ હાંસલ દસ તોલા વતુ વજન થયુ હોય તે પ્રમાણે લેવું.

સદરહુ બુકનુ અથવા બીજી જણશનુ હાંસલ ઉપર લખ્યા પ્રમાણે અગાઉ આપ્યુ નહી હશે તો આ આકટની ૧૪ મી કલમમાં બેંગીના હાંશલના દર ઠરાવ્યા છે તે પ્રમાણે તેનું હાંશલ બેસશે.

બેંગીનુ ખુસકીનુ હાંસલ.

૧૪ પોસ્ટમાં બેંગી મોકલે તેનું ખુશકીનું હાંશલ તથા છેટું હોય તે પ્રમાણે હેઠળ લખેલા પરીમાણ પ્રમાણે લેવું.

વજન વધારે ન હોય તો.

છેટુ.	૨૦ તોલાથી	૫૦ તોલાથી	૧૦૦ તોલાથી	૨૦૦ તોલાથી	૩૦૦ તોલાથી	૪૦૦ તોલાથી	૫૦૦ તોલાથી	
	રૂ૦ આ૦	રૂ૦ આ૦	રૂ૦ આ૦	રૂ૦ આ૦	રૂ૦ આ૦	રૂ૦ આ૦	રૂ૦ આ૦	રૂ૦ આ૦
૩૦૦ માઇલથી વધારે હોયતો.	૦—૪	૦—૮	૦—૧૨	૧—૮	૨—૪	૩—૦	૩—૧૨	૪—૮ ૯—૦
૬૦૦ એજન	૦—૮	૧—૦	૧—૮	૩—૦	૪—૮	૬—૦	૭—૮	
૯૦૦ એજન	૦—૧૨	૧—૮	૨—૪	૪—૦	૬—૧૨	૯—૦	૧૧—૪	૧૩—૮
૧૨૦૦ એજન	૧—૦	૨—૦	૩—૦	૬—૦	૯—૦	૧૨—૦	૧૫—૦	૧૮—૦
૧૨૦૦ માઇલથી વધારે હોયતો	૧—૪	૨—૮	૩—૧૨	૭—૭	૧૧—૪	૧૫—૦	૧૮—૧૨	૨૨—૮

પણ એવું ઠરાવ્યું છે કે બેંગીમાં એક કરતાં વતાં પત્ર બીડવાં નહી બીડશે તો પચાશ રૂપીઆ સુધી ગુનેગારી બેશશે.

બેંગીનુ હાંસલ ગણવા સારૂ છેટાનુ કો

૧૫ આ આકટની ૧૪ મી કલમ પ્રમાણે છેટા પ્રમાણે જ્યારે બેંગીનુ હાંશલ લેવુ હોય ત્યારે ઈંડીઆના ગવરનર જનરલ ઇનકાંઉશીલ વખતે વખતે છેટાનું કોશટક મંજુર કરે તે કોસટક પરમાણે હાંસલનો હીસાબ કરીને હાંસલ લેવુ અને જે પોશ્ટ આફીશના છેટાં સદરહુ કોસ્ટકમાં લ-

૨૯૬. ખ્યાં નહી હોય તે પોસ્ટ ઓફીસની નજીકની જે પોસ્ટ ઓફીસોનાં છેટાં કોસ્ટકમાં લખ્યાં હોય તે તે પોસ્ટ આફીસોનાં છે એવુ આ આકટની મતલબ સારૂ સમજવુ એવો ઠરાવ કરવાને ઇનડીઆના ગવરનર જનરલ ઇનિકાંઉશીલ મુખતીયારછે, દરેક પોશટ માસતર જનરલે સદરહુ છેટાના કોસ્ટક ઉપરથી પોતાના તાબા માંહેની દરેક પોષ્ટ હોફીસ સારૂ હીંદુસ્તાન માંહેની સઘળી પોસ્ટ ઓફીસોની યાદ ઇંગરેજી તથા દેશી ભાષામાં અક્ષરને અનુક્રમે કરવી અને જે પોષ્ટ ઓફીશની કચેરીને સારૂ તે યાદ કરવી હોય તે પોષ્ટ ઓફીસથી બીજી દરેક પોસ્ટ ઓફીશનુ છેટુ તેમાં લખવું તથા તે યાદ શહેજ નજરે પડે તેવી જગાએ તે પોસ્ટ ઓફીસમાં મારવી,

જ્યાં બેંગીઓ પોસ્ટ નહી હોય ત્યાં બંગીઓ તથા બુકો વગરે લેટર પોસ્ટમાં લેઇ જવી.

૧૬ કોઈ રસતા ઉપર બેંગી પોસ્ટ બેસાડયો નહી હોય ત્યારે બેંગીઓ તથા બુકો તથા બીજી જણસો લઇને લેટરપોસ્ટમાં મોકલવી અને જે પત્ર બાબત અથવા બીજી ચીઠી ચપાટી બાબત આ આકટની હરકોઇ કલમ પ્રમાણે જાસ્તી દર પ્રમાણે હાંસલ બેસે છે તેવું પત્ર અથવા ચીઠી ચપાટી બેંગીમાં ઘાલી નથી એવો દાખલો બેંગી ઉપર અથવા બુકના પાકેટ ઉપર અથવા બીજી જણસ ઉપર મોકલનારે લખીને પોતાની આપની સહી તથા ઠામ ઠેકાંણુ લખ્યુ હોય તો તેનુ હાંસલ આ આકટની ૧૩ મી અથવા ૧૪ મી કલમમાં કહેલા પરીમાણ પ્રમાણે પ્રસંગાનુસાર લેવું.

દાખલો.

સદરહુ દાખલો ખોટો હોય તો જે બેંગી ઉપર અથવા બુકના પાકેટ ઉપર અથવા બીજી જણસ ઉપર દાખલો લખ્યો હોય તે બેંગીમાં અથવા બુકના પાકેટના પોસ્ટમાં અથવા બીજી જણસમાં જે પત્ર અથવા ચીઠી ચપાટી હોય તે છુટી મોકલતાં તેનું જેટલુ પત્રનુ હાંસલ બેસે તેટલુ બેસસે

ઘણામાં ઘણા દશ તોલા સુધીના બુકના પાકેટો તથા બેંગીઓ બેંગી પોસ્ટમાં અથવા બુકના પાકેટના પોસ્ટમાં મોકલવાનુ લખ્યુ નહી હોય તો લેટર પોસ્ટમાં મોકલવી.

૧૭ ઘણામાંઘણી દશ તોલા સુધીના બુકના પાકેટો તથા બેંગીઓ પોસ્ટ ઓફીસની મારફતે મોકલે એ બેંગી પોસ્ટમાં અથવા બુકના પાકેટના પોસ્ટમાં મોકલવાનુ ખસુસ કરીને લખ્યુ નહી હોય તો લેટર પોસ્ટમાં લઇ જવી અને તે બાબત લેટર પોસ્ટનુ હાંશલ લેવુ.

બેંગીનુ વાહાણનુ હાંશલ લેવા બાબત

૧૮ જે બેંગી ખુશકીને રસતે જતાં છેટા પ્રમાણે બેંગીનુ હાંસલ આ આકટની ૧૪ મી કલમ પ્રમાણે લેછે તે બેંગીઓ મલીકામાયાજમાના હીદુસ્તાન માંહેના પોસ્ટમાં જળ મારગે લઈ જાય તો તેનું હાંશલ હેઠળ લખેલા પરિમાણ પ્રમાણે લેવુ.

વીશ તોલા કરતાં વતાં વજનની બેંગી હોય તો બે આના.

જે બેંગી વીશ તોલા ઉપર અને ચાળીસ તોલાની અંદર હોય તો તેના ચાર આના અને બેંગી ચાળીશ તોલા ઉપર અને સો તોલાની અંદર હોય તો તેના આઠ આના, અને સો તોલા ઉપર વજન હોય તો વતા વજનના દર સેંકડે આઠ આના, અને સો તોલા

ઊપર સો તોલાના કાંઈ અંશ વધારે હોય તો પણ પુરા સો તોલાનુ હાંસલ લેવુ; અને તેવી એંગી મલીકામાયાઝમાના હીંદુસ્તાનના પોસ્ટમાં કાંઈ રસ્તા સુધી ખુસકીને રસ્તે અને કાંઈ રસ્તા સુધી જળ મારગે જશે તો ખુશકીનુ એંગીને હાંસલ લઇને વહાંણનુ પણ હાંશલ લેવું.

સરવેપ્રસંગેઅગાઊહાંસલલેવાનો હુકમ કરવાનેગવરનરજનરલઇનકાઊસીલમુખતીયારછે,

૧૯ યોગ સ્ટાંપ ચોડીને પુરેપુરૂ હાંસલ અગાઊ આપ્યા વગર હરકાંઇ પત્ર અથવા જણશ અથવા યોગ્ય સ્ટાંપ ચોડીને પુરેપુરૂ હાંસલ અગાઊ આપ્યા વગર ફલાણા ફલાણા પત્ર અથવા ફલાણી ફલાણી જણસ પોસ્ટમાં મોકલવી નહી એવો હુકમ ગમે તે વખતે કરવાને ઇંડીઆના ગવરનર ઇનકાંઊશીલમુખતીઆરછે; અને સ્ટાંપ ચોડીને અથવા બીજી રીતે અગાઊ હાંશલ આપવા બાબત ગવરનર જનરલ ઇંકાંઊશીલના ફરમાવ્યા પ્રમાણે હરકાંઇ પત્રનું અથવા બીજી જણસનુ પુરેપુરૂ હાંસલ અગાઊ આપ્યુ નહી હોય તેનુ અથવા ફલાણા ફલાણા પત્રનું અથવા ફલાણી ફલાણી જણશનુ હાંશલ આપ્યુ નહી હોય તો તેનુ હાંશલ વખતે વખતે યોગ્ય જણાય તે વતા દર પ્રમાણે લેવાનો હુકમ કરવાને ગવરનર જનરલ ઇનકાંઊશીલ મુખતીઆરછે પણ આ આકટમાં પાછળ કહેલા દરની બમણાઈ કરતાં વધુ હાંશલ લેવાનો તેઓએ હુકમ કરવો નહીં.

હાંશલનાદરબદલવાનેગવરનર જનરલ ઇનકાંઊસીલ મુખતીઆરછે.

૨૦ આ આકટમાં હાંશલના દર લખ્યાછે તે મુકીને બીજા દર પ્રમાણે હાંશલ લેવાનો હુકમ વખતે વખતે કરવાનો ઇંડીઆના ગવરનર જનરલ ઇનકાંઊસીલને અધીકારછે પણ આ આકટની ૮ મી અને ૯ મી કલમમાં જે દર ઠરાવ્યોછે તે કરતાં તે નવા દર વધારે ઠરાવવા નહી.

આગબોટનાહાંસલનાદરઠરાવવાનેગવરનરજનરલઇનકાંઊસીલમુખતીયારછે

૨૧ ફલાણા ફલાણા પતરો અથવા ફલાણી ફલાંણી બીજી જણસો ગરેટબ્રિટનના હરકોઇ ભાગમાંથી અથવા હરકોઇ બ્રીટિશ કાલાનીમાંથી (એટલે બ્રીટીસ લોકોની વસાહતમાંથી) અથવા પરરાજ્યમાંથી પોસ્ટની મારફતે બ્રીટીસ ઇંડીઆમાં હરકોઇ ઠેકાણે મોકલવામાં આવે અથવા બ્રીટીશ ઈંડીયા માંહેના હરકોઇ ઠેકાણાથી ગરેટબ્રીટનના હરકોઇ ભાગમાં અથવા હરકોઇ બ્રીટીશકાલાનીમાં અથવા હરકોઇ પરરાજમાં મોકલવામાં આવે તેઓનુ હાંશલ આ આકટમાં જે દર કહયાછે તેથી જુદા દર પ્રમાણે લેવુ એવો હુકમ વખતે વખતે કરવાને ઈંડીયાના ગવરનર જનરલ ઇનકાંઊસીલ મુખતીયારછે. કાંઊંશીલે આ આકટ પ્રમાણે જે હુકમ કીધા હોય તેમાં જે પત્ર અથવા બીજી જણસ લખી હોય તેનુ આગબોટનુ હાંસલ એ નામનુ અથવા બીજા નામનું હાંસલ લેવાના દર હરકોઇ ઇલાકાના સરકારી ગેજટમાં છપાઇને પ્રશિધ થયા પછી આ આકટ પ્રમાણે જે રીતે હાંસલ લેછે તે રીતે સદરહુ પ્રકારનુ હાંસલ લેવું.

જે જણસો ઠેટસુધી અથવા કેટલેએક સુધી જળ મારગે મોકલવામાં આ

૨૨ જે પતરો અથવા બીજી જણસો હીંદુસ્તાનના એક ભાગથી બીજે ભાગ અથવા હીંદુસ્તાન માંહેના એક ઠેકાણેથી બીજે ઠેકાણે પોસ્ટની મારફતે જળમારગે અથવા કેટલેએકસુધી જળ મારગે અને કેટલેએક સુધી ખુશકીને રસ્તે મોકલવામાં આવે તે સઘળા પતરોના અથવા જણસોના હાંસલના દર વખતે વખતે ઠરાવવાનો ઇંડીયાના ગવરનર જનરલ ઇન

વશે. તેઓના હાંસલનાદરઠરાવવાનેગવરનરજનરલ ઇન્કાંઉસલ મુખતીયારછે.

કાંઊંશીલ મુખતીયારછે તે દર એક સરખા રાખવાની જરૂર નથી પણ તે પતરો અથવા જણસો જે વાહનમાં અથવા જે રસ્તે મોકલવામાં આવે તે વાહન અથવા રશતા પ્રમાણે તે દર જુદા જુદા હશે તો પણ ચીંતા નથી

એક્ષપરેસનાહાંસલનાદરઠરાવવાનેગવરનરજનરલ ઇનકાંઉશીલમુખખતીઆરછે

૨૩ પતરો અથવા બીજી જણસો "એકસપરેસ" ખસુસ કરીને જલદી રવાના કરવાની ડાકમાં લાવવા લઇ જવા બાબતનુ હાંસલ આ આકટ પ્રમાણે તે પતરોનું અથવા બીજી જેણસોનુ જે હાંશલ બેસે તે શીવાય બીજુ અથવા તેને બદલે બીજુજ હાંસલ ફલાણા દર પ્રમાણે લેવુ એવુ વખતે વખતે ઠરાવીને હુકમ કરવાને ઇંડીયાના ગવરનર જનરલ મુખતીઆરછે.

ફરીથીઠામઠેકાણુ લખીનેમોકલેલાપત્ર બાબત.

૨૪ પત્ર ઉપર અથવા બીજિ જણસ ઉપર હરકોઇ પોસ્ટ આફીશમાં ફરીથી ઠામ ઠેકાણુ લખશે અથવા પત્ર કે બીજિ જણશ પોસ્ટની મારફતે જયાં પહોચી હોય ત્યાંથી તે પત્ર કે જણશ પોસ્ટની મારફતે મોકલશે તો તેનુ અગાઉ હાંસલ આપ્યું હોય તે શિવાય અથવા તેનુ હાંસલ લેવાનુ હોય તે લઇને વળી બીજુ હાંસલ લેવુ તે એ રીતે કે જે ઠેકાણે તે પત્ર ઉપર કે જણશ ઉપર ઠામ ઠેકાણુ લખયુ હોય અથવા જે ઠેકાણે તે મોકલી હોય તેજ ઠેકાણે તે પત્ર અથવા જણશ સ્ટાંપ ચોડીને પોસ્ટમાં નાખત તો જેટલુ હાંશલ થાત તેટલું હાંસલ લેવુ.

ભાગ ૩ જો.

રજીસ્ટર કરેલા એટલે નોંધેલા પત્રો.

પત્રરજીસ્ટર કરાવવાનો અધિકારછે.

૨૫ કોઇ માણસ પોસ્ટ આફીસમાં પત્ર અથવા બીજી જણસ નાખે ત્યારે આ પત્ર અથવા જણશ રજીસ્ટર કરે એટલે નોંધો ને એ નોંધેલા પત્રની અથવા જણશની પહોંચ આપો એવુકહેવાનો તે માણસનો હકછે. અને પત્ર અથવા બીજી જણસ મોકલનાર, ઉપર લખયા પ્રમાણે નોંધવાને કહે ત્યારે તે પત્રનું અથવા જણશનું આ આકટ પ્રમાણે જે હાંસલ થતુ હોય તે શીવાય બીજી ચાર આના શુધી ફી લેવાનો હુકમ કરવાનો ઈંડીઆ ગવરનર જનરલ ઇનકાંઉશીલનો અધીકારછે અને એ રજીસ્ટર કરવાની (એટલે નોંધાયણીની) ફી બાબત પત્ર ઉપર અથવા બીજી જણશ ઊપર સ્ટાંપ અથવા સ્ટાંપો ચોડવા.

કએ કએપ્રસંગેરજીષ્ટરકરાવવાની જરૂરછેતે ઠરાવવાનેગવરનર જનરલ ઈનકાઊંશીલમુખતીયારછે.

૨૬ કએ કએ પ્રસંગે રજીસ્ટર કરવાની જરૂર છે તે વખતે હુકમ કરીને ઠરાવવાને અને તે હુકમ પ્રમાણે જે પત્ર અથવા બીજી જણશ પોષ્ટમાં નાખતી વખત રજીસ્ટર કરાવવાની જરૂર હતી અને જેની રજીષ્ટર કરવાની ફી ૨૫ મી કલમમાં કહ્યા પ્રમાણે અગાઉ આપી નહી હોય તે પત્ર અથવા જણસ પોચાડતી વખતે તેની રજીસ્ટર કરવાની બમણી ફી લેવાનો હુકમ કરવાને ઈંડીયાના ગવરનર જનરલઇન્કાંઉશીલ મુખતીયાર છે.

ભાગ ૪ થો.

પાછા આવેલા તથા હાંસલ આપ્યા વગરના, તથા વગર ધણીયાતા, અને લેતો નથી એમ કહીને પાછા આપેલા પત્રો.

પોસ્ટ ઓફીસમાં એકવાર નાખેલાપત્રો તથા બીજી જણસોપાછીઆપવા બાબત.

૨૭ કોઇ માણસે પત્ર અથવા બીજી જણસ પોસ્ટ ઓફીસમાં આપી એટલે તે પાછી માગવાનો તેને હક નથી; પણ તે પત્ર અથવા બીજી જણસ મોકલનારને તે પત્ર અથવા જણસ પાછી આપવાની મનાઇ આ કલમના કોઇ ઠરાવ ઉપરથીછે એમ સમજવું નહી, અને ઇંડીઆના ગવરનર જનરલ ઇનકાંઊંશીલ એ બાબત વખતે વખતે કાનુન તથા કાયદા ઠરાવશે તો તે પ્રમાણે પત્ર અથવા બીજી જણસ તે મોકલનારને પાછી આપવી.

હાંસલઆપ્યાવગરનાપત્રો વગેરેનુ હાંસલતેલેનારાએઆપવુંજોઇએ તે બાબત.

૨૮ જે પત્રનું અથવા બીજી જણશનું હાંસલ આપ્યું નહી હોય તે પત્ર અથવા બીજી જણસ તેને પહોંચાડે તે તે ઉઘાડયા વગર લાગલાજ પાછી આપશે તો તેને હાંસલ આપવુ પડશે નહી પણ જો તે પત્ર અથવા બીજી જણસ ઉઘાડશે તો તેનું હાંસલ આપવું પડશે પત્ર અથવા બીજી જણશ ઉઘાડયા વગર લાગલીજ પાછી આપશે તો મોકલનારને તેનુ હાંસલ આપવું પડશે પત્રનું અથવા બીજી જણસનુ હાસલ જે માણસે કાયદા પ્રમાણે જરૂર આપવું જોઇએ તે માણસ હાંસલ આપવાની ના કહેશે તો આ આકટ પ્રમાણે દંડ જે રીતે વસુલ કરેછે તે રીતે હરકોઇ પોસ્ટમાસ્તર જનરલને અથવા તેના હુકમથી પોસ્ટઓફીસના અમલદારને ઈંડીયાના સ્ટેટ સેક્રટરીને સારૂ તે હાંસલ વસુલ કરવાનો અધીકાર છે અને હાંસલ હું આપતો નથી એવુ કહેનારા માણસના નામનું બીજુ પત્ર અથવા જણશ આવે અને તે મલીકામાયાઝમાના સરકારી કામની છે એવું તે ઉપર લખેલુ નહી હોય તો તે પહેલેનું હાંસલ આપે ત્યાંસુધી તે માણસને તે પત્ર અથવા બીજી જણસ આપ્યાવગર રાખી મુકવાનો હર કોઈ પોસ્ટ ઓફીસના અમલદારને અધીકાર છે પણ એવુ ઠરાવ્યુ છે કે પત્ર અથવા બીજી જણસ જે માણસની ઉપર મોકલી હોય તે માણસને છળવા સારૂ દુષ્ટ બુદ્ધિથી મોકલી છે એવી ખાત્રી જે પોસ્ટઓફીસમાંથી તે પત્ર અથવા જણશ પહોચાડશે તે ઓફીસના પોસ્ટમાસ્તરની થાય તો તે પત્રનુ અથવા જણશનું હાંસલ માફ કરવાને તે મુખતીયાર છે.

વગર ધણીયાતા પત્રોની શી વ્યવસ્થા કરવી.

૨૯ રકમ ૧ લી—પત્રો અથવા બીજી જણસો જે માણસોને નામે લખીને પોસ્ટમાં નાંખી હોય તે માણસો જડતા નહી હોય તો તેઓનાં નામો તે પત્રો ઉપર અથવા જણશો ઉપર લખ્યા હોય તે સઘળા પત્રોની જણશોની યાદી દરેક પોસ્ટઓફીસમાં દરરોજ તઇયાર કરીને સરવેની નજરે સહેજ પડે તેવે ઠેકાણે પોસ્ટઓફીસમાં નીદાન બે અઠવાડીયાં સુધી મારી મુકવી અને એવા પત્રો તથા જણસો કોઈ માણસ માગવા આવ્યા વગર ત્રણ અઠવાડીઆ સુધી પોસ્ટઓફીસમાં પડી રહે ને તેના પડબીડા ઉપર મોકલનારનું નામ તથા ઠામ ઠેકાણું હોય તો તે જે પોસ્ટઓફીસમાં પહેલા નાંખી હોય ત્યાં તે મોકલનારની

પાસેથી કાંઈ ખરચ લીધા વગર તેને તે પાછી આપવા સારૂ તે પાછી મોકલવી અને જે પત્રો તથા બીજી જણસો ઉઘાડયા વગર તેના મોકલનારનું નામ તથા ઠામ ઠેકાણુ સમજાતું નહી હોય તે કોઇ માગવા આવ્યા વગર ઉપર લખ્યા પ્રમાણે તે ત્રણ અઠવાડીયાં સુધી પડી રહી હોય તો ઈલાકાના પોસ્ટમાસ્તર જનરલની ઓફીસમાં તે સઘળી મોકલવી.

વગર ધણીયાતાં પત્રો પોસ્ટમાસ્તરજનરલની ઓફીસમાં આવે ત્યારે ફોડવાં અને "ડેડલેટરકવર" માં ઘાલીને મોકલનારને પાછી મોકલવી.

રકમ ૨ જી—પોસ્ટ માસ્તર જનરલે અથવા પત્રો ફોડવા વગેરેના કામ સારૂ જે માણસને મુકરર કરીને પત્રનો મજકુર ગુપ્ત રાખવાનુ જોખમ જેને માથે નાખ્યું હોય તે માણસે એવા શઘળા પત્રો અથવા બીજી જણસો લાગલીજ ઉઘાડવી અને મોકલનારનું ઠામ ઠેકાણુ માલમ પડે તો તે, " ડેડલેટર કવર " એ નામના પડબીડામાં તેની પાછી મોકલવી જેના નામના પરો અથવા બીજી જણસો હોય તે અથવા જેણે મોકલી હોય તે જડતો નહી હોય તો તે પત્રો અથવા જણશો પોસ્ટમાસ્તર જનરલની ઓફીસમાં એક વરષ સુધી પડી રહ્યા પછી તે પત્રોનો તથા જણશોનો નાશ કરી નાંખવો.

તેમાં અવેજ વગેરે જડે તેની શીવ્યવસ્થા કરવી.

રકમ ૩ જી—વગર વગર ધણીયાતા પત્રમાં અથવા બીજી જણસમાં જે અવેજ જડે તે સઘળો સરકારી ખજાનામાં ભરવો અને બીજો કાંઇ કીમતી માલ એજ પ્રમાણે જડે તે ઇલાકાના પોસ્ટમાસ્તર જનરલે અથવા ખસુસ કરીને એજ કામને સારૂ તેણે જે માણસ નેમ્યો હોય તેણે વેચવો અને વેચાણનો અવેજ આવે તેમાંથી પોષ્ટનું હાંસલ વતું હોય તે બાદ કરીને બાકીના અવેજ ઉપર જેનો હક હોય તેને એ મળવા સારૂ તે અવેજ સરકારી ખજાનામાં મુકવો.

હું લેતો નથી એવું કરીને પાછા અપેલા પત્રો જે પોષ્ટઓફીસમાં પહેલ વેહેલા નાખ્યા હોય તેર પોસ્ટઓફીસમાં પાછા મોકલવા.

૩૦ પત્ર અથવા બીજી જણસ જેના નામની હોય તે તે પત્ર અથવા જણશ ઉઘાડયા વગર પાછી આપે, ને તેનુ હાંસલ લેણુ હોય અને પડબીડા ઉપર મોકલનારનું નામ, તથા ઠામ ઠેકાણું હોય તો તે પત્ર અથવા જણસ જે પોષ્ટઓફીસમાં પહેલ વહેલી નાખી હોય ત્યાં મોકલનાર પાસેથી તે હાંસલ વસુલ કરવા સારૂ પાછી મોકલવી બીજે સઘળે પ્રસંગે અથવા મોકલનારનું નામ, તથા ઠામઠેકાણું પડબીડા ઉપર લખેલુ નહીં હોય ત્યારે તે પત્ર અથવા બીજી જણશ ઇલાકાના પોષ્ટ માસ્તર જનરલની ઓફીસમાં તુરત મોકલાવવી પછે તેણે તે પત્ર અથવા બીજી જણસ ઉઘાડીને મોકલનારની પાસેથી હાંસલ વસુલ કરવાની તજવીજ કરવી, અથવા તેના વીચારમાં આવે તો તેણે તે પત્રનો અથવા બીજી જણશનો નાશ કરી નાખવો અને સદરહુ પત્રમાં અથવા બીજી જણશમાં જે અવેજ અથવા બીજો કાંઈ કીમતી માલ જડે તેની વ્યવસ્થા વગર ધણીયાતા પત્ર માંહેના અવેજની અથવા માલની વ્યવસ્થા બાબત ઊપલી કલમમાં કહ્યું છે તે પ્રમાણે કરવી.

ભાગ ૫ મો.

મુલકમાં આવનારાં અને મુલકમાંથી જનારાં વહાણ ઉપરના મેલ.

કોઇ ઠેકાણે આવનારાં વહાણમાં મેલ હોય તો તેવહાણ આવ્યા પછી તેનાકમાન્ડરે શીરીતે ચાલવું તે બાબત.

૩૧ બ્રીટીસ ઇંડીયામાં છે ઠેકાણે પોષ્ટઓફીસ હોય ત્યાં કોઈ વહાણ સમુદ્રમાંથી આવી પહોંચે ત્યારે તે વહાણ ઉપરના પત્ર તથા મેલની થેલી તથા પેટી તથા બેંગી તે ઠેકાણે આપવાની હોય અને પોષ્ટઓફીસ સબંધી અનન્યગ્રહ્યાધિકારમાંથી ખેરીજ કરેલી તે સઘળી તે વહાણના કમાંન્ડરે જેમ બને તેમ જલદી પોષ્ટઓફીસમાં પહોંચતી કરવી અથવા પોષ્ટ ઓફીસના જે અમલદારને તે લેવાનો અધીકાર હોય તેને પહોંચતી કરાવવી અને બીજે ઠેકાણે આપવાનું પત્ર અથવા મેલની થેલી અથવા પેટી અથવા બેંગી વહાણ ઉપર હોય અને સદરહુ અનન્યગ્રહ્યાધિકારમાંથી તે ખેરીજ કરેલી ન હોય તો સદરહુ કમાન્ડર પોતે જે ઠેકાણે આવી પુગ્યો હોય તે ઠેકાણાના પોષ્ટમાસ્તરને તે બાબત જેમ બને તેમ જલદી જાહેર કરવું અને તે પોષ્ટ માસ્તર કહે તેમ ચાલવું અને તે પોષ્ટ માસ્તરની પહોચ મળશે. એટલે તે પત્ર અથવા બેંગીના જોખમાંથી કમાન્ડર છુટશે આ કલમમાંહેના હરકોઇ

દંડ બાબત.

હુકમ વહાણનો જે જે કમાન્ડર જાણી જોઇને તોડશે તેનો એક હજાર રૂપીઆ સુધી દંડ થશે.

મુલકમાં આવનારાં વહાણ ઉપરના પત્ર રાખી મુકે તે બાબત.

૩૨ બ્રીટીશ ઇંડીયામાં આવનારાં વહાણ ઉપરના કોઈ પત્રો પોષ્ટઓફીસમાં મોકલ્યા પછી તે વહાણનો કમાન્ડર અથવા તે ઉપરનું કોઈ માણસ પોષ્ટ ઓફીસ સબંધી અનન્યગ્રહ્યાધિકારમાંથી ખેરીજ કર્યા વગરનું કાંઇ પત્ર સદરહુ મુલકમાં જાણી જોઇને તે પોતાની પાસે રાખશે તો તેને એવા દરેક પત્ર બાબત (૫૦) પચાશ રૂપીઆ સુધી દંડ થશે તે પત્ર તેના સામાનમાં હશે અથવા તેના શરીર ઉપર હશે અથવા બીજી રીતે તેના કબજામાં હશે તો પણ દંડ થશે અને પોષ્ટઓફીસનો અમલદાર સદરહુ પત્ર માગે ત્યારપછી જે માણસ તે પત્ર પોતાની પાસે રાખી મુકશે તેને તેવા પત્ર દરેક બાબત (૧૦૦) સો રૂપીઆ સુધી દંડ થશે.

ઇનામના પઈશા બાબત.

૩૩ આ આકટની ૩૧ મી કલમમાં ફરવ્યા પ્રમાણે કોઇ વહાણનો કમાન્ડર પત્ર પોચાડશે તે દરેક પત્ર બાબત પોષ્ટઓફીસના અમલદારે તે કમાન્ડરને અકેક આનો આપવો અને આ આકટ પ્રમાણે તે પત્રનું જે હાંસલ થતું હોય તે સિવાય સદરહુ એક આનો તે પત્રનું હાંસલ વધારે લેવું પણ પત્ર જે ઠેકાણે પહોંચાડયું હોય ત્યાંથી વહાણ નીકળ્યા પહેલા અથવા વહાણ પહોંચ્યાની તારીખથી બે મહીનામાં કમાન્ડર નહીં માગે તો તે પત્ર પહોંચાડ્યા બાબત તેનેકાંઈ આપવું નહીં અને વળી એવું ઠરાવ્યું છે કે આ આકટની ૩૧ મી કલમનો અને કલમના (એટલે ૩૩ મી કલમના) પેહેલા ભાગનો કોઇ ઠરાવ ઇંડીયાના ગર્વનર જનરલ ઇનકાંઉશેલે કબુલ કીધેલું હોય કે ફલાણું વહાણ અથવા ફલાણી આગબોટ મેલનું વહાણ અથવા મેલની આગબોટ છે, તો તે વહાણે અથવા આગબોટે આવેલા પત્રને અથવા મે-

લની થેલીને અથવા પેટીને અથવા બેંગીને લાગુ છે એવું સમજવું નહીં.

ણુકમાંથી બહાર જતાં મુલ્લાંના કમાન્ડરે પોતાના વહાણ ઉપર મેલ લેવો તે બાબત.

૩૪ બ્રીટીશ ઈંડીઆ માંહેના હરકોઇ ઠેકાણેથી સમુદ્રમાંથી વહાણ જાય ત્યારે પોષ્ટઆફીસમાં કોઈ અમલદાર પત્ર અથવા બેંગીને વહાણ ઉપર લેવાનું કહે તે દરેક પત્ર અથવા બેંગી તે વહાણના કમાન્ડરે વહાણ ઉપર લેવી જોઇએ અને તે કાગળની અથવા બેંગીની પહોંચ આપવી જોઇએ અને આ કલમમાં કહેલી હરકાંઈ વાત વહાણનો કમાન્ડર જાણી જોઇને નહીં માને તો તેને (૧૦૦૦) એક હજાર સુધી દંડ કરવો.

ભાગ ૬ ઠો.

હાંસલના સ્ટાંપ.

જે પત્ર ઉપર સ્ટાંપ ચોઢ્યા હોય તે પત્રનું હાંસલ અગાઊથી આપ્યું છે એવું સમજવું.

૩૫ પત્ર તથા બીજી જણસ ઉપર સ્ટાંપ અથવા સ્ટાંપો ચોઢ્યા હોય તો તેનું હાંસલ આપ્યું છે એવું સમજવું પણ તે સ્ટાંપ અથવા સ્ટાંપો અગાઉ વાપરેલા ન જોઇએ સ્ટાંપ અથવા સ્ટાંપો પત્રની અથવા બીજી જણસની બહારની બાજુ ઉપર ચોડવા અને તે પત્રનું અથવા જણસનું આ આકટ પ્રમાણે જેટલું હાંસલ થતું હોય તેટલી કીમતના સ્ટાંપ જોઇએ.

હાલના સ્ટાંપ સરકારે પુરા પાડવા તે બાબત.

૩૬ ઈંડીયાના ગર્વનરજનરલ ઇનકાંઉસીલે હાલના સ્ટાંપો પુરા પાડવાનો બંદોબસ્ત રાખવો અને તેઓ હુકમ કરે તે કીમત સ્ટાંપ ઉપર ભરેલી જોઇએ તથા તેઓની નજરમાં આવે તેવા હુકમ તથા બીજા કાયદા તેઓએ સ્ટાંપ બાબત કરવા.

સરકાર જે અમલદારને નીમે તે અમલદારે હાંસલના સ્ટાંપનો વહીવટ કરવો તે બાબત.

૩૭ ઉપર કહ્યા પ્રમાણે હાંસલના સ્ટાંપ પુરા પાડશે તેની સંભાળ તથા વહીવટ ઈંડીયાના ગર્વનરજનરલ ઇનકાંઉશીલ વખતે વખતે હુકમ કરે તે અમલદારે અથવા અમલદારોએ કરવો. હાંસલના સ્ટાંપ હીંદુસ્તાનમાં ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે મહેસુલને સારૂ કાઢેલા સ્ટાંપ છે એવું સમજવું અને હાંસલના સ્ટાંપના વેચાણના પઇસા આવે તે સઘળા પઇસા સરકારી પોષ્ટઆફીસને ખાતે જમે કરવા.

હાંસલના સ્ટાંપ વેચનારાએ કેમ ચાલવું તે બાબતની કાનુન.

૩૮ હાંસલના સ્ટાંપ વેચનારા નીમીને તેઓના બંદોબસ્ત રાખવા સારૂ વખતે વખત કાનુન કરવાનો ઇંડીયાના ગર્વનરજનરલ ઈનકાંઉશીલને અધીકાર છે અને વેચનારાને હાંસલના સ્ટાંપ વેચવા સારૂ કઈ રીતે અને કઇ સરતથી આપવા તે બાબત અને વેચનારાએ જામીન આપવો કે નહીં અને આપે તો કેટલા રૂપીઆનો જામીન આપવો તે બાબત અને તેઓની મહેનત બદલા બાબત કાંઇ આપવું કે નહીં અને આપવું તો

કેટલું આપવું તે બાબત, અને વેચનારાએ પોતાનો હીસાબ કેવો અને કેવી રીતે અને ક્યારે રાખવો અને આપવો તે બાબત, અને પોતે વેચાણ કરયું હોય તેનો અવેજ કેવી રીતે અને ક્યારે ભરવો અથવા સ્ટાંપ પોતાને સ્વાધીન કર્યા હોય તે કેવી રીતે અને ક્યારે પાછા આપવા તે બાબત તે કાનુન ઠરાવવાને તેઓ મુખત્યાર છે.

સદરહુ કાનુન તોડશે તો દંડ થશે.

૩૯ હાંસલના સ્ટાંપ સરકારની તરફથી વેચનારાઓને સદરહુ કાનુન પ્રમાણે ચાલવું જોઇએ અને તેઓ જાણી જોઇને સદરહુ કાનુનમાંની કાંઇ કાનુન તોડે તો તે બાબત તેઓની ઉપર જે જે મુકરદમો ચાલવાનો હોય તે સિવાય તેઓને બસે રૂપીયા સુધી દંડ કરવો.

સ્ટાંપ પુરા પાડવાની ના કહેશેતો દંડથશે.

૪૦ કોઈ માણસ હાંસલના સ્ટાંપ વેચાતા માગતો હોય અને તેની પુરી કીમતનું કાયદેસર નાંણુ આપવા કહાડે અને જે પ્રકારના તથા જેટલી કીમતના સ્ટાંપ વેચાતા માગતો હોય તે પ્રકારના તથા તેટલી કીમતના પુરતા સ્ટાંપ વેચનારા પાસે તે વખતે વેચાણ હોય અને આપતો નથી એવું કહેવાનો ગુન્હો અથવા આપવાનો યોગ્ય કારણ વગર અમથી વાર લગાડવાનો ગુનો સરકારની તરફથી જે સ્ટાંપ વેચનારા ઉપર સાબેત થાય તેને સો રૂપીયા સુધી દંડ કરવા.

ષ્ટાંપ ઉપર ભરેલી કીંમત કરતાં વત્તી કીંમત લેશેતો સજા થશે તે બાબત.

૪૧ વેચાતા આપેલા હાંસલના ષ્ટાંપ ઉપર કીંમત ભરેલી હોય તે કરતાં વત્તી કીમત ખરીદદારની પાસેથી લીધી એવું સરકારની તરફથી જે માણસ ષ્ટાંપ વેચતો હોય તેની ઉપર સાબીત થાય તો તેને હીંદુસ્તાન ના ફોજદારી કાયદામાં કહેલી એમાંથી હરકોઈ પ્રકારની ઘણામાં ઘણા છ મહીના સુધી કેદની સજા કરવી અથવા તે સો રૂપીયા સુધી દંડને લાયક થશે અને જેટલા વધારે પૈશા લીધાનુ સાબીત થયુ હોય તે સઘળા પૈશા વેચનારો ખરીદદારને પાછા આપવાને લાયક થશે અને આ આકટ પ્રમાણે કરેલા દંડ જે રીતે સદરહુ અવેજ ફોજદારી કોર્ટની મારફતે વસુલ કરવાનો ખરીદદારને અખતીયાર છે.

ભાગ ૭ મો.

પોષ્ટઆફીસ વીરૂદ્ધ ગુન્હા.

જોખમ પોંચાડનારો પદાર્થ પોષ્ટની મારફતમોકલશેતો દંડથશે તે બાબત.

૪૨ બંદુકના દારૂ સરખો ફુટનારો અથવા જોખમ પહોચાડનારો બીજો પદાર્થ જે પત્રમાં અથવા બેંગીમાં અથવા પાકેટમાં હોય તે પત્ર અથવા બેંગી અથવા પાકેટ પોષ્ટની મારફતે રવાના થવા સારૂ કોઇએ જાણી જોઇને પોષ્ટમાં નાખવો નહીં અથવા મોકલવો નહી અથવા આપવા કહાડવો નહી અથવા આપવો નહી; આ મનાઇ વિરૂદ્ધ જે ચાલશે તેને એવા દરેક ગુન્હા બાબત બસેં રૂપાયા સુધી દંડ કરવો.

પોષ્ટની ઉપજનુ નુકશાન કરવાસારૂ ખો

૪૩ પોષ્ટમાંથી જવા સારૂ સરકારી અથવા બીજુ પત્ર અથવા પાકેટ પોષ્ટ આફીસમાં આવ્યું હોય તે પત્ર બાબત અથવા પાકેટ બાબત અથવા તેમાં જે હોય તે સરવ બાબત તે પત્ર ઉપર અથવા તે પાકેટ ઉપર કોઈ માણસે પોષ્ટની ઉપજ ડુબાવવાના ઇરાદાથી જાણી જોઈને ખોટો દાખલો

ટોદાખલોલખસેતોદં ડ થશે તે બાબત

લખ્યો હોય તેને; અથવા એવો ખોટો દાખલો લખેલું પત્ર અથવા પાકેટ પોષ્ટ લઈજિવા સારૂ તે પોષ્ટઓફીસમાં કોઈ જાણીજોઈને મોકલશે અથવા આપશે અથવા મોકલવાનો અથવા આપવાનો યત્ન કરશે તેને, અને આ પત્ર સરકારી છે એવું બહાનુ કરીને ખાનગી પત્ર અથવા કાગળ અથવા લેખ અથવા બીજું મલકુફ જે કોઈ જાણીને પોષ્ટની મારફતે મોકલશે; અથવા મોકલવા દેશે તેને એવા દરેક ગુન્હા બાબત (૫૦૦) પાંચસે રૂપીઆ સુધી દંડ કરવો.

મેલને ખોરંબો ક રીને અટકાવી રાખશે અથવા મેલની થેલી ઓ ઉઘાડશે તો દંડ થશે તે બાબત.

૪૪ પોષ્ટઆફીસનો કાસદ મેલ લઈ જતો હોય ત્યારે તેને ફોજદારી ગુન્હાના કારણ વગર અટકાવવાનો, અથવા જે ગાડીમાં અથવા જે ઘોડા ઉપર મેલ જતો હોય તે ગાડીને અથવા ઘોડાને અટકાવવાનો અથવા એક પોષ્ટઓફીસમાંથી બીજી પોષ્ટ ઓફીસમાં પાકીટ અથવા મેલની થેલી અથવા પેટી જતી હોય તેને રસ્તામાં હરકાંઇ બહાનાથી ફોડવાનો કોઈ માણસને અધીકાર નથી પણ ખસુસ કરીને સરકારનો હુકમ હોય તોજ માત્ર તેવું કરવાને હરકત નથી અને આ કલમમાં કહેલા ગુન્હામાંના કોઈ ગુન્હો જે માણસ કરશે તેને પાંચસે રૂપીઆ સુધી દંડ થશે.

પત્રો વીગરે ભુલથી પહોચાડ્યા હોયતે રાખી મુકવા બાબત સીક્ષા (કરવા વીશે)

૪૫ બીજાને પોચાડવાનું હતું એવું પોષ્ટનું પત્ર અથવા બીજી જણસ; અથવા પોષ્ટમાંથી મોકલેલુ પત્ર અથવા બીજી જણસ, મેલની થેલીમાં અથવા પેટીમાં અથવા પાકેટમાં હોય તે થેલી અથવા પેટી અથવા પાકેટ જે માણસ કપટથી રાખી મુકશે અથવા જાણી જોઇને સંતાડશે અથવા તેની બારહેવાટ કરશે અથવા રાખશે અથવા અટકાવી મુકશે અથવા પોષ્ટ ઓફીશનો અમલદાર માગે ત્યારે આપવાની કસુર કરશે અથવા ના કહેશે તે માણસ ઉપર ફોજદારી કોરટમાં એવો ગુન્હો સાબેત થશે તો તેને હીંદુસ્તાનના ફોજદારી કાયદામાં કહેલી બેમાંથી હરકોઈ પ્રકારની ઘણામાં ઘણા બેવરસ સુધી કેદની શીક્ષા થશે અને તે દંડને પણ લાયક થશે,

પાંચમીકલમપ્રમાણે આપેલા અધિકાર વિરૂદ્ધ ચાલશે તો દંડ થશે.

૪૬ રકમ ૧લી—આ આકટની પાંચમી કલમ પ્રમાણે ઈંડીઆના સરકારને અનન્ય ગ્રહ્યાધીકાર આપ્યો છે તે અધીકારમાંથી ખેરીજ કર્‍યા વગરનું પત્ર જે માણસ પોષ્ટ સીવાય બીજી રીતે લઈ જશે તેને એ પ્રમાણે લઇ ગએલા દરેક પત્ર બાબત પચાસ રૂપીયા સુધી દંડ થશે.

રકમ ૨ જી—જે માણસ એક ઠેકાણેથી બીજે ઠેકાણે પત્રો લઈ જવા બાબત પ્રાસંગીક કામ પોષ્ટ મુકીને બીજે રસ્તે કરશે એટલે સદરહુ અનન્યગ્રહયાધિકારમાંથી ખેરીજ કર્‍યા વગરનું પત્ર અથવા પત્રો લેશે, અથવા ગ્રહણ કરશે અથવા તે બાબત કાંઈ હુકમ કરશે અથવા તે એકઠા કરશે અથવા લઇ જશે અથવા આપવા કહાડશે અથવા પહોચાડશે તેને એવા દરેક પત્ર બાબત પચાસ રૂપીયા સુધી દંડ થશે.

રકમ ૩ જી—જે માણસ કલબેટ પાકેટમાં બીડીને પોષ્ટની મારફતે મોકલવા સારૂ પત્રો એકઠા કરશે તેને અને જે માણસ કલબેટ પાકેટમાં બીડીને મોકલવા સારૂ કાંઇ પત્ર જાણી જોઈને આપવા કહાડશે અથવા આપશે તેને એવા દરેક પત્ર બાબત પચાસ રૂપીઆ સુધી દંડ થશે.

રકમ ૪ થી— જે માણુસ સદરહુ અનન્યચલ્લાધિકારમાંથી ખેરીજ કરચા વગરનું પત્ર પોષ્ટ મુકીને બીજી રીતે મોકલશે અથવા ખરીજ કરચા વગરનું તેવું પત્ર પોષ્ટ મુકીને બીજી રીતે મોકલવા સારૂ આપવા કહાડશે અથવા આપશે તેને તેવા દરેક પત્ર બાબત પચાસ રૂપીઆ સુધી દંડ થશે.

રકમ ૫ મી—જે માંણુસ ખરીજ કરેલાં પત્રો પોષ્ટ મુકીને બીજી રીતે મોકલવ સારૂ એકઠા કરશે તેને એવા દરેક પત્ર બાબત પચાસ રૂપીયા સુધી દંડ થશે.

રકમ ૬ ઠી—જે માણુસ આ આકટની ૬ ઠી કલમના વિરૂદ્ધ ઠરાવ પત્ર લઈ જશે અથવા લેશે અથવા આપવા કહાડશે અથવા પહોચાડશે અથવા પત્રો એકઠા કરશે તેને એવા દરેક પત્ર બાબત પચાસ રૂપીઆ સુધી દંડ થશે.

રકમ ૭ મી—જે માણુસ આ કલમમાં કહેલા કામોમાંનુ હરકાંઇ કામ કરવાનો વહીવટ ચલાવશે તે જેટલાં અઠવાડીઆં સુધી એવો વહીવટ ચલાવશે તેટલાં અઠવાડીયા લગી તેને દર અઠવાડીએ પાંચશો રૂપીઆ સુધી વળી બીજો દંડ થશે.

મેલલઇ જવાસારૂ ચાકરીએ રાખેલાંમાણસોપોતાનાકામમાંકસુરકરશેતોદંડ થશે તે બાબત.

૪૭ મેલની થેલી અથવા પેટી, અથવા પોસ્ટની મારફતે મોકલેલુ પત્ર અથવા બીજી જણુસ લઇ જવાના અથવા પોચાડવાના કામ ઉપર જે માણુસને રાખ્યા હોય તે એવી કામગીરી ઉપર છતાં તે થેલીની અથવા પેટીની અથવા પત્રની અથવા બીજી જણુશની સલામતીને ધોકો પોચે એવી કેફ કરયાનો અથવા કસુર કરયાનો અથવા બીજી ગેરરીતે ચાલ્યાનો ગુન્હો કરશે તે, અથવા એવી થેલી અથવા પેટી અથવા પત્ર અથવા બીજી જણુશ લઇ જતાં અથવા પોચાડતાં જેમાણુસ રઝળ્યાં કરશે, અથવા વાર લગાડશે તે; અથવા એવી થેલી અથવા પત્ર અથવા બીજી જણુશ સહી સલામત લઇ જવાને તથા પોહોચાડવાને બરાબર ધ્યાન અને તતપરતા રાખસે નહી તે ૫૦ રૂપીઆ સુધી દંડને લાયક થશે અને પોષ્ટમાંથી મોકલેલું પત્ર અથવા બીજી જણુશ પહોંચાડવાનું કામ જે માણુસને સોંપ્યું હોય તે માણુસ તે પત્ર અથવા જણુશ નહી પહોંચાડશે તો જે પોસ્ટઓફીસમાંથી તેને તે પત્ર અથવા જણુશ મળી હોય તે આફીસમાં ઘણાંમાં ઘણા ચોવીશ કલાકની અંદર માફક વખતમાં ન પોહોંચાડવાની વાત જાહેર કરીને તે પત્ર અથવા જણુશ પાછી આપવી અને તે માણુસ જાણી જોઇને ખોટો મજકુર જાહેર કરશે તો તે પચાસ રૂપીઆ સુધી દંડને લાયક થશે.

પોસ્ટઆફીસમાંચાકરીએરાખેલાંમાણસો પત્રો વગેરેચોરવાવીગેરેનુંકામકરશે અથવાફોડશે તો દંડ થશે.

૪૮ પોસ્ટખાતામાં સરકારી ચાકરીમાં જે માણુસ પોસ્ટની મારફતે મોકલેલું પત્ર અથવા બીજી જણુશ. અથવા તે પત્રમાં અથવા બીજી જણુશમાં જે કાંઇ હોય તે ચોરશે, અથવા કપટથી પોતાને કામે લગાડશે અથવા જાણીજોઇને સંતાડશે અથવા તેનો નાશ કરશે, અથવા ફેંકી દેશે અથવા તેવા પત્રમાંની અથવા બીજી જણુશમાંની અથવા મેલની થેલીમાંની અથવા પેટીમાંની વસતુ કપટથી પોતાને કામે લગાડવાના ઇરાદાથી તે પત્ર અથવા જણુશ અથવા થેલી અથવા પેટી ભાગશે તોડશે અથવા ફોડશે તેની ઉપર ફોજદારી કોરટમાં ગુનો સાબીત થશે તો તેને હીંદુસ્તાનના ફોજદારી કાયદામાં કહેલી એમાંથી હરકોઇ પ્રકારની ઘણામાં ઘણા સાત વરશ સુધીની કેદની શીક્ષા કરવી અને દંડને પણ લાયક થશે.

૪૯ ઉપરની છેલી કલમમાં કેહેલા પ્રકારની ચાકરીમાં જે માણસ હોય તે માણસ પત્ર ઉપર અથવા બીજી જણુસ ઉપર જે ચીન્હ અથવા સ્ટાંપ હોય તે કપટથી બદલશે અથવા કહાડી નાખશે અથવા નહી સરખો કરી નાખશે અથવા પત્ર ઉપરથી અથવા બીજી જણુશ ઊપરથી કહાડેલો સ્ટાંપ કપટથી બીજા પત્ર ઉપર અથવા બીજી જણુશ ઉપર ચોઢીને કામમાં લાવશે અથવા તે ઉપર વળગાડશે અથવા હરકાંઈ પત્ર અથવા બીજી જણુશ પહોંચાડવાનું કામ પોતાને સોંપેલું હોય ત્યારે તે પત્ર અથવા જણુશનું જે હાંસલ યોગ્ય રીતે લેવું હોય તે શીવાય બીજા પૈશા તેના હાંસલ બાબત જાણીજોઈને માગશે અથવા લેશે તો ફોજદારી કોરટમાં તેની ઉપર ગુનાની શાબીતી થયા પછી તેને હીંદુસ્તાનના ફોજદારી કાયદામાં કહેલી એમાંથી હરકોઈ પ્રકારની ઘણામાંઘણી બે વરસ સુધી કેદની શીક્ષા કરવી અને તે દંડને પણ લાયક થશે.

પોસ્ટ ઓફીસમાં ચાકરીયેરાખેલાંમાણસોકપટથી પત્રોવગેરે ઉપરના ચીન્હો બદલશે તો તેઓને સીક્ષાથશે તે બાબત.

૫૦ ઉપરની છેલી કલમમાં કહેલા પ્રકારની ચાકરીમાં જે માણસ હોય તેને હરકોઈ દસ્તાવેજ તૈયાર કરવાનું અથવા સંભાળીને રાખવાનું કામ સોંપ્યુ હોય તે માણસ કપટના ઈરાદાથી તે દસ્તાવેજ ખોટો તૈયાર કરશે અથવા ફેરવશે અથવા છુપાવશે અથવા તેનો નાશ કરશે તો ફોજદારી કોરટમાં તેની ઉપર ગુન્હો સાબીત થયા પછી તેને હીંદુસ્તાનના ફોજદારી કાયદામાં કહેલી એમાંથી હરકોઈ પ્રકારની ઘણામાંઘણી બે વરસ સુધી કેદની શીક્ષા કરવી અને તે દંડને પણ લાયક થશે.

પોષ્ટઆફીસમાં ચાકરીએ રાખેલાં માણસોદસ્તાવેજ ખોટો તૈયાર કરશે અથવા સંતાડશે તો સીક્ષા થશે તે બાબત.

૫૧ ઉપરની છેલી કલમમાં કહેલા પ્રકારની ચાકરીમાં જે માણસ હોય તે માણસ ષ્ટાંપ ચોડયા વગરના જે પત્રનું અથવા જણુશનું હાંસલ આપ્યું નહી હોય તે પત્ર અથવા જણુશ સરકારનું હાંસલ ડુબાવવાના ઈરાદાથી પોષ્ટની મારફતે મોકલશે અથવા મેલની થેલીમાં અથવા પેટીમાં ઘાલશે તો ફોજદારી કોરટમાં તેની ઉપર ગુન્હો સાબીત થયા પછી તેને હીંદુસ્તાનના ફોજદારી કાયદામાં કહેલી એમાંથી હરકોઈ પ્રકારની ઘણામા ઘણી બે વરસ સુધી કેદની શીક્ષા કરવી અને તે દંડને પણલાયક થશે.

જે પત્રનું હાંસલ આપ્યું નહી હોય અથવા હાંસલ લેવાનું માંડયું નહી હોય તે પત્રો પોષ્ટઓફીસમાં ચાકરીયે રાખેલા માણશો મોકલશે તો શીક્ષા થશે તે બાબત.

૫૨ જે ગુના બાબત આ આકટમાં સીક્ષા ઠરાવી છે તેવો કંઇ ગુનો કરવામાં જે માણસ હીંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે મદદ કરસે અથવા તેવો ગુનો છુપાવશે તેને તેવા ગુના બાબત જે શીક્ષા ઠરાવેલી છે તે શીક્ષા થસે.

આ આકટ વીરૂદ્ધ કરેલા ગુન્હામાં મદદ કરશે અથવા છુપાવશે તો શીક્ષા થશે તે બાબત.

૫૩ આ આકટમાં જે ગુન્હા બાબત એકલા દંડની શીક્ષા ઠરાવી છે તેવો કાંઈ ગુન્હો રાણીની વીલાયતની રઈયત હોય અથવા નહી હોય એવું કોઈ માણસ કરે તો તેની ઉપર સંક્ષેપ રીતે ગુન્હાની સાબીતી કરીને તેવા

જે ગુન્હા બાબત

એકલા દંડની શીક્ષા ઠરાવીછે તેવા ગુન્હાની ફરીયાદ તે માણુસ ઉપર થઇ હોય તે માણુસ ઉપર ગુન્હાની સાબીતીસંક્ષેપરી તે કામ ચલાવીને કરવાનો અધીકાર છે.

ગુન્હા બાબત શીક્ષા કરવાનો અધીકાર હરકોઈ ફોજદારી કોરટનેછે.

ગુન્હાની સાબેતીનોઠરાવ.

મુદ્દા ઉપરથીજ માત્ર રદ્દન કરવો.

ગુન્હાની સાબેતીના ઠરાવની પદ્ધતી.

૫૪ હરકોઈ ફોજદારી કોરટે ગુન્હાની સાબીતીનો ઠરાવ કરયો હોય અથવા હુકમ કરયો હોય અથવા ફેસલો કરયો હોય તે પદ્ધતી પ્રમાણે લખ્યા ન હોય અથવા પદ્ધતી પ્રમાણે કામ ચલાવીને કરયો ન હોય તેટલા સારૂ રદ કરવો નહી પણ મુદ્દા ઉપરથીજ માત્ર રદ કરવો, અને ગુનાની સાબેતીનો ઠરાવ અથવા હુકમ અથવા ફેસલો જે ઠરાવ્યા ઉપરથી કરયો હોય તે તેમાં લખવાની જરૂર નથી પણ ગુન્હાની સાબેતીનો ઠરાવ અથવા હુકમ અથવા ફેસલો તેની સાથે જુબાનીઓ લીધી હોય તે અથવા તેઓની નકલ મોકલવી અને ગુન્હાની સાબેતીના ઠરાવમાં અથવા હુકમમાં અથવા ફેસલામાં હકુમતનો મજકુર નહી હોય પણ લીધેલી જુબાનીઓ હોય તો તે જુબાની માંહેની મજકુર ઉપરથી ગુન્હાની સાબેતીના ઠરાવનું અથવા હુકમનું અથવા ફેસલાનું શાહીત થાયછે એમ સમજવું.

માજીસ્ત્રેટની મરજી હોય તો ફરીયાદીના મુકદમા પોતાના આસીસ્ટંટને સોંપવા.

૫૫. જે ગુન્હાની શિક્ષા આ આક્ટમાં એકલો દંડ ઠરાવ્યો છે તે ગુન્હાની મુકદમાની ચોકશી કરીને ફેસલો કરવા સારૂ તે મુકદમો માજીસ્ત્રેટની મરજી હોય તો તેને પોતાના આસીસ્ટંટોમાંથી કોઇ એકની પાસે અથવા "કાપ્લનાનડેડ" (એટલે શનંદી) આસીસ્ટંટનો અધિકાર ચલાવવા સારૂ કાયદા પ્રમાણે નીમેલા ડીપુટી માજીસ્ત્રેટની પાસે મોકલવો એવો મુકરદમો તેની પાસે આવે ત્યારે તે આસીસ્ટંટે અથવા ડેપુટી માજીસ્ત્રેટે માજીસ્ત્રેટનો સઘળો અધિકાર ચલાવવો પણ આસીસ્ટંટની અથવા માજીસ્ત્રેટની પાસે ઇનસાફને સારૂ ફોજદારી મુકરદમા મોકલ્યા હોય તે મુકરદમાને જે કાનુન લાગુ થાયછે તે સઘળી કાનુન પ્રમાણે તેને માજીસ્ત્રેટનો અધિકાર ચલાવવો.

દંડ શી રીતે વસુલ કરવો તે બાતત.

૫૬. જે ગુન્હા બાબત એકલા દંડની શીક્ષા થવાની તે ગુન્હા બાબત હરકોઇ ફોજદારી કોરટે અથવા માજીસ્ત્રેટના આસીસ્ટંટે અથવા ડેપુટી માજીસ્ત્રેટે આ આક્ટના આધારથી દંડ ઠરાવ્યો હોય તે દંડ ન આપે તો સદરહુ અમલદારોમાંથી હરકોઇ અમલદાર પોતાની સહીનું વારંટ આપીને ગુન્હેગારની માલમીલકત જપ્ત કરીને વેચીને વસુલ કરીને લેવાને મુખતીયાર છે અને એવો દંડ ગુન્હેગાર તરતને તરત ન આપે તો તેને પકડવાનો અને જામીના વારંટની પરીણામની હકીકત યોગ્ય મુદતમાં લખાઇને આવે ત્યાં સુધી તેને પોહોરામાં બેસાડી રાખવાનો હુકમ તે કરવાને અમલદાર મુખતીયાર છે, પણ જામીના વારંટની પરીણામની હકીકત મોકલવા સારૂ જે ઠેકાણુ તા૦ જે વખત ઠરાવી હોય તે ઠેકાણે તા૦ તે વખતે હું હાજર થઇશ એવો તે અમલદારની ખાતરીનો જામીન ગુન્હેગાર આપે તો તેને પકડીને પેરામાં બેસાડી મુકવાનો હુકમ કરવો નહી મુચરકા પ્રમાણે અથવા બીજા રીતે ...

મીન લેવાને તે અમલદાર મુખતીયાર છે અને દંડ વસુલ કરવા સારૂ જોઈએ તેટલો માલ જમીમાં જડતો નથી એવું જમીના વારંટની પરીણામની હકીકત લખાઇ આવ્યા ઉપરથી દેખાય અને ગુન્હેગાર તાબડતોબ દંડ ન ભરે અથવા ગુન્હેગારની જુબાની ઉપરથી અથવા બીજી રીતે સદરહુ અમલદારની ખાત્રી થાય કે જમીનું વારંટ આપીશું તો પણ કરેલો દંડ અથવા અવેજ વસુલ થાય તેટલી માલ મીલકત ગુન્હેગારની પાસે નથી તો તે અમલદાર પોતાની સહીનું વારંટ આપીને પોતાની નજરમાં આવે તે પ્રમાણે આશાન કેદમાં રાખવા સારૂ અથવા સખત મજુરી સુદ્ધાં કેદમાં રાખવા સારૂ ગુન્હેગારને તુરંગમાં મોકલવાને મુખતીઆર છે પચાસ રૂપીઆ કરતાં વધતો દંડ નહી હોય તો ઘણામાં ઘણા બે "ક્યાલંડર" મહીના સુધી કેદમાં રાખવો અને સો રૂપિયા કરતાં વતો દંડ નહી હોય તો ઘણામાં ઘણા ચાર "ક્યાલંડર" મહીના સુધી કેદમાં રાખવો એ વગર બીજે પ્રસંગે ઘણામાં ઘણા "છ ક્યાલંડર" મહીના સુધી કેદમાં રાખવો દંડનો અવેજ આપે તો ગુન્હેગારને તાબડતોબ છોડી મુકવો.

દંડનો હીસ્સો ખબર આપનારને આપવો.

૫૭. આ આક્ટ પ્રમાણે જે દંડ ઠરે અને વસુલ થાય તેના ઘણામાં ઘણા નીમે ભાગ સુધી ખબર આપનારને આપવાનો અધીકાર છે.

હુકમ વગર દંડ વસુલ કરવાનું કામ ચલાવવું નહી.

૫૮. જે ગુન્હા બાબત એકલા દંડની શીક્ષા ઠરાવી છે તે ગુન્હા બાબત આ આક્ટના આધારથી દંડ કરયો હોય તે વસુલ કરવાનું કામ સરકારના હુકમ વગર અથવા પોષ્ટ ઓફીસના ડરેક્ટર જનરલની અથવા પોષ્ટ માસ્તર જનરલની અથવા જે બીજા અમલદારને પોષ્ટ માસ્તર જનરલનો ખસુશ કરીને અખતીયાર આપ્યો હોય તે અમલદારની સહીના લખેલા હુકમ વગર ચલાવવું નહી.

જે સંસ્થાન સાથે તહ થયો હોયતે સંસ્થાનના પોષ્ટઓફીસના નોકર ગુન્હા કરે તે બાબત.

૫૯. મલીકામાયાઝમાની સાથે હિંદુસ્તાન માંહેના જે પારકા રાજ્યનો અથવા સંસ્થાનનો તહ થયો હોય તે પારકા રાજ્યના અથવા સંસ્થાનના મુલકમાં ઇંડિયા સરકાર પોષ્ટ આફીસ કહાડશે તે મુલકમાં કોઇપણ સરકારી નોકરને ઇંડિયા સરકારે અથવા હરકોઈ ઠેકાણેની સરકારે પોષ્ટ આફીસમાં ચાકરીએ રાખવો હોય અથવા હાંસલના સ્ટાંપ વેચનારો નીમ્યો હોય અથવા હાંસલના સ્ટાંપ વેચવાનું કામ ઇંડિઆ સરકારે અથવા હરકોઇ ઠેકાણાની સરકારે તેને સોંપ્યું હોય તે નોકર બ્રીટીશ ઇંડિયામાં તેની પેઠે જે માણસને ચાકરીએ રાખ્યો હોય અથવા નીમ્યો હોય અથવા ઉપર લખ્યા પ્રમાણે જે માણસને કામ સોંપ્યું હોય; તે માણસે ફલાણાં ફલાણાં કામ કરવાં નહી અથવા ફલાણું કામ કરવાં એવું આ આક્ટમાં કહ્યું છે તે પ્રમાણે મના કરેલાં કામોમાંથી હરકોઈ કામ તેવા રાજના અથવા સંસ્થાનના મુલકમાં કરશે અથવા જે કામો કરવાને ફરમાવ્યું છે, તે માંહેનું કાંઇ કામ નહી કરશે તે સરકારી નોકર ગુન્હેગાર થશે અને ગુન્હો સાબેત થયા પછી શીક્ષા કરવી તે બ્રીટીશ ઇંડિઆમાં મના કરેલા કામો કરયાથી અથવા જે કામો કરવાને ફરમાવ્યું છે તે નહી કરયાથી જે રીતે શીક્ષા થાય છે તે રીતે કરવી અને સરકારી ચાકરે તેવા મુલકમાં કરેલા ગુન્હાની તપાસ કરવાનો અધિકાર ઇંડિયાના ગવરનર જનરલ ઇનકાંઊશીલે જે કોઇને અથવા અમલદારને આપ્યો હોય તેણે તે નોકરનો ઇનસાફ કરીને ગુન્હાની સાબેતીનો ઠરાવ કરીને ગુન્હાના સ્વ-

રૂપ પ્રમાણે દંડ અથવા બીજી શીક્ષા કરવી અથવા બ્રીટીશ ઇંડિયાના કોઇ ભાગ માંહેની કોરટે અથવા માજીસ્ત્રેટે અથવા બીજે યોગ્ય અમલદાર બ્રીટીશ ઇંડિયાના હરકોઈ ભાગમાં સરકારી નોકરે ગુન્હો કરયો હોય ત્યારે જે રીતે ઇનસાફ કરીને ગુન્હાની સાબતીનો ઠરાવ કરીને ગુન્હાના સ્વરૂપ પ્રમાણે દંડ અથવા બીજી શીક્ષા કરેછે તે રીતે તે કોરટે અથવા માજીસ્ત્રેટે અથવા બીજા અમલદારે તે નોકરનો ઇનસાફ કરીને ગુન્હાની સાબેતીનો ઠરાવ કરીને ગુન્હાના સ્વરૂપ પ્રમાણે તેને દંડ અથવા બીજી શીક્ષા કરવી.

મનાઈ કરેલી જણશ અથવાલેખઆ આક્ટ વીરૂદ્ધ પત્રો વીગરેમાંછે એવો શક આવેતો તે પત્રો વગરેનું શું કરવું તે બાબત.

૬૦ પત્ર અથવા બીજી જણશ પોચાડવા સારૂ પોષ્ટ ઓફીસમાં પડી હોય તેમાં મનાઈ કરેલી જણશ અથવા જે જણશની જગાત સરકારમાં ભરવી હોય તેવી જણશ છે એવો શક તે ઓફીસમાં કોઈ અમલદારને આવે અથવા પોહોચાડવા સારૂ પોષ્ટ ઓફીસમાં પડેલા પત્રમાં અથવા બીજી જણશમાં અથવા આ આક્ટની ૧૪ મી અથવા ૧૬ મી અથવા ૪૩ મી કલમમાં ઠરાવ વિરૂદ્ધ કાંઈ લેખ અથવા મલકુફ છે એવો શક આવે તો તે અમલદારને એવો અધીકારછે કે તેણે જેના નામનુ તે પત્ર અથવા બીજી જણસ હોય તેને તે પત્ર અથવા જણશ પોષ્ટ ઓફીશમાં આવી પહોચ્યા પછે ૪૮ અડતાળીસ કલાકમાં પોતાની જાતે અથવા વકીલની મારફતે હાજર થવાનું ફરમાવવું; અને જેના નામનું તે પત્ર અથવા બીજી જણશ હોય તેની અથવા તેના મુખતીયારની રૂબરૂ તે ઉઘાડવી અને જો તે પોતાની જાતે અથવા તેનો મુખતીયાર હાજર ન થાય તો તેની અપ્રોક્ષ તે ઉઘાડવી પણ એવું ઠરાવ્યું છે કે પોષ્ટ ઓફીસના જે અમલદારના તાબામાં હોય તેની પદવી પોષ્ટમાસ્તરની પદવી કરતાં ઓછી હોય તો તેણે આબરૂદાર બે માણસોને સાહેદ પ્રમાણે બોલાવીને પછે જે નામનું પત્ર અથવા બીજી જણશો હોય તેની અપ્રોક્ષ તે ઉઘાડવી અને વળી એવું ઠરાવ્યું છે કે કાઢેલા પત્રની અથવા બીજી જણશની આગળ કામ ચલાવવા સારૂ ગરજ ન હોય તો તે જેના નામની હોય તેને ફેરમા પછી પહોંચાડવા અને પત્ર અથવા બીજી જણશ ઉઘાડ્યા બાબત તથા તે બાબતની હકીકત પોષ્ટમાસ્તર જનરલને તાબડતોબ જહેર કરવી અને હરકોઈ પારકે બંદરે અથવા હીંદુસ્તાન બહાર કોઈ ઠેકાણે વહાણે મોકલવા સારૂ કાંઈ બેંગી આપે તેની સાથે ફુરજાની પાસ એટલે (રજાચીઠી) નહી હોય તો હું પોષ્ટની મારફતે તે મોકલતો નથી એવું કહેવાનો પોષ્ટ ઓફીસના અમલદારને અધીકાર છે.

પોષ્ટની મારફતે મોકલેલી માલમીલકત ઊપરપોષ્ટમાસ્તર જનરલનું ધણીપણું છે એવું લખવું.

૬૧ મેલની થેલી બાબત અથવા પેટી બાબત અથવા પોષ્ટની મારફતે મોકલેલા પત્ર બાબત અથવા બીજી જણશ બાબત ગુન્હો કર્યો હોય ત્યારે ગુન્હેગાર ઉપર ચારજ (એટલે તેહોમતનામુ) તઈયાર કરતી વખતે તે મેલની થેલી ઉપર અથવા પેટી ઊપર અથવા પત્ર ઉપર અથવા બીજી જણશ ઉપર ઈલાકાના પોષ્ટમાસ્તર જનરલનું ધણીપણું છે એવું તે તહોમતનામામાં લખવાનો અખતીયાર છે અને તે મેલની થેલી અથવા પેટી અથવા પત્ર અથવા બીજી જણશ આટલી કીંમતની હતી એવું ચારજમાં લખવાની અથવા ઇનસાફની વખતે અથવા બીજી વખતે સાબેત કરવાની જરૂર નથી અને પોષ્ટ ખાતામાં ચાકરીએ રાખેલા કોઈ માણુસ ઉપર આ આક્ટ વીરૂદ્ધ કરેલા હરકોઈ ગુન્હા બાબત ચારજ તઇયાર કરવા હોય તે તેમાં ગુન્હેગારની ચા-

કરીનો કામના પ્રકાર અથવા વિગત વધારે લખવી નહી પણ ગુન્હો કરતી વખતે તે પો-
ષ્ટ ખાતામાં ચાકરીએ હતો એટલું લખશે એટલે કાયદા પ્રમાણે તે બસ છે એવું સમજવું.

ભાગ ૮ મો.

પરચુરણ.

પતરો મલીકામાયાઝમાના સરકારી કામનાછે એવોદાખલો જે પત્રઉપરલખ્યો હોયતેઓમુંદાં સલ શીરીને લેવું.

૬૨ પત્રો અથવા બીજી જણશો મલીકામાયાઝમાનાં સરકારી કામની હોય અને તે મલીકામાયાઝમાના સરકારી કામની છે એવો દાખલો તે ઉપર લખ્યો હોય અને ઇંડીઆના ગવરનર જનરલ ઇ-નકાંઉશીલે દાખલા ઉપર સહી કરવાનો જે સરકારી અમલદારને અ-ખતીયાર આપ્યો હોય તેની સહી તે દાખલા ઉપર હોય તો તે પ-ત્રો અથવા જણશો પોષ્ટની મારફતે મોકલાવવી અને તેઓનું હાંસલ લેવું હોય તે તે પત્રો અથવા પાકેટો જે ખાતામાં અથવા જે ખાતાએ મોકલ્યા હોય તે ખાતાને નામે ઇંડીયાના ગવરનર જનરલ ઇનિકાંન્શીલ વખતે વ-ખતે ફરમાવે તે રીતે ઉધારવું અથવા તે ખાતામાંથી વસુલ કરવું.

ગવરનર જનરલ ઇનકાંઉશીલનેકાનુનો કરવાનો અધિકારછે.

૬૩ પોષ્ટ ઓફીસનું કામ કોઇ રીતે ચલાવવું તે બાબતની વખ-તે વખતે કાનુનો ઠરાવીને તેમાં પત્રો તથા બીજી સરવ જણશ પો-ષ્ટમાં નાખવા બાબત તથા મોકલવા બાબત તથા લઇ જવા બાબ-ત, તથા પોચાડવા બાબત નીયમ તથા સરતો તથા મર્યાદા ઠરાવવા-નો અધિકાર ઇંડીયાના ગવરનર જનરલ ઇનિકાંઉશીલને છે પણ તે કાનુન આકટ વિરૂદ્ધ ઠરાવવી નહી.

ડીસ્ત્રીકટ ડાકો.

૬૪ સઘળી જમીનદારી ડાકનો અથવા થાણાની ડાકનો અથવા બીજી ડીસ્ત્રીકટ ડાકનો અથવા તે માંહેની કેટલીએક ડાકનો બંદોબ-સ્ત કરવા સારૂ વખતે વખતે કાનુન ઠરાવીને તે ડાકને તથા તે સબંધી ચાકરીએ રાખેલા માણસોને આ આકટના કયા કયા ભાગ લાગુ છે તે વખતે વખતે ઠરાવવાનો અધિકાર ઇં-ડીયાના ગવરનર જનરલ ઇનિકાંઉશીલને છે,

નુકશાનીનું જોખમસરકારનેમાથેનથી.

૬૫ કાંઇ જણશ મોકલવા સારૂ પોષ્ટઓફીસમાં સોંપી હોય તેની કાંઇ નુકશાની અથવા ખરાબી થશે તો તેનું જોખમ સરકારને મા-થે નથી અને પોષ્ટઆફીસના ખાતામાં સરકારે રાખેલા કોઇ માણ-સને માથે પણ એવી નુકશાનીનો અથવા ખરાબીનું જોખમ નથી પણ ગાફેલપણાથી અ-થવા અદાવતથી અથવા કપટથી તે એવી નુકશાની અથવા ખરાબી કરશે તો તેને તેનો જવાબ દેવો પડશે.

सने १८६७ नो आकट २५ मो.

ઇંડીઆના ગવરનર જનરલ ઇનકાંઉસીલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૬૭ ના મારચ મહીનાની ૨૨ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસિદ્ધ કર્યોછે,

છાપવાના પ્રેસો વિશે તથા વરતમાનપતરો વીશે નિયમ ઠરાવવા બાબત તથા બ્રિટીશ ઈંડિયામાં છાપેલી બુકોની (એટલે પુસ્તકોની અથવા ચોપડીઓની) નકલો સંભાળીને રાખવા બાબત તથા સદરહુ પ્રકારની બુકો નોંધવા બાબતનો આકટ.

ઉદ્દેશ

છાપવાના પ્રેસો વિશે તથા નિયમિત મુદતે છાપવાના જે ગ્રંથમાં વરતમાન હોયછે તે ગ્રંથ વિશે નિયમ ઠરાવવા બાબત અને બ્રિટિશ ઈંડીયામાં બીબાથી અથવા શિલા ઉપર છાપેલી દરેક બુકની ત્રણ ત્રણ નકલો સંભાળી રાખવા બાબત તથા સદરહુ પ્રકારની બુકો નોંધવા બાબત ઠરાવ કરવો યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

—(*)—

ભાગ ૧ લો.

પ્રથમ નિયમો

અરથનીકલમ

૧ આ આકટમાં વિષયને અથવા આગલા પાછલા સબંધને વીરોધ આવતો નહી હોય તો.

"બુક"

"બુક" આ શબ્દમાં કોઈ ભાષામાં વાલ્યુમનો તથા વાલ્યુમના ભાગનો તથા ચોપાનીયાનો તથા બીબાના છાપથી અથવા શીલા ઉપર જુદા જુદા છાપેલા ગાયનના રાગના દરએક તાવનો અથવા નક્ષાના અથવા સમુદ્રના નક્ષાના અથવા પ્લાનના દરેક તાવનો સમાસ થાયછે એવું સમજવું.

"બ્રિટિશઇંડીયા"

બ્રિટીશ ઈંડીયા એટલે હીંદુસ્તાનનો રાજકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબત નો આકટ એ નામનો વિકટોરીયા રાણીના રાજનાં ૨૧ મા અને ૨૨ મા વરશમાં ૧૦૬ દો બાબ ઠરાવ્યોછે તે પ્રમાણે પ્રિન્સ ઓફ વેલ્સ અઇલંડ, સિંગાપુર અને મલાકા એ સંસ્થાન સિવાય જેટલો મુલક રાણીસાહેબને હાથ આવ્યોછે અથવા રાણી સાહેબને હાથ અથવા તેઓના ન્યાયશિશીન (એટલે તેઓની ગાદી ઉપર બેસનારને) હાથ હવે પછી આવશે તેટલો મુલક જાણવો.

"માજીસ્ત્રેટ".

"માજીસ્ત્રેટ" આ શબ્દનો અરથ જે માણસ માજીસ્ત્રેટનો કુલ અખતીયાર ચલાવતો હોય તે માણસ સમજવો; અને "માજીસ્ત્રેટ" આ શબ્દમાં પોલીસના હરકોઈ માજીસ્ત્રેટનો તથા જસ્ટીશ ઓફ ધી પીસનો સમાસ થાય છે એવું સમજવુ.

વચન લીંગ — એક વચની શબ્દોમાં અનેક વચનનો અને અનેક વચની શબ્દોમાં એક વચનનો સમાસ થાયછે; અને પુલ્લીંગી શબ્દોમાં સ્ત્રીઓનો સમાસ થાય છે.

"ઠેકાણાઠેકાણાનીસરકાર" — "ઠેકાણા ઠેકાણાની સરકાર" એટલે બ્રિટીશ ઇંડીયાના જે ભાગને આ એકટ લાગુ હોય તે ભાગમાં હકુમત ચલાવવાનો અધિકાર કાયદા પ્રમાણે જે માણસને છે તે માણસ જાણવો અને "ઠેકાણા ઠેકાણાની સરકાર" આ શબ્દોમાં ચીફ કમીશનરોનો સમાસ થાયછે એવું સમજવું.

સને ૧૮૩૫ નો ૧૧ મો આકટ રદ કરવા બાબત. — ૨ સને ૧૮૩૫ નો ૧૧ મો આકટ આ કલમ ઉપરથી રદ કીધો છે પણ તે આકટ ઉપરથી જે કાયદા રદ થયા હોય તે બાબત તથા આ આકટ ઠર્યા પહેલાં જે કામ તથા ગુન્હા થયા હોય અથવા કીધા હોય તથા પેચ આવ્યા હોય તે બાબત તે આકટ રદછે એવું સમજવું નહી સને ૧૮૩૫ નો ૧૧ મો આકટ ઠર્યા પછી જે મુલક ઇસ્ટઇંડીયા કંપનીએ અથવા મલીકાબાયાઝમાએ સંપાદન કીધો છે તે મુલકમાં તે આકટ, હેઠળ લખેલી વાતો બાબત એટલે તે આકટ પ્રમાણે જે કામો થયાનુ તથા સીક્ષા કીધાનું અને દંડ લીધાનુ કહેતો હોય તે કામ બાબત તથા શીક્ષા બાબત તથા દંડ બાબત તે આકટ સદરહુ પ્રમાણે મુલક સંપાદન કરયાની તારીખથી તે આ આકટ ઠરયાની તારીખલગી ચાલુ હતો એવુ સમજવું.

ભાગ ૨ જો.

છાપવાના પ્રેસો બાબત તથા વરતમાનપત્રો બાબત.

દરેકછાપેલીબુકઉપરઅથવા કાગળઉપર છાપનારનુ તથા પ્રસિધકરનારનુંનામજોઇએ. — ૩ જે જે બુક અથવા કાગળ બ્રીટીશ ઇંડીયામાં છપાય તે બુક ઉપર અથવા કાગળ ઉપર છાપનારનુ તથા છાપવાની જગાનું નામ પ્રસિધ કરવું હોય તો વંચાય તેવી રીતે છાપવું અને તે બુક અથવા કાગળ પ્રસીધ કરનારનું તથા પ્રસીધ કરવાની જગાનુ નામ પણ છાપવું.

છાપવાનાપ્રેસોરાખનારે ઇકરાર કરવો. — ૪ જે માજીસ્ત્રેટની હકુમતની હદમાં બુકો અથવા કાગળ છાપવાનાં પ્રેસ હોય તે માજીસ્ત્રેટની આગળ જે માણસે હેઠળ લખ્યા પ્રમાણે ઇકરાર કરીને તે ઉપર સહી કરી નહી હોય તે માણસેં તેવા પ્રેસ બ્રીટીસ ઇંડીયા મધે પોતાના કબજામાં રાખવા નહી.

"હું **અ બ** ઇકરાર કરૂછું કેઃ—

મધે મારો છાપવાનો પ્રેસ છે જે જગાએ સદરહુ પ્રકારનો પ્રેસ હોય તે જગાનુ ખરેખરૂ અને બરાબર વરણન ઉપલી કોરી જગામાં લખવું.

નિયમીતમુદતેછાપેલાજેગ્રંથમાંસારવજનીકવરતમાનહોયતેગ્રંથપ્રસીધકરવાબાબતની કાનુંન — ૫ નિયમીત મુદતે છાપેલા જે ગ્રંથમાં સારવજનીક વરતમાન અથવા સારવજનીક વરતમાન ઉપર ટીકા હોય તે ગ્રંથ આ કલમમાં આગળ કહેલી કાનુંન પ્રમાણે ચાલ્યા વગર બ્રીટીશ ઇંડીયામાં પ્રસિદ્ધ કરવો નહી.

(૧) નિયમીત મુદતે છાપવાનો ગ્રંથ જે માજીસ્ત્રેટની હકુમતની હદમાં પ્રસીધ કરવો હોય તે માજીસ્ત્રેટની આગળ તે ગ્રંથ છાપનારે તથા પ્રસિધ્ધ કરનારે હાજર થઈને હેઠળ લખેલા ઇકરારની બે નકલ કરીને તે ઉપર સહી કરવી.

હું અ બ ઇકરાર કરૂછુ કે નિયમીત મુદતે છાપવાનો   નામનો ગ્રંથ   મધે છપાય છે (અથવા પ્રસિધ્ધ થાય છે અથવા છપાઇને પ્રસીધ્ધ થાયછે.) તે ગ્રંથનો હું છાપનારો (અથવા પ્રસિદ્ધ કરનારો અથવા છાપનારો તથા પ્રસિદ્ધ કરનારો જેવી હકીકત હોય તેવી લખવી) છું ઈકરારના આ નમુનાની છેલી કોરી જગામાં જે ઠેકાણે ગ્રંથ છાપવાનું અથવા પ્રસીધ્ધ કરવાનું કામ ચાલતુ હોય તે ઠેકાણાનું ખરેખરૂ અને બરોબર વરણન લખવું.

(૨) છાપવાની અથવા પ્રસિધ કરવાની જગો જ્યારે જ્યારે બદલવામાં આવે ત્યારે ત્યારે નવો ઈકરાર કરવો જોઈએ.

(૩) જે છાપનારે અથવા પ્રસિધ્ધ કરનારે સદરહુ ઈકરાર કીધો હોય તે જ્યારે જ્યારે બ્રીટીશ ઇંડીયા મુકીને જાય ત્યારે જે છાપનારો અથવા પ્રસિધ્ધ કરનારો સદરહુ મુલકમાં રહેતો હોય તેણે નવો ઇકરાર કરવો જોઇએ.

ઇકરારઉપરસહીકરવીતથા ઈકરાર રાખવો.

૬ જે જે ઇકરાર સદરહુ પ્રમાણે કીધો હોય તથા જે ઉપર સહી કીધી હોય તે તે ઇકરારની બે અસલ નકલોમાંથી એક એક અસલ નકલ ઉપર હેઠળ લખેલા માજીસ્ત્રેટે સહી કરવી તા૦ હુદાનો શીકો કરવો. એટલે જે માજીસ્ત્રેટની આગળ તે ઈકરાર કીધો હોય તે માજીસ્ત્રેટે સહી કરવી તથા હુદ્દાનો શીક્કો કરવો. સદરહુ અસલ નકલોમાંથી એક નકલ તે માજીસ્ત્રેટની કચેરીના દફતરમાં રાખવી અને બીજી નકલ અદાલતની જે હાયકોરટની અથવા બીજી કોરટની અસલ દીવાની ફરીયાદ લેવાની મામુલ હકુમતની હદમાં સદરહુ પ્રકારનો ઈકરાર કીધો હોય તે હાયકોરટના અથવા બીજી કોરટના દફતરમાં રાખવી.

ઇકરારજોવોતથાઈકરારની નકલ

દરએક અસલ ઈકરાર જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારે જે માણસ તે ઇકરાર જોવા ચાહે તે માણસ એક રૂપીઓ ફી આપે તેને જોવા દેવો અને જે માણસ સદરહુ પ્રકારના ઈકરારની નકલ માગે તે બે રૂપીઆ ફી આપે તો તેને હેઠળ લખેલી કોરટના શીકકા સુધાં આપવી એટલે જે કોરટના તાબામાં અસલ ઈકરાર હોય તે કોરટના શીક્કા સુધાં આપવી.

૭ હરકોઇ ફોજદારી ફરીયાદીમાં તથા તેજ પ્રમાણે દીવાની ફરીયાદીમાં સદરહુ પ્રકારના ઈકરારની નકલ હેઠળ લખેલી કોરટના શીકકા સુધ્ધાં હાજર કરે તો એટલે સદરહુ પ્રકારનો ઈકરાર સંભાળીને રાખવાનો અધીકાર આ આકટ પ્રમાણે જે કોરટને આપ્યો હોય તે કોરટના શીક્કા સુદ્ધાં હાજર કરે તો તે નકલ હેઠલ લખેલી વાત બાબત બરાબર પુરેપુરો પુરાવો છે એવું સમજવુ એટલે તે ઇકરાર હેઠળ જે માણસના નામની સહી હોય તે માણસ નિયમીત મુદતે છાપવાના ગ્રંથનુ નામ ઈકરારમાં લખ્યુ હોય તે નામ સાથે નિયમીત મુદતે છાપેલા જે ગ્રંથનું નામ મળતુ આવતું હોય તે ગ્રંથના સઘળા ભાગોનો (ક-

કરારમાં લખ્યુ હોય તે પ્રમાણે છાપનારો અથવા પ્રસીધ્ધ કરનારો, અથવા છાપનારો અને પ્રસીધ્ધ કરનારો છે એ વાતનો બરાબર પુરેપુરો પુરાવો છે એવું સમજવું પણ એ વાત વિરૂધ સાબેત કરવામાં આવે તો તેવું સમજવુ નહી.

જેમાણસેઈકરારઉપરસહીકરીહોય અને જે માણસ છાપનારનુંઅથવા પ્રસીદ્ધ કરનારનુંકામઆગળ જતાંછોડેતેણેનવોઇકરારકરવો જોઇએ.

૮ પણ એવું ઠરાવ્યું છે કે જે માણસે સદરહુ પ્રકારના ઈકરાર ઉપર સહી કીધી હોય તથા ઇકરારમાં લખેલા નીયમીત મુદતે છાપવાના ગ્રંથના છાપનારનું અથવા પ્રસીધ્ધ કરનારનુ કામ જે માણસ આગળ જતાં છોડે તેને હરકોઈ માજીસ્ત્રેટની આગળ હાજર થઇને હેઠળ લખેલો ઇકરાર કરીને તેની બે નકલ ઉપર સહી કરીને આપવાનો અધીકાર છે,

"હું **અ બ** ઈકરાર કરૂછુ કે નીયમીત મુદતે છાપવાના   નામના ગ્રંથના છાપનારનું અથવા પ્રસીધ્ધ કરનારનું અથવા છાપનારનું અને પ્રસિદ્ધ કરનારનું કામ છોડયું છે."

સદરહુ બીજો ઇકરાર જે માજીસ્ત્રેટની આગળ કીધો હોય તે માજીસ્ત્રેટની સહી તથા શીક્કો તે ઇકરારની દરેક અસલ નકલ ઉપર જોઈએ, અને તે બીજા ઇકરારની એક એક અસલ નકલની સાથે ફાઇલ કરવી. બીજા ઇકરાર દરએક અસલ નકલ જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારે જે માણસ તે નકલ જોવા ચાહે તે એક રૂપીઓ ફી આપે તો તેને તે જોવા દેવી અને જે માણસ બીજા ઈકરારની નકલ માગે તે માણસ બે રૂપીઆ ફી આપે તો તેને હેઠળ લખેલી કોરટના સીકા સુધાં આપવી એટલે જે કોરટના તાબામાં અસલ નકલ હોય તે કોરટના સીકા સુધાં આપવી. ઈનસાફના જે કામમાં પહેલા ઈકરારની સદરહું પ્રમાણે સહી કરેલી નકલ પુરાવામાં આપી હોય તે સઘળા કામમાં બીજા ઈકરારની સદરહુ પ્રમાણે સહી કરેલી નકલ પુરાવામાં આપવાનો અધીકાર છે અને બીજા ઇકરારમાં લખેલા નિયમીત મુદતે છાપવાના ગ્રંથનો ઇકરાર કરનારો તે ઈકરારની તારીખ પછી હરકોઈ વખતે છાપનારો અથવા પ્રસીધ કરનારો હતો એ બાબત પહેલાનો ઇકરાર પુરાવો છે એવું સમજવું નહી.

ભાગ ૩ જો.

આકટઅમલમાંઆવ્યા પછીજેબુકો છપાયતેની ત્રણત્રણનકલોતા. તેબુકોની ત્યારપછીની સઘળી આવ્રતીનીપણ ત્રણત્રણ નકલો એક મહીનાની અંદરસરકારને આપવી.

૯ આ આકટ ચાલું થયા પછે જે જે બુકો બ્રીટીશ ઈંડીઆમાં બીબાના છાપાથી અથવા સીલા ઉપર છપાય તે બુકોના નકસા અથવા ચીતરો હોય તેની સારી નકલો જે રીતે છાપી કાઢી હોય તે રીતે તઇઆર કરેલી તથા રંગેલી તે નકશાની અથવા ચિતરોની નકલ સહીત તે આખી બુકની બીબાની છાપથી અથવા સીલા ઉપર છાપેલી ત્રણ ત્રણ નકલો અને તે બુકમાં કાંઇ વધારીને અથવા ફેરવીને તેની બીજી અથવા ત્યારપછીની હરકોઈ આવૃતી સદરહુ પ્રમાણે કાઢવામાં આવે પછી જે વધારયુ હોય અથવા ફેરવ્યુ હોય તેબુકના મજકુરમાં અથવા નકશામાં અથવા ચીત્રમાં વધારયુ હોય કે ફેરવ્યું હોય અને તે બુકની પહેલી આવૃતી આ આકટ અમલ-

માંઆવ્યાપહેલાં અથવા અમલમાં આવ્યા પછી છાપી હોય, તે આવ્રતીની પણ ત્રણત્રણ નકલ છાપનારે ઠેકાણા ઠેકાણાની સરકાર વખતે વખતે સરકારી ગેજેટમાં જાહેરનામુ છપાવીને જે ઠેકાણે તથા જે અમલદારને આપવાનું ફરમાવે તે ઠેકાણે તથા તે અમલદારને સદરહુ પ્રકારની બુકો પ્રેસમાંથી પહેલવહેલી જે તારીખે બહાર પડે તે તારીખથી એક કયાલંડર મહીનામાં આપવી સદરહુ પ્રકારની બુક પ્રસીધ કરી હોય તો છાપનારની અને પ્રસીધ કરનારની દરમીયાન કંઇ કબુલ થઈ હોય તો પણ ત્રણ ત્રણ નકલો આપવી, અને તે નકલો બાંધેલી જોઈએ અથવા સીવેલી જોઇએ અથવા દોરો નાખેલી જોઇએ અને જેવા સારા કાગળો ઉપર તે આવ્રતી બીબાના છાપાથી અથવા સીલા ઉપર છાપી હોય તેવા સારા કાગળ ઉપર તે નકલો બીબાના છાપાથી અથવા સીલા ઉપર છાપેલી જોઇએ. જે પ્રસીધ કરનારે અથવા બીજા માણસે છાપનારને બુક છાપવાનુ કામ આપ્યુ હોય તે સદરહુ મહીનો પુરો થયા પહેલાં ગાપ્ક મુદતમાં છાપનાર સદરહુ પ્રમાણે નકલો આપી શકે તેમ થવા સારૂ જે નકશાની અથવા ચીતરોની જરૂર હોય તે નકશા અથવા ચિતરો સદરહુ પ્રમાણે તઇયાર કરવાને તથા રંગાવીને છાપનારને અપાવવાં, આ કલમના પહેલા ભાગના હરકોઈ ઠરાવ નીયમીત મુદતે છાપવાનો જે ગ્રંથ આ આકટની પાંચમી કલમમાં લખેલી કાનુન પ્રમાણે પ્રસીધ થતો હોય તે ગ્રંથને લાગુ છે એવું સમજવું નહી.

નકલની પોહોચ તથા નકલના પઇશા આપવા.

૧૦ પછી સદરહુ પ્રકારના અમલદારે સદરહુ પ્રમાણે જે નકલો આવે તેની પોચ લખી આપવી અને તે બુક પ્રસીધ થયા પછે લોકોને વેચાતી આપવી હોય તો બુકની એક નકલ જેટલી કીમતે લોકોને ખરેખાત વેચાતી હોય તે ભાવે તે નકલની કીમત પ્રસીધ કરનારને આપવી.

ત્રણનકલનીવ્યવસ્થા.

૧૧ સદરહુ નકલોમાંથી એક નકલ ઇંડીયાના સ્ટેટ સેક્રટરીને મોકલવી અને બીજી નકલની વ્યવસ્થા, ઇંડીઆના ગવરનર જનરલ ઇનકૌંસીલ સામાન્ય અથવા વિશેશ હુકમ કરીને વખતે વખતે ફરમાવે તે પ્રમાણે કરવી અને જે વિગત લખવાનું આ આકટમાં આગળ કહ્યુ છે તેવી બુક બાબતની વિગત લખેલુ ટીપણુ આ આકટમાં આગળ કહ્યા પ્રમાણે નોંધ્યા પછી બાકી રહેલી ત્રીજી નકલ ઠેકાણા ઠેકાણાની સરકાર વખતે વખત ફરમાવે તે સારવજનીક પુસ્તકાલયમાં રાખવી અથવા તેવી તેની બીજી વ્યવસ્થા કરવી.

ભાગ ૪ થો.

શિક્ષા.

ત્રીજી કલમની કાનુંન વીરૂધછાપશે તોશીકશાથશે

૧૨ કોઇ માણસ કાંઈ બુક અથવા કાગળ આ આકટની ૩ જી કલમની કાનુન પ્રમાણે ચાલ્યા વગર છાપશે અથવા પ્રસીધ કરશે તો તેની ઉપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબેત થયા પછી તેને પાંચ હજાર રૂપૈઆ સુધી દંડ થશે અથવા ઘણમાં ઘણા બે વરસ સુધી આશાન કેદની શીક્ષા થશે અથવા એ બેઉ શીક્ષા થશે.

૧૩ કોઈ માણુસ આ આકટની ૪ થી કલમમાં કહ્યા પ્રમાણે ઇકરાર કર્યા વગર સદરહુ પ્રકારનો પ્રેસ પોતાના કબજામાં રાખશે તો તેની ઉપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થયા પછી તેને પાંચ હજાર રૂપીઆ સુધી ડંડ થશે અથવા ઘણામાં ઘણા બે વરસ સુધી આસાન કેદની શીક્ષા થશે અથવા એ બેઉ શીક્ષા થશે.

૪થી કલમમાં કહ્યા પ્રમાણેઇકરાર કર્યા વગરપ્રેસ રાખશે તો શીક્ષા થશે.

૧૪ કોઇ માણુસ આ આકટ પ્રમાણે ઈકરાર કરતી વખતે તેમાં ખોટો મજકુર લખી આપશે અથવા ફલાણો મજકુર ખોટો છે એવું તેને માલમ હોય અથવા લાગતુ હોય અથવા ખરો છે એવું તેને લાગતું નહી હોય તેવો મજકુર લખીઆપશે તો તેની ઉપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થયા પછી તેને પાંચ હજાર રૂપીઆ સુધી ડંડ થશે અથા ઘણામાં ઘણાં બે વરસ સુધી આસાન કેદની શીક્ષા થશે અથવા એ બેઉ શીક્ષા થશે.

ખોટો મજકુર લખી આપવા બાબતની શીક્ષા.

૧૫ કોઈ માણુસ આ આકટમાં પાછળ કહેલા નિયમ પ્રમાણે ચાલ્યા વગર આ આકટમાં પાછળ કહેલા પ્રકારનો નિયમિત મુદતે છાપવાનો હર કોઇ ગ્રંથ છાપશે અથવા પ્રસિદ્ધ કરશે અથવા નિયમિત મુદતે છાપવાના સદરહુ પ્રકારના ફલાણા ગ્રંથ બાબત સદરહુ કાનુન પ્રમાણે ચાલ્યા નથી એવું માલમ હોય અને તે ગ્રંથ કોઇ છાપશે અથવા પ્રસીધ કરશે અથવા છપાવશે અથના પ્રસીધ કરાવશે તો તેની ઊપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થયા પછી તેને પાંચ હજાર રૂપીઆ સુધી ડંડ થશે અથવા ઘણામાં ઘણાં બે વરસ સુધી આસાન કેદની શીક્ષા થશે અથવા એ બેઊ શિક્ષા થશે.

નિયમિત મુદતે છાપવાના ગ્રંથ કાનુંન પ્રમાણેચાલ્યા વગર છાપવા બાબત અથવા પ્રશીધ કરવાબાબતની શીક્ષા.

૧૬ આ આકટની ૯ મી કલમમાં કહેલા પ્રકારની હરકોઇ બુકનો અથવા તે બુકની બીજી અથવા ત્યારપછીની આવૃતીનો છપનારો તે બુકનો અથવા આવૃતિની ત્રણ નકલો આ આકટ પ્રમાણે આપવાની ગફલત કરશે તેને સદરહુ પ્રકારની દરેક ચુક બાબત તેને હેઠળ લખેલો ડંડ થશે એટલે જે નકલો તેણે આપવી જોઈતી હતી તે નકલોની કીમત શિવાય બીજા પચાસ રૂપીઆ સુધી ડંડ થશે આ ડંડ સદરહુ પ્રકારની વાત માજીસ્ત્રેટના અધિકારમાંથી હરકોઈ અધીકાર ચલાવનાર માણસની આગળ સાબીત થાય તે તે અમલદારે વસુલ કરવો. જે પ્રસીધ કરનારે અથવા બીજા માણસે સદરહુ પ્રકારના હરકોઈ છાપનારને બુક છાપવાનુ કામ આપ્યું હોય તે પ્રસીધ કરનારો અથવા બીજુ માણસ તે છાપનારને સદરહુ કલમના ઠરાવ પ્રમાણે કરવાનુ બનવા સારૂ જે નકશાની અથવા ચીત્રોની જરૂર હોય તે નકશા અથવા ચીત્રો સદરહુ પ્રમાણે તૈયાર કરાવીને તથા રંગાવીને ઉપર કહેલી રીતે તેને આપવાની ગફલત કરશે તો તે પ્રસીધ કરનારને અથવા બીજા માણસને સદરહુ પ્રકારની દર એક ચુક બાબત હેઠળ લખેલો ડંડ થશે એટલે જે નકશા અથવા ચીતરો તેણે આપવા જોઈતાં હતાં તે નકશાની અથવા ચીત્રોની કીમત શીવાય વળી સદરહુ રકમ સુધી ડંડ થશે, અને તે રકમ ઉપર છેલ્લી જે રીત કહી છે તે રીતે વસુલ કરવી.

૧૭ આ આકટ પ્રમાણે ડંડ કીધો તે કલકતા, મદ્રાસ, અને મુંબઇ શેહેરની હદ બહારના કરેલા ગુના બાબત કીધો હોય તો તે સઘળો ડંડ ફોજદારી ઈનસાફનુ કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં કહેલી રીતે વસુલ કરવો. અને સદરહુ હદમાં કરેલા ગુના બાબત ડંડ કીધો હોય તો તે શેરની પોલીસનો બંદોબસ્ત કરવા બાબત જે આકટ ચાલુ હોય તે આકટમાં જે રીત કહી હોય તે રીતે વસુલ કરવો, ઠેકાણા ઠેકાણાનો સરકાર વખતે વખતે ફરમાવે તે પ્રમાણે ડંડના અવેજની વ્યવવસ્થા કરવી.

ડંડ વસુલ કરવાની રીત.

ભાગ ૫ મો.

બુકો નોંધવા બાબત.

૧૮ ઠેકાણા ઠેકાણાની સરકાર જે કચેરી તથા અમલદાર નીમાશે તે કચેરીમાં તથા તે અમલદારે બ્રિટીશ ઈંડિઆમાં છપાયેલી બુકોની યાદી એ નામની એક બુક રાખવી તે બુકમાં આ આકટની ૯ મી કલમ પ્રમાણે જેજે બુક આપવામાં આવે તે દરએક બુક બાબતનું ટીપણ નોંધવું. ટીપણુમાં હેઠળ લખેલો મજકુર લખાય તેટલો લખવો. એટલે

બુકના ટીપણો નોંધવા.

(૧) બુકનું નામ તથા બુકના નામના પ્રષ્ટનો મજકુર અને તે નામ તથા મજકુર અંગ્રેજી ભાષામાં નહી હોય ત્યારે તે નામનો તથા મજકુરનો અંગ્રેજી તરજુમો.

(૨) જે ભાષામાં બુક લખી હોય તે ભાષા.

(૩) બુકનો અથવા તેના કોઈ ભાગનો કરતા અથવા તરજુમો કરનારો અથવા એડીટર (સોધ પુર્વક ગ્રંથ પ્રકાશક)

(૪) વિશય.

(૫) છાપવાની જગા તથા પ્રસિદ્ધ કરવાની જગા.

(૬) છાપનારનું નામ અથવા છાપનારો કોઈની સાથે ભાગમાં કામ ચલાવતો હોય તો જે નામથી તે ભાગીઆ કામ ચલાવતા હોય તે કામ અને પ્રસિધ્ધ કરનારનું નામ અથવા પ્રસિદ્ધ કરનારો કોઈની સાથે ભાગમાં કામ ચલાવતો હોય તો જે નામથી તે ભાગીઆ કામ ચલાવતા હોય તે નામ.

(૭) પ્રેસમાંથી નીકળ્યાની અથવા પ્રસિધ્ધ થયાની તારીખ.

(૮) તાવોની અથવા પાનાની અથવા પ્રષ્ટોની સંખ્યા.

(૯) કદ.

(૧૦) પહેલી અથવા બીજી અથવા તે પછીની જે આવૃતિ હોય તેનો નંબર.

(૧૧) આવૃતિની જેટલી નકલ છાપી હોય તેટલી નકલો.

(૧૨) બુક બીબાના છાપાથી અથવા સીલા ઊપર છાપીછે.

(૧૩) બુક જેટલી કીમતે લોકોને વેચાતી આપતા હોય તે કીમત અને

(૧૪) ગ્રંથ સ્વામીત્વના અથવા ગ્રંથસ્વામીત્વના હરકોઇ ભાગના ધણીનુ નામ તથા રહેવાનું ઠેકાણુ.

ઉપર કહ્યા પ્રમાણે દરેક બુકની નકલો આપ્યા પછી તે બુકનું ટીપણુ જેમ બને તેમ જલદી તૈયાર કરીને નોંધવું આ કલમ પ્રમાણે દરેક નોંધ કરવામાં આવે તે સદરહુ યાદી રાખનારા અમલદારને બે રૂપીઆ આપે એટલે "ઇસ્ટઇંડીઆ કંપની સરકારના તાબા માંહેના મુલકમાં જે હકને ગ્રંથસ્વામીત્વ કહે છે તે હકના વ્યાખ્યા કરીને તથા તે હક અમલમાં લાવવાનો ઠરાવ કરીને તે મુલકમાં વીદ્યાને ઉત્તેજન આપવા બાબત" સને ૧૮૪૭ નો ૨૦ મો આકટ છે તે આકટ પ્રમાણે રાખેલી નોંધણીની બુકમાં નોધ કીધી, એવું સમજવું અને નોંધની બુક બાબત તે આ આકટમાં ઠરાવ છે તે કારણ પ્રતે સદરહુ યાદીને લાગુ થશે.

નોંધેલા ટીપણો પ્રસીધ્ધ કરવા.

૧૯ જે ટીપણો દરેક તીમાહીમાં સદરહુ યાદીમાં નોંધવામાં આવે તે ટીપણો તીમાહી પુરી થયા પછી જેમ બને તેમ જલદી ઠેકાણા ઠેકાણાના સરકારી ગેજીટમાં છપાવીને પ્રસીધ્ધ કરવા અને સદરહુ પ્રમાણે છપાવીને પ્રસીધ્ધ કરેલા ટીપણોની નકલ સદરહુ સેકરેટરી ઓફ સ્ટેટને તથા ઈંડિયા સરકારના હોમ ડીપારટમેંટના સેક્રેટેરીને મોકલવી.

ભાગ ૬ ઠો.

પરચુરણ.

કાનુનોકરવાનોઅધીકાર.

૨૦ આકટની મતલબ પાર પાડવા સારૂ જે કાનુનની જરૂર અથવા અગત્ય હોય તે કરવાનો અધિકાર તથા તે કાનુન વખતે વખતે રદ કરવાનો તથા તેમાં ફેરફાર કરવાનો તથા વધારવાનો અધીકાર ઠેકાણા ઠેકાણાની સરકારને છે સદરહુ પ્રકારની સઘળી કાનુનો તથા તેમાંથી જે રદ કરી હોય તે તથા ફેરવી હોય તે સઘળી ઠેકાણા ઠેકાણાની સરકારી ગેજેટમાં છપાવીને પ્રસીધ કરવી.

આઆકટફલાણા પ્રકારની બુકોનેલાગુનથીએવુંઠરાવવાનો અધીકાર.

૨૧ આ આકટ સઘળો અથવા આ આકટનો હરકાંઇ ભાગ અથવા ભાગો ફલાણા પ્રકારની બુકોને લાગુ નથી એવું ઇંડીઆ ગેજેટમાં જાહેરનામુ છપાવીને ઠરાવવાનો અધીકાર ઇંડીઆના ગવરનર જનરલ ઇનકાંઉસીલને છે.

આકટની મુદત-

૨૨ આ આકટનો ૩ જો ભાગ તથા ૧૯ મી કલમ અને ૫ મો ભાગ ચાલુ નથી એવું ઈંડીઆના ગવરનર જનરલ ઈનકાંઉસીલ ઇન્ડીઆ ગેજેટમાં જાહેરનામુ છપાવીને ઠરાવશે ત્યાં સુધી તે ભાગો તથા કલમ અમલમાં રહેશે.

આકટકયારેચાલુથશે.

૨૩ આ આકટ સને ૧૮૬૭ ના જુલાઈ મહીનાની ૧ લી તારીખથી અમલમાં આવશે.

सने १८७० नो अकट ७ मो.

કોરટફીનો આકટ.

બાબ ૨ જો.

હાયકોરટબીશેશહકુમતચલાવતી હોય ત્યારે

૪ આ આકટને જોડેલા ૧ લા અથવા બીજા પ્રસીસ્ટમાં કહેલા પ્રકારના જે દસ્તાવેજ બાબત ફી બેસે છે તેવા કોઇ દસ્તાવેજ બાબત એ બેઉ પ્રસિષ્ટમાંના હરકોઇ પ્રસિષ્ટમાં યોગ્ય ફીની જે રકમ લખી છે તે કરતાં ઓછી નહી હોય તેટલી ફી આપ્યા વગર તે દસ્તાવેજ સદરહુ હાયકોરટમાંની હરકોઈ હાયકોરટ અસલ દીવાની મુકદમાનો ઇનસાફ કરવાની પોતાની વીશેશ હકુમત ચલાવતી હોય ત્યારે

અથવા અસલ ફોજદારી મુકરદમાનો ઈનસાફ કરવાની પોતાની વીશેશ હકુમત ચલાવતી હોય ત્યારે.

અથવાઅપીલલેવાનીહકુમતચલાવતીહોયત્યારે

અથવા સદરહુ કોરટના બે અથવા બે કરતાં વત્તા જડજોના અથવા ડીવીજન કોરટના ફેંસલા ઉપર અપીલ થઈ હોય તે બાબત પોતાની હકુમત ચલાવતી હોય ત્યારે.

અથવા પોતે જે કોરટની તપાસ રાખતી હોય તે કોરટના ફેંસલા ઉપર અપીલ થઇ હોય તે અપીલ બાબત પોતાની હકુમત ચલાવતી હોય ત્યારે.

અથવામંજુરીયતમાગવાનીતપાસની તથા કોરટ તરીકે તે કોરટમાં ફેલકરેલા વગેરે દસ્તાવેજ બાબત ફી.

અથવા મંજુરીયત માગવાની કોરટ અથવા તપાસની કોરટ તરીકે પોતાની હકુમત ચલાવતી હોય ત્યારે કોઈ મુકરદમામાં તે કોરટમાં ફેલ કરવો નહી, અથવા પુરાવામાં આપવો નહી, અથવા દફતરમાં દાખલ કરવો નહી, અથવા તે કોરટે લેવો નહી અથવા આપવો નહી.

બાબ ૩ જો.

ફરીયાદીકરનારનીલેખી જુબાની

૧૮ ગેરવ્યાજબી કેદ કરવાના અથવા ગેરવ્યાજબી અટકાવ કરવાના ગુના બાબત અથવા જે ગુન્હાને વાસ્તે પોલીસ અમલદારો વગર વારંટે પકડવાને મુખતીયાર છે તે ગુન્હા સિવાય બીજા ગુના બાબત જે માણસ ફરીયાદ કરશે તે માણસ જે અરજી બાબત આ આકટ પ્રમાણે ફી લીધી છે તેવી અરજી કરી ચુકયો નહી હોય તેની પહેલી અથવા એકજ જુબાની ફોજદારી ઇનસાફનુ કામ ચલાવવાની રીત બાબતના કા-

યદાના ઠરાવ પ્રમાણે લખી લેવામાં આવે ત્યારે ફરીઆદ કરનારે આઠ આના ફી આપવી જોઈએ પણ તે ફી આપવાનુ માફ કરવાનુ કોરટની નજરમાં આવશે તો તે આપવી પડશે નહી.

કેટલાએકદસ્તાવેજોનેફી ની માફી. ૧૯ આ આકટના કોઇ ઠરાવ ઉપરથી નીચે લખેલા દસ્તાવેજો બાબત ફી બેસસે એવું સમજવું નહીં.

૧ હરકાંઇ ફરીયાદ કરવાનુ અથવા તેનો જવાબ દેવાનું મુખતીયારનામુ મલિકામાયા જમાંના લશકર માંહેનો જે અમલદાર અથવા વારંટ આફીશર અથવા ગેરસનંદી અમલદાર અથવા સિપાઈ મુલકી ખાતામાં ચાકરીએ નહી હોય તેણે લખી આપ્યુ હોય ત્યારે.

૭ સને ૧૮૧૬ ના મદ્રાસના ૧૨ મા કાયદા પ્રમાણે કલેકટરની આગળ ફરીઆદો થાય તે ફરીયાદોની અરજીઓ.

૧૫ ફોજદારી કામ માંહેના હાજર જામીન ખત તથા ફરીયાદ કરવાના અથવા સાહેદી પુરાવાના મુચલકા અને પોતાની જાતે હાજર થવા બાબતના અથવા બીજા કશા બાબતના મુચલકા.

૧૬ હરકોઈ ગુના બાબત પોલીસના હરકોઇ અમલદારને ત્યાં અથવા મદરાસના અને મુંબાઇના ગવરનર ઈનકાંઉસીલ, એ દરએકના તાબા માંહેના મુલકના ગામના મુખીઓને ત્યાં અથવા ગામની પોલીસની આગળ અરજી અથવા ફરીઆદ કરવી હોય ત્યારે.

૧૭ કેદીની અથવા જે બીજુ માણસ કેદમાં હોય અથવા કોરટના કે કોરટના અમલદારોના અટકાવમાં હોય તેની અરજી.

૧૮ હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં બ્યાન કરેલા સરકારી નોકરોના અથવા મ્યુનીસીપાલ ખાતા માંહેના અમલદારોની અથવા રેલવે કંપનીના અમલદારોની અથવા નોકરોની ફરીયાદ.

બાબ ૪ થો.

પ્રોસેસોનાખરચબાબત કાનુનો ૨૦ હાઈકોરટે હેઠળ લખેલી વાતો બાબત જેમ બને તેમ જલદી કાનુનો કરવી.

૨ સદરહુ હદમાં સ્થાપેલી ફોજદારી કોરટોએ જે ગુનાને વાસ્તે પોલીસ અમલદારો વગર વારંટે પકડવાને મુખતીયાર છે, તે ગુનાહ સીવાય બીજા ગુનાહના કામમાં પ્રોસેસો આપ્યાં હોય તે પહોચાડવા બાબત અને બજાવવા બાબત ફી લેવી જોઇએ તે ફી બાબત અને

૩ પ્રોસેસો પોચાડવાના અથવા બજાવવાના કામ સારૂ કોરટની પરવાનગી લેઇને પટાવાળા વીગેરે બીજાં માણસો રાખ્યાં હોય તેમાંના મહેનતાણા બાબત કાનુનો કરવી.

૨૨ જે કાનુનો હાઇકોરટ કરે અને સ્થાનીક સરકાર તથા ઈંડીઆના ગવરનર જનરલ ઇનકાંઉસીલ મંજુર કરે તે કાનુનોનું ધોરણ રાખીને દરએક ડીસ્ત્રીકટના જડજે અથવા દરએક ડીસ્ત્રીકટના માજીસ્ટ્રેટે પોત પોતાની કોરટમાંથી જે પ્રોસેસો આપ્યાં હોય તે પ્રોસેસો અને તેના તાબા માંહેની દરેક કોરટથી જે પ્રોશેસો આપ્યાં હોય તે

ડીસ્ત્રીકટકોરટનાઅનેતાબામાંહેની કોરટના પટાવાળાની સંખ્યા.

પ્રોસેસો પોચાડવા સારૂં અને બજાવવા સારૂ જેટલા પટાવાળા ચાકરીએ રાખવાની જરૂર હોય તેઓની સંખ્યા ઠરાવવી અને તેમાં વખતે વખતે ફેર ફાર કરવાને તે મુખતીયાર છે.

બાબ ૬ ઠો.

ફોજદારીકોરટોને કરેલી અરજીઓ બાબત જે ફી આપી હોય તે પાછી આપવી.

૩૧. ૧ જે ગુનાને વાસ્તે પોલીસ અલમદારો વગર વારંટે પકડવાને મુખતીયાર છે, તે ગુના શીવાય બીજા ગુન્હાની ફરીયાદીની અથવા તહોમતની અરજી કોઇ ફોજદારી કોરટને આપવામાં આવે ત્યારે તોહોમતવાળા માણસને તે કોરટ ગુનેગાર ઠરાવે અને તે માણસને દંડ કરે તો તે દંડ ભરવાનો હુકમ કરવો અને સદરહુ પ્રકારની અરજી બાબત ફરીયાદ કરનારે ફી આપી હોય તો તે તેને પાછી આપવાનો કોરટે તે ગુન્હેગારને હુકમ કરવો.

૨. ૧૮ મી કલમમાં કહેલે પ્રસંગે તે તહોમતવાળા માણસને કોરટ ગુન્હેગાર ઠરાવે અને તે માણસને દંડ કરે તો તે દંડ ભરવાનો હુકમ કરવો અને ફરીયાદ કરનારે જબાની બાબત કાંઇ ફી આપી હોય તો તે ફી તેને પાછી આપવાનો પણ કોરટે તે ગુન્હેગારને હુકમ કરવો.

૩ આ કલમની ૧ લી અથવા ૨ જી રકમમાં કહેલા પ્રસંગોમાંના હરકોઈ પ્રસંગે પ્રોસેસ પહોંચાડવા બાબત ફરીયાદ કરનારે ફી આપી હોય ત્યારે તહોમતવાળા માણસને કોરટ ગુન્હેગાર ઠરાવે અને તેને દંડ કરે તો તે દંડ ભરવાનો હુકમ કરવો અને સદરહુ પ્રકારની ફી ફરીયાદ કરનારને પાછી આપવાને પણ તે ગુનેગારને કોરટે હુકમ કરવો.

૪ જે ફી પાછી આપવાનો આ આકટ પ્રમાણે હુકમ થાય તે સઘળી ફી કોરટે દંડ કીધો હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે.

જે દસ્તાવેજો બાબત યોગ્ય ફી આપી નહી હોય તે દસ્તાવેજો ફોજદારી કામમાં લેવા બાબત.

૩૩ જે દસ્તાવેજ બાબત યોગ્ય ફી આપી નહી હોય તે દસ્તાવેજ ઇન્સાફ બરાબર થવા સારૂ ફાઈલ કરવાની અથવા પુરાવામાં આપવાની જરૂર છે એવું પ્રમુખ એટલે સરનશીનની જગાએ બેસનારા જડજનું મત હોય તારે તે પ્રમાણે તે દસ્તાવેજ ફાઇલ કરવાને અથવા પુરાવામાં આપવાને ૪ થી કલમના અથવા ૬ ઠી કલમના કાંઇ ઠરાવથી મના થાય છે એવું સમજવું નહી.

પરીસીસ્ટ ૧ લું.

૯. મુલકી અથવા ઇનસાફના કામની અથવા હુકમની જે નકલ બાબત આ આકટમાં બીજી રીતે ઠરાવ કીધો નથી; અથવા હીસાબની અથવા પત્રકની અથવા રીપોટની અથા તેવા પ્રકારના કાગળની નકલ દિવાની અથવા ફોજદારી અથવા રેવન્યુ કોરટમાંથી અથવા કચેરીમાંથી અથવા જે મુખ્ય અમલદારને તુકડીનો રાજ્ય કારભાર સોંપ્યો હોય તેની કચેરીમાં સેવી હોય તે નકલ.

દર ૧ણુસેં સાઠ શબ્દો અથવા ૧ણુસે સાઠ શબ્દોના હરકાંઇ ભાગે, આઠ આના·

પરીસીસ્ટ ૨ જુ.

ક ૧ (બ) ફોજદારી ઇનસાફનુ કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે જે ગુનાને વાસ્તે પોલીસ અમલદારો વગર વારંટે પકડવાને મુખતીઆર છે તે ગુન્હા સિવાય બીજા કોઈ ગુનાની ફરીયાદ બાબત અથવા તહોમત બાબત અરજી હશે અને કોઇ ફોજદારી કોરટમાં આપવી હશે ત્યારે.

અથવા હરકોઈ દીવાની અથવા ફોજદારી અથવા રેવન્યુ કોરટમાં અથવા કલેકટરની હજુરમાં અથવા મેહેસુલનો જે અમલદાર કલેકટરના જેટલી હકુમત ચલાવતો હશે અથવા કલેકટરના તાબામાં રહીને હકુમત ચલાવતો હશે તે અમલદારની હજુરમા હર કોઈ માજીસ્ત્રેટ હકુમત ચલાવતો હશે તે સબબથી હજુરમાં અરજી આપવી હશે અને તે અરજી બાબત આ આક્ટમાં બીજી રીતે ઠરાવ કરેલો નહીં હશે ત્યારે. આઠ આના.

(ડ) હાઈકોરટમાં અરજી આપવી હશે ત્યારે રૂ.૨

૪ સને ૧૮૩૮ ના ૧૨ મા આકટ પ્રમાણે અથવા હાલમાં જેનો કબજો હોય તેનો કબજો તેની પાસે રહેવા દેવા બાબત અને કાયદા પ્રમાણે કામ ચાલ્યા વગર જે માણસોનો કબજો તોડયો હોય તેને તે પાછો આપવા બાબત કેટલે એક પ્રસંગે મામલતદારોની કોરટોને હકુમત આપવા વીશે સને ૧૮૬૪ નો મુંબઇનો ૫ મો આક્ટ છે તે આક્ટ પ્રમાણે કબજો લેવા બાબતની ફરીયાદીની અરજી અથવા અપીલ યાદી. આઠ આના.

૧૦ મુખતીઆર નામુ અથવા વકીલાતનામુ

હરકોઇ મુકદમો ચલાવવા સારૂ હેઠળ લખેલી કોરટમાં અથવા અમલદારની હજુરમાં આપવુ હશે ત્યારે એટલે

(અ) હાઇકોરટ શીવાય બીજી કોઇ દીવાની અથવા ફોજદારી કોરટમાં અથવા રેવન્યુ કોરટમાં અથવા કલેકટરની કે માજીસ્ત્રેટની હજુરમાં અથવા આ નંબરની (બ) અને (ક) રકમમાં કહેલા અમલદાર શિવાય હકુમત ચલાવનારા બીજા કોઈ અમલદારની હજુરમાં આપવું હશેત્યારે. આઠ આના.

(ક) હાયકોરટમાં અથવા ચીફ કમીશનરની હજુરમાં અથવા રેવન્યુ બોરડમાં અથવા નીર્બંધ રાખનારા બીજા મુખ્ય રેવન્યુ અમલદારની અથવા હકુમત ચલાવનારા બીજા મુખ્ય અમલદારની હજુરમાં આપવું હશે ત્યારે. રૂ.૨)

सने १८७० नो आकट २३ मो.

ઈંડીયાના ગવનર જનરલ ઈનકૌંસિલનો હેઠળ લખેલો આકટ ગ
વરનર જનરલ સાહેબે સન ૧૮૭૦ ના સપટેંબર મહિનાની
૬ ઠી તારીખે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર
થવા સારૂ છપાવીને પ્રસિદ્ધ કરયો છે.

——(*)——

સન ૧૮૭૦ નો હિંદુસ્થાનનાં નાણાં બાબતનો આકટ.

નાણાં બાબત અને ટંકશાળ બાબત કાયદા છે તે એકઠા કરીને સુધારવા બાબતનો આકટ.

નાણા બાબત અને ટંકશાળ બાબત કાયદા છે તે એકઠા કરીને સુધારવા યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

૧ પ્રથમ નીયમો.

કલમ ૧ લી.—આ આકટને સને ૧૮૭૦ નો હિંદુસ્તાનનાં નાણાં બાબતનો આકટ કેહેવો.

કલમ ૨ જી—આ આકટને જોડેલાં પરીશીષ્ટમાં જે કાયદા તથા આકટો લખ્યા છે તે કાયદા તથા આકટો રદ કર્યા છે.

કલમ ૩ જી—આ આકટમાં "ટંકશાળ" આ શબ્દ લખ્યો છે તે શબ્દમાં કલકતાની તથા મુંબઇની અને જે બીજી જગાઓ તથા ગવરનરજનરલ ઇન કૌંસિલ ઈંડીઆ ગ્યાજેટમાં જાહેરનામુ છપાવીને વખતે વખતે ફરમાવશે તે બીજી જગાઓની ટંકશાળનો સમાસ થાય છે એવું સમજવુ

"ટંકશાળની કાનુનો" આ શબ્દોનો અર્થ, ટંકશાળનો બંદોબસ્ત રાખવા બાબત ઇંડીઆના ગવરનરજનરલ ઇન કૌંસિલ વખતે વખતે જે કાનુનો ઠરાવે તે કાનુનો સમજવી

અને "રેમેડી" (એટલે તફાવત) આ શબ્દનો અર્થ પ્રમાણુ વજન અને કસ એ બેઉમાં જેટલો ફેર હોય તેટલો ફેર સમજવો.

૨ સુનાનુ નાણું.

કલમ ૪ થી.—હેઠળ લખેલાં સુનાનાં નાણાંજ ટંકશાળમાં પાડવાંઃ—

(૧) સુનાની મોહોર અટલે પંનર રૂપીઆની કિમતનુ નાણું.

(૨) પાંચ રૂપીઆનું નાણુ એટલે (પાંચીઊ) સુનાંની મોહોરના ત્રીજા ભાગના જેવડુ નાણુ.

(૩) દશ રૂપીઆનુ નાણુ એટલે સુનાની મોહોરના બે તૃતીયાંસ જેવડુ નાણુ.

(૪) ત્રીશ રૂપીઆનું નાણુ અટલે બે મોહોરની કીમતનુ નાણુ.

કલમ ૫ મી.—સુનાની સદરહુ મોહોરનુ પ્રમાણ વજન એકસોહેંસી ગ્રેન "ટ્રાય" માનના કોષ્ટક પ્રમાણે જોઇએ, અને કસ હેઠળ લખ્યા પ્રમાણે રાખવો. એટલે ચોખુ સુનું અગીઆર દ્વાદશાંશ એટલે એકસોને પાંસેટ ગ્રેન, અને ભેળ એક દ્વાદશાંશ એટલે પંનર-ગ્રેન જોઈએ.

સુંનાનાં બીજાં નાણાનુ વજન તથા કસ ઉપર લખેલા પરીમાણ પ્રમાણે જોઇયે. પણ એવું ઠરાવ્યું છે કે સુનાનુ નાણુ કરવામાં વજનની "રેમેડી" (એટલે તફાવત) બે હજારાંસ સુધી હશે તો ચાલશે. તેજ પ્રમાણે કસની "રેમેડી" (એટલે તફાવત) બે હજારાંસ હશે તો ચાલશે.

૩ રૂપાનુ નાણુ.

કલમ ૬ ઠી.—હેઠળ લખેલાં રૂપાનાં નાણાંજ ટંકશાળમાં પાડવાં.

(૧) રૂપીઓ, એને સરકારી રૂપીઓ કેહેવો.

(૨) અડધો.

(૩) પાવલી એટલે ચાર આની અથવા ચાર આનાની કીમતનું નાણુ.

(૪) બે આની એટલે બે આનાની કીમતનું નાણુ.

કલમ ૭ મી.—સરકારી રૂપીયાનુ પ્રમાણ વજન એકસોહેંસી ગ્રેન "ટ્રાય" માનનો કોષ્ટક પ્રમાણે જોઈએ અને તેનો કસ હેઠળ લખ્યા પ્રમાણે રાખવો, એટલે ચોખુ રૂપુ અગીઆર દ્વાદશાંશ એટલે એકસોને પાંસટ ગ્રેન અને ભેળ એક દ્વાદશાંશ એટલે ૧૫ ગ્રેન જોઇયે.

રૂપાનાં બીજાં નાણાંનુ વજન એજ પરીમાણ પ્રમાણે જોઇયે અને તેઓનો કસ સદરહુ પ્રમાણે જોઈયે.

પણ એવુ ઠરાવ્યું છે કે રૂપાનુ નાણુ કરવામાં હેઠળ લખ્યુ છે તેટલે સુધી "રેમેડી" (એટલે તફાવત) હશે તો ચાલશે.

	વજનમાં "રેમેડી" (એટલે તફાવત).	કસમાં "રેમેડી" (એટલે તફાવત.)
રૂપૈઓ...... અરધો......	પાંચહજારાંશ	બે હજારાંસ.
પાવલી.........	સાતહજારાંશ	ત્રણુ હજારાંશ.
બેઆની	દશ હજારાંશ	ત્રણુ હજારાંશ.

૪ ત્રાંબાનુ નાણુ.

કલમ ૮ મી. હેઠળ લખેલાં ત્રાંબાનાં નાંણુંજ ટંકશાળમાં પાડવાં:—

(૧) ઢબુ પૈસો એટલે અરધો આનો.

(૨) પૈસો એટલે પા આનો.

(૩) અરધો પૈસો એટલે આનાનો આઠમો ભાગ.

(૪) પૈ એટલે પૈસાનો ત્રીજો ભાગ અથવા આનાનો બારમો ભાગ.

કલમ ૯ મી. ઢબુ પૈસાનું વજન બસેં ગ્રેન "ટ્રાય" માનનાં કોષ્ટક પ્રમાણે જોઇયે. ત્રાંબાનાં બીજાં નાંણાંનુ વજન એજ પરિમાણુ પ્રમાણે જોઇયે.

પણ એવું ઠરાવ્યું છે કે તાંબાનુ નાણું કરવામાં વજનની "રેમેડી" (એટલે તફાવત) એક ચાળીશાંશ સુધી હશે તો ચાલશે.

૫ નાણાં ઉપરની છાપ.

કલમ ૧૦ મી. ગવરનર જનરલ ઈનકાંઉનસિલને આઆકટ પ્રમાણે આગળ અધિકાર આપ્યો છે તે અધિકાર પ્રમાણે તે બીજો હુકમ કરે ત્યાંહાં સુધી આ આકટ પ્રમાણે નાણુ પાડવામાં આવે તેને ઉપરને વોળ મલિકા માઆઝમા કવીન વિકટોરીયાની છબી તથા નામ અને "વિકટોરીયા કવીન" એ શબ્દ પાડવા જોઇયે, અને નીચેને વોળ અંગરેજીમાં નાણાંનું નામ તથા તેમાં "ઇંડીઆ" આ શબ્દ પાડવો જોઇયે. અને ગવરનર જનરલ ઈનકાંઉનસિલ વખતે વખતે ફરમાવે તે તારીખ તથા નકસી પાડવી જોઈયે.

કલમ ૧૧ મી. આ આકટમાં કહ્યા પ્રમાણે સઘળી જાતનું નાણું પાડવા બાબત તથા ચલાવવા બાબત અને આ આકટમાં પાછળ કહેલી છબીને તથા અક્ષરોને બદલે પોતાની નજરમાં આવે તેવી છબી તથા અક્ષરો ઉપર કહેલાં સઘળાં નાણાં ઉપર અથવા તે માંહેનાં હરકોઇ નાણાં ઉપર પાડવાનો ઇંડિયા ગ્યાઝેટમાં જાહેરનામું છપાવીને વખતે વખતે હુકમ ફરમાવવાને ગવરનર જનરલ ઈનકાંઉનસિલ મુખત્યાર છે.

૬ કાયદાસર અવેજ.

કલમ ૧૨ મી. અવેજ ભરવો હોય તે આપવા સારૂ અથવા તેને પેટે કંઈ આપવા સારૂ સુનાનું નાણું આપવા માંડે તો તે કાયદાસર અવેજ છે એવું સમજવું નહીં.

કલમ ૧૩ મી. અવેજ ભરવો હોય તે આપવા સારૂ અથવા તેને પેટે કાંઇ આપવા સારૂ સદરહુ રૂપિઆ તથા અરધા આપવા માંડે તો તે કાયદાસર અવેજ છે એવું સમજવું.

પણ એવું ઠરાવ્યું છે કે તે નાણાંનો વજનમાં સેંકડે બે ટકા કરતાં વધારે ઘટ પડવી નહીં જોઈયે.

અને વળી એવું ઠરાવ્યું છે કે નાણું કાપેલું અથવા કાનસ મારેલું નહીં જોઇયે; અથવા વપરાતાં વપરાતાં શિક્કો બગડી જાય અથવા ઘટ પડે તે સિવાય બીજી રીતે તેનો શિક્કો બગડેલો નહીં જોઈયે, અથવા તેમાં ઘટ પડેલી નહીં જોઈયે.

રૂપીઆનો કાંઇ ભાગ આપવો હોય ત્યારેજ પાવલી બેઆની આપવા માંડે તો તે

કાયદાસર અવેજ છે એવું સમજવું; પણ તેઓને આ કલમનો બીજો વિશેષ ઠરાવ લાગુછે.

કલમ ૧૪ મી. રૂપીઆના બત્રીસ ભાગને બદલે એટલે અર્ધા આનાને બદલે ઢબુ પૈસો કાયદાસર અવેજ છે એવું સમજવું.

રૂપીયાના ચોસટમા ભાગને બદલે એટલે પા આનાને બદલે પૈસો કાયદાસર અવેજ છે એવું સમજવું.

રૂપીઆના એકસોને અઠ્ઠાવીસમા ભાગને બદલે એટલે આનાના આઠમા ભાગને બદલે અર્ધો પૈસો કાયદાસર અવેજ છે એવું સમજવું.

અને પૈ એટલે રૂપીયાના એકસોને બાણુંમા ભાગને બદલે એટલે આનાના બારમા ભાગને બદલે કાયદાસર અવેજ છે એવું સમજવું.

પણ એવું ઠરાવ્યું કે સદરહુ તાંબાના નાણા માંહેનું હરકંઈ તાંબાનું નાણું એક રૂપીઆના હરકંઈ ભાગને બદલે આપવામાંડયા વગર બીજે પ્રસંગે આપવા માંડશે તો કાયદાસર અવેજ આપવા માંડયો એવું સમજવું નહીં.

કલમ ૧૫ મી.—સન ૧૮૩૫ ના ૧૭ મા આકટમાં કહેલા વજનમાં તથા સન ૧૮૩૮ ના ૨૧ મા આકટમાં અને સન ૧૮૬૨ ના ૧૩ મા આકટમાં કહેલા વજનનું અને કસનું રૂપાનું નાણુ તે આકટો ઠર્યા પછી ચાલુ કર્યું હોય અને તે કાયદાસર અવેજ છે એવું તે આકટોમાં ઠરાવ્યુ હોય તે સઘળુ રૂપાનુ નાણુ,

અને સન ૧૮૩૫ ના ૨૧ મા આકટમાં તથા સન ૧૮૪૪ ના ૨૨ મા આકટમાં તથા સન ૧૮૬૨ ના ૧૩ મા આકટમાં કહેલાં વજનનું તાંબાનું નાણુ તે આકટો ઠર્યા પછી ચાલુ કર્યું હોય અને તે કાયદાસર અવેજ છે એવું તે આકટોમાં ઠરાવ્યુ હોય તે સઘળુ તાંબાનુ નાણુ તે નાણાની રકમ સુધી તે આકટોમાં કહેલી સરત તથા ઠરાવ પ્રમાણે કાયદાસર અવેજ છે એવુ સમજવું. આ વાત વીરૂદ્ધ આ આકટોમાં અથવા આ આકટ ઉપરથી રદ કરેલા કોઈ આકટમાં કંઇ ઠરાવ હોય તો પણ તેની ચીંતા નથી.

૭ ઓછું થયલું અથવા ખોટું બનાવેલું અથવા પાછું માગેલું નાણું.

કલમ ૧૬ મી. રૂપાનુ નાણુ ઈંડિયા સરકારના હુકમ પ્રમાણે પાડીને ચાલુ કરેલુ હોય તે આ કલમ પ્રમાણે કામ ચલાવવાનો ગવરનર જનરલ ઇન કૌંસીલે અથવા સ્થાનીક સરકારે જે અમલદારને અધિકાર આપ્યો હોય તે અમલદારને આપવા માંડશે અને વાજબી રીતે વપરાતાં વપરાતાં તે નાણુ તોલમાં સેંકડે બે ટકા કરતાં વધુ ઓછુ થયુ છે,

અથવા તે ખોટુ બનાવેલું છે,

અથવા વાજબી રીતે વપરાતાં વપરાતાં તોલમાં ઓછુ થયા વગર બીજી રીતે તોલમાં ઓછુ થયુ છે,

અથવા જાહેરનામુ છપાવીને તે નાણું પાછુ માગ્યું છે એવું તે અમલદારની નજરમાં આવશેતો તે નાણુ કાપવા બાબત અથવા ભાગવા બાબત ગવરનર જનરલ ઇનકૌંસીલે કાનુનો ઠરવી હોય તે પ્રમાણે તે અમલદાર પોતાની જાતે અથવા બીજાની મારફતે તે નાણું કાપવાને અથવા ભાગવાને મુખત્યાર છે.

કલમ ૧૭ મી.—સદરહુ પ્રમાણે કાપેલુ અથવા ભાગેલુ હરકોઇ નાણુ ખોટુ બનાવેલુ હોય અથવા વાજબી રીતે વપરાતાં વપરાતાં તોલમાં ઓછુ થયા વગર બીજી રીતે તોલમાં ઓછુ થયુ હોય તેના કડકા તે નાણુ આણી આપનારને પાછા આપવા, અને એ પ્રમાણે કાપ્યાથી અથવા ભાગ્યાથી નુકશાન થાય તે તે માણસે ભોગવવું.

પણ તે નાણુ ઇંડિયા સરકારના હુકમથી પાડીને ચાલુ કરેલું હોય અને વાજબી રીતે વપરાતાં વપરાતાં તોલમાંસેંકડે બેટકા કરતાં વત્તુ ઓછુ થયું હોય અથવા જાહેરનામુ છપાવીને પાછુ માગ્યું હોય તો તે કાપનારા અથવા ભાગનારા અમલદારે તે નાણુ રૂપીએ તોલા લેખે લેવું.

કલમ ૧૮ મી.—આ આકટ અમલમાં હોત, અને ૧૬ મી કલમ પ્રમાણે સરકારી નોકરોને અધિકાર આપ્યો હોત તો તેઓ જે વાત કાયદાસર કરતે તે વાત તેઓએ આજસુધી કરી હશે તે બાબતનો જોખમ સઘળા સરકારી નોકરોને માથેથી આ કલમ ઉપરથી ઉતાર્યો છે. અને સદરહુ પ્રકારના કોઈ માણસે સદરહુ પ્રકારની કાંઈ વાત કરી હશે તે બાબત તેની ઉપર કાંઈ ફરીયાદ અથવા બીજુ કામ ચાલશે નહી.

કોઇ માણસે કાંઇ વાત આ આકટ પ્રમાણે ખરેખરી કરી હશે તે બાબત તેની ઉપર કાંઈ ફરીયાદ અથવા બીજુ કામ ચાલશે નહી.

સુનાં રૂપાનુ નાણુ પાડવા બાબત.

કલમ ૧૯ મી.—ટંકશાળમાં સુનું તથા ચાંદી અને નાણુ આવે તે સઘળુ મિંટ માસ્તરે ટંકશાળની કાનુનો ચાલુ હોય તે પ્રમાણે લેવું.

પણ એવું ઠરાવ્યુ છે કે, તે સુનું તથા ચાંદી અને નાણુ, નાણુ પડે તેવું જોઇયે.

અને વળી એવું ઠરાવ્યું છે કે એક માણસે એક ખેપે પચાસ તોલા કરતાં ઓછુ સુનું લાવવું નહી, અને એક હજાર તોલા કરતાં ઓછુ રૂપુ લાવવુ નહી.

કલમ ૨૦ મી.—ટંકશાળની ઉપર કહેલી કાનુંનો પ્રમાણે નાણુ પાડવા સારૂ ટંકશાળમાં સુનું તથા સુનાનું નાણુ આણે તે સઘળાં સુનાંની તથા સુનાંનાં સઘળાં નાણાંની ઉપજ ઉપર ટંકશાળમાં સેંકડે એક ટકા લેખે ડયુટી (એટલે કર) લેવો.

કલમ ૨૧ મી.—ટંકશાળની ઉપર કહેલી કાનુનો પ્રમાણે નાણુ પડાવવા સારૂ ટંકશાળમાં ચાંદી તથા રૂપાનું નાણુ આંણે તે સઘળી ચાંદીની તથા રૂપાની ઉપજ ઊપર ટંકશાળમાં સેંકડે બેટકા લેખે ડયુટી (એટલે કર) બેસશે; અને તે ડયુટીની રકમ ધણીને અવેજ પાછો આપતી વખતે કાપીલેવી.

કલમ ૨૨ મી.—સુનુ તથા ચાંદી અને નાણુ ટંકશાળમાં લેવાય તેવું કરવા સારૂ તે ગાળવા બાબત અથવા કાપવા બાબત સુનાં ઉપર અને સુનાનાં નાણાં ઉપર હજારે પા ટકા લેખે અને ચાંદી ઉપર તથા રૂપાંના નાણા ઉપર હજારે એક ટકા લેખે ખરચ લેવો.

કલમ ૨૩ મી.—નાણુ પાડવા સારૂ ટંકશાળમાં જે સુનુ તથા ચાંદી અને નાંણુ આંણ્યું હોય તે આ આકટમાં કહેલા પ્રમાણુ કસથી હલકુ હોય અથવા બડ હોય તેથી અથવા બીજા કારણથી નાણુ પડે તેવુ નહી હોય તેને સોધવું પડે (એટલે ચોખુ કરવુ

૫૩) તો તેની ઉપર સદરહુ ડયુટી તથા ખરચ લેવામાં આવશે, અને શોધતાં જે નુકશાન તથા ખરચ થાય તે બાબત ગવરનર જનરલ ઇનકાઊંનસીલ ફરમાવશે તે પ્રમાણે બીજો ખરચ બેસશે.

કલમ ૨૪ મી.—નાણુ પાડવા સારૂ સુનું અથવા ચાંદી અથવા નાણુ ટંકશાળમાં આપે ત્યારે પછી મીંટ માસ્તરે ધણીને પોહોંચ આપવી એટલે તેને તે સુનાની અથવા ચાંદીની અથવા નાંણાની ચૈન ઉપજ જનરલ ટરેઝરીમાં મળવાનો દાખલો આસે માસ્તરની પાસેથી મળવાનો હક પ્રાપ્ત થશે.

કલમ ૨૫ મી.—નાણું પાડવા સારૂ ઉપર કહ્યા પ્રમાણે આપેલાં સુનાંનો અથવા ચાંદીનો અથવા નાણાંનો ધણી તે સુનાની અથવા ચાંદીની અથવા નાંણાંની કિમત બાબત આસે માસ્તરે રીપોર્ટ કર્યો હોય તેથી રાજી નહી હોય તો તેને તે રીપોર્ટ પોહોચ્યા પછી ચોવીસ કલાકની અંદર ગવરનર જનરલ ઈન કાઉનસીલની ઠરાવેલી ફી આપીને તે સુનુ અથવા ચાંદી અથવા નાંણુ પાછુ લેવાને મુખત્યાર છે, અને નાણું પાડવા બાબત આ આકટ પ્રમાણે જે ડયુટી ઠરાવી છે તે તેને આપવી પડશે નહી.

કલમ ૨૬ મી.—જે સુનાં બાબત તથા સુનાંનાં નાણાં બાબત આસે માસ્તરે દાખલો આપ્યો હોય તે સઘળાં સુનાંના તથા સુનાંનાં નાણાંના અવેજમાં આ આકટ પ્રમાણે અથવા સન ૧૮૩૫ ના ૧૭ મા આકટ પ્રમાણે પાડેલાં સુનાનુ નાણુ અપાય તેટલુ આપવુ. અને કાંઇ બાકી રેહે, તો, તેના અવેજમાં બ્રિટિશ ઇંડિયામાં રૂપાનુ જે નાણુ ચાલતુ હોય તે રૂપાનુ નાણુ અથવા રૂપાનુ અને તાંબાનું જે નાણુ ચાલતુ હોય તે તાંબાનું નાણું ધણીને આપવું.

૯ કાનુનો કરવાનો અધિકાર.

કલમ ૨૭ મી.—ગવરનર જનરલ ઇન કાઉનસીલ.

(૧) ટંકશાળના કેટલા અમલદારો જોઈએ અને ટંકશાળમાં કેટલાં માણસોને ચાકરીએ રાખવાં અને તેઓએ શું શું કામ કરવું તે ઠરાવવાને મુખત્યાર છે.

(૨) ટંકશાળનુ કામ કાજ ચલાવવા બાબત કાનુનો કરવાને અથવા હુકમ આપવા અને તે કાનુંનો તથા હુકમ રદ કરવાને તથા ફેરવવાને મુખત્યાર છે, પણ (આ આકટના ઠરાવનુ અને આકટ પ્રમાણે છપાવીને પ્રસીદ્ધ કરેલાં જાહેરનામાનુ ધોરણ રાખીને તે કાનુનો તથા હુકમ કરવા.

ઇંડીયા ગ્યાજેટમાં જાહેરનામુ છપાવીને ગવરનર જનરલ ઇન કાઉનસીલ વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખત્યાર છે એટલે,—

(૧) હર કોઈ નાણાં બાબત ૫ મી અથવા ૭ મી અને ૯ મી કલમ પ્રમાણે મંજુર કરેલી રેમેડી (એટલે તફાવત) ઓછો કરવાને,

(૨) હર કોઇ નાણાં ઉપર કહી તારીખ નાખવી અને કેવી નકશી કરાવવી તે ઠરાવવાને,

(૩) ગમે તે તારીખનુ અને ગમે તે નામનુ નાણુ અથવા જાહેરનામામાં કહેલી તારીખ પેહેલાં પાડેલું ગમે તે નાણુ પાછુ માગવાને,

(૪) ૧૬ મી કલમ પ્રમાણે નાણું કાપવાનો અથવા ભાગવાનો જે અમલદારોને અધિકાર આપ્યો હોય તેઓએ શી રીતે કામ ચલાવવુ તે વાતની તેઓને સમજણ પાડવા સારૂ કાનુનો કરવાને,

(૫) સોધવાનાં (એટલે ચોખુ કરવાનાં) નુકશાન બાબત અને ખરચ બાબત શું લેવું તે ઠરાવવાને,

(૬) ૨૪ મી કલમ પ્રમાણે આપેલા દાખલા કેટલી મુદત સુધી ચાલશે તે મુદત ઠરાવવાને,

(૭) ૨૫ મી કમલ પ્રમાણે જે ફી આપવી તે ઠરાવવાને,

(૮)કલકતા અને મુંબાઈ શેહેરો શીવાય બ્રિટિસ ઈંડીયામાં હર કોઇ ઠેકાણે ટંકશાળ સ્થાપવાને,

(૯) સદરહુ પ્રમાણે સ્થાપેલી ટંકશાળ અથવા બ્રિટિશ ઇંડીયામાં હમણાં જે ટંકશાળ હોય તે ટંકશાળ કાઢી નાખવાને,

(૧૦) નાણું પાડવા વીશે તથા ટંકશાળ વીશે જે વાતોનો આ આકટમાં ઠરાવ કરેલો નથી તે વાતો બાબત નીયમ ઠરાવાને,

(૧૧) આ આકટ પ્રમાણે કાંઇ જાહેરનામુ કરીને છપાવેલુ હોય તે રદ કરવાને અથવા ફેરવવાને મુખત્યાર છે.

સદરહુ પ્રકારનાં દર એક જાહેરનામામાં જે તારીખ લખી હશે તે તારીખે તે જાહેરનામુ અમલમાં આવશે, અને તે ઠરાવ આ આકટમાં દાખલ કર્યો હોય તેજ પ્રમાણે ચાલશે.

પરિશિષ્ટ.

નંબર અને વરસ.	મથાળું અથવા વિષય.
બંગાળાનો સન ૧૮૧૨ નો કાયદો ૨ જો.	રૂપાનું નાણું પાડવા બાબત અને રૂપીઆના તથા કેટલાં એક નાણાં સિવાય બીજાં નાણાંના ફરીથી રૂપીઆ પાડવા બાબત કલકત્તાની તથા ફરકાબાદની અને બનારસની ટંકશાળમાં ડયુટી લેવા વિશે; અને બનારસી રૂપીઆનાં વજનની તથા માનની વ્યાખ્યા કરવા વિશે; અને કલતત્તાની ટંકશાળમાં સુનાની લગડીનું નાણું પાડવાની હમણાં ડયુટી લેછે તેના દરમાં ફેરફાર કરવા વિશે; અને ઉપર કહેલી ટંકશાળોમાં કામ ચલાવવાના કેટલાએક નિયમો સ્થાપવા વિશેનો કાયદો.
બંગાળાનો સન ૧૮૧૭ નો કાયદો ૧૪ મો.	સન ૧૮૧૨ ના ૨ જા કાયદાના કેટલા એક ભાગ સુધારવા બાબતનો કાયદો.
બંગાળાનો સન ૧૮૧૮ નો કાયદો ૧૪ મો.	કલકત્તાના શિક્કા રૂપીઆનું અને સુનાની મોહોરનું માન બદલવા વિશે; અને તે નાણાં બાબત હાલ જે કાનુનો ચાલે છે તેમાંની કેટલીએક કાનુનોમાં બીજો વધારે ફેરફાર કરવા વિશેનો કાયદો.
બંગાળાનો સન ૧૮૧૯ નો કાયદો ૫ મો.	આ ઇલાકાના તાબામાંહેની ટંકશાળનું કામ ચલાવવા બાબતની ચાલુ કાનુનોના કેટલાએક ભાગમાં ફેરફાર કરવા બાબતનો કાયદો.
સન ૧૮૩૫ નો આકટ ૧૭ મો.	સુંનાના તથા રૂપાનાં નાણાં બાબતનો આકટ.
સન ૧૮૬૨ નો આકટ ૧૩ મો.	રૂપાનાં નવાં નાણાં બાબત તથા તાંબાનાં નવાં નાણાં બાબત નિયમ ઠરાવવા બાબતનો આકટ.

સને ૧૮૭૧ નો આકટ ૧ લો.

સન ૧૮૭૧ ના ઢોરોનાં અતિક્રમણ બાબતનો આકટ.

ઇંડીઆના ગવરનર જનરલ ઇનકાઊનશીલનો હેઠળ લખેલો આકટ.

ગવરનર જનરલ સાહેબે સને ૧૮૭૧ ના જાન્યુઆરી મહીનાની ૧૩ મી તારીખે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસીધ્ધ કરયો છે.—

ઢોરોના અતીક્રમણ બાબત કાયદો છે. તે એકઠા કરીને સુધારવા બાબતનો આકટ.

ઉદ્દેશ. | ઢોરોનાં અતીક્રમણ બાબત કાયદો છે, તે એકઠા કરીને સુધારવા યોગીય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવીયું છે.

ભાગ ૧ લો—પરથમ નીયમો.

નહાનું મથાળું. | ૧. આ આકટને "સને ૧૮૭૧નો ઢોરોના અતીક્રમણ બાબતનો આકટ" કહેવો.

ઇલાકાના મુખ્ખીય શેહેરો શીવાય અને જે ડીસટરીકટોને તથા મુલકના ભાગોને

આકટ ક્યાં કયાં લાગુછે. | આ આકટ લાગુ નથી. એવું સ્થાનીક સરકાર ગવરનર જનરલ ઇન કાઊનશીલની મંજુરી લઇને ઠરાવશે. તે ડીસ્ટ્રીકટો તથા મુલકના ભાગો સીવાય આખા બરીટીસ ઇનડીઆને આ આકટ લાગુછે.

આકટો ક્યારે ચાલુ થશે. | આ આકટ કરયો કે અમલમાં આવસે.

આકટો રદ કરયા તે. | ૨. આ આકટને જોડેલાં પરીશીષ્ટમાં આકટો લખ્ખીયા છે તે ર૧ કરયા છે.

સદરહુ આકટો પછી ઠરેલા આકટોમાં સદરહુ આકટોમાંના કોઇ આકટ ઉપર હ

રદ કરેલા આકટ ઊપર હવાલા આપ્યા હોય તે. | વાલા આપીયા હોય તે આ આકટ ઉપર આપીયા છે એવું સસમજવું.

ઢોરોના અતીક્રમણ બાબત સને ૧૮૫૭ નો તરીજો આકટ છે તે આકટ ઊપરથી જે ડબા કહયા હોય તથા ડબાવાળા નીમીયા હોય અને ગામો ઠરાવ્યાં હોય તે ડબા તથા ડબાવાળા અને ગામો આ આકટ ઉપરથી કરયાં તથા નીમીયાં અને ઠરાવ્યાંછે એવું સમજવું.

અરથની કલમ | ૩ આ આકટમાં.

"પોલીસનો અમલદાર" આ શબ્દો લખ્યા છે. તમાં ગામના રખવાળનો સમાસ થાય છે.

"ઢોર" આ શબ્દ લખ્યા છે. તમાં હાથીઆનો તથા ઊંટનો તથા ભેંશાનો

તથા ઘોડાઓનો તથા ઘોડીઓનો તથા ખાશી કરેલા ઘોડાઓનો તથા ટટુઓનો તથા વછેરાઓનો તથા વછેરીઓનો તથા ખચરોનો તથા ગધેડાઓનો તથા ડુકરોનો, ઘેટાંઓનો તથા મેઢાંઓનો તથા મેઢોઓનો તથા ઘેટાંનાં બચાઓનો તથા બકરાઓનો અને બકરીનાં બચાંઓનો સમાસ થાય છે, એવું સમજવું.

બાબ ૨ નો—ડબા અને ડબાવાળા.

ડબા કરવા.

૪. સથાનીક સરકારની સામાન્ય નીરબંધ પરમાણે ડીસ્ત્રીકટનો માજીસતરેટ જે જગ્યાએ ડબા કરવાનું વખતે વખતે ફરમાવે તે જગાએ ડબા કરવા.

કયાં કયાં ગામોએ કયાં કયાં ડબાનો ઉપયોગ કરવો તે ડીશતરીકટના માજીસતરેટે ઠરાવવું.

ડબા કોના તાબામાં રહેશે. ડબામાં ગોધેલાં ઢોરને ચાર પુંજો નીરવાના ખરચના દર.

૫. ડબા ડીશતરીકટના માજીશતરેટના નીરબંધમાં રહેશે. અને ડબામાં ગોધેલા ઢોરોને ચાર પુંજો નીરવાનાં તથા પાણી પાવાના ખરચના દર તેણે ઠરાવવા, અને વખતે વખતે તે દરમાં ફેરફાર કરવાનો તેને અધીકાર છે.

ડબાવાળાની નેમણુક.

૬. ડીસતરીકટના માજીશતરેટે દર એક ડબા સારૂ ડબાવાળો નીમવો.

મદરાશમાં તથા મુંબઇમાં હુદાના સબબથી ડબાવાળા

પણ એવું ઠરાવ્યું છે કે મદ્રાસ ઇલાકામાં ગામના મુખીઓએ અને મુંબઇ ઇલાકામાં પોલીસ પટેલોએ અથવા જ્યાંહાં પોલીસ પટેલ નહી હોય તાંહાં ગામના મુખીએ પોતાના હોદાના સબબથી ગામના ડબાવાળાનું કામ કરવું.

ડબાવાળાની મોકુફી અને બરતરફી.

માજીશતરેટે જેને ડબાવાળો નીમયો હોય તે દરએક જણને કામ ઉપરથી મોકુફ અથવા બરતરફ કરવાને તે માજીશતરેટ મુખતીઆર છે.

ડબાવાળાઓને બીજી ચાકરી કરવાનો અધીકાર છે.

હરકોઇ ડબાવાળાને સરકારના તાબાગાં બીજી હરકાંઇ ચાકરી કરવાનો અધીકાર છે.

ડબાવાળા સરકારી નોકર છે.

દરએક ડબાવાળો હીંદુશતાનના ફોજદારી કાયદાના અરથ પરમાણે સરકારી નોકર છે એવું શમજવું.

ડબાવાળાઓનું કામ.

રજીષ્ટરો રાખવાં અને પત્રકો મોકલવાં.

૭. સ્થાનીક સરકાર વખતે વખતે ફરમાવે તેવાં રજીસટરો (એટલે નોધો) રાખવી અને પત્રકો મોકલવાં.

પકડેલાં ઢોરો નોંધવાં.

૮. જ્યારે ઢોરો ડબામાં આણે ત્યારે ડબાવાળાએ પોતાના "રજીષ્ટરમાં હેઠળ લખેલો મજકુર દાખલ કરવો એટલે,

(અ). જનાવરોની સંખ્યા તથા વરણન.

(બ). તેઓને સદરહુ પરમાણે આણવાની તારીખ તથા વખત.

(ક). પકડી લાવનારનું નામ તથા રેહેવાનું ઠેકાણું, અને

(ડ). માલીક હોય તો ધણીનું નામ તથા રેહેવાનું ઠેકાણું, એણી વીગતે મજકુર દાખલ કરવો.

અને રજીસ્ટરમાં દાખલ કરેલા મજકુરની નકલ પકડનારને અથવા મુખતીઆર ને આપવી.

ઢોરને સ્વાધીન લઈને ચાર પુંજો નીરવો.

૯. ડબાવાળાએ ઢોર પોતાને સવાધીન લઈને આ આકટમાં આગળ કહયું છે તે પરમાણે તેઓની વ્યવસ્થા થાય ત્યાં સુધી તેમને ઘાસ પુંજો વીગરે નાંખવો અને પાણી પાવું.

બાબ ૩ નો. ઢોરોને ડબામાં ઘાલવાં.

૧૦ હરકોઈ જમીન ખેડનારો અથવા તેનો વહીવટ કરનારો.

જમીનનો બીગાડ કરનારાં ઢોરો—અથવા હરકોઈ જમીનના પાકનું અથવા ઉપજનું વાવેતર કરવા સારૂ જે માણસે નાણું ધીર્યું હોય તે માણસ.

અથવા સદરહુ પાક અથવા ઉપજ અથવા તેનો હરકોઈ ભાગ વેચાતો લેનારો અથવા ઘરેણે રાખનારો.

સદરહુ પ્રકારની જમીન ઉપર આતીકરમણ કરીને તે જમીનનો અથવા તેના પાકનો અથવા ઉપજનો બીગાડો કરનારાં ઢોરને પકડવાને અથવા પકડાવવાને અને જે ગામની તે જમીન હોય તે ગામને સારૂ કરેલાં ડબામાં તે ઢોરોને અમથી વાર લગાડયા વગર લેઈ જવાને અથવા લઈ જવડાવવાને મુખતીઆર છે.

ઢોરોને પકડવામાં પોલીસે મદદ કરવી.

ઢોરોને સદરહુ પરમાણે પકડવાની (આ) હરકત નહી થવા બાબત અને ઢોરોને સદરહુ પરમાણે પકડનારા માણસોની પાસેથી ઢોરો (બ) નહી છોડાવવા બાબત મદદ માગે તો પોલીસના સઘળા અમલદારોએ મદદ કરવી.

સારવજનીક રસતાનું તથા નેહેરોનું તથા બાંધોનું નુકશાન કરનારાં ઢોરો.

૧૧ સારવજનીક રસતા તથા રમવાની જગા તથા વાડીઓ તથા નેહેરો તથા મોરીના કામો તથા બાંધો અને તેવાંજ બીજાં કામો જે માણસોને સ્વાધીન હોય તે માણસોને તથા પોલીસના અમલદારોને સદરહુ રસતા તથા જગા તથા વાડીઓ તથા નેહેરો તથા મોરીના કામો તથા બાંધો અને તેવાજ બીજાં કામો અથવા સદરહુ રસતાની અથવા નેહેરની અથવા મોરીનાં કામની અથવા બાંધની બાજુ અથવા બાજુના ઢોળાવ બગાડનારાં ઢોરોને અથવા તે ઉપર આતીકરમણ કરનારાં ઢોરોને પકડવાનો અથવા પકડાવવાનો અધીકાર છે.

અને તે ઢોરોને અમથી વાર વાર લગાડયા વગર છેક પાસેના ડબામાં તેઓએ લઈ જવાં.

ડબામાં ગોધેલાં ઢોરો બાબત દંડ.

૧૨. ઉપર કહયા પરમાણે ડબામાં ગોધેલાં દરએક ઢોર બાબત ડબાવાળાએ હેઠળ લખેલા પરીણામ પરમાણે દંડ લેવો.

હાથી .. .. બે રૂપીઆ.

ઊંટ અથવા ભેંશ .. .. આઠ આના.

ઘોડો અથવા ઘોડી અથવા ખાંશી કરેલો ઘોડો અથવા ટટુ અથવા વછેરો, અથવા વછેરી અથવા ખચર અથવા બળદ અથવા ગોધો અથવા સાંઢાડ અથવા ગાય અથવા કપાડી.. .. .. ચાર આના.

વાછરડો અથવા વાછરડી અથવા ગધેડું અથવા ડુક્કર .. .. બે આના.
પેટા અથવા મેંઢી અથવા મેંઢો અથવા પેઠાનું બચ્ચું અથવા બકરું અ
થવા બકરીનું બચ્ચું .. .. એક આનો.

ફુસહર પરમાણે જે ડંડ લીધો હોય તે સઘળો ડંડ સ્થાનીક સરકાર વખતે વખતે ફરમાવે તે અમલદારની મારફતે ડીસતરીકટના માજીસ્ટરેટની પાસે મોકલવો.

ડંડની તથા ચાર પુંજો નીરવાના ખરચની યાદી.

ડંડની અને ઢોરને ચાર પુંજો નીરવાના તથા પાણી પાવાના ખરચના દરની યાદી દરએક ડબા ઉપર અથવા ડબા પાસે લોકોની નજરે સેહેજ પડે તેવે ઠેકાણે મારવી.

બાબ ચોથો-ઢોરો સ્વાધીન કરવાં અથવા તેઓનું લીલામ કરવું.

ધણી ઢોર બાબત દાવો કરે અને દંડ તથા ખરચ આપે તો કેમ કરવું.

૧૩. ડબામાં ઘાલેલા ઢોરનો ધણી અથવા તેઓનો મુખતીઆર હાજર થઈને ઢોર વીશે દાવો કરે અને તે ઢોર બાબતનો દંડ તથા થએલો ખરચ આપે એટલે ડબાવાળાએ તે ઢોર તેને સવાધીન કરવાં.

ધણીએ અથવા તેના મુખતીઆરે ઢોર પાછાં લેતી વખત તે બાબત ડબાવાળાના રજીસટરમાં પહોંચ ઊપર સહી કરવી.

એક અઠવાડીઆમાં ઢોર બાબત કોઈ દાવો ન કરે તો કેમ કરવું.

૧૪. ઢોર ડબામાં ઘાલ્યાની તારીખથી સાત દીવસની અંદર ઢોર બાબત કોઈ દાવો ન કરે તો ડબાવાળાએ છેક પાસેના પોલીસ થાણાના અમલદારને તે બાબત રીપોરટ કરવો. અથવા તે કામ સારૂ ડીસતરીકટના માજીસતરેટે જે બીજો અમલદાર નીમીયો હોય તેને રીપોટ કરવો.

પછી તે અમલદારે પોતાની કચેરીનો જે ભાગ લોકોની દરસ્ટીએ સેહેજ પડતો હોય તે ભાગમાં એક નોટીસ (એટલે સુચના) મારવી. તે નોટીસમાં હેઠળ લખેલો મજકુર લખવો એટલે,

(અ) ઢોરોની સંખ્યા તથા વરણન.

(બ) જે ઠેકાણે તે પકડયાં હોય તે ઠેકાણું.

(ક) જે ઠેકાણે તેઓને ગોંધીયાં હોય તે ઠેકાણું એવી વીગતે મજકુર લખવો.

અને ઢોરો પકડવાની જગા પાસે જે ગામ તથા બજાર હોય તે ગામમાં તથા બજારમાં દાંડી પીટાવવી.

નોટીસની તારીખથી શાત દીવશની અંદર ઢોર બાબત કોઈએ દાવો ન કીધો તો ડીસતરીકટના માજીસતરેટ વખતે વખતે સામાન્ય અથવા વીશેશ હુકમ કરીને જે જગા તથા વખત અને સરત ઠરાવી હોય તે જગાએ તે વખતે અને તે સરત પરમાણે તે અમલદારે તે ઢોર જાહેર લીલામ કરીને વેચવાં; અથવા એ કામ સારૂ તે અમલદારની કચેરીમાંથી કામદાર મોકલ્યો હોય તેણે જાહેર લીલામ કરીને વેચવાં.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પરકારના ઢોર ઊપર કહયા પરમાણે વેચતાં વાજબી કીંમત ઉપજે તેવું નથી એવો ડીસ્ટ્રીકટ માજીસતરેટનો અભીપરાય હોય તો યોગ્ય જણાય તે રીતે તેણે તે ઢોરની વ્યવસ્થા કરવી.

ઢોરો કાયદાસર રીતે પકડયાં બાબત ધણી તકરાર કરશે. પણ અવેજ અનામત મુકશે તો ઢોરો તેનેસ્વાધીન કરવાં.

૧૫. ધણી અથવા તેનો મુખતીઆર હાજર થશે અને ઢોરો પકડાં તે વાત કાયદા વીરૂધ છે અને ૨૦ કલમ પ્રમાણે ધણી ફરીયાદ કરનારને એવા સબબથી દંડ તથા ખરચ આપવાની ના કહેશે તો ઢોરો બાબત થએલો દંડ તથા ખરચ તે અનામત મુકે એટલે ઢોર તેને સ્વાધીન કરવાં.

ધણી દંડ તથા ખરચ આપવાની ના કહે અથવા નહી આપેતો કેમ કરવું.

૧૬. ધણી અથવા તેનો મુખતીયાર હાજર થઈને સદરહુ દંડ તથા ખરચ આપવાની ના કહે અથવા નહી આપે અથવા ૧૫ મી કલમમાં કહેલે પ્રસંગે અનાગત નહી મુકે તો તે ઢોરો અથવા તેમાંથી જેટલાંની જરૂર હોય તેટલાં ૧૪ મી કલમમાં કહેલી જગાએ તથા વખતે અને સરત પ્રમાણે સદરહુ અમલદારે જાહેર લીલામ કરીને વેચવાં.

દંડ તથા ખરચ બાદ કરવો.

દંડ લેવો હોય તે તથા ઢોરોને ચાર પુંજો નીરવાનો અને પાણી પાવાનો ખરચ અને વેચવાનો કાંઈ ખરચ થયો હોયતો તે ખરચ વેચાણની ઉપજ માંથી બાદ કરવો.

બાકીના ઢોર તથા વેચાણના અવેજમાંથી કાંઈ બાકી રહ્યું હોય તો તે તથા હેઠળ લખ્યા પ્રમાણે હીસાબ ધણીને અથવા તેના મુખતીઆરને આપવો એટલે.

(अ) ઢોર કેટલાં પકડયાં તેના.
(ब) કેટલી મુદત સુધી તે ગોંધી મુકયાં હતાં તે મુદતનો.
(क) દંડ અને ખરચ મળીને કેટલા રૂપીયા લેવા તેનો,
(ड) કેટલાં ઢોરો વેચીયાં તેનો,
(ई) લીલામની ઉપજનો અને,
(फ) તે ઉપજની વ્યવસ્થા શી રીતે કરી તેનો હીસાબ આપવો.

પોહોચ.

સદરહુ પ્રકારના હીસાબ પ્રમાણે પોતાને સ્વાધીન ઢોર થાય તથા વેચાણના અવેજમાંથી કાંઈ અવેજ બાકી રહ્યો હોય અને પોતાને મળે તે બાબત ધણીએ અથવા તેના મુખત્યારે પોહોચ આપવી.

દંડની તથા ખરચની અને વેચાણની ફાજલ ઉપજની વ્યવસ્થા.

૧૭ સદરહુ પ્રમાણે કાપી લીધેલો દંડ જે અમલદારે લીલામ કીધું હોય તે અમલદારે દીસ્ત્રીકટના માજીસ્ત્રેટ પાસે મોકલવો.

ચાર પુંજો કરવાનો તથા પાણી પાવાનો ખરચ ૧૬ મી કલમ પ્રમાણે કાપી લીધો હોય તે ડબાવાળાને આપવો. ૧૩ મી કલમ પ્રમાણે સદરહુ પ્રકારના ખરચ બાબત જે રકમો ડબાવાળાને પહોચે તે સઘળી રકમો તેણે પાસે રાખીને ખરચ કરવી.

ઢોરના લીલામની ફાજલ ઉપજ બાબત દાવો કરયો નહી હોય તે દીસ્ત્રીકટ માજીસ્તરેટની પાસે મોકલવી માજીસતરેટે જે અવેજ ત્રણ મહીના સુધી અનામત રાખવો; અને તે મુદતમાં તે અવેજ બાબત કોઈ દાવો કરીને સાબેત નહી કરે તો મુદત પુરી થયા પછી આ આકટમાં આગળ કહ્યું છે તે પ્રમાણે માજીસ્તરેટે તે અવેજની વ્યવસ્થા કરવી.

દંડ તથા વેચાણની જે ઉપજ બાબત દાવો કીધો નહી હોય તે શામાં વાપરવી.

૧૮ દંડની તથા ઢોરના વેચાણની ઉપજ બાબત દાવો કરયો નહી હોય તે ઉપજના અવેજની રકમો આવે તેમાંથી.

(આ) સ્થાનીક સરકારના હુકમથી ડબાવાળાનો પગાર ઠરાવ્યો હોય તે આપવો,

(ઈ) ડબા બાંધવાનો તથા તેને ઠીકઠાક રાખવાનો ખરચ થાય તે અથવા આ આકટ અમલમાં લાવવા સંબંધી બીજા કાંઇ કામ બાબત ખરચ થાય તે, આપવો.

અને કાંઈ અવેજ ફાજલ રહે તો તે સ્થાનીક સરકારના હુકમ પ્રમાણે રસ્તા તથા પુલો બાંધવામાં તથા તેઓની મરામત કરવામાં અને લોકો ઉપયોગી બીજા કામમાં ખરચવો.

આ આકટ પ્રમાણે લીલામ થાય તેમાંથી પોલીસ અમલદારે તથા ડબાવાળાએ ઢોર ખરીદ કરવાં નહી.

૧૯ આ આકટ પ્રમાણે ઢોરનું લીલામ થાય ત્યારે પોલીસ અમલદારે અથવા આ આકટ પ્રમાણે નીમેલા બીજા અમલદારે અથવા ડબાવાળાએ હસ્તે અથવા પરહસ્તે તે ઢોર ખરીદ કરવાં નહી.

ડબામાં ઘાલેલું ઢોર ડબાવાળાએ કયારે છોડી મુકવું નહી.

ડબામાં ઘાલેલું ઢોર છોડી મુકવાનો અથવા સ્વાધિન કરવાનો માજીસ્તરેટે અથવા દીવાની કોરટે હુકમ કીધો નહી હોય તો કોઇ ડબાવાળાએ તે ઢોર આ બાબના પહેલા ભાગમાં જે રીત કહી છે તે રીત શીવાય બીજી રીતે છોડી મુકવું નહી અથવા સ્વાધિન કરવું નહી.

બાબ ૫ મો—ઢોરો કાયદા વીરૂધ પકડયા બાબતની ફરીઆદી.

ફરીયાદી કરવાનો અધિકાર

૨૦ જે માણસનાં ઢોરો આ આકટ પ્રમાણે પકડીને અટકાવી રાખ્યાં હોય તેને તે ઢોર પકડવા બાબત પકડયાની તારીખથી દશ દીવસમાં ગમે તે વખતે ડીસ્ટ્રીકટના માજીસ્તરેટને ત્યાં અથવા ડીસ્ટ્રીકટ માજીસ્તરેટને ત્યાંહાંથી ફરીઆદ આવ્યા વગર ફરીઆદ લઇને ઇનશાફ કરવાનો અધિકાર જે માજીસ્તરેટને આપ્યો હોય તે માજીસ્તરેટને ત્યાંહાં ફરીઆદ કરવાનો અધિકાર છે.

ફરીઆદ આવ્યા પછી કામ ચલાવવાની રીત

૨૧ ફરીઆદ કરવી તે ફરીઆદ કરનારે પોતાની જાતે કરવી અથવા જે માણસ પોતાની જાતે તે બાબતની હકીકતથી વાકેફગાર હોય તેવા મુખત્યારની પાસે કરાવવી તે મરજીમાં આવે તો લખીને કરવી અથવા મુખજુબાનીએ કરવી. મુખજુબાનીએ ફરીયાદ થાય ત્યારે તે ફરીઆદની મતલબ માજીસ્તરેટે લખી લેવી.

ફરીઆદ કરનારની અથવા તેના મુખત્યારની જુબાની લીધા પછી ફરીઆદ વ્યાજબી છે એવું માનવાનો માજીસ્તરેટની નજરમાં સબબ આવે તો જે માણસ ઉપર ફરીયાદ કરી હોય તેણે તેને સમન કરવો, અને તે મુકરદમાની ચોકશી કરવી.

કાયદા વીરૂધ ઢોર પકડવા બાબતની નુકશાનીનો બદલો.

૨૨ ઢોર પકડયાં તે વાત કાયદા વીરૂધ છે એવું ઠરે તો તેઓને પકડીને અટકાવી રાખ્યા બાબત ફરીઆદ કરનારને જે નુકશાન થયું હોય તે બાબત માજીસ્તરેટને યોગ્ય જણાય તે પ્રમાણે તેણે ઢોર પકડનારની પાસે ફરીઆદ કરનારને સો રૂપીયા સુધી નુકશાનનો બદલો અપાવવો અને ઢોર છોડાવવાનો ફરીઆદ કરનારને જે ખરચ થયો હોય તે સઘળો ખરચ અને તેણે દંડ ભરયો હોય તે દંડ પણ અપાવવો.

અને ઢોર છોડી મુકયા નહી હોય તો બદલો આપવાનો હુકમ કરયો હોય તે શીવાય ઢોર છોડી મુકવાં. | વળી તે ઢોર છોડી મુકવાનો અને આ આકટ પ્રમાણે દંડ તથા ખરચ લેવો તે ઢોર હોય તે ઢોર પકડી લાવનારે આપવો એવો હુકમ માજીસ્ત્રેટ કરયો.

૨૩. ૨૨ મી કલમમાં કહેલો નુકશાની બદલો તથા દંડ અને ખરચ માજીસ્ત્રેટે દંડ કરયો હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે.

ભાગ ૬ ઠો-શીક્ષા.

નુકશાનીના બદલાની વસુલાત.

ઢોર પકડવાના કામમાં જબરાઇથી હરકત કરશે અથવા છોડાવશે તો શીક્ષા થશે.

૨૪ આ આકટ પ્રમાણે પકડવા લાયક જે ઢોરો પકડવાના કામમાં કોઈ માણસ જબરાઇથી હરકત કરશે.

અથવા તે પકડ્યા પછી તેઓને ડબામાંથી અથવા જે માણસ તેઓને ડબામાં લઇ જતો હોય અથવા લઈ જનાર હોય તે માણસની પાસેથી તે માણસ પાસે હોય ત્યારે અને આ આકટ ઉપરથી આપેલા અધિકાર પ્રમાણે કામ કરતો હોય ત્યારે છોડાવશે.

તેની ઉપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થશે તો ઘણામાંઘણા છ મહીના સુધી કેદની સજા કરવી. અથવા પાંચસેં રૂપીઆ સુધી દંડ કરવો અથવા એ બેઉ શીક્ષા કરવી.

ઢોરોની પાસે અતીક્રમણ કરાવીને બીગાડ કરે તે બાબત દંડ વસુલ કરવો.

૨૫. જમીન ઉપર ઢોરોની પાસે અતીક્રમણ કરાવીને બીગાડ કરવાના ગુનાહ બાબત દંડ થયો હોય તે દંડ જે ઢોરોએ અતીક્રમણ કર્યું હોય તે ઢોરો અથવા તેમાંનાં કેટલાએક વેચીને વસુલ કરી લેવાનો અધિકાર છે. પછી તે ઢોરો અતીક્રમણ કરતાં પકડાયાં હોય અથવા ન હોય તોપણ તે વાતની ચિંતા નથી અને જે માણસ ઉપર ગુનોહ સાબીત થયો હોય તેનાં તે ઢોર હોય અથવા અતીક્રમણ થયું ત્યારે તે ઢોર ફકત તેને સ્વાધિનજ હોય તોપણ તે વેચવાનો અધિકાર છે.

જમીનનો અથવા પાકનો અથવા સારવજનીક રસ્તાનો બીગાડ કરે તે બાબત શીક્ષા.

૨૬. કોઈ માણસ ડુકરનો ધણી અથવા રાખનારો હોય તો ગફલતથી અથવા બીજી રીતે કાંઇ જમીન ઉપર અથવા પાક ઉપર અથવા જમીની ઉપજ ઉપર અથવા હરકોઇ સારવજનીક રસ્તા ઉપર ડુકરોને અતીક્રમણ કરવા દેઇને જમીનનો અથવા પાકનો અથવા જમીનની ઉપજનો અથવા સારવજનીક રસ્તાનો બીગાડ કરશે અથવા કરાવશે અથવા કરવા દેશે તો તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થાય એટલે તેને દસ રૂપીઆ સુધી દંડ કરવો.

ડબાવાળો પોતાનું કામ કરવાને ચુકશે તો તે બાબત શીક્ષા થશે.

૨૭ કોઇ ડબાવાળો ૨૯ મી કલમના ઠરાવ વીરૂધ ઢોર છોડી મુકશે અથવા ખરીદ કરશે અથવા બીજાને સ્વાધીન કરશે અથવા ડબામાં ઘાલેલાં ઢોરને જોઈએ તેટલો ચારપુંજો નાખશે નહી અને પાણી પાસે નહી અથવા જે કામો કરવાનું તેને આ આકટમાં કહ્યું છે તેમાંનું કાંઇ કામ કરવાને ચુકશે તો તે બીજી કાંઇ શીક્ષાને લાયક હશે

તે શીક્ષા શીવાય વળી તેને માજીસ્ત્રેટની આગળ તેની ઊપર તે ગુનોહ સાબીત થાય તો પચાસ રૂપીઆ સુધી દંડ કરવો.

ઊપર કહેલો દંડ ડબાવાળાના પગારમાંથી કાપી લેવાનો અધિકાર છે.

૨૫ મી અથવા ૨૬ મી અથવા ૨૭ મી કલમ પ્રમાણે કરેલો દંડ શેમાં વાપરવો.

૨૮. ૨૫ મી અથવા ૨૬ મી અથવા ૨૭ મી કલમ પ્રમાણે જે દંડ વસુલ થયો હોય તે સઘળો દંડ અને તેનો કોઇ ભાગ ગુનોહ ઠરાવનાર માજીસ્ત્રેટની ખાતરી થાય તે રીતે સાબીત કરેલા તોટાનો અથવા નુકશાનનો બદલો આપવામાં વાપરવાનો અધીકાર છે.

બાબ ૭ મો–નુકશાની ભરી લેવા બાબતની ફરીઆદ.

નુકશાની ભરી લેવાસારૂ દાવો કરવાનો હક કાયમ રાખ્યોછે

૨૯. ઢોરો અતીક્રમણ કરયાથી જે માણસની જમીનના પાકનો અથવા બીજી ઉપજનો બીગાડો થયો હોય તે માણસને હરકોઇ મુખત્યાર કોરટમાં નુકશાન ભરી લેવા સારૂ ફરીઆદ કરેવાની આ આકટમાંહેના કોઇ ઠરાવ ઉપરથી મનાઇ છે એવું સમજવું નહી.

મજરે આપવું.

૩૦ ગુનોહ ઠરાવનારા માજીસ્ત્રેટના હુકમથી સદરહુ પ્રકારના કોઇ માણસને આ આકટ પ્રમાણે બદલો આપ્યો હોય તે સદરહુ પ્રકારના મુકદમામાં જેટલા રૂપીઆનો દાવો કરયો હોય અથવા જે રકમ તેણે નુકશાનીના બદલામાં આપવાને ઠરાવી હોય તેમાં મજરે લેઇને કાપી લેવા.

પરીશીષ્ટ.

(૨ જી કલમ જુઓ.)

નંબર અને વરસ.	આકટનું મથાળું.
સન ૧૮૫૭ નો આકટ ૩ જો.	ઢોરોના અતીક્રમણ બાબતનો આકટ.
સન ૧૮૬૦ નો આકટ ૫ મો.	ઢોરોના અતીક્રમણ બાબત સને ૧૮૫૭ નો ૩ જો.
સન ૧૮૬૧ નો આકટ ૨૨ મો	આકટ છે તે સુધારવા બાબતનો આકટ.

(True Translation).
VENAYEK WASSOODEW,
Oriental Translator to Government.

અમદાવાદ હિતેચ્છુ પ્રેસમાં પટેલ જેશંગ મુળજીએ છાપી પ્રસિદ્ધ કરયો.

સન ૧૮૮૩ નો આક્ટ ૧૮ મો.

ઇંડિયાના ગવર્નર જનરલ ઈન કૌંસિલનો હેઠળ લખેલો આક્ટ આલીજા ગવરનર જનરલ સાહેબે સન ૧૮૮૩ના અકટોબર મહિનાની ૧૧ મી તા. મંજુર કર્યો તે સઘળા લોકોને જાણ થવાસારૂ છાપીને પ્રગટ કર્યો છે:-

---

સન ૧૮૭૧ નો ઢોરોનાં અતિક્રમણ બાબતનો આક્ટ સુધારવા બાબતનો આક્ટ.

જે અર્થે સને ૧૮૭૧ નો ઢોરોનાં અતિક્રમણ બાબતનો આક્ટ સુધારવો યોગ્ય છે; તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

જીલ્હા માજીસ્ટ્રેટનાં અથવા સ્થાનિક સરકારનાં કામ સ્થાનિક અધિકારીઓને આપવાનો અને ફાજલ ઉપજ લોકલ ફંડ ખાતે જમે કરવાનું ફરમાવવાનો સ્થાનિક સરકારનો અધિકાર.

૧૦. સ્થાનિક સરકાર સ્થાનિક સરકારી ગેઝેટમાં હુકમ પ્રસિદ્ધ કરી ને વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખત્યાર છે, એટલે:-

(અ) તેઓ જે મુલકનો રાજકારભાર ચલાવતા હશે તે મુલકના જે કોઈ ભાગમાં સને ૧૮૭૧ નો ઢોરોનાં અતિક્રમણ બાબતનો આક્ટ ચાલુ હશે તે ભાગના કોઈ પણ સ્થાનિક અધિકારીને, તે આક્ટ પ્રમાણે સ્થાનિક સરકારનાં અથવા જીલ્હા માજીસ્ટ્રેટના સઘળા કામ અથવા તેઓ પૈકી કાંઈ પણ કામ તે સ્થાનિક અધિકારીની હકુમતને પાત્ર હોય તેવાં સ્થાનિક ક્ષેત્રમાં આપવાને, અથવા

(બ) તે આક્ટની અરાડમી કલમ પ્રમાણે કોઈ પણ જિલ્હામાં ફાજલ ઉપજ રહે તે સઘળી અથવા તેનો કાંઈ ભાગ તે જીલ્હામાં જે સ્થાનિક ક્ષેત્ર અથવા સ્થાનિક ક્ષેત્રો હોય તે અથવા તે બે સારૂ જે લોકલફંડ અથવા લોકલફંડો કરવામાં આવે તેને અથવા તેઓને ખાતે જમે કરવી એવુ ફરમાવાને મુખત્યાર છે.

અને આ કલમ પ્રમાણે કરેલો કોઈ પણ હુકમ તેવીજ રીતે વખતે વખતે રદ કરવાને મુખત્યાર છે.

વ્યાખ્યા.

૨. આ આક્ટમાં—

"સ્થાનિક અધિકારી" આ શબ્દોનો અર્થ કોઈ નિર્દેશ સ્થાનિક ક્ષેત્રમાં કોઈ પણ બાબતનો નિબંધ તથા કારભાર કાયદા ઉપરથી તે તે વિધમાન કાલે, માણુસોનિ જે કોઈ મંડળીને સ્વાધિન કરેલો હશે તે માણુસોની મંડળી; અને

"લોકલ ફંડ" આ શબ્દોનો અર્થ સ્થાનિક અધિકારીઓના નિબંધમાં અથવા વહિવટમાં જે કાંઈ ફંડ હશે તે એવો છે.

(સહી) ડી. ફિટ્ઝપ્યાટ્રિક,
સેક્રેટરી નિસબત ઈંડિયા સરકાર

(True Translation.)
S. P. PANDIT.
Oriental Traslator to Government.

ઇંડીઆના ગવરનર જનરલ ઇનકાંઉસીલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૭૧ ના અકટોબર મહીનાની ૩૦ મી તારીખે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસિદ્ધ કરયો છે.

सने १८७१ नो आकट ३१ मो.

બ્રીટીશ ઇંડિયાનાં કેટલાંક તથા ભરતલના માપો વિશે નિયમ ઠરાવવા બાબતનો આકટ.

ઉદ્દેશ — બ્રિટીશ ઈંડીયામાં સઘળે ઠેકાણે એક સરખાં કાટલાં તથા ભરતલનાં માપો ચાલુ કરવાનો બંદોબસ્ત કરવો યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧ પ્રથમ નિયમો

નાનુ મથાળુ ક્યાં ક્યાં લાગુ છે. — ૧ આ આકટને "સને ૧૮૭૧ નો હીંદુસ્તાનનો કાટલાંનો તથા ભરતલનાં માપોનો" કહેવો; અને આ આકટ આખા બ્રીટીશ ઇંડીયાને લાગુ છે.

૨ પ્રમાણો*

૨ કાટલાંનાં મુળ કાટલાંનુ પ્રમાણ. — પ્રમાણુને શેર કહેવો; અને તે પ્રમાણે ઈંડીઆ સરકારના કબજા માંહેના ધાતુના એક કાટલાં જેવડુ જોઇએ તે કાટલું હવા વગરની જગામાં તોળીએ તો ફ્રાંસ દેશમાં કિલોગરામ દેઆરશીવ એ નામનું જે કાટલું મશહુર છે તે કાટલાં જેવડુ થાય.

મુળભુતકાટલાંતથાભરતલનાં માપો — ૩ મુળભુત કાટલાં તથા ભરતલનાં માપો હેઠળ લખ્યા પ્રમાણે જોઈએ એટલે, કાટલાં બાબત સદરહુ શેરને મુળ ભુત કાટલું સમજવું;—

ભરતલ બાબત, હવા વગરની જગામાં જોખેલાં પરમા વધીનાં ઘનત્વનુ સદરહુ પ્રકારના એક શેર પાણીનાં તોલ જેટલુ જે માપમાં માય તે માપને મૂળભુત માપ સમજવું.

વીશેશપ્રકારકાટલાંતથાભરતલનાંમાપોકબુલકરવામાંઆવશેતેબાબત — ૪ સદરહુ મૂળભુત કાટલાં તથા ભરતલનાં માપો સિવાય બીજાં કાટલાં તથા ભરતલનાં માપો કેવડાં અને કયા નામના આ આકટ પ્રમાણે કબુલ કરવામાં આવશે તે ઈંડીયાના જેટલાં વખતે વખતે જાહેરનામુ છપાવીને ઠરાવવાને ગવરનર જનરલ ઈનકાંઉશીલ મૂખતીયાર છે.

પણ એવું ઠરાવ્યુ છે કે ઉપર કહેલુ બીજુ હરેક કાટલું અથવા ભરતલનું માપ, સદરહુ પ્રકારનાં મૂળભુત કાટલાં અથવા ભરતલનાં માપને હરકોઇ પુરણાંક સંખ્યાએ ગુણતાં જે ગુણાકાર આવે અથવા ભાગતાં ભાગાકાર આવે તેવડુ જોઈએ.

સદરહુ જાહેરનામું ઉપર ક્હ્યા પ્રમાણે રદ કરવાને પણ ગવરનર જનરલ ઈનકાંઊનસીલ મુખતીયાર છે.

---

* પ્રમાણુ એટલે સાંખું.

સદરહુ પ્રકારના હરકોઇ જાહેરનામામાં બીજી રીતે ફરમાવ્યુ નહી હોય તો સદરહુ પ્રકારનાં સઘળાં કાટલાંનાં તથા ભરતલના માપના વિભાગ દશાંસના માન પ્રમાણે (એટલે દશાંસને વરાડે) કરવા.

ડીસ્ત્રીકટોશીરીતેઠરાવવી

૫ આ આકટના કારણો સારૂ ડિસ્ત્રીકટની હદો ઇંડીયા ગેજેટમાં વખતે વખતે જાહેરનામું છપાવીને ઠરાવવાનો અધિકાર ગવરનર જનરલ ઇનકાંઉનસીલને છે.

સબડીસ્ત્રિકટશીરીતેઠરાવવી.

આ આકટના કારણો સારૂ સબડિસ્ત્રીકટની હદો સરકારી ગેજેટમાં વખતે વખતે જાહેરનામું છપાવીને ઠરાવવાનો અધીકાર સ્થાનિક સરકારને છે.

મુળપ્રમાણેપુરાંપાડવાબાબત.

૬ સદરહુ પ્રમાણે કબુલ કરેલા કાટલાંનાં તથા ભરતલનાં માપોનાં મૂળ પ્રમાણો તથા શેટ[1] ગવરનર જનરલ ઇનકાંઉનસીલની નજરમાં આવે તે ડીસ્ત્રીકટોને સારૂ પુરી પાડવાનો તેઓને અધિકાર છે.

સદરહુ પ્રમાણે આ આકટના કારણો સારૂ સદરહુ ડિસ્ત્રિકટોને સારૂ પ્રમાણો છે એવું સમજવું.

સ્થાનિકપ્રમાણોપુરાપાડવા બાબત.

૭ ઉપર કહ્યા પ્રમાણે કબુલ કરેલાં કાટલાંનાં જેવાં કાટલાં તથા ભરતલનાં માપનાં જેવાં ભરતલનાં માપો સ્થાનીક સરકાર નજરમાં આવે તે સબડિસ્ત્રીકટોમાં સ્થાનીક પ્રમાણોનો પેઠે વાપરવા સારૂ જોઈએ તેટલાં તે સબડિસ્ત્રીકટોને સારૂ પુરા પાડવાનો અધિકાર સ્થાનિક સરકારને છે.

સદરહુ સ્થાનીક પ્રમાણો બરાબર નથી એવું સાબીત કરવામાં આવશે ત્યાં સુધી તે બરાબર છે એવુ સમજવું.

૩ નવાં કાટલાં તથા ભરતલનાં માપો વાપરવા બાબત.

સરકારની કચેરીવગેરેમાંનવાંકાટલાંતથાભરતલનામાપોવાપરવાબાબત.

૮ સરકારી કોઇ કચેરીમાં અથવા મ્યુનસીપાલ મંડળીમાં અથવા રેલવે કંપનીમાં વાપરવાનાં કાટલાં તથા ભરતલના માપો બરાબર છે કે નહી તે તપાસી જોવા સારૂ યોગ્ય પ્રમાણોનાં કાટલાં તથા ભરતલનાં માપો હવે મળે છે એવું ગવરનર જનરલ ઇનકાંઉસીલની નજરમાં આવે ત્યારે ફલાણાની તારીખ પછે સદરહુ કચેરી અથવા મંડળી અથવા કંપની આપ લે નો જે વહેવાર અને કરાર કરશે તે વહેવારમાં અને કરારમાં સદરહુ પ્રમાણે કબુલ કરેલાં સઘળાં કાટલાં તથા ભરતલના માપો અથવા તે માંહેનુ હરકોઇ કાટલુ અથવા ભરતલનુ માપ વાપરવું એવુ ઇંડીયા ગેજેટમાં જાહેરનામુ છપાવીને ફરમાવવાનો અધીકાર ગવરનર જનરલ ઇન્કાંઉશીલને છે અને તેજ પ્રમાણે વખતે વખતે સદરહુ હુકમ બદલવાને અથવા રદ કરવાને તેઓ મુખતીયાર છે,

તોળીનેઅથવાભરીનેઆપવાના અથવ લેવાના કરાર

૯. ૮ મી કલમ પ્રમાણે છપાવેલાં જાહેરનામામાં તારીખ ઠરાવવી હોય તે તારીખ પછી તે જાહેરનામામાં કહેલા અમલદારોનુ અથવા મંડળીઓનુ અથવા કંપનીઓનું કરકાંઈ કામ તોલથી અથવા ભરતલના માપથી કરવા બાબત અથવા તોલથી અથવા ભરતલના માપથી માલ વેચવા બાબત અથવા આપવા બાબત જે વહેવાર

---

[1] શટ એટલે ન્હાનાં મોટાં નમુંનાનાં કાટલાં તથા માપો.

તથા કરાર થયા હોય અથવા કરવામાં આવ્યા હોય તે સઘળા વહેવાર તથા કરાર હેઠળ લખ્યા પ્રમાણે થયા છે અથવા કર્યા છે એવું સમજવું. એટલે, સદરહુ અમલદારોએ અથવા મંડળીઓએ અથવા કંપનીયોયે ફલાણાં કાટલાં અથવા ભરતરનાં માપો વાપરવાં, એવુ સદરહુ જાહેરનામાંમાં ફરમાવ્યુ હોય તે તે કાટલાએ તોળીને અથવા ભરતરના માપે ભરીને (આપવા લેવાના) તે વહેવાર તથા કરાર થયા છે અથવા કર્યા છે એવું સમજવું પણ બીજી રીતે ખસુસ કરીને કબુલત કરી હોય તો તેવુ સમજવુ નહી.

૪ વારડન.

વારડનનેમવાબાબત

૧૦ આ આકટમાં પાછળ કહેલાં મુળ પ્રમાણો તા૦ કબુલ કરેલાં કાટલાંનાં તથા ભરતરનાં માપો સટ સંભાળીને રાખવા સારૂ ગવરનર જનરલ ઇન કાઉનશીલે વારડન નેમવા, અને સદરહુ સ્થાનીક પ્રમાણો તથા કબુલ કરેલાં કાટલાંનાં તથા ભરતરનાં માપોનાં સેટ સંભાળીને રાખવા સારૂ સ્થાનીક સરકારે વારડન નીમવા.

ઉપર કહેલા હરકોઈ વારડનને હર કોઈ વખતે કામ ઉપરથી મોકુફ અથવા બરતરફ કરવાને અને તેની જગોએ બીજા માણસને નીમવાને પ્રસંગ પ્રમાણે ગવરનર જનરલ ઇનકાંઉનસીલ અથવા સ્થાનીક સરકાર મુખત્યાર છે.

કાનુંનોકરવાનોઅધીકાર

હેઠળ લખેલી વાતોનો બંદોબસ્ત કરવા બાબત આ આકટનું ધોરણ રાખીને વખતે વખતે કાનુનો કરવાનો અધીકાર ગવરનર જનરલ ઇન્કાઊનશીલને છે.

(અ) વાર્ડનની નેમણુક કરવા બાબત

(બ) વારડને પોતાના કામ કરવા બાબત શી રીતે ચાલવુ તે બાબત

(ક) પ્રમાણો પુરાં પાડવાં અને તેઓને બદલે બીજાં કરવાં તથા તે સંભાળીને રાખવાં અને તે વાપરવા બાબત

(ડ) સ્થાનીક પ્રમાણો અને આકટ ઉપરથી કબુલ કરેલાં કાટલાં તથા તોળવાનાં યંતરો તથા ભરતલનાં માપો અને તાજવાં બરાબર છે એવું ઠરાવવાની રીત બાબત અને બરાબર છે એવુ ઠરાવ્યાનો દાખલો આપવાની રીત બાબત પણ એવુ ઠરાવ્યું છે કે તે બરાબર છે એવુ નકી કરવાને બે વરસમાં એક કરતાં વતી વાર ફરમાવવુ નહી.

(ઈ) આ આકટ પ્રમાણે કબુલ કરેલાં કાટલાંમાં તથા તોળવાના યંત્રમાં તથા ભરતલના માપમાં અને તાજવાંમાં કઇ કઈ ખામી એટલે બાધ હશે તો ચાલશે તે બાબત.

(ફ) આ આકટ પ્રમાણે કબુલ કરેલાં કાટલાં તથા તોળવાના યંતરો તથા ભરતલનાં માપો અને ત્રાજવાં કેવા આકારના અને કેવા પ્રમાણનાં અને કેટલાં મોટાં અને શાનાં કરવાં તે બાબત.

(ગ) આ એકટ પ્રમાણે કબુલ કરેલાં કાટલાં તથા ભરતલનાં માપ ઉપર તેનાં જુદાં જુદાં નામ પાડવા બાબત.

(હ) સરકારી કચેરીઓ તથા મ્યુનશીપલ મંડળીઓ તથા રેલવે કંપની આ આકટ પ્રમાણે કબુલ કરેલાં કાટલાં તથા તોળવાના યંતરો તથા ભરતલના માપો અને ત્રાજવાં વાપરતી હોય તે બાબત તેઓની તપાસ કેવી સરતથી રાખવી અને તે (કાટલા વગરે) બરાબર છે એવું કેવી સરતથી ઠરાવવું તે બાબત,

(આઈ) આ આકટ પ્રમાણે કબુલ કરેલાં કાટલાં તથા તોળવાનાં યંતરો તથા ભરતલના માપો અને ત્રાજવાં બરાબર છે એવું ઠરાવવા બાબત તથા બરાબર કરીઆપવા બાબત અને બરાબર છે એવુ ઠરાવ્યાનો દાખલો આપવાની ફી આપવા બાબત કાનુન કરવા અધીકાર છે.

કાનુંનોનીપ્રસિધ　　૧૨ સદરહુ કાનુનો ઇંડીઆ ગેજેટમાં છપાવીને પ્રસીદ્ધ કરવી.

અને હર કોઇ સરકારી કચેરી બાબત અથવા મ્યુનીસીપલ મંડળી બાબત અથવા રેલવેકંપની બાબત તે સઘળી કાનુનો અથવા તેમાંની કોઇ કાનુન ફલાણી તારીખથી અમલમાં આવશે એવુ જાહેરનામુ ઇંડીયા ગેજેટમાં છપાવીને ઠરાવવાનો ગવરનર જનરલ ઈન કાઉનશીલને અધીકાર છે અને પાછી તે જાહેરનામામાં લખ્યું હશે તેટલે સુધી ઉપર કહેલી કાનુનો અથવા કાનુન, કાયદાની પેઠે ચાલશે.

કાનુનો ક્યારેચાલુથશે

કાટલાં તથાભરતલનામાપો અનેત્રાજવાંબરાબરછેકેનહી તેવખતેવખતેતપાસી જોવાનોબંદોબસ્ત

૧૩ સદરહુ કાનુનો પોતાને લાગુ હોય તેટલે સુધી તે પ્રમાણે સરકારના સઘળા અમલદારોએ તથા મ્યુનીસીપલ (ખાતાના) અમલદારોએ તથા રેલવે કંપનીયોના અમલદારોએ તથા નોકરોએ ચાલવું અને સદરહુ કાનુનમાં જે ફી કહી હોય તે આપવી.

ગેરલાયકજણસોરબાબર છેકેનહીતેતપાસીજોવાની અથવાબરાબરકરીઆપવાનીનાકેહેવાબાબત.

૧૪ ઊપર પ્રમાણે આણેલી જણુસ બરાબર છે કે નહી તે તપાસી જોવાને અથવા બરાબર કરી આપવાને લાયક નથી એવુ નજરમાં આવે તો તે ભાગી તોડી નાખવાનો અથવા નકામી કરી નાખવાનો અથવા બરાબર છે કે નહી તે તપાસી જોવાની અથવા બરાબર કરી આપવાની અથવા નીશાની કરીઆપવાની ના કેહેવાનો અધીકાર વારડનને છે.

વારડનનાઅધીકારમાંનો કાંઈઅધીકારચલાવવો

૧૫ આ આકટમાં વારડનને જે અધીકાર આપ્યો છે અને જે કામો સાંપ્યાં છે તે માંહેનો કાંઇ અધીકાર તથા કામો સ્થાનીક સરકાર વખતે વખતે જે બીજા અમલદારને નીમશે તે ચલાવવાને મુખત્યાર છે.

વારડનનીનીશાનીઓખોટીબનાવવી.

૧૬ ૧૪ મી કલમ પ્રમાણે વારડન વાપરતો હોય તે નીશાની કોઇ માણસ જાણી જોઈને ખોટી બનાવશે તો તેને ઘણામાં ઘણા ત્રણ વરસ સુધી કેદની સજા કરવી અને તે ડંડને પણ લાયક થશે.

સમમાનનાંકોસ્ટકો.

૧૭ આ આકટ પ્રમાણે કબુલ કરેલાં જે કાટલાં તથા ભરતલનાં માપો હોય તેનાં માન (એટલે વરાડે) પ્રમાણે બીજાં કાટલાંના તથા ભરતલનાં માપોનાં સમ માનનાં કોષ્ટકો વખતે વખતે તઈયાર કરવાનાં સ્થાનીક સરકારને અધીકાર છે અને એ પ્રમાણે સમમાનો ઠરાવ્યાં હોય તે ઠેકાણા ઠેકાણાંના સરકારી ગેજીટમાં છપાવીને જાહેર કરે ત્યાર પછી તે ખરાં સમમાનો છે એવુ સમજવુ.

(ટ્રુ ટ્રાન્સ લેટર)
વીનાયક વાસુદેવ
ઓરીઅનટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેન્ટ.

THE INDIAN EVIDENCE ACT.

ACT No. 1 OF 1872.

हिंदुस्ताननो पुरावानो आक्ट.

सने १८७२ नो अक्ट १ लो.

સને ૧૮૭૨ ના આકટ ૧૮ માંથી તથા સને ૧૮૮૭
ના ૩ જા આકટથી સુધારવામાં આવેલો
તે સુધાંત ટીકા સાથે.

બુલાખીદાસ ગંગાદાસ દેસાઇ,
હાયકોર્ટના અને અમદાવાદની ડીસ્ટ્રિકટ કોર્ટના વકીલે
તૈયાર કર્યો તે.

આવૃત્તિ ત્રીજી.

બુકસેલર. કસતુર વીરચંદે
છપાવી પ્રસિદ્ધ કર્યો.

નડીઆદ "સત્યસાગર" પ્રેસ.

સંવત ૧૯૪૬——સને ૧૮૯૦

अनुक्रमणिका.

કલમ.

૨૩ દિવાની કામમાં અંગીકાર કેવે પ્રસંગે લગતા હોય છે.

૨૪ ફોજદારી કામમાં લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી કીધેલી કબુલત ગેરલગતી છે.

૨૫ પોલીસ અમલદારની રૂબરૂ કીધેલી કબુલત પુરાવામાં લેવી નહી.

૨૬ પોલીસના હવાલામાં તોહોમતવાળો હોય તે વખતે તેણે કીધેલી કબુલત પુરાવામાં લેવી નહી.

૨૭ તોહોમતવાળા સખસે બતાવેલા મજકુરનો અથવા તેની કીધેલી કબુલતનો જેટલો ભાગ તે મજકુર અથવા કબુલત ઉપરથી શોધી કાહાડેલી હકીકત સાથે સબંધ રાખતો હોય તેટલો સાબીત કરી શકાય છે.

૨૮ લાલચ કીંવા ધમકી કીંવા વચનથી મન ઉપર થયલી અસર ખસી ગયા પછી કરેલી કબુલત લગતી છે.

૨૯ બીજી રીતે કબુલત લગતી હોય તો કબુલત ગુપ્ત રાખવાનું વચન હતું એ વિગેરે કારણોથી તે કબુલત ગેરલગતી નથી થતી.

૩૦ જે સખસ કબુલત કરે તેને વિશેની તથા તેજ ગુનાહ સારૂ બીજા સખસોની એકઠી તજવીજ ચાલતી હોય તેવા બીજા સખસો વિશેની કબુલત સાબીત થાયતો તે કબુલત વિચારમાં લેવા બાબત.

૩૧ અંગીકાર નિરણયકારક પુરાવો નથી પણ તેનો અમલ પ્રતીબંધના જેવો થાય

જે સખસોને સાહેદ તરીકે બોલાવી શકતા નથી તેવા શખસોયે કહેલા કીંવા લખેલા મજકુર બાબત.

૩૨ જે સખસ મરણ પામ્યો હોય કીંવા મળી શકતો ન હોય તેણે તથા તેવા બીજા સખસે લગતી હકીકતનો કહેલો કીંવા લખેલો મજકુર કેવે પ્રસંગે લગતી હકીકત છે.

તે મજકુર મોતના કરાણુ વીશે હોય ત્યારે અથવા કામને પ્રસંગે કહેલો કીંવા લખેલો હોય ત્યારે;

અથવા કેહેનારના હિત વિરૂધ હોય ત્યારે અથવા તેમાં સારવજનીક હક કીંવા રીવાજ, કીંવા સામન્ય કાયદા ગેરકાયદા સંબંધી અભીપ્રાય આપ્યો હોય ત્યારે અથવા સગપણ વિશે હોય ત્યારે;

અથવા મરણ પામેલા સખસના મૃત્યુ પત્રમાં કીંવા ખતમાં તે બતાવ્યો હોય ત્યારે અથવા કલમ ૧૩ ની રકમ અ માં કહેલા કાર્ય બાબત હોય તો;

અથવા તે ઘણા સખસોએ કહ્યો કીંવા લખ્યો હોય અને તેપરથી તકરારી બાબતને લગતા તેઓના વિચાર માલમ પડતા હોય ત્યારે;

૩૩ પેસ્તરના ઇનસાફી કામમાંનો પુરાવો ક્યારે લગતો હોય.

વિષેશ પ્રસંગે કહેલો કીંવા લખેલો મજકુર.

૩૪ હિસાબની ચોપડીઓમાંની નોંધ ક્યારે લગતી હોય છે.

૩૫ જે કામ કરવાનું કાયદામાં ફરમાવવામાં આવ્યું હોય તે કામ કરવાને પ્રસંગે સરકારી દફતરમાં જે નોંધ કરી હોય તે ક્યારે લગતી સમજવી.

૩૬ નકશા તથા પ્લાન એ ક્યારે લગતાછે.

૩૭ સારવજનીક પ્રકારની હકીકત બાબત કોઈ આકટમાં અથવા સરકારી જાહેરનામામાં મજકુર લખ્યો હોય તે લગતોછે.

૩૮ કાયદાની ચોપડીમાં લખેલો મજકુર.

કલમ.

કહેલા કીંવા લખેલા મજકુરનો કેટલો ભાગ સાબીત કરવો જોઇએ

૩૯ કહેલો કીંવા લખેલો મજકુર વાતચિતનો કીંવા દસ્તાવેજનો કીંવા ચોપડીનો કીંવા અનુક્રમે રાખેલા પત્રો કીંવા કાગળોનો ભાગ હોય તો કયો પુરાવો આપવો જોઈયે ઇનસાફી કોરટના ફેંસલા ક્યારે લગતા સમજવા તે બાબત.

૪૦ બીજી વખત દાવો થતો અથવા તજવીજ ચાલતી અટકાવવાને સારૂ પેસ્તરનો ફેંસલો લગતી હકીકત છે.

૪૧ પ્રોબેટ વિગેરે સંબંધીના અધીકારથી કીધેલા ફેંસલા.

૪૨ તીજા પક્ષકાર વચેના કામનો ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામુ ક્યારે ગેરલગતું હોય ને ક્યારે ન હોય તે વિશે.

૪૩ કયા ફેંસલા વિગેરે લગતા નથી.

૪૪ દગલબાજી દગા ભરેલા સંપ તથા કોરટને અધીકાર નથી, એ બાતની સાબોતી કરી શકાય છે.

ત્રાહિત સખસોના અભિપ્રાય ક્યારે લગતા હોય છે.

૪૫ કુશળ માણુસોના અભિપ્રાય.

૪૬ કુશળ માણુસના અભિપ્રાય સાથે સંબંધ રાખતી હકીકતો.

૪૭ અક્ષર વિશે અભિપ્રાય.

૪૮ હક કીંવા રીવાજ છે કીંવા નથી એ બાબતનો અભિપ્રાય કયે પ્રસંગે લગતો હોય છે.

૪૯. વહીવટ સંપ્રદાય વગેરે બાબતનો અભિપ્રાય ક્યારે લગતો હોયછે.

૫૦. સગપણુ બાબતનો અભીપ્રાય ક્યારે લગતો હોયછે.

૫૧. અભિપ્રાયનાં કારણો ક્યારે લગતાં હોયછે.

કોઇ સખસની ચાલ ચલણુ ક્યારે લગતી હોયછે.

૫૨. દિવાની કામમાં વરતણુંક સાબિત કરવાને સારૂ ચાલ ચલણુ લગતી નથી.

૫૩. ફોજદારી કામમાં આગલી સારી ચાલ ચલણુ લગતી છે.

૫૪. ગુનાહની શાબીતી પેસ્તર થઇ હતી એ વાત ફોજદારી કામને લગતી છે પણુ ચાલ ચલણુ પેસ્તર ખરાબ હતી એ વાત લગતી નથી; તોપણુ તે પ્રતિઉતર તરીકે લગતી છે.

૫૫ જે ચાલ ચલણુ ઉપરથી નુકશાનની રકમમાં કમી જાસ્તી થતું હોય તે ચાલ ચલણુ બાબત.

ભાગ ૨ જો—સાબીતી બાબત.

બાબ ૩ જો—કઇ હકીકતો સાબીત કરવાની જરૂર નથી.

૫૬ કોરટ ન્યાયાધીકારની રૂએ ધ્યાનમાં રાખે તે હકીકતનો પુરાવો આપવાની જરૂર નથી.

૫૭ કઇ હકીકતો કોરટે ન્યાયાધીકારની રૂએ ધ્યાનમાં રાખવી.

૫૮ અંગીકાર કરેલી હકીકતો બાબત. બાબ ૪થો—મુખ જુબાની પુરાવા બાબત

૫૯ મુખ જુબાની પુરાવાથી હકીકતો સાબીત કરવા બાબત.

૬૦ મુખ જુબાની પુરાવો પ્રત્યક્ષ જોઈએ.

બાબ ૫ મો—દસ્તાવેજી પુરાવા બાબત.

૬૧ દસ્તાવેજના મજકુરની સાબીતી.

૬૨ અવલ પુરાવો.

૬૩ દોયમ પુરાવો.

૬૪ દસ્તાવેજો અવલ પુરાવાથી સાબીત કરવા જોઇએ.

૬૫ કેવે પ્રસંગે દસ્તાવેજ વિશે દોયમ પુરાવો આપી શકાય છે.

૬૬ દસ્તાવેજ હાજર કરવા બબતની નોટી-

કલમ.

સ વિશેના નીયમો.

૬૭ હાજર કરેલા દસ્તાવેજ ઉપર અમુક માણસે સહી કરી છે કીંવા તે તેણે લખ્યો છે, એવું કહેવામાં આવે ત્યારે તેની સહીની તથા અક્ષરની સાબીતી થવી જોઇએ.

૬૮ દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે સાક્ષી હોવી જરૂર હોય તો તે દસ્તાવેજ થયાની સાબીતી બાબત.

૬૯ સાક્ષી કરનાર શાહેદ મળતો નહી હોય તો કેવી સાબીતી જોઇએ.

૭૦ દસ્તાવેજ ઉપર સાક્ષી થઇ હોય તે દસ્તાવેજ થયાનો અંગીકાર.

૭૧ દસ્તાવેજ ઉપર સાક્ષી કરનાર સાહેદ દસ્તાવેજ થયાનું ના કબુલ કરેતો બીજી સાબીતી આપી શકાય છે.

૭૨ જે દસ્તાવેજ ઉપર સાક્ષી થવાની કાયદા મુજબ જરૂર નથી થઇ તેની સાબીતી બાબત.

૭૩ અક્ષરના મુકાબલા બાબત સારવજનીક દસ્તાવેજ.

૭૪ સારવજનીક દસ્તાવેજ.

૭૫ ખાનગી દસ્તાવેજ.

૭૬ સારવજનીક દસ્તાવેજની દાખલાવાળી નકલો.

૭૭ એવી નકલો ગુજારવા બાબત.

૭૮ બીજા સરકારી દસ્તાવેજોની સાબીતી બાબત.

દસ્તાવેજ બાબત અનુમાન.

૭૯ દાખલાવાળી નકલોના ખરાપણા વિશે અનુમાન.

૮૦ પુરાવાનું દફતર ગુજારવામાં આવે ત્યારે કેવું અનુમાન કરવું.

૮૧ ગેજેટ બાબત અનુમાન.

૮૨ સહી અથવા શીકાની સાબીતી થયા વગર ઈંગ્લાંડમાં જે દસ્તાવેજ પુરાવામાં લેવા યોગ્ય હોય તે દસ્તાવેજ બાબત અનુમાન.

૮૩ હરકોઇ મુકદમાના કામ સારૂ બનાવેલ નકશાની સાબીતી બાબત.

૮૪ કાયદાના તથા કોરટના ફેંસલાઓના સંગ્રહ ગ્રંથ બાબત અનુમાન.

૮૫ મુખત્યાર બાબત અનુમાન.

૮૬ પારકા દેશના ઈનસાફનાં દફતરોની દાખલાવાળી નકલો બાબત અનુમાન.

૮૭ ચોપડી તથા નકશા બાબત અનુમાન.

૮૮ ફોટોગ્રાફ તથા યંત્રવડે થયેલી નકલો તથા તાર યંત્ર મારગે મોકલેલા સંદેશા બાબત અનુમાન.

૮૯ કોરટમાં રજુ નહી થયા હોય એવા દસ્તાવેજ યોગ્ય રીતે થયા વગેરે બાબત અનુમાન.

૯૦ તીસ વરસના જુના દસ્તાવેજ.

બાબ ૬ ઠો—દસ્તાવેજી પુરાવો હોય ત્યારે મુખજુબાની પુરાવો નહી લેવા બાબત.

૯૧ લખેલા કરારની સરતોનો પુરાવો.

૯૨ મુખ જુબાની કરારનો પુરાવો આપવો નહી.

૯૩ શંશય ભરેલા દસ્તાવેજનો અરથ બતાવવાને અથવા તેને દુરસ્ત કરવાને પુરાવો ન લેવા બાબત.

૯૪ ચાલુ હકીકતને દસ્તાવેજ લાગુ પડતો નથી એવો પુરાવો ન લેવા બાબત,

૯૫ ચાલુ હકીકતને સબંધે અરથ રહીત દસ્તાવેજ સંબંધી પુરાવો;

૯૬ કેટલાએક શખશોમાંથી માત્ર એકજ સખસને લાગુ પડી શકે એવી ઇબારતના અરથ સંબંધી પુરાવા બાબત.

૯૭ હકીકતોના બે સમુદાયમાંથી એકુ સમુદાયને એકંદર ઇબારત લાગુ ન પડે

सन १८७२ नो हिंदुस्ताननो पुरावानो आक्ट.

પુરાવાનો કાયદો એકત્ર કરવો, તથા તેનાં લક્ષણો બાંધવાં, તથા તે દુરસ્ત કરવા યોગ્યછે; માટે આ ઉપરથી નીચે લખ્યા પ્રમાણે ઠરાવવામાં આવેછે:-

ભાગ ૧ લો—હકીકતનું લાગુપણું.

બાબ ૧ લો—પ્રથમના વિષય.

૧. આ આકટને "સન ૧૮૭૨ નો હિંદુસ્થાનનો પુરાવાનો કાયદો"—એવું નામ આપ્યું છે-

આકટ કયાં લાગુ છે. | એ આકટ સઘળા બ્રિટિશઈંડિયાને લાગુ છે, તથા કોરટ મારશલ સુધાંની હરકોઇ કોરટમાં અથવા કોરટની રૂબરૂ જે ઈનસાફી કામો ચાલે તે સરવ કામોને લાગુછે, પરંતુ હરકોઇ કોરટને અથવા અમલદારને આફીડેવીટ લખી આપવામાં આવે તેને અથવા લવાદની રૂબરૂ જે કામ ચાલે તેને તે લાગુ નથી.

તે કયારે અમલમાં આવશે. | એ આકટ તારીખ પેહેલી સપટેંબર સન૧૮૭૨ને રોજ અમલમાં આવશે.

ટીકા—"બ્રિટિશઈંડિયા" એ શબ્દોવડે વિકટોરીઆના રાજના ૨૧ માં તથા ૨૨ માં કરેલા (તા. ૨ અગષ્ટ સને ૧૮૫૮ ના રોજ કરેલા) કાયદાના બાબ ૧૦૬ ની કલમ ૧ ઉપથી રાણી સાહેબને હાથ આવેલા મુલકો સમજવા, પણ સ્ટ્રેટ સેટલમેંટ, એટલે પ્રીન્સઆફવેલ્સનો બેટ, સીંગાપોર તથા મલાકા વીકટોરીઆના રાજના ૨૯ તથા ૩૦ માં વરસમાં કરેલા કાયદાના બાબ ૧૧૫ ના ઠરાવોથી "બ્રિટિશઈંડીયા"માંથી જુદા પાડેલા છે.

"આફિડેવીટ" વીશે દીવાની કામ ચલાવવાની રીતનો કાયદો સને ૧૮૮૨ ના આકટ ૧૪ નો બાબ ૧૬ (કલમો ૧૯૪–૧૯૭) જુવો "લવાદની રૂબરૂના કામો" વીશે સને ૧૮૮૨ નો આકટ ૧૪ દીવાની કામ ચલાવવાની રીતના કાયદાનો બાબ ૩૭ (કલમો ૫૦૬–૫૨૬ જુઓ.

કયા કાયદા રદ કયા. | ૨. સદરહુ તારીખે તથા તે તારીખથી નીચે લખેલા કાયદા રદ કર્યાછે.

(૧) બ્રિટિશ ઈંડીયાના કોઇ પણ ભાગમાં અમલમાં હોય તેવા કોઇ પણ સ્ટાટીયુટ આકટ કીંવા કાયદામાં લખ્યા નહોય, એવા જે પુરાવાના નિયમો હોય તે તમામ.

(૨) " સન ૧૮૬૧ ના હીંદુસ્તાનની કાંઉસીલના આકટની " કલમ પચીસ મુજબ જે નીયમોને; તથા કાયદા, તથા કાનુનોને, કાયદા જેટલી યોગ્યતા મળી હોય તેવા સરવ નીયમ તથા કાયદા તથા કાનુનો, આ આકટમાં જે બાબતો સંબંધી ઠરાવ કર્યાછે તે બાબતો વિશે જેટલા હોય તેટલા; તથા

(૩) આ આકટના પરીશીષ્ટમાં જે આકટો બતાવ્યાછે તે સદરહુ પરીશીષ્ટના ત્રીજા કોષ્ટકમાં બતાવ્યાછે તેટલા.

પરંતુ બ્રિટિશ ઇંડિયાના કોઈ પણ ભાગમાં કોઈ પણ સ્ટાટયુટ, આકટ અથવા કાયદો ચાલુ હોય તે આ આકટથી સ્પષ્ટ રીતે રદ કરવામાં આવ્યો નહીં હોય તો તેમાંના કોઈ પણ ઠરાવમાં આ આકટમાં લખેલી કોઈ પણ વાતથી કમપેસ થએલું સમજવું નહી.

ટીકા— રકમ–૧ આ રકમથી કોરટોને આયંદે પુરાવાના ઈંગ્રેજી નિયમો પ્રમાણે ચાલવા મનાછે.

(૩) આ આકટમાં નીચે લખેલા શબ્દો તથા શબ્દ પ્રયોગો વાપરવામાં આવ્યાછે.

અર્થ. તેનો અરથ નીચે લખ્યાં મુજબ ઠરાવ્યોછે. પરંતુ વાકયના તથા વિશયના સંબંધ ઉપરથી તે વિરૂદ્ધ ઇરાદો માલુમ પડે તો સદરહુ પ્રમાણે અરથ કરવોનહી.

કોરટ. "કોરટ" એ શબ્દમાં સરવ જડજોનો, તથા માજીસ્ત્રેટોનો, તથા લવાદ શીવાય બીજા જે સખસોને પુરાવો લેવાનો કાયદા મુજબ અધીકાર હોય તે સરવ સખસનો સમાવેશ થાયછે.

હકીકત. "હકીકત" એ શબ્દનો અરથ નીચે મુજબ ઠરાવ્યોછે. અને તેમાં નીચે લખ્યા પ્રમાણેની બાબતોનો સમાવેશ થાયછે.

(૧) હરકોઇ વસ્તુ, વસ્તુની સ્થીતિ, અથવા એક વસ્તુનો બીજી વસ્તુ સાથેનો સંબંધ જેનું ગ્નાન ઇંદ્રીઓ વડે થઈ શકે એવું હોય તે.

(૨) મનની જે સ્થીતિનું ભાન કોઇ સખસને હોય તેવી હરકોઇ સ્થીતિ.

દ્રષ્ટાંતો.

(અ) અમુક વસ્તૂઓ અમુક રીતે અમુક ઠેકાણે ગોઠવેલીછે એ એક હકીકત છે.

(બ) અમુક વાત કોઈ એક માણસે સાંભળી અથવા જોઇ, એ એક હકીકત છે.

(ક) એક માણસ અમુક શબ્દ બોલ્યો એ એક હકીકત છે.

(ડ) કોઇ માણસનો અભિપ્રાય અમુકછે, અથવા તેનો ઇરાદો અમુકછે, અથવા તે શુદ્ધ બુદ્ધિથી કામ કરેછે. કીંવા કપટથી કરેછે અથવા તેણે અમુક શબ્દનો અમુક અરથ સમજીને તેનો ઉપયોગ કરચોછે. અથવા ઈંદ્રીઓ વડે મનમાં અમુક પદારથનો અમુક બોધ અમુક વખતે થયાનું તેને ભાન હતું અથવા છે, એ હકીકતછે.

(ઈ) કોઇ માણસની આબરૂ પ્રતિષ્ટા અમુક રીતનીછે. એ એક હકીકતછે.

"લગતી." | હકીકતના લાગુ પણા વિશે આઆકટમાં જે નિયમો કહ્યાછે તે નિયમોમાં કહેલી કોઈ પણ રીતે એક હકીકત બીજી હકીકત સાથે સંબંધ રાખતી હોય ત્યારે હકીકત મજકુર સદરહુ બીજી હકીકતને લગતીછે એમ સમજવું.

"મુદ્દાનીહકીકત" | "મુદ્દાની હકીકત" એ શબ્દ પ્રયોગનો અરથ નીચે મુજબ થાયછે .તથા તેમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાયછે:—

કાંઇ હક અથવા જવાબદારી, અથવા અસકતછે કીંવા નથી, એવી કોઈ મુકરદમામાં અથવા કામમાં તકરાર હોય તે હક અથવા જવાબદારી અથવા અશકતતાછે કીંવા નથી કીંવા કેવા પ્રકારનીછે; કીંવા કેટલે દરજ્જે છે. એવું જે હકીકત ઉપરથી માત્ર તેજ હકીકતવડે, અથવા બીજી હકીકતો ને સંબંધે,અવશ્ય નીકળે યાને માલુમ પડે તે હકીકત મુદ્દાની હકીકત કહેવી.

ખુલાસો:—દીવાની કામ ચલવવાની રીત બાબતના જેનાતે વખતના ચાલુ કાયદા પ્રમાણે કોઈ દીવાની કોરટ કોઇ હકીક બાબત મુદા દફતરમાં નોંધે તેવા મુદાના જવાબમાં જે હકીકત સ્થાપન કરવાની હોય કીંવા જે હકીકતનો ઇનકાર કરવાનો હોય તે હકીકતને પણ મુદાની હકીકત સમજવી.

ટીકા--મુદાના સંબંધમાં સને ૧૮૮૨ના ૧૪ મા આક્ટનુ **૧૧** પ્રકરણ જુઓ.

દ્રષ્ટાંતો.*

અ ના ઉપર **બ** નું ખુન કરયાનું તોહોમતછે.

અ ઉપરની ...ઇવીન્જમાં નીચે લખેલી હકીકત મુદાની હકીકત હોઇ શકે.

અ એ **બ** નુ મોત આણ્યું.

અ નો ઈરાદો **બ** નું મોત આણવાનો હતો.

બ એ **અ** ને ભારે તથા અકસ્માત ક્રોધ ઉત્પનં કરયો હતો.

જે કૃત્યથી **બ** નું મોત થયું તે કૃત્ય કરતી વખતે દીવાનગીરીના સબબથી પોતે કેવું કામ કરેછે તે બ જાણી શકતો નહોતો.

"દસ્તાવેજ" | "દસ્તાવેજ" એ શબ્દ વડે કોઈ પણ બાબત સમજવી, જે બાબ કોઇપણ વસ્તુ ઉપર અક્ષર, અંક કે, ચીન્હ વડે, અથવા એ માહેનાં એકથી વધારે સાધનો વડે, સમજાવી અથવા બયાન કરેલી હોય અને જે સાધનો તે બાબતના દસ્તાવેજી દાખલા રાખવા સારૂ વાપરવાનો ઇરાદો કર્યો હોય. અથવા વપરાય.

દ્રષ્ટાંતો.

કોઈ લખાણ એ દસ્તાવેજછે.

જે શબ્દો ઠસ્સાના છાપવાથી અથવા શીલા છાપથી છાપ્યો હોય અથવા ફોટોગ્રાફ પરથી લીધા હોય તે શબ્દો દસ્તાવેજછે, એમ સમજવું.

દેશનો નકશો કીંવા પ્લાન એ દસ્તાવેજછે.

ધાતુનાં પતરાં ઉપર અથવા પથરા ઉપર કોતરેલો લેખ દસ્તાવેજછે.

નીંદાનુ હાસ્ય કારક ચીત્ર એ દસ્તાવેજછે.

આ વાખ્યા પીનલકોડની ૨૯ મી કલમ દસ્તાવેજની વ્યાખ્યા આપીછે તેના જેવીજછે "તે બાબતના પુરાવા તરીકે" એ શબ્દોને બદલે છેલા સાત શબ્દો મુકવામાં આવ્યાછે.

"પુરાવો" | "પુરાવો" એ શબ્દોનો અરથ નીચે લખ્યા મુજબ ઠરાવ્યોછે. તથા તેમાં નીચે લખ્યા મુજબની બાબતો સમાવેશ થાયછે:—

(૧) જે હકીકત વીશે ચોકશી ચાલતી હોય તે હકીકતને સંબંધે કોરટ પોતાની રૂબરૂ સાહેદને જે મજકુર કેહેવાની પરવાનગી આપે અથવા જે મજકુર કેહેવાની તેને ફરજ પાડે તેવો સઘળો મજકુર.

આ મુજબ કહેલા મજકુરને મુખ જુબાની પુરાવો કહેવો;

(૨) જે દસ્તાવેજ કોરટને તપાસવા સારૂ હાજર કરવામાં આવે તે સરવે એવા દસ્તાવેજને દસ્તાવેજી પુરાવો કહેવો.

દસ્તાવેજ શિવાય બીજી સર્વ પાર્થિવ material ચીજો કોરટરે જોવા સ.રૂ રજુ કરવામાં આવી હોય તે એ શબ્દો પુરાવાના આક્ટના અસલ બીલમાં હતા. અને મટીરીઅલ પુરાવો કહેછે. આવા પુરાવાનું એક દ્રષ્ટાંત હથીઆર અથવા બીજી મીલકતી જણુસ જે ફોજદારી કાયદાની કલમ ૧૦૮ પ્રમાણે કોરટમાં રજુ કરવામાં આવેછે તેછે. સાલકેટ કમીટીએ આ વીભાગ કાયદામાંથી કમી કરવાની ભલામણ કરીછે પણ તેમ કરવાનું શું કારણ તે દરશાવ્યું નથી

બીજી જાતનો મટીરીઅલ પુરાવો જગ્યાની તપાસછે. દિવાની કાયદાની કલમ ૩૯૨ પ્રમાણે ન્યાયાધીશે પોતે સ્થાનીક તપાસ કરવાનીછે, અને ફોજદારી કાયદાની કલમ ૨૫૩ પ્રમાણે જે ઠેકાણે ગુન્હો થયો હોય તે અગર તજવીજમાં મુદાની વાત હોય તે જ્યાં બની હોય તે જગ્યા જ્યુરી અગર આસેસરો જોઈ શકેછે.

"સાબીત થઇ." | જ્યારે કોરટની રૂબરૂ જે બાબતો રજુ હોય તે ઉપર વિચાર કરતાં અમુક હકીકત બનેલીછે એવું કોરટના માન્યામાં આવે અથવા કોરટની નજરમાં આવે કે તે હકીકત બની નથી એ વાત એવીતો સંભવીતછે કે અમુક તે કામની કેફીયત જોઈને કોઇ સમજદાર માણસે હકીકત મજકુર બનીછે એવી ધારણા ઉપર અમલ કરવો જોઈએ ત્યારે તે હકીકત સાબીત થઈ એમ સમજવું.

ગેર સાબીત થઈ. | જ્યારે કોરટની રૂબરૂ જે બાબતો રજુ હોય તે ઉપર વીચાર કરતાં અમુક હકીકત બનેલી નથી એવું કોરટના મનમાં આવે અથવા કોરટની નજરમાં એમ આવે કે તે હકીકત બની નથી એવાત એવી તો સંભવીતછે કે અમુકતેજ કામની કેફીયત જોઈને કોઇ સમજદાર માણસે હકીકત મજકૂર બની નથી એવી ધારણા ઉપર અમલ કરવો જોઈએ ત્યારે તે હકીકત ગેર સાબીત થઇ એમ સમજવું.

"ના સાબીત થઇ." જ્યારે કોઇ હકીકત સાબીત થઈ ન હોય અથવા ગેર સાબીત થઇ ન હોય ત્યારે તે ના સાબીત થઈ એમ કહેવું.

ટીકાઃ—"કોરટ" સબ રજીસ્ટ્રાર કોરટ છે. સરધારીલાલ, અરજદાર બુ. રી. ડી. ૩. વા. ૬૨ પા. ૧૦

(૪) અમુક હકીકત બનીછે એવું અનુમાન કરવાને કોરટ મુખતીયાર છે એમ આ

અનુમાન કરવાને કોરટ મુખતીઆર છે. | આક્ટમાં જ્યારે ફરમાવ્યું હોય ત્યારે તે હકીકત ગેર સાબીત કરવામાં ન આવે તો તથા જ્યાંસુધી ગેર સાબીત ન થાય ત્યાં સુધી તે હકીકત સાબીત થઈછે એવું માનવાને અથવા તેની સાબીતી માગવાને કોરટ મુખ્તિયારછે.

"અનુમાન કરવું" | અમુક હકીકત બનીછે એવું કોરટે અનુમાન કરવું એવું જ્યારે આ આક્ટમાં ફરમાવવામાં આવ્યું હોય ત્યારે કોરટે તે હકીકત ગેર સાબીત કરવામાં ન આવે તો તથા જ્યાં સુધી ગેર સાબીત ન થાય ત્યાં સુધી તે સાબેત થઇછે એમ માનવું.

"નીરણકારક સાબીતી." | એક હકીકત બીજી હકીકતની નીરણય કારક સાબીતીછે એવું આ આક્ટમાં જ્યારે ફરમાવ્યું હોય ત્યારે સદરહુ એક હકીકત સાબીત થાય તો સદરહુ બીજી હકીકત સાબેત થઇ એવું કોરટે ગણવું અને તે બીજી હકીકત ગેર સાબીત કરવા સારૂ પુરાવો આપવાની પરવાનગી કોરટે આપવી નહીં.

ટીકા.—"અનુમાનો" અનુમાનો વીશે કલમો ૭૯-૯૦ સુધી જુઓ.

આ બાબના મુલ ખરડામાં નીચેની કલમ હતી:—

કોરટે હકીકતની બાબતો ઉપર તેમના અભીપ્રાય અનુમાનો દોરીને બાંધવા.

(૧) કેહેવાતી હકીકતની હયાતી વીશે હાજર કરેલા પુરાવા ઉપરથી.

(૨) સાબીત થએલી અથવા ગેર સાબીત થએલી હકીકતો ઉપરથી ના સાબીત થએલી હકીકતો ઉપર.

(૩) જે સાહેદો અથવા જે પુરાવો હાજર થઇ શકે તેવો હોય તે સાહેદોને અથવા તે પુરાવાને હાજર નહીં કરવા ઉપરથી.

(૪) પક્ષકારો તથા સાહેદોની કબુલાતો, મજકુર ચાલચલણ તથા વરતણુક ઉપરથી તથા કામની બધી કુરીયત ઉપરથી."

બાબ ૨ જો—હકીકતના લાગુપણા વીશે.

(૫) પ્રત્યેક મુદાની હકીકત બનીછે કીંવા બની નથી તેનો તથા જે હકીકતો લગતી છે એવું આકટમાં નીચે ઠરાવવામાં આવ્યુંછે કે તેવી બીજી હકીકતોનો પુરાવો હરકોઈ મુકદમામાં કીંવા કામમાં આપી શકાયછે એ શીવાય બીજી કોઇ હકીકતોનો પુરાવો આપી શકાતો નથી.

આ મુદાની તથા લગતી હકીકતોનો પુરાવો આપીશકાય છે.

ખુલાસો—દીવાની કામ ચલાવવાની રીત બાબતના જેના તે વખતના ચાલુ કાયદાના હરકોઈ ઠરાવ ઉપરથી કોઈ એક શખસનો એકાદી હકીકતનો પુરાવો આપવાનો હક નહોય તો તે હકીકતનો પુરાવો સખસ મજકુર આ કલમ ઉપરથી આપી શકેછે એમ સમજવું નહી.

દ્રષ્ટાંતો.

(**અ**) મોત આણવાના ઈરાદાથી **બ**ને ડંગોરેવતી મારીને તેનું ખુન કરવા બાબત **અ** ના ઉપર તજવીજ ચાલેછે.

સદરહુ તજવીજની વખતે નીચે લખેલી હકીકત મુદાની હકીકતછે.

અ એ બ ને ડંગોરેવતી માર્યા.

અ એ **બ** નું મોત સદરહુ પ્રગાણે માર મારીને આણ્યું.

અ નો ઈરાદો **બ** નુ મોત આણુવાનો હતો.

(**બ**) એક વાદી જે ખત ઉપર પોતે આધાર રાખેછે તે ખત તે પોતાની સાથે લાવીને મુકદમાની પેહેલી રજુઆતની વખતે હાજર કરવાને સારૂ પોતાની પાસે તઇઆર રાખતો નથી. કામ ચાલ્યા પછી બીજે વખતે પછાડીથી દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં જે નીયમો ઠરાવ્યાછે તે નીયમોની વિરૂદ્ધ બીજી રીતે વાદીથી ખત મજકુર આ કલમ ઉપરથી હાજર કરી શકાયછે અથવા તેનો મજકુર સાબીત કરી શકાયછે એમ સમજવું નહી

ટીકા—દસ્તાવેજો રજુ કરવા માટે દીવાની કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૮૨ ના આકટ ૧૪ ની નીચેની કલમોમાં ઠરાવવામાં આવ્યું છેઃ—૫૯,૬૦,૬૧,૬૨,૬૩,૧૩૮,૧૩૯,

(૬) જે હકીકતો મુદાની ન હોય પણ તેનો કોઇ મુદાની હકીકત સાથે એવો સંબંધ હોય કે તે એકજ પરકારનું અંગ યાને એકજ કાર્યનો ભાગ છે તો તે હકીકતો લગતીછે એમ સમજવું પછી તે એકજ ઠેકાણે તથા એકજ વખતે બની હોય કીંવા જુદે જુદે વખતે તથા જુદે જુદે ઠેકાણે બની હોય તેની ચીંતા નહી,

જે હકીકત એકજ પ્રકરણનું અંગ હોય તે હકીકત લગતી છે.

દ્રષ્ટાંતો.

(અ) **બ** ને માર મારીને તેનું ખુન કરયું એવું તોહમત **અ** ઉપરછે **અ** કીંવા **બ**, કીંવા પાસે ઉભેલા લોકોએ મારતી વખતે અથવા ત્યાર પછી થોડીવાર ઉપર એવું ગમે તે કાંઈ કહ્યું અથવા કરયું કે તે કહેવું અથવા કરવું એ સદરહુ ખુનના પ્રકરણ કીંવા કાર્યનું અંગ યાને ભાગ હોય તો તે કહેવું અથવા કરવું લગતુંછે એમ સમજવું.

(બ) હથીયારબંધ લોકોએ બંડ ઉભુ કરયું તેમાં સામીલ થયાથી રાણીની સામે લડાઇ કરયાનું તોહમત **અ** ઉપરછે તે બંડમાં બંડખોરોએ માલ મીલકતનો નાશ કરયો તથા લશકરના ઉપર હલ્લાં કરયા તથા કેદખાંનાં ફોડયાં સદરહુ હકીકતો બની તે સરવે જગોએ **અ** હાજર ન હોય તો પણ તે હકીકતો બન્યાની વાત લગતીછે કારણ કે એકંદરે જે પ્રકરણ યાને કાર્ય થયું તેનાં તે **અં**ગ યાને ભાગછે.

(ક) કાંઇ કાગળ પતર લખવામાં આવ્યા તો તે પઈકી એક પતરમાં આબરૂ લેવાનું લખાણ કરવા બદલ **અ** એ **બ** ના ઉપર દાવો કરયોછે જે બાબત ઉપરથી સદરહુ આબરૂ લેવાનું લખાણ ઉતપન થયું તે બાબતમાં પક્ષકારો મજકુરે એક બીજાને જે પતરો લખ્યાં હોય તે પતરો જો સદરહુ લખવામાં આવેલા જે કાગળ પતરમાં આબરૂ લેવાનું લખાણ છે તે કાગળમાંની યાને તેના ભાગ હોય તો તેમાં ખુદ સદરહુ આબરૂ લેવાનું લખાણ ન હોય તો પણ તે સર્વે લગતાં છે.

(ડ) અમુક માલ **બ** ની પાસેથી મંગાવ્યો હતો તે **અ**ને સ્વાધીન કરવામાં આવ્યો હતો કે નહી એવી તકરારછે, માલ વચમાંદરમિઆન કેટલાએક સખસોને એક પછી એક અનુક્રમે સ્વાધીન કરવામાં આવ્યો હતો સદરહુ દરએક માણસને માલ સ્વાધીન કર્યો એ દરેક હકીકત લગતી છે.

ટીકા—એવીજ રીતે સેશન કોરટથી અથવા હાયકોરટથી તજવીજ ચલાવી શકાય એવા મુકરદમાની જે માજીસ્ત્રેટો ચોકશી કરતા હોય તેમને ક્રીમીનલ પ્રોસીજર કોડની (સન ૧૮૭૨ના આકટ ૧૦ની) કલમ ૧૯૦માં ફરિયાદ કરનારની તથા જે બાબતનુ તોહોમત હોય તે બાબતની હકીકત તથા તેની સાથેની બીના જે સખસોના જાણ્યામાં છે એમ કેહેવામાં આવે તે સખસોની સાહેદી લેવા ફરમાવ્યામાં આવ્યું છે.

(૭) જે હકીકતો લગતી કીંવા મુદાની હકીકતનું પ્રત્યક્ષ કીંવા બીજી રીતનું પ્રયોજન અથવા કારણ અથવા ફળ યાને પરીણામ હોય અથવા વસ્તુઓની જે સ્થીતીને સંબંધે હકીકત મજકુર બની તે સ્થીતી હોય અથવા જે ઉપરથી હકીકત મજકુર બનવાને કીંવા કરવાને પ્રસંગ મળી આવ્યો હોય, તે હકીકતો લગતીછે એમ સમજવું.

જે હકીકતો મુદાની હકીકતનું પ્રયોજન કીંવા ફળછે તે હકીકતો બાબત.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે, કે **અ** એ **બ** ની પાસેથી અપહરણ કર્યું કે નહિ.

અપહરણ થયુ તે પેહેલાં થોડીવાર ઉપર **બ** મેળામાં ગયો હતો, તે વખતે તેની પાસે પઈસા હતા. તેથી તે પઇસા તેણે બીજા સખસોને બતાવ્યા હતા, અથવા મારી પાસે પઇસા છે એવું તીજા સખસોને કહ્યું હતું, એ હકીકતો લગતી છે.

(બ) તકરાર એવી છે કે **અ** એ **બ** નું ખુન કર્યું કે નહિ.

ખુન થયું તે ઠેકાણે અથવા તે નજદીક જમીનની ઉપર વળગ્યા જુમીના નીશાન પડયા છે એ હકીકત લગતી છે.

(ક) તકરાર એવી છે કે **અ** એ **બ** ને જેહેર દીધું કે નહિ.

જેહેર આપ્યાથી જે ચિન્હો થાય છે તે અગાઉ **બ** ની તબીયતની સ્થીતી કેવી હતી તથા **બ** ની ટેવ શી હતી એ **અ** ને માલમ હતું, તેથી જેહેર આપવાની સંધી મળી એ હકીકત લગતી છે.

હેતુ, તઇયારી, તથા પરથમની કીંવા પાછળની વરતણુંક.

(૮) જે હકીકત ઉપરથી મુદ્દાની કીંવા લગતી હકીકતો કરવાનો હેતુ કીંવા તઇયારી માલમ પડે, અથવા જે હકીકત સદરહુ મુજબનો હેતુ કીંવા તઈયારી હોય, તેવી હરકોઇ હકીકત લગતી છે એમ સમજવું.

હરકોઇ મુકદમાને અથવા કામને સંબંધે અથવા તે માહેની મુદ્દાની કીંવા લગતી હકીકતને સંબંધે, એવા મુકદમાના અથવા કામના હરકોઇ પક્ષકારની અથવા તે પક્ષકારના હરકોઈ મુખતીયારની વરતણુંક તથા કાંઇ ગુન્હાબદલ કાંઈ પણ કામ ચાલતુ હોય તે ગુનોહ જે સખસના ઉપર યાને વીરૂધ બન્યો હોય તે સખસની વરતણુંક લગતીછે. પરંતુ એવી વરતણુંક ઉપરથી કોઈ મુદ્દાની અથવા લગતી હકીકત થએલી હોવી જોઇએ, અથવા તે હકીકત ઉપરથી તેવી વરતણુંક થએલી હોવી જોઇએ; પછી તે વરતણુંક તે હકીકતના પ્રથમની હોય કીંવા પાછળની હોય તેની ચીંતા નહિ.

ખુલાસો—૧ લો કોઇ જાહેર કરેલા મજકુરનો સમાવેશ આ કલમમાં "વરતણુંક" શબ્દ વાપરેલો છે તેમાં થતો નથી. પણ સદરહુ મજકુર જાહેર કરીને તેની સાથે કોઈ જાહેર કરેલા મજકુર શિવાય બીજાં કત્યો કીધાં હોય તથા તે કત્યોનો તે મજકુર ઉપરથી ખુલાસો થતો હોય, તો તેવા મજકુરનો સમાવેશ "વરતણુંક" એ શબ્દમાં થાય છે. પરંતુ આ આક્ટની બીજી કોઇ પણ કલમ મુજબ કોઇ જાહેર કરેલો મજકુર લગતો હોય તો તેને આ ખુલાસા ઉપરથી બાધ થતો નથી.

ખુલાસો રજો—જ્યારે કોઇ સખસની વરતણુંક લગતી હોય ત્યારે જે મજકુર તેને અથવા તેની રૂબરૂ તથા તે સાંભળી શકે એવી રીતે કહેવામાં આવે. અને તે મુજબ કહેવાથી સદરહુ વરતણુંકમાં કાંઈ ફેર પડે એવું હોય તો તે મજકુર લગતો છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(અ) બ નું ખુન કર્યા બાબત **અ** ના ઉપર તજવીજ ચાલે છે.

અ એ ક નું ખુન કર્યું હતું તથા **અ** એ ક નું ખુન કર્યું છે એવાત **બ** ને માલમ હતી તથા પોતાને જે વાત માલમ હતી તે વાત પ્રગટ કરવાની ધાસ્તી આપીને **અ** ની પાસે પઇસા કહડાવવાનું **બ** એ પ્રયત્ન કર્યું હતું. એ હકીકતો લગતી છે.

(બ) પઈસા વસુલ કરવા સારૂ **અ** એ **બ** ઉપર એક ખત ઉપરથી દાવો માંડયોછે. ખત લખી આપ્યાનો **બ** ઇનકાર કરે છે.

જે વખતે તકરારી ખત થયાનું કહે છે તે વખતે **બ** ને અમુક કારણ સારૂ પઈસા-ની જરૂર હતી એ હકીકત લગતીછે.

(ક) બ ને જેહેર ખવડાવીને તેનું ખુન કર્યા બદલ **અ** ના ઉપર તજવીજ ચાલેછે. **બ** ને જેહેર ખવડાવવામાં આવ્યુ છે તેજ જાતનું જેહેર **અ** એ **બ** ના મરવા પે-હેલાં મેળવ્યું હતું એ હકીકત લગતી છે.

(ડ) તકરાર એવી છે કે અમુક દસ્તાવેજ **અ** નું મ્રત્યુપત્ર છે કે નહિ.

તકરારી મ્રત્યુપત્રમાં જે બાબતના ઠરાવ કર્યાછે તે વીશે જે તારીખે સદરહુ તકરારી મ્રત્યુપત્ર થયું તે તારીખની પેહેલાં થોડા દીવસ ઉપર **અ** એ કાંઇ તપાસ કરી હતી, તથા મ્રત્યુપત્ર મજકુર કરવાની બાબતમાં તેણે વકીલની સલાહ લીધી હતી, તથા તેણે બીજાં મ્રત્યુપત્રના ખરડા કરાવ્યા હતા પરંતુ તે તેણે પસંદ કર્યા નહિ એ હકીકતો લગતી છે.

(ઈ) **અ** ના ઉપર એક ગુનોહ કર્યાનું તોહોમત છે.

ગુનોહ કર્યાનું કહેવામાં આવે છે તેની પહેલાં કીંવા તે વખતે કીંવા તે પછી **અ** એ એવો પુરાવો આણ્યો કે તે ઉપરથી મુકદમાની હકીકતનું સ્વરૂપ **બ** ને પોતાને ફાયદો થાય એવું બને, કીંવા તેણે પુરાવાનો નાશ કર્યો, કીંવા છુપાવ્યો કીંવા જે શખસો સાહેદ હોત તે સખશોને હાજર થવાનો અટકાવ કર્યો કીંવા તે ગેરહાજર રહે એવી તજવીજ કરી, કીંવા ગુન્હા મજકુર બાબત ખોટી સાહેદી આપવાનું કોઈ શખસોને શીખવ્યું, એ હકીકતો લગતીછે.

(ફ) તકરાર એવી છે કે **અ** એ **બ** ની પાસેથી અપહરણ કર્યું કે નહી.

બ ની પાસેથી અપહરણ થયા પછી ક એ **અ** ની રૂબરૂ એમ કહ્યું કે "જે માણસે **બ** ની પાસેથી અપહરણ કર્યું છે તે માણસને સોધી કાઢવા સારૂ પોલીસના માણસ આવે છે" તથા એમ કહ્યા પછી લાગલોજ **અ** નાસી ગયો, એ હકીકતો લગતી છે.

(ગ.) તકરાર એવી છે કે **અ** ને **બ** ના રૂપીઆ દશ હજાર દેવા છે કે નહી.

અ એ ક પાસેથી કરજાઉ રૂપીઆ માગ્યા તથા ડ એ ક ને **અ** ના રૂબરૂ તથા તે સાંભળે એવી રીતે કહ્યું જે "હું તમને એવી સલાહ આપુછું કે **અ** ઉપર ભરોસો રાખવો નહીં, કારણ તેને **બ** નું દેવું રૂપીઆ દશ હજારનું છે." અને **અ** કાંઇ જવાબ ન આપતાં ચા-લતો થયો, એ હકીકતો લગતી છે.

(હ.) તકરાર એવી છે કે અ એ ગુનોહ કર્યો છે કે નહી.

ગુનેહગારને શોધી કાહાડવા બાબતની ચોકશી ચાલી છે એવી સુચનાનું પત્રર પોહોચ્યા પછી અ છુપાઇ બેઠો એ હકીકત, તથા પતરમાં લખેલો મજકુર એ હકીકત, લગતીછે.

(આઇ.) અ ઉપર કોઈ એક ગુનોહ કર્યાનું તોહોમત છે.

જે ગુનહાનું તોહોમત છે તે ગુનોહ બન્યા પછી અ છુપાઈ બેઠો, અથવા ગુનોહ મજકુર કરીને મેળવેલી મીલકત કીંવા તે મીલકતથી ઉપજેલા પઈસા અ ના કબજામાં હતા, કીંવા જે વસ્તુ તે ગુનોહ કરવાના કામમાં વાપરવા સરખી હોય કીંવા જે વાપરેલી હોય તે છુપાવવાની કોશીશ કરી, એ હકીકતો લગતી છે.

(જ.) તકરાર એવી છે કે અ ની સાથે બળાતકાર સંભોગ અમુક શખસે કર્યો છે કે નહી.

સદરહુ કહ્યા મુજબનો સંભોગ થયા પછી થોડેએક વખતે તે ઓરતે તે ગુનાહ વિશે ફરીયાદ કરી એ હકીકત, તથા જે બીના ઉપરથી તથા જે લખાણ લખીને ફરીયાદ મજકુર કરી એ હકીકત, લગતી છે.

ફરીયાદ કર્યા વગર ઓરત મજકુરે એવું કહ્યું કે કોઈ સખસે મારી સાથે બળાતકાર સંભોગ કર્યો એ હકીકત આ કલમ પ્રમાણે વરતણુંક તરીકે લગતી નથી; પરંતુ તે નીચે મુજબ હોય તો લગતી થઇ શકે છે.

કલમ ૩૨ ની રકમ (૧) મુજબ મરતી વખતના ઈકરાર તરીકે હોય તો, અથવા, કલમ ૧૫૭ મુજબ પુષ્ટીકારક પુરાવા દાખલ હોય તો.

(ક) તકરાર એવી છે કે અ ની ઉપર અપહરણ થયું છે કે નહી.

સદરહુ કહ્યા મુજબનું અપહરણ થયા પછી થોડી વારે તેણે ગુનહા વીશેની ફરીયાદ કરી એ હકીકત, તથા જે બીના ઉપરથી તથા જે લખાણ કરીને ફરીઆદ મજકુર કરી તે હકીકત લગતી છે.

ફરીયાદ કર્યા શીવાય તેણે એવું કહ્યું કે મારી પાસેથી અપહરણ થયું એ હકીકત આ કલમ મુજબ વરતણુંક તરીકે લગતી નથી; પરંતુ તે નીચે મુજબ હોય તો તે લગતી થઈશકેછે.

કલમ ૩૨ ની રકમ ૧ મુજબ મરતી વખતેનો ઈકરાર તરીકે હોય તો, કીંવા, કલમ ૧૫૭ મુજબ પુસ્ટીકારક પુરાવા તરીકે તે હોય તો,

ટીકા—એક વખત ઈંગલંડમાં એમ જરૂરનું ગણાતું હતું: અને હજુ પણ અમેરીકામાં એ જરૂરનું ગણાતું જણાયછે કે એ વરતણુંક સમકાલીક હોવી જોઇએ. તો પણ થોડા વરસથી ઇંગલંડમાં એમ તજવામાં આવ્યું છે. અને હવે એ ધારો છે કે જોકે સમકાળ સંબંધ બતાવવાને સારૂ હમેશ જરૂરનો ગણવો જોઇએ તો પણ તે અવસ્ય જરૂરનોછે એમ કોઇ રીતે ન ગણવું જોઇએ. પરંતુ જુબાની દાખલ કર્યા પછી તેના ઉપર કેટલું વજન રાખવું જોઇએ તેનો વીચાર કરવામાં સમકાળ અગત્યનો છે.

કોઇ લેખના પક્ષકારોના ખરેખરા ઈરાદાની ખાતરી કરવાને સારૂ તે લેખ થયા પ-

છી તેની રૂએ તેમણે શું કર્યું છે તેનો પુરાવ ખરો અગત્યનો છે. રાબર્ટ વાટસન એન્ડ કો વીમો રેશ નારાયણુરાશ (વુ. રી. વા. ૨૪—પા૦ ૧૭૭)ના કામમાં ફરીયાદ કરતી વખતેપટો વીશ વરસથી ઓછી મુદતનો હતો અને પ્રીવીકાઊંનસીલના જડજોએ એવો અભીપ્રાય આપ્યો કે પક્ષકારોનો ખરેખરો ઈરાદો બેશક મુખ્યત્વે કરીને તે લેખના કરારો ઉપરથી શોધી કહાડવો જોઇએ, પણ કેટલેક દરજ્જે તે લેખ થયો તે વખતની કેફીયત ઉપરથી અને બીજું તે થયા પછી પક્ષકારોની વરતણુંક ઉપરથી જોઈ કાહાડવો જોઈએ. આ ધોરણના જાદે દાખલાને માટે નીચેના કેસો જોવા નોંધી ક્રીસ્ણુ બોસ વી. નીસતારાણી દાસી બં. લા. રી. વા. ૧૩—પા૦ ૪૨૦; સ્માલકાજ કોરટ સ. વુ. રી. વા. ૨૧—પા૦ ૩૮૭. ચીતનલાલ વી. છતરધરીલાલ વુ. રી. વા. ૧૯—પા૦ ૪૩૨ ગીરધર નાગજી શેઠ વી. ગણુપત મોરોબા અને ભાગીરથી બાઇ કોમ ગોરોબા, મુ૦ હા. કો. રી. વા. ૧૧—પા. ૧૨૯

(છેવટ લખવાનું) મી. ટેલર કહેછે કે "જ્યાં ફરીયાદ પુષ્ટીકારક પુરાવા દાખલ આપી હોય ત્યાં શા ધોરણને આધારે આ નિયમ રચેલો છે તે શોધી કાહાડવું મુશ્કેલ છે, કારણ કે જો સાહેદોને જો ફરીયાદ કરનાર ઓરતે તેની મુળ ફરીયાદ કરવામાં જે કાંઇ કહ્યું હોય તે બધુ કેહેવા દેવામાં આવે તો તેમનો પુરાવ જ્યારે તજવીજની વખતે સોગન ઉપર તેની પાસે તેની તેજ બીના કેહેવરાવામાં આવે તારે તેની યાદદાસ્ત બરોબર છે કે નહી તેની બરોબર કસોટી રૂપ થાયછે." પા. ૫૧૯ ઉપરના દ્રષ્ટાંતો મુજબ ફરીઆદનું લખાણ મુળ પુરાવ તરીકે લેઇ શકાય.

૯ કોઇ મુદ્દાની કીંવા લગતી હકીકતનો ખુલાસો કરવા સારૂ કીંવા તેના કામમાં પ્રવેશ કરાવવા સારૂ જે હકીકતની જરૂર હોય તે હકીકત અથવા કોઇ મુદ્દાની કીંવા લગતી હકીકત ઉપરથી જે ધારણા નીકળતી હોય તેને જે હકીકત ઉપરથી મજબુતી મળતી હોય કીંવા તે રદ થતી હોય તે હકીકતઅથવા હરકોઇ વસ્તુ કીંવા સખસને ઓળખવું એ વાત લગતી હોયતો તેએક રૂપના જે હકીકત ઉપરથી સ્થાપન થતી હોય તે હકીકત, અથવા હરકોઈ તકરારી કીંવા લગતી હકીકત જે વખતે કીંવા જે ઠેકાણે બનીતે વખત કીંવા ઠેકાણું જે હકીકત ઉપરથી મુકરર થતુહોય તે હકીકત, અથવા સદરહુ પ્રમાણેની હરકોઇ હકીકત જે પક્ષકારોથી બની તે પક્ષકારોનો સંબંધ જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત, એ સર્વે હકીકતો સદરહુકામ સારૂ તેની જરૂર હોય તેટલે દરજ્જે લગતીછે એમ સમજવું.

લગતી હકીકતના ખુલાસાને સારૂ અથવા તેને કામમાં પ્રવેશ કરવા સારૂ જે હકીકતની જરૂર હોય તે બાબત,

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવીછે અમુક દસ્તાવેજ **અ** નું અ્ત્યુ પત્રછે કે નહી,

તકરારી અ્ત્યુ પત્રની તારીખે અ ની મીલકતની તથા તેના કુટુંબની સ્થીતી કેવી હતી એ હકીકત લગતી છે.

(બ) ફજેતી થાય એવી વરતણુંક અ ચાલ્યો એવો આરોપ મુકીને આબરૂ લીધા બાબત **અ** એ બ ઉપર દાવો કર્યોછે. **બ** એવું કહેછે જે જે વાત આબરૂ લેવા જેવી કહેવામાં આવેછે તે વાત સાચીછે.

તકરારી આબરૂ લેવા જેવી વાત પ્રગટ કરી તે વખતે સદરહુ પક્ષકારોની સ્થીતી તથા

સબંધ કેવી રીતનાં હતાં એ હકીકત મુદ્દાની હકીકતના કામમાં પ્રવેશ કરવા સારૂ લગતીછે.

તકરારી આબરૂ લેવાની વાત જોડે સંબંધ નહોય એવી બાબતમાં કાંઇ ટંટો **અ** તથા**બ** ની દરમીયાન હોય તે ટંટાની તપસીલવાર હકીકતલગતી નથી; પરંતુ કાંઇ ટંટો હતો એ હકીકત ઉપરથી **અ** તથા **બ** વચેના સંબંધમાં કાંઇ ફેર પડતો હોય તોતે ટંટોહતો એ હકીકતલગતીછે

(ક) **અ** ઉપર એક ગુન્હો કરયાનું તોહોમત છે.

ગુનોહ મજકૂર થયા પછી થોડીવારે **અ** પોતાના ઘરમાંથી છુપીરીતે નાસી ગયો એ હકીકત કલમ આઠ મુજબ મુદ્દાની હકીકતો ઉપરથી પછવાડેથી વર્તણુંક થઈ,એવા સબધથીલગતીછે.

જ્યારે તે ઘર છોડીને ગયો ત્યારે જે ઠેકાણે તે ગયો તે ઠેકાણે તેને એકાએક જરૂરી કામ આવી પડયું હતું એહકીકત, તે એકાએક ઘર મુકીને ગયો એ હકીકતના ખુલાસાને સારૂ લગતીછે.

જે કામને સારૂ તે ગયો તે કામની તપશીલવાર હકીકત લગતી નથી પરંતુ કામ એકાએક જરૂરીનું નીકળ્યું હતું એ બતાવવાને સારૂ સદરહુ જેટલી તપશીલની જરૂર હોય તેટલી તપશીલ લગતી સમજવી.

(ડ) **ક** એ **અ** જોડે નોકરી બાબત કરેલો કરાર તોડવાને **બ** એ **ક** ને ફોસલાવ્યો એટલા માટે **અ** એ બના ઉપર દાવો કર્યોછે, **ક** એ **અ** ની નોકરી છોડી તે વખતે **અ**ને એવું, કહેલું હતું કે "હું તમને છોડીને જાઉંછું તે એ કારણથી કે **બ** એ મને વધારે સારી નોકરી આપવાનું કહ્યુંછે" **ક** ની વરતણુંક મુદ્દાની હકીકત તરીકે લગતી છે તે વરતણુંકનો ખુલાસો કરવા સારૂ ઉપલું બોલવું લગતી હકીકત છે.

(ઈ) **અ** ઉપર ચોરી કરવાનું તોહોમતછે. તેણે ચોરીનો માલ **બ** ને આપ્યો એવુંજોવામાં આવ્યું **બ** એ તે **અ** ની સ્ત્રીને આપ્યો એવું પણ જોવામાં આવ્યું **બ** માલ આપતી વખતે એમ કહેછે કે "**અ** કેહેછે કે આ તમો છુપાવી રાખો" સદરહુ **બ** નું બોલવું લગતુંછે. કારણકે જે હકીકત પ્રકરણ યાને કારય મજકુરનું અંગ યાને ભાગછે તે હકીકતનો તે ઉપરથી ખુલાસો થાયછે.

(ફ) હંગામો કરયા બાબત **અ** ઉપર તજવીજ ચાલેછે અને એવું સાબીત થયું છેકે લોકોના એક ટોળાની અગાડી આગેવાન તરીકે તે ચાલતો હતો. સદરહુ લોકોના ટોળાએ કરેલા પોકારે જે પ્રકારતું એ કૃત્ય બન્યું તેના ખુલાસાને સારૂ લગતા છે.

ટીકા,—(ક) ઘેરથી બાહાર રહ્યા હતા તે દરમ્યાન જવાના હેતુના ખુલાસાકારક લખેલી હકીકત અથવા લખેલા કાગળો મૂળ પુરાવ તરીકે દાખલ કરી શકાય છે, કારણ કે જવું અને ગેરહાજરી ઘણી યોગ્ય રીતે એક જરૂરી કૃત્ય ગણાયછે.—ટેલર પા. ૫૨૬

ગુનો કરવાને સંપ કીધો હોય તેવા કોઇ સખ્સે લોકોના સામાન્ય હેતુ સંબધી કાંઇ કહ્યુ અથવા કર્યું હોય તે બાબત.

૧૦ કાંઇ ગુન્હો કીંવા દાવો ચાલવા લાયક અપકારકનું કૃત્ય કરવાસારૂ બે અથવા વધારે સખ્સોએ સંપ કરયોછે એવું માનવાને યોગ્ય કારણ હોય ત્યારે સદરહુ સખસો પઇકી કોઇ એકાએક સખસે તે લોકોના સામાન્ય ઇરાદાને સંબંધે ઇરાદો મજકુર પ્રથમ તેમાંના હરકોઇ એક સખસે કીધા પછી કાંઈ કહ્યું કીંવા કર્યુ કીંવા લખ્યું હોય તો, એવો સંપ કરનાર હરકોઇ સખસ સંપ મજકુરમાં સામીલ હતો તે બતાવવા સારૂ તેમજ સદરહુ મુજબ સંપ થયો છે એવું સાબીત કરવાને સારૂ સદરહુ કહેલી, કરેલી, અથવા લખેલી વાત જે સખસોએ સંપ કર્યાનું માન્યામાં હોય તેવા પ્રત્યેક સખસ વિરૂદ્ધ લગતીછે

દ્રષ્ટાંત.

(અ) રાણીના વિરૂદ્ધ લડાઈ કરવા સારૂ સંપ કરવાગાં આવ્યો છે તેમાં **અ** સામીલ થયો છે એવું માનવાને યોગ્ય કારણ છે.

જે કારણને સારૂં સદરહુ સંપ થયોછે તે કારણને વાસ્તે **બ** એ યુરોપથી **હથીઆરો** મંગાવ્યાં, તથા તેજ કારણને સારૂ **ક** એ કલકતા મધે **પૈસા** એકઠા કર્યા, તથ સંપ મજકુરમાં સામીલ થવા **ડ** એ મુંબાઈમાં લોકોને સમજાવ્યા, તથા જે કામ કરવાનો વીચારછે. તે કરવું યોગ્યછે એવા વાદીના લખેલા કાગળો **ઇ**એ આગરામાં પ્રશીદ્ધ કર્યા તથા જે **પૈશા** **ક**એ કલકતા મધે એકઠા કર્યા હતા તે **ફ** એ દીલીથી **ગ** ઉપર કાબુલ મોકલાવ્યા, તથા સંપ મજકુરના હેવાલનો પત્ર **હ** એ લખ્યો તેમાં મજકુર એ પ્રત્યેક હકીકત સંપ થયોછે. એ વાત સાબીત કરવાને સારૂ તથા તેમાં **અ** સાગીલછે, એ સાબીત કરવાને સારૂ લગતી છે. પછીતે સરવે હકીકતોથી **અ** અજાણ હોય, તથા જે સખસોએ હકીકત મજકુર મુજબ કર્યું, તે સખસોને **અ** ઓળખતો નહોય, તથા **અ** સંપ મજકુરમાં સામીલ થયો તેની અગાડી અથવા તે સંપમાંથી નીકળી ગયો ત્યાર પછી સદરહુ હકીકતો બની હોય તો ચીંતા નહી.

ટીકા—આ કલમના સંબંધમાં નીચેની બાબતો બરોબર સમજવી જોઇએ.

૧ લું—આ કલમ ગુનાહને કીંવા દાવો ચલાવા લાયક અપકાર કૃત્યને, સંયુક્ત સંપ કરનારાઓને તથા સહઃ પ્રવેશ કરનારાઓને અથવા બીજા અપકાર કૃત્ય કરનારાઓને લાગુ છે. ૨ જુ—પુરાવો લેતાં પહેલાં સંપ કર્યો તો એ વાત માનવાને યોગ્ય કારણ હોવું જોઇએ ૩ જુઓ—કાયદા વિરૂધ કામમાં પડેલા સખ્સોનો સબંધ બતાવામાં આવ્યા પછી એ સંપના હરેક અંગભુતે કાંઈ કર્યું હોય કીંવા કહ્યુ હોય તે બીજા હરેક અંગભુતની વિરૂધ મુળ પુરાવ છે; પછી તે સરવે હકીકતથી તે અજાણ્યો હોય, તથા સખસોએ સદરહુ મુજબ કર્યુ અથવા કહ્યું તે સખસોને તે ઓળખતો ન હોય એની ચીંતા નહી, ૪થુ—જે કાંઈ કરયું હોય તે તથા જે કહ્યુ હોય તે જે સખસની વિરૂધ તે વાપરયું હોય તે સખસ સંપ મજકુરમાં સામીલ થયો તે પહેલાં અથવા તે સંપગાંથી નીકળી ગયો ત્યાર પછી બન્યું હોય તોપણ પુરાવામાં લેઇ શકાય છે, ૫ મું—સંપ ગજકુરના હેવાલનો પત્ર, પછી તે દેખીતો તેની પુસ્ટીમાં ઈઆ પુરવણીમાં લખ્યો નહોય તોપણ પુરાવમાં લેવાયછે. આ છેલો નિયમ ઈંગ્લાંડમાં ચાલે તેથી ઉલટો છે. આ બધી બાબતમાં ટેલરકૃત પુરાવાનો કાયદાની કલમ ૫૨૬–૫૩૪ જુઓ. બેસ્ટના પુરાવા કાયદાની કલમ ૫૦૮ જુઓ અને (રાણી વી. અમીરૂદીન બં. લો. રી. વા. ૭ પા. ૬૩; રાણી વી. અમીરખાન અને બીજા, બં. લો. રી. વા. ૯ પાનું. ૩૬.

હકીકત બીજી રીતે લગતી નહોય તો તે લગતી ક્યારે સમજવી.

૧૧. જે હકીકત બીજી કોઈ રીતે લગતી ન હોય તે જો નીચે મુજબની હોય તો લગતી છે એમ સમજવું.

(૧). હરકોઇ મુદાની કીંવા લગતી હકીકતથી તે વિરૂધ હોય તો.

(૨). હરકોઈ મુદાની કીંવા લગતી હકીકત બન્યાનો ઘણો સંભવ છે કીંવા સંભવ નથી એવું. તથા નહી બન્યાનો ઘણો સંભવ છે કીંવા સંભવ નથી એવું, સ્વતંત્ર રીતે તે ઉપરથી, અથવા બીજી હકીકત સાથેના તેના સંબંધ ઉપરથી, માલમ પડે એવી હોયતો;

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે, અ એ કલકતા મધે અમુક દીવસે ગુનોહ કર્યો કે નહી સદરહુ તારીખે અ લાહોર મધે હતો એ હકીકત લગતી છે.

જે વખતે ગુનોહ થયો તે અરસામાં ગુનોહ થયો તે ઠેકાણેથી અ દુર હતો તેથી કરીને તેણે ગુનોહ કર્યાની વાત અશક્ય નથી પણ ઘણી અસંભવિત છે. એ હકીકત લગતીછે.

(બ) તકરાર એવી છે કે અ એ ગુનોહ કર્યો છે કે નહીં.

કેફિયત એવી છે કે ગુનોહ મજકુર અ, બ, ક, અથવા ડ, એ પઈકી કોઈ એકે કરેલો હોવો જોઇએ. ગુનોહ મજકુર બીજો કોઇ સખસ કરી શકે એમ નહોતું એવું તથા તે બ, ક અથવા ડ એ કરેલો નહોતો એવું, જે હકીકત ઉપરથી માલમ પડે તે પ્રતેક હકીકત લગતી છે.

નુકશાનના દાવામાં જે હકીકત ઉપરથી કોરટ નુકશાનની રકમ મુકરર કરી શકે તે હકીકત લગતી છે.

૧૨. જે મુકદમામાં નુકશાનનો દાવો કરેલો હોય તે મુકદમામાં કેટલું નુકશાન આપવું જોઇએ એ જે હકીકત ઉપરથી કોરટ મુકરર કરી શકે તે હકીકત લગતી છે.

હક કીંવા રીવાજ વીશે તકરાર હોય તો કઇ હકીકત લગતી છે.

૧૩. હરકોઇ હક કીંવા રીવાજ છે કે નથી એ બાબત જ્યારે તકરાર હોય. ત્યારે નીચે લખેલી હકીકત લગતી છે એમ સમજવું.

(અ) જે કાર્ય ઉપરથી તકરારી હક કીંવા રીવાજ ઉતપન થયો હોય, અથવા તે ઉપર દાવો બતાવવામાં આવ્યો હોય, અથવા તેમાં કાંઈ ફેરફાર થયો હોય અથવા તે કબુલ રાખવામાં આવ્યો હોય, અથવા તે છે એમ કહેવામાં આવ્યું હોય, અથવા તેનો ઇનકાર કરવામાં આવ્યો હોય, તે કાર્ય અથવા જે કાર્ય એવું હોય કે હક કીંવા રીવાજ મજકુર હોય તો કાર્ય મજકુર થયું ન હોય તો તે કાર્ય.

(બ) હક કીંવા રીવાજ મજકુર ઉપર દાવો બતાવવામાં આવ્યો હોય અથવા તે કબુલ રાખવામાં આવ્યો હોય, અથવા તેને અમલમાં આણ્યો હોય, અથવા તેને અમલમાં આણતાં તકરાર ઉઠી હોય, અથવા અમલમાં આણ્યો એમ કહેવામાં આવ્યું હોય, અથવા તેના અમલથી વીરૂદ્ધ કાંઇ કીધું હોય, એવા અમુક દાખલાઓ બન્યા હોય તે દાખલા.

દ્રષ્ટાંતો.

તકરાર એવીછે કે અ નો હક એક માંછલી પકડવાની જગો ઉપર છે કે કેમ એ માછલી પકડવાની જગા અ ના વડિલોને આપવા બાબતનો લેખ તથા તે જગા અ ના બાપે ગીરેં મુક્યાની બાત તથા ગીરો મજકુર વિરૂધ એ જગા અ ના બાપે બીજાને પછવાડેથી આપ્યાની વાત, તથા અ ના બાપે હક મુજબ અમલ કર્યાના અથવા તે પ્રમાણે અમલ કરતાં અ ના પડોશીએ અટકાવ કર્યાના અમુક દાખલા બન્યા હોય તે દાખલા એ સરવે લગતી હકીકતો છે.

ટીકા—આ કલમ ખાનગી તેમજ સારવજનીક હકો તથા રીવાજોને લાગુ કરવાને

ઈરાદે કરેલી છે એમ દ્રષ્ટાંત ઉપરથી જણાય છે. સરજો નારયણ પાંડે વી. બીસમબર સીધવું. રી. વા. ૨૩—પા. ૩૧૧.

એક કંપનીના ભાડુતે એક સારવજનીક વહાણ ચાલી શકે એવી નદીમાં પોતાની આગવી માંછલાં પકડવાની જગ્યામાં પ્રવેશ કરવાને માટે એક શખસ ઉપર દાવો બાંધ્યો અને એ જગાનો કબજો જુનો છે એમ સાબીત કરવાને પુરાવામાં એ કંપનીની ચોપડી તે હાજર કરી. તેમાં એ જગા કોઇ ભાડુતને અમુક ભાડાથી ભાડે આપ્યાના દાખલા હતા. તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે એ ચોપડી પુરાવામાં લેઈ શકાય કેમકે નિયમ એવોછે કે અસલ દસ્તાવેજો જે યોગ્ય કબજામાંથી આવતા હોય, અને તે જોતાંજ માલીકપણું ચલાવવાનો મતલબ હોય, જેવાકે ગણોતપટો અથવા સનંદ, તો કબજાના પુરાવા વગર અથવા તેની રૂઈએ ભાડુ આપ્યાના પુરાવા અગર પુરાવામાં આપી શકાય કેમકે તે દસ્તાવેજોજ માલીકપણાન કૃત્યો તથા કબજાનો પુરાવ છે. માલક મસન વી, ઓદીઆ હાઉસ આફ લારડસ કેસીસ વા. ૧૦ પા. ૫૯૩—આજ કામમાં એ આગળ માંછલાં પકડવાની જગાની હદ સાબીત કરવાને રાજના કોઈ બીજા ઈનામદારે એ કંપની ઉપર ઘણા વરસ પેહેલા બાંધેલા દાવામાં વિલાયતની સદર અદાલતમાં (ચાનસરીની કોરટમાં) નુકશાનીનો દાવો કરેલો તથા જવાપ આપેલો, તેમાં મજકુર માંછલા પકડવાની જગાની હદનું બ્યાન કર્યું હતું તે પુરાવામાં આપવામાં આવ્યા હતા. તેમાં ઠરાવવામાં આવ્યું કે તે દસ્તાવેજો એ માંછલા પકડવાની જગાના ઈતીહાસના તથા તે ઉપર કરેલા દાવાના ભાગ તરીકે પુરાવામાં લેઇ શકાય છે, (વળી રાજર વી. આલનનો કેસ જોવો કામ્પબેલ્સ નીસી પ્રાયસ રીપોર્ટસ વા. ૧—પા. ૩૦૯).

વાદીઓ તથા પ્રતીવાદીના અમુક મુરતીઓ કે જેની આશરે બસે વરસ ઉપર તેમના વડીલોએ સ્થાપના કરી હતી તે મુરતીઓના પુજા કરવાના વારા હતા. વાદીઓએ એવી તકરાર લીધી કે એ પુજા કરવાના રીવાજ મુજબ એ મુરતીઓ કલકતેથી બીજે ઠેકાણે લેઇ જઇ શકાતી નથી અને પ્રતિવાદીને તે મુરતીઓ ત્યાંથી બીજે ઠેકાણે લેઇ જતો અટકાવવાની તેમણે ફરીઆદ કરી. તેમની તકરારની પુષ્ટિમાં વાદીઓએ વારાવાળા સખસોમાંના ઘણા સખસોએ આશરે દોઢેક વરસ ઉપર કરેલા કરારનો લેખ પુરાવામાં રજુ કર્યો તે લેખમાં મજકુર રીવાજની વાત લખ્યા પછી તે લેખ કરનાર સખસોએ તેમના પ્રત્યેકના વારામાં એ મુરતીઓ કલકતેથી બીજે ઠેકાણે ન લેઇ જવા વિશેનો એક બીજાની સાથે કરાર કર્યો હતો. આ લેખ કરવામાં પ્રતિવાદી સામેલ નહોતો. તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે આ લેખ આ કલમ પ્રમાણે પુરાવામાં લેઇ શકાય તેવોછે, પરંતુ પ્રતીવાદી વિરૂદ્ધ પુરાવો તે ગણાય તેમ નથી તેની વિરૂધ દાવાવાળો હક જુદી રીતે સાબીત કરવો જોઈએ. હરેનાથ મલીક વી. નીત્યાનંદ મલીક બં. લા. રી. વા. ૧૦—પા. ૨૬૩.

રસ્તાવેરાના કાગળો તથા એક વેચાણ ખત જેમાં વાદીએ તથા તેમની જગા ઉપર પેહેલા રેહેનાર શખસોના હકો વિશે લખવામાં આવ્યું હતુ તથા તે કબુલ કરવામાં આવ્યા હતા, તે કાગળો તથા ખતની બાબતમાં એમ ઠરાવવામાં આવ્યું કે તે આ કલથના અર્થે મુજબના કૃત્યો તથા દાખલાછે. દઇતરીમોહનતી વી. જગો બાંધુસોનતી વુ. રી. વા. ૨૩—પા ૨૯૩

ઈંગ્લંડના કાયદા મુજબ (જુરીના) ઠરાવો ફેંસલા તથા બીજા નીકાલ જો કે બીજા-ઓ વચે થયા હોય તોપણ સાર્વજનીક પ્રકારના રીવાજોની હયાતી અથવા ગેરહયાતી સાબીત કરવામાં પુરાવામાં હમેશાં લેવાયછે તેવીજ જાતનો પુરાવ તેવાજ કામને માટે આ પુરાવાનો આકટ થતા પેહેલાં હીંદુસ્થાનમાં પણ લેવાતો હતો. એક કેસમાં કલકત્તા હાયકોરટ નીચે પ્રમાણે બોલેછે. બે દાખલા હાજર કરવામાં આવ્યા હતા. એક સને ૧૮૫૨ની સાલમાં, અને બીજો ૧૮૬૨ની સાલમાં જેમાં એ હક કેહેવામાં આવ્યો હતો, અને તેની હયાતી કબુલ કરવામાં આવી હતી. આ ઇનસાફી કામો સારવજનીક હીતની બાબત જેવી કે આવા પ્રકારનો કોઇ રીવાજ હયાતી બાબતમાં સારો પુરાવ છે. અને આવા પ્રકારનો મુકદમો ઉપર કહેલા સાધારણ નીયમના અપવાદ તરીકે ચાલે છે. (પુરાવા ઉપર ટેલર સાહેબની કમેનટરીની કલમ ૧૪૯ જુવો) અને જો આવા ઘણા દાખલા રજુ કરવામાં આવ્યા હોય તો બેશક જડજે આવો ફેંસલો આપવામાં બ્યાજબી કીધુ હોત. માધવચંદ્રનાથ બીસવાસ વી. ટોમી બીવાહ અને બીજા વુ. રી. સી. રૂલીંગ વા. ૭–પા૦ ૨૧૦.

ઉપરના ઠરાવના ધોરણ મુજબ મદ્રાસ હાઈકોર્ટે ઠરાવ કર્યો છે પણ તેમાં એક જડજને શક હતો કે જે ફેંસલો પુરાવામાં દાખલ કરવાની તે પુરાવ તરીકે ગણાવવાની કોશીસ કરવામાં આવી હતી તે આવી તરેહના સામાન્ય પ્રકારની બાબતનો હતો કે તે કોઇ ત્રાહીતની વીરૂધ સબળ પુરાવા દાખલ ગણી શકાય કે. ? નાલાથબી બાટર વી. નેલાકુમાર પીલાઈ મદ્રાસ હા. કો. રી. વા. ૭–પા૦ ૩૦૭.

સદરહુ જાતનો પુરાવો કુલાચાર સાબીત કરવાને પણ હીંદુસ્તાનની કોરટોમાં ઘણી વખત પુરાવામાં દાખલ કરાયો નીલ ક્રીસટો દેબ બરમાનો વિ. બીરચંદ્ર થાકુર અને બીજા બેલો. રી. પ્રી. કા. વા. ૩–પા૦ ૧૩; રાવત અરજુનશીંઘ અને રાવત દુરજનસીંઘ વી. રાવત સુનસીઆમસીંઘ પમુરસ. ઇ. અ. પા૦—૧૬૯.

ઉપર કહેલા પ્રકારનો પુરાવ હવે કોઇ પણ જાતનો હક અથવા રીવાજ સાબીત કરવાને પુરાવામાં લેઈ શકાય છે.

કેટલીક જમીનનો વાદીનો ઇનામી પટાનો હક હતો અને વાદીએ માગેલો ઇનમામી હક જે શખસે ઉત્પન્ન કર્યો હતો તે શખસના ઉચ્ચ ધારણ કરનાર જે દાવામાં પક્ષકાર હતો તે દાવામાં થયેલા ફેંસલા પોતાના દાવાની પુષ્ટીમાં વાદીએ રજુ કર્યા. આ ફેંસલાથી ઈનમામી હકના અસ્તિત્વની સાબીતી થઇ પણ જે દાવામાં તે ફેંસલા કરવામાં આવ્યા હતા તેમાં પ્રતિવાદી પક્ષકાર નહોતો તે કારણથી નીચલી કોર્ટે ફેંસલા કાંમમાં દાખલ કર્યા નહી. ઉપરની કલમ પ્રમાણે આ ફેંસલા લગતા છે એમ હાયકોર્ટે ઠરાવ્યું. (૨૨ વી. રી. ૩૬૫) તેમજ નીચેના કામોમાં પણ તેજ ધોરણ માન્ય રાખવામાં આવ્યું હતું. ૨૦ વી. રી. ૩૪૫; ૨૩ વી. રી ૧૬૨; ૨૪ વી. રી. ૨૬૫; ૨૮૪, ૪૦૭ અને ૪૩૧

રીવાજ એ લાંબી મુદતની રૂઢીથી અને વડીલોની સંમતીથી સ્થાપીત થયેલો એક કાયદો છે. જો તે સામાન્ય હોય તો, દેશના સાધારણ કાયદાનો તે ભાગ ગણાય; જો વિશેષ હોય તો ખાસ રીવાજ ગણાય ઈંગ્રેજી કાયદા પ્રમાણે નીચે લખેલી બાબતો હોય તો અમુક રીવાજ બંધનકારક ગણાય; તે એ કે (૧) મનુષ્યના સ્મરણમાં તેથી વિરૂદ્ધ કાંઈ હકીકત હોવી જોઈએ નહી; (૨) તે હમેશ ચાલુ રહેવી જોઇએ; (૩) બીન તકરારી હોવો જોઇએ; (૪) તે વ્યાજબી હોવો જોઈએ; (૫) તે નિશ્ચિત હોવો જોઇએ; (૬) બધાને બંધનકારક હોવો જોઇએ, (૭) બીજા રીવાજથી તે વિરૂદ્ધ હોવો જોઈએ નહી. આ બધા લ-

ક્ષણુ હીંદુસ્તાનમાં ચાલતા રીવાજને લાગુ પાડવાં જોઈએ કે નહી તે બાબતનો ઠરાવ થયેલો નથી; પણ ઘણા કામોમાં એમ ઠરાવવામાં આવ્યું કે રીવાજ વ્યાજબી અને નિશ્ચિત હોવો જોઈએ. અમુક દૃષ્ટાંતનો જથો અથવા તેવાં ઘણાં દૃષ્ટાંતો બને તેથી વેપારનો રીવાજ સાબીત થઇ શકેછે. વેપારના રીવાજ બાબત જગોમોહનઘોસ વીરૂદ્ધમાણેકચંદનો ફેંસલો જુઓ. ૭ મું. ઈ. અપીલ ૨૬૩

વેપારીઓના સામાન્ય રીવાજમાં અને અમુક ધંધાના ખાસ રીવાજમાં ફરક છે. "ધંધાનો રીવાજ" એટલે અમુક ધંધાનો રીવાજ સમજવો અને તે દષ્ટાંતોથી સાબીત કરી આપવો જોઈએ; ફક્ત અણીપાચી પુરાવો ચાલે નહી.

અમુક કરારમાં વિશેષ હકીકત દાખત કરવા સારૂ રીવાજનો પુરાવો ઘણી વખત * આપવામાં આવેછે. (પાછળ ૯૨ મી કલમનો ૫ રકમ જુઓ) કરાર આક્ટની પહેલી કલમ જુઓ.

હીંદુશાસ્ત્ર પ્રમાણે રીવાજ અગર રૂઢી ખાશ અગત્યનાં છે. સ્ટરેનજ કૃત હીંદુલોમાં લખેલું છે કે રીવાજ જેવો ઇગ્રેજી કાયદાનો ભાગ છે તેવોજ હીંદુ કાયદાનો ભાગછે અને રીવાજ હીંદુ કાયદાનો ભાગછે તેથી જ્યાં જ્યાં તે ચાલતો હોય ત્યાં ત્યાં સાધારણ કાયદાથી બલીષ્ટ છે. આ બાબતમાં ૧૨ મું. ઇ. અપીલને પાને ૫૨૩ મેં નીલકીસ્તો દેબનો ફેંસલો છે. તે જુઓ.

એક કુટુંબના રીવાજને કુલાચાર કહેછે અને અમુક સ્થાનના રીવાજને દેશાચાર કહેછે કુલાચાર શાબીત કરવા સારૂ એમ બતાવી આપવું જોઇએ કે તે જુનોછે અને નિર્ભંગ ચાલ્યો આવેછે (૬ બે. લો. રી. ૨૩૮) તેમજ ૧૪ મુ. ઈ. અપીલને પાને ૫૮૫ મે રામલક્ષ્મી અમલના કામમાં નામદાર પ્રીવીકૌન્સીલનો ઠરાવ છે તે જુઓ,

વારસા બાબતના જે નિયમો અમુક જગ્યાએ ચાલતા હોય તેથી જુદા નિયમ પ્રમાણે વારસો અમુક કુટુંબમાં મળતો હોય તો તે કુલાચાર ગણાય અને પછી મીલકત સ્વોપારજીત હોકે વડીલોપારજીત હોય તોપણ તે રીવાજ પ્રમાણે તેની વ્યવસ્થા થવી જોઈએ (૧૨ મુ. ઈ. અપીલ ૮૧) તેમજ ઇ. લો. રી. ૧ કલકત્તા ૧૯૫ રાજકીશનશીંગ વીરૂદ્ધ સમજય સરમાનો ફેંસલો જુઓ.

કાયદાથી પણ રીવાજ તે કાયદા જેટલુંજ બળ આપવામાં આવેલું છે. તે બાબતમાં સન ૧૮૭૨ ના ૪ આક્ટની કલમ ૫ અને ૭ જુઓ તેમજ સને ૧૮૨૫ ના ૧૧ મા રેગ્યુલેશનની ૨ જી કલમ જુઓ.

જે હકીકત ઉપરથી મનની અથવા શરીરની કીંવા શરીરના સુખ દુઃખની સ્થીતીમાં માલમ પડે તે હકીકતો બાબત.

૧૪. ઇરાદો, કિંવા જ્ઞાન, કિંવા શુધ બુધી, કીંવા ગફલત, કીંવા બેફીકરાઇ, કીંવા કોઈ અમુક સખસના ઉપરનો દુષ્ટભાવ, કીંવા સદભાવ એના જેવી મનની હરકોઈ સ્થીતીછે એવું જે હકીકત ઉપરથી માલમ * પડે તે હકીકત, અથવા શરીરની કીંવા શરીરના સુખ દુઃખની હરકોઈ પ્રકારની સ્થીતીછે એવું જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત લગતીછે. તે એવે પ્રસંગે કે જ્યારે એવી મનની અથવા શરીરની કીંવા શરીરના સુખ દુઃખની સ્થીતીછે કે નહી એ વાત મુદ્દાની અથવા લગતી હોય ત્યારે.

ખુલાસો.—કોઇ હકીકત ઉપરથી મનની કાંઇ લગતી સ્થીતી છે એવું માલમ પડે છે એ કારણને લીધે હકીકત મજકુર લગતી હોય ત્યારે તે હકીકત ઉપરથી જે અમુક બાબતની તકરાર ચાલતી હોય તે બાબતને સંબંધે સદરહુ સ્થીતી છે એમ માલમ પડવું જોઇએ સામાનીય રીતે એવી સ્થીતી હોય છે એમ માલમ પડવું જોઇએ નહીં.

દ્રષ્ટાંતો.

(અ) **અ** ઉપર એવું તોહોમત છે કે તેને ચોરાએલો માલ જાણીને ચોરીનો માલ લીધો ચોરીની અમુક જીનસ તેના કબજામાં હતી એવું સાબીત થાય છે.

સદરહુ વખતે તેના કબજામાં ચોરીની બીજી ઘણી જણસો હતી એ હકીકત લગતી છે કારણ એ ઉપરથી એવું દેખાય છે કે જે જણશો તેના કબજામાં હતી તે દરએક તથા સરવે ચોરીની હતી એવું તેને માલમ હતું.

(બ) અમુક સીકો ખોટો છે એવું શીકો મજકુર આપતી વખતે માલમ છતાં તે સીકો બીજાને દગલબાજીથી આપ્યો એવું તોહોમત **અ** ઉપર છે.

જ્યારે સદરહુ સીકો **અ** એ આપ્યો ત્યારે તેની પાસે બીજા ખોટા સીકા ઘણા હતા એ હકીકત લગતી છે.

(ક) પોતાનો કુતરો ઘણો કરડકણો છે એમ **બ** ને માલમ છે તે **બ** ના કુતરાએ કરેલા નુકશાન બાબત **અ** એ **બ** ના ઉપર દાવો કર્યો છે.

અગાડી **ક્ષ**, **ય** તથા **જ્ઞ** ને કુતરો મજકુર કરડયો હતો અને તેઓએ તે બાબત **બ** આગળ ફરીયાદ કરી હતી, એ હકીકત લગતી છે.

(ડ) તકરાર એવી છે કે જે માણસને એક હુંડીનું નાણું આપવાનું હતું તેનું નામ ખોટું લખ્યું હતું તે વાત હુંડી સીકારનાર **અ** ને માલમ હતી કે નહી

એ પરમાણે લીધેલી બીજી હુંડીઓમાં જેને રૂપીઆ આપવાનું લખ્યું હતું તે સખસ જો ખરો હોત તો તેણે હુંડીઓ મજકુર **અ** ને જે વખતે મોકલી હોત તે વખતની અગાડી સદરહુ હુંડીઓ **અ** એ સીકારેલી છે એ હકીકત, જે સખસને તકરારી હુંડીના રૂપીઆ આપવાનુ લખ્યું છે તે શખસ ખોટો છે એવી માહીતી **અ** ને હતી, એવુ બતાવવાને સારૂ લગતી છે.

(ઇ) **બ** ની આબરૂને હાની થાય એવા ઈરાદાથી કોઇ આરોપની વાત પ્રગટ કરીને **બ** ની આબરૂ લીધાનું **અ** ઉપર તોહોમત છે.

અ નો **બ** ઉપર દુષ્ટ ભાવ છે એવુ બતાવનારી કોઇ વાતો પેસ્તર પ્રગટ કર્યાની હકીકત લગતી છે. કારણ કે હાલની તકરારી વાત પ્રગટ કરવામાં **અ** નો ઈરાદો **બ** ની આબરૂને હાની કરવાનો હતો. એવું તે ઉપરથી માલમ પડ છે.

અ તથા **બ** વચે આગળ કાંઈ ટંટો નોહોતો, તથા જે બાબત વીશે ફરીઆદ કરવામાં આવી છે, તે બાબત **અ** એ સાંભળી તે મુજબ પાછી કહીછે, એ હકીકતો **અ** નો ઈરાદો **બ** ની આબરૂને હાની કરવાનો નોહોતો એવું બતાવવાને સારૂ લગતી છે.

(ફ) **અ** એ દગલબાજીથી **બ** ને એવું બતાવ્યું કે **ક** નાદાર છે તે ઉપરથી **ક** જે નાદાર છે તે ઉપર **બ** એ લલચાઇને ભરૂશો રાખ્યો, તેથી નુકશાન થયું, તે બાબત **અ** એ **બ** ઉપર દાવો કર્યો છે.

ક નાદારછે એવું જ્યારે અ એ કહ્યું ત્યારે ક ના પાડોશીઓ તથા જે લોક તેની સાથે વેપાર રોજગારનું કામ પાડતાં તેઓ ધારતા હતા કે ક નાદાર છે, એ હકીકત અ એ જે બતાવ્યું તે શુદ્ધ બુદ્ધિથી બતાવ્યું એવું બતાવવા સારૂ લગતી છે.

(ગ) એક ઘરનો માલીક અ છે તે ઘર ઉપર કાંઇ કામ બ એ ક નામના ઇજારદાર ના હુકમથી કર્યું તે કામની કીમત લેવાને સારૂ અ ઉપર બ એ દાવો કર્યો છે.

અ નો જવાબ એવો છે કે બ એ જે કરાર કર્યો તે ક જોડે કર્યો છે.

તકરારી કામને સારૂ અ એ બ ને પઈશા આપ્યા છે એ હકીકત લગતીછે, કારણ કે તે ઉપરથી એવું સાબીત થાયછે કે અ એ શુધ બુદ્ધિથી તકરારી કામ કરવાનો બંદોબસ્ત કરવાનું ક ના સ્વાધીનમાં આપ્યુ હતું સબબ ક પોતાની તરફથી બ જોડે કરાર કરી શકતો હતો, અના મુખતીયાર તરીકે કરાર કરવાનું નોહોતું.

(હ) જડેલી મીલકતનો બદધાનતથી ખોટો ઉપયોગ કર્યા બાબત અ ઉપર તોહોમત છે, અને તકરાર એવીછે કે જ્યારે તેણે તેનો સદરહુ મુજબ ઊપયોગ કર્યો ત્યારે ખરો માલીક મળી શકતો નથી એવું તે શુધ બુધીથી માનતો હતો કે નહી.

મીલકત મજકુર ખોવાઈ ગયાની ખબર સરવે લોકોને અ જે ઠેકાણે રહેછે તે ઠેકાણે આપવામાં આવી હતી એ હકીકત તેનો ખરો માલીક મળી શકતો નથી એવું શુધ બુદ્ધીથી અ માનતો નહોતો એમ બતાવવાને સારૂ લગતી છે.

ક એ મીલકત મજકુર ખોવાયાની વાત સાંભળીને તે ઉપર ખોટો દાવો કરવાની ઇચ્છાથી તેણે કપટથી સદરહુ ખબર આપી છેએવું અ જાણતો હતો, અથવા એવું માનવાને તેને કારણ હતું. એ હકીકત લગતીછે, કારણ કે તે ઉપરથી એમ માલમ પડે છે કે સદરહુ ખબર આપ્યાની વાત અ ને માલમ હતી એટલામાં ઉપરથી તેની શુદ્ધ બુદ્ધી ગેર સાબીત થઇ શકતી નથી.

(આઈ) અ ના ઉપર એવું તોહોમત છે કે બ ને મારી નાખવાના ઈરાદાથી તેના ઉપર ગોળી મારી. અ એ અગાડી બ ઉપર ગોળી મારી હતી, એ હકીકત અ નો ઇરાદો બતાવવાને સારૂ સાબીત કરી શકાય છે.

(જે) અ ના ઉપર એવું તોહોમત છે કે તેણે ધમકીના પત્રો બ ને મોકલ્યા. અ એ બ ને ધમકીના પતરો પેસ્તર મોકલ્યા હોય તે પતરો સદરહુ પતરોનો ઇરાદો બતાવવાને સારૂ સાબીત કરી શકાય છે.

(કે) તકરાર એવી છે કે પોતાની સ્ત્રી બ ઉપર નીરદયપણું કરવાનો અ તકસીરવાર છે કે નહીં.

જે નીરદયપણું કર્યાની તકરાર છે તે પેહેલાં અથવા પછી થોડે વખતે બેઉના દીલનો વીચાર એકએક તરફ કેવો હતો, તેનું જે કાંઇ ભાષણ થયું હોય તે લગતી હકીકત છે.

(લ) તકરાર એવી છે કે અ નું મોત જેહેરથી થયું છે કેમ.

અ બીમારી હતો તે દરમીયાન તેણે પોતાના રોગના ચીનહ બાબત જે મજકુર કહ્યા હોય તે લગતી હકીકત છે.

(મ) અ ના આયુષ્યનો વીમો ઉતાર્યો ત્યારે તેની તબીયતની સ્થીતી કેવી હતી, એ વીશે તકરાર છે.

સદરહુ વખતે અથવા તે અરસામાં અ એ પોતાની તબીયત બાબત જે મજકૂર કહ્યો હોય તે લગતી હકીકત છે.

(ન) જે ગાડી વપરાય એવી યોગ રીતે લાયક નોહોતી તેવી ગાડી ગફલતથી બ એ ભાડે આપી તેથી અ ને વાગ્યું તે બાબત અ એ બ ના ઉપર દાવો કર્યોછે.

તે ગાડીમાં જે કસર હતી તે બીજે પ્રસંગે બ ના ધ્યાન ઉપર આણી હતી, એ હકીકત લગતી છે.

જે ગાડીઓ બ ભાડે આપતો હતો તેમાં ગફલત કરવાની તેની રીત હતી, એ હકીકત લગતી નથી.

(ઓ) ઈરાદા પુરવક બ ને ગોળી મારીને તેને મારી નાંખ્યાથી બ નું ખુન કર્યા બદલ અ ના ઉપર તજવીજ ચાલે છે.

અ એ બીજે પ્રસંગે બ ના ઉપર ગોળીઓ મારી હતી, એ હકીકત બ ને ગોળી મારવાનો અ નો ઈરાદો બતાવવાને સારૂ લગતી છે.

લોકોને મારી નાખવાના ઇરાદાથી તેઓના ઉપર ગોળી મારવાની અ ની રીત હતી, એ હકીકત લગતી નથી.

(પ) એક ગુન્હો કર્યા બાબત અ ના ઉપર તજવીજ ચાલેછે.

સદરહુ ગુન્હો કરવાનો કાંઈ ઈરાદો દેખાઇ આવે એવું તે કાંઈ બોલ્યો હતો, એ હકીકત લગતી છે.

સદરહુ જાતના ગુન્હા કરવાની સામાન્ય રીતે તેના મનની વૃતી છે, એમ દેખાઇ આવે એવું તે કાંઇ બોલ્યો હતો, એ હકીકત લગતી નથી.

ટીકા—રાણી વીરૂદ્ધ પરભુદાસના કામમાં પરભુદાસ ઉપર વાયદા ચીઠી બનાવ્યાનું તોહોમત હતું. અને બીજા ચાર પ્રતીવાદીઓ ઉપર આ ગુન્હામાં મદદગારી કર્યાનું તોહોમત હતું. તોહોમતદારો મધેના ચારના કબજામાં આશરે એકસોપચાસ કાગળો માલમ પડયા; તે બનાવટી દસ્તાવેજો છે કાયા અધુરા બનાવટી દસ્તાવેજો છે એવી રીતે કહેવામાં આવ્યું હતું. તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આ કાગળો યોગ્ય રીતે પુરાવામાં દાખલ કર્યાછે સુ. હા કો. રી. વા. ૧૧ – પા. ૯૦

કોઇ કૃત્ય થયુ તે અકસ્માત થયું કીંવા ઈરાદા પુરવક થયુ એવી તકરાર વીશેની હકીકત બાબત.

૧૫ કોઈ કૃત્ય અકસ્માત થયુંછે કીંવા ઇરાદા પુરવક થયુંછે એવી જ્યારે તકરાર હોય ત્યારે તે કૃત્યના જેવા બીજા ઘણા બનાવો બન્યાછે તેમાંનો કૃત્ય મજકુર એક ભાગછે, અને તે પ્રત્યેક બનાવમાં સદરહુ કૃત્ય કરનાર સખસ સામીલ હતો, એ હકીકત લગતીછે.

દ્રષ્ટાંતો.

(અ) જે રકમને સારૂ પોતાના ઘરનો વીમો ઉતરાવ્યો છે તે રકમ મેળવવાના હેતુથી અ એ ઘર મજકુર બાળી મુકયું એવું તોહોમત તેના ઉપર છે.

અ ઘણાં ઘરોમાં અનુક્રમે રહ્યો હતો તથા તે દરેક ઘરનો તેણે વીમો ઉતરાવ્યો હતો. તથા તે દરેક ઘરમાં આગ લાગી હતી. તથા સદરહુ દરએક આગ લાગ્યા પછી અ ને જુદા જુદા વીમા વાળાની દુકાનમાંથી રૂપીયા મળ્યા હતા એ હકીકતો જે આગો લાગી તે અકસમીક નોહોતી, એ બતાવવાને સારૂ લગતી છે.

(બ) બ ના દેણદાર પાસેથી પઇસા લેવાના કામ ઉપર અ ને રાખ્યોછે, જે રકમો તેને પોંહોચે તેની નોંધ એક ચોપડીમાં કરી રાખવાનું અ નું કામછે, અમુક પ્રસંગે જે-

ટલી રકમ તેને ખરેખરી પોંહોચેલી તે કરતાં કમી રકમ તેણે નોંધી છે.

તકરાર એવીછે કે એ ખોટી નોંધ અકસમીત થઇછે કે ઈરાદા પુરવક થઈછે.

બીજી રકમો **અ** એ તેજ ચોપડામાં નોંધીછે તે ખોટીછે તથા તે ખોટી નોંધ **દરેક** કામમાં **અ** ના ફાયદાની છે, એ હકીકત લગતી છે.

(ફ) અ ના ઉપર એવું તોહોમત છે કે તેણે દગલબાજીથી એક ખોટો રૂપીઓ બને આપ્યો. તકરાર એવી છે કે જે રૂપીઓ આપ્યો તે આકસમીત આપ્યો કે કેમ.

બ ને રૂપીઓ આપવાની થોડીવાર પહેલાં અથવા થોડીવાર **પછી અ** એ ખોટા રૂપીઆ **ક** ડ તથા ઇ ને આપ્યાછે એ હકીકત **બ** ને જે રૂપીઓ આપ્યો તે આકસમીત આપ્યો નથી એ બતાવવાને લગતીછે.

કામની પધતીક્યારે સમજવી.

૧૬ અમુક કૃત્ય બન્યુંછે કે નહી એવી તકરાર હોય ત્યારે જો કામની એવી કોઇ સાધારણ પધતી હોય કે તે પ્રમાણે સદરહુ કૃત્ય **સ્વભાવીક** રીતે થવું જોઈએ તો તે પધતીછે એ હકીકત લગતી છે.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવીછે કે અમુક પત્ર રવાને થયું હતું કે કેમ,

સરવે પત્રો અમુક ઠેકાણે મુક્યા હોય તો તેને ટપાલમાં લઇ જાય એવી કામની સાધારણ પધતી હતી તથા અમુક પત્ર તે ઠેકાણે મુક્યું હતું એ હકીકતો લગતીછે.

(બ) તકરાર એવીછે કે અમુક પત્ર **અ** ને પોંહોચ્યો છે કે નહી તે પત્ર હમેશની પધતી મુજબ ટપાલમાં નાખ્યું હતું તથા ડેડલેટર આફીસમાંથી તે પાછું આવ્યું નથી એ હકીકતો લગતીછે.

કાગળ ઉપર ટપાલ આફીસની છાપ હોય તો તેમાં લખેલે વખતે તથા જગાએ તે ટપાલમાં હતો તેનો એ પ્રથમ દરશનીક પુરાવ છે.

ઇંગ્રેજી કાયદા પ્રમાણે આ કલમમાં આવેલી વાત અનુમાન (પ્રીઝમ પશન)ગણાયછે.

અંગીકાર બાબત.

અંગીકાર એટલેશું.

૧૭ જે મુખ જુબાની કહેલા કીંવા દસ્તાવેજ લખેલા મજકુર ઉપરથી હરકોઈ મુદ્દાની કીંવા લગતી હકીકત સંબંધી હરકોઇ ધારણા થાય તથા જે નીચે લખેલા સખસોમાંથી હરકોઇ સખસે નીચે કેફીયતને સંબંધે રહ્યો હોય કીંવા લખ્યો તે મજકુરને અંગીકાર સમજવો.

કોઇ કાગળમાં કબુલત હોય તેટલાજ ઉપરથી તેના ઉપર ટીકટની જરૂર નથી; સીથલ પ્રસાદ વી. મનોહરદાસ અને બીજા ૨૩ વી. રી ૩૨૫

કામના પક્ષકાર અથવા તેના મુખત્યારે કરેલો અંગીકાર.

૧૮ કામના કોઈ પક્ષકારે કહેલો કીંવા લખેલો મજકુર અથવા એવા કોઇ પક્ષકારે પોતાની તરફથી સદરહુ મજકુર કહેવાનો સ્પષ્ટ રીતે કીંવા ગરભિત રીતે કોઇ મુખત્યારને અખત્યાર આપ્યોછે એવું કામ મજકુરની કેફીયત ઉપરથી કોરટ ગણતી હોય તેવા મુખત્યારે કહેલો કીંવા લખેલો મજકુર અંગીકાર છે એમ સમજવું.

પ્રતીનીધીનાસંબંધે દાવો કરનાર સખશે કરેલો અંગીકાર

જે પક્ષકારોએ પ્રતીનીધીના સબંધથી દાવો કર્યો હોય અથવા જે **પક્ષ**કારોના ઉપર સદરહુ સંબંધે દાવો થયો હોય તે પક્ષકારોએ કહેલો **કીંવા** લખેલો મજકુર અંગીકાર નથી, પરંતુ સદરહુ પ્રતિનીધીનો સંબંધ **ચા**લતો હોય તે દરમ્યાનમાં એવા પક્ષકારોએ કહેલો કીંવા લખેલો મજકુર અંગીકાર**છે એમ** સમજવું.

દાવાના વીષયમાં જે શખસનો હકહોય તે ણે કીધેલો અંગીકાર

(૧) જે વીષય બાબત કામ ચાલેછે તે વીષય ઉપર જે સખસનો માલીકીનો હક હોય અથવા તેમાં તેનો કાંઈ પઈશા સંબંધીનો હક હોય તે સખસોએ સદરહુ મુજબના હકવાળા સખશો તરીકે કહેલો કીંવા લખેયો મજકુર અથવા,

જે શખસથી હક પોહોચ્યો હોય તે શખશે કીધેલો અંગીકાર.

૨ જે વીષય બાબત દાવો ચાલ્યો છે તે વીશય ઉપરનો હક તે દાવાના પક્ષકારોને જે સખશોથી મળ્યો હશે તે સખશોએ કહેલો કીંવા લખેલો મજકુર.

જો સદરહુ મજકુર કેહેનારા કીંવા લખનારા સખશોનો હક ચાલુ હોય તે દરમીયાનમાં તેઓએ કહ્યો હોય કીંવા લખ્યો હોય તો તે અંગીકાર છે.

ટીકા.–જસ્ટીસસ્ટોરી કહેછે કે જ્યાં જ્યાં એજન્ટના કર્ત્યો તેના મુખ્ય (પ્રીન્સીપલ) ને બંધનકારક છે તેવા કામમાં એજન્ટે જે હકીકત કરી હોય અગર જે કાંઈ જાહેર કર્યું હોય અગર કબુલત આપી હોય તો તે બધાં મુખ્ય (પ્રીન્સીપલ) ને બંધનકારક છે. (સ્ટોરી કૃત એજન્સીનું પુસ્તક કલમ ૧૩૪.) પણ કરાર કરતી વખતે જો આ પ્રમાણે કરવામાં ન આવ્યુ હોય પણ બીજી કોઇ વખતે એજન્ટ આવી કબુલત વીગરે આપે તો તે બંધનકારક નથી. (તેજ પુસ્તકની કલમ ૧૩૫) બારીસ્ટરો અને વકીલોનાં કર્ત્યો પોતાના અસીલને કેવી રીતે અને કેટલે સુધી બંધનકારક છે તે વિશે પાછળ ૨૯મી કલમ જુઓ.

ભાગીઆ એક બીજાના એજન્ટ છે. તેઓએ એકઠા મળી મંડળી કરી એટલેજ તેઓ એક બીજાના એજંટ થઈ ચુક્યા. (ટેલરકૃત પુરાવાનો કાયદો કલમ ૫૩૫ અને સ્ટોરીકૃત પાર્ટનરશીપની કલમો ૧૦૧–૧૨૫–જુઓ.

પણ એક બાબતમાં એક ભાગીયાએ કરેલી કબુલત બીજા ભાગીયા વિરૂધ વાપરી શકાય નહીં. તે બાબત સન ૧૮૭૭ ના ૧૫ મા આકટની ૬૧ મી કલમ જુઓ.

એક પ્રતીવાદીએ કોઇ દાવો કબુલ કરયો હોય તો તે બીજા પ્રતીવાદીઓ વિરૂધ બંધન કારક નથી. લો. રી. ૨ ઇંડીયન અપીલ. ૧૨૯

આગલા દાવાની લેખી હકીકતમાં અગર જુબાનીમાં પક્ષકારોએ જે કહ્યું હોય તેથી કબુલત સાધારણ રીતે થાય. છે. ૨૨ વી. રી. ૩૦૩, ૩૦૪

આવી લેખી હકીકતો લેવાની જો કાયદા પ્રમાણે ફરજ હોયતો તે કાયદા પ્રમાણે બરોબર લેવામાં આવી હોય તોજ પુરાવામાં દાખલ થઈ શકે. ૨૪ વી. રી. ૧૧૪

અમેરીકા અને ઈંગ્લાંડમાં એમ ઠરાવવામાં આવ્યું છેકે પંત્યાળુ તુટયા પછી પણ પંત્યાળાના કામ બાબત આગળથી જે કબુલત એક ભાગીયાએ કરી હોય તે બધાને બંધનકારક છે. દરેક ભાગીદારની જુવાબદારી ચાલું છે તો તેનું હિત પણ કાયમ છેએમ ગણવું જોઇએ.

જે સખસોની સ્થીતી મુકદમાના પક્ષકારની વિરૂધ શાબેત કરવાની જરૂર છે તેવા સખસોએ કહેલો કીંવા લખેલો મજકુર.

૧૯ જે સખસોની સ્થીતી કીંવા જવાબદારી કોઇ મુકદમામાંના કોઇ પક્ષકાર વિરૂધ છે કે નહી એવા સબંધથી સાબીત કરવાની જરૂરછે તેવા સખસો પોતે જો કોઇ દાવો માંડે અથવા તે સખસોના ઉપર જો બીજો કોઇ દાવો માંડે તો તે મુકદમામાં સદરહુ સ્થીતી કીંવા જવાબદારીને સબંધે સખસો મજકુરે કહેલો કીંવા લખેલો કોઈ મજકુર તેઓને પોતાને વિરૂધ હોવાથી લગતો હોય તો તે મજકુર સદરહુ સખસોએ સદરહુ મુકરદમામાં કહ્યો હોય કીંવા લખ્યો હોય ત્યારે તે મજકુર અંગીકાર છે એમ સમજવું પણ સખસો મજકુર સદરહુ સ્થીતીમાં કાયમ હોય કીંવા તેની સદરહુ જવાબદારી ચાલુ હોય તે દરમીયાનમાં સદરહુ મજકૂર તેઓએ કહ્યો હોય અથવા લખ્યો હોય તો.

દ્રષ્ટાંતો.

(બ) ના તરફથી ભાડુ વસુલ કરનારનું **અ** પોતાને માથે લેછે.

બ ને જે ભાડું ક ના તરફથી આવવાનું હતું. તે **અ** એ વસુલ કર્યું નહી સબબ **બ** એ **અ** ઉપર દાવો કરયો છે.

બ નુ ક પાસેથી કાંઈ ભાડું લેણું હતું એ વાતનો **અ** ઈનકાર કરે છે.

બ નું પોતાની પાસે ભાડુ લેહેણું હતું એવો ક નો કહેલો કીંવા લખેલો મજકુરઅંગીકારછે, અને ક ની પાસેથી બ નું ભાડુ લેહેણું હતુ એ વાતનો જો **અ** ઈનકાર કરતો હોય તો સદરહુ મજકૂર **અ** ના વિરૂધ લગતો છે.

ટીકા.—બીજો દાખલો ટેલર પા૦ ૬૮૮—**અ** તથા **બ** ને ક નું એકઠુ દેવું છે ક એકલા **બ** ઉપર દાવો બાંધે છે. **અ** વાંધો લેછે કે હું એકલો જવાબદાર થઈ શકતો નથી **બ** ને સહપરતીવાદી તરીકે સામીલ કરવો જોઇએ, કારણકે હમે બંને એકઠા જવાબદાર છીએ. તેમની એકઠી જવાબદારી વિશે **બ** એ કરેલો અંગીકાર **અ** અને ક ની વચે ચાલતા કામમાં લગતો **છે.**

જે સખસનો પક્ષકારે હવાલો આપો હોય તે સખસનો કરેલો અંગીકાર.

૨૦ તકરારી બાબત સબંધી કાંઈ માહીતી જે સખસો પાસેથી મેળવવાનું મુકદમાના હર કોઇ પક્ષકારે સ્પષ્ટ રીતે બતાવ્યું હોય તે સખસોએ કહેલા કીંવા લખેલા મજકુર અંગીકાર છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

તકરાર એવી છે કે **અ** એ **બ** ને વેચેલો ઘોડો મજબુત છે કે નહી.

અ **બ** ને કહેછે કે "જઈને ક ને પુછો ક ને તે બાબત સરવે માલમ છે" ક એ જે મજકુર કહ્યો હોય તે અંગીકાર છે.

ટીકા—ટેલર કહેછે આ ધોરણ કાયદાનો સવાલ હોય કે હકીકતનો સવાલ હોયછે. જે અ ને જે બાબત વીશે પુછવામાં આવ્યું હોય તે બાબતનું ખાસ ગ્નાન હોય કે ના હોય અને તેની આખી કહેલી બીના કરાર ઉપરથી થએલા દાવાગાં અગર અપકૃત્યના દાવામાં પુરાવા તરીકે આપવામાં આવી હોય તોપણ આ નિયમ લાગુ પડેછે. ટેલર. ૬૮૯—૬૯૩

જે સખસે અંગીકાર કર્યો હોય તેની વીરૂધ અથવા તેના તરફેનમાં અંગીકાર લગતોછે કે શી રીતે.

૨૧. જે સખસે કાંઇ અંગીકાર કીધેલો હોય તે સખસ વીરૂધ અથવા હક સબધીના તેના પ્રતીનીધીની વીરૂધ તે અંગીકાર લગતો છે તથા તે સાબીત કરી શકાય છે. પરંતું જે સખસે તે અંગીકાર કીધો હોય તેનાથી અથવાતેના તરફથી અથવા તેના હક સંબંધી પ્રતીનીધીથી નીચે બતાવેલી બાબત શીવાય બીજી બાબતમાં અંગીકાર મજકૂર સાબીત કરી શકાતો નથી.

૧ જ્યારે અંગીકાર એવા પ્રકારનો હોય કે તે કરનાર સખ્સ મરણ પામ્યો હોયતો તે કલમ ૩૨ મુજબ ત્રાહીત સખસોની વચે ચાલતા કામગાં લગતો થાય ત્યારે તે અંગીકાર જે સખસે કર્યો હોય તેનાથી અથવા તેના તરફથી તે સાબીત કરી શકાયછે

(૨) મનની અથવા શરીરની કોઈ સ્થીતી હતી એ હકીકત લગતી કીંવા મુદાની હોય ત્યારે તે સ્થીતી હતી. એવો જે મજકુર સદરહુ મનની અથવા શરીરની સ્થીતી ચાલતી હોયતે વખતે અથવા તે અરસામાં કહેવામાં લખવામાં આવ્યો તે મજકૂરને રૂપે જ્યારે કોઇ અંગીકાર હોય તથા જ્યારે તે મજકુર કહેવાની અથવા લખવાની સાથે એવી વરતણુંક થઇ હોય કે સદરહુ કહેલું કીવા લખવું ખોટું છે એ તે ઉપરથી અસંભવીત માલમ પડે ત્યારે સદરહુ અંગીકારની સાબીતી તે અંગીકાર કરનાર સખસથી અથવા તેની તરફથી કરી શકાયછે.

(૩) કાંઈ અંગીકાર અંગીકાર તરીકે નહી, પણ બીજી રીતે લગતો હોય તો તે અંગીકાર જે સખસે કીધો હોય તેનાથી અથવા તેના તરફથી સાબીત કરી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ) **અ** તથા **બ** વચે તકરાર એવી છે કે અમુક ખત બનાવટનું છે કે નહી. **અ** નું કહેવું એવું છે કે તે ખરૂ છે, તથા **બ** નું કહેવું એમ છે કે તે બનાવટનું છે.

સદરહુ ખત ખરૂ છે એવો મજકુર **અ** એ કહ્યો અથવા લખ્યો હોય, તેની સાબીતી **બ** થી કરી શકાય છે, તથા ખત મજકુર બનાવટનું છે એવો મજકુર **અ** એ કહ્યો અથવા લખ્યો હોય તેની સાબીતી **બ** થી કરી શકાય છે; પરંતુ તકરારી ખત ખરૂ છે એવો મજકુર **અ** એ પોતે કહ્યો અથવા લખ્યો હોય તેની સાબીતી **અ** થી કરી શકાતી નથી, તેમજ તે બનાવટનું છે એવો મજકુર **બ** એ કહ્યો અથવા લખ્યો હોય તેની સાબીતી **બ** થી કરી શકાતી નથી.

(બ) **અ** એક વહાણનો ટંડેલ છે તેના ઉપર એવા તોહોમત બદલ તજવીજ ચાલે છે કે તેણે એક વહાણ ભાગી નાખ્યું.

વાહાણને તેના યોગ્ય મારગની બાહાર લઈ જવામાં આવ્યું હતું એ બતાવવાને સારૂ પુરાવો આપવામાં આવ્યો છે.

પોતાના હમેશના કામને પ્રસંગે **અ** એ રાખેલી એક ચોપડી તે હાજર કરે છે, તે ઉપરથી એવું દેખાય છે કે દરરોજ બનાવો વીગેરે જે જાહેર કર્યા પ્રમાણે તેનાં અવલોકન કરવામાં આવતું તે સરવે તેમાં લખી રાખ્યું છે, તથા તે ઉપરથી એવું માલમ પડે છે કે વાહાણ મજકુરને તેના યોગ્ય મારગની બાહાર લેઇ જવામાં આવ્યું નહોતું, **અ** સદરહુ મજકુર સાબીત કરી શકે છે કારણ કે તે મરણ પામ્યો હોત તો સદરહુ મજકુર ત્રાહીત પક્ષકારો મધ્યે ચાલતાં કામમાં કલમ ૩૨ ની રકમ (૨) મુજબ પુરાવામાં લેવાઈ શકાત.

(ક) કલકતામાં **અ** એ એક ગુન્હો કર્યો છે એવું તેના ઉપર તોહોમત છે.

તેણે પોતે લખેલું એક પત્ર તે હાજર કરે છે, તે પત્રમાં લાહોર મુકામે તે દીવસે તારીખ નાખેલી છે તથા જે તારીખ નાખેલી છે તે તારીખની લાહોરની પોસ્ટઆફીસની છાપ તે પત્ર ઉપર છે.

પત્રમાં તારીખ લખી છે એ મજકુર પુરાવામાં લેવા યોગ્ય છે કારણ કે **અ** જો મરણ પામેલો હોય તો તે મજકુર કલમ ૩૨ ની રકમ ૨ મુજબ પુરાવામાં લેવા યોગ્યહોત.

(ડ) માલ ચોરીનો છે એવું જાણ્યા છતાં તે લીધા બાબત અ ના ઉપર તોહોમત છે.

સદરહુ માલની જે કીંમત છે તે કીંમતના અંદર તે વેચવાની તેણે ના કહી હતી એવું સાબીત કરવા તે માગે છે.

સદરહુ મજકુર અંગીકાર છે તો પણ તેની સાબીતી **અ** કરી શકે છે, કારણ કે મુદાની હકીકત ઉપરથી જે વરતણુક થઈ તેનો ખુલાસો તે ઉપરથી થાય છે.

(ઇ) ખોટા સીકા છે એવું માલમ છતાં ખોટા સીકા પોતાના કબજામાં દગલબાજીથી રાખ્યાનું તોહોમત **અ** ઉપર છે.

અ એવી હકીકત સાબીત કરવા કેહે છે કે સીકા મજકુર ખોટા છે કે નહી એવી-શેનો મને સંશય પડવાથી તે સીકાની પરીક્ષા નાણું પારખનાર એક સખસ પાસે મેં ક-

-રાવી અને તેણે પરીક્ષા કરીને મને એવું કહ્યું કે સીક્કા મજકુર ખરો છે.

સદરહુ છેવટના ઉપલા દ્રષ્ટાંતમાં કહેલા કારણોને લીધે ઞ એ હકીકતો સાબીત કરીશકે છે.

ટીકા—હુકમનામાની બજાવણીના વેચાણમાં મીલકતનો ખરીદ કરનાર જે હુકમનામાના દેણદારનો હક, હીતહક વીગેરે તેણે ખરીદ કરી લીધો છે. તેનો તે હીત પ્રતિનીધી છે આના પુરના દાસી વી. નાફર જોતદાર ૨૧ વી. રી. વા. ૧૪૮

દસ્તાવેજના મજકુર બાબતનો મુખ્ય અંગીકાર ક્યારે લગતો સમજવો.

૨૨ દસ્તાવેજના મજકુર બાબતનો મુખ જુબાની અંગીકાર લગતો નથી પરંતુ એવા દસ્તાવેજના મજકુરનો દોયમ પુરાવો આ આકટમાં હવે પછી કહેલા નીયમો પ્રમાણે આપવાનો પોતાનો હક છે એવું જે પક્ષકાર સદરહુ મુજબ સાબીત કરવા માગતો હોય તે બતાવે તો તથા બતાવે ત્યારે અથવા જે દસ્તાવેજ હાજર કર્યો છે તેના ખરાપણા વિશે જો તકરાર હોય તો સદરહુ મુજબનો દસ્તાવેજના મજકુર બાબતનો અંગીકાર લગતો છે,

ટીકા—દસ્તાવેજના દોયમ પુરાવની બાબતમાં આ કાયદાની ૬૫ કલમ જુઓ.

દીવાની કામમાં અંગીકાર કેવે પ્રસંગે લગતા હોય છે.

૨૩ કોઈ એક અંગીકારનો પુરાવો આપવો નહી એવી સ્પષ્ટ સરત કરીને અંગીકાર મજકુર કરવામાં આવ્યો હોય તો અથવા સદરહુ અંગીકાર એવી કેફીયત ઉપરથી કર્યામાં આવ્યો હોય કે તે કેફીયત ઉપરથી કોરટને એવી ધારણા થાય કે અંગીકાર મજકુરનો પુરાવો આપવો નહી એ પરમાણે તે કામના પક્ષકારોએ એકમત થઇ ઠરાવ કર્યો છે તો દીવાની કામોમાં તે અંગીકાર લગતો નથી.

ખુલાસો—કોઈ પણ બારીસ્ટર કીંવા પ્લીડર કીંવા અટરની કીંવા વકીલને કલમ ૧૨૬ મુજબ જે બાબતની સાહેદી આપવાની ફરજ પાડી શકાય છે, તે બાબતની શાહેદી આપવાની તેને આ કલમ ઉપરથી કોઇ પણ રીતે માફી થાય છે એમ સમજવું નહી.

ટીકા—આવો કોઇ સ્પષ્ટ કરાર કીંવા ગરભીત સરત ન કરી હોય તો ખાનગી ભાંજગડની માગણી કરી તે જવાબદારીનો કંઈક પુરાવ થશે, પણ એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે આવા તરેહની માગણીની રીત પ્રાપ્તી કરવા સારૂ કરવામાં પણ આવે અને તેથી જુવાબદારીનો સ્વીકાર ના પણ કર્યો હોય. નિરાંત પ્રાપ્ત અને જુમેદારીના કંઇ પણ અંગીકાર વગર થઇ શકે. દરેક પ્રસંગની કેફીયત ઉપર ઘણો આધાર રેહેશે.

ફોજદારી કામમાં લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી કાધેલી કબુલત ગેરલગતીછે.

૨૪ કોઈ ફોજદારી કામમાં કોઇ તોહોમતવાળા સખસે કરેલી કબુલત કોઇ અધીકારવાળા સખસ તરફથી તે તોહોમતવાળા ઉપરના તોહોમતને સબંધે મળેલી લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી કરવામાં આવી છે. એવું કોરટની નજરમાં આવે તથા તે લાલચ કીંવા ધમકી કીંવા વચન કોરટના અભીપ્રાયમાં એવા હોય કે પોતાના ઉપર જે કામ ચાલે છે. તે કામને સબંધે પોતાને સદરહુ મુજબ કબુલત કર્યાથી સંસાર વીષયનો હરકાંઇ ફાયદો થશે અથવા એવી હરકાંઇ આફત દુર થશે એમ સમજવાને સદરહુ તોહોમતવાળા સખસને યોગ્ય જણાય એવા સબબ તેને સદરહુ મુજબની લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી મળ્યા છે તો કબુલત મજકુર સદરહુ ફોજદારી કામમાં લગતી નથી.

ટીકા—કબુલતો બે જાતનીછે, (૧) ઈનસાફી નહી એવી. એટલે જે કબુલતો માજીસ્ટ્રેટ કે કોરટની રૂબરૂ કરેલી નહોય પણ બીજે ઠેકાણે કરેલી હોય એવી (૨) ઇનસાફી અથવા જે કબુ-

લતો કાયદેસર કામોની હમેશની પધતી પ્રમાણે માજીસતરેટની કે કોરટની રૂબરૂ કરેલી હોય એવી, પેહેલી જાતની કબુલતોમાં ખાનગી સખસોની આગળ કરેલી તેમજ ઈનસાફ ના અમલદારો જેવા કે કોનસટેબલો, પોલીસ અમલદારો ઈત્યાદીની આગળ કરેલી કબુલતો આવેછે. જો આ કબુલતો બુધીપુરવક કરેલી હોય તો બીજી હકીકતોની પેઠે સાબીત થયા પછી તે પુરાવામાં લેઈ શકાય છે કબુલત બુધી પુરવક છે કે નહી તે બાબતમાં ચીફ બારન આયરે કહ્યું કે "જે કબુલત મનમાંથી આસાની ખુશામત કરી અથવા ધાસ્તીનું દબાણ મુકી કઢાવી હોય તે જ્યારે ગુન્હાના પુરાવા તરીકે ગણવાની હોય ત્યારે એવા શક ભરેલા રૂપમાં આવેછે કે તે ઉપર કંઈ પણ ભરોસો રાખવો ન જોઇએ."

જ્યારે જ્યારે તોહોમતવાળા સખસે કરેલી કબુલત કોઇ અધીકારવાળા સખસ તરફથી મળેલી લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી કરવામાં આવી છે એવું કોરટની નજરમાં આવે તો એ કબુલત ગણવી નહી.

અધીકારવાળો સખસ કોણ છે.

રાણી વી. નવરોજજી દાદાભાઇ (બમું૦ હા. રી. ૩૬૮) આ કામમા ચીફ જસટીશ સારજંટે કહ્યુ કેઃ—"'અધીકારવાળો સખસ' એ શબ્દની વ્યાખ્યા કે **દ્રષ્ટાંત.** આપ્યું નથી. એ શબ્દ આવા પ્રકારની બાબતમાં ઈંગ્રેજી કાયદાના અભ્યાસીઓને સારી પેઠે માલમછે, અને જો કે આ આકટ પાસ થતી વખતે જે પુરાવાના નિયમો અમલમાં હતા તે બધા રદ કરવામાં આવ્યાછે તેથી એ બાબત ઉપરના ઠરાવો પ્રમાણે દાખલા બાંધનાર ગણી શકાય તો પણ તે ઉપયોગી આધારોનું કામ સારે" આ કામમાં કેદી ગરેટઈંડીયન પેનીનસુલા રેલવેનો બુકીંગ કલારક હતો; અને જે સખસે લાલચ, ધમકી કીંવા વચન આપેલાં તે સખસ પ્રથમ કંપની તરફથી ગામે ગામ ફરતો હીસાબ તપાસનાર હતો અને એ વખતે તે ખાસ નોકરી ઉપર હતો, તેવામાં હીસાબની જે ઘટનું તોહોમત રાખવામાં આવ્યું હતું તે ઘટ માલમ પડી હતી આ કલમના અર્થ મુજબ તેને અધીકારવાળો સખસ માનવામાં આવ્યો હતો. એ વિદ્વાન ચીફ જસટીસ કે એમ જણાવ્યું કેઃ-હું ધારૂં છું કે ઈંગ્રેજી પ્રમાણો મુજબ એ સ્પષ્ટ એવો સખસ (અધીકારવાળો સખસ) થશે. તેની પરીક્ષા એ કે એ સખસને એ બાબતમાં વચ્ચે પડવાની સત્તા અધીકાર હતો કે નહી? અને તેનું કાંઈ પણ હીત અગર હક સંબંધ જેમ રાણી વી. વોરીંગહામ (ડેનીસન્સ ક્રાઉન કેસીસ વા૦ ૨—પા૦ ૪૪૭) કામમાં ઠરાવવામાં આવ્યુંછે તે મુજબ તેને એવો અધીકાર છે એમ બતાવવાને બસ છે."

વારીંગ હામના કામમાં પારક. બીએ એમ ઠરાવ્યું કે ફરીઆદીમાંના એકની સ્ત્રી જે કામકાજની વ્યવસ્થા કરતી હતી તે અધીકારવાળી છે એમ ગણવું જોઇએ. ઈંગ્રેજી કાયદા પ્રમાણે ફરીઆદી જો ગુન્હામાં તેમનું હીત હોય તો કેદીનો શેઠ અગર શેઠાણી કોન્સટેબલ અગર બીજો અધિકારી જેના હવાલામાં કેદી હોય તે; માજીસ્ટ્રેટ એ બધા અધિકારવાળા શખસ ગણાય છે.

જે લાલચ કીંવા ધમકી કીંવા વચન મળેલા હોય તો તોહોમતવાળા સખસના ઉપરના તોહોમતની બાબત મળેલા હોવાં જોઇએ; અને જો તે એક તોહોમતને સંબંધે મળ્યાં હોય તો તેનાથી તદન જુદા તોહોમતને સબંધે કરેલી કબુલત તેથી હરકત આવશે નહી.

લાલચ પુરતી હોવી જોઇએ વીગરે.

એ લાલચ ધમકી કીંવા વચન કોરટના અભીપ્રાયમાં એવાં હોવાં જોઈએ કે પોતાના ઉપર જે કામ ચાલેછે, તે કામને સંબંધે પોતાને સદરહુ મુજબ કબુલત કરવાથી સંસાર વિષયનો હરકોઈ ફાયદો થશે અથવા એવી હરકોઇ આફત દુર થશે એમ સમજવાને તોહોમતવાળા સખસને યોગ્ય જણાય એવા આધાર મળી શકે. લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપર મુજબ છે કે નહી તે વિશે વિચાર બાંધવાનું કોરટનું એટલે કે જડજનું અથવા માજીસ્ત્રેટનું છે. જ્યુરીની સાથે તજવીજ જે મુકરદમામાં ચલાવી હોય તેમાં કબુલત પુરાવામાં લેવાં યોગ્ય છે કે નહી, તે જડજે એકલાએજ ઠરા-

વવાનું છે. જે ફાયદો થવાનો અથવા જે આફત ટળવાની તે (૧) સંસાર વીષયની હોવો જોઇએ, અને (૨) તોહોમતવાળા સખસના ઉપર ચાલતા કામને સબંધે હોવી જોઈએ. જેમકે એક જેલના પાદરીએ એક કેદીને કહ્યું કે ધર્મોપદેશકતરીકે મારે તને ચેતાવવું જોઈએ કે ઇશ્વરની સાથે કપટ રમવાની કોસીશ કરી પાપમાં પાપનો ઉમેરો ન કર, અને તાહારે તારાં પાપ ઈશ્વરની આગળ કબુલ કરી દેવાં, અને તાહારાથી બને તેટલો તેં કરેલા નુકશાનનો બદલો વાળવો એ જરૂર છે, અને કેદીએ તેને આ મુજબ કેહેવામાં આવ્યા પછી, જેલર અને કોટવાળની આગળ બે કબુલાતો કરી; આ કબુલાતો પુરાવામાં લેવા લાયક છે એમ ઠરાવવામાં આવ્યું. રાણી વી. ગીલહામ મુડીસ. ક્રીમીનલકેસીસ વા.૧ પા. ૧૮૯. વળી એક માણસે ખુનના તોહોમતવાળા એક છોકરાને કહ્યું કેઃ–"હવે પગે પડ હું તને એક ઘણો સકત સવાલ પુછુછુ, અને મને આશા છે કે, ઇશ્વરની સમક્ષ તું મને સાચેસાચી વાત કહી દેઈશ"—અને ન છોકરાએ જે મજકુર કર્યો તે પુરાવમાં લેવા યોગ્ય છે એમ ઠરાવવામાં આવ્યું. રાણી વી વાઈલ્ડ. મુડીસ ક્રાીમીનલ કેસીસ વા. ૧–પા. ૪૫૨.

તોહોમતવાળા સખસે કરેલી કબુલત જો કોરટની નજરમાં એમ આવે કે તે અમુકતરેહની લાલચ, કીંવા ધમકી, કીંવા વચન ઉપરથી કરવામાં આવી છે તો તે લગતીગણવીનહીં.

કબુલત લગતી છે કે નથી તે કોરટે નકી કરવાનું છે,

અહીંઆં પણ વળી એવા પ્રસંગે કબુલત પુરાવામાં લેવી કે નહી તે નકી કરવાનું કામ કોરટનું છે, એટલે જડજનું પણ જ્યુરીનું નથી અથવા માજીસટરેટનું છે, (મુ, હા. કો. રી. વા. ૯–પા. ૩૬૭) રાણી વી. નવરોજજી દાદાભાઇના કામમાં ચીફજસ્ટીસે સારજનટ બોલ્યો કે "લાલચ, ધમકી ઈઆ વચન કબુલ ન કરવાથી સંસારે વીષયનો કાંઇ ફાયદો થશે અથવા કંઈ આપત ટળશે એવી ધારણા કરવાને કેદીને માટે બસ હતાં કે નહી તે વીશે પોતાનો અભીપ્રાય બાંધવાનું કામ તદન કોરટ ઉપર નાંખેછે" (મુ. હા. કા. રી. વા. ૧૧ પા. ૧૯૮ રાણી વી. બલવંત પેનડારકરના કામમાં પણ એમ કહેવામાં આવ્યું હતું કે જો કોરટની નજરમાં એમ આવે કે અમુક કબુલત લાલચ, કીંવા ધમકી કીંવા વચન ઉપરથી કરવામાં આવી છે તેમજ એ કબુલત પુરાવામાં લેવા યોગ્ય નથી. આ કામમાં તોહોમતદારે પેહેલ પેહેલું સેશન કોરટની આગળ જાહેર કર્યું કે કબુલત મને ધમકી અને આશાઓ આપી કઢાવી હતી. પરંતુ આ વાતનો પુરાવ નહી, તેથી હાઇકોરટનો એવો અભીપ્રાય થયો કે પુરાવા વગર એમ અનુમાન ન કરાય કે કબુલત ગેરવાજબી. દાબથી કઢાવી છે એવા સબબનો વાંધો બતાવવામાં આવે તો તે પુરાવામાં ન લેવા લાયક થતી નથી.

પોલીસ અમલદાર ની રૂબરૂ કીધેલી કબુલાત પુરાવામાં લેવી નહી.

૨૫. હરકોઇ પોલીસ અમલદારની આગળ કરેલી કબુલત હરકોઈ ગુન્હાના તોહોમતવાળા સખસ વીરૂદ્ધ સાબીત કરવી નહી.

ટીકા—૧ એક સખસ રેલવેમાં બેસીને કલકતે જતો હતો તેવામાં તેની ઘડીઆળ સાંકળી તથા કેટલીક રકમ તેની પાસેથી ચોરીએ ગયાં. એવો પુરાવ આપવામાં આવ્યો કે કેદીને પકડનાર કાન્સટેબલની આગળ કેદીએ એવી કબુલત કરેલી કે ઘડીઆળ અને રૂ ૧૦૦૦ મને મારી બેને આપેલા અને મેં સાંકળી વેચાતી લીધી જસટીસફીયરે આ આકટમાં અંગીકારો તથા કબુલતોની વચે તફાવત છે એવી ટીકા કરી આ પુરાવો દાખલ કર્યો રાણી વી. માકડોનાલ્ડ. ૧૦ બં. લા. રી. આપે. પા. ૨.

૨. કલકત્તામાં પોલીસનો ડેપ્યુટી કમીશનર આ કલમના અર્થ મુજબ પોલીસ અમલદાર છે. રાણી વી. હરીબોલ ચંદ્રઘોસ ઈ. લા. રી. ૧ કલકત્તા સીરીઝ ૨૧૫.

પોલીસના હવાલા માં તોહોમતવાળો હોય તે વખતે તેણે કીધેલી કબુલત પુરાવામાં લેવી નહી.

૨૬. હરકોઈ સખસ કોઈ પોલીસ અમલદારના હવાલામાં હોય તે દરમ્યાનમાં તેણે કરેલી કબુલત કોઇ પણ માજીસ્ત્રેટની પ્રત્યક્ષ રૂબરૂ કીધી ન હોય તો તેને સદરહુ સખસની વીરૂદ્ધ સાબીતી કરવી નહી.

ટીકા—કલમ ૨૫ ના ઠરાવ મુજબ પોલીસ અમલદારની આગળ કરેલી કબુલત તદન પુરાવામાં લેવા યોગ્ય નથી માજીસ્ત્રેટની રૂબરૂ કરેલી હશે તોપણ પુરાવામાં લેવા યોગ્ય નહીથાય આ કલમના ઠરાવ મુજબ પોલીસના હવાલામાં હોય તે દરમ્યાન કોઈ સખસે કરેલી કબુલત માજીસ્ત્રેટની પ્રત્યક્ષ રૂબરૂ કીધી હોય તે શીવાય તે પુરાવામાં લેવા યોગ્ય નથી માજીસ્ત્રેટની પ્રત્યક્ષ રૂબરૂ કોઇ સખસે પોલીસ અમલદારની આગળ કરેલી કબુલત આ પ્રમાણે પુરાવામાં લેવા યોગ્ય નથી; પણ પોલીસના હવાલામાં હોય તે દરમ્યાન પોલીસ અમલદાર શીવાય બીજાકોઇ સખસની આગળ કોઈ સખસે કરેલી કબુલત અને તે માજીસ્ત્રેટની પ્રત્યક્ષ રૂબરૂ કરેલી હોય તો તે પુરાવામાં લેવા યોગ્ય છે.

તોહોમતવાળા સખસે બતાવેલા મજકુરનો અથવા તેની કીધેલી કબુલતનો જેટલો ભાગ તે મજકુર અથવા કબુલત ઉપરથી સોધી કાડેલી હકીકત સાથે સબંધ રાખતો હોય તો તેટલો સાબેત કરી શકાયછે

૨૭. પરતુ એવું ઠરાવ્યુંછે કે કોઇ સખસની ઉપર કોઇગુન્હાનુ તોહોમત મુકયુંછે અને તે સખસ પોલીસ અમલદારના હવાલામાંછે તે સખસ પાસેથી કાંઇ ખબર મળી તે ઉપરથી કોઇ હકીકતનો સોધ લાગ્યોછે, એવી જુબાની પડે ત્યારે એવી ખબરમાંનો જેટલો ભાગ ખબર મજકુર ઉપરથી શોધી કાડેલી હકીકત સાથે સ્પષ્ટ રીતે સબંધ રાખતો હોય તેટલો ભાગ સાબીત કરી શકાય છે પછી તે ખબર કબુલત ગણાય એવી હોય કીંવા ન હોય તો પણ.

ટીકા.—"પોલીસ અમલદારના હવાલામાં" એ શબ્દો એમ બતાવવા દેખાય છે કે આ કલમ માત્ર કલમ ૨૬ ના વીશેશ ઠરાવ દાખલ કરવાનો ઇરાદો હતો અને જ્યારે એ ખબરમજકુરથી શોધ લાગેલી હકીકતને લગતી ખબર પોલીસ અમલદારની આગળ કરેલી કબુલત ગણાય તેવી હોય ત્યારે આ કલમ લાગુ નથી. આ વીશેષ ઠરાવ તે ઉપરથી થએલા ફેસલા જોતાં કલમ ૨૫ ને પણ લાગે છે- તોપણ ઉપર લખેલા શબ્દોથી આ ઠરાવ કલમ ૨૪ ને લાગતો નથી એમ જણાય છે રાણી વી. બોરા હંસજી અને બીજાઓના કામમાં (મુ. હા. કો. રી. વા. ૧૧પા૦ ૨૪૪) જસ્ટીસ વેસ્ટ બોલ્યા કે:—"મીલકત હાજર થયાના અથવા તેનો શોધ લાગ્યાના સબંધમાં કહેલા બધા મજકુરો પુરાવામાં લેવા યોગ્ય નથી: જે મજકુરથી સદરહુ મીલકતનો તરત પતો લાગ્યો હોય તેટલોજ મજકૂર અને જેટલો તેથી આ પતો લાગ્યો હોય તેટલે સુધી પુરાવામાં વ્યાજબી રીતે લેવા યોગ્ય છે...... ....કોઇ માણસ કહેછે કે—ફલાણે ઠેકાણે તમને એક લાકડી માલમ પડશે તે વડે મેં રામાને મારી નાંખ્યો." આવે પ્રસંગે પોલીસનો માણસ એમ કહી શકે કે મને બતાવેલી જગાએ હું ગયો અને એ લાકડી માલમ પડી; પણ ખુનની કબુલત વીશે કંઇ પણ મજકૂર તે કહે તો તે પુરાવામાં લેવા યોગ્ય નથી. જો "તમને માલમ પડશે એમ કહેવાને બદલે કેદીએ એમ કહ્યું હોય કે મેં ફલાણી જગાએ એક તરવાર કે છરો મુકયો છે, અને ત્યાં તે માલ પડયો હોય; પણ આ મજકુરનો જો કે તેમાં કેદી તરફથી અમુક કૃત્ય કર્યાનો અંગીકાર આવે છે તોપણ તે પુરાવામાં લેવા યોગ્ય છે કારણ કે તે એવી ખબર છેકે તેથી શોધો એ શોધ લાગ્યો અને તેની સાથે સબંધ રાખનાર બીજી કોઇ ખબ-

રથી આ પ્રમાણે અલગ રીતે અને સ્વતંત્રપણે શોધ લાગ્યો.............જાતે દિ અર થા અને કોઇ મુદ્દાની હકીકત સાથે તે લગતું ગણાય એવી ખુલી રીતે સબંધ રાખતુ નહી એવા કૃત્યનો કેદીએ ખુલાસો આપ્યો છે એમ કહી તે ખુલાસાને બાહાને પોલીસની આગળ કેરેલી કેદીની કબુલત દાખલ તેનો પરવેશ કરવા કોશીશ કરે તો પુરાવાનો આક્ટ તે પુરાવા લેવા રજા આપતો નથી. પુરાવો બાતલ કરવા વીશેના નીયમોને તે ઉપરનો અપવાદ ચોકસાઈથી ઠરાવેલા છે તેથી તે અપવાદમાં બરાબર રીતે દાખલ થતા ન હોય તેવા કેસો તે લાગુ કરી શકાયનહી ખેડુત નોધની ચોપડી આપી દે અથવા જ્યાં બાજરી કચરાએલી દેખાતી હોય તે જગ્યા બતાવેતો જાતેજ બીન દિઅરથી કૃત્યછે. વળી સાધારણ રીતે જીવ વગરનું છે તેને ખુલાસાની જરૂર નથી. અને તેની સાથે કરેલી કબુલત તેનો ખુલાસો કરતી નથી પણ તે આજુ બાજુની બાબતછે, અને જ્યાં તે બાતલ કરી હોય ત્યાં) તે બાતલ કરવાને જે ન બાતલ કરી હોય તે બાબતોની સાથે તેનો સબંધ હોવાથી અટકાયત થતી નથી. "રાણી વી પગારી શાહના કામમાં (વું. રી. ક્રી. ૩. વા. ૧૯—૫૧૦ ૫) તોહોમતવાળાએ સબ ઇન્સપેક્ટરને એમ જાહેર કર્યુ હતુંકે મરનારને મેં ગરદનથી પકડી હતી અને જોરથી તેને ધકો મારી નીચે નાંખી દીધી હતી તેથી તે એક કેળના ઝાડની સાથે અથડાઇ અને તેની ગરદન ભાંગી ગઇ; વળી મેં તેને મારા હાથથી મારી હતી; અને એ બાઈરી તેજ વખત ત્યાંજ મરણ પામી; અને પછી એ મડદુ ખસેડવાની કોશીશ કર્યા પછી તેના ઉપરથી એક કાંટલા અને બે ચુડા મેં ઉતારી લીધા. જે મેં પાસેના જંગલમાં સંતાડયા. આ ખબરને લીધે તેણે બતાવેલા જંગલમાં તેને લઇ જવામાં આવ્યો, અને તેણે એક છુપી જગામાંથી એ કાંટલી અને ચુડા હાજર કરી કહ્યું કે મરનારના શરીર ઉપરથી મેં આ ઘરાણાં કાઢી લીધાં છે. જસટીસ ગલેવરના અભીપ્રાયમાં એમ આવ્યુ કેજેટલી ખબર મરનાર ઉપરના હુમલા તથા તેથી થએલા તેના મોતનું બ્યાન કરે છે, તેટલી ખબર ઘરેણાની શોધની વાતને સ્પષ્ટ રીતે લાગેછે જે શોધ એ ખબરને વિશેજ લાગી હતી. અને પોતાના હાથમાં જે ઘરેણાં આવ્યાં એ વીશેની કેદીની કબુલત એવી હકીકતછે કે તે પુરાવાના કાયદાથી તેના ઉપર સાબીત થઈ શકે.

લાલચ કીંવા ધમકી કીંવા વચનથી મન ઉપર થએલી અસર ખશી ગયા પછીકરેલી કબુલત લગતી છે.

૨૮ કલમ ૨૪ મીમાં બોધ કર્યા મુજબની લાલચ કીંવા ધમકી કીંવા વચનથી મન ઉપર થએલી અસર કોરટના અભીપ્રાયમાં જે વખતે પુરીદુર થઇ હોય, તે વખત પછી સદરહુ કલમમાં બોધ કર્યા મુજબની કબુલત કરવામાં આવી હોય તો તે કબુલત લગતી છે એમ સમજવું.

બીજી રીતે કબુલત લગતી હોય તો કબુલત ગુપત રાખવાનું વચન હતુ એ વીગેરે કારણથી તે કબુલત ગેર લગતી નથીજ થતી.

૨૯. એવી કબુલત જો બીજી રીતે લગતી હોય તો માત્ર તે ગુપત રાખવાનાં વચન ઉપરથી કીધાના સબબથી અથવા તે મેળવવાને સારૂ તોહોમતવાળા સખ્સ સાથે ફરેબ કર્યાથી તે કીધાના સબબથી અથવા તોહોમતવાળો છાકટો હતો તે વખતે કીધાના સબબથી અથવા જે સવાલોના જવાબ દેવાની તેની ફરજ નહોતી તે સવાલો ગમે તે રૂપે હોય તો પણ તેના જવાબમાં તે કીધાના સબબથી અથવા એવી કબુલત કરવાની તેની ફરજ નહોતી અને તેની વીરૂધ એવી કબુલતનો પુરાવો આપી શકાશે એમ તેને સુચના નહી મળ્યાના સબબથી, તે કબુલત ગેર લગતી છે એમ સમજવું નહી.

ટીકા.—(અ) એક સહ કેદીએ (બ) જે ખુનને સારૂ કેદમાં હતો તેને કહ્યું. કે "મારી ઇચ્છા છે કે એ છોકરાનું ખુન તમે શી રીતે કરયું તે તમે મને કહો; ખરેખરી વાત કહી દો. (બ) એ જવાબ દીધો કે—"જે હું તમને કહું તે કોઈને ન કહેવાના સોગન ખાશો,"

(અ) એ સોગન ઉપર વચન આપ્યું અને (બ) એ વાત કહી તેથી જે કબુલત પુરાવામાં લેવા યોગ છે એમ ઠરાવામાં આવ્યું હતું. રાણી. વી. શૌ. કારોટન એન્ડ પેઈન્સ મીસી પ્રાયાસ રીપોરટસ વા. ૬—પાનું. ૩૭૨

ફરેબથી કબુલતો મેળવ્યાના દાખલા.

૧. એક જેલના કીલીદારે કેદીને માટે કાગળ ટપાલમાં નાંખવા વચન આપ્યું પણ ટપાલમાં ન નાખતાં તેણે તે કાગળ ફરીઆદીને મોકલી દીધો તે કાગળમાં કબુલત ગણાય એવો મજકુર હતો. તે મજકુર પુરાવામાં લેવા લાયક ઠરાવામાં આવ્યો હતો રાણી વી. ડેરીંગટન. કારીંગટન એન્ડ પેઈન્સનીસી પ્રાયસ રીપોરટસ વા.—૨ પા. ૪૧૮

૨. કેદમાં નહી છતાં એક સોગતી છે એમ ખોટુ માનવાથી કેદીએ કબુલત કરી તે પુરાવામાં લેવા લાયક છે એમ ઠરાવવામાં આવ્યું હતુ. રાણી વી. બેઈલી. ફ્રાંમી મોકલ એ. વા.–૧ પા. ૧૦૪ બીજો રાણી વી. રામચરણ ઘોશ. વુ. રી. ક્રી. રૂ. વા. ૨૦—પા. ૩૩

કેદી કેફમાં હોવાથી ખરી વાત કહી દેશે એવી આશાથી તેને કેફ ચડાવવા (છાકટો) દારૂ પાયેલો હોય તે સબબથી કેફમાં કેદીએ કરેલી કબુલત જરાએ ઓછી પુરાવામાં લેવા યોગ્ય કબુલત નથી. રાણી. વી. સ્પીલસબરી. કારીંગટન એનડ પેઈનસ નીસીપ્રાયસ રીપોરટસ વા. ૭—પા. ૧૮૭

સવાલ. | ખાનગી વાતચીતમાં કેદીએ કરેલી કબુલત જે આવેથી છાનીમાની સાંભળી હતી. તે કબુલાત પુરાવામાં લેવા યોગ્ય છે એમ ઠરાવવામાં આવ્યું હતું રાણી. વી. સાઈમન્સ કારીગટન એન્ડ પેઈસ નીસીપ્રાયસ રીપોરટસ વા. ૬—પા. ૫૪૦ રાણી. વી. સજીના અને બીજો. વુ. રી. ક્રી. રૂ. વા. ૭—પા. ૩૮

સુચના નહી મળેલી. | એક સખસ જેને કલકતામાં કરેલા ગુન્હા માટે તેની તજવીજ ચાલી તેને પકડીને મુફસીલના માજીસ્ત્રેટ આગળ લેઈ જવામાં આવ્યો આ માજીસ્ત્રેટે તેને સુચના આપ્યા વગર પુછેલા સવાલના જવાબમાં તેણે કરેલી કબુલાતો પુરાવામાં લેવા લાયક ઠરાવવામાં આવી રાણી. વી. નબાદવીપ ચંદ્ર ગોસ્વામી અને બીજા બે. લા. રી. અવલ ફોજદારી હકુમત વા ૧—પા. ૧૫.

જે સખસ કબુલાત કરે તેને વિશેની તથા તેજ ગુના સારૂ બીજા સખસોની એકઠી તજવીજ ચાલતી હોય તેવા બીજા સખસોવીશેની કબુલત સાબેત થાય તો તે કબુલત વિચારમાં લેવા બાબત.

૩૦ જ્યારે એકજ ગુનાને સારૂ એકથી વધારે સખસો ઉપર એકઠી તજવીજ ચાલતી હોય, અને જ્યારે તે સખસો પકડી એક જણાએ પોતાને વિશે તથા તે સખસોમાંના બીજા કોઈ સખસને વિશે કીધેલી કબુલત સાબીત થાય, ત્યારે જે સખસે તે કબુલત કીધી હોય તેની વિરૂધ તેમજ સદરહુ બીજા સખસની વિરૂધ તે કબુલત વિચારમાં લેવાને કોરટ મુખતીયાર છે.

દ્રષ્ટાંતો.

(અ) ક નું ખુન કર્યા બાબત અ. બ ના ઉપર એકઠી તજવીજ ચાલે છે. "બ એ તથા મેં મળીને ક નું ખુન કર્યું છે" એવું અ એ કહ્યાનું સાબીત થાય છે. એનું પરીણામ બ વિરૂધ શું થાય છે એનો વિચાર કરવાને કોરટ મુખતીયાર છે.

(બ) ક નું ખુન કર્યા બદલ અ ઉપર તજવીજ ચાલે છે. ક નું ખુન અ તથા બ એ કર્યું એવું બતાવવાનો તથા "અ" તથા મેં મળીને ક નું ખુન કર્યું છે" એવું બ એ કહ્યું હતું એ બતાવવાનો પુરાવો હાજર છે.

સદરહુ કહેલા મજકુર બાબતનો વિચાર અ વિરૂધ કોરટથી કરી શકાય નહી કારણ

બ ના ઉપર અ ની સાંથે એકઠી તજવીજ ચાલતી નથી.

ટીકા.—સાધારણ નીયમ એવો છે કે તોહોમતદારની કબુલત તેના વિરૂધજ પુરાવોછે. બીજા કોઈના વીરૂધ પુરાવો થાય નહી. જ્યારે કબુલતમાં બીજા કોઇનું નામ દેઇ તેને ગુનાહમાં સામીલ છે એમ કહેવામાં આવે ત્યારે બધી કબુલત પુરેપુરી નામ સુધાંત સાબીત કરવી જોઈએ પણ કેદી શાવાય બીજા કોઇના વિરૂધ તે પુરાવો નથી એમ જ્યુરીને સમજુત આપવાનું જડજનું કામછે. એક ગુનોહ બે જણાએ એકઠા મળી કર્યો એવું તે બે જણના ઉપર તોહોમત હતું. તેમાંના એકે માજીસ્ત્રેટ રૂબરૂ બીજાના સાંભળતાં કબુલત કરી અને બીજાએ તે કબુલત ઇનકાર કરી નહી તોપણ એમ ઠરાવવામાં આવ્યું કે આ કબુલત બીજાના વિરૂધ પુરાવો નથી. રા. વી. આપલખી. ૩ સ્ટાર્ક ૩૩

પુરાવાના આક્ટની ૩૦ મી કલમ ઉપર લખેલા ફેંસલા વિરૂધ નિયમ દાખલ કરેછે અને તોહોમતદારની કબુલત તેના પોતાના વિરૂધજ પુરાવોછે અને બીજા કોઇના વિરૂધ પુરાવો નથી એ જે સાધારણ નિયમછે તેનો અપવાદ એ કલમમાં છે. જે સખસ કબુલત કરતો હોય તે અને જેના વિરૂધ તે કબુલત ધાનમાં લેવાનીછે તે બેની ચોકશી એકઠી થવી જોઇએ એ જરૂરતુંછે કબુલ કરનાર કેદીની તજવીજથઇ તેને શીક્ષા કરવામાં આવી હોયતો પછીથી તેનીતજવીજબીજાના ભેગીથાયછેએમ ગણાય નહી. ૧૧.મુ.હા.રી.૧૪૬ જે કેટલાક સખસોએ ડાકાઈટીનો ગુનોહ કરયો હતો, તેમાંનો એક નાસી ગયો અને તેની તજવીજ પછીથી ચાલી તેમાં એમ ઠર્યુ કે આગળ જે સખસોની ચોકશી થઈ હતી તેમણે કરેલીકબુલત આના વિરૂધ ધ્યાનમાં લેઇ શકાય નહી. ૨૧. વી, રી. ક્રી. રૂ. ૬૫ બે સખશોની તજવીજ એકજ ગુનાહ માટે થવી જોઇયે. કબુલ કરનાર તોહોમતવાળા ઉપર ડાકાઇટીની સાથે ખુન કરયાનું તોહોમત હતું. અને બીજાઓ ઉપર તેને મદદ કર્યાનુ તોહોમતજ હતું. તો કબુલ કરનાર તોહોમતદારની કબુલત બીજા વિરૂધ ધ્યાનમાં લઇ શકાય નહી. ૧૯ વી. રી; ક્રી.રૂ. ૬૪ અને ૧૦ મુ.હા.રી.૪૯૯

પણ જો બેના ઉપર એકજ ગુનાહતું તોહોમત હોય તો એકની કબુલત બીજા વિરૂધ વિચારમાં લઇ શકાયછે. ૧૧ મુ. હા. રી. ૨૭૮

આ કલમ પ્રમાણે એક ગુનાહને માટે બે અથવા વધારે સખસોની તજવીજ થતી હોય તેમાંના એકે કરેલી કબુલત તે કબુલત કરનાર વિરૂધ તેમજ જે સખસને તે લાગુ પડતી હોય તેના વિરૂધ વિચારમાં લઇ શકાય એ હકીકત ગુનાહની કબુલત હોવી જોઇએ. ને તેવી કબુલત તરીકે કબુલ કરનારને તેમજ જેના વિરૂધ તે વિચારમાં લેવાની છે તેને લાગુ પડવી જોઇએ, પણ જેટલે સુધી કબુલત કરનારને તે કબુલત ગુનાહમાં સામીલ કરતી હોય તેટલેજ સુધી બીજા સખસ વિરૂધ તે કબુલત ધ્યાનમાં લઈ શકાય. ૧૯ વી. રી. ક્રી. રૂ. ૧૬

તેમજ આ બાબત વાસ્તે નીચે લખેલા ફેંસલા જુઓ. ૧૯વી. રી. ક્રી. રૂ. ૬૭૨૧ વી- રી. ક્રી. રૂ. ૫૩ અને ૧૦ મુ. હા. રી. ૫૦૦

"વિચારમાં લેવી જોઈએ" એ બાબતમાં ૨૪ વી. રી. ક્રી. રૂ. ૪૩ આવી કબુલતપુરાવો નથી. સહ તોહોમતદારે કહેલી હકીકતમાં સામીલ ગુનેગારના પુરાવામાં જે ખામીઓ હોયછે તે જણાયછે અને વળી તેને સોગન આપવામાં આવતા નથી તથા તેની ઉલટ તપાસ થતી નથી તેથી તેનું વજન કમતીછે. ઈત્યાદી ૨૩ વી.રી. ક્રી.રૂ. ૨૪ ૧૯વી.રી. ક્રી. રૂ. ૫૭ ૪ લો. રી. ૧ મુંબાઈ. ૪૭૫.

એકજ ગુન્હાને માટે સાથે તજવીજ થતી હોય એવા સહ કેદીની કબુલત ઉપરથી જમાની તોહોમતદારને સજા થઇ શકે નહી. ઈ. લો. રી. ૧ મદ્રાસ, ૧૬૩.

અંગીકાર નિર્ણય કારક પુરાવો નથી પણ તેનો અમલ પ્રતિબંધન જેવો થાય.

૩૧. જે બાબતોનો અંગીકાર કરવામાં આવ્યો હોય તે બાબતોનો અંગીકાર નિર્ણયકારક પુરાવો નથી; પરંતુ આ આક્ટમાં હવે પછી જે ઠરાવો બતાવ્યાછે તે મુજબ તે અંગીકારનો અમલ પ્રતિબંધનના જેવો થઈ શકેછે.

(૧) પ્રતિબંધ વિશે પુરાવાના આક્ટની ૧૧૫ મી કલમ જુઓ.

ટીકાઃ—અંગીકારની અસર વિશે મી૦ ટેલર નીચે પ્રમાણે કહેછેઃ—"એ કહેવામાં આવેછે કે કાયદાની રીતી બધી પ્રસંગે યોગ્ય રીતે સચાઇની શોધને ટેકો આપેછે; અને પ્રતિબંધનો મત કે જેથી જાદે શોધને અટકાયત" થાયછે, તે સામાન્ય નીયમનો એક અપવાદછે, અને સામાન્ય સગવડના કારણસર અને દગાનો અટકાવ કરવાને સારૂ માત્ર એ અપવાદ મંજુર કરેલો છે તેથી તે અપવાદ જે કારણોને લીધે કરવામાં આવેલો છે તેથી આગળ લાગુ કરવાનો નહી વળી બીજુ કહેવામાં આવે છે કે પ્રતિબંધો માત્ર પ્રક્ષકારોના તથા તેમની રૂઈએ દાવામાં હક સંબંધ રાખનારાઓના ઉપરજ બંધનકારક છે, ત્રાહીત સખસો ઉપર બંધનકારક નથી" ટેલરનો એવીડનસ એવો પા. ૭૪૧ એટલા માટે એ સામાન્ય મત છે કે પક્ષકારને તેણે કરેલો અંગીકાર ભુલ ભરેલો હઆ ખોટોછે એમ સાબીત કરવાને છુટ છે. અને બીજો સખસ તે અંગીકારથી તે પ્રમાણે ચાલવાને અથવા તેની સ્થીતિમાં ફેરફાર કરવાને લલચાયો હોય તે શીવાય પક્ષકારને અંગીકાર કરવાના સબબથી પ્રતિબંધ થતો નથી. ઉપરના મતના સંબંધમાં નીચે મુજબ ઠરાવો છે.

બે પ્રતિવાદીઓએ તેમના ઉપર ત્રીજા સખસે વાદી તરીકે કરેલા દાવામાં તકરાર કરી કે સરતી ગીરોવાળો લેખ હમારા બેમાંના એક જણે બીજાને કરી આપ્યો હતો પાછળથી મજકુર ગીરો રાખનારે મજકુર ગીરો મુકનાર ઉપર કરેલા દાવામાં ઠરાવવામાં આવ્યું કે મજકુર અંગીકારથી ગિરો રાખનારને મજકુર ગિરો ખતની મીલકત બીજાને હસ્તક જતી અટકાવવાને સારૂ નામનુંજ હતું એમ બતાવવાને બાધ નથી. "તકરાર (પ્લીડીંગથી) ધરાએલા પ્રતિબંધ વિશે" પ્રીવીકાઉન્સીલના લાર્ડસએ કહ્યું કે "એ સ્પષ્ટ છે કે બે પ્રતિવાદીઓએ બીજા વાદીના દાવામાં કરેલી તકરાર તેમની પોતાની વચે પ્રતિબંધ તરીકે કદી ગણી શકાય નહી" રામ સારનસંગ વી. મસાગત પ્રાણ પીયારી, મુરસ ઈંડીયન અપીલો. વા. ૧૩—પા. ૫૫૧

પ્રથમના દાવામાં કોઈ દસ્તાવેજ કરી આપ્યાનું કબુલ કર્યું હોય તેથી પાછળના દાવામાં તેના ખરાપણા વિશે તકરાર લેવાને તથા તે ખોટો અને બનાવટી છે એમ સાબીત કરવાને તેને બાધ નડતો નથી તે બાબતના બીજા ફેસલાઃ—૧૯ વુ. રી. પા. ૧૧૮ ૨૦ વું. રી. ૧૧૨. ૨૧ વુ. રી. ૪૨૨. ૨૦ વુ. રી. પા. ૨૨૩

પેહેલો દતક લીધેલો છોકરો જીવતો હતો તે દરમ્યાન બીજા છોકરા (લ) નું દતક લેવું કાયદેસર છે એવી ભૂલ ભરેલી સમજણથી એક સખસે આગળના દાવામાં અને જુદી જુદી રીતે બતાવ્યું હતું કે (લ) (ડ)નો દતક લીધેલો પુત્ર હતો, તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે આથી પ્રતીબંધ થતો નથી. કારણ કે હકીકતની કોઇ પણ બાબત ઉપર ખોટી વાત જાહેર કરવામાં આવી નોહોતી, કેમકે (લ) નેં ખરેખર દતક લીધેલો એ વાત કબુલ થઈ હતી, પણ આવી તરેહનું દતક લેવું કાયદા પ્રમાણે હતું કે નહી તે વીશે ભુલ ભરેલું અનુમાન કર્યુ હતું. ૧૯ વુ. રી. વા. ૧૩

(૩) વાદી જમીનનો ખરો માલીક હતો કે તેની મા તે બાબતની તકરાર હતી. વાદીએ ઘણી વખત કબુલ કર્યું હતું કે મારી મા માલીક છે જમીન પોતાના છોકરા પા-

સેથી વેચાતી લીધીછે એવા હકથી વાદીની માએ ભાડા સારૂ દાવા કર્યા હતા. તેમાં વાદીએ તેના મુખત્યાર તરીકે કામ કર્યું હતું અને તેના નામની સહીઓ કરી હતી. માના વીરૂદ્ધ હુકમનામું થયું તેની બજાવણીમાં જમીન વેચવામાં આવી. જમીન મેં મારી માને ગીરો આપી હતી અને ગીરોના રૂપીયા પતી ગયાછે. માટે તે જમીન મારે કબજે અપાવો. એવો દાવો બાંધ્યો. આ દાવામાં આગળ કરેલી કબુલતો વાદીના વિરૂદ્ધ પુરાવો છે પણ તેથી પ્રતિબંધ થતો નથી. પ. વી. રી. ૨૦૯

જે કબુલત કરવામાં આવી હોય તેનો બધો મજકુર એકઠો લેવો જોઇએ અને તેનો કેટલોક ભાગ કબુલત કરનારના લાભમાં હોય અને પોતાના વિરૂદ્ધ જે કબુલ કર્યું છે તે ખોળી કાઢવું એ હેતુ છે અને તેથી પોતાના વિરૂદ્ધ જે કબુલ કર્યું હોય તે સાચુ છે એમ અનુમાન થાય તોપણ બધી હકીકત ધ્યાનમાં લીધા શિવાય જેટલી વાત કબુલ કરનારના વિરૂદ્ધ છે તેનો ખરો અર્થ સમજાય નહી આ બાબતમાં ૩૯ મી કલમ જુઓ. આ વાત લેખી તેમજ મોઢાની કબુલતને લાગુ પડેછે બધી હકીકત પુરાવામાં લેવી જોઈએ એ વાત ખરી પણ તે હકીકતના બધા ભાગ ઉપર સરખુ વજન રાખવું જોઈએ એમ નથી. જ્યુરી અથવા જડજે નકી કરવું જોઇએ કે કેટલા ભાગ ઉપર વિશ્વાસ રાખી શકાય તેવું છે. ટેલર કૃત પુરાવાનો કાયદો કલમ ૬૫૫-૬૫૬. ૭ વી. રી. સી. રૂ. ૨૯. ૯. વી. રી. સી રૂ. ૨૯૦. ૯ વી. રી. સી. રૂ. ૧૯૦

જો કોઈ સખસ કાંઇ સરત સહીત કબુલત કરે તો તે સરત પણ ધ્યાનમાં લેવી જોઇએ. તે સરત સિવાય તે કબુલત તેના વિરૂદ્ધ પુરાવામાં લેવી જોઇએ નહી.

પુરાવાના આકટના ઠરાવ [redacted] વખતે અથવા અમુક જગ્યાએ કરેલા અંગીકારને લાગુ પડેછે તેમ નથી. તકરારમાં કરેલી કબુલતોને પણ લાગુ પડેછે. ઈંગ્લાંડમાં અને હીંદુસ્તાનમાં પ્લીડીંગના નીયમો જુદા છે ઇંગ્લાંડની કોરટનો નિયમ એવો છે કે જ્યારે તકરાર (પ્લીડીંગ) માં અગત્યની વાત એક પક્ષકાર તરફથી તકરારમાં સારી રીતે દરસાવવામાં આવી હોય અને તે તકરાર વિરૂધ્ધ સામા પક્ષકાર તરફથી કાંઈ પણ બોલવામાં ન આવ્યું હોય તો તે નિરબાધ કબુલ કરવામાં આવીછે એમ ગણાયછે. આ નિયમ હીંદુસ્તાનમાં લાગુ પડેછે તે બાબતોમાં ૯ મુ. ઈ. અપીલ ૨૮૭ મે આણંદભાઇ ચોધરાણીનો ફેસલો જુઓ. તેમજ ૯ વી. રી. સી. રૂ. ૮૩ જુઓ.

ગર્ભિત રીતે જે કબુલતો કરવામાં આવી હોય તે બાબતમાં ૨૩ વી. રી ૨૧૪ જુઓ.

સગીર એજંટ નીમી શકે નહી તેથી સગીરના એજંટે (મુખત્યાર) કરેલી કબુલતો તેને બંધનકારક નથી. પણ સગીરે પોતે કબુલતો કરી હોય તે પોતે પુખ્ત ઉમરનો થયા પછી દાવો લાવે તેમાં તેના વિરૂદ્ધ સાબીત કરી શકાય. ૧૦ મુ. હા. રી. ૩૧૮. કરાર આકટની ૧૧ મી કલમ જુઓ.

વરતણુંક ઉપરથી જે કબુલતો ગણાયછે તે બાબતમાં ૧૪ મુ. ઇ. અપીલ ૬૭ જુઓ. આ બાબતમાં આ કાયદાની કલમ ૮ અને ૧૧૪ તથા તેમ આપેલાં દ્રષ્ટાંતો જુઓ.

જે સખસોને શાહેદ તરીકે બોલાવી શકાતાં નથી તેવા સખશોએ કહેલા કીંવા લખેલા મજકુર બાબત.

જે સખસ મરણ પામ્યો હોય કીંવા મળીશકતો ન હોય તેણે તથા તેવા બીજા સખશે લગતી-હકીકતનો કહેલો કીંવા લખેલો મજકુર કેવે પ્રસંગે લગતી હકીકત છે.

૩૨. જે સખસ મરણ પામ્યો હોય તેણે, કીંવા જે સખસ મળી શકતો ન હોય તેણે, કીંવા ઘણો વખત લાગ્યા શિવાય ઘણો ખરચ કર્યા શિવાય જે સખસને હાજર કરાતો ન હોય અને મુકરદમાની કેફીયત ઉપરથી તેમ કરવું કોરટને વ્યાજબી દેખાતું ન હોય તેણે લગતી હકીકતનો મોહે કહેલો કીંવા લખેલો મજકુર તેજ જાતે નીચેલખેલાં કામમાં લગતી હકીકત છે એમ સમજવું.

તે મજકુર મોતના કારણ વીશે હોય ત્યારે.

(૧) પોતાના મોતના કારણ બાબત કીંવા જે કાર્યના પરીણામમાં પોતાનું મૃત્યુ થયું તે કાર્યની કોઈ પણ બીના બાબત કોઈ સખસે જ્યારે કાંઈ મજકુર કહ્યો હોય અથવા લખ્યો હોય ત્યારે જે કામમાં તેના મરણની તકરાર નીકળી હોય તે કામમાં સદરહુ મજકુર લગતો છે.

જે વખતે સદરહુ મજકુર કહેવામાં કીંવા લખવામાં આવ્યો હોય તે વખતે પોતાનું મરણ આવ્યુંછે એવો તે કહેનાર કીંવા લખનાર સખસના મનમાં ભાસ હોય કીંવા ન હોય તોપણ તથા જે કામમાં તેના મરણ વીશેની તકરાર હોયતે કામ ગમે તે પ્રકારનું હોય તોપણ સદરહુ પરમાણેનો મજકુર લગતો છે.

અથવા કામને પ્રસંગે કહેલો કીંવા લખેલો હોય ત્યારે.

(૨.) સદરહુ મજકુર જ્યારે એવા સખસે હમેશ મુજબને પોતાના કામને પ્રસંગે કહ્યો કીંવા લખ્યો હોય, ત્યારે તથા વિશેષ કરીને પોતાના કામને હમેશ મુજબને પ્રસંગે કીંવા પોતાના ધંધા રોજગારનું કામ ચલાવવામાં રાખેલી ચોપડીમાં કાંઈ નોંધ કીંવા ટીપણ તેણે કરી રાખ્યું હોય તે રૂપે, અથવા પઈશા, કીંવા માલ કીંવા દસ્તાવેજ, કીંવા કોઇપણ જાતની મિલકત પોહોંચ્યાની પોંચ લખી હોય કીંવા તે ઉપર સહી કરી હોય તે રૂપે, અથવા જે દસ્તાવેજનો ઉપયોગ વેપારમાં કરવામાં આવતો હોય ને તે તેણે લખ્યો હોય કીંવા તેના ઉપર સહી કરી હોય તે રૂપે અથવા જે પત્ર કીંવા બીજા કાંઈ દસ્તાવેજ ઉપર તે હમેશ તારીખ નાખતો હોય અથવા લખતો હોય અથવા તે ઉપર સહી કરતો હોય તે પત્ર કીંવા દસ્તાવેજની તારીખને રૂપે; સદરહુ મજકુર હોય, ત્યારે તે લગતો છે.

અથવા કેહેનારના હીત વિરૂધ હોય ત્યારે.

(૩) જે શખશે સદરહુ મજકુર કહ્યો કીંવા લખ્યો હોય તે સખસના પઇશા બાબતના કીંવા માલીકી બાબતના હીત વીરૂધ તે મજકુર હોય ત્યારે તથા જ્યારે કહેલો કીંવા લખેલો મજકુર ખરો હોયતો તેના ઉપર તે ઉપરથી ફોજદારીમાં ફરીઆદ કીંવા નુકશાન બદલનો દાવો ચાલે કીંવા ચાલત એવું હોય ત્યારે સદરહુ મજકુર લગતોછે.

અથવા તેમાં સરવજનીક હક કીંવા રીવાજ કીંવા સામાણ્ય ફાયદા ગેરફાયદા સબંધી અભીપ્રાય આપ્યો હોય ત્યારે

(૪) કાંઈ સારવજનીક હક અથવા રીવાજ અથવા કાંઇ સારવજનીક કીંવા સામાન્ય ફાયદા ગેરફાયદા સબંધીની બાબત હોય તો તે સદરહુ મજકુર કેહેનાર કીંવા લખનાર સખસને માલમ હોય એવો હક અથવા રીવાજ અથવા બાબત છે કે નહી તે વિશેનો તે સખસનો અભીપ્રાય જ્યારે સદરહુ મજકુરમાં આપ્યો હોય ત્યારે તથા સદરહુ હક અથવા રીવાજ અથવા બાબત વિશે તકરાર ઉત્પન થઇ તેના પહેલાં જ્યારે તે મજકુર કહેવામાં કીંવા લખવામાં આવ્યો હોય ત્યારે તે મજકુર લગતો છે.

અથવા સગપણ વિશે હોય ત્યારે

(૫) જ્યારે સદરહુ મજકુર કોઇ શખસો વચે એક લોહીના સબંધનું અથવા લગનના સબંધનું અથવા દતકપણા સબંધનું શું સગપણછે એવિશે હોય અને તે શખશોના સગપણ વીશેની માહીતી હોવાને વીશેષ સાધનો તે મજકુર કેહેનારા કીંવા લખનાર સખસને હતાં એમ હોય ત્યારે તથા તકરારી બાબતની તકરાર ઉતપન થઈ તેની પહેલાં તે મજકુર કહેવામાં કીંવા લખ્યામાં આવ્યો હોય ત્યારે તે મજકુર લગતો છે.

અથવા મરણ પામેલા શખસના મૃત્યુ પત્રમાં કીંવા વખતમાં તે બતાવ્યો હોય ત્યારે

(૬) જ્યારે સદરહુ મજકુર કોઈ મરણ પામેલા શખસોની એકલોહીના સંબંધનુંઅથવા લગનના સબંધનું અથવા દતકપણાના સબંધનું કાંઇસગપણવીશે હોય અને તે મજકૂર જે કુટંબનો તે મરનાર સખસ હતો તે કુટંબના કોઈ કાર્ય સબંધી કાંઇ મૃત્યુપત્ર અથવા લેખ થયો હોય તેમાં અથવાતે કુટુંબની કોઇ વંશાવળીમાં અથવા કોઈ કબરમાં પથરા ઉપર અથવા તે કુટુંબના લોકોની તસબીર ઉપર અથવા જે વસ્તુ ઉપર એવો મજકુર બહુ કરીને બતાવવામાં આવતો હોય તેવી બીજી કોઇ વસ્તુ ઉપર બતાવ્યો હોય ત્યારે તથા તકરારી બાબતની તકરાર ઉતપન થઇ તેના પહેલા તે મજકુર બતાવ્યો હોય ત્યારે તે મજકુર લગતો છે.

અથવા કલમ ૧૩ ની રકમ **અ** માં કહેલા કાર્ય બાબત હોયતો.

(૭) જ્યારે સદરહુ મજકુર કલમ ૧૩ની રકમ (**અ**)માં કહેલાં કાર્ય સબંધી કાંઈ લેખ કીંવા મૃતીયુ પતર કીંવા બીજો દસ્તાવેજ થયો હોય તેમાં લખેલો હોય ત્યારે તે લગતો છે.

અથવા તે ઘણા શખસોએ કહ્યો કીંવા લખ્યો હોય અને તે ઉપરથી તકરારી બાબતને લગતા તેઓના વીચાર માલમ પડતા હોય ત્યારે.

(૮) જ્યારે સદરહુ મજકુર ઘણા શખસોએ કહ્યો કીંવા લખ્યો હોય અને તકરારી બાબતને લાગુ હોય એવા તે સખસોના દીલના કીંવા મનના વીચાર તે ઉપરથી માલમ પડતા હોય ત્યારે તે લગતો છે.

દ્રષ્ટાંત.

(**અ**) તકરાર એવીછે કે **બ** એ **અ** નું ખુન કર્યું છે કે કેમ કીંવા.

જે કાર્યના દરમીઆનમાં **અ** સાથે બળાતકારે સંભોગ કરવામાં આવ્યો હતો તે કાર્યમાં જે ઈજા થઈ તેથી **અ** નું મરણ થયું ત્યારે તકરાર એવી છે કે **અ** ના ઉપર **બ** એ બળાતકાર કર્યો હતો કે કેમ; કીંવા.

તકરાર એવીછે કે **અ** ની વીધવાનો દાવો **બ** ના ઉપર ચાલે એવી રીતે **અ** ને **બ**એ મારી નાખ્યો કે કેમ.

તકરારી ખુન તથા બળાતકાર સંભોગ તથા દાવો ચાલવા લાયક અપકારનું કૃત્ય એ વીશે જે મજકુર **અ** એ પોતાના મોતના કારણ સબંધી કહ્યા હોય કીંવા લખ્યા હોય તે મજકુર લગતી હકીકત છે એમ સમજવું.

(બ) અ નો જન્મ કઈ તારીખે થયો એ વિશે તકરાર છે.

એક મરણ પામેલા શસ્ત્રવઈદે પોતાના કામને પ્રસંગે નીયમ પુરવક રાખેલી રોજનીશીમાં એવી નોંધ રાખીછે કે અમુક તારીખે તે પોતે **અ** ની માને કાંઇ ઉપચાર કરવા ગયો હતો અને ત્યાંહાં તેને છોકરાનો પ્રસવ કરાવ્યો હતો એ હકીકત લગતી છે.

(ક) તકરાર એવી છે કે **અ** અમુક તારીખે કલકતે હતો કે કેમ.

એક મરણ પામેલા સોલીશીટરે પોતાના કામને પ્રસંગે નિયમ પુરવક રાખેલી રોજ-

નીશીમાં એવું લખી મૂક્યું છે કે અમુક કામ બાબત અની જોડે વીચાર કરવાને સારૂ તે પોતે કલકત્તા મધે અમુક દિવસે અમુક ઠેકાણે અને ત્યાં ગયો હતો એ હકીકત લગતી છે.

(ડ) તકરાર એવી છે કે અમુક વહાણ મુંબાઇના બંદરમાંથી અમુક તારીખે હંકારવામાં આવ્યું હતું કે કેમ.

જે વેપારની પેઢીએ તે વહાણ માંડયું હતું તે પેઢીના એક મરણ પામેલા ભાગીઆએ પોતાના લંડનના આડતીઆના ઉપર માલ મોકલ્યો હતો તેને પત્ર લખ્યું હતું તેમાં એવું લખ્યું હતું જે વાહાણ મજકુર અમુક તારીખે મુંબઇ બંદરથી હંકારવામાં આવ્યું હતું એ પત્ર લગતી હકીકત છે.

(ઇ) તકરાર એવી છે કે અમુક જમીનનું ભાડુ અને આપ્યું છે કે કેમ.

પોતે સદરહુ ભાડુ અના તરફથી લીધું છે તથા તે અનો હુકમ આવતા સુધી પોતાની પાસે રાખ્યુ છે એવું અ ના એક મરણ પામેલા ગુમાસ્તાએ લખેલું પત્ર મુકરદમાને લગતી હકીકત છે.

(ફ) તકરાર એવી છે કે અ નું લગન બ સાથે કાયદેસર રીતે થયું છે કે કેમ.

તેઓનું લગન પોતે એવી બીનાઓમાં કરાવ્યું હતું કે તે લગનનો સમારંભ કરવો એ ગુનો થતો હતો એ પ્રમાણેનો એક મરણ પામેલા પાદરીએ કહેલો કીંવા લખેલો મજકુર લગતો છે.

(ગ) અ નામનો એક માણસ મળી શકતો નથી તેણે અમુક તારીખે એક પત્ર લખ્યો છે કે કેમ એ વીશેની તકરાર છે તેણે એક પત્ર લખ્યો હતો તે ઉપર તેજ તારીખ નાખેલી છે એ હકીકત લગતી છે.

(હ) એક વાહાણ ભાગ્યું તેનું કારણ શું એ તકરાર છે.

તંડેલને હાજર કરી શકતો નથી તેણે એક પોટેષ્ટ કર્યો છે તે લગતી હકીકત છે.

(આઇ) તકરાર એવી છે કે અમુક રસ્તો સારવજનિક મારગ છે કે કેમ. રસ્તો સારવજનિક છે એવું ગામના એક મરણ પામેલા મુખીએ કહેલો કીંવા લખેલો મજકુર એ લગતી હકીકત છે.

(જે) અમુક બજારમાં અમુક તારીખે દાણાનો ભાવ શો હતો તેની તકરાર છે પોતાના હમેશના કામને પ્રસંગે એક મરણ પામેલા વાણીઆએ સદરહુ ભાવ બાબત મજકુર કહેલો અથવા લખેલો હોય તે લગતી હકીકત છે.

(કે) અ મરણ પામ્યો છે તે બ નો બાપ હતો કે કેમ એવી તકરાર છે.

બ મારો છોકરો છે એવે' અએ કહેલો કીંવા લખેલો મજકુર લગતી હકીકત છે.

(લ) તકરાર એવી છે કે અના જન્મની તારીખ કઇ છે.

અના મરણ પામેલા બાપે પોતાના સ્નેહીને અ નો જન્મ અમુક તારીખે થયાની ખબરનો પત્ર લખ્યો હોય તે લગતી છે.

(મ) તકરાર એવી છે કે અ તથા બ એઓનું લગન થયું છે કે કેમ તથા તે કયારે થયું છે. એક ટીપણુની ચોપડીમાં બ ના મરણ પામેલા બાપ ક એ એવું લખી મૂકયું છે કે અ સાથે પોતાની છોકરીનું લગન અમુક તારીખે થયું છે એ લગતી હકીકત છે.

(ન) નીંદાનું હાસ્યકારક એક ચીતર દુકાનની એક બારીમાં પ્રસીધ મુકયું છે, તે ચીતરમાં આબરૂ લેવા જેવી વાત બનાવ્યા બદલ **અ** એ **બ** ના ઉપર દાવો કર્યો છે તકરાર એવી છે કે ચીતર મજકુર મળતું આવેછે કે કેમ, તથા તે ચીતરનો પ્રકાર આબરૂ લેવા છે કે કેમ, તમાસગીર લોકોની ઠઠ જામી હતી તેઓએ સદરહુ બાબત જે કાંઇ ટીકા કરી હોય તેની સાબીતી કરી શકાય છે.

ટીકા.—આ કલમ બહુ અગત્યની છે મુખ્ય જુબાની પુરાવો પ્રત્યક્ષ હોવો જોઇએ (જુઓ કલમ ૬૦) પણ કલમમાં કહીછે તેવી હકીકત હોય ત્યારે પ્રત્યક્ષ નહી તેવો પુરાવો દાખલ થઈ શકે છે. સત્ય શુ છે તે ખોળી કાઢવાને માટે ઉલટ તપાસ તથા સોગનની ભીતી છે તે બે આવા પુરાવામાં હોતી નથી તથાપિ જે આઠ અપવાદ કરવામાં આવેલા છે તેમાં જે સરતો દરશાવવામાં આવી છે તે સરતો સોગન અને ઉલટ તપાસની ખામી પુરી પડે છે.

મુખ્ય જુબાની પુરાવો પ્રત્યક્ષ હોવો જોઇએ એ નિયમના આ આઠ પેટા કલમોમાં આપેલા અપવાદ છે.

જે લોકોને સાક્ષી તરીકે બોલાવી શકાય નહી તેવાએ કહેલી હકીકત પુરાવાને લગતી છે તેનો પેહેલો દાખલો મરણ વખતે કહેલી હકીકત છે. ઇંગ્રજી કાયદા પ્રમાણે મરણ સમયે કહેલી હકીકત પુરાવામાં લેવા યોગ્ય ગણાય ત્યાર પેહેલાં અમુક સરતો પળવી જોઇએ, તે એ કે (૧ હકીકત કહેનાર માણસને ખરેખરો મરત્યુનો ભય હોવો જોઇએ. (૨) મૃત્યુનો બાબનું તેને ભાન હોવું જોઇએ; (૩) તે માણસનું મૃત્યુ થવું જોઈએ, લોર્ડચીફ બારનઇયર આવો પુરાવો શા માટે દાખલ કરવો જોઇએ તેનું કારણ આપતાં કહેછે કે "આ હકીકતો આખર વખતની છે કે જે વખતે તે સખસ મરવાની તૈયારીમાં હોયછે, જે વખતે આ સંસારની સઘળી આશા તે મુકે છે, જે વખતે જુઠ્ઠુ બોલવાનો દરેક હેતુ બંધ પડેછે અને સાચુ બોલવાને માટે મનને મોટા મોટા વીચારે વાળેછે. આ સ્થીતી એવી ગંભીર અને ભય યુકત છે કે ન્યાયની કોરટમાં સોગન આપવાથી જે બંધન ઉત્પન કરવામાં આવે છે તેવું આવી સ્થીતીમાં ઉત્પન થાયછે એમ ગણવામાં આવેછે." પણ હાલ તેથી ઉલટો મત ચાલેછે અને ઇંગ્લાંડ અને અમેરિકામાં એવો નિયમ છે કે આવી બનતનો પુરાવો દીવાની કામમાં દાખલ થઇ શકે નહી. અને ફોજદારી કામમાં પણ મનુષ્ય વધનું કામમાં હોય તેમાંજ દાખલ થઇ શકે. પણ આ પુરાવાના કાયદાનું એવું વિધાન છે કે આવી હકીકતો કામનું ગમે તેવું રૂપ હોય તોપણ પુરાવામાં દાખલ થઈ શકેછે અને **(અ)** દષ્ટાંતમાં આનો દાખલો આપવામાં આવેલો છે, બધા દીવાની અને ફોજદારી મુકદમામાં આવો પુરાવો કોઈ પણ ભેદ રાખ્યા વગર દાખલ થઇ શકે છે તેમ નથી, પણ જે માણસે હકીકત કહી હોય તે માણસનું મૃત્યુ શાથી થયું તે બાબતનો પ્રશ્ન હોય તેમાં તે દાખલ થઇ શકેછે, અને વળી આવી હકીકત પુરાવાને લગતી ગણાય તેટલા માટે, તે સખસના મૃત્યુના કારણના સંબંધમાં અગર જે કાર્યમાં તેનું મૃત્યુ થયું હોય તેની કેટલીક હકીકતના સંબંધમાં હોવી જોઈએ.

વળી આ કાયદા પ્રમાણે હકીકત કહેનાર સખસને ખરેખરો મૃત્યુનો ભય હોવો જોઈએ એમ નથી તેવો ભય તેને હોય અગર ન હોય તોપણ તેવી હકીકત પુરાવામાં દાખલ

થઈ શકે છે; પણ તેને વજન કેટલું આપવું જોઈએ તેની તુલના કરતાં એ બીના ધ્યાનમાં રાખવી જોઈએ આવી હકીકત કહેનાર સખસ મરણ પામેલો હોવો જોઇએ. અને તે બાબતના પુરાવાથી સાબીત થવી જોઈએ, તે સાબીત કરવાનો બોજો જે સખસ તે હકીકત દાખલ કરાવવા માગતો હોય તેને માથે છે.

મરનાર માણસની જુબાની ક્યારે સાબેત કરવાની જરૂર છે તે બાબતમાં (૧૧ મુ. હા. રી. ૨૪૭ જુઓ.

ધંધાના સાધારણ કામમાં લગતી બાબતોની જે લેખી અથવા મુખ જુબાની હકીકતો પુરાવામાં દાખલ કરવા યોગ્ય છે. આવી હકીકતો પુરાવામાં દાખલ કરવાના કરતાં મુખ્યત્વે કરીને આ છેઃ—ખરાબ હેતુનો વેહેમ ન હોય તો ધંધાના સાધારણ કામમાં જે નોંધો કરવામાં આવી હોય તે ખરી માનવી જોઇએ કેમકે જોડી કાઢતાં મહેનત પડે તેમ છે તેથી જુઠ્ઠુ લખવા કરતાં સાચુ લખવું સેહેલું છે; એક બીજાને પુષ્ટી આપતી કેટલીએક બીનાની સાંકળમાં આવી નોંધો આંકડારૂપ થઈ પડે છે; જુઠી નોંધ કરે તો શેઠના આગળ કારકુનોની ગેરઆબરૂ થાય; વળી ધંધાના કામમાં જે નોંધ કરવામાં આવી હોય તે ઘણા લોકોના તપાસવામાં આવે છે તેથી તેમાં ભુલ હોય તો તે તરત પકડાઈ આવે, અને તેમાં કહેલી બીના થોડાકને માલમ હોવાથી પુરાવના સખત નિયમમાં કાંઈ છુટ રાખવાથી વધારે સગવડ થાય.

ઈંગ્રેજી કાયદા પ્રમાણે જે બાબતની નોંધ હોય તે બાબત અને તેની નોંધ સમકાળીક હોવી જોઇએ; નહી તો તે પુરાવામાં દાખલ કરવા લાયક ગણાતી નથી.

આ પુરાવાના કાયદા પ્રમાણે આવી જાતનો પુરાવો દાખલ કરવામાં આવા પ્રતિબંધ નથી; પણ તેના ઉપર કેટલું વજન રાખવું જોઇએ તેનો આધાર તે નોંધ સમકાળીક છે કે નહિ તે ઉપર છે. આવી નોંધ દાખલ થાય ત્યાર પેહેલા તે કરનાર માણસ મરી ગયો છે અગર કલમમાં લખેલી બીજી હકીકત તેને લાગે થઇ છે તેની સાબીતી આપવી જોઇએ.

હીત વિરૂદ્ધની નોંધો અગર હકીકતો પુરાવામાં દાખલ કરવાનું કારણ એ છે કે કોઇ પણ સખસ પોતાના હીત વિરૂદ્ધ બોલે અથવા કરે એ ઘણું અસંભવિત છે. જો આવી નોંધો તેના કરનાર સખસના હાથ દસ્કતની હોય તો અસલનો પુરાવો નીયમ પ્રમાણે આપવો જોઇએ.

મુડી અથવા વ્યાજનો કાંઇ ભાગ આપ્યો હોય તો પછી મુદતનો કેવી રીતે ફાયદો મળે છે તે બાબતમાં સન ૧૮૭૭ ના ૧૫ મા આકટની કલમ ૨૦ જુઓ.

હીત ચાર પ્રકારનાં છેઃ—(૧) ધન સંબંધી. (૨) માલકી હક સંબંધી. (૩) ફોજદારી કામમાંથી બચી જવાનું (૪) નુકશાનીના દાવામાંથી બચીજવાનું.

અમુક જાહેર હક અગર રીવાજ અથવા જાહેર અગર સાધારણ રીતના અસ્તિત્વવીશે અમુક સખસોના અભિપ્રાય જેમાં આપેલાછે તે વિશે ચોથી કલમમાંછે જે કારણ ઉપરથી આવી હકીકતો દાખલ કરવામાં આવેછે તે ટેલર સાહેબ નીચે પ્રમાણે આપેછે જે હક ઉપર દાવો રાખવામાં આવતો હોય તે સાધારણ રીતે એટલા પ્રાચીન હોયછે અને તે હકો પણ એટલા અનિશ્ચિત અગર સાધારણ હોય છે કે તેમના અસ્તિત્વ અને રૂપનો પ્રત્યક્ષ પુરાવો ભાગ્યેજ મળી શકે અને તે માગવો જોઈએ નહી. જે બાબતમાં આખી મંડળીનું હીત છે તેમાં સરવને જાણ

હોવી જોઇએ કેમકે સાધારણ હક વિશે લોકોમાં સ્વભાવીક રીતે ચરચા ચાલે છે અને આવા હકના રૂપ ઉપરથી અમુક સખસનું તે બાબતમાં વિરૂધ અથવા અનુકુળ વલણ થવાનો સંભવ નથી તેથી વાતચીતમાં તે વીશે જે બોલવામાં આવે તે ખરૂં છે એમ અનુમાન કરવું જોઇએ લોકોનું સાધારણ હીત છે તેથી જો તે ખોટી વાત સાબીત થાય તો બીજા તુરત તેના વિરૂદ્ધ બોલ્યા વગર રહે નહી. જે લોકોનો એક બીજા સાથે સંબંધ નથી અને જેઓ સત્ય ખોળવાને સરખા ઇન્તેજારછે તેવા સખસોનો એકમત થયા શીવાય અમુક બાબતનું અસ્તિત્વ સાધારણ રીતે ભાગ્યેજ મનાય. આવા એકમતથી સત્યનો અનુમાનિક પુરાવો મળી આવેછે. ઈત્યાદિ. સારવજનિક અને સામાયીક એ બે શબ્દોમાં ઇંગ્રેજી કાયદા પ્રમાણે તફાવતછે "સાર્વજનિક"એ રાજ્યના દરેક સખસને લાગુ પડે છે અને "સામાયિક" એ શબ્દ અમુક મંડળીના ઘણા સખસોને લાગુ પડે છે પણ તમામને નહી.

આવી હકીકત પુરાવામાં દાખલ કરવા લાયક ગણી શકાય તેટલા સારૂ તે હક બાબતની કોઇ પણ તકરાર ઉત્પન્ન થતાં પેહેલી તે કરવામાં આવવી જોઇએ જ્યાં સુધી તકરાર ઉત્પન્ન થઇ ન હોય ત્યાં સુધી કોઇ પણ સખસને અમુક તરફથી બોહોળી સત્યને મચડવાને લાલચ અથવા વળણ થતાં નથી. જો આગળની તકરાર બીજા પક્ષકારો વચ્ચે હોય તો અગર બીજી મીલકત અગર બીજા હકના સંબંધમાં હોય તો આવો પુરાવો કરવો જોઇએ.

પાંચમી કલમમાં હયાત અગર મરણ પામેલા લોકોની સગાઈની હયાતી વીશેની હકીકત બાબતછે. હકીકત કહેનાર સખસને તે બાબતની માહીતી હોવાનાં ખાસ સાધન હોવાં જોઇએ ૬ ઠી કલમમાં જે સખસો મરણ પામેલાછે તેમની વચેની સગાઇ બાબતની છે. તે હકીકત જેણે કહી હોય તેને જાણવાને ખાસ સાધન હોવાં જોઈએ એમ નથી પણ તે વીલમાં, ખતમાં, વંશાવળીમાં, કબર ઉપરના લેખમાં અગર કુટુંબની છબીઓમાં આવવી જોઈએ, પણ આવી હકીકતો તકરાર ઉત્પન્ન થતા પેહેલાં કહેવામાં આવી હોય તો પુરાવામાં લઇ શકાયછે. કબર લેખ વિગરે નકલોથી સાબીત કરી શકાય છે. ૬૫ મી કલમ જુઓ.

૧૩ મી કલમની (અ) રકમ જે કાર્ય વીશે કહેવામાં આવ્યું છે તેને લગતી હકીકતો વીલ અગર બીજા દસ્તાવેજોમાં આવી હોય તે બાબતની છે. "હક" એ શબ્દમાં સારવજનિક તેમજ ખાનગી હકનો સમાસ થાય છે.

પેસ્તરના ઇનસાફી કામમાંનો પુરાવો ક્યારે લગતો હોય.

૩૩. એકાદ ઇનસાફી કામમાં કીંવા જે શખસને પુરાવો લેવાનો કાયદા પ્રમાણે અધિકાર હોય તે સખસની રૂબરૂ કોઇ સાહેદે સાહેદી આપી હોય તે સાહેદીમાં લખેલી હકીકત ખરી છે કે કેમ, તે વાત પાછળથી બીજુ કોઈ ઇનસાફી કામ ચાલ્યું હોય તેમાં કીંવા સદરહુ પ્રથમ ચાલેલા કામના પાછલા ભાગમાં શાબીત કરવાને સારૂ સદરહુ પ્રથમ આપેલી સાહેદી લગતીછે; તે એવે પ્રસંગે કે જ્યારે સાહેદ મજકુર મરણ પામ્યો હોય કીંવા મળી નહિ શકતો હોય, કીંવા સાહેદી આપવાને અશક્ત હોય, કીંવા સામા પક્ષકારે તેને દુર રાખ્યો હોય, કીંવા ઘણો વખત લાગ્યા શિવાય કીંવા ઘણો ખરચ કર્યા શિવાય તે શખસને હાજર કરી શકાતો નહિ હોય, અને મુકદમાની કેફીયત ઉપરથી તેમ કરવું કોરટને વ્યાજબી દેખાતું ન હોય ત્યારે.

પરંતુ કામ મજકુર તેજ પક્ષકારો કીંવા હક સંબંધીના તેમના પ્રતિનીધિઓ વચ્ચે

ચાલેલું હોવું જોઇએ.

તથા ઉલટ તંપાસણી કરવાનો હક તથા સંધી પ્રથમના કામમાં સામા પક્ષકારને મળેલાં હોવાં જોઇએ.

તથા પ્રથમના કામમાં તથા પાછલા બીજા કામમાં તકરારી મુદ્દા મુખ્ય વાતે એકજ હોવાં જોઇએ.

ખુલાસો.—ફોજદારી કામની તજવીજ કીંવા ચોકશી એ ફરિઆદી તથા તોહોમતવાળા વચેનું કામ છે એવો આ કલમનો અર્થ છે એમ સમજવું.

વીશેશ ઠરાવ (૧)

ટીકા.—દીવાની અને ફોજદારી કામમાં સાધારણ નીયમ એવો છે કે સાક્ષીઓની જુબાની પક્ષકારો અગર તેમના વકીલોની રૂબરૂ લેવા જોઈએ. આ નિયમને કેટલાક અપવાદ છે અને કેટલાંક કારણસર પક્ષકારની રૂબરૂ પુરાવો ન લીધો હોય તે પણ દાખલ થઇ શકે છે. આ કલમ ભાગ્યેજ અપવાદ ગણી શકાય કેમકે જે પુરાવો દાખલ કરવાનો યત્ન કરવામાં આવેછે તે પુરાવો આગલા કામમાં લેવાયલો હોવો જોઇએ અને તે કામમાં સામો પક્ષકાર જો તેની મરજી હોત તો હાજર થઈ શકત. પુરાવો દાખલ થઈ શકે તેટલા માટે તે સોગન ઉપર લેવાયલો હોવો જોઇએ. (૨) તે પુરાવો ન્યાયી કામમાં અગર કાયદા પ્રમાણે જેને અખત્યાર છે તેવા સખસે લીધેલો હોવો જોઈએ, (૩) જે સાક્ષીનો પુરાવો દાખલ કરવાની કોસીસછે તે મરી ગયેલો ઈત્યાદી બતાવવું જોઇએ. જો માજીસ્રેટ અથવા જડજને હકુમત ન હોય તો તે અધીકારવાળો ગણાય નહી.

આ બાબતમાં ૨૧ વી. રી. ક્રી. રૂ. ૫૬ ૨૩ વી. રી. ૩૪૩. ૨૨. વી. રી. ક્રી. રૂ. ૩૬ ૨૪ વી. રી. ક્રી. રૂ. ૧૯ જુઓ.

આ કલમ દીવાની તેમજ ફોજદારી કામને લાગુ પડેછે. વળી ૧૦૭ અને ૧૦૮ કલમો પણ જોવી. × × × × × × × × × × + × × × ×

ટીકા.—પેહેલો વીશેષ ઠરાવ બતાવે છે કે પ્રથમનું કામ જેમાં સાહેદી મુળ આપવામાં આવી હોય તે તેજ પક્ષકારો કીંવા હક સંબંધના પ્રતિનીધિઓ વચે ચાલેલું હોવું જોઇએ. હક સંબંધીના પ્રતિનીધિઓ વીશે નીચેના ઠરાવો વાંચો. ૧૫ બે. લો. રી. ૫

હુકમનામાની બજાવણીના વેચાણની રૂઇએ દાવો રાખનાર સખસ તથા સાધારણ ખતની રૂઇએ દાવો રાખનાર સખસ સરખા હક સંબંધીના પ્રતિનીધિઓ છે. રાજા ઈશ્વર બે. લો. રી. ૭૪.

બીજા વીશેશ ઠરાવમાં એવું વિધાન છે કે તે કામના સામા પક્ષકારને ઉલટ તપાસ કરવાનો હક અને લાગ મળવો જોઈએ. જો સામા પક્ષકારને ઉલટ તપાસ કરવાનો હક અને લાગ હોય પણ તે ઉલટ તપાસ કરે નહી તેથી તે પુરાવાને દાખલ કરવામાં કાંઈ બાધ આવતો નથી. ૨૦ વી. રી. ક્રી. રૂ. ૬૯.

ત્રીજો વિશેષ ઠરાવનું એવું વિધાન છે મુદ્દાની તકરારો પેહેલાં તેમજ બીજા કામમાં તે વાસ્તવીક રીતે તેની તેજ હોવી જોઇએ.

આ વિષયના સબંધમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૨૪૯ મી કલ-

મ જુઓ. માજીસ્ત્રેટ આગળ જે જુબાની આપી હોય તેથી વિરૂધ હકીકત સેશન-કોરટ રૂબરૂ સાક્ષીદાર બોલે ત્યારે આ કલમ પ્રમાણે અમલ કરવાનો છે. ૨૪ વી. રી. ફી. રૂ. ૧૧ પણ આ પ્રમાણે પુરાવો દખલ કરવામાં આવે ત્યાર પેહેલાં તે યોગ્ય રીતે તોહમતદારની હાજરીમાં કમીટીંગ માજીસ્ત્રેટે લીધી છે એમ જણાવવું જોઈએ. ૨૧ વી. રી. ફી. રૂ. ૫ સાક્ષી આપવા સારૂ બોલાવ્યા વગર સીવીલ સરજનની જુબાની માજીસ્ત્રેટે લીધી હોય તે સેશન કોરટમાં પુરાવામાં આપી શકાય છે. તોહમતદારની રૂબરૂ નહી લીધેલી હોય અને તેને જેમાં ઉલટ તપાસ કરવાનો લાગ નહી મળેલો હોય તોપણ કેટલોક પુરાવો તેના વિરૂધ દાખલ કરવામાં આવે છે. (૧) કેમીકલ એક ઝામીટરનો રીપોર્ટ; (૨) જ્યારે તોહમતદાર નાસતો ફરતો હોય અને તેની યોગ્ય શોધ કર્યા પછી હાથમાં ન આવે તો, તે તોહમતદારના ઉપર ગુનાહની તજવીજ કરવાને અગર તેને કમીટ કરવાને જે કોરટને અખત્યાર હોય તે કોરટ માહીતગાર સખસોની જુબાનીઓ તોહમતદારની ગેરહાજરીમાં લે, અને જ્યારે તોહમતદાર પકડાય ત્યારે જો તે સાક્ષીઓ હાજર થઇ શકે તેવું ન હોય તો, તેમની જુબાની તોહમતદારની તજવીજ થતાં પુરાવામાં દાખલ કરે.

ગેરહાજર સાક્ષીદારોની જુબાની કમીસનથી લેવાને માટે દીવાની કાયદા. ૩૮૩. ૩૯૧ કલમો જુઓ. અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૩૦ આ બાબત સારૂ જુઓ.

વિશેષ પ્રસંગે કહેલો કીંવા લખેલો મજકુર.

હીસાબની ચોપડીઓમાંની નોંધ ક્યારે લગતી હોયછે તો, તે લગતી છે,

૩૪. કામને પ્રસંગે નિયમ પુરવક રાખેલી હીસાબની ચોપડીઓમાં કરેલી નોંધ જે બાબત વિશે કોરટને ચોકશી કરવાની હોય તે સંબંધી હોય પરંતુ માત્ર સદરહુ મજકુર એકલો કોઇ શખસ ઉપર જવાબદારી નાખવાને સારૂ પુરતો પુરાવો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંતો.

(અ) એ બ ના ઉપર એક હજાર રૂપીઆનો દાવો કર્યો છે, તથા એ રકમ બ પાસેથી પોતાની લેણી છે એવું બતાવવા સારૂ પોતાના હીસાબની ચોપડીઓમાંથી રકમો બતાવે છે; એ રકમો લગતી છે; પરંતુ કરજ મજકુર શાબીતી કરવાને સારૂ બીજો પુરાવો ન હોય તો તે બસ નથી.

ટીકા—કોઈ પણ સખસને જુવાબદાર ઠરાવા સારૂ હીસાબના ચોપડામાં કરેલી નોંધો એકજ બસ નથી એ નિયમ રોમતલોને અનુસરતો છે. આ બાબતમાં ૫ મુ. અપીલ ૪૩૨, ૫ વી. રી. ૨૪૨ જુઓ. જુના કાયદા પ્રમાણે ચોપડામાંની નોંધો પુરાવાની પુષ્ટીમાં દાખલ કરવા યોગ્ય ગણાતી હતી, નવા કાયદા પ્રમાણે ચોપડામાંની નોંધ કોઇ પણ સખસને માથે જુવાબદારી ઠરાવવા સારૂ તે એકલીજ બસ નથી, પણ તેની પુષ્ટીમાં બીજો પુરાવો આવવો જોઇએ. (૨૨. વી. રી. ૫૪૯).

હીસાબના ચોપડામાં કરેલી નોંધોની સચાઈ વિશેનું જેને જાત માહીતી છે તે સખસે લખી ન હોય અથવા તેના કહેવાથી લખવામાં આવી ન હોય તો પણ આ કલમ પ્રમાણે ચોપડા પુરાવામાં દાખલ કરવા યોગ્ય છે. ઈ. લો. રી. ૧ મું. ૬૧૧

એક બેજ રકમો ફકત સાબીત કરવાની હોય ત્યારે પણ આખો ચોપડો દાખલ કરવાનો સાધારણ રીવાજ છે અને તેથી અપીલ કોરટમાં કામ મોકલતાં ઘણી સગવડ પડેછે. માટે જો હીસાબના ચોપડામાં આવેલી રકમ ઉપર વાદી આધાર રાખતો હોય તેણે શું કરવું તે બાબતમાં દીવાની કાયદાની કલમ ૬૨ તથા ૧૪૧ જુઓ. પણ અમુક નોંધો શીવાય વિશેષ હકીકત પુરાવા દાખલ કરવાની ઈછા હોય તો, પુરાવાના આકટની ૬૫ મી કલગની ૨ જી રકમ અને દીવાની કાયદાની ૩૯૪ અને ૩૯૫ કલમોનો લાભ લેવો જોઇએ.

જે કામ કરવાનુ કાયદામાં ફરમાવવામાં આવ્યું હોય તે કામ કરવાને પ્રસંગે સરકારી દફતરમાં જે નોંધ કરીહોયતે ક્યારે લગતીસમજવી.

૩૫. તકરારી કીંવા લગતી હકીકત જેમાં બતાવેલી હોય એવી નોંધ કોઇ પણ સારવજનીક કીંવા બીજી સરકારી ચોપડીમાં કીંવા રજીષ્ટરમાં કીંવા દફતરમાં હોય અને તે નોંધ કોઇ સરકારી નોકરે પોતાનું સરકારી કામ કરવાને પ્રસંગે કરી હોય કીંવા જે દેશમાં સદરહુ ચોપડી કીંવા રજીષ્ટર કીંવા દફતર રાખવામાં આવ્યું હોય તે દેશના કાયદામાં જે કામ કરવાનું વીશેષ કરીને ફરમાવ્યું હોય તે કામ કરવાને પ્રસંગે હરકોઈ બીજા સખસે કરેલી હોય તો તે નોંધ સવતઃ લગતી હકીકતછે એમ સમજવું.

ટીકા.—આ વિષય ઉપર ઇંગ્રેજી કાયદો છે તેને આ કલમ અનુસરે છે. તથા તેનો કાંઇક વિસ્તાર પણ કરેછે. ચોપડી રજીષ્ટર અથવા દફતર ઝાહેર અથવા સરકારી હોવું જોઈએ. આ શબ્દોની વ્યાખ્યા આંકટમાં નથી. પણ તેનો અર્થ શો છે તે સમજવા સારૂ પાછળની ૭૪ મી કલમ જુઓ. વળી આવી નોંધ સરકારી નોકરે પોતાના હોદાની ફરજ બજાવતાં કરેલી હોવી જોઇએ અગર જે દેશમાં આવી ચોપડી, રજીષ્ટર અથવા દફતર રાખવામાં આવે છે તે દેશના કાયદા પ્રમાણે ખાસ રીતે તે ફરજ બજાવવાનું જેનું કામ છે તેવા સખસે તે કરેલી હોવી જોઈએ આ આકટમાં "પબ્લીક સર્વન્ટ (સરકારી નોકર)ની વ્યાખ્યા નથી. પણ પીનલકોડની ૨૧ મી કલમ જુઓ.

ઉપલી કલમમાં સમાસ થઇ જાય તેવી ચોપડીઓ, રજીષ્ટરો અને દફતરો નીચે પ્રમાણે છે. લોગબુકસ (સન ૧૮૫૯ ના ૧ લા આકટની ૧૦૩, ૧૦૮ કલમો અને મર્ચન્ટ શીપીંગ આકટની ૨૮૦, ૨૮૫ કલમો) લગ્નનાં પત્રકો (રજીષ્ટરો.) રેઝ સન ૧૮૮૨ના ૧૫મા આકટની ૨૮, ૩૨, અને ૫૪ મી કલમો અને ૩, અને ૪ પરીશીષ્ટો, સન ૧૮૬૫ ના ૧૫ આકટની કલમ ૬ અને પરીશીષ્ટ, અને સન ૧૮૭૨ નો ૩ આકટ સન ૧૮૭૭ ના ૩ આકટના ૧૧મા ભાગ પ્રમાણે રાખવાનાં રજીષ્ટરો; સન ૧૮૬૭ના ૨૫ મા આકટ પ્રમાણે રાખવાનાં રજીષ્ટરો; સન ૧૮૪૭ ના ૨૦ મા આકટ પ્રમાણેનાં, સન ૧૮૫૯ ના ૧૫ મા આકટની ૧૧ મી કલમ પ્રમાણેનાં, ઈત્યાદી.

જે સરકારી નોકરોએ પોતાની ફરજ બજાવતાં તજવીજ કરી તેનો રીપોર્ટ પોતાના ઉપરી અધીકારીઓને કર્યો હોય તે ઘણી વખત પુરાવામાં આપવામાં આવેછે. આ બાબતમાં રાજા મુતુરામ લીંગસેનપતીનો કેસ જુઓ. (લો. રી. ઇ. અ. ૨૩૯) તથા ૨૨ વી. રી. ૨૩૨ માં રાજા લીલાનંદસિંહનો ફેંસલો જુઓ.

નકસાના પલાન એ ક્યારે લગતાછે

૩૬. પ્રસીદ્ધ કરેલા દેશના નકશા કીંવા ચારટ સરવે લોકોને વેચવા સારૂ બહુ કરીને રાખવામાં આવતા હોય તેમાં, અથવા સરકારના

હુકમથી દેશના જે નકશા કીંવા પલાન કરવામાં આવ્યા હોય, તેમાં એવા દેશના નકશામાં કીંવા ચારટમાં કીંવા પલાનમાં જે બાબતો ઘણું કરીને હમેશ દરસાવવામાં કીંવા લખવામાં આવતી હોય તે બાબતો સંબંધીનો, કોઇ તકરારી કીંવા લગતી હકીકતનો મજકુર બતાવ્યો હોય. તે મજકુર સવતઃ લગતી હકીકત છે.

ટીકા.—આ કલમમાં બે જાતના નકશા અને ચાર્ટ વીશે કહેવામાં આવેલું છે. (૧) પ્રસિદ્ધ કરેલા નકશા અને ચાર્ટ જે ઝાહેર રીતે લોકોમાં વેચાતા હોય તે; (૨) જે નકશા અને પ્લાનો સરકારના હુકમથી કરેલા હોય તે; જે કારણથી જડજ કોશ અગર બીજા પુસ્તકો જોઈ શકેછે તેજ કારણથી પેહેલી જાતના નકશા અને ચાર્ટ પુરાવામાં દાખલ કરવામાં આવેલાછે.

બીજી જાતના નકશા વિગેરેમાં ત્રીગનોમેટ્રીકલ સરેહના નકશા જે ઇંડિઆ સરકારના હુકમથી કરવામાં આવેલાછે તે, સરવેને લગતા નકશા અને કાગળો પુરાવા દાખલ થઇ શકે અને તેનું શું પરિણામ થાસ તે બાબતમાં ૮ વી. રી. સી. રૂ. ૧૬૭ જુઓ. ચીનાગોંગ પ્રગણામાં સરકારી માપણીના ચીટા પુરાવામાં દાખલ કરવા યોગ્ય ગણાય છે (૧૦ વી. રી. ૩૪૦) તેમજ ૧૦ વી. રી. ૪૪૩ જુઓ. નીચેના કામોમાં સરકારી માપણીના ચીટા દાખલ કરવામાં આવ્યા હતા. ૨૪ વી. રી. ૧૯૨ ૨૪. વીરી. ૪૧૦.

માપણીના નકશા અને પ્રોસીડીંગની પુરાવામાં કેટલી કીમત છે તે બાબતના ઘણા ફેંસલા થએલાછે પણ તે બધા એક સરખા નથી. ૧. વી. રી. સી. રૂ. ૩૩૩માં એમ ઠર્યું હતું કે માપણીનું પ્રોસીડીંગ હક બાબતનો અનિબાધ્ય પુરાવો નથી. તેજ મતલબનો ફેંસલો ૧૨ વી. રી. ૧૮૦માંછે. પણ માપણીના નકશા અને પ્રોશીડીંગ કબજા બાબતનો સારો પુરાવોછે અને આ રીતે તે હકનો પુરાવો થઇ શકેછે. પણ તે પુરાવો અનિબાધ્ય ગણાતો નથી. ૨. વી. રી. સી. રૂ. ૧૦. ૧૦ વી. રી ૩૪૩ ૨૩ વીં, રી. ૨૭ ૨૪ વી. રી. ૩૧૭ ૧૯ વી. રી. ૨૦૨ પાને રામનારાયણદાસના કામમાં માર્કબી જસ્ટીસે આવા દસ્તાવેજોની પુષ્ટી બીજા મુબથી ઉત્પન્ન થતો પુરાવો જોઇએ કે નહી તે બાબતનો ઠરાવ કર્યો નહી.

આ કલમના સંબંધમાં ૮૭ અને ૯૦મી કલમોમાં જે અનુમાન બાંધવાનાંછે તે જુઓ.

સારવજનીક પરકારની હકકીકત બાબત કોઇ આકટમાં અથવા સરકારી જાહેર નામામાં મજકુર લખ્યો હોય તે લગતો છે.

૩૭. સારવજનિક પરકારની કોઇ હકીકત બની છે કે નહીં એ બાબત જયારે કોરટને અભીપ્રાય બાંધવાનો હોય, ત્યારે પારલામેંટના કીંવા હીંદુસ્તાનના ગવરનર જનરલ ઇન કાઉનસીલના કીંવા મદ્રાસના કીંવા મુંબઈના ગવરનર ઈનકાઉસીલના કીંવા બંગાળાના લેફટેનંટ ગવરનર ઈનકાઉનસીલના કોઈ પણ આકટ માહેના કીંવા ગેજેટ ઈંડિયામાં છાપેલા કીંવા કોઈ પણ સ્થાનીક સરકારના ગેજેટમાં છાપેલા કીંવા કોઇ છાપેલો પત્ર લંડન ગેજેટછે કીંવા રાણીના વસાવેલા મુલકનું કીંવા રાણીના કબજામાં આવેલા દેશનું સરકારી ગેજેટછે એવું તે છાપેલા પત્ર ઉપરથી સમજાય તેવા છાપેલા પત્રમાં છાપેલા સરકારનાં જાહેરનામા માંહેના કોઇ ઉદ્દેશરૂપી લખાણમાં સદરહુ સારવજનીક પ્રકારની હકીકત બન્યાનો કીંવા ન બન્યાનો જે કાંઇ મજકુર લખેલો હોય તે મજકુર લગતી હકીકતછે.

ટીકા.-જે બાબતની હયાતી વીશે કોરટને અભિપ્રાય બાંધવાનોછે તે જાહેર પ્રકારની હોવી

જોઇએ. આ કલમના સબંધમાં ૫૭, ૭૮ અને ૮૭ મી કલમો જુઓ.

પંત્યાળુ ટુટયાની નોટીસ ગેજીટમાં નોટીસ હોય તો તે ગેજીટ જે સખસોની એ દુકાન સાથે આગળ લેવડદેવડ નહોતી તેઓ વિરૂધ બીજી સાબીતી વગર પુરાવામાં દાખલ કરી શકાય છે. પણ જેઓને દુકાન સાથે લેવડદેવડ છે તેઓને આ નોટીસની માહીતી છે એમ ખાત્રી પુર્વક સાબીત કરી આપવું જોઇએ અગર સરકયુલરથી અથવા બીજી રીતે ખાસ નોટીસ આપવામાં આવી છે એવી સાબીતો આપવી જોઇએ. પણ કરાર આકટની ૨૬૪ મી કલમ જુઓ.

કાયદાની ચોપડીમાં લખેલો મજકુર.

૩૮. કોઇ દેશના કોઈ કાયદા બાબત જયારે કોરટને અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે સદરહુ દેશની સરકારના હુકમથી અમુક ચોપડી છપાઇ છે કીંવા પ્રસીદ્ધ થઈ છે. તથા તેમાં સદરહુ કાયદા લખેલા છે. એવું તે ચોપડી ઉપરથી સમજાય તેવી ચોપડીમાં લખેલો સદરહુ કાયદાનો મજકુર, તથા સદરહુ દેશની કોરટોએ કરેલા ઠરાવ કોઈ ચોપડીમાં આપ્યા છે એવું જે ચોપડી ઉપરથી સમજાય તે ચોપડીમાં આપેલા ઠરાવ એ બેઉ લગતા છે.

કહેલા કીંવા લખેલા મજકુરનો કેટલો ભાગ સાબીત કરવો જોઇએ.

કહેલો કીંવા લખેલો મજકુર વાતચીતનો કીંવા દસ્તાવેજનો કીંવા ચોપડીનો કીંવા અનુક્રમે રાખેલા પત્રો કીંવા કાગળોનો ભાગ હોય તો કયો પુરાવો આપવો જોઇએ.

૩૯. જે મજકુરનો પુરાવો આપવામાં આવતો હોય તેવો હરકોઇ મજકુર જયારે તે મજકુર કરતાં લાંબા બીજા કોઈ મજકુરનો કીંવા કોઇ વાત ચીતના કીંવા કોઈ છુટા દસ્તાવેજનો ભાગ હોય ત્યારે અથવા જયારે સદરહુ મજકુરજ દસ્તાવેજ કોઇ ચોપડીનો કીંવા સબંધવાળા અનુક્રમે રાખેલા પત્રો કીંવા કાગળોનો ભાગ હોય તે દસ્તાવેજમાં લખ્યો હોય ત્યારે તે મજકુરનો પ્રકાર તથા તે ઉપરથી થતું પરીણામ તથા જે બીના ઉપરથી તે કહેવામાં કીંવા લખવામાં આવ્યો હોય, તે બીના પુરતી રીતે સમજવાને સારૂ સદરહુ લાંબા મજકુરના કીંવા વાતચીતના કીંવા દસ્તાવેજના કીંવા ચોપડીના કીંવા અનુક્રમે રાખેલા કાગળો અથવા પત્રોના જેટલા ભાગની તે અમુક કામમાં કોરટને જરૂર લાગે તેટલા ભાગનો પુરાવો આપવો; જાસ્તી ભાગનો પુરાવો આપવો નહી.

ઇનસાફી કોરટોના ફેંસલા કયારે લગતા સમજવા તે બાબત.

બીજી વખત દાવો થતો અથવા તજવીજ ચાલતી અટકાવવાને સારૂ પેસ્તરનો ફેંસલો લગતી હકીકત છે.

૪૦ કોઈ કોરટે કોઈ એક દાવાની ફરીયાદી સાંભળવી કે નહી; કીંવા કોઈ એક તજવીજ ચલાવવી કે નહી, એવી જયારે તકરાર હોય ત્યારે જે ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામું થયાના કારણને લીધે સદરહુ ફરીઆદી સાંભળવાને કીંવા સદરહુ તજવીજ ચલાવવાને કાયદાથી કોરટને અટકાવ પોંહોચતો હોય, તે ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામું થયું છે; એ વાત લગતી હકીકત છે.

ટીકા.—આવા સંબંધમાં દીવાની કામ ચલાવવાના કાયદાની ૧૩ મી કલમ અને ૪૩ મી કલમ જુઓ.

પ્રોબેટ વીગેરે સબંધીના અધીકારથી કીધેલા ફેંસલા.

૪૧. કોઇ કાયદેસર સબંધ કોઇ સખસને છે કીંવા નથી, અથવા કોઇ સખસનો કોઇ અમુક વસ્તુ ઉપર હકછે કીંવા નથી, એ વાત જ્યારે લગતી હોય, ત્યારે પ્રોબેટ સબંધીના, કીંવા લગન સબંધીના કીંવા સમુદ્ર ઉપરના કીંવા નાદારી સબંધીના પોતાના અધીકારનો અમલ ચલાવતાં કોઇ અધીકાર વાળી કોરટે આખરી ફેંસલો કીંવા હુકમનામુ કર્યું હોય અને તે ઉપરથી સદરહુ કાયદેસર સબંધ કોઇ સખસને આપ્યો હોય અથવા તેની પાસેથી છીનવી લીધો હોય અથવા કોઇ સખસનો એવા સબંધ ઉપર હક છે એમ ઠરાવ્યું હોય અથવા સદરહુ અમુક વસ્તુ ઉપર સદરહુ સખસનો હક છે એમ ઠરાવ્યું હોય અને તે હક કોઇ બીજા અમુક માત્ર એકજ સખસના દાવા વીરૂધ તે સખસનોછે એમ ન ઠેરવતાં હક મજકુર સ્વતંત્ર પુરો તે સખસનો છે એમ ઠરાવ કર્યો હોય તો તે ફેંસલા, કીંવા હુકમ, કીંવા હુકમનામુ લગતાં છે એમ સમજવું.

જ્યારે સદરહુ ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામુ અમલમાં આવ્યું ત્યારે તે ઉપરથી આપેલો સદરહુ કાયદેસર સબંધ ઉત્પન્ન થયો એ હકીકતની.

તથા જે કાયદેસર સબંધ ઉપર સદરહુ કોઇ સખસનો હક તે ફેંસલામાં અથવા હુકમમાં અથવા હુકમનામામાં ઠેરવ્યો હોય, તે હક જે વખતે તે સખસને વીશે ઉત્પન્ન થવાનું ફેંસલા મજકુરમાં ફરમાવ્યું હોય, તે વખતે હક મજકુર સખસ મજકુરને વીશે ઉત્પન્ન થયો એ હકીકતની.

તથા સદરહુ સખસ પાસેથી જે કાયદેસર સબંધ છીનવી લેવામાં આવ્યો હોય, તે સબંધ જે વખતથી બંધ થવાનું ફેંસલા મજકુરમાં ફરમાવ્યું હોય તે વખતે તે સબંધ થયો અથવા થવો જોઇએ એ હકીકતની.

તથા કોઈ સખસનો હક જે વસ્તુ ઉપર સદરહુ ફેંસલામાં અથવા હુકમમાં અથવા હુકમનામામાં ઠરાવવામાં આવ્યો હોય તે વસ્તુ વખતે તે સખસની થવાનું ફેંસલા મજકુરમાં ઠરાવવામાં આવ્યું હોય તે વખતે વસ્તુ તેની થઇ અથવા થવી જોઇએ એ હકીકતની.

સદરહુ ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામુ નીરણયકારક સાબીતી છે.

ટીકા—આ કલમના સંબંધમાં કનૈઆલાલ વીરૂધ રાધાચરણનો ફેંસલો ૭ વી.રી. સી. રૂ. ૩૯૯ મે છે તે જુઓ.

હાયકોરટ શીવાય બીજી કોરટને પ્રોબેટ આપવાની હકુમત સન ૧૮૬૫ ના ૧૦ મા આકટથી મળે છે હીંદુઓની બાબતમાં સન ૧૮૭૦ નો ૨૧ મો આકટ જુઓ.

લગન સબંધી હકુમત હાયકોરટ શીવાય બીજી કોરટોને નીચેના કાયદાથી મળે છે. સન ૧૮૬૯ નો ૪, એટલે ઇંડીયન ડૈવોર્સ (છેડાછુટકાનો) આકટ સન ૧૮૬૫ નો ૧૫ (પારશીઓમાં છેડાછુટકા કરવાનો આકટ) સન ૧૮૬૬ નો ૨૧ મો આકટ (નેટીવ કોનવર્ટસ મારીએજ ડીસોલ્યુશન આકટ) અને સન ૧૮૭૨ ના ૩ આકટ.

આડમીરાલ્ટીની હકુમત બાબતમાં દરેક હાયકોરટના લેટર્સ પેટન્ટ જુઓ.

નાદાર દેવાદારના છુટકારા બાબતમાં હાયકોરટને વીકટોરીઆ ચાપટર ૨૧ કલમ ૧૧ અને ૧૨ હકુમત મળે છે. અને મોફસીલની કોરટોને સન ૧૮૮૨ ના ૧૪ આકટના ૨૦ મા પ્રકરણથી હકુમત મળેલી છે.

ત્રીજા પક્ષકાર વચેના કામનો ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામું ક્યારે ગેર લગતુ હોય ને ક્યારે નહોય તે વિશે.

૪૨. કલમ એકતાલીસમાં બતાવ્યાછે તે શિવાયના ફેંસલા હુકમ કીંવા હુકમનામામાં જો ચાલતી ચોકશીને લગતી સારવજનીક પ્રકારની બાબત સબંધી હોય, તો તે ફેંસલા, હુકમ કીંવા હુકમનામામાં લગતાં છે એમ સમજવું, પરંતુ એવા ફેંસલા, હુકમ કીંવા હુકમનામામાં તેમાં લખેલા મજકુરની નીર્ણયકારક સાબીતી છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંતો.

પોતાની જમીન ઉપર પ્રવેશ કર્યા બદલ **અ** એ **બ** ઉપર દાવો કર્યો, **બ** નું કહેવું એવુંછે કે તે જમીન ઉપર સારવજનીક હકનો રસ્તોછે. પરંતુ એ વાત **અ** ના કબુલકરેછે.

એજ જમીન ઉપર પ્રવેશ કર્યા બદલનો દાવો **અ** એ **ક** ઉપર કર્યો હતો તે કામમાં **ક** એ જવા આવવાનો એવોજ હક છે એવી તકરાર કરી હતી, તે કામમાં પ્રતિવાદી તરફનું થએલું હુકમનામું લગતું છે પરંતુ જવા આવવાનો સદરહુ હક છે એ વાતની તે હુકમનામુ નીરણયકારક સાબીતી થતી નથી.

કીયા ફેંસલા વીગેરે લગતા નથી.

૪૩. કલમ ૪૦, ૪૧ તથા ૪૨ માં જણાવેલા છે તે શીવાયના બીજા ફેંસલા, હુકમ કીંવા હુકમનામાં થયાં કે નહી એ મુદાની હકીકત ન હોય કીંવા આ કાયદાના બીજા કાંઇ ઠરાવ મુજબ તે લગતી હકીકત ન હોય, તો તેવા ફેંસલા કીંવા હુકમ કીંવા હુકમનામાં ગેરલગતાં છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(અ) એક આબરૂ લેવાજેવી વાત ઉપરથી **અ** તથા **બ** એ બેઉને દોષ લાગે છે તે બદલ **અ** એ તથા **બ** એ **ક** ઉપર જુદા જુદા દાવા બાંધ્યા છે જે વાત આબરૂ લેવા જેવી છે એવું કહેવામાં આવે છે તે ખરી છે એવું **ક** ઉપર બેઉ કામમાં કહે છે. અને કેફિયત એવા પ્રકારની છે કે તે વાત યાતો બેઉ કામમાં ખરી હોવી જોઈએ યાતો બનેમાં ખોટી હોવી જોઇએ, એવો સંભવ થાય છે.

ક એ જે જવાબ આપ્યો તે તેણે સાબીત કર્યો નહી એવા કારણ ઉપરથી **ક** ઉપર **અ** નું નુકશાનનું હુકમનામું થયું એ હકીકત **બ** તથા **ક** વચેના મુકરદમામાં લગતી નથી,

(બ) **અ** ની સ્ત્રી **ક** એની જોડે **બ** એ છીનાળુ કર્યા બદલ **અ** એ **બ** ઉપર ફોજદારીમાં ફરિયાદી કરીછે.

ક **અ** ની સ્ત્રીછે એ વાત **બ** ના કબુલ કરેછે, પરંતુ **બ** ઉપર છીનાળાનો ગુન્હો કોરટે સાબીત ઠેરવ્યો.

ત્યાર પછી **અ** જીવતો છતાં **ક** એ **બ** સાથે ફરી લગ્ન કર્યું માટે **ક** ના ઉપર ફોજદારીમાં કામ ચાલુ છે **ક** નું કહેવું એવું છે જે હું કોઈ પણ કાળે **બ** ની સ્ત્રી નહોતી.

બ ની વીરૂદ્ધ થયેલો ઠરાવ **ક** ની વીરૂદ્ધ ગેરલગતો છે.

(ક) પોતાની પાસેથી એક ગાય ચોરી લઈ જવા બાબત **અ** એ **બ** ઉપર ફોજદારીમાં ફરિયાદ કરી છે **બ** ના ઉપર ગુન્હો સાબીત ઠરાવવામાં આવ્યો છે.

બ ના ઉપર ગુન્હાની સાબીતી થઇ તેના પેહેલાં તે ગાય **બ** એ **ક** ને વેચી નાખી [illegible]

તે લેવાનો દાવો પાછળથી **અ** એ **ક** ઉપર કર્યો છે. **બ** ના વિરૂધ થએલો ઠરાવ **અ** તથા **ક** વચેના કામમાં ગેરલગતો છે.

(ડ) એક જમીનના કબજાનું **અ** એ **બ** ના ઉપર હુકમનામું મેળવ્યું છે **બ** નો છોકરો **ક** એણે **અ** નું ખુન સદરહુ કારણને લીધે કર્યું છે.

સદરહુ ફેસલો છે એ વાત ગુન્હા કરવાનો હેતુ બતાવે છે તે માટે લગતી છે.

ટીકા—હિંદુ વિધવાઓ તથા બીજા સખસો જેમને જે મીલકતમાં પુરો સ્વતંત્ર હક ન હોય તે સખસોએ તે મીલકત પરસ્વાધીન કરી આપ્યાનું કૃત્ય મીલકત રદ કરવાની ફરીયાદોમાં મજકુર કૃત્ય જરૂરી કામને સારૂ કરવામાં આવ્યું હતું કે નહીં, એ સવાલ ઘણી વખત ઉઠાવામાં આવે છે. આ જરૂરીઆત સાબીત કરવાને, જે કેફીયતને સંબંધે દેવું કરવામાં આવ્યું હોય, ને જે દેવાના હુકમનામા થયા હોય, તે કેફીયતનો પુરાવો આપ્યા વગર મજકુર હુકમનામા ઘણી વખત હાજર કરવામાં આવે છે. ઉપર કહેલા ધોરણ મૂજબ માલમ પડશે કે આ હુકમનામાં જો કે આપેલી રકમનો સબળ પુરાવો છે તો પણ તે જરૂરીઆત ઠરાવનારી હકીકતો તે પુરાવ નથી. ને ઓછામાં ઓછો પરસ્વાધીન કરી આપનાર સખસોની તરફથી તો નથીજ. બાબુ કુનતાલાલ અને બીજા, વી. મદનમોહન થાકુરના કામમાં (રેવન્યુ સીવીલ એન્ડ ક્રીમીનલ રીપોરટર વા. ૫—પા. ૨૬૬; સમા. કો વુ. રી. વા. ૯—પા. ૪૬૯)

કોઈ પણ ફેસલાની હયાતી, અગર તેની તારીખ અગર તેથી કાયદેસર નીપજતુ પરિણામ સાબિત કરવા સારૂ તેનું દફતર અગર સહી નીશીનકલ રજુ કરી એટલે તે સર્વેની વિરૂદ્ધ અનિબાધ્ય પુરાવો ગણાશે. વળી ઈન્ડિયન પીનલકોડ પ્રમાણે કોઈ શખસના ઉપર તોહોમત મુકવામાં આવ્યું હોય અને તે પછીથી નિરદોષ ઠર્યો હોય તો દ્વેશબુદ્ધિથી ફરિયાદી કરી તેટલા માટે મને નુકશાની મેળવવાનો ફરીઆદ કરનાર ઉપર દીવાની દાવો માંડયો હોય તેમાં તોહોમતદારને છોડી મુકયો છે તે સાબીત કરવાને ફોજદારી કામનું દફતર (રેકાર્ડ) અનિર્બાધ્ય પુરાવો ગણાશે. પણ દીવાનીનો દાવાનો પ્રતિવાદી ફોજદારી કામનો ફરીઆદી હતો તેનો અગર દ્વેશનો, અગર સંભવીત કારણ નહોતું તેનો, પુરાવો ગણાશે નહિ. અને આ પ્રમાણે વાદી નિરદોષ ઠર્યો હોય તો પણ તેના ગુન્હાની સાબીતી પ્રતિવાદી આપી શકે છે. ટેલરકૃત પુરાવાનો કાયદો કલમ ૧૪૮૦ તેમજ જામીન વીરૂદ્ધ જે ફેસલો થયો હોય તે મુખ્ય દેણદારની તરફથી કેટલા રૂપીઆ તેને આપવા પડયા તેનો પુરાવો છે પણ મુખ્ય દેણદારની કસુરથી કાયદા પ્રમાણે તેટલી રકમ આપવાને તે જવાબદાર હતો તેનો પુરાવો નથી. ઇરાદાથી ખોટો પુરાવો આપવાના ગુન્હાની તજવીજમાં તે કામનું રેકાર્ડ ન્યાયી પ્રોસીડીંગ થયું હતુ તેનો પુરાવો છે.

ઇંગ્લાંડમાં તેમજ હિંદુસ્તાનમાં એવો સ્થાપિત નિયમ છે કે દીવાની કામમાં ફોજદારી કામમાં થયેલો ફેસલો સાબીતીમાં દાખલ થઈ શકે નહિ તેમજ દીવાની કામમાં થયેલો ફેસલો ફોજદારી કામમાં દાખલ કરી શકાતો નથી. ૫. વી. રી. સી. રૂ. ૨૬ અને ૨૭ ૯. વી. રી. સી. રૂ. ૭૭ પણ ગુન્હો કબુલ કર્યો હોય તો અંતે અંગ્રકારનો પુરાવો થાય. ૧૦ વી. રી. સી. રૂ. ૫૬.

એક હિંદુ વીધવાએ તેના બે નાની ઉમરના છોકરાના વાલી તરીકે રૂપૈઆ હજાર એક દેખીતા તેમના ફાયદાને સારૂ એટલે તેમના લગનને સારૂ કરજે લીધા હતા. બે વરસ પછી આ નાણુાના ધીરનારે આ ધીરેલા નાણાને માટે એકતરફી દાવામાં એ નાની ઉમરના છોકરાઓ ઉપર હુકમનામું મેળવ્યું અને તેણે બજાવણી કઢાવીને વડીલોપારજીત મીલકતમાં છોકરાઓનો આઠઆનીનો હીસ્સો જપ્ત કરીને તે વેચવાની કોશીશ કરતો હતો. આ મીલકત બચાવવાને સારૂ માએ ખાનગી કરારથી આ આઠ આનીનાહીસ્સામાંની અડધી મીલકત રૂ. ૨,૫૦૦ ને માટે વેચી. અને ઉપજેલી રકમનો થોડો ભાગ આપી હુકમનામું પતવ્યું બે છોકરાઓમાંના એક જણે ઉમર લાયક થયા પછી વેચેલી મીલકતમાંથી પોતાના અડધા ભાગની મીલકત પાછી મળવા એવી તકરાર બતાવી દાવો બાંધ્યો કે મીલકત વેચાણ કરવા જેવી જરૂરીઆત નોહોતી. લાગુ હાઇકોરટની ધ્યાનમાં એમ આવ્યું કે ખરીદદારની એમ સાબીત કરવાની ફરજ છે કે, જ્યારે મુલ કરજ વીધવાએ કર્યું તે વખતે છોકરાઓના ફાયદા માટે તે કર્યું હતું. આ કામ નીચલી અપીલ કોરટના જડજ ઉપર એવી તજવીજ કરવાને સારૂ પાછું મોકલવામાં આવ્યું કે ખરીદદાર કે જેના ઉપર સાબીતીનો બો. જો હતો તેણે જે હુકમનામાની રૂઇએ બજાવણી કઢાવી હતી તે હુકમનામું છોકરાઓના હીત ઉપર પણ બંધનકારક છે. એમ સાબીત કર્યું હતુ કે નહી. ૨૩ વી. રી. ૪૨૪.

દગલબાજી દગાભરેલો સંપ તથા કોરટને અધીકાર નથી એ વાત ન સાબીતીકરી શકાયછે

૪૪. કોઇ ફેસલો કીંવા હુકમ કીંવા હુકમનામું કલમ ૪૦--૪૧ કીંવા ૪૨ મુજબ લગતુ હોય તથા તેની સાબીતી સામા પક્ષકારે કરી હોય, તે જે કોરટે કહ્યું તેને કરવાનોઅધીકાર નોહોતો, કીંવા તે દગલબાજીથી નહોતો, કીંવા તે દગલબાજીથી કીંવા દગાભરેલા સંપથી મેળવ્યું છે, એવું કોઇ દાવાનો કીંવા બીજા કામનો પક્ષકાર બતાવી શકેછે.

" કોઈ દાવાનો કીંવા બીજા કામનો પક્ષકાર યાદી " એ આ કલમના શબ્દોમાં નિરદોશ તથા દોષવાન એ બંને પેહેલા દાવાના પક્ષકારોમાંનો સમાવેશ થાયછે. એ શબ્દોમાં ગુનેહગારોનો સમાવેશ કરવાનો ઇરાદો હતો કે નહી એ શક ભરેલું છે; પરંતુ ૧ વી. રી. સી. રૂ. ૧૫૬ જુઓ.

ટીકા.—" દગલબાજી " અગર "દગા ભરેલો સંપ " એ શબ્દોની વ્યાખ્યા આ આકટમાં આપેલી નથી પણ દગલબાજીની વ્યાખ્યા સારૂ કરાર આકટની કલમ ૧૭ જુઓ.

" દગલબાજી ભરેલો સંપની " વ્યાખ્યા એવી આપેલી છે, ત્રીજા શખસના હકને નુકશાન કરવા માટે અગર યોગ્ય કાર્ય સારૂ બે અગર વધારે સખસોએ કાંઇ કામ કરવા સારૂ કરેલો કપટ ભરેલો કરાર અગર બંદોબસ્ત સમજવો. ન્યાયી પ્રોસીડીંગમાં દગલબાજી ભરેલો સંપ એટલે એક માણસે ખરાબ હેતુથી ન્યાયની કચેરીનો નિવાડો મેળવવા સારૂ બીજા ઉપર દાવો બાંધવો એવો બે શખસોની વચેનો છુપો કરાર. તે બે જાતનો હોયછે. (૧) કોરટને ફેંસલો આપવા સારૂ જે હકીકતો જાહેર કરવામાં આવી હોય તે હયાતીમાંજ ન હોય, (૨) તે વાતો હયાત હોય પણ ફેસલો મેળવવાના ઇરાદાથી તે ખોટી રીતે આગળથી રચી મુકી હોય.

જે દાવામાં ફેસલો દગલબાજી અગર દગલબાજી ભરેલા સંપથી થયો હોય તે દાવામાં પક્ષકાર ન હોય તે શખસ દગલબાજીનો અગર દગલબાજી ભરેલા સંપનો પુરાવો તે

ફેસલો રદ કરવા સારૂ આપી શકે. આ બાબતમાં કાંઇ પણ શક નથી પણ દાવામાં બીનદોષ પક્ષકાર હોય તે આવી દગલબાજી અથવા દગલબાજી ભરેલો સંપ બતાવી શકે કે નહિ એ વાત વિશે એક મત નથી. એમ કહેવાય છે કે આવા પક્ષકારોનો ખરો રસ્તો ફક્ત એજ છે કે જે કોરટે ફેસલો આપ્યો હોય તે કોરટને તે ફેસલો રદ કરવાની અરજ કરવી.

ત્રાહીત સખસોના અભીપ્રાય ક્યારે લગતા હોય છે.

કુશળ માણુસોના અભીપ્રાય.

૪૫. પારકા દેશના કાયદાની કોઇ બાબત વીશે અથવા સાસતર કીંવા કળાની કોઈ બાબત વીશે અથવા અક્ષર ઓળખવા વીશે કોરટને જ્યારે અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે તેવા બીજા દેશના કાયદામાં કીંવા સાસ્તરમાં કીંવા કળામાં જે સખસો વિષેશે કરીને કુશળ હોય તેવા સખસોના તે બાબત વિશેના અભીપ્રાય લગતી હકીકતો છે.

એવા સખસને કુશળ માણુસ કહેછે.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે બ નું, મરણ જેહેરથી થયું છે કે કેમ.

જે જેહેરથી અ મરણ પામ્યાનું ધારવામાં આવેછે તે જેહેર ખાધાથી જે લક્ષણો થતાં હોય તે બાબત કુશળ માણુસોના અભિપ્રાય લગતા છે.

(બ) તકરાર એવી છે કે એક અમુક કૃત્ય કરતી વખતે પોતે કેવા પ્રકારનું કૃત્ય કરે છે. અથવા પોતે જે કરેછે તે ખોટું કીંવા કાયદા વિરૂદ્ધ છે એવું સમજવાને અ દીવાનગીના સબબથી અશકત હતો કે કેમ.

રોગના જે લક્ષણો અ માં દેખાતાં હતાં તે લક્ષણો જ્યાં માલમ પડે ત્યાં દીવાનાપણું બહુ કરીને હોયછે કે કેમ તથા એવા દીવાનાપણાથી પોતે જે કૃત્ય કરે તેનો પ્રકાર સમજવાને કીંવા જે પોતે કરેછે. તે ખોટું કીંવા કાયદા વિરૂદ્ધછે એમ સમજવાને લોકો ઘણુ કરીને અશકત થાયછે, કે કેમ એ વિશેના કુશળ માણસોના અભીપ્રાય લગતા છે.

(ક) તકરાર એવી છે કે અમુક દસ્તાવેજ અ એ લખ્યો છે કે કેમ બીજો એક દસ્તાવેજ અ એ લખેલો સાબીત કરવામાં આવ્યો છે કીંવા અંગીકાર કરવામાં આવ્યો છે, તે દસ્તાવેજ હાજર કરવામાં આવ્યોછે.

બેઉ દસ્તાવેજો એકજ સખસે લખ્યા છે કીંવા જુદા જુદા સખસોએ લખ્યા છે એ વિશેના કુશળ માણુસોના અભીપ્રાય લગતા છે.

ટીકા—પારકા દેશના કાયદાની બાબતમાં ૩૮ મી કલમ જુઓ.

કુશળ માણુસોની સાક્ષી ઘણી સાવચેતીથી કબુલ રાખવાની છે તેનું કારણ એમ નથી કે અનુભવથી એમ માલમ પડયું છે કે તે લોકો એમની ધારણામાં આવતી હોય તે વાત જાણી જોઈને ખોટી રીતે કહેછે; પણ તેનું કારણ એ છે કે તેમના અભીપ્રાય કેટલે દરજ્જે એ બાબતની એકજ બાજુ ઉપર તેમનુ લક્ષ રેહેવાથી વિકારયુકત હોયછે, તેથી તેમનું દીલ સાફ હોય તો પણ ખરો અભીપ્રાય બતાવવાને તેઓ અશકત છે. લોર્ડકાંપબેલ બોલ્યા કે " જે પક્ષમાં તેઓને નાંખવા હોયછે તે પક્ષને પુષ્ટિ આપવા તેમના મન ઉપર એવા વલણથી તેઓ આવેછે કે તેમની સાક્ષી ઉપર ભાગ્યેજ કંઇ વજન રાખવું જોઈએ" ટરેસા પીઅરેજ કેસ. કલાર્ક એન્ડ કાઈનેલીસ રીપોરટસ વા—૧૦ પા. ૧૯૧૦ કુશળ માણુસોના અભીપ્રાય વીશે કલમ ૬૦ નો પેહેલો વીશેશ ઠરાવ પણ જુઓ.

કુશળ માણસના અભીપ્રાય સાથે સંબંધ રાખતી હકીકતો.

૪૬. જે હકીકતો બીજી રીતે લગતી નહોય તે હકીકતો ઉપરથી જો કુશળ માણસના અભીપ્રાય જ્યારે લગતા હોય ત્યારે તેને પુષ્ટી મળાતી હોય કીંવા તે અભીપ્રાય મજકુર વીરૂદ્ધ હોય તો હકીકત મજકુર લગતી છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે અમુક જાતનું ઝેહેર અ ને આપ્યુ હતું કે કેમ.

બીજા માણસોને એવી જાતનું ઝેહેર આપ્યું હતું તેઓમાં જે અમુક લક્ષણો દેખાતાં હતાં તે સદરહુ ઝેહેરનાં છે કીંવા તેનાં નથી એવો કુશળ માણસનો અભીપ્રાય હોય એ હકીકત લગતી છે.

(બ) અમુક બંધારાથી બંદરને હરકત થાય છે કે કેમ એવી તકરાર છે.

બીજાં બંદરો બીજી વાતે આ બંદરજેવાંજ છે પરંતુ ત્યાં એવા બંધારા નથી. તે બંદરોને પણ તેજ વખતેથી હરકત થવા લાગી એ હકીકત લગતી છે.

અક્ષર વાશે અભીપ્રાય.

૪૭. અમુક દસ્તાવેજ કયા સખસે લખ્યો છે કીંવા તેના ઉપર કોણે સહી કરી છે એ વિશે કોરટને જ્યારે અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે જે સખસે તે દસ્તાવેજ લખ્યાનું કીંવા તેના ઉપર સહી કર્યાનું ધારવામાં આવતું હોય તે સખસના અક્ષરની જે સખસને માહીતી હોય તે સખસ તે દસ્તાવેજ સદરહુ સખસે લખ્યો છે કીંવા નથી લખ્યો અથવા તેના ઉપર સદરહુ સખસે સહી કરી છે કીંવા નથી કરી એવો અભીપ્રાય આપે તે અભીપ્રાય લગતી હકીકત છે.

ખુલાસો—જ્યારે કોઇ એક સખસે કોઈ બીજા સખસને લખતાં જોયો હોય ત્યારે કીંવા જ્યારે તેણે પોતે કીંવા તેના પોતાના હુકમ ઉપરથી જે દસ્તાવેજ લખ્યા હોય અને તે સદરહુ બીજા સખસ ઉપર સરનામુ કરીને મોકલ્યા હોય તે દસ્તાવેજના જવાબમાં સદહુ બીજા સખસે લખેલા છે એવા મજકુરના દસ્તાવેજ તેના ઉપર આવ્યા હોય ત્યારે કીંવા જ્યારે સદરહુ બીજા સખસે લખેલા છે એવા મજકુરના દસ્તાવેજ તેની પાસે કામને સાધારણ પ્રસંગે આવવાની રીતી હોય ત્યારે તે સખસને સદરહુ બીજા સખસના અક્ષરની માહીતી છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

તકરાર એવી છે કે અમુક પત્ર અ નામના લંડનમાંના એક વેપારીના હાથનું છે કે કેમ બ એ કલકત્તા મધે વેપારીછે તેણે અ ના નામના પતરો લખ્યાછે તથા અ એ લખ્યા છે એવા મજકુરના પત્રો તેના ઉપર આવ્યાછે. ક એ બ નો મેહેતો છે તેનું કામ બ ના જે કાગળ પત્ર આવે જાય તે તપાસવાનું તથા તેને ફાઇલ કરવાનું છે. ડ એ બ નો દલાલ છે ને અ ના લખેલાછે એવા મજકુરના જે પત્રો બ ની પાસે આવતા તે ડ ની સાથે વીચાર કરવાને તેને બ હમેશ બતલાવતો હતો.

બ ક તથા ડ પઇકી કોઇએ અ ને લખતાં કદી જોયો ન હોય તોપણ તકરારી પત્ર અ ના હાથનો લખ્યોછે કે નહી એ બાબત જે અભીપ્રાય બ ક તથા ડ આપે તે લગતો છે.

ટીકા—અક્ષર સાબીત કરવાની પાંચ રીતોછે;—(૧) સેહેલાંમાં સેહેલી રીત એછે કે

લખનારને પોતાનેજ સાહેદીમાં બોલાવવો પરંતુ લખનારને પંડે બોલાવવો એ અવસ્ય જરૂરનું છે એમ કંઈ નથી કારણ કે જેણે તેને લખતાં દીઠો હોય તેની સાહેદી પણ લખનારના જેટલીજ એ બીનાનો જે પેલા દરજ્જાનો પુરાવ છે, (૨) જે સખસે ખરેખર એ કાગળ કીંવા સહી લખેલા જોઈ હોય તેને તે સાબીત કરવા બોલાવી શકાય. (૩) જેણે એ સખસને બીજી વખતે લખતો જોવાથી એ સખસના તકરારી અક્ષરનું જાણપણું કીંવા માહીતી મેળવી હોય તેનેજ સાહેદોને બોલાવી શકાય. (૪) જેણે કામના સાધારણ પસંગે સાબીતી કરેલા દસ્તાવેજ અથવા જે દસ્તાવેજો જે સખસના અક્ષર ચોકશીનો વીષય હોય તે સખસે લખેલા છે એવું યોગ્ય રીતે અનુમાન થઈ શકતું હોય તે દસ્તાવેજ જોવાથી અક્ષરનું જાણપણું મેળવ્યુ હોય તે સાહેદની સાહેદીથી અક્ષર સાબીત કરી શકાય. (૫) બે અથવા વધારે લખતેનો મુકાબલો કરવાથી અક્ષર સાબીત કરી શકાય.

હક કીંવા રીવાજ છે કીંવા નથી એ બાબતનો અભીપ્રાય ક એ પ્રસંગે લગતો હોયછે.

૪૮. અમુક સામાન્ય રીવાજ કીંવા હકછે કે કેમ એ બાબત જ્યારે કોરટને અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે રીવાજ કીંવા હક મજકુર હોય તો જે સખસોને તેની માહીતી હોવાને સંભવ હોય તે સખસો તેવો રીવાજ કીંવા હકછે કીંવા નથી એ બાબત જે અભીપ્રાય આપે તે લગતા છે.

ખુલાસો—"સામાન્ય રીવાજ કીંવા હક" એ શબ્દોમાં જે રીવાજ કીંવા હક કોઇએક વર્ગના ઘણા લોકોમાં સામાન્ય હોય તે હક કીંવા રિવાજનો સમાવેશ થાયછે.

દ્રષ્ટાંતો.

અમુક કુવાનું પાણી અમુક ગામના ગામવાળાઓનો વાપરવાનો હકછે એ આ કલમના અર્થ મુજબ સામાન્ય હક છે,

વહીવટ સંપ્રદાય વીગેરે બાબતનો અભીપ્રાય ક્યારે લગતો હોયછે.

૪૯. કોઇ પંકતીના માણસોનો કીંવા કોઇ કુટુંબનો વહીવટ તથા સંપ્રદાય કેવા પ્રકારના છે એ બાબત.

અથવા ધર્મ સબંધીની કીંવા ધર્માદા સબંધીની કોઇ સ્થાપનાને અર્થે નીમેલો ધર્માદાય કેવી રીતે સ્થાપાયલો છે, તથા તેની વ્યવસ્થા કેવે પ્રકારે ચાલેછે એ બાબત.

અથવા અમુક જીલ્લામાં કીંવા અમુક વર્ગના લોકોમાં જે શબ્દ કીંવા બોલ વપરાતા હોય, તેનો અર્થ શો થાયછે, તે બાબત.

કોરટને જ્યારે અભીપ્રાય બાંધવાનો હોય, ત્યારે તે બાબતની માહીતી હોવાને જે સખસોને વીશેષ રીતના શાધનો હોય તે શખસોના અભીપ્રાય લગતા છે.

ટીકા.—"શબ્દનો અથવા બોલનો અર્થ" એ આ કલમનો ભાગ હીંદુસ્તાન જેવા દેશમાં કે જેમાં ઘણી જુદી જુદી ભાષાઓ ચાલેછે જેમાં ઇગ્રેજ લોકો ઇંગ્રેજી શીવાયની બીજી ભાષાઓ ન્યાય આપવાનું કામ કરેછે કોઈ શબ્દનો અર્થ જાણવા સારુ ન્યાયાધીશ કોરટ જોઇ શકે જુઓ કલમ ૫૭.

સગપણ બાબતનો અભીપ્રાય ક્યારે લગતો હોયછે.

૫૦ એક શખસનું બીજા સખસ જોડે શું સગપણ છે, એ બાબત કોરટને અભીપ્રાય બાંધવાનો હોય, તો જે સખસને તે કુટુંબનું માણુસ હોવાને લીધે, કીંવા બીજા કારણને લીધે સગપણ મજકુર વીશેની માહીતી થવાને વીશેષ રીતનાં સાધનો હોય, તે સખસની સગપણ મજકુર સંબંધીની વરતણુંક ઉપરથી જે અભીપ્રાય દેખાઇ આવે તે લગતો છે; પરંતુ "ઇંડીયાના ડાઇવોરસ (એટલે છેડો આપવા બાબતના) આકટ" મુજબ જે કામ ચાલતું હશે તે કામમાં, કીંવા હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૯૪, ૪૯૫, ૪૯૭, કીંવા ૪૯૮ મુજબ ચાલતા કામમાં સદરહુ અભીપ્રાય લગન શાબીત કરવા જેટલો પુરતો ગણવો નહિ.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે અ તથા બ નું લગન થયું હતું કે કેમ, તેઓના સ્નેહી તેઓને ધણી ધણીઆણી સમજીને તે પ્રમાણે હમેશાં તેઓની સાથે વરતતાં હતાં એ હકીકત લગતી છે

(બ) તકરાર એવી છે કે અ એ બનો કાયદેસર છોકરો છે કે કેમ તે કુટુંબનાં માણસો અ કાયદેસર છોકરો હોય એ પ્રમાણે તેની સાથે હમેશાં વરતતા હતા એ હકીકત લગતી છે.

ટીકા.—મુસલમાની સરેહતું અનુમાન કાયદેસરપણાની તરફેણમાં એટલું મજબુત છે કે કોઈ છોકરાની સાથે કાયદેસર છોકરા તરીકે વરતવામાં આવ્યાનો ઘણોજ થોડો પુરાવ કાયદેસરપણું સાબીત કરવાને બસ થશે. નીચેના ફેસલા જોવા. રાયજાનખાનમ, મુરસ ઇંડિયન અપીલ્સ વા. ૩. પા. ૨૯૫ મહમદ બખીલ હોસનખાન બ ૩૮ ઇંડિયન અપીલ્સ ૧૩૬ માર્ચ રીપોરટસ—પા. ૪૨૮ ૧ વી. રી. ૧૭. ૫ વી. રી. ૪ ૩ મું. ઈ. અપીલ્સ ૧૫૦ અને ૨૯૫.

અભીપ્રાયનાં કારણો ક્યારે લગતાં હોય છે.

૫૧. જ્યારે કોઇ હયાત હોય એવા સખસનો અભીપ્રાય લગતો હોય ત્યારે અભીપ્રાયનો આધાર જે કારણો ઉપર હોય તે કારણો પણ લગતાં છે.

દ્રષ્ટાંત.

પોતાનો અભીપ્રાય બાંધવાને સારૂ જે પ્રયોગો કોઈ કુશળ માણુસે કર્યા હોય તે પ્રયોગોનો હેવાલ તે કુશળ માણુસ આપી શકેછે.

કોઇ સખસની ચાલ ચલણ ક્યારે લગતી છે.

દીવાની કામમાં વરતણુંક સાબીત કરવાને સારૂ ચાલ ચલણ લગતી નથી.

૫૨. કોઇ ચાલતા કામ સાથે સંબંધવાળા સખસે અમુક રીતની વરતણુંક કર્યાનું કહેવામાં આવ્યું હોય તે સખસની ચાલચલણ એવી છે કે તે ઉપરથી તેણે સદરહુ વરતણુંક કર્યાનો સંભવ છે કે નહિ એ માલમ પડેછે. એ હકીકત દીવાની કામમાં ગેર લગતી છે પરંતુ જે હકીકતો બીજી રીતે લગતી હોય તે ઉપરથી સદરહુ પ્રકારની જેટલી ચાલચલણ માલમ પડતી હોય તેટલી ચાલચલણ લગતી છે એમ સમજવું.

ફોજદારી કામમાં આગલી સારી ચાલચલણ લગતીછે

૫૩. તોહોમતવાળો સખસ સારી ચાલ ચલણનો છે એ હકીકત ફોજદારી કામમાં લગતી છે.

ગુનાની શાબીતી પેસ્તર થઇ હતી એવાત ફોજદારી કામને લગતીછે. પણ ચાલચલણ પેસ્તર ખરાબ હતી લગતીનથી તોપણ તે પ્રતીફિતર લગતી છે

૫૪. તોહોમતવાળા ઉપર પેસ્તર કોઇએક ગુનાહની શાબીતી થયલી છે. એ હકીકત ફોજદારી કામમાં લગતીછે. પરંતુ તેની ચાલ ચલણ ખરાબ છે, એ હકીકત ગેર લગતી છે, તથાપી તેની ચાલચલણ સારી છે. એવો પુરાવો આપવામાં આવ્યો હોય તો તેની ચાલચલણ ખરાબ છે એ વાત લગતી થાયછે.

ખુલાસો.—અમુક સખસની ચાલ ચલણ ખરાબ છે એજ વાત જે કામમાં મુદ્દાની હકીકત હોય તે કામને આ કલમ લાગુ નથી.

ટીકા.—ખરાબ ચાલ ચલણના સાધારણ પુરાવ પેહેલવેલો ફરીયાદી તરફથી અને કેસ વિરૂદ્ધ આપી શકાતો નથી એ નિયમ પુરાવાનો આ આકટ થતાં પેહેલાંનો હીંદુસ્તાનમાં ચાલ છે. રાણી વી. બીહારી ડોસાધ અને બીજા ૭ વી. રી. ક્રી. રૂ. ૭ રાણી વી. ગોપાલ હા..ર ૬ વી. રી. ક્રી. રૂ. ૭૨ રાણી વી. ફુલચંદ અને બીજો ૮ વી. રી. ક્રી. વા. ૧૧.

તોહોમતવાળાને આગળ સજા થઇ છે એ વાત પુરાવાને લગતી છે એમ ઠરાવ ઇંગ્રેજી કાયદાના નિયમથી જુદો છે. ઇંગ્રેજી કાયદા પ્રમાણે આવો પુરાવો, બચાવામાં સારી ચાલનો પુરાવ આપવામાં ન આવ્યો હોય ત્યાં સુધી આપતો નથી. પુરાવાના આકટના આ ઠરાવનું પરિણામ એ છે કે ગમે તે ગુન્હાને માટે આગળ તોહોમતદારને સજા થઇ હોય તો તે પુરાવામાં આપી સકાય· પછી આગળનો ગુનોહ હાલના ગુનાહ કરતાં ગમે તેવો જુદા પ્રકારનો હોય તો પણ ચિંતા નહિ. કોઇ માણસે જુઠો દસ્તાવેજ બનાવ્યો હોય તે કામમાં આગળ તણે બળાતકાર સંભોગ કર્યાની અગર કોઈના ઉપર હલ્લો કરવાની સીક્ષા થઇ છે એ પુરાવ આવવાથી ખોટો દસ્તાવેજ બનાવ્યો છે એમ વધારે સંભવિત જણાશે નહિ. આગળ સીક્ષા થઈ હોય તે તોહોમતનામામાં દર્શાવવી જોઇએ. વળી આના સંબંધમાં પીનલકોડની ૫૫ મી કલમ જુઓ. અને સારી ચાલના જામીન લેવા બાબત ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની જે કલમો છે તે પણ જુઓ.

જે ચાલચલણ ઉપરથી નુકશાનની રકમમાં કમી જાસ્તી થતું હોય તે ચાલચલણ બાબત.

૫૫. કોઇ સખસની ચાલચલણ એવા પ્રકારની હોય કે તે ઉપરથી જે નુકશાન તેને મળવાનું હોય તે નુકશાનની રકમ કમી જાસ્તી થાય તો તેની ચાલચલણ દીવાની કામમાં લગતી છે.

ખુલાસો.—ચાલચલણ એવો શબ્દ કલમ ૫૨, ૫૩, ૫૪, તથા ૫૫ માં લખેલો છે તેમાં આબરૂ તથા સ્વભાવ એ બેઉનો સમાવેશ થાયછે, પરંતુ જે પુરાવો આપવાનો તે માત્ર લોકોમાં સાધારણ રીતે આબરૂ કેવીછે તે વાતનો તથા સાધારણ રીતે સ્વભાવ કેવોછે તેનોજ આપી શકાય છે. જે અમુક કૃત્ય ઉપરથી આબરૂ કીંવા સ્વભાવ દેખાઇ આવ્યો હોય તે અમુક કૃત્યનો પુરાવો આપી શકાય નહિ.

ભાગ ૨ જો.

સાબીતી બાબત.

બાબ ૩—કઇ હકીકતો સાબીત કરવાની જરૂર નથી.

કોરટ ન્યાયાધીકારની રૂઈએ ધ્યાનમાં રાખે તે હકીકતનો પુરાવો આપવાની જરૂર નથી.

૫૬. જે હકીકત ન્યાયાધીકારની રૂએ કોરટ ધ્યાનમાં રાખે તેવી હકીકતો સાબીત કરવાની જરૂર નથી.

કઈ હકીકતો કોરટે ન્યાયાધીકારની રૂએ ધ્યાનમાં રાખવી.

૫૭. નીચે લખેલી હકીકતો કોરટે ન્યાયાધીકારની રૂઇએ ધ્યાનમાં રાખવી.

(૧) જે કાયદા કીંવા કાયદાના જેટલા અમલવાળા નીયમો બ્રિટીસ ઈંડીઆના કોઈ પણ ભાગમાં હાલ કીંવા હાલસુધી અમલમાં છે. કીંવા હવે પછી અમલમાં આવે તેવા સરવે કાયદા કીંવા નીયમો.

(૨) જે સારવજનીક આકટો પારલામેંટે પસાર કર્યોછે. કીંવા હવે પછી કરશે તે સરવે આકટો તથા સ્થાનિક તથા અમુક સખસ સબંધી જે આકટો ન્યાયાધીકારની રૂઈએ ધ્યાનમાં રાખવાનું સદરહુ પારલામેંટે ફરમાવ્યું હોય તેવા સરવે આકટો.

(૩) માહારાણી ખુશકી ઉપરની તથા દરીઆઈ ફોજને સારૂ કરેલા લશ્કરી કાયદા.

(૪) સદરહુ પારલામેંટનું કામ ચલાવવાની તથા હીંદુસ્તાનની કાંઉનસીલના આકટ મુજબ અથવા તે બાબત વખતે વખત જે કાંઈ બીજો કાયદો હોય તે મુજબ કાયદા તથા કાનુન કરવા સારૂ સ્થાપન કરેલી કાંઉનસીલનું કામ ચલાવવાની પધતી.

ખુલાસો.—રકમ (૨) તથા (૪) માં પારલામેંટ એ શબ્દછે, તેમાં નીચે મુજબની સભાઓનો સમાવેશ થાયછે.

(૧) ગરેટબ્રીટન તથા આયરલાંડના સંયુક્ત રાજની પારલામેંટ.

(૨) ગરેટબ્રિટનની પારલામેંટ.

(૩) ઈંગ્લાંડની પારલામેંટ.

(૪) સ્કાટલાંડની પારલામેંટ તથા.

(૫) આયરલાંડની પારલામેંટ.

(૫) ગરેટબ્રિટન તથા આયરલાંડના સંયુક્ત રાજનો વખતે વખત જે સત્તાધીસ હોય તેને રાજ્યપદ ક્યારે પ્રાપ્ત થયું તે તથા તેની હસ્તા અક્ષરની સહી હોય તે.

(૬) ઈંગ્લંડ દેશની કોરટે જે શિકા ન્યાયાધીકારની રૂઇએ ધ્યાનમાં રાખે તે સરવે શિકા તથા ગવરનર જનરલ ઇનકાંઉનસીલની કીંવા કોઈ સ્થાનિક સરકારની કાંઉનસીલના હુકમથી સ્થાપન થયેલી બ્રિટીસ ઇંડીઆ માંહેની કીંવા બ્રિટીસ ઇંડીયા બાહેરની સરવે કોરટના શિકા તથા એડમીરલટી તથા મેરીટાઇમ એવી હકુમત ચલાવનારી કોરટના સીકા તથા નો-

રી પબ્લીકના શીકા તથા બ્રિટીસ ઈંડીયા મધે જેટલા કાયદા અમલવાળી પારલામેંટ કીંવા બીજા કોઈ પણ આકટ તથા કાયદા ઉપરથી જે કોઈ સખસને વાપરવાનો અધિકાર મળ્યો હોય તે સરવે શીકા.

(૭) બ્રિટીસ ઇંડીયાના કોઈ પણ ભાગમાં કોઇ સખસને કોઇ સરકારી હોદો આપવામાં આવે તો જે સખસની નીમનુક એવા હોદા ઉપર થઇછે એ વાત ઈંડીયાના ગેજેટમાં કીંવા કોઇ સ્થાનીક સરકારના સરકારી ગેજેટમાં પ્રસિદ્ધ થાય તેવા જે સખસો વખતે વખત સદરહુ મુજબના હોદા ઉપર હોય તે સખસોને હોદો મજકુર પ્રાપ્ત થવાની વાત તથા તેમનાં નામો તથા ઇલકાબ તથા કામ અધિકાર તથા સહી.

(૮) બ્રિટીસ સરકારે જે સંસ્થાન કીંવા સતાધીશને માન્ય કર્યો હોય તે સંસ્થાન કીંવા સતાધીશ હોવાની વાત. તથા તેનો ઇલકાબ, તથા તે મુલકનો સરકારી વાવટો.

(૯) કાળના વીભાગ. તથા ભુગોળ વિદ્યા સંબંધીના પ્રથવીના વીભાગ. તથા સાર્વજનીક તેહેવારના દીવસો તથા ઉપવાસના દીવસો તથા જે રજાના દીવસો સરકારી ગેજીટમાં જાહેર ખબર આપી હોય તે.

(૧૦) બ્રિટીસ સરકાર તથા બીજી કોઇ સરકાર કીંવા માણુસની મંડળી વચેની લડાઇની શરૂઆત તથા તે ચાલતી હોય તે વાત. તથા તેનો અંત.

(૧૨) કોરટના સભાસદ તથા અમલદારનાં નામો, તથા તેના ડેપ્યુટીઓના તથા તાબાના અમલદારોના તથા આસીસ્ટંટોના નામો, તથા કોરટની પ્રોસેસ અમલમાં લાવવાનું કામ કરનાર સરવે અમલદારોનાં નામો તથા સરવે આડવોકેટ તથા આટરની તથા પ્રાકટર તથા વકીલ તથા પ્લીડર તથા કોરટની રૂબરૂ હાજર થવાનો કીંવા કામ ચલાવવાનો કાયદાથી જે બીજા સખસોને અધિકાર હોય તેઓનાં નામો.

(૧૩) રસ્તા બાબતની રૂલ.

સદરહુ સરવે બાબતમાં, તથા સારવજનીક ઈતિહાસ વિદ્યા, શાસ્ત્ર, કીંવા કળા, એ બાબતના સરવે કામોમાં પણ, કોરટ યોગ્ય પુસ્તકની કીંવા દાખલા જોવાના દસ્તાવેજની મદદ લેવાને મુખત્યારછે.

કોઈ હકીકત ન્યાયાધીકારની રૂઇએ ધ્યાનમાં લેવાનું કોઈ સખસ કોરટને, કહે તો તે પ્રમાણે કોરટ કરી શકે તેને સારૂ કોરટને જે પુસ્તકની કીંવા દસ્તાવેજની જરૂર જણાય, તે પુસ્તક કીંવા દસ્તાવેજ સદરહુ માણુસ હાજર ન કરે તો તથા કરે ત્યાંસુધી હકીકત મજકુર સદરહુ પ્રમાણે ન્યાયાધીકારની રૂઇએ ધ્યાનમાં લેવાનું નાકબુલ કરવાને કોરટ મુખત્યારછે,

અંગીકાર કરેલી હકીકતો બાબત.

૫૮. કોઈપણ કામના પક્ષકારો કીંવા તેઓના મુખત્યારો જે હકીકત મુકરદમાની સુનાવણી વખતે અંગીકાર કરવાનુ કબુલ કરે, કીંવા સુનાવણીની પેહેલાં પોતાના સહી સાથેના લખી આપેલા લેખ ઉપરથી જે હકીકત અંગીકાર કરવાને તેઓ કબુલ કરે. કીંવા જે હકીકત તેઓએ પોતાના જાબ જવાબ

ઉપરથી અંગીકાર કરી છે એવું એવા જાબ જવાબ બાબતના તે વખતના ચાલુ નીયમો પ્રમાણે ગણાતું હોય, તે હકીકત શાબીત કરવાની જરૂર નથી; પરંતુ કોરટની નજરમાં યોગ્ય જણાય તો સદરહુ અંગીકાર કરેલી હકીકત અંગીકાર શિવાય બીજી કોઇ રીતે શાબીત કરી આપવાનું પક્ષકાર મજકુરને ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

બાબ ૪—મુખ જુબાની પુરાવા બાબત.

મુખજુબાની પુરાવાથી હકીકતો શાબેત કરવા બા.

૫૯ દસ્તાવેજમાંના મજકુર શીવાય સરવે હકીકતો મુખજુબાની પુરાવાથી શાબીત કરી શકાય છે.

મુખજુબાની પુરાવો પ્રતક્ષ જોઇએ.

૬૦ હરકોઇ જાતના તમામ કામોમાં મુખજુબાની પુરાવો પ્રતક્ષ હોવો જોઇએ; એટલે.

જો પુરાવો મજકુર જે હકીકત જોવાઇ શકાતી હતી તે હકીકત વીશે હોય, તો હકીકત મજકુર પોતે જોઈ છે એવું જે સાહેદ કહે તેની સાહેદી આપવી જોઇએ.

જો પુરાવો મજકુર જે હકીકત સાંભળી શકાતી હતી તે હકીકત વીશે હોય તો હકીકત મજકુર પોતે સાંભળી છે એમ જે સાહેદ કહે તેની સાહેદી આપવી જોઇએ.

જો પુરાવો મજકુર છે હકીકતનું જ્ઞાન બીજી કોઇ ઇંદ્રી વડે કીંવા કોઇ બીજી રીતે થઈ શકતું હતું તે હકીકત વીશે હોય, તો હકીકત મજકુરનું જ્ઞાન પોતાને તે ઇંદ્રી વડે કીંવા તે રીતે થયું છે એમ જે સાહેદ કહે તેની સાહેદી આપવી જોઇએ.

જો પુરાવો મજકુર અમુક અભીપ્રાય વીશે કીંવા જે કારણ ઉપરથી તે અભીપ્રાય ઠરાવવામાં આવ્યો હોય તે વીશે હોય તો જે સખસનો તે કારણ ઉપરથી તેનો અભીપ્રાય હશે તે સખસની સાહેદી આપવી જોઈએ.

પરંતુ એવું ઠરાવવામાં આવ્યું છે કે જે ગ્રંથો વેચવા સારૂ મુકવામાં સાધારણ રીતે આવતા હોય તેમાં કુશળ માણસોના લખેલા અભીપ્રાયની તથા જે કારણ ઉપરથી તે અભીપ્રાય બંધાયા તે કારણોની શાબીતી તે ગ્રંથો હાજર કરીને કરી શકાય છે; પણ એ મુજબ ક્યારે થાય કે જ્યારે તે ગ્રંથકાર મરણ પામ્યો હોય કીંવા તે મળી શકતો ન હોય. કીંવા સાહેદી આપવાને તે અશક્ત થયો હોય, કીંવા ઘણો વખત લાગ્યા શિવાય અથવા ઘણો ખરચ કર્યા શિવાય તેને હાજર કરાતો ન હોય અને તેવું કરવું કોરટને યોગ્ય દેખાતું ન હોય ત્યારે.

અને વળી એવું પણ ઠરાવ્યું છે કે મુખ જુબાની પુરાવો જો દસ્તાવેજ શિવાય બીજો કોઇ જડ પદાર્થ છે કે નહિ તે વિશે અથવા તેની સ્થીતી વીશે હોય તો, કોરટને યોગ્ય જણાયાથી તે પદાર્થ પોતાને તપાસવા સારૂ હાજર કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

બાબ ૫—દસ્તાવેજી પુરાવા બાબત.

દસ્તાવેજના મજકુરની શાબીતી.

૬૧ દસ્તાવેજના મજકુરની શાબીતી અવલ પુરાવાથી કીંવા દોયમ પુરાવાથી કરી શકાય છે.

અવલ પુરાવો. | ૬૨ કોરટ તપાસે તે સારૂ હાજર કરેલા ખુદ દસ્તાવેજને અવલ પુરાવો સમજવો.

ખુલાસો ૧ લો—કેટલાએક ભાગો મળીને જો એક દસ્તાવેજ થયો હોય, તો દરેક ભાગ દસ્તાવેજ મજકુરનો અવલ પુરાવો છે એમ સમજવું.

જ્યારે કોઈ દસ્તાવેજ સામા લેખ સહીત થયો હોય, અને તે પ્રત્યેક સામો લેખ પક્ષકારોમાંથી એક કીંવા કેટલાએક પ્રક્ષકારોએજ માત્ર કરી આપ્યો હોય ત્યારે તે પ્રત્યેક સામો લેખ તે કરી આપનાર પ્રત્યેક પક્ષકાર વિરૂદ્ધ અવલ પુરાવો છે એમ સમજવું.

ખુલાસો ૨ જો—ઠરસા છાપથી; કીંવા શિલા છાપથી, કીંવા ફોટોગ્રાફીથી જે પ્રમાણે ઘણા દસ્તાવેજ બને છે તે પ્રમાણે જ્યારે એકજ એક સરખી ક્રિયાવડે ઘણાએક દસ્તાવેજ થયા હોય, ત્યારે પ્રત્યેક દસ્તાવેજ બાકીના બીજા દસ્તાવેજોના મજકુરનો અવલ પુરાવો છે. પરંતુ જ્યારે સદરહુ સરવે દસ્તાવેજો એકજ અસલ દસ્તાવેજોની નકલો હોય ત્યારે તે દસ્તાવેજો સદરહુ અસલ દસ્તાવેજના મજકુરનો અવલ પુરાવો થતો નથી.

દ્રષ્ટાંતો.

એવું બતાવવામાં આવ્યું છે કે એક માણસના કબજામાં ઘણાં જાહેરનામાં છે, અને તે સરવે એક અસલ ઉપરથી એકી વખતે ઠરસાથી છાપેલાં છે. સદરહુ જાહેરનામાં પઈકી હરકોઇ એક જાહેરનામું બીજા હરકોઈ જાહેરનામાના મજકુરનો અવલ પુરાવો છે; પરંતુ સદરહુ અસલ જાહેરનામાના મજકુરનો સદરહુ જાહેરનામા પઇકી કોઇ પણ જાહેરનામું અવલ પુરાવો થતો નથી.

દોયમ પુરાવો. | ૬૩. દોયમ પુરાવાનો અર્થ નીચે લખ્યા પ્રમાણે છે અને તેમાં નીચે લખેલી વસ્તુનો સમાવેસ થાય છેઃ—

(૧) આ આકટમાં હવે પછી જે નિયમો કહેલાછે તે પ્રમાણે આપેલી દાખલાવાળી નકલો.

(૨) યંત્ર ક્રીયાવડે અસલ ઉપરથી કરેલી નકલો જ્યારે તે યંત્ર ક્રીયા ઉપરથી ખરીજ નકલ થાય એવું હોય ત્યારે, તથા એવી યંત્ર ક્રીયાવડે કરેલી નકલો સાથે મુકાબીલ કરેલીનકલો.

(૩) અસલ ઉપરથી કરેલી કીંવા અસલ જોડે મુકાબીલ કરેલી નકલો.

(૪) દસ્તાવેજના સામા લેખ, જે પક્ષકારે તે કરી ન આપ્યા હોય તે પક્ષકાર વિરૂદ્ધ.

(૫) જે શખસે કોઇ દસ્તાવેજ પોતે જાતે જોયો હોય તેણે તે દસ્તાવેજના મજકુરનો મુખ જુબાની કહેલો હેવાલ.

દ્રષ્ટાંતો.

(અ) અસલ દસ્તાવેજ તથા તેનો ફોટોગ્રાફ એ બેઉને મુકાબીલ કર્યા ન હોય તો પણ સદરહુ અસલ દસ્તાવેજના મજકુરનો ફોટોગ્રાફ મજકુર દોયમ પુરાવોછે; પરંતુ જે વસ્તુ ઉપરથી ફોટોગ્રાફ મજકુર લીધો હોય તે અસલ હતી એવું સાબીત થવું જોઈએ.

(બ) નકલ કરવાના યંત્રવડે કોઇ કાગળની કરેલી નકલ જોડે મુકાબીલ કરેલી નકલ તે કાગળ માંહેના મજકુરનો દોયમ પુરાવો થાયછે; પરંતુ સદરહુ નકલ કરવાના યંત્રે કરેલી સ-

દરેકુ નકલ અસલ મજકુર ઉપરથી કરી છે એવું બતાવવું જોઈએ.

(ક) નકલ ઉપરથી કરેલી કોઈ નકલ પછાડીથી અસલ જોડે મુકાબીલ કરી હોય, તો તે દોયમ પુરાવો થાયછે; પરંતુ તેને એ પ્રમાણે મુકાબીલ કરી ન હોય, તો તે અસલ દસ્તાવેજનો દોયમ પુરાવો નથી, પછી જે નકલ ઉપરથી તે કરવામાં આવી હોય તે નકલ અસલ જોડે મુકાબીલ કરી હોય તો પણ,

(ડ) અસલ જોડે મુકાબીલ કરેલી નકલનો મુખ જુબાની હેવાલ કીંવા અસલ ઉપરથી લીધેલા ફોટોગ્રાફ કીંવા યંત્રવડે કરેલી નકલના મુખજુબાની હેવાલ, સદરહુ અસલ દસ્તાવેજનો દોયમ પુરાવો નથી.

ટીકા—બીજી રકમ અને બ અને ક દ્રષ્ટાંતો સાથે વાંચતાં એમ જણાશે કે નકલની પુરાવામાં દાખલ કરીશકાયનહિ. પણ જો યંત્રવડે કરેલી નકલ ઉપરથી કરેલી હોય અને તેની સાથે મેળવેલી હોય તો તે દોયમ પુરાવ ગણાયછે. યંત્રવડે નકલ કરેલી હોય તો તે બરાબર ચોકસ છે એમ ખાત્રી પૂર્વક માની શકાય તેમ છે.

સહીવાળી નકલો ખરી છે એવું અનુમાન ૭૯ મી કલમ પ્રમાણે કરી શકાય. પણ બીજી નકલો સાબીત કરવી જોઇએ. પુરાવામાં જે નકલ દાખલ કરવાની છે તે અસલની સાથે જોડાયલી હોય તે સાક્ષીની જુબાની લીધાથી તે શાબીત કરી શકાય છે જે નકલછે તે ખરી નકલ છે એમ શાબીત કરી આપ્યાથી અસલનો પુરાવો થતો નથી એટલે અસલ દસ્તાવેજ કરવામાં આવ્યો હતો તેનો અગર તે ખરો છે તેનો પુરાવો થતો નથી. આ બાબતમાં ૨૩ વી. રી. ૨૦૮ જુઓ.

દસ્તાવેજો અવલ પુરાવાથી સાબીત કરવા જોઇએ.

૬૪. હવે પછી જે પ્રસંગો કહ્યાછે તે શીવાય બીજે પ્રસંગે દસ્તાવેજો અવલ પુરાવાથી સાબીત કરવા જોઇએ.

કીયે પ્રસંગે દોયમ પુરાવો આપી શકાય છે.

૬૫. કોઇ દસ્તાવેજ છે કીંવા નથી એ વાતનો, તથા દસ્તાવેજની સ્થીતીનો, તથા તેના મજકુરનો દોયમ પુરાવો નીચે કહેલે પ્રસંગે આપી શકાય છે

(અ) જે સખસની વીરૂદ્ધ દસ્તાવેજ સાબીત કરવાની ઈછા હોય તે સખસના, કીંવા જે સખશને કોરટનો હુકમ પોહોચીશકતો નહી હોય, કીંવા તે હુકમને તે તાબે ન હોય તે સખસના,

કીંવા તે દસ્તાવેજ હાજર કરવાની જે સખસને કાયદાની ફરજ હોય તે સખસના, કબજામાં કીંવા અખત્યારમાં અસલ દસ્તાવેજછે એવું જ્યારે બતાવવામાં આવે, કીંવા એવું માલમ પડે ત્યારે,

તથા જ્યારે કલમ ૬૬ મીમાં કહેલી નોટીસ પોચ્યા પછી દસ્તાવેજ મજકુર હાજર કરવામાં ન આવે ત્યારે તે પ્રસંગે;

(બ) જે સખસ વીરૂદ્ધ દસ્તાવેજ મજકુર સાબીત કરવાનો હોય તે સખસે અસલ છે એ વાત કીંવા તેની સ્થીતિ, કીંવા તેનો મજકુર લખીતવાર અંગીકાર કરવાનું જ્યારે સાબીત થયું હોય ત્યારે તે પ્રસંગે.

(ક) જ્યારે અસલ દસ્તાવેજનો નાશ થયો હોય ત્યારે, કીંવા તે ખોવાઇ ગયો હોય ત્યારે કીંવા તેમાં લખેલા મજકુર વીશે જે પક્ષકાર પુરાવો આપવા માગે છે તે પક્ષકાર તેની પોતાની કસુર કીંવા ગફલતથી ઉત્પન્ન ન થયું એવા બીજા કોઇ કારણને લીધે યોગ્ય વખતમાં તેને હાજર કરી શકતો નહોય ત્યારે તે પ્રસંગે;

(ડ) જ્યારે અસલ દસ્તાવેજ સેહેલથી ખસેડી શકાય નહિ એવા પ્રકારનો હોય ત્યારે તે પ્રસંગે;

(ઇ) જ્યારે અસલ દસ્તાવેજ કલમ ૭૪ મુજબનો સાર્વજનીક દસ્તાવેજ હોય, ત્યારે તે પ્રસંગે;

(ફ) જ્યારે અસલ દસ્તાવેજ એવો હોય કે આ કાયદા મુજબ કીંવા બ્રીટીશ ઈંડીયામાં કોઇ બીજો કાયદો અમલમાં હોય તે મુજબ તેની દાખલાવાળી નકલ પુરાવામાં આપવાની પરવાનગી હોય ત્યારે તે પ્રસંગે;

(ગ) જ્યારે અસલ દસ્તાવેજમાં ઘણા હીસાબ તથા દસ્તાવેજ હોય અને તેની તપાસણી કોરટમાં કરવા સુગમ પડતી ન હોય, તથા સદરહુ સર્વે દસ્તાવેજો ગણીને તેનું એકંદર સરવાળે શું પરિણામ થાયછે એ હકીકત સાબીત કરવાની હોય ત્યારે તે પ્રસંગે.

રકમ (અ) (ક) તથા (ડ) માં કહેલે પ્રસંગે દસ્તાવેજ મજકુરના મજકુરનો હરકોઈ દોયમ પુરાવો લેવા યોગ્ય છે એમ સમજવું.

રકમ (બ) માં કહેલે પ્રસંગે રકમ મજકુરમાં કહેલો અંગીકાર લેવા યોગ્ય છે એમ જાણવું. રકમ (ઇ) તથા (ફ)માં કહેલે પ્રસંગે દસ્તાવેજ મજકુરની દાખલાવાળી નકલ લેવા યોગ્ય છે, પરંતુ કોઇ બીજી જાતનો દોયમ પુરાવો લેવા યોગ્ય નથી.

રકમ (ગ)માં કહેલે પ્રસંગે જે સખસે દસ્તાવેજ મજકુર તપાસ્યા હોય; તથા એવા દસ્તાવેજની તપાસણી કરવામાં જે સખશ કુશળ હોય તે સખસની તપાસણીનું એકંદર સરવાળે શું પરીણામ થયું છે એ બાબતનો પુરાવો આપી શકાય છે.

ટીકા—વેચાણનો રજીસ્ટર્ડ દસ્તાવેજ ખોવાયો હોય તો, તે કાર્યનો મુખ જુબાની પુરાવો લેઈ શકાય અને રજીસ્ત્રેશન આફીસમાંથી સહીવાળી નકલ રજુ કરવાની ફરજ પાડવાની જરૂર નથી. ૨૨ વી. રી. ૩૦૩ જે સખશની દોયમ પુરાવો આપવાની ઈચ્છા હોય તેણે અસલ દસ્તાવેજ નાશ થયો છે અગર ખોવાયોછે તેનો પુરાવો આપવો જોઇએ. (કલમ ૧૦૪ જુઓ) દસ્તાવેજ અગાઉ હતો અને જે જગ્યાએ તે હોવો જોઈએ તે જગ્યાએ તેની ખોળ કરી પણ તે જડયો નહી એવો પુરાવો આપી તેનો નાશ થયો છે એમ બતાવી શકાય. આ શોધ તરતજ કરેલી હોવી જોઈએ અગર આ દવા સારૂજ કરેલી હોવી જોઇએ તેમ નથી ફક્ત એકજ બાબતમાં લખત ખોવાયું હોય તો તેનો મુખ પુરાવો લઇ શકાતો નથી. મુદતના કાયદા પ્રમાણે મુદતની હદ લાંબી થાય એવી લેખી કબુલત હોયછેતેછે.

૭ વી. રી. રી ૩ ૧૮મે પાને ફેંસલો છે તેમાં અશલ કોરટમાંથી અપીલ કોરટમાં દફતર લઇ જતાં તે ખોવાયું હતું તેનો દોયમ પુરાવો લેવા દેવામાં આવ્યો હતો.

આ કલમ દીવાની તેમજ ફોજદારી કામોને લાગુ પડે છે.

દસ્તાવેજ હાજર કરવા બાબતની નોટીસ વીશેના નીયમો.

૬૬. કલમ ૬૫ ની રકમ(અ) માં બોધ કરેલા દસ્તાવેજોના મજકુરનો દોયમ પુરાવો આપવા જે પક્ષકાર માગતો હોય, તે પક્ષકારે દસ્તાવેજ મજકુર હાજર કરવાની કાયદામાં ફરમાવ્યા મુજબની નોટીસ અથવા કાયદામાં કંઇ નોટીસ ઠરાવી ન હોય તો તે કામની કેફીયત ઉપરથી કોરટને યોગ્ય જણાય એવી નોટીસ; જે સખસના કબજામાં કીંવા અખત્યારમાં તે દસ્તાવેજ હોય તે શખસને અથવા તેના અટરનીને અથવા પ્લીડરને પેશતરથી ન આપી હોય તો સદરહુ મુજબનો દોયમ પુરાવો આપવો નહી.

પરંતુ નીચે લખેલા કામો પઇકી કોઈપણ કામમાં કીંવા જે બીજા કામમાં એવી નોટીસ આપવાની જરૂર નથી એવું કોરટને લાગે તેવા કામમાં દોયમ પુરાવો લેવાઈ શકાય એટલા સારૂ સદરહુ પ્રમાણેની નોટીસ આપવાની જરૂર નથી, તે કામો નીચે મુજબ,—

(૧) જે દસ્તાવેજ સાબીત કરવાનો હોય તે દસ્તાવેજ જાતે નોટીસ હોય તે કામમાં

(૨.) જે કામમાં પોતાને દસ્તાવેજ મજકુર હાજર કરવાનું કહેવામાં આવશે એમ તે કામના પ્રકાર ઉપરથી સામા પક્ષકારને માલમ પડવું જોઇએ તેવા કામમાં.

(૩.) અસલ દસ્તાવેજનો કબજો સામા પક્ષકારે દગલબાજી કીંવા જબરાઈથી મેળવ્યો છે એવું દેખાય કીંવા સાબીત થાય તે કામમાં.

(૪.) જ્યારે અસલ દસ્તાવેજ મજકુર સામા પક્ષકારની કીંવા તેના મુખત્યારની પાસે કોરટમાં હોય ત્યારે તે કામમાં,

(૫.) દસ્તાવેજ ખોવાઇ ગયોછે એવું સામા પક્ષવાળાએ કીંવા તેના મુખત્યારે અંગીકાર કર્યું હોય તે કામમાં;

(૬.) જે સખસને કોરટનો હુકમ પોહોંચી શકતો નથી કીંવા તે હુકમને તે તાબે નથી તે સખસના કબજામાં દસ્તાવેજ મજકુર હોય તે કામમાં.

હાજર કરેલા દસ્તાવેજ ઉપર અમુક માણસે સહી કરીછે અથવા તે તેણે લખ્યોછે એવું કહેવામાં આવે ત્યારે તેનીસહીની તથાઅક્ષરની સાબેતીથવીજોઇયે.

૬૭. કોઈ દસ્તાવેજ ઉપર કોઈ સખસે સહી કરીછે કીંવા તે સઘળો કીંવા તેનો કોઇ ભાગ સખસ મજકુરે લખ્યોછે એવું કહેવામાં આવતું હોય તો તે સહી તે સખશના હાથની છે એવું, અથવા દસ્તાવેજ મજકુરનો જેટલો ભાગ માણસ મજકુરના હાથનો છે એમ કહેવામાં આવતું હોય તેટલા ભાગનું લખાણ તે શખસના હાથનું છે. એવું શાબીત થવું જોઇએ.

ટીકા.—પુરાવો કેમ કરવો તે બાબત ૪૭ અને ૭૩મી કલમો જુઓ.

મુનસફ અને સબારડીનેટ જડજો આ કલમ પ્રમાણે પુરાવો લેતાં ફક્ત દસ્તાવેજ સાબીત કર્યો એટલુંજ લખેછે પણ સાક્ષીદારે શો પુરાવો આપ્યો અગર તેણે શી હકીકત કહી તે લખતા નથી. આ બાબતમાં ૨૩ વી. રી. ૩૯૧ જુઓ.

નીલકંઠ પડિતવિરૂદ્ધ જગો બંધ ગોસ (૧૨. બે. લો. રી. આપેન્ડીકસ ૧૮)ના કામ-માં એમ ઠરાવવામાં આવ્યું કે જે શખસે દસ્તાવેજ કરી આપ્યો એમ કહેવામાં આવેછે તે શખશને સહી કરતાં જેણે જોયો હોય તેણે દસ્કતનો પ્રત્યક્ષ પુરાવો આપવો જોઇએ એવો આ કલમનો અર્થછે. માજીસ્ટ્રેટ જસ્ટીસે જણાવ્યું કે આ પ્રમાણે કલમમાં સ્પષ્ટ લખેલું નથી અને કાયદા કરનારનો એવો હેતુ હતો એમ મને જણાતું નથી ઈત્યાદિ.

દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે સાક્ષી હોવા જરૂર હોય તો તે દસ્તાવેજ થયાની શાબેતી થવા બાબત

૬૮. કોઇ દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે સાક્ષી થવી જરૂર હોય અને દસ્તાવેજ મજકુર ઉપરનો શાક્ષી કરનાર શખશ હયાત હોય તથા કોરટના અમલમાં હોય, તથા પુરાવો આપવાને શક્ત હોય, તો દસ્તાવેજ મજકુર થયાની વાત સાબીત કરવા સારૂ ઓછામાં ઓછો એક સાહેદ પણ બોલાવ્યા શિવાય તે દસ્તાવેજ પુરાવા દાખલ વાપરવો નહિ.

સાક્ષી કરનાર સાહેદ મળતો નહિ હોય તો કેવી શાબીતી જોઇએ.

૬૯. એવો સાહેદ કોઈ મળી શકતો નહોય, કીંવા સંયુક્ત થયેલા ગ્રેટબ્રીટન તથા આયરલાંડના રાજ્યમાં તે દસ્તાવેજ થયોછે એવું દસ્તાવેજ મજકુર ઉપરથી સમજાતું હોયતો ઓછામાં ઓછા એક સાહેદની પણ સાક્ષી તેના હાથની કરેલીછે એવું તથા જે માણસે દસ્તાવેજ લખી આપ્યોછે તેની સહી તેનાજ હાથનીછે એવું શાબીત થવું જોઈએ.

દસ્તાવેજ ઉપર સાક્ષી થઈ હોય તે દસ્તાવેજ થયાનો અંગીકાર.

૭૦. જે દસ્તાવેજ ઉપર સાક્ષી થઇ હોય તે દસ્તાવેજ જે માણસે લખી આપ્યો હોય તે પોતેજ દસ્તાવેજ લખી આપ્યાનું અંગીકાર કરે તો તે અંગીકાર દસ્તાવેજ મજકુર થયોછે એ વાતની લખી આપનાર મજકુર વીરૂધ પુરતી શાબીતીછે એમ સમજવું; પછી તે દસ્તાવેજ એવો હોય કે કાયદા પ્રમાણે તેના ઉપર શાક્ષી થવી જોઇએ તો પણ.

દસ્તાવેજ ઉપર સાહેદી કરનાર સાહેદ, દસ્તાવેજ થયાનું નાકબુલ કરે તો બીજી સાહેદી આપી શકાયછે.

૭૧. દસ્તાવેજ થયાની વાત દસ્તાવેજ ઉપર સાક્ષી કરનાર સાહેદ નાકબુલ કરે કીંવા તેને તે વાત યાદ ન હોય તો, સદરહુ દસ્તાવેજ થયાની વાત બીજા પુરાવા ઉપરથી શાબીત કરી શકાય છે.

જે દસ્તાવેજ ઉપર શાક્ષી થવાની કાયદા મુજબ જરૂર નથી તેની શાબીતી બાબત.

૭૨. જે દસ્તાવેજ ઉપર શાક્ષી થવાની કાયદા મુજબ જરૂર નથી. તે દસ્તાવેજ ઉપર શાક્ષી થઇ હોય તો જાણે તે દસ્તાવેજ ઉપર શાક્ષી થઈજ નથી એમ સમજીને તેની શાબીતી કરી શકાયછે.

અક્ષરના મૂકાબલા બાબત.

૭૩. કોઈ સહી કીંવા લખાણ કીંવા સીકો જે સખસે કર્યાનું તે ઉપરથી સમજાતું હોય તે સખસે તે શહી કીંવા લખાણ કીંવા સીક્કો કર્યોછેકે કેમ, એ બાતનો નિશ્ચય કરવા સારૂ, જે સહી કીંવા લખાણ કીંવા સીકો શખશ મજ

કુરેનો છે એવો અંગીકાર કરવામાં આવ્યો હોય, કીંવા એવી સાબીતી કોરટની ખાતરી લાયક થઈ હોય તે સહી કીંવા લખાણ કીંવા સીક્કાનો મુકાબલો, જે સહી કીંવા લખાણ કીંવા સીકો સાબીત કરવાના છે. તેની જોડે કરી શકાય છે. પછી જેની સાથે મુકાબલો લેવાનો છે તે સહી કીંવા લખાણ કીંવા સીકો બીજા કોઇ કારણને સારૂ હાજર કરવામાં આવ્યાં ન હોય. કીંવા તેની સાબીતી કરવામાં આવી ન હોય તો પણ.

કોરટમાં હાજર હોય એવા કોઇ સખસે જે શબ્દો કીંવા આંકડા લખવાનું કહેવામાં આવતું હોય, તે શબ્દ કીંવા આંકડા જોડે મુકાબલો કરવા સારૂ સખશ મજકુરને હરકોઈ શબ્દો કીંવા આંકડા લખવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ટીકા.—આ કલમ દીવાની અને ફોજદારી કામોને લાગુ પડે છે. સન ૧૮૫૫ ના ૨ જા આકટની ૪૮ મી કલમ અને આ બાબતમાં ૨૨ વી. રી. ૨૭૨ જુઓ,

ફકત અક્ષરની સરખાવણી ઉપરથીજ જુઠો દસ્તાવેજ બનાવ્યો છે એવો ઠરાવ કરવામાં આવ્યો હતો તે બરોબર નથી એમ ઠરાવ્યું. ૮ બેં. લો. રી. ૪૯૦

સાર્વજનિક દસ્તાવેજ.

સાર્વજનીકદસ્તાવેજ | ૭૪. નીચે લખેલા દસ્તાવેજને સાર્વજનીક દસ્તાવેજ સમજવા.

૧. દસ્તાવેજ નીચે લખ્યા મુજબના આકટ હોય અથવા આકટના લેખ હોય તે દસ્તાવેજ.

(૧). રાજના સતાધીસે કીધેલા આકટ કીંવા આકટના લેખ.

(૨). સરકારી મંડળીએ તથા ઇનસાફની કોરટે કીધેલા આકટ કીંવા આકટોના લેખ.

(૩). તથા બ્રિટીશ ઈંડીયા માંહેના અથવા મહારાણીના રાજ્યના કોઇ પણ બીજા ભાગ માંહેના, અથવા પરરાજ્ય માંહેના, કાયદા કરનારા, તથા ઇનસાફ કરનારા, તથા રાજ્ય કારભાર ચલાવનારા, સરકારી અમલદારોએ કીધેલા આકટ કીંવા આકટના લેખ.

૨. ખાનગી દસ્તાવેજના સાર્વજનીક લેખ બ્રીટીશ ઈંડીયામાં રાખવામાં આવતા હોય તે,

ટીકા.—જીલ્લાના અધિકારીઓ વચ્ચે કાગળ પત્ર લખાયલા તે તે કાગળો લખવામાં આવ્યા હતા તે વખતે અમુક સખશ જીવતો હતો એમ બતાવવા સારૂ દાખલ કરવામાં આવ્યા હતા. ૨૩ વી. રી. ૨૭૨.

ર્પ્રાઈવેટ દસ્તાવેજો વિશે.

સન ૧૮૭૭ ના ૭ આકટની ૫૭ મી કલમ તે જુઓ.

ખાનગી દસ્તાવેજ | ૭૫. બીજા સરવે દસ્તાવેજોને ખાનગી દસ્તાવેજ સમજવા.

સાર્વજનીક દસ્તાવેજની દાખલાવાળી નકલો. | ૭૬. જે સાર્વજનીક દસ્તાવેજ તપાસવાનો હરકોઇ સખસનો હક છે તે સાર્વજનીક દસ્તાવેજ, જે સરકારી અમલદારના હવાલામાં હોય, તે દરએક સરકારી અમલદારે તેની નકલ સદરહુ સખશને મા-

મેથી તથા તેને સારૂ કાયદાની મુજબ ફી ભરેથી આપવી. તથા તેની સાથે નકલ મજકુરની તમે એવું એક સરટીફીકેટ લખી આપવું, કે એ નકલ દસ્તાવેજ મજકુરની, અથવા તેનો ભાગ હોય તો તેના ભાગની, ખરી નકલ છે; એ સરટીફીકેટની ઉપર સદરહુ અમલદારે તારીખ નાખવી, તથા તે નીચે પોતાના સરકારી હોદા સાથે પોતાના નામની શહી કરવી, અને અમલદાર મજકુરને શિકો વાપરવાનો કાયદાથી અખત્યાર હોય તો તેના ઉપર શીકો મારવો. એ પ્રમાણે જે નકલો ઉપર દાખલો લખ્યો હોય તે નકલોને દાખલાવાળી નકલો કહેવી.

ખુલાસો—જે અમલદારને સરકારી હોદાના કામના સાધારણ રીતે આવતા પ્રસંગથી એવી નકલો સ્વાધીન કરાનો અધીકાર હોય તે દરેક અમલદારના હવાલામાં એવા દસ્તાવેજ છે. એવો આ કલમનો અરથ સમજવો.

ટીકા—દાખલાવાળી નકલો ઉપર સ્ટાંપ—જુદી જુદી જાતના દસ્તાવેજોના ઉપર સ્ટાંપ ચોડવા બાબત સન ૧૮૭૦ નો કોરટ ફી આકટના પરીશીસ્ટ ૧ ની કલમો ૬–૭ જોવી. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાના ઠરાવો મુજબ આપેલી જુદી જુદી જાતના દસ્તાવેજોની નકલો ઉપર તા. ૬ જુન સન ૧૮૭૩ ના નંબર ૯૯૬ ની ઇંડીઆ સરકારની જાહેર ખબરથી સ્ટાંપ ન ચોડવાની છુટ છે. એ જાહેર ખબરથી નીચેની નકલો ઉપર સ્ટાંપ ચોડવાની જરૂર નથી.

૧. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૯ મુજબ તોહોમતદાર શખશને આપેલી તોહોમતનામાની નકલ અથવા તરજુમા ઉપર.

૨. કલમ ૨૦૧ મુજબ તોહોમતદાર શખશને આપેલી જુબાનીઓની નકલો ઉપર.

૩. કલમ ૨૭૬ મુજબ જે શખશને તેથી નુકશાન હોય તે શખશને આપેલી ફોજદારી કોરટના ફેશલાની અથવા હુકમની નકલ ઉપર જો તે શખશ જેલમાં હોય તો અથવા કોરટની ધાનમાં આવે તો.

૪. કલમ ૨૫૭ મુજબ તોહોમતદારને આપેલી શાહેદોની જુબાનીઓની નકલ ઉપર.

૫. કલમ ૪૪૬ મુજબ તોહોમતદારને આપેલી તોહોમતનામાઓની નકલ ઉપર.

૬. કલમ ૫૩૮ મુજબ આપેલી ભરણ પોષણના હુકમોની નકલો.

એવી નકલો ગુજારવા બાબત.

૭૭. જે સારવજનીક દસ્તાવેજની અથવા સારવજનીક દસ્તાવેજના ભાગની સદરહુ પ્રમાણેની દાખલાવાળી નકલો નકલ છે. એવું તે નકલ ઉપરથી સમજાય, તે સારવજનીક દસ્તાવેજમાંના અથવા દસ્તાવેજના ભાગમાંના, લખાણુની સાબીતીમાં સદરહુ પ્રમાણેના દાખલાવાળી નકલો ગુજારી શકાય છે

ટીકા—૧. દાખલાવાળી નકલો એજ સારવજનીક દસ્તાવેજોનો લેવા યોગ્ય માત્ર દોયમ પુરાવો છે. કલમ ૬૫ રકમ (ઈ) જોવી.

બીજા સરકારી દસ્તાવેજોની શાબેતી બાબત.

૭૮. નીચે પ્રમાણેના શારવજનીક દસ્તાવેજ નીચે પ્રમાણે શાબીત કરી શકાય છે.

૧. બ્રિટીશ ઇંડીયાનો રાજ્યકારભાર શરકારના દરકોઇ કારખાનેથી ચલાવા

અથવા હરકોઇ સ્થાનીક સરકારે કરેલા અથવા હરકોઈ સ્થાનીક સરકારના કારખાનેથી થએલા આક્ટો, હુકમો, અથવા જાહેરનામાંઓ, એ સરવે,

સદરહુ કારખાનાના દફતરો જેના તે કારખાનાના ઉપરી તરફથી દફતર મજકુરો તેજ કારખાનાનાં છે એવા દાખલા સહીત મોકલવામાં આવેતે દફતરોથી સાબીત કરી શકાયછે.

અથવા એવી કોઈ સરકારના હુકમથી કોઇ દસ્તાવેજ છપાય છે એવું તે દસ્તાવેજ ઉપરથી જણાય તે દસ્તાવેજથી સાબીત કરી શકાય છે.

(૨) કાયદા કરનારી સભાઓના પ્રોસીડીંગ, એ

સદરહુ જેની તે સભાના રોજ કામથી અથવા કોઈ પ્રસીદ્ધ કરેલા આકટોથી, અથવાં સાર ગ્રંથથી, અથવા કોઈ નકલો સરકારના હુકમથી છપાય છે એવું તે નકલો ઉપરથી સમજાય તે નકલોથી સાબીત કરી શકાયછે.

(૩) મહારાણીએ અથવા પ્રીવીકાઉનસીલે કરેલાં અથવા મહારાણીની સરકારના કોઇ પણ કારખાનેથી થયલાં જાહેરનામાઓ, હુકમો અથવા નીયમો એ સરવે.

લંડન ગેજેટમાં, નકલો અથવા ઈતેખાબો હોય તેનાથી અથવા કોઇ નકલ અથવા ઈતેખાબ રાણીના છાપનારે છાપ્યાંછે એવું તે નકલ અથવા ઈતેખાબ ઉપરથી સમજાય તે નકલો અથવા ઈતેખાબોથી, સાબીત કરી શકાય છે;

(૪) કોઈ પરરાજાની રાજ્યકારભાર ચલાવનાર સરકારના આકટો અથવા કોય પર રાજ્યની કાયદા કરનાર સભાના પ્રોસીડીંગ, એ.

સદરહુ સરકારના અથવા સભાના હુકમથી છપાતાં હોય એવાં, અથવા એ પ્રમાણે છપાએલાં રાજ્ય મજકુરમાં સામાન્ય રીતે ગણાતાં હોય એવાં રોજ કામથી અથવા તે રાજ્યના અથવા ત્યાંના સત્તાધીશના શિક્કા સાથેના દાખલાવાળી નકલોથી અથવા હીંદુસ્તાનના ગવરનર જનરલ ઈનકાઉનસીલના કોઈ પ્રસિધ્ધ આકટમાં સદરહુ આકટો અથવા પ્રોસીડીંગને કબુલ રાખ્યા હોય તો તેથી સાબીત કરી શકાયછે.

બ્રિટીશ ઈંડીઆમાંની કોઈ મ્યુનીસીપાલ મંડળીનાં પ્રોસીડીંગ.

એવાં પ્રોસીડીંગ જેની પાસે કાયદા પ્રમાણે રહેતાં હોય, તેણે કરી આપેલી દાખલાવાળી સદરહુ પ્રોસીડીંગની નકલથી અથવાકોઈ છાપેલી ચોપડી એવી મંડળીના હુકમથી પ્રસિદ્ધ થાયછે. એવું તે ચોપડી ઉપરથી સમજાતું હોય તે ચોપડીથી સાબીત કરી શકાય છે.

(૬) કોઇ પારકા દેશમાંના કોઈ બીજી જાતના સારવજનીક દસ્તાવેજ.

અસલ દસ્તાવેજથી શાબિત કરી શકાયછે; અથવા કાયદા પ્રમાણે તે લેખ જેની પાસે રહેતો હોય તેણે કરી આપેલી દાખલાવાળી નકલ સાથે, જો કોઇ નોટરી પબ્લિકનું, અથવા બ્રિટીસ કાંઉન્સીલનું, અથવા રાણી તરફથી તે રાજ્યમાં મોકલેલા કોઇ વકીલનું, શિક્કાવાળુ એવું સરટીફીકેટ હોય કે અસલ દસ્તાવેજ કાયદા પ્રમાણે જે અમલદારના હવાલામાં છે, તે અમલદારે યોગ્ય રીતે નકલ મજકુર ઉપર ખરાપણાનો દાખલો કર્યો છે તો સદરહુ પારકા દેશના કાયદા પ્રમાણે દસ્તાવેજ મજકૂરનો પ્રકાર સાબીત થએલી સદરહુ દાખલાવાળી નકલથી સાબીત કરી શકાય છે.

દસ્તાવેજ બાબત અનુમાન.

દાખલાવાળી નકલોના ખરા પણા વિશે.

૭૯. કોઇ દસ્તાવેજ ઉપરથી એવું સમજાય કે તે સરટીફીકેટ છે અથવા દાખલાવાળી નકલ છે, અથવા કોઇ અમુક હકીકતના પુરાવામાં કાયદાના ઠરાવ ઉપરથી લેવા યોગ્ય બીજો દસ્તાવેજ છે, તથા દસ્તાવેજ મજકુર ઉપરથી એવું સમજાય કે તે ખરો છે એવો, દાખલો બ્રિટીસ ઇંડીયામાંના હરકોઇ અધિકારીએ અથવા મહારાણી સાથે દોસ્તી રાખનારા હરકોઈ દેશી સંસ્થાનમાંના કોઈ અધિકારીને ગવરનર જનરલ ઇનકાઉન્સીલે યોગ્ય રીતે એ બાબત અખત્યાર આપ્યો હોય એવા હરકોઇ અધિકારીએ યોગ્ય રીતે તેના ઉપર આપ્યોછે એવો પ્રત્યેક દસ્તાવેજ ખરોછે એવું અનુમાન કોરટે કરવું, પરતું એવા દસ્તાવેજને સારૂ કાયદામાં જે નમુનો ઠરાવ્યો હોય તે નમુના પ્રમાણે તે દસ્તાવેજ મુખ્ય મુદ્દાની વાતે હોવો જોઈએ તથા તે દસ્તાવેજ જે રીતે કરવાનું કાયદામાં ઠરાવ્યું હોય તે રીતે થએલો છે એવું તે દસ્તાવેજ ઉપરથી માલમ પડવું જોઇએ. એવા કોઇ દસ્તાવેજ ઉપરથી જે અધીકારીએ તે ઉપર સહી કીધેલી અથવા દાખલો આપેલો સમજાતો હોય તે અધીકારીને સદરહુ સહી કરતી વખતે કાગળ મજકુરમાં અધીકારી મજકુરે બતાવ્યા પ્રમાણેનો સરકારી હોદ્દો હતો એવું પણ કોરટે અનુમાન કરવું.

પુરાવાનું દફતર ગુજારવામાં આવે તારે કેવું અનુમાન કરવું.

૮૦. જ્યારે હરકોઇ કોરટની રૂબરૂ એવો હરકોઇ દસ્તાવેજ ગુજારવામાં આવે કે તે દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે દસ્તાવેજ મજકુર કોઇ ઇનસાફી મુકરદમામાં કીંવા એવો પુરાવો લેવાનો કાયદાથી અખત્યાર હોય એવા હરકોઇ અધીકારીની રૂબરૂ કોઇ શાહેદે આપેલી સાહેદીનુ કીંવા શાહેદીના ભાગનું દફતર કીંવા યાદદાસ્ત છે અથવા તો હરકોઈ કેદીની કીંવા તોહોમતવાળા સખસની કાયદા પ્રમાણે લીધેલી જુબાની કીંવા કબુલતછે તથા દસતાવેજ મજકૂર ઉપરથી એવું સમજામાં આવે કે તેના ઉપર કોઇ જડજ કીંવા માજીસ્ત્રેટ કીંવા એવા ઉપર કહેલા કોઇ અધીકારીએ સહી કીધીછે ત્યારે કોરટ મજકુરે એવું અનુમાન કરવું કે.

દસ્તાવેજ મજકુર ખરોછે તથા સદરહુ સાહેદી કીંવા જુબાની કીંવા કબુલતના ઉપર સહી કરનાર શખશે તે સાહેદી કીંવા જુબાની કીંવા કબુલત કેવી હકીકતની સાથે લેવામાં આવી હતી તે બાબત જે વાતો લખેલી તે ઉપર થકી સમજાય તે વાતો ખરીછે તથા એવી સાહેદી કીંવા જુબાની કીંવા કબુલત યોગ્ય રીતે લેવામાં આવી હતી.

ટીકા.—આ કલમ ફકત મલીકામાવાઝમાના રાજની કોરટનાજ ઇનસાફી દફતરો વીશે છે એમ જણાય છે. પર રાજ્યની કોરટોના ઇનસાફી દફતરો વીશેના અનુમાન બાબત કલમ ૮૬ જોવી.

જાણી જોઈને ખોટી સાક્ષી આપવાના ગુન્હાની તજવીજમાં ફરીયાદી તરફથી કેદીએ જે જુબાની આપી તેનું દફતર રજુ કરવામાં આવે અને તે ખોટુછે એમ કહેવામાં આવે તો કેદીએ જુબાની આપતાં જે શબ્દો કહ્યા હતા તેજ તેમાં અગર તેના દેશી ભાષામાં લખાયલા પ્રોસીડીંગમાં છે એમ કોરટ અનુમાન કરી શકે? આના સંબંધમાં ૨૨ વી. રી. ક્રી. રૂ. ૨ અને ૨૩ વી. રી. ક્રી. ૨૧૮ જુઓ.

કેદી જે બોલ્યો તે બરોબર લખવામાં આવ્યું નથી એમ તેની તરફથી બનાવી શકાય. જાણી બુઝીને જુઠી સાક્ષી આપવાના કામમાં કલેકટરે પુરાવાનું ટાંચણ કાયદા પ્રમાણે કરવું જોઇએ તે ન કર્યું હોય તો તેથી દેશી ભાષામાં પુરેપુરી લંબાઈથી જે જુબાની લખવામાં આવી હોય તેને પુરાવામાં દાખલ કરતાં બાધ નથી. ૯ વી. રી. ક્રી ૩૬૯

ગેજેટ બાબત અનુમાન.

૮૧. કોઈ દસ્તાવેજ ઉપરથી એવું સમજાય કે તે લંડન ગેજેટછે. અથવા ઇંડીઆ ગેજેટછે અથવા હરકોઇ સ્થાનીક સરકારનું કીંવા બ્રીટીસ સરકારે વસાવેલા હરકોઇ મુલકનું, કીંવા બ્રીટીસ સરકારના તાબાના કીંવા હસતગત કીધેલા મુલકનું, સરકારી ગેજેટ છે, અથવા કોઇ વરતમાન પત્ર કીંવા ચોપાનીઉં છે. અથવા પારલામેંટના અસારવજનીક આકટની રાંણીના છાપનારે છાપેલી નકલ છે, તે પ્રતીએક દસ્તાવેજ, તથા કોઇ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે એવો દસ્તાવેજ છે કે તેને કોઇ સખશે રાખવાનું કાયદામાં ફરમાવ્યું છે, તે પ્રતીએક દસ્તાવેજ, જો કાયદામાં ફરમાવેલા નમુના પ્રમાણે મુખ્ય મુદ્દાની વાતે રાખવામાં આવતો હોય તથા જેના હવાલામાંથી રજુ થવો જોઈએ તેના હવાલામાંથી રજુ થાય તો તે ખરી છે એવું કોરટે અનુમાન કરવું.

ટીકા.—યોગ્ય હવાલાના અર્થ વી. આગળ કલમ ૯૦ જોવી.

શહી અથવા શીકાની સાબેતી થયા વગર ઇંગ્લાંડમાં જે દસ્તાવેજ પુરાવામાં લેવા યોગ હોય તે દસ્તાવેજ બાબત અનુમાન.

૮૨. કોઈ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે દસ્તાવેજ ઈંગ્લાંડમાં અથવા આર્યલાંડમાં તે વખતના ચાલુ કાયદા પ્રમાણે ઈંગ્લાંડ અથવા આયરલાંડ માંહેથી હરકોઇ ઇનસાફની કોરટમાં તે ઉપરના તેના બરાબર પણા બાબતના સિકા કીંવા સહીની અથવા તેના ઉપર જે સખસે સહી કરવાનું તે ઉપરથી સમજાય તે સખસની ઈનસાફી અથવા સરકારી હોદાની સાબીતી થયા વિના કોઇ વાતની સાબીતીમાં લેવા યોગ્ય હોય એવો દસ્તાવેજ છે. તો તે દસતાવેજ જ્યારે કોઈ કોરટમાં ગુજારવામાં આવે. ત્યારે કોરટે અનુમાન કરવું કે એવો સીક્કો કીંવા સ્ટાંપ કીંવા સહી ખરા છે, તથા તે દસતાવેજના ઉપર સહી કરનાર સખસને સહી મજકુર કરતી વખતે તેનો જતાવેલો ઈનસાફી કીંવા સરકારી હોદો હતો.

તથા ઇંગ્લાંડ અથવા આયરલંડમાં દસતાવેજ મજકુર જે વાતના પુરાવામાં લેવા યોગ્ય હોય તે વાતના પુરાવા સારૂ તેને કબુલ રાખવો.

હરકોઇ મુકદમાના કામ સારૂ બનાવેલા નકશાની શાબેતી બાબત.

૮૩. કોઇ નકશા અથવા પલાન ઉપરથી એમ સમજાય કે તે સરકારના હુકમથી કરવામાં આવ્યાછે તો તે નકશા અથવા પલાન એ પ્રમાણે કરવામાં આવ્યા છે તથા બરાબર છે એવું કોરટે અનુમાન કરવું પરંતુ હરકોઈ મુકદમાના કામને સારૂ જે નકશા અથવા પલાન બતાવ્યા હોય તે નકશા તથા પલાન બરાબર છે એવી શાબેતી થવી જોઈએ.

કાયદાના તથા કોરટના ફેસલા આના સમહ ગ્રંથ બાબત અનુમાન.

૮૪. કોઈ ગ્રંથ ઉપરથી એમ સમજાય કે તે હરકોઇ દેશની સરકારના હુકમથી છાપવામાં કીંવા પ્રસીદ્ધ કરવામાં આવ્યો છે, તથા તેમાં દેશ મજકુરના કાયદામાંના કોઈ કાયદા છે, તો એવો પ્રત્યેક ગ્રંથ ખરો છે એવું કોરટે અનુમાન કરવું.

તથા કોઇ ગ્રંથ ઉપરથી એવું સમજાય કે તેમાં એવા દેશની કોરટોના ફેસલાના રીપોરટ છે, તો એવો પ્રત્યેક ગ્રંથ ખરો છે એવું કોરટે અનુમાન કરવું.

મુખત્યારનામા બાબત અનુમાન.

૮૫. કોઇ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે મુખત્યારનામું છે તથા તે હરકોઈ નોટરી પબ્લિકની અથવા કોરટની અથવા જડજની અથવા માજીસ્ત્રેટની અથવા બ્રિટીસ કોનસલની અથવા વાઈનસ કોનસનલની અથવા માહારાણીના અથવા હીંદુસ્તાનની સરકારની પ્રતિનીધિ રૂબરૂ થયેલું છે તથા તેના ખરાપણા વીશે તેના ઉપર તેણે સહી કરી છે તો એવો પ્રત્યેકદસ્તાવેજ એ પ્રમાણે થયેલો છે તથા તે ઉપર એ પ્રમાણે ખરાપણાની સહી કરીછે એવું કોરટે અનુમાન કરવું.

પારકા દેશના ઈનસાફના દફતરોની દાખલાવાળી નકલો બાબત અનુમાન.

૮૬. કોઇ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે માહારાણીના તાબાના મુલકનો ભાગ ન હોય એવા કોઈ દેશના ઈનસાફના દફતરની દાખલાવાળી નકલ છે ત્યારે દસતાવેજ ઉપરથી જો એવું જણાય કે દેશ મજકુરમાં ઇન્સાફના દફતરની નકલો ખરી કરી આપવા સારૂ જે રીત સામાન્ય રીતે ઉપયોગમાં આવતી હોય તે રીત કઇ છે તેનો દાખલો માહારાણીના અથવા હીંદુસ્તાનનીસરકારના એવા દેશમાં રહેનાર પ્રતિનીધિએ આપ્યો હોય તે દાખલામાં લખેલી રીત પ્રમાણે દસ્તાવેજ મજકુર ઉપર ખરાપણાનો દાખલો કર્યોછે તો તે દસ્તાવેજ ખરો તથા બરાબર છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

ચોપડીના નકશા બાબત અનુમાન.

૮૭. જે વીષયોમાં સારવજનીક કીંવા સામાન્ય ફાયદા ગેરફાયદાનો સંબંધ છે તે વાષયો સંબંધી માહીતી સારૂ કોઇ ચોપડી કોરટ જોય તે ચોપડી તથા કોઇ પ્રસિદ્ધ થયેલો નકશો અથવા ચારટ કોરટમાં તપાસવાને સારૂ રજુ કરવામાં આવે અને તેમાં બનાવેલી વાત લગતી હકીકત હોય તો તે ચોપડી તથા નકશો અથવા ચારટ જે સખસે અથવા જે વખતે અથવા જે જગ્યાએ લખ્યાનું અથવા છાપ્યાનું તે ઉપરથી સમજાય, તે સખસે તથા તે વખતે તથા તે જગોએ છાપ્યો તથા પ્રસિદ્ધ કીધો, એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

ફોટોગ્રાફ તથાયંત્ર વડે થએલી નકલો તથા તારયંત્ર મારગે મોકલેવા સંદેસા બાબત અનુમાન.

૮૮. કોઈ તાર યંત્રની કચેરીમાંથી કોઇ સંદેશો તેમાં બતાવ્યા પ્રમાણેના સખસ પાસે મોકલવામાં આવ્યોહોય તે સંદેસો જે તારયંત્રની કચેરી તરફથી આવેલો તે સદેશો ઉપરથી શમજાય તે કચેરીમાં તારયંત્ર મારગે મોકલવા સારૂ આપેલા સંદેશા સાથે મળતો છે. એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે. પરંતુ એવો સંદેશો તારયંત્ર મારગે મોકલવાને જે સખસે આપ્યો હોય તે સખસ બાબત કોરટે કાંઇ અનુમાન કરવું નહી

કોરટમાં રજુ નહી થયા હોય એવા દસ્તાવેજ યોગ્ય રીતે થયા વીગેરે બાબત અનુમાન.

૮૯ કોઇ દસ્તાવેજ મંગાવ્યો હોય અને તેને હાજર કરવાની નોટીસ આપ્યા પછી રજુ ન થયો હોય, તો તેવા પ્રત્યેક દસ્તાવેજ ઉપર કાયદામાં ફરમાવેલી રીતી પ્રમાણે સાક્ષી છે, તથા સ્ટાંપ છે, તથા તે થયો છે એવું અનુમાન કોરટે કરવું.

ટિકા—આ કલમ સાથે ૬૬ અને ૧૬૪ મી કલમો જુઓ.

ત્રીસ વરસના જુના | ૯૦. કોઈ દસ્તાવેજ ઉપરથી એવું સમજાય છે કે તે ત્રીસ વ-
દસ્તાવેજ. | રસનો જુનો છે અથવા તે ત્રીસ વરસનો જુનો છે એવું સાબીત થ-
યું હોય તેવો દસ્તાવેજ કોઈ એવા હેવાલામાંથી રજુ થાય કે તે હવાલો તે અમુક કામમાં કોરટની નજરમાં યોગ્ય લાગે ત્યારે તે કામમાં કોરટ એવું અનુમાન કરવાને મુખત્યાર છે કે એવા દસ્તાવેજ ઉપરની સહી તથા તેનો બીજો પ્રત્યેક ભાગ કોઇ અમુક સખસને અક્ષરે લખેલો તે ઉપરથી સમજાય તે સખસને અક્ષરે લખેલો છે તથા કામ મજકુર સહી અથવા સાક્ષી થએલા દસ્તાવેજની તકરારનું હોય તો તે દસ્તાવેજ ઉપર જે સખસોએ સહી તથા સાક્ષી કર્યાનું તે ઉપરથી સમજાય તે સખસોએ તેના ઉપર યોગ્ય રીતે સહી તથા સાક્ષી કરી છે.

ખુલાસો.—જ્યારે દસ્તાવેજ જે જગ્યામાં તથા જે સખસની સંભાળ તળે સ્વભાવિક રીતે હોવા જોઈએ તે જગ્યામાં તથા તે સખસની સંભાળ તળે હોય ત્યારે દસ્તાવેજ મજકુર યોગ્ય હવાલામાં છે એમ સમજવું; પરંતુ એવું સાબીત થાય કે કોઇ હવાલાની ઉત્પત્તિ યાને મુળ કાયદેસર છે. અથવા તે અમુક કામની હકીકત ઉપરથી તે હવાલાની ઉત્પત્તિ સંભવીત ઠરતી હોય તો તે હવાલો યોગ્ય નથી.

આ ખુલાસો કલમ ૮૧ મી ને પણ લાગુ છે.

દ્રષ્ટાંતો.

(અ) અ ની પાસે લાંબી મુદતથી કાંઇ જમીનની મીલકતનો કબજો છે; તે પોતાના હવાલામાંથી જમીન મજકુરને સબંધ રાખતા તે ઉપરના પોતાના હકના ખત રજુ કરે છે. એ હવાલો યોગ્ય છે.

(બ) કોઈ જમીનની મીલકતનો **અ** ગીરોદાર છે. તે જમીન સંબંધીના ખત તે રજુ કરે છે જમીન મજકુર ગીરો મુકનારના કબજામાં છે એ હવાલો યોગ્ય છે.

(ક) **અ બ** નો કાંઇ સગો છે. તેને **બ** ના કબજામાંની જમીન સંબંધીનાં ખત સંભાળથી સાચવી રાખવા સારૂ **બ** એ અનામત આપી મુકેલાં તે **અ** રજુ કરે છે. એ હવાલો યોગ્ય છે.

ટીકા—"યોગ્ય હવાલા" ક્યારે ગણાય તે બાબતમાં ૨૧ વી. રી. ૧૯,૪૫ અને ૨૪ વી. રી. ૪૨૮ તથા ૮ બે. લો. રી. ૨૯ જુઓ.

બાબ ૬ દસ્તાવેજી પુરાવો હોય ત્યારે મુખજુબાની પુરાવો નહી લેવા બાબત.

લખેલા કરારની | ૯૧. જ્યારે કોઇ કરારની કીંવા કોઇ દાનની, કીંવા મીલકતની બી-
સરતોનો પુરાવો | જી હરકોઇ વ્યવસ્થાની સરતોનો દસ્તાવેજ થયો હોય ત્યારે તથા જે કા-
મોમાં કોઇ બાબતનો દસ્તાવેજ કરવાનું કાયદામાં ફરમાવ્યું હોય તે સરવે કામોમાં એવા કરારની, કીંવા દાનની, કીંવા મીલકતની બીજી વ્યવસ્થાની સરતોની સાબીતીમાં અથવા એવી બાબતની સાબીતીમાં સદરહુ મુળ દસ્તાવેજ શીવાય અથવા આ આકટમાં ઉપર કહી ગયેલા નીયમો મુજબ જે કામોમાં દોયમ પુરાવો લઇ શકાતો હોય તે કામોમાં સદરહુ દસ્તાવેજના મજકુરના દોયમ પુરાવા શીવાય, બીજો કાંઇ પુરાવો આપવો નહી.

અપવાદ ૧ લો જ્યારે કોઇ સરકારી અમલદારને લખાણ કરીને નીમવાનું કાયદામાં ફરમાવ્યું હોય અને જ્યારે એવું બતાવવામાં આવે કે કોઈ અમુક સખસે એવા અમલદારના હોદ્દાનું કામ કીધું છે ત્યારે જે લખાણથી તે સખસની નીમણુક થઇ હોય તે લખાણ શાબીત કરવાની જરૂર નથી.

અપવાદ ૨ જો જે મૃત્યુ પત્રનો પ્રોબેટ બ્રીટીશ ઈંડીઆમાં મળ્યો હોય તે મૃત્યુ પત્રાનો પ્રોબેટવડે શાબીત કરી શકાય છે.

ખુલાસો ૧ લો જે કામોમાં ઉપર કહેલા કરાર, દીધા દાન, દીધા મીલકતની બીજી વ્યવસ્થા એક દસ્તાવેજમાં લખી હોય તે કામોને, તથા જે કામોમાં તે સરવે એક કરતાં વધારે દસ્તાવેજમાં લખ્યા હોય તે કામોને, એ બેઉને આ કલમ શરખી રીતે લાગુ પડે છે.

ખુલાસો ૨ જો જ્યારે અસલ દસ્તાવેજ એક કરતાં વધારે હોય ત્યારે માત્ર એકજ અશલ દસ્તાવેજને શાબીત કરવાની જરૂર છે.

ખુલાસો ૩ જો આ કલમમાં જે હકીકત વીશે લખ્યું છે તે હકીકત શીવાયની બીજી કોઇ હકીકતનો કોઇ પણ મજકુર કોઈ દસ્તાવેજમાં લખેલો હોય, તો તે પ્રમાણે લખ્યા ઉપરથી સદરહુ બીજી હકીકતનો મુખજુબાની પુરાવો લેવાઈ શકાતો નથી એમ સમજવું નહીં.

દ્રષ્ટાંતો.

(અ) કોઈ કરાર કેટલાએક પત્રોમાં લખેલો હોય, તે જે જે પત્રોમાં લખ્યો હોય તે સરવે પત્રો શાબીત થવાં જોઇએ.

(બ) કોઈ કરાર કોઇ હુંડીમાં લખેલો હોય તો તે હુંડી શાબીત થવી જોઇએ.

(ક) જ્યારે કોઇ હુંડીનો ત્રણ નકલનો શેટ લખ્યો હોય ત્યારે માત્ર એકજ નકલ શાબીત થવાની જરૂર છે.

(ડ) અમુક શરતે ગળી આપવાનો **અ** લખાણ કરીને **બ** ની સાથે કરાર કરે છે. કરારમાં એવી એક હકીકત લખી છે કે કોઈ બીજે પ્રસંગે બીજી ગળી આપવામાં મુખજુબાની કરાર કરવામાં આવ્યો હતો તે ગળીની કીંમત **બ** એ **અ** ને આપી હતી.

સદરહુ બીજી ગળીના પઇશા આપ્યા નહોતા એવો મુખજુબાની પુરાવો આપવામાં આવે તો તે પુરાવો લેવા યોગ્ય છે.

(ઇ) **બ** એ આપેલા પઇશાની પોંહોચ **અ** એ **બ** ને આપી છે.

સદરહુ પઇશા આપ્યાનો મુખજુબાની પુરાવો રજુ કરવામાં આવે તો તે પુરાવો લેવા યોગ્ય છે.

ટીકા—જો દસ્તાવેજ રજુ થઇ શકે તેવું હોય તો દસ્તાવેજનો મજકુર દસ્તાવેજથી શાબીત કરવો જોઇએ એ નિયમ છે તેમાં ત્રણ બાબતો આવે છે એમ મી. ટેલર કહે છે.

જે દસ્તાવેજ કાયદા પ્રમાણે લેખી હોવો જોઈએ તેને બદલે મુખજુબાની પુરાવો દાખલ કરી શકાય નહી

જે કરાર પક્ષકારોએ લખાણમાં કર્યો હોય તેના લેખી પુરાવાને બદલે મુખજુબાની પુરાવો દાખલ કરી શકાય નહી.

જે લખાણની હયાતી અને મજકુર વીશે તકરાર હોય અને પક્ષકારોની વચે જે આ-

બત મુદ્દાની હોય તેને લગતું હોય અને જે ફકત બીજી બાબતનું ટીપણુ નથી તેવો લખાણને બદલે મુખ જુબાની પુરાવો દાખલ કરી શકાય નહી.

જે બાબતો કાયદા પ્રમાણે લખાણમાં હોવી જોઈએ તે નીચે પ્રમાણે;—દીવાની અને ફોજદારી કામમાં જુબાનીઓ, દીવાની કામમાં ફેસલા અને છેવટ હુકમનામાં ફોજદારી કામના ફેસલા અને છેવટ હુકમો; તોહોમતદારની જુબાનીઓ જે કબુલતથી મુદતની હદ વધતી હોય તે. (સન ૧૮૭૭ના ૧૫ મા આકટની ૧૯ મી કલમ) અવેજ વગર કરેલા કરારો (કરાર આકટની ૨૫મી કલમ) લવાદને કામ સોંપવાને કરાર (કરાર આકટની ૨૮ મી કલમ ૨ અપવાદ વીલ અગર મૃત્યુ પત્રો.)

બીજી બાબત વીશે મી. ટેલર કહેછે કે લેખી દસ્તાવેજ છે તે વાતની દાન સાબીત કરવાનીછે અને જ્યાં જ્યાં લેખી દસ્તાવેજ હોયછે તે તે કામોમાં પોતાના કરારનો યોગ્ય પુરાવો તે લખાણછે એમ પક્ષકારોએ ગર્ભિત રીતે કબુલ કરેલુંછે લેખી કૃત્યોની સત્યતા તે કૃત્યોથીજ સાબીત થાયછે એટલે અસલ દસ્તાવેજો જોવાથીજ તેથી જે દીવાની અગર ફોજદારી કામોમાં કરારના શબ્દો ઉપર મુદ્દાનો નિકાલ રહેતો હોય તો જે પક્ષકારનો સાક્ષી એમ કહેતો હોય કે અમુક બાબતનો લેખી દસ્તાવેજ થયોછે તે પક્ષકારે તે દસ્તાવેજ રજુ કરવો જોઇએ.

સાક્ષીને અમુક બાબત છાપામાં છપાઈ હતી તે અગર હીસાબના ચોપડામાં જે મજકુર હોય તે પુછી શકાય નહીં. પણ તે છાપુ અગર હીસાબના ચોપડા રજુ કરવા જોઇએ

પેહેલો અપવાદ ઇંગ્રેજી કાયદાને અનુંસરતો છે. બીજા અપવાદનીબાબતમાંસન ૧૮૬૫ ના ૧૦ અને ૧૮૭૦ ના ૨૧ મા આકટ પ્રમાણે મૃત્યુપત્રનુ પ્રોબેટ આપવામાં આવ્યું હોય તે મૃત્યુપત્રના મજકુરનો પુરાવોછે તેમજ સન ૧૮૬૫ના ૧૦ મા આકટની ૨૦૮મી કલમ મૃત્યુપત્ર અમુક રીતે ખોવાયું હોય તો નકલ ઉપરથી પ્રોબેટ મળેછે તથા તેજ આકટની ૨૦૯મી કલમ જુઓ.

દ્રષ્ટાંત. ઈ— પઇશા આપ્યાની પાવતીથી તેનો મુખ જુબાની પુરાવો બાતલ થતો નથી સ્થાવર મીલકતના સાન ખતમાં થોડા પઇશા વસુલ આપ્યાની પોહોચ સન ૧૮૭૧ ના આકટ ૮ ની કલમ ૪૯ મુજબ પુરાવામાં લેવા યોગ્ય થઇ શકે તે સારૂ સદરહુ આકટની કલમ ૧૭ના ઠરાવો મુજબ રજીસ્ટર કરાવવી જોઇએ. તો પણ સન ૧૮૭૨ના આકટ ૧ની કલમ ૯૧ના દ્રષ્ટાંત ઈ મુજબ આવા પ્રકારની આપ મુખ જુબાની પુરાવાથી સાબીત કરી શકાય જે જાતનો પુરાવો દસ્તાવેજી પુરાવો લેવા યોગ્ય હોવાને લીધે બાતલ કરેલો નથી. દલીપસીંહ વી. દુરગાપ્રસાદ ઇંડીઅન લા. રીપોર્ટસ (અલાહાબાદ) વા. ૧ પા. ૪૪૨

મુખજુબાની કરારનો પુરાવો આપવો નહીં.

૯૨. જ્યારે એવા કોઇ કરારની કીંવા દાનની કીંવા મીલકતની વ્યવસ્થાની સરતો અથવા કોઈ બાબતનો દસ્તાવેજ કરવાનુ કાયદામાં ફરમાવ્યું હોય તે બાબત ઉપલી છેલ્લી કલમ પ્રમાણે સાબીત કરવામાં આવી હોય ત્યારે એવા કોઇ દસ્તાવેજની સરતો વિરૂધ કાંઈ વાત સ્થાપન કરવાને કીંવા તે સરતોમાં કાંઈ ફેરફાર કરવાને કીંવા તેમાં કાંઈ ઉમેરવાને કીંવા તેમાંથી કાંઇ કમી કરવાને હરકોઇ મુખજુબાની કરારનો અથવા મજકુરનો પુરાવો દસ્તાવેજ મજકુરના પક્ષકારોની અથવા હક સબંધે તે પક્ષકારોના પ્રતીનીધીની વચેના કામમાં લેવો નહી.

સરત ૧ લી.—દગો, કીંવા ધમકી, કીંવા હરકોઈ ગેર કાયદે થયું હોય તે કીંવા, દસ્તાવેજ યોગ્ય રીતે નહી થયો હોય તે કીંવા કરાર કરનાર તરફેનોમાંથી કોઇ તરફેન કરાર કરવાને અસ્કત હોય તે, કીંવા અવેજ નહી હોય કીંવા અવેજની પરાપતી નહી થઈ હોય તે કીંવા કાયદાની અથવા હુકીકત ચુકે, એના જેવી હરકોઇ હકીકતને લીધે કોઈ દસ્તાવેજ ગેરકાયદે થતો હોય, અથવા દસ્તાવેજ મજકુરને સબંધે કોઇ સખસને હરકોઇ હુકમનામું અથવા હુકમ મળવાનો હક થતો હોય તો, તેવી હકીકત સાબીત કરી શકાય છે.

સરત ૨ જી.—જે બાબત વીશે અમુક દસ્તાવેજ મજકુરમાં લખાણુ કરેલું નહોય તથા જે બાબત તે દસ્તાવેજની સરતોથી વીરૂધ નહોય તે બાબત વીશે હરકોઇ નીરાળો મુખજુબાની કરાર થએલો છે એ વાત સાબીત કરી શકાય છે આ સરત લાગુ પડેછે કે નહી તેનો વીચાર કરતી વખતે દસ્તાવેજ મજકુર કેટલો યથા પધતી છે તે ઉપર કોરટે ધ્યાન રાખવું

સરત ૩ જી—કોઇ એવો નીરાળો મુખજુબાની કરાર થયો હોય કે તે ઉપરથી કોઇ સરત પ્રથમથી બજે તોજ કોઈ એવો કરાર, કીંવા દાન કીંવા મીલકતની વ્યવસ્થાથી ઉત્પન થતી ફરજ લાગુ પડે, તો તે નીરાળો મુખ જુબાની કરાર થયલાની વાત સાબીત કરી શકાયછે

સરત ૪ થી.—એવા કોઇ કરાર, કીંવા દાન, કીંવા મીલકતની વ્યવસ્થા રદ કરવાને અથવા તેમાં કાંઇ ફેરફાર કરવાને કોઇ નીરાળો પાછળથી થએલો મુખજુબાની કરાર થએલોછે એ વાત જે કામોમાં એવો કરાર કીંવા દાન કીંવા મીલકતની વ્યવસ્થા લખાણુ કરીને કરવાની કાયદાથી ફરજ હોય તે શીવાયના અથવા જે કામોમાં દસ્તાવેજ નોંધવા બાબતના તે વખતના ચાલુ કાયદા પ્રમાણે તે કરાર કીંવા દાન કીંવા વ્યવસ્થા નોંધાયલી હોય તે શીવાયના, બીજા કામોમાં સાબીત કરી શકાય છે.

સરત ૫ મી.—હરકોઇ કરારમાં સ્પષ્ટ લખેલી નહી હોય એવી તેવા કરારને પ્રસંગે હોનારી કીંવા બનનારી વાત તે પરકારના કરાર સાથે બહુ કરીને જોડી રાખવામાં જે વહીવટ કીંવા દસ્તુર ઉપરથી આવતી હોય તેવો હરકોઈ વહીવટ કીંવા દસ્તુર સાબીત કરી શકાય છે. પરંતુ એવી વાત જોડી સાથે રાખવી એ સદરહુ કરારની સ્પષ્ટ સરતોથી પ્રતીકુળ કીંવા વીરૂધ હોવું જોઇએ નહી.

સરત ૬ ઠી.—કોઇ દસ્તાવેજનું લખાણુ હાલની ચાલતી હકીકત સાથે કેવી રીતે સબંધ રાખે છે. તે બતાવનારી હરકોઇ હકીકત સાબીત કરી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ) કાંઈ માલ, કલકતેથી લંડન જનારાં વહાણોમાં છે. તે ઉપર વીમો ઉતાર્યો છે. માલ કોઈ અમુક વાહાણુમાં ચઢાવ્યો છે તે વાહાણુ ગુમ થયું સદરહુ અમુક વાહાણુ પાલીસીમાંથી મુખજુબાની બાતલ કર્યું હતું. એ હકીકત સાબીત કરી શકાતી નથી.

(બ) અ લખાણુ કરીને તેમાં કાંઇ સરત શીવાય કબુલ કરે છે કે મારે રૂપીઆ ૧૦૯૦ બ ને તારીખ ૧ લી મારચ સન ૧૮૭૩ ને રોજ આપવા તેજ વખતે એવો મુખજુબાની કરાર કરવામાં આવ્યો હતો. કે સદરહુ રૂપીઆ તારીખ ૩૧મી મારચ સુધી આપવા નહી. એ હકીકત સાબીત કરી શકાતી નથી.

(ક) "રાગપોરનું ચાહેતુ ઇસ્ટેટ" એ નામની મીલકત ખતથી વેચવામાં આવી, તે ખતમાં સદરહુ વેચેલી મીલકતનો નકશો કાડેલો છે. સદરહુ નકશામાં દાખલ નહી થયલી જમીન મીલકત મજકુરનો ભાગ છે. એવું હમેશ ગણાતું હતું. તથા તે જમીન સદરહુ ખતથી વેચાણ કરવાનો ઇરાદો હતો. એ વાત સાબીત કરી શકાતી નથી.

(ડ) અ બ ની સાથે એવો એક લખેલો કરાર કીધો છેકે અ એ કાંઇ અમુક સરતે બ ની મીલકતની ખાણ કઢાવી. એ ખાણની કીમત બાબત બ એ કાંઇ ખોટી સમજુતી કરવા ઉપરથી અ ને એ પ્રમાણે કરવાની ગરજી થઈ હતી એ હકીકત સાબીત કરી શકાય છે.

(ઈ) કોઇ કરારનાગામાં લખેલું મુકરર કામ કરવાને સારૂ અ બ ના ઉપર દાવો માંડે છે અને એવી પણ અરજ ગુજારે છે કે સદરહુ કરારનાગામાં લખેલી વાતોમાંથી એક વાત બાબત તે કરારનામું દુરસ્ત કરવું જોઇએ કારણ કે તે વાત તેમાં ચુકથી લખાયલી છે અ એવું સાબીતી કરવાને મુખત્યાર છે કે એવી ચુક થઇ છે કે તે ઉપરથી કરાર મજકુર દુરસ્ત કરવાનો કાયદાથી પોતાનો હક છે.

(ફ) અ એ કાગળ લખીને બ ની પાસે કાંઈ માલ મંગાવ્યો છે કાગળમાં પઇશા કયારે આપવા તે બાબત કાંઇ લખુ નથી અને માલ આપ્યો તે અ એ કબુલ કરી રાખ્યો બ એ અ ના ઉપર પઇશા સારૂ દાવો માંડયો અ એવું બતાવવાને મુખત્યાર છે કે સદરહુ માલ કેટલી એક મુદત સુધી ઉધાર આપ્યો છે અને તે મુદત હજુ વાતી ગઇ નથી

(ગ) અ બ ને એક ઘોડો વેચે છે અને મુખજુબાની તેની ખાતરી સારૂ કહે છે કે એ ઘોડો મજબુત છે બાદ અ બ ને એક કાગળ આપે છે તેમાં એવા શબ્દો લખેલા છે કે અ ની પાસે રૂપીઆ ૫૦૦ સારૂ એક ઘોડો ખરીદ કર્યો. અ એ મુખજુબાની ખાતરી કરી આપી તે વાત સાબીત કરવાને બ મુખત્યાર છે.

(હ) બ ની પાસેથી અ કાંઇ મકાનની જગ્યા ભાડે રાખે છે અને બ ના હાથમાં એક ચીઠી આપે છે. તેમાં એવું લખ્યું છે કે ઓરડાઓ દર મહીને રૂપીઆ ૨૦૦ સારૂ અ એવું સાબીત કરવાને મુખત્યાર છે કે એ સરતોમાં થોડાએક ખાનાનો પણ સમાવેશ થાયછે એવો મુખજુબાની કરાર થએલો છે

અ એ બ ની પાસેથી મુકાગની જગ્યા એક વરસ દહાડાને સારૂ કીરાએ રાખી, ને એહુની વચમાં અટરનીએ કરી આપેલો નીયમ પુરવક સ્ટાંપ લગાવેલો એક કરાર થયો એ કરારમાં ખાના વીશે કાંઇ લખાણ નથી ખાનાનો સમાવેશ મુખજુબાનીથી સદરહુ સરતોમાં કીધો હતો એ સાબીત કરવા અ મુખત્યાર નથી.

(આઈ) અ નું બ ની પાસે કાંઇ માગણુ છે તેની પોહોચ આગળથી મોકલીને અ બ ની પાસે રૂપીઆ મંગાવે છે બ પોહોંચ રાખી લઇને રૂપીઆ મોકલતો નથી એ રૂપીઆની ફરીયાદી ગઈ તેમાં સદરહુ હકીકત સાબીત કરવાને અ મુખત્યાર છે.

(જ) અ અને બ ની વચે એક લખેલો કરાર થયો તેનો અમલ કોઇ અમુક બીના બને ત્યારે થવાનો છે લખાણ મજકુર બ ની પાસે રહ્યું અ ના ઉપર બ એ તેના ઉપરથી દાવો માંડયો જે હકીકતને લીધે લખાણ મજકુર આપવામાં આવ્યું હતું તે હકીકત સાબીત કરવાને અ મુખત્યાર છે.

૨. ટીકા—લખાણનો મજકુર રદ કરવાને તેમાં ફેરફાર કરવાને તેમાં ઉમેરવાને અથવા કમી કરવાને મુખજુબાની પુરાવો તે લખાણના પક્ષકારો અથવા તેમના હીત પ્રતિનીધીઓજ આપીશકતાનથી દસ્તાવેજનો મજકુર બદલાય એવા સમકાલીકકરારનો પુરાવો બીજા શખસો આપી શકેછે. (૯૯ મી કલમ જુઓ.) પણ આવા શખસોને દસ્તાવેજ રદ કરવાનો અગર તેમાં વધારો અગર ઘટારો કરવાનો પુરાવો આપી શકે કે નહીં? જો ૯૯મી કલમ આકટમાં ન હોતતો બેશક આવો પુરાવો આપી શકાત. કેમકે ૯૨માં કલમથી ફકત પક્ષકાર ઈત્યાદીનેજ બાધ છેપણ ૯૯ મા કલમમાં ફકત ફેરફાર કરવાને એ શબ્દો લખ્યા છે તેથી બીજી બાબત વીશે પુરાવો આપી શકાય નહી એમ લાગેછે.

કરાર છેકાછેક રદ બાતલછે અથવા ખોટો દસ્તાવેજ બનાવ્યાથી અગર કપટના કારણથી અગર કરારનો વિષય કાયદા વિરૂદ્ધછે અગર દસ્તાવેજ બરાબર થયો નથી અને તે આવામાં આવ્યો નથી તે બનાવવા સારૂ અગર જબરદસ્તીથી દસ્તાવેજ કરવામાં આવ્યો હતો અગર સગીરપણુ અથવા બીજા કાયદા કતબાધથી પક્ષકાર તે કરવાને લાયક નહોતો તે કારણ બતાવવાને મુખજુબાની પુરાવો દાખલ કરવામાં આવેછે તેથી આ નિયમનો ભંગ થતો નથી.

તેમજ દસ્તાવેજ કરવાનો અવેજ (કારણ) નહોતું અથવા હતું તો તે હવે નીરર્થક થયું છે તે પણ મુખજુબાની પુરાવથી બતાવી શકાય તેમ દસ્તાવેજમાં અવેજ (કનસીડરેશન) ન જણાવ્યો હોયતો તે બતાવવાને મુખજુબાની પુરાવો લઈ શકાય છે.

જો દેખીતો વેચાણનો દસ્તાવેજ છે પણ તેને ખરેખરૂ જોતાં પક્ષકારોએ ગીરોનો દસ્તાવેજ તરીકે ગણવાનું ધાર્યું હતુ તે બતાવવાને સારૂ મુખજુબાની પુરાવો લઇ શકાય એવી મતલબનો મુખજુબાની પુરાવો લઇ શકાય એવા બંગાળાના ફેસલા છે. આ બાબત આ કલમથી નકી થઈ ચુકી છે. પણ ૫ વી. રી. સી. ૨. ૬૮ જુઓ.

ગેરકાયદે કૃત્ય હોય તે બાબતમાં કરાર આકટની ૨૩ અને ૨૪મી કલમો ઈંડીઅન સકસેશન આકટની ૧૧૪મી કલમ અને પીનલકોડની ૪૩ મી કલમ જુઓ તેમજ કરાર આકટની ૧૧–૧૨ અને ૨૫ મી કલમો જુઓ,

૨ જી સરતની સાથે ફ. ગ. અને હ દ્રષ્ટાંતો વાંચવાં જોઇએ.

૩ જી સરત સાથે જ. દ્રષ્ટાંત વાંચો અને આ ધોરણનો અગત્યનો દાખલો ૭ મ હા. રી. ૧૮૯ માં છે.

સંશય ભરેલા દસ્તાવેજનો અરથ બતાવવાને અથવા તેને દુરસ્ત કરાવવાને પુરાવો નલેવાબાબત.

૯૩. જ્યારે કોઇ દસ્તાવેજની ઈબારત ઉપરથી એમ માલમ પડે કે ઇબારત મજકુર સંશય ભરેલી અથવા અપુરણ છે ત્યારે જે હકીકત ઉપરથી તે ઈબારતનો અરથ માલમ પડે અથવા તેની અપુરણતા પુરી પડે તે હકીકત પુરાવો આપી શકાય નહી

દ્રષ્ટાંતો.

(અ) અ એ લખાણ કરીને એવો કરાર કર્યો કે અ એક ઘોડો બ ને રૂ. ૧૦૦૦ અથવા ૧૫૦૦ સારૂ વેચવો.

એમાંની કહી કીંમત આપવાનાની હતી તે બતાવવાને પુરાવો આપી શકાતો નથી

(બ) કોઇ ખતમાં ખાલી જગાઓ રાખીછે તેમાં શું લખવાનો ઈરાદો હતો તે બતાવે એવી હકીકતનો પૂરાવો આપી શકાતો નથી.

૯૪. જ્યારે કોઇ દસ્તાવેજમાં લખેલી ઈબારત સ્વતઃસ્પષ્ટ હોય અને જ્યારે તે તે વખ-

ની ચાલુ હકીકતને બરાબર લાગુ પડતી હોય ત્યારે તે ઇબારત એવી હકીકતને લાગુ પડવાનો ઈરાદો નોહોતો એવું બતાવવાને પુરાવો અપાય નહીં.

દ્રષ્ટાંતો.

અ એ **બ** ને ખત કરી આપ્યું અને તેમાં એવું લખ્યું કે રામપોરમાંની મહારી વિઘા ૧૦૦ ની મીલકત વેચુંછું. **અ** ની પાસે રામપોરમાં વીઘા ૧૦૦ની મીલકત મોજુદ છે, બીજી જગીઆમાંની ઓછાં વતાં વિઘાની મીલકત વેચવાનો ઇરાદો હતો. એ હકીકતનો પુરાવો આપી શકાય નહીં.

ચાલુ હકીકતને સંબંધે અરથ રહીત દસ્તાવેજ સબંધી પુરાવો.

૯૫. જ્યારે કોઇ દસ્તાવેજમાં લખેલી ઇબારત સ્વતઃસ્પષ્ટ હોય પરંતુ ચાલુ હકીકતને સબંધે તેનો અરથ થતો નહોય ત્યારે તે ઇબારત કોઇ અમુક અરથ રાખીને વાપરેલી હતી, એવું બતાવવાને પુરાવો આપી શકાયછે

દ્રષ્ટાંતો.

અ એ **બ** ને પોતાનું કલકતામાંનુ ઘર વેચીને ખત લખી આપ્યું.

અ ને કલકતામાં કાંઈ ઘર નોહોતું પરંતુ એવું માલમ પડેછે કે હાઉશમાં તેનું એક ઘર હતુ તે ઘરનો કબજો ખત થયું ત્યારથી **બ** ની પાસેછે. ખત હાઉસવાળા ઘરને સારૂ હતુ એવું બતાવવાને સદરહુ હકીકત સાબીત કરી શકાયછે.

કેટલાએક સખસોમાંથી માત્રએક જ સખસને લાગુ પડી શકે એવી ઈબારતના અરથ સબંધી પુરાવા બાબત.

૯૬ જ્યારે હકીકત એવી હોય કે લખેલી ઇબારત કેટલાએક સખસો અથવા પદાર્થોમાંથી ગમે તે હરકોઇ એક સખસ અથવા પદાર્થને લાગુ પાડવાનો ઇરાદો હોઈ શકે પરંતુ એક કરતાં વધારે સખશોને અથવા પદાર્થોને લાગુ પડવાનો ઈરાદો હોઈ શકે, એમ નથી ત્યારે સદરહુ સખશો અથવા પદાર્થોમાંથી કયા સખસ કીંવા પદાર્થને ઇબારત મજકુર લાગુ પડવાનો ઈરાદો હતો, એવું બતાવનારી હકીકતોનો પુરાવો આપી શકાયછે.

દ્રષ્ટાંતો.

અ "**અ** પોતાનો સફેદ ઘોડો" રૂપીઆ ૧૦૦૦ સારૂ **બ** એ વેચવાનો કરાર કરેછે **અ** ની પાસે બે સફેત ઘોડા છે એ બે ઘોડામાંથી કયો ઘોડો વેચવાનો ઇરાદો હતો તે બતાવનારી હકીકતનો પુરાવો આપી શકાયછે.

(**બ**) **અ** **બ** ની સાથે હેદરાબાદ જવાનો કરાર કરેછે. એ હેદરાબાદ સિંધમાંનું દક્ષીણમાંનુ, તે બતાવનારી હકીકતનો પુરાવો આપી શકાયછે.

હકીકતોના બે સમુદાયમાંથી એક સમૂદાયને એકંદર ઈબારત લાગુ નપડે ત્યારે તેમના એક સમુદાયને તે લાગુ પડવા શંબધી પુરાવો.

૯૭. જ્યારે લખેલી ઇબારત પઇકી થોડી એક ચાલુ હકીકતોના એક સમૂદાયને લાગુ પડતી હોય, અને થોડીએક ચાલુ હકીકતોના બીજા સમુદાયને લાગુ થતી હોય પણ તે એકંદર એમાંથી એકે સમૂદાયને બરાબર લાગુ પડે નહીં, ત્યારે એમાંથી કયા સમુદાયને તે લાગુ પડવાનો ઈરાદો હતો. તે બતાવવાને સારૂ પુરાવો આપી શકાયછે.

દ્રષ્ટાંતો.

અ પોતાની એકસ માંહેની વાઇના કબજામાંની જમીન બ ને વેચવાનો કરાર કરેછે અ ની એકસમાં જમીનછે, પણ તે વાઇના કબજામાં નથી. અને તેની જમીન વાઇના કબજામાંછે તે એકસમાં નથી. એમાંથી કઇ જમીન વેચવાનો તેનો ઇરાદો હતો, તે માલમ પડે એવી હકીકતોનો પુરાવો આપી શકાય છે.

નહીં વંચાય એવા અક્ષર વીગેરેના અરથ સબંધીનો પુરાવો.

૯૮ નહીં વંચાય એવા કીંવા સાધારણ રીતે નહી સમજાય એવા અક્ષરનો અરથ તથા પરદેશના, તથા વપરાતા બંધ પડેલા તથા કોઈ અમુક હુંન્નર વિદ્યા કીંવા રોજગારને પ્રસંગેજ માત્ર વપરાતા, તથા કોઇ અમુક જગોએ વપરાતા તથા ગામઠી શબ્દો કીંવા વાકીયોનો અરથ તથા સક્ષેપે લખેલા લખાણનો અરથ, તથા કોઇ અમુક અરથમાં વાપરેલા શબ્દોનો અરથ એ માટે પુરાવો આપી શકાયછે.

દ્રષ્ટાંત.

અ નામના એક મુરતી કરનાર સખસે કરાર કર્યો કે મહારે માહારી સરવે "મુ." વેચવી અ ની પાસે મૂરતી તથા મુરતી કરવાની સામગ્રી બેઉછે. એમાંથી શુ વેચવાનો તેનો ઇરાદો હતો. એ બતાવવાને પુરાવો આપી શકાયછે.

દસ્તાવેજની સરતોમાં ફેરફાર થાય એવા કરારનો પુરાવો કોણ આપી શકેછે

૯૯. જે સખસે કોઇ દસ્તાવેજના પક્ષકાર નહોય, કીંવા તે પક્ષકારોના હક સંબંધે પ્રતિનીધિ ન હોય, તે સખસો, દસ્તાવેજ મજકુર થયો તે વખતે એવો બીજો એક કરાર થયોછે કે તેથી દસ્તાવેજ મજકુરની સરતોમાં ફેરફાર થાયછે, એવું બતાવનારી હકીકતોનો પુરાવો આપવાને મુખત્યારછે.

દ્રષ્ટાંતો.

અ તથા બ એ લખેલો કરાર કર્યો કે અ બ ને કંઇ અમુક રૂ વેચવું, અને તેના પઇશા રૂ સ્વાધીન કરેથી આપવા તેજ વખતે તેઓએ એવો મુખજુબાની કરાર કર્યો કે રૂપીઆ મજકુર ત્રણ મહીના સુધી અ ની પાસે ઉધાર રહેવા દેવા. અ અને બ ની વચે ચાલતા કામને પ્રસંગે એ વાતનો પુરાવો આપી શકાતો નથી, પરંતુ તેથી ક ને કાંઈ નફો નુકશાન થતું હોયતો, તે સદરહુ વાતનો પુરાવો આપી શકેછે.

હીંદુસ્તાનના વારસા બાબતના આકટમાં મૃત્યુપત્ર સંબંધી લખેલા નીયમોમાં કાંઇ ફેરફાર થયો નથી.

૧૦૦ મૃત્યુપત્રનો અરથ કરવા બાબત હીંદુસ્તાનના વારસા બાબતના આકટ (સને ૧૮૬૫ના ૧૦મા) માં જે નીયમો આપેલાછે તેમાં આ બાબથી કંઇ કમ જાદે થયું સમજવું નહી.

ટીકા.—મૃત્યુપત્રનો અર્થ કરવા બાબતમાં ઇન્ડીઅન સકસેસન આકટની ૬૧ થી ૯૮ માં કલમો જુઓ.

ઇન્ડીઅન લેજીસ્લેચરના કાયદાનું અર્થ ગ્રહણ કરતી વખતે જનરલકલોઝીઝ આકટ એટલે સન ૧૮૬૮ નો ૧ આકટ પણ જોવો જોઇએ,

જાહેર દસ્તાવેજોની સહીવાળી નકલો વીશે પુરાવાના કાયદામાં ઠરાવ છે પણ કેટલીક વખતે એવી હકીકત બને કે અસલ દસ્તાવેજ જોવો એ જરૂરતું અથવા વધારે સારૂં હોય. દીવાની કાયદાની ૧૩૭ મી કલમ પ્રમાણે અસલ દસ્તાવેજ જોવા સારૂ કોરટ મંગાવી શકે છે. અસલ દસ્તાવેજ મંગાવવાની અરજીની પુષ્ટીમાં અરજદારનું અથવા તેના વકીલનું આફીડેવીટ હોવું જોઇએ. ફોજદારી કાયદાની ૪૩૭ મી કલમ પ્રમાણે દસ્તાવેજો રજુ કરાવવાની સત્તાછે. પણ દીવાની કાયદાની ૧૩૭ મી કલમ જેવી ફોજદારી કાયદામાં કલમ નથી, કેમકે ૪૩૭ મી કલમ જાહેર દસ્તાવેજને લાગુ પડેછે કે નહી તે શક પડતુ છે.

કેટલાક દસ્તાવેજો રજીષ્ટર કરાવવા જોઈએ. તે બાબતમાં સન ૧૮૭૭ નો ૩ જો આકટ જુઓ. જે દસ્તાવેજો રજીષ્ટર કરાવા જોઈએ પણ કરવેલા નથી તે પુરાવામાં લઇ શકાય નહી. અને ૯૧ મી કલમથી મુખજુબાની પુરાવો. પણ તે દસ્તાવેજોના મજકુરનો લઇ શકાય નહી જે દસ્તાવેજ રજીષ્ટર થયો નથી પણ જે દસ્તાવેજ રજીષ્ટર કરાવવાની જરૂર છે તે દસ્તાવેજો આસપાસની બીના સાબીત કરવા સારૂ વાપરી શકાય છે, જે વાત સાબીત કરવા સારૂ વાપરી શકાયછે જે વાત સાબીત કરવા સારૂ દસ્તાવેજ પુરાવામાં વાપરવાની જરૂર છે તે વાત કબુલ કરવામાં આવે તો જે દસ્તાવેજ રજીષ્ટર થવો જોઈએ પણ થયોનથી તે કામના ફેંસલા ઉપર અસર થતી નથી. જ્યારે દસ્તાવેજ પુરાવામાં દાખલ કરવાની કોશીશ હોય ત્યારે રજીસ્ટ્રેશનનો સ્વાલ અગત્યને થઈ પડેછે. પણ દસ્તાવેજ દાખલ થયો હોય અને તે કરી આપ્યાની વાત કબુલ કરવામાં આવે તો પછી રજીસ્ટ્રેશનની ગરજ સારે કે નહી તે શક પડતું છે.

ભાગ ૩ જો.

પુરાવો ગુજારવા તથા તેના પરીણામ બાબત.

બાબ ૭મો—શાબીતીના બોજા વીશે.

સાબીતીનો બોજો.| ૧૦૧ કોઇ હકીકતછે એવું જાહેર કરીને. તે હકીકતમાં ઉપર આધાર રાખનારનાર કોઇ કાયદેસર હક કીંવા જવાબદારી બાબત જે સખસ કોરટ પાસે ઠરાવ કરાવવાની ઇચ્છા બતાવતો હોય તે સખસે તે હકીકત છે એવું સાબીત કરવું જોઈએ.

હરકોઈ હકીકત છે એવું સાબીત કરવાની જ્યારે કોઇ સખસની ફરજ હોય ત્યારે તે સખસના ઉપર સાબીતીનો બોજો છે એવું કહેવામાં આવેછે.

દ્રષ્ટાંતો.

(અ) બ એ કાંઇ ગુનોહ કીધો છે એવું કહીને અ કોઈ કોરટને ઇચ્છા બતાવે છે કે તે ગુનાહ વાસ્તે અ ને શીક્ષા કરવા વીશેનો ઠરાવ કરો.

અ એ સાબીત કરી આપવું જોઈએ કે બ એ ગુનોહ મજકુર કર્યો છે.

(બ) કોઇ હકીકત છે એવું જાહેર કરીને અ કોઇ કોરટ પાસે એવી દાદ માગેછે કે તે હકીકતને લીધે બ ના કબજામાંની અમુક જમીન ઉપર પોતાનો હક છે એવો ઠરાવ કરો. બ હકીકત મજકુર ખરી નથી એવો ઈનકાર કરેછે.

સદરહુ હકીકત છે એવું અ એ સાબીત કરવું જોઇએ.

શાબીતીનો બોજો કોના ઉપર છે. | ૧૦૨. કોઇ દાવામાં અથવા કામમાં બેમાંથી એકુ પક્ષકારના તરફથી બીલકુલ પુરાવો ગુજારવામાં ન આવે તો જે સખસની હાર થાય, તે શખસના ઉપર સાબીતીનો બોજો છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(**અ**) **અ** કોઇ જમીનને માટે **બ** ના ઉપર ફરીઆદ માંડેછે એ જમીન **બ** ના કબજામાં છે; પણ **અ** ના જાહેર કર્યા પ્રમાણે **બ** નો બાપ **ક** મૃત્યુપત્ર કરી ગયો. તેમાં જમીન મજકુર પોતાને એટલે **અ** ને આપેલી છે.

બેઉમાંથી એકુ પક્ષકારના તરફથી કાંઇ પુરાવો ગુજારવામાં ન આવે તો, 'જમીન મજકુર **બ** ના કબજામાં રાખવાનો **બ** નો હક છે.

સબબ સાબીતીનો બોજો **અ** ના ઉપર છે.

(**બ**) કોઇ ખત ઉપર લેહેણા થયલા રૂપીઆને સારૂ **અ** **બ** ના ઉપર ફરીઆદ માંડે છે. ખત થયલી વાતનો અંગીકાર કરવામાં આવ્યો છે, પણ **બ** કહેછે કે તે તે દગાથી મેળવેલું છે **અ** એ દગાનો ઇનકાર કરેછે.

બેઉમાંથી એકુ પક્ષકારના તરફથી પુરાવો આપવામાં ન આવે તો **અ** જીતે. કારણ કે ખત થયું એ વાતની તકરાર નથી અને દગો સાબીત થયો નથી.

સબબ સાબીતીનો બોજો **બ** ના ઉપરજ છે,

ટીકા—આ કલમમાં કેટલાંક દ્રષ્ટાંત ચુકયા ફેંસલા ઉપરથી આપીએ છીએ.

વાદીએ ખતની રૂએ દાવો કર્યો અને તે ખતમાં કન્સીડરેશન આપ્યાનું લખેલું હતું અને પ્રતીવાદી ખત લખી આપ્યાનું કબુલ કરેછે પણ કન્સીડરેશન પોહોચ્યાનું નાકબુલ કરે તો ખતમાં કન્સીડરેશન આપ્યાનું લખ્યું છે તે ખોટું છે તે સાબીત કરવાનો બોજો પ્રતિવાદીને શીર છે. ૪ બે. લો. રી. ૫૬. ૩. મું. ઇ, અપીલ્સ. ૩૪૭ ૧૧ મું. ઈ. અપીલ. ૨૭૫ ૧૯. વી. રી. ૧૪૯.

જયારે હીંદુ કુટુંબ અસલ અવિભકત હતું એમ બતાવવામાં અગર કબુલ કરવામાં આવે તો તે કુટુંબ અવિભકત હતું અને વડીલોપારજીત મીલકત હજી સુધી પણ વગર વેંચાયલી છે એમ અનુમાન થાયછે. અને આ સાફ સ્થાપીત થયેલું અનુમાન કુટુંબ વિભકત છે અને કુટુંબની મીલકત ભાગ પાડી વહેંચી લીધી છે એમ સાબીત કરવાથી રદ કરાય છે. આ સાબીત કરવાનો બોજો જે પક્ષકાર કહેતો હોય તેને માથે છે. ૧૧ મું. ઈ. આ. ૩૮૦; ૧૩ મું ઈ. આ. ૧૮૧ ૧૦ મું. ઈ. આ. ૪૦૩ ૯ મું. ઇ. અપી. ૫૩૯ ૨૪ વી. રી ૩૬૫.

જયાં સુધી હીંદુ કુટુંબ અવિભકત હોય ત્યાં સુધી એક ભાગીઆએ મેળવેલી મીલકત સુધાં બધા કુટુંબનીમીલકતઅવીભક્તકુટુંબનીમીલકતછે એમઅનુમાન થાયછે તેથી જે સખસ સ્વોપારજીત મીલકત તરીકે તેનો કોઇ પણ ભાગ ઉપર હક રાખતો હોય તો તે સાબીત કરવાનો બોજો તેને માથે છે. ૧૩ મુ. ઇ. અપીલ્સ. ૩૩૩ ૧૦ વી. રી. સી. રૂ.૨૮

જયારે હીંદુ વીધવા મીલકત ગીરો મુકે છે અગર વેચે તો જે કાર્ય સારૂ હીંદુ વીધવાને મીલકત વેચવાનો અગર ગીરો મુકવાનો અખ્તીઆર છે તે કાર્ય સારૂ તે વેચી અગર ગીરો મુકી હતી એમ ખરીદદારે સાબીત કરી આપવું જોઈએ. ૧૧મું ઈ આ.૬૧૯ ૮મુ.ઇ.અ.

૫૨૯. તેમજ સગીરની મીલકતના વહીવટ કરનારની સત્તા પણ નીયમીત છે.

તેમજ જે સખસ એમ કહેતો હોય કે અમુક જમીનદારી ભાગ પાડી શકાય નહી તેવું રાજ્ય છે તો તે સાબીત કરવાનો બોજો તેને માથે છે. ૧૧ મુ. ઈ. અ. ૩૪૪

સાધારણ જે કાયદો ચાલતો હોય તેથી જુદી કુટુંબના રીવાજ ઉપર અમુક સખસ આધાર રાખતો હોય તો તે સાબીત કરવાનું તેને માથે છે. ૨૦ વી. રી. ૩૪૭. ૧૨ મુ. હા. રી. ૨૦૯. ૧૯ વી. રી. ૨૧૧. ૨૩૯.

ફલાણી હકીકતની સાબેતીના બોજા વીશે.

૧૦૩ કોઇ ફલાણી હકીકત છે એમ કોરટ માને એવું જે સખસ ઈછતો હોય તે સખસના ઉપર તે હકીકતની સાબેતીનો બોજો છે. પરંતુ એવી હકીકત વીશે કોઇ અમુક સખસેજ સાબીતી કરવી એવું કોઇ કાયદામાં ફરમાવ્યું હોય તો તે કાયદામાં ફરમાવ્યા પ્રમાણે કરવું.

(અ) અ બ ના ઉપર ચોરીને માટે ફોજદારીમાં ફરીઆદ માંડે છે બ એ ચોરીની વાત કબુલ આગળ કબુલ કીધી હતી એમ કોરટ માને એવું અ ઈછે છે, તો સદરહુ કબુલતની વાત અ એ સાબીત કરવી જોઇએ.

તકરારી વખતે બ બીજી જગોએ હતો એમ કોરટ માને એવું બ ઇછેછે તો તે વાત તેણે સાબીત કરવી જોઇએ.

ટીકા.—અમુક હકીકત સાબીત કરવાનો બોજો—મીલકત બીનામીદારના નામથી ખરીદ કરવામાં આવી છે, અને માલકીનાં બધાં ચિન્હો તેના હાથમાં મુકવામાં આવ્યાં છે, અને તે મીલકતના ખરેખરા માલીકને એ બીનામીદારથી થએલા વેચાણના પરીણામથી મોકળા થવું છે તો તેના ઉપર નીચે પ્રમાણે બતાવવાનો બોજો રહે છે (૧ સદરહુ વેચાણ પોતાની સંમતી વગર કરવામાં આવ્યું છે અને ૨) ખરીદદારે એ વાત જાણ્યા છતાં મીલકત રાખી છે. ૧૬ વી. રી. સી. ૩. ૧૮૫.

જ્યાં કોઈ સખસની જાત ઉપર હુકમનામું બજાવવાની દરખાસ્ત કરવામાં આવી હોય ત્યાં પોતાની પાસે કાંઈ મીલકત નથી એવું બતાવવાનો બોજો દેણદાર ઉપર છે. પણ દેણદારને કેદમાં મોકલવાથી કાંઇ લેહેણું વસુલ થશે એમ બતાવવાનો લેહેણદારને માથે બોજો નથી. ૮ બે. લો. રી. ૨૫૫.

ધમકી દેઈને તથા સાચુ જુઠુ બતાવી દગલબાજીથી ઘરમેળે પડચો કરાવ્યો છે એવું બતાવવાનો બોજો જે લોકો તેમણે કરેલા દસ્તાવેજ કાયદેસર રીતે થયો નથી એમ કહેતા હોય તેમના ઉપર નંખાય છે. ૨. મુ. ઈ. અ. ૧૮૧.

પુરાવો લેવા યોગ થાય તેને સારૂ જે હકીકત સાબેત કરવાની જરૂર હોય તે હકીકત સાબીત કરવાના બોજા બાબત.

૧૦૪ કોઇ હકીકતનો પુરાવો કોઈ સખસ આપી શકે તેને સારૂ પ્રથમ કાંઇ બીજી હકીકત સાબીત કરવાની જરૂર હોય તો તે હકીકત સાબીત કરવાનો બોજો જે સખસ એવો પુરાવો આપવાને ઈછતો હોય તે સખસના ઉપર છે.

દ્રષ્ટાંતો.

(અ) બ એ મરતી વખતે કાંઈ ઇકરાર કર્યો એ હકીકત શાબીત કરવાને અ ઈ-છેછે. બ મરી ગયો એ હકીકત અ એ શાબીત કરવી જોઈએ.

(બ) કોઇ ખોવાઈ ગયેલા દસ્તાવેજની મજકુર કાયમ પુરાવાથી સાબીત કરવાને અ ઈછે છે દસ્તાવેજ મજકુર ખોવાઇ ગયો એ હકીકત અ એ શાબીત કરવી જોઇએ,

તોહોમતવાળાનાકામનો સમાવેશ અપવાદમાં થાય છે એવું સાબેત કરવાના બોજા બાબત.

૧૦૫ જ્યારે કોઇ સખસના ઉપર કાંઇ ગુન્હાનું તોહોમત હોય ત્યારે જે કેફીયત ઉપરથી તે કામનો સમાવેશ હીંદુસ્થાનના ફોજદારી કાયદા માંહેના સાધારણ અપવાદોમાંના કોઇએક સાધારણ અપવાદમાં અથવા સદરહુ કાયદાના હરકોઇ બીજા ભાગમાં લખેલા કીંવા ગુના મજકુરનું લક્ષણ જે કાયદામાં લખ્યું હોય તે કાયદામાં લખેલા કોઈ વીશેશ અપવાદ કીંવા સરતમાં થતો હોય તો તે કેફીયત છે એવું સાબીત કરવાનો બોજો સદરહુ તોહોમતવાળા સખસના ઉપર છે અને કોરટે એવું અનુમાન કરવું કે સદરહુ કેફીયત નથી.

દ્રષ્ટાંતો.

(અ) અ ના ઉપર ખુનનું તોહોમત છે તે જાહેર કરે છે કે દીવાનગીના સબબથી સદરહુ કામ કેવી રીતનું હતું તે હું જાણતો નહોતો.

સાબીતીનો બોજો અ ના ઉપર છે.

(બ) અ ના ઉપર ખુનનું તોહોમત છે તે જાહેર કરે છે કે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉતપન થવાથી માહારી માહારો જીવ વશ રાખવાની શકતી ગઇ હતી.

સાબીતીનો બોજો અ ના ઉપર છે.

(ક) ફોજદારી કાયદાની કલમ ૩૨૫ મી માં ફરમાવ્યું છે કે ૩૩૫ મી કલમમાં લખેલી બાબત શીવાય બીજી કોઈ પણ બાબતમાં જે સખશ બુધીપુરવક મહા વ્યથા કરે તે. સખસ અમુક શીક્ષાને પાત્ર છે.

અ ના ઉપર કલમ ૩૨૫ મુજબ બુધી પુરવક મહા વ્યથા કરવાનું તોહોમત છે.

જે કેફીયત ઉપરથી સદરહુ કામનો સમાવેશ કલમ ૩૩૫ મી માં થાય તે કેફીયત સાબીત કરવાનો બોજો અ ના ઉપર છે.

વિશેશ કરીને હકીકત જાણ્યામાં હોય તે હકીકત શાબેત કરવાનો બોજો.

૧૦૬ જ્યારે હરકોઇ હકીકત વીશેશ કરીને કોઇએક સખસના જાણ્યામાં હોય ત્યારે તે હકીકત સાબીત કરવાનો બોજો તે સખસના ઉપરછે.

દ્રષ્ટાંતો.

(અ) કોઈ સખસે કાંઇ કામ કર્યું તે કામની કેફીયત તથા ફવર૫ ઉપરથી જે ઇરાદાથી કીધાનું અનુમાન થાય તે ઈરાદા શીવાય બીજા ઇરાદેથી કીધું હોય તો તે બીજો ઇરાદો સાબીત કરવાની જવાબદારી તે સખસના ઉપર છે.

(બ) લોઢાની સડક મારગે ટીકટ વગર જવાનું અ ના ઉપર તોહોમત છે તેની પાસે ટીકટ હતી એ સાબીત કરવાની જવાબદારી તેના ઉપર છે.

વીસ વરસ ઉપર કોઇ માણુસ હયાત હોવાનું જાણ્યામાં હોય તે માણુસ મરણ પામ્યાની વાત સાબીત કરવાનો બોજો.

૧૦૭ અમુક માણુસ હયાત છે કે મરણ પામ્યા છે એવી તકરાર પડે, અને એવું માલમ પડે કે ત્રીસ વરસના દરમીયાનમાં તે માણુસ હયાત હતો, ત્યારે તે માણુસ મરણ પામ્યો છે, એવું સાબીત કરવાનો બોજો મરણ પામ્યોછે એમ કહેનાર સખસના ઉપર છે.

સાત વરસ થયા ખબર અંતર ન સાંભળી હોય એવા સખસહયાત છે એ વાત સાબીત કરવાનો બોજો.

૧૦૮ પણ એવું ઠરાવ્યું છે કે અમુક માણુસ હયાત છે કે ગુજરી ગયોછે એવી તકરાર પડે, અને એવું સાબીત થાય તે માણુસ હયાત હોત તો જે સખસોનો તેની ખબર અંતર સ્વભાવિકપણે આવી હોત તે સખસોએ સાત વરસ થયાં તે માણુસની ખબર અંતર કાંઇ સાંભળી નથી ત્યારે માણુસ મજકુર હયાત છે એ વાત સાબીત કરવાની જવાબદારી તે હયાત છે એમ કહેનાર સખસના ઉપર છે.

ટીકા—હીંદુ તથા મેહોમેડનલામાં મોત થયાના અનુમાનો—જે સખસની ૧૨ વરસ સુધી, અથવા બનારસમાં ૧૫ વરસ સુધી કંઈ કંઇ ખબર અંતર સાંભળવામાં ન આવી હોય તે સખસનું મોત થયાનું હીંદુલા અનુમાન કરેછે. મેહોમેડનલામાં ખોવાએલો સખસ મરી ગયો એવું તેના જનમની તારીખથી નેવુ વરસ પછી અનુમાન થાયછે, પછી ગમે તો તે પાંચ વરસ ઉપર દીઠામાં આવ્યાં હોય તેની ચીંતા નહી.

વખત ગત થયાથી મોતના અનુમાન વીશે—ઈંડીયન લા રીપોર્ટસ (અલાહબાદ) વા: ૧—પા. ૫૩ પરમેશ્વરરાય વિ. બીશેશરસીંઘના કામમાં મઈએત સલીગરામની માલ મીલકતનાજાકીરાયની પછીનાં ઉતરાધિકારવાળાઓએ તેમનાં ઉતરાધિકારને નુકશાન પોચડતા સલીગરાયની માલમીલકત સલીગરાયની બીધવાએ બીજાને લખી આપેલી તે લખાણ રદ કરવાને ફરિઆદ કરી. જાકીરાયનાં ૮—૯ વરસથી કાંઈ ખબર અંતર આવી નહોતી. અને તે હયાત છે તેની પણ કાંઇ સાબીતી નહોતી. અલાહબાદ હાઇકોરટની ફુલબેંચે ઠરાવ કર્યો કે જો કે સદરહુ માલમીલકતનો વહીવટ કરવાના કારણસર જ્યારે કાંઈ શખસ માલમ ન પડતો હોય અને ગુજરી ન ગયો હોય ત્યારે ફરમાવેલ્સ વારશા બાબતનો હીંદુલા કોરટને લાગુ કરવો પડે તોપણ આ ફરીઆદના કારણસર આ કલમ મુજબ શખસ મજકુર ગુજરી ગયાનું અનુમાન થઈ શકેછે. જ્યાં કોઇ શખશ જેને વીશે શાત વરસથી તેની ખબર અંતર નહીં મળવાથી તે ગુજરી ગયાનું અનુમાન કરવામાં આવ્યું હોય તે શખસ જતો રહ્યા પછી શાત વરશની અંદર ગુજરી જનાર કોઈ સખસના મૃત્યુપત્રથી તે કત્રિમદાયક હોય તો આ મૃત્યુપત્રની રૂએની બાકી રહેલી મીલકતના વારસના વિરૂદ્ધ મૃત્યુપત્ર કરનારની પછી સખશ મજકુર જીવતો હતો એવું સાબીત કરવાનો બોજો તે સખશના વારશ વકીલ ઉપર છે લુઈશ ટરસ્ટસના કામમાં રીપોર્ટસ•ઇકવીટ વા. ૧૧-પા.૨૩૬

કોઇ સખશ પંચાબો કીંવા ગણોતીઓ કીંવા મુનીમ છે તે બાબત શાબીતી કરનો બોજો

૧૦૯ અમુક સખસો પંત્યાળા ભાગીઆ છે કીંવા માલીક અને ગણોતિઆ અથવા બાકુત છે કીંવા મુખ્ય અને આડતીયા છે એવી તકરાર પડે, અને એવું બતાવવામાં આવ્યું હોય કે સદરહુ જેના તે સંબધે તે શખસો કામ ચલાવતા આવ્યા છે ત્યારે સંબંધ મજકુર નથી, કીંવા, તુટયો છે એ વાત શાબીત કરવાનો બોજો એ પ્રમાણે કહેનાર સખશનાઉપરછે

ટીકા—સહીઆરા વીશે કરાર આકટની ૨૩૯—૨૬૬ કલમો જુઓ

એજન્ટ અને પ્રીન્સીપલના સબંધ બાબતમાં ૧૮૨—૨૩૮. કલમો જુઓ.

માલીક વીશે સાબેતી કરવાનો બોજો.

૧૧૦ કોઇ પદારથ કોઇ સખસના કબજામાં છે એવું બતાવવામાં આવે તો તે શખસ તે પદારથનો માલીક છે કે નહી એવી તકરાર પડે તારે સદરહુ શખસ માલીક નથી એ વાત સાબીત કરવાનો બોજો તે માલીક નથી, એમ કેહેનાર શખસના ઉપર છે.

ટીકા—જે મીલકત પોતાના કબજામાં હોય તેના સાધારણ રીતે માણસો માલીક હોય છે અને તેથી કબજો એ માલીકપણાનો અનુમાનીક પુરાવો છે આ નિયમ સ્થાવર તથા જંગમ મીલકતને લાગુ પડેછે. એક શખસનો સ્થાવર મીલકતનો કબજો છોડાવી પોતે કબજો મેળવવા જે વાદી ઇચ્છતો હોય તેણે પોતાના હકના બળથી તે પ્રાપ્ત કરવો જોઈએ. પ્રતિવાદી શા હકથી કબજો ધારણ કરેછે તે બતાવવાની પ્રથમ તેને જરૂર પાડવી નહી. આ નીયમ બાબત ૧૦ મુ. ઈ. અપીલ્સ ૫૨૮. ૪ મુ. ઇ. અપીલ્સ ૨૩૩ ૧૨ મું ઈ. અપીલ્સ ૧૪, ૧૦ મું. ઈ. અપીલ્સ ૧૫૧ ઇ. લો. રી. ૧ અલ્હા. ૧૪૪. ૧૯ વી. રી. ૧૪૦ ૨૦ વી. રી. ૨૫ જુઓ.

પણ જ્યારે બળથી અથવા દગાથી કબજો મેળવ્યો હોય ત્યારે આ નિયમ લાગુ પડતો નથી. સામાવાળા ઉપર પુરાવનો બોજો પડે તેટલા માટે કોઈ પણ સખસને તેના અપકૃત્યનો લાભ લેવા દેવામાં આવે નહી. તેથી જો વાદી એમ બતાવી શકે તેનો પોતાનો કબજો હતો અને કાયદાના યોગ્ય ક્રમથી નહી પણ બીજીરીતે પ્રતિવાદીએ તેનો કબજો છોડાવ્યોછે તો પુરાવાનો બોજો પ્રતિવાદીને શીર જાય છે. ૭ વી. રી. સી. ૩ ૧૪૪૯ વી. રી સી.૩ ૭૧, ૪૧૨ વી. રી. સી. ૩ ૪૭૨

આ કલમના સંબંધમાં વિશેષ ન્યાયના કાયદાની ૯મી કલમ જુઓ. ૯ એ આકટની નવમી કલમ પ્રમાણે પ્રતિવાદીને કબજો સોંપવામાં આવ્યો હોય તો પાકા દાવામાં બધો પુરાવાનો બોજો વાદી શીર છે. અને જ્યાં સુધી તે પોતાનો હક બતાવે નહી ત્યાં સુધી કોરટે પ્રતિવાદીના હકની તજવીજ પણ કરવી નહી અને તેના કબજાને હરકત પણ કરવી નહી. ૭ વી. રી. સી. ૩. ૨૩૦ કબજો છોડવતાં પેહેલાં તે પોતાનો ૧૨ વરસનો કબજો સાબીત કરી શકે તો પ્રતિવાદીનો તેના કરતાં વધારે હક છે તે બતાવવાનો બોજો પ્રતિવાદીને શીર જાયછે. ૧૦ વી. રી. સી. ૩ ૮૯

પક્ષકારેમાંથી એકના ઉપર ભરૂસો રાખવામાં આવતો હોયતેવા કામમાં અમુક કાર્ય સુધ બુધીથી થયું કે નહી તેની સાબીતી વીશે,

૧૧૧. જ્યારે કાંઇ કાર્ય થયું હોય અને તે જે પક્ષકારો વચે થયું હોય તેમાંથી એક પક્ષકારનો સંબંધ બીજા પક્ષકાર સાથે એવો હોય કે તે બીજા પક્ષકારનો ફાયદો કરવાની તેની ફરજ હોય તો તે ફરજના સંબંધથી સદરહુ એક સખસઉપર ભરોસો રાખવામાં આવતો હોય ત્યારે એવા પક્ષકારની વચે અમુક કાર્ય સુધબુધીથી થયું છે કે નહી એવી તકરાર પડે ત્યારે સદરહુ કાર્યની સુધબુધી સાબીત કરવાનો બોજો જે પક્ષકારના ઉપર સદરહુ પ્રમાણે ભરોસો રાખવામાં આવતો હોય તેના ઉપર છે.

દ્રષ્ટાંતો.

(અ) એક અસીલે માંડેલી ફરીઆદના કામમાં એવી તકરાર પડી છે કે અસીલ

ગજકુરે પોતાના એક અટરનીને વેચાણ કરેલું તે વેચાણ સુધબુધીથી થયુંછે કે નહી એ કાર્યની સુધબુધી સાબીત કરવાની જવાબદારી સદરહુ અટરનીના ઉપર છે.

(બ) એક છોકરો હાલ તુરતજ લાયક ઉમરે પોહોંચેલો છે. તેણે પોતાના બાપ ઉપર ફરીઆદ માંડી તે કામમાં છોકરાએ બાપને વેચાણ કરેલુ તે સુધબુધીથી કરેલું કે નહી તે વાતની તકરાર પડી એ કાર્યની સુધબુધી સાબીત કરવાની જવાબદારી સદરહુ છોકરાના બાપ ઉપરછે

ટીકાઃ—આ કલમમાં ઠરાવેલો નીયમ એજ પક્ષકારો વચેના કાર્યોમાંજ ફક્ત લાગુછે આ પ્રમાણે **(અ)** એક છોકરે લાયક ઉમરે પોચ્યા પછી પોતાના બાપના લેહણાની બાબતમાં તેના વાલી ઉપરના દાવામાં સદરહુ વાદીએ કરેલો ફડચો દગા ભરેલો હતો એવા સબબ થી તે ફડચો રદ કરાવા ફરીઆદી કરી. આ કામમાં ઠરાવ કરવામાં આવ્યો કે સંતલસ તથા દગો બતાવવાનો બોજો **(અ)** ઉપર છે અને જો તેની સાબીતી ન થાય તો દાવો કાઢી નાખવો જોઇએ. લેકરાજરાય વી. માહતબચંદ મદરાશ જ્યુરીસ્ટ વા. ૭—પા ૧૮૬

એક બાળકની વડિલોપારજીત મીલકતના વહીવટ કરનારે સદરહુ મીલકત ઉપર કરજ કરી તથા ગીરેથી બોજો નાંખ્યો છે. આવી બાબતમાં એ વહીવટ કરનારની શુદ્ધ બુધિ સાબીત કરવામાં બોજા વીશે કોઈ સામાન્ય નિયમ ઠરાવી શકાતોનથી. તે નિયમમાં મુકદમાની કેફીયત પ્રમાણે ફેરફાર થાયછે અને તે કેફીયત પ્રમાણે બોજા વીશેનો નિયમ ચાલવો જોઈએ. શુદ્ધબુધી નાસાબિત કરવાનો બોજો હરેક પ્રસંગે એ દસ્તાવેજ દર કરવા માગનાર સખસ ઉપર રહેશે નહીં. જ્યાં કોઈ ગીરો રાખનાર જે સખસનો અખતિયાર થોડો અને મર્યાદા બાંધેલો તેના જાણવામાં હોય તે શખસે પોતાની તરફેનમાં કરેલો બોજો બતાવે ત્યાં જે હકીકતો તે બાળક વારસ કરતાં તેને પોતાને વધારે માલમ હોય એમ અનુમાન કહી શકાય તે હકીકતો તે પોતે કહી બતાવી સાબીત કરી આપે એમ યોગ્ય રીતે આશા રાખી શકાય; એટલેકે મીલકતની કહેવાતી જરૂરીઆત વીશે તથા તેણે પોતે તતકાળ કરજ કરવાના હેતુ વીશે તેને (ગીરો રાખનારના) જે હકીકતો કહી સંભળાવવામાં આવી હોય તે હકીકતો હનુમાન પ્રસાદ પાંડે વી. મસામત મનીરાજ કુંવરી ૬ મું. ઇ. અપીલ્સ ૩૧૯ પા ૪૯૧ ૨ મુ. હા. કો. રી. ૪૦૭ પણ બાળક અને તેની મીલકતના વહીવટ કરનારની વચેની ફરીઆદમાં શુદ્ધબુધિ સાબીત કરવાનો બોજો હરેક પ્રસંગે આ કલમ મુજબ વહીવટ કરનાર ઉપર રહેશે.

૧૧. મુ. ઈ. અપીલ્સ ૫૫૧ ને પાને મુનશી બઝલુર રહીમના કામમાં એક મુસલમાન સ્ત્રીએ કેટલીક સ્થાવર અને જંગમ મીલકતની કીંમત લેવાનો દાવો પોતાના ધણી ઉપર બાંધ્યો હતો તે મીલકતમાં કમ્પની નોટો હતી તે નોટો તે સ્ત્રીની ખાસ મીલકત હતા અને તેનું વ્યાજ લેવાને માટે તેના ધણીના નામના શેરા કરી તેને સોંપવામાં આવી હતી એમ તેનુ કેહેવું હતુ ધણીનુ કહેવું એવું હતુ કે તે નોટો તેણે પુરેપુરી કીમત આપી વેચાતી લીધી હતી, તેમાં એમ ઠર્યું કે આ શેરો અને નોટો આપીછે તે ઉપરાંત કાંઈક વિશેષ ધણીએ સાબીત કરવું જોઇએ અને બંને પક્ષકારોનો સંબંધ જોતાં તે સાબીત કરવાનો બોજો ધણીને માથેછે. તેણે (૧) જે કાર્ય વીશે તેણે તકરાર ઉઠાવી હતી તે ખરા પ્રકારનું વેચાણ હતુ અને (૨) તે નોટોની પુરેપુરી કીમત આપી હતી એ બે વાતો સાબીત કરવી જોઈએ. તેજ પ્રમાણે ૧૯ વી. રી.સી. રૂ. ૧૫૧માં પણ પુરાવાનો બોજો ધણીને માથે

નાંખવામાં આવ્યો હતો. આ કામમાં પણ મુસલમાન સ્ત્રીએ લગ્નને લીધે જે મીલકત પોતાના ધણીના કબજામાં ગઇ હતી તે પાછી મેળવવાનો દાવો તે ધણી ઉપર કર્યો હતો.

પોતાની તરફથી દાવા ચલાવવાને જે મુખત્યાર એક હીંદુ પડદાનશીલ સ્ત્રીએ રાખ્યો હતો તેને બક્ષીસ પત્ર લખી આપ્યુ હતું તે બાબતમાં પણ આજ નિયમ લાગુ પડયો હતો ૭ વી. રી. સી. રૂ. ૯૯.

લગન સબંધ જારી હોય તે દરમ્યાન કોઈ શખશનો જનમ થયો તે વાત શખશ મજકુર કાયદેશર પુત્ર છે એ વાત નીરણુયકારક સાબેતીછે

૧૧૨. કોઇ સખસની માનો કોઈ પુરૂશ શાથે કાયદેસર થએલો લગન સંબંધ જારી હોય તે દરમ્યાનમાં અથવા તે લગન સંબંધ તુટયા પછી શખશ મજકુરની મા વગર પરણેલી રહી હોયતો લગન સબંધ તુટયા બાદ ૨૮૦ દીવસ સુંધીમાં સદરહુ સખસનો જનમ થયો એ હકીકત તે સખસ પુરૂશ મજકૂરનો કાયદેસર પુત્રછે એ વાતની નીરણય કારક સાબીતી સમજવી. પરંતુ જો એવું બતાલી શકાય કે સદરહુ લગનવાળા સદરહુ સ્ત્રી પુરૂશ એ બેઉને એક બીજાનો સમાગમ કોઈ એવે સમયે થયો નથી કે સખશ મજકુરની ગરભ ઉતપતી થઇ શકે, તો પછી એ પ્રમાણે સમજવું નહી.

ટીકા—આ આ કલમના સંબંધમાં ૩ મુ- ઇ. અપીલ્સ ૧૫૦ જુઓ સ્ત્રી પુરૂશનો સમાગમ થયો નથી એમ બતાવી અપાય નહી ત્યાં સુધી સ્ત્રી છીનાળુ કરતી હતી તે વાત કાયદેસર છોકરૂછે તેનુ અનુમાન તોડવાને બસ નથી- ઇંગ્રેજી કાયદા પ્રમાણે ધણી નામરદ હતો એમ બતાવી અનુમાન રદ કરી શકાય. ઉપલી કલમમાં એવો નિયમ ભાગ્યેજ સમાયછે.

મુલક સ્વાધીન કરવા આવ્યો હોય તેની સાબીતી બાબત,

૧૧૩. બ્રીટીશ સરકારના મુલકનો કાંઈ ભાગ કોઈ દેશી સંસ્થાને કીંવા રાજ કીંવા હાકેમને સ્વાધીન કરવામાં આવ્યોછે એવુ જાહેરનામુ ગેજેટ આફ ઈંડીઆમાં છાપવામાં આવે તો એવા જાહેરનામામાં લખેલી તારીખે એવો મુલક કાયદેસર રીતે સ્વાધીન કરવામાં આવ્યો એ વાતનું સદરહુ જાહેરનામુ વરણયકારક સાબીતી છે એમ સમજવુ.

ટીકા—આ કલમ ઉપર ૧૦ મુ. હા. રી. અને ઈ. લો. રી. ૧મુ. ૩૭૨ દામોદર ગોરધનનો ફેંસલો જુઓ. એ ફેંસલામાં આ કલમ બાબત અને હીંદુસ્તાનની કાયદા કરનારી મંડળીના સત્તા બાબતની ચરચા છે,

તેમાં મુંબાઈની હાઇકોરટે ઠરાવ કર્યો કે "રાણી સરકારને જે આકટથી હીંદુસ્તાનનું રાજ સોંપવામાં આવ્યું તે આકટ મુજબ સ્ટેટ સેક્રેટરીને જે જે સત્તાઓ મળી તે સતાઓમાં મુલક સ્વાધીન કરવાની એકે સત્તા તેને મળી નહોતી." પારલામેંટ અખતીઆરને હરકત પોંચાડતો કોઇપણ કાયદો કરવાની હીંદુસ્તાનની કાયદા કરનારી સભાને જે કાયદાથી સ્પષ્ટ રીતે મના કરવામાં આવી છે તે કાયદામાં કોઇ રીતે વીકટોરીઆ રાણીના ૨૪ મા તથા ૨૫મા વરસમાં થએલા હીંદુસ્તાનની કાંઉનસીલના આકટના બાબ ૬૭ થી ફેરફાર કે ઓછુ વતુ કરવામાં આવ્યું નથી. એવુ બતાવ્યા પછી હાઇકોરટ નીચે પ્રમાણે બોલેછે. "એટલા માટે પુરાવાના આકટની કલમ ૧૧૩નું વજનનો આધાર(રાજ્યના)વીશેશાધીકારના બંધારણના સવાલ ઉપરછે. જો મુલક સ્વાધીન કરવાની ગાદીને એકલીને સતા હોયતો કાયદાનો આ ઠરાવ જ્યાં સુધી તે ના મંજુર થયો નથી ત્યાંસુધી તે કાયદેસર અને બંધનકારકછે પણ જો બીજા હાથપર એ

સત્તા પારલામેન્ટના અખતીઆર સાથે બજાવી શકાયછે, તો તે ઉપરથી અલબત એવું નીકળેછે કે કાયદા કરનારી સભા તેના અખતીઆર બહાર ગઇછે અને કલમ ૧૧૩માં કરેલો ઠરાવ ખરાબ ઠરાવ હતો અને તે એવોજ જારી રહેશે" સુલેહના વખતમાં મુલક તોડી નાંખવાની મતલબનો કાયદો હીંદુસ્તાનની કાયદા કરનારી સભા બાંધી શકતીનથી તથા ગાદી તે મંજુર કરી શકતી નથી કારણ કે, આવા પ્રકારના કાયદાથી જરૂર પારલામેંટના અખતીયારને તથા ગ્રેટબ્રીટન અને આયરલાંડના સંયુકત રાજ્યના બીન લખેલા કાયદા તથા બંધારણો કે જે ઉપર એ સંયુકત રાજ્ય તરફના લોકોના પ્રજા ધરમનો આધાર છે; તે કાયદા તથા બંધારણોને ખલેલ પોહેચ્યા વગર રહેજ નહીં હાઈ કોરટે ઠરાવ્યુ કે, "પુરાવાના આકટની કલમ ૧૧૩ જોકે નામંજુર નથી થતી, તોપણ રાણીના રાજના ૨૪ તથા ૨૫મા વરસમાં થએલા આકટના બાબ ૬૭ની કલમ ૨૪ તેનો બચાવ થતો નથી" અને એટલા માટે તેમાં ફરમાવ્યા મુજબ ચાલી શકાય નહીં.

કેટલીક હકીકતછે એવું કોરટ અનુમાન કરવાને મુખતીયાર છે.

૧૧૪. કોઈ અમુક કામની હકીકતને સંબંધે કુદરતી બનાવની તથા મનુસયની વંરતણુકની તથા સરકારી તથા ખાનગી કામકાજની સાધારણ ગતી ઉપર વીચાર રાખતા કોઈ હકીકત બન્યાનો સંભવછે એવુ કોરટની નજરમાં આવેતો તે હકીકત બનેલીછે એવુ અનુમાન કરવાને કોરટ મુખતીયારછે

દ્રષ્ટાંતો.

નીચે પરમાણેનાં અનુમાન કરવાને કોરટની મુખતીઆરી છે.

(અ) ચોરી થયા પછી થોડીવારે ચોરીનો માલ કોઇ માણસના કબજામાં હોય અને તે માણસ સદરહુ ચોરીનો માલ પોતાના કબજામાં શી રીતે આવ્યો તે ન બતાવી શકે તો માણસ મજકુર ચોરી કરનારછે અથવા તેણે ચોરીનો માલ જાણીને તે લીધોછે એવું અનુમાન કરવાને કોરટ મુખતીઆર છે.

(બ) ગુનાહના કામમાં ગુનેહગારની સાબેતી જુબાનીને મુખ્ય મુદાની વાતે બીજા પુરાવાથી પુષ્ટિ ન મળે તો તે સાબેતીનું કહેવું ભરૂસો રાખવા યોગ્ય નથી એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(ક) હુંડી સીકારી અથવા તેના ઉપર શેરો થયો તો પછી સારા અવેજ ઉપરથી સીકારી અથવા સેરો થયો એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(ડ) કોઈ પદારથ કીંવા પદારથની સ્થીતી જેટલી મુદતે સાધારણ રીતે નાશ પામે છે તે મુદતની અંદર કોઈ વખતે તે પદારથ કીંવા કીંવા પદારથની સ્થીતી કાયમ હતી એવું સાબીત કરવામાં આવ્યું હોયતો સદરહુ પદારથ કીંવા પદારથની સ્થીતી અદ્યાપી પરીયંત કાયમ છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(ઈ) ઇનસાફના તથા સરકારી કામ નીયમ પુર્વક થયાં છે એવુ અનુમાન કરવાને કોરટ મૂખત્યાર છે.

(ફ) કામકાજની સાધારણ રીતી પ્રમાણે અમુક કામોમાં થયું છે. એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(ગ) જે પૂરાવો રજુ કરી શકાય એવો છે. પરંતુ તે રજુ કર્યો નથી તે પુરાવો રજુ થાય તો રજુ નહી કરનાર સખસને પ્રતીકુળછે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(ઘ) કોઇ માણુસને કોઈ સવાલનો જવાબ આપવાની કાયદાથી ફરજ નથી તે સવાલનો તે સખસ જવાબ ન આપે ત્યારે જવાબ આપ્યો હોયતો તે સખસને પ્રતીકુળ પડશે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

(આઇ) કોઈ દસ્તાવેજ ઉપરથી ફરજ ઉત્પન થતી હોય તેવો દસ્તાવેજ લખી આપનાર સખસના હાથમાં હોય ત્યારે તે ફરજ અદા થઇછેએવુ અનુમાન કરવાને કોરટ મૂખત્યારછે

પરંતુ કોરટની રૂબરૂ ચાલતા અમુક કામોમાં સદરહુ વચનો લાગુ પડેછે કે નહી તેનો વિચાર કરતી વખતે નીચે બતાવીછે, તેના જેવી હકીકતોના ઉપર પણ કોરટે ધ્યાન રાખવું

દ્રષ્ટાંત (અ) બાબત—એક નીશાની વાળો રૂપીઓ ચોરીએ ગયો ત્યારપછી થોડીવારે એક દુકાનદારની પાસે તેના ગલ્લામાં તે રૂપીઓ માલમ પડયો હવે તે રૂપીઓ તેની પાસે ફલાણી ફલાણી રીતે આવ્યો એવું તે બતાવી શકતો નથી પરંતુ તેના રોજગારને પ્રસગે તેની પાસે નીરંતર રૂપીઆ આવ્યા કરેછે.

દ્રષ્ટાંત (બ) બાબત—કોઈ યંત્ર ગોઠવવાના દરમિયાનમાં કાંઇ ગફલત ભરેલા કામથી એક માણસનું મોત આણ્યાનેમાટે **અ** નામનાએક ઘણીજ સારી પ્રતીષ્ટાવાળા સખશની ઉપર મુકદમો ચાલેછે **બ** નામનો તેનાજજેવી પ્રતીષ્ટાનો સખસ પણ સદરહુ પ્રમાણે ગોઠવવામાં સામીલ હતો તે શી હકીકત બની તેનું બરાબર યથારથીત વરણન કરેછે અને પોતાની તથા **અ** ની એ બેઉની બેફીકરાઇ કબુલ કરી તેનો ખુલાસો બતાવે છે.

દ્રષ્ટાંત (બ) બાબત—કેટલાએક સખસોએ મળીને એક ગુનોહ કીધો. ગુનેગારમાંના ત્રણ અ બ અને ક એ ગુનોહ થયો તેજ જગોએથી પકડાયા, અને તેઓને એક એકથી જુદા રાખ્યા હરએક જણ ગુનાહનો હેવાલ આપેછે તેમાં ડ ને ભેળેછે. એ સરવેના હેવાલોને એક બીજાથી હેવી પુષ્ટી મળેછે કે આગળ તેઓને મસલત થઈ હોય એ ઘણું અસભવીત લાગે છે.

દ્રષ્ટાંત (ક) બાબત —હુંડી આપનાર **અ** એ વેપાર રોજગાર કરનાર વાકેફગાર માણુસ હતો બ આ કાચી ઉમરનો અજાણ સખસ હતો અને તે કેવળ અને વશ હતો

દ્રષ્ટાંત (ડ) બાબત એવું સાબીત થયું છે કે એક નદીનો પરવાહ પાંચ વરસ ઉપર અમુક રસ્તે થઈને હતો પરંતુ એવું જાણુવામાં છે કે ત્યારપછી રેલો આવી હતી અને તેથી રસ્તા બદલાય.

દ્રષ્ટાંત (ઇ) બાબત—જે ઈનસાફનું કામ નીયમ પુરવક છેકે નહીં એવી તકરાર છે, તે કામ દસ્તુર કરતાં જુદી તરેહની કેફીયતથી કરવામાં આવ્યુ હોય.

દ્રષ્ટાંત (ફ) બાબત—તકરાર એવી પડીછે કે અમુક કાગળ પોહોંચ્યો કે નહીં એવુ તો સાબીત થયુંછે કે તેને ટપાલમાં નાખવામાં આવ્યો હતો પણ બંડ બખેડાથી હમેશ માફક ટપાલ જવામાં અટકાવ થયો હતો.

દ્રષ્ટાંત (ગ) બાબત—એક જુજ કીંમતના કરારનામાની રૂએ અ ના ઉપર ફરીઆદી થઇ છે ને કરારનામાને સબંધ રાખે એવો એક દસ્તાવેજ રજુ કરવાને અ નામનો સ-

અસ ના કહેછે. પણ તે દસ્તાવેજ રજુ કરેથી **અ** ના કુટુંબની ઇજ્જતને ખલેલ પોંચેછે તથા તેમના મનને દુઃખ થાયછે.

દ્રષ્ટાંત (હ) બાબત.—કાયદાથી જેનો જવાબ દેવાની ફરજ નથી તેવા સવાલનો જવાબ આપવાની **અ** નામનો શખસ ના કહેછે; પરંતુ જે કામને સબંધે તેને શવાલ પુછયોછે, તે કામને સબંધ નહી રાખનારી બાબતમાં તેને તે સવાલનો જવાબ દેવાથી નુકશાન થાયછે.

દ્રષ્ટાંત (આઇ) બાબત.—ખત લખી આપનાર શખસના કબજામાં એક ખત છે. પરંતુ તે કાગની હકીકત એવી છે કે તેણે તે ખત ચોર્યું હોય.

ટીકા.—ઇંગ્રેજી ગ્રંથકારો અનુમાનના બે વિભાગ કરેછે, કાયદામાં અનુમાન અને હકીકતનાં અનુમાન કાયદાનાં અનુમાનમાં જે બાબતની વધારે તજવીજ કરવાની મના છે અગર તેવી તજવીજ કરવાની જરૂર નથી તેનો સમાસ થાય છે. ન્યાયનાં ધોરણ અથવા શ્રષ્ટિના નિયમો, અગર સંસારમાં મનુષ્યના આચરણ અને સંસાર વ્યવ્હારનાં કર્તો અને અમુક ચીજો વચે જે સબંધ સામાનીયત: માલમ પડેછે તે ઉપર કાયદાનાં અનુમાનોનો આધાર છે. જ્યાં જ્યાં મનુષ્ય વર્ગના એક સરખા અનુભવથી એવો સંબંધ માલમ પડેછે ત્યાં ત્યાં વધારે સાબીત શીવાય કાયદો તેને કબુલ રાખેછે. કાયદાના અનુમાનોના બે વિભાગ છે. એક તો અનિર્બાધ્ય એટલે જેના વિરૂધ્ધ વાંધો ઉઠાવી શકાય અને નિર્બાધ્ય એટલે જેના વિરૂદ્ધ કોઇ પણ વાંધો ઉઠાવી બોલી શકાય નહી તે નિર્બાધ્ય પુરાવકોને કહેવો તે વીશે ૪ થી કલમ જુઓ. એવો અનુમાન આ કાયદામાં ૧૧૨ અને ૧૧૩ મી કલમોમાં કરેલાં છે અનિર્બાધ્ય પુરાવો વીશે ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, અને ૮૯ કલમોજુઓ.

અવીભક્ત હીંદુ કુટુંબની બધી મીલકત મજીઆરી છે એવું અનુમાન થાયછે.—હીંદુસ્થાનમાં કેટલાક ઘણાજ અગત્યના અનુમાનો તો અવીભક્ત હીંદુ કુટુંબની બાબતમાં કરારછે. તે છે. આવા પ્રસગે અનુમાન એ છે કે કુટુંબની બધી મીલકત મજીઆરી છેઅને એ પ્રમાણે નથી એવું સાબીત કરવાનો બોજો જે પક્ષકાર આવી મીલકતના કોઈપણ ભાગ ઉપર પોતાની આગવી મીલકત તરીકે દાવો કરતો હોય તેના શીર ઉપર છે ૬ મુ. ઈ. અપીલ્સ ૫૩૦.

કાયદાનું અનુમાન એ છે કે અવીભકત હીંદુ કુટુંબની બધી મીલકત સમ ભાગે છે. સદરહુ મીલકત આગવી પેદા કરેલી છે એવું સાબીત કરવાનો બોજો એ કુટુંબના આદમી ઉપર છે ૩ મુ. ઇ. અપીલ ૨૨૯.

અનુમાન એ છે કે જ્યારે કોઇ કુટુંબ જુદુ રેહેતું હોય તથા જુદી રસોઇએ જમતું હોયતો તેની મીલકત પણ જુદી હોય. ૩ બે. લો. રી. આ. સી. જ્યું. ૭.

અવીભકત હીંદુ કુટુંબ એની એજ સ્થીતીમાં છે એવું અનુમાન—જ્યાં કોઇ એકઠા અને અવીભકત કુટુંબની મીલકત જે મુળ લડીલોપારજીત હોય તો એક વખત એકઠું રહેનાર કુટુંબ એની એજ સ્થીતીમાં છે એવું કાયદાનું અનુમાન વેચાણના પુરાવાથીજ અથવા જુદા પડયાના કામોથી તોડી શકાય અને એ કુટુંબ વીભકત છે એવુ સાબીત કરવાનો બોજો આવી મીલકતમાં જે પક્ષકાર હીસ્સો માગતો હોય તેના શીર ઉપર છે, ૧૧ મુ. ઇ. અ ૩૬૯.

કોઈ એકઠા રેહેનાર હીંદુ કુટુંબના મુખ્ય માણસે કરેલું કરજ કુટુંબી કરજ છે એવું અનુમાન કરવા વીશે.—કોઈ એકઠા રેહેનાર હીંદુ કુટુંબના મુખ્ય માણસે કરેલું કરજ સા-

માન્ય કેફીયતમાં તે કુટુંબી કરજ છે એવું અનુમાન કરાયછે. પણ જો તે કુટુંબનો એક આદમી સગીર હોયતો કુટુંબી મીલકત ઉપર પોતાનો દાવો બજાવવાની ખાયસ રાખનાર લેણદારે એવું બતાવવું જોઇએ કે એ દેવું શુદ્ધ બુદ્ધીથી તથા કુટુંબના ફાયદાને સારૂ કરવામાં આવ્યું હતું ટાંડવરાયા મુદલી વી. વલી અમાલ મ: હા. કો. રી. વા. ૧—પા. ૩૬૮ "તકરાર એવી નથી કે એ વેચાણ કરવાની કાંઇ પણ કાયદેસર જરૂરીઆત હતી કે નહી પણ એવી તકરાર છે કે જે કરજ જો બાપે કર્યું હોત અને તેણે તે આપ્યા વગર રેહેવા દીધું હોત તો હીંદુલા પ્રમાણે તે કરજ અદા કરવાની તેના દીકરા ઉપર ફરજ રેહેત તે કરજ પુરૂ કરવાને વેચાણ મજકુર કરવામાં આવ્યું હતું કે નહી, જસટીસ મારકલીનો ફેંસલો આદરમની દેઇ વી. ચોધરી સીબ નારાયણ કર. ઈ. લા. રી. ૩ કલકતા ૧ પાને ૫.

વડીલો પારજીત મીલકત વેચવાની જરૂરીઆત બાબતના અનુમાનો વીશે.—જે મુકદમાઓમાં વડિલોપારજીત મીલકતનું વેચાણ થયુંછે તેવાં વેચાણ મજકુર કરવાની જરૂઆત સાબીત કરવાના બોજાની તકરાર વીશે ઘણો વાદ વિવાદ થયો છે. હનુમાન પ્રસાદ પાંડે વી. મસામત બાબુ ઈમનરાજ કુંવરીના કામમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આવે પ્રસંગે ખદીદદાર વેચાણ કરવાનો કંઈ જરૂરી પ્રસંગ હતો કે નહીં તેનું બધું જોખમ પોતાને માથે રાખતો નથી. ખરીદદારની ફરજતો એટલીજ છે કે કરજ કાઢવાની જરૂરીઆતોની ચોકસી કરવી. અને પોતે જેની સાથે કામ પાડતો હોય તેનાથી પોતાની ખાતરી કરી લેવી કે એ વહીવટ કરનાર એ અમુક બાબતમાં મીલકતના લાભને અર્થે કામ કરેછે આવી ફરીઆદોમાં સાબીતીનો બોજો કોના ઉપર છે તે બાબત વીશે ખુદાવંત સાહેબોની નજરમાં એવું આવે છે કે તેનો એક સામાન્ય અને ન ફરે તેવો જવાબ આપી શકાય તેવું નથી. આવે પ્રસંગે કરવાનું યોગ્ય અનુમાન કામની કેફીયત પ્રમાણે થવું જોઈએ અને તે કેફીયત ઉપર તેનો આધાર રહેવો જોઇએ" ૬ મૂ. ઇ. અ. ૨૯૩.

મધુદયાળસીંઘ વી. ગોલબરસીંગના કામમાં જડજોએ ઠરાવ્યું કે જ્યાં એક છોકરો મીતાક્ષરા પ્રમાણે પોતાના બાપે કરેલું વેચાણ તે બીન જરૂરીઆત હતું તથા તે કરવા પોર મંજુરી આપી નહોતી એવા સબબથી વેચાણ મજકૂર રદ કરવા માગે છે, પણ ખરીદદાર તે ખરીદના પઇસા મજીઆરી મીલકતમાં જમે થયા છે અથવા તે વારસ ઉપર બંધન કારક બોજો કાઢી નાખવામાં તેનો ઉપયોગ થયોછે એવા સબબથી એ ખરીદના પઇસાપોતાને પાછા મળવા તે દાવો કરેછે તે કામમાં આવો ઉપયોગ થયાની વાત સાબીત કરવાનો બોજો ખરીદદાર ઉપર રહેછે. ૯ વી. રી. સી. ૩. ૧૧૧૧,

હોઝલ પાળનારી સ્ત્રીઓ—એહોઝલ પાળનારી સ્ત્રીઓ જેમના મૂખત્યાર દાખલ કોઈ એક ત્રીજા સખસે દસ્તાવેજ કયો છે એવું કહી વાદીએ દસ્તાવેજ મજકુરનો જવાબદાર સદરહુ હોઝલ પાળનાર સ્ત્રીઓને કરવા માગ્યું. આ કામમાં (હાઇકોરટનો ઠરાવ ફેરવીને) પ્રિવીલકાંઉસીલે ઠરાવ કર્યો કે એ મુખત્યારીનો ચોકસ પુરાવો આપવો જોઈએ. ૧૦ બે. લા. રી. (પ્રી. કા.) પા. ૨૦૫.

મુસલમાનોમાં પેહેરામણી માગે ત્યારે આપવાનું એવું અનુમાન કરાય છે—ચોખ્ખો કરાર ન કર્યો હોય તો મુસલમાનોમાં પેહેરામણી ગમે તે વખતે માગે ત્યારે હાજર કરી દેવી એવો અનુમાન કરાય છે. જ્યારે તલ્લાક આપે ત્યારેજ માગી શકાય એમ નથી. ૬ મ. હા. કો. રી. ૯.

છોકરાનો ધર્મ તેનો બાપ જે ધર્મ પાળતો હોય તે ધર્મ હોય છે એવું અનુમાન કરાય છે કોઈ છોકરાના ધર્મ વીશેનું અનુમાન પ્રીવી કાનસીલે નીચે પ્રમાણે કહી બતાવ્યું છે. " આ બાબતની ઘણીજ અગત્યતાને લીધે હીંદુસ્તાનમાં નાના છોકરાનો ધર્મ સાધારણ કેફીયતમાં તેના બાપનો જે ધર્મ હોય તે ધર્મ હોય છે તથા તેના બાપની જે સુધરેલી તથા મંડળીમાં સ્થીતી હોય તે સ્થીતી હોય છે એવું અનુમાન કરાય છે " ૧૪ મુ. ઇ. અ. ૩૦૯; લા. રીપોરટસ (પ્રી. કાં.) વા. ૪ પા. ૬૦ મદરાસ જ્યુરીસ્ટ. ૧૫૦

લગ્ન સબંધ તથા ઔરસપણું—લગ્ન સંબંધ તથા ઔરસપણા વીશેના અનુમાની (૧૪ મુ ઇ. આ. ૩૪૬) રાયામની અમાલ વી. કલાન થાઈ નાત ચીયરના કામમાં જ્યુડીશીયલ કમીટીએ છીવટ કરી હતી એ કામમાં એક સુદ્ર જમીનદાર અને ૧ લો વાદી જે પોતે વેલાલા જાતની છે એમ કહેતી હતી પણ જેને પ્રતીવાદીઓ નટડી કહેતા હતા તેમની વચે લગ્ન સબંધીની વીધી થઈ ગઇ હતી; પ્રીવી કાઉનસીલે એવું અનુમાન કર્યું કે તે નટડી નહોતી કારણ કે જો એમ હોત તો વીધી ગેરકાયદેસર ગણાત એટલુંજ નહીં પણ હીંદુના વીચારવાની રીત પ્રમાણે તે ધર્મ વીરૂધ થાય ખુદાવંત સાહેબો વળી એ જમીનદારના હાથે પેહેલા વાદીના દીકરા બીજા વાદીની જે બરદાસ થઇ હતી તે ઉપર ભરૂસો રાખ્યે જમીનદાર મજકુરે સદરહુ બીજા વાદીને ઔરસજેવો ગણ્યો હતો એવું બતાવામાં આવ્યા ઉપરથી તે ઔરસ નથી એમ શાબીત કરવાનો બોજો પ્રતિવાદીઓ ઉપર નંખાયો.

મોહોમેડનલા મુજબ લગ્ન સંબંધ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી અસ્ત્રીનું છોકરૂં તેણીના ધણીના પેટનુંજ છોકરૂ ગણાય છે. લગ્ન થયા પેહેલાનુ છોકરૂ અનૌરસ છે પણ સ્પષ્ટ અથવા ગરભીત, ચોખી રીતે સાબીત કરેલીઅથવા અનુમાનીક કબુલતના બળવડે તે અઉરસ થઈ શકે છે આવે પ્રસંગે કોરટે એ સવાલ નકી કરવાનો છે કે એ છોકરાની કબુલતનો કાંઇ પુરાવો આપે છે કે નહીં આ ઔરસપણાની બાબત ઉપર કોરટ ધ્યાન પોચાડતી હોય તો પણ હકીકતના એવા કોઇ પણ અનુમાનો જે પુરાવાના ધોરણોના નીયમોપર વ્યાજબી વીચાર કરતાં બાતલ થાય તેવા અનુમાનો કોરટ વ્યાજબી રીતે કરી શકતી નથી. લગ્ન સબંધ તથા ઔરસપણાનું અનુમાન પાકા સબબો હોય તોજ થઇ શકે.

ખોજા હીદાયંત ઉલાહ વી. રાયજાન ખાનચના કામમાં ખુદાવંત સાહેબોએ ઠરાવ કર્યો કે "સાતથી તે આઠ વરસ સુધીમાં તથા તેનાં દીકરા બંનેની સાથે સરેરાશ એવી વરતણુક ચલાવવામાં આવી હતી અને એવી કેફીયતમાં કે ખુદાવંત સાહેબોને ધણી ધણીયાણીની માફક ભેગા રહ્યા તથા એ દીકરો ફાયક અલીખાનના પેટનો હોવાના અનુમાન શીવાય આવી રીતે વરતણંક ચાલે એ અશક્યજેવું માલમ પડે છે." આ હકીકત ખરેખર આજ પ્રમાણે છે એવી કબુલતરૂપ ખુદાવંત સાહેબોએ માની. મુ. ઇ. અ. વા. ૩—પા. ૨૯૫

દતક લેવાનો અખતીઆર નિઃસંતાનવાળો હીંદુ તેની વિધવાને દતક લેવાનો આપી ગયાનું ઘણું કરીને અનુમાન થાય છે ૯ મુ. ઇ. આ. ૩૦૯

જ્યારે અમુક કુટુંબની ચાલ ઘણી મુદત સુધી કુટુંબમાં ચાલતી હતી એમ શાબીત થાય ત્યારે તે ચાલ હજી પણ ચાલે છે એમ અનુમાન કરવું જોઇએ. (૧ બે. લો. રી. પ્રી. ક. ૨૬)

જે દેશના જે ભાગમાં મીતાક્ષરા પ્રમાણે વ્યવહાર ચાલતો હોય તે ભાગમાંથી કુટું-બ બીજે ઠેકાણે જાય તો મીતાક્ષરાના નિયમ તે પાળે છે એમ તે લોકોએ બીજા નિયમ પાળવા માંડયા છે એમ સાબીત ન કરી આપવામાં આવે ત્યાં સુધી અનુમાન કરવું જોઇએ ૮ વી. રી. સી. ૩. ૨૬૧

બીનામી જમીન ધારણ કરવાનો રીવાજ હીંદુસ્તાનમાં ઘણોજ ચાલે છે પણ તેથી દેખીતા માલકીપણા વિરૂદ્ધ હમેશાં કોરટે અનુમાન કરવું એમ નથી. ૧૧ મુ ઈ. અપીલ્સ ૬૦૨ ૧૧ મુ. ઇ. અપીલ્સ. ૨૮

અમુક તાલુકો વંશપરા ભોગવવાનો છે તે વાતનું ઘણી મુદત સુધી વગર હરકતે બાપ પછી દીકરાએ ભોગવ્યો હોય તે ઉપરથી અનુમાન થઈ શકે છે ૧૦ મુ. ઈ. અપીલ્સ ૧૯૧ ૧૧ મુ. ઇ. અપીલ્સ ૪૬૫

કાયદેસર કબજા ઉપરથી હકનું અનુમાન થઈ શકે છે. ૧૨ મુ. ઇ. અપીલ્સ. ૨૨૫ આ. પ્રી. કો. અપેન્ડીકશ. ૪

શુદ્રની જુદી જુદી જાતોમાં લગ્નની હીંદુ શાસ્ત્રથી મનાઇ છે અને ખાસ રીવાજ શાબીત ન થાય તો તેવાં લગ્ન કરી શકાય નહી તેથી ઘણી મુદત એકઠા રહે તે કારણથી ખાસ રીવાજની શાબીતી ન હોય તો લગ્નનું અનુમાન થઇ શકે નહી. ઇ. લો. રી. ૧ ક. ૧

દ્વેષભાવથી ફરીઆદ કરી હોય તેની નુકશાનીના દાવામાં યોગ્ય કારણ ન હોય તો દ્વેશ બુદ્ધીનું અનુમાન કરી શકાય. ૨૦ વી. રી. ૧૭૭

પોતાના હક અમલમાં લાવતાં ઢીલ કરી હોય તો તે ઢીલથી વીલંબ કરનાર વિરૂદ્ધ અનુમાન થાય છે. ૧૪ મુ. ઇ. અપીલ્સ. ૬૦૦

કોરટમાંથી કામ કાઢી લઈ તે કામનો નીવેડો કરવા સારૂ લવાદને સોંપવાની જે શખશ ના પાડે છે તેના વિરૂદ્ધ કાંઇ પણ અનુમાન થઈ શકે નહી ૨૦ વી. રી. ૧૭૨

બાબ ૮ મો.—પ્રતીબંધ વીશે.

પ્રતીબંધ. | ૧૧૫ જ્યારે કોઇએક શખસે પોતે ઇકરાર કરીને, કીંવા કાંઇ કરતીય કરીને, કીંવા કાંઈ કરવાનું તે ન કરીને, કોઈ બીજા શખશ પાસે અમુક વાત ખરી છે એવી ધારણા કરાવી હોય અથવા કરવા દીધી હોય, તથા તે ધારણા ઉપરથી કાંઇ અમલ કરાવ્યો હોય, અથવા કરવા દીધો હોય, તો તે શખસની તથા સદરહુ બીજા શખશ કીંવા તેના પ્રતીનીધી વચે ચાલતી ફરીઆદીમાં અથવા કામમાં, સદરહુ વાતનો ખરાપણાનો ઈનકાર કરવાની પરવાનગી સખશ મજકુરને કીંવા તેના પ્રતીનીધીને આપવી નહી.

દ્રષ્ટાંત.

અ જાણીજોઇને એવું કાંઇ કરે છે કે તે ઉપરથી અમુક જમીન **અ** ની છે એવું **બ** એ માન્યું, અને તેથી જમીન મજકુર ખરીદ કરીને તેના રૂપીઆ આપવાને લલચાયો.

પાછળથી જમીન મજકુર **અ** ની માલકીમાં આવી ત્યારે **અ** સદરહુ વેચાણ એ-વાસબબ ઉપરથી રદ કરાવવા માગેછે. કે વેચાણ થયું તે વખતે તે જમીન ઉપર મારો કાંઈ હક નહોતો. પોતાનો હક નહોતો એ વાત **અ** ને શાબીત કરવા દેવી નહી.

ટીકા—લોઈ કોક કહે છે કે જ્યારે અમુક શખશ પોતાના કૃત્યથી અગર કબુલતથી

સાચુ બોલવાને બંધાઈ ગયો ત્યારે પ્રતીબંધ થયો એમ કહેવાય છે. લોર્ડ કોકે પ્રતીબંધના ત્રણ વિભાગ પાડેલા છે. (૧) દફતર ઉપરથી થતો હોય તે (૨) દસ્તાવેજથી થતો હોય તે અને (૩) ઈસ્ટોપલઈનપેસ. એટલે દેશમાં અથવા સરવ લોક ૩૫૨.

દફતરથી થતા પ્રતીબંધ વીશે ૪૦—૪૪ કલમો જુઓ. આ આક્ટના બનાવનારાઓએ એ કલમોમાં આવેલો વિશય તે પ્રતીબંધના ભાગ તરીકે ગણેલો નથી. દસ્તાવેજથી થતા પ્રતીબંધ વીશે પ્રેસીડન્સી ટાઉન શીવાય બાહારના ભાગોમાં સાદા કરાર અને શિક્કા સહીત કરારમાં હીંદુસ્તાનના કાયદાએ ફેર રાખેલો નથી અને પ્રેસીડન્સી ટાઉનમાં પણ પ્રતીવાદી હીંદુ અગર મુસલમાન હોયતો આ ભેદ ધાનમાં રાખવામાં આવતોનથી. (૧. બે. લો. રી. ઓ. જ્યુ. ૩૭) શીકાવાળા દસ્તાવેજ ડીડના મજકુર વિરૂધ કોઇ સખસને બોલાવા દેવો નહી એ નિયમ હીંદુસ્તાનમાં લાગુ પડતો નથી એમ પ્રેસીડન્સી ટાઉનમાં પણ થોડા લોકોની બાબતમાંજ લાગુ કરવામાં આવેછે (૨. મ. હા. રી. ૧૨૪) મુફસીલમાં એ નિયમ લાગુ નથી. (૨૦ વી. રી. ૩૫૩.)

આ કલમમાં જે નિયમ આવેલો છે તે પ્રમાણે ઘણી મુદતથી અમલ થતો આવેછે. ઈંગ્રેજી ગ્રંથકારો કેટલીક વખત પ્રતીબંધના આ પ્રમાણે વિભાગ પાડેછે, એટલે (૧) ઇકરારથી થતો પ્રતીબંધ (૨) વરતણુંકથી થતો પ્રતીબંધ અને (૩) ગફલતથી થતો પ્રતીબંધ આ ત્રણે વર્ગના પ્રતીબંધનો સમાવેશ આ કલમમાં વાસ્તવીક રીતે થઇ જાયછે ઈમારતના પ્રતીબંધ બાબતમાં ૨૪ વી. રી. ૮૩ જુઓ.

વરતણુંકથી થતા પ્રતીબંધના દાખલા હીંદુસ્તાનમાં ઘણાછે. તેમાં મુખ્ય બીનામી ખરીદદારનોછે. જો ખરો માલીક બીનામી ખરીદદારને ખરા માલીક તરીકે વહીવટ કરવા દે અને લોકો તેને ખરો માલીક ગણી જમીનની જામીની ઉપર પઇશા ધીરે તો ખરો માલીક પછીથી તકરાર કરી શકતો નથી. બીનામી ખરીદદારના સબંધમાં ૯ વી. રી. સી. રૂ. ૫૯૩ અને ૨૪ વી. રી. ૭૯ જુઓ.

ગણોતીયાને પ્રતીબંધ નડે છે તે બાબત.

૧૧૬. સ્થાવર મીલકતના ગણોતીયા કીંવા ભાડુતને અથવા તે ગણોતીયા કીંવા ભાડુતના હક ઉપરથી જે સખસનો હક ઉત્પન થયો હોય તે સખસને સદરહુ ગણોતીયાનો કીંવા ભાડુતનો સબંધ જારી હોય તે દરમિઆનમાં એવો ઈનકાર કરવાની પરવાનગી આપવી નહી કે સદરહુ સ્થાવર મીલકતના માલીકનો તે મીલકત ઉપર ગણોતીઆ કીંવા ભાડુત મજકુરનો સબધ શરૂ થયો તે વખતે કાંઇ હક હતો નહી અને હરકોઇ સ્થાવર મીલકતના કબજેદારના પરવાનાથી તે મીલકત જે સખસે પોતાના તાબામાં લીધી હોય તે સખસને એવો ઇનકાર કરવાની પરવાનગી આપવી નહી કે સદરહુ પરવાનો આપતી વખતે એવા કબજેદારનો એવા કબજાઉપર હક હતોનહી.

હુંડી શીકારનારને અથવા નીક્ષેપીને અથવા પરવાનો લેનારને પરતીબંધ નડેછે તે બાબત.

૧૧૭. કોઇ હુંડી શીકારનારને એવો ઇનકાર કરવાની પરવાનગી આપવી નહી કે હુંડી આપનાર સખસનો એવી હુંડી આપવાનો કીંવા તે ઉપર શેરો કરવાનો અધીકાર નહોતો અને કોઈ નીક્ષેપીને અથવા જે સખસને કાંઈ પરવાનો આપ્યો હોય તે સખસને પણ એવો ઈનકાર કરવાની પરવાનગી આપવીનહી કે નીક્ષેપ અથવા પરવાનોસીરૂ થતી વખતે તે નીક્ષેપતાને અથવા પરવાનો આપનાર સખસને એ પ્રમાણે નીક્ષેપ કરવાનો અથવા એવો પરવાનો આપવાનો અધીકાર નહોતો.

ખુલાસો ૧ લો.—હુંડી સ્વીકારનાર એવો ઈનકાર કરવાને મુખત્યારછે કે હુંડી મજકુર ઉપરથી જે સખસે તે હુંડી આપ્યાનું સમજાય છે તે હુંડી ખરેખરી આપી નથી.

ખુલાસો ૨ જો.—નીક્ષેપી નીક્ષેપતા શીવાય બીજા કોઇ સખસને નીક્ષેપવાળો માલ આપેતો નીક્ષેપી એવું સાબીત કરવાને મુખત્યારછે કે જે સખસને તેણે માલ આપ્યોછે તે સખસનો નીક્ષેપતા વીરૂધ માલ મજકુર ઉપર હક હતો.

ટીકાઃ—કરાર આકટની ૧૪૮–૧૮૧ કલમો જુઓ.

બાબ ૯મો શાહેદ બાબત.

સાહેદી કોણ આપી શકેછે

૧૧૮. સરવે કોઇ સખસ સાહેદી આપવાને શકતછે એમ સમજવું પરંતુ કોરટની નજરમાં એમ આવે કે કાચી ઉમરને લીધે અથવા અતીશય જઇફીને લીધે અથવા શરીરના કીંવા મનના કાંઈ રોગને લીધે અથવા એવા પ્રકારના બીજા કોઇ કારણને લીધે તેને જે સવાલ પુછવામાં આવે તે તે સમજી શકતા નથી અથવા તે સવાલોના સમજાણવાળા જવાબ આપી શકતા નથી તો તે સખસો સાહેદી આપવાને શકતછે એમ સમજવું નહીં.

ખુલાસો.—દીવાનો માણસ સાહેદી આપવાને અશકત નથી પરંતુ તેને સવાલ પુછવામાં આવે તે જો દીવાનાપણાના સબબથી તે સમજી શકતો ન હોય અથવા તેના સમજણવાળા જવાબ આપી શકતો ન હોય તો તે અશકતછે.

ટીકા—આ આકટની આ કલમથી કીધો પુરાવો દાખલ કરી શકાય તેની હદ વારતવીક રીતે વધી શકે તેટલી વધારવામાં આવીછે કેમકે જો કોરટના મતમાં એમ આવે નહીંકે અમુક સખસ સ્વાલ સમજવાને અગર તે ના સમજી શકાય તેવા ઉતર આપવાને યોગ્ય નથીતો દરેક માણસ સાક્ષી પુરવા યોગ્યછે. તેથી જો છોકરાને સાક્ષીમાં બોલાવવામાં આવે તો એટલું જોવું જોઇએ કે તેનામાં સવાલ પુછવામાં આવે તે સમજવાની અને તેના સમજણ પડે તેવા ઉતર આપવાની શકતીછે કે નહી તેથી જ્યારે સવાલ સમજી તેનો ઉતર આપી શકે એવું છોકરૂછે એમ સેસન જડજને લાગ્યું પણ તે સોગન એટલે શું તે સમજવાને બહુ નાનુંછે એમ તેને લાગવાથી તેની જુબાની ફકત ઈકરાર ઉપર લીધી તે જુબાની પુરાવામાં દાખલ કરવા યોગ્ય છે એમ ઠર્યું ૨૨ વી. રી. ક્રી. રૂ. ૧૪. ૨૨ વી. રી. ક્રી. રૂ. ૧

આ કલમ બાબતમાં એવો સવાલ ઉઠાવવામાં આવ્યો હોત કે તોહોમતદારની જુબાની તેની પોતાની તરફથી લઈ શકાય કે નહીં. એની જુબાની ના લઇ શકાય એમ ઠર્યું કેમકે સાક્ષીદારને સોગન અથવા પ્રતિજ્ઞા આપવી જોઇએ અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા પ્રમાણે તોહોમતદારને પતિજ્ઞા કે સોગન આપી શકતા નથી જ્યારે એક કરતાં વધારે તોહોમતદાર હોય ત્યારે તેમાંના કોઇને પણ સહ તોહોમતદાર તરફથી અગર વીરૂધ સાક્ષીમાં બોલાવી શકાય. ૬ વી. રી. ક્રી. રૂ. ૯૧

મુગા સાહેદ બાબત.

૧૧૯. જે સાહેદ બોલી શકતો ન હોય તે સાહેદ લખાણ વડે કીંવા ચીન્હો વડે એવી જે રીતે પોતાની જુબાની સમજાઇ શકે એવી કરી શકતો હોય તેવી કોઈ રીતે જુબાની આપવાને મૂખત્યાર છે. પરંતું એવું લખાણ તથા એવાં ચીન્હો ખુલી કોરટમાં થવાં જોઈએ. એ પ્રમાણે આપેલા પુરાવાને મુખ જુબાની પુરાવો સમજવો.

દીવાની તથા ફોજદારી કામોમાં પરણેલા સખસો સાહેદી આપી શકે કે નહીં તે બાબત.

૧૨૦ તમામ દીવાની કામોમાં દાવાના પક્ષકારો તથા દાવાના હરકોઇ પક્ષકારનો ધણી અથવા તેની ધણીઆણી સાહેદી આપવાને શકત છે એમ સમજવું. ફોજદારી કામોમાં હરકોઈ સખસની વીરૂધ પુરાવો આપવાને એવા સખસોનો ધણી અથવા તેની ધણીઆણી અનુક્રમે શકત છે એમ સમજવું.

જડજ તથા માજીસ્ટ્રેટ બાબત

૧૨૧. હરકોઈ જડજ અથવા માજીસ્તરેટને કોરટમાની તેની એવા જડજ અથવા માજીસ્તરેટ તરીકેની વરતણુંક વીશેના અથવા એવા જડજ અથવા માજીસ્તરેટના રૂએ જે વાત તેના જાણ્યામાં કોરટમાં આવી હોય તે વીશેના હરકોઇ સવાલો પુછવામાં આવે તેમાં જવાબ દેવા સદરહુ જડજ અથવા માજીસતરેટને તે જે કોરટને તાબે હોય તેવી કોરટના ખાસ હુકમ શીવાય ફરજ પાડવી નહી પરંતુ એ પ્રમાણે કામ કરતાના દરમ્યાનમાં પોતાની રૂબરૂ કોઇ બીજી બીનાઓ બની હોય તે વીશે તેને સવાલ પુછી શકાય.

દ્રષ્ટાંતો.

(**અ**) સેશનકોરટની રૂબરૂ **અ** ના ઉપર તજવીજ ચાલેછે તે વખતે **અ** જાહેર કરેછે કે **બ** નામના માજીસ્તરેટે એક જુબાની ગેર રીતે લીધી કોઇ ઉપલી કોરટના ખાશ હુકમ શીવાય એ વીશેના સવાલોના જવાબ આપવાની **બ** ને ફરજ પાડી શકાતી નથી.

(**બ**) **બ** નામના માજીસ્તરેટની રૂબરૂ ખોટી સાહેદી આપ્યાનુ **અ** ના ઉપર સેશનકોરટમાં તોહોમત છે ઉપલી કોરટના ખાશ હુકમ શીવાય **અ** એ શું કહ્યું તે **બ**ને પુછી શકાતું નથી.

(**ક**) **બ** નામના સેશન જડજની રૂબરૂ તજવીજના દરમીઆનમાં એક પોલીસ અમલદારનું ખુન કરવાની કોશીશ કરવાનું **અ** ના ઉપર સેશન કોરટમાં તોહોમત છે. શી બીના બની તે વીશે **બ** ને શવાલ પુછી શકાયછે.

ટીકા.—જે જડજ અથવા માજીસ્ત્રેટ પોતે જે કામ ચલાવતો હોય તે કામમાં જુબાની આપી શકે નહી? મી. ટેલર કહેછે કે તેને સોગન આપવામાં આવે નહી ત્યાં સુધી જડજે અથવા માજીસ્ત્રેટે તે બીના છુપી રાખવી જોઈએ. અને તેથી એમ જણાયછે કે જો તે એકલોજ કામનો ચુકાતો કરતો હોય તો તેની સાક્ષી લેઈ શકાય નહી પણ બીજા જડજ અથવા માજીસતરેટ સાથે બેઠો હોય તો સાક્ષી તરીકે તેને તપાસાય છે. આવા કામમાં સારો રસ્તો એ છે કે આવા જડજે કામમાં ભાગ લેવો નહીં ૪ બે. લા. રી. આપેનડીક્ષ ફો. રૂ. ૧૫ રાણી વીરૂધ મુકતાસીંહના કામમાં ઉપરના વાક્યનો ઉતારો કરવામાં આવ્યો હતો અને એમ ઠર્યું હતું કે આસેસરોની સાથે સેસન જડજ કામ ચલાવતો હોય તો તે યોગ્ય સાક્ષી છે પણ કામમાં તે તે જાતનું અગર નાણા સબંધીહીત હોવું જોઇએ નહી.

એક ગેરકાયદે મંડળીના માણસોને પકડવામાં ડેપ્યુટી માજીસ્ત્રેટે ભાગ લીધો હતો અને પછી તેમની તજવીજ તેણે કરી. જેમાં એમ ઠરયું કે જડજ અથવા માજીસ્ત્રેટ કામની હકીકત જાણતો હોય તેથીં તે ન્યાય કરવા સારૂ બેસવાને યોગ્ય થતો નથી પણ જે હકીકત પોતે જાણતો હોય તેતેણે કેદીને કહેવી જોઇએ. અને કેદીની આવો જડજ તજવીજ કરતોહોય તેને તે જડજની ઉલટ તપાસ કરવી હોય તો તેવો હક છે. પણ આવા કારણથી ન્યાયાધીકારી પો-

તે કામ ચલાવવાને ના પાડી શકેછે ૨૦ વી.રી.ક્રી.રૂ. ૭૬ આ બાબતના સબંધમાં ૪. લો. રી. ૨ કલમ ૪૦૫ અને ૪. લો. રી. ૨ કલમ ૨૩ જુઓ. એ કામમાં એમ ઠર્યું કે એકલોજ જડજ હોય અને તેની સાક્ષી હોય તો તે કામ ચલાવવાને અયોગ્ય છે. એકથી વધારે જડજ કામ ચલાવતા હોય તો જેને માહીતી હોય તે જડજે કામમાં ભાગ લેવો નહી.

સાધારણ રીવાજ મુજબ સાક્ષી આપ્યા શીવાય જે વાત જડજને ખબર હોય તે વાત કામમાં દાખલ કરી શકે નહી તેમજ તેના ઉપર ફેંસલાનો આધાર રાખી શકે નહી. ૯ વી. રી. ક્રી. રૂ. ૨૫૨.

તેમજ જ્યુરીના મેમ્બરને અગર આસેસરને માહીતી હોયતો તેની પણ સાક્ષી તરીકે જુબાની લેવી જોઇએ ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો જુઓ.

લગ્ન સંબંધના દરમીયાનમાં કહેલી વાત બાબત.

૧૧૨. જે સખસનું લગન થયેલું છે કીંવા હતું તેવા હરકોઈ સખસને લગન સબંધમાં દરમીયાનમાં જેની સાથે લગ્ન થયેલું છે અથવા થયલું હતું તેણે હરકાંઇ વાત કહી હોય તે વાત સદરહુ કહેનાર સખસની કીંવા હક સબંધે તેના પ્રતિનીધીની રજામંદી શીવાય પ્રગટ કરનારની તે સખસને ફરજ પાડવી નહી કીંવા એવી કાંઈ વાત પ્રગટ કરવાની તે સખસને સદરહુ પ્રમાણેની રજામંદી શીવાએ પરવાનગી આપવી નહી પરંતુ પરણેલા સખસોની વચેની માહોમાહેની ફરીયાદીઓના કામોમાં અથવા કોઈ પરણેલા સખસે પોતાનું જેની સાથે લગન થયું છે તેના વીરૂધ કાંઇ ગુન્હો કીધો હોય તે બદલ તેના ઉપર ફોજદારીમાં ફરીઆદ થઈ હોય તેવાં કામોમાં ઉપર પ્રમાણેની કાંઈ વાત પ્રગટ કરવાની તે સખસને ફરજ પાડવાને કીંવા પરવાનગી આપવાને બંધન છે એમ સમજવું નહી.

રાજ્ય પ્રકરણ સબંધી પુરાવો.

૧૨૩. રાજ્ય પ્રકરણ સબંધી પ્રસીદ્ધ નહી થયલા સરકારી દફતર ઉપરથી મળેલો પુરાવો આપવાને કોઇ પણ સખસને પરવાનગી આપવી નહી પરંતુ જે ખાતાનું સદરહુ દફતર હોય તે ખાતાના ઉપરી અધીકારી પરવાનગી આપે તો સદરહુ પ્રમાણે પુરાવો આપવા દેવો. ઉપરી અધીકારી મજકુરને યોગ્ય જણાય તે પ્રમાણે તેણે પરવાનગી આપવી કીંવા ન આપવી.

સરકારી હોદાની રૂએ સરકારી અધીકારીને કહેલી વાત બાબત.

૧૨૪. કોઇ પણ સરકારી અધિકારીને સરકારી હોદાની રૂએ ભરૂસાની વાત કહેવામાં આવી હોય તે વાત પ્રગટ કરવાથી સારવજનીક હીતને નુકશાન છે એવું તે સરકારી અધીકારીની નજરમાં આવે ત્યારે વાત મજકુર પ્રગટ કરવાની ફરજ અધીકારી મજકુરને પાડવી નહી.

૧૨૫. કોઇ પણ માજીસ્ત્રેટે અથવા પોલીસ અમલદારે કોઇ પણ ગુન્હો બન્યા બાબતની કાંઇ પણ ખબર કયાંથી મેળવી તે કહેવાને તે માજીસ્ત્રેટને અથવા પોલીસ અમલદારને ફરજ પાડવી નહી, તથા કોઈ પણ મુલકી અમલદારે સાર્વજનીક મહેસૂલ વિરૂદ્ધ કોઇ પણ ગુન્હો બન્યા બાબતની કાંઈ પણ ખબર કયાંથી મેળવી તે કહેવાને તે મુલકી અમલદારને ફરજ પાડવી નહી.

"**ખુલાસો**—આ કલમમાં 'મુલકી અમલદાર' એ શબ્દનો અર્થ એ છે કે સાર્વજનિક મહેસૂલના કોઇ પણ ખાતાનાં કામમાં અથવા કામ બાબતની નોકરીમાં રાખેલો કોઇ પણ અમલદાર." .

રોજગારનેસબંધે કહેલીવાતબાબત.

૧૨૬. કોઇપણ બારીસટર કીંવા અટરની કીંવા પ્લીડર કીંવા વકીલને જે વાત તેને તેના અશીલે અથવા તેની તરફથી કોઈએ એવા બારીસટરનું કીંવા

અટરનીનું કીંવા પ્લીડરનું કીંવા વકીલનું કામ કરવાને પ્રસંગે તથા કામ મજકુર કરવાને માટે કહ્યાં હોય તે વાત પ્રગટ કરવાની પરવાનગી અથવા કોઈ પણ દસ્તાવેજની સ્થીતી કીંવા મજકુરથી તે પોતાના રોજગારનું કામ કરવાને પ્રસંગે તથા કામ મજકુર કરવાને માટે વાકેફ થયો હોય તે સ્થીતી કીંવા મજકુર પ્રગટ કરવાની પરવાનગી અથવા એવું કામ કરવાને પ્રસંગે તથા કરવાને માટે તેણે પોતાના અસીલને કાંઇ પણ સલાહ આપી હોય તે પ્રગટ કરવાની પરવાનગી તેના અસીલની સ્પસ્ટ રજામંદી શીવાય કોઈ પણ સમયે આપવી નહિ.

પરંતુ આ કલમ માંહેના કોઈ પણ મજકુરને આધારે નીચે લખેલી વાત પ્રગટ થતી બચે છે એમ સમજવું નહિ.

(૧) કોઇ પણ એવી વાત હરકોઈ ગુનાહનું કામ સાધવા સારૂ કહી હોય તે.

(૨) હરકોઇ બારીસ્ટરનું કીંવા પ્લીડરનું કીંવા અટરનીનું કીંવા વકીલનું કામ કરવાને પ્રસંગે બારીસ્ટર કીંવા પ્લીડર કીંવા અટરની કીંવા વકીલ મજકુરના જોવામાં એવી હકીકત આવી હોય, કે તે ઉપરથી એમ માલમ પડે કે કામ મજકુર કરવું શરૂ કર્યા પછી હરકોઈ ગુન્હો અથવા દગો થયો છે.

સદરહુ હકીકત સદરહુ બારીસ્ટર કીંવા પ્લીડર કીંવા અટરની કીંવા વકીલના ધ્યાન ઉપર તેના અસીલે કીંવા અસીલની તરફથી કોઈએ આણી હતી કે નહી તે કાંઈ જોવાની જરૂર નથી.

ખુલાસો—આ કલમમાં જે ફરજ કહી છે તે સદરહુ કામ ઉપરથી બારીસ્ટર કીંવા પ્લીડર, કીંવા અટરની કીંવા વકીલ મજકુર દુર થયા પછી જારી રેહે છે.

દ્રષ્ટાંતો.

(**અ**) **અ** નામનો એક અસીલ **બ** નામના એક અટરનીને કહે છે કે "મેં ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો છે. મારી ઇચ્છા એવી છે કે તમે મારી તરફથી એ તોહોમતનો જવાબ કરો"

ગુનેહગાર જાણેલા માણસની તરફથી તોહોમતનો જવાબ આપવો એ કાંઇ ગુન્હાનું કામ નથી, તેથી સદરહુ વાત પ્રગટ થતી બચે છે.

(**બ**) **અ** નામનો એક અસીલ **બ** નામના એક અટરનીને કેહે છે કે "એક બનાવટના લેખનો ઉપયોગ કરીને મારે કોઇ મીલકતનો કબજો લેવાની ઇછા છે. એ લેખ ઉપર તમે ફરીઆદી માંડો" આ વાત ગુનાહનું કામ સાધવા સારૂ કહી તેથી તે પ્રગટ થતી બચતી નથી.

(**ક**) **અ** ના ઉપર ઉચાપતનું તોહોમત છે. તેણે **બ** નામના એક અટરનીને જવાબ આપવા રાખ્યો. મુકદમાનું કામ ચાલતાના દરમીયાનમાં **અ** ની હીસાબની ચોપડીમાં એક રકમ દાખલ થયલી **બ** ના જોવામાં આવી, એ રકમમાં ઉચાપતવાળી રકમ **અ** ના ઉપર લેહેણી બતાવી હતી અને તે રકમ પોતે કામ લીધુ તે વખતે તે ચોપડીમાં નહોતી.

આ હકીકત એવી છે કે તે **બ** એ પોતાનું સદરહુ કામ કરવાને પ્રસંગે જોઇ, અને તે ઉપરથી એવું માલમ પડે છે કે મુકદમાનું કામ શરૂ થયા પછી કાંઈ દગો થયો છે સબબ એ હકીકત પ્રગટ થતી બચતી નથી.

ક. ૧૨૬ દુભાશીઆ વિગેરેને લાગુ છે. ૧૨૭. કલમ ૧૨૬ મીમાં કહેલા નીયમો બારીસ્ટરોના તથા પ્લીડરોના તથા આટરનીઓના તથા વકીલોના દુભાશીઆ તથા કારકુનો કીંવા નોકરોને લાગુ પડે છે એમ સમજવું.

પોતાની ખુશીથી કાઈ પક્ષકારે સાહેદી આપેથી હક ઉઠી જતો નથી.

૧૨૮. કોઈ દાવાનો પક્ષકાર પોતાનીજ દરખારતઉપરથી અથવા બીજી રીતે તે ફરીઆદીમાં સાહેદી આપે તો તેણે કલમ ૧૨૬ મીમાં લખ્યા પ્રમાણેની બાબતો પ્રગટ કરવાની રજામંદી તે ઉપરથી આપી એમ ગણવું નહીં અને કોઈ દાવાનો અથવા મુકદમાનો હરકોઇ પક્ષકાર એવા કોઇ બારીસ્ટર, પ્લીડર, અટરની કીંવા વકીલને સાહેદ તરીકે બોલાવે તો તેણે સદરહુ પ્રમાણે પ્રગટ કરવાની રજામંદી આપી એમ માત્ર ત્યારે ગણવું કે જ્યારે સદરહુ બારીસ્ટર, અટરની અથવા વકીલને એવી બાબતો વીશે તે સવાલ પુછે કે તે એવો સ્વાલ ન પુછત તો તે બાબત તે બારીસ્ટર, અટરની કીંવા વકીલ પ્રગટ કરી શકત નહીં.

કાયદા સબંધી સલાહકાર સાથે ભરૂસાની વાત થઇ હોય તે બાબત.

૧૨૯. કોઇ સખસની વચે તથા તેના કાયદા સબંધી રોજગાર કરનાર સલાહકારની વચે કાંઈ ભરોંસાની વાત થઇ હોય તે પ્રગટ કરવાને તે સખસને ફરજ પાડવી નહીં; પરંતુ તે સખસ સાહેદ તરીકે સાહેદી આપવા પોતાની મેળેજ ઉભો થાય, તો તેણે જે કાંઇ પુરાવો આપ્યો હોય તે પુરાવાનો ખુલાસો કરવાને એવી જેટલી વાત જાણવાની કોરટની નજરમાં જરૂર જણાય તેટલી વાત પ્રગટ કરવાની તેને ફરજ પાડી શકાય છે, પણ બીજી વાત પ્રગટ કરવાની ફરજ પાડી શકાતી નથી.

સાહેદના ખત કબાલા ગુજારા બાબત.

૧૩૦ જે સાહેદ ફરીઆદીમાં પક્ષકાર નથી તેવા સાહેદને હરકોઇ મીલકતના પોતાના ખત કબાલા અથવા જે દસ્તાવેજ ઉપરથી તે હરકોઇ મીલકત ઉપર ગીરેદાર તરીકે અથવા ધરેણે રાખનાર તરીકે હક રાખતો હોય તેવો હરકોઇ દસ્તાવેજ અથવા જે દસ્તાવેજ રજુ કરવા ઉપરથી તે ગુન્હામાં આવે એવું હોય તે દસ્તાવેજ ગુજારવાને ફરજ પાડવી નહીં, પરંતુ જે સખસ એવાં ખત રજુ કરાવવા માગતો હોય તે સખસ સાથે અથવા તે સખસ ઉપરથી જે શખશનો હક ઉતપન થયો હોય એવો કોઇ શખશ શાથે શદરહુ શાહેદ ખત મજકુર ગુજારવાને લખાણ કરીને કબુલ કીધું હોયતો શદરહુ પ્રમાણે ફરજ પાડી શકાય છે.

ટીકા—શાહેદને ધણું કરીને તેના ખત કબાલા રજુ કરવાની ફરજ પાડી શકાતી નથી.-પણ કોઈ દસ્તાવેજ રજુ કરવાથી શાહેદ ઉપર દીવાની ફરીયાદ તેના ઉપર ચલાવાને પાત્ર થાય તેવું હોય તેટલાજ ઉપરથી દસ્તાવેજ મજકુર રજુ કરવાની તે ના પાડી શકતો નથી. ડો. ડી. રાઉક. લીફ. વી. લોરડ. ઈગરેમોનટ મુડી એનડ રોબીનશનશ રીપોરટશ વા. ૨ પા. ૩૮૬

જ્યાં શાહેદને તેના ખત કબાલા રજુ કરવાની ફરજ પાડી શકાતી ન હોય ત્યાં તેને ખત કબાલા મજકુર વીશે જવાબ આપવાની ફરજ પાડી શકાતી નથી, આ ઈંગ્લાંડના કાયદાનો નીયમ છે. આલડરશન શાહેબે ટીકા કરી કે—"કાયદાએ એમ કહેવું કે કોઇ શખશ દસ્તાવેજ રજુ ન કરે તો તે વાજબી છે, પણ તે દસ્તાવેજના મજકુરનો મુખજુબાની પુરાવો આપવાની તેને ફરજ પાડી શકાય છે. એ તદન ફરેબ દેવા જેવું કહેવાય. આ પ્રમાણે થવાથી તેને જો એ દસ્તાવેજનો મજકુર માલમ હોય તો તેને અથવા તેની મારફત તેના અસીલને માત્ર નામનોજ બચાવ આપવા જેવું થાય અને એ એક હરેક માણસ પાસેથી તેની મીલકતના દસ્તાવેજોમાં તથા માલીકી હકોમાં જે ખામીઓ હોય તે જાણવાની તક મેળવવાનો એક આડો રસ્તો થાય;"

ડેવીસ એનડ વાટરસ, મીસન એનડ વેલ્લબીસ રીપોરટસ એકસચેકર વા ૯ પા. ૬૦૬ પાને ૬૧૨

કોઇ દસ્તાવેજો બીજા કોઇ સખસ પાસે હોય તો તે સખસનો દસ્તાવેજ હાજર કરવાની ના કહેવાનો હક હોત એવા દસ્તાવેજો હાજર કરવા બાબત.

૧૩૧. કોઈપણ સખસને તેના કબજામાંના એવા દસ્તાવેજો ગુજારવાની ફરજ પાડવી નહીં કે તે દસ્તાવેજ હરકોઈ બીજા સખસના કબમાં હોતતો તે ગુજારવાની ના પાડવાનો તેનો હક હોત પરંતુ સદરહુ બીજો સખસ દસ્તાવેજો મજકુર ગુજારવાને રજામંદી આપતો હોય તો સદરહુ પ્રમાણે ફરજ પાડી શકાય છે,

જવાબ દીધાથી ગુનામાં આવીશું એ સબબ ઉપરથી સાહેદને જવાબ દેવાની માફી આપવી નહીં.

૧૩૨. હરકોઇ ફરીઆદીમાં અથવા દીવાની કીંવા ફોજદારી કામમાં તકરારી બાબતને લગતી હરકોઇ બાબત વીશેના સવાલનો કોઈ સાહેદ આપેતો તે જવાબ તે સાહેદને ગુનાહમાં આણવો અથવા તે જવાબ ઉપરથી પરતક્ષ કીંવા પરંપરા સબંધે સાહેદ મજકુર ગુનામાં આવે એવું થશે. અથવા તે જવાબ એવા સાહેદને દ્રવ્ય દંડને કીંવા કાયદો તોડવાની ગુનેગારીને પાત્ર કરશે અથવાતે જવાબ ઉપરથી સાહેદ મજકુર પ્રતક્ષ કીંવા પરંપરા સબંધે દ્રવ્ય દંડને કીંવા કોઈ કાયદો તોડવાની ગુનેહગારીને પાતર થાય એવું થશે. એવા સબબ ઉપરથી સદરહુ સાહેદને સદરહુ સવાલનો જવાબ આપવાની માફી આપવી નહી.

સરત.

પરંતુ એવો જે જવાબ આપવાની સાહેદને ફરજ પાડવામાં આવી હોય તે જવાબ ઉપરથી ખોટી શાહેદી આપવા બદલ તેના ઉપર જે ફોજદારી મુકદમો ચાલે તે શીવાય બીજો ફોજદારી મુકદમો તેના ઉપર ચલાવવો નહીં કીંવા તેને પકડવો નહીં કીંવા કોઇપણ ફોજદારી કામમાં જવાબ મજકુર તેની વીરૂધ સાબીત કરવો નહીં.

ટીકા—સાહેદી આપવાની ના પાડવાનેમાટે તથા ખોટી સાહેદી આપવાને માટે સજા-સાહેદી આપવા ના પાડવાની સજાને માટે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૯ જોવી અને ખોટી સાહેદી આપવાની શજાને માટે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ જોવી. સાહેદી આપવાને અથવા દસ્તાવેજ ગુજારવાને ના પાડનાર સાહેદ સન૧૮૫૩ના આકટ ૧૯ની કલમ ૨૬ મુજબ નુકશાનના દાવાને પાતરછે, વળી દીવાની કામ ચલાવવાની રીતનો કાયદો સન ૧૮૭૭ના આકટ ૧૦ની કલમો ૧૬૮—૧૭૫ જોવી.

ગુનેરગારના સોબતી બાબત.

૧૩૩. ગુનાહના કામમાં તોહોમતવાળા સખસનો સોબતી તોહમતવાળા સખસની વીરૂધ સાહેદી આપવાને લાયકછે, અને કોઈ ગુનોહ સાબીત કરવાનો ઠરાવ એવા સોબતીની વગર પુષ્ટીની સાહેદી ઉપરથી કર્યો છે. એજ કારણને લીધે માત્ર સદરહુ ઠરાવ ગેરકાયદેછે, એમ સમજવું નહી

ટીકા.—ગુનાહના કામમાં તોહોમતવાળા સખશના સોબતીની સાહેદીની પુષ્ટી વિશે-ઘણી વખત ઠરાવ કરવામાં આવ્યો છે કે સોબતીઓની સાહેદીને તોહમતવાળો સખસ એજ છે કે નહી તેવીશે પુષ્ટી મળવી જોઈએ રાણી વી. બુધુ નાન્હુ ઈ. લા. રી. (મુંબાઈ) વા. ૧—પાનું. ૪૭૫ સોબતીએ નામ દીધેલા સખસો વીશે પુષ્ટીકારક પુરાવો જોઇએ એટલુંજ

નહિ પણ આ કરતાં એ વધારે અગત્યનું છે તે એ કે ગુનોહ થયોછે કે કેમ તે વીશે સોબતીની સાહેદી ખાત્રી લાયક કરવાને તેવાજ મતલબનો કાંઇક પ્રથમ દરશનીય પુરાવો હોવો જોઈએ. જેમ ઘણા મુકદમાઓમાં કબુલ કરવામાં આવ્યું છે તે પ્રમાણે જે આદમી બીજા ઉપર જે ગુનાહમાં પોતે સામીલછે તે ગુનોહ કર્યાનો આરોપ રાખે તેને એ અમુક સખસેજ ગુનોહ કર્યો તે વીશેની પુષ્ટીનીતો જરૂર છેજ પણ કોઇપણ ગુનોહ અથવા જે અમુક ગુનાહની સજાથી પોતાની શાહેદી ફોજદારી ફરિયાદનું કામ ચલાવવાને સારૂ ઉપયોગી થશે એવી સમજુતથી તેને માફી આપી હોય તે અમુક ગુનોહ બન્યો છે કે નહિ તે વિશેની પુષ્ટીની આ કરતાંપણ વધારે જરૂરછે"—રાણી વી. ચતુર પરસોતમ ૪ લા. રી. ૧ (મુબાઇ) ૭૪૬

નોટ—સોબતીની સાહેદીની પુષ્ટીનેસારૂ જરૂરીઆત પુરાવો એક અલગ અને ભરૂસા લાયક મારગથી આવવો જોઈએ, અને સોબતી મજકુરે પોતેજ આગળ જે મજકુર કહ્યો હોય તે મજકુર તજવીજ ચાલતાની દરમીયાન તેણે આપેલી સાહેદીને મળતો હોય તોપણ તે ઉપર કહેલી પુષ્ટીને માટે બસ નથી. કેટલાક કેદીઓમાંના એક કેદીને કબુલાત બીજાઓની વીરૂધ કોઈ સોબતીએ આપેલી સાહેદીની પુષ્ટીમાં વાપરી શકાય નહી. કલમ ૩૦ મુજબ આવા પ્રકારની કબુલાત તોહોમતવાળા સખસની વીરૂધ ધાનમાં લઈ શકાય. પણ તેનેજ પુષ્ટીની જરૂરછે તેથી સોબતી મજકુરની સાહેદીના વજનમાં તે ઉમેરો કરતી નથી. રાણી વી. મલાપા બીન કપાના, ૧૧ મુ. હા. કો. રી. ૧૯૬

સાહેદોની સંખ્યા | ૧૩૪. હરકોઇ કામમાં હરકોઇ હકીકત સાબીત કરવાનેસાર સાહેદોની અમુક સંખ્યા જોઈએ એમ સમજવું નહી.

બાબ ૧૦ મો—સાહેદોની તપાસણી બાબત.

શાહેદ કેવે અનુક્રમે ગુજારવા તથા તેની કેવે અનુક્રમે શાહેદી લેવા તે બાબત.

૧૩૫, સાહેદો કેવે અનુક્રમે ગુજારવા તથા તેની સાહેદી કેવે અનુક્રમે લેવી એ બાબત દીવાની તથા ફોજદારી કામ ચલાવવાની રીત સબંધી વખતે વખત જે કાયદો તથા વહીવટ હોય તે મુજબ જેના તે કાયદા તથા વહીવટ પ્રમાણે અમલ કરવો ને એવો કાંઈ કાયદો ન હોય તો કોરટની નજરમાં દુરસ્ત લાગે તેમ કરવું.

ટીકા—થોડો એક અમલદારે અને થોડો બીજા અમલદારે દફતરમાં દાખલ કરેલા પુરાવા ઉપરથી કમીટ કરવા તથા ગુનોહ સાબીત થયાનો ઠરાવ કરવા બાબત ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમો ૩૨૮ ૩૨૯ જોવી.

જે અનુક્રમમાં સાક્ષીઓ રજુ કરવા અને તે જાતે તપાસવા તેને વાસ્તે દીવાની કાયદાની કલમ ૧૭૯–૧૮૦ કલમો જુઓ. અને અપીલમાં કોને વેહેલાં બોલવાનો હક છે તે બાબત ૫૫૫મી કલમો જુઓ.

ફોજદારી કાયદા પ્રમાણે સાક્ષીઓની જુબાની તોહોમતદાર અગર જો તેના એજન્ટને હાજર રહેવાની પરવાનગી આપી હોય તો તે એજન્ટના રૂબરૂ લેવી જોઇએ. તેમની ગેરહાજરીમાં જુબાનીઓ લીધીહોય તે તોહોમતદારની રૂબરૂ તેમને વાંચી સંભળાવી એટલે કાયદા પ્રમાણે અમલ થયો તેમ ગણાય નહી. એનું એ કામ ગમે તેટલી વખતે કોરટની રૂબરૂ આવે

તોપણ જો તોહોમતદારો જુદા હોય તો બધું કામ નવેસર ચલાવવું જોઇએ. ૨૨ વી. રી. ૩૮ સેશન કોરટમાં તોહોમતદારને તોહોમત વાંચી સંભળાવી તેનો જુવાબ લઇ આસેશર અગર જ્યુરરો પસંદ કર્યા પછી ફરીઆદી તરફથી કામ શરૂ થાયછે અને ફરીઆદીના સાક્ષી તપાસવામાં આવે છે તેમની ઉલટ તપાસ થાયછે અને ફરી તપાસ કરવામાં આવે છે. પછી તોહોમતદારની જુબાની લેવામાં આવે છે અને તેની મરજી શાહેદ બોલાવાનીછે કે નહી તે પુછવામાં આવેછે. જો તે ના કહેતો ફરીયાદી ચલાવનાર પોતાની તરફનો કેસ સમેટી હકીકત જાહેર કરે છે. પછી જો કોરટને એમ લાગે કે કામ આગળ ચલાવવાને પુરતાં કારણ છે તો તોહોમતદારની પાસેથી તેનાં બચાવનાં કારણ માગેછે અને તેના સાક્ષી રજુ કરવાનું ફરમાવે છે.

પછી તોહોમતવાળો અગર તેનો વકીલ તોહોમતવાળા તરફની કામની હકીકત જાહેર કરેછે ઇત્યાદી.

ઘણી વખતે એમ બને છે કે કામ ચલાવનાર જુજ અથવા માજીસ્ત્રેટની બીજી જગ્યાએ બદલી થવાથી તે કામ પુરૂ કરી શકતો નથી.

આના સબંધમાં દીવાની કામ ચલાવાની રીતના કાયદાની ૧૯૧ મી કલમ અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની ૩૨૮ મી અને ૩૨૯ મી કલમો જુઓ.

આગલા સેશન જડજે જે પુરાવો લીધો હોય તે ઉપરથી પાછળ થનારો શેશન જડજ તોહોમતદારને સજા કરી શકે નહી. ૨૧ વી. રી. ક્રી. રૂ. ૪૭; ૨૩ વી. રી ક્રી. ૬૫૯

સોગન આપવા બાબતમાં સન ૧૮૭૩ નો ૧૦ મો આકટ જુઓ.

દીવાની કાયદા પ્રમાણે જે લોકોને કોરટમાં હાજર થતાં મુકત કરેલાછે તે બાબતમાં તે કાયદાની ૬૪૧ મી કલમ જુઓ.

પુરાવો લેવા યોગ્ય છે કે નહી એ વાત જડજે ઠેરવવી.

૧૩૬. જ્યારે હરકોઇ હકીકતનો પુરાવો આપવાનું હરકોઇ પક્ષકાર કહે, ત્યારે જાહેર કરેલી હકીકત સાબીત થાય તો તે લગતી શી રીતેછે એવું સદરહુ પુરાવો આપવાનું કહેનાર સખશને પુછવાને જડજ મુખત્યાર છે અને સદરહુ હકીકત શાબીત થાય તો તે લગતી છે એવું જડજની નજરમાં આવે તો તેણે પુરાવો મજકુર લેવો અગર એવું નજરમાં ન આવે તો તે લેવો નહી.

જે હકીકત સાબીત કરી આપવાનું કહેવામાં આવે તે હકીકત એવી હોય કે કોઈ હકીકત સાબીત થાય તોજ માત્ર તેનો પુરાવો લેવાઇ શકાય ત્યારે સદરહુ પ્રથમ કહેલી હકીકતનો પુરાવો આપતાં પેહેલાં સદરહુ પાછળથી કહેલી બીજી હકીકત સાબીત થવી જોઈએ પણ પક્ષકાર મજકુર એવી હકીકતની સાબીતી આપવાનું પોતાને માથે લે એ અને તે વીશે કોરટની ખાત્રી થાય તો તેમ થવાની જરૂર નથી.

એક જાહેર કરેલી હકીકત લગતી છે કે નહિ એ વાત બીજી જાહેર કરેલી હકીકત પ્રથમ સાબીત થયેલી માલમ પડે એવી હોય ત્યારે જડજની નજરમાં યોગ્ય જણાય તે પ્રમાણે સદરહુ બીજી વાત સાબીત કરતાં પેહેલાં સદરહુ પેહેલી વાતનો પુરાવો આપવાની પરવાનગી આપવાને અગર સદરહુ પેહેલી વાતનો પુરાવો આપતાં પેહેલાં સદરહુ બીજી વાતનો પુરાવો આપવાનો હુકમ કરવાને જડજ મુખત્યાર છે.

(અ) એક લગતી હકીકત વિશે એક જાહેર કર્યા પ્રમાણે ગુજરી ગયલા શખશે કહેલો મજકુર સાબીત કરી આપવાનું કહેવામાં આવ્યું છે એ મજકુર કલમ ૩૨ મુજબ લગતો છે.

એ મજકુરનો પુરાવો આપતાં પેહેલાં એવો પુરાવો આપવાનું કહેનાર સખસે સખસ મજકુર ગુજરી ગયો છે એ હકીકત સાબીત કરવી જોઇએ.

(બ) એક જાહેર કર્યા પ્રમાણે ખોવાઇ ગયલા દસ્તાવેજનો મજકુર નકલ વડે સાબીત કરી આપવાનું કહેવામાં આવ્યું છે.

નકલ મજકુર ગુજારતાં પેહેલાં તે નકલ ગુજારવાનું કેહેનાર શખસે સદરહુ અશલ દસ્તાવેજ ખોવાઈ ગયો છે એ શાબીત કરવું જોઇએ.

(ક) અ ના ઉપર ચોરીનો માલ ચોરીએ ગયેલો જાણીને લેવાનું તોહોમત છે.

માલ મજકુર તેના કબજામાં હતો એ વાતનો તેણે ઇનકાર કીધો હતો એવું સાબીત કરી આપવાનું કેહેવામાં આવ્યું છે.

ઈનકારની વાત લગતી છે કે નહી એ વાત ચોરીએ ગયેલો માલ રજુ છે તેજ છે એ વાત શાબીત થયેલી માલમ પડે એવી છે. કોરટની નજરમાં યોગ્ય આવે તે પ્રમાણે કબજાનો ઈનકાર સાબીત કરતાં પેહેલાં માલ મજકુર ચોરીએ ગયેલો તેજ છે એનો પુરાવો આપવાનો હુકમ કરવાને અથવા માલ મજકુર ચોરીએ ગયેલો તેજ છે તેનો પુરાવો આપતાં પેહેલાં ઇનકારની વાત શાબીત કરવાની પરવાનગી આપવાને કોરટ મુખત્યાર છે.

ડ અ નામની એક હકીકત જાહેર કર્યા પ્રમાણે એક તકરારી વાતનું કારણ અથવા ફળ છે એ અ નામની હકીકત શાબીત કરી આપવાનું કેહેવામાં આવ્યું છે. હકીકત અ તકરારી હકીકતનું કારણ કીંવા ફળ છે એવું માની શકાય તે પેહેલાં વચમાં દરમીયાન બ, ક, ડ. એવી તરણ હકીકત છે તે બનેલી છે એમ સાબીત કરવું જોઇએ. બ ક અથવા ડ હકીકત સાબીત કરતાં પેહેલાં હકીકત અ સાબીત કરવાની પરવાનગી આપવાને અગર તો અ સાબીત કરવાની પરવાનગી આપતાં પેહેલાં બ ક તથા ડ સાબીત કરવાનો હુકમ આપવાને કોરટ મુખત્યાર છે.

મુખ્ય તપાસણી | ૧૩૭. જે પક્ષકારે સાહેદને બોલાવ્યો હોય તે પક્ષકાર તે સાહેદને તપાશે તેને મુખ્ય તપાસણી કહેવી.

ઉલટ તપાસણી | સામાનો પક્ષકાર સાહેદને તપાશે તેને ઉલટ તપાશણી કહેવી.

ફરી તપાસણી | ઉલટ તપાસણી થયા પછી જે પક્ષકારે શાહેદને બોલાવ્યો હોય તે પક્ષકાર શાહેદને તપાસે તેને ફરી તપાસણી કેહેવી.

ઉપલી કલમમાં કહેલી તપાસણી કેવે અનુક્રમે લેવી. તા. ફરીત પાશણીમાં શું પુછવું તેબાબત. | ૧૩૮. શાહેદોની પ્રથમ મુખ્ય તપાશણી કરવી પછી (જો સામા પક્ષકારની ઈછા હોય તો) ઉલટ તપાશણી કરવી અને ત્યારબાદ(સાહેદને બોલાવનાર પક્ષકારની ઇછા હોય તો) ફરી તપાસણી કરવી.

મુખ્ય તપાશણી તથા ઉલટ તપાશણી લગતી હકીકત બાબત હોવી જોઈએ પણ ઉલટ

તપાશણીમાં જે શાહેદે મુખ્ય તપાશણીમાં લખાવી હોય તેજ હકીકત વીશે માત્ર સવાલ પુછવા એવી જરૂર નથી.

ઉલટ તપાશણીમાં જે બાબતોનો બોધ થયો હોય તે બાબતનો ખુલાસો થવાના કારણુસર સવાલો ફરી તપાશણીમાં પુછવા, અને ફરી તપાશણીમાં કોરટની પરવાનગીથી કાંઇ નવી બાબત નીકળે. તો તે બાબત વીશે ફરી ઉલટ સ્વાલ પુછવાને સામો પક્ષકાર મુખત્યાર છે.

દસ્તાવેજ રજુ કરવાને કોઇ સખસને સમન થયો હોય તે સખસની ઉલટ તપાશણી બાબત.

૧૩૯. જે સખશના ઉપર કાંઈ દસ્તાવેજ રજુ કરવાનો સમાન થાય તે સખસે તે દસ્તાવેજ રજુ કર્યો એ હકીકત ઉપરથીજ માત્ર સખશ મજકુર શાહેદ બન્યો એમ સમજવું નહી અને તેને જ્યાં સુધી શાહેદ તરીકે બોલાવામાં આવ્યો. નથી ત્યાંસુધી તેની ઉલટ તપાશણી કરી શકાતી નથી.

ટીકા—દસ્તાવેજ રજુ કરવા સમનથી બોલાવેલા શાહેદે જાતે હાજર થવાની જરૂર નથી. દીવાની કામ ચલાવવાની રીત બાબતનો સને ૧૮૮૨ ના આકટ ૧૪ ની કલમ૧૬૪ મુજબ જે શખસને સમનથી માત્ર દસ્તાવેજ રજુ કરવા બોલાવેલો હોય તે શખસ દસ્તાવેજ મજકુર રજુ કરવાને જાતે હાજર થવાને બદલે જો તે દસ્તાવેજ રજુ કરાવે તો સદરહુ શખસ સમનમાં ફરમાવ્યા મુજબ વરત્યો એવું ગણાય છે.

ચાલચલણ બાબતના સાહેદો બાબત.

૧૪૦ ચાલચલણ બાબતના સાહેદોની ઉલટ તપાશણી તથા ફરી તપાશણી કરી શકાય છે.

સુચક સ્વાલ.

૧૪૧. સ્વાલ પુછનાર શખસ જે જવાબ મળવાની ઇછા રાખતો હોય અથવા આશા રાખતો હોય તે જવાબ જે સ્વાલ ઉપરથી નીકળી આવે તેવા સવાલને સુચક સ્વાલ કહેવામાં આવે છે.

સુચક સ્વાલો ક્યારે પુછવા નહીં.

૧૪૨ મુખ્ય તપાસણીમાં અથવા ફરી તપાશણીમાં સુચક સ્વાલ સામો પક્ષકાર હરકત લે તો કોરટની પરવાનગી શીવાય પુછવા જોઇએ નહી.

જે બાબતો પ્રસ્તાવના રૂપે હોય અથવા બીજા તકરારી હોય અથવા કોરટના અભીપ્રાવમાં પુરતી રીતે સાબીત થઇ ચુકી હોય તે બાબતો વીશે ચુક સ્વાલો પુછવાની કોરટે પરવાનગી આપવી.

ક્યારે પુછી શકાય.

૧૪૩. ઉલટ તપાશણીમાં સુચક સ્વાલો પુછી શકાય છે.

લખાણ થયેલી બાબતો વિશેનો પુરાવો.

૧૪૪. હરકોઈ સાહેદની સાહેદી લેવાની હોય તે દરમીયાનમાં તેને એવું પુછી શકાય છે કે જે કરાર કીંવા દાન કીંવા મીલકતની બીજી રીતની વ્યવસ્થા બાબત તે સાહેદી આપે છે તે કરાર કીંવા દાન કીંવા મીલકતની બીજી રીતની વ્યવસ્થા કોઈ દસ્તાવેજમાં લખેલી નહોતી કે કેમ; અને જો તે એમ કહે કે લખેલી હતી તો અથવા જે દસ્તાવેજ કોરટના અભીપ્રાય પ્રમાણે રજુ થવો જોઈએ એવા હરકોઇ દસ્તાવેજના મજકુર વીશે તે શખસ કાંઇ વાત કહેવા જતો હોય તો સામો પક્ષકાર એવી હકીકત લેવાને મુખત્યાર છે કે દસ્તાવેજ મજકુર રજુ થતાં સુધી અથવા જે હકીકતો સાબીત થએ સદરહુ સાહેદને બોલાવનાર પક્ષકારનો દસ્તાવેજ મજકુરનો દોયમ પુરાવો આપવાનો હક થતો હોય. તે હકીકતો સાબીત થાય ત્યાં સુધી એવો પુરાવો લેવો જોઈએ નહી.

ખુલાસો—દસ્તાવેજોના મજકુર વીશે બીજા સખસોએ કહેલી વાત સ્વતઃ લગતી હોય તો તે વાતોની મુખ જુબાની સાહેદી શાહેદ આપી શકે છે.

દ્રષ્ટાંતો.

તકરાર એવી છે કે **અ** એ **બ** ના ઉપર હુમલો કીધો કે નહીં.

(ક) એવી શાહેદી આપે છે કે **અ** એ ડ ને એવું કહેતાં **ક** એ સાંભળ્યું કે "**બ** એ કાગળ લખ્યો તેમાં મારા ઉપર ચોરીનું તોહોમત મુક્યું છે એને તેનું વેર હું લઇશ" આ વાત લગતી છે કારણ કે હુમલો કરવાનો **અ** નો શું હેતુ હતો તે તે ઉપર માલમ પડે છે સબબ કાગળ વિશે કાંઇ પુરાવો આપવામાં ન આવે તોપણ સદરહુ વાતનો પુરાવો આપી શકાય છે.

પેસ્તરના લખેલા મજકુર બાબત ઉલટ તપાસણી.

૧૪૫. કોઈ સાહેદે પેસ્તર કાંઈ મજકુર લખેલો હોય અથવા કહ્યો હોય તે લખી લેવામાં આવ્યો હોય તથા તે તકરારી બાબતને લગતો હોય તો તે લખાણ તેને બતાવ્યા શિવાય અથવા શાબીત કર્યા શિવાય સદરહુ મજકુર બાબત તેની ઉલટ તપાસણી કરી શકાય છે; પરંતુ લખાણ મજકુરથી તેને ખોટો પાડવાનો ઇરાદો હોય તો તે લખાણ સાબીત કરી શકાય તે પેહેલાં લખાણ મજકુરના જે ભાગો તેને ખોટો પાડવાના કામમાં લેવાનો હોય તે ભાગો તેના લક્ષ ઉપર આણવા જોઇએ.

ઉલટ તપાસણીમાં કયા સ્વાલો પુછવા લાગકછે.

૧૪૬. જ્યારે કોઇ સાહેદની ઉલટ તપાશણી લેવામાં આવે ત્યારે આ આકટમાં ઉપર બોધ કરી ગયા પ્રમાણેના સ્વાલોની સાથે જે સવાલોથી નીચે લખેલી બાબતનો ખુલાસો થાય તેવા સ્વાલો પણ તેને પુછી શકાય છે.

૧ સાહેદ મજકુર સાચુ બોલે છે કે નહિ તેથી તેની પરીક્ષા લેવા બાબત.

૨ તે કોણ છે. તથા તેની સંસારમાં કેવી સ્થીતી છે તે બાબત અથવા.

૩ તેની ચાલચલણને હાની લગાડી તેના ઉપરનો ભરોસો નબળો પાડવા બાબત આવા સ્વાલોના જવાબ ઉપરથી પ્રતક્ષ કીંવા પરંપરા સંબંધે સાહેદ મજકુર ગુન્હામાં આવે એવું થતું હોય અથવા જવાબ મજકુર તેને દ્રવ્યદંડને કીંવા કાયદો તોડવાની ગુનેહગારીને પાત્ર કરતો હોય અથવા તે ઉપરથી પ્રતક્ષ કીંવા પરંપરા સંબંધે તેદ્રવ્યદંડનેકીંવા કાયદો તોડવાની ગુનેહગારી પાત્ર થાય એવું થતું હોય તો પણ સ્વાલ મજકુર પુછી શકાય છે.

સાહેદને જવાબ આપવાની ફરજ ક્યારે પાડવી.

૧૪૭ જો હરકોઇ એવો સ્વાલ દાવાને કીંવા કામને લગતી હોય તેવી બાબત વીશે હોય તો કલમ **૧૩૨** મીમાં લખેલા નીયમો તેને લાગુ પડે છે.

સવાલ ક્યારે પુછવો અને તેનો જવાબ દેવાની ફરજ ક્યારે પાડવી તે કોરટે ઠેરવવું.

૧૪૮ એવા હરકોઇ સ્વાલ એવી બાબત વીશે હોય તે ઉપરથી સાહેદની ચાલચલણને હાની પોહોચાથી તેના ઉપરના ભરૂસામાં અંતર પડે, તે શીવાય બીજી રીતે તે બાબત દાવામાં કીંવા કામમાં લગતી ન હોય તો તે સ્વાલનો જવાબ દેવાની સાહેદને ફરજ પાડવી કે નહી તે કોરટે ઠેરવવું અને જો કોરટની નજરમાં યોગ જણાય તો સ્વાલ મજકુરનો જવાબ દેવાની સાહેદને ફરજ નથી. એવી તે સાહેદને સુચના આપવાને કોરટ મુખત્યાર છે સદરહુ મુજબ ઠરાવ કરતી વખતે નીચે લખેલી બાબતો ઉપર કોરટે ધ્યાન રાખવું.

(૧) સદરહુ સવાલ જો એવા પ્રકારના હોય કે તે ઉપરથી જે આરોપ મુકવામાં આવતો હોય તે આરોપ જો સાચો પડે તો જે બાબતની સાહેદ મજકુર સાહેદી આપતો હોય તે બાબતમાં તેના ઉપર ભરોંસો રાખવા સબંધીના કોરટના અભીપ્રાયમાં ભારે પડે, તો તે સવાલ મુનાસીબ છે એમ સમજવું.

(૨) સદરહુ સવાલ ઉપરથી જે આરોપ મુકવામાં આવતો હોય તે એવા લાંબાકાળની બાબતો સબંધી કીંવા એવા પ્રકારનો હોય કે તે સાચો પડે તો જે બાબતની સાહેદ મજકુર સાહેદી આપતો હોય તે બાબતમાં તેના ઉપર ભરોસો રાખવા સબંધીના કોરટના અભીપ્રાયમાં ફેર પડે એવું ન હોય કીંવા જુજ ફેર એવું હોય, તો તેવા સવાલોને ગેર મુનાસિબ સવાલ સમજવા.

(૩) સાહેદની ચાલ ચલણ ઉપર જે આરોપ મુકવામાં આવ્યો હોય તે કેટલો ભારેછે તથા સાહેદ મજકુરની સાહેદી કેટલી અગત્યનીછે એ બે વાત ઉપર વીચાર કરતાં તે બેઉ વચે મોટો અંતર માલમ પડે તો એવા સવાલ ગેર મુનાસિબ જાણવા.

(૪) સાહેદ જવાબ આપવાની ના કહે તો તે ઉપરથી કોરટની નજરમાં યોગ્ય જણાય તો એવી ધારણા કરવાને કોરટ મુખત્યારછે કે જવાબ આપ્યો હોય તો તે પ્રતીકુળ પડે.

ટીકા—ગેરમુનાસબ સવાલોનો જવાબ આપવાથી સાહેદનો બચાવ.—આ કલમ મુજબ કોરટને સવાલો પુછવાની મના કરવાનો અથવા જવાબ આપવા સાહેદ ના પાડવા ઉપરથી અનુમાન દોરવા અથવા ન દોરવાનો અધીકારછે. બે પરવઈના તથા ગેર મુનાસબ સવાલોમાંથી સાહેદનો બચાવ કરવામાં કોરટે કયા ધોરણ ઉપર ચાલવું. તે રકમ (૨) તથા (૩)માં ઠરાવેલા બહિષ્કરણો સ્પષ્ટ રીતે બતાવેછે. સાહેદે કાયદાનુ ગાન રાખી કોરટમાં શાક્ષી પૂરવા આવે તેટલાજ ઉપરથી તેની બધી આગળની વરતણું ખોટી બની જાહેરમાં લાવવાની નથી આની ભારે ખાનગી અગવડ જો ખરીજ અગત્ય હોયતોજ ઉલંઘન કરાય; પણ જ્યારે આરોપ ખરો હોય તોપણ સાહેદ ઉપર ભરોંસો રાખવામાં અંતર પડતો ન હોય, કીંવા જ્યારે સાહેદની ચાલ ચલણને હાની ઘણીજ હોય, અને સાક્ષીની અગત્યતા ઘણીજ થોડી હોય ત્યારે ઉપર કહેલી અગવડ ઉલંઘન કરી શકાતી નથી. ફ્રાઇ બાઈરીને કોઈ નાના કામમાં પુછવામાં આવે કે "વીસ વરસ ઉપર તેને ગેર કાયદેસર છોકરૂ થયું હતુ કે નહી?" તો આ સવાલનો જવાબ આપવાથી બચવાનો તેને નીચેના બે સબબોથી હકછે (૧) લો જો તેને જનમ્યું હોય તો તેથી તેની સચાઇમાં અંતર પડતો નથી; અને (૨) જો એકે આવા નજીવા કારણને સારૂ તેની આબરૂ જોખમમાં નાંખવી એ ગેરવ્યાજબીછે.

ઉપર પ્રમાણે લજ્જા રહીત હુમલાના અથવા બળાતકાર સંભોગની કોશીશના કામોમાં ફરિયાદ કરનાર બાઈરીને એવો સવાલ નપુછી શકાય કે તેને પેસ્તર કે તર કેદી શીવાય બીજા કોઈ માણસની સાથે સમાગમ થએલો કે નહીં, કેમકે એ સવાલ મુદ્દાની વાતને લગતો નથી., રાણી વી. હોગસન. રસલ એન્ડ રાયન્સ ક્રાઉન કેસીસ પા. ૨૧૧; રાણી વી. કલારક, સ્ટારકીસ રીપોરટસ નીસી પ્રાયસ વા.૨-પા.૨૪૧ રાણી વી. કોકરોફ્ટ, કોકસ ક્રીમીનલ કેસીસ વા. ૧૧—પા.૪૧૦; રાણી વી. હોલ્મસ લા .રીપોરટસ, ક્રાઉન કેસીસ રીઝરવ વ. ૧—પા. ૩૩૪

કારીંગટન એન્ડ પેઇનસ રીપોરટસ નીસી પ્રયાલ વા.૬—પા. ૫૬૨ રાણી.વી.મારટીનના

કામમાં ફરીઆદ કરનાર બઇરીને પેસ્તર કેદીની સાથે સમાગમ હતો એવો પુરાવો પડેલો હતો, અને કારીંગટન એન્ડ પેઇન્સ રીપોરટસ વા. ૩—પાને ૫૮૯ રાણી વી. બારકરના કામમાં ફરીઆદ કરનારી બઈરી સાધારણ કસ્બાતેણછે એવું બતાવનાર પુરાવા વીશેની તકરાર હતી. આ કામોમાં પુરાવો લેવા યોગ્યછે એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કારણ તે સંમતીની તકરાર સાથે પ્રતક્ષ રીતે લાગતો વળગતોછે.

યોગ્ય કારણ વગર સવાલ પુછવો નહીં.

૧૪૯- કલમ ૧૪૮મીમાં બોધ કર્યોછે તેવા સવાલ ઉપરથી જે આરોપ મુકવામાં આવતો હોય તે આરોપ સારા પાયા ઉપરછે એવું ધારવાને તે પુછનાર સખસને યોગ્ય કારણ ન હોય તો તેવો સવાલપુછવો મુનાસીબ નથી.

દ્રષ્ટાંતો.

(અ) એક બારીસ્ટરને એક અટરનીએ એવી સમજુત આપીકે એક અગત્યનો સાહેદ ડાકાઈટી કરનાર છે. સાહેદ મજકુર ડાકાઈટી કરનારછે કે શી રીતે તે તે સાહેદને પુછવાનું આ એક યોગ્ય કારણછે,

(બ) એક વકીલને કોરટમાંના એક સખસે ખબર આપીકે એક અગત્યનો સાહેદ ડાકાઈટી કરનારછે. વકીલે તે ખબર આપનારને પુછ પાછ કીધી તો પોતે કહેલી વાતનાં તેણે ખાતરી લાયક કારણ બતાવ્યાં;સાહેદ મજકુર ડાકાઈટી કરનાર છે કે શી રીતે એવું તેને પુછવાનુ આ એક યોગ્ય કારણછે.

(ક) એક સાહેદને વીશે કશી વાત જાણ્યામાં નથી તેને વગર સંધાને પુછયું કે તે ડાકાઈટી કરનાર છે કે નહીં આ સવાલ પુછવાને યોગ્ય કારણ નથી.

(ડ) એક સાહેદને વિશે કશીવાત જાણ્યામાં નથી તેને પોતાની ઉપજીવીકાના સાધન શુંછે તથા ગુજારો શીરીતે કરેછે તે બાબત પુછયું તે ખાતરી લાયક જવાપ આપતો નથી એ સખસ ડાકાઇટી કરનારછે કે શી રીતે એવું તેને પુછવાનું આ એક યોગ્ય કારણ ગણી શકાય.

યોગ્ય કારણ વગર સવાલ પુછયામાં આવે ત્યારે કોરટે શું કરવું,

૧૫૦ જ્યારે કોરટનો અભીપ્રાય એવો હોયકે હરકોઇ એવો સવાલ યોગ્ય કારણ વગર પુછયો, ત્યારે જો તે સવાલ હરકોઇ બારીસ્ટરે અથવા અટરનીએ અથવા પ્લીડરે અથવા વકીલે પુછયો હોયતો કામ મજકુરની હકીકતનો રીપોરટ હાઇકોરટમાં અથવા સદરહુ બારીસ્ટર કીંવા અટરની કીંવા વકીલ પોતાનુ રોજગારનુ કામ કરવાને પ્રસંગે જે અધીકારને તાબે હોય તેને કરી મોકલવાને કોરટ મુખત્યારછે.

ટીકા—અસલ ખરડામાં જે કલમો હતી તેને બદલે આ કલમો મુકવામાં આવીછે. બીલ પસાર થતાં જે. એફ. સ્ટીફન સાહેબે જણાવ્યુંકે "તે કલમોમાં એવો ઠરાવ હતોકે કોરટની આગળ ચાલતા કામને લાગુ ન પડે તેવા અને સાક્ષીની આબરૂ ઉપર જેની અસર થાય એવા સવાલોની લેખી સમજુતી વગર કોઇપણ સખશને પૂછવા નહીં જો તે સવાલ કોરટને અયોગ્ય લાગે તો કોરટ લેખી શમજુત જોવા માગી શકે અને આવી લેખી સમજુત આપી હોય તો પીનલકોડ પ્રમાણે અપવાદોને અનુશરીને તે આબરૂ લીધા બરાબર ગણાય આસુચના ઉપર ઘણી ટીકા થઇ અને ત્રણે ઇલાકાના વકીલો બારીસ્ટરો તરફથી અરજીઓ

આવી તેમજ સ્થાનીક પણ રાજ્યોનો મત તે વિરૂધ હતો અરજીમાં બતાવેલાં કારણો કેટલાંક વ્યાજબી લાગવાથી એ કલમો કાઢી નાખવામાં આવી છે.

લજ્જા રહીત તથા નંદાયુકત સવાલ. | ૧૫૧. કોરટની નજરમાં જે સ્વાલ અથવા તપાસણી લજ્જા રહીત કીંવા નીંદાયુકત લાગે તે સ્વાલ અથવા તપાસણી કોરટની રૂબરૂ ચાલતી તકરારો સાથે કાંઇ લાગતી વળગતી હોય તો પણ તે કરવાની મના કરવાને કોરટ મુખત્યાર છે પરંતુ તે જો તકરારી હકીકતની સાથે સબંધ રાખતી હોય. અથવા તકરારી હકીકત હતી કે નહીં તે મુકરર કરવાને જાણવાની જરૂર હોય એવી બાબતો સાથે સબંધ રાખતી હોય તો સદરહુ પ્રમાણે મના કરી શકાય નહીં.

ટીકા—જે સ્વાલ અપમાન કરવાને અગર મન દુખાવવા સારૂ કરવામાં આવ્યો હોય અગર તે જરૂર વીના ખોટું લાગે તેવા રૂપમાં મુક્યો હોય તો સાક્ષીના બચાવ સારૂ કોરટે વચે પડવું એ કોરટની ફરજ છે.

અપમાન કરવાના અથવા મનને દુખ કરવાના ઇરાદાથી કાંધેલા સવાલ. | ૧૫૨. કોરટની નજરમાં એવું આવે કે કોઇ સ્વાલ અપમાન કરવાના કીંવા મનને દુ:ખ ઉત્પન કરવાના ઈરાદાથી કાંધો છે, અથવા સવાલ મજકુરે સ્વત: મુનાસીબ હોય તો પણ કોરટની નજરમાં એમ આવે કે તેનું રૂપ વગર જરૂરે મન દુખાવા જેવું છે તો તે સ્વાલ કોરટે કરવા દેવો નહીં.

સાહેદની સાચવટ જોવાના સ્વાલના જવાબ ખોટા પાડવાને પુરાવો આપવો નહીં. | ૧૫૩. જયારેકોઈ સાહેદને હરકાંઇ સ્વાલ પુછ્યો હોય તથા તેનો તેણે જવાબ આપ્યો હોય તે ઉપરથી તેની ચાલચલણને હાની પોહોચ્યાથી તેના ઉપરનો ભરોંસો નબળો થાય એટલોજ માત્ર સ્વાલ મજકુર થતી તજવીજમાં લગતો હોય ત્યારે તે સાહેદને ખોટો પાડવા સારૂ કાંઇ પણ પુરાવો આપવો નહીં પણ તેણે જો ખોટો જવાબ દીધો હોય તો તેના ઉપર પાછળથી ખોટી સાહેદી આપવાનું તોહોમત મુકી શકાય છે.

અપવાદ ૧ લો—કોઈ સાહેદને એવો સ્વાલ પુછયો હોય કે તમારા ઉપર પેસ્તર કાંઇ ગુન્હો થયોછે કે નહી અને તેના જવાબમાં તે નાકહેતો પેસ્તર ગુનોહ સાબીત થયાની વાતનો પુરાવો આપી શકાય છે.

અપવાદ ૨ જો—કોઇ સાહેદના નીસપક્ષપાતીપણાને દોષ પોંહાંચે એવો હરકોઈ સ્વાલ તે સાહેદને પુછવામાં આવે, અને તેના જવાબમાં જે હકીકત સુચવી હોય તેનો તે ઇનકાર કરે તો તેને ખોટો પાડી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ) એક વીમેદારના ઉપર દાવો થયો તેના જવાબમાં તેણે દગાનો સબબ બતાવ્યો. દાવેદારને એવો સ્વાલ પુછયો કે પેસ્તરના એક કામમાં તમે દગલબાજીનો દાવો કીધો હતો કે નહી, દાવેદાર ના કહે છે.

દાવેદાર મજકુરે એવો દાવો કીધો હતો તે બતાવવાને પુરાવો આપવા માંડયો, એ પુરાવો લેવાઇ શકાતો નથી.

(બ)એક સાહેદોને એવો સ્વાલ પુછવામાં આવ્યો કે તમે કોઇ જગોએથી અપરમાણીકપણાને સારૂ બરતરફ થયા હતા કે નહી, સાહેદ ના કહે છે.

અપ્રમાણીકપણાને માટે તે બરતરફ થયો હતો તે બતાવાને પુરાવો આપવા માંડયો એ પુરાવો લેવાઇ શકાતો નથી.

(ક) અ એવું કેહે છે કે મેં અમુક દીવસે **બ** ને લાહોરમાં દીઠો હતો.

અ ને એવો સ્વાલ પુછયો કે તમે પોતેજ તે દીવસે કલકત્તામાં હતા કે નહી, **અ** ના કહે છે, દીવસ મજકુરે **અ** કલકત્તામાં હતો તે બતાવવાને પુરાવો આપવા માંડયો.

એ પુરાવો લેવાઇ શકાય છે તેનું કારણ એકે **બ** તે દીવસે લાહોરમાં જોવામાં આવ્યો હતો એ વાત વીરૂધ તે ઉપરથી પુરાવો થાય છે, **અ** ઉપરનો ભરોંસો કમી થાય એવી હકીકત બાબત **અ** વીરૂધ પુરાવો થાય છે એ કારણ નથી.

અ એ ના કહી તે ખોટી હોય તો સદરહુ દરએક વાતને સારૂ તેના ઉપર ખોટી સાહેદી આપવાનું તોહોમત મુકી શકાય છે.

(ડ) **અ** ને એવો સ્વાલ પુછયો કે તમે **બ** ની વીરૂધ પુરાવો આપો છો તે **બ**ના કુટુંબને તથા તમારા કુટુંબને માંહોમાંહે હાડવેર ચાલ્યું આવેછે કે નહી.

અ ના કહેછે. સ્વાલ મજકુર ઉપરથી તેના નીસ્પક્ષપાતીપણાને દોશ પોહોંચે એવું એવા શબબથી તેને ખોટો પાડી શકાય છે.

ટીકા.—અપવાદ (૨) સાહેદના નીસ્પક્ષપાતીપણાને 'દોષ દેવો—દાખલો કે સાહેદ મુકદમાના એક પક્ષકારની વીરૂધ ખોટા સાહેદો ખડા કરવાની કોશીશ કરેછે.

ઇનકારમાં અંગિકાર કરવાની ના પાડવાનો સમાવેશ થાયછે.–કોઈ સાહેદને એવું પુછવામાં આવે કે ગઇ સાલમાં તમારા ઉપર ખોટા સોગન ખાધાનું તોહોમત સાબીત થયું હતું, અથવા આ કામમાં તમને પ્રતીવાદી પાસેથી રૂપીઆ પચાશ મળ્યા છે? અને તે એવો જવાબ આપે કે હું જાણતોનથી અથવા ભૂલી ગયોછુ, તો વેહેવાર ઉપયોગમાં તે તેનો ઇનકાર કરેછે.

સાહેદ તેણે કહ્યું તે જગાએ નહોતો એવી શાબીતી બાબત.—બચાવ તરફના શાહેદનું કેહેવું ફરીયાદી તરફનો શાહેદ અમુક વખતે અમુક ઠેકાણે હતો. અને તેથી કરીને ફરીઆદીના કેહેવા પ્રમાણે તે વખતે તે બીજી જગાએ નહોતો અને તોહોંમતવાળા શખસોને તેણે જોયા નહોતા. આ કેહેવું ફરીઆદ તરફના શાહેદની એ બાબત ઉલટ તપાશણી ન થઇ હોય તોપણ પુરાવામાં લેવા યોગ્ય છે. રાણી વી સખારામ મુકંદજી મુ. હા. કો. રી. વા. ૧૧—પા. ૧૬૬

આ કલમની સાથે ૧૪૧ મી કલમના **ન** અને **ઓ** દ્રષ્ટાંતો અને ૧૫ મી કલમ વાંચો.

પક્ષકારે પોતાનાજ સાહેદને પ્રશ્ન પુછવા બાબત.

૧૫૪. ઉલટ તપાસણીમાં સામા પક્ષકારથી પુછી શકાય એવા સ્વાલો કોઇ સાહેદને પુછવાની પરવાનગી તે શાહેદ બોલાવનાર સખસને કોરટને યોગ્ય લાગે તો આપવાને કોરટ મુખત્યાર છે.

સાહેદ ઉપરના ભરોસા ઉપર દોશ આણવા બાબત.

૧૫૫. કોઇ સાહેદ ઉપરના ભરોસાને નીચે લખેલી રીતીઓએ સામો પક્ષકાર, અથવા કોરટ પરવાનગી આપે તો તે શાહેદને બોલાવનાર સખશ દોષ આપી શકેછે.

(૧) જે શખસો એવી શાહેદી આપે કે શાહેદ મજકુરને હમે પીછાનીએ છીએ તે ઉપરથી હમે તેને ભરોંસાને પાત્ર માનતા નથી તેવા શખસોના પુરાવાથી.

(૨) પુરાવો આપવાને શાહેદ મજકુરને રૂશવત આપવામાં આવીછે. અથવા તે રૂશવત આપવા માંડી તે લેવાનું તેણે કબુલ કીધુ છે અથવા તેને હરકાંઇ બીજી અયોગ્ય લાલચ મળીછે એવું સાબીત કર્યાથી.

(૩) સાહેદ મજકૂરની સાહેદીના જે ભાગ વીરૂધ પુરાવો આપી શકતો હોય તે ભાગ પેસતર તેની કહેલી અથવા લખેલી વાતથી વીરૂધ છે. એવુ સાબીત કર્યાથી,

(૪) જ્યારેકોઇ સખસના ઉપર બળાતકાર સંભોગ કર્યાને માટે અથવા બળાતકારે સ્ત્રીગમન કરવાની કોશીશને માટે ફોજદારી મુકદમો ચાલતો હોય ત્યારે ફરીઆદ કરનાર ઓરત બહુ કરીને બદ ચાલની છે એવો પુરાવો આપી શકાય છે.

ખુલાસો.—અમુક સાહેદ ભરોંશાને પાત્ર નથી એવુ કહેનાર સાહેદ એ પ્રમાણે પોતાને માનવાનાં કારણો મુખ્ય તપાસણી વખત ન આપે તો તે મુખતિયાર છે. પરંતુ ઉલટ તપાસણી વખતે કારણો મજકુર પુછી શકાયછે, અને તે જે જવાબ આપે તેની વીરૂધ પુરાવો આપી શકાતો નથી પરંતુ જો તે ખોટો હોય તો તેના ઉપર પાછળથી ખોટી સાહેદી આપ્યાનુ તોહમત મુકી શકાય છે.

દ્રષ્ટાંતો.

(**અ**) કાંઇ માલ વેચીને **બ** ને આપ્યો તેની કીમતનેસારૂ તેના ઉપર **અ** એ દાવો માંડયો. **ક** કહેછે કે માલ મજકુર મેં **બ** ને સોંપી આપ્યો હતો.

પેસ્તર એક પ્રસંગે તેણે એવું કહ્યું હતું કે મેં માલ મજકુર **બ** ને સોંપી આપ્યો નથી એવું બતાવવાને પુરાવો આપવા માંડયો.

એ પુરાવો લેવાઇ શકાય છે.

(**બ**) **અ** ના ઉપર **બ** નુ ખુન કર્યાનું તોહમત છે.

(**ક**) **ક** કહેછે કે **બ** એ મરતી વેળા એવું કહ્યું હતુ કે જે જખમથી **બ** મરી ગયો તે જખમ **અ** એ માર્યો હતો.

ક એ પેસ્તર એક પ્રસંગે એવું કહ્યું હતું કે જખમ મજકુર **અ** એ માર્યો નથી. અથવા તેની રૂબરૂ મારવામાં આવ્યો નથી; એવું બતાવવા પુરાવો આપવા માંડયો.

એ પુરાવો લેવાઇ શકાય છે.

ટીકા—સાહેદ ઉપર ભરૂંસો ન રાખવા વીશે—આ કલમમાં ઠરાવ્યું છે કે સાહેદ ઉપરના ભરૂંસાને કેટલીક મુકરર રીતીઓથી જે દોષ આપી શકાયછે, એટલે કે પ્રત્યક્ષ તેના ભરૂંસાને લગતા શવાલોથી તથા શાહેદીથી દોષ આપી શકાયછે, અને મુકદમામાં અમુક બાબત વીશે તેણે જે સાહેદી આપી હોય તે ખોટી પાડી પરંપરા સબંધે એવો દોષ આપી શકાતો નથી. રાણી વી. સખારામ મુકંદજી મુ. હા. કો. રી. વા. ૧૧—પા૦ ૧૬૬

લગતી હકીકતના પુરાવાને પુષ્ટીમળે એવા સવાલોપુછી શકાય છે.

૧૫૬. જ્યારે જે સાહેદની શાહેદીને પુષ્ટી આપવાનો ઇરાદો હોય તે સાહેદ કોઈ લગતી હકીકત વીશે શાહેદી આપતો હોય ત્યારે એવી લગતી હકીકત જે જગાએ કીંવા જગોની પાસે અથવા જે વખતે કીંવા વખતના અરસામાં બીજી કાંઈ વાત તેના જોવામાં આવી હોય તે સાબીત થયેલી જે લગતી હકીકત વીશે સાહેદ મજકુર શાહેદી આપતો હોય લગતી હકીકત

સબંધે શાહેદ મજકુરની સાહેદીને પુષ્ટી મળશે એવો કોરટનો અભીપ્રાય હોય તો તેવી વાત બાબત સદરહુ શાહેદને સ્વાલ પુછી શકાય છે.

દ્રષ્ટાંતો.

અ નામનો ગુનાહના કામમાં ગુનેહગારને એક સોબતી પોતે જે અપહરણમાં સામિલ હતો તે અપહરણનો હેવાલ આપેછે જે ઠેકાણે અપહરણ મજકૂર બન્યું તે ઠેકાણે પોતાના ગયા આવ્યાના રસ્તા ઉપર અપહરણ મજકુર સાથે સબંધ ન રાખતી કેટલીએક બીનાઓ બની તેનું તે બ્યાન કરે છે.

મુળ અપહરણ મજકુર બાબતના તેના પુરાવાને આપવા સારૂ સદરહુ હકીકતનો ઇ-લાયદો પુરાવો આપી શકાય છે.

સાહેદ પેસ્તર કહેલા મજકુર તેની પાછળની તેજ હકીકત વીશેની સાહેદીને પુષ્ટી આપવાને શાબીત કરી શકાય છે.

૧૫૭. કોઇ સાહેદની સાહેદીને પુષ્ટી આપવાસારૂ તે હકીકત જે વખતે બની તે વખતે કીંવા તે અરસામાં અથવા હકીકત મજકુરની તપાસ કરવાને કાયદા પ્રમાણે અધીકાર હોય એવા અધીકારની રૂબરૂ હકીકત મજકુર વીશે સદરહુ શાહેદે પેસ્તર કહેલી હકીકત શાબીત કરી શકાય છે-

ટીકા.—ઇંગ્લાંડમાં ચાલતા રીવાજ મુજબ શાક્ષીએ આગળ હકીકત કહી હોય તે પુષ્ટીમાં દાખલ કરી શકાતી નથી. સ્ટાર્કિ કહેછે કે " સાક્ષીએ ઉલટી હકીકત જાહેર કરી હોય તેથી કાંતો તેના સત્યપણાને બાધ આવેછે અગર તેની યાદદાસ્ત સારી નથી એમ જણાયછે- પણ તેની તે વાત ફરીથી તેણે કહી હોય તેથી તેના ઉપર વધારે ભરૂંસો રાખી શકાય તેમ નથી. આ કલમ પ્રમાણે પુષ્ટીમાં જે હકીકતે સાબીત કરવાનીછે તે સાધારણ વાતચીતનાં અગર જેને તે સખશને સવાલ પુછવાનો અધિકાર છે તેના રૂબરૂ સોગન ઉપર અથવા બીજી રીતે કહેલી હકીકત હોવી જોઈએ. તે લેખી અથવા મોઢાની હોય,

ગુનાહના કામમાં ગુનેહગારના સોબતીએ પેસ્તર કહેલા મજકુર વીશે.—રાણી વી મલાપા બીન કપાનાના કામમાં સેશન જડજે કેદીના ઉપર ગુનોહ સાબીત થયાનો ઠરાવ ગુનેહગારના સોબતીની સાહેદી ઉપરથી કર્યો અને સોબતી મજકુરે તેના માબાપ તથા પોલીસને કહેલો મજકૂર તજવીજની વખતે તેના પૂરાવાની પૂષ્ટીમાં વાપર્યો જડજ નાનાભાઇ હરીદાસે અપીલમાં મુંબાઇની હાઇકોરટનો ફેંસલો આપતાં(પાને ૧૯૭)નીચે મૂજબ ટીકા કરી-પૂરાવાના આકટની કલમ ૧૫૭ બેશક ઠરાવેછે કે સાહેદની સાહેદીને પૂરટી આપવાસારૂ સુદ્દાની હકીકત જે વખતે બની તે વખતે કીંવા તે અરસામાં અથવા કોઈ અધીકાર વાળા અધિકારીની રૂબરૂ સાહેદ મજકુરે પેસ્તર કહેલી હકીકત સાબીત કરી શકાયછે; અને એ પ્રમાણે ખુન થયાપછી થોડે વખતે મરગીઆસે જુદે જુદે પ્રસંગે તેના માબાપ તથા પોલીસ અમલદારોને કહેલા મજકુરનો સેશનજડજે ઉપયોગ કર્યોછે, પણ મારી નજરમાં આવી તરેહની પુષ્ટી બસ નથી. જે કામ સારૂ ગુનેહગારના સોબતીની શાહેદીનીપુષ્ટી મેળવવા જડજેથી જ્યુરીને કહેવામાં આવે

છે તે કામ આથી સરે છે એમ ભાગેજ કહી શકાય. જે સ્થિતીમાં તે છે તે ઉપરથી તેના એકલાની શાહેદી ઉપર ચાલવું એ જોખમ ભરેલું જણાય છે. અને એટલાજ માટે કેદીઓના સંબંધમાં તેણે આપેલી સાહેદીની પુષ્ટી કોઈ અલાયદો ભરૂસા લાયક પુરાવાથી મેળવવા વીશેનો નિયમ ઠરાવ્યો છે. પણ તેણે કહેલો મજકુર તજવીજની વખતે કહેલો હોય અથવા તે પેહેલાં કહેલો હોય અને ગમે તે રૂપમાં તે કોરટની આગળ રજુ થાય તો પણ તે હજુ એ ગુનેહગારના સોબતીએ કહેલો મજકુર છે અને તે ફરીથી કેહેવાયાથી તેની કીંમતમાં બીલકુલ વધારો થતો નથી. મુ. હા. કો. રી. વા. ૧૧ પાનું ૧૯૬

કલમ ૩૨ કીંવા ૩૩ મુજબ લગતા મજકુર સાબેત થાય તે સંબંધી કેવી બાબતો સાબેત કરી શકાય છે.

૧૫૮. જ્યારે કોઇ મજકુર કલમ ૩૨ કીંવા ૩૩ મુજબ લગતો હોય તે સાબીત થાય ત્યારે તે વાતને ખોટી પાડવાને કીંવા તેને પુષ્ટી આપવાને કીંવા જે સખસે તે મજકુર કહ્યો અથવા લખ્યો હોય તે સખસના ઉપરની ભરૂંસાને દોષ આપવાને કીંવા તે ભરૂંસાને કાયમ કરવાને જો સખસ મજકુરને સાહેદતરીકે બોલાવ્યો હોત અને તેણે ઉલટ તપાસણીમાં સુચવેલી બાબતના ખરાપણાની ના કહી હોત તો જે બાબતો સાબીત કરી શકાત તે બાબતો સાબીત કરી શકાય છે.

યાદદાસ્ત તાજી કરવા બાબત.

૧૫૯. કોઇ સાહેદને જે કાર્ય સંબંધી સવાલ પુછ્યો હોય તે કાર્ય બન્યું તે વખતે સાહેદ મજકૂરે પોતાને હાથે કાંઈ લખાણ કર્યું હોય તે લખાણવડે અથવા સદરહુ કાર્ય બન્યું ત્યાર પછી એટલાતો નજદીક વખતમાં કાંઇ લખાણ કર્યું હોય કે તે લખાણ કરતી વખતે કાર્ય મજકુર તેની યાદદાસ્તમાં તાજુ હતું એવો કોરટની નજરમાં સંભવ લાગે તો તે લખાણ વડે સાહેદ મજકુર સાહેદી આપતો હોય તે દરમ્યાનમાં પોતાની યાદદાસ્ત તાજી કરી શકે છે.

સાહેદ યાદદાસ્તતાજી કરવાને નકલ કયારે જોઈ શકે છે.

એવું લખાણ હરકોઈ બીજા શખસે કર્યું હોય તથા તે સાહેદ મજકુર ઉપર કહેલા વખતમાં વાંચ્યું હોય અને તે ખરૂ છે એમ તે વાંચતી વખતે જાણતો હતો એવું હોય તો તેવા લખાણને પણ સાહેદ મજકૂર જોઇ શકે છે.

જે જે કામોમાં હરકોઈ દસ્તાવેજ જોઇને સાહેદ પોતાની યાદદાસ્ત તાજી કરી શકે છે તે તે કામોમાં કોરટની પરવાનગીથી એવા દસ્તાવેજની નકલ પણ તે જોઇ શકે છે; પરંતુ કોરટની ખાતરી થવી જોઇએ કે અસલ દસ્તાવેજ રજુ ન થવાનું પુરતુ કારણ છે.

કુશળ માણસો પોતાની યાદદાસ્ત પોતાની રોજગાર સબંધીના ગ્રંથોવડે તાજી કરીશકે છે.

ટીકા—ફકરો (૧) માત્ર યાદદાસ્ત તાજી કરવાને વાપરેલો દસ્તાવેજ પુરાવામાં લેવા યોગ્ય હોવો જોઈએ, એમ જરૂરનું નથી, એ પ્રમાણે જે દસ્તાવેજ સ્ટાંપની ખામી અથવા નોંધવાની ખામીને લીધે પુરાવામાં લેવા યોગ્ય ન હોય તે યાદદાસ્ત તાજી કરવા સારૂ વાપરી શકાય.

ફકરો (૨) દસ્તાવેજ હરકોઇ બીજા સખસે પણ લખેલો હોય એટલા માટે સાહેદે પોતે જાતે નહી લખેલી પણ બનાવો પોતાની યાદદાસ્તમાં તાજા હોય તેવામાં વખતે વખતે તપાસેલી એવી વાહાણની દરરોજની મજલ વીગેરેની નોંધની ચોપડીમાં નોંધેલી વાતો અથવા બીજી કોરટમાં તેણે આપેલી જુબાનીઓ જેના ખરાપણા વીશે તેણે તેજ વખતે ખાત્રી કરી હોય તે જુબાનીઓ અથવા બીજા સખસે કરેલા શેરા જે તેણે ઉતારી લીધા હોય તે શેરા અથવા જે પાવતી તેણે આપતાં જોએલા હોય તે પાવતી સાહેદ જોઇ શકે. ટેલર પા. ૧૨૬૭

ક. ૧૫૯ માં કહેલા દસ્તાવેજોમાં લખેલી હકીકતનો પુરાવો.

૧૬૦. કલમ ૧૫૯ માં કહેલા છે એવા હરકોઈ દસ્તાવેજમાં લખેલી હકીકત ખુદ તપસીલવાર સાહેદને યાદ ન હોય, તો પણ જો તેની ખાતરી હોય કે દસ્તાવેજ મજકૂરમાં તે બરાબર લખી હતી, તો તે હકીકતની સાહેદ મજકુર સાહેદી પણ આપી શકે છે.

દ્રષ્ટાંતો.

કોઇ હીશાબ રાખનાર સખસે પોતાના રોજગારને પ્રસંગે નીયમ પુરવક રાખેલા હીસાબ બરાબર ખરા રાખવામાં આવ્યા હતા એવું જો તે જાણતો હોય તો તેમાં તેણે લખેલી હકીકતની સાહેદી સખસ મજકુર આપી શકેછે, અગર તેમાં દાખલ કરેલી અમુક લેવડ દેવડની બાબતો પોતે ભુલી ગયો હોય તો પણ.

યાદદાસ્ત તાજી કરવાના કામમાં લીધેલા દસ્તાવેજ બાબત સામા પક્ષકારના હક બાબત.

૧૬૧, છેલી બે કલમો મુજબ હરકોઇ લખાણ જોવામાં આવ્યું હોય તે જો સામો પક્ષકાર માગે તો તે હાજર કરવું જોઇએ અને તે તેને બતાવવુ જોઇએ એવો પક્ષકાર પોતાની નજરમાં આવે તો સાહેદ મજકુરની તે બદલ ઉલટ તપાસણી કરી શકેછે.

ટીકા.—લખેલો કાગળ જોતા પછી તેમાં લખેલી બાબતોની સ્વતંત્ર અથવા ખાસયાદદાસ્તી શાક્ષીને હોવી જોઇએ પેહેલાં તે કાગળ તેણે જોયો હતો અને તે કાગળ જોયો ત્યારે તેમાં જે મજકૂર લખ્યાછે તે ખરેખરો લખ્યોછે એમ તેને યાદ આવે એટલે બસછે. સાક્ષીને હકીકત સાંભરતી નહોય અગર કાગળ જોયાનું યાદ ન હોય તોપણ જો તે પોતાની સહી અગર અક્ષર ઓળખી શકે અને તે ઉપરથી તેમાં લખેલા મજકુરના ખરાપણા વીશે ખાત્રીથી બોલી શકે તો તે બસ છે. આથી તે પુરાવો દાખલ કરતાં કોઇ બાધ આવતો નથી પણ તે પુરાવા ઉપર કેટલું વજન રાખવું જોઇએ તેનો નિશ્ચય કરવામાં એ બાબતો અગત્યની છે લખાણ થયા પછી જો સાક્ષી આંધળો થયો હોય તો તે લખાણ તેને વાંચી સભળાવાય.

યાદદાસ્ત તાજી કરવા સારૂ જે લખાણ વાપરવામાં આવ્યું હોય તેને કારણથી પુરાવો થતું નથી તેથી તે લખાણ પુરાવામાં દાખલ કરવા યોગ્ય હોવું જોઇએ તેમ નથી.

અસલ ટીપણની નકલ જોઇ સાક્ષીને પોતાની યાદદાસ્ત તાજી કરવા દેવી કે નહી એ બાહુ કઠણ સ્વાલ છે. કેટલી વખતે સાક્ષીને એમ કરવા દેવામાં આવે છે પણ નકલ જોઈને હકીકત વીશે સાક્ષી ખાત્રીથી સોગન ઉપર પોતાની યાદદાસ્ત ઉપરથી બોલી શકતો હોય તોજ આમ કરવા દેવાય છે.

તે લખાણ રજુ કરી સામા પક્ષકારને બતાવવું જોઈએ. ઇંગ્રેજી કાયદાનો નિયમ પણ આનાજેવો છે પણ જો તે લખાણથી સાક્ષીની યાદદાસ્ત તાજી થતી નહોય તો સામા પક્ષકારને તે જોવાનો હક નથી અને જો તે જુવે તો તે લખાણ પુરાવામાં મુકવું જોઈએ.

દસ્તાવેજ હાજર કરવા બાબત.

૧૬૨. કોઈ સાહેદને કોઇ દસ્તાવેજ રજુ કરવાનો સમન થયો હોય તે દસ્તાવેજ રજુ કરવાને અથવા પુરાવામાં લેવા યોગ્ય ગણવાને હરકોઈ હરકત હોય તો પણ તે જો તેના કબજામાં અથવા સત્તામાં હોય તો તેણે કોરટમાં હાજર કરવો; એવી કાંઇ હરકત કાયદેસર બરાબર છે કે શી રીતે તે બાબત કોરટે ઠરાવ કરવો.

દસ્તાવેજનો તરજુમો કરવા બાબત.

દસ્તાવેજ મજકુર રાજ્ય પ્રકરણ સબંધી ન હોય તો કોરટની નજરમાં આવે તો તેને તપાસવાને, અથવા તે પુરાવામાં લેવા યોગ્ય છે કે નહીં તે ઠેરવી સકાય તેને માટે પુરાવો લેવાને કોરટ મુખત્યાર છે.

જો એવા કામ સારૂ કોઈ દસ્તાવેજનો તરજુમો કરવાની જરૂર હોય તો તે દસ્તાવેજ જ્યારે પુરાવામાં ગુજારવાને નહોય ત્યારે કોરટની નજરમાં યોગ્ય જણાએથી તેનો મજકુર ગુપ્ત રાખવાનો હુકમ તે તરજુમો કરનારને કોરટ કરી શકે છે. અને જો તે ભાષાંતર કરનાર તે હુકમ તોડેતો તેણે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૬૬ મુજબનો ગુનોહ કીધો એમ સમજવું.

દસ્તાવેજ નોટીસ કરીને હાજર કરાવ્યો હોય તેને પુરાવામાં ગુજાર વા બાબત.

૧૬૩. જ્યારે કોઈ પક્ષકારે સામા પક્ષકારને કાંઈ દસ્તાવેજ હાજર કરવાની નોટીસ આપીને તે દસ્તાવેજ મંગાવ્યો હોય. તથા દસ્તાવેજ મજકુર તે મુજબ રજુ થયો હોય અને મંગાવનાર સખસે તેને તપાસી જોયો હોય, ત્યારે જો દસ્તાવેજ રજુ કરનાર સખસ મંગાવનાર સખશને દસ્તાવેજ મજકુર પુરાવામાં ગુજારવાનું કહેતો તેને પુરાવામાં ગુજારવાની સદરહુ મંગાવનાર સખશની ફરજ છે.

નોટીસ ઉપરથી દસ્તાવેજ ગુજારવાની ના કહી હોય તે દસ્તાવેજ પુરાવામાં ગુજારવા બાબત.

૧૬૪. કોઇ દસ્તાવેજ રજુ કરવાની નોટીસ કોઈ પક્ષકારને મળી હોય તે પક્ષકાર તે દસ્તાવેજ રજુ કરવાની જો ના કહે, તો પાછળથી પક્ષકારે મજકુર દસ્તાવેજ મજકુરનો પુરાવાના કામમાં સામા પક્ષકારની રજામંદી શીવાય કીંવા કોરટના હુકમ શીવાય ઉપયોગ કરી શકતો નથી.

કોઇ કરાર ઉપરથી **અ** એ **બ** ના ઉપર ફરીઆદ માંડી, અને તે કરાર રજુ કરવાની **બ** ને નોટીસ આપી. તજવીજ વખત દસ્તાવેજ મજકુર **અ** એ માગ્યો, ત્યારે **બ** એ તે રજુ કરવાની ના કહી, તે ઉપરથી તે દસ્તાવેજ મજકુરનો **અ** એ દોયમ પુરાવો આપ્યો બાદ તે પુરાવો ખોટો પાડવાને, અથવા તેના ઉપર યોગ્ય સ્ટાંપ નથી એવું બતાવવાને દસ્તાવેજ મજકુર અસલ રજુ કરવાની **બ** ખાએસ રાખેછે પરંતુ તે મુજબ તે કરી શકતો નથી.

સ્વાલપુછવાનોતા. દસ્તાવેજ રજુ કરવાનો હુકમ કરવાને જડજને કેટલો અખત્યાર છે. તે બાબત.

૧૬૫. લગતી હકીકતોની સાબીતી ખોળી કાઢવા સારૂ કીંવા તે મેળવવા સારૂ લગતી હોય કીંવા નહોય તેવી હરકોઇ હકીકત વીશે જડજની મરજીમાં આવે તેવો હરકોઇ સ્વાલ હરકોઇ રૂપે હરકોઇ વખતે હરકોઇ સાહેદને કીંવા તે કામના પક્ષકારોને પુછવાને જડજ મુખત્યાર છે; તથા હરકોઇ દસ્તાવેજ અથવા પદારથ રજુ કરવાનો હુકમ કરવાને જડજ મુખત્યાર છે; અને એવો હરકોઇ સ્વાલ કીંવા હુકમ ઉપર કાંઇ પણ હરકત લેવાનો અથવા એવા હરકોઈ સ્વાલનો જવાબ આપ્યો હોય તે જવાબ બાબત હરકોઇ સાહેદની કોરટની રજા શીવાય ઉલટ તપાસણી કરવાનો પક્ષકારોનો કીંવા તેના મુખત્યારોનો હક નથી.

પરંતુ એવું ઠરાવ્યું છે કે આ આકટમાં લગતી ઠેરવેલી છે તેવી હકીકતો યોગ્ય રીતે સાબીત થઇ હોય તેના ઉપર આધાર રાખીને ફેંસલો કરવો જોઈએ.

અને વળી એવું ઠરાવ્યું છે કે સામા પક્ષકારે સ્વાલ પુછયો હોય, અથવા દસ્તાવેજ મંગાવ્યો હોય, તો એકસો એકવીસથી એકસો એકત્રીસ સુધીની સદરહુ બેઉ કલમો સુધાંની કલમો મુજબ, જે સ્વાલનો જવાબ દેવાની અથવા જે દસ્તાવેજ રજુ કરવાની ના કહેવાનો કોઈ સાહેદનો હક હોય તેવા હરકોઈ સ્વાલનો જવાબ દેવાની અથવા તેવો હરકોઇ દસ્તાવેજ રજુ કરવાની સાહેદ મજકુરને ફરજ પાડવાનો આ કલમ ઉપરથી જડજને અખત્યાર મળ્યો એમ સમજવું નહીં તેમજ જે સ્વાલ કલમ ૧૪૮ અથવા કલમ ૧૪૯ મુજબ બીજા કોઈ સખસે પુછવો ગેર મુનાસિબ છે તેવો કોઈ પણ સ્વાલ જડજે પુછવો નહીં તથા આ આકટમાં ઉપર અપવાદ આપ્યા છે તે શિવાય બીજા કામોમાં હરકોઇ દસ્તાવેજનો અવલ પુરાવો ગુજારવાની તેણે માફી આપવી નહીં.

ટીકા.—કોરટે તપાસણી કર્યા પછી ઉલટ તપાસણી કરવા વિશે—એમ માલમ પડશે કે બાબ ૯ ઠાના ઠરાવોથી બાતલ થતો હોય એવો કોઇ પણ સ્વાલ જડજે પુછવો ન જોઇએ, અને એવા કોઈ પણ સ્વાલનો જવાબ તો ખચીત નજ નોંધવો જોઈએ.

જ્યારે કોઈ સાહેદની તપાસણી નોહોમતવાળાના વકીલે કરી હોય અથવા તેની ઉલટ તપાસણી કરવા ના પાડી હોય અને પછી કોરટ પોતાની તરફથી તેને તપાસે ત્યારે સાહેદ મજકુરની કોરટની રજા શીવાય ઉલટ તપાશણી થઈ શકે નહી. જ્યારે સાહેદની ફરીઆદીએ તથા પ્રતીવાદીએ તપાસણી કર્યા પછી કોરટ તેને પોતાના હાથમાં લે. ત્યારે તે ખાસ દબાણ તળે મુકાય છે કારણ કે લગતી હોય કીંવા ન હોય તેવી હરકોઇ હકીકત વીશે જડજની નજરમાં આવે તેવો હરકોઈ સ્વાલ હરકોઈ રૂપે પુછવાને જડજ મુખત્યારછે. અને તેટલા માટે તે સાહેદ તેજ વખતે કોરટના ખાસ રક્ષણ તળે મુકાય છે, અને કોરટની મરજીમાં આવે તો કોઈ પક્ષકારને તેની ઉલટ તપાસણી કરવાની રજા આપે પરંતુ આ રજા હક દાખલ માગી શકાય નહી. સાહેદે કહેલા હકીકતના મજકુર વીશે કીંવા તેના ઉપર ભરોંસો રાખવા સંબંધીની કેફીયત વીશે એ તપાસણી કરવાનો ઇરાદો હોય તોપણ આ ધોરણ એક સરખીજ રીતે લાગુ પડે છે, કારણ કે તેનો ભરોંસો નબળો પાડવાના હેતુથી પુછેલો કોઇ પણ સ્વાલ તેણે આપેલા બધા જવાબોની અને તેમાંના હરેક જવાબની જેટલી અસર વીરૂધ પડતા હોય તેટલી અસરથી મોકળા કરેછે. અથવા મોકળા કરવા સવાલ મજકુરનો ઈરાદો હોયછે; ત્યારે તો એ જવાબો ઉપર કોરટને આપેલા દરએક જવાબ ઉપર ઉલટ તપાસણી છે અને તે કોરટના અખત્યારની વાત છે. રાણી વી. સખારામ મુકંદજી મુ. હા કો. રી. વા. ૧૧—પા ૧૬૬, પાને ૧૬૮

આ કલમ દીવાની અને ફોજદારી કામને લાગુ પડેછે સેશન જડજનું શું કામ છે તે બાબતમાં ફોજદારી કાયદાની ૨૫૬ મી કલમ જુઓ.

સેશન જડજ જ્યુરી અથવા આસેશરોની સહાયતાથી કામ કરેછે. તેમાં પ્રત્યેકને શું કામ કરવાનું છે તે બાબત ફોજદારી કામ ચલાવવાનો કાયદો જુઓ.

દીવાની કાયદાની કલમ ૧૨૦ મી કલમ પ્રમાણે કોરટ પક્ષકારને જાતે હાજર થવાનું ફરમાવી શકે છે તેમજ ૧૭૧ મી કલમ પ્રમાણે જે સખશનું નામ સાક્ષીદારમાં આપેલું નથી તેવા સખશને સાહેદી પુરવા અગર દસ્તાવેજ રજુ કરવા સારૂ કોરટ પોતાની મરજીથી શમન કાઢી બોલાવી શકેછે.

દાખલ કરવા લાયક જે પુરાવો ન હોય તે સેશન જડજે બાતલ કરવો જોઇએ એવી તેની ફરજ છે (કલમ ૨૫૬) દીવાની કામમાં આવો સ્પષ્ટ અધિકાર નથી તેથી જો પક્ષકાર હરકત ન લેતો ન લેવા લાયક પુરાવો દાખલ કરવાની બાબતમાં કોરટે ક્યાં સુધી વચે પડવું એ શક ભરેલું છે પણ આ બાબતમાં કોરટે પુરતી દેખરેખ રાખવી જોઈએ

જુરીના અથવા આસેશરના સ્વાલ પુછવાના અખત્યાર બાબત.

૧૬૬. જુરી અથવા આસેસરોથી થતી તજવીજના કામોમાં જે સ્વાલો જડજ પોતે પુછી શકેછે તથા જે સ્વાલો તેને ગોગ્ય લાગે તેવા હરકોઇ સ્વાલો જુરી અથવા આસેસર મજકુર સાહેદોને જડજની મારફત અથવા જડજની રજાથી પુછી શકેછે.

બાબ ૧૧ મો.

નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય તથા લેવા યોગ્ય પુરાવો નહી લીધો હોય તે બાબત.

લેવા યોગ્યપુરાવો નહી લીધો હોય અથવા નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય તેટલા સબબ ઉપરથી ફરી તજવીજ કરવાનો.

૧૬૭. જ્યારે નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય અથવા લેવા યોગ્ય પુરાવો નહી લીધો હોય ત્યારે જે કોરટની રૂબરૂ એ બાબત હરકત ઉઠાવામાં આવી હોય તે કોરટની નજરમાં જો એમ આવે કે હરકતવાળા લીધેલા પુરાવા શીવાય ઠરાવ મજકુર કરવાને જેટલો પુરાવો જોઇએ તેટલો પુરાવો હતો અથવા નહીં લીધેલો પુરાવો લીધો હોત તો તે ઉપરથી ઠરાવમાં ફેર પડત નહી તો.

હુકમ કરવા નહી. | સદરહુ મુજબ પુરાવો લીધો અથવા નહીલીધો એટલાજ માત્ર સબબ ઉપરથી ફરીતજવીજ કરાવવીનહી કીંવા હરકોઈ કામનો હરકોઇ ઠરાવ રદ કર્યો નહી.

ટીકા—લેવા યોગ્ય પુરાવો નહી લીધો અથવા ન લેવા યોગ્ય પુરાવો લીધો હોય તેટલા સબબ ઉપરથી ફરી તજવીજ ન કરવા બાબત તથા અપીલ ન સાંભળવા બાબત—પ્રીવીકાઊંસીલની જયુડીસીઅલ કમીટી આ ધોરણ ઉપર ચાલીછે.નીચલી કોરટો યોગ્યરીતેનહી લેવા યોગ્ય પુરાવો લીધેલા તેથી જયુડીશીયલ કમીટીએ બધો પુરાવો તપાસ્યો અને નહી લેવા યોગ્ય પુરાવો લીધા શીવાય નીચલી કોરટોનો ઠરાવ કરવાને જેટલો પુરાવો જોઇએ તેટલો પુરાવો હતો એવી તેમની ખાતરી થવાથી તેમણે અપીલ ના મંજુર કરી. ૧૪ મુ. ઇ. અપીલ્સ ૮૬.

નીચલી કોરટે સાહેદો ઉપર ભરોંસો ન રાખ્યો એવા એકલાજ સબબ ઉપર અપીલ નહી સાંભળવા વીશે.—સાહેદો ઉપર ભરોંસો રાખવાના સબંધમાં અવલ કોરટે કરેલુ અપમાન નામંજુર કરવામાં અપીલકોરટે ઘણી સાવધાની રાખવી જોઇએ આ બાબત પાકો અભીપ્રાય બાંધવાને અપીલ કોરટ કરતાં અવલ કોરટ ઘણી વધારે સારી સ્થિતીમાંછે, અને મુકદમામાં અમુક કેફીયતને લાગુ પડતી સંભાવ્ય વાતો ઉપરથી ખુલી રીતે સ્પષ્ટ હોય કે અવલ કોરટે ગેરવ્યાજબી કર્યુંછે તે શીવાય તે બાબત ઉપર અવલ કોરટનો ફેંસલો અપીલ કોરટે મંજુર રાખવો જોઇએ. ૬ મુ. ઇ. અપેલેન્ટ ૨૭

આ નીયમ ફોજદારી મુકદમાઓને સરખીજ રીતે લાગુછે,—આ કલમ દીવાની મુદમાઓને સરખીજ રીતે લાગુ પડેછે તેવીજ રીતે ફોજદારી મુકરદમાઓને લાગુ પડેછે. રાણી વી. હરીબોલ ચંદરઘોસ ઇ. લા. રી. ૨૦૭; અને તે હાઇકોરટમાં જ્યુરીનો ફોજદારી તજવીજોમાં લાગુ પડતી જણાયછે. મુ. હા. રી. ૩૫૮

કલકતા હાઇકોરટે સ્પેશીયલ અપીલમાં નીચેના કારણસર કામો ફરી તજવીજ થવા સારૂ મોકલેલાં છે.

૧ જેમાં અગતયના પુરાવાનો પાકો વીચાર કરવામાં નહી આવ્યોહતો તે ઇ. જયુ. ન. સ. ૩૫.

૨ જેમાં નીચલી કોરટનો ફેંસલો પુરાવાના એક ભાગજ ઉપર થયેલો હતો તેમાં ૨૩, વી. રી. ૧૬૦ ૨૪ વી. રી. ૨૯૩

જેમાં અમુક પુરાવાની અગત્યતા ઘણી ઓછી ગણવામાં આવી હતી. ૨૪ વી. રી ૧૯૨

જેમાં અમુક શાક્ષી ઉપર કેટલુ વજન રાખવું તેને અસર ન કરે તેવો સામાન્ય કારણોથી સાક્ષીઓ ઉપર ભરોંસો રાખવામાં ન આવ્યો તેમાં ૨૪ વી. રી ૨૫૧

જેમાં નીચેની કોરટના જડજે કાયદા પ્રમાણે ફેંસલો લખ્યો ન હોય તેમાં ૭ બે.લો. રી. અપેન્ડીક્ષ ૧૪ ૨૩ વી. રી. ૨૬૬ જુઓ.

જેમાં નીચેની કોરટે પુરાવાની કલમના અયોગ્ય રીતે કરી હોય તેમાં ૨૪ વી. રી. ૧૧૯ ૨૪ વી રી. ૨૮૯ ૩૪૩ ૩૩૮ ૪૩૧

જેમાં ફેસલો જોતાંજ એમ માલમ પડે કે પુરાવાનો પુખ્ત વિચાર કરવામાં આવ્યો નથી અને બાહારની વાત દાખલ કરવામાં આવીછે તેમાં ૨૨ વી. રી ૯

જેમાંનીચેની કોરટનાફેંસલામાં અગત્યની બાબતો ખોટી રીતે દરશાવી તો તેમાં ૨૪ વી. રી. ૧૭૧

જેમાં પ્રથમ પુરાવને બદલે અયોગ્ય રીતે દોયમ પુરાવો દાખલ કરવામાં આવ્યો હતો તેમાં ૯. વી. રી. સી. રૂ. ૫૧૭

જેમાં નીચેની કોરટે કાયદાના અનુમાનોનો ખોટો ઉપયોગ કર્યોહતો. તેમાં ૯ વી. રી. સી. રૂ. ૩૩૮

જેમાં જડજ અથવા માજીસ્ત્રેટને હીત હોય તે કામ ચલાવવુ જોઈએ નહી તે બાબતમાં ૨૧ વી. રી. ૩૧૨ જુઓ.

પરિશીષ્ટ.

નંબર તથા સાલ	નામ	કેટલો રદ કર્યો તે
ત્રીજા જાર્જના રાજ્યના ૨૬ મા વરસમાં થયલા સ્ટેટયુટનો બાબ ૫૭	ઇષ્ટઈંડિયામાં બનેલા અમૂક ગુનાહના તોહમતવાળા સખસોની તજવીજમાં જારતી નિયમો બાબતનો હાલના માહારાજાના રાજ્યના ૨૪ મા વરસમાં થયલા (ઇષ્ટઇંડિયા કંપનીના તથા હીંદુસ્તાન માંહેના બ્રિટિસ સરકારના તાબાના મુલકના કામનો વધારે સારો બંદોબસ્ત કરી નિયમો કરવા બાબતના તથા ઇષ્ટઇંડિજમાં બનેલા ગુનાના તોહોમતવાળા સખસોની વધારે તાકીદથી કાર્યસાધક તજવીજ કરવા માટે ઈનસાફની કોરટ સ્થાપવા બાબતનો આકટ એ નામના) આકટના જેટલા ભાગ ઉપરથી ઇષ્ટઇંડિયા કંપનીના નોકરોને પોતાની મિલકતની તથા માલમતાની યાદી આપવી પડેછે તેટલો ભાગ રદ કરવા બાબતનો; તથા ગ્રેટબ્રિટનમાં અથવા હીંદુસ્તાનમાં થયલા ખતોની તથા લેખોની સાબીતી કેટલાએક કામોમાં વધારે સહેલથી કરવાબાબતનોકાયદો.	કલમ ૩૮ માનો જેટલો ભાગ ઇષ્ટ ઈડીજમાંની ઇનસાફની કોરટોને લાગુ પડે છે. તેટલો ભાગ
વિકટોરીયાના રાજ્યના ૧૪ મા તથા ૧૫ વરસમાં થયલા સ્ટેટયુટનો બાબ ૯૯	પુરાવાનો કાયદો સુધારવા બાબત	કલમ ૧૧ મી તા. કલમ ૧૯ મી નો જેટલો ભાગ બ્રિટિસઈંડિયાને વીશે છે તેટલો ભાગ
સને ૧૮૫૨ નો ૧૫ મો	પૂરાવાનો કાયદો સુધારવા બાબતનો આકટ.	જેટલો ભાગ હાલ પેહેલા રદ થયો નથી તેટલો ભાગ.
સન ૧૮૫૩ નો ૧૯ મો	બંગાળા ઈલાકામાં ઈષ્ટઈંડિયા કંપનીની કોરટોના પુરાવાનો કાયદો સુધારવા બાબતનો આકટ	કલમ ૧૯ મી
સન ૧૮૫૫ નો ૨ જો	પુરાવા બાબતનો કાયદો વધારે સુધારવા બાબતનો આકટ	જેટલો ભાગ હાલ પેહેલા રદ થયો નથી તેટલો ભાગ
સન ૧૮૬૧ નો ૨૫ મો આકટ	બાદશાહી ફરમાનથી સ્થાપવામાં આવેલી નહી એવી ફોજદારી કોરટોનુ કામ ચલાવવાની રીત સહેલી કરવા બાબતનો આકટ	કલમ ૨૩૭ મી
સન ૧૮૬૮નો ૧લો	સને ૧૮૬૮ નો સામાન્ય કલમોનો આકટ	કલમ ૭ મીતથા ૮ મી

હુ. સ. કનિંગહામ.

ગવરનર જનરલની કાયદા અને કાનુન કરવા સારૂ જે કાંઉસિલ તેના

આફિશિએટીંગ સેક્રેટરી.

(True Translation)

VIRPRASAD TAPIPRASAD,

(Chitness to the Collector of Surat.)

CARSETJI RASTAMJI THANAWALA,

(Subordinate Judge of Callian, in the Thana District.)

સને ૧૮૮૭ નો આક્ટ નંબર ૩.

નિચે લખેલો હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઈન કૌંસિલનો આક્ટ નામદાર ગવર્નર જનરલે સને ૧૮૮૭ ના જાનેવારી મહિનાની તારીખ ૧૪ મીએ મંજુર કર્યો, અને સર્વ લોકને જાણ થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યા છે:—

સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાનો કાયદો સુધારવાનો આક્ટ.

સને ૧૮૭૨ નો ૧ લો.

જે અર્થે મુલકી અમલદારોએ સાર્વજનિક મહેસૂલ વિરૂદ્ધ કરેલા ગુન્હા સંબંધી ખબર ક્યાંથી મેળવી તે કહેવાને તે મુલકી અમલદારોને ફરજ પાડવી ન જોઇયેં તે અર્થે નીચે પ્રમાણે ઠરાવ્યું છે:—

પુરાવાના કાયદાની કલમ ૧૨૫ બદલે દાખલ કરેલી નવી કલમ.

૧. સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના કાયદાની કલમ ૧૨૫ ને બદલે નીચે લખેલી કલમ દાખલ કરવી જોઇયે એટલે:—

ગુન્હો બન્યા બાબતની ખબર.

"૧૨૫ કોઈ પણ માજીસ્ત્રેટે અથવા પોલીસ અમલદારે, કોઇ પણ ગુન્હો બન્યા બાબતની કાંઈ પણ ખબર ક્યાંથી મેળવી તે કહેવાને તે માજીસ્ત્રેટને અથવા પોલીસ અમલદારને ફરજ પાડવી નહી, તથા કોઈ પણ મુલકી અમલદારે સાર્વજનિક મેહેસૂલ વિરૂદ્ધ કોઇ પણ ગુન્હો બન્યા બાબતની કંઇ પણ ખબર ક્યાંથી મેળવી તે કેહેવાને તે મુલકી અમલદારને ફરજ પાડવી નહી.

"**ખુલાસો**—આ કલમમાં 'મુલકી-અમલદાર' એ શબ્દનો અર્થ એ છે કે સાર્વજનિક મેહેસૂલના કોઇ પણ ખાતાનાં કામમાં અથવા કામ બાબતની નોકરીમાં રાખેલો કોઇ પણ અમલદાર"—

(સહી) **એસ. હાર્વે જેઈમ્સ.**

ઓફિશીએટીંગ સેક્રેટરી નિસબત હિંદુસ્તાન સરકાર.

(True Translation)

Y. M. KELKAR,

Acting Oriental Translator to Government

ઈંડિયાના ગવરનર જનરલ ઇન કાંઊંશીલનો હેઠળ લખેલો આકટ
ગવરનર જનરલ સાહેબે સને ૧૮૭૨ ના મારચ મહીનાની
૨૨ મી તારીખે મંજુર કર્યો તે સઘલા લોકોને
જાહેર થવા સારૂ છપાવીને પ્રસિદ્ધ કર્યો છે.

સને ૧૮૭૨ નો આકટ ૩ જો.

કેટલેક નિયમીત પ્રસંગે લગનની રીત ઠરાવવા બાબતનો આકટ.

ઉદ્દેશ

જે માણસ ક્રીસ્તી અથવા યાહુદી અથવા હિંદુ અથવા મુસલમાની અથવા પારસી અથવા બઉધ અથવા શીક અથવા જઇન ધરમના નહી હોય તેઓ બાબત લગનની રીત ઠરાવવી અને કેટલાંએક લગનોના વહેવાર ઉપયોગી પણા બાબત શક પડયોછે તે લગનો કાયદેશર છે એવું ઠરાવવુ યોગ્યછે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુંછે—

આકટ ક્યાં ક્યાં લાગુછે. આકટ ક્યારે ચાલુ થશે.

૧ આ આકટ આખા બ્રિટીશ ઇંડીઆને લાગુછે અને ઠરયાની તારીખથી અમલમાં આવશે.

કેવી શરતોથી આ આકટ પ્રમાણે લગનો કરવાનો અખતી આરછે તે સરતો.

૨ જે માણસો ક્રીસ્તી અથવા યાહુદી અથવા હીંદુ અથવા મુસલમાની અથવા પારશી અથવા બઉધ અથવા શીક અથવા જઇન ધરમના નહી હોય તેઓના માંહોમાંહે હેઠળ લખેલી શરતોથી આ આકટ પ્રમાણે લગન કરવાનો અખતીઆરછે.

(૧) લગનની વખતેવરની પહેલેની વહુ અથવા વહુનો પહેલેનો વર જીવતો નહીં જોઇએ,

(૨) ભાયડાની ઊમ્મર ગ્રિગોરીયન કયાલેંડર પ્રમાણે પુરેપુરા અડાર વરસની જોઈએ. અને પુરેપુરાં ચઊદ વરશની જોઇએ.

(૩) ભાયડા બાયડી માંહેના દરએક જણની ઉમ્મર પુરેપુરાં એકવીસ વરસની થઈ નહી હોય તો તેણે લગન બાબત પોતાના બાપની અથવા વાલીની સંમતી લેવી જોઇએ.

(૪) એક્કત સબંધની અથવા લગન સબંધની આટલામી પાયરીએ અથવા (પેહેડીએ) લગન કરીએ તોતે લગન પુરૂશને અથવા સ્ત્રીને જે કાયદો લાગુ હોય તે કાયદા પ્રમાણે કાયદા વિરૂદ્ધ ગણાય તેટલામી પહેડીએ સ્ત્રી પુરૂશનુ સગપણ નહીં જોઈયે.

૧ લો વીસેષ ઠરાવ— એક્કત સંબંધની અથવા લગન સંબંધની જે કાયદો અથવા રીવાજ લાગુ હોય તે કાયદા અથવા રીવાજ સીવાય બીજા કોઇ કાયદાથી અથવા રીવાજથી તેઓને લગન કરવાની મના થાયછે એવુ સમજવું નહી.

૨ જો વિષેશ ઠરાવ—જે મુળ પુરૂષ, સ્ત્રી પુરૂશનાં વ્રધ પ્રપિતામહ અથવા વ્રદ્ધ પ્રમાતામહ કરતાં અથવા વ્રદ્ધ પ્રપિતામહી અથવા પ્રમાતામહી વ્રદ્ધ કરતાં નજીકનો સગો હોય તે મુળ પુરૂશથી તે બેઉ જણા કેટલી પહેડીએ સગાં થાયછે તે સગપણ ગણીને નક્કી કરાતું નહી હશે અથવા સ્ત્રી પુરૂષની, પુરૂશ સ્ત્રીનો પરંપરાનો મુળ પુરૂષ નહી હશે

અથવા પુરૂશ, સ્ત્રીના કોઇ પરંપરાના મુળ પુરૂશનો ભાઇ નહી હશે. અથવા સ્ત્રી પુરૂશના પરંપરાના મુળ પુરૂષના બેહન નહી હશે તો, એક રક્ત સબંધના કોઇ કાયદાથી અથવા દેશ રીવાજથી તેઓને લગન કરવાની મના થાયછે એવુ સમજવું નહી.

લગનના રજીસ્ટ્રારની નેમણુક

૩ સ્થાનિક સરકાર પોતાના વહીવટ માંહેના મુલકના હરકોઇ ભાગને સારૂ આ આક્ટ પ્રમાણે એક અથવા વત્તા માણસોને તેઓના નામથી અથવા તે માણસો કાંઇ હુદ્દા ઉપર હોય તે હુદ્દાના સબબથી તેઓને રજીસ્ટ્રાર નીમવાને મુખતીઆરછે એ પ્રમાણે નેમેલા અમલદારને "સને ૧૮૭૨ના ૩ જા આક્ટ પ્રમાણે લગનનો રજીસ્ટ્રાર" કહેવો અને તેને આ આક્ટમાં આગળ "રજીસ્ટ્રાર" કહયોછે સદરહુ પ્રકારના કોઇ અમલદારને મુલકના જે ભાગ સારૂ નેમ્યો હોય તે ભાગ તેની ડીસ્ત્રીક્ટછે એમ સમજવું.

જેસ્ત્રીપુરૂશનુલગ્નકરવાનોઇરાદોહોયતેમાંથીએકજણેરજિસ્ટ્રારને નોટીશ આપવી.

૪ આ આક્ટ પ્રમાણે લગ્ન કરવાનો ઈરાદો હોય ત્યારે જે રજિસ્ટ્રારની રૂબરૂ લગ્ન કરવું હોય તે રજિસ્ટ્રારને સ્ત્રિ પુરૂશમાંથી એક જણે લખીને નોટીશ આપવી જોઇએ.

જે રજિસ્ટ્રારને સદરહુ નોટીશ આપવી જોઈએ, તે રજિસ્ટ્રાર એવી ડીસ્ત્રીક્ટનો જોઇએ કે લગ્ન કરનારાં સ્ત્રી પુરૂષમાંથી નેદાન એક જણ પણ તે નોટીશ આપ્યા પહેલાં ચાદ દહાડા જે ડીસ્ત્રીક્ટમાં રહયું હોય તેવી ડીસ્ત્રીક્ટનો રજિસ્ટ્રાર જોઈએ.

તે નોટીસ આ આક્ટને જોડેલાં ૧લા પરીશીષ્ટમાં લખેલા નમુના પ્રમાણે હશે તો ચાલશે.

નોટીસ ફાઇલ કરવીઅને તેની નકલ લગ્નની નોટીસની બુકમાં દાખલ કરવી.

૫ રજિસ્ટ્રારે તે સઘળી નોટીસો ફાઇલ કરીને પોતાની કચેરીના દફતરમાં રાખવી અને તે નોટીસોની નકલો દાખલ કરવા સારૂ સરકારે પોતાને બુક આપી હોય તે બુકમાં તેણે તે દરએક નોટીશની ખરી નકલ તુરત દાખલ કરવી તે બુકને "સને ૧૮૭૨ના ૩ જા આક્ટ પ્રમાણે લગ્નની નોટીસની બુક" કહેવી. અને તે બુક જોવાની જે માણસની ઈછા હોય તેની પાસેથી કાંઈ ફી લીધા વગર તે તેને જોવા દેવા સારૂ સઘળી યોગય વખતે ઉઘાડી મુકવી.

લગ્ન બાબત હરકત.

૬ જે લગન કરવાનો ઈરાદો હોય તે લગન બાબત ૪ થી કલમ પ્રમાણે નોટીશ આપ્યા પછી ૧૪ ચઉદ દહાડા થાય એટલે તે લગ્ન કરવાનો અધિકાર છે પણ આ કલમમાં આગળ લખેલી એટલી રીતે પહેલા હરકત લીધી હશે તો લગન કરવું નહી.

સદરહુ લગન ૨ જી કલમની (૧) લી અથવા (૨) જી અથવા (૩) જી અથવા (૪)થી રકમમાં કહેલી સરતોમાંની એક અથવા વધી સરતો વીરૂધ થશે એવા સબબથી એવા હરકોઇ લગન બાબત હરકત લેવાનો અખતીઆર હરકોઇ માણસને છે;

હરકત લીધી હોય તેનો પ્રકાર રજીસ્ટ્રારે રજીસ્ટરમાં (એટલે નોંધવહીમાં) લખી મુકવો અને જરૂર હોય તો તે હરકત લેનારા માણસને વાંચીને સમજાવવો, અને તે ઉપર તેણે અથવા તેની તરફથી બીજા કોઇએ સહી કરવી.

હરકત આવ્યા પછી કામ ચલાવવાની રીત.

૭ હરકત બાબતની સદરહુ નોટીસ આવી પોહોચ્યા પછી રજીસ્ટ્રારે હેઠળ લખેલી મુદત સુધી લગન કરવાની તજવીજ કરવી નહી એટલે યોગ હકુમતવાળી કોરટ તે વખતે ઉઘાડી હોય તો હરકત આવ્યા પછી ચઉદ દહાડા થાય ત્યાં સુધી લગન કરવાની તજવીજ કરવી નહી અથવા તે વખતે કોરટ ઉઘાડી નહી હોય તો ઉઘાડ્યા પછી ચઉદ દ-

દાહાડા થાય તાંહાં સુધી લગન કરવાની તજવીજ કરવી નહી.

હરકત લેનારને ફરીઆદ કરવાનો અખતીઆર છે.

જે લગન કરવાનો ઈરાદો હોય તે લગન બાબત હરકત લેનારા માણસને હેઠળ લખ્યા પરમાણે વાત છે કે નહી તેનો ઠરાવ કરવા બાબત હુકમનામુ કરાવી લેવા સારૂ નહાના મુકદમાની કોરટ શીવાય તે ઠેકાણે જે બીજી દીવાની કોરટની હકુમત ચાલતી હોય તે કોરટમાં ફરીઆદ કરવાનો અખતીઆર છે એટલે તે લગન ૨ જી કલમની (૧) અથવા (૨) જી અથવા (૩) જી અથવા (૪) થી રકમમાં કહેલી સરતોમાંની એક અથવા વતી સરતો વીરૂધ થશે કે નહી તે ઠરાવવા બાબતનુ હુકમનામુ કરાવી લેવા સારૂ ફરીઆદ કરવાનો અખતીઆર છે.

ફરીયાદ કરવાનો દાખલો રજિસ્ટ્રારને આણી આપવો.

૮ જે અમલદારને ત્યાં ફરીયાદ કરી હોય તેણે પછી તે ફરીયાદ થઈ છે એવો દાખલો ફરીયાદ કરનારને આપવો, તે વખતે યોગ હકુમતવાળી કોરટ ઉઘાડી હોય તો હરકત બાબતની નોટીસ પહોચ્યા પછી ચઉદ દાહાડામાં અથવા તે વખતે તે કોરટ ઉઘાડી નહી હોય તો ઉઘાડયા પછી ચઊદ દાહાડામાં તે દાખલો રજિસ્ટ્રારને ત્યાંહાં આણી આપે તો તે કોરટનો ફેસલો થાય ત્યાં સુધી અને તે ફેસલા ઉપર અપીલ કરવાનીજ મુદત કાયદામાં ઠરાવી હોય તે મુદત પુરી થાય ત્યાં અથવા તે ફેસલા ઉપર અપીલ થઈ હોય તો અપીલ કોરટ ફેસલો કરે ત્યાં સુધી લગન કરાવવું નહી.

ઉપરના છેલા પેરેગ્રાફમાં (એટલે કલમના ભાગમાં) કહેલી રીતે અને મુદતની અંદર સદરહુ દાખલો આણી આપશે નહી અથવા તે લગ્ન ૨ જી કલમની (૧) લી અથવા (૩) જી અથવા (૪) થી રકમમાં કહેલી સરતો માંની એક અથવા વત્તી સરતો વિરૂધ થતુ નથી એવો ફેસલો કોરટ કરે તો લગ્ન કરાવવું,

તે લગ્નની ૨ જી કલમની (૧) લી અથવા (૨) જી અથવા (૩) જી અથવા (૪) થી રકમમાં કહેલી સરતોમાંની એક અથવા વત્તી સરતો વીરૂધ થશે એવો ફેસલો કોરટ કરે તે લગ્ન કરાવવું નહીં.

હરકત વ્યાજબી નહીં હશે ત્યારે દંડ કરવાનો કોરટને અખતીયાર છે.

૯. ૭ મી કલમમાં કહેલી કાંઈ ફરીયાદ જે કોરટમાં થઈ હોય તે કોરટની નજરમાં આવશે કે હરકત કરી છે તે વ્યાજબી અને બરાબર નથી તો હરકત લેનારા માણસને ઘણામાં ઘણા એક હજાર રૂપીઆ સુધી દંડ કરવાને અને તે સઘળો દંડ અથવા તેનો કાંહા ભાગ જે સ્ત્રિ પુરૂશ લગ્ન કરવાનો ઇરાદો રાખતાં હોય તેઓને આપવાનુ ઠરાવાને તે કોરટ મુખતીઆર છે.

સ્ત્રી પુરૂષ અને શાહેદોનો એકરાર

૧૦ લગ્ન થયાં પહેલાં સ્ત્રિ પુરૂશે અને ત્રણ શાહેદોએ રજિસ્ટ્રારની રૂબરૂ આ આક્ટને જોડેલા ૨ જા પરીશીષ્ટ કહેલા નમુનાના એકરાર ઉપર સહી કરવી સ્ત્રી પુરૂષમાં સ્ત્રીની ઉમર પુરેપુરાં એકવીશ વરસની થઈ નહી હોય અને તે વીધવા નહી હોય તો તેની, અથવા પુરૂશની ઉમર પુરેપુરાં એકવીશ વરશની થઇ નહી હોય તો તેના બાપે અથવા વાલીએ પણ એકરાર ઉપર સહી કરવી, અને રજિસ્ટ્રારે સઘળે પ્રસંગે એકરાર ઉપર સહી કરવી.

લગ્ન શી રીતે કરાવવાં

૧૧ રજિસ્ટ્રારની અને એકરાર ઉપર શહી કરનારા ત્રણ શાહેદોની રૂબરૂ લગ્ન કરાવવાં. ગમે તે રીતે લગ્ન કરવાનો અખતીયાર છે પણ બેઉ જણાએ એક બીજાને રજિસ્ટ્રારનાં શાહેદોનાં દેખતાં અને તેઓ સાંભળે તેમ હેઠળ લખેલા શાહેદોનો ઉચાર કરવો એટલે હુ (**અ**) તને (**બ** ને) મારી કાયદાસર વહુ અથવા વર કરૂછું

લગ્ન કયાં કરવાનો અખતીયાર છે.

૧૨ સ્ત્રી પુરૂશની મરજી હોય તે પ્રમાણે રજીસ્ટ્રારની કચેરીમાં અથવા રજીસ્ટ્રારની કચેરીથી યોગ છેટે જે બીજી જગા હોય તે જગાએ લગ્ન કરવું, પણ એવું ઠરાવ્યુ છે કે એ લગ્નો રજીસ્ટ્રારની કચેરી શીવાય બીજે ઠેકાણે કરવાં હોય તો તે કેવી સરતોથી કરવાં અને તે બાબત બીજી કેટલી ફી આપવી તે ઠરાવાને સ્થાનીક સરકાર મુખતીઆર છે.

સરટીફીકટનો નમુનો

૧૩ લગ્ન બાબત સરટીફીકેટો દાખલ કરવા સારૂ રજીસ્ટ્રાર બુક રાખે તેને "સને ૧૮૭૨ ના ૩ જા આકટ પ્રમાણે લગ્નનાં સરટીફીકેટની બુક" કેહેવી, તે બુકમાં લગ્ન થાય એટલે તે બાબતનુ સરટીફીકેટ રજીસ્ટ્રારને આ આકટને જોડેલાં ત્રીજા પરીશીષ્ટમાં કહેલા નમુના પ્રમાણે દાખલ કરવુ, અને તે સરટીફીકેટ ઉપર પરણેલાં સ્ત્રી પુરૂશે અને (ઉપર કહેલા) ત્રણ સાહેદોએ શહી કરવી.

ફી

૧૪ રજીસ્ટ્રારને આ આકટ પ્રમાણે જે કામો કરવાં પડે તે બાબત તેને કેટલી ફી આપવી તે સ્થાનીક સરકારે ઠરાવવી

લગ્ન થતાં પહેલાં તે ફી માગવાનુ અથવા જે બીજા કામ બાબત ફી આપવી હોય તે કામ કરયાં પહેલાં તે ફી માગવાનુ રજીસ્ટ્રારની નજરમાં આવશે તો તે પ્રમાણે ફી માગવાને તે મુખતીયાર છે.

લગ્નનાં સરટીફીકટોની સદરહુ બુક સઘળી યોગ વખતે જોવા દેવા સારૂ ઉઘાડી મુકવી અને તેમાં લખેલા મજકુરના ખરાપણા બાબત તે બુક પુરાવામાં લેવાને હરકત નથી તે બુકમાંથી સહીવાળો દરેક ઈંતેખાબ આપવા બાબત સ્થાનીક સરકારે જે ફી ઠરાવી હોય તે ફી અરજદાર અરજી કરીને રજિસ્ટ્રારને આપે એટલે રજીસ્ટરારે તે બુકમાંથી સહીવાળા ઈંતેખાબ તેને આપવા.

વહુવાળો પુરૂશ અથવા વરવાળી સ્ત્રી આ આકટ પ્રમાણે ફરીથી લગ્ન કરશે તો સીક્ષા થશે.

૧૫ વહુ વાળો કોઈ પુરૂશ અથવા વરવાળી કોઇ સ્ત્રી આ આકટ પ્રમાણે પોતાનુ લગન કરાવશે તો તેણે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૪ મી અને ૪૯૫ મી કલમ પ્રમાણે ગુન્હો કરયો એવુ સમજવુ અને એ પ્રમાણે જે લગન થયેલુ હશે તે રદ બાતલ થશે.

બે વર અથવા બે વહુ કરવા બાબત શીક્ષા.

૧૬ આ આકટ પ્રમાણે પરણેલો સખસ પોતાની વહુની અથવા પોતાના વરની હયાતીમાં બીજુ લગ્ન કરશે તે શખસ બીજા લગ્નની વખતે ગમે તે ધરમનો હશે તોપણ વરની અથવા વહુની હયાતીમાં ફરીથી લગ્ન કરવાના ગુના બાબત હીંદુસ્થાનના ફોજદારી કાયદાની ૪૯૪ મી અને ૪૯૫ મી કલમમાં જે શીક્ષા કહી છે તે શીક્ષાને લાયક થશે.

હીંદુસ્તાનનો તલાક બાબતનો આકટ લાગુ થશે.

૧૭ હીંદુસ્તાનનો તલાક બાબતનો આકટ આ આકટ પ્રમાણે કરેલાં સઘળા લગનોને લાગુ છે એવું અને સદરહુ પ્રકારનુ હરકોઈ લગ્ન તે આકટમાં કહેલી રીતે અને તેમાં કહેલા કારણ સારૂ અથવા આ આકટની ૨ જી કલમની (૧)લી અથવા (૨) જી અથવા (૩) જી અથવા (૪) થી રકમમાં કહેલી શરતોમાંની એક અથવા વત્તી સરતો વિરૂધ છે, તેથી તે રદ બાતલ છે અથવા લગન ભાગ્યું છે એવું ઠરાવવાનો અખતીયાર છે.

આ આકટ પ્રમા-

૧૮ આ આકટ પ્રમાણે થએલાં લગ્નથી જે છોકરાં થશે તેઓ આ આકટ પ્રમાણે પરણશે તો એક રકત સબંધના અને લગ્ન સબંધના કારણથી લગ્ન

ણે થયેલા લગ્નથી થયેલાં છોકરાંને કયો કાયદો લાગુ થશે.

કરવાની મના બાબતનો જે કાયદો તેઓનાં બાપને લાગુ હતો તે કાયદો અને આ આકટની ૨ જી કલમનો વીશેસ ઠરાવ તે છોકરાઓને લાગુ થશે.

આ આકટ શીવાય બીજી રીતે લગનો થયાં હશે તેઓને આ આકટથી હરકત થતી નથી.

૧૯ આ આકટના ઠરાવ પ્રમાણે જે લગન થયું નહી હશે તેના વહેવાર ઉપયોગીપણાને આ આકટના કોઈ ઠરાવથી હરકત થાયછે એવું સમજવું નહી, અથવા લગ્ન કરવાની કોઇ રીતનાં વહેવાર ઉપયોગીપણાને આ આકટથી પ્રતક્ષ અથવા પર્યાયે હરકત થાયછે એવુ સમજવું નહી પણ સદરહુ પ્રકારની હરકોઈ રીતના વહેવાર ઉપયોગી પણા બાબત આજ પછી કોઈ કોરટમાં તકરાર નીકળે તો તે તકરારનો ફેંસલો, જાણે આ આકટ ઠર્યોજ નથી એમ સમજીને કરવો.

આ આકટ ઠર્યાં પહેલાં થએલાં લગનોની નોંધ.

૨૦ જે માણસોએ આજ લગીમાં નેદાન બે શાહેદોની રૂબરૂ ગમે તે રીતે લગ્ન કર્યાં હોય તે સઘળાં માણસોને તે લગનો સને ૧૮૭૩ ના જાનેવારી મહીનાની પહેલી તારીખ પહેલાં ગમે તે વખતે આ આકટ પરમાણે નોંધવવાનો અખતીયાર છે. અને પછી તે લગનો આ આકટ પ્રમાણે કર્યાં હોય તે પ્રમાણે વેહેવાર ઉપયોગી થશે અને છે એવું સમજવું; પણ એવું ઠરાવ્યું છે કે જે માણસો સદરહુ પ્રકારનાં લગનો આ આકટ પ્રમાણે નોંધાવે તેઓએ લગનો ઉપર કહ્યા પ્રમાણે નોંધાવતી વખતે આ આકટને જોડેલા ચોથા પરીશીસ્ટમાં કહેલા નમુનાના એકરાર ઉપર સહી કરવી.

૨ જી કલમની (૧) લી તથા (૩) જી અને (૪) થી સરતો પ્રમાણે લગ્ન થયેલુ નહિ હોય, તો આ કલમ પ્રમાણે કાંઈ લગ્ન નોંધવુ નહી અને તે લગન કાયમ હોય ત્યારે વરે અથવા વહુએ પછી ફરીથી લગન કર્યુ હશે તો તે પહેલેનુ લગન આ કલમ પ્રમાણે નોંધવુ નહી.

ખોટા મજકુરના એકરાર ઉપરઅથવા સરટીફીકટ ઉપર સહીકરવાબાબતશીક્ષા.

૨૧ ફલાણો મજકુર ખોટો છે અથવા ફલાણો મજકુર ખોટો છે એવુ પોતાને માલમ હોય અથવા ખોટો છે એવુ પોતાને લાગતુ હોય અથવા ખરોછે એવું પોતાને લાગતુ નહી હોય તેવા મજકુરનો આ આકટમાં કહેલો કાંઈ એકરાર અથવા સરટીફીકટ જે જે માણસ કરશે અથવા તે ઉપર સહી કરશે અથવા શાહેદી કરશે તેણે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૯ મો કલમમાં કહેલો ગુનો કર્યો એવું સમજવું.

પરીશીષ્ટ ૧ લું.

(૪ થી કલમ જુઓ.)

લગનની નોટીસ.

ડીસ્તરીકટના સને ૧૮૭૨ ના ૩ જા આકટ પ્રમાણે લગનના રજીસ્ત્રારને માલમ થાય જે.

હુ તમને નોટીશ આપુછુ કે આ નોટીસમાં જે ત્રણ માણસતું નામ અને વરણન લખ્યું છે તે માણસની સાથે આ નોટીસની તારીખથી ત્રણ કયાલંડર મહીનામાં મારૂ લગન સને ૧૮૭૨ ના ૩ જા આકટ પ્રમાણે કરવાનો ઈરાદો છે.

નામ	સ્થીતી	દરજ્જો અથવા ધંધો	ઉમર	રહેવાની જગા	રહ્યાની મુદત

અ બ	કુંવારો રંડાયલો	જમીનદાર	પુખ્ત ઉમરનો		૨૩ દહાડા
ક ડ	કુંવારી		નાની ઉમરની		

તારીખ માહે સને ૧૮

(સહી) **અ. બ.**

—∗o∗—

પરીશીષ્ટ ૨ જું.

(૧૦ માં કલમ જુઓ.)

વરે એકરાર કરવો જોઇએ તે કરાર.

હુ **અ બ** હેઠળ લખ્યા પ્રમાણે એકરાર કરૂછુ કે.

૧ હુ પરણ્યા વગરનો હમણાછું.

૨ હુ ક્રીસ્તી અથવા યાહુદી અથવા હીંદુ અથવા મુસલમાની અથવા પારશી અથવા બઉધ અથવા શીક અથવા જઇનિ ધરમનો નથી.

૩ મારી ઉમર પુરા હરાડ વરસની થઈ છે.

૪ એક રકત સબંધની અથવા લગન સબંધની આટલામી પાયરીએ (એટલે પહેડીએ) લગન કરીએ તો હમારૂ લગન. મને જે કાયદો લાગુ છે તે કાયદા પ્રમાણે અથવા **ક. ડ.** ને (વહુને) જે કાયદો લાગુછે તે કાયદા પ્રમાણે અને સને ૧૮૭૨ ના ૩ જા આકટની ૭ કલમની (૪) થી રકમના વિશેશ ઠરાવ પ્રમાણે કાયદા વિરૂધ ગણાય તેટલામી પહેડી એ મહારે મજકુર **ક ડ** ની સાથે સગપણ નથી.

(અને વરની ઉમર પુરેપુરાં એકવીશ વરશની થઈ નહી હોય ત્યારે)

૫ **ક, ડ,** ની સાથે મહારૂ લગન કરવાની મહારા બાપે (અથવા વાલીએ જેમ હોય તેમ લખવું) સમંતી આપી છે અને તે તેણે રદ કરી નથી.

૬ આ એકરારમાં કાંઈ ખોટો મજકુર હશે અને ફલાણો મજકુર ખોટો છે એવું મને માલમ છે અથવા ખોટો છે એવું મને લાગે છે અથવા ખરો છે એવું મને લાગતું નથી તે મજકુર લખીશ તો હુ કેદની સજાને અને દંડને લાયક થઇશ તે વાત હું જાણુછું.

(સહી) **અ બ** (વર)

વહુએ એકરાર કરવો જોઇએ તે કરાર.

હું **ક ડ** હેઠળ લખ્યા પ્રમાણે એકરાર કરૂછુ કે

૧ હું પરણ્યા વગરની હમણાછું

૨ હું ક્રીસ્તી અથવા યાહુદી અથવા હીંદુ અથવા મુશલમાની અથવા પારશી અથવા બઉધ અથવા શીક અથવા જઇનિ ધરમની નથી.

૩ મહારી ઉમર પુરાં ચઉદ વરસની થઈ છે.

૪ એક રક્ત સબંધની અથવા લગન સબંધની આટલામી પાયરીએ (એટલે પહેડીએ) લગન કરીએ તો હમારૂ લગન, મને જે કાયદો લાગુ છે તે કાયદા પ્રમાણે અથવા **અ બને** (વરને) જે કાયદો લાગુછે તે કાયદા પ્રમાણે અને સને ૧૮૭૨ ના ૩ આકટની ૨ જી કલમની (૪) થી રકમના વિશેષ ઠરાવ પ્રમાણે કાયદા વિરૂધ ગણાય તેટલામી પહેડીએ મહારે મજકુર **અ બ** ની સાથે સગપણ નથી.

(અને વહુની ઉમર પુરેપુરાં એકવીશ વરસની થઇ નહી હોય અને તે વિધવા નહી હોય ત્યારે)

૫ **અ બ** ની સાથે મહારૂ લગન કરવાની મહારા બાપ (અથવા વાલી જેમ હોય તેમ લખવું,) મ. ન. એ સમતી આપીછે અને તે તેણે રદ કરી નથી.

૬ આ એકરારમાં કાંઈ ખોટો મજકુર હશે અને ફલાણો મજકુર ખોટોછે એવું મને માલમ છે અથવા ખોટો છે એવું મને લાગેછે અથવા ખરો છે એવું મને લાગતું નથી તે મજકુર લખીશ તો હું કેદની સજાને અને દંડને લાયક થઇશ તે વાત હું જાણું છું.

મજકુર **અ બ** અને **ક ડ** એ હમારી રૂબરૂ સહી કરી છે,

ગ. હ.
ઐ. જે. } ત્રણ સાહેદો.
કે. લ.

(અને વરની અથવા વહુની ઉમર પુરેપુરાં એકવીશ વરસની થઇ નહી હોય અને તે વીધવા નહી હોય ત્યારે)

મજકુર **અ બ** અને **ક ડ** એ મારી રૂબરૂ અને મારી સમતીથી સહી કરીછે

મ ન મજકુર **અ બ** નો (અથવા **ક ડ** નો પ્રસંગ પ્રમાણે જેમ હોય તેમ લખવું) બાપ અથવા વાલી. (મખલાસી) **ઈ ફ**

ડિસ્ત્રીકટના સને ૧૮૭૨ ના **૩ જા** આકટ પ્રમાણે લગનનો રજીસ્ટ્રાર;

તા૰ માહે સને ૧૮

પરીશીસ્ટ ૩ જું.

(૧૩મી કલમ જુઓ)

રજીસ્ટ્રારનું સરટીફીકેટ.

હું **ઈ ફ** સરટીરીકટ લખી આપુશું કે સન ૧૮ ના મહીનાની તારીખે **અ બ** અને **ક ડ** એ બેઉ જણા મારી આગળ હાજર થયાં અને સને ૧૮૭૨ ના ૩ જા આકટમાં ફરમાવ્યા પ્રમાણે તે બેઉ જણામાંથી દરએક જણે મહારી રૂબરૂ અને જે ત્રણ આબરૂદાર શાહેદોએ નીચે શાખ કરી છે તેઓની રૂબરૂ એકરાર કર્યો અને તેઓનુ લગન સદરહુ આકટ પ્રમાણે મહારી રૂબરૂ થયું છે. (સહી) **ઈ ફ**

ડીસ્ત્રીકટનો સને ૧૮૭૨ ના ૩જા
આકટ પ્રમાણે લગનનો રજીસ્ટ્રાર.

(સહી) **અ બ**
" **ક ડ**

ગ. હ.
અઇ. જે } (ત્રણ શાહેદો).
કે. લ.

તારીખ માહે સને ૧૮

પરીશીસ્ટ ૪ થુ.

(૨૦ મી કલમ જુઓ.)

વરે એકરાર કરવો જોઇએ તે એકરાર.

હું **અ બ** હેઠળ લખ્યા પ્રમાણે એકરાર કરૂછું જે,

(જગાનું નામ) માં (તારીખ) તારીખે અથવા તે તારીખને સુમારે મહારૂ લગન **ક ડ** ની સાથે (બે શાહેદો હોય તેઓનાં નામ અહીઆં લખવાં) રૂબરૂ થયું.

૨ મહારૂ લગન મહારી વહુ **ક ડ** ની સાથે થયુ તે વખતે હું પરણેલો નહી હતો.

૩ હું તે વખતે ક્રીસ્તી અથવા યાહુદી અથવા હીંદુ અથવા મુશલમાની અથવા પારસ. અથવા બઉધ અથવા સીક અથવા જઇન ધરમનો નહીં હતો.

૪ ત્યાર પછી મહારૂ બીજુ લગન થયુ નથી.

૫ એક રક્ત સબંધની અથવા લગન સબંધની આટલામી પાયરી (એટલે પહેડીએ) લગન કરીએ તો અમારૂં લગન, મને જે કાયદો લાગુ છે તે કાયદા પ્રમાણે અથવા ક ડ ને (વહુને) જે કાયદો લાગુ છે તે કાયદા પ્રમાણે અને સન ૧૮૭૨ ના ૩ જા આકટની ૨ જી કલમની (૪) થી રકમના વિશેષ ઠરાવ પ્રમાણે કાયદા વીરૂદ્ધ ગણાય તેટલામી પહેડીએ મજકુર ક ડ ની સાથે સગપણ નથી.

(અને વરની ઉમર પુરેપુરાં એકવીશ વરશની તે વખતે થઈ નહી હોય ત્યારે.)

૬ ક ડ ની સાથે મહારૂ લગન કરવાની મારા બાપે (અથવા વાલીએ, જેમ હોય તેમ લખવું) સમતી આપી હતી અને તે તેણે રદ કરી નહી હતી.

૭ આ ઇકિરારમાં કાંઈ ખોટો મજકુર હશે અને ફલાણો મજકુર ખોટો છે એવું મને માલમ છે અથવા ખોટો છે એવુ મને લાગે છે અથવા ખરોછે એવું મને લાગતુ નથી તે મજકુર લખીસ તો હુ કેદની સજાને અને દંડને લાયક થઈશ તે વાત હું જાણુછુ.

(સહી) અ બ (વર)

વહુએ એકરાર કરવો જોઇએ તે એકરાર.

હુ ક ડ હેઠળ લખ્યા પ્રમાણે ઇકિરાર કરૂછુ કે—

૧ (જગાનુ નામ) માં (તારીખ) તારીખે અથવા તે તારીખને સુમારે મારૂ લગ્ન અ બની સાથે (બે શાહેદો હોય તેઓનાં નામ અહીંઆં લખવાં) ની રૂબરૂ થયુ.

૨ મારૂ લગ્ન મારા વર અ બ ની સાથે થયુ તે વખતે હુ પરણેલી નહી હતી.

૩ હુ તે વખતે ક્રીસ્તી અથવા યાહુદી અથવા હીંદુ અથવા મુસલાની અથવા પારસિ અથવા બઉધ અથવા શીક અથવા જઇન ધરમની નહી હતી.

૪ ત્યાર પછી મારૂ બીજુ લગન થયુ નથી.

૫ એક રકત સબંધની અથવા લગન સબંધની આટલામી પાયરીએ (એટલે પહેડીએ) લગન કરીએ તો અમારૂ લગન મને જે કાયદો લાગુ છે તે કાયદા પ્રમાણે અથવા અ બ ને (વરને) જે કાયદો લાગુછે તે કાયદા પ્રમાણે અને સને ૧૮૭૨ ના ૩ જા આકટની ૨ જી કલમની ૪ થી રકમના વિશેસ ઠરાવ પ્રમાણે કાયદા વિરૂદ્ધ ગણાય તેટલામી પહેડીએ મહારે મજકુર અ બ ની સાથે સગપણ નથી.

અને વહુનાં લગ્નની વખતે તેની ઉમર પુરેપુરાં એકવીશ વરશની થઈ નહી હોય આને તે વખતે તે વીધવા નહી હોય ત્યારે.

૬ અ બ ની સાથે મારૂ લગ્ન કરવાની મારા બાપ (અથવા વાલી, જેમ હોય તેમ લખવું) મ ન એ સમંતી આપીછે અને તે તેણે રદ કરી નહી હતી.

૭ આ એકરારમાં કાંઈ ખોટો મજકુર હશે અને ફલાણો મજકુર ખોટોછે એવું મને માલમછે અથવા ખોટોછે એવુ મને લાગેછે અથવા ખરોછે એવુ મને લાગતુ નથી તેમ મજકુર લખીશ તો હુ કેદની સજાને અને દંડને લાયક થઈશ તે વાત હુ જાણુછુ.

મજકુર અ બ અને ક ડ એ હમારી રૂબરૂ સહીકરીછે. ગ. હ. } (બે શાહેદો)
અઇ. જે }

(મખલાસી) ઇ. ફ.

ડીસ્ત્રીકટનો સન ૧૮૭૨ ના ૩ જા આકટ
પ્રમાણે લગનનો રજીસ્ટ્રાર.

[True Translation.]
VENAYAK VASOODEW.
Oriantal Tanslator to Government.

મુંબઈના ગવરનર ઇનકૌન્સીલનો હેઠળ લખેલો આક્ટ સન ૧૮૭૪ ના અકટોબર મહિનાની ૧૬ મી તારીખે ગવરનર સાહેબે મંજુર કર્યો અને સંને ૧૮૭૪ ના ડીસેંબર મહીનાની ૩૧ મી તારીખે ગવરનરજનરલ સાહેબે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છાપીને પ્રસીદ્ધ કર્યોછે.-

સંને ૧૮૭૪ નો મુંબઇનો આક્ટ ૨ જો.

મુંબઈ શેહેરની તથા મુંબઈ ઇલાકાની તુરંગનું નીયમન કરવા બાબત અને ત્યાંહાં બ્યવસ્થા અમલમાં લાવવા બાબતનો આક્ટ.

મુંબઈ શેહેરની તથા મુંબઈ ઇલાકાની તુરંગો સંબંધી કાયદા છે તે સુધારવાની જરૂર થઇછે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

ભાગ ૧ લો.

પ્રથમ નીયમો.

કાયદા રદ કર્યા તે.

૧. સને ૧૮૨૭ ના કાયદો ૩ જો તથા સન ૧૮૬૨ નો મુંબઇનો આક્ટ ૧૦ મો તથા સને ૧૮૬૫ નો મુંબઇનો આક્ટ ૪ થો અને સને ૧૮૬૫ નો મુંબઇનો આક્ટ ૫ મો એ આ કલમ ઉપરથી રદ કર્યાછે.

તુરંગનો ઇન્સ્પેકટર જનરલ.

૨. "તુરંગનો ઇન્સ્પેકટર જનરલ" આ શબ્દનો અર્થ ગવરનર ઇનકૌન્સીલના હુકમને અનુસરીને મુંબઈ ઇલાકાની તુરંગ તપાસી જોવા સારૂ તથા તેની ઉપર દેખરેખ રાખવા સારૂ સને ૧૮૫૬ ના ૮ મા આક્ટની ૨૭ કલમના ઠરાવ પ્રમાણે હરકોઈ માણસને નિમ્યો હોય તે માણસ એવા સમજવો.

સને ૧૮૫૬ નો ૮ મો આક્ટ મુંબઈ શેહેરની તુરંગોને લાગુ.

૩. સને ૧૮૫૬ ના ૮ મા આકટના (મદ્રાસ તથા મુંબઈ ઇલાકાની તુરંગોનો વધારે સારો બંદોબસ્ત કરવા બાબતના આક્ટના) ઠરાવ હૌસ-આફ કરેકસન સુધાં મુંબઈ શેહેરની સઘળી તુરંગોને લાગુછે એવું આ કલમ ઉપરથી ઠરાવ્યું છે અને તે તુરંગની દેખરેખ રાખવાનું કામ તુરંગના ઇન્સ્પેકટર જનરલને આપ્યું છે

શેરીફનો અધીકાર તથા પાત્રતા કાયમ રાખવી.

૪. મુંબઇના શેરીફ અને સુપરિન્ટેન્ડેન્ટ આફ ધિ કામન જેલને સ્વાધીન જે માણસો હાઇકોરટ હુકમનામું બજાવા સારૂ અથવા કોરટનો તિરસ્કાર કર્યા સારૂ અથવા બીજા કારણ સારૂ કરેલા હશે. તે માણસોની ઉપરના તથા તે માણસો બાબતના તેના અધીકારને અથવા પાત્રતાને પાછલી કલમના કોઇપિણ ઠરાવ ઉપરથી હરકત થાયછે અથવા બાધ આવેછે એવું સમજવું.—

અર્થ. | ૫. સઘળી તુરંગના નીર્બંધ રાખવાનો અને તુરંગ તપાસીને જોવા સારૂ તથા તેઓની ઉપર દેખરેખ રાખવા સારૂ માણસો નીમવાનો અને પોતાની યોગ્ય દેખાય તે પ્રમાણે તે કારણસારૂ તેઓને અધિકાર તથા અખત્યાર આપવાનો અધિકાર ગવરનર ઇનકૌન્સીલને સન ૧૮૫૯ના ૮ મા આકટ પ્રમાણેછે તે અધીકારને આ આકટના કોઈપણ ઠરાવ ઉપરથી હરકત થાયછે એવો તે ઠરાવનો અર્થ કરવો નહી.

આકટનું સરૂ થવું, આકટ સરૂ થતી વખતે જે કેદીઓ તુરંગમાં હોય તે કાયદાસર કેદમાંછે એવું સમજવું.

૬. આ આકટ ગવરનર જનરલે મંજુર કર્યાની વાત ગવરનરે પ્રસીદ્ધ કરયા પછી ત્રણ મહીને આ આકટ અમલમાં આવશે અને આ આકટ અમલમાં આવતી વખતે જે કેદીઓ તુરંગમાં હશે તેઓની સીક્ષાના ઠરાવની મુદત પુરી થાય ત્યાંહાં સુધી તેઓ તેઓને ગમે તે સીક્ષા કરવાનો ઠરાવ થયો હોય તોવપણ કાયદાસર કેદમાંછે એવું આકટમાં ગમે તે ઠરાવ હોય તોપણ હેઠળ લખેલે પ્રસંગે સમજવું એટલે હમણાં રદ કરેલા કોઈપણ આકટ પ્રમાણે તે કેદ ગેરકાયદાસર ન હોય તો સમજવું.

ભાગ ૨ જો.

તુરંગનો પ્રકાર.

દિવાની તથા ફોજદારી તુરંગ સ્થાપવાબાબત.

૭. જે તારીખે આ આકટ અમલમાં આવશે તે તારીખથી મુંબઈ શહેરમાં તથા એડન તથા સિંધ પ્રાંત મળીને મુંબાઈ ઇલાકા બે પ્રકારની તુરંગ સ્થાપવી.

(૧) દિવાની તુરંગમાં કેદમાં અથવા અટકાવમાં રાખવા સારૂ મોકલેલા માણસોને કેદમાં રાખવાની અથવા કેદમાં અથવા અટકાવમાં રાખવા સારૂ મોકલેલાં માણસોને દિવાની તુરંગમાં રાખવા એવું જે પ્રસંગે કાયદામાં ફરમાવ્યુ હશે તેવે પ્રસંગે હરકોઈ દિવાની કોરટના પ્રોસેસ ઉપરથી અથવા હરકોઈ બીજી કોરટના હુકમ ઉપરથી માણસોને કેદમાં રાખવાની દીવાની તુરંગ.

(૨) હીંદુસ્થાનનો ફોજદારી કાયદો એ નામનો સન ૧૮૬૦ નો ૪૫ નો આકટ છે તેની ૫૩ મી કલમ પ્રમાણે શિક્ષા અમલમાં લાવવાની અને દિવાની તુરંગમાં માણસોને કેદમાં રાખવા જોઇએ એવું જે પ્રસંગે કાયદામાં ખસુસ ફરમાવ્યું નહી હોય તેવે સઘળે પ્રસંગે ફોજદારી હકુમતવાળી હરકોઈ કોરટ અટકાવમાં અથવા કેદમાં રાખવા સારૂ મોકલેલાં માણસોને કેદમાં રાખવાની ફોજદારી તુરંગ.

ભાગ ૩ જો.

દિવાની તુરંગ.

લાગ થવાની મર્યાદા ઠરાવવા બાબત.

૮. આ ભાગના ઠરાવ મુંબઈ શહેરમાં સ્થાપેલી દિવાની તુરંગને લાગુ નથી.

જે ઠેકાણે ડિસ્ટ્રિકટ કોર્ટ હોય તે ઠેકાણે દીવાની તુરંગ જોઇએ, અને જોઇએ તો બીજે ઠેકાણે સ્થાપવાનો અધીકાર છે.

૯. સંને ૧૮૬૬ ના ૧૪ મા આક્ટની ૩ જી કલમ પ્રમાણે કરેલી દરએક ડીસ્ત્રીકટ સારૂ દીવાંની તુરંગ ડીસ્ત્રીકટ કોર્ટ જે ઠેકાણે હોય તે ઠેકાણે જોઇએ પણ એવું ઠરાવ્યુંછે કે બીજી વગપડતી જગાએ દીવાની તુરંગ સ્થાપવાનો અધીકાર ગવરનર ઇનકૌન્સિલને છે.

ડીસ્ત્રીકટ કોર્ટનો નાજર દીવાની તુરંગનો કીપર થશે અને તેના હાથ હેઠળ એસ્ટાબ્લીસમેંન્ટ રહેશે.

૧૦. ડીસ્ત્રીકટ કોર્ટનો અથવા દીવાંની તુરંગ જે જગાએ હશે તે જગાની મુખ્ય દીવાંની કોર્ટનો નાજર પોતાના હુદ્દાના સબબથી તે દીવાંની તુરંગનો કીપરછે એવું સમજવું અને કેદીઓને સંભારી રાખવાની અને તુરંગ તથા કેદી સ્વચ્છ તથા બ્યવસ્થાથી રાખવાની જવાબદારી તેને માથે રહેશે અને ગવરનર ઇન કૌન્સિલની મંજુરીથી ડીસ્ત્રીકટ જડજ ફરમાવશે તેટલું એસ્ટાબ્લિસમેંન્ટ (કામ કરનારા માણસો) તેના હેઠળ રહેશે.

ડીસ્ત્રીકટ જડજે દીવાની તુરંગ જોવાને જયાં કરવું.

૧૧. જે ડીસ્ત્રીકટમાં દીવાની તુરંગ હોય તે ડીસ્ત્રીકટના જડજે અથવા આસીસ્ટંટ જડજે મહીનામાં નદાંન એકવાર તે દીવાની તુરંગ જોવા સારૂ જવું અને તુરંગની બ્યવસ્થા બાબત અને કેદીઓના સારા બંદોબસ્ત બાબત તથા તેઓની આરોગ્યતા બાબત અને તેઓની જગાની સગવડ બાબત પોતાને યોગ્ય દેખાય તેવો લખેલો હુકમ કરવો. પોતે જે તારીખે તુરંગ જોવા ગયા હોય તે તારીખ તથા પોતાને જે અભીપ્રાય લખવો હોય તે લખી રાખવા સારૂ એક બુક રાખી હશે તેમાં લખી રાખવો.

વૈદકીય અમલદારે એ તુરંગમાં જયાં કરવું સરકારના ખરચે ઓસડપાણી કરવું.

૧૨. ગવરનર ઇનકૌન્સીલ એક વૈદકીય અમલદાર નીમશે તેને દીવાની તુરંગમાં જયાં કરવું અને કેદીઓની આરોગ્યતા સારૂ તુરંગની સ્થિતી કેવી જોઇએ તે બાબત પોતાને યોગ્ય દેખાય તે સલાહ ડીસ્ત્રીકટ જડજને અથવા જે બીજા અમલદારને સ્વાધીન દીવાની તુરંગ હોય તે અમલદારને તેણે આપવી જોઇએ જે માંદા હોય તેઓને તેણે સરકારના ખરચે ઓસડ પાણી પણ કરવું પણ એવું ઠરાવ્યું છે કે પોતાને યોગ્ય દેખાય તેવા કોઈ પણ વૈદની પોતાને ખરચે સલાહ લેવાની મનાઈ દીવાની તુરંગના કેદીઓને આ કલમના કોઈ પણ ઠરાવ ઉપરથી છે એવું સમજવું નહીં.

બાહારનાં માણસોને દીવાની તુરંગમાં આવવા દેવા.

૧૩. કેદીઓને મળવાની જે માણસોની ઇચ્છા હોય તે માણસોને આવવા દેવા સારૂ સવારના ૯ વાગ્યાથી બાર ઉપર ત્રણ વાગતા સુધી દરરોજ દીવાની તુરંગ ઉઘાડવી અને ડીસ્ત્રીકટ જડજની અથવા આસીસ્ટંટ જડજની પરવાંનગી વગર અથવા વૈદકીય અમલદારની સીફારસ ઉપરથી જે નાજરને સ્વાધીન તુરંગ હોય તે નાજરે પરવાંનગી આપ્યા વગર કોઈ બાહારના માણસને દીવાંની તુરંગમાં સદરહુ કલાક સુધી રહેવા દેવું નહીં.

દીવાની તુરંગના કેદીઓનો ખાવા પીવા બાબત.

૧૪. રકમ ૧ દીવાની તુરંગ માંહેના કેદીઓએ પોતાના ખાવા પીવાનો બંદોબસ્ત જોઇએ તો પોતપોતે કરવો અથવા જે કોરટે તેઓને તુરંગમાં મોકલ્યા હોય તે કોરટે ભાથુ ઠરાવ્યું હોય તેમાંથી ખાવાનું તથા બીજી જરૂરની જણશો જે પક્ષકારની ફરીઆદી ઉપરથી તેઓને તુરંગમાં રાખ્યા હોય તે પક્ષકારે ભાથાના પઇશા આપ્યા હોય તેટલે સુધી આપવાનું નાજરને કહેવું પણ એવું ઠરાવ્યું છે કે કેફીદારૂ અથવા વસાંણાં ઘણાં ખાવાની સખત મના જોઇએ. દર મહીનાની પહેલી તારીખે ડીસ્ત્રીકટ જડજે મંજુર કરેલી નીરખની યાદી દરેક દીવાના તુરંગમાં રાખવી જોઇએ અને તે સઘળા કેદીઓને જોવાને મળવી જોઇએ.

રકમ ૨જી. પુરતાં કપડાં તથા બીછાંના પોતાને પુરાં પાડવાનું સામર્થ્ય જે જે દીવાની કેદીઓને ના હોય તેને આ આકટની ૧૧મી કલમના ઠરાવ પ્રમાણે જે કપડાં તથા બીછાનાં આપવાનો જડજ અથવા આસીસ્ટંટ જડજ હુકમ કરે તે કપડાં તથા બીછાંનાં નાજરે પુરાં પાડવાં.—

સદરહુ પ્રકારના હરકોઈ કેદીને કોઈ માણસની તરફથી થએલું હુકમનામું બજાવવા સારૂ તુરંગમાં મોકલ્યો હશે તારે તે કેદીને સદરહુ પ્રમાણે પુરાં પાડેલા કપડાં બાબત તથા બીછાના બાબત થએલો ખર્ચ નાજરે લખીને માગ્યો એટલે તે આપવાને તે માણસ અથવા તેના વારસ વકીલ પાત્ર થશે અને તે ખર્ચ આપવામાં ના આવ્યો તો કેદીને છોડી મુકવો.

દીવાની તુરંગમાં કેદી મરણ પામે તો તેનાં મડદાંની વ્યવસ્થા.

૧૫. કોઈ કેદી દીવાની તુરંગમાં મરણ પામે તે તેનાં મર્ણ બાબત નાજરે છેક નજીકના માજીસ્ત્રેટને તાબડતોબ રીપોટ કરવો પછી તે માજીસ્ત્રેટે મરણના કારણની ચોકસી કરીને તુરંગના ઇનસપેકટર જનરલને તે બાબત લખેલો રીપોટ કરવો અને તે મર્ણ પામ્યા બાબતનો દાખલો આ આકટની ૧૨ મી કલમ પ્રમાણે નીમેલો વૈદકીય અમલદાર આપે તાર પછી તેનું મડદું તેના સગાવાલાને સ્વાધીન કરવું અથવા તે મડદું તેઓ ના લેઇ જાય તો આ આકટમાં આગળ ઠરાવ્યા પ્રમાણે સીવલજેલ ફંડમાંથી દીવાંની તુરંગના ફંડમાંથી ખર્ચ કરીને તે મડદું દાટવું અથવા બાળવું અથવા તેની બીજી વ્યવસ્થા કરવી.

કેદી મરતી વખતે અથવા તેને છોડી દેતી વખતે ભાથાના પઇસા બાકી રહ્યા હોય તેની વ્યવસ્થા.

૧૬. કેદી મરતી વખતે અથવા તેને છોડી દેતી વખતે ભાથાના પઇશા બાકી રહ્યા હોય તે સીવીલજેલ ફંડ એ નામના ફંડ ખાતે જમે કરવા અને તે ફંડમાંથી ખરચ કરીને જે કેદીઓનાં મડદાં દાટવાના અથવા બાળવાનાં અથવા તેની બીજી વ્યવસ્થા કરવાની હોય એવાં મડદાં દાટવાનો અથવા બાળવાનો અથવા તેની બીજી વ્યવસ્થા કરવાનો ખર્ચ તેમાંથી કરવો અને કેદીઓ આજારી હોય તેઓને સુખ થવાસારૂ જે ખચ કરવો પડ્યો એ ખર્ચ કરવો અને દિવાંની તુરંગ યથાસ્થીતી રાખવા સારૂ સાધારણ રીતે જે કારણ સારૂ જે ખર્ચ કરવાનો ગવરનર ઇનકૌન્સીલ અધીકાર આપશે તે કારણ સારૂ તે ખર્ચ કરવો.

ભાગ ૪ થો.

ફોજદારી તુરંગ અને તેમાં કેદ કરવાના કેદીઓનો પ્રકાર તથા વર્ગ.

ફોજદારી તુરંગ ત્રણ પ્રકારની જોઈએ.

૧૭. ફોજદારી તુરંગ ત્રણ પ્રકાની જોઈએ.

(૧) સબાર્ડિનેટ (તાબા માંહેની.)

(૨) દીસ્ત્રીકટ અને.

(૩) સેંટ્રલ (મધ્યસ્થાનની.)

સબાર્ડિનેટ જેલ.

૧૮. સબાર્ડિનેટ જેલ જરૂર પડે તે પ્રમાણે ગવરનર ઈનકૌન્સીલના હુકમ ઉપરથી મુલકના હરકોઈ ભાગમાં સ્થાપવાનો અધીકારછે અને કારણ હોય તે પ્રમાણે તેજ વખતે વખતે કાડી નાખવાનો અથવા બીજી જગોએ લેઈ જવાનો પણ અધીકારછે.

ડીસ્ત્રીકટ જેલ.

૧૯. શેસન જડજના કોરટ જે ઠેકાંણે હોય તે ઠેકાંણે ડીસ્ત્રીકટ જેલ સ્થાપવી અને ડીટાચ સ્ટેશનના આસીસ્ટંટ શેસન જડજની કોરટ જે ઠેકાણે હોય તે ઠેકાંણે તથા ગવરનર ઈનકાઊંનસીલ જે બીજે ઠેકાણે સ્થાપવા બાબત વખતે વખતે ફરમાવે તે ઠેકાણે સ્થાપવાનો અધીકાર છે.

સ્ટ્રૅલ જેલ.

૨૦ ગવરનર ઈનકાઊન્સીલને યોગ્ય જણાય તેવે હરકોઈ ઠેકાંણે સ્ટ્રાલ જેલ સ્થાપવાનો અધીકાર છે અને ગવરનર ઇનકાઊન્સીલ સામાન્ય નીયમ વખતે વખતે કરે તે નીયમ પ્રમાણે કેદીઓની તે તુરંગમાં મોકલવા.

ડીસ્ત્રીકટ જેલમાં તથા સબોર્ડિનેટ જેલમાં કીયા માણસોને કેદ રાખવા.

૨૧. રકમ ૧. ગુનેહગાર ઠરાવેલા જે માણસોને સખત મજુરી સાથેની કેદ જેની મુદત ઘણામાં ઘણા ચૌદ દીવસની હોય તે કેદમાં અથવા આસન કેદમાં રાખવા બાબત ફોજદારી કોરટે ઠરાવ કર્યો હોય તે સઘળા માણસોને પોતપોતાની સીક્ષા ભોગવવા સારૂ ડીસ્ત્રીકટ જેલ અથવા તેજ ડીસ્ત્રીકટની સબોર્ડિનેટ જેલ આ બેમાંથી જે તુરંગ જે જગાએ ગુનેહગાર ઠરાવેલા માણસની ઉપર સીક્ષાનો ઠરાવ થયો હશે તે જગાની વધારે પાસે અથવા વધારે સુગમ હોય તે તુરંગમાં મોકલવો પણ સરકારી ગેજીટમાં હુકમ પ્રસીધ કરીને હેઠળ લખ્યા પ્રમાણે ફરમાવાનો અધીકાર ગવરનર ઇનકાઊન્સીલનેછે એટલે જે ગુનેહગાર ઠરાવેલા માણસોને ઘણામાં ઘણા ત્રણ મહીનાની મુદત સુધી સખત મજુરી સાથેની કેદમાં રાખવાનો ઠરાવ થયો હશે તેઓને તેઓના શીક્ષા ભોગવવા સારૂ મોકલવા તે તે કામને લાયક જે સબોર્ડિનેટ જેલ સદરહુ હુકમમાં લખી હશે તે સબોરડીનેટ જેલમાં જોઈએ તો મોકલવા એવું ફરમાવાનો અધીકાર છે.

રકમ ૨ જી. શેશન કોરટની આગળ ઇનસાફ થાય ત્યાં સુધી જે માણસોની દરમીયાન અટકાવવામાં રાખવા સારૂ ફોજદારી કોરટે મોકલ્યા હશે તે સઘળા માણસોને ડીસ્ત્રીકટ જેલ અથવા તે ડીસ્ત્રીકટની સબોરડીનેટ જેલ આ બેમાંથી જે તુરંગ જે ઠેકાણે શેસન કોરટ ભરાતી હોય તેની વધારે નજીક હશે તે તુરંગમાં મોકલવા.

ગુનેહગાર ઠરાવેલા માણસોને ક્યાં કેદમાં રાખવા.

૨૨. ગુનેહગાર ઠરાવેલા જે માણસો બાબત શેસનકોર્ટે સીક્ષાના ઠરાવ કરયા હોય તે સઘળા માણસોને અને જે બીજા માણસોને સબઓર્ડિનેટ જેલમાં કેદ રાખવા બાબત ખસુસ હુકમ કરયો નહી હોય અથવા ઊપરની છેલી કલમ પ્રમાણે જરૂર નહી હોય તે સઘળા બીજા માણસોને ડીસ્ત્રીકટ જેલમાં કેદ રાખવા. કેદીઓને એક તુરંગમાંથી બીજી તુરંગમાં મોકલવા બાબતનો હુકમ કરવાનો જે અધીકાર સ્થાનીક સરકારને છે તે અધીકારને અથવા તે અધીકાર તુરંગના ઇનસપેકટર જનરલને સરકારે ખસુસ આપ્યો હોય તો તે અધીકારને આ કલમના હરકોઈ ઠરાવ ઉપરથી હરકત થાયછે અથવા સેંટ્રાલ જેલ તથા ડીસ્ત્રીકટ જેલ એકઠી કરીને એકજ જેલ કરવાને આ કલમના હરકોઈ ઠરાવથી મનાછે એવું સમજવું નહી.

ફોજદારી તુરંગના કેદીઓને ખાવાનું આપવા બાબત.

૨૩. ફોજદારી તુરંગમાં રાખેલા સઘળા કેદીઓને સરકારને ખરચ ખાવાનું આપવું, અને તેઓને ખાવાનું આપવું તેનું પ્રમાણ તુરંગના ઇનસપેકટર જનરલે સરકારના હુકમ પ્રમાણે ઠરાવવું અને ખાવાનું આપવું તે હમેશાં અનાજીનસી આપવું રોકડ આપવું નહી.

જે લુગડાં વીગેરેની જરૂર હોય તે સરકાર ખર્ચે આપવાં.

૨૪. ફોજદારી તુરંગ માહેના કેદીઓને જે લુગડાંના તથા બીછાંનાની તથા બીજા ઘરકામના સાંમનની જરૂર હોય તે તુરંગના સુપ્રીટેન્ડેન્ટે તુરંગના ઇનસપેકટર જનરલના કેવા પ્રમાણે સરકારને ખર્ચે આપવા.

કેદીઓના વર્ગ.

૨૫. પુરશ જાતના કેદીઓને સ્ત્રી જાતના કેદીઓથી હમેશાં અને સઘળી તુરંગમાં જુદા રાખવા અને સીક્ષા ભોગવવા સારૂ જે કેદીઓને તુરંગમાં મોકલ્યા હોય તેઓને દરમ્યાંન અટકાવમાં રાખવા સારૂ મોકલેલા માણસોથી જુદા રાખવા. માંદાં કેદીઓને જેલ હાસ્પીટલ (તુરંગનું દવાખાનું) હોય તો તેમાં હમેશાં મોકલવા અને આસ્પીટલમાં મોકલેલા કેદીઓને તુરંગમાં મામુલ કેદમાં પાછા લેઈ જવા એવું સર્જન (વૈદ) કહે ત્યાં સુધી તેઓને ત્યાંહાં રાખવા અને કેદીઓના બીજા પેટાના વર્ગ કરવા બાબત તુરંગના સુપરીન્ટેન્ડેન્ટના હુકમ પોતાના ઉપર આવે તે પ્રમાણે જેલરે કરવું પણ એવું ઠરાવ્યુંછે કે આ આકટના હેતુને અનુસરીને કેદીઓનું ધર્મ બાબત જે મત હોય તે ઉપર યોગ્ય રીતે ધ્યાંન આપવાં.—

કેદીઓને બેડી ક્યારે ઘાલવી.

૨૬. જે કેદીઓને સખત મજુરીની અથવા સખત કેદની અથવા કાળે પાણીએ મોકલવાની અથવા સાસનીક દાસત્વની અથવા મરણની સીક્ષા ઠરાવી હોય તેઓને તુરંગના સુપ્રીટેન્ડેન્ટની નજરમાં આવે તે પ્રમાણે બેડી ઘાલવી અથવા તેઓના હાથમાં બેડી ઘાલવી અથવા તેઓને હેડમાં નાંખવા અને બંદોબસ્ત રાખવાસારૂ તથા કેદીને નાહાસી નહી જવા દેવા સારૂ જરૂર તરીકે માત્ર આ અટકાવના ઉપાય કરવાના છે અને સીક્ષાના ભાગ તરીકે કરવાના નથી. એમ સમજવું જરૂર હોય ત્યારે અટકાવના સદરહું ઉપાય બીજા કેદીઓ વીશે પણ કરવાનો અધીકાર છે.

ભાગ ૫ મો.

ફોજદારી તુરંગના સુપરિન્ટેન્ડેંટ તથા તેઓનાં કર્ત્તવ્ય કર્મો.

ફોજદારી તુરંગ સુપ્રીટિન્ડેન્ટના તાબામાં રહેશે અને તેના તાબામાં જેલર રહેશે.

૨૭. આ આકટમાં આગળ કહેલા ઠરાવને અનુસરીને દરએક ફોજદારી તુરંગનો બંદોબસ્ત તથા દેખરેખ ગવરનર ઇનકાઊન્સીલના હુકમથી નીમેલાં માણસે રાખવી તે માણસને તુરંગનો સુપ્રીટિન્ડેન્ટ કહેવો અને જ્યાંહાં જેલરને નીમ્યો હશે ત્યાંહાં તે જેલરે સુપ્રીન્ટેન્ડેન્ટના તાબામાં રહેવું. કેટલીએક તુરંગમાં જેલરનો હોદો જે માણસને સુપ્રીન્ટેન્ડેન્ટ નીમ્યો હોય તેણે ધારણ કરવો એવો ઠરાવ કરવાનો અધીકાર ગવરનર ઇનકાઊન્સીલને છે.

સુપ્રીન્ટેન્ડેન્ટનાં કર્તવ્ય કર્મો.

૨૮. તુરંગના ઇનસપેકટર જનરલના હુકમને અનુસરીને સુપ્રીન્ટેન્ડેન્ટે વ્યવસ્થા તથા મંજુરી તથા ખરચ તથા સીક્ષા તથા નીબંધ એ સંબંધી સઘળી વાત બાબત તુરંગનો બંદોબસ્ત રાખવો.

તુરંગ સંબંધી સઘળી વાત બાબત ઇનસપેકટર જનરલની સાથે તથા તેની મારફતે પત્ર વહેવાર કરવો.

તુરંગના ખર્ચનાં સઘળાં બીલો યોગ્ય વૌચરો સુધાં આડિટ સારૂ ઇન્સપેકટર જનરલની પાસે મોકલવાં.

કેદીનું નાહસવું તથા તેઓને પાછા પકડવા એ વાત જ્યારે જ્યારે બને ત્યારે ત્યારે તે સઘળી બાબત તથા સ્પર્શથી લાગે તેવા રોજ જ્યારે જ્યારે થાય ત્યારે ત્યારે તે સઘળાં બાબતે ઇન્સપેકટર જનરલને રીપોટ કરવો.

જે કેદીઓને કાળે પાણીયે મોકલવાનો ઠરાવ થયો હશે તે સઘળા કેદીઓનાં પત્રકો ઇન્સપેકટર જનરલે મોકલવાં.

પોતાને સ્વાધીન સરકારી માલ હોય તે સઘળો મુદતે મુદતે તપાસી જોઈ તે બાબત ઇન્સપેકટર જનરલને રીપોરટ કરવો અને પોતે શી રીતે કામ ચલાવવું એ બાબત પર મી કલમ પ્રમાણે કાનુન કરી હોય તે સઘળી કાનુન પ્રમાણે સઘળી રીતે ચાલવું.

જે કેદીઓ વીશે સીક્ષાના ઠરાવ થયા હશે અથવા જે કેદીઓને તુરંગમાં દરમીઆંન અટકાવમાં રાખવા સારૂ મોકલ્યા હશે તે કેદીઓએ સરકારના નામના કરેલી સઘળી અરજીઓ સુપ્રીન્ટેન્ડેન્ટે વાર ના લગાડતાં સરકારમાં મોકલવી.

ભાગ ૬ ઠો.

જેલર તથા તેઓનાં કર્ત્તવ્ય કર્મો.

જેલરની નીમણુંક.

૨૯. આ આકટમાં પાછળ જે ઠરાવ કર્યોછે તે સીવાય ડીસ્ત્રીકટ તથા સેંટરલ તથા સબારડિનેંટ જેલના જેલરની નીમણુક તુરંગના ઇનસપેકટર જનરલે કરવી પણ એવું ઠરાવ્યું છે કે ફલાંણા ફલાંણા ઓફીસર પોતાના હોદાના સબબથી સબાર્ડિનેટ જેલના અથવા મુંબઇ શેહેરની તુરંગના સુપ્રીન્ટેન્ડેન્ટ અથવા

જેલરછે એવું સરકારી ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસીધ કરીને ઠરાવવાનો અધીકાર ગવરનર ઇનકાઉન્સીલને છે.

કેદીઓને સંભાળીને રાખવાને અને વારંટ યોગ્ય રીતે બજાવવાને જેલર જવાબદાર છે.

૩૦. કેદીઓ તુરંગમાં આવે ત્યારથી તે તેઓ કાયદાસર આધારથી છુટે ત્યાં સુધી તેઓને સંભાળીને રાખવા વીશે અને કેદીઓ બાબતનાં તથા તેઓની સીક્ષા બાબતનાં સઘળાં વારંટ તથા હુકમ યોગ્ય રીતે બજાવવા વીશે અને તુરંગમાં બંદોબસ્ત રાખવા વીશે જેલર જવાબદાર છે.

જેલરે વારંટ વગર કેદીને લેવો નહી.

૩૧. તુરંગમાં અથવા અટકાવવામાં મોકલવાનો અધીકાર જે કોર્ટને અથવા અમલદારને હોય તે કોરટનાં અથવા અમલદારનાં વારંટ વગર અથવા કોરટ માર્સલે કેદીને સીક્ષા કરવાનો ઠરાવ કર્યો હોય ત્યારે જે મ્યુટીનીનો આક્ટ અથવા હીંદુસ્તાનની લશ્કરી આઇન અમલમાં હોય તેમાં કહ્યા પ્રમાણે સીક્ષા ઠરાવાની અથવા હુકમની સહીવાળી નકલ વગર અથવા કેદી તે એક તુરંગમાંથી બીજી તુરંગમાં મોકલવાનો અધીકાર જે કોરટને અથવા અમલદારને હોય તે કોરટનાં અથવા અમલદારનાં વારંટ વગર કોઈ કેદીને જેલરે કેદમાં લેવો નહી.

કેદીનાં લુગડાં તથા માલ જેલરે સ્વાધીન લેવા કેદીને તુરંગમાં લીધા પછી તેના કબજામાં માલ જડે તેની વ્યવસ્થા.

૩૨. ફોજદારી કેદીને તુરંગમાં લેતી વખતે જે લુગડાં તથા બીજો માલ તથા પઇશા તેની સાથે આપ્યા હોય અથવા તેનાં શરીર ઉપર જડે તે સરવે જેલરે પોતાને સ્વાધીન લેવાં અને તે સંભાળીને રાખવા બાબત અથવા તેની વ્યવસ્થા કરવા બાબત તુરંગના ઇન્સપેક્ટર જનરેલ સરકારની મંજુરીથી જે કાંનુંન કરે તે કાનુન પ્રમાણે જેલરે તે રાખવા અને કેદી છુટે ત્યાહાં સુધી તેનો દાવો તેના ઉપર ચાલશે નહી કેદી સીક્ષા ભોગવતો હોય ત્યારે તે મરણ પામે તો તે માલ લેવા સારૂ તેણે જે માણસને નીમ્યું હોય તેને સ્વાધીન તે માલ કરવો અને તેવી નીમણુક કરી નહી હોય તો માલ સ્વાધીન લેવાના અધીકારવાળો અથવા રાજી હોય તેવો વારસ અથવા એક સીક્યુટર (મ્રત્યુપત્ર ચલાવનારો નહી હોય તો ઇસવી સને ૧૮૨૭ ના ૮ મા કાયદાના બીજા બાબ પ્રમાણે જેમ માલ દિવાંની કોરટને સ્વાધીન કરેછે તેમ તે માલ દિવાંની કોરટને સ્વાધીન કરવો પણ એવું ઠરાવ્યું છે કે ફોજદારી કેદીને તુરંગમાં લીધા પછી આગળ જતાં કોઇ વખતે કાંઈ માલ અથવા પઇશા તેના કબજામાંથી જડશે તો તે સરકાર દાખલ થશે.

ભાગ ૭ મો.

વૈદકીય અમલદાર.

માંદા કેદીઓને ઓસડ પાંણી કરવા બાબત.

૩૩. ડીસ્ત્રીક્ટ તથા સેંટ્રલ જેલને પ્રસંગે ગવરનર ઇનકાઉન્સીલે નીમેલા વૈદકીય અમલદારે દરરોજ તુરંગમાં જઇને માંદાં માણસોને ઓસડ પાંણી કરવું અને જેઓને જેલ આસ્પીટાલમાં મોકલવાનું પોતાને યોગ્ય દેખાય તેઓને ત્યાંહાં મોકલવા બાબત હુકમ કરવો અને જે કેદી જુદો અથવા

એકાંત કેદમાં હોય તેઓને પણ દરરોજ જઇને જોવા આ આક્ટની ૨૭ મી કલમ પ્રમાણે સાવીલસર્જનને તુરંગનો સુપ્રીટેન્ડેન્ટ નીમ્યો હોય ત્યારે તેને વૈદકીય અમલદાર દાખલ તુરંગમાં જઇને માંદાં માણસોને ઓસડ પાંણી કરવું.

ભાગ ૮ મો.

તુરંગમાંના ગુન્હા.

તુરંગમાના ગુન્હાની ઠવાદી.

૩૪. હેઠળ લખેલા કૃત્ય તુરંગની વ્યવસ્થાની વીરૂધ ગુન્હા છે એવું ઠરાવ્યુ છે.

(૧) કોઈ કેદીએ તુરંગના કાયદા પ્રમાણે જાણી જોઇને ના ચાલવું.

(૨) કોઈ કેદીએ હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.

(૩) કોઈ કેદીએ કોઈ અમલદારને અથવા કેદીને તીરસ્કાર ભરેલું અથવા ધમકીનું ભાષણ કહેવું.

(૪) કોઈ કેદીએ નીર્લજ અથવા દંડાઇની ચાલ ચલાવવી.

(૫) મજુરી ના કરી શકાય એવી રીતે જાણી જોઇને પોતાને અપંગ કરવો.

(૬) કામ કરવાની દુરાગ્રહથી ના કેવી.

(૭) બેડી અથવા સળિયા કાનસથી કાનસવા અથવા કાપવા.

(૮) જે ફોજદારી કેદી ઉપર ગુન્હાની સાબેતી થઈ હોય તે કામ ઉપર હોય ત્યારે તેણે આળસ અથવા ગફલત કરવી.

(૯) જે ફોજદારી કેદી ઉપર ગુન્હાની સાબેતી થઈ હોય તેણે કામની જાણી જોઇને અવ્યવસ્થા કરવી.

(૧૦) તુરંગના માલનું જાણી જોઇને નુકશાન કરવું.

(૧૧) નાહાસી જવા બાબત અથવા નાહાસી જવામાં મદત કરવા બાબત અથવા ઉપર કહેલા ગુન્હા પૈકી બીજા કોઈ ગુન્હા કરવા બાબત મસલત કરવી.

(૧૨) માંદગીનો ઢોંગ કરવો.

તુરંગની વ્યવસ્થા તોડવા બાબત શીક્ષા.

૩૫. ઉપરની છેલી કલમમાં કહેલા ગુન્હામાંનો કોઇ પણ ગુન્હો કેદી કરયાનો રીપોરટ જેલરે કરયા પછી અને તે વાત બાબત પોતાની ખાત્રી થયા પછી અથવા પાછલી કલમમાં કહેલા પ્રકારની હરકંઈ ઘેર ચાલ પોતાની રૂબરૂ કરવામાં આવે અથવા બનાવવામાં આવે ત્યારે તે ઘેર ચાલ બાબત અથવા વ્યવસ્થા તોડવા બાબત હેઠળ લખેલી શીક્ષા આ આક્ટની ૫૨ મી કલમ પ્રમાણે કરેલી કાંનુનને અનુસરીને કરવાનો અધીકાર તુરંગના સુપ્રીટેન્ડેન્ટને છે.

(૧) ઘણાંમાં ઘણાં સાત દિવસ સુધી એકાંત કેદ.

(૨) ઘણામાં ઘણાં બાર કલાક સુધી હેડમાં નાખવું.

(૩) સાસનીક અન્ન.

(૪) ઘણામાં ઘણાં $\frac{1}{2}$ ઇંચ જાડાઇની નેતર વતે ઘણામાં ઘણાં પચ્ચીશ ફટકા સુધીની શરીર શીક્ષા.

પણ એવું ઠરાવ્યું છે કે પુરૂષ જાતના કેદીને શરીર શીક્ષા કરવી તે કેદીની એકંદર તબીયતને ધોકો લાગ્યા વગર તે શીક્ષા ખમી શકશે એવું તુરંગના વૈદકીય અમલદારે કહ્યા વગર કરવી નહી અને શીક્ષા કોઇપણ સબાર્ડિનેટ જેલમાં કરવી નહી અને કોઈ પણ સેંટ્રલ અથવા ડીસ્ટ્રીક્ટ જેલમાં શરીર શીક્ષા કરવી તે તુરંગના સુપ્રીન્ટેન્ડેન્ટ તથા ૩૩ મી કલમ પ્રમાણે સુપ્રીન્ટેન્ડેન્ટ વૈદકીય અમલદાર હાજર હોયા વગર અથવા ગેરહાજર હોય તો તાબામાંનો વૈદકીય અમલદાર હાજર હોયા વગર કરવી નહી અને સ્ત્રી જાતના કોઇપણ કેદીને શરીર શીક્ષા કોઈ પ્રસંગે કરવી નહી પણ એવું ઠરાવ્યું છે કે શીક્ષા દાખલ સાસનીક અંજ આપવાનો ઠરાવ કરયો હોય ત્યારે તે જથુ ૯૬ કલાકથી વધારે વખત સુધી આ-પવું નહી અને એકજ કેદીને સાત દિવશ ગયા વગર પાછું આપવું નહી.

પનીસમેન્ટ બુક રાખવી.

૩૬. તુરંગના સુપ્રીન્ટેન્ડેન્ટે પનીસમેન્ટ બુક એટલે શીક્ષાની બુક એ નામની એક બુક રાખવી તે બુકમાં કેદીનું નામ તથા તેણે તુરંગની વ્યવસ્થા વીરૂધ કાંઈ ચાલ ચાલવી તે તથા તે ચલાવ્યાની તારીખ તથા તે બાબત જે શીક્ષા કરી હોય તે તથા તે શીક્ષા શરીરે શીક્ષા હોય તો તે કર્યાની તારીખ અને પુરાવા ઉપરથી તે ગુન્હો સાબીત થયોછે એવું દેખાતું હશે તે પુરાવાનો સારાંસ લખવો.

ભાગ ૯ મો.

તુરંગ સંબંધી ગુન્હા.

દારૂ અથવા તમાકુ અથવા વસાંણાં તુરંગમાં લેઇ જવા.

૩૭. જે કોઈ તુરંગના નીયમ વીરૂધ હરેક જાતનો ગાળેલો દારૂ અથવા ફરમેંટેડ (ગાળ્યા વગર તૈયાર થાયછે તે) દારૂ અથવા તમાકુ અથવા કેફ આંણનારો અથવા ઝેરી વસાંણાં તુરંગમાં લાવશે અથવા નાંખશે અથવા હરકોઇ કેદીને આપવાનો અથવા તુરંગમાં લાવવાનો હરએક ઉપાયથી યત્ન કરશે તે.

અને તુરંગનો જે જે અમલદાર જાણી જોઇને સદરહું પ્રકારનો કોઇપણ દારૂ અથવા તમાકુ અથવા વસાંણાં સદરહું પ્રકારના નીયમ વીરૂધ તુરંગ વેચવા દેશે અથવા તેનો ઉ-પયોગ કરવા દેશે અથવા લાવવા દેશે તે.

અને કાંઈ પત્ર અથવા બીજી જણશ તુરંગની અંદર અથવા તુરંગમાંથી બાહાર લેઈજવાની પરવાંનગી સદરહુ પ્રકારના નીયમ ઉપરથી ના છતાં જે કોઈ તે પત્ર અથવા બીજી જણસ તુરંગની અંદર અથવા તુરંગમાંથી બાહાર સદરહુ પ્રકારના નીયમ વીરૂધ લેઈ જશે અથવા લેઈ જવાનો યત્ન કરશે. તે માજીસ્ટ્રેટની આગળ તે વાતની સાબેતી થ-શે તો ઘણાંમાં ઘણાં છ મહીના સુધી સખ્ત મજુરી સાથે કેદની શીક્ષાને અથવા ઘણામાં ઘણા બસેં રૂપીઆ સુધી દંડને અથવા આ બંને શીક્ષાને પાત્ર થશે.

શીક્ષાની નોટીસ તુરંગની બાહાર લગાડવી.

૩૮. આ આકટના ૩૭મી કલમમાં કહેલો હરકોઈ ગુન્હો કરનાર માણસને શીક્ષા થશે તે નોટીસમાં લખી કાહાડીને તે તુરંગની બાહારની પ્રસીધ જગાએ સુપ્રીન્ટેન્ડેન્ટે લગાડવી.

ભાગ ૧૦ મો.

કેદીની મુલાકાત તથા તેઓનો પત્ર વહેવાર.

કેદીઓની મુલાકાત લેવા બાબત.

૩૯. દરમીઆંન અટકાવમાં રાખેલા કેદીઓની સાથે જે માણસો વાતચીત કરવાની ઇચ્છા હશે તે માણસોને યોગ્ય વખતે તથા યોગ્ય ઇયત્તા પ્રમાણે તુરંગમાં આવવા દેવા બાબત યોગ્ય બંદોબસ્ત કરવો.

કેદીઓએ પોતાનાં સગા વાહાલા સાથે બોલવું તથા પત્ર વહેવાર કરવો તે બાબત તુરંગમાં વ્યવસ્થા તથા બંદોબસ્ત રાખવા સારૂ જરૂર દેખાય તેવી ઇયત્તા ઠરાવવાનો પણ અધીકાર સરકારને છે.

મળવા આવનારાઓ બાબત જેલરનો અધીકાર.

૪૦. કેદીઓને કોઈ મળવા આવે તેનું નામ તથા ઠેકાણું પુછી લેવાનો અધીકાર જેલરને છે અને વેહેમ આવવાનો કાંઈ સબબ જેલરને હોય તો મળવા આવનારાનો ઝાડો લેવાનો અથવા લેવરાવાનો અધીકાર તેને છે પણ ઝાડો લેવો તે કોઈ કેદીની અથવા બીજા કોઈ મળવા આવ્યો હશે તેની સમક્ષ લેવો નહીં.

મળવા આવેલું સદરહું પ્રકારનું કોઈ માણસ ઝાડો આપવાનું ના કેહેશે ત્યારે તેને અંદર આવવા દેવા બાબત ના કેહેવાનો અધીકાર જેલરને છે ને સદરહુ પ્રમાણે કરવાના સબબ તેની વીગત સુધાંત તેને દફતરમાં લખી રાખવા અને તે વીશે સુપ્રીટેન્ડેન્ટને રીપોર્ટ કરવો.

ભાગ ૧૧ મો.

કેદીને છોડી દેવા બાબત.

કેદીની શીક્ષાના ઠરાવની મુદત પુરી થઆ પછી કેમ કરવું.

૪૧. શીક્ષાનો ઠરાવ પુરતી રીતે અમલમાં આવે એટલે ૩૨ મી કલમ પ્રમાણે કેદીની પાસેથી જે લુગડા લીધેલા હોય તે અથવા બીજા યોગ્ય લુગડા સુપ્રીટેન્ડેન્ટે તેને આપવા અને સરકારને ખર્ચે જે લુગડા તથા બીજી જણશો એને આપેલી હોય તે તેના પાસેથી પાછી લેવરાવવી અને વારંટ શીરીતે બજાવ્યું તે બાબતનો મજકુર વારંટની પીઠ ઉપર લખવો અને પછી કેદીને છોડી મુકાવવો. પછી તુરંગના સુપ્રીટેન્ડેન્ટે જે અમલદારની પાસેથી વારંટ આવેલું હોય તેને તે વારંટ પોતાના શેરા સુધાં પાછું મોકલવું.

કેદીની જંગમ માલ મીલકત કેદીને છોડી દેતી વખતે પાછી આપવી.

૪૨. બીજો કાંઈ માલ અથવા પઇશા કેદીની સાથે પોચેલા હોય અથવા તેનાં શરીર ઉપર જડેલા માલ હોય અને જે ૩૨મી કલમમાં કહ્યા પ્રમાણે પોતાના કબજામાં લીધેલા હોય તે તુરંગનાં સુપ્રીટેન્ડેન્ટે તેને છોડી દેતી વખતે પાછા આપવા તથા તે બાબત તેની પોચ લેવી અને તે પોચ ઉપર સુપ્રીટેન્ડેન્ટની સહી થઈ એટલે તે પોચ સદરહુ પ્રકારનાં માલ મીલકત બાબત અથવા પઇસા બાબત જેલરની ઉપરનાં કેદીના અથવા તેનાં વારસ વકીલના સઘળા દાવાની પુરે પુરી ફારગતીછે એવું સમજવું.

કેદીને છોડતી વખતે તેને પેટ ખરચી આપવાનો અધીકાર.

૪૩. કેદીને છોડી મુકાવામાં આવે ત્યારે તે પોતાનાં ગામ પોંચે ત્યાં સુધી અથવા જે જગાએ તેને પકડ્યો હતો તે જગાએ તે પોંચે ત્યાં સુધી તેનો પેટ ખર્ચ ચાલે એટલા પઇસા પોતાને પુરો સબબ દેખાય તો તેને આપવાનો અધીકાર તુરંગના સુપ્રીટેન્ડંટને છે.

કેદની શીક્ષાની મુદત પુરી થતી વખતે કેદી દવાખાંનામાં હોય તેની કેવી બ્યવસ્થા કરવી.

૪૪. ફોજદારી તુરંગમાંના કેદીની શીક્ષાની મુદત પુરી થતી વખતે તે દવાખાનાંમાં હોય તો તેને દવાખાનાંમાંથી છોડી દેવા નહી પણ તે કેહે કે મને મુકી દોતોજ તેને છોડી દેવો અથવા તેને છોડી મુકશું તો તેનાં જીવને ધોકો પોકશે નહી અથવા તેનું દરદ લબાંણમાં પડવા જેવું નથી એવો દાખલો સર્જન (વૈદ) આપે તો તેને છોડી દેવો. તારી શીક્ષાના દરાવની મુદત પુરી થઈ છે એવું સુપ્રીટિન્ડેન્ટે તેણે જણવવું અને સર્વે પ્રતીબંધ દુર કરવાનો હુકમ કરવો અને હવે તે સારો થઇને હરતો ફરતો થયો છે તથા દવાખાંનું છોડનાર છે એવો રીપોર્ટ સર્જન કરશે તારે તુરંગનાં સુપ્રીટિન્ડેન્ટે જરૂર દેખાયતો પાછલી કલમમાં કહ્યા પ્રમાણે તેના પેટ ખર્ચ સારૂ તેને પઈસા આપવા.

ભાગ ૧૨ મો.

તુરંગના વિઝીટર.

ડીસ્ત્રીકટ જેલના વીઝીટર.

૪૫. રકમ ૧ જીલામાંની ડીસ્ત્રીકટ જેલને પ્રસંગે ડીસ્ત્રીકટનાં માજીસ્ત્રેટે અથવા પોતાના તાબામાંના જે માજીસ્ત્રેટને તેને નીમ્યો હશે તેણે રાવ સંભાળવા સારૂ અને સ્વચ્છતા તથા આરોગ્યતા તથા બંદોબસ્ત કેવો રાખ્યોછે અને સઘળી બાબતની બરાબર બ્યવસ્થા રાખીછે કે નહીતે જોવા સારૂ અઠવાડીઆમાં એકવાર દીસ્ત્રીકટ જેલમાં તથા હોસપીટાલમાં જવું તેણે "પનિસમેન્ટબુક" એટલે શીક્ષાની બુક તપાસી જોવી અને "વીઝીટસબુક" એ નામની બુકમાં પોતે કરેલું કામ તથા પોતાનો અભીપ્રાય લખી રાખવો. વીશેષ વાત હોય તે તુરંગના ઈનસપેકટર જનરલને અથવા જરૂર હોય તો સરકારને તેને બસુસ જાહેર કરવી અને કેદીઓને સરકારમાં અરજી કરવી હોય તે તૈયાર કરીને મોકલાવાનો હુકમ કરવાને તે મુકતીઆર છે.

રકમ ૨ જી સેસનજડજ તથા આસીસ્ટંટ સેસનજડજ તથા પોલીસનો ડીસ્ત્રીકટ સુપ્રીટિન્ડેન્ટ તથા ડીસ્ત્રીકટનો એકઝીકયુટીવઇજનીઅર તથા સીવીલસર્જન (એ તુરંગનો સુપ્રીટિન્ડેંટ નહી હોય ત્યારે) એ પોતાના હોદાના સબબથી ડીસ્ત્રીકટ જેલનાં વીઝીટર છે એવું સમજવું અને બીજા માણસોને વખતે વખતે વીઝીટર નામવાનો અધીકાર સરકારને છે વીઝીટરમાંથી અથવા વધારે જણાઓએ તેમાંથી એક દીસ્ત્રીકટના માજીસ્ત્રેટ જોડએ દર તે માહીમાં નેદાંન એક વખત કમેટી કરવી રાવ સંભાળવા સારૂ અને સ્વચ્છતા તથા આરોગ્યતા તથા બંદોબસ્ત કેવો રાખ્યોછે અને સઘળી બાબતની બરાબર બ્યવસ્થા રાખી છે કે નહી તે જોવા સારૂ ડીસ્ત્રીકટ જેલનો તથા હોસપીટાલનો દરએક ભાગ જઇને જોવો. કોઈ માણસને તુરંગમાં ગેરકાયદે અટકાવી રાખવામાં નહી આવે અથવા ઈનસાફ થવાનોછે એ સબબથી વાજબી કરતાં વધારે વખત સુધી રાખવામાં નહી આવે એવી તજવીજ રાખવા સારૂ તેને જે કેદી ઉપર ગુન્હાની સાબેતી થઈ હશે તથા જેની ચોકશી ચાલતી હશે. તેનું રજીસ્ટર તથા પનીસમેન્ટ બુક તપાસવી અને પોતે કરેલા કામ વીજીસ્ટર બુકમાં દાખલ કરવા તથા તેની નકલ તુરંગનાં ઈનસપેકટર જનરલને મોકલવી.

કાયદાના ડીસ્ત્રીકટોની બાહારની જગાને આ આકટ લાગુ કર

૪૬. મુંબાઈ ઈલાકાને લાગુ હોય તેવી સામાન્ય કાયદાના તથા આકટના અમલમાંની દીસ્ત્રીકટની બાહારની હરેકોઈ જગાને આ આકટના ઠરાવ લાગુ કરવામાં આવશે ત્યારે સદરહું જગાએ સ્થાપેલી કોઈ પણ

વામાં આવે ત્યારે તે જગાની ડીસ્ત્રીકટ જેલ જોવા જવું.

દીસ્ત્રીકટ જેલ જોવા સારૂ આ આકટમાં પાછળ ફરમાવ્યા પ્રમાણે અડવાડીએ અડવાડીએ તથા મુદતે મુદતે જેહને જોવી તે જે અમલદારોને વખતે વખતે નીમ્યા હોય તે અમલદારોએ જેહને જોવી અને હોદાના સબબથી ઠરાવેલા વેઝીસ્ટરોને કલમ પ્રમાણે જે અધીકાર આપ્યાછે તથા જે કર્તવ્યકર્મો તેઓએ કરવા એવું કહ્યુંછે તેજ અધીકાર તથા કર્તવ્યકર્મો સદરહું પ્રમાણે નીમેલા વીઝીટરોનો છે એવું સમજવું.

સેંટ્રલ જેલ તથા સબાર્ડીનેટ જેલ અને મુંબાઈ શહેરના જેલનાં વીઝીસ્ટાર

૪૭. પાછલી કલમમાં કહેલા કારણ સારૂ સેંટ્રલ જેલનાં તથા સબોર્ડીનેટ જેલનાંને મુંબઈ શહેરની તુરંગનાં વીઝીટર સરકારે નીમવા તે વીઝીસ્ટરો ઉપલી કલમના ઠરાવ પ્રમાણે સઘળી વાતે ચાલવું.

ભાગ ૧૩ મો.

તુરંગની બાહારની ટોળી.

તુરંગની બાહારના કામ ઉપર કેદીઓને લગાડવા.

૪૮. રસ્તા અથવા નેહરો અથવા બીજાં સાર્વજનીક બાંધવાનાં કામ ઉપર અથવા જે કસ્બામાં તુરંગ હોય તે કસ્બાનો સુધારો અથવા જતન કરવાના કામ ઉપર જે કેદીઓને સખ્ત મજુરી સાથે કેદની અથવા સાસનીક દાસત્વની અથવા કાળા પાંણીના શીક્ષા થઈ હોય તેવા કેદીઓની ટોળીને પોતે વખતે વખતે જે સરતો ઠરાવે તે શરતે લગાડવાનો હુકમ કરવાનો અધીકાર ગવરનર ઇનકૌન્સીલને છે અને સદરહુ પ્રકારનાં કેદી સદરહુ પ્રમાણે કામો ઉપર હોય ત્યારે તે તુરંગના હદમાં બરોબર કેદમાં હોત ત્યારે જે કાયદાસર કેદને તથા બંદોબસ્તને પાત્ર હોત તે કાયદાસર કેદને તથા બંદોબસ્તને પાત્ર છે એમ સમજવું અને કોઈ પણ કેદી સદરહુ પ્રમાણે કામ ઉપર હોય ત્યારે તે કેદમાંથી નાહાશી જશે અથવા નાશવાનો યત્ન કરશે તો તે કેદી અને સદરહુ પ્રકારના નાશવામાં તેને જે જે માણસ મદત કરશે.

અથવા મદત કરવાનો યત્ન કરશે તે હેઠળ લખેલી શીક્ષાને પાત્ર થશે એટલે સદરહુ પ્રમાણે નાશવું અથવા નાશવાનો યત્ન કરવો એ તુરંગમાંથી નાશવું અથવા નાશવાનો યત્ન કરવો એ હોત તો જે શીક્ષા થાત તે શીક્ષાને પાત્ર થશે.

ભાગ ૧૪ મો.

પરચુરણ.

શીક્ષાનો ઠરાવ પુરીરીતે અમલમાં આવવાની અગાઉ કેદી તુરંગમાં મર્ણ પામે તો કામ ચલાવવાનારીત.

૪૯. શીક્ષાનો ઠરાવ પુરેપુરો અમલમાં આવવાની અગાઉ કોઇ કેદી તુરંગમાં મર્ણ પામે તારે સુપ્રીટેંડેન્ટે છેક નજીકનાં માજીસ્ત્રેટને અથવા મુંબાઈ શહેરની તુરંગમાં કેદી મર્ણ પામે ત્યારે કારોનરને તે મોત બાબત તરત રીપોટ કરવો પછી માજીસ્ત્રેટે અથવા કારોનરે મોતના કારણની ચોકશી કરીને તુરંગના ઇન્સપેકટર જનરલને લખેલ રીપોટ કરવો અને આ પ્રમાણે મોત થાય ત્યારે વારંટ કેટલી બજાવી. તે બાબત વારંટની પીઠ ઉપર શેરો લખીને તે વારંટ કેદી મર્ણ પામવા વીશેનાં વૈદકીએ અમલદારનાં દાખલા સહીત સુપ્રીટેન્ડેન્ટે જે અમલદારે વારંટ આપ્યું હોય તેની તરફ પાછું મોકલવું. સદહું પ્રકારના કોઇ પણ કેદીનો મડું અથવા ગુન્હાની સામેલ થયેલા જે માણસનાં ઉપર મોતની શીક્ષા

અમલમાં આણી હશે તેનું મડદું સરકારે બીજી રીતે ફરમાવ્યું નહી હોય તો તેનાં સગાવાહાલાને સ્વાધીન કરવું અથવા તે મડદું તેઓ ન લેઈ જાયતો તે સરકારને ખર્ચે દાટવું અથવા બાળવું અથવા તેની બીજી વ્યવસ્થા કરવી.

કેદીને એક તુરંગમાંથી બીજી તુરંગમાં લેઈ જતાંહોય ત્યારે અથવા તુરંગની હદબાહાર થોડો વખત સુધીરાખ્યા હોય ત્યારે તેઓ કાયદાસર કેદમાંછે એવું સમજવું.

૫૦. કેદીને એક તુરંગમાંથી બીજી તુરંગમાં લેઈ જવા બાબત સરકાર અથવા સરકારની મંજુરીથી તુરંગમાંના ઇન્સપેકટર જનરલ ફરમાવે અથવા ચેપીરોગ થયાથી અથવા બીજા કોઇ કારણથી કેદીઓને તુરંગની બહાર થોડા વખત સુધી રાખવા વીશે ફરમાવે. ત્યારે તે કેદીઓને લેઈ જવાની મુદતમાં અથવા તેઓને સદરહુ પ્રમાણે બીજે ઠેકાણે થોડો વખત સુધી રાખ્યો હોય તે મુદતમાં તેકેદીઓ તેઓને લેઈ જવાનો અથવા બીજે ઠેકાણે રાખવાનો અધીકાર આપેલા માણસની અથવા માણસોની કાયદાસર કેદમાંછે તથા હેઠળ લખેલા પ્રતીબંધને તથા ઘેર ચાલ ચલાવી હોય તો હેઠળ લખેલી શીક્ષાને પાત્રછે એવું સમજવું એટલે તેઓ તુરંગમાં હોત અને તેઓને લેઈ જવાની અગાઉ અથવા બાહાર કાહાડીને રાખવાને અગાઉ તેઓ જે તુરંગમાં કેદ હતા તે તુરંગનો જેલર અથવા સુપ્રીંટેંડેંટે તેઓને લેઈ જવા બાબત તથા બીજે ઠેકાણે રાખવા બાબત અધીકાર વાળો માણસ અથવા માણસો હોત તો તેઓ જે પ્રતીબંધને તથા શીક્ષાને પાત્ર થાત તે પ્રતીબંધને તથા તે શીક્ષાને પાત્રછે એમ સમજવું અને કોઈ કેદી સદરહુ પ્રકારની કેદમાંથી નાશી જશે અથવા નાશવાને યત્ન કરશે તો કેદી તથા સદરહું પ્રમાણે નાશવામાં તેને જેજે માણસ મદત કરશે અથવા મદત કરવાનો યત્ન કરશે તે માણસ હેઠલ લખેલી શીક્ષાને પાત્ર થશે એટલે સદરહું પ્રકારનું નાશી જવું અથવા નાશી જવાનો યત્ન કરવો. તુરંગમાંથી નાશી જવું હોત અથવા નાશી જવાનો યત્ન કરવો હોત તો તે શીક્ષાને પાત્ર થાત તે શીક્ષાને પાત્ર થશે.

નાશી જવું.

૫૨. હરકોઈ કેદી તુરંગમાંથી નાશી જાય તો તેની શીક્ષાનો ઠરાવ કેટલો અમલમાં આવે તથા તેના નાસી જવાની તારીખ તેની વારંટની પીઠ ઉપર સુપ્રીંટેંડેંટે લખવી અને અમલદારે વારંટઆપ્યું હોય તેને તે પાછું મોકલવું અને કેદીની ઉપર ગુન્હાની સાબેતી થઈ હતી તથા વારંટની પીઠઉપર લખેલીછે તેટલી શીક્ષા તેને ભોગવીછે અને લખેલી તારીખે તે કેદમાંથી નાશી ગયો છે તે બાબત તે વારંટ તથા સેરો પુરાવોછે એવું સઘળી કોર્ટોએ સમજવું.

તુરંગના ઇનસપેકટર જનરલને કાનુનકરવાનો અધીકાર છે.

૫૨. કેદીઓની ઉપર દેખરેખ રાખવા બાબત તથા તેઓને કામે લગાડવા બાબત તથા તેઓને અટકાવમાં રાખવા બાબત તથા તેઓને લુગડાલતા તથા ખાવા પીવાનું આપવા બાબત તથા તેઓને શીરીતે ચલાવવા તથા શીક્ષા કરવી તથા તેઓનાં વર્ગ કરવા બાબત અને તુરંગનો બંદોબસ્ત રાખવા બાબત જરૂર દેખાય તેવી કાનુન તથા હુકમ સરકારની મંજુરી લઈને તુરંગના ઇનસપેકટર જનરલે વખતે વખતે કરવા.

VENAYEK WASSOODEV,

Oriental Translator to Government.

સન ૧૮૮૩ નો મુંબાઇનો આક્ટ ૪ થો.

મુંબઇના ગવર્નર ઇન કૌંસિલનો હેઠળ લખેલો આક્ટ આલીજા ગવર્નર સાહેબે સન ૧૮૮૩ ના અગસ્ટ મહિનાની ૨૫ મી તારીખે મંજુર કર્યો તથા આલીજનાબ ગવર્નર જનરલ સાહેબે સને ૧૮૮૩ ના અક્ટોબર મહિનાની ૧૫ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાણ થવા સારૂ છાપીને પ્રસિદ્ધ કર્યો છેઃ-

ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા મુજબ કેદની શિક્ષાને પાત્ર હોય તેવા દિવાની કેદીઓને અટકાવી રાખવા સંબંધી કાયદો સુધારવા બાબતનો આક્ટ.

જે અર્થે સન ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા મુજબ કેદ કરવાને અથવા અટકાયતમાં રાખવાને જે દિવાની કેદીઓ પાત્ર હોય તેઓને અટકાવી રાખવા સંબંધી કાયદો સુધારવો યોગ્ય છે; તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

દિવાની કેદીઓને ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા મુજબ દિવાની તુરંગમાં અટકાવી રાખવાનો અધિકાર છે.

૧. જે કોઈ માણસ દિવાની તુરંગમાં કેદ હોય તે દરમ્યાન સન ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા મુજબ કેદની શિક્ષાને અથવા અટકાયતમાં રાખવાને પાત્ર થાય તેને સદરહુ કાયદાની ૫૪૧ મી કલમ પ્રમાણે ગવર્નર ઈન્ કૌંસિલ દિવાની તુરંગમાં કેદ કરી રાખવાનું ફરમાવે તો તેને, સન ૧૮૭૪ ના મુંબઈના બીજા આક્ટમાં ગમે તે ઠરાવ હોય તોયપણ દિવાની તુરંગમાં સદરહુ કાયદા મુજબ કેદ કરી રાખવાનો અધિકાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે એવા માણસનો દિવાની કેદમાંથી છુટકો થયા પછી તે માણસ સદરહુ કાયદા મુજબ કેદની શિક્ષાને અથવા અટકાવી રાખવાને હજુ પણ પાત્ર હશે તો તેને તાબડતોબ ફોજદારી તુરંગમાં મોકલી દેવો જોઇયે.

બમુજીબ બે હુકમ,

મુકામ જંજિરે મુંબઈ
તા. ૩૧ મી અક્ટોબર સને ૧૮૮૩ }

બંદેગાન આલીનવાબ મુસ્તેતાબ હજરત રૈટ ઓનરેબલ્ ગવર્નર સાહેબ બાહાદુર દર ઈજલાસે કૌંસિલ,

(સહી.) **સી. જી. ડબ્લ્યુ. મ્યાકફર્સન.**
અંડર સેક્રેટરી નિસબત સરકાર.

(True Translation.)

S. P. PANDIT.

Oriental Translator to Government

ઇંડીઆના ગવરનર જનરલ ઇન કાઉનશીલનો હેઠળ લખેલો આકટ ઇંડીયાના ગવરનર જનરલે સન ૧૮૭૪ ના એપ્રીલ મહીનાની ૭ મી તારીખે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવી પ્રસિધ કરયોછે.

સન ૧૮૭૪ નો આકટ ૯ મો*

નીરૂદ્યોગી ભટકનારા યુરોપીયન લોકો સંબંધી કાયદા છે તે એકઠા કરીને સુધારવા બાબતનો આકટ.

ઉદ્દેશ. યુરોપીયનનાં પેટનાં જે માણસો હિંદુસ્થાનમા નીરાશ્રીત સ્થિતિમાં ભટકે છે તેઓ સંબંધી કાયદા છે તે એકઠા કરીને સુધારવા યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

ભાગ ૧ લો.

પ્રથમ નિયમો.

ન્હાનું મથાળું ૧ આ આકટને "સન ૧૮૭૪ નો યુરોપીયન વેગ્રન્સી આકટ" (નીરૂદ્યોગી એટલે કામ ધંધા વગર ભટકનારા યુરોપીયન લોકોને સારૂ આકટ) કેહેવો.

ક્યાંહાં ક્યાંહાં લાગુ છે. આ આકટ આખા બ્રિટીશ ઇંડીયાને અને મલીકામાઆઝમાની સાથે દોસ્તી રાખનારા હિંદુસ્થાનમાહેના રાજાઓના અને સંસ્થાનોના મુલકને લાગુ છે.

ચાલુ થવા બાબત. અને તે તાબડતોબ અમલમાં આવશે. પણ એવું ઠરાવ્યું છે કે ચોથી કલમથી સોળમી સુધી કલમો તથા ઓગણીસમી તથા વીસમી તથા ચોવીસમી તથા ઓગણીસમી કલમ કુરંગમાં અથવા અંદેમાન તથા નીકોબાર ટાપુમાં અથવા મલીકા માઆઝમાની સાથે દોસ્તી રાખનારા હિંદુસ્થાન માંહેના રાજાઓના અને સંસ્થાનોના મુલકમાંનો હરકોઇ મુલક હરકોઇ પરેશીડન્સીની અથવા બ્રિટીશ ઇંડીયાના લેફટેનેંટ ગવરનરની અથવા ચીફ કમીશનરની હદમાં નહી હોય તે મુલકમાં જે તારીખે અથવા જુદી જુદી તારીખે અમલમાં આવશે એવું ઈંડીયા ગેઝેટમાં જાહેરનામું છપાવીને ગવરનર જનરલ ઇન કાઉનશીલ ઠરાવશે તે તારીખ સુધી અથવા જુદી જુદી તારીખો સુધી ત્યાંહાં અમલમાં આવશે નહી.

આકટો રદ કરવા બાબત. ૨ યુરોપીયન લોકોએ નીરૂદ્યોગી ન ભટકવા બાબત બંદોબસ્ત કરવા બાબત સન ૧૮૬૯ નો ૨૧ મો આકટ છે તે અને સન ૧૮૬૯ નો યુરોપીયન વેગ્રન્સી આકટ છે તે સુધારવા બાબત સન ૧૮૭૧ નો ૨૮ મો આકટ છે તે આ કલમ ઉપરથી રદ કરયા છે.

પણ અગાઉના આકટો ઉપરથી નેમણુંકો તથા હુકમ કરયા હશે તે સઘળા તથા વરકહાઉસ કરી આપ્યા હશે તે તથા સરટીફીકેટો તથા અધીકાર આપ્યા હશે તે તથા

કાનુંનો ઠરાવી હશે તે તથા માફી આપી હશે તે આ આકટ ઉપરથી ઠરયા છે તથા કરી આપ્યા છે તથા આપ્યાછે તથા ઠરાવી છે તથા આપીછે એમ સમજવું.

અરથની કલમ.

૩ આ આકટમાં,

યુરોપીયનના પેટનું માણસ.

"યુરોપીયનના પેટનું માણસ" આ શબ્દોમાં.

(અ) યુરોપ અથવા અમેરીકા અથવા ઇસ્ટ ઇંડીઝ અથવા આસતરેલીઆ અથવા ટાસમેનીઆ અથવા નીયુઝીલંડ અથવા નેટલ અથવા કેપ કાલોનીમાં જનમેલા માણસોનો.

(બ) સદરહુ પ્રકારના માણસોના પુત્ર તથા પઉત્રનો સમાસ થાયછે પણ જે માણસોને યુરેઝીયન અથવા ઇસ્ટ ઇંડીયન ઘણું કરીને કેહેછે તેઓનો સમાસ થતો નથી.

નીરૂદ્યોગ ભટકનારો.

યુરોપીયનના પેટનું જે માણસ ભીખ માગતાં માલમ પડે અથવા કામ ધંધા વગર અથવા ગુજરાન ચલાવવાના દેખાઇતા સાધન વગર ભટકતા માલમ પડે તે માણસ એવો અરથ નીરૂદ્યોગ ભટકનારો આ શબ્દોનો સમજવો.

"વાહાણનો માસ્તર"

"વાહાણનો માસ્તર" આ શબ્દોમાં માલવાણું વાહાણ જે માણસને સ્વાધીન હોય તે માણસનો સમાસ થાયછે એવું સમજવું.

"માજીસતરેટ"

અને આ આકટના ૩ જા અને પાંચમા ભાગમાં "માજીસ્ટરેટ" આ શબ્દોનો અરથ કલકતા, મદ્રાસ, અને મુંબાઇ શેહેરની હદમાં પોલીસ માજીસ્ત્રેટ એવો જાણવો; અને તે હદબાહાર જે માણસ બીજા વરગના માજીસ્ત્રેટના અખીકાર કરતાં ઓછો અધિકાર ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે ચલાવતો નહી હોય તે માણસ એવો સમજવો.

ભાગ બીજો.

કામ ચલાવવાની રીત.

નીરૂદ્યોગ ભટકનારો દેખાઇતા હોય તેને માજીસટરેટની આગળ જવાનો હુકમ કરવાનો અખીકાર.

૪ કલકત્તા, મદ્રાસ અને મુંબાઇ શેહેરની હદમાં કોઇ માણસ નીરૂદ્યોગ ભટકનારો દેખાતો હોય તેને પાસેના પોલીસ માજીસ્ત્રેટની પાસે જઇને તેની આગળ હાજર થવા સારૂ અમારી સાથે ચાલ અથવા બીજા પોલીસ અમલદારની સાથે જા એવું કેહેવાનો અખીકાર, અને તે શેહેરોની હદ બાહાર હોયતો જે છેક પાસેનો જસ્ટીસ આફ ધી પીસ ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે પેહેલા વરગના માજીસ્ત્રેટરેટનો અખતીઆર ચલાવતો હોય તેની પાસે જઇને તેની આગળ હાજર થવા સારૂ અમારી સાથે ચાલ અથવા બીજા કોઇ પોલીસ અમલદારની સાથે જા એવું કેહેવાનો અખીકાર હરકોઇ પોલીસ અમલદારને છે.

નીરૂદ્યોગ ભટકનારાની સ્થિતિબાબત સંક્ષેપ રીતે ચોકશી કરવી.

૫. સદરહુ પ્રકારને પ્રસંગે અથવા જે બીજે પ્રસંગે નીરૂદ્યોગ ભટકનારો દેખાતો હોય તેવો કોઇ માણસ પોતાની સમક્ષ આવે તે બીજે પ્રસંગે નીરૂદ્યોગ ભટકનારો દેખાતો હોય તેની સ્થિતિ બાબત તથા ચાલ ચલગત બાબત પોલીસ માજીસ્ટરેટે અ-

થવા જસ્ટીસ આફ ધી પીસે સંક્ષેપ રીતે ચોકશી કરવી. અને સદરહુ પ્રકારનો સખસ નીરૂદ્યોગ ભટકનારો છે એવી તેની ખાત્રી થાયતો તેણે તેવો ઠરાવ કરીને તે ઠરાવ પોતાની કચેરીના દફતરમાં લખી મુકવો.

નીરૂદ્યોગ ભટકનારને તાબડતોબ ચાકરી ધંધો મળે તેમ નથી એવું વળી તેની

વરકહાઉસમાં જવાનો હુકમ.

નજરમાં આવે, અથવા તે નીરૂદ્યોગ ભટકનારો છે એ વાત બાબતનો ઠરાવ અગાઉ કલાણા વખતે દફતરમાં લખી મુકેલો છે એવું માનવાનો સબબ હોય તો તેણે તે નીરૂદ્યોગ ભટકનારને સરકારી× વરકહાઉસમાં જવાનો હુકમ કરવો, અને તે પ્રમાણે હુકમ લખવો.

પછી તે નીરૂદ્યોગ ભટકનારને વરકહાઉસમાં મોકલવા સારૂ પોલીસને સ્વાધીન કરવો અને તેને વરકહાઉસમાં લઇ જતી વખતે તેને પોતાને સ્વાધીન રાખવા બાબત પોલીસને તે હુકમ પુરો આધાર છે, અને તે નીરૂદ્યોગ ભટકનારને વરકહાઉસમાં લઇને ત્યાંહાં તેને અટકાવી રાખવા બાબત વરકહાઉસના ગવરનરને (એટલે ઊપરી અધિકારીને) પણ તે હુકમ પુરો આધાર છે એવું સમજવું.

૬ નીરૂદ્યોગ ભટકનારને સ્થાનીક સરકારના તાબા માંહેની કલાણી જગાએ અથવા

નીરૂદ્યોગ ભટકનારને ધંધા નીજગાએ મોકલવો.

નીરૂદ્યોગ ભટકનારો પેહેલી કલમમાં કહેલા મુલકના કોઇ ભાગમાં હોય ત્યારે પાસેની સ્થાનીક સરકારના તાબામાંહેની કલાણી જગાએ તેને ચાકરી ધંધો મળે તેમ છે એવું પ મીકલમમાં કહેલી ચોકશી કરનારા અમલદારની નજરમાં આવે તો તે અમલદાર તે નીરૂદ્યોગ ભટકનારને પોલીસને સ્વાધીન કરીને સદરહુ જગાએ મોકલવાને અને તે પ્રમાણે હુકમ લખવાને મુખતીયાર છે.

નીરૂદ્યોગ ભટકનારો ધંધાની સદરહુ જગાએ જાય તીયારે તેને પોતાને સ્વાધીન રાખવા બાબત પોલીસને તે હુકમ પુરો આધાર છે એવું સમજવું.

૭. નીરૂદ્યોગ ભટકનારો ધંધાની જગાએ આવી પોહોચે એટલે તેને છેક પાશેના

ચાકરી ધંધો મળવા ને મદત.

પોલીસ માજીસ્ટરેટની પાસે અથવા જે જસટીસ આફ ધી પીસ ઊપર કહ્યા પ્રમાણે અખતીયાર ચલાવતો હોય તેની પાસે લઇજઇને તે મોકલવાનો હુકમ તે માજીસ્ટરેટને અથવા જસટીસ આફ ધી પીસને સ્વાધીન કરવો.

પછી તે અમલદારે નીરૂદ્યોગ ભટકનારને ચાકરી ધંધો મળવા સારૂ પોતાનાથી થાય તેટલી મદત કરવી, અને પોતાની નજરમાં આવે તો તે નીરૂદ્યોગ ભટકનારને (ચાકરી ધંધો મળે તાંહાં સુધી) પોલીસને સ્વાધીન રાખવો.

નીરૂદ્યોગ ભટકનારો ઊપર કહ્યા પ્રમાણે આવી પોહોચે તીયાર પછી વાજબી મુદતમાં (તે મુદત ઘણામાંઘણા પંદર દીવસ કરતાં વતી નહીં જોઇએ) તેને યોગીય ચાકરી

×નીરૂદ્યોગી અને સદગુણી માણસ પાસે કામ કરાવવા સારૂ તેને જે જગામાં અટકાવી મુકેછે તે જગા.

ધંધો નહી મળે તો તે અમલદાર તેને ૫ મી કલમમાં કહેલી રીતે સરકારી વર્કહાઉસ માં મોકલવો.

પેટ ખરચ.

૮. કોઇ માણસ નીરઉદ્યોગ ભટકનારો છે તે વાત બાબતની ચોકસી થયાં પેહેલાં અથવા કોઇ માણસ ૫મી કલમ પ્રમાણે વરકહાઊસમાં જતો હોય ત્યારે અથવા છઠી કલમ પ્રમાણે ધંધાની જગાએ જતો હોય તીયારે તે પોલીસના તાબામાં હોય તે વખતે રોજ આઠ આના લગી તેને પેટ ખરચ મળવો જોઇએ.

પોલીશના જે માજીસ્ટરેટની આગળ અથવા જસટીસ આફ ધી પીસના આગળ નીરૂદ્યોગ ભટકનારને ૭ મી કલમ પ્રમાણે લઇ જવામાં આવે તે માજીસ્ટરેટની અથવા જસટીસ આફ ધી પીસની નજરમાં આવશે તો તે નીરઉદ્યોગ ભટકનાર ચાકરી ધંધો સોધતો હશે ત્યાં સુધી તેને સદરહુ પ્રમાણે (પેટ) ખરચ આપવાનો હુકમ કરવાને તે મુખતીયારછે.

સ્થાનીક સરકારના હાથમાં જે ફંડો હોય તેમાંથી અને પોતે વખતે વખતે ફરમાવે તે રીતે સદરહુ પ્રકારનો (પેટ) ખરચ આપાવવો.

સરટીફીકેટો આપવાનો અધીકાર.

૯. યુરોપીયનનાં પેટનું કોઇ માણસ નીરૂદ્યોગ ભટકનાર થાય તેમ નથી એવી ખાત્રી પોલીસના કોઇ માજીસતરેટની અથવા ઊપર કહ્યા પ્રમાણે અખતીયાર ચલાવનારા જસટીસ આફ ધી પીસની થશે તો તે તે માણસને પોતાની સહીનું હેઠલ લખેલા મજકુરનું સરટીફીકેટ આપવાને મુખત્યાર છે એટલે સરટીફીકેટની તારીખથી છ મહીના કરતાં વત્તી નહીં એવી આટલી (તે મુદત લખવી) મુદત સુધી અને ફલાણી (તે હદ લખવી) હદમાં ૪ થી, ૫ મી, ૬ ઠી અને ૭ મી કલમનો કોઇ ઠરાવ સરટીફીકેટવાળાને લાગુ થશે નહી એવા મજકુરનું સરટીફીકેટ આપવાને મુખત્યારછે. અને પછી સરટીફીકેટ અમલમાં હશે તાંહાં સુધી ૪ થી, ૫ મી, ૬ ઠી અને સાતમી કલમનો કોઈ ઠરાવ તે માણસને સદરહુ હદમાં લાગુ થશે નહી.

સરટીફીકેટનો નમુનો.

સદરહુ પ્રકારનું દરએક સરટીફીકેટ આ આકટને જોડેલાં પેહેલા પરીશીષ્ટમાં લખેલા નમુના પ્રમાણે અથવા હકીકત પ્રમાણે બને તાંહાં સુધી તે નમુના પ્રમાણે લખવું જોઇએ.

૫ મી તથા ૭મી તથા ૮ મી તથા ૯ મી કલમ પ્રમાણે જસ્ટીસ આફ ધી પીસોની હકુમત કેટલાએક હોદેદારોને આપવાનો અધીકાર.

૧૦. ઊપર કહ્યા પ્રમાણે અખતયાર ચલાવનારા જસ્ટીસ આફ ધી પીસને આ ભાગ ઊપરથી જે હકુમત તથા અધિકાર આપ્યો છે તે હકુમત તથા અધીકાર સરકારી ગેજેટમાં જાહેરનામું છપાવીને હરકોઇ જસ્ટીસ આફ ધી પીસને અથવા પોલીસના ડીસ્ટ્રીકટ સુપરઇનટેન્ડેન્ટને વખતે વખતે આપવાને સ્થાનીક સરકાર મુખતીયારછે.

ભાગ ૩ જો*

સરકારી વરકહાઊસ.

સરકારી વરકહૌસો કરી આપવા બાબત.

૧૧. નીરૂદ્યોગ ભટકનારાને હાલ તુરત થોડી મુદત સુધી રાખવા સારૂ પોતાને યોગ્ય જણાય તે જગાએ જરૂરીના સામાન તથા કામદાર લોકો સુધાં વરકહૌસો ઇંડીયાના ગવરનર જનરલ ઇન કૌનસીલની અગાઊથી મંજુરી લઇને કરી આપવાનો અખતીઆર અથવા જે ઇમારત અથવા જે ઇમારતનો ભાગ આ કાએદાના પેહેલા ભાગ પ્રમાણે વરકહૌસ તરીકે કરી આપ્યો નહીં હોય તે આ આકટના કારણ સારૂ વરકહૌસને લાયકછે એવું લખેલું સરટીફીકેટ પોતાના સેક્રટરીની સહીનું આપવાનો અખતીઆર સ્થાનીક સરકારને છે. સદર હુ પ્રકારનું દર એક સરટીફીકેટ ઠેકાણાં ઠેકાણાંનાં સરકારી ગ્યાજેટમાં છપાવીને પ્રસીધ કરવું અને પછી તે ઇમારત અથવા ઇમારતનો ભાગ સ્થાનીક સરકાર બીજી રીતે હુકમ કરે ત્યાંહાં સુધી આ આકટ પ્રમાણે સરકારી વરકહૌસ છે એવું સમજવું.

ખોરાકનું પરીમાણ.

ઠેકાણાં ઠેકાણાંના તુરંગમાં અથવા પેનીટેનશરીમાં (એટલે ગુનેહગાર લોકોને સુધારવાની જગામાં) અટકાવી મુકેલા યુરોપીયન લોકોને જે પરીમાણ પ્રમાણે ખોરાકી મળતી હોય તેજ પરીમાણ પ્રમાણે ખોરાકી વરક હાઊસમા રાખેલા નીરૂદ્યોગી ભટકનારનાં ગુજરાનને સારૂ સ્થાનીક સરકારે આપવી.

વરકહૌસની તપાસ.

૧૨. સદરહુ પ્રકારનું દરએક વરકહાઊસ ગવરનરના (એટલે ઉપરી અખીકારીના) પરત્યક્ષ તાબામાં જોઇએ તેની નીમણુક સ્થાનીક સરકારે કરવી અને તેને કામ ઉપરથી મોકુફ અથવા બરતરફ કરવાને તે સરકાર મુખતીયારછે.

સદર હુ પ્રકારના દર એક ગવરનરે સ્થાનીક સરકારની નજરમાં આવે તો તે સરકારે વખતે વખતે જે વ્યવસ્થાપક મંડળી નીમી હોય તે મંડળીના હુકમને તાબે રહેવું જોઇએ, અથવા તેવી મંડળી નહી હોય તો સ્થાનીક સરકાર તે કામ સારૂ જે અમલદારને વખતે વખતે નીમે તેના હુકમને તાબે રેહેવું જોઇએ.

નીરૂદ્યોગ ભટકનારનો ઝાડો લેવા બાબત.

૧૩ સદરહુ પ્રકારના દર એક ગવરનરના તાબા માંહેના વરકહૌસમાં લીધેલા નીરૂદ્યોગ ભટકનારનો ઝાડો લેવાનો અને તે નીરૂદ્યોગ ભટકનારની ગાંસડી પોટલી વગેરે બીજુ સામાન જોવાનો હુકમ કરવાને અને તે વખતે તે નીરૂદ્યોગ ભટકનારની પાસે અથવા તેના શરીર ઉપર જે નાણું જડે તે સ્થાનીક સરકારના હુકમનું ધોરણ રાખીને આ આકટ અમલમાં લાવવાના ખરચમાં વાપરવાનો હુકમ કરવાને અને તે સઘળું સામાન અથવા તેમાંનુ કાંઇ સામન વેચવાનો અને જે ઊપજે તે સદરહુ પ્રકારનાં કામમાં સદરહુ પરકારના હુકમનું ધોરણ રાખીને વાપરવાનો હુકમ કરવાને તે ગવરનર મુખતીયારછે.

વ્યવસ્થા

૧૪ સ્થાનીક સરકાર ગવરનર જનરલ ઇન કઊનસીલની અગાઉથીજ મંજુરી લઇને બંદોબસ્ત તથા વ્યવસ્થા રાખવા બાબત જે કાનુનો વખતે વખતે ઠરાવશે તે કાનુનો આ આકટ પ્રમાણે વરકહઉસમાં લીધેલા નીરૂદ્યોગ ભટક-

નારને લાગુ થશે.

કોઇ નીરૂદ્યોગ ભટકનારો સદરહુ પ્રકારની કાનુન પ્રમાણે જાણી જોઇને નહી ચાલશે અથવા ચાલવાની ગફલત કરશે તેણે હેઠલ લખેલી હરકાંઇ શીક્ષા (સ્થાનીક સરકારને યોગીય દેખાય તે પ્રમાણે બ્યવસ્થાપક મંડળીની નીમેલાની રીત તથા હુકમ પ્રમાણે અથવા નીમેલાની રીત તથા હુકમ વગર) કરવાનો અખતીઆર વરકહઉસના ગવરનરને આપવાને સ્થાનીક સરકાર મુખતીયાર છે.

(અ) ઘણામાં ઘણાં સાત દીવસ સુધી વરક હઉસમાં એકાંત કેદ.

(બ) સ્થાનીક સરકાર ઠરાવે તેટલે સુધી ઓછા ખોરાક ઉપર ઘણામાં ઘણાં ત્રણ દીવસ સુધીની વરક હઉસમાં એકાંત કેદ.

(ક) ઘણામાં ઘણાં સાત દીવસ સુધી સકત મજુરી.

(ડ) ઘણામાં ઘણાં પાંચ દીવસ સુધી સ્થાનીક સરકાર ઠરાવે તેટલું ખાણું ઓછું કરવાની સીક્ષા.

અથવા સદરહુ પ્રકારની હરકોઇ શીક્ષાને બદલે સદરહુ પ્રકારના કોઇ નીરૂદ્યોગ ભટકનારા ઉપર સદરહુ પ્રકારના જાણી જોઇને ન ચાલવાના અથવા ચાલવાની ગફલત કરવાના ગુન્હાની માજીસ્ટ્રેટની આગળ શાબેતી થશે તો તેને ઘણામાં ઘણાં ત્રણ મહીના સુધી શકત મજુરી સાથે કેદની સજા કરવાનો અધિકાર છે.

ચાકરી ધંધો કબુલ કરવાની ના કેહેવી.

૧૫. સદરહુ પ્રકારના દરએક વરક હાઉસમાં રાખેલા નીરૂદ્યોગ ભટકનારને વરકહાઉસ બાહાર હરકોઇ ઠેકાણે લાયક ચાકરી ધંધો મળવી આપવાને પોતાનો ચાલે તેટલો ઉપાય તે વરકહાઉસના ગવરનરે અને બ્યવસ્થાપક મંડળી હોય તો તે મંડળીએ કરવો.

તેવી ચાકરી ધંધો જડયા પછી સદરહુ પ્રકારનો કોઇ નીરૂદ્યોગ ભટકનારો તે ચાકરી ધંધો કરવાની ના કેહેશે અથવા ગફલત કરશે તો તે વાત તેની ઉપર માજીસ્ટ્રેટની આગળ સાબીત થયા પછી તે ઘણામાં ઘણા એક મહીના સુધી શકત મજુરી સાથે કેદની સજાને લાયક થશે.

ભાગ ૪ થો

હિંદુસ્થાનમાંથી લઈ જવા બાબત.

નીરૂદ્યોગ ભટકનારને લઇ જવા બાબત.

૧૬ યોગ્ય મુદત વીતી ગયા પછી પણ કાંઇ લાયક ચાકરી ધંધો સદરહુ પ્રકારના કોઇ નીરૂદ્યોગ ભટકનારને મળતો નહીં હોય તીયારે તે આ કટમાં આગળ કહ્યા પ્રમાણે કરારનામું લખી આપે ત્યાર પછી તેને આ આકટમાં આગળ કહેલી રીતે બ્રિટીશ ઈંડીઆમાંથી લઇ જવડાવવાને સ્થાનીક સરકાર મુખતીયાર છે અને લઇ જવાનો ખરચ સરકાર આપશે.

લઇ જવાનો ખરચ

અથવા ૨૯ મી અને ૩૦ મી કલમ તેને વાંચી સંભળાવીને પછી તેને છોડી મુકવાને સરકાર મુખતીયાર છે.

નીરૂદ્યોગ ભટકનારની સાથે કરારનામું.

૧૭. કોઈ નીરૂદ્યોગ ભટકનાર અથવા યુરોપીયનનાં પેટનું બીજું માણસ ઇન્ડીયાના સ્ટેટ સેક્રેટરી ઇનકાઉનશીલને હેઠળ લખ્યા પ્રમાણે કરારનામું લખી આપવાને મુખતીયાર છે. એટલે—

(અ) બ્રિટીશ ઇંડીયાગાંહેનું જે બંદર કરારનામામાં લખ્યું હોય તે બંદર જવા બાબત

(બ) અને તે બંદર જે મુલકમાં હોય તે મુલકની સરકારે આ કામ સારૂ નીમેલા અમલદારે તે માણસને સ્ટેટ સેક્રેટરી ઇનકાઉનસીલને ખરચે હિંદુસ્તાનમાંથી જવા સારૂ તે બંદરમાં જે વાહાણ ઉપર જે વખતે ચઢવાનો હુકમ કરયો હશે તે વાહાણ ઉપર તે વખતે ચઢવા બાબત,

(ક) જે બંદર તે વાહાણ જવાનું હોય તે બંદર તે પોહોચે ત્યાંહાં સુધી તે વાહાણ ઉપર રેહેવા બાબત, અને

(ડ) એ પ્રમાણે વાંહાંણ ઉપર ચઢયાની તારીખથી પાંચ વરસ થાય ત્યાં સુધી હિંદુસ્થાનમાં પાછા નહી આવવા બાબત કરારનામું લખી આપવાને મુખતીયાર છે.

કરારનામાંનો નમુનો

સદરહુ કરારનામું વગર સ્ટાંપના કાગળ ઉપર હશે તોપણ ચાલશે, પણ તે આ આકટને જોડેલાં બીજા પરીશીષ્ટમાં લખેલા નમુના પ્રમાણે અથવા હકીકત પ્રમાણે બને ત્યાંહાં સુધી તે નમુના પ્રમાણે લખવું જોઇએ.

કરારનામા પ્રમાણે કરવાનો અધિકાર.

૧૮. સ્ટેટ સેક્રેટરી ઇનકાઉનશીલની તરફથી તે કરારનામું અમલમાં લાવવા સારૂ લઇ જવા બાબત અથવા બીજા કશાં બાબત કરારનામું કરવાનો અને જે બીજા કામોની જરૂર હોય તે કરવાનો અધિકાર જે મુલકમાં ઉપર કહેલું બંદર હોય તે મુલકની સરકારને છે.

ભાગ ૫ મો.

શીક્ષા.

માજીસત્રેટની આગળ જવાની ના કેહેવી.

૧૯. પોલીસ માજીસ્ટરેટની પાસે અથવા જસ્ટીસ આફ ધી પીસની પાસે અથવા તેની આગળ પ્રથમ ચોકશી થવા સારૂ હાજર થવાને માટે કોઈ માણસને પોલીસ અમલદારની સાથે જવાનું ૪ થી કલમ પ્રમાણે ફરમાવ્યું હોય તે પ્રમાણે તે જવાને ના કેહેશે, અથવા ચુકશે, તો, તે યુરોપીયન બ્રિટીશ રઇયત હોય કે નહી હોય તોપણ તેને વગર વારંટે પકડવાનો અધિકાર છે તથા તેની ઉપર તે વાત માજીસ્ટરેટની આગળ સાબીત થયા પછી તે ઘણામાં ઘણા એક મહીના સુધી કેદની શીક્ષાને અથવા દંડને અથવા એ બેઉ શીક્ષાને લાયક થશે.

પોલીસ અમલદારની ઉપર હુમલો કરવો.

અને કોઇ માણસને પોલીસ માજીસ્ટરેટની પાસે અથવા જસ્ટીસ આફ ધી પીસની પાસે અથવા તેની આગળ હાજર થવા માટે પોલીસ અમલદારની સાથે જવાનું ૪ થી કલમ પ્રમાણે ફરમાવ્યું હોય તે

માણસ હિંદુસ્થાનના ફોજદારી કાયદાની ૩૫૦ મી કલમ પ્રમાણે સજા કરવા લાયક ગુનો કરશે તો તે યુરોપીયન બ્રિટીશ રઇયત હોય કે નહી હોય તોપણ તે ગુન્હા બાબત તેનો ઇનસાફ કરવાને માજીસ્ટરેટ મુખતીયાર છે.

૨૦. ૫ મી અને ૬ ઠી કલમમાં કહેલા હુકમ પ્રમાણે કોઇ નીરૂદોગ ભટકનારને પોલીસને સ્વાધિન કરયો હોય તે તેઓના હાથમાંથી નાશી જશે.

પોલીસના હાથમાંથી નાશી જવું

અથવા આ આકટ પ્રમાણે વરકહોસ હોય તે વરકહોસ ગવરનરની પરવાનગી વગર મુકીને જશે અથવા સદરહુ પ્રકારની પરવાનગીથી નીયમીત ઠરાવેલી મુદત સુધી અથવા કહેલા કારણ સારૂ વરકહોસ મુકી જઇને સદરહુ પ્રકારની મુદત પુરી થયાં પછી અથવા સદરહુ કારણ કરી રહ્યા પછી અથવા અશકય છે એવું ઠરયા પછી પાછો આવવાને ચુકશે તો તેવા દરેક ગુના બાબત તે માજીસટરેટની આગળ સાબીત થયા પછી ઘણામાં ઘણા બે વરસ સુધી સખત મજુરી સાથે કેદની સજાને લાયક થશે.

વગર રજાએ વરકહોસ મુકીને જવું.

વરકહોસમાં પાછા આવવાને ચુકવું.

૨૧. કોઇ માણુસ ૧૭ મી કલમ પ્રમાણે કરારનામું લખી આપીને તે કરાર નામામાં લખેલ બંદર તે કરારનામાંમાં લખ્યા પ્રમાણે જવાને ચુકશે.

વાંહાણ ઉપર ચઢવાને બંદર જવાને ચુકવું

અથવા તેજ કલમ પ્રમાણે તેને વાંહાણ ઉપર ચઢવાનું કહ્યું હોય અને તે તે પ્રમાણે કરવાની ના કહેશે.

વાંહાણ ઉપર ચઢવાની ના કેહેવી.

અથવા તે ઉપર કહ્યા પ્રમાણે જે વાંહાણ ઉપર ચઢયો હોય તે વાંહાણ જે બંદર જવાનું હોય તે બંદર પોહોચ્યા પેહેલાં તે તે વાંહાણઉપરથી નાહાસી જશે.

વાંહાણ ઉપરથી નાહાસી જવું.

તો એવા દરએક ગુન્હા બાબત તે યુરોપીયન બ્રીટીશ રઇયત હોય કે નહી હોય તો પણ માજીસ્ટરેટની આગળ સાબીતી થયા પછી તે ઘણામાં ઘણા છ મહીના સુધી સકત મજુરી સાથે કેદની સજાને લાયક થશે.

૨૨ ૧૭ મી કલમ પ્રમાણે કરારનામું લખી આપીયું હોય તે કરારનામાં પ્રમાણે વાંહાણ ઉપર ચઢયાની તારીખથી પાંચ વરશમાં કોઇ માણસ ઇંડીઆના સટેટ સેક્રટરીએ ખાસુસ કરીને પરવાનગી આપીયા વગર હીંદુસ્થાનમા પાછો આવસે તો એવા દરએક ગુન્હા બાબત તે યુરોપીયન બ્રિટીશ રઇયત હોય કે નહી હોય તો પણ માજીસ્ટરેટની આગળ સાબીત થયા પછી તે ઘણામાંઘણા બે વરસ સુધી સકત મજુરી સાથે કેદની સજાને લાયક થશે.

હીંદુસ્થાનમાં પાછું આવવું

૨૩ યુરોપીયનનાં પેટનાં કોઇ માણસને પોતાનો ઉદર નીરવાહ એટલે ગુજરાન ચલાવવાનું પુરૂં સાધન હોય અને તે ભીખ માગતાં માલમ પડશે.

ભીખ માગવી.

અથવા ધમકી દેખાડીને કે દાંડાઇ કરીને ભીખ માગતાં માલમ પડશે,
અથવા જવાનું કહ્યા પછી પણ તે કોઇ માણસ પાસે ભીખ માગ્યાં કરતું માલમ પડશે.
અને તે યુરોપીયન બ્રીટીશ રઇયત હોય કે નહી હોય તો પણ તેની ઊપર માજીસ્ટરેટની આગળ ગુન્હો સાબીત થશે અને તે પેહેલો ગુન્હો હશે તો ઘણામાં ઘણા એક મહીનાસુધી, અને બીજો ગુન્હો હશે તો ઘણામાંઘણાં બે મહીનાસુધી અને ત્યાર પછી નો ગુનહો હશે તો ઘણામાંઘણા ત્રણ મહીનાસુધી સખત મજુરી સાથે કેદની સજાને લાયક થશે.

કેદ પુરીથયા પછી કામ ચલાવવાની રીત.

૨૪. ૧૯ મી અથવા ૨૦ મી અથવા ૨૧ મી અથવા ૨૨ મી અથવા ૨૩ મી કલમ પ્રમાણે જે માણસને કેદમાં રાખ્યું હોય તેની કેદની મુદત પુરી થાય એટલે તેને છેક પાસેના માજીસ્ટરેટની આગળ અથવા ઊપર કહ્યા પ્રમાણે અખત્યાર ચલાવનારા જસ્ટીસ આફ ધી પીસની આગળ લઇ જવો. પછી તે માજીસ્ટરેટની અથવા જસ્ટીસ આફ ધી પીસની નજરમાં આવે તો તેણે ૫ મી અને છઠી કલમમાં કહેલી રીતે તેની તુરત તજવીજ કરવી.

મોકલવાના હુકમમાં, અગાઊ ગુન્હો સાબીત થયો હોય તે વાતનો દાખલો લખવો.

વાહાણનો માસ્તર યુરોપીયન ગુનહેગારોને હીંદુસ્થાનમાં લાવે તેને શીક્ષા.

૨૫. યુરોપીયનનાં પેટનાં જે માણસ ઊપર "ફેલની" નો ગુન્હો કરયાની અથવા જે ગુનહો ઇંગલંડમાં કરયો હોત તો ફેલનીનો ગુનહો થયો હોત તેવો કાંઇ ગુનહો કરયાની સાબીતી મલીકા માઆઝમાનાં રાજના બીજા કોઇ ભાગમાં થઇ હોય તે માણસને કોઇ વાહાણનો માસતર બ્રીટીશ ઇંડીયાના હરકોઇ ભાગમાં ઉતારશે અથવા ઉતરવા દેશે તો તે વાત માજીસ્ટરેટની આગળ સાબીત થયા પછી તે હરએક માસ્તર એ પ્રમાણે ઊતારેલા અથવા ઊતરવા દીધેલાં દરેક માણસ બાબત સો રૂપીઆ કરતાં ઓછો નહી અને પાંચસેં રૂપીયા કરતાં વધતો નહી એટલા દંડને લાયક થશે; અને દંડ નહી આપે તો ઘણામાંઘણા બે મહીના સુધી કેદની સજાને લાયક થશે.

પણ ઊપર કહ્યા પ્રમાણે ઊતરેલાં અથવા ઉતરવા દીધેલાં માણસ બાબત મેં યોગીય ચોકસી કરી હતી અને તે માણસ ઉપર સહરહુ પ્રકારના ગુનાહની સાબીતી થઇ છે એવું માનવાનો કાંઇ સબબ નહી હતો એવી પ્રતીવાદી (પોતાને જે પુરાવો આપવાનો આ કલમ ઉપરથી અધિકાર છે તે) પુરાવા ઊપરથી માજીસ્ટરેટની ખાતરી કરશે તો તેને દંડ થશે નહી.

કેટલાએક વહાણોના માસ્તરોને માફી આપવાનો અધિકાર.

ગવરનર જનરલ ઇનકાઊનસીલને યોગ્ય જણાય તે સરતોથી અને વાહાણ ઉપરનાં સઘળાં માણસો બાબત અથવા તેમાંનાં કેટલાએક માણસો બાબત હરકોઇ વરગના વહાણોના માસ્તરોને આ કલમનો પહેલો ભાગ લાગુ નથી એવું ઇંડીઆ ગેજેટમાં જાહેરનામું છપાવીને વખતે વખતે ઠરાવવાનો ગવરનર જનરલ ઇનકાઊનસીલને અધિકાર છે.

આ કલમ પ્રમાણે કાંઈ માફી આપી હશે તે ઊપર કહેલી રીતે રદ કરવાનો ગવરનર જનરલ ઇનકાઉનશીલને અખિતાર છે.

દંડની વસુલાત.

૨૬. આ આકટ પ્રમાણે દંડ કરયો હોય તે કલકતા, મદ્રાસ અને મુંબઇ એ શેહેરોની હદબાહાર કરેલા ગુના બાબત કરયો હોય તો તે સઘળો દંડ ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં કહેલી રીતે વસુલ કરવો અને સદરહુ હદમાં કરેલા ગુન્હા બાબત દંડ કરયો હોય તો તે દંડ તે શેહેરની પોલીસનો બંદોબસ્ત કરવા બાબત જે આકટ ચાલું હોય તે આકટમાં જે રીત કહેલી હોય તે રીતે વસુલ કરવો.

દંડનું ભરણું.

આ આકટ પ્રમાણે જે દંડ વસુલ થયો હોય તે સઘળો દંડ ઇંડીયા સરકારને ખાતે અથવા ગવરનર જનરલ ઇન કાઉનસીલ વખતે વખતે ફરમાવે તે પ્રમાણે જમે કરવો.

ફરીઆદી.

૨૭ આ આકટ પ્રમાણે ફરીયાદ કરીને કામ ચલાવવું પડે તે સ્થાનીક સરકાર વખતે વખતે જે અમલદારને તે કામ સારૂ નીમે તે અમલદાર કરીને તેનું કામ ચલાવવાને મુખતીયાર છે.

હકુમતની હદ.

૨૮ આ આકટના આ ભાગ પ્રમાણે અને ૩ જા ભાગ પ્રમાણે શીક્ષા કરતી વખતે કોઈ માણસે પોતાના અખતીયારથી વધતી શીક્ષા કરવી નહી એટલે જે ગુનેહગારો યુરોપીઅન બ્રિટીશ રઇયત નહી હોય તે ગુનેહગારોની બાબતમાં ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે પોતાને જે અખતીયાર મળેલો હોય તે કરતાં વધતી શીક્ષા કરવી નહી.

માજીસ્ટ્રેટ છેક પાસે નહી હોય ત્યારે ચલાવેલું કામ કાયદાસર જાણવું.

૨૯ કોઈ માણસ નીરૂદ્યોગ ભટકનારો દેખાતો હોય તે માણસને જે પોલીસ માજીસ્ટ્રેટની આગળ અથવા જસટીસ આફ ધી પીસની આગળ હાજર થવાનો હુકમ કરયો હોય અથવા ચોથી સમી કલમ પ્રમાણે કોઇ માણસને પોલીસ માજીસ્ટ્રેટની પાસે અથવા જસટીસ આફ ધી પીસની પાસે લઇ ગયા હોય તે માજીસ્ટ્રેટ અથવા જસટીસ આફ ધી પીસ છેક પાસેનો નહી હોય તેટલાજ સબબથી આ આકટ પ્રમાણે ચલાવેલું કામ કાયદાસર નથી એવું સમજવું નહી.

ભાગ ૬ ઠો.

પરચુરણ.

ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે યુરોપીયન બ્રિટીશ રઇયતને જે અખિકાર છે તે તેઓના કહાડી નાખયા.

૩૦ ૫ મી કલમમાં કહેલી સંક્ષેપ રીતે ચોકશી કરયા પછી કોઈ યુરોપીયન બ્રિટીશ રઇયત નીરૂદ્યોગી ભટકનારો ઠરયો હશે અથવા ૨૨ મી કે ૨૩ મી કલમ પ્રમાણે તેની ઉપર ગુનાહની સાબીતી થઇ હશે તે હિંદુસ્તાનમાં રહેશે ત્યાં સુધી તેને સદરહુ શેહેરોની હદ બહાર હેઠળ જણાવેલા ઠરાવ લાગુ થશે એટલે ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૩૮માં

ભાગના ઠરાવ શીવાય તેજ કાયદાના જે બીજા ઠરાવ યુરોપીયન બ્રિટીશ રઈયત નહી હોય તેવા યુરોપીયનને લાગુછે તે લાગુ થશે એવું સમજવું.

હાઈકોરટમાં તેનો ઈનસાફ થવા સારૂ તેને જસટીસ આફ ધી પીસે કાંઈ સબબથી મોકલ્યો હોય અથવા તેનો હાજર જામીન લીધો હોય તો આ કલમના પહેલા ભાગમાં કાંઈ ઠરાવ હોય તોપણ તે સબબથી તે જસટીસ આફ ધી પીસની અથવા હાઈકોરટની હકુમત બાબત હરકત લેવાનો તેને અધિકાર નથી.

આ આકટ ઠરચો ન હોત તો જે માંજીસ્ટ્રેટોની યુરોપીયન બ્રિટીશ રઈયત ઉપર હકુમત ન હોત તે માજીસ્ટ્રેટને સદરહુ ઠરાવ કરચોછે તે શીવાય આ કલમના હરકોઈ ઠરાવ ઉપરથી તે હકુમત આપવામાં આવેછે એવું સમજવું નહી.

જે યુરોપીયન અથવા સોલજરો નીરૂદ્યોગી ભટકનારા થાય તે યુરોપીયનોને આ દેશમાં લાવનારાઓને માથેનો અથવા તે સોલજરોને ચાકરીએ રાખનારાઓને માથેનો જોખમ.

૩૧ યુરોપીયનના પેટનો કોઈ શખસ.

હરકોઈ બીજા માણસની અથવા કંપનીની અથવા મંડળીની હરકોઈ ચાકરી કરવાનો કરાર કરીને તે પ્રમાણે હિંદુસ્તાનમાં આવશે.

અથવા તે શખસ મલીકા માઆઝમાના લશકરમા હેનો ગેરસનંદી આફીસર (એટલે અમલદાર) અથવા સોલજર (એટલે શીપાઈ) હશે અને તે તેવો કરાર કરીને તે લશકર (ની ચાકરી) હિંદુસ્થાનમાં મુકી દેશે.

અને બ્રિટીશ રઈયત ન હોય તેવા યુરોપીઆનના પેટના સેલર (ખલાસી) અને બ્રિટીશ ઈંડીઆના હરકોઈ બંદરમા તેના વહાણમાંથી કહાડી મુકશે.

અને હિંદુસ્થાનમાં આવ્યા પછી અથવા લશકર (ની ચાકરી) મુકી દીધા પછી અથવા તેના વહાણમાંથી કહાડી નાખ્યા પછી એક વરસમા તે નીરૂદ્યોગ ભટકનારા તરીકે તેનો ખરચ સરકાર ઉપર પડશે ત્યારે જે માણસની અથવા કંપનીની અથવા મંડળીની ચાકરી કરવા સારૂ તે ઉપર કહ્યા પ્રમાણે હિંદુસ્થાનમાં આવ્યો હશે અને તેણે લશકર(ની ચાકરી) મુકી દીધી હશે તે માણસને અથવા કંપનીને અથવા મંડળીને અથવા તે સેલરને પ્રસંગે તેને જે વહાણમાંથી સદરહુ પ્રમાણે કહાડચો હશે તે વહાણનો જે માણસ કહાડી મુકવાની તારીખે ધણી અથવા એજન્ટ (આડતીયો) હશે તે માણસને હેઠળ લખેલો ખરચ આપવો પડશે એટલે તે માણસ નીરૂદ્યોગી ભટકનારા થયાના સબબથી તેને આ આકટ પ્રમાણે મોકલવાનો ખરચ અને બીજો ખરચ સરકારને થયો હોય તે સઘળો ખરચ સરકારમાં આપવો પડશે.

ખરચની વસુલાત.

સદરહુ પ્રકારનો ખરચ ફરીઆદ કરીને વસુલ કરવો તે એ રીતે કે તે ખરચ આપવાનો જે માણસને અથવા કંપનીને અથવા મંડળીને અથવા ધણીને અથવા એજંટને માથે જોખમ હોય તે માણસે અથવા કંપનીએ અથવા મંડળીએ તે ખરચ આપવાને ઈંડીઆના સ્ટેટ સેક્રેટરી ઈન કાઊનસીલની સાથે ખસુસ કરીને કરાર કરચો હોય તે પ્રમાણે વસુલ કરવો.

જે યુરોપીયનને સ્વાધિન જનાવરો હોય ને તે આવે તથા નીરૂદ્યોગ ભટકનારો થાય તે પ્રસંગે કનસૅનીની જવાબદારી.

૩૨ યુરોપીયનના પેટનો કોઈ શખસ હીંદુસ્થાનમાં આવે ત્યારે તેની હીંદુસ્થાનમાં આવવાની સફરમાં અથવા હીંદુસ્થાનના એક બંદરેથી બીજે બંદરે જવાની સફરમાં તેને સ્વાધિન કોઇ જનાવર હશે અથવા તે કોઈ જનાવરની ચાકરીમાં હશે અને તે હીંદુસ્થાનમાં આવ્યા પછી એક વરસની અંદર નીરૂદ્યોગી ભટકનારા દાખલ તેનો ખરચ સરકાર ઉપર પડશે ત્યારે.

તે જનાવરના કનસાઈની (જે શખસના ઉપર તે જનાવર મોકલ્યું હશે તે.)

અથવા તે જનાવર વેચવા માટે હીંદુસ્તાનમાં આડતીઆ હશે તે

અથવા સદરહુ કનસાઈની અથવા આડતીયા ગળતા નહી હોય ત્યારે જે વહાણમાં તે જનાવર હીંદુસ્થાનમાં આવ્યું તે વહાણ જે આડતીઆના ઉપર આવ્યું હશે તે આડતીઓ.

સદરહુ શખસ નીરૂદ્યોગી ભટકનારો થયાથી તેને આ આકટ પ્રમાણે મોકલવાનો ખરચ તથા બીજો ખરચ સરકારને થયો હશે તે સઘળો સરકારને આપવાને બાયક થશે.

આ કલમ પ્રમાણે સરકારને જે પઈસા આપ્યા હશે તે જેણે જનાવર મોકલ્યું હશે તેને ખાતે અથવા ધણીને ખાતે માંડવાનો હક સદરહુ કનસાઈનીને અથવા આડતીઆને છે.

કનસાઈની શબ્દની વ્યાખ્યા

સદરહુ જનાવર મોકલનારના ફાયદા સારૂ તે જનાવર વેચવાનું જે શખસે માથે લીધું હશે તે શખસનો સમારા આ કલમના કારણ સારૂ "કનસાઈની" આ શબ્દમાં થાયછે એવું સમજવું.

"આડતીયો" આ શબ્દની વાખ્યા.

સદરહુ વહાણના આડતીઆનું કામ જે શખસે કબુલ કરયું હશે તેના ઊપર તે વહાણ મોકલ્યું નહી હોય તોય પણ તે શખસનો સમાસ "આડતીયો" આ શબ્દમાં થાયછે એવું સમજવું.

પાંચમી કલમ પ્રમાણે ઠરાવનો પુરાવો.

૩૩. પાંચમી કલમ પ્રમાણે દફતરમાં ઠરાવ દાખલ કરયો હશે તેની સહીની નકલ તે ઠરાવમાં જે યુરોપીયન બ્રિટીશ રઈયતનું નામ લખ્યું હશે તે તે કલમમાં કહેલી સંક્ષેપ રીતે ચોકશી કરયા ઊપરથી નીરૂદ્યોગી ભટકનારો છે એવું કરયા બાબત અને કરાવની તારીખે તે નીરૂદયોગી ભટકનારો હતો આ બાબત આ ભાગ પ્રમાણે હરકાંઈ કામ ચાલશે તેમાં પ્રથમ દરશની પુરાવો છે એવું સમજવુ.

સ્થાનીક સરકારને આપેલો અધિકાર ચલાવવો.

૩૪ ૧૬ મી અને ૧૮ મી કલમ પ્રમાણે સ્થાનીક સરકારને જે અધિકાર આપ્યો છે અને તેઓનાં જે કામો કહ્યાંછે તે અધિકાર અને કામો સ્થાનીક સરકાર સરકારી ગેજીટમાં જાહેરનામું છપાવીને જે વરગના અમલદારોને વખતે વખતે નીમશે તે વરગના અમલદારોને ચલાવવાનો અધિકાર છે.

૩૫ આ આકટ ઉપરથી માજીસ્ટ્રેટોને તથા પહેલા વરગના માજીસ્ટ્રેટનો અખત્યાર

માજીસ્ત્રેટોને તથા જસટીસ આફ ધી પીસોને અને પોલીસને આપેલો અધિકાર એતદેશીય સંસ્થાનમાં ચલાવવા બાબત.

ચલાવનારા જસટીસ આફ ધી પીસોને અને પોલીસઅમલદારોને જે અધિકાર આપ્યો છે અને જે કામો સોંપ્યાછે તે અધિકાર અને કામો ગવરનર જનરલ ઈન કાઊંનશીલ ઈંડીઆ ગેજીટમાં જાહેરનામું છપાવીને જે માણસોને વખતે વખતે નીમશે તે માણસોને બ્રિટીશ ઇંડીઆની હદ બહારની જગાએ ચલાવવાનો અધિકાર છે.

અમલદારોએ શી રીતે વહીવટ ચલાવવો તે વાતની તેઓને સમજણ પડવા સારૂ કાનુનો કરવાનો અધિકાર.

૩૬ આ આકટ અમલમાં લાવવા બાબતના કામમાં અમલદારોએ શી રીતે વહીવટ ચલાવવો તે વાતની તેઓને સમજણ પડવા સારૂ આ આકટની મળતી આવે તેવી કાનુનો કરવાનો અધિકાર ઇંડીયાના ગવરનર જનરલ ઈનકાઊનશીલને છે.

તે સઘળી કાનુનો ઈંડીયા ગેજીટમાં છપાવીને પ્રસિધ કરવી અને પછી તે કાયદાની પેઠે ચાલશે.

પેહેલું પરીશીશ્ટ.

(૯ મી કલમ જુઓ.)

__________ નો ઇ. ક. યુરોપીયનના પેટનું માણસ જેને આ સરટીફીકેટ આપ્યુંછે તે મારી આગળ હાજર થયો અને સને ૧૮૭૪ નો યુરોપીયન વેગરન્શ્રી આકટ છે તે આકટ પ્રમાણે તે નીરૂદ્યોગ ભટકનારો થાય તેવો નથી એવી તેણે મારી ખાત્રી કરી વાસ્તે તેને ભીખ માગતાં માલમ પડ્યા વગર આ સરટીફીકેટ (એટલે દાખલા)ની તારીખથી __________ મહીના સુધી અને __________ પ્રાંતનાં અથવા ડીસ્ટ્રીકટમાં સદરહુ આકટની ૪ થી, ૫ મી, ૬ ઠી અને ૭ મી કલમનો કોઇ ઠરાવ લાગુ છે એવું સમજવું નહી. તે ભીખ માગતાં માલમ પડશે તો આ સરટીફીકેટ રદ બાતલ છે એવું સમજવું.

તારીખ માહે __________ સને ૧૮ (સહી ગ. હ.

__________ શેહેરની પોલીસનો માજીસ્ત્રેટ અથવા __________

વરગના માજીસ્ત્રેટનો અખતીયાર ચલાવનારો __________

નો જસટીસ આફ ધી પીસ.

બીજું પરીશીશ્ટ.

(૧૭ મી કલમ જુઓ.)

આજ તારીખ માહે __________ સને ૧૮ ને રોજ ઈંડીયાના સ્ટેટ સેક્રેટરી ઈનકાઊનશીલ અને __________ નો ક. ડ. નીરૂદ્યોગ ભટકનારો એ બેઉ જણાની દરમીઆન થએલા કરારનામાની કલમો આ કરારનામા

ના દરેક પક્ષકારે જે કામો કરવાં જોઇએ તે બાબત તે બીજા પક્ષકારની સાથે આ કરારનામાની રૂઇએ હેઠળ લખ્યા પ્રમાણે કરાર કરેછે:—

૧. સદરહુ ક. ડ. (વહાણ ઉપર ચઢવાને બંદર)ને બંદર તુરત જશે.

૨. તે બંદરમાં સદરહુ ક. ડ. તે સ્થાનીક સરકારે જે અમલદારને નીમ્યો હોય તે અમલદાર હુકમ કરશે તે વહાણ ઉપર અને તે વખતે ચડશે.

૩ જે બંદર તે વહાણ જવાનું હોય તે બંદર તે પહોચે ત્યાં સુધી તે વહાણ ઊપર સદરહુ ક. ડ. રહેશે.

૪. સદરહુ ક. ડ. ઊપર કહ્યા પ્રમાણે વહાણ ઉપર ચઢ્યાની તારીખથી પાંચ વરસ થશે ત્યાં સુધી સદરહુ સ્ટેટ સેક્રેટરીની મુદામ પરવાનગી વગર હીંદુસ્તાનમાં પાછો આવશે નહી.

૫. સદરહુ સ્ટેટ સેક્રેટરી ઇન કાઊન્શીલ સદરહુ ક. ડ. ને સદરહુ બંદર લઇ જવાનો ખરચ તથા સદરહુ પ્રમાણે તેને મોકલતા તથા તે બંદરમા તેને ખોટી થવું પડે તો જેટલી મુદત સુધા થવું પડે તેટલી મુદત સુધીનો તેના ઊતારાનો અને ખાવા પીવાનો ખરચ આપશે. અને સદરહુ વહાણ ઊપર સદરહુ ક. ડ, ને લઇ જવાનો તથા જે સફરે જવા સારૂ તે ઉપર કહ્યા પ્રમાણે વહાણ ઊપર ચઢશે તે સફરની મુદત સુધી તેને ખવડાવવા પીવડાવવાનો સદરહુ વહાણના ધણીની સાથે અથવા તેના મુખતીયાર સાથે કરાર કરશે.

ઇન્ડીયાના ગવરનર જનરલ ઇનકાઊનશીલના અથવા ______ ના ગવરનર ઇનકાઊનશીલના અથવા ______ ના લેફટેનંટ ગવરનરના અથવા (______ ના ચીફ કમીશનર)ના હુકમથી સદરહુ સ્ટેટ સેક્રેટરી ઇન કાઊનશીલની તરફથી અ. બ. એ અને ક. ડ. એ આ કરારનામા ઉપર સદરહુ વરસની સદરહુ તારીખે સહી કરીછે.

(True translation)
Anundrao Champajee,
For Oriental Translator to Government.

અમદાવાદ હીતેચ્છુ પ્રેસમા છાપ્યો.

ઇન્ડીઅન માજોરીટી આક્ટ એટલે હીંદુસ્તાનમાં પુખ્ત ઉમ્મર બાબતનો કાયદો.

સને ૧૮૭૫ નો ૯ મો.

સને ૧૮૭૫ ના માર્ચ મહીનાની ૨૭ તારીખે ગવરનર જનરલની મંજુરી મળી.

પુખ્ત ઉમ્મર બાબતનો કાયદો સુધારવાનો આક્ટ.

બ્રીટીશ હીંદુસ્તાનમાં નીવાસ કરી રહેલા સખસોની બાબતમાં નાની ઉમ્મરની મુદત વધારવાનું અને હાલ છે તેના કરતાં પુખ્ત ઉમ્મર બાબતમાં વધારે, એક સરખાપણું અને નિશ્ચિતપણું પ્રાપ્ત કરવાની જરૂર છે તેથી આ ઉપરથી નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે:—

ટુંકું નામ. ૧ આ આક્ટ "સને ૧૮૭૫નો હીંદુસ્તાનનો પુખ્ત ઉમ્મરનો આક્ટ" એવું નામ આપું છે.

આ આક્ટ ક્યાં લાગુ પડે છે. આ આક્ટ આખા બ્રીટીશ હીંદુસ્તાનને લાગુ પડે છે અને મહારાણીની પ્રજાના સબંધમાં મહારાણી સાહેબ સાથે કોલ કરાર છે એવા હીંદુસ્તાનમાંના દેશી રજવાડાના રાજાઓને અને સંસ્થાનોને લાગુ પડે છે,

તે ક્યારે શરૂ થશે અને અમલમાં આવશે. અને આક્ટ પાસ થયાની તારીખથી ત્રણ મહીના પછી તે ચાલુ થશે અને અમલમાં આવશે.

૨ આમાં કહેલી કોઈ પણ બીના લાગુ પડશે નહીં—

(અ) નીચે લખેલી એટલે લગ્ન, મેહેરામણી, છેડા છુટકા અને દત્તકની બાબતોમાં કોઈ પણ સખસની કામ કરવાની સત્તાને; અથવા,

(બ) મહારાણી સાહેબની હીંદુસ્તાનમાંની પ્રજાના કોઈ પણ વરગ ધર્મને અગર ધર્મ સબંધી ક્રીયા અને રીવાજોને; અથવા

(ક) આ આક્ટ અમલમાં આવતાં પેહેલાં તેને લાગુ પડતા કાયદા પ્રમાણે જે સખસ પુખ્ત ઉમ્મરનો થયો હોય તેની સતાને;

હીંદુસ્તાનમાં નિવાસ કરી રહેલા સખસોની પુખ્ત ઉમ્મર. ૩ ઉપર કહેલું છે તેને અનુસરીને જે સગીરની મીલકતનો અથવા જાતનો ન્યાયની કોરટે વાલી નીમ્યો છે અથવા ન્યાયની કોરટથી વાલી નીમવામાં આવશે તે સગીર, અને કોઈ પણ કોરટ ઓફ વારડસની હકુમત નીચે હોય તેવો સગીર, (સને ૧૮૬૫ ના ૧૦) ઇન્ડીઅન સકસેશન આક્ટ અથવા બીજા કાયદામાં જે કાંઈ આ વિરૂધ લખ્યું હોય, તે છતાં પણ, જ્યારે તેની ૨૧ વરસની ઉમ્મર પુરી થાય ત્યારે પુખ્ત ઉમ્મરનો થયો ગણાશે, ત્યાર પહેલાં પુખ્ત ઉમ્મરનો થયો ગણાશે નહીં,

ઉપર કહ્યું છે તેને અનુસરીને હીંદુસ્તાનમાં નિવાસ કરીને રહેલો બીજો કોઈ સખસ; જ્યારે તેની અઢાર વરસની ઉમ્મર પુરી થાય ત્યારે પુખ્ત ઉમ્મરનો થયો ગણાશે, ત્યારપેહેલાં પુખ્ત ઉમ્મરનો થયો ગણાશે નહીં.

પુખ્ત ઉમ્મર શી રીતે ગણવી.

૪ કોઈ પણ સખસની પુખ્ત ઉમ્મર ગણવામાં જે દીવસે તે જન્મ્યો હોય તે આખો દીવસ ગણાશે; અને જો તેને ત્રીજી કલમનો પેહેલો પારાગ્રાફ લાગુ પડતો હોય તો, તે દીવસનું એકવીસમું સંવત્સર આવે તેની શરૂઆતમાં અને જો તેને ત્રીજી કલમનો બીજો પારાગ્રાફ લાગુ પડતો હોય તો તે દીવસનું અઢારમું સંવત્સર આવે તેની શરૂઆતમાં, તે શખસ પુખ્ત ઉમ્મરનો થયો તેમ ગણાશે.

ઉદાહરણો.

(અ) ઝ સને ૧૮૫૦ ના જાનેવારી મહીનાની પેહેલી તારીખે બ્રીટીશ હીંદુસ્તાનમાં જન્મ્યો અને તેનો નિવાસ બ્રીટીશ હીંદુસ્તાનમાં છે ન્યાયની કોરટે તેની જાતનો વાલી નિમ્યો છે. ઝ સને ૧૮૭૫ના જાનેવારી મહીનાની પેહેલી તારીખને પેહેલે ક્ષણે પુખ્ત ઉમ્મરનો થાય છે.

(બ) ઝ સને ૧૮૫૨ના ફેબરૂઆરીની ૨૯મી તારીખે બ્રીટીશ હીંદુસ્તાનમાં જન્મ્યો અને તેનો નિવાસ બ્રીટીશ હીંદુસ્તાનમાં છે. ન્યાયની કોરટે તેની મીલકતનો વાલી નિમેલો છે. ઝ સને ૧૮૭૩ના ફેબરૂઆરીની ૨૮મી તારીખને પેહેલે ક્ષણે પુખ્ત ઉમ્મરનો થાય છે.

(ક) ઝ સને ૧૮૫૦ના જાનેવારીની પેહેલી તારીખે જન્મ્યો તે બ્રીટીશ હીંદુસ્તાનમાં નિવાસ પ્રાપ્ત કરે છે. કોઈ પણ ન્યાયની કોરટે તેની જાતનો અગર મીલકતનો વાલી નીમેલો નથી, તેમજ તે કોરટ ઓફ વારડસની હકુમત નીચે પણ નથી; ઝ સને ૧૮૬૮ના જાનેવારીની પેહેલી તારીખને પેહેલે ક્ષણે પુખ્ત ઉમ્મરનો થાય છે.

આ આક્ટ અમદાવાદ હીતેચ્છુ પરેસમાં છાપ્યો.


मामलतदारोनी कोरटना अधीकार सबंधी कायदो *

સને ૧૮૭૬ નો આક્ટ ૩ નો.

સરકારી ગેઝીટ ઉપરથી.

છપાવનાર

મનસુખ મગનલાલ.



અમદાવાદમાં.

ઢાળની પોળમાં જગાભાઈના ડેહેલામાં
મગનલાલ વરજભુખણે ચંદ્રોદય પ્રીન્ટીંગ
પ્રેસમાં છાપી પ્રસિધ કર્યો.

સન ૧૮૮૯—સંવત ૧૯૪૫.

મુંબાઈના ગવરનર ઇન કાંઉનશીલને હેઠળ લખેલો આકટ સન ૧૮૭૬નાં ડિસેંબર મહીના ની ૯ મી તારીખે ગવરનર સાહેબે મંજુર કર્યો તથા સન ૧૮૭૭ ના ફેબરૂઆરી મહીનાની ૧૬ મી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છાપીને પ્રસીદ્ધ કરયો છે.

સન ૧૮૭૬નો મુંબાઇનો

આકટ ૨ જો.

મામલતદારોની કોરટોના અધીકાર સબંધી તથા કામ ચલાવવાની રીત સબંધી કાયદો છે તે એકઠો કરીને સુધારવા બાબતનો આકટ.

મામલતદારોની કોરટોના અધીકાર સંબંધી તથા કામ ચલાવવાની રીત સંબંધી કાયદો છે તે એકઠો કરીને સુધારવો યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

ટુકું નામ. ૧. આ આકટને "સન ૧૮૭૬ નો મામલતદારોની કોરટોનો આકટ કેહેવો."

ક્યાંહાં ક્યાંહાં લાગુ છે. આ આકટ મુંબાઇ શેહેર તથા આદન શીવાય આખા મુંબાઇ ઇલાકાને લાગુ છે.

આકટો રદ કરવા બાબત. ૨. સન ૧૮૩૮ ના ૧૬ મા આકટની ૧ લી કલમની ૨ જી રકમ તથા સન ૧૮૬૪ નો (મુંબાઇનો) ૫ મો આકટ રદ કરયો છે, મુંબાઇ ના ગવરનર ઇનકોંસિલે કરેલા કોઈ આકટમાં અથવા સન ૧૮૬૧ નો ઇંડીયન કોંશીલ આકટ છે તે અમલમાં આવ્યાની અગાઉ ગવરનર જનરલ ઇનકોંસિલે કરેલા કોઈ આકટમાં સન ૧૮૩૮ ના ૧૬ મા આકટના સદરહુ ભાગ ઉપર અથવા સન ૧૮૬૪ ના ૫ મા આકટ ઉપર હવાલા આપ્યા હશે ને સઘળા આ આકટના તેવાજ ભાગ ઉપર આપ્યા છે. એમ સમજવું.

અર્થની કલમ. ૩. આ આકટમાં વીષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો.

"મામલતદાર" ૧ "મામલતદાર" આ શબ્દમાં કોઈ પણ રેવનીયુ અમલદાર મામલતદારનો અધીકાર સામાનીય રીતે ચલાવતો હશે તે રેવીનીયુ અમલદારનો અને જે બીજા માણસને આ આકટ ઉપરથી મામલતદારને જે અધીકાર છે તે અધીકાર ચલાવવાની મુખતીયારી ગવરનર ઇનકોંશીલે ખસુસ કરીને આપી હશે અથવા સન ૧૮૬૪ ના મુંબાઇના ૫ મા આકટ પ્રમાણે મામલતદારનો અધીકાર ચલાવવાની મુખતીયારી આ આકટ ઠરતી વખતે જેને યોગ્ય રીતે આપેલી હશે તે બીજા માણસો નો સમાસ થાય છે એમ સમજવું.

"વાદી", "પ્ર- ૨. "વાદી" તથા "પ્રતીવાદી" આ શબ્દોમાં એ બેઉ પઈકી

પ્રતીવાદી." — સદરકોર્ટની તરફથી કામ કરવા સારૂ યોગ્ય રીતે નીમેલા પ્લીડરનો તથા દીવાની ઈનિમાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની (સન ૧૮૫૯ ના ૮ મા આકટની) ૧૭ મી કલમમાં કહ્યા પ્રમાણે વાદીનો અથવા પ્રતીવાદીનો કબુલ કરેલો મુખતીઆર હશે તેનો સમાસ થાય છે એમ સમજવું.

મામલતદારની કોરટોના અધીકાર. — ૪. દરએક મામલતદારે કોરટમાં પરમુખ સ્થાને બેસવું, તે કોરટને મામલતદારની કોરટ કેહેવી. અને મુલકની જે હદ ગવરનર ઇન કાઉનશીલ વખતે વખતે ઠરાવે તે હદમાં તે કોરટને હેઠળ લખેલો અધીકાર છે એટલે કાયદા પ્રમાણે કામ ચલાવ્યા વગર બીજી રીતે જમીન અથવા જગા અથવા ઝાડો અથવા પાકો અથવા માછલી મારવાની જગા અથવા તેની હરકોઈ ઉપજનો કોઇ માણસનો કબજો લીધો હોય અથવા કુવાનાં તથા તલાવનાં અથવા નેહેરનાં અથવા કાંસના પાણીનો ઉપયોગ કરવાનું કોઇ માણસની પાસેથી છીનવી લીધું હોય તે માણસને અથવા બીજા કોઈ માણસના કાંઇ ભોગવટાની અથવા બીજા હકની મુદત પુરી થવાને લીધે જે કોઇ માણસને સદરહુનો કબજો મળવાનો અથવા ઉપયોગ કરવાનું પાછું મળવાનો હક પ્રાપ્ત થયો હોય તે માણસને સદરહુ પ્રકારનો કબજો તાબડતોબ અપાવવાને અથવા સદરહુ પ્રકારનો ઉપયોગ કરવાનું પાછું અપાવવાનો અધીકાર છે.

સદરહુ કોરટને સદરહુ હદમાં હેઠળ લખેલો પણ અધીકાર છે એટલે કોઇ જમીનના અથવા જગાના અથવા પાકના અથવા ઝાડના અથવા માછલી મારવાની જગાના કોઈ માણસના કબજાને હરકત અથવા અડચણ કરી હશે અથવા હરકત અથવા અડચણ કરવાનો યત્ન કરયો હશે ત્યારે અથવા કુવાના અથવા તળાવનાં અથવા નેહેરના અથવા કાંસના પાણીનો કોઇ માણસે ઉપયોગ કરવામાં અથવા ખેતરમાં જવાના રસતાનો અથવા મામુલ મારગનો ઉપયોગ કરવામાં હરકત અથવા અડચણ કરી હશે અથવા હરકત અથવા અડચણ કરવાનો યત્ન કરયો હશે ત્યારે સદરહુ પ્રકારની હરકત અથવા અડચણ વળી કરતો નહી અથવા કરવાનો યત્ન કરતો નહીં એવી તાકીદ જે માણસે સદરહુ પ્રકારની હરકત અથવા અડચણ કરી હશે અથવા જેણે કરવાનો યત્ન કરયો હશે તે માણસને આપવાનો અધીકાર પણ છે.

છ મહીનાની અંદર ફરીયાદી ફઈલ કરવી જોઇએ. — પણ ફરીઆદીનું કારણ જે તારીખે ઉત્પન થયું હોય તે તારીખથી છ મહીનાની અંદર ફરીઆદી કરી ન હોય તો મામલતદારની કોરટે તે ફરીઆદી લેવી નહીં.

ફરીયાદીનું કારણ. — જે તારીખે કબજો કાહાડયો અથવા છીનવી લીધો અથવા ભોગવટાની અથવા બીજા હકની મુદત પુરી થઇ તે તારીખે અથવા જે તારીખે હરકત અથવા અડચણ અથવા યત્ન કરેલી હરકત અથવા અડચણ પ્રથમ સરૂ થઇ તે તારીખે ફરીઆદીનું કારણ ઉત્પન થયું એમ સમજવું.

દ્રષ્ટાંત. ૧

અ. પોતાનું ખેતર એક અથવા વધારે વરસની નીયમીત મુદત સુધી વાવેતર કરવા સારૂ બ. ને ભાડે આપે છે બ. તે મુદત પુરી થયા પછી કબજો છોડી દેવાની ના કહે છે. સદરહુ મુદત પુરી થયાની તારીખથી છ મહીનાની અંદર કોઈ પણ વખતે મામલતદારની કોરટમાં કબજો મળવા સારૂ અ. ફરીઆદી કરી શકેછે.

દ્રષ્ટાંત. ૨

બ. અ. નો એકસાલી ખેડુત છે સને ૧૮૬૫ ના મુબાઇના ૧ લા આકટની ૪૩ મી કલમની બીજી રકમ પ્રમાણે નોટીસ આપવાની અ. ને જરૂર છે તે પ્રમાણે તે ખેતી કરવાની આવતી મોસમ સરૂ થયાની નેહાન ૭ મહીનાની અગાઉ બ. ને છોડી દેવાની નોટીસ આપે છે ખેતી કરવાની આવતી મોસમની સરૂઆતમાં બ. છોડી દેવાની ના કહે છે ખેતી કરવાની આવતી મોસમ સરૂ થયાથી છ મહીનાની અંદર હરકોઈ વખતે મામલતદારની કોરટમાં અ. બ. ઉપર ફરીઆદી કરી શકે છે.

દ્રષ્ટાંત. ૩

અ. પોતાનાં કુવાના અથવા પોતાન કાંસના પાણીનો ઉપયોગ કરવા સારૂ પરવાનગી બ. ને નીયમીત મુદત સુધીની આપે છે. તે મુદત પુરી થયા પછી બ. અ. ના અનુમંત વગર તે કુવામાંથી અથવા કાંસમાંથી પાણી લેવાનું ચાલુ રાખે છે. બ. ને પાણી લેવાનું બંધ કરવાની તાકીદ મળવા સારૂં બ. ઉપર મામલતદારની કોરટમાં સદરહુ મુદત પુરી થયા પછી છ મહીનાની અંદર હરકોઈ વખતે ફરીઆદી કરવાનો અધીકાર અ. ને છે.

દ્રષ્ટાંત. ૪

અ. તથા બ. ની જમીન કાંસને અથવા એવાજ પાણીના બાંધેલા કાંસને લગતી છે. તેનો ઉપયોગ બ. એકલોજ માત્ર આજ સુધી કરતો આવ્યો છે અ. તેમાંથી પાણી લે છે અને તેમ કરવાની મના કરવા બાબત તાકીદ થવા સારૂ અ. એ તે પાણી લેવાનું સરૂ કરવાના તારીખથી છ મહીનાની અંદર હરકોઈ વખતે મામલતદારની કોરટમાં ફરીઆદ કરવાનો અધીકાર બ. ને છે.

ફરીયાદી કરવી હોય તે અરજી કરીને સરૂ કરવી અરજીમાં વીગત લખવી તે.	૫. આ આકટ પ્રમાણે ફરીઆદી કરવી હોય તે સઘળી ફરીયાદીઓ અરજી આપીને સરૂ કરવી તે અરજી વાદીએ ભર કોરટમાં મામલતદારને આપવી. અને તેમાં હેઠળ લખેલી વીગત લખવી. ૧. વાદીનું નામ તથા ધરમ તથા જાત તથા ધંધો તથા રેહેવાનું ઠેકાણું. ૨. પ્રતીવાદીનું નામ તથા ધરમ તથા જાત તથા ધંધો તથા રેહેવાનું ઠેકાણું.

૩. જે મીલકતનો અથવા તેની ઉત્પનનો કબજો અથવા ઉપયોગ કરવાનું માગ્યું હશે તે મિલકતનો પ્રકાર તથા ઠેકાણું અથવા તાકીદ આપવાની હશે તેનો પ્રકાર જેમ હોય તેમ લખવું.

૪ જે તારીખે ફરીયાદીનું કારણ ઉત્પન્ન થયું તે તારીખ.

૫. જે હકીકત ઉપરથી ફરીયાદીનું કારણ ઉત્પન્ન થયું તે હકીકત.

૬. વાદીના દસ્તાવેજ હોય તો તેની અથવા તેના સાહેદોની યાદી અને દરએક શાહેદ શો શો પુરાવો આપશે તે પુરાવો અને હાજર રેવા સારૂ તેવા સાહેદોને સમન કરવાના છે કે આ આકટની ૧૧ મી કલમ પ્રમાણે નીમેલે દાહાડે તથા જગાએ વાદી તેઓને હાજર કરશે તે.

અરજી ઉપર સહી તથા ખરાપણાની પ્રતીજ્ઞા કરવી.	૬ અરજી આપવામાં આવે છે ત્યારે મામલતદારે વાદીને તે અરજી ઉપર પોતાની રૂબરૂ ભર કોરટમાં સહી કરીને તેના ખરાપણાની પ્રતીજ્ઞાનો લેખ હેઠળ લખેલી રીતે અથવા તેવા મજકુરનો

કરવાનું ફરમાવવું.

"હું અ. બ. વાદી એકરાર કરૂં છું જે આ અરજીમાં જે લખ્યું છે તે મ્હારી માહીતગારી તથા સમજણ પ્રમાણે ખરૂં છે."

ખરાપણાની પ્રતીજ્ઞાના લેખની પીઠ ઉપર મામલતદારે શેરો લખવો વાદીને લખતાં આવડતું નહી હોય ત્યારે કામ ચલાવવાની રીત.

૭ અરજી ઉપર સહી તથા તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ યોગ્ય રીતે કરયો છે એવો શેરો તે અરજીનો પીઠ ઉપર મામલતદારે લખવો. વાદીને લખતાં આવડતુ નહીં હોય ત્યારે ખરાપણાની પ્રતીજ્ઞાનો લેખ તેની તરફથી ભર કોરટમાં બીજાએ લખવો અને એવે પ્રસંગે વાદીના કહયાથી મહારી રૂબરૂ ખરાપણાની પ્રતીજ્ઞાનો લેખ બીજાએ લખ્યો છે અને તે લેખના ખરાપણા સારૂ વાદીએ પોતાના નામ આગળ પોતાની નીશાની કરી છે એવું મામલતદારે લખવું.

જોઇયે તે વીગત વગેરે અરજીમાં નહીંહોય તો તે દુરસ્ત કરવા દેવાને મામલતદાર મુખત્યાર છે.

૮. અરજીમાં ફલાણી ફલાણી વીગત જોઇએ એવું આ આકટમાં અગાઉથી કહયું છે તે વીગત તે અરજીમાં નહીં હોય અથવા ફલાણી વીગત જોઈએ એવું કહયું છે તે શીવાય બીજી વીગત હોય તે ફરીયાદીને લાગુ હોય કે ન હોય અથવા મજકુર લખેલો હોય તે નીરર્થક પલ્હાણુ (લંબાણુ) કરી મુકયો હોય તો હુકમની તારીખથી ત્રણ દીવસમાં તે અરજી દુરસ્ત કરવાનો હુકમ આપવાને તે મામલતદાર મુખતીયાર છે.

અરજી ઉપર તેના ખરાપણાની પ્રતીજ્ઞાનો લેખ અથવા સહી કરવાની વાદી ના કહેશે અથવા દાવો મુદતની બાહારછે એવું દેખાશે તો તે અરજી ના મંજુર કરવાને મામલતદાર મુખતયાર છે.

૯. અરજી ઉપર સહી અથવા તેના ખરાપણાની પ્રતીજ્ઞાનો લેખ કરવાનું આ આકટમાં અગાઉ કહયું છે તેમ કરવાની અથવા મામલતદારે કહયા પ્રમાણે અરજી દુરસ્ત કરવાની વાદી ના કહેશે અથવા અરજી આપ્યાની અગાઉ છ મહીનાથી વધારે દાહાડા ઉપર ફરીયાદીનું કારણ ઉત્પન થયું હતું એવું અરજી ઉપરથી અથવા વાદીને સવાલ પુછયાથી દેખાય તો તે અરજી મામલતદારે ના મંજુર કરવી.

પોતાને હકુમત નથી એવું મામલતદારની નજરમાં આવે તો અરજી પાછી આપવી.

૧૦. અરજીમાં લખેલી બાબત પોતોની હકુમતમાં નથી એવું મામલતદારની નજરમાં આવે તો ત અરજી યોગ્ય કોરટમાં આપવા સારૂ તેણે પાછી આપવી.

અરજી લેવા લાયક હોય ત્યારે કામ ચલાવવાનીરીત

૧૧. અરજી લેવા લાયક હોય તો મામલતદારે તે લઇને ફઇસલ કરવી. તેણે પછી તે મુકદમાના ઇનસાફ સારૂ સગવડ ભરેલો એક દીવસ તથા જગા નીમવી. નીમેલે દહાડે તથા જગાએ પોતાના દસતાવેજ તથા સાહેદો સાથે લઇને હાજર થવાનું વાદીને ફરમાવવું. તે બાબતની દશ દહાડાની નોટીસ વાદીને ખરચે પ્રતીવાદીને અ. પરીશીષ્ટના નમુના પ્રમાણે આપવી.

ઈનસાફ સારૂ તારીખ ઠરાવવી તે જે તારીખે નોટીસ કરી તે તારીખથી બેઉ પક્ષકારોના અનુમત વગર દસ દિવસની અંદરની ઠરાવવી નહીં અથવા લાચારીના સબબ વગર પંદર દીવસ પછીની ઠરાવવી નહીં.

સાહેદોએ હાજર થવા બાબત.

૧૨. જે દીવસ તથા જગા નીંની હશે તે દિવસે તે જગાએ પોતાના સાહેદોએ હાજર રેહેવા સારૂ તેઓને સમન કરવા એવું હરકોઈ પક્ષકાર કેહે તો તે કામ સારૂ મામલતદારે સમન આપવા. સાહેદોને આ પ્રમાણે હાજર કરવા બાબત જે ખરચ થાય તે આપવા બાબતનું નીયમત સાહેદોને પઇશા આપવા બાબત જે કાનુન હાઈકોરટ વખતેવખતે કરે તે કાનુન પ્રમાણે કરવું.

વાદી હાજર નહી થાય તો તેની ઉપર ખરચ નાખીને અરજી નામંજુર કરવી.

૧૩. નીમેલે દીવસે તથા જગાએ વાદી પોતાનો પુરાવો લઇને હાજર થવાને ચુકશે અથવા નીમેલે દીવસે તથા જગાએ સાહેદોને હાજર થવા બાબતની તજવીજ કરવાનું વર્જે કરશે તો મામલતદારે ખરચ તેની ઉપર નાંખીને અરજી નામંજુર કરવી.

પ્રતીવાદી હાજર ના થાય તો મુકદમાની એક તરફી ચોકશી કરવી.

પ્રતીવાદી હાજર થવાને ચુકશે અને પ્રતીવાદી ઉપર યોગ્ય રીતે નોટીસ બજાવી છે અને નોટીસમાં ઠરાવેલે દીવસે પ્રતિવાદી હાજર થઇ શકે તથા જવાબ દઈ શકે એવા પુરતા વખતમાં તે બજાવી છે એવી મામલતદારની ખાતરી પોતાની સામેના પુરાવાથી થાય તો તેણે અરજીની એક તરફી ચોકશી કરવા માંડવી.

પણ પુરતુ કારણ દેખાડે તો મુકદમાની ફરી ચોકશી કરવાનો અધીકાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે અરજ આ પ્રમાણે નામંજુર કરવાની અથવા સદરહુ પ્રમાણે એકતરફી ફેંસલો કરવાની તારીખથી ૧૫ દીવસમાં કોઈપણ વખતે કોઈ પક્ષકાર હેઠળ લખ્યા પ્રમાણે મામલતદારની ખાતરી કરશે તો એટલે કાંઇ લાચારીની હકીકત ઉપરથી મારાથી હાજર થવાયું નહીં અથવા માહારા સાહેદો હાજર કરી શકયા નહીં એવી ખાતરી કરશે તો અરજદારને ખરચે પરીશીષ્ટના નમુના પ્રમાણે પ્રતી પક્ષકારને નોટીશ આપીને મુકદમાની ફરીથી ચોકશી કરવાનો અધીકાર મામલતદારનેછે.

કામ મુલતવી રાખવાનો ક્યારે અધીકાર છે.

૧૪. જે સાહેદોને યોગ્ય રીતે સમન કરયા હોય તેઓ ઠરાવેલે દહાડે તથા જગાએ હાજર થવાને ચુકશે તો (જે હાજર હોય તેઓની સાહેદી લીધા ઉપરથી પુરતો સબબ છે એવું પોતાને દેખાય તો) સાહેદને જબરીથી હાજર કરવામાં આવે ત્યાં સુધી ફરીયાદીની ચોકસી કરવાનું કામ વખતે વખતે મુલતવી રાખવાનો અધીકાર મામલતદારને છે.

આ કલમ પ્રમાણે જે તારીખ ઉપર કામ મુલતવી રાખ્યું હોય તે તારીખ ચોકસી સારૂ મુળથી ઠરાવી હોય તે પ્રમાણે ૧૩ મી કલમના ઠરાવ તે તારીખે લાગુ થશે.

ચોકશીની વખતે જે વાતનો નીકાલ મામલતદારે કરવાનો તે.

૧૫. નીંમલે દહાડે મામલતદારે પોતાની રૂબરૂ જે પુરાવો હાજર હોય તે સઘળો સાંભળવા તથા હેઠળ લખેલા મુદાનો ઈનસાફ કરવા માંડવું એટલે:—

(અ) કાંઇ મીલકતનો માહારો કબજો ગેરકાયદાસર રીતે તોડયો છે અથવા કાંઈ ઉપયોગ કરવાનું છીનવી લીધું છે એવું વાદી કેહેતો હશે તો.

(૧) દાવો કરેલી મીલકતનો કબજો અથવા ઉપયોગનો કબજો અથવા ઉપભોગ વાદીની પાશે અથવા જેના સબંધથી તે દાવો કરતો હોય તેની પાશે ફરીયાદી ફાઈલ થવાની અગાઉ છ મહીનાની અંદર કોઇ પણ વખતે હતો કે કેમ.

(૨) ફરીયાદીની વખતે પ્રતિવાદીનો કબજો છે કે નહીં અને હોય તો તેણે તે કબજો કાયદા પ્રમાણે યોગ્ય રીતે કામ ચલાવ્યા વગર બીજી રીતે લીધો છે કે કેમ.

(બ) કાંઈ મિલકત બાબત અથવા ઉપયોગ કરવા બાબત પ્રતીવાદીના સતા પ્રકારનો અથવા બીજા હકની મુદત પુરી થયાને લીધે તે મીલકતના કબજા બાબત અથવા તે ઉપયોગ કરવાનું પાછું મળવા બાબત માહારો હક છે એવું વાદી કહે તો.

(૧) વાદી પાસેથી અથવા જે માણસના સબંધથી તે દાવો કરતો હોય તે માણસ પાસેથી પ્રાપ્ત થએલા હકથી તે મીલકતનો કબજો પ્રતીવાદી ધરાવે છે કે કેમ અથવા તે ઉપયોગ તો પ્રતીવાદી ઉપભોગ કરે છે કે કેમ.

(૨.) ફરીયાદ ફાઈલ કરયાની અગાઊ છ મહિનાની અંદર હરકોઈ વખતે સદરહુ પ્રકારના હકની મુદત પુરી થઈ છે કે કેમ.

(ક.) મીલકતનો કબજો અથવા ઊપયોગનો ઉપભોગ હજી સુધી માહારી પાસે છે પણ માહારા કબજાને અથવા ઉપયોગ કરવાને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે અથવા હરકત અ ાવા અડચણ કરવાનો તેણે યત્ન કરયો છે એવું વાદી કેહેતા હશે તો;—

(૧) દાવો કરેલી મીલકતનો કબજો અથવા ઉપયોગનો ઉપભોગ વાદીની પાસે અથવા તેની તરફથી કોઈ પણ માણસની પાસે ખરેખર છે કે કેમ.

(૨) તેનાં સદરહુ પ્રકારના કબજાને અથવા ઉપભોગને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે કે કેમ અથવા પ્રતિવાદીએ હરકત અથવા અડચણ કરવાનો યત્ન કરયો છે કે કેમ.

(૩) ફરીઆદી ફાઈલ થયાની અગાઊ છ મહીનાની અંદર સદરહુ પ્રકારની હરકત અથવા અડચણ અથવા સદરહુ પ્રકારનો યત્ન. કરેલી હરકત અથવા અડચણ પ્રથમ શરૂ થઈ કે કેમ.

મામલતદારનો ફેંસલો વાદીની તરફેનમાં હોય તો.

આ મુદા બાબત મામલતદારનો ઠરાવ વાદીની તરફેણમાં હોય તો મુકદમાની હકીકત પ્રમાણે જે હુકમ અવશ્ય લાગે તે તેણે કરવો પણ તે હુકમ આ આકટની ૪ થી કલમ પ્રમાણે પોતાને આપેલા અખીકાર બહાર હોવો ન જોઈએ.

મામલતદારનો ફેંસલો પ્રતિવાદીની તરફેણમાં હોય તો.

તેનો ઠરાવ પ્રતિવાદીની તરફેણમાં હોય તો તેણે ફરીઆદી નામંજુર કરવી.

ખરચ બાબત હુકમ કરવો તો.

સદરહુ બે પ્રસંગો પઈકી કોઈ પ્રસંગે ફરીઆદીનો ખરચ, બજાવણીના ખરચ સુધાં જેની વીરૂદ્ધ હુકમનામું થાય તેણે આપવો.

મામલતદારનો હુકમ અરજીની પીઠ ઉપર લખવો.

૧૬. મામલતદારનો દરએક હુકમ પછી તે અરજી નામંજુર કરવા બાબતનો હોય કે પાછી આપવા બાબતનો હોય અથવા દાવો મંજુર કરવા બાબત કે નામંજુર કરવા બાબત હોય તે હુકમ મામલતદારે અરજીની પીઠ ઉપર લખવો તથા તે બાબતનાં પોતાનાં કારણો પણ તેણે દફતરમાં લખી રાખવાં.

મામલતદારનો ફેંસલો શી રીતે અમલમાં લાવવો.

૧૭. મામલતદારનો ફેંસલો કબજો આપવા બાબત અથવા ઉપયોગ કરવાનું પાછું આપવા બાબત હોય તો તે ફેંસલો અમલમાં લાવવા સારૂ તેણે ગામના અમલદારને હુકમ કરવો.

તે ફેંસલો તાકીદ આપવા બાબત હોય તો તેણે તે ક. પરીશીષ્ટના નમુના પ્રમાણે તૈયાર કરાવીને પ્રતિવાદી હાજર હોય તો તે તેને તાંહાંને તાંહાંજ આપવી અથવા આપવાને કાહાડવી. અને તે હાજર ન હોય તો તે તેની ઉપર બજાવવા સારૂ ગામના અમલદારની પાસે મોકલવી.

મામલતદાર ખરચ અપાવવાનો ઠરાવ કરે ત્યારે તે ખરચ બજાવવાના ખરચ સુધાં, પક્ષકારની જાતથી વસુલ કરવો અને તે ખરચ આપવામાં ન આવે ત્યારે તેની મીલકત જપ્ત કરીને તથા વેચીને વસુલ કરવો.

પક્ષકારોના હકને બાધ ન આવતાં કબજો અપાવવો અથવા કાયમ રાખવો.

૧૮. જે પક્ષકારને મામલતદાર તાબડતોબ કબજો આપશે અથવા ઉપયોગ કરવાનું પાછું આપશે અથવા જે પક્ષકારની તરફથી તાકીદ આપી હશે તે પક્ષકારની પાસે, દીવાની કોર્ટનું હુકમનામું અથવા હુકમ બજાવીને કબજો અથવા ઉપયોગ કરવાનું કહાડવામાં આવે તાંહાં સુધી કબજો અથવા ઉપયોગ કરવાનું રહેશે.

પણ એવું ઠરાવ્યું છે કે જે પક્ષકારની વીરૂદ્ધ મામલતદારનો ફેંસલો થયો હશે તે પક્ષકારની પાશે જેટલી મુદત સુધી કોઇ મીલકતનો કબજો નહી હોય અથવા કોઈ ઉપયોગનો ઊપભોગ નહી હોય તે મુદત માંહેની દરમીઆન ઊપજ દીવાની કોરટમાં ફરીયાદી કરીને વસુલ કરવા બાબત તે પક્ષકારને આ કલમના કોઈ પણ ઠરાવ ઉપરથી હરકત છે એમ સમજવું નહીં.

વળી એવું ઠરાવ્યું છે કે કાંઈ મીલકતના કબજા બાબત અથવા કાંઇ ઊપયોગના ઉપભોગ બાબત મામલતદારે કરેલા ફેંસલા મામુલ દીવાની કોરટમાં તેજ પક્ષકારોની અથવા તેઓના સબંધથી દાવો કરનારાં બીજાં માણસની દરમીઆન આગળ કાંઈ ફરીયાદ થાય તેમાં અથવા બીજુ કામ ચાલે તેમાં નીશ્ચયકારક એવું સમજવું નહીં.

મામલતદારના હુકમ ઊપર અપીલ ચાલનાર નથી.

૧૯. આ આકટ પ્રમાણે મામલતદારે કરેલા કોઇ પણ હુકમ ઉપર અપીલ ચાલનાર નથી.

અરજીના ખરાપણાની પ્રતીજ્ઞાનો લેખ ખોટો કરવા બાબત શીક્ષા

૨૦. ફલાણો મજકુર ખોટો છે એવું વાદીને માલમ હોય અથવા લાગતુ હોય તેવો મજકુર. અથવા ફલાણો મજકુર ખરો છે એવું વાદીને માલુમ નહી હોય અથવા લાગતું નહીં હોય તેવો મજકુર, ખરાપણાની પ્રતીજ્ઞા આ આકટ પ્રમાણે જે અરજી ઉપર કરી હોય તે અરજીમાં હશે તો જાણી જોઈને ખોટી સાહેદી પુરનારા અથવા ખોટા પુરાવો બતાવનારાં માણસોને શીક્ષા કરવાનો જે કાયદો ચાલુ હશે તેમાંના ઠરાવ પ્રમાણે શીક્ષાને તે વાદી લાયક થશે.

ફરીયાદી કરવાની મુદત.

૨૧. આ આકટ પ્રમાણે કરેલા કાંઇ હુકમ પ્રમાણે ચાલવું જે માણસને અવશ્ય હોય તે માણસે અથવા તે માણસના સબંધથી દાવો કરનારો કોઇ હોય તેણે કરેલી કાંઈ ફરીયાદ; તે મુકદમાના આખરના હુકમની તારીખથી ત્રણ વરસની અંદર ન કરી હોય તો તે ફરીયાદની મુદત વીતી ગઇ છે એવો જવાબ આપ્યો નહીં હોય તોય પણ કાહાડી નાંખવી.

પરીશીસ્ટ. અ.

(પ્રતીવાદીને ૧૧ મી કલમ પ્રમાણે આપવાની નોટીસનો નમુનો.

ફરીયાદીનો નંબર. | કોરટનો શીકકો. |

________________ ના મામલતદારની કોરટમાં

________________ વાદી.

________________ પ્રતીવાદી.

પ્રતીવાદી (નામ તથા ધર્મ તથા જાત તથા ધંધો તથા ઠેકાણું) ને

(અહીંયાં વાદીનું નામ તથા ધરમ તથા જાત તથા ધંધો તથા ઠેકાણું લખવું) એ તમારા ઉપર (અહીંયાં અરજીનો મજકુર લખવો) આ બાબત આ કોરટમાં ફરીયાદ કરી છે વાસ્તે સદરહુ વાદીને જવાબ દેવા સારૂ તમે જાતે અથવા યોગ્ય રીતે અધીકાર આપેલા મુખત્યારની મારફતે ________________ ગામમાં આ કોરટમાં ________ તારીખે ________ વાગતે હાજર થવા બાબત તમને આ નોટીશ ઉપરથી સમન કરયો છે અને તે તારીખે અરજીનો આખરનો નીકાલ કરવામાં આવનાર છે વાસ્તે સદરહુ નીમેલી વખતે તથા જગાએ પોતાના દસ્તાવેજ હાજર કરવા બાબત તથા પોતાના સાહેદો હાજર રહેવા બાબત તમોએ તજવીજ કરવી જોઇએ અને તમને નોટીસ આપવામાં આવેછે જે ઉપર કહેલી વખતે તથા જગાએ સદરહુ પ્રમાણે હાજર થવાને તમે ચુકશો તો તમારી અથવા તમારા મુખતીયારની ગેર હાજરીમાં ફરીયાદની ચોકશી કરીને નીકાલ કરવામાં આવશે.

(સહી.)

મામલતદાર.

ટીપ—કોરટે તમારા સાહેદોને સમન કરવા એવી તમારી ઇચ્છા હોય તો આમાં લખેલી તારીખની અગાઉ યોગ્ય મુદતમાં સમન બજાવી શકાય એટલા વાસ્તે તમોએ વિલંબ ન કરતાં તે પ્રમાણે કોરટને અરજી કરવી.

પરીશીસ્ટ. બ

૧૩ મી કલમ પ્રમાણે કરવાની નોટીસનો નમુનો.

ફરીયાદીનો નંબર. | કોરટનો સીકકો. |

________________ ના મામલતદારની કોરટમાં.

________________ વાદી.

________________ પ્રતીવાદી.

વાદી (અથવા પ્રતીવાદી જે હોય તેનું નામ લખવું.) રેહેવાશી ________________ નાને ________________

સદદહુ ________________ વાદીએ આ કોરટમાં કરેલી ઉપર લખેલી ફરીયાદીમાં ગયા ________________ મહીનાની ________ તારીખે કોરટે આવો હુકમ કરયો છે. અને સદરહુ વાદીએ (અથવા પ્રતીવાદીએ, જે હોય તેનું નામ લખવું.) મુકદમાની ફરીથી ચોકશી કરવા બાબત આ કોરટમાં ________

મહીનાની   તારીખે અરજી કરી છે અને કોરટે તે અરજી મંજુર કરી છે.

વાસ્તે તમને નોટીસ આપવામાં આવે છે જે

ગામમાં   મહિનાની   તારીખે   વામતે સદરહુ ફરીયાદીની ફરીથી ચોકશી કરીને ફેંસલો કરવામાં આવશે. તે વખતે તે જગાએ તમોએ પોતાના દસ્તાવેજ હાજર કરવા બાબત તથા પોતાના સાહેદો હાજર રેહેવા બાબત તજવીજ કરવી જોઇએ અને આ નોટીશ આપવામાં આવે છે જે ઉપર કહેલી વખતે તથા જગાએ તમે જાતે અથવા મુખતીયારની મારફત હાજર નહીં થાઓ તો તમારી ગેરહાજરીમાં ફરીયાદીની ફરી ચોકશી કરીને ઠરાવ કરવામાં આવશે.

તારીખ   માહે   સન ૧૮૭.

(સહી.)

મામલતદાર.

ટીપ—કોરટે તમારા સાહેદોને સમન કરવા એવી તમારી ઇચ્છા હોય તો આંમાં લખેલી તારીખની અગાઉ યોગ્ય મુદતમાં સમન બજાવી શકાય એટલા વાસ્તે તમોએ વિલંબ ન કરતાં તે પ્રમાણે કોરટને અરજી કરવી.

પરીશીષ્ટ ક.

(૧૭ મી કલમ પ્રમાણે આપવાની તાકીદનો નમુનો.)

કોરટનો શીક્કો.

ફરીયાદીનો નંબર.

________ ના મામલતદારની કોરટમાં

________ વાદી.

________ પ્રતીવાદી.

પ્રતીવાદીને.

ઉપર લખેલી ફરીયાદીમાં કોરટે આજે એવો ઠરાવ કરયો છે કે વાદીના ________ કબજામાં હેઠળ લખેલી મીલકત રેહેવા દેવામાં (અથવા પાણીના હેઠળ લખેલા ઉપયોગનો અથવા રસતાના હેઠળ લખેલા ઉપયોગ ઉપભોગ કરવામાં, જેમ હોય તેમ લખવું.) તમે હરકત અથવા અડચણ કરો છો. (અથવા—તારીખે અથવા તે તારીખને સુમારે હરકત અથવા અડચણ કરવાનો યત્ન તમે કરો છો,

વાસતે દીવાની કોરટનું હુકમનામું બજાવ્યા વગર બીજી રીતે સદરહુ મીલકત સદરહુ વાદીના કબજામાં રહેવા દેવામાં અથવા સદરહુ ઉપયોગનો ઉપભોગ તેણે કરવામાં હરકત અથવા અડચણ કરવાનો વળી યત્ન કરવાની તમને આ તાકીદ ઉપરથી મના છે.

તારીખ   માહે   સન ૧૮૭.

(સહી.)

મામલતદાર.

(True Translation)

VENAYEK WASSOODEW,

Oriental Translator to Government.

ઇંડીઆના ગવરનર જનરલ ઇનકાંઉસીલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૭૬ના ફેબરવારી મહીનાની ૨૯ મી તારીખે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ પ્રસિદ્ધ કરયોછે.

सने १८७६ नो आकट ५ मो.

સનમારગ પ્રવરતકશાળા પુરી પાડવા બાબતનો આકટ.

ઉદેસ — પુરૂષ જાતના નહાની ઉમરના ગુન્હેગારોને સારૂ સન્મારગ પ્રવતકશાળા પુરી પાડવી યોગ્યછે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુંછે,

પ્રથમ નીયમો.

ટુંકુ નામ — ૧ આ આકટને "સને ૧૮૭૬ નો સન્મારગ પ્રવરતકશાળાનો આકટ" કહેવો.

ક્યાંલાગુછે. — આ આકટ આખા બ્રીટીશ ઈંડીયાને લાગુ છે.

ચાલુ થવું. — અને તે બ્રીટીશ ઈંડીયાના જે જે પ્રાંતોમાં જે જે દીવસે અમલમાં આવશે એવું સ્થાનીક સરકાર તે બાબત સરકારી ગેજીટમાં જાહેરમાં છપાવીને ફરમાવશે તે તે દીવસે તે તે પ્રાંતમાં તે અમલમાં આવશે.

ફોજદારીકામચલાવવાની રીત બાબતના કાયદાની ૩૧૮મી કલમતેપ્રાંતોમાં રદ છે. — ૨ તે તારીખે તથા તે તારીખથી ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૩૧૮ મી કલમ તે પ્રાંતોમાં રદછે એવું સમજવું,

અર્થનીકલમ — ૩ આ આકટમાં

"નાનીઉમરનોગુનેગાર" — "ન્હાની ઉમરનો ગુન્હેગાર" આ શબ્દોનો અર્થ જે છોકરો સોળ વરસની અંદરની ઉમરનો હોઈને તેના ઉપર કેદની અથવા કાળે પાણી મોકલવાની શીક્ષા કરવા લાયક કાંઇ ગુન્હાની સાબીતીથઈ હશે તે છોકરો,

"ઇન્સપેકટરજનરલ" — જે કરતવ્ય કરમો તુરંગના ઇનસ્પેકટરે કરવાં એવું આ આકટમાં કહ્યુંછે તે સઘળાં કરતવ્યકરમો અથવા તેમાંનું કાંઇ પણ કરતવ્યકરમ કરવા સારૂ સ્થાનીક સરકારે જે કોઈ અમલદારને નીમ્યો હશે તે અમલદારનો સમાસ "ઈન્સપેકટર જનરલ" આ શબ્દોમાં થાય છે.

૨ સનમારગ પ્રવર્તકશાળા.

સન્મારગપ્રવરતકશાળા સ્થાપવાનોતથાબંધકરવાનો અધીકાર — ૪ ગવરનર જનરલ ઇનકાંઉસીલની અગાઉથી મંજુરી લઇને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધીકાર સ્થાનીક સરકારને છે એટલે.—

(અ) પોતાને યોગ દેખાય તે જગોએ સન્મારગ પ્રવરતકશાળા સ્થાપવાનો

(બ) આ આકટને અનુસરીને જે કાનુન સ્થાનીક સરકાર આ બાબત વખતે વખતે ઠરાવશે તે કાનુન પ્રમાણે ચાલવાને જે માણુસ રાજી હશે તે માણુસોએ માંડેલી શાળાનો ઉપીયોગ સન્મારગ પ્રવરતકશાળા પ્રમાણે કરવાનો

(ક) સદરહુ પ્રમાણે સ્થાપેલી અથવા ઊપયોગ કરેલી કોઈ પણ શાળા સન્મારગ પ્રવરતકશાળા પ્રમાણે હોવાનું બંધ થવું અથવા તેનો તેવો ઉપયોગ કરવાનું બંધ કરવુ એવો હુકમ કરવાનો અધીકાર છે

શાળામાંજેતજવીજોની જરૂરહોયતેતજવીજો

૫ સદરહુ પ્રમાણે સ્થાપેલી અથવા ઉપયોગ કરેલી દરેક શાળામાં હેઠળ લખેલી તજવીજ જોઇએ એટલે —

(અ) શાળામાં જે માણુસો હોય તેઓને રાતે જુદા જુદા રાખવાના પુરતાં સાધનો

(બ) શાળામાં અટકાવી રાખેલા નાહાની ઊમરના ગુનેગારો માટે પ્રકૃતી સારી રાખવા સારૂ યોગ્ય બંદોબસ્ત તથા જોઇએ તેટલુ પાણી તથા અન વસ્ત્ર તથા બીછાના.

(ક) સદરહુ પ્રકારના ગુન્હેગારોને ઉદ્યોગ સીખવવાના સાધનો

(ડ) ઇન્ફ્રમરી એટલે સદરહુ પ્રકારના ગુનેગાર માંદા પડે ત્યારે તેઓને રાખવા સારૂ યોગ્ય જગા

શાળાતપાસ જોવી

૬ દર એક સન્મારગ પ્રવરતકશાળાનો ઉપીયોગ સનમારગ પ્રવરતકશાળા પ્રમાણે કરવાની અગાઉથી તે તુરંગના ઈનસ્પેકટર જનરલે તપાસવી અને પાંચમી કલમમાં કહેલી તજવીજો કરી છે તથા સદરહુ પ્રકારની તઓ શાળામાં આ આકટ પ્રમાણે જે નાહાની ઉમરના ગુન્હેગારોને મોકલવામાં આવે તેઓને રાખવા બાબત પોતાના મત પ્રમાણે તે શાળા યોગ્ય છે એવો રીપોટ તે કરે તો તેણે તે પ્રમાણે દાખલો લખી આપવો અને સદરહુ પ્રકારનો દાખલો સ્થાનીક સરકારી ગેજીટમાં પ્રસીદ્ધ કરવો અને પછી તે શાળા સનમારગ પ્રવરતકશાળા છે એમ સમજવુ.

સદરહુ પ્રકારની દરેક શાળા જોવા સારૂ સદરહુ ઈનસ્પેકટર જનરલે વખતે વખતે તથા દર સાલ નીદાન એક વખત પણ જવું અને સ્થાનીક સરકાર વખતે વખતે જે નમુના ઠરાવે તે નમુના પ્રમાણે તેણે શાળાની સ્થીતી બાબત સ્થાનીક સરકારને રીપોટ મોકલવો.

નહાનીઉમરનાગુનેગારોને સનમારગપ્રવરતકશાળામાંમોકલવાવીશેહુકમ કરવાનોકોરટનોઅધીકાર.

૭ હર કોઈ નાહાની ઉમરના છોકરાને કાળે પાણી મોકલવાની અથવા કેદની શીક્ષા કરવાનો ઠરાવ થયો હશે તથા જે કોરટે તેણે શીક્ષા કરવાનો ઠરાવ કર્યો હશે તે કોરટના મત પ્રમાણે તે (અ) સોળ વરસની અંદરની ઉમરનો હશે તથા (બ) સનમારગ પ્રવરતક શાળામાં રાખવા લાયક માણુસ હશે ત્યારે તેને પોતાની શીક્ષા ભોગવવાને બદલે તેને સનમારગ પરવરતકશાળામાં મોકલવો તથા તેને ત્યાં બે વરસથી ઓછી નહી હોય તથા સાત વરસથી વધારે નહી હોય એટલી મુદત સુધી અટકાવી રાખવો એવો હુકમ કરવાનો અધીકાર તે કોરટને છે અને તે મુદત બાવીસમી કલમ પ્રમાણે કાંઈ કાનુન કરેલી હશે તથા તે વખતે અમલમાં હશે તે કાનુન પ્રમાણે જોઈએ,

સદરહુ પ્રમાણે કોરટને આપેલો અધીકાર (અ) હાઈ કોરટે તથા (બ) સેશન કોરટે તથા (ક) પહેલા વરગના માજીસ્ત્રેટ અને (ડ) કલકતા તથા મદ્રાસના અને મુંબઇ શેહેરની પોલીસના માજીસ્ત્રેટે અથવા પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે માત્ર ચલાવવો.

સોળ વરસનીઅંદરનીઉમરનાજે છોકરાનેકેદની સીક્ષાઠરાવીહશેતેઓનેસનમારગપ્રવરતકશાળામાં મોકલવાબાબતહુકમકરવાનોમાજીસ્ત્રેટોનોઅધીકાર

૮ સોળ વરસની અંદરની ઉમરના હર કોઈ નાની ઉમરના ગુનેગારને કેદની શીક્ષા ઠરાવી હશે અથવા ઠરાવામાં આવે ત્યારે તે ગુનેગારને જે તુરંગમાં કેદ રાખ્યો હશે તે તુરંગ જે અમલદારને સ્વાધીન હશે તે અમલદારને જે માજીસ્ત્રેટની હકુમતમાં તે તુરંગ હશે તે માજીસ્ત્રેટની આગળ તે ગુનેહગારને લેઈ જવાનો અધીકાર છેઃ અને તે ગુનેગાર (અ) સોળ વરસની અંદરની ઉમરનો છે તથા (બ) સનમારગ પ્રવરતકશાળામાં રાખવા લાયક માણસ છે એવું તે માજીસ્ત્રેટને લાગે તો તે ગુનેગારને સન મારગ પ્રવરતકશાળામાં મોકલવા બાબત તથા તેને ત્યાં બે વરસથી ઓછી નહી હોય તથા સાત વરસથી વધારે નહી હોય એવી મુદત સુધી અટકાવી રાખવા બાબત હુકમ કરવાનો અધીકાર તે માજીસ્ત્રેટને છે અને તે મુદત બાવીસમી કલમ પ્રમાણે હર કોઇ કાનુન કરેલો હશે તથા તે વખતે અમલમાં હશે તે કાનુંન પ્રમાણે જોઇયે.

"માજીસ્ત્રેટ" શબ્દની વ્યાખ્યા.

આ કલમમાંના "માજીસ્ત્રેટ" શબ્દનો અર્થ કલકતા તથા મદ્રાસ તથા મુંબઇ શહેરમાં પોલીસનો માજીસ્ત્રેટ અથવા પ્રેસીડેનસી માજીસ્ત્રેટ તથા બીજે ઠેકાણે પેહેલા વરગનો માજીસ્તરેટ એમ સમજવો.

સદરહુપ્રકારનાગુનેગારોનેકાંઈસનમારગપ્રવરતકશાળામાંમોકવા તે શાળા સરકારેઠરાવવી.

૯ જે જે નહાની ઉમરના ગુનેગારને સનમારગ પ્રવરતકશાળામાં મોકલવા બાબત કોરટે અથવા માજીસ્ત્રેટે સદરહુ પ્રમાણે હુકમ કર્યો હશે તે તે નાની ઉમરના ગુનેગારને હેઠળ લખેલા પ્રકારની સનમારગ પ્રવરતકશાળામાં મોકલવો એટલે સદરહુ પ્રકારની કોરટ અથવા માજીસ્ત્રેટ જે નાની ઉમરના ગુનેગારોની સદરહુ પ્રમાણે તજવીજ કરી હશે તેઓને રાખવા બાબત જે સનમારગ પ્રવરતકશાળા સ્થાનીક સરકાર વખતે વખતે નીમશેતે શાળામાં મોકલવો

અરાઢવરસથીવધારેઉમરનાછોકરાંઓનેશાળામાં અટકાવીરાખવાનહી

૧૦ કોઇ માણસ અરાઢ વરસથી વધારે ઉમરનો છે એવું સાબેત થયા પછી તેને સનમારગ પ્રવરતકશાળામાં અટકાવી રાખવાનો અધીકાર સાતમી અથવા આઠમી અથવા નવમી કલમમાંના કોઇ પણ ઠરાવ ઉપરથી છે એમ સમજવું નહી.

સરકારનાહુકમથીછોડી મુકવાઅથવાબીજેઠેકાણેમોકલવા

૧૧ કોઈ પણ નાની ઉમરના ગુનેગારને

(અ) સનમારગ પ્રવરતકશાળામાંથી છોડી મુકવા બાબત

(બ) તેની સીક્ષાના ઠરાવની મુદત પુરી થવાની અગાઉ તેને સદરહુ પ્રમાણે છોડી મુકયો હશે તો તેણે તે ઠરાવની બાકી મુદત સુધી સ્થાનીક સરકારને યોગ્ય લાગે તે જગાએ સીક્ષા ભોગવવા બાબત

(ક) પોતાના તાબામાંના મુલકમાંની એક સનમારગ પ્રવરતકશાળામાંથી તેવીજ બીજી શાળામાં મોકલવા બાબત કોઈ પણ વખતે હુકમ કરવાનો અધીકાર સ્થા-

ક સરકારને છે પણ તે સનમારગ પ્રવરતકશાળામાં અટકાવી રાખવાની એકંદર મુદત સદરહુ મોકલ્યાને લીધે વધવી નહી જોઈયે,

૩ સનમારગ પ્રવરતકશાળાનો વ્યવસ્થા.

સુપ્રીંટેંડેંટતથાવિઝીટરોનીકમીટી અથવા બોરડ આફમ્યાનેજમેંટની નિમણુંક

૧૨ દર એક સન્મારગ પ્રવરતકશાળાનો નિરબંધ તથા વ્યવસ્થા રાખવા સારૂ સ્થાનીક સરકારે (અ) સુપ્રીંટેંડેંન્ટ તથા વીઝીટરોની કમીટી નીમવી અથવા (બ) બોરડ ઓફ મ્યાનેજમેંટ નીમવું

સદરહુ પ્રમાણે નેમેલી દરેક કમીટીમાં તથા દરેક બોર્ડમાં ઓછામાં ઓછા પાંચ માણુસો જોઇએ તથા તેમાંથી ઓછામાં ઓછા બે હીંદુસ્તાનના માણુસો જોઇયે.

સદરહુ પ્રમાણે નીમેલા હર કોઇ સુપ્રીંટેંન્ડેંન્ટને અથવા કમેટીના અથવા બોરડના હર કોઇ મેંબરને વખતે વખતે સસ્પેંડ (કામ ઉપરથી મોકુફ) અથવા દુર કરવાનો અધીકાર સ્થાનીક સરકારને છે.

૧૩ સનમારગ પ્રવરતકશાળામાં મોકલેલા જે નાની ઉમરના ગુનેગારની ઉમર ચઉદ વરસની થઈ હશે તેને પોતાની સહીના પરવાના ઉપરથી પરવા

મજુર ચાકરીમાંરાખતા હોયતેઓનીપાસેજવાબાબતનાનીઉમરનાગુનેગારોનેપરવાનાઆપવાનોઅધીકારસુપ્રીંટેંન્ડેંન્ટનેછે

નામાં લખેલા કોઇ પણ વીસવાસુ તથા સભ્ય માણુસ અથવા સરકારી અથવા મ્યુનીસીપાલીટીનો કોઈ અમલદાર જે મજુર ચાકરમાં રાખતો હશે તથા નાની ઉમરના ગુનેગારને લઈને પોતાને સ્વાધીન રાખવાને રાજી હશે તે માણુસને અથવા અમલદારને સ્વાધીન હેઠળ લખેલી સરતે તે ગુનેગારને રહેવાની પરવાનગી આપવાનો અધીકાર સદરહુ પ્રમાણે નીમેલા દરેક સુપ્રીંટેંન્ડેંન્ટને છે એટલે તે ગુનેગારને કાંઈ ધંધામાં અથવા કામમાં અવવા ઉદયોગમાં તે રાખે એ સરતે રેહેવાની પરવાનગી આપવાનો અધીકાર છે.

પરવાનો ત્રણુ મહીના સુધી અમલમાં રહેશે અને તેથી વધારે મુદત સુધી અમલમાં રહેનાર નથી પણ જે મુદત સુધી ગુનેગારને અટકાવી રાખવાનો હુકમ કર્યો હશે તે મુદત પુરી થવાની અગાઉ કોઇ પણ વખતે તે પરવાનો વખતે વખતે ત્રણુ મહીનાનો નવો કરી આપવાનો અધીકાર છે,

પરવાનો રદકરવો

૧૪ પરવાનામાં લખેલા ચાકરીમાં રાખનારની ઇચ્છા હશે તો પરવાનો રદ કરવો

ચાકરીમાંરાખનારનીફરીઆદવાજબીહોયતોબારમહીનાથાયત્યાંસુધીનવોપરવાનોઆપવોનહી.

અને ચાકરીમાં રાખનારે નાની ઉમરના ગુનેહેગારની ગેરચાલ બાબત કરેલી ફરીઆદ વાજબી છે એવુ સુપ્રીંટેંન્ડેંટની નજરમાં આવશે તો પહેલા પરવાનાની મુદત પૂરી થયા પછી બાર મહીના સુધી તેજ ગુનેહગાર બાબત બીજો પરવાનો આપવો નહી.

પરવાનોપુરોથયો.

૧૫ જે ચાકરીમાં રાખનારનુ નામ પરવાનામાં લખેલુ હશે તે પરવાનાની મુદતમાં મરણ પામશે અથા કામ ચલાવાનુ બંધ કરશે અથવા જે મુદત સુધી નહાની ઉમરના ગુનેગારને સનમારગ પ્રવરતકશાળામાં અટકાવી રાખવા બાબ્ત હુકમ કર્યો હશે તે મુદત પરવાનાની મુદતમાં પુરી થાય તો પછે તે પરવાનો બંધ થશે તથા પુરો થશે.

જોરજુલમકરવામાંઆવશેતોપરવાનોરદકરવામાં આવશે.

૧૬ ચાકરીમાં રાખનારે ગુનેગાર ઉપર જોર જુલમ કર્યો છે અથવા તેને રહેવાની તથા તેના ગુજારાની યોગ્ય તજવીજ કરી નથી એવું સુપ્રીંટેન્ડેન્ટની નજરમાં આવશે તો પરવાનો રદ કરવાનો અધીકાર સુપ્રીંટેન્ડેન્ટને છે.

સુપ્રીંટેન્ડેન્ટનાનીઉમરના ગુનેગારનોપાલનકરનારો છે એમ સમજવું.

૧૭ હરકોઇ સનમારગ પ્રવર્તકશાળાનો સુપ્રીંટેન્ડેન્ટ તે શાળામાં અટકાવી રાખેલા દરેક નાની ઉમરના ગુનેગારનો, કરારનામાના વિદ્યાર્થીઓ પાસેથી કરારનામા કરી લેવા બાબત સને ૧૮૫૦ નો ૧૯ મો આકટ છે તે આકટના અર્થ પ્રમાણે પાલન કરનારો છે એમ સમજવું.

નાનીઉમરના ગુનેગારને કરારનામાનોવીધારથીકરવાનો અધીકાર

અને તેરમી કલમ પ્રમાણે પરવાનો આપેલી સદરહુ પ્રકારના હરકોઇ ગુનેગારે પોતાના પરવાનાની એક અથવા વધારે મુદતમાં સારી ચાલ ચલાવી છે એવું સુપ્રીંટેન્ડેન્ટની નજરમાં આવશે તો તેને સદરહુ આકટના ઠરાવ પ્રમાણે કરારનામાનો વિધારથી કરી આપવાનો અધીકાર સુપ્રીંટેન્ડેન્ટને છે અને સદરહુ પ્રકારના ગુનેગારને સદરહુ પ્રમાણે કરારનામાનો વીધારથી કરી આપ્યો એટલે તેને શાળામાં અટકાવી રાખવાનો હક બંધ થશે અને તેની શીક્ષાના ઠરાવની મુદત બાકી રહી હશે તો તે રદ થશે.

વીઝીટરોનીકમેટીનાકર્તવ્યકર્મો

૧૮ હરકોઈ સન્મારગ પ્રવરતકશાળા સારૂ બારમી કલમ પ્રમાણે નેમેલા વીઝીટરોની દરેક કમીટીએ દર મહીનામાં નીદાન એક વખત હેઠળ લખ્યા પ્રમાણે કરવું—

(અ) રાવ સાંભળવા સારૂ તથા પાંચમી કલમમાં કહેલી તજવીજો કરવામાં આવે તથા સાળાની બ્યવસ્થા સઘળે પ્રકારે યોગ્ય રહે એવો બંદોબસ્ત રાખવા સારૂ શાળામાં જવું.

(બ) સીક્ષાની બુક તપાસવી તથા

(ક) કાંઇ પણ વીશેશ પ્રકરણો હોય તો ઇન્સ્પેકટર જનરલને જાહેર કરવાં તથા

(ડ) હરકોઈ માણસને શાળામાં ગેરકાયદાસર રીતે અટકાવી રાખવામાં ન આવે એવી તજવીજ રાખવી.

બોરડઓફ્માનેજમેંટના અધીકાર

૧૯ બારમી કલમ પ્રમાણે આપેલો અધીકાર ચલાવીને સ્થાનીક સરકાર હર કોઇ સનમારગ પ્રવરતકશાળા સારૂ બોરડ ઓફ મેનેજમેંટ નેમશે તો તે બોરડને તેરમી કલમની સરૂઆતથી સતરમા કલમની આખર સુધીની કલમો પ્રમાણે સુપ્રીંટેન્ડેન્ટના જે અધીકાર તથા કામ છે તેજ અધીકાર હશે તથા તે બોરડે તે કામ કરવાં અને તેરમી કલમમાં કહેલા પરવાના ઉપર સહી કરવાનો અધીકાર તે બોરડના ચેરમેનને છે; અને તે બોરડ ઓફ મ્યાનેજમેંટના આશામી તે શાળામાં અટકાવી રાખેલા નહાની ઉમરના ગુનેગારોના પાલન કરનારા છે એવું સમજવું.

શાળાનાત્રસ્ટીઓનેઅથવા બીજામેનેજરોનેબોરડઓફ્મેનેજમેંટનીમવાનોઅધીકાર.

૨૦ હરકોઈ શાળાના ત્રસ્ટીઓની (જુમેદારોની) મંડળી અથવા મ્યાનેજરો (બ્યવસ્થા રાખનારા) ચોથી કલમની (બ) રકમમાં કહેલી કાનુન પ્રમાણે ચાલવાને રાજી હશે તો એ આકટ પ્રમાણે બોરડ ઓફ મ્યાનેજમેંટ છે એવું ઠરાવવાનો અધીકાર સ્થાનીક સરકારનેછે, અને પછી સદરહુ પ્રકારની બોરડ ઓફ મેનેજમેંટના અધીકાર તથા કામ છે તે સઘળા અધીકાર સદરહુ પ્રકારની મંડળીને અ-

થવા મેનેજરોએ રહેશે અને તે કમીટીએ અથવા મ્યાનેજરોએ તે સઘળાં કામ કરવાં.

કાનુનકરવાનોબોર્ડનોઅધીકાર.

૨૧ સ્થાનીક સરકારની અગાઉથી મંજુરી લઇને સન્માર્ગ પ્રવર્તકશાળાની દરેક બોર્ડ ઓફ મ્યાનેજમેંટને હેઠલ લખેલી વાત બાબત આ આકટને અનુંસરીને વખતે વખતે કાનુન કરવાનો અધીકાર છે, એટલે—

(અ) બોર્ડનું કામ ચલાવવા બાબત.

(બ) શાળાની વ્યવસ્થા બાબ.

(ક) નાની ઉમરના ગુનેગારોએ શાળામાં કરેલા ગુના બાબત શીક્ષા કરવા બાબત.

(ડ) નાની ઉમરના ગુનેગારોની મુલાકાત લેવા તથા તેઓની સાથે વાત ચીત કરવાબાબત,

(ઈ) નાની ઉમરના ગુનેગારોએ શાળામાં કરેલા ગુન્હ બાબત શીક્ષા કરવા બાબત

(ફ) નાની ઉમરના ગુનેગારોને શાળામાં કરેલા ગુનહા બાબત શીક્ષા કરવા બાબત

બોરડ ઓફ મ્યાનેજમેંટ નહીં હોય ત્યારે આ કલમની (બ) તથા (ક) તથા (ડ) તથા (ઇ) તથા (ફ) રકમમાં કહેલી વાતનુ તથા વીજીટરોની કમીટીએ પોતાના કામ કઇ રીતે ચલાવવાં તે રીતનુ પણ કોઈ સનમારગ પ્રવરતકશાળા માટે નીયમ કરવા સારૂ આ આકટને અનુસરીને વખતે વખતે કાનુન કરવાનો અધીકાર સ્થાનીક સરકારને છે.

કાનુનકરવાનોઈંડીયાસરકારનોઅધીકાર

૨૨ નહાની ઉમરના ગુનેગારોની ઉમર પ્રમાણે અથવા તેઓના ગુનાહના પ્રકાર પ્રમાણે અથવા બીજા કારણો પ્રમાણે તેઓને જે મુદતો સુધી સન મારગ પ્રવરતકશાળામાં કોરટોએ તથા માજીસ્ત્રેટોએ મોકલવા તે મુદતોનુ નીયમન કરવા સારૂ આ આકટને અનુંસરીને વખતે વખતે કાનુન કરવાનો અધીકાર ગવરનર જનરલ ઇનકાંઉસીલને છે.

આ કલમ પ્રમાણે કરેલી સઘળી કાનુન ઈંડીયા ગેજેટમાં પ્રસીધ્ધ કરવી,

૪ સનમારગ પ્રવરતક શાળા સબંધી ગુના.

નાનીઉમરનાગુનેગારને નાશીજવામાંમદદકરવા બાબત શીક્ષા

૨૩ નહાની ઉમરના ગુનેગારોને સન્મારગ પ્રવર્તકશાળામાંથી અથવા તે ગુનેગારોને ચાકરીમાં રાખનારની પાસેથી નાશી જવામાં અથવા નાશી જવાની કોશીસ કરવામાં જે કોઈ મદદ કરશે તે ઘણામાં ઘણા છ મહીના સુધી કેદને અથવા ઘણાગાં ઘણા સો રૂપીયા સુધી દંડને અથવા આ બેઉ શીક્ષાને પાત્ર થશે.

નાશીગએલાગુનેગારોને પકડવા

૨૪ આ આકટ પ્રમાણે સન્માર્ગ પ્રવર્તકશાળામાં મોકલેલો જે કોઇ ન્હાની ઉમરનો ગુનેહગાર તે શાળામાંથી અથવા તેને ચાકરીમાં રાખનારની પાસેથી નાશી ગયો હશે તેને માજીસ્ત્રેટના હુકમ વગર તથા વારંટ વગર પકડવાનો તથા તેને સદરહુ પ્રકારની શાળામાં અથવા તેને ચાકરીમાં રાખનારની પાસે પાછો લેઇ જવાનો અધીકાર પોલીસના અમલદારને છે.

(ટ્રુ ટ્રાન્સ લેટર)

વીનાયક વાસુદેવ

ઓરીઅનટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેન્ટ.

ઈંડીયાના ગવરનર જનરલ ઈન કાઉન્સીલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૭૬ ના ડીસેંબર મહીનાની ૧૬ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ પ્રસીદ્ધ કર્યો છે.

——(*)——

सने १८७६ नो आकट १९ मो.

સાર્વજનીક નાટકના ખેલનો વધારે સારી રીતે નીબંધ રાખવા બાબતનો આકટ.

ઊદેશ — જે સાર્વજનીક નાટકના ખેલ લાજ ઊપજાવનારા અથવા આબરૂ લેનારા અથવા દંડ ફીતુર ઉપ્તન કરનારા અથવા બિભત્સ હશે તેઓની મના કરવાનો અધીકાર સરકાને આપવો યોગ્ય છે વાંસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે.

ટુંકુનામ — ૧ આ આકટ "સને ૧૮૭૬ નો નાટકના ખેલ બાબતનો આકટ" કહેવો.

ક્યાંકયાંલાગુછે. — આકટ આખા બ્રિટિસ ઇંડીઆને લાગુ છે.

શરૂથવુ. — અને તે તાબડતોબ અમલમાં આવશે.

"માજીસ્ત્રેટ"શબ્દની વ્યાખ્યાકરવાબાબત — ૨ આ આકટમાં "માજીસ્ત્રેટ" શબ્દનો અર્થ ઇલાકાના મુખ્ય શેહેરમાં પોલીસનો માજીસ્ત્રેટ તથા બીજે ઠેકાણે ડીસ્ત્રીકટનો માજીસ્તરેટ એવો સમજવો.

કેટલાએકનાટકનાખેલનીમનાકરવાનો અધીકાર. — ૩ સારવજનીક જગામાં કરેલો અથવા કરવાનો કોઈ ખેલ અથવા પ્યાનટોમાઇમ (બોલ્યા વગર ફકત હાવભાવ કરી દેખાડવાનો ખેલ) અથવા બીજુ નાટક.

(અ) લાજ ઊપજાવનારૂ અથવા આબરૂ લેવાના પ્રકારનુ છે અથવા

[બ] કાયદા ઉપરથી બ્રિટિસ ઇંડીયામાં સ્થાપેલી સરકાર બાબત બેદીલીનો વીચાર ઉપ્તન કરવા જેવુ છે અથવા

[ક] ખેલની વખતે હાજર હોય તે માણસોની નીતી ભ્રષ્ટ કરવા જેવુ તથા તેઓને દુરગુણી કરવા જેવું છે એવુ સ્થાનીક સરકારને લાગે ત્યારે

હુકમ કરીને તે ખેલની મના કરવાનો અધીકાર સ્થાનીક સરકારને છે અથવા ઇલાકાના મુખ્ય શેહેરની બહાર તથા રંગુનની બહાર સ્થાનીક સરકારને અથવા તે માજીસ્તરેટને આ બાબત સ્થાનીક સરકાર અધીકાર આપશે તે માજીસ્તરેટને છે.

ખુલાસો—જે કોઈ ઇમારતમાં અથવા ઘેરી લીધેલી જગામાં પૈસા આપેતો લોકોને

ખેલ જોવા સારૂ દાખલ કરે છે તે ઇમારત અથવા તે ઘેરી લીધેલી જગા આ કલમના અરથ પ્રમાણે સાર્વજનીક જગા છે એમ સમજવું,

મનાનોહુકમઆપવાનોઅધીકાર

૪ સદરહુ પ્રકારના હુકમની એક નકલ જે માણસ સદરહુ પ્રમાણે મના કરેલા ખેલમાં ખેલ કરનાર હશે તેની ઉપર અથવા જે ઘરમાં અથવા ઓરડામાં અથવા જગામાં સદરહુ પ્રકારનો ખેલ કરવાનો ઈરાદો હશે તે ઘરના અથવા ઓરડાના અથવા જગાના માલેક ઉપર અથવા ભોગવટો કરનારા ઉપર બજાવવાનો અધીકારછે અને

હુકમતોડયાબાબતશીક્ષા

જે માણસ ઉપર સદરહુ પ્રકારની નકલ બજાવી હશે તથા જે સદરહુ પ્રકારનો હુકમ તોડીને જે કાંઇ કૃત્ય કરશે અથવા ખુશીથી કરવા દેશે તેની ઉપર માજીસ્ત્રેટની રૂબરૂ ગુનાહની સાબેતી થશે તો તેને ઘણામાં ઘણા ત્રણ મહીના સુધી કેદની અથવા દંડની શીક્ષા અથવા આ બેઉ શીક્ષા થશે.

હુકમજાહેર કરવાનોઅધીકાર

૫ સદરહુ પ્રકારનો કાંઇ હુકમ દાંડી પીટાવીને જાહેર કરવાનો અધીકાર છે તથા તે બાબતની લખેલી અથવા છાપેલી નોટીસ સદરહુ પ્રમાણે મના કરેલા ખેલમાં ખેલ કરવાનો અથવા તે ખેલ જોવાનો જે માણસોનો ઇરાદો હોય તે માણસોને તે હુકમની ખબર મળવા જેવી કોઇ જગામાં અથવા જગાઓમાં લગાડવાનો અધીકાર છે.

મનાતોડવાબાબેતશીક્ષા. ૬ જે કોઇ સદરહુ પ્રકારનો કાંઇ હુકમ પ્રસીધ થયા પછી.

(અ) તે હુકમ ઉપથી મના કરેલા ખેલમાં અથવા સદરહુ પ્રમાણે મના કરેલા ખેલ જેવો અર્થાત કોઈ ખેલ હશે તે ખેલમાં ખેલ કરશે અથવા

(બ) સદરહુ પ્રકારનો કાંઇ ખેલ ચલાવવામાં હરકોઈ રીતે મદદ કરશે અથવા.

(ક) સદરહુ પ્રકારનો કાંઈ ખેલ સઘળો થાય ત્યાં સુધી અથવા તેનો કાંઈ ભાગ થાય ત્યાં સુધી સદરહુ પ્રકારનો હુકમ જાણી જોઇને તોડીને તમાસગીર તરીકે હાજર હશે, અથવા

(ડ) કોઇ ઘરનો અથવા ઓરડાનો અથવા જગાનો માલેક અથવા ભોગવટો કરનારો હોય અથવા તેનો ઉપયોગ કરવાનું પોતાની પાસે હોય ત્યારે તે ઘર અથવા ઓરડો અથવા જગા સદરહું પ્રકારના કોઈ ખેલ સારૂ ઉઘાડશે અથવા રાખશે, અથવા તેનો ઉપયોગ કરશે અથવા સદરહું પ્રકારના હરકોઇ ખેલ સારૂ તે ઉઘાડવા અથવા રાખવા દેશે અથવા તેનો ઉપયોગ કરવા દેશે.

તેની ઉપર માજીસ્ત્રેની રૂબરૂ ગુનાની સાબેતી થશે તો તેને ઘણામાં ઘણા ત્રણ મહીના સુધી કેદની અથવા દંડની શીક્ષા થશે અથવા આ બેઉ શીક્ષા થશે.

માહીતીમાગવાનોઅધીકાર.

૭ સાર્વજનિક નાટકનો ખેલ કરવાનો ઇરાદો હશે તે કેવા પ્રકારનો છે તે ઠરાવવા સારૂ પોતાને જે માહેતીની જરૂર લાગે તે માહીતી જે નાટકનો ખેલ કરવાનો હોય તે નાટકના કરતા પાસેથી અથવા તેના માલેક પાસેથી અથવા તેના છાપનાર પાસેથી અથવા જે જગાએ તેનો ખેલ હોય તે જગાના માલેક પાસેથી અથવા ભોગવટો કર-

નાર પાસેથી માગવાનો અધીકાર સ્થાનીક સરકારને અથવા આ બાબત ખસુસ અખતીયાર જે અમલદારને તે સરકાર આપશે તે અમલદારને છે.

જે જે માણસ પાસે સદરહુ પ્રમાણે માગણી કરી હશે તેણે તે માહેની પોતાની શકતી પ્રમાણે આપવી જોઈએ અને જે કોઇ આ કલમ તોડશે તેણે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૬ મી કલમ પ્રમાણે ગુન્હો કર્યો છે એમ સમજવું.

પેસવાનુઅથવાપકડવાનુ વારંટપોલીસને આપવાનોઅધીકાર

૮ આ આકટ પ્રમાણે મના કરેલા કોઇ ખેલ સારૂ ફલાણા ઘરનો અથવા ઓરડાનો અથવા જગાનો ઉપયોગ કરે છે અથવા કરવાનો છે એવું લાગવાનો કોઈ માજીસ્ત્રેટને સબબ હોય તો સદરહુ પ્રકારનાં ઘરમાં અથવા ઓરડામાં અથવા જગામાં જરૂર હોય તેટલી મદદ લઈને રાતરે અથવા દીવસે અને જરૂર હોય તો જબરીથી પેસવાનો તથા તેમાં જે માણસો મળે તે સઘળાઓને કેદ કરવાનો તથા તેમાં જે સીનરી (દેખાવના પડદા) તથા પોશાક તથા બીજા પદાર્થ મળશે તથા જે સદરહુ પ્રકારના ખેલ સારૂ ઉપયોગ કર્યા હોય તે અથવા કરવાનો ઇરાદો છે એવો બાજબી શક હોય તે સઘળી સીનરીયો તથા પોસાક તથા બીજા પદાર્થ પકડવાનો અધીકાર પોલીસના હરકોઈ અમલદારને પોતાના વારંટ ઉપરથી આપવાનો અખતીઆર તે માજીસ્ત્રેટને છે.

હીંદુસ્તાનનાફોજદારીકાયદાનીકલમ૧૨૪ **અ** તથા ૨૯૪પ્રમાણેફરીયાદીનુકામચલાવવાનુકાયમરાખ્યું.

૯ ગુનાની સાબેતીનો ઠરાવ આ આકટ પ્રમાણે થયો હોય તે ઉપરથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૨૪ **અ** તથા ૨૯૪ પ્રમાણે ફરીયાદીનુ કામ ચલાવવાને હરકત થાયછે એમ સમજવું નહીં.

કોઇપ્રદેશમાંપર્વાના વગર નાટકનોખેલકરવાનીમના કરવાનોઅધીકાર.

૧૦ કલમ માંહેના ઠરાવ કોઇ પણ પ્રદેશને લાગુ કરવાની જરૂર છે એવું સ્થાનીક સરકારની નજરમાં આવે ત્યારે ગવરનરજનરલ ઇનકાઉનસીલની મંજુરીથી હેઠળ લખ્યા પ્રમાણે જ્ઞાપીત કરવાનો અધીકાર તે સરકારને છે એટલે સદરહુ પ્રકારનો ઠરાવ જાહેરનામામાં ઠરાવેલી તારીખથી સદરહુ પ્રકારના પ્રદેશને લાગુ કર્યો છે એવું જાહેરનામુ સ્થાનીક સરકારી ગેજેટમાં પ્રસીદ્ધ કરીને જ્ઞાપીત કરવાનો અધીકારછે.

પોતે આપેલા પર્વાના વગર અથવા આ બાબત પોતે જે અમલદારને ખસુસ અખત્યાર આપશે તે અમલદારે આપેલા પરવાના વગર સદરહુ પ્રકારના પ્રદેશમાંહેની સાર્વજનીક ગમતની કોઇ જગામાં કોઈ નાટકનો ખેલ સદરહુ તારીખથી કરવો નહી એવો હુકમ કરવાનો અધીકાર સ્થાનીક સરકારને છે.

સ્થાનીક સરકારને હેઠળ લખ્યા પ્રમાણે હુકમ કરવાનો પણ અધીકાર છે એટલે નાટક લખ્યુ હોય તો તેની તથા જેટલે સુધી તે લખ્યું હોય તેટલે સુધી તેની એક નકલ અથવા તે પ્યાનટોમાઇમ હોય તો તેની અથવા જેટલે સુધી પ્યાનટોમાઈમ હોય તેટલે સુધી તેની મતલબની કાંઇ પુરતી હકીકત ખેલના નેદાન ત્રણ દીવસ અગાઉ સ્થાનીક સરકારને અથવા સ્થાનીક સરકાર આ બાબત જે અમલદારને નીમશે તેને આપ્યા વગર સદરહુ પ્રકારના પ્રદેશમાંહેની સારવજનીક ગમતની કોઈ જગામાં નાટકનો ખેલ કરવો નહી એવો પણ હુકમ કરવાનો અધીકાર સ્થાનીક સરકારને છે.

*

આ કલમ પ્રમાણે કરેલા કોઈ હુકમની નકલ સારવજનીક ગમતની જગા રાખનાર હરકોઇ માણુસ ઉપર બજાવવાનો અધીકાર છે અને તે બજાવ્યા પછે તે માણુસ સદરહુ પ્રકારનો હુકમ તોડીને કાંઇ કૃત્ય કરશે અથવા ખુશીથી કરવા દેશે તો તેના ઉપર તે વા-તની સાબેતી માજીસ્ટ્રેટની રૂબરૂ થશે તો તેને ઘણામાં ઘણા ત્રણ મહીના સુધી કેદની અથવા દંડની અથવા આ બેઉ શીક્ષા થશે.

જેઅધીકારચલાવવાનો અખતીયારગવરનરજનરલનેછેતેઅધીકાર

૧૧ આ આકટ ઉપરથી જે અધીકાર સ્થાનીક સરકારને આપ્યા છે તે ચલાવવાને ગવરનર જનરલ ઈનકાંઉસીલ મુખત્યાર છે.

ધરમસંબંધીઉત્સાહની વખતનાખેલનેલાગુનથી

૧૨ આકટ માંહેના કોઇ પણ ઠરાવ કોઈ પણ જાત્રાને અથવા ધર્મ સબંધી ઉત્સાહની વખતે તેવી જાતના ખેલને લાગુ છે એવુ સમજવુ નહી.

(ટ્રુટ્રાન્સ લેટર)

વીનાયક વાસુદેવ

ઓરીઅનટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેન્ટ.

सने १८७७ नो आकट ३ जो.

દસ્તાવેજો નોંધવા બાબતનો આકટ

ભાગ ૧૪ મો.

સીક્ષા.

નુકશાનકરવાનાઇરાદાથી દસ્તાવેજોની અસુધરીતે નકલ કરીહશેઅથવાશેરો લખ્યોહશેઅથવાતેનોતર જુમોકર્યોહશેઅથવાતેનોં ધ્યોહશેતોશીક્ષાથશે.

૮૧ આ આકટના ઠરાવ પ્રમાણે આણી આપેલા અથવા અનામત મુકેલા દસ્તાવેજની પીઠ ઉપર શેરો લખાવાનું અથવા તેની નકલ કરવાનું અથવા તેનો તરજુમો કરવાનુ અથવા નોંધવાનુ કામ આ આકટ પ્રમાણે નેમેલા જે જે નોંધનારા અમલદારને અથવા આ આકટના કારણ સારૂ તેની કચેરીમાં ચાકરીયે રાખેલાં જે જે માણસને સોંપ્યું હોય તે તે અમલદાર અથવા માણસ હીંદુસ્થાનના ફોજદારી કાયદામાં કહેલા પ્રકારનુ કોઇ માણસનું નુકશાન કરવાના ઇરાદાથી અથવા હું જે કરૂ તેથી નુકશાન થવા જેવુ છે એવું પોતાને માલમ હોય અને ફલાણી રીતે અસુધ્ધ છે એવું તેને માલમ હોય અથવા લાગતુ હોય તેરીતે દસ્તાવેજની પીઠ ઉપર શેરો લખશે અથવા તેની નકલ કરશે અથવા તેનો તરજુમો કરશે અથવા તે નોંધશે તો તેને ધણામાં ધણા સાત વરસની કેદની, શીક્ષા થશે, અથવા દંડ થશે, અથવા એ બેઉ શીક્ષા થશે.

બીજાકેટલાએકગુન્હાબાબતશીક્ષા

૮૨ કોઈ માણસ હેઠળ લખેલા ગુન્હામાંનો કાંઈ ગુન્હો કરશે-તો તે ધણામાં ધણા સાત વરસની કેદની શીક્ષાને પાત્ર થશે.

નોધનારા અમલદાર ની આગળખોટોમજકુરકહેવાબાબત-

(અ) આ આકટ પ્રમાણે કોઇ અમલદાર કામ ચલાવતો હશે ત્યારે તેની આગળ આ આકટના ઠરાવ પ્રમાણે હર કાંઇ કામ ચાલશે અથવા ચોકશી થશે તેમાં કોઈ માણસ સમ ખાઈને કે બીજી રીતે જાણી જોઇને ખોટો મજકુર કહેશે અને તે મજકુર દફતરમાં દાખલ કરેલો હોય કે નહી હોય તો પણ તે માણસ.

ખોટીનકલઅથવાખોટોતરજુમોઆપવાબાબત.

[બ] ૧૯ મી અથવા ૨૧ મી કલમ પ્રમાણે હર કાંઇ કામ ચાલશે તેમાં જે માણસ દસ્તાવેજની ખોટી નકલ અથવા દસ્તાવેજનો ખોટો તરજુમો અથવા નકશાની ખોટી નકલ નોંધનારા અમલદારને જાણી જોઈને આપશે તે,

હુંફલાણોએરીતેખોટુ કહેવાબાબત

[ક] હું ફલાણો માણસ છું એ રીતે કોઇ માણસ ખોટું કહેશે અને તેમ કરીને કાંઇ દસ્તાવેજ કરી આપશે અથવા કોઇ વાત કબુલ કરશે અથવા મજકુર કરશે, અથવા કાંઇ સમન અથવા કમિશન કહાડાવશે, અથવા આ આકટ પ્રમાણે ચાલેલાં

કાંઇ કામમાં અથવા ચોકશીમાં બીજુ કાંઇ કૃત્ય કરશે.

આઆાકટમાંકહેલાગુન્હા કરવામાંમદદકરવાબાબત

(૬) જે વાત બાબત આ આકટમાં શીક્ષા ઠરાવીછે તેવી કાંઇ વાતમાં કોઇ માણસ હીંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે મદદ કરશે તે ઘણામાં ઘણા સાત વરસની કેદની શીક્ષાને, અથવા દંડને અથવા બેઉ શીક્ષાને પાત્ર થશે.

ફરીયાદશરૂકરવાનોઅધીકારનોંધનારા અમલદારનેછે.

૮૩ આ આકટમાં કહેલો કાંઇ પણ ગુનોહ કર્યાની ખબર નોંધનારા અમલદારને તે તેના હુદ્દાના સબબથી જડે ત્યારે તે ગુનાહ બાબત ફરીયાદી શરૂ કરવી તે જે ઇન્સ્પેકટર જનરલના મુલકમાં તે ગુન્હો બન્યો હોય તેણે અથવા તેની પરવાનગીથી કરવી અથવા સીંધમાં બન્યો હોય તો સીંધના બ્રાંચ ઈન્સપેકટર જનરલે અથવા તેની પરવાનગીથી કરવી અથવા ડીસ્ત્રીકટમાં તે ગુન્હો બન્યો હશે તો તે ડીસ્ત્રીકટના રજીસ્ત્રારે અથવા તેની પર્વાનગીથી કરવી અથવા સબ ડીસ્ત્રીકટમાં તે ગુનો બન્યો હોય તો તે સબડીસ્ત્રીકટના સબરજીસ્ત્રારે અથવા તેની પરવાનગીથી કરવી,

આ આકટ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાનો ઈનસાફ જે કોર્ટ અથવા અમલદાર તાબા માંહેના પેહેલા વર્ગના માજીસ્ત્રેટના અખત્યાર કર્તા ઓછો અખત્યાર ચલાવતો નહીં હોય તે કોર્ટે અથવા અમલદારે કરવો.

પણ એવુ ઠરાવ્યુ છે કે આ આકટ પ્રમાણે શીક્ષા ઠરાવતી વખતે સદરહુ કોર્ટે અથવા અમલદારે ચાલુ કાયદા પ્રમાણે પોતાને જેટલો અખતીયાર હોય તે કરતાં વધતી શીક્ષા ઠરાવવી નહીં.

આ આકટ પ્રમાણે દંડ કીધો હોય તે ઇલ્લાકામાં મુખ્ય શેહેરની હદ બહાર કરેલા ગુનાહ બાબત કર્યો હોય તે સઘળો દંડ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં કહેલી રીતે વસુલ કરવો, અને તે દંડ સદરહુ હદમાં કરેલા ગુન્હા બાબત કર્યો હોય તો તે સઘળો દંડ તે શેહેરની પોલીસનુ નીયમન કરવા બાબત જે આકટ ચાલું હશે તે આકટમાં કહેલી રીતે વસુલ કરવો.

નોંધનારાઅમલદારોસરકારીનોકરછેએવુસમજવુ

૮૪ આ આકટ પ્રમાણે નેમેલો દરએક નોંધનારો અમલદાર હીંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે સરકારી નોકર છે એવું સમજવુ.

જે જે માણસને તે નોંધનારો અમલદાર વાત પુછે તે તેણે કહેવી કાયદા પ્રમાણે જરૂર છે અને સદરહુ કાયદાની ૨૨૮ મી કલમમાં "ઇનસાફનુ કામ" આ શબ્દો લખેલાછે તેમાં આ આકટ પ્રમાણે ચલાવેલાં હર કોઇ કામનો સમાસ થાય છે એવું સમજવું.

રજીસ્ત્રાર ફોજદારી કામ ચલાવવાની રીતના જુના કાયદાની ૪૩૫ મી તથા ૪૩૬મી (નવી ૪૮૦, ૪૮૧, ૪૮૨ કલમના અર્થ પ્રમાણે રજીસ્ત્રારે સબ રજીસ્ત્રારના સબબથી કોર્ટ છે એમ સમજવું પણ સબ રજીસ્ત્રારે સબ રજીસ્ત્રારના સબબથી કોર્ટ છે એમ સમજવું.

सने १८७७ नो आकट १५ मो.

મુદત બાબતનો આકટ

ભાગ ૩ જો.

મુદત ગણવા બાબત.

જેદહાડેફરીયાદકરવાનો હકપ્રાપ્તથાયછેતેદહાડોમુકીદેવો.

૧૨ હર કોઈ ફરીયાદ અથવા અપીલ અથવા અરજી કરવાની મુદત કહી હોય તે ગણતી વખતે જે દહાડેથી તે ગણવાની હોય તે દહાડો મુકી દેવો.

અપીલોનેતથાકેટલીએક અરજીઓનેપ્રસંગેમુદત મુકીદેવાબાબત.

અપીલ કરવાની જે મુદત તથા નાદારમાં અપીલ કર્વાની પર્વાનગી બાબત અરજી કરવાની જે મુદત તથા ફેંસલાની ફરી તપાસ સારૂ અરજી કર્વાની જે મુદત કહી છે તે મુદત ગણતી વખતે જે ફેંસલા બાબત તકરાર હોય તે ફેંસલો જે દીવસે કહી સંભળાવ્યો હોય તે દીવસ અને જે હુકમનામા ઉપર અથવા શીક્ષાના ઠરાવ ઉપર અથવા હુકમ ઉપર અપીલ હોય અથવા જે હુકમનામાની અથવા શીક્ષાના ઠરાવની અથવા હુકમની ફરી તપાસ થવી જોઇયે એવી માગણી હોય તે હુકમનામાની અથવા શીક્ષાના ઠરાવની અથવા હુકમની નકલ મળવા સારૂ જેટલી મુદતની જરૂર હોય તેટલી મુદત મુકી દેવી.

પ્રતીવાદીબ્રીટીશઇંડીયામાંથીજેટલીમુદતસુધી ગેરહાજરહોયતેટલીમુદત મુકીદેવી.

૧૩ કાંઈ ફરીયાદ કરવાની મુદત કહી હોય તે ગણતી વખતે પ્રતીવાદી જેટલી મુદત સુધી બ્રીટીશ ઈંડીયામાંથી ગેરહાજર હોય તેટલી મુદત બાદ કરવી.

બીજુ પ્રસીષ્ટ

વીભાગ ૪ થો.

ફરીયાદીનો પ્રકાર	મુદત	જેવખતથીમુદતચાલુ થાયછે તે વખત
૬ દંડ બાબત અથવા ગુનેગારી બાબત કોઈ સ્ટાટયુટ પ્રમાણે અથવા આકટ પ્રમાણે અથવા કાયદા પ્રમાણે અથવા પેટા કાનુન પ્રમાણે	એકવરસ	દંડનો અથવા ગુનેગારીનો પેચ આવે ત્યારે
૧૪ સરકારી અમલદારે પોતાના હોદાના સબબથી કાંઈ કૃત્ય અથવા હુકમ કર્યો હોય તથા જે બાબતઆ આકટમાં ખસુસ બીજી રીતનો ઠરાવ કરેલો નહી હોય તે કૃત્ય અથવા હુકમ રદ કરવા બાબત.		તે કૃત્યની અથવા હુકમની તારીખ
૧૯ ખોટી રીતે કેદ કર્યા બાબતનો બદલો મળવા બાબતની.	એજન	કેદ પુરી થાય ત્યારે
૨૩ અદાવતથીફોજદારીમાં કામચલાવ્યું હોય તે બાબતના નુકશાનનો બદલો મળવા સારૂ.	એજન	વાદી બીન તક્ષીરછે એવો ઠરાવ થાય ત્યારે અથવા ફરીયાદીનો બીજી રીતે છેડો આવે ત્યારે.
૨૪ લઇબલ બાબત(આબરૂ લેનારે મજકુર પ્રસિદ્ધ કર્યા બાબત) નુકશાનનો બદલો મળવા સારૂ.	એજન	લઇબલ પ્રશીદ્ધ કરવામાં આવે ત્યારે
૨૫ આબરૂ લેનારો મજકુર બોલ્યા બાબત.	એજન	તે શબ્દ બોલવામાં આવે ત્યારે અથવા શબ્દો ઉપરથીજ [illegible] કરવા

જે જગાએ તે નીધી હાજર કરવાનું વખતે વખતે કલેકટર ફરમાવે તે વખતે તે જગાએ તે હાજર કરવા બાબત કલેકટરને યોગ લાગે તેવો જામીન કલેકટરને આપવો,

દાવોકરનારાઓએહાજરથવાનુતેઓનેફરમાવવાબાબતનુજાહેરનામું

૫ ચોથી કલમ પ્રમાણે નોટીસ મળ્યા પછી કલેકટરે પોતાને યોગ લાગે (લાગે તો) તેવી કાંઈ ચોકશી કર્યા પછી હેઠળ લખેલી તજવીજ કરવી (એટલેઃ—)

(અ) તેણે હેઠળ લખેલા મજકુરનુ જાહેરનામુ સ્થાનીક સરકાર વખતે વખતે જે રીત આ બાબત ફરમાવે તે રીતે પ્રસીદ્ધ કરવુ એટલે ફલાણી તારીખે (તે તારીખ લખવી) ફલાણો નીધી (તેનો પ્રકાર તથા રકમ તથા કીમતનો સુમાર લખવો) ફલાણી જગામાંથી (તે જગા લખવી) મળ્યો છે અને તે નીધી બાબત અથવા તેના કોઇ ભાગ બાબત દાવો કરનારા સઘળા માણસોએ જાહેરનામામાં લખેલી તારીખે તથા જગાએ કલેકટરની રૂબરૂ જાતે અથવા મુખતીઆર મારફતે હાજર થવુ એવા મજકુરનું જાહેરનામુ પ્રસીદ્ધ કરવું. સદરહુ તારીખ જાહેરનામુ પ્રસીદ્ધ કર્યાની તારીખથી ચાર મહીનાની અંદરની અથવા છ મહીના ઉપરાંત ન જોઈએ

(બ) જે જગામાંથી નીધી મળ્યો એવુ કલેકટરની નજરમાં આવે તે જગા જે માણસને નીધી મળ્યો હોય તે શીવાય બીજા કોઈ માણસના કબજામાં તે નીધી મળ્યાની તારીખે હતી એવુ હોય ત્યારે કલેકટરે તેવાજ મજકુરની લખેલી વીશેશ નોટીસ તે માણસને પણ આપવી.

હાજરથવાનેચુકેતોહકડુબે

૬ સદરહુ પ્રકારના નીધી ઉપર અથવા તેના કાંઈ ભાગ ઉપર જે કોઇ માણસને જે જગામાંથી તે નીધી મળ્યો તે જગામાં માલેક તરીકે અથવા બીજી રીતે કઇપણ હક હશે તથા જે પાંચમી કલમ પ્રમાણે કરેલાં જાહેરનામામાં કહ્યા મુજબ હાજર થશે નહી તેનો સદરહુ પ્રકારનો હક ડુબશે.

જેવાતબાબતકલેકટરેચોકશીકરવાનીતથાજેકલેકટરેઠરાવવાનીતે

૭ પાંચમી કલમ પ્રમાણે કરેલાં જાહેરનામામાં જે દીવસ લખ્યો હોય તે દીવસે કલેકટરે પોતાની આગળ નીધી હાજર કરાવવો. તથા હેઠળ લખેલી વાત બાબત ચોકશી કરવી તથા તે ઠરાવવી.

(અ) સદરહુ પ્રકારનો નીધી કયા માણસને તથા કઇ જગાએ તથા કંઈ હકીકતને પ્રસંગે મળ્યો આ બાબત અને

(બ) બને તે પ્રમાણે કયા માણસે તથા કઇ હકીકતને પ્રસંગે તે નીધી ગુપ્ત રાખ્યો હતો આ વાત બાબત ચોકશી કરવી. તથા આ વાત ઠરાવવી.

નીધીબાબતદાવોકરનારામાણસેફરીયાદકરવાસારૂમુદતઆપવી.

૮ સદરહુ જાહેરનામામાં ફરમાવ્યા પ્રમાણે હાજર થનારા તથા સદરહુ પ્રકારના નીધી બાબત દાવો કરનારા માણસે અથવા જે બીજા માણસના સબંધથી તે માણસ દાવો કરતો હશે તે માણસે નીધી મળ્યાની તારીખની અગાઉ સો વરસની અંદર તે નીધી ગુપ્ત રાખ્યો હતો એવુ લાગવાનુ કારણ સાતમી કલમ પ્રમાણે કરેલી ચોકશી ઉપર કલેકટરની નજરમાં આવે તો દાવો કરનારથી પોતાનો હક સાબેત કરવા સારૂ દીવાની કોરટમાં ફરીઆદ કરી શકાય એટલાસારૂ પોતાને પુરતી લાગે તેટલી મુદત સુધી તે કામની ચોકશી મોકુફ રાખવા બાબતનો હુકમ કલેકટરે કરવો.

નીધીનોમાલેકનથીએવું ઠરાવીતકરવાનોઅધીકારક્યારે છે.

૯ નીધી સદરહુ પ્રમાણે ગુપ્ત રાખ્યો હતો એવુ લાગવાનો સબબ નથી એવું સદરહુ પ્રકારની ચોકશી ઉપરથી કલેકટરની નજરમાં આવે તો અથવા.

આઠમી કલમ પ્રમાણે મુદત ઠરાવી હોય ત્યારે તે મુદતમાં સદરહુ પ્રકારની ફરીઆદ કરવાની કલેકટરને ખબર પડી ન હોય તો, અથવા

સદરહુ પ્રકારની ફરીઆદ સદરહુ પ્રકારની મુદતમાં કરી હોય તથા વાદીનો દાવો આખરનો નામંજુર થયો હોય તો,

તે નીધીનો માલેક નથી એવુ જ્ઞાપીત કરવાનો અધીકાર કલેકટરને છે.

સદરહુંપ્રકારનાજ્ઞાપનઉપર અપીલ

આ કલમ પ્રમાણે કરેલા જ્ઞાપન ઉપરથી જે માણસને નુકશાન થયુ હોય તે માણસને તે જ્ઞાપનની તારીખથી બે મહીનાની અંદર નીબંધ રાખનારા મુખ્ય રેવનીયુ અધીકારીને ત્યાં જ્ઞાપન ઉપર અપીલ કરવાનો અધીકાર છે.

સદરહુ પ્રકારની અપીલ (ના હકને અનુસરી ને સદરહુ પ્રકારનું દરએક જ્ઞાપન આખરનું તથા નીશ્ચયકારક થશે.

જ્ઞાપનપછીકામચલાવવુંતે

૧૦ કોઇ પણ નીધી બાબત નવમી કલમ પ્રમાણે જ્ઞાપન કરવામાં આવે ત્યારે તે નીધી જે માણસને નીધી મળ્યો હોય તે માણસને સ્વાધીન આ આકટમાં આગળ કહેલા ઠરાવ પ્રમાણે કરવો અથવા તે માણસની તથા જે જગામાંથી તે નીધી મળ્યો હોય તે જગાના માલેકની દરમીઆન આ આકટમાં આગળ કહેલા ઠરાવ પ્રમાણે વેહેચી આપવો.

જગાનામાલેકતરીકેબીજો કોઇદાવોકરતોહોયતારેજે માણસનેનીધીમળ્યોહોય તેમાણસનેતેઆપવો.

૧૧ કોઇ પણ નીધી બાબત સદરહુ પ્રમાણે જ્ઞાપન કરવામાં આવે અને જે માણસને સદરહુ પ્રકારનો નીધી મળ્યો હોય તે માણસ શીવાય બીજુ કોઇ માણસ પાંચમી કલમ પ્રમાણે પ્રસીદ્ધ કરેલા જાહેરનામામાં ફરમાવ્યા મુજબ હાજર થયુ નહી હોય તથા તે નીધી જે જગામાંથી મળ્યો તે જગાના માલેક તરીકે તે નીધીના ભાગ બાબત તેણે દાવો કર્યો ન હોય ત્યારે કલેકટરે જે માણસને નીધી મળ્યો હોય તે માણસને સ્વાધીન તે નીધી કરવો.

સરદહુંપ્રકારનુએકજમાણસદાવોકરતુહોયતથાતેનાદાવામાંકોઈહરકતકરતુનહોયત્યારેનીધીવેંચીઆપવો.

૧૨ કોઇ નીધી બાબત સદરહુ પ્રમાણે જ્ઞાપન કરવામાં આવે અને સદરહુ પ્રકારનો નીધી જે માણસને મળ્યો હોય તે માણસ શીવાય બીજુ એકજ માણસ સદરહુ પ્રમાણે હાજર થયુ હોય તથા તેણે દાવો કર્યો હોય અને તે માણસના દાવા બાબત જે માણસને નીધી મળ્યો હોય તે માણસના દાવા બાબત જે માણસને નીધી મળ્યો હોય તે માણસ કરાર કરતું ન હોય ત્યારે જે માણસને નીધી મળ્યો હોય તે માણસની તથા સદરહુ પ્રમાણે દાવો કરનારની દરમીઆન તે નીધી હેઠળ લખેલા નીયમ પ્રમાણે વહેચી આપવાનુ કામ કરવા કલેકટરે માંડવું (એટલે)—

જે માણસને નીધી મળ્યો હોય તે માણસે સદરહુ પ્રમાણે દાવો કરનારા માણસને તે નીધીની વ્યવસ્થા બાબત તે વખતે અમલમાં હોય તેવો કોઇ કરાર ન હોય તો નીધીના ત્રણ ચતુરથાંસ જે માણસને નીધી મળ્યો હોય તે માણસને તથા બાકીનો નીધી સદરહુ પ્રકારના માણસને આપવાનુ ઠરાવવું. જે સદરહુ પ્રકારના માણસને નીધી મળ્યો હોય તે માણસે તથા સદરહુ પ્રકારના માણસે સદરહુ પ્રકારનો કાંઇ કરાર કર્યો હોય તો તે કરાર પ્રમાણે તે નીધીની વ્યવસ્થા કરવી.

પણ એવું ઠરાવ્યું છે કે આ કલમમાં કહ્યા પ્રમાણે કાંઇ પણ નીધી વેંહેચી આપવાને બદલે પોતાને યોગ લાગે તો કોઇ પણ પ્રસંગે હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધીકાર કલેકટરને છે. એટલે

(અ) સદરહુ બેઉ પઇકી હરકોઇ પક્ષકારે હેઠળ લખ્યા પ્રમાણે કર્યું હોય તો સદરહુ પ્રકારનો સઘળો નીધી અથવા તેના ભાગ કરતાં વધારે નીધી તે પક્ષકારને આપવાનુ ઠરાવવાનો અધીકાર છે. એટલે બીજા પક્ષકારના ભાગના અવેજ તરીકે અથવા સદરહુ પ્રમાણે આપવાને ઠરાવેલા વધારે નીધીમાં અવેજ તરીકે જેટલા નાણાની રકમ કલેકટર ઠરાવે તેટલી તે બીજા પક્ષકારને સારૂ કલેકટરને તે પક્ષકારે આપી હોય તો તે સઘળો નીધી અથવા તેના ભાગ કરતાં વધારે નીધી તેને આપવાનું ઠરાવવાનો અધીકાર છે અથવા

*

(બ) સદરહુ પ્રકારે નીધી અથવા તેનો કાંઈ ભાગ જાહેર લીલામ કરીને વેચવાનો તથા વેચાણમાં જે અવેજ ઉપજે તે આ કલમમાં ઉપર ઠરાવેલા નીયમ પ્રમાણે પક્ષકારની દરમીઆન વહેંચી આપવાનો અધીકાર છે.

પણ એવું ઠરાવ્યુ છે કે હેઠળ લખેલા પ્રકારના કોઈ માણસે આ આકટ પ્રમાણે કરેલો કોઈ દાવો કલેકટરે નવમી કલમ પ્રમાણે કરેલા જ્ઞાપન ઉપરથી કલેકટરે રદ કર્યો હોય ત્યારે એટલે જે સદરહુ માણસને નીધી મળ્યો હોય તે માણસ શીવાય અથવા જે જગામાંથી નીધી મળ્યો હોય તે જગાના માલેક તરીકે દાવો કરનાર માણસ શીવાય બીજા કોઈ માણસે કરેલો કાંઇ દાવો રદ કર્યો હોય તારે જે માણસનો દાવો સદરહુ પ્રમાણે રદ કર્યો હોય તે માણસે નવમી કલમ પ્રમાણે અપીલ કર્યા વગર બે મહીના થઈ જાય ત્યાં સુધી અથવા સદરહુ પ્રમાણે અપીલ કરી હોય તો તે અપીલ નામંજુર થાય ત્યાંસુધી સદરહુ પ્રમાણે વહેંચણ કરવી નહી.

અનેભાગપક્ષકારોનેઆપવા

આ કલમ પ્રમાણે કલેકટરે વહેચણ કરી હોય ત્યારે તેને સદરહું પ્રકારના નીધીના ભાગ પક્ષકારોને આપવા તથા તે ભાગ બદલના જેટલા નાણા બાબત સદરહુ પ્રકારની વહેચણ ઉપરથી પક્ષકારોનો હક હોય તેટલુ નાણુ તેઓને આપવું.

જગાનીમાલેકીબાબતકરારહોયતેપ્રસંગેકામમોકુફરાખવું

૧૩ કોઇ પણ નીધી બાબત સદરહુ પ્રમાણે જ્ઞાપન કરવામાં આવે તથા સદરહુ પ્રમાણે બે અથવા વધારે માણસો હાજર થાય તથા જે જગામાંથી સદરહુ પ્રકારનો નીધી મળ્યો હોય તે જગાના માલેક તરીકે તેઓ દરેક પઇકી દાવો કરે અથવા જે માણસે સદરહુ પ્રમાણે હાજર થઇ દાવો કર્યો હોય તેના હક બાબત સદરહુ પ્રકારના જે માણસને નીધી મળ્યો હોય તે માણસે હરકત લીધી હોય ત્યારે કલેકટરે સદરહુ પ્રકારનો નીધી રાખી મુકવો અને દીવાની કોરટ તે કામની ચોકશી કરીને નીકાલ કરે એ હેતુથી પોતે ચલાવાનુ કામ મોકુફ છે એવો હુકમ કરવો.

સદરહુપ્રકારનીતકરારનોનીકાલ

૧૪ જે માણસે સદરહુ પ્રમાણે હાજર થઈને દાવો કર્યો હોય તે માણસને પોતાના હક જ્ઞાપીત કરવાનુ હુકમનામુ કરાવી લેવા સારૂ સદરહું પ્રકારના હુકમની તારીખથી એક મહીનાની અંદર દીવાની કોરટમાં ફરીઆદ કરવાનો અધીકાર છે અને સદરહુ પ્રકારની દરેક ફરીઆદીમાં જે માણસને નીધી મળ્યો હોય તે માણસને તથા સદરહુ પ્રકારના દાવા બાબત કલેકટરની રૂબરૂ તકરાર કરનાર સઘળા માણસોને પ્રતીવાદી કરવા.

અનેતારપછીવહેચણ

૧૫ સદરહુ પ્રકારની કાંઇ પણ ફરીઆદ કરવામાં આવે તથા તેમાં વાદીનો દાવો આખરનો સાબેત થાય તો કલેકટરે તે નીધી વાદીની તથા જે માણસને તે નીધી મળ્યો હોય તેની દરમીઆન બારમી કલમના ઠરાવને અનુસરીને વહેંચી આપવો.

સદરહુ પ્રમાણે ફરીઆદ કરવામાં ન આવે તો અથવા વાદીના દાવા સદરહુ પ્રકારની સઘળી ફરીઆદમાં આખર નામંજુર થાય તો કલેકટરે જે માણસને નીધી મળ્યો હોય તે માણસને સ્વાધીન તે કરવો.

સરકારનીતરફથીનીધીલેવાનોઅધીકાર

૧૬ નવમી કલમ પ્રમાણે જ્ઞાપન કર્યા પછી તથા આ આકટમાં પાછળ ઠરાવ્યા પ્રમાણે નીધી આપ્યાની અગાઉ અથવા વહેંચી આપ્યાની અગાઉ હરકોઇ વખતે હેઠળ લખ્યા પ્રમાણે પોતાનો ઈરાદો છે એવું પોતાની સહી સાથે લખીને જ્ઞાપીત કરવાનો અધીકાર કલેકટરને છે. એટલે સદરહુ નીધીમાં જે માણસોનો હકક હોય તે માણસોને સદરહુ પ્રકારની નીધીના અથવા તેના નીરદીષ્ટ કહેલા ભાગના પદાર્થોની કીમત જેટલી

રકમ તથા તે કીમતના એક પંચમાંશ જેટલી બીજી રકમ આપીને તે નીધી અથવા તેનો તે ભાગ સરકારની તરફથી લેવાનો પોતાનો ઇરાદોછે એવું પોતની સહી સાથે લખીને જ્ઞાપીત કરવાનો અધીકાર અને સદરહું પ્રકારની રકમ પોતાની ટ્રેઝરી સદરહુ પ્રકારના માણસને ખાતે અનામત રાખવાનો અધીકાર કલેકટરનેછે અને પછી સદરહુ પ્રકારનો નીધી અથવા ભાગ સરકારનો માલ છે એમ સમજવું અને સદરહુ પ્રમાણે અનામત મુકેલુ નાણુ સદરહુ પ્રકારનો નીધી અથવા ભાગ હોય તે પ્રમાણે નાણાની તજવીજ બને તેટલી કરવી.

કલેકટનોફેંસલોઆખરનો છેઅનેખરાઈમાનથી કરે લાકૃત્યબાબતતેનીઉપરફ રીઆદચાલનારનથી

૧૭ કલેકટરે આ આકટ પ્રમાણે કરેલા કોઇ ફેંસલા બાબત અથવા કૃત બાબત કોઈ દીવાની કોરટે તકરાર કહાડવી નહી અને આ આકટ ઉપરથી આપેલો અધીકાર ચલાવીને કોઈ પણ વાત તેણે શુદ્ધ બુધીથી કરી હશે તે બાબત તેની ઉપર કાંઇ ફરીયાદ અથવા બીજુ કામ ચાલનાર નથી.

કલેકટરનેદીવાનીકોરટનો અધીકારચલાવવો.

૧૮ આ આકટ પ્રમાણે કાંઇ ચોકશી કરનારા કલેકટરને હેઠળ લખેલો કોઇ પણ અધીકાર ચલાવવાનો અખતીઆર છે એટલે ફરીઆદીનો ઇનસાફ કરવા સારૂ દીવાની કોરટને દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદા ઉપરથી આપેલો કોઈ પણ અધીકાર ચલાવવાનો અખતીઆર છે.

કાનુનકરવાનોઅધીકાર

૧૯ આ આકટ પ્રમાણે ચલાવવાના કામનું નીયમત કરવા સારૂ આ આકટને અનુસરીને વખતે વખતે કાનુન કરવાનો અધીકાર સ્થાનીક સરકારને છે.

સદરહુ પ્રકારની કાનુન સ્થાનીક ગેજેટમાં પ્રસીધ કર્યા પછી તે કાયદા પ્રમાણે ચાલશે.

સીક્ષા.

જેમાણસનેનીધીમળ્યોહો યતેનોટીસઆપવાવગેરેમાં ચુકે તો તેને શીક્ષા.

૨૦ કોઈ પણ નીધી જે માણસને મળ્યો હોય તે માણસ ચોથી કલમમાં કહ્યા પ્રમાણે નોટીસ આપવાને ચુકશે અથવા નીધી અનામત નહી મુંકશે અથવા જામીન નહી આપશે અથવા સદરહુ પ્રકારનો નીધી ઓળખી ન શકાય એવો તેમાં ફેરફાર કરશે અથવા ફેરફાર કરવાની કોશીશ કરશે તો તે નીધીના જે ભાગ ઉપર અથવા તે બાબતનાં નાણાં ઉપર સદરહું પ્રમાણે તે ન કરત તો તેને હક હોત તે નીધીનો ભાગ અથવા નાણું મલીકામાયાઝમાનું થશે.

અને માજીસ્ત્રેટની આગળ તે વાતની સાબેતી થશે તો તેને ધણામાં ધણા એક વરસ સુધીની કેદની શીક્ષા થશે અથવા દંડ થશે અથવા આ બેઉ શીક્ષા થશે.

૨૦મીકલમપ્રમાણેગુનામાં માલેકમદદકરશેતેનેશીક્ષા

૨૧ કોઇ પણ નીધી જે જગામાંથી મળ્યો હશે તે જગાનો મલેક વીસમી કલમ પ્રમાણે કોઈ પણ ગુનામાં હીંદુસ્તાનના ફોજદારી કાયદાના અરથ પ્રમાણે મદદ કરશે તો તે નીધીના જે ભાગ ઉપર અથવા તે બાબતના નાણા ઉપર સદરહુ પ્રમાણે તે નકરત તો તેને હક્ક હોત તે ભાગ અથવા નાણું મલીકા માયાઝમાનુ થશે.

અને માજીસ્ત્રેટની આગળ તે વાતની સાબીતી થશે તો તેને ધણામાં ધણા ૬ મહીના સુધીની કેદની શીક્ષા થશે અથવા દંડ થશે અથવા આ બેઉ શીક્ષા થશે,

પરીશીષ્ટ.

નંબર તથા વરસ	મથાળુ.	કેટલો રદ કર્યો.
સન ૧૮૮૭ નોં બંગાળાને કાયદો ૫ મો.	ગુપ્ત રાખેલા નીધી બાબત સરકારના તથા લોકોના હક સ્થાપીત કરવા બાબત તથા તેવો નીધી જડયો હોયતો જે કાનુન પ્રમાણે ચાલવું તે કાનુન ઠરાવવા બાબતનો કાયદો.	સઘળો
સન ૧૮૩૨ નો મદ્રાસને કાયદો ૨૧ મો.	”	”
સને ૧૮૩૮ નો આકટ ૧૨ મો.	ગુપ્ત રાખેલો નીધી (મદ્રાસ)	”
સને ૧૮૭૨ નો આકટ ૪ થો.	કેટલીએક કાનુન તથા કાયદા છે તેઓ પૈકી કંઈ કાનુન તથા કાયદા પંજાબમાં કાયદા પ્રમાણે ચાલેછે તે સ્થાપીત્ત કરવા બાબત તથા બીજા કારણ બાબતનો આકટ.	સને ૧૮૧૭ ના બંગાળાના,૫ મા કાયદાબાબતજેટલોછેતેટલો.
સને ૧૮૭૪ નો આકટ ૧૫ મો.	કાયદાની સ્થાનીક વ્યાપતી.	સને૧૮૩૨[illegible]દ્રાસના૨૧માંકાયદાબાબત તથા ૧૮૩૮ના૧૨ મા આકટબાબતબીજું પરીશીષ્ટ ૧૮૧૭નાબંગાળાના૫માકાયદા બાબતચોથુપરીશીષ્ટજેટલુછેતેટલુતેપરીશીષ્ટ.
સને ૧૮૭૦ નો આકટ ૧૭ મો	બ્રીટીશ બ્રહ્મા માંહેની કોરટ સંબંધી કાયદા છે તે એકઠા કરીને સુધારવા તથા બીજા કારણ બાબતનો આકટ	સને૧૮૧૯ના બંગાળાના૫માકાયદાસંબંધીજેટલોછેતેટલો.
સને ૧૮૭૫ નો આકટ ૨૦ મો	શેન્ટ્રલ પ્રાવીનશીસમાં જે કાયદા ચાલું હશે તે સ્થાપીત કરેપ બાબત તથા સુધારવા બાબતનો આકટ.	”
સને ૧૮૭૬ નો આકટ ૧૮ મો.	અયોધ્યાના કાયદાનો આકટ.	”

(ટ્રુ ટ્રાન્સલેટર)

વીનાયક વાસુદેવ

ઓરીઅનટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેન્ટ.

ACT NO. I of 1878.

ઇંડિયાના ગવરનર જનરલ ઇન કૌંસિલનો હેઠળ લખેલો આક્ટ ગવરનર જનરલ સાહેબે સન ૧૮૭૮ ના જાન્યુઆરી મહિનાની ૯ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છાપીને પ્રસિદ્ધ કર્યો છે.

સન ૧૮૭૮ નો આક્ટ ૧ લો.

અફીણ સંબંધી કાયદો સુધારવા બાબતનો આક્ટ.

ઉદ્દેશ. અફીણ સંબંધી કાયદો સુધારવો યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

ટુંકું નામ. ૧. આ આક્ટને "સન ૧૮૭૮ નો અફીણનો આક્ટ" કેહેવો.

સ્થાનિક વ્યાપ્તી. આ આક્ટ ગવરનર જનરલ ઇન કૌંસિલ ઇંડિયા ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને વખતે વખતે ફરમાવશે તે પ્રદેશને લાગુ થશે.

સરૂ થવું. અને આ આક્ટ સદરહુ પ્રદેશો પૈકી દરએક પ્રદેશમાં જે જે દિવશે અમલમાં આવશે એવું ગવરનર જનરલ ઇન કૌંસિલ તેવીજ રીતે ફરમાવશે તે તે દિવશે તે તે પ્રદેશમાં અમલમાં આવશે.

કાયદા તથા આક્ટ રદ કરવા. આ આક્ટને જોડેલાં પરિશિષ્ટમાં કાયદા તથા આક્ટ લખ્યા છે તે સદરહુ પરિશિષ્ટમાં ત્રીજા આસનમાં કહ્યું છે તેટલે સુધી રદ છે એમ સમજવું.

આક્ટ સુધારવા. અને સન ૧૮૪૯ ના ૧૧ મા આક્ટમાં તથા સન ૧૮૫૬ ના ૨૧ મા આક્ટમાં તથા સન ૧૮૭૧ ના ૧૦ મા આક્ટમાં અને સન ૧૮૭૬ ના બંગાળાના ૨ જા આક્ટમાં "કેફ લાવનારાં વસાણાં" આ શબ્દો જ્યાંહાં જ્યાંહાં છે ત્યાંહાં ત્યાંહાં તે શબ્દોમાં અફીણનો સમાસ થતો નથી એમ સમજવું.

સન ૧૮૩૬ ના ૭ મા આક્ટની ૧ લી કલમ સુધારવી. ૨. સન ૧૮૩૬ના ૭ મા આક્ટમાં મુંબઈના સન ૧૮૨૭ના ૨૧ મા કાયદા ઉપર તથા સન ૧૮૩૦ ના ૨૦ મા કાયદા ઉપર હવાલો આપ્યો છે તે આ આક્ટની તેવીજ કલમો ઉપર આપ્યો છે એમ સમજવું.

અર્થની કલમ. ૩. વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો આ આક્ટમાં.

"અફીણ" "અફીણ" આ શબ્દમાં ખસખસનાં ઝિંડવાનો તથા અફીણનો અથવા અફીણમાં મેળવણી કરીને તૈયાર કરેલા પદાર્થનો અને ખસખસનાં ઝાડથી તૈયાર કરેલાં કેફ લાવનારાં વસાણાનો સમાસ થાય છે.

"માજિસ્ટ્રેટ" "માજિસ્ટ્રેટ" આ શબ્દનો અર્થ, ઇલાકામાં મુખ્ય શેહેરમાં પ્રેસિડન્સી માજિસ્ટ્રેટ અને બીજે ઠેકાણે પેહેલા વર્ગનો માજિસ્ટ્રેટ અથવા

(આ આકટ પ્રમાણે મુકદમાનો ઇનસાફ કરવા સારૂ સ્થાનિક સરકારે ખસુસ અધિકાર આપ્યો હોય ત્યારે) બીજા વર્ગનો માજિસ્ટ્રેટ.

"અંદર લાવવું" | "અંદર લાવવું." આ શબ્દનો અર્થ જે મુલકનો રાજ્યકારભાર કોઈ સ્થાનિક સરકાર ચલાવતી હશે તે મુલકની અંદર જલમાર્ગે અથવા પારકા મુલકમાંથી અથવા જે મુલકનો રાજ્યકારભાર બીજી કોઈ સ્થાનિક સરકાર ચલાવતી હશે તે મુલકમાંથી લાવવું.

"બાહાર મોકલવું" | "બાહાર મોકલવું" આ શબ્દનો અર્થ જે મુલકનો રાજ્યકારભાર કોઈ સ્થાનિક સરકાર ચલાવતી હશે તે મુલકની બાહાર જળમાર્ગે અથવા કોઈ પારકા મુલકમાં અથવા જે મુલકનો રાજ્યકારભાર બીજી સ્થાનિક સરકાર ચલાવતી હશે તે મુલકમાં લઈ જવું.

"એક જગાએથી બીજી જગાએ મોકલવું." | "એક જગાએથી બીજી જગાએ મોકલવું" આ શબ્દોનો અર્થ સ્થાનિક સરકાર જે મુલકોનો રાજ્યકારભાર ચલાવતી હશે તે મુલકની અંદર એક જગાએથી બીજી જગાએ લઈ જવું.

ખસખસનાં ઝાડનું વાવેતર કરવાની તથા અફીણ કબજામાં રાખવા વિગેરેની મના. | ૪. આ આકટ ઉપરથી અથવા અફીણ સંબંધી બીજા કોઈ ચાલુ કાયદા ઉપરથી અથવા આકટ ઉપરથી અથવા આ આકટ પ્રમાણે અથવા સદરહુ પ્રકારના હર કોઈ કાયદા પ્રમાણે અથવા આ આકટ પ્રમાણે કરેલી કાનુન ઉપરથી પરવાનગી હશે તે શિવાય બીજી રીતે કોઈ માણસે હેઠળ લખ્યા પ્રમાણે કરવું નહીં.

(અ) ખસખસનાં ઝાડનું વાવેતર કરવું નહીં, અથવા

(બ) અફીણ તૈયાર કરવું નહીં, અથવા

(ક) અફીણ કબજામાં રાખવું નહીં, અથવા

(ડ) અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલવું નહીં, અથવા

(ઈ) અફીણ અંદર લાવવું નહીં અથવા બાહાર મોકલવું નહીં, અથવા

(ફ) અફીણ વેચવું નહીં.

સદરહુ પ્રકારની વાતની પરવાનગી આપવાબાબતની કાનુન કરવાનો અધિકાર. | ૫. સ્થાનિક સરકાર જે મુલકનો રાજ્યકારભાર ચલાવતી હશે તે સઘળા મુલકમાં અથવા તે મુલકના હરકોઈ નિર્દિષ્ટ કરેલા ભાગમાં હેઠળ લખેલી સઘળી વાત બાબત અથવા તેઓ પૈકી હર કોઈ વાત બાબત અનિર્બંધ રીતે અથવા ડયુટી આપે તો અથવા બીજી કોઈ શરતે પરવાનગી આપવા સારૂ અને નિયમન કરવા સારૂ ગવરનર જનરલ ઇન કૌંસિલની અગાઉથી મંજુરી લઇને તથા સ્થાનિક ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને વખતે વખતે આ આકટને અનુસરીને કાનુન કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે; એટલે—

(અ) ખસખસનાં ઝાડનું વાવેતર કરવું, તથા

(બ) અફીણ તૈયાર કરવું, તથા

(ક) અફીણ કબજામાં રાખવું, તથા

(ડ) અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલવું, તથા

(ઈ) અફીણ અંદર લાવવું અથવા બાહાર મોકલવું, તથા

(૬) અફીણનું વેચાણ તથા અફીણનાં પરચુરણ વેચાણ ઉપર લેવાની ડ્યુટીનો ઈજારો.

પણ એવું ઠરાવ્યું છે કે હેઠળ લખેલા પ્રકારનાં હરકોઈ અફીણ ઉપર સદરહુ પ્રકારની હરકોઈ કાનુન પ્રમાણે ડ્યુટી લેવી નહીં એટલે જે કાંઈ અફીણ આણ્યું હશે તથા જેની ઉપર જળમાર્ગની જકાત સંબંધી ચાલુ કાયદા પ્રમાણે અથવા છઠી કલમ પ્રમાણે ડ્યુટી બેસાડી હશે તે અફીણ ઉપર ડ્યુટી લેવી નહીં.

ખુશ્કીને રસ્તે આણેલા અફીણ ઉપર ડ્યુટી.

૬. બ્રિટિશ ઇંડિયાની અંદર અથવા તેના હર કોઈ નિર્દિષ્ટ કરેલા ભાગની અંદર ખુશ્કીને રસ્તે આણેલા અફીણ ઉપર અથવા આણેલા હર કોઈ જાતના અફીણ ઉપર ઇંડિયા ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને વખતે વખતે પોતાને યોગ્ય લાગે તે ડ્યુટી બેસાડવાનો તથા સદરહુ પ્રમાણે બેસાડેલી ડ્યુટીમાં ફેરફાર કરવાને અથવા તે કાહાડી નાંખવાનો અધિકાર ગવરનર જનરેલ ઈન કોંસિલને છે.

અફીણ વખારમાં રાખવું.

૭. ઇંડિયા ગ્યાઝેટમાં હુકમ પ્રસિદ્ધ કરીને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો ગવરનર જનરેલ ઈન કોંસિલ મુખત્યાર છે. એટલે;

(અ) હર કોઈ સ્થાનિક સરકાર જે મુલકનો રાજ્યકારભાર ચલાવતી હશે તે મુલકમાં કાયદાસર રીતે આણેલા અફીણ સારૂ અથવા તે મુલકમાંથી જે અફીણ બાહાર મોકલવાનો ઈરાદો હોય તે અફીણ સારૂ વખાર સ્થાપવાનો અધિકાર સ્થાનિક સરકારને આપવાને; અને

(બ) સદરહુ પ્રકારનો કોઈ પણ હુકમ રદ કરવાને મુખત્યાર છે.

સદરહુ પ્રકારનો હુકમ અમલમાં છે ત્યાંહાં સુધી સરકારી ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે, એટલે

(ક) પોતે જે મુલકનો રાજ્યકારભાર ચલાવતી હશે તે મુલકમાં અથવા તેના હર કોઈ નિર્દિષ્ટ કરેલા ભાગમાં કાયદાસર રીતે આણેલાં સઘળાં અથવા કાંઈ અફીણ સારૂ (તે અફીણ ઉપર લેવાની કાંઈ ડ્યુટી આપ્યાની અગાઉ અથવા આપ્યા પછી) અથવા ત્યાંહાંથી જે અફીણ બાહાર મોકલવાનો ઈરાદો હશે તે સઘળાં અથવા કાંઈ અફીણ સારૂ ફલાણી જગા વખાર છે એવો ઠરાવ કરવાનો; અને

(ડ) સદરહુ પ્રકારનો કોઈ ઠરાવ રદ કરવાનો અધિકાર છે.

(બ) રકમ પ્રમાણે કરેલા હુકમ ઉપરથી હેઠળ લખેલા સઘળા ઠરાવ રદ છે એમ સમજવું એટલે જે મુલકને સદરહુ પ્રકારનો હુકમ લાગુ હશે તે મુલક માંહેની જગા સંબંધી આ કલમની (ક) રકમ પ્રમાણે કરેલા અગાઉના સઘળા ઠરાવ રદ છે એમ સમજવું.

સદરહુ પ્રકારનો ઠરાવ અમલમાં હશે ત્યાંહાં સુધી સદરહુ પ્રકારના સઘળા અફીણના માલેકને તે અફીણ સદરહુ પ્રકારની વખારમાં રાખવાની અવશ્ય છે.

વખાર સંબંધી કાનુન કરવાનો અધિકાર.

૮. ગવરનર જનરેલ ઈન કોંસિલની અગાઉથી મંજુરી લઈને તથા સ્થાનિક ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને હેઠળ લખેલી વાતનું નિયમન કરવા બાબત વખતે વખતે આ આકટને અનુસરીને

કાનુન કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે. એટલે સાતમી કલમ પ્રમાણે વખારમાં રાખેલું અફીણ સંભાળી રાખવું એ વાતનું તથા સદરહુ પ્રમાણે વખારમાં રાખવા બાબત ફી લેવી એ વાતનું તથા સદરહુ પ્રકારનું અફીણ વેચવા સારૂ અથવા બાહાર મોકલવા સારૂ કાહાડી લઈ જવું એ વાતનું તથા કાંઈ પણ ડ્યુટી અથવા ફી લેવાની તે અફીણ વખારમાં રાખ્યાની તારીખથી બાર મહિનાની અંદર નહીં આપે તો તે અફીણની જે રીતે વ્યવસ્થા કરવાની તે રીતનું નિયમન કરવા સારૂ આ આકટને અનુસરીને કાનુન કરવાનો અધિકાર છે.

કયદા વિરૂદ્ધ રીતે ખસખસનાં ઝાડનું વાવેતર વિગેરે કરવા બાબત શિક્ષા.

૯. આ આકટ અથવા પાંચમી અથવા આઠમી કલમ પ્રમાણે કરેલી તથા પ્રસિદ્ધ કરેલી કાનુન તોડીને, જે કોઈ માણસ.

(અ) ખસખસનાં ઝાડનું વાવેતર કરશે; અથવા

(બ) અફીણ તૈયાર કરશે; અથવા

(ક) અફીણ કબજામાં રાખશે; અથવા

(ડ) અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલશે; અથવા

(ઈ) અફીણ લાવશે અથવા બાહાર મોકલશે; અથવા

(ફ) અફીણ વેચશે; અથવા

(ગ) અફીણ વખારમાં રાખવાનું વર્જ કરશે અથવા વખારમાં રાખેલું અફીણ કાહાડી લઈ જશે અથવા તે અફીણ બાબત કાંઈ પણ કૃત્ય કરશે.

અને જે કોઈ માણસ સદરહુ પ્રકારની કોઈ કાનુન બીજી રીતે તોડશે.

તેની ઉપર માજીસ્ટ્રેટની રૂબરૂ શાબેતી થશે તો તેને સદરહુ પ્રકારના દરએક ગુન્હા બાબત ઘણામાં ઘણા એક વરસ સુધીની કેદની શિક્ષા થશે અથવા ઘણામાં ઘણા એક હજાર રૂપિયા સુધી દંડ થશે અથવા આ બેઉ શિક્ષા થશે.

અને દંડ કર્યો હોય ત્યારે દંડ આપવામાં નહીં આવે તો ગુન્હેગારને ઘણામાં ઘણા છ મહિના સુધી કેદમાં રાખવા બાબતનો હુકમ ગુન્હાની શાબેતી કરનારા માજિસ્ટ્રેટે કરવો; અને સદરહુ પ્રકારની કેદ, બીજી કાંઈ પણ કેદની શિક્ષા તેને કરવા બાબત હુકમ કર્યો હશે તે કેદ શિવાય વળી બીજી છે એમ સમજવું.

નવમી કલમ પ્રમાણે ફરિયાદી થશે તેમાં સમજવું તે.

૧૦. નવમી કલમ પ્રમાણે ફરિયાદી થાય તેમાં ઉલટું શાબેત કરવામાં આવે ત્યાંહાં સુધી હેઠળ લખ્યા પ્રમાણે સમજવું; એટલે જે અફીણ બાબત તોહોમતદાર ખાત્રી થાય એવો જવાબ આપી શકતો નથી તે સઘળું અફીણ, જે અફીણ બાબત તેણે આ આકટ પ્રમાણે ગુન્હો કર્યો છે તે અફીણ છે એમ સમજવું.

અફીણ પકડીને સરકાર દાખલ કરવું.

૧૧. જે કામમાં નવમી કલમ પ્રમાણે ગુન્હો કર્યો હશે તે કામમાં—

(અ) સદરહુ પ્રમાણે વાવેતર કરેલાં ખસખસનાં ઝાડો, તથા

(બ) જે અફીણ બાબત તેજ કલમ પ્રમાણે કાંઈ ગુન્હો કર્યો હશે તે અફીણ, તથા

(ક) તેજ કલમની (ડ) અથવા (ઈ) રકમ પ્રમાણે ગુન્હો કર્યાના કામમાં ગુન્હેગાર, પોતાને જેટલું અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલવાની અથવા લાવવાની અથવા બાહાર મોકલવાની પરવાનગી (હોય તો) હશે તેથી વધારે અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલતો હશે અથવા લાવતો હશે અથવા બાહાર મોકલતો હશે, ત્યારે પ્રસંગ પ્રમાણે તે જે અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલતો હશે અથવા લાવતો હશે અથવા બાહાર મોકલતો હશે તે સઘળું અફીણ, તથા

(ડ) તેજ કલમની (ક) રકમ પ્રમાણે ગુન્હો કર્યાના કામમાં જે અફીણ બાબત ગુન્હો કર્યો હશે તે અફીણ શિવાય બીજું અફીણ ગુન્હેગારના કબજામાં હશે ત્યારે તે સઘળું બીજું અફીણ પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર થશે.

(ઈ) આ કલમ પ્રમાણે પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર હશે તે અફીણ જે પાત્રોમાં તથા પ્યાકેજોમાં અને બારદાનમાં મળ્યું હશે તે પાત્રો તથા પ્યાકેજો તથા બારદાનો અને જે પાત્રોમાં અથવા પ્યાકેજોમાં સદરહુ પ્રકારનું અફીણ સંતાડ્યું હશે તે પાત્રોમાં અથવા પ્યાકેજોમાં બીજો કાંઈ પણ પદાર્થ હશે તો તે તથા તે અફીણ લઈ જવા સારૂ ઉપયોગ કરેલાં જાનવરો તથા વાહનો પણ પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર થશે.

અફીણ પકડીને સરકાર દાખલ કરવાબાબતનો હુકમ કોણે કરવો.

૧૨. ગુન્હેગાર તકશીરવાર ઠરે ત્યારે અથવા હર કાંઈ અફીણ બાબત ગુન્હો કર્યાનું તોહોમત જે માણસની ઉપર મુક્યું હોય તે બિનતકશીર છે એવો ઠરાવ થાય પણ તે અફીણ પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર છે એવું માજિસ્ત્રેટ ઠરાવે ત્યારે તે અફીણ સદરહુ પ્રમાણે પકડીને સરકાર દાખલ કરવા બાબતનો હુકમ કરવાનો અધિકાર માજિસ્ત્રેટને છે.

કંઈ પણ જનસ પકડીને સરકાર દાખલ કરવાનો અધિકાર આ આકટ ઉપરથી હોય ત્યારે તે પકડીને સરકાર દાખલ કરવા બાબતનો હુકમ કરનારો અમલદાર હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખત્યાર છે, એટલે જે જનસ પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર હોય તે સરકાર દાખલ કરવાને બદલે પોતાને યોગ્ય લાગે તેવો દંડ આપવાની તેના માલિકની મરજી હોય તો તે પ્રમાણે દંડ આપવાની તેને છુટ આપવાને મુખત્યાર છે.

આ આકટ વિરૂદ્ધ ગુન્હો થયો હશે, પણ ગુન્હેગારની ખબર નહીં હોય અથવા મળતો નહીં હોય ત્યારે અથવા કોઈ માણસના કબજામાં નહીં હોય એવાં અફીણ બાબત ખાત્રી થાય એવી હકિકત જણાતી નહીં હોય ત્યારે તે કામની ચોકશી કરીને ડિસ્ત્રિકટના કલેકટરે અથવા ડેપ્યુટી કમિશનરે અથવા આ કામ સારૂ જે બીજા અમલદારને તે ફલાણો માણસ છે માટે અથવા તેના હુદ્દાના હકથી સ્થાનિક સરકારે અધિકાર આપ્યો હશે તે બીજા અમલદારે નિકાલ કરવો. અને સદરહુ પ્રકારના અમલદારને સદરહુ પ્રમાણે જનસ પકડીને સરકાર દાખલ કરવા બાબત હુકમ કરવાનો અધિકાર છે. પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારનો હુકમ, જે જનસો પકડીને સરકાર દાખલ કરવાનો ઈરાદો હોય તે જનસો પકડ્યાની તારીખથી એક મહિનો થયા વગર અથવા તે

જનસો ઉપર હક છે એવો દાવો કરનારો કોઈ માણસ હોય તેનું બોલવું સાંભળ્યા વગર તથા તેના દાવાના પુરાવામાં તે કાંઈ પુરાવો હાજર કરતો હોય તો તે પુરાવો લીધા વગર કરવો નહીં.

કાનુન કરવાનો અધિકાર.

૧૩. ગવરનર જનરલ ઇનકૌંસિલની અગાઉથી મંજુરી લઈને તથા સ્થાનિક ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને હેઠળ લખેલી વાતનું નિયમન કરવા બાબત આ આક્ટને અનુસરીને કાનુન વખતે વખતે કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે, એટલે—

પકડીને સરકાર દાખલ કરેલી જનસોની બ્યવસ્થા કરવા બાબત.

(અ) આ આક્ટ પ્રમાણે પકડીને સરકાર દાખલ કરેલી સઘળી જનસોની બ્યવસ્થા કરવા બાબતની, અને.

તથા બક્ષીસો બાબત.

(બ) આ આક્ટ પ્રમાણે કરેલા દંડની તથા પકડીને સરકાર દાખલ કરેલી જનસોની ઊત્પન્નમાંથી અમલદારોને તથા બાતમી આપનારાઓને આપવાની બક્ષિસો બાબતની કાનુન કરવાનો અધિકાર છે.

ઘેરી લીધેલી કોઇ જગામાં કાયદા વિરૂદ્ધ રીતે અફીણ રાખ્યું છે એવી બાતમી મળ્યા ઉપરથી પેશવાનો તથા પકડવાનો અધિકાર.

૧૪. એકસૈસનાં અથવા પોલીસનાં અથવા કસ્ટમનાં અથવા મિઠાંનાં અથવા અફીણનાં અથવા મેહેસૂલનાં ખાતાંપૈકી હરકોઇ ખાતાનો જે કોઇ અમલદાર પટાવાળા કરતાં અથવા કાનસ્ટેબલના કરતાં ઊંચા દરજાનો હશે તથા જેને તેના હુદ્દાના હક્કથી સ્થાનિક સરકારે આ કામબાબત અખત્યાર આપ્યો હશે તથા જેને ખુદ પોતાની માહિતી ઉપરથી અથવા કોઇ માણસે બાતમી આપી હશે તથા તે લખી લીધી હશે તે બાતમી ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે લાગવાનો સબબ હશે એટલે આ આક્ટ પ્રમાણે પકડીને સરકાર દાખલ કરવાને જે અફીણ પાત્ર હશે તે અફીણ કોઈ ઇમારતમાં અથવા વાંહાણમાં અથવા ઘેરી લીધેલી જગામાં તૈયાર કરે છે અથવા રાખ્યું છે અથવા સંતાડ્યું છે એવું લાગવાનો સબબ હશે તે અમલદારને સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધી હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે; એટલે,

(અ) સદરહૂ પ્રકારની હરકોઈ ઇમારતમાં અથવા વાંહાણમાં અથવા જગામાં પેશવાનો, અને.

(બ) હરકત કરવામાં આવે તે પ્રસંગે કોઈ બારણું ભાગવાનો તથા સદરહૂ પ્રમાણે પેશવાને કાંઈ બીજો પ્રતિબંધ હશે તે દૂર કરવાનો, અને.

(ક) સદરહૂ પ્રકારનું અફીણ તથા તે તૈયાર કરવામાં ઉપયોગ કરેલા સઘળા પદાર્થ અને જે બીજી કાંઈ જનસો અગિયારમી કલમ પ્રમાણે અથવા અફીણ સંબંધી જે વખતે જે બીજો કોઈ કાયદો ચાલૂ હશે તે કાયદા પ્રમાણે પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર છે એમ લાગવાનો પોતાને સબબ હોય તે બીજી જનસો પકડવાને, અને.

(ડ) જે કોઈ માણસે આ આક્ટ પ્રમાણે અથવા જે વખતે જે બીજો કાયદો ચાલૂ હશે તે કાયદા પ્રમાણે સદરહૂ પ્રકારના અફીણ સંબંધી કાંઈ ગુન્હો કર્યો છે એવું

લાગવાનો પોતાને સબબ હશે તે માણસને અટકાવી રાખવાનો તથા તેનો ઝાડો લેવાનો અને પોતાને યોગ્ય દેખાય તો તેને પકડવાનો અધિકાર છે.

ખુલ્લી જગામાં અફીણ પકડવાનો અધિકાર. | ૧૫. સદ્દહૂ ખાતાંઓ પૈકી કોઇપણ ખાતાંના હરકોઇ અમલદારને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે, એટલે.

(અ) કાંઈ અફીણ તથા જે બીજી કાંઈ જનસ અગિયારમી કલમ પ્રમાણે અથવા અફીણ સંબંધી જે વખતે જે બીજો કોઈ કાયદો ચાલૂ હોય તે કાયદા પ્રમાણે પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર છે એવું પોતાને લાગવાનો સબબ હોય તે અફીણ અથવા તે બીજી જનસ કોઈ ખુલ્લી જગામાં અથવા રસ્તેજતી હોય ત્યારે પકડવાનો.

અટકાવી રાખવાનો તથા ઝાડો લેવાનો તથા પકડવાનો અધિકાર. | (બ) જે કોઇ માણસે આ આકટ વિરૂદ્ધ અથવા સદ્દહૂ પ્રકારના બીજા કોઈ કાયદા વિરૂદ્ધ ગુન્હો કર્યો છે એવું લાગવાનો પોતાને સબબ હશે તે માણસને અટકાવી રાખવાનો તથા તેનો ઝાડો લેવાનો અને સદ્દહૂ પ્રકારના માણસના કબજામાં અફીણ હોય તો તેને તથા તેની સાથે જે કોઈ બીજું માણસ હોય તેને પકડવાનો અધિકાર છે.

ઝાડા કેમ લેવા. | ૧૬. ચૌદમી કલમ પ્રમાણે અથવા પંદરમી કલમ પ્રમાણે લેવાના સઘળા ઝાડા ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા માહેના ઠરાવ પ્રમાણે લેવા.

અમલદારોએ એક બીજાને મદદ કરવી. | ૧૭. ચૌદમી કલમમાં કહેલા જૂદા જૂદા ખાતાઓના અમલદારોને સૂચના આપી હોય તો અથવા દરખાસ્ત કરી હોય તો આ આકટ માહેના ઠરાવ અમલમાં લાવવાનાં કામમાં એક બીજાઓને મદદ કરવી એ કાયદા પ્રમાણે અવશ્ય છે.

ત્રાસ થાય એવી રીતે પેશવું તથા ઝાડો લેવો અને પકડવું. | ૧૮. સદ્દહૂ ખાતાંઓ પૈકી કોઇપણ ખાતાનો જે કોઈ અમલદાર વેહેમના વાજબી સબબ વગર હરકોઈ ઇમારતમાં અથવા વાહાંણમાં અથવા જગામાં પેસશે અથવા તેનો ઝાડો લેશે અથવા તેમાં પેસાડશે અથવા તેનો ઝાડો લેવરાવશે.

અથવા આ આકટ પ્રમાણે પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર હોય એવું કાંઈ અફીણ અથવા બીજી જનસો પકડવાનાં અથવા તેને સારૂ ઝાડો લેવાનાં બાહાનાં ઉપરથી કોઈ માણસનો માલ તેને ત્રાસ થાય એવી રીતે તથા વગર કારણે પકડશે.

અથવા હરકોઈ માણસને ત્રાસ થાય એવી રીતે તથા વગર કારણે અટકાવી રાખશે અથવા તેનો ઝાડો લેશે અથવા તેને પકડશે.

તે અમલદારને સદ્દહૂ પ્રકારના દરએક ગુન્હા બાબત ઘણામાં ઘણા પાંચશે રૂપિયા સુધી દંડ થશે.

વારંટ કરવી. | ૧૯. કોઈ માણસે અફીણ સંબંધી ગુન્હો કર્યો છે એવું લાગવાનો પોતાને સબબ હોય તે માણસને પકડવા સારૂ અથવા પકડીને સરકાર દાખલ કરવાને પાત્ર હોય એવું અફીણ જે ઘરમાં અથવા વાહાંણમાં અથવા જગામાં રાખ્યું છે અથવા સંતાડ્યું છે એવું લાગવાનો પોતાને સબબ હોય તે ઘરનો અથવા વાહાંણનો અથવા જગાનો દિવસે અથવા રાત્રે ઝાડો લેવાસારૂ પોતાનું વારંટ કરવાનો અધિકા

ડિસ્ટ્રિક્ટના કલેકટરને અથવા ડેપ્યુટી કમિશનરને છે, અથવા સ્થાનિક સરકારે આ કામસારૂ જે બીજા અમલદારને તે ફલાણો માણસ છે માટે અથવા તેના હુદ્દાના હક્કથી અધિકાર આપ્યો હશે તેને છે અથવા માજીસ્ત્રેટને છે.

આ કલમ પ્રમાણે કરેલાં સઘળાં વારંટો ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા માંહેના ઠરાવ પ્રમાણે બજાવવાં.

પકડેલાં માણસની અથવા જનસોની બવસ્થા.

૨૦. ચૌદમી અથવા પંદરમી કલમ પ્રમાણે પકડેલું માણસ તથા જનસ વાર ન લગાડતાં, છેક નજીકનું પોલીસ અમલદારને સ્વાધીન હોય તેની પાસે મોકલવી અને એ કલમ પ્રમાણે પકડેલું દરએક માણસ તથા જનસ જે અમરંટ કરેલું હોય તેની પાસે વાર ન લગાડતાં મોકલવી.

જે જે અમલદારની પાસે આ કલમ પ્રમાણે કોઈ માણસ અથવા જનસ મોકલવામાં આવે તે તે અમલદારે સદહૂ પ્રકારનાં માણસની અથવા જનસની કાયદા પ્રમાણે બવસ્થા કરવા સારૂ જે તજવીજ કરવી અવશ્ય હોય તે તજવીજો બને તેટલી જલદી કરવી.

માણસો તથા જનસ પકડ્યાનો રિપોર્ટ.

૨૧. કોઈ અમલદાર આ આક્ટ પ્રમાણે કોઈ માણસને અથવા જનસને પકડશે ત્યારે તેણે સદહૂ પ્રમાણે પકડ્યા પછી અડતાળીસ કલાકની અંદર સદહૂ પ્રમાણે પકડ્યાની સઘળી હકીકતનો સંપૂર્ણ રિપોર્ટ પોતાના ઉપરી અમલદારને કરવો.

ખસખસનાં ઝાડનું ગેરકાયદાસર રીતે વાવેતર કર્યાનાં કામમાં કામ ચલાવવાની રીત.

૨૨. ખસખસનાં ઝાડનું ગેરકાયદાસર રીતે વાવેતર કર્યાનું કેહેતા હોય તેવાં કામમાં પાક કાહાડી લઇ જવો નહીં પણ તે પાક તે કામનો નિકાલ થાય ત્યાંહાંસુધી હેઠળ લખેલા અમલદારે જપ્ત કરવો એટલે પટાવાળા કરતાં અથવા કાનસ્ટેબલના કરતાં ઉંચા દરજ્જાવાળા જે અમલદારને તેના હુદ્દાના હક્કથી આ કામસારૂ સ્થાનિક સરકારે અખત્યાર આપ્યો હશે તે અમલદારે જપ્ત કરવો. અને તે કામનો નિકાલ જે માજિસ્ત્રેટે કરવાનો હોય તે માજિસ્ત્રેટની રૂબરૂ તે વાવેતર કરનારાએ હાજર થવાસારૂ તેને વાજબી રકમનો (તે રકમ સદહૂ અમલદારે ઠરાવવી) જામીન આપવાને સદહૂ અમલદારે ફરમાવવું. અને સદહૂ વાવેતર કરનાર સદહૂ જામીન વાજબી વખતમાં આપવાને ચુક્યા વગર તેને પકડવો નહીં.

પણ એવું ઠરાવ્યું છે કે બંગાળા માંહેના ફોર્ટ વિલિયમ ઇલાકામાં ખસખસનાં ઝાડનું વાવેતર કરવા સંબંધી તથા અફીણ તૈયાર કરવા સંબંધી કાયદા છે તે એકઠા કરીને સુધારવા બાબતનો સન ૧૮૫૭ નો ૧૩ મો આક્ટ છે તે અથવા તે આક્ટનો કાંઈ ભાગ જ્યાંહાં જ્યાંહાં અમલમાં હશે ત્યાંહાં ત્યાંહાં આ કલમના હરકોઈ ઠરાવ સદહૂ વાવેતરને લાગૂ છે એમ સમજવું નહીં.

ફી તથા ડ્યુટી વગેરે ચહડેલો અવેજ વસુલ કરવો.

૨૩. આ આક્ટ પ્રમાણે અથવા આ આક્ટ પ્રમાણે કરેલી કોઈ કાનુન પ્રમાણે બેસાડેલી કાંઈ ફીનો અથવા ડ્યુટીનો કાંઇ ચહડેલો અવેજ હશે તે.

અને અફીણના મેહેસુલના કોઈ ઇજારદારની પાસે કાંઈ ચડેલો અવેજ લેણો હશે તે, જે માણસ સરકારને આપવાને પ્રથમતઃ પાત્ર હશે તેની પાસેથી અથવા તેનો જામીન હોય તો તેની પાસેથી તે અવેજ, જમીનનાં મેહેસુલનો ચહડેલો અવેજ હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે.

લૈસેન્સવાળા-(ઓ) જા
થવા અફી રકમ
ડીને સરકા. તે વ
અથવા તે વાસારૂ
ત્યાંહાં
અફીણ બીજા
અમલદારને ત્યાં
હાં અરજીકરવા
નો અધિકાર તે
ઇજારદારને છે.

૨૪. અફીણના મેહેસુલના ઇજારદારની લૈસેન્સ બાબત પોતાના લાઇસેન્સવાળાની પાસે કાંઈ રકમ લેણી હશે ત્યારે સદરહુ પ્રકારના ઇજારદારને મારી તરફથી સદરહુ રકમ તમે વસુલ કરો એવા મજકુરની અરજી હેઠળ લખેલા અમલદારને કરવાનો અધિકાર છે એટલે ડિસ્ટ્રિક્ટના કલેક્ટરને અથવા ડેપ્યુટી કમિશનરને અથવા આ બાબત સ્થાનિક સરકારે જે બીજા અમલદારને અખત્યાર આપ્યો હશે તેને અરજી કરવાનો અધિકાર છે. અને સદરહુ પ્રકારની અરજી પોહોંચ્યા પછી સદરહુ પ્રકારની રકમ, જમીન મેહેસુલના ચઢેલી બાકી હોય તે પ્રમાણે તે પોતાની નજરમાં આવે તો વસુલ કરવાનો અધિકાર સદરહુ પ્રકારના કલેક્ટરને અથવા ડેપ્યુટી કમિશનરને અથવા બીજા અમલદારને છે, અને સદરહુ પ્રમાણે વસુલ કરેલી કાંઈ પણ રકમ સદરહુ પ્રકારના કલેક્ટરે અથવા ડેપ્યુટી કમિશનરે અથવા બીજા અમલદારે અરજદારને આપવી.

પણ એવું ઠરાવ્યું છે કે, સદરહુ પ્રકારની રકમ વસુલ કરવાસારૂ સદરહુ પ્રકારના કલેક્ટરે અથવા ડેપ્યુટી કલેક્ટરે અથવા બીજા અમલદારે કરેલાં કોઈ પણ પ્રોસેસની બજાવણી હેઠળ લખેલે પ્રસંગે મોકુફ રાખવી. એટલે ઇજારદારના માગણાનો ઇનસાફ થવાસારૂ લાઇસેન્સવાળો દિવાની કોર્ટમાં ફરિયાદ કરશે તથા જે રકમ પોતે સદરહુ પ્રકારના ઇજારદારને દેવી છે એવું સદરહુ પ્રકારની કોર્ટ ઠરાવશે તે રકમ આપવા બાબત સદરહુ પ્રકારના અમલદારની ખાત્રીનો જામીન તે આપે તો મોકુફ રાખવી.

વળી એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારના લાઇસેન્સવાળાની પાસે કાંઈ પણ રકમ અફીણના મેહેસુલના કોઈ ઇજારદારની લેણી હશે તે દિવાનીકોર્ટમાં ફરિયાદ કરીને અથવા બીજી રીતે વસુલ કરવાના તે ઇજારદારના હક્કને આ કલમના હરકોઈ ઠરાવ ઉપરથી અથવા આ કલમ પ્રમાણે કરેલી કાંઈ વાત ઉપરથી બાધ આવેછે એમ સમજવું નહીં.

બાંડ પ્રમાણે
આપવો થયલો
દંડ વસુલ કરવો

૨૫. કાંઈ પણ કર્તવ્યકર્મ અથવા કૃત્ય કરવાસારૂ કોઈ માણસ આ આક્ટ પ્રમાણે કરેલી કોઈ કાનુન મુજબ બાંડ લખી આપે ત્યારે પ્રસંગ પ્રમાણે સદરહુ પ્રકારનું કર્તવ્યકર્મ અથવા કૃત્ય સન ૧૮૭૨ના ઇંડિયાના કરાર બાબતના આક્ટની ૭૪ મી કલમના અર્થ પ્રમાણે જે સરકારી કામમાં અથવા કૃત્યમાં સર્વ લોકોનો સંબંધ છે તેવું કર્તવ્યકર્મ અથવા કૃત્ય છે એમ સમજવું. અને સદરહુ પ્રકારના બાંડની શરત તે તોડે તો હેઠળ લખેલી સઘળી રકમ જમીન મેહેસુલની ચઢેલી બાકી પ્રમાણે તેની પાસેથી વસુલ કરવાનો અધિકાર છે. એટલે બાંડની શરત સદરહુ પ્રમાણે તે તોડે તો જે રકમ આપવાનું તે બાંડમાં લખ્યું હશે તે સઘળી રકમ વસુલ કરવાનો અધિકાર છે.

પરિશિષ્ટ.

ગવરનર જનરલ ઈન કૌંસિલના આક્ટો.

નંબર અને વરસ.	વિષય.	કેટલો રદ કર્યો.
સન ૧૮૪૯ મો આક્ટ ૧૧ મો.	કલકત્તાનું આબકારી મેહસુલ.	૫ મી કલમમાં "અફીણ" શબ્દ. ૯ મી કલમમાં "અફીણ" શબ્દ તથા છેલ્લા એકત્રીસ શબ્દો. ૧૫ મી કલમમાં "તે પ્રસંગે શિવાય" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં છેવટ સુધી તે કલમ. ૩૩ મી કલમમાં "અફીણ શિવાય" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં "દર શેર" આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં; અને "અથવા સદરહુ પ્રમાણે અફીણને પ્રસંગે દર શેરે એક રૂપિયો આઠ આના ઈનામ" આ શબ્દો.
સન ૧૮૫૨ મો આક્ટ ૩ જો.	ગાળેલો દારૂ મુંબઈ ...	૧૦ મી કલમ જેટલે સુધી અફીણને લાગુ છે તેટલે સુધી તે કલમ.
સન ૧૮૫૬ મો આક્ટ ૨૧ મો.	બંગાળાનો આબકારી આક્ટ.	૨૮ મી કલમમાં "અફીણ" શબ્દ. ૩૪મી તથા ૫૧મી તથા ૫૨ મી તથા ૫૩મી અને ૮૭મી કલમ. ૩૫ મી કલમમાં "અથવા અફીણ" આ શબ્દો. ૪૯ મી કલમમાં "અફીણ શિવાય" આ શબ્દો. ૫૯મી કલમ જેટલેસુધી અફીણને લાગુછે તેટલેસુધી તે કલમ. ૭૫ મી કલમમાં "અફીણ શિવાય" આ શબ્દો અને "પકડેલું અફીણ" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં છેવટ સુધી તે કલમ. ૭૯ મી કલમમાં "અફીણ શિવાય" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં "દર શેર" આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં; અને "આરઇન" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં "દર શેર" આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં. ૯૦મી કલમના ૮મા પારેગ્રાફમાં "અને અફીણ" આ શબ્દો.
સન ૧૮૫૭ મો આક્ટ ૧૩ મો.	ખસખસનાં ઝાડનું વાવેતર તથા અફીણ તૈયાર કરવું.	૨૭ કલમ.
સન ૧૮૭૧ મો આક્ટ ૧૦ મો.	ઉત્તર હિંદુસ્થાનનો એક સાઇસ આક્ટ.	૩૭ કલમના ૫ મા પારેગ્રાફમાં "અફીણ" શબ્દ. ૧૮મી તથા ૯૫મી તથા ૬૬મી તથા ૯૭મી અને ૮૭મી કલમ. ૧૯ મી કલમમાં "અથવા અફીણ" શબ્દ. ૪૯મી કલમ જેટલેસુધી અફીણને લાગુછે તેટલેસુધી તે કલમ. ૪૯ મી કલમના ત્રીજા પારેગ્રાફમાં "આઝ વેલ આઝ" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં "અફીણનો વેપાર" આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં.

		૬૩ મી કલમમાં "અફીણ શિવાય" આ શબ્દો.
		૭૮મી કલમમાં "અફીણશિવાય" આ શબ્દો અને ૨જો પારેગ્રાફ.
		૭૯ મી કલમમાં "અફીણ શિવાય" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં "દર શેર" આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં; અને "આર, ઇન" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં "દર શેર" આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં.
સન૧૮૭૨નો આક્ટ ૪ થો.	પંજાબના કાયદાનો આક્ટ.	૪૯ મી કલમ.
સન ૧૮૭૨ નો આક્ટ ૨૬ મો.	પંજાબના અફીણના કાયદાનો સુધારો	સઘળો આક્ટ.
સન ૧૮૭૩ નો આક્ટ ૬ ઠો.	એક વાંહાંણ ઉપરથી બીજા વાંહાંણમાં માલ ચહડાવવો.	૭ મી કલમ.
સન૧૮૭૫નો આક્ટ૧૬મો.	હિંદુસ્થાનનો તારીફનો આક્ટ.	૯ મી કલમ.
સન ૧૮૭૬ નો આક્ટ ૨૨ મો.	અફીણ સંબંધી કાયદો સુધારવા બાબતનો આક્ટ.	સઘળો આક્ટ.
સન ૧૮૭૭ નો આક્ટ ૬ ઠો.	સન ૧૮૭૬ નો આફીણનો આક્ટ જે તારીખે અમલમાં આવવાનો તે તારીખ બદલીને આગલી તારીખ ઠરાવવા બાબતનો આક્ટ.	સઘળો આક્ટ.

બંગાળાના લફટેનેંટ ગવરનર ઈન કૌંસિલના આક્ટ.

સન ૧૮૭૬ નો આક્ટ ૨ જો.	સન ૧૮૪૯ નો ૧૧મો આક્ટ તથા સન ૧૮૫૬ નો ૨૧ મો આક્ટ તથા સન ૧૮૬૬ નો(બં. કા.) ૪ થો આક્ટ સુધારવા બાબત.	૩ જી કલમમાં, સન ૧૮૪૯ ના ૧૧ મા આક્ટની ૩૩ મી કલમને બદલે જે કલમ દાખલ કરીછે તે કલમમાં "અફીણ શિવાય" આ શબ્દો અને "પકડીને સરકાર દાખલ કરેલું અફીણ" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં "જનરલ આર્ડર" આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં શબ્દો.

		૩ જી કલમમાં સન ૧૮૪૯ ના ૧૧ મા આકટની ૩૪ મી કલમને બદલે જે કલમ દાખલ કરી છે તે કલમમાં "અફીણને પ્રસંગે માત્ર ખારેજ કરીને" આ શબ્દો અને "તથા અફીણને પ્રસંગે" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં; "તેમજ વેહેચી આપવું." આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં શબ્દો.
		૧૦ મી કલમમાં સન ૧૮૫૬ ના ૨૧ મા આકટની ૭૫ મી કલમને બદલે જે કલમ દાખલ કરી છે તે કલમમાં "અફીણ શિવાય" આ શબ્દો અને "પકડીને સરકાર દાખલ કરેલું અફીણ" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં "જનરલ આર્ડર" આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં શબ્દો.
		૧૦ મી કલમમાં, સન ૧૮૫૬ ના ૨૧ મા આકટની ૭૬ મી કલમને બદલે જે કલમ દાખલ કરી છે તે કલમમાં "અફીણને પ્રસંગે માત્ર ખારેજ કરીને" આ શબ્દો અને "તથા અફીણને પ્રસંગે" આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં "તેમજ વેહેચી આપવું" આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં શબ્દો.

મુંબઈના કાયદા.

સન ૧૮૨૭ નો મુંબઈનો કાયદો ૨૧ મો.	અફીણ ઉપર ડ્યુટી.	"વિથ ધી કુંબાઈંડ" (એ બેઉ) આ શબ્દોથી તથા આ શબ્દો સુધાં "મના કરવી" આ શબ્દો સુધી તથા આ શબ્દો સુધાં ઉદ્દેશ.
સન ૧૮૩૦ નો મુંબઈનો કાયદો ૨૦ મો.	માળવા અફીણ.	૧ લો તથા ૨ જો તથા ૩ જો અને ૪ થો ભાગ. જેટલો રદ થયો નથી તેટલો.

(True Translation.)

VENAYEK WASSOODEW,

Oriental Translator to Government.

સને ૧૮૭૮ નો મુંબઈનો આક્ટ ૫ મો.

મુંબાઈ ઈલાકાનો આબકારી કાયદો એકઠો કરીને સુધારવા બાબતનો આક્ટ.

મુંબઈ ઈલાકામાં દારૂ તથા કેફ લાવનારાં વસાણાં લાવવા તથા બાહાર મોકલવા તથા એક જગોએથી બીજી જગોએ મોકલવાં તથા તઈઆર કરવાં તથા વેચવા અને કબજામાં રાખવા સંબંધી કાયદા છે તે એકઠા કરીને સુધારવો યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

પ્રથમ નિયમ.

ટુંકું નામ | ૧ આ આક્ટને "સને ૧૮૭૮ નો મુંબઈનો આબકારી આક્ટ" કેહેવો.

ક્યાં ક્યાં લાગુ છે. | આ આક્ટ આખા મુંબાઈ ઈલાકાને લાગુ છે.

સરૂ થવું. | અને આ આક્ટ, સદરહુ ઈલાકાના હરકોઈ ભાગમાં મુંબઈના સરકારી ગયાજેટમાં સરકાર જાહેરનામું પ્રસીધ કરીને જે તારીખ ફરમાવશે તે તારીખે અમલમાં આવશે.

કાયદા તથા આક્ટ રદ કરવા. | ૨ આ આક્ટને જોડેલા પરીશિષ્ટમાં કાયદા તથા આક્ટ લખ્યા છે તે તેજ પરીશિષ્ટના ત્રીજા આસનમાં નીરદીસ્ટ કરેલા છે તેટલે સુધી રદ કરયા છે.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ કાયદા પૈકી અથવા આક્ટો પૈકી કોઈ પણ કાયદા પ્રમાણે અથવા આક્ટ પ્રમાણે આપેલાં જે લાઈસેનસ આ આક્ટ અમલમાં આવે તે તારીખે અમલમાં હોય તે સઘળાં લાઈસેનસ જે જે મુદતનાં આપ્યાં હશે તે તે મુદત સુધી જે કાયદા પ્રમાણે અથવા આક્ટ પ્રમાણે તે આપ્યાં હશે તે કાયદાના અથવા આક્ટના ઠરાવોને અનુસરીને તે ચાલુ રેહેશે.

વળી એવું ઠરાવ્યું છે કે આ આક્ટ અમલમાં આવવાની અગાઉ કાંઈ કૃતીય અથવા ગુનોહ કરીયો હશે તેને અથવા કાંઈ પ્રકરણ સરૂ થયુ હશે તેને અથવા કાંઈ દાવો ઉતપન થયો હશે તેને અથવા કાંઈ શીક્ષાના પેચ આવ્યા હશે તેને સદરહુ રદ કરયા ઉપરથી બાધ આવે છે એમ સમજવું નહીં.

અર્થ. | ૩ આ આક્ટમાં વિષય ઊપરથી અથવા આથલા પાછલા સંબંધ ઊપરથી બાધ આવતો ન હોય તો.

"આબકારી મેહેસુલ." | (૧) "આબકારી મેહેસુલ" આ શબ્દોનો અરથ આ આક્ટના અથવા દારૂ બાબત અથવા કેફ લાવનારાં વસાણાં બાબત જે વખતે જે બીજો કાયદો અથવા આક્ટ અમલમાં હોય તે બીજા કાયદાના અથવા આક્ટના ઠરાવ પ્રમાણે કાંઈ ડીયુટી અથવા ફી અથવા કર અથવા ડંડ બેસાડયો હશે અથવા કાંઈ જપ્ત કરીને સરકાર દાખલ કરવાનો હુકમ કરયો હશે તેથી મળેલું અથવા મળવાનું મેહેસુલ.

"અબકારી આફીસર"

(૨) "અબકારી આફીસર" આ સબદોનો અરથ છઠી કલમ પ્રમાણે કાયદા સર રીતે નીમેલો અથવા અધિકાર આપેલો કમીસનર અથવા કલેકટર અથવા કોઇ આફીસર અથવા બીજો માણસ એવો સમજવો.

"કમીસનર."

(૩) "કમીસનર" આ સબદોનો અરથ શીંધ દેસમાં શીંધનો કમીસનર તથા બીજે ઠેકાણે જમીન મેહેસુલનો કમીસનર અથવા આ આકટના કારણ સારૂ સરકાર જે બીજા આફીસરને કમીસનર તરીકે નીમે (તો) તે બીજો આફીસર એવો સમજવો,

"કલેકટર."

(૪) "કલેકટર" આ શબદોનો અરથ જમીન મેહેસુલનો કલેકટર અથવા આ આકટ પ્રમાણે કલેકટરનો અખીકાર ચલાવવા સારૂ તથા કરતવ્ય કરમો કરવા સારૂ પાંચમી કલમ પ્રમાણે નીમેલો કોઇ માણસ એવો સમજવો.

"માજીસતરેટ."

(૫) "માજીસતરેટ" આ શબદોનો અરથ મુંબાઇ શેહેરમાં પરેસીડેન્સી માજીસતરેટ અને બીજે ઠેકાણે પેહેલા અથવા બીજા વરગ માજીસતરેટ.

"તાડી."

(૬) "તાડી" આ શબદોનો અરથ નાળીએરીઆેમાંથી અથવા તાડમાંથી અથવા ખજુરીમાંથી અથવા કોઇપણ જાતના પામ ઝાડમાંથી કાઢેલો રસ પછી તે ફરમેટેડ* સ્થિતીમાં હોય કે અન@ ફરમેંટેડ સ્થિતીમાં હોય.

"દારૂ."

(૭) "દારૂ" આ શબદમાં વહાનદારૂના અરકનો તથા વઇન તથા તાડી તથા બીર તથા જે પ્રવાહી પદારથ આલકોહોલથી બનેલો હોય અથવા જેમાં આલકોહોલ હોય તે સઘળા પ્રવાહી પદારથનો સમાસ થાય છે

"ગામડી દારૂ."

(૮) "ગામઠી દારૂ" આ સબદોમાં હિંદુસ્થાનમાં ઉતપન થએલા અથવા તઇયાર કરેલા સઘળા દારૂનો સમાસ થાય છે.

"કેફ લાવનારાં વસાણાં."

(૯) "કેફ લાવનારાં વસાણાં" આ સબ્દોમાં ગાંજાનો તથા ભાંગનો તથા તેથી તથા તે મેળવીને તઇયાર કરેલા દરેક પદારથનો સમાસ થાય છે. અને ગાંજાથી અથવા ધાન્યથી અથવા બીજા પદારથથી તઇયાર કરેલા જે જે કેફ લાવનારા પીવાના પદારથનો અથવા કેફ લાવનારી જનસનો સમાસ દારૂ શબ્દમાં થતો નથી તે તે કેફ લાવનારા પીવાના પદારથનો અથવા કેફ લાવનારી જણસનો સમાશ થાય છે; પણ અફીણનો સમાશ થતો નથી, અને વળી સન ૧૮૭૮ ના હીંદુસ્થાનના અફીણના આકટમાં અફીણ શબ્દની વ્યાખ્યા કરી છે તે પ્રમાણે તે શબ્દના અરથમાં જે કોઇ પદારથનો સમાશ થતો હશે તે પદારથનો સમાશ થતો નથી.

"લાવવું બહાર મોકલવું"

(૧૦) "લાવવું" આ સબ્દમાં મુંબાઇઇલાકાના કોઇ ભાગમાં હિંદુસ્થાનના બીજા કોઇ ભાગમાંથી લાવવું એનો સમાસ થાયછે. અને બહાર મોકલવું આ શબ્દોમાં મુંબાઇ ઇલાકાના કોઇ ભાગમાંથી હિંદુસ્થાનના બીજા કોઇ પણ ભાગમાં લઇ જવું એનો સમાસ થાય છે.

---

* તાડી કેટલોએક વખત સુધી રાખી હોય ત્યારે તેમાં ફેરફાર થઇને તેની ઉપર ફીણ આવે છે તે સ્થિતીમાં હોય તેવી.

@ સદર હુ સ્થિતીમાં ન હોય તેવી.

"તઈયાર કરવો."

(૧૧) "તઈયાર કરવો" આ શબ્દોમાં જે જે સ્વભાવીક અથવા માનુષી ક્રિયાથી કાંઈ ગાળેલો અથવા ફરમેંટેડ અથવા કેફ લાવનારો દારૂ અથવા કેફ લાવનારાં વસાણાં તઈયાર થાય છે તે તે ક્રીયાનો સમાસ તથા દારૂ ગાળીને શુધ કરવાની દરએક ક્રિયાનો પણ સમાસ થાય છે.

ભેળ કરવો એ આ વ્યાખ્યાના અર્થ પ્રમાણે ક્રિયા છે.

"શેર."

(૧૨) "શેર" આ શબ્દનો અરથ હેંશિ તોલા ભાર.

૨ એસટાબલીસમેંન્ટ તથા નીબંધ.

આ આકટ અમલમાં લાવવાનું કલેકટરને સોંપું છે.

૪. કમીસનરના નીરબંધને તથા હુકમને અને સરકારના હુકમોને અનુસરીને આબકારી મેહેસુલ વસુલ કરવાનું તથા આ આકટના ઠરાવ અમલમાં લાવવાનું કામ કલેકટરને સોંપીયું છે.

આ આકટનાં કારણ સારૂ સરકાર ફરમાવશે તે કમીશનરના તાબામાં મુંબઈનો કલેકટર રેહેશે.

આબકારી મેહેસુલનો વીશેષ કલેકટર જોઇએ તો નીમવો.

૫. આ આકટ પ્રમાણે કલેકટરને આપેલાં સઘળાં અધીકાર તથા કહેલાં સઘળાં કરતવીય કરમો કમીસનરના તથા સરકારના નીરબંધ સીવાય વળી જે બીજા નીરબંધ સરકાર વખતે વખતે ફરમાવે તે નીરબંધને (તે નીરબંધ હોય તો) અનુસરીને હરકોઈ ડીસતરીકટમાં અથવા જગામાં ચલાવવા શારૂ તથા કરવા સારૂ જમીન મેહેસુલના કલેકટર સીવાય બીજા કોઇ માંણસને મુંબઈના સરકારી ગેજેટમાં જાહેરનામું પ્રસિધ કરીને નીમવાને સરકાર મુખતીઆર છે.

તાબામાંના અમલદાર.

૬. આ આકટનાં ઠરાવ અમલમાં લાવવાનાં કામમાં કલેકટરને મદદ કરવાસારૂ કમિશનરને, આ બાબત સરકારે વખતે વખતે જે હુકમ કરયા હશે તે હુકમને અનુસરીને પોતાને યોગ્ય લાગે તેવા તાબાના આફિસરોને પોતાને યોગ્ય લાગે તેવાં નામથી નીમવાનો તથા પોતાને યોગ્ય લાગે તેવા આ આકટ પ્રમાણે અધિકાર તથા કર્તવ્યકર્મો તે દરએકને સોંપવાનો અધિકાર છે.

આ આકટ પ્રમાણે જે અધિકાર તથા કર્તવ્યકર્મો પોતાને યોગીય લાગે તે અધિકાર તથા કરતવ્ય કરમો કોઈ ખાતાના કોઇ સરકારી આફિશરને તેના જાતના અથવા તેના હુદાના સંબંધથી અથવા બીજા કોઈ માણસને આપવાનો તથા કેહેવાનો અધિકાર સરકારને અથવા સદરહુ પ્રકારના હુકમોને અનુસરીને કમીશનરોને છે. અને પછી સદરહુ પ્રકારના કોઇ આફીશરે પોતાના મુખ્ય હુદાના અધીકાર સીવાય તથા કરતવીય કરમો શીવાય વળી સદરહુ અધીકાર ચલાવવા તથા સદરહુ કરતવીય કરમો કરવાં.

પણ એવું ઠરાવીયું છે કે છત્રિસમી કલમ પ્રમાણે તથા ચાલીશમી કલમની (બ) રકમ પ્રમાણે અધિકાર કોઇ ખાતાનાં જે કોઇ આફીસરનો દરજો પટાવાળાના અથવા કાનસટેબલના કરતાં મેહોટો નહી હોય તે આફિસરને કોઇ પણ પ્રસંગે આપવો

નહી, અને આ કલમ પ્રમાણે કાંઇ અધિકાર અથવા કરતવીય કરમા સોપ્યાં હોય અથવા કહ્યાં હોય તે સોંપવું અથવા કહેવું જે અધિકારીએ કર્યું હોય તેને, તે હરકોઇ વખતે રદ કરવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો અધિકાર છે.

૭. ઉપરની છેલી કલમના ઠરાવ પ્રમાણે કમિશનરોએ જે કોઇ તાબામાંના આફી-

ગેરચાલ બાબત તાબા માંના આફીશરોને શિક્ષા	સરને નીમ્યો હોય અથવા જે કોઇ આફિસરને વળી બી જો અધિકાર આપ્યો હોય અથવા કરતવ્યકરમો કહ્યાં હોય

તેને ખાતાની કાનુન અથવા બંદોબસ્ત તોડ્યા બદલ અથવા બેફીકરાઇ કર્યા બદલ અથવા ના લાયકી બદલ અથવા કરતવીય કરમની ગફલત બદલ અથવા બીજી ગેરચા લ બદલ ચોકસી કરીને તથા તે દફતરમાં લખી રાખીને હરકોઇ વખતે દંડ કરવાનો અથવા બર તરફ કરવાનો અથવા સસ્પેનડ કરવાનો અથવા ઓછા દરજા ઉપર ઉતા રવાનો અધિકાર કમીશનરોને સદરહુ પ્રકારના હુકમને અનુસરીને છે.

૮. ઉપરની બેઉ કલમો ઉપરથી પોતાને જે અધિકાર હોય તે સઘળો અથવા

કમીશનરોએ કલેકટરો ને અધિકાર આપવા.	થોડો કલેકટરોને અથવા પોતાના તાબામાંનાં કોઇ કલેકટર ને આપવાનો અખતીઆર કમીશનરોને છે. અને સદરહુ

પ્રમાણે કાંઇ અધિકાર આપીયો હોય તે આપવાનું હરકોઇ વખતે રદ કરવાનો અધિકા ર કમિશનરોને છે.

૩. લાવવું તથા બાહ'ર મોકલવું તથા એક જગાએથી બીજી જગાએ મોકલવું.

૯. હેઠળ લખ્યા પ્રમાણે હકિકત હોયા વગર કોઇપણ દારૂ અથવા કેફ લાવનારૂ

દારૂ અથવા કેફ લાવ નારા વસાણાં લાવવાં	વસાણું મુંબઇ ઇલાકાના કોઇ ભાગમાં ખુશકીને રસ્તે અ થવા જળ મારગે લાવવુ નહી એટલે-

(અ) સન ૧૮૭૫ ના હીંદુસ્થાનના તારીફના આકટ પ્રમાણે અથવા બ્રીટીશ ઇંડી આમાં આણેલા માલ ઉપરની કસ્ટમની ડયુટી સંબંધી જે વખતે જે બીજો કોઇ કા યદો ચાલુ હોય તે બીજા કાયદા પ્રમાણે ડયુટી આપવાને દારૂ અથવા કેફ લાવનારૂ વસાણું પાત્ર હોયાવગર તથા સદરહુ પ્રકારના આકટમાં અથવા કાયદામાં કહેલી તેની ડયુટી આપીયા વગર; અથવા.

(બ) સદરહુ પ્રમાણે લાવવાની પરવાનગી આ કલમમાં આગળ આપેલા અધી કાર પ્રમાણે આપેલી હોયા વગર લાવવું નહી.

સરકારના હુકમને અનુસારીને હેઠળ લખ્યા પ્રમાણે વખતે વખતે કરવાનો અ ધિકાર કલેકટરને છે, એટલે

(ક) દારૂ અથવા કેફ લાવનારાં વસાણાં અથવા સદરહુ પ્રકારના કાયદા પ્રમાણે ડી યુટી આપવાને પાત્ર હોય તેવા દારૂ શીવાય અથવા કેફ લાવનારાં વસાણાં શિ વાય બીજી કોઇ જાતનો દારૂ અથવા કેફ લાવનારાં વસાણાં આ આકટ પ્રમા ણે જે ડયુટી આપવાને પાત્રહોય (જો હોય તો) તે ડયુટી આપે તો તથા જે બીજી શરતો પોતાને યોગીય લાગે તે બીજી શરતો પ્રમાણે લાવવાની પર વાનગી આપવાનો; અને

(ડ) સદરહુ પ્રકારની પરવાનગી રદ કરવાનો અધીકાર છે.

દારૂ અથવા કેફ લાવનાર વસાણુ બહાર મોકલવું.

૧૦. હેઠળ લખ પ્રમાણે હકીકત હોયા વગર કાંઇપણ દારૂ અથવા કેફ લાવનારૂ વસાણું મુંબઇ ઇલાકાના કોઇ ભાગમાંથી ખુશકીને રસ્તે અથવા જળ મારગે બાહાર મોકલવું નહી; એટલે—

(અ) દારૂ અથવા કેફ લાવનારૂ વસાણું સદરહુ ઇલાકામાંના કોઇ બંદરમાં કાયદા સર રીતે જળ મારગે આણેલુ હોયા વગર અને તે એક વહાણ ઉપરથી બીજા વહાણ ઉપર ચઢાવેલું હોય તો અથવા ફરીથી બાહાર મોકલું હોય તો જે ફીને અથવા ડયુટીને જે વખતે જે કાયદો અમલમાં હશે તે કાયદા પ્રમાણે પાત્ર હશે તે ફી અથવા ડયુટી આપીઆ પછી યોગીય અધીકાર વાળા અધિકારીએ તે બાહાર મોકલવાની પરવાનગી આપેલી હોયા વગર, અથવા

(બ) આ કલમમા આગળ અધિકાર કહો છે તે અધીકાર પ્રમાણે બહાર મોકલવાની પરવાનગી આપેલી હોયા વગર શદરહુ પ્રમાણે બહાર મોકલવું નહી.

સરકારના હુકમને અનુસરીને હેઠળ લખ્યા પ્રમાણે વખતે વખતે કરવાનો અધીકાર કલેકટરને છે.

(ક) આ આકટ પ્રમાણે જે ડયુટી આપવાને દારૂ અથવા કેફ લાવનારાં વસાણાં અથવા કોઇ જાતનો દારૂ અથવા કેફ લાવનારાં વશાણાં પાત્ર હશે (હોયતો) તે ડીયુટી આપેતો તથા જે બીજી સરતો પોતાને યોગીય લાગે તે શરતો પ્રમાણે તે દારૂ અથવા કેફ લાવનારાં વશાણાં બહાર મોકલવાની પરવાનગી આપવાનો, અને

(ડ) શદરહુ પ્રકારની પરવાનગી રદ કરવાનો અધીકાર છે.

૯ મી તથા ૧૦ મી કલમ ઉપરથી કેટલાએક કાયદાઓને તથા ગવરનર જનરલ ઇન કઉનશિલના અધીકારને બાધ આવતો નથી.

૧૧. પણ એવું ઠરાવું છે કે ઉપરની છેલી બેઉ કલમોના કોઇ પણ ઠરાવ ઉપરથી હેઠળ લખેલી વાત બાબત જે વખતે જે કોઇ કાયદો અમલમાં હોય તેને બાધ આવે છે એવું સમજવું નહી એટલે જે કાયદા ઉપરથી કાંઇ દારૂ અથવા કેફ લાવનાર વસાણું શદરહુ ઇલાકામાં લાવવાની મના હશે અથવા મરીયાદા કરી હશે તે કાયદાને અથવા જે કાયદા ઉપરથી શદરહુ પ્રકારના લાવવાની મના કરવાનો અથવા મરયાદા ઠરાવવાનો અધિકાર ગવરનર જનરલ ઇનકાંઉનશીલને હશે તે કાયદાને અથવા જે વખતે જે કાંઇ કાયદો અમલમાં હશે તે કાયદા ઉપરથી કોઇ દારૂ અથવા કેફ લાવનાર વસાણું કસ્ટમની જે ડયુટીને પાત્ર હશે તે ડયુટી સઘળી અથવા થોડી તે દારૂની અથવા કેફ લાવનાર વસાણાની માફ કરવાનો અધિકાર જે કાયદા ઉપરથી ગવરનર જનરલ ઇનકાંઉનશીલને હશે તે કાયદાને બાધ આવેછે એમ સમજવું નહી.

વળી એવું ઠરાવ્યુ છે કે કોઇ દારૂ અથવા કેફલાવનાર વસાણું, સદરહુ બેઉ કલમો પઇકી હરકોઇ કલમ પ્રમાણે અથવા આકટના બીજા ઠરાવો પઇકી હરકોઇ ઠરાવ પ્રમાણે, જે ડયુટીને પાત્ર હશે તે ડયુટી તે દારૂની અથવા કેફલાવનાર વસાણાની માફ કરવાનો અધિકાર ગવરનર જનરલ ઇનકાઉનશીલને અથવા મુંબાઇના ગવરનર ઇનકાઉનશીલને છે.

દારૂ તથા કેફલાવનારાં વસાણાં એક જગાએથી બીજી જગાએ મોકલવાં.

૧૨ એકંદર રીતે આ ખાતાના ઇજારા સારૂ અથવા કોઇપણ પ્રદેશ સારૂ અથવા ડીસ્ટ્રીકટ સારૂ અથવા શેહેર સારૂ અથવા કસબા સારૂ અથવા ગામ સારૂ જે પરિમાણ મુંબઇના સરકારી ગ્યાજેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને ઠરાવવાનું સરકારને વખતે વખતે યોગ્ય લાગે તે પરિમાણના કરતાં વધારે દારૂ અથવા કેફલાવનારાં વસાણાં હેઠળ લખ્યા પ્રમાણે હકિકત હોયા વગર એક જગાએથી બીજી જગાએ મોકલવાં નહી અથવા લઇ જવાં નહી, એટલે—

(અ) ગાંમઠી દારૂ શિવાય બીજો દારૂ હોય તે પ્રસંગે તે જેટલો મોકલ્યો હોય અથવા લઇગયા હોય તેટલો તે, જે જગાએ તે મોકલવામાં અથવા લઇ જવામાં આવતો હોય તથા જે જગાએ વેચવાવિષે આ આકટના ઠરાવ પ્રમાણે યોગ્યરીતે લૈસેન્સ અથવા પરવાનગી આપેલી હોય તે જગાએ ખાનગી ઉપયોગસારૂ અથવા વેચવસારૂ શુદ્ધબુદ્ધીથી જોઇતો હોયા વગર, અથવા

(બ) આગલી કલમના ઠરાવ પ્રમાણે આ બાબત યોગ્યરીતે અધિકાર આપેલા અબકારી આફિસરે આપેલી પરવાનગી ચિઠી હોયા વગર, મોકલવો નહી અથવા લઇજવો નહી.

એક જગાએથી બીજી જગાએ મોકલવા બદલ પરવાનગી ચિઠી.

૧૩. દારૂ અથવા કેફલાવનારાં વસાણાં એક જગાએથી મોકલવા બદલ અથવા લઇ જવા બદલ પરવાનગી ચિઠીઓ આપવાનો અધિકાર કલેકટરને અથવા આ બાબત યોગ્યરીતે અધિકાર આપેલા બીજા કોઇ પણ અબકારી આફિસરને છે.

સદરહુ પ્રકારની પરવાનગી ચિઠીઓ ઘણું કરીને નિયમિત મુદતસુધી અથવા નિરદિષ્ટ કરેલા પ્રસંગે સારૂજ માત્ર આપવાનો અધિકાર છે.

સદરહુ પ્રકારની દરએક પરવાનગી ચિઠીમાં હેઠળ લખેલી વાત નિર્દિષ્ટ કરેલી જોઇયે—

(અ) જે માણસને દારૂ અથવા કેફ લાવનારાં વસાણાં એક જગાએથી બીજી જગાએ મોકલવાનો અથવા લઇજવાનો અધિકાર આપેલો હોય તે માણસનું નામ, અને

(બ) જે મુદતસુધી તે પરવાનગીચિઠી અમલમાં રેહેવાની હોય તે મુદત, અને

(ક) જે દારૂબદલ અથવા કેફલાવનારાં વસાણાં બદલ પરવાનગીચિઠી આપી હોય તે દારૂ અથવા કેફ લાવનારાં વસાણાં કેટલાં તથા કયા પ્રકારનાં છે તે, અને

(ડ) જે જગાએથી તથા જે જગામાં દારૂ અથવા કેફ લાવનારાં વસાણાં મોકલવાનાં અથવા લઇ જવાનાં હોય તે જગા, અને દશ મૈલના કરતાં વધારે અંતરઉપર જગા હોય તેવી જગાને પ્રસંગે જે માર્ગે તે લઇજવાનાં હોય તે માર્ગ.

૪ તૈયાર કરવું.

આ આકટના ઠરાવને અનુસરયા વગર દારૂ અથવા કેફ લાવનારૂં વસાણું તૈયાર કરવાની મના છે.

૧૪ આ બાબત કલેકટરે આપવાના લૈસેન્સના આધાર વગર તથા તેમાંની મર્યાદા તથા શરતને અનુસરયાવગર અથવા ત્રેવિસમી કલમની શરતને અનુસરયાવગર,

કાંઇપણ દારૂ અથવા કેફ લાવનારૂં વસાણું તૈયાર કરવું નહી, અને
કોઇ ઝાડમાંથી તાડી કાહાડવી નહી, અને
કોઇ ભઠી અથવા *બ્રૂઅરી બાંધવી નહી અથવા ચલાવવી નહી, અને
કોઇ માણસે દારૂ અથવા કેફ લાવનારૂં કાંઇ વસાણું તૈયાર કરવાસારૂ કાંઇ પણ પદાર્થનો અથવા અર્ક કાહાડવાનાં યંત્રનો અથવા પાત્રનો અથવા ઓઝારનો અથવા સંચનો ઉપયોગ કરવો નહી અથવા એ રાખવું નહી અથવા પોતાના કબજામાં રેહેવાદેવું નહી.

સરકારી ભઠીઓ સ્થાપવી. | ૧૫ સરકારની અગાઉથી મંજુરી લઇને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર ૨ કલેકટરને છે—

(અ) જે શરતો બેસાડવાનું સરકારને યોગ્ય લાગે તે શરતોથી દારૂ અથવા કોઇ જાતનો દારૂ ઉપરની છેલ્લી કલમ પ્રમાણે આપેલાં લૈસેન્સ ઉપરથી જે ભઠીમાં તૈયાર કરીશકાય તેવી સરકારી ભઠી પોતાની હકુમતની કોઇ જગામાં સ્થાપવાનો, અને

(બ) સદરહુ પ્રમાણે સ્થાપેલી હોય સરકારી ભઠી બંધ કરવાનો અધિકાર છે.

૫ વેચાણ.

૧૬. આ કલમમાં આગળ બીજીરીતના ઠરાવ કરયા છે તે શિવાય દારૂ તથા કેફ લાવનારાં વસાણાં કલેકટરે આપેલાં લૈસેન્સવગર અથવા પાસ વગર વેચવાં નહી.

લૈસેન્સવગર અથવા પાસ વગર દારૂ તથા કેફ લાવનારાં વસાણાં વેચવાની મના.

પણ એવું ઠરાવ્યું છે કે કોઇ દારૂ હીંદુસ્થાનમાં તૈયાર કરેલો નહી હોય અથવા ઉત્પન્ન કરયો નહી હોય તે જે અસલનાં પીપમાં અથવા પ્યાકેજમાં આણેલો હશે તે વેળા તે તેના અસલનાં પીપમાં અથવા પ્યાકેજમાં હોય ત્યારે અથવા શુદ્ધબુદ્ધથી નમુનાસારૂ થોડો થોડો મુંબઇ શેહેરમાં તથા જે બીજી જગા સરકાર વખતે વખતે ફરમાવે તે બીજી જગામાં વેચવાને સદરહુ પ્રકારનાં કોઇ પણ લૈસેન્સની જરૂર નથી.

વળી એવું ઠરાવ્યું છે કે જે ઝાડમાંથી કાંઇ કેફ લાવનારૂં વસાણું ઉત્પન્ન થતું હશે તે ઝાડનું વાવેતર કરનારાએ અથવા ધણીએ તે ઝાડના જે ભાગમાંથી કેફ લાવનારૂં વસાણું તૈયાર કરવામાં આવતું હશે અથવા ઊત્પન્ન થતું હશે તેનુ વેચાણ, કેફ લાવનારાં વસાણાં વેચવાનું આ કલમ પ્રમાણે લૈસેન્સ જે માણસ ધારણ કરતું હશે તે માણસને કરવા બાબત અથવા કેફ લાવનારાં વસાણાં તૈયાર કરવાબાબતનું અથવા બાહાર મોકલવા બાબતનું જે માણસને આ આક્ટપ્રમાણે યોગ્ય રીતે લૈસેન્સ આપેલું હશે તે માણસને કરવાબાબત સદરહુ પ્રકારના કોઇ લૈસેન્સની જરૂર નથી.

પરચુરણ વેચાણની મર્યાદા— | ૧૭ ગામઠીદારૂ અથવા કાંઇ કેફ લાવનારૂં વસાણું કોઇ નિર્દિષ્ટ કરેલા પ્રદેશમાં અથવા જગામાં એકજ વખતે અથવા કોઇ એકજ દિવ

---

*બ્રુઅરી એટલે બીર વગેરે હરમેટ્ડ દારૂ તૈયાર કરવાનું કારખાનું.

સે એકજ માણસને એકંદર કેટલું પરચુરણ વેચવાનો અધિકાર છે તેની મરયાદા મું બઇના સરકારી ગ્યાઝેટમાં વખતે વખતે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ઠરાવવાનો અધિકાર સરકારને છે.

કોઇ પ્રદેશમાં અથવા જગામાં સદરહુ પ્રકારની મરયાદા ઠરાવી હોય ત્યારે તે મરયાદાના કરતાં વધારે ગામઠી દારૂ અથવા કેફ લાવનારૂં કાંઇ વસાણું કોઇ કોઇ વખતે વેચવા બાબતનો વિશેષ હુકમ પાંત્રીસમી કલમ પ્રમાણે કમિશનરે ઠરાવેલી કાનુનને અનુસરીને આપવાનો અધિકાર કલેકટરને અથવા આ બાબત યોગ્યરીતે અધિકાર આપેલા કોઇ અબકારી આફિસરને છે.

૧૮ તાડી ઉત્પન્ન થનાર કોઇ ઝાડના ધણીએ તથા સદરહુ પ્રકારનાં કોઇ ઝાડના રસ ઉપર હક્ક હોય તેવા કોઇ માણસે તથા કોઇપણ તાડી કાહાડનારે તાડી વેચવી નહી અને બારમી કલમની બ. રકમ પ્રમાણે આપેલી પરવાનગીચિઠી ઉપરથી તાડી એક જગાએથી બીજી જગાએ મોકલનાર અથવા લઇજનાર કોઇ માણસે હેઠળ લખેલાં લૈસેન્સવગર બીજી રીતે અથવા હેઠળ લખેલાં માણસશિવાય બીજાં માણસને તાડી વેચવી નહીં, એટલે—

તાડીનું વેચાણ.

(અ) સોળમી કલમપ્રમાણે આપેલાં લૈસેન્સ વગર, અથવા

(બ) દારૂ બનાવવાનું અથવા વેચવાનું લૈસેન્સ આ આકટ પ્રમાણે જે માણસને આપ્યું હશે તે માણસશિવાય બીજા કોઇ માણસને વેચવી નહી.

પણ એવું ઠરાવ્યું છે કે આ આકટના તાડીસબંધી સઘળા ઠરાવ મુંબઇના સરકારી ગ્યાઝેટમા જાહેરનામું પ્રસિદ્ધ કરીને કોઇ પ્રદેશબાબત વખતે વખતે સસ્પેંડ (મોકુફ) કરવાનો અધિકાર સરકારને છે અને પછી આ આકટમાં ગમે તે ઠરાવ હોય તોયપણ સદરહુ પ્રકારનું જાહેરનામું જે મુદતસુધી અમલમાં રહેશે તે મુદતમાં સદરહુ પ્રકારના પ્રદેશમાં લૈસેન્સ વગર અથવા પાસવગર તાડી કાહાડવાનો તથા વેચવાનો અધિકાર છે.

૬ ડયુટી

૧૯ હેઠળ લખેલા સઘળાં દારૂની ડયુટી આપવી એવું સરકાર ફરમાવે તો જે દરે સરકાર વખતે વખતે ઠરાવશે તે દરે લેવી એટલે—

દારૂની ડયુટી.

(અ) નવમી કલમની (ક) રકમના ઠરાવપ્રમાણે મુંબઇ ઇલાકાના કોઇ પણ ભાગમાં જે દારૂ લાવવાની પરવાનગી આપી હશે તે દારૂ, અથવા

(બ) દશમી કલમની (ક) રકમના ઠરાવપ્રમાણે મુંબઇ ઇલાકાના કોઇ ભાગમાંથી જે દારૂ બાહાર મોકલવાની પરવાનગી આપી હશે તે દારૂ, અથવા

ચૌદમી કલમપ્રમાણે આપેલાં કોઇ લૈસેન્સ ઉપરથી તઇયાર કરેલો દારૂ, અથવા

(ડ) પંદરમી કલમપ્રમાણે સ્થાપેલી કોઇ ભઠીમાં તઇયાર કરેલો દારૂ, અથવા

(ઈ) તેરમી કલમપ્રમાણે એક જગાએથી બીજી જગાએ મોકલવાની અથવા લઇજવાની પરવાનગી જે દારૂ બાબત મળેલી હોય તે દારૂ.

સદરહુ બેસાડવાની ડયુટી ફલાણા કસના કરતા વધારે નહી હોય એવા દારૂના દ

ઇંપીરિયલ ગ્યાલને ફલાણા દરપ્રમાણે તથા સદરહુ કસનાકરનાં દારૂનો કસ વધારે હોય તે પ્રમાણ પ્રમાણે તે દર વધારીને બેસાડવાનો અધિકાર છે અથવા વિશેષ અધિકાર આપ્યા બદલ રોજ અથવા મહિને મહિને અથવા નિરદિષ્ટ કરેલી બીજી મુદતે મુદતે આપવાની ઉધડી રકમે અથવા જે બીજી કોઇરીત ઠરાવવાનું સરકારને યોગ્ય લાગે તે બીજી રીતે આપવી એ પ્રમાણે બેસાડવાનો અધિકાર છે.

તાડનાં ઝાડ છેદવા બદલ ડયુટી.

૨૦ તાડી ઉત્પન્ન થનારાં જે જે ઝાડમાંથી તાડી કાહાડવામાં આવતી હશે તે તે ઝાડ ઉપર જે મુદતમાં તે તે ઝાડ છેદવામાં આવે તે મુદત બદલ સરકાર ફરમાવે તો સરકાર વખતે વખતે ફરમાવે તે ડયુટી લેવી.

અને તાડી કાહાડવા બાબત ચઉદમી કલમ પ્રમાણે આપેલાં દરએક લાઇસેન્સમાં ત્રીસમી કલમ પ્રમાણે જે બીજી કાંઇ તપશીલ સરકારે ઠરાવી હશે તે શિવાય વળી હેઠળ લખેલી વાત નિરદિષ્ટ કરેલી જોઇએ.—

(અ) છેદવાનાં ઝાડ કેટલાં તથા કયા પ્રકારનાં તથા કયાંહાં છે તે.

(બ) લાઇસેન્સમાં દાખલ કરેલાં દરએક ઝાડ બાબત લેવાની ડયુટીની રકમ.

(ક) સદરહુ ડયુટી હફતે હફતે લેવાની હોયતો કયે કયે હફતે તથા કઇ કઇ મુદતે લેવી તે હફતા તથા તે મુદત.

ડયુટી કોણે આપવી.

૨૧. સદરહુ ડયુટી તાડી કાહાડવાનું લાઇસેન્સ ધારણ કરનારા માણસની પાસેથી પ્રથમત: લેવાનો અધિકાર છે અને તે તે આપવાને ચુકે તો અથવા વગર લાઇસેન્સે ઝાડ છેદે તો ઝાડના ધણીની પાસેથી લેવાનો અધિકાર છે.

પોતે ડયુટી આપી હોય તે લાઇસેન્સવાળાની પાસેથી વસુલ કરવામાં મદદ મળવાનો હક ધણીનેછે.

૨૨. ઝાડના ધણી પાસેથી ઉપરની છેલ્લી કલમ પ્રમાણે કોઇ ડયુટી વસુલ કરવામાં આવે ત્યારે તે લાઇસેન્સ ધારણ કરનાર માણસની પાસેથી વસુલ કરવા સારૂ સદરહુ ધણીને હેઠળ લખેલી કાયદાસર મદદ મળવાનો હકછે એટલે જમીનના ઉપરી ધારણ કરનારાને તેના ખેડુત પાસેથી પોતાનું લેણું વસુલ કરવા બાબત જે વખતે જે કાયદો અમલમાં હોય તે કાયદાના ઠરાવ પ્રમાણે મદદ મળવાનો હક છે.

કોઇ પ્રદેશમાં તાડી કાહાડવાના હકનો ઇજારો આપવો.

૨૩ જે કોઇ પ્રદેશને આ કલમના ઠરાવ લાગુ કરવાનુ સરકારને યોગ્ય લાગે તે પ્રદેશમાં જે જે ઝાડમાંથી તાડી કાહાડવામાં આવતી હશે તે તે ઝાડ ઉપર વીસમી કલમ પ્રમાણે ડયુટી લેવાનું ફરમાવ્યાને બદલે સદરહુ પ્રકારના પ્રદેશમાંના તાડી ઉત્પન્ન થનારા સઘળાં ઝાડમાંથી તાડી કહાડવાના હકનો ઇજારો પોતાને યોગ્ય લાગે તે મુદતનો તથા પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે ડયુટી ઉધડી રકમે અથવા મુદતે મુદતે હપતાથી આપે તો તથા પોતાને યોગ્ય લાગે તે શરતો ઠરાવીને આપવાનો અધિકાર સરકારને છે.

સદરહુ પ્રકારના કોઇ પ્રદેશમાં સદરહુ હક જે માણસને ઇજારે આપ્યો હોય

તેની લખેલી પરવાનગી વગર કોઇ માણસે તાડી ઉત્પન થનારાં કોઇ ઝાડમાંથી તાડી કાહાડવી નહી.

આ આાકટ કરવાની આગાઉ તાડ ઉપર કર અથવા ફી લીધી તે કાયદાસર લીધી એવું ઠરાવ્યું છે.

૨૪ કેટલીએક ડિસ્ત્રિકટમાં તાડ છેદવા બાબત આજ સુધી કર લેવામાં આવ્યો છે તે અથવા સદરહુ પ્રકારના ઝાડમાંથી તાડી કાહાડવા બાબત લાઇસેન્સ ફી લીધીછે તે કાયદાસર લીધીછે એમ સમજવું. અને તે કર અથવા ફી લેવાનુ, આ આાકટના ઠરાવને અનુસરીને તથા હાલ જે દર તથા કાનુન અમલમાં છે તેજ દરે તથા કાનુન પ્રમાણે હેઠળ લખેલા વખત સુધી ચાલુ રાખવાનો અધિકાર છે એટલે આ આાકટ ઉપરથી આપેલો અધિકાર ચલાવીને સરકાર બીજી રીત ફરમાવે તે વખત સુધી ચાલુ રાખવાનો અધિકાર છે.

સદરહુ પ્રકારનો જે કાંઇ કર અથવા ફી આ આાકટ કરવાની આગાઉ આપવાનો થયો હશે તે કરની અથવા ફીની ચઢેલી બાકી, આ આાકટ પ્રમાણે આપવાની થયેલી ડયુટી પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે.

સરકારી ઝાડમાંથી તાડી કાહાડવાનો અધિકાર.

૨૫. જે ઝાડ ઉપર સરકારનો હકછે તે ઝાડમાથી તાડી કાહાડવાનો અધિકાર સરકારના સામાન્ય હુકમને અનુસરીને જે શરતો કલેકટરને યોગ્ય લાગે તે શરતો પ્રમાણે દરસાલ લિલામકરીને અથવા બીજીરીત વેચવાનો અધિકાર છે.

સંયુકત અધિકાર આપ્યો હોય ત્યારે ડયુટીનો ઠરાવ કરવો.

૨૬ એકજ માણસને હેઠળ લખેલી વાત કરવાની પરવાનગી આપી હોય ત્યારે એટલે—

(અ) તાડી કાહાડવાની તથા તે અનફરમેંટેડ સ્થિતીમાં વેચવાની; અથવા

(બ) તાડી કાહાડવાની તથા તે અનફરમેંટેડ સ્થિતીમાં બાહાર મોકલવાની; અથવા

(ક) અનફરમેંટેડ તાડી લાવવાની તથા તે અનફરમેંટેડ સ્થિતીમાં વેચવાની; અથવા

(ડ) ફરમેંટેડ અથવા અનફરમેંટેડ તાડી કાહાડવાની અથવા લાવવાની અને બીજા દારૂ તઇઆર કરવામાં તેનો ઉપયોગ કરવાની; અથવા

અનફરમેંટેડ તાડી શીવાય બીજો કોઇ ગામઠી દારૂ,

(ઇ) તૈયાર કરવાની અથવા લાવવાની તથા વેચવાની; અથવા

(ફ) તૈયાર કરવાની તથા બાહાર મોકલવાની પરવાનગી આપી હોય ત્યારે સંયુકત અધિકાર આપ્યા બદલ જે ડયુટી; સરકારના સામાન્ય અથવા વિશેશ હુકમ પ્રમાણે ચાલીને કલેકટરને યોગ્ય લાગે તે લેવાનો અધિકારછે.

કેફ લાવનારા વસાણાંની ડયુટી.

૨૭ કોઇ કેફલાવનારૂ વસાણું તૈયાર કરવાબાબતનું અથવા વેચવા બાબતનું આ આાકટ પ્રમાણે લેસેન્સ આપ્યુ હોય ત્યારે અને કોઇ કેફલાવનાર વસાણું લાવવાની અથવા બાહાર મોકલવાની અથવા એક જગાએથી બીજી જગાએ મોકલવાની અથવા લઇજવાની પરવાનગી આ આાક

ટ પ્રમાણે આપી હોય ત્યારે સદરહુ અધિકાર આપ્યા બદલ જે ડયુટી સરકારના સા માન્ય અથવા વિશેષ હુકમ પ્રમાણે ચાલીને કલેકટરને યોગ્ય લાગે તે ડયુટી લેવી.

ડયુટીનો ઇજારો આપવાનો અધિકાર છે.

૨૮. કોઈ પણ પ્રદેશમાં આ આકટ પ્રમાણે જે ડયુટી લેવાની હોય તે સઘળી ડયુટીનો અથવા તેઓ પૈકી કોઈ પણ ડયુટીનો ઇજારો, સ રકારની મંજુરીથી તથા સરકાર જે નાણું આપવાનું ઠરાવે તે આપવાની શરતે તથા સરકાર જે બીજી શરત ઠરાવે તે શરત મુજબ આપવાનો અધિકાર છે.

પોતાની લેણી થયલી રકમ વસુલ કરવા સારૂ કલેકટરને અરજી કરવાનો અધિકાર ઇજારદારને છે.

૨૯. સદરહુ પ્રકારના કોઈ પણ ઇજારદારને પોતાના લેસેન્સવાળાની પાસેથી લેસેન્સ બાબત કાંઇ પણ રકમ લેણી હશે ત્યારે તે ઇજારદારને અથવા તાડી કાહાડવાના હક્કના ઇજારદારને, તાડી ઉત્પન્ન થનાર કોઇ પણ ઝાડમાંથી જે માણસે તાડી કાહાડી હશે. તે માણસની પાશે કોઈ રકમ લેણી હશે ત્યારે પોતાની તરફથી સદરહુ પ્રકારની રકમ વસુલ કરવી એ પ્રમાણે કલેકટરને અરજી કરવાનો અધિકાર સદરહુ પ્રકારના ઇજારદારને છે. અને સદરહુ પ્રકારની રકમ, જમીન મેહેસુલની ચઢેલી બાકી હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધિકાર કલેકટરને પોતાના પ્રસંગાનુસાર વરતનાધિકારથી છે. અને સદરહુ પ્રમાણે વસુલ કરેલી રકમ કલેકટરે તે અરજદારને આપવી.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારની રકમ વસુલ કરવા સારૂ કલેકટરે કરેલા કોઇ પણ પ્રોસેસ બજાવવા હોય તે હેઠળ લખ્યા પ્રમાણે હકિકત હોયતો મોકુફ રાખવા; એટલે સદરહુ પ્રકારની રકમ જે માણસની પાસેથી વસુલ કરવાની હશે તે માણસ ઇજારદારના માગણાંનો ઇનસાફ થવાસારૂ દિવાની કોરટમાં ફરિયાદ કરે તથા પોતે સદરહુ પ્રકારના ઇજારદારને જે રકમ આપવી એવું કોરટ ઠરાવે તે રકમ આપવા બાબત કલેકટરની ખાત્રી થાય તેવો જામીન આપે તો મોકુફ રાખવા.

વળી એવું ઠરાવ્યું છે કે આ કલમના કોઇપણ ઠરાવ ઉપરથી અથવા તે કલમ પ્રમાણે કરેલી કોઇપણ વાત ઉપરથી હેઠળ લખેલા હકને બાધ આવેછે એવું સમજવું નહી. એટલે સદરહુ પ્રકારના કોઇપણ ઇજારદારની સદરહુ પ્રકારના કોઇપણ માણસની પાસેથી કાંઇ રકમ લેણી હશે તે દિવાની કોરટમાં ફરિયાદ કરીને અથવા બીજી રીતે વસુલ કરવાના તે ઇજારદારના હક્કને બાધ આવેછે એમ સમજવું નહી.

૭ લેસેન્સ વગેરે.

લેસેન્સનો નમુનો અને શરતો વગેરે.

૩૦. આ આકટ પ્રમાણે જે જે લેસેન્સ અથવા પરવાનગીચિઠી અથવા પાસ આપવી તે,

આ બાબત સાધારણરીતે અથવા કોઇ વિશેષ પ્રસંગે કરેલી જે કાનુન અથવા હુકમ આ આકટ વિરૂદ્ધ નહી હોય તે કાનુનમાં અથવા હુકમમાં સરકારે ફરમાવેલી,

(અ) ફી આપવાની હોય તો તે ફી આપે તો; અને

(બ) ફરમાવેલી મુદતની, અને

(ક) ફરમાવેલી મર્યાદા મુજબ તથા શરતમુજબ, અને

(ડ) ફરમાવેલા નમુના પ્રમાણે તથા ફરમાવેલી તપસીલની આપવી.

લાઇસેન્સવાળાએ સામી કબુલાયત સહી કરીને આપવી.

૩૧. કોઇ દારૂ અથવા કેફલાવનારૂ વસાણું તઇયાર કરવા બાબત અથવા વેચવા બાબત આ આાકટ પ્રમાણે જે જે માણસ લાઇસેન્સ લેશે તેણે પોતાના લાઇસેન્સના ધોરણ પ્રમાણે સામી કબુલાયત સહી કરી આપવી જોઇએ અને પોતાની કબુલાયત પૂરી કરવા સારૂ કલેક્ટર જામીન માગે તેવો જામીન આપવો જોઇએ.

લાઇસેન્સ વગેરે પાછાં લેવાનો અધિકાર.

૩૨. આ આાકટ પ્રમાણે આપેલું કોઇ લાઇસેન્સ અથવા પરવાનગી ચિઠી અથવા પાસ હેઠળ લખ્યા પ્રમાણે હકીકત હોયતો સંક્ષેપ રીતે કામ ચલાવીને પાછી લેવાનો અથવા રદ કરવાનો અધિકાર કલેક્ટરને છે; એટલે—

(અ) તેના ધારણ કરનારાએ કાંઇ ફી અથવા ડયુટી આપવાની હોય તે યોગ્ય રીતે ન આપેતો; અથવા

(બ) સદરહુ પ્રકારનાં લાઇસેન્સના અથવા પરવાનગી ચિઠીના અથવા પાસના ધારણ કરનારાએ અથવા તેના નોકરે અથવા તેની સ્પષ્ટ અથવા ગરભિત અર્થની પરવાનગીથી તેની તરફથી કામ કરનારા કોઇ માણસે સદરહુ પ્રકારનાં લાઇસેન્સની અથવા પરવાનગી ચિઠીની અથવા પાસની મરીયાદા પઇકી અથવા શરતો પઇકી કોઇ મરીયાદા અથવા શરત તોડી હોય ત્યારે; અથવા

(ક) તેના ધારણ કરનારા ઉપર આ આાકટ વિરૂધ અથવા અબકારી મેહેસુલ સંબંધી બીજો કોઇ કાયદો જે વખતે જે અમલમાં હોય તે બીજા કાયદા વિરૂધ કોઇ ગુન્હાની અથવા કોઇ ફોજદારી ગુન્હાની સાબેતી થઇ હોયતો સંક્ષેપ રીતે કામ ચલાવીને તે પાછી લેવાનો અથવા રદ કરવાનો અધિકાર કલેક્ટરને છે.

૮ સામાન્ય ઠરાવ.

કેટલાએક લાઇસેન્સવાળાએ માપ વગેરે રાખવાની જરૂરછે.

૩૩. જે જે માણસ આ આાકટ પ્રમાણે આપેલા લાઇસેન્સ ઉપરથી દારૂ તઇયાર કરશે અથવા વેચશે તે માણસે હેઠળ લખ્યા પ્રમાણે કરવાની જરૂર છે, એટલે—

(અ) જે માપ તથા દારૂનો કસ અથવા પ્રત તપાસવાના જે યંત્રો કલેક્ટર કેહે તે માપ તથા યંત્રો પોતે મેળવી લેવાં તથા તે સારી સ્થિતિમાં રાખવા; અને

(બ) આ બાબત યોગ્ય રીતે અધિકાર આપેલા કોઇ અબકારી આફીસરે ફરમાવ્યું હોય તો પોતાના કબજામાંનો કાંઇ દારૂ સદરહુ અબકારી આફીસર કેહે તે રીતે હરકોઇ વખતે માપવાની અથવા તેનો કસ અથવા પ્રત તપાસવાની જરૂર છે.

ડયુટી વગેરે વસુલ કરવી.

૩૪. આ આાકટના અથવા આ આાકટ પ્રમાણે આપેલા લાઇસેન્સના અથવા પરવાનગીચિઠીના અથવા પાસના પાછલા ઠરાવ પઇકી કોઇ

ઠરાવ પ્રમાણે જે ડ્યુટી તથા કર તથા દંડ તથા ફી લેવાની હોય તે સઘળી અને આ આકટ પ્રમાણે કોઈ ઇજારદાર પાસે જે રકમ લેણી હોય તે સઘળી રકમ હેઠળ લખેલી રીતે વસુલ્ર કરવાનો અધિકાર છે એટલે તે આપવાને જે માણસ પ્રથમ પાત્ર હશે તે માણસની પાસેથી અથવા તેનો જામીન હોય તો તે જામીનની પાસેથી જમીન મહેસુલની ચડેલી બાકી હોય તે પ્રગાણે વસુલ કરવાનો અધિકાર છે.

૯ અબકારી આફિસરોનો અધિકાર.

૩૫. હેઠળ લખેલી વાત બાબત વખતે વખતે કાનુન કરવાનો અધિકાર કમિશનરોને છે.

કાનુન કરવાનો કમિશનરનો અધિકાર

(અ) લાઇસેન્સવાળા તાડી વેચનારાને અથવા જે માણસો બીજો દારૂ તઇયાર કરવામાં તાડીનો ઉપયોગ કરતા હશે તેઓને તાડી પુરી પાડવાની રીતનું નિયમન કરવા બાબત,

(બ) કોઈ ડિસ્ત્રિકટમાં અથવા જગામાં આપવાના દરએક પ્રકારના લાઇસેન્સની સંખ્યા ઠરાવવા બાબત.

(ક) કોઈ ભઠીમાં ઉપયોગ કરવાનાં અર્ક કાહાડવાનાં યંત્રો કેટલાં તથા કેવડાં મ્હોટાં તથા કયા પ્રકારનાં જોઈએ તેનું નિયમન કરવા બાબત,

(ડ) અર્ક કાહાડવાના યંત્રો તથા ભઠીઓ તથા બરૂઆરીઓ તપાશી જોવાની તથા તેઓની ઉપર દેખરેખ રાખવાની તજવીજ કરવા બાબત,

(ઈ) પંદરમી કલમ પ્રમાણે સ્થાપેલી કોઇ સરકારી ભઠીની વ્યવસ્થા રાખવા બાબત,

(ફ) આ આકટનાં કારણ સારૂ જે દેખરેખ રાખવાની જરૂર લાગે તે દેખરેખ હેઠળ કેફલાવનારાં વસાણાં તઇયાર કરવાનું કામ અને દારૂ અથવા કેફલાવનારાં વસાણાં ભરી રાખવાનુ અથવા લાવવાનું અથવા બાહાર મોકલવાનું અથવા એક જગાએથી બીજી જગાએ મોકલવાનું અથવા લઇ જવાનું કામ રાખવા બાબત;

(ગ) સતરમી કલમ પ્રમાણે કરેલાં કોઇ જાહેરનામામાં પરિમાણ કહ્યું હોય તેના કરતાં વધારે ગામઠી દારૂ અથવા કેફલાવનારાં વસાણાં પરચુરણ વેચવા બાબત તે કલમ પ્રમાણે વિશેષ હુકમ જે પ્રસંગે આપવાનો અધિકાર છે તે પ્રસંગ અને સદરહુ વેચાણ જે શરતે કરવાં તે શરતો ઠરાવવા બાબત,

(હ) દારૂ અથવા કાંઇ પણ કેફલાવનાર વસાણું તઇયાર કરવામાં જે કોઇ પદાર્થ ઉપદ્રવ્યકારક અથવા બીજી રીતે હરકત ભરેલો છે એવું પોતાને લાગે તેનો ઊપયોગ કરવાની મના કરવા બાબત કાનુન કરવાનો અધિકાર છે.

૩૬. કોઇ કમિશનરને અથવા કલેકટરને અથવા આ બાબત જે બીજા અબકારી આફીસરને યોગ્યરીતે અધિકાર આપ્યો હોય તે બીજા અબકારી આફિસરને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે.

તઇયાર કરવાની તથા વેચવાની જગામાં પેશવાનો તથા તે તપાશી જોવાનો અને કોઇ ઘેરી લાધેલી જગામાં દારૂ વગેરે ગેરકાયદાસર રીતે રાખ્યોછે એવી બાતમી મળ્યા પછી તે જગામાં પેશવાનો તથા પકડવાનો અધિકાર.

(અ) જે કોઈ દુકાનમાં અથવા ઠેકાણાગાં કોઈ લાઈસેન્સવાળો કારખાનાવાળો અથવા વેચનારો કોઈ દારૂ અથવા કેફ લાવનારૂ વસાણું તઇયાર કરવાનું અથવા વેચવાનું કામ ચલાવતો હોય અથવા તાડી કાહાડતો હોય અથવા સદરહુ પ્રકારનો કોઈ દારૂ અથવા વસાણું ભરી રાખતો હોય તે દુકાનમાં અથવા ઠેકાણામાં દિવસે અથવા રાત્રે હરકોઈ વખતે પેશવાનો તથા તે દુકાન અથવા ઠેકાણું તપાશી જોવાનો અને સદરહુ પ્રકારના કોઈ માણસનું દારૂનુ અથવા વસાણાનું અથવા માલ મસાલાનું દાસ્તાન તપાસવાનો તથા તેઓનો કસ કાહાડવાનો અથવા તે માપવાનો અથવા વજન કરવાનો, અથવા

(બ) જે કોઈ ઇમારતમાં અથવા વાહાણમા અથવા ઘેરી લીધેલી જગામા આ આકટ પ્રમાણે જપ્ત થઈને સરકાર દાખલ થવાને પાત્ર હોય તેવો દારૂ અથવા કેફલાવનારૂ વસાણું તઇયાર કરવામાં આવેછે અથવા રાખ્યું છે અથવા સંતાડ્યું છે અથવા તાડી કાહાડવામાં આવેછે અથવા દારૂ અથવા કાંઇ કેફલાવનારૂ વસાણું આ આકટના ઠરાવ વિરૂધ તઇયાર કરવા સારૂ કોઇ અર્ક કાહાડવાના યંત્રનો અથવા પાત્રનો અથવા ઓઝારનો અથવા સંચનો ઉપયોગ કરવામાં આવેછે અથવા રાખ્યુ છે અથવા સંતાડ્યુ છે એવું લાગવાનો પોતાને સબબ હોય તે ઇમારતમાં અથવા વાહાણમા અથવા ઘેરી લીધેલી જગામાં દાહાડે અથવા રાતરે હરકોઇ વખતે પેશવાનો; અને

(ક) કાંઇ અટકાવ હોય તો સદરહુ પ્રકારની કોઇ દુકાનમાં અથવા ઠેકાણામાં અથવા ઇમારતમાં અથવા વાહાણમાં અથવા બીજી જગામાં પોતે પેસવા સારૂ કોઇ દરવાજો ભાંગવાનો તથા બીજો કાંઇ પ્રતિબંધ હોય ત કાહાડી નાંખવાનો; અને

(ડ) કોઇ દારૂ અથવા વસાણું તથા તે તઇયાર કરવામાં ઉપયોગ કરેલો કાંઇ માલ મસાલો અને અર્ક કાહાડવાનું કોઈ યંત્ર અથવા પાત્ર અથવા ઓઝાર અથવા સંચ અને બીજી કાંઇ વસ્તુ જે આ આકટ પ્રમાણે અથવા અબકારી મેહેસુલ સંબંધી જે વખતે જે બીજો કાયદો અમલમાં હોય તે બીજા કાયદા પ્રમાણે જપ્ત થઇને સરકાર દાખલ થવાને પાત્રછે એવું લાગવાનો પોતાને સબબ હોય તે પકડવાનો; અને

(ઇ) જે માણસે આ આકટ પ્રમાણે અથવા અબકારી મેહેસુલ સંબંધી જે વખત જે બીજો કાયદો અમલમાં હોય તે બીજા કાયદા પ્રમાણે કાંઇ ગુન્હો કર્યો છે એવું લાગવાનો પોતાને સબબ હોય તે માણસને અટકાવી રાખવાનો તથા તેનો ઝાડો લેવાનો અને પોતાને યોગ્ય લાગેતો તેને પકડવાનો અધિકાર છે.

ખુલ્લી જગામાં દારૂ વગેરે પકડવાનો તથા અટકાવી રાખવાનો તથા ઝાડા લેવાનો તથા પકડવાનો અધિકાર.

૩૭. કોઇ કમિશનરને અથવા કલેકટરને અથવા આ બાબત જે બીજા અબકારી આફિસરને યોગ્ય રીતે અધિકાર આપ્યો હોય તે બીજા અબકારી આફિસરને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે, એટલે—

(અ) કોઇ દારૂ અથવા કેફ લાવનારૂ વસાણું અથવા બીજી કાંઇ વસ્તુ આ આક્ટ પ્રમાણે અથવા અબકારી મેહેસુલસબંધી જે વખત જે બીજો કાયદો અમલમાં હોય તે બીજા કાયદા પ્રમાણે જપ્ત થઇને સરકાર દાખલ થવાને પાત્ર છે એવું લાગવાનો પોતાને સબબ હોય તે દારૂ અથવા કેફ લાવનાર વસાણું અથવા બીજી વસ્તુ કોઇ ખુલ્લી જગામાં અથવા રસ્તામાં જતાં પકડવાનો,

(બ) જે માણસે આ આક્ટવિરૂદ્ધ અથવા સદરહુ પ્રકારના બીજા કોઇ કાયદાવિરૂદ્ધ ગુન્હો કર્યો છે એવું લાગવાનો પોતાને સબબ હોય તે માણસને અટકાવી રાખવાનો તથા તેનો ઝાડો લેવાનો અને સદરહુ પ્રકારનાં માણસના કબજામાં સદરહૂ પ્રકારનો કાંઇ દારૂ અથવા વસાણાં અથવા બીજી વસ્તુ હોય તો તેને પકડવાનો અધિકાર છે.

ઝાડા કેમ લેવા.

૩૮ ઉપરની છેલ્લી બે કલમ પ્રમાણે લેવાના સઘળા ઝાડા ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઠરાવ પ્રમાણે લેવા.

કેટલાંએક ખાતાંના આફિસરોએ મદદ કરવાની જરૂર છે.

૩૯ પોલીસના અથવા કસ્ટમના અથવા મીઠાનાં અથવા અફીણનાં અથવા મેહેસુલનાં અથવા મુંબઇના પોર્ટ ટ્રસ્ટનાં ખાતાના સઘળા આફિસરોએ આ આક્ટના ઠરાવ અમલમાં લાવવામાં કોઇપણ અબકારી આફિસરને મદદ કરવી એ કાયદાપ્રમાણે જરૂર છે.

વારંટ કરવું.

૪૦ હેઠળ લખેલાં કારણ સારૂ વારંટ કરવાનો અધિકાર કોઇ પણ કમિશનરને અથવા કલેક્ટરને અથવા આ બાબત યોગ્ય રીતે અધિકાર આપેલા બીજા અબકારી આફિસરને અથવા માજીસ્ટ્રેટને છે—

(અ) જે કોઇ માણસે આ આક્ટ વિરૂધ અથવા અબકારી મેહેસુલ સબંધી જે વખતે જે બીજો કાયદો અમલમાં હોય તે બીજા કાયદા વિરૂદ્ધ ગુન્હો કરયો છે એવું લાગવાનો પોતાને સબબ હોય તે માણસને પકડવા સારૂ; અથવા

(બ) જે કોઇ ઇમારતમાં અથવા વાહાણમાં અથવા જગામાં આ આક્ટના ઠરાવ વિરૂધ દારૂ અથવા કેફ લાવનારૂં વસાણું તઇયાર કરવામાં આવેછે અથવા વેચવામાં આવેછે અથવા તાડી કાહાડવામાં આવેછે અથવા આ આક્ટ પ્રમાણે અથવા અબકારી સંબંધી જે બીજો કાયદો જે વખતે જે અમલમાં હોય તે કાયદાના ઠરાવ પ્રમાણે જપ્ત થઇને સરકાર દાખલ થવાને પાત્ર હોય તેવો કાંઇ દારૂ અથવા કેફ લાવનારૂં વસાણું અથવા બીજી વસ્તુ રાખીછે અથવા સંતાડી છે એવું લાગવાનો પોતાને સબબ હોય તે ઇમારતનો અથવા વાહાણનો અથવા જગાનો દિવસે અથવા રાતરે ઝાડો લેવા સારૂ વારંટ કરવાનો અધિકાર છે.

આ કલમ પ્રમાણે કરેલાં સઘળાં વારંટો, પોલીસ આફિસરે અથવા આ બાબત યોગ્ય રીતે અધિકાર આપેલા અબકારી આફિસરે અથવા વારંટ કરનારા આફિસરને યોગ્ય લાગેતો બીજા કોઇપણ માણસે ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઠરાવ પ્રમાણે બજાવવાં.

૪૧. છત્રીસમી અથવા સાડત્રીસમી અથવા ચાળીસમી કલમ પ્રમાણે પકડેલું દરએક

પકડેલાં માણસની અથવા વસ્તુની વ્યવસ્થા. | માણસના તથા પકડેલી દરએક વસ્તુ વાર નલગાડતાં છેક નજીકનું પોલીસ થાણું જે આફિસરને સ્વાધીન હોય તે

આફિસરની પાસે મોકલવી. તેણે પછી તે મુકરદમાની, જે ગુન્હા બાબત વગર વારંટે પકડવાનો અધિકાર પોલીસને છે તેવા ગુન્હાના મુકરદમા પ્રમાણે ચોકશી કરીને વ્યવસ્થા કરવી.

૪૨. જે દુકાનમાં દારૂ અથવા કેફ લાવનારૂં કાંઇ વસાણું પરચુરણ વેચવામાં

લોકોમા સ્વસ્થતા રેહેવા સારૂ દુકાન બંધ કરવી. | આવતું હોય તે દુકાન લોકોમાં સ્વસ્થતા રેહેવા સારૂ જે જે વખતે બંધ રાખવાની પોતાને અવશ્ય લાગે તે તે વખતે

તે બંધ કરવી એવું લાઇસેન્સવાળાને લખેલી નોટીસ આપીને ફરમાવવાનો કલેક્ટરને અધિકાર છે.

સદરહુ પ્રકારની દુકાનની આસપાસ હંગામો થયો હોય અથવા કાયદા વિરૂધ મંડળી એકઠી થઇ હોયતો જે માજીસ્ત્રેટ અથવા પોલીસ આફીસર હાજર હોય તેને હેઠળ લખ્યા પ્રમાણે ફરમાવવાનો અધિકાર છે એટલે પોતાને યોગ્ય લાગે તે મુદત સુધી તે દુકાન બંધ રાખવી એવું ફરમાવવાનો અધિકાર છે.

૧૦ શિક્ષા.

૪૩. જે કોઇ આ આક્ટ અથવા આ આક્ટ પ્રમાણે કરેલી કોઇ કાનુન અથવા

ગેરકાયદાસર રીતે લાવવા વિગરે બાબત. | હુકમ અથવા આ આક્ટ પ્રમાણે લીધેલું કોઇ લાઇસેન્સ અથવા પરવાનગીચિઠી અથવા પાસ તોડીને—

(અ) મુંબઇ ઇલાકાના કોઈ ભાગમાં દારૂ અથવા કેફ લાવનારૂં કાંઇ વસાણું લાવશે અથવા મુંબઇ ઇલાકાના કોઇ ભાગમાંથી દારૂ અથવા કેફ લાવનારૂં કાંઇ વસાણું બાહાર મોકલશે, અથવા

(બ) દારૂ અથવા કેફ લાવનારૂં કાંઇ વસાણું એક જગાએથી બીજી જગાએ મોકલશે અથવા લઇ જશે, અથવા

(ક) દારૂ અથવા કેફ લાવનારૂં કાંઇ વસાણું તઇયાર કરશે અથવા

(ડ) કોઇ ઝાડમાંથી તાડી કાહાડશે, અથવા

(ઇ) કોઇ ભઠી અથવા બરૂઅરી બાંધશે, અથવા ચલાવશે, અથવા

(ફ) દારૂ અથવા કેફ લાવનારૂં કાંઇ વસાણું તઇયાર કરવાના કોઇ કારણ સારૂ માલ મસાલાનો અથવા અર્ક કાહાડવાનાં કોઇ યંત્રનો અથવા પાત્રનો અથવા ઓઝારનો અથવા સંચનો ઉપયોગ કરશે અથવા રાખશે અથવા પોતાના કબજામાં રાખશે, અથવા

(ગ) દારૂ અથવા કેફ લાવનારૂં કાંઇ વસાણું વેચશે,

તેને સદરહુ પ્રકારના દરએક ગુન્હા બાબત ઘણામાં ઘણા એક હજાર રૂપીઆ સુધી દંડની અથવા ઘણામાંઘણા છ મહિના સુધી કેદની શિક્ષા અથવા આ બેઉ શિક્ષા થશે.

૪૪. જે કોઇ આ આક્ટ અથવા આ આક્ટ પ્રમાણે કરેલી કોઇ કાનુન અથવા

માપ વિગેરે રાખવાની ગફલત કરવા બાબત.

હુકમ અથવા આ આક્ટ પ્રમાણે લીધેલું કાંઇ લાઇસેન્સ અથવા પરવાનગી ચીઠી અથવા પાસ તોડીને—

(અ) દારૂ માપવા સારૂ માપ અથવા દારૂનો કસ તપાસવા સારૂ યંત્રો પોતે મેળવી રાખવાની અથવા તે સારી સ્થિતિમાં રાખવાની ગફલત કરશે, અથવા

(બ) પોતાના કબજામાંનો કોઇ દારૂ માપવાની અથવા તેનો કસ અથવા પ્રત કાહાડવાની ના કહેશે.

તેને સદરહુ પ્રકારના દરએક ગુન્હા બાબત ઘણામાંઘણા પાંસેં રૂપીયા સુધી દંડ થશે.

લાઇસેન્સવાળાએ ગેરચાલ વગેરે કરવા બાબત.

૪૫ જે કોઇ આ આક્ટ પ્રમાણે આપેલું લાઇસેન્સ અથવા પરવાનગીચિઠી અથવા પાસ ધારણ કરનારો હોઇને,

(અ) સદરહુ પ્રકારનું લાઇસેનસ અથવા પરવાનગીચિઠી અથવા પાસ માગવાનો યોગ્ય રીતે અધિકાર આપેલા કોઇ અબકારી આપીસરે અથવા ઓગણચાળીસમી કલમમાં કહેલાં ખાતાનો કોઇ આપીસર પટાવાળાના કરતાં અથવા કાનસ્ટેબલના કરતાં વરિષ્ઠ દરજાનો હોય તે તે લાઇસેનસ અથવા પરવાનગી ચિઠી અથવા પાસ માગે ત્યારે હાજર કરવાને ચુકશે; અથવા

(બ) આ આક્ટ પ્રમાણે કરેલી કાંઇ કાનુન અથવા હુકમ તોડીને કાંઇ વાત જાણીજોઇને કરશે અથવા કરવાની તે વરજ કરશે; અથવા

(ક) જે કાંઇ કૃત્યબાબત આ આક્ટમાં બીજી રીતનો ઠરાવ કરેલો નહી હોય એવું કૃત્ય પોતાનાં લૈસેન્સમાંની શરતો પૈકી કોઇ શરત વિરૂદ્ધ કરશે, અથવા

(ડ) આ આક્ટની પંદરમી કલમ પ્રમાણે સ્થાપેલી સરકારી ભઠીની વ્યવસ્થા રાખવાસારૂ કમિશનરે ઠરાવેલી કાંઇ કાનુન જાણીજોઇને તોડશે, અથવા

(ઇ) સદરહુ પ્રકારની કોઇ સરકારી ભઠીમાં દારૂ તૈયાર કરવાની પરવાનગી પોતાને જે શરતે આપી હશે તે શરત વિરૂદ્ધ કાંઇ કૃત્ય કરશે, અથવા

(ફ) જે દુકાનમાં અથવા જગામાં સદરહુ પ્રકારનો દારૂ અથવા વસાણું વેચવામાં આવતાં હોય અથવા તૈયાર કરવામાં આવતાં હોય તે દુકાનમાં અથવા જગામાં લોકોને દારૂપીને છાકટા થવા દેશે અથવા હંગામો કરવા દેશે અથવા જુગાર રમવા દેશે, અથવા

(ગ) સદરહુ પ્રકારની કોઇ દુકાનમાં અથવા જગામાં મશહુર ગેરચાલના માણસોને એકઠા થવા દેશે અથવા રેહેવા દેશે,

તેને સદરહુ પ્રકારના દરએક ગુન્હાબાબત ઘણામાંઘણા સો રૂપિયાસુધી દંડ થશે.

લૈસેન્સવાળા વેચનારે અથવા તૈયાર કરનારે ગેરચાલ કરવા બાબત.

૪૬ જે કોઇ આ આક્ટપ્રમાણે દારૂ અથવા કેફ લાવનારૂં વસાણું વેચવાનું અથવા તૈયાર કરવાનું લૈસેન્સ ધારણ કરનાર હોઇને,

(અ) પોતે વેચવાના અથવા તૈયાર કરેલા દારૂનો અથવા કેફ લાવનારાં વસાણાંનો વાસ્તવિક અથવા દેખાઇતો કેફ લાવવામાં ગુણ અથવા કસ વધારે

તેવું કોઈ ઉપદ્રવકારક વસાણું અથવા આહારની કાંઈ જનસ અથવા પાંત્રીસમી કલમની (૯) રકમ પ્રમાણે કરેલી કોઈ કાનુન ઉપરથી મના કરેલો કાંઈ પદાર્થ તે દારૂમાં અથવા કેફ લાવનારાં વસાણામાં મિશ્ર કરવું કરશે અથવા મિશ્ર કરવા દેશે અને સદરહુ પ્રકારનું મિશ્ર કરવું હિંદુસ્થાનના ફોજદારી કાયદાની બસો બોહોત્તેરમી કલમપ્રમાણે ભેળ કરવાનો ગુન્હો થતો નહી હોય, ત્યારે અથવા

(ખ) જે દારૂ ગામઠી દારૂ છે એવી પોતાને ખબર છતાં અથવા જાણવાનો સબબ છતાં તે દારૂ યુરોપના અથવા પારકાદેશના દારૂ તરીકે વેચશે અથવા રાખશે અથવા વેચવાને માંડી મુકશે, અથવા

(ક) જે બાટલીમાં અથવા પેટીમા અથવા પ્યાકેજમાં અથવા બીજા પાત્રમાં ગામઠી દારૂ હશે તે બાટલીના બુચ ઉપર અથવા બાટલીઉપર અથવા પેટી ઉપર અથવા પ્યાકેજઉપર અથવા બીજાં પાત્રઉપર હેઠળ લખેલા ઇરાદાથી નિશાણી કરશે અથવા જે બાટલીમાં અથવા પેટીમાં અથવા પ્યાકેજમાં અથવા બીજા પાત્રમાં ગામઠી દારૂ હોય તે બાટલીનો અથવા પેટીનો અથવા પ્યાકેજનો અથવા બીજા પાત્રનો તેનીઉપર અથવા તેના બુચઉપર કાંઈ નિશાણી હોય તેનો હેઠળ લખેલા ઇરાદાથી ઉપયોગ કરશે એટલે તે બાટલીમાં અથવા પેટીમાં અથવા પ્યાકેજમાં અથવા બીજા પાત્રમાં યુરોપનો અથવા પારકાદેશનો દારૂ છે એવું લાગે એવા ઇરાદાથી નિશાણી કરશે અથવા ઉપયોગ કરશે અને સદરહુ પ્રકારનું કૃત્ય, કોઈ માણસને ફસાવવાના અથવા તેને નુકશાન કરવાના ઇરાદાથી વેપારની ખોટી નિશાણી કરવાનો ગુન્હો હિંદુસ્થાનના ફોજદારી કાયદાની ચારશે બ્યાસીમી કલમપ્રમાણે થતું નહી હોય ત્યારે, અથવા

(ડ) કોઈ બાટલીઉપર અથવા પેટીઉપર અથવા પ્યાકેજઉપર અથવા બીજાં પાત્રઉપર અથવા તેના બુચ ઉપર કાંઈ નિશાણી હોય ને હેઠળ લખેલા ઇરાદાથી તે બાટલીમાં અથવા પેટીમાં અથવા પ્યાકેજમાં અથવા બીજાં પાત્રમાં કાંઈ ગામઠી દારૂ વેચશે અથવા રાખશે અથવા વેચવાને માંડી મુકશે એટલે તે બાટલીમાં અથવા પેટીમાં અથવા પ્યાકેજમાં અથવા બીજાં પાત્રમાં યુરોપનો અથવા પારકાદેશનો દારૂ છે એવું લાગે એવા ઇરાદાથી વેચશે અથવા રાખશે અથવા વેચવાને માંડી મુકશે અને તે કૃત્ય, વેપારની બનાવટની નિશાણી જેના ઉપર છે એવો માલ વેચવાનો ગુન્હો હિંદુસ્થાનના ફોજદારી કાયદાની ચારશે છાસીમી કલમપ્રમાણે થતું નહી હોય ત્યારે,

તેને સદરહુ પ્રકારના દરએક ગુન્હાબાબત પાંચશે રૂપિયાસુધી દંડની અથવા વધુમાં વધુ ત્રણ મહિનાસુધી કેદની શિક્ષા અથવા આ બેઉ શિક્ષા થશે.

ગેરકાયદાસર રીતે દારૂ કબજામાં રાખવા વગેરે બદલ.

૪૭ આ આક્ટપ્રમાણે લીધેલાં કોઈ લૈસેન્સના અથવા પરવાનગીચિઠીના અથવા પાસના અથવા વિશેષ હુકમનાં આધારવગર જે કોઈ, સતરમી કલમના ઠરાવપ્રમાણે જેટલો ગામઠી દારૂ અથવા

કેફ લાવનારૂં કાંઈ વસાણું પરચુરણ વેચવાનો કાયદાસરરીતે અધિકાર હોય તેના કરતાં વધારે ગામઠી દારૂ અથવા કેફલાવનારૂં વસાણું જે પ્રદેશને અથવા જગાને સદરહુ કલમના ઠરાવ લાગુ કર્યા હશે તે પ્રદેશમાં અથવા જગામાં પોતાના કબજામાં રાખશે તેને ઘણામાંઘણા બશે રૂપિઆસુધી દંડ થશે.

દ્વેષથીખોટી બાતમી આપ્યા બાબત.

૪૮ કોઈ માણસે આ આકટવિરૂધ્ધ ગુન્હો કરયો છે અથવા તેમાં સામિલ છે એવી ખોટી બાતમી દ્વેષથી જે કોઇ હેરાન કરવાના ઇરાદાથી આપશે એટલે તે માણસને પકડવામાં આવે અથવા કોઇ ઇમારતનો અથવા વાહાંણનો અથવા બીજી જગાનો ઝાડો લેવામાં આવે તથા તેથી કરીને સદરહુ પ્રકારનાં માણસનું અથવા બીજાં કોઈ માણસનું નુકશાન થાય અથવા તે ત્રાહે ત્રાહે થાય એવા ઇરાદાથી આપશે તેને ઘણામાંઘણા છ મહિનાસુધી કેદની શિક્ષા અથવા ઘણામાંઘણા પાંચશે રૂપિયાસુધી દંડ અથવા આ બેઉ શિક્ષા થશે.

ત્રાસદાયક ઝાડા અથવા પકડવુ એ બાબત.

૪૯ જે કોઇ અબકારી અથવા બીજો આફિસર વેહેમના વાજબી સબબવગર કોઇ ઇમારતમાં અથવા વાહાંણમાં અથવા જગામાં પેસશે અથવા તેનો ઝાડો લેશે અથવા ઝાડો લેવરાવશે,

અથવા આ આકટ પ્રમાણે જપ્ત થઇને સરકાર દાખલ થવાને પાત્ર હોય તેવી કોઇ વસ્તુ પકડવાનાં અથવા તેબાબત ઝાડા લેવાનાં બાહાનાંથી કોઈ માણસનો માલ ત્રાસદાયક રીતે તથા કારણવગર પકડશે,

અથવા કોઈ માણસને ત્રાસદાયક બુધ્ધીથી તથા કારણવગર અટકાવી રાખશે અથવા તેનો ઝાડો લેશે અથવા તેને પકડશે,

તેને સદરહુ પ્રકારના દરએક ગુન્હાબાબત ઘણામાંઘણા પાંચશે રૂપિયાસુધી દંડ થશે.

ત્રાસદાયક બુધ્ધીથી વાર લગાડવા બાબત.

૫૦ જે કોઈ અબકારી અથવા બીજો આફિસર અથવા માણસ આ આકટ પ્રમાણે પકડેલાં કોઇ માણસને અથવા પકડેલાં ગેરકાયદાસર પદારથને આ આકટની એકતાળીસમી કલમમાં કહ્યા પ્રમાણે છેક નજીકનું પોલીસથાણું જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારની પાસે મોકલવાને ત્રાસદાયક બુધ્ધિથી તથા કારણ વગર વાર લગાડશે તેને ઘણામાં ઘણા બસેં રૂપીઆ સુધી દંડ થશે.

પકડેલાં માણસો નાશી જવા તરફ આંખ આડા કાન કરવા વગેરે બાબત.

૫૧. જે કોઇ આબકારી અથવા બીજો આફીસર આ આકટ પ્રમાણે પકડેલા કોઇ માણસને ગેરકાયદાસર રીતે છોડી દેશે અથવા તે નાશી જવા તરફ આંખ આડા કાન કરશે અથવા આ આકટ વીરૂધ કાંઈ ગુનોહ કરવા તરફ આંખ આડા કાન કરશે, અથવા

જે કોઈ વાત ઊપરથી આ આકટના ઠરાવો પઈકી કોઇ ઠરાવમાંથી છટકી જવાય અથવા તે તોડવાની અથવા અબકારી મેહેસુલ ડુબાડવાની વાત કોઇ માણસથી કરી શકાય એટલા સારૂ પોતાનાં કરતવ્ય કરમ વીરૂધ કોઈ રીતે વરતશે.

અને ઓગણચાળીસમી કલમમાં કહેલાં બીજાં કોઇ ખાતાંના જે કોઇ આફીસરને સ્થાનીક હકુમત આપેલી હશે તે તથા જે પોતાની હકુમતમાંહેની કોઇ જગામાં

આ આક્ટ વીરૂધ કોઈ ગુનોહ કરવા તરફ આંખ આડા કાન કરશે,

તેને સદરહુ પ્રકારના દરએક ગુનાહ બાબત ઘણામાં ઘણા પાંચસે રૂપીયા સુધી દંડની અથવા ઘણામાં ઘણા છ મહીના સુધી કેદની શીક્ષા અથવા આ બેઉ શીક્ષા થશે.

અબકારી આફીસરને મદદ કરવાની ગફલતકરયા બાબત.

૫૨. ઓગણચાળીસમી કલમમાં કહેલાં ખાતાં પઇકી કોઈ ખાતાંનો જે કોઈ અમલદાર આ આક્ટના ઠરાવ અમલમાં લાવવામાં કોઈ અબકારી આફીસરને મદદ કરવામાં કાયદા સર કારણ વગર ગફલત કરશે અથવા ના કહેશે તેને પાંચસેં રૂપીયા સુધી દંડ થશે.

કેટલાએક મુકદમામાં ગુનોહ કરયાબાબતસિધ્ધવતસમજવું.

૫૩. સેતાળીસમી અથવા ૪૭ મી કલમ પ્રમાણે ફરીઆદ થાય તેમાં ઉલટું સાબેત કરવામાં આવે ત્યાં સુધી હેઠળ લખ્યા પ્રમાણે સિધ્ધવત સમજવું એટલે જે કોઈ દારૂ અથવા કેફ લાવનારૂં વસાણું તઈયાર કરવાનું કોઈ અરક કહાડવાનું યંત્ર અથવા પાત્ર અથવા ઓજાર અથવા સંચ. અથવા દારૂ અથવા કોઈ કેફ લાવનારૂં વસાણું તઈયાર કરવામાં જે માલ મસાલો ઘણુંકરીને ઊપયોગ કરે છે તે માલ મસાલો પોતાના કબજામાં હોવા બાબત જે તેહોમતદારથી ખાત્રિ થાય એવો જવાબ આપી શકાતો ન હોય તેણે તે દારૂ બાબત અથવા કેફ લાવનારાં વસાણાં બાબત અથવા અરક કહાડવાનાં યંત્ર બાબત અથવા પાત્ર બાબત અથવા ઓજાર બાબત અથવા સંચ બાબત અથવા માલ મસાલા બાબત સદરહુ કલમ પ્રમાણે ગુનોહ કરયો છે એવું સિધ્ધવત સમજવું.

અને વાસ્તવીક ગુનોહ કરનાર જવાબદાર થશે તેજ પ્રમાણે આ આક્ટ મુજબ લાઇસેન્સ અથવા પરવાનગી ચીઠી અથવા પાસ ધારણ કરનાર પણ પોતાની ચાકરીમાંનું અથવા પોતાની તરફથી કામ કરનારૂં કોઈ માણસ તેતાળીસમી અથવા ચુંવાળીસમી અથવા પીતાળીસમી અથવા છેતાળીસમી કલમ પ્રમાણે કાંઈ ગુનોહ કરયા બાબત તે ગુનોહ પોતે જાતે કરયો હોય તે પ્રમાણે જવાબદાર થશે. પણ સદરહુ પ્રકારનો ગુનોહ ન થાય એટલા માટે પોતે સઘળા યોગ્ય તથા વ્યાજબી પુરતોપાય કરયા હતા એવું તે સાબેત કરશે તો જવાબદાર થનાર નથી.

કઈ વસ્તુ જપ્ત થઈને સરકાર દાખલ થવાને પાત્ર છે.

૫૪. આ આક્ટ અથવા આ આક્ટ પ્રમાણે કરેલી કોઈ કાનુન અથવા હુકમ અથવા આ આક્ટ પ્રમાણે લીધેલું કોઈ લાઇસેન્સ અથવા પરવાનગી ચીઠી અથવા પાસ તોડીને આણેલો અથવા બહાર મોકલેલો અથવા એક જગાએથી બીજી જગાએ મોકલેલો અથવા લેઈ ગએલો અથવા તઈયાર કરેલો અથવા વેચેલો અથવા કબજામાં હોય તે સઘળો દારૂ અથવા કેફ લાવનારાં વસાણાં, અને

આ આક્ટ અથવા સદરહુ પ્રકારની કોઈ કાનુન અથવા હુકમ અથવા લાઇસેન્સ અથવા પરવાનગીચીઠી અથવા પાસ તોડીને કોઈ ઝાડમાંથી કહાડેલી સઘળી તાડી; અને

સદરહુ પ્રમાણે આણેલા અથવા બહાર મોકલેલા અથવા એક જગાએથી બીજી જગાએ મોકલેલા અથવા લેઈ ગએલા અથવા તઈયાર કરેલા અથવા વેચેલા અથવા કબજામાં હોય તે દારૂ સાથે અથવા દારૂ શીવાય વળી બીજો અથવા કેફ લાવનારાં વસાણાં સાથે અથવા વસાણાં શીવાય વળી બીજો કાયદાસર રીતે આણેલો અથવા બહાર મોકલેલો અથવા એક જગોએથી બીજી જગોએ મોકલેલો અથવા લઈ ગએલો અથવા તઈયાર કરેલો અથવા વેચેલો અથવા કબજામાં હોય (જો હોય તો) તે સઘળો દારૂ તથા કેફ લાવનારાં સઘળાં વસાણાં અથવા સદરહુ પ્રમાણે કહાડેલી તાડી સાથે અથવા તે શીવાય વળી બીજી કાયદાસર રીતે કહાડેલી (હોય તો) તે સઘળી તાડી અને

દારૂ અથવા કેફ લાવનારાં કાંઈ વસાણાં તઈયાર કરવાનાં અરક કહાડવાનાં યંત્રોનો અથવા પાત્રોનો અથવા ઓજારોનો અથવા સંચનો આ આકટ અથવા આ આકટ પ્રમાણે કરેલી કોઈ કાનુન અથવા હુકમ અથવા આ આકટ પ્રમાણે લીધેલું કાંઈ લાઈસેન્સ તોડીને ઉપયોગ કર્યો હોય અથવા તે રાખ્યાં હોય અથવા કબજામાં હોય તે સઘળાં અરક કહાડવાનાં યંત્રો અથવા પાત્રો અથવા ઓજારો અથવા સંચ, અને

દારૂ અથવા કેફ લાવનારૂં કાંઈ વસાણું ગેરકાયદાસર રીતે તઈયાર કરવા સારૂ એકઠો કરેલો અથવા કબજામાં રાખેલો સઘળો માલ મસાલો, અને

સદરહુ પ્રકારનો કાંઈ દારૂ અથવા કેફ લાવનારૂં વસાણું અથવા અરક કહાડવાનું યંત્ર અથવા પાત્ર અથવા ઓજાર અથવા સંચ અથવા માલ મસાલો જે પાત્રમાં તથા પ્યાકેજમાં તથા બારદાનમાં મળ્યો હોય તે પાત્રો તથા પ્યાકેજો તથા બારદાનો અને તે પાત્રોમાં અથવા પાકેજોમાં બીજો પદાર્થ હોય તો તે બીજો પદાર્થ અને તે લઈ જવામાં ઉપયોગ કરેલાં જનાવરો અથવા ગાડાં અથવા વહાણો અથવા બીજાં વાહનો,

જપ્ત થઈ સરકાર દાખલ થવાને પાત્ર થશે.

જપ્ત કરીને સરકાર દાખલ કરવાનો હુકમ કોણે કરવો.

૫૫. આ આકટ પ્રમાણે જપ્ત કરીને સરકાર દાખલ કરવાના સઘળા ઠરાવ કલેકટરે કરવા જોઈએ.

પણ એવું ઠરાવ્યું છે કે જપ્ત કરીને સરકાર દાખલ કરવાનો હુકમ, જે વસ્તુ જપ્ત કરીને સરકાર દાખલ કરવાનો ઇરાદો હોય તે વસ્તુ પકડાયાની તારીખથી એક મહીનો થયા વગર અથવા તે વસ્તુ બાબત જે માણસો દાવો કરતાં હોય તેઓનું બોલવું તથા તે પોતાના દાવાની સાબેતી સારૂ કાંઈ પુરાવો હાજર કરે તે પુરાવો સાંભળી લીધા વગર કરવો નહી.

છોડાવી લેવાનો અધિકાર છે.

આ આકટ પ્રમાણે જપ્ત કરીને સરકાર દાખલ કરવાનો હુકમ કર્યો હોય ત્યારે પોતાને યોગ્ય લાગે તેવો દંડ આપીને, જપ્ત કરેલો માલ છોડાવી લેવાની છુટ તે માલના ધણીને આપવાને કલેકટર પોતાના પ્રસંગાનુસાર વર્તનાધિકારથી મુખત્યાર છે.

૧૧ કામ ચલાવવાની રીત.

ગુનાહનો ઇનસાફ કરવાનો અધિકાર.

૫૬. આ આકટ વીરૂધ્ધ જે ગુનાહ હોય તેઓનો ઇનસાફ કરવાનો અધિકાર માજીસ્ત્રેટને છે.

હીંદુસ્તાનના ફોજદારી કાયદાના કેટલાએક ભાગ લાગુ કરવા.

૫૭. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ચોસેઠમીથી તે સીતરમી સુધીની કલમો માંહેના ઠરાવ આ આકટ પ્રમાણે માજીસ્ત્રેટે કરેલા સઘળા દંડને લાગુ થશે અને આ આકટ પ્રમાણે ઠરાવેલી કાઈ કેદ, હીંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે એ પઈકી ગમે તે એક પ્રકારની હોય તોપણ ચિંતા નથી.

જપ્ત કરીને સરકાર દાખલ કરેલી વસ્તુની વ્યવસ્થા.

૫૮. આ આકટ પ્રમાણે જપ્ત કરીને સરકાર દાખલ કરેલી સઘળી વસ્તુની વ્યવસ્થા આ બાબત સ્પષ્ટકરીને અથવા કોઈ વીશેષ પ્રસંગે કરેલી કાનુનમાં અથવા હુકમમાં કમીશનરોએ વખતે વખતે જે રીત ફરમાવી હશે તે રીતે કરવી.

બક્ષીસો આપવી.

૫૯ આ આકટ પ્રમાણે દંડ કરયો હોય તથા વસ્તુ જપ્ત કરીને સરકાર દાખલ કરી હોય તેઓની ઉપજમાંથી આફીસરોને તથા બાતમીદારોને બક્ષિસો આપવાનું નીયમન કરવા સારૂ વખતે વખતે કાનુન કરવાનો અધિકાર સરકારને છે.

અપીલો.

૬૦. કલેકટર અથવા કમીશનર શીવાય બીજા કોઈ અબકારી આફિસરે આ આકટપ્રમાણે કરેલા સઘળા હુકમઉપર અપીલ હુકમની તારીખથી સાહાઠ દિવસની અંદર હરકોઈ વખતે ચાલશે.

કલેકટરે કરેલા સઘળા હુકમ ઉપર કમિશનરને ત્યાંહાં અથવા કમિશનરે કરેલા સઘળા હુકમ ઉપર સરકારમાં અપીલ હુકમની તારીખથી નેવું દિવસની અંદર હરકોઈ વખતે ચાલશે.

પણ એવું ઠરાવ્યું છે કે કમિશનરે અપીલમાં કરેલા હુકમઉપર અપીલ ચાલશે નહી.

રેવેન્યુખાતામાં અપીલસબંધી કાનુન જે વખતે જે અમલમાં હશે તે કાનુન આ આકટપ્રમાણે કરેલી અપીલોને પાછલા ઠરાવોને અનુસરીને લાગુ થશે.

૧૨ પરચુરણ.

કેટલાએક આકટ કાયમ રાખ્યા.

૬૧ છાવણીમાં ગાળેલા દારૂવગેરેનાં વેચાણનું નિયમન કરવા બાબતનો આકટ એ નામનો સન ૧૮૫૩ નો ૧૮ મો આકટ છે તે આકટને અથવા મુંબઈ ઇલાકાની લશ્કરી છાવણીઓની વ્યવસ્થા રાખવાસારૂ નિયમ ઠરાવવાબાબતનો આકટ એ નામનો સન ૧૮૬૭ નો મુંબઈનો ૩ જો આકટ છે તેની એકવીસમીથી તે સત્તાવીસમી કલમ સુધીની કલમોને અથવા ફક્ત ઔશધમાંજ અથવા કારખાનામાંજ અથવા રશાયણમાંજ માત્ર જે અર્કાશ્રિત દારૂનો ઉપયોગ કરવાનો હોય તે દરૂની એક્સૈસની જકાત લેવાબાબત વિશેષ ઠરાવ કરવા બાબતનો આકટ એ નામનો સન ૧૮૬૩ નો ૧૬ મો આકટ છે તે આકટને અથવા સન ૧૮૬૧ ના નવેંબર મહિનાની ૧૬મી તારીખે હિંદુસ્થાનનો કૌંસિલનો આકટ અમલમાં આવ્યો તે તારીખથી ગવરનર જનરલ ઇનકૌંસલે ઠરાવેલા હરકોઇ આકટને આ આકટના કોઈપણ ઠરાવથી બાધ આવેછે એમ સમજવું નહી.

૬૨ શુદ્ધબુદ્ધિથી કાંઇ ઓસડ તરીકે કરેલો પદાર્થ ઓશડના કારણસારૂ વેદોએ

ઓશડ તરીકે તૈયાર કરેલા પદાર્થને આ આકટ લાગુ નથી.

અથવા રસાયણ શાસ્ત્ર સંબંધી પદારથ તૈયાર કરનારાઓએ અથવા વેચનારાઓએ અથવા વસાણાં વેચનારાઓએ અથવા આપાથેકરીઓએ અથવા દવાખાંનાવાળાઓએ તઇયાર કરવાને અથવા વેચવાને અથવા પુરો પાડવાને આ આકટના પાછલા ઠરાવ લાગુ છે એમ સમજવું નહી. પણ કોઇ નિર્દિષ્ટ કરેલા પ્રદેશમા અથવા જગામાં કલેકટરે આપેલાં લેસેન્સ વગર સદરહુ પ્રકારનો કાંઇ પદારથ વેચવાની મના હરકોઇ વખત કરવાનો અધિકાર સરકારને મુંબાઇના સરકારી ગ્યાજેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને છે. સદરહુ પ્રકારનું લેસેન્સ જે ફી તથા જે શરતો ઠરાવવાનું સરકારને યોગ્ય લાગે તે ફી આપે તો તથા તે શરત મુજબ આપવું.

૬૩. સંને ૧૮૬૩ ના મુંબાઇના ૯ મા આકટ પ્રમાણે લાઇસેન્સ આપ્યાથી અથ

સને ૧૮૬૭ના મુંબાઇના ૯ મા આકટપ્રમાણેનાણું પોહોચતું હશે તેને બદલે મુંબાઇના મ્યુનીસીપલ કારપોરેશનને વારશીક અવેજ આપવો તે.

વા વસ્તુ સરકાર દાખલ કર્યાથી અથવા દંડ કર્યાથી તથા ગુનેહગારી ઠરાવ્યાથી જે નાણું વસુલ થાય અથવા જમા થાય અથવા મળે તે સઘળું મ્યુનીશીપલ કારણ સારૂ મુંબાઇ શેહેરના મ્યુનીશીપલ ફંડ ખાતે જમે કરવું એવું સદરહુ આકટની ૧૪ મી કલમમાં ઠરાવ્યું છે, વાસ્તે આ કલમ ઊપરથી એવું ઠરાવ્યું છે કે જે નાણું મુંબાઇ શેહેરના મ્યુનીશીપલ કારપોરેશનને આજ સુધી સદરહુ પ્રમાણે પોહોચતું હતું તેને બદલે સને ૧૮૭૮ ના આગષ્ટ મહીનાની પહેલી તારીખથી સરકારે સદરહુ કારપોરેશનને સદરહુ કારણ સારૂ દર વરસ ૧,૪૩,૭૫૦ રૂપીઆની મુકરર રકમ આપે જવી.

૬૪. "પવઇ ઇસ્ટેટ" એ નામથી મશહુર થાણા જીલ્લાના સાષ્ટી બેટમાં એક

પવઇ ઇસ્ટેટના માલેકના આબકારીના વિશેષ હક બંધ થશે.

ઇસ્ટેટ છે. તે સન ૧૮૩૭ના ફેબરૂવારી મહિનાની ૧૫ મી તારીખનાં ઇનડેંચરથી (ખતથી) ઇસ્ટ ઇંડિયા કંપનીએ ફરામજી કાવસજી નામનાં એક સખસને આસઇન કરયુ હતું અને સદરહુ ફરામજી કાવસજી, હાલ મેયત, એઓના કાયદાસર વારસાવકીલને તે ઇનડેંચર મુજબ બીજી વાત બાબત હક્ક છે તેમાં સદરહુ ઇસ્ટેટના આબકારી મહેસુલ સબંધી કેટલાએક હક્ક તથા માફી છે વાસ્તે, અને સદરહુ વિશેષ પ્રકારના હક્ક તથા માફી ચાલુ રાખવી એ તે ડિસ્ટ્રીકટના એકંદર આબકારી મહેસુલને નુકસાનકારક છે વાસ્તે એવું ઠરાવ્યું છે કે જે તારીખે આ આકટ અમલમાં આવે તે તારીખે તથા તે તારીખથી સદરહુ હક્ક તથા માફી બંધ થશે તથા પુરી થશે અને સદરહુ ઇનડેંચર કદી પણ થયું ન હોત તે પ્રમાણે આ આકટના એકંદર ઠરાવ સદરહુ ઇસ્ટેટમાં અમલમા આવશે.

પણ એવું ઠરાવ્યું છે કે સન ૧૮૭૦ નો મુકદમો નંબર ૮૭૭ જેમાં મીઠીબાઇ

પણ નુકશાનનો બદલો સરકારે આપવો.

વિધવા વિગેરે વાદી છે તથા લીમજી નવરોજજી બનાજી વગેરે પ્રતિવાદી છે અને જે મુકદમો સદરહુ ફરામજી કાવસજીના સ્ટેટનો વહિવટ કરવા બાબતનો છે તે મુકદમામાં મુંબઇની ઇનસાફની હૈકોરટ

આસલ દિવાની ફરિયાદ લેવાની પોતાની મામુલ હકુમત ચલાવીને જે વખતે જે રિસીવર યોગ્ય રીતે નિમેલો હશે તેને સદરહુ હક્ક તથા માફી ગયા બાબત તથા તે પુરી થયા બાબત નુકશાનનો બદલો સરકારે આપવાનો હશે અને સરકારે આપવાને કાહાડેલી નુકશાનના બદલાની રકમથી સદરહુ પ્રકારનો રિસીવર નારાજ હશે તો આપવાની રકમ તથા સદરહુ પ્રકારનો અવેજ આપવા સબંધી બીજી સઘળી તકરારો સરકાર તથા સદરહુ પ્રકારનો રિસીવર જે માણસને કબુલ કરે તે માણસને પંચાયત સારૂ સોંપવી અને તે ફેસલો કરશે તે આખરનો થશે અથવા સદરહુ પ્રમાણે પંચાયતને સોંપવાને ચુકે તો સદરહુ પ્રકારના આપવાના અવેજની રકમ બાબતનો તથા સદરહુ પ્રકારની બીજી સઘળી તકરાર બાબતનો નિકાલ, સદરહુ હક્ક તથા માફી સાર્વજનિક કામ સારૂ જોઇતી હોય એવી થાણા ડિસ્ટ્રીકટમાંની જમીનજ હોય તે મુજબ સન ૧૮૭૦ ના જમીન લેવા બાબતના આકટના ઠરાવ જેટલી સુધી લાગુ હોય તેટલે સુધી તે ઠરાવ પ્રમાણે કરવો.

રકમ વગેરેનો નિકાલ જરૂર હોય તો સન ૧૮૭૦ ના ૧૦ મા આકટ પ્રમાણે કરવો.

વળી એવું ઠરાવ્યું છે કે નુકસાનનો બદલો સદરહુ પ્રકારના રિસીવરને આપ્યો એટલે તે બાબત બીજા કોઇ માણસના સરકાર ઉપરના સઘળા દાવા બંધ થશે.

નુકશાનનો બદલો એક વખત આપ્યો એટલે વળી બીજા દાવા બંધ થશે.

૬૫ અને માલાડ તથા દહીંસર તથા મગઠાન તથા તુળસી તથા આરેગ તથા એકસર તથા કાંનેરી અને પાહાડી સદરહુ સાષ્ટી બેટમાંના ગામ સન ૧૮૧૯ ના જાન્યુઆરી મહિનાની ૨૫ મી તારીખનાં ઇનડેંચર મુજબ ખરસેદજી આરદેસરજી તથા જાંહાંગીર આરદેસરને ઇસ્ટ ઇંડિયા કંપનીએ આસેન કરયાં હતાં. અને તે ઇનડેંચર મુજબ આસેન કરેલી જમીનમાં ઉગેલાં અથવા ઉત્પન્ન થયલાં સઘળાં તથા દરએક તાડનાં તથા બીજાં ઝાડ તથા હરકોઇ પ્રકારનું બીજું સઘળું ઉત્પન્ન કાંઇપણ કર અથવા આકાર નપડતાં તથા લાગુ નથતાં ગળવાનો તથા ધારણ કરવાનો અને ઉપભોગ લેવાનો હક્ક તે ઇનડેંચર મુજબ સદરહુ ખરસેદજી આરદેસર તથા જાંહાંગીર આરદેસર તથા તેઓના કાયદાસર વારસ વકીલોને છે વાસ્તે; અને આ પ્રમાણે છે તથાપી સદરહુ ઇનડેંચર કરી પણ થયું નહી હોય તે પ્રમાણે સદરહુ ગામના ધારણ કરનારાઓને આ આકટમાંહેના સઘળા ઠરાવ લાગુ કરવા યોગ્ય છે વાસ્તે એવું ઠરાવ્યું છે કે આ આકટપ્રમાણે બેસાડેલી અથવા બેસાડવાની કાંઇ પણ ડયુટીબાબત અથવા કરબાબત અથવા ફી બાબત માફીનો હક આ આકટ જે તારીખે અમલમાં આવે તે તારીખે સદરહુ ઇનડેંચર મુજબ સદરહુ ગામોના ધારણ કરનારાઓને હશે તે સઘળો હક્ક તે તારીખથી બંધ થશે તથા પુરો થશે.

સાષ્ટીમાંના કેટલાએક ગામો બાબત કેટલાએક હક બંધ થશે.

પણ એવું ઠરાવ્યું છે કે માફીનો સદરહુ પ્રકારનો હક બંધ થયાને લીધે કાંઇ પણ નુકશાન થશે તેનો બદલો સદરહુ ખરસેદજી આરદેસર તથા જાંહાંગીર આરદેસરને અથવા જે બીજા માણસના કબજામાં સદરહુ ગામો અથવા તેનો કાંઇ ભાગ કાયદાસર રીતે હશે તે બીજા માણસને સ

પણ નુકશાનનો બદલો સરકારે આપવો.

રકમમાંથી આપવાનો થશે. અને નુકશાનના બદલાની રકમ સરકાર આપવાને કાહાડશે તે રકમથી સદરહુ ખરસેદજી અરદેસર અથવા જાંહગીર અરદેસર અથવા બીજું માણસ અથવા તેઓ પછી કોઈ વારસ હશે તો આપવાની રકમ તથા નુંકશાનના બદલાના હક સંબંધી બીજી સઘળી તકરાર સરકાર તથા સદરહુ ખરસેદજી અરદેસર

રકમ વગરેનો નિકાલ જરૂર હોય તો સન ૧૮૭૦ ના ૧૦ મા આકટ પ્રમાણે કરવો.

અથવા જાંહાંગીર અરદેસર અથવા સદરહુ પ્રકારનું બીજુ માણસ જે માણસને કબુલ કરે તે માણસને પંચાયત સારૂ સોંપવી અને તે ફેસલો કરશે તે આખરનો થશે. અથવા સદરહુ પ્રમાણે પંચાયતને સોંપવાને ચુકે તો સદરહુ પ્રકારના આપવાના અવેજની રકમ બાબતનો તથા સદરહુ પ્રકારની બીજી તકરાર બાબતનો નિકાલ, માલીનો સદરહુ હક સાર્વજનિક કામ સારૂ જોઈતી હોય એવી થાણાં ડીસ્ત્રીકટમાંની જમીનજ હોય તે મુજબ સન ૧૮૭૦ નાં જમીન લેવા બાબતના આકટના ઠરાવ જેટલે સુધી લાગુ હશે તેટલે સુધી તે ઠરાવ પ્રમાણે કરવો.

વળી એવું ઠરાવ્યું છે કે સદરહુ ગામો બાબત અથવા તેઓના કાંઈ ભાગ બા

નુંકશાનનો બદલો એક વખત આપ્યો એટલે વળી બીજા દાવા બંધ થશે.

બત નુકશાનનો બદલો સદરહુ ખરસેદજી અરદેસરને અથવા જહાંગીર અરદેસરને અથવા બીજા માણસોને આપ્યો એટલે તે બાબત બીજા કોઈ માણસના સરકાર ઉપરના સઘળા દાવા બંધ થશે.

૯૬. ઉપરની છેલ્લી કલમમાં કહેલા ગામો શિવાય સાષ્ટી ટાપુમાહેનાં કોઈ પણ

પાછલી કલમમાંના ઠરાવ બીજા ગામોને લાગુ કરવાનો અખત્યાર છે.

ગામનો કોઈ ધારણ કરનાર, આ આકટ અમલમાં આવ્યા પછી ત્રણ મહીનાની અંદર હરકોઈ વખતે ગવરનર ઈનકાંઉનશીલને અરજી કરશે અને સન ૧૮૧૯ ના જાન્યુઆરી મહીનાની ૨૫ મી તારીખના સદરહુ ઈનડેચ્યરમાં કરેલી અથવા આકારની માફી બાબત જે શરત છે તેની જ શરતનાં અથવા તેવાજ મજકુરની શરતનાં કોઈ પણ ઈનડેચ્યર ઉપરથી પોતે પોતાનું સદરહુ ગામ ધારણ કરે છે એવું ગવરનર ઈનકાંઉનસિલની ખાત્રિ થાય એવી રીતે શાબેત કરશે તેને હેઠળ લખ્યા પ્રમાણે હક પ્રાપ્ત થશે; એટલે ઉપરની છેલ્લી કલમમાં કહેલાં ગામના ધારણ કરનારની જે રીતે તજવીજ થવાની તેજ રીતે પોતાની તજવીજ થવાનો હક પ્રાપ્ત થશે. અને સદરહુ પ્રકારને હરકોઈ પ્રસંગે ઉપરની છેલ્લી કલમમાંના ઠરાવ, સદરહુ પ્રકારના ધારણ કરનારનું ગામ તે કલમમાં ખસુસ લખ્યું હોય તે પ્રમાણે લાગુ થશે.

૯૭ સરકારે અથવા કોઈ અમલકારી આપીસરે આ આકટ પ્રમાણે અથવા અમલકારી ફરીયાદ ચાલનાર નથી. | મેહેસુલ સબંધી જે વખતે જે કોઈ કાયદો અમલમાં હોય કાયદા પ્રમાણે કાંઈ કૃત્ય શુભબુદ્ધિથી કરયુ હોય અથવા કરવાનો હુકમ કરયો હોય તે બાબત સરકાર ઉપર અથવા અમલકારી આપીસર ઉપર કોઈ પણ દિવાની કોરટમાં નુંકશાનની ફરીયાદી ચાલનાર નથી.

અને કોઈ અમલકારી આપીસર ઊપર ફરીયાદ કરવી હોય તે સઘળી અને આ આકટ પ્રમાણે કાંઈ વાત કરવા બાબત અથવા કરવાનું કેહેતાં હોય તે બાબત જે ફરીયાદી સરકાર ઉપર અથવા કોઈ અમલકારી આપીસર ઉપર કાયદાસર રીતે કરવાનો અખિકાર છે તે સઘળી ફરીયાદી જે કૃત્ય વિશે ફરીયાદ હશે તે કૃત્ય કરયાની તારીખથી ચાર મહીનાની અંદર કરવી તથા તે પછી કરવી નહી.

અને સદરહુ પ્રકારની કાંઈ પણ ફરિયાદ હેઠળ લખ્યા પ્રમાણે હકીકત હોયતો કાહાડી નાખવી એટલે—

(અ) આ આકટ પ્રમાણે અથવા જે વખતે જે બીજો કોઇ કાયદો અમલમાં હોય તે કાયદા પ્રમાણે જે અપીલો ચાલેછે તે સઘળી અપીલો મારાથી કરી શકાઈ તેટલી સદરહુ ચાર મહિનાની મુદતમાં સદરહુ પ્રકારની ફરીયાદ કરવાની અગાઉ મે કરી એવું વાદી સાબેત નકરે તો, અથવા

(બ) નુકશાનની ફરીયાદ હોય તે પ્રસંગે ફરિયાદ થયાની અગાઉ નુકશાનનો પુરતો બદલો આપવાને કાહાડયો હોય તો અથવા ફરિયાદ થયા પછી પ્રતીવાદીએ અથવા પ્રતીવાદીની તરફથી ખરચ સુધાં પઈસાની પુરતી રકમ કોરટમાં ભરી હોયતો કાહાડી નાખવી.

પણ એવું ઠરાવ્યું છે કે આ કલમના કોઇ પણ ઠરાવ ઉપરથી મુંબાઈની મલિકામા આઝમાંની ઈનસાફની હાઈકોરટનાં અથવા નહાના દાવાની કોરટના અધિકારને અથવા હુકમને બાધ આવેછે એમ સમજવું નહી.

પરિશિષ્ટ.

(બીજી કલમ જુવો.)

કાયદો અથવા આકટ.	વીષય.	કેટલો રદ કરયો.
સન૧૮૨૭નો કાયદો૨૧મો	ગાળેલો દારૂ..........	૧૦ મો તથા ૧૧ મો તથા ૧૨ મો તથા ૧૩મો બાબ જેટલો રદ કરયો નથી તેટલો
સન૧૮૨૭નો કાયદો ૨૨મો	લશ્કરી અધિકારી....	કલમ ઓગણત્રીસ તથા અડતાળીસથી તે પંચાવનમી સુધીની કલમો જેટલે સુધી રદ કરી નથી તેટલે સુધી.
સન૧૮૫૨નો આકટ ૩ જો	અર્કાશ્રિત તથા કેફલાવનારો દારૂ તથા વસાણાં.	સઘળો આકટ જેટલો રદ થયો નથી તેટલો.
સન૧૮૫૭નોઆકટ ૩૪મો	ગાંજાનાં વેચાણ.......	એજન. એજન
સન૧૮૫૯નોઆકટ૧૭મો	મુંબઇ ટાપુમાં અબકારી મેહેસુલ.	એજન. એજન.
સન૧૮૬૭નોમુંબઇનોઆકટ ૯ મો.	એજન	એજન. એજન
સન ૧૮૭૮નો મુંબઇનો આકટ ૧ લો	એજન	સઘળો આકટ

(True Translation.)
Venayek Wassoodew,
Oriental Translator Government.

અમદાવાદ ઊનાઈટેડ પ્રેસમાં છાપ્યો.

મુંબઈના ગવરનર ઈન કાંઉનશીલનો હેઠળ લખેલો આકટ સને ૧૮૭૮ ના સપ્ટેબંર મહીનાની ૨૪ મી તારીખે ગવરનર સાહેબે મંજુર કર્યો તથા સને ૧૮૭૮ના નવેંબર મહીનાની ૧૧ મી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસીદ્ધ કર્યો છે.

सने १८७८ नो मुंबाइनो आकट ७ मो.

રૂમાં ભેળ કરેછે તે નહી થાય એવો બંદોબસ્ત કર્વા બાબતનો તથા રૂના વેપારમાં દગા થાય છે તે નહી થાય એવો બંદોબસ્ત કર્વા બાબતનો કાયદો છે તે સુધારવા બાબતનો આકટ.

રૂમાં ભેળ કરે છે તે નહી થાય એવો બંદોબસ્ત કરવા બાબતનો તથા રૂના વેપારમાં દગા થાય છે તે નહી થાય એવો બંદોબસ્ત કરવા બાબતનો કાયદોછે તે સુધારવો યોગ્ય છે, વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે.

પ્રથમ નીયમો.

ટુંકુ નામ ક્યાં ક્યાં લાગુછે — ૧ આ આકટને "મુંબઇનો સન ૧૮૭૮ નો રૂ સંબંધી દગાનો આકટ" કેહેવો.

આ આકટ આદન સીવાય આખા મુંબઇ ઈલાકાને લાગુ છે.

સન૧૮૬૩નોમુંબઈનો૯ મોઆકટરદકરવો — સને ૧૮૬૩ નો મુંબઈનો ૯ મો આકટ આ કલમ ઉપરથી રદ કર્યો છે.

સદરહુ આકટ પ્રમાણે જે નેમણુકો કરી છે તથા જે હુકમો કર્યા છે તથા જે જાહેરનામાં પ્રખ્યાત કર્યા છે તથા જે કાનુન ઠરાવી છે તથા જે હાલ અમલમાં છે તે સઘળી નેમણુકો તથા હુકમ તથા જાહેરનામામાં તથા કાનુન ઠરાવી છે તથા જે હાલ અમલમાંછે તે સઘળી નેમણુંકો તથા હુકમ તથા જાહેરનામાં તથા કાનુન આ આકટ અનુસરીને હોય તેટલે સુધી તે સઘળી આ આકટ પ્રમાણે કરી છે. તથા પ્રસીદ્ધ કરી છે તથા ઠરાવી છે એવું સમજવું.

અને સદરહુ આકટ પ્રમાણે જે કામ શરૂ કર્યાં હોય તે સઘળાં કામ આ આકટ પ્રમાણે સરૂ કર્યા છે એમ સમજવું તથા તે હવેથી આ આકટના ઠરાવ પ્રમાણે ચલાવવાં, પણ એવું ઠરાવ્યુ છે કે કોઈ માણસ આ આકટ ર્ક્યા અગાઉ કરેલા કોઈ ગુના બાબત આ આકટ કદી પણ ર્ક્યો નહોત તો જે શીક્ષાને પાત્ર થયો હોત તે શીક્ષાથી વધારે શીક્ષાને તે પાત્ર થનાર નથી.

અર્થનીકલમ — ૩ આ આકટમાં વિશય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો—

"ગાંસડી" — (૧) "ગાંસડી" આ શબ્દમાં રૂનાં ધોકડાનો અથવા બીજાં હરકોઇ પાકેજનો સમાસ થાય છે એમ સમજવું.

"સકંચો" — (૨) સકંચો આ શબ્દમાં રૂ ચાંપવા સારૂ ઉપયોગ કરેલા સઘળા પ્રકારના સાંચાનો સમાસ થાય છે એમ સમજવુ.

"પારકેમુલકમોકલવુ" (૩) "પારકે મુલક મોકલવું" આ શબ્દનો અર્થ બ્રીટીસ ઈંડીઆમાંથી બહાર મોકલવું એવો સમજવો,

"બ્રિટિશઈંડિઆ" (૪) "બ્રિટિશ ઇન્ડિયા" આ શબ્દનો અર્થ ઇંડિઆનો રાજ્યકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ એ નામનો વીકટોરીયા રાણીના કારકીરદીના ૨૧ મા તથા ૨૨ માં વરસ માં થયેલા સ્ટાટયુટનુ ૧૦૬ ચાપટર છે તે પ્રમાણે મલીકામાયાઝમાને સ્વાધીન પ્રીન્સ ઓફ વેલ્સ આઇલંડ તથા સીકાપુર તથા મલાકા એ સ્વસ્થાનો શીવાય બીજો મુલક જે વખતે જે હશે તે મુલક એવો સમજવો.

"કેદ" (૫) "કેદ" આ શબ્દનો અર્થ હીંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે એમાંના હર કોઈ પ્રકારની કેદ એવો સમજવો

અમલદારોની નેમણુક તથા કર્તવ્ય કર્મો.

"રૂનાઇન્સપેકટર" ૪ "રૂના ઇન્સપેકટર" એ નામના જે તથા જેટલા અમલદાર વખતે વખતે યોગ્ય લાગશે તે તથા તેટલા અમલદાર નેમવાનો અધીકાર ગવરનર ઇન કાઉનશીલને છે,

સદરહુ ઈનસ્પેકટર મુંબાઈ શેહેરમાં કસ્ટમના કમીશનરના તાબામાં છે એમ સમજવું અને આ ઇલાકાના બીજા સઘળા ભાગમાં જે ડીસ્ટ્રીકટમાં તેઓની નેમણુક હશે તે ડીસ્ટ્રીકટના અથવા જે વખતે જે ડીસ્ટ્રીકટમાં તેઓ કામ કરતા હોય તે વખતે તે ડીસ્ટ્રીકટના કલેકટરના તાબામાં છે એમ સમજવુ અને પોતાનાં કરતવ્ય કર્મો કરવામાં તેઓએ ગફલત કર્યા બાબત અથવા ગેર ચાલ ચલાવ્યા બાબત તેઓ ગવરનર ઈન કાંઉશીલના હુકમથી સસપેન અથવા બતરફ થવાને પાત્ર છે એમ સમજવું.

"ઇનસ્પેકટરોનાંકર્તવ્યકર્મો" ૫ આ આકટ પ્રમાણે જે સકંચાને પરવાના મળ્યા નહી હોય તે સકંચાનો ઉપયોગ કરવાનુ બંધ કરવું એ અને જે રૂ ચાંપવા સારૂં આપવાને કહાડયું હોય તે અથવા જે રૂ વેચવા સારૂ માંડી મુક્યુ હોય અથવા વેચવાનુ હોય તે તપાસવુ. એ રૂના ઈનસપેકટરોનુ કર્તવ્યકર્મ છે એમ સમજવુ.

"ઇમારતમાંઅથવાઘેરીલીધેલીજગામાંજવાનોઅધીકાર" સદરહુ કર્તવ્ય કર્મ કરતી વેળાએ જે ઈમારતમાં અથવા ઘેરી લીધેલી જગામાં સકંચો ચાલે છે અથવા ચલાવવા સારૂ તઇયાર કર્યો છે અથવા રૂનાં ધોકડાં બાંધવાનું કામ ચાલે છે એવું પોતાને લાગવાનો સબબ હોય તે ઇમારતમાં અથવા ઘેરી લીધેલી જગામાં હર કોઇ વખતે જવાનો અધીકાર રૂના ઈનસ્પેકટરને છે.

"રૂપકડવાનોઅધીકાર" ૬ જે કોઈ રૂ આ આકટ પ્રમાણે જપ્ત થઈને સરકાર દાખલ થવાને પાત્ર છે એવું લાગવાનો પોતાને સબબ હોય તે રૂ ગમે ત્યાં હોય તે પકડીને અટકાવી રાખવાનો તથા તે રૂ હર કોઈ પોલીસ આફીસરને સ્વાધીન આપવાનો અધીકાર રૂના ઇનસ્પેકટરને છે.

"પોલીસઆફીસરેમદદકરવીઅવસ્યછે." સદરહુ પ્રકારનુ રૂ પકડીને અટકાવી રાખવામાં રૂના ઇનસ્પેકટરને મદદ કરવી એ દરએક પોલીસ આફીસરને અવશ્યછે.

"વીશેશઠરાવ" પણ પારકે મુલક મોકલવા સારૂ કોઈ ગાંસડી આખરની ચાંપી કહાડી હોય તે માજીસ્ટ્રેટનાં ઝાડો લેવાનાં વારંટ વગર ઉઘાડવાનો અધીકાર રૂના કોઈ પણ ઈનસ્પેકટરને નથી.

૭ જે જે ઈનસ્પેકટર આ આકટ પ્રમાણે રૂ પકડીને અટકાવી રાખે તેણે સદરહુ પ્રમાણે પકડીને અટકાવી રાખવાની તારીખથી સાત દીવસની અંદર હેઠળ લખ્યા પ્રમાણે કરવું જોઇએ એટલે સદરહુ પ્રમાણે પકડીને અટકાવી રાખવાનુ કામ મુંબઇ શેહેરમાં થયું હોય તો સમન સારૂ દરખાસ્ત કરીને પ્રેસીડેન્ટસી માજીસ્ત્રેટની પાસેથી પણ બીજે ઠેકાણે થયુ હોય તો પેહેલા અથવા બીજા વર્ગના માજીસ્ત્રેટની પાસેથી સમન લેવા જોઇએ જે માણસના કબજામાં તે રૂ મળ્યું હોય તે માણસના નામનો તે સમન જોઈએ તથા તે રૂ જપત કરીને સરકાર દાખલ શા વાસ્તે ન કરવું એનું કારણ સમનમાં લખેલે દીવસે બતાવવું એવું તે માણસને તે સમનમાં ફરમાવેલુ જોઇએ, સદરહુ પ્રકારનો ઇન્સ્પેકટર સદરહુ મુદતમાં સદરહુ પ્રકારના સમન સારૂ દરખાસ્ત કરીને તે ન મેળવે તો તે રૂ જે માણસના કબજામાં મળ્યું હોય તેને પાછુ આપવું અને તે ફરીથી પકડવાને અથવા અટકાવી રાખવાને પાત્ર થનાર નથી.

રૂપકડનારાઈનસ્પેકટરેસમનસારૂંદરખાસ્તકરવી.

૮ ગવરનર ઇન કાંઉશીલ વખતે વખતે ફરમાવશે તેટલા તાબા માહેના કામદાર રૂના દરએક ઈન્સ્પેકટરની પાસે હશે અને આ આકટ જારથી ઇનસ્પેકટરને જે અધીકાર આપ્યા છે તે અધીકારો પૈકી જે અધીકાર પોતે જે ઈનસ્પેકટરના તાબામાં હશે તે ઈનસ્પેકટર પોતાને તેની સહીના લેખથી વખતે વખતે આપે તે અધીકાર ચલાવવાને સદરહુ પ્રકારનો તાબામાંનો કામદાર મુખત્યાર છે;

તાબામાંહેના કામ તથાતેઓનાઅધીકાર

સંચાના પરવાના.

૯ આ આકટમાં આગળ કહેલી રીતે મેળવેલા પરવાના વગર રૂ ચાંપવાનાં કારણ સારૂ કોઇ પણ સંચાનો ઉપીયોગ કરવા નહી.

પરવાનાવગરસંચાનોઉપયોગનકરવો

૧૦ સંચા ચલાવવા સારૂ પરવાનો મળવા બાબતની અરજી તે સંચો જે ડીસ્ત્રીકટમાં ચલાવવાનો હોય તે ડીસ્ત્રીકટના કલેકટરને કરવી અથવા ગવરનર ઇન કાંઉનશીલ ફરમાવે તે બીજા અમલદારને કરવી અને સદરહુ સંચો ચલાવા સારૂ જે શકતીનો ઉપીયોગ કરવાનો ઇરાદો હોય તે શકતી બાબત લખેલી હકીકત તે અરજી સાથે જોઈએ.

પરવાના આપવા

જે સંચાબાબત પરવાનો મળવા સારૂ અરજી કરી હશે તે સંચો અરજદારના કબજામાં છે એવી કલેકટરની અથવા બીજા અમલદારની ખાત્રી થાય તો તે અરજદારને પરવાનો આપવાનો અધીકાર તે કલેકટરને અથવા બીજા અમલદારને છે સદરહુ પ્રમાણે આપેલા પરવાનાની મુદત આગળ શરૂ થનારી સાલ જાનેવારી મહીનાની ૧ લી તારીખે પુરી થશે પણ આબાબત ગવરનર જનરલ ઈન કાંઉનસીલ વખતે વખતે જે કાનુંન કરશે તે કાનુંનને અનુસરીને તે પરવાના વરસોવરસ જાનેવારી મહીનાની પેહેલી તારીખે નવા કરાવી લેવાનો અધીકાર રહેશે અને સદરહુ પ્રમાણે આપેલા અથવા નવા કરાવી લીધેલા પરવાનામાં દાખલ કરેલો સંચો બીજે ઠેકાણે લેઇ જવામાં આવે અથવા તે ચલાવવા સારૂ ઉપીયોગ કરેલી શક્તી બદલવામાં આવે ત્યારે નવા પરવાના સારૂ કલેકટરને અથવા બીજા અમલદારને અરજી કરવાની પરવાના વાળાને જરૂર છે એવુ સમજવું.

પોતે પોતાની સહી સુધાં જે કારણો અરજી કરનારને લખી જણાવશે તે કારણો ઉપરથી સદહુ પ્રકારનો હર કોઈ પરવાનો આપવાની અથવા નવો કરીઆપવાની ના કેહેવાનો અધીકાર કલેકટરને અથવા બીજા અમલદારને છે.

૧૧ સદરહુ પ્રકારનો દરએક પરવાનો એક અથવા વધારે સંચા બાબત આપવાનો અધીકાર છે તથા તેમાં હેઠળ લખેલો મજકુરનીરદીષટ કરેલો જોઈએ.

પરવાનામાંશુંજોઇએ.

(અ) જેટલા સંચા બાબત તે આપ્યો હોય તે સંચાની સંખ્યા.

(બ) જે ઠેકાણે સદરહુ સંચા હોય તે ઠેકાણું.

(ક) સદરહુ સંચા ચલાવવા સારૂ જે શકતીનો ઉપીઓગ કરવાનો હોય તે શકતી એણી વીગતે મજકુર નીરદીષ્ટ કરેલુ જોઇએ.

પરવાનાનીફી — અને સદરહુ પ્રકારના હર કોઈ પરવાના બાબત આ આકટને જોડેલા પરીસીષ્ટમાં જે દર લખેલા છે તે પ્રમાણે ફી લેવી.

૧૨ સદરહુ પ્રકારના હર કોઇ પરવાના બાબત જે જે માણસ અરજી કરે તેણે જે સંચા બાબત પરવાનો મળવા સારૂ અરજી કરી હોય તે સંચામાં સંચાની જે નીસાણીનો ઉપયોગ કરવાનો ઇરાદો હોય તે નીશાનીનો, કાપડ ઊપર અથવા પાચમેન્ટ ઊપર (ચામડાના કાગળ ઉપર) અથવા કાગળ ઉપર કાડેલો હોય તે કલેકટરની પાસે અથવા સદરહુ પ્રકારના બીજા અમલદારની પાસે આપી મુકવાની જરૂર છે.

પરવાનાનીફી

સકંચાની નીશાની હેઠળ લખેલા પ્રકારની હોવી જોઇએ એટલે નેદાન એક ચોરસ ફુટ જેટલી મોટી ઓળખવાની કંઈ નીશાની જોઈએ અથવા નેદાન દોઢ ઇંચ લંબાઈને આશરે કહાડેલુ અરજદારનુ નામ અથવા તેની પેઢીનુ અથવા કંપનીનુ નામ જોઇએ મુંબાઈ શહેરમાંના કોઇ પણ સકંચા બાબત નીશાની હશે ત્યારે સદરહુ અક્ષરો અંગ્રેજી ભાષાના હોવા જોઈએ.

આ આકટ પ્રમાણે આપેલા સકંચાનો દરેક પરવાનો જે સકંચા બાબત તે આપ્યો હોય તે સકંચામાં સકંચાની જે નીશાનીનો નમુનો આ કલમ પ્રમાણે કલેકટરને અથવા બીજા અમલદારને આપી મુક્યો હોય તે નીશાનીનો ઉપયોગ કર્યા બાબતનો પણ પરવાનો છે એમ સમજવુ અને સદરહુ સકંચામાં જે જે ગાંસડી ચાંપવામાં આવે તે તે ગાંસડીના જે બારદાન બંધની અથવા પટાની હેઠળ હોય તે બારદાન ઉપર સકંચાની સદરહુ નીશાની પરવાના વાળાએ કરવી અથવા કરાવવી જોઇએ.

પરવાનોરદઅથવાસસપેંડકરવાનો અધીકાર છે,

૧૩ જે માજીસ્ત્રેટની રૂબરૂ અથવા કોરટની રૂબરૂ આ આકટની સતરમી કલમ પ્રમાણે ગુનોહ કર્યાની સાબેતી પરવાનાવાળા ઉપર થાય અથવા રૂના ઇન્સ્પેકટર અથવા તેના તાબા માંહેના કામદાર પઇકી હરકોઇ કામદાર પોતાના કર્તવ્ય કરમો કરતો હોય ત્યારે તેને પ્રતીબંધ કરવાની સાબેતી જે માજીસ્ત્રેટની રૂબરૂ અથવા કોરટની રૂબરૂ પરવાના વાળા ઉપર અથવા તેના કોઈ નોકર ઊપર અથવા એજંટ ઉપર (મુખત્યાર ઉપર) થાય હું માજીસ્ત્રેટને અથવા કોરટને સદરહુ પ્રકારના પરવાના વાળાનો પરવાનો રદ કરવાનો અધીકાર છે અથવા પોતાને યોગ્ય લાગે તેટલી મુદત સુધી તે પરવાનો સસપેંડ કરવો એવો હુકમ કરવાનો અધીકાર છે.

શીક્ષા તથા ગુન્હા તથા ફરીઆદી ચલાવવી.

રૂદગાથીભેળકરીનેબગાડયુ છે અથવાભેળવાળુછેએવુ માલમપડેત્યારે શીક્ષા,

૧૪ આ આકટની સાતમી કલમ પ્રમાણે કરેલા સમનની ચોકશી કર્યા પછી માજીસ્ત્રેટની અથવા કોરટની આ આકટની છઠી કલમના ઠરાવ પ્રમાણે પકડીને અટકાવી રાખેલાં કોઇ રૂ બાબત હેઠળ લખ્યા પ્રમાણે ખાત્રી થાય તો એટલે,

(અ) તે રૂમાં દગાથી અથવા બદદાનતથી ભેળ કર્યો છે અથવા તે ખરાબ કરયું છે અથવા તે વજનમાં ભારે કરયુ છે તેમાં કપાશીઆનું અથવા કચરાનુ અથવા પથરાનુ અથવા બીજા પદાર્થનુ મીશરણ કરીને અથવા તે ઝાકળમાં રાખીને અથવા બીજા કોઇ પણ સાધનથી, અથવા

(બ) સદરહુ પ્રકારનુ રૂ સાફ કરેલું તથા સાફ કર્યા વગરનુ (જેને ઘણુ કરીને કપાસ કહે છે) અથવા જુદી જુદી જાતનાં અથવા પ્રતના રૂની એક ગાંસડીમાં દગાથી અથવા બદદાનતથી કરેલો ભેળ છે એવી ખાતરી થાય તો

માજીસ્ત્રેટે અથવા કોરટે હેઠળ લખ્યા પ્રમાણે હુકમ કરવો એટલે

સદરહુ પ્રકારનું રૂ સરકાર દાખલ કરવુ તથા તેના નાશ કરવો, અથવા,

સદરહુ પકારનું રૂ સરકાર દાખલ કરવુ તથા તે સાફ કરવુ અને વેચવું, અથવા

સદરહુ પ્રકારનુ રૂ, રૂના ઇન્સ્પેકટરના હુકમથી અથવા હુકમ મુજબ સાફ કરવું અને તે રૂ જે માણસના કબજામાં મળ્યુ હોય તે માણસને તે સદરહુ પ્રમાણે સાફ કર્યા પછી તે સાફ કરવાનો ખરચ તથા સદરહુ પ્રકારનો માજીસ્ત્રેટ અથવા કોરટ ફરમાવે તે દંડ તે માણસ આપે તો તે રૂ સદરહુ પ્રકારના ઇન્સ્પેકટરે પાછુ આપવું અને સદરહુ પ્રકારનુ નાણુ આપવામાં ન આવે તો તે રૂ વેચવું અને નાણુ ઊપજે તેમાંથી સદરહુ પ્રકારનો દંડ તથા સાફ કરવાનો તથા વેચવાનો ખરચ બાદ કરીને બાકી રહે તે સદરહુ પ્રકારના માણસને આપવું એવો હુકમ કરવો.

પરવાનાવગરસકંચાનોઉપયોગકરવાબાબતશીક્ષા

૧૫ જે કોઇ આ આકટના ઠરાવ પ્રમાણે અગાઉ પરવાનો લીધા વગર અથવા નવો કરાવી લીધા વગર અથવા નવો પરવાનો લીધા વગર અથવા સદરહુ પ્રકારનો પરવાનો આપવાની ના કહ્યા પછી અથવા તે રદ કર્યા પછી અથવા જે મુદત સુધી તે સસ્પેંડ કર્યો હશે તે મુદતમાં રૂ ચાંપવા સારૂ કોઈ સકંચાનો જાણીજોઇને ઉપયોગ કરશે અથવા ઉપયોગ કરવાની કોસીસ કરશે અથવા તેનો ઉપયોગ કરાવશે અથવા કરવા દેશે તેનો ઘણામાં ઘણા એક હજાર રૂપીઆ સુધી દંડ થશે,

સકંચાનીનીશાનીખોટીકરવાબાબત અનેસકંચાનીજેનીશાનીબાબતપરવાનોમળ્યોનહીહોયતેનોઉપયોગકરવાબાબતશીક્ષા,

૧૬ સકંચાની જે નીશાનીનો ઉપયોગ કરવા બાબત બીજા કોઈ માણસને આ આકટ પ્રમાણે પરવાનો આપ્યો હશે તે નીશાની જે કોઈ માણસ જાણીજોઇને ખોટી કરશે અથવા

જે માણસ સકંચાની જે નીશાનીનો ઉપયોગ કરવા બાબત પોતાને પરવાનો મળ્યો નહી હોય તે નીશાનીથી કોઇ ગાંસડી ઊપર નીશાની કરશે અથવા કરાવશે અથવા કરવા દેશે તેને

ઘણામાં ઘણા બે વરસ સુધી કેદની સીક્ષા અથવા દંડ થશે અથવા આ બેઉ શીક્ષા થશે.

સકંચાનીનીશાનીથીગાંસડીઉપરનીશાનીકરવાનીગફલતકરવાબાબતશીક્ષા

૧૭ જે કોઈ પરવાના વાળો સકંચાની જે નીશાનીનો ઉપયોગ કરવા બાબત પોતાને પરવાનો મળ્યો હશે તે નીશાનીથી પોતાના સકંચામાં ચાંપેલી કોઈ ગાંસડી ઉપર નીશાની કરવાની અથવા કરાવવાની ગફલત કરશે તેને સદરહુ પ્રકારની દરએક ગફલત બાબત ઘણામાં ઘણા સો રૂપીઆ સુધી દંડ થશે.

ગુનાનો ઇનસાફ કરવાનો અધીકાર,

૧૮ આ આકટ પ્રમાણે ચલાવવાનાં સઘળાં કામનો તથા આ આકટ તોડીને કરેલા સઘળા ગુનાનો ઇનસાફ કરવાનો અધીકાર, ગુનાનો ઇનસાફ કરવા બાબત જે વખતે જે કાયદો અમલમાં હશે તે કાયદાના ઠરાવને અનુસરીને મુંબાઈ શહેરમાં પ્રેસીડેન્સીની માજીસ્ત્રેટને છે અને બીજે ઠેકાણે બીજા વર્ગના માજીસ્ત્રેટના અધીકારના કરતાં ઓછો અધીકાર જે કોઈ ફોજદારી કોરટ ચલાવતી નહીહોય તે કોરટને છે પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારના કોઇ ગુના બાબત કોઈ માણસ ઉપર કામ ચલાવવું હોય તે રૂના ઇન્સ્પેકટરે અથવા બીજા કોઇ માણસે ફરીયાદ કર્યા ઉપરથી સમન કર્યા વગર કામ ચલાવ-
* વું નહીં.

દગાનાઇરાદાનોપુરાવો.

૧૯ આ આકટ તોડીને કરેલા કોઇ ગુના બાબત કાંઇ કામ ચાલશે તેમાં કોઈ વીશેષ માણસનું નુકશાન કરવાનો ઈરાદો હતો એવું સાબેત કરવાની જરૂર નથી.

દંડવસુલકરવો

૨૦ હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ચોસઠમીથી તે સીતેરમી સુધીની કલમો માંહેના ઠરાવ આ આકટ પ્રમાણે કરેલા સઘળા દંડને લાગુ છે એમ સમજવું અને મુંબાઇ શહેરમાં સદરહુ પ્રકારનો સઘળો દંડ સન ૧૮૭૪ ના ૪ થા આકટમાં (પ્રેસીડેન્સી માજીસ્ત્રેટોના આકટમાં) અથવા મુંબઇ શહેરની પોલીસનું નીયમન કરવા બાબત જે વખતે જે કોઈ બીજો આકટ અમલમાં હશે તે આકટમાં કહેલી રીતે વસુલ કરવાનો અધીકાર છે.

પરચુરણ ઠરાવ

૨૧ બે આનાથી વધારે નહી હોય એવો જે દર મુંબઇના સરકારી ગેજીટમાં જાહેરનામુ પ્રસીદ્ધ કરીને સરકાર વખતે વખતે ફરમાવશે તે દર પ્રમાણે ફી મુંબઇ ઇલાકાના હરકોઈ ભાગમાંથી બ્રીટીશ ઇન્ડીઆના કોઇ બંદર શીવાય અથવા જગા શીવાય અથવા બીજે કોઇ બંદર અથવા જગાએ સરકારી નહી હોય એવી રૂની જે ગાંસડી મોકલવામાં આવે તે દર એક ગાંસડી ઉપર લેવી.

પકડેલારૂમાંજેમાણસનો હકસંબંધહોયતેમાણસનાદીવાનીહકનેલીધેબાધ આવતોનથીતથાપકડયાનેલીધેથયેલાખરચવીગેરે વસુલકરવાનોઅધીકારતેઓને છે.

૨૨ આ આકટના ઠરાવ મુજબ સરકાર દાખલ કરેલાં અથવા સાફ કરીને વેચવાનો હુકમ કરેલાં કોઇપણ રૂમાં કોઈપણ માણસનો હરકોઇ રીતે હક સંબંધ હશે તે માણસના દીવાની હકને આ આકટના કોઇ ઠરાવ ઉપરથી બાધ આવે છે એવું સમજવું નહી પણ આ આકટ ઠર્યો ન હોત તો સદરહુ પ્રકારના દરએક માણસને ફરીયાદ કરવાનો જે હક હોત તે ફરીયાદ કરવાનો હક તેને છે એમ સમજવું અને સદરહુ પ્રકારનું રૂ અટકાવી રાખ્યાને લીધે તથા તે પછી જે દંડ તથા સાફ કરવાનો તથા વેચવાનો ખરચ આપ્યો હોય તે સઘળો અને કાયદેસર તથા બીજો ખરચ કર્યો હોય તથા નુકશાન થયું હોય તે ખરચ તથા નુકશાન સદરહુ પ્રકારની ફરીઆદી કરીને વસુલ કરવાના નુકશાનના અવેજનો ભાગ છે એમ સમજવું.

પરીસીષ્ટ.

(કલમ ૧૧ જુવો)

સકંચાના પરવાના બાબત લેવાની ફીનુ કોષ્ટક.

જે સકંચા બાબત પરવાનો હશે તથા જે ફકત હાથથી ચલાવવાનો હોય તે દરએક સકંચા બાબત	રૂ ૧—૦—૦
એંજન એંજન ફકત જનાવરથી અથવા હાથથી ચલાવવાનો હોય તે દરએક સકંચા બાબત	રૂ ૨—૦—૦
એંજન એંજન વરાળની અથવા બીજી શકતીથી ચલાવવાનો હોય તે દરએક સકંચા બાબત	રૂ ૫—૦—૦

(ટ્રુ ટ્રાન્સ લેટર)

વીનાયક વાસુદેવ

ઓ. ઓરીએનટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેન્ટ.

ACT NO. XI OF 1878.

સન ૧૮૭૮ નો આક્ટ ૧૧ મો.

હથીયાર તથા યુધસામગરી તથા લશ્કરી સ્ટોર (સામાન) સંબંધી કાયદો છે તે એકઠો કરીને સુધારવા બાબતનો આક્ટ.

ઉદ્દેશ. | હથીયાર તથા યુદ્ધ સામગરી તથા લશ્કરી સ્ટોર સંબંધી કાયદો છે તે એકઠો કરીને સુધારવો યોગ્ય છે વાસતે હેઠળ લખ્યા પરમાણે ઠરાવ્યું છે.

પ્રથમ નિયમ.

ટુંકુ નામ. ક્યાંહાં ક્યાંહાં લાગુ છે. | ૧. આ આક્ટને "સન ૧૮૭૮ નો હીંદુસ્થાનનો હથીયાર બાબતનો આક્ટ" કહેવો. અને આ આક્ટ આખા બ્રીટીસ ઇંડિયાને લાગુ છે.

ખારેજ કરવું. | પણ આ કલમના કોઈ પણ ઠરાવ હેઠળ લખેલાંને લાગુ નથી એમ સમજવું.

(અ) સમુદરમાં જનારાં કોઈ વાહાણ ઉપર હથીયાર અથવા યુધ સામગરી અથવા લશ્કરી સ્ટોર હશે તથા તે તે વાહાણના સામાનીય હથીયારનો અથવા સામાન સરંજામનો ભાગ હશે તે હથીયારને અથવા યુધ સામગરીને અથવા લશ્કરી સ્ટોરને, અથવા

(બ) સરકારી કોઈ નોકર અથવા સન ૧૮૬૯ ના હીંદુસ્થાનના *વાલેનટીયરોના આક્ટ પરમાણે પટામાં નામ દાખલ થયલા કોઈ વાલેનટીયર સદરહુ પરકારના સરકારી નોકર અથવા વાલેનટીયર તરીકે પોતાનું કરતવ્ય કરમ કરતો હોય ત્યારે અથવા સરકારના હુકમથી હથીયાર અથવા યુધ સામગરી અથવા લશ્કરી સ્ટોર તઈયાર કરવાને અથવા તેઓનું રૂપાંતર કરવાને અથવા તે વેચવાને અથવા તે (દેશની અંદર લાવવાને અથવા (દેશના) બાહાર મોકલવાને અથવા એક જગાએથી બીજી જગાએ મોકલવાને અથવા ધારણ કરવાને અથવા કબજામાં રાખવાને લાગુ નથી.

શરૂ થવું. | ૨. જે તારીખ ગવરનર જનરલ ઇનકૌંશીલ ઇંડિયા ગેજીટમાં જાહેરનામુ પરસીધ કરીને નીમશે તે તારીખે આ આક્ટ અમલમાં આવશે.

આક્ટ રદ કરવા. | ૩. સદરહુ તારીખે તથા તે તારીખથી આ આક્ટને જોડેલા પેહેલા પરીશીષ્ટમાં આક્ટ લખ્યા છે તે સદરહુ પરીશીષ્ટના ત્રીજા આસનમાં નીરદીષ્ટ કરેલું છે તેટલે સુધી રદ છે એમ સમજવું. પણ આ આક્ટ ઉપરથી રદ કરેલા કોઈ આક્ટ મુજબ જે અધીકાર તથા પરવાનગીઓ તથા લાઈસન્સ તથા માફી આપી હશે અને જે હુકમ તથા નીમણુકો કરી હશે અને જાહેરનામાં પરસીધ કરેલાં હશે અને જે

* વાલેનટીયર એટલે પોતાની ખુશીથી વગર પગારે શીપાઈગીરીની ચાકરી કરનાર.

કાનુન તથા સરતો અને નમુના ઠરાવીયા હશે તે સઘળા અધીકાર તથા પરવાનગીઓ તથા લાઇસિન્સ તથા માફી તથા હુકમ તથા નીમણુકો તથા જાહેરનામાં તથા કાનુન તથા સરતો અને નમુના આ આકટ પરમાણે આપી છે તથા કરેયાં છે તથા પરસીધ કરેયાં છે તથા ઠરાવીયાં છે એમ સમજવું.

અને સદરેહુ પ્રકારના સઘળા અધીકાર તથા પરવાનગીઓ તથા લાઇસન્સ તથા માફી જે મુદત સુધીની આપી હશે તે મુદત સુધી તે આ આકટમાં બીજી રીતનો ઠરાવ કરેયોછે તે ખારેજ કરીને ચાલુ રેહેશે. અથવા સદરેહુ પ્રકારની મુદત ખસુસ ઠરાવેલી નહી હોય ત્યારે જે તારીખે આ આકટ અમલમાં આવશે તે તારીખથી એક વરસ સુધી ચાલુ રેહેશે અને પછી બંધ થશે.

અરથની કલમ. | ૪. આ આકટમાં વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો.

"તોપ" આ શબ્દમાં સઘળા *હાવિટઝર તથા ગરનાલ તથા *વાલપીસિસ તથા મીટરેલુસ તથા બીજા પ્રકારની તોપ તથા મશીનગન્સ તથા તેઓના સઘળા ભાગનો પણ તથા તે ચઢાવવાનો તથા એક જગાએથી બીજી જગાએ લઇ જવાનો તથા તેનાં કામમાં ઉપયોગી પડવાની સઘળી ગાડીઓ તથા પ્લાટફારમ તથા તે ચઢાવવાનાં સાધનોનો પણ સમાસ થાય છે.

"હથિઆરો" આ શબ્દમાં અગની શસ્ત્રોનો; તથા સંગીનનો, તથા તરવારનો તથા ખંજીરનો એટલે કટારીનો, તથા ભાલાનો, તથા ભાલાના ફાળનો તથા કાંમઠાનો તથા તીરનો સમાસ થાયછે, અને તોપ તથા હથીઆરના ભાગનો અને હથીઆરો તઇયાર કરેવાના યંત્રનો પણ સમાસ થાય છે.

"યુદ્ધસામગ્રી" આ શબ્દમાં ટારપીડોના કામમાં ઉપયોગી પડવા સારૂ અથવા સમુદ્રની હેઠળ સુરંગ મારવા સારૂ ખસુસ યોજેલા સઘળા પદારથ તથા બાણ તથા ગનકાટન તથા ડઇનમઇટ તથા લીથોકરાકટર તથા અવાજસાથે ફુટે તેવા તથા ધક્કો લાગ્યાથી અથવા ઘસાયા વીગેરેથી મ્હોટો અવાજ થઇને ફુટનારા બીજા પદારથ તથા બંદુકનો ચકમક તથા ગનવાડસ તથા તોટી તથા ફ્યુજી અને ફરીકશન ટ્યુબ, તથા યુધ સામગ્રીના સઘળા ભાગ તથા યુધ સામગરી કરવાના સઘળા યંત્રોનો પણ સમાસ થાયછે, પણ સીસુ અથવા ગંધક અથવા સુરોખારનો સમાસ થતો નથી.

બ્રીટીસ ઇંડીઆના કોઇ ભાગને લાગુ કરેલી આ આકટની કોઇ કલમ માંહેના લશ્કરી સ્ટોર" આ સબ્દનો અરથ જે કોઇ લશકરી સ્ટોરને સદરેહુ કલમ સદરેહુ પ્રકારના ભાગમાં ગવરનર જનરલ ઇનકાંઉસીલ ઇંડીઆ ગેજેટમાં જાહેરનામું પ્રસીધ કરીને ખસુસ લાગુ કરશે તે લશકરી સ્ટોર એવો સમજવો. અને "લશકરી સ્ટોર" આ શબ્દોમાં સઘળુ સીસુ તથા ગંધક તથા સુરોખાર તથા બીજા પદારથ જેને સદરેહુ ગવરનર જનરલ ઇનકાંઉસીલ વખતે વખતે સદરેહુ પ્રમાણે લાગુ કરશે તેનો પણ સમાસ થાયછે એમ સમજવું.

* એક જાતની તોપ—કોટ ઉપરની તોપ.—મોરચો.—

૨ "લિસૅન્સ" આ આકટ પ્રમાણે લઇસૅન્સ અને "અને લઈસૅન્ન આપ્યું" શબ્દનો અરથ સદરહુ પ્રકારનું લઈસૅન્સ ધારણ કરવું.

તૈયાર કરવું તથા રૂપાંતર કરવું તથા વેચવું.

લૈઇસૅન્સ વગર તયાર કરવાનીતથા રૂપાંતરે કરવાની તથા વેચવાનીમના.

૪. કોઈ માણસે કોઈ હથીયારો અથવા યુદ્ધ સાંમગ્રી અથવા લશ્કરી સ્ટોર લઇસૅન્સ વગર તથા તે લઇસૅન્સ ઉપરથી જે રીતનીપરવાનગી આપી હશે તે શીવાય બીજી રીતે તથા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે તઇયાર કરવો નહીં અથવા તેઓનું રૂપાંતર કરવું નહીં અથવા તે વેચવો નહીં, અથવા વેચવા સારૂ રાખવો નહીં અથવા વેચવા સારૂ કાહાડવો નહીં અથવા માંડી મુકવો નહીં.

કોઈ માણસના કાયદાસર કબજામાં પોતાના ખાનગી ઉપયોગ સારૂ હથીયારો અથવા યુદ્ધ સામગ્રી હશે તે વેચવાની આ કલમના કોઈ ઠરાવ ઉપરથી તેને મનાછે એમ સમજવું નહીં એટલે તે હથીયારો અથવા યુદ્ધસામગ્રી કબજામાં રાખવાની મના જે માણસે જે વખતે તે આકટ અમલમાં હશે તે આકટ મુજબ નહી હોય તે માણસને વેચવાની મનાછે એમ સમજવું નહી. પણ જે માણસને આ આકટની સતાવીસમી કલમ પ્રમાણે આપેલી માફીના સબબથી હથીઆરો અથવા યુદ્ધ સામગ્રી કબજામાં રાખવાનો હક્ક હશે તે માણસ શીવાય બીજાં કોઈ માણસને જે જે માણસ હથીયારો અથવા યુદ્ધ સામગ્રી સદરહુ પ્રમાણે વેચશે તે તે માણસે તે વેચાણ બાબતની તથા ખરીદદારનાં નામ તથા ઠેકાણા બાબતની નોટીસ વગર કારણે વાર ન લગાડતાં ડીશટીકટ માજીસટરેટને અથવા છેક નજીકનુ પોલીસ થાણું જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને આપવી.

૩. દેશની અંદર લાવવું. તથા બાહાર મોકલવું તથા એક જગાએથી બીજી જગાએ લઈ જવું.

લાઇસૅન્સ વગર (દેશની) અંદર લાવવાની તથા બાહાર મોકલવાની મના.

૬. કોઈ માણસે કોઈ હથીયારો અથવા યુધસામગરી અથવા લશકરી સ્ટોર લાઇસૅન્સ વગર તથા સદરહુ પ્રકારના લાઇસનમ ઉપરથી જે રીતની પરવાનગી આપી હશે તે શીવાય બીજી રીતે અથવા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે બ્રીટીસ ઇંડીયામાં અથવા બ્રીટીસ ઈંડીયાની બાહાર જળ મારગે અથવા ખુશકીને રસ્તે લાવવો નહી અથવા લઈ જવો નહી.

ખાનગી વાપર સારૂ હથીયારો તથા યુધ સામગ્રી લાવવા અથવા બાહાર મોકલવા વીશે,

જે કોઇ માણસને હથીયારો અથવા યુધસામગરી કબજામાં રાખવાનો કાયદાસર રીતે હક હશે તે માણસે પોતાના ખાનગી વાપર સારૂ માફક પરીમાણ પ્રમાણે આણેલાં અથવા બાહાર મોકલેલાં (તોપ શીવાય બીજાં) હથીયારોને અથવા યુધસામગરીને આ કલમની પેહેલી રકમના કોઈ ઠરાવ લાગુ નથી. પણ સદરહુ પ્રકારનાં હથીયારો બાબત અથવા યુધસામગરી બાબત સ્થાનીક સરકારનો પોતાને હુકમ પોહોચતાં લગી તે હરકોઈ વખતે અટકાવીરાખવાનો અધીકાર કસટમના કલેકટરને અથવા આ બાબત જે બીજા અમલદારને તેના નામથી અથવા હુદાના સંબધથી સ્થાનીક સરકારે અખતીયાર આપ્યો હશે તેને છે.

ખુલાસો.—જે હથીયારો તથા યુધસામગરી તથા લશકરી સ્ટોર બ્રીટીસ ઇંડીયાના એક ભાગમાંથી બીજા ભાગમાં જળ મારગે અથવા બ્રીટીસ ઇંડીયાનો ભાગ નહી હોય તેવાં દરમીયાનના મુલકમાંથી લઈ ગયા હશે તે આ કલમના અરથ પરમાણે બ્રીટીશ ઇંડીયામાંથી લઈ ગયા છે તથા બ્રીટીસ ઇંડીયામાં આણેલો છે એમ સમજવું.

હથીયારો વગેરે વખારઈમાં રાખવા સારૂ સ્થાનીક સરકારની મંજુરી જોઇએ

૭. સન ૧૮૭૮ ના જળ મારગની કસટમના આકટમાં ગમે તે ઠરાવ હોય તોવપણ કો હથીયારો અથવા યુધસામગરી અથવા લશકરી સ્ટોર તે આકટની સોળમી કલમ પરમાણે લાઇસન્સ આપેલી કોઈ વખારમાં સ્થાનીક સરકારની મંજુરી વગર રાખવો નહી.

જળ મારગે આણેલાં હથીયારો વગેરે ઉપર ડયુટી લેવી.

૮. આ આકટને જોડેલા બીજા પરીશીષ્ટમાં જે પદારથ લખીયા છે તે જળમારગે આણીયા હશે તીયારે તેઓની ઉપર સન ૧૮૭૫ ના હીંદુસ્થાનના તારીફના આકટ ઉપરથી બેસાડેલી ડયુટીને બદલે તેજ પદારથો ઉપર તેજ પરીશીષ્ટમાં નિરદીષ્ટ કરેલી ડયુટી બ્રીટીસ ઇંડીયાના દરએક ભાગમાં બેસાડવી તથા વસુલ કરવી.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પદારથ કબજામાં રાખવાનો જે માણસને કાયદાસર રીતે હક હશે તે માણસે તે પોતાની ખાનગી વાપર સારૂ માફક પરીમાણ પ્રમાણે આણેલા પદારથો પઇકી કોઈ પણ પદારથ ઉપર કીંમત પ્રમાણે દર સેંકડે દસ ટકા કરતાં વધારે ડયુટી લેવી નહી.

વળી એવું ઠરાવીયું છે કે જે પદારથ બીજી રીતે આંણીયા હશે તથા જેની ઉપર આ કલમ પ્રમાણે ડયુટી લીધી હશે અથવા લેવાનો અધીકાર હશે તે પદારથ લાવનારની પાસેથી સદરહુ પ્રમાણે કાયદાસર રીતે જે માણસને હક હશે તે માણસે પોતાના ખાનગી વાપર સારૂ તે પદારથ માફક પરીમાણ પ્રમાણે પરચુરણ ખરીદ કરયા હશે તીયારે તેની ઉપરની ડયુટીનો જેટલો ભાગ કીંમત પ્રમાણે દર સેંકડે દસ ટકા કરતાં વધારે હશે તેટલો ભાગ (પરસંગ પ્રમાણે) પાછો મળવા સારૂ અથવા માફ થવા સારૂ કસટમના કલેકટરને અરજી કરવાનો અધીકાર (તે પદારથન) લાવનારને છે. અને તે પદારથ તેજ છે એ બાબત તથા સદરહુ પ્રકારના લાવનારને સદરહુ પ્રમાણે (ડયુટી) પાછી મળવાનો અથવા માફ થવાનો બીજે પ્રકારે હક છે એ બાબત તે કલેકટરની ખાતરી થાય તો તેણે તે પરમાણે તે પાછી આપવી અથવા માફ કરવી.

ખુસકીને રસતે આણેલા માલ ઉપર ડયુટી બેસાડવાનો અધીકાર

૯. જે પદારથ આ આકટને જોડેલા બીજા પરીશીષ્ટમાં નિરદીષ્ટ કરયા છે તથા જે બ્રીટીસ ઇંડીયાના કોઈ બાગમાં ખુસકીને રસ્તે આંણીયા હશે તે પદારથો ઉપર તે પરીશીષ્ટમાં નીરદીષ્ટ કરેલી ડયુટી કરતાં વધારે ડયુટી લેવી નહી એવું ઇંડીયા ગેજીટમાં જાહેરનામુ પરસીધ કરીને વખતે વખતે ફરમાવવાનો અધીકાર અને તેજ રીતે સદરહુ પરકારનું કોઈ જાહેરનામુ રદ કરવાનો અધીકાર ગવરનર જનરલ ઇનકોંશીલને છે.

એક જગાથી બીજી જગાએ લઈ જવાની મના કરવાનો અધીકાર.

૧૦. ઈંડીયા ગેજીટમાં જાહેરનામુ પરસીધ કરીને વખતે વખતે હેઠળ લખીયા પરમાણે કરવાનો અધીકાર ગવરનર જનરલ ઈનકોંશીલને છે.

(અ) આખા બ્રીટીસ ઈંડીયામાં અથવા તેના કોઈ ભાગમાં કોઈ પરકારનાં હથીયારો અથવા યુધસામગરી અથવા લશકરી સ્ટોર એક જગાથી બીજી જગાએ લઈ જવાનું નીયમન અથવા મના બીલકુલ અથવા લાઇસન્સ ન હોય તે પરસંગે તથા લાઇસન્સમાં જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે તથા જે રીતની પરવાનગી આપી હશે તે શીવાય બીજી રીતે કરવાનો અધીકાર અને,

(બ) સદરહુ પરકારનું કોઈ જાહેરનામુ રદ કરવાનો અધીકાર છે.

હથીયારો એક વાહાણનામાંથી બીજા વાહાણમાં ચઢાવવાં,

ખુલાસો.—હથીયારો અથવા યુધસામગરી અથવા લશકરી સ્ટોર બ્રીટીસ ઈંડીયા કોઈ બંદરમાં એક વાહાણમાંથી બીજા વાહાણમાં ચઢાવ્યાં હશે તે આ કલમના અરથ પ્રમાણે એક જગાએથી બીજી જગાએ લઈ ગયા છે એમ સમજવું.

ઝાડો લેવાનાં થાણાં સ્થાપવાનો અધીકાર.

૧૧. બ્રીટીસ ઈંડીયા તથા પારકા મુલકની દરમીયાનની હદની લાઈન ઉપર કોઈ જગાએ તથા તે લાઇનની અંદર પોતાને યોગીય લાગે તે અંતર ઉપર ઝાડા લેવાનાં થાણાં સ્થાપવાનો અધીકાર ગવરનર જનરલ ઈનકોંશીલની અગાઉથી મંજુરી લઇને સ્થાનીક સરકારને છે. તે થાણામાં સઘળાં વાહાણ તથા ગાડાં તથા ભાર બરદારી જનાવરો તથા સઘળી પેટીઓ તથા ગાંસડીઓ તથા પાકીટો રસ્તે જતાં હોય તે ઉભાં રાખવાનો તથા હથીયારો સારૂ તથા યુધસામગરી સારૂ તથા લશકરી સ્ટોર સારૂ તેઓનો ઝાડો લેવાનો અધીકાર જે કોઈ અમલદારને તેના નામથી અથવા હુદાના સંબંધથી આ બાબત સદરહુ પ્રકારની સરકારે અખતીયાર આપીયો હશે તે અમલદારને છે.

શકને પરસંગે હથીયારો વગેરે લઈ જનાર માણસોને પકડવા.

૧૨. કોઈ હથીયારો અથવા યુધસામગરી અથવા લશકરી સ્ટોર (તે બાબત લાઇસન્સ હોય કે ન હોય તોપણ) હેઠળ લખેલી રીતે તથા હેઠળ લખેલે પરસંગે લઇ જતાં કોઈ માણસ મળે તીયારે એટલે કોઈ ગેરકાયદેસર કારણ સારૂ વાપરવાના ઈરાદાથી અથવા તે ઉપયોગી પડવાના ઈરાદાથી તે લઈ જવામાં આવે છે એવો શક આવવાનો બાજબી સબબ મળે એવી રીતે અથવા એવે પરસંગે લઈ જતાં જડે તીયારે વગર વારંટે તેને પકડવાનો તથા તેની પાસેથી સદરહુ પ્રકારનાં હથીયારો અથવા યુધસામગરી અથવા લશકરી સ્ટોર લેવાનો અધીકાર કોઈપણ માણસને છે.

માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર નહી હોય તેવા માણસે પકડ્યુ હોય તીઆરે કામ ચલાવવાની રીત.

માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર નહી હોય તેવા કોઈ માણસે પકડેલુ કોઈ માણસ અને સદરહુ પ્રમાણે લીધેલાં હથીયારો અથવા યુધસામગરી અથવા લશકરી સ્ટોર બને તેમ જલદી પોલીસ અમલદારને સવાધીન કરવો.

પોલીસ અમલદારે પકડેલા અથવા પોલીસ અમલદારને સવાધીન કરેલા સઘળા માણસો અને સદરહુ પ્રકારના કોઈ અમલદારે પકડેલા અથવા આ કલમ પરમાણે તેને સવાધીન કરેલાં મઘળાં હથીયારો તથા યુધસામગરી વગર કારણે વાર ન લગાડતાં માજીસ્ટ્રેટની પાસે લઈ જવી.

૪ હથીયાર બાંધીને ફરવું તથા હથીયારો કબજામાં રાખવાં વગેરે.

લાઇસેન્સ વગર હથીયાર બાંધીને ફરવાની મના.

૧૩. લાઇસેન્સ વગર તથા લાઇસેન્સમાં જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે તથા જે રીતની પરવાનગી આપી હશે તે શીવાય બીજી રીતે કોઈ પણ હથીયારો બાંધીને કોઈ માણસે ફરવું નહીં.

લાઇસેન્સ વગર અથવા લાઇસેન્સના ઠરાવ તોડીને કોઇ માણસ હથીયારો બાંધીને સદરહુ પ્રમાણે ફરશે તેની પાસેથી હથીયારો લેવાનો અધીકાર કોઈ માજીસ્ટ્રેટને અથવા પોલીસ અમલદારને અથવા જે બીજા અમલદારને તેના નામથી અથવા તેના હુદાના સંબંધથી સ્થાનીક સરકારે આ બાબત અખત્યાર આપ્યો હશે તેને છે.

લાઇસેન્સ વગર અગ્નીશસ્ત્રો વગેરેનો કબજો.

૧૪. લાઇસેન્સ વગર તથા લાઇસેન્સમાં જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે તથા જે રીતની પરવાનગી આપી હશે તે શીવાય બીજી રીતે કોઈ માણસે તોપ અથવા અગ્નીશસ્ત્રો અથવા યુધ સામગરી અથવા લસકરી સ્ટોર પોતાના કબજામાં અથવા પોતાનાં નીરબંધમાં રાખવો નહી.

જે તારીખે આ આકટ અમલમાં આવશે તે તારીખ પછીના ત્રણ મહીના સુધી આ કલમના પેહેલા ભાગ માહેના કોઈ ઠરાવ, જે જગાને સન ૧૮૬૦ ના ૩૧ મા આકટની ૩૨ મી કલમની ૨જી રકમ સદરહુ પ્રકારની તારીખે લાગુ નહી હશે તે જગામાં કોઈ માણસના કબજામાં કાંઈ અગ્નીશસ્ત્રો અથવા યુદ્ધ સામગ્રી અથવા લસકરી સ્ટોર હશે તેઓને લાગુ નથી એમ સમજવું.

તરણ મહીનાની સદરહુ મુદતની અંદર સદરહુ પ્રકારની કોઈ જગામાં જે માણસના કબજામાં કાંઈ અગ્નીશસ્ત્રો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર હશે તે માણસને તે છેક નજીકનું પોલીસ થાણું જે અમલદારને સવાધીન હશે તે અમલદારની પાસે અનામત મુકવાનો અધીકાર છે અને તે મુદત પુરી થાય તે વખત સદરહુ પ્રકારની કોઇ જગામાં જે માણસના કબજામાં કોઇ અગ્નીશસ્ત્રો અથવા યુદ્ધસામગ્રી અથવા લશકરી સ્ટોર લાઇસેન્સ વગર હશે તે માણસે તે છેક નજીકનું પોલીસ થાણું જે અમલદારને સવાધીન હશે તે અમલદારની પાસે અનામત મુકવો જોઇયે.

આ કલમ પ્રમાણે અનામત મુકેલા કોઈ પદારથનો ધણી જે તારીખે આ આકટ અમલમાં આવે તે તારીખ પછીના વરસની અંદર સદરહુ પ્રકારનો પદારથ પોતાના કબજામાં રાખવાના અધીકાર બાબતનું લાઇસન્સ મહી ણ તથા તે પદારથ મળવા બાબત અરજી નહી કરે તો સદરહુ પ્રકારનું પદારથ સરકાર દાખલ થશે.

કોઇ પણ પ્રકારનાં હથીયારો લાઇસેન્સ વગર કેટલીએક જગામાં કબ

૧૫. જે જગામાં સન ૧૮૬૦ના ૩૧મા આકટની ૩૨ મી કલમની ૨ જી રકમ આ આકટ અમલમાં આવશે તે વખતે લાગુ હશે તે જગામાં અથવા જે જગાને આ કલમ સ્થાનીક સરકાર ગવરનર જનરલ

જામાં રાખવાની મના કરી છે.

ઇનકાંઉશીલની અગાઉથી મંજુરી લઇને તથા સ્થાનીક સરકારી ગેજેટમાં જાહેરનામું પ્રસીધ કરીને ખસુસ લાગુ કરશે તે જગામાં કોઈ માણસે કોઇ પ્રકારનાં હથીઆરો લાઇસન્સ વગર તથા લાઇસન્સમાં જે રીતની પરવાનગી આપી હશે તે રીત શીવાય બીજી રીતે તથા જેટલે સુધી પરવાનગી આપી હશે તે કરતાં વધારે પોતાના કબજામાં રાખવા નહી.

જે હથીયારો કબજામાં રાખવા ગેરકાયદેશર થયાં હશે તે પોલીસ થાણામાં અનામત મુકવાં.

૧૬. કોઈ માણસે હથીઆરો અથવા યુધ સામગ્રી અથવા લશકરી સ્ટોર પોતાના કબજામાં રાખવો એ લાઇસન્સ રદ થયાને લીધે અથવા તેની મુદત પુરી થયાને લીધે અથવા પંદરમી કલમ પ્રમાણે જાહેરનામુ કરવાને લીધે ગેર કાયદાસર થયું હશે તે માણસના કબજામાં હથીઆરો અથવા યુધ સામગ્રી અથવા લશકરી સ્ટોર હશે તે તેણે છેક નજીકનું પોલીસ થાણું જે અમલદારને સવાધીન હશે તે અમલદારની પાશે વગર કારણે વાર ન લગાડતાં અનામત મુકવો.

આ કલમ પ્રમાણે અનામત મુકેલા કોઇ પદારથનો માલેક તે પદારથ પોતાના કબજામાં રાખવાનો અધીકાર પોતાનેછે. એ બાબતનું લાઇસન્સ સદરહુ પરકારનો પદારથ સદરહુ પ્રમાણે જે તારીખે અનામત મુકયો હશે તે તારીખથી તરણ વરસની અંદર હાજર નહી કરે તો તથા તે પદારથ પોતાને સોંપવા બાબતની અરજી નહી કરે તો તે પદારથ સરકાર દાખલ થશે.

૫ લાઇસન્સ.

લાઇસન્સ બાબત કાનુન કરવાનો અધીકાર.

૧૭. લાઇસનસ કયા અમલદારે આપવું તે અમલદાર ઠરાવવા બાબતની તથા જે નમુના પ્રમાણે તથા જે મરીયાદાથી તથા શરતથી તથા જે મરીયાદાને તથા શરતને અનુસરીને કોઈ લાઇસન્સ આપવું તે મરીયાદા તથા શરત ઠરાવવા બાબતની ઇંડીઆ ગેજેટમાં જાહેરનામું પરસીધ કરીને વખતે વખતે કાનુન કરવાનો અધીકાર અને સદરહુ પરકારની કાનુનમાં બીજી વાત ઠરાવવાની તેમાં હેઠળ લખેલી વાત ઠરાવવાનો અધીકાર ગવરનર જનરલ ઇનકાંઉશીલને છે.

(અ) સદરહુ પરકારનું લાઇસન્સ અમલમાં રેહેવાની મુદત ઠરાવવાનો, અને,

(બ) આ આકટ અમલમાં આવશે તે વખતે જે જગામે સન ૧૮૬૦ના ૩૧ મા આકટની ૩૨મી કલમની ૨જી રકમ લાગુ હશે તે જગામાં આપેલાં સદરહુ પરકારમાં કોઈ લાઇસન્સ બાબત અથવા બીજી કોઇ જગામાં (હથીઆર વગેરે રાખવાના) કબજા બાબત આપેલા લાઇસનસ શીવાય સદરહુ પરકારનાં બીજા કોઇ લાઇસનસ બાબત સ્ટાંપથી અથવા બીજી રીતે લેવાની ફી ઠરાવવાનો અને.

(ક) (હથીઆર વગેરે) કબજામાં રાખવા બાબતનાં લાઇસનસ શીવાય સદરહુ પરકારનાં બીજા કોઇ લાઇસનસના ધારણ કરતારાએ તે બીજા લાઇસનસ પરમાણે કરેલી કોઇ વાત બાબત સ્થાનીક સરકાર ફરમાવે તેવા નમુના પરમાણે દફતર અથવા હીસાબ રાખવો તથા સરકારનો અમલદાર સદરહુ પરકારનું દફતર અથવા હીસાબ બતાવવાનું કહે તો તે બતાવવો એવું ફરમાવવાનો, અને

(ડ) પાંચમી કલમમાં અથવા છઠી કલમમાં કહેલા પરકારનું લાઇસન્સ ધારણ કરનાર કોઈ માણસ જે ઠેકાણે હથીઆરો અથવા યુધસામગ્રી અથવા લશકરી સ્ટોર તઇયાર કરતુ હોય અથવા તેણે રાખ્યો હોય તે ઠેકાણામાં પેસવાનો તથા તે તપાસી જોવાનો અખતીઆર સરકારના કોઇ પણ અમલદારને આપવાનો, અને

(ઢ) સદરહુ પરકારના કોઈ માણસના કબજામાં અથવા તેના નીરબંધમાં હથિયારોનો તથા યુધસામગ્રીનો તથા લશકરી સ્ટોરનો સંગરહ હશે તે સઘળો તેણે સદરહુ પ્રમાણે અખતીઆર આપેલા સરકારના અમલદારને બતાવવો એવું ફરમાવવાનો, અને-

(ણ) કોઇ લાઇસન્સ ધારણા કરનાર માણસને અથવા કોઇ લાઇસન્સ ઉપરથી કામ ચલાવનાર માણસને તે લાઇસન્સ હાજર કર અને તે લાઇસન્સ જે હથિઆરો બાબત અથવા યુધસામગરી બાબત અથવા લશકરી સ્ટોર બાબત હશે તે હથીઆરો અથવા યુધસામગરી અથવા લશકરી સ્ટોર હાજર કર અથવા તે બાબતનો જવાબ દે એવું સરકારનો અમલદાર કહેતો તેણે તે હાજર કરવો અથવા જવાબ આપવો એવો ઠરાવ કરવાનો અધિકાર છે.

લાઇસન્સ રદ કરવું તથા મોકુફ કરવું-

૧૮. કોઈ પણ લાઇસન્સ રદ કરવાનો અથવા મોકુફ કરવાનો અધીકાર હેઠળ લખેલા અમલદારને છે. એટલેઃ—

(અ) જે અમલદારે તે લાઇસન્સ આપીયું હશે તેને અથવા તે અમલદાર જે કોઈ અધીકારીના તાબામાં હશે તેને અથવા ડીસટરીકટનો કોઈ માજીસટરેટ અથવા ઇલાકાના મુખ્ય શેહેરની પોલીસનો કમીશનર જેની હકુમતની સ્થળ સીમમાં સદરહુ પ્રકારનો લાઇસેન્સ ધારણ કરનારો હશે તે ડીશટરીકટના માજીસટરેટને અથવા પોલીસના કમીશનરને લોકની સુલેહ રાખવા સારૂ સદરેહુ પ્રકારનુ લાઇસેન્સ રદ કરવાની અથવા મોકુફ કરવાની જરૂર લાગે તયારે કારણ હોય તે દફતરમાં લખીને તે પ્રમાણે કરવાનો અધીકાર સદરહુ પ્રકારના અમલદારને અથવા અધીકારીને અથવા માજીસ્રેટને અથવા કમીશનરનેછે, અને

(બ) જે કોઈ જડજની પાસે અથવા માજીસ્રેટની પાસે આ આકટ વીરૂધ ગુનો કરેયાની સબીતી સદરહુ પ્રકારના લાઇસન્સ ધારણ કરનારની ઉપર થશે. તે જડજને અથવા માજીસ્રેટને છે, અને.

જે મુલકનો રાજકારભાર પોતે ચલાવતા હશે તે આખા મુલકમા અથવા તેના કોઈ ભાગમાં સઘળા અથવા કોઈ પણ લાઇસન્સો સ્થાનીક સરકારી ગેજેટમાં જાહેરનામું પરસીધ કરીને પોતાના પરસંગાનુંસાર વરતનાધીકારથી રદ અથવા મોકુફ કરવાનો અધીકાર સ્થાનીક સરકારને છે.

૬ શિક્ષા.

પમી તથા ૬ઠી તથા ૧૦ મી તથા ૧૩મીથી તે ૧૭મી સુધીની કલમો તોડયા બદલ

૧૯. જે કોઈ હેઠળ લખેલા ગુનહા પઇકી કોઈપણ ગુનહો કરશે, એટલે—

(અ) પાંચમી કલમના ઠરાવ તોડીને કોઇ હથીઆરો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર તઇયાર કરશે અથવા તેનું રૂપાંતર કરશે અથવા તે વેચશે અથવા રાખશે અથવા વેચવાને કાહાડશે અથવા માંડી મુકશે. અથવા.

(બ) તેજ કલમમાં નોટીસ આપવાનું કહ્યું છે તે પ્રમાણે નોટીસ આપવાને ચુકશે, અથવા

(ક) છઠી કલમના ઠરાવ તોડીને કોઈ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર લાવશે અથવા બાહાર મોકલશે; અથવા.

(ડ) દશમી કલમ પ્રમાણે કરેલા કોઈ નીયમ અથવા મના તોડીને કોઈ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર એક જગાએથી બીજી જગાએ લઈ જશે; અથવા

(ય) તેરમી કલમના ઠરાવ તોડીને હથીયાર બાંધીને ફરશે, અથવા

(ફ) ચઉદમી અથવા પંદરમી કલમના ઠરાવ તોડીને કોઈ હથીયાર અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર પોતાના કબજામાં અથવા નીરબંધમાં રાખશે; અથવા.

(ગ) સતરમી કલમની (ક) રકમ પ્રમાણે કરેલી કાનુન પ્રમાણે જે દફતર અથવા હીસાબ તેણે રાખવો જોઇયે તેમાં ખોટો મજકુર જાણી જોઇને લખશે, અથવા.

(હ) સતરમી કલમની (ઇ) રકમ પ્રમાણે કરેલી કાનુન મુજબ જે પદારથ તેણે બતાવવો જોઇએ તે પદારથ તે બતાવવાને જાણી જોઇને ચુકશે; અથવા.

(ઐ) ચઉદમી અથવા સોળમી કલમમાં કહ્યા પ્રમાણે હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર અનામત મુકવાને ચુકશે.

તેને ઘણામાં ઘણા ત્રણ વરસ સુધી કેદની અથવા દંડની શીક્ષા અથવા આ બેઉ શીક્ષા થશે.

૫મી તથા ૬ઠી તથા ૧૦મી તથા ૧૪મી અને ૧૫મી કલમ ચુપકીથી તોડયા બદલ.

૨૦. ઓગણીસમી કલમની (અ) અથવા (ક) અથવા (ડ) અથવા (ફ) રકમમાં કહેલાં કોઈ કૃત્ય હીંદુસ્તાનના ફોજદારી કાયદામાં સરકારી નોકરની બ્યાખ્યા કરી છે તેવા કોઈ સરકારી નોકરને અથવા લોહોડાની સડક ઉપર ચાકરીએ હોય તેવા કોઈ માણસને અથવા કોઈ હુડા ભાડુ કરનારના નોકરને ખબર ન પડે એવા ઇરાદા જે રીતે માલમ પડે તે રીતે જે કોઇ સદરહુ પ્રકારનું કૃત્ય કરશે.

હથીયારો વગેરે સંતાડવા બાબત.

અને પચીસમી કલમ પરમાણે ઝાડો લેવામાં આવતો હોય ત્યારે જે કોઇ માણસ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશકરી સ્ટોર સંતાડશે અથવા સંતાડવાની કોશીશ કરશે.

તેને ઘણાંમાં ઘણી સાત વરસ સુધીની કેદની અથવા દંડની શીક્ષા અથવા આ બેઉ શીક્ષા થશે.

લાઇસેન્સની સરત તોડવા બાબત.

૨૧. જે સરતને અનુસરીને લાઇસેન્સ આપ્યું હશે તે સરત તોડીને જે કોઇ હેઠળ લખેલે પરસંગે કાંઇ કૃત્ય કરશે અથવા કરવાનું વરજ કરશે એટલે સદરહુ પરકારનું કૃત્ય કરયા બદલ અથવા કરવાનું વરજ કરયા બદલ ઓગણીસમી અથવા વીસમી કલમ પરમાણે શીક્ષા થઇ શકતી નહી હોય તેવું કાંઇ કૃત્ય કરશે અથવા કરવાનું વરજ કરશે તેને ઘણામાં ઘણા છ મહીના સુધી કેદની

અથવા ઘણામાં ઘણા પાંચસે રૂપીયા સુધી દંડની શીક્ષા અથવા આ બેઉ શીક્ષા થશે.

લાઇસેન્સ નમળેલા માણસની પાસેથી હથીયાર વગેરે જાણી જોઇને ખરીદ કરવા બદલ. જે માણસને હથીયાર વગેરે કબજામાં રાખવાનો અધીકાર આપ્યો નહી હોય તેને તે આપવા બાબત.

૨૨. જે માણસ હથીયારો અથવા યુદ્ધ સામગ્રી અથવા લશકરી સ્ટોર વેચવા બાબતનું જે માણસને પાંચમી કલમના વીશેષ ઠરાવ મુજબ લાઇસન્સ આપ્યું નહી હોય અથવા અધીકાર આપ્યો નહી હોય તેની પાસેથી જાણી જોઇને તે ખરીદ કરશે અથવા કોઈ હથીયારો અથવા યુધ સામગ્રી અથવા લશકરી સ્ટોર કબજામાં રાખવાનો કાયદાસર રીતે અધીકાર આપ્યો છે કે નહી તેની અગાઉથી ચોકશી કરયા વગર તે કોઈ માણસના કબજામાં આપશે.

તેને ઘણામાં ઘણા છ મહીના સુધી કેદની અથવા ઘણામાં ઘણા પાંચસે રૂપીયા સુધી દંડની અથવા આ બેઉ શીક્ષા થશે.

કાનુન તોડવા બાબત શીક્ષા.

૨૩. જે કાનુન આ આકટ પ્રમાણે કરી હશે તથા જે તોડયા બાબત આ આકટમાં શીક્ષા ઠરાવી નહી હોય તે કાનુન જે માણસ તોડશે તે માણસને ઘણામાં ઘણા એક મહીના સુધી કેદની અથવા ઘણામાં ઘણા બસે રૂપીયા સુધી દંડની શીક્ષા અથવા આ બેઉ શીક્ષા થશે.

જપતી કરવાનો અધીકાર.

૨૪. કોઈ હથીયાર બાબત અથવા યુધસામગ્રી બાબત અથવા લશકરી સ્ટોર બાબત આ આકટ પ્રમાણે શીક્ષા કરવા જોગ ગુનોહ કરયાની સાબેતી થઇ હશે ત્યારે સદરહુ પ્રકારનાં સઘળાં હથીયારો અથવા યુધસામગ્રી અથવા લશકરી સ્ટોર અથવા તેનો કાંઈ ભાગ અને તે લઈ જવા સારૂ ઉપયોગ કરેલું કોઈ વાહાણ અથવા ગાડુ અથવા બારબરદારી જનાવર અને જે પેટીમાં અથવા પાકીટમાં અથવા ગાંસડીમાં તે સંતાડયો હોય તે પેટી અથવા પાકીટ અથવા ગાંસડી તથા તે પેટીમાંનો અથવા પાકીટમાંનો અથવા ગાંસડીમાંનો બીજો માલ જપત કરવા બાબતના વળી બીજા હુકમનો પ્રસંગાનુંસારે વરતનાધીકાર ગુનાહની સાબેતી કરનાર કોરટને અથવા માજીસ્ત્રેટને છે.

૭. પરચુરણ.

માજીસ્ત્રેટે ઝડા લેવા તથા પકડવું.

૨૫. પોતાની હકુમતની સ્થળ શીમમાં રેહેનાર કોઈ માણસના કબજામાં કોઈ ગેરકાયદાસર કામ સારૂ કોઈ હથીયારો અથવા યુધસામગ્રી અથવા લશકરી સ્ટોર છે એવું લાગવાનો.

અથવા લોકની સુલેહને ધોકો લાગ્યા વગર સદરહુ પ્રકારનાં કોઈ હથીયારો અથવા યુધસામગ્રી અથવા લશકરી સ્ટોર સદરહુ પ્રકારના કોઈ માણસના કબજામાં રાખી સકાશે નહી એવું લાગવાનો કોઈ માજીસ્ત્રેટને સબબ હોય ત્યારે.

પોતાને લાગવાનાં કારણ હોય તે પરથમ દફતરમાં લખી મુકીને જે ઘરનો અથવા ઠેકાણાનો ઉપયોગ સદરહુ પ્રકારનું માણસ કરતુ હોય તે ઘરનો અથવા ઠેકાણાનો અથવા જે ઘરમાં અથવા ઠેકાણામાં સદરહુ પ્રકારનાં હથીયારો અથવા યુધસામગ્રી અથવા લશકરી સ્ટોર છે અથવા મળશે એવું લાગવાનો પોતાને સબબ હોય તે ઘરનો અથવા ઠેકાણાનો

ઝાડો લેવરાવવાનો અધીકાર અને તે બાબત લાઇસેન્સ હોય તોય પણ તે પકડાવાનો તથા પોતાને જરૂર લાગે તે વખત સુધી સુરક્ષીત જગાએ અટકાવી રાખવાનો અધીકાર સદરહુ પ્રકારના માજીસ્ત્રેટને છે.

સદરહુ પ્રકારને પ્રસંગે માજીસ્ત્રેટે અથવા માજીસ્ત્રેટની સમક્ષ અથવા જે અમલદારને તેના નામથી અથવા હુદ્દાના સંબંધથી સ્થાનીક સરકારે આ બાબત ખસુસ અધીકાર આપ્યો હશે તે અમલદારે અથવા તે અમલદારની સમક્ષ ઝાડો લેવો.

સ્થાનીક સરકારે પકડવું તથા અટકાવી રાખવું.

૨૬. કોઇ હથીઆરો અથવા યુદ્ધસામગ્રી અથવા લશકરી સ્ટોર કબજામાં રાખવા બાબતનું કોઈ માણસને લાઇસેન્સ આપેલું હશે તો-પણ તે માણસના કબજામાંનાં કોઈપણ હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશ્કરી સ્ટોર હરકોઈ વખતે પકડવા બાબતનો હુકમ કરવાનો અથવા પકડાવવાનો અધીકાર અને લોકની સલામતી સારૂ પોતાને જરૂર લાગે તે વખત સુધી તે અટકાવી રાખવાનો અધીકાર સ્થાનીક સરકારને છે.

માફી આપવાનો અધીકાર.

૨૭. ઇંડિયા ગ્યાઝેટમાં જાહેરનામુ પ્રસીદ્ધ કરીને વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધીકાર ગવરનર જનરલ ઇનકાંઉસીલને છે એટલે.—

(અ) આ આક્ટમાંહેની કોઈ મનાના અથવા હુકમના અમલમાંથી કોઈ માણસને તેના નામથી અથવા તેના હુદ્દાના સંબંધથી અથવા હરકોઈ વરગના લોકને કાહાડવાનો, અથવા હરકોઈ પ્રકારનાં હથિયારો અથવા યુદ્ધસામગ્રી ખારેજ કરવાનો અથવા બ્રીટીસ ઇંડીયાનો કોઇપણ ભાગ કાહાડવાનો અને.

(બ) સદરહુ પ્રકારનું કોઈ જાહેરનામુ રદ કરવાનો અને સદરહુ પરકારની મનાનો અથવા હુકમનો અમલ તે માણસોને અથવા પદારથોને અથવા જાહેરનામાંમાં લખેલા બ્રીટીશ ઇંડીયાના ભાગને ફરીથી લાગુ કરવાનો અધીકાર છે.

ગુન્હા બાબત ખબર આપવી.

૨૮. આ આક્ટ મુજબ શીક્ષા કરવા જોગ કોઈ ગુન્હો કરવાની જે જે માણસને ખબર હશે તેને તે બાબતની ખબર ન આપવાનું વાજબી કારણ ન હોય ત્યારે છેક નજીકના પોલીસ અમલદારને અથવા માજીસ્ત્રેટને ખબર આપવી જોઇએ. વાજબી કારણ નહીં હતું એ સાબેત કરવાનો બોજો તે માણસ ઉપર રહેશે.

જે હથીયારો બાબત અથવા યુદ્ધસામગ્રી બાબત અથવા લશકરી સ્ટોર બાબત આ આક્ટ વીરૂધ ગુનેહો કરેલોછે અથવા કરવામાં આવેછે તે હથીયારો અથવા યુદ્ધસામગ્રી અથવા લશકરી સ્ટોર રસતે જતી કોઈ પેટીમાં અથવા પ્યાકેજમાં અથવા ગાંસડીમાંછે એવો પોતાને શક હોય તે પેટી બાબત અથવા પ્યાકેજ બાબત અથવા ગાંસડી બાબત ખબર ન આપવાનું વાજબી કારણ નહીં હશે ત્યારે કોઈ લોહોડાની સડક ઉપર ચાકરીમાં હોય તેવાં અથવા કોઈ હુંડા ભાડું કરનારે ચાકરીમાં રાખેલાં દર એક માણસે છેક પાસેના પોલીસ અમલદારને ખબર આપવી જોઇયે. વાજબી કારણ ન હતુ એ સાબેત કરવાનો બોજો તે માણસ ઉપર રહેશે.

૧૯મી કલમની (૬) રકમ પ્રમાણે કામ ચલાવવા સારૂ મંજુરીની જરૂરછે.

૨૯. ઓગણીસમી કલમની (૬) રકમ પ્રમાણે શીક્ષા કરવા જોગ કાંઈ ગુન્હો હેઠળ લખેલા પ્રાંતમાં આ આકટ જે તારીખે અમલમાં આવે તે તારીખથી ત્રણ મહીનાની અંદર કરયો હશે ત્યારે એટલે જે પ્રાંતને અથવા ડીસ્ત્રીકટને અથવા જગાને સન ૧૮૬૦ ના ૩૧ મા આકટની ૩૨મી કલમની ર૭ રકમ સદરહુ પરકારની તારીખે લાગુ હશે તે પ્રાંતમાં અથવા ડીસ્ત્રીકટમાં અથવા જગામાં કરયો હશે ત્યારે અથવા બ્રીટીસ ઈંડીયાનો જે ભાગ સદરહુ પ્રકારનું પરાંત અથવા ડીસ્ત્રીકટ અથવા જગા નહીં હશે તે ભાગમાં કરવામાં આવશે તીયારે સદરહુ પ્રકારના ગુનહા બાબત કોઈ માણસ ઉપર કામ ચલાવવું હોય તે તે ડીસટરીકટના માજીસ્ત્રેટની અથવા ઈલાકાના મુખ્ય શેહેરમાં પોલીશના કમીશનરની મંજુરી લીધા વગર ચલાવવું નહીં.

૧૯મી કલમની (૬) રકમ વીરૂધ કરેલા ગુન્હાને પ્રસંગે ઝાડા કેમ લેવા.

૩૦. ઓગણીસમી કલમની (૬) રકમ પ્રમાણે શીક્ષા કરવા જોગ ગુનહા બાબત કોઈ કામ ચલાવ્યું હોય તે ચાલતું હોય ત્યારે ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે અથવા સન ૧૮૭૭ના પ્રેસિડેન્સી માજીસ્ત્રેટોના આકટ પ્રમાણે ઝાડા લેવાના હશે ત્યારે તે ઝાડા સદરહુ કાયદામાં અથવા આકટમાં ગમે તે ઠરાવ હોય તોપણ આ બાબત જે અમલદારને નામથી અથવા હુદાના સંબંધથી સ્થાનિક સરકારે ખસુસ નીમ્યો હશે તે અમલદારના રૂબરૂ લેવા અને બીજી રીતે લેવા નહી.

બીજા કાયદાના અમલને હરકત નથી.

૩૧. જે કાંઇ કૃત્ય કરયું હોય તો અથવા કરવાનું વરજ કરયું હોય તો આ આકટ વીરૂધ અથવા આ આકટ પ્રમાણે કરેલી કાનુન વીરૂધ ગુન્હો થતો હશે તે કૃત્ય બાબત અથવા વરજ કરયા બાબત કોઈ માણસ ઉપર બીજા કોઈ કાયદા પ્રમાણે કામ ચલાવવાને અથવા આ આકટમાં ઠરાવેલી શીક્ષા કરતાં અથવા દંડ કરતાં કાંઇ મોટી શીક્ષાને અથવા દંડને સદરહુ પ્રકારના બીજા કાયદા ઉપરથી તે માણસ પાત્ર થવાને આ આકટના કોઇ ઠરાવ ઉપરથી હરકત છે એમ સમજવું નહી પણ એવું ઠરાવ્યુંછે કે કોઈ માણસને એકજ ગુના બદલ બે વખત શીક્ષા કરવી નહી.

અગ્નીશસ્ત્રોની ગણત્રી કરવાનો અધિકાર

૩૨. સ્થાનિક સરકારી ગ્યાજેટમાં જાહેરનામુ પ્રસિધ કરીને હરકોઇ પ્રદેશમાંહેનાં સઘળાં અગ્નીશસ્ત્રોની ગણત્રી કરવી એવો હુકમ વખતે વખતે કરવાનો અધીકાર અને સદરહુ પરકારની ગણત્રી કરવાનો અખત્યાર કોઈપણ માણસને તેના નામથી અથવા હુદાના સંબંધી આપવાનો અધિકાર સ્થાનિક સરકારને છે.

સદરહુ પ્રકારનું કોઈ જાહેરનામું પ્રસિદ્ધ કરયું હોય ત્યારે સદરહુ પ્રકારના પરદેશમાં સદરહુ પ્રકારનાં કાંઈ હથિયારો જે માણસોના કબજામાં હશે તે સઘળાં માણસોએ તે હથીયારો બાબત જે માહિતી સદરહુ પ્રમાણે અખત્યાર આપેલુ માણસ માગે તે તેને આપવી. અને સદરહુ પ્રકારનાં હથિઆરો તેણે પોતાની પાસે હાજર કરવાનું કહ્યું હોય તો હાજર કરવાં.

સદરહુ પરકારનાં કોઈ હથિયારો હાજર કરવાનું કહ્યું હોય ત્યારે તે હાજર કરવાની કોઇ માણસ ના કહેશે અથવા ગફલત કરશે તેને ઘણામાં ઘણા એક મહિના સુધી કેદની અથવા ઘણામાં ઘણા બશેં રૂપીઆ સુધી દંડની શીક્ષા અથવા આ બેઉ શીક્ષા થશે.

કામ ચલાવવાની નોટીશ તથા મુદત.

૩૩. આ આક્ટ પ્રમાણે કોઇ વાત કર્યા બદલ કોઇ માણસ ઉપર ફરિયાદ શિવાય બીજુ કાંઈ પણ કામ ચલાવવું હોય તે, કામ ચલાવવાનો ઇરાદો હોય તે બાબત એક મહિના આગમજ લખેલી નોટીસ તેને આપ્યા વગર અથવા સદરહુ પ્રકારનું કારણ ઉત્પન્ન થયાની તારીખથી ત્રણ મહિના થયા પછી ચલાવવું નહીં.

પેહેલું પરિશિસ્ટ.

નંબર તથા વરસ.	મથાળું.	કેટલો રદ કર્યો.
સન ૧૮૪૧નો ૧૮ મો.	લશકરી સ્ટોર બહાર મોકલવા સંબંધી કાયદો તથા આક્ટછે તે એકઠાકરીને સુધારવા સંબંધી આક્ટ.	જેટલો રદ થયો નથી તેટલો.
સન ૧૮૫૪નો ૩૦ મો.	આરાકાન તથા પેગુ તથા મારતાબાન તથા તેનસ્સરીમ પ્રાંતમાં કસ્ટમની ડ્યુટી લેવા બાબતના નિયમ ઠરાવવા બાબતનો આક્ટ.	"અને યુધ સામગ્રી આ પ્રાંતો પઇકી કોઇ પણ પ્રાંતમાંથી પારકાં સંસ્થાનમાં મોકલવાની મનાકરવી જોઇયે" આ ઉદેશમાંના શબ્દો. ૧૧ મી કલમ.
સન ૧૮૬૦નો ૩૧ મો.	હથિયારો તથા યુધસામગ્રી કરવા બાબત તથા મુલકમાં લાવવા બાબત તથા વેચવા બાબત અને તે રાખવાના તથા વાપરવાના હક બાબત નિયમ ઠરાવવા બાબત અને કેટલેએક પ્રસંગે હથીયારો લઇ લેવાનો અધિકાર આપવા બાબતનો આક્ટ.	જેટલો રદ થયો નથી તેટલો
સન ૧૮૬૬ નો ૬ ઠો.	હથિયારો તથા યુધસામગ્રી કરવા બાબત તથા મુલકમાં લાવવા બાબત તથા વેચવા બાબત અને તે રાખવાના તથા વાપરવાના હક બાબત નિયમ ઠરાવવા બાબત અને કેટલેએક પ્રસંગે હથિયારો લઇ લેવાનો અધિકાર આપવા બાબત" સન ૧૮૬૦ નો ૩૧ મો આક્ટ છે તે જારી રાખવા બાબતનો તથા બીજી વાતો બાબતનો આક્ટ.	સઘળો.
સન ૧૮૭૨ નો ૩ જો.	સંથાલ પ્રગણાના સૅટલમૅંટનો કાયદો.......	પરીશિષ્ટનો જેટલો ભાગ સન ૧૮૬૦ના ૩૧મા આક્ટ સંબંધી તથા સન ૧૮૬૬ ના ૬ ઠા આક્ટ સંબધી છે તેટલો ભાગ.
સન ૧૮૭૪ નો ૯ મો.	આરાકાન હિલ્સ ડિસ્ટ્રીક્ટ લાજ બાબત સન ૧૮૭૪ નો કાયદો.	પરીશિષ્ટનો જેટલો ભાગ સન ૧૮૪૧ના ૧૮ મા આક્ટ સંબંધીછે તેટલો ભાગ.
સન ૧૮૭૪નો ૧૫ મો.	કેટલાએક આક્ટોની સ્થાનીક વ્યાપતી ઠરાવવા બાબત તથા બીજાં કારણ બાબતનો આક્ટ.	પેહેલા પરીશિષ્ટનો જેટલો ભાગ સન૧૮૪૧ના ૧૮મા આક્ટસંબંધીછેતેટલોભાગ

બીજું પરિશિસ્ટ.

(૮ મી કલમ જુઓ.)

		રૂ. આ.
(૧)	પિસતોલ શીવાય બીજાં અગ્નીશસ્ત્રો દરએક બદલ	૫૦—૦
(૨)	તેઓ સારૂ નળીઓ, તેપછી એક નળી હોય કે બેવડી નળી હોય દરએક બદલ	૩૦—૦
(૩)	પીસતોલ દરએક બદલ	૧૫—૦
(૪)	તેઓ સારૂ નળીઓ, તે પછી એક નળી હોયકે બેવડી નળીહોય દરએક બદલ	૧૦—૦
(૫)	અગ્નીશસ્ત્રો સારૂ વાપરવાની કમાનો, દરએક બદલ	૮—૦
(૬)	બંદુકનો કુંદો તથા સાઇટસ તથા બ્લાકસ તથા રોલરસ, દરએક બદલ ...	૫—૦
(૭)	રીવાલવર બ્રીચીસ, જે કારતુસો તેની સાથે હશે તે દરએક કારતુસ બદલ	૨—૮
(૮)	એકસ્ટરાકટસર તથા નીપરસ, તથા હીલ પલેટસ તથા પીન ઇસકરૂ તથા ટાંગસ તથા બોલટ તથા થંબ પીસીસ તથા ટીરગસર તથા ટીગર ગારડસ તથા હામર તથા પીસટન તથા પલેટો તથા યંબ અગનીશસ્ત્રોના જે બીજા ભાગ બાબત આમાં બીજી રીતનો ઠરાવ કરયો નથી તે બીજા ભાગ અને તે સાફ કરવા સારૂ અથવા જોડવા સારૂ અથવા ભરવા સારૂ વાપરવાનાં સઘળાં હથીયારો, દરએક બદલ	૧—૮
(૯)	કારતુસ કરવાનાં અથવા ભરવાનાં અથવા બંધ કરવાનાં યંત્રો દરએક બદલ	૧૦—૦
(૧૦)	કારતુસો કપાપ કરવાનાં યંત્રો દર એક બદલ	૨—૮

અપવાદ.

આ પરશીષ્ટનાં ૫ માં ૬ ઠાં અથવા ૮ માં અથવા ૯ માં અથવા ૧૦ માં મથાળાં હેઠળ આવનાર પદારથો ૧લાં અથવા ૩ જાં મથાળાં હેઠળ આવનારાં અગ્નીશસ્ત્રો સંબંધી હોય તથા તે અગ્નીશસ્ત્રો સાથે એકજ પેટીમાં બેસાડેલાં હોય ત્યારે તે પદારથ.

(True Translation.)

ANUNDRAO CHAPAJEE,

For Oriental Translator to Government.

सने १८७९ नो आक्ट १ मो.

સ્ટાંપ બાબતનો

ભાગ ૮ મો.

ફોજદારી ગુના અને કામ ચલાવવાની રીત

યોગ્યરીતેસ્ટાંપનહીમારે લાદસ્તાવેજકરીઆપવા માટે દંડ

૬૧ યોગ્ય રીતે સ્ટાંપ માર્યા સીવાય જે કોઇ સખસ કોઈ પણ બીલ ઓફ એક્ષચેંજ (હુંડી પતરી) ચેક અથવા પ્રામેશરી નોટ (વાયદા ચીઠી) લખશે અથવા કરશે અથવા આપશે અથવા તેની પાછળ શેરો લખશે અથવા બીજાના નામ ઉપર કરી આપશે અથવા સાક્ષીદાર ન હોવા છતાં તેની ઉપર સહી કરશે અથવા સીકારવા સારૂ કે પૈ-સા મળવા સારૂં દેખાડશે અથવા સીકારશે અથવા તેનો એવેજ આપશે અથવા લેશે અથવા કોઇ પણ રીતે વેચશે તે સખસ.

કોઇ પણ સખસ ડયુટી ચાર્જ થવાને પાત્ર હોય એવો બીજો કોઇ પણ દસ્તાવેજ યોગ રીતે સ્ટાંપ માર્યા સીવાય કરી આપશે અથવા તેની ઉપર સાક્ષીદાર ન હોવા છતાં સહી કરશે અને,

કોઈ પણ સખસ યોગ્ય રીતે સ્ટાંપ મારેલો નહી હોય એવો કોઇ પણ પ્રાકસી ઉપ-રથી (સભામાં મત આપવા વીશેના અધીકાર પત્ર ઉપરથી) મત આપશે અથવા મત આપવાનો યત્ન કરશે તેને.

સદરહુ પ્રકારના દરેક અપરાધને માટે વત્તામાંવત્તા પાંચસેં રૂપૈયા સુધી દંડ થશે

પણ એવું ઠરાવ્યુ છે કે ચોત્રીસમી કલમ મુજબ અથવા સાડત્રીસમી કલમ મુજબ અથવા પચાસમી કલમ મુજબ કોઈ પણ દસ્તાવેજને માટે કાંઈ પણ દંડ આપ્યો હશે ત્યારે તે દંડની રકમ, તે દંડ જે સખસે આપ્યો હશે તે સખસને તેજ દસ્તાવેજ માટે આ કલમ મુજબ પછીથી કાંય પણ દંડ થયો હશે તે દંડમાં મજરે આપવી.

વળગે એવાસ્ટાંપરદકરવાનુચુકવાનેમાટેદંડ-

૬૨ કોઈ પણ સખસને કોઇ પણ વળગે એવો સ્ટાંપ અગી-આરમી કલમ મુજબ રદ કરવો અવસ્ય હશે અને જે તે કલ-મમાં કહેલી રીતે તે સ્ટાંપ રદ કરવાનું તે ચુકશે તેને વતામાં વતો સો રૂપૈયા સુધી દંડ થશે.

૨૭ મીકલમનાઠરાવમુજબકરવાનુંવરજકરવામાટે દંડ.

૬૩ જે કોઇ સખસ સરકારની કોઈ પણ ડયુટી બુડાડવાના ઇરાદાથી,

(અ) સતાવીસમી કલમ પ્રમાણે જે વાત અને હકીકત કોઇ પણ દસ્તાવેજમાં લખવી જરૂર હોય તે સંપુરણ અને ખરી રીતે લખ્યા વગર તે દસ્તાવેજ કરી આપશે અથવા,

(બ) જે કોઈ સખશને કોઈ પણ દસ્તાવેજ તઈયાર કરવાને અથવા તઈયાર કરાવા માટે રાખ્યો હશે અથવા તેમાં સામેલ હશે અને જે સદરહુ પ્રકારની સરવ વાત અને હ-કીકત તેમાં પુરણ પણે અને ખરી રીતે લખવાની ગફલત કરશે અથવા લખવાનું વરજ કરશે તેને વતામાંવતો પાંચ હજાર રૂપીયા સુધી દંડ થશે.

પહોચઆપવાની નાકેહેવામાટેઅનેપહોચનેમાટેડયુટીઆપવાનુ ચુકાવવાનીયુક્તીકરવામાટેડંડ.

૬૪ જે કોઈ સખસ પાસે અઠાવંનમી કલમ પ્રમાણે પહોચ માગી હોય તે આપવાની ના કહેશે અથવા ગફલત કરશે અથવા જે વીસ રૂપીઆ કરતાં વધારે રૂપીઆની રકમ અથવા વીસ રૂપીઆ કરતાં વધારે કીમતનો માલ આપ્યા પછી સરકારની કોઇ પણ ડયુટી બચાવવાના ઈરાદાથી વીસ રૂપીયા કરતાં વધારે નહી એવી રકમની અથવા કીમતની પહોચ આપશે અથવા આપેલા પઇસા અથવા માલ છુટા છુટા કરશે અથવા તેઓના વીભાગ કરશે તેને વતામાં વતો સો રૂપીયા સુધી ડંડ થશે.

૬૫ જે જે માણસને—

પાલીસી કરવામાટેડંડ

(અ) વીમાના કરાર બદલ કોઇ પણ સલામતી અથવા અવેજ પહોચશે, અથવા જે સલામતી અથવા અવેજ ખાતામાં જમા કરશે અને સદરહુ પ્રકારની સલામતી અથવા અવેજ પહોચવાને અથવા જમે કર્યાને એક મહીનો થયાની અંદર સદરહુ વીમાની પાલીસી (ખત) યોગ રીતે સ્ટાંપ મારીને કરશે નહી અને કરીઆપશે નહી તેને.

અથવાજેકાંઇપાલીશીઉપરયોગરીતેસ્ટાંપમાર્યોનહશેતેકરવાવગેરેમાટે

(બ) યોગ રીતે સ્ટાંપ માર્યો ન હોય એવી કોઇ પાલીસી (ખત) કરશે અથવા કરી આપશે અથવા આપશે અથવા સદરહુ પ્રકારની કોઈ પણ પાલીસી ઉપર અથવા તે પાલીસી માટે કાંઇ પણ નાણું આપશે અથવા હીસાબમાં મજરે આપશે અથવા નાણુ આપવાનું અથવા હીસાબમાં મજરે આપવાનુ કબુલ કરશે તેને વતામાંવતો બસેં રૂપીઆ સુધી ડંડ થશે.

જે બીલઅથવામરીનપાલીશીનાસેટલખવાનાહશેતેબીલનીઅથવામરીનપાલીશીનીસંમપુરણપ્રતનલખવામાટે.

૬૬ બે અથવા વધારે પ્રત મળીને એક સેટ થાય છે એવા મજકુરની બીલ ઓફ એક્ષચેંજ (હુંડી પત્રી) અથવા મરીન ઇનસુરન્સની પાલીશી (સમુદ્રના વીમાની પાલીશી) જે કોઇ સખસ લખશે અથવા કરી આપશે અને બીલના અથવા પાલીશીના મજકુર ઉપરથી શેટમાં જેટલી પરત હોવી જોઈયે તેટલી તે બીલની અથવા પાલીસીની સરવ પ્રત તેજ વેળાયે યોગ રીતે સ્ટાંપ મારેલા કાગળ ઉપર લખશે નહી અથવા કરી આપશે નહી તે સખસને વતામાં વતો એક હજાર રૂપીયા સુધી ડંડ થશે.

બીલમાંઆવતી તારીખ નાખવામાટેડંડ

૬૭ કોઇ પણ માણસ બીલ ઓફ એક્ષચેંજ અથવા પ્રોમીસરી નોટ વાસ્તવીક રીતે જે તારીખ લખી હોય અથવા કરી હોય તે તારીખ પછીની તારીખ જે કોઇ સરકારી ડયુટી બુડાડવાના ઇરાદાથી નાખી ને તે બીલ ઓફ એક્ષચેંજ અથવા સદરહુ પ્રકારના જે બીલોમાં અથવા નોટમાં સદરહુ પ્રમાણે પછીની અથવા આવતી તારીખ નાખી છે એવી ખબર છતાં તેની પાછળ શેરો કરશે અથવા તે બીજાના નામ ઊપર કરશે અથવા શીકરવા સારૂ અથવા પઈસા મળવા સારૂ દેખાડશે અથવા શીકારશે અથવા તેનો અવેજ આપશે અથવા લેશે અથવા બીજી કોઈ પણ રીતે વેચશે તેને,

અને જે કાંગ ીશે અથવા યુક્તી વીશે અથવા તદબીર વીશે આ આકટમાં અથવા જે વેળા જે કાયદો અમલમાં હોય તેમાં મુદામ ઠરાવ કર્યો ન

મેહેસુલચુકાવવાનીબીજી યુકતીકરવામાટે

હશે તેવું કોઈ પણ કામ અથવા યુકતી અથવા તદબીર તેવા ઈરાદાથી કરશે અથવા તેમાં સામેલ હશે તેને વતામાંવતો એક હજાર રૂપીઆ સુધી દંડ થશે.

સ્ટાંપ વેચવાસંબંધીકાનુંનોતોડવામાટેશીક્ષા

૬૮ સ્ટાંપ વેચવા સારૂ નીમેલો જે કોઇ પણ સખસ પંચાવનમી કલમ પ્રમાણે કાનુંનો પ્રમાણે ચાલશે નહી તેને અને સદરહુ પ્રમાણે નીમ્યો નહોય એવો કોઈ પણ સખસ કોઇ પણ સ્ટાંપ વેચશે અથવા તેને હુકમ વગર વેચવા કહાડશે તેને વતામાં વતી છ મહીના સુધી કેદની શીક્ષા થશે અથવા પાંચસો રૂપીઆ સુધી દંડ થશે અથવા બંને શીક્ષા થશે.

ફરીયાદોકરવીતથા ચલાવવી

૬૯ આ આકટ મુજબ અથવા સન ૧૮૬૯ ના જનરલ સ્ટાંપ આકટ મુજબ અથવા તે ઉપરથી રદ કરેલા કોઇ પણ આકટ ઉપરથી શીક્ષા કરવા જોગ કોઇ પણ અપરાધ માટે ફરીઆદ કરવી તે કલેકટરની અથવા આ બાબત સ્થાનીક સરકાર જે બીજા અમલદારને સામાન્ય રીતે અધીકાર આપશે અથવા કલેકટર વીશેશ રીતે અધીકાર આપશે તે બીજા અમલદારની મંજુરી શીવાય કરવી નહી.

નીરબંધ રાખનારા મુખ્ય રેવન્યુ અધિકારીને અથવા આ બાબત તેણે બીજા અમલદારને અધિકાર આપ્યો હશે તેને સદરહુ પ્રકારનું ચલાવેલુ કોઇ પણ કામ મોકુફ રાખવાનો અથવા સદરહુ પ્રકારનો કોઇ પણ અપરાધ માંડી વાળવાનો અધીકાર છે.

માજીસ્ત્રેટોનીહકુમત

૭૦ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ શીવાય અને જે માજીસ્ત્રેટનો અધિકાર બીજા વરગના માજીસ્ત્રેટના અધિકાર કરતાં ઓછો ન હોય તે માજીસ્ત્રેટ શીવાય બીજા કોઇ પણ માજીસ્ત્રેટે આ આકટ મુજબ કોઈ પણ અપરાધનો ઈનસાફ કરવો નહી.

ઈનસાફનીજગ્યા

૭૧ કોઈ પણ દસ્તાવેજ બાબત કરેલા સદરહુ પ્રકારના દરેક અપરાધનો ઈનસાફ કરવો તે, તે દસ્તાવેજ જે કોઈ ડીસ્ત્રીકટમાં અથવા ઈલાકાના જે મુખ્ય શેહેરમાં મળ્યો હશે તે ડીસ્ત્રીકટમાં અથવા ઇલાકાના મુખ્ય શેહેરમાં અને તેજ પ્રમાણે ફોજદારી કામ ચલાવવાની રીત વીશે જે કાયદો જે વેળા અમલમાં હશે તે કાયદા મુજબ સદરહુ પ્રકારના અપરાધનો ઇનસાફ જે કોઇ ડીસ્ત્રીકટમાં અથવા ઇલાકાના જે મુખ્ય શેહેરમાં કરવાનો અધિકાર હશે તે ડીસ્ત્રીકટમાં અથવા ઇલાકાના મુખ્ય શેહેરમાં ઇનસાફ કરવાનો અધીકાર છે.

બીજા કાયદાનાઅમલને બાધઆવતોનથી

૭૨ જે કોઈ કામ અથવા વરજન (કાંય પણ કરવાનુ મુકી દીધાની કસુર) આ આકટ વીરૂધ અથવા આ આકટ મુજબ કરેલી કાનુન વીરૂધ અપરાધ થતા હશે તે કામ માટે અથવા વરજન માટે બીજા કોઈ પણ કાયદા મુજબ કોઇ પણ સખસ ઉપર કામ ચલાવવાની આ આકટમાંના કોઇપણ ઠરાવ ઉપરથી મનાઈછે એમ સમજવુ નહી.

પરંતુ એવુ ઠરાવ્યુ છે કે એકજ અપરાધને માટે કોઇ પણ સખસને બે વેળા શીક્ષા કરવી નહી.

ઈંડિયાના ગવરનર જનરલ ઇન કાંઉન્શીલનો નીચે લખેલા આકટ
ગવરનર જનરલ સાહેબે સને ૧૮૭૯ ના મારચ મહીનાની
૧૩ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને
જાહેર થવા સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

સને ૧૮૭૯ નો આકટ ૪ થો.

હિંદુસ્તાનની રેલવે (લોહોડાની સડક) સબંધી કાયદો છે તે એકઠો કરી સુધારવા વિશેનો આકટ.

ઉદ્દેશ. હિંદુસ્તાનની રેલવે સબંધી કાયદો છે તે એકઠો કરીને સુધારવો યોગ્યછે માટે નીચે લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

બાબ ૧ લો.

પ્રથમ નિયમો.

ટુંકું નામ. ૧ આકટને "સને ૧૮૭૯ નો હિંદુસ્તાનની રેલવેનો આકટ" કહેવો.

આ આકટ આખા બ્રીટીશ ઈંડીયાને લાગુ છે અને મલિકામાયાઝમા કઇસરેહિંદ એ ઓની રઇયત બાબત માત્ર સદરહુ મલિકામાયાઝમાની સાથે મંત્રી

કયાં કયાં લાગુ છે. રાખનારા હીદુસ્તાનના રાજાના અને સંસથાનના મુલકને લાગુ છે.

શરૂ થવું. અને આ આકટ સન ૧૮૭૯ ના જુલાઈ મહીનાની પહેલી તારીખે અમલમાં આવશે.

આકટ રદ કર્યાતે. ૨ આ આકટને જોડેલા પરીશીષ્ટમાં આકટ નિરદીષ્ટ કર્યા છે તે સદરહુ તારીખે અને તે તારીખથી રદ થશે.

સદરહુ આકટમાંહેથી કોઇ પણ આકટ મુજબ અથવા તે આકટ ઉપરથી રદ કરેલા કોઇપણ આકટ મુજબ કરેલી કાનુન અને પ્રસીદ્ધ કરેલા જાહેરનામાં અને આપેલા અધીકારને આ આકટને અનુસરીને હશે તેટલે સુધી તે સઘળી કાનુન અને જાહેરનામાં અને અધીકાર આ આકટ મુજબ કરી છે અને પ્રસીદ્ધ કર્યા છે અને આપ્યાંછે એમ સમજવું.

સન ૧૮૬૫ ના હુડી ભાડાવાળાના આકટમાંહેના કોઇપણ ઠરાવ રેલવેની મારફતે માલ લઇ જનારને લાગુ નથી.

અર્થની કલમ. ૩ આ આકટમાં વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો નીચે લખેલા શબ્દોનો અર્થ નીચે લખ્યા પ્રમાણે સમજવો.

"રેલવે". "રેલવે" આ શબ્દનો અર્થ ઉતારૂ અથવા માલ સાર્વજનીક રીતે લઇ જવાની રેલવે.

"રેલવે" આ શબ્દનો અર્થ ઊતારૂ અથવા સાર્વજનીક રીતે લઇ જવાની રેલવે.

"રેલવે" આ શબ્દમાં નીચે લખેલા સમાસ થાય છે.

(અ) બાવનમી કલમમાં કહેલી વાડની અથવા હદની બીજી નીશાનીની અંદરની સઘળી જમીન.

(બ) રેલવેની સઘળી લાઇન અથવા સાઈડીંગ અથવા બ્રાંચીશ (શાખા) જેની ઉપર રેલવેના કારણ સારૂ અથવા રેલવેના સબંધથી ગાડી ચાલે છે.

(ક) રેલવેના કારણસારૂ અથવા રેલવેના સબંધથી બાંધેલાં સઘળાં સ્ટેશનો આફીશ (કચેરી) વખાર અને બેસાડેલાં યંત્ર અને બીજાં કામ.

(ડ) રેલવે વડે જવા આવવાનો વેપાર થવા સારૂ ઉપયોગી કરેલી સઘળાં વહાણો અને ત્રાપા ચોથી કલમમાં "રેલવે" એટલે જે રેલવે બાંધવાનું કામ ચાલ્યું હશે તે રેલવેનો સમાસ થાય છે અને આ કલમના બાજુના ભાગમાં અને નીચે લખેલી કલમમાં એટલે છઠ્ઠી અને આઠમી અને સોળમી અને પચીસમી અને ત્રીસમી અને તેત્રીસમી અને ચોત્રીસમી કલમમાં અને ચાલીસમીથી તે છેંતાળીસમી સુધીની કલમમાં અને બાવનમી ૫૩ મી કલમમાંના "રેલવે" એ શબ્દમાં જે રેલવે બાંધવાનું કામ ચાલ્યું હશે તે રેલવેનો અને જે રેલવેનો ઉપયોગી ઉતારૂ અથવા માલ સાર્વજનીક રીતે લઈ જવા સારૂ કરવામાં આવતો ન હોય તે રેલવેનો સમાસ થાય છે.

"રેલવે એડમીનીસ્ટ્રેશન." "રેલવે આડમીનીસ્ટ્રેશન" એ શબ્દનો અર્થ સરકારે અથવા એતદ્દેશીય સ્વસ્થાને ચલાવેલી રેલવેને પ્રસંગે તે રેલવેનો મેનેજર અને કંપનીએ અથવા ખાનગી માણસે ચલાવેલી રેલવેને પ્રસગે તે કંપની અથવા તે માણસ.

"રેલવેનો નોકર." "રેલવેનો નોકર" એ શબ્દનો અર્થ રેલવે સબંધી કાંઇપણ કામ કરવા સારૂ રેલવે આડમીની સ્ટ્રેશનેચાકરીમાં રાખેલો કોઇપણ માણસ.

અને પચીસમી કલમની છેલી રકમમાં અને છવીસમી અને સતાવીસમી અને અઠાવીસમી અને બેતાળીસમી કલમમાં "રેલવેનો નોકર" એ શબ્દમાં જે કોઈ માણસને સદરહુ પ્રકારનું કોઇપણ કામ કરવા સારૂ નીચે લખેલા બીજા કોઇપણ માણસે ચાકરીમાં રાખ્યો હશે એટલે જે બીજા કોઈ માણસે રેલવે આડમીસ્ટ્રેશન સાથે કરાર કરયો હશે તે કરાર બજાવવા સારૂ તેણે ચાકરીમાં રાખ્યો હશે, તે માણસનો સમાસ થાયછે.

લોકોમોટીવનો ઉપયોગ કરવાનો હક. ૪ ગવરનરજનરલ ઈનકાંઉન્શીલ એઓની અગાઉથી મંજુરી લઇને દરેક રેલવેપર લોકો મોટીવ ઈજીનનો અથવા બીજી ચાલાક શકિતનો અને તે એન્જીન વડે અથવા શકિત વડે ખેંચવાની અથવા ધકેલવાની ગાડી અને વાગનનો ઉપયોગ કરવાનો અધીકારછે.

બાબ ૨ જો.

રેલવે આડમીનીસ્ટ્રેશનનાં કરતવ્ય કર્મ.

રેલવે કયારે ચાલુ કરવી. ૫ કોઇપણ રેલવે અથવા રેલવેનો ભાગ અથવા રેલવેનો આગળ લંબાવેલો અથવા વધારેલો ભાગ નીચે લખ્યા પ્રમાણે થાય ત્યાં સુધી ઉતારૂઓને સાર્વજનીક રીતે લઇ જવાસારૂ ચાલુ કરવો નહીં એટલે તે ચાલુ કરવાના ઇરાદા બાબત રેલવે આડમીનીસ્ટ્રેશન, ગર્વનર જનરલ ઇનકાંઉશીલને લખેલી નોટીસ આપશે ત્યાં સુધી અને સદરહુ પ્રકારની રેલવે અથવા ભાગ અથવા લંબાવેલો અથવા વધારેલો ભાગ તપાસી જોવાસારૂ ગર્વનર જનરલ ઇનકાંઉશીલે નીમેલો આફીસર, તે ચાલુ કર્યાથી તેનો ઉપયોગ કરનાર લોકોને પોતાના મત પ્રમાણે જોખમ પહોંચાડશે નહીં એવો લખેલો રીપોર્ટ તે તપાસીને ગર્વનર જનરલ ઇનકાઉન્સીલને કરશે ત્યાં સુધી સાર્વજનીક રીતે ઉતારૂ લઇ જવાસારૂ ચાલુ કરવી નહીં.

અકમાસ્ત વિષે રીપોર્ટ કરવો. ૬ દરેક રેલવે આડમીનીસ્ટ્રેશને—

(અ) જે આકસમીક બનાવથી માણસના જીવની હાની થઇ હશે અથવા માણસના શરીરને ભારે ઇજા અથવા માલને ભારે નુકશાન થયું હશે તેવો આકસમીક બનાવ.

(બ) જે આકસમીક બનાવથી હમેશાં સદરહુ પ્રકારની હાની અથવા ઇજા અથવા નુકશાન થાય છે તે પ્રકારના આકસમીક બનાવ.

(ક) બીજા જે કોઇ પણ પ્રકારના આકસમીક બનાવ બાબત જાહેર કરવું એમ ગવરનર જનરલ ઇનકાંઉશીલ વખતે વખતે ફરમાવશે તેવા બીજા પ્રકારના આકસમીક બનાવ.

રેલવે પર બન્યા પછી અડતાળીસ કલાકની અંદર તે આકસમીક બનાવ વીશે સ્થાનીક સરકારને જાહેર કરવું જોઇએ.

અને જે ઠેકાણે આકશમીક બનાવ બનશે તે ઠેકાણાની છેક સ્ટેશન માસતરે અથવા સ્ટેશન માસતર ન હોય ત્યારે રેલવેના જે શેકશન ઉપર (ભાગઉપર) આકસમીક બનાવ બન્યો હશે તે રેલવેનુ સેકશન જે આફીસરને સ્વાધીન હશે તેણે છેક નજીકના માજીસ્ત્રેટને અને જે પોલીસ થાણાની હકુમતમાં આકસમીક બનાવ બનશે તે થાણુ જે આફીસરને સવાધીન હશે તેને અથવા જે બીજા માજીસ્ત્રેટને અથવા પોલીસ આફીશરને સ્થાનીક સરકાર આ બાબત વખતે વખતે નીમશે તે બીજા આફીસરને અથવા પોલીસ આફીસરને તે આકસમીક બનાવ નકામી ઢીલ ન કરતાં લખેલી અથવા ટેલીગ્રાફની મારફતે (તારની મારફતે) ખબર આપવી જોઇએ.

આકસમીકબનાવનુ પત્રક.

૭ રેલવે ઉપર જવા આવવાનો સારવજનીક વેપાર ચાલતો હોય તારે બનેલા આકસમીક બનાવનુ પતરક (તે આકસમીક બનાવથી માણસના શરીરને ઇજા થઇ હોય કે નહી) દરેક રેલવે આડમીનીસ્ત્રેશને ગવરનર જનરલ ઇનકાંઉશીલ વખતે વખતે જે નમુના અને જે રીત અને મુદત ઠરાવે છે તે નમુના પ્રમાણે અને તે રીતે અને તે મુદતે મુદતે, તઇયાર કરીને ગવરનર જનરલ ઇનકાંઉશીલને આપવુ જોઇએ.

રેલવે ચલાવવાસારૂ સામન્યકાનુન

૮ દરેક રેલવે આડમીનીસ્ત્રેશને નીચે લખેલાં કારણ સારૂ સામાન્ય કાનુન કરવી જોઇએ એટલે.

(અ) રેલવેપર કામમાં આણેલી ગાડી અને વેગન જે રીતે અને જે વેગથી ચલાવવાની હશે અથવા ધકેલવાની હશે તે રીત અને વેગનુ નીયમ કરવા.

(બ) સારૂ ઊતારૂઓની જે મોટામાં મોટી સંખ્યા દરેક ગાડીમાં અને કંપારટમેંટમાં લઇ જવાની હોય તે મોટામાં મોટી સંખ્યાનુ અને સદરહુ પ્રકારની સંખ્યા જે રીતે ગાડીપર અને કંપારમેંટ ઉપર દેખાડવી તે રીતનુ નીયમન કરવા

(ક) સારૂ ઊતારૂઓને સારૂ જગા વગેરેની અનુકુળતાની તથા સગવડની તજવીજ કરવાની હોય તે તજવીજનું નીયમન કરવા સારૂ.

(ડ) આ આકટના કારણ સારૂ જોખમકારક માલ કયો સમજવો એ સ્થાપીત કરવા સારૂ અને.

(ઇ) રેલવેની મારફતે જવા આવવાનું અને તેનો ઉપયોગ કરવાનુ અને તેની ઊપર ગાડી ચલાવવાનુ અને તેની વ્યવસથા રાખવાનુ નીયમન કરવા સારૂ એકંદર રીતે સામાન્ય કાનુન કરવી જોઇએ.

અને સદરહુ પ્રકારની કોઇ પણ કાનુનમાં વખતે વખતે ફેરફાર કરવાનો અધીકાર દરેક રેલવે આડમીનીસ્ત્રેશનને છે,

કાનુનતોડવાબદલ શીક્ષા. સદરહુ પ્રકારની કોઇ પણ કાનુન કોઇ પણ માણસ તોડશે તેને વત્તામાં વત્તો ૫૦ રૂપીઆ સુધી દંડ અથવા સદરહુ પ્રકારનો દંડ આપવામાં ન આવે તો વત્તામાં વત્તા બે મહીના સુધીની આસાન કેદ થશે એવો ઠરાવ તે કાનુનમાં કરવાનો અધીકારછે.

સદરહુ પરકારની કોઇ પણ કાનુન આ આકટને અનુસરીને હોવા શીવાય અને ગવરનરજનરલ ઇનકાંઊશીલ તે મંજુર કરે ત્યાં સુધી અમલમાં આવશે નહી,

કાનુન જાહેરકરવી આ કલમ મુજબ કરેલી સઘળી કાનુન ઇંડીયા ગેજેટમાં પ્રસિદ્ધ કરવી જોઇએ અને ગવરનર જનરલ ઇનકાંઊશીલ વખતે વખતે ફરમાવશે તે બીજી રીતે રેલવેના નોકરને અને લોકોને જાહેર કરવી જોઈએ.

કાનુન રદ કરવાનો અધીકાર. સદરહુ પ્રકારની કોઇ પણ કાંનુન કોઇ પણ વખતે રદ કરવાનો અધીકાર ગવનર જનરલ ઇનકાંઊશીલને છે.

આકટ વગરેની નકલ અને ભાષાંતર સ્ટેશન ઉપર ચોડવું. ૯ આ આકટનો સારાંશ અને ટેમટેબલ અને હાંસલની તારીફ કોઇ પણ રેલવે સારૂ કોઈ પણ રેલવે એડમીનીસ્ટ્રેશન વખતે વખતે પ્રસિદ્ધ કરશે તે ટેમટેબલની અને હાંસલની તારીફના નકલ પણ તે રેલવેના દરેક સ્ટેશન ઉપર સહેલથી દેખાઇ શકે અને વંચાઇ શકે એવે કોઈ પણ પ્રસિદ્ધ ઠેકાણે ચોડવી.

સદરહુ પ્રકારના સર્વે દસ્તાવેજ અંગ્રેજી ભાષામાં અને ડીસ્ત્રીકટમાં સ્ટેશન હશે તે ડીસ્ત્રીકટની મુખ્ય ભાષામાં અને જે બીજી ભાષા ગવરનર ઇનકાંઊનશીલ ફરમાવશે (ફરમાવી હશે તો) તે બીજી ભાષામાં સદરહુ પ્રમાણે ચોડવી.

બાબ ૩ જો.

માલ લઇ જવા.

જવાબદારીનીહદ બાંધનારે વીશેષઠરાવ ૧૦ રેલવેની મારફતે માલ લેઇ જનાર ઊપર સન ૧૮૭૨ ના ઇનડીયાના કરારના આકટની ૧૫૧ મી અને ૧૬૧ મી કલમ ઊપરથી બેસાડેલી અવસકતાની અથવા જવાબદારીની હદ બાંધનાર જે જે કરાર હશે તે માલ ખોવાઇ જશે અથવા નાશ પામશે અથવા બગડી જશે અથવા ખરાબ થશે તે પ્રસંગે જેટલે સુધી સદરહુ પ્રકારની અવશકતાની અથવા જવાબદારીની રદ કરી હશે તેટલે સુધી તે તકરાર નીચે લખ્યા પ્રમાણે ન હોય તો રદ બાતલ થશે.

(અ) તે કરાર સદરહુ માલ મોકલનારે અથવા આપનાર માણસે અથવા તેની તરફથી લખીને સહી કરેલો નહી હશે અને

(બ) ગવરનર જનરલ ઇનકાંઊશીલે પસંદ કરેલા નમુના પ્રમાણે બીજી રીતે નહી હશે તો રદ બાતલ થશે.

કીમત જાહેરકરયા શીવાય અથવા જાસ્તી ભાડુ લીધા શીવાય સોનું રૂપું વગેરે ખોવાયા બદલજવાબદારીનથી. ૧૧ આ આકટને જોડેલા બીજા પરીશીસ્ટમાં કહેલો કોઈ પણ માલ રેલવેની મારફતે માલ લઈ જનારને સ્વાધીન કરેલા કોઇપણ પારસલમાં અથવા પાકેટમાં હશે ત્યારે તે માલ મોકલનારે અથવા તે જેને સ્વાધીન હોય તે માણસે તે માલ સ્વાધીન કરતી વખતે તે માલની કીમત અને પ્રકાર જાહેર કરયા નહી હશે અને તે માલ સહીત સલામ લઇ જવા સારૂ જાસ્તી ભાડુ આપવાનો કરાર એ બાબત મુદ્દામાં અધિકાર આપેલા રેલવેના કોઇપણ નોકરે કબુલ કરયો નહી હશે તો

તે લઈ જનાર, તે માલ ખોવાયા બદલ અથવા નાશ પામ્યા બદલ અથવા બગડ્યા બદલ અથવા ખરાબ થયા બદલ જવાબદાર નથી.

જે કોઈ માલની કીમત અને પ્રકાર આ કલમ મુજબ જાહેર કર્યો હશે તે માલ ખોવાશે અથવા નાશ પામશે, અથવા બગડશે અથવા ખરાબ થશે ત્યારે સદરહુ પ્રમાણે ખોવાયા બદલનો અથવા નાશ પામ્યા બદલનો અથવા બગડયા બદલનો અથવા ખરાબ થયા બદલનો બદલો વસુલ કરવો તે સદરહુ પ્રમાણે જાહેર કરેલી કીમત કરતાં વધારે હોવો ન જોઈએ.

નહીં નોંધેલા લેગેજ બાબત જવાબદારી નથી.

૧૨ કોઈપણ ઉતારૂનો લેગેજ (સામાન) રેલવેના નોકરે નોંધીને તે બદલ પહોંચ આપી નહી હશે તો તે ખોવાયા બદલ અથવા નાશ પામ્યા બદલ અથવા બગડયા બદલ અથવા ખરાબ થયા બદલ રેલવેની મારફતે માલ લઈ જનાર કોઈ પણ પ્રસંગે જવાબદાર નથી.

ગફલત સાબીત કરવી વાદીનેજરૂરનથી.

૧૩ રેલવેના નોકરને સ્વાધીન કરેલો માલ ખોવાયા બદલ અથવા નાશ પામ્યા બદલ અથવા બગડયા બદલ અથવા ખરાબ થયા બદલ બદલો મળવા સારૂ રેલવેની મારફતે માલ લઈ જનાર ઉપર કરેલી ફરીયાદમાં તે ખોવાયો અથવા નાશ પામ્યો અથવા બગડયો અથવા ખરાબ થયો તે કઈ રીતે થયું એ સાબીત કરવું વાદીને જરૂર નથી.

માલ લઈ જનાર વગેરે બદલ પૈશા આપવાના હશે તે બદલ.

૧૪ કોઈ પણ માલ રેલવેની મારફતે લઈ જવા બદલ અથવા કોઈ પણ માલ સંભાળીને રાખવા બદલ અથવા તેના ડીમરેજ બદલ અથવા વહારફેજ બદલ રેલવેની મારફતે માલ લઈ જનારને કોઈ પણ રકમ આપવાની હશે તે માગેથી આપવાને કોઈ પણ માણસ ચુકશે તો સદરહુ સઘળો માલ અથવા તેનો કોઈ પણ ભાગ અથવા રેલવેમાંથી માલ કહાડી લેઈ ગયાં હશે તો સદરહુ પ્રકારના માણસનો બીજો કોઈ માલ શદરહુ પ્રકારની રેલવેપર તે વખતે હશે અથવા પછીથી પોતાના કબજામાં આવશે તે અટકાવી રાખવાનો અધીકાર રેલવે આડમીનીસ્ટ્રેશનને છે.

અને માલ સડી જાય એવો હશે તો તે જાહેર લીલામ કરીને લાગલોજ વેચવાનો પણ અધીકાર છે અને બીજા કોઈ પણ પ્રસંગે તે બાબતની નોટીસ (જાહેર ખબર) એક અથવા વધારે સ્થાનીક વરતમાનપત્રમાં પ્રસીદ્ધ કર્યાને અથવા સદરહુ પ્રકારના વર્તમાનપત્ર નહી હશે ત્યારે જે રીત સ્થાનીક સરકાર વખતે વખતે ફરમાવશે તે રીતે પ્રશીદ્ધ કરયાને ઓછામાંઓછા પંદર દીવસ થયા પછી સદરહુ પ્રમાણે આપવાની રકમ અને સદરહુ પ્રમાણે અટકાવી રાખવાનો અને નોટીસનો અને વેચાણનો સઘળો ખરચ નીકળે એટલો તે માલનો ભાગ અથવા સદરહુ પ્રમાણે અટકાવી રાખેલો કોઈ પણ માલ માફક મુદતમાં રેલવેમાંથી કાહાડી લઈ જવાને સદરહુ માણસ ચુકશે તો સઘળો માલ જાહેર લીલામ કરી વેચવાનો અધીકાર છે.

અને લીલામની ઉપજ થશે તેમાંથી સદરહુ પ્રમાણે આપવાની રકમ અને ઉપર કહેલો સઘળો ખરચ રાખીને સદરહુ પ્રકારની ઉપજનો ફાજલ અવેજ રહ્યો હોય તો અને માલ જેટલો વેચ્યા વગર રહ્યો હશે (હોય તો) તેનો હક્ક હશે તે માણસને આપવાનો અધીકાર છે.

અથવા સદરહુ પ્રકારના લઈ જનાર તે સદરહુ પ્રકારની કોઈ પણ રકમ ફરીયાદ કરીને વસુલ કરવાનો અધીકાર છે.

માલની લખેલી ત-

૧૫ જે કોઈ પણ માલ કોઈ પણ રેલવેની મારફતે લેઈ ગયા

પર્સીલ માગી હોય તો આપવી.

હશે અથવા રેલવેની મારફતે લઈ જવા સારૂ કોઇ પણ સ્ટેશનમાં અથવા વખારમાં આણ્યો હશે તે માલ કેટલો છે અને કયા પ્રકારનો છે તેની તપશીલ એ બાબત રેલવે આડમીનીસ્ટ્રેશને નેમેલી રેલવેના કોઈપણ નોકરે માગી હોય તો તે માલના માલેકે અથવા તે માલ જે માણસની સંભાળમાં હશે તે માણસે તે તપશીલ બરોબર લખીને અને તેની સહી કરીને તેને આપવી જોઇએ.

જોખમ ભરેલો માલ.

૧૬ નીચે લખ્યા પ્રમાણે કરયા સીવાય કાંઈ પણ જોખમ ભરેલો લેગેજ (સામન સરંજામ) અથવા માલ કોઈ પણ ઉતારૂએ પોતાની સાથે રેલવેમાં લઈ જવો નહીં અને કોઈ પણ માણસે રેલવેની મારફતે લઈ જવાને આપવો નહીં અથવા લઇ જવા સારૂ આપેલા અથવા આપવાને કહાડેલા લેગેજને પ્રસંગે તે લેગેજ અથવા માલ જે પાકેટમાં હશે તે પાકેટની બહારની બાજુએ તે લેગેજનો અથવા માલનો પ્રકાર સ્પષ્ટ લખ્યા સીવાય આપવો નહી અથવા આપવાને કહાડવો નહીં.

જે લેગેજમાં અથવા પારસલમાં જોખમ ભરેલો માલ છે એવો પોતાને શક જશે તે લેગેજ અથવા પારસલ રેલવેની મારફતે લઈ જવાની ના કહેવાનો અધીકાર અને સદરહુ પ્રકારનો લેગેજ અથવા પારસલ લેઈ જવાની અગાઉ જોખમ ભરેલો માલ છે કે નહીં એ વાત જાણવા સારૂ તે લેગેજ અથવા પારસલ ઉઘાડવાનુ ફરમાવવાનો અધીકાર રેલવેના કોઇ પણ નોકરને છે.

અને સદરહુ પ્રકારનો કોઈ પણ લેગેજ અથવા પારસલ રેલવેની મારફતે લઇ જવા સારૂ આવ્યું હશે તે પ્રસંગે તેમાં શું છે એ વીશે પોતાની ખાતરી થાય ત્યાં સુધી તેને જતાં અટકાવવાનો અધીકાર રેલવેના કોઈ પણ નોકરને છે.

બાબ ૪ થો.

ઉતારૂઓને લઈ જવાં.

ભાડુ આપ્યુ હોય તો ઉતારૂને ટીકીટ આપવી.

૧૭ રેલવેની મારફતે જવાની જે જે માણસની ઇચ્છા હશે તેણે પોતાનું ભાડું આપ્યા પછી તેને નીચે લખેલું (ટીકેટમાં) નિરદીસ્ટ કર્યુ હોય એવી એક ટીકીટ આપવી એટલે ગાડીની કઈ કલાસની અને કઇ જગાથી કઈ જગા સુધીનુ ભાડુ આપ્યું છે એ અને તે ભાડાની રકમ અંગ્રેજીમાં અને જે ડીસ્ટ્રીકટમાં ટીકીટ આપી હશે તે ડીસ્ટ્રીકટની મુખ્ય ભાષામાં નીરદીષ્ટ કરેલી ટીકીટ આપવી.

કહ્યું હોય તો ટીકીટ બતાવવી અને સ્વાધીન કરવી.

અને રેલવેના જે નોકરને ટીકીટ તપાસવાનો અધીકાર યોગ્ય રીતે આપ્યો હશે તેણે ટીકીટ બતાવવાનું કહ્યું હોય તો દરેક ઉતારૂએ પોતાની ટીકીટ તેને દેખાડવી જોઇએ અને ટીકીટ ભેગી કરવાનો રેલવેના કોઈ પણ નોકરને યોગ્ય રીતે અધીકાર આપ્યો હશે તેણે માગી હોય તો તે ટીકીટ તેને સ્વાધીન કરવી જોઇએ.

વચલા સ્ટેશને ભાડુ અને ટીકીટ.

૧૮ વચલા સ્ટેશનમાં જે ટ્રેન સારૂ ટીકીટ આપવામાં આવશે તે ટ્રેનમાં જગા હશે તોજ માત્ર ભાડુ કબુલ કર્યું છે અને ટીકીટ આપી છે એમ સમજવું.

ટીકીટ ધારણ કરનાર માંહેથી પ્રથમ કોની સગવડ થવાનો હક.

જે ઉતારૂઓને ટીકીટ આપી હશે તે સઘળાને પુરતી જગા નહી હશે તો જેઓએ સઘળા કરતાં વધારે અંતરની ટીકીટ લીધી હશે તેઓની સગવડ પહેલી કરવી અને જેઓએ એકજ અંતરની ટીકીટ લીધી હશે તેઓની સગવડ કરવા તે જે અનુક્રમે તેઓએ પોતાની

ટીકીટ લીધી હશે તે અનુક્રમે કરવી.

વીસેશ ઠરાવ. પરંતુ એમ ઠરાવ્યુ છે કે કામદારીપર હશે એવા મલીકામાયાજમાના સઘળા આફીસર અને લશકર અને સરકારની કામદારીમાંના બીજા સઘળા માણુસો એઓએ લોકોની અગાઉ રેલવેની મારફતે લઈ જવા એવા સરકારની સાથે થએલા કોઈ પણ કરાર ઉપરથી અથવા સરકારે ચલાવેલી રેલવેને પ્રસંગે ગવરનર જનરલ ઈનકાંઉસીલ એઓના હુકમ ઉપરથી હક હશે તેઓની જે મજલની અને જે ક્રમે તેઓ-એ પોતાની ટીકીટ લીધી હશે તે મજલ તરફ અથવા ક્રમ તરફ લક્ષ ન આપતાં સદરહુ પ્રમાણે પહેલી સગવડ થવાનો હક છે.

ભાડુ અગાઉથી આપવુ. ૧૯ કોઇપણ રેલવે ઉપર ગાડીમાં જવા સારૂ તે ગાડીમાં કો-ઇપણ માણસે પોતાનું ભાડુ પહેલાં આપીને ટીકીટ લીધા વગર રેલવે આડમીનીસ્ટ્રેશનની અથવા તે જે ઓફીસરને આ બાબત નીમશે તે ઓફીસરની પરવાનગી વગર પેસવું નહી.

ચેપી રોગવાળામાણસને કાઢવાનો અધીકાર. ૨૦ ચેપી રોગવાળો કોઇપણ ઉતારૂ રેલવેની ગાડીમાં અથવા રેલવે ઉપરની કાંઇ જગ્યામાં માલમ પડશે તે ગાડીમાં અથવા જગા-માં રહ્યાથી તે રોગનું બી પ્રસરવાનો સંભવ હશે તો તેને તે ગાડી-માંથી અથવા જગામાંથી કહાડવાનો અધીકાર રેલવેના કોઇપણ નોકરને છે.

સદરહુ પ્રમાણે ગાડીમાંથી કહાડેલા જે ઉતારૂએ પોતાને સદરહુ પ્રમાણે કહાડયો તે જ-ગાએ પોતાનું યોગ્ય ભાડુ આપ્યું હશે તે ઉતારૂ પોતાની ટીકીટ પાછી આપે એટલે તેને ભાડુ પાછુ મળવાનો અધીકાર છે.

બાબ ૫ મો.

અપરાધ અને કામ ચલાવવાની રીત.

(અ) રેલવે આડમીનીસ્ટ્રેશનના અપરાધ.

પાંચમી કલમ તોડીને રેલવે ચાલુકરવા બદલ દંડ. ૨૧ કોઇપણ રેલવે આડમીસ્ટ્રેસન કોઈ પણ રેલવે અથવા રેલવેનો કોઈ પણ ભાગ અથવા આગળ લંબાવેલો અથવા વધારેલો ભાગ પાં-ચમી કલમ તોડીને ચાલુ કરશે તે રેલવે આડમીનીસ્ટ્રેશને, તે રેલવે અથવા તે ભાગ જેટલા દહાડા તે કલમ તોડીને ચાલુ રહેશે તેટલા દહા-ડા બદલ દર એક દહાડે એક હજાર રૂપીઆ પ્રમાણે દંડ સરકારમાં આપવો પડશે.

આકસમીકબનાવવાબદલ રીપોટ કરવાનું ટાળ્યા બદલ કોઇપણ રેલવે આડમીનીસ્ટ્રેશન છઠ્ઠા કલમમાં કહ્યા પ્રમાણે નોટીસ આપવનું ટાળશે તે રેલવે આડમીનીસ્ટ્રેશનને જેટલા દહાડા તે રીતે ટા-ળવાનું ચાલુ રહેશે તેટલા દહાડા બદલ દરએક દહાડે સો રૂપીઆ પ્ર-માણે સરકારને દંડ આપવો પડશે.

આકસ્મીકબનાવ-નું પત્રક ન મોકલવા બદલ અથવા ૮ મી કલમ મુજબ કાનુન ન કરવા બદલ અથવા ૯ મી કલમ મુજબ નકલનચોડવા બદલ. ૨૩ કોઇપણ રેલવે આડમીસ્ટ્રેશન ૭ મી કલમમાં કહેલું કોઈ પત્રક જે દીવશે આપવાનું હોય તે દીવસ પછી ચઊદ દીવસની અંદર તે પ-ત્રક આપવાને ચુકશે અથવા ૮ મી કલમમાં કહ્યા પ્રમાણે કોઈપણ કાનુન કરવાને અથવા પ્રસીદ્ધ કરવાને ચુકશે અથવા ૯ મી કલમમાં કહેલો કોઇપણ સારાંશ અથવા નકલ તે કલમમાં કહેલી રીતે ચોડવાને ચુકસે તે રેલવે આડમીનીસ્ટ્રેશનને સદરહુ પ્રકારની ચુક જેટલા દીવસ ચાલુ રહેશે તેટલા દીવસ બદલ દર એક દીવસે પચાસ રૂપીઆ પ્ર-

માણે સરકારને દંડ આપવો પડશે.

(બ) રેલવેના નોકરોના અપરાધ.

આકસ્મીક બનાવની ખબર આપવાનું ટાળવા બદલ.

૨૪ કોઇ પણ સ્ટેશન માસતર અથવા બીજો માણસ છઠી કલમમાં કહ્યા પ્રમાણે નોટીસ આપવાનું ટાળશે તેને પચાસ રૂપીઆ સુધી દંડ થશે.

દારૂ વગરેપીનેછાટકા થવાબદલ અથવા કરતવ્ય કર્મનોભંગ કરવા બદલ.

૨૫ રેલવેનો જે કોઈ નોકર પોતાનું કરતવ્ય કરમ કરવા સારૂ રેલવે ઉપર ખરેખર કામ કરતો હશે ત્યારે કેફના સ્થીતીમાં હશે અથવા જે પોતાના કરતવ્ય કરમ કરવાનું ગફલતથી ટાળશે અથવા જે તે અયોગ્ય રીતે કરશે તેને વત્તામાં વત્તો ૫૦ રૂપીઆ સુધી દંડ થશે.

અથવા ઉપર કહેલા પ્રસંગમાંથી કોઈપણ પ્રસંગે કરતવ્ય કર્મ એવા પ્રકારનુ હશે કે તે ગલફતથી ટાળવાથી અથવા અયોગ્ય રીતે કરવાથી સદરહુ પ્રકારની રેલવેની મારફતે જનાર અથવા તેની ઉપર હોનાર કોઇપણ માણુસની સલામતીને ધોકો પહોચશે તો સદરહુ પ્રકારના નોકરને એક વરસ સુધી કેદની શીક્ષા થશે અથવા દંડ થશે અથવા એ બંને શીક્ષા થશે.

માણુસની સલામતીનો ધોકો આણુવા બદલ

૨૬ રેલવેનો કોઇપણ નોકર પોતાનુ કરતવ્ય કરમ કરવામાં નીચે લખ્યા પ્રમાણે કરીને કોઈપણ માણુસની સલામતીને ધોકો આણુશે એટલે—

(અ) આઠમી કલમમાં કહેલી રીતે મંજુર થએલી અને પ્રસીદ્ધ થએલી અને જાહેર કરેલી કોઈપણ સામાન્ય કાનુન અમાન્ય કરીને અથવા

(બ) સદરહુ સામાન્ય કાનુનને જે કોઇપણ કાનુન અથવા હુકમ વીરૂદ્ધ નહી હશે અને જે કાનુન પ્રમાણે અથવા હુકમ પ્રમાણે સદરહુ પ્રકારનો નોકર પોતાની ચાકરીની સરત ઉપરથી ચાલવાને બંધ હશે અને જે કાનુન અને હુકમ પોતાને જાહેર હશે તે કાનુન અથવા હુકમ અમાન્ય કરીને અથવા

(ક) કોઇપણ અવીચારના કામથી અથવા ગફલતના કામથી અથવા કાંઇપણ કરવાનુ ટાળવાથી કોઇ માણુસની સલામતીને ધોકો આણુશે.

તેને વત્તામાં વત્તો ત્રણ વરસની શીક્ષા થશે અથવા પાંચસો રૂપીયા સુધી દંડ થશે અથવા આ બંને શીક્ષા થશે.

લાંચ લેવા બદલ

૨૭ રેલવેનો દરેક નોકર હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૬૧ મી અને ૧૬૨ મી અને ૧૬૩ મી અને ૧૬૪ મી અને ૧૬૫ મી કલમના અર્થ પ્રમાણે "સરકારી નોકર છે" એમ સમજવું.

ફોજદારીકાયદાની ૧૬૧ મી કલમમાંનુ ધારો.

સદરહુ ૧૬૧ મી કલમમાં કાયદાસર મહેનતાણની વ્યાખ્યામાં "સરકાર" આ શબ્દમાં રેલવેના નોકરને રેલવેના નોકર તરીકે ચાકરીમાં રાખનારનો સમાવેસ આ કલમના કારણસાર થાય છે એમ સમજવું.

પુરણભરેલી ગાડીમાં ઉતારૂઓને જોર જુલમથી બેસાડવાબદલ

૨૮ જે ગાડીમાં અથવા કંપાર્ટમેંટમાં તે ગાડી ઉપર અથવા કંપાર્ટમેંટ ઉપર આઠમી કલમ મુજબ કરેલી અને પ્રસિદ્ધ કરેલી કાનુન પ્રમાણે ઉતારૂઓની વત્તામાં વત્તી સંખ્યા દરશાવી હશે તેટલા ઉતારૂ હશે તે ગાડીમાં અથવા કંપાર્ટમેંટમાં કોઇપણ ઉતારૂને રેલવેનો જે કોઇપણ નોકર જોર જુલમથી પેસાડશે અથવા જોર જુ-

મથી પેસાડવાનો યત્ન કરશે તેનો સો રૂપીઆ સુધી દંડ થશે.

(ક) લોકોના અપરાધ.

માલની તપસીલ ન આપવા બદલ અથવા ખોટી તપસીલ આપવા બદલ.

૨૯ કોઇપણ માલ કેટલો છે અને કયા પ્રકારનો છે તેની તપસીલ આપવાનું જે કોઈ માણસને પંદરમી કલમ મુજબ ફરમાવ્યું હશે અને જે તે તપસીલ આપવાની ગલફત કરશે અથવા ના કહેશે. અથવા જાણી જોઇને ખોટી તપસીલ આપશે તેને તે માલના (૩૨૦૦ તોલાના દરેક મણે વત્તામાં વત્તા પાંચ રૂપીઆ સુધી દંડ થશે અને તે દંડ સદરહુ પ્રકારનો માલ જે કાંઇ ચાર્જ પડવાને પાત્ર હશે તે ચાર્જની ઉપરાંત છે એમ સમજવું.

જાહેર કર્યાસીવાય રેલવેનીમારફતેજોખમ ભરેલા માલ લઈ જવા બદલ અથવા તેવો માલ આપવા બદલ.

૩૦ જે કોઇ સોળમી કલમ તોડીને પોતાની સાથે કાંઈપણ જોખમ ભરેલો માલ રેલવેની મારફતે લઈ જશે અથવા રેલવેની મારફતે લઇ જવા સારૂ સદરહુ પ્રકારનો કાંઈ પણ માલ આપશે અથવા આપવાને કહાડશે તેનો વત્તામાં વત્તો બસો રૂપીઆ સુધી દંડ થશે.

વગર ટીકીટેજવા બદલ અથવા ટીકીટ ન દેખાડવા બદલ અથવાસ્વાધીન ન કરવા બદલ.

૩૧ કોઇ ઉતારૂ યોગ્ય ટીકીટ વગર રેલવેની મારફતે જશે અથવા તેવી ટીકીટ હોવા છતાં તે સતરમી કલમ મુજબ દેખાડવાનું અથવા સ્વાધીન કરવાનું કહ્યું હોય તે છતાં તેમ નહી કરશે તો તે જે કલાસમાં માલમ પડશે તે કલાસનું ભાડું જે જગોથી ટ્રેન પહેલાં નીકળી હશે તે જગાથી આપવું પડશે પણ તેનાથી ઓછા અંતર ઉપરથી આવ્યો એવું તે માણસ સાબીત કરશે તો જે જગાથી તે આવ્યો હશે તે ઠેકાણાથી માત્ર ઉપર કહેલી કલાસનું ભાડું આપવાને તે પાત્ર થશે.

સદરહુ પ્રકારનું દરએક ભાડુ રેલવેના નોકરે માજીસ્ત્રેટને અરજી કરેથી અને ઉતારૂની પાત્રતા વીશેની સાબેતી થએથી તે ઉતારૂ પાસેથી દંડ પ્રમાણે વસુલ કરવાનો હક છે અને તે વસુલ થયું એટલે તે રેલવે આડમીનીસ્ટ્રેશનને આપવું જોઇએ.

ભાડું આપવાનું ટાળવા બદલ.

૩૨ રેલવેની મારફતે લઇ જનારની સાથે જે કોઇ માણસ નીચે લખ્યા પ્રમાણે કરીને દગાબાજી કરશે અથવા દગાબાજી કરવાનો યત્ન કરશે, એટલે

(અ) પોતાનું ભાડુ અગાઉ આપ્યા વગર કોઈપણ રેલવેની મારફત જઈને અથવા જવાનો યત્ન કરીને,

(બ) પોતે પોતાનું ભાડું જે કલાસનું આપ્યું હશે તેના કરતાં ઉપરના કલાસની ગાડીમાં અથવા ટ્રેનમાં અથવા એઓની ઉપર બેસીને અથવા બેસવાનો યત્ન કરીને;

(ક) જે દીવસ બદલ ટીકીટ ચાલતી નહી હશે તે દીવસે તે ટીકીટનો ઉપયોગ કરીને અથવા ઉપયોગ કરવાનો યત્ન કરીને.

(ડ) પોતે જે જગા સુધીનું ભાડું આપ્યું હશે તે જગાની પેલી તરફના બીજા વધારે અંતરનું ભાડુ અગાઉ આપ્યા વગર કોઈ પણ ગાડીમાં અથવા ગાડી ઉપર બેશીને પોતાનો પ્રવાસ આગળ ચલાવીને દગાબાજી કરશે અથવા દગાબાજી કરવાનો યત્ન કરશે.

અથવા જે પોતાનું ભાડુ આપવાનુ ચુકાવવાનો યત્ન બીજી કોઈપણ રીતે કરશે.

ટીકીટમાં ફેરફાર કરવા બદલ. અથવા પોતાની ટીકીટની તારીખ અથવા નંબર અથવા બીજો મહત્વનો ભાગ વંચાઈ ન શકે એવી રીતે તે ટીકીટમાં કાંઇ ફેરફાર કરશે અથવા તે વીરૂપ કરશે તેને પચાશ રૂપીઆ સુધી દંડ થશે તથા જે ભાડું તેને આપવું જોઇતું હશે (હશેતો) તે ભાડું પણ આપવાને તે પાત્ર થશે અને તે ભાડું એકવીશમી કલમમાં કહેલી રીતે વસુલ કરવાને અધિકાર છે અને તે વસુલ થાય ત્યારે રેલવે આડમીનીસ્ટ્રેશનને આપવું.

ચાલતી ગાડીમાં પેસવા બદલ. ૩૩ કોઈ રેલવે ઉપરની કોઈપણ ગાડી ચાલતી હશે ત્યારે તેમાં અથવા તેની ઉપર જે કોઇ ઉતારૂ ચઢશે અથવા ચઢવાનો યત્ન કરશે અથવા તેમાંથી ઉતરશે અથવા ઉતરવાનો યત્ન કરશે તેને ઘણામાં ઘણા વીશ રૂપીઆ સુધી દંડ થશે.

અને કોઇ રેલવે ઉપરની ગાડીનો જે ભાગ ઉતારૂ લોકોને બેસવાનો હશે તે સીવાય તે ગાડીની પાયરી ઉપર અથવા બીજા કોઇપણ ભાગ ઉપર જે કોઇ ઉતારૂ બેસશે અથવા બેસવાનો યત્ન કરશે. તેને ઘણામાં ઘણા પચાસ રૂપીઆ દંડ થશે.

એનજીન તથા બળતણની ગાડી વગેરે ઉપર બેસવા બદલ. ૩૪ જે કોઈ માણસ કોઈ રેલવે ઉપરના કોઇપણ લોકો મોટીવ એનજીન ઉપર અથવા એનજીનની બળતણની ગાડી ઉપર અથવા જે ગાડી ઉતારૂ લઇ જવાના કામ સારૂ યોજેલી નહી હોય તે ગાડીમાં અથવા ગાડી ઉપર રેલવે આડમીનીસ્ટ્રેશનની પરવાનગી વગર બેસશે અથવા બેસવાનો યત્ન કરશે તેને ઘણામાં ઘણા સો રૂપીઆ સુધી દંડ થશે.

તમાકુ વીગરે પીવા બદલ. ૩૫ જે ગાડી અથવા કંપાર્ટમેંટ તમાકુ વીગરે પીવા સારૂ ખુશ યોજેલો હશે તે ગાડી સીવાય અથવા કંપાર્ટમેંટ સીવાય રેલવેની કોઇપણ ગાડીમાં અથવા ગાડી ઉપર જે કોઇ માણસ જે કંપાર્ટમેંટમાં હશે તે કંપાર્ટમેંટમાંના બીજા ઉતારૂઓના (તેઓ હોયતો) અનુમત વગર તમાકુ વગેરે પીશે તેને ઘણામાં ઘણા વીશ રૂપીઆ સુધી દંડ થશે.

અને રેલવેના કોઈપણ નોકરે પીશમાં એવી તાકીદ આપ્યા પછી જે કોઇ માણસ (ઉપર પરવાનગી આપી છે તે ખારેજ કરીને) સદરહુ પ્રમાણે તમાકુ વગેરે પીધા કરશે તેની ઉપર ઉપર કહેલા દંડની પાત્રતાનો પેચ આવશે તે સીવાય વળી તેને સદરહુ પ્રકારની કોઈ ગાડીમાંથી અથવા રેલવેના ઠેકાણામાંથી કાહાડી મુકવાનો અધીકાર રેલવેના કોઈપણ નોકરને છે અને તેણે પોતાનું ભાડું આપ્યું હશે તથા ટીકીટ લીધી હશે ત્યારે તે ભાડું તથા ટીકીટ ખોટી થશે.

કેફ આવેલી સ્થીતી બદલ અથવા અપકારક કૃત બદલ. ૩૬ જે કોઇ માણસ રેલવેની કોઈ પણ ગાડીમાં અથવા કોઈ પણ રેલવેના કોઇપણ ભાગ ઉપર કેફી અવસ્થામાં હશે અથલા જે કોઈ કાંઇપણ અપકારક કૃત કરશે અથવા કાંઇપણ નીરલજપણાનું કૃત કરશે.

અથવા જે કોઈ કોઈપણ ઉતારૂના સુખને જાણી જોઈને અને કાયદાસર કારણ વગર હરકત કરશે અથવા રેલવેની કોઇપણ ગાડીમાંનો કોઇપણ દીવો હોલવશે તેને ઘણામાં ઘણા પચાસ રૂપીઆ સુધી દંડ થશે અને તેને સદરહુ પ્રકારની કોઈપણ ગાડીમાંથી તથા રેલવેના ઠેકાણામાંથી પણ કહાડી મુકવાનો અધિકાર રેલવેના કોઈપણ નોકરને છે અને તેણે પોતાનું ભાડું આપ્યું હશે અને ટીકીટ લીધી હશે તો તે ભાડુ અને ટીકીટ ખોટી થશે.

સ્ત્રીઓ સારૂ રાખી મુકેલી ગાડીમાં ૩૭ રલવે આડમીનીસ્ટ્રેશને કોઈપણ ગાડી અથવા કંપાર્ટમેંટ અથવા ઓરડી અથવા જગા સ્ત્રીઓ સારૂજ માત્ર રાખી મુકેલી હશે

અથવા ઓરડીમાં પે સવા બદલ. અને તે ગાડી અથવા કંપાર્ટમેંટ અથવા ઓરડા અથવા જગા સદરહુ પ્રમાણે રાખી મુકેલી છે એવી ખબર છતાં જે કોઇ પુરૂષ કાયદાસર કારણ વગર તેમાં પેસશે અથવા સદરહુ પ્રમાણે રાખી મુક્યાનું તેને જણાવવામાં આવ્યા પછી તે તેમાં રહેશે તો તેને ૧૦૦ રૂપીઆ સુધી દંડ થશે.

અને તેને ત્યાંથી તથા રેલવેના ઠેકાણામાંથી પણ કાડી મુકવાનો અધીકાર રેલવેના કોઈ પણ નોકરને છે.

અને તેણે પોતાનું ભાડુ આપ્યું હશે તથા ટીકીટ લીધી હશે તો તે ભાડુ તથા ટીકીટ ખોટી થશે.

રેલવેના નોકરનેતેના કરતવ્ય કર્મમાં હરકત કરવાબદલ. ૩૮ રેલવેનો કોઇપણ નોકર પોતાનું કરતવ્ય કર્મ કરતો હશે તેને જે કોઈ જાણી જોઇને હરકત અથવા અટકાવ કરશે તેને ઘણામાં ઘણા ૧૦૦ રૂપીઆ સુધી દંડ થશે.

ગાડી ભરાઈ રહી હશે તેમાં પેસવું. ૩૯ ગાડી ઉપર અથવા કંપાર્ટમેંટ ઉપર ઉતારૂની ઘણામાં ઘણી સંખ્યા આઠમી કલમ પ્રમાણે કરેલી તથા પ્રસીદ્ધ કરેલી કાનુન મુજબ દરશાવી હશે તેટલા ઊતારૂ તે ગાડીમાં અથવા કંપાર્ટમેંટમાં હોવા છતાં તેમાં કોઈ ઉતારૂ જાણી જોઇને પેસશે તેને ઘણામાં ઘણા ૧૦૦ રૂપીઆ સુધી દંડ થશે.

શીગનલ કહાડીનાંખવા અથવા ગાડીને નુકશાન કરવા વગેરે બાબત. ૪૦ જે કોઈ માણસ કોઇ રેલવે ઉપરનુ અથવા રેલવે ઉપરના કોઇપિણ એનજીન ઉપરનું અથવા ગાડી ઉપરનુ અથવા વેગન ઊપરનું બીજા વાહન ઉપરનું કાંઇપણ શીગનલ (નીસાણી) અથવા દીવો હુકમ વગર અથવા વ્યાજબી કારણ વગર કરશે અથવા તેમાં ફેરફાર કરશે અથવા તે બતાવસે અથવા આચ્છાદીત કરશે અથવા કાહાડી નાખશે અથવા નાબુદ કરશે.

અથવા જે કોઇ રેલવેના કોઇવણ એનજીનને અથવા ગાડીને અથવા વાગનને અથવા બીજા વાહનને અથવા રેલવેની કોઇપણ વખારને અથવા ઇમારતને અથવા યંત્રને અથવા આડને અથવા બીજી વસ્તુને ગફલતથી નુકશાન કરશે.

અથવા ગાર્ડ તથા એનજીન ડ્રાઇવર (આગના યંત્રની ગાડી ચલાવનાર) અથવા ઊતારૂની દરમીયાન નીવેદન કરવાનું સાધન કોઈપણ રેલવેમાં કર્યુ હશે તેમાં નાહક દખલગીરી કરશે તેને ઘણામાં ઘણો સો ૧૦૦) રૂપીઆ સુધી દંડ થશે.

અતીક્રમણ બદલ કહ્યું હશે ત્યારે નીકળી જવાનીનાકહેશેતો ૪૧ જે કોઇ માણસ ગેરકાયદાસર રીતે રેલવેપર જશે તેને ઘણામાં ઘણા વીસ રૂપીઆ સુધી દંડ થશે અને સદરહુ પ્રમાણે જનારા કોઈપણ માણસને રેલવેનો કોઈ નોકર અથવા રેલવે આડમીનીસ્ટ્રેશન તરફથી બીજું કોઇ માણસ તે રેલવે ઉપરથી નીકળી જવાનું કહે અને તે માણસ નીકળી જવાની ના કહેશે તો તેને ઘણામાં ઘણા પચાસ રૂપીઆ સુધી દંડ થશે અને તેને તે રેલવે ઉપરથી તાબડતોબ કહાડી મુકવાનો અધીકાર સદરહુ પ્રકારના નોકરને અથવા બીજા માણસને છે.

રેલવેની આડની અંદર અતીક્રમણ કરનારાં ઢોરબદલ. ૪૨ સાંઢ તથા ગાય તથા બળદ તથા વાછરડાં તથા હાથી તથા ઊંટ તથા ભેંસ તથા ઘોડા ઘોડીઓ તથા ખાશી કરેલા ઘોડા તથા ટટુ તથા વછેરા તથા વછેરી તથા ખચ્ચર તથા ગધેડાં તથા ડુક્કર તથા ઘેટાં તથા મેઢાં મેઢીઓ તથા ઘેટાનાં બચ્ચાં તથા બકરાં અને બકરાંનાં બચ્ચાં એઓનો પ્રવેશા-

રોધ થવા સારૂ કરેલી યોગ્ય આડ કોઇપણ રેલવેને કરી હશે તે રેલવે ઉપર સદરહુ પ્રકારના જનાવરો અતીક્રમણ કરશે તેઓના માલેકોને અથવા તેઓ જેઓને સ્વાધીન હશે તે માણસોને દરએક જનાવર બદલ ઘણામાં ઘણા દશ રૂપીઆ સુધી દંડ થશે સન ૧૮૭૧ ના ઢોરના અતીક્રમણ બાબતના આકટ મુજબ જે કાંઈ પણ રકમ વસુલ કરવામાં આવશે તે રકમ સીવાય વળી આ દંડ થશે.

આડ કરેલી રેલવે ઉપર જાણી જોઇને ઢોર હાંકવા બદલ. સદરહુ પ્રકારના જનાવરોને પ્રવેશારોધ થવા સારૂ યોગ્ય આડ કરેલી કોઈપણ રેલવે ઉપર સદરહુ પ્રકારના જનાવરો જાણી જોઈને તથા ગેરકાયદાસર રીતે હાંકવામાં આવશે અથવા જાણી જોઇને ગેર કાયદાસર રીતે રહેવા દેવામાં આવશે ત્યારે અને જે રેલવેને સદરહુ પ્રમાણે આડ કરેલી નહી હોય તે રેલવે કાયદાસર રીતે ઓળંગી જવા સીવાય અથવા બીજા કોઈપણ કાયદાસર કારણ સીવાય તે રેલવે ઉપર સદરહુ પ્રકારના કોઇપણ જનાવરો જાણી જોઇને હાંકવામાં આવશે અથવા જાણી જોઈને રહેવા દેવામાં આવશે ત્યારે.

આડ ન કરેલી રેલવે ઉપર

સદરહુ પ્રકારના જનાવરો જે માણસને સ્વાધીન હશે તે માણસને અથવા તે ઓળખાતો ન હોય ત્યારે સદરહુ જનાવરોના માલેકને દરએક જનાવર બદલ ઘણામાં ઘણા ૫૦ રૂપીઆ સુધી દંડ થશે અને સદરહુ આકટ મુજબ જે કાંઈ રકમ વસુલ કરવામાં આવશે તે રકમ સીવાય વળી આ દંડ થશે.

દંડ વસુલ કરવો તથા બદલો આપવો. આ કલમ મુજબ કરેલા સઘળા દંડ ગુનાની સાબેતીનો ઠરાવ કરનાર માજીસ્ટ્રેટ ફરમાવશે તો સન ૧૮૭૧ ના ઢોરના અતીક્રમણના આકટની પચીસમી કલમમાં ઠરાવેલી રીતે વસુલ કરવાનો અધીકારછે અને તે દંડ સઘળો અથવા થોડો જે તોટો અથવા નુકશાન તે માજીસ્ટ્રેટની ખાતરી મુજબ સાબીત થયું હશે તેનો બદલો આપવામાં વાપરવાને અધીકાર છે.

સન ૧૮૭૧ ના ૧ લા આકટની ૧૧ મીતથા ૨૬ મી કલમનોસુધારો. સદરહુ આકટની ૧૧ મી તથા ૨૬ મી કલમ માંહેની " સારવજનીક રસ્તા" આ સંજ્ઞામાં રેલવેનો સમાસ થાયછે એમ સમજવું. અને રેલવેનો કોઈ પણ નોકર, સદરહુ ૧૧ મી કલમમાં કહેલો પકડવાનો અધીકાર ચલાવવાને મુખતીયાર છે.

દરવાજા ઉઘાડવા બદલ અથવા યોગ્ય રીતેબધંનકરવાબદલ ૪૩ કોઈપણ એનજીન અથવા ટ્રેન રેલવે ઉપર પાસે આવે છે એવી ખબર છતાં અથવા લાગવાનો સબબ છતાં જે કોઈ હેઠળ લખ્યા પ્રમાણે કરશે એટલે જે દરવાજો રેલવેની બેઉ બાજુઓ પકીની કોઇ પણ બાજુ ઉપર કોઇપણ રસ્તાની આડો કોઈ પણ માણસના ઉપયોગ સારૂ અથવા સગવડ સારૂ રેલવે આડમીનીસ્ટ્રેશને કરયો હશે તે દરવાજો ઉઘાડશે અથવા જનાવર અથવા બીજો પદારથ રેલવે ઉપરથી પેલી તરફ પસાર કરશે અથવા પસાર કરવાનો યત્ન કરશે અથવા હાંકશે અથવા લઈ જશે અથવા હાંકવાનો અથવા લઈ જવાનો યત્ન કરશે.

અને ગેટકીપર (દરવાજાવાળો) નહી હોય ત્યારે જે કોઇ પોતે પોતાના તાબા માંહેનું કાંઈ પણ વાહન અથવા જનાવર અથવા બીજો પદારથ દરવાજામાંથી પસાર થયા પછી તાબડતોબ દરવાજો બંધ કરવાનું તથા તેને આગળો દેવાનું હરકોઇ વખતે વરજ કરશે તેને ઘણામાં ઘણા પચાસ રૂપીઆ સુધી દંડ થશે.

લાઇનને અડચણુ કરનારા અથવા ટ્રેન ઉપર પથર ફેંકનારા અલ્પવઈ માણસ બદલ.

૪૪ બાર વરસની અંદરની વયનું કોઈ અલ્પવઈ માણુસ ગેર કાયદાસર રીતે

(અ) કાંઇ લાકડું અથવા પથ્થર અથવા બીજો પદાર્થ રેલવે ઉપર આડો મુકશે અથવા ફેંકશે અથવા મુકવાનો અથવા ફેંકવાનો યત્ન કરશે, અથવા

(બ) રેલવેના કાયમના રસ્તાની કોઇપણ રેલ અથવા સ્લીપર અથવા સ્પાઇક અથવા કી અથવા બીજી વસ્તુ કહાડી નાંખશે અથવા ખસેડશે અથવા કહાડી નાખવાનો અથવા ખસેડવાનો યત્ન કરશે, અથવા

(ક) રેલવે ઉપર ઉપયોગ કરેલાં કોઇપણ એનજીન ઉપર અથવા એનજીનના બળતણની ગાડી ઉપર અથવા ગાડી ઉપર અથવા બીજા વાહન ઉપર લાકડું અથવા પથ્થર અથવા બીજી વસ્તુ ફેંકશે અથવા પડે એવું કરશે અથવા ફેંકવાનો અથવા પડે એવું કરવાનો યત્ન કરશે ત્યારે.

સદરહુ પ્રકારના અલ્પવઈ માણસે ગુન્હો કર્યોછે એમ સમજવું અને ગુન્હાની સાબેતી નો ઠરાવ કરનારા માજીસ્ટ્રેટને પોતાની નજરમાં આવે તે પ્રમાણે હેઠળ લખ્યા પ્રમાણે ફરમાવવાનો અધીકાર છે એટલે સદરહુ પ્રકારનું અલ્પવઈ માણસ તેવો ગુન્હો ફરીથી કરે નહીં એટલા માટે તેને (તે છોકરો હોય તો) ફટકા મારવાની શીક્ષા કરવી અથવા માજીસ્ટ્રેટ જે વ્યાજબી મુદત ઠરાવશે તે મુદતમાં તે અલ્પવઈ માણસના બાપે અથવા પાલન કરનારાએ માજીસ્ટ્રેટ ફરમાવે તેટલો દંડ આપવા બાબત પોતાને બધ કરીને ખત લખી આપવું એ ફરમાવવાનો અધીકાર છે.

સદરહુ પ્રકારના ખતની રકમ સરકારને દેવી થઇ હશે તો તે દંડ પ્રમાણે વસુલ કવાનો અધીકાર છે.

કોઇ માણસને આ કલમ પ્રમાણે ખત લખી આપવાને કહ્યું હોય અને તે તે લખી આપવાની ગફલત કરશે અથવા ના કહેશે તેને ઘણામાં ઘણા પચાસ રૂપીયા સુધી દંડ થશે.

રેલવે ઉપરના માણસોને ધોકો પહોચે એવાં કત્યો અથવા કસુર જાણી જોઇને કરવા બદલ.

૪૫ જે કોઈ જાણી જોઇને કાંઇ કૃત્ય કરશે અથવા જે કૃત્ય કરવાને પોતે કાયદા મુજબ બંધ હશે તે કરવાનું જાણી જોઇને વરજ કરશે અને એવું કૃત્ય કર્યાથી અથવા કરવાનું વરજ કર્યાથી કોઇપણ રેલવેથી જનારા અથવા રેલવે ઉપર હોયતેવાં કોઈ પણ માણસની સલામતીને ધોકો પહોંચે એવો તેનો ઇરાદો હશે અથવા તેવું કર્યાથી ધોકો પહોંચાડવા જેવું છે એવી તેને ખબર હશે તેને ઘણામાં ઘણા સાત વરસની મુદતની કાળા પાણીની (અથવા યુરોપીયનને અથવા અમેરીકનને સાસનીક દાસત્વની) શીક્ષા થશે અથવા ઘણામાં ઘણા દસ વરસની મુદતની કેદની શીક્ષા થશે.

અવિચારના અથવા ગફલતના કત્ય બદલ.

૪૬ જે કોઇ અવિચારથી અથવા ગફલતથી કાંઈ કૃત્ય કરશે અથવા જે કૃત્ય કરવાને પોતે કાયદા મુજબ બંધાયેલો હશે તે કરવાનું અવિચારથી અથવા ગફલતથી વરજ કરશે અને એવું કૃત્ય કર્યાથી અથવા વરજ કર્યાથી રેલવેથી જનારા અથવા રેલવે ઉપર હોય તેવા. કોઇ માણસની સલામતીને ધોકો પહોંચવા જેવું હશે તો તેને ઘણામાં ઘણાં એક વરસ સુધી કેદની શીક્ષા થશે અથવા દંડ થશે અથવા બેઉ શીક્ષા થશે.

આમનીબશ વીગેરેના હાંકનારાએએ રેલવેના નોકરોનો હુકમ ન માનવો.

૪૭ કોઈ આમનીબસના (જનરથના) અથવા ગાડીના અથવા બીજા વાહનના દરએક હાંકનારાએ અથવા કંડકટરે રેલવેનો ભાગ હોય એવા કોઈપણ સ્ટેશન યાર્ડમાં (સ્ટેશનનો વાડો) અથવા બીજા ઠેકાણામાં અથવા સ્ટેશન યાર્ડ ઉપર અથવા ઠેકાણા ઉપર હોય ત્યારે આ

બાબત યોગ્ય રીતે અધીકાર આપેલા રેલવેના કોઈપણ નોકરનો વ્યાજબી હુકમ માન્ય કરવો જોઇએ અને જે જે માણુસ આ કલમ વિરૂદ્ધ કરશે તેને ઘણામાં ઘણા વીશ રૂપીયા સુધી દંડ થશે.

(૬) ગુન્હેગારોને પકડવા.

જે ગુન્હેગારનું નામ ખબર ન હોય તેને આ આકટ મુજબ શીક્ષા કરવા જોગ ગુન્હા બદલ પકડવા વગેરે.

૪૮ આ આકટ મુજબ શીક્ષા થવા જોગ કાંઇપણ ગુન્હો કોઈ માણસ કરશે અને તે નાશી જશે એવું લાગવાનો સબબ હશે અથવા તેનું નામ તથા ઠેકાણું ખબર નહીં હશે તથા તે પોતાનું નામ તથા ઠેકાણું કહેવાની ના કહેશે અથવા તેણે કહેલું નામ તથા ઠેકાણું ખોટું છે એવું લાગવાનો સબબ હશે તે રેલવેના કોઇપણ નોકરને અથવા કોઈ પણ પોલીસ આપીસરને અથવા તે રેલવેનો નોકર અથવા પોલીસ આપીસર પોતાને મદદ કરવા સારૂ જે કોઈ બીજા માણુસને બોલાવશે તે બીજા માણસને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધીકાર છે એટલે વગર વારંટે અથવા લખેલા હુકમ વગર સદરહુ પ્રકારના ગુનેગારને પકડવાનો તથા તેને માજીસ્ત્રેટની પાસે લઇ જવામાં આવે ત્યાં સુધી અથવા તે માજીસ્ત્રેટની રૂબરૂ પોતે હાજર થવાનો પુરતો જામીન આપે ત્યાં સુધી અથવા કાયદા પ્રમાણે કામ ચાલીને તે બીજી રીતે છુટે ત્યાં સુધી તેને અટકાવી રાખવાનો અધીકાર છે.

કેટલીએક કલમ વીરૂદ્ધ હોય તેવા ગુન્હા બદલ પકડવું.

૪૯ આઠમી તથા પચીસમી તથા છવીસમી તથા છત્રીસમી તથા સાડત્રીસમી તથા આડત્રીસમી તથા ચુંવાળીસમી તથા પીસતાળીમી અને છેતાળીસમી કલમમાં કહેલો કોઈ ગુન્હો કરનારા દરેક માણુસને વગર વારંટે અથવા લખેલા હુકમ વગર પકડવાનો અધીકાર રેલવેના કોઈ પણ નોકરને અથવા કોઈ પણ પોલીસ આપીસરને છે અથવા સદરહુ પ્રકારનો નોકર અથવા આપીસર પોતાને મદદ કરવા સારૂ જે બીજાં કોઇ માણસને બોલાવશે તે બીજાં માણસને છે.

અને સદરહુ પ્રમાણે પકડેલાં દરેક માણસને સીક્ષા કરવાનો અથવા ઈનસાફ સારૂ કમીટ કરવાનો અધીકાર જે માજીસ્ત્રેટને આપ્યો હશે તે માજીસ્ત્રેટની પાસે કારણ વગર વાર ન લગાડતાં તેને લઈ જવો.

(ઈ) હકુમત.

હકુમતવાળા માજીસ્ત્રેટ.

૫૦ આ આકટ મુજબ કાંઈ પણ ગુન્હાનો ઇનસાફ પ્રેસીડેનસી માજીસ્ત્રેટ શીવાય તથા જે માજીસ્ત્રેટનો અધીકાર બીજા વરગના માજીસ્ત્રેટના કરતાં ઓછો નહીં હશે તે માજીસ્ત્રેટ શીવાય બીજા કોઈ પણ માજીસ્ત્રેટે કરવો નહીં.

ઇનસાફ કરવાની જગા.

આ આકટ વિરૂદ્ધ અથવા આ આકટ પ્રમાણે કરેલી કાનુન વિરૂદ્ધ કોઈ ગુન્હો કરનારાં કોઇ પણ માણસનો ઈનસાફ, તે જે જગામાં મળશે તે જગાએ અથવા સ્થાનીક સરકાર આ બાબત જે જગા વીશે વખતે વખતે જાહેરનામુ પ્રસિદ્ધ કરશે તે તે જગાએ અને જે વખતે જે કાયદો અમલમાં હશે તે કાયદા મુજબ જે બીજી જગાએ તેનો ઇનસાફ કરી શકાતો હશે તે બીજી જગાએ કરવાનો અધીકાર છે.

આ કલમ મુજબ કરવાનું દરેક જાહેરનામુ સ્થાનીક સરકારી ગેઝીટમાં પ્રસીદ્ધ કરવું તથા તેની એક નકલ જે રેલવેનાં સ્ટેશનો સ્થાનીક સરકાર ફરમાવશે તે દરેક રેલવેના સ્ટેશનો ઉપર સહેલાઈથી જોવામાં આવે તથા વાંચી શકાય એવી કોઇ પણ પ્રસીદ્ધ જગોએ લગાડવું.

(ફ) બીજા ફોજદારી કાયદા કાયમ રાખવા બાબાત.

બીજાકાયદામુજ- બકામચલાવવાનુકા- યમરાખ્યુ

૫૧ જે કાંઇ કરત અથવા કસુર આ આકટ વીરૂધ અથવા આ આકટ મુજબ કરેલી કાનુન વીરૂધ ગુન્હો થતો હશે તે કરત બદલ અ- થવા કસુર બદલ બીજા કોઇ પણ કાયદા મુજબ કોઈ પણ માણસ- ને પકડવાની અથવા તેની ઊપર કામ ચલાવાની અથવા તેને શીક્ષા કરવાની આ આકટ માંહેના કોઈ પણ ઠરાવ ઉપરથી મનાછે એમ સમજવુ નાહી.

પણ એવુ ઠરાવ્યુછે કે કોઈ માણસને એકજ ગુન્હા બદલ બે શીક્ષા કરવી નહી.

બાબ ૬ ઠો.

પરચુરણ.

આડબાબત તથા દરવાજાબાબત અને આડીબાબતકાનુનકર વાનોસરકારનો અધી કાર

૫૨ ગવરનર જનરલ ઈનકાંઊશીલને, અથવા ગવરનર જનરલ ઈન- કાંઊશીલની અગાઉથી મંજુરી લઈને સ્થાનીક સરકારને હેઠળ લખ્યા પ્રમાણે ફરમાવવા બાબતની કાનુન વખતે વખતે કરવાનો અધીકારછે.

(અ) કોઈ પણ રેલવને અથવા તેના કોઇ પણ ભાગને તથા તેના સબંધથી બાં- ધેલા રસ્તાને હદની નીશાની અથવા આડ કરવી.

(બ) કોઈ પણ રેલવેને જે જગીઆએ રસ્તા ઉપર થઈને આડી જતી હશે તથા તે બેઉની સપાટી એકજ હશે તે જગાએ દરવાજા કરવા અથવા આડી ના- ખવી, અને

(ક) સદરહુ પ્રકારના દરવાજા અથવા આડી ઊઘાડવા સારૂ તથા બંધ કરવા સા- રૂ માણસોને ચાકરીએ રાખવાં એવુ ફરમાવવા વીશેની કાનુન કરવાનો અ- ધીકારછે.

અને ઢોરનો પ્રવેસારોધ કરવા સારૂ કયા પ્રકારની આડ બેતાળીસમી કલમના કારણ સા- રૂ યોગ્ય આડ સમજવી એ સુદરહુ પ્રકારની કાનુનમાં ઠરાવવાનો અધીકારછે.

અને આ કલમ મુજબ કરેલી કોઈ પણ કાનુનની કોઈ પણ રેલવે આડમીનીસ્ટરેશન જાણી જોઇને ગફલત કરશે અથવા તે તોડશે તેને સદરહુ પ્રકારની દરએક ગફલત બદલ અથવા તોડયા બદલ ઘણામાં ઘણા પાચશે રૂપીઆ સુધીની રકમ સરકારને દંડ તરીકે આ- પવી પડશે અથવા સદરહુ પ્રકારની ગફલત અથવા તોડવુ ચાલુ હશે ત્યારે જેટલા દીવસ તે ચાલુ રહેશે તેટલા દીવસ બદલ દરરોજ ઘણામાં ઘણા પાંચસે રૂપીઆ સુધીની રકમ સરકારને દંડ તરીકે આપવી પડશે એવુ ફરમાવવાનો અધીકારછે.

કોઇપણરેલવેબા બતસ્થાનીકસરકારક ઈતેઝાપાતકરવાનોઅ ધીકાર

૫૩ સગળી રેલવે બાબત અથવા તેના કોઇ પણ ભાગ બાબત કંઈ સરકાર અથવા બીજો અધીકારી આ આકટના કારણ સારૂ સ્થાનીક સરકારછે એવુ સમજવુ એ ઈનડીઆ ગેજીટમાં જાહેરનામુ પ્રસીધ ક- રીને વખતે વખતે ઝાપીત કરવાનો અધીકાર ગવરનર જનરલ ઇન- કાંઊશીલનેછે.

વરાળથીચલાવેલી ટરામવેનેઆકટલાગુ કરવાનોઅધીકાર

૫૪ વરાળથી ચલાવેલી કોઈ પણ ટરામવેને આ આકટ અથવા આ- નો કાંઈ પણ ભાગ જાહેરનામુ પ્રસીધ કરીને લાગુ કરવાનો અ- ધીકાર ગવરનર જનરલ ઈનકાંઊશીલને છે.

પહેલું પરીશીસ્ટ.

રદ કરેલા આકટો.

(૨ જી કલમ જુઓ).

નંબર તથા વરસ.	મથાળું.
સન ૧૮૫૪નો ૧૮મો.	હિંદુસ્તાન માંહેની રેલવે બાબતનો (લોઢાની સડક) બાબતનો આકટ.
સન ૧૮૬૭નો ૩૧મો.	રેલવે કંપનીઓના નોકરોએ કરેલા કેટલાએક ગુનાને શીક્ષા લાયકછે એવું ઠરાવવા બાબતનો આકટ.
સન ૧૮૭૦નો ૧૩મો.	સરકારની અથવા સરકારે ચલાવેલી લોઢાની સડકોને સન ૧૮૫૪ ના ૧૮મા આકટના ઠરાવ લાગુ કરવા બાબતનો આકટ.
સન ૧૮૭૧નો ૨૫મો.	રેલવેનો (લોઢાની સડકનો) આકટ સુધારવા બાબતનો આકટ.

બીજુ પરીશીષ્ટ

(૧૧ મી કલમ જુવો)

(અ) નાંણુ પાડેલુ અથવા નાણુ ન પાડેલુ અથવા ઘાટ ઘડેલુ અથવા ઘાટ ન ઘડેલુ સોનુ અથવા રૂપુ.

(બ) રૂપાનો ઢોલ ચઢાવેલો પદારથ.

(ક) કાપડ તથા વણેલો પદારથ તથા ફીત જેમાં સોનાનો તથા રૂપાનો અંસ હશે,

(ડ) ઝવેહેર તથા જડાવ દાગીના તથા દાગીના.

(ઈ) કોઈ પણ પ્રકારના વૉચ તથા કલાક અથવા ટાઇમપીશ(એક જાતની ઘડીઆળ).

(ફ) સરકારી બ્યાજની નોટો.

(ગ) સરકારી સ્ટાંપ.

(હ) બીર ઓફ એક્ષચેંજ અથવા હુડી અથવા પરામીશરી નોટો (વાયદા ચીઠીઓ) અથવા (બ્યાંક નોટો) અથવા નાણુ આપવા વીશેના હુકમ અથવા બીજા દસ્તાવેજ.

(એ) નકશા તથા લેખ તથા ખત પતરો.

(જે) રંગવતી કહાડેલાં ચીતરો તથા કોરેલી છાપથી છાપેલાં ચીતરો તથા ફોટોગ્રાફ તથા નકશીનું કામ તથા પથરનું કોરેલુ કામ તથા કળા કૌશલ્યનાં બીજાં કામ.

(કે) બિલોરી કામ તથા ચીનાઈ કામ તથા આરસ પહાણ.

(લ) તૈઆર કરેલું અથવા તૈઆર ન કરેલી સ્થીતીમાં હોય તેવું તથા બીજા પદારથની સાથે વણેલું અથવા ન વણેલુ રેશમ.

(મ) શાલ.

(ન) ફીત.

(ઓ) અફીણ

(પ) હાથીદાંત તથા અબનુશ તથા સુખડનું લાકડું તથા સુખડનું તેલ.

(કવ) વાદયો. તથા શાસ્ત્રીય યંતરો.

Truo Translation)
VENAYEK WASOODEW
Oriental Translator to Government

ઈંડિયાના ગવરનર જનરલ ઇન કાંઉન્શીલના હેઠળ લખેલા આકટ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૮૩ ના ફેબરવારી મહીનાની ૧૬ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

સને ૧૮૮૩ નો આકટ ૪ થો.

સન ૧૮૭૯ નો હિંદુસ્તાનનો રેલવેનો આકટ સુધારવા વિષેનો આકટ.

ઉદ્દેશ. — સને ૧૮૭૯ નો હિંદુસ્તાનનો રેલવેનો આકટ આમાં આગળ જણાવેલી રીતે સુધારવો યોગ્યછે માટે આ ઉપરથી નીચે લખ્યા પ્રમાણે ઠરાવ્યુંછે.

ટુંકું નામ. — ૧ આ આકટને "સન ૧૮૮૩ નો હિંદુસ્તાનનો રેલવેનો આકટ" કહેવો.

શરૂ થવું. — અને એ તાબડતોબ અમલમાં આવશે.

સને ૧૮૭૯ ના ચોથા આકટની ૫મી કલમને બદલે નવી કલમો દાખલ કરવી. — ૨ સદરહુ આકટની ૫ મી કલમને બદલે નીચે લખેલી કલમો દાખલ કરવી જોઇએ, એટલે:—

રેલવે કયારે ચાલુ કરવી. — "કોઇપણ રેલવે અથવા રેલવેનો કોઈપણ ભાગ, અથવા રેલવેનો આગળ લંબાવેલો, અથવા વધારેલો ભાગ જ્યાં સુધી તે ચાલુ કરવાના ઇરાદા બાબત રેલવે આડમીનીસ્ટ્રેશન લખેલી નોટીસ ગર્વનર જનરલ ઇનકાંશીલને આપે અને જ્યાં સુધી ગર્વનર જનરલ ઇનકાંઉશીલ લખેલો હુકમ કરીને તે રેલવે અથવા રેલવેનો ભાગ, અથવા લંબાવેલો અથવા વધારેલો ભાગ ચાલુ કરવાની લખેલી મંજુરી આપે ત્યાં સુધી સાર્વજનીક રીતે ઉતારૂઓને લઇ જવાસાર ચાલુ કરવો નહીં.

ગર્વનર જનરલઇનકાંઉશીલ તપાસનારા અમલદાર નીમવાને મુખત્યાર છે. — "૫ અ. ગવર્નર જનરલ ઇનકાંઉશીલ અમલદારોને તેઓના નામથી અથવા તેઓના હોદ્દાના સબબથી આ આકટ પ્રમાણે તપાસનારા—અમલદાર તરીકે વખતે વખતે નીમવાને મુખત્યાર છે.

તપાસનારા—અમલદારનો રીપોર્ટ આવતાં સુધી મંજુરી આપવી નહીં. — "૫ બ. (૧) પાંચમી કલમમાં કહેલી મંજુરી આપવી તે, કલમ ૫ મી અ પ્રમાણે નીમેલા કોઇ અમલદાર તે રેલવે, ભાગ, લંબાવેલો અથવા વધારેલો ભાગ જેમ હોય તેમ ચાલુ કર્યાથી તેનો ઉપયોગ કરનાર સઘળા લોકોને પોતાના મત પ્રમાણે જોખમ પહોંચશે નહીં, એવો તે તપાસીને ગર્વનર જનરલ ઇનકાંઉશીલને લખેલો રીપોર્ટ કરે ત્યાં સુધી મંજુરી આપવી નહીં.

"(૨) આમાં પાછળ ગમે તે કહેવામાં આવ્યું હોય તોપણ ગર્વનર જનરલ ઇનકાંઉશીલે કોઈ વિશેષ બાબતમાં અથવા બાબતના કોઇપણ વિશેષ વર્ગમાં કલમ ૫ અ. પ્રમાણે નીમેલા કોઈપણ અમલદારને ખાસ હુકમ કરીને કોઈ રેલવે, ભાગ લંબાવેલો અથવો વધા-

લોકોને જોખમ નહીં લાગે (એમ હોય તો તે ચાલુ કરવાની મંજુરી આપવાનો અખત્યાર આપવો.

"(૩) સદરહુ બાબતમાં પેટા કલમ (૧) મા કહ્યા પ્રમાણે રીપોટ કરવાની જરૂર નથી પણ ગવરનર જનરલ ઇનકાંઉશીલને હુકમ કરીને પેટા કલમ (૨) મુજબ આપેલી મંજુરી રદ કરવાનો અથવા તે મંજુરીને તેમને યોગ્ય લાગશે તે સરતો લાગુ થશે એવું ફરમાવવાનો અધીકાર છે.

"(૪) આ કલમ પ્રમાણે આપેલી મંજુરી નીઃસંકેત હશે અથવા તેને જે સરત ગવરનર જનરલ ઇનકાંઉનશીલને; અથવા કલમ ૫ મી અ પ્રમાણે નીમેલા અમલદારને જેમ હોય તેમ. સાર્વજનીક લોકોની સલામતી સારૂ જરૂરછે એમ લાગશે તે સરતો લાગુ રહેશે.

"(૫) જ્યારે કોઇ પણ રેલવે, અથવા કોઇપણ રેલવેનો ભાગ, અથવા લંબાવેલો અથવા વધારેલો ભાગ ચાલુ કરવા બાબતની મંજુરી સરત લાગુ કરીને આપ્યા હોય. અને રેલવે આડમીનીસ્ટ્રેશન તે સરત પુરી કરવાને અથવા તે પ્રમાણે ચાલવાને ચુકશે અથવા ગફલત કરશે ત્યારે આ પ્રમાણે ચાલવાને ચુકતાંજ અથવા ગફલત થતાંજ તે મંજુરી રદ થઇ એમ સમજવું જોઇએ, અને તે રેલવે, અથવા ભાગ, અથવા લંબાવેલો અથવા વધારેલો ભાગ જેમ હોય તેમ, ચાલુ કરવા બાબત આ કલમ પ્રમાણે મંજુરી ફરીથી મળ્યા વગર તથા મળે ત્યાં સુધી તેનો ઉપયોગ્ય કરવો નહી.

જ્યારે ઉતારૂઓની સલામતીને બાધ આવનારે ફેરફાર રેલવેમાં કર્યો હોય ત્યારે ચાલુ કરવા બાબત મંજુરી ફરીથી લેવી.

" ૫ ક. જો આમાં પાછળ ઠરાવ્યા પ્રમાણે રેલવે ચાલુ કર્યા પછી તેના કોઇપણ ભાગમાં તે ઉપર લઈ જવાના ઉતારૂઓને ધોકો પહોંચે અથવા તેમની સલામતીને બાધ આવે એવો ફેરફાર રેલવે આડમીનીસ્ટ્રેશને કર્યો હોય તો એવો ફેરફાર કરેલો ભાગ ફરીથી ચાલુ કરવા બાબત કલમ ૫ બ માંહેના ઠરાવ પ્રમાણે મંજુરી મળ્યા વગર તથા મળતાં સુધી તે ભાગનો ઉતારૂઓને સર્વજનીક રીતે લઇ જવા સારૂ ઉપયોગ્ય કરવો નહી.

રેલવેના ઇન્સ્પેક્ટરના અધીકાર.

" ૫ ડ. ( ) કલમ ૫ અ પ્રમાણે નીમેલા દરેક અમલદાર તપાસણીના કારણ સારૂ હીંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે સરકારી નોકર છે એમ સમજવું અને તેને હેઠળ લખેલા અધીકાર ગવરનરજનરલ ઈનકાંઉશીલના નીરબંધને અનુસરીને છે, એટલેઃ—

"(અ) તેને જે રેલવે અથવા તેનો કોઈપિણ ભાગ ઉતારૂઓને સાર્વજનીક રીતે લઈ જવાસારૂ ચાલુ કર્યો હશે તે ઉપર અથવા તે ઉપર ઉપયોગ કરેલી કોઈપિણ ગાડીઓ ઉપર જવાનો તથા તે તપાસી જોવાનો અધીકારછે.

"(બ) તેને, સદરહુ કારણ સારૂ રેલવેના જે નોકરને પોતાની આગળ બોલાવી તેની જુબાની લેવી યોગ્ય જણાય તે રેલવેના નોકરને પોતાની સહીનો હુકમ કરીને હાજર થવા બાબત ફરમાવવાનો તેને અધીકાર છે અને સદરહુ કારણ સારૂ જે ચોકસી કરવી તેને યોગ જણાય તે ચોકસીના જવાબ દેવા બાબત અથવા સદરહુ કારણને માટે જે પત્રકો તેને યોગ જણાય તે પત્રકો આપવા બાબત એવા નોકરને ફરમાવવાનો અધીકાક છે.

"(ક) તેને કોઈપિણ રેલવે આડમીનીસ્ટ્રેશનની અથવા તેના કબજામાંની બુકો, કાગળો અને દસ્તાવેજોની સદરહુ કારણ સારૂ પોતાના મત પ્રમાણે જરૂર

જણાય તે સર્વે બુકો કાગળો અને દસ્તાવેજો હાજર કરવાને ફરમાવવાનો અને તેમને હાજર કરવા પડે તેમ કરવાનો અધીકાર છે.

"(ડ) જે રેલવે આડમીનીસ્ટ્રેશનની રેલવે અથવા ગાડી આ આક્ટ પ્રમાણે તપાસી જોવાનું કામ ચાલતું હશે તે દરેક રેલવે આડમીનીસ્ટ્રેશનને તપાસી જોનારા અમલદારને તપાસ કરવા સારૂ સઘળી વ્યાજબી રીતે સહેલ પડે તેમ કરવું જોઇએ.

રેલવે બંધ કરવાનો અધિકાર ગવરનર જનરલઇનકાંઉન્શીલને આપવો.

"૫ ઈ. જ્યારે કોઇપણ રેલવે અથવા રેલવેનો કોઈ પણ ભાગ અથવા તેની ઉપર ઉપયોગ કરેલી કાંઇપણ ગાડીઓ તપાસ્યા પછી કલમ ૫ અ પ્રમાણે નીમેલો કોઈ પણ અમલદાર ગવરનર જનરલ ઇનકાંઊશીલને એવો રીપોર્ટ કરશે તેના મત પ્રમાણે તે રેલવેનો અથવા ભાગનો અથવા ફલાણી વીશેશ ગાડીઓનો ઉપયોગ કરાવવામાં આવશે તો તેનો ઉપયોગ કરનારા સાર્વજનીક લોકોને જોખમ થશે, ત્યારે ઉતારૂઓને સાર્વજનીક રીતે લઇ જવા સારૂ હવે પછી તે રેલવે અથવા તેનો ભાગ બંધ કરવો, અથવા આ પ્રમાણે નીરદીસ્ટ કરેલી ગાડીઓનો ઉપયોગ કરવો નહી. જેમ હોય તેમ એવો હુકમ કરીને ફરમાવવાનો અધિકાર ગવરનર જનરલ ઇનકાંઉન્શીલને છે.

રેલવે ફરી ચાલુ કરવી.

"૫ ફ. (૧) જે કોઇપણ રેલવે અથવા રેલવેનો જે કોઇ પણ ભાગ કલમ ૫ ઇ. મુજબ બંધ કરેલો હોય તે કલમ ૫. બ. માંના ઠરાવ મુજબ તપાસવામાં આવ્યા વીના તથા તપાસવામાં આવે ત્યાં સુધી અ. અને તે ચાલુ કરવાની મંજુરી મેળવ્યા વીના તથા મંજુરી મળે ત્યાંસુધી, ઉતારૂઓને સાર્વજનીક રીતે લેઇ જવા માટે ફરી ચાલુ કરવો નહી.

"૨ જ્યારે ગવરનર જનરલ ઈનકાંઉન્શીલે કોઇ પણ ગાડીઓનો ઉપયોગ કરવો નહી એવું કલમ ૫ ઇ. મુજબ ફરમાવ્યું હશે ત્યારે તે ગાડીઓ ઉપયોગ કરવાને યોગ્ય છે એવો રીપોર્ટ કલમ ૫ અ. પ્રમાણે નીમેલા અમલદારે કર્યા વગર તથા તે કરે ત્યાંસુધી અને તેમનો ઉપયોગ કરવાની મંજુરી ગવરનર જનરલ ઈનકાંઉન્શીલે આપ્યા વગર તથા તે આપે ત્યાં સુધી તેમનો ઉપયોગ કરવો નહી."

આઠમી કલમ સુધારવી અને તેમાં મજકુર વધારવો.

૩ સદરહુ આકટની આઠમી કલમની, (ડ) રકમમાંનો, "અને" એ શબ્દ કાહાડી નાખવો જોઇએ; અને (ડ) રકમ પછી નીચે લખેલી રકમ વધારવી જોઈએ અને હમેશ વધારેલીજ છે એમ સમજવું જોઈએઃ—

"(ડ) રેલવેના નોકરોએ વરતણુંક કેવી રાખવી એ બાબત નીયમ કરાવવા સારૂ અને"

સન ૧૮૭૯નાચોથા આકટની ૨૧મી કલમને બદલે નવી દાખલ કરવી.

૪ સદરહુ આકટની ૨૧ મી કલમને બદલે નીચે લખેલી કલમ દાખલ કરવી જોઈએ.

કલમ ૫ અ ને ૫ ફ વીરૂધ રેલવેચાલુ કરવા બાબત અથવા ફરી ચાલુ કરવા

"૨૧ કોઈ પણ રેલવે આડમીનીસ્ટ્રેશન કલમ પાંચ, ૫, બ, અથવા કલમ ૫ ક, વીરૂદ્ધ કોઇપણ રેલવે અથવા કોઇપણ રેલવેનો ભાગ, અથવા આગળ લંબાવેલો અથવા વધારેલો ભાગ ચાલુ કરશે અથવા તેનો ઉપયોગ કરશે, અથવા ગવરનર જનરલ ઇનકાંઉન-

બાબત, અને કલમ ૫ ઈ પ્રમાણે હુકમ કરયાપછીચાલુ રાખવા બાબત દંડ.

રીતે કલમ ૫ ઈ પ્રમાણે કરેલા કોઇપણ હુકમ વીરૂધ કોઈપણ રેલવે અથવા તેનો કોઇપણ ભાગ, ચાલુ રાખશે અથવા કોઈ પણ રેલવે અથવા તેનો કોઈ પણ ભાગ કલમ ૫ ફ, પેટા કલમ ૧ વીરૂદ્ધ તેને ફરી ચાલુ કરશે અથવા કલમ ૫ ફ, પેટા કલમ (૨) વીરૂદ્ધ કોઇ પણ ગાડીઓનો ઉપયોગ કરશે તે રેલવે આડમીનીસ્ટ્રેશને, તે રેલવે અથવા તેનો તે ભાગ અથવા આગળ લંબાવેલો અથવા વધારેલો ભાગ જેટલા દીવસ તે કલમો પઇકી કોઇ પણ કલમ તોડીને અથવા ગવરનર જનરલ ઇનકાંઊનશીલના તે હુકમ વીરૂધ્ધ જેમ હોય તેમ, ચાલુ રહેશે અથવા તેનો ઉપયોગ કરવામાં આવશે અથલા જેટલા દીવસ તે ગાડીઓનો એ પ્રમાણે ઉપયોગ કરવામાં આવશે તેટલા દીવસ બદલ દર દીવસના એક હજાર રૂપીઆ પ્રમાણે દંડ સરકારને આપવો જોઇએ.

(સહી) આર. જે ક્રાસ્થવેટ
આડીશનલ સેક્રેટરી નીસબત ઈંડિયા સરકાર.

(True Translation)
R. P. PANDIT,
Oriental Translator to Government

ઇંડિયાના ગવરનર જનરલ ઈનકાંઉનસીલનો હેઠળ લખેલો આક્ટ ગવરનર જનરલ સાહેબે સન ૧૮૭૯ ના નવેંબર મહીનાની ૧૪ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસિધ્ધ કર્યો છે.

સન ૧૮૭૯ નો આક્ટ ૨૧ મો.

બ્રિટિશ ઈંડીયા બાહારની જગાએ જે ગુન્હા થાય તે ગુન્હાનો ઈનસાફ કરવા બાબત અને ગુનેહગારોને સ્વાધીન કરવા બાબત નિયમ ઠરાવવા બાબતનો આક્ટ.

ઉદ્દેશ. તહનામાં ઉપરથી તથા કલમબંધી ઉપરથી તથા કરારનામા ઉપરથી તથા સનંદ ઉપરથી તથા રૂઢી ઉપરથી તથા અપ્રતિબંધ વહિવટ ઉપરથી અને કાયદાસર બીજા સાધન ઉપરથી ઇંડીયાના ગવરનરજનરલ ઇનકાંઉનસિલને બ્રિટીશ ઇંડીયાની હદ બાહારની ઘણીએક જગાએ અધિકાર અને હકુમત છે વાસ્તે;—અને તે અધિકાર અને હકુમત ગવરનર જનરલ ઈનકાંઉનશીલના હુકમ પ્રમાણે કામ કરનારા પોલીટીકલ એજંટ તથા બીજાઓને વખતે વખતે આપવામાં આવીછે વાસ્તે; —અને તે અધિકાર અને હકુમત ચલાવવા ઉપર અને બીજાને આપવા ઉપર બ્રિટિશ ઈંડીયાના કાયદાનો નિબંધ કેટલો છે અને તેને તે કાયદાનો આધાર કેટલો છે તે બાબત શક પડયો છે વાસ્તે;—અને તે શક દુર કરવા સારૂ અને તે અધિકાર અને હકુમત ચલાવવા બાબતના અને બીજાને આપવા બાબતના અને રાણીની રઈયત બ્રિટીશ ઈંડીયાની હદ બાહાર ગુનાહ કરે તે બાબતના અને ગુન્હેગારોને સ્વાધીન કરવા બાબતના કાયદા એકઠા કરીને સુધારવા સારૂ સન ૧૮૭૨ નો પરરાજ માંહેની હકુમત બાબતનો અને પરરાજના ગુન્હેગારોને તેઓની સરકારને સ્વાધીન કરવા બાબતનો આક્ટ પસાર કરયો હતો; અને તે આક્ટ રદ કરવો અને હેઠળ લખેલા સુધારા સાથે ફરીથી ઠરાવવો પણ યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.—

બાબ ૧ લો. પ્રથમ નિયમો.

ટુંકુ નામ. ૧. આ આક્ટને "સન ૧૮૭૯ નો પરરાજ માંહેની હકુમત બાબતનો અને ગુનેહગારોને સ્વાધીન કરવા બાબતનો આક્ટ" કેહેવો.

આક્ટ ક્હાંક્હાં લાગુછે. આ આક્ટ આખા બ્રિટીશ ઈંડીયાને.

બ્રિટીશ ઈંડીયાની હદ બાહાર રાણીની હિંદુસ્થાનની દેશી રઈયત હોય તે સઘળી રઈયતને, અને રાણી સાહેબની સાથે દોસ્તી રાખનારા હિંદુસ્થાન માંહેના રાજાઓના અને સંસ્થાનોના મુલકમાં રાણીની વિલાયતી રઈયત હોય તે સઘળી રઈયતને લાગુછે.

શરૂઆત. અને આ આક્ટ ઠરયો એટલે અમલમાં આવશે.

બીજા કાયદા તથા તહનામાં રાખ્યાં. પણ ગુનેહગારોને સ્વાધીન કરવા બાબતનો જે વખતે જે કાયદો અથવા તહનામું અમલમા હશે તે કાયદાના અથવા તહનામાના ઠરાવને આ આક્ટના કોઈપણ ઠરાવથી બાધ આવતો નથી એમ સમજવું; અને

સદરહુ પ્રકારના કાંઈ કાયદા અથવાં તહનામું જે જે બાબતમાં લાગુ છે તે તે બાબતમાં તે કાયદામાં અથવા તહનામામાં ઠરાવેલી રીત પ્રમાણે કામ ચલાવવું જોઈએ.

ટીકા—પરરાજ્યમાં આ લોકપર ફોજદારી કામ ચાલુ છે એટલાજ .ફક્ત કહેવાપરથી તે લોકોને પેહેરામાં રાખવા બ્રિટીશ માજીસ્ત્રેટને અધિકાર નથી. પરરાજ્યના ગુનેહગારોને સ્વાધીન કરવા બાબતના આક્ટ પ્રમાણે અટકાવી રાખેલા સખસો બાબત યોગ્ય તજવીજ કરવામાં જો ન આવે તો તેઓને છોડી મુકવા જોઇએ. (આ ફેસલો સને ૧૮૭૨ ના પરરાજ્યના ગુનેહગારના આક્ટ નંબર ૧૧ ઉપર તા. ૨૯ મે ૧૮૭૭ ને રોજ મુંબાઈ હાઈકોરટે કલાદગીના માજીસ્ત્રેટનું ત્રીમાહી રીટર્ન તપાસ્યાપરથી કરેલો છે. પણ તે આક્ટ રદ થઈ તેને બદલે આ આક્ટ થવાથી આ ફેંસલો અમે દરસાવ્યો છે.)

રદ કરવું.

૨. સન ૧૮૭૨ નો પરરાજ માંહેની હકુમત બાબતનો અને પરરાજના ગુન્હેગારોને તેઓની સરકારને સ્વાધીન કરવા બાબતનો આક્ટ રદ કરયો છે; પણ ચાલુ હોય એવી, તે આક્ટ ઉપરથી જે નેમણુક કરી હશે તે સઘળી નેમણુકો જે અધિકાર આપ્યા હશે તે સઘળા અધિકાર, જે દાખલા આપ્યા હશે તે સઘળા દાખલા જે માગણી તથા કાનુન કરી હશે તે સઘળી માગણી તથા કાનુન અને ચાલુ હોય એવાં જે જાહેરનામા, સમન, વારંટ, હુકમ તથા તાકીદ કરી હશે તે સઘળાં જાહેરનામા, સમન, વારંટ હુકમ અને તાકીદ, આ આક્ટને અનુસરીને હશે તેટલે સુધી તે આ આક્ટ પ્રમાણે કરીછે તથા આપ્યાછે તથા કરીછે એમ સમજવું.

અરથની કલમ.

૩. આ આક્ટમાં આગલા પાછલા સંબંધથી બાધ આવતો નહોતો.

"પોલીટીકલ એજંટ."

"પોલીટીકલ એજંટ" આ શબ્દનો અરથ હેઠેજ લખ્યા પ્રમાણે છે અને તે શબ્દોમાં હેઠળ લખેલા અમલદારોનો સમાસ થાય છે એમ સમજવું.

(૧) બ્રિટીશ ઇંડીયાની હદ બાહારના કોઈ મુલકમાં અથવા જગાએ હિંદુસ્થાનની બ્રિટીશ સરકારની તરફથી મુખ્ય અમલદાર હોય તે અમલદાર.

(૨) કોઇ જગા બ્રિટીશ ઇંડીયાનો ભાગ નહી હોય તે જગાએ આ આક્ટ પ્રમાણે પોલીટીકલ એજંટનો સઘળો અથવા કેટલોએક અધિકાર ચલાવવાને ગવરનર જનરલ ઈનકાઉંનસીલે, અથવા મદ્રાસ અથવા મુંબઈ ઈલાકાના ગવરનર ઈનકાંઉનસીલે બ્રિટીશઈંડીયા માંહેનો કોઈ અમલદાર નિમ્યો હશે તે અમલદાર;

"રાણીની વિલાયતી રઈયત"

અને "રાણીની વિલાયતી રઈયત" આ શબ્દોનો અરથ ફોજદારી કામની રીતના કાયદામાં રાણીની વિલાયતી રઈયતની વ્યાખ્યા કરીછે તે પ્રમાણે સમજવો.

બાબ ૨ જો.

બ્રિટીશ ઈંડીયા બાહારની જગાએ બ્રિટીશ અમલદારોના અધિકાર.

ગવરનર જનરલનો

૪. ગવરનર જનરલ ઈનકાંઉનસીલને જે વખતે જે કાંઈ અ-

અધિકાર બ્રિટીશઈંડીયા બાહારની જગાએ ચલાવવા બાબત અને તે બીજાને આપવા બાબત.

ધીકાર અથવા હકુમત છે તે બ્રિટીશ ઈંડીયાની હદ બાહારના હરકોઈ મુલકમાં અથવા જગાએ ચલાવવાનો અખત્યાર અને તે અધિકાર અને હકુમત પોતાની નજરમાં વખતે વખતે આવે તે રીતે અને તેટલે સુધી હિંદુસ્થાન માંહેની બ્રિટીશ સરકારના હરકોઈ નોકરને આપવાનો અખત્યાર ગવરનર જનરલ ઈનકાંઉન્શીલને છે.

તે અધીકાર ચલાવવા બાબત અથવા આપવા બાબત જાહેર નામુ.

૫. સદરહુ પ્રકારનો કાંઈ અધિકાર અથવા હકુમત ગવરનર જનરલ ઈનકાંઉનસીલ ચલાવે તે બાબત અને તેઓ કોઈ માણસને અથવા કોઈ વરગના માણસોને તે અધિકારઅને હકુમત આપે તે બાબત અને તે માણસોએ શી રીતે કામ ચલાવવું તે રીત બાબતના જે નિયમો પ્રમાણે અથવા બીજી સરતો પ્રમાણે તેઓએ ચલાવવું જોઈએ તે નિયમો બાબત અથવા બીજી સરતો બાબત અને તેઓનો અધિકાર જેટલી હદમાં ચલાવવો હોય તેટલી હદ બાબત ઈંડીયા ગ્યાજેટમાં પ્રસિધ કરેલાં જાહેરનામામાં લખેલી વાતોના ખરાપણા બાબત તે જાહેરનામુ નિરણયકારક પુરાવો છે એવું સમજવું.

જસ્ટિસ આફ ધી પીસની નીમણુક તથા અધિકાર અને હકુમત.

૬. રાણીની વિલાયતી રઈયતને તેનાં નામથી અથવા તેના હુદાના સબબથી સદરહુ પ્રકારના હરકોઈ મુલકમાં અથવા જગાએ જસ્ટિસ આફ ધી પીસ નીમવાનો અખત્યાર ગવરનર જનરલ ઈનકાંઉનસીલને છે; અને તે દરએક જસટિસ આફ ધી પીસને પેહેલા વરગના માજીસ્ટ્રેટ જસ્ટિસ આફ ધી પીસછે અને રાણીની વિલાયતની રઈયત છે તેઓને ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા મુજબ જે અધિકાર આપ્યાછે તે સઘળા અધિકાર રાણીની વિલાયતની રઈયત ઉપર અથવા તેવી રઈયતની સાથે મળીને કાંઈ ગુનાહ કરયાનું તોહોતમ કોઈ સખસો ઉપર આવ્યું હશે તેઓની ઉપર કામ ચલાવતી વખતે છે એવું સમજવું.

રાણીની વિલાયતી રઈયત ઉપર હકુમતવાળી કહી કોરટમાં તે જસ્ટિસ આફ ધી પીસે ઈનસાફ થવા સારૂ મોકલવા તે બાબત હુકમ કરવાનો અખતિયાર ગવરનર જનરલ ઈનકાંઉનસીલને છે.

હમણાંના પોલીટીકલ એજંટ તથા જસ્ટિસ આફ ધી પીસને કાયમ કરયા છે.

૭. સદરહુ પ્રકારના કોઈ મુલકમાં અથવા જગાએ અને મુલક સારૂ અથવા જગા સારૂ ગવરનર જનરલ ઈનકાંઉનસીલે અથવા મદરાસ અથવા મુંબઈ ઈલાકાના ગવરનર ઈનકાંઉનસીલે સને ૧૮૭૨ ના અપરેલ મહીનાની પચીસમી તારીખની અગાઉ જે પોલીટીકલ એજંટ અને જસ્ટિસ આફ ધી પીસ નીમ્યા હશે તે સઘળા પોલીટીકલ એજંટ અને જસ્ટિસ આફ ધી પીસ આ આક્ટના ઠરાવ પ્રમાણે નીમ્યા છે અને નીમ્યા હતા. અને તેઓને આ આક્ટના ઠરાવ પ્રમાણે હકુમત છે અને આજ સુધી હતી એવું સમજવું.

બ્રીટીસ ઈંડીયાનો ફોજદારી કાયદો બ્રીટીસ ઈંડીયાની હદબાહાર રા

૮. ગુનાહ બાબત અને ફોજદારી ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબત બ્રીટીશઈંડીયામાં જે વખતે જે કાયદો ચાલુ હોય તે કાયદો કામ ચલાવવાની રીત બાબત ગવરનર જનરલ ઈનકાંઉસીલ વખતે વ-

ણીની રઈયત હોય તેને લાગુ કરવા બાબત.

ખતે જે ફેરફાર કરવાનું ફરમાવે તે ફેરફાર થઈને હેઠળ લખેલાં માણસોને લાગુ થશે.

(अ) રાણી સાહેબની સાથે દોસ્તી રાખનારાં હિંદુસ્તાન માંહેના રાજાઓના અને સંસ્થાનોના મુલકમાં રાણીની વીલાયતી રઈયત હશે તે સઘળી રઈયતને અને,

(ब) બ્રિટીસઈંડીયાની હદ બહારની કોઈપણ જગામાં રાણીની દેશી હિંદુસ્તાનની રઈયત હશે તે સઘળી રઈયતને લાગુછે એવું સમજવું.

બાબ ૩ જો.

બ્રિટીસ ઇંડિયા બહારની જગાએ રાણીની રઈયત ગુનાહ કરે તે ગુનાહની બ્રિટીસ ઈંડીયામાં ચોકશી.

રાણીની રઈયત બ્રિટીસઈંડીયાની હદ બહાર ગુનાહ કરે તે બાબત તેઓની જવાબદારી.

૯. રાણીની વીલાયતી રઈયત, રાણી સાહેબની સાથે દોસ્તી રાખનારા હિંદુસ્તાન માંહેના કોઈ રાજાના અથવા સ્વસ્થાનના મુલકમાં જ્યારે કાંઈ ગુનોહ કરે, અથવા,

ટીકા.—રાણી સાહેબની દેશી પ્રજામાંના એક માણસે રાણી સાહેબની સાથે સ્નેહ રાખનારા હીંદુસ્થાનમાંના એક દેશી રાજ્યમાં રહેવાના ઘરમાં ચોરી કરી; અને તે રાણી સાહેબ સાથે સ્નેહ રાખનાર બીજા રાજ્યમાં પકડાયો (જડયો) અને તેને ત્યાંહાંથી અમદાવાદ આણ્યો કીંવા તે પોતે ત્યાંહાં હાજર થયો. આ અપરાધમાં ઇનિસાફ બ્રીટીશ સરકારના મુલકમાં થવો જોઇએ એમ મને દેખાય છે એવો દાખલો તીહાંના પોલીટીકાલ એજંટે આપીયો હતો તેથી અમદાવાદના એક માજીસ્ટ્રેટે તેની ચોકશી કરી તે કામ શેસન કમીટ કરીયું તેમાં ઠરાવ્યું કે—"આ કલમ ઊપરથી આ કામનો ઈનસાફ કરવાનો અધિકાર અમદાવાદની શેશન કોરટને હતો કારણ કે આરોપીને જે વખતે અમદાવાદ આણ્યો તે વખતે તે તેજ કલમ પ્રમાણે બ્રિટીશ ઈંડીયામાંના મુલકમાં જડયો હતો. "જડે" એવો જે શબ્દ આ કલમમાં છે તેનો અરથ જે ઠેકાણે તે પકડાયો તે ઠેકાણું નહી છતાં જે ઠેકાણે તે પ્રત્યક્ષ હાજર હોય તે ઠેકાણું એમ સમજવું જોઈએ. (મુ. હા. ઇ. લા. વા. ૬ પાને ૬૨૨ સરકાર વિરૂધ્ધ મગનલાલ).

બ્રિટીસ ઈંડીયાની હદ બહારની કોઈપણ જગાએ રાણીની હિંદુસ્તાનમાંની દેશી રઈયત જ્યારે ગુનોહ કરે.

ત્યારે સદરહુ પ્રકારના ગુનાહ બાબત તે માણસની તજવીજ એવી રીતે કરવી કે તે માણસ બ્રિટીસ ઈંડીયા માંહેની જે કોઈ જગએ જડે તે ઠેકાણે તેણે તેવો ગુનોહ કરયો હોત તો જે પ્રમાણે તેની તજવીજ થાત તે પ્રમાણે તજવીજ કરવાનો અખતીયાર છે.

ચોકશી કરવા લાયક તોહોમત છે એવો દાખલો પોલિટિકલ એજંટે આપવો.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારના કોઈ ગુનહાના તોહોમતની ચોકસી બ્રિટીસ ઈંડીયામાં કરવી નહી પણ બ્રિટીસ ઇંડીયામાં ચોકશી થવી જોઈએ એવું મહારા અભિપ્રાય પ્રમાણે તોહોમત છે એવો દાખલો જે મુલકમાં ગુનોહ કરયાનું કેહેતા હોય તે મુલકનો પોલિટીકલ એજંટ હોય અને તે લખી આપે તો બ્રિટીસ ઈંડીયામાં ચોકસી કરવી.

અને વળી એવું ઠરાવ્યું છે કે આ કલમ પ્રમાણે કોઈ માણસ ઉપર કાંઈ કામ ચલાવ્યું હોય તેથી તેનો બ્રિટીસ ઈંડીયામાં કરયો હોત તો તેજ ગુનાહ બાબત તેજ માણસ ઉપર આગળ બીજું વધારે કામ ચાલવાને હરકત થઈ હોત. તે ચલાવેલાં કામને લીધે. તેજ ગુનોહ બ્રિટીસ ઈંડીયાની હદ બહારની કોઈ જગાએ કરયા બાબત આ આકટ પ્રમાણે તે માણસ ઉપર આગળ બીજું વધારે કામ ચલાવવાને હરકત થાયછે એવું સમજવું.

જુબાનીઓની અને દસ્તાવેજોની નકલ પુરાવામાં લેવાનો હુકમ કરવાનો અધીકાર.

૧૦. નવમી કલમમાં કહેલા સદરહુ પ્રકારના કોઈ ગુનાની ચોકશી અથવા તજવીજ ચાલતી હોય ત્યારે જે જગાએ તે ગુનો કરયાનું કેહેતા હોય તે જગામાંના અથવા જગાના પોલીટીકલ એજંટની આગળ અથવા ઇનસાફના અમલદારના આગળ જુબાનીઓ આપી હોય અથવા દસ્તાવેજો રજુ કરયા હોય તે જુબાનીઓની અથવા દસ્તાવેજોની નકલ, તે ચોકશી અથવા તજવીજ કરનારી કોરટ તે જુબાનીઓની અથવા દસ્તાવેજોની વાત બાબત પુરાવો લેવા સારૂ જે પ્રસંગે કમીશન નીમે તે પ્રસંગે તે કોરટે પુરાવામાં લેવી એવું પોતાની નજરમાં આવશે તો હુકમ કરવાનો અખતીયાર સ્થાનીક સરકારને છે.

ગુનહેગારને સ્વાધીન કરવા બાબત.

રાણીની વીલાયતી રહીયત શીવાય બીજા માણસો બ્રીટીશ ઇંડીયામાં નાહાશી આવે તેઓને પકડીને મોકલવા બાબત.

૧૧. રાણીની વીલાયતી રહીઅત નહી હોય તેવાં કોઈ માણસે કોઈ સંસ્થાનમાં તે સંસ્થાનના કાયદા વીરૂધ ગુનહો કર્યો હોય અથવા કર્યો છે એવું લાગતું હોય અને તે માણસ બ્રીટિશ ઈંડિયામાં નાહાશી આવે અથવા હોય ત્યારે હેઠળ લખ્યા પ્રમાણે હકીકત હશે તો તે સંસ્થાનનાં પોલીટીકલ એજંટને હેઠળ લખ્યા પ્રમાણે કરવા સારૂ વારંટ કરવાનો અખતીયાર છે એટલે.—

ગુનાહની ચોકશી સદરહુ સંસ્થાનમાં થવી જોઈએ એવું તે પોલીટીકલ એજંટની નજરમાં આવશે તો.

અને જે કામ થવાનું કેહેતા હોય તે કામ બ્રીટીશ ઈંડીયામાં કર્યુ હોત તો આ આકટને જોડેલાં પરીશીસ્ટમાં હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમો લખી છે તે કલમો પ્રમાણે અથવા તે કાયદાની અથવા બીજા કોઈ કાયદાની બીજી જે કલમ ગવરનર જનરલ ઈનકાંઉનસીલ ઈંડીઆ ગ્યાજેટમાં જાહેરનામું છપાવીને વખતે વખતે કહેશે તે કલમ પ્રમાણે ગુનહો થયો હોત તો,

તે માણસને પકડવા બાબત અને જે જગા વારંટમાં લખી હોય તે જગાએ વારંટમાં લખેલાં માણસને સ્વાધીન કરવા બાબત વારંટ કરવાનો પોલીટીકલ એજંટને અખત્યાર છે.

વારંટ કોહોના નામનું કરવું અને શી રીતે બજાવવું.

૧૨. ફલાણા જીલામાં તોહોમતવાળુ માણસ છે એવું લાગતુ હોય તે જીલ્લાના માજીસ્ત્રેટના નામનું તે વારંટ કરવાનો અખતીઆર છે; અને વારંટો બજાવવા બાબત જે વખતે જે કાયદો ચાલુ હોય તે કાયદામાં ઠરાવેલી રીતે તે વારંટ અમલમાં લાવવું; અને તોહોમતવાળું માણસ પકડાય એટલે તેને વારંટમાં લખેલી જગાએ મોકલી દેવું અને વારંટમાં લખેલા અમલદારને સ્વાધીન કરવું.

પોલીટીકલ એજંટે પોતાની જાતે મુકરદમાનો નીકાલ કરવો અથવા તજવીજ થવા સારૂ માણસને મામુલ કોરટમાં મોકલવું.

૧૩. સદરહુ પોલીટીકલ એજંટે કાંતો તે મુકરદમાનો પોતાની જાતે ફેંસલો કરવો અથવા જો ગવરનર જનરલ ઈનકાંઉનશીલે અથવા મદ્રાસ ઈલાકાના ગવરનર ઈનકાંઉનશીલે અથવા મુંબાઈ ઈલાકાના ગવરનર ઈન કાંઉનશીલે હેઠળ લખ્યા પ્રમાણે કરવા સારૂ તેને સામાન્ય કે વીશેષ રીતે અધીકાર આપ્યો હોય તો ઉપર કહ્યા પ્રમાણે મોકલેલુ માણસ રાણીની હીંદુસ્થાનની દેશી રઈયત હોય કે નહી હોય તો પણ તેને જે સંસ્થાનમાં ગુનહો કરયો હોય તે સંસ્થાનની મામુલ કોરટ પાસે તજવીજ કરાવવા સારૂ તે કોરટોને સ્વાધીન કરવું.

ગુનેહગારો સ્વાધિન કરવા બાબત બ્રિટીશ સરકારના મુલકના કોઈ ભાગમાં હકુમત ચલાવનારાઓ અથવા પારકા દેશના રાજા લખી મોકલે તે બાબત.

૧૪. રાણીસાહેબના મુલકના કોઈ ભાગમાં અથવા કોઈ પારકા રાજાના અથવા સંસ્થાનના મુલકમાં ગુનહો કરયાનું તોહોમત જે માણસ ઉપર આવ્યું હોય તે માણસ સ્વાધિન કરવાનું તે ભાગમાં અથવા મુલકમાં હકુમત ચલાવનારાં માણસો અથવા તેઓના હુકમથી (બીજા માણસો) ગવરનર જનરલ ઈનકાઉનશીલને અથવા કોઈ સ્થાનીક સરકારને લખી મોકલે ત્યારે તે ગુનહો કોઈ માજીસ્ટ્રેટની હકુમતની સ્થાનીક હદમાં થયો હોત તો તે ગુનાહની ચોકશી કરવા બાબત તેની હકુમત ચાલતે તે માજીસ્ટરેટને તે તોહોમતના ખરાપણા બાબત ચોકશી કરવાનો હુકમ કરવાને ગવરનર જનરલ ઈનકાંઉનશીલ અથવા સ્થાનીક સરકાર (પ્રસંગ પ્રમાણ એમ હોય તેમ) મુખતીયાર છે.

લખેલો ગુનહો મામુલ પ્રમાણે સમન કરવા લાયક છે કે વારંટ કરવા લાયક છે, જે પ્રમાણે નજરમાં આવે તે પ્રમાણે તે માણસને પકડવા બાબત સમન અથવા વારંટ ઉપર કહ્યા પ્રમાણે જે માજીસ્ટરેટને હુકમ થયો હોય તેણે કરવું, અને તોહોમતના ખરાપણા બાબત ચોકશી કરવી જોઈએ અને તે ચોકશી કરવાનો પોતાને જે સરકારે હુકમ કરયો હોય તે સરકારને તે બાબત તેણે રીપોટ કરવો જોઈએ. અને તોહોમતવાળું માણસ ઉપર કહેલી દરખાસ્ત કરનારાં માણસોને સ્વાધિન કરવું જોઈએ એવું ઉપર કહેલો રીપોરટ આવ્યા પછી સદરહુ સરકારની નજરમાં આવશે તો તે તોહોમતવાળા માણસને સંભાળીને રાખવા તથા મોકલવા બાબત વારંટ કરવાને અને તે વારંટમાં કઈ જગાએ તથા તે માણસને કોહોને સ્વાધિન કરવો તે લખવાને તે સરકાર મુખતીયાર છે.

દશમી કલમના ઠરાવ આ કલમ પ્રમાણે ચોકશી થાય તેને લાગુ છે એવુ સમજવું.

બ્રિટિશઈંડીયાની બાહાર ગુનહો કરયાનુ તોહોમત આવેલા માણસને પકડવા સારૂ કંઈ બાબતમાં માજીસ્ત્રેટે વારંટ કરવું

૧૫. બ્રિટીશ ઈંડીયાની બાહાર કાંઈ પણ ગુનહો કરયાનુ તોહોમત અથવા વેહેમ જે માણસ ઉપર હોય એવુ કોઈ માણસ જ્યારે જ્યારે બ્રિટીશ ઈંડીયામાંના કોઈ માજીસ્ત્રેટની હકુમતની સ્થળશીમમાં હશે અને એવા માણસને પકડવા બાબત કોઈ પણ સંસ્થાનના પોલીટીકલ એજંટ અગીયારમી કલમમાંના ઠરાવ મુજબ વારંટ કરી શકે છે અથવા રાણીસાહેબના મુલકના અથવા કોઈ પણ પારકા રાજાના અથવા

સંસ્થાનના મુલકના કોઈ પણ ભાગનો રાજકારભાર જે વખતે જે માણસો ચલાવતાં હશે તે તે માણસને સ્વાધિન કરવાનુ કહી શકશે એવુ સદરહુ માજીસ્ત્રેટને લાગશે ત્યારે ત્યારે તે માજીસ્ત્રેટને યોગ્ય લાગે તો તેણે તે માણસને પકડવા સારૂ વારંટ કરવું આ વારંટ કરવું તે હેઠળ લખ્યા પ્રમાણે હોય તો કરવુ; એટલે તેની હકુમતની સ્થળશીમમાં તે ગુનહો બન્યો હોત તો જે બાતમી ઉપરથી અથવા ફરિયાદ ઉપરથી અને તેવા પુરાવા ઉપરથી એવુ વારંટ કરવુ વ્યાજબી છે એવુ તેને લાગ્યુ હોત તેવી બાતમી ઉપરથી અથવા ફરીયાદ ઉપરથી અને તેવા પુરાવા ઉપરથી તેણે તે કરવુ.

માજીસ્ત્રેટે પોલીટીકલ એજંટને અથવા સ્થાનીક સરકારને બાતમી મોકલવી.

આ કલમ પ્રમાણે વારંટ કરનારા કોઈપણ માજીસ્ત્રેટે જે સંસ્થાનનો પોલાટીકલ એજંટ હોય એવા કોઈ સંસ્થાનમાં તે ગુનહો બન્યો છે એવુ લાગે અથવા તે ગુન્હો કર્યો એવુ કહેવુ હશે ત્યારે પોતે ચલાવેલા કામની બાતમી સદરહુ પ્રકારના પોલીટીકલ એજંટને તાબડતોબ મોકલવી જોઇએ અને બીજી બાબતમાં પોતે ચલાવેલાં કામ બાબત સ્થાનિક સરકારને તાબડતોબ રીપોર્ટ કરવો જોઈએ.

પકડેલા માણસ ઉપર ફેલાણી વખતની અંદર કામ ચલાવવામાં આવે તેને છોડી મુકવો.

૧૬. પંદરમી કલમ મુજબ કોઈ માજીસ્ત્રેટે કરેલા વારંટ ઊપરથી કોઈ માણસને પકડયું હશે તેને પકડયાની તારીખથી બે મહીના કરતાં વધારે અટકાવી મુકવું નહી પણ તે માજીસ્ત્રેટને સદરહુ મુદતમાં સદરહુ પ્રકારનાં માણસને સ્વાધીન કરવા બાબત કોઈ સંસ્થાનના પોલીટીકલ એજંટ તરફથી અગીઆરમી કલમ મુજબ વારંટ પહોચ્યું હશે અથવા ગવરનર જનરલ ઈનકાંઉનસીલની તરફથી અથવા સ્થાનીક સરકારની તરફથી તે માણસ બાબત કંઈ પણ હુકમ પહોચ્યો હશે અથવા એવા માણસને કાયદા પ્રમાણે કોઈ પારકા રાજાને અથવા સંસ્થાનને સ્વાધિન કરયો હશે તો જુદી વાત.

સદરહુ પ્રકારનું વારંટ અથવા હુકમ પહોચ્યાની અગાઊ કોઈ પણ વખતે માજીસ્ત્રેટને યોગ્ય લાગે તો તેણે તહોમતદારને છોડી મુકવો અને તહોમતદારને છોડી મુકવો એવું સ્થાનીક સરકારે એવું વારંટ અથવા હુકમ પહોચ્યાની અગાઊ કોઈ પણ વખતે ફરમાવ્યું હોય તો તે માણસને માજીસ્ત્રેટે છોડી મુકવો જોઈએ.

જામીન.

૧૭. જામીન બાબતના ફોજદારી કામની રીતના કાયદામાંના ઠરાવ પંદરમી કલમ પ્રમાણે પકડેલા કોઈ પણ માણસની બાબતમાં લાગુ થશે તે એ રીતે કે જે ગુન્હાનું તોહોમત સદરહુ પ્રકારનાં માણસ ઊપર મુકયું છે તે ગુનોહ તેણે બ્રિટીશ ઈંડીયામાં કરયાનું તોહોમત આવ્યું હોત તો જે રીતે લાગુ થાત તેજ રીતે લાગુ થશે.

બાબ ૫ મો.

પરચુરણ.

કાનુંનો કરવાનો અખતીયાર.

૧૮. હેઠળ લખેલી વાતો બાબત વખતે વખતે કાનુન કરવાનો અખતિયાર ગવરનર જનરલ ઈનકાંઉનશીલને છે.

(૧) રાણીની નીશાયતી અથવા દેશી રઈયતને પોલીટીકલ એજંટ આ આકટ પ્રમાણે કેદ

કરી હોય તેઓને અટકાવી રાખવા બાબત તથા તેઓનાં ભાથા બાબત અને તુરંગમાં તેઓની વ્યવસ્થા રાખવા બાબત.

(૨) તોહોમતવાળા માણસને આ આક્ટ પ્રમાણે મોકલવા બાબત અને તેઓને સ્વાધીન લેવાનો ફલાણું ફલાણું માણસને અધિકાર છે એ રીતે જે માણસોના નામ વારંટમાં લખેલા હોય તે માણસોને સ્વાધિન તે તોહોમતવાળા માણસો કરવામાં આવે ત્યાં સુધી તેઓનો બંદોબસ્ત રાખવા બાબત અને તેઓનું ગુજરાન ચલાવવા બાબત અને,

(૩) આ આકટની સઘળી મતલબ પાર પાડવા બાબત કાનુનો કરવાનો અખતીયાર છે.

પારકી ફોજદારી કોરટોએ આપેલ કમીસનો બજાવવા.

૧૯. કોઈપણ પારકા રાજાના અથવા સંસ્થાનના મુલકમાંની કોઈપણ કોરટમાં અથવા ન્યાય સભામાં ચાલુ હોય એવા કોઈપણ ફોજદારી પ્રકરણની બાબતમાં કોઈપણ સાહેદની જબાની જોઈતી હશે તે કોઈપણ દીવાની પ્રકરણની બાબતમાં દીવાની ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૨૫ મા બાબ મુજબ જે રીતે મંગાવી શકાય છે તે રીતે મંગાવી લેવાને અધિકાર છે અને તે બાબમાંના ઠરાવનો અરથ કરવો તે તે માંહેના "ફરીયાદ" એ શબ્દમાં ગુનેગાર ઉપર ચલાવેલા કામનો સમાસ થતો હોય તે પ્રમાણે કરવો જોઈએ પણ એવું ઠરાવ્યું છે કે આ કલમના કોઈપણ ઠરાવ કોઈપણ પ્રકરણ રાજ્યકીય પ્રકારનું હશે તે પ્રકરણની બાબતમાં લાગુ છે, એમ સમજવું નહીં.

પરીશિસ્ટ.

હિંદુસ્થાનમાંના ફોજદારી કાયદાની જે કલમો ૧૧ મી કલમમાં કહી છે તે કલમો—

૨૦૬ ઠી, ૨૦૮ મી, અને ૨૨૪ મી કલમ; ૨૩૦ મી કલમના આરંભથી તે ૨૬૩ મી કલમની આખર સુધીની સઘળી કલમો; અને ૨૯૯ મી કલમના આરંભથી તે ૩૦૪ થી કલમની આખર સુધીની સઘળી કલમો; અને ૩૦૭ મી, ૩૧૦ અને ૩૧૧ મી કલમ; અને ૩૧૨ મી કલમના આરંભથી તે ૩૧૭ મી કલમની આખર સુધીની સઘળી કલમો; અને ૩૨૩ મી કલમના આરંભથી તે ૩૩૩ મી કલમની આખર સુધીની સઘળી કલમો; અને ૩૪૭ મી અને ૩૪૮ મી કલમ; અને ૩૬૦ મી કલમના આરંભથી તે ૩૭૩ મી કલમની આખર સુધીની સઘળી કલમો; અને ૩૭૫ મી કલમના આરંભથી તે ૩૭૭ મી કલમની આખર સુધીની સઘળી કલમો અને ૩૭૮ મી કલમના આરંભથી તે ૪૧૪ મી કલમની આખર સુધીની સઘળી કલમો; અને ૪૩૫ મી કલમના આરંભથી તે ૪૪૦ મી કલમની આખર સુધીની સઘળી કલમો, અને ૪૪૩ મી કલમના આરંભથી ૪૪૬ મી કલમની આખર સુધીની સઘળી કલમો; અને ૪૫૪ મી કલમના આરંભથી તે ૪૫૮ મી કલમની આખર સુધીની સઘળી કલમો; અને ૪૭૧ મી કલમના આરંભથી તે ૪૭૭ મી કલમની આખર સુધીની સઘળી કલમો.

(True translation)
S. P. PANDIT,
Oriental Translator to Government.

આ આક્ટ અમદાવાદમાં "યુનિયન" પ્રેસમાં છાપ્યો.

ઇંડીઆના ગવરનર જનરલ ઇનકાંઉસીલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૮૧ ના મારચ મહીનાની ૧૫ મી તારીખે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસિદ્ધ કરયો છે.

सने १८८१ नो आकट १५ मो.

કારખાનામાં મજુરીનું નીયમન કરવા બાબતનો ઠરાવ કરવા વીશેનો આકટ

ઉદ્દેશ — કારખાનામાં મજુરીનુ નીયમન કરવા બાબતનો ઠરાવ કરવો યોગ છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુ છે.

પ્રથમ નીયમો.

ટુંકુનામ — ૧ આ આકટને "સન ૧૮૮૧ નો હીંદુસ્તાનનો કારખાના બાબતનો આકટ" કહેવો

કયાંકયાંલાગુછેસરૂઆત — તે આખા બ્રીટીશઇંડીઆને લાગુ થશે અને તે સન ૧૮૮૧ ના જુલઇ મહીનાની પહેલી તારીખે અમલમાં આવશે.

અરથનીકલમ — ૨ આ આકટમાં વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી બાધ આવતો નહોય તો.

"કારખાનું" — "કારખાનું" એટલે ગળીના કારખાના શીવાય અથવા ચાહાની અથવા કાફીની વાડી ઉપર આવેલા અને ફકત તે વાડીનાજ કારણ સારૂ વપરાતાં, ઠેકાણા શીવાય બીજે) જે ઠેકાણે કોઈ પણ વસ્તુ અથવા કોઇ વસ્તુનો ભાગ કરવો તેમાં ફેરફાર કરવો, તેની દુરસ્તી કરવી, તેની ઉપર શોભાદાયક કામ કરવુ, તેની સફાઇ કરવી અથવા તેને બીજી રીતે વાપરવા પરદેશ મોકલવા અથવા બેચવા યોગ કરવી, આ સારૂ જોઈએ તે અથવા આ કામને સબંધે જોઈતી કોઈ પણ ક્રતી, કોઈ પણ એક વરસમાં એકંદર માસ કરતાં ઓછો નહી હોય એટલા વખત સુધી ચલાવી હશે તે ઠેકાણુ, અને

(અ) જે ઠેકાણે કોઈ પણ એવી ક્રતીને મદદ કરવા સારૂ વરાળથી ચાલનારી પાણીથી ચાલનારી અથવા બીજી યાંત્રીક શકતીનો ઉપયોગ કરવામાં આવતો હશે એવુ ઠેકાણુ; અને

(બ) જે ઠેકાણે કોઇ પણ એવી ક્રતીમાં અથવા તેના સંબંધમાં હાથથી કરેલા મજુર કામ ઉપર કોઈ પણ દીવસે એકજ વખતે ઓછામાં ઓછાં સો માણસો લગાડવામાં આવતાં હશે એવું ઠેકાણું, અને

કારખાનાનો જે કોઇ ભાગ ફકત રહેવા સારૂજ વાપરવામાં આવતો હશે તે શીવાય તેનો દરએક ભાગ કારખાનુ છે એમ સમજવું.

"છોકરૂ" — "છોકરૂ" એટલે બાર વરસ કરતાં ઓછી ઉમરનુ માણસ

"મિલગીયરીંગ" — "મિલગિયરિંગ" આ શબ્દમાં, જેના યોગથી પહેલી ગતીમાન શકતીની ગતી કોઇપણ યત્રને આપવામાં આવે છે એવો દરેક સાફ્ટ, પછી તે ઉભો હોય કે ત્રાંસો હોય કે આડો હોય તેનો અને એવાં દરએક ચકરનો અથવા ડરામનો અથવા પુલીનો, અથવા દોરડાંનો અથવા ચલાવ-

નારા પટાનો સમાસ થાય છે

"કામેલગાડયુ"

જે છોકરૂ કોઈ કારખાનામાં શીલ્પથી માલ તઇઆર કરવાના ક્રતીમાં અથવા હાથ કસબથી માલ તઇઆર કરવાના કામમાં અથવા શીલ્પથી માલ તઇઆર કરવાની કોઇ પણ ક્રતી સારૂ અથવા હાથ કસબથી માલ તઇઆર કરવાના કામ સારૂ કારખાનાના જે ભાગનો ઉપયોગ કર્યો હશે એવો કોઇ પણ ભાગ સાફ કરવામાં અથવા યંત્રનો કોઈ પણ ભાગ સાફ કરવામાં અથવા તેને લગાડવામાં અથવા શીલ્પથી માલ તઇઆર કરવાની ક્રતીને અથવા હાથ કસબથી માલ તઇઆર કરવાના કામને લગતાં હોય તેવાં અથવા તે કારખાનામાં કરેલી અથવા સીલ્પથી માલ તઈઆર કરવાની ક્રતીનો અથવા હાથ કસબથી માલ તઈઆર કરવાના કામનો વીશય બીજી રીતે હોય તેવી જણશના સબંધમાં લાગનાર, ગમે તે પ્રકારના કોઈ પણ બીજા કામમાં કામ કરતુ હશે તે છોકરાંને પછી તે વરતન સારૂ હોય કે ન હોય તોપણ આ આકટના અરથાનુસારે તે કારખાનામાં કામે લગાડવામાં આવ્યુ છે એમ માનવામાં આવશે.

ઇન્સ્પેકટરો તથા દાખલો આપનારા સરજનો.

ઇન્સ્પેકટરો

૩ સ્થાનીક સરકારની નજરમાં આવે તો તે સરકારી ગેજીટમાં જાહેરનામુ પ્રસીદ્ધ કરીને પોતાને યોગ લાગે તે માણસોને કારખાનાના ઇન્સ્પેકટર નીમવાને મુખતીઆર છે અને આ પ્રમાણે નેમેલા ઈન્સ્પેકટરો, સદરહુ સરકાર તેઓને ઠરાવી આપશે તે સ્થાનીક હદના ઈન્સ્પેકટરો થશે; અને આ પ્રમાણે નીમેલા કોઇ પણ સખસને સસપેંડ અથવા બરતરફ કરવાનો અધીકાર તે સરકારને છે.

સદરહુ પ્રકારની નેમણુક ન થાય તો જીલ્લાના માજીસ્ત્રેટે, પોતાના હુદ્દાના સબબથી, તે જીલ્લાના (કાંઇ હોય તો તે) સઘળા કારખાનાના ઈન્સ્પેકટર થવુ જોઈએ.

તે ઇન્સ્પેકટરોને હીંદુસ્તાનના ફોજદારી કાયદાના અરથ પ્રમાણે સરકારી નોકર માનવા જોઇએ, અને તેઓએ પોતાના હુદ્દાના સબબથી સ્થાનીક સરકાર વખતે વખતે આ બાબત કહેશે તે અધીકારીના તાબામાં રહેવું જોઇએ.

ઇન્સ્પેકટરોનાઅધીકાર.

૪ કારખાનાના ઈન્સ્પેકટરને જે સ્થાનીક હદ સારૂ નીમ્યો હશે તેમાં તેને એવો અધીકાર છે કેઃ—

(અ) જ્યારે જ્યારે કોઇ કારખાનામાં કોઇ માણસને કામે લગાડયુ છે એવું લાગવાનું તેને કારણ હશે ત્યારે ત્યારે પોતાને યોગ લાગે એવા (હોય તો) આસીસ્ટંટોને સાથે લઇને તે કારખાનામાં તેણે જવું.

(બ) તે (કારખાનાના) ઠેકાણાની તથા યંત્રની, આ આકટમાં આગળ કહ્યાં છે તે રજીષ્ટરોની તેણે તપાસકરવી. અને આ આકટના ઠરાવ અમલમાં લાવવા સારૂ તે ઈન્સ્પેકટરને જરૂર લાગે તેવી કોઈ પણ માણસની જબાની ત્યાંહાંજ અથવા બીજી રીતે તેણે લેવી.

(ક) કોઇ પણ માણસને કારખાનામાં કામે લગાડયાથી આ આકટને વિરૂધ આવે છે એવુ લાગવાનું જ્યારે તેને કારણ હશે ત્યારે—

એવાં માણસની ઉમર સાત વરસ ઉપરની છે એવો દાખલો આ આકટમાં આગળ ઠરાવેલી રીતે આપવામાં આવે ત્યાં સુધી.

અથવા તેની ઉમર બાર વરસ ઉપરની છે એવો દાખલો ઉપર પ્રમાણે આપવામાં આવે ત્યાં સુધી, છોકરાને કામે લગાડવા સારૂ આ આકટ મુજબ આપેલા વખત કરતાં વધારે વખત સુધી.

આવાં માણસને આ પ્રમાણે કામે લગાડવું નહી એવો હુકમ તેણે કરવો.

૫ જેને આ આકટમાં આગળ દાખલો આપનારો સર્જન એવું નામ આપ્યું છે એવા સીવીલસર્જને અથવા જે વૈદ્યપણાનો અથવા શસ્ત્રવૈદ્યપણાનો ધંધો કરનારા સખસને સ્થાનીક સરકાર વખતે વખતે કોઇપણ ક્ષેત્ર સારૂ આ કારણ સારૂ નીમસે એવા બીજા સખસે એવાં સ્થાનીક ક્ષેત્રમાં જે કારખાનાં હોય તે કારખાનામાં કામે લગાડેલા અથવા કામે લાગવાની ઈચ્છા રાખનારા કોઇ પણ સખસે કહ્યું હોય તો અથવા એવા સખસની માએ અથવા બાપે અથવા પાલન કરનારાએ કહ્યું હોય તો અથવા એવા સખસને તપાસવો જોઇએ. અને તેવી ઉમરનો એવી તપાસ ઉપરથી જે નીરધાર થાય તેટલો કરીને તે સાત વરસની અગર બાર વરસની, જેમ હોય તેમ, ઉમર ઉપરનો અથવા અંદરનો છે એ લખીને તેને દાખલો આપવો જોઇએ

દાખલોઆપનારસર્જનો

છોકરાં.

કામેલગાડવાનીઉમર

૬ સાત વરસ કરતાં ઓછી ઉમરનાં કોઇપણ છોકરાને હરકોઇ પણ કારખાનામાં કામે લગાડવું નહી.

છોકરાનાકામનાકલાક

૭ કોઇ પણ એક દીવસમાં કોઇપણ કારખાનામાં કોઇપણ છોકરાને નવ કલાક કરતાં વધારે વસતુતઃ કામે લગાડવું નહી.

અને કોઇપણ દીવસે કોઈપણ કારખાનામાં કોઇપણ છોકરાને તેને જમવા સારૂ તથા વીસામા સારૂ એકંદર એક કલાક જેટલી થાય તેવી ફુરસદ અથવા ફુરસદો આપ્યા વગર કામે લગાડવાં નહી.

એવી ફુરસદો આપવાની વખત તથા દરેક ફુરસદ કેટલા વખત સુધી આપવી તે સ્થાનીક સરકારે દરેક કારખાનામાં ચાલુ રીવાજ શોછે તેનો તથા તે કારખાનાના વહીવટ કરનારની શી ઇચ્છા છે તેનો બને તેટલો નીરધાર કરીને એવાં દરેક કારખાના સારૂ ઠરાવી આપવી જોઈએ.

એવી ફુરસદો આપવાની વખત તથા દરએક ફુરસદ કેટલા વખતસુધી આપવી તે ઈંગ્રેજી ભાશામાં તથા કારખાનુ જે જીલ્લામાં હોય તે જીલ્લાની ભાશામાં છાપેલી અથવા લખેલી એક નોટીસમાં દરસાવીને તે નોટીસ વહીવટ કરનારાએ કારખાનામાં કોઈપણ પ્રસીદ્ધ જગોએ લગાડી મુકવી જોઈએ.

જમવા સારૂં અથવા વીસામા સારૂ આપેલી ફુરસદોના અરસામાં આ કલમની પહેલી રકમના અર્થ પ્રમાણે, છોકરાને કામે લગાડયું છે એમ સમજવું નહી.

૮ છોકરાને કામે લગાડયાં હોય એવા કારખાનામાં દરએક વહીવટ કરનારાએ, દરેક માસની શરૂઆતની અગાઉ તે માસમાં સદરહુ પ્રકારના કારખાનામાં કોઇપણ છોકરાને કામે લગાડવામાં આવે નહી એવા નીંદાન ચાર દીવસ ઠરાવવા જોઇએ અને આ પ્રમાણે ઠરાવેલા દીવસોની સુચના આ સારૂ સ્થાનીક સરકાર વખતે વખતે જે કામદારને નીમે તે કામદારને તાબડતોબ આપવી જોઈએ.

છોકરાને છુટીના દીવસ આપવા

કારખાનાનો વહીવટ કરનારને, ઇન્સ્પેકટરની અગાઉથી મંજુરી લઇને આ કલમ પ્રમાણે ઠરાવેલા કોઇપણ દીવસ બદલ તેજ મહીનામાં બીજો કોઇપણ દીવસ નીમવાનો અધીકાર છે.

આ કલમ પ્રમાણે ઠરાવેલા કોઈ પણ દીવસ બદલ બીજો કોઈ પણ દીવસ આ કલમમાં ઉપર કહ્યા પ્રમાણે નીમ્યો નહી હશે તો સદરહુ પ્રમાણે ઠરાવેલા દીવસે તે કારખાનામાં કોઇ પણ છોકરાને કામે લગાડવુ નહી અને બદલીને દીવસ નીમ્યો હશે તો તે બદલીને નેમેલા દીવસે તે કારખાનામાં કોઇ પણ છોકરાને કામે લગાડવુ નહી.

એકજદીવસેબેંકારખાનામાંકામેલગાડવુંનહી

૯ કોઈ પણ કારખાનાનો વહીવટ કરનારાએ સદરહુ કારખાનામાં જે છોકરાને તેજ દીવસે બીજા કોઇ પણ કારખાનામાં કામે લગાડેલું છે એવી તેને ખબર હશે તે કોઈ પણ છોકરાને કામે લગાડવું નહી.

કેટલાએકપ્રકારના ભયભરેલાંકામમાંલગાડવુંનહી

૧૦ કારખાનાનો વહીવટ કરનારાએ કોઈ પણ છોકરને સદરહુ પ્રકારના કારખાનામાંહેના મીલગીયરીગ અથવા યંત્રો ચાલુ હોય ત્યારે તેનો કાંઈ ભાગ સાફ કરવા દેવો નહી અથવા પોતાની મેળે ચાલનારા યંત્ર વરાળ યંત્રથી અથવા પાણીથી ચાલનારા યંત્રથી અથવા બીજી યાંતરીક શકતીની ક્રીયાથી જેમ હેય તેમ ચાલતા હોય ત્યારે તેનાં સ્થીર ભાગ તથા ચાલૂ ભાગ એઓની દરમીયાન કામ કરવા દેવું નહી.

કારખાનામાંછોકરાઓનુરજીષ્ટર

૧૧ કોઈ પણ કારખાનામાં કામે લગાડેલા (જો કામે લગાડેલાં હોય તો) છોકરાઓનુ તથા તે દરેક જણના કામનુ સ્થાનીક સરકાર વખતે વખતે ફરમાવે તેવા નમુના પ્રમાણે તથા તેવી તપસીલ લખીને રજીષ્ટરો રાખવા સારૂ સદરહુ કારખાનાના કોઇ પણ વહીવટ કરનારને ફરમાવવાનો અધીકાર સદરહુ સરકારને છે,

આડ

આડ

૧૨ (અ) કારખાનાના કોઇપણ ભાગમાં વરાળ યંત્રની સાથે અથવા પાણીથી ચાલનારા યંત્રની સાથે અથવા બીજી યાંત્રીક શકતીની સાથે જેનો શાક્ષાત સંબંધ છે એવા દરેક ફ્લાઇવીલ (યંત્રનુ મોટું ચક્ર) અને વરાળ યંત્રનો અથવા પાણીથી ચાલનારા યંત્રનો દર એક ભાગ.

(બ) જેની પાસે કોઈ પણ સખસ જવાનો અથવા કામે લગાડવાનો સંભવ હશે એવા દરેક હાઇસ્ટ અથવા ટીગલ અને,

(ક) કારખાનાના યંત્રનો અથવા મીલીગીયરીગનો દરેક બીજો ભાગ; આડ ભરયા વગરનો રાખ્યો હોય તો સ્થાનીક ઇન્સ્પેકટરના મત પ્રમાણે ભયનુ કારણ થવાનો સંભવ છે. અને જેની આસ પાસ આડ ભરી લેવાનો તેણે હુકમ કરયો હશે તે ભાગ.

આ ચાલુ હોય ત્યારે તેમને સદરહુ કારખાનાના વહિવટ કરનારાયે બંદોબસ્તથી આડ ભરી રાખવા.

રકમ (ક) પ્રમાણે કરેલો હુકમ અપીલ કરી હોય તો અથવા બીજી રીતે, રદ કરવાને અધીકાર સ્થાનીક સરકારને અથવા તે સરકાર આ સારૂ જે અધીકારીને નીમે તે અધીકારીને છે.

સુચના

કારખાનામાં માણસનેઇજાથયાનીસુચનાઆપવી

૧૩ જ્યારે કારખાનામાં કાંઇ અકસ્માત થઈને મોત નીપજ્યુ હશે અથવા શરીરને એવી ઇજા થઇ હશે કે જે ઇજાથી ઇજા થયેલો સખસ અકસ્માત બન્યા પછી અડતાળીસ કલાકની અંદર તે કારખાનામાં પોતાના કામ ઉપર પાછો આવી શકતો નહી હશે ત્યારે તેવાં કારખાનાના વહીવટ કરનારાએ અથવા તે ગેરહાજર હોય તો તેવા કારખાનાની વ્યવસ્થા રાખનારા તેના મુખ્ય એજંટે એવા અકસ્માતની જેવી સુચના, જે અધીકારીગોને, જે નમુનાની તથા જેટલી મુદતમાં મોકલવાનો સ્થાનીક સરકાર કાનુન કરીને વખતે વખતે હુકમ કરશે તે મુજબ મોકલવી જોઇએ.

કારખાનાનોવહીવટકરવાનીશરૂઆતકરનારામાણસેસુચનાઆપવી.

૧૪ જે જે માણસ કારખાનાનો વહીવટ કરવાનું શરૂ કરશે તેણે તે શરૂ કર્યા પછી એક મહીનાની અંદર સ્થાનીક ઇન્સપેકટરને એક લખેલી સુચના મોકલવી જોઈએ અને તે સુચનામાં તે કારખાનાનું નામ, તે કારખાનું જે જગાએ હશે તે જગા, જે ઠેકાણે પોતાના પત્રો મોકલવા એવું તે ઇચ્છતો હશે તે ઠેકાણુ એવા કારખાનામાં કરવાના કામનુ સ્વરૂપ તે કારખાનામાં જે ગતીમાન શકતી હશે તે શકતીનું સ્વરૂપ અને મરીયાદા, અને જે માણસના (જો કોઇ હોય તો) તાબામાં કારખાનાનું કામ ચાલવાનું તેનું નામ એટલાં વાનાં લખવાં જોઈએ.

શીક્ષા.

શીક્ષા.

૧૫ જે કોઇ માણસ આ આકટના ઠરાવ અથવા આ આકટ પ્રમાણે કરેલો કાંઇ પણ હુકમ અથવા કાનુન તોડીને;

(અ) કોઇ કારખાનામાં કોઇ છોકરાને કામે લગાડશે,

(બ) સાતમી કલમ પ્રમાણે જે સુચના જોઇએ તે ચોટાડવાની અથવા ચોટાડી રાખવાની અથવા આઠમી કલમમાં કહેલો દીવસ ઠરાવવાની ગફલત કરશે,

(ક) કોઈ પણ છોકરાને દસમી કલમ પ્રમાણે મના કરેલુ કામ કરવા દેશે અથવા તેને તે કલમ વીરૂધ કામ કરવા દેશે,

(ડ) અગીયારમી કલમ પ્રમાણે કહેલી રીતે રજીષ્ટર રાખવાની ગફલત કરશે,

(ઇ) કોઈ પણ કારખાના માંહેના કાંઈ યંત્રને અથવા મીલગીયરીંગને આડ ભરી લેવાની ગફલત કરશે અથવા.

(ફ) કોઈ સુચના આપવાની ગફલત કરશે;

તેને ઘણામાં ગણા બસો રૂપીયા સુધી દંડ કરવામાં આવશે પણ એવું ઠરાવ્યું છે કે,

૧ લું સ્થાનીક ઇન્સ્પેકટર શીવાય અથવા તેની અગાઉથી મંજુરી લીધા વગર આ કલમ પ્રમાણે કાંય ફરીયાદ માંડવી નહી, અને

એકજદીવસેએકજપ્રકારનાગુનાહ બદલફકતએકજશીક્ષા

૨ જુ કોઈ માણસ એકજ દીવસે કરેલા કોઈ પણ એકજ પ્રકારના ગુનાહ બદલ એ કરતાં વધારે શીક્ષાને આ કલમ પ્રમાણે પાત્ર થનાર નથી; પણ આ આકટના ઠરાવ વીરૂધ બે અથવા વધારે છોકરાંને જ્યારે કામે લગાડયાં હશે ત્યારે માત્ર આ પ્રમાણે કામે લગાડેલાં દરએક છોકરાં બાબત એક એક શીક્ષા કરવાનો અધીકાર છે.

ઉમરબાબતના પુરાવાનો બોજો.

૧૬ કોઇ સક્ષ સાત અથવા બાર વરસની ઉમરની અંદર હોત તો જ્યારે કોઇ કર્યાને લીધે અથવા કાંય કરવાનુ વરજ કર્યાને લીધે આ આકટ મુજબ શીક્ષા કરવા જોગ ગુનોહ થયો હોત અને જ્યારે તેવો સક્ષ કોરટના મત પ્રમાણે દેખાતી રીતે તે ઉમરની અંદરની ઉમરનો છે તારે તેવો સખસ સદરહુ ઉમરની અંદરની ઉમરનો નથી એવુ પુરવાર કરવાનો બોજો તહોમતદાર ઉપર પડશે.

દાખલોઆપનારાસરજન નોલખેલોઇકરારગ્રાહ્ય

દાખલો આપનારા સરજનની તરફથી લખેલો ઇકરાર હોય કે ફલાણા એક કારખાનામાં કામે લગાડેલા ફલાણા એક સક્ષને ખુદ પોતે તપાશો તથા ફલાણી ઉમરની અંદરની ઊમરનો તે છે એવું પોતાને લાગે તે ઇકરાર આ આકટના કારણ સારૂ તે સખસની ઊંમરના પુરાવા દાખલ ગ્રાહ્ય હોવો જોઇએ.

આઆકટમાંઠરાવતોડયા બદલભોગવટોકરનારને પ્રથમજવાબદાર ગણુવા માંઆવશે

૧૭ આ આકટના ઠરાવ કોઇપણ પ્રકારે કારખાનામાં તોડવામાં આવશે તો તે બાબત કારખાનાના દરએક ભોગવટો કરનારને પ્રથમ જવાબદાર ગણવામાં આવશે પણ પોતાની માહેતી શીવાય અથવા સમતી શીવાય બીજા કોઇ સક્ષે સદરહુ પ્રકારે તે ઠરાવ તોડયા એવી તે બાબતનુ કામ શરૂ થવાની અગાઊ કારખાનાના સ્થાનીક ઈન્સ્પેકટરની પુરાવાથી ખાત્રી કરી આપીને એવી જવાબદારીમાંથી પોતે પોતાને મોકળો કરી શકશે પછી સદરહુ પ્રકારે ઠરાવ તોડનારો સખસ તે બાબત જવાબદાર થશે.

પરચુરણ.

૧૮ હેઠળ લખેલી વાત બાબત વીશે ઠરાવ કરવા સારૂ આ કાનુન કરવાનો અધિકાર આકટને અનુસરીને વખતે વખતે કાનુન કરવાનો અધીકાર સ્થાનીક સરકારને છે.

(અ) કારખાનામાં યંત્રોને તથા મીલગીયરીંગને આડ ભરવી.

(બ) કારખાનાની તપાસ કરવી.

(ક) આ આકટ પ્રમાણે કરવાની અપીલો જે રીતે કરવામાં આવશે તથા જે રીતે તેમનો ઇનસાફ કરવામાં આવશે તે રીત, અને

(ડ) આ આકટના ઠરાવ બીજી રીતે અમલમાં લાવવા.

સદરહુ કાનુંન સરકારી ગેજીટમાં પ્રસીધ કરવી જોઇયે અને પછી તે કાયદા પ્રમાણે ચાલશે.

સરકારીકારખાનાં

૧૯ આ આકટ સરકારી કારખાનાઓને લાગુ થવો જોઇયે, પણ એવું ઠરાવ્યુ છે કે કોઇ પણ સારવજનીક [illegible]નો પ્રસંગ આવ્યો હોય તો ગવરનર જનરલ ઈન કાઉનશીલને અથવા સ્થાનીક સરકારે, જેમ હોય તેમ યોગ લાગે તેટલી બાબતમાં તથા તેટલા વખત સુધી સદરહુ પ્રકારનુ કારખાનુ લખેલો હુકમ કરીને આ આકટમાંથી બાતલ કરવાનો અધીકાર ગવરનર જનરલ ઇન કાઉનસીલને અથવા સ્થાનીક સરકારને છે.

(ટ્રુટ્રાન્સલેટર)
એસ. પી. પંડિત.
ઓરીઅન્ટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેંટ.

ઈંડીયાના ગવરનર જનરલ ઈન કાઉન્સીલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૮૨ ના જાનેવારી મહીનાની ૧૯ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ પ્રસીદ્ધ કર્યો છે.

सने १८८२ नो आकट ३ जो.

દંગાખોર લખાણ બાબતનો કાયદો સુધારવા બાબતનો આકટ.

ઉદેશ — દંગાખોર લખાણ બાબતનો કાયદો સુધારવો યોગ છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

ટુંકુનામ — ૧ આ આકટ "સન ૧૮૮૨ નો દંગાખોર લખાણ બાબતનો આકટ" કેહેવો.

ક્યાંક્યાંલાગુછે.સરૂવાત — આ આકટ આખા બ્રીટીશ ઈંડીઆને લાગુ છે, અને તે તાબડતોબ અમલમાં આવશે.

આકટોરદકરવાબાબત — ૨ સન ૧૮૭૮ નો અકટ ૯ મો (પુરવ દેશીય ભાષામાં પ્રસીધ કરવાનાં લખાણ વીશે વધારે સારો નીબંધ રાખવા બાબતનો આકટ) તથા સન ૧૮૭૮ નો આકટ ૧૬ મો (સન ૧૮૭૮ નો આકટ ૯ મો સુધારવા બાબતનો આકટ) એ રદ કર્યો છે.

સન૧૮૬૬નાઆકટ૧૪માનીકલમ૬૦ મીપછીકલમદાખલકરવાબાબત — ૩ સન ૧૮૬૬ ના આકટ ૧૪ મા ની (સન ૧૮૬૬ ના હીંદુસ્તાનના ટપાલ ખાતાના આકટની) કલમ ૬૦ મી પછી હેઠળ લખેલી કલમ દાખલ કરવી, એટલે:—

" ૬૦ અ કોઈ વરતમાન પત્ર બાબત અથવા પુસ્તક બાબત અથવા ચોપાનીયા બાબત અથવા પ્લેકારડ બાબત અથવા બરાટરસીટ બાબત અથવા બીજા લેખ બાબત સન ૧૮૭૮ ના જળ મારગની કસ્ટમના આકટની ઓગણીસમી કલમ પ્રમાણે કાંઈ જાહેરનામુ પ્રસીદ્ધ કરવામાં આવ્યું હશે ત્યારે, પોસ્ટલ ડીપારટમેંટના (ટપાલ ખાતાના) જે અમલદારને તેના નામથી અથવા હુદાના સબંધથી આ બાબત ગવરનર જનરલ ઇનકાઉનસીલે અધીકાર આપ્યો હશે તે અમલદારને તે ખાતાના કબજામાંની તેની નકલો સારૂ ઝાડો લેવાનો અથવા લેવરાવવાનો અધીકાર છે, અને તે અમલદારે સદરહુ પ્રકારની મળેલી સઘળી નકલો જે અમલદારને તેના નામથી અથવા હુદાના સબંધથી આ બાબત ગવરનર જનરલ ઇનકાંઉનસીલ નીમે તે અમલદારને સ્વાધીન કરવી જોઈએ; અને ગવરનર જનરલ ઇનકાંઉનસીલ વખતે વખતે ફરમાવે, એવી રીતે સદરહુ પ્રકારની નકલોની બ્યવસ્થા કરવાનો અધીકાર છે.

આર. જે. ક્રાસ્થવેટ

આફીસીએટીંગ સેકરેટરી નીશબત ઈંડીઆ સરકાર

(ટ્રુટ્રાન્સ લેટર)

એસ. પી. પંડિત

ઓરીઅનટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેન્ટ.

ઇંડિયાના ગવરનર જનરલ ઇન કૌન્સિલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સન ૧૮૮૨ ના માર્ચ માસની ૬ ડી તારીખે મંજુર કરયો તે. સઘળા લોકોને જાણવા સારૂ છપાવી પ્રસિદ્ધ કર્યો છે.

સન ૧૮૮૨ નો આકટ ૧૦ મો.

સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો.

ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાને એકત્ર કરીને સુધારવા વિશેનો આકટ.

ઉદ્દેશ. ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાને એકત્ર કરીને સુધારવો યોગ્ય છે; વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

ભાગ ૧ લો

પ્રથમ નિયમો.

બાબ ૧ લો.

ટુંકું નામ. શરૂઆત.

૧ આ આકટને "સન ૧૮૮૨ નો ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો" કહેવો; અને તે સન ૧૮૮૩ ના જાન્યુઆરી મહીનાની ૧ લી તારીખે અમલમાં આવશે.

ક્યાંહાં ક્યાંહાં લાગુ છે.

આ આકટ આખા બ્રિટીશ ઇંડિયાને લાગુ છે; પણ કોઇ વિરૂદ્ધ પડતો ખાસ ઠરાવ ન હોય તો, હાલમાં કોઇ પણ વિશેષ અથવા સ્થાનિક કાયદો અમલમાં હોય તેને, અથવા બીજો કોઈ પણ કાયદો હાલ અમલમાં હોય, અને તેથી કોઇ પણ વિશેષ હકુમત અથવા અધિકાર આપેલો હોય તેને, અથવા કામ ચલાવવાની કોઇ પણ વિશેષ રીત ફરમાવેલી હોય તેને આ આકટ માંહેના કોઇ પણ મજકુરથી બાધ થશે નહીં, અથવા આ આકટ માંહેનો કોઇપણ મજકુર.—

(અ) કલકત્તા, મદ્રાસ તથા મુંબાઈ એ શેહેરોમાં પોલીસ—કમીશનરોને અથવા કલકત્તા તથા મુંબાઈ એ શેહેરોમાં પોલીસને લાગુ નથી;

(બ) જે છાવણીઓમાં તથા થાણાઓમાં મદ્રાસ ઇલાકાનાં તથા મુંબાઇ ઇલાકાનાં લ-

સ્કરો રેહેતાં હોય તે છાવણીઓ તથા થાણાંઓ આગળ લશ્કરી બજારોમાં ન્હાના ગુન્હાઓનો ઈનસાફ કરવાને જે અમલદારને યોગ્ય રીતે અધિકાર આપ્યો હોય તે અમલદારને લાગુ નથી.

(ક) મદ્રાસ ઇલાકામાં ગામોના મુખીઓને લાગુ નથી અથવા;

(ડ) મુંબાઇ ઈલાકામાં ગામના પોલીસ અમલદારોને લાગુ નથી;

આકટો રદ કરવા બાબત. (ઈ) ૧૭૪ મી અને ૧૭૫ મી તથા ૧૭૬ મી કલમ માંહેનો કોઇ પણ મજકુર મદ્રાસ શહેરમાં પોલીસને લાગુ નથી.

ટીકા—આ આકટ પાસ થયો તે પેહેલાં બ્રીટીશ ઇંડિયામાં ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના ત્રણ કાયદા અમલમાં હતા; સને ૧૮૭૨ નો આકટ ૧૦ મો તે સને ૧૮૭૪ ના ૧૧ મા આકટથી સુધારેલો હતો તે સઘળે ઠેકાણે અમલમાં હતો તે તથા હાઈ કોરટોનો આકટ સન ૧૮૭૫ નો ૧૦ મો કે જે ઈલાકાના મુખ્ય શેહેરોમાં અલ્હાબાદમાં તથા લાહોરમાં ચાલુ હતો અને પ્રેસીડેન્ટ માજીસ્ટ્રેટનો સને ૧૮૭૪ નો ૪ થો કે જે ઇલાકાના મુખ્ય શેહેરોમાં ચાલુ હતો, તે સઘળાઓને એકત્ર કરી આ નવો આકટ રચવામાં આવ્યો છે. આ કાયદાઓમાં એટલે આ આકટ અમલમાં આવ્યો તે પેહેલાના કાયદાઓમાં ઘણા ઠરાવો એક બીજાના જેવાજ હતા, તેઓની ઘણી કાનુનો તેના તેજ વિષયોને લગતી હતી તે છતાં તેઓના ભાષા નકામી જુદી પડતી કે જેથી કોરટોને એક કાયદાનો અર્થ બેસાડતી વખતે બીજા કાયદા ઉપર અગાઉ થએલા ઠરાવોથી મદદ મળી આવતી નહોતી, એવું વારંવાર બનવાથી આ બધા કાયદાઓને એકત્ર કરીને આ નવો કાયદો રચવામાં આવ્યો છે. વળી સન ૧૮૭૨ ના ૧૦ મા આકટથી જો કે કેટલાએક આકટો તથા રેગ્યુલેશનો રદ કરવામાં આવેલા હતા તથાપિ સુમારે ૧૨ આકટો એમને એમ અમલમાંજ રહ્યા હતા તે સઘળાઓને એકત્ર કરી આ નવો આકટ રચવામાં આવેલો છે.

બાર આકટો નીચે પ્રમાણે રદ કરવામાં આવેલા છે.

સને ૧૮૪૦ નો ૨૩ મો (પ્રોસેસની બજાવણી).

સને ૧૮૫૦ નો ૩૪ મો (રાજ્યકીય કેદીઓ).

સને ૧૮૫૮ નો ૩ જો (રાજ્યકીય કેદીઓ).

સને ૧૮૬૧ નો પાંચમો કલમ ૬, ૨૪, ૩૭ થી ૪૦ (બંને સુધાંત) કલમ ૩૫ નો થોડો ભાગ (પોલીસ)

સને ૧૮૬૨ નો ૧૮ મો (હાઇ કોરટોમાં ફોજદારી ઈનસાફ કરવા બાબત).

સને ૧૮૬૯ નો ૨ જો (સુલેહના અમલદારો).

સને ૧૮૭૦ ના ૨૨ મો કલમો ૨ તથા ૪ (સંક્ષેપ રીતે ઈનસાફ કરવાની હકુમત આપનારા આકટો રાણીની વિલાયતી રઇયતોને લાગુ પાડવા બાબત).

સન ૧૮૭૯ નો ૨૧ મો બાબ ૩ જો (બ્રિટીશ રઇયતે બ્રિટીશ ઇંડીયા બહાર કરેલા ગુન્હાની બ્રિટીશ ઈંડિયામાં ચોકશી).

બંગાળાનો રેગ્યુલેશન સને ૧૮૧૮ નો ૩ જો (રાજ્યકીય કેદીઓ).

બંગાળાનો રેગ્યુલેશન સન ૧૮૨૫ નો ૨૦ મો (કોરટ મારસલની હકુમત).

મદ્રાસનો રેગ્યુલેશન સન ૧૮૧૯ નો ૨ જો (રાજ્યકીય કેદીઓ).

મુંબાઇનો રેગ્યુલેશન સન ૧૮૨૭ નો ૨૫ મો (રાજ્યકીય કેદીઓ).

"ફોજદારી કોરટ" એ શબ્દમાં પુરાવો લાવવાને માટે જે કોરટ ઉપર કમિશન મોકલવામાં આવે તે કોરટ તથા અપીલ કોરટના હુકમ માનીને જુદે પુરાવ લેવાની કોરટનો પણ સમાવેશ થાય છે. બંગાળા લો. રી. વા. ૬ પ્ર. ૬૯૮

૨. સન ૧૮૮૩ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખે અને તે તારીખથી પેહેલાં પરિશીષ્ટમાં કહેલા આકટો સદરહુ પરિશિષ્ટનાં ત્રીજા આસનમાં લખ્યું છે તેટલે સુધી રદ થશે, પણ જે હકુમત તે વખતે કાયમ ન હોય અથવા જે રીત પ્રમાણે તે વખતે કામ ચલાવવામાં આવતું ન હોય તે હકુમત અથવા તે રીત ફરીથી સ્થાપિત થાય, અથવા જે કેદ તે વખતે કાયદેસર હોય તે કેદ જારી રાખવી ગેરકાયદેસર થાય એવી રીતે તે આકટો રદ થશે નહીં.

આ કાયદાથી રદ કરેલા હરકોઇ કાયદા પ્રમાણે અથવા એવા કોઇ પણ કાયદાથી

રદ કરેલાઆકટો પ્રમાણે પ્રસિદ્ધકરેલાંજાહેરખબરો વિગરે.

રદ કરેલા હરકોઈ કાયદા પ્રમાણે જે જાહેરખબરો પ્રસિદ્ધ કરી હોય, જે જાહેરનામાં કર્યાં હોય, જે અધિકાર આપ્યા હોય, જે નમુના ઠરાવ્યા હોય, જે સ્થાનીક હદ બાંધી હોય, જે શિક્ષાના હુકમ કર્યા હોય અને જે હુકમો, કાનુનો તથા નિમણુકો કરી હોય, અને જે સન ૧૮૮૩ ના જાન્યુઆરી મહિનાની પેહેલી તારીખની તરત પેહેલાં અમલમાં હોય, તે સરવે જાહેરખબરો આ આકટની તેવીજ કલમ પ્રમાણે પ્રસિદ્ધ કરી છે, તે સરવે જાહેરનામાં તેજ પ્રમાણે કર્યાં છે, તે સરવે અધિકાર તેજ પ્રમાણે આપ્યા છે, તે સરવે નમુના તેજ પ્રમાણે ઠરાવ્યા છે, તે સરવે સ્થાનિક હદો તેજ પ્રમાણે બાંધી છે, તે સરવે શિક્ષાના હુકમ તેજ પ્રમાણે કર્યા છે. અને તે સરવે હુકમો, કાનુનો તથા નીમણુંકો તેજ પ્રમાણે કરી છે એમ સમજવું.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા ઉપરના તથા બીજા રદ કરેલા કાયદા ઉપરના હવાલા.

૩. આ કાયદો અમલમાં આવે તેની અગાઉ કરેલા જે જે કાયદામાં ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા ઉપર એટલે ૧૮૬૧ ના ૨૫ મા આકટ ઉપર, અથવા ૧૮૭૨ ના ૧૦ મા આકટ ઉપર અથવા તેના હરકોઈ બાબ અથવા કલમ ઉપર, અથવા પ્રસ્તુત કાયદાથી રદ કરેલા બીજા કોઇ પણ કાયદા ઉપર, હવાલો આપ્યો હોય તે પ્રસ્તુત કાયદા ઉપર અથવા તેના તેવાજ બાબ અથવા કલમ ઉપર આપ્યો છે એવું બની શકે તેટલે સુધી સમજવું.

અગાઉના આકટો માંહેના શબ્દો.

આ કાયદો અમલમાં આવે તેની અગાઉ ઠરેલા દરેક આકટમાં "માજીસ્ત્રેટનો અખત્યાર (અથવા 'પુરે પૂરો અખત્યાર') ચલાવનારો અથવા અખત્યારવાળો) અમલદાર" "પેહેલા વર્ગનો તાબા માંહેનો માજીસ્ત્રેટ." અને "બીજા વર્ગનો તાબા માંહેનો માજીસ્ત્રેટ" આ શબ્દો લખેલા છે તે શબ્દોનો અર્થ યથાક્રમ "પેહેલા વર્ગનો માજીસ્ત્રેટ," "બીજા વર્ગનો માજીસ્ત્રેટ," "અને "ત્રીજા વરગનો માજીસ્ત્રેટ" એવો સમજવો; "ડીસ્ટ્રીકટના ભાગનો માજીસ્ત્રેટ," આ

શબ્દોનો અર્થ "પેટા તુકડી માજીસ્ત્રેટ" એવો સમજવો. "ડિસ્ત્રીકટનો માજીસ્ત્રેટ" આ શબ્દોનો અર્થ "જીલ્લા માજીસ્ત્રેટ" એવો સમજવો. અને "પોલીસ માજીસ્ત્રેટ" આ શબ્દોનો અર્થ "પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ" એવો સમજવો.

વાખ્યા. ૪ આ કાયદામાં હેઠળ લખેલા શબ્દો તથા વાકયોનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે સમજવો, પણ વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી જુદો ઇરાદો દેખાતો નહી હોય તો હેઠળ લખેલા શબ્દોનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે સમજવોઃ—

"ફરીયાદ." (અ) "ફરિયાદ" એટલે આ કાયદા પ્રમાણે કોઇ માજીસ્ત્રેટ કામ ચલાવે એટલા માટે, કોઇ સખસે કાંઈ ગુન્હો કર્યો છે એવો કોઈ માજીસ્ત્રેટની આગળ મ્હોડેથી અથવા લખીને જાહેર કરેલો મજકુર. પછી તે સખસ જણાયો હોય કે ન જણાયો હોય તોપણ એવું સમજવું; પણ તેમાં પોલીસ અમલદારના રીપોર્ટનો સમાવેશ થતો નથી.

ટીકા=ફરીયાદી-એ શબ્દોનો અર્થ વીસ્તારવાળો છે એટલે ફરીયાદીનો મજકુર લખી હકીકત હોય અગર મોઢાનો હોય પણ પરંતુ પોલીસના રિપોર્ટનો 'ફરીયાદી' એ શબ્દમાં સમાવેશ થતો નથી એટલુંજ નહી પણ પોલીસ અમલદાર કોઇ ખબર આપે તો તે ખબરનો પણ 'ફરીયાદી' એ શબ્દમાં સમાવેશ થતો નથી.

"તપાસ" (બ) "તપાસ" આ શબ્દોમાં પોલીસે અથવા (માજીસ્ત્રેટ અથવા પોલીસ-અમલદાર સિવાય બીજા) જે સખસને આ બાબત કોઇ માજીસ્ત્રેટે અધીકાર આપ્યો હોય તે સખસે પુરાવો એકઠો કરવા સારૂ આ કાયદા પ્રમાણે ચલાવેલાં સઘળાં કામનો સમાવેશ થાય છે.

ટીકા—આ કલમમાં જે તપાસ એ શબ્દનો અર્થ આપ્યો છે તેથી ફકત પોલીસે કરેલી તપાસ સમજવી નહીં પરંતુ કલમ ૨૦૨ મુજબ સ્થાનિક તજવીજ કરવાને માટે કોઇ પણ માજીસ્ત્રેટે કોઇપણ સખસને અધિકાર આપ્યો હોય તે સખસના સઘળા કામોનો સમાવેશ પણ "તપાસ" એ શબ્દમાં થાય છે.

"ચોકશી;" (ક) "ચોકશી" આ શબ્દમાં માજીસ્ત્રેટે અથવા કોરટે આ કાયદા પ્રમાણે કરેલી દરએક ચોકશીનો સમાવેશ થાય છે.

"ઇનસાફી મુકદમો. (ડ) "ઇનસાફીમુકદમો" એટલે કાંઇ કામ ચાલતું હોય ત્યારે પુરાવો લેવામાં આવે છે અથવા કાયદેસર લેવાનો અધિકાર છે તેવું કામ સમજવું.

ટીકા—એક પોલીસ પટેલની આગળ સને ૧૮૬૭ ના આકટ ૮ ની કલમ ૧૩ પ્રમાણે ચોકશી ચાલતી હતી તે વખત તે કામમાં આરોપિતની સાક્ષી આપવામાં આવી અને ફરિયાદી તરફથી તેની સાક્ષી તે પોલીસ પટેલે સોગન ઉપર લીધી, ફરીયાદીને બુદ્ધિપુર્વક વ્યથા કર્યા બદલ ત્રણ ચાર સખસોપર તે આરોપ મુકયો હતો તે જુબાની શેસન કોરટમાં સબોરડીનેટ માજીસ્ત્રેટ પાસે મોકલવામાં આવી, અને તે માજીસ્ત્રેટે તે કામનો ઇનસાફ કર્યો. આરોપિતે પોલીસ પટેલની રૂબરૂ જે મજકુર કહ્યો હતો તેથી વિરૂદ્ધ મજકુ-

૨ તેણે તે માજીસ્ત્રેટની રૂબરૂ કહ્યો માટે માજીસ્ત્રેટે તે કામના આરોપિતને છોડી દીધો; અને આરોપિતે પોતાની રૂબરૂ યા પોલીસ પટેલની રૂબરૂ ખોટી શાક્ષી આપી છે એવા કારણથી તેનાપર ફોજદારીમાં કામ ચલાવવાની મંજુરી આપી.

તે ઉપરથી ધારવાડના પેહેલા વરગના માજીસ્ત્રેટની રૂબરૂ આરોપિતનું કામ ચાલ્યું તેમાં તેણે આરોપિતને ૭ મહીનાની સખ્ત મજુરીની કેદની શિક્ષા કરી.

ધારવાડના સેશન જડજે આ કામની ચોકશી કરી તે વખતે તેના મનમાં નીચેના પ્રશ્ન ઉત્પન્ન થયા.

૧ આરોપિતે પોલીસ પટેલની રૂબરૂ કહેલો મજકુર ખોટી શાક્ષીનો ગુન્હો થઇ શકે કે નહીં?

૨ અને તે બદલ પીનલકોડ કલમ ૧૯૩ પ્રમાણે તેને શિક્ષા થઇ શકે કે નહીં?

૩ પોલીસ પટેલ એ તે માજીસ્ત્રેટના (મામલતદારના) તાબાનો ન હોવાથી તેની રૂબરૂ આરોપિતે ખોટી શાક્ષી આપ્યા બદલ આરોપિતપર ફોજદારીમાં કામ ચલાવવાની તે માજીસ્ત્રેટે મંજુરી આપી તે જુના ક્રી. પ્રો. કો. કા, ૪૬૮ ઉપરથી બરોબર છે કે નહીં?

સદરહુ પ્રશ્નની બાબતમાં સેશન જડજે પોતાનો અભિપ્રાય નકારમાં જણાવી આ કામ હાઈકોર્ટના અભિપ્રાય માટે મોકલ્યાથી તે કોરટે ઠરાવ્યું કે—

આ કામના પ્રોસીડીંગ ઉપરથી એકાદ ગેરકાયદાનો પ્રકાર થયો છે એમ દેખાતું નથી. કોઇ પોલીસ પટેલ મુંબાઇના સને ૧૮૬૭ ના આકટ ૮ ની કલમ ૨૩ પ્રમાણે કામ કરતાં છતાં તેમની આગળ સોગન ઉપર કોઇ ખોટો મજકુર કહે તો તેણે પી. કો. ક. ૧૯૧ પ્રમાણે ખોટી સાક્ષી આપી એમ થાય છે, અને કલમ ૧૯૩ ઉપરથી તે શિક્ષાને પાત્ર થાય છે; બીજી રીતે સદરહુ કલમ ૪૬૮ ઉપરથી જોતાં તે કલમમાં કહેલો અપરાધ કોઈ દીવાની કિંવા ફોજદારી કોરટ આગળ કરે તો તેના ઉપર ફોજદારીમાં કામ ચલાવવાને માત્ર મંજુરી જોઇએ. તેજ આકટની કલમ ૪ "ફોજદારી કોરટ"ની જે વાખ્યા આપી છે તે ઉપરથી જોતાં પોલીસ પટેલ એ ફોજદારી કોરટ થતી નથી સબબ આ કામમાં મંજુરી લેવાની મુળેજ જરૂર નથી એમ દેખાય છે.

પીનલકોડ ક. ૧૯૩ પ્રમાણે કોઇ પોલીસ પટેલની રૂબરૂ ગુન્હો કર્યો છતાં તે ગુન્હેગાર ઉપર ફોજદારીમાં કામ ચલાવવા માટે મંજુરી આપવાની જરૂર નથી અને તેજ અમલદાર આગળ પી. કો. બા. ૧૦ માં કહેલો એકાદ ગુન્હો કોઇએ કર્યો છતાં તેનો ઈનસાફ મંજુરી લીધા શિવાય કરાતો નથી (જુઓ ક્રી. પ્રો. કો. સને ૧૮૭૨ ના ૧૦ માની કલમ ૪૬૭) (આ આકટની કલમ ૧૯૫) એ વાત ચમત્કારીક છે એમાં સંશય નથી. પરંતુ હાલ એવીજ સ્થિતી કાયદાની છે એમ દેખાય છે. માટે કામના કાગળ પત્રને પ્રોસીડીંગ પાછું મોકલીએ છીએ, સરકાર વિરૂદ્ધ ધરબસાપા ઈં. લા. રીપોર્ટ વા. ૪ પૃષ્ટ ૪૭૯

તા૦ ૨૯ એપ્રીલ સને ૧૮૮૦.

"લખીને" તથા 'લખેલું' — (ઇ) 'લખીને તથા લખેલું' આ શબ્દમાં 'બીબા છાપનું કામ' 'શિળા છાપનું કામ' 'ફોટોગ્રાફનું કામ' 'કોતર કામ' અને બાજે જે પ્રકારે શબ્દો અથવા આંકડાઓ કાગળ ઉપર અથવા કાંઈ વસ્તુ ઉપર બતાવી શકાય તે પ્રકાર, એઓનો સમાવેશ થાય છે.

'લખાણુ' આ શબ્દની વાખ્યા નવીન આપવામાં આવેલી છે અને તેમાં લેખ અને બીજી વસ્તુ જે ઉપરથી કોઇ શબ્દ અથવા આંકડા વંચાય તેવા લેખ; ઇત્યાદિ વસ્તુનો પણ સમાવેશ કરેલો છે. એટલે હરેક બાબતના લેખ સમજવા.

'પેટા ટુકડી' (ફ) 'પેટા ટુકડી' એટલે કોઈ જીલ્લાની આ કાયદા પ્રમાણે કરેલી પેટા ટુકડી સમજવી.

પ્રાંત. (ગ) 'પ્રાંત' એટલે કોઇ સ્થાનીક સરકારના અમલ હેઠળ જે વખતે જે કાંઇ મુલક હશે તે વખતે તે મુલક સમજવો.

ટીકા—સ્થાનીક સરકારનો અર્થ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૭ માં આપેલો છે. અને તેવાજ વ્યાખ્યા સને ૧૮૧૮ ના આકટ ૧ ની રકમ રની રકમ ૧૦ માં આપેલી છે. આ કલમથી સ્થાનિક સરકાર એ શબ્દોમાં ચીફ કમીશનર સાહેબનો પણ સમાવેશ થાય છે.

"ઇલાકાનું મુખ્ય શેહેર" (હ) "ઇલાકાનું મુખ્ય શેહેર" એટલે કલકત્તાની અથવા મદ્રાસની અથવા મુંબાઈની ઇનસાફની હાઇકોરટની અસલ દીવાની દાવો લેવાની મામુલ હકુમતની સ્થળ સીમમાં જેટલી જગા હોય તેટલી જગા જે વખતે જે હોય તે વખતે તે સમજવી.

હેકોર્ટ (આઈ) "રાણીની વિલાયતી રઇયતની ઉપર અથવા રાણીની વિલાયતી રઇયતની સાથે જે માણસોની ઉપર તોહમત મુકયું હોય તે માણસોની ઉપર કામ ચલાવવાના સંબંધમાં 'હેકોર્ટ' આ શબ્દોનો અર્થ કલકત્તાની અથવા મદ્રાસની અથવા મુંબાઇની હે કોર્ટ, વાવ્ય પ્રાંતની હે કોર્ટ પંજાબની ચીફકોરટ સમજવી અને રંગુનનો રિકોડર સમજવો.

બીજા કામોમાં 'હાઇકોરટ' એટલે હરકોઇ સ્થાનિક ક્ષેત્રમાં સર્વના કરતાં મુખ્ય ફોજદારી અપીલની અથવા તપાસ કરનારી કોરટ સમજવી.

અથવા જ્યાં સદરહુ પ્રકારની કોઇ પણ કોરટ કોઈ પણ ચાલુ કાયદા પ્રમાણે સ્થાપેલી ન હોય ત્યાં જે અમલદારને ગવરનર જનરલ ઇનકાંઉસીલ આ બાબત નિમે તે અમલદાર સમજવો;

'ચીફ જસ્ટીસ' (જ) 'ચીફ જસ્ટીસ' આ શબ્દોમાં કોઈ ચીફ કોરટના સીનિયર જડજનો પણ સમાવેશ થાય છે.

"આડવોકેટ જનરલ." (ક) "આડવોકેટ જનરલ" આ શબ્દોમાં સરકારી આડવોકેટ અથવા જ્યાં કોઇ પણ આડવોકેટ જનરલ અથવા સરકારી આડવોકેટ ન હોય ત્યાં જે અમલદારને સ્થાનિક સરકાર તેના કામ સારૂ વખતે વખતે નિમે તે અમલદારનો પણ સમાવેશ થાય છે.

'કલારક આફધી' ક્રૌન, (લ) 'કલારક આફ ધિક્રૌન' આ શબ્દોમાં આ કાયદાથી કલારક આફ ધિ ક્રૌનને જે કામો સોંપ્યાં છે તે કામો બજાવવાને ચીફ જસ્ટીસે વિશેષે કરીને નિમેલા હરકોઇ અમલદારનો સમાવેશ થાય છે.

'પબ્લિક પ્રાસિક્યુટર.' (મ) 'પબ્લિક પ્રાસીકયુટર' એટલે ૪૯૨ મી કલમ પ્રમાણે નિમેલો કોઈ પણ સખસ સમજવો, અને તેમાં પબ્લિક પ્રાસિક્યુટરના હુકમ પ્र-

માણે કામ કરનાર હરકોઈ સખસનો સમાવેશ થાય છે; અને હરકોઇ હાઇકોરટ પોતાની અસલ ફોજદારી હકુમત ચલાવતી હોય ત્યારે તે કોરટમાં મલિકા માયા ઝમા તરફથી ફરિયાદીનું કામ ચલાવનાર હરકોઇ સખસ પણ સમજવો.

'પ્લીડર' (ન) "પ્લીડર" આ શબ્દ જ્યારે હરકોઇ કોરટ માંહેના કોઇપણ કામના સબંધથી વપરાયો હોય ત્યારે તેનો અર્થ સદરહુ કોરટમાં કામ કરવાને કોઇપણ ચાલુ કાયદા પ્રમાણે જે પ્લીડરને અધિકાર આપ્યો હોય તે પ્લીડર એવો સમજવો અને તેમાં (૧) કોઇ હાઇકોરટમાં સદરહુ અધિકારવાળો કોઈ આડવોકેટ, વકીલ તથા અટરની, અને (૨) સદરહુ કામમાં કોરટની પરવાનગી લઇને કામ કરવાને નિમેલો હરકોઇ મુખત્યાર અથવા બીજો સખસ, એ સરવેનો સમાવેશ થાય છે;

ટીકા—આ વ્યાખ્યા ઉપરથી એમ માલમ પડે છે કે મુખત્યારોને જો નિમવા હોય તો કોરટની પ્રથમ પરવાનગી મેળવવી જોઇએ.

"પોલીસથાણું," (ઓ) "પોલીસથાણું" એટલે જે ઠેકાણાને સ્થાનિક સરકારે આ કાયદાનાં કારણસારૂ સામાન્ય રીતે અથવા વિશેષે કરીને પોલીસથાણું ઠરાવ્યું હોય તે ઠેકાણું સમજવું, અને તેમાં સ્થાનિક સરકારે આ બાબત વિશેષે કરી જણાવેલાં હરકોઇ સ્થાનિક ક્ષેત્રનો સમાવેશ થાય છે; અને

જે અમલદારના હવાલામાં પોલીસથાણું હોય તે અમલદાર." "જે અમલદારના હવાલામાં પોલીસથાણું હોય તે અમલદાર" આ શબ્દોમાં જ્યારે જે અમલદારના હવાલામાં તે થાણું હોય તે અમલદાર તેમાંથી ગેરહાજર હોય અથવા મંદવાડને લીધે પોતાનું કામ બજાવવાને અશક્ત હોય ત્યારે તેની પછીના દરજ્જાનો અને કોન્સ્ટેબલથી ચઢતા દરજ્જાનો જે પોલીસ અમલદાર તે પોલીસ થાણામાં હાજર હોય તેનો સમાવેશ થાય છે અથવા સ્થાનિક સરકાર એમ ફરમાવે ત્યારે, બીજો જે પોલીસ અમલદાર સદરહુ પ્રમાણે હાજર હોય તે પોલીસ અમલદારનો સમાવેશ થાય છે.

ટીકા—સન ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૩૬ માં પોલીસ અમલદાર વિશે ઠરાવ હતો તે આ વ્યાખ્યામાં દાખલ કરવામાં આવ્યો છે. સ્થાનિક સરકાર ફરમાવે ત્યારે બીજો જે પોલીસ અમલદાર સદરહુ પ્રમાણે હાજર હોય તે પોલીસ અમલદારનો પણ સમાવેશ થાય છે એટલા શબ્દો ઉપર કહેલી રકમ ૧૩૬ માં નવા ઉમેરવામાં આવેલા છે.

'ગુન્હા' (પ) 'ગુન્હો' એટલે કોઈ પણ ચાલુ કાયદાથી શિક્ષા લાયક કરેલું કાંઇ પણ કૃત્ય અથવા કસુર સમજવી.

"કાગ્નિ ઝેબલ ગુન્હો," કાગ્નિ ઝેબલ મુકદમો, (ક્યુ) "કાગ્નિઝેબલ ગુન્હો" એટલે જે ગુન્હા બાબત અને 'કાગ્નિઝેબલ મુકદમો' એટલે જે મુકદમામાં ઈલાકાના મુખ્ય શેહેરોની માંહે અથવા બાહાર પોલીસ અમલદાર બીજા પરિશિષ્ટ પ્રમાણે અથવા હરકોઇ ચાલુ કાયદા પ્રમાણે વગર વારંટે પકડવાને મુખત્યાર છે તે ગુન્હો અથવા મુકદમો સમજવો,

'નાનકાગ્નિઝેબલ ગુન્હો,' 'નાનકાગ્નિઝેબલ ગુન્હો' એટલે જે ગુન્હા બાબત અને નાનકાગ્નિઝેબલ મુકદમો' એટલે જે મુકદમામાં ઇલાકાના મુખ્ય શેહેરોની માંહે અથવા

નાનકાગ્નિઝેબલ મુકદમો. બાહાર પોલીસ અમલદાર વગર વારંટે પકડવાને મુખત્યાર નથી તે ગુન્હો અથવા મુકદમો સમજવો;

ટીકા—વગર વારંટે કેવી રીતે પકડી શકાય તે બાબત આગળ કલમ ૫૪ થી કલમ ૫૯ સુધી જુઓ.

'જામીન લઈ શકાય એવો ગુન્હો.' (ર) 'જામીન લઈ શકાય એવો ગુન્હો' એટલે જે ગુન્હા બાબત બીજા પરિશિષ્ટમાં બતાવ્યા મુજબ જામીન લઈ શકાય તે અથવા જે ગુન્હા બાબત બીજા કોઈ ચાલુ કાયદા પ્રમાણે જામીન લઈ શકાય તે ગુન્હો સમજવો; અને જામીન નહીં લઇ શકાય એવો ગુન્હો એટલે બીજો કોઇ ગુન્હો સમજવો.

ટીકા—જામીન કેવી રીતે લેવા તે વીગરે બાબત આગળ કલમ ૪૯૬ થી તે કલમ ૫૦ર સુધી જુઓ.

'વારંટનોમુકદમો' (સ) 'વારંટનો મુકદમો' એટલે જે ગુન્હા બાબત મોતની અથવા સમુદ્રપારની અથવા છ મહીનાથી વધારે મુદત સુધી કેદની, શિક્ષા કરી શકાય તેવા ગુન્હા સબંધી કોઈ મુકદમો સમજવો.

'સમનનોમુકદમો' (ટ) 'સમનનો મુકદમો' એટલે જે ગુન્હા બાબત સદરહુ શિક્ષા કરી નહી શકાય એવા ગુન્હા સબંધી કોઇ મુકદમો.

'રાણીની વિલાયતી રૈયત.' (કયુ) 'રાણીની વિલાયતી રઇયત' આ શબ્દોનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે સમજવો એટલે.

(૧) ગ્રેટ બ્રિટન અને આયર્લાંડના સંયુક્ત રાજ્યમાં અથવા યુરોપ માંહેની અથવા અમેરિકા માંહેની અથવા આસ્ટ્રેલીયા માંહેની મલીકામાયાઝમાની કોઇ પણ વસાહતોમાં અથવા મુલકોમાં; અથવા ન્યુઝીલંડની વસાહતમાં અથવા કેપ આફ્ ગુડહોપની અથવા નટાલની વસાહતમાં મલીકામાયાઝમાનો જે રૈયત જન્મી હોય અથવા જે રૈયતને ત્યાંનો દેશજ અધિકાર પ્રાપ્ત થયો હોય અથવા જે રૈયતે ત્યાં હમેશાં રેહેવાનું ઠેકાણું કર્યું હોય એવી હરકોઇ રૈયત.

(ર) સદરહુ પ્રકારના હરકોઇ માણસનું ઔરસ છોકરૂ અથવા તે છોકરાનું છોકરૂ.

ટીકા—સને ૧૮૭રના આક્ટ ૧૦ ની કલમ ૭૧ માં રાણીની વિલાયતી રૈયતની વાખ્યા આપેલી છે તેમાં તે રૈયતને ગ્રેટબ્રિટન અને આયર્લાંડના હીત રાજ્યમાં અથવા યુરોપખંડમાં અથવા અમેરિકાખંડમાં અથવા આસ્ટ્રેલીયામાં મલીકામાયાઝમાની જે વસાહતો અથવા મુલકો છે અથવા ન્યુઝીલાંડની વસાહતમાં અથવા કેપ ઓફ્ ગુડહોપની અથવા નેતલની વસાહતમાં મલીકામયાઝમાની જે રૈયતને દેશજ અધિકાર પ્રાપ્ત થયો હોય તે રૈયતને રાણીની વિલાયતી રૈયત ગણીને લાભ આપવાને માટે આ વાખ્યામાં સુધારો કરવામાં આવ્યો છે.

"બાબ" (વ) "બાબ" એટલે આ કાયદાનો કોઇ બાબ સમજવો. અને

"પરિશિષ્ટ" પરિશિષ્ટ એટલે આ કાયદાને જોડેલું કોઈ પરિશિષ્ટ સમજવું.

"જગા." (ડબલ્યુ) "જગા" આ શબ્દમાં ઘર, મકાન, તંબુ તથા વહાણ એનો પણ સમાવેશ થાય છે.

કૃત્યોના સબંધમાં વાપરેલા શબ્દો. જે શબ્દો કરેલાં કૃત્યોના સબંધમાં વાપર્યા હોય તે શબ્દો ગેરકાયદાસર કરેલી કસુરોને પણ લાગુ છે; અને

શબ્દોનો જે અર્થ ફોજદારી કાયદામાં હોય તેજ અર્થ સમજવો. જે શબ્દો તથા વાક્યો આ કાયદામાં વાપર્યાં હોય અને જેઓની વ્યાખ્યાઓ હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં આપી હોય અને ઉપર આપી નહીં હોય તે સર્વે શબ્દોના તથા વાક્યોના અર્થ સદરહુ કાયદામાં જે પ્રમાણે આપ્યા હોય તે પ્રમાણે સમજવા.

ટીકા—જગા—આ શબ્દમાં ઘર, ઈમારત, તંબુ અને વાહાણનો સમાવેશ કરવામાં આવેલો છે, જે શબ્દો તથા વાક્યો આ આકટમાં વાપર્યાં હોય અને જેઓની વ્યાખ્યાઓ હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં આપી હોય તે સરવે શબ્દો તથા વાક્યોના અર્થો સદરહુ કાયદામાં આપ્યા હોય તે તેઓને અનુક્રમે તે પ્રમાણે સમજવા.

ફોજદારી કાયદા મુજબના ગુન્હાઓનો ઈનસાફ. ૫. હિંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબના સઘળા ગુન્હાઓની ચોકશી તથા ઇનસાફ આ કાયદામાં આગળ કહેલા ઠરાવો પ્રમાણે કરવો અને બીજા કોઇ પણ કાયદા મુજબના ગુન્હાઓની ચોકશી તથા ઇનસાફ તેજ ઠરાવ પ્રમાણે કરવો. પણ તે ચોકશી અથવા ઇનસાફ, સદરહુ ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ કરવાની રીત અથવા જગા સબંધી નિયમન કરવા બાબત કોઇ પણ કાયદો ચાલુ હોય તો તેને અનુસરીને કરવો.

બીજા કાયદાઓ વિરૂદ્ધ ગુન્હાઓનો ઇનસાફ.

ટીકા—ચોકશી તથા ઇનસાફ કરવો એ બાબતની સમજુતીને માટે કલમ ૪ માં જે એ શબ્દોની વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે તે જોવી.

ભાગ ૨ જો.

ફોજદારી કોરટોની તથા હોદ્દાઓની રચના તથા અધિકાર.

ફોજદારી કોરટોની તથા હોદ્દાઓની રચના બાબત.

બાબ ૨ જો.

અ—ફોજદારી કોરટોના દરજ્જા.

ફોજદારી કોર્ટોના દરજ્જા. ૬. હાઇકોર્ટો સિવાય, તથા આ કાયદા વગર બીજા કોઈ પણ ચાલુ કાયદા પ્રમાણે રચેલા કોર્ટો સિવાય, બ્રિટિશ ઇંડિયામાં પાંચ દરજ્જાનાં ફોજદારી કોર્ટો હશે, એટલેઃ—

૧.—સેસન કોરટો.

૨.—પ્રેસિડેન્સી માજીસ્ત્રેટોની કોરટો.

૩.—પેહેલા વર્ગના માજીસ્ત્રેટોની કોરટો.

૪.—બીજા વર્ગના માજીસ્ત્રેટોની કોરટો.

૫.—ત્રીજા વર્ગના માજીસ્ત્રેટોની કોરટો.

ટીકા—પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની કોર્ટને પણ આ કાયદા પ્રમાણે ફોજદારી કોર્ટ ગણવાને માટે સ્પષ્ટ ઠરાવ કરવામાં આવેલો છે. સન ૧૮૭૨ ના ૧૦ મા આકટની કલમ ૫ માં આ ઠરાવ નોહતો. પણ આમાં નવો દાખલ કરેલો છે.

બ—મુલકની ટુકડીઓ.

સેસન ટુકડીયો. ૭. (ઇલાકાના મુખ્ય શેહેરો સિવાય), દરએક પ્રાંત સેસન ટુકડી થશે, અથવા તેમાં સેસન ટુકડીઓ આવશે;

જીલ્લા. અને આ કાયદાનાં કારણ સારૂ દરએક સેસન ટુકડી જીલ્લો થશે અથવા તેમાં જીલ્લા આવશે.

ટુકડીયોમાં તથા જીલ્લાઓમાંફેરફારકરવાનોઅધિકાર સદરહુ ટુકડીઓની તથા જીલ્લાઓની સીમાઓમાં, અથવા ગવરનર જનરલ ઇન કાંઉન્સિલની અગાઉથી મંજુરી લઇને, તેમની સંખ્યામાં ફેરફાર કરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

હાલનીટુકડીઓમાં તથા જીલ્લાઓમાંજ્યાંસુધીફેરફારકરવામાંનઆવે ત્યાંસુધીતે કાયમ રાખવા. આ કાયદો અમલમાં આવે ત્યારે ચાલુ હોય એવી સેસન ટુકડીઓમાં તથા જીલ્લાઓમાં જ્યાં સુધી સદરહુ પ્રમાણે ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી તે સેસન ટુડીઓ તથા જીલ્લા રેહેશે.

ઇલાકાનાં મુખ્ય શેહેરોને જીલ્લા ગણવા. આ કાયદાનાં કારણસારૂ દરએક ઇલાકાનું મુખ્ય શેહેર જીલ્લો છે એમ સમજવું.

જીલ્લાની પેટા ટુકડીઓ કરવાનો અધિકાર. ૮. ઈલાકાનાં મુખ્ય શેહેરોની બહારનાં કોઇ પણ જીલ્લાની પેટા ટુકડીઓ કરવાનો, અથવા સદરહુ પ્રકારની કોઇ પણ જીલ્લાના કોઇ પણ ભાગને પેટા ટુકડી કરવાનો, અને કોઇ પણ પેટા ટુકડીની હદમાં ફેરફાર કરવાનો, અધિકાર સ્થાનિક સરકારને છે.

હાલનીપેટાટુકડીઓકાયમરાખી. જે ચાલુ પેટા તુકડીઓ હાલમાં ઘણું કરીને માજીસ્ત્રેટના હવાલામાં મુકવામાં આવે છે તે સઘળી પેટા તુકડીઓ આ કાયદા પ્રમાણે કરેલી છે એવું સમજવું.

ક—ઇલાકાનાં મુખ્ય શેહેરોની બહાર કોરટો તથા હોદ્દા.

સેશન કોર્ટ. ૯. સ્થાનિક સરકારે દરએક સેશન ટુકડી માટે એક સેશન કોર્ટ સ્થાપવી, અને સદરહુ કોરટનો એક જડજ નીમવો.

વળી સદરહુ પ્રકારની એક અથવા વધારે કોરટોમાં હકુમત ચલાવવાને આડીશનલ સેશન જડજો, જોઇંટ સેશન જડજો તથા આસીસ્ટંટ સેશન જડજો નીમવાનો અધિકાર સ્થાનિક સરકારને છે.

જ્યારે આ કાયદો અમલમાં આવે ત્યારે જે સેશન કોરટો ચાલુ હોય તે સઘળી સેશન કોરટો આ કાયદા પ્રમાણે સ્થાપેલી છે એમ સમજવું.

ટીકા—સેશન કોરટે કરેલી મોતની શિક્ષા અમલમાં લાવતા પેહેલાં હાઇકોરટની મંજુરીની જરૂર છે. જ્યારે કોઇ ગુન્હેગારને સમુદ્રપારની શિક્ષા કરી હોય ત્યારે તેજ વખતે કોરટે દરશાવવું જોઇએ કે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૫૯ મુજબ આવી સમુદ્રપારની શિક્ષા આસાન અગર સખત જેવી હોય તેવી કેદને બદલે કરેલી છે. કલકત્તા હાઇ કોરટનો સન ૧૮૬૬ નો સરક્યુલર ૯.

સેશન કોરટ હાઇકોરટને પુછ્યા શિવાય હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૬૨ પ્રમાણે કેદીની તમામ મિલકત જપ્ત કરવાનો ઠરાવ કરવાને મુખત્યાર છે. નોર્થ વેસ્ટર્ન પ્રોવીન્સીસ રીપોર્ટસ જાનેવારી સન ૧૮૬૯ પાનુ ૪.

બ્રાહ્મણ છતાં તેની જાગીર જપ્ત કરવાનો હુકમ મિતાક્ષરામાં મના છતાં થઇ શકે છે. ૮ મુઅર્સ ઈન્ડીયન અપીલ્સ પાનુ ૫૦૦.

આ કલમના બીજા ભાગમાં જે અધિકારીઓનાં નામ નાબુદ કરવામાં આવ્યાં છે તેઓનો સમાવેશ તેઓની સત્તા પ્રમાણે આ કાયદામાં જ્યાં જ્યાં સેશન કોરટ છે એ શબ્દોમાં થાય છે—પ્રીન્સેપ.

જીલ્લામાજીસ્ટ્રેટ. ૧૦. ઈલાકાના મુખ્ય શેહેરોની બહાર દરએક જીલ્લામાં સ્થાનિક સરકારે પેહેલા વરગનો એક માજીસ્ટ્રેટ નિમવો, અને તેને જીલ્લા માજીસ્ટ્રેટ કહેવો.

ટીકા—એક ફુલપાવર માજીસ્ટ્રેટે તોહોમતવાળા ઉપર સન ૧૮૫૦ના આકટ ૩૫ ની કલમ ૯ પ્રમાણે તોહોમત રાખી તેને દંડની શિક્ષા કરી તે કામમાં એવો ઠરાવ થયો કે સન ૧૮૫૦ ના આકટ ૩૫ ની ક. ૧૬ મુજબ એવો ગુનહો જીલ્લા માજીસ્ટ્રેટ સાંભળી શકે છે પણ ફુલપાવર માજીસ્ત્રેટને અધિકાર નથી માટે તોહોમતવાળાનો તપાસ જીલ્લા માજીસ્ટ્રેટે કરવો જોઇએ. સરકાર વિરૂદ્ધ પ્રભાશંકર સામળ મુંબાઈ હાઇકોરટ રીપોર્ટ. વા. ૩, પ્ર. ૧૧

જીલ્લા માજીસ્ટ્રેટનો હોદો ખાલી પડવાથી તે ઉપર થોડી મુદતને માટે નિમાયલા અમલદારો. ૧૧ જ્યારે કોઈ જીલ્લા માજીસ્ટ્રેટનો હોદો ખાલી પડવાથી કોઇપણ અમલદાર સદરહુ જીલ્લામાં મુખ્ય અમલ ચલાવવામાં કામ ઉપર થોડી મુદતને માટે આવે, ત્યારે સદરહુ અમલદાર સ્થાનિક સરકારનો હુકમ થતાં સુધી આ કાયદા ઉપરથી જિલ્લા માજીસ્ટ્રેટને જે અધિકાર આપ્યા છે તથા તેને જે કામો સોંપ્યાં છે તે સર્વે અધીકારો ચલાવવા તથા તે સર્વે કામો કરવાં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૫ ને મળતી છે આના સબંધમાં કલમ ૧૦ ઉપરની ટીકા જુઓ.

તાબા માંહેના માજીસ્ટ્રેટો. ૧૨ ઈલાકાનાં મુખ્ય શેહેરોની બહાર કોઇ જીલ્લામાં જીલ્લા માજીસ્ટ્રેટ સિવાય, પેહેલા વર્ગના અથવા બીજા વર્ગના અથવા ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટો દાખલ પોતાની નજરમાં આવે તેટલા માણસોને નિમવાનો અધિકાર સ્થાનિક સરકારને છે; અને સદરહુ માણસોને આ કાયદા પ્રમાણે જે અધિકારો આપવામાં આવે તે સરવે અથવા તેમાંના કોઈ પણ અધિકાર જે સ્થાનિક પ્રદેશમાં તેણે ચલાવવા તે સ્થાનિક પ્રદેશ વખતે ઠરાવવાનો અખત્યાર સ્થાનિક સરકારને અથવા સ્થાનિક સરકારના નિરબંધ હેઠળ રહીને જિલ્લા માજીસ્ટ્રેટને છે.

તેમની હકુમતની સ્થાનિક સીમા.

સદરહુ પ્રકારનો પ્રદેશ ઠરાવીને જુદી રીતે ઠરાવ્યું ન હોય તો સદરહુ માણસોની હકુમત તથા તેઓનો અધિકાર સદરહુ જીલ્લામાં સરવે ઠેકાણે લાગુ પડશે.

ટીકા—આ કલમનો છેલો ભાગ તદન નવોજ છે—તાબાના જે માજીસ્ટ્રેટોને ખાસ સત્તા આપવામાં આવી નથી તેઓને પોલીસના રીપોર્ટ ઉપરથી અગર તેમને પોતાનેજ કરેલી ફરિયાદ ઉપરથી મુકદમાનો ઇનસાફ કરવાને અધિકાર નથી, શંકર આબાજી હોસીંગ મુંબાઈ હાઇકોરટ રીપોટ વા. ૬, પ્ર. ૬૯.

પેટાટુકડી માજી સ્ટ્રેટના હવાલામાં મુકવાનો અધિકાર

૧૩. સ્થાનિક સરકાર કોઇ પેટા ટુકડી પેહેલા વરગના અથવા બીજા વરગના કોઇ પણ માજીસ્ટ્રેટના હવાલામાં મુકવાને અને જે પ્રસંગે જરૂર પડે તે પ્રસંગે તે હવાલો તેની પાસે છોડાવવાને મુખત્યાર છે.

સદરહુ માજીસ્ટ્રેટોને પેટા ટુકડી માજીસ્ટ્રેટો કહેવા.

જીલ્લા માજીસ્ટ્રેટને અધિકાર સોંપવા બાબત.

સ્થાનીક સરકાર આ કલમમાં કહેલા પોતાના અધિકાર જીલ્લા માજીસ્ટ્રેટને સોંપવાને મુખત્યાર છે.

ટીકા—પેટા તુકડી માજીસ્ત્રેટના જે સાધારણ અધિકાર ૩ જા પરિશિષ્ટના ભાગ ૪ માં બતાવ્યા છે તે જુઓ. ૧૮૮૦ ના આકટ ૩ જાની કલમ પ્રમાણે કાનટોમેન્ટ માજીસ્ત્રેટ પેટા ટુકડી માજીસ્ટ્રેટ છે. કલમ ૧૨ થી પેટા ટુકડી માજીસ્ટ્રેટનો અધિકાર આખા ડીસ્ત્રીકટમાં ચાલી શકે તોપણ તેમનો અધિકાર તેમની પેટા ટુકડીની હદમાંજ ચાલી શકે તેવી મર્યાદા બાંધી શકાય.

સ્પેશિયલ માજીસ્ટ્રેટો.

૧૪ પેહેલા વરગના અથવા બીજા વરગના અથવા ત્રીજા વરગના માજીસ્ટ્રેટને જે અધિકાર આ કાયદાથી આપ્યા છે અથવા આ કાયદા પ્રમાણે આપી શકાય તે સરવે અથવા તેમાંના હરકોઇ અધિકાર ઇલાકાના મુખ્ય શેહેરોની બહાર હરકોઇ સ્થાનિક ક્ષેત્રમાં અમુક મુકદમાના સબંધમાં અથવા કોઇ અમુક વરગના અથવા વરગોના મુકદમાના સબંધમાં અથવા કોઇ અમુક વરગના અથવા વરગોના મુકદમાના સબંધમાં અથવા અમુક સામાન્ય રીતે સઘળા મુકદમાના સબંધમાં હરકોઇ માણસને આપવાનો અખત્યાર સ્થાનિક સરકારને છે.

સદરહુ માજીસ્ત્રેટોને સ્પેશીયલ માજીસ્ટ્રેટો કહેવા.

આ કલમના પેહેલા પારેગ્રાફથી આપેલો અધિકાર સ્થાનિક સરકાર પોતાના તાબા માંહેના હરકોઇ અમલદારને ગવરનર જનરલ ઇન કાંઉન્સિલની અગાઉથી મંજુરી લઇને અને પોતે દુરસ્ત ધારે એટલી હદ રાખીને સોંપવાને મુખત્યાર છે.

આસિસ્ટંટ ડિસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટથી ઉતરતા દરજાના કોઇપણ પોલીસ અમલદારને આ કલમ પ્રમાણે કાંઇ પણ અધિકાર આપવા નહીં, અને સુલેહ જાળવવા સારૂ તથા ગુન્હો અટકાવવા સારૂ અને ગુન્હેગારોને માજીસ્ટ્રેટની આગળ લઇ જવા માટે તેઓને ખોળી કાહાડવા સારૂ તથા પકડવા સારૂ, તથા અટકાવી રાખવા સારૂ, અને કોઇ પણ ચાલુ કાયદાથી તે અમલદારને સોંપેલાં બીજાં કાંઇ પણ કામ તેને કરવા સારૂ જેટલે સુધી જરૂર હોય તે કરતાં વત્તા કાંઇ પણ અધિકાર સદરહુ પ્રમાણે આપવા નહીં.

માજીસ્ટ્રેટોની બેન્ચો

૧૫ ઇલાકાના મુખ્ય શેહેરોની હરકોઈ બહાર જગામાં હરકોઇ બે અથવા વધારે માજીસ્ત્રેટોને બેન્ચ તરીકે બેસવાનું ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે. અને પેહેલા, બીજા અથવા ત્રીજા વરગના માજીસ્ટ્રેટને જે અધિકારો આ કાયદાથી આપ્યા છે અથવા આ કાયદા પ્રમાણે આપી શકાય તેમાંના હરકોઈ અધિકાર સ્થાનિક સરકાર હુકમ કરીને સદરહુ બેન્ચને આપવાને મુખત્યાર છે, અને સ્થાનિક સરકાર દુરસ્ત ધારે એવાજ મુકદમામાં અથવા એવાજ વરગના મુકદમામાં, અને એવીજ સ્થાનિક હદમાં, સદરહુ અધિકારો ચલાવવાનું ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

વિશેષ હુકમ ન હોય તો બેન્ચ જે અધિકારો ચલાવી શકે તે.

આ કલમ પ્રમાણે હરકોઇ હુકમ કરીને જુદી રીતે ઠરાવ કર્યો નહીં હોય તો સદરહુ બેન્ચના મેંબરોમાં જે ઊંચામાં ઊંચા દરજ્જાનો માજીસ્ત્રેટ હોય અને સદરહુ બેન્ચના મેંબર તરીકે હાજર રહીને કામમાં ભાગ લેતો હોય તેવા માજીસ્ત્રેટને આ કાયદાથી જે અધિકાર આપ્યા હોય તે અધિકાર સદરહુ પ્રકારનાં દરેક બેન્ચના છે એવું સમજવું, અને આ કાયદાના કારણ સારૂ તે બેન્ચને જેટલે સુધી બની શકે તેટલે સુધી સદરહુ દરજ્જાના માજીસ્ત્રેટ તરીકે ગણવી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૦—૫૧ તથા ૨૨૪ ઉપરથી રચવામાં આવી છે. પારાયો ચમાર વિરૂધ શેખ ઇસ્માલના કામમાં નામદાર કલકત્તા હાઇકોરટે એમ ઠરાવ્યું છે કે માજીસ્ત્રેટની બેંચ કામ ચલાવે તેવારે તેના અધ્યક્ષે હાજર રહી ફરીયાદી અને તોહામતદારનો પુરાવો સાંભળવો જોઈએ કેટલુંક કામ ચલાવતાં તે હાજર ન હોય તો તેણે સાબીતીનો કરેલો ઠરાવ રદ થાય, તા૰ ૨૩ જુલાઇ સન ૧૮૭૬

બેન્ચોની પોતના કામની સમજુત થવા સારૂ કાનુન કરવાનો અધિકાર.

૧૬ કોઇ પણ જિલ્લા માજીસ્ત્રેટની બેન્ચોની તેઓમાં કામની સમજુત થવા સારૂ હેઠળ લખેલી બાબતો સબંધી આ કાયદાને અનુસરતો હોય એવો કાનુન વખતે વખતે કરવાને સ્થાનિક સરકાર અથવા સ્થાનિક સરકારના નિરબંધમાં હેઠળ રહીને જિલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે.

(અ) ઈનસાફ કરવાના મુકદમાના વરગો;

(બ) બેસવાની વખત તથા જગા;

(ક) ઈનસાફ ચલાવવા બાબત બેન્ચની રચના.

(ડ) બેઠેલા માજીસ્ત્રેટો વચ્ચે મનમાં જે ભેદ પડે તેનો નિકાલ કરવાની રીત.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૨ અને ૫૩ ને મળતી છે ગુચવણ ભરેલો મુકદમો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે માજીસ્ત્રેટની બેન્ચને સોંપવો નહીં જોઇએ. ભોળાનાથસેન ઇંડીયન લા. રીપોર્ટ કલકત્તા વા. ૨ પ્ર. ૨૩.

માજીસ્ત્રેટોએ તથા બેન્ચોએ જિલ્લા માજીસ્ત્રેટના તાબામા રેહેવું.

૧૭. ૧૨ મી, ૧૩ મી, અને ૧૪ મી. કલમ પ્રમાણે નિમેલા સઘળા માજીસ્ત્રેટે તથા ૧૫ મી કલમ પ્રમાણે રચેલી સઘળી બેન્ચો જિલ્લા માજીસ્ત્રેટના તાબામાં છે એવું સમજવું. અને સદરહુ માજીસ્ત્રેટોને તથા બેન્ચોને કામ વેંહચી આપવા બાબત આ કાયદાને અનુસરતો હોય એવો કાનુન વખતે વખતે કરવાને જિલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે; અને

માજીસ્ત્રેટોએ તથા બેન્ચોએ પેટા ટુકડી માજીસ્ત્રેટના તાબામાં રેહેવું.

કોઇ પેટા ટુકડીમાં અધિકારો ચલાવનાર પેટા ટુકડી માજીસ્ત્રેટ સિવાય બીજો દરએક માજીસ્ત્રેટ તથા દરેક બેન્ચ પેટા ટુકડી માજીસ્ત્રેટના તાબામાં છે એમ સમજવું. તોપણ તે જીલ્લા માજીસ્ત્રેટના સામાન્ય નિરબંધ હેઠળ છે એવું સમજવું.

આસિસ્ટંટ સેશ-

સઘળા આસિસ્ટંટ સેશન જડજોએ, જે સેશન જડજની કોરટોમાં તે

ન જડજોએ સે-શન જડજના તાબામાં રેહેવું. — એ હકુમત ચલાવના હોય તે સેશન જડજના તાબામાં રેહેવું. અને સદરહુ આસિસ્ટંટ સેશન જડજોને કામ વેંહેંચી આપવા બાબત આ કાયદાને અનુસરતા હોય એવા કાનુન વખતે વખતે કરવાને સેશન જડજ મુખત્યાર છે.

જીલ્લા માજીસ્ટ્રેટ તેમજ ૧૨ મો. ૧૩ મી. અને ૧૪ મી. કલમ પ્રમાણે નિમેલા માજીસ્ટ્રેટો અથવા ૧૫ મી કલમ પ્રમાણે રચેલી બેન્ચો સેશન જડજના તાબામાં નથી એવું સમજવું, પણ આ કાયદામાં આગળ ઠરાવેલું છે તેટલે સુધી અને તે રીતે તે તેના તાબામાં છે એવું સમજવું.

ટીકા—માજીસ્ટ્રેટો સેશન કોરટને કઈ કઈ બાબતોમાં તાબે છે તે નિચેની બીના ઉપરથી જણાઈ આવશે.

કલમ ૧૨૩—સારી ચાલ સારૂ તો એક વરસ કરતાં વધારે મુદતને વાસ્તે તારણ આપવાનો હુકમ કર્યા છતાં ન આપે તો તે બાબતમાં તથા

કલમ ૧૯૩—કમિટ કરેલા કેસ સેશનકોરટે સાંભળવા વિશે છે તે વિશે તથા

કલમ ૪૦૮ પહેલા વરગના માજીસ્ત્રેટે કરેલા શિક્ષાના હુકમ ઉપર અપીલ સાંભળવા બાબત છે તે વિશે તથા

કલમ ૪૩૫—નિયમસર અગર કાયદા પ્રમાણે કામ કરવામાં આવ્યું છે કે નહી તે જોવાને માટે નિચા દરજ્જાની કોર્ટોનાં દફતર મંગાવવાના અધિકાર સબંધી છે તે બાબતમાં.

સેશન કોરટને માજીસ્ત્રેટો તાબે છે. વળી આ બાબતોમાં ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ તથા માજીસ્ત્રેટોની બેન્ચ સેશન કોરટને તાબે છે.

ડ.—પ્રેસીડેન્સી માજીસ્ત્રેટોની કોરટો.

પ્રેસીડેન્સીમાજીસ્ત્રેટોની નિમણુંક. — ૧૮. સ્થાનિક સરકારે (આ કાયદામાં પાછળ જેમને પ્રેસીડેન્સી માજીસ્ત્રેટો કહ્યા છે એવા) જોઈએ તેટલા માણસોને દરએક ઇલાકાના મુખ્ય શહેરના માજીસ્ત્રેટો તરીકે વખતે વખતે નીમવા, અને સદરહુ માણસોમાંના એકને તે દરેક શેહેરના ચીફ માજીસ્ત્રેટ તરીકે નીમવો.

સદરહુ માણસોમાંના હરકોઇ બે અથવા વધારે માણસો (આ કાયદામાં પાછળ આપેલા અધિકાર પ્રમાણે ચીફ માજીસ્ત્રેટે કરેલી કાનુનને અનુસરીને) બેન્ચ તરીકે એકઠા બેસવાને મુખત્યાર છે.

તેમની હકુમતની સ્થાનિક હદ. — ૧૯ દરએક પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે, જે ઇલાકાનાં મુખ્ય શેહેર માટે પોતે નિમાયો હોય તે માંહેના સઘળી જગાઓમાં, અને સદરહુ શેહેરના બંદરની તથા વાહાણ ચાલી શકે એવી તે બંદર તરફ જતી હરકોઇ નદી અથવા ખાડીની જે હદ બંદરોનું તથા બંદર દેણાનું કામ નિયમન કરવા બાબતના ચાલુ કાયદા પ્રમાણે ઠરાવેલી હોય તેવી હદ માંહેની સઘળી જગાઓમાં હકુમત ચલાવવી.

મુંબાઇની પેટીસેશનની કોર્ટ. — ૨૦. મુંબાઇ શેહેરમાં દરએક પ્રેસિડેન્સી માજીસ્ત્રેટે સન ૧૮૭૦ ના એપ્રિલ મહિનાની પેહેલી તારીખની પેહેલાં તરત ચાલુ હોય એવા હરકોઇ કાયદા પ્રમાણે તે શેહેરમાં પેટીસેશનની કોરટે જે હકુમત ચલાવી હોય તે સઘળી હકુમત ચલાવવી

પણ એવું ઠરાવ્યું છે કે મુંબાઇની મ્યુનિસિપાલિટીના બંદોબસ્ત બાબતના ચાલુ કાયદા મુજબની અપીલો ફકત ચીફ માજીસ્ત્રેટને કરવી.

ચીફ માજીસ્ત્રેટ.

૨૧. દરએક ચીફ માજીસ્ત્રેટે જે અધિકાર આ કાયદાથી તેને આપ્યા છે તે સઘળા અધિકાર અથવા જે અધિકાર આ કાયદો અમલમાં આવ્યાની પેહેલાં તરત ચાલુ હોય એવા કોઈ પણ કાયદા પ્રમાણે અથવા કાનુન પ્રમાણે હરકોઇ સિનિયર માજીસ્ત્રેટે અથવા ચીફ માજીસ્ત્રેટે ચલાવવા જોઇએ. તે સઘળા અધિકાર પોતાની હકુમતની સ્થાનિક હદમાં ચલાવવા, અને નિચે લખેલી બાબતોનું નિયમન કરવા સારૂ આ કાયદાને અનુસરતી હોય એવી કાનુન સ્થાનિક સરકારની અગાઉથી મંજુરી લઇને વખતે વખતે કરવાને તે મુખત્યાર છેઃ—

(અ) સદરહુ શેહેરના માજીસ્ટ્રેટોની કોરટોમાં કામ ચલાવવા બાબત તથા વેંહેંચવા બાબત તથા તે કોરટોના વહિવટ બાબત;

(બ) જે વખતે તથા જગાએ માજીસ્ત્રેટોની બેન્ચોએ બેસવું તે બાબત.

(ક) સદરહુ બેન્ચોની રચના બાબત; અને

(ડ) બેઠેલા માજીસ્ત્રેટો વચ્ચે મતમાં ભેદ પડે તેનો નિકાલ કરવાની રીત બાબત;

ઈ.--જસ્ટીસ આફ ધી પીસ.

જીલ્લાઓને માટે જસ્ટીસ આફ ધી પીસ.

૨૨. ઇલાકાનાં મુખ્ય શેહેરોની બાહાર સઘળા બ્રિટિશ ઇંડિયાના સબંધમાં અથવા તેના હરકોઇ ભાગના સબંધમાં ગવરનર જનરલ ઈન કૌન્સિલ,

અને પોતાના અમલ હેઠળના (સદરહુ શેહેરો વગર બીજા) મુલકોના સબંધમાં દરએક સ્થાનિક સરકાર.

સરકારી ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને પોતે યોગ્ય ધારે એવી રાણીની વિલાયતી રૈયતને સદરહુ જાહેરનામામાં કહેલા મુલકોની અંદર અને તે મુલકો માટે જસ્ટીસ આફ ધી પીસ તરીકે નિમવાને મુખત્યાર છે.

ટીકા--જુઓ કલમ ૪૪૩ તથા ૪૪૪ આ કલમ યુરોપિયન બ્રિટિશ રૈયત હોય તેમનેજ સુલેહના અમલદાર નિમી શકાય છે.

ઇલાકાનાં મુખ્ય શેહેરો માટે જસ્ટીસ આફ ધી પીસ.

૨૩. કલકત્તા શેહેરના સંબંધમાં ગવરનર જનરલ ઇનકૌન્સિલ અથવા સ્થાનિક સરકાર.

અને મદ્રાસ તથા મુંબાઇ શેહેરના સંબંધમાં સ્થાનિક સરકાર,

બ્રિટિશ ઇંડિયામાં રેહેનારા જે સખસો કોઈપણ પરરાજ્યની રૈયત ન હોય, અને જેમને (પ્રસંગ પ્રમાણે) ગવરનર જનરલ ઈન કૌન્સિલ અથવા સ્થાનિક સરકાર યોગ્ય ધારે, તે સખસોને, સરકારી ગ્યાઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને તેમાં કહેલી સદરહુ શેહેરની હદમાં, જસ્ટીસ આફ ધી પીસ તરીકે નિમવાને મુખત્યાર છે.

હાલના જસ્ટીસ આફ ધી પીસ.

૨૪. કોઇ હાઇકોરટે આપેલાં હરકોઇ કમિશન પ્રમાણે સદરહુ શેહેરો વગર બીજા બ્રિટિશ ઇંડિયાના કોઈ પણ ભાગની અંદર અને તે ભાગ માટે જસ્ટીસ આફ ધી પીસ તરીકે હાલમાં કામ કરનારા દરએક

માણસને સદરહુ શેહેરો વગર બીજા આખા બ્રિટિશ ઈંડિયાને માટે જસ્ટીસ આફ ધી પીસ તરીકે કામ કરવાને ૨૨ મા કલમ પ્રમાણે ગવરનર જનરલ ઈન કૌન્સિલે નિમ્યો છે એવું સમજવું.

સદરહુ પ્રકારના કોઈ પણ કમિશન પ્રમાણે સદરહુ શેહેરોમાંના હરકોઇ શેહેરની હદમાં જસ્ટીસ આફ ધી પીસ તરીકે હાલમાં કામ કરનારા દરએક માણસને ૨૩ મી કલમ પ્રમાણે સ્થાનિક સરકારે નિમ્યો છે એવું સમજવું.

હોદ્દાના સબબથી જસ્ટીસ આફ ધી પીસ.

૨૫. પોતપોતાના હોદ્દાના સબબથી ગવરનર જનરલ તથા ગવરનર જનરલની કૌન્સિલના મામુલ મેમ્બરો તથા હાઈકોરટોના જડજો તથા રંગુનનો રિકોર્ડર આખા બ્રિટિશ ઈંડિયાની અંદર અને બ્રિટિશ ઈંડિયાને માટે જસ્ટીસ આફ ધી પીસ છે એવું સમજવું. "સેસન જડજો અને જિલ્લા માજીસ્ત્રેટો, તેઓ જે સ્થાનીક સરકારના તાબામાં નોકરી કરતા હશે તે સરકારના વહીવટ માંહેના સઘળા મુલકમાં તથા મુલકને માટે જસ્ટીશ આફ ધી પીસ છે એવું સમજવું. અને પ્રેસિડેન્સી માજીસ્ત્રેટો જે શેહેરોના તેઓ માજીસ્ત્રેટો હોય તે શેહેરોની અંદર અને તે શેહેરો માટે જસ્ટીસ આફ ધી પીસ છે એમ સમજવું.

ફ—સસપેન્ડ કરવા બાબત તથા દુર કરવા બાબત,

જડજોનેતથામાજીસ્ત્રેટોનેસસ્પેન્ડ કરવાતથાદુરકરવા બાબત.

૨૬. રાયલ ચાર્ટરથી સ્થાપેલી હાઇકોરટો સિવાય બીજી ફોજદારી કોરટોના સઘળા જડજોને અને સઘળા માજીસ્ટ્રેટોને હોદ્દા ઉપરથી સસ્પેન્ડ કરવાનો અથવા દુર કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે.

પણ એવું ઠરાવ્યું છે કે જે જડજો તથા માજીસ્ટ્રેટોને હોદ્દા ઉપરથીસસ્પેન્ડ કરવાનો અથવા દુર કરવાનો અધિકાર હાલમાં ફકત ગવરનર જનરલના ઇન કાંઉન્સીલને છે તેઓને હોદ્દા ઉપરથી બીજા કોઇ પણ અધિકારીએ સસ્પેન્ડ કરવા નહીં કે દુર કરવા નહીં.

જસ્ટીસઆફધી પીસનેસસ્પેન્ડકરવા તથા દુર કરવા બાબત.

૨૭. જે જસ્ટીસ આફ ધી પીસને ગવરનર જનરલ ઇન કાંઉનસીલે નિમ્યો હોય તે જસ્ટીસ આફ ધી પીસને હોદ્દા ઉપરથી સસ્પેન્ડ કરવાનો અથવા દુર કરવાનો અધિકાર ગવરનર જનરલ ઇન કૌન્સિલને છે અને જે જસ્ટીસ આફ ધી પીસને સ્થાનિક સરકારે નિમ્યો હોય તેને હોદ્દા ઉપરથી સસ્પેન્ડ કરવાનો અથવા દુર કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે

બાબ ૩ જો.

કોરટોના અધિકાર.

અ—દરએક કોરટ કયા કયા ગુન્હા સાંભળી શકે તે ગુન્હાઓનું વર્ણન.

ફોજદારી કાયદા મુજબના ગુન્હા.

૨૮. હીંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબના હરકોઇ ગુન્હાનો ઇનસાફ આ કાયદાના બીજા ઠરાવોને અનુસરીને કરવાનો અધિકાર હાઇકોરટને અથવા સેશન કોરટને અથવા બીજા પરિશિષ્ટના આઠમા આસનમાં બતાવ્યા પ્રમાણે બીજી જે કોરટથી સદરહુ ગુન્હાનો ઇનસાફ થઇ શકે તે કોરટને છે

टीका—આ કલમ સન ૧૮૭૪ ના અગ્યારમા આકટની પેહેલી કલમને બદલે રચવામાં આવેલી છે. આ કલમ પ્રમાણે સાત વરસ કરતાં વધારે મુદતની કેદની શિક્ષાને લાયક હોય તેવા કોઇ ગુન્હાનો ઇનસાફ પેહેલા વરગનો માજીસ્ત્રેટ કરી શકતો નથી. સન ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૮ પ્રમાણે પેહેલા વર્ગનો માજીસ્ત્રેટ કોઇ પણ એવા ગુન્હાનો ઇનસાફ કરી શકતો હતો તેમાં આ કલમ ૧ ઉપર મુજબનો ફેરફાર થયો છે. આ કલમ પ્રમાણે પેહેલા, બીજા અને ત્રીજા વર્ગના કરતાં ઊંચા દરજ્જાની કોરટ આવા ગુન્હાની તપાસ કરી સકશે. આ કલમ, કલમ ૬ ની જોડે વાંચી જોવાથી સાફ માલમ પડે છે કે ડિસ્ત્રીકટ માજીસ્ત્રેટ અથવા પેટા ટુકડી માજીસ્ત્રેટ પણ આવા ગુન્હાનો ઇનસાફ કરી શકે નહીં કારણ કે તેઓની કોર્ટ પણ પેહેલા વર્ગના માજીસ્ત્રેટની કોરટ છે.

અમુક કૃત્યની વ્યાખ્યા હરકોઇ સ્થાનિક કાયદામાં ઠરાવેલી વ્યાખ્યા મુજબ હોય તોપણ પીનલકોડમાં તેવીજ વ્યાખ્યા મળતી આવે તોજ તે કૃત્યને માટે પીનલકોડ પ્રમાણે શિક્ષા થઇ શકે–ઊતુરામ વિરૂદ્ધ લામેસુર વીકલી રીપોટ ७૯. પ્ર. ७०

બીજા કાયદા મુજબના ગુન્હા. ૨૯ બીજા કોઇ પણ કાયદા મુજબના હરકોઇ ગુન્હાનો ઇનસાફ જ્યારે સદરહુ કાયદામાં આ બાબત કોઇ કોરટનું નામ કહ્યું હોય ત્યારે, તે કોરટે કરવો.

જ્યારે કોઇ કોરટનું નામ સદરહુ પ્રમાણે કહ્યું ન હોય ત્યારે તે ગુન્હાનો ઇનસાફ કરવાનો અધિકાર હાઇકોરટને અથવા આ કાયદા પ્રમાણે રચેલી હરકોઇ કોરટને છે પણ એવું ઠરાવ્યું છે કેઃ—

(અ) સદરહુ પ્રકારનો જે ગુન્હો સાત વરસ કરતાં વધતી મુદતની કેદની શિક્ષાને લાયક હોય તેવા કોઇ પણ ગુન્હાનો ઇનસાફ પેહેલા વર્ગના કોઇ પણ માજીસ્ત્રેટે કરવો નહીં;

(બ) સદરહુ પ્રકારનો જે ગુન્હો ત્રણ વરસ સુધીની મુદતની કેદની શિક્ષાને લાયક હોય તેવા કોઇ પણ ગુન્હાનો ઇનસાફ બીજા વરગના કોઇ પણ માજીસ્ત્રેટે કરવો નહીં; અને

(ક) સદરહુ પ્રકારનો જે ગુન્હો એક વરસ સુધીની મુદતની કેદની શિક્ષાને લાયક હોય તેવા કોઇ પણ ગુન્હાનો ઇનસાફ ત્રીજા વરગના કોઇ પણ માજીસ્ત્રેટે કરવો નહીં.

મોતની શિક્ષાને લાયક નહીં હોય એવા ગુન્હા. ૩૦ જે મુલકોનો રાજ કારભાર, અનુક્રમે, પંજાબના લેફટેનન્ટ ગવરનર અને અયોધ્યા તથા સેંટ્રલ પ્રાવિન્સીસના તથા બ્રિટિશ બરહ્માના તથા કુર્ગના તથા આસામના ચીફ કમિશનર ચલાવતા હોય તે મુલકોમાં અને બીજા પ્રાંતોના જે ભાગોમાં ડેપ્યુટી કમિશનરો અથવા આસીસ્ટંટ કમિશનરો હોય તે ભાગોમાં મોતની શિક્ષાને લાયક નહીં હોય એવા સઘળા ગુન્હાઓનો ઇનસાફ માજીસ્ત્રેટ તરીકે કરવાનો અધિકાર ૨૯ મી કલમમાં ગમે તે કહ્યું હોય તોપણ જીલ્લા માજીસ્ત્રેટને આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

ટીકા—જે શિક્ષાને સેસન્સ જડજની મંજુરી જોઇતી હોય તે શિક્ષાને સારૂ તેવી મંજુરી ન મળી હોય ત્યાં સુધી હાઇકોરટને અપીલ થઇ શકે નહીં, સાગરસુંદરદાસ ૨૫ વી. રી. ૧૮

આ કલમ પ્રમાણે આપેલા અધિકારવાળો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ જે ગુન્હાને માટે મોતની શિક્ષા કાયદામાં ફરમાવેલી છે તે શિવાયના તમામ ગુન્હાઓનો ઇનસાફ કરી શકે છે પણ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ ૩ વરસ કરતાં જાદે વરસની શિક્ષા કરે તો તે બાબત સેસન કોરટની મંજુરી જોઇએ સાત વરસ કરતાં વધારે વરસની શિક્ષા તો આવો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ કરી શકતોજ નથી જુઓ કલમ ૩૪. ક. ૩૮૦ માં આવા ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટના હુકમની મંજુરી સબંધી ઠરાવ છે અને કલમ ૪૦૮ માં આવા હુકમ ઉપર અપીલ સબંધી ઠરાવ છે. પ્રાનસેપ.

બ—જુદા જુદા દરજાની કોરટોને જે શિક્ષાના હુકમ કરવાનો અધિકાર છે તે.

જેશિક્ષાના હુકમ કરવાનો અધિકાર હાઈકોરટને તથા સેસન જડજોને છે તે.

૩૧. જે શિક્ષાનો હુકમ કરવાનો કાયદાથી અધિકાર હોય તેવી હરકોઇ શિક્ષાનો હુકમ કરવાને હાઇકોરટ મુખત્યાર છે.

જે શિક્ષાનો હુકમ કરવાનો કાયદાથી અધિકાર હોય તેવી હરકોઇ શિક્ષાનો હુકમ કરવાને સેસનજડજ, આડીશનલ સેસનજડજ અથવા જોઇંટ સેસનજડજ મુખત્યાર છે; પણ સદરહુ પ્રકારના હરકોઇ જડજે મોતની શિક્ષાનો હરકોઇ હુકમ કર્યો હોય તો તે કાયમ થવાને હાઈકોરટની મંજુરી જોઇએ.

મોતની અથવા સાત વરસ કરતાં વત્તી મુદતની સમુદ્રપારની અથવા સાત વરસ કરતાં વતી મુદતની કેદની શિક્ષાનો હુકમ કરવાનો કાયદાથી અધિકાર હોય તેવા હરકોઈ શિક્ષાનો હુકમ કરવાને આસીસ્ટંટ સેસનજડજ મુખત્યાર છે; પણ કોઈ આસીસ્ટંટ સસનજડજે ત્રણ વરસ કરતાં વતી મુદતની કેદની શિક્ષાનો હુકમ કર્યો હોય તો તે કાયમ થવાને સેસનજડજની મંજુરી જોઈએ.

ટીકા—જુ. કલમ ૩૧૪ (સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૩૫) મુજબ આસીસ્ટંટ સેશન જડજે એક કામમાં ત્રણ ત્રણ વર્ષની એવી ત્રણ શીક્ષાઓ એક વખત કરી તેમાં નામદાર હાઇકોર્ટે એમ ઠરાવ્યું કે તે શીક્ષાઓ કાયમ થવાને મંજુરી સારૂ અને અપીલના કારણ સારૂ તે એકજ શીક્ષા ગણવી જોઈએ અને જ્યાં સુધી તેપર સેશન જડજનો હુકમ થયો નથી ત્યાં સુધી અપીલ દાખલ થઇ શકતી નથી અને તે કેસ સેશન જડજને મંજુરી સારૂ પાછો મોકલ્યો. રામાભીલ ગાઉડા. ઇ. લો. રી. ૧ મુંબાઈ ૨૨૩

જેશીક્ષાફરમાવવાનોમાજીસ્ત્રેટોને અધિકાર છે તે.

૩૨ માજીસ્ત્રેટોની કોરટોને હેઠળ લખેલી શિક્ષા ફરમાવવાનો અધિકાર છે; એટલેઃ—

(અ) પ્રેસિડેન્સી માજીસ્ત્રેટોની તથા પેહેલા વરગના માજીસ્ત્રેટોની કોરટો.	કાયદા પ્રમાણે જેટલી એકાંત કેદ થઇ શકતી હોય તેટલી એકાંત કેદ સુદ્ધાં બે વરસની મુદતની કેદ.
	એક હજાર રૂપિયા સુધી દંડ.
	ફટકા મારવા.

(બ) બીજા વરગના માજીસ્ત્રેટોની કોરટો.	કાયદા પ્રમાણે જેટલી એકાંત કેદ થઇ શકતી હોય તેટલી એકાંત કેદ સુદ્ધાં છ મહિનાની મુદતની કેદ. બસેં રૂપિયા સુધી દંડ. ફટકા મારવા.
(ક) ત્રીજા વરગના માજીસ્ત્રેટોની કોરટો.	એકમહિના સુધીની મુદતની કેદ. પચાસ રૂપિયાસુધી દંડ.

જે શિક્ષા ફરમાવવાને કાયદાથી પોતાને અધિકાર હોય તેમાંની ગમે તે શિક્ષા એકઠી કરીને કાયદાસર ગમે તે શિક્ષા ફરમાવવાનો અખત્યાર હરકોઇ માજીસ્ત્રેટની કોરટને છે.

બીજા વર્ગના કોઇ માજીસ્ત્રેટને સ્થાનિક સરકારે આ બાબત વિશેષે કરીને અધિકાર આપ્યો નહીં હોય તો તેવા માજીસ્ત્રેટની કોઇ પણ કોરટે ફટકા મારવાની શિક્ષાનો હુકમ કરવો નહીં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ના આકટ ૧૦ની કલમ ૨૦ સાથે મળતીછે જે સખસ મોતની, સમુદ્રપારની, સાસનિકદ્દાસત્વની, અથવા પાંચ વર્ષ કરતાં વધારે કેદની શિક્ષા ભોગવતો હોય તેને ફટકા મારવાની શિક્ષા કરી હોય તો તે ગેરકાયદેસર છે. પ્રથમ કહેલી શિક્ષા ભોગવ્યા પછી ફટકાની શિક્ષા કરવાને બદલે જો પેહેલી ફટકાની શિક્ષા કરવામાં આવી હોય તો તે ફટકાની શિક્ષા રદ થાય છે. મદ્રાસ. હા. કો. પ્રોસી. એપે, ૧૯, ૧૮૭૬ ઇ. લો. રી. ૧ મદ્રાસ. ૫૬.

જ્યાં કેદ, દંડની શિક્ષાનો ભાગ ન હોય ત્યાં દંડ નહીં આપવામાં આવે તે બદલ એકાંત કેદની શિક્ષા થઇ શકતી નથી. ૪, કો, રૂ. ક્રી. પ્ર. ૩૭

ચૌદ દિવસ કરતાં વધારે દિવસ કેદની શિક્ષા કરવામાં ન આવી હોય તોપણ બધા ચૌદે દિવસની એકાંત કેદની શિક્ષા થઇ શકતી નથી. રાણી વિરૂદ્ધ નેનમુખ મેથર. ૩ બેં. લા. રી. પ્ર. ૪૦

દંડ ન આપે તો કેદની શિક્ષાનો હુકમકરવાનો માજીસ્ત્રેટોનોઅધિકાર.

૩૩. દંડ ન આપે તો જેટલી મુદતની કેદ કાયદા પ્રમાણે થઇ શકતી હોય તેટલી મુદતની કેદ તે દંડ ન આપે તો ઠરાવવાને હરકોઈ માજીસ્ત્રેટની કોર્ટ મુખત્યાર છે; પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ મુદત આ કાયદા પ્રમાણે તે માજીસ્ત્રેટના અધિકાર કરતાં વધતી નહીં જોઇએ.

કેટલાએક મુકદમા બાબત વિશેષ ઠરાવ.

વળી એવું પણ ઠરાવ્યું છે કે જે મુકદમામાં ફેંસલો કોઇ માજીસ્ત્રેટે કર્યો હોય અને તેમાં પહેલાની શિક્ષાના હુકમનો ભાગ કેદ ઠરાવી હોય તે મુકદમામાં દંડ ન આપેથી કેદ કરવાની જે મુદત ઠરાવી તે, દંડ ન આપેથી જે કેદ ઠરાવવામાં આવે તે શિવાય તે ગુન્હાને સારૂ જેટલી મુદતની બીજી કેદની શિક્ષા કરવાનો તે માજીસ્ત્રેટને અધિકાર હોય તે મુદતના ચતુર્થાંસ કરતાં કદાપિ વધારે ઠરાવવી નહીં.

આ કલમ પ્રમાણે જે કેદ ઠરાવવી તે, ૩૨ મી કલમ પ્રમાણે ઘણામાં ઘણી જેટલી મુદતની પેહેલાંની કેદની શિક્ષાનો હુકમ તે માજીસ્ત્રેટથી કરી શકાય તે ઉપરાંત ઠરાવવાનો અખત્યાર છે.

ટીકા—સને ૧૮૭૨ના આકટ ૧૦ ની કલમ ૩૦૯નો છેલ્લો ભાગ ફક્ત આ કલમમાં

દાખલ કરવામાં આવ્યો નથી. પણ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૬૪ અને ૬૫ અમલમાં છે તેથી દંડ બદલ શિક્ષા કરવાના અધિકારમાં કાંઇ ફેરફાર થએલો જણાતો નથી. દંડની શિક્ષા કરતી વખતે અમુક મુદતમાં દંડ આપવો તેવો હુકમ થઇ શકતો નથી.—પ્રીનસેપ.

દંડ આપ્યા છતાં કેદની શિક્ષા ભોગવી હોય તો દંડ પાછો મળતો નથી. રાણી વિ- તથા મુળા, ૪ મુ. હા. કો. રી. પ્ર. ૩૭

જુઓ ૧૮૮૨ ના હિં. ફો. કાયદાના સુધારાના આક્ટ ૮ ની કલમ ૩.

ફોજદારી કામ ચલાવવાની રીતના સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ માની કલમ ૩૦૯ ની રકમ ૩ ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૬૫ પ્રમાણે ચલાવવાની ફરજ દુર થતી નથી એકલા દંડની શિક્ષા કરી હોય ત્યારે તે દંડ નહીં આપે તો જેટલી કેદની શિક્ષા કરવાનો માજીસ્ત્રેટને અધિકાર હોય છે તેટલી કેદની શિક્ષા તે ઠરાવે એટલોજ તેમાં ઠરાવ છે. (પણ તે મુદત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૬૫ માં ઠરાવેલી છે તે કરતાં કદીજ વધારે હોવી ન જોઇએ.) પણ કેદની તથા દંડની શિક્ષા કરી હોય ત્યારે દંડ નહીં આપેથી જે કેદની મુદત ઠરાવવાને માજીસ્ત્રેટને અધીકાર છે. તે મુદતના ચતુરથાંસ કરતાં તે વધારે ન હોવી જોઇએ. મુંબાઈ હાઈકોરટ તા૦ ૨૭ ફેબ્રુઆરી સન ૧૮૭૩ આવક નંબર ૩૫૯ સન ૧૮૭૩ પૈકી માહારાણી વિરૂધ્ધ અલી માતપાના કામમાં.

કેટલાએક જિલ્લા માજીસ્ત્રેટોના વત્તા અધિકાર.

૩૪. જે જીલ્લા માજીસ્ત્રેટને ૩૦ મી કલમ પ્રમાણે વિશેષે કરીને અધીકાર આપ્યો હોય તે જિલ્લા માજીસ્ત્રેટની કોરટ કાયદા પ્રમાણે જેટલી એકાંત કેદ થઈ શકતી હોય તેટલી એકાંત કેદ સુદ્ધાં ઘણામાં ઘણા સાત વરસની મુદતની કેદની અથવા દંડની અથવા ફટકા મારવાની શિક્ષાનો અથવા આ શિક્ષાઓમાંની જેટલી શિક્ષા એકઠી કરવાનો કાયદાથી અધિકાર હોય તેટલી એકઠી શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે.

પણ ત્રણ વરસ કરતાં વધતી મુદતની કેદની શિક્ષાનો હરકોઇ હુકમ સદરહુ પ્રકારની કોઈ કોરટે કર્યો હોય તે કાયમ થવાને સેશન જડજની મંજુરી જોઈએ.

ટીકા—ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ ૩૬ એટલે સન ૧૮૮૨ ના આક્ટ ૧૦ કલમ ૩૪ માં એમ કહેલું છે કે જે કેસોમાં દંડ અથવા ફટકાની વિશેષ શિક્ષા ન ગણતાં ત્રણ વર્ષ ઉપરાંતની કેદની શિક્ષા કરવામાં આવી હોય તેવા કેસોમાં સેશન જડજથી તે શીક્ષા કાયમ થવાની જરૂર છે.

આ કલમ પ્રમાણે રાણીની વિલાયતી રૈયતની બાબતમાં થઇ શકતુ નથી.

જુદા જુદા ગુન્હા એકજ ઇનસાફના કામમાં સાબિત થયા હોય તો શિક્ષાનો હુકમ.

૩૫. જ્યારે કોઈ સખસની ઉપર એકજ ઇનસાફના કામમાં બે અથવા વધારે જુદા જુદા ગુન્હા સાબિત થાય, ત્યારે સદરહુ ગુન્હાઓને માટે ઠરાવેલી જુદી જુદી જે શિક્ષાઓ કરવાનો કોરટને અખત્યાર છે. તે શિક્ષાઓનો હુકમ તે સખસની ઉપર કરવાને તે કોરટ મુખત્યાર છે. તે શિક્ષાઓ જો કેદની અથવા સમુદ્રપારની હોય, તો કોરટ ફરમાવે તેવા અનુક્રમમાં એક પુરી થઇ રહ્યા પછી બીજી સરૂ થવી જોઈએ.

એકજ ગુન્હો સાબિત થયેથી જેટલી શિક્ષા કરવાનો તે કોરટને અખત્યાર હોય તેટલી શિક્ષા કરતાં તે જુદા જુદા ગુન્હાઓની એકઠી શિક્ષા વધારે થાય છે એટલાજ સબબ ઉપરથી કોઇ ઉપલી કોરટ આગળ ઇનસાફ થવા સારૂ તે ગુન્હેગારને મોકલવાની તે કોરટને જરૂર નથી.

શિક્ષાની ઘણામાં ઘણી મુદત. પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

(અ) કોઇપણ મુકદમામાં સદરહુ સખસને ચૌદ વરસ કરતાં વધારે મુદતની કેદની શીક્ષાનો હુકમ કરવો નહીં.

(બ) જો તે મુદતમાંનો ઇનસાફ (૩૪ માં કલમ પ્રમાણે કામ ચલાવનાર માજીસ્ટ્રેટ શિવાય બીજા) કોઇ માજીસ્ટ્રેટ કર્યો હોય તો પોતાની મામુલ મત ચલાવતાં જેટલી શિક્ષા કરવાનો તે માજીસ્ટ્રેટને અધીકાર હોય તે શિક્ષાના બમણી શિક્ષા કરતાં તે એકઠી શિક્ષા વધારે નહી હોવી જોઇએ.

મંજુરીનાં અથવા અપીલનાં કારણ સારૂ, એકજ ઇનસાફના કામમાં સાબીત થયેલા જુદા જુદા ગુન્હાઓને માટે આ કલમ પ્રમાણે એકઠી કરેલી શિક્ષા ફરમાવી હોય તે એકજ શિક્ષા છે એવું સમજવું.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૧૪ ને બદલે રચવામાં આવી છે અને છેલો પારેગ્રાફ નવો છે.

જે કેશમાં બે અથવા વધારે ગુન્હાઓની એકત્ર શિક્ષા કાળા પાણીની કરી હોય તે કેશમાં કરેલી શિક્ષામાંની એક અથવા વધારે શિક્ષા સાત વરસની કેદની હોય તો તે કામમાં બે અથવા વધારે ગુન્હાઓની એકત્ર શિક્ષા સમુદ્રપારની કરવી ગેરકાયદેસર છે વી. રી. ૧ ચા. એલ. મુદ્રક કારા. ૨ વુ રી ૧ ક્રિસ્ટો સુન્દર ડેબ. કોતો. ૫, તનુરામ અલી, ક. વુ. રી. ૪૪; શોના આેલાદ અને બીજો; ૫ વુ. રી ૪૪

દરેક ગુન્હાની જુદી જુદી શીક્ષા કરવામા આવે તો એક શીક્ષાનો અમલ થઇ ગયા પછી બીજી શીક્ષાનો અમલ કરવો એવું સ નના ઠરાવમાં બતાવવું જોઇએ વારંટમાં પણ તેજ પ્રમાણે લખવું જોઇએ. મદ્રાસ હાઇકોરટ સને ૧૮૭૩ તા૦ ૨૩ મી ડીસેંબરનું પ્રોસીડીંગ.

એક કામમાં ત્રણ જુદા જુદા ગુન્હાઓ બદલ ચાર વરસની સખત મંજુરી સાથે કેદની એકજ શિક્ષા કરવામા આવી હતી તમાં નામદાર મુબઇની હાઇકોરટે તે શિક્ષા ભુલ ભરેલી રીતની છે એમ બતાવ્યું કે જો અપીલમાં એક બે ગુન્હાઓની શિક્ષા રદ કરવામાં આવે તો સામટી શિક્ષામાંથી કેટલી શિક્ષા કેદીઓને ભોગવવી બાકી રહી ત નક્કી થઈ શકે નહીં. મુ. હા. કો. રીપોટ વા. ૪ પ. ૨૭

ચોરી કરવાના ઇરાદાથી ખાતર પાડવાના તથા માણસના રહેઠાણ તરીકે મકાન ઘર વપરાતુ હોય તે મકાનમાં ચોરી કરવાના ગુન્હા બદલ જુદી જુદી શિક્ષા કરવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે. એવી સરતે બંને ગુન્હાઓના સામટી શિક્ષા સાબીત થયેલા બે ગુન્હાઓમાંની જે ગુન્હાની શિક્ષા વધારે હોય ત શિક્ષા કરતા ત સામટી શિક્ષા વધારે હોવી ન જોઇએ અને જે કોરટે ગુન્હેગારને શિક્ષા કરી હોય તે કોરટને જેટલી શિક્ષા કરવાનો અધિકાર હોય તે અધિકાર કરતાં સદરહુ સામટી શિક્ષા જાસ્તી હોવી ન જોઇએ.—અનવરખાન વલદે ગુલખાન, ૯ મુ. ૧૭૩ ફુલ બેન્ચ.

એકજ ઘરની એકજ કોટડીમાંથી બે જુદા જુદા માણસોના માલ એક સખ્સે ચોરી હોય તો ચોરીના બે ગુન્હા ગણી જુદી જુદી શિક્ષા તેને ન થઈ શકે.—વી. ૧૧ પ. ૩૮

એક સખસપર એકજ પ્રકારના કેટલાક ગુન્હા કર્યાનું તોહોમત આવ્યું હોય ને માજીસ્ટ્રેટે તેના દરેક ગુન્હાનો જુદો જુદો ઇનસાફ કર્યો હોય તો તે સઘળા ગુન્હાની સામટી

શિક્ષા માજીસ્ટ્રેટ પોતાની સાધારણ હકુમત કરતાં બમણી કરી શકે એમ નથી. પણ તેમાં-ના દરેક ગુન્હાની શિક્ષા જુદી જુદી પોતાની સાધારણ હકુમત મુજબ કરી શકે-દૌલતીઆ અને બીજો, ઈંડીયન લા. રીપોર્ટ અલ્હાબાદ, વા. ૩ પ્ર. ૩૦૫

એકજ શખસ ઉપર બે જુદે જુદે ઠેકાણે અને તેજ તારીખે જુદા જુદા ગુન્હાઓ કર્યાની સાબીતી થાય તો કરેલી શિક્ષા અવસ્ય કરીને જુદા જુદા ગુન્હાની છે એમ સમજવું અને જો એક મહીનાના મુદતની અંદર દરેક ગુન્હો બન્યો હોય અને ફુલપાવર માજીસ્ટ્રેટે તે મુકદમાઓનો ઇનસાફ કર્યો હોય તો અપીલ થઈ શકે નહિં. એકજ વખતે જુદા જુદા બનેલા ગુન્હાઓની જુદી જુદી શિક્ષા કરી હોય તો તે શિક્ષા એકત્ર ગણવી ન જોઈએ. જુદા જુદા ગુન્હાઓ, જેનો ઈનસાફ એકજ વખતે થયો હોય તે ગુન્હાઓ બદલ કરેલી જુદી જુદી શિક્ષાઓ એક શિક્ષા ગણવા સારૂ આ કલમ રચનામાં કાંઇ આધાર નથી, પણ એથી ઉલટું જો કેદી ઉપર જુદા જુદા ગુન્હા સાબીત થાય તો તે દરેક ગુન્હા બદલ કાયદામાં ફરમાવ્યા મુજબ જુદી જુદી શિક્ષા કરવાને કોરટ બંધાએલી છે અને તે શિક્ષાની મુદત પુરી થયા બાદ બીજી ભોગવે. જે અમુક કોર્ટ મુકદમાઓનો ઇનસાફ કરતી તે કોરટને શિક્ષા કરવાનો અધિકાર હોય તે શિક્ષાની હદજ (એક અપવાદ સહીત) વિશે કહેલું છે. આ કલમનો એવો હેતુ છે કે જ્યારે કોઇ સખસ ઉપરના બધા ગુન્હાઓની ઇનસાફ એકઠો કરી જે ગુન્હાઓ સાબીત થાય તે દરેક ગુન્હાની અમુક શિક્ષા કરવી કે જેથી કરી જો અપીલમાં એક અથવા વધારે ગુન્હા સાબીત થાય તો કેટલી શિક્ષા કમી કરવી તે જણાય-૬ રી. ક. ક. રી. ૨. જુલાઇ ૩. ૧૮૮૬

નામદાર કલકત્તા હાઇકોરટે એમ ઠરાવ્યું છે કે જો એક તોહોમતમાં બે જુદા જુદા ગુન્હાઓ અને તેમાંની દરેકની સાબીતી સારૂ જુદો જુદો પુરાવ હોય તો દરેક ગુન્હાને સારૂ જુદી જુદી શિક્ષા કરવી જોઇએ અને એક શિક્ષા ભોગવી રહ્યા બાદ બીજી શરૂ થવી જોઇએ પણ જો બે અથવા વધારે ગુન્હાઓ એકજ અથવા એક જેવા પુરાવાથી સાબીત થતા હોય તો જે ગુન્હો કાયદામાં ભારે ગણાય અને જેને પુરાવાનો ઘણો ભાગ લાગુ પડે તો તે ગુન્હો સાબીત ગણી તોહમતદારને તેનો ગુન્હેગાર ગણવો. અને બાકીના ગુન્હાઓ વિશે તેને નિરદોશ ઠરાવવો અપીલમાં જો હાઇકોરટની નજરમાં વ્યાજબી આવે તો જે ગુન્હાનું તોહોમત ફરમાવેલું હોય અને જેમાંથી મુકત કરી કેદીને છોડી મુકયો હોય તેમાથી ગમે તે ગુન્હો સાબીત ઠરાવે અને શિક્ષા, પ્રમાણમાં ઓછી કરે. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું છે કે જો કોઈ કેદીપર ઘણા ગુન્હા સાબીત ગણ્યા પછી સેસન જડજની નજરમાં આવે કે બધા ગુન્હાઓની સામટી શિક્ષા જન્મ પર્યંત સમુદ્રપારની કરવી જોઇએ અને કેદીએ કરેલા ગુન્હાઓમાંથી હરકોઇ ગુન્હાની શિક્ષા તે કાયદાસર પણ અતિશય છે તોપણ એવા ગુન્હા બદલ એવી શિક્ષા તે કરી શકે અને બાકીના ગુન્હાઓને સારૂ પ્રથમની શિક્ષાના કારણથી કાંઇ શિક્ષા કરી નથી એમ તેણે લખવું જોઇએ.

જ્યારે એક આસીસ્ટંટ સેશન જડજે કેટલાક ગુન્હાને સારૂ એકજ સજા કરી હતી, ત્યાં મુંબાઈ હાઇકોરટે એમ ઠરાવ્યું કે દરેક જુદા જુદા તોહમત ઉપર જુદી જુદી સજા ન કરવી એ ગેરસીરસ્ત છે પરંતુ તે કાંઇ ભુલ કે ખોડ નથી કે જેનાથી હાયકોર્ટથી એ સજા ફેરવી શકાય કે રદ કરાય (આ આકટની કલમ ૨૮૩)-રાણી વિ. વિનાયક ત્રીંબક અને બીજા. ૨ મુંબાઇ હાયકોર્ટ રીપોર્ટસ ક્રાઉન ૩૯૧

જો કોઈ એક સજા પુરી થઇ રહી ન હોય તેના અજાણમાં એક (બીજી) સજા તરત અમલમાં લાવવા હુકમ કર્યો હોય તો વારંટ ફેરવતાં કાંઇ અડચણ નથી ૩ વી. રી. ક્રીમીનલ લેટર, ૧૬ સજા કરનારી કોર્ટ સજા ફેરવી શકે નહીં પણ વારંટ રાજાને અનુકુળ આવે તે રીતે ફેરવી શકાય.

કેદની સજાનો હુકમ થયા પછી તરતજ તે સરૂ થવી જોઇએ પરંતુ કાયદેસર કારણ હોય તો તે મોકુફ રાખી શકાય. સને ૧૮૬૧ ના આકટ ૨૫ ની કલમ ૪૬, ૪૭ અને ૪૮ (એટલે આ આકટની કલમ ૩૫, ૩૯૬ અને ૩૯૭) માં ઠરાવેલા કેસો સિવાય માજીસ્ત્રેટે પોતે કરેલી સજા મોકુફ રાખવા હુકમ કરી શકે નહીં. ક્ષેત્રચંદ અને ભટાચરજીના કામમાં, ૩ બંગાળા, લો, રી. અપેલેન્ટ ક્રીમીનલ જ્યુરીસડીકશન, ૫૦

સમુદ્રપારની સજા સાત વરસ કરતાં ઓછી મુદતની હોવી ન જોઈએ. એક કેદીને એક ઇનસાફી મુકદમાગાં જુદા જુદા તોહમતોનો (૧) જુઠી સાક્ષી આપવાનો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ મુજબ અને જુઠો દસ્તાવેજ બનાવ્યાનો કલમ ૪૬૭ મુજબ ગુન્હેગાર ઠેરવ્યો હતો, અને પેહેલા ગુન્હાને સારૂ સાત વરસની સમુદ્રપારની સજા કરી અને બીજા ગુન્હાને સારૂ વધારે ત્રણ વરસની સમુદ્રપારની સજા કરી. અહીં ત્રણ વરસના સજા ગેરકાયદેસર ગણી રદ કરવામાં આવી.—રાણી વિ. ગોરચંદરાય ૮. વુ. રી. ક્રી. રૂ. ૨ રાણી વિ. તોનુરામમાલી અને બીજા ૩ વુ. રી. ક્રી. રૂ. ૪૪. સાં. ૨.

ક—સાધારણ અને જાસ્તિ અધિકાર.

માજીસ્ત્રેટોનાસાધારણ અધિકાર.

૩૬. સર્વે જીલ્લા માજીસ્ત્રેટોના તથા પેટા ટુકડી માજીસ્ત્રેટોના તથા પેહેલા, બીજા અને ત્રીજા વરગના માજીસ્ત્રેટોના અધિકાર આ કાયદામાં આગળ તેમને આપેલા છે અને ત્રીજા પરિશિષ્ટમાં વિશેષ કરીને કહેલા છે તે પ્રમાણે સમજવા. સદરહુ અધિકારોને તેમના"સાધારણ અધિકાર કહેવા.

માજીસ્ત્રેટોને જે જાસ્તી અધિકાર આપી શકાય તે.

૩૭ માજીસ્ત્રેટના સદરહુ સાધારણ અધિકાર સિવાય વળી હરકોઇ પેટા ટુકડી માજીસ્ત્રેટને અથવા પેહેલા અથવા બીજા અથવા ત્રીજા વર્ગના હરકોઈ માજીસ્ત્રેટને જે અધિકારો સ્થાનિક સરકારથી અથવા જીલ્લા માજીસ્ત્રેટથી અપાય એવું ચોથા પરિશીષ્ટમાં વિશેષે કરીને કહેલું છે તેવા હરકોઇ અધિકાર તેને, સ્થાનિક સરકાર અથવા જીલ્લા માજીસ્ત્રેટ (જેમ હોય તેમ) આપવાને મુખત્યાર છે.

અધિકાર આપવા સબંધી જીલ્લા માજીસ્ત્રેટોનાઅધિકાર બાબત નિબંધ.

૩૮. ૩૭ મી કલમથી જીલ્લા માજીસ્ત્રેટને આપેલો અધિકાર સ્થાનિક સરકારના નિરબંધ હેઠળ રહીને ચલાવવો.

ડ.—અધિકાર આપવા, જારીરાખવા તથા રદ કરવા બાબત.

અધિકાર આપવાની રીત.

૩૯. આ કાયદા પ્રમાણે અધિકાર આપવા તે સ્થાનિક સરકાર હુકમ કરીને અમુક માણુસોને તેમના નામથી અથવા તેમના હોદ્દાના સબબથી અથવા અમલદારોના સામાન્ય વરગોને તેમના હોદાના નામથી અધિકાર આપવાને મુખત્યાર છે.

જે માણુસને સદરહુ પ્રમાણે અધિકાર આપ્યો હોય તે માણુસને જે તારીખે સદરહુ હુકમ જણાવવામાં આવે તે તારીખથી સદરહુ પ્રકારનો દરએક હુકમ અમલમાં આવશે.

ટીકા—જે માણુસને સદરહુ પ્રમાણે અધિકાર આપ્યો હોય તે માણુસને જે તારીખે સદરહુ હુકમ જણાવવામાં આવે તે તારીખથી સદરહુ પ્રકારનો દરેક હુકમ અમલમાં આ

બશે એ જે કલમના છેલ્લા ભાગમાં ઠરાવ છે તે નવો છે. જુઓ મહમદ ઇસાક ઇ. લા. રી. ૬. કલકત્તા પ્ર. ૪૪૭

જે અમલદારોની બદલા થઈહોય તેમના અધિકાર જારી રાખવા.

૪૦. સરકારી નોકરીમાં કોઇ માણસ કાંઈ હોદ્દા ઉપર હોય તે ગાળુસને હરકોઇ સ્થાનિક સીમામાં સઘળે ઠેકાણે આ કાયદા પ્રમાણે હરકોઈ અધિકાર આપ્યા હોય અને તેજ સ્થાનિક સરકારના તાબાની તેવીજ સ્થાનિક સીમામાં તેવાજ પ્રકારના સરખા હોદ્દા ઉપર અથવા તે કરતાં ઊંચા હોદ્દા ઉપર તેના બદલી થાય, ત્યારે સ્થાનિક સરકાર બીજી રીતનો હુકમ ન કરે અથવા તેણે બીજી રીતનો હુકમ કર્યો નહીં હોય તો જે સ્થાનિક સીમામાં પોતાના એ પ્રમાણે બદલી થઇ હોય તેમાં તેણે તેજ અધિકાર ચલાવ્યા કરવા.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ ૫૬ ને બદલે રચવામાં આવી છે ખાસ કરીને જે અધિકાર આપાય છે તેવો અધિકાર આપેલ અમલદારની બદલી કરવામાં આવે ત્યારે જ્યાં બદલી થઇ હોય ત્યાં તેણે એ ખાસ રીતે આપેલો અધિકાર ચલાવવો કે કેમ તે નક્કી કરવા માટે આ કલમ છે સ્થાનિક સરકાર પોતાની સ્થાનિક હદમાં કોઈ અમલદારની બદલી કરે ત્યારે સ્થાનિક સરકાર બીજી રીત ન ફરમાવે તો પોતે જે અધિકાર ચલાવતો તે ચલાવવા આ કલમ ફરમાવે છે આગલા હોદ્દાનો ખાસ રીતે આપેલો અધિકાર બીજે તે અમલદાર જાય ત્યાં પણ તેને અંગે ચોટેલો આવેલો છે એ આ કલમમાં અગત્યનો સુધારો થયો છે ૨ ઇ. લા. રી (કલકત્તા) પાને ૧૧૭ મે પરશરામ બરહુવાનો કેસ છપાયો છે તેમાં બતાવેલી અડચણ દુર કરવા માટે આ નવી બાબત દાખલ કરી છે. એ કેસમાં એક જગોથી બીજી જગોએ બદલી થાય ત્યારે બીજી જગાએ પેહલા હોદ્દાનો ખાસ આપેલો અધિકાર આપ્યા વગર ચલાવી શકાય નહીં એવું ઠરાવ્યું હતું હવે તેજ સ્થાનિક સરકાર પોતાના તાબાના મુલકમાં બદલી કરે તો એ અધિકાર બજાવાય બીજી સ્થાનિક સરકારના તાબામાં જાય તો તે અધિકાર તે સ્થાનિક સરકાર આપે ત્યારે બજાવાય.

અમલદારની બદલી થાય અને તેના જગોએ બીજો આવી ચારજ લેતા પછી આગલા અમલદારથી તે કોરટનો કોઇ કેસ ચલાવી શકાય નહીં તેણે સજા કરી હોય તે રદ જાય. રાણા વિ. આનંદરાઉ ઇ. લા. રી. (મું.) વા. ૩ પ્ર (૫૬૩)

અધિકાર રદ કરવાનો અખત્યાર છે.

૪૧ હરકોઇ માણસને આ કાયદા પ્રમાણે સ્થાનિક સરકારે અથવા તેના તાબા માંહેના હરકોઈ અમલદારે જે અધિકાર આપ્યા હોય તે પાછા લેઈ લેવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

ભાગ ૩ જો.

સામાન્ય ઠરાવો.

બાબ ૪ થો.

માજીસ્ત્રેટોને તથા પોલીસને તથા પકડનારા માણસોને મદદ તથા ખબર આપવા બાબત.

માજીસ્ત્રેટોને તથા પોલીસને લોકોએ ક્યારે મદદ કરવી.

૪૨ ઇલાકાના મુખ્ય શેહેરોની અંદર કે બહાર કોઇ માજીસ્ત્રેટ અથવા પોલીસ અમલદાર હેઠળ લખેલી બાબતોમાં જે માણસની વ્યાજબી રીતે મદદ માગે તેવાં દરેક માણસે તેને મદદ કરવી જોઇએ.

(અ) બીજા કોઇ પણ માણસને પકડવાનો સદરહુ માજીસ્ત્રેટને અથવા પોલીસ અ-

મલદારને અધિકાર હોય તેવા માણસને પકડવામાં; અથવા

(બ) સુલેહના ભંગનો અથવા હરકોઈ રેલવે, નેહેર, ટેલીગ્રાફ, અથવા સાર્વજનિક મિલકતને નુકશાન કરવાની કોસીસનો અટકાવ કરવામાં; અથવા

(ક) હંગામો અથવા બખેડો બંધ પાડવામાં.

જે આ કલમમાં "ઇલાકાના મુખ્ય શેહેરોની બહાર કે અંદર" "વ્યાજબી રીતે" અને રકમ (બ) માં "હરકોઇ રેલવે, નેહેર, ટેલીગ્રાફ, અથવા સાર્વજનિક મિલકતને" એટલી બાબતનો વધારો કરેલો છે.

ટીકા—જે ગુન્હા થતા અટકાવવામાં લોકો મદદ કરવાને તથા ખબર આપવાને બંધાએલા છે તે ગુન્હામાં સાર્વજનિક મિલકત, રેલવે તથા નેહેરોને નુકશાન કરવાની કોસીસોના ગુન્હા ઉમેર્યા છે.

આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૯૧ ને મળતી છે તથાપી આમાં કેટલોક સુધારો કરવામાં આવેલો છે આ કલમનો અર્થ સરકારી નોકરો કાયદેસર કાંઈ કામ કરતા હોય તેમાં યોગ્ય મદદ માગે તો દરેક માણસે આપવી પણ તે મદદ બની શકે તેવી હોય તો તે નહીં કરનાર ગુન્હેગાર થાય છે.

એક માજીસ્ત્રેટે એક ગામના જાગીરદારને એવો હુકમ કીધો કે અમુક ચોરીનો પત્તો પંદર દિવસમાં મેળવી આપવો અને તે કામમાં પોલીસને મદદ કરવી, આ પ્રમાણે નહીં વરતવાથી જાગીરદારપર કામ ચાલેલું તેમાં અલહાબાદ હાઈકોરટે એવું ઠરાવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૯૦ અને ૯૧ પ્રમાણે આવો હુકમ માજીસ્ત્રેટ કરી શકતો નથી, અને તેથી હુકમનું અપમાન કીધાનો ગુન્હો થતો નથી. ઈ. લા. રી. અલહાબાદ વા. ૩ પ. ૨૦૧

પોલીસઅમલદાર સિવાય બીજો જે સખસ વારંટ બજાવતો હોય તે સખસને મદદ આપવા બાબત.

૪૩ જ્યારે પોલીસ-અમલદાર સિવાય બીજા કોઈ સખસના નામનું વારંટ કરવામાં આવે, ત્યારે જે સખસના નામનું તે વારંટ કર્યું હોય તે સખસ નજદીક હોય અને વારંટ બજાવવાનું કામ કરતો હોય તો બીજો કોઈ પણ સખસ તે વારંટ બજાવવામાં મદદ કરવાને મુખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૬૩ ને મળતી છે તેનો મતલબ એવોછે કે જ્યારે પકડવાનું વારંટ પોલીસ-અમલદાર સીવાય હરકોઇ ત્રાહીત માણસના નામનું કાઢવામાં આવ્યું હોય ત્યારે કોઇ બીજો સખસ પાસે હોય તો તે વારંટ બજાવનાર સખસને તે વારંટ બજાવવામાં મદદ કરી શકે, " મદદ કરી શકે" એટલે કે મદદ કરવા તે બંધાએલો છે એવું સમજવું નહિ. તેની મરજી હોય અને બજાવણી કરનાર તે મદદ માગે તો તે કરી શકે. તેની મરજી હોય અને બજાવણી કરનાર મદદ ન માગે તો બીજો સખસ મદદ કરવાને બંધાએલો નથી.

પોલીસના અમલદાર શિવાય બીજા સખસને ગુન્હેગારને પકડવાના વારંટ આપવા વિશેની કલમ ૭૭–૭૮ જુઓ. આ કલમ પ્રમાણે મદદ આપવાનું મરજી ઉપરછે, કાંઈ ફરજ નથી કારણ કે મદદ કરવાને મુખત્યાર છે એ શબ્દો આ કલમમાં વાપર્યાછે, મદદ કરવી એમ નથી.

લોકોએ અમુક ગુન્હાઓની ખબર આપવી.

૪૪. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૧ મી, ૧૨૧ અ, ૧૨૨મી, ૧૨૩ મી, ૧૨૪ મી, ૧૨૪ અ, ૧૨૫ મી, ૧૨૬ મી, ૧૩૦ મી, ૩૦૨ જી, ૩૦૩ જી, ૩૦૪ થી, ૩૮૨ મી, ૩૯૨ મી, ૩૯૩ મી, ૩૯૪ મી,

૩૯૫ મી, ૩૯૬ મી, ૩૯૭ મી, ૩૯૮ મી, ૩૯૯ મી, ૪૦૨ જી, ૪૩૫ મી, ૪૩૬ મી, ૪૪૯ મી, ૪૫૦ મી, ૪૫૬ મી, ૪૫૭ મી, ૪૫૮ મી, ૪૫૯ મી, અને ૪૬૦ મી, કલમ પ્રમાણે શિક્ષા થઇ શકતી હોય એવો હરકોઇ ગુન્હો કરયા વિશે અથવા કરવાના બીજા હરકોઇ સખસના ઇરાદા વિશે ઇલાકાના મુખ્ય શેહેરોની અંદર કે બહાર જે સખસ જાણતો હોય તેવા દરેક સખસે, વ્યાજબી સબબ નહી હોય તો, પાસેમાં પાસેના માજીસ્ત્રેટને અથવા પોલીસ-અમલદારને તે બાબતની ખબર તાબડતોબ આપવી, વ્યાજબી સબબ છે તે સાબિત કરવાનો બોજો સદરહુ પ્રમાણે જાણનાર સખસને માથે છેએવું સમજવું.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૮૯ ને મળતી છે પણ તેમાં એક અગત્યની બાબત નવી દાખલ કરવામાં આવી છે કે આગલા કાયદામાં આ કલમમાં બતાવેલી કલમો વિરૂધના ગુનાહ થયા વીશેની ખબર આપવાની લોકો ઉપર ફરજ નાંખવામાં આવી હતી પણ આ કલમમાં હવે તેવા ગુન્હા કરવાના ઇરાદા વિશે પણ ખબર આપવાની ફરજ નાંખવામાં આવીછે.

આ કલમમાં બતાવેલી પીનલકોડની કલમો વિરૂદ્ધના ગુન્હા નિચે પ્રમાણે છે.

૧૨૧—રાણીની સામે લઢાઇ કરવી અથવા લડાઇ કરવાની કોશીશ કરવી અથવા લડાઇ કરવામાં મદદગારી કરવી.

૧૨૧—અ—રાજ્ય વિરૂદ્ધ કેટલાએક ગુન્હા કરવા સારૂ સંપ કરવો.

૧૨૨—રાણીની સામા લડાઇ કરવાના ઈરાદાથી હથિયારો વિગેરે એકઠાં કરવાં.

૧૨૩—લડાઇનું કામ સહેલ કરવાના ઈરાદાથી લડાઈની ધારણા છુપાવવી.

૧૨૪—કાંઇ કાયદેસર અખત્યાર અમલમાં આણાવવા અથવા ન આણાવવાના ઇરાદાથી ગવરનર જનરલ, ગવરનર વિગેરેપર હુમલો કરવો.

૧૨૪—અ—એદીલી ઉત્પન્ન કરવી અથવા એદીલી ઉત્પન્ન કરવાની કોશીસ કરવી.

૧૨૫—રાણીની સાથે મૈત્રી અથવા સલાહ રાખનારા એશિયાના કોઇ રાજા ઉપર લડાઇ કરવી અથવા તેવી લઢાઈ કરવામાં મદદગારી કરવી.

૧૨૬—રાણીની સાથે મૈત્રી અથવા સલાહ રાખનારા કોઇ રાજાના મુલક ઉપર લુટ કરવી.

૧૩૦—કોઈ રાજકીય અથવા લડાઇના કેદીને નાસી જવા દેવામાં સહાય કરવી, છોડાવવો અથવા ઘરમાં રાખવો અથવા તેને પાછો પકડે તેમાં સામા થવું.

૩૦૨—ખુન.

૩૦૩—જન્મ ટીપના ગુન્હેગારે કરેલું ખુન.

૩૦૪—ખુનથી ઉતરતા દરજ્જાનો શીક્ષણિય મનુષ્યવધ વિગેરે.

૩૮૨—ચોરી કરવા સારૂ અથવા ચોરી કર્યા પછી નાસી જવા સારૂ, અથવા ચોરીથી મળેલી મિલકત પાછી રાખવા સારૂ, મોત, વ્યથા અગર અટકાવ કરવાની, અગર મોત, વ્યથા, કે અટકાવનો ભય ઉત્પન કરવાને તૈયારી કરીને પછી ચોરી કરવી.

૩૯૨—અપહરણ.

૩૯૩—અપહરણ કરવાની કોસીસ.

૩૯૪—અપહરણ કરવામાં, અગર અપહરણની કોશીસમાં બુદ્ધિપુર્વક વ્યથા કરવી, અથવા અપહરણ કરવામાં સામેલ રહેવું.

૩૯૫—ડેકોઇટી.

૩૯૬—ડેકાઈટીમાં ખુન.

૩૯૭—ખુન અથવા ગહાવ્યથા કરવાની કોસીસની સાથે અપહરણ અથવા ડેકાઇટી.

૩૯૮—કાંઇ ભયંકર શસ્ત્ર ધારણ કરયું હોય તો તે વખતે અપહરણ અથવા ડેકાઇટી કરવાની કોશીસ.

૩૯૯—ડેકાઇટી કરવાની તૈયારી કરવી.

૪૦૨—ડાકાઈટી કરવાના કારણસર મળેલા પાંચ અથવા વધારે સખસોમાં હોવું.

૪૩૫—સો રૂપીઆનો કે વધારે નુકસાનો કરવાના ઇરાદાથી અગ્નીવડે, અથવા અવાજ સાથે ફુટે એવા પદાર્થ વડે બીગાડ કરવો.

૪૩૬—કાંઇ ઘર વિગેરેનો નાશ કરવાના ઇરાદાથી, અગ્નીવડે અથવા અવાજ સાથે ફુટે એવા કોઇ પદાર્થવડે બીગાડ કરવો.

૪૪૯—મોતની શિક્ષા થઈ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગૃહપ્રવેશ કરવો.

૪૫૦—જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગૃહ પ્રવેશ કરવો.

૪૫૬—રાતરે ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૭—કેદની શિક્ષા થઇ શકે, એવો ગુન્હો કરવા સારૂ રાત્રે ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું વીગરે.

૪૫૯—ગુપ્ત ગૃહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુનોહ કરતાં કોઈને ગહાવ્યથા કરવી.

૪૬૦—ઘણા સખસો રાતરે ઘર ફોડવા વાગેરેમાં સામેલ હોય, અને તેઓમાંનો કોઇ એક મોત અથવા મહાવ્યથા કરે તો.

આ કલમમાં જે ગુનાહ બતાવેલા છે તે થયા વીશેની કીંવા તે થવાના છે એવા ઇરાદા વીશેની ખબર આપવામાં ન આવે તો તે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૬—૨૦૨ વીરૂધનો ગુનાહ થાય છે.

ગામના મુખીઓએ જમીનદારોએ અને બીજાઓએ અમુક બાબતોની ખબર આપવી જોઇએ.

૪૫. દરએક ગામના મુખીએ, ગામના રખવાળે, ગામના પોલીસ અમલદારે, જમીનના ધણીએ અથવા ભોગવટો કરનારે, તથા તે ધણીના અથવા ભોગવટો કરનારના મુખત્યારે તથા સરકારની તરફથી અથવા કોરટ આફ વાર્ડસની તરફથી મેહેસુલ અથવા જમીનનું ગણોત વસુલ કરવાના કામ ઉપર જે અમલદારોને નીમ્યા હોય તે દર એક અમલદારે હેઠળ લખેલી વાતો બાબત જે ખબર પોતાને મળે તે પાસેમાં પાસેના માજીસ્ત્રેટને અથવા પાસેમાં પાસેનું પોલીસ થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને (એ બેમાંથી જે વધારે પાસે હોય તેને) તાબડતોબ આપવી જોઇએ.

(અ) જે ગામનો પોતે મુખી, રખવાળ, અથવા પોલીસ અમલદાર હોય તે ગામમાં અથવા જે ગામમાં પોતાની જમીન હોય અથવા પોતે જમીનનો ભોગવટો કરતો હોય અથવા મુખત્યાર હોય અથવા ગણોત અથવા મેહેસુલ કરતો હોય તે ગામમાં ચોરીની મિલકત લેનારા અથવા વેચનારા હરકોઇ મશહુર માણસનું કાયમ અથવા કામ ચલાઉ રહેવાનું ઠેકાણું છે એ વાત બાબત;

(બ) ફલાણો માણસ ઠગ, અપહરણ કરનાર, નાહાશી ગયેલો ગુન્હેગાર અથવા ઢંઢેરો પ્રસિદ્ધ કરેલો ગુન્હેગાર છે એવું પોતાને માલમ હોય અથવા વ્યાજબી રીતે શક હોય તે માણસ સદરહુ ગામમાંની કોઇ જગાએ આવતો જતો હોય અથવા સદરહુ ગામમાં થઈને જતો હોય તે બાબત;

(ક) મુદરહુ ગામમાં અથવા ગામની પાસે જામીન નહી લઈ શકાય તેવો હરકોઇ ગુન્હો કર્યાની વાત અથવા કરવાનો ઇરાદો હોય તે વાત બાબત;

(ડ) સદરહુ ગામમાં કાંઇ પણ આકસ્મિક અથવા સૃષ્ટિક્રમવિરૂદ્ધ મોત થયાની વાત અથવા શક ભરેલી હકીકતમાં કાંઈ પણ મોત થયાની વાત બાબત તાબડતોબ ખબર આપવી જોઇએ.

ખુલાસો.—આ કલમમાં "ગામ એ શબ્દમાં ગામની જમીનોનો સમાવેશ થાય છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૯૦ ને મળતી છે તથાપી તેમાં કેટલોક સુધારો કરવામાં આવ્યો છે, રકમ (અ) માં ચોરીનો માલ લેનાર વગેરે કાયમ અથવા કામ ચલાઉ રેહેવાનું ઠેકાણું છે, એવા શબ્દો વધ્યા છે રકમ (બ) માં ઠગ વિગરે પોતાના ગામને રસ્તે થઇ જતા હોય તે વિશે પણ ખબર આપવાનીબાબત વધારી છે રકમ (ક) માંથી સતી થવાની બાબત કાઢી નાંખી છે. આ રકમમાં જામીન નહી લઇ શકાય તેવા ગુન્હાની ખબર આપવા ફરજ નાખી છે તે જામીન નહી લઇ શકાય તેવા ગુન્હા માટે આ આકટના પરિશિષ્ટ ૨ નું આસન ૫ મું જોવું. રકમ (ડ) માં શક પડતી હાલતમાં થયેલા મોતની પણ ખબર આપવાની બાબત વધારી છે. એક માણસ માત્ર ગામના માલિકનો મુખત્યાર હોય અને તેના તરફથી કોરટમાં કામકાજ વખતે કરતો હોય તો તે મુખત્યાર ઉપર આ રકમમાં બતાવેલા મુખત્યારના જેવી ફરજ નથી. મધુસુદન ચકરબતી ૨૩ વી. રી. પ્ર. ૬૦

આ કલમ પ્રમાણેની ફરજ કોઈ ગામના માલિક વિગરેએ બજાવી નહીં એવું તોહમત તેમની ઉપર હોય તે વખતે એ માલિકે (અ) જાણીજોઈને એ ખબર આપવામાં કસુર કરી (બ) જે ગુન્હાની ખબર તેણે ન આપી તે ગુન્હો બરોબર કોઇએ કર્યો હતો અને (ક) તે થયો છે એવું તેણે જાણ્યું હતું એ ત્રણે હકીકત દેખાવી જોઇએ એવું ઠરયું છે. રાણી વિરૂધ્ધ અહમદઅલી અને બીજા. ૨૨. વી. રી. પ્ર. ૪૨.

એક ચોરીનો પતો પંદર દીવસમાં મેળવી આપવા અને એ કામમાં પોલીસને મદદ કરવા માજીસ્ત્રેટે એક ગામના માલિકને હુકમ કર્યો તેમાં ઠરાવવામાં આવ્યું કે આવા હુકમ માજીસ્ત્રેટો કરી શકતા નથી કેમકે આ કલમની કોઈ રકમમાં ચોરીનો પતો મેળવી આપવા વિગરે બાબતની મતલબ નથી. કેસરેહીંદ વિરૂદ્ધ બક્ષીરામ અને બીજાઓ, ૩ ઈ. લા. રી. (અલ્હાબાદ) પ્ર, ૨૦૧

ગામડાના હિસાબ રાખનાર ઉપર કીંવા ગામડાના મુનસફના સીપાઇ ઉપર આ કલમમાં બતાવેલી બાબતની ખબર આપવાની ફરજ નથી. રામીનો હાંનેયાર ૧ લા. રી. (મદ્રાસ) પ્ર૦ ૨૬૬

જુના ક્રી. પ્રો. કો, ક. ૯૦ એટલે આ કલમ પ્રમાણે જે બાતમી આપવી કાયદા પ્રમાણે જરૂર છે એવી બાતમી ન આપ્યા બદલ કોઈના ઉપર આરોપ મુકયો હોય તો તે કામમાં જે કૃત્ય બન્યા બદલ આરોપિતે જાણી બુજીને બાતમી આપવાને ત્યાગ કર્યું તે કૃત્ય કયા અપરાધનું છે અને તે અપરાધ કયા માણસે કર્યો છે અને તે અપરાધ બન્યા બદલ આરોપિતને માહીત હતું, એટલી વાત સ્પષ્ટ દેખાઇ આવવી જોઈએ. આ કામમાં તેમ નથી માટે તોહોમત અને શિક્ષા રદ કરવાં જોઇએ અને અરજદારને કરેલો દંડ જો તેણે ભર્યો હોય તો તે તેને પાછો આપવો. સરકાર વિરૂદ્ધ અહમદઅલી અને બીજા. કલકતા. હા. કો. રી. વા. ૨૨ પાનુ ૪૨

જે કામમાં પોલીસે બીજી રીતે ગુન્હા વિશે ખબર મેળવેલી હોય તેવા કામમાં જે સખસ પોલીસને તે ગુન્હા સબંધી ખબર આપવાની કસુર કરે તો તે સખસ ઉપર કલમ ૪૫ માં કહેલા ઠરાવનો અમલ કરવો નહીં—મહારાણી વિ. સશી જુસન ચકરબતિ. અરજદાર સશી જુશન ચકરબતિના કામમાં ઈ. લા. રી. કલકતા વા. ૪ પ્ર. ૬૨૩

બાબ ૫ મો.

પકડવા, નાહાશી જવા, તથા ફરીથી પકડવા બાબત.

અ.—પકડવા બાબત સામાન્ય ઠરાવો,

પકડવું તે કેવી રીતે

૪૬. કોઇ સખસને પકડવો તે એવી રીતે કે જે પોલીસ અમલદાર અથવા બીજો સખસ પકડતો હોય તેણે તે સખસના શરીરને ખરેખર અડકવું અથવા કેદ કરવું; પણ જો તે સખસ કાંઇ બોલીને અથવા કાંઈ કરીને પેહેરાને તાબે થાય તો તેમ કરવું નહીં.

પકડવાની કોસીસની સામા થવું.

જો સદરહુ સખસ પોતાને પકડવાની કોસીસની સામે જબરદસ્તી કરે અથવા પોતે ન પકડાય એવી કોસીસ કરે, તો તેને પકડવા સારૂ જે જે ઉપાયો કરવા જરૂર હોય તે સરવે ઉપાયો કરવાને સદરહુ પોલીસ અમલદાર અથવા બીજો સખસ મુખત્યાર છે.

જે સખસની ઉપર મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા કરવા લાયક કોઇ ગુન્હાનુ તોહમત આવ્યું ન હોય તે સખસનું મોત આણવાનો હક આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી આપવામાં આવતો નથી.

ટીકા—વારંટ જોવા માગે તો બતાવવું જોઈએ જુઓ ક. ૮૦ "અથવા પોતે ન પકડાય તેવી કોસીસ કરે" એ શબ્દો નવા છે. આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૭૭-૧૭૮ ને મળતી છે.

વારંટથી પકડવાનો હુકમ થયો હોય તે સખસને કેમ પકડવો તેની રીત માટે આ કલમ છે. હું તાબે થાઉછું એવું તોહમતદાર કહે અથવા પોતાની મેળે પોલીસના હવાલામાં આવી જાય તો તેના શરીરને અડકવાની જરૂર નથી. શરીરના કયા ભાગને અડકવું તે આ કલમમાં બતાવેલું નથી. પણ ઘણુંકરી તેને હાથે પકડી કબજે કરવામાં આવે છે શરીરને અડકતાં સાધારણ બુધ્ધિ વાપરવી જોઇએ એટલે કે તોહમતદારના હાથ બાંધી તે સાથે તેના માથા ઉપર વાળ હોય તેને પણ પ્રતિબંધમાં લાવવાની જરૂર નથી. પકડતી વખતે તે સખસ માગે તો પકડવાનુ વારંટ તેને બતાવવું જોઇએ

જે સખસને પકડવો હોય તે જે જગામાં પેઠો હોય તે જગાનો ઝાડો લેવા બાબત.

૪૭ જો પકડવાના વારંટ પ્રમાણે કામ કરનારા હરકોઇ સખસને અથવા પકડવાના અધિકારવાળા હરકોઈ પોલીસ અમલદારને એવું માનવાનું કારણ હોય કે જે માણસને પકડવો છે તે ફલાણી જગામાં પેસી ગયો છે અથવા ફલાણી જગોમાં છે, તો જે માણસ સદરહુ જગામાં રેહેતો હોય અથવા જે માણસના હવાલામાં સદરહુ જગા હોય તે માણસે ઉપર કહ્યા પ્રમાણે કામ કરનારા સખસને અથવા સદરહુ પોલીસ અમલદારને તેની માગણી ઉપરથી તે જગામાં વગર અડચણે જવા દેવો, અને તેમાં શોધ કરવા સારૂ સઘળા પ્રકારની યોગ્ય મદદ આપવી જોઇએ.

ટીકા—ગુન્હેગારને ઘરમાં રાખવાથી ઈં. ફો. કા. ક. ૨૧૨, ૨૧૬ માં કહેલી શિક્ષા થઇ શકે છે અને કોઇ સખસને કાયદેસર પકડતાં અટકાવ કરવો તે ગુન્હાને માટે કલમ ૨૨૫ પ્રમાણે શિક્ષા થઇ શકેછે. આવો ઝાડો લેવામાં સાક્ષીઓની જરૂર નથી.

જે ખાનગી સખસોને વગર વારંટે પકડવાનો કાયદાથી અધિકાર ન હોય તે સખસોની પાસે વારંટ હોય તો તેઓ પણ આ કલમ પ્રમાણે કરી શકે છે. આ કલમમાં માગણી ઉપરથી એવા જે શબ્દો છે તે ઉપરથી એમ સમજવાનું છે કે ફક્ત એમ કહેવું કે અમુક

માણુસ અગારે પકડવાનો છે એટલું બસ નથી પણ હરકોઇ જગામાં પેસવાનું પોતાનું શું કામ છે અને શા આધારથી તે જગામાં પેસવા માગે છે તે આ કલમ પ્રમાણે પકડવાને પેસનાર સખસે પેસતાં અવશ્ય બતાવવું જોઇએ. આબરૂદાર લોકો દિવસના અગર રાત્રીના કોઈ પણ કલાકે વગર આધારે માગણી કરવા ઉપરથી પોતાનાં મકાન ઉઘાડી આપવાને બંધાએલા નથી. અમુક જાતના શબ્દ બોલાને માગણી કરવી એમ જરૂર નથી. જે મકાનમાં પેસવાનું હોય તે મકાનમાં રહેનાર અગર ભોગવટો કરનારને ખબર હોય કે તે મકાનમાં પેસનાર સખસ કાંઇ પણ અધિકારથી પેસવા માગેછે અને ગેરવ્યાજબી પ્રવેશ કરનાર તરીકે પેસતો નથી અને શો અધિકાર છે તે અધિકાર બતાવવાનો તેના પાસે છે તો એટલી બસ છે અને એ મકાનવાળાએ પોતાના મકાનમાં પેસવા દેવો જોઇએ. આ કલમ પ્રમાણે માગણી દિવસે અગર રાત્રીના વખતે ગમે ત્યારે થઈ શકે છે.

આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૯૯ અને ૧૭૯ ને બદલે રચવામાં આવી છે. ગુન્હેગાર ગુન્હો કરી કોઇ જગોમાં છુપી ગયો હોય તેને પકડવા માટેની ઘટતી શોધ કરી આપવા તે જગોના માલીક વીગેરેના ફરજ છે તો પણ માલીકની જાણ વગર ગુન્હેગાર આ પ્રમાણે ભરાઈ બેઠો હોય તો તેથી જગાનો માલીક ગુન્હેગાર થતો નથી જાણી જોઈને કોઇ ગુન્હેગારને ઘરમાં રાખવો એ કૃત્ય ગુન્હા ભરેલું છે. જુઓ ઇં. પે. કોડ કલમ ૨૦૨—૨૦૬ આ કલમમાં જગો મજકુરના માલીક ઉપર જે ફરજ નાખી છે તે પ્રમાણે વારંટ બજાવનાર પોલીસ અમલદારને અમલ કરવામાં જાણી જોઇને હરકત કરવામાં આવે તો તે માલીક વીગેરે ગુન્હેગાર થાય છે. જુઓ ઇં. પે. કો. કલમ ૧૫૬—૨૨૫ પકડવા માટે જોઇતી મદદ આપવામાં ન આવે તો પણ ગુન્હો છે. જુઓ. ઇ. પે. કો. કલમ ૧૮૬

ખોટું વારંટ લઇ કોઇ પોલીસ અમલદાર કોઇ જગોમાં પેશી તેમાંથી કોઈ સખસને પકડી જાય તો તેણે ઇં પે. કો. કલમ ૪૫૨ વિરૂધ ગુન્હો કરયો કહેવાય—રાણી વીરૂધ નંદમોહન સીરકાર વીકલી રીપોટ ૧૨. પ્રે. ૩૩.

અગર અંદર ન જવાયતો શું કરવું

૪૮. અગર ૪૭ મી કલમ પ્રમાણે સદરહું જગામાં જઇ શકાતુ નહી હોય તો ગમે તે પ્રસંગે વારંટ પ્રમાણે કામ કરનારા સખસને અને જે પ્રસંગે વારંટ કાહાડવાનો અધીકાર હોય પણ જે સખસને પકડવો છે તેને નાહાસી જવાનો તક આપ્યા વગર તે વારંટ મળી શકતુ ન હોય એવે કોઈ પણ પ્રંસગે કોઇ પોલીસ—અમલદારને સદરહુ જગામાં પેસીને તેમાં શોધ કરવાનો અખત્યાર છે, અને.

તેણે પોતાનો અખત્યાર તથા આવવાનું કારણ જાહેર કરયા પછી તથા મને પેસવા દો. એમ યોગ્ય રીતે કહ્યા પછી તેને અંદર જવાનો બીજી રીતે લાગ ન મળે તો તેને સદરહુ જગામાં પેસવાને માટે કોઇ પણ ઘર અથવા જગાના બાહારનો કે માંહેનો દરવાજો અથવા બારી ફોડવાનો અખત્યાર છે, પછી તે ઘર કે જગા જે માણુસને પકડવો છે તેની હોય કે કોઇ બીજા સખસની હોય તો પણ.

ઝનાનો ફોડવા બાબત.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારની કોઇ જગા ઓરડો હોય અને તેમાં (જે સખસને પકડવો હોય તે સખસ ન હોય એવી)કોઇ બાઈડી ખરેખાત રેહેતી હોય અને તે બાઇડી રિવાજ પ્રમાણે ચાર લોકમાં મોહોડુ દેખાડતી ન હોય તો સદરહુ સખસે અથવા પોલીસ-અમલદારે સદરહુ ઓરડામાં પેસતા પેહેલાં સદરહુ બાયડીને ખબર આપવી કે તમને એ ઠેકાણેથી નિકળીને બીજે

ઠેકાણે જવાની છુટ છે, તથા તે બાયડીને ત્યાંથી નિકળી જવું જેમ સેહેલ પડે તેવો દરએક ઘટતો ઉપાય કરવો, અને પછી તે સદરહુ ઓરડો ફોડીને તેમાં પેસવાને મુખત્યાર છે.

ટીકા—આ કલમના પેહેલા ભાગના બદલે જુના આકટમાં કલમ ૧૦૦ હતી તેમાંથી "જે સખસને પકડવાનો છે તેને નાશી જતો અટકાવવાને જે જે પેરવી કરવી જરૂર હોય તે તે કરીને તુરત કોઇ માજીસ્ત્રેટને ખબર આપવી" એ શબ્દો કહાડી નાખ્યા છે.

આ કલમના બીજા ભાગને બદલે જુના આકટમાં ક. ૧૮૦ હતી તેમાં અને આ કલમના બીજા ભાગમા કાંઇ તફાવત નથી આ કલમ નોનકાગ્નીઝેબલ કેસને માટે રચવામાં આવીછે. કાગ્નીઝેબલ કેસમાં પણ આ કલમ પ્રમાણે થઇ શકેછે. જુઓ ક. ૬૬ અને ૬૭

છુટકારાનાં કારણ સારૂ દરવાજા તથા બારીઓ ફોડવાનો અધિકાર.

૪૯. જે પોલીસ-અમલદારને અથવા બીજા સખસને પકડવાનો અધિકાર આપ્યો હોય તે પોલસ-અમલદારને અથવા બીજા સખસને કોઇ પણ ઘરનો અથવા જગાનો બાહારનો અથવા માંહેનો દરવાજો અથવા બારી ખુદ પોતાને છોડવવા સારૂ, અથવા પકડવા સારૂ કાયદાસર રીતે પેઠેલા જે માણસને તે ઘરમાં અથવા જગામાં અટકાવી રાખ્યો હોય તેને છોડવવા સારૂ તોડીને રસ્તો કરવાનો અખત્યાર છે.

નકામો પ્રતિબંધ કરવો નહી.

૫૦ પકડેલા સખસને નાહાસી જતો અટકાવવાને માટે જરૂર હોય તે કરતાં વધારે પ્રતિબંધ કરવો નહી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૮૨ ને બદલે રચવામાં આવી છે. પકડેલો સખસ નાહાશી ન જાય તે માટે જરૂર હોય તેટલો બંદોબસ્ત કરવો એવી મતલબના મોઘમ શબ્દો આ કલમમાં છે

પોલીસ અમલદારો કેદીને પકડવામાં જરૂર હોય તે કરતાં વધારે દબાણ કરે તે માટે સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ૨૯ માં નીચે પ્રમાણે સરકારનો ઠરાવ છે.

પોલીસ અમલદાર પોતાને જે કરવું જોઈએ તેથી ઉલટી રીતે ચાલશે અથવા યોગ્ય અધિકારીએ કરેલી કાનુન અથવા કાયદો અથવા કાયદા સર હુકમ જાણી જોઈને તોડશે અથવા તેની ગફલત કરશે અથવા પરવાનગી વગર અથવા બે મહીના આગમચ સુચના આપ્યા વગર પોતાના હોદાનુ કામ છોડશે અથવા પોલીસના કામ શીવાય બીજુ કાંઈ કામ હુકમ વગર માથે લેશે અથવા બીહીકણુ પણુ કરશે અથવા પોતાના તાબા માંહેના કોઇ માણસને આધાર વગર મારકુટ કરશે તેની ઉપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થશે એટલે તે ઘણામાં ઘણા ત્રણ મહીનાના પગાર સુધી દંડને અથવા ઘણામાં ઘણા ત્રણ મહીના સુધી સખ્ત મજુરી સાથે અથવા સખ્ત મજુરી વગર કેદની શીક્ષાને અથવા એ બંને શીક્ષાને પાત્ર થશે.

ફકત પકડેલો સખસ નાસી ન જાય તે સારૂ આ કલમનો અમલ કરવાનો છે તેથી દરેક પકડેલા તહોમતદારને હાથ કડી કરવી તે કેવળ ગેરકાયદે છે. નાસવાનું યત્ન કરે અથવા પકડાવવાને હરકત કરવાને સામો થાય અગર નાશી જશે એવું માનવાનું પુરતુ કારણ હોય ત્યારે હાથ કડી કરી શકાય છે. જો જાઇએ તે કરતાં વધારે સખ્તાઇ અને જોર જુલમ વાપરવામાં આવ્યું હોય તો પોલીસ અમલદાર સદરહુ કહ્યા પ્રમાણે ગુન્હેગાર થાયછે.

જ્યારે સીતળાવાળા સખસોને પકડયા હોય ત્યારે તે સખસોને બીજા તોહોમતદાર સખસોથી જુદા રાખવામાં કાંઇ ગેરકાયદેસર નથી. બંગાળા સરકાર નં. ૨૯૪૦ તા. ૧ જુલાઇ સને ૧૮૭૦

પકડેલા સખસોનો ઝાડો લેવા

૫૧. જે વારંટમાં જામીન લેવા બાબત લખ્યું નહી હોય તેવા વારંટ ઉપરથી કોઇ પોલીસ અમલદારે કોઇ સખસને પકડયો હોય ત્યારે, અ-

બાબત. — થવા જે વારંટમાં જામીન લેવા બાબત લખ્યું હોય તેવા વારંટ ઉપરથી કોઇ પોલીસ–અમલદારે કોઇ સખસને પકડયો હોય પણ તે સખસને જામીન મળતો નહી હોય ત્યારે, અને

કોઇ સખસને વગર વારંટે અથવા કોઈ ખાનગી સખસે વારંટ ઉપરથી પકડયો હોય અને કાયદાસર તેના જામીન લઇ શકાતા ન હોય અથવા તે જામીન આપી શકતો નહી હોય ત્યારે.

પકડનારો અમલદાર અથવા, પકડવાનું કામ કોઇ ખાનગી સખસે કરયું હોય ત્યારે પકડેલા સખસને તે જે પોલીસ–અમલદારને હવાલે કરે તે પોલીસ–અમલદાર સદરહુ સખસનો ઝાડો લેવાને તથા તેના શરીર ઉપર જરૂરનાં પેહેરવાનાં કપડાં સિવાય બીજી વસ્તુ જડે તે સઘળી સંભાળીને રાખવાને. મુખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૮૭ ને બદલે રચવામાં આવી છે અને તેના શબ્દોમાં સેજ સુધારો કરવામાં આવ્યો છે,

તહોમતદાર પાસેથી લીધેલા માલની પોલીસ અમલદારે શી વ્યવસ્થા કરવી તે માટે જુઓ આ કાયદાના કલમ ૫૨૩ નો પહેલો પેરેગ્રાફ.

કયા ગુનાહ માટે જામીન લઈ શકાય તે માટે જુઓ આ કાયદાના પરિશિષ્ટ ૨ જાનું આસન ૫ મું.

ખાનગી માણસો કયા કયા ગુનાહ કરનારને પકડી શકે છે તેને માટે જુઓ આ કાયદાની કલમ ૫૯.

પકડેલા સખસ પાસેનાં મારવાનાં હથીયાર લઇ લેવા માટેના નીયમ માટે જુઓ કલમ ૫૩

બાયડીઓનો ઝાડો લેવાના રીત. — ૫૨ જ્યારે કોઇ બાયડીનો ઝાડો લેવડાવવાની જરૂર હોય ત્યારે લોકલજ્જા ઉપર પક્કી રીતે નજર રાખીને બીજી કોઇ બાયડી પાસે તે ઝાડો લેવડાવવો.

મારવાનાં હથીયાર લઇ લેવાનો અધિકાર. — ૫૩ આ કાયદા પ્રમાણે પકડનારો અમલદાર અથવા બીજો સખસ પકડેલા સખસની પાસે જે કાંઇ મારવાનાં હથીયારો હોય તે તેની પાસેથી લેવાને મુખત્યાર છે. અને પકડેલા સખસને આ કાયદા પ્રમાણે જે કોરટના અથવા અમલદારની આગળ પકડનારા અમલદારે અથવા સખસે રજુ કરવો જોઈએ તે કોરટને અથવા અમલદારને ઉપર લખ્યા પ્રમાણે સઘળાં હથિયારો તેણે સ્વાધિન કરવાં.

બ.—વગર વારંટે પકડવા બાબત.

વગર વારંટે પકડવાને પોલીસ કયારે મુખત્યાર છે. — ૫૪. કોઇ પણ પોલીસ–અમલદાર માજીસ્ત્રેટના હુકમ વગર તથા વગર વારંટે હેઠળ લખેલા સખસોને પકડવાને મુખત્યાર છે—

પેહેલું—જે સખસ હરકોઇ કાગ્નિઝેબલ ગુન્હામાં સામીલ થયો છે અથવા જે સખસની ઉપર સદરહુ પ્રમાણે સામિલ થયો છે એવા વ્યાજબી ફરિયાદ કરવામાં આવી હોય અથવા ખાત્રી લાયક ખબર મળી હોય અથવા વ્યાજબી શક રેહેતો હોય તે સખસને;

બીજુ—જે સખસના કબજામાં ઘર ફોડવાનું કાંઇ ઓજાર કાયદેસર કારણ વગર હોય તે સખસને; કાદેયસર કારણ સાબીત કરવાનો બોજો તે સખસને માથે છે એમ સમજવું.

ત્રીજુ—જે સખસને આ કાયદા પ્રમાણે અથવા સ્થાનીક સરકારના હુકમથી ઢંઢેરો કાહાડીને ગુન્હેગાર તરીકે પ્રસિદ્ધ કર્યો હોય તે સખસને;

ચોથું—આ ચોરીની મિલકત છે એવો વ્યાજબી રીતે શક હોય તેવી કાંઇ પણ વસ્તુ જે સખસના કબજામાં જડે અને જેણે સદરહુ વસ્તુના સબંધમાં કાંઈ ગુન્હો કર્યો છે એવો વ્યાજબી રીતે શક હોય તે સખસને;

પાંચમું—કોઇ પોલીસ-અમલદારને પોતાનું કામ કરવામાં જે સખસ હરકત કરે તે સખસને, અથવા જે સખસ કાયદાસર પેહેરામાંથી નાહાસી ગયો હોય, અથવા નાહાસી જવાની કોશિસ કરતો હોય તે સખસને;

છઠું—મલીકા મઆઝમાની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંથી ફલાણો સખસ નાહાસી ગયો છે એવો વ્યાજબી રીતે શક હોય તે સખસને.

આ કલમ કલકત્તા તથા મુંબઇ એ શેહેરોમાં પોલીસને લાગુ છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ કલમ ૯૨ ને બદલે રચવામાં આવીછે એ કલમ ૯૨ ની ત્રીજી રકમ આ કલમમાં દાખલ કરી નથી. એટલે કે તે ત્રીજી રકમ કાઢી નાંખવામાં આવી છે. અને તેને બદલે ત્રીજી રકમ દાખલ કરીછે તે કોડલી વોંગસ્ટનની કલમ ૫૦૩ ઉપરથી દાખલ કરવામાં આવી છે.

ગામનો ચોકીદાર એ આ કલમના અર્થ પ્રમાણે પોલીસ-અમલદાર નથી. કેસરેહીંદ વિરૂદ્ધ કાલુ ૩ ઈ. લા. રી. (અલ્હાબાદ) પ્ર. ૬૦

એક હંગામાના ગુન્હામાં એક માણસ સખ્ત રીતે જખમી થયો તેમાં ઠરાવવામાં આવ્યું કે પહેલો હુમલો કરનાર કોણ છે તે વિચારમાં લીધા વગર પોલીસ પોતાની ફરજ બજાવવા બંધાએલી છે. પોલીસે તેમની સત્તાનો ગેર ઉપયોગ કર્યો ન હોય તો કાયદા પ્રમાણે પોલીસનો બચાવ થવો જોઇએ. રાણી વિરૂદ્ધ દામુર્સીંગ. ૮ વી. રી. પ્ર. ૨૬.

ઢંઢેરો કહાડીને ગુન્હેગાર તરીકે પ્રસિદ્ધ કર્યો ન હોય અથવા તેને ખુન કરતાં નજરે જોએલો ન હોય ત્યારે કોઇપણ ગામનો રખેવાળ અથવા ચોકીદાર પોતે જે ગામનો રખેવાળ હોય તે ગામની હદ બાહાર જે માણસપર ખુના ગુન્હાનું તોહોમત હોય તેવા ગુન્હેગારને પોતે સરકારી નોકર તરીકે પકડવાને બંધાએલો નથી; માટે એ ચોકીદાર જો એવા ગુન્હેગારને બીજા ખાનગી સખસના કહેવાથી પકડવાને ના પાડે તો હીં૦ ફોજદારી કાયદાની કલમ ૨૨૧ પ્રમાણે ગુન્હેગાર નથી.—માહારાણી વી. કાલુ અને બીજો ઇ. લા. રીપોટ અલ્હાબાદ વા૦ ૩૦ પ્રં૦ ૬૦

એક પોલીસ અમલદારે પોતાના ઊપરીને પુછયું કે ફરીયાદીનો મુચરકો લેવો કે નહીં તે દરમ્યાન ફરીયાદીને કેદ રાખ્યો, એમાં એમ ઠરાવવામાં આવ્યું કે આ કેદ કાંઇ વ્યાજબી કારણ સિવાયની હતી પરંતુ એમ માલમ પડયું કે તેણે પોતાના અધિકાર ઊપરાંત પણ શુદ્ધ બુદ્ધિથી કામ કર્યું હતું માટે નામદાર હાઇકોરટે ઠરાવ્યું કે હકીકત ઉપરથી ગેરવ્યાજબી અટકાવનો ગુન્હો થઇ શકતો નથી સબબ તેમાં કાંઇ બદદાનત નહોતી અને કલમ ૩૩૯ અને ૩૪૦ માંહેલું કોઈ કૃત્ય કરવાનો ઈરાદો નહોતો અને તે એવો અટકાવ નહોતો કે જેને વાસ્તે શિક્ષા થઇ શકે—અદરૂલ હુસેન વીકલારીપોટ ૨૪ પ્રં૦ ૫૧

વારંટ વગર પકડવાને સારૂ કેટલે દરજ્જે સુધી ભારે જુલમ વાપરવો તે બાબત નામદાર કલકતા હાઇકોર્ટ નીચે પ્રમાણે લખે છે,

કામના કાગળો અને નીચેની કોર્ટના જજમેન્ટ ઉપરથી હાઇકોર્ટને એમ દેખાયું કે કેદી ફરીયાદીને ચોર જાણી ચોકીદાર તરીકે પકડવાને બંધાએલો હતો, જો ફરીયાદીને ચોર

ગણવામાં ભુલ હોય તો તે હકીકતની ભુલ છે પણ કાયદાની ભુલ નથી, તેથી કેદીને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૭૬ તથા ૭૯ માં જે ઠરાવ છે તેનો લાભ મળવો જોઇએ; માટે કેદીએ મહાવ્યથાનો ગુન્હો કર્યો છે એમ ઠરાવી શકાતુ નથી. મુળ માજીસ્ત્રેટે એમ ઠરાવ્યું છે કે કેદીએ ફરીયાદીને વગર કારણે ઘાયલ કર્યો છે પણ જડજ સાહેબ માજીસ્ત્રેટના અભિપ્રાયથી તદન જુદા પડયા છે. જડજ સાહેબના ઠરાવ પ્રમાણે એમ સાબીત થયું છે કે ફરીયાદી મરણીયો થઇ સામો થયો. અને તેણે નાસી જવાને યત્ન કીધો, તેથી કેદી એમ માનતો હતો કે જો તે નાહાસી જશે તો તે બાબત હું જવાબદાર થઇશ, એવી સમજથી તેને પકડવાનો બીજો ઈલાજ નહીં માલમ પડવાથી કેદીએ ભાલાથી ફરીયાદીને ઘાયલ કર્યો. પરંતુ ઘા એવો પ્રાણઘાતક નહોતો કે ફરીયાદીનો જીવ જાય. આવી હકીકત છે ત્યારે ચોકીદારે કાંઇ ગુન્હો કર્યો છે એમ ઠરાવી શકાતું નથી અને ભટકતા ચોરને પકડવાના ઇરાદાથી જ્યારે તેને પકડવાનો બીજો કાંઇ ઇલાજ સુજ્યો નહીં ત્યારે પોતાની જવાબદારી ઉતારવાને જરૂરીયાત જોર જુલમ વાપરવાને તેણે વ્યાજબી કર્યું છે. મરણીયા ચોરને પકડવાને માટે ઘા કર્યા સિવાય બીજો ઈલાજ હતો નહીં તેમ છતાં જો કેદીને શિક્ષા કરવામાં આવે તો પછી આ ફરીયાદીની માફક જે ચોરો નાહાશી જવાનો યત્ન કરશે તેઓ પકડાવાના નથી, રાણી વિરૂદ્ધ પ્રતાપ વીકલીરીપોર્ટ ૨ પ્ર૦ ૯

ભટકનારાઓ તથા અપહરણ કરવાની ટેવ હોય તેવા સખસો વીગેરેને પકડવા બાબત

૫૫. અને તેમજ જેના હવાલામાં કોઈ પોલીસ થાણું હોય તેવો હરકોઈ અમલદાર હેઠળ લખેલા સખસોને પકડવાને અથવા પકડાવવાને મુખત્યાર છે. એટલે—

(અ) સદરહુ અમલદાર થાણાની હદમાં કોઇ પણ સખસ પોતે નજરે ન પડે એવો પૂર્વોપાય કરતો માલુમ પડે અને તે સખસ કાંઇ કાગ્નિઝેબલ ગુન્હો કરવાના હેતુથી સદરહુ પૂર્વોપાય કરે છે એવું માનવાનું કારણ પ્રસંગ ઉપરથી દેખાતું હોય તો તે સખસને; અથવા.

(બ) સદરહુ થાણાની હદમાં જે સખસની પાસે પોતાનાં ગુજરાનને માટે કાંઇ સાધન જણાતું નહીં હોય, અથવા જે પોતાને વિશે ખુલાસા ભરેલા જવાબ આપી શકતો નહીં હોય તે સખસને; અથવા.

(ક) જે સખસને અપહરણ કરવાની, ઘર ફોડવાની અથવા ચોરી કરવાની અથવા ફલાણી મિલકત ચોરીની છે એમ જાણીને તે ચોરીની મિલકત લેવાની ટેવ છે એવી રીતે મસહુર હોય તે સખસને, અથવા જેને જબરાઇથી કહડાવવાની ટેવ છે અથવા જબરાઇથી કહડાવવાનાં કારણ સારૂ કોઈ સખસોને હાની કરવાનો ભય દેખાડવાની અથવા હાની કરવાનો ભય દેખાડવાની કોશીશ કરવાની ટેવ છે એવી રીતે મસહુર હોય તે સખસને.

ટીકા—વારંટ સિવાય આ કલમમાં બતાવેલી પકડવાની સતા ફક્ત જે પોલીસ અમલદારના પોતાના તાબામાં પોલીસનું થાણું છે તે ચલાવી શકે છે અને આવા પોલીસ અમલદારને પોતાના હાથ નિચેના અમલદારને કલમ ૫૬ મુજબ અમુક સખસને પકડવા વિશે લેખી હુકમ આપવાની સતા છે.

પકડયાનો રિપોર્ટ તાકીદે કરવો અને કેવે પ્રસંગે પકડવામાં આવ્યોછે તે બાબત જરૂરીયાત પુરાવા લેઇ મોકલવો કે જે ઉપરથી માજીસ્ત્રેટ કલમ ૧૦૯-૧૧૦ પ્રમાણે કામ ચલાવી શકે.

જુ૦ આ૦ કલમ ૯૨ એટલે આ આકટની કલમ ૫૪ પ્રમાણે કોઇ સખસને હર કોઇ પોલીસ અમલદાર પોતાની ખુશીથી પકડી શકે. સદરહુ કલમમાં કહેલા પ્રસંગે જે પોલીસ અમલદારના હવાલામાં ચોકી હોય તેવા ઉપરી અમલદારને પોતાના તાબાના અમલદાર પાસે જો કોઇ સખસને પકડાવવો હોય તો કલમ ૫૬ મુજબ લખીત વાર હુકમ આપવો જોઇએ અને તે હુકમમાં કોને પકડવાનો છે અને શા ગુન્હા સારૂ તે દરસાવવું જોઇએ. અને કલમ ૫૫ મુજબ પકડેલા માણસને જે માજીસ્ટ્રેટના રૂબરૂ આણ્યો હોય તે માજીસ્ટ્રેટે બાબ ૮ ની કલમ ૧૦૯-૧૧૧ મુજબ ચાલવું જોઇએ.-સૈયદ હુસેન અલી ચોદ્રી વીકલીરીપોટ ૮ પ્ર.૩૪

ગુપ્ત રહેવું, ઉદર નિર્વાહના સારા સાધન રહીત હોવું. અને પોતાના વિશે સંતોષ કારક હેવાલ આપવામાં નિષ્ફળ થવું એ ત્રણે જુદા જુદા ગુન્હા છે આ ત્રણમાંથી એક ખરાબ ચાલ સિદ્ધ કરવાને માટે બસ છે.

ખરાબ રીતે ઉદર નિર્વાહ કરવા સબંધી મુકદમા કાગ્નિઝેબલ છે તેથી જે અમલદારના હવાલામાં પોલીસની ચોકી છે તે અમલદાર તે મુકદમાનો તપાસ કરી શકે છે.

જે સખસોને કોઇ વિશેષ કે સ્થાનિક કાયદા પ્રમાણે કેદમાં રાખ્યા હોય તેમને સને ૧૮૭૦ ના ૨૭ મા આકટ પ્રમાણે શિક્ષા થઈ શકે છે.

પોલીસ-અમલદાર વગર વારંટે પકડવા સારૂ પોતાના તાબા માંહેના અમલદારને મોકલે ત્યારે કેમ કરવું.

૫૬ જેના હવાલામાં કોઈ પોલીસ-થાણું હોય એવો હરકોઈ અમલદાર, જે સખસને વગર વારંટે પકડવાનો કાયદેસર અધિકાર હોય તે સખસને (પોતાની સમક્ષ નહીં પણ બીજી) રીતે વગર વારંટે પકડવાનું પોતાના તાબા માંહેના કોઈ પણ અમલદારને ફરમાવે, ત્યારે તે સખસને પકડવાનું જે અમલદારને પોતે ફરમાવે તે અમલદારને તેણે એક હુકમ લખીને આપવો. અને તે હુકમ મધ્યે કયા સખસને પકડવો છે તે, તથા કયા ગુન્હાને માટે તેને પકડવો છે તે લખવું.

ટીકા—કોઇ પોલીસ અમલદારે પોતાના ઉપરી અમલદારની સમક્ષ અને તેના મોંઢાનાજ હુકમથી કોઇ સખસને પકડયો હતો તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે તે સખસને ઉપરી અમલદારે પકડયો છે અને કાયદેસર રીતે પકડયો છે એમ ગણવું.—શેખઅમુ, ૧૧ વુ. રી. પ્ર. ૨૦.

એક કામમાં પોલીસના ઊપરી કાન્સટેબલે પોતાના દેખતાં પોતાના તાબાના કાન્સટેબલ પાસે એક ડેકોઇટીના ગુન્હેગારને પકડાવ્યો તે વ્યાજબી ગણવામાં આવ્યું છે.—રાણી વિરૂધ સેખ અ. મુ. વીકલીરીપોટ ૧૧ પ્ર૦ ૨૦

નામ તથા રેહેવાનુ ઠેકાણું આપવા નેનાપાડવાબાબત.

૫૭. કોઇ પોલીસ-અમલદારની સમક્ષ કોઇ પણ સખસ કાંઇ નાનકાગ્નિઝેબલ ગુન્હો કરે અથવા એવો ગુન્હો કરવાનું તેના ઉપર તોહોમત મુકવામાં આવે અને કોઇ પોલીસ-અમલદારના કહ્યા ઊપરથી તે સખસ પોતાનુ નામ તથા રેહેવાનુ ઠેકાણું આપવાને ના પાડે અથવા એવુનામ અથવા રેહેવાનું ઠેકાણું આપવાનું આપે કે જે ખોટું છે એમ સદરહુ અમલદારને માનવાનુ કારણ હોય ત્યારે તેનું નામ અથવા રેહેવાનું ઠેકાણુ શું છે તે ખોળી કહાડવા માટે સદરહુ અમલદાર તે સખસને પકડવાને મુખ્ત્યાર છે; અને તેને પકડયા પછી ચોવીસ કલાકમાં પાસેમાં પાસેના માજીસ્ટ્રેટના પાસે મોકલી દેવો પણ તે મુદત પુરી થતાં પેહેલાં તેનુ ખરૂ નામ તથા રેહેવાનું ઠેકાણું જણાયાથી તેને કોઇ માજીસ્ટ્રેટની આગળ હાજર થવાનું ફરમાવવામાં આવે તો એ પ્રમાણે હાજર થવા બાબતનુ ખત તે કરી આપે એટલે તેને છુટો કરવો.

ટીકા—આ કલમ પ્રમાણે નાનકાગ્નિઝેબલ ગુન્હાની તપાસ પેહેલા અથવા બીજા વર્ગના માજીસ્ટ્રેટના ખાસ હુકમ વગર પોલીસ અમલદારથી થઇ શકતી નથી પણ જો કોઇ પોલીસ અમલદારને નાનકાગ્નિઝેબલ ગુન્હાની ફરીયાદ કરવામાં આવે તો કલમ ૧૫૫ પ્રમાણે તે ફરીયાદ તેણે ફરીયાદ બુકમાં નોંધી લેવી જોઇએ.

બીજી હકુમતમાં ગુન્હેગારોની પાછળ જવા બાબત.

૫૮. જે સખસને આ બાબ પ્રમાણે પકડવાનો અધિકાર કોઈ પોલીસ અમલદારને હોય તે સખસને વગર વારંટે પકડવાના કારણ સારૂ તે પોલીસ-અમલદાર બ્રિટિસઇંડિયામાંની હરકોઈ જગામાં સદરહુ સખસની પાછળ જવાને મુખત્યાર છે.

ટીકા—જુના આકટથી જે સખસ ઉપર કાગ્નિઝેબલ ગુન્હાનુ તોહોમત આવ્યું હોય તેવાજ સખસોને પોલીસ અમલદાર પકડી શકે એમ હતું પણ આ કલમમાંતો વિશેષ એટલુ છે કે આ બાબ મુજબ જે સઘળા ગુન્હાની બાબતમાં તે વગર વારંટે પકડી શકે તેવા સઘળા ગુન્હાઓની બાબતમાં આ કલમ પ્રમાણે કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

ખાનગી સખસોએ પકડવા બાબત.

૫૯. કોઇ સખસ જામીન નહીં લઈ શકાય તેવો અને કાગ્નિઝેબલ ગુન્હો કોઇ ખાનગી સખસના દેખતાં કરે તો તે ખાનગી સખસ તેને પકડવાને મુખત્યાર છે; અને કોઇ સખસ ગુન્હેગાર છે એવું જાહેરનામું કાહાડયું હોય તો તેને પકડવાને કોઇ પણ ખાનગી સખસ મુખત્યાર છે.

સદરહુ પ્રમાણે પકડયા પછી શું કરવું.

અને સદરહુ પ્રમાણે પકડેલા સખસને તેણે નકામી ઢીલ કર્યા વગર કોઈ પોલીસ-અમલદારને સ્વાધિન કરવો; અથવા, પોલીસ-અમલદારની ગેરહાજરીમાં, સદરહુ સખસને પાસેમાં પાસેના પોલીસથાણામાં લઇજવો.

સદરહુ સખસને ૫૪ મી કલમના ઠરાવો લાગુ પડેછે એમ માનવાનું કારણ હોય, તો તેને કોઇ પોલીસ-અમલદારે ફરીથી પકડવો.

તેણે કાંઈ નાનકાગ્નિઝેબલ ગુન્હો કરયો છે એમ માનવાનું કારણ હોય. અને કોઇ પોલીસ-અમલદારના પુછવાથી તે પોતાનું નામ અથવા રેહેવાનું ઠેકાણું આપવાને ના પાડે, અથવા એવું નામ અથવા રેહેવાનું ઠેકાણું આપે કે જે ખોટું છે એમ માનવાનું સદરહુ અમલદારને કારણ હોય, તો તેની તજવીજ ૫૭ મી કલમના ઠરાવો પ્રમાણે કરવી. તેણે કાંઈ ગુન્હો કર્યો છે એમ માનવાનું કાંઇ કારણ ન હોય તો તેને એકદમ છોડી મુકવો.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૦૫-૧૦૭ ને બદલે ઘડવામાં ન્યુયોર્ક ક્રી. પ્રોસીજરકોડની કલમ ૧૮૪ ઉપરથી કેટલોક વધારો કરવામાં આવ્યોછે.

પોલીસ-અમલદાર સિવાય બીજા સર્વે લોકોને કયા ગુન્હા કરનારને પકડવાનો અધીકાર છે. અને પકડયા પછી કેમ કરવું તેની રીત માટે આ કલમ પ્રમાણે કોઇ ખાનગી માણસના દેખતાં કોઈ ગુન્હેગાર જમાન નહીં લેવા લાયક અને પોલીસથી વગર વારંટે પકડી શકાય તેવા ગુન્હા કરે તેને તે ખાનગી માણસ પકડી શકે છે; કયા ગુન્હા જમાન લેવા લાયક નથી તેને માટે જુઓ આ કાયદાના પરિશિષ્ટ બીજાનું આસન ૫ મું. કયા ગુન્હા પોલીસથી વગર વારંટે પકડી શકાય તેમ છે તેને માટે જુઓ એજ પરિશિષ્ટનું આસન ૩જું.

પોલીસ-અમલદાર પાસે એવા તોહોમતદારને પકડી લાવ્યા પછી તેણે કરેલો ગુન્હો પોલીસથી વગર વારંટે પકડી શકાય તેવો નથી એવી હકીકત જણાય તોતે વખતે અને તોહોમતદારે ગુન્હો કર્યો નથી એવું જણાય ત્યારે કેમ કરવું તેને માટેનો છેલો પ્રારેગ્રાફ તદન નવો છે તે ઘણો ઉપયોગી છે.

પોલીસ-અમલદારને સ્વાધીન કર્યા પછી તોહોમતદાર ઉપર પોલીસ તરફથી કાંઇ જુ-

લગ કરવામાં આવે તો ખાનગી માણસ જેણે તોહોમતદારને પકડયો હતો તે કાંઇ જવાબદાર નથી રાણી વિરૂદ્ધ શંભુનાથ પાંડે વીકલીરીપોટ ૧ પ્ર૦ ૬૬

પકડેલા સખસને માજીસ્ત્રેટની આગળ અથવા જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોયતેની આગલ લઇ જવો.

૬૦ વગર વારંટે પકડનારા પોલીસ અમલદારે પકડેલા સખસને તે કામમાં હકુમતવાળા માજીસ્ત્રેટની આગળ, અથવા જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ-થાણું હોય તેની આગળ, નકામી ઢીલ કર્યા વગર અને જમાન સંબંધી આ કાયદા માંહેના પુરાવોને અનુસરીને લઇ જવો અથવા મોકવો.

ટીકા—આ કલમ પ્રમાણે માજીસ્ત્રેટની ઓફીસ કે તંબુ નજીક પરંતુ રૂબરૂ બાહાર લેઇ જવો એટલું બસ નથી આ કલમમાં માજીસ્ત્રેટની આગળ એવો શબ્દ છે તેથી માજીસ્ત્રેટની રૂબરૂ તોહોમતવાળાને લેઇ જવો જોઇએ કે જેથી કરીને પોતાને છુટો કરવાને માટે અરજ અગર પોલીસનો પોતા ઉપર જુલમ થતો હોય તે જુલમ સંબધી ફરીયાદ તે કરી શકે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાનાં સને ૧૮૬૧ ના આકટ ૨૫ માના બાબ ૯ પ્રમાણે જીલ્લા પોલીસના કોઇ અમલદારને ચોકસી કરવા સારૂ અધિકાર ન હોય તેવા અધિકારી જો ફોજદારી કામ ચલાવવાની રીતીના સદરહુ કાયદાની ક. ૧૦૯ પ્રમાણે કોઇ તોહોમતવાળાને પકડે તો તેણે જે માજીસ્ત્રેટને અધિકાર હોય અથવા જે અધિકારીના હવાલા પોલીસ ચોકી હોય તેની પાસે તે તોહોમતવાળાને વગર કારણની ઢીલ કર્યા સિવાય મોકલી દેવો જોઈએ ફોજદારી કામ ચલાવવાની રીતના સદરહુ કાયદાની ક. ૧૫૨ પ્રમાણે તોહોમતવાળા આસામીને ૨૪ કલાક અટકાવી રાખવાનો તેને અધિકાર નથી એજ આકટના બાબ ૯ પ્રમાણે ચોકસી કરવા સારૂ જયારે કોઇ પોલીસ અધિકારીને અધિકાર હોય ત્યારે સદર કલમ ૧૫૨ પ્રમાણે અટકાવવા સારૂ ૨૪ કલાક ઠરાવ્યા છે તે જે વખત તોહોમતવાળો આસામી માજીસ્ત્રેટ તરફ જવા સારૂ પોલીસ ચોકી છોડે તે વખત એ ૨૪ કલાકમાં ગણવો નહીં પણ જેટલે દુર જવાનો હોય તે ઉપર તથા બીજા સ્થાનિક વિચાર ઉપર નજર રાખતાં જે વખત રોકાયો હોય તે યોગ્ય છે કે નહીં એ વિશે તપાસ કરવાનું કામ માજીસ્ત્રેટનું છે જે ગામના પોલીસ કોઈ તોહોમતવાળાને ૨૪ કલાક સુધી મુંબાઇના સને ૧૮૬૭ ના આકટ ૮ પ્રમાણે અટકાવી રાખે તે ૨૪ કલાક ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની ક. ૧૫૨ પ્રમાણે જે જીલ્લા પોલીસ અધિકારીને ૨૪ કલાક આપેલા છે તેમાં નહીં ગણવા મુ. હા. કો. તા. ૧૪ સપટેમ્બર સને ૧૮૬૯ ના રોજ ચેમ્બરમાં થએલો ઠરાવ.

પકડેલા સખસને ૨૪ કલાકથી વધારે વાર અટકાવીરાખવોનહી.

૬૧ વગર વારંટે પકડેલા સખસને કોઈ પણ પોલીસ-અમલદારે તે કામની સઘળી હકીકત જોતાં યોગ્ય હોય તે કરતાં વધારે મુદત સુધી પેહેરામાં અટકાવી રાખવો નહીં, અને ૧૬૭ મી કલમ પ્રમાણે કોઇ માજીસ્ત્રેટનો ખાસ હુકમ નહીં થયો હોય તો સદરહુ મુદત ચોવીસ કલાકથી વધારે ન હોવી જોઇએ પણ જે જગ્યાએ તે સખસને પકડયો હોય ત્યાંથી માજીસ્ત્રેટની કોરટ સુધી જતાં જેટલો વખત લાગે તેટલો વખત સદરહુ મુદતમાં ગણવો નહીં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૨૪ ના પેહેલા પારેગ્રાફને

બદલે રચવામાં આવી છે પકડેલા તોહોમતદારને જે વખતે પકડયો હોય તે વખતથી ચોવીસ કલાક કરતાં માજીસ્ત્રેટના હુકમ વગર વધારે અટકાવમાં નહીં રાખવા માટે આ કલમ વીસ માજીસ્ત્રેટ પાસે મોકલતાં જે વખત લાગે તે આ ચોવીસ કલાક ઉપરાંત ગણવો જોઇએ. માજીસ્ત્રેટે ચોવીસ કલાકથી વધારે કેદીને રોકવા માટે હુકમ આપતી વખતે શું કરવું જોઇએ તે માટે જુઓ કલમ ૧૬૭.

કેદીને ૨૪ કલાક કરતાં વધારે મુદત સુધી અટકાવી મુકયા બદલ એક પોલીસ ઇનસ્પેકટર ઉપર આરોપ મુકવામાં આવ્યો હતો તે કામમાં એવો ઠરાવ થયો કે તેણે બદદાનતથી કેદીને અટકાવી મુકયો હતો એવી ફરીયાદી તરફથી સાબીતી કરવાની જરૂર નથી કારણ કે વિશેષ હુકમ નહીં છતાં યોગ્ય મુદતથી અધિક વખત સુધી કોઈ પોલીસ અમલદારે આરોપીતને અટકાવી રાખવો નહીં એવું સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૨૪ અને આ કલમમાં સાફ કહ્યું છે અને તેવો હુકમ આ કામમાં નથી, સરકાર વીરૂદ્ધ બસુરાગદાસ મુંબાઇ હાઈકોર્ટ રીપોટ વા. ૧૯ પ્રા. ૩૬ તા૦ ૧૮ ફેબ્રુઆરી સને ૧૮૭૩

માજીસ્ત્રેટના હુકમ વગર ચોવીસ કલાકથી વધારે રોકવામાં આવે તો ઇં. પે. કો. ક. ૩૪૦ મુજબ ગુન્હો થાય છે.

કોઇ સખસને કાગળ લખી બોલાવવામાં આવે અને તે આવે ત્યારે કોઈની સાથે વાતચીત ન કરે તેની તજવીજ રાખવા સારૂ પોલીસના માણસને તેની સાથે મોકલવાની ગોઠવણ કરવામાં આવે તો, પોલીસ—અમલદારે તે સખસને પકડેલો છે એવું ગણવું જોઇએ. રાણી વિરૂદ્ધ પુરાન કુસમનારા સાપાપાતુલ ૨ મ. હા. રી. પ્ર. ૩૯૬

ચોવીસ કલાકથી વધારે રોકવા માટે માજીસ્ત્રેટની પરવાનગી માગવામાં આવે તે પરવાનગી ચોવીસમો કલાક વીતી જાય ત્યાં સુધી ન આવે તો જેટલી તજવીજ થઇ હોય તેટલી સાથે તેને માજીસ્ત્રેટ પાસે મોકલી દેવો અગર તેને છોડી દેવો જોઇએ કેમકે તેને વધારે વખત રોકી રાખવો એ ગેરકાયદેસર કૃત્ય થાય છે; રાણી વિરૂદ્ધ બીહારીસીંગ અને બીજાઓ વીકલી રીપોટ ૭ પ્ર. ૩

કેસની હકીકતમાં વ્યાજબી આધાર હોય તે સિવાય એક કલાક લગી પણ પોલીસ અમલદાર કોઈને અટકાવી શકતો નથી. એટલે કે માત્ર એક કલાકજ મેં રોકયો એવો બચાવ ચાલે નહીં. રાણી વિરૂદ્ધ સુપ્રોસોનો ઘોસાલ વીકલી રીપોટ ૯ પ્ર. ૮૮

બેશક પોલીસને પોલીસ ચોકીમાં તોહોમતદારને રાખવાનો અધિકાર છે પણ કોઈ પ્રસંગે પોલીસ અમલદાર કોઇ ખાનગી ઘરમાં કોઇ કેદીને લેઇ જાય અને તેને ખાનગી પેહેરામાં રાખે તે બરાબર નથી. રાણી વિરૂદ્ધ બીહારીસીંગ વીકલી રીપોટ ૭ પ્ર. ૩

દરેક કેદીને બારોબાર પાસેના માજીસ્ત્રેટ તરફ મોકલી દેવો જોઇએ અને પોતાના ઉપરી અમલદારની મારફતે મોકલવાની જરૂર નથી. બંગાળા સરકારનો ઠરાવ તા૦ ૨૨ સપટેંબર સને ૧૮૬૨ ની રકમ ૧૨.

પકડવા વિશે પોલીસે રીપોર્ટ કરવો.

૬૨ જે અમલદારોના હવાલામાં પોલીસનાં થાણાં હોય તેમણે પોતાનાં થાણાંઓની હદોમાં વગર વારંટે પકડેલા સઘળા સખસો વિશે જીલા માજીસ્ત્રેટને અથવા જીલ્લા માજીસ્ત્રેટ ફરમાવે તો પેટા ટુકડી માજીસ્ત્રેટને રીપોર્ટ કરવો, પછી સદરહુ સખસોના જામીન લીધા હોય કે નહીં તોપણ.

પકડેલા સખસને છોડી મુકવા બાબત.

૬૩ જે સખસને પોલીસ—અમલદારે પકડયો હોય તેનું પોતાનું ખત લીધા વગર અથવા તેના જામીન લીધા વગર અથવા માજીસ્ત્રેટના ખાસ હુકમ વગર તેને છોડી મુકવો નહીં.

માજીસ્ત્રેટની સમક્ષ કરેલો ગુન્હો. — ૬૪. જ્યારે કોઈ ગુન્હો કોઇ માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમાં તે માજીસ્ત્રેટની સમક્ષ કરવામાં આવે ત્યારે ગુન્હેગારને પોતે જાતે પકડવાને અથવા પકડવાનો કોઈ પણ સખસને હુકમ કરવાને અને ત્યાર પછી જામીન લેવા સબંધી આ કાયદા માંહેના ઠરાવોને અનુસરીને તે ગુન્હેગારને કેદ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

માજીસ્ત્રેટે અથવા માજીસ્ત્રેટની સમક્ષ પકડવાં બાબત. — ૬૫ જે વખતે તથા જે પ્રસંગે કોઇ સખસને પકડવાનું વારંટ કાહાડવાનો અધિકાર કોઇ માજીસ્ત્રેટનો હશે તે વખતે તથા તે પ્રસંગે તે સખસને પોતાની હકુમતની સ્થાનિક હદ માંહે પોતાની સમક્ષ પકડવાને અથવા પકડાવાને હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

નાસી જવા ઉપરથી પાછળ જવાનો તથા ફરીથી પકડવાનો અધિકાર. — ૬૬ જે સખસ કાયદાસર કેદમાં હોય તે સખસ નાસી જાય અથવા તેને છોડાવવામાં આવે, તો જે સખસના પેહેરામાંથી તે નાસી ગયો હોય અથવા તેને છોડાવ્યો હોય તે સખસ તુરત તેની પાછળ જઈને બ્રિટિસ ઇંડિયામાં હરકોઇ જગાએ તેને પકડવાને મુખત્યાર છે.

૪૭ મી તથા ૪૮ મી તથા ૪૯માં કલમોના ઠરાવો ૬૬ મી કલમ મુજબ પકડવાની બાબતોને લાગુ પાડવા બાબત. — ૬૭. ૬૬ મી કલમ પ્રમાણે પકડનારો સખસ વારંટની રૂઈએ ચાલતો ન હોય અને તે સખસ પકડવાના અખત્યારવાળો પોલીસ અમલદાર ન હોય તોપણ સદરહુ કલમ પ્રમાણે પકડવાની બાબતોને ૪૭ મી તથા ૪૮ મી તથા ૪૯ મી કલમના ઠરાવો લાગુ પડશે.

બાબ ૬ ઠો.

હાજર થવાની જરૂર પાડવા વિશે પ્રોસેસો બાબત.

અ.—સમન

સમનનો નમુનો. — ૬૮ આ કાયદા પ્રમાણે કોઈ કોરટે કાહાડેલો દરેક સમન લખેલો જોઇએ, તથા તે ડુપ્લિકેટ*જોઇએ, અને તે ઉપર સદરહુ કોરટના મુખ્ય અમલદારે, અથવા હાઈકોર્ટ વખતે વખતે કાનુન કરીને ફરમાવે તેવા બીજા અમલદારે સહી કરવી તથા મોહોર કરવી.

સમન કોણે બજાવવો. — સદરહુ સમન કોઇ પોલીસ-અમલદારે બજાવવો, અથવા આ કાયદાને અનુસરતો હોય એવો જે કાનુનો સ્થાનિક સરકાર આ બાબત ઠરાવે તે કાનુનોને અનુસરીને, તે સમન કાહાડનારી કોર્ટના કોઇ અમલદારે બજાવવો જોઇએ.

આ કલમ કલકત્તા તથા મુંબાઇ એ શેહેરોમાં પોલીસને લાગુ છે.

---

* બે પ્રતો.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ ૧૫૨—૧૫૩ ને બદલે રચવામાં આવી છે.

દરેક સમન લખેલો હોવો જોઇએ એટલે કે આ કાયદાની કલમ ૪ માં "લખાણ" અને લખેલાનો જે અર્થ બતાવ્યો છે તે પ્રમાણેનો હોવો જોઈએ.

દરેક સમન ઉપર તે કાઢનાર અમલદારે પોતાના પુરા નામથી સહી કરવી જોઇએ. તેમાં તેનો હોદ્દો લખવો જોઇએ. ટુંકામાં પોતાના આગલા પાછલા અક્ષર લખવા વગેરેની રીત નાપસંદ કરવામાં આવી છે.

સમન્સના નમુના માટે જુઓ પરિશીષ્ટ ૫ નો નમુનો ૧

સાહેદોને સમન કરવા માટેના નમુના માટે જુઓ પરિશીષ્ટ ૫ નો નમુનો ૩૧

સમન શીરીતે બજાવવો. ૬૯. સમન કરેલા સખસને જો બની શકે તો તે સમનની એક ડુપ્લીકેટ આપીને અથવા આપવા માટે કાહાડીને, લો એમ કહીને ખુદ તેની ઉપર તે સમન બજાવવો જોઇએ.

સમન પોહોંચ્યાની સહી. જેની ઉપર સદરહુ પ્રમાણે સમન બજાવ્યો હોય તેવા દરેક સખસે જો સમન બજાવનારો અમલદાર કહે તો, તેની બીજી ડુપ્લીકેટની પછવાડે તે સમન પોહોંચ્યાની સહી કરવી જોઇએ.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ ૧૫૪ ના પહેલા ભાગને બદલે ઘડવામાં આવી છે.

સરકારી અને રેલવેના નોકરો ઉપર સમન્સની બજાવણી કેવી રીતે કરવી તેને માટે જુઓ આ કાયદાની કલમ ૭૨.

સમન પહોંચ્યાની સહી આપવાની ના કહેવામાં આવે તો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૩ પ્રમાણે તે સખસ ગુન્હો કરતો નથી—રાણી વિરૂદ્ધ કાલીયા બીન ફકીર. મુંબાઇ હાઇકોર્ટ રીપોર્ટ વા. ૫ પ્ર. ૮૪.

સમન કરેલો સખસ જડે નહીં તો તે સમન શી રીતે બજાવવો. ૭૦ જ્યારે સમન કરેલો સખસ ઘટતી મેહેનત કરતાં ન જડે ત્યારે તેના કુટંબના કોઈ પાકી ઉમરના મરદ માણસને અથવા ઇલાકાનાં મુખ્ય શેહેરમાં તેની સાથે રેહેનારા તેના ચાકરને તે સમનની એક ડુપ્લિકેટ તેને સારૂ સોંપીને તે સમન બજાવવાનો અધિકાર છે અને જેને સદરહુ સમન આવી રીતે સોંપ્યો હોય તે સખસે, જો સમન બજાવનારો અમલદાર કહે તો, તેની બીજી ડુપ્લિકેટની પછવાડે તે સમન પોહોંચ્યાની સહી કરવી જોઇએ.

ટીકા—એક કામમાં અમદાવાદના ફુલપાવર માજીસ્ત્રેટે એક સખસને અમુક દીવસે દસ વાગતાં હાજર રહેવાને સમન કર્યો છતાં તે હાજર થયો નહીં, તેથી તેના ઉપર પીનલકોડ કલમ ૧૭૪ પ્રમાણે ગુન્હો ઠરાવી તેને શિક્ષા કરવામાં આવી હતી પણ સેશન જડજે આ કામ હાઇકોર્ટના હુકમ માટે મોકલ્યું એવા કારણથી કે માજીસ્ત્રેટના પ્રોસીડીંગ અને રીપોર્ટ ઉપરથી એમ જણાય છે કે સમનની નકલ તોહોમતવાળાને આપી નહોતી ફકત બતાવી હતી અને તેના ઉપર તેને સહી કરવાનું કહેવાથી સહી કરી આપી હતી, આ કામમાં હાઇકોર્ટે એમ ઠરાવ્યું કે ફકત સમન બતાવ્યાથી પુરી બજાવણી થઈ છે એમ કહેવાય નહી કેમકે અસલ કે તેની નકલ તેને આપવી જોઇતી હતી અગર આપવા માંડવી હતી તેથી તોહોમત અને શિક્ષા રદ કરવામાં આવી છે સરકાર વિરૂદ્ધ કરશનલાલ દાનતરામ. મુ. હા. કો. રી. વાલ્યુમ ૫ પ્ર. ૨૦

એક સેટલમેન્ટ ઓફીસરને માજીસ્ટ્રેટનો અધિકાર હતો; સેટલમેંટ ઓફીસર તરીકે તેણે એક માણસને પોતાની કોરટમાં હાજર થવાનો સમન કરયો, તે માણસ હાજર થયો નહી તેથી આફીસરે માજીસ્ટ્રેટની રીતે પીનલકોડ કલમ ૧૭૪ ને આધારે તે માણસપર તોહોમત મુકી તેનો ઈનસાફ પોતે કરી તેનો ગુન્હો સાબીત કર્યો તે પ્રકરણ સેસન જડજે હાઈકોર્ટના અભિપ્રાય માટે મોકલ્યુ તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે જુના પ્રોસીજરની કલમ ૪૭૧ અને ૪૭૩ જોતાં આ તોહોમત ગેરેકાયદેસર છે, સરકાર વિરૂદ્ધ સુખરી, અલ્હાબાદ હા. કો. રી. વાલ્યુમ. ૨ પ્ર. ૪૦૫.

ઘરના જે ઓરડામાં પ્રતીવાદી હોય તે ઓરડાના બારણામાંના કાણામાં સમનની નકલ નાખી અને પ્રતીવાદીને એમ કહેવું કે એ સમનની નકલ છે તો તે પ્રતીવાદી ખુદને સમન પોહોંચાડયો છે એમ ગણાય નહી, નેલસન.

એક કામમાં પ્રતીવાદીના ચાકરે બગીચાની દીવાલ ઉપર જે ટોપલી લટકાવેલી તે ટોપલીમાં એક માણસે સમનની નકલ મુકી અને તે મુકનારને પ્રતીવાદીના ચાકરે કહ્યું કે તે નકલ લઈજા મારે નથી જોઈતી એમ સમન મુકનારે સાંભળ્યું અને ચાકરે પાછળથી સમન મુકનારને એમ કહ્યું કે મેં એ સમન ખુદ પ્રતીવાદીને આપ્યો છે આ કામમાં એમ ઠરાવ થયો કે એ સમન ખુદ પ્રતીવાદીને પોહોંચાડયો છે એમ કહેવાય નહી, ગોગસ વિ, હટીંગ, ટાવર. ૧૨ એમ અને ડબલ્યુ. ૫૦૩

પ્રતીવાદીની સ્ત્રીને અથવા તેના કોઈ પ્રસિદ્ધ એજંટને સમન આપવો તે સમન યોગ્ય રીતે બજાવ્યો છે એમ કેહેવાય નહી કીથ વિ. ડાનીગલ, ૨ ડી, પિ, સી. ૨૫૭ જોકે એજંટે સમન પ્રતીવાદીને પોહોંચાડવાનું કબુલ કર્યું હોય તો તેણે યોગ્ય બજાવણી કરી કહેવાય નહી ડેબીઝવી. મોરગન રસિ જે. ૨૩૭.

ઈંગ્લાંડમાં એમ છે કે જો પ્રતીવાદી માગેતો તેને અસલ સમન બતાવવો—એ જરૂરનું છે. એમ બા. એન્ડરસન સાહેબે ઠરાવ્યું છે. ગોગ્ઝ વિ. હંટીંગલટાવર ૧૨ એમ અને ડબલ્યુ. ૫૦૩ પ્રતીવાદી સમનની નકલ લેવાની ના પાડે તો તેના ખરેખર કબજામાં તે આપવાની જરૂર નથી તે કેવા પ્રકારનો છે તે જણાવી, તે સમન તેની સમક્ષ નાખવો એ બસ છે, રેડાપાથ, બ્યુલીઅમ્સ ૩ બીંગ ૪૪૩. ૧૧, મું, ૩૩૩ તેની વિરૂદ્ધ આલડેડ વિ, હિક સપટોન્ટ. ૧૮૬. પણ ઉપર પ્રમાણે પ્રતીવાદીના સમક્ષ એવી રીતે નાખવો કે તેને ખુદને સમન પોહોંચાડયા વિષેના નીયમ લાગુ પડે. એક સખસ ઘરના મેડાની બારીએ ઉભો હતો ત્યારે બજાવનાર જે ઘર બાહાર હતો તેણે તેને બોલાવ્યો અને કહ્યું કે તારા ઉપર સમન છે એમ કહી સમનની નકલ તેને વંચાવવા સારૂ ઊંચી ધરી અને તેની સ્ત્રીની સમક્ષ નીચે નાખી તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે, સમનની યોગ્ય બજાવણી થઇ નથી, હાય. વી. વ્હાઈટ. ૨. ડી. અને એલ ૪૦ નેલસન.

જ્યારે પોહોંચ મળી શકે નહી ત્યારે શું કરવું.

૭૧. ૬૯ મી અને ૭૦ મી કલમમાં કહેલી સહી ઘટતી મેહેનત કરતાં ન મળે, તો જે ઘરમાં અથવા ઘરવાડીમાં સમન કરેલો સખસ ઘણુ કરીને રેહેતો હોય તે ઘરના અથવા ઘરવાડીના કોઇ પ્રસિધ ભાગ ઉપર તે સમનની એક ડુપ્લિકેટ સમન બજાવનારા અમલદારે ચોડવી અને પછી તે સમન યોગ્ય રીતે બજાવ્યો છે એવુ સમજવામાં આવશે.

સરકારના અથવા રેલવે કંપનીના નોકર ઉપર સમન શી રીતે બજાવવો.

૭૨ સમન કરેલો સખસ સરકારની અથવા કોઇ રેલવે કંપનીની નોકરીમાં કામગીરીમાં હોય, ત્યારે જે કોરટે સમન કહાડયો હોય તે કોરટે તે સમન સાધારણ રીતે, જે કચેરીમાં સદરહુ સખસ નોકરીએ રહેલો હોય તે કચેરીના ઉપરી ઉપર ડુપ્લિકેટ મોકલવો જોઈએ; અને પછી સદરહુ ઉપરીએ ૬૯ મી કલમમાં ઠરાવેલી રીતે તે સમનની બજાવણી

કરાવવી, અને તે કલમથી ફરમાવેલા શેરા સાથે તે સમન તે કોરટની ઉપર પાછો મોકલવો જોઇયે.

સ્થાનીક સીમાની બહાર સમન શી રીતે બજાવવો.

૭૩ જ્યારે કોઇ કોરટે કહાડેલો સમન પોતાની હકુમતની સ્થાનિક સીમાની બહાર કોઇપણ જગાએ બજાવવો એવી તે કોરટની મરજીહોય ત્યારે સાધારણ રીતે કોરટે તે સમન જે માજીસ્ત્રેટની હકુમતની સ્થાનીક સીમામાં સમન કરેલો સખસ રેહેતો હોય અથવા હોય તે માજીસ્ત્રેટને, ત્યાં બજાવવા સારૂ. ડુપ્લિકેટ મોકલવો જોઈએ.

ટીકા—આ કલમ નવી છે. સને ૧૮૪૦ ના આક્ટ ૨૩ ની કલમ ૧ ઉપરથી આ કલમ ઘડવામાં આવી છે. આ કલમની ખરેખરી ખુટ હતી વારંટો કોરટની સ્થાનીક હકુમત બાહાર બજાવણી માટે મોકલતા. સમન્સ હકુમત બહાર બજાવવા માટે સને ૧૮૭૨ ના ૧૦ મા આકટમાં નહોતું. હવે આ અગવડ દુર થઈ છે.

સદરહુ બાબતેમાં તથા જ્યારે સમન બજાવનારો અમલદાર હાજર ન હોય ત્યારે બજાવણીની સાબીતી,

૭૪ જ્યારે કોઇ કોરટે કાહાડેલો સમન પોતાની હકુમતની સ્થાનિક સીમાની બહાર બજાવ્યો હોય ત્યારે, અને જે અમલદારે સમન બજાવ્યો હોય તે અમલદાર મુકદમાની સુનાવણી વખતે હાજર ન હોય તેવે હરકોઈ પ્રસંગે સદરહુ સમન બજાવ્યોછે એવી કોઇ માજીસ્ત્રેટની આગળ કરેલી આફિડેવીટ, અને જે શખસને સદરહુ સમનની એક ડુપ્લિકેટ પ્રત આપી હોય અથવા આપવા માટે કહાડીને લો એમ કહ્યું હોય અથવા જેને તે પ્રત સોંપી હોય તે સખસે (૬૯ મી અથવા ૭૦ મી કલમથી ઠરાવેલી રીતે) શેરા લખી આપેલી એવી પ્રત પુરાવામાં ગ્રાહ્ય થશે. અને તેમાં લખેલા મજકુરની વિરૂધ સાબીતી આપવામાં નહી આવશે તો અને આપવામાં આવતાં સુધી તે મજકુર ખરો છે એમ સમજવું.

આ કલમમાં કહેલી આફીડેવીટ સદરહુ સમનની ડુપ્લિકેટ પ્રત સાથે જોડીને સદરહુ કોરટને મોકલી શકાય.

બ—પકડવાનું વારંટ.

પકડવાનાં વારંટનો નમુનો.

૭૫ આ કાયદા પ્રમાણે કોઇ કોરટે કાહાડેલું દરેક પકડવાનું વારંટ લખેલું હોવું જોઇએ અને ઉપર તે કોરટના પ્રમુખ અમલદારે અથવા માજીસ્ત્રેટોની બેંચ હોય ત્યારે, તે બેંચના કોઇપણ મેંબરે સહી કરવી જોઇએ; અને તે ઉપર કોરટની મોહોર કરવી જોઇએ.

પકડવાનું વારંટ ક્યાં સુધી અમલમાં રહેશે,

જે કોરટે તે વારંટ કહાડયું હોય તેણે જયાં સુધી તે રદ કરયું નથી ત્યાં સુધી, અથવા તે બજાવવામાં આવે ત્યાં સુધી, તે દરેક વારંટ અમલમાં રેહેશે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૫૯ ના પેહેલા પેરેગ્રાફને બદલે ઘડવામાં આવી છે. દરેક વારંટ લખેલું હોવું જોઇએ એટલે કે આ કાયદાની કલમ ૪થી માં "લખેલા" શબ્દની વ્યાખ્યા બતાવી છે તેવા કોઇ પણ પ્રકારનું હોવું જોઇએ.

વારંટના નમુના માટે જુઓ આ કાયદાના પરિશિષ્ટ ૫ નો નમુનો ૨ જો.

આ કલમ પ્રમાણે કાઢેલા વારંટ ઉપર કોરટો હોવી જોઇએ. જે સખસને પકડવાનો

છે તે ઓળખાય તેવી જરૂરની હકીકત તેમાં બતાવવી જોઇએ કે જેથી કરીને તેને ઓળખવા મુસ્કેલી પડે નહી, તે વારંટ કાઢનાર અમલદારે પોતાનું નામ અને સરકારી હોદો પણ પુરો લખવો જોઈએ. ઉપર કહેલી એક પણ હકીકતની ખામી હોય તો વારંટ ગેરકાયદે કાઢેલું કહેવાય—જોન્સટેસ્ટીંગ્સના કામમાં મુબાઇ હાઇકોરટ રીપોટ વા. ૯ પ્ર. ૧૫૪ તા૦ ૨૦ જાનેવારી સને ૧૮૭૨.

જે હકીકત ઉપરથી વારંટ કાઢવામાં આવે તે હકીકત ઉપરથી તોહોમતદારે કરેલું કૃત્ય ગુન્હો નથી એવું જણાય તો પણ વારંટ કાઢવામાં આવે તો તે વારંટ ગેરકાયદે કાઢેલું કહેવાય—બીંદુ મુખી દેવીના કામમાં બંગાળા રીપોર્ટ વા. ૬ પ્ર. ૧૨૯.

વારંટ કાઢતી વખતે કાઢનાર અમલદાર બ્રીટીશ હકુમતમાં હોવો જોઈએ એવી કાંઇ જરૂર નથી. પરહદમાં તેનું મુકામ હોય તો ત્યાંથી પણ વારંટ કાઢી શકે છે—રાણી વિરૂધ લખાંયા કાલીયા, ઇંડીયન લા રીપોટ મુંબઇ વા. ૧ પ્ર, ૩૪૦.

કોરટ તારણ લેવા નું ફરમાવવાને મુખત્યાર છે.

૭૬ હરકોઈ સખસને પકડવા સારૂ વારંટ કહાડનારી હરકોઈ કોરટની નજરમાં આવે તો તે કોરટ સદરહુ વારંટ ઉપર શેરો લખીને એવું ફરમાવવાને મુખત્યાર છે કે જો સદરહુ સખસ કોઇ અમુક વખતે અને પછી કોરટ બીજી રીતે ફરમાવે ત્યાં સુધી તે કોરટની આગળ હાજર રહેવા સારૂ જોઇએ તેટલા જામીન સાથે એક ખત કરી આપે, તો જે અમલદારના નામનું તે વારંટ કર્યું હોય તે અમલદારે સદરહુ તારણ લેવું અને સદરહુ શખસને પેહેરામાંથી છુટો કરવો.

સદરહુ શેરામાં હેઠળ કહેલી બાબતો લખવી, (અ) જામીનોની સંખ્યા, (બ) તેમણે તથા જે સખસને પકડવા સારૂ તે વારંટ કહાડેલું હોય તેણે જે રકમનો મુચરકો કરી આપવો તે, તથા (ક) જે વખતે તેણે કોરટની આગળ આજર રહેવું તે

ખત રવાનાકરવું.

જ્યારે આ કલમ પ્રમાણે તારણ લેવામાં આવે ત્યારે જે અમલદારના નામનું સદરહું વારંટ કરયું હોય તે અમલદારે સદરહુ ખત સદરહુ કોરટની ઉપર રવાના કરવું.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૬૦ ને બદલે રચવામાં આવી છે. પણ આ કલમનો બાજો પારેગ્રાફ જે જામીનોની સંખ્યામાં કેટલી રકમના જામીન વીગેરે હકીકતનો છે તે નવો દાખલ કરયો છે. એ અગતનો સુધારો થયો છે.

વારંટ પાછળ શેરો કરવાના નમુના માટે જુઓ પરીશિષ્ટ ૫ માના નમુના ૨ જા નો ભાગ ૨ જો.

વારંટ કોનાં નામનાં લખવાં.

૭૭ પકડવાનું વારંટ ઘણું કરીને એક અથવા વધારે પોલીસ અમલદારના નામનું કાઢવું જોઇએ, અને જ્યારે તે વારંટ કોઇ પ્રેસિડેંસી માજીસ્ત્રેટે કહાડયું હોય, ત્યારે તે હમેશાં તે પ્રમાણે કાઢવું જોઇએ પણ સદરહુ પ્રકારનું વારંટ કહાડનારી બીજી કોઇ પણ કોરટ, જો તે તાબડતોબ બજાવવાની જરૂર હોય અને કોઇ પોલીસ અમલદાર તુરત મળનો ન હોય તો, બીજા કોઈ પણ નામનું કાઢવાને મુખ્યાર છે. અને સદરહુ સખસે અથવા સખસોએ તે વારંટ બજાવવું જોઇએ.

ઘણા સખસોનાં નામનું એક વારંટ

જ્યારે કોઈ વારંટ એક કરતાં વધારે અમલદારોના અથવા સખસોના નામનું કહાડયું હોય ત્યારે તે સઘળા, અથવા તેઓમાંથી ગમે તે એક અથવા વધારે અમલદારો અથવા સખસો તે વારંટ બજાવવાને મુખત્યાર છે,

વારંટો જમીનદારો વગેરેનાં નામનાં લખવાનો અધિકારછે.

૭૮ કોઇ જીલ્લા માજીસ્ત્રેટ પોતાનાં જીલ્લામાં અથવા કોઇ પેટા તુકડી માજીસ્ત્રેટ પોતાની પેટા તુકડીમાં હરકોઇ જમીનદારનાં અથવા જમીનના ઈજારદારનાં અથવા વહીવટદારનાં નામનું વારંટ તકસીરવાર ઠરેલો હરકોઈ સખસ નાશી ગયો હોય તેને અથવા જે ગુન્હેગાર બાબત જાહેરનામું કાહાડયું હોય તે ગુન્હેગારને અથવા કોઇ શખસ ઉપર જામીન લઈ નહી શકાય એવા કોઇ ગુન્હાનું તોહોમત આવ્યું હોય, અને તે તેની પાછળ લાગનારાના દાવમાંથી છટકી ગયો હોય તો તેને પકડવા સારૂ કાહાડવાને મુખત્યાર છે.

સદરહુ જમીનદારે, અથવા ઈજારદારે અથવા વહીવટદારે તે વારંટની પોહોંચ લખીને આપવી, અને જે શખસને પકડવા સારૂ તે વારંટ કાહાડયું હોય તે શખસ પોતાની જમીનમાં અથવા ઈજારાની જમીનમાં અથવા પોતાના હવાલા માંહેની જમીનમાં હોય, અથવા પેસે તો તેણે તે વારંટ બજાવવું.

જે શખસની ઉપર સદરહુ વારંટ કાહાડયું હોય તે શખસ પકડાય ત્યારે તેને વારંટ સુધાં પાસેમાં પાસેના પોલીસ-અમલદારને સ્વાધીન કરવો, અને ૭૬મી કલમ પ્રમાણે તારણ નહીં લીધું હોય તો, તેને તે કામમાં હકુમતવાળા માજીસ્ત્રેટની પાસે મોકલી દેવો.

પોલીસ-અમલદારનાં નામનું વારંટ

૭૯ જે પોલીસ-અમલદારનાં નામનું કોઈ વારંટ કાહાડેલું હોય તે પોલીસ-અમલદાર અથવા જે અમલદારનું નામ તે વારંટની પાછળ લખ્યું હોય તે અમલદાર તે વારંટની પાછળ બીજા જે પોલીસ અમલદારનું નામ લખે તે પોલીસ-અમલદાર પણ તે વારંટ બજાવવાને મુખત્યાર છે.

વારંટનો સાર જાહેર કરવો.

૮૦ પકડવાનું વારંટ બજાવનારા પોલીસ અમલદારે અથવા બીજા સખસે જે સખસને પકડવો હોય તે સખસને તે વારંટનો સાર જણાવવો; અને તે સખસ કહે તો તેને તે વારંટ બતાવવું.

પકડેલા સખસને વગર ઢીલે કોરટની આગળ આણવો.

૮૧ પકડવાનું વારંટ બજાવનારા પોલીસ-અમલદારે અથવા બીજા સખસે નકામી ઢીલ ન કરતાં (જામીન સંબંધી ૭૬ મી કલમના ઠરાવોને અનુસરીને) જે કોરટની આગળ કાયદા પ્રમાણે તે પકડેલા સખસને રજુ કરવો જોઇએ તે કોરટની આગળ તેને આણવો.

વારંટ ક્યાં બજાવવાનો અધિકાર છે.

૮૨ પકડવાનું વારંટ બ્રિટિશ ઈંડિયામાં કોઇપણ જગાએ બજાવવાનો અધિકાર છે.

હકુમતની બહાર બજાવવા માટે માજીસ્ત્રેટને મોકલેલું વારંટ.

૮૩ જ્યારે કોઇ વારંટ કહાડનારી હકુમતની સ્થાનીક સીમાની બહાર તે વારંટ બજાવવું હોય, ત્યારે સદરહુ કોરટ તે વારંટ કોઇ પોલીસ-અમલદારનાં નામનું કહાડવાને બદલે જે માજીસ્ત્રેટની અથવા પોલીસ-કમીશનરની હકુમતની સ્થાનિક હદમાં તે વારંટ બજાવવું હોય તે માજીસ્ત્રેટને અથવા પોલીસ-કમીશનરને સદરહુ વારંટ ટપાલ મારફતે અથવા બીજી રીતે મોકલવાને મુખત્યાર છે.

જે માજીસ્ત્રેટને અથવા કમીશનરને સદરહુ વારંટ સદરહુ પ્રમાણે મોકલ્યું હોય તેણે

તેની પાછળ પોતાનાં નામની સહી કરવી, અને પોતાની હકુમતની સ્થાનિક હદની અંદર બજાવી શકાતું હોય તો, તે વારંટની બજાવણી કરવી.

હકુમતની બહાર બજાવવા સારૂ પોલીસ-અમલદારનાં નામનું વારંટ.

૮૪ જ્યારે કોઈ પોલીસ અમલદારનાં નામનું કહાડેલું વારંટ જે કોરટે તે વારંટ કહાડયું તે કોરટની હકુમતની સ્થાનિક હદની બહાર બજાવવું હોય, ત્યારે જે માજીસ્ત્રેટની અથવા જે અમલદારના હવાલામાં કોઇ થાણું હોય તે અમલદારના કરતાં ઉતરતા દરજ્જાનો ન હોય એવા જે પોલીસ-અમલદારની હકુમતની સ્થાનિક હદમાં તે વારંટ બજાવવું હોય તે માજીસ્ત્રેટની અથવા પોલીસ-અમલદારની પાસે સહી કરાવવા સારૂ તેણે તે વારંટ સામાન્યતઃ લઇ જવું.

સદરહુ માજીસ્ત્રેટે અથવા પોલીસ-અમલદારે તે વારંટની પાછળ પોતાનાં નામની સહી કરવી, અને સદરહુ સહી ઉપરથી, જે પોલીસ અમલદારનાં નામનું સદરહુ વારંટ કહાડયું હોય તે પોલીસ-અમલદારને તે વારંટ સદરહુ હદમાં બજાવવાનો પુરતો અધિકાર મળશે અને સદરહુ અમલદાર કહે તો સ્થાનિક પોલીસે તેને સદરહુ વારંટ બજાવવામાં મદદ કરવી.

જે માજીસ્ત્રેટની અથવા પોલીસ-અમલદારની હકુમતની સ્થાનિક હદમાં સદરહુ વારંટ બજાવવું હોય તે માજીસ્ત્રેટની અથવા પોલીસ-અમલદારની સહી મેળવવાથી જે ઢીલ થાય તેથી સદરહુ બજાવણી થતી અટકશે. એવું માનવાનું જ્યારે કારણ હોય ત્યારે જે પોલીસ અમલદારના નામનું તે વારંટ કહાડયું હોય તે પોલીસ-અમલદાર તે વારંટ કહાડનારી કોરટની હકુમતની સ્થાનિક હદની બહાર કોઇપણ જગામાં સદરહુ સહી લીધા વગર તે વારંટ બજાવવાનો મુખત્યાર છે.

આ કલમ કલકત્તા તથા મુંબઇ એ શેહેરોમાં પોલીસને લાગુ છે.

જે સખસની ઉપર વારંટ કહાડયું હોય તેને પકડયા પછી શું કરવું.

૮૫ જ્યારે પકડવાનું કોઇ વારંટ, જે જીલ્લામાં તે વારંટ કહાડયું હોય તેની બહાર બજાવ્યું હોય, ત્યારે જે કોરટે તે વારંટ કહાડયું હોય તે કોરટ પકડવાની જગાથી વીસ મૈલની અંદર ન હોય તો અથવા જે માજીસ્ત્રેટની અથવા પોલીસ કમીશનરની હકુમતની સ્થાનિક હદમાં પકડવાનું કામ કર્યું હોય તે માજીસ્ત્રેટ અથવા પોલીસ કમીશનર કરતાં સદરહુ કોરટ પાસે ન હોય તો, અથવા ૭૬ મી કલમ પ્રમાણે તારણ લીધુ ન હોય તો પકડેલા સખસને સદરહુ માજીસ્ત્રેટની અથવા કમીશનર આગળ લઇ જવો.

પકડેલા સખસને જે માજીસ્ત્રેટની આગળ આણ્યો હોય તેણે શું કરવું.

૮૬. જે કોરટે સદરહુ વારંટ કહાડયું હોય તેણે જે સખસ ધારેલો તેજ પકડેલો સખસ છે એવું જણાય, તો સદરહુ માજીસ્ત્રેટે અથવા કમીશનરે તે સખસને પેહેરામાં આપીને સદરહુ કોરટની પાસે લઈ જવાનું ફરમાવ્યું પણ એવું ઠરાવવું કે જો જામીન લઇ શકાય એવો ગુન્હો હોય, અને તે સખસ સદરહુ માજીસ્ત્રેટની અથવા કમશીનરની ખાત્રી લાયક જામીન આપવાને તૈયાર તથા રાજી હોય, અથવા ૭૬ મી કલમ પ્રમાણે વારંટ ઉપર શેરો લખીને હુકમ કરેલો હોય, અને તે સખસ સદરહુ હુકમથી ફરમાવેલું તારણ આપ-

વાને તૈયાર તથા રાજી હોય, તો તે માજીસ્ત્રેટે અથવા કમિશનરે સદરહુ જામીન અથવા તારણ, જેમ હોય તેમ લેવું અને જે કોરટે વારંટ કાહાડયું હોય તેની ઉપર તે ખત રવાના કરવું.

આ કલમ માંહેના કોઈપણ મચકુરથી કોઈ પોલીસ-અમલદારને ૭૬ મી કલમ પ્રમાણે તારણ લેવાની મના છે એમ સમજવું નહી,

ટીકા. મુંબઇ ઇલાકામાં ડીપોટી પો. સુપ્રાન્ટેન્ડેન્ટો અને આ. પો. સુપ્રીન્ટેન્ડેન્ટોને આ કલમ પ્રમાણે અમલ કરવાને સત્તા આપવામાં આવી છે સને ૧૮૭૩ના ગેઝેટનું પાનુ ૪૩૯ જુઓ.

ક—જાહેરનામુ તથા જપ્તી.

નાહાશી જનારા શખસનીબાબત-માંજાહેરનામું.

૮૭. જો કોઇ કોરટને (પુરાવો લીધા પછી કે પેહેલાં એમ માનવાનું કારણ હોય કે જે શખસની ઉપર પોતે વારંટ કાહાડયું છે તે શખસ નાહાસી ગયો છે અથવા સંતાઇ જાય છે તેથી સદરહુ વારંટ બજાવી શકાય એમ નથી તો સદરહુ કોરટ એક લખેલું જાહેરનામું પ્રસીધ કરીને તેમાં સદરહુ શખસને કોઇ મુકરર કરેલી જગાએ તથા કોઇ મુકરર કરેલી મુદતે હાજર થવાનું ફરમાવવાને મુખત્યાર છે, તે મુદત સદરહુ જાહેનરામું પ્રસિદ્ધ કર્યાની તારીખથી ત્રીસ દીવસ કરતાં ઓછી ઠરાવવી નહી.

તે જાહેરનામું હેઠળ લખ્યા પ્રમાણે પ્રસિધ્ધ કરવું:—

(**અ**) જે શેહેરમાં અથવા ગામમાં સદરહુ શખસ ઘણું કરીને રેહેતો હોય તે શેહેરની અથવા ગામની કોઇ પ્રસિધ્ધ જગામાં તે જાહેરનામું જાહેર રીતે વાંચવું;

(**બ**) તે શખસ જે ઘરમાં અથવા ઘરવાડીમાં ઘણું કરીને રેહેતો હોય તે ઘરના અથવા ઘરવાડીના કોઈ પ્રસિધ ભાગપર અથવા સદરહુ શેહેરની અથવા ગામની કોઇ પ્રસિધ જગાપર તે જાહેરનામું ચોહોડવું;

(**ક**) અને તે જાહેરનામાંની એક નકલ તે કોરટના મકાનના કોઇ પ્રસિધ ભાગપર ચોહોડવી;

તે જાહેરનામુ કોઇ અમુક દિવસે યોગ્ય રીતે પ્રસિધ કરયું હતું એ મુજબ એ જાહેરનામુ કાહાડનારી કોરટે મચકુર લખ્યો હોય તે મજકુર હેઠળ લખેલી બાબતોનો નિર્ણકારક પુરાવો છે એમ સમજવું. એટલે, આ કલમથી ફરમાવેલી વાતોનો અમલ કરવામાં આવ્યો છે, અને તે જાહેરનામું સદરહુ દિવસે પ્રસિધ કરયું હતું.

ટીકા. આ કલમ પ્રમાણે અમલ કરતી વખતે એટલું તો સારી રીતે યાદ રાખવું જોઇએ કે ગુન્હો થયો તે અરસામાં શકવાળો માણસ ઘર છોડી જતો રહયો છે કે નહીં એવું અને જતો રહયો હોયતો તે હકીકત તે શખસોને ઇનસાફથી બચી જવાનો ઇરાદો હતો એવો અનુમાનો પુરાવો છે માણસ પોતાનું રેઠાણ ઘણા કારણોસર છોડે છે તેનો નાશી જવાનો ઇરાદો દીવાના કોરટની પ્રોસેસ ન બજાવા દેવાનો અથવા બીજા કોઇ ગુન્હાની તપાસ ન થવા દેવાનો પણ હોય ગુન્હેગાર પોતાની ઉપર જે તોહોમત ખરેખરૂ આવેલું છે તે તોહમતમાંથી બચી જવાને નાશી ગયો છે એવો સ્પષ્ટ સાબીતો હોય ત્યારે તે જો કે ઘણો મજબુત પુરાવો ગણાય તોપણ કોઇ પણ રીતે તે ગુન્હો સાબીત ગણવાને બસ નથી વળી એમ માલમ પડયું હોય કે ઘણી શક ભરેલી અને અપ્રમાણ્ય હકીકત મારી સામે પુરાવામાં આવવાની છે અગર મારા બચાવ સારૂ કાયદેસર સલાહ મને મળી શકશે

નહી અગર જબરા અને પઇસાદાર માણસોએ મને ખરાબ કરવાનો ઠરાવ કર્યો છે અથવા મારી સામે જુઠી સાક્ષિ પુરવાને વાસ્તે સાક્ષિઓને લાંચ મળી છે આ પ્રમાણે એવાં એવાં કારણો દરેક જગાએ અને દરેક વખતે ધ્યાનમાં લેવાં જોઈએ. ઇનસાફમાંથી બચી જવાને નાશી જવું તે હકીકત હમેશાં અગત્યની ગણી ધ્યાનમાં લેવાય અને બીજી હકીકતના સાથે ગુન્હાની સાબીતીનો મજબુત પુરાવો ગણાય પણ બીજા અનુમાની પુરાવા શિવાય અમુક અથવા નિશ્ચત હોઇ શકે નહીં ત્યારે સદરહુ બાબત અમુક અથવા નીશ્ચત છે એમ ગણવું તે ખોટુ અને ભય ભરેલું છે.—બેષ્ટલા ઓન એવીડન્સ ૩૨૦ થી ૩૨૪.

આ કલમ ફકત પક્ષકારોનેજ લાગુ પડે છે, શાક્ષિને લાગુ પડતી નથી-હુસેન મનજી ૯ વુ. રી. ક્રી, રૂ. ૭૦

માજીસ્ત્રેટે જાહેરનામું કરતાં પહેલાં કોઇ પક્ષકાર નાશી ગયા વિશે ખાત્રી કરવી જોઇએ એવો કાંઇ ધારો નથી.

વારંટ બજાવનાર અમલદારે કેવી રીતે વારંટ બજાવ્યું છે તે બાબત તપાસ કરવાને માટે પોતાની ખાત્રી થવા માજીસ્ત્રેટે પ્રોસેસ કાઢવી-રાણી વિરૂધ બીસોનાથ સરકાર ૩ વુ. રી. ૭૩.

આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૭૧ અને ૩૫૨ ના પહેલા પેરેગ્રાફને બદલે ઘડવામાં આવી છે. ધ્યાનમાં રાખવાનું છે કે જે ગુન્હા માટે વારંટ નીકળેલું હોય તેવાજ કામમાં આ કલમનો અમલ થઈ શકે છે. સમન નિકળેલો હોય તેવા કેસમાં થઈ શકતો નથી. એકલા તહોમતદારોજ માટે આ કલમ નથી પણ શાહેદો પર વારંટ નિકળ્યા છતાં જાણી જોઇ નાશી જાય તે તેને માટે પણ આ કલમ છે.

આ કલમ પ્રમાણેના જાહેરનામાં કાઢવા માટેના નમુના માટે જુઓ આ કાયદાના પરીશિષ્ટ ૫ નો નમુનો ૪-૫

આવાં જાહેરનામાં હરકોઇ માજીસ્ત્રેટ જેમની પાસે એ કેસ ચાલતો હોય તેઓ કાઢી શકે છે. જુઓ આ કાયદાના પરિશિષ્ટ ૩ નો વિભાગ ૧ લો રકમ ૩.

નાહાસી જનારા શખસનીગિલકત જપ્તકરવાબાબત.

૮૮. ૮૭ મી કલમ પ્રમાણે જાહેરનામુ કહાડવા પછી જે શખસ બાબત તે જાહેરનામું કહાડયું હોય તે શખસની જંગમ અથવા સ્થાવર મીલકત અથવા એ બંને ગિલકત જપ્ત કરવાનું ફરમાવવાને તે કોરટ મુખત્યાર છે.

તે હુકમ જે જીલ્લામાં કરયો હોય તે જીલ્લામાં સદરહુ સખસની કોઇ પણ મિલકત જપ્ત કરવાનો અખત્યાર તે હુકમ ઉપરથી છે એવું સમજવું; અને સદરહુ જીલ્લાની બાહાર સદરહુ સખસની કોઈ પણ મિલકત જપ્ત કરવાનો અખત્યાર, જે જીલ્લા માજીસ્ત્રેટના જીલ્લામાં સદરહુ મિલકત આવેલી હોય તે જીલ્લા માજીસ્ત્રેટ તે હુકમ પાછળ સહી કરશે એટલે તે હુકમ ઉપરથી છે એવું સમજવું.

જે મિલકત જપ્ત કરવાનો હુકમ કર્યો હોય તે મિલકત લેહેણું હોય અથવા બીજી જંગમ મિલકત હોય તો આ કલમ પ્રમાણે કરવાની જપ્તી હેઠળ લખ્યા મુજબ કરવી એટલે,—

(અ) પકડીને; અથવા
(બ) ઉપજ વસુલ કરનાર નીમીને; અથવા
(ક) જે સખસ બાબત જાહેરનામુ કહાડયું હોય તે સખસને અથવા તેની તરફથી કોઇને પણ સદરહુ મિલકત સ્વાધીન કરવાની મના કરવા બાબતનો લેખી હુકમ કરીને; અથવા

(ઙ) કોરટને યોગ્ય લાગે તે પ્રમાણે સદરહુ પ્રકારની સઘળી અથવા કોઇપણ બે રીતે.

જે મિલકત જપ્ત કરવાનો હુકમ કર્યો હોય તે મિલકત સ્થાવર હશે, ત્યારે આ કલમ પ્રમાણે કરવાનો જપ્તી, સરકારને મેહેસુલ ભરનારી જમીન હોય તો, જે જીલ્લામાં તે જમીન આપેલી હોય તે જીલ્લાના કલેકટરની મારફતે કરવી, અને બીજી સઘળી બાબતોમાં હેઠળ લખ્યા પ્રમાણે કરવી.

(ઈ) કબજો લઇને અથવા;

(ફ) ઊપજ વસુલ કરનાર નીમીને; અથવા.

(ગ) જે સખસ બાબત જાહેરનામું કાહાડયું હોય તે સખસને અથવા તેની તરફથી કોઇને પણ ભાડુ અથવા ગણોત આપવાની અથવા મિલકત સ્વાધીન કરવાની મના કરવા બાબતનો લેખ હુકમ કરીને; અથવા

(હ) કોરટને યોગ્ય લાગે તે પ્રમાણે સદરહુ પ્રકારની સઘળી અથવા કોઇપણ બે રીતે,

દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૩૬ મા બાબ પ્રમાણે નિમેલા ઉપજ વસુલ કરનારા જે અધિકાર, કામ તથા જવાબદારી હોય તેજ અધિકાર કામ તથા જવાબદારી આ કલમ પ્રમાણે નિમેલા ઉપજ વસુલ કરનારની છે એમ સમજવું.

જે સખસ બાબત જાહેરનામું કહાડયું હોય તે સખસ જો જાહેરનામામાં લખેલી મુદતમાં હાજર ન થાય તો તે જપ્તીવાળી મિલકત ઉપર સરકારનો વ્યવસ્થાધિકાર થશે પણ જપ્તીવાળી તારીખથી છ મહીના પુરા થતા સુધી તે મિલકત વેચવી નહી પણ તે મિલકત બગડી જાય તેવી હોય અથવા તે વેચાણથી માલીકને ફાયદો થશે એમ કોરટની નજરમાં આવે તો, એ બંને પ્રસંગે કોરટને જ્યારે યોગ્ય લાગે ત્યારે તે સદરહુ મિલકત વેચાવવાને મુખત્યાર છે.

ટીકા—જેની મીલકત જપ્ત કરી હોય, તે હાજર હોય તો એ જપ્તી શા માટે નહી કરવી તેનું કારણ બતાવવા કહેવું જોઈએ તેમ કરયું ન હોય તો જપ્તી રદ થાય—જંદુસીંગ ૫ વી. રી. પ્ર. ૮

જેને માટે જાહેરનામુ કહાડવામાં આવ્યું તે સખસ હાજર થાય તો પછી જપ્તી નહી કરવી જોઇએ તે હાજર થાય તે પહેલાં કીંવા તેને પકડી લાવવામાં આવે તે પહેલી જપ્તી થાય, હાજર થાય તો પછી આ કલમ કાંઇ પણ બીજી શિક્ષા માટે નથી હાજર થવાની જરૂર પાડવા માટેની છે—રામકીસોર સેન વીકલી રીપોટ ૧૯ પ્ર. ૧૪

માજીસ્ટ્રેટોએ આ કલમનો અમલ કરતાં બહુ સાવચેત રહેવાનું છે કેમકે આ કલમનો અમલ કરતાં બીજા સખસોના કબજાને હરકત લાવવી નહી જોઈએ. નાસી જનાર સખસની તે મીલકત હોય તોજ તેણે જપ્તી કરવી જોઇએ. ચમરૂરાય વીકલી રીપોટ ૭ પ્ર. ૩૫

મીલકત સરકાર જપ્ત છે એવું ઠરી ગયું હોય તો પછી સરકારજ તે પાછી આપી શકે છે—બંગાળાની સરકાર વિરૂધ મીરસર વારીજાન ૧૮ વી. રી. પ્ર. ૩૬.

કોઇ નાશી જનાર સખસની મીલકત સને ૧૮૬૧ ના આકટ ૨૫ ની કલમ ૧૮૪ એટલે આ આકટની કલમ ૮૮ પ્રમાણે જપ્ત થઇ હોય અને સરકારના અખ્તીયારમાં છે એટલે એવુ જાહેર થયું હોય અને ફોજદારી કાયદાની કલમ ૧૭૪ મુજબ પછીથી ગુન્હો સાબીત થયો હોય અને અપીલમાં તે બહાલ રહે ત્યારે એમ ઠરાવવામાં આવ્યું છે કે નામદાર હાઇકોર્ટને એ મીલકત વીશે કાંઇ પણ ઠરાવ કરવાની સતા નથી એવી રીતે જપ્ત થએલી મીલકત છોડાવવાને વાસ્તે એક તરફી અરજી કરી અને જુઠી હકીકત જાહેર કરી નામદાર હાઇ-

કોર્ટનો હુકમ મેળવ્યો પણ સરકારની અરજી ઉપરથી નામદાર હાઇકોર્ટે તે હુકમ રદ કરયો— બંગાળા સરકારની અરજીના કામમાં બેંગાળા રીપોર્ટ વા. ૯ પ્ર. ૩૪૨.

આ કલમમાં કહેલી છ માસની મુદતની અંદર ગુન્હેગારની મિલકત વેચી શકાતી નથી અને તે મુદતની અંદર જો ગુન્હેગાર હાજર થાય તો તે કારણથી જપ્ત થએલી મીલકત તેને પાછી મળી શકતી નથી. નાશી ગયેલા સખસના પાછા આવવા પછી મીલકત જપ્ત કરવાનો હુકમ જો પ્રથમથી ન થયો હોય તો થઇ શકે; જપ્તી અને જાહેરનામુ કાઢવાનો હુકમ, કાઢ્યાનો હુકમ કાઢયા પહેલાં ગુન્હેગાર ઈનસાફમાંથી બચી જવાને નાસી ગયો છે એવો સંતોષકારક પુરાવ છે કે નહી તે વિશે માજીસ્ટ્રેટે ખાત્રી કરવી જોઈએ.—અરજદાર બિશ્વનાથ સરકારના કામમાં, ૫ આર. જે. પી. જે. ૧૪૨ અગષ્ટ. તા૦ ૧૮ સને ૧૮૬૫.

જો કોઈ માણસને તેને પકડવાને અને તેની મિલકત જપ્ત કરવા સારૂ કાઢેલી પ્રોસેસ ગેરશીરસ્તે છે એવો વાંધો લેવાનો હોય તો તેણે હાઈકોરટને અરજી કરવા પહેલાં એવો પ્રોસેસ કાઢનાર માજીસ્ટ્રેટને વારંટ બરાબર નથી એમ કારણ બતાવી પોતાને સારૂ અને પોતાની મિલકત છોડવવાને માટે અરજી આપવી જોઇએ.—રાણી વીરૂધ્ધ. બીસેસરપરસાદ વાયવ્યખુણાના પ્રાંતોની હાયકોરટના રીપોર્ટો. વા. ૨, પ્ર. ૪૪૧.

જો ભુલથી અથવા સખ્ત ચુકથી તોહોમતદાર સખસ હાજર થયા પહેલાં મિલકતનો વ્યવસ્થાધિકાર સરકારને મળ્યો એમ જાહેર કરયું ન હોય તો તે સખસ હાજર થયા પછી એવો હુકમ કરવાનો અધિકાર છે. છ માસનો વખત જે આપ્યો છે તે ફક્ત વેચવાને સારૂ છે. જો તોહોમતદાર બે વરસની અંદર હાજર થાયતો એનું કામ છે કે કોરટની કાસેસની મે હરકત કરી નથી એમ તેણે સાબીત કરવું જોઇએ.—બીસોનાથ સરકાર વીકલી રીપોર્ટ ૩. પ્રષ્ટ. ૬૩.

જપ્ત કરેલી મીલકત પાછી આપવા બાબત.

૮૯. ૮૮ મી કલમના છેલ્લા પારેગ્રાફ પ્રમાણે જે સખસની મિલક્ત ઉપર સરકારનો વ્યવસ્થાધિકાર થાય અથવા થયો હોય તે સખસ જે કોરટના હુકમથી તે મિલકત જપ્ત કરી હોય તે કોરટની આગળ જપ્તીની તારીખથી બે વરસમાં પોતાની મેળે હાજર થાય અથવા તેને પકડીને આણવામાં આવે, અને સદરહુ કોરટની ખાત્રી થાય એવી રીતે તે સાબીતી આપે કે પોતાની ઉપર વારંટ બજે નહી એવા હેતુથી પોતે નાસી ગયો અથવા સંતાઇ ગયો નહોતો અને જાહેરનામામાં લખેલી મુદતમાં હાજર થવાનું બની શકે એવી રીતે તે જાહેરનામાની ખબર પોતાને મળેલી નહોતી. તો સદરહુ મિલકત અથવા જો તે વેચી હોય તો તે વેચવાનું નક્કી ઉત્પન્ન, અથવા જો તે મિલકતનો ફક્ત થોડોક ભાગ વેચ્યો હોય તો તે વેચાણનું નક્કી ઉત્પન તથા તે મિલકતનો બાકી રહેલો ભાગ, સદરહુ જપ્તીને લીધે થયેલો સઘળો ખરચ તેમાંથી લીધા પછી તે સખસને સ્વાધીન કરવો.

ટીકા—જ્યારે કોઇ માણસ આ કલમ પ્રમાણે હાજર થાય ત્યારે તેને પુછવું જોઈએ કે તે નાહાશી ગયો હતો કે સંતાઈ ગયો હતો કે શી રીતે બન્યું હતું. એક કામમાં માજીસ્ટ્રેટે આ કલમ પ્રમાણે પૂછયું નહોતું તે કામમાં માજીસ્ટ્રેટે ચલાવેલું કામ ગેરકાયદે છે એમ ઠરાવી શિક્ષા અને મિલકતનું વેચાણ રદ કર્યા.—શિવદયાળસિંગ ૬ વુ. રી. ૭૯

ઈનસાફમાંથી બચી જવાને કોશીશ નથી કરી એવું બતાવવાના પુરાવાનો બોજો તોહમતદારને માથે છે. જો તેમ કરવાને તેણે યત્ન ન કર્યો હોય તો તેથી તેની મિલકત જપ્ત કરી સરકારની ઠરાવવાને સારૂ જો કે સને ૧૮૬૧ ના આકટ ૨૫ ની કલમ ૧૭૩ એટલે આ આકટની કલમ ૮૮માં કહેલા છ માસની અંદર અને તોહોમતદારના હાજર થયા

પેહેલાં તોહોમતદારની મિલકત જમ કરી સરકારની ઠરાવવાનો હુકમ કાઢયો ન હોય તોપણ તે મિલકત સરકારની ઠરાવવાનો માજીસ્ત્રેટને અધિકાર છે.—બાંસોનાથ સરકાર. ૭ વુ. રી. ૬૩. ઘણા જડજ સાહેબોના મતથી (નામદાર જસ્ટીસ સીટનકારના મત વિરૂદ્ધ કોરટે એમ ઠરાવ્યું કે આ કલમ અને આ કલમની પ્રથમની કલમમાં એવો ઠરાવ નથી કે જે મિલકત જપ્ત થઇ હોય તે મિલકતપર ત્રાહિત સખસના હક વિશે માજીસ્ત્રેટે તજવીજ કરવી. તે મિલકત વેચાણથી બીજા હકદારોના દાવાને હરકત નથી અને પોતાના હક સાબિત કરવાને તેઓ સદરહુ મિલકત ખરીદ કરનાર ઉપર દીવાની કોરટમાં દાવો લાવે.—નામદાર મહારાણી વિરૂદ્ધ ચત્રુરામ વીકલી રેપોટ ૭. પ્ર૦ ૩૫. જો કામ રીતસર ચાલવામાં આવ્યું હોય તો નાશી જનાર સખસ દાવો ન લાવી શકે.—બાખોરીસીંગ, ૮ વુ રી. (દીવાની મુકદમા) ૨૦૭.

એક શાક્ષી જાહેરનામુ થયા પછી અને મીલકત જપ્ત થયા પછી હાજર ન થયો તેથી માજીસ્ત્રેટે તેનો દંડ કરયો. અપીલમાં સેસન જડજે તે હુકમ રદ કરયો. એવા સબબથી કે અપેલેન્ટ ઉપરના તોહમતનો જવાબ નોંધવો જોઈતો હતો અને તે પ્રમાણે નથી કરયું તેથી તે હુકમ કાયદેસર નથી પણ નામદાર કલકત્તા હાઈકોરટે એમ ઠરાવ્યું કે જડજે કાયદાનો ભુલ ભરેલો અર્થ કર્યો છે સબબ સાક્ષીનો જવાબ લેવો એમ ઠરાવવું તે તોહમતદાર હાજર થયો છે એની બરોબર છે પણ આ કેસમાં તો જાતે હાજર થયો નહોતો અને તેનો બચાવ દાખલ કરવામાં નહોતો આવ્યો તેથી તે શિક્ષાને પાત્ર થઇ શકતો નથી. વીકલીરીપોટ ૨. પ્ર. ૪૫

જો કોઇ સખસ વિશે જાહેરનામુ થયું હોય તેનો ઈનસાફ જ્યારે સેસન કોરટે કે હાઈ કોરટે ન કરયો હોય ત્યારે તેની મિલકત પાછી આપવી કે નહી તે વિશેનો ડિસ્ત્રીકટના માજીસ્ત્રેટે ઠરાવ કરવો જોઈએ.

જપ્ત કરેલી મિલકત માજીસ્ત્રેટે જપ્ત કરવા જાહેરનામું કરવાનો હુકમ કરતાં પેહેલાં જાહેરનામું કરવા બાબત કાયદા પ્રમાણે હકીકત છે કે નહી તે વિશે સાબીતીનો પુરાવો લેવો જોઈએ.—રાણી વિ. મદનમોહન પોદર. વીકલી રીપોટ ક્રી. રૂલીંગ ૩૪.

ડ—પ્રોસેસ સબંધી બીજી કાનુનો

સમનને બદલે અથવા તે શિવાય બીજી વારંટ કાહાડવા બાબત,

૯૦ જે બાબતમાં હાજર થવા સારૂ જ્યુરર અથવા આસેસર અથવા કોઇપણ સખસની ઉપર સમન કાહાડવાનો કોઇ કોરટને આ કાયદા પ્રમાણે અધિકાર હોય તેની હરકોઇ બાબતમાં તે કોરટ સદરહુ સખસને પકડવા સારૂ; પોતાના કારણ લખીને, વારંટ કાહાડવાને મુખત્યાર છે.

(અ) જો સદરહુ સમન કાહાડતાં પેહેલાં. અથવા તે કાહાડયા પછી પણ તે સખસ હાજર થાય તેને માટે મુકરર કરેલા વખત પેહેલાં, તે કોરટને એવું માનવાનું કારણ જણાય કે તે સખસ નાહાસી ગયો છે અથવા તે સમન નહી માનેતો; અથવા

(બ) જો સદરહુ વખતે તે સખસ હાજર ન થાય અને તે સમન પ્રમાણે હાજર થવાનું તેનાથી બની શકે એવે વખતે તે સમન યોગ્ય રીતે બજાવ્યાની સાબિતી થાય અને એ પ્રમાણે હાજર નહી થયા બાબત કાંઈ વ્યાજબી કારણ આપવામાં ન આવે તો.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૯ નો કલમ ૧૪૮–૧૫૦– ૧૫૬.--૩૫૨ ૩૫૫–૪૯૪ ને બદલે રચવામાં આવી છે.

સાહેદને હાજર થવાની ફરજ પાડયા વગર તે હાજર થશે નહી એવું માજીસ્ત્રેટને માનવાનું કારણ જણાય ત્યારેજ સાહેદોને પકડવા માટે તેણે વારંટ કાઢવું જોઇએ. મોહંશચંદર બેનરજીના કામમાં બંગાળા વીકલી રીપોટ. વા. ૪. પ્ર. ૧

પ્રથમ સમન કર્યો હોય અને તે બજી આવ્યા છતાં સમન કરેલો સખસ હાજર ન થાય ત્યારે સમનની બજાવણી બરોબર કરી હતી એવું સાબીત થવું જોઇએ. અબદુલ રહેમાનના કામમાં વીકલી રીપોટ ૭. પ્ર. ૩૭.

સાક્ષી ઉપર સમન અને વારંટ બંને એકજ વખત કાઢવાં એવો આ કલમનો હેતુ નથી એટલે કે સમન પણ કાઢવો અને વારંટ પણ સાથે ન કાઢવું એમ નથી. રાણી વિરૂદ્ધ ચંદરસીખરરાય વીકલી રીપોટ ૧૨ પ્ર. ૧૮

હાજર થવા સારૂ ખતલેવાનોઅધિકાર — ૯૧ જે સખસને હાજર થવા સારૂ અથવા જે સખસને પકડવાસારૂ સમન અથવા વારંટ કાહાડવાનો કોઈ પણ કોરટના પ્રમુખ અમલદારને અધિકાર હશે તે સખસ જ્યારે સદરહુ કોરટમાં હાજર હોય, ત્યારે સદરહુ અમલદાર તે સખસને તે કોરટમાં હાજર થવા સારૂ જામીન સાથે અથવા જામીન વગર એક ખત કરી આપવાનું ફરમાવવાને મુખત્યાર છે.

હાજરથવાબાબતના ખતનો કરાર તોડેથી પકડવા બાબત. — ૯૨ આ કાયદા પ્રમાણે લીધેલાં કોઇપણ ખત પ્રમાણે જે સખસ કોઈ કોરટની આગળ હાજર થવાને બંધાએલો હોય તે સખસ એ પ્રમાણે હાજર ન થાય, ત્યારે સદરહુ કોરટનો પ્રમુખ અમલદાર વારંટ કાહાડીને સદરહુ સખસને પકડીને પોતાની આગળ રજુ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે.

આબાબમાંહેના ઠરાવો સમનોને તથા પકડવાના વારંટોને સામાન્ય રીતે લાગુ પાડ બાબત. — ૯૩. સમન બાબત તથા વારંટ બાબત તથા તે કહાડવા બાબત તથા બજાવવા બાબત આ બાબ માંહેના ઠરાવો આ કાયદા પ્રમાણે કહાડેલા હરએક સમનને તથા પકડવાનાં દરએક વારંટને, બની શકે તેટલે સુધી, લાગુ પડશે.

બાબ ૭ મો.

દસ્તાવેજો તથા બીજી જંગમ મિલકત રજુ કરવાની જરૂર પાડવા સારૂ તથા ગેરબ્યાજબી રીતે કેદ કરેલા સખસો સોધી કાહાડવા સારૂ પ્રોસેસો બાબત.

અ—રજુ કરવા વિશે સમન.

દસ્તાવેજઅથવા બીજી વસ્તુ રજુ કરવા વિશેસમન — ૯૪. જ્યારે કોઇપણ કોરટની, અથવા કલકત્તા અને મુંબઇ એ શેહેરોની હદ બાહાર કોઇપણ જગામાં જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ-થાણું હોય એવા કોઈપણ અમલદારની નજરમાં એમ આવે કે આ કાયદા પ્રમાણે પોતે અથવા પોતાની આગળ કોઇપણ તપાસ અથવા ચોકસી અથવા ઇનસાફ અથવા બીજુ કામ ચલાવવાનાં કારણ સારૂ કોઇપણ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવી જરૂરનીછે અથવા યોગ્ય છે. ત્યારે જે શખસના કબજામાં અથવા અખત્યારમાં સદરહુ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ છે. ત્યારે એવું માનવામાં આવે તે સખસે ફલાણા વખતે અને જગાએ તે દસ્તાવેજ અથવા બીજી વસ્તુ હાજર થ-

ઇને રજુ કરવી અથવા રજુ કરવી એવો તેને સમન કરવાને સદરહુ કોરટ અથવા એવો તેને લખેલો હુકમ કરવાને સદરહુ અમલદાર મુખત્યાર છે.

જે શખસને ફકત કોઇ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાનું આ કલમ પ્રમાણે ફરમાવ્યું હોય તે શખસ તે દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવા સારૂ જાતે હાજર થવાને બદલે તે રજુ કરાવે તો તે સદરહુ હુકમ પ્રમાણે ચાલ્યો છે એમ સમજવું.

સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પૂરાવાના આકટની ૧૧૩ મી કલમોને અથવા ટપાલ ખાતાના અથવા તારખાતાના અધિકારીઓના હવાલામાં કોઇ કાગળ, પોષ્ટકાર્ડ, તાર અથવા બીજો દસ્તાવેજ હોય તેને આ કલમ માંહેના કોઇપણ મજકુરથી બાધ થાય છે એમ સમજવું નહીં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૬૫ ને બદલે રચવામાં આવી છે પહેલો અને બીજો પેરેગ્રાફ નવા છે. ટપાલના કાગળો વિગેરે હાજર કરવા માટે જુઓ આ કાયદાની કલમ ૯૫

આ કલમના સબંધમાં પુરાવાના આકટ ૭૨ ના ૧ લાની કલમ ૧૨૩-૧૨૪ જોવી.

કાગળો તથાતારો સબંધી કેમ કરવું.

૯૫. જો કોઈપણ જીલ્હા માજીસ્ત્રેટના અથવા ચીફ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટના અથવા હાઇકોરટના અથવા સેસનકોરટના મત પ્રમાણે સદરહુ હવાલા માંહેનો કોઇપણ દસ્તાવેજ આ કાયદા પ્રમાણે કોઇપણ તપાસ, ચોકસી, ઈનસાફ અથવા બીજુ કામ ચલાવવાના કારણ સારૂ જોઈતો હોય, તો સદરહુ માજીસ્ત્રેટ અથવા કોરટ ફરમાવે તેવા શખસને સદરહુ દસ્તાવેજ સ્વાધીન કરવાનું ટપાલખાતાના અથવા તારખાતાના, જેમ હોય તેમ, અધિકારીઓને ફરમાવવાને તે માજીસ્ત્રેટ અથવા કોરટ મુખત્યાર છે.

જો બીજા કોઇપણ માજીસ્ત્રેટના અથવા કોઇપણ પોલીસ-કમીશનરના અથવા પોલીસના કોઇપણ ડીસ્ત્રીકટ સુપ્રીન્ટેન્ડેન્ટના મત પ્રમાણે સદરહુ પ્રકારનો કોઇ દસ્તાવેજ સદરહુ પ્રકારના કોઇપણ કારણ સારૂ જોઈતો હોય, તો સદરહુ જીલ્લા માજીસ્ત્રેટનો, અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટનો અથવા કોરટનો હુકમ થતાં સુધી, સદરહુ દસ્તાવેજની શોધ કરાવીને તે અટકાવી રાખવાનું ટપાલખાતાને અથવા તારખાતાને, જેમ હોય તેમ, ફરમાવવાને તે મુખત્યાર છે.

બ—ઝાડો લેવાનાં વારંટો બાબત.

ઝાડો લેવાનું વારંટ ક્યારે કહાડવાનો અધિકાર છે.

૯૬. જે શખસને ૯૪ મી કલમ પ્રમાણે સમન અથવા હુકમ કર્યો હોય અથવા કરવાનો અધિકાર હોય અથવા જે શખસને ૯૫ મી કલમના પેહેલા પારેગ્રાફ પ્રમાણે ફરમાશ કરી હોય અથવા કરવાનો અધિકાર હોય તે શખસ સદરહુ સમનમાં અથવા ફરમાશમાં ફરમાવ્યા મુજબ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરશે નહી એવું માનવાનું કોઇ કોરટને કારણ હોય ત્યારે.

અથવા સદરહુ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ ફલાણા શખસના કબજામાં છે એવું કોરટના જાણવામાં ન હોય ત્યારે.

અથવા આ કાયદા પ્રમાણે કોઇપણ ચોકસી, ઇનસાફ અથવા બીજા કામની મત-

લગ સામાન્ય રીતે ઝડો લેવાથી અથવા જઈને જોવાથી સરસે એવું કોરટની નજરમાં આવે ત્યારે.

તે કોરટ ઝાડો લેવાનું વારંટ કહાડવાને મુખત્યાર છે; અને જે શખસના નામનું સદરહુ વારંટ કર્યું હોય તે શખસ તે વારંટ મુજબ અને આ કાયદામાં આગળ કહેલા ઠરાવો મુજબ ઝાડો લેવાને અથવા જઈને જોવાને મુખત્યાર છે

ટપાલ ખાતાના અથવા તારખાતાના અધિકારીઓના હવાલામાં કોઇ દસ્તાવેજ હોય તે બાબત ઝાડો લેવાનું વારંટ આપવાનો જીલ્લા માજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ શિવાય બીજા કોઇ માજીસ્ટ્રેટને આ કલમ માંહેના કોઇપણ મજકુરથી અધિકાર છે, એવું સમજવું નહી.

વારંટની મર્યાદા બાંધવાનો અધીકાર

૯૭. ફકત ફલાણી જગાનોજ અથવા તેના ફલાણા ભાગનોજ ઝાડો લેવો અથવા જઈને તે જોવા એમ કોરટ, જો પોતાને યોગ્ય લાગે તો, વારંટમાં લખી જણાવવાને મુખત્યાર છે; અને તે વારંટ બજાવવાનું કામ જે શખસને સોંપ્યું હોય તે શખસે પછી ફકત સદરહુ પ્રમાણે લખેલી જગાનોજ અથવા ભાગનોજ ઝાડો લેવો અથવા જઈને તે જોવો.

ફલાણા ઘરમાં ચોરીની મિલકત, બનાવટના દસ્તાવેજ વિગેરે છે એવો શક આવ્યો હોય તે ઘરનો ઝાડો લેવા બાબત

૯૮. જો કોઇ જીલ્લા માજીસ્ત્રેટને. પેટા ટુકડી માજીસ્ત્રેટને, પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને અથવા પેહેલા વરગના માજીસ્ત્રેટને ખબર મળ્યા ઉપરથી તથા તેની નજરમાં જરૂર જણાય તેવી ચોકસી કર્યા પછી એવું માનવાનું કારણ હોય કે ફલાણી જગા ચોરીની મિલકત મુકવા સારૂ અથવા વેચવા સારૂ વાપરવામાં આવે છે.

અથવા બનાવટના દસ્તાવેજો, ખોટી મોહોરો, અથવા ખોટા સ્ટાંપ અથવા સિક્કા, અથવા ખોટા સિક્કા અથવા સ્ટાંપ બનાવવાના અથવા ખોટા દસ્તાવેજ બનાવવાનાં હથિયારો અથવા સામાન મુકવા અથવા વેચવા અથવા બનાવવા સારૂ વાપરવામાં આવે છે.

અથવા ફલાણી જગાએ કોઈપણ બનાવટના દસ્તાવેજો, ખોટી મોહોરો અથવા ખોટા સ્ટાંપ અથવા શિક્કા, અથવા ખોટા શિક્કા અથવા સ્ટાંપ બનાવવા માટે અથવા ખોટા દસ્તાવેજ બનાવવા માટે વાપરવાનાં હથિયારો અથવા સામાન રાખવામાં અથવા મુકવામાં આવ્યાં છે.

તો કાનસ્ટેબલનાં કરતાં ઊંચા દરજ્જાના કોઇપણ પોલીસ-અમલદારને તે પોતાના વારંટીથહેઠળ લખ્યા પ્રમાણે અધિકાર આપવાને મુખત્યાર છે.

(અ) જેટલી મદદ જોઇએં તેટલી મદદ લઈને સદરહુ જગામાં પેસવાને, તથા

(બ) વારંટમાં લખેલી રીતે તે જગાનો ઝાડો લેવાને, તથા

(ક) કાંઈ મિલકત, દસ્તાવેજો. મોહોરો, સ્ટાંપ અથવા શિક્કા તે જગાએ જડે અને તે મિલકત ચોરીની છે અથવા ગેરકાયદેસર મેળવેલી છે અથવા તે દસ્તાવેજો બનાવટના છે અથવા તે મોહોરો ખોટી છે અથવા તે સ્ટાંપ અથવા શિક્કા ખોટા

બનાવેલા છે એવો તેને શક આવે તો તે મિલકતનો, દસ્તાવેજોનો, મોહોરોનો, સ્ટાંપનો અથવા શિક્કાઓનો અને વળી સદરહુ પ્રકારનાં કાંઇપણ હથિયારોનો સ્ટ-થા સામાનનો કબજો લેવાને, તથા

(ડ) સદરહુ મિલકત, દસ્તાવેજો, મોહોરો, સ્ટાંપ, શિક્કા, હથિયારો અથવા સામાન કોઇ માજીસ્ત્રેટની આગળ લઈ જવાને, અથવા જ્યાં સુધી ગુન્હેગારને માજીસ્ત્રેટ-ની આગળ લઇ જવામાં આવ્યો ન હોય ત્યાં સુધી તેજ જગાએ સંભાળી રાખ-વાને અથવા કોઈ નિર્ભય જગાએ તેની બીજી રીતે વ્યવસ્થા કરવાને. તથા

(ઇ) સદરહુ પ્રકારની કોઇ મિલકત ચોરેલી છે અથવા બાજી રીતે ગેરકાયદેસર મેળ-વેલી છે. અથવા સદરહુ દસ્તાવેજો, મોહોરો, સ્ટાંપ, શિક્કા, હથિયારો અથવા સા-માન ખોટા બનાવેલા છે, અથવા સદરહુ હથિયારો અથવા સામાન ખોટા શિક્કા અથવા સ્ટાંપ બનાવવા માટે અથવા ખોટા દસ્તાવેજ માટે વાપરેલો છે અથવા વાપરવા માટે યોજેલા છે. એવું જાણ્યા છતાં અથવા એવો શક લાવવાને વ્યાજ-બી કારણ છતાં ફલાણા સખસે સદરહુ પ્રકારની મિલકત, દસ્તાવેજો. મોહોરો, સ્ટાંપ. શિક્કા, હથિયારો અથવા સામાન મુકવામાં. વેચવામાં અથવા બનાવવામાં અથવા રાખવામાં અંદરખાનેથી ભાગ લીધેલો છે એવું જણાય તેવો જે સખસ સદરહુ જગાએ માલુમ પડે તે સખસને પેહેરામાં લેવાને તથા કોઈ માજીસ્ત્રેટની આગળ લઇ જવાને.

ટીકા—ચોરીના મિલકત કોને કહેવી તે માટે જુઓ હીં. ફો. કા. ની કલમ ૪૧૦ આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૭૭ ને મળતી છે; તથાપિ પેહેલા ભા-ગમાં "પ્રસીડેન્સી માજીસ્ત્રેટ" એટલા શબ્દ નવા છે તથા રકમ (ક) માં "ગેરકાયદેસર મે-ળવેલાં" એટલા શબ્દ વધેલા છે, અને રકમ (ડ) અને રકમ (ઇ) તદન નવાં દાખલ કરેલાંછે.

તે ઘણી અગત્યની રકમ છે, ખોટા શિક્કા વગેરે પકડવામાં આવે પણ તેમાં સામીલ હોનાર સખસને પકડવામાં આવે નહી તો પછી તેઓ છટકી જાય અને તેથી ઇનસાફની નીષ્ફળતા થાય.

આ કલમ પ્રમાણે કાઢવાનાં વારંટના નમુના માટે જુઓ પરીશીષ્ટ ૫ નો નમુનો ૯

હકુમતની બહા-ર ઝાડો લેતાંજ ડેલી વસ્તુઓની બાબસ્તા.

૯૯. જે કોરટે ઝાડો લેવાનું વારંટ કહાડયું હોય તે કોરટની હકુમત-ની સ્થાનીક સીમાની બાહાર કોઈપણ જગાએ તે વારંટ બજાવતાં જે વસ્તુઓને માટે ઝાડો લેવામાં આવે તેમાંની કોઇપણ વસ્તુઓ જડે, ત્યારે સદરહુ વસ્તુઓ તેમજ આ કાયદામાં આગળ કહેલા ઠરાવો મુજબ તે વસ્તુઓની તઇયાર કરેલી ટીપ તાબડતોબ તે વારંટ કહાડનારી કોર-ટની આગળ લઇ જવી, પણ સદરહુ જગા તે કોરટ કરતાં જે માજીસ્ત્રેટને તે જગામાં હ-કુમત હોય તે માજીસ્ત્રેટના વધારે નજીક હોય તો, તે ટીપ અને તે વસ્તુઓ સદરહુ માજી-સ્ત્રેટની આગળ લઇ જવી અને જે વિરૂદ્ધ પડતું પાકુ કારણ ન હોય તો સદરહુ માજીસ્ત્રેટે હુકમ કરીને તે ટીપ તથા વસ્તુઓ સદરહુ કોરટના પાસે લઇ જવાનો અધિકાર આપવો.

ક—ગેરવ્યાજબી રીતે કેદ કરેલા સખસોની શોધ કરવા બાબત.

ગેરઆજબી રીતે કેદ કરેલા સખસોને માટે ઝાડો લેવા બાબત.

૧૦૦ જો કોઇપણ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને, અથવા પેહેલા વરગના માજીસ્ત્રેટને અથવા પેટા દુકડી માજીસ્ત્રેટને એવું માનવાનું કારણ હોય કે કોઇપણ સખસને એવી રીતે અટકાયતમાં રાખ્યો છે કે જેથી કરીને એ પ્રમાણે અટકાયતમાં રાખવાનું કૃત્ય ગુન્હો થાય છે તો ઝાડો લેવાનું વારંટ કાહાડવાને તે મુખ્ત્યાર છે અને જે સખસના નામનું તે વારંટ કાહાડવામાં આવે તે સખસને સદરહુ પ્રમાણે કેદ કરેલા સખસ માટે ઝાડો લેવાનો અખ્તિયાર છે; અને તે વારંટ મુજબ સદરહુ ઝાડો લેવો અને જો તે સખસ જડે તો તેને કોઇ માજીસ્ત્રેટની આગળ તાબડતોબ લઇ જવો; અને તે કામની હકીકત ઉપરથી યોગ્ય જણાય એવો હુકમ તે માજીસ્ત્રેટે કરવો.

ટીકા—આ કલમ તદન નવી છે, આ કલમની પુરી ખોટ હતી લોકોની સ્વતંત્રતાને કાયદાના બળથી બંધનમાં મૂકવા કાયદો હક આપે છે પણ તે સિવાય બીજે પ્રસંગે આવી સ્વતંત્રતા ઉપર બંધન મૂકવા કોઇને અખ્તિયાર નથી કેટલાક પુરૂષો પોતાની સ્ત્રી વગેરે પર ઘાતકી થઇ આવો રસ્તો પકડે છે તેને અટકાવવા આ કલમ છે.

૬—ઝાડો લેવા સબંધી સામાન્ય ઠરાવો.

ઝાડો લેવાના વારંટો કોના નામના કરવા વિગેરે.

૧૦૧. ૪૩ મી, ૭૫ મી, ૭૭ મી, ૭૯ મી, ૮૨ મી, ૮૩ મી, અને ૮૪ મી કલમના ઠરાવો, જેટલે સુધી બની શકે તેટલે સુધી, ૯૬ મી, ૯૮ મી અથવા ૧૦૦ મી કલમ પ્રમાણે કહાડેલાં સઘળા ઝાડો લેવાના વારંટોને લાગુ છે એવું સમજવું.

બંધ કરેલી જગા જે સખસોના હવાલામાં હોય તેઓએ ઝાડો લેવા દેવો.

૧૦૨. આ બાબત પ્રમાણે જે જગા ઝાડો લેવાને અથવા જઇને જોવાને પાત્ર હોય તે જગા બંધ હોય ત્યારે જે સખસ તે જગામાં રહેતો હોય અથવા જે સખસના હવાલામા તે જગા હોય તે સખસે વારંટ બજાવનારા અમલદારની અથવા બીજા સખસની માગણી ઉપરથી તથા વારંટ કર્યા ઉપરથી, તે અમલદારને અથવા બીજા સખસને તે જગાની અંદર જવા દેવો, તથા ત્યાં શોધ કરવા, જેમ સેહેલ પડે તેવા સઘળા ઘટતા ઉપાયો કરી દેવા.

ટીકા—આ કલમ રદ થયેલા કાયદાની કલમ ૩૮૨, ૩૮૩, ૩૮૪ ને મળતી છે જગ્યોને માલીક અથવા તેમાં રહેનારો સખસ વારંટ બજાવનાર સખસને કાંઇ અડચણ કરે તો ઈ. પે. કો. ક. ૧૮૬ પ્રમાણે ગુન્હેગાર થાય છે.

જો સદરહુ જગાની અંદર સદરહુ પ્રમાણે જવાદેવામાં ન આવે તો વારંટ બજાવનારો અમલદાર અથવા બીજો સખસ ૪૮ મી કલમથી ઠરાવેલી રીતે ચાલવાને મુખત્યારછે.

ઝાડો લેવો તેસાહેદોનીસમક્ષલેવો.

૧૦૩. આ બાબ પ્રમાણે ઝાડો લેતાં પેહેલાં, ઝાડો લેવા જનારા અમલદારે અથવા બીજા સખસે જે જગાનો ઝાડો લેવો હોય તે જગા જે લતામાં આવેલા હોય તે લતાનાં બે અથવા વધારે આબરૂદાર રેહેવાસીઓને ઝાડો લેતી વખત હાજર રેહેવા તથા તે જોવા સારૂ બોલાવવા.

તો ઝાડો તેઓની સમક્ષ લેવો, અને તે ઝાડો લેતી વખતે જપ્ત કરેલી સઘળી ચીજો

ની તથા જે જે જગાએ તે ચીજો જડી હોય તે તે જગાઓની એક ટીપ સદરહુ અગલદારે અથવા બીજા સખસે તઈયાર કરવી અને તેની ઉપર સદરહુ સાહેદોએ સહી કરવી. પણ આ કલમ પ્રમાણે લેવાતો ઝાડો જોનારા કોઇપણ સખસને કોરટે ખસુસ સમન કર્યો નહીં હોય તો તેને કોર્ટમાં સાહેદ દાખલ હાજર થવાનું ફરમાવવું નહીં.

ઝાડો લેવાની જગાનો ભોગવટો કરનારને હાજર રેહેવાનો અધિકારછે.

ઝાડો લેવાની જગાનો ભોગવટો કરનારાને અથવા તેની તરફથી કોઈ સખસને દરએક પ્રસંગે ઝાડો લેવાનો હોય, ત્યારે હાજર રેહેવા દેવો, અને સદરહુ ભોગવટો કરનારો અથવા સદરહુ સખસ કહે એટલે તેને આ કલમ પ્રમાણે તૈયાર કરેલી ટીપની એક નકલ સદરહુ શાહેદીની સહી કરાવીને સ્વાધિન કરવી.

ઈ—પરચુરણ.

રજુકરેલા દસ્તાવેજવિગેરે અટકાવી રાખવાનો અધિકાર.

૧૦૪. આ કાયદા પ્રમાણે પોતાની આગળ રજુ કરેલા હરકોઇ દસ્તાવેજને અથવા બીજી વસ્તુને, યોગ્ય લાગે તો અટકાવી રાખવાને હરકોઇ કોરટ મુખત્યાર છે.

માજીસ્ત્રેટ પોતાની સમક્ષ ઝાડો લેવાનું ફરમાવવાને મુખત્યાર છે.

૧૦૫. જે જગાનો ઝાડો લેવા સારૂ વારંટ કાહાડવાનો પોતાને અખત્યાર હોય તે જગાનો ઝાડો પોતાની સમક્ષ લેવાનું ફરમાવવા કોઈ માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ભાગ ૪ થો.

ગુન્હા અટકાવવા બાબત.

બાબ ૮ મો.

સુલેહ રાખવા સારૂ તથા સારી રીતે ચલાવવા સારૂ તારણ બાબત.

અ.—ગુન્હા કર્યા ઉપરથી સુલેહ રાખવા સારૂ તારણ.

ગુનોહ કર્યા ઉપરથી સુલેહરાખવા સારૂ તારણ.

૧૦૬. જ્યારે હંગામો. હુમલો અથવા સુલેહનો બીજો ભંગ કરવાનું અથવા તેમાં મદદગારી કરવાનું, અથવા તેમ કરવાના સાફ ઇરાદાથી હથિયારવાળા માણસોને એકઠાં કરવાનું અથવા કોઈની વિરૂદ્ધ બીજા ઉપાયો કરવાનું અથવા શરીરને અથવા મિલકતને નુકશાન કરવાનો ડર દેખાડીને સાપરાધ ધમકી આપવાનું તહોમત જે સખસની ઉપર આવ્યું હોય તે સખસની ઉપર કોઇ હાઈકોર્ટની આગળ અથવા સેશન કોર્ટની આગળ અથવા પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ જીલ્લા માજીસ્ત્રેટની, પેટા ટુકડી માજીસ્ત્રેટની અથવા પેહેલા વરગના માજીસ્ત્રેટના કોરટની આગળ તે ગુન્હો કરે.

અને તે કોરટનો એવો અભિપ્રાય હોય કે સુલેહ રાખવા સારૂ ખત કરીને આપવાનુ સદરહુ સખસને ફરમાવવાની જરૂર છે.

ત્યારે સદરહુ કોરટ તે સખસની ઉપર શિક્ષાનો હુકમ કરતી વખતે ત્રણ વરસ કર-

તાં વત્તી ન હોય એવી જે મુદત તે કોરટ મુકરર કરવાનું યોગ્ય ધારે તે મુદત સુધી સુલેહ રાખવા સારૂ જામીન સાથે કે વગર જામીને. તેની સ્થિતિને ઘટતી રકમનું ખત કરી આપવાનો તે કોરટ તે સખસને હુકમ કરવાને મુખત્યાર છે.

અપીલ ઉપરથી અથવા બીજી કોઇ રીતે જો ગુન્હો સાબિત થયાનો ઠરાવ રદ થાય એ પ્રમાણે આપેલું ખત રદ થશે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૮૯-૪૯૦ ને બદલે રચવામાં આવી છે. છેલો પારેગ્રાફ નવો છે, તે રાણી વિ. ધીસાના કેસ ઉપરથી કરવામાં આવ્યો છે, (જુઓ) અ. હા. કો. રી. વા. ૭ પ્ર. ૩૭૬.

આ કલમમાં જે માજીસ્ટ્રેટો વગેરેને જમાન લેવા અધિકાર આપ્યો છે તે શિવાયના માજીસ્ટ્રેટોએ આવા જમાન લેવા માટે કેમ કરવું તે માટે જુઓ આગળ કલમ ૧૦૮.

આબરૂને નુકશાન કરવાના ઇરાદાથી સાપ્રાધ ધમકી આપવાનું કોઇ સખસપર તહોમત આવ્યું હોય તે સખસનો આ કલમમાં સમાવેશ થતો નથી.—પ્રીનસેપ.

આ કલમ પ્રમાણે સુલેહ રાખવા બાબતના ખતના નમુના માટે જુઓ પરિશિષ્ટ ૫, નો નમુનો ૧૦ મો.

હું તારી ઉપર ખોટાં તહોમત મુકીશ એવી સાપ્રાધ ધમકી આપી હોય અને તે કેસ સાબિત થયો હોય તો તેના સુલેહ રાખવાના જમાન-લેવાય નહીં.—રાણી વિ. રાઘુણા ઇંડિયન લા. રીપોટ (અલ્હાબાદ) વા. ૨, પ્ર. ૩૫૧

એક કામમાં હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૪૭ મુજબ સાપ્રાધ પ્રવેશનો ગુન્હો સાબિત થયાથી શિક્ષાની મુદત પુરી થયે સારી ચાલના જમાન લેવાનું ઠરાવવામાં આવ્યું હતું તે બ્યાજબી ગણવામાં આવેલું છે કેમકે કેદી સુલેહનો ભંગ કરશે એવો તેનો ઇરાદો જણાયો હતો—રાણી વિ. જીંદુખાન વીકલી રીપોટ ૭ પ્ર. ૧૪.

ભવિષ્યમાં સુલેહનો ભંગ કરશે એવો માત્ર સંભવ હોય તો તેટલા ઉપરથી આ કલમનો ઉપયોગ થઇ શકે નહીં. રાણી વિરૂદ્ધ અબદલહક, વિકલી રીપોટ ૨૦ પ્ર. ૫૭. પણ કલમ ૧૦૭ પ્રમાણે અમલ કરવો જોઇએ.

ડિસ્ત્રિકટનો માજીસ્ટ્રેટ એપેલેટ કોરટનો અધિકાર ચલાવતો હોય ત્યારે પણ તે આ કલમ પ્રમાણેનો અધિકાર બજાવી શકે છે. કૈસરે હિંદ વિ. કાલકાપ્રસાદ ઇંડિયન લા. રીપોટ અલ્હાબાદ વા. ૪ પ્ર. ૨૧૨.

જામિનને બદલે નાણાની રકમ અથવા સરકારી નોટ મુકે તોપણ ચાલે જુઓ ક. ૫૧૩

બ—બીજાં કાંમોમાં સુલેહ રાખવા સારૂ તથા સારી રીતે ચાલવા સારૂ તારણ.

બીજાં કામોમાં સુલેહ રાખવા સારૂ તારણ.

૧૦૭ જ્યારે કોઇ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને, જીલ્લા માજીસ્ત્રેટને પેટા તુકડી માજીસ્ત્રેટને અથવા પેહેલા વરગના માજીસ્ત્રેટને એવી ખબર મળે કે પોતાની હકુમતની સ્થાનિક હદમાં ફલાણો સખસ સુલેહનો ભંગ કરશે એવો સંભવ છે. અથવા જેથી સુલેહનો ભંગ ઘણું કરીને થાય એવું કોઇ પણ ગેરબ્યાજબી કામ કરશે એવો સંભવ છે. અથવા સદરહુ હદમાં એવો કોઈ સખસ છે કે જે સદરહુ હદની બહાર હરકોઇ જગામાં સુલેહનો ભંગ અથવા ઉપર મુજબ કાંઇ પણ ગેરબ્યાજબી કામ કરશે એવો સંભવ છે, ત્યારે એક વરસ કરતાં વત્તી ન હોય એવી જે મુદત સદરહુ માજીસ્ત્રેટ મુકરર કરવાનું યોગ્ય ધારે તે મુદત સુધી સુલેહ રાખવા સારૂ, જામીન સાથે કે વગર જામીને, એક ખત કરી આપવાને હુકમ સદરહુ સખસને શા સારૂ ન કરવો જોઇએ તેનું કારણ બતાવવાનું તે સખસને, આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે, ફરમાવવાને સદરહુ માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ટીકા—કોઈ સખસ માજીસ્ત્રેટ પાસે આવી અમુક સખસ મારી જીંદગીને જોખમ પહોચાડશે એવી મને બીક છે એવું સોગન ખાઇ કહે તો એ ખબર વિશ્વાસ રાખવા લાયક ગણાય છે.—તારીનીકાંત લાહોરી. વીકલી રીપોર્ટ ૮ પ્ર. ૭૯ તેજ ધોરણ ઉપર ક્રીસતેંદ્રોરાય વી. રી. ૭ પ્ર. ૩૦

આવા કામમાં પોલીસનો રીપોર્ટ કાયદાસર પુરાવ નથી એટલે કે માત્ર તેની ઉપરજ આધાર રાખી કાંઇ થઈ શકે નહીં—અભાયા ચોધરી વીરૂધ રાજેંદ્ર કીશોર ચોધરી બેંગાળા રીપોટ વા. ૪ પ્ર. ૧૪૮ તેમજ વીકલી રીપોટ ૧૦ પ્ર. ૫૫.

એક સખસના ઘરની જોડે બીજો સખસ નવું ઘર બાંધે તેનાં નેવાં એ ઘર પુરૂ થયે તેના પાડોસીના ઘર ઉપર પડે તેમ છે અને તેથી તે વખતે સુલેહનો ભંગ થાય એવું ગણી તે ઘર બાંધનાર સખસને માજીસ્ત્રેટ ઘર બાંધતો અટકાવી શકતો નથી—કાશીચંદરદાસ વીરૂધ હરકીસોરદાસ બેંગાળા રીપોટ વા. ૧૦ પ્ર. ૪૪૧

આ કલમ પ્રમાણે માજીસ્ત્રેટ કામ ચલાવતો હોય તે વખતે તોહોમતદારની રૂબરૂ આપેલા પુરાવાનો ઉપયોગ ન કરતાં આગાઉના ફોજદારી ઇનસાફ વખતે પડેલા પુરાવનો ઉપયોગ કરવાને પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ ની કલમ ૩૩ ઉપરથી તેને અધિકાર મળતો નથી રાણી વીરૂધ પોસોનોચંદર ગોસામી અને બીજા વીકલી રીપોટ ૨૨ પ્ર. ૩૬.

જે ખબર ઉપરથી સુલેહ રાખવાના જામીન માગવામાં આવ્યા હોય તે ખબર ખોટી માલુમ પડે તો પછી માજીસ્ત્રેટે કાંઇ હુકમ કરવો ન જોઇએ—જે આધાર ઉપરથી સમન કર્યો હોય તે આધારથી તદન જુદોજ આધાર જાણીને લેવાનો જણાય તો તે જામીન શા માટે ન લેવા તેનું કારણ બતાવવા પક્ષકારને વખત આપવો જોઇએ—રામકીસન આચરજ ચૌધરી વીકલી રીપોટ ૨૧ પ્ર. ૬

કાયદા પ્રમાણે જે પુરાવ લેવો જોઇએ તે લીધા વગર માજીસ્ત્રેટે હુકમ કરયો હોય તે ખામી વિશે જે સખસને હુકમ કર્યો હોય તે સખસે ચુપકી પકડી હોય અથવા તે બાબત વીશે કાંઈ જાહેર કરવા ગફલત કરી હોય અથવા એવી ખામીની તકરાર લાવવા તે સખસે હક ઉઠાવી લીધો હોય તો તે ખામી દુર થઇ શકતી નથી—હરીરામ ભીખનના કામમાં મુંબાઇ હાઇકોરટ રીપોટ વા. ૧૧ પ્ર. ૧૭૦

૧૦૭ મી કલમ પ્રમાણે ચાલવાનો જે માજીસ્ત્રેટ વગેરેને અધિકાર નહોય તેણે કેમ કરવું.

૧૦૮ ૧૦૭ મી કલમ પ્રમાણે કામ ચલાવવાનો જે માજીસ્ત્રેટને અધિકાર ન હોય તે માજીસ્ત્રેટને અથવા સેસન કોરટને અથવા હાઇ કોરટને, એવું માનવાનું કારણ હોય કે ફલાણો સખસ સુલેહનો ભંગ અથવા જેથી સુલેહનો ભંગ ઘણું કરીને થાય એવું કાંઇ ગેરવ્યાજબી કામ કરશે એવો સંભવ છે. અને સદરહુ સખસને પેહેરામાં અટકાવી રાખ્યા વગર બીજી રીતે તે સુલેહના ભંગનો અટકાવ થઈ શકવાનો નથી. ત્યારે (જો તે સખસ પેહેરામાં અથવા કોરટની આગળ આવી ચુકયા ન હોય તો) તેને પકડવા માટે વારંટ કહાડવાનો, તથા ૧૦૭ માં કલમ પ્રમાણે તે મુકદમાની તજવીજ કરવાનો જે માજીસ્ત્રેટને અધીકાર હોય તેની આગળ તે સખસને મોકલવાનો, સદરહુ માજીસ્ત્રેટને અથવા કોરટને અખત્યાર છે.

આ કલમ પ્રમાણે જે માજીસ્ત્રેટની આગળ કોઇ સખસને મોકલ્યો હોય તે માજીસ્ત્રેટ આ કાયદામાં આગળ કહેલી ચોકસી પુરી થતાં સુધી પોતાની નજરમાં આવે તો તે સખસને અટકાવી રાખવાને મુખત્યાર છે.

ભટકનારાઓતથા શકવાળાસખસો પાસેથી સારી રીતે ચાલવા સારૂ તાર ણ(લેવા બાબત).

૧૦૯ જ્યારે જ્યારે કોઇ પ્રેસિડેન્સી માજીસ્ત્રટને, જીલ્લા માજીસ્ત્રેટને પેટા તુકડી માજીસ્ત્રેટને અથવા પેહેલા વર્ગના માજીસ્ત્રેટને એવી ખબર મળે—

(અ) કે કોઈપણ સખસ સદરહુ માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમાં પોતાની હાજરી છુપાવવાને પુર્વોપાય કરે છે અને સદરહુ સખસ કાંઈ ગુન્હો કરવાના હેતુથી આવા ઉપાયો કરે છે એવું માનવાનું કારણ છે, અથવા

(બ) કે સદરહુ હદમાં એવો કોઇ સખસ છે કે જેની પાસે ગુજરાનનું કાંઇ પણ સાધન દેખાતું નથી, અથવા જે પોતાને વિશે કાંઇ ખાત્રી લાયક હકીકત કહી શકતો નથી.

ત્યારે ત્યારે છ મહીના કરતાં વત્તી ન હોય એવી જે મુદત સદરહુ માજીસ્ત્રેટ મુકરર કરવાનું દુરસ્ત ધારે તે મુદત સુધી સારી રીતે ચાલવા સારૂ, જામીનો સાથે એક ખત કરી આપવાનો હુકમ સદરહુ સખસને શા સારૂ નહી કરવો જોઈએ તેનું કારણ બતાવવાનું તે સખસને, આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે, ફરમાવવાને સદરહુ માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ગુન્હો કરવાની ટેવ હોય તેવા ગુન્હેગારો પાસેથી સારી રીતે ચાલવાસારૂ તારણ (લેવા બાબત.)

૧૧૦ જ્યારે કોઇ પ્રેસિડેન્સિ માજીસ્ત્રેટને જીલ્લા માજીસ્ત્રેટને, પેટા તુકડી માજીસ્ત્રેટને અથવા પેહેલા વરગના જે માજીસ્ત્રેટનેસ્થાનીક સરકારે આ બાબત વિશેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટને એવી ખબર મળે કે પોતાની હકુમતની સ્થાનીક હદમાં ફલાણા સખસને અપહરણ કરવાની, ઘર ફોડવાની અથવા ચોરી કરવાની ટેવ છે, અથવા ફલાણી મિલકત ચોરીની છે એમ જાણીને તે ચોરીની મિલકત લેવાની ટેવ છે, અથવા તે સખસને જબરાઈથી કહડાવવાની ટેવ છે, અથવા જબરાઇથી કહડાવવા સારૂ કોઇ સખસને હાની કરવાનો ભય ઉત્પન કરવાની ટેવ છે અથવા ભય ઉત્પન કરવાની કોશિસ કરવાની ટેવ છે.

ત્યારે ત્રણ વર્ષ કરતાં વત્તી ન હોય એવી જે મુદત સદરહુ માજીસ્ટ્રેટ મુકરર કરવાનું દુરસ્ત ધારે તે મુદત સુધી સારી રીતે ચાલવા સારૂ, જામીનો સાથે, એક ખત કરી આપવાનો હુકમ સદરહુ સખસને શા સારૂ નહીં કરવો જોઇએ તેનું કારણ બતાવવાનું તે સખસને, આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે ફરમાવવાને સદરહુ માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ના આકટ ૧૦ ની કલમ ૫૦૫ ૫૦૬ ને બદલે રચવામાં આવી છે. ગુન્હો કરવાની ટેવ હોય તેવા સખસો પાસેથી સારી ચાલના જમાન લેવા માટે જુઓ આ કાયદાના પરીશીષ્ટ ૫ નો નમુનો ૧૧ મો.

પુરાવો લીધા વગર આ કલમ પ્રમાણે હુકમ થઈ શકે નહી—રાણી વિ. બુધીયા વલદે ગુરીયા વગેરે. મુ. હા. કો. તા. ૧૫ મી ડીસેંબર સને ૧૮૭૦, રાણી. વિરૂદ્ધ બદલા, અલ્લાબાદ હાઇકોર્ટ રીપોર્ટ વા. ૨ પ્ર. ૪૫૫.

એક વરસ સુધી સારી રીતે ચાલવા માટે પાંચ હજાર રૂપીઆના ચાર જમાન એટલે કે વીસ હજાર રૂપીઆના જમાન આપવા અને તે જમાન ન આપે તો બે મહીના આસાન કેદ અને બાકીના દસ મહીના સખત કેદ રેહેવાને ફરમાવવામાં આવ્યું તે ગેરવ્યાજબી

ગણવામાં આવ્યું છે—અંબીકાપ્રસાદના કામમાં કલકત્તા હાઈકોરટ રીપોટ વા. ૧ પ્ર. ૨૬૮

એક માણસ સારો આબરૂવાળો નથી, તે તેની પાસેથી સારી ચાલનો જમાન માગવાનું પુરતું કારણ નથી—કાલાચંદદાસ ઇં. લા. રી. (કલકતા) વા૦ ૬ પ્ર. ૧૪

એક માજીસ્ટ્રેટે કેદી ઉપર ઈં. પેનલકોડની કલમ ૪૪૮ પ્રમાણેનો ગુન્હો સાબિત ઠરાવી સજાનો ઠરાવ કર્યો તેમાં એવું ઠરાવ્યું કે "સજાનો અમલ થઈ રહે ત્યારે એક વરસના સારી ચાલના જમાન લેવા માટે તેને કોરટ આગળ લાવવો." આ હુકમ રદ કરવામાં આવ્યો—રાણી, વિ. કીશાજી બાપુજી મુંબાઈ હાઇકોરટ રીપોટ વા. ૩ પ્ર. ૩૯

જે સખસોના જમાન માગવા હોય તે સખસ ઉપર આગળ માત્ર સુલેહનો ભંગ કર્યાના ગુન્હા સાબીત થયા હોય તે કારણ; તેના આ કલમ પ્રમાણે જમાન લેવા પુરતા નથી અથવા એ માણસની આબરૂ એવી હોય કે તે ન્હાના ન્હાના જબરાઇથી કઢાવવાના ગુન્હા કરનારની ટોળીનો ઉપરી છે તો એ કારણ પણ તેના જમાન લેવા પૂરતાં નથી.—રાણી. વિ. બાંસરીલાલ. અલ્હાબાદ હાઇકોરટ રીપોટ વા. ૪ પ્ર. ૧૧૭.

કેટલી કેટલી રકમના કેટલા કેટલા જમાન આપવા તે જેના જમાન લેવા હોય તેને જણાવવું જોઇએ એવા જમાનો, જેના જમાન થયા હોય તેની સારી ચાલે ચાલવા માટે બંધાએલા છે તે માટે જમાન થાય ત્યારે જેટલી રકમના જમાન થયા હોય તેટલી રકમ કોરટમાં અનામત મુકવા બંધાએલા નથી.—રાણી વિરૂદ્ધ શીવબક્ષ અલ્હાબાદ હાઇકોરટ રીપોટ વા. ૨ પ્ર. ૨૭૫

યુરોપીયનભટકનારા સબંધી વિશેષ ઠરાવ.

૧૧૧. જે કામમાં રાણીની વીલાયતી રઇયતની તજવીજ સને ૧૮૭૪ ના યુરોપીયન વેગ્રન્સી આકટ પ્રમાણે થઇ શકતી હોય તે કામોમાં તે રઇયતને ૧૦૯ મી તથા ૧૧૦ મી કલમના ઠરાવો લાગુ નથી.

ટીકા—આ કલમ રદ થયેલા કાયદાની કલમ ૫૧૭ ને બદલે ઘડવામાં આવી છે. જે કામોમાં રાણીની વીલાયતી રઇયતને સને ૧૮૭૪ નો યુરોપીયન વેગ્રન્સી આકટ લાગુ હોય તેવા કામને ઉપરની કલમ ૧૦૯ અને ૧૧૦ ના ઠરાવ લાગુ પડતા નથી એવું આ કલમ કહે છે. એ યુરોપીયન વેગ્રન્સી આકટ સને ૧૮૭૪ નો આકટ ૯ મો છે. એ આકટો રાણીની વિલાયતી રઇયત પાસેથી સારી ચાલના જમાન લેવા હોય ત્યારે શું કરવું જોઇએ તે બતાવેલું છે.

હુકમ કરવા બાબત.

૧૧૨. જ્યારે ૧૦૭ મી, ૧૦૯ મી અથવા ૧૧૦ મી કલમ પ્રમાણે ચાલનારા કોઈ માજીસ્ટ્રેટ તે સદરહુ કલમ પ્રમાણે કારણ બતાવવાનું કોઇપણ સખસને ફરમાવવાની જરૂર લાગે, ત્યારે તેણે એક લેખી હુકમ કરીને તેમાં જે ખબર મળી હોય તેનો સાર, તથા કેટલી રકમનું ખત કરી આપવું તે; તથા કેટલી મુદત સુધી તે અમલમાં રેહેશે તે તથા જામીન (જોઈતા હોયતો) કેટલા, કેવા પ્રકારના, અને ક્યા વર્ગના જામીન જોઈયે તે જણાવવું.

ટીકા—એક માજીસ્ત્રેટે એવો હુકમ કર્યો કે તમારા ઘરથી એક માઇલ દુર રહેતો ન હોય તેવા કોઈ આબરૂદાર તાહેદાર સખસને જમાન આપો. હકીકત ઉપરથી એવું માલમ પડયું કે એક માઈલના હદમાં એવો કોઇ આબરૂદાર માણસ નહી હતો. જેથી હાઈકોરટે એ એક માઈલની બાબત રદ કરી—નારાયણ સુગુનીના કામમાં વીકલી રીપોટ ૨૨ પ્ર. ૩૭

આગળ એક કેસમાં એવું ઠર્યું છે કે આ કલમના ઠરાવ પ્રમાણે માજીસ્ત્રેટે જમાન આપવાનો જે હુકમ કર્યો હોય તે રદ કરવા તેનો અધીકાર છે.—આનંદી કુંવર વિરૂદ્ધ સુનીત કુંવર વીકલી રીપોટ ૧૦ પ્ર. ૪૦.

આ કલમ પ્રમાણે વીરૂદ્ધ કારણ બતાવવાનો હુકમ લખ્યા વગર એકદમ જામીન

આપવા હુકમ કરવો તે ગેરવ્યાજબી છે એવું ઠરયું છે.—રાણી. વિરુદ્ધ મુની કુબી અલ્હાબાદ હાઈકોરટ રીપોટ વા૦ ૨ પ૦ ૧૮૯ તથા રાણી વિરુદ્ધ હદ્દૂ વા. ૩ પ્ર. ૨.

જેસખસ કોરટમાં હાજર હોય તેની બાબતમાં કેમ કરવું.

૧૧૩. જે સખસની બાબતમાં સદરહુ હુકમ કર્યો હોય તે સખસ જો કોરટમાં હાજર હોય, તો તે હુકમ તેને વાંચી સંભળાવવો, અથવા તે કહે તો, તે હુકમનો સાર તેને સમજાવવો.

જે સખસ સદરહુપ્રમાણેહાજર ન હોય તેની બાબતમાં સમન અથવા વારંટ (કહાડવા બાબત.)

૧૧૪. જો સદરહુ સખસ કોરટમાં હાજર ન હોય, તો માજીસ્ત્રેટે સમન કહાડીને તે સખસને કોરટની આગળ હાજર થવાનું ફરમાવવું, અથવા જ્યારે સદરહુ સખસ પેહેરામાં હોય ત્યારે માજીસ્ત્રેટે વારંટ કહાડીને જે અમલદારના પહેરામાં તે સખસ હોય તેને એવું ફરમાવવું કે એને કોરટની આગળ આણે.

પણ એવું ઠરાવ્યું છે કે, જ્યારે કોઈ પોલીસ અમલદારના રીપોટ ઉપરથી અથવા બીજી ખબર ઉપરથી (તે રીપોટનો અથવા ખબરનો સાર માજીસ્ત્રેટે દફતરમાં લખવો)સદરહુ માજીસ્ટ્રેટને એવું જણાય કે સુલેહનો ભંગ થવાની બીક રાખવાનું કારણ છે, અને સદરહુ સખસને તુરત પકડયા વગર બીજી રીતે તે સુલેહના ભંગનો અટકાવ થઇ શકશે નહીં, તો તે માજીસ્ટ્રેટ તેને પકડવા સારૂ ગમે તે વખતે વારંટ કહાડવાને મુખત્યાર છે.

૧૧૨ મી કલમ પ્રમાણે કરેલા હુકમની નકલ સમન અથવા વારંટની સાથે મોકલવી.

૧૧૫. ૧૧૪ મી કલમ પ્રમાણે કહાડેલા દરેક સમન અથવા વારંટની સાથે ૧૧૨ મી કલમ પ્રમાણે કરેલા હુકમની એક નકલ મોકલવી, અને જે સખસને સદરહુ સમન પોંહોચાડવામાં આવે અથવા જે સખસને સદરહુ વારંટ પ્રમાણે પકડવામાં આવે તે સખસને તે સમન પોંહોચાડનારા અથવા તે વારંટ બજાવનારા અમલદારે સદરહુ નકલ આપવી.

જાતે હાજર થવાનું માફ કરવાનો અધિકાર.

૧૧૬. સુલેહ રાખવા સારૂ ખત કરી આપવાનો હુકમ શા સારૂ નહીં કરવો જોઈએ તેનું કારણ બતાવવા માટે જે સખસને ફરમાવ્યું હોય તેને જો માજીસ્ત્રેટને પુરતુ કારણ જણાય તો જાતે હાજર થવાનું માફ કરવાનો તે માજીસ્ત્રેટને અધિકાર છે. તથા કોઇ પ્લીડર મારફતે હાજર થવાની પરવાનગી આપવાનો તે માજીસ્ત્રેટને અધિકાર છે.

ખબર ખરી છે કે નહીં તે વિશે ચોકસી.

૧૧૭. જે સખસ કોરટમાં હાજર હોય તે સખસને ૧૧૨ મી કલમ પ્રમાણે કરેલો હુકમ ૧૧૩ મી કલમ પ્રમાણે વાંચી સંભળાવ્યો હોય અથવા સમજાવ્યો હોય અથવા કોઈ પણ સખસ ૧૧૪ મી કલમ પ્રમાણે કાહાડેલા સમનની રૂઇએ કોઈ માજીસ્ત્રેટની આગળ હાજર થાય, અથવા તે કલમ પ્રમાણે કહાડેલા વારંટની બજાવણી કરીને તેને માજીસ્ત્રેટની આગળ આણ્યો હોય ત્યારે જે ખબરને આધારે પોતે ચાલ્યો તે ખબર ખરીછે કે નહીં તે વિશે માજીસ્ત્રેટે ચોકશી કરવી, અને જે જાસ્તી પુરાવાની જરૂર જણાય તે લેવો.

જ્યારે સદરહુ હુકમમાં સુલેહ રાખવા સારૂ તારણ માગ્યું હોય, ત્યારે સમનના મુકદમામાં ઇનસાફ ચલાવવા સારૂ આ કાયદામાં આગળ જે રીત કહી છે તે રીતે, બની શકે તેટલે સુધી, સદરહુ ચોકસી કરવી; અને જ્યારે સદરહુ હુકમમાં સારી રીતે ચલાવવા સારૂ

તારણ માગ્યું હોય, ત્યારે વારંટના મુકદમામાં ઇનસાફ ચલાવવા સારૂ આ કાયદામાં આગળ જે રીત કહી છે તે રીતે, બની શકે તેટલે સુધી, સદરહુ ચોકસી કરવી, પણ એમાં તોહોમતનામું તૈયાર કરવાની જરૂર નથી.

આ કલમના કારણ સારૂ, કોઇ સખસને ગુન્હો કરવાની ટેવ છે એ વાત (તેની) સાધારણ લૌકિક સબંધી પુરાવો આપીને અથવા બીજી કોઇ રીતે સાબીત કરવાનો અધિકાર છે.

ટીકા—જેમના જમાન લેવા હોય તેમની વિરૂદ્ધ જેઓ જુબાની આપવા આવે તેઓની ઉલટ તપાસણી કરવા દેવી જોઇએ—રાણી વિરૂદ્ધ શંકર અલ્હાબાદ હાઇકોરટ રીપોટ વા. ૨ પ્ર. ૪૦૬

બેઉ પક્ષકાર તરફથી જે સાહેદો આપવાના હોય તેઓને હાજર કરવા માટે માજીસ્ત્રેટે મદદ કરવી જોઇએ—રાણી વિરૂધ્ધ ચેતસીંગ વીકલીરીપોટ ૨૨ પ્ર. ૭૦

તોહોમતદાર સુલેહનો ભંગ કરવાનો છે એવા સંભવ ઉપરથી તેના જમાન લેવાય નહીં પુરાવા ઉપરથી જો તેમ દેખાય તો જમાન લેવાયઃ—રાણી. વિરૂદ્ધ અબદુલ હક ૨૦ વી. રી. પ્ર. ૫૭ ગોશેન લછમન પ્રસાદપુરી. વિ. પુહુપન રાયનપુરી ૨૪ વી, રી. પ્ર. ૩૦ વિરૂધ્ધ હેમચંદ્ર ચૌધરી. બેં. લા. રી. વા. ૪ પ્ર, ૪૬ સરકાર વિરૂદ્ધ બીહારીલાલ ગ્રજવાસી બેં. લા. રી. વા. ૪ પ્ર. ૪૬

તોહોમતદાર સુલેહનો ભંગ કરશે એવું સાબીત કરવાનો બોજો ખબર આપનારની ઉપર છે. રાણી વિ. નિરંજનસીંગ અલ્હાબાદ હાઈકોરટ રીપોટ વા. ૨ પ્ર. ૪૩૧

જે પુરાવો જોઈએ તે કાયદાસર પુરાવો જોઇએ. કોઇ તાબાનો માજીસ્ત્રેટ એક રીપોટ કરે તો એટલાજ ઉપરથી જામીન લેવાનો હુકમ થઇ શકે નહીં—રાણી. વિ. જીવણજી લીમજી મુંબઇ હાઈકોરટ રીપોટ વા. ૬ પ્ર. ૧૬૨

તાબાના માજીસ્ત્રેટના રીપોર્ટ ઉપરથી જમાન નહીં આપવાનું કાણુર બતાવવાના સમન કાઢવા હરકત નથી—રાણી. વિ. દલપતરામ પ્રેમાભાઇ મુ. હા. રી. વા. ૫ પ્ર. ૧૦૫

તારણ આપવાનો હુકમ. ૧૧૮ જે સખસની બાબતમાં સદરહુ ચોકસી કરવી હોય તે સખસે સુલેહ રાખવા સારૂ અથવા સારી રીતે ચાલવા સારૂ, જેમ હોય તેમ જામીન સાથે કે વગર જામીને ખત કરી આપવું જરૂરનું છે એવું જો સદરહુ ચોકસી ઉપરથી સાબીત થાય તો માજીસ્ત્રેટે તે મુજબ હુકમ કરવો.

પણ એવું ઠરાવ્યું છે.—

પેહેલુ—કે ૧૧૨ મી કલમ પ્રમાણે કરેલા હુકમમાં જે પ્રકારનું, જે રકમનું અથવા જે મુદતનું તારણ કહ્યું હોય તેથી જુદા પ્રકારનું અથવા વત્તી રકમનું અથવા વત્તી મુદત સુધીનું તારણ આપવાનો કોઇપણ સખસને હુકમ કરવો નહીં.

બીજુ—દરેક ખતની રકમ તે કામની હકીકત ઉપર ઘટતું ધ્યાન આપીને મુકરર કરવી અને તે અતીશે ભારે હોવી નહીં જોઇએ.

ત્રીજુ—જે સખસ સબંધી ચોકસી કરવામાં આવે તે સખસ સગીર હોય ત્યારે ફક્ત તેના જામીનોએજ ખત કરી આપવું.

જે સખસની વિરૂદ્ધ ખબર આપવામાં આવી હોય તેને છોડી મુકવા ૧૧૯. જે સખસની બાબતમાં ૧૧૭ મી કલમ પ્રમાણે ચોકસી કરી હોય તે સખસે. સુલેહ રાખવા સારૂ અથવા સારી રીતે ચાલવા સારૂ, જેમ હોય તેમ, ખત કરી આપવું જરૂરનું છે, એવું સદરહુ ચોકસી ઉપરથી સાબિત ન થાય, તો તે માજીસ્ત્રેટે દફતરમાં તેવી મતલબની

બાબત.

નોંધ કરવી, અને જો સદરહુ સખસને ફકત તે ચોકસીના કારણ સારૂજ પેહેરામાં રાખેલો હોય તો તેને છુટો કરવો અથવા જો સદરહુ સખસને પેહેરામાં રાખેલો નહીં હોય તો તેને છોડી મુકવો.

૬—તારણ આપવાનો હુકમ કર્યા પછી સઘળી બાબતમાં કામ ચલાવવા બાબત.

જે મુદત સુધી તારણ આપવું હોય તે મુદતની સરૂઆત.

૧૨૦. જે સખસની બાબતમાં ૧૦૬ ઠી અથવા ૧૧૮ મી કલમ પ્રમાણે તારણ આપવાનો હુકમ કર્યો હોય, તે સખસની ઉપર, સદરહુ હુકમ કર્યો હોય તે વખતે, જો કેદની શિક્ષાનો હુકમ કર્યો હોય, અથવા કેદની શિક્ષા તે ભોગવતો હોય, તો તે મુદત સુધી સદરહુ તારણ માગ્યું હોય તે મુદત સદરહુ શિક્ષાનો હુકમની મુદત પુરી થયેથી સરૂ થવી જોઇએ.

બીજાં કામોમાં સદરહુ મુદત તે હુકમની તારીખે સરૂ થવી જોઈએ.

ખતમાં શું શું લખવું.

૧૨૧ જે ખત સદરહુ પ્રકારના કોઇ સખસે કરી આપવાનું હોય તે ખતમાં પ્રસંગ પ્રમાણે સુલેહ રાખવી અથવા સારી રીતે ચાલવું એ પ્રમાણે તે સખસને બાંધી લેવો, અને સારી રીતે ચાલવા બાબત ખત હોય તો કેદની શિક્ષા કરવા લાયક કાંઇપણ ગુન્હો કરવાથી અથવા કરવાની કોશિશ કરવાથી અથવા કરવામાં મદદગારી કરવાથી, પછી તે ગુન્હો ગમે તે ઠેકાણે બને, તે ખતની સરત તુટી એવું સમજવું.

જામીનો નાકબુલ કરવાનો અધિકાર.

૧૨૨ સારી રીતે ચાલવા સારૂ આ બાબ પ્રમાણે આપવા માંડેલો કોઈ પણ જામીન ના લાયક સખસ છે એ સબબ ઉપરથી તેને ના કબુલ કરવાનો અધિકાર માજીસ્ત્રેટને છે, પણ તે માજીસ્ત્રેટે તેમ કરવાનાં કારણો દફતરમાં લખવાં.

તારણ ન આપે તો કેદ.

૧૨૩. ૧૦૬ ઠી અથવા ૧૧૮ મી કલમ પ્રમાણે તારણ આપવાનો જે સખસને હુકમ કર્યો હોય તે સખસ, જે મુદત સુધી સદરહુ તારણ આપવાનું હોય તે મુદત જે તારીખે શરૂ થતી હોય તે તારીખે અથવા તે પેહેલાં જો સદરહુ તારણ ન આપે તો, આનીજ હેઠળ લખેલા પ્રસંગ ખારેજ કરીને. સદરહુ મુદત પુરી થતાં સુધી, તે સખસને તુરંગમાં મોકલવો અથવા તે અગાઉથીજ કેદમાં હોય તો તેને કેદમાં અટકાવી રાખવો, એ પ્રમાણે તુરંગમાં મોકલવો અથવા અટકાવી રાખવો એ તે તારણ માગવાનો હુકમ કરનારી કોરટને અથવા માજીસ્ત્રેટને અથવા જે તુરંગમાં સદરહુ પ્રમાણે હુકમ કરેલા સખસને અટકાવી રાખ્યો હોય તે તુરંગ જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને સદરહુ મુદતની અંદર તે તારણ આપે ત્યાં સુધી તેને તુરંગમાં મોકલવો જોઇએ, અથવા કેદમાં અટકાવી રાખવો જોઇએ.

હાઇકોરટની અથવા સેશન કોરટની આગળ ક્યારે કામ રજુ કરવું.

જ્યારે એક વરસ કરતાં વત્તી મુદત સુધી તારણ આપવાનો સદરહુ સખસને કોઇ માજીસ્ત્રેટે હુકમ કર્યો હોય, ત્યારે જો સદરહુ સખસ ઉપર કહ્યા મુજબ તારણ ન આપે તો તે માજીસ્ત્રેટે વારંટ કહાડીને એવું ફરમાવવું કે સેશન કોરટનો હુકમ થતાં સુધી, અથવા સદરહુ માજીસ્ત્રેટ એ-

સિડેન્સી માજીસ્ટ્રેટ હોય તો. હાઇકોરટનો હુકમ થતાં સુધી, તે સખસને તુરંગમાં અટકાવી રાખવો, અને બની શકે તેટલી તાકીદે, તે કામ સદરહુ કોરટની આગળ રજુ કરવું.

સદરહુ કોરટ તે કામ તપાસીને અને કાંઈ પણ વધારે ખબર અથવા પુરાવો પોતાને જરૂરનો લાગે તે માગીને તે કામમાં પોતે દુરસ્ત ધારે તેવો હુકમ કરવાને મુખત્યાર છે. પણ એવું ઠરાવ્યું છે કે તારણ નહીં આપવા બાબત કોઇ પણ સખસને કેદ કીધો હોય તો તે કેદની મુદત ત્રણ વરસ કરતાં વત્તી હોવી નહીં જોઇએ.

કેદનો પ્રકાર. સુલેહ રાખવા સારૂ તારણ નહીં આપવા બાબત કેદ આસાન હોવી જોઈએ.

સારી રીતે ચાલવા સારૂ તારણ નહીં આપવા બાબત કેદ દરેક કામમાં કોરટ અથવા માજીસ્ટ્રેટ ફરમાવે તે પ્રમાણે સખત મજુરી સાથે અથવા આસન થઇ શકે.

તારણ નહીં આપવા બાબત કેદ કરેલા સખસોને છુટા કરવાનો અધિકાર. ૧૨૪. જ્યારે જ્યારે જીલ્હા માજીસ્ટ્રેટનો અથવા કોઇ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનો એવો મત હોય કે આ બાબ પ્રમાણે તારણ નહીં આપવા બાબત કેદ કરેલા કોઇપણ સખસને છુટો કરવાથી લોકને અથવા કોઇ પણ બીજા સખસને જોખમ પોહોંચશે નહીં, ત્યારે ત્યારે તે સદરહુ સખસને છુટો કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે; પછી તે સખસને કેદ કરવાનો હુકમ તેણે પોતે કરેલો હોય કે પોતાના હોદા ઉપર જે અમલદાર હોય તેણે કરેલો હોય કે કોઈ તાબામાંહેના માજીસ્ટ્રેટે કરેલો હોય તોપણ.

જ્યારે જ્યારે જીલ્હા માજીસ્ટ્રેટનો અથવા કોઇ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટનો એવો મત હોય કે આ બાબ પ્રમાણે તારણ નહીં આપવા બાબત સેશન કોરટના અથવા હાઇકોરટના હુકમ પ્રમાણે કેદ કરેલા કોઇ પણ સખસને સદરહુ જોખમ વગર છુટો કરી શકાય એવું છે, ત્યારે ત્યારે સદરહુ માજીસ્ટ્રેટે, પ્રસંગ પ્રમાણે, સેસન કોરટના અથવા હાઇકોરટના હુકમ સારૂ તે કામનો તુરત રીપોર્ટ કરવો. અને સદરહુ કોરટ દુરસ્ત ધારે તો તે સદરહુ સખસને છુટો કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

સુલેહ રાખવા બાબતનું કોઇ પણ ખત રદ કરવાનો જીલ્લા માજીસ્ટ્રેટનો અધિકાર. ૧૨૫. જીલ્લા માજીસ્ટ્રેટ પોતાના જીલ્લામાંની જે કોરટ પોતાની કોરટથી ચહડતા દરજ્જાની ન હોય તેવી કોઇ કોરટના હુકમથી સુલેહ રાખવા સારૂ જે ખત આ બાબ પ્રમાણે કરી આપ્યું હોય તે ખત પાકાં કારણો સારૂ ગમે તે વખતે રદ કરવાને મુખત્યાર છે. તે કારણો દફતરમાં લખવાં.

જામીનોનો છુટકારો. ૧૨૬. કોઇ પણ સખસની સુલેહ ભરેલી અથવા સારી ચાલ માટે બીજો જે સખસ જામીન થયો હોય તે સખસ કોઇ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની. જીલ્લા માજીસ્ટ્રેટની. પેટાકુકડી માજીસનરેટની અથવા પેહેલા વર્ગના માજીસ્ટ્રેટની હકુમતની સ્થાનિક હદમાંહે આ બાબ પ્રમાણે કરી આપેલું હરકોઈ ખત રદ કરવા બાબતની અરજી ગમે તે વખતે સદરહુ માજીસ્ટ્રેટને કરવાને મુખત્યારછે.

સદરહુ અરજી થયા ઊપરથી તે માજીસ્ટ્રેટે પોતાને દુરસ્ત લાગે તે પ્રમાણે પોતાનો સમન અથવા વારંટ કાહાડીને જે સખસને માટે સદરહુ જામીન બંધાએલો હોય તે સખસ

ને પોતાની આગળ હાજર થવાનું અથવા આણવાનું ફરમાવવું.

જ્યારે તે માજીસ્ત્રેટની આગળ સદરહુ સખસ હાજર થાય અથવા તેને આણ્યો હોય ત્યારે સદરહુ માજીસ્ત્રેટે તે ખત રદ કરવું, અને તે ખતની મુદતના બાકી રહેલા ભાગને માટે અસલ તારણના જેવાજ પ્રકારનું નવું તારણ આપવાનો સદરહુ સખસને હુકમ કરવો. સદરહુ પ્રકારનો દરએક હુકમ ૧૨૧ મી, ૧૨૨ મી, ૧૨૩ મી, અને ૧૨૪. કલમનાં કારણ સારૂ, પ્રસંગ પ્રમાણે ૧૦૬ ઠી, અથવા ૧૧૮ મી, કલમ મુજબ કરેલો હુકમ છે એવું સમજવું.

બાબ ૯ મો.

કાયદા વિરૂદ્ધ મંડળીઓ.

માજીસ્ત્રેટના અથવા પોલીસઅમલદારના હુકમ ઉપરથી મંડળીએ વીખરાઇ જવું.

૧૨૭. કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીને, અથવા જેથી લોકની સુલેહમાં ગડબડ થવાનો સંભવ હોય એવા પાંચ અથવા વધારે સખસોની મંડળીને, વીખરાઇ જવાનો હુકમ કરવાને કોઇપણ માજીસ્ત્રેટ અથવા જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તે અમલદાર મુખત્યાર છે; અને એવો હુકમ થએથી તે હુકમ મુજબ વીખરાઇ જવાની તે કાયદા વિરૂધ્ધ મંડળીના અંગભુતોની ફરજ છે.

આ કલમ કલકત્તા તથા મુંબાઇ એ શેહેરોમાં પોલીસને લાગુ છે.

વિખરી નાખવા સારૂ બિન લશ્કરી જબરી કરવા બાબત.

૧૨૮. એ પ્રમાણે હુકમ કર્યા ઉપરથી સદરહુ પ્રકારની કોઈ મંડળી વિખરાઈ નહી જશે અથવા એ પ્રમાણે હુકમ કર્યા વગર વિખરાઇ નહી જશે તો તેના વર્તણુક ઉપરથી વિખરાઈ નહી જવાનો તેનો નિશ્ચય જણાય તો હરકોઇ માજીસ્ટ્રેટ અથવા જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તે અમલદાર, પછી તે ઇલાકાના મુખ્ય શેહેરોની અંદર કે બાહાર હોય તોપણ સદરહુ મંડળીને જબરીથી વિખરી નાંખવાને મુખત્યાર છે, અને સદરહુ મંડળી વિખરી નાંખવાના કારણસારૂ, અને જરૂર હોય તો, સદરહુ મંડળી વીખરી નાંખવાને અથવા તે મંડળીના માણસોને કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવે તે માટે તે માણસોને પકડવા તથા કેદ કરવા સારૂ મલીકામાઆઝમાના લશ્કરમાંના અમલદાર અથવા સીપાઈ નહી હોય તેવા અથવા ૧૮૬૯ ના હીંદુસ્તાનના વાલન્ટીયરોના આકટ પ્રમાણે નોંધેલા વાલન્ટીયર નહી હોય અને તેવા તરીકે કામ કરતો ન હોય એવા કોઇપણ મરદ માણસની મદદ માગવાને મુખત્યાર છે.

લશ્કરી જબરી કરવા બાબત.

૧૨૯. જો સદરહુ પ્રકારની કોઇ મંડળી બીજી રીતે વિખરી નખાતી નહી હોય, અને લોકોની સહીસલામતી રાખવા સારૂ તે મંડળી વીખરી નાખવાની જરૂર હોય, તો ઊંચામાં ઊંચા દરજ્જાનો જે માજીસ્ટ્રેટ હાજર હોય તેને તે મંડળી લશ્કરી જબરીથી વિખરી નખાવવાનો અખત્યાર છે.

લશ્કરના જે કમાંડીંગ આફિસરને મંડળી વિખરી નાખવાનુ માજીસ્ત્રેટે ઠેહરાવ્યું હોય તે

૧૩૦. જ્યારે કોઇ માજીસ્ત્રેટ સદરહુ પ્રકારની કોઈપણ મંડળી લશ્કરી જબરીથી વિખેરી નાખવાનો નિશ્ચય કરે, ત્યારે મલીકામાઆઝમાના લશ્કરમાં હરકોઇ સિપાઇયોની અથવા ૧૮૬૯ ના હીંદુસ્તાનના વાલન્ટીયરોના આકટો પ્રમાણે નોંધેલા હરકોઇ વાલન્ટીયરોની, કમાંડ જે કોઇ સનંદી અથવા બીનસનંદી અમલદારની પાસે હોય તે અમલદારને

કમાંડીંગઆફીસરનું કામ. સદરહુ મંડળી તેવી જબરીથી વિખરી નાખવાનુ, તથા પોતે ફરમાવે તેવા, અથવા તે મંડળી વિખરી નાખવાને, અથવા કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવે તે માટે જેમને પકડી અટકાવી રાખવાની જરૂર હોય તેવા, તે મંડળીના માણુસોને પકડી અટકાવી રાખવાનું, ફરમાવવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

સદરહુ પ્રકારના દરએક અમલદારે પોતાને દુરસ્ત લાગે એવી રીતે સદરહુ હુકમ પ્રમાણે ચાલવું; પણ તેમ કરવામાં તેણે તે મંડળી વિખરી તો નાખવીજ તથા સદરહુ માણસોને પકડીને અટકાવી તો રાખવાજ, પણ તેમ કરવામાં જેટલી ઓછી જબરી થાય તેટલી ઓછી જબરી કરવી. અને જાનમાલને જેટલું ઓછું નુકશાન થાય તેટલુ ઓછુ નુકશાન કરવું.

મંડળી વિખરી નાખવાનો કમીશનડ(સનંદી) લશ્કરી અમલદારોનો અધિકાર. ૧૩૧. જ્યારે સદરહુ પ્રકારની કોઇ પણ મંડળીથી લોકોની સહીસલામતીને ઉઘાડી રીતે ધોકો પોહોંચતો હોય, અને કોઇ માજીસ્ત્રેટને જણાવી શકાતું નહી હોય, ત્યારે મલીકામાઆઝમાના લશ્કરના હરકોઇ કમીશન્ડ (સનંદી) અમલદારને સદરહુ મંડળી લશ્કરી જબરીથી વિખરી નાખવાનો અધિકારછે, તથા સદરહુ મંડળી વિખરી નાખવા માટે અથવા કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવે તે માટે તે મંડળીના હરકોઇ માણસોને પકડીને કેદ કરવાનો તેને અધિકાર છે; પણ જ્યારે આ કલમ પ્રમાણે તે ચાલતો હોય તેવામાં કોઈ માજીસ્ત્રેટને તે બાબતની હકીકત જણાવવાની તક મળી આવે તો તેણે તેમ કરવુ અને ત્યાર પછી પોતે સદરહુ પ્રમાણે કરવાનું જારી રાખવું કે નહી તે બાબત તેણે માજીસ્ત્રેટના હુકમ પ્રમાણે ચાલવું.

આ બાબ પ્રમાણે કરેલાં કામ બાબત ફરિયાદમાં ડવાવિરૂદ્ધબચાવ. ૧૩૨. આ બાબ પ્રમાણે કરેલાં કામો છે એવું કહેવામાં આવતું હોય તેવાં કોઇપણ કામ બાબત કોઈ પણ માજીસ્ત્રેટ, લશ્કરી અમલદાર, પોલીસ અમલદાર, સિપાઇ અથવા વાલંન્ટીયરની ઉપર કોઇપણ ફરિયાદ, ગવરનર જનરલ ઇનકાંઉન્સિલની મંજુરી વગર, કોઇપણ ફોજદારી કોરટમાં માંડવી નહીં; તથા.

(અ) આ બાબ પ્રમાણે શુધબુધિથી ચાલનારા કોઈ પણ માજીસ્ત્રેટે અથવા પોલીસ અમલદારે;

(બ) ૧૩૧ મી કલમ પ્રમાણે શુદ્ધબુદ્ધિથી ચાલનારા કોઇપણ અમલદારે;

(ક) ૧૨૮ મી અથવા ૧૩૦ મી કલમ પ્રમાણે કોઈ હુકમ મુજબ શુદ્ધબુદ્ધિથી હરકાંઈ કામ કરનારા કોઈ પણ સખસે, અને

(ડ) લશ્કરી કાયદા પ્રમાણે જે હુકમ માનવાને પોતે બંધાએલો હોય તે હુકમને તાબે થઇને કાંઈપણ કામ કરનારા કોઈ હલકા દરજ્જાના અમલદારે અથવા સિપાઇએ. અથવા વાલન્ટીયરે.

તે ઉપરથી કાંઇ ગુન્હો કરયો છે એવું સમજવું નહી.

બાબ ૧૦ મો.

લોકાપકારક કૃત્યો.

અપકારક વસ્તુ ૧૩૩. જ્યારે જ્યારે કોઇ રિપોટ અથવા બીજી ખબર મળ્યાઉપરથી

ખશેડવા બાબત શરતી હુકમ.

તથા પોતે દુરસ્ત ધારે એવો પુરાવો (જો જોઇતો હોય તો) લીધા ઉપરથી કોઇ જીલ્લા માજીસ્ત્રેટના અથવા પેટા તુકડી માજીસ્ત્રેટના અથવા પેહેલા વરગના જે માજીસ્ત્રેટને સ્થાનિક સરકારે આ બાબતનો અધિકાર આપ્યો હશે તે માજીસ્ત્રેટના વિચારમાં એમ આવે કે,

ફલાણો રસ્તો અથવા નદી અથવા કાંસ લોકો કાયદેસર વાપરે છે અથવા લોકોને કાયદેસર વાપરવાનો અધિકાર છે તે રસ્તામાંથી અથવા નદીમાંથી અથવા કાંસમાંથી અથવા ફલાણી સારવજનિક જગામાંથી ફલાણી કાયદા વિરૂધ અડચણ અથવા અપકારક વસ્તુ ખશેડવી જોઈએ, અથવા

ફલાણો વેપાર અથવા ધંધો, અથવા ફલાણો માલ અથવા વેપારની જણસ રાખવી એ લોકની તનદુરસ્તીને અથવા શરીર સુખને નુકશાનકારક હોવાના સબબથી તે વેપાર અથવા ધંધો બંધ કરી નાખવો જોઇએ અથવા ખસેડવો જોઇએ અથવા તે બાબત મના કરવી જોઇએ અથવા તે માલ અથવા વેપારની જણસ રાખવાનુ બંધ કરી નાખવું જોઇએ અથવા ખસેડવું જોઇએ અથવા તે બાબત મના કરવી જોઇએ, અથવા

ફલાણી ઇમારત બાંધવાથી અથવા ફલાણા પદારથની વ્યવસ્થા થયાથી આગ લાગવાનો અથવા અવાજ થઇને ફુટવાનો સંભવ છે માટે તે અટકાવવી જોઈએ, અથવા બંધ કરવી જોઇએ; અથવા.

ફલાણી ઇમારત એવી હાલતમાં છે કે તે પડશે અને તેથી પડોશમાં રેહેનારા અથવા ધંધો ચલાવનારા લોકોને અથવા પાસે થઇને આવનાર જનાર લોકોને નુકશાન થશે એવો સંભવ છે, અને તેટલા માટે તેને ખશેડવાની અથવા તેની મરામત કરવાની અથવા તેને ટેકો આપવાની જરૂર છે.

અથવા સદરહુ પ્રકારના ફલાણા રસ્તા પાસેના અથવા ફલાણી સારવજનિક જગા પાસેનાં ફલાણાં તળાવની અથવા કુવાની અથવા ખાડાના આશપાસ વાડ અથવા પાળ એવી રીતે બાંધી લેવી જોઇએ કે પછી તેથી લોકોને કાંઇ ભય ઉત્પન થાય નહી,—

ત્યારે ત્યારે જે સખસ તે અડચણ અથવા અપકારક વસ્તુ કરતો હોય, અથવા તે વેપાર કે ધંધો ચલાવતો હોય અથવા તે માલ કે વેપારની જણસ રાખતો હોય, અથવા તે ઇમારતનો, પદાર્થનો, તળાવનો, કુવાનો, અથવા ખાડાનો માલીક અથવા કબજેદાર હોય અથવા તે ઉપર અખત્યાર ચલાવનાર હોય તે સખસની ઉપર એક શરતી હુકમ મોકલવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે તે હુકમમાં તે સખસને એમ ફરમાવવું કે આ હુકમમાં ઠરાવેલી આટલી મુદતમાં તમે:—

તે અડચણ અથવા અપકારક વસ્તુ કાહાડી નાખજો; અથવા

તે વેપાર અથવા ધંધો બંધ કરજો અથવા ખસેડજો; અથવા

તે માલ અથવા વેપારની જણુસ ખસેડજો; અથવા

તે ઇમારત બાંધસો નહીં અથવા બંધાવવી બંધ રાખજો; અથવા

તે ખસેડી લઈ જજો અથવા તેની મરામત કરજો અથવા તેને ટેકો આપજો; અથવા

તે પદાર્થની વ્યવસ્થામાં ફેરફાર કરજો; અથવા

તે તળાવને અથવા કુવાને અથવા ખાડાને વાડ અથવા પાળ બાંધી લેજો. (આટલી બાબતોમાંથી પ્રસંગ હોય તે બાબત હુકમમાં લખવી.)

અને તેમાં બીજું એમ ફરમાવવું કે અગર તમે એ પ્રમાણે ન કરો તો આ હુકમથી ઠરાવેલી ફલાણી વખતે તથા જગાએ તમે અમારા આગળ અથવા કોઈ પેહેલા અથવા બીજા વર્ગના માજીસ્ત્રેટની આગળ હાજર થજો, અને આ કાયદામાં આગળ ઠરાવેલી ફલાણી રીતે તે હુકમ રદ કરાવવાની અથવા બદલાવવાની દરખાસ્ત કરજો.

આ કલમ પ્રમાણે કોઈ માજીસ્ત્રેટે યોગ્ય રીતે હુકમ કર્યો હોય તે હુકમ વિશે કોઈ પણ દિવાની કોરટમાં તકરાર ઉઠાવવી નહીં.

ખુલાસો—"સાર્વજનિક જગા" આ શબ્દોમાં સરકારની માલ મિલકતનો તથા છાવણીની જગાનો અને લોકોની તનદુરસ્તી ઠીક રાખવા સારૂ અને તેઓની ગમતને સારૂ જે જગા છુટી રાખેલી હોય તે જગાનો પણ સમાવેશ થાય છે.

ટીકા—આ કલમ ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૨૧ ને મળતી છે પણ તેમાં ઘણા અગત્યના સુધારા થયા છે.

આ કલમ પ્રમાણે અપકારક વસ્તુ ખસેડવા બાબતનો હુકમ કરવા માટેના નમુના માટે જુઓ પરીશીષ્ટ ૫ નો નમુનો ૧૬ મો.

જે લોકાપકારક કૃત્ય ખસેડવા દરખાસ્ત કરવામાં આવી હોય તે લોકાપકારક કૃત્ય ઘણા વરસથી છે એવો બચાવ ચાલી શકે નહીં રાણી વિરૂદ્ધ કાશી. આર્ચ. પ્ર. ૬૫૭ કલકત્તાના પરાનો મ્યુનિસિપાલ કમિશનર વિ. મહમદઅલી બેંગાળ રીપોટ વા. ૭ પ્ર. ૪૯૯

સરીયામ રસ્તો પહોળો અને મોટો હોય તેને કોઇ હમેશને માટે સાંકડો કરવાની તજવીજ કરે તો તે લોકાપકારક કૃત્ય કહેવાય રાણી વિરૂદ્ધ યુનાઇટેડકીંગડમ ઈલેકટ્રીક ટેલીગ્રાફ કંપની, આર્ચ પ્ર. ૬૬૭

અમુક જગો સ્મશાન તરીકે વપરાય નહીં એવી અરજ માજીસ્ત્રેટને થઇ શકે નહી તેમ તે મંજુર પણ કરી શકે નહીં ગદાધર કાર્મીલા વિ. બૈદ્યનાથ જાના. ૨૨ વી. રી. પ્ર. ૬

જે ખાડામાં ફરીયાદી પોતાનો કચરો પુંજો નાખતો હોય તો તે માટે માજીસ્ત્રેટથી કાંઇ થઈ શકે નહીં—ફરીયાદીએ દીવાની દાદ પહોંચવું જોઇએ—શામદાસ. વિ. ભોલાદાસ વીકલી રીપોટ ૧ પ્ર. ૩૨૪

આ કલમનો ઉપયોગ કરવા માટે માજીસ્ત્રેટ પાસે જે સખસે ફરીયાદ કરી હોય તેમની ઉપર કાંઇ નુકશાનીની ફરીયાદ માંડી શકાય નહીં પણ માજીસ્ત્રેટને જે ખબર આપી હોય તે દ્વેષથી આપેલી હોય અથવા સામાવાળાને કાંઇ ઈજા કરવા આપી હોય તો એવી નુકશાનીની ફરીયાદ ચાલી શકે ચીંતામણી બાપુજી. વિ. દીગંબર ચીંતર, બેં. વા. ૨ પ્ર. ૧૫

આ અને આગળની બીજી કલમો પ્રમાણે કામ ચલાવવામાં કાંઇ કાયદાની ભૂલ થઇ હોય તો હાઇકોરટ તે જોઇ શકે છે. ગણપતપરસાદ બોનસીબાઇરાની કામમાં મુંબઇ હાઈકોરટ રીપોટ વા. ૯ પ્ર. ૧૬૦

હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૬૮ મુજબ કોઇ સખસ ઉપર લોકાપકારક કૃત્યના ગુન્હાની ફરીયાદી થઇ હોય તે કામ સને ૧૮૭૨ ના આકટ ૧૦ માના બાબ ૩૯ એટલે હાલના કાયદાનો બાબ ૧૧ મુજબ પ્રથમ કામ ચાલેલું નથી એવા સબબથી સદરહુ ફરીયાદી ગેરકાયદે ગણાય નહીં. સુખલાલ અને બીજા. મુંબઈ હાઈકોરટ સપ્ટેમબર તા૦ ૧૭ સને ૧૮૬૯

કોઇ સખસના ઘરમાં થઇ રાજમાર્ગ ઉપર જવાનો રસ્તો હોય તે ખાનગી રસ્તો માજીસ્ત્રેટને ઉઘડાવવાને સતા નથી સબબ તે ખાનગી રસ્તો રાજમાર્ગ નથી તે કામ દીવાની કોરટ લાયક છે; જંકીનાથ ભટાચારજી, વીકલીરીપોટ ૨ પ્ર. ૩૬.

જે તળાવ ફકત જળાશય હોય તે તળાવને અકસમાત બનાવ અટકાવવાને ફકત વાડ કરવાનોજ હુકમ માજીસ્ત્રેટ કરી શકે પણ જો તે અર્ધો પુરાયેલો એક ખાડો હોય અને તેમાં

લોકો પુંજો નાખતા હોય અને તેથી લોકાપકારક કૃત્ય થતુ હોય ને બીજો ઉપાય ન હોય તો માજીસ્ત્રેટ તે ખાડો પુરાવી નાખવાને હુકમ કરવાને સતાવાન છે, બિસ્તોચંદ ચક્રબતી. વીકલી રીપોટ ૧૦ પ્ર. ૨૭.

હુકમ પહોંચાડવા અથવા જાહેર કરવા બાબત. ૧૩૪ જે સખસની ઉપર સદરહુ હુકમ કર્યો હોય તે સખસને, બની શકે તો આ કાયદામાં સમન બજાવવા સારૂ ઠરાવેલી રીતે, તે હુકમ પોહોચાડવો.

જો સદરહુ હુકમ એ પ્રમાણે પોહોચાડી શકાતો ન હોય તો, સ્થાનીક સરકાર કાનુન કરીને ફરમાવે તે રીતે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તે હુકમ જાહેર કરવો તથા તેની ખાતર તે સખસને પોહોંચાડવા માટે સૌથી લાયક હોય એવી જગાપર અથવા જગાઓપર તેની નકલ ચોહોડવી.

૧૩૫ જે સખસની ઉપર સદરહુ હુકમ કર્યો હોય તેણે—

જે સખસને હુકમ કર્યો હોય તેણે તે હુકમ માનવો. (અ) તે હુકમમાં લખેલી મુદતમાં તે હુકમથી ફરમાવેલું કામ કરવું અથવા.

અથવા કારણ બતાવવું અથવા જ્યુરી માગવી. (બ) સદરહુ હુકમ પ્રમાણે હાજર થવું અને તેની વિરૂધ્ધ કારણ બતાવવું અથવા તે હુકમ બાજબી તથા યોગ્ય છે કે નહીં તેનો ઇનસાફ કરવાને એક જ્યુરી મુકરર કરવા સારૂ, જે માજીસ્ત્રેટે તે હુકમ કર્યો હોય તે માજીસ્ત્રેટને અરજી કરવી.

ટીકા—અમુક રસ્તે જવાના મારગપરની અડચણ દુર કરવી અને એવો હુકમ કેમ ન કરવો તેનું કારણ બતાવવું એવો માજીસ્ત્રેટે આ કામનો હુકમ કર્યો હતો. જે માણસપર આરોપ હતો તે માણસે અરજી કર્યા ઉપરથી તે માજીસ્ત્રેટે જુના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૩ એટલે આ કલમ ૧૩૫ પ્રમાણે પંચ નિમ્યા.

તેમાં ઠરાવવામાં આવ્યું કે માજીસ્ત્રેટે પેહેલાં જે હુકમ કર્યો હતો તે બરાબર અને યોગ્ય હતો કીંવા નહીં? અને તેને નિર્ણય કરવા માટે ખરેખર રીતે અમુક જમીનમાંથી જવા આવવાના રસ્તાનો ટંટો ખરેખર છે કીંવા નહીં? એ વાતની ચોકશી કરવા વિશે માજીસ્ત્રેટે તે પંચને કહેવું જોઇતું હતું. કલકત્તા હાઇકોરટ રીપોટ વા. ૨૧ પ્ર. ૬૪ તા. ૩૦ માર્ચ ૧૮૭૪

આ કલમ પ્રમાણે કામ ચલાવવામાં પંચના આશામી નિમવા તે માજીસ્ત્રેટે પોતે પોતાની મરજી પ્રમાણેના નિમવા અને માજીસ્ત્રેટના હુકમ કાયમ કરવામાં જે વિરૂધ પક્ષકારનું હીત છે તે પક્ષકારે પસંદ કરેલાને માજીસ્ત્રેટે નિમવો નહીં.

આ કામમાં વિરૂધ પક્ષકારે નિમેલા પંચ માજીસ્ત્રેટે નિમ્યા હતા સબબ તે માજીસ્ત્રેટનો પંચ નિમવા બદલનો હુકમ હાઇકોરટે જુના ક્રિમીનલ પ્રોસિજરકોડની કલમ ૨૯૭ના આધારે તપાસણી કોરટ તરીકે રદ કર્યો. કારણ તેણે કરીને કામમાંના ગુણ દોષને બાધ આવ્યો છે. સબબ આ કામ ચલાવવાના કામમાં મોટી મુદ્દાની ચુક છે એવો હાઈકોરટનો અભિપ્રાય હતો. કલકત્તા તા. ૧૮ ફેબ્રુઆરી ૧૮૭૪ વા. ૨૧ પ્ર. ૪૩

તેમ નહીં કરવાનું ફળ. ૧૩૬. ૧૩૫ મી કલમમાં ફરમાવ્યા મુજબ સદરહુ સખસ સદરહુ કામ ન કરે અથવા હાજર થઇને કારણ ન બતાવે અથવા જ્યુરી મુકરર કરવા સારૂ અરજી ન કરે, તો તે બાબત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૮૮ મી કલમમાં ફરમાવેલા શિક્ષાને તે પાત્ર થશે, અને તે હુકમ નિઃસંદેહ કરવામાં આવશે

ટીકા—એ કેસમાં એવું ઠર્યું હતું કે નિમેલી મુદ્દત વીતી ગયા પછી પણ એ હુકમ નહીં માનવાનું કામ ચલાવવું શરૂ કર્યા પહેલાં કાંઇ કારણ બતાવવામાં આવે તો માજીસ્ત્રેટે કારણ સાંભળવાં જોઇએ. બીસોચંદર ચકરબતીના કામમાં વી. રી. ૧૦ પ્ર. ૨૭.

તે કારણ બતાવવાને હાજર થાય ત્યારે કેમ કરવું.

૧૩૭. જો તે સખસ હાજર થાય અને તે હુકમની વિરૂદ્ધ કારણ બતાવે, તો માજીસ્ત્રેટે તે બાબતમાં પુરાવો લેવો.

જો માજીસ્ત્રેટની એવી ખાત્રી થાય કે તે હુકમ બ્યાજબી તથા યોગ્ય નથી. તો તે બાબતમાં આગળ કામ ચલાવવું નહીં.

જો તે માજીસ્ત્રેટની એવી ખાત્રી ન થાય તો તે હુકમ નિઃસંકેત કરવો.

ટીકા—આ કલમમાં પુરાવો લેવા માજીસ્ત્રેટો ઉપર જે ફરજ નાખી છે તે પ્રમાણે તેઓએ પુરાવો લેવો જોઈએ એવું આ કલમના ઠરાવથી દેખાય છે અને એવું ઠરયું પણ છે, નીમાઈચરણ દેવા વિરૂદ્ધ કાળીનાથ રકીથ વી. રી. ૨૬ પ્ર. ૭

સરીયામ રસ્તા ઉપરથી કાંઇ અડચણ દુર કરવા માટે કોઇ માજીસ્ત્રેટ પાસે કાંઇ ફરીયાદ કરવામાં આવી હોય ત્યારે સદરહુ રસ્તો સરીયામ છે એવું માજીસ્ત્રેટે પ્રથમ તપાસવું જોઈએ એ તપાસમાં રસ્તો મજકુર સરીયામ છે એવું જણાય તો તે બાબતનું કામ આગળ ચલાવવા તેનો અધિકાર છે જો તે રસ્તો મજકુર સરીયામ નથી એવું તેને એ તપાસને અંતે જણાય તો એ કામ આગળ ચલાવવા તેનો અધિકાર નથી અને તેથી અડચણ દુર કરવા તેનો હુકમ અમલમાં લાવવો નહીં જોઇએ. બચ્ચારામ ભટાચારજી વીકલી રીપોટ ૧૫. પ્ર. ૬૭

તે સબબ જ્યુરી માગે ત્યારે કેમ કરવું.

૧૩૮. જ્યુરી મુકરર કરવા સારૂ ૧૩૫ મી કલમ પ્રમાણે અરજી આવે એટલે માજીસ્ત્રેટે,—

(અ) તુરત એક જ્યુરી મુકરર કરવી તેમાં પાંચ સખસો કરતાં ઓછા નહીં હોય તેની વિષમ સંખ્યા હોવી જોઈએ અને તેનો પ્રમુખ તથા બાકીના સભાસદો માંહેના અડધા સભાસદો તે માજીસ્ત્રેટે મુકરર કરવા, અને બીજા સભાસદો તે અરજદારે મુકરર કરવા.

(બ) સદરહુ પ્રમુખને તથા સભાસદોને માજીસ્ત્રેટ દુરસ્ત ધારે તેવી જગાએ તથા વખતે હાજર થવા સારૂ સમન કરવા; અને

(ક) તેમણે પોતાનો ઠરાવ કેટલી મુદતમાં આપવો તે મુદત મુકરર કરવી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૨૩ ના બીજા પારીગ્રાફ કલમ ૫૨૪ ના પેહેલા પારેગ્રાફને મળતી છે. જ્યુરી રચવા બાબત માજીસ્ત્રેટે જે હુકમ કરવો તેના નમુના માટે જુઓ પરિશિષ્ટ ૫ નો નમુનો ૧૭ મો.

નીમેલી મુદતમાં જ્યુરી પોતાનો નીવેડો લાવે નહીં તો તે નીવેડો રદ બાતલ છે. જો મુદત વધારી હોય તો તે મુદતમાં નીવેડો આવવો જોઈએ પણ તે મુદતમાં નીવેડો આપવામાં ન આવે તો તે નીવેડો રદ છે. દીનોનાથ ચકરબતી વિરૂદ્ધ હરગોવીંદ પાલ વીકલી રીપોટ ૧૬ પ્ર. ૨૩

જ્યુરીઓમાંથી એક જુરરે પોતાનો રીપોર્ટ માજીસ્ત્રેટને મોકલ્યો ન હોય તે કારણથી બીજી જુરી ભરવાની અથવા બીજી જુરીને તે બાબત ફરીથી સોંપવાની સત્તા માજીસ્ત્રેટને નથી. જ્યારે કલમ ૧૩૮ મુજબ યોગ્ય રીતે નામેલી જુરી કાંઈ સારા કારણને લીધે સોંપેલી

બાબતનો નીવેડો કરી શકે નહી ત્યારે માજીસ્ટ્રેટને નવી જુરી નિમવાનો અખત્યાર છે. નિમાએલા જુરીમાંથી એક સખસ મરણ પામે અથવા એમ ધારો કે જુરી હઠ કરી જે બાબતસારૂ નિમવામાં આવી હોય તે બાબતનો ફેંસલો કરવા ના પાડે તો એવી બાબતમાં જુરી નિમવાનો પ્રથમનો હુકમ નીરઉપયોગી અને રદ થાય છે એમ ગણી માજીસ્ટ્રેટ કલમ ૧૩૮ મુજબ બીજી જુરી નિમવાને મુખત્યાર છે પણ ઉપરના કામમાં તો બીજી જુરી નીમાઇ ત્યાર પહેલાં પ્રથમના જુરરોએ પોતાનો અભિપ્રાય પ્રમુખને જણાવ્યો હતો અને માજીસ્ટ્રેટને રિપોર્ટ કરવાનુંજ બાકી રહ્યું હતું ખામી એટલીજ રહી હતી કે પ્રમુખે રીતસર રીપોર્ટ માજીસ્ટ્રેટને કર્યો નહોતો પણ એ રીપોટ બીજી જુરીના પ્રમુખ મારફત માજીસ્ટ્રેટે ફરીઆદમાં માગેલો હુકમ કાઢ્યો ત્યાર પેહલાં તેને પોહોચાડયો હતો. આ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ત્રેટે પ્રથમની જુરીએ કરેલા રીપોટ પ્રમાણે વરતવું અને બીજી જુરીનો રીપોટ રદ બાતલ ગણવો જોઇએ—શેખનોઝીમુડીના કામમાં વીકલી રીપોટ ૨૧ પ્ર. ૫૪

જો જયુરી માજીસ્ત્રેટનો હુકમ વ્યાજબી ઠરાવે તો કેમ કરવું.

૧૩૯. જો તે જુરીને અથવા જુરરોમાંના અડધાથી વધારે જણને માજીસ્ટ્રેટનો અસલનો હુકમ વ્યાજબી તથા યોગ્ય છે અથવા તે હુકમમાં કાંઇએક ફેરફાર કર્યો હોય તો તે હુકમ વ્યાજબી તથા યોગ્ય થશે એવું દેખાશે અને તે ફેરફાર માજીસ્ટ્રેટ કબુલ કરશે તો સદરહુ પ્રકારના (જો કાંઈ ફેરફાર હોય. તો તેને અનુસરીને તે માજીસ્ટ્રેટે તે હુકમ નિઃસંકેતકરવો.

બીજી બાબતોમાં આગળ કામ ચલાવવું નહી.

હુકમ નિઃસંકેત કરેથી કેમ કરવું.

૧૪૦ જ્યારે ૧૩૬ મી, ૧૩૭ મી; અથવા ૧૩૯ મી કલમ પ્રમાણે કોઇ હુકમ નિઃસંકેત કરવામાં આવ્યો હોય ત્યારે જે સખસની ઉપર તે હુકમ કર્યો હોય તેને તે માજીસ્ટ્રેટે તે હુકમની નોટીસ આપવી અને તે નોટીસમાં જે મુદત ઠરાવવામાં આવે તે મુદત તે હુકમથી ફરમાવેલું કામ કરવાનું તે સખસને વળી ફરમાવવું અને તેને ખબર આપવી કે જો તમે આ હુકમ નહી માનો તો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૮૮ મી કલમમાં ઠરાવેલી શિક્ષાને તમો લાયક થશો.

હુકમ નહી માનવાનાં ફળ.

જો તે ઠરાવેલી મુદતમાં સદરહુ કામ કરવામાં ન આવે, તો તે માજીસ્ટ્રેટ તે કામ કરાવવાને મુખત્યાર છે, અને તે કરવાનો ખરચ જે કોઈ ઇમારત અથવા માલ અથવા બીજી મિલકત તેના હુકમથી ખસેડવામાં આવે તેનું વેચાણ કરીને, અથવા સદરહુ સખસની બીજી કોઈ જંગમ મિલકત સદરહુ માજીસ્ટ્રેટની હકુમતની સ્થાનીક હદની અંદર કે બાહાર હોય, તે મિલકત જપ્ત કરીને તથા વેચીને, વસુલ કરવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે, જો સદરહુ પ્રકારની બીજી મીલકત સદરહુ હદની બાહાર હોય, તો જપ્ત કરવાની મિલકત જે માજીસ્ટ્રેટની હકુમતની સ્થાનિક હદમાં માલમ પડે તે હુકમની પાછળ સહી કરે એટલે તે મિલકત જપ્ત કરીને વેચવાનો અધિકાર તે હુકમથી મળશે.

આ કલમ પ્રમાણે શુદ્ધબુધ્ધિથી કાંઇપણ કર્યું હોય તે સબંધી કાંઇપણ દાવો ચાલશેનહી.

જયુરી મુકરરનહી કરેથી અથવા જયુરી પોતાનો ઠરાવ નહી કહી સંભળા

૧૪૧. જો ગફલતથી કોઇ બીજી રીતે અરજદાર જયુરી મુકરર થતી અટકાવે, અથવા મુકરર કરેલી જયુરી ઠરાવેલી મુદતમાં અથવા જેટલી મુદત વધારે આપવાનું માજીસ્ટ્રેટની નજરમાં આવે તેટલી મુદતમાં કાંઇ પણ કારણને લીધે પોતાનો ઠરાવ નહી કહી સંભળાવે, તો પોતે દુર-

વેથી કેમ કરવું. સ્ત ધારે એવો હુકમ કરવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે, અને ૧૪૦ મ ક્લમમાં ઠરાવેલી રીતે સદરહુ હુકમ અમલમાં લાવવો.

ચોકસી થતા સુધા તાકીદ આપવા બાબત.

૧૪૨. જો ૧૩૩ મી કલમ પ્રમાણે હુકમ કરનારા કોઈ માજીસ્ટ્રેટના વિચારમાં એવું આવે કે લોકને તુરત થાય એવું જોખમ અથવા ભારે નુકશાન અટકાવવાને તાબડતોબ ઇલાજ કરવો જોઇએ. તો તે જોખમ અથવા નુકસાન દુર કરવાને અથવા અટકાવવાને, જ્યુરી મુકરર કરવાની હોય અથવા ન હોય અથવા જ્યુરી મુકરર કરી હોય કે ન કરી હોય તોપણ જે સખસની ઉપર તે હુકમ કર્યો હોય તે સખસને જેવી જોઇએ તેવી તાકીદ મોકલવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

સદરહુ તાકીદ પ્રમાણે તુરત ચાલવામાં જો તે સખસ કસુર કરે. તો તે જોખમ દુર કરવાને અથવા તે નુકશાન અટકાવવાને પોતે દુરસ્ત ધારે એવા ઇલાજો પોતે કરવાને અથવા કરાવવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે કોઇ માજીસ્ટ્રેટે કાંઇપણ શુદ્ધબુદ્ધિથી કર્યું હોય તે સંબંધી. કાંઇપણ દાવો ચાલશે નહી.

લોકોપકારકકૃત્ય ફરીથી કરવાની અથવા જારી રાખવાની મના કરવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

૧૪૩. લોકાપકારક કૃત્ય આ શબ્દોની વ્યાખ્યા હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં લખી છે, અથવા કોઇ વિશેષ કે સ્થાનિક કાયદામાં લખી હોય તે લોકાપકારક કૃત્ય ફરીથી નહી કરવાનો અથવા જારી નહી રાખવાનો હુકમ જીલ્લા માજીસ્ટ્રેટ અથવા પેટા તુકડી માજીસ્ટ્રેટ અથવા બીજા જે માજીસ્ટ્રેટને સ્થાનિક સરકારે અથવા જીલ્લા માજીસ્ટ્રેટે આ બાબત અધિકાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટ કરવાને મુખત્યાર છે.

બાબ ૧૧ મો.

અપકારક કૃત્ય સંબંધી તાકીદના મુકદમાઓમાં હંગામી હુકમો.

અપકારક કૃત્ય સંબંધી તાકીદના મુકદમાઓમાં એકદમ નિઃસંકેત હુકમકહાડવાનો અધિકાર.

૧૪૪ જે બાબતોમાં કોઇ જીલ્લા માજીસ્ટ્રેટના પેટા તુકડી માજીસ્ટ્રેટની, અથવા બીજા જે માજીસ્ટ્રેટને સ્થાનિક સરકારે અથવા ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે આ કલમ પ્રમાણે ચાલવાના વિશેશે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટના નજરમાં તાબડતોબ અટકાવ કરવો અથવા વેહેલો ઈલાજ કરવો યોગ્ય જણાય તે બાબતોમાં.

જો સદરહુ માજીસ્ટ્રેટના વિચારમાં એવું આવે કે ફલાણા સખસને હેઠળ લખ્યા પ્રમાણે ફરમાવ્યાથી કાયદાસર રીતે કામ કરનારા કોઇ પણ માણસોને અડચણ, દુખ અથવા નુકશાન થતુ, અથવા અડચણ, દુખ અથવા નુકશાનનું જોખમ થતુ, અથવા માણસની જીંદગીને અથવા તનદુરસ્તીને અથવા સલામતીને જોખમ થતુ, અથવા કાંઇ હંગામો અથવા બખેડો થતો, ઘણું કરીને અટકશે અથવા અટકે એવું છે, તો તે માજીસ્ટ્રેટ એક લખેલો હુકમ કહાડીને તથા તેમાં તે કામની મુદ્દાની હકીકત જણાવીને તથા ૧૩૪મી કલમમાં ઠરાવેલી રીતે તે હુકમ પોહોંચાડીને તે સખસને એવું ફરમાવવાને મુખત્યાર છે કે, તમારે

ફલાણા કામથી દુર રેહેવુ અથવા તમારા કબજામાંની અથવા વહિવટમાંની ફલાણી મિલકત-ની તમારે ફલાણી વ્યવસ્થા કરવી.

જરૂરીને પ્રસંગે અથવા જે સખસને તે હુકમ ફરમાવ્યો હોય તે સખસની ઉપર યોગ્ય વખતમાં નોટીસ બજાવવાનુ બનતુ ન હોય એવી હકીકત હોય તેવે પ્રસંગે આ કલમ પ્રમાણેએક તરફી હુકમ કરવાનો અધિકાર છે.

આ કલમ પ્રમાણે કરેલો હુકમ કોઈ મુકરર સખસનુ નામ લખીને અથવા કોઇ મુકરર જગાએ લોકો મળતાં હોય અથવા જતાં હોય ત્યારે સામાન્યરીતે સઘળા લોકોને ફરમાવવાનો અખત્યાર છે.

પોતાની જાતે અથવા પોતાના તાબા માંહેના કોઈ પણ માજીસ્ત્રેટે અથવા પોતાના હુદા ઉપર પોતાની અગાઉ જે અમલદાર હોય તે અમલદારને આ કલમ પ્રમાણે જે હુકમ કરયો હોય તે હુકમ રદ કરવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો અખત્યાર હરકોઈ માજીસ્ત્રેટને છે.

માણસની જીંદગીને અથવા તનદુરસ્તીને અથવા સલામતીને જોખમ થાય તેવે પ્રસંગે અથવા કાંઇ હંગામો અથવા બખેડો થવાનો સંભવ હોય તેવે પ્રસંગે સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિધ કરીને સ્થાનિક સરકાર બીજી રીતે ફરમાવે નહી તો આ કલમ મુજબ કરેલો કાંઈપણ હુકમ, તે કર્યા પછી બે મહિના કરતાં વધારે મુદત સુધી અમલમાં રહેશે નહી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ના આકટ ૧૦ ની કલમ ૫૧૮ ને મળતી છે પણ તેમાં ઘણા અગત્યના સુધારા વધારા થયા છે; બીજા પારેગ્રાફમાં લખેલા હુકમમાં કેસની અગત્યની હકીકત બતાવવાની બાબત છે તે તદન નવી છે.

આ કલમ પ્રમાણે અમલ કરી હુકમ કાઢતી વખતે ઘણોજ અગત્યનો પ્રસંગ હોય અને તુરત અડચણ વગેરે દુર નહી કરવાથી માણસની જીંદગીને હરકત પોહોંચે વગેરે જેવું છે. ત્યારેજ તેવો હુકમ કાઢી શકાય. બાની માધવઘોસ વિરૂધ વુમાનાથરાય ચોધરી; વીકલી રીપોટ ૨૧ પ્ર. ૨૧.

સ્થાવર મિલકતના સંબંધમાંજ માજીસ્ત્રેટ આ કલમ પ્રમાણે અમલ કરી શકે છે, કાંઇ નાણાની રકમ માટે બેઉ પક્ષકારની તકરાર હોય અને તેથી સુલેહનો ભંગ થાય તેવું હોય તો એ નાણાની રકમના કબજા માટે માજીસ્ત્રેટ કાંઈ પણ હુકમ કરી શકતા નથી; રાણી વિરૂધ ગોલખચંદર ગુહો. વીકલી રીપોટ ૧૨ પ્ર. ૩૮

બજારની કોઈ ઉપ્રાતના સંબંધમાં બે પક્ષકારની તકરાર પડે તે વખતે માજીસ્ત્રેટ કાંઈ પણ હુકમ કરી શકતા નથી, રાણી વિરૂધ સુબનસીંગ. વીકલી રીપોટ ૨૩, પ્ર. ૫૩

તમારા ઢોરની તમે સંભાળ લેજો, નહી તો કાયદા પ્રમાણે તમને સજા થશે એવો આ કલમ પ્રમાણે માજીસ્ત્રેટ હુકમ કરી શકતા નથી. રાણી વિરૂધ્ધ મુઝાફર ખલીફા બેંગાળા રીપોટ વા, ૯ પ્ર. ૩૬

જો કે આવો હુકમ કાઢવો યોગ્ય છે કે નહી તે ઉપલી કોરટ જોઈ શકતી નથી તો પણ જો એ હુકમ ન માન્યા માટે સજા કરવામાં આવે તો હુકમ મજકુર કાઢવો યોગ્ય હતો કે નહી તે ઉપલી કોરટ તપાસી રદ કરી શકે છે. સુરજી નારાયણદાસ ઇંડીયન લા. રીપોટ કલકત્તા વા, ૬ પ્ર, ૮૮

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૧૮ એટલે આ કલમ (૧૪૪) મુજબ બીજા વરગના માજીસ્ત્રેટે એકાદ હુકમ કીધા છતાં તે હુકમ અમાન્ય કર્યા બદલ સને ૧૪૭૨ ના આકટ ૧૦ની કલમ ૪૭૩ એટલે આ આકટની કલમ ૪૮૭ ઉપરથી શિક્ષા કરવાનો અધિકાર તેને મળતો નથી માટે બીજા વરગના માજીસ્ત્રેટે ઠરાવેલું તોહોમત અને શિક્ષા રદ કરવામાં આવી, સરકાર વિરૂધ્ધ રણછોડ દયાળ. મુંબાઇ હાઈકોરટ વા, ૧૦. પ્ર. ૪૨૪.

એક માજીસ્ત્રેટે એક સખસને એવો હુકમ કીધો કે તમારી વધી પડેલી વાડ કાપી બ-

રોબર કરવી, આ હુકમ નહી માનવાથી માજીસ્ત્રેટે તેનીપર કામ ચલાવી પીનલકોડ ક-લમ ૧૮૮ મુજબ તોહોમતની સાબીતી કરી. તે કામમાં એવું ઠરયું કે. તાબડતોબ ઇલાજ કરવાની કાંઇ જરૂર નહોતી, અને જે હુકમ માનવામાં આવ્યો નથી તે હુકમ કરવા માજીસ્ત્રેટને અખત્યાર નહોતો, કેમકે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૧૮ ના પહેલા ખુલાસામાં આવી બાબતને સારૂ બીજો અને થોડો સંક્ષેપમાં ખુલાસો બતાવ્યો છે. સરકાર વિરૂધ્ધ બાપુ બેહેચર મુંબાઇ હાઇકોરટ તા૦ ૧૧ જુન ૧૮૭૪

ભોળાનાથ બોસ વિરૂદ્ધ કમરૂદીનના કામમાં નામદાર કલકત્તા હાઇકોરટે એવો ઠરાવ કીધો છે કે, માજીસ્ત્રેટની ખાતરી થવા જેવી બાતમી મળે તે પ્રસંગે તે બાતમી ઉપરથી તેને મનાઈ હુકમ કરવાનો સને ૧૮૭૨ આકટ ૧૦ ની કલમ ૫૧૮ નાં વ્યાખ્યા બે ઉપરથી તે કાયદા વિરૂધ્ધ થતુ નથી, તેટલા માટે સદરહુ આકટની કલમ ૨૯૭ ના આધારે તે હુકમ રદ કરવાનો હાઇકોરટને અધિકાર નથી; કલમ ૫૧૮ પ્રમાણે થયેલો હુકમ એ ન્યાયનું કામ પણ નથી તેટલા માટે તે કલમ ૨૯૭ નીચે આવતું નથી, વીકલી રીપોટ ૨૦, પ્ર. ૫૩

આ કલમ ઉપરથી અડચણ દુર કરવા વિશે હુકમ કરવા માજીસ્ત્રેટને અધિકાર છે. પણ તે જે વખતે કાયદાસર રીતે કામ કરનાર માણસને હરકત કીંવા ઉપદ્રવ કીંવા નુકશાન થવાનો જોખમ અથવા માણસના જીવને કીંવા આરોગ્યતા સુરક્ષીતપણાને ધોકો યા ગરદી કીંવા મારામારી થવાનો સંભવ હોય તે વખત માત્ર ચલાવવો જોઈએ, શ્રીનાથ દત. વિરૂધ્ધ અ-નંદચરણ દત, કલકત્તા હાઈકોરટ રીપોટ. વા. ૨૩. પ્ર. ૩૪. તા૦ ૧૮ ફેબ્રુઆરી. ૧૮૭૫

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૧૮ એટલે આ કલમ પ્રમાણે માજીસ્ત્રેટે જે યોગ્ય રીતે હુકમ કર્યો હોય તેમાં ચારટર આકટ પ્રમાણે હાઈકોરટથી હાથ ઘાલી સકાતા નથી, ચંદ્રનાથ શેન અને બીજાઓની બાબતમાં કલકત્તા હાઇકોરટ વા. ૩, પ્ર.૨૯૩, તા૦ ૨૦ ફેબ્રુઆરી સને ૧૮૭૭.

બાબ ૧૨ મો.

સ્થાવર મિલકત સબંધી તકરારો બાબત.

જમીન વગેરે બાબતની તકરારથી સુલેહનો ભંગ થવાનો સભંવ હોય ત્યારે કેમ કરવું.

૧૪૫ જ્યારે જ્યારે કોઇ પોલીસ રીપોર્ટ ઉપરથી અથવા બીજી ખબર ઉપરથી જિલ્હા માજીસ્ત્રેટની અથવા પેટા ડુકડી માજીસ્ત્રેટની અથવા પહેલા વરગના માજીસ્ત્રેટની એમ ખાત્રી થાય કે પોતાની હકુમતની સ્થાનીક હદમાં કોઇપણ સ્પર્શજ્ઞેય સ્થાવર મીલકત સબંધી અથવા તેની હદ સબંધી એવી કાંઇ તકરાર છે કે જેથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે, ત્યારે ત્યારે તેણે એક લેખી હુકમ કરવો અને તેમાં પોતાની ઉપલી ખાત્રીનાં કારણો લખવા, અને પોતે મુદત ઠરાવીને તે તકરારમાં જેઓનું લાગતુ વળગતુ હોય તેવા સઘળા પક્ષકારોને ફરમાવવું કે આટલી મુદતમાં તમે જાતે અથવા પ્લીડરની મા-રફતે હમારી કોરટમાં હાજર થઇને તે તકરારની વસ્તુ ખરેખર કોના કબજામાં છે તે વિશે તમે તમારા પોતપોતાના દાવાની લખેલી કેફીયત આપો.

કબજા બાબત ચોકસી.

પછી તે તકરારની વસ્તુના કબજાના હક બાબત સદરહુ પ્રકારના કોઇ પણ પક્ષકારના દાવાના ગુણદોષનો વિચાર ન કરતાં તે માજીસ્ત્રેટે ઉપર લખ્યા મુજબ આપેલી કેફીયત વાંચી જોવી, તે પક્ષકારોનું કહેવું સાંભળવું, તેઓએ રજુ કરેલો પુરવો લેવો, તે પુરાવાનું શું પરિણામ થાય છે તે ધ્યાન માં લેવું, પોતાને જરૂરનો લાગે એવો જાસ્તી પુરાવો (જો હોય તો) લેવો, અને તકરારની વસ્તુ તે પક્ષકારો માંથી તે વખતે કોઇના પણ કબજામાં સદરહુ પ્રમાણે છે કે કેમ અને કોના કબજામાં છે તે બની શકે તો ઠરાવવું.

જે સખસના કબજામાં તે વસ્તુ હોય તે સખસના કબજામાંથી તે વસ્તુ કાયદાપ્રમાણે લઈ લેવાગાં આવે ત્યાં સુધી તે તેની પાસે રાખવી.

જો સદરહુ વસ્તુ તે વખતે તે પક્ષકારોમાંથી ફલાણા પક્ષકારના કબજાગાં સદરહુ પ્રમાણે છે એવું તે માજીસ્ત્રેટ ઠરાવે તો તેણે હુકમ કાઢવો અને તેગાં લખવું કે સદરહુ પક્ષકારના કબજામાંથી તે વસ્તુ કાયદાના ક્રમથી લઈ લેવામાં આવે ત્યાં સુધી તે વસ્તુનો કબજો રાખવાનો તેનો હક છે, અને ત્યાં સુધી તે કબજાગાં કોઇએ હરકત કરવી નહી.

જે પક્ષકારને સદરહુ પ્રમાણે હાજર થવાનું ફરગાવ્યું હોય તે પક્ષકારને, સદરહુ પ્રકારની કાંઈ તકરાર થઈ નથી અથવા થએલી નથી, એવું બતાવવામાં આ કલમ માંહેના કોઇપણ મચકુરથી હરકત છે એમ સગજવું નહીં; અને એવું બતાવવામાં આવે ત્યારે માજીસ્ત્રેટે પોતાનો સદરહુ હુકમ રદ કરવો, અને પછી આગળ સઘળુ કામ ચલાવવાનું બંધ થવું જોઇયે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૩૦ ને મળતી છે પણ તેમાં છેલો પારેગ્રાફ તદન નવો છે.

દિવાની કોરટથી પક્ષકારના હક નકી થઈ જાય તો પછી આ કલમ પ્રમાણે ફરી અમલ કરવાની જરૂર નથી. રાણીગંજકોલ એસોસીએસન, વિરૂદ્ધ હેમલાલ ઘટવાલ. વીકલી રીપોટ ૨૪ પ્ર. ૧૭

એક પોલીસના રીપોટ ઉપર વીસ્વાસ રાખી માજીસ્ત્રેટે આ કલમ પ્રમાણે ઉપાય લીધા પણ એ પોલીસના રીપોટમાં જે સખસો વીરૂધ હુકમ કગવવાનો હતો તે સખસોએ કાંઈ માણસ ભેગા કર્યાની હકીકત તેમાં નહોતી; આથી માજીસ્ત્રેટે ચલાવેલું સઘળું કામ રદ કરવામાં આવ્યું પદમોનાહોસી. વિરૂધ જગદંબાદોસી વીકલી રીપોટ ૨૫ પ્ર. ૨

આ કલગ પ્રમાણે કબજો રાખવા માટે કોનો ખરેખરો હક છે એવું દીવાની કોરટથી નકી થતાં સુધી તકરારી મીલકત જેનો કબજો છે તેને સોંપવામાં આવે ત્યારે એ મીલકત બીજા ત્રાહિત સખસની છે એવું કહી એ ત્રાહિત સખસ કાંઇ દાવો ફોજદારી કોરટમાં ઉઠાવી શકતો નથી. રાયમોહનરાય, વીરૂધ વાઇઝ વીકલી રીપોટ ૧૬ પ્ર. ૨૪

એક જમીનને માટે બેઉ પક્ષકારને કબજાની તકરાર પડી તેમાં બેઉની એવી તકરારછે કે એ જમીન અમારા કબજામાં છે અને તેનો વહીવટ અમારા ખેડુત કરેછે. દીવાની કોરટથી ફેંસલો થતાં સુધી તે જમીનનો કબજો અમુક એક પક્ષકાર પાસે છે એવો માજીસ્ત્રેટે જુના કીમીનલપ્રોસીજરકોડ કલમ ૫૩૦ પ્રમાણે હુકમ કર્યો તે કામમાં હાઇકોરટે એવો ઠરાવ કર્યો કે સર્વ જમીન એક પક્ષકાર પાસે રહેવા દેવા વિશે હુકમ ન કરતાં પ્રત્યેક પક્ષકાર પાસે કેટલી જમીન અને કોના કોના કુળ પાસે છે એનો નિર્ણય કરી તેટલી જમીનનો ભાગ એક પક્ષકારના કબજામાં રહેવા દેવાનો માજીસ્ત્રેટે હુકમ કરવો જોઈતો હતો. કલકત્તા હાઇકોરટ રીપોટ વા. ૨૧ પ્ર. ૫૫ તા૦ ૨૪ મારચ ૧૮૭૪.

જે જમીન બાબત ટંટાથી લોકોની સુલેહ તુટવા જેવું હોય તે જમીનના કબજા બાબત સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૩૦ એટલે આ કલમ ૧૪૫ મુજબ પક્ષકારને જે પુરાવો આપવાનો તે માજીસ્ત્રેટે જે વખતે તે સબંધીનું કામ ચલાવ્યું હોય તે વખતના કબજાનો પુરાવો આપવો અને માજીસ્ત્રેટ પોતાનો ફેંસલો કહે તે વખત કબજાનો પુરાવો આપવાની જરૂર નથી. કલકતા હાઈકોરટ રીપોટ વા. ૨૦ પ્ર. ૨૧ તા૦ ૧૬ જુલાઇ ૧૮૭૩. પરથી રામચોધરી રાય બાહાદુરના કામમાં.

બેઉપડોશી જમીનદારોની દરમીયાન કબજા બદલ ટંટા હોય અને તે જમીન તેણે કોઇ માણસને સાંથે આપ્યાથી તે જમીનના કુળને તથા મકતેદારને ધાસ્તી આપતો હોય તો

તે જમીનદારનો કબજો આ કલમમાં કહ્યા પ્રમાણે છે એમ થતુ નથી. સરકાર વીરૂધ ઠાકુર દયાળશીંગ અને બીજા. કલકત્તા હાઇકોરટ રીપોટ વા. ૩ પ્ર. ૩૨૦

આ કલમ નીચે આવનાર કામનો ઇનસાફ કરવા સારૂ કોઈ પણ માજીસ્ત્રેટની એચને જિલ્લા માજીસ્ત્રેટ હુકમ કરી શકતા નથી. સકરૂદીન વીરૂધ ઇબ્રાહીમના કામમાં કલકત્તા હાઈકોરટ તા૦ ૩૦ એપ્રીલ ૧૮૭૮ વા. ૩ પ્ર. ૭૫૪

જે માણુસ પાસે કાયદેસર કબજો હોય તે કબજો કોઈ માણસ કારણ વગર કાહાડી લે તો તે કાહાડી લેનારનો કબજો સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૩૦ આ કલમ ૫૧૪ પ્રમાણે ચાલેલા કામમાં માન્ય કરવામાં આવનાર નથી તેઓની દરમિયાન ટંટો ઉત્પન થયાની અગાઉ બેમાંના કયા પક્ષકાર પાસે સ્વથપણે કબજો હતો તે કોરટે જોવું જોઈએ. મોહેસચંદરખાનની અરજીની બાબતમાં કલકત્તા હાઈકોરટ વા. ૪ પ્ર. ૪૧૭ તા૦ ૭ આગષ્ટ ૧૮૭૮

સરકાર વિરૂદ્ધ કુનુદ નારાયણભુપના કામમાં નામદાર કલકત્તા હાઇકોરટે એમ ઠરાવ્યું છે કે અમુક એકાદી મિલકતનો કબજો કોની પાસે છે એવો ઠરાવ કરવાને માજીસ્ત્રેટને સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૩૦ એટલે આ કલમ ૧૪૫ માં જે અધિકાર છે તેજ કામમાં લોકોની સુલેહનો ભંગ થવાનો છે એવી માજીસ્ત્રેટની ખાતરી થાય અને તાકીદથી તજવીજ નહીં થાય તો લોકોની સુલેહનો ખચીત ભંગ થશે એમ માજીસ્ત્રેટને દેખાય તો તે કામમાં માજીસ્ત્રેટે માત્ર અધિકાર ચલાવવો; નહીં તો ચલાવવો નહીં. લોકોની સુલેહનો ભંગ થવાનો છે એ બદલ જે કાંઇ પોતાના કારણો હોય તે માજીસ્ત્રેટે દાખલ કરવા જોઈએ.

આ કલમ પ્રમાણે માજીસ્ત્રેટની રૂબરૂ હાજર થવાને જે પક્ષકારને નોટીસ આપવાની તેનો જો કે કોઈપણ જાતનો નકી નમુનો નથી તોપણ તે નોટીસ જાહેરાંત સ્વરૂપની નહીં છતાં કોઇ એકાદ અગર અનેક માણસના નામની હોવી જોઇએ, આ કલમ પ્રમાણે માજીસ્ત્રેટે કામ ચલાવ્યા છતાં દરમ્યાન કોઇ માણસને વચે આવવાની પરવાનગી આપવા વિશે સદરહુ આકટમાં કોઇ ઠેકાણે ઠરાવ નથી. તા૦ ૧૮ ડીસેમ્બર ૧૮૭૮ વા, ૪ પ્ર. ૬૫૦

કાંઇ જમીન બાબતની તકરાર ઉપરથી સુલેહનો ભંગ થશે એવી પોતાની ખાત્રી થયાના સબબો પોતાના પ્રોસિડીંગ (દફતર) માં લખ્યા વગર કોઈ ફુલપાવર માજીસ્ત્રેટે ૧૮૬૧ ના ૨૫ મા આકટની કલમ ૩૧૮ એટલે આ ૧૪૫ પ્રમાણે કબજા વિશેનાં તકરારનો ઠરાવ કર્યો તેનું પ્રોસિડીંગ હાઇકોરટે રદ કર્યું સરકાર વિરૂધ્ધ અમરચંદ વિરચંદ મુંબઇ હાઇકોરટ તા૦ ૧૮ આગષ્ટ ૧૮૭૦

કોઈ અમુક કામમાં વાદીએ પોતાનો હક તથા કબજો કહી તે સાબિત કર્યો નથી એવા કોઇ દિવાની કોરટના ઠરાવ ઉપરથી સદરહુ વાદીનો કબજો લેઇ બીજાને કબજો આપવાનો હુકમ માજીસ્ત્રેટ કરે તો તે વ્યાજબી નથી આ કલમ પ્રમાણે કામ ચલાવી શકાય એવી જમીન સંબંધી તકરારના કામમાં જો સદરહુ તકરાર જમીન તથા પાક વીગેરેના કબજા વીશેની હોય તો તેવાજ કામમાં માજીસ્ત્રેટને હકુમત છે. બે જમીનદારો વચે ભાડુ લેવાના હક સબંધી તકરાર હોય તો તેવી તકરારનો સમાવેશ આ કલમમાં થતો નથી. મદ્રાસ હાઇકોરટ તા૦ ૧૩ જુલાઇ સને ૧૮૬૮

આ કલમ પ્રમાણે તકરારી કબજા સબંધી ઠરાવ કરતાં પેહલાં રીતસર કામ ચલાવેલું હોવું જોઇએ, જે પક્ષકારનો કબજો માજીસ્ત્રેટને માલમ પડે તે પક્ષકારને તે કબજો જારી રાખવાનો હક છે એટલુંજ માજીસ્ત્રેટના છેવટના હુકમમાં હોવું જોઇએ. પોલીસ પાસેથી કબજો અપાવવા હુકમ કરવો તે ગેરકાયદેસર છે. રાણા વિરૂદ્ધ ચાગા મોની, ૨ આર, જે, પી, જે, ૩૮૭ તા૦ ૩૦ જાનેવારી ૧૮૬૪

સુલેહનો ભંગ થાય એવી તકરાર વિશે માજીસ્ત્રેટને ખબર મળ્યા છતાં જો તેણે તે તકરારથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવી મારી ખાતરી થઇ છે એ પ્રમાણે પોતા-

ની હુકમમાં લખ્યું ન હતું એવા સબબથી તે હુકમમાં હાથ ઘાલવો બિલકુલ નિરર્થક છે એમ ઠરાવવામાં આવ્યું છે. રાણી વિરૂધ્ધ મસ્તજા હોસન વૉ. રી. ૬ પ્ર. ૪

એક કામમાં એક પક્ષકાર અ. હતો અને બીજી તરફ બ. અને તેના ત્રણ ખેડુ હતા, તે કામમાં આ કલમમાં ફરમાવ્યા મુજબ એક હુકમ કરવામાં આવ્યો હતો કે તકરારી મિલકતનો કબજો અ. નો છે એમ ઠરાવવામાં આવ્યું છે કે તે કેસની અંદર જે સખસો ખરેખરા પક્ષકાર છે તેમનેજ આ હુકમ બંધનકારક છે અને સદરહુ હુકમ બ. ના પાછળથી રાખેલા ખેડુઓ અમાન્ય કરે તે બદલ તેમને ફોજદારીરાહે શિક્ષા થઇ શકે નહીં.—ગોપાળ બુરનાવર બેંગાળા રી. વા. ૩ પ્ર. ૧૩

નદીમાં રેલ આવવાથી એક જગાપર પાણી ફરી વળ્યું ત્યારબાદ તે જગાના માલકીપણાનો હક મુળધણીનો સાબિત થયો, સબબ તે જગામાં જે જમીનનો વધારો થતો હતો તે તથા તેપર આવેલી વસ્તુઓ તે તે જગાના માલિકની છે અને તેપર પાસેની જમીનના માલિકનો હક નથી. ફેલાકસલોપેઝ વિરૂદ્ધ મદન ઠાકોર બેંગાળા લા રી. વા. ૫ પ્ર. ૫૨૧.

તકરારની વસ્તુ જપ્ત કરવાનો અધિકાર.

૧૪૬. જો માજીસ્ત્રેટ એવો ઠરાવ કરે કે તકરારની વસ્તુ તે પક્ષકારોમાંના કોઇના કબજામાં સદરહુ પ્રમાણે તે વખતે નથી. અથવા તે કયા પક્ષકારના કબજામાં સદરહુ પ્રમાણે તે વખતે છે એ બાબત પોતાની ખાત્રી ન થઇ શકે, તો પક્ષકારોના તે સબંધી હક બાબત અથવા તેનો કબજો કોને મળવાનો હક છે તે બાબત, યોગ્ય અધિકારવાળી દિવાની કોર્ટનો ફેંસલો થતાં સુધી તે તકરારની વસ્તુ જપ્ત કરવાને મુખત્યાર છે.

ઈઝમેન્ટના હક વિગેરે સબંધીત કરારો.

૧૪૭ જ્યારે જ્યારે ઉપર કહ્યા મુજબ સદરહુ પ્રકારના હરકોઇ માજીસ્ટ્રેટની એવી ખાત્રી થાય કે પોતાની હકુમતની સ્થાનિક હદમાં આવેલી કોઇપણ સ્પર્શગ્નેય સ્થાવર મિલકતમાં અથવા મિલકત ઉપર કાંઈપણ વસ્તુ કરવાના અથવા નહીં કરવા દેવાના હક બાબત એવી કાંઈ તકરાર છે કે તેથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે. ત્યારે ત્યારે તે બાબત ચોકશી કરવાને તે મુખત્યાર છે, અને સદરહુ હક વિદ્યમાન છે એમ તેને જણાય, તો જે સખસ સદરહુ વસ્તુ કરવામાં હરકત કરતો હોય અથવા જે સદરહુ વસ્તુ કરવાનો દાવો કરતો હોય તે સખસનો. પ્રસંગ પ્રમાણે સદરહુ વસ્તુ નહીં કરવા દેવાનો, અથવા કરવા દેવાનો હક છે એ પ્રમાણે કોઇ યોગ્ય અધિકારવાળી દિવાની કોર્ટનો ઠરાવ તે સખસ મેળવે ત્યાં સુધી, સદરહુ વસ્તુ કરવા દેવા બાબત અથવા તે વસ્તુ નહીં કરવા દેવા બાબત પ્રસંગ પ્રમાણે એક હુકમ કરવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે જ્યારે કોઇપણ વસ્તુ કરવાનો હક વર્ષમાં સઘળી વખતે બજાવી શકાય એવો હોય ત્યારે જો તે ચોકશીની શરૂઆત થતાં પેહેલાં તુરત ત્રણ મહિનામાં સદરહુ હક બજાવ્યો ન હોય તો તે વસ્તુ કરવા દેવાનો, અથવા જ્યારે તે હક ફક્ત મુકરર મોસમેજ બજાવી શકાય એવો હોય, ત્યારે જો સદરહુ ચોકશી સરૂ થવાથી તુરત પેહેલાંની તે મોસમે તે હક બજાવ્યો ન હોય તો, આ કલમ પ્રમાણે તે વસ્તુ કરવા દેવાનો, કાંઇપણ હુકમ કરવો નહીં.

સ્થાનિક ચોકસી.

૧૪૮. જ્યારે જ્યારે આ બાબના કારણસાર કાંઇ સ્થાનિક ચોકસી કરવાની જરૂર હોય ત્યારે ત્યારે તે ચોકસી કરવાને પોતાના તાબા માંહેના હર-

કોઈ માજીસ્ત્રેટને મોકલવાને, તથા તેણે શી રીતે ચોકસી કરવી તે બાબતમાં તેની સગવ્ડતી થવા સારૂ જરૂર જણાય તેવા લખેલા હુકમ ચાલુ કરવાનું ધોરણ રાખીને તેને કરવાને; અને ચોકસી કરવાનો જરૂરનો સઘળો ખરચ અથવા તેમાંનો કોઈપણ ભાગ કોણે આપવો તે ઠરાવવાને હરકોઈ જીલ્હા માજીસ્ત્રેટ અથવા પેટા ટુકડી માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ખરચબાબતહુકમ

આ બાબ પ્રમાણે ચલાવેલાં કોઇ કામમાં કોઇપણ પક્ષકારને શાહેદોની અથવા પ્લીડરોની અથવા એ બંનેની ફી બાબત કાંઇ ખરચ થયો હોય ત્યારે તે ખરચ કોણે આપવો, સદરહુ પક્ષકારે આપવો કે તે કામના બીજા કોઇ પક્ષકારે આપવો તે, અને તે ખરચ સઘળો આપવો કે થોડો આપવો કે ફાળાપડતો આપવો તે ફરમાવવાનો અધિકાર ૧૪૫ મી અથવા ૧૪૬ મી અથવા ૧૪૭ મી કલમ પ્રમાણે ઠરાવ કરનારા માજીસ્ત્રેટને છે, જે ખરચ આપવાનું એ પ્રમાણે ફરમાવ્યું હોય તે સઘળો ખરચ જાણે દંડ હોય એવી રીતે વસુલ કરવાનો અધિકાર છે.

બાબ ૧૩ મો.

અટકાવ કરવા બાબત પોલીસનું કામ.

કાગ્નિઝેબલ ગુન્હાનો અટકાવ પોલીસે કરવો.

૧૪૯. કોઈ પણ કાગ્નિઝેબલ ગુન્હો થતો અટકાવવાનાં કારણ સારૂ દરેક પોલીસ અમલદાર વચ્ચે પડવાને મુખત્યાર છે, અને તેણે બનતો પ્રયત્ન કરીને સદરહુ ગુન્હો થતો અટકાવવો જોઈએ.

સદરહુ ગુન્હા કરવાની ધારણા બાબત ખબર.

૧૫૦. કોઇપણ કાગ્નિઝેબલ ગુન્હો કરવાની ધારણા જે પોલીસ અમલદારને ખબર પડે તે પોલીસ અમલદારે તે ખબર જે પોલીસ અમલદારના તાબામાં પોતે હોય તે પોલીસ અમલદારને, તથા તે ગુન્હો થતો અટકાવવાનું અથવા તે સાંભળવાનું બીજા જે અમલદારનું કામ હોય તે અમલદારને આપવી.

સદરહુ ગુન્હા અટકાવવા સારૂ પકડવા બાબત.

૧૫૧. કોઇપણ કાગ્નિઝેબલ ગુન્હો કરવાની ધારણા જે પોલીસ અમલદારના જાણ્યામાં હોય તે પોલીસ અમલદારને જો એમ જણાય કે તે ગુન્હો થતો બીજી રીતે અટકાવી રાખશે નહી તો કોઈ માજીસ્ત્રેટના હુકમ શિવાય અને વગર વારંટે તેવી ધારણા કરનાર સખસને પકડવાને તે અમલદાર મુખત્યાર છે.

સાર્વજનિક મિલકતને નુકસાનથતુ અટકાવવાબાબત

૧૫૨. કોઇ પોલીસ અમલદારના દેખતાં કાંઈ સાર્વજનિક સ્થાવર અથવા જંગમ મિલકતને જે નુકસાન કરવાની કોશિસ કરવામાં આવે તે નુકસાન થતું અટકાવવા સારૂ, અથવા કાંઇ સાર્વજનિક ભુમિચિન્હ અથવા બોયું અથવા વાહાણ ચલાવવાના કામમાં વપરાતી હોય એવી બીજી કોઇ નીશાની કાહાડી નાખતી અથવા તેને નુકસાન થતું અટકાવવા સારૂ, પોતાનાજ અખત્યારથી વચ્ચે પડવાને તે પોલીસ અમલદાર મુખત્યાર છે.

કાટલાં તથા માપ જોવા બાબત.

૧૫૩ કોઇ પોલીસથાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને જ્યારે એમ માનવાનું કારણ હોય કે પોતાના થાણાની હદમાંહેનાં ફલાણી જગામાં કાંઇ ખોટાં કાટલાં અથવા માપ અથવા તોળવા-

ર્નાં યંત્ર છે ત્યારે તે જગામાં વપરાતાં અથવા રાખેલાં કાટલાં અથવા માપ અથવા તોળવાનાં યંત્ર તપાસવાને અથવા તેનો શોધ કરવાને વગર વારંટે તે જગામાં પેસવાને તે અમલદાર મુખત્યાર છે.

જો તે અમલદારને તે જગામાં કાંઈ ખોટાં કાટલાં, માપ અથવા તોળવાનાં યંત્રો જડે, તો તે પકડવાને પોતે મુખત્યાર છે, અને હકુમતવાળા માજીસ્ટ્રેટને તેણે તે પકડ્યાની તુરત ખબર આપવી.

ભાગ ૫ મો.

પોલીસને ખબર આપવા બાબત તથા તપાસ કરવાના તેના અધિકાર બાબત.

બાબ ૧૪ મો.

કાગ્નિઝેબલ મુકદ્દમામાં ખબર કરવા બાબત.

૧૫૪. જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તેને કાગ્નિઝેબલ ગુન્હો કર્યા સંબંધી જે જે ખબર મ્હોડેથી આપવામાં આવે તે દરેક ખબર તેણે અથવા તેના હુકમ પ્રમાણે લખી લેવા અને ખબર આપનારને વાંચી સંભળાવવી; અને સદરહુ પ્રકારની ગમે તે ખબર લખીને આપી હોય કે ઉપર કહ્યા મુજબ લખી લીધી હોય તોપણુ તે આપનાર સખસે તે ઉપર સહી કરવી; અને આ બાબત સ્થાનિક સરકાર ફરમાવે તેવા નમુનાની જે એક બુક તે અમલદારે રાખવી જોઇએ તે બુકમાં તેનો સાર નોંધવો.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ના આકટ ૧૦ ની કલમ ૧૧૨ ને બદલે રચવામાં આવી છે, પોલીસની રૂબરૂ જુબાની લેતાં પોલીસ અમલદારે સોગન આપવાનો અધિકાર નથી પણુ જે ફરીયાદ લખેલી અગર લખી લીધેલી હોય તે ફરીયાદ કરનારને વાંચી સંભળાવવી, ફરીયાદીએ કરેલી ફરીયાદ ખોટી પડે તો તે પીનલકોડ કલમ ૧૮૦ પ્રમાણે ગુન્હેગાર થાય છે. રાણી વિરૂદ્ધ ઓનોમાલી સેહાઈ વાકલી રીપોટ ૫. પ્ર. ૩૨

નાનકાગ્નિઝેબલ મુકદ્દમામાં ખબર કરવા બાબત.

૧૫૫. જ્યારે કોઇ પોલીસથાણાના હદમાં કોઇ નાનકાગ્નિઝેબલ ગુન્હો કર્યાની ખબર જે અમલદારના હવાલામાં તે પોલીસથાણું હોય તેને આપવામાં આવે, ત્યારે તે અમલદારે ઉપર કહ્યા મુજબ એક બુક રાખીને તેમાં સદરહુ ખબરનો સાર નોંધવો અને તે ખબર આપનારને માજીસ્ટ્રેટની આગળ જવાનું ફરમાવવું.

નાનકાગ્નિઝેબલ મુકદમાની તપાસ.

કોઇ નાનકાગ્નિઝેબલ મુકદમાની તપાસ પેહેલા વર્ગના અથવા બીજા વર્ગના જે માજીસ્ટ્રેટને તે મુકદમાનો ઈનસાફ કરવાનો અથવા ઇનસાફ કરવા સારૂ તે મુકદમો કમિટ કરવાનો અધિકાર હોય તે માજીસ્ટ્રેટના અથવા પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટના હુકમ વગર કોઈપણુ પોલીસ અમલદારે કરવી નહીં.

જે અમલદારના હવાલામાં પોલીસથાણું હોય તે અમલદાર જેટલો અધિકાર કાગ્નિઝેબલ મુકદ્દમામાં ચલાવી શકતો હોય તેટલો અધિકાર (વગર વારંટે પકડવાના અધિકાર સિવાય) સદરહુ હુકમ પોંહોચેથી હરકોઈ પોલીસ અમલદાર તે તપાસના સબંધમાં ચલાવવાને મુખત્યાર છે.

કાગ્નિઝેબલ મુકદમાની તપાસ.

૧૫૬. કોઈ પોલીસથાણાની હદમાંહેના સ્થાનિક ક્ષેત્ર ઉપર જે કોર્ટને હકુમત હોય તે કોરટને ચોકશી અથવા ઇનસાફની જગા સબંધી ૧૫ મા બાબના ઠરાવો પ્રમાણે જે કાગ્નિઝેબલ મુકદમાની ચોકસી અથવા ઇનસાફ કરવાનો અધિકાર હોય તેવા હરકોઇ કાગ્નિઝેબલ મુકદમાની તપાસ, કોઇ માજીસ્ત્રેટના હુકમ વગર, કરવાનો અધિકાર સદરહુ પોલીસથાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને છે.

સદરહુ પ્રકારના કોઈ પણ મુકદમામાં કોઈ પોલીસઅમલદાર જે કાંઇ કામ ચલાવે તે વિશે, સદરહુ અમલદારને આ કલમ પ્રમાણે તે મુકદમાની તપાસ કરવાનો અધિકાર નહોતો, એ સબબ ઉપરથી મુકદમો ચાલતાના દરમિયાન કોઇ પણ વખતે તકરાર ઉઠાવવી નહીં.

કાગ્નિઝેબલ ગુન્હો થયાનો શક આવે ત્યારે કેમ કરવું.

૧૫૭. જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તે અમલદારને ૧૫૬ મી કલમ પ્રમાણે જે ગુન્હાની તપાસ કરવાનો અધિકાર હોય તે ગુન્હો થયો છે એ મુજબ અમલદારને ખબર મળ્યા ઉપરથી અથવા બીજી રીતે શક આણવાનું કારણ હોય, તો જે મજીસ્ત્રેટને પોલીસના રીપોટ ઉપરથી સદરહુ ગુન્હો સાંભળવાનો અધિકાર હોય તે માજીસ્ત્રેટને તે બાબત તાબડતોબ રીપોટ મોકલવો, અને તે મુકદમાની હકીકત તથા બીનાની તપાસ કરવા સારૂ તથા ગુન્હેગારને શોધી કાહાડવા તથા પકડવા માટે જરૂર હોય તેવા ઉપાયો કરવા સારૂ પોતે જાતે તે ઠેકાણે જવું, અથવા પોતાના તાબા માંહેના અમલદારોમાંના એક અમલદારને મોકલવો.

સ્થાનિક તપાસ કરવાની ક્યારે જરૂર નથી.

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

(અ) જ્યારે સદરહુ પ્રકારનો કોઇપણ ગુન્હો થયા વિશે કાંઇ પણ ખબર કોઇ સખસનું નામ દઇને તે સખસની વિરૂદ્ધ આપવામાં આવે અને તે કામ ભારે ન હોય ત્યારે જે અમલદારના હવાલામાં કોઈ પોલીસથાણું હોય તેને તે ઠેકાણે તપાસ કરવા સારૂ જાતે જવાની અથવા તાબા માંહેના કોઇ અમલદારને મોકલવાની જરૂર નથી.

જે અમલદારના હવાલામાં થાણું હોયતે અમલદારને તપાસ કરવાનો પુરતોસબબજણાયનહીંતોશું કરવું.

(બ) જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તે અમલદારને જો એમ જણાય કે તપાસ કરવા માંડવાનો કાંઈ પુરતો સબબ નથી, તો તેણે તે મુકદમાની તપાસ કરવી નહીં.

(અ) તથા (બ) રકમોમાં કહેલે દરેક પ્રસંગે; જે અમલદારના હવામાં પોલીસથાણું હોય તે અમલદારે આ કલમના પેહેલા પારેગ્રાફમાં ફરમાવ્યા પ્રમાણે પુરતી રીતે નહીં ચાલવાનાં કારણ સદરહુ રીપોટમાં લખવાં.

૧૫૭ મી કલમ

૧૫૮. સ્થાનિક સરકાર ફરમાવે તો ૧૫૭ મી કલમ પ્રમાણે માજી-

પ્રમાણે રીપોટ કેવી રીતે મોકલવા. સ્ટ્રેટને મોકલવાનો દરેક રીપોટ સ્થાનિક સરકાર, સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને પોલીસના જે ઉપરી અમલદારને આ બાબત નીમે તે અમલદારની મારફતે મોકલવો.

જે અમલદારના હવાલામાં પોલીસથાણું હોય તેને સદરહુ ઉપરી અમલદાર પોતાને દુરસ્ત લાગે એવી સમજુત આપવાને મુખત્યાર છે, અને તેણે તે સમજુત સદરહુ રીપોટ ઉપર લખીને તે માજીસ્ટ્રેટને તે રીપોટ વગર ઢીલે મોકલી દેવો.

તપાસ કરવાનો અથવા પ્રથમ ચોકસી કરવાનો અધિકાર. ૧૫૯. સદરહુ રીપોટ પોંહોચેથી પોતાને દુરસ્ત લાગે તો, આ કાયદામાં ઠરાવેલી રીતે તે કામની તપાસ અથવા પ્રથમ ચોકશી કરવા સારૂ, અથવા બીજી રીતે તે કામની વ્યવસ્થા કરવા સારૂ સદરહુ માજીસ્ટ્રેટ તુરત ત્યાં જવાને અથવા પોતાના તાબામાંહેના કોઇ માજીસ્ટ્રેટને મોકલવાને મુખત્યાર છે.

સાહેદોને હાજર થવાનું ફરમાવવાનો પોલીસઅમલદારનો અધિકાર. ૧૬૦. આ બાબ પ્રમાણે હરકોઈ પોલીસઅમલદાર જે કામની તપાસ કરતો હોય તે કામની હકીકતથી પોતાના થાણાની અથવા કોઇ પાસેના થાણાની હદમાંહેનો ફલાણો સખસ વાકેફ છે, એમ મળેલી ખબર ઉપરથી અથવા બીજી રીતે તેને જણાય, તો તે અમલદાર લેખી હુકમ કરીને તે સખસને પોતાની આગળ હાજર થવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને તે હુકમમાં ફરમાવ્યા પ્રમાણે તે સખસે હાજર થવું જોઇએ.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૧૮ ને મળતી છે; પોલીસ અમલદાર કોઈ પણ સાહેદને જબરદસ્તીથી પોતાની રૂબરૂ હાજર થવાને ફરજ પાડી શકતો નથી પણ જે લોકોને હાજર થવાને હુકમ ફરમાવવામાં આવ્યો હોય તે માણસો હાજર થવા બંધાએલા છે. રાણી વિ. બીહારીસીંગ અને બીજાઓ વી. રી. ૭ પ્ર. ૩.

આ કલમ પ્રમાણે પોલીસના સુપ્રીન્ટેન્ડેન્ટે ચલાવેલું કામ હાઈકોરટ તરફ મોકલવાનો ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટને સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૬ એટલે આ કાયદાની કલમ ૪૩૬ ની રકમ પેહેલી અને ૪૩૮ ના ભાગ પેહેલા મુજબ અખત્યાર નથી, કેમકે પોલીસનો સુપ્રીટેન્ડેન્ટ એ માજીસ્ત્રેટના તાબાની કોરટ નથી.

આ કલમ પ્રમાણે સાક્ષીઓને સમન કરી બોલાવવાની બાબતમાં પોલીસ અમલદારને નજરમાં આવે તેવું કરવાની મુખત્યારી સોંપી છે તે મુખત્યારી પોલીસનો અમલદાર બજાવે તેમાં ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ હાથ ઘાલી શકતો નથી. (માત્ર પોલીસના અમલદારને સુચના તથા સલાહ આપી શકે છે. મુંબઇ હાઇકોરટ તા. ૮ એપ્રીલ સને ૧૮૭૮ સરકાર વિ. સાંકળચંદ જેઠાભાઈના કામમાં.

પોલીસે શાહેદોની જબાની લેવા બાબત. ૧૬૧. આ બાબ પ્રમાણે તપાસ કરનાર હરકોઇ પોલીસ-અમલદાર, તે કામની બીના તથા હકીકતથી ફલાણો સખસ વાકેફ છે એમ ધારવામાં આવે તે સખસની મુખજબાની લેવાને અને એ પ્રમાણે જે સખસની જબાની લેવામાં આવે તે સખસ જે કહે તે લખી લેવાને મુખત્યારછે.

સદરહુ કામ સબંધી જે સવાલોના જવાબ દેતાં પોતાની ઉપર કાંઇ ફોજદારી ગુન્હાનું તોહોમત આવી પડે અથવા કાંઈ દંડ અથવા ગુન્હેગારી આપવી પડે તે સવાલો સિવાય બીજા જે સવાલો પોતાને સદરહુ અમલદાર પુછે તે સઘળા સવાલોના ખરા જવાબ સદરહુ સખસે દેવા જોઇએ.

પોલીસને કહેલા ગજકુરઉપરસહી કરવીનહીંઅથવા તે પુરાવામાં દા ખલકરવી નહી. — ૧૬૨. મરતી વખતે કહેલા મચકુર સિવાય બીજો જે મચકુર આ બાબ પ્રમાણે તપાસ ચાલતી હોય ત્યારે પોલીસઅમલદારને કોઇ પણ સખસે કહ્યો હોય તેવો કોઇપણ મચકુર લખી લેવામાં આવ્યો હોય તો તે મચકુર કેહેનાર સખસે તે ઉપર સહી કરવી નહી અથવા તે તોહોમતવાળાની વિરૂધ પુરાવા તરીકે વાપરવો નહી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૧૯ ના પેરેગ્રાફ ૩ જા અને કલમ ૧૨૧ ને મળતીછે. છેલો ભાગ તદન નવો છે.—જો કોઇ સાહેદે કહેલો મચકુર પોલીસે લખી લીધો હોય અને પછી તે માજીસ્ટ્રેટની રૂબરૂ ફરી જાય તો તે સાહેદનો મચકુર પુરાવામાં મુકાય નહી પ્રનસેપ.

પોલીસ કાંઇ ગુન્હાની તજવીજ કરતી ન હોય તે વખતે કબુલત નહી પણ કોઇ તહોમતદાર કાંઈ ગુન્હાની હકીકત કહે તો પુરાવામાં લેવા લાયક છે એવું ઠરયું છે.—કૈસરે હીંદ વિરૂધ દોલીપ્રસાદ ઇંડીયન લા, રીપોટ કલકત્તા વા. ૬ પ્ર. ૫૩૦.

કોઇ ગુન્હાની તજવીજ કોઇ પોલીસ અમલદાર કરતો હોય તે વખતે જે હકીકત કહે તો પુરાવામાં લઇ શકાતી નથી કૈસરે હીંદ વીરૂધ રામા બીરાપા ઇંડાયન લા, રીપોટ મુંબઇ વા. ૩, પ્ર. ૧૨.

પોલીસ પાસે કેદીએ કબુલત કરી ત્યારે માજીસ્ટ્રેટ પાસે હતો એટલા કારણથી તે કબુલત પોલીસ પાસે કર્યા છતાં પુરાવામાં લઇ શકાતા નથી.-રાણી વીરૂધ દોહમ કાહાર અને બીજાઓ; વીકલી રીપોટ ૧૧ પ્ર. ૮૨.

પોલીસની પાસે કેદીએ જે હકીકત કહી હોય તે ગુન્હાની કબુલત તરીકે ન હોય પણ પોતે નીરદોષ અથવા ઈરાદાથી પોલીસની રૂબરૂ તે કબુલત કરેલી હોય તોપણ ગુન્હો થાય તેવી હકીકતની તે કબુલત થતી હોય તો તે કબુલત પુરાવા બાબતના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૨૫-૨૬ પ્રમાણે તે તોહોમતવાળા વીરૂદ્ધ પુરાવામાં લઇ શકાતા નથી. કૈસરે હીંદ વીરૂધ પંઢારીનાથ, ઇંડાયન લા. રીપોટ મુંબાઇ વા. ૬ પ્ર, ૩૪.

કાંઇલાલચ દેખા ડવી નહી. — ૧૬૩ કોઇપણ પોલીસ અમલદારે અથવા અધિકારવાળા સખસે સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના આકટની ૨૪ મી કલમમાં કહ્યું છે તેવી કાંઇ પણ લાલચ અથવા ધમકી દેખાડવી નહીં અથવા દેખડાવવી નહી, અથવા તેવું વચન આપવું નહીં. અથવા અપાવવું નહી.

પણ આ બાબ પ્રમાણે કાંઈપણ તપાસ ચાલતી હોય ત્યારે કાંઇ મચકુર પોતાની રાજી ખુશીથી કહેવાની કોઇપણ સખસની મરજી હોય તો કોઈપણ પોલીસ અમલદારે અથવા બીજા સખસે ચેતવણી આપીને અથવા બીજી રીતે તે સખસને તે મચકુર કહેતાં અટકાવવો નહીં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૮૪ ને મળતી છે, ગુન્હો કબુલ કરવા માટે કોઈ પોલીસ અમલદારે અથવા હરકોઈ અખત્યારવાળા સખસે સાહેદ અથવા તોહોમતદારને ધમકી અગર લાલચ આપવી નહી એ બાબતને માટે આ કલમ છે.

એક કેદીને માફીનું વચન આપી કબુલત લીધી હતી તે કબુલત કર્યા પછી તે નાહાસી ગયો તેને ફરીથી પકડયો ત્યારે તેણે કરેલી કબુલાત પુરાવામાં લેવા લાયક નથી એવું ઠરયું—રાણી વિરૂધ રાધાનાથ દોસાધ વીકલી રીપોટ ૯ પ્ર. ૫૩.

કાંઈ લાલચ, બીક વીગેરે ઉપરથી કબુલત કરી છે એવું કેદી કહે તો તે લાલચ વીગેરેની હકીકત તેણે સાબીત કરી દેવી જોઇએ ત્યાં સુધી તે કબુલત માન્ય રહી શકે—રાણી વીરૂદ્ધ બલવંત પેઢાકર, મુંબાઇ હાઈકોરટ રીપોટ વા. ૧૧ પ્ર. ૧૩૮

જે પોલીસ અમલદારનો. જે કામમાં કબુલત આપી હોય તે સાથે કાંઇ સંબંધ ન હોય એટલે કે જે જગ્યાએ તે ગુન્હો બન્યો હોય ત્યાંનો તે પોલીસ અમલદાર ન હોય તો પણ તેની આગળ કરેલો કબુલત પુરાવામાં લેવાય નહીં—કલકત્તા હાઇકોરટ. તા. ૧૨ મી જુલાઇ સને ૧૮૭૭

કહેલો મચકુર તથા કબુલ કરેલી વાત દફતરમાં દાખલ કરવાનો અધિકાર.

૧૬૪ જે માજીસ્ટ્રેટ પોલીસઅમલદાર ન હોય તે માજીસ્ટ્રેટ આ બાબ પ્રમાણે કોઇ તપાસ ચાલતી હોય ત્યારે, અથવા પછી પણ ચોકસી અથવા ઇનસાફ સરૂ થતાં પેહેલાં કોઇપણ વખતે પોતાને કહેલો કાંઇ પણ મચકુર અથવા પોતાની આગળ કબુલ કરેલી કાંઇપણ વાત દફતરમાં દાખલ કરવાને મુખત્યાર છે.

પુરાવો દફતરમાં દાખલ કરવાસારૂ આ કાયદામાં આગળ કહેલી રીતોમાંની જે રીત તે કામની હકીકત જોતાં પોતાની નજરમાં ઘણીજ યોગ્ય આવે તે રીતે સદરહુ મચકુરો દફતરમાં દાખલ કરવા. ૩૬૪ મી કલમમાં ઠરાવેલી રીતે સદરહુ કબુલ કરેલી વાતો દફતરમાં દાખલ કરવી તથા તે ઉપર સહી કરવી, પછી જે માજીસ્ટ્રેટ તે કામની ચોકશી અથવા ઇનસાફ કરવાનો હોય તે માજીસ્ટ્રેટની ઉપર તે કબુલ કરેલી વાતો રવાના કરવી.

સદરહુ પ્રકારની કોઇપણ કબુલત રાજી ખુશીથી કરવામાં આવી છે એમ, તે કબુલત કરનાર સખસને સવાલ પુછ્યા ઉપરથી, માનવાનું કારણ ન હોય તો કોઇપણ માજીસ્ત્રેટે તે કબુલત દફતરમા દાખલ કરવી નહી; અને તે કબુલતની નીચે માજીસ્ત્રેટે હેઠળ લખ્યા પ્રમાણે ટીપ લખવી-

"મને લાગે છે કે આ કબુલત રાજી ખુશીથી કરી છે. આ મારી સમક્ષ તથા મારા સાંભળતા લીધી છે, અને આ કબુલત કરનાર સખસને તે વાંચી સંભળાવી છે, અને તે ખરી છે એવો તેણે અંગીકાર કર્યો છે, અને તેણે કહેલા મજકુરનો પુરેપુરો તથા ખરો હેવાલ તેમાં છે,"

(સહી) અ. બ.

"માજીસ્ટ્રેટ."

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૧૨ ને મળતી છે. પોલીસમાં કેસ હોય ત્યારે સાહેદોની જુબાની અને તોહોમતદારોની જુબાની લખી લેવા માટે શું નિયમ છે તેને માટે આ કલમ છે.

પોલીસ પાસે કેસ હોય તે વખતે કબુલત માજીસ્ટ્રેટ પાસે લેવાય છે તે માટે આ કલમ છે. તેમજ પોલીસમાં કસ હોય, ત્યારે કોઇ શાહેદની જુબાની લેવરાવવી હોય તો તેને પણ આ કલમના નિયમ લાગુ છે પણ તે જુબાની પ્રતીજ્ઞા ઉપર લેવી જોઇએ, કૈસરે હીંદ વિરૂદ્ધ મલકા. ઇંડીયન લા, રીપોટ મુંબાઇ વા. ૨, પ્ર. ૬૪૩ તા૦ ૪ જુલાઇ ૧૮૭૮

ચાર કેદીપર ખુન કર્યાનું તોહોમત છતાં તેનો ઇનસાફ કલાદગીજીલ્લા બેલગામના જોઇંટ સેશનજડજ ડબલ્યુ. એચ કો. એ કર્યો અને તેઓને ફાંસીની શીક્ષાનો હુકમ કર્યો.

જે વખતે તેઓને પકડયા તે વખતે તેઓ પૈકી કેટલાક આસામીને એક ત્રીજા વરગના માજીસ્ટ્રેટની રૂબરૂ લેઇ ગયા અને તેઓએ ગુન્હો કબુલ કરી જુબાની લખી આપી અને તે ઉપર તેઓએ સહી કરી માજીસ્ત્રેટે તે જુબાની દફતરમાં દાખલ કરી રાખી. તે કબુલતપર જુના ક્રી. પ્રો. કો. કલમ ૧૨૨ એટલે આ કલમ ૧૬૪ પ્રમાણે તે માજીસ્ટ્રેટે "મને લાગે છે કે આ અપરાધ તેમણે પોતાની ખુશીથી કબુલ કર્યો છે.' એવો ટીપ લખી છે. પણ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૪૬ એટલે આ કાયદાની કલમ ૩૬૪ માં કહ્યા પ્રમાણે તેનાપર શેરો લખ્યો નથી, પછી પ્રથમની ચોકસી કરવા માટે તે આરોપીતને તેજ મા-

જીસ્ત્રેટની રૂબરૂ હાજર કર્યા, તે વખતે તેમાંના બે જણે પોતે અગાઉ કહેલો મજકુર ના કબુલ કર્યો. સદરહુ કલમ ૩૪૬ માં કહ્યા પ્રમાણે તે જુબાનીપર શેરો લખ્યો અને તે સરવેને ઈનસાફ માટે સેસન કોરટમાં કમીટ કર્યા. સેસનજડજને તેઓ અપરાધી જણાયાથી ઉપર પ્રમાણે શિક્ષા કરી.

આ ઠરાવપર અપીલ થવાથી ઠરાવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૨૨ પ્રમાણે કેદીની લખી લીધેલી કબુલતપર માજીસ્ત્રેટે "મને દેખાય છે કે આ અપરાધ પોતાની ખુશીથી કબુલ કર્યો છે." એવી ટીપ લખી હોય તેથી તે પુરાવામાં લેવા જોગ થતી નથી. પણ સદરહુ કલમ ૩૪૬ પ્રમાણે "આ જુબાની મારી રૂબરૂ અને હું સાંભળું એવી રીતે લીધી છે અને આરોપીને જે મજકુર કહ્યો તે સર્વ મેં બરોબર લખ્યો છે." એવો પોતાની સહીનો શેરો માજીસ્ત્રેટે તેનીપર લખવો જોઈએ.

આ કામમાં પ્રથમ કલમ ૧૨૨ પ્રમાણે લખેલી કબુલતપર કલમ ૩૪૬ પ્રમાણે શેરો લખેલો નથી તેથી તે કબુલત પુરાવામાં લેવા યોગ્ય નથી અને તેમ નથી ત્યારે તેવી કબુલત થઇ હતી કીંવા તેમાં અમુક મજકુર હતો એ સાબિત કરવાને મુખજુબાન પુરાવલઇ શકાતો નથી માટે આ કામમાંની કબુલત પુરાવામાં લેવાને અમે તદન ના કબુલ કરીએ છીએ અને તે સિવાય આમાં બીજો પુરાવ નથી ત્યારે આ કામમાંનું તોહોમત રદ કરીએ છીએ આમ કરવાને અમોને સારૂ લાગતુ નથી પણ જો કબુલત પુરાવામાં લેવા જોગ હોય તો એ કેદીએ સર્વ મજકુર લખી આપ્યો નથી અને તેઓએ કહેલો મજકુર એક બીજા સાથે મળતો નથી માટે કેદીને છોડી દેવા બદલ આસેસરોનો જે અભિપ્રાય છે તે અભિપ્રાયને અમે મળીએ છીએ. સરકાર વિરૂદ્ધ સીવાપા ભાગાઇનો પુત્ર અને બીજા ત્રણ, મુંબાઇ હાઇકોરટ રીપોટ વા, ૧ પ્ર. ૨૧૯ તા૦ ૫ એપ્રીલ સને ૧૮૭૬

તે ઉપરથી ઠરાવ કર્યો કે જુના ક્રી. પ્રો. કો. કલમ ૧૨૨ એટલે આ કલમ ૧૬૪ પ્રમાણે કરેલી કબુલતને કીંવા કલમ ૩૪૨ થી ૩૪૬ પ્રમાણે કોરટે કરેલા સવાલના આરોપીતે આપેલા જવાબને પીનલકોડ કલમ ૧૮૦ લાગુ છે કીંવા નહી એ વિષે તો ઘણો સંસય છે એમ દેખાય છે. તે કબુલત અને જવાબ પોતાની ખુશીથી આપેલાં જોઈએ અને તેપર આરોપિતે સહી કરતાં સુધી તે પુરાં થયાં છે એમ સમજવામાં આવતું નથી એમ દેખાય છે એવોજ કાયદાનો હેતુછે એમ સરકાર વિરૂધ્ધ બાઈ રતન મુંબાઇ હાઈકોરટ રીપોટ વા. ૧૦ પ્ર. ૧૬૬ ના કામમાં ફુલબેંચે ઠરાવ કર્યો છે. અને એ કામનો ફેસલો આપતા પેહેલાં ફુલબેંચે જુના ક્રી. પ્રો. કોડમાંના ઠરાવનો પુર્ણપણે વિચાર કર્યો છે

જબાનીપર આરોપિત માણસની સહી અને નિશાની લેવાનો જે કાયદો કરનારાનો ઉદ્દેશ છે. તે બદલ ફુલબેંચે જે પોતાનો અભિપ્રાય આપ્યો છે, તે આરોપિતે સહી કરવા માટે તેનો દંડ કરવો કીંવા તેમ કરવાની તેને જરૂર પાડવી એ વાતને બીલકુલ મળતો નથી.

માટે ચોકસી ચાલતા છતાં કોરટે કરેલા સવાલનો જવાબ આપતાં કહેલા મજકુરપર સહી કરવાને આરોપિત માણસે ના કબુલ કર્યું તો તેથી પીનલકોડ કલમ ૧૮૦ પ્રમાણે શિક્ષા આપવા જોગ ગુન્હો તેણે કર્યો એમ થતું નથી.

માટે આરોપિતપરનું તોહોમત રદ કર્યું તેમજ શિક્ષા રદ કરી માટે દંડ ભર્યો હોય તો પાછો આપવો. સરકાર વિરૂદ્ધ સીરસાયા મુંબાઇ હાઇકોરટ રીપોટ વા ૪ પ્ર. ૧૫ તા. ૫ અગસ્ટ ૧૮૭૯ તેમજ ૮ કલકત્તા હાઇકોરટ રીપોટ વા. ૪ પ્ર. ૬૯૬ જુઓ.

પોલીસઅમલદારે ઝાડો લેવા બાબત.

૧૬૫. જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તેને અથવા કોઇ પોલીસઅમલદાર તપાસ કરતો હોય તેને જે ગુન્હા બાબત તપાસ કરવાનો અખત્યાર હોય તે ગુન્હાની તપાસ કરવા સારૂ ફલાણો દસ્તાવેજ અથવા બીજી વસ્તુ હાજર થવાની જરૂર છે એમ તે અમલદારની નજરમાં આવે, અને જે સખસને ૯૪ મી કલમ પ્રમાણે સમન અથવા હુકમ મોકલ્યો હોય અથવા

મોકલી શકાય તે સખસ તે સમનમાં અથવા હુકમમાં ફરમાવ્યા મુજબ સદરહુ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ હાજર કરશે નહી અથવા નહીં કરે એમ માનવાનું કારણ હોય, અથવા સદરહુ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ ફલાણા સખસના કબજામાં છે એવું જાણવામાં ન હોય, ત્યારે ત્યારે જે થાણું પોતાના હવાલામાં હોય અથવા જે થાણામાં તેને નિમ્યો હોય તે થાણાની હદ માંહેલી કોઈ પણ જગામાં તેને માટે ઝાડો લેવાને અથવા ઝાડો લેવરાવવાને તે અમલદાર મુખત્યાર છે.

સદરહુ અમલદારે બની શકે તો, ઝાડો લેવો તે જાતે લેવો.

જો તે ઝાડો તેનાથી જાતે લેવાનું ન બની શકે, અને તે ઝાડો લેવાને બીજો કોઇપણ લાયક સખસ તે વખતે હાજર ન હોય, તો પોતાના હાથ તળેના કોઈપણ અમલદારને તે ઝાડો લેવાનું ફરમાવવાને તે અમલદાર મુખત્યાર છે અને તેણે તે હાથ તળેના અમલદારને એક હુકમ લખીને આપવો, અને કયા દસ્તાવેજ અથવા બીજી વસ્તુને માટે ઝાડો લેવો છે તે, તથા કઇ જગાનો ઝાડો લેવો છે તે, હુકમમાં લખવું, અને ત્યાર પછી તે જગામાં તેને માટે ઝાડો લેવાને તે હાથ તળેનો અમલદાર મુખત્યાર છે.

ઝાડો લેવાના વારંટો બાબત આ કાયદાના ઠરાવો, આ કલમ પ્રમાણે લીધેલા ઝાડાને, બની શકે તેટલે સુધી લાગુ પડશે.

પોલીસથાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદાર બીજા તેવા અમલદારને ઝાડો લેવાનું વારંટ કાહાડવાનું ક્યારે ફરમાવાને મુખત્યાર છે.

૧૬૬ પોલીસનું એક થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદાર જે કામમાં પોતાના થાણાની હદમાં કાંઇ ઝાડો લેવરાવવાને મુખત્યાર હોય તે કામમાં તેવો ઝાડો કોઇપણ જગામાં લેવરાવવાનું, પોલીસનું કોઇ બીજું થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને ફરમાવવાને મુખત્યાર છે, પછી તે બીજું થાણું તેજ જીલ્લામાં હોય કે જુદા જીલ્લામાં હોય તોપણ.

સદરહુ પ્રકારના અમલદારને સદરહુ પ્રમાણે ફરમાવ્યું હોય ત્યારે તેણે ૧૬૫ મી કલમના ઠરાવો પ્રમાણે ચાલવું અને કાંઇ વસ્તુ જડે તો જે અમલદારના ફરમાવ્યાથી ઝાડો લીધો હોય તે અમલદારના ઉપર તેણે તે વસ્તુ મોકલી દેવી.

જ્યારે ચોવીસ કલાકમાં તપાસ પુરી થઇ શકે નહીં ત્યારે કેમ કરવું.

૧૬૭. જ્યારે જ્યારે આ બાબ પ્રમાણે કોઈપણ તપાસ ૬૧ મી કલમથી મુકરર કરેલી ચોવીસ કલાકની મુદતમાં પુરી થઈ સકશે નહીં એમ જણાય, અને તોહોમત પાકા આધારવાળું છે એમ માનવાના સબબ હોય, ત્યારે ત્યારે પોલીસથાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારે આ કાયદામાં આગળ ફરમાવેલા રોજનામામાં તે મુકદમા સબંધી કરેલી નોંધની એક નકલ પાસેમાં પાસેના માજીસ્ત્રેટને તાબડતોબ મોકલવી અને તેજ વખતે તે તોહોમતવાળાને સદરહુ માજીસ્ત્રેટની આગળ મોકલી દેવો.

જે માજીસ્ત્રેટની આગળ આ કલમ પ્રમાણે તોહોમતવાળા સખસને મોકલ્યો હોય તે માજીસ્ત્રેટ તે કામનો ઈનસાફ કરવાના પોતાને હકુમત હોય કે નહિં તોપણ તે તોહોમતવાળાને બધી મળીને પંદર દિવસની મુદત સુધી પોતાને યોગ્ય લાગે તેવા પેહેરામાં અટાક-

વી રાખવાનો વખતે વખતે અધિકાર આપવાને મુખત્યાર છે, જો તે કામનો ઇનસાફ કરવાની અથવા ઇનસાફ કરવા સારૂ તે કામ કમિટ કરવાની પોતાને હકુમત ન હોય, અને પોતાના વિચારમાં એવું આવે કે તોહોમતવાળાને વધારે વાર અટકાવી રાખવાની જરૂર નથી તો તે માજીસ્ત્રેટ તેને સદરહુ હકુમતવાળા માજીસ્ત્રેટની પાસે મોકલવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે પોલીસના પેહેરામાં અટકાવી રાખવાનો અધિકાર આપનારા માજીસ્ત્રેટે તેમ કરવાનાં કારણો પોતાનાં દફતરમાં લખવાં.

જો તે હુકમ જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટાટુકડી માજીસ્ત્રેટ સિવાય બીજા કોઇ માજીસ્ત્રેટે કર્યો હોય, તો તણે પોતાના હુકમની નકલ તથા તે હુકમ કરવાના કારણો પોતે જે માજીસ્ત્રેટના પ્રત્યક્ષ તાબામાં હોય તે માજીસ્ત્રેટને લખી મોકલવાં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૨૪ ને મળતી છે પોલીસ અમલદાર જે તપાસ કરે તે ચોવીસ કલાકમાં પુરી ન થાય તો તેણે કેમ કરવું તે માટે આ કલમ છે.

ચોવીસ કલાકથી માત્ર થોડોજ વખત અટકાવવામાં રાખ્યો હતો એવો પોલીસઅમલદાર બચાવ કરી શકે નહીં પણ કોઇ એવો અસાધારણ બનાવ બન્યો હોય તો તે વખતે થોડી ઘડી રોકી રાખ્યાની હકીકત ધ્યાનમાં લેવાય છે ખરી–રાણી વિરૂદ્ધ સુપ્રાસુનો ધુસાલ. વીકલી રીપોર્ટ ૬ પ. ૮૮

તાબામાંહેના પોલીસઅમલદારે તપાસનો રીપોટ કરવો — ૧૬૮. જ્યારે તાબા માંહેના કોઈ પોલીસ અમલદારે આ બાબ મુજબ કાંઇ તપાસ કરી હોય, ત્યારે જે અમલદારના હવાલામાં તે પોલીસ થાણુ હોય તે અમલદારને તેણે તે તપાસનાં પરીણામનો રીપોટ કરવો.

જ્યારે પુરાવો બરોબર ન હોય ત્યારે તોહોમતવાળાને છુટો કરવો. — ૧૬૯ તોહોમતવાળાને કોઇ માજીસ્ત્રેટની પાસે મોકલવાનું વ્યાજબી થાય એટલો પુરતો પુરાવો અથવા એવા વાજબી આધારવાળો શક નથી એમ જે અમલદારના હવાલામાં તે પોલીસથાણું હોય તે અમલદારને, આ બાબ પ્રમાણે તપાસ કર્યા ઉપરથી, જણાયતો જે માજીસ્ત્રેટને પોલીસ રિપોર્ટ ઉપરથી, તે ગુન્હો સાંભળવાનો અધિકાર તથા તોહોમતવાળાનો ઇનસાફ કરવાનો અથવા ઇનશાફ થવા સારૂ તેને કમિટ કરવાનો અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટની આગળ હાજર થવાનું ફરમાવવામાં જો અને જ્યારે આવે તો અને ત્યારે હાજર થવા બાબત સદરહુ અમલદાર ફરમાવે તે મુજબ, જામીન સાથે, અથવા જામીન વગર, તે સખસ એક ખત લખી આપે એટલે જો તે પેહેરામાં હોય તો, તેને તે અમલદારે છુટો કરવો.

જ્યારે પુરાવો પુરતો હોય ત્યારે કામ માજીસ્ત્રેટની પાસે મોકલવું. — ૧૭૦ ઉપર કહ્યા પ્રમાણે પુરતો પુરાવો અથવા વ્યાજબી આધારવાળો શક છે એમ જે અમલદારના હવાલામાં તે પોલીસથાણું હોય તે અમલદારને, આ બાબ પ્રમાણે તપાસ કર્યા ઉપરથી જણાય તો જે માજીસ્ત્રેટને પોલીસ રીપોટ ઉપરથી તે ગુન્હો સાંભળવાનો અધિકાર તથા તોહોમતવાળાનો ઇનસાફ કરવાનો અથવા ઇનસાફ થવા સારૂ તેને કમિટ કરવાનો અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટની પાસે સદરહુ અમલદારે તોહમતવાળાને પેહેરામાં આપીને મોકલી દેવો, અથવા જો તે ગુન્હો જામિન લઇ શકાય એવો હોય

અને તોહોમતવાળો તારણુ આપી શકતો હોય તો, કાંઈ મુકરર દિવસે સદરહુ માજીસ્ત્રેટની આગળ હાજર થવા તથા સારૂ જ્યાં સુધી બીજી રાતે ફરમાવવામાં આવે નહીં ત્યાં સુધી સદરહુ માજીસ્ત્રેટની આગળ રોજરોજ હાજર રેહેવા સારૂ તેના પાસેથી તે અમલદારે તારણુ લેવું.

જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તે અમલદાર જ્યારે આ કલમ પ્રમાણે કોઇ તહોમતવાળા સખસને માજીસ્ત્રેટની પાસે મોકલે અથવા સદરહુ માજીસ્ત્રેટની આગળ હાજર થવા સારૂ તેની પાસેથી તારણ લે, ત્યારે તે માજીસ્ત્રેટની આગળ જે હથિયાર અથવા બીજી વસ્તુ હાજર કરવાની જરૂર હોય તે પણ તેણે મોકલવાં અને કોઈ ફરિયાદી હોય તો તેને તથા ફલાણા સખસો તે કામની હકીકતથી વાકેફ છે એમ તે અમલદારને જ-ણાય તેમાંના જેટલાની પોતાને જરૂર લાગે તેટલા સખસોને તહોમતવાળાની ઉપર મુકેલા તો-હમતના કામમાં માજીસ્ટ્રેટની આગળ હાજર થવા સારૂ તથા પ્રસંગ પ્રમાણે ફરિયાદનું કામ ચલાવવા સારૂ અથવા પુરાવો આપવા સારૂ એક ખત લખી આપવાનું ફરમાવવું.

જો તે ખતમાં જીલ્લા માજીસ્ટ્રેટની અથવા પેટા દુકડા માજીસ્ટ્રેટના કોરટ કહી હોય તો જે કોરટની પાસે સદરહુ માજીસ્ત્રેટ તે કામ ચોકસી અથવા ઇનસાફ કરવા સારૂ મોકલે તે કોરટનો તેમાં સમાવેશ થાય છે એવું સમજવું, પણ એવું ઠરાવ્યું છે કે આ પ્રમાણે કામ મોકલવાની વ્યાજબી નોટીસ સદરહુ ફરીયાદીને અથવા સખસોને આપવી જોઇએ.

આ કલમ પ્રમાણે મુકરર કરવાનો દહાડો તોહોમતવાળા સખસ પાસેથી હાજર થવાનું તારણુ લીધુ હોય તો તેને જે દહાડે હાજર થવાનું હોય તે દહાડો, અથવા તે સખસને પેહેરામાં આપીને મોકલવો હોય તો, જે દહાડે તે માજીસ્ત્રેટની કોરટ આગળ આવી પોહોં-ચવાની તેની વકી હોય તે દહાડો હોવો જોઇએ.

જે અમલદારની સમક્ષ તે ખત લખી આપ્યું હોય તે અમલદારે તેની એક નકલ જે સખસોએ તે ખત લખી આપ્યું હોય તેમાંના એક જણને આપવી. અને પછી તે અસલ ખતને પોતાના રીપોર્ટ સાથે માજીસ્ત્રેટ ઉપર મોકલવું.

ટીકા—એક સખસની પાસેથી પોલીસ અમલદારે એવો મુચરકો લીધો કે ૨૦મી અ-પ્રેલના રોજ તેણે માજીસ્ત્રેટના રૂબરૂ હાજર રહેવું બાદ ૨૪ મા ના રોજ મુકદમો સુનાવણી ઉપર લેવામાં અને પછી દીવસે દીવસે મુલતવી રાખવામાં આવ્યો. છેવટે તા. ૯ મી માહે મેના રોજ માજીસ્ત્રેટ કામ ચલાવવાને તૈયાર થયો ત્યારે ફરીયાદી ગેરહાજર હતો તેથી માજીસ્ત્રેટે એકદમ મુચરકો બજાવવાનો ઠરાવ કર્યો તે કામમા હાઈકોર્ટનો અભિપ્રાય એવો થયો કે આ રીતનો મુચરકો બજાવવો એસ્પષ્ટ રીતે ગેરકાયદે છે માટે વસુલ કરેલી રકમ પાછી આપવી મદ્રાસ હાઇકોરટ રીપોટ વા. ૪ પ્ર. ૧૮

પોલીસના અમલદારને ફરીયાદ પાછી ખેંચી લેવાની અરજી સંભળવાનો અધિકાર નથી. ફરિયાદ પાછી ખેંચી લેવા દેવી એ ન્યાયનું કામ છે આવું કામ માજીસ્ત્રેટ કલમ ૨૪૮ અ-ને ૩૪૫ પ્રમાણે કરી શકે છે. પણ પોલીસઅમલદારને એવા કામમાં હાથ ઘાલવાનો કાંઈ અધિકાર નથી. સુરત જીલ્લાના માજીસ્ત્રેટના પત્ર નંબર ૩૦૬ ઉપરથી થએલો મુંબઈ હાઇ-કોરટનો ઠરાવ તા. ૧૫ જુન ૧૮૭૫

ફોજદારી મુકદમામાં હાજર થઇ સાક્ષી આપવાનું માથે રાખી મુચરકો આપ્યા છતાં હાજર ન થાય તો તે ઇનસાફના કામને અડચણકારક છે તેથી મુચરકો બજાવી શકાય છે પણ બજાવતાં અવસ્ય તે સખસને તે પોતે શામાટે હાજર નહીં થઈ શકયો તેનું કારણુ બ-તાવવા સારૂ લાગ આપવો જોઈએ વીકલી રીપોર્ટ ૧૧ પ્ર. ૩૯

ફરીયાદીઓને તથા સાહેદોને પોલીસ અમલદારની સાથે જવાનું ફરમાવવું નહીં.

૧૭૧. કોઈપણ ફરીયાદી અથવા સાહેદ માજીસ્ત્રેટની કોરટમાં જતો હોય ત્યારે રસ્તે તેને કોઇ પોલીસઅમલદારની સાથે જવાનું ફરમાવવું નહીં.

ફરીયાદીઓને તથા સાહેદોને પ્રતિબંધ કરવો નહીં.

અથવા કોઈપણ ફરીયાદીને અથવા સાહેદને નકામો પ્રતિબંધ અથવા અડચણ કરવી નહીં, અને હાજર થવા બાબત તેના પોતાનાં જાત મુચરકા સિવાય કાંઇ બીજું તારણ આપવાનું તેને ફરમાવવું નહિં.

હુકમ નહીં માનનારા ફરિયાદીને અથવાસાહેદને પેહેરામાંઆપીનેમોકલવાનોઅધિકારછે

પણ એવું ઠરાવ્યું છે કે ૧૭૦ મી કલમમાં ફરમાવ્યા મુજબ અગર કોઈપણ ફરિયાદી અથવા સાહેદ હાજર થવાની ના કહે અથવા ખત લખી આપવાની ના કહે તો, જે અમલદારના હવાલામાં પોલીસથાણું હોય તે અમલદાર તે ફરિયાદીને અથવા સાહેદને પેહેરામાં આપીને માજીસ્ત્રેટની પાસે મોકલવાને મુખત્યાર છે. અને તે ફરિયાદી અથવા સાહેદ સદરહુ ખત લખી આપે ત્યાં સુધી, અથવા તે કામની સુનાવણી પુરી થાય ત્યાં સુધી તેને પેહેરામાં અટકાવી રાખવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

તપાસમાંચલાવેલાં કામનું રોજનામું.

૧૭૨. આ બાબ મુજબ તપાસ કરનારા દરેક પોલીસઅમલદારે તે તપાસમાં ચલાવેલું પોતાનું કામ રોજ રોજ એક રોજનામામાં લખવું. તે મધ્યે પોતાની પાસે ખબર કયારે આવી તે વખત, પોતે તપાસ કયારે કરવા માંડી તથા કયારે બંધ કરી તે વખત, જે જે જગાએ પોતે જઇ આવ્યો હોય તેઓનાં નામ તથા પોતે કરેલી તપાસથી જે જે હકીત માલમ પડી હોય તેની વિગત, એટલી વાત લખવી.

પોતાની આગળ જે મુકદમાની ચોકસી અથવા ઇનસાફ ચાલતો હોય તે મુકદમા બાબત પોલીસનાં રોજનામાં હોય તે રોજનામાં મંગાવાનો, અને તે રોજનામાંને મુકદમામાં પુરાવા દાખલ નહી. પણ તે ચોકસીમાં અથવા ઇનસાફમાં પોતાને મદદ મળે એટલા સારૂ વાપરવાનો હરકોઇ ફોજદારી કોરટને અખત્યાર છે. તોહોમતવાળાને અથવા તેના મુખત્યારોને તે રોજનામાં મંગાવવાનો હક નથી. અથવા કોરટે તે જોવા લીધા એટલાજ સબબથી તે જોવાનો તોહોમતવાળાને અથવા તેના મુખત્યારોને હક નથી; પણ જે પોલીસઅમલદારે તે રોજનામાં લખ્યાં હોય તેણે પોતાની યાદદાસ્ત તાજી કરવા સારૂ તે કામમાં લીધાં હોય, અથવા તે પોલીસઅમલદારને ખોટો પાડવા સારૂ કોરટે તે કામમાં લીધાં હોય, તો સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના આકટની ૧૬૧ મી અથવા ૧૪૫ મી, જેમ હોય તેમ, કલમના ઠરાવો લાગુ પડશે.

ટીકા—પોલીસની ડાયરી પુસ્ટીકારક પુરાવ દાખલ કેસમાં દાખલ કરાય નહી રાણી વિરૂધ ઠાકોરચંદ સરમા વીકલી રીપોટ ૧૩ પ્ર. ૨૨

એવી ડાયરી કાયદાસર પુરાવ નથી. રાણી વિરૂધ હરદત સરમા વીકલી રીપોટ ૮ પ્ર. ૬૮

પોલીસ અમલદા

૧૭૩ આ બાબ પ્રમાણે દરેક તપાસ નકામી ઢીલ ન કરતાં પુરી

રનો રિપોર્ટ. કરવો જોઈએ, અને તે પુરી થઈ રહે કે તુરત, જે અમલદારના હવાલામાં તે પોલીસથાણું હોય તેણે સ્થાનિક સરકારે ફરમાવેલા નમુના મુજબ એક રિપોર્ટ જે તે માજીસ્ત્રેટને પોલીસ રીપોટ ઉપરથી તે ગુન્હો સાંભળવાનો અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટની પાસે મોકલવો. તેમાં પક્ષકારોનાં નામ, ખબરનો પ્રકાર, તથા જે સખસો તે મુકદમાની હકીકતથી વાકેફ જણાતા હોય તેઓનાં નામ એ વિગત લખવી, અને તોહોમતવાળા સખસને પેહેરામાં આપીને મોકલ્યો છે કે તેને તેના ખત ઉપરથી છુટો કર્યો છે અને, અગર તેને એ પ્રમાણે છુટો કર્યો હોય તો, જામીન સાથે કે જામીન વગર તેમ કર્યું છે, તે પણ લખવું.

જ્યારે ૧૫૮ મી કલમ પ્રમાણે કોઇ ઊંચા દરજ્જાના પોલીસ અમલદારને નીમ્યો હોય ત્યારે તે રીપોટ તેની મારફતે મોકલવો, અને માજીસ્ત્રેટનો હુકમ થતા સુધી જે અમલદારને હવાલે તે પોલીસથાણું હોય તે અમલદારને વધારે તપાસ કરવાનું ફરમાવવાને સદરહુ અમલદાર મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે મેકલેલા રીપોટ ઉપરથી જ્યારે એમ જણાય કે તોહોમતવાળાને પોતાના ખત ઊપરથી છુટો કર્યો છે ત્યારે તે માજીસ્ત્રેટે તે ખત રદ કરવાનો અથવા બીજી રીતનો જે હુકમ તેને વ્યાજબી લાગે તે હુકમ કરવો.

આત્મઘાતવિગેરેની ચોકસી કરીને પોલીસેરીપોટકરવો. ૧૭૪ જે અમલદારના હવાલામાં કોઈ પોલીસથાણું હોય તે અમલદારને એવી ખબર મળે કે,—

(અ) કોઇ સખસે આત્મઘાત કર્યો છે, અથવા.

(બ) કોઇ સખસને કોઈ બીજા સખસે અથવા કોઇ જાનવરે મારી નાખ્યો છે અથવા કોઇ સખસ સંચાથી અથવા અકસ્માતથી મરણ પામ્યો છે; અથવા.

(ક) કોઇ સખસ એવી રીતે મરણ પામ્યો છે કે તે ઉપરથી કોઇ બીજા સખસે ગુન્હો કર્યાનો વ્યાજબી શક ઉત્પન્ન થાય છે.

એટલે તુરત તે અમલદારે પાસેના જે માજીસ્ત્રેટને * ઇનકવેસ્ટ ભરવાનો અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટને તે બાબત ખબર આપવી, અને સ્થાનિક સરકારે કરેલા કાંઇ પણ કાનુનથી અથવા જીલ્હા માજીસ્ત્રેટના અથવા પેટા તુકડી માજીસ્ત્રેટના કોઇપણ સામન્ય અથવા વિશેષ હુકમથી બીજીરીતે ફરમાવ્યું ન હોય તો જે જગાએ સદરહુ મરેલા સખસનુ મુડદુ હોય તે જગાએ જવું અને ત્યાં પડોસમાંના બે અથવા વધારે આબરૂદાર રેહેવાશીઓની સમક્ષ તપાસ કરીને મોતનાં દેખઇતાં કારણનો રિપોટ તૈયાર કરવો, અને તેમાં તે મુડદા ઉપર જે જખમ, ભાગેલા અવયવ, ચગદાયાની તથા નુકસાનની બીજી નીશાણીઓ માલમ પડે તેનું વર્ણન કરવું તથા શી રીતે અથવા કેવાં (જો હોય તો) શસ્ત્રવડે અથવા હથિયારવડે સદરહુ નીશાણીઓ કરેલી જણાય છે તે લખવું.

તે રીપોટપર તે પોલીસઅમલદારે તથા બીજા સખસોએ અથવા તેઓમાંના જેટ-

---

* કાંઇ પણ ચોકશી અથવા તપાસ; વિશેષે કરીને અકસ્માતથી અથવા બીજી રીતે આકસ્મિક મરણ નિપજ્યુ હોય ત્યારે.

લાનો વિચાર તેમાં લખ્યા પ્રમાણે હોય તેટલાઓએ સહી કરવી, અને પછી તુ તે રીપોટ જિલ્હા માજીસ્ત્રેટની પાસે અથવા પેટા તુકડી માજીસ્ત્રેટની પાસે મોકલી દેવો.

જ્યારે મોતના કારણ સબંધી કાંઈપણ શક હોય, અથવા જ્યારે બીજા કોઇપણ કારણ સારૂ પોલીસ અમલદાર યોગ્ય ધારતો હોય ત્યારે આ બાબત સ્થાનિક સરકાર જે જે કાનુનો ફરમાવે તે તે કાનુનોને અનુસરીને તે પોલીસઅમલદારે તે મુડદુ પાસેમાં પાસેના સિવિલસર્જન પાસે તપાસવા સારૂ અથવા આ બાબત સ્થાનિક સરકારે બીજા જે વૈધકીય અમલદારને નિમ્યો હોય તે અમલદાર પાસે તપાસવા સારૂ મોકલી દેવું. પણ હવા તરફ જોતાં તથા કેટલે દુર તે મુડદુ મોકલવું છે તેનો વિચાર કરતાં એમ જણાય કે સદરહુ તપાસ નિરૂપયોગી થઇ પડે એવી રીતે તે મુડદુ રસ્તે જતાં જતાં સડી જવાનો ભય નથી તો એ પ્રમાણે મોકલવું

મદ્રાસ ઇલાકામાં તથા મુંબાઇ ઇલાકામાં આ કલમ પ્રમાણે તપાસ કરવાનો અધિકાર ગામના મુખીને છે, અને પછી તે મુખીએ પાસેમાં પાસેના જે માજીસ્ત્રેટને ઈનકવેસ્ટ ભરવાનો અધિકાર મળ્યો હોય તે માજીસ્ત્રેટને તે તપાસનાં પરિણામનો રીપોટ કરવો.

હેઠળ લખેલા માજીસ્ત્રેટોને ઇનકવેસ્ટ ભરવાનો અધિકાર આપ્યો છે, એટલે હરકોઇ જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટા તુકડી માજીસ્ત્રેટ, તથા જે માજીસ્ત્રેટને આ બાબત સ્થાનિક સરકારે અથવા જીલ્લા માજીસ્ત્રેટે વિશેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટ.

માણસોને બોલાવવાનો અખત્યાર.

૧૭૫. સદરહુ તપાસ કરવા સારૂ ઉપર કહ્યા પ્રમાણે બે અથવા વત્તાં માણસોને અને તે કામની હકીકતથી બીજુ જે માણસ વાકેફ જણાતું હોય તે માણસને, હુકમ લખીને બોલાવવાનો અખત્યાર જે અમલદારના હવાલામાં કોઈ પોલીસથાણું હોય તે અમલદારને છે. એ પ્રમાણે બોલાવેલો દરએક માણસ હાજર થવાને અને જે સવાલોના જવાબ દેતાં કાંઇ ફોજદારી ગુન્હાનું તોહોમત પોતાની ઉપર આવી પડે, અથવા કાંઇ દંડ અથવા ગુન્હેગારી આપવી પડે એવા સવાલો સિવાય બીજા સઘળા સવાલોના ખરા જવાબ દેવાને બંધાએલો છે એમ સમજવું.

એવો કોઇ કાગ્નિઝેબલ ગુન્હો હકીકત ઉપરથી દેખાતો ન હોય કે જેને ૧૭૦ મી કલમ લાગુ પડતી હોય, તો તે માણસને માજીસ્ત્રેટની કોરટમાં હાજર થવાનું તે પોલીસ અમલદારે ફરમાવવું નહી.

મોતનાં કારણની ચોકસી માજીસ્ત્રેટે કરવી.

૧૭૬. જ્યારે કોઇ સખસ પોલીસના હવાલામાં હોય તેવામાં તે મરણ પામે ત્યારે પાસેમાં પાસેના જે માજીસ્ત્રેટને ઇનકવેસ્ટ ભરવાનો અધિકાર મળ્યો હોય તેણે, તે પોલીસઅમલદારે કરેલી તપાસને બદલે અથવા તે ઉપરાંત મોતનાં કારણની ચોકસી કરવી, અને ૧૭૪ મી કલમની (અ) (બ) અને (ક) રકમોમાં કહેલી બીજી કોઇપણ બાબતમાં જે માજીસ્ત્રેટને એ પ્રમાણે અધિકાર મળ્યો હોય તે માજીસ્ત્રેટ તે પોલીસઅમલદારે કરેલી તપાસને બદલે અથવા તે ઉપરાંત મોતનાં કારણની ચોકસી કરવાને મુખત્યાર છે; અને તે એ પ્રમાણે ચોકસી કરે તો, કોઈ ગુન્હાની ચોકસી કરવા બાબત તેનો જેટલો અધિકાર હોય તેટલો સઘળો અધિકાર તેને સદરહુ પ્રકારની ચોકસી કરવા બાબત છે એવું સમજવું સદરહુ પ્રકારની કોઇ ચોકસી કરનારા માજીસ્ત્રેટે તે ચોકસીના સંબંધમાં પોતે લીધેલો પુરાવો, કામની હકીકત પ્રમાણે આ કાયદામાં આગળ કહેલી રીતો માંહેની ગમે તે રીતે દફતરમાં દાખલ કરવો.

દાટેલું મુડદુ ખોદી કાઢવાનો અધિકાર.

જે સખસનું મુડદુ દાટી દીધું હોય તે સખસનાં મોતનું કારણ શોધી કાહાડવા માટે તેના મુડદાની તપાસ કરવાનું જ્યારે સદરહુ માજીસ્ટ્રેટ યોગ્ય ધારે ત્યારે તે મુડદુ ખોદી કહડાવવાને તથા તેની તપાસ કરાવવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ની કલમ ૧૩૫ ને મળતી છે છેલો પારેગ્રાફ તદન નવો છે આકસ્મીક અથવા શક ભરેલી રીતે મરણ થયું હોય તેની તજવીજ કરવા માજીસ્ટ્રેટોનો શું અધિકાર છે તે માટે આ કલમ પ્રમાણે ચલાવેલું કામ ફરી તપાસી જોવાતું નથી જુઓ કલમ ૪૩૫

ભાગ ૬ ઠો.

આલેલા મુકદમાગાં કામ ચલાવવા બાબત.

બાબ ૧૫ મો.

ચોકસી તથા ઇનસાફ કરવામાં ફોજદારી કોરટોની હકુમત બાબત.

અ—ચોકસી અથવા ઇનસાફ કરવાની જગા.

ચોકસી તથા ઇનસાફ કરવાની મુલ જગા.

૧૭૭. દરેક ગુન્હાની ચોકસી તથા ઇનસાફ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે ગુન્હો કર્યો હોય તે કોરટે ઘણું કરીને કરવો.

મુકદમાનો ઇનસાફ જુદી સેસન ટુકડીઓમાં કરવાનું ફરમાવવાનો અધિકાર.

૧૭૮. ૧૭૭ મી કલમમાં ગમે તે કહ્યું હોય તે છતાં ફલાણા જીલ્લામાં ઇનસાફ કરવા સારૂ કમિટ કરેલા ફલાણા મુકદમાનો અથવા ફલાણા વર્ગના મુકદમાનો ઇનસાફ ફલાણી સેસન ટુકડીમાં કરવાનો અધિકાર છે એવો હુકમ ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે, વિકટોરીયાની કારકોર્દીના ચોવીસમા તથા પચીસમા વરસના સ્ટાટયુટના ૧૦૪ થા બાબની ૧૫ મી કલમ પ્રમાણે, અથવા આ કાયદાની ૫૨૬ મી કલમ પ્રમાણે કોઈ હુકમ અગાઉથી કાહાડયો હોય તેની વિરૂદ્ધ સદરહુ હુકમ હોવો નહીં જોઇએ.

જે જીલ્લામાં કૃત્ય કર્યું હોય, અથવા જે જીલ્લામાં પરિણામ થયું હોય તે જીલ્લામાં તોહોમતવાળાનો ઇનસાફ થઇ સકશે.

૧૭૯. કાંઇ વસ્તુ કર્યાના સબબથી, અને તેનું કાંઇ પરિણામ થયું હોય તે સબબથી, કાંઈ ગુન્હો કર્યાનું તોહોમત કોઈ સખસ ઉપર આવ્યું હોય, ત્યારે જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે વસ્તુ કરી હોય અથવા તે પરિણામ થયું હોય તે કોરટને તે ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ કરવાનો અધિકાર છે.

દૃષ્ટાંતો.

(અ) અ. નામનો સખસ ક્ષ- કોરટની હકુમતની સ્થાનિક હદમાં જખમી થયો અને તે ઝ. કોરટની હકુમતની સ્થાનિક હદમાં મરણ પામ્યો. અ.ના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ ક્ષ. ને અથવા ઝ. ને કરવાનો અધિકાર છે,

(બ) અ. નામનો સખસ ક્ષ. કોરટની હકુમતની હદમાં જખમી થયો; અને દસ દાહાડા સુધી ય. કોરટની હકુમતની સ્થાનિક હદમાં રહ્યો. અને ય. કોરટની કે ઝ કોરટની હકુમતની સ્થાનિક હદમાં તેનાથી પોતાનો મામુલ ધંધો કરાયો નહીં. અ. ને માહાવ્યથા કરવાના ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ ક્ષ. ને અથવા ય. અથવા ઝ. ને કરવાનો અખત્યાર છે.

(ક) અ. નામના સખસને નુકશાન કરવાનો ભય ક્ષ. કોરટની હકુમતની સ્થાનિક હદમાં ઉત્પન્ન કર્યો, અને જે માણસે એને ભય ઉત્પન્ન કર્યો તેને તે કારણથી માલ સ્વાધિન કરવાને ય. કોરટની હકુમતની સ્થાનિક હદમાં અ. લલચાયો. અ. ની ઉપર જબરાઇથી કહડાવવાનો હુકમ કર્યો તેની ચોકશી તથા ઇનસાફ ક્ષ. ને અથવા ય. ને કરવાનો અખત્યાર છે.

જ્યારે બીજા ગુન્હાસાથેસબંધહોવાના સબબથીકાંઇ કૃત્યગુન્હોથાયત્યારે ઈનસાફ કરવાની જગા.

૧૮૦. જે કૃત્ય ગુન્હો હોય અથવા જે કૃત્યનો કરનાર ગુન્હો કરી સકતો હોય તો તે ગુન્હો થાય તેવાં કાંઇ કૃત્યની સાથે સબંધ હોવાના સબબથી બીજું કાંઈ કૃત્ય પણ ગુન્હો હોય ત્યારે આ છેલ્લા કહેલા ગુન્હાના તોહમતની ચોકસી અથવા ઈનસાફ જે કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં એ બેમાંનું ગમે તે કર્યું હોય તે કોર્ટને કરવાનો અધિકાર છે.

દૃષ્ટાંતો.

(અ) મદદગારીના તોહોમતની ચોકસી અથવા જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં મદદગારી કરી તે કોરટને, અથવા મદદગારી કરેલો ગુન્હો જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં કર્યો હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

(બ) ચોરીનો માલ લેવાના અથવા રાખવાના તોહોમતની ચોકસી અથવા ઇનસાફ, જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં માલ ચોર્યો હોય તે કોરટનો અથવા તે માલમાંનો કાંઇપણ માલ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં કોઈપણ વખતે બદદાનતથી લીધો અથવા રાખ્યો હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

(ક) કોઈ સખસનું હરણ થયું છે એવું જાણીને તે સખસને ગેરવ્યાજબી રીતે સંતાડવાના તોહોમતની ચોકસી અથવા ઇનસાફ, જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં ગેરવ્યાજબીરીતે સંતાડવાનું કામ બન્યું હોય તે કોરટને; અથવા જે કોરટના હકુમતની સ્થાનિક હદમાં તે સખસનું હરણ થયું હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૬૬ ને બદલે રચવામાં આવી છે. ચોરી બ્રીટીસ હદમાં થઇ હોય પણ ચોરીનો માલ રાખવાનો ગુન્હો પારકા રાજ્યની હદમાં બન્યો હોય તો બ્રીટીસ કોરટથી ચોરીનો માલ રાખવાના ગુન્હાનો ઈનસાફ થઈ શકે નહીં—રાણી વિરૂદ્ધ બેચરગાવા મુંબઈ હાઇકોરટ રીપોર્ટ વા. ૪ પ્ર. ૩૮.

આ કામમાં ચાર કેદી હતા તેમાં પહેલા ત્રણ કેદીએ ખુનનો અને ચોથા (પીરતાઇ) એખુન કરવામાં મદદ કર્યાનો ગુન્હો કર્યાનું સાબીત ઠરાવી સતારાના સેસન જડજે ચારેજણને મોતની શિક્ષાનો હુકમ કર્યો.

તે ઠરાવથી નારાજ થઇ ચોથા નંબરના કેદી (આ અરજદારે) અપીલ કર્યાથી હાઇકોરટે ઠરાવ્યું કે બાબાજીની વિધવા પીરતાઈ ઉપર જે ગુન્હો સાબિત ઠરાવી શિક્ષા કરી છે

તે તોહોમત અને શિક્ષા અમે રદ કર્યાં છે, કારણકે તે પરરાજ્યમાં રહેનાર પ્રજા છે અને ખુન કરવામાં મદદ કરવાનો જે ગુન્હો તેણે કર્યો છે તે સર્વે પરમુલકમાં થયોછે. જુના ક્રી પ્રો. કો એ બ્રીટીસ કોરટને માત્ર લાગુ છે, અને તે કોડ ઉપરથી જે કોરટ સ્થાપન થયેલી છે તે તે કોરટની સ્થળ સીમામાં જે ગુન્હો થાય તે ગુન્હાને માત્ર જુના આક્ટની કલમ ૬૬ લાગુ છે. ઈં. પી. કો. કલમ ૨ ઉપરથી ક્રી. પ્રો. કો. એ બ્રિટિસ મુલકમાં થયેલા ગુન્હાને લાગુ છે. અને ઈં. પી. કો. કલમ ૩ પ્રમાણે વિશેષ કાયદાથી પિરતાઇ બ્રિટિશ મુલકની કોરટથી ચોકસી થવાને લાયક થયાનું દેખાઇ આવતું નથી. સરકાર વીરૂધ પારતાઇ મુંબઇ હાઇકોરટ રીપોટ વા. ૧૦ પ્ર. ૩૫૬ તા૦ ૧૯ જુલાઈ ૧૮૭૩.

નેપાલના રાજાની પ્રજામાંના એક માણસે નેપાલમાં કાંઇ ઢોર ચોરી બ્રિટિસ રાજયમાં આણ્યો તેને અહીઆં પકડયો અને તેનાપર પી. કો. કલમ ૪૧૧ પ્રમાણે ચોરીનો માલ પોતાની પાસે રાખવા બદલ તોહોમત મુકી તેને એક માજીસ્ત્રેટે એક વરસની સખત મજુરીની કેદની શિક્ષા કરી આ કામનો બ્રિટિસ સરકારના મુલકમાંના માજીસ્ત્રેટને ચોકસી કરવાનો અધીકાર નથી એમ જીલ્લા માજીસ્ત્રેટનો અભિપ્રાય હોવાથી તેણે તે કામ હાઇકોરટના અભિપ્રાય માટે મોકલ્યાથી ઠરાવ્યું કે.

આરોપીતપર પીનલકોડ કલમ ૪૧૧ પ્રમાણે તોહોમત સાબીત કર્યું છે તે કાયદેસર છે. તેણે નેપાલના રાજયમાં ચોરી કરી, અને ચોરીનો માલ બ્રીટીસ મુલકમાંથી તેના કબજામાંથી જડયો; સબબ જુના ક્રી. પ્રો. કલમ ૬૬ એટલે આ કલમ ૧૮૦ ઉદાહરણ બ. પ્રમાણે તેનો ઇનસાફ કરવાનો અત્રેની કોરટોને અધિકાર છે. આમાં તેણે ચોરીનો જે ગુન્હો કર્યો તે બ્રિટિસ મુલક બાહાર કરેલો હોવાથી ચોરીના તોહોમત બદલ તેનાપર ઇનસાફ થાય નહીં પણ ચોરીનો માલ તાબામાં રાખ્યા બદલ તેને શિક્ષા કરવાનો અતરેના કોરટોને અધિકાર છે, સબબ તોહમત રદ નહીં કરતાં કાયમ રાખીએ છીએ, સરકાર વિરૂદ્ધ સંકર ગોપ કલકત્તા હા. કો. લા. રી. વા. ૬ પ્ર. ૩૦૭ તા૦ ૧૭ એપ્રીલ ૧૮૮૦

ઠગહોવા બાબત અથવા ડાકાઇટોની ટોળીમાં હોવા બાબતઅથવાપેહેરામાંથીન્હાસીજવા બાબત વિગરે.

૧૮૧. ઠગ હોવાના, ઠગ થઈને ખુન કરવાના, ડાકાઈટી કરવાના ખુન કરીને ડાકાઇટી કરવાના, ડાકાઈટોની ટોળીમાં હોવાના, અથવા પેહેરામાંથી નાશી જવાના, ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તોહમતવાળો સખસ હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

સાપરાધખોટોઉપયોગ તથા સાપરાધ વિશ્વાસઘાત.

સાપરાધ ખોટો ઉપયોગ કરવાના અથવા સાપરાધ વિશ્વાસઘાત કરવાના ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ, જે મિલકત બાબત તે ગુન્હો કર્યો હોય તે મિલકતનો કોઇપણ ભાગ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તોહોમતવાળા સખસે લીધો હોય તે કોરટને, અથવા જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે ગુન્હો કર્યો હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

ચોરવા બાબત.

કાંઈપણ વસ્તુ ચોરવાના ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ, જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે વસ્તુ ચોરી હોય અથવા ચોરના કબજામાં હોય અથવા તે ચોરેલી છે એવું જાણ્યાં છતાં અથવા એવું માનવાનું કારણ છતાં તે વસ્તુ લેનારા અથવા રાખનારા કોઈપણ સખસના કબજામાં હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

ગુન્હાનું સ્થળ ન

૧૮૨. ઘણાં એક સ્થાનિક ક્ષેત્રોમાંના કયા સ્થાનિક ક્ષેત્રમાં ગુન્હો થ-

કરી ન થાય ત્યારે.

યે તેનો નિશ્ચય નહિં હોય ત્યારે, અથવા

અથવા એક જ જીલ્લામાં ગુન્હો ન હોય ત્યારે.

ગુન્હાનો કાંઈક ભાગ એક સ્થાનિકક્ષેત્રમાં અને કાંઈક ભાગ બીજા સ્થાનિક ક્ષેત્રમાં થયો હોય ત્યારે, અથવા

અથવા ગુન્હો ચાલુ રહે તેવો હોય ત્યારે

ગુન્હો ચાલુ રહે તેવો હોય, અને એક કરતાં વત્તાં સ્થાનિક ક્ષેત્રોમાં તે કરવાનું ચાલું રહેલું હોય ત્યારે. અથવા

અથવા ઘણાંએક કૃત્યો મળીને ગુન્હો થયો હોય ત્યારે.

જુદાં જુદાં સ્થાનિક ક્ષેત્રોમાં કરેલાં ઘણાંએક કૃત્યો મળીને એક ગુન્હો થયો હોય ત્યારે.

ચોકસીઅથવાઈનસાફ કરવાની જગા.

સદરહુ પ્રકારનાં ગમે તે સ્થાનિકક્ષેત્ર ઉપર જે કોરટને હકુમત હોય તે કોરટને તે ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ કરવાનો અધિકાર છે.

મુસાફરીમાં કરેલો ગુન્હો.

૧૮૩. કાંઇ ગુન્હો જ્યારે ગુન્હેગાર મુસાફરી, અથવા સફર કરતો હોય ત્યારે કર્યો હોય તે ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ, ગુન્હેગાર અથવા જે સખસની વિરૂદ્ધ અથવા જે વસ્તુ સબંધમાં તે ગુન્હો કર્યો હોય તે સખસ અથવા વસ્તુ એ પ્રત્યેક તે મુસાફરી અથવા સફર કરતાં કરતાં જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં થઈને અથવા હદમાં ગયા હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૬૭ ના દૃષ્ટાંત (અ) ઉપરથી ઘડવામાં આવી છે.

મુંબઇથી કલકત્તે જવાની મુસાફરીમાં એક ગુન્હો થયો એવું કેહવાગાં આવ્યું હતું અને ખરેખરી રીતે આ ગુન્હો મુંબાઈ અને અલ્હાબાદ વચ્ચે થયો હતો. અલ્હાબાદના સ્ટેસનથી ફરીયાદી અને તોહોમતદાર જુદી જુદા રેલવેથી કલકત્તે ગયા. હાવરાના માજીસ્ત્રેટે એ ગુન્હાનો ઈનસાફ કર્યો તે રદ કરી એવું ઠરાવવામાં આવ્યું કે તેનો ઇનસાફ કરવા તેનો અધિકાર નહોતો, કેમકે આ કલમના હેતુ મુજબ ફરીયાદી, અને તોહોમતદારની મુસાફરી કલકત્તા સુધી ભેગી થયેલી હોવી જોઈએ. અલ્હાબાદથી તેઓ જુદી ગાડીમાં ગયા તેમ ગયેલા હોવા જોઇએ એટલે કે મુસાફરી બેઉએ સાથેજ અને ક્યાંઈથી જુદા પડયા વગર કરેલી હોવી જોઇએ. રાણી વિ. પારાન, બેં. લો, રીપોટ વા. ૧૩ પ. ૪

એક મુસાફરીમાં થોડા વખત માટે એક જગ્યોએ મુકામ કર્યો તે મુકામે એક ચોરી થઇ તેમાં ઠરાવવામાં આવ્યું કે એ ચોરીની તજવીજ જ્યાં મુસાફરી પુરી કરી હોય ત્યાં થઇ શકે—રાણી વિ. અબદુલ અલી વી. રી. ૨૫ પ. ૪૫

રેલવે, ટેલેગ્રાફ, ટપાલ આફીસ તથા લડાઈના શહસ્ત્ર સબંધી આકટો ની વિરૂદ્ધ ગુન્હા.

૧૮૪. રેલવે, ટેલેગ્રાફ, ટપાલ આફીસ અથવા લડાઇનાં શહસ્ત્ર અને લડાઇના સામાન સબંધી હરકોઈ ચાલુ કાયદાના ઠરાવો વિરૂદ્ધ સઘળા ગુન્હાઓની ચોકસી તથા ઇનસાફ ઇલાકાના મુખ્ય શેહેરમાં કરવાનો અધિકાર છે. પછી તે ગુન્હો સદરહુ શેહેરમાંહે કરેલો છે એવું જણાવ્યું હોય કે નહીં હોય તોપણ એવું ઠરાવ્યું છે કે ગુન્હેગાર તથા તેની ઉપર મુકદમો ચલાવવા માટે જરૂરના સઘળા સાહેદો સદરહુ શેહેરમાં માલમ પડવા જોઇએ.

કયા જીલ્લામાંચોકસી અથવા ઇનસાફ કરવો તે, સંસયને પ્રસંગે, હાઇકોરટે ઠરાવવું.

૧૮૫ જયારે જયારે ફલાણા ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ આ બાબગાં પાછળ કહેલા ઠરાવો પ્રમાણે કઇ કોરટે કરવો તે બાબત કાંઈ પણ સંસય પડે, ત્યારે ત્યારે જે હાઈકોરટની અપેલેન્ટ ફોજદારી હકુમતની સ્થાનિક હદમાં ગુન્હેગાર ખરેખર હોય તે હાઇકોરટ તે ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ કઇ કોરટે કરવો તે ઠરાવવાને મુખત્યાર છે.

બ્રિટિસ બરમામાં, જ્યારે ગુન્હેગાર રાણીની વિલાયતી રઇયત હોય ત્યારે, રંગુનનો રીકારડર, અને બીજે સઘળે પ્રસંગે, જુડીશીયલ કમીશનર આ કલમના કારણો સારૂ હાઇકોરટ છે એમ સમજવું.

સ્થાનિક હકુમતનીબાહાર કરેલા ગુન્હા સારૂ સમન અથવા વારંટ કાહાડવાનોઅધિકાર

૧૮૬ જ્યારે કોઇ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને કોઇ જીલ્લા માજીસ્ટ્રેટને કોઇ પેટા ટુકડી માજીસ્ત્રેટને અથવા પેહેલા વરગના જે માજીસ્ત્રેટને સ્થાનિક સરકારે આ બાબત વિશેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટને એવું માનવાનું કારણ જણાય કે પોતાની હકુમતની સ્થાનિક હદ માંહેના કોઇપણ સખસે સદરહુ હદની બાહાર (પછી બ્રિટિશ ઈંડીયાની અંદર કે બાહાર) એવો કોઇ ગુન્હો કર્યો છે કે જેની ચોકસી અથવા ઇનસાફ ૧૭૭ થી ૧૮૪ સુધીની કલમો (એ બંને કલમો સુદ્ધાં) કલમોના ઠરાવો પ્રમાણે, અથવા બીજા હરકોઇ ચાલુ કાયદા પ્રમાણે, સદરહુ હદની અંદર થઇ શકે એમ નથી, પણ જેનો ઇનસાફ કોઇ ચાલુ કાયદા પ્રમાણે બ્રિટિસ ઈંડીયામાં થઇ શકે એમ છે, ત્યારે તે ગુન્હો જાણે સદરહુ હદમાં થયો હોય એવી રીતે તેની ચોકસી કરવાને, તથા

પકડયા પછી માજીસ્ટ્રેટે કેમ કરવું

સદરહુ સખસને પોતાની આગળ હાજર થવાની આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે જરૂર પાડવાને, તથા સદરહુ ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ કરવાની હકુમત જે માજીસ્ટ્રેટને હોય તે માજીસ્ટ્રેટની પાસે તે સખસને મોકલવાને, અથવા સદરહુ ગુન્હો જામીન લઇ શકાય એવો હોય તો, સદરહુ માજીસ્ટ્રેટની આગળ હાજર થવા સારૂ તેની પાસેથી જામીન સાથે કે વગર જામીને ખત લેવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

જ્યારે સદરહુ હકુમતવાળા એક કરતાં વધારે માજીસ્ટ્રેટો હોય અને સદરહુ સખસને કયા માજીસ્ટ્રેટની પાસે મોકલવો, અથવા કયા માજીસ્ટ્રેટની આગળ હાજર થવા સારૂ બાંધી લેવો, તે બાબત આ કલમ પ્રમાણે ચાલનારા માજીસ્ટ્રેટની ખાત્રી થાય નહીં, ત્યારે હુકમ મળવા સારૂ હાઇકોરટને તે કામનો રીપોટ કરવો.

ટીકા—આ કલમ પ્રમાણે વારંટ કાહાડતી વખતે માજીસ્ત્રેટો જે પોતાની હદમાં હોય ત્યારે કાઢવા જેવું કાંઈ નથી, પારકા રાજ્યમાં તે પોતે હોય ત્યાંથી પણ આવાં વારંટ કાઢી શકે છે. રાણી વિ. લખીયા કાલા ઇંડોયન લા. રી. મું. વા. ૧ પ્ર. ૩૪૦

તાબામાંહેના માજીસ્ટ્રેટે વારંટ કાહાડયું હોય ત્યારે કેમ કરવું.

૧૮૭. ૧૭૬ મી કલમ પ્રમાણે પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ સિવાય બીજા કોઇ માજીસ્ટ્રેટે કહાડેલા વારંટ ઉપરથી જો તે સખસને પકડવામાં આવ્યો હોય તો સદરહુ માજીસ્ટ્રેટે તે સખસને જે જીલ્લા માજીસ્ટ્રેટના તાબામાં પોતે હોય તે જીલ્લા માજીસ્ટ્રેટને મોકલવો પણ તેવા ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ કરવાની જે માજીસ્ટ્રેટને

હકુમત હોય તે માજીસ્ત્રેટે જો તે સખસને પકડવા માટે પોતાનુ વારંટ કાહાડયું હોય તો તે પકડેલા સખસને જે પોલીસઅમલદાર તે વારંટ બજાવતો હોય તે પોલીસઅમલદારને હવાલે કરવો. અથવા જે માજીસ્ત્રેટે તે વારંટ કાહાડયું હોય તેની પાસે મોકલવો.

જો તે પકડેલા સખસે જે ગુન્હો કર્યાનું કહેવામાં આવ્યું હોય અથવા કર્યાનો શક આવ્યો હોય તે ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ તેજ જીલ્લામાં ૧૮૬ મી કલમ પ્રમાણે ચાલનારા માજીસ્ત્રેટની કોરટ સિવાય બીજી કોઇ ફોજદારી કોરટને કરવાનો અધિકાર હોય, તો સદરહુ માજીસ્ત્રેટે તે સખસને સદરહુ કોરટની પાસે મોકલવો.

બ્રિટિસ ઈંડિયા નીબહારકરેલા ગુન્હાબાબતબ્રિટીસ રૈયતનીજવાબદારી

૧૮૮ જ્યારે રાણીની કોઇ વિલાયતી રઈયત હિંદુસ્તાન માંહેના અને ગવરમેંટ લિકામાઆઝમની સાથે મૈત્રી રાખનારા કોઇ રાજાના અથવા સંસ્થાનનાં મુલકોમાં કાંઈ ગુન્હો કરે, અથવા

જ્યારે મલિકામાઆઝમની હિંદુસ્તાન માંહેની કોઈ દેશી રૈયત બ્રિટિસ ઈંડીયાની હદની બાહાર કોઇપણ જગાએ કાંઈ ગુન્હો કરે.

ત્યારે બ્રિટિસ ઇંડીયા માંહેની જે જગાએ તે રઇયત જડી આવે તે જગાએ જાણે તે ગુન્હો કર્યો છે એવી રીતે તે ગુન્હા સંબંધી તેની તજવીજ કરવાનો અધિકાર છે.

તોહોમતબાબત ચોકસીકરવાનીપો ગ્યતા સંબંધીપો લીટીકલ એજંટે દાખલો આપેલો.

પણ એવું ઠરાવ્યું છે કે જે મુલકમાં સદરહુ પ્રકારનો કોઈપણ ગુન્હો કર્યાનું કહેવામાં આવ્યું હોય તે મુલકમાં કોઇ પોલીટીકલ એજંટ હોય તો તેના મત પ્રમાણે તે તોહોમતની ચોકસી બ્રિટીસ ઇંડિયામાં કરવી જોઈએ એવો દાખલો તે આપે નહી તો સદરહુ ગુન્હા સંબંધી કોઇ પણ તોહોમતની ચોકસી બ્રિટિશ ઇંડીયામાં કરવી નહી.

વળી એવું પણ ઠરાવ્યું છે કે આ કલમ પ્રમાણે કોઈપણ સખસની ઉપર કાંઇ પણ કામ ચલાવ્યું હોય તેથી, જો તેજ ગુન્હો બ્રિટિસ ઇંડિયામાં કર્યો હોય તો તે ગુન્હા બાબત સદરહુ સખસની ઉપર પછીથી કામ ચલાવતાં જેમ અટકાવ થાત તેમજ સદરહુ ચલાવેલા કામથી બ્રિટિસઇંડિયાની હદની બાહાર કોઇપણ મુલકમાં તેજ ગુન્હા સંબંધી સન ૧૮૭૯ના પરરાજમાંહેની હકુમત બાબતના અને ગુન્હેગારો સ્વાધીન કરવા બાબતના આકટ પ્રમાણે આગળ બીજુ કામ ચલાવતાં અટકાવ થશે એમ સમજવું.

ટીકા—રાણી સાહેબના હિંદુસ્તાનની રઈયતે રાણી સાહેબની સાથે સલાહવાળા દેશી સ્વસ્થાનની હદમાં એક ગુન્હો કીધો અને તે ગુન્હો રાણી સાહેબની સાથે સલાહવાળા બીજા દેશી સ્વસ્થાનની હદમાં પકડાયો અને ત્યાંથી ગુન્હેગાર પોતે પોતાની મેળે અમદાવાદ આવ્યો અગર તેને લાવ્યા. પોલીટીકલ એજંટે સરટીફીકેટ આપ્યું કે મારા વિચાર પ્રમાણે આ ગુન્હાની ચોકસી ઇંગ્રેજી રાજ્યમાં થવી જોઇએ, અમદાવાદમાં માજીસ્ત્રેટે પ્રથમ ચોકસી કીધી અને તેણે તોહમતવાળાને સેસન કોરટમાં ઇનસાફ થવા કમીટ કીધો તે કામમાં એવો ઠરાવ થયો કે અમદાવાદની સેસન કોરટને પરરાજ્યની હદમાં કરેલા ગુન્હાનો ઈનસાફ અમદાવાદ જીલ્લામાં ગુન્હો બન્યો હોય તેજ માફક ૧૮૭૯ ના એકસ્ત્રાડીશન અને પરરાજ્યના હકુમતના આકટની કલમ ૯ મુજબ, કરવાને અખત્યાર હતો કારણ કે જ્યારે તે તોહમત વાળાને પરરાજ્યના હદમાંથી અમદાવાદ લાવ્યા ત્યારે તે કલમના અર્થ પ્રમાણે તે બ્રિટિશ ઈંડિયાની એક જગાએ માલમ પડયો આ કલમમાં "માલમ પડયો" એ શબ્દનો અર્થ એવા ના લેવો જોઇએ કે જ્યાં આગળ તે સખસ માલમ પડયો; પણ ત્યાં એવો અર્થ

લેવો જોઇએ કે "જ્યાં આગળ તે ખરેખર હોય" રાણી વિરૂદ્ધ મગનલાલ ઇંડીયન લા. રીપોટ મુ. વા. ૬ પ્ર. ૬૬૨

જુબાનીની તથા રજુ કરેલા કાગળો ની નકલો પુરાવા માં લેવાનું ફરમાવવાનો અખત્યાર

૧૮૯. જ્યારે જ્યારે ૧૮૮ મી કલમમાં કહેલા કોઇપણ ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ ચાલતો હોય ત્યારે ત્યારે સ્થાનિક સરકારને યોગ્ય લાગે તો જે મુલકમાં સદરહુ ગુન્હો કર્યાનું કહેવામાં આવ્યું હોય તે મુલકમાંના અથવા તે મુલકના પોલીટીકાલ એજંટ અથવા કોઇ જુડીશીયલ (ન્યાયખાતાના) અમલદારની આગળ આપેલી જુબાની અથવા રજુ કરેલા કાગળો જે બાબતો સાથે સંબંધ રાખતા હોય તે બાબતનો સબંધી પુરાવો લેવા સારૂ સદરહુ ચોકસી અથવા ઇનસાફ કરનારી કોરટ જે પ્રસંગે કમિશન કાહાડી શકે તે પ્રસંગે સદરહુ જુબાનીની અથવા રજુ કરેલા કાગળોની નકલો સદરહુ કોરટે પુરાવા દાખલ લેવી એવું સ્થાનિક સરકારને ફરમાવવાને મુખત્યાર છે.

"પોલીટીકલ એજંટ" આ શબ્દો ની વ્યાખ્યા.

૧૯૦. ૧૮૮ મી તથા ૧૮૯ મી કલમમાં "પોલીટીકલ એજંટ" આ શબ્દનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે છે અને તે શબ્દોમાં હેઠળ લખેલા અમલદારોનો સમાસ થાય છે.—

(અ) બ્રિટિસ ઇંડીયાની હદ બાહારના કોઇ મુલકમાં હિંદુસ્તાનની બ્રિટિસ સરકારની તરફથી મુખ્ય અમલદાર હોય તે અમલદાર.

(બ) જે મુલક બ્રિટિસ ઇંડિયાનો ભાગ નહી હોય તે મુલકમાં સન ૧૮૭૯ ના પરરાજ્ય માંહેની હકુમત બાબતના અને ગુન્હેગારોને સ્વાધીન કરવા બાબતના આકટ પ્રમાણે પોલીટીકલ એજંટના સઘળા અથવા હરકોઇ અધીકાર ચલાવવાને ગવરનર જનરલ ઇનકાંઉસીલે અથવા મદ્રાસ અથવા મુંબઈ ઇલાકાના ગવરનર ઇનકાંઉસીલે બ્રિટિસ ઇંડિયામાંહેનો કોઇ અમલદાર નિમ્યો હશે તે અમલદાર.

બ—કામ ચલાવવા માટે જે સરતો અવસ્ય છે તે.

માજીસ્ત્રેટોએ ગુન્હા સાંભળવા બાબત.

૧૯૧. આ કાયદામાં આગળ ઠરાવ્યું છે તે સિવાય હરકોઈ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ, જીલ્લા માજીસ્ત્રેટ, પેટા ફેકડી માજીસ્ત્રેટ, અને બીજા જે માજીસ્ત્રેટને આ બાબત વીશેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટ હેઠળ લખ્યા પ્રમાણે હરકોઇ ગુન્હો સાંભળવાને મુખત્યાર છે.

(અ) જે હકીકતનો સદરહુ ગુન્હો બનેલો હોય તે હકીકતની ફરીયાદ આવ્યા ઊપરથી;

(બ) સદરહુ હકીકત વીશે કોઇ પોલીસ રીપોટ ઊપરથી;

(ક) પોલીસ અમલદાર સિવાય બીજા કોઈપણ સખસ પાસેથી ખબર મળ્યા ઊપરથી, અથવા સદરહુ ગુન્હો થયો છે એવું પોતેજ જાણ્યા ઊપરથી અથવા એવો પોતાનેજ શક આવ્યા ઉપરથી;

જે માજીસ્ત્રેટને જે ગુન્હાઓનો ઈનસાફ કરવાનો અથવા ઇનસાફ થવાસારૂ કમિટ કરવાનો અધિકાર હોય તે માજીસ્ત્રેટને તે ગુન્હા રકમ (અ) પ્રમાણે અથવા રકમ (બ) પ્રમાણે સાંભળવાનો અધિકાર સ્થાનિક સરકાર, અથવા સ્થાનિક સરકારના સામાન્ય અથવા વિશેષ હુકમને અનુસરીને જિલ્લા માજીસ્ત્રેટ આપવાને મુખત્યાર છે.

પહેલા અથવા બીજા વરગના જે માજીસ્ત્રેટને જે ગુન્હાઓનો ઇનસાફ કરવાનો અથવા ઇનસાફ થવા સારૂ કમીટ કરવાનો અધીકાર હોય તે માજીસ્ત્રેટને તે ગુન્હા રકમ (ક) પ્રમાણે સાંભળવાનો અધીકાર સ્થાનીક સરકાર આપવાને મુખત્યાર છે.

"(ક) રકમ પ્રમાણે જ્યારે કોઇ માજીસ્ત્રેટ ગુન્હો સાંભળે ત્યારે તોહોમતદારને અથવા જ્યારે ઘણા તોહોમતદાર હોય ત્યારે તેઓમાંના હરકોઈને મુકદમાનો ઇનસાફ એવા માજીસ્ત્રેટે કરવાને બદલે તે મુકદમો કાંતો બીજા માજીસ્ત્રેટની પાસે મોકલવાનું કહેવાનો અથવા સેસન કોરટમાં કમીટ કરવાનું કહેવાનો હક છે."

ટીકા—પોતાના તાબાના એકાદ માજીસ્ત્રેટે જુના ક્રી. પ્રો. કલમ ૨૧૫ એટલે આ કાયદાની કલમ ૨૫૩ મુજબ એકાદ તોહોમતવાળાને અયોગ્ય રીતે છોડી મુકયો છે એમ જીલ્લા માજીસ્ત્રેટની નજરમાં આવે ત્યારે તેણે જુના ક્રી. પ્રો. કલમ ૨૯૬ એટલે આ કાયદાની કલમ ૪૩૮ મુજબ પ્રોસીડીંગ હાઇકોરટ તરફ ન મોકલતાં જુના ક્રી. પ્રો. કલમ ૧૪૨ એટલે આ કલમ પ્રમાણે તે મુકદમો (ઇનસાફને સારૂ) લઇ જરૂર હોય તો તે જુના આકટની કલમ ૪૪ એટલે આ કાયદાની કલમ ૧૯૨ મુજબ ઇનસાફ થવા સારૂ મોકલવો એજ યોગ્ય માર્ગ છે, સરકાર વિરૂધ શાંધ્યાબીન સત્યા તા૦ ૧૭ જુલાઇ સને ૧૮૭૩ મુંબાઈ હાઇકોરટ.

આ કલમમાં છેલો પારેગ્રાફ રકમ (ક) એ સને ૧૮૮૪ ના આકટ બીજાથી સુધારો કરવામાં આવ્યો છે.

માજીસ્ત્રેટોએ મુકદમા બીજાની પાસે મોકલવા બાબત.

૧૯૨ જે મુકદમો પોતે હાથમાં લીધો હોય તે મુકદમાની ચોકસી અથવા ઇનસાફ કરવા સારૂ પોતાના તાબામાંહેના હરકોઈ માજીસ્ત્રેટની પાસે તે મુકદમો મોકલવાને હરકોઇ જિલ્લા માજીસ્ત્રેટ અથવા પેટા ટુકડી માજીસ્ત્રેટ મુખત્યાર છે.

પેહેલા વર્ગના જે માજીસ્ત્રેટે જે મુકદમો હાથમાં લીધો હોય તે માજીસ્ત્રેટને તે મુકદમો પોતાના જીલ્લામાંનો બીજો વિશેષે કરીને કહેલો જે કોઇ માજીસ્ત્રેટ આ કાયદા પ્રમાણે તે તોહોમતવાળાનો ઇનસાફ કરવાને અથવા ઇનસાફ થવા સારૂ કમિટ કરવાને લાયક હોય તે માજીસ્ત્રેટની પાસે ચોકસી અથવા ઇનસાફ કરવા સારૂ મોકલવાનો અધિકાર આપવાને હરકોઈ જલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે; અને તે મુજબ સદરહુ માજીસ્ત્રેટને તે મુકદમાની વ્યવસ્થા કરવાનો અધિકાર છે.

ટીકા—અરજીથી ફરીયાદ કરવામાં આવે ત્યારે ફરીયાદીની જુબાની લીધા વગર તાબાના માજીસ્ત્રેટને એ ફરીયાદનો નીકાલ કરવા સોંપી શકાતુ નથી. રાણી વિરૂધ ભીખારી અલ્હાબાદ હાઈકોરટ રીપોટ વા. ૪ પ્ર. ૮૮

કોઇ તાબાના માજીસ્ત્રેટ પાસે કોઇ કેસ ઇન્સાફ થવા માટે મોકલવામાં આવ્યો હોય તો તે તાબાનો માજીસ્ત્રેટ કોઇ બીજા તાબાના માજીસ્ત્રેટ પાસે તે કેસ ઇનસાફ થવા મોકલી શકતો નથી મદ્રાસ રીપોટ વા. ૭ પ્ર. ૩૩

સેશન કોરટોએ ગુન્હા સાંભળવા બાબત.

૧૯૩ આ કાયદાથી અથવા બીજા હરકોઇ ચાલુ કાયદાથી બીજી રીતે સ્પષ્ટ ઠરાવ કર્યો હોય તે સિવાય કોઇ યોગ્ય અધિકારવાળા માજીસ્ત્રેટે તોહોમતવાળા સખસને કમિટ કર્યા વગર કોઇપણ સેસન કોરટે અસલ હકુમતની કોરટ દાખલ કોઇપણ ગુન્હો સાંભળવો નહી.

આડીશનલ સેસન જડજોએ અને

આડીશનલ સેસન જડજોએ તથા જાઇન્ટ સેસન જડજોએ ફકત જે મુકદમાનો ઇનસાફ કરવાનું સ્થાનિક સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમ

જાઇન્ટ સેસન જડજોએ ઈનસાફ કરવાના મુકદમા.

કરીને તેને ફરમાવે, અથવા જે મુકદમા તે ટુકડીનો સેસન જડજ ઈનસાફ કરવા સારૂ તેને સોંપે, તેવાજ મુકદમાનો ઈનસાફ કરવો.

આસિસ્ટન્ટસેસન જડજોએ(ઇનસાફ કરવાના મુકદમા)

આસિસ્ટંટ સેસન જડજોએ ફક્ત જે મુકદમા ટુકડીનો સેસન જડજ ઇનસાફ કરવા સારૂ પોતાને સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને સોંપે તેવાજ મુકદમાનો ઈનસાફ કરવો.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૭-૧૮ અને ૨૩૧ ને મળતી છે આ કલમ પ્રમાણે આસીસ્ટંટ સેસન જડજને કાળા પાણીનો હુકમ કરવાનો અધિકાર નથી અથવા કેદની શીક્ષા બદલ પણ કાળાપાણીની શીક્ષા કરી શકતો નથી. મુંબાઈ હાઇકોરટ તા૦ ૧ અકટોબર સને ૧૮૭૯.

અધિકારવાળા માજીસ્ત્રેટે કેસ, કમીટ કર્યા વગર કોઈપણ સેસન જડજને મુળ કેસ હાથમાં લેવો નહી એવો કાયદાનો ઠરાવ છે. તે ઠરાવનું કારણ એવું છે કે, માજીસ્ત્રેટ પાસે કેસ ચાલવાથી તેની ઉપર જે તોહોમત હોય તેની હકીકતથી કેદી વાકેફ થાય, અને તેથી તેણે તેનો બચાવ કેમ કરવો તે કેદી વાકફ થઇ તેવો બચાવ કરવા શક્તિવાન થાય. રાણી વીરૂધ મુક્તિરામ ઇંડીયન લા. રીપોર્ટ મદ્રાસ વા. ૧ પ્ર. ૩૫૧

આરોપીત સરકારી નોકર છતાં તેણે સાપ્રાધ વિશ્વાસઘાત કર્યો એવા તોહોમત ઊપરથી સુરતના આસીસ્ટંટ સેસન જડજ જી. ડુઇટ તેનો ઇનસાફ કરી આરોપિતે અપરાધ કબુલ કર્યાથી તેને ચાર વરસની સખત મજુરીનાં કેદની શિક્ષા કરી તેની મંજુરી મેળવવા આ કામ સુરતના સેસન જડજ એમ, એચ બર્ડઊડ તરફ મોકલ્યુ. સેસન જડજે તે શિક્ષા વધારી પાંચ વરસની શિક્ષા આપી.

હાઈકોરટે ગુન્હા સાંભળવા બાબત.

૧૯૪ હાઇકોરટ હરકોઈ ગુન્હો આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે પોતાને ત્યાંહાં કમિટ કર્યા ઊપરથી સાંભળવાને મુખત્યાર છે.

વિકટોરિયા રાણીની કારકિર્દીના ચોવીસમા તથા પચીસમા વરસના સ્ટાટયુટના ૧૦૪ થા બાબ પ્રમાણે આપેલા હરકોઇ લેટર્સપેટંટના ઠરાવોને આ કલમ માંહના કોઈપણ મચકુરથી બાધ થાય છે એવું સમજવું નહી.

સરકારી નોકરોના કાયદેસરઅખત્યારના તીરસ્કાર બાબત ફરીયાદનું કામ ચલાવવું.

૧૯૫.—(અ) હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૨ થી ૧૮૮ સુધીની કલમો (એ બંને કલમો સુદ્ધાં) પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઈપણ ગુન્હો, જે સરકારી નોકરનું લાગતું વળગતુ હોય તેની અથવા તે જે સરકારી નોકરના તાબામાં હોય તેની પ્રથમ મંજુરીયત લીધા વગર અથવા તેની ફરીયાદ વગર, કોઇપણ કોરટે સાંભળવો નહી;

સરકારી ઇનસાફની વિરૂધ કેટલાએક ગુન્હાઓ બાબત ફરીયાદનું કામ ચલાવવું.

(બ) સદરહુ કાયદાની ૧૯૩ મી; ૧૯૪ મી, ૧૯૫ મી, ૧૯૬ મી, ૧૯૯ મી, ૨૦૦ મી, ૨૦૫ મી, ૨૦૬ ઠી, ૨૦૭ મી, ૨૦૮ મી, ૨૧૦ મી, ૨૧૧ મી, અથવા ૨૨૮ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઇપણ ગુન્હો, જ્યારે તે હરકોઇ કોરટમાં ચાલેલાં હરકોઇ કામમાં અથવા કામના સબંધમાં કર્યો હોય ત્યારે, તે કોરટની, અથવા બીજી જે કોરટના તાબામાં તે કોરટ હોય તેની પ્રથમ મંજુરિયત લીધા વગર અથવા તેની ફરીયાદ વગર કોઇપણ કોરટે સાંભળવો નહીં.

પુરાવામાં આપે

(ક) સદરહુ કાયદાની ૪૬૩ મી કલમમાં વર્ણવેલો અથવા ૪૭૧ મી,

લા દસ્તાવેજો સબંધી કેટલાએક ગુન્હા બાબત ફરીયાદનું કામ ચલાવવું.

૪૭૫ મી, અથવા ૪૭૬ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઈપણ ગુન્હો જ્યારે તે હરકોઇ કોરટમાં હરકોઇ કામના કોઇ પક્ષકારે તે કામમાં પુરાવામાં આપેલા કોઇ દસ્તાવેજના સંબંધમાં કર્યો હોય ત્યારે તે કોરટની અથવા બીજી જે કોરટના તાબામાં તે કોરટ હોય તે કોરટની પ્રથમ મંજુરિયત લીધા વગર અથવા તેની ફરીયાદ વગર કોઇ કોરટે સાંભળવો નહીં.

મંજુરિયત કેવા પ્રકારની જોઇએ.

આ કામમાં સુચવેલી મંજુરિયત મોઘમ રીતે આપવાનો અખત્યાર છે, અને તેમાં તોહમતવાળા સખસનું નામ લખવાની જરૂર નથી; પણ બની શકે તેટલે સુધી જે કોરટમાં અથવા બીજી જગામાં અને જે પ્રસંગે તે ગુન્હો કર્યો હોય તે કોરટ અથવા જગા અને તે પ્રસંગ, એ વિશેષે કરીને તેમાં જણાવવા.

જ્યારે આ કલમમાં સુચવેલા હરકોઇ ગુન્હાના સબંધમાં મંજુરિયત આપી હોય ત્યારે તે મુકદમો સાંભળનારી કોરટને સદરહુ પ્રમાણે સુચવેલો બીજો જે ગુન્હો હકીકત ઉપરથી જણાઇ આવે તે ગુન્હાનું તોહમતનામું તઇયાર કરવાનો અધિકાર છે.

જે મંજુરિયત આ કલમ પ્રમાણે આપી હોય અથવા આપવાની ના કહી હોય તે મંજુરિયત રદ કરવાનો અથવા આપવાનો અખત્યાર જે અધિકારીના તાબામાં તે મંજુરિયત આપનારો અથવા અપવાની ના કહેનારો અધિકારી હોય તે અધિકારીને છે; અને જે તારીખે સદરહુ પ્રકારની કોઇપણ મંજુરિયત આપી હશે તે તારીખથી ૭ મહીના કરતાં વત્તી મુદત સુધી તે મંજુરીયત અમલમાં રહેશે નહીં.

આ કલમનાં કારણો સારૂ સ્માલકાજ કોરટ સિવાય બીજી દરેક કોરટ, ફકત જે કોરટમાં તેની ઉપર અપીલો ઘણું કરીને ચાલી શકતી હોય તે કોરટના તાબામાં છે એવું સમજવું.

ઈલાકાના મુખ્ય શેહેરોમાંહેની સ્માલકાજ કોરટો હાઈકોરટના તાબામાં છે એવું સમજવું, અને બીજી દરેક સ્માલકાજ કોરટ જે સેસન ટુકડીમાં તે કોરટ આવેલી હોય તે કોરટના તાબામાં છે એવું સમજવું.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કમલ ૪૬૭-૪૬૮-૪૬૯ અને ૪૭૦ કલમોના નીચે લખ્યા મુજબના ભાગને મળતી રચવામાં આવી છે.

આ કમલની રકમ (અ) ને બદલે જુના આકટમાં કલમ ૪૬૭ હતી તેમાં કેટલોક ફેરફાર કરવામાં આવ્યો છે એટલે જુના આકટમાં, જે મંજુરિયત અને "તેના ઉપરી અમલદારની" એ શબ્દો હતા તેને બદલે અનુક્રમે "પ્રથમ મંજુરી અને જે સરકારી નોકરના તાબામાં હોય તેની" એ શબ્દો આ કલમમાં નવા દાખલ કરવામાં આવ્યા છે, તથા રકમ (બ) ને બદલે જુના આકટમાં કલમ ૪૬૮ હતી તેમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે, તથા રકમ (ક) ના બદલે જુના આકટમાં કલમ ૪૬૯ હતી, તેમાં પણ ફેરફાર થયો છે; અને આ કલમના ચોથા ભાગને બદલે કલમ ૪૭૦ હતી તેમાં પણ ફેરફાર થયો છે, અને આ કલમની રકમ (ક) ના બીજા પારેગ્રાફમાં બીજો ભાગ નવો છે અને તે રાણી વિરૂદ્ધ બાલાજી શીવારામ મું. હા. વા. ૧૧ પ્ર. ૩૪ મે છપાયો છે તે ઉપરથી ઘડવામાં આવેલોછે.

સરકાર વિરૂદ્ધ કુબતારણસીંગના કામમાં નામદાર અલહાબાદ હાઇકોરટે ઠરાવ્યું છે કે ન્યાયના કામની વિરૂદ્ધના જે ગુન્હા છે તે સને ૧૮૭૨ ના આકટ ૧૦ નીં કલમ ૪૭૩ ના અર્થ પ્રમાણે કોરટના અધિકારનું અપમાન કરી અપરાધ કરેલો છે એમ થતું નથી.

પરંતુ એમ હોય તોપણ સદરહુ આકટની કલમ ૪૬૭, ૪૬૮ અને ૪૬૯ આમાં ક-

હેલા કોઇપણ તોહમતની ચોકસી કરવાને પુરતુ કારણ છે એવું કોઇ દીવાની કીંવા ફોજદારી કોરટને દેખાય તે વખતે સદરહુ આકટની કલમ ૪૭૨ માં જે આરજ બદલ લખ્યું છે તેવું આર્જ હોવા સિવાય મુકેલા આર્જની તે કોરટને પોતાને ચોકસી કરવાનો અધિકાર નથી.

સબબ આરોપિત કે જેનાપર એક આસિસ્ટંટ કલેકટરે પોતાની રૂબરૂ ધારાની બાબત ચાલેલા દાવામાં ખોટી શાક્ષીનો ઉપયોગ કર્યો બાબત પીનલકોડ કલમ ૧૯૬ પ્રમાણે તોહમત રાખી આસિસ્ટંટ માજીસ્ત્રેટ તરીકે પોતે ચોકસી કરી શિક્ષા કરી હતી તે આ કોરટ રદ કરે છે. વા. ૧ પ્ર. ૨૨૯ તા. ૧૫ જાનેવારી ૧૮૭૬

આ કામની હકીકત એવી છે કે એક રાવજીએ ચીકોડીના મામલતદારની કોરટમાં એક સાવન્તી (અરજદાર) ઉપર કબજાનો દાવો કર્યો હતો. મામલતદારે તે દાવો રદ કર્યો અને ઠરાવમાં પોતાનો અભિપ્રાય જણાવ્યો કે સાહેદોએ ખોટી જુબાની આપી છે માટે તેમના ઉપર ખોટી જુબાની આપ્યાનું કામ ચલાવવું જોઇએ, પણ કાયદા પ્રમાણે સાંકશન આપ્યા પેહેલાં તે મરી ગયો.

તે ઉપરથી પ્રતિવાદીએ કલેકટરને સાંકશન માટે અરજ કરી પણ કલેકટરસાહેબે ઠરાવ્યું કે મામલતદારની કોરટ એ જુના ક્રી. પ્રો. કો. ની કલમ ૪૬૮ ને માટે સીવીલ કોરટ નથી તેથી કરીને સાવન્તે ચોકોડીના ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટની રૂબરૂ ફરીયાદ માંડી તેમાં તેઉએ એમ ઠરાવ્યું કે મામલતદારની કોરટ એ સીવીલ કોરટ છે માટે મરનાર મામલતદારની જગોએ આવનાર અધિકારીના સાંકશન સિવાય ફરીયાદ ચાલી સકતી નથી તે ઉપરથી અરજદારે હાઇકોરટને અરજ કરી કે માજીસ્ત્રેટનો કરેલો હુકમ રદ કરવો જોઇએ અથવા તે કોરટે નવેસરથી સાંકશન આપવું જોઈએ.

હાઇકોરટે ઠરાવ્યું કે મુંબઇના સને ૧૮૭૬ ના આકટ ૩ ના આધારે જે મામલતદારની કોરટ સ્થાપન કરવામાં આવી છે તે કોરટ જુના ક્રી. પ્રો. કો. કલમ ૪૬૮ ને માટે સીવીલ કોરટ છે. તેટલા માટે તે કલમમાં બતાવેલા ગુન્હાની ફરીયાદ જ્યારે તે ગુન્હો મામલતદારની કોરટની રૂબરૂ અથવા તેની સામે થયેલો હોય તો ફોજદારી કોરટના સાંકશન સિવાય અથવા જેના તાબાની તે કોરટ છે તે કોરટના કે હાઇકોરટના સાંકશન સિવાય ચાલી શકે નહિં. સરકાર વિરૂદ્ધ સાવન્તીની બાબતમાં મું. હા. રી. વા. ૫ પ્ર. ૧૩૭

ન્યાયની વિરૂધ્ધ કરેલો અપરાધ એ જુના ક્રી. પ્રો. કો. કલમ ૪૭૩ ના અર્થ પ્રમાણે કોરટના અપમાનમાં કરેલા અપરાધ પ્રમાણે નથી.

ક્રી. પ્રો. ઉપરથી જેટલી કોરટોને ફોજદારીમાં કામ ચલાવવાની મંજુરી આપવાનો અધિકાર છે તે કોરટો પૈકી એકાદી કોરટે સને ૧૮૭૨ ના આકટ ૧૦ની કલમ ૪૬૮ અને ૪૬૯ પ્રમાણે મંજુરી આપી છતાં તે કામમાં હાથ ઘાલવાનો કોઇપણ વરીષ્ટ કોરટને અધિકાર નથી પણ તે કોરટો પૈકી એકાદી કોરટે મંજુરી આપવાને ના કબુલ કર્યા છતાં તે કોરટ ઉપરની જે વરિષ્ટ કોરટને તેવી મંજુરી આપવાનો અધિકાર છે તે તે અધિકારને બાધ આવતો નથી. બરકતુલા અરજદાર વિરૂદ્ધ રેની અને બીજા અલ્હાબાદ હાઇકોરટ રીપોર્ટ વા. ૧ પ્ર. ૧૦ તા. ૩ જુલાઇ સને ૧૮૭૫

પી. કો. કા. ૨૯૧ પ્રમાણે બંધ કરવાની તાકીદ થયા પછી અપકારક કૃત્ય જારી રાખ્યા બદલ હલીયાલના બીજા વરગના માજીસ્ત્રેટે આરોપિતની ચોકસી કરી તેનાપર તેજ કલમ પ્રમાણે અપરાધ સાબિત કરી તેને શિક્ષા કરી.

ખોટી સાક્ષી આપ્યા બદલના તોહોમત ઉપરથી એક પહેલા વરગના માજીસ્ત્રેટે પદ્મનાભ નામના માણુસપર અપરાધ સાબીત કર્યો હતો. મીસ્તર માનટીથ અને મીસ્તર ઠાકુર એ બેઉ પહેલા વરગના માજીસ્ત્રેટ આગળ આરોપિતે એક બીજાની વિરૂદ્ધ એવા બે મજકુર કહ્યા ઉપરથી તેનાપર ખોટા પ્રતિજ્ઞા કર્યાનું તોહોમત રાખવામાં આવ્યું હતું. સને ૧૮૭૨ ના ૧૦ ની કલમ ૪૬૮ પ્રમાણે ફોજદારીમાં કામ ચલાવવા માટે જે મંજુરી જોઇયે તે મંજુરી મીસ્તર માનટીથે આપી હતી. પરંતુ મિસ્તર ઠાકુરની રૂબરૂ આરોપિતે જે

મજકુર કહ્યો તે મજકુરના સંબંધે તેણે તેવી મંજુરી આપવાને ના કબુલ કર્યું. તથાપી તે બાબતમાં જીલ્લા માજીસ્ત્રેટને અરજ થયાથી મી. ઠાકુરની રૂબરૂ કહેલા મજકુરને સબંધે આરોપિતપર ફોજદારીમાં કામ ચલાવવાની મંજુરી જીલ્લા માજીસ્ત્રેટે આપી તે ઉપરથી કામ ચાલી સદરહુ પ્રમાણે નિકાલ થયો એટલે આરોપિતને શિક્ષા કરી.

તે ઉપર આરોપિતે સેસન જડજને અપીલ કરી તેમાં સેસન જડજે માજીસ્ત્રેટનો ઠરાવ રદ કર્યો કેમકે પહેલા વરગનો માજીસ્ત્રેટ એ જીલ્લા માજીસ્ટ્રેટના તાબામાંનો માજીસ્ત્રેટ નથી. જો કે કેટલાક કામના સંબંધે સર્વ માજીસ્ત્રેટ જીલ્લા માજીસ્ટ્રેટના તાબાના માજીસ્ત્રેટ છે તોપણ ન્યાયાધીકારની રીતે તે માજીસ્ત્રેટ જીલ્લા માજીસ્ત્રેટના તાબામાંના માજીસ્ત્રેટ નથી. અને પેહેલા વરગના માજીસ્ત્રેટની કોરટ જીલા માજીસ્ટ્રેટના તાબામાંની કોરટ નથી, પરંતુ પેહેલા વરગના માજીસ્ત્રેટના ફેંસલાપર હમેશની કોર્ટ તરીકે સેસન જડજની કોર્ટમાં અપીલ ચાલે છે, સબબ તે કોરટના તાબામાંની પેહેલા વરગના માજીસ્ત્રેટની કોર્ટ છે. માટે જીલ્લા માજીસ્ત્રેટને તેવી મંજુરી આપવાનો અધિકાર નહોતો.

તે પેહેલા વરગના માજીસ્ત્રેટના સને ૧૮૭૭ ની સાલના માર્ચ માસના રીટરનની હાઇકોર્ટે તપાસણી કરી અને કામના કાગળપત્ર મંગાવ્યા. તેની સાથે સેસન કોર્ટના ફેંસલા પર મુંબાઈ સરકારે હાઈકોર્ટને અપીલ કરી.

તેમાં હાઇકોર્ટે ઠરાવ્યું કે જુના ક્રી. પ્રો. કો. કા. ૪૬૮ ના કારણ માટે પહેલા વરગના માજીસ્ત્રેટ એ જીલ્લાના માજીસ્ત્રેટના તાબામાંના માજીસ્ત્રેટ છે. પેહેલા વરગના માજીસ્ત્રેટની રૂબરૂ જાણી બુજીને ખોટી સાક્ષી આપ્યા બદલ કોઇ માણસપર ફોજદારીમાં કામ ચલાવવાની જીલ્લા માજીસ્ત્રેટે પરવાનગી આપ્યા છતાં તે પરવાનગી તેનાપર કામ ચલાવવાને કાયદેસર અને વાજબીછે એમ સમજવું જોઇએ. માટે સેસન જડજનો ઠરાવ રદ કરી આરોપિતની અપીલનો નિકાલ કરી ગુણદોષ વિશે ચોકસી કરવાનો સેસન કોરટને હુકમ કરવામાં આવ્યો સરકાર વિરૂદ્ધ પદ્મનાભ પરકર મુંબાઈ હાઇકોરટ રીપોટ વા. ૨ પ્ર. ૩૪૮ તા૦ ૪ અકટોબર ૧૮૭૧.

ખોટી શાહેદી આપવી એ ગુન્હો સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૭૩ ના ના ભાવાર્થ પ્રમાણે કોરટના અધિકારના અપમાન કર્યાનો ગુન્હો છે માટે ખોટી સાક્ષી આપ્યા બદલ જે સેસન જડજે આરોપ મુકયો હોય તેનાંજ આગળ સદરહુ આરોપિતને કમિટ કર્યાથી તેનો ઈનસાફ તેજ સેસન જડજ કરી શકતો નથી. સરકાર વિરૂદ્ધ ગણ્જીમરાણું. મું. હા. કો. રી. વા. ૧ પ. ૩૧૧ તા૦ ૨૪ અગષ્ટ ૧૮૭૬.

ઉપર બતાવેલા કેસમાં એવી હકીકત હતી કે કેદી બાલાજી સીતારામ અને એક અનાજી ફરશરામ કોઇ ગામની જકાત વસુલ કરવાના કામમાં વઢી પડયા તેથી તેઓએ એક એક ઉપર દિવાની અને ફોજદારીમાં ફરિયાદ કરી. તેમાં એકબીજાએ આપેલી જુબાની ખોટી છે એમ એક એકનું કહેવું હતું. આ બે સખસ માંહેના અનાજી ફરશરામે એક પ્રસંગે ખોટી સાક્ષી આપ્યા બદલ પાંચ વર્ષ કેદની સજા ભોગવી હતી, અને હવે કેદી બાલાજી સિતારામ ઉપર ફોજદારીમાં ફરિયાદ કરવા પ્રયત્ન કરે છે તે માટે તેણે મંજુરી મેળવા કેટલીક અરજીઓ કરી તેમાં તે ફાવ્યો નહિ. પણ આખરે સતારાના જીલ્લા માજીસ્ત્રેટે તેને નિચે પ્રમાણે પરવાનગી લખી આપી. "ઈ. પે. કો. કલમ ૧૯૩ ના આધારે બાલાજી સિતારામે જુદી જુદી કોર્ટોમાં સોગન ખાઇ જુદો જુદો મચકુર કહ્યો છે જેથી તેની ઉપર ફોજદારીમાં કામ ચલાવવાની મંજુરી આપું છું." આ મંજુરીના હુકમ ઉપર આરોપિતે હાઇકોર્ટને પોતાની અસાધારણ હકુમત ચલાવવા અરજ કરી તેમાં હાઈકોરટે ઠરાવ્યું કે ફોજદારીમાં કામ ચલાવવાની મંજુરી આપવી તેમાં જે ખોટો મજકુર કહ્યો હોય તે મજકુર જે કોર્ટમાં ખોટો કહ્યો હોય તે અને જે પ્રસંગે કહ્યો હોય તે કોર્ટનું નામ અને પ્રસંગ એવું લખવું જોઇએ. આ મંજુરીમાં તેમ નહીં હતું. તેથી મંજુરી રદ કરી.

આ કલમમાં જે ફોજદારી કાયદાની કલમો બતાવવામાં આવી છે તેને માટે જુઓ

પીનલકોડ બાબ ૧૦ કલમ ૧૭૨ થી કલમ ૧૯૦ સુધી.

રાજ્યમાં વિરૂદ્ધ ગુન્હાબાબત ફરિયાદનું કામ ચલાવવું.

૧૯૬. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૭ મી કલમ સિવાય ૬ ઠા બાબ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો અથવા તેજ કાયદાની કલમ ૨૯૪ અ. પ્રમાણે શિક્ષા થઇ શકે એવો કોઇપણ ગુન્હો ગવરનર જનરલ ઇન કાંઉન્સિલના અથવા સ્થાનિક સરકારના અથવા જે અમલદારને ગવરનર જનરલ ઈનકાંઉન્સિલે આ બાબત અધિકાર આપ્યો હોય તે અમલદારના હુકમથી અથવા અખત્યારથી ફરિયાદ કર્યા વગર કોઇપણ કોર્ટે સાંભળવો નહીં.

જડજો તથા સરકારી નોકરો ઉપર ફરિયાદનું કામ ચલાવવું.

૧૯૭. ઇંડિયા સરકારની અથવા સ્થાનિક સરકારની મંજુરિયત વગર પોતાના હોદ્દા ઉપરથી ખસેડી ન શકાય એવા હરકોઈ જડજની ઉપર અથવા એવા હરકોઇ સરકારી નોકર ઉપર તે સદરહુ પ્રકારનો જડજ છે, અથવા સરકારી નોકર છે તે સબબથી કોઇ ગુન્હાનું તોહમત મુકવામાં આવે, ત્યારે તેને ખસેડવાનો હુકમ કરવાનો જે સરકારને અધિકાર હોય તે સરકારની અગાઉથી મંજુરિયત લીધા વગર અથવા એવી મંજુરિયત આપવા બાબત જે અમલદારને તે સરકારે અધિકાર આપ્યો હોય તે અમલદારની અથવા જે કોર્ટના અથવા બીજા અધિકારીના તાબામાં સદરહુ જડજ અથવા સરકારી નોકર હોય અને સદરહુ મંજુરિયત આપવાના જેના અધિકારની સદરહુ સરકારે મર્યાદા કરી ન હોય તે કોર્ટની અથવા બીજા અધિકારીની અગાઉથી મંજુરિયત લીધા વગર કોઇપણ કોર્ટે તે ગુન્હો સાંભળવો નહીં.

ફરિયાદનું કામચલવા બાબત સરકારનો અધિકાર

કયા સખસે તથા કઇ રીતે સદરહુ જડજ અથવા સરકારી નોકરની ઉપર ફરિયાદનું કામ ચલાવવું તે નક્કી કરવાને તથા જે કોરટની આગળ ઇનસાફ કરાવવો હોય તે કોરટ વિશેષે કરીને જણાવવાને સદરહુ સરકાર મુખત્યાર છે.

ટીકા—જ્યારે સન ૧૮૨૭ ના કાયદા ૧૬ ની કલમ ૨૬ પ્રમાણે કુલકરણીને મામલતદારે રીપોટ કરવાનું કહ્યું હોય ત્યારે એ કુલકરણી આ કલમના અર્થ મુજબ મામલતદારના તાબામાં છે. તેટલા માટે જ્યારે સબ માજીસ્ત્રેટ તરીકે કામ ચલાવતાં દરમ્યાન હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૮ મુજબ શિક્ષા કરવા લાયક ગુન્હો થયાનું માલમ પડે ત્યારે ખોટો રીપોટ કર્યા બાબતના ગુન્હાનું કામ એ કુલકરણી ઉપર ચલાવવા માટે મામલતદારને પરવાનગી આપવાને કાંઇ હરકત નથી માટે આપેલી મંજુરી સિવાય બીજી મંજુરીની જરૂર નહોતી—રાણી વિરૂદ્ધ મલ્હાર રામચંદ્ર ૭ મદ્રાસ. હા. કો. રી. કા. કે. પાનું ૬૪ મુંબાઇ હાઇકોરટ રીપોટ. વા. ૭ પ્ર. ૬૪

અમુક અધિકારીએજ અમુક સરકારી નોકર ઉપરના તોહમતનું કામ ચલાવવું એવું સરકારે ખસુસ કરીને મંજુરીના હુકમમાં લખ્યું હોય તો પછી બીજા કોઇ અધિકારીથી એ કામ ચલાવી શકાય નહીં. કામ ચલાવ્યું હોય તો રદ થાય—રીણી વિરૂધ્ધ વીનાયક દીવાકર મુંબાઇ હાઇકોરટ રીપોટ વા. ૮ પ્ર૦ ૩૩

કરારતોડવા બાબત, આબરૂ લેવા બાબતઅને લગ્ન વિરૂદ્ધગુન્હા બાબતફરીયાદનુંકામચલાવવું.

૧૯૮ જે ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૯ મા અથવા ૨૧ મા બાબમાં અથવા તેજ કાયદાની ૪૯૩થી ૪૯૬ સુધીની (એ બંને કલમો સુધાં) કલમોમાં આવતો હોય તે ગુન્હાથી જે સખસને નુકશાન પોહોંચ્યું હોય તે સખસે કરેલી ફરિયાદ વગર કોઇપણ કોરટે તે ગુન્હો સાંભળવો નહીં.

છીનાળાં બાબત અથવા પરણેલી સ્ત્રીફોસલાવીજવા બાબતફરિયાદનું કામચલાવવું

૧૯૯ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૭મી અથવા ૪૯૮મી કલમ મુજબના કોઈ ગુન્હા બાબત, તે સ્ત્રીના ધણીએ, અથવા તેની ગેરહાજરીમાં, તેની તરફથી જે સખસના હવાલામાં સદરહુ સ્ત્રી તે ગુન્હો કરવામાં આવ્યો તે વખતે હોય તે સખસે ફરિયાદ ન કરી હોય તો કોઈ પણ કોરટે તે ગુન્હો સાંભળવો નહિ.

બાબ ૧૬ મો.

માજીસ્ત્રેટોને ફરિયાદ કરવા બાબત.

ફરીયાદીની જબાની લેવા બાબત.

૨૦૦ ફરિયાદ ઉપરથી કોઈ ગુન્હો સાંભળનારા માજીસ્ત્રેટે તુરત ફરિયાદીની કસમ ઉપર જબાની લેવી, અને તે જબાનીનો સાર લખી લેવો તથા તે ઉપર ફરિયાદીએ અને માજીસ્ત્રેટે પણ સહી કરવી. પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

(અ) જ્યારે ફરિયાદ લખીને કરવામાં આવે ત્યારે આ કલમ માંહેના કોઈપણ મજકુરથી, ૧૯૨ મી કલમ પ્રમાણે તે મુકદમો બીજાની પાસે મોકલતાં પહેલાં કોઈ માજીસ્ત્રેટને ફરિયાદીની જબાની લેવાની જરૂર છે એવું સમજવું નહીં;

(બ) જ્યારે માજીસ્ત્રેટ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ હોય, ત્યારે દરેક મુકદમામાં તે માજીસ્ત્રેટ દુરસ્ત ધારે તે પ્રમાણે સદરહુ જબાની કસમ ઉપર અથવા તે વગર લેવાનો અધિકાર છે; અને તે લખી લેવાની કાંઈ જરૂર નથી પણ પોતે દુરસ્તધારે તો, ફરિયાદીની બાબત પોતાની આગળ આણતા પહેલાં, તે માજીસ્ત્રેટ તે બાબત લખી આપવાનું ફરમાવવાને મુખત્યાર છે.

(ક) જ્યારે તે મુકદમો ૧૯૨ મી કલમ પ્રમાણે કોઇ બીજા પાસે મોકલવામાં આવ્યો હોય અને આ પ્રમાણે મોકલનારો માજીસ્ત્રેટ ફરિયાદીની જુબાની લઇ ચુકયો હોય ત્યારે જે માજીસ્ત્રેટની પાસે તે મુકદમો મોકલવામાં આવ્યો હોય તે માજીસ્ત્રેટ ફરિયાદીના ફરીથી જબાની લેવાને બંધાએલો નથી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૪૪ ને મળતી છે ફરીયાદીની ફરીયાદ લખી હોય કે મોહોડેથી કરવામાં આવી હોય તે ઉપરથી માજીસ્ત્રેટ ગુન્હો સાંભળે તેને લાગુ પડેછે. આ કલમમાં તુરત પ્રતીજ્ઞા લેવા બાબતનો ઠરાવ છે તે તદન નવો છે,

દીવાની કામ ચાલતુ હોય ત્યારે કોઇ પ્રકારે ફોજદારીમાં તે કામ ચલાવવા માગતો હોય તો ચાલતે કામે તેમ કરવું ઉચીત નથી. પણ જો તેને તેમ કરવા ગરજીજ હોય તો દાવાની કેસ પુરો થતાં સુધી ફોજદારી કામ ચાલતુ મુલતવી રહી શકે—રાણી વીરૂધ અચરતલાલ. વીકલી રીપોટ ૧૭ પ્ર૦ ૪૬.

ફરીયાદીની જુબાનીમાં તેને ફરીયાદના મચકુર વીશેજ પુછવું અને તે વીશેજ પુરાવ લેવો એમ નથી ફરીયાદના મચકુર વીશે બારીકાઈથી પુછપરછ કરવાથી જે કામોમાં પુર્ણ તપાસ કર્યા બાદ છોડી મુકવાનો હુકમ કરવો પડે તેવા કામોમાં પ્રથમથીજ નકાંમી લંબાણ કરી આખર સુધી તપાસ કરવાની જરૂર રહેતી નથી. મું. હા. કો. સરક્યુલર બુક. પ્ર. ૪૩

આ કલમ પ્રમાણે કામ કરવાને દરેક પેહેલા વર્ગના માજીસ્ત્રેટને અધીકાર છે હોનરરી માજીસ્ત્રેટને આ કલમ પ્રમાણે કામ કરવાને માટે ખાસ સરકારનો હુકમ જોઇએ સન ૧૮૭૨ નું મુંબાઈનું સરકારી ગેજીટ પ્ર. ૧૩૨૫; સને ૧૮૭૩ નું મુંબાઈનું સરકારી ગેજીટ પ્ર.

૧૬, કૉગ્નીઝેબલ ગુન્હાની ફરીયાદને આઠ આનાનો સ્ટાંપ જોઇતો નથી પણ સાદા કાગળ ઊપર ફરીયાદ લખી આપે તો બસ છે. મુ. હા. કો. નો ઠરાવ તા૦ ૪ થી અપ્રેલ સને ૧૮૭૩.

જે માજીસ્ત્રેટને ફરીયાદ લેવાનો અધીકાર ન હોય તેણે શું કરવું.

૨૦૧ જો તે ફરીયાદ લખીને કરી હોય અને તે મુકદમો સાંભળવાનો માજીસ્ત્રેટને અધીકાર ન હોય તો, તેણે તે ફરીયાદ યોગ્ય કોરટની આગળ રજુ કરવા સારૂ પાછી આપવી અને તેની ઊપર તે મતલબનો શેરો લખવો.

પ્રોસેસ કાહાડવાનુ મુલતવી રાખવું.

૨૦૨ ચીફ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને અથવા બીજા જે પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને સ્થાનિક સરકાર આ બાબત વખતે વખતે અધિકાર આપે તે પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને અથવા પહેલા અથવા બીજા વર્ગના માજીસ્ત્રેટને જે ગુન્હો સાંભળવાનો જેને અધિકાર હોય તે ગુન્હાની ફરીયાદના ખરાપણા બાબત શક આણવાનું કારણ જણાય, તો ફરીયાદીની જબાની લીધા પછી તે ફરીયાદના ખરાપણા બાબત શક આણવાના કારણ પોતાના દફતરમાં દાખલ કરવાને અને પાછી જે સખસની ઊપર ફરીયાદ થઈ હોય તે સખસને હાજર થવાની જરૂર પાડવા માટે પ્રોસેસ કાહાડવાનું મુલતવી રાખવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને ફરીયાદનું ખરાપણું અથવા ખોટાપણું નકી કરવા સારૂ માજીસ્ત્રેટ તે મુકદમાની પોતાની જાતે ચોકશી કરવાને અથવા પોતાના તાબા માંહેના હરકોઇ અમલદારને અથવા કોઇ પોલીસઅમલદારને અથવા પોતે યોગ્ય ધારે એવો બીજો જે સખસ માજીસ્ત્રેટ અથવા પોલીસઅમલદાર ન હોય તે સખસને પ્રથમ સ્થાનિક તપાસ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે.

જે સખસ માજીસ્ત્રેટ અથવા પોલીસઅમલદાર હોય તેવો કોઇ સખસ સદરહુ તપાસ કરે તો જે અમલદારના હવાલામાં પોલીસથાણું હોય તે અમલદારને આ કાયદાથી આપેલા સઘળા અધિકાર તે સખસે ચલાવવા; પણ વગર વારંટે પકડવાનો અધિકાર તેને નથી.

આ કલમ કલકત્તા અને મુંબઇ શેહેરમાં પોલીસને લાગુ છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ ૧૪૬ ને મળતી છે પણ તેમાં એક અગત્યનો ફેરફાર એ થયો છે કે ફરીયાદીની ફરીયાદના ખરાપણા વિશે પોતાને એ વિસ્વાસ આવે તો તેનાં કારણ તેણે દફતરમાં લખવાં જોઇએ. ધ્યાનમાં રાખવાનું છે કે ફરીયાદીની ફરીયાદના ખરાપણા માટે કોઈ ખાનગી માણસને હુકમ કરવામાં આવે તો તે ખાનગી માણસ કોઈ સખસને માજીસ્ત્રેટના વારંટ વગર કોઈને પકડી શકે નહી એવા ખાનગી માણસને આ કાયદામાં પોલીસના ઉપરી અમલદારને જે સત્તા છે તે ચલાવવા હક છે. પોલીસના ઉપરી અમલદારને શું સત્તા છે તે માટે જુઓ આ કાયદાની કલમ ૧૬૦, ૧૬૧, ૧૬૫, ૧૭૧.

આ કલમ પ્રમાણે માજીસ્ત્રેટ કામ ચલાવતો હોય ત્યારે ફરીયાદીને તેના વકીલને હાજર રાખવા હક **નથી**—વીનદાચારી. વિરૂદ્ધ દફેક પ. મુંબાઈ હાઈકોરટ રીપોટ વા૦ ૮. પ્ર. ૨૦૨

વારંટ**થી** તોહોમતદારને હાજર કરવામાં આવ્યા હોય તો પછી આ કલમ પ્રમાણે કાંઇ તજવીજ કરી શકાતી **નથી**—રામકાંત સરકાર વિરૂદ્ધ જહલ ચંદરબોસ કલકત્તા હાઇકોરટ રીપોટ વા. ૨૧ પ્ર. ૪૪

ફરીયાદ કાહાડી નાખવા બાબત.

૨૦૩. જે માજીસ્ત્રેટની આગળ ફરીયાદ કરી હોય અથવા જે માજીસ્ત્રેટની પાસે તે ફરીયાદ મોકલી હોય તે માજીસ્ત્રેટ ફરિયાદીની જબાની લીધા પછી અને ૨૦૨ જી કલમ પ્રમાણે તપાસ કરી હોય તો તેના

પરીણામ ઉપર વિચાર કર્યા પછી આગળ કામ ચલાવવાનો પુરતો સબબ નથી એવું તેની નજરમાં આવે તો તે ફરીયાદ કાહાડી નાખવાને મુખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ નો કલમ ૧૪૭ ના પહેલા પારેગ્રાફ ને મળતી છે "જે માજીસ્ત્રેટની પાસે તે ફરીયાદ મોકલી હોય તે માજીસ્ત્રેટ" એ શબ્દો તથા કલમ ૨૦૨ પ્રમાણે "તપાસ કરી હોય તો તેના પરીણામ ઉપર વિચાર કર્યા પછી" એ શબ્દો નવા છે.

એક માજીસ્ત્રેટે ફરીયાદીની ફરીયાદ મંજુર કરી તહોમતદારને પકડવાનું વારંટ કાઢયું તે વખતે તેના ઉપર માજીસ્ત્રેટે પોતાને ત્યાં એ કેસ ચલાવવા મંગાવી લીધો અને પકડવાનું વારંટ કાઢવાનું વારંટ રદ કરી ફરીયાદીની ફરીયાદ કાઢી નાખી અને રીતસર કામ ચલાવ્યું નહી તેમાં ઠરાવવામાં આવ્યું કે એ પ્રમાણે કરવામાં ગેરવ્યાજબી થયું છે તેણે કેસ મંગાવ્યો ત્યારે જે સ્થીતીમાં કેશ હોય તે સ્થીતીમાં તેણે કામ ચલાવવું જોઇએ એટલે કે તાબાના માજીસ્ત્રેટે કાઢેલું વારંટ રદ કરી છોડી મુકાય નહી. વારંટ બજી આવ્યા પછી પોતાને યોગ્ય લાગે તે કરવું જોઇએ—રાધુપેરીરાની અરજીના કામમાં બેંગાળા લા રીપોટ વા. ૧૦ પ્ર.૨૬

માજીસ્ત્રેટ પાસે ફરીયાદ થાય તે ઉપરથી માજીસ્ત્રેટને એવું જણાય કે ફરીયાદી જે હકીકત કહેછે તે ગુન્હો તો છે પણ ફરિયાદી દીવાની કોરટમાં ફરીયાદ કરશે તો તેને વધારે અનુકુળ પડશે આવા કારણથી ફરીયાદીની ફરીયાદ કાઢી નાખી શકાતી નથી રાણી વિરૂધ ખુશાલસીંગ તુલસી ચૌધરી વીકલી રીપોટ ૧૦ પ્ર. ૪૦

ફરીયાદી એકથી વધારે ગુન્હાની ફરીયાદ કરેતો તેમાંની એક બાબતનો ગુન્હો બન્યો જણાય નહી તો તે બાબતની ફરીયાદ કાઢી નાખી શકે છે પણ બીજી બાબતનો ગુન્હો થયાનું જણાય તો તે બાબત કામ ચલાવવા હરકત આવતીનથી મુંબાઇ સરકાર. વિરૂધ સીંડાપા ઈંડીયન લા. રીપોટ મુંબાઈ, વા. ૫ પ્ર. ૪૦૫ તા૦૧૩ એપ્રીલ ૧૮૮૧

જ્યારે માજીસ્ત્રેટને ફરીયાદી કરી હોય ત્યારે ફરીયાદીને તપાસ્યા પછી આગળ કામ ચલાવવાનું કારણ ન જણાયતો આ કલમ મુજબ માજીસ્ત્રેટ તે ફરીયાદ કાહાડી નાંખે અથવા કલમ ૨૦૨ મુજબ પ્રોસેસ કાહાડવું મોકુફ રાખી તપાસ કરવા હુકમ કરે. અને તપાસ થઇ રહ્યા પછી કારણ ન જણાય તો ફરીયાદ કહાડી નાંખે. જો કે ચોરીના મુકરદમામાં ફરીયાદીએ પેહેલાં પોલીસ પાસે જવું જોઇતું હતું, પરતું તે માજીસ્ત્રેટ પાસે ગયો તો તેને તપાસવાને માજીસ્ટ્રેટ બંધાએલો હતો વુ રી. ૧૪ પ્ર. ૩૬

કોઇ માજીસ્ટ્રેટ સોગન ઉપર ફરીયાદીની જુબાની લીધા શિવાય ફરીયાદ કાહાડી નાંખી શકે નહી તેમ છતાં જો તે કાહાડી નાંખેતો ફરીયાદ ફરીથી માંડતાં હરકત નથી. સન ૧૮૭૦ નું મદ્રાસ જ્યુરીસ્ટ પ્ર. ૬૩

તોહોમતદાર ઉપરનું તોહોમત સાબીત ન થતું હોય એમ ધ્યાનમાં આવે તો પછી તે કેસ અગાડી ચલાવવાની ફરજ રહેતી નથી તેથી તે ફરીયાદ એકદમ કાહાડી નાંખવામાં આવી છે તે અખત્યાર બાહારની વાત નથી. વીકલી રીપોટ ૧૦ પ્ર. ૫૦

ધારો એ છે કે જે કેસમાં તેના રૂપ ઉપરથી જે ફરિયાદ સાચી માલમ પડી હોય તે કામમાં માજીસ્ટ્રેટે ફરીયાદી તથા તેના સાક્ષીઓને તપાસવા જોઇએ પણ જે કામમાં ફરીયાદ તેના રૂપ ઉપરથી ખરી માલમ ન પડતી હોય તે કામમાં સાક્ષીઓ તપાસ્યા વગર માજીસ્ટ્રેટ જો ફરીયાદ કાહાડી નાખે તો તે ગેરવ્યાજબી છે અને ફરીયાદીને તપાસ્યો હતો તે બસ છે. વુકલી રીપોટ ૧૬ પ્ર. ૩૯

કોઈ ફરીયાદમાં દીવાની કામ ચાલ્યુ હોય તે સબબ ઉપરથી તે ફરીયાદ કાઢી નાંખી શકાય નહી, કારણ કે દીવાની કામથી ફોજદારી કામ ચલાવવાને અટકાવ થતો નથી—માધબકાથ બરધો વિરૂધ કેસબશીંગ અને બીજા વીકલી રીપોટ ૯ પ્ર. ૨૨

માજીસ્ટ્રેટની રૂબરૂ ફરીયાદ કરવામાં આવી હોય અને ફરીયાદના સાક્ષીઓને સમન્સ

કરવામાં આવ્યા હોય અને તે સાક્ષીઓ તે સમન્સપરથી હાજર થયા હોય અને ફરીયાદી ગેરહાજર રહે અને તેની ગેરહાજરીમાં તે કામની તજવીજ ચલાવવી માજીસ્ટ્રેટને જરૂરની ન લાગતી હોય તો તે માજીસ્ટ્રેટ તોહોમતદારને છોડી દેવાને મુખત્યાર છે. વુકલી રીપોટ ૧૧ પ્ર. ૩૯

ફરીયાદીની જુબાની લેનાર અમલદારે તે ફરીયાદના કામમાં સમન્સ કાઢવો કે વારંટ કાઢવું તે ઠરાવવાનું કામ તેનુંજ છે. કલકત્તા હાઇકોરટ સરકયુલર નંબર ૬ સને૧૮૬૪

સમન્સ અગર વારંટ કાહાડી કામ ચલાવવાનો કોઈ માજીસ્ટ્રેટને હુકમ કરવા સારૂ અથવા જે સમન્સ અગર વારંટ કાઢવા અમલ આ કલમ પ્રમાણે જે ફરિયાદ માજીસ્ટ્રેટે માંડીવાળી હોય તે ફરીયાદના કામમાં વધારે તજવીજ કરવા સેસન જડજને, માજીસ્ટ્રેટને હુકમ કરવાની સત્તા નથી તેવા કામમાં માજીસ્ટ્રેટની ગફલત અથવા અજ્ઞાનતા માલમ પડે તો સેસન જડજે તે બાબત હાઇકોરટને રીપોટ કરવો. કલકત્તા હાઈકોરટ સરકયુલર ન. ૪૩૨ સને ૧૮૬૩

બાબ ૧૭ મો.

માજીસ્ટ્રેટોની આગળ કામ શરૂ કરવા બાબત.

પ્રોસેસ કહાડવા બાબત.

૨૦૪ કોઇ ગુન્હો સાંભળનારા માજીસ્ટ્રેટના મતપ્રમાણે આગળ કામ ચલાવવાનો પુરતો સબબ હોય, અને બીજા પરિશિષ્ટના ચોથા આસન પ્રમાણે પ્રથમજ સમન નિકળવો. જોઈએ એવો તે મુકદમો જણાય તો, તોહોમતવાળો હાજર થાય એટલા માટે તે માજીસ્ટ્રેટે પોતાનો સમન કહાડવો. જો તે મુકદમો એવો જણાતો હોય કે તેમાં તે આસન પ્રમાણે પ્રથમજ વારંટ નિકળવું જોઇએ તો, તે માજીસ્ટ્રેટ તોહોમતવાળા પોતાની આગળ અથવા હકુમતવાળા બીજા કોઇ માજીસ્ટ્રેટની આગળ અમુક વખતે પકડી મંગાવવા સારૂ અથવા હાજર કરાવવાસારૂ વારંટ, અથવા પોતાને યોગ્ય લાગે તો, સમન કાહાડવાને મુખત્યાર છે.

આ કલમ માંહેના કોઈ પણ મચકુરથી ૯૦ મી કલમના ઠરાવોને બાધ થાય છે. એવું સમજવું નહીં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૪૭ના ત્રીજા પારેગ્રાફ, કલમ ૧૪૮ ના પહેલા પારેગ્રાફ અને કલમ ૧૪૯ને મળતી છે. માજીસ્ટ્રેટને ખાતરી થાય કે સાક્ષીએ તેને પોચાડેલા સમનનું અપમાન કર્યું છે તે શિવાય તે શાક્ષીને પકડવાનું વારંટ માજીસ્ટ્રેટ કહાડી શકતો નથી. વીકલી રીપોટ ૧૪ પ્ર૦ ૨૦

ફરિયાદીની જુબાની લીધા પેહેલા તોહોમતદારને બોલાવવા એ ગેરવ્યાજબી છે. વીકલી રીપોટ ૧ પ. ૩

જે મુકદમામાં ડીપ્યુટી માજીસ્ત્રેટ પોતેજ ફરીયાદી હોય તે મુકદમામાં તેણે માજીસ્ત્રેટ તરીકે પોતાની રૂબરૂ કેહીઓની કબુલાતો લેવી જોઈએ નહી—રાણી વીરૂધ બોઇદનાથ શીંગ અને બીજા, વીકલીરીપોટ ૩ પ્ર. ૨૯

માજીસ્ત્રેટ તોહોમતવાળાને જાતે હાજર થવાનું માફ કરવાને મુખત્યાર છે.

૨૦૫ જ્યારે માજીસ્ત્રેટ સમન કહાડે, ત્યારે તોહોમતવાળાને જાતે હાજર થવાનુ માફ કરવાનું અને તેના પ્લીડરની મારફતે હાજર થવાની છુટ આપવાનું પોતાને કારણ જણાયતો તેમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

પણ તે મુકદમાની ચોકસી અથવા ઇનસાફ કરનારા માજીસ્ત્રેટની નજરમાં આવે તો, કામ ચાલતુ હોય ત્યારે ગમે તે વખતે, તે માજીસ્ત્રેટ તોહોમતવાળાને જાતે હાજર થવાનું

ફરમાવવાને, અને જરૂર હોય તો, આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે તેને જબરીથી હાજર કરાવવાને મુખત્યાર છે.

બાબ ૧૮ મો.

સેસન કોરટ અથવા હાઇકોરટ ઇનસાફ કરી શકે એવા મુકદમાની ચોકસી બાબત.

ઇનસાફ થવા સારૂ કમિટ કરવાનો અધિકાર.

૨૦૬ હરકોઈ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ, જિલ્હા માજીસ્ત્રેટ, પેટા ટુકડી માજીસ્ત્રેટ, પેહેલા વરગનો માજીસ્ત્રેટ, અથવા જે માજીસ્ત્રેટને આ બાબત સ્થાનિક સરકારે અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટ સેસન કોરટથી અથવા હાઇ કોરટથી ઇનસાફ થઇ શકે એવા હરકોઇ ગુન્હા બાબત હરકોઇ સખસને સદરહુ કોરટમાં ઇનસાફ થવા સારૂ કમિટ કરવાને મુખત્યાર છે.

પણ આ કાયદામાં બીજી રીતે ઠરાવ્યું છે તે સિવાય, જે સખસનો ઇનસાફ સેસન કોરટથી થઇ સકતો હોય તે સખસને હાઇકોરટમાં ઇનસાફ થવા સારૂ કમિટ કરવો નહીં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૪૩ ને મળતી છે પ્રથમની ચોકશીમાં પુરાવો લીધા વગર સેસન કમીટ કરવાનો હુકમ કરવો તે ગેરકાયદે છે રાણી વીરૂદ્ધ શીતારામ વેનકુ મુંબાઈ હાઇકોરટનો ઠરાવ તા૦ ૧૦ જુન ૧૮૭૬

કમિટ કરતાં પેહેલાં ચોકસીમાં કામ ચલાવવાની રીત.

૨૦૭ જે મુકદમાનો ઇનસાફ ફકત સેસન કોરટજ અથવા હાઇકોરટજ કરી શકે અથવા જે મુકદમાનો ઇનસાફ માજીસ્ત્રેટના મત પ્રમાણે સદરહુ કોરટે કરવો જોઇએ, તેવા મુકદમાની ચોકશી માજીસ્ત્રેટની આગળ ચાલતી હોય ત્યારે હેઠળ લખેલી રીત પ્રમાણે કામ ચલાવવું.

રજુ કરેલો પુરાવો લેવા બાબત.

૨૦૮ જ્યારે માજીસ્ત્રેટની આગળ તોહોમતવાળો હાજર થાય અથવા તેને આણવામાં આવે, ત્યારે ફરિયાદી હોય તો તેનો મચકુર માજીસ્ત્રેટે સાંભળવો, અને ફરિયાદીપક્ષની સાબેતીમાં અથવા તોહોમવાળાની તરફથી જે પુરાવો રજુ કરવામાં આવે અથવા જે પુરાવો માજીસ્ત્રેટ માગે તે સઘળો પુરવો આ કાયદામાં આગળ ઠરાવેલી રીત લેવો.

વધારે પુરાવો રજુ કરવા બાબત પ્રોસેસ.

જો ફરિયાદી અથવા ફરિયાદીપક્ષ ચલાવનારો અમલદાર અથવા તોહોમતવાળો હરકોઇ સાહેદને હાજર થવાની અથવા હરકોઇ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાની જરૂર પાડવા બાબત પ્રોસેસ કાહાડવાની માજીસ્ટ્રેટને અરજી કરે, તો તે પ્રોસેસ કાહાડવાની જરૂર નથી એમ ધારવાનાં માજીસ્ત્રેટને કારણ નહી હોય તો, જો હોય તો તે દફતરમાં દાખલ કરવાં જોઇએ; તેણે તે પ્રોસેસ કાહાડવું જોઇએ;

આ કલમ માંહેના કોઇપણ મચકુરથી કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટને પોતાનાં કારણ દફતરમાં દાખલ કરવાની જરૂર છે એવું સમજવું નહીં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૯૦-૩૫૦ નો પેરેગ્રાફ ૧ લો અને ૩૬૨ ને મળતી છે. ફરીયાદી તરફનો પુરાવો લેવા અને ફરીયાદીએ નહી બતાવેલો બીજો વધનો પુરાવો માજીસ્ત્રેટ લેવા શું નિયમ છે તે માટે આ કલમ છે,

તોહોમતનામું તૈયાર કરીને પ્રતીવાદીએ જવાબ આપતાં સરકાર તરફના સાક્ષીદારને ફરી બોલાવી તેને ઊલટ સવાલ કરવાનો પ્રતીવાદીને જુના ક્રી. પ્રો. કો. કલમ ૨૧૮ ઉપરથી હકછે.

સરકાર તરફના સાક્ષીદારને ફરી બોલાવવાનો હક એ જુના ક્રી. પ્રો. કલમ ૩૬૨ પ્રમાણે એકાદ સાક્ષીદારને સમન કરવા વીશે પ્રા. એ કરેલી અરજથી તદન જુદીજ છે.

સરકાર તરફના સાક્ષીદારોને ઉલટ સવાલ કરવાના હેતુએ બોલાવવા વિશે આરોપિતે અરજ કર્યા છતાં જો તે અરજ સેસન જડજે કીંવા ડેપ્યુટી માજીસ્ત્રેટે ના કબુલ કરી હોય તો તેના ઊપર અપીલ ચાલતી નથી. પરંતુ તે ના કબુલ કરવાનો હુકમ એ એવી પ્રકારની ચુક છે કે તે લાગલીજ દુરસ્ત કરવા જોગ નથી પરંતુ હાઇકોરટમાં પોતાની તપાસણી કરવાના અધિકારની રીતે માત્ર તે દુરસ્ત કરવા જોગ છે. જે. આર. બેલીલીયાસ વિરૂધ કાળીદાસ બેનરજી. કલકત્તા હાઇકોરટ રીપોટ વા. ૧૯. પ્ર, ૫૩

ફરીયાદીએ જેટલા શાક્ષીદાર આપ્યા હોય તેટલા સર્વ સાક્ષીદારને માજીસ્ત્રેટે સમન કરવો જોઈયે એમ નથી, જુના ક્રી. પ્રો. કલમ ૨૧૫ ની વ્યાખ્યા ૩ એ જુના આકટની કલમ ૩૬૨ સાથે વાંચવી જોઇએ અને તેમ કર્યું એટલે સાક્ષીદારને સમન કરવા કીંવા નહી એ બાબત માજીસ્ટ્રેટની મુખત્યારી છે એમ દેખાય છે. કલકત્તા હા. કો. રી. વા. ૨૩. પ્ર. ૯.

પ્રથમ ચોકશી કરતી વખતે કાંઇ પુરાવો ન લેતાં કામ ઈનસાફ થવા સારૂ કમિટ કરવું ગેરકાયદેસર છે એમ ઠરાવ થયો અને તે તેમ છે તેથી રદ કરવામાં આવ્યું તોહમતવાળા સખસને સવાલ પુછી તેના જવાબ લેવાની જુના ક્રી. પ્રો. કલમો ૧૯૨ તથા ૩૪૨ પ્રમાણે માજીસ્ત્રેટને ફરજ છે એમ નથી પણ કલમ ૨૪૮ માં એવો અભિપ્રાય છે કે તેને સવાલ પુછી તેના જવાબ લેવા અને તોહમતવાળા સખસને પોતાની તરફનો પુરાવો હાજર કરવાની તક પણ આપવી જોઇએ એમ જુના આકટની કલમ ૩૫૮ અને આ કલમ ૨૦૮ માં છે તે પુરાવા ન લેવા બાબત પોતાના કારણો કયાં કયાં છે તે દફતરમાં લખ્યા વગર માજીસ્ત્રેટથી તે લેવાનો ના પડાય નહિ. મુંબઇ હાઈકોરટનો ઠરાવ તા૦ ૧૦ જાનેવારી ૧૮૭૬

તોહમતવાળા સખસને કયારે છોડી મુકવો.

૨૦૯ જયારે ૨૦૮ મી કલમના ૧ લા તથા ૨ જા પારેગ્રાફમાં કહેલો પુરાવો લીધો હોય અને જે હકીકત તોહમતવાળાની વિરૂદ્ધ પુરાવામાં જણાતી હોય તે હકીકતનો તે ખુલાસો કરી શકે એટલા સારૂ તે તહોમતવાળાની પોતે જુબાની લીધી હોય, ત્યારે જો પોતે એવું ઠરાવે કે ઇનસાફ થવા સારૂ તોહમતવાળા સખસને કમિટ કરવાનો પુરતો સબબ નથી તો સદરહુ માજીસ્ત્રેટે તેને છોડી મુકવો, પણ પોતાની આગળ અથવા બીજા કોઇ માજીસ્ત્રેટની આગળ સદરહુ સખસનો ઇનસાફ કરવો જોઇએ એવું તે માજીસ્ટ્રેટને જણાય તો તે બાબતમાં તેણે તે મુજબ કરવું.

જો માજીસ્ટ્રેટ એમ ધારતો હોય કે તોહમત પાયા વગરનું છે, તો મુકદમો ચાલતો હોય તેવામાં અગાઉ કોઈપણ વખતે તોહમતવાળાને છોડી મુકતાં તેને આ કલમના કોઇપણ મચકુરથી અટકાવ થશે એવું સમજવું નહીં; પણ સદરહુ માજીસ્ટ્રેટે તેમ કરવાનાં કારણો દફતરમાં નોંધવા.

તોહમતનામું કયારે તઇયાર કરવું

૨૧૦ જયારે સદરહુ પુરાવો લીધા ઉપરથી અને સદરહુ જુબાની (જો હોય તો) લીધા ઉપરથી માજીસ્ટ્રેટને એવું દેખાય કે તોહમતવાળાનો ઈનસાફ થવા સારૂ તેને કમિટ કરવાનો પુરતો સબબ છે, ત્યારે તેણે પોતાની સહીવાળું એક તોહમતનામું તઈયાર કરવું, અને તોહમતવાળાની ઉપર કયા ગુન્હાનું તોહમત મુકયું છે તે તેમાં જણાવવું.

તોહમતવાળાનેતો

તે તોહમતનામું તઈયાર થઈ રહે એટલે તુરત તોહમતવાળાને તે

હુકમનામુંસમજા-વવુંઅનેતેનીનકલ આપવી. — વાંચી સંભળાવવું તથા સમજાવવું. અને તે માગે તો તેની એક નકલ તેને મફત આપવી.

ટીકા—કમિટ કરવાના હેતુથી જે માજીસ્ટ્રેટ ચોકશી કરતો હોય તે માજીસ્ટ્રેટે ખાસ રીતે જે પુરાવા ઉપરથી કમિટમેન્ટ કરયું હોય તે પુરાવો સારી રીતે દફતરમાં દાખલ કરવા તે બંધાએલો છે.—રાણી વિરૂદ્ધ એંડરસન વી. રી. ૨ પ્ર. ૬૫

કમિટમેન્ટ કરતાં તોહમતદાર સખસના ગુન્હા વિશે માજીસ્ત્રેટોએ પુરી ખાત્રી કરવી જોઈએ એવી કાંઇ જરૂર નથી પરંતુ જ્યારે તોહમતદાર સખસનો ઇનસાફ થવાની જરૂર હોય ત્યારે કમિટમેન્ટ કરવું જોઇએ-રાણી વિરૂદ્ધ મહાસીંગ અને બીજા વાવ્યખુણાના પ્રાંતોની હાઈકોરટના રીપોર્ટો વા. ૩ પ્ર. ૨૭ જો પુરાવો સમતુલ હોય અને માજીસ્ત્રેટને શક રેહેતો હોય તો તે કમિટ કરવા બંધાએલો છે—ગુજરધણના કેસમાં

કમિટ કરવાના કારણોમાં અમુક કેદીની વિરૂદ્ધ જે પુરાવ હોય તે સ્પષ્ટરીતે જણાવવો જોઇએ અને તે ગુન્હો કેવી રીતે સાબેત કરવામાં આવ્યો છે તે પણ જણાવવું જોઇએ. કોદારી કહાર. વી. રી. ૫ પ્ર. ૬

ઇનસાફનીવખતે તોહમતવાળા-નાબચાવસારૂશા-હેદોની ટીપ. — ૨૧૧ પોતાના ઈનસાફની વખતે પુરાવો આપવા સારૂ જો કોઈ સખસોને સમન કરાવવાની તોહમતવાળાની મરજી હોય તો તે સખસોની ટીપ મ્હોડેથી બોલીને અથવા લખીને આપવાનું તેને તુરત ફરમાવવું.

બીજી ટીપ. — માજીસ્ત્રેટની નજરમાં આવે તો પાછળથી કોઈ વખતે તે તોહમતવાળાને સાહેદોની કાંઇ બીજી ટીપ આપવા દેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે; અને તોહમતદારને તેનો ઇનસાફ થવાસારૂ હાઇકોરટમાં કમિટ કર્યો હોય ત્યારે તેના ઈનસાફની વખતે પુરાવો આપવાસારૂ જે સખસોને સમન કરાવવાની તે તોહમતવાળાની મરજી હોય તે સખસોની બીજી ટીપ પોતાનો ઇનસાફ થવાની અગાઉ કોઇપણ વખતે, કલારક આફ ધી કૌનને આપવામાં આ કલમ માંહેના કોઈપણ મચકુરથી તે તોહમતવાળાને બાધ છે એવું સમજવું નહીં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૦૦ ના પારેગ્રાફ ૧ લા અને ૩ જાને મળતી છે. તોહમતદારોએ કમાડીંગ માજીસ્ત્રેટ પાસે પોતાના સાહેદોની યાદી આપવા માટે અને પાછળથી બીજી વધારાની યાદી આપવા માટેની સમજુત માટે આ કલમ છે.

તોહમતદારનો સાહેદ તોહમતદાર સાથે ગુન્હો કરવામાં સામેલ છે એવું કહી તેમને બોલાવવા ના પડાય નહીં—રામસાહી ચૌધરી વિરૂદ્ધ શંકરબાહાદુર બે. રી. વા. ૬ પ્ર. ૬૫

જ્યારે કેદી કમિટ થયા પછી કલમ ૪૨૦ મુજબ સાક્ષીઓની ટીપ આપે ત્યારે માજીસ્ત્રેટ તે વાત ઉપર નજર પોહોંચાડી સાક્ષીઓને સમન કાઢવા કે નહીં તે કેહેવાને બંધાએલો છે, સમન કાહાડવાની ના પાડવામાં આવે તો તેણે તેના કારણો બતાવવાં જોઈએ. જો તેમની નજરમાં એમ આવે કે ઢીલ કરવાનાં કારણસર સાક્ષીઓનાં નામ ટીપમાં દાખલ કર્યા છે તો તેણે સન ૧૮૭૨ ના આકટ ૧૦ નીકલમ ૩૫૯ એટલે આ આકટની ક. ૨૧૬ મુજબ ચાલવું જોઇએ—રાણી વિરૂદ્ધ રાજકુમાર મુકરજી વી. રી. ૧૬ પ્ર. ૧૪

સદરહુ શાહેદોની જબાની લેવાનોમાજીસ્ત્રેટનેઅધિકાર. — ૨૧૨ માજીસ્ત્રેટની નજરમાં આવે તો ૨૧૧ મી કલમ પ્રમાણે પોતાને આપેલી હરકોઇ ટીપમાં જે સખસનું નામ લખેલું હોય તે સખસને સમન કરીને તેની જબાની લેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

કમિટ કરવાનો — ૨૧૩. જ્યારે ૨૧૧ મી કલમ પ્રમાણે ટીપ આપવાનું તોહોમતવા-

હુકમ. ળાને ફરગાવેથી તેણે તેમ કરવાની ના કહી હોય, અથવા જ્યારે સદરહુ ટીપ તેણે આપી હોય અને તે માંહેના (જો હોય તો) જે સાહેદોની જબાની લેવાની તે માજીસ્ત્રેટની મરજી હોય તે સાહેદોને ૨૧૨ મી કલમ પ્રમાણે સમન કરીને તેમની જબાની લીધી હોય, ત્યારે તે માજીસ્ટ્રેટ તોહોમતવાળાનો હાઇકોરટમાં અથવા સેસન કોરટમાં (જેમ હોય તેમ) ઇનસાફ થવા સારૂ તેને કમિટ કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને (તે માજીસ્ટ્રેટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ ન હોય તો) તેણે આવી રીતે કમિટ કરવાનાં કારણ પણ મુખતેસરમાં નોંધવા.

ઇલાકાનાં મુખ્ય શેહેરોનીબાહારજે સખસની ઉપરરા ણીસાહેબનીવિલા યતી રૈયતનીસાથે એકઠું તોહોમત આવ્યું હોય તેસ ખસ બાબત. **૨૧૪.** (રાણી સાહેબની વિલાયતી રઇયત ન હોય એવા) કોઇ સખસે રાણી સાહેબની કોઇ વિલાયતી રઈયતની સાથે મળીને કાંઇ ગુન્હો કર્યો છે એવું તે સખસની ઉપર પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ શિવાય બીજા કોઈ માજીસ્ટ્રેટની આગળ તોહોમત મૂકવામાં આવે, અને રાણી સાહેબની સદરહુ વિલાયતી રૈયતને તેજ કામમાંથી ઉઠેલાં તેવાંજ તોહોમત ઉપરથી હાઇકોરટમાં તેનો ઈનસાફ થવા સારૂ કમિટ કરવાની, અથવા તેનો ઈનસાફ કરવાની તૈયારી હોય, અને તોહોમતવાળાને તેનો ઇનસાફ થવા સારૂ કમિટ કરવાના પુરતા સબબ છે એવું તે માજીસ્ટ્રેટ ઠરાવે, તો તેણે તોહોમતવાળાને તેનો ઈનસાફ થવા સારૂ સેસન કોરટમાં કમિટ ન કરતાં હાઈકોરટમાં કમિટ કરવો.

૨૧૩ મીઅથવા ૨૧૪મી કલમ પ્ર માણેકમિટકર્યોના હુકમરદ કરવાબા બત. **૨૧૫.** કોઇ યોગ્ય અધિકારવાળા માજીસ્ટ્રેટે ૨૧૩ મી અથવા ૨૧૪ મી કલમ પ્રમાણે કમિટ કરવાનો હુકમ એક વખતે કર્યો એટલે પછી તે ફકત હાઇકોરટથીજ રદ થઈ શકે, અને ફકત કાયદાની કોઈ બાબત ઉપરથીજ રદ થઇ શકે.

ટીકા—કમિટ કર્યા પછી ફરિયાદી રાજીનામુ આપે તો કમિટ કરેલું કામ માંડીવાળી શકાતું નથી—રાણી વિરૂદ્ધ સલીમસેખ વીકલી રીપોટ ૨ પ્ર. ૫૭

જો સેસન જડજની નજરમાં એમ આવે કે કમિટ કરવાનો હુકમ ગેરવ્યાજબી છે તો તેણે હાઈકોરટને એ બાબત લખી મોકલવું જોઇએ. પોતાથી કાંઇ થઈ શકે નહી—રાણી વિરૂદ્ધ માતા દયાલ અલ્હાબાદ હાઈકોરટ રીપોટ વા. ૪ પ્ર. ૧૪

માજીસ્ત્રેટે ચાર સાહેદ લીધા અને તોહોમતવાળાને છોડી મુકવાને હુકમ કર્યો બાદ એમ માલમ પડયું કે એક પાંચમો સાહેદ કોરટમાં હાજર છે તેથી છોડી મુકવાનો હુકમ રદ કરી વધારે પુરાવો લીધો અને પછી તોહોમતવાળાને સેસન કમિટ કરવાનો હુકમ કર્યો આ કામમાં એમ ઠરાવ્યું કે માજીસ્ત્રેટનો હુકમ ગેરકાયદેસર નથી. મદ્રાસ હા. કો. રી. એપેન્ડીક્સ વા. ૭ પ્ર૦ ૪૦ તા૦ ૨૩ નવેંબર સન ૧૮૭૪

જ્યારે તોહોમત વાળાને કમિટકર્યો હોયત્યારે તેનાબ ચાવસારૂ સાહેદો ને સમન કરવા બાબત. **૨૧૬.** જ્યારે તોહોમતવાળા સખસે ૨૧૧ મી કલમ પ્રમાણે સાહેદોની કોઇપણ ટીપ આપી હોય અને તેનો ઇનસાફ થવા સારૂ તેને કમિટ કર્યો હોય, ત્યારે તે ટીપ માંહેના જે સાહેદો પોતાની આગળ થયા ન હોય તે સાહેદોને જે કોરટમાં તોહોમતવાળાને કમિટ કર્યો હોય તે કોરટની આગળ હાજર થવા સારૂ તે માજીસ્ત્રેટે સમન કરવા.

પણ એવું ઠરાવ્યું છે કે જ્યારે સદરહુ સખસને હાઇકોરટમાં કમિટ કર્યો હોય, ત્યારે માજીસ્ત્રેટની નજરમાં આવે તો સદરહુ સાહેદોને સમન કરવાનું કામ કલાર્ક આફ ધી કાંઊનની પાસે રહેવા દેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને સદરહુ સાહેદોને તે પ્રમાણે સમન કરવા જોઈએ.

(સાહેદના ખરચ નીરકમ)અનામત મુકવામાં ન આવે તો નકામા શાહેદને સમન કરવાની ના કેહેવી.

વળી એવું પણ ઠરાવ્યું છે કે જો તે ટીપમાં કોઈપણ સાહેદનું નામ તસદી આપવા સારૂ અથવા વિલંબ કરવા સારૂ અથવા ન્યાયની મતલબ પાર ન પડે એમ કરવા સારૂ દાખલ કરેલું છે એવું તે માજીસ્ત્રેટ ધારે, તો સદરહુ શાહેદનો પુરાવો મુદાનો છે એવું માનવાનાં યોગ્ય કારણો છે એવી પોતાની ખાત્રી કરી આપવાનું તોહોમતવાળાને ફરમાવવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને પોતાની ખાત્રી ન થાય તો, તે શાહેદને સમન કરવાની ના કેહેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે. (એ પ્રમાણે ના કહેવાનાં પોતાનાં કારણ દફતરમાં દાખલ કરવાં) અથવા તે સાહેદને સમન કરતાં પેહેલાં તેને હાજર કરાવવાનો ખરચ પુરો પાડવા સારૂ પોતે જરૂરની ધારે તેવી રકમ અનામત મુકવાનું ફરમાવવાને તે માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

ટીકા—અમુક સાહેદોને બોલાવવાનું શું કારણ છે એવું માજીસ્ટ્રેટ કહીને પુછે ત્યારે તે કાંઇ કારણ બતાવે નહી તો પછી એ શાહેદોને સમન્સ કરવા માજીસ્ટ્રેટની ફરજ નથી પણ એ શાહેદોને બોલાવવા હોય તો આટલું ખરચ લાગશે અને તે અનામત મુકે તો સમન્સ કરવા હરકત નથી એવું માજીસ્ટ્રેટે કહીને તેજ વખતે કહી દેવું જોઈએ—સુબારાયા મુદાલીનો કેસ મદ્રાસ હાઇકોરટ રીપોટ વા. ૪. પ. ૮૧

આ કલમમાં તોહોમતદારના સાહેદોને ઈનસાફના કામમાં ઢીલ થશે વગેરે કારણથી ન બોલાવવા માજીસ્ટ્રેટને જે મુખત્યારી આપી છે તે માટે કલકત્તા હાઇકોરટના વિદ્વાન જડજ મી. જેકસન આ પ્રમાણે કહે છે.—તોહોમતદાર શું બચાવ કરવાનો છે તે માજીસ્ટ્રેટ જાણી શકે અને પછી એ બચાવના પ્રકાર જાણી તોહોમતદારના સાહેદોને તે બોલાવવા ના કેહે તેને માટે આ મુખત્યારી આપી નથી સાહેદ અગત્યનો છે કે કેમ તેજ માત્ર તેણે જાણી લેવું જોઈએ—કૈસરેદીન વિરૂદ્ધ, દીનાનાથ ઘટક. ઈડિયન લા. રીપોટ કલકત્તા. વા. ૩પ. ૫૮૨

તોહોમતદારના સાહેદીઓને નહી બોલાવવા માટે આ કલમમાં જે આધાર બતાવ્યા છે તે આધાર સિવાય તોહોમતદારે જે સાહેદોનાં નામ આપ્યા હોય તે સાહેદોને સમન્સ કરવાની ના કેહેવા માજીસ્ટ્રેટ મુખત્યાર નથી તોહોમતદારને તેના સાહેદોના નામ આપવાનું કેહેવામાં આવે ને વખતે તે તેના સાહેદો આપવાનું ના કેહે ત્યાર પછી માજીસ્ટ્રેટ કાંઇ નવો પુરાવો લેતો આગળ પોતાના સાહેદના નામ આપવાને કાંઇ હરકત થતી નથી—દીલામાહાતન વિરૂદ્ધ સોનોદયાલ કોરી ઈંડીયન લા. રીપોટ કલકત્તા વા. ૬ પ. ૭૧૪

ફરિયાદીઓનું તથા સાહેદોનું ખત.

૨૧૭ ફરિયાદીઓ તથા ફરિયાદી પક્ષનો અને તોહોમતવાળાના સાહેદો, જેઓની હાજરી સેસન કોરટમાં અથવા હાઇ કોરટમાં જરૂરની હોય, અને જેઓ તે માજીસ્ત્રેટની આગળ હાજર થાય, તેઓએ જ્યારે તેમને ફરમાવવામાં આવે ત્યારે, પ્રસંગ પ્રમાણે, ફરિયાદનું કામ ચલાવવા સારૂ અથવા સાક્ષી આપવા સારૂ સેસન કોરટમાં અથવા હાઇ કોરટમાં હાજર થવા બાબતનાં ખત તે માજીસ્ત્રેટની આગળ લખી આપવા.

હાજરથવાનીઅથવા ખત લખી આપવાની નાકહે તોપેહેરામાંઅટકાવીરાખવાબાબત.

જો કોઇપણ ફરિયાદી અથવા સાહેદ સેશન કોરટની અથવા હાઇકોરટની આગળ હાજર થવાની, અથવા ઉપર ફરમાવ્યા મુજબ મુચરકો લખી આપવાની ના કહે, તો તે સદરહુ ખત લખી આપે ત્યાં સુધી, તેને પેહેરામાં અટકાવી રાખવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને જ્યારે સદરહુ પ્રમાણે જરૂર પડે ત્યારે તે માજીસ્ત્રેટે તેને પેહેરામાં આપીને, પ્રસંગ પ્રમાણે સેશન કોરટની અથવા હાઇ કોરટની પાસે મોકલી દેવો.

કમિટ કરયાનીવાત કયારે જાહેર કરવી.

૨૧૮ જ્યારે તોહોમતવાળાને તેનો ઈનસાફ થવા સારૂ કમિટ કરવામાં આવે, ત્યારે જે સખસને સ્થાનિક સરકાર આ બાબત નીમે તે સખસની ઉપર તે માજીસ્ત્રેટે એક હુકમ મોકલવો. તેમાં કમિટ કર્યાની વાત જણાવવી અને તોહોમતનામાના નમુનાની ખબર સદરહુ સખસને થઇ ચુકી છે એવી તે માજીસ્ત્રેટની ખાત્રી થાય તો તેમ કરવાની જરૂર નથી.

તોહોમતનામુવિગેરેહાઇકોરટનીપાસે અથવા સેશન કોરટનીપાસે મોકલવા બાબત.

અને તોહોમતનામું, ચોકસીનું દફ્તર તથા જે હથિયાર અથવા બીજી વસ્તુ પુરાવામાં રજુ કરવાની હોય તે, એટલું તે માજીસ્ત્રેટે સેશન કોરટને અથવા (જ્યારે તે કામ હાઇ કોરટમાં કમિટ કર્યું હોય ત્યારે) કલાર્ક આફ ધી ક્રાઉનને અથવા બીજા જે અમલદારને હાઇ કોરટે આ બાબત નીમ્યો હોય તે અમલદારને મોકલવું.

હાઇકોરટનીપાસે અંગરેજીતરજુમો મોકલવા બાબત.

જ્યારે તે કામ હાઈ કોરટમાં કમિટ કર્યું હોય અને દફ્તરનો કોઇ પણ ભાગ અંગ્રેજી ભાષામાં ન હોય ત્યારે સદરહુ ભાગનો અંગ્રેજી તરજુમો દફ્તર સાથે મોકલવો.

પુરવણી સાહેદોને સમન કરવાનો અખત્યાર.

૨૧૯ કામ કમિટ કર્યા પછી અને ઇનસાફ સરૂ થતાં પેહેલાં પુરવણી સાહેદોને સમન કરીને તેઓની જુબાની લેવાને, અને હાજર થઇને સાક્ષી આપવા સારૂ આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે તેમને બાંધી લેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે,

સદરહુ જુબાની બની સકે તો, તોહોમતવાળાની સમક્ષ લેવી, અને જ્યારે તે માજીસ્ત્રેટ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ ન હોય ત્યારે, તોહોમતવાળો માગે તો, સદરહુ સાહેદોના પુરાવાની એક નકલ તેને મફત આપવી.

ઈનસાફ થતાંસુધીતોહોમતવાળાને પેહેરામાં રાખવા બાબત.

૨૨૦ ઇનસાફ થતાં સુધી, અને ઇનસાફનું કામ ચાલતું હોય ત્યારે માજીસ્ત્રેટે, જામીન લેવા સબંધી આ કાયદાના ઠરાવોને અનુસરીને તોહોમતવાળાને પોતાનું વારંટ કાહાડીને કેદ કરવો.

બાબ ૧૯ મો.

તોહોમતનામા બાબત.

તોહોમતનામાનો નમુનો.

તોહોમતનામામાં ગુન્હો લખવો.

૨૨૧ તોહોમતવાળાની ઊપર જે ગુન્હાનું તોહોમત મુકયું હોય તે ગુન્હો આ કાયદા મુજબના દર એક તોહોમતનામામાં લખવો,

ગુન્હાનું વર્ણન કરવાને તેનું મુકરર નામલખવુંબસછે

જે કાયદા પ્રમાણે તે ગુન્હો થતો હોય તે કાયદામાં તેનું કાંઇ મુકરર નામ પાડયું હોય તો તોહોમતનામામાં ફક્ત તે નામ લખીને તે ગુન્હાનું વર્ણન કરવામાં આવે તો ચાલે.

ગુન્હાનું કાંઇ મુકરર નામ ન હોય ત્યારે તે કેમ લખવો.

જે કાયદા પ્રમાણે તે ગુન્હો થતો હોય તે કાયદામાં તેનું કાંઇ મુકરર નામ પાડયું ન હોય; તો તોહોમતવાળાનો ઉપર જે બાબતનું તોહોમત મુકયું હોય તે બાબતની તેને ખબર મળે એટલો તે ગુન્હાની વ્યાખ્યાનો ભાગ લખવો જોઇએ.

જે કાયદાની તથા તેની જે કલમની વિરૂદ્ધ તે ગુન્હો કર્યાનું કહેવામાં આવ્યું હોય તે કાયદો તથા કલમ તોહોમતનામામાં જણાવવાં.

તોહોમતનામાંઉપરથી શું શું સમજવું.

તોહોમતનામું કર્યું છે એ વાત જે ગુન્હાનું તોહોમત મુકયું હોય તે ગુન્હો થવાને કાયદાસર જે જે સરત કાયદા પ્રમાણે જોઈએ તે તે સરત તે અમુક કામમાં પાર પડીછે, એવું કહ્યા સમાન છે.

તોહોમતનામાની ભાષા.

ઇલાકાનાં મુખ્ય શેહેરોમાં તોહોમતનામું અંગ્રેજીમાં લખવું; બીજે ઠેકાણે તે અંગ્રેજીમાં અથવા કોરટની ભાષામાં લખવું.

અગાઉગુન્હોસાબિત થયાનો ઠરાવ ક્યાં લખવો.

તોહમતવાળાની ઉપર અગાઉ કાંઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય અને જે શિક્ષા ઠરાવવાને કોરટને અધિકાર હોય તે શિક્ષા ઉપર અસર થવા સારૂ અગાઉનો ઠરાવ સાબિત કરવાનો ઇરાદો હોય તો અગાઉ ગુન્હો સાબિત થયાના ઠરાવની વાત તથા તેની તારીખ તથા જગા તોહમતનામામાં લખવી. તે મચકુર લખ્યો નહીં હોય, તો શિક્ષાનો હુકમ કરતાં પેહેલાં કોઈપણ વખતે તે મચકુર વધારવાનો કોરટને અધિકાર છે.

દ્રષ્ટાંતો.

(અ) બ નું ખુન કર્યાનું તોહમત અ. ની ઉપર મુકયું છે એ વાત હેઠળ કહ્યા સમાન છે; એટલે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૯૯ મી અને ૩૦૦ મી કલમમાં ખુનની વ્યાખ્યા લખી છે તે વ્યાખ્યામાં અ. નુ કૃત્ય આવે છે; અને તેજ કાયદાના સાધારણ અપવાદમાંના કોઈ અપવાદમાં તે કૃત્ય આવતું નથી; અને ૩૦૦ મી કલમમાં પાંચ અપવાદ છે તેમાંના કોઇ અપવાદમાં તે કૃત્ય આવતું હોય તો તે અપવાદમાં ત્રણ શરતો છે તેમાંની એક નહીં તો બીજી શરત તેને લાગુ પડે છે.

(બ) ગોળી મારવાનાં હથિયારવડે બંને બુધ્ધિપૂર્વક મહાવ્યથા કરવાનું તોહોમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૪૫ મી કલમ પ્રમાણે અ ની ઉપર મુકયું છે; એ વાત હેઠળ કહ્યા સમાન છે, એટલે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૩૫ મી કલમમાં તે બાબત સંબંધી ઠરાવ્યું નથી, અને તે બાબતને સાધારણ અપવાદો લાગુ પડતા નથી.

(ક) અ ની ઉપર ખુનનું અથવા ઠગાઇનું અથવા ચોરીનું અથવા જબરાઇથી કઢાવવાનું અથવા છિનાળાનું અથવા સાપરાધ ધમકીનું અથવા મિલકતની ખોટી નિશાણી વાપરવાનું તોહોમત આવ્યું છે, હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં એ ગુન્હાઓની જે વ્યાખ્યાઓ લખી છે તે વિષે કાંઇપણ કહ્યા વગર, અ એ ખુન અથવા ઠગાઇ અથવા

ચોરી અથવા જબરાઇથી કઢાડાવવાનો ગુન્હો અથવા છિનાળું કરયું છે અથવા સાપરાધ ધમકી દેખાડી છે. અથવા મિલકતની ખોટી નિશાણી વાપરી છે એટલુંજ તોહોમતનામામાં લખવામાં આવે તો ચાલે. પણ તે ગુન્હા બાબત જે કલમ મુજબ શિક્ષા થઇ શકતી હોય તે કલમ, પ્રત્યેક પ્રસંગે, તોહોમતનામામાં લખવી.

(ડ) સરકારી નોકરના કાયદેસર અખત્યારથી વેચવા કાહાડેલી મિલકતના વેચાણમાં ઇરાદા પૂર્વક અડચણ કરવાનું તોહોમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૮૪ મી કલમ પ્રમાણે અ ની ઉપર મુકયું છે. ત્યારે તોહોમતનામામાં એ શબ્દો લખવા.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૩૯ ના પારેગ્રાફ ૧—૨ ૩–૪–૫–૬ ને મળતી છે, અને છેલ્લા ભાગમાં ઠરાવ થયાની વાત એ શબ્દો પછી જે "તેની તારીખ તથા જગ્યા" એ શબ્દો નવા છે.

આગળ ગુન્હો કર્યાની હકીકત છેવટ ફેંસલો થયા અગાઉ કોઇપણ વખતે વધારી શકાય છે રાણી વિરૂધ્ધ રાજકુમાર બોસ વીકલી રીપોટ ૧૯ પ્ર. ૪૧

આગળ ગુન્હેગાર ઠર્યો હતો એ હકીકતની બાબત છે જેથી તેનો નિર્ણય જજથી નહી પણ જુરીથી થવો જોઈએ ઇશનચંદર દેવ. વી રી. ૨૧ પ્ર. ૪૦

એક સેકંડ કલાસ માજીસ્ત્રેટે તોહોમતવાળાને ૬ મહીના સખત મજુરીની કેદની તથા બસેં રૂપિઆ દંડની અને તે નહી આપે તો એક મહીનો વધારે સખત મજુરીની કેદની એવી શિક્ષા કરી. પીનલકોડના બાબ ૧૨ યા ૧૭ પ્રમાણે તે સખસ ઉપર પેહલાં શિક્ષણીય ગુન્હા કેટલાએક વખત સાબિત થયા છે એ વાત ધ્યાનમાં લઇ (કલમ ૭૫) જીલ્લા માજીસ્ત્રેટે તે મુકદમો એવા સબબથી સલાહ સારૂ મોકલી દીધો જે તે સખસને હમેસ ગુન્હો કરવાની ટેવ છે માટે તેનો ઇનસાફ કરવાનો મજકુર સેકંડ કલાસ માજીસ્ત્રેટને અધિકાર નથી જુ. ક્રી. પ્રો. કો. કલમ ૩૧૫ આ કાયદાની કલમ ૩૪૮ પેસ્તરના ગુન્હાની સાબિતીથી જુના ક્રી. પ્રો. કો. ૩૧૫ આ કાયદાની કલમ ૩૪૮ પ્રમાણે મજકુર સખસ વિશે તપાસ થવી યોગ્ય છે એવો તે જીલ્લા માજીસ્ત્રેટનો અભિપ્રાય છે તેની સાથે હાઇકોરટ મળતા છે તોએ પણ ઇનસાફ કરનાર માજીસ્ત્રેટને મજકુર કલમ ૩૧૫ ઉપરથી પોતાના વ્યાજબી અભિપ્રાય પ્રમાણે ચાલવા વિશે અધિકાર આપવામાં આવેલો છે તે જોતાં મજકુર સેકંડ કલાસ માજીસ્ત્રેટને મજકુર ૩૧૫ ઉપરથી પોતાના વ્યાજબી અભિપ્રાય પ્રમાણે ચાલવા વિશે અધિકાર આપવામાં આવેલો છે તે જોતાં મજકુર સેકંડ કલાસ માજીસ્ત્રેટને અધિકાર નથી એમ આ કોરટ કહી શકતી નથી એવું ઠરાવવામાં આવ્યું અને તેજ કારણુસર નવો ઇનસાફ કરવા સારૂ આ કોરટથી હુકમ કરી શકાતો નથી, કોરટે એમ ઠરાવ્યું કે પેહેલા ગુન્હાની સાબિતી જુના. ક્રી. પ્રો. કો. કલમ ૪૩૯, આ કલમ ૨૨૧ મુજબ ચાર્જમાં દાખલ કીધેલી નથી માટે શિક્ષા વિચારવામાં તેઓનો ઉપયોગ કરી શકાતો નથી, સરકાર વિરૂધ્ધ આણાજી કૃષ્ણા. મુ. હા. કો. ના ઠરાવ તા૰ ૨૪ એપ્રેલ ૧૮૭૩.

વખત, જગાઅને સખસ સંબંધી વિગત. ૨૨૨. જે ગુન્હો કર્યાનું કેહેવામાં આવતું હોય તે ગુન્હાના વખત સંબંધી તથા જગા સંબંધી અને (કોઇ સખસની વિરૂદ્ધ તે ગુન્હો કરવામાં આવ્યો હોય તો) તે સખસ સંબંધી અથવા (કોઇ વસ્તુની બાબતમાં તે ગુન્હો કરવામાં આવ્યો હોયતો) તે વસ્તુ સંબંધી જેટલી વિગત તોહોમતવાળાની ઉપર મુકેલાં તોહોમતની બાબત વિશે તેને ખબર આપવાને વ્યાજબી રીતે બસ થાય તેટલી વિગત તોહમતનામામાં લખવી.

ગુન્હો કર્યાનીરીત ૨૨૩. જ્યારે કામનું સ્વરૂપ એવું હોય કે ૨૨૧ મી અથવા ૨૨૨

ક્યારે લખવી જોઇએ.

ગી કલમમાં કહેલી વિગત ઉપરથી તોહોમતવાળાની ઉપર મુકેલું તોહોમત તેને પુરતું સમજાતુ નહી હોય, ત્યારે જે ગુન્હો કરવાનું કહેવામાં આવતું હોય તે ગુન્હો જે રીતે કર્યો હોય તે રીત સંબંધી જેટલી વિગત પણ તે કારણ સારૂ બસ થાય તેટલી વિગત તોહોમતનામામાં લખવી.

દ્રષ્ટાંતો.

(અ) ફલાણી વખતે ફલાણી જગાએ ફલાણી જણસની ચોરી કર્યાનું તોહોમત અ ની ઉપર આવ્યું છે. ત્યારે કઇ રીતે ચોરી કરી તે રીત તોહોમતનામામાં લખવાની જરૂર નથી.

(બ) ફલાણી વખતે ફલાણી જગાએ બ ને ઠગ્યાનું તોહોમત અ ની ઉપર આવ્યું છે. ત્યારે અ એ બ ને કી રીતે ઠગ્યો તે રીત તોહમતનામામાં લખવી જોઇએ.

(ક) ફલાણી વખતે ફલાણી જગાએ ખોટી સાહેદી આપવાનું તોહમત અ ની ઉપર આવ્યું છે, ત્યારે અ એ આપેલી સાહેદીનો ફલાણો ભાગ ખોટો છે એવું કેહેવામાં આવ્યું હોય તે ભાગ તોહમતનામામાં લખવો જોઈએ.

(ડ) ફલાણી વખતે ફલાણી જગાએ બ. નામનો સરકારી નોકર પોતાનું સરકારી કામ કરતો હોય ત્યારે તેને અડચણ કરવાનું તોહમત અ. ની ઉપર આવ્યું છે. ત્યારે બ. પોતાનું કામ કરતો હતો ત્યારે તેને અ. એ જે રીતે અડચણ કરી તે રીત તોહમતનામામાં લખવી જોઇએ.

(ઇ) ફલાણી વખતે ફલાણી જગાએ બ. નું ખુન કર્યાનું તોહમત અ. ની ઉપર આવ્યુ છે. ત્યારે અ. એ બ. નું ખુન શી રીતે કરયું તે રીત તોહમતનામામાં લખવાની જરૂર નથી.

(ફ) બ. ને શિક્ષામાંથી બચાવવાના ઇરાદાથી કાયદામાં ફરમાવેલો હુકમ નહિં માનવાનું તોહમત અ. ની ઉપર આવ્યું છે. ત્યારે જે હુકમ નહિં માન્યાનું તોહમત હોય તે હુકમ નહીં માન્યાની વાત અ. એ જે કાયદો તોડયો હોય તે કાયદો એ બેઉ વાનાં તોહમતનામામાં લખવાં જોઈએ.

તોહમતનામામાં હેનાશબ્દોનો અર્થ જેકાયદાપ્રમાણે ગુન્હોશિક્ષાકરવાલાયકહોયતેકાયદાપ્રમાણે કરવો.

૨૨૪ દરએક તોહમતનામામાં ગુન્હાનું વર્ણન કરવામાં વાપરેલા શબ્દો જે કાયદા પ્રમાણે સદરહુ ગુન્હો શિક્ષા કરવા લાયક હોય તે કાયદામાં તેમનો જે અર્થ કર્યો હોય તે અર્થમાં વાપરેલા છે એવું સમજવું.

ચુકનું ફળ.

૨૨૫. તોહમતનામામાં જે ગુન્હો અથવા વિગત લખવી જોઈએ તે લખવામાં કાંઇ ચુક પડે તેથી, અને તે ગુન્હો અથવા વિગત લખવામાં કાંઇ કસુર થાય તેથી તોહમતવાળો ઉલટું સમજ્યો નહીં હોય તો તે ચુક અથવા કસુર મુદ્દાની છે એવું મુકદમો ચાલતો હોય ત્યારે કોઇપણ વખતે સમજવું નહીં.

દૃષ્ટાંતો.

(અ) "ખોટા શિક્કો પોતાના કબજામાં આવ્યો તે વખતે તે ખોટો છે એમ જાણ્યા છતાં

તે શિક્કો પોતાના કબજામાં રાખ્યાનું" તોહમત હિંદુસ્થાનના ફોજદારી કાયદાની ૨૪૨ મી કલમ પ્રમાણે અ ની ઉપર મુક્યું છે. "દગલબાજીથી" આ શબ્દ તોહમતનામામાં મુકી દીધો છે. આ શબ્દ મુકી દીધાથી અ ખરેખર ઉલટુ સમજ્યો એવું જણાતું નહિં હોય તો તે ચુક મુદ્દાની છે એવું સમજવું નહીં.

(બ) બ. ને ઠગવાનું તોહમત અ. ની ઉપર મુક્યું છે, અને તેણે બ. ને શી રીતે ઠગ્યો તે રીત તોહમતનામામાં લખી નથી અથવા ખોટી લખી છે. અ. પોતાનો જવાબ કરે છે, અને સાહેદોને બોલાવે છે. તથા એ કામ શી રીતે બન્યું તે વિશે પોતાનો હેવાલ આપે છે. ત્યારે ઠગાઇ શી રીતે કરી તે રીત તોહમતનામામાં લખવાની કસુર કરી, તે મુદ્દાની નથી એવું અનુમાન કરવાનો અખત્યાર કોરટને છે.

(ક) બ. ને ઠગવાનું તોહમત અ. ની ઉપર મુક્યું છે, અને તેણે બ. ને શી રીતે ઠગ્યો તે રીત તોહમતનામામાં લખી નથી, અ. ને તથા બ. ને ઘણી આપ લે થઇ હતી, અને તોહમત કાંઇ આપ લે બાબત છે તે જાણવાનું સાધન બ. ની પાસે નહીં હતું માટે તેણે કાંઇ જવાબ કર્યો નહીં. ઠગાઇ શી રીતે કરી તે રીત તોહમતનામામાં લખવાની કસુર કરી તે મુદ્દાની ચુક છે એવું અનુમાન સદરહુ વાતો ઉપરથી કરવાનો કોરટને અખત્યાર છે.

(ડ) સન ૧૮૭૨ ના જાન્યુઆરી મહિનાની ૨૧ મી તારીખે ખુદાબક્ષનું ખુન કર્યાનું તોહમત અ. ની ઉપર મુક્યું છે. ખરૂં જોતાં જે માણસનું ખુન કર્યું તેનુ નામ હૈદરબક્ષ હતું. અને ખુન થયાની તારીખ ૨૦ મી જાન્યુઆરી સન ૧૮૭૨ એ હતી. એ ક ખુન સિવાય બીજા કોઈ ખુનનું તોહમત અ. ની ઊપર મુકેલું નહીં હતું. અને માજીસ્ત્રેટની આગળ જે ચોકસી થઇ તે હૈદરબક્ષના મુકદમા બાબતજ હતી, અને તે ચોકસી અ. એ સાંભળી છે અ. ઉલટુ સમજ્યો નથી. અને તોહમતનામાં માંહેની તે ચુક મુદ્દાની નથી એવું એ વાતો ઉપરથી અનુમાન કરવાનો અખત્યાર કોરટને છે.

(ઇ) અ ની ઉપર સન ૧૮૭૨ ના જાન્યુઆરી મહિનાની ૨૦ મી તારીખે હૈદરબક્ષનું ખુન કર્યાનું અને તેને ખુન બાબત પકડવાનો યત્ન ખુદાબક્ષ કરતો હતો તેનું સન ૧૮૭૨ ના જાન્યુઆરી મહિનાની ૨૧ મી તારીખે ખુન કર્યાનું તોહમત મૂક્યું છે, હૈદરબક્ષના ખુનનું તોહમત મૂક્યું હતું ત્યારે ખુદાબક્ષના ખુનનાં તોહમત બાબત તેનો ઈનસાફ થયો. તેનો જવાબ કરતી વખતે જે સાહેદો હાજર હતા. તે હૈદરબક્ષના મૂકદમાના સાહેદો હતા એ ઉપરથી અ ઉલટું સમજ્યો હતો. અને તે ચુક મુદ્દાની હતી એવું અનુમાન કરવાનો અખત્યાર કોરટને છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૪૩ ને મળતી છે, તોહમતનામામાં ગુન્હાનું વર્ણન લખવા વગેરેની ભુલ થઈ હોય તો તેથી શું અસર થાય છે તે માટે આ કલમ છે.

હીં. ફોજદારી કાયદાની કલમ ૪૧૧ પ્રમાણેના તોહમતમાં "બદદાન નથી" મિલકત લીધાનું લખવું રહી ગયું હોય. પણ તેથી કેદીને કાંઈ નુકશાન થયું ન હોયતો તેટલા કારણથી સઘળું કામ રદ થાય નહીં.—રાણી વિરૂધ્ધ રખમા અને બીજા મું. હા. રી. ૧૦ પ્ર ૩૭૩

તોહમતનામું મોઘમ મૂકેલું હોય અને તેમ હોવાથી તોહમતદારને જવાબ આપવાના કામમાં નુકશાન થયું થયું હોય તો સઘળું કામ રદ થાય—કૈસરે હીંદ વિ. બાબનખાન મસકોજી ઇંડીયન લા. રી. ૨ મુબાઈ. વા. ૨ પ્ર. ૧૪૨

તોહમતનામા વગર અથવા અધુરૂ તોહમત મુકીને કમિટ કરવામાં આવે ત્યારે કેમ કરવું

૨૨૬. જ્યારે કોઇપણ સખસને તોહમતનામા વગર અથવા અધુરૂં અથવા ભુલ ભરેલું તોહમત મુકીને તેનો ઈનસાફ થવા સારૂ કમિટ કરવામાં આવે, ત્યારે કોરટને અથવા હાઈકોરટની બાબતમાં કલાર્ક આફ ધી ક્રૌનને તોહમતનામું તૈયાર કરવાનો અથવા તોહમતનામામાં ઉમેરો કરવાનો અથવા બીજી રીતે ફેરફાર કરવાનો, જેમ હોય તેમ અધિકાર છે; અને તેમ કરવામાં તોહમતનામાં બાબત આ કાયદા માંહેના નમુના સબંધી કાનુનો ઉપર ધ્યાન આપવું.

કોરટનેતોહોમતનામામાં ફેરફારકરવાનોઅધિકારછે

૨૨૭ કોઇ પણ કોરટ ફેંસલો જણાવવાની પેહેલાં અથવા સેશન કોરટની અથવા હાઇકોરટની આગળ ઇનસાફનાં કામ ચાલતાં હોય તે બાબતમાં, જ્યુરી પોતાનો ઠરાવ કેહે તેની પેહેલાં અથવા આસેસરો પોતાના અભિપ્રાય જણાવે તેની પેહેલાં કોઇપણ વખતે કોઈ પણ તોહોમતનામામાં ફેરફાર કરવાને મુખત્યાર છે.

સદરહુ પ્રકારનો દરએક ફેરફાર તોહોમતવાળાને વાંચી સંભળાવવો તથા સમજાવવો.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૪૪. ૪૪૫ ને મળતી છે તોહોમત ફેરવવા માટે કોરટનો કેવો અધિકાર છે તેની રીતી માટે આ કલમ છે. જ્યુરીએ પોતાનો નીવેડો આપ્યા પછી તોહોમત ફેરવી શકાય નહી એવું આગળ ઠર્યું છે. રાણી વિરૂધ સેબઆલી. મુંબાઇ હાઈકોરટ રીપોટ, કો કે. વા. ૫ પ્રૃ૦ ૯

ખુનના તોહોમત માટે આસેસરોએ પોતાનો મત આપ્યા પછી તેમને રજા મળી, જડજે પાછળથી ખુનનું તોહોમત ફેરવી શીક્ષાજોગ મનુષ્યવધનું તોહોમત રાખ્યું અને કેદીને સજા કરી તે એ પ્રમાણે ફેરવેલું તોહોમત ગેરવ્યાજબી ઠરયું—રાણી વિરૂધ ડોઇબોલા. વીકલી રીપોટ ૧ પ્ર. ૪૦

તોહોમત મુકી તોહોમતદારને સેશન કમીટ કરવામાં આવ્યો હોય તે તોહોમતને બદલે બીજુ તોહોમત સેસનજડજ મુકી શકેછે, પણ નીચલી કોરટે મુકેલા તોહોમતથી તદન જુદુજ હોય એવું નવું તોહોમત વધારવા તેનો અધિકાર નથી—રાણી વિરૂધ વારીજ અલી અલહાબાદ હાઇકોરટ રીપોટ વા, ૩ પ્ર, ૩૩૧.

ફેરફારકર્યા પછી ઈનસાફનુંકામ તુરતક્યારે ચલાવી શકાય.

૨૨૮ ૨૨૬ મી કલમ મુજબ અથવા ૨૨૭ મી કલમ મુજબ તૈયાર કરેલું તોહોમતનામું અથવા કરેલો ફેરફાર જો એવી તરેહનો હોય કે પછી તુરત તે ઈનસાફનું કામ ચલાવવાથી કોરટના અભિપ્રાય પ્રમાણે, તોહોમતવાળાને પોતાનો જવાબ કરવામાં અથવા ફરિયાદનું કામ ચલાવનારને તે મુકદમો ચલાવવામાં કાંઇ નુકશાન થવાનો સંભવ નથી, તો સદરહુ તોહોમતનામું તઇયાર કર્યા પછી, અથવા સદરહુ ફેરફાર કર્યા પછી, જાણે તે નવું અથવા ફેરફાર કરેલું તોહોમતનામું અસલ તોહોમતનામું હોય એવી રીતે, તે ઈનસાફનું કામ, પોતાની નજરમાં આવે તો, ચલાવવાને તે કોરટ મુખત્યાર છે.

નવેસરથીઇનસાફ કરવાનુંક્યારે ફરમાવી શકાય અથવા ઇનસાફ ક્યારે મુલતવીરાખી શ

૨૨૯ જો તે નવું અથવા ફેરફાર કરેલું તોહોમતનામું એવી તરેહ હોય કે પછી તુરત તે ઇનસાફનું કામ ચલાવવાથી, કોરટના અભિપ્રાય પ્રમાણે તોહોમતવાળાને અથવા ફરીયાદનું-કામ ચલાવનારને ઉપર કહ્યા મુજબ નુકશાન થવાનો સંભવ છે, તો નવેસરથી ઈનસાફ કરવાનુ ફરમાવવાને અથવા જેટલી મુદત જરૂરની હોય તેટલી મુદત સુધી ઇનસા-

કાય. ફનું કામ મુલતવી રાખવાને તે કોરટ મુખત્યાર છે.

ફેરફાર કરેલાતો હોમતનામાં માંહે ના ગુન્હા બાબત ફરિયાદનું કામ ચલાવવા સારૂ અગાઉથી મંજુરીયત જોઇતી હોયતો કામ બંધ રાખવું.

૨૩૦ જો તે નવાં અથવા ફેરફાર કરેલાં તોહોમતનામામાં લખેલા ગુન્હા બાબત ફરિયાદનું કામ ચલાવવા સારૂ અગાઉથી મંજુરીયત લેવી જરૂરની હોય, તો તે મંજુરીયત મેળવવામાં આવે ત્યાં સુધી તે મુકદમો ચલાવવો નહીં, પણ જે હકીકતોને આધારે તે નવું અથવા ફેરફાર કરેલું તોહોમતનામું બનાવ્યું હોય તેજ હકીકતોને આધારે ફરીયાદનું કામ ચલાવવા સારૂ મંજુરીયત લેવાઈ ચુકી હોય તો તે મુકદમો ચલાવવાને હરકત નથી.

જ્યારે તોહોમતનામાંમાં ફેરફાર કરવામાં આવે ત્યારે સાહેદોને પાછા બોલાવવાબાબત.

૨૩૧. જ્યારે ઈનસાફ સરૂ થયા પછી, કોરટ કોઇ તોહમતનામામાં ફેરફાર કરે, ત્યારે સાહેદની જુબાની લેવાઇ હોય તે સાહેદને ફરીથી બોલાવીને અથવા ફરીથી સમન કરીને સદરહુ ફેરફારના સબંધમાં તેની જુબાની લેવાની છુટ ફરીયાદનું કામ ચલાવનારને તથા તોહમતવાળાને આપવી.

મુદ્દાની ચુકનું ફળ.

૨૩૨. કોઈ પણ અપીલ કોરટના અથવા હાઈકોરટ તપાસ કરવાનો અથવા ૨૭ મા બાબ મુજબનો પોતાનો અધિકાર ચલાવતાં હોય ત્યારે હાઇકોરટના મતમાં એમ આવે કે જે સખસના ઉપર કોઈ ગુન્હો સાબિત થવાનો ઠરાવ થયલો છે તે સખસ કાંઇ તોહમતનામું નહીં હોવાને લીધે અથવા તોહમતનામામાં કાંઇ ચુકને લીધે પોતાનો જવાબ કરવામાં ઉલટું સમજ્યો છે. ત્યારે પોતે દુરસ્ત ધારે એવી ગમે તે રીતે તોહમતનામું તઇયાર કરીને તે ઉપરથી ઇનસાફ નવેસરથી કરવાનું તે કોરટે ફરમાવવું.

જો તે કોરટની નજરમાં એવું આવે કે સાબિત થયેલી હકીકતોના સબંધમાં તોહમતવાળાના ઉપર કાંઈ કાયદેસર તોહમત મૂકી શકાય નહીં એવી તે મુકદમાની હકીકત છે તો તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ તે કોરટે રદ કરવો.

દ્રષ્ટાંત.

અ. ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૬ મી કલમ પ્રમાણે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવામાં આવ્યો છે, અને જે સાહેદી આપવા પુરાવાને ખરી સાહેદી અથવા ખરાં પુરાવાની માફક તેણે દુષ્ટ ભાવથી વાપર્યો અથવા વાપરવાની કોશીસ કરી તે સાહેદી ખોટી છે અથવા તે પુરાવો બનાવટનો છે એવું તે જાણતો હતો એવો મજકુર તોહમતનામાં મુકી દીધો છે. અ. ને સદરહુ પ્રકારનું જ્ઞાન હતું, અને તે વાતનો મજકુર તોહમતનામામાં મૂકી દેવાથી તે પોતાનો જવાબ કરવામાં ઉલટું સમજેલો એવું તે કોરટને સંભવિત લાગે, તો તોહમતનામામાં સુધારો કરીને તે ઉપરથી ઈનસાફ નવેસરથી કરવાનું તે કોરટે ફરમાવવું; પણ અ, ને સદરહુ પ્રકારનું કાંઇ જ્ઞાન હતું નહીં એવું ચલાવેલાં કામ ઉપરથી સંભવિત જણાય, તો તે સાબિત થયાનો ઠરાવ તે કોરટે રદ કરવો.

તોહોમતનામા એકઠાં કરવાં.

જુદાજુદા ગુન્હા

૨૩૩. કોઇપણ સખસની ઉપર જુદા જુદા ગુન્હાના તોહમત મુકવા-

બાબત જુદાજુદા તોહમતનામાં. માં આવે ત્યારે તે દરેક ગુન્હા બાબત જુદુ જુદુ તોહમત મુકવું, અને તે દરેક તોહમતનો ઇનસાફ જુદો જુદો કરવો જોઇએ, પણ ૨૩૪ મી, ૨૩૫ મી, ૨૩૬ મી, અને ૨૩૯ મી કલમોમાં કહેલી બાબતોમાં તેમ નહીં કરવું.

દ્રષ્ટાંતો.

એક વખતે ચોરી કર્યાનું અને બીજી વખતે મહાવ્યથા કર્યાનું તોહોમત અ ની ઉપર આવ્યું છે. ચોરી બાબત અને મહાવ્યથા કર્યા બાબત અ ની ઉપર જુદુ જુદુ તોહોમત મુકીને જુદો જુદો ઈનસાફ કરવો.

એક વરસમાં એકજ જાતના ત્રણ ગુન્હા કર્યા હોયતે ઓનું એકઠું તોહોમત મુકવાનો અધિકાર છે. ૨૩૪ જ્યારે એકજ જાતના એક કરતાં વત્તા ગુન્હા પેહેલેથી તે છેલ્લા ગુન્હા સુધી બાર મહીનાની મુદતમાંહે કર્યાનું તોહોમત કોઈ સખસની ઉપર આવ્યું હોય ત્યારે તે ગુન્હાઓમાંના ધણાગાં ધણા ત્રણ ગુન્હા સુધી ગમે તેટલા ગુન્હાઓનું તોહોમત તે સખસની ઉપર મુકીને તે બાબત તેનો એકજ વખતે ઈનસાફ કરવાનો અધિકાર છે.

જે ગુન્હાઓ બાબત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની અથવા હરકોઈ વિષય અથવા સ્થાનિક કાયદાની એકજ કલમ પ્રમાણે એકસરખી સિક્ષા થઇ શકે તે ગુન્હાઓ એકજ જાતના છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ ૪૫૩ ને મળતી છે. એક વરસમાં કેદીએ જુદા જુદા ઘણા ગુન્હા કર્યા હોય તો તે ગુન્હા માટે જુદા જુદા તોહોમત મુકી તેનો એકજ દિવસે જુદો જુદો ઇનસાફ કરવાને હરકત નથી—રાણી વિરૂદ્ધ રામબાઈ કપા. ઈંડીયન લા રીપોર્ટ કલકતા વા. ૨૦ પ્ર. ૫૪૦

તોહોમતદારે જુદા જુદા સખસના સબંધમાં ગુન્હા કર્યા હોય તો સાથે તોહોમત મુકાય નહી એકજ સખસ ફરીયાદી હોય તો એકઠાં તોહોમત મુકાય—કેસરે હીંદ વિરૂધ મુરારી. ઇંડીયન લા રીપોર્ટ અલ્હાબાદ વા. ૪ પ્ર. ૧૪૭.

એકજ જાતના જે ત્રણ કરતાં વધારે ગુન્હાઓ એક વરસમાં બનેલા હોય તે ગુન્હાઓનો ઇનસાફ જુદુ જુદુ કામ ચલાવી કર્યો. આવા પ્રસંગે આ તમામ ગુન્હાઓને માટે માજીસ્ત્રેટ ફકત પોતાના અધિકારથી બમણી શિક્ષા કરી શકે છે એમ નથી. આવા પ્રસંગે દરેક ગુન્હા ને માટે પોતાને જે શિક્ષા કરવાનો અધિકાર છે તેટલી શિક્ષા તે માજીસ્ત્રેટ કરી શકે છે દોલતીયા વિગેરેના કામમાં ઈંડીયન લા. રીપોર્ટ અલ્હાબાદ વા. ૩ પ્ર. ૩૦૫

૧ એકકરતાં વત્તા ગુન્હા બાબત ઇનસાફ. ૨૩૫ ૧—કેટલાંએક કૃત્યોનો એક બીજા સાથે એવો સબંધ હોય કે તેથી તે કૃત્યો મળીને એકજ કામ થાય તેવાં કૃત્યો કરવામાં જો એકજ સખસે એક કરતાં વત્તા ગુન્હા કર્યા હોય, તો એવા દરએક ગુન્હાનું તોહોમત તે સખસની ઉપર મુકીને તે બાબત તેનો ઇનસાફ એકજ વખતે કરવાનો અધિકાર છે.

૨–એક ગુન્હાને બે વ્યાખ્યા લાગુ હોય તે ગુન્હો. ૨.—જે કૃત્યો કર્યાનું કેહેવામાં આવતું હોય તે કૃત્યો મળીને એક ગુન્હો થાય અને જે કોઇ ચાલુ કાયદામાં ગુન્હાઓની વ્યાખ્યા અથવા શિક્ષા કહેલી હોય તે કાયદાની બે અથવા વધારે જુદી જુદી વ્યાખ્યા તે ગુન્હાને લાગુ હોય, તો જે સખસની ઉપર તે કૃત્યોનું તોહોમત આવ્યું

હાય તે સખસની ઉપર સદરહુ ગુન્હાઓમાંના દરએક ગુન્હાઓનું તોહોમત મુકીને તે બાબત તેનો એકજ વખતે ઇનસાફ કરવાનો અધિકાર છે.

૩-જે કૃત્યો (છુટા છુટા લેવાથી) એક ગુન્હો થાય, પણએકઠાંલેવાથી કાંઇ જુદો ગુન્હો થાય તેવાં કૃત્યો.

૩—જે કૃત્યોમાંનું એક અથવા એક કરતાં વધારે કૃત્ય જાતેજ કાંઈ ગુન્હો થાય તેવાં કેટલાએક કૃત્યોને જ્યારે એકઠાં કરવામાં આવે ત્યારે કાંઇ જુદોજ ગુન્હો થાય, તો જે સખસની ઉપર તે કૃત્યોનું તોહોમત આવ્યું હોય તે સખસની ઉપર જે ગુન્હો સદરહુ કૃત્યો એકઠાં કરવાથી થતો હોય તે ગુન્હાનું અથવા જે ગુન્હો સદરહુ કૃત્યોમાંના એક અથવા વધારે કૃત્યથી થતો હોય તે ગુન્હાનું તોહોમત મુકીને તે બાબત તેનો એકજ વખતે ઇનસાફ કરવાનો અધિકાર છે.

આ કલમના કોઇ પણ મચકુરથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૭૧ મી કલમ ને બાધ આવશે નહી.

દ્રષ્ટાંતો.

૧ લા પારેગ્રાફનાં—

(અ) બ નામનો સખસ કાયદાસર કેદમાં છે તેને અ છોડાવે છે, અને તેમ કરવામાં ક-નામના જે કાન્સ્ટેબલના પેહેરામાં બ હતો તે કન્સ્ટેબલને મહાવ્યથા કરે છે. અ ની ઉપર હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૨૫ મી તથા ૩૪૩ મી કલમમાં કહેલા ગુન્હામાં તોહોમત મુકવાનો અને તે ગુન્હા બાબત તેનો ઇનસાફ કરવાનો અધિકાર છે.

(બ) છીનાળુ કરવાના ઈરાદાથી અ દાહાડે ઘર ફોડે છે, અને જે ઘરમાં એ પ્રમાણે પ્રવેશ કર્યો, તે ઘરમાં બ ની બાયડી સાથે છિનાળું કરે છે. અ ની ઉપર હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૫૪ મી તથા ૪૯૭ મી કલમ મુજબના ગુન્હાનું જુદુ જુદુ તોહોમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબીત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(ક) બ જે ક ની બાયડી છે તેની સાથે છિનાળુ કરવાના ઈરાદાથી અ બ ને ફોસલાવીને ક ની પાસેથી લઈ જાય છે, અને પછી તેની સાથે છિનાળુ કરે છે, અ ની ઉપર હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૮ મી તથા ૪૯૭ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદા જુદા તોહોમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(ડ) અ ના કબજામાં કેટલીએક મોહોરો છે અને તે ખોટી છે એવું તે જાણે છે. અને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૬ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કેટલાએક ખોટા લેખ બનાવવાના ગુન્હા* કરવાસારૂ તે મોહોરોનો ઉપયોગ કરવાનો તે ઇરાદો રાખે છે. અ ની ઊપર હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૭૩ મી કલમ પ્રમાણે દરએક મોહોર રાખવા બાબત જુદુ જુદુ તોહોમત મુકવાનો અને તેની ઉપર તે ગુન્હા સાબીત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(ઈ) બ ને નુકસાન કરવાના ઈરાદાથી અ તેની ઉપર ફોજદારી કામ માંડે છે અને એ પ્રમાણે કામ માંડવા માટે કાંઇ વ્યાજબી અથવા કાયદેસર આધાર નથી એવું તે જાણે છે, અને વળી તે બ ની ઉપર કાંઇ ગુન્હો કર્યાનું જુઠું તોહમત મુકે છે અને તે તોહમત માટે કાંઇ વ્યાજબી અથવા કાયદેસર આધાર નથી એવું તે જાણે છે.

અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૧૧ મી કલમ પ્રમાણે બે ગુન્હા કરવા લાયક જુદા જુદા તોહમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાનો જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(ફ) બ ને નુકસાન કરવાના ઇરાદાથી અ તેની ઉપર કાંઈ ગુન્હો કર્યાનું જુઠું તોહમત મુકે છે. અને તે તોહમત માટે કાંઇ વ્યાજબી અથવા કાયદેસર કારણ નથી એવું તે જાણે છે, ઇનસાફની વખતે અ. બ ની વિરૂદ્ધ ખોટી શાહેદી આપે છે, અને એ પ્રમાણે બ ની ઉપર દેહાન્ત શિક્ષા કરવા લાયક કોઇ ગુન્હો સાબિત થવાનો ઠરાવ કરાવવાનો ઈરાદો રાખે છે અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૧૧ મી અને ૧૯૪ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદા જુદા તોહમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(ગ) અ બીજા છ માણસોની સાથે મળીને હંગામાનો, મહાબ્યયાનો, અને કોઈ સરકારી નોકર પોતાના હુદ્દાનું કામ બજાવતાં તે હંગામો બંધ પાડવાનો યત્ન કરતો હોય ત્યારે તેની ઉપર હુમલો કરવાનો ગુન્હો કરે છે. અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૪૭ મી, ૩૨૫ મી અને ૧૫૨ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદા જુદા તોહમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(હ) બ, ક અને ડ ના મનમાં દેહેસત ઉત્પન કરવાના ઈરાદાથી અ તેમનાં શરીરને નુકસાન કરવાની ધમકી એકજ વખતે ત્રણને દેખાડે છે, અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૫૦૬ ઠી કલમ પ્રમાણે એ ત્રણ ગુન્હામાંના દરએક ગુન્હા બાબત જુદુ જુદુ તોહમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબિત થવાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(અ) થી (હ) સુધીના દ્રષ્ટાંતોમાં કહેલાં જુદા જુદા તોહમતોનો ઇનસાફ એકજ વખત કરવાનો અધિકાર છે.

૨ જા પારેગ્રાફનાં—

(આઈ) અ એક નેતરવતી બ ને ગેરવ્યાજબી રીતે મારે છે. અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૫૨ મી તથા ૩૨૩ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદા જુદા તોહમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(જે) કેટલીએક ચોરેલી દાણાની ગુણો અ ને તથા બ ને સંતાડવાનાં કારણ સારૂ સ્વાધીન કરવામાં આવી છે, તે ચોરીની મિલકત છે એવું તેઓ જાણે છે, પછી તે ગુણો એક કોઠારને તળીએ સંતાડવાને અ તથા બ એક બીજાને બુધ્ધિપૂર્વક મદદ કરે છે. અ તથા બ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૧૧ મી તથા ૪૧૪ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદા જુદા તોહમત મુકવાનો, અને તેમની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(કે) અ પોતાનું બચ્ચું ખુલ્લું મુકે છે તેથી તે એનું મોત આણશે એવું તે જાણે છે, સદરહુ પ્રમાણે ખુલ્લું મુકવાથી તે બચ્ચું મરી જાય છે, અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૧૭ મી તથા ૩૦૪ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદાં

જુદાં તોહમત મુકવાનો અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(લ) બ નામના એક સરકારી નોકરની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૭ મી કલમ પ્રમાણે ગુન્હો સાબિત કરવા માટે અ એક બનાવટના દસ્તાવેજનો ખરા પુરાવા ગાફક બદદયાનતથી ઉપયોગ કરે છે. અ ની ઉપર તેજ કાયદાની ૪૭૧ મી કલમ (સાથે ૪૬૬ મી કલમ ધ્યાનમાં લઇને) અને ૧૯૬ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદાં જુદાં તોહમત મુકવાના અને તેની ઉપર તે તે ગુન્હાનો સાબિતીના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

૩ જા પારેગ્રાફનું—

(મ) અ. બ નું અપહરણ કરે છે, અને તેમ કરવામાં તેને બુધિપૂર્વક વ્યથા કરે છે. અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૨૩ મી તથા ૩૯૨ મી તથા ૩૯૪ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદાં જુદાં તોહમત મુકવાનો અને તેની ઉપર તે ગુન્હા સાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૫૪ ને મળતી છે અને કેટલોક ભાગ નવો દાખલ કરેલો છે.

તોહમતવાળા સખસે એક ઘરના એકજ ઓરડામાંથી રાત્રે બે જુદા જુદા સખસોનો માલ ચોર્યો. ઠરાવ એમ થયો કે બે સખસોના સામે બે ગુન્હા કર્યાનું સાબેત કરી ઠરાવ કરી શકાય નહી પરંતુ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૫૭ મુજબ ઘર ફોડી ચોરી કરવાનો ગુન્હો સાબિત કરી ઠરાવ કરાય—રાણી વિરૂધ્ધ સેખ મુનીરાહ વીકલી રીપોટ ક્રી. રૂ. ૧૧ પ્ર. ૩૪

જે કામમાં ખરૂ જોતાં એક ગુન્હો થયેલો હતો અને સેશન જડજે ૫૦૬ અને ૫૦૭ એ બંને કલમો મુજબ બે જુદા તોહમતનામા ઉપર એક સખસને સાપ્રાધ ધમકીનો ગુન્હેગાર ઠરાવ્યો; એ કામમાં હાઈકોરટે બીજા તોહમતનો ઠરાવ રદ કર્યો—રાણી વિરૂધ્ધ ઝોરા કાદુબેગ ૪. મુ. હા. કો રી. ક્રી. કે ૧૨

કેદી તુકયાં બીન તેમનાપર રાત્રે ઘર ફોડયા બદલ ઇં. પી કો. કલમ ૪૫૭ પ્રમાણે અને રહેવાના ઘરમાં ચોરી કર્યા માટે પીનલકોડ કલમ ૩૮૦ પ્રમાણે આરોપ મુકી આમુપર જીલ્લે બેલગામના પેહેલા વરગના માજીસ્ત્રેટ શ્રીનીવાસ બાળાજીએ તેની ચોકસી કરી અને તેના ઉપર બે ગુન્હાની સાબિતી થવાથી બંને બદલ એકઠી પંદર મહીનાની સખત મંજુરીની કેદની શિક્ષા કરી. તે માજીસ્ત્રેટના ફોજદારી રીટર્નની તપાસણી થઇ તે વખતે હાઇકોરટે સરકાર વિરૂદ્ધ હરિદાસના કામમાં કરેલા ઠરાવ પ્રમાણે બેઉ અપરાધ બદલ પેહેલા વરગના માજીસ્ત્રેટે જુદી જુદી શિક્ષા કરી નથી. આ કામમાં મુદાની ચુક થઇ છે કે નહીં ? એ જોવા માટે આ કામના કાગળ પત્ર અને પ્રોસીડીંગ મંગાવ્યું, કાગળો જોઇ હાઇકોરટે એમ ઠરાવ્યું કે ચોરી કરવાના ઇરાદે રાત્રે ઘર ફોડવું અને ચોરી કરવી એવા બે ગુન્હાની સાબિતી એકજ કામમાં થઇ તો તે અપરાધ બદલ એકજ શિક્ષા કરી તોપણ ચિંતા નથી પરંતુ તે શિક્ષા તે પૈકીમાં જે ભારે ગુન્હો હોય તેને માટે કાયદામાં જે શિક્ષા ફરમાવી હોય તે શિક્ષાથી જાસ્તી કરવી નહીં જોઇએ; કીંવા તે પૈકી પ્રત્યેક ગુન્હા બદલ જુદી જુદી શિક્ષા આપવી અને તે જુદી જુદી શિક્ષા પણ તેમાંના જાસ્તી ગુન્હા બદલ કાયદામાં ફરમાવેલી શિક્ષા કરતાં વધવી ન જોઈએ. તેમજ જુના ક્રીમીનલ પ્રોસીજર કોડ ૪૫૩ નવાની (કલમ ૨૩૪) પ્રમાણે જુદા જુદા ગુન્હા બદલ જે કામમાં એકજ તોહમત સાબિત કર્યું હોય તે વખતે જુદા અપરાધ બદલ જુદી શિક્ષા કરે કિંવા સર્વ અપરાધ બદલ ગણીને એકજ શિક્ષા કરે તોપણ હરકત નથી. સરકાર વિરૂદ્ધ તુકયાબીન તગના. ઇંડિયન લા, રીપોટ મુંબઈ વા. ૧ પ્ર. ૨૧૪

ચોરી કરવા સારૂ રાતરે ઘર ફોડવું તથા રેહેવાના ઘરમાં ચોરી કરવી એ ગુન્હાઓ જુના ક્રી. પ્રો. કો. કલમ ૪૫૪ પારેગ્રફ ૩ આ કલમ ૨૩૫ મુજબ શિક્ષા કરવાસારૂ એક ગુન્હા જેવા સમજવા એમ છે. માટે તે ગુન્હાઓની સાબિતીના ઠરાવ ઊપરથી એક ગુન્હાને સારૂ બમણી કેદની શિક્ષા તથા બીજા ગુન્હાને સારૂ ફટકા મારવાની શિક્ષા એમ કાયદેસર રીતે કરાય નહીં. સરકાર વિરૂદ્ધ ગોવીંદાબીન રામા વિગેરે મુંબઈ હાઇકોરટનો ઠરાવ તા. ૧૧ મી ડીસેંબર સન ૧૮૭૩.

તોહમતદાર ચોરી કરવાના ઇરાદાથી બાર વરસની અંદરની વયના એક છોકરાને એક ઠેકાણે લલચાવી લઈ ગયો, અને ત્યાંહાં તે છોકરાના અંગ ઉપરથી તેણે બદદાનતથી કેટલાક દાગીના કાઢી લીધા. સેશન જડજે પેહેલા ચોરી કરવાના ઇરાદાથી હરણ કરવાના ગુન્હાનો તથા બીજીવાર ચોરીના ગુન્હાનો એ રીતે તોહમતદારને ગુન્હેગાર ઠેરવ્યો. એ પ્રમાણે ગુન્હેગાર ઠેરવી પેહેલી બાબત વિશે તેને એક વરસ સખત મજુરી કેદની શિક્ષા કરી તથા બીજી બાબત વિશે તેને પંચોતેર ફટકા મારવાની શિક્ષા કરી, તેમાં ઠરાવ્યું કે જુના ક્રી. પ્રો. કો. કલમ ૪૫૪ આ (કલમ ૨૩૫) મુજબ કેદની તથા ફટકાની બેવડી શિક્ષા ગેર કાયદેસર છે. સરકાર વિ. દાદા પરસરામ મુ. હા. કોરટનો ઠરાવ તા. ૨ મે સને ૧૮૭૯.

કયોગુન્હો કર્યોછે તેનોશક હોયત્યારે કેમ કરવું.

૨૩૬. જે વાતો સાબિત થઇ શકે છે તે ઉપરથી કેટલાએક ગુન્હાઓમાંનો કયો ગુન્હો થાય છે તે બાબત શક પડે એવા પ્રકારનું એકજ કૃત્ય હોય અથવા કૃત્યોનો સમુદાય હોય ત્યારે તોહમતવાળાની ઉપર સદરહુ પ્રકારના સઘળા ગુન્હા અથવા તેમાંનો હરકોઇ ગુન્હો કર્યાનું તોહમત મુકવાનો અધિકાર છે, અને સદરહુ પ્રકારનાં ગમે તેટલાં તોહમતોનો એકી વખતે ઈનસાફ કરવાનો અધિકાર છે; અથવા સદરહુ ગુન્હાઓમાંનો એક નહીં તો બીજો ગુન્હો કર્યાનું તોહમત વિકલ્પની રીતે તેની ઉપર મુકવાનો અધિકાર છે.

દ્રષ્ટાંત.

ચોરી કરવાનો અથવા ચોરીની મિલકત લેવાનો, અથવા સાપરાધ વિશ્વાસઘાત કરવાનો, અથવા ઠગાઇ કરવાનો. અથવા ગુન્હો થયો હોય એવાં કાંઈ કૃત્યનું તોહમત અ. ની ઊપર આવ્યું છે ત્યારે ચોરી કરવાનું અથવા ચોરીની મિલકત લેવાનું તથા સાપરાધ વિશ્વાસઘાત કરવાનું તથા ઠગાઈ કરવાનું તોહમત તેની ઉપર મુકવાનો અધિકારછે, અથવા ચોરી કર્યાનું અથવા ચોરીની મિલકત લીધાનું અથવા સાપરાધ વિશ્વાસઘાત કર્યાનું અથવા ઠગાઇ કર્યાનું તોહમત તેની ઉપર મુકવાનો અધિકાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ ૪૫૫ ને મળતી છે. કયો ગુન્હો થયોછે એ વિશે શક હોય ત્યારે તોહમત કેવી રીતે મુકવું તે માટે આ કલમ છે.

ખોટો પુરાવો આપ્યાનું તોહમત વિકલ્પ રીતે મૂકયું તેમાં કયા કયા શબ્દો ખોટા કહ્યા તે બતાવવા જોઇએ. રાણી વિરૂદ્ધ સુંદર મોહરી. વી. રી. ૫ પ્ર. ૩૭

વિકલ્પ રીતે તોહમત મુકવામાં આવે ત્યારે સઘળાં તોહમતો પિનલકોડ વિરૂદ્ધનાં હોવાં જોઇએ—રાણી વિરૂદ્ધ આજમકેલા. મું. હા. કો. રી. વા. ૮ પ. ૧૨૫

આ કલમ જે કેસોમાં હકિકત શક ભરેલી હોય તેવા કેસોએ નહી પણ બનેલી હકીકતને કયો કાયદો લાગુ કરવો તે શક ભરેલો હોય તેવા કેસોને લાગુ પડે છે.—રાણી વિરૂદ્ધ જ્યુરહા. અ. હા. કો. રી. વા. ૭ પ્ર. ૧૩૭.

જ્યારે કોઈસખ

૨૩૭. ૨૩૬ મી કલમમાં કહેલી બાબતમાં જો તોહમતવાળાની ઉસની ઉપર એક પર એક ગુન્હાનું તોહમત મુકયું હોય અને જે જુદા ગુન્હા બાબત

ગુન્હાનું તોહમત મુકયું હોય ત્યારે તેની ઉપર બીજો ગુન્હો ઠરી શકે.

તે કલમના ઠરાવો પ્રમાણે તેની ઊપર તોહમત મુકી શકાય તેવો જુદોજ ગુન્હો તેણે કર્યો છે એવું પુરાવા ઉપરથી દેખાય તો ફલાણો ગુન્હો તેણે કર્યો છે એવું બતાવવામાં આવે તે ગુન્હાનું તોહમત તેની ઉપર મુકેલું ન હોય તોપણ તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

દૃષ્ટાંત.

અ. ની ઉપર ચોરીનું તોહમત મુકયું છે. તેણે સાપરાધ વિશ્વાસઘાત કરવાનો અથવા ચોરીનો માલ લેવાનો ગુન્હો કર્યો એવું જણાય છે. સાપરાધ વિસ્વાસઘાત કરવાનું અથવા ચોરીનો માલ લેવાનું, (પ્રસંગ પ્રમાણે) તોહમત તેની ઉપર મુકેલું નથી તોપણ તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

જે ગુન્હાનુંતોહમતમુકયુંહોયતે ગુન્હામાં સાબિત થએલા ગુન્હાનો સમાવેશથાયત્યારે (કેગ કરવું)

૨૩૮. જે ગુન્હાનું તોહમત કોઇ સખસની ઉપર મુકયું હોય તે ગુન્હો કેટલીએક બાબતોનો બનેલો હોય અને તે બાબતોમાંની ફકત કેટલીક બાબતોને એકઠી કરવાથી કોઇ પૂર્ણ નહાનો ગુન્હો થતો હોય અને સદરહુ રીતે એકઠા બાબતો સાબિત કરવામાં આવે પણ બાકી રહેલી બાબતો સાબિત ન કરવામાં આવે ત્યારે તે નાહાના ગુન્હાનું તોહમત તેની ઉપર મુકેલું નથી તોપણ તે ગુન્હો તેની ઊપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

કોઇ સખસ ઉપર કોઇ ગુન્હાનું તોહમત મુકયું હોય અને એવી હકિકત સાબિત થાય કે તેથી તે ગુન્હો ઓછો થઈને નાહાનો ગુન્હો થાય ત્યારે તે નાહાના ગુન્હાનું તોહમત તેની ઉપર મૂકેલું નથી તોપણ તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકારછે.

જ્યારે ૧૯૮ મી અથવા ૧૯૯ મી કલમથી ફરમાવ્યા પ્રમાણે કાંઇ ફરીયાદ કરવામાં આવી ન હોય ત્યારે તે કલમમાં કહેલો કોઈપણ ગુન્હો સાબિત થયાનો ઠરવા કરવાનો અધિકાર આ કલમ માંહેના કોઈપણ મચકુરથી છે એવું સમજવું નહીં.

દૃષ્ટાંતો.

(અ) અ ને ભારવાહક દાખલ કાંઈ મિલકત સોંપી તે બાબત સાપરાધ વિશ્વાસઘાત કર્યાનું તોહમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૦૭ મી કલમ પ્રમાણે તેની ઉપર મુકયું છે. તે મિલકત બાબત તેણે ૪૦૬ ઠી કલમ પ્રમાણે વિશ્વાસઘાત કર્યો, પણ તે મિલકત તેને ભારવાહક દાખલ સોંપેલી નહિં એમ જણાય છે. ૪૦૬ ઠી કલમ પ્રમાણે એ સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકારછે.

(બ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૨૫ મી કલમ મુજબ અ. ની ઉપર મહાવ્યથા કર્યાનું તોહમત મુકયું છે. ભારે તથા આકસ્મીક કરોધ ચડયાથી તેણે એમ કર્યું, એવું તે સાબિત કરે છે. તે કાયદાની ૩૩૫ મી મુજબ તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૫૭ ને મળતી છે. જે ગુન્હાનું તોહમત મુકયું હોય તેમાં સાબિત થયેલા ગુન્હાનો સમાવેશ કયારે થાય છે તેને માટે આ કલમ છે.

કેટલાક ભાગ મળી થનારા ગુન્હા બદલ કોઇના ઉપર તોહમત મુક્યું હોય અને તે ભાગ પૈકી કાંઇ ભાગ મળીને એકાદ નાનો અપરાધ પુર્ણ થતો હોય તો આ કલમ પ્રમાણે તે માણુસપર તે નાહાના ગુન્હા બદલ જુદું તોહમત મૂક્યું ન હોય તો પણ તે ગુન્હો ઠરાવવાને હરકત નથી. પરંતુ તેના ઉપર જો મોટું તોહમત મૂક્યું હોય તો તેમાંની હકીકત ઉપરથી નાહાનો અપરાધ થાય છે એવું દેખાઇ આવવું જોઇએ—રાણી વિ. ચાંદનુર અને પીરાભાઇ આદમજી મુ. હા. રી. વા. ૧૧ પ. ૨૪૦ તા. ૧૩ નવેંબર સને ૧૮૭૪

એક સખસ ઉપર હિં. ફો. કા. ની કમલ ૩૦૪ અને ૩૨૫ વિરૂદ્ધના ગુન્હા કર્યાનું તોહમત વહતું પણ પુરાવ ઉપરથી કલમ ૩૩૫ વિરૂદ્ધનો ગુન્હો કર્યાનું જણાતાં તે કલમ ૩૩૫ નો ગુન્હો કર્યાનો ગુન્હેગાર ઠરાવ્યો તે વ્યાજબી ગણવામાં આવ્યું છે—સખી નારાયણ અગોરી વિકલા રીપોટ ૨૩ પ્ર. ૬૧

ડેકોઇટીનું તોહમત મુક્યું હોય પણ પુરાવા ઉપરથી ડેકોઇટીમાં ગયેલી મિલકત રાખવાનો ગુન્હો કર્યાનું જણાય તો તેને માટે કેદી ઉપર એ મિલકત રાખવાનું તોહમત મૂક્યું ન હોય તો પણ એ ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શકાય—કૈસરે હીંદ વિરૂદ્ધ લખ્યામા ગોવીંદ ઈંડીયન લા. રીપોટ મુંબઇ વા. ૧ પ્ર. ૫૦

કેદીપર મુકેલું તોહમત સાબિત ન થયાથી જ્યુરીએ કેદીને છોડી દીધો. પરંતુ કામમાં જે વાત સાબિત થઈ હતી તે ઉપરથી કેદીએ એક બીજો જુદોજ અપરાધ કર્યો છે એવું જો કે દેખાઇ આવતું હતું તોપણ તે બીજી ગુન્હા બદલ જુના ક્રી. પ્રો. કો. ૪૫૭ પ્રમાણે જ્યુરીએ કેદીપર તોહમત સાબિત કર્યું નહિં. પછી તે કામ જુના ક્રી. પ્રો. કો. કલમ ૨૪૩ ના આધારે હાઇકોરટની રૂબરૂ આવ્યું તે વખતે તે બીજો અપરાધ ઠરાવવાનો હાઇકોરટને અધિકાર છે એમ સમજી હાઇકોરટે તે તોહમત ઠરાવ્યું. કલકત્તા હાઈકોરટ રીપોટ વા. ૩ પ્ર. ૧૮૯ સરકાર વિ. ઉમેદ સરદાર વિગેરેના કામમાં.

કયા સખસો ઉપર એકઠા તોહમત મુકવાનો અધિકાર છે.

૨૩૯. જ્યારે એકજ ગુન્હો કર્યાનું અથવા એકજ કામમાં જુદા જુદા ગુન્હા કર્યાનું તોહમત એક કરતાં વત્તા સખસો ઉપર આવ્યું હોય અથવા કોઇપણ ગુન્હો કર્યાનું તોહમત એક સખસની ઉપર આવ્યું હોય અને તે ગુન્હામાં મદદગારી કરવાનું અથવા તે ગુન્હો કરવાની કોસીસ કરવાનું તોહમત કોઇ બીજા સખસ ઉપર આવ્યું હોય ત્યારે કોરટની નજરમાં યોગ્ય તે પ્રમાણે તે સખસો ઉપર એકઠું તોહમત મૂકીને ઇનસાફ કરવાનો અથવા જુદાં જુદાં તોહમત મુકીને ઇનસાફ કરવાનો અધિકાર છે, અને આ બાબના પાછલા ભાગ માહેના ઠરાવો એવાં સઘળાં તોહમતોને લાગુ પડશે.

દ્રષ્ટાંતો.

(અ) અ. તથા બ. ની ઉપર એકજ ખુનનું તોહમત આવ્યું છે, તે ખુન બાબત અ તથા બ. ની ઉપર એકઠું તોહમત મુકીને ઇનસાફ કરવાનો અખત્યાર છે.

(બ) અ. તથા બ. ની ઉપર અપહરણ કરવાનું તોહમત આવ્યું છે, તે અપહરણ કરવામાં અ એ ખુન કર્યું તે ખુનમાં બ નો કાંઇ સબંધ નથી; અ તથા બ એ બેઊની ઉપર અપહરણ કરવાનું તોહમત મુકીને અને એકલા અ ની ઉપર ખુનનું તોહમત મુકીને તેઓનો એકઠો ઇનસાફ કરવાનો અધિકાર છે.

(ક) અ તથા બ એ બંનેની ઉપર એક ચોરી કર્યાનું તોહમત મુક્યું છે, અને તેજ કામમાં બ એ બીજી બે ચોરી કર્યાનું તોહમત બ ની ઉપર મુક્યું છે. અ તથા બ એ બંનેની ઉપર એક ચોરીનું તોહમત મુકીને અને એકલા બ ની ઉપર બીજી બે ચોરીનું તોહમત મુકીને એ બંનેનો એકઠો ઈનસાફ કરવાનો અધિકાર છે,

ટીકા—કેદીઓએ જડજની રૂબરૂ ખોટી સાક્ષિ આપ્યાથી તે ત્રણે કેદીઓની એકઠી તપાસ કરી ભરૂચના આસિસ્ટંટ સેશન જડજે શિક્ષા કરી, અપીલમ એમાં ઠરાવવામાં આવ્યું હતું કે જાણીબુજી ખોટી સાહેદી આપ્યાના ગુન્હાની ત્રણે કેદીઓની એકઠી તપાસ કરવામાં આસિસ્ટંટ સેશન જડજ સાહેબે ભુલ કરેલી છે, જુદી જુદી તપાસ કરાવવાનો કેદીનો હકછે. સરકાર વિરૂદ્ધ ભવાનીશંકર હરીભાઈ વિગેરે મુંબાઇ હાઈકોરટ રીપોટ વા ૫ પ્ર. ૫૫

એક સખસના ઉપર ચોરી કર્યાનું અને બીજા ઉપર ચોરીનો માલ જાણીબુજીને લીધાનું તોહમત મુકી તેઓ બંનેનો ઇનસાફ એકઠો થઇ શકે છે. ડાડેવીડના કામમાં—કલકત્તા હાઇકોરટ રીપોટ. વા. ૬ પ્ર. ૨૪૫

સામ સામા તડના માણસો ઊપર હંગામાંનું તોહમત મુકવામાં આવ્યું હતું તે કામમાં એમ ઠરાવવામાં આવ્યું કે દરેક તડના માણસો એટલે દરેક પક્ષનો ઇનસાફ જુદો જુદો થવો જોઈએ. સરકાર વિરૂદ્ધ હુસન બક્ષ ઈ. લા. રી. વા. ૬ કલકતા પ્ર. ૯૬.

કેટલાંએક તોહમતોમાંના એકતોહોમત ઉપરથીગુન્હોઠરેતો બાકીનાં તોહોમત પાછાં લઈલેવા બાબત.

૨૪૦ જ્યારે એકજ સખસની ઉપર એક કરતાં વત્તાં તોહમત મુકયાં હોય અને જ્યારે તેમાંના એક અથવા વધારે તોહમત ઉપરથી ગુન્હો ઠરે ત્યારે ફરીયાદી અથવા ફરીયાદનું કામ ચલાવનારો અગલદાર કોરટની સંમતિ લઇને બાકીનું તોહમત અથવા બાકીનાં તોહમત પાછાં લઇ લેવાને મુખત્યાર છે, અથવા તે કોરટ તે બાકીના તોહમતની અથવા તોહમતોની ચોકસી અથવા ઇનસાફ કરવાનું પોતાનીજ મેળે બંધ રાખવાને મુખત્યાર છે. સદરહુ પ્રમાણે તોહમત અથવા તોહમતો પાછાં લઈ લેવાનું ફળ, સદરહુ તોહમત અથવા તોહમતો બાબત ગુન્હો ના સાબીત થયાના ઠરાવ જેવુ થશે, પણ જો ગુન્હો સાબિત થયાનો ઠરાવ રદ કરવામાં આવે તો તે પ્રસંગે (તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ રદ કરનારી હુકમને કોરટના અનુસરીને) સદરહુ કોરટ એ પ્રમાણે લઇ લીધેલા તોહમતની અથવા તોહમતોની ચોકસી અથવા ઇનસાફનું કામ ચલાવવાને મુખત્યાર છે.

બાબ ૨૦ મો.

સમનના મુકદમાઓનો માજીસ્ત્રેટોએ ઇનસાફ કરવા બાબત.

સમનના મુકદમાગાં કામચલાવવાની રીત.

૨૪૧. સમનના મુકદમાઓનો ઈનસાફ કરતી વખતે માજીસ્ત્રેટોએ હેઠળ લખેલી રીત પ્રમાણે કામ ચલાવવું.

તોહમતનો સાર કહી જણાવવો.

૨૪૨. જ્યારે માજીસ્ત્રેટની આગળ તોહમતવાળો હાજર થાય અથવા તેને આણવામાં આવે ત્યારે જે ગુન્હાનું તોહમત તેની ઉપર આવ્યું હોય તે ગુન્હાની વિગત તેને કહી જણાવવી અને તેને પુછવું કે તમારી ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ શા સારૂ નહીં કરવો જોઇએ તેનું કોઇ કારણ તમારે બતાવવાનું છે પણ કાંઇ પદ્ધતી પ્રમાણે તોહમતનામું તૈયાર કરવાની જરૂર નથી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૦૩, ૨૦૬ ને મળતી છે, સમનસના મુકદમામાં તોહમતદારોને પ્રથમ શું પુછવું જોઇએ તેની રીત માટે આ કલમછે.

તોહમતદાર ગુન્હો કર્યાનું ના કબુલ કરે એટલે પુરતું નથી, એ પ્રમાણે ના કહે ત્યારે ફરીયાદીની પ્રતિજ્ઞા ઉપર લીધેલા જુબાની ઉપર વધારે વાંસવાસ મુકવો જોઇએ અને ફરીયાદીના સાહેદને રજુ કરાવી છેવટ આણવું જોઇએ—જંગીખાન વિરૂદ્ધ હરચંદરરાય. વીકલી રીપોટ ૧૬ પ્ર. ૬૯

તોહોમતસાચું છે એવું કબુલ કરેથી ગુન્હાની સાબિતી નો ઠરાવ.

૨૪૩ તોહોમતવાળાની ઉપર જે ગુન્હાનું તોહોમત મુકયું હોય તે ગુન્હો મેં કર્યો છે એવું તે કબુલ કરે તો તેની કબુલત બની શકે તેટલે સુધી તેણે વાપરેલા શબ્દોમાં નોંધી લેવી, અને તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ શા સારૂ નહી કરવો જોઇએ તેનું કારણ તે નબતાવે તો એ પ્રમાણે તેની ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ માજીસ્ત્રેટે કરવો.

સદરહુ પ્રકારની કાંઇ કબુલતકરવા માં ન આવેત્યારે કેમ કરવું.

૨૪૪ જો તોહોમતવાળો સદરહુ પ્રકારની કાંઇ કબુલત કરે નહી તો માજીસ્ત્રેટે ફરીયાદી હોય તો તેની વાત સાંભળવી, અને ફરિયાનું કામ ચલાવવાની પુષ્ટિમાં જે પુરાવો રજુ કરવામાં આવે તે સઘળો લેવો અને વળી તોહોમતવાળાની વાત સાંભળવી તથા તે પોતાના જવાબમાં જે પુરાવો રજુ કરે તે સઘળો લેવો.

જો માજીસ્ત્રેટ દુરસ્ત ધારે તો તે ફરીયાદીનો અથવા તોહોમતવાળાની અરજી ઉપરથી કોઈપણ શાહેદને હાજર થવાની જરૂર પાડવા બાબત અથવા કોઇપણ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાની જરૂર પાડવા બાબત પ્રોસેસ કહાડવાને મુખત્યાર છે.

સદરહુ અરજી ઉપરથી કોઈપણ શાહેદને સમન કરતાં પેહેલાં તેને ઈનસાફનાં કારણ સારૂ હાજર થવામાં જે બ્યાજબી ખરચ થાય તે કોરટમાં અનામત મુકવો એવું ફરમાવવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ટીકા—ડીપ્યુટી માજીસ્ત્રેટ જો તોહમતવાળો સખસ તેના ઉપર મુકેલું તોહમત સાચું છે એમ કબુલ ન કરે તો તોહમતના જવાબમાં તે તોહમતવાળા સખસની જુબાની લેવાતથા તેના સાહેદ લેવા તે બંધાએલ છે—રાણી વિરૂદ્ધ બીસેસરસેન વી. રી. ૯ રૂલીંગ ૬૨

માજીસ્ત્રેટે એક મુકદમો હાઈકોરટમાં મોકલ્યો તેમાં તોહમતવાળા સખસને અને ફરીયાદી તરફના સાક્ષીઓને સમન કર્યા હતા પણ તે મુકદમો સાંભળવાને દીવસે ડીપ્યુટી માજીસ્ત્રેટે ફરીયાદ કરનારની તરફથી અને તોહમતવાળા તરફથી ફકત બેજ સાક્ષિઓની વાત સાંભળી, અને તે ઉપરથી મુકદમો કાહાડી નાંખ્યો હતો આ મુકદમામાં તકરાર લેવામાં આવી કે માજીસ્ત્રેટ બધા સાક્ષિઓની જુબાનીઓ લેવા બંધાએલ હતો. હાઇકોરટ એ મતને મળતી આવી—કીસોસાહાઇ વિરૂધ્ધ શંગરીસાહાઇ વી. રી. ૧૬ રૂલીંગ ૪૮

ઘણી વખતે એમ બને છે કે તોહમતવાળો ગરીબ હોય છે અને પોતે પોતાના બચાવમાં સાહેદો બતાવી બચાવ સારો કરે છે અને એમ કહે છે કે એ સાહેદો લેવાથી સારો બચાવ બરોબર રીતે સાબેત થશે પણ સમન કર્યા વગર મારા સાહેદ હાજર થાય તેમ નથી અને મારી પાસે સમન કરાવવાની શકતી નથી માટે કોરટે સમન કરી મારા સાહેદને બોલાવવા જોઈએ આવા કામમાં બેસક માજીસ્ત્રેટે સાહેદોને સમન કરી બોલાવવા જોઈએ-નેલસન

સાહેદ હાજર છતાં અને તેની જુબાની લેવાને તોહમતવાળા તરફથી અરજ થયા છતાં માજીસ્ત્રેટે તે સાહેદની જુબાની લેવા ના પાડી હતી તે ઉપરથી તોહમતવાળાની શિક્ષા રદ કરવામાં આવી. રાણી વિરૂદ્ધ મહીમાચંદ ચકરબતી બેંગાળા લો રી. વી. ૪ એપે ૮.

ગુન્હોનાસાબીત થવાનો ઠરાવ.

૨૪૫ ૨૪૪ મી કલમમાં કહેલો પુરાવો અને પોતાનીજ મેળે કાંઇ વધારે પુરાવો રજુ કરાવે તો તે પુરાવો લીધા ઉપરથી અને (પોતે યોગ્ય ધારેતો) તોહમતવાળાની જબાની લીધા ઉપરથી જો માજીસ્ત્રેટ એવું ઠરાવે કે તોહોમતવાળો તકસીરવાર નથી તો તેણે ગુન્હોના સાબિત થયાના ઠરાવનો હુકમ દફતરમાં નોંધવો.

શિક્ષાનો હુકમ. તોહમતવાળો તકસીરવાર છે એવું માજીસ્ત્રેટ ઠરાવે તો તેણે તેની ઉપર કાયદા પ્રમાણે શિક્ષાનો હુકમ કરવો.

ટીકા—સહતોહમતદારે કબુલત કરી બીજા સખસનું તેમાં નામ લીધું હોય પણ એ બીજા સખસને ઓળખાવા માટે કાંઇ પુષ્ટીકારક પુરાવ ન હોય તો તે કબુલ કરનારની જુબાની ઉપરથી કોઇ બીજા સખસને ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. એક નહી પણ એકથી વધારે કબુલત કરનારાઓ બીજા સખસનું નામ લે તેથી એ પુષ્ટીકારક પુરાવ બનતો નથી પુષ્ટિકારક પુરાવ સ્વતંત્ર હોવો જોઇએ—રાણી વિરૂદ્ધ બુધુ ના નફો ઈંડીયન લો. રીપોટ મુંબાઇ વા. ૧ પ્ર. ૪૭૫

અરજદારપર દિવાનીમાં એક હુકમનામું થયું હતુ તેમાં અમુક ઠેકાણે તારે ઝુંપડી બાંધવી નહી એમ જડજે અરજદારને તાકીદ કરી હતી, તે તાકીદને નહી માની અરજદારે તે ઠેકાણે ઝુંપડી બાંધી. તેથી જડજે પીનલકોડ કલમ ૧૮૮ પ્રમાણે નહી માન્યા બદલ અરજદારને ફોજદારીમાં મોકલવાનો હુકમ કર્યો તે કામ માજીસ્ત્રેટ પાસે ગયાથી તેણે કલમ ૧૮૮ પ્રમાણે આ કામમાં તજવીજ થઇ શકે નહી એમ ઠરાવી જુના ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૨૧ (નવાની ક, ૨૪૭) પ્રમાણે છોડી દીધો. તે માજીસ્ત્રેટનો અભીપ્રાય જીલ્લા જડજને ના પસંદ લાગ્યાથી તે જડજે નીચેનો પ્રશ્ન હાઇકોરટના અભિપ્રાય માટે મોકલ્યો "દિવાની કોરટે કરેલો હુકમ અમાન્ય કર્યા છતાં તે પ્રસંગે પીનલકોડ કલમ ૧૮૮ લાગુ પડે છે કીંવા નહી ?" તે કામમાં ઠરાવ થયો કે સરકારી અમલદાર સાર્વજનીક કામ માટે જે હુકમ પ્રસિદ્ધ કરે છે તે હુકમને માત્ર કલમ ૧૮૮ માંના ઠરાવ લાગુ પડે છે. અને દિવાની દાવામાં પક્ષકારોની દરમિયાન થયેલા હુકમને તે કલમ લાગુ પડતી નથી. એકાદ દાવામાંના પ્રતિવાદીએ એકાદ તાકીદ અમાન્ય કર્યા છતાં તેને તુરંગમાં મોકલવો એટલોજ ફક્ત દિવાની કોરટને માર્ગ છે. ચંદરકાંતદે અરજદારની બાબતમાં ઈંડીયન લો રીપોટ કલકત્તા વા. ૬ પ્ર. ૪૪૫

કોઇ માજીસ્ત્રેટે ન્યાયાધિકારીની રીતીએ મુખત્યારી ચલાવવાના કામમાં એકાદ કામ કાઢી નાંખ્યા છતાં તે કાઢી નાખવાનું એ જુના ક્રીમિનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૨ પ્રમાણે આરોપિત માણસે અપરાધ કર્યો નથી એવો ઠરાવ કર્યા પ્રમાણે છે. સરકારે અરજ કર્યા શિવાય કીંવા સરકારની મંજુરીથી અરજ કર્યા શિવાય કેદીએ અપરાધ કર્યો નથી એવો જે ઠરાવ થયેલો છે તે ઠરાવમાં હાથ ઘાલવાનો આ કોરટને અધિકાર નથી. સરકાર વિરૂદ્ધ જે. જી. બગ્રાકાસ વીકલી રીપોટ ૧૯ પ્ર. ૫૨

ફરિયાદ અથવા સમનપ્રમાણે ઠરાવ કરવો એવી કાંઇ હદ નથી ૨૪૬. ફરિયાદનો અથવા સમનનો પ્રકાર ગમે તેવો હોય તોપણ આ બાબ પ્રમાણે ઇનસાફ થઇ શકે એવો કોઈપણ ગુન્હો કબુલ કરેલી અથવા સાબિત થએલી હકીકત ઉપરથી તોહમતવાળાએ કરેલો છે એમ જણાય તે ગુન્હા બાબત તેની ઉપર ૨૪૩ મી અથવા ૨૪૫ મી કલમ પ્રમાણે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાને કોઈ માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ફરિયાદીની ગેરહાજરી. ૨૪૭. જો સમન ફરિયાદ થયા ઉપરથી કહાડયો હોય અને તોહમતવાળાને હાજર થવા સારૂ મુકરર કરેલે દિવસે અથવા ત્યારપછી જે દિવસ સુધી સુનાવણી મુલતવી રાખવામાં આવે તે દિવસે ફરિયાદી હાજર ન થાય તો આ કાયદામાં પાછળ ગમે તે કહ્યું હોય તે છતાં, માજીસ્ત્રેટે તોહમતવાળાની ઉપર ગુન્હો ના સાબિત થયાનો ઠરાવ કરવો, પણ કાંઈ કારણ સારૂ પોતે તે કામની સુનાવણી બીજા કોઇ દિવસ સુધી મુલતવી રાખવાનું યોગ્ય ધારે તો તેમ કરવું નહીં.

ટીકા—સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૦૫, ૨૦૮ અને ૨૧૨ માં "ફરિયાદી કાહાડી નાંખવી" એવા જે શબ્દો હતા તે બદલે આ કલમમાં "તોહમતવાળાની ઉપર ગુન્હો ના સાબિત થયાનો ઠરાવ કરવો" એ શબ્દો દાખલ કરવામાં આવ્યા છે.

પક્ષકારોની સમક્ષ નહીં પણ ગેરહાજરીમાં સુનાવણીનો દિવસ મુકરર કરવામાં આવ્યો હોય તે કારણથી ફરિયાદી ગેરહાજર રહ્યો હોય તેથી ફરિયાદ કાહાડી નાંખી હોય તો તે કાયદેસર નહીં, મદ્રાસ હા. કો. રી. વા. ૮ પ્ર. ૬ તા, ૨૪ ફેબ્રુઆરી સને ૧૮૭૫

જ્યારે માજીસ્ત્રેટ સ્વારીમાં ફરતા હોય અને સમનમાં લખેલ ઠેકાણે નહીં ને બીજે ઠેકાણે કોરટ ભરે તેવે પ્રસંગે ફરિયાદીની ગેરહાજરીને લીધે ફરિયાદ કાહાડી નાંખવામાં આવે ત્યારે ફરિયાદ ફરીથી સાંભળવી જોઇએ નહી. મંહમદ મંડળ વિરૂદ્ધ કૃશ્નનાથરાય વીગરે બેંગાળા લા. રી. વા. ૭ પ્ર. ૭

ફરિયાદીએ પોલીસ પાસે જઈ એવી ફરીયાદ કરી કે આરોપિત મને પકડીને એક ઘરમાં લઇ ગયો અને ત્યાંહાં મને માર મારીને અટકાવી મુકી પછી છોડી દીધો, એક ત્રીજા વર્ગના માજીસ્ત્રેટની રૂબરૂ તે કામની ચોકસી થઇ તે માજીસ્ત્રેટે આરોપિતે અપરાધ કર્યો નથી એમ જુના ક્રી. પ્રો. કો. કલમ ૨૨૧ આ કલમ ૨૪૭ પ્રમાણે ઠરાવ કર્યો અને આરોપિતને છોડી મુકયો, અને ફરિયાદીએ આરોપિતને નુકસાન બદલ રૂ ૨૦ આપવાનો ઠરાવ કર્યો. જોઇંટ માજીસ્ત્રેટ તે કામ હાઈકોરટના અભિપ્રાય માટે મોકલ્યાથી ઠરાવ કર્યો કે—આ કામમાં થયેલો ઇનસાફ અને આરોપિતે ગુન્હો કર્યો નથી એમ થયેલો ઠરાવ ગેરકાયદાસર છે. એમ અમને જણાતું નથી હવે નુકસાની બદલ રકમ આપવાનો જે હુકમ કરવાનો તે આરોપિતે અપરાધ કર્યો નથી એમ ઠરાવ થયો હોય તે વખતે ન કરતાં ફરિયાદ કાહાડી નાંખી હોય તે વખતે કરવાનો છે એમ જુના કાયદાની કલમ ૨૦૯ નવાની કલમ ૨૫૦ થી દેખાય છે. પરંતુ જુની કલમ ૨૨૨ આ કલમ ૨૪૭ ઉપરથી જોતાં આરોપિતે ગુન્હો કર્યો નથી એવો જે વખતે ઠરાવ થયો હોય તે વખતે નુકસાની આપવાનો હુકમ કર્યો હોય તે ગેરકાયદેસર થાય એમ અમને દેખાતું નથી. મોનાશેખ વિરૂદ્ધ ઈરાન બરવન ઈંડીયન લા. રી. કલકત્તા વા. ૬ પ્ર. ૫૮૧

ફરીયાદી માંદો હોવાથી નીમેલી તારીખે હાજર નહી થઇ શકવાથી કેસ મુલતવી રાખવા અરજ કરી પણ તે અરજની હકીકત માજીસ્ત્રેટના ધ્યાનમાં નહી રેહેવાથી તેની ફરીયાદ કાહાડી નાંખી બીજે દિવસે એ અરજીની બાબત તેના જાણવામાં આવી તેથી આગલે દીવસે કરેલો હુકમ રદ કરી કેસ આગળ ચલાવ્યો તેનો ઉપલી કોરટે અપીલમાં કેસ ફરી ફાઈલ ઊપર લેવાનો હુકમ રદ કર્યો હાઇકોરટમાં એ કામ જતાં પેહેલી જે તારીખે કેશ મુલતવી રહ્યો હતો. તે તારીખ પછીનું સઘળું ચાલેલું કામ રદ કર્યું અને મુલતવી રહેલા દિવસ પેહેલાં જે સ્થીતીમાં એ કામ રહેલું હતું તે સ્થીતીમાં એ કામ મુકયું—રાણી વિરૂધ રામનારાયણ ઘોષ વીકલી રીપોટ ૮ પ્ર૦ ૫

ફરીયાદીના સાહેદો સમન કર્યા મુજબ હાજર હોય પણ ફરીયાદી ગેરહાજર હોયતો પણ જો માજીસ્ત્રેટની નજરમાં આગળ કામ ચલાવવા જરૂર ન જણાય તો ફરિયાદીની ફરિયાદ કાઢી નાંખી શકે છે—રાણી વિરૂધ દાસો માનજી વીકલી રીપોર્ટ ૧૧ પ્ર૦ ૩૯

ફરીયાદ પાછી લઈલેવા બાબત.

૨૪૮ આ બાબ પ્રમાણે કોઇપણ કામમાં છેવટનો હુકમ થતાં પેહેલાં કોઈ પણ વખતે જો કોઈ ફરિયાદી માજીસ્ત્રેટની એવી ખાત્રી કરી આપે કે પોતાની ફરિયાદ પાછી લઇ લેવાને પોતાને પરવાનગી આપવાના પાકાં કારણ છે તો તે ફરિયાદ પાછી લેઈ લેવાની તેને પરવાનગી આપવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને તે ઊપરથી તોહોમતવાળાની ઉપર ગુન્હો ના સાબીત થયાનો ઠરાવ કરવો.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ની કલમ ૨૧૦ ને મળતી છે. સમન્સના મુકદમાનો છેવટ નીકાલ થયા પેહેલાં ફરીયાદીઓ ફરીયાદ કાઢી લઈ શકે છે.

જુના ક્રીમીનલ કલમ ૧૮ અને ૨૧૦ પ્રમાણે ફરિયાદ પાછી ખેંચી લેવા દેવી એ ઇનસાફી કામ છે અને તે કામ માજીસ્ત્રેટનુજ છે એવા કામમાં હાથ ઘાલવા પોલીસને સત્તા નથી એટલે પોલીસ અમલદારની પાસે થએલી ફરીયાદ પાછી ખેંચી લેવાતી નથી. મુંબાઇ ની ચેમ્બરમાં થએલો ઠરાવ તા૦ ૧૫ જુન ૧૮૭૫

મરનારે પોતાના પાડોસીની અને એક પોલીસ કાનસ્ટેબલની " રૂબરૂ " કહેલો મચકુર એક ખુનના કામમાં લાગુ પડતી વાત તરીકે પુરાવાના આકટની કલમ. ૩૨ પ્રમાણે પુરાવામાં લીધો કારણ તે કલમમાં એવું કહ્યું છે કે જે માણસ મરી ગયો તેણે કહેલો. લખેલો કીંવા મુખ જુબાનીનો મચકુર તે લખતાં કીંવા કહેતાં તેને પોતાનું મરણ થશે એમ દેખાય કીંવા નહીં તોપણ લાગુ છે એમ સમજવું. સરકાર વિરૂધ દીગંબર ઠાકુર અને બીજા વીકલી રેપોટ ૧૪ પ્ર. ૪૪

એક સરકારી નોકરનો કાયદેસર હુકમ ન માન્યો હોય તે બદલ તે પોતાના માજીસ્ત્રેટના હોદ્દાની રૂએ સન ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૬૭ મુજબ કાંઇ ફરિયાદ માંડવા મંજુરી આપેલી હોય ત્યાર બાદ સન ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૨૧૦ મુજબ તે ફરિયાદ કાહાડી લેવા મુખત્યાર છે, રાણી વિરૂધ બાજીભાઇ નથુભાઈ. મુંબાઇ હાઇ કોરટનો ઠરાવ તા૦ ૧૬ ફેબ્રુઆરી સને ૧૮૭૧

જ્યાં તોહોમત મુકેલા ગુનહા સારૂ છ મહિના કરતાં વધારે મુદતની કેદની શિક્ષા અપાય, તથા બાબ ૧૪ પ્રમાણે તજવીજ થાય, એવા કામમાં સને ૧૮૬૧ ના આકટ ૨૫ ની કલમ. ૨૭૧ (૨૪૮) લાગુ પડતી નથી. અને એવો ગુન્હો કર્યા વીશેનું તે ફરીયાદીમાં કહેલું છે તે ફરીયાદી કાહાડી લઇ શકાતી નથી. સરકાર વિરૂધ જીકાસમલા મુંબાઇ હાઇકોરટનો ઠરાવ તા૦ ૮ જુલાઇ સને ૧૮૬૯

જ્યારે કોઇ ફરીયાદી ન હોય ત્યારે કામ બંધ કરવાનો અધિકાર.

૨૪૯ ફરીયાદ સિવાય બીજી રીતે માંડેલા કોઈપણ મુકદમામાં ગુન્હો ના સાબીત થયાનો અથવા સાબીત થયાનો ફેંસલો આપ્યા વગર કોઇપણ વખતે કામ બંધ કરવાને પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા પેહેલા વરગના માજીસ્ત્રેટ, અથવા જીલા માજીસ્ત્રેટની અગાઉથી મંજુરી લઇને બીજો કોઈપણ માજીસ્ત્રેટ મુખત્યાર છે. પણ તેમ કરવાના કારણો તેણે દફતરમાં લખવાં, અને પછી તોહોમતદારને છોડી મુકવાને મુખત્યાર છે.

નજીવી અથવા તસ્દી આપે એવી ફરીયાદો બાબત.

૨૫૦ ફરિયાદી ઉપરથી માંડેલા કોઇપણ મુકદમામાં જો કોઇ માજીસ્ત્રેટ તોહોમતવાળાની ઉપર ૨૪૫ મી અથવા ૨૪૭ મી કલમ પ્રમાણે ગુન્હો ના સાબીત થયાનો ઠરાવ કરે અને તેની નજરમાં એવું આવે કે તે ફરિયાદ નજીવી અથવા તસ્દી આપે એવી છે તો તેની મરજીમાં આવે તો તે માજીસ્ત્રેટ ગુન્હો ના સાબીત થયાના પોતાના હુકમથી તોહમતવાળાને, અથવા જ્યારે એક કરતા વત્તા તોહોમતવાળા હોય ત્યારે તેમાંના દરેકને ઘણામાં ઘણા પચાસ રૂપીઆ સુધી પોતે યોગ્ય ધારે તેટલો નુકશાનીનો અવેજ આપવાનું ફરીયાદીને ફરમાવવાને મુખત્યાર છે.

નુકસાનીનો અવેજ વસુલ કરવા બાબત.

એ પ્રમાણે જે રકમ આપવાનો હુકમ કરવામાં આવે તે રકમ જાણે દંડ હોય એવી રીતે વસુલ થઈ શકશે; પણ એવું ઠરાવ્યું છે કે તે રકમ વસુલ ના થઇ શકે તો જે કેદ ઠરાવવી તે આસાન હોવી જોઇએ અને ઘણામાં ઘણા ત્રીસ દિવસ સુધીની જેટલી મુદત માજીસ્ત્રેટ ફરમા-

વે તેટલી મુદત સુધીની હોવી જોઇએ.

પછી તેજ બાબત સંબંધી દિવાનીમાં કાંઈપણ ફરીયાદ કરવામાં આવે તેમાં નુકશાનીનો અવેજ આપવાનો હુકમ કરતી વખતે આ કલમ મુજબ જે રકમ નુકશાનીના અવેજ દાખલ આપેલી અથવા વસુલ કરેલી હોય તે રકમ કોરટે હીસાબમાં લેવી.

ટીકા—એક ગુન્હાની તજવીજ થવાને નીમેલે દિવસે ફરીયાદી તેના શાહેદ સાથે હાજર થયો, તોહોમતદારો હાજર થયા, તોહોમતદારો માંહેનો એક સખસ ૮ વરસનો છોકરો છે એવું માજીસ્ત્રેટને જણાતાં ફરીયાદી તરફનો કાંઈપણ પુરાવ નહીં લેતાં ફરીયાદ કાઢી નાખી અને તોહોમતદારોને ફરીયાદી પાસેથી નુકશાની અપાવવા હુકમ કર્યો એ કામમાં હાઇકોરટે ઠરાવ્યું કે ફરિયાદી તરફનો પુરાવ લીધા વગર આવી રીતે ફરીયાદી કાઢી નાંખી નુકશાન અપાવવા હુકમ થઇ શકે નહી એક તોહોમતદાર લાયક ઉમરનો નોહોતો તેવા કામ માટે કાયદામાં બતાવેલી રીતે માજીસ્ત્રેટે ચાલવું જોઇતું હતું બીલાસ વિરૂદ્ધ મકરૂ, બેંગાળા લો રીપોટ વા. ૨ પ્ર ૧૫

ગેરવ્યાજબી કેદ કર્યાની ફરીયાદમાં નુકશાની અપાવાય નહી—જાહારૂ વીરૂદ્ધ બાહાર અલી અને બીજાઓ વીકલી રીપોટ ૭ મદ્રાસ હાઇકોરટ રીપોટ વા. ૫ પ્ર. ૪૦

આબરૂ માટે કરેલી ફોજદારી ફરીયાદમાં નુકશાની અપાવાય નહી—અસુરદીખાન વીરૂદ્ધ બાલુ ખાંનવીકલી રીપોટ ૧ પ્ર. ૬

આવી નુકશાની અપાવવાથી તોહમતદારને દીવાની કોરટમાં ફરીયાદ કરવા બાધ આવતો નથી—અબ્રામ વીરૂધ્ધ મુહરબુલબ અલ્હાબાદ હાઇકોરટ રીપોટ વા. ૨ પ્ર. ૪૮

ફરીયાદીએ તોહમતદાર ઉપર બે તોહમત મુકી ફરીયાદ કરી હોય તે માહેનું એક તોહમત સમન્સ કેસનું હોય. બીજું વારંટ કેસનું હોય તો સમન્સ કેસના તોહમત માટે નુકશાની અપાવી શકાય છે—મધુસુદન ઘોસ. વીરૂધ્ધ ઈમરામ પેરૂ વીકલી રીપોટ ૧૩ પ્ર. ૩૯

તોહમતદાર ખરાબ ચાલ અથવા ખરાબ આબરૂનો માણસ છે એવા તોહમતના કામમાં ફરીયાદી પાસેથી નુકશાની અપાવી શકાતી નથી—રાણી. વીરૂદ્ધ બાલકીશન અલ્હાબાદ હાઇકોરટ રીપોટ વા. ૨ પ્ર. ૪૪૩

મુળ કોરટથીજ આવું નુકશાન અપાવી સકાય છે, અપીલ કોરટથી અપાવી સકાતુ નથી-મુબાઇ હાઇકોરટ રીપોટ વા. ૮ પ્ર. ૭

જ્યાં બે ગુન્હાનું તોહમત પ્રતીવાદી ઉપર, એક ગેરવ્યાજબી કેદનું કે જેનો ઇનસાફ સને ૧૮૭૨ ના ૧૦ મા આકટના બાબ ૧૭ મુજબ થઇ શકે તેવો ગુન્હો, તથા બીજુ હુમલાનું કે જેનો ઈનસાફ આ આકટના બાબ ૧૬ મુજબ થઇ શકે એવા પ્રકારના બે ગુન્હાનું તોહમત મુકવામાં આવ્યું હોય તો પેહલા ગુન્હાને સારૂ કલમ ૨૭૦ મુજબ નુકશાની અપાવવા કોરટને સત્તા નથી—ભોયરૂબચંદર પંડાત વી. હોસેનઅલી ચોધરી વાઈમન્સ રેવન્યુ સીવીલ એન્ડ ક્રીમીનલ, રીપોરટ, ક્રીમીનલ રૂલીંગ, ૧૭ પણ માધુસુદન ઘોસ ઉરફે માધવચંદર ઘોસ અને જોતરાય હઝરાહ અને બાજાના કેસમાં, જ્યાં ત્રણ જુદા જુદા ગુન્હાના ત્રણ તોહમતો મુકવામાં આવ્યાં હતાં જેમાં બેનો ઇનસાફ આ આકટના બાબ ૧૬ મુજબ અને એકનો ઇનસાફ આ આકટના બાબ ૧૭ મુજબ થઇ શકતો હતો તેમાં એમ ઠરાવ થયો હતો કે જો તોહમત તરદી આપવાનેજ કર્યું હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ માજીસ્ત્રેટ તોહમતવાળાને નુકશાની અપાવવા મુખત્યાર છે. વીકલી રીપોટ ક્રી ૧૩ રૂલીંગ ૩૯

બાબ ૨૧ મો.

વારંટના મુકદમાઓનો માજીસ્ત્રેટોએ ઈનસાફ કરવા બાબત.

વારંટના મુકદમામાં કામ ચલાવવાની રીત. ૨૫૧ વારંટના મુકદમાનો ઇનસાફ કરતી વખતે માજીસ્ત્રેટોએ હેઠળ લખેલી રીત પ્રમાણે કામ ચલાવવું.

ફરીયાદનું કામ ચલાવનારની તરફનો પુરાવો. ૨૫૨ જ્યારે માજીસ્ત્રેટની આગળ તોહમતવાળો હાજર થાય અથવા તેને આણ્યો હોય ત્યારે તે માજીસ્ત્રેટે ફરીયાદી (જો હોય તો) જે કહે તે સાંભળવું અને ફરીયાદનુ કામ ચલાવવાના ટેકામાં જે પુરાવો રજુ કરવામાં આવે તે સઘળો પુરાવો લેવો.

જે સખસો તે મુકદમાની હકીકતથી વાકેફ હોય એવો અને ફરીયાદનું કામ ચલાવનારની તરફથી શાહેદી આપી સકે એવો સંભવ હોય તે સખસોનાં નામ ફરીયાદી પાસેથી અથવા બીજી રીતે માજીસ્ત્રેટે નકી કરી લેવાં, અને તેમાંના જે સખસોની પોતે જરૂર ધારે તેઓને પોતાની આગળ સાહેદી આપવા સારૂ સમન કરવા.

ટીકા—આ કલમ પ્રમાણે સાહેદો ઉપર સમન કરવા માટે જુવો આ કાયદાના પરીશીષ્ટ ૫ નો નમુનો ૩૧.

દેશી રાજ્યમાં રેહેનારા સાહેદોને સમન કરવા માટે શું નિયમો છે અને સાહેદો વગેરેને ભથુ આપવા શું નિયમ છે તે માટે જુવો કલમ ૬૮

ફરીયાદીએ બતાવેલા સાહેદની જુબાની લીધા બાદ બીજા વધારે સાહેદની માજીસ્ત્રેટને જરૂર જણાય તો તેમને સમન કરે પણ તે હાજર થાય નહીં તેથી ફરીયાદી તરફનો પુરતો પુરાવ નથી એવું ઠરાવી ફરીયાદીની ફરીયાદ કાઢી નાખી શકે નહી—રાણી વિરૂદ્ધ બાદરઘોસ બેંગાળા લો રીપોટ વા. ૭ પ્ર. ૯

પુરાવાની ખામીને લીધે કોઈ સખસ છુટી ગયો હોય તો પછી કોઈપણ કેસમાં ફરીયાદીના સાહેદ તરીકે તેની જુબાની લેવા હરકત નથી—રાણી વીરૂધ્ધ બીહારીલાલ બોસ વીકલી રીપોટ ૭ પ્ર. ૪૪

ફરીયાદી જેટલા સાહેદના નામ દે તેટલા સાહદોને માજીસ્ત્રેટે બોલાવવા એવી કાંઇ જરૂરીયાત નથી તેની નજરમાં યોગ્ય લાગે તેટલાને બોલાવે. એવું આ કલમના છેલા પેરેગ્રાફથી ઠરયું છે અને આગળ પણ એવા ફેંસલા થયા છે—જલધરશીંગ અને બીજાઓ, વીરૂધ્ધ; સંકર દયાળ અને બીજાઓ વીકલી રીપોટ ૨૩ પ્ર. ૯

તોહોમતવાળાને છોડીમુકવાબાબત. ૨૫૩. ૨૫૨ મી કલમમાં કહેલો સઘળો પુરાવો અને પોતાને જરૂર લાગે એવી તોહોમતવાળાની જુબાની (જો હોય તો) લીધા ઊપરથી જો માજીસ્ત્રેટ એવું ઠરાવે કે તોહમતવાળાની વીરૂધ્ધ એવીકાંઇ બાબત સાબીત કરવામાં આવી નથી કે જે તોડી પાડવામાં ન આવે તો તેની ઊપર ગુન્હો ના સાબીત થયાનો ઠરાવ કરવાનું બ્યાજબી થાય તો તે માજીસ્ત્રેટે તેને છોડી મુકવો.

જો કાંઇ કારણસર કોઈ માજીસ્ત્રેટની નજરમાં એમ આવે કે તોહમત પાયા વગરનું છે. તો તે માજીસ્ત્રેટને મુકદમો ચાલતો હોય ત્યારે અગાઉ કોઇપણ વખતે તોહોમતવાળાને છોડી મુકવામાં અટકાવ થશે એવું આ કલમ માંહેના કોઈપણ મચકુરથી સમજવું નહી, સદરહુ કારણો તેણે દફતરમાં નોંધવા જોઇએ.

ટીકા—કાગ્નીઝેબલ નહી એવા ગુન્હા વીશેની ફરીયાદી ઉપરથી વારંટ કાહાડયા વગર પોલીસે ગેરકાયદે પકડાયાના કારણથી માજીસ્ત્રેટ તોહમતવાળાને છોડી મુકે તો તે બ્યાજબી નથી મુકદમાનો નીકાલ કરતાં વખતે તે તોહમતવાળા વીરૂધનો પુરાવો તે લે ત્યાં સુધી તે-

નાથી છોડી મુકવાનો હુકમ કરી સકાય નહી સરકારવીરૂધ સંગાપાસંકરોપા મુંબાઈ હાઈકો- ૨૮ તા. ૨૧ મે સને ૧૮૭૩.

આ કલમથી મુકદમો ચાલતો હોય તેવામાં કોઇપણ વખતે તોહમતવાળાને છોડી મુકવાનો અધિકાર આપવામાં આવ્યો છે પણ તોહમત પાયા વગરનું છે એમ ધારવાનાં કારણો દફતરમાં નોંધવા જોઇએ. આ કલમ સને ૧૮૭૨ના આકટ ૧૦ ની કલમ ૨૧૫ને ગળતી છે. અને બીજો ભાગ તદન નવો છે.

કોઈ સરકારી નોકરને કાયદાથી જે અધિકાર મળેલો છે તે અધિકારે તે માણસને નુ- કશાન કરે એવા ઇરાદાએ તે નોકરને ખોટી ખબર આપ્યા બદલ અને ન્યાતના કામમાં ખોટી સાક્ષિ આપ્યા બદલ પી. કો. ક. ૧૮૨ અને ૧૯૩ પ્રમાણે આરોપીતપર તોહમત રાખવામાં આવ્યું હતું. તેની ચોકસી પેહેલા વરગના માજીસ્ત્રેટ રાવબાહાદુર રામચંદ્ર બા- પુજીએ કરી અને જુના કી. પ્રો. કો. ક. ૨૧૫ પ્રમાણે આરોપીતને છોડી દીધો.

કામમાં હાજર કરેલા પુરાવા ઉપરથી જોતાં આરોપીતને છોડી દેવાનો તે પેહેલા વ- રગના માજીસ્ત્રેટે કરેલો હુકમ અયોગ્ય છે એમ જીલ્લા માજીસ્ત્રેટ મિસ્તર સ્પાયને લાગ્યાથી તે કામમાંના કાગળપત્ર અને પ્રોસીડીંગ મંગાવ્યાં; અને જુના કી. પ્રો. કો. કા. ૧૪૨ ના આધારથી કા. ૪૪ પ્રમાણે આરોપીતની ફરી ચોકસી કરવાનો હુકમ આપીને તે કાગળપત્ર અને પ્રોસીડીંગ મિસ્તર કયામ્પબેલ પાસે મોકલ્યાં.

તે ઉપરથી મિસ્તર કયામ્પબેલે ઇનસાફ કરીને આરોપીતપર ખોટી શાક્ષિ આપ્યાનો અપરાધ સાબિત કરી તેને છ મહીનાની સખત મજુરીની કેદની શિક્ષા કરી.

તે ઠરાવપર સેસન જડજને આરોપીતે અપીલ કરી. તેમાં સેસન જડજે કામના ગુણ દોષપર વિચાર ન કરતાં ગોહેસ મિસ્તરી (ઇંડીયન લા રીપોટ કલકત્તા વા. ૧ પ્ર, ૨૮૨) ના કામના ઠરાવને અનુસરીને મિસ્તર કયામ્પબેલે બીજી ચોકસી કરી, તે અધિકાર નહીં છતાં કરી છે એમ ઠરાવી તોહમત અને શિક્ષા રદ કર્યાં.

સેસન જડજના એ હુકમ ઉપર મુંબાઇ સરકારે જુના ક્રી. પ્રો. કો. કા. ૨૭૨ ના આધારે હાઇકોરટને અપીલ કરી હતી. તેમાં ઠરાવ થયો કે—

એકાદ સબોરડીનેટ માજીસ્ત્રેટે જુના કી. પ્રો. કો. કા. ૨૧૫ના આધારે એકાદ આરો- પીતને છોડી દીધો હોય અને તેનું તે પ્રોસીડીંગ મંગાવી જોયા પછી તે માજીસ્ત્રેટે આરોપી- તને છોડી દીધો તે બરોબર નથી. એમ જીલ્લા માજીસ્ત્રેટને જણાય તો બીજા સબોરડીનેટ માજીસ્ત્રેટને નવી ચોકશી કરવાનો હુકમ નહીં કરતાં તે કામ હાઇકોરટમાં મોકલવું એજ જીલ્લા માજીસ્ત્રેટને યોગ્ય મારગ છે.

આ કામમાં પણ તેમ થવું જોઈતું હતું તે થયું નથી માટે સેસન જડજે કરેલો હુ- કમ બરોબર છે કેમકે જુના ક્રી. કા. ૧૪૨ પ્રમાણે નવી ચોકસી કરવાનો હુકમ કરવાને જી- લા માજીસ્ત્રેટને સત્તા નહોતી તેથી મુંબાઇ સરકારે કરેલી અપીલ અમે ના મંજુરી કરીએ છીએ. સરકાર વિરૂધ્ધ ગૌડાપા બીન બાકુગોડા મુંબાઈ હાઇકોરટ રી. વા. ૨ પ્ર. ૫૩૪

સરકાર વિરૂધ્ધ માહેસ મિસ્તરી અને બીજાઓની અરજીની બાબતમાં કલકત્તા હા- ઈકોરટનો ઠરાવ તા. ૨૮ મારચ ૧૮૭૬ વા. ૬ પ્ર. ૨૮૨.

એક સરબોરડીનેટ માજીસ્ત્રેટે પુરાવો લીધા પછી અરજદારને જુના ક્રી. પ્રો. કલમ ૨૧૫ પ્રમાણે છોડી દીધો તેનાપર ફરી કામ ચલાવવા માટે જીલ્લા માજીસ્ત્રેટે હુકમ કર્યો તે હુકમ બરોબર નથી સબબ રદ કરવો એવી અરજદારે હાઈકોરટને અરજ કરી.

તે કામમાં હાઈકોરટે ઠરાવ કર્યો કે સબોરડીનેટ માજીસ્ત્રેટે અરજદારને છોડી દેવા વિશે કરેલો હુકમ અયોગ્ય હતો એવા કારણ ઉપરથી તે કામ જીલ્લા માજીસ્ત્રેટની રૂબરૂ જુના ક્રીમિનલ કલમ ૨૯૫ પ્રમાણે આવ્યું હતું. એવા પ્રસંગે જીલ્લા માજીસ્ત્રેટે તે કામ હાઈકોરટના અભિપ્રાય માટે મોકલવું હતું, અને હાઇકોરટને સબોરડીનેટ માજીસ્ત્રેટનો હુ-

કગ અયોગ્ય લાગત તો ફરી ચોકસી કરવાનો હુકમ તે કોરટ કરત પણ આ કામમાં તેમ થયું નથી માટે જીલ્લા માજીસ્ત્રેટે કામ ફરી ચલાવવા કરેલો હુકમ રદ કરીએ છીએ.

ગુન્હો સાબિતથ યલો જણાયત્યારે તોહમતનામું તે યાર કરવું. ૨૫૪. સદરહુ પુરાવો તથા જુબાની લીધા પછી જો તે માજીસ્ત્રેટની નજરમાં એમ આવે કે આ બાબ પ્રમાણે ઇનસાફ થઈ શકે એવા જે ગુન્હાનો ઇનસાફ કરવાનો પોતાને અધિકાર છે તથા જે બાબત પોતાના મત પ્રમાણે પોતે યોગ્ય શિક્ષા કરી શકશે તેવો કાંઇ ગુન્હો તોહોમતવાળાએ કર્યો છે એવું અનુમાન કરવાનો સબબ છે, તો તે માજીસ્ત્રેટે તોહમતવાળાની ઉપર એક તોહમતનામું લખીને તૈયાર કરવું.

ટીકા—ફરિયાદીએ અરજીમાં જે ગુન્હાની ફરિયાદ કરી હોય તે કરતા ફરિયાદી તરફના પુરાવ ઉપ થી જુદોજ ગુન્હો થએલો માલમ પડે તો જે ગુન્હો થયાનું માલમ પડે તે ગુન્હાનું તોહમત મુકવું જોઇએ,—રાણી વિરૂદ્ધ ધુડુ રામચંદ્ર મુંબાઇ હાઈકોરટ રીપોટ વા. ૫. પ્ર. ૧૦.

કોઇ માજીસ્ત્રેટ કોઇ કેસની તજવીજ કરતો હોય ત્યારે જે ગુન્હાની ફરિયાદ કરી હોય તે ગુન્હા સિવાય કાંઇ બાજો ગુન્હો થયાનું અથવા તે ગુન્હાની સાથે કાંઇ બીજો ગુન્હા થયાનું જણાય તો તે તોહમત વિશે તેણે તજવીજ કરવી જોઈએ અને એ બીજા ગુન્હા વિશે તમારે નવી ફરિયાદ કરવી એવું ફરિયાદીને કહેવું નહી જોઇએ—દીગંબરપાલી. વિરૂદ્ધ કાળીદાસ દત્ત. વી. રી. ૮ પ્ર. ૮૨

જવાબ. ૨૫૫. પછી તે તોહમતનામું તોહમતવાળાને વાંચી સંભળાવવું તથા સમજાવવું. અને તેને પુછવું કે તું તકસીરવાર છે કે તારે કાંઇ જવાબ કરવાનો છે.

જો તે તોહમતવાળો હું તકસીરવાર છું એવો જવાબ આપે, તો તે જવાબ માજીસ્ત્રેટે દફતરમાં લખી લવો, અને તે ઉપરથી પોતાની નજરમાં આવે તો માજીસ્ત્રેટ તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાને મુખત્યાર છે.

ટીકા—એક કામમાં બુધ્ધિપૂર્વક મારાવ્યથા કર્યાનું એક કેદી ઉપર તોહમત હતું; કેદી ઉપર તોહમત મુકી તે ગુન્હો કબુલ કરે છે કે નહી તે પુછવામાં આવ્યું તેના જવાબમાં તેણે કહ્યું કે ફરિયાદી સાથે મારે કજીઓ થયો અને તેને રીસમાં બે લાકડી મારી હતી. ઇનસાફ કરનારી કોરટે કેદીનું આ કહેવું ગુન્હો કબુલ કર્યો એવું ગણી તેને સજા કરી તે કામમાં સજા રદ થઈ અને કેસ ફરીથી ચલાવવાનો હુકમ થયો.—રાણી વિરૂદ્ધ જોયલાલ કૈરી વીકલી રી. ૧૧ પ્ર. ૬

કેદી જ્યારે ગુન્હેગાર છઉં એમ કહે અને તે સાથે એવું પણ કહે કે મારી ઉપર જે ગુન્હાનું તોહમત મુકાયું છે તે ગુન્હો કર્યો નથી. તોહમતદારનું આ કહેવું પોતે ગુન્હેગાર નથી એવું કહે છે—રાણી વિ. મોતન ચોધરી વી. રી. ૧૧ પ્ર. ૫૩

તોહમતનામું તઈયાર કર્યું હોય તો તોહમતદારને તે વંચાવી તેને કાંઇ સાહેદ આપવાના છે કે કેમ તે પુછવા માજીસ્ત્રેટની ફરજ છે—રાણી વિ. હરનાથરાય વી. રી; ૨ પ્ર. ૫૦

જેટલી બાબતો ભેગી થઇને ગુન્હો થયો હોય તે સઘળી હકીકતની તે કબુલત ન કરે પણ થોડીજ હકીકતની કબુલત કરે તો પોતે ગુન્હેગાર છે એવો જવાબ કેદીએ આપ્યો એવું ઠરતું નથી—રાણી વિ. સુનાઉલ્લા. વી. રી. ૨૫ પ્ર, ૨૩

તોહમતવાળાનો જવાબ. ૨૫૬. જો તે તોહમતવાળો જવાબ આપવાની ના કહે અથવા જવાબ આપે નહીં અથવા મારો ઈનસાફ થવો જોઇએ એવો દાવો કરે તો

તેને પોતાનો જવાબ કરવાનું અને પોતાનો પુરાવો રજુ કરવાનું ફરમાવવું; અને તે પોતાનો જવાબ કરતો હોય ત્યારે, કોઇપણ વખતે ફરિયાદી તરફનો કોઇપણ સાહેદ કોરટમાં અથવા કોરટના મકાનની હદમાં હાજર હોય તેને પાછો બોલાવીને તેની ઉલટ તપાસણી કરવાની તે તોહમતવાળાને રજા આપવી.

જો તોહમતવાળો કાંઈ લખેલો ગચકુર આપશે તો તે દફતરમાં માજીસ્ટ્રેટે ફાઈલ કરવો.

ટીકા—પોતાનો બચાવ તોહમતદારે કર્યા પછી ફરીયાદી તરફના એક સાહેદને ફરી બોલાવી કેટલીક હકીકત પુછી અને તેમાં એ સાહેદે પાછળથી જે હકીકત કહી તેના સબંધમાં કાંઇ પુરાવો રજુ કરવા તોહમતદારને તક મળી નહીં તેથી હાઇકોરટે તેના ઉપર કરેલી સજા રદ કરી નવેસરથી તજવીજ ચલાવવા ફરમાવ્યું–રાણી વિ. એસેનુલા વી. રી. ૧૩ પ્ર.૧૫

તોહમતદારે તેનો બચાવ કર્યા પછી ફરીયાદીએ પોતા તરફના કોઇ નવા શાક્ષીને તપાસવા એ અનિયમીત છે, પણ તોહમતદારે બચાવમાં કાંઈ નવીજ બાબત જણાવી હોય તો ફરીયાદીનો સાહેદ બચાવ કર્યા પછી પણ તપાસી શકાય છે—રાણી વિ. છોટીલાલ અલ્હાબાદ હાઇકોરટ રીપોટ વા, ૩ પ્ર. ૨૭૧

તોહમતદાર ઉપરના તોહમતનો ફેંસલો થતાં સુધી કોઇપણ વખતે ફરીયાદી અને તેના સાહેદોને બોલાવી ઉલટ તપાસ કરવા તેનો હક છે તેનો બચાવ માગ્યા પેહેલાં એ શાક્ષીઓ, વિગેરેની તેણે ઉલટ તપાસણી કરી હોય તે કારણથી અથવા તેનો બચાવ કરવાનું તેને કહેવાગાં આવ્યું તે વખતે શાક્ષીઓ કોરટમાં હાજર હતા. તોપણ તેણે તેની ઉલટ તપાસણી કરવા ઇચ્છા ન બતાવી તે કારણથી શાક્ષીઓને ફરી બોલાવી ઉલટ તપાસણી કરવાનો હક તેનો જતો નથી—રાણી વિ. લાલસીંગ અ. હા. રી. વા. ૬ ૨૭૦

એક કેસમાં કલકત્તા હાઇકોરટે એવું ઠરાવ્યું કે—જ્યાં તોહમતદારો એક હીતવાળી કામના હોય ત્યાં તેમની એકઠી તજવીજ વખતે એક બીજા તરફથી અથવા એક બીજા વિરૂદ્ધ તેઓમાંના કોઇને અથવા બધાને તેઓ સાહેદ તરીકે જુબાની લેવરાવી શકે—રાણી વિ. અલરફશીંગ વી. રી. ૬ પ્ર. ૮૧

જે સ્ત્રી સાથે પોતે સંભોગ કર્યાનું તોહમત હોય તે બાબતના કામના બચાવમાં તે સ્ત્રીને કેદી લાવી શકે છે કેમકે કોઇ સખસ ગુન્હો કરવામાં સામીલ હોય તેથી કેદીનો વિરૂદ્ધ કે તરફેનમાં સાહેદી આપવા અપાત્ર થતા નથી. સેખ બીમુ વી. રી. ૬ પ્ર. ૯૨

કેદીઓ ઉપર ત્રણ તોહમતની ભેળી તજવીજ ચાલતી હતી તે માંહેના એક ગુન્હા સંબંધી તોહમતદારનો બચાવ સાંભળ્યો પણ બીજા બે ગુન્હાનો બચાવ સાંભળ્યો નહીં તેથી સઘળું કામ રદ કરવામાં આવ્યુ. રાણી વિ. બંકબાહારી વી. રી. ૧ પ્ર. ૩૬

આરોપિત ઊત્તમચંદ અને બીજા, એઓના કામમાં સુરતના પેહેલા વરગના માજીસ્ત્રેટ જગજીવનદાસ ખુસાલદાસે જે કામ ચલાવ્યુ હતું તે બદલ જુના ક્રી. પ્રો. કો. કા. ૨૯૬ પ્રમાણે રીપોટ કરીને તે સુરતના આકટીંગ સેસન જડજ, એચ એમ. બરડઉડે હાઇકોરટના અભીપ્રાય વાસ્તે મોકલ્યું.

આ કામની મુખ્ય મુદ્દાની વાત એ છે કે સરવે આરોપતિપર ઇ. પી. કો. કા. ૧૫૨ પ્રમાણે તોહમત સાબીત ઠરાવવામાં આવ્યું હતું અને તે પઇકી એક ઉપર કા. ૩૨૩ મુજબ પણ અપરાધ સાબીત થયો હતો. આરોપીત નવલચંદે સેસન જડજને અપીલ કર્યાથી તેનાપરનો અપરાધ અને શિક્ષા રદ કર્યાં બાકીના આરોપીતને રૂ ૫૭ ની કમી રકમનો દંડ થયો હોવાથી તેઓને અપીલ કરવાનો હક નોહોતો પરંતુ ફરીયાદી તરફના સાક્ષીદારે પોલીસની રૂબરૂ જે મજકુર કહ્યો હતો તે મજકુર વિરધ તેણે માજીસ્ટ્રેટની રૂબરૂ મજકુર

કહ્યો છે એવું સાબીત કરવાની અમને પરવાનગી આપી નહી એમ બાકીના આરોપીતે સેસન જડજને અરજ કરી હતી તે ઉપરથી માજીસ્ત્રેટનો જવાબ માગ્યો તે વખતે માજીસ્ત્રેટે લખી મોકલ્યું કે ફરીયાદી તરફના સાક્ષીદારને ક્રોસ એકઝામીન કરવાની પરવાનગી આરોપીતને મેં આપી નથી કારણ કે ક્રી. પ્રો. કો. કા. ૧૧૯ ઉપરથી જોતાં શાક્ષિદારે પોલીસની રૂબરૂ કહેલો મજકુર પોલીસે લખી લીધો હોય તો તે લેખ દફતરનો કાગળ છે એમ સમજવું નહીં કીંવા તે પુરાવામાં લેવો નહીં એમ છે. માજીસ્ત્રેટે જે પુરાવો ન કબુલ કર્યો તે ફરીયાદીના સાક્ષીદારના મજકુરમાં ખરાપણું નથી એવું બતાવવા વાસ્તે પુરાવામાં લેવાનો હતો એમ સેશન જડજનો અભિપ્રાય હોવાથી તેમણે આ કામ મોકલ્યું.

તેથી હાઇકોર્ટે ઠરાવ્યું કે પુરો તપાસ ચાલ્યા છતાં જે કાંઇ મજકુર કહેવામાં આવ્યો હોય તે પોલીસે લખી લેવો જોઇએ એમ જુના ક્રી. પ્રો. કો. કલમ ૧૧૯ ઉપરથી થતું નથી કીંવા તે કલમ ઉપરથી કીંવા ઇંડીયાના પુરાવાના આકટની કલમ ૯૧ ઉપરથી તે મજકુર બાબત મુખ જુબાન પુરાવ આગ્રહ્ય છે એમ પણ નથી. એવા પ્રકારનો મજકુર જો લખી લીધો હોય તો તે દફતરમાંનો એક ભાગ છે એમ સમજવામાં આવશે નહી. કીંવા તે પુરાવાનાં ઉપયોગમાં લાવવામાં આવશે નહી પરંતુ ઇંડીયાના પુરાવાના આકટની કલમ ૧૫૯ પ્રમાણે યાદદાસ્ત તાજી કરવા વાસ્તે માત્ર તે લેખનો ઉપયોગ થશે. એટલા વાસ્તે જે માણસે તે મજકુર કહ્યો હોય તે માણસને તે મજકૂર બદલ પ્રશ્ન કરવામાં આવશે અને જે પોલીસ અમલદારને કીંવા બીજા કોઇ માણસના સાંભળવામાં આવવા સરખો તે મજકુર કહેનારનું ખરાપણું બતાવવા વાસ્તે લેવાનો અધિકાર છે (પુરાવાના આકટની કલમ ૧૫૫)

માટે ફરિયાદી તરફના સર્વે સાક્ષીદાર કીંવા તે પૈકીકોઇએ માજીસ્ત્રેટની રૂબરૂ મજકુર કહ્યો તે કરતાં વિરૂધ્ધ મજકુર પોલીસ રૂબરૂ કહ્યો હતો એમ સાબિત કરવા વાસ્તે ફરિયાદી તરફના શાક્ષિદારને ક્રોસ એકઝામીનને સબંધે પ્રશ્ન કરી જવાબ લેવાની આરોપિતને માજીસ્ત્રેટે પરવાનગી આપવામાં ચુક કરી છે જુના ક્રી. પ્રો. કો. કલમ ૨૯૭ ના અર્થ પ્રમાણે મોટી મુદ્દાની ચુક છે. એટલા માટે આ કામગાંનું તોહમત રદ કરવું જોઈએ. અને ફરિયાદી તરફના સાક્ષીદાર પૈકી અમુક એ સાક્ષિદારે અગાઉ વિરૂધ્ધ મજકુર કહ્યો હતો તેથી તેનાપર ભરોસો રાખવામાં આવતો નથી એમ સાબિત કરવાનો આરોપિતને પરવાનગી આપી અને જુના ક્રી. પ્રો. કો. કલમ ૨૧૮ પ્રમાણે સદરહુ કામ વાસ્તે જે કોઈ શાક્ષિદારને બોલાવવાની આરોપિતની ઇછા હોય તે સાક્ષીદારને બોલાવી લાવી નવીન ફેંસલો કરવાને વાસ્તે આ કજીયો માજીસ્ત્રેટ પાસે પાછો મોકલવો જોઇએ. એ પ્રમાણે કર્યા પછી માજીસ્ત્રેટ જે ફેંસલો કરે તે વખતે તેણે જુના ક્રી. પ્રો. કા. ૪૬૪ માંના ઠરાવને અનુસરીને ચાલવું એવો તેમને હુકમ કર્યો.

બ એ પેનશન ખાતામાં નોકર (કારકુન) હતો. અ એ પેનશન લેવા અરજ કરી હતી. બ ને અ મળ્યો તે વખતે આ ખાતામાં મારૂ સારૂ ચલણ છે. અને તેથી એક બે આસામીને મેં જાસ્તી પેનશન અપાવ્યું છે એમ બ એ અ ને કહ્યું અને તમે કાંઇ તજવીજ કરો તો તમારૂ આ પેનશન જાસ્તી થાય એમ પણ તેને કહ્યું. તે વાત અ એ ના કબુલ કરી તેથી બ એ અ ને એમ કહ્યું કે તમે ના કબુલ કરો છો પણ તેમાં તમો પસ્તાશો. તેમાં ઠરાવ્યું કે બ નું આ કૃત્ય લાંચ મેળવવાનો યત્ન કર્યાનો ગુન્હો થાય છે, (પી. કો. ક. ૧૬૧) ચારજ તોહમત આરોપિત માણસને વાંચીબતાવ્યાથી તેણે તેનો જવાબ આપ્યા પછી ફરિયાદીના જે સાહેદ હાજર છે તેઓની ઉલટ તપાસણી કરવા વિશે આરોપિતને માજીસ્ત્રેટે કહ્યું. મારા સાહેદોની જુબાનીઓ થતાં સુધી ફરીયાદીના સાક્ષીદારને ઉલટ તપાસણી કરવાને આરોપિતે ના કબુલ કર્યું પરંતુ આરોપિતના સાક્ષી હાજર નહોતા તેથી માજીસ્ત્રેટે ફરિયાદીના સાક્ષીદારને જવાનું કહ્યું અને આરોપિતના સાક્ષી હાજર કરવા માટે કામ મુલતવી રાખ્યું. તેમાં ઠરાવ્યું કે આરોપિતના સાક્ષીદારની જબાની લેવાનો જે દિવસ નીમ્યો હોય તે દિવસે ઉલટ તપાસણી કરવા માટે ફરિયાદી તરફના સાક્ષીદારને

હાજર કરવા વિશે સમન કરાવવાનો આરોપિતનો હક નથી. સરકાર વી. બળદેવ સહાઈ-ઈંડિયન લો રીપોટ અલ્હાબાદ વા. ૨ પ્ર. ૨૫૩

તોહમતવાળાની અરજી ઉપરથી પુરાવો રજુ કરવાની જરૂર પાડવાબાબત પ્રોસેસ.

૨૫૭. કોઇપણ સાહેદની તપાસણી અથવા ઉલટ તપાસણી કરવા સારૂ (પછી તે મુકદમામાં તે સાહેદને અગાઉ તપાસ્યો હોય કે નહીં હોય તો પણ) તેને હાજર થવાની જરૂર પાડવા બાબત અથવા કાંઈ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાની જરૂર પાડવા બાબત કાંઇ પણ પ્રોસેસ કાહાડવાની તોહમતવાળો માજીસ્ત્રેટને અરજી કરે, અને સદરહુ અરજી તસ્દી આપવા સારૂ અથવા વીલંબ કરવા સારૂ અથવા ઈનસાફનો હેતુ પાર ન પડે એમ કરવા સારૂ કરી છે એવું તેને દેખાઇ ન આવે તો માજીસ્ત્રેટે તે પ્રોસેસ કાહાડવું જોઈએ. તે સબબ માજીસ્ત્રેટે દફતરમાં લખવો.

સદરહુ અરજી ઉપરથી કોઇપણ સાહેદને સમન કરતાં પેહેલાં તે ઇનસાફનાં કારણ સારૂ તે સાહેદને હાજર થવામાં જે વ્યાજબી ખરચ થાય તે કોરટમાં અનાગત મુકવો એવું ફરમાવવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ટીકા—તોહમતદારના સાહેદોને સમન્સ કરી બોલાવવા એ માજીસ્ત્રેટનું કામ છે. એ સાક્ષી ઉપર તે કેવો વિશ્વાસ મુકશે, એવું માજીસ્ત્રેટોએ આગળથી નકી કરવાનું નથી—મહીમાચંદ્રસાહ બેંગાળા લો. રીપોટ વા. ૪ પ્ર. ૭૮ એપેનડીક્ષ

તોહમતદારે જે સાહેદનાં નામ આપ્યાં હોય તેઓ તોહમતદાર સાથે ગુન્હો કરનારાછે એવું માજીસ્ત્રેટ ધારે પણ એ સાહેદો તોહમતદાર તરીકે ઉભા રાખેલા ન હોયતો પછી માજીસ્ત્રેટ એ સાહેદને બોલાવવા બંધાયલા છે. તેમ ન બોલાવેતો તેનું ચલાવેલું કામ રદ થાય—રામસેહાઇ ચોધરી વિરૂદ્ધ શંકરબાહાદુર બેંગાળા લા. રી. વા. ૯ પ્ર. ૬૫

કારણ બતાવ્યા વગર તોહમતદારના સાહેદો લેવા ના પાડીને કેદીને સજા કરવામાં આવે તો તે વ્યાજબી નથી—સતનારાયણશીંગના કામમાં ઇંડિયન લા રીપોટ અલ્હાબાદ વા. ૩ પ્ર. ૩૯૨

જ્યારે તોહમત સંભળાવવામાં આવે અને તેનો બચાવ કરવા તોહમતદારને કહેવામાં આવે ત્યારે ફરિયાદી તરફના સાહેદોને ફરીથી મને ઉલટ તપાસણી કરવા દો એવી તોહમતદારે પોતાની ઈચ્છા બતાવવી જોઇએ એટલે કે તેના કહ્યા વગર એવા સાહેદોઓને બોલાવવા માજીસ્ત્રેટની ફરજ નથી—સેખ ફઈજલાલ અને બીજાઓના કામમાં કલકત્તા હાઇકોરટ તા. ૧૯ મી મારચ સને ૧૮૮૧

જો બચાવમાં બોલાવવાના સાહેદને સમન કાહાડવાની ના પાડવામાં આવી હોય તેનાં કારણ દફતરમાં નોંધવામાં ન આવ્યાં હોય તો તે મ્હોટી ભુલ છે. આવી ભુલથી સતનારાયણ સીંગના કામમાં શિક્ષા કરવામાં આવી હતી. ઈ લા રી. અલ્હાબાદ વા. ૩ પ્ર. ૩૯૨.

સાહેદી આપ્યા અવલ ખરચ ન માગવામાં આવ્યું હોય તોપણ તેણે સાહેદને બોલાવવાને સમન કરાવ્યો હોય તેનેજ તેને ખરચ આપવું જોઇયે. ઈ. લા રી. વા. ૪ મુબાઈ પ્ર. ૬૧૯

બચાવના ત્રણ સાહેદોને સમન કરી બોલવવાનો હુકમ થયો તેમાંના એક ઉપર સમન બજ્યો. અને હાજર થયો અને બીજા બે સાહેદ ગામમાં નથી એવો રીપોટ થયો તેથી એ સાહેદોને ન તપાસતાં તોહમતવાળાને શિક્ષા કરી આ શિક્ષા રદ કરી યોગ્ય મુદતમાં એ સાહેદોની સાહેદી લેવરાવવાનો તોહમતવાળાને લાગ આપવો એવો ઠરાવ થયો, મદ્રાસ હાઇકોરટ રીપોટ વા. ૫ એપે. ૨૬

ગુન્હાના સાબિત થયાનો ઠરાવ.

૨૫૮. આ બાબ પ્રમાણે જે મુકદમામાં તોહમતનામું તૈયાર કર્યું હોય તે મુકદમામાં જો માજીસ્ત્રેટ એમ ઠરાવે કે તોહમતવાળો તકસીર-

વાર નથી તો તેણે ગુન્હો ના સાબિત થયાનો હુકમ દફતરમાં નોંધવો:

ગુન્હો સાબિત થયાનો ઠરાવ. સદરહુ પ્રકારના કોઇપણ મુકદમામાં જો તોહમતવાળો તકસીરવાર છે એમ માજીસ્ત્રેટ ઠરાવે તો તેણે કાયદા પ્રમાણે તેની ઉપર શિક્ષાનો હુકમ કરવો.

ટીકા—ચારજ ફરમાવ્યા વગર ગુન્હો ના સાબેત થયાનો ઠરાવ થઇ સકતો નથી. રાણી વિરૂદ્ધ જહી આહીર વીકલી રીપોટ વા. ૨૨ પ્ર. ૬.

તોહમતવાળાના ઉપર જે ચોરીનું તોહમત આવ્યું હતું તે ચોરીનો ગુનો ના સાબેત થયાનો ઠરાવ ફકત માજીસ્ત્રેટે કર્યો, પોલીસની ખાએસથી ફરી તપાસ કરવાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે હુકમ કર્યો અને તેમાં એવું કારણ બતાવ્યું કે તોહમતવાળા ઉપર તોહમત ફરમાવવામાં આવેલ નથી તો ડેપ્યુટી માજીસ્ત્રેટનો હુકમ છોડી મુકવાના હુકમ બરાબર છે. આ કામમાં એમ ઠરાવવામાં આવ્યું કે તોહમતનામુ નહીં ફરમાવવાથી કાંઈ ઇનસાફને ખલેલ થયું નથી અને સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૬૦ એટલે આ કાયદાની કલમ ૭૩ પ્રમાણે જ્યાં સુધી ગુન્હો ના સાબેત થયાનો ઠરાવ રદ કરવામાં ન આવે ત્યા સુધી ફરી તપાસ કરવાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને અધિકાર નથી જોગપાસન; કલકતા હાઇકોરટ રીપોટ વા. ૩ પ્ર. ૧૩૧.

તોહમતનામું ફરમાવ્યા બાદ ફરીયાદ કાહાડી નાંખવામાં આવે તો તેથી ગુન્હો ના સાબીત થયાનો ઠરાવ થયો છે એમ સમજવું, જકુબાર મુકરજી ૫. કલકતા ૩૫૯ જ્યારે ગુન્હો ના સાબેત થયાનો ઠરાવ થાય તેથી કલમ ૨૫૦ મુજબ તોહમતવાળાને બદલો માગવાનો હક નથી. રાધાનાથ પજા વિરૂદ્ધ ઉમાચરન વીકલી રીપોટ ૨૨ પ્ર. ૧૨

ગુન્હો સાબીત થયા પછી માજીસ્ત્રેટ શીક્ષાનો હુકમ કરવા બંધાયેલા છે. તે કોઈ સખસને ચેતવણી આપી છોડી શકશે નહી—પોરણના કેસમાં. વીકલી રીપોટ ૩ ક્રી. લેટર. પ્ર. ૧૫

જ્યારે પુરાવામાં આપેલી બધી હકીકત મળી એક આખો ગુન્હો બનતો હોય ત્યારે ફાઇન્ડીંગ એટલે ઠરાવ કરી તે ગુન્હાને સારૂ ફકત શીક્ષાનો હુકમ કરવો જોઇએ જો પુરાવાની હકીકતના એક ભાગથી એક ગુન્હો થતો હોય, અને બીજા જુદાજ ભાગથી એક બીજો નવો અને જુદોજ ગુન્હો થતો હોય, તો દરેક તોહમત ઉપર ફાઇન્ડીંગમાં ઠરાવ કરી મુખ્ય ગુન્હાને સારૂ ખરેખરી શીક્ષાનો હુકમ કરવો જોઇએ અને બીજા ગુન્હાના તોહમતને સારૂ હલકી શીક્ષાનો હુકમ અથવા મુળગી શીક્ષા ન કરવી જોઈએ, અગર જો જરૂર હોય તો દરેક ગુન્હા ઉપર ખરેખરી શીક્ષાનો હુકમ કરવો જોઈએ, વીકલી રીપોટ ૧ ક્રી. રૂલીંગ પ્ર. ૨

આરોપિત ઉપર ઇંડીયન પીનલકોડ કલમ ૫૦૦ પ્રમાણે એક સ્ત્રીએ પુનાના એક ફુલપાવર માજીસ્ત્રેટ જી. બી. રીડને ફરીયાદી કરી. તે ફુલપાવર માજીસ્ત્રેટે ફરીયાદીનો પુરાવો લેઇ તોહમતનામું તૈયાર કર્યું અને તે તોહમતવાળાને વાંચી સંભળાવ્યું પછી સને ૧૮૬૧ ના આકટ ૨૫ ની કલમ ૨૫૫ એટલે આ કલમના આધારે તા. ૨ નવેમ્બર સને ૧૮૭૧ ને રોજ તેને છોડી દેવાનો ઠરાવ કર્યો. ફરીયાદીની અરજીપરથી પુનાના સેસનજડજે તા. ૨૪ જાન્યુઆરી ૧૮૭૨ ના રોજ સદરહુ છોડી દેવાનો હુકમ રદ કર્યો, અને મજકુર આકટની કલમ ૪૩૫ આ આકટની ૪૩૮ પ્રમાણે આરોપીતને સેશન કોરટમાં ચોકસી કરવા વિશે તે ફુલપાવર માજીસ્ત્રેટને હુકમ કર્યો, પુનાના જીલ્લા માજીસ્ત્રેટ જે ઈ. ઓલીફંટે નીચેની હકીકત સહીત આ કામ હાઇકોરટે વિચારમાં લઈ હુકમ થવા માટે તે કોરટને મોકલ્યું: "સને ૧૮૬૯ ના આકટ ૮ થી સુધરેલી કલમ ૪૩૫ માં "છોડી દેવુ" એ શબ્દ છે તે શબ્દએજ આકટની કલમ ૨૨૫ (અને ૨૫૦ પ્રમાણે જે કામનો નિકાલ કર્યો હોય તેને માત્ર લાગુ છે એમ દેખાય છે, "હાલના આ કામમાં મજકુર કલમ ૨૫૫ (કલમ ૨૫૮) પ્રમાણે છોડી દેવાનો હુકમ કર્યો છે તો તે હુકમ રદ કરવાનો અને કલમ ૪૩૫ પ્રમાણે આરોપીતને કમિટ કરવાનો હુકમ કરવાનો સેશન જડજને અધિકાર નથી એમ મને દેખાય છે કેમકે તેનાપર

તોહોમતનામું તૈયાર કર્યા પછી તેને છોડી દીધેલો છે." આ પ્રમાણે હકીકત સાથે કામ હાઈકોરટમાં આવ્યાથી ઠરાવ્યું કે આરોપિતને તેની ચોકસી થયા પછી છોડી દીધો છે સબબ કલમ ૪૩૫ પ્રમાણે આ કામમાં હાથ ઘાલવાનો સેશન જડજને અધિકાર નથી માટે આરોપિતને સેશન કોરટમાં કમીટ કરવા વિશે સેશન જડજે કરેલો હુકમ આ કોરટ રદ કરે છે. સરકાર વિરૂદ્ધ વ્યાકુ નરસા મુંબઇ હાઇકોરટ રીપોટ વા. ૯ પ્ર. ૧૭૦

આરોપિતઉપર ચાર્જ મુકયા પછી આગળ કામ ચલાવવાનું બંધ કરવાનો અને આરોપિતને ઇનસાફ માટે સેશન કોરટમાં મોકલવાનો માજીસ્ત્રેટને જુના ક્રીમિનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૧ (હાલની ૩૪૭) ઉપરથી અધિકાર છે. ચાર્જ તૈયાર કર્યા પછી કેહીએ અપરાધ કર્યો નથી કિંવા તેનાપર અપરાધ સાબેત થયો એ બેમાંથી કોઈ પણ ઠરાવ કરવો જોઇએ એવો જે ઠરાવ જુની કલમ ૨૨૯ (એટલે આ ક. ૨૫૮) નો વ્યાખ્યામાં છે તે ઉપરથી જોતાં જે માજીસ્ત્રેટે ચારજ તૈયાર કર્યો તેણેજ તે ઠરાવ કરવો જોઈએ એમ નથી એવો ઠરાવ સેશન કોરટે કર્યો તો હરકત નથી, સરકાર વિરૂદ્ધ કદરૂતુલા અને બીજા ઈંડીયન લા. રીપોટ કલકતા વા. ૩ પ્ર. ૪૯૫

ફરિયાદીની ગેર હાજરી. — ૨૫૯ જ્યારે ફરીયાદ થયા ઉપરથી કામ ચલાવવા માંડયું હોય અને મુકદમાની સુનાવણી માટે મુકરર કરેલો કોઈપણ દીવસ ફરીયાદી ગેરહાજર હોય અને ગુન્હો કાયદા પ્રમાણે માંડીવાળવાનો અધિકાર હોય તો આ કાયદામાં પાછળ ગમે તે કહ્યું હોય તે છતાં તોહમતનામું તૈયાર કરવાની અગાઉ કોઈ પણ વખતે પોતે દુરસ્ત ધારે તો માજીસ્ત્રેટ તોહમતવાળાને છોડી મુકવાને મુખત્યાર છે.

બાબ ૨૨ મો.

સંક્ષેપ રીતે ઇનસાફ કરવા બાબત.

સંક્ષેપરીતેઇનસાફ કરવાનો અધિકાર. — ૨૬૦ આ કાયદામાં ગમે તે કહ્યું હોય તે છતાંઃ—

(૧) જીલ્લા માજીસ્ત્રેટ,

(૨) પહેલા વર્ગના જે માજીસ્ત્રેટને સ્થાનીક સરકારે આ બાબત વિશેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટ; અને

(૩) માજીસ્ત્રેટોની જે બેંચને પેહેલા વરગના માજીસ્ત્રેટનો અધિકાર આપ્યો હોય અને જેને સ્થાનિક સરકારે આ બાબત વિશેષે કરીને અધિકાર આપ્યો હોય તે બેંચ હેઠળ લખેલા સઘળા અથવા હરકોઈ ગુન્હાનો ઇનસાફ સંક્ષેપ રીતે કરવાને મુખત્યાર છે.

(અ) જે ગુન્હા મોતની, સમુદ્રપારની, અથવા છ મહિના કરતાં વત્તી મુદતની કેદની શિક્ષા કરવા લાયક નહિં હોય તેવા ગુન્હા.

(બ) હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૬૪ મી, ૨૬૫ મી, અને ૨૬૬ મી કલમ પ્રમાણે કાટલાં તથા માપ સબંધી ગુન્હા.

(ક) તેજ કાયદાની ૩૨૩ મી કલમ પ્રમાણે વ્યથા.

(ડ) તેજ કાયદાની ૩૭૯ મી અથવા ૩૮૦ મી અથવા ૩૮૧ મી કલમ પ્રમાણે ચોરીની મિલકતની કીંમત પચાસ રૂપીઆ કરતાં વધારે નહીં હોય ત્યારે;

(ઈ) તેજ કાયદાની ૪૧૧ મી કલમ પ્રમાણે ચોરીની મિલકત લેવી અથવા રાખવી સદરહુ મિલકતની કીંમત પચાસ રૂપીઆ કરતાં વધારે નહીં હોય ત્યારે;

(ફ) તેજ કાયદાની ૪૧૪ મી કલમ પ્રમાણે ચોરીની મિલકત સંતાડવામાં અથવા તેની વ્યવસ્થા કરવામાં મદદ કરવી સદરહુ મિલકતની કીંમત પચાસ રૂપીઆ કરતાં વધારે નહીં હોય ત્યારે;

(ગ) તેજ કાયદાની ૪૨૭ મી કલમ પ્રમાણે બિગાડ;

(હ) તેજ કાયદાની ૪૪૮ મી કલમ પ્રમાણે ગ્રહપ્રવેશ;

(આઈ) તેજ કાયદાની ૫૦૪ મી કલમ પ્રમાણે સુલેહનો ભંગ કરવાના ઇરાદાથી અપમાન કરવું, અને તેજ કાયદાની ૫૦૬ ઠી કલમ પ્રમાણે સાપરાધ ધમકી;

(જે) ઉપર કહેલા ગુન્હાઓમાંના કોઇપણ ગુન્હામાં મદદગારી કરવી;

(કે) ઉપર કહેલા ગુન્હાઓમાંનો કોઇપણ ગુન્હો કરવાની કોસીશ—તે કોસીશ ગુન્હો હોય ત્યારે;

પણ એવું ઠરાવ્યું છે કે જે મુકદમામાં કોઈ જીલ્લા માજીસ્ત્રેટ ૩૪ મી કલમમાં આપેલો વિશેષ અધિકાર ચલાવતો હોય તેવા કોઇપણ મુકદમાનો ઇનસાફ સંક્ષેપ રીતે કરવો નહીં.

ટીકા—આ કલમને બદલે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માં કમલ ૨૨૨, ૨૨૩, ૨૨૪ અને સને ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૧૭ હતી.

આ કલમની રકમ (ઇ) ને બદલે ક. ૨૨૨ ની રકમ ૭ હતી તેમાં પ્રથમ ચોરીના માલની કીંમતની કાંઇ હદ નહોતી પણ આ રકમ (ઇ) માં પચાસ રૂપીઆની કીંમત ઠરાવી ચોરીના માલની કીંમતની હદ બાંધવામાં આવી છે. આ કલમના પ્રોવીઝો તદન નવા છે.

આ બાબ પ્રમાણે જે કામ ચલાવવામાં આવે તેમાં આ બાબમાં ઠરાવેલી રીત પ્રમાણે કામ ચલાવવાને માજીસ્ત્રેટ બંધાયેલો છે. જોહારીસીંગ વી. રી. ૨૨ ક્રી. રૂ. ૨૮

તોહમતવાળા ઉપર ડાકાઇટીનું હીં. ફો. કા. ની ક. ૩૯૫ મુજબનું તોહમત રાખવામાં આવ્યું હતું. અને તે આ કાયદાના બાબ ૨૨ પ્રમાણે ચલાવવામાં પણ આવ્યું હતું. કામ ચાલતાં આ વાત ભુલી જઈ તોહમતવાળા ઉપર હીં. ફો. કા. ક. ૧૪૩ મુજબ તોહમત મુકવામાં આવ્યું અને કામ સંક્ષીપ્ત રીતે ચલાવવામાં આવ્યું. આ કામમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે ફરીયાદી ડાકાઇટી બાબત હિં. ફો. કા. ક. ૩૯૫ મુજબની છે તેથી સંક્ષીપ્ત રીતે આ કામનો નિકાલ થઇ શકતો નથી અને કામ સાધારણ રીતે ચલાવવું જોઇએ. રાણી વિ. દ્વારકાનાથ મજમુદાર વી. રી. ૨૧ ક્રી. રૂ. ૮૯

તોહમતવાળા ઉપર આઠ આનાની કીંમતની પેટી અને તેમાંથી રૂ ૫૦) રોકડા ચોર્યા બાબત તોહમત મુકવામાં આવ્યું હતું. પેટીની કિંમત વિશે પુરાવ લીધા વગર તે પેટીની કિંમત ધ્યાનમાં લાધા સિવાય માજીસ્ત્રેટે સંક્ષીપ્ત તજવીજ કરી. આ કામમાં એમ ઠરાવવામાં આવ્યું કે પેટીના કિંમત બાબત પુરાવ લેવો જોઇતો હતો તેમ કરવામાં આવ્યું નથી. તેથી માજીસ્ત્રેટનું ચલાવેલું કામ અખત્યાર વગરનું છે. બગલેઅલી વીકલી રીપોટ ૨૨ ક્રી. રૂ. ૬૫ વળી હરનશેખ વિરૂદ્ધ રાયધન બિશ્વાસ (૨૪ વુ. રી. ૨૧) ના કામમાં માજીસ્ત્રેટે ગેરવ્યાજબી કેદની ફરિયાદનું કામ હિં. ફો. કા. ની કલમ ૧૪૩ મુજબ ગેરવ્યાજબી મંડળીના અંગભુત હોવાનું તોહમત રાખી સંક્ષીપ્ત રીતે ચલાવેલું કામ રદ કરવામાં આવ્યું હતું.

માજીસ્ત્રેટની ધારણા ઉપરથી નહીં પણ જે ફરિયાદ કરવામાં આવી હોય તે ઉપરથી સંક્ષીપ્ત રીતે કામ ચલાવવું કે નહિં એ નક્કી કરવાનું છે, સંક્ષીપ્ત રીતે કામ ચલાવ્યા બાદ માજીસ્ત્રેટની ધારણા ખરી પડે તેટલા કારણથી સંક્ષિપ્ત રીતે ચલાવેલું કામ કાયદાસર થતું નથી. રામચંદ્ર આતરજી વિરૂદ્ધ કનૈયાલાલ વીકલી રીપોટ ૨૫ ક્રી. રૂ. ૧૯

ગેરવ્યાજબી રીતે કર માગવાનું સને ૧૮૭૧ ના આકટ ૮ મુજબના તોહમતનું કામ સંક્ષીપ્ત રીતે ચલાવી શકાતું નથી. ઉત્તમચંદ્ર વિ. ઈસર વિ. રી. ૨૨ ક્રી. રૂ. ૭૬

આ કાયદાના બાબ ૩૬ મુજબનું કામ પણ આ કલમ પ્રમાણે સંક્ષીપ્ત રીતે ચલાવી શકાય નહિ હરીકીસોરી પાળો વિ. ભારોથી વીકલી રીપોટ ૨૪ ક્રી. રૂ. ૬૧ પોલરડવિ. પોથાચલઈં. લા. રી. ૪ મદ્રાસ ૨૩૪ તથા રાણી વિ. રામાવતાર પૌરે વી. રી. ૨૫ ક્રી. રૂ. ૫

સને ૧૮૫૬ ના આકટ ૨૧ ની ક. ૪૯ પ્રમાણે થયેલા તોહમતનો ઇનસાફ જુના ક્રી. પ્રો. કો. ક. ૨૨૨ આ કાયદાની ક. ૨૬૦ પ્રમાણે સંક્ષીપ્ત કરી શકાય છે. સરકાર વિ. બઇદનાથદાસ ઈં. લા. રી. વા. ૩ ક. પ્ર. ૬૬૬

પ્રાંત આશામ જીલ્લા કામરૂપના આસિસ્ટંટ કમીશનર મી. કારેગીએ અરજદાર ઉપર જુના ક્રી. પ્રો. ક. ૨૨૨ આ આકટની કલમ ૨૬૦ ના આધારે સંક્ષીપ્ત રીતે ચોકશી કરવાનો અધિકાર ચલાવી ખોટી ખબર આપ્યાના ગુન્હાનો અપરાધ સાબીત કર્યો હતો. આ કામ સને ૧૮૭૫ ની સાલમાં થયું છે. સને ૧૮૭૨ ની સાલે સાંબસાગર જીલ્લા પૈકી જોરહત ડીવીજન મી. કરીગોના તાબામાં હતો અને તેને પેહેલા વરગના માજીસ્ત્રેટનો અને જુના ક્રી. પ્રો. કો. ક. ૨૨૨ (૨૬૦) માં કહેલી સંક્ષીપ્ત રીતે ચોકશી કરવાનો અધિકાર હતો, તે સને ૧૮૭૪ ની સાલે રજા લેઈ ઈંગ્લાંડ પાછો ગયો અને સને ૧૮૭૫ ની સાલે હિંદુસ્તાનમાં પાછો આવ્યો ત્યારે તેને કામરૂપ જીલ્લામાં નીમ્યો. અને પેહેલા વરગના માજીસ્ત્રેટનો અધિકાર આપ્યો પણ સંક્ષીપ્ત રીતે ચોકશી કરવાનો અધિકાર જુની ક. ૨૨૨ (ક. ૨૬૦) પ્રમાણે ફરી મળ્યો નાહોતો એમ છતાં તેણે અરજદારપર સંક્ષીપ્ત રીતે ચોકશી કરીને તોહમત સાબિત કર્યું. તે કામમાં એવી તકરાર કરવામાં આવી કે આ માજીસ્ત્રેટને તેવો અધિકાર સને ૧૮૭૨ ની સાલમાં સાંબસાગર જીલ્લામાં મળ્યો હતો અને તે કામ ઉપરથીજ તેની બદલી કામરૂપ જીલ્લામાં થઇ છે એમ સમજવું જોઇએ, અને એટલા માટે જુના ક્રી. પ્રો. કો. ક. ૫૬ (ક. ૪૦) ઉપરથી કામરૂપ જીલ્લામાં સંક્ષીપ્ત રીતે ચોકશી કરવાનો તેને અધિકાર હતો અને તે અધિકાર પ્રમાણેજ તેણે અરજદાર ઊપર તોહમત સાબીત કર્યું હતું અરજદાર તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે સને ૧૮૭૨ ની સાલે જુના. ક્રી. પ્રો કો. કલમ. ૨૨૨ (ક૦ ૨૬૦) પ્રમાણે તેને અધિકાર મળેલો હતો અને બીજા જીલ્લામાં તે અધિકાર ચલાવવાને તેને અધિકાર મળયો નાહોતો. તે રજા લેઇ જે વખતે ઇંગ્લાંડ પાછો ગયો તે વખતે તેણે પોતાનો પેહેલો હોદ્દો છોડી દીધો હતો, એમ સમજવું જોઇએ; સન ૧૮૭૨ ની સાલે તેને પેહેલા વરગના માજીસ્ત્રેટનો અધિકાર મળેલો હતો પછી ફરી જે વખતે ઇંગ્લાંડથી પાછો આવ્યો તે વખતે સરકારના જાહેરનામા ઉપરથી ફરી તેને પેહેલા વરગના માજીસ્ત્રેટનો અધિકાર કામરૂપ જીલ્લામાં કેમ આપ્યો? સબબ કામરૂપ જીલ્લામાં સંક્ષીપ્ત રીતે ચોકસી કરી ઇનસાફ કરવાનો તેને અધિકાર નોહોતો અને એટલા માટે અરજદારપર તેણે ઠરાવેલું તોહોમત રદ કરવું જોઇએ તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે—મી. કારેંગોને સાંબસાગરમાં જે અધિકાર મળ્યો હતો તે કેવળ જીલ્લામાં માત્ર ચલાવવા પુરતો મળ્યો હતો સબબ તેને કામરૂપમાં તે અધિકાર ચલાવવાનો હક નોહોતો એટલા માટે આ કામમાં જુના ક્રી. પ્રો. કો. ક. ૫૬ (ક૦ ૪૦) લાગુ પડતી નથી. તેમજ મી. કારેંગીને સાંબસાગરમાં જે અધિકાર હતો તેટલો કામરૂપમાં નહોતો કીંવા તેથી જાસ્તી કીંવા પણ નોહોતો કામમાં સંક્ષીપ્ત રીતે ચોકસી કરવાનો અધિકાર તેને મળ્યો નહોતો કીંવા અગાઉના કામ ઉપરથી બદલી થયેલી હોવાથી તેણે એ અગાઉનો અધિકાર કામરૂપમાં ચલાવ્યો છે એમ કહેવાય નહીં, કોઇ અમલદાર પોતાનો હોદ્દો છોડી ઇંગ્લાંડ ગયો એટલે તેનો અગાઉનો સર્વ અધિકાર જાયછે. અને ફરી પાછો આવ્યો એટલે ફરી મુદામ જો તેને તે અધિકાર આપવામાં આવે તોજ માત્ર તેને તે અધિકાર મળેછે, નહોતો મળતો નથી તે પ્રમાણે મી. કારેંગો પાછો આવ્યા

થી સરકારે તેને પેહેલા વરગના માજીસ્ત્રેટનો અધિકાર માત્ર આપ્યો હતો પરંતુ સંક્ષીપ્ત રીતે ઈનસાફ કરવાનો અધિકાર સરકારે તેને આપ્યો નોહોતો સબબ આ કામને જુની કલમ ૫૬ લાગુ પડતી નથી. એવા કારણથી અરજદારપર મુકેલું તોહોમત કોરટ રદ કરેછે આ પ્રમાણે ઠરાવ થયો હતો તે રદ કરી આ કાયદાની કલમ, ૪૦ માં વિશેષ અધિકાર આપ્યો છે તે કલમ ૪૦ જુઓ.

જુ. ક્રી. પ્રો. કો. ના બાબ ૧૮ પ્રમાણે જે અધિકાર આપ્યો છે તેનો એવો હેતુ નથી કે આરોપિત માણસપર જે આરોપ આવ્યો હોય તે બદલીને સદરહુ બાબ મધ્યે જે અપરાધ કહેલા છે તે પૈકી એકાદ અપરાધ તે આરોપિતપર મુકવો, પરંતુ સંક્ષીપ્ત રીતે ઈનસાફ કરવા જોગ જે અપરાધ નથી એવા એકાદ અપરાધનો આરોપ કોઈના ઉપર મુકવો હોય તે વખતે એવા આપરાધની બાબતમાં જે કામ ચલાવવાની રીત કહી છે તે રીત તેને લાગુ કરવી અને તે આરોપીતપર અપરાધ સાબિત કરવો કીંવા તેને દોશ મુકત કરવો કીંવા ઇનસાફ માટે તેને મોકલવો એ માજીસ્ત્રેટનું ખુલ્લું કર્તવ્ય કર્મછે, જુની ક. ૨૨૨ માં જે આરોપ કહ્યો છે તે પૈકીનો ખુલી રીતે અને પ્રત્યેક રીતે એકાદ આરોપ હોય તે વખતે માત્ર બાબ ૧૮ માં કહેલી રીતી પ્રમાણે કામ ચલાવવું, ચંદરશેખર થાકુર વિરૂદ્ધ નિતલુખને બીજા વીકલી રીપોટ ૨૨ પ્ર. ૨૯ થળી જુઓ બાપુલુલા વી, નજીરમોખ કલકત્તા હા. કો. રીવા, ૨ પ્ર. ૩૩૪

જુના ક્રી; પ્રો કો, ૨૨૨ પ્રમાણે સંક્ષીપ્ત રીતે કામ ચલાવવા વિશે જે મજકુરછે, તે નીચે આવનારાં કામમાં અપરાધ સ્થાપન કરવા ઉપરથી એવું સ્પષ્ટપણે દેખાઇ આવવું જોઇએ કે તે કલમમાં જે કામ લખેલું છે તે પૈકી આ એક કામ છે, ચોરીબદલનુ કામ હોય તો ચોરીએ ગયેલા માલની ખરી કીંમત શી છે તે ઠરાવવુ જોઈએ સરકાર વિરૂદ્ધ અભીત પરીદા અને બીજા વીકલી રીપોટ ૨૦ પ્ર. ૧૭

અરજદારે માંછલાં પકડવા માટે કાંઇક ઝાડના પાદડાં એક નદીમાં નાંખ્યા હતાં તે ઉપરથી માજીસ્ત્રેટે જુ. ક્રી પ્રો. કો. ક, ૨૨૩ (ક, ૨૬૦) પ્રમાણે સંક્ષીપ્ત રીતે ચોકસી કરી અને તેને શીક્ષા આપી. આ અપરાધ પી, કો. ક. ૨૭૭ પ્રમાણે થયો છે એમ માજીસ્ત્રેટે ઠરાવ્યું તેપર તેણે હાઇકોરટને અરજ કરી તેમાં હાઈકોરટે ઠરાવ કર્યો કે—પી. કો. ક. ૨૭૭ માં "સાધારણ સરવ લોકોનો ઝરો કીંવા હદ" એવા જે શબ્દ છે તેમાં "નદી" નો સમાવેસ થતો નથી. અને એટલા માટે માંછલાં પકડવા માટે નદીમાં ઝાડના પાદડાં નાખતાં એ કામ કલમ ૨૭૭ પ્રમાણે અપરાધ થતો નથી, સબબ અરજદારપર થયેલો અપરાધ રદ કરયો છે, સરકાર વિરૂધ હલધર પોરે અને બીજા ઇ, લા, રી,કલકત્તા વા.૨૫૩૮૩

માજીસ્ત્રેટની જે બેંચનેઓછો અધિકારઆપ્યોહોયતેબેંચનેઅધિકાર આપવાનો અખત્યાર

૨૬૧ માજીસ્ત્રેટોની જે કાંઇ બેંચને બીજા અથવા ૩ જા વરગના માજીસ્ત્રેટનો અધિકાર આપેલો હોય તે બેંચને હેઠળ લખેલા સઘળા ગુન્હાઓનો અથવા તેઓમાંના કોઇપણ ગુન્હાનો સંક્ષીપ્ત રીતે ઈનસાફ કરવાનો અધિકાર આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.—

(અ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૭૭ મી, ૨૭૮ મી, ૨૭૯ મી, ૨૮૫ મી, ૨૮૬ મી, ૨૮૯ મી, ૨૯૦ મી, ૨૯૨ મી, ૨૯૩ મી, ૨૯૪ મી, ૩૨૩ મી, ૩૩૪ મી, ૩૩૬ મી, ૩૪૧ મી, ૩૫૨ મી, ૪૨૬ મી, તથા ૪૪૭ મી કલમ વિરૂદ્ધ ગુન્હા.

(બ) મ્યુનિસિપાલ આકટો વિરૂદ્ધ અને શેહેરતું જતન કરવા બાબત જે કલમો પોલીસ

આકટોમાં છે તે કલમો વિરૂધ્ધ જે ગુન્હા માટે ફક્ત દંડની અથવા એક મહિના સુધીની મુદતની કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હા;

(ક) ઉપર કહેલા ગુન્હાઓમાં કોઇપણ ગુન્હામાં મદદગારી;

(ડ) ઉપર કહેલા ગુન્હાઓમાંનો કોઈપણ ગુન્હો કરવાની કોશીષ—તે કોશીષ ગુન્હો હોય ત્યારે.

સમનના તથા વારંટના મુકદમા માટે કામ ચલાવવાની જે રીત છે તે રીત લાગુ પાડવા બાબત.

૨૬૨. આ બાબ પ્રમાણે ઈનસાફ કરતી વખતે સમનના મુકદમા માટે ફરમાવેલી રીત પ્રમાણે સમનના મુકદમામાં કામ ચલાવવું અને વારંટના મુકદમા માટે ફરમાવેલી રીત પ્રમાણે વારંટના મુકદમામાં કામ ચલાવવું, પણ આ કાયદામાં આગળ કહેલી બાબતોમાં તેમ કરવું નહીં.

કેદની હદ.

આ બાબ પ્રમાણે હરકોઈ ગુન્હો સાબિત થવાનો ઠરાવ કરવામાં આવે ત્યારે ત્રણ મહિના કરતા વધારે મુદતની કેદની શિક્ષાનો હુકમ કરવો નહીં.

જે મુકદમામાં અપીલ ચાલતી ન હોયતે મુકદમાનું દફતર.

૨૬૩. જે મુકદમામાં અપીલ ચાલતી નહીં હોય તે મુકદમામાં માજીસ્ત્રેટને અથવા માજીસ્ત્રેટોની બેંચને સાહેદોનો પુરાવો દફતરમાં દાખલ કરવાની અથવા પદ્ધતિ પ્રમાણે તોહમતનામું તઇયાર કરવાની જરૂર નથી પણ સ્થાનિક સરકાર ફરમાવે એવા પત્રકમાં હેઠળ લખેલી વિગત માજીસ્ત્રેટે અથવા માજીસ્ત્રેટોની બેંચે દાખલ કરવી.

(અ) અનુક્રમે ચઢતો નંબર;

(બ) ગુન્હો થયાની તારીખ;

(ક) રીપોટની અથવા ફરીયાદની તારીખ;

(ડ) ફરિયાદી હોય તો તેનું નામ;

(ઈ) તોહમતવાળાનું નામ, તેના બાપનું નામ, તથા તેનું રેહેવાનું ઠેકાણું.

(ફ) જે ગુન્હાની ફરીયાદ થઇ હોય તે ગુન્હો તથા કાંઇ ગુન્હો સાબીત થયો હોય તો તે ગુન્હો, અને ૨૬૦ મી કલમની રકમ (ડ) રકમ (ઇ) અથવા રકમ (ફ) માં આવે એવી બાબતોમાં જે મિલકતના સબંધમાં ગુન્હો કર્યો હોય તે મિલકતની કિંમત.

(ગ) તોહમતવાળાનો જવાબ તથા તેની જબાની (જો હોય તો).

(હ) ગુન્હા બાબત ઠરાવ અને ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તો તેના કારણનો મુખ્તેસરમાં મજકુર.

(આઈ) શિક્ષાનો હુકમ અથવા બીજો આખરનો હુકમ; અને

(જ) જે તારીખે કામ પુરૂં થયું તે તારીખ.

ટીકા—આ કલમને બદલે સને ૧૮૭૨ ના આકટ ૧૦માંમાં કલમ ૨૨૭ હતી તેમાં "રજીષ્ટર" એ શબ્દ હતો તેને બદલે આ કલમમાં પત્રક એ શબ્દ દાખલ કરવામાં આવ્યો છે આ કલમની રકમ (ફ) માં "અને ૨૬૦ મી કલમની રકમ (ડ) રકમ (ઇ) અથવા રકમ (ફ) માં આવે એવી બાબતોમાં જે મિલકતના સબંધમાં ગુન્હો કર્યો હોય તે મિલકતની કિંમત" એ શબ્દો નવા છે.

જો કે માજીસ્ત્રેટની ફરજ પુરાવ નોંધવાની નથી તોપણ ગુન્હો સાબેત કરાવતી વખ-

તે માજીસ્ત્રેટે એવી રીતે પુરાવ બતાવવો જોઇએ કે તે પુરાવથી હાઇકોરટ કામ ફરી તપાસતી વખતે વિચારી જુએ કે ગુન્હો સાબેત થયાનો ઠરાવ બરોબર છે કે નહીં. પજાવસીંગના કામમાં એવી રીતે પુરાવ બતાવવામાં નહીં આવ્યો તેથી શિક્ષા રદ કરવામાં આવી ઈંડીયન લો. રી. ક. વા. ૬ પ્ર. ૫૭૯

જે મુકદમામાં અપીલ ચાલતી હોય તે મુકદમાનું દફતર.

૨૬૪. જે મુકદમાનો ઇનસાફ કોઇ માજીસ્ત્રેટ અથવા બેંચ સંક્ષિપ્ત રીતે કરે અને જેમાં અપીલ ચાલતી હોય તેવા દરેક મુકદમામાં તે માજીસ્ત્રેટ અથવા બેંચે શિક્ષાનો હુકમ કરતાં પેહેલાં ફેંસલો દફતરમાં દાખલ કરવો અને ફેંસલામાં સાક્ષી પુરાવાનો સાર દાખલ કરવો અને ૨૬૩ મી કલમમાં કહેલી વિગત પણ દાખલ કરવી.

ફકત સદરહુ પ્રકારનો ફેંસલો આ કલમ લાગુ હોય તેવા મુકદમાઓનું દફતર છે એવું સંમજવું.

ટીકા—માજીસ્ત્રેટના (ફાઇન્ડીંગ) ઠરાવ ઉપરથી અપીલમાં સેસન જડજને કદી ગુન્હેગાર છે એવો સ્વતંત્ર અભિપ્રાય બાંધવાને કાંઇ સાધન ન હોય અને જે પુરાવ પોતાની રૂબરૂ પડયો હોય તે ઉપરથી એમ ખાત્રી ન થાય કે તોહમતવાળાઓને વ્યાજબી શિક્ષા થઇ છે તો સેસન જડજે એને છોડી મુકવો જોઇએ. રાણી વિરૂધ્ધ બેસનમુલ્લા બેંગાળા લો. રીપોટ વા. ૧૧ પ્ર. ૩૩ વીકલી રીપોટ ૨૦ પ્ર. ૧૩ આ ઠરાવથી ઉલટો ઠરાવ રાણી વિરૂધ્ધ કરનસીંગના કામમાં થયો છે ઇંડીયન લા. રી. અ. વા. ૧ પ્ર. ૬૮૦ આ કરનસીંગના કામમાં એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે ઉપર કહેલા પ્રસંગે શિક્ષા રદ કરવી નહીં જોઈએ પણ ફરી તપાસવાને કામ પાછું મોકલવું જોઇતું હતું.

દફતર અને ફેંસલાની ભાષા.

૨૬૫. ૨૬૩ મી કલમ પ્રમાણે તઈયાર કરેલાં દફતર તથા ૨૬૪ મી કલમ પ્રમાણે દફતરમાં દાખલ કરેલા ફેંસલા પ્રમુખ અધિકારીએ અંગ્રેજીમાં અથવા કોરટની ભાષામાં, અથવા તે પ્રમુખ અધિકારી જે કોરટના પ્રત્યક્ષ તાબામાં હોય તે કોરટ ફરમાવે તો તે પોતાની સ્વભાષામાં લખવાં.

બેંચને કલાર્ક રાખવાનો અધિકાર આપવાનો અખત્યાર છે.

માજીસ્ત્રેટોની જે બેંચને ગુન્હાઓનો સંક્ષિપ્ત રીતે ઈનસાફ કરવાનો અધિકાર આપેલો હોય તે બેંચ જે કોરટના પ્રત્યક્ષ તાબામાં હોય તે કોરટે આ બાબત નિમેલા કોઇ અમલદાર પાસે સદરહુ દફતર અથવા ફેંસલો તઇયાર કરાવવાનો અધિકાર તે બેંચને આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે. અને એ પ્રમાણે તઈયાર કરેલા દફતર ઉપરથી અથવા ફેંસલા ઉપર તે બેંચના જે મેમ્બર હાજર રહીને કામમાં ભાગ લેતા હોય તેવા દરેક મેમ્બરે સહી કરવી.

હાઈકોરટની આગળ તથા સેશન કોરટની આગળ ઇનસાફ ચલાવવા બાબત.

બાબ ૨૩ મો.

અ.—પ્રથમ નિયમો.

"હાઇકોરટ" એ શબ્દોનીવ્યાખ્યા.

૨૬૬. ૩૦૭ મી કલમ સિવાય આ બાબમાં "હાઇકોરટ" એ શબ્દોનો અર્થ વિકટોરિયા કારકીર્દીના ચોવીસમા તથા પચાસમા વરસના સ્ટાટયુટના ૧૦૪ થા બાબ પ્રમાણે ઇનસાફની જે હાઇકોરટ સ્થાપી હોય

અથવા સ્થાપવાની હોય તે હાઈકોરટ એવો સમજવો, અને તેમાં પંજાબની ચીફ કોરટનો તથા બીજી જે કોરટોને ગવરનર જનરલ ઇનકાઉંસીલ વખતે વખતે ઈંડીયા ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિધ કરીને આ બાબના કારણ સારૂ હાઇકોરટ ઠરાવે એવી કોરટનો સમાવેશ થાયછે.

હાઇકોરટની આગળ ઇનસાફ જુરીથી કરવો. — ૨૬૭ હાઈકોરટની આગળ આ બાબ પ્રમાણે સઘળા મુકદમાઓનો ઈનસાફ જ્યુરીથી કરવો;

અને આ કાયદામાં ગમે તે કહ્યું હોય તે છતાં આ કાયદા પ્રમાણે અથવા વિકટોરીયાની કારકીરદીના ચોવીસમા તથા પચીસમા વરસના સ્ટાટયુટના ૧૦૪ થા બાબ પ્રમાણે સ્થાપેલા મુકદમામાં કોઈપણ હાય કોરટની લેટર્સપેટંટ પ્રમાણે કોઇ હાઇકોરટની પાસે મોકલેલા સઘળા ફોજદારી મુકદમાંમાં જો તે હાઇકોરટ ફરમાવે તો, ઇનસાફ જ્યુરીથી કરવાનો અધિકાર છે.

સેશનકોરટનીઆગળઇનસાફજ્યુરીથી કરવોઅથવા આસેસરોની મદદથી કરવો. — ૨૬૮ સેશન કોરટની આગળ સઘળા મુકદમાઓનો ઈનસાફ જ્યુરીથી અથવા આસેસરોની મદદથી કરવો.

સેશન કોરટની આગળ ઇનસાફ જુરીથી કરવાનો હુકમકરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે. — ૨૬૯ કોઇપણ સેશન કોરટની આગળ સઘળા ગુન્હાઓનો અથવા કોઇપણ અમુક વરગના ગુન્હાઓનો ઈનસાફ કોઇપણ જીલ્લામાં જ્યુરીથી કરવો એવું સ્થાનિક સરકાર સરકારી ગેઝેટમાં હુકમ પ્રસિધ કરીને ફરમાવવાને અને વખતે વખતે તે હુકમ રદ કરવાને અથવા તેમાં ફેરફાર કરવાને મુખત્યારછે. જ્યારે કેટલાએક ગુન્હાનું તોહમત તોહમતવાળા ઉપર એકજ ઇનસાફની વખતે મુકવામાં આવ્યું હોય અને તેમાંના થોડાએક ગુન્હાઓનો ઇનસાફ જ્યુરીથી થઇ શકે અને થોડાએકનો ઇનસાફ

તેવી રીતે ન થઇ શકે એમ હોય ત્યારે તે સઘળા ગુન્હા માટે તેનો ઇનસાફ જ્યુરીથી કરવો.

સેશનકોરટનીઆગળ ઇનસાફનું કામ પબ્લિક પ્રાસિકયુટરે ચલાવવું. — ૨૭૦ સેશન કોરટની આગળ જે જે ઇનસાફ થાય તેમાં ફરીયાદનું કામ પબ્લિક પ્રાસિક્યુટરે ચલાવવું.

બ.—કામ ચલાવવાની સરૂઆત.

ઇનસાફની સરૂઆત. — ૨૭૧ જ્યારે ઇનસાફ સરૂ કરવાને તૈયાર હોય ત્યારે તેની આગળ તોહમતવાળાએ હાજર થવું અથવા તેને આણવો અને તોહમતનામું કોરટમાં વાંચી સંભળાવવું તથા તેને સમજાવવું અને તેને પુછવું કે જે ગુન્હાનું તોહમત મુકયું છે તેનો તું તકસીરવાર છે કે તારો ઈનસાફ થાય એવો તું દાવો કરે છે.

તકસીરવાર છું એવો જવાબઆપે ત્યારે. — જો તોહમતવાળો એવો જવાબ આપે કે હું તકસીરવાર છું તો તે જવાબ દફતરમાં દાખલ કરવો અને તે ઉપરથી તે તોહમતવાળાને ગુન્હેગાર ઠરાવવો.

ટીકા—કોઇ સાધારણ અથવા ખરા અપવાદથી તોહમતવાળો ગુન્હેગાર નથી એવો જવાબ આપે તે સાબેત કરવાનો બોજો સંને ૧૮૭૨ ના પુરાવના આકટ ૧ લા મુજબ તોહમતવાળાને શીર છે સોવપ્રસાદ પંડયા, ઇંડીયન લા રીપોટ કલકતા વા. ૪ પ્ર. ૧૨૪

તોહમતદારે પોતાના ઉપર મુકેલા ગુન્હાનો હું તકસીરવાર છું એમ જવાબ આપ્યા પછી તોહમતનામુ ફેરવવા સેશન જડજને અખત્યાર નથી—રાણી વિરૂધ ગોબરધન ભયાન વીકલી રીપોટ ૧૩ રૂ. ૫૫

'બ' ને માહાવ્યથા કર્યાના એક મુકદમામાં કેદીને તોહમતનામુ વાંચી સંભળાવતાં તેણે જવાબમાં એમ કહ્યું કે મારે 'બ' ની સાથે લડાઇ છે અને ગુસ્સામાં લાકડીથી તેને બે વખત માર્યો, ઠરાવ થયો કે સેશન જડજે આ હકીકત તકશીરવારનો જવાબ ગણી તે ઉપરથી તેણે ગુન્હેગાર ઠેરવ્યો એ ગેરવ્યાજબી હતું, કારણ કેદીએ પોતે માહાવ્યથાનો તકશીરવારછે એમ કબુલ કર્યું નોહોતુ–રાણી વિરૂધ જયપાલ વીકલી રીપોટ ૧૧ પ્ર. ૬.

જવાબ દેવાની ના કેહેવી અથવા ઈનસાફ કરવાનું કહેવું.

૨૭૨. જો તોહમતવાળા જવાબ આપવાની ના કહે અથવા જવાબ આપે નહી અથવા મારો ઇનસાફ થવો જોઇએ એવો દાવો કરે તો કોરટે જ્યુરરો અથવા આસેસરો આ કાયદામાં આગળ કહ્યા પ્રમાણે પસંદ કરીને તે મુકદમાનો ઇનસાફ કરવા માંડવો.

એક પછી એક કેટલાએક ગુન્હેગારોનો ઇનસાફ તેજ જુરીથી અથવા આસેસરોથી કરવા બાબત.

પણ એવું ઠરાવ્યું છે કે આ કાયદામાં આગળ હરકત લેવાનો જે હક કહ્યો છે તેને અનુસરીને કોરટને યોગ્ય લાગે તેટલા તોહમતવાળા સખસોનો એકપછી એક એ રીતે ઈનસાફ તેની તેજ જ્યુરી કરી શકે અથવા તેના તેજ આસેસરો તે ઇનસાફના કામમાં મદદ કરી શકે.

સાબિત થઇ શકે એવાં તોહમતનામા ઉપર નોંધ.

૨૭૩. હાઇકોરટની આગળ ઇનસાફ ચાલે તેમાં જે સખસની ઉપર તોહમત મુકયું હોય તે સખસનો ઇનસાફ શરૂ થતાં પેહેલાં કોઈપણ વખતે તે હાઈકોરટને એમ જણાય કે તોહમતનામું અથવા તેનો કોઇ ભાગ સાબિત થઇ શકશે નહી એ સ્પષ્ટ છે ત્યારે જડજે તે તોહમતનામા ઉપર તે મતલબની એક નોંધ કરવી.

નોંધનું ફળ.

સદરહુ નોંધનું ફળ એવું થશે કે, પ્રસંગ પ્રમાણે તોહમતનામા ઉપરથી અથવા તેના ભાગ ઉપરથી ચલાવવાનું કામ બંધ થશે.

ક.—જ્યુરી પસંદ કરવા બાબત.

જુરીમાં કેટલા માણસો જોઈએ.

૨૭૪. હાઈકોરટની આગળ ઇનસાફ થતી વખતે જુરીમાં નવ માણસો હોવાં જોઇએ.

સેશન કોરટની આગળ જુરીથી ઈનસાફ થતી વખતે ત્રણ કરતાં ઓછી ન હોય અને નવ કરતાં વત્તી ન હોય એવી જે વિષમ સંખ્યા સ્થાનિક કોઇપણ અમુક જીલ્લાને અથવા તે જીલ્લામાં કોઇપણ અમુક વરગના ગુન્હાઓને લાગુ પડે એવા હુકમથી વખતે વખતે ફરમાવે તે સંખ્યા જુરીના માણસોની હોવી જોઈએ.

યુરોપિયનઅથવા અમેરિકન ન હોય

૨૭૫. યુરોપીયન અથવા અમેરિકન ન હોય એવા કોઇ સખસનો ઇનસાફસેશન કોરટની આગળ જુરીથી કરવામાં આવે ત્યારે જો તે સ-

એવા સખસ સખસોનો સેશન કોરટની આગળ ઇનસાફ કરવા સારૂ જુરી. ખસની ઇચ્છા હોય તો તે જુરીમાં અરધાધિક યુરોપિયન અથવા અમેરિકન ન હોય એવાં માણુસો હોવાં જોઇએ.

ચીઠી કાહાડીને જુરરો પસંદ કરવા. ૨૭૬. જુરરો ચુંટી કાહાડવા તે જુરર તરીકે કામ કરવા સારૂ સમન્સ કરેલાં માણુસો મધ્યેથી હાઈકોરટ વખતે વખતે કાનુન કરીને ફરમાવે તેવી રીતે ચીઠી કાહાડીને ચુંટી કાહાડવા;

વિશેષ ઠરાવ. પણુ એવું ઠરાવ્યું છે કેઃ—

હાલનો રીવાજ કાયમ રાખ્યો. પ્રથમ.—આ કલમ પ્રમાણે કોઇપણુ કોરટને માટે કાનુનો કાહાડવામાં આવે, ત્યાં સુધી તે કોરટમાં જુરરો પસંદ કરવાની બાબતમાં જે રીવાજ હાલ ચાલુ હોય તે રીવાજ પ્રમાણે ચાલવું.

જે માણુસોને સમન કર્યાં હોય તે કયારે ચુંટી કાહાડવા લાયક છે. બીજું—સમન કરેલા માણુસો પુરતા ન હોય તો બીજા જે માણુસો હાજર હોય તે મધ્યેથી કોરટની રજા લઇને જુરરોની જોઇતી સંખ્યા પસંદ કરવાનો અધિકાર છે, અને

વિશેષ જુરરોની આગળ ઇનસાફ. ત્રીજું—ઇલાકાના મુખ્ય શેહેરોમાં—

(અ) તોહમતવાળા સખસની ઉપર મોતની શિક્ષા કરવા લાયક કોઇ ગુન્હો કર્યાનું તોહમત મુક્યું હોય તો અથવા.

(બ) બીજા કોઇપણુ મુકદમામાં હાઇકોરટનો કોઇ જડજ ફરમાવે તો.

આ કાયદામાં આગળ વિશેષ જુરીની જે ટીપ કહી છે તે ટીપ મધ્યેથી જુરરો ચુંટી કાહાડવા.

જુરરોનાં નામ બોલાવવાં. ૨૭૭. જુરર ચુંટી કાહાડવામાં આવતા જાય તેમ તેમ તે દરએકનું નામ મોઢેથી બોલાવવું અને હાજર થાય એટલે તોહમતવાળાને પુછવું કે એ જુરરથી તારો ઇનસાફ થાય એમાં તને હરકત છે.

જુરરો બાબત હરકત. તે વખતે તે જુરરથી બાબત તોહમતવાળો અથવા ફરિયાદનું કામ ચલાવનારો હરકત લેવાને મુખત્યાર છે, અને તે હરકતનાં જે કારણુ હોય તે કહેવાં.

કારણો કહ્યાવગર હરકત. પણુ એવું ઠરાવ્યું છે કે, હાઇકોરટમાં સરકારની તરફથી આઠ સંખ્યા સુધી અને જે સખસની અથવા સખસોની ઉપર તોહમત મુકયું હોય તે સખસની અથવા સખસોની તરફથી આઠ સંખ્યા સુધી કારણો કહ્યા વગર હરકતો લેવા દેવી.

હરકતનાં કારણો. ૨૭૮. કોઇ જુરર બાબત હેઠળ લખેલાં કારણોમાંનાં કોઇપણુ કારણુપરથી હરકત લીધી હોય અને કોરટની ખાત્રી થાય એવી રીતે તે સાબિત થાય તો તે હરકત મંજુર રાખવી.

(અ) તે જુરર અનુમાન પ્રમાણે અથવા ખરેખરો પક્ષપાતી છે;

(અ) જાતનું કંઇ કારણ, જેમ કે પરદેશના વતની હોવું, અથવા કોઇપણ ચાલુ કાયદાથી અથવા કાયદા પ્રમાણે અમલ થતો હોય એવી કોઇપણ કાનુનથી ફરમાવેલી યોગ્યતામાં ખામી હોવી, અથવા એકવીસ વરસ અંદરની વયના અથવા સાઠ વરસથી વત્તી વયના હોવું.

(ક) તેણે પોતાની રીતથી અથવા ધરમ સંબંધી સંકલ્પથી દુનિયાદારીની વાતોની સઘળી ચીંતા તજી દીધી છે.

(ડ) તે કોરટ મધે અથવા તેના હાથ તળે કાંઇ હોદ્દો ધરાવે છે.

(ઇ) તે પોલીસનું કાંઇ કામ કરે છે અથવા પોલીસનું કાંઇ કામ તેને સોંપેલું છે.

(ફ) તેની ઉપર કોઇપણ ગુન્હો સાબીત થયો છે જે પરથી તે કોરટની નજરમાં જુરીમાં કામ કરવાને તે અયોગ્ય થાય;

(ગ) જે ભાષામાં સાહેદી અપાતી હોય તે ભાષા અથવા, જ્યારે તે સાહેદી સમજાતી હોય ત્યારે જે ભાષામાં તે સમજાતી હોય તે ભાષા સમજવાને તે અશકત છે.

(હ) બીજી કોઇ હકીકતથી તે કોરટની નજરમાં તે જુરર તરીકે નાલાયક થાય તે હકીકત.

હરકતવીશેઠરાવ.

૨૭૯ કોઇ જ્યુરર બાબત જે હરકત લેવામાં આવે તે દરએક હરકત વીશે કોરટે ઠરાવ કરવો અને તે ઠરાવ દફતરમાં નોંધવો અને તે આખરનો છે એવું સમજવું.

જે જુરરની વિરૂદ્ધ હરકત મંજુર કરવામાં આવે તે જ્યુરરની જગા પુરવા બાબત.

જો તે હરકત મંજુર કરવામાં આવે, તો તે જ્યુરરને ઠેકાણે સમન મુજબ હાજર થયલા અને ૨૭૬ મી કલમથી ઠરાવેલી રીતે ચુંટી કાહાડેલા બીજા કોઇ પણ જ્યુરરને નિમવો, અથવા તેવો બિજો કોઇ જ્યુરર હાજર ન હોય તો જેનું નામ જ્યુરરોની ટીપમાં હોય અથવા જે માણસ કોરટની નજરમાં તે જ્યુરીમાં કામ કરવાને યોગ્ય જણાય એવો બીજો જે માણસ કોરટમાં હાજર હાય તે માણસને નિમવો; પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ જ્યુરર અથવા બીજા માણસ બાબત ૨૭૮ મી કલમ પ્રમાણે હરકત લીધી ન હોય અને મંજુર રાખી ન હોય તો તેમ કરવું.

જુરીનોઅગ્રેસર.

૨૮૦ જ્યારે જ્યુરરોને પસંદ કરવામાં આવે ત્યારે તેમણે પોતાનામાંથી એક જણને અગ્રેસર નિમવો.

તે અગ્રેસરે જ્યુરિની તકરારોમાં ઊપરીપણું કરવું, જ્યુરીનો ઠરાવ કોરટને કહી સંભળાવવો, અને જ્યુરીને અથવા તેમાંના કોઇપણ જ્યુરરને કાંઇ ખબર જોઇતી હોય તે કોરટ પાસેથી પુછી લેવી.

જડજને વ્યાજબી લાગે એટલા વખતમાં જો જ્યુરીમાંના ઘણા જણ કોઇ અગ્રેસર નીમવામાં એકમત ન થાય તો તેની નિમણુક કોરટે કરવી.

જ્યુરરોને સમખવડાવવા બાબત.

૨૮૧ જ્યારે અગ્રેસર નિમવામાં આવે ત્યારે સને ૧૮૭૩ના હિંદુસ્તાનના સમનના આકટ પ્રમાણે જ્યુરરોને સમ ખવડાવવા.

જ્યુરરહાજરરેહે તો બંધથાયત્યારે કેમ કરવું.

૨૮૨ જ્યુરીથી ઇનસાફનું કામ ચાલતું હોય તે દરમીયાનમાં જ્યુરીનો ઠરાવ કહી સંભળાવતાં પેહેલાં કોઇપણ વખતે, કાંઇ પુરતા કારણસર કોઇ જ્યુરર તે ઈનસાફનુ કામ પુરૂં થતાં સુધી હાજર ન થઇ શકે અથવા કોઈ જ્યુરર ગેરહાજર રહે અને તેને હાજર ન કરી શકાય એવું

હોય અથવા જે ભાષામાં સાહેદી અપાતી હોય તે ભાષા કોઇ જયુરર સમજી શકતો નથી અથવા તે સાહેદી સમજાવાતી હોય ત્યારે જે ભાષામાં તે સમજાવાતી હોય તે ભાષા સમજી શકતો નથી એવું જો દેખાય તો, એક નવો જયુરર માંહે લેવો અથવા તે જ્યુરીને રજા આપવી અને નવી જ્યુરી પસંદ કરવી.

સદરહુ પ્રસંગોમાંના દરએક પ્રસંગે ઈનસાફ નવેસરથી શરૂ કરવો.

કેદી માંદો હોય ત્યારેજ્યુરીને રજા આપવા બાબત. — ૨૮૩ જયારે કોઇ કેદી કોજરગા રેહેવાને અશકત થાય ત્યારે જ્યુરીને રજા આપવાને પણ જડજ મુખત્યાર છે.

ઙ.—આસેસરો પસંદ કરવા બાબત.

આસેસર કેવી રીતે પસંદ કરવા. — ૨૮૪ જ્યારે ઇનસાફ આસેસરોની મદદથી કરવાનો હોય ત્યારે આસેસર તરીકે કામ કરવાને સમન કરેલા માણસોમાંથી જડજને યોગ્ય લાગે તે પ્રમાણે બે અથવા વધારે માણસો ચુંટી કાહાડવા.

આસેસરથી હાજર થવાતું ન હોય ત્યારે કેમ કરવું. — ૨૮૫ આસેસરોની મદદથી કોઇ ઈનસાફનું કામ ચાલતું હોય તે દરમિયાનમાં જો ઠરાવ થતાં પહેલાં કોઇપણ વખતે કાંઈ પુરતાં કારણસર કોઈ આસેસર તે ઇનસાફનું કામ પુરૂ થતાં સુધી હાજર ન થઈ શકે અથવા ગેરહાજર રહે અને તેને હાજર કરવાનું બની શકે નહી તો બાકીના આસેસરની મદદથી તે ઇનસાફનું કામ ચલાવવું.

જો સઘળા આસેસરો હાજર થતા અટકે અથવા ગેરહાજર રહે તો કામ ચલાવવાનું બંધ રાખવું અને નવા આસેસરોની મદદથી ઈનસાફનું કામ નવેસરથી ચલાવવું.

ઈ—ફરીયાદી તરફનો તથા તોહોમતવાળા તરફનો મુકદમો પુરો થતાં સુધી ઇનસાફનું કામ.

ફરીયાદનું કામ ચલાવનાર તરફનો મુકદમો સરૂ કરવા બાબત. — ૨૮૬ જયુરરો અથવા આસેસરો ચુંટી કાહાડવામાં આવ્યા બાદ ફરીયાદનું કામ ચલાવનારે હીંદુસ્તાનના ફોજદારી કાયદામાંથી અથવા બીજા કાયદામાંથી જે ગુન્હાનું તોહમત મુકયું હોય તે ગુન્હાનું વર્ણન વાંચીને તથા કયા પુરાવા ઉપરથી તે તોહમતવાળાની તકસીર સાબીત કરવાની આશા રાખે છે તે ટુંકામાં કહી જણાવાને પોતાનો મુકદમો શરૂ કરવો.

સાહેદોની જબાની. — પછી ફરિયાદનું કામ ચલાવનારો પોતાના સાહેદોને તપાસે.

ટીકા—પણ આગળ લીધેલી જુબાની સામેલ કરી બીજી નહીં લેવા કેદી કહે તો પછી નવેસરથી જુબાની લેવા જોર નથી પરમેશ્વર સીંગ વીરૂદ્ધ સરૂપચીદી કુરી. ૧૩ વી. રી. પ્ર. ૪૦

માજીસ્ત્રેટની આગળ તોહમતવાળાએ આપેલી જબાનીને પુરાવો. — ૨૮૭ તોહમતવાળાની જે જબાની કમિટ કરનારા માજીસ્ત્રેટે અથવા તેની રૂબરૂ યોગ્ય રીતે દફતરમાં દાખલ કરી હોય તે જબાની ફરિયાદનું કામ ચલાવનારે રજુ કરવી અને તે પુરાવા દાખલ વાંચવી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૪૮ને મળતી છે—

માજીસ્ત્રેટ પાસે કેદીએ જે કબુલત આપી હોય તે કબુલત જજ આગળ કેદી ફરી જાય તોપણ એ કબુલત કેદી વિરૂદ્ધ મચકુર પુરાવ છે પણ તે કબુલત ખુશીથી કરી છે એવી જજને ખાત્રી થવી જોઈએ—રાણી વિરૂદ્ધ જોગા પુલી વીકલી રીપોટ ૧૧ પ્ર. ૩૯

માજીસ્ત્રેટ પાસે લીધેલી જુબાની નીચે માજીસ્ત્રેટની સહી હોય તો તોહમતદારની એ જુબાનીની સાબિતી લેવાની જરૂર નથી. વિરૂધ્ધ સાબિત થતાં સુધી તેણે લખેલી હકીકત ખરી છે એવું ગણવું જોઇએ—રાણી વિરૂદ્ધ શ્રીમંતો મંગોળા. વી. રી. ૬ પ્ર. ૮૧ તથા રાણી વિરૂદ્ધ મસામત જીવા વી. રી. ૮ પ્ર. ૪૦

કમીટ કરનાર માજીસ્ત્રેટ પાસે આપેલી જુબાની ઉપરથી કેદીને ગુનેગાર ઠરાવતાં પેહેલાં સેસન જડજે નીચેની બાબત ખાત્રી કરવી જોઇએ.

(અ) એ કબુલત કેદીએ ખુશીથી કરી છે કે નહીં.

(બ) કબુલત કર્યા પછી કેદીને કમીટ કરનાર માજીસ્ત્રેટે બતાવી અગર વાંચી સંભળાવી હતી.

(ક) એ કબુલત નીચે માજીસ્ત્રેટનું સરટીફીકેટ છે કે નહી.

રાણી વિરૂધ્ધ મસાગત નીરૂ વીકલી રીપોર્ટ ૭ પ્ર. ૪૯

કબુલત નીચે સરટીફીકેટ ન હોય અને એ કબુલત તેણે કરી છે એવો બીજો પુરાવો આપવામાં ન આવે તો તે કબુલત પુરાવામાંજ લેવી નહી જોઈએ—રાણી વિરૂદ્ધ પીતાંબર ધુળી વીકલી રીપોર્ટ ૧૪ પ્ર. ૧૦

પ્રથમ ચોકસીની વખતે આપેલો પુરાવો દાખલ થઈ શકશે.

૨૮૮. કમીટ કરનારા માજીસ્ત્રેટની આગળ તોહમતવાળાની સમક્ષ કોઇ શાહેદની જુબાની યોગ્ય રીતે લેવાગાં આવી હોય તે જુબાની કોરટમાં અધ્યક્ષસ્થાને બેસનાર જડજની નજરમાં આવે તો, જો સદરહુ શાહેદને રજુ કરવામાં આવે અને તેની તપાસ કરવામાં આવે તો તે કામમાં પુરાવો દાખલ ગણવાનો અધિકાર છે.

ટીકા—કમીટીંગ માજીસ્ત્રેટ પાસે સાહેદે જે હકીકતની જુબાની આપી હોય તે સાથે જડજ પાસે આપેલી જુબાનીની હકીકતનો જડજે મુકાબલો કરવો જોઈએ—રાણી વિરૂદ્ધ બીં દાબન લા. રી. ૫ વી.રી. પ્ર. ૫૪

ફરીયાદનું કામચલાવનારની તરફના સાહેદોની જબાની લીધા પછી કેમ કરવું.

૨૮૯ ફરીયાદનું કામ ચલાવનારની તરફના શાહેદોની જબાની અને તોહમતવાળાની જબાની (જો હોય તો) પુરી થઇ રહે ત્યારે તોહમતવાળાને પુછવું કે તારે પુરાવો રજુ કરવો છે કે નહીં.

તે કેહે કે મારે પુરાવો રજુ કરવો નથી તો ફરિયાદનું કામ ચલાવનારે પોતાની તરફના મુકદમાનો સાર કહી સંભળાવવો, અને જો કોરટની નજરમાં એવું આવે કે તોહમતવાળાએ ગુન્હો કર્યો છે એવો કાંઇ પુરાવો નથી તો પછી આસેસરોની મદદથી જે કામમાં ઇનસાફ થતો હોય તે કામમાં તકસીરવાર નથી એવો ઠરાવ દફતરમાં દાખલ કરવાને અથવા જે કામમાં જ્યુરીથી ઈનસાફ થતો હોય તે કામમાં તકસીરવાર નથી એવો ઠરાવ કહી સંભળાવવાનું જ્યુરીને ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

જો તોહમતવાળો અથવા કેટલાક તોહમતવાળાઓમાંનો હરકોઇ તોહમતવાળો કહે કે મારે પુરાવો રજુ કરવો છે અને કોરટની નજરમાં એમ આવે કે તોહમતવાળાએ ગુન્હો કર્યો છે એવો કાંઇ પુરાવો નથી તો પછી આસેસરોની મદદથી જે કામમાં ઈનસાફ થતો હોય તે કામમાં તકસીરવાર નથી એવો ઠરાવ દફતરમાં દાખલ કરવાને, અથવા જે કામ-

માં જ્યુરીથી ઇનસાફ થતો હોય તે કામમાં તકસીરવાર નથી એવો ઠરાવ કહી સંભળાવવાનું જ્યુરીને ફરમાવવાને મુખત્યાર છે.

જો તોહમતવાળો અથવા કેટલાએક તોહમતવાળાઓમાંનો હરકોઈ તોહમતવાળો કહે કે મારે પુરાવો રજુ કરવો છે; અને કોરટની નજરમાં એમ આવે કે તેણે ગુન્હો કર્યો છે. એવો પુરાવો છે, અથવા મારે પુરાવો રજુ કરવો નથી એવું તેના કેહેવા ઉપરથી ફરીયાદનું કામ ચલાવનાર પોતાની તરફના મુકદમાનો સાર કહી સંભળાવે અને કોરટની નજરમાં એમ આવે કે તોહમતવાળાએ ગુન્હો કર્યો છે એવો પુરાવો છે, તો તોહમતવાળાને તેનો જવાબ કરવા માંડવાનું કોરટે ફરમાવવું.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૫૧ ના પેરેગ્રાફ ૧ લા અને બીજાને મળતી છે. ફરીઆદનું કામ ચલાવનારની તરફના સાહેદોની જુબાની લીધા પછી ન્યાયાધીસે શું કરવું તેને માટે આ કલમ છે.

તોહમતદાર તરફથી શું બચાવ કરવામાં આવ્યો તે દફતરમાં લખ્યું ન હોય તો તે અપુરૂં દફતર કહેવાય ગોપાળ હજામના કામમાં વી. રી. ૧૫ પ્ર. ૧૬

તોહમતવાળાનો બચાવ થઈ રહ્યા પછી ફરિયાદીનાં એક સાહેદને ફરી બોલાવ્યો તેથી તે બાબત પુરાવ આપવાનો તોહમતવાળાને કાંઇ લાગ ન્હોતો. આ કામમાં એમ ઠરાવ થયો કે શિક્ષા રદ અને કામ ફરી ચલાવવુ રાણી વિ અસાનુલ્લા વીકલી રીપોટ ૧૨ પ્ર. ૧૫

જવાબ. ૨૯૦ પછી તોહમતવાળો અથવા તેનો પ્લીડર પોતાના તરફનો મુકદમો શરૂ કરવાને મુખત્યાર છે, અને તેણે તેમાં જે હકીકત ઉપર અથવા આ કાયદા ઉપર આધાર રાખવાનો પોતાનો ઇરાદો હોય તે હકીકત અથવા કાયદો કેહેવો, તથા ફરીયાદનું કામ ચલાવનારની તરફના પુરાવા ઉપર જે જે ટીકા પોતાને જરૂરની લાગે તે કરવી. પછી તે પોતાના સાહેદો હોય તો તેઓને તપાસવાને મુખત્યાર છે, અને તેઓની ઉલટ તપાસણી અથવા ફરી તપાસણી કરવી હોય તો તે કર્યા પછી પોતાની તરફના મુકદમાનો સાર કહી સંભળાવવાને મુખત્યાર છે.

સાહેદોની જબાનીલેવા બાબત તથા તેઓને સમન કરાવવા બાબત તોહમતવાળાનો હક. ૨૯૧. જે સાહેદનું નામ તોહમતવાળાએ અગાઉ નહીં કહ્યું હોય તે સાહેદ હાજર હોય તો તેની જુબાની તોહમતવાળાને લેવા દેવી, પણ જે માજીસ્ત્રેટે તેનો ઇનસાફ થવા સારૂ તેને કમિટ કર્યો હોય તે માજીસ્ત્રેટને આપેલી ટીપમાં જે સાહેદોના નામ લખ્યાં હોય તે સિવાય બીજા કોઈપણ સાહેદને સમન કરીને બોલાવવાનો હક, ૨૧૧ મી તથા ૨૩૧ મી કલમમાં કહેલા પ્રસંગ સિવાય બીજે પ્રસંગે નથી.

કમિટ કરનાર માજીસ્ત્રેટ પાસે જે સાહેદોનાં નામ આપેલા ન હોય તે સાહેદોની જુબાની લેવરાવવા કેદી હક તરીકે માગણી કરી શકતો નથી.—રાણી વિરૂદ્ધ. બોઇદ નાથસીંગ વી. રી. ૩ પ્ર. ૨૯

બચાવનો સાહેદે સમન્સ કર્યા છતાં ગેરહાજર હોય તો કેસ મુલતવી રાખવા જજ બંધાએલા છે. ખસુસ કરીને એ સાહેદ અગત્યનો હોવો જોઈએ અને તેની જુબાની લીધા વગર કેસનો સંતોષકારક ફેંસલો થઇ શકે નહીં તેવું હોવું જોઇએ—રાણી વિ. ઇસનચંદરદત બેં. લો. રી. વા. ૬ પ્ર. ૮૮

પ્રત્યુતુર આપવા ૨૯૨. જો તોહમતવાળાએ અથવા તોહમતવાળાઓમાંના હરકોઈએ

નો ફરિયાદનું કામ ચલાવનારનો હક.

૨૮૯ મી કલમ મુજબ પોતાને પુછયા ઉપરથી એવું કહ્યું હશે કે મારે પુરાવો રજુ કરવો છે તો ફરીયાદનું કામ ચલાવનારને પ્રત્યુતર આપવાનો હક છે એવું સમજવું.

જ્યુરીએ અથવા આસેસરોએ કાંઇ જગા નજરે જોવા બાબત.

૨૯૩. જ્યારે કોરટ એમ ધારે કે જે ગુન્હાનું તોહમત મુકયું છે તે ગુન્હો જે જગાએ કર્યાનું કહેવામાં આવ્યું છે તે જગા અથવા બીજી જે જગાએ ઈનસાફને લગતી મુદ્દાની બાબી કોઈ વાત બન્યાનું કહેવામાં આવ્યું છે તે જગા, જ્યુરીએ અથવા આસેસરોએ નજરે જોવાં જોઇએ, ત્યારે કોરટે તે પ્રમાણે હુકમ કરવો, અને કોરટના કોઇ અમલદારના હવાલામાં તે જ્યુરીને અથવા આસેસરોને એકઠા તે જગાએ લઇ જવા અને તે જગા કોરટે નિમેલા કોઈ સખસે તેઓને દેખાડવી.

તે અમલદારે કોરટની રજા સિવાય બીજા કોઈપણ સખસને તે જ્યુરીમાંના અથવા આસેસરોમાંના કોઇની જોડે બોલવા અથવા ચીઠી પત્રી વગેરે વડે વ્યવહાર ચલાવવા દેવો નહી. અને કોરટ બીજી રીતે ફરમાવે નહી તો તે જગા જોવાનું કામ પુરૂં થઇ રહે એટલે તુરત તેઓને પાછા કોરટમાં લઇ જવા.

જ્યુરરની અથવા આસેસરનીજબાની કયારે લેવાનો અખત્યાર છે

૨૯૪. કોઈ જ્યુરર અથવા આસેસર સબંધ રાખનારી કોઇ લગતી હકીકતથી પોતાની જાતે વાકેફ હોય તો હું એ વાતથી વાકેફ છું એવું જડજને જાહેર કરવાની તેની ફરજ છે. અને પછી કોઈ સાહેદની માફક જ તેને સમ આપીને તેની તપાસણી, ઉલટ તપાસણી, અથવા ફરી તપાસણી કરવાનો અધિકાર છે.

જે દિવસપર બેઠક મુલતવી હોયતે દિવસે જ્યુરીએ અથવા આસેસરોએ હાજર રહેવું.

૨૯૫. જો કોઇ ઇનસાફનું કામ મુલતવી રાખવામાં આવે તો જ્યુરીએ અથવા આસેસરોએ મુલતવી રાખેલી બેઠકે હાજર થવું અને ઇનસાફનું કામ પુરૂં થતાં સુધી પછીની દરેક બેઠકે હાજર રહેવું.

જ્યુરીને પુરી રાખવા બાબત.

૨૯૬. હાઇકોરટની આગળ કોઈ મુકદમાનો ઇનસાફ એક કરતાં વધારે દિવસ સુધી ચાલે તે દરમિયાનમાં જ્યુરીને એકઠી રાખવા બાબત તે હાઈકોરટ વખતે વખતે કાનુનો કરવા મુખત્યાર છે, અને જ્યુરરોને તે કોરટના કોઇ અમલદારના હવાલામાં એકઠા રાખવા કે તેમને પોતપોતાને ઘેર પાછા જવા દેવા અને રાખવા તો કેવી રીતેરાખવા તે બાબત પ્રમુખ જડજ સદરહુ કાનુનોને અનુસરીને હુકમ કરવાને મુખત્યાર છે.

ક—જે મુકદમાનો ઇનસાફ જ્યુરીથી કર્યો હોય તે મુકદમાઓમાં ઇનસાફનો છેટો.

જ્યુરીને આદેશ.

૨૯૭. જેમુકદમાનો ઇનસાફ જ્યુરીથી કર્યો હોય તે મુકદમાઓમાં તોહમતનો જવાબ દેવાનું કામ પુરૂં થઇ રહે અને ફરીયાદનું કામ ચલાવનારને પ્રત્યુતર આપવો હોય તો તે પ્રત્યુતર આપે એટલે કોરટે જ્યુરીને આદેશ આપવા માંડવો તેમાં ફરીયાદનું કામ ચલાવનારની તરફના તથા તોહમતવાળાની તરફના સાહેદીને પુરાવાનો સાર કહી સંભળાવવો અને જે કાયદા પ્રમાણે જ્યુરીએ ચાલવું તે કાયદો કહેવો.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલગ ૨૫૫ ના પારેગ્રાફ ૧ લાને મળતી છે.

કેદી ઉપર દયા કરવી એવું જ્યુરીને આ દેશ આપતી વખત જડજ કહી શકતા નથી એ દયા કરવી અગર ન કરવી એ જ્યુરીનું કામ છે—રાણી વિરૂદ્ધ દોસા મુસલમાની વીકલી રીપોટ ૧૪ પ્ર. ૪૬

કેદી વિરૂદ્ધ કાંઇ પુરાવો ન હોય તો કેદીને નિરદોષ કરવા જડજે જ્યુરીને કહેવું જોઇએ. કેદી ગુન્હેગાર છે કે બીન ગુન્હેગાર છે તે કહેવાનું કામ જ્યુરી ઉપર રાખવું નહીં જોઇએ—રાણી વિરૂદ્ધ ગીરધારી માનજી વી. રી. ૭ પ્ર, ૩૯

આ કલગના નિયમ પ્રમાણે વરતવામાં જડજ ગફલત કરે અને પુરાવનો સાર જ્યુરીને કહી સંભળાવે નહીં તો નવેસરથી તજવીજ થવાનો હુકમ થઈ શકે—રાણી વિરૂદ્ધ સમશેર બેં. વી. રી. ૯ પ્ર. ૫૧

જ્યુરીથી ઈનસાફ થાય તેવા કેસમાં પુરાવાનો સાર કહેવા આ કલગ ફરમાવે છે પણ એક વખતે કલકતા હાઇકોરટે ઠરાવ્યું છે કે આસેસરથી ઇનસાફ થાય તેવા કેસમાં જડજ પુરાવાનો સાર કહે તેથી કાંઇ ગેરવ્યાજબી થતું નથી—રાણી વિરૂદ્ધ અમીરૂદીન બેંગાલા લૉ રીપોટ વા૦ ૭ પ્ર. ૬૩

જ્યુરીને આદેશ આપતી વખતે ચોરીની મીલકતને ઓલખાવા વિશેની સ્વીસ્તર હકીકત કહેવા જડજ ભુલી ગયો હોય તો તેથી જ્યુરીને જડજે ખોટો આદેશ આપ્યો એવું સમજવું નહીં—રાણી વિરૂદ્ધ માધવપાલ અને બીજા વીકલી રીપોટ ૧ પ્ર. ૨૨

જડજનું કામ. ૨૯૮ સદરહુ મુકદમાઓમાં જડજનું કામ હેઠળ લખ્યા પ્રમાણે છે.

(અ) કાયદાની જે તકરારો ઇનાસફ ચાલતી વખતે નિકળે તે સઘળી તકરારોનો. અને વિશેષે કરીને જે હકીકતો સાબીત કરવાનો વિચાર હોય તે હકીકતોનાં લાગુપણા બાબત, તથા કાંઇપણ પુરાવો દાખલ થઇ શકે કે નહી તે બાબત અથવા પક્ષકારોએ અથવા તેમની તરફથી પુછેલા સવાલોનાં યોગ્યતા બાબત સઘળી તકરારોનો ફેંસલો કરવો; અને પોતાની નજરમાં આવે તો દાખલ ન થઈ શકે એવો પુરાવ રજુ થતો અટકાવવો. પછી તે પુરાવા બાબત પક્ષકારોએ હરકત લીધી હોય કે નહી હોય તો પણ.

(બ) ઇનસાફની વખતે પુરાવામાં આપેલા સઘળા દસ્તાવેજોના અર્થ તથા અન્વય બાબત ફેસલો કરવો;

(ક) મુકકરર બાબતોનો પુરાવો આપાય એટલા માટે હકીકતની જે બાબતો સાબીત કરવાની જરૂર હોય તે સગલી બાબતોનો ફેંસલો કરવો,

(ડ) કાંઇ તકરાર નિકળે તેનો નિકાલ પોતે કરવો કે જ્યુરીએ કરવો તે બાબત ફેંસલે કરવો, અને એ બાબત તેનો ફેસલો જ્યુરીને બંધક છે.

સાહેદી પુરાવાનો સાર કહી સંભળાવતી વખતે પોતાની નજરમાં યોગ્ય જણાય તે હકીકતની કાંઈ તકરાર અથવા કાયદાની અને હકીકતની એ બેઊની ભેગી કાંઇ તકરાર તે કામને લગતી હોય તે બાબત પોતાનો અભિપ્રાય જ્યુરીને જણાવવાને જડજ મુખત્યાર છે.

દ્રષ્ટાંતો.

(અ) જે સખસ તે કામગાં શાહેદ ન હોય તે સખસે કાંઇ ગચકુર કહ્યો હોય તે ગચકુરનો પુરાવો જે હકીકત પરથી દાખલ થઈ શકે તે હકીકત સાબીત થઇ છે એ સબબ પરથી તે ગચકુર સાબીત કરવાનો વિચાર છે.

તેવી હકીકત હતી એવું સાબીત થયું છે કે નહી તેનો નિશ્ચય કરવો એ જડજનું કામ છે, જ્યુરીનું કામ નથી.

(બ) જે અસલ દસ્તાવેજ ખોવાઈ ગયાનું અથવા જેનો નાશ થઈ ગયાનું કેહેતા હોય તે દસ્તાવેજ આપવાનો વિચાર છે.

તે અસલ દસ્તાવેજ ખોવાઇ ગયલો છે કે નહી અથવા તેનો નાશ થઈ ગયો છે કે નહી તેનો નિશ્ચય કરવો એ જડજનું કામ છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૧ ના આકટ ૧ લાની કલમ ૨૫૬ ને મળતી છે. જુરીથી ઈનસાફ થાય તેવા કેસોમાં જડજનું શું કરવાનુ કામ છે તેને માટે આ કલમ છે.

હકીકતના સવાલ ઉપર જુરીને સલાહ આપવા જડજ બંધાએલા છે અને વળી પડેલા પુરાવ ઊપરથી પોતાના મન ઉપર કેવી અસર થઇ છે તે પણ જુરીને જડજ કહી શકેછે રાણી વિરૂદ્ધ દ્વારકાનાથ સેનના કામમાં વીકલી રીપોટ ૧૩ પ્ર. ૩૪

એક છોકરીનું હરણ થયું હતું તે બાબતના કામમાં એ છોકરીની ઉમર નકી કરવાનું કામ જડજે જયુરીને સોપ્યું જડજે પોતે તો તે સબંધી પોતાનો શું અભિપ્રાય છે તે કહ્યું, એ મત સાથે જ્યુરી એક મત થઇ તેમાં ઠરાવવામાં આવ્યું કે આથી જડજે જયુરીને અવળે રસ્તે દોરી એવું થતું નથી રાણી વિરૂદ્ધ સામા ખાનકી વિકલી રીપોટ ૭ પ્ર. ૨૨

"તેહમતદારના કબજામાં મુદ્દામાલ કેમ આવ્યો તે તે સાબીત કરી શકે નહી તો તમારી ફરજ છે કે તમારે તેને ગુન્હેગાર ઠરાવવો કેમકે કાયદો એવુ અનુમાન કરે છે કે જો એવું બતાવ નહીતો એ મીલકત ગેરકાયદે તેણે મેળવી છે." આ શબ્દોમાં જડજે જુરીને ફરમાવ્યુ તે ખોટો આદેશ કરયો એવું નથી—રાણી વિરૂદ્ધ નારાયણ બાગદી વીકલી રીપોટ ૫ પ્ર. ૩.

એક ખુનનાં કેસમાં જે ખુન થયું હતું તે કારણ વિશે અને એ ખુનના સબંધમાં લાંચ રૂસ્વત આપવાના પ્રયત્ન થયાં હતાં તે સાથે કેદીનો કેટલો સબંધ હતો એ બેઉ બાબત જ્યુરીએ વિચારવા જેવી હતી પણ જડજે તે વિચારેલી હોવાથી જડજે જ્યુરીને ખોટો આદેશ આપ્યો એવું ઠરાવી જ્યુરીનો નીવેડો રદ કર્યો—રાણી વિરૂધ્ધ કાલીચરણ ગાંગુલી વી. રી. ૭ પ્ર. ૨

જ્યુરીનું કામ. ૨૯૯. જ્યુરીનું કામ હેઠળ લખ્યા પ્રમાણે છેઃ—

(અ) મુકદમામાંની હકીકતોની કઈ બાજુ ખરી છે તે નકકી કરવું અને પછી તે બાજીને આધારે જે ઠરાવ જડજના આ દેશ પ્રમાણે કહી સંભળાવવો જોઇએ તે ઠરાવં કહી સંભળાવવો.

(બ) કાયદાના શબ્દો સિવાય બીજા જે પારિભાસીક શબ્દોનો તથા જે શબ્દોનો અર્થ અસાધારણ અર્થમાં કર્યો હોય તથા તે નકી કરવાની જરૂર હોય તેનો અર્થ નકી કરવો. પછી તે શબ્દો દસ્તાવેજમાં આવ્યા હોય કે નહીં તોપણ.

(ક) જે તકરારોને કાયદા પ્રમાણે હકીકતની તકરારો ગણવી જોઇએ તે સઘળી તકરારોનો ફેસલો કરવો.

(ડ) સામાન્ય મોઘમ વાકયો હોય તે અમુક પ્રસંગને લાગુ છે કે નહી તેનો ઠરાવ કરવો, પણ તે વાકયોનો સબંધ કાયદા પ્રમાણે કામ ચલાવવાની રીત સાથે હોય અથવા તેઓનો અર્થ કાયદાથી નકી કર્યો હોય તો એ બેઉ પ્રસંગે તેઓનો અર્થ ઠરાવવો એ જડજનું કામ છે. જ્યુરીનું નથી.

દ્રષ્ટાંતો.

(અ) બ. નાં ખુંન બાબત અ. નો ઇનસાફ ચાલે છે.

ખુનમાં અને શિક્ષણીય મનુષ્યવધમાં કેટલો ફેર છે. તે જ્યુરીને સંમજાવવો અને

હકીકતોની કઇ કઇ સમજ પ્રમાણે અ. ની ઉપર ખુનનો અથવા શિક્ષણીય મનુષ્ય વધનો, ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવો અથવા કઈ સમજ પ્રમાણે અ. એ ગુન્હો કર્યો નથી એવો ઠરાવ કરવો એ તેઓને કહેવું એ જડજનું કામ છે. હકીકતોની કઇ સમજ ખરી છે એનો નિશ્ચય કરવો અને જડજનો આદેશ ખરો અથવા ખોટો હોય અને તે પ્રમાણેજ પોતાનો મત હોય કે નહીં હોય તોપણ તે આદેશ પ્રમાણે પોતાનો ઠરાવ કહી સંભળાવવો એ જ્યુરીનું કામ છે

(બ) તકરાર એવી છે કે કોઇ અમુક બાબત ઉપર કોઇ સખસે વ્યાજબી મત ધારણ કરેલો કે નહીં—કામ ઘટિત હુશીયારીથી અથવા બરાબર મેહેનત કરીને કરેલું કે નહીં આમાંની દરેક તકરારનો નિશ્ચય કરવો એ જ્યુરીનું કામ છે.

વિચાર કરવાને એકાંતમાં જવાબાબત.

૩૦૦. જે મુકદમાનો ઇનસાફ જ્યુરીથી કર્યો હોય તે મુકદમામાં જડજે પોતાનો આદેશ પુરો કર્યા પછી જ્યુરી પોતાનાઠરાવ બાબત વિચાર કરવાને એકાંતમાં જવાને મુખત્યાર છે.

કોરટની રજા વગર જ્યુરર સિવાય બીજા કોઈ સખસે સદરહુ જ્યુરીના કોઇપણ મેંબરની જોડે બોલવું નહીં અથવા ચીઠી પત્રી વગેરે વડે વ્યવહાર ચલાવવો નહિં.

ઠરાવ કહી સંભળાવવા બાબત.

૩૦૧. જ્યારે જ્યુરી પોતાના ઠરાવ બાબત વિચાર કરી રહે ત્યારે તેમનો જે ઠરાવ હોય તે અથવા તેમાંના અધિકાધિકોનો જે ઠરાવ હોય તે જ્યુરીના અગ્રેસરે જડજને જણાવવો.

જ્યુરીવાળાઓના જુદા જુદા મત હોય ત્યારે કેમ કરવું.

૩૦૨ જ્યુરીનાં સઘળાં માણસો એક મત ન હોય તો વધારે વિચાર કરવા સારૂ એકાંતમાં જવાનું તે જુરીને ફરમાવવાને જડજ મુખત્યાર છે. જડજ યોગ્ય ધારે તેટલી મુદત પછી જુરીના સઘળાં માણસો એક મત ન હોય તોપણ તે જુરી પોતાનો ઠરાવ કહી સંભળાવવાને મુખત્યાર છે.

ટીકા—આરોપિતપર જે ગુન્હો સાબેત થયો તે બદલ જો કે જુદુ તોહમત તેના ઉપર મુકવામાં આવ્યું નહોતું તોપણ જુરી સાથે એક એકમત થઇ તે તોહમતને માટે કરેલો ઠરાવ અમલમાં લાવી શકાય છે. આરોપિતપર જે તોહમત મુકવામાં આવ્યું હોય તે તોહમતનો કાંઈ ભાગ સાબેત થયો હોય તો તે તોહમતમાં બતાવેલો ગુન્હો સાબેત થયાનો ઠરાવ કરવાનો કોરટને અધિકાર છે. જુરીએ કાયદા પ્રમાણે સર્વ મતે આપેલો અભિપ્રાય જડજનેપસંદ ન હોય તો આ કલમ પ્રમાણે કામ ચલાવવું જોઇએ. જુરીના સઘળા સખસનો એકમત હોય અને તેમનો અભિપ્રાય કાયદા વિરૂદ્ધ ન હોય તો જુરીને વધારે વિચાર કરવા સારૂ એકાંતમાં મોકલવાની જરૂર નથી. બંગાળા સરકાર વિરૂદ્ધ પહાડી વિગરે ઈંડીયન લા. રી. ક. વા. ૫ પૃ. ૮૭૧

પેહેલા તોહમતદારની બાબતમાં જુરીએ એમ ઠરાવ્યું કે કેદી નિરદોષ છે અને બીજામાં તે ગુનહેગાર સાબિત ગણ્યો તે પરથી સેસન જડજ સાહેબે તેમનો ઠરાવના મંજુર કર્યો અને પ્રથમની બાબતમાં કેદીને ગુનહેગાર ઠરાવવા સાબિત સારૂ જુરીને ફરમાવ્યું—એમ ઠરાવવામાં આવ્યું કે જુરીના ઉપર મુજબ હુકમ કરવાનો સેસન જડજને અધિકાર નથી. જ્યારે ઘણાં તોહમતોના ઇનસાફ કરવા જુરીને સોંપવામાં આવ્યું હોય ત્યારે એવું અનુમાન કરવુંજ જોઈએ કે દરેક તોહમતની પુષ્ટીને સારૂ જોઈએ તેટલો પુરાવ હતો અને સઘળાં તોહમતોમાંથી કયાં કયાં સાબિત ગણવા અને કયાં કયાં ન સાબિત ગણવાં એ જુરીના અખત્યારની વાત છે. જડજ સાહેબે જુરીનો પ્રથમનો ઠરાવ નોંધવો જોઇતો હતો, અને કેદીને તે ઠરાવ પ્રમાણે શિક્ષા કરવા જોઇતી હતી. રાણી વિરૂધ્ધ જયોયકિસ્તો ગોસામી વી. રી. ૭ પૃ. ૨૨

દરેક તોહમતબાબત ઠરાવ કહીસંભળાવવો.

૩૦૩. કોરટે બીજી રીતે હુકમ કર્યો ન હોય તો જે તોહમતો ઉપરથી તોહમતવાળાનો ઈનસાફ કર્યો હોય તે સઘળાં તોહમતો બાબતનો જુરીએ પોતાનો ઠરાવ કહી સંભળાવવો, અને તેમનો ઠરાવ શો છે તેનો નિશ્ચય કરવા સારૂ જે સવાલો પુછવાની જરૂર હોય તે સવાલો તેઓને પુછવાને જડજ મુખત્યાર છે.

જુરીને સવાલ પુછવાનો જડજને અધિકાર છે.

સવાલો તથા જવાબો દફતરમાં દાખલ કરવા.

સદરહુ સવાલો તથા તેમના જવાબો દફતરમાં દાખલ કરવા.

ટીકા—જ્યુરીએ કાંઈ અમુક રીતે પોતાનો ઠરાવ કહી સંભળાવવો તે બાબત કાયદામાં ઠરાવ નથી અને તેથી જ્યુરી પોતાની નજરમાં યોગ્ય લાગે એવી રીતે તે ઠરાવ કહી સંભળાવવાને મુખત્યાર છે. તે ઠરાવમાં જે મુદ્દાના સબૂત હકીકત ઉપર જે તોહોમત અથવા તોહોમતોનો આધાર હોય તેમાંથી કોઈ રહી જતુ ન હોય તો જ્યુરીનો ઠરાવ શો છે તે નિશ્ચય કરવા સારૂ જે સવાલો પુછવાની જરૂર હોય તે સવાલો પુછવાને જડજને અખત્યારછે. તથા તે પ્રમાણે સવાલો પુછવાની તેની ફરજ છે. રાણી વિરૂધ. હરિપ્રસાદ ગાંગોલી વીકલી રીપોટ ૧૪ પ્ર. ૫૯

તેથી ઉલટો ફેસલો રાણી વિ. મુખનકુમારનો જુઓ. વીકલી રીપોટ ૧ પ્ર. ૨૭૫. એક કામમાં નામદાર જસ્ટીસ પ્રીનસેપે એવું ઠરાવ્યું છે કે જ્યુરીએ જે ઠરાવ કહી સંભળાવ્યો તે હાય ઠરાવનાં કારણો પુછવા જડજને કાયદાથી પ્રતિબંધ નથી. જ્યુરીનો ઠરાવ શો છે તેનો નિશ્ચય કરવા સારૂજ ફકત જડજને જ્યુરીને સવાલ પુછવાની જરૂર છે આવી રીતની જરૂર ખરેખરી હોય તોજ સવાલ પુછવા કાયદેસર છે જ્યુરીએ ઠરાવ કહી સંભળાવ્યા બાદ તેમણે જે અનુમાનો કરેલાં છે તે ગેરકાયદેસર અને વિરૂધ છે એવું બતાવવાના હેતુથી અથવા તેમનો ઠરાવ છેવટનો નથી એવી તકરાર ઉઠાવવાને જડજને સત્તા મળે એવાં સાધનો આપવાના હેતુથી જ્યુરીને ઉલટપાલટ સવાલ પુછવાનો સેસન જડજને અખત્યાર આપવો એ ભય ભરેલું છે, એમ બેશક કાયદા કરનારે ધારેલું હશે; પણ આ કેસમાં પેહેલા તોહમત વિશે જ્યુરીએ કરેલા ઠરાવની બાબતમાં જુરીના અગ્રેસરે જે જવાબો આપેલા છે તે જવાબોપરથી એમ માલમ પડે છે કે તેમના વિશે તેમનાં મનમાં કાંઈ શક હતો અને અમે ધારીએછીએ કે એ શક જડજને માલમ પડવાથી એકંદરે જોતાં જડજે જે સવાલો પુછ્યા હતા તે સવાલો આ કલમના ઠરાવ મુજબ વ્યાજબી રીતે પુછવામાં આવ્યા હતા—ફીઆર જસ્ટીસસાહેબ રાણી વિરૂધ સુસ્તારામ મંડળ વીકલી રીપોટ ૨૧ પ્ર૦ ૫૧૨

જ્યુરીનો ઠરાવ સુધારવા બાબત.

૩૦૪ જ્યારે અકસ્માતથી અથવા ભુલથી ખોટો ઠરાવ કહી સંભળાવ્યો હોય ત્યારે તે દફતરમાં દાખલ કરતાં પેહેલાં અથવા દાખલ કર્યા પછી તુરત તે ઠરાવમાં સુધારો કરવાને જ્યુરી મુખત્યાર છે અને આખરે સુધાર્યા પ્રમાણે તે ઠરાવ થવો જોઇએ.

હાઇકોરટમાંજ્યુરીના ઠરાવપ્રમાણેક્યારે ચાલવું.

૩૦૫ જ્યારે હાઇકોરટની આગળ જે મુકદમાનો ઈનસાફ કર્યો હોય તે મુકદમામાં જુરીના સઘળા માણસો એક મત હોય અથવા જ્યારે તેમના છ જણ એક મત હોય અને જડજ તેમની સાથે મળતો આવે ત્યારે જડજે સદરહુ મત પ્રમાણે ઠરાવ આપવો.

જયારે સદરહુ પ્રકારના કોઇપણ મુકદમામાં જુરીની ખાત્રી થાયકે અમે એકમત થઇશું નહી, પણ તેમાંના છ જણ એકમત હોય ત્યારે અગ્રેસરે જડજને તે મુજબ ખબર આપવી.

બીજે પ્રસંગે જુરીને રજા આપવા બાબત.

જો જુરીમાંના અધિકાધીક સાથે જડજ મળતો ન આવે તો તેણે જુરીને એકદમ રજા આપવી.

જુરીમાંના છ જણ એક મત ન હોય તો પોતાને યોગ્ય લાગે એટલો વખત વીત્યા પછી જડજે જુરીને રજા આપવી.

સેસન કોરટમાં જુરીનાઠરાવ પ્રમાણે ક્યારે ચાલવું.

૩૦૬ જે મુકદમાનો ઈનસાફ સેસન કોરટની આગળ કર્યો હોય તે મુકદમામાં જુરરોનો ઠરાવ અથવા જુરરોમાંના અધિકાધિકનો ઠરાવ ના કબુલ કરવાની જરૂર નથી એમ જડજને લાગે, ત્યારે તણે તે ઠરાવ મુજબ ફેંસલો આપવો.

તોહોમતવાળો બીન તકસીરવાર ઠરે તો જડજે તેની ઉપર ગુન્હો ના શાબીત થયાનો ફેંસલો દફતરમાં દાખલ કરવો. તોહોમતવાળો તકસીરવાર ઠરેતો જડજે કાયદા મુજબ તેની ઉપર શિક્ષાનો હુકમ કરવો.

જયારેજુરીનોઠરાવસેસન જડજ નાકબુલકરેત્યારેકેમ કરવું.

૩૦૭ સદરહુ પ્રકારના કોઈપણ મુકદમામાં જે તોહોમતો ઉપરથી તોહોમતવાળાનો ઈનસાફ કર્યો હોય તે સઘળા તોહોમતો બાબત અથવા તેમાંના કોઈપણ તોહોમત બાબત જુરરોના ઠરાવથી અથવા જુરરોમાંના અધિકાધિકોના ઠરાવથી જડજ એટલો બધો જુદો પડે કે ઈનસાફની મતલબ પારપાડવા સારૂ તે મુકદમો હાઇકોરટમાં મોકલવાની તેને જરૂર લાગે, તો તે મુજબ તે મુકદમો તેણે મોકલવો અને પોતાના મતના કારણ દફતરમાં દાખલ કરવાં, અને જયારે જયુરીનો ઠરાવ ગુન્હો ના સાબીત થયાનો હોય ત્યારે જે ગુન્હો થયેલો પોતાને લાગે તે ગુન્હો જણાવવો.

આ કલમ પ્રમાણે જડજ કોઇ મુકદમો મોકલે ત્યારે જે તોહમત ઉપરથી તોહોમતવાળાનો ઈનસાફ કર્યો હોય તેમાંના કોઇપણ તોહમત બાબત તે ગુન્હો ના સાબિત થયાનો અથવા સાબિત થયાનો ફેંસલો દફતરમાં દાખલ કરવો નહી, પણ તોહોમતવાળાનેપાછો પેરાગાં મોકલવાને અથવા તેના જામીન લેવાને તે મુખત્યાર છે.

અપીલમાં હાઇકોરટ જે અખત્યાર ચલાવી શકે તેમાંનો હરકોઇ અખત્યાર આવી રીતે મોકલેલા મુકદમાની તજવીજ કરતી વખતે ચલાવવાને તે કોરટ મુખત્યાર છે, પણ જે તોહમત તઇયાર કરી તે પોતાની આગળ રજુ કર્યું હોય તે તોહમત ઉપરથી જે ગુનો તોહમત વાળાની ઉપર જુરી ઠરાવી શકત તેવા કોઇપણ ગુન્હા બાબત તોવમતવાળાને બિનતકસીરવાર અથવા તકસીરવાર ઠરાવવાને હાઇકોરટ મુખત્યાર છે; અને જો તેને પોતે તકસીરવાર ઠરાવેતો જે શિક્ષાનો હુકમ સેસન કોરટ કરી શકત તે શિક્ષાનો હુકમ કરવાને હાઇકોરટ મુખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૬૩ ના પારેગ્રાફ ૫ અને ૬ અને સન ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૨૧ ને મળતી છે. આ કલમમાં "એટલો બધો (જુદો પડે) કે" એ શબ્દો નવા છે. આ શબ્દો જે રાણી વિરૂદ્ધ ભવાની બીન

ખંડુજી (૪ લા. રી. મુંબાઈ વા, ૨ પ્ર. ૫૨૬) ના કામમાં ઠરાવ કરવામાં આવ્યો હતો તે પ્રમાણે ઉમેરવામાં આવ્યા છે. આ કલમમાં વળી "અને જ્યારે જુરીનો ઠરાવ ગુન્હો ના સાબિત થયાનો હોય ત્યારે જે ગુન્હો થએલો પોતાને લાગે તે ગુન્હો જણાવવો" એ જે શબ્દો છે તે રાણી વિ. શાહેરાય (૪ લા. રી. વા. ૩ કલકત્તા પ્ર. ૬૨૩) ના કામમાં જે ઠરાવ થયો છે તે પ્રમાણે ઉમેરવામાં આવ્યા છે. વળી છેલા પારેગ્રાફમાં "પણ જે તોહમત તૈયાર કરીને પોતાની આગળ રજુ કર્યું હોય તે તોહમત ઉપરથી જે ગુન્હો તોહમતવાળાની ઉપર જુરી ઠરાવી શકત તેવા કોઈપણ ગુન્હા બાબત તોહમતવાળાને બીન તકસીરવાર અથવા તકસીરવાર ઠરાવવાને હાઈકોરટ મુખત્યાર છે; એ જે શબ્દો છે તે રાણી વિરૂદ્ધ હરી મીરધા (૪. લા. રી. કલકત્તા વા. ૩ પ્ર ૧૯૨) ના કામમાં જે ઠરાવ કરવામાં આવ્યો છે તેને અનુસરીને દાખલ કરવામાં આવ્યા છે.

જુરીએ કેદીને નીરદોષ ઠરાવ્યાનો નીવેડો આવ્યો હોય તે સાથે જડજ એકમત ન થયો હોય એમ છતાં હાઇકોરટમાં તે કેસ ન મોકલતાં તે નીવડો પ્રમાણે ઠરાવ કરે તો સરકારને નીવેડો વિરૂધ્ધ અપીલ કરી શકે છે, કૈસરે હીંદ વિરૂધ્ધ હરાગનું. ૨ ૪ લો. રી. (મુંબાઇ) પ્ર૦ ૫૨૬

ગ—જ્યુરીને રજા આપ્યા પછી તોહમતવાળાનો ફરીથી ઇનસાફ કરવા બાબત.

જ્યુરીને રજા આપ્યા પછી તોહમત વાળાનો ફરીથી ઇન્સાફ કરવા બાબત.

૩૦૮ જ્યારે જ્યુરીને રજા આપવામાં આવે ત્યારે તોહમતવાળાને (પ્રસંગ પ્રમાણે) પેહેરામાં અટકાવી રાખવો અથવા જામીન ઉપર છોડવો, અને બીજી કોઇ જ્યુરીથી તેનો ઇનસાફ કરવો, પણ જો જડજની નજરમાં એમ આવે કે તોહમતવાળાનો ફરીથી ઈનસાફ નહી કરવો જોઇએ તો તે પ્રસંગે જડજે તોહમતનામાની ઉપર તે મતલબની નોંધ કરવી અને તે નોંધનું ફળ ગુન્હો ના સાબીત થયાના ઠરાવ જેવું થશે.

હ-આસેસરો લઇને જે મુકદમાનો ઈનસાફ કરવો હોય તે મુકદમામાં ઇનસાફનો છેડો.

આસેસરોનાં મત કહી સંભળાવવા બાબત.

૩૦૯ જે મુકદમાનો ઇનસાફ આસેસરોની મદદથી કર્યો હોય તે મુકદમામાં જ્યારે તોહમતનો જવાબ દેવાનું કામ પુરૂ થઈ રેહે અને ફરિયાદનું કામ—ચલાવનારને પ્રત્યુતર આપવો હોય તો તે આપે એટલે કોરટ ફરિયાદનું કામ ચલાવનારની તરફના અને તોહમતવાળાની તરફના સાહેદી પુરાવાનો સાર કહી સંભળાવવાને મુખત્યાર છે, અને પછી કોરટે દરએક આસેસરને તેનો મત મોહોડેથી કહેવાનું ફરમાવવું અને તે મત દફતરમાં દાખલ કરવો.

ફેંસલો.

પછી જડજે ફેંસલો આપવો; પણ તેમ કરવામાં તે આસેસરોના મત પ્રમાણે ચાલવાને બંધાયલો નથી.

જો તોહમતવાળો તકસીરવાર ઠરે તો જડજે તેની ઉપર કાયદા મુજબ શિક્ષાનો હુકમ કરવો.

ટીકા—આ કલમમાં જે કામ આસેસરોની મદદથી ચલાવવામાં આવ્યું હોય તેમાં ફરિયાદીનો તથા ડીફેન્સનો કેસસમ અપ કરવા અટલે કોરટની રૂબરૂ હકીકત તથા દલીલો મુકવા વિશે જે ઠરાવ છે તે ઠરાવ રાણી વિરૂદ્ધ અમીરૂદીનના કામમાં જે સુચના નાર્મન જસ્ટીસ સાહેબે કરેલી તે ઉપરથી નવો રચવામાં આવ્યો છે વિકલી રીપોટ ૧૫ ક્રી. રૂ. ૨૫.

જુના. ક્રી. પ્રો. કો કલમ ૨૫૫ (આ કલમ ૩૦૯) તથા જુ. ૨૬૧ (કલમ ૩૦૯) જોતાં કાયદા કરનારનો એવો હેતુ છે કે કદી અપરાધી છે કીંવા નહી અને જો અપરાધી છે તો તેનાપર મુકેલાં તોહમત જે ઠરાવ છે તે ઠરાવ રાણી વિરૂદ્ધ અમીરૂદીનના કામમાં આસેસરોએ

એટલુંજ કહ્યું છે કે મહાજનીએ ગાળો દીધાથી આરોપીને તેને માર્યો છે. જડજે જે મોટો શ્રમ લઇ ફેંસલો લખ્યો છે તે ઉપરથી જાઈએ તો તેણે આસેસરોનો અભિપ્રાય બીલકુલ ધ્યાનમાં લીધો નથી એવું દેખાઇ આવે છે આસેસરે જે ઉત્તર આપ્યો તે ઉપરથી આરોપીને અપરાધી છે કીંવા નહીં એ બદલ તેમના શો વિચાર હતો એ કાંઇ સમજાતું નથી માટે આ કામ ફરી સેશન જડજ પાસે મોકલવું અને જડજે ફરી કામ ચલાવી આસેસરનો સ્પષ્ટ અભિપ્રાય લેવા અને પછી પોતાના ફેંસલો કહેવો એટલે સર્વ કામ કાયદેસર થશે. સરકાર વિ. માતમ માલ વીકલી રી. ૨૨ પ્ર. ૩૪

જુઠા પુરાવ આપવાના ખોટા ઇરાદાનું, કેફીયત ઉપરથી, અનુમાન થઇ શકે છે—રાણી વિ. રવનરાથ સધરલેંડ વુકલી રીપોર્ટ ૨ ક્રી. રૂ. ૧૩ દરેક આસેસરનો અભિપ્રાય જુદો જુદો સ્પષ્ટ રીતે જડજે લખી લેવો જોઇએ કેમકે તેનું વજન ફક્ત તે અભિપ્રાયના જે કારણો બતાવવામાં આવે તે ઉપર આધાર રાખે છે. વી. રી. ૩. ક્રી રૂ. ૬

જુઠો પુરાવો આપવાના જે કેસમાં પુરાવો આપ્યો હોય તે કેસનું દફતર આપીલ કોરટમાં મોકલી દેવું જોઇએ.—રાણી વિ. અનુપાટોની અન બીબી વી. રી. ૩ ક્રી. રૂ. ૧૫.

એક સાક્ષિનો પુરાવો ભરૂંસો રાખવા જોગ હોય તો તે બસ છે—રાણી વિ. બીંદુ વીકલી રીપોર્ટ ૮ ક્રી. રૂ. ૬૦

જજમેન્ટ આપતાં પેહેલાં કોઈ સેશન જડજની બદલી થાય તો નવેસરથી ઈનસાફનું કામ શરૂ કરવું જોઇએ. જો કદાપી તોહમતવાળો કબુલ કરે કે નવેસરથી કામ ચલાવવાની જરૂર નથી તોપણ નવેસરથી કામ નહી ચલાવતાં જુના દફતર ઉપરથી ફેંસલો આપે તો કાયદાસર નથી. રઘુનાથદાસ વી. રી ૨૩ પ્ર ૪૯; ઓવીન્સુનો વી. રી. ૨૧ પ્ર. ૪૭

કલમ ૨૯૭ નિચે રાણી વિ. દાસી મુસલમાનીનો કેસ બતાવ્યો છે તે જુઓ.

આઈ—અગાઉ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયો હોય તો કામ ચલાવવાની રીત.

અગાઉ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયો હોયતો કેમ કરવું.

૩૧૦ જુરીથા અથવા આસેસરોના મદદથી ઇનસાફ કરવામાં આવે તેમાં તોહમતવાળાની ઉપર જે ગુન્હાનું તોહમત મુકયું હોય ત્યારે ૨૭૧ મી. ૨૮૬ મી. ૩૦૫ મો, ૩૦૬ ઠો અને ૩૦૯ મી કલમમાં કામ ચલાવવાની જે રીત ઠરાવી છે તેમાં હેઠળ લખ્યા મુજબ ફેરફાર કરવો:—

(અ) પછાડેના ગુન્હાનો હું તકસીરવાર છું એવો જવાબ તોહમતવાળાએ દીધો ન હોય અથવા પછાડેનો ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કર્યો નહી હોય તો, અને ત્યાં સુધી તોહમતનામાના જે ભાગમાં અગાઉ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયાની વાત લખી હોય તે ભાગ કોરટમાં વાંચી સંભળાવવો નહી, અને તોહમતનામામાં કહ્યા મુજબ અગાઉ તમારી ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો કે નહી એવું હતોમતવાળાને પુછવુ નહી.

(બ) પછાડેના ગુન્હાનો હું તકશીરવાર છું એવો જવાબ તે આપે અથવા તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવામાં આવે, તો પછી તેને પુછવું કે તોહમતનામામાં કહ્યા મુજબ તમારી ઉપર અગાઉ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરેલો છે કે નહી.

(ક) મારી ઉપર સદરહુ પ્રમાણે અગાઉ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરેલો છે એવો જવાબ તે આપે તો જડજને તેની ઉપર તે મુજબ શિક્ષાનો હુકમ કરવાને અખત્યાર છે પણ મારી ઉપર સદરહુ પ્રમાણે અગાઉ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરેલો નથી એમ તે કહે, અથવા સદરહુ સવાલનો જવાબ દેવાની ના કહે અથવા જવાબ દે નહીં તો પછી જ્યુરીએ અથવા કોરટે અને આસેસરોએ (જેમ હોય તેમ) સદરહુ પ્રમા-

ણે અગાઉ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયાની વાત સબંધી ચોકસી કરવી અને તે પ્રસંગે (જુરીથી ઈનસાફ થતો હોય ત્યારે) જુરરોને ફરીથી સમ આપવાની જરૂર નથી.

જ—હાઈકોરટ સારૂ જુરરોની ટીપ તથા તે કોરટ સારૂ જુરરોને સમન કરવા બાબત.

જુરરોની બુક. ૩૧૧ આ કાયદો અમલમાં આવે ત્યારે ચાલતા વરસની જુરરોની બુકમાં આ બાબ પ્રમાણે જુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા સખસોની ખરી ટીપ આપેલી છે એવું સમજવું.

સ્પેશિયલ જુરરોને માફી. માત્ર સ્પેશિયલ જુરીઓમાં કામ કરવાને પાત્ર છે એ પ્રમાણે જેઓના નામ સદરહુ બુકમાં નોંધ્યાં હોય તે સખસો જે વરસ માટે સદરહુ ટીપ તઇયાર કરેલી હોય તે વરસમાં આ બાબ પ્રમાણે સ્પેશિયલ જુરર દાખલજ કામ કરવાને હકદાર તથા પાત્ર છે એવું સમજવું.

સ્પેશિયલ જુરરોની સંખ્યા. ૩૧૨. સ્પેશિયલ જુરરોની ટીપમાં એકકી વખતે બસેં કરતાં વત્તા સખસોનાં નામ નોંધવા નહીં.

કામની તથા સ્પેશિયલ જુરરોની ટીપ. ૩૧૩. દરેક વરસમાં અપ્રેલ મહિનાની પેહેલી તારીખની અગાઉ અને હાઇકોરટ વખતે વખતે ફરમાવે તેવી કાનુનોને અનુસરીને કલાર્ક આફ ધી કૌને.—

(અ) કામની જુરર કામ કરવાને પાત્ર હોય એવા સઘળા સખસોની ટીપ તઇયાર કરવી; અને

(બ) ફકત સ્પેશિયલ જુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા સખસોની ટીપ તઇયાર કરવી.

આ બીજી ટીપ તઇયાર કરવામાં, જે સખસોના નામ તેમાં નોંધવામાં આવે તે સખસોની મિલકત, આબરૂ તથા કેળવણી ઉપર નજર રાખવી.

કોઇ સખસનું નામ કોઇ અગાઉના વરસની સ્પેશિયલ જુરરોની ટીપમાં દાખલ કરેલું હતું તેટલાજ સબબપરથી તે સખસનું નામ સ્પેશિયલ જુરરોની ટીપમાં દાખલ કરાવવાનો તેનો હક થશે નહીં.

કલકત્તાની હાઇકોરટની બાબતમાં ગવરનર જનરલ ઈનકાંઉસીલ, અને બીજી હાઈકોરટોની બાબતમાં સ્થાનિક સરકાર, કોઈપણ પગારવાળા અમલદારને જુરર દાખલ કામ કરવાનું માફ કરવાને મુખત્યાર છે.

ટીપ તઇયાર કરનાર અમલદારની મુખત્યારી. ઉપર કહેલી કાનુનોને અનુસરીને સદરહુ ટીપ પોતાને બ્યાજબી જણાય તેવી રીતે તઇયાર કરવાની કલાર્ક આફ ધી કૌનને પુરતી છુટ છે એવું સમજવું, અને તેના ઠરાવ ઉપર કાંઈ અપીલ ચાલશે નહીં અથવા તે ઠરાવની તપાસ થશે નહીં.

પ્રારંભની તથા સુધરેલી ટીપો જાહેર કરવા બાબત. ૩૧૪. કામની જ્યુરર દાખલ અને સ્પેશિયલ જ્યુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા સખસોની પ્રારંભની ટીપો ઉપર કલાર્ક આફ ધી કૌને સહી કરવી, અને તે તઈયાર થાય ત્યારપછીના અપ્રેલ મહિનાની ૧૫ મી તારીખ પેહેલાં એક વખત સ્થાનિક સરકારી ગેઝીટમાં તે ટીપો પ્રસિધ્ધ કરવી.

કામની જ્યુરર દાખલ તથા સ્પેશિયલ જ્યુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા સખસોની સુધારેલી ટીપો ઉપર સદરહુ મુજબ સહી કરીને તે તઈયાર થાય ત્યાર પછીના મે મહીનાની પેહેલી તારીખ પેહેલાં એક વખત સ્થાનિક સરકારી ગેઝીટમાં તે ટીપો પ્રસિધ્ધ કરવી.

સદરહુ ટીપોની નકલો કોરટના મકાનના કોઇ પ્રસિધ્ધ ભાગ ઉપર ચોહોડવી

ઇલાકાના મુખ્ય શેહેરમાં કેટલા જ્યુરરોને સમન કરવા.

૩૧૫. સદરહુ સુધારેલી ટીપોમાં જે સખસોનાં નામ લખ્યાં હોય તે સખસોમાંથી જેઓ સ્પેશિયલ જ્યુરીઓમાં કામ કરવાને પાત્ર હોય તેઓમાંના ઓછામાં ઓછા સતાવીશ સખસોને, અને જેઓ કામની જ્યુરીઓમાં કામ કરવાને પાત્ર હોય તેઓમાંના ઓછામાં ઓછા ચોપન સખસોને, દરેક ઇલાકાનાં મુખ્ય શેહેરમાં દરેક સેશન માટે સમન કરવા.

કોઈ સખસને છ મહિનામાં એક કરતાં વધારે વાર તેના વગર સંખ્યા પુરી થઇ શકતી ન હોય તો એ પ્રમાણે સમન કરવો નહીં.

પુરવણી સમન.

કોઇપણ સેશન ચાલતી હોય તે દરમિયાનમાં જો એમ જણાય કે સદરહુ પ્રમાણે સમન કરેલા સખસોની સંખ્યા પુરતી નથી, તો ઉપર કહ્યા મુજબ કામ કરવાને પાત્ર હોય એવા બીજા સખસોની જેટલી સંખ્યાની જરૂર હોય તેટલી સંખ્યાને સદરહુ સેશન માટે સમન કરવો.

ઈલાકાના મુખ્ય શેહેરોની બાહાર જુરરોને સમન કરવા બાબત.

૩૧૬. જ્યારે હાઇકોરટે પોતાની અસલ ફોજદારી હકુમત ચલાવવા સારૂ ઈલાકાના મુખ્ય શેહેરોની બાહાર કોઈપણ જગાએ બેઠક કરવાના પોતાના ઇરાદાની નોટીસ આપી હોય, ત્યારે તે હાઇકોરટ કાંઇપણ હુકમ કરે તેને અનુસરીને સદરહુ જગાની સેશન કોરટે પોતાની આગળ જુરરોને સમન કરવા બાબત આ કાયદામાં આગળ ફરમાવેલી રીતે પોતાની ટીપમાંથી જુરરોની પુરતી સંખ્યાને સમન કરવો.

લશ્કરી જુરરો.

૩૧૭. એ પ્રમાણે જુરર દાખલ સમન કરેલા સખસો ઉપરાંત જો સદરહુ સેશન કોરટને જરૂર લાગે તો મલીકામાઆઝમાના લશ્કરમાંના જે સનદી તથા વગર સનદી અમલદારો પોતાની બેઠકની જગાથી દસ માઇલની અંદર રેહેતા હોય તે અમલદારોની જેટલી સંખ્યા ઉપર કહ્યા મુજબ હાઇકોરટની આગળ જે સખસોની ઉપર ગુન્હાના તોહમત મુકયાં હોય તે સખસોનો ઈનસાફ કરવા સારૂ જોઇતી જુરીઓ પુરી કરવાને પોતે જરૂરની ધારે તેટલી સંખ્યાને તે સેશન કોરટે, કમાંડીંગ અમલદારને લખી જણાવ્યા પછી, સમન કરાવવા.

એ પ્રમાણે સમન કરેલા સઘળા અમલદારો, આ કાયદામાં ગમે તે કહ્યું હોય તે છતાં સદરહુ જુરીઓમાં કામ કરવાને પાત્ર થશે, પણ સદરહુ પ્રકારના જે અમલદારને તેનો કમાંડીંગ અમલદાર તાકીદના લશ્કરી કામના સબબથી, અથવા બીજા કોઇપણ વિશેષ લશ્કરી કારણ સારૂ, માફ કરાવવા માગતો હોય તે અમલદારને સમન કરવો નહીં.

જુરરો હાજર થવાને ચુકે તે બાબત.

૩૧૮. ૩૧૫ મી, ૩૧૬ મી, અથવા ૩૧૭ મી કલમ પ્રમાણે સમન કરેલો જે સખસ કાયદેસર કારણ વગર તે સમનથી ફરમાવ્યા મુજબ હાજર થવાને ચુકે, અથવા હાજર થઇને જડજની રજા લીધા વગર જતો રહે. અથવા કોરટે કામ મુલતવી રાખીને પછી હાજર થવાનો હુકમ કર્યો હોય તે વખતે

હાજર થવાને ચુકે, તે સખસે તિરસ્કારનો ગુન્હો કર્યો છે એવું સમજવું. અને જડજને યોગ્ય લાગે એટલો દંડ તેના હુકમથી આપવાને તે સખસ પાત્ર થશે, અને સદરહુ દંડ આપવા માં કસુર થાય તો તે આપે ત્યાં સુધી દીવાની તુરંગમાં કેદને પાત્ર થશે;

કે.—સેશન કોર્ટસારૂ જ્યુરરોની તથા આસેસરોની ટીપ, અને તે કોરટ સારૂ જ્યુરરોને તથા આસેસરોને સમન કરવા બાબત.

જ્યુરરો અથવા આસેસરો દાખલ કામ કરવાની પાત્રતા.

૩૧૯ હેઠળ કહ્યું છે તે સિવાય કરીને એકવીસથી તે સાઠ વરષની ઉમ્મર સુધીના સઘળા મરદો જે જીલ્લામાં તેઓ રેહેતા હોય તે જીલ્લાની અંદર જે ઇનસાફ કરવામાં આવે તેમાં જ્યુરરો અથવા આસેસરો દાખલ કામ કરવાને પાત્ર છે એમ સમજવું.

માફી.

૩૨૦ હેઠળ લખેલા સખસોને જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાની જવાબદારીમાંથી માફી છે, એટલે—

(અ) જીલ્લા માજીસ્ત્રેટથી ઊંચા દરજ્જાના જે અમલદારો મુલકીખાતામાં ચાકરીએ હોય તે અમલદારો,

(બ) જડજો;

(ક) રેવિન્યુ અથવા કસ્ટમના કમિશનરો તથા કલેક્ટરો;

(ડ) કસ્ટમખાતામાં પ્રિવેનટિવ સર્વીસમાં કામે લાગેલા સઘળા સખસો;

(ઇ) રેવિન્યુની વસુલાતના કામમાં લાગેલા જે સખસોને તેઓના હુદ્દાના કામના સબબથી માફ કરવાનું કલેક્ટર યોગ્ય ધારે તે સખસો;

(ફ) જે સખસો પોતપોતાના ધર્મમાં ખરેખર ઉપાધ્યાય અથવા ઉપદેશકનું કામ કરતા હોય તે સખસો;

(ગ) મલીકામાયાઝમાના લસ્કરમાંના જે સખસો, પણ જ્યારે કોઈ ચાલુ કાયદાથી તેઓને જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાને વિશેષે કરીને પાત્ર કર્યા હોય તે શિવાય કરીને;

(હ) સર્જન તથા બીજા જે સખસો ખુલી રીતે તથા હમેશ વૈદ્યનો ધંધો કરતા હોય તે સખસો;

(આઇ) જે સખસો ટપાલઆફીસમાં અથવા તારખાતાઓમાં નોકર હોય તે સખસો;

(જે) દિવાની કામ ચલાવવાના રીત બાબતના કાયદાની ૬૪૦ મી તથા ૬૪૧ મી કલમના ઠરાવો પ્રમાણે જે સખસોને કોરટમાં જાતે હાજર થવાનું માફ કર્યું હોય તે સખસો;

(કે) બીજા જે સખસોને જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાની જવાબદારીમાંથી સ્થાનિક સરકારે માફી આપી હોય તે સખસો;

જ્યુરરો તથા આસેસરોની ટીપ.

૩૨૧ જે સખસો જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાને પાત્ર હોય અને જેઓ સેશન જડજના તથા જીલ્લાના કલેક્ટરના અથવા જે અમલદારને સ્થાનિક સરકાર આ બાબત નિમે તે અમલદારના વિચાર પ્રમાણે જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાને યોગ્ય હોય, અને જેઓની વિરૂધ્ધ ૨૭૮ મી કલમની બ થી હ સુધીની (એ બંને સુધાં) રકમો મુજબ સફળ થાય એવી રીતે હરકત લેવાનું સંભવતું ન હોય તે સખસોની કક્કાવાર એક ટીપ સેશન જડજે તથા કલેક્ટરે અથવા ઉપર કહ્યા મુજબ બીજા અમલદારે તઈયાર કરવી.

તે ટીપમાં સદરહુ પ્રકારના દરએક સખસનું નામ, રેહેવાનું ઠેકાણું અને તે કોણ છે તે અથવા તેનો ધંધો શોછે, એ લખવું; અને જો તે સખસ યુરોપિયન અથવા અમેરિકન હોય, તો તેની કોમ તે ટીપમાં લખવી.

ટીપ પ્રસિધ્ધ કરવા બાબત. ૩૨૨. સદરહુ ટીપની નકલો કલેકટરની અથવા ઉપર કહેલા બીજા અમલદારની આફીસમાં તથા જીલ્લા માજીસ્ત્રેટની કોરટના તથા જીલ્લા કોરટના મકાનોમાં તથા જે શેહેર અથવા શેહેરોમાં અથવા જે શેહેર અથવા શેહેરોની પાસે તે ટીપમાં કહેલા સખસો રેહેતા હોય તે શેહેર અથવા શેહેરોમાંની કોઇ પ્રસિધ્ધ જગામાં ચોહોડવી.

ટીપ બાબત હરકતો. ૩૨૩. તેવી દરએક નકલ નીચે એક નોટીસ જોડવી એવી રીતે કે એ ટીપ બાબત જે હરકતો કરવી હોય તે સેશન કોરટના મકાનમાં ફલાણી વખતે સેશન જડજ તથા કલેકટર અથવા ઉપર લખેલો બીજો અમલદાર સાંભળીને તેનો ફેંસલો કરશે, અને તે વખત નોટીસમાં લખવો.

ટીપની તપાસણી. ૩૨૪. સદરહુ હરકતો સાંભળવા માટે સેશન જડજે કલેકટર અથવા ઉપર કહેલા બીજા અમલદારની સાથે બેસવું, અને તે નોટીસમાં લખેલી વખતે તથા જગાએ, તે ટીપ તપાસવી અને સુધરાવવામાં જેઓનું લાગતું વળગતું હોય તેવા સખસોની હરકતો (અગર હોય તો) સાંભળવી, અને પોતાની નજરમાં જે સખસ જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાને યોગ્ય ન જણાય તેવા સખસનું નામ અથવા જે સખસ ૩૨૦ મી કલમમાં કહેલી માફી ઉપર પોતાનો હક સાબિત કરે તેવા સખસનું નામ કાહાડી નાખવું, અને તે ટીપ મધ્યે જે સખસનું નામ લખ્યું નહીં હોય પણ જેને તે કામ સારૂ પોતે યોગ્ય સમજે, તે સખસનું નામ તેમાં દાખલ કરવું.

સેશન જડજનો અને કલેકટરનો અથવા ઉપર લખેલા બીજા અમલદારનો મત જુદો પડે તો જે સખસને જ્યુરર અથવા આસેસર કરવાનો વિચાર હોય તેનું નામ ટીપમાંથી કાહાડી નાંખવું.

તે તપાસેલી ટીપની એક નકલ ઉપર સદરહુ સેશન જડજે તથા કલેકટરે અથવા ઉપર લખેલા બીજા અમલદારે સહી કરવી અને સેશન કોરટને તે નકલ મોકલવી.

તે ટીપ તઇયાર કરવામાં તથા તપાસવામાં સદરહુ સેશન જડજે તથા કલેકટરે અથવા ઉપર લખેલા બીજા અમલદારે કાંઈપણ હુકમ કર્યો હોય તે આખરનો છે એવું સમજવું.

આ કલમ મુજબ માફીનો દાવો કર્યો નહીં હોય તો તે ટીપ પાછી તપાસવામાં આવે ત્યાંહાં સુધી તે માફીનો હક છોડી દીધો છે એમ સમજવું.

ટીપની વરશોવરશ તપાસણી. ૩૨૫. એ પ્રમાણે તઈયાર કરેલી તથા તપાસેલી ટીપ હરવરશે એકવાર ફરી તપાસવી.

એ પ્રમાણે તપાસેલી ટીપને નવી ટીપ ગણવી, અને અસલ તઇયાર કરેલી ટીપ બાબત આ કાયદામાં પાછળ કહેલા સઘળા કાનુનો તેને લાગુ પડશે.

જીલ્લામાજીસ્ત્રેટે જ્યુરરોને તથા આસેસરોને સમન ક- ૩૨૬ સેશન ભરવા સારૂ વખતે વખતે જે દીવસ સેશન જડજ ઠરાવે તે દીવસથી ઘણું કરીને ઓછામાં ઓછા ત્રણ દીવસ પેહેલાં સેશન જડજે જીલ્લા માજીસ્ત્રેટને પત્ર મોકલવો અને તેમાં લખવું કે તે સેશનમાં

રવા બાબત. જુરીથી જે કામોનો ઇનસાફ થવાનો હોય તથા આસેસરોની મદદથી જે કામોનો ઈનસાફ થવાનો હોય તે કામોના ઇનસાફને સારૂ જેટલાનો ખપ સેશન જડજને જણાય તેટલા સદરહુ તપાસેલી ટીપ મધ્યે લખેલા સખસોને સમન કરવા તેવા હરકોઇ કામના ઇનસાફને સારૂ જેટલા સખસોનો ખપ હોય તેથી બમણા કરતાં ઓછાને સમન કરવા નહી.

જે સખસોને સમન કરવા હોય તેઓનાં નામ ખુલ્લી કોરટમાં ચીઠીથી કાહાડવાં, અને તપાસેલી ટિપ માંહેના જે સખસોએ છ મહિના મધ્યે કામ કર્યું હોય તે સખસોને બાતલ કરવા. પણ જોઈતી સંખ્યા તેમના વગર પુરી ન થાય તો તેમને બાતલ કરવા નહીં; અને એ પ્રમાણે કાહાડેલાં નામ સદરહુ પત્રમાં વિશેષે કરીને જણાવવાં.

બીજા જુરરોને અથવા આસેસરોને સમન કરવાનો અધિકાર. ૩૨૭ સેશન કોરટની આગળ એટલાં બધાં કામનો ઇનસાફ થવાનો હોય કે એકજ વર્ગના જ્યુરરોને અથવા આસેસરોને એક આખો સેશન સુધી હાજર રાખવા એ જુલમ ભરેલું થાય, અથવા બીજાં કારણોને લીધે તેમ કરવાની જરૂર જણાય, ત્યારે ૩૨૬ મી કલમમાં વખત સિવાય બીજે વખતે જુરરોને અથવા આસેસરોને સમન કરવાનું ફરમાવવાને તે સેશન કોરટ મુખત્યાર છે.

સમનનો નમુનો તથા તેની બજાવણી. ૩૨૮ જુરર અથવા આસેસરને જે સમન કરવો તે લખીને કરવો, અને તેમાં એ પ્રમાણે ફરમાવવું કે તમે જ્યુરર અથવા આસેસર દાખલ જેમ હોય તેમ ફલાણી વખતે તથા જગાએ હાજર થાઓ; તે વખત તથા જગા સમનમાં લખવી જોઇએ.

સરકારી અથવા રેલવેના નોકરને ક્યારે માફ કરવાનો અધિકાર છે. ૩૨૯ જુરર અથવા આસેસર દાખલ કામ કરવાને સમન કરેલો કોઈ પણ સખસ સરકારની અથવા કોઇ રેલવે કંપનીની ચાકરીમાં હોય, અને જે આફીસમાં તે નોકર હોય તે આફીસના ઉપરીએ જાહેર કરવા ઉપરથી એમ જણાય કે લોકોને અડચણ થયા વગર તે સખસથી, પ્રસંગ પ્રમાણે જ્યુરર અથવા આસેસરનું કામ થઇ શકશે નહી, તો જે કોરટમાં કામ કરવા સારૂ તે સખસને એ પ્રમાણે સમન કર્યો હોય તે કોરટ તે સખસને હાજર થવાનું માફ કરવાને મુખત્યાર છે.

જુરર અથવા આસેસરને હાજર થવાનુ માફ કરવાને કોરટ મુખત્યારછે. ૩૩૦ યોગ્ય કારણસર કોઇ પણ જુરરને અથવા આસેસરને કોઇપણ અમુક સેશનમાં હાજર થવાનું માફ કરવાને સેશન કોરટ મુખત્યાર છે.

હાજર થયેલા જુરરો અને આસેસરોની ટીપ. ૩૩૧ દરએક સેશને તે સેશનમાં જ્યુરર અથવા આસેસર દાખલ જે સખસો હાજર થયા હોય તેઓનાં નામની ટીપ સદરહુ કોરટે તૈયાર કરાવવી.

૩૨૪ મી કલમ પ્રમાણે તપાસેલી જુરરોની તથા આસેસરોની ટીપની સાથે સદરહુ ટીપ રાખવી.

આ કલમ પ્રમાણે તૈયાર કરેલી ટીપમાં જે નામો લખેલાં હોય તેમાંના દરએક નામ વિશે સદરહુ તપાસેલી ટીપના હાંસીઆમાં હવાલો આપવો.

જુરરઅથવાઆસેસર હાજર ન થાય તો દંડકરવો તે બાબત. ૩૩૨ જુરર અથવા આસેસર દાખલ હાજર થવાને સમન કરેલો જે સખસ કાયદેસર કારણ વગર સમનમાં ફરમાવ્યા મુજબ હાજર થવાને ચુકે, અથવા હાજર થઇને કોરટની રજા લીધા વગર જતો રેહે, અથવા કોરટે કામ મુલતવી રાખીને પછી હાજર થવાનો હુકમ કર્યો હોય તે વખતે હાજર થવાને ચુકે, તે સખસ, સેશન કોરટના હુકમથી, સો રૂપિયા સુધી દંડને પાત્ર થશે.

સદરહુ જ્યુરરની અથવા આસેસરની કાંઇ પણ જંગમ મિલકત તે હુકમ કરનાર કોરટની હકુમતની સ્થાનિક હદમાંહે હોય તે મિલકત જપ્ત કરીને તથા વેચીને જીલ્હા માજીસ્ત્રેટે સદરહુ દંડ વસુલ કરવો.

સદરહુ જપ્તી તથા વેચાણથી જો તે દંડ વસુલ ન થાય તો, સદરહુ જ્યુરરને અથવા આસેસરને સેશન કોરટના હુકમથી પંદર દીવસની મુદત સુધી દિવાની તુરંગમાં કેદ કરવાનો અધિકાર છે, પણ જો સદરહુ મુદત પુરી થતાં પેહેલાં તે દંડ આપવામાં આવે તો તેને તરતજ છોડી મુકવો.

લ—હાઇકોરટો બાબત વિશેષ ઠરાવો.

ફરિયાદનું કામ બંધ કરવાનોઆડવોકેટજનરલનો અધિકાર. ૩૩૩ આ કાયદા પ્રમાણે કોઇ હાઇકોરટની આગળ કોઈપણ કામનો ઇનસાફ થાય ત્યારે જુરીનો ઠરાવ કહી સંભળાવવામાં આવે તેની અગાઉ કોઈ પણ વખત આડવોકેટ જનરલને યોગ્ય લાગે તો મલિકામાઆઝમાની તરફથી કોરટને એવું જાહેર કરવાને તે મુખત્યાર છે કે તોહમતવાળાના ઉપર મુકેલાં તોહોમત બાબત હું ફરિયાદનું કામ આગળ ચલાવીશ નહી; અને તે ઉપરથી સદરહુ તોહમત બાબત તોહોમતવાળાની ઉપર સઘળું કામચલાવવાનું બંધ કરવું, અને તેને તે તોહમત બાબત એને તેમાંથી છોડીમુકવો પણ પ્રમુખ જડજ બીજી રીતે નહી ફરમાવે તો એ પ્રમાણે છોડી મૂકવાની વાત ગુન્હો ના સાબીત થવાના ઠરાવની બરાબર છે એમ સમજવું નહી.

બેઠકો કરવાનો વખત. ૩૩૪ દરએક હાઈકોરટે પોતાની અસલ ફોજદારી હકુમત ચલાવવા સારૂ તે કોરટનો ચીફજસ્ટીસ વખતે વખતે ઠરાવે એવે દિવસે તથા એવે ફાંતે અંતરે બેઠકો કરવી.

બેઠકો કરવાની જગા. ૩૩૫ હાઇકોરટે પોતાની બેઠકો જે જગાએ તે હાલ કરતી હોય તે જગાએ, અથવા કલકતાની હાઇકોરટની બાબતમાં ગવરનર જનરલ ઈનકાંઉસિલ અને બીજી હાઈકોરટની બાબતમાં સ્થાનીક સરકાર ફરમાવે તેવી બીજી (જો હોય તો) જગાએ કરવી.

પણ કલકત્તાની હાઇકોરટ ગવરનર જનરલ ઈનકાંઉસિલની સંમતીથી અને બીજી સઘળી હાઈકોરટ સ્થાનીક સરકારની સંમતીથી, પોતાની અપેલેટ હકુમતની સ્થાનીક હદમાંહેની બીજી જે જગાઓ પોતે મુકરર કરે તે જગાએ વખતે વખતે બેઠકો કરવાને મુખત્યાર છે.

બેઠકોની નોટીસ. જે અમલદારને ચીફ જસ્ટીસ ફરમાવે તે અમલદારે હાઇકોરટની અસલ ફોજદારી હકુમત ચલાવવા સારૂ જે બેઠકો કરવાનો વિચાર હોય તે સઘળી બેઠકોની નોટીસ અગાઉથી સ્થાનિક સરકારી ગ્યાઝેટમાં આપવી.

રાણીની વિલાયતનીરૈયતનોઇનસાફ કરવાની જગા.

૩૩૬. હાઇકોરટને એવું ફરમાવવાનો અધિકાર છે કે રાણીની જે વિલાયતીરૈયતનો તથા જે સખસોનો ઇનસાફ ૨૧૪ મી કલમ મુજબ હાઇકોરટથી કરવા યોગ્ય હોય તેઓનો ઇનસાફ હાઇકોરટથી કરવા સારૂ તેઓને કેટલાએક વિશેષ જીલ્લાગાં અથવા વર્ષની કોઇ વિશેષ મુદત માહે કમીટ કરયા હોય તેવી સઘળી વિલાયતી રઇયતનો અને તેવા સઘળા સખસોનો ઇનસાફ પોતાની મામુલ બેઠકની જગાએ કરવામાં આવશે,

અથવા એવું ફરમાવવાનો અધિકાર છે કે ફલાણી જગાએ તેઓનો ઇનસાફ કરવામાં આવશે.

બાબ ૨૪ મો

ચોકસી તથા ઇનસાફ બાબત સામાન્ય ઠરાવો.

જે સખસ ગુન્હામાં સામીલ હોય તે સખસને માફી આપવાનું કહેવા બાબત.

૩૩૭ જે ગુન્હાનો ઇનસાફ સેશન કોરટથીજ અથવા હાઇકોરટથીજ થઇ શકે તેવા કોઇ પણ ગુન્હાની બાબતમાં ગુન્હાની ચોકસી કરનારો જીલ્લા માજીસ્ત્રેટ, પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ પેહેલા વર્ગનો કોઇપણ માજીસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ત્રેટની મંજુરીયત લઇને બીજો કોઇ પણ માજીસ્ત્રેટ જે ગુન્હાની ચોકસી ચાલતી હોય તે ગુન્હામાં ફલાણો સખસ પોતે જાતે અથવા પરંપરાથી સામીલ છે અથવા તે બાબત જાણીતો છે એમ ધારવામાં આવતું હોય તે સખસની સાહેદી લેવાના હેતુથી તેને, તે ગુન્હા સબંધી તથા બીજો જે સખસ તે ગુન્હો કરવામાં મુખ્ય અથવા મદદગાર તરીકે સામીલ હોય તે સખસ સબંધી જે જે કેફિયત તેના જાણવામાં હોય તે સઘળી કેફિયત પુરેપુરી તથા ખરેખરી તેણે જાહેર કરવી એવી શરતથી માફી આપવાનું વચન આપવાને મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે માફી આપવા માંડી હોય તે કબુલ કરનાર દરએક સખસની તે મુકદમામાં સાહેદ દાખલ જુબાની લેવી.

સદરહુ સખસને જો જામીન ઉપર છોડયો ન હોય તો, પ્રસંગ પ્રમાણે, સેશન કોરટ અથવા હાઇકોરટ તે ઇનસાફનું કામ પુરૂ કરે ત્યાં સુધી તેને પેહેરામાં અટકાવી રાખવો.

પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ શિવાય બીજો જે માજીસ્ત્રેટ આ કલમ પ્રમાણે માફી આપવાનું કહે તે માજીસ્ત્રેટે તેમ કરવાના પોતાનાં કારણ દફતરમાં દાખલ કરવાં; અને જ્યારે કોઇ પણ માજીસ્ત્રેટે એ પ્રમાણે માફી આપવાનું કહ્યું હોય અને જે સખસને તે આપવાનું કહ્યું હોય તે સખસની જુબાની લીધી હોય, ત્યારે તે મુકદમાનો ઇનસાફ તેણે જાતે કરવો નહી, પછી જે ગુન્હો સદરહુ સખસે કર્યાનું જણાતું હોય તે ગુન્હાનો ઇનસાફ કરવાનો અધિકાર તે માજીસ્ત્રેટને હોય તોપણ.

માફી આપવાનું કેહેવાનો હુકમ કરવાનો અધિકાર.

૩૩૮ મુકદમો કમીટ થયા પછી પણ ફેંસલો કરતાં પેહેલાં ગમે તે વખતે કોરટમાં મુકદમો કમીટ કર્યો હોય તે કોરટ સદરહુ પ્રકારના કોઈ પણ ગુન્હામાં ફલાણો સખસ પોતે જાતે અથવા પરંપરાથી સામીલ છે અથવા તે બાબત જાણીતો છે એમ ધારવામાં આવતું હોય તે સખસની સાહેદી ઇનસાફની વખતે લેવાના હેતુથી તે સખસને તેજ શરતથી માફીનું

વચન આપવાને અથવા કમિટ કરનારા માજીસ્ત્રેટે અથવા જીલ્લા માજીસ્ત્રેટે તેજ શરતે તેવા સખસને માફીનું વચન આપવું એવું ફરમાવવાને મુખત્યાર છે.

જેસખસનેમાફી આપવાનું કહ્યુંહોય તેસખસનેકમિટક રવાબાબત.

૩૩૯ જ્યારે ૩૩૭ મી અથવા ૩૩૮ મી કલમ પ્રમાણે માફીનું વચન આપ્યું હોય અને જે સખસે સદરહુ માફીનું વચન કબુલ કર્યું હોય તે સખસ જાણી જોઈને કાંઇ મુદ્દાની વાત છુપાવીને અથવા ખોટી સાહેદી આપીને, જે શરતથી સદરહુ માફી આપેલી તે શરત પ્રમાણે ચાલ્યો નહી હોય ત્યારે જે ગુન્હા બાબત તે માફી એ પ્રમાણે આપવાનું કહેલું તે ગુન્હા માટે, અથવા તેજ બાબતના સબંધમાં બીજા જે ગુન્હાનો તે તકસીરવાર થયેલો જણાય તે ગુન્હા માટે, તેનો ઇનસાફ કરવાનો અધિકાર છે.

જે સખસે માફીનું વચન કબુલ કર્યું હોય તે સખસે જે મચકુર કહ્યો હોય તે મચકુર, જ્યારે તે માફી આ કલમ પ્રમાણે રદ કરી હોય ત્યારે, તેની વિરૂદ્ધ પુરાવામાં આપવાનો અધિકાર.

સદરહુ મચકુરના સબંધમાં ખોટી સાહેદી આપ્યાના ગુન્હા બદલ હાઇકોરટની મંજુરી વગર કાંઇ પણ ફરીયાદ લેવી નહી.

ટીકા—આ કલમમાં " અથવા તેજ બાબતના સબંધમાં બીજા જે ગુન્હાનો તે તકસીવાર થએલો જણાય તે ગુન્હાને માટે" એવા જે શબ્દો છે તે તથા આ કલમનો ત્રીજો પારેગ્રાફ નવો છે.

જે સખસને શરતથી માફી આપવામાં આવી હોય તે સખસને જે શરતથી તેને માફી આપવામાં આવી હોય તે શરત પ્રમાણે વરત્યો નથી એમ જો સેશન કોરટની નજરમાં આવે તો આ કલમમાં આપેલા અખત્યાર પ્રમાણે સેશન જડજ તે સખસનો ઈનસાફ જે બીજા કેદીઓના કેસમાં તેણે સાક્ષી આપી હોય, તેજ કેસમાં કરવો જોઇએ નહી રાણી વિરૂદ્ધ પીંતાબર ધોબા. વીકલી રી. ૧૪ પ્ર. ૧૦. જે કામમાં શરતી માફી પછી ખેંચી લેવામાં આવેલી હોય તે કામમાં યોગ્ય રસ્તો એ છે જે કેદીને માફી આપવામાં આવી હોય તે શિવાયના બીજા કેદીઓનો છેવટ ઇનસાફ થાય ત્યાં સુધી અને તેઓ જો ગુન્હેગાર સાબિત થયા હોય તો તેમનો ફેંસલો કર્યા પેહેલાં સદરહુ માફી આપેલા સખસનું કલમ ૩૩૯ મુજબ જડજે કામ ચલાવવું જોઈએ, જોયડયુઇ પારીમાણિક. કલકત્તા રી. વા. ૭ પ્ર ૬૬.

કમીટ કરનારા માજીસ્ત્રેટે આપવા માંડેલી માફી તોહમતવાળાએ કબુલ કરી તથા સેશન કોરટ આગળ તેણે સાક્ષી આપી; પણ સેશન જડજના તથા આસેસર લોકોના ધાર્યામાં એવું આવ્યું છે કે તેણે જાણી જોઈને જરૂરની વાતો છુપાવી રાખી તેથી સેશન જડજે તેને પાંજરામાં ઉભો કરવા એકદમ હુકમ કરી ગુન્હેગાર છું એવા તેના જવાબ ઉપર તેને ગુન્હેગાર ઠરાવ્યો. એ બાબતમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે ગુન્હો સાબિત થયાનો ઠરાવ બે કાયદેસર છે તે રદ કરવો જોઇએ કારણ કે જુ. ફો. પ્રો. કો. ક. ૩૪૯ માં ફરમાવ્યા પ્રમાણે કમિટ કર્યા વગર સેશન જડજને તે ગુન્હાની ચોકસી કરવાનો અધિકાર નહોતો. સરકાર વિ. વિઠલભટ વિગેરે મું. હા. કોરટનો ઠરાવ તા. ૨૪મી જાનેવારી સન ૧૮૭૭

જવાબકરવાનોતોહમતવાળાનોહક.

૩૪૦, કોઈપણ ફોજદારી કોરટની આગળ જે સખસની ઉપર તોહમત આવ્યું હોય તેવા દરેક સખસને કોઇ પ્લીડરની મારફતે પોતાનો જવાબ કરવાનો હક છે.

ટીકા—મુખત્યારને હાથે કામ લેવું તે ગેરકાયદેસર નથી જુઓ કલમ ૪ ની રકમ (ય) મુખત્યારને હાથે કામ લેવાનું માજીસ્ત્રેટની મુખત્યારી ઉપર છે. ૭ મદ્રાસ હા. કો, રી. એપે. પ્ર. ૩૭ તા. ૧૧ નવેંબર સન ૧૮૭૪. યોગ્ય અખ્તીયારવાળા સનંદી વકીલ, અથ-

વા હાઇકોરટનો કોઈ એડવોકેટ કે અટરની તોહમતવાળાનો બચાવ કરવાને કોરટમાં હાજર થાય ત્યારે તેમને વકીલ પત્ર દાખલ કરવાનો જરૂર નથી. મદ્રાસ હા. કો. રી. વા. ૭ પ્ર. એપે. ૩૭ તા. ૨૩ મો નવેંબર ૧૮૭૪

મુખત્યારને હકથી વકીલાત કરવાનો હક નથી જુઓ કમલ ૪ માં પ્લીડરની વ્યાખ્યા.

બારીસ્ટર, અટરની કે યોગ્ય રીતે લાયક થએલા વકીલ સિવાય બીજા કોઇ વકીલનું કામ કરવાને દાવો કરી શકે નહીં મુખત્યારને એ છુટ આપવી કે ના આપવી એ માજીસ્ટ્રેટની મરજી ઉપર છે. કોઈપણ જરૂરીઆત કામમાં સરકાર તરફથી વકીલો નિમવામાં અથવા એવા પ્રકારની નિમણુંક કરવામાં. મંજુરી મેળવવામાં માજીસ્ટ્રેટ પોતાની મરજી મુજબ કરવાને મુખત્યાર છે.

જે વકીલ સન ૧૮૨૭ ના (મુંબાઇના) કાયદા ૨ પ્રમાણે ઘટતી રીતે લાયક થયો હશે તેને કોઇ તોહમતવાળા આસામીનો તરફથી જવાબ કરવામાં અટકાવ થઇ શકતો નથી. વકીલ દાજી મનસુખરામના કામમાં મુંબાઇ હાઇકોરટનો ઠરાવ તા. ૭ મી અકટોબર સન ૧૮૬૯

સન ૧૮૬૧ ના આકટ ૨૫ માની કલમ ૪૩૨ (આ ક. ૩૪૦) ના ઠરાવો અપેલેન્ટને લાગુ પડતા નથી. અપેલેન્ટના તરફથી મુખત્યારનું બોલવું સાંભળવાની તે કાયદાની કલમ ૪૧૭ તથા ૪૧૯ (ક. ૪૨૧, ૪૨૩) પ્રમાણે અપેલેન્ટ કોરટની ફરજ છે. સરકાર વિ. બેહેચર પીતાંબર મું. હા. કો, નો ઠરાવ તા. ૨૨ ફેબ્રુવારી સન ૧૮૭૦ પણ આ બાબત આ કલમમાં ફેરફાર કર્યો છે. અને મુખત્યારને સાંભળવો કે નહીં તે કોરટની ખુશી ઉપરછે.

તોહમતવાળો ચાલેલું કામ સમજતો નહીં હોય ત્યારે કેમ કરવું.

૩૪૧. તોહમતવાળો દિવાનો નહીં હોય તોપણ ચાલેલું કામ તેને સમજાવી શકાતું નહીં હોય તો ચોકસી અથવા ઇનસાફનું કામ ચલાવવાનો કોરટને અખત્યાર છે; અને હાઈકોરટ સિવાય બીજી કોઈ કોરટની બાબતમાં જો તે ચોકસી કરતાં તોહમતવાળાને કમિટ કરવો પડે, અથવા તે ઇનસાફ કરતાં તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવો પડે તો ચલાવેલાં કામના કાગળ તથા તે કામની હકીકતનો રીપોટ હાઇકોરટમાં મોકલવો. અને હાઇકોરટને યોગ્ય લાગે તેવો તે બાબત હાઇકોરટે હુકમ કરવો.

ટીકા—એક મુગા અને બેહેરા સખસપર ગુન્હો સાબિત થવાનો ઠરાવ થયો હતો. તેનો ઇનસાફ થતા વખતે તેનાપર આવેલા તોહમત વિશે તેને કાંઇ પુછવાનો યત્ન કરવામાં આવ્યો નહોતો તેથી શિક્ષા રદ કરવામાં આવી હતી. મદ્રાસ હા. કો. રી. વા. ૭ પ્ર. ૭

આ કામની હકીકત એવી છે કે તોહમતદારને એક થર્ડ કલાસ માજીસ્ટ્રેટે તપાસ કરી ગુન્હેગાર ઠરાવ્યો પણ પોતાના અધિકાર કરતાં જાદે સજા થવા માટે તેણે આ કામ જુના ક્રી. પ્રો. કો. ક. ૪૬ પ્રમાણે ડીવીઝન માજીસ્ટ્રેટ વુઇલટશાયર પાસે મોકલ્યું. તે સાહેબને આરોપિતની વરતણુક અજાયબ જેવી જણાઇ તેથી તેને તપાસને માટે સીવીલ સરજન પાસે મોકલ્યો, તેને તપાસી જુબાની આપી કે "આરોપિત પોતાનો બચાવ કરવાને અશકત છે. એમ હું ધારૂં છું, હું નથી ધારતો કે હાલના કરતા વધારે સારો કોઇપણ દિવસ થાય હું ધારૂં છું કે તે ઘણા વરસથી એવી હાલતમાં છે, તે એવો અશકત છે કે કોઈપણ કૃત્યનો પ્રકાર જેમકે ચોરી યા ચોરી કરતી વખતે જે કૃત્ય બન્યું તે ખોટું છે અથવા કાયદા વિરૂદ્ધ છે એમ તે જાણી શકે" આ પુરાવા ઉપરથી ડીવીજન માજીસ્ટ્રેટે ઠરાવ્યું કે આરોપિત ચાલતું કામ સમજી શકે તેમ નથી પણ જુના ક્રી. પ્રો. કો. કલમ ૧૮૬ પ્રમાણે તેણે કામ આગળ ચલાવ્યું અને આરોપિતપર ગુન્હો સાબિત ગણ્યો તે ઉપરથી ધારવાડના જીલ્લા માજીસ્ટ્રેટ જે. આર. મીડલટને આ કામ હાઈકોરટના અભિપ્રાય માટે મોકલ્યું હતું. પણ ફાઇન્ડીંગ પુરતુ સ્પષ્ટ નહિ હોવાથી હાઇકોરટે ગુન્હેગારનું મન અશકત છે

કે શી રીતે તે નક્કી કરવાને ફરી ફરમાવ્યું તેથી તે બાબતમાં ડીવીઝન માજીસ્ત્રેટે ઠરાવ કર્યો કે "ગુન્હેગાર અશક્ત છે તેટલા માટે ચાલતું કામ તે સમજી શકે એમ નથી પણ તેનું મન અશક્ત નથી. આ કામ પછી હાઇકોરટમાં આવ્યાથી ઠરાવ કર્યો કે આ તફાવત નહીં સરખો છે તેથી જુના ક્રી. પ્રો. કોડ કલમ ૨૯૭ પ્રમાણે આ કામનો ઠરાવ રદ કરી ફરમાવ્યું કે આરોપિતની બરાબર સંભાળ લેવામાં આવશે અને પોતાની જાતને અથવા બીજા કોઇ સખસને નુકશાન ન કરે તે સારૂ બંદોબસ્ત કરવામાં આવશે અને જ્યારે ફરમાવે ત્યારે તેને રજુ કરવામાં આવશે એવો પુરતો જામિન આપે તો તેને છોડી મુકવો અને તે પ્રમાંણે જામિન આપવામાં આવે નહી તો તે કામવિશે હાયકોરટને રીપોટ કરવો વળી એમ પણ ઠરાવ્યું છે કે જુના ક્રી. પ્રો. કોડ કલમ ૧૮૬ (આ કલમ ૩૪૧) જે માણસનું મન અશક્ત છે તેને લાગુ પડતી નથી. બેહેરાશથી અથવા મુગાપણાથી અથવા તે દેશની ભાષાના અજાણપણાથી અથવા તેવા બીજા કારણથી જે સખસો ચાલતું કામ સમજી શકે તેમ નથી તે સખસોને તે કલમોના ઠરાવ લાગુ પડે છે પણ મનના અશક્તપણાથી જે સખસો ચાલતુ કામ સમજી શકતા નથી તેવા કામમાં તો જુના ક્રી. પ્રો. કોડના ૩૧ મા બાબ મુજબ કામ ચલાવવું જોઈએ સરકાર વિરૂદ્ધ હુસેન. ઇંડિયન લા, રીપોટ મુંબઇ વા. ૫ પ્ર. ૨૬૨

આરોપિત એ બેહેરો અને મુગો છતાં જે ડેપ્યુટી માજીસ્ત્રેટે તેનાપર અપ્રાધ નક્કી કર્યો હતો તે ડેપ્યુટી માજીસ્ત્રેટને, આરોપિત કજીયાનું પ્રોસીડીંગ સમજવાને લાયક નથી એમ દેખાયાથી તેણે તે કામ જુના ક્રી. પ્રો. કોડ કલમ ૧૮૬ (આ કલમ ૩૪૧) પ્રમાણે માજીસ્ત્રેટ પાસે મોકલ્યું. જે અપરાધ બદલ આરોપિતપર આરોપ રાખવામાં આવ્યોછે તે અપરાધ આરોપિત સમજ્યો છે એમ માજીસ્ત્રેટે ઠરાવ્યું તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે માજીસ્ત્રેટનો ઠરાવ કાયમ રાખવો જોઇએ. અને આ કામને જુની કલમ ૧૮૬ લાગુ પડતી નથી. હાઇકોરટે જુ. ક્રી. પ્રો. કો. કલમ ૨૯૭ ના આધારે ડેપ્યુટી માજીસ્ત્રેટનો તે હુકમ રદ કર્યો અને આરોપિતપર જે ગુન્હાને માટે ત્રણ વરસની સખત મજુરીની શિક્ષા કરીછે તેવા ગુન્હાનો પીનલકોડ બાબ ૧૭ પ્રમાણે આગાઉ અપરાધ ઠરેલો હોવાથી જુના ક્રી. પ્રો. કોડ કલમ ૩૧૫ (કલમ ૩૪૮) પ્રમાણે તેની ચોકશી થવા વાસ્તે સેશન કોરટને મોકલવો એવો હાઇકોરટે હુકમ કર્યો. દુબારી હલવાઈ વીરૂધ એક મુંગો માણસ જેનું નામ નકી નથી. વીકલી. રીપોટ ૧૯ પ્ર. ૩૭

તોહોમતવાળાની જબાનીલેવાનોઅધિકાર.

૩૪૨ તોહોમતવાળાની વિરૂધ પુરાવામાં કાંઈ હકીકત જણાતી હોય તેનો ખુલાસો તોહોમતવાળો કરી શકે એટલા સારૂ, હરકોઇ ચોકસી અથવા ઇનસાફ ચાલતો હોય ત્યારે કોઇપણ વખતે તેને અગાઉથી તાકીદ આપ્યા વગર તેને જે સવાલો પુછવા જરૂર જણાય તે સવાલો પુછવાને તે કોરટ મુખત્યાર છે, અને ફરિયાદનું કામ ચલાવનારની તરફના સાહેદોની જબાની લેવાઇ રહ્યા પછી અને તે તોહમતવાળાને જવાબ આપવાનું ફરમાવતાં પેહેલાં ઉપર કહેલાં કારણસર કોરટે તે મુકદમા બાબત તેને સવાલ સામાન્યત પુછવા.

તે સવાલોના જવાબ આપવાની ના કહેવાથી અથવા તે સવાલોના ખોટા જવાબ દેવાથી તે તોહમતવાળો શિક્ષાને લાયક થશે નહીં; પણ એ પ્રમાણેના કેહેવા ઉપરથી અથવા એવા જવાબ આપવા ઉપરથી પોતાને વ્યાજબી લાગે એવું અનુમાન કોરટ તથા જુરી હોય તો તે કરવાને મુખત્યાર છે.

તોહોમતવાળાએ આપેલા જવાબો સદરહુ ચોકશી અથવા ઇનસાફની વખતે ધ્યાનમાં

લેવાનો અખત્યાર છે. અને સદરહુ જવાબો ઉપરથી બીજો જે ગુન્હો તેણે કર્યાનું દેખાતું હોય તે ગુન્હા બાબત ચોકશી અથવા ઇનસાફ થતી વખતે તે જવાબો તેની તરફ અથવા તેની વિરૂધ પુરાવામાં આપવાનો મુખત્યાર છે.

તોહોમતવાળાને કાંઇ સોગન આપવા નહી.

ટીકા—આ કલમ મદ્રાસ હાઇકોરટ રીપોટ વા ૧ પ્ર. ૧૯૯ ના કેસને અનુસરીને રચવામાં આવી છે. તોહોમતદાર વિરૂધ જે પુરાવ પડયો હોય તેનો ખુલાસો કરવાને તે શક્તામાન થાય તે માટે તેની જુબાની લેવી એટલે તેને ગુન્હેગાર ઠરાવવા જેવા સવાલ પુછવા નહી. વિરૂધ પુરાવનો તે કેવો ખુલાસો કરે છે તે જાણવા માટે તેની જુબાની લેવી.

આવી જુબાની ઉપર સહી કરવા તોહોમતદાર ના કહે તો તેણે પીનલકોડની કલમ ૧૮૦ પ્રમાણે ગુન્હો કર્યો ગણાય નહી. તેની મરજી ઉપર એ બાબત છે કૈસરે હીંદ વિરૂધ સીરસાપા. ઇડીયન લો. રીપોટ મુંબાઇ વા. ૪ પ્ર. ૧૫

આ કલમ કરવાનો ખરેખરો હેતુ એવો છે કે તોહોમતદાર પાસેથી વખતો વખત (ખસુસ કરીને તેનો કોઈ બચાવ કરવાવાળો ન હોય ત્યારે) તેની વિરૂધ કહેવાએલી હકીકત વીશે તે શું ખુલાસો આપે છે તે નકી કરવું અથવા કેસ પુરો થયા પછી તેને નુકશાન કરતાં હકીકત વિશે તેનું શું કહેવું છે તે જાણવા માટેજ શકતીવાન થાય. આ કલમ સેશન કોરટને એક બારીક તપાસનારી કોરટ બની જવા અને ઉલટ તપાસવાની માફક ઝીણા ઝીણા સવાલ પુછી તે ગુન્હેગાર ઠરે એવી કબુલત તેની પાસેથી પરાણે મેળવવાની સત્તા મળતી નથી—કૈસરે હીંદ વિરૂધ હુસેનબક્ષ શેખ, અને બીજાઓ કલકત્તા હાઇકોરટ તા૦ ૨૪ જુન સને ૧૮૮૦ નો ઠરાવ તથા વીકલી રીપોટ ૨૫ સરકાર વિરૂધ ભોળાનાથ સેન પ્ર. ૫૩ અને રાણી વિરૂધ શેખબાલુ વીકલી રીપોટ ૮ પ્ર. ૩૭ ના ચુકાદા જુઓ.

એક કામમાં બે તોહોમતદાર હતા તેમાં એક એકને જુદા રાખી જુબાની લેવામાં આવી તોપણ તે જુબાનીમાં કહેલી હકીકત કહેનાર સખસ વિરૂધ વાપરી શકાય—બીજા તોહોમતદાર વિરૂધ તે વાપરી શકાય નહી-કૈસરેહીંદ વિરૂધ લક્ષ્મણ બાળાઅને બાળા રામશેઠ. ઇંડીયન લા. રીપોટ (મુંબાઇ) વા. પ્ર. ૧૨૪ કૈસરે હીંદ વિરૂધ ચંદરનાથ સરકાર. ઇંડીયન લા. રીપોટ (કલકતા) વા. ૭ પ્ર. ૬૫.

તપાસ ચાલતી હોય તેની વચમાં તોહોમતદારને સવાલ પુછી ફરીયાદી તરફનો પુરાવ પુરો પાડવાના હેતુ પાર પાડવામાં આવે તો તે ગેરવ્યાજબી છે. આ કામમાં જડજે કેદીને સવાલ પુછતાં પહેલાં તેને એવું કહ્યું હતું. " તમારે સવાલનો જવાબ દેવો કે નહી તે તમારી મરજીની બાબત છે. પણ જવાબ દેવાની ના કહેવામાં આવશે તો તમારીતે કબુલત લખવામાં આવશે"—રાણી વિરૂધ જે, એમ ડીઆસ, મુંબાઇ હાઇકોરટ રીપોટ વા. ૩ પ્ર.૫૧

લલચાવીને કાંઇ વાતપ્રગટ કરવાને કાંઈદાબ વાપરવો નહી.

૩૪૩. ૩૩૭ મી અને ૩૩૮ મી કલમમાં ઠરાવ્યું છે તે શિવાય, કોઇ તોહોમતવાળા સખસના જાણવામાં કાંઇ પણ વાત હોય તે પ્રગટ કરવાને અથવા નહી કરવાને તે લલચાય એટલા માટે તેને કાંઈપણ વચન અથવા ધમકી આપીને અથવા બીજી રીતે તેના ઉપર કાંઇ દાબ વાપરવો નહી.

કામ ચલાવવાનું શરૂથી અથવા વચમાં મુલતવી રાખવાનો અખત્યાર

૩૪૪. કોઇ સાહેબની ગેરહાજરીને લીધે અથવા બીજા કાંઇ યોગ્ય કારણને લીધે કોઈપણ ચોકશી અથવા ઈનસાફનું કામ શરૂથી અથવા વચમાં મુલતવી રાખવું જરૂર અથવા યોગ્ય જણાય, તો કોરટ વખતે વખતે લખેલો હુકમ કરીને અને તે બાબતના કારણ જણાવીને પોતાને દુરસ્ત લાગે એવી શરતે, અને પોતાને યોગ્ય લાગે એટલી મુદત સુધી, સદરહુ ચોકશી અથવા ઈનસાફનું કામ શરૂથી અથવા વચમાંથી મુલતવી રાખવાને મુખત્યાર છે, અને તોહમતવાળો પેહેરામાં હોય તો વારંટ કાહાડીને તેને પાછો મોકલવાને મુખત્યાર છે.

પાછો મોકલવો.

પણ એવું ઠરાવ્યું છે કે કોઇપણ માજીસ્ત્રેટે આ કલમ પ્રમાણે કોઇ તોહમતવાળા સખસને એકકી વખતે પંદર દિવસ કરતાં વત્તી મુદત સુધી પેહેરામાં પાછો મોકલવો નહીં.

હાઇકોરટ સિવાય બીજી કોઇ કોરટે આ કલમ પ્રમાણે કરેલો દરેક હુકમ લખેલો હોવો જોઇએ અને તેની ઉપર પ્રમુખ જડજે અથવા માજીસ્ત્રેટે સહી કરવી.

પાછો મોકલવાનો વ્યાજબી સબબ.

ખુલાસો—તોહમતવાળાએ કાંઈ ગુન્હો કર્યો હશે એવો વેહેમ આવે તેવો પુરતો પુરાવો મળ્યો હોય, અને તેને પાછો મોકલવાથી વધારે પુરાવો મળે તેવું છે એવું દેખાય તો તેને પાછો મોકલવાનો આ વ્યાજબી સબબ છે.

ટીકા—માજીસ્ત્રેટે દિવસનું નામ પાડયા સિવાય મુકદમો મુલતવી રાખ્યો, અને પછી મુકદમો સાંભળવાને દિવસે ફરિયાદીની ગેરહાજરીમાં ફરીયાદ કાહાડી નાંખી; તે કામમાં હાઇકોરટે હુકમ રદ કર્યો. મહમદ આલમ વિ. સેકઆલિક અને બીજા વી. રી. ૧૬ પ્ર. ૬૮

તોહમતવાળાને પોલીસે ચોરીના ગુન્હા ઉપરથી તા. ૪ માહે અગષ્ટ સન ૧૮૬૭ ના રોજ પકડયો અને પછી તા. ૪ સપટેંબર સન ૧૮૬૭ ના રોજ સુધી તે તોહમતવાળાને માજીસ્ત્રેટ પાસે પોલીસે મોકલ્યો નહોતો; આ ઉપરથી થાણાના સેસન જડજે સદરહુ કામ હાઇકોરટના હુકમ માટે મોકલ્યું, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે હદ વગરની મુદત સુધી પોલીસને તોહમતવાળાને અટકાવી રાખવાને માટે માજીસ્ત્રેટે આપેલી મંજુરી ગેરકાયદેસર છે. પકડયાથી ૨૪ કલાક અંદર તોહમતવાળાને માજીસ્ત્રેટની રૂબરૂ હાજર કરવો જોઇએ અને હાજર કર્યા બાદ યોગ્ય કારણ હોય તો પંદર દિવસ સુધી (પણ વધારે નહી) અટકાવમાં રાખવાને માત્ર તોહમતવાળાને પાછો મોકલી શકાય છે સરકાર વિ. સરકયા ધાકુ મુંબાઇ હા. કો. રી. વા. ૫ પ્ર. ૩૧ તેમજ વી. રી. ૧૭ પ્ર. ૫૫

તોહમતવાળો મુદતને રોજ હાજર થયો પણ બીજું કામ હોવાથી બીજે દીવસે હાજર થવાનું ફરમાવ્યું પણ તે હાજર ન થયો તે ઉપરથી તેને ગુન્હેગાર ઠરાવ્યો તે કામમાં યોગ્ય ઠરાવ થયો છે એવો ઠરાવ થયો. મ. હા. કો. રી. વા ૫ એપે. પ્ર. ૧૬

પાછો મોકલવાને સારૂ સાક્ષીની હાજરી અથવા બીજું યોગ્ય કારણ હોવું જોઈએ; દરેક વખત કેદમાં પાછો મોકલતાં અવલ કેદીને માજીસ્ત્રેટની રૂબરૂ લાવવો જોઇએ, મ.હા. કો. તા. ૧૦ જુન સને ૧૮૬૭ નો ઠરાવ.

ગુન્હો માંડીવાળવા બાબત.

૩૪૫. આ નીચેના કોષ્ટકના પેહેલા બે આસનમાં હિંદુસ્તાનના ફોજદારી કાયદાની જે કલમોનું વર્ણન કર્યું છે તે કલમો મુજબ શિક્ષા ક-

કરવા લાયક ગુન્હાઓ તે કોષ્ટકનાં ત્રીજા ખાસનમાં કહેલા સખસોને માંડીવાળવાનો અધિકાર છે.—

ગુન્હો.	હીંદુસ્તાનના ફોજદારી કાયદાની લાગુ પડતી કલમો.	જે સખસને ગુન્હો માંડીવાળવાનો અધિકાર છે તે સખસ.
ધર્મ સબંધી કોઈપણ સખસનુ દિલ દુખાવવાના પાકા ઈરાદાથી કાંઈ શબ્દો બોલવા વગેરે.	૨૯૮	ધર્મ સબંધી જે સખસનું દિલ દુખાવવાનો ઇરાદો હોયતે સખસ.
વ્યથા કરવી.	૩૨૩, ૩૩૪	જે સખસને વ્યથા કરી હોય તે સખસ.
હરકોઈ સખસને ગેરવ્યાજબી અટકાવ કરવો અથવા કેદ કરવો.	૩૪૧, ૩૪૨	જે સખસને અટકાવ કર્યો હોય અથવા કેદ કર્યો હોય તે સખસ.
હુમલો અથવા સાપરાધબળ વાપરવું	૩૫૨, ૩૫૫, ૩૫૮...	જે સખસની ઉપર હુમલો કર્યો હોય અથવા સાપરાધ બળ વાપર્યું હોય તે સખસ.
કાયદા વિરૂદ્ધ જબરાઇથી મજુરી કરાવવી.	૩૭૪	જે સખસ પાસે જબરાઇથી મજુરી કરાવી હોય તે સખસ.
બિગાડ—જ્યારે જે હાની અથવા નુકશાન કરવામાં આવે તે ફક્ત કોઇ ખાનગી સખસને કરેલી હાની અથવા નુકશાન હોય ત્યારે	૪૨૬, ૪૨૭	જે સખસને હાની અથવા નુકશાન કરવામાં આવે તે સખસ.
સાપરાધ પ્રવેશ.	૪૪૭	જે મિલકતમાં પ્રવેશ કર્યો હોય તે મિલકત જે સખસના કબજામાં હોય તે સખસ
ગ્રહ પ્રવેશ.	૪૪૮	
નોકરી કરવાનો કરાર સાપરાધ રીતે તોડવો.	૪૯૦, ૪૯૧, ૪૯૨...	જે સખસની સાથે ગુન્હેગારે કરાર કર્યો હોય તે સખસ.
છિનાળું.	૪૯૭	જે સ્ત્રી હોય તેનો ધણી.
સાપરાધ ઇરાદાથી કોઇ પરણેલી સ્ત્રીને ફોસલાવી જવી અથવા લઇ જવી અથવા રોકી રાખવી.	૪૯૮	
આબરૂ લેવી.	૫૦૦	જે સખસની આબરૂ લીધી હોય તે સખસ.
કાંઇ બાબત આબરૂ લેવા જેવી છે એવું જાણીને તે છાપવી અથવા કોતરવી.	૫૦૧	
છાપેલી અથવા કોતરેલી વસ્તુમાં આબરૂ લેવા જેવી બાબત છે એવું જાણીને તે વસ્તુ વેચવી.	૫૦૨	
સમાધાનીનો ભંગ કરાવવાના ઈરાદાથી તિરસ્કાર કરવો.	૫૦૪	જે સખસને તિરસ્કાર કર્યો હોય તે સખસ.
સાપરાધ ધમકી, જ્યારે તે ગુન્હો સાત વરસની કેદની શિક્ષા કરવાલાયક ન હોય ત્યારે.	૫૦૬	જે સખસને ધમકી આપી હોય તે સખસ.

બુધિપુર્વક વ્યથા કરવાનો અથવા બુધિપુર્વક મહાવ્યથા કરવાનો અથવા જીદંગી જોખમમાં આવે એવું કામ કરીને મહાવ્યથા કરવાનો અથવા જીદંગી જોખમમાં આવે એવું કામ કરીને મહાવ્યથા કરવાનો, જે ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૨૪ મા અથવા ૩૩૫ મી અથવા ૩૩૭ મી અથવા ૩૩૮ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયકછે તે ગુન્હો જે સખસને વ્યાથા કરી હોય તે સખસને જે કોરટની આગળ તે ગુન્હા બાબત કાંઈ ફરીયાદનું કામ ચાલુ હોય તે કોરટની રજા લઇને માંડી વાળવાનો અધિકાર છે.

આ કલમ મુજબ હરકોઈ ગુન્હો માંડીવાળવાનો અધિકાર હોય ત્યારે તે ગુન્હામાં મદદગારી કરવાનો ગુન્હો અથવા (જ્યારે સદરહુ ગુન્હો કરવાની કોશીસ જાતે ગુન્હો હોય ત્યારે) તે કોશિસ કરવાનો ગુન્હો એવીજ રીતે માંડીવાળવાનો અધિકાર છે.

જો કોઇ સખસ બાળક, અથવા ગાંડો અથવા દિવાનો હોય અને જો તેવો ન હોત તો તે આ કલમ મુજબ કાંઈ ગુન્હો માંડીવાળવાને લાયક થાત તો તે સખસની તરફથી કરાર કરવાનો જે સખસને અધિકાર હોય તે સખસ સદરહુ ગુન્હો માંડીવાળવાને મુખત્યારછે.

આ કલમ મુજબ કાંઈ ગુન્હો માડીવાળવાનું ફળ એવું થશે કે તોહોમતવાળાની ઉપર ગુન્હો ના સાબિત થવાનો ઠરાવ થશે.

જે ગુન્હો આ કલમમાં કહ્યો નથી તેવો કોઇપણ ગુન્હો માંડીવાળવો નહીં.

ટીકા—આ કલમના ઠરાવથી રાણી વિરૂધ રહીમત ઇંડીયન લા. રીપોટ મુંબાઇ વા.૧ પ્ર. ૧૪૭ નો કેસ તથા રાણી વિરૂધ મદનમોહન ઈંડિયન લા. રીપોટ અલ્હાબાદ વા. ૬ પ્ર. ૩૦૨ ઉપલા કેસો રદ થાય છે.

છીનાળાની બાબતમાં ફકત ફરીયાદીની ગેરહાજરીના સબબથી માજીસ્ત્રેટ ફરીયાદ કાહાડી નાખે તો તે વ્યાજબી નથી પણ જે ફરીયાદી ગેરહાજર હોય અને પુરાવો રજુ ના થયો હોય તો ફરીયાદીને હાજર રેહેવા જરૂર પાડવા અથવા પુરાવો મેળવવા માજીસ્ત્રેટ બંધાએલો નથી. જુડીશીયલ કમીશનર સેંટરલ પ્રોવીનસીસ નંબર ૫૮, ૩. ૧૫૫

આરોપિતપર પી. કો. ક. ૪૯૭ મુજબ એક નટલ નામના માણસે પોતાની બઇરી સાથે છીનાળુ કર્યાનું તોહમત મુકયું. માજીસ્ત્રેટે આરોપિતને તે ગુન્હા બદલ સેશનમાં મોકલ્યો સેશન જડજે આરોપિતને શિક્ષા કરી તેપર આરોપિતે હાઇકોરટને અપીલ કરી તોહોમત સાબિત થયા પછી ધણી ધણીઆણી એકત્ર રેહેવા લાગ્યાં, અને અપીલની અને ચોકશીની વખતે સદરહુ અપરાધ માંહોમાંહે માંડીવાળવાની પરવાનગી મળવા માટે ધણીએ હાઈકોરટને અરજ કર્યાથી ઠરાવ્યું કે સેશનજડજે આરોપિત પર તોહમત સાબિત કરયા પછી ફરિયાદીએ પોતાની બઇરીને પોતાના ઘરમાં ઘાલી છે અને એ અપરાધ માંહોમાંહે માંડીવાળવાની પરવાનગી મળવા માટે અરજ કરી છેપણ કામના આવા સબંધની વખતે તેવી પરવાનગી અપાય નહી. તોપણ પક્ષકારનો સબંધ મતમાં આણ્યો અને તા૦ ૫ મેથી આરોપિત કેદમાં છે એ વાત મનમાં આણીતેને થયેલી શિક્ષા બરોબર છે. સરકાર વિરૂધ્ધ થાગસન ઇંડીયન લા રીપોટ અલ્હાબાદ વા. ૨ પ્ર. ૩૩૯.

જે મુકદમા પ્રાંત માંનો માજીસ્ત્રેટ ચુકવી શકતોનહી હોય તે મુકદમા માં તેણેકેમકરવું.

૩૪૬ ઇલાકાના મુખ્ય શેહેરની બાહાર કોઇપણ જીલ્હામાં કોઇ માજીસ્ત્રેટની આગળ કાંઇ ચોકશી અથવા ઇનસાફનું કામ ચાલતું હોય ત્યારે જો પુરાવા ઉપરથી તે માજીસ્ત્રેટને એવું અનુમાન કરવું બ્યાજબી જણાય કે સદરહુ જીલ્હામાં બીજા કોઈ માજીસ્ત્રેટે તે મુકદમાનો ઈનસાફ કરવો જોઇએ અથવા ઇનસાફ કરવા સારૂ તે કમિટ કરવો જોઇએ, તો તેણે તે કામ ચલાવવું બંધ રાખીને જે માજીસ્ત્રેટના હાથતળે પોતે હોય

તે માજીસ્ટ્રેટની આગળ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ ફરમાવે તેવા બીજા હકુમતવાળા માજીસ્ટ્રેટની આગળ તે મુકદમો મોકલવો, અને તેની સાથે ટુંકામાં એક રીપોટ કરીને તથા તે મુકદમાનો પ્રકાર સમજાવવો.

જે માજીસ્ટ્રેટની પાસે તે મુકદમો મોકલવામાં આવે તેને જો ઇનસાફ કરવાનો અખત્યાર આપેલો હોય તો તે મુકદમાનો ઇનસાફ તે જાતે કરવાને અથવા પોતાના હાથ તળેના જે માજીસ્ટ્રેટને હકુમત હોય તે માજીસ્ટ્રેટને તે મુકદમો સોપવાને, અથવા તોહમતવાળાને તેનો ઈનસાફ થવા સારૂ કમિટ કરવાને મુખત્યાર છે.

ટીકા—દફતરમાં એક માજીસ્ટ્રેટ આગળ પડેલો પુરાવ દાખલ કરવામાં આવેલો તે ઉપરથી બીજા માજીસ્ટ્રેટે કેદીને ગુન્હેગાર ઠેરવ્યો હોય તે કામમાં ફરીથી પુરાવ દફતરમાં દાખલ કરી ગુન્હો સાબેત છે એમ ગણી કરેલો ઠરાવ બાહાલ રાખ્યો હોય તેમાં થએલી ખામી દુરસ્ત થતી નથી. ગુન્હો સાબેત થયાનો જે ઠરાવ કાયદાસર પુરાવા ઉપરથી કરવામાં આવ્યો નહી હોય તે ઠરાવના ગુણદોષ ઉપર અપીલ ચાલશે. રાણી વિરૂદ્ધ પુરણચંદ્ર દાસ વીકલી રીપોટ ૮ પ્ર. ૫૯

એક અમલદારે મુકદમો અધુરો સાંભળી બીજાને ત્યાં ઇનસાફ સારૂ મોકલ્યો હોય ત્યારે ઇનસાફ કરનાર માજીસ્ટ્રેટે બધો પુરાવ સાંભળી ઇનસાફ કરવો પણ એક અમલદારને બીજાએ દફતરમાં પુરાવ દાખલ કરેલો હોય તે ઉપરથી કમિટ કરવાનો અધિકાર છે. વીકલી રીપોટ ૭ ક્રી. લેટર ૪.

તાબાનો માજીસ્ટ્રેટ કલમ ૫૫૯ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટની પાસે મુકદમો મોકલે ત્યારે ડિસ્ત્રીકટ માજીસ્ટ્રેટ તે મુકદમો ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ તરફ ઈનસાફ થવાને માટે મોકલી શકે છે. મુંબાઇ હાઈકોરટ રીપોટ વા. ૬ પ્ર. ૬૯.

ચોકશી અથવા ઇનસાફનું કામસરૂ કર્યા પછી માજીસ્ટ્રેટને એમ જણાય કે મુકદમો કમિટ કરવો જોઇએ ત્યારે કેમ કરવું.

૩૪૭. કોઇ માજીસ્ટ્રેટની આગળ કોઇપણ ચોકશીનું કામ ચાલે તેમાં અથવા કોઈ માજીસ્ટ્રેટની આગળ કોઇપણ ઇનસાફનું કામ ચાલે તેમાં ફેંસલા ઉપર સહી કરતાં પેહેલાં, તેને કોઇપણ વખતે એમ જણાય કે તે કામનો ઇનસાફ સેશન કોરટે અથવા હાઇકોરટે કરવો જોઈએ, અને જો ઈનસાફ થવા સારૂ કમિટ કરવાનો અખત્યાર તેને આપેલો હોય, તો તેણે કામ આગાડી ચલાવવાનું બંધ કરવું અને આ કાયદામાં પાછળ કહેલા ઠરાવો પ્રમાણે તોહમતવાળાને કમિટ કરવો.

જો ઇનસાફ થવા સારૂ કમિટ કરવાનો અખત્યાર સદરહુ માજીસ્ટ્રેટને આપેલો ન હોય તો તેણે ૩૪૬ મી કલમ પ્રમાણે ચાલવું.

ટીકા—જ્યારે ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ તરફ આ કલમ પ્રમાણે કામ મોકલવામાં આવે ત્યારે ડિસ્ત્રીકટ માજીસ્ટ્રેટે કાયદા પ્રમાણે યોગ્ય લાગે તેવો ઠરાવ, શિક્ષા કે હુકમ કરવો તેવી તેની ફરજ છે. સેશન કોરટમાં નવેસરથીજ તજવીજ કરવાને કેસ કમીટ કરવાનો અગર બીજી કોરટમાં કામ ચલાવવાને માટે હુકમ કરવાનો ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને અધિકાર નથી. પરંતુ જે માજીસ્ટ્રેટની રૂબરૂ કામ ચાલી તજવીજ કરવામાં આવી હોય તે માજીસ્ટ્રેટની હકુમત નથી એમ માલમ પડે તો યોગ્ય માજીસ્ટ્રેટ તરફ તજવીજ કરવાને માટે કામ મોકલી સકાય, સને ૧૮૭૭ તા૦ ૩૦ મી માહે અગષ્ટના રોજનો મુંબાઇ હાઇકોરટનો ઠરાવ જુઓ.

જુના ક્રી. પ્રો કોડ કલમ ૪૬ (કલમ ૩૪૯) મુજબ જ્યારે કોઈ મુકદમો (ચાલેલા કામ સાથે) ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ તરફ મોકલવામાં આવે ત્યારે તે કામમાં પોતાની સમજણ

પ્રમાણે યોગ્ય તથા જે કાયદેસર હોય તેવો ફેંસલો યા શિક્ષા યા હુકમ તેણેજ કરવો જોઇએ. સેશન કોરટે અગર બાજી કોઈ કોરટે તે મુકદમાનો ફરીથી ઈનસાફ કરવો એવો હુકમ કરવાનો તેને અખત્યાર નથી, પણ જે માજીસ્ત્રેટ આગળ તે મુકદમાનો ઈનસાફ થાય તેની હુકુમતની બાહારનો કોઈ ગુન્હો બન્યો છે એવું ડિસ્ત્રીક્ટ માજીસ્ત્રેટને લાગે તો તેવો (એટલે ફરિથી ઇનસાફ કરવાનો) હુકમ કરવાને તેને અખત્યાર છે. બેલગામના સેશન જડજે સલાહ માટે મોકલેલું કામ નંબર ૮૦ સને ૧૮૭૭ મુંબાઇ હાઇકોરટ નો ઠરાવ. તા૦ ૩૦ આગષ્ટ સને ૧૮૭૭.

સબરજીસ્ટ્રાર એ સરકારી નોકર (અમલદાર) છે. પીનલકોડ કલમ ૨૮૮ પ્રમાણે તેનું કામ એ ન્યાયનું કામ છે અને પુરાવાના આકટમાં "કોરટ" જે એવો શબ્દ છે. તેમાં તે કોરટનો સમાવેશ થાય છે. પિનલકોડ કલમ ૨૨૮ માં જે બાબત કહેલી છે તેમાં જે કોરટ આગળ અપરાધ થશે તે કોરટે તે અપરાધની ચોકશી કરવી જોઇએ. પરંતુ તે કોરટે કામ ચલાવવું તે જુના ક્રી. પ્રો. કો. ના બાબ ૩૨ પ્રમાણે ચલાવવું જોઈએ. પિનલકોડ કલમ ૨૨૮ માં કહેલો અપરાધ સબરજીસ્ટ્રાર આગળ થયા છતાં તેણે જો કલમ ૪૩૫, ૪૩૬ પ્રમાણે કામ નહી ચલાવ્યું તો તે કામ ચલાવવાનો માજીસ્ત્રેટને અધિકાર નથી. સધારીલાલ અરજદાર વીકલી રીપોટ ૨૨ પ્ર. ૧૦.

કેદીને વધારે શિક્ષા થવા માટે બીજા વર્ગના એક માજીસ્ત્રેટે એ કામ સને ૧૮૭૨ ના આ.૧૦ ની ક ૪૬ પ્રમાણે ડેપ્યુટી કમીશનર પાસે મોકલ્યું તે કામ ડેપ્યુટી કમીશનરે હાઇકોરટમાં મોકલ્યું હાઇકોરટે તેમાં હાથ ઘાલવાનું ના કબુલ કર્યું. કારણ કે સદરહુ કલમ ઉપરથી જોતાં તે કામની ચોકસી ડેપ્યુટી કમીશનરે પોતે કરવી જોઈતી હતી અને કેદી વિરૂધ જે પુરાવો હતો તે પુરાવા ઉપરથી જે તોહોમતની સાબીતી કરવી બરોબર છે એવું તેને દેખાય તે અપરાધની સાબિતી તેનીપર કરવાની હતી અને તે કામ હાઈકોરટમાં મોકલવું નોહોતું એવો હાઇકોરટનો અભિપ્રાય થયો. સોબીલદાસ વિરૂધ ચંદ્રદેબી અને બીજા વીકલી રીપોટ ૨૦ પ્ર. ૧૫

કલમ ૨૫૯ ની નીચે સરકાર વિરૂધ કદરૂતુલા અને બીજાઓ (ઈંડિયન લા. રીપોટ ૩, કલકત્તા ૪૯૫) ફેંસલો તથા કલમ ૩૪૫ નિચે રાણી વિરૂધ રેમત હાલસીંગનો ફેંસલો એ બે ફેંસલા બતાવવામાં આવ્યા છે તે જુઓ.

શિક્કા, સ્ટાંપના કાયદાતથા મિલકત વિરૂધ ગુન્હા જે સખસોનીઉપરઆ ગાઉ ઠર્યા હોય તે સખસોનાઈનસાફ બાબત.

૩૪૮ હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૨ મા અથવા ૧૭ મા બાબ પ્રમાણે ત્રણ વરસની અથવા તે ઉપરાંતની મુદત સુધી કેદની શિક્ષા કરવા લાયક કોઈ ગુન્હો જે સખસની ઉપર સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તે સખસની ઉપર એ બેમાંના ગમે તે બાબ પ્રમાણે ત્રણ વરશની અથવા તે ઉપરાંતની મુદત સુધી કેદની શિક્ષા કરવા લાયક કોઈ ગુન્હાનુ ફરીથી તોહોમત આવ્યું હોય, ત્યારે જે માજીસ્ત્રેટની આગળ તે સખસની ઉપર તોહોમત આવ્યું હોય તેની નજરમાં એમ આવે કે તે સખસને ગુન્હો કરવાની ટેવ છે, તો તેને સામાન્ય પ્રસંગ પ્રમાણે સેશન કોરટમા અથવા હાઈકોરટમાં કમીટ કરવો; અથવા જે જીલ્લામાં જીલ્લા માજીસ્ત્રેટને ૩૦ મી કલમ પ્રમાણે અધિકાર આપ્યો હોય તે જીલ્લામાં તેનો ઈનસાફ સદરહુ માજીસ્ત્રેટની આગળ કરવો.

જોઈએ તેટલી સખત શિક્ષાનો હુ

૩૪૯ જ્યારે બીજા અથવા ત્રીજા વરગના જે માજીસ્ત્રેટને હુકુમત હોય તે માજીસ્ત્રેટ ફરીયાદનું કામ ચલાવનારની તરફને તથા તોહમતદા-

કમ માજીસ્ત્રેટ કરી શકે નહીં ત્યારે કેમ કરવું.

ળાની તરફનો સાહેદી પુરાવો સાંભળે ત્યાર પછી તેનો મત એવો થાય કે તોહમતવાળો તકશીરવાર છે, અને તેને જે શિક્ષા કરવાનો પોતાને અધિકાર છે તેથી જુદી જાતની અથવા તે કરતાં વધારે સખત શિક્ષા તે તોહમતવાળાને મળવી જોઈએ, અથવા તેને ૧૦૬ ઠી કલમ પ્રમાણે ખત કરી આપવાનું ફરમાવવું જોઇએ ત્યારે તે માજીસ્ત્રેટ પોતાનો મત દફતરમાં દાખલ કરીને, પોતે ચલાવેલું કામ તથા તોહમતવાળાને જે જીલ્લા માજીસ્ત્રેટના અથવા પેટા ટુકડી માજીસ્ત્રેટના તાબામાં પોતે હોય તેની પાસે મોકલવા મુખત્યાર છે.

ટીકા—જે માજીસ્ત્રેટની પાસે તે કામ મોકલવામાં આવે તે માજીસ્ત્રેટને દુરસ્ત લાગે તો તે પક્ષકારોની જુબાની લેવાને તથા જે સાહેદ તે મુકદમામાં સાહેદી આપી ચુકયો હોય તે સાહેદોને પાછો બોલાવીને તેની જુબાની લેવાને મુખત્યાર છે; અને કાંઇ પણ વધારે પુરાવો માંગવાને તથા લેવાને મુખત્યાર છે. અને તે મુકદમામાં પોતાને યોગ્ય લાગે એવો, અને કાયદા પ્રમાણે હોય એવો ફેંસલો અથવા શિક્ષાનો હુકમ અથવા હુકમ તે માજીસ્ત્રેટે કરવો; પણ એવું ઠરાવ્યું છે કે ૩૨ મી તથા ૩૩ મી કલમ પ્રમાણે જેટલી શિક્ષા કરવાનો પોતાને અધિકાર હોય તે કરતાં વધારે સખત શિક્ષા તેણે કરવી નહી.

આ કલમના બીજા ભાગમાં જે "હુકમ" એ શબ્દ છે તેનો અર્થ આખરનો હુકમ છે એટલે વધારે સખત શિક્ષા થવાને કામ મોકલવામાં આવ્યુ હોય તેના નિકાલ સબંધી તે આખરનો હુકમ સમજવાનો છે. જો માજીસ્ત્રેટની નજરમાં એમ આવે કે એ કેસ સેશન કોરટ સાંભળી શકે તેવો છે અને તેથી સેશન કમીટ થવો જોઇએ ત્યારે સેશન કમીટ કરવાની તેમની સત્તાને આ કલમથી કાંઈ પ્રતિબંધ થતો નથી. રાણી વિ. અબદુલ. ઈં. લા. રી. વા. ૪ મુંબાઇ પ્ર. ૨૪૯ આ કેસથી વિરૂદ્ધ રાણી વિ, ભીખારી મુલીક. ૧૦ વુ. રી ક્રી. રૂ. ૫૦

થોડોક પુરાવો એક માજીસ્ત્રેટે અને થોડોક પુરાવો બીજા માજીસ્ત્રેટે દફતરમાં દાખલ કર્યો હોય તે ઉપરથી ગુન્હો ઠરાવવા બાબત અથવા કમિટ કરવા બાબત.

૩૫૦ જયારે કોઈ મુકદમાની ચોકસીમાં અથવા ઈનસાફમાં સઘળો પુરાવો અથવા તેમાંનો કાંઈ ભાગ સાંભળ્યા પછી તથા દફતરમાં દાખલ કર્યા પછી કોઇ પણ માજીસ્ત્રેટ તેમાં હકુમત ચલાવતો બંધ પડે, અને તેની પછી તેની જગા ઉપર બીજો જે માજીસ્ત્રેટ આવે તેને સદરહુ હકુમત હોય અને તે સદરહુ હકુમત ચલાવતો હોય, ત્યારે જે પુરાવો પોતાની અગાઉના માજીસ્ત્રેટે એ પ્રમાણે દફતરમાં દાખલ કર્યો હોય તે પુરાવાને આધારે, અથવા જે પુરાવો થોડોક પોતાની અગાઉના માજીસ્ત્રેટે અને થોડોક પોતે જાતે દફતરમાં દાખલ કર્યો હોય તે પુરાવાને આધારે, સદરહુ પછીથી આવેલો માજીસ્ત્રેટ કામ ચલાવવાને મુખત્યાર છે; અથવા તે સાહેદોને ફરીથી સમન કરવાને અને તે ચોકશી અથવા ઇનસાફ ફરીથી સરૂ કરવાને મુખત્યાર છે.

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

(અ) કોઇ પણ ઇનસાફનાં કામમાં તે બીજો માજીસ્ત્રેટ પોતાનું કામ સરૂ કરે ત્યારે સાહેદોને અથવા તેઓમાંના હરકોઇને ફરીથી સમન કરવાની તથા તેઓની જુબાની ફરીથી સાંભળવાની માગણી કરવાને તોહમતવાળો મુખત્યાર છે.

(બ) કોઈ માજીસ્ત્રેટની આગળ ગુન્હો સાબિત થયો હોય તે સાબિતી જે પુરાવા ઉપરથી થઇ તે સઘળો તેણે લીધેલો નથી; તેથી તોહમતવાળાને મુદ્દાની બાબતમાં ન્યાય મળવામાં હરકત થઇ છે એમ હાઈકોરટની, અથવા જે મુકદમાઓનો ઇનસાફ જીલ્લા માજીસ્ત્રેટના તાબા માંહેના માજીસ્ત્રેટો કરે તે મુકદમામાં જીલ્લા માજીસ્ત્રેટની નજરમાં આવે, તો સદરહુ કોરટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ રદ કરવાને મુખત્યારછે, પછી તે ઠરાવ ઉપર અપીલ થઇ હોય કે નહિ થઇ હોય તોપણ; અને નવેસરથી ચોકસી અથવા ઇનસાફ કરવાનો હુકમ કરવાને મુખત્યારછે.

જે મુકદમામાં ૩૪૬ મી કલમ પ્રમાણે કામ આગળ ચલાવવાનું બંધ કર્યું હોય તે મુકદમાઓને આ કલમ માંહેનો કોઈ પણ મચકુર લાગુ નથી.

ટીકા—આ કલમ આ કાયદાના ભાગ ૫ ના બાબ ૮, ૧૦, ૧૧ અને ૧૨ મુજબના કામને લાગુ પડે છે આ કલમમાં સઘળો પુરાવો અથવા તેમાંનો કાંઇ પણ ભાગ સાંભળ્યા પછી જે શબ્દો છે તે રાણી વિરૂધ ખાન મહમદના કામમાં ઠરાવ થયો છે તેને અનુસરીને વધારવામાં આવ્યા છે. વીકલી રીપોટ ૨૪ ૩ ૫૩

સુલેહનો ભંગ ન કરે તેને સારૂ જામીન લેવા સબંધી કલમ ૧૦૭ પ્રમાણેના કામની ચોકશીના કામને આ કલમ લાગુ છે. બરોડા કનીરોય વિરૂધ કારીમુદી મુનશી કલકત્તા હાઈકોરટ રીપોટ વા૪ પ્ર. ૪૫૨. આ કલમ પ્રમાણે જે સત્તા આપવામાં આવી છે તે સેશન જડજને લાગુ નથી અને કદાપી કબુલ કરે તોપણ આ કલમમાં આપેલો અધિકાર સેશન જડજથી વાપરી શકાતો નથી. રાણી વિરૂધ ગોવીનોશીંગ વીકલી રીપોટ ૨૧ ૩ ૪૩

કોરટમાંહાજરથયેલા ગુન્હેગારોને અટકાવી રાખવા બાબત.

૩૫૧ કોઈ સખસ ફોજદારી કોરટમાં હાજર હોય, પછી તે પકડાઇને અથવા સમન થઇને નહી આવ્યો હોય તોપણ તે સખસે સદરહુ કોરટ સાંભળી શકે એવો ફલાણો ગુન્હો કર્યો છે એવું પુરાવા ઉપરથી જણાય તે ગુન્હા બાબત તેની જુબાની લેવા સારૂ તેને અટકાવી રાખવાનો તે કોરટને અખત્યાર છે, અને જાણે તેને પકડેલો હોય અથવા સમન કરેલો હોય એવી રીતે તેની ઉપર કામ ચલાવવાનો અખત્યાર છે.

અટકાવી રાખવો તે ૧૮ મા બાબ પ્રમાણે ચોકશી ચાલતી હોય ત્યારે અથવા ઈનસાફનું કામ ચાલવા માંડયા પછી રાખ્યો હોય ત્યારે તે સખસ બાબત કામ નવેસરથી ચલાવવું અને સાહેદોની જબાની ફરીથી સાંભળવી.

કોરટો ખુલ્લીછે.

૩૫૨ કોઇ ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ કરવા સારૂ જે જગાએ કોઈ ફોજદારી કોરટ બેઠી હોય તે જગા ખુલ્લી કોરટ સમજવી, અને તેમાં વગર અડચણે માઇ શકે તેટલે સુધી સામાન્ય રીતે સઘળા લોકોને તેમાં જવાનો અધિકાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે કોઈ પણ અમુક મુકદ્દમાની ચોકસી અથવા ઈનસાફ ચાલે ત્યારે કોઇપણ વખતે પ્રમુખ જડજ અથવા માજીસ્ત્રેટ જો તેને યોગ્ય લાગે તો એવો હુકમ કરવાને મુખત્યાર છે કે સામાન્ય રીતે લોકોએ, અથવા કોઇ પણ અમુક સખસે કોરટના ઉપયોગ માંહેના ઓરડામાં અથવા મકાનમાં આવવું, રેહેવું, અથવા હોવું નહી.

બાબ ૨૫ મો.

ચોકસી તથા ઈનસાફ કરતી વખતે પુરાવો લેવાની તથા દફતરમાં દાખલ કરવાની રીત બાબત.

પુરાવો તોહમત વાળાની સમક્ષ લેવો.

૩૫૩ સ્પષ્ટરીતે જુદી રીતનો ઠરાવ કર્યો છે તે સિવાય ૧૮ મા, ૨૦ મા, ૨૧ મા, ૨૨ મા. અને ૨૩ મા બાબ પ્રમાણે લેવાને સઘળો પુરાવો તોહમતવાળાની સમક્ષ લેવો, અથવા જ્યારે તેને જાતે હાજર થવાનું માફ કર્યું હોય, ત્યારે તેના પ્લીડરની સમક્ષ લેવો.

ટીકા—તોહમતવાળાની રૂબરૂ સાહેદોની જુબાની લીધા વગર તોહમતદારને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તે શિક્ષા રદ થાય છે. રાણી વિરૂધ્ધ લાલા ચોબે અલ્હાબાદ હાઇકોરટ રીપોટ વા. ૨ પ્ર. ૪૯

માજીસ્ટ્રેટે એક કેસમાં તોહમતદાર હાજર નહોતો તે કેસની જુબાની સાહેદને વાંચી સંભળાવી અને તે 'ખરી છે એવું' સાહેદોએ કહ્યું તેથી તેમની ફરી જુબાની તોહમતદાર રૂબરૂ લીધી નહી તે ગેરવ્યાજબી ઠર્યું—રાણી વિરૂધ્ધ રાજકીસન મીતર. બેંગાળા,લો. રીપોટ વા. ૧ પ્ર. ૩૬.

તોહમતદાર હાજર ન હોય તે વખતે લીધેલી જુબાની વાંચી સંભળાવી તેના ખરાપણા વિશે ખાત્રી કરવામાં આવશે અને સાક્ષીઓએ પોતાની જુબાનીમાં જે કેદીનું નામ લખાવ્યું હોય તેને ઓળખાવવામાં આવે એટલેથીજ પુરતું નથી. તોહમતદાર હાજર ન હોય તે વખતે લીધેલી સઘળી જુબાની ફરીથીજ લેવી જોઇએ—રાણી વિરૂદ્ધ કેનાઇ સેખ. વીકલી રીપોટ ૧ પ્ર. ૧ રાણી વિરૂદ્ધ અફાજુદીન વિકલી રીપોટ ૧ પ્ર. ૧૩.

એક ફોજદારી કામની ચોકશી ખુદ માજીસ્ટ્રેટ કરતો હતો તે દરમીયાન કોરટની બાહાર તથા તોહમતદારની ગેરહાજરીમાં કેટલાએક સાહેદોની જુબાનીઓ પ્રતિજ્ઞા ઉપર લખી તે એવા વિચારથી કે જો તેઓ આગળ આપેલી જુબાનીથી પછી ખુલી કોરટમાં ફરીજાય તો તેઓના ઉપર ફોજદારી કામ ચલાવવું તેમાં ઠરાવવામાં આવ્યું છે કે માજીસ્ટ્રેટે જે જુબાની લીધી તે ગેરવ્યાજબી છે રાણી વિરૂધ્ધ જેઠા ગણેશ અને બીજા. તા૰ ૧૧ મી સપટેંબર સને ૧૮૭૨ મુંબાઇ હાઈકોરટનો ઠરાવ.

એક કેદી ઉપર એકજ વખતે ત્રણ જુદાં જુદાં તોહમત મુકી એકજ કેસ ચલાવવામાં આવ્યો એક કેસમાં પડેલા પુરાવા ઉપરથી કેદીને ગુન્હેગાર ઠરાવી બીજા બે કેસ સબંધી કેદીનો બચાવ સાંભળ્યો નહીં તેથી સઘળું કામ રદ કરવામાં આવ્યું.—રાણી વિરૂદ્ધ બંક બેહારી. વી. રી. ૧ પ્ર. ૩૬

ઈલાકાના મુખ્ય શેહેરોની બાહાર સાહેદી દફતરમાં દાખલ કરવાની રીત.

૩૫૪. આ કાયદા પ્રમાણે (પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ સિવાય બીજા) કોઇ માજીસ્ત્રેટ અથવા માજીસ્ત્રેટની આગળ સેશન જડજે અથવા સેશન જડજની આગળ કરવાની ચોકસીઓમાં તથા તથા (સંક્ષેપ રીતે કરવાના ઈનસાફ સિવાય બીજા) ઈનસાફ બાબત સાહેદોની સાહેદી હેઠળ લખેલી રીતે દફતરમાં દાખલ કરવી.

સમનના મુકદમાનું તથા અમુક ગુન્હા બાબત પેહેલા અને બીજા વર્ગના માજીસ્ત્રેટો

૩૫૫. પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ સિવાય બીજા કોઈ માજીસ્ત્રેટની આગળ સમનના જે મુકદમાઓનો ઇનસાફ કરવામાં આવે તેમાં, તથા ૨૬૦ મી કલમની બ થી કે ક (એ બંને સુદ્ધાં) રકમોમાં કહેલા ગુન્હાઓનો ઈનસાફ પેહેલા અથવા બીજા વરગનો માજીસ્ત્રેટ કરે ત્યારે તે ગુન્હાઓની બાબતમાં દરેક સાહેદની જુબાની ચાલતી જાય તેમ તેની સાહેદીનો મત-

એ કરવાના ઇન લખની યાદ તે માજીસ્ત્રેટે લખવી.

સાફનું દફતર.

તે યાદ માજીસ્ત્રેટે પોતાના હાથે લખીને તે ઉપર સહી કરવી અને તે દફતરની સાથે રાખવી.

ઉપર ફરમાવ્યા મુજબ જો તે માજીસ્ત્રેટને યાદ લખવામાં પ્રતિબંધ થયો હોય તો તે રાખવી. પોતે કાં લખી શકતો નથી તેનું કારણ દફતરમાં દાખલ કરવું, અને ખુલ્લી કોરટમાં પોતે મોહોડેથી બોલીને, તે યાદ કરાવીને તે ઉપર સહી કરવી, અને તે યાદ દફતરની સાથે રાખવી.

ઇલાકાના મુખ્ય શેહેરોની બાહાર બીજા મુકદમાઓ નું દફતર.

૩૫૬. સેશન કોરટોની આગળ તથા (પ્રેસીડેન્સી માજીસ્ત્રેટો સિવાય બીજા) માજીસ્ત્રેટોના આગળ બીજા સઘળા મુકદમાઓનો ઇનસાફ ચાલે તેમાં, અને ૧૨ મા તથા ૧૮ મા બાબ પ્રમાણે ચોકસીઓ ચાલે, તે સઘળામાં દરએક સાહેદની સાહેદી માજીસ્ત્રેટે અથવા સેશન જડજે, અથવા તેની હજુરમાં તે સાંભળે તેમ તેના ફરમાવ્યા મુજબ તથા તેની નિગેહબાની નીચે કોરટની ભાષામાં લખી લેવી, અને તે ઉપર તે માજીસ્ત્રેટે અથવા સેશન જડજે સહી કરવી.

અંગ્રેજીમાં આપેલી સાહેદી.

જ્યારે સદરહુ સાહેદની સાહેદી અંગ્રેજીમાં આપવામાં આવે, ત્યારે માજીસ્ત્રેટ અથવા સેશન જડજ તે સાહેદી પોતાને હાથે તે ભાષામાં લખી લેવાને મુખત્યાર છે, અને તોહમતવાળો અંગ્રેજી સારી રીતે જાણતો ન હોય, અથવા કોરટની ભાષા અંગ્રેજી ન હોય તો કોરટની ભાષામાં સદરહુ સાહેદની સહી સાથેનો તરજુમો દફતરમાં રાખવો.

જ્યારે માજીસ્ત્રેટે અથવા જડજે જાતે સાહેદી લખી લીધી નહી હોય ત્યારે યાદ.

જે કામોમાં તે માજીસ્ત્રેટ અથવા સેશન જડજ પોતે સાહેદી લખી લેતો ન હોય તે કામોમાં તેણે દરેક સાહેદની સાહેદી લેવાતી જાય તેમ સાહેદની જુબાનીની મતલબની એક યાદ કરવી અને તે માજીસ્ત્રેટે અથવા સેશન જડજે પોતાને હાથે લખીને તેપર સહી કરવી, અને તે દફતરની સાથે રાખવી.

ઉપર ફરમાવ્યા મુજબ તે માજીસ્ત્રેટને અથવા સેશન જડજને યાદ લખવામાં પ્રતિબંધ થયો હોય તો તે પોતે કાં લખી શકતો નથી તેનું કારણ તેણે દફતરમાં દાખલ કરવું.

ટીકા—માજીસ્ત્રેટ અંગ્રેજી ભાષામાં જુબાની લે અને જુબાની આપનાર સાહેદ જે ભાષા સમજતો હોય તે ભાષામાં તે જુબાની તેને વાંચી સંભળાવવામાં આવેલ છે એવી યાદદાસ્ત તે જુબાની નીચે લખી લીધી ન હોય તો તે કાયદાની ભુલ થઈ ગણાય અને તેથી તોહમતદારને ખરેખરી હરકત થઈ ગણાય—રાણી વિરૂધ્ધ ઇસરરાત અને બીજાઓ વીકલી રીપોટ ૧ પ્ર. ૬૩

અમુક સાહેદો આગલા સાહેદ માફક હકીકત કહે છે એટલી યાદદાસ્ત માત્ર લખવામાં આવે તો તે કાયદાસર નથી દરેક સાહેદ શું કહે છે તે યાદદાસ્તમાં બતાવવું જોઇએ રાણી વિ. ભૈયા વલદ સુરજન મું. હા. કો. રી. વા. ૧ પ્ર. ૯૧

જે રીતે પુરાવો લેવાનું ફરમાવ્યું છે તે રીતથી પુરાવો લીધો ન હોય તો તે મુદ્દાની

ચુક કહેવાય અને એટલા કારણથી સઘળું પ્રોસીડીંગ રદ થઇ શકે—ખેતરમોની દાસી વિ. શ્રીનાથ સરકાર, અને બીજો બં. લો. રી. વા. ૧૧ પ્ર. ૫

સાહેદીના દફતરની ભાષા.

૩૫૭. કોઇ જીલ્લામાં અથવા જીલ્લાના કોઇપણ ભાગમાં, અથવા કોઇ સેશન કોરટની આગળ. અથવા કોઇ માજીસ્ત્રેટની અથવા કોઇપણ માજીસ્ત્રેટના વરગની આગળ ચાલેલા કામમાં ૩૫૦ મી કલમમાં કહેલે પ્રસંગે દરેક સાહેદની સાહેદી સેશન જડજે અથવા માજીસ્ત્રેટે પોતાને હાથે પોતાની ભાષામાં લખી લેવી એવું ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે, પણ કાંઈ પુરતાં કારણને લીધે કોઇ પણ સાહેદની સાહેદી તેનાથી લખાં ન લેવાય તો તેનું કારણ તેણે દફતરમાં દાખલ કરવું, અને પોતે ખુલ્લી કોરટમાં મોઢેથી બોલીને તે સાહેદી લખાવવી એવું ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

એ પ્રમાણે લખી લીધેલી સાહેદી ઉપર તે સેશન જડજે અથવા માજીસ્ત્રેટે સહી કરવી, અને તે દફતરના ભાગ દાખલ ગણવી જોઇએ.

પણ એવું ઠરાવ્યું છે કે સેશન જડજે અથવા માજીસ્ત્રેટે સાહેદી અંગ્રેજી ભાષામાં અથવા કોરટની ભાષામાં લખી લેવી એવું તેને ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે, તે ભાષા તેની સ્વભાષા ન હોય તોય પણ,

૩૫૫ મી કલમમાં કહેલા મુકદમાઓમાં માજીસ્ત્રેટને છુટ.

૩૫૮. ૩૫૫ મી કલમમાં કહેલી જાતના મુકદમામાં જો માજીસ્ત્રેટને દુરસ્ત લાગે તો તે કોઇપણ સાહેદની સાહેદી ૩૫૬ મી કલમમાં ઠરાવેલી રીતે લખી લેવાને મુખત્યાર છે, અથવા જો સદરહુ માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદની અંદર ૩૫૭ મી કલમમાં કહેલો હુકમ સ્થાનિક સરકારે કર્યો હોય તો, તેજ કલમમાં ઠરાવેલી રીતે લખી લેવાને મુખત્યાર છે.

૩૫૬ મી અથવા ૩૫૭ મી કલમ પ્રમાણે સાહેદી દફતરમાં દાખલ કરવાની રીત.

૩૫૯. ૩૫૬ મી, અથવા ૩૫૭ મી કલમ પ્રમાણે લીધેલી સાહેદી ઘણું કરીને સવાલ અને જવાબના રૂપમાં લખી લેવી નહીં, પણ બયાનના રૂપમાં લખી લેવી.

માજીસ્ત્રેટની અથવા સેશન જડજની નજરમાં આવે તો કોઈપણ અમુક સવાલ તથા જવાબ લખી લેવાને અથવા લખી લેવરાવવાને તે મુખત્યાર છે.

સદરહુ સાહેદી પુરી થઇ રહે ત્યારે તેના સબંધમાં કેમ કરવું.

૩૬૦. ૩૫૬ મી અથવા ૩૫૭ મી કલમ પ્રમાણે લીધેલી દરેક સાહેદની સાહેદી પુરી થાય ત્યારે જો તોહમતવાળો હાજર હોય તો તેની સમક્ષ, અથવા તે પ્લીડર મારફતે હાજર હોય તો તેના પ્લીડરની સમક્ષ, તે સાહેદી સાહેદને વાંચી સંભળાવવી અને જરૂર હોય તો સુધારવી.

જ્યારે તે સાહેદી સાહેદને વાંચી સંભળાવવામાં આવે ત્યારે તે સાહેદ તે સાહેદીના કોઇ ભાગના ખરાપણાની ના કહે, તો તે સાહેદી સુધારવાને બદલે તે ભાગપર સાહેદે જે હરકત લીધી હોય તેની તે ઉપર યાદ કરી લેવાને માજીસ્ત્રેટ અથવા સેશન જડજ મુખત્યાર છે, અને પોતાને જરૂર જણાય એવો અભિપ્રાય માજીસ્ત્રેટે અથવા સેશન જડજે લખવો.

જે ભાષામાં તે સાહેદી આપી હોય તેથી જુદી ભાષામાં તે લખી હોય, તો તે લખી

લીધેલી સાહેદી જે ભાષામાં આપી હોય તે ભાષામાં, અથવા જે ભાષા સમજતો હોય તે ભાષામાં તેને સમજાવવી.

તોહમતવાળાનેઅથવા તેનાપ્લીડરને સાહેદીનોઅર્થકહેવો. ૩૬૧. તોહમતવાળો સમજતો ન હોય એવી ભાષામાં કાંઈપણ સાહેદી આપવામાં આવે, અને તે જાતે હાજર હોય, ત્યારે તે સમજતો હોય એવી ભાષામાં તે સાહેદી તેને ખુલ્લી કોરટમાં સમજાવવી.

જો પ્લીડરની મારફતે હાજર થાય અને તે સાહેદી કોરટની ભાષા સિવાય બીજી કોઇ ભાષામાં આપવામાં આવે, અને તે ભાષા તે પ્લીડર સમજતો ન હોય તો તે સાહેદી સદરહુ પ્લીડરને કોરટની ભાષામાં સમજાવવી.

જ્યારે પધ્ધતી પ્રમાણે પુરાવા સારૂ દસ્તાવેજો રજુ કર્યા હોય, ત્યારે કોરટની નજરમાં આવશે તો તે દસ્તાવેજના જેટલા ભાગનો તરજુમો કરીને સમજાવવાની જરૂર જણાય તેટલા ભાગનો તરજુમો કરીને સમજાવવો.

પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટોની કોરટમાં સાહેદીનું દફતર. ૩૬૨. જે મુકદમામાં કોઇ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ બસેં રૂપિયાથી વત્તા દંડની, અથવા છ મહિનાથી વત્તી મુદત સુધી કેદની શિક્ષા કરે તેવા દરએક મુકદમામાં તેણે સાહેદોની સાહેદી પોતાને હાથે લખી લેવી, અથવા ખુલ્લી કોરટમાં પોતે મોઢેથી બોલીને લખી લેવડાવવી એ પ્રમાણે લખી લીધેલી સઘળી સાહેદી ઉપર તે માજીસ્ત્રેટે સહી કરવી અને તેને દફતરના ભાગ દાખલ ગણવી જોઇએ.

એ પ્રમાણે લખી લીધેલી સાહેદી ઘણું કરીને બ્યાનના રૂપમાં દફતરમાં દાખલ કરવી પણ માજીસ્ત્રેટની નજરમાં આવે તો કોઈપણ અમુક સવાલ અથવા જવાબ લખી લેવાને અથવા લખી લેવડાવવાને તે મુખત્યાર છે.

એકજ કામમાં ૩૫ મી કલમ પ્રમાણે કરેલા શિક્ષાના હુકમ આ કલમના કારણ સારૂ, એકજ શિક્ષાના હુકમ દાખલ ગણવા જોઈએ.

સાહેદની વર્તણુક બાબતનો શેરો. ૩૬૩. સેશન જડજે અથવા માજીસ્ત્રેટે સાહેદની સાહેદી દફતરમાં દાખલ કરી હોય ત્યારે તેણે સાહેદ સાહેદી આપતો હોય તે વખતની તેની વર્તણુક સબંધી પોતાને મુદાનો લાગે એવો કાંઇ શેરો હોય તો તે શેરો પણ દફતરમાં દાખલ કરવો.

તોહમતવાળાની જુબાની દફતરમાં કેવી રીતે દાખલ કરવી. ૩૬૪. જ્યારે કોઇપણ માજીસ્ત્રેટ અથવા રાયલ ચાર્ટરથી સ્થાપેલી હાઇકોરટ શિવાય અથવા પંજાબની ચીફ કોરટ શિવાય બીજી કોઇપણ કોરટ તોહમતવાળાની જુબાની લે, ત્યારે તેને પુછેલો દરએક સવાલ અને તેણે આપેલો દરએક જવાબ સુધાં તે સઘળી જુબાની જે ભાષામાં લીધી હોય તે ભાષામાં અથવા તેમ ન બની શકે તો કોરટની ભાષા અથવા અંગ્રેજીમાં પુરેપુરી દફતરમા નોંધવી, અને તે જુબાની તે તોહમતવાળાને બતાવવી અથવા વાંચી સંભળાવવી, અથવા જે ભાષામાં તે જુબાની લખેલી હોય તે ભાષા તે સમજતો નહીં હોય તો જે ભાષા તે સમજતો હોય તે ભાષામાં તેને સમજાવવી અને તેના જવાબો માંહેની કોઈ વાતનો ખુલાસો કરવાને અથવા કાંઇ વાત વધારવાનેતે મુખત્યાર છે.

તે સઘળી જુબાની બરોબર છે એવું તે કહે ત્યારે દફતર ઉપર તોહમતવાળાએ તથા

માજીસ્ત્રેટે અથવા સદરહુ કોરટના જડજે સહી કરવી, અને તે જુબાની મારી સમક્ષ અને મારા સાંભળતાં લીધી છે તથા તોહમતવાળાએ કહેલા મજકુરનું પુરેપુરૂં તથા ખરૂં બ્યાન તે દફતરમાં છે એ પ્રમાણે સદરહુ માજીસ્ત્રેટે અથવા જડજે લખીને તેપર સહી કરવી.

જે મુકદમામાં તોહમતવાળાની જુબાની તે માજીસ્ત્રેટ અથવા જડજ પોતાની જાતે દફતરમાં દાખલ ન કરે તે મુકદમામાં, જુબાની લેવાતી જાય તેમ તેની યાદ કોરટની ભાષામાં, અથવા અંગ્રેજી ભાષા પોતાને બરાબર આવડતી હોય તો, તે ભાષામાં તે માજીસ્ત્રેટ અથવા જડજે, પોતે પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ ન હોય તો કરવી જોઇએ; અને સદરહુ યાદ તે માજીસ્ત્રેટે અથવા જડજે પોતાને હાથે લખીને તે ઉપર સહી કરવી, અને તે દફતરની સાથે રાખવી. ઉપર ફરમાવ્યા મુજબ તે માજીસ્ત્રેટથી અથવા જડજથી યાદ ન થાય તો, તે પોતાથી ન થવાનું કારણ તેણે દફતરમાં દાખલ કરવું.

આ કલમ માંહેના કોઇપણ મજકુર ૨૬૩ મી કલમ મુજબની કોઇ તોહમતવાળા સખસની જુબાનીને લાગુ છે એવું સમજવું નહીં.

ટીકા—તોહોમતદાર પોલીસમાં હોય ત્યારે તેની કબુલત લેવાના શું નિયમ છે તે માટે જુઓ આ કાયદાની કલમ ૧૬૪ આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૪૬ ના પારેગ્રાફ ૧—૨—૩—૪ ને મળતી છે.

૧. આ કલમમાં જુબાની લેનાર અધિકારીએ સરટીફીકેટ લખવાનું ફરમાવેલું છે તે સરટીફીકેટ સઘળું પોતાને હાથે લખેલું ન હોય પણ તે સરટીફીકેટ નીચે પોતાની સહી હોય તો પછી હરકત નથી—રાણી વિરૂધ—રાજા હુસેન અને બીજાઓ વી. રી. ૮ પ્ર. ૫૫.

આરોપીત માણસે પોતાની જુબાનીપર સહી કીંવા નિશાની કરવી જોઈએ એવો ઠરાવ જે જુના ક્રી. પ્રો. કો. કા. ૩૪૬ માં છે તેની પુર્તતા " અ. બ. (આરોપિત) એની સહી ક. ડ. એના હસ્તાક્ષર " એટલું લખ્યાથી થતી નથી આ કામમાં તેવી રીતે કેદીએ 'કબુલત પર સહી કરી હતી અને તે ઊપરથી તોહોમત સાબિત કર્યું હતું તેમાં હાઇકોરટે તે તોહમત રદ કરી એવું ઠરાવ્યું કે એવી કબુલત કોરટમાં હાજર કરવાની સેશન જડજે મનાઇ કરવી હતી. સરકાર વિરૂધ્ધ દયા આનંદ અને રણછોડ ખોલા મુંબાઇ હાઇકોરટનો ઠરાવ તા૦ ૧૯ માર્ચ ૧૮૭૪.

આરોપિતે તેને કમિટ કરનાર માજીસ્ત્રેટની રૂબરૂ જે જુબાની આપી તે નીચે તેની સહી જુના ક્રી. પ્રો. કો. કા. ૩૪૬ પ્રમાણે ન લીધી તો તે કલમના અર્થ પ્રમાણે તે આરોપિતનું નુકશાન થયું એમ સમજવું નહીં. પણ કામના ગુણદોષ ઉપરથી પોતાને જવાબ આપવાને જો તેને વાસ્તવિક રીતે બાધ આવ્યો હોય તોજ માત્ર તેમ સમજવું.

કેદીએ સેશન કોરટમાં પોતાની તરફે જવાબ આપવાને વકીલ રોકયો હોય, અને તેની જુબાની જે વખત સેશન કોરટમાં લીધી તે વખતે કેદીના વકીલને હરકત લેવાને વખત છતાં તેણે તેવી હરકત લીધી નહીં હોય તો કેદીને નુકશાન થયું છે એમ સમજવું નહીં. સરકાર વિરૂધ્ધ દેવા દયાળ મુબાઈ હાઇકોરટ વા. ૧૧ પ્ર. ૨૩૭

તમારે કબુલત કરવા ખુશી હોય તો કરો પણ તમે જે હકીકત કહેશો તેનો ઉપયોગ તમારી વિરૂધ્ધ કરવામાં આવશે એવી ચેતવણી કબુલત લેનાર માજીસ્ત્રેટે દીધી હતી એવું તે ચાલેલા કામના દફતર ઉપરથીજ જણાય તો અપીલ વખતે એવી ચેતવણી આપવામાં આવી હતી એ નિર્ણય કારક પરાવ છે તો પણ એ કબુલત જોર જુલમથી લેવામાં આવી નથી તથા બીકથી કરવામાં આવી નથી એવું બતાવવા માટે નિશ્ચયકારક પુરાવ નથી એટલે કે એવો જોર જુલમ અથવા બીક સાબિત કરવા પુરાવો આપી શકાય—રાણી વિરૂદ્ધ કાશીનાથ દીનકર મુબાઇ હાઇકોરટ રીપોટ વા. ૮ પ્ર. ૧૨૬.

સદ તોહોમતદાર માફીનું વચન લઇ કાંઇ હકીકત કહે અને પછી એ હીકકતથી તે ફરી-જાય તો પછી માફીનું વચન લઇ તોહોમતદાર વિરૂદ્ધ જે હકીકત કહી હોય તે તેની વિરૂદ્ધ પુરાવામાં લેઇ શકાય નહીં—રાણી વિરૂદ્ધ હરદેવ. અલ્હાબાદ હાઇકોરટ રીપોર્ટ વા. ૫ પ્ર. ૨૧૭

હાઇકોરટમાં સાહેદીનું દફતર.

૩૬૫ રાયલ ચાર્ટરથી સ્થાપેલી દરએક હાઇકોરટ તથા પંજાબની ચીફ કોરટ પોતાની આગળ જે મુકદમા આવે તેમાં સાહેદી લેવાની રીત વખતે વખતે સામાન્ય કાનુન કરીને ફરમાવવાને મુખત્યાર છે, અને એ પ્રમાણે કાંઇ કાનુન કરવામાં આવી હોય તો સદરહુ કોરટના જડજોએ સાહેદી અથવા તેની મતલબ તે કાનુન પ્રમાણે લખી લેવી.

બાબ ૨૬ મો.

ફેંસલા બાબત.

ફેંસલો આપવાની રીત.

૩૬૬ અસલ હકુમતની કોઇપણ ફોજદારી કોરટમાં દરએક મુકદમાના ઇનસાફમાં ફેંસલો ખુલ્લી કોરટમાં તુરત અથવા ત્યાર પછી કોઈ વખતે કહી સંભળાવવો, પણ પછીથી આપવો હોય તો વખતની યોગ્ય નોટીસ પક્ષકારોને અથવા તેઓના પ્લીડરોને આપવી; અને ફેંસલો આપવામાં આવે તે સાંભળવા માટે, જો તોહમતવાળો પેહેરામાં હોય તો, તેને આણવો જોઈએ; અથવા જો તે પેહેરામાં ન હોય તો, તેને હાજર થવાનું ફરમાવવું જોઇએ, પણ ઇનસાફ ચાલે ત્યારે જાતે હાજર થવાનું તેને માફ કર્યું હોય અને ફકત દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે તો તે પ્રસંગે તે ફેંસલો તેના પ્લીડરની સમક્ષ કહી સંભળાવવાનો અધિકાર છે.

ફેંસલાની ભાષા.

ફેંસલામાં શું લખવું જોઈએ.

૩૬૭ આ કાયદાથી બીજી રીતેનો ઠરાવ સ્પષ્ટ રીતે કરેલો હોય તે સિવાય, સદરહુ પ્રકારનો દરએક ફેંસલો તે કોરટના પ્રમુખ અમલદારે કોરટની ભાષામાં અથવા અંગ્રેજીમાં લખવો; અને જે મુકદમાની વાત અથવા વાતો ઠરાવવાની હશે તે તથા તે વિશે કરેલો ઠરાવ, તથા તે ઠરાવનાં કારણ તે ફેંસલામાં લખવાં, અને તે ફેંસલો કહી સંભળાવતી વખતે પ્રમુખ અમલદારે ખુલ્લી કોર્ટમાં તેની ઉપર તારીખ લખીને સહી કરવી.

તોહોમતવાળાની ઉપર કાંઈ ગુન્હો ઠર્યો હોય તો તે ગુન્હો, અને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની અથવા બીજા કાયદાની જે કલમ પ્રમાણે તેની ઉપર ગુન્હો ઠર્યો હોય તે કલમ, તથા તેની ઉપર જે શિક્ષાનો હુકમ કર્યો હોય તે શિક્ષા. એટલું તે ફેંસલામાં લખવું જોઇએ.

વિકલ્પની રીતે ફેંસલો.

જ્યારે હિંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે ગુન્હો ઠર્યો હોય, અને તે કાયદાની બે કલમોમાંની કઇ કલમમાં અથવા તે કાયદાની એકજ કલમના બે ભાગોમાંના કયા ભાગમાં તે ગુન્હો આવે છે એ વિશે શક હોય, ત્યારે કોરટે તે શક સ્પષ્ટ રીતે બતાવીને વિકલ્પની રીતે ફેંસલો કરવો.

જો તે ફેંસલામાં ગુન્હો ના સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તો તોહોમતવાળાની ઉપર જે ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કર્યો હોય તે ગુન્હો તે ફેંસલામાં લખવો અને તોહમતવાળાને છુટો કરવો એવું તેમાં ફરમાવવું.

જે ગુન્હા બાબત મોતની શિક્ષા થઈ શકતી હોય તે ગુન્હો તોહમતવાળાની ઉપર ઠરે, અને તેની ઉપર મોતની શિક્ષા સિવાય બીજી કોઈ પણ શિક્ષાનો હુકમ તે કોરટ કરે, તો મોતની શિક્ષાનો હુકમ નહીં કર્યાનું કારણ પોતાના ફેંસલામાં તે કોરટે લખવું.

પણ એવું ઠરાવ્યું છે કે જુરીથી ઇનસાફ કર્યો હોય તેમાં ફેંસલો લખવાની કોરટને જરૂર નથી. પણ સેશન કોરટે જુરીને આપેલા આ દેશનાં મથાળાં દફતરમાં દાખલ કરવાં.

તોહોમતદારે કહેલી એ હકીકત માંહુના કઇ હકીકત ખરી છે. એ નકી કરવું અશક્ય જણાય તોપણ વિકલ્પ રીતે ફેંસલો આપવો—રાણી વિરૂદ્ધ—નારાયણદાસ વાંકલી રીપોટ ૧—પ્ર. ૧૫

જો ગુન્હેગાર ઠરાવવાનો ફેંસલો આપે તો કયા પુરાવા ઉપરથી ગુન્હેગાર ઠરાવે છે તે ફેંસલામાં બતાવવા જડજની ફરજ છે—રાણી વિ. ઈસર ગાનજી. વી. રી. ૫ પ્ર. ૧૭

તોહમતદાર ખરાબ ચાલનો છે એવું માજીસ્ત્રેટ જાણતો હોય પણ એ કેસમાં કાંઇ પુરાવ પડયો ન હોય તો એ ખરાબ ચાલ વિશે ફેંસલામાં કાંઇ લખવું નહીં જોઇએ તે કેસમાં પડેલા પુરાવ ઉપરથી તે ગુન્હેગાર છે કે નહીં તેજ માજીસ્ત્રેટે ફેંસલામાં ઠરાવી લખવું જોઈએ—રાણી વિ. વૈકંતરાય શ્રીનીવાસ. મું હા. કો. રી. વા. ૭ પ્ર. ૧૦

એક સખસ ઉપર સેશન કોરટમાં ખોટી સાહેદી આપ્યાનો ગુન્હો સાબિત થયો તે એટલાજ સબબ ઉપરથી કે સેશનમાં જે જુબાની આપી તે માજીસ્ત્રેટને ત્યાં આપેલી જુબાનીથી જુદી હતી, આ બાબતમાં ગુન્હો સાબિત થાય તો વિકલ્પ રીતે ફેંસલો આપવો જોઇએ—રાણી વિ. અમ્રીતા શાહજી. મું. હા. કો. નો ઠરાવ તા. ૨૦ અકટોમ્બર સને ૧૮૭૭

જો ફેંસલો અપીલ કોરટનો હોય તો નીચલી કોરટે પોતાના ફેંસલાના આધારમાં જે તકરારો બતાવી હોય તે સઘળી તકરારનો નીવેડો પોતાના ફેંસલામાં લખવાની જરૂર નથી—અપીલ કોરટે પોતાના ફેંસલાના કારણજ લખવાં જોઈએ, ઇદ્રાવતી. કુમારી વિ. માધવ ચોધરી. બેં. લો. રી. વા. ૧ સ્પેશિયલ અપીલ નંબર ૨.

મોતની શિક્ષાનો હુકમ. ૩૬૮. જ્યારે કોઇ સખસની ઉપર મોતની શિક્ષાનો હુકમ કરવામાં આવે, ત્યારે તે શિક્ષાના હુકમમાં એમ ફરમાવવું કે એ સખસને મરતાં સુધી ગળેથી લટકાવવો.

સમુદ્રપારની શિક્ષાનો હુકમ. સમુદ્રપારની શિક્ષાના કોઇપણ હુકમમાં, જે સખસની ઉપર તે શિક્ષાનો હુકમ કર્યો હોય તે સખસને સમુદ્રપાર કઇ જગાએ લઇ જવો તે લખવું નહીં.

કોરટે ફેંસલામાં ફેરફારકરવોનહીં. ૩૬૯. હાઈકોરટ સિવાય બીજી કોઇ કોરટે પોતાના ફેંસલા ઉપર સહી કરી એટલે પછી ૩૯૫ મી કલમમાં ઠરાવ્યું છે તે સિવાય અથવા કાંઇ હસ્તદોશની ચુક સુધારવાની હોય તે સિવાય, તે કોરટે તે ફેંસલામાં ફેરફાર કરવો નહીં અથવા તે તપાસવો નહિં.

પ્રેસિડેન્સી માજીસ્ત્રેટનો ફેંસલો. ૩૭૦. પ્રેસિડેન્સી માજીસ્ત્રેટે આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે ફેંસલો દફતરમાં દાખલ કરવાને બદલે, હેઠળ લખેલી વિગત દફતરમાં દાખલ કરવીઃ—

(અ) મુકદમાનો અનુક્રમે ચઢતો નંબર.
(બ) ગુન્હો કર્યાની તારીખ.
(ક) ફરીયાદી હોય તો તેનું નામ.
(ડ) તોહમતવાળા સખસનું નામ, અને (તોહમતવાળો રાણીની વિલાયતી રઇયત ન હોય તો) તેના બાપનું નામ અને રેહવાનું ઠેકાણું.
(ઈ) જે ગુન્હા વિશે ફરિયાદ થઈ હોય અથવા જે ગુન્હો સાબિત થયો હોય તે ગુન્હો;
(ફ) તોહોમતવાળાનો જવાબ અને તેની જબાની (જો હોયતો)
(ગ) આખરનો હુકમ;
(હ) સદરહુ હુકમની તારીખ; અને

(આઠ) જે મુકદ્દમાઓમાં તે માજીસ્ટ્રેટ કેદની, અથવા બસે રૂપીઆથી વત્તા દંડની અથવા એ બન્નેની, શિક્ષા કરે તે સઘળા મુકદમાઓમાં, ગુન્હો ઠરાવ્યાનાં કારણોની મુખ્તેસરમાં વિગત.

તોહમતવાળાને ફેંસલો સમજાવવો તથા નકલ આપવી.

૩૭૧ તોહમતવાળાને ફેંસલો સમજાવવો, અને તેની અરજી ઉપરથી ફેંસલાની એક નકલ, અથવા, તે માગે ત્યારે બની શકે તો તેની પોતાની ભાષામાં, અથવા કોરટની ભાષામાં તે ફેંસલાનો તરજુમો તેને વગર ઢીલે આપવો. સમનના મુકદમા શિવાય બીજા કોઇપણ મુકદમામાં સદરહુ નકલ મફત આપવી.

સેશન કોરટમાં જુરીથી ઇનસાફ કરવામાં આવે તેમાં તોહમતવાળો માગે તો જુરીને આપેલા આ દેશનાં મથાળાની એક નકલ તેને વગર ઢીલે અને મફત આપવી.

જે સખસની ઉપર મોતની શિક્ષાનો હુકમ કર્યો હોય તે સખસની બાબત.

જ્યારે તોહમતવાળાની ઉપર સેશન જડજ મોતની શિક્ષાનો હુકમ કરે, ત્યારે તે જડજે તેને એ પ્રમાણે કેહેવું કે અપીલ કરવાની તમારી મરજી હોય તો, આટલી મુદતમાં તમારે અપીલ કરવી.

ફેંસલાનો તરજુમો કયારે કરવો.

૩૭૨ અસલ ફેંસલો કામના કાગળોની સાથે દફતરમાં દાખલ કરવો અને, તે અસલ ફેંસલો કોરટની ભાષાથી જુદી ભાષામાં લખ્યો હોય, અને તોહોમતવાળો કહે ત્યારે, કોરટની ભાષામાં તેનો તરજુમો કરીને સદરહુ દફતરમાં દાખલ કરવો જોઇએ.

સેશન કોરટે ઠરાવની તથા શિક્ષાના હુકમની નકલ જીલ્લામાજીસ્ત્રેટની ઉપર મોકલવી.

૩૭૩. સેશન કોરટે જે મુકદમાનો ઇનસાફ કર્યો હોય તે મુકદમામાં, તે કોરટે પોતાના ઠરાવની તથા (જો હોય તો) શિક્ષાના હુકમની એક નકલ જે જીલ્લા માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમાં ઈનસાફ કર્યો હોય, તે જીલ્લા માજીસ્ત્રેટની ઉપર મોકલવી.

બાબ ૨૭ મો.

શિક્ષાના હુકમ મંજુર કરવા માટે મોકલવા બાબત.

સેશનકોરટેમોતનીશિક્ષાનો હુકમ(મંજુરથવામાટે)મોકલવાબાબત

૩૭૪. જ્યારે સેશન કોરટ મોતની શિક્ષાનો હુકમ કરે, ત્યારે ચલાવેલાં કામનાં કાગળ પત્ર હાઇકોરટમાં મોકલવા જોઇએ, અને તે શિક્ષાનો હુકમ હાઇકોરટે મંજુર કર્યા વગર અમલમાં લાવવો નહી.

ટીકા—જે બાઈરીએ પોતાનાં નવાં જન્મેલાં બે બાળકને મારી નાંખ્યાં તેને સેસન જડજે મોતની શિક્ષાનો હુકમ કર્યો હાઇકોરટે તે હુકમ ફેરવ્યો એટલા સબબ ઉપરથી કે કાયદા બાંધનારી સભાએ બે સજાઓનો ઠરાવ કરતાં ખુનમાં પણ દરજ્જા રહેલા છે એમ કબુલ કર્યું છે. બાળકનો જન્મ થયા પછી તરતજ સ્રીના દુખ ઉપર વિચાર કરતાં અને આવા પ્રકારનાકતલ અને ચોરી તથા વેરને સારૂ જાણી બુઝીને કરેલા ખુનમાં થતી નિતી પ્રકૃતીનો મુકાબલો કરતાં હાઈકોરટે ઠરાવ્યું કે જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા કરવી. તે યોગ્ય શિક્ષા છે—રાણી વિરૂદ્ધ બીરાઇ, મદ્રાસ જુરીસ્ટ, વા. ૭ પ્ર. ૨૯૬.

જ્યારે મારી નાંખવાનો ઇરાદો ન હોય, પણ ફકત પ્રાણઘાતક હથિયારથી બે પ્રવાહી હુમલો કરી શરીરને સૃષ્ટીના નિયમ મુજબ ઘણું કરી મોત થાય એવું નુકશાન પોહોચા—

કર્યું હોય ત્યારે મોતની શિક્ષા ન કરવી જોઇએ—રાણી વિરૂદ્ધ ખોયાઝ શેખ. વીકલી રીપોર્ટ ૫ પ્ર. ૨૦

જ્યાં એક માણસની બેહેનને બીજા સાથે અયોગ્ય દોસ્તી કરી હતી અને તેના ભાઇએ તેને તેના યારની સંગાથે સુતી દીઠા અને તેમને બંનેને મારી નાંખ્યાં અહીઆં ચીફ કોરટે સમુદ્રપારની શિક્ષાનો હુકમ ઠરાવ્યો—રાજ વિરૂદ્ધ આહમદ ૧ રેકર્ડ ફો જજમેન્ટ ૧૦૪

જે કેસમાં મોતની સજા થઇ હોય તેવા કેસ સિવાય બીજા કોઇ કેસમાં હાઈકોરટની મંજુરી લેવાની જરૂર નથી—રાણી વિરૂદ્ધ અમાન અ. હા. કો. રી. વા. ૫ પ્ર. ૧૩૦

વધારે ચોકસી કરવાનું અથવા વધારે પુરાવો લેવાનુ ફરમાવવાનો અધિકાર.

૩૭૫. જ્યારે તે ચલાવેલાં કામનું દફતર હાઈકોરટમાં મોકલવામાં આવે ત્યારે જો હાઇકોરટ એમ ધારે કે જે સખસની ઉપર ગુન્હો ઠર્યો છે તે સખસ તકસીરવાર છે કે બીન તકસીરવાર છે એ વિશેની ફલાણી બાબત સારૂ વધારે ચોકસી કરવી જોઇએ, અથવા વધારે પુરાવો લેવો જોઇએ, તો તે સદરહુ ચોકસી જાતે કરવાને અથવા સદરહુ પુરાવો જાતે લેવાને અથવા તે ચોકસી કરવાનું અથવા તે પુરાવો લેવાનું સેશનકોરટને ફરમાવવાને મુખત્યાર છે.

જ્યુરરોની અથવા આસેસરોની સમક્ષ સદરહુ ચોકસી કરવી નહીં અથવા સદરહુ પુરાવો લેવો નહીં, અને હાઈકોરટ બીજી રીતનો હુકમ ન કરે તો, જે સખસની ઉપર ગુન્હો ઠર્યો હોય તે સખસને તે ચોકસી કરતી વખતે અથવા તે પુરાવો લેતી વખતે હાજર નહીં રાખશે તો ચાલશે.

જ્યારે હાઈકોરટે તે ચોકસી કરી નહીં હોય તથા તે પુરાવો જો હોય તો લીધો ન હોય ત્યારે તે ચોકસીના પરિણામનું તથા તે પુરાવાનું સર્ટીફીકેટ તે કોરટને લખી જણાવવું.

શિક્ષાનો હુકમ બહાલ કરવાનો અથવા ગુન્હાની સાબિતીનો ઠરાવ રદ કરવાનો હાઈકોરટનો અખત્યાર.

૩૭૬. જે મુકદમો ૩૭૪ મી કલમ પ્રમાણે મોકલ્યો હોય, તે મુકદમાનો ઇનસાફ આસેસરોની મદદથી અથવા જ્યુરોથી કરેલો હોય તે મુકદમામાં હાઈકોરટ.—

(અ) શિક્ષાનો હુકમ બાહાલ કરવા અથવા બીજી જે શિક્ષાનો હુકમ કરવાનો કાયદાથી અધિકાર હોય તે શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે, અથવા

(બ) ગુન્હાની સાબિતીનો ઠરાવ રદ કરવાને તથા જે ગુન્હો તોહમતવાળાની ઉપર સાબિત થયાનો ઠરાવ સેશનકોરટ કરી શકે તેવો કોઈ ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાને અથવા તેજ તોહમત બાબત અથવા સુધારેલાં તોહમત બાબત નવેસરથી ઇનસાફ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે, અથવા

(ક) તોહમતવાળા સખસની ઉપર ગુન્હો ના સાબિત થયાનો ઠરાવ કરવાને મુખત્યાર છે.

પણ એવું ઠસવ્યું છે કે અપીલ કરવા સારૂ જે મુદત આપી હોય તે મુદત પુરી થાય ત્યાં સુધી અથવા અપીલ સદરહુ મુદતની અંદર કરી હોય તો તે અપીલનો નિકાલ થાય ત્યાં સુધી આ કલમ પ્રમાણે મંજુરિયતનો કાંઇપણ હુકમ કરવો નહીં.

મંજુરિયત ઉપ-

૩૭૭. એ પ્રમાણે મોકલેલા દરેક મુકદમામાં તે શિક્ષાના હુકમની મં-

૨ અથવાશિક્ષાના નવા હુકમ ઉપર બે જડજોએ સહી કરવી.

જુરીયત અથવા હાઇકોરટ જે નવી શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કરે તે, સદરહુ કોરટમાં બે અથવા વધારે જડજો હોય ત્યારે તેમાંના ઓછામાં ઓછા બે જડજોએ કરવો જોઇએ, કહેવો જોઇએ અને તેની ઉપર સહી કરવી જોઇએ.

મતભેદ પડે ત્યારે કેમ કરવું.

૩૭૮. જ્યારે સદરહુ પ્રકારના કોઇપણ મુકદમાની સુનાવણી જડજોની બેન્ચ આગળ થાય અને સદરહુ જડજોના બે પક્ષ થઇને તે બેઉ પક્ષમાં સરખા મત પડે ત્યારે તેઓના મત સુધાં તે મુકદમો બીજા કોઇ જડજની પાસે મુકવો, અને સદરહુ જડજે પોતાને યોગ્ય લાગે એવી તપાસણી તથા સુનાવણી કર્યા પછી પોતાનો મત આપવો, અને સદરહુ મતને અનુસરીને ફેંસલો અથવા હુકમ થવો જોઇએ.

મંજુર થવા માટે હાઇકોરટમાં મોકલેલા મુકદમામાં કેવી રીતે કામ ચલાવવું.

૩૭૯. મોતની શિક્ષાનો હુકમ મંજુર થવા સારૂ સેશન કોરટ જે મુકદમા હાઇકોરટમાં મોકલે તે મુકદમામાં હાઇકોરટ મંજુરિયતનો અથવા બીજો હુકમ કરે ત્યાર પછી હાઇકોરટના યોગ્ય અમલદારે તે હુકમની એક નકલ ઉપર હાઈકોરટની મોહોર કરીને પોતાના હોદ્દાની સહી કરીને તે નકલ સેશન કોરટને વગર ઢીલે મોકલી દેવી.

આસિસ્ટંટ સેશન જડજે અથવા ૩૪મીકલમ પ્રમાણેચાલનારોમાજીસ્ત્રેટ જે શિક્ષાનો હુકમ કરે તેની મંજુરિયત બાબત.

૩૮૦. જે શિક્ષાનો હુકમ આસિસ્ટંટ સેશન જડજે અથવા ૩૪મી કલમ પ્રમાણે ચાલનારા કોઈ જીલ્લા માજીસ્ત્રેટે કર્યો હોય તે શિક્ષાનો હુકમ મંજુર થવા સારૂ સેશન જડજની પાસે મોકલવામાં આવે, ત્યારે સદરહુ સેશનજડજ.

(અ) તે શિક્ષાનો હુકમ મંજુર કરવાને અથવા બીજી જે શિક્ષાનો હુકમ નીચલી કોરટ કરી શકત તે શિક્ષાનો બીજો કાંઇપણ હુકમ કરવાને મુખત્યાર છે; અથવા

(બ) ગુન્હાની સાબિતીનો ઠરાવ રદ કરવાને, તથા જે ગુન્હો તોહમતવાળાની ઉપર સાબિત થયાનો ઠરાવ નીચલી કોરટ કરી શકત તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાને, અથવા તેજ તોહમત બાબત અથવા સુધારેલાં તોહમત બાબત નવેસરથી ઇનસાફ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે; અથવા

(ક) તોહમતવાળાની ઉપર ગુન્હો ના સાબિત થયાનો ઠરાવ કરવાને મુખત્યાર છે; અથવા

(ડ) તોહમતવાળો તકસીરવાર છે કે બિન તકસીરવાર છે એ વિશેની ફલાણી બાબતસર વધારે ચોકસી કરવાની અથવા વધારે પુરાવો લેવાની જરૂર છે એમ તેને લાગે તો, તે પોતાની જાતે સદરહુ ચોકસી કરવાને અથવા સદરહુ પુરાવો લેવાને મુખત્યાર છે, અથવા તે ચોકસી કરવાનું અથવા તે પુરાવો લેવાનું ફરમાવવાને મુખત્યાર છે.

સેશન કોરટ બીજી રીતનો હુકમ ન કરે તો, જે સખસની ઉપર ગુન્હો ઠર્યો હોય તે સખસને સદરહુ ચોકસી કરતી વખતે અથવા પુરાવો લેવાતી વખતે હાજર નહીં રાખશે તો ચાલશે અને તે શિક્ષાનો હુકમ આસિસ્ટંટ સેશન જડજે મોકલ્યો હોય ત્યારે જુરરોની અથવા આસેસરોની સમક્ષ સદરહુ ચોકસી કરવી નહીં અથવા સદરહુ પુરાવો લેવો નહીં.

જ્યારે સેશન કોરટે તે ચોકસી કરી નહી હોય અને તે પુરાવો જો હોય તો લીધો નહીં હોય ત્યારે સદરહુ ચોકસીનું તથા પુરાવાનું પરિમાણ સર્ટીફીકેટ સાથે તે કોરટને લખીં જણાવવું.

બાબ ૨૮ મો.

અમલમાં લાવવા બાબત.

૩૭૬ મી કલમ પ્રમાણે કરેલો હુકમ અમલમાં લાવવા બાબત.

૩૮૧. સેશન કોરટે મોતની શિક્ષાનો હુકમ કર્યો હોય તે મંજુર થવા સારૂ હાઈકોરટની પાસે મોકલ્યો હોય ત્યારે, તે ઉપરથી હાઇકોરટ જે મંજુરિયતનો અથવા બીજો હુકમ કરે તે પોહોંચેથી. સદરહુ સેશન કોરટે વારંટ કાહાડીને અથવા બીજા જે ઉપાયો જરૂરના હોય તે ઉપાયો કરીને સદરહુ હુકમ અમલમાં આણાવવો.

ગર્ભવંતી સ્ત્રીને મોતનીશિક્ષાનોહુકમ કર્યો હોય તે બંધ રાખવો.

૩૮૨. જે સ્ત્રીને મોતની શિક્ષાનો હુકમ કર્યો હોય તે ગર્ભવંતી છે એવું દેખાય તો હાઇકોરટે તે શિક્ષાના હુકમનો અમલ બંધ રાખવાનો હુકમ કરવો. અને તે શિક્ષાને બદલે જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવાને હાઈકોરટ મુખત્યાર છે.

બીજા મુકદમામાં સમુદ્રપારની અથવા કેદની શિક્ષાના હુકમ અમલમાંલાવવા બાબત.

૩૮૩. જે મુકદમા બાબત ૩૮૧ માં કલમમાં ઠરાવ્યું છે તે મુકદમા સિવાય બીજા મુકદમામાં તોહમતવાળાને સમુદ્રપારનો અથવા કેદની શિક્ષાનો હુકમ કર્યો હોય, ત્યારે તે શિક્ષાનો હુકમ કરનારી કોરટે જે તુરંગમાં તેને કેદ રાખવો હોય તે તુરંગમાં તાબડતોબ એક વારંટ મોકલવું, અને તોહમતવાળાને તે તુરંગમાં અગાઉ કેદ રાખેલો નહીં હોય તો તે વારંટ સુધાં તેને તે તુરંગમાં મોકલવો.

અમલમાં લાવવા બાબતનું વારંટકોના નામનું કરવું.

૩૮૪. કેદની શિક્ષાનો હુકમ અમલમાં લાવવા બાબતનું દરેક વારંટ જે તુરંગમાં અથવા બીજી જગામાં કેદીને કેદ રાખ્યો હોય અથવા કેદ રાખવો હોય તે તુરંગ અથવા બીજી જગા જે અમલદારના હવાલામાં હોય તે અમલદારના નામનું કરવું.

વારંટ કોની પાસે રાખવું.

૩૮૫. જ્યારે કેદીને કોઇ તુરંગમાં કેદ રાખવો હોય, ત્યારે તે વારંટ જેલરની પાસે રાખવું

દંડ વસુલ કરવા બાબતનું વારંટ.

૩૮૬. કોઇ ગુન્હેગારની ઉપર દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે ત્યારે તે દંડ ન આપવામા આવે તો તે ગુન્હેગારને કેદ કરવો એમ તે શિક્ષાના હુકમમાં ફરમાવ્યું હોય તોપણ તે શિક્ષાનો હુકમ કરનારે કોરટની નજરમાં આવે તો તે સદરહુ ગુન્હેગારની કાંઇપણ જંગમ મિલકત જપ્ત કરીને તથા તે વેચીને તે દંડની રકમ વસુલ કરવાનું વારંટ કાહાડવાને મુખત્યાર છે.

સદરહુ વારંટનું ફળ.

૩૮૭. સદરહુ વારંટ સદરહુ કોરટની હકુમતની સ્થાનિક હદમાં બજાવી શકાશે, અને સદરહુ હદની બાહાર જે જીલ્લા માજીસ્ત્રેટની અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમાં સદરહુ પ્રકારની કાંઇપણ મિલકત જડે તે જીલ્લા માજીસ્ત્રેટ અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ તે વારંટની પાછળ શેરો કરશે એટલે તે વારંટ ઉપરથી તે મિલકત જપ્ત કરીને વેચી શકાશે.

કેદની શિક્ષાનો હુકમ અમલમાં લાવવાનું બંધ રાખવા બાબત.

૩૮૮ કોઇ ગુન્હેગારની ઉપર માત્ર દંડનીજ શિક્ષાનો અને તે દંડ ન આપે તો કેદની શિક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય અને ૩૮૬ મી કલમ પ્રમાણે કોરટ વારંટ કાહાડે, ત્યારે તે કોરટને એવો અધિકાર છે કે તે કોરટ કેદની શિક્ષાનો હુકમ બજાવવાનુ મોકુફ રાખે અને સદરહુ વારંટના રિટર્ન માટે મુકરર કરેલે દિવસે સદરહુ કોરટની આગળ હાજર થવાની સરતનું એક ખત, તે કોરટને દુરસ્ત લાગે તે પ્રમાણે જામીન સાથે કે વગર જામીને, તે ગુન્હેગાર પોતાની સહી સાથે કરી આપે એટલે તેને છુટો કરે, અને સદરહુ રિટર્ન સારૂ દિવસ મુકરર કરવો તે જે વખતે તે ખત કરી આપવામાં આવે તે વખતથી પંદર દિવસ કરતાં વધારે લાંબી મુદતનો નિમવો નહીં જોઇએ; અને તે દંડ વસુલ ન થાય તો તે કેદની શિક્ષાનો હુકમ તાબાડતોબ બજાવવો એવું ફરમાવવાનો અધિકાર તે કોરટને છે.

વારંટ કાહાડવાનો કોનેઅખત્યારછે.

૩૮૯. જે જડજે અથવા માજીસ્ત્રેટે શિક્ષાનો હુકમ કર્યો હોય તે જડજને અથવા માજીસ્ત્રેટને અથવા તેના હોદ્દા ઉપર જે સ્થાપન્ન થાય તેને તે શિક્ષાનો હુકમ અમલમાં લાવવા બાબતનું દરએક વારંટ કાહાડવાનો અખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૦૭ ના છેલ્લા પેરેગ્રાફને મળતી છે. વારંટ કાઢવાને કોનો અધિકાર છે તેને માટે આ કલમ છે.

કેદીને દંડની સજા થઈ હોય તો તે દંડ વસુલ કરવાનું વારંટ એ કોરટે કાઢવું જોઇએ. જડજ અથવા માજીસ્ત્રેટની બદલી થાય તો જે બદલે આવે તેણે વારંટ કાઢવું જોઇએ પણ જે કોરટ દંડ વસુલ કરે તે કોરટ દંડ કરનારી હોવી જોઇએ—ચંદરકુમાર મીતર વિરૂધ્ધ મધુ સુધનરાય. બીકલ્લી રીપોર્ટ ૯ પ્ર. ૫૦

ફકત ફટકા મારવાની શિક્ષાનો હુકમ અમલમાં લાવવા બાબત.

૩૯૦ જ્યારે તોહોમતવાળાની ઉપર ફકત ફટકા મારવાની શિક્ષાનો હુકમ કરવામાં આવે, ત્યારે કોરટ ફરમાવે તેવી જગાએ તથા વખતે તે શિક્ષાનો હુકમ અમલમાં લાવવો.

કેદ શિવાય વળી ફટકામારવાની શિક્ષાનો હુકમ અમલમાં લાવવાબાબત.

૩૯૧. જે મુકદમામાં અપીલ ચાલી શકતી હોય તે મુકદમામાં તોહોમતવાળાની ઉપર કેદ શિવાય વળી ફટકા મારવાની શિક્ષાનો હુકમ કર્યો હોય, ત્યારે તે શિક્ષાના હુકમની તારીખથી પંદર દિવસ સુધી, અથવા તે મુદતમાં અપીલ કરી હોય તો તે શિક્ષાનો હુકમ અપીલ કોરટ મંજુર કરે ત્યાં સુધી તે ફટકા મારવા નહીં; પણ પંદર દિવસ થયાપછી જેમ બને તેમ જલદીથી, અથવા અપીલ કરી હોય તો, શિક્ષાનો હુકમ મંજુર કર્યાનો અપિલ કોરટનો હુકમ આવી પોંહોચ્યા પછી જેમ બને તેમ જલદીથી તે ફટકા મારવા.

જડજ અથવા માજીસ્ત્રેટ તે ફટકા પોતાના દેખતાં મારવાનો હુકમ ન કરે તો જે અમલદારના હવાલામાં તુરંગ હોય તે અમલદારના દેખતાં તે ફટકા મારવા.

ટીકા—કોઈ ગુન્હેગારને સેશન જડજે એક વરસની સખત મંજુરીની કેદની શિક્ષા કરી તેના છુટવાના અગાઉ એક હપતા ઉપર ૩૦ ફટકા મારવા એવી શિક્ષા કરી હતી તે કામમાં એ ફટકાની શિક્ષાનો અમલ એકદમ કરવો એવો હાઇકોરટે હુકમ કર્યો. કેમકે ફટકા મારવાની શિક્ષા અમલમાં લાવવાનું મુલતવી રાખવાનો ઠરાવ કરવો તે સને ૧૮૬૪ના આકટ ૬ ની કલમ ૯ ના ઠરાવથી ઉલટો છે. સરકાર વિરૂદ્ધ જમાલ વલદે નાનુભાઇ મુંબાઇ હાઇ કોરટનો ઠરાવ તા. ૨૨ ડીસંબર સને ૧૮૭૦

ફટકા મારવાની સજા કરવાની જવાબદારી જે અમલદારપર છે તે અમલદારે તે સજા ફેસલામાં જણાવેલી મુદતો પુરી થતાંજ આપવી જોઇએ એવું જુના ક્રી. પ્રો. કો. ક. ૩૧૦ (આ ક. ૩૯૧) મુજબ તે અમલદારનું કામ છે. પરંતુ જો કોઇ આકસ્મિક બનાવથી અથવા ગફલતથી અથવા જાણી જોઇને (પોતાનું) કામ નહીં કરવાથી આ હુકમ અમાન્ય કર્યો હોય તો તેથી કરીને કેદીનો પોતાની જવાબદારીમાંથી છુટકારો કોઈપણ રીતે થતો નથી. અધુરી રહેલી સજા અમલમાં લાવવી જોઇએ. સજાનું વારંટ કોરટના અધિકારમાંનું નથી એવું હોય તે શિવાય તે વારંટ અમલમાં લાવવાને સને ૧૮૭૪ ના મુંબાઇના આકટ ૨ નાં ક. ૩૦ મુજબ જેલર જવાબદાર છે. વારંટ અમલમાં લાવવાને કોઈ વાતની હરકત જેલરને આવે તો એવો રિપોર્ટ જે કોરટમાં તે વારંટ નિકળ્યું હોય તે કોરટને તેણે કરવો. સરકાર વિરૂદ્ધ મહાદુ ગોપાળ. મું. હા. કો. નો ઠરાવ. તા૦ ૫ અગષ્ટ સને ૧૮૭૮.

આગળના કામમાં ક્રીં. ફો. કા. ની કલમ ૩૭૯ મુજબ સાધારણ ચોરી માટે કેદની સજા ભોગવી ગયો હોય અને પાછળથી કલમ ૩૮૦ મુજબ રહેવાના ઘરમાંથી ચોરીનું તો હોમત આવે તો તેને કેદની સાથે ફટકાની સજા થઈ શકે નહીં—રાણી વિરૂદ્ધ ચાંઆવલદ્ સમરીયા. મુંબાઇ હાઇકોરટ રીપોટ વા. ૭ પ્ર. ૬૮

કેદની સજા પુરી થએ ફટકાની સજાનો અમલ કરવો એવું ફેંસલામાં ફરમાવવું તે વ્યાજબી નથી—રાણી વિરૂદ્ધ સેખ હુસેન વલદે સદરૂદીન. મુંબાઇ હાઈકોરટનો ઠરાવ તા૦ ૧૩ નવેમ્બર સને ૧૮૭૨.

શિક્ષા કરવાની રીત. ૩૯૨. સોળ વરસની ઉમરનો અથવા તે કરતાં વધી ઉમરનો સખસ હોય ત્યારે જેનો વ્યાસ અડધા ઇંચ કરતાં ઓછો ન હોય એવી ઝીણી નેતર વડે સ્થાનિક સરકાર ફરમાવે તે રીતે અને શરીરના તે ભાગ ઉપર ફટકા મારવા, અને સોળ વરસ કરતાં ઓછી ઉમરના માણસ હોય તો ઝીણી નેતર વડે નિશાળમાં શિક્ષા કરે છે તે રીતે ફટકા મારવા.

કેટલા ફટકા મારવા તેની હદ. કોઇપણ પ્રસંગે સદરહુ શિક્ષા ૩૦ ફટકા કરતાં વધી હોવી નહીં જોઇએ.

કડકે કડકે અમલમાં લાવવો નહી. ૩૯૩. ફટકા મારવાની શિક્ષાનો કોઇપણ હુકમ કડકે કડકે અમલમાં લાવવો નહીં; અને હેઠળ લખેલા સખસોમાંના કોઇપણ સખસને ફટકા મારવાની શિક્ષા કરી શકાશે નહી (એટલે)—

માફી. (અ) સ્ત્રીઓને;

(બ) જે મરદોની ઉપર મોતની અથવા સમુદ્રપારની અથવા શાસનિક દાસત્વની અથવા પાંચ વરસ કરતાં વધી મુદતની કેદની શિક્ષાનો હુકમ કર્યો હોય તે મરદોને.

(ક) જે મરદો પીસતાલીસ વરસ કરતાં વધી ઉમરના છે એવું કોરટને લાગતું હોય તે મરદોને;

ગુન્હેગારની પ્રકૃતિ ઠીક નહીં હોય તો ફટકા મારવા નહીં. ૩૯૪. ફટકા મારવાની શિક્ષા ખમવા લાયક ગુન્હેગારની પ્રકૃતિ છે, એવો દાખલો વૈદક અમલદાર હાજર હોય તો, તેણે આપ્યા વગર અથવા વૈદક અમલદાર હાજર નહીં હોય તો માજીસ્ટ્રેટ અથવા અમલદાર હાજર હોય તેની નજરમાં એ પ્રમાણે આવ્યા વગર સદરહુ શિક્ષા કરવી નહીં.

ફટકા મારવાનું મોકુફ રાખવું. ફટકા મારવાની શિક્ષાનો હુકમ અમલમાં આવતો હોય ત્યારે બાકી રહેલી શિક્ષા ખમવા લાયક ગુન્હેગારની પ્રકૃતિ નથી એવો દાખલો વૈદક અમલદાર આપે, અથવા માજીસ્ટ્રેટ અથવા અમલદાર હાજર હોય તેની

નજરમાં એ પ્રમાણે આવે તો ફટકા મારવાનું છેક મોકુફ રાખવું.

૩૯૪ ગી કલમ પ્રમાણે શિક્ષાકરાતી નહીં હોય ત્યારે કેમ કરવું.

૩૯૫. ૩૯૪ ગી કલમ પ્રમાણે ફટકા મારવાની શિક્ષાનો હુકમ મુદ્દલ અથવા થોડો ઘણો અમલમાં અણાયો નહીં હોય, એવે કોઇપણ પ્રસંગે, જે કોરટે તે શિક્ષાનો હુકમ કર્યો હોય તે કોરટ તે હુકમ દુરસ્ત કરે ત્યાં સુધી ગુન્હેગારને કેદમાં રાખવો; અને સદરહુ કોરટની નજરમાં આવે તો તે સદરહુ શિક્ષા માફ કરવાને મુખત્યાર છે, અથવા ફટકા મારવાને બદલે અથવા ફટકા મારવાની જેટલી શિક્ષાનો હુકમ અમલમાં આણ્યો નહી હોય તેટલી શિક્ષાને બદલે બાર મહિના સુધીની હરકાંઇ મુદતની કેદની શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને આ ફટકા મારવાને બદલે કરેલી શિક્ષા તેજ ગુન્હા બાબત ગુન્હેગાર ઉપર કાંઈપણ બીજી શિક્ષા કરી હશે તે શિક્ષા ઉપરાંત થઈ સકશે.

કાયદા પ્રમાણે જેટલી મુદતની કેદની શિક્ષાને તોહમતવાળો લાયક હોય તેટલી મુદત કરતાં અથવા કોરટને જેટલી મુદતની કેદની શિક્ષા કરવાનો અધિકાર હોય તેટલી મુદત કરતાં વધતી મુદતની કેદની શિક્ષા કરવાનો અધિકાર તે કોરટને આ કલમ માંહેના કોઇપણ મચકુરથી છે એમ સમજવું નહીં.

ફરારી થએલા ગુન્હેગારની ઉપર શિક્ષાના હુકમ અમલમાં લાવવા બાબત.

૩૯૬. જ્યારે કોઇ ફરારી થએલા ગુન્હેગારની ઉપર આ કાયદા પ્રમાણે શિક્ષાનો હુકમ કરવામાં આવે, ત્યારે જો સદરહુ શિક્ષા મોતની, દંડની અથવા ફટકા મારવાની હોય તો આ કાયદામાં પાછળ કહેલા ઠરાવોને અનુસરીને તે તાબડતોબ અમલમાં આવશે, અને જો સદરહુ શિક્ષા કેદની, સાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની હોય તો, તે હેઠળ લખેલી કાનુનો પ્રમાણે અમલમાં આવશે એટલે.—

જ્યારે નવી શિક્ષા ગુન્હેગાર ફરારી થયો ત્યારે જે શિક્ષા તે ભોગવતો હતો તે કરતાં વધારે સખત પ્રકારની હોય, તો તે નવી શિક્ષાનો હુકમ તાબડતોબ અમલમાં આવશે.

જ્યારે નવી શિક્ષા તે ગુન્હેગાર ફરારી થયો ત્યારે જે શિક્ષા તે ભોગવતો હતો તે કરતાં વધારે સખત પ્રકારની ન હોય, ત્યારે તે ગુન્હેગાર ફરારી થયો તે વખતે તેની આગલી શિક્ષાની જેટલી મુદત બાકી રહેલી હોય તેટલી બીજી મુદત સુધી તેણે કેદ અથવા સાસનિકદાસત્વ, અથવા સમુદ્રપાર, જેમ હોય તેમ, ભોગવ્યા પછી તે નવી શિક્ષાનો હુકમ અમલમાં આવશે.

ખુલાસો—આ કલમનાં કારણ સારૂ—

(અ) સમુદ્રપારની અથવા તાસનિદાસત્વની શિક્ષા કેદની શિક્ષા કરતાં વધારે સખત છે એમ સમજવું;

(બ) એકાંત કેદ સાથે કેદની શિક્ષા એકાંત કેદ વગર તેજ પ્રકારની કેદની શિક્ષા કરતાં વધારે સખત છે એમ સમજવું; અને

(ક) સખત મજુરી સાથે કેદની શિક્ષા, એકાંત કેદ સાથે કે એકાંત કેદ વગર આસાન કેદની શિક્ષા કરતાં વધારે સખત છે એમ સમજવું.

ગુન્હેગાર શિક્ષા ભોગવતોહોય તેને

૩૯૭ કોઈ સખસ કેદની, સાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની શિક્ષા ભોગવતો હોય તેવામાં તેની ઉપર કેદની, સાસનિકદાસત્વની અથવા

બીજાગુન્હાબાબત શિક્ષા. સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવામાં આવે, ત્યારે તેની ઉપર આગળ થએલા શિક્ષાના હુકમમાં ફરમાવેલી કેદની, શાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની શિક્ષાની મુદત પુરી થયેથી સદરહુ કેદની, શાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની શિક્ષા શરૂ થશે.

પણ એવું ઠરાવ્યું છે કે જો તે સખસ કેદની શિક્ષા ભોગવતો હોય. અને તેને એ પ્રમાણે પછવાડેથી ગુન્હેગાર ઠેરવીને કરેલી શિક્ષા સમુદ્રપારની હોય, તો તે કોરટની નજરમાં આવે તો આ બીજી શિક્ષાના હુકમનો અમલ તુરત શરૂ થાય એવું ફરમાવવાને અથવા તે સખસને આગળ કરેલી કેદની શિક્ષાની મુદત પુરી થયેથી તે શરૂ થાય એવું ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

૩૯૬ મી તથા ૩૯૭ મી કલમો બાબતવિશેષઠરાવ ૩૯૮. ૩૯૬ મી અથવા ૩૯૭ મી કલમ માંહેના ઠરાવ ઉપરથી એમ સમજવું નહીં કે કોઈપણ સખસ તેના આગલા કે પાછલા સાબિત થયેલા ગુન્હાને માટે જે શિક્ષાને લાયક થયો હોય તે શિક્ષાના કોઇપણ ભાગમાંથી તે સખસ બચી જશે.

નીના ઉમરના ગુન્હેગારોને સન્માર્ગ પ્રવર્તશાળામાં કેદ કરવાબાબત. ૩૯૯. જ્યારે સોળ વરસ કરતાં ઓછી ઉમરના કોઇપણ સખસની ઉપર કોઈપણ ગુન્હા માટે કોઈપણ ફોજદારી કોરટ કેદની શિક્ષાનો હુકમ કરે ત્યારે, તેને ફોજદારી તુરંગમાં કેદ કરવાને બદલે હેઠળ લખેલા પ્રકારની કોઇપણ સન્માર્ગ પ્રવર્તકશાળામાં કેદ રાખવો એવો હુકમ કરવાને તે કોરટ મુખત્યાર છે, એટલે કેદ રાખવાની લાયક જગા દાખલ જે સન્માર્ગ પ્રવર્તકશાળા સ્થાનિક સરકારે કાહાડી અને જેમાં ઘટિત કેળવણી આપવાના તથા કાંઇ ઉપયોગી ધંધો શિખવાનાં સાધન હોય, તેવી સન્માર્ગ પ્રવર્તકશાળામાં, અથવા સન્માર્ગ પ્રવર્તકશાળામાં કેદ કરેલા સખસોને કેળવણી આપવા તથા શિખવા સબંધી સ્થાનિક સરકાર ફરમાવે એવા નિયમ પ્રમાણે ચાલવાને રાજી હોય એવા કોઇ સખસે જે સન્માર્ગ પ્રવર્તકશાળા રાખેલી હોય તેમાં કેદ કરવો એવો હુકમ કરવાને તે કોરટ મુખત્યારછે.

આ કલમ મુજબ કેદ કરેલા સઘળા સખસોને ઉપર મુજબ ઠરાવેલા નિયમો લાગુ પડશે.

શિક્ષાનો હુકમ અમલમાં લાવ્યા પછી વારંટપાછું મોકલવા બાબત. ૪૦૦ જ્યારે કોઇ શિક્ષાનો હુકમ પુરેપુરો બજી રહે, ત્યારે તે બજવનાર અમલદારે, તે શિક્ષાનો હુકમ શી રીતે બજાવ્યો છે તે વિશે પોતાની સહી સાથેનો તે વારંટની પાછળ શેરો કરીને તે વારંટ જે કોરટમાંથી નિકળ્યું હોય તે કોરટમાં પાછું મોકલી દેવું.

બાબ ૨૯ મો.

શિક્ષા મોકુફ રાખવા, માફ કરવા તથા બદલવા બાબત.

શિક્ષા મોકુફ રાખવાનો અથવા માફ કરવાનો અધિકાર. ૪૦૧. જ્યારે કોઈપણ સખસની ઉપર કાંઇ ગુન્હા બાબત શિક્ષાનો હુકમ કર્યો હોય ત્યારે કોઇપણ વખતે બીન સરતે, અથવા જે સખસની ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય તે સખસ કબુલ કરે એવી કાંઇ સરત કરીને તેની ઉપર જે શિક્ષાનો હુકમ કર્યો હોય તે અમલમાં લાવવાનું મોકુફ રાખવાને અથવા જે શિક્ષાનો હુકમ તેની ઉપર કરેલો હોય તે સઘળી શિક્ષા અથવા તેમાંનો કોઇપણ ભાગ માફ કરવાને ગવરનર જનરલ ઇન કાંઉસીલ અથવા સ્થાનિક સરકાર મુખત્યાર છે.

જ્યારે કોઇ શિક્ષા મોકુફ રાખવા અથવા માફ કરવા સારૂ ગવરનરજનરલ ઇનકૌંસિલને અથવા સ્થાનિક સરકારને અરજી કરવામાં આવે, ત્યારે જે કોરટની આગળ અથવા જે કોરટે ગુન્હાની સાબિતીનો ઠરાવ કર્યો હોય અથવા મંજુર કર્યો હોય તે કોરટના પ્રમુખ જડજને, ગવરનર જનરલ ઇનકૌંસિલ અથવા સ્થાનિક સરકાર, જેમ હોય તેમ, એવું ફરમાવવાને મુખત્યાર છે કે તે અરજી કબુલ કરવી જોઈએ કે નાકબુલ કરવી જોઈએ તે તે વિશે તમારો મત તથા તે મતનાં કારણ જણાવો.

જે સખસના લાભમાં કોઇ શિક્ષા મોકુફ રાખી હોય અથવા માફ કરી હોય તે સખસ ગવરનર જનરલ ઇનકૌંસીલે અથવા સ્થાનિક સરકારે જે સરતો ઠરાવી હોય તે સરતો પાળવાને ચુકે તો સદરહુ શિક્ષા મોકુફ રાખવાનો અથવા માફ કરવાનો હુકમ રદ કરવાને, ગવરનર જનરલ ઇનકૌંસિલ અથવા સ્થાનિક સરકાર, જેમ હોય તેમ, મુખત્યાર છે, અને તે પછી જો સદરહુ સખસ છુટો હોય તો, તેને કોઇપણ પોલીસ અમલદાર વગર વારંટે પકડવાને મુખત્યાર છે, અને બાકી રહેલા ભાગની શિક્ષા ભોગવવા માટે તેને પાછો કેદમાં મોકલવાનો અધિકાર છે.

શિક્ષા માફ કરવાનો અથવા મોકુફ રાખવાનો અથવા મુલતવી રાખવાનો અથવા ઓછી કરવાનો મલીકામોઆઝમાને અધિકાર છે તે અધિકારને આ કલમ માંહેના કોઇપણ મચકુરથી બાધ આવે છે એવું સમજવું નહીં.

શિક્ષા બદલવાનો અધિકાર.

૪૦૨. જે સખસની ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય તે સખસની સંમતી વગર ગવરનર જનરલ ઈન કાઉન્સિલ અથવા સ્થાનિક સરકાર હેઠળ કહેલી શિક્ષાઓમાંની કોઈપણ શિક્ષાને બદલે તે શિક્ષાની આગળ લખેલી બીજી કોઇપણ શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છેઃ—

મોત, સમુદ્રપાર, સાસનિકદાસત, સખત મજુરોની સાથે જેટલી મુદતની કેદની શિક્ષાનો હુકમ તે સખસની ઉપર થઈ શકત તેટલી મુદત સુધીની કેદ, તેવીજ મુદત સુધીની આસાન કેદ, દંડ.

બાબ ૩૦ મો.

અગાઉ બીન તકસીરવાર અથવા તકસીરવાર ઠર્યા હોય તેની બાબત.

જે સખસની ઉપર એક વખત ગુન્હો સાબિત થયાનો અથવા ના સાબિત થયાનો ઠરાવ થયો હોય તે સખસનો તેજ ગુન્હા બાબત ફરી ઇનસાફ કરવો નહીં.

૪૦૩. યોગ્ય હકુમતવાળી કોઈ કોરટે કાંઇ ગુન્હા બાબત કોઇ સખસનો એક વખત ઈનસાફ કર્યો હોય, અને તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો અથવા ના સાબિત થયાનો ઠરાવ કર્યો હોય ત્યારે જ્યાં સુધી તે ગુન્હો સાબિત થયાનો અથવા ના સાબિત થયાનો ઠરાવ અમલમાં રહે ત્યાં સુધી તે સખસ તેજ ગુન્હા બાબત ફરીથી ઇનસાફને પાત્ર થશે નહીં. અથવા તેની ઉપર મુકેલાં તોહમતમાં કાંઈ જુદુ તોહમત બીજા જે ગુન્હા બાબત તેની ઉપર ૨૩૬ મા કલમ મુજબ મુકી શકાત તે ગુન્હા બાબત. અથવા બીજો જે ગુન્હો ૨૩૭ મા કલમ મુજબ તેની ઉપર ઠરી શકત તે ગુન્હા બાબત, તેને તેજ હકીકત ઉપરથી તે સખસ ફરીથી ઇનસાફને પાત્ર થશે નહીં.

જે સખસની ઉપર કાંઈ ગુન્હો ના સાબિત થયાનો અથવા સાબિત થયાનો ઠરાવ થયો હોય તે સખસનો અગાઉ ઇનસાફ થયો તે વખતે જે જુદા ગુન્હા બાબત તેની ઉપર ૨૩૫ મી કલમના ૧ લા પારેગ્રાફ મુજબ જુદુ તોહમત મુકી શકત તેવા ગુન્હા બાબત પછી ઇનસાફ કરવાનો અખત્યાર છે.

કોઈ સખસની ઉપર કાંઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય અને જે કૃત્યથી તે ગુન્હો બનેલો હોય તે કૃત્ય તથા તે ઉપરથી થયેલા પરીણામ એ બેઉ મળીને એવો એક ગુન્હો થાય કે તે સદરહુ સખસની ઉપર સાબિત થયલા ગુન્હાથી જુદો ગુન્હો હોય ત્યારે આ છેલા કહેલા ગુન્હા બાબત તે સખસોનો પછી ઇનસાફ કરવાનો અખત્યાર હેઠળ લખેલે પ્રસંગે છે, એટલે તે સખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો તે વખતે સદરહુ પરીણામ થયલાં નહતાં અથવા તે થયાં છે એવી કોરટને ખબર નહતી એમ હોય તો.

કાંઈપણ કૃત્યોથી બનેલો કાંઈ ગુન્હો જે સખસની ઉપર ના સાબિત થયાનો અથવા સાબિત થયાનો ઠરાવ થયો હોય તે સખસે તેજ કૃત્યોથી બનેલો બીજો જે ગુન્હો કર્યો હોય તે ગુન્હા બાબત આગળ તેની ઉપર સદરહુ ઠરાવ થયો હોય તોપણ તોહમત મુકીને તેનો ઇનસાફ કરવાનો અખત્યાર હેઠળ લખેલે પ્રસંગે છે. એટલે જે કોરટથી તેનો પ્રથમ ઈનસાફ થયો તે કોરટને તેની ઉપર જે ગુન્હાનું તોહમત પછી મુકયું તે ગુન્હાનો ઇનસાફ કરવાનો અધિકાર નહોતો એમ હશે તો.

ખુલાસો—કોઈ ફરિયાદ કાહાડી નાંખવી. અથવા ૨૪૯ મી કલમ મુજબ કામ ચલાવવાનું બંધ કરવું, અથવા તોહોમતવાળાને છોડી મુકવો, અથવા ૨૭૩ મી કલમ પ્રમાણે તોહમતનામાં ઉપર નોધ કરવી, એ આ કલમનાં કારણ સારૂ ગુન્હો ના સાબિત થયાના ઠરાવ બરાબર નથી.

દ્રષ્ટાંતો.

(અ) અ એ ચાકર થઈને ચોરી કરી તે વિશેનાં તોહમત બાબત તેનો ઇનસાફ થયો અને તે બીન તકસીરવાર ઠર્યો. જ્યાં લગી તે ઠરાવ અમલમાં હોય ત્યાં લગી તેની ઉપર ચાકર થઇને ચોરી કર્યાનું અથવા તેની તેજ હકીકત ઉપરથી એકલી ચોરી કર્યાનું અથવા સાપરાધ વિશ્વાસઘાત કર્યાનું તોહોમત પછી મુકશે નહીં.

(બ) ખુનનાં તોહોમત બાબત અ નો ઇનસાફ થયો અને તે બીન તકસીવાર ઠર્યો. અપહરણ કરવાનું તોહોમત તેની ઉપર નહી હતુ; પણ ખુન કર્યું. તે વખતે અ એ અપહરણ કર્યું એવું હકીકત ઉપરથી જણાય છે; અપહરણ કરવાનું તોહોમત તેની ઉપર પછી મુકીને તેનો ઈનસાફ કરવાનો અખત્યાર છે.

(ક) મહાવ્યથા કરવા બાબત અ નો ઇનસાફ થયો અને તે તકસીરવાર ઠર્યો જે સખસને નુકશાન કર્યું તે સખસ પછી મરણ પામ્યો. શિક્ષણીય મનુષ્યવધના ગુન્હા બાબત અ નો ફરીથી ઈનસાફ કરવાનો અખત્યાર છે.

(ડ) બ નું શિક્ષણીય મનુષ્યવધ કર્યાનું તોહોમત અ ની ઉપર સેશન કોરટની આગળ મુકવામાં આવ્યું અને તેની ઉપર તે ગુન્હો સાબિત થયો. પછી તેજ હકીકત ઉપરથી બ ના ખુન બાબત અ નો ઈનસાફ કરી શકશે નહીં.

(ઇ) બ ને બુદ્ધિપુર્વક વ્યથા કરવાનું તોહોમત પેહલા વર્ગના માજીસ્ત્રેટે અ ની ઉપર મુકીને

તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કર્યો. તે કામને આ કલમનો ત્રીજો પારેગ્રાફ લાગુ ન હોય તો બ ને બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવા બાબત તેજ હકીકત ઉપરથી અ નો પાછો ફરીથી ઇનસાફ કરી શકાશે નહીં.

(ફ) બ ના શરીર ઉપરથી મિલકત ચોરવાનું તોહોમત બીજા વર્ગના માજીસ્ત્રેટે અ ની ઉપર મુકીને તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કર્યો પછી તેજ હકીકત ઉપરથી અપહરણ કરવાનું તોહોમત અ ની ઉપર મુકીને તેનો ઇનસાફ કરવાનો અખત્યારછે.

(ગ) ડ નું અપહરણ કર્યાનું તોહોમત પેહેલા વર્ગના માજીસ્ત્રેટે અ, બ તથા ક ની ઉપર મુકીને તે ગુન્હો તેઓનાં ઉપર સાબીત થયાનો ઠરાવ કર્યો. પછી તેજ હકીકત ઉપરથી ડાકાઈટી કર્યાનું તોહોમત અ, બ તથા ક ની ઉપર મુકીને તેઓનો ઇનસાફ કરવાનો અખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૪૭ ના પેરેગ્રાફ બીજા ૧૯૫ ના ખુલાસા ૨૧૫ ના ખુલાસા બીજા અને ૪૬૦ ને મળતી છે. જે સખસની ઉપર એક વખત ગુન્હો સાબિત થયાનો અથવા ના સાબિત થયાનો ઠરાવ થયો તે સખસનો તેજ ગુન્હા બાબત ફરીથી ઇનસાફ કરવો નહીં તેને માટે આ કલમ છે.

જ્યારે પ્રથમ ગુન્હો સાબિત થયાનો ઠરાવની અગર છોડી મુકયાની તકરાર કરવામાં આવે ત્યારે એ વાત ધ્યાનમાં રાખવી કે બીજા કોઇ ઈનસાફમાં મુકેલું તોહોમત પેહેલાં ઈનસાફની વખતે મુકેલું તેજ તોહોમત છે કે કેમ; જો બંને તોહોમતો એકજ ન હોય તો પ્રથમ ગુન્હો સાબિત થયાનો ઠરાવ અથવા છોડી મુકવાનો ઠરાવ બાજા તોહોમત ઉપર ઇનસાફ થવાને અટકાવ નથી. બંને કામોમાં પુરાવો એક સરખોજ હોય તો પણ અટકાવ નથી. સરકાર વિ. દ્વારકાંનાથ દત. વીકલી રીપોર્ટ ૭ ક્રી. ૧૫.

એક તોહોમતવાળાનાં ઉપર હિં. ફો. કા. ની ક. ૩૫૨ મુજબ અપરાધ બળ વાપર્યાનો ગુન્હો કર્યાનું તોહોમત મુકવામાં આવ્યું હતું તેમાં તે નિરદોષ ઠર્યો હતો તો પછી તેને તે બાબતમાં વ્યથાનું તોહોમત રાખી શકાતું નથી. કાપટન વિરૂદ્ધ સ્મીથ. વીકલી રીપોર્ટ ૧૬ ક્રી. ૩.

પ્રથમ ચાલેલું ઇનસાફનું કામ કોરટની હકુમતની ખામીને લીધે અને ગેરકાયદેસર કરવામાં આવ્યું હતું તે સબબથી રદ કરવામાં આવ્યું હતું, તેથી બીજુ ઇનસાફનું કામ જે ચાલે તેને બાધ આવશે નહીં. રાણી વિરૂધ્ધ મથુરાપ્રસાદ પાન્ડે. વીકલી રીપોર્ટ ૨ ક્રી. ૧૦

જ્યારે સેશન કોરટે એમ કહીને તોહોમતવાળાને છોડી મુકયો હોય એવા કારણથી કે જે કામ ચાલેલું છે તે તમામ અનિયમસર અને ગેરકાયદેસર ચાલ્યું છે ત્યારે તે તોહોમતવાળાનો ફરી ઇનસાફ થવાને આ કલમનો કાંઇ પ્રતિબંધ નથી. રાણી વિરૂદ્ધ વહીડા વી. ૧૩ વુ. રી. ક્રી. ક્રી. ૪૨ વીકલી રીપોર્ટ ૧૩ પ્ર. ક્રી. ૪૨.

અધિકારવાળા માજીસ્ત્રેટે તોહોમતવાળાને અયોગ્ય રીતે ગુન્હામાંથી મુકત કીધો હોય તેવા કામમાં હાઇકોરટ પોતાનો ફરી તપાસનો અધિકાર ચલાવી હાથ ઘાલશે નહીં અને નવા ચાર્જ ઉપરથી ફરી ઇનસાફ કરવા વિશે હુકમ કરશે નહીં. (જુ. ક્રી. પ્રો. કો. ક. ૨૯૨ (ક. ૪૩૯) તથા ૪૬૦ (ક. ૪૦૩) એવા કામમાં જુ ક્રી. પ્રો. કો. ક. ૨૭૨ (ક. ૪૧૩) પ્રમાણે અપીલ કરવાનું સ્થાનિક સરકારે ફરમાવવું એ યોગ્ય ઇલાજ દેખાય છે. સરકાર વી. પીરખાં જમાલ વિગેરે મુંબાઇ હાઈ કોરટનો ઠરાવ તા૰ ૨૧ મે સને ૧૮૭૩.

ભાગ ૭ મો.

અપીલ તથા લખી મોકલવા બાબત તથા તપાસ બાબત.

બાબ ૩૧ મો.

અપીલો બાબત.

બીજીરીતે ઠરાવ્યું ન હોયતો અપીલ ચાલશે નહીં.

૪૦૪. આ કાયદાથી અથવા બીજા કોઇપણ ચાલુ કાયદાથી ઠરાવ્યું હોય તે શિવાય ફોજદારી કોરટના કોઈપણ ફેંસલા અથવા હુકમ ઉપર અપીલ ચાલશે નહીં.

જપ્તકરેલીમિલકતપાછી આપવા બાબતની અરજી જેનાહુકમથી ના કબુલ કરીહોય તે હુકમઉપરઅપીલ

૪૦૫. ૮૯ મી કલમ મુજબ મિલકત અથવા તેનાં વેચાણનું ઉત્પન પાછું આપવા બાબતની જે સખસની અરજી કોઈ કોરટે ના કબુલ કરી હશે તે સખસને તે કોરટે કરેલા શિક્ષાના હુકમ ઉપર જે કોરટમાં સામાન્ય અપીલ ચાલતી હશે તે કોરટને અપીલ કરવાનો અધિકાર છે.

સારીરાતેચાલવા બાબતતારણમાગવાનાહુકમ ઉપર અપીલ.

૪૦૬. જીલ્લા માજીસ્ત્રેટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ શિવાય બીજા કોઇ માજીસ્ત્રેટે ૧૧૮ મી કલમ પ્રમાણે સારી રીતે ચાલવા બાબત તારણ આપવાનું જે સખસને ફરમાવ્યું હોય તે સખસ જીલ્લા માજીસ્ત્રેટને અપીલ કરવાને મુખત્યાર છે.

બીજા અથવા ત્રીજાવરગના માજીસ્ત્રેટે કરેલા શિક્ષાના હુકમ ઉપર અપીલ.

૪૦૭. બીજા અથવા ત્રીજા વરગના કોઇપણ માજીસ્ત્રેટ ઇનસાફ કરીને જે સખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તે સખસ, અથવા ૩૪૯ મી કલમ પ્રમાણે બીજા વરગના કોઈ પેટાટુકડા માજીસ્ત્રેટે જે સખસની ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય તે સખસ, જીલ્લા માજીસ્ત્રેટને અપીલ કરવાને મુખત્યાર છે.

પેહેલા વરગના માજીસ્ત્રેટની પાસે અપીલો મોકલવા બાબત.

આ કલમ પ્રમાણે કોઇપણ અપીલ અથવા સદરહુ પ્રકારના કોઇપણ વરગની અપીલો જીલ્લા માજીસ્ત્રેટના તાબા માહેના પેહેલા વરગના જે માજીસ્ત્રેટને સદરહુ અપીલો સાંભળવાનો અધિકાર સ્થાનિક સરકારે આપ્યો હોય તે માજીસ્ત્રેટે સાંભળવી એવું ફરમાવવાને જીલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને તે ઉપરથી સદરહુ અપીલ અથવા સદરહુ વરગની અપીલો તે તાબામાંહેના માજીસ્ત્રેટને કરવી, અથવા તે જીલ્લા માજીસ્ત્રેટને કરવામાં આવી ચુકી હોયતો તે સદરહુ પ્રકારના તાબામાંહેના માજીસ્ત્રેટ પાસે મોકલવી, એ પ્રમાણે કરેલી અથવા મોકલેલી કોઈપણ અપીલ અથવા કોઈપણ વરગની અપીલો સદરહુ માજીસ્ત્રેટની પાસેથી લઇ લેવાને જીલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ટીકા—સરકાર જાહેરનામાથી એવું ફરમાવે કે કલેકટરની ગેરહાજરીમાં અમુક આસીસ્ટંટ કલેકટર ફોજદારી બાબતમાં એ ઇલાકાનો મુખ્ય અમલદાર ગણાશે એ મુખ્ય અમલદારનો અર્થ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ છે તથા કરી તે તાબાના માજીસ્ત્રેટના ફેંસલા ઉપરની અપીલ તે આસીસ્ટંટ કલેકટર સાંભળી શકે.—રાણી વિરૂદ્ધ ભાઈશંકર હરીરામ. મુંબાઈ હાઇકોર્ટ રીપોટ વા. ૩ પ્ર. ૧૮

આસીસ્ટંટ સેશન જડજે અથવા પેહેલા વરગનામાજીસ્ત્રેટે કરેલા શિક્ષાના હુકમ ઉપર અપીલ.

૪૦૮ આસીસ્ટંટ સેશન જડજે અથવા જીલ્લા માજીસ્ત્રેટે અથવા પેહેલા વરગના બીજા માજીસ્ત્રેટે ઇનસાફ કરીને જે સખસનાં ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તે સખસ, અથવા પેહેલા વરગના કોઇ માજીસ્ત્રેટે ૩૪૯ મી કલમ પ્રમાણે જે સખસનાં ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય તે સખસ, સેશન કોરટને અપીલ કરવાને મુખત્યાર છે.

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

(અ) જ્યારે કોઇપણ મુકદમાનો કોઇ આસીસ્ટન્ટ સેશન જડજ અથવા જીલ્લા માજીસ્ત્રેટ જે શિક્ષાના હુકમને સેશન કોરટની મંજુરિયત જોઇએ તે શિક્ષાનો હુકમ કરે ત્યારે સદરહુ મુકદમામાં દરેક અપીલ હાઈકોરટમાં ચાલશે. પણ જ્યાં સુધી સેશન કોરટે તે મુકદમાનો નિકાલ ન કર્યો હોય ત્યાં સુધી તે અપીલ કરવી નહીં.

(બ) રાણીની કોઇ વિલાયતી રૈયત ઉપર એ પ્રમાણે ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે રઇયત પોતાની નજરમાં આવે તે મુજબ હાઈકોરટને અથવા સેશન કોરટને અપીલ કરવાને મુખત્યાર છે.

ટીકા—ડીસ્ત્રીકટના માજીસ્ત્રેટે જુના ક્રી. પ્રો. કોડની કલમ ૨૦ મુજબ પોતાની મામુલ સતા ઉપરાંત કલમ ૩૬ મુજબ કામ ચલાવી શિક્ષા કરી હોય તો તે ઉપર અપીલ હાઇકોરટને થઇ શકે છે.—ચંદાસીંગ અને બીજા વિરૂદ્ધ રાજ રેકર્ડ ક્રીમીનલ જજમેન્ટ વાલ્યુમ ૪ પ્ર. ૬૩.

હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૭૯ મુજબ ચોરીનો ગુન્હો સાબિત ગણી ફ. ક. માજીસ્ત્રેટે ૧૫ માસની સજા કરી તે ઉપર અપીલ થઇ તેમાં એમ ઠરાવ્યું કે શિક્ષા ભારે છે તેથી તે રદ કરી રૂ. ૫૦ દંડ કર્યો અને તેના આપે તો નવ માસ કેદ ભોગવે. આ કામમાં હાઈકોરટે ઠરાવ્યું કે દંડના બદલે માજીસ્ત્રેટ છ માસ કરતાં વધારે શિક્ષા કરી શકત નહી તેથી સેશન જડજે જે નવ માસની શિક્ષા કરી છે તે રદ કરીને તે બદલે છ માસની શિક્ષા કરી—રાણી વિરૂધ હરી બીન વીઠોજી મુંબાઈ હાઇકોરટ રીપોટ વા. ૧ પ્ર. ૧૩૯

અપીલ ચુકવવામાં સેશન જડજે ગુન્હાનું તોહમત એવી રીતે મુક્યું હોય કે જેનો તોહમતવાળો તકસીરવાર માલમ પડયો હોય તેવાજ ગુન્હાના રૂપ ઉપર નજર રાખવાની છે અને તે સાબીત થયો છે કે નથી થયો તે નકી કરવાનું છે. પાછલા બનાવો ઉપરથી ગુન્હો ગમે તે રૂપ ધારણ કરે પણ તેની સાથે તેમણે કાંઇ લેવા દેવા નથી જે ગુન્હાની બાબતમાં ઇનસાફ થતાં તોહોમતવાળા સખસનો ગુન્હો ઠર્યો હોય તે ઉપરથી પાછળથી કરેલા એક તદન જુના ગુન્હાને સારૂ જે તકસીરવાર હોય તો તેને ગુન્હેગાર ઠેરવવા કંઇ અટકાવ નથી—રામજીદાસ વિરૂદ્ધ ગોબાસન વીઠલો રીપોટ ૯ રૂ. ૬૫

સેશન કોરટનેકરેલીઅપીલો કેવી રીતે સાંભળવી.

૪૦૯. સેશન કોરટને અથવા સેશન જડજને કરેલી અપીલ સેશન જડજે અથવા આડીશનલ અથવા જાઇંટ સેશન જડજે સાંભળવી.

સેશન કોરટેકરેલા શિક્ષાનાહુકમ ઉપર અપીલ.

૪૧૦. કોઇ સેશન જડજે અથવા આડિશનલ અથવા જાઈંટ સેશન જડજે ઇનસાફ કરીને જે સખસની ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ કર્યો હોય તે સખસ હાઇકોરટને અપીલ કરવાને મુખત્યાર છે.

ટીકા—જ્યુરીથી થયેલા ઈનસાફના કામમાં ન લવાઇ શકે એવો પુરાવો લાધો હોય

ત્યારે તે ઈનસાફમાં ઠરેલા ગુન્હા ઉપર અપીલ જે અપીલમાં જડજની સુચનાર્થે થયો હોય અથવા જ્યુરીને બરોબર સુચનારથ આપવામાં તેની કસુર થઇ હોય અને તેથી કેદીને નુકશાન ન થયું હોય તેવી અપીલોના ધોરણ ઉપર આ અપીલ ચુકવવી જોઇએ. અપીલ કોરટે વિચાર કરવો જોઇએ કે અયોગ્ય રીતે જે પુરાવો લેવામાં આવ્યો છે તેથી જ્યુરીના મન ઉપર કાંઈ ખોટી અસર થઇ હશે કે નહીં અને જો થઈ હોય તો તેણે એમ વિચારવું જોઈએ કે ગુન્હાનો ઠરાવ જે તે ઈનસાફ આસેસરની મદદથી થયો હોય તો બાહાલ રાખવો જોઇએ કે નહીં. જો ન લેવાઇ શકે તેવો ભાગ બાદ કરતાં પુરાવો પાકો હોય તો તે ઠરાવ બાહાલ રાખવો જોઇએ જે કામમાં પુરાવો એવી જાતનો હોય કે તે ઉપર ઇતબાર રાખી નહીં શકાય. ત્યારે ફરીથી ઇનસાફ થવા હુકમ થશે—રાણી વિ. રાનસ્વામીગબાર મુંબઇ હાઇકોરટ રીપોટ વાલ્યુમ ૬ પ. ૪૭

જે સખસનો ઈનસાફ જ્યુરીથી થયો હોય તે સખસને જે ગુન્હો હિંદુસ્તાનનો ફોજદારી કાયદો પાસ થયાં પેહેલાં બન્યો હોય તો બનેલી વાત ઉપર અપીલ કરવાનો હક છે—રાણી વિરૂદ્ધ ગરશચંદર બાંદુ વી. રી. ૬૦ રૂ. ૧

જ્યુરીના મુકદમામાં એમ વાંધો બતાવે કે પુરાવો બસ નથી તો તે કાંઈ અપીલ કરવાનું કારણ નથી ભરૂસો રાખવા લાયક એકજ શાક્ષી હોય તો તેની જુબાની કાયદા પ્રમાણે બસ છે—રાણી વિ. મદર સરદાર વી. રી. ૨ રૂ. ૩

પુરાવા સિવાય ગુન્હો ઠરાવ્યો હોય તે ગેરકાયદેસર છે અને તે જ્યુરીના ફેંસલાને આધારે કર્યો હોયતોપણ રદ કરવો જોઈએ—રાણી વિ. રતનદાસ અને દુરગાદાસ વી. રી. ૧૬ રૂ ૧૯

પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે કરેલી શિક્ષાના હુકમ ઉપર અપીલ.

૪૧૧. કોઇ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટે ઇનસાફ કરીને કોઈપણ સખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય, ત્યારે જો તે માજીસ્ત્રેટે તે સખસની ઉપર છ મહિના કરતાં વત્તી મુદતની કેદની શિક્ષાનો હુકમ અથવા બસેં રૂપીયા કરતાં વત્તી દંડની શિક્ષાનો હુકમ કર્યો હોય તો તે સખસ હાઇકોરટને અપીલ કરવાને મુખત્યાર છે.

જે કામોમાં તોહમતવાળો પોતે તકસીરવારછેએવો જવાબ આપેતેકામોમાં અપીલ ચાલશે નહીં.

૪૧૨. આ કાયદામાં પાછળ ગમે તે કહ્યું હોય તે છતાં, જ્યારે તોહમતવાળા સખસે પોતે તકસીરવાર છે એવો જવાબ આપ્યો હોય અને સેશન કોરટે અથવા પ્રેસિડેન્સી માજીસ્ત્રેટે સદરહુ જવાબ ઉપરથી તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય ત્યારે શિક્ષા ઘણી છે અથવા કાયદાસર નથી એવા સબબ સિવાય બીજા કોઇપણ સબબથી અપીલ ચાલશે નહીં.

ન્હાના મુકદમામાં અપીલ નથી.

૪૧૩. આ કાયદામાં પાછળ ગમે તે કહ્યું હોય તે છતાં, જે મુકદમામાં સેશન કોરટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેહેલા વરગનો બીજો માજીસ્ત્રેટ ફક્ત એક મહિના સુધી કેદની, અથવા ફક્ત પચાસ રૂપીઆ સુધી દંડની, અથવા ફક્ત ફટકા મારવાની શિક્ષાનો હુકમ કરે, તે મુકદમામાં જે સખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે સખસની અપીલ ચાલશે નહીં.

ખુલાસો—દંડ ન આપવામાં આવે તો કેદની જે શિક્ષાનો હુકમ સદરહુ કોરટે અથવા માજીસ્ત્રેટે કર્યો હોય તે શિક્ષાના હુકમ ઉપર, જ્યારે સ્વતંત્ર કેદની શિક્ષાનો હુકમ કર્યો ન હોય ત્યારે, કાંઈપણ અપીલ ચાલશે નહીં.

ટીકા—એક કેસમાં બીજા તોહમતદારોને એક માસ કરતાં વધુ સજા થઈ હોય પણ અમુક માણસોને એક માસની સજા થઇ હોય તોપણ એ એક માસવાળા કેદીની અપીલ સંભળાય નહીં. રાણી વિ. કાળાભાઇ મેઘાભાઈ ૭ મું. હા. કો.રી. પ્ર. ૩૫ ફોજદારી.

સંક્ષેપ રીતે ગુન્હો સાબીત થયાનો ઠરાવ કર્યો હોય તે ઉપર અપીલ નથી.

૪૧૪ આ કાયદામાં પાછળ ગમે તે કહ્યું હોય તે છતાં, જે મુકદ્દમાનો ઈનસાફ સંક્ષેપ રીતે કર્યો હોય તે મુકદ્દમામાં ૨૬૧ મી કલમ પ્રમાણે કામ કરવાને જે માજીસ્ત્રેટને અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટ ફક્ત ત્રણ મહીના સુધી કેદની, અથવા ફક્ત બસેં રૂપીઆ સુધી દંડની, અથવા ફક્ત ફટકા મારવાના શિક્ષાનો હુકમ કરે તે મુકદ્દમામાં જે સખસની ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયો હોય તે સખસની અપીલ ચાલશે નહી.

ટીકા—આ કામમાંના કેદીપર ગેરકાયદેસર મંડળીમાંના આશામી હોવા બદલ ડેપ્યુટી માજીસ્ત્રેટના રૂબરૂ આરોપ મુકવામાં આવ્યો હતો એમ પુરાવ ઉપરથી દેખાઈ આવ્યું હતુ તેથી પી. કો. ક. ૧૪૪ પ્રમાણે શિક્ષા આપવાને પાત્ર તે ગુન્હો હતો. જે પુરાવથી કેદીપર એ કલમ પ્રમાણે ગુન્હો સાબીત થનાર હતો તે પુરાવો અમાન્ય કર્યો. અને પી. કો. કલમ ૧૪૩ પ્રમાણે આ તોહમત છે એમ ગણી તેનો ઇનસાફ સંક્ષિપ્ત રીતે કર્યો. અને પ્રત્યેક કેદીને ત્રણ મહીનાથી કમી મુદતની કેદની શિક્ષા કરી. ડેપ્યુટી માજીસ્ત્રેટના રૂબરૂ ચાલેલા કામની ખબર સેશન જડજને થયાથી તેણે આ કામ હાઈકોરટના અભિપ્રાય માટે મોકલ્યું તેથી ઠરાવ્યું કે જુના ક્રી. પ્રો. કો. ક. ૨૭૪ (આ ક. ૪૧૪) માં કોઇ માજીસ્ત્રેટે સંક્ષિપ્ત રીતે ચોકસી કરીને ઘણામાં ઘણી ત્રણ મહીનાની કેદની શિક્ષા કરી હોય તો તેમાં અપિલ ચાલતી નથી એમ કહેલું છે, સબબ હાલના આ કામમાં કેદીને ત્રણ મહીનાની કેદની શિક્ષા કરીછે તેથી તેનો અપિલ કરવાનો હક નહી જેવો થયો છે. તે ગેરકાયદેસર મંડળીમાં જે બે મુખ્ય આશામી હતા તેઓ પાસે તલવાર હતી એમ ફરિયાદી તરફનાં પેહલા સાક્ષીદારે પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે કહેલું છે. સબબ કેવળ પોલીસ ઇનસ્પેકટરના મુખ જુબાન કહેવાપર તે માજીસ્ત્રેટે ભરોંસો રાખીને કામ ચલાવવાનું નહોતું. અને ફરિયાદીએ કેદીપર જે તોહોમત મુકયું હતું તે સંક્ષિપ્ત રીતે ઇનસાફ કરવા જોગ નહોતું. તેથી પી. કો. ક. ૧૪૩ પ્રમાણે તોહોમત સાબીત ન કરતાં ક. ૧૪૪ પ્રમાણે જો તોહોમત સાબીત કરયું હોત તો કેદીને અપીલ કરવાનો હક મળત સંક્ષિપ્ત રીતે ઇનસાફ કરવાનો પોતાનો અધિકાર મળવા માટે એકાદ અપરાધના ભાગ પાડવાનો માજીસ્ત્રેટને અધિકાર નથી એમ આ કોરટે વારંવાર ઠરાવ્યું છે. જે તોહોમતનો ઇનસાફ સંક્ષીપ્ત રીતે કરાતો નથી એવું તોહમત એકવાર મુકીને તેજ બદલ સાક્ષીદારને સોગન આપ્યા એટલે તેજ તોહમતપરથી કેદીનો ઇનસાફ કરવાની માજીસ્ત્રેટની ફરજ છે, પરંતુ ફરીયાદીએ મુકેલું તોહોમત જબર છે અને તે પર ભરોંસો રખાય તેમ નથી, એવું જો ફરીયાદીની જુબાનીથી બરાબર દેખાય તો તે વાત જુદી છે. પીનલકોડ કલમ ૧૪૪ પ્રમાણે આ આરોપ છે એમ ગણી ડેપ્યુટી માજીસ્ત્રેટે કામનો ઇનસાફ કરવો હતો પણ તેમ કરયું નથી માટે આ કામ નીરર્થક છે એમ અમારે ઠરાવવું જોઇએ. ડેપ્યુટી માજીસ્ત્રેટે આ કામનો ફરી નવો ઇનસાફ કરવો સરકાર વિરૂદ્ધ ગુલામ મહમદ ઇંડિયન લા. રીપોટ કલકત્તા વા. ૪ પ. ૧૮. હવે તો વધારેમાં વધારે ત્રણ માસની શિક્ષા થઇ શકેછે. અને સાધારણ અપીલ જેમ થઇ શકે તેમ સંક્ષેપ તજવીજમાં કરેલા હુકમ ઉપર પણ અપીલ થઇ શકે છે.

૪૧૩ મી તથા ૪૧૪ મી કલમ

૪૧૫ ૪૧૩ મી અથવા ૪૧૪ મી કલમમાં કહેલા કોઈપણ શિક્ષાના હુકમથી તે કલમોમાં કહેલી કોઇપણ બે અથવા વધારે શિક્ષા એકઠી

બાબત વિશેષ ઠ-રાવ. કરી હોય તે શિક્ષાના હુકમ ઉપર અપીલ કરવાનો અધિકાર છે; પણ જે શિક્ષાનો હુકમ બીજી રીતે અપિલ થઈ શકતો નહી હોય તે શિક્ષાના હુકમ ઉપર, જે સખસની ઉપર ગુન્હો ઠરાવ્યો હોય તે સખસને સુલેહ રાખવા માટે તારણ આપવાનું ફરમાવ્યું હોય તેટલાજ સબબથી અપિલ કરવાનો અધિકાર નથી.

ખુલાસો—દંડ ન આપવામાં આવે તો કેદની શિક્ષાથી આ કલમના અર્થ પ્રમાણે એ અથવા વધારે શિક્ષા એકઠી કરવામાં આવી છે એમ સમજવું નહી.

રાણીસાહેબનીવિલાયતીરૈયત ઉપર કરેલા શિક્ષાના હુકમબાબતઅપવાદ. ૪૧૬. ૩૩ મા બાબ પ્રમાણે રાણી સાહેબની વિલાયતી રઇયત ઉપર કરેલા શિક્ષાના હુકમ ઉપર જે અપિલો કરવામાં આવે તે અપિલોને ૪૧૩ મી તથા ૪૧૪ કલમ માંહેનો કોઈપણ મજકુર લાગુ નથી.

ગુન્હો નાસાબીત થયાનો ઠરાવ કર્યો હોય તે બાબતમાં સરકાર તરફથી અપીલ. ૪૧૭ હાઇકોરટ સિવાય બીજી કોઈપણ કોરટે ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ અસલ કામમાં અથવા અપિલમાં કર્યો હોય તે હુકમ ઉપર હાઇ કોરટને અપિલ કરવાનું પબ્લીક પ્રાસીકયુટરને ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૭૨ ના ૧ લા અને બીજા પારેગ્રાફને મળતી છે.

કોઇપણ આરોપિતને હાઇકોરટ સિવાયની બીજી કોઇપણ કોરટે નીરદોષ કર્યો હોય તે બાબત સ્થાનીક સરકાર સિવાય બીજુ કોઇપણ અપિલ કરી શકતું નથી સ્થાનીક સરકાર આવી અપીલ કરવા બંધાએલી નથી પણ તેઓની મરજી ઉપર છે વળી ધ્યાનમાં રાખવાનું છે કે મુળ કોરટ અને અપિલ કોરટ એ બેઉના ફેંસલા વિરૂદ્ધ અપિલ કરવા માટે આ કલમથી છુટ છે આવી અપીલ ૭ મહીનામાં કરવી જોઇએ (જુઓ મુદતનો સને ૧૮૭૭નો આકટ ૧૫ મો.)

કેવી વાતોબાબત અપીલ દાખલથઇ શકે; ૪૧૮. હકીકતની કોઈ વાત બાબત તેમજ કાયદાની કોઇ વાત બાબત અપીલ કરવાનો અધિકાર છે, પણ જ્યારે ઇનસાફ જ્યુરીએ કર્યો હોય ત્યારે ફકત કાયદાનીજ કોઇ વાત બાબત અપીલ ચાલશે;

ખુલાસો—કોઇ શિક્ષાનો હુકમ સખત છે એવું કેહેવામાં આવ્યું હોય તે વાત આ કલમનાં કારણ સારૂ કાયદાની વાત છે એમ સમજવું.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૭૧ ને મળતી છે. અને ખુલાસો નવો છે. આ કલમની મતલબ એવીછે કે ફોજદારી કેસમાં અપીલ હકીકત અને કાયદાની બાબત ઉપર ચાલી શકે છે પણ જ્યુરીથી ઈનસાફ થયો હોય તો કાયદાની બાબત ઉપર અપીલ ચાલશે. અપીલની યાદીમાં શી રીતે કાયદા વિરૂદ્ધ થયું છે તે લખવું જોઇએ; રાણી વિરૂદ્ધ ગોપાલ ભીરીવાલા. વીકલી રીપોટ ૧ પ્ર. ૨૧

એક કામમાં જુરીએ એક કેદીની કબુલાત ઉપરથી તેને ટેકો મળ્યા વગર બીજા કેદીને ગુન્હેગાર ઠરાવ્યો હતો એમ કરવા સામે જડજે જ્યુરીને ચેતવણી આપી હતી તોપણ જુરીએ બીજા શખસને ગુન્હેગાર ઠરાવ્યો હતો અપીલમાં તે સજા બહાલ રહી—રાણી વિરૂદ્ધ મહીમાચંદ્ર દાસ બેંગાળા લા. રીપોટ વા. ૬ પ્ર. ૧૦૮

ગુન્હેગાર ઠરાવવામાં પુરાવ પુરતો નથી એટલા કારણ ઉપરથીજ અપિલ ચાલી શકે

નહી કેમકે ગુન્હેગાર ઠરાવવામાં એક સાહેદની જુબાની ઉપરથી પણ કાયદા પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય છે—રાણી વિરૂદ્ધ મહન સીરદાર અને બીજાઓ વીકલી રીપોર્ટ ૨ પ્ર૦ ૩

તોહોમતદાર ભાગી જવાથી ફરીયાદી તરફના સાહેદો તેની ગેરહાજરીમાં લેવામાં આવે તે પકડાય ત્યારે તે સાહેદો મળી શકે તેમ હોય તેમ છતાં તેમને હાજર કરી તેમની જુબાની તોહોમતદાર રૂબરૂ નહી લેતાં આગલી જુબાનીજ ચલાવી લેવામાં આવે તો તે કાયદાની ભુલ થઇ ગણાય—રાણી વિરૂધ્ધ ઓચા ચોકીદાર; વીકલી રીપોટ ૨૨ પ્ર૦ ૩૭

અપીલની અરજી.

૪૧૯ દરએક અપીલ લખેલી અરજીના રૂપમાં કરવી અને તે અરજી અપેલેન્ટે અથવા તેના પ્લીડરે આપવી. અને (જે કોરટને તે અરજી આપવામાં આવે તે કોરટ બીજી રીતે નહી ફરમાવે તો) જે ફેંસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ કરી હોય તે ફેંસલાની અથવા હુકમની એક નકલ, અને જે મુકદમાનો ઈનસાફ જ્યુરીએ કર્યો હોય તે મુકદમામાં ૩૬૭ મી કલમ પ્રમાણે દફતરમાં દાખલ કરેલાં આ દેશનાં ગથાળાંની એક નકલ, સદરહુ પ્રકારની દરએક અરજી સાથે આપવી;

ટીકા—તોહોમતદાર મરી ગયો હોય અથવા જીવતો હોય તો પણ તેના વારસ વકીલો કે બીજા તેના પ્રતીનીધી અપિલ કરી શકતા નથી. કેદીને માત્ર દંડ થયો હોય તોપણ આવી અપિલ તેઓથી થઇ શકતી—કેસરેહીંદ વીરૂદ્ધ દોંગાજી અંદાજી ઈંડીયન. લા. રીપોટ મુંબાઇ વા૦ ૨ પ્ર૦ ૫૬ પણ એવા વારસ વકીલો વગેરે હાઇકોરટને તેની દેખ રેખ રાખનારી કોરટ તરીકેની હકુમત ચલાવવા આ કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે અરજ કરી શકેછે.

મુદત થઈ ગયા પછી અપિલ આપવામાં આવી હોય અને તેમાં અપિલ દાખલ કરતાં શા માટે ઢીલ થઇ તે બાબત બતાવેલું કારણ પુરતુ ન હોય તો તે અપિલ અપેલેંટની તકરાર સાંભળ્યા વગર મુદત બાહાર ગણી નામંજુર કરી શકાય છે—રાણી વિરૂધ્ધ ગુલાબ કરીમ. મુંબાઈ હાઇકોરટનો ઠરાવ તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૭૫—રાણી વિરૂદ્ધ હવેદર ગોસ. વિકલી રીપોટ ૫ પ્ર૦ ૪૦

મદ્રાસ હાઈકોરટે ઠરાવ્યું છે કે અપીલ દાખલ કરવા કોઇ ખાનગી માણસને નીમે તો તેનાથી પણ અપીલ દાખલ થઇ શકે છે. સનંદો મળેલા વકીલથીજ તે કામ થાય એવું કાંઇ નથી—મુંબાઇ ગલા અને એક બાજાની બાબતમાં ઈં. લા. રી. (મ. વા. ૧ પ્ર. ૩૦૪

અપેલેન્ટ તુરંગમાં હોય ત્યારે કેમ કરવું.

૪૨૦. જો અપેલેન્ટ તુરંગમાં હોય, તો જે અમલદારના હવાલામાં તે તુરંગ હોય તે અમલદારને તે પોતાની અપીલની અરજી તથા તેની સાથે જોડેલી નકલો આપવાને મુખત્યાર છે. અને પછી તે અમલદારે સદરહુ અરજી તથા નકલો યોગ્ય અપીલ કોરટની પાસે મોકલવી.

સંક્ષેપ રીતે અપીલ નામંજુરકરવા બાબત.

૪૨૧. ૪૧૯ મી અથવા ૪૨૦ મી કલમ પ્રમાણે અરજી તથા નકલ આપી એટલે અપીલ કોરટે તે વાંચી જોવી. અને તે કામમાં હાથ ઘાલવાનો કાંઇ પુરતો સબબ નથી એમ તેની નજરમાં આવે તો તે અપીલ સંક્ષેપ રીતે નામંજુર કરવાને તે કોરટ મુખત્યાર છે, પણ એવું ઠરાવ્યું છે કે ૪૧૯ મી કલમ પ્રમાણે અપીલ કરવામાં આવે ત્યારે તેના ટેકામાં તકરાર કહી સંભળાવવાના વ્યાજબી તક અપેલેન્ટને અથવા તેના પ્લીડરને આપ્યા વગર તે અપીલ કાહાડી નાંખવી નહીં.

આ કલમ પ્રમાણે કોઈ અપીલ નામંજુર કરતાં પેહેલાં, સદરહુ કોરટ તે મુકદમાના કાગળ પત્ર મંગાવવાને મુખત્યાર છે, પણ તેમ કરવાને તે બંધાયેલી છે એમ સમજવું નહીં.

ટીકા—અપીલ કોરટની ફરજ છે કે અસલ કોરટની માફક હકીકતમાં ઉંડા ઉતરી પુરાવાનું સાચ જુઠ અંદરથી અને બાહારથી બરાબર પારખવું જોઇએ—આગાની અનોબાઓના કેસમાં; વા. રી. ૧૭ રૂ. ૫૯

અપીલનીનોટીસ ૪૨૨ જો અપીલ કોરટ તે અપીલ સંક્ષેપ રીતે નામંજુર ન કરે, તો તે અપીલ સાંભળવાના વખતની તથા જગાની નોટીસ અપેલેન્ટને અથવા તેના પ્લીડરને તથા જે અગલદારને સ્થાનિક સરકાર આ બાબત નીમે તેને કોરટે અપાવવી, અને અપીલના સબબોની એક નકલ સદરહુ અગલદાર માગે તો તેને કોરટે આપવી.

અને ૪૧૭ મી કલમ પ્રમાણે કરેલી અપીલોની બાબતમાં તેવીજ એક નોટીસ તોહમતવાળાને અપીલ કોરટે અપાવવી.

અપીલનો નિકાલ કરવામાં અપીલ કોરટનેઅધિકાર. ૪૨૩. પછી તે મુકદમાના કાગળ પત્ર અપીલ કોરટમાં આવી ચુકયા ન હોય તો તે કાગળ પત્ર તે કોરટે મંગાવવા. સદરહુ કાગળ પત્ર વાંચી જોયા પછી અપેલેન્ટ અથવા તેનો પ્લીડર હાજર થાય તો તેની તકરાર તથા પબ્લીક પ્રાસિક્યુટર હાજર થાય તો તેની તકરાર અને ૪૧૭ મી કલમ મુજબ કરેલી અપીલની બાબતમાં તોહમતવાળો હાજર થાય તો તેની તકરાર સાંભળ્યા પછી જો તે કોરટની નજરમાં એમ આવે કે તે કામમાં હાથ ઘાલવાનો કાંઇ પુરતો સબબ નથી, તો તે સદરહુ અપીલ કાહાડી નાખવાને મુખત્યાર છે, અથવા

(અ) ગુન્હો નાસાબિત થયાના હુકમ ઉપર અપીલ કરી હોય તેમાં સદરહુ હુકમ રદ કરીને વધારે ચોકસી કરવાનું ફરમાવવાને, અથવા તોહમતવાળાનો ફરીથી ઇનસાફ કરવાનું અથવા તેને ઇનસાફ સારૂ કમીટ કરવાનું, જેમ હોય તેમ, ફરમાવવાને અથવા તેને તકસીરવાર ઠરાવીને તેની ઉપર કાયદા પ્રમાણે શિક્ષાનો 'હુકમ કરવાને મુખત્યારછે.

(બ) ગુન્હો સાબિત થયાના ઠરાવ ઉપર અપીલ કરી હોય તેમાં (૧) ઠરાવ તથા શિક્ષાનો હુકમ રદ કરીને તોહમતવાળાની ઉપર ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કરવાને અથવા તેને છોડી મુકવાને, અથવા પોતાના તાબા માંહેની યોગ્ય હકુમતવાળી ફલાણી કોરટે તેનો ફરીથી ઇનસાફ કરવો એમ ફરમાવવાને, અથવા તેને ઇનસાફ સારૂ કમિટ કરવો એમ ફરમાવવાને મુખત્યાર છે, અથવા (૨) શિક્ષાનો હુકમ કાયમ રાખીને ઠરાવમાં ફેરફાર કરવાને, અથવા ઠરાવમાં ફેરફાર કરીને અથવા કર્યા વગર શિક્ષા ઓછી કરવાને મુખત્યાર છે, અથવા (૩) એ પ્રમાણે શિક્ષા ઓછી કરીને અથવા કર્યા વગર, તથા ઠરાવમાં ફેરફાર કરીને અથવા કર્યા વગર શિક્ષાના પ્રકારમાં ફેરફાર કરવાને મુખત્યાર છે, પણ તેથી તે શિક્ષા વધે એમ કરવી નહીં જોઇએ.

(ક) બીજા કોઇપણ હુકમ ઉપર અપીલ કરી હોય તેમાં સદરહુ હુકમમાં ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને મુખત્યાર છે.

(ડ) આ કલમ માંહેના કોઇપણ મચકુરથી જ્યુરીના ઠરાવમાં ફેરફાર કરવાનો અથવા તે રદ કરવાનો અધિકાર તે કોરટને છે એમ સમજવું નહીં; પણ તે કોરટના મત પ્રમાણે જડજે ખોટો આદેશ કર્યો તેથી અથવા તેણે કહ્યા પ્રમાણે કાયદો જ્યુરી ખોટો સમજી તેથી સદરહુ ઠરાવ ભૂલ ભરેલો હોય તો અધિકાર છે.

ટીકા—જ્યાં સેશનના ઇનસાફમાં જડજ તોહમતદાર સખસને, બે અથવા વધારે જુદા જુદા અને સ્પષ્ટ ગુન્હાના ગુન્હેગાર ઠરાવે અને એક ગુન્હાને સારૂ મજબુત શિક્ષા કરે, અને બાકીનાને સારૂ હલકી શિક્ષા કરે. અપીલમાં ચીફ કોરટ જે સેશન જડજે તે તોહમતો ઉપર જુદી જુદી શિક્ષાના હુકમો કર્યા હોય તે ફેરવવાને મુખત્યાર છે—કુરાખન વિ. રાજ્ય વા. ૩ રેકર્ડ કી. જજમેંટ ૧૨૭.

તાબા માંહેની અપીલ કોરટના ફેંસલા.

૪૨૪. અસલ હકુમતની ફોજદારી કોરટના ફેંસલા બાબત ૨૬ મા બાબ માંહેની કાનુનો બની શકે તેટલે સુધી, હાઇકોરટ વગર બીજી કોઈ પણ અપીલ કોરટના ફેંસલાને લાગુ પડશે.

પણ એવું ઠરાવ્યું છે કે અપીલ કોરટ બીજી રીતનો હુકમ નહીં કરે તો ફેંસલો આપવામાં આવે તે સાંભળવા સારૂ તોહમતવાળાને આંણવો નહીં અથવા તેને હાજર થવાનું ફરમાવવું નહીં.

અપીલમાં હાઇકોરટે કરેલા હુકમ બાબતની ચલી કોરટને દાખલો આપવો.

૪૨૫. જ્યારે આ બાબ પ્રમાણે હાઇકોરટ અપીલમાં કોઈ મુકદમાનો ફેંસલો કરે ત્યારે જે ઠરાવ અથવા શિક્ષાના હુકમ (બીજા) હુકમ ઉપર અપીલ કરી હોય તે જે કોરટે દફતરમાં નોંધ્યો હોય અથવા કર્યો હોય તે કોરટને સદરહુ હાઇકોરટે પોતાના ફેંસલા બાબત દાખલો આપવો. જો તે ઠરાવ અથવા શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ જીલ્લા માજીસ્ત્રેટ સિવાય બીજા કોઇ માજીસ્ત્રેટે દફતરમાં નોંધ્યો હોય અથવા કર્યો હોય, તો તે દાખલો જીલ્લા માજીસ્ત્રેટની મારફતે મોકલવો.

જે કોરટને હાઈકોરટ પોતાના ફેંસલા બાબત અથવા હુકમ બાબત દાખલો આપે તે કોરટે તે ઉપરથી હાઇકોરટના ફેંસલાને અથવા હુકમને અનુસરતા હુકમ કરવા; અને જરૂર હોય તો દફતરમાં તે પ્રમાણે સુધારો કરવો.

અપીલ ચાલુ હોય ત્યાં સુધી શિક્ષા મોકુફ રાખવા બાબત.

૪૨૬. જે સખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે સખસે કરેલી અપીલ ચાલતી હોય ત્યાં સુધી જે શિક્ષાના હુકમ ઉપર અથવા (બીજા) હુકમ ઉપર અપીલ કરી હોય તે અમલમાં લાવવાનું મોકુફ રાખવાનો, અને જો તે સખસ કેદમાં હોય તો તેને જામીન ઉપર અથવા તેના પોતાના ખત ઉપર છોડવાનો હુકમ કરવાને અપીલ કોરટ મુખત્યાર છે; પણ તેમ કરવાના કારણો દફતરમાં લખવાં જોઈએ.

અપેલન્ટને જામીન ઉપર છોડવા બાબત.

આ કલમથી અપીલ કોરટને જે અધિકાર આપ્યો છે તે અધિકાર જે સખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે સખસે હાઇકોરટના તાબા માંહેની કોરટમાં અપીલ કરી હોય તે બાબતમાં હાઇકોરટને પણ ચલાવવાનો અખત્યાર છે.

જ્યારે અપેલેન્ટની ઉપર આખરે કેદની અથવા સાસનિકહાસતની અથવા સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવામાં આવે ત્યારે જેટલો વખત તે એ પ્રમાણે છુટો રહેલો હોય તેટલો વખત તેની ઉપર સદરહુ કરેલા શિક્ષાના હુકમની મુદત ગણવામાં બાતલ કરવો.

ગુન્હો નાસાબિ

૪૨૭. જ્યારે ૪૧૭ મી કલમ પ્રમાણે અપીલ કરવામાં આવે, ત્યારે

ત થયાના ઠરાવ ઉપર અપીલ કરીહોય તેમાંતોહમતવાળાને પકડવા બાબત.

હાઇકોરટ વારંટ કાહાડીને તેમાંતોહમતવાળાને પકડીને પોતાની આગળ અથવા પોતાના તાબા માંહેની કોઈપણઃ કોરટની આગળ આણવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને જે કોરટની આગળ તેને આણ્યો હોય તે કોરટ તે અપીલનો નિકાલ થતાં સુધી તેને કેદ કરવાને અથવા તેના જામિન લેવાને મુખત્યાર છે.

ગુન્હો નાસાબિત થયાના ઠરાવ ઉપરથી અપીલ કરવામાં આવે તે બાબતમાં તોહમતવાળાને પકડીને પોતાની આગળ અગર પોતાના તાબાની કોરટ આગળ આણવાનો હુકમ કરવાનો અધિકાર આ કલમથી આપ્યો તેનું કારણ એ છે કે અપીલના પરિણામની બીકથી ગુન્હેગારોના નાશી જવાથી અપીલ વ્યર્થ ન જાય.

અપીલ કોરટ વધારેપુરાવો લેવાને અથવા લેવાનું ફરમાવવાને મુખત્યાર છે.

૪૨૮. આ બાબ પ્રમાણે કોઇપણ અપીલની તજવીજ કરવામાં જો અપીલ કોરટને જાસ્તી પુરાવાની જરૂર લાગે તો તે કોરટ સદરહુ પુરાવો પોતાની જાતે લેવાને, અથવા તે લેવાનું કોઇ માજીસ્ટ્રેટને ફરમાવવાને અથવા અપીલકોરટ હાઇકોરટ હોય ત્યારે સેશનકોરટને અથવા કોઇ માજીસ્ત્રેટને ફરમાવવાને મુખત્યાર છે.

જ્યારે તે સેશન કોરટ અથવા તે માજીસ્ટ્રેટ જાસ્તી પુરાવો લે, ત્યારે તેણે અપીલકોરટને તે પુરાવાનો દાખલો આપવો, અને તે પછી સદરહુ કોરટે તે અપીલનો નિકાલ કરવો.

અપીલ કોરટ બીજી રીતે ફરમાવે નહીં, તો જ્યારે તે જાસ્તી પુરાવો લેવાય ત્યારે તોહમતવાળાએ અથવા તેના પ્લીડરે હાજર રેહેવુ; પણ સદરહુ પુરાવો જ્યુરરોની અથવા આસેસરોની સમક્ષ લેવો નહીં.

આ કલમ પ્રમાણે પુરાવો લેવો તે ૨૫ મા બાબના કારણુ સારૂ ચોકસી છે એમ સમજવુ..

અપીલ કોરટના જડજોના બે પક્ષ થઇને બેઉ પક્ષનાં સરખાં મત પડે ત્યારે કામ ચલાવવાની રીત.

૪૨૯. જ્યારે અપીલકોરટના જડજોના બે પક્ષ થઇને બેઉ પક્ષનાં સરખાં મત પડે ત્યારે તે મુકદમો તેઓના અનુમત સુધી તેજ કોરટના બીજા કોઈ જડજની પાસે મોકલવો, અને તે જડજને યોગ્ય લાગે એવી તપાસણી તથા સુનાવણી કર્યા પછી તેણે પોતાનો મત આપવો અને ફેંસલો અથવા હુકમ તે મત પ્રમાણે થવો જોઈએ.

અપીલમાં કરેલા હુકમો આખરના સમજવા.

૪૩૦. અપીલ ઉપરથી જે ફેંસલા તથા હુકમ અપીલ કોરટ કરે તે ફેંસલા તથા હુકમ આખરના છે એમ સમજવું, પણ ૪૧૭ મી કલમમાં તથા ૩૨ મા બાબમાં જે બાબતો વિશે ઠરાવ્યું છે તે બાબતોમાં તેમ સમજવું નહીં.

અપીલો રદ થવા બાબત.

૪૩૧ ૪૧૭ મી કલમ મુજબ કરેલી દરએક અપીલ, જ્યારે તોહોમતવાળો મરણ પામે ત્યારે બિલકુલ બંધ પડશે, અને આ બાબ પ્રમાણે કરેલી બીજી દરેક અપીલ જ્યારે અપેલેન્ટ મરણ પામે ત્યારે, બીલકુલ બંધ પડશે.

ટીકા—આ કલમ તદન નવીછે અને તે ઈંડીયન લા રીપોટ મુંબાઇ વા. ૨ પ્ર. ૫૬૪ સરકાર વિરૂદ્ધ દોંગાજી અદાજીના કેશ ઉપરથી રચવામાં આવેલી છે આ કામમાં તોહોમતદાર વાળાને ચાર વરસની કેદની અને રૂ૧૦૦૦) ના દંડની શિક્ષા કરવામાં આવી હતી તે ઉપર તેણે મુંબાઈ હાઇકોરટમાં અપીલ કર્યા બાદ અપીલેન્ટ ગુજરી ગયો છતાં પણ અપીલેન્ટનો વકીલ હાજર થયો અને એવી તકરાર કરી કે કેદીને થએલી શિક્ષામાં એક હજાર રૂપીયા દંડમાં આપવાના છે અને એ દંડ મરનારની મિલકતમાંથી વસુલ કરી લેવાને સરકારને અધાપી સુધી એટલે શિક્ષાની તારીખથી છ વરસ સુધી હક છે સબબ તોહોમતનાં સબંધે મરનારના વારસ વકીલનું વકીલ પત્ર દાખલ કરી અપીલના ગુણદોષ વિશે અમારી તકરાર સાંભળવી જોઇએ. એ કામમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે મરનારના વારસ વકીલને અપીલનું કામ આગળ ચલાવવાનો હક કાયદાએ આપ્યો નથી તેથી અપીલ બંધ પાડવામાં આવી પણ વિશેષે એટલું ઠરાવવામાં આવ્યું કે તપાસણી કરીને ચુક દુરસ્ત કરવાના હેતુએ કામમાંના કાગળપત્ર મંગાવીને તપાસવાનો અને જરૂર દેખાયતા હુકમ કરવાનો હાઇકોરટને અધીકાર છે.

બાબ ૩૨ મો.

લખી મોકલવા બાબત તથા દુરસ્તી બાબત.

પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે હાઇકોરટને લખી મોકલવા બાબત.

૪૩૨. કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટને યોગ્ય લાગે તો તે પોતાની આગળ ચાલતા કોઇપણ મુકદમાની સુનાવણી વખતે કાયદાની જે તકરાર નીકળે તે તકરાર હાઇકોરટના અભિપ્રાય માટે લખી મોકલવાને મુખત્યાર છે. અથવા એ પ્રમાણે લખી મોકલ્યા ઉપરથી હાઇકોરટ જે ઠરાવ કરે તે ઠરાવને પાત્ર રહે એવો સદરહુ પ્રકારના કોઇપણ મુકદમામાં ફેંસલો આપવાને મુખત્યાર છે; અને સદરહુ ઠરાવ થતાં સુધી, તોહોમતવાળાને તુરંગમાં પુરવાને અથવા જ્યારે તેને ફરમાવવામાં આવે ત્યારે ફેંસલા માટે હાજર થવાને તેના જામીન લઈને તેને છોડવાને મુખત્યાર છે.

હાઇકોરટના ઠરાવ પ્રમાણે મુકદમાનો નિકાલ કરવા બાબત.

૪૩૩ જ્યારે એ પ્રમાણે કાંઇ તકરાર લખી મોકલી હોય, ત્યારે તે ઉપરથી હાઇકોરટે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો, અને જે માજીસ્ત્રેટે તે તકરાર લખી મોકલી હોય તે માજીસ્ત્રેટને સદરહુ હુકમની એક નકલ મોકલાવવી, અને તે માજીસ્ત્રેટે સદરહુ હુકમને અનુસરીને તે મુકદમાનો નિકાલ કરવો.

ખરચબાબત હુકમ.

એ પ્રમાણે લખી મોકલવાનો ખરચ કોણે આપવો તે બાબત હાઇકોરટ હુકમ કરવાને મુખત્યાર છે.

હાઇકોરટની અસલહકુમતમાં જે તકરારો નિકળે તે તકરારો અનાગત રાખી મુકવાનો અધિકાર.

૪૩૪ એક કરતાં વત્તા જડજોવાળી અને અસલ ફોજદારી હકુમત ચલાવનારી કોઇ હાઇકોરટના કોઈ જડજની આગળ કરેલા ઇનસાફમાં કોઇપણ સખસની ઉપર કંઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય ત્યારે તે સખસનો ઇનસાફ થતી વખતે કાયદાની જે તકરાર નિકળી હોય અને જેના નિકાલની અસર તે ઈનસાફના પરિણામ ઉપર થતી હોય તે તકરાર પોતાને યોગ્ય લાગે તો, અનુમાન રાખીને સદરહુ કોરટના બે અથવા વધારે જડજોવાળી કોઇ કોરટના ઠરાવ માટે લખી મોકલવાને તે

જડજ મુખત્યાર છે

તકરાર અનામત રાખી મુકવામાં આવે ત્યારે કેમ કરવું. જો તે જડજ સદરહુ પ્રકારની કાંઈપણ તકરાર અનામત રાખી મુકે તો તે તકરાર બાબત ઠરાવ થતાં સુધી, જે સખસની ઉપર ગુન્હો ઠર્યો હોય તે સખસને તુરંગમાં પાછો મોકલવો, અથવા જો તે જડજને યોગ્ય લાગે તો, તે સખસના જામીન લેવા.

અને મુકદમો અથવા તેનો જેટલો ભાગ જરૂરનો હોય તેટલો ભાગ તપાસવાનો તથા સદરહુ તકરારનો છેવટ નિકાલ કરવાનો, અને તે ઉપરથી, અસલ હકુમતવાળી કોરટે જે શિક્ષાનો હુકમ કર્યો હોય તે શિક્ષાના હુકમમાં ફેરફાર કરવાનો, અને પોતાને યોગ્ય લાગે એવો ફેંસલો અથવા હુકમ કરવાનો અધિકાર તે હાઇકોરટને છે એમ સમજવું.

નીચા દરજ્જાની કોરટોનાં દફતર મંગાવવાનો અધિકાર ૪૩૫. હાઇકોરટની અથવા કોઈપણ સેશન કોરટની અથવા જીલ્લા માજીસ્ત્રેટની અથવા જે પેટાટુકડી માજીસ્ત્રેટને આ બાબત સ્થાનિક સરકારે અખત્યાર આપ્યો હોય તેની હકુમતની સ્થાનિક હદમાં આવેલી કોઇપણ નીચા દરજ્જાની ફોજદારી કોરટે દફતરમાં દાખલ કરેલો કોઇપણ ઠરાવ, અથવા તેણે કરેલો કોઇપણ શિક્ષાનો હુકમ અથવા (બીજો) બીજો હુકમ ખરો અથવા કાયદેસર અથવા વારસીક છે કે નહીં તે બાબત. અને સદરહુ નીચા દરજ્જાની કોરટમાં ચલાવેલું કાંઇ કામ નિયમસર ચલાવેલું છે કે નહીં તે બાબત પોતાની ખાતરી કરવા સારૂ તે હાઇકોરટ અથવા સેશન કોરટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટાટુકડી માજીસ્ત્રેટ સદરહુ નીચા દરજ્જાની કોરટ આગળ ચાલેલાં કોઇપણ કામનું દફતર મંગાવી તપાસી જોવાને મુખત્યાર છે.

આ કલમ મુજબ ચાલનારા કોઈપણ પેટાટુકડી માજીસ્ત્રેટની નજરમાં એમ આવે કે સદરહુ પ્રકારનો કોઇપણ ઠરાવ, શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કાયદેસર અથવા વાસ્તવીક નથી, અથવા સદરહુ પ્રકારનું કોઈપણ કામ નિયમસર ચલાવેલું નથી તો તેણે તે દફતર ઉપર જે શેરો પોતાને યોગ્ય લાગે તે શેરો કરીને જીલ્લા માજીસ્ત્રેટ ઉપર તે દફતર મોકલી દેવું.

૧૪૩ મી તથા ૧૪૪ મી કલમ પ્રમાણે કરેલા હુકમો તથા ૧૭૬ મી કલમ મુજબ ચલાવેલાં કામ આ કલમના અર્થ પ્રમાણે ચલાવેલાં કામ નથી.

ટીકા—આ કલમથી જે પેટાટુકડી માજીસ્ત્રેટને અધિકાર આપ્યો છે તે તથા આ કલમનો બીજો ભાગ નવો છે. આ કલમ સન ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૪, ૨૯૫ ને મળતી છે.

આ કલમ ફકત ઠરાવ, શિક્ષાનો હુકમ અથવા હુકમને લાગુ છે જજમેંટને લાગુ નથી જો ઠરાવ શિક્ષાનો હુકમ કે હુકમ કાયદેસર નથી અથવા વાસ્તવીક નથી અથવા નિયમસર કામ ચલાવેલું નથી એવા કારણથી, તે ફેરવવાને અગર રદ કરવાને હાઇકોરટને સત્તા છે પણ હકીકતની બાબત અપીલ ચાલી શકતી હશે તેવાં કામ સિવાય બાજા કામમાં જજમેંટમાં હાથ ઘાલવાનો હાઇકોરટને અધિકાર નથી કદાપી જજમેંટમાં જો કાંઇ ગેરકાયદે કે ગેરવ્યાજબી થયું હશે તો જુદી બાબત છે. પુરાવની બાબતમાં નીચેની કોરટના જે અભિપ્રાય થયો તે કરતાં હાઇકોરટનો વિરૂદ્ધ અભિપ્રાય થયો હોય તોપણ હાઈકોરટને હાથ ઘાલવાની આ કલમ પ્રમાણે સત્તા નથી. સરકાર વિ. જે આર. બેલાયોસ વી. રી. ૨૦ રૂ. ૬૧

કમિટ કરવાનું ફરમાવવાનો અધિકાર.

૪૩૬. જ્યારે ૪૩૫ મી કલમ પ્રમાણે અથવા બીજી કોઇ રીતે કોઇ પણ મુકદમાનું દફ્તર તપાસી જોયા ઉપરથી સેશન કોરટની અથવા જીલ્લા માજીસ્ટ્રેટની નજરમાં એમ આવે કે ફક્ત સેશન કોરટ ઈનસાફ કરી શકે એવો સદરહુ મુકદમો છે, અને નીચલી કોરટે તોહમતવાળા શખસ ને ગેરવ્યાજબી રીતે છોડી મુકયો છે, સેશન કોરટ અથવા જીલ્લા માજીસ્ટ્રેટ તેને પકડવાને અને ત્યાર પછી નવેસરથી ચોકસી કરવાનું ફરમાવવાને બદલે પોતાના મત પ્રમાણે જે બાબતમાં તેને ગેરવ્યાજબી રીતે છોડી મુકયો હોય તે બાબતપર ઈનસાફ થવાસારૂ તેને કમિટ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે.

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.--

(અ) કે તોહમતવાળાને શા સારૂ કમિટ નહિં કરવો જોઇએ તેનું કારણ સદરહુ કોરટને અથવા માજીસ્ત્રેટને બતાવવાની તક તોહમતવાળાને મળવી જોઈએ;

(બ) કે પુરાવો જોતાં તોહમતવાળાએ બીજો કોઇ ગુન્હો કરેલો છે એમ સદરહુ કોરટ અથવા માજીસ્ત્રેટ ધારે તો નીચલી કોરટને સદરહુ ગુન્હાની ચોકસી કરવાનું ફરમાવવા ને સદરહુ કોરટ અથવા માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૬ ના પારેગ્રાફ ૨-૩ ને મળતી છે અને તેનો પ્રોવીઝો નવો છે અને તે ૧ 'ઓ' કલમ ૯૮ ઉપરથી દાખલ કરવા માં આવ્યો છે. જુના આકટમાં જે "સેશન કેસ" એવા શબ્દો હતા તે બદલે હવે "ફક્ત સેશન કોરટ સાંભળી શકે તેવો કેસ" એ શબ્દો આ કલમમાં દાખલ કર્યા છે.

આ કલમ પ્રમાણે સેશન જડજ સાહેબે કમીટ કરવાનો જે હુકમ કર્યો હોય તે હુકમની અંદર જે અમુક ગુન્હાની બાબતમાં પક્ષકારોનો ઇનસાફ થવા સારૂ સેશન કોરટમાં તેમને કમીટ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે ગુન્હા તે હુકમમાં કેવા પ્રકારનો છે એમ જો ન જણાવ્યું હોય તો તે હુકમ રીતસર નથી. જેકરણુસીંગ વિરૂધ માનપાટક વીકલી રીપોટ ૨૧ પ્ર. ૪૧

ચોકશી કરવાનું ફરમાવવાનોઅધિકાર.

૪૩૭. ૪૩૫ મી કલમ પ્રમાણે અથવા બીજી કોઇ રીતે કોઈ પણ દફ્તર તપાસી જોયા ઉપરથી હાઇકોરટ અથવા સેશન કોરટ ૨૦૩ મી કલમ પ્રમાણે કાહાડી નાંખેલી કોઇપણ ફરીયાદ બાબત અથવા જે તોહોમતવાળાને છોડી મુકવામાં આવ્યો હોય તે તોહોમતવાળાના મુકદમા બાબત વધારે ચોકસી જીલ્લા માજીસ્ત્રેટે પોતાની જાતે કરવી અથવા પોતાના તાબા માંહેના કોઇપણ માજીસ્ત્રેટના પાસે કરાવવી એવું ફરમાવવાને મુખત્યાર છે, અને જીલ્લા માજીસ્ટ્રેટ જાતે તે ચોકશી કરવાને અથવા કોઈપણ તાબા માંહેના માજીસ્ટ્રેટને તેમ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે.

ટીકા—આરોપિતે કોરટમાં બુધ્ધિપુર્વક ખોટી પોતાની સાહેદી આપી માટે અમદાવાદના પેહેલા વરગના માજીસ્ટ્રેટ ડગલ્યુ. આર. પ્રાટે તેના ઉપર તોહોમત સાબીત ગણી તેને બે વરસની કેદની સજા કરી. અમદાવાદ જીલ્લાના માજીસ્ટ્રેટના સન ૧૮૭૩ ના જાન્યુઆરી મહિનાનાં રિટરન હાઈ કોરટે તપાસ્યાં; તે ઉપરથી નામદાર જડજ મેલવીલે સદરહુ કામના કાગળપત્રો મંગાવ્યા અને તે પોંહોંચ્યાથી તેનાંસુનાવણી જડજ બેલી તથા વેસ્ટ એઓની રૂબરૂ થઈ તેમાં નિચે પ્રમાણે તેઓએ ઠરાવ કર્યો. કોરટમાં ચાલતા કામનું અયોગ્ય રીતે

ઉત્તર આવવા માટે કોઈએ કાંઇ યત્ન કર્યું હોય તો તે પ્રત્યેક યત્નથી કોરટની બે અદબી થાય છે. અને ખોટી સાહેદી આપવી એ વાત તેવાજ પ્રકારની બે અદબી છે એવો કોરટનો અભિપ્રાય છે, એટલા માટે ખોટી સાહેદી આપવાનો ગુન્હો એકાદ માજીસ્ત્રેટની રૂબરૂ થયો હોય તો તેની ચોકશી કરવાનો અધિકાર તે માજીસ્ત્રેટને નથી. એ ગુન્હો સેશન કોરટેજ ચુકવવો એમ નથી તેટલા માટે એવો ગુન્હો સેશન કોરટની રૂબરૂ થયો હોય તો જુના ક્રી. પ્રો. ક. ૪૭૨ અને ૪૭૩ ના આધારે તેની ચોકસી થવા માટે તે કામ એકાદ માજીસ્ત્રેટ પાસે તે કોરટે મોકલવું જોઇએ. અને તેથી કરીને એવોજ ગુન્હો એકાદ માજીસ્ત્રેટની રૂબરૂ થયો હોય તો તેની ચોકસી થવા વાસ્તે તે કામ બીજી કોરટમાં ન મોકલ્યાં તેજ માજીસ્ત્રેટે તે ગુન્હાની ચોકસી કરી અપરાધ સાબિત કરવો એમ કાયદા કરનારનો હેતુ હોય એમ અમારા સમજવામાં આવતું નથી. સબબ કલમ ૨૯૭ ના આધારે આ કામમાં થયેલી ચોકસી આ કોરટ રદ કરે છે અને પેહેલા વરગના માજીસ્ત્રેટે કીંવા સેશન જડજની રૂબરૂ તેની નવેસરથી ચોકસી થવા માટે આ કામ અમે પાછું મોકલીએ છીએ. સરકાર વિરૂદ્ધ નવરનબેગ દુલાબેગ મુંબાઇ હાઈકોરટ રીપોટ વા. ૧૦ પ્ર. ૭૩

હાઇકોરટનેરિપોટ કરવાબાબત.

૪૩૮ સેશન. કોરટને અથવા જીલ્લા માજીસ્ત્રેટને યોગ્ય લાગે તો તે કોઇ ચલાવેલાં કામનું દફતર ૪૩૫ મી કલમ પ્રમાણે અથવા બીજી કોઈપણ રીતે તપાસી જોઇને તે તપાસનાં પરિણામનો રીપોટ હાઇકોરટના હુકમ માટે કરવાને મુખત્યાર છે, અને જ્યારે સદરહુ રિપોટમાં કોઇ શિક્ષાનો હુકમ ફેરવવાની ભલામણ કરવામાં આવે ત્યારે સદરહુ શિક્ષાનો હુકમ અમલમાં લાવવાનું મોકુફ રાખવાનો; અને જો તોહોમતવાળો કેદમાં હોય તો તેને જામીન ઉપર અથવા તેના પોતાનાં ખત ઉપર છોડવાનો, હુકમ કરવાને મુખત્યાર છે.

ટીકા—જે કામમાં માજીસ્ત્રેટને કાયદાનો અને થયેલી વાતનો ઇનસાફ કરવાનો પુર્ણ અધિકાર હોય છે, તે કામમાં માજીસ્ત્રેટને પોતાની સાક્ષી દાખલ કરવાનો અધિકાર નથી.

માજીસ્ત્રેટે પોતાની સાક્ષી આપી હોય અને તે ઉપરથી આરોપિતપર તોહોમત સાબિત કર્યું હોય તો તેના એમ કરવાથી તે તોહોમત રદ થશે. સરકાર વિરૂધ્ધ ડોનેલી ઈંડિયન લા. રિપોટ કલકત્તા વા૦ ૨ પ્ર. ૪૦૫

તપાસકરવાનોહાઇકોર્ટનોઅધિકાર.

૪૩૯ જ્યારે કોઇપણ ચાલેલા કામનું દફતર હાઈકોરટે પોતેજ મંગાવ્યું હોય, અથવા હુકમ થવા માટે તે કામનો રિપોટ આવ્યો હોય, અથવા બીજી રીતે તે કામ હાઈકોરટના જાણવામાં આવે ત્યારે ૧૯૫ મી ૪૨૩ મી, ૪૨૬ મી, ૪૨૭મી, અને ૪૨૮ મી કલમથી અપીલ કોરટને અથવા ૩૩૮ મી કલમથી કોઇ કોરટને આપેલા અધિકારમાંનો કોઇ પણ અધિકાર પોતાની નજરમાં આવે તો ચલાવવાને અને શિક્ષા વધારવાને, હાઇકોરટ મુખત્યાર છે, અને જ્યારે તપાસની કોરટના જડજોના બે પક્ષ થઇને બેઉના સરખા મત પડે, ત્યારે ૪૨૯ મી કલમથી ઠરાવેલી તે રીતે કામનો નિકાલ કરવો જોઇએ.

તોહોમતવાળાને પોતાના જવાબમાં જે કેહેવું હોય તે જાતે અથવા પ્લીડરની મારફતે કહી સંભળાવવાની તેને તક આપ્યા વગર તેને નુકશાન થાય એવો કાંઇપણ હુકમ આ કલમ પ્રમાણે કરવો નહી.

જે શિક્ષાના હુકમની તજવીજ આ કલમ પ્રમાણે કરવામાં આવે તે શિક્ષાનો હુકમ ૩૪ મી કલમમાં ઠરાવ્યું છે તે સિવાય બીજી રીતે કામ કરનારા કોઇ માજીસ્ત્રેટે કર્યો હોય

ત્યારે જે ગુન્હો તે કોરટના મત પ્રમાણે તોહમતવાળાએ કર્યો હોય તે ગુન્હા બાબત જેટલી શિક્ષા કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા પેહેલા વરગનો માજીસ્ત્રેટ કરી સકત તે કરતાં વત્તી શિક્ષા તે ગુન્હા બાબત કોરટે કરવી નહીં.

આ કલમ માંહેનો કોઇપણ મચકુર ૨૭૩ મી કલમ પ્રમાણે કરેલી નોંધને લાગુ પડતો નથી, અથવા આ કલમ માંહેના કોઇપણ મચકુરથી હાઇકોરટને ગુન્હો ના સાબિત થયાનો ઠરાવ બદલીને ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે એમ સમજવું નહીં.

પક્ષકારોની હકીકત સાંભળવી કે નહી એ કોરટની મુખત્યારીઉપરછે.

૪૪૦. જ્યારે કોઈપણ કોરટ તપાસ કરવાનો પોતાનો અધિકાર ચલાવતી હોય ત્યારે તેની આગળ જાતે અથવા પ્લીડરની મારફતે પોતાની હકીકત કહી સંભળાવવાનો હક કોઈપણ પક્ષકારને નથી; પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ અધિકાર ચલાવતી વખતે કોઈપણ પક્ષકાર જાતે અથવા પ્લીડરની મારફતે જે કહે તે સાંભળવાનું કોરટને દુરસ્ત લાગે તો, તે કોરટ સાંભળવાને મુખત્યાર છે. અને આ કલમ ઉપરથી ૪૩૯ મી કલમના બીજા પારેગ્રાફને બાધ આવે છે એમ સમજવું નહીં.

પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ પોતાના ઠરાવનાં કારણોનો મચકુર મોકલે તે હાઈકોરટે ધ્યાનમાં લેવો.

૪૪૧. જ્યારે કોઇપણ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે ચલાવેલાં કોઈપણ કામનું દફતર ૪૩૫ મી કલમ પ્રમાણે હાઇકોરટે મંગાવ્યું હોય, ત્યારે તે માજીસ્ત્રેટ પોતાનાં ઠરાવનાં અથવા હુકમનાં કારણોનો તથા જે હકીકત તકરારી વાત બાબત પોતાને મુદાની લાગે તે હકીકતનો મચકુર તે દફતરની સાથે મોકલવાને મુખત્યાર છે; અને સદરહુ ઠરાવ અથવા હુકમ રદ કરતાં પેહેલાં અથવા નામંજુર કરતાં પેહેલાં તે કોરટે સદરહુ મચકુર ધ્યાનમાં લેવો.

હાઇકોરટના હુકમ બાબત નીચલી કોરટને અથવા માજીસ્ત્રેટને દાખલો આપવો.

૪૪૨. જ્યારે આ બાબ પ્રમાણે હાઈકોરટે કોઇ મુકદમો તપાસ્યો હોય, ત્યારે તપાસેલો ઠરાવ, શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ જે કોરટે દફતરમાં દાખલ કરવો હોય અથવા કર્યો હોય તે કોરટને હાઇકોરટે પોતાનો ઠરાવ અથવા હુકમ દાખલા સહીત લખી જણાવવો; અને પછી જે કોરટને અથવા માજીસ્ત્રેટને તે ઠરાવ અથવા હુકમ એ પ્રમાણે દાખલા સહીત લખી જણાવ્યો હોય તે કોરટે અથવા માજીસ્ત્રેટે એ પ્રમાણે દાખલા સહીત લખી જણાવેલા ઠરાવને અનુસરતો હુકમ કરવો; અને જરૂર હોય તો તે મુજબ દફતર સુધારવું.

ભાગ ૮ મો.

વિશેષ કામ ચલાવવા બાબત.

બાબ ૩૩ મો.

યુરોપિયનો તથા અમેરિકનો ઊપર ફોજદારી કામ ચલાવવા બાબત.

રાણીસાહેબનાંવિલાયતીરઇયત ઉપર મુકેલાં તોહમત

૪૪૩. જે માજીસ્ત્રેટ જસ્ટીસ આફ ધી પીસ ન હોય અને જીલ્લા માજીસ્ત્રેટ અથવા (પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની બાબતમાં સિવાય કરીને) પેહેલા વરગનો માજીસ્ત્રેટ તથા રાણી સાહેબની વિલાયતી રઇયત ન હોય

બાબત ચોકસી તથા ઈનસાફ કરવાના અધિકાર કયા માજીસ્ત્રેટોને છે.

તેવા કોઇપણ માજીસ્ત્રેટે રાણી સાહેબની કોઇપણ વિલાયતી રઈયત ઉપર મુકેલાં કોઇપણ તોહોમતની ચોકસી અથવા ઈનસાફ કરવો નહી.

સેશનજડજરાણી સાહેબની વિલાયતી રઈયત હોવી જોઈએ.

આસિસ્ટંટસેશન જડજ પોતાના હુદા ઉપર ત્રણ વર્ષ સુધી રેહેલો હોવો જોઇએ અને તેને વિશેષેકરીને અધિકાર આપવો જોઇએ.

૪૪૪ સેશન જડજ સિવાય સેશન કોરટનો જે કોઇ પ્રમુખ જડજ પોતે રાણીસાહેબના વિલાયતી રઇયત ન હોય તેણે રાણીસાહેબની વિલાયતી રઇયત ઉપર હકુમત ચલાવવી નહી; અને જો તે આસિસ્ટંટ સેશન જડજ હોય તો તેણે આસિસ્ટંટ સેશન જડજના હુદા ઉપર ઓછામાં ઓછા ત્રણ વરસ સુધી રહ્યા વગર અને આ બાબત સ્થાનિક તરફથી પોતાને વિશેષે કરીને અધિકાર મળ્યા વગર સદરહુ હકુમત ચલાવવી નહીં

રાણી સાહેબની વિલાયતી રઈયતે કરેલો ગુન્હો સાંભળવા બાબત.

૪૪૫. ૪૪૩ મી અથવા ૪૪૪ મી કલમ માંહેની કોઇપણ મચકુરથી એમ સમજવું નહી કે બીજા કોઇ સખસે કાંઇ ગુન્હો કર્યો હોત તો જે બાબતમાં તે ગુન્હો જે માજીસ્ટ્રેટ સાંભળી શકત તે માજીસ્ટ્રેટને તેવો ગુન્હો રાણી સાહેબની કોઈપણ વિલાયતી રઈયતે કર્યો હોય, તો તે બાબતમાં તે સાંભળવાની મના છે.

પણ એવું ઠરાવ્યું છે કે રાણીસાહેબની જે વિલાયતી રઈયત ઉપર કાંઇ ગુન્હાનું તોહમત આવ્યું હોય તે વિલાયતીરઇયતને હાજર થવાની જરૂર પાડવા સારૂ જો તે માજીસ્ત્રેટ કાંઈપણ પ્રોસેસ કાહાડે, તો તે મુકદમાની ચોકસી અથવા ઇનસાફ કરવાની હકુમત જે માજીસ્ટ્રેટને હોય તે માજીસ્ટ્રેટની પાસે સદરહુ પ્રોસેશ પાછુ મોકલાય એમ કરવું.

જેશિક્ષાનાહુકમકરવાનો અધિકાર જીલ્લા માંહેના માજીસ્ટ્રેટોને છે તે.

૪૪૬. ૩૨ મી અથવા ૩૪ મી કલમમાં ગમે તે કહયું હોય તે છતાં, જીલ્લા માજીસ્ટ્રેટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ સિવાય બીજા કોઇપણ માજીસ્ટ્રેટે રાણી સાહેબના વિલાયતી રઇયત ઉપર ત્રણ મહીના સુધીની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધી દંડની, અથવા એ બનેની, શિક્ષા સિવાય બીજી કોઈપણ શિક્ષાનો હુકમ કરવો નહી. અને જીલ્હા માજીસ્ત્રેટે છ મહીના સુધીની મુદતની કેદની અથવા બે હજાર રૂપૈઆ સુધી દંડની અથવા એ બંનેની શિક્ષા સિવાય એવી કોઈ બીજી શિક્ષાનો હુકમ કરવો નહીં.

(તોહોમતવાળાને)સેશન કોરટમાં ક્યારેઅનેહાઇકોરમાંક્યારેકમીટકરવો.

૪૪૭. જ્યારે કોઇ માજીસ્ત્રેટની આગળ રાણીસાહેબની વિલાયતી રઇયત ઉપર કોઈ ગુન્હાનું તોહમત આવ્યું હોય, અને સદરહુ માજીસ્ટ્રેટના મત પ્રમાણે, તે ગુન્હા બાબત પોતે યોગ્ય શિક્ષા કરી શકતો નહી હોય, અને તે ગુન્હો મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને લાયક ન હોય, ત્યારે તોહોમતવાળાને કમીટ કરવો જોઇએ એમ પોતે ધારે

તો, તે માજીસ્ત્રેટે તેને સેશન કોરટમાં કમીટ કરવો, અથવા, તે પ્રેસિ-
નસી માજીસ્ત્રેટ હોય તો, હાઇકોરટમાં કમીટ કરવો જોઇએ.

જે ગુન્હો કરેલો જણાતો હોય તે ગુન્હો મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને લાયક હોય ત્યારે તોહોમતવાળાને હાઇકોરટમાં કમીટ કરવો જોઇએ.

જેગુન્હાઓમાંનો એકગુન્હોમોતની અથવાસમુદ્રપારની શિક્ષાને લાયકહોય અનેબીજાનેવી શિક્ષાનેલાયકનહોય તે તેવાગુન્હાઓનો ઇનસાફ.

૪૪૮. જ્યારે ૪૪૭ મી કલમ પ્રમાણે હાઈકોરટમાં કમીટ કરેલા કોઇ પણ સખસ ઉપર કેટલાએક ગુન્હાના તોહોમતો મુકયાં હોય તેમાંનો એક ગુન્હો મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને લાયક હોય, અને બીજા ગુન્હા ઓછી શિક્ષાને લાયક હોય, અને જે ગુન્હો મોતની અથવા સમુદ્રપારની શિક્ષાને લાયક હોય તે ગુન્હા બાબત તે સખસનો ઇનસાફ કરવો નહીં જોઈએ એમ હાઇકોરટની નજરમાં આવે ત્યારે તેમ હોય તોપણ બીજા ગુન્હાઓ બાબત તે સખસોનો ઇનસાફ કરવાને હાઇકોરટ મુખત્યાર છે.

જેશિક્ષાનાહુકમ કરવાને અધિકાર સેશનકોરટનેછે તે

૪૪૯ ૩૧ મી કલમમાં ગમે તે કહ્યું હોય તે છતાં કોઇપણ સેશન કોરટે રાણીસાહેબની કોઇપણ વિલાયતી રઈયત ઉપર એક વરશ સુધીની મુદતની કેદની. અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા સિવાય બીજી કોઇપણ શિક્ષાનો હુકમ કરવો નહી.

સેશનજડજનેપોતાનોઅધિકાર અયોગ્યજણાયત્યારે કેમ કરવું

જો કમિટ થયા પછી અને ફેંસલા ઉપર સહી કરતાં પેહેલાં કોઇપણ વખતે પ્રમુખ જડજને એમ લાગે કે જે ગુન્હો સાબિત થયેલો જણાય છે તે ગુન્હા બાબત સદરહુ પ્રકારની શિક્ષાના હુકમથી પુરતી શિક્ષા થઇ શકે એમ નથી. તો તેણે તેવી મતલબનો પોતાનો મત દફતરમાં દાખલ કરવો અને તે મુકદમો હાઇકોરટની પાસે મોકલી દેવો. સદરહુ જડજે ફરિયાદીને તથા સાહેદોને હાઇકોરટની આગળ હાજર થવા માટે પોતાની જાતે બાંધી લેવા, અથવા બાંધી લેવાનું કમિટ કરનારા માજીસ્ત્રેટને ફરમાવવું.

સેશનજડજ રાણીસાહેબનીવિલાયતી રઇયત નહી હોય ત્યારેકેમકરવું.

૪૫૦. જે સેશન તુકડીમાં તે ગુન્હાનો ઇનસાફ સામાન્ય થઈ શકે તે સેશન તુકડીનો જડજ રાણી સાહેબની વિલાયતી રઈયત ન હોય, તો કમિટ કરનારા માજીસ્ત્રેટે જે પ્રાંત માંહે સદરહુ તુકડી આવેલી હોય તે પ્રાંતની ઉંચામાં ઉંચી ફોજદારી અપીલની કોરટના હુકમ માટે તે મુકદમાનો રીપોટ કરવો.

બ્રિટિશ બરમામાં રંગુનના રિકાર્ડરની કોરટ આ કલમનાં કારણો સારૂ ઉંચામાં ઉંચી ફોજદારી અપીલની કોરટ છે એમ સમજવું.

આ કલમ સને ૧૮૮૪ ના આકટ બીજા ઉપરથી રદ કરવામાં આવી છે.

હાઇકોરટનીઅથવાસેશન કોરટની આગળ જ્યુરીથવા આસેસરો.

૪૫૧. (૧) હાઇકોરટની અથવા સેશન કોરટની આગળ રાણીની વિલાયતી રઈયતનો ઇનસાફ કરવામાં આવે ત્યારે, પેહેલાં જ્યુરરને બોલાવવામાં આવે અને કબુલ રાખવામાં આવે તે પેહેલાં, અથવા પેહેલા આસેસરને નીમવામાં આવે તે પેહેલા, જેમ હોય તેમ, એવી કોઇ રઈયત મિશ્ર જ્યુરીથી પોતાનો ઇનસાફ કરવા માગે તો જે જ્યુરીમાં અ-

છામાં ઓછા અડધા યુરોપિયન અથવા અમેરિકન હોય, અથવા યુરોપિયન અને અમેરિકન એ બંને જ્યુરીથી તે ઈનસાફ થવો જોઇએ.

"(૨) જ્યારે સેશન કોરટની આગળ એવો કોઇ ઇનસાફ સાધારણ રીતે આસેસરોની મદદથી થવાનો હશે, ત્યારે રાણીની વિલાયતી રઇયત જે તોહોમતદાર હોય તે, અથવા રાણીની વિલાયતી રઇયત હોય એવા કેટલાક તોહોમતદારો હોય, તો તે સઘળાઓ એકત્રપણે પેટા કલમ (૧) પ્રમાણે મિશ્રય જ્યુરી પોતાનો ઇનસાફ થવો જોઈએ એવું માગવાને બદલે ઓછામાં ઓછા અડધા આસેસરો યુરોપિયન અથવા અમેરિકન જોઇએ, અથવા યુરોપિયન અને અમેરિકન એ બંને જોઇએ, એવી માગણી કરવાને મુખત્યાર છે."

જીલ્લા–માજીસ્ટ્રેટની આગળ જ્યુરી માગવાનો રાણીની વિલાયતી રઇયતનો હક.

૪૫૧. અ. (૧) રાણીની વિલાયતી રઇયતનો ઈનસાફ જીલ્લા માજીસ્ટ્રેટની આગળ ચાલતો હોય ત્યારે, એવી કોઇ રઇયતને સમનના મુકદમામાં ૨૪૪ મી કલમ પ્રમાણે તેના જવાબમાં તેનું કહેવું સાંભળી લેવાની અગાઉ, અથવા વારંટના મુકદમામાં ૨૫૬ મી કલમ પ્રમાણે જવાબ આપવાનું કામ તેણે શરૂ કર્યાની અગાઉ, ૪૫૧ મી કલમમાં કહેલી રીતે ભરેલી જ્યુરીથી પોતાનો ઇનસાફ કરવો એવો દાવો કરવાનો મુખત્યાર છે.

"(૨) સમનના મુકદમામાં તોહોમતદારનું કહેવું સાંભળી લેવાનું ૨૪૪ મી કલમ પ્રમાણે માજીસ્ત્રેટે સરૂ કરતી વખતે, અથવા વારંટના મુકદમામાં તોહોમતદારને પોતાનો જવાબ કરવાનું ૨૫૬ મી કલમ પ્રમાણે માજીસ્ત્રેટ કહે તે વખતે પેટા કલમ (૧) પ્રમાણે દાવો કર્યો હોય તો ઉપર કહ્યા પ્રમાણે જ્યુરીથી ઈનસાફ થવા સારૂ જરૂરનો હુકમ માજીસ્ત્રેટે તાબડ તોબ કરવો જોઇએ.

"(૩) જો સદરહુ પ્રકારનો દાવો, ચાલતાં કામમાં અગાઉને કોઇ વખતે કર્યો હોય તો લખી લીધેલા પુરાવા ઉપરથી જ્યારે જ્યારે માજીસ્ત્રેટને લાગે કે જ્યુરી આગળ જવાજોગ મુકદમો છે ત્યારે ત્યારે તેણે તેવા પ્રકારનો હુકમ કરવો જોઇએ.

"(૪) એવા દરએક મુકદમામાં માજીસ્ત્રેટે સદરહુ પ્રકારનો હુકમ કરવાની અગાઊ પદ્ધતિ પ્રમાણે તોહોમતનામું તઇયાર કરવું જોઈએ, પછી ૨૪૨ માં કલમમાં ગમે તે કહ્યુ હોય તેની ચિંતા નથી.

"(૫) આ કલમ પ્રમાણે ચલાવવાના દરેક ઇનસાફની વખતે ફરિયાદી, તોહોમતદાર તથા સાહેદોને હાજર થવું પડે એમ કરવા સારૂ ૨૧૧ મી, ૨૧૬ મી, ૨૧૭ મી, ૨૧૯ મી, ને ૨૨૦ મી કલમના ઠરાવ, બને તેટલે સુધી લાગુ થશે.

"(૬) સેશનકોરટની આગળ જ્યુરીથી કરવાના ઇનસાફમાં કામ ચલાવવા સબંધી આ કાયદાના ઠરાવ, બને તેટલા પુરતા, આ કલમ પ્રમાણે ચલાવવાના દરેક ઇનસાફને એ પ્રમાણે લાગુ છે કે જાણે જીલ્હા–માજીસ્ત્રેટ, સેશન–જડજ હોય અને તોહોમતદારને ઇનસાફ થવા સારૂ તેની કોરટમાં કમિટ કર્યો હોય.

"(૭) પેટા કલમ (૫) અથવા (૬) માં કહેલ કોઇપણ ઠરાવ, તે પેટા કલમ ઉપરથી તે લાગુ કર્યા હોય તેટલા પુરતા સઘળી કોરટોને પોતાની રૂબરૂ ચાલતા કામને લાગુ

થાય એટલા સારૂ અરથને બાધ ન આવે એવી રીતે, જરૂરનો કે યોગ્ય શાબ્દિક ફેરફાર તેમાં કરીને લાગુ કરવાનો અખત્યાર છે.

"(૮) આ કલમમાં કહેલા કોઇપણ ઠરાવ ઉપરથી ૩૪૭ મી અથવા ૪૪૭ મી કલમ પ્રમાણે તોહમતદારને ઇનસાફ થવા સારૂ કમિટ કરવાના માજીસ્ત્રેટના અધિકારને બાધ આવે છે, એમ સમજવું નહીં."

કેટલીએક બાબતમાં બીજી કોરટમાં મોકલવા બાબત.

"૪૫૧. બ. (૧) તોહમતદાર ૪૫૧ અ. કલમ પ્રમાણે પોતાનો ઇનસાફ જ્યુરીથી થયો એવો દાવો કરશે, અને જીલ્લા માજીસ્ત્રેટના ગત પ્રમાણે ૪૫૧ મી કલમમાં ફરમાવેલી રીતે રચાએલી હોય એવી જ્યુરી પોતાની આગળ ઇનસાફ થવા સારૂ ભરવાનું અશક્ય છે. અથવા ઘણો વિલંબ, ખરચ અથવા અગવડ પડયા વગર એ પ્રમાણે તે ભરી શકવાનું અશક્ય છે, તથા તેઓ વિલંબ ખરચ, અથવા અગવડ કરવી એ તે પ્રકરણની સ્થિતિ તરફ જોતાં ગેરવ્યાજબી છે એમ લાગવાનું કારણ હશે તો, જીલ્લા માજીસ્ત્રેટે કલમ ૪૫૧ અ પ્રમાણે પોતાની સમક્ષ ઈનસાફ થવા બાબતનો હુકમ કરવાને બદલે, હાઈકોરટે આ બાબત પોતે કરેલી તથા સ્થાનિક સરકારે મંજીર કરેલી કાનુન મુજબ અથવા ખાસ હુકમ કરીને, વખતે વખતે ફરમાવે તેવા બીજા જીલ્લા માજીસ્ટ્રેટ પાસે અથવા સેશન જડજ પાસે તે મુકદમો મોકલવાને મુખત્યાર છે.

"(૨) આ કલમ પ્રમાણે સેશન જડજની આગળ અથવા જીલ્લા માજીસ્ટ્રેટની આગળ મુકદમો મોકલવામાં આવે ત્યારે તેણે તે મુકદમાનો ઇનસાફ, પોતે કલમ ૪૫૧ અ પ્રમાણે કામ કરનારો જીલ્લા માજીસ્ત્રેટ હોય તે પ્રમાણે તેવાજ અધિકાર, (કમીટ કરવાના અધિકાર સહીત) ચલાવીને અને તેવીજ રીતે કામ ચલાવીને બનતી તાકીદે કરવો જોઇએ"

રાણી સાહેબની વિલાયતી રઇયત ઉપર તથા દેશીઉપર એકઠું તોહમત આવે ત્યારે તેઓનો ઈનસાફ કરવા બાબત.

૪૫૨. રાણી સાહેબની કોઈ વિલાયતી રઇયત ઉપર, રાણી સાહેબની વિલાયતી રઇયત ન હોય તેવા સખસની સાથે એકઠું તોહોમત આવે અને રાણી સાહેબની સદરહુ વિલાયતી રઇયતને હાઇકોરટની અથવા સેશન કોરટની આગળ ઈનસાફ થવા સારૂ કમીટ કરવામાં આવે ત્યારે સદરહુ રઇયતનો તથા સખસનો ઈનસાફ એકઠો કરવાનો અધિકાર છે, અને રાણી સાહેબની સદરહુ વિલાયતી રઇયતનો જુદો ઇનસાફ કર્યો હોત તો જે રીત પ્રમાણે કામ ચલાવવામાં આવત તેજ રીતે સદરહુ ઇનસાફની વખતે કામ ચલાવવું.

દેશી જુદો ઇનસાફ થવાનો દાવો કરવાને ક્યારે મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે જો રાણી સાહેબની સદરહુ વિલાયતી રઈયત ૪૫૧ મી કલમ પ્રમાણે મિશ્ર જુરીથી અથવા મિશ્ર આસેસરોથી પોતાનો ઈનસાફ કરવાનું માગે, અને જે શખસ રાણી સાહેબની વિલાયતી રઇયત ન હોય તે સખસ પોતાનો ઈનસાફ જુદો કરવાનું માગે, તો આ છેલ્લા સખસનો ઇનસાફ ૨૩ મા બાબના ઠરાવો મુજબ જુદો કરવો.

હું રાણી સાહેબ

૪૨૩. જ્યારે કોઈ પણ સખસ રાણી સાહેબની વિલાયતી રઈયત પ્ર-

નીવિલાયતીરઈયત તરીકેમારેમારીતેપ્રમાણેતજવીજ થવી જોઈએ એવો કોઇસખસદાવો કરેત્યારેકેમકરવું.

માણે પોતાની તજવીજ થવી જોઇએ એવો દાવો કરે, ત્યારે જે માજીસ્ત્રેટની આગળ ચોકસી અથવા ઈનસાફનાં કારણ સારૂ તેને આણવામાં આવે તે માજીસ્ત્રેટને તે સખશે સદરહુ દાવાના સબબો જાહેર કરવા, અને તે માજીસ્ત્રેટે સદરહુ મચકુરનાં ખરાપણા બાબત ચોકસી કરવી, અને તે મચકુર ખરો છે એવું સાબીત કરવા માટે તે મચકુર કહેનાર સખસને યોગ્ય વખત આપવો, અને પછી તે સખસ રાણી સાહેબની વિલાયતી રઇયત છે કે નહી તે બાબત નિશ્ચય કરવો અને તે પ્રમાણે તે સખસની તજવીજ કરવી. જો સદરહુ પ્રકારના કોઇપણ સખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ સદરહુ માજીસ્ત્રેટ કરે અને તે ઠરાવ ઉપર તે સખસ અપીલ કરે, તો તે માજીસ્ત્રેટનો સદરહુ નિશ્ચય ખોટો છે એવું સાબિત કરવાનો બોજો તે સખસને માથે છે.

જ્યારે સદરહુ પ્રકારના કોઇ પણ સખસને તે માજીસ્ત્રેટ સેશન કોરટની આગળ ઇનસાફ થવા સારૂ કમીટ કરે, અને તે સખસ રાણી સાહેબની વિલાયતી રઈયત પ્રમાણે પોતાની તજવીજ થવી જોઇએ એવો દાવો સદરહુ કોરટની આગળ કરે, ત્યારે કાંઇપણ જાસ્તી ચોકસી કરવાનું સદરહુ કોરટને યોગ્ય લાગે તો તે કર્યા પછી, તે સખસ રાણી સાહેબની વિલાયતી રઇયત છે કે નહી તે બાબત નિશ્ચય કરવો, અને તે મુજબ તે સખસની તજવીજ કરવી. જો સદરહુ કોરટ તે સખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરે અને તે ઠરાવ ઉપર તે સખસ અપીલ કરે, તો તે કોરટનો સદરહુ નિશ્ચય ખોટો છે એવું સાબિત કરવાનો બોજો તેને માથે છે,

જે કોરટની આગળ કોઇપણ સખસનો ઈનસાફ કરવામાં આવે તે કોરટ એવો નિશ્ચ કરે કે તે સખસ રાણીસાહેબની વિલાયતી રઇયત નથી, ત્યારે સદરહુ ઇનસાફમાં જે શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કરવામાં આવે તે ઉપર અપીલ કરવાને સદરહુ નિશ્ચય એક સબબ થશે.

પોતાની સ્થિતિ વિશે તકરાર નકરવી એ હક છોડી દેવા બરાબર છે.

૪૫૪. જો જે માજીસ્ત્રેટની આગળ રાણીસાહેબની વિલાયતી રઇયતનો ઇનસાફ કરવામાં આવે, અથવા જે માજીસ્ત્રેટ તે રઇયતને કમીટ કરે તે માજીસ્ત્રેટે તેની તજવીજ રાણીસાહેબની વિલાયતી રઇયતની પ્રમાણે કરવી જોઇએ એવો દાવો તે ન કરે, અથવા જો સદરહુ દાવો કમિટ કરનાર માજીસ્ત્રેટની આગળ કર્યા છતાં તે માજીસ્ત્રેટે ના મંજુર કર્યા પછી જે કોરટમાં તેને કમીટ કરવામાં આવે તે કોરટની આગળ તે દાવો જો ફરીથી કરવામાં ન આવે, તો તેણે રાણીસાહેબની વિલાયતી રઇયત પ્રમાણે પોતાની તજવીજ થવાનો પોતાનો હકક છોડી દીધો છે એમ ગણવું, અને તેજ મુકદમો ચાલે તેમાં પછી કોઇપણ વખતે તે હકક તેણે જાહેર કરવો નહી.

માજીસ્ત્રેટની આગળ જે સખસને આણ્યો હોય તે સખસ રાણીસાહેબની વિલાયતી રઇયત નથી એવું માનવાનું કારણ તે માજીસ્ત્રેટને ન હોય તે સખસ સદરહુ રઇયત છે કે નહી તે બાબત તેને તે માજીસ્ત્રેટે પુછવું.

જે સખસ રાણીસાહેબની વિલાયતી રઈયત ન હોય તે સખસનો આ બાબ પ્રમાણે ઇનસાફ કરવામાં આવે તે બાબત.

૪૫૫. જે સખસ રાણીસાહેબની વિલાયતી રઇયત ન હોય તે સખસની તજવીજ આ બાબ મુજબ રાણીસાહેબની વિલાયતી રઇયત પ્રમાણે કરવામાં આવે, અને તે બાબત તે સખસ હરકત ન લે તો, તેની એ પ્રમાણે તજવીજ કર્યાના સબબથી, તેની ચોકસી અથવા તેને કમીટ કરવાનો હુકમ અથવા ઈનસાફ અથવા શિક્ષાનો હુકમ, જેમ હોય તેમ, ગેરવ્યાજબી થશે નહીં.

રાણીસાહેબનીવિલાયતીરઇયતનેઅટકાવી રાખી હોય ત્યારે પોતાને હાઈકોરટની આગળ આણવાનો હુકમ થવા સારૂ અરજી કરવાનો હક.

૪૫૬. જ્યારે રાણીસાહેબની કોઇ વિલાયતી રઇયતને કોઈપણ સખસે કાયદા વિરૂધ્ધ પેહેરામાં અટકાવી રાખી હોય, ત્યારે જે જગાએ, તે રઈયતને અટકાવી રાખી હોય તે જગાએ, રાણીસાહેબની સદરહુ વિલાયતી રઇયતે કરેલા કોઇપણ ગુન્હા બાબત તેની ઉપર જે હાઇકોર્ટને હકુમત હોય તે હાઈકોરટને, અથવા સદરહુ પ્રકારનો કોઇપણ ગુન્હો તેની ઉપર સાબીત થયાના ઠરાવ ઉપરથી જે હાઇકોરટમાં અપીલ કરવાનો તે રઇયતને હક હોય તે હાઇકોરટને સદરહુ રઈયત અથવા તેની તરફથી કોઇપણ સખસ એવી અરજી કરવાને મુખત્યાર છે કે તે રઈયતને અટકાવી રાખનાર માણુસ, તેને તે હાઇકોરટની આગળ હાજર કરે અને તે કોરટ બીજો જે હુકમ કરે તે પ્રમાણે તે માણુસ ચાલે એવો હુકમ કરવો.

સદરહુ અરજી કરવામાંઆવે ત્યારે કેમ કરવું.

૪૫૭. સદરહુ હુકમ કરતાં પેહેલાં જો તે હાઈકોરટને યોગ્ય લાગે તો જે સબબો પરથી તે હુકમ થવા બાબત અરજી કરી હોય તે સબબો વિશે, સોગનનામું લઈને અથવા બીજી રીતે ચોકસી કરીને પછી સદરહુ અરજી કબુલ કરવાને અથવા ના કબુલ કરવાને તે હાઇકોરટ મુખત્યાર છે; અથવા તે હુકમ પ્રથમ કરીને પછી જ્યારે તે હુકમ થવા બાબત અરજી કરનારા સખસને તેની આગળ આણવામાં આવે ત્યારે તેને કાંઈ પણ ચોકસી કરવાની જરૂર લાગે તો તે કર્યા પછી તેને યોગ્ય લાગે એવો બીજો હુકમ તે કામમાં કરવાને તે હાઇકોરટ મુખત્યાર છે.

કયામુલકોમાંહાઇકોરટ સદરહુ પ્રકારના હુકમ કરવાને મુખત્યાર છે.

૪૫૮. હાઇકોરટને પોતાની અપેલેંટ ફોજદારી હકુમતની સ્થાનિક હદ માંહેના મુલકોમાં, અને ગવરનર જનરલ ઇનકોંસિલ ફરમાવે તેવા બીજા મુલકોમાં, સઘળે ઠેકાણે સદરહુ પ્રકારના હુકમ કરવાનો અખત્યાર છે.

માજીસ્ત્રેટોનેઅથવા સેશનકોરટનેહકુમત આપનારા આકટો લાગુ પાડવા બાબત.

૪૫૯. આગલા પાછલા સબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો, ગવરનર જનરલ ઈનકોંસિલે અત્યાર સુધીમાં જે જે આકટો તથા કાયદાઓ કરયા હોય અથવા હવેપછી તે કરે કે જેમાં ગુન્હાઓ સબંધી હકુમત માજીસ્ત્રેટોને અથવા સેશન કોરટને આપી હોય તે સઘળા આકટો તથા કાયદાઓ રાણીસાહેબની વિલાયતી રઈયતને લાગુ છે એમ સમજવું, પછી તે રઇયત વિશે તે આકટોમાં સ્પષ્ટ રીતે જણાવ્યું ન હોય તોપણ.

આ કલમ માંહેના કોઇપણ મજકુરથી, રાણીસાહેબની વિલાયતી રઈયતને જેટલી શિક્ષા કોઇપણ કરી શકે તે બાબત આ બાબથી ઠરાવેલી હદ ઉપરાંત જવાનો તે કોરટને અધિકાર છે એમ સમજવું નહીં, અને જે માજીસ્ત્રેટ અથવા સેશન કોરટમાં પ્રમુખસ્થાને બીરાજનાર જે જડજ જસ્ટીસ આફ ધીપીસ ન હોય તે. માજીસ્ત્રેટને અથવા જડજને હકુમત મળશે એમ સમજવું નહીં

યુરોપીયન અથવા અમેરિકનનોઇનસાફ કરવામાટેજુરી.

૪૬૦. જે મુકદમાનો ઇનસાફ જુરીથી અથવા આસેસરોની મદદથી થઇ શકે તેવા દરએક મુકદમામાં તોહોમતવાળો સખસ અથવા તોહોમતવાળાઓમાંનો એક સખસ યુરોપીયન (રાણી સાહેબની વિલાયતી રઇયત ન હોય એવો) અથવા અમેરીકન હોય, ત્યારે બનીશકે તો અને સદરહુ યુરોપિયન અથવા અમેરિકન દાવો કરે તો, ઓછામાં ઓછા અડધા જુરરો અથવા આસેસરો યુરોપિયન અથવા અમેરિકન હોવા જોઇએ.

યુરોપિયન અથવા અમેરિકનઉપર અનેબીજી કોઇજાતના સખસ ઉપર એકઠું તોહોમતમુકવામાંઆવે ત્યારે જુરી બાબત.

૪૬૧. જ્યારે જ્યારે સેશન કોરટની આગળ કોઇ યુરોપિયન અથવા અમેરિકન ઉપર, યુરોપિયન અથવા અમેરિકન ન હોય એવા સખસ સાથે એકઠું તોહોમત મુકવામાં આવે, અને ૪૬૦ મી કલમ મુજબ કરેલો દાવો મંજુર કરીને જેમાં ઓછામાં ઓછી અડધી સંખ્યા યુરોપિયનોની તથા અમેરિકનોની હોય એવા જુરીથી અથવા એવા વરગના આસેસરોની મદદથી સદરહુ યુરોપિયનનો અથવા અમેરિકનનો ઇનસાફ કરવામાં આવે ત્યારે ત્યારે, જો સદરહુ પાછળ કહેલો સખસ દાવો કરે તો, તેનો ઇનસાફ જુદો કરવો.

૪૫૧ મી અથવા ૪૬૦ મી કલમ પ્રમાણે જુરરોને સમન કરીનેતેઓની યાદીકરવા બાબત.

૪૬૨. જ્યારે સેશન કોરટની આગળ કોઇ મુકદમાનો ઇનસાફ થવાનો હોય અને તેમાં તોહોમતવાળા સખસને અથવા તોહોમતવાળાઓમાંના એક સખસને પોતાનો ઇનસાફ ૪૫૧ મી અથવા ૪૬૦ મી કલમના ઠરાવો પ્રમાણે રચેલા જુરીથી થવાનો હક હોય, ત્યારે અથવા ૪૫૧ અ અથવા ૪૫૧ બ કલમ પ્રમાણે કામ ચલાવનારા જીલ્લામાજીસ્ત્રેટ અથવા સેશન જડજની કોરટમાં ઇનસાફ થવાનો હોય ત્યારે સદરહુ ઇનસાફ કરવા માટે મુકરર કરેલા દિવસથી ઓછામાં ઓછા ત્રણ દિવસ પેહેલાં તે કોરટે સદરહુ ઇનસાફ સારૂ જેટલા જોઇએ તેટલા યુરોપિયન તથા અમેરિકન જુરરોને, આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે, સમન કરાવવા.

અને વળી તપાસેલી ટીપમાં બીજા જે સખસોનાં નામ લખ્યાં હોય તે સખસોમાંની તેટલીજ સંખ્યા તે કોરટે તેજ વખતે અને તેવીજ રીતે સમન કરાવવી; પણ જો તે સેશનમાં જુરીએ કરવાના ઇનસાફ સારૂ સદરહુ પ્રકારના બીજા સખસોની સદરહુ સંખ્યા સમન થઇ ચુકી હોય તો તેમ કરવાની જરૂર નથી.

સમન પોહોચાડીને જેઓનાં નામ રિટરન કર્યા હોય તે સઘળા સખસોમાંથી જુરી રચવા માટે ૨૭૬ મી કલમમાં ઠરાવેલી રીતે ચીઠી કરીને જુરરો પસંદ કરવા, અને જુરી માટે યુરોપિયનોનાં અથવા અમેરિકનોની યોગ્ય સંખ્યા, અથવા બની શકે તેટલાસુધી તે સંખ્યાની લગભગ હોય એવી સંખ્યા, પુરી થઇ રહે ત્યાં સુધી તેમ કરવું.

પણ એવું ઠરાવ્યું છે કે જે મુકદ્દમામાં યુરોપિયનોની અથવા અમેરિકનોની યોગ્ય સંખ્યા બીજી કોઈ રીતે પુરી ન થઇ શકે તો કોરટની ધ્યાનમાં આવે તો જુરી સ્થપવા માટે જે સખસને ૩૨૦ મી કલમ મુજબ માફ કર્યાના સબબથી ટીપમાંથી બાતલ કર્યા હશે તેના કોઇપણ સખસને શમન કરવાને તે કોરટ મુખત્યાર છે.

રાણીસાહેબનીવિલાયતીરઈયત વિગેરેઉપરફોજદારી કામચલાવવાબાબત.

૪૬૩. બીજી રીતનો સ્પષ્ટ ઠરાવ કર્યો હોય તે સિવાય, સેશન કોરટની તથા હાઇકોરટની આગળ રાણીસાહેબની વિલાયતી રઈયત ઉપર, તથા રાણી સાહેબની વિલાયતી રઈયત ન હોય એવા યુરોપિયનો ઉપર તથા અમેરિકનો ઉપર ફોજદારી કામ આ કાયદાના ઠરાવો પ્રમાણે ચલાવવું.

બાબ ૩૪ મો.

ગાંડા માણસો બાબત.

તોહોમતવાળોગાંડો હોયતો કેમ કરવું.

૪૬૪. કોઇ મુકદ્દમાની ચોકસી અથવા ઇનસાફ કરનારા માજીસ્ત્રેટને એમ માનવાનું કારણ હોય કે તોહોમતવાળો ગાંડો અને તેથી કરીને પોતાનો જવાબ કરવાને અશકત છે, ત્યારે તે ગાંડપણની વાત બાબત તે માજીસ્ત્રેટે ચોકસી કરવી. અને તે જીલ્લાના સિવિલ સરજન પાસે અથવા સ્થાનિક સરકાર ફરમાવે એવા બીજા વૈદક અમલદાર પાસે તે સખસની પરિક્ષા કરાવવી, અને તે ઉપરથી સદરહુ સરજન અથવા બીજા અમલદારની સાહેદ દાખલ જબાની લેવી, અને તે જબાની લખી લેવી.

તોહોમતવાળો ગાંડો છે અને તેથી કરીને પોતાનો જવાબ કરવાને અશકત છે એવો સદરહુ માજીસ્ત્રેટનો મત થાય તો તેણે તે મુકદ્દમામાં આગળ કામ ચલાવવાનું મુલતવી રાખવું.

સેશનકોરટમાંઅથવાહાઇકોરટમાંકમિટકરેલો સખસ ગાંડોહોય તોકેમ કરવું.

૪૬૫. સેશન કોરટમાં અથવા હાઈકોરટમાં ઇનસાફ થવા સારૂ કમિટ કરેલો સખસ પોતાના ઈનસાફની વખતે તે કોરટને ગાંડો અને તેથી કરીને પોતાનો જવાબ કરવાને અશકત જણાય તો તે સખસ એ પ્રમાણે ગાંડો તથા અશકત છે કે કેમ તે વાતનો જ્યુરીએ અથવા આસેસરની મદદથી તે કોરટે પ્રથમ ઈનસાફ કરવો. અને તે સખસ એ પ્રમાણે ગાંડો તથા અશકત છે એવી તે કોરટની ખાત્રી થાય તો તેણે તે મુજબ ફેંસલો કરવો. અને તે ઉપરથી તે ઇનસાફ મુલતવી રાખવો.

તોહમતવાળો ગાંડો તથા અશક્ત છે કે નહીં તે વાતનો જે ઇનસાફ કરવામાં આવે તે સદરહુ કોરટની આગળ તોહોમતવાળાના ઇનસાફનો ભાગ છે એમ સમજવું.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ની કલમ ૪૨૫ને બદલે ઘડવામાં આવીછે.

આવી તજવીજ જડજ એકલો કરી શકતો નથી પણ તેને જ્યુરીની સાથે કરવી જોઇએ. રાણી વિરૂદ્ધ ભીકુ કલવર વીકલી રીપોર્ટ ૧૯ પ્ર. ૨૫

કેદીનો ઈનસાફ ચાલતી વખતે તેણે ઘણા ગાંડપણના ચિન્હ બતાવ્યાં એવું મને દેખાય છે માટે જે વખતે તેણે અપરાધ કર્યો તે વખતે તે ગાંડો હતો કે નહી એ મુદ્દાનો આપણે ઠરાવ કરવો એવું સેશન જજે જ્યુરીને કહ્યું તેમાં ઠરાવવામાં આવ્યું કે સેશન જજે આ મુદ્દા કાઢયા અગાઉ તેનો ઈનસાફ ચાલતો હતો તે વખતે તે ગાંડો હતો અને તોહોમતનો જવાબ આપવાને તે અસમર્થ હતો તે કારણથી તે ગાંડો છે કે નહી એ સવાલનો નિકાલ

મેહેલા કરવા માટે સેશન જજે જુરીને કહેવું જોઇતું હતું—રાણી વિરૂદ્ધ દુર્યોધન સગતો વીકલી રીપોર્ટ ૧૯ પ. ૨૬

તપાસઅથવાઈનસાફ થતાં સુધી ગાંડાસખસનેછુટો કરવા બાબત. ૪૬૬. જ્યારે કોઇ તોહમતવાળો સખસ ગાંડો તથા પોતાનો જવાબ કરવાને અશકત છે એવું ઠરે, ત્યારે જો તે મુકદમો એવો હોય કે તેમાં જામીન લેવાનો અધિકાર છે તો તે સખસની બરાબર સંભાળ લેવા બાબત તથા તેની જાતને અથવા બીજા કોઈ પણ સખસને નુકશાન નહી કરવા દેવા બાબત, અને તે માજીસ્ત્રેટની આગળ અથવા કોરટની આગળ અથવા આ બાબત જે અમલદારને તે માજીસ્ત્રેટ અથવા કોરટ નીમે તેની આગળ, હાજર થવાનું ફરમાવવામાં આવે ત્યારે હાજર થવા બાબત પુરતું તારણ આપેથી તે સખસને છુટો કરવાને તે માજીસ્ત્રેટ અથવા કોરટ, જેમ હોય તેમ, મુખત્યાર છે.

ગાંડાને સંભાળમાં નેરાખવાબાબત. જો તે મુકદમો એવો હોય કે તેમાં જામીન લેવાનો અધિકાર નથી, અથવા પુરતું તારણ આપવામાં નહી આવે, તો તે માજીસ્ત્રેટે અથવા કોરટે તે કામનો રિપોર્ટ સ્થાનિક સરકારને કરવો, અને સ્થાનિક સરકાર તોહમતવાળાને ગાંડા માણસના કોઇ આશ્રયસ્થાનમાં અથવા સારા જાપતાવાળી બીજી યોગ્ય જગામાં પુરી રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે. અને તે માજીસ્ત્રેટે અથવા કોરટે સદરહુ હુકમ અમલમાં લાવવો.

ટીકા—આ કલમ પ્રમાણે જે સખસ ગાંડો છે, એવું ઠરાવીને સ્થાનિક સરકારે ઠરાવેલી જગાએ મોકલી દીધો હોય તો પછી જે જગાએ મોકલી દીધો છે તે તે જગાએ તે સારો થયો છે એવું સરટિફીકેટ આપ્યા વગર ગાંડો છે એવું ઠરાવનારી કોરટનો તે ઉપર કાંઇ અધિકાર નથી. કૈસરે હિંદ વિરૂદ્ધ જોય હરી કુવેરા ઈંડિયન લા. રીપોર્ટ (કલકત્તા) વા. ૩ પ્ર. ૩૫૬.

આ કલમ પ્રમાણે સરકારમાં રીપોર્ટ કર્યા પછી તે કેસ ફાઇલ ઉપરથી દુર કરવો નહીં જોઇએ પણ ચાલતા કેસોના રજીસ્ટરમાં તે દાખલ કરવો જોઈએ—રાણી વિરૂદ્ધ રઘુના વી. રી. ૬ પ્ર. ૩.

ચોકસી અથવા ઇનસાફ પાછો જારી કરવા બાબત. ૪૬૭. ૪૬૪ મી અથવા ૪૬૫ મી કલમ પ્રમાણે કાંઈ ચોકસી અથવા ઇનસાફનું કામ મુલતવી રાખવામાં આવે, ત્યારે તે માજીસ્ત્રેટ અથવા કોરટ, જેમ હોય તેમ, કોઇપણ વખતે તે ચોકસી અથવા ઇનસાફ પાછો જારી કરવાને તથા તોહમતવાળાને પોતાની આગળ હાજર થવાનું અથવા આણવાનું ફરમાવવાને મુખત્યાર છે.

જ્યારે તોહમતવાળાને ૪૬૬ મી કલમ પ્રમાણે છુટો કર્યો હોય, અને તેને હાજર થવા બાબત જેઓ તેના જામીન થયા હોય તેઓ જે અમલદારને તે માજીસ્ત્રેટ અથવા કોરટ આ બાબત નીમે તે અમલદારની આગળ તોહમતવાળાને રજુ કરે, ત્યારે તોહમતવાળો પોતાનો જવાબ કરવાને શકતીવાન છે એવું સદરહુ અમલદારનું સર્ટીફીકેટ પુરાવમાં લઈ શકાશે.

માજીસ્ત્રેટનીઅથવા કોરટનીઆગળ તોહમતવાળો હાજર થાય ત્યારે કેમ કરવું. ૪૬૮. જ્યારે તે માજીસ્ત્રેટની અથવા કોરટની આગળ જેમ હોય તેમ, તોહમતવાળો હાજર થાય અથવા તેને ફરીથી આણવામાં આવે, ત્યારે તે પોતાનો જવાબ કરવાને શકતીવાન છે એવું જો તે માજીસ્ત્રેટની અથવા કોરટની નજરમાં આવે તો તે ચોકસી અથવા ઈનસાફ આગળ ચલાવવો.

જો તોહમતવાળો પોતાનો જવાબ કરવાને હજુ અશકત છે એવું તે માજીસ્ત્રેટની અથવા કોરટની નજરમાં આવે, તો તે માજીસ્ત્રેટે અથવા કોરટે જેમ હોય તેમ, ૪૬૪ મી કલમના ઠરાવ પ્રમાણે પાછું કામ ચલાવવું.

જ્યારે તોહમત વાળો દિવાનો જણાયત્યારે કેમકરવું

૪૬૯. જ્યારે ચોકસી અથવા ઇનસાફની વખતે તોહમતવાળો ગાંડો નથી એમ જણાય, અને માજીસ્ત્રેટની આગળ આપેલા પુરાવા ઉપરથી તેની એવી ખાત્રી થાય કે જે કૃત્ય તોહમતવાળાએ કરેલું છે તે કૃત્ય, જો તે ગાંડો ન હોત તો, ગુન્હો થાત, અને જ્યારે તે કૃત્ય કરેલું તે વખતે ગાંડો હોવાને લીધે. તોહમતવાળો તે કૃત્યનો પ્રકાર, અથવા તે ખોટું અથવા કાયદા વિરૂદ્ધ છે એવું જાણવાને અશકત હતો એમ માનવાનું કારણ છે. ત્યારે તે માજીસ્ત્રેટે તે મુકદ્દમો આગળ ચલાવવો, અને જો તોહતતવાળાને સેશન કોરટમાં અથવા હાઇકોરટમાં કમીટ કરવો જોઈએ એમ હોય તો તેને સેશન કોરટની અથવા હાઇકોરટની આગળ જેમ હોય તેમ, ઇનસાફ સારૂ મોકલવો.

ગાંડાપણુના સબબપરથી તોહમત વાળાને બીન તકસીરવાર ઠરાવવાનો ફેંસલો.

૪૭૦. જ્યારે જ્યારે કોઇ માણસને એવાં કારણ ઉપરથી બીન તકસીરવાર ઠરાવવામાં આવે કે તેણે જે વખતે કાંઇ ગુન્હો કર્યાનું કહેવામાં આવ્યું હોય તે વખતે તે ગાંડો હોવાને લીધે, તેનું જે કૃત્ય ગુન્હો થાય છે એવું કહેવામાં આવ્યું હોય તે કૃત્યનો પ્રકાર જાણવાને, અથવા તે ખોટું અથવા કાયદા વિરૂદ્ધ છે એવું જાણવાને તે સખસ અશકત હતો ત્યારે ત્યારે ઠરાવમાં તે સખસે તે કૃત્ય કરેલું કે નહીં તે વિશેષે કરીને જણાવવું.

સદરહુ સબબપરથી બીન તકસીરવાર ઠરાવેલા સખસને સારા જાપતામાં રાખવા બાબત

૪૭૧. જ્યારે જ્યારે તે ફેંસલામાં એમ જણાવવામાં આવે કે, જે કૃત્ય કર્યાનું કહેવામાં આવ્યું હોય તે કૃત્ય તોહમતવાળા સખસે કરેલું છે, ત્યારે ત્યારે જે મનની અશકિત ઠરાવવામાં આવી તે અશક્તિ ન હોત તો સદરહુ કૃત્ય ગુન્હો થાત એમ હોય તો, જે માજીસ્ત્રેટની અથવા કોરટની આગળ તે સખસનો ઇનસાફ થયો હોય તે માજીસ્ત્રેટને અથવા કોરટને યોગ્ય લાગે એવી જગાએ તથા રીતે તે સદરહુ સખસને સારા જાપતામાં રાખવાનો હુકમ તે માજીસ્ત્રેટે અથવા કોરટે કરવો, અને સ્થાનિક સરકારના હુકમ માટે તે મુકદ્દમાનો રીપોટ કરવો.

સ્થાનિક સરકાર સદરહુ સખસને ગાંડા માણસનાં કોઈ આશ્રયસ્થાનમાં અથવા તુરંગમાં અથવા સારા જાપતાવાળી બીજી યોગ્ય જગામાં પુરી રાખવાનો હુકમ કરવાને મુખત્યારછે.

ઇન્સ્પેકટર જનરલે ગાંડા કેદીઓને જોવા જવું.

૪૭૨. જ્યારે કોઇ સખસને ૪૬૬ મી અથવા ૪૭૧ મી કલમના ઠરાવો મુજબ કેદ રાખ્યો હોય ત્યારે, જો તે સખસને કોઈ તુરંગમાં કેદ રાખ્યો હોય તો તુરંગનો ઇન્સ્પેકટર જનરલ, અથવા જો ગાંડા માણસોના આશ્રયસ્થાનમાં કેદ રાખ્યો હોય તો. ગાંડા માણસોના આશ્રયસ્થાનના વિજીટરો, અથવા તેઓમાંના કોઈ બે, તે સખસના મનની સ્થિતિ કેવી છે એ નક્કી કરવા સારૂ તે સખસને જોવા જવાને મુખત્યાર છે; અને દર છ મહિનામાં ઓછામાં ઓછી એકવાર સદરહુ ઇન્સ્પેકટર જનરલે અથવા ઉપર લખેલા વિજીટરોમાંના બે વિજીટરોએ

જઈને તે સખસને જોવો; અને સદરહુ ઇન્સ્પેકટર જનરલે અથવા વિજીટરોએ તે સખસના મનની સ્થિતિ સબંધી એક વિશેષ રીપોટ સ્થાનિક સરકારને કરી મોકલવો.

ગાંડો કેદીપોતાનો જવાબ કરવાને શક્તિમાન છે એવો રીપોટકરવામાંઆવેત્યારેકેમ કરવું.

૪૭૩. જો તે સખસને ૪૬૬ મી કલમના ઠરાવો પ્રમાણે કેદ રાખ્યો હોય અને સદરહુ ઇન્સ્પેકટર જનરલ અથવા વિજીટરો તે સખસ પોતાનો જવાબ કરવાને શક્તિમાન છે એવા પોતાના અભિપ્રાયનો દાખલો આપે, ત્યારે તે માજીસ્ટ્રેટ અથવા કોરટ, જેમ હોય તેમ મુકરર કરે તે વખતે માજીસ્ત્રેટની અથવા કોરટની પાસે તે સખસને લઇ જવો. અને માજીસ્ત્રેટે અથવા કોરટે તે સખસની તજવીજ ૪૬૮ મી કલમના ઠરાવો મુજબ કરવી, અને સદરહુ ઇન્સ્પેકટર જનરલનું અથવા વિજીટરોનું સર્ટીફીકેટ પુરાવમાં લઇ શકાશે.

૪૬૬ મી અથવા ૪૭૧ મી કલમ પ્રમાણે કેદ રાખેલો ગાંડો સખસ છોડી મુકવા લાયક છે એમ જાહેર કરવામાં આવે ત્યારે કેમ કરવું.

૪૭૪. જો તે સખસને ૪૬૬ મી અથવા ૪૭૧ મી કલમના ઠરાવો મુજબ કેદ રાખ્યો હોય, અને સદરહુ ઈન્સ્પેકટર જનરલ અથવા વિજીટરો એવો દાખલો આપે કે તેને છોડી મુકવામાં આવે તો તે પોતાની જાતને અથવા બીજા કોઈપણ સખસને નુકશાન કરે એવો ભય નથી એવું અમારી નજરમાં આવે છે, તો તે દાખલા ઉપરથી સ્થાનિક સરકાર તે સખસને છોડી મુકવાનો, અથવા કેદમાં અટકાવી રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે; અથવા તેને ગાંડા માણુસોના કોઈ સરકારી આશ્રયસ્થાનમાં નહીં મોકલ્યો હોય તો તેવા કોઇ આશ્રયસ્થાનમાં મોકલવાનો હુકમ કરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે, અને સ્થાનિક સરકાર તેને આશ્રયસ્થાનમાં મોકલવાનો હુકમ કરે તો, એક ઈનસાફ ખાતાના અને એ વૈદક અમલદારનું કમિશન નિમવાને તે સરકાર મુખત્યાર છે.

જરૂર હોય તેવો પુરાવો લઇને સદરહુ કમિશને તે સખસનાં મનની સ્થિતિ વિશે પદ્ધતિ પ્રમાણે ચોકસી કરવી, અને સ્થાનિક સરકારને રિપોટ કરવો, પછી પોતાની નજરમાં આવે તે પ્રમાણે સ્થાનિક સરકાર તે સખસને છોડી મુકવાનો અથવા અટકાવી રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

ગાંડા માણસને તેનાં સગાંવાહાલાંને સંભાળનેમાટેસ્વાધીનકરવા બાબત.

૪૭૫. જ્યારે જ્યારે ૪૬૬ મી અથવા ૪૭૧ મી કલમના ઠરાવો પ્રમાણે કેદ રાખેલા કોઈપણ સખસનો કોઇ સગો અથવા મિત્ર તે સખસને પોતાની સંભાળમાં તથા કબજામાં લેવાની ખાયશ બતાવે, ત્યારેત્યારે તે સગો અથવા મિત્ર અરજી કરે એટલે અને તે હવાલે કરેલા સખસની બરાબર સંભાળ લેવા બાબત તથા તેની જાતને અથવા બીજા કોઇપણ સખસને નુકશાન નહી કરવા દેવા બાબત સ્થાનિક સરકારની ખાત્રી લાયક તારણ આપે, એટલે તે સખસને સદરહુ સગા અથવા મિત્રના હવાલામાં સોંપવાનો હુકમ કરવાને સદરહુ સરકાર મુખત્યાર છે.

જ્યારે તે સખસને એ પ્રમાણે હવાલે કરવામાં આવે, ત્યારે સ્થાનિક સરકાર ફરમાવે એવો અમલદાર તે સરકાર ફરમાવે એવે વખતે તે સખસને જોવા માટે તેને હાજર કરવામાં આવશે એવી સરતે તેને હવાલે કરવો.

૪૭૨ મી તથા ૪૭૪ મી કલમના ઠરાવો, જોઇતો ફેરફાર કરીને, આ કલમના ઠરાવો પ્રમાણે સોંપેલા શખસોને લાગુ પડશે; અને આ કલમ પ્રમાણે જે જોનાર અમલદાર નિમવામાં આવે તેણે આપેલો દાખલો પુરાવામાં લેવામાં આવશે.

બાબ ૩૨ મો.

ઇનસાફ ચલાવવામાં હરકત થાય એવા કેટલાએક ગુન્હાની બાબતમાં કામ ચલાવવા બાબત.

૧૯૫ની કલમમાં કહેલા મુકદમામાં કામ ચલાવવાની રીત.

૪૭૬. જ્યારે કોઇપણ દિવાની, ફોજદારી અથવા મુલકી કોરટને એમ લાગે કે ૧૯૫ મી કલમમાં કહેલા તથા પોતાની આગળ કરેલા અથવા ઈનસાફી મુકદમો ચાલતો હોય તે દરમિયાનમાં પોતાના નજર હેઠળ આણેલા કોઈ ગુન્હાની ચોકસી કરવાનો સબબ છે ત્યારે તે કોરટે કાંઇપણ પ્રથમ ચોકસીની જરૂર હોય તો તે કર્યા પછી, પ્રસેમાં પાસેના પહેલા વર્ગના માજીસ્ત્રેટની પાસે તે મુકદમો ચોકસી અથવા ઈન્નસાફ કરવા સારૂ મોકલવાને, તથા તોહોમતવાળાને પેહેરામાં આપીને સદરહુ માજીસ્ત્રેટની પાસે મોકલવાને, અથવા તે માજીસ્ત્રેટની આગળ હાજર થવા બાબત તેની પાસેથી પુરતું તારણ લેવાને, મુખત્યાર છે; અને સદરહુ ચોકસીની અથવા ઇનસાફની વખતે હાજર થઇને પુરાવો આપવા માટે કોઇપણ સખસને બાંધી લેવાને મુખત્યાર છે.

સદરહુ માજીસ્ત્રેટે પછી કાયદા મુજબ કામ ચલાવવું જોઇએ, અને ૧૯૨ મી કલમ પ્રમાણે મુકદમા બીજાની પાસે મોકલવાનો તેને અધિકાર મળ્યો હોય તો બીજા કોઇ યોગ્ય અધીકારવાળા માજીસ્ત્રેટની પાસે તે ચોકસી અથવા ઇનસાફ કરવાનું કામ મોકલવાને તે મુખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૭૧—૪૭૨ ના પારેગ્રાફ ૧—૩ અને ૪૭૭ ને મળતી છે આ કલમનો મતલબ એવો છે કે જે કોર્ટની સમક્ષ ગુન્હો બન્યો હોય તેની મંજુરી સિવાય બીજી કોર્ટે કામ ચલાવવું નહી, અમુક અધિકારીએ કામ ચલાવવું જોઈએ એવું લખાણ નહી કરતાં દીવાની કોરટ ફોજદારી કોરટ તરફ કામની ચોકસી થવાને માટે કામ મોકલી શકે છે. દીવાની કોરટના અધિકારીનો કોઇ તોહોમતની તપાસ થવાને લીધેલો જુબાની ઉપરથી દીવાની કોરટ કોઈ કેસ માજીસ્ત્રેટ તરફ મોકલે તે ફરિયાદ બરોબર છે. રાણી વી૦ માનચંદ મોસર વીકલી રીપોર્ટ ૧૩—પ્ર. ૪૫.

સદરહુ પ્રકારના ગુન્હા સેશન કોરટની આગળ કરવામાં આવે ત્યારે તે સબંધી તે કોરટનો અધિકાર.

૪૭૭. ૪૪૪ મી કલમ માંહેના ઠરાવોને અનુસરીને, સેશન કોરટ ૧૯૫ મી કલમાં કહેલા અને પોતાની આગળ કરેલા અથવા કોઇ ઇનસાફી મુકદમો ચાલતો હોય ને દરમિયાનમાં તેની નજર હેઠળ આણેલા ગુન્હા બાબત કોઇપણ સખસની ઉપર તોહમત મૂકવાને, અને પોતે મૂકેલાં તોહમત ઉપરથી તે સખસને કેદમાં મોકલવાને અથવા તેના જામિન લેવાને અને તેના ઇનસાફ કરવાને મુખત્યાર છે.

તે ચોકસીના કારણ સારૂ કોઇપણ સાહેદોને હાજર કરાવવાનુ માજીસ્ત્રેટને ફરમાવવાને સદરહુ કોરટ મુખત્યાર છે.

તપાસ પુરી કર

૪૭૮. જ્યારે સદરહુ પ્રકારનો કોઇપણ ગુન્હો કોઇ દિવાની અથવા

વાનો તથા હાઇકો- રટમાં અથવા સે- શન કોરટમાં કમિ- ટ કરવાનો દિવાની તથા મુલકી કોરટ નો અધિકાર.

મુલકી કોરટની આગળ કરવામાં આવે, અથવા કોઈ ઈનસાફી મુકદમો ચાલતો હોય તે દરમિયાનમાં કોઇ દિવાની અથવા મુલકી કોરટની નજર હેઠળ આણવામાં આવે, અને તે મુકદમાનો ઇનસાફ ફક્ત હાઈકોરટ અથવા સેશન કોરટ કરી શકે એમ હોય અથવા તે મુકદમાનો ઇનસાફ હાઈકોરટે અથવા સેશનકોરટે કરવો જોઇએ એમ સદરહુ દિવાની અથવા મુલકી કોરટ ધારે, ત્યારે સદરહુ દિવાની અથવા મુલકી કોરટ ૪૭૬ મી કલમ પ્રમાણે કોઇ માજીસ્ત્રેટનો પાસે તે મુકદમો ચોકસી માટે મોકલવાને બદલે પોતાનીજ મેળે તે ચોકસી પુરી કરવાને અને હાઇકોરટનો અથવા સેશનકોરટની જેમ હોય તેમ, આગળ ઈનસાફ થવાસારૂ તોહમતવાળા સખસને કમિટ કરવાને અથવા તેના જામિન લેવાને મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે કાંઇ ચોકસી કરવાના કારણસારૂ તે દિવાની અથવા મુલકી કોરટ ૪૪૩ મી કલમ માંહેના ઠરાવોને અનુસરીને માજીસ્ત્રેટના સઘળા અખત્યાર ચલાવવાને મુખત્યાર છે. અને સદરહુ ચોકસીમાંનું તે કોરટનું કામ બની શકે તેટલે સુધી ૧૮ મા બાબના ઠરાવો પ્રમાણે ચલાવવું અને તે કામ કોઈ માજીસ્ટ્રેટે ચલાવ્યું હતું એમ સમજવું.

સદરહુ પ્રકારના મુકદમામાં દિવાનીકોરટેકેમકરવુ.

૪૭૯. જ્યારે કોઇ દિવાની અથવા મુલકી કોરટ એ પ્રમાણે કોઇપણ મુકદમો મોકલે ત્યારે તે કોરટે તોહમતનામું તથા મુકદમો મોકલવા બાબતનો હુકમ તથા તે મુકદમાનું દફતર પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટનો અથવા જીલ્લા માજીસ્ટ્રેટની અથવા ઇનસાફ સારૂ કમિટ કરવાનો અધિકાર બીજા જે માજીસ્ત્રેટને હોય તે માજીસ્ત્રેટની પાસે મોકલી દેવું, અને સદરહુ માજીસ્ત્રેટે તે મુકદમો તથા ફરિયાદી તરફના અને તોહમતવાળા તરફના સાહેદોને હાઇકોરટની અથવા સેશન કોરટની આગળ જેમ હોય તેમ આણવા.

તિરસ્કારના કેટલાએકમુકદમામાં કેમ કરવું.

૪૮૦. જ્યારે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૫ મી, ૧૭૮ મી, ૧૭૯ મી, ૧૮૦ મી, અથવા ૨૨૮ મી કલમમાં વર્ણવેલો કોઈપણ ગુન્હો કોઇપણ દિવાની ફોજદારી, અથવા મુલકી કોરટના દેખતાં અથવા તેની સમક્ષ કરવામાં આવે ત્યારે તે કોરટ ગુન્હેગારને પેહેરામાં અટકાવી રાખવાને મુખત્યાર છે. પછી તે ગુન્હેગાર રાણીસાહેબની વિલાયતી રઈયત હોય કે નહીં હોય તોપણ; અને તેજ દિવસે તે કોરટ ઉઠે તેની પેહેલાં કોઈપણ વખતે પોતાને દુરસ્ત લાગે તો, તે કોરટ તે ગુન્હો સાંભળવાને અને ગુન્હેગારને ઘણામાં ઘણા બસે રૂપિયા સુધી દંડનો, અને દંડ ન આપે તો, એક મહિના સુધીની મુદતની આસાન કેદની શિક્ષા કરવાને મુખત્યાર છે. પણ જો સદરહુ દંડ તે મુદત પુરી થતાં પેહેલાં આપવામાં આવે તો તેને તુરત છોડી દેવો.

૪૪૩ મી અથવા ૪૪૪ મી કલમ માંહેનો કોઇપણ મજકુર આ કલમ પ્રમાણે ચલાવેલાં કામને લાગુ પડે છે એમ સમજવું નહીં.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૩૫ ના પારેગ્રાફ ૧ લાને મળતી છે. સાહેદ ફેરફાર શબ્દવાળુ બોલે અને તેને કરેલા સવાલનો જવાબ ન આપે તો તેણે કોરટનો તિરસ્કાર કર્યો મનાય એવું ઠર્યું છે—રાણી વિરુદ્ધ જેમળ આવળ મું. હા. કો. રી. વા. ૧૦ પૃ. ૬૯

કોઇ અમલદાર કોઇ અમુક કામ કરતો હોય તેની આગળ હીં. ફોજદારી કાયદાની કલમ ૨૨૮ મુજબ શિક્ષા થઈ શકે તેવો તીરસ્કારનો ગુન્હો કોઇએ કર્યો હોય તો તે અમલદાર બીજો હોદ્દો ભોગવતો હોય તેની રૂયે તે તીરસ્કારના ગુન્હાની તજવીજ કરી શકતો નથી—રાણી વિરૂદ્ધ ચંદર સોકરદાય વીકલી રીપોટ ૧૨ પ્ર. ૧૮

જે ફોજદારી કોરટ આ કલમ પ્રમાણે અમલ કરે તે ફોજદારી કોરટ જો દંડ કરે તો તેનાં કારણ ખસુસ કરીને લખવાં જોઇએ. કઇ હકીકતથી તીરસ્કાર થયો, કેહીએ તે વીશે શું કહ્યું તે તથા ફેંસલો અને ઠરાવ એટલાં વાનાં લખવાં જોઇએ—પચીનંદી તાળીરામ મદ્રાસ હાઈકોરટ રીપોટ વા. ૪ પ્ર. ૨૨૯.

સદરહુ પ્રકારના મુકદમાઓનું દફતર.

૪૮૧. સદરહુ પ્રકારના દરએક મુકદમામાં; તે ગુન્હો જે હકીકતનો બનેલો હોય તે હકીકત, તથા ગુન્હેગારે કાંઈ મચકુર જાહેર કર્યો હોય તો તે મચકુર. તેમજ ઠરાવ તથા શિક્ષાનો હુકમ, એ તે કોરટે દફતરમાં દાખલ કરવું.

જો તે ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૨૮ મી કલમ પ્રમાણે હોય, તો જે કોરટને હરકત કરી હોય અથવા જે કોરટની બે અદબી થઇ હોય, તે કોરટ જે ઇનસાફી મુકદમો ચલાવવાને બેઠી હતી તે ઇનસાફી મુકદમાનો પ્રકાર તથા તેનો ભાગ, અને જે હરકત અથવા બે અદબી કરી હોય તેનો પ્રકાર તે દફતરમાં બતાવવો.

મુકદમાની તજવીજ ૪૮૦ મી કલમ પ્રમાણે કરવી નહીં જોઇએ એમ કોરટની નજરમાં આવે ત્યારે કેમ કરવું.

૪૮૨. જો કોઈપણ કોરટને કોઈપણ કામમાં એમ લાગે કે ૪૮૦ મી કલમમાં કહેલા ગુન્હાઓમાંનો કોઇપણ ગુન્હો પોતાના દેખતાં અથવા પોતાની સમક્ષ કર્યાનું તોહમત જે સખસની ઉપર આવ્યું હોય તે સખસને દંડ ન આપેથી કેદની શિક્ષા કરવામાં આવે તે સિવાય બીજી રીતની કેદની શિક્ષા કરવી જોઇએ, અથવા બસેં રૂપિયા કરતાં વધતો દંડ તેને કરવો જોઇએ, અથવા જો બીજાં કોઈપણ કારણને લીધે તે કોરટનો મત એમ હોય કે તે મુકદમાનો નિકાલ ૪૮૦ માં કલમ પ્રમાણે કરવો નહીં જોઈએ, તો તે ગુન્હો આ કાયદામાં પાછળ ઠરાવ્યા પ્રમાણે જે હકીકતનો બનેલો હોય તે હકીકત તથા તોહમતવાળાનો મજકુર દફતરમાં દાખલ કર્યા પછી સદરહુ કોરટ તે મુકદમાનો ઇનસાફ કરવાની હકુમત જે માજીસ્ત્રેટને હોય તે માજીસ્ત્રેટની પાસે તે મુકદમો મોકલવાને મુખત્યાર છે, અને તે તોહમતવાળા સખસે સદરહુ માજીસ્ત્રેટની આગળ હાજર થવા બાબત તારણ આપવાનું ફરમાવવાને મુખત્યાર છે અથવા પુરતુ તારણ આપવામાં ન આવે તો, તે કોરટે, સદરહુ સખસને પેહેરામાં આપીને સદરહુ માજીસ્ત્રેટની પાસે મોકલવો.

જે માજીસ્ત્રેટની પાસે આ કલમ પ્રમાણે કોઈ પણ મુકદમો મોકલવામાં આવે તે માજીસ્ત્રેટે તોહમતવાળા સખસની ઉપર થએલી ફરિયાદ આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે સાંભળવા માંડવી.

રજીષ્ટાર અથવા સબરજીષ્ટર ૪૮૦ મી કલમના અર્થ

૪૮૩. સન ૧૮૭૭ ના હિંદુસ્તાનના નોંધવા બાબતના આકટ પ્રમાણે નિમેલો હરકોઈ રજીષ્ટાર અથવા હરકોઇ સબરજીષ્ટાર, સ્થાનિક સરકાર એમ ફરમાવે ત્યારે ૪૮૦ મી તથા ૪૮૨ મી કલમના અર્થ પ્ર-

પ્રમાણે દિવાની કોરટ છે એમ ક્યારે સમજવું.

માણે દિવાની કોરટ છે એમ સમજવું.

ગુન્હેગાર હુકમ માને અથવા માફ માગે એટલે તેને છોડીદેવા બાબત.

૪૮૪. કોઇ સખસને કાયદા મુજબ કાંઇ વસ્તુ કરવાનું ફરમાવ્યું હોય તે કરવાની તેણે ના કહી હોય અથવા કસુર કરી હોય અથવા જાણીજોઇને એ અદબી અથવા હરકત કરી હોય, તે બાબત કોઇ કોરટે ૪૮૦ મી કલમ પ્રમાણે તેને શિક્ષા કરવાનો ઠરાવ કર્યો હોય, ત્યારે તે ગુન્હેગાર સદરહુ કોરટના હુકમને અથવા માગણીને તાબે થાય, અથવા તે કોરટની ખાત્રી થાય તે રીતે માફ માગે, એટલે પોતાની મરજી મુજબ તેને છોડીદેવાને અથવા શિક્ષા માફ કરવાને તે કોરટ મુખત્યાર છે.

જે સખસ જવાબ દેવાની અથવા દસ્તાવેજ રજુકરવાની ના કેહે તેસખસને કેદ કરવા અથવા હવાલે કરવા બાબત.

૪૮૫. જે કોઈ ફોજદારી કોરટની આગળ કોઇપણ સાહેદને જે સવાલો પુછવામાં આવે તે સવાલોના જવાબ દેવાની અથવા તે સખસના કબજા માંહેનો અથવા અખત્યાર માંહેનો જે દસ્તાવેજ રજુ કરવાનું તે કોરટ તેને ફરમાવે તે દસ્તાવેજ રજુ કરવાની તે સખસ ના કહે, અને એ પ્રમાણે ના કેહેવાનું કોઈપણ વ્યાજબી કારણ તે સખસ ન બતાવે તો સદરહુ કોરટ ઘણામાં ઘણા સાત દિવસ સુધી ગમે તે મુદત સુધી તે સાહેદને આસાન કેદની શિક્ષાનો હુકમ કરવાને અથવા પ્રમુખ માજીસ્ત્રેટની અથવા જડજની સહીનું વારંટ કાહાડી કોરટના કોઇ અમલદારને હવાલે કરવાને મુખત્યાર છે; અને તેમ કરવાનાં કારણો તે કોરટે દફતરમાં લખવાં પણ જો તે દરમિયાનમાં સદરહુ સખસ જુબાની આપવાને તથા જવાબ દેવાને અથવા સદરહુ દસ્તાવેજ રજુ કરવાને કબુલ થાય તો બાકીની શિક્ષા માફ કરવી. જો તે ઉપર મુજબ ના કહ્યા કરે તો ૪૮૦ મી અથવા ૪૮૨ મી કલમના ઠરાવો પ્રમાણે તેની તજવીજ કરવાનો અધિકાર છે, અને રાયલ ચારટરથી સ્થાપેલી કોઇ કોરટની બાબતમાં, તે સાહેદે તિરસ્કારનો ગુન્હો કર્યો છે એમ સમજવું.

તિરસ્કારનાં કામોમાં ગુન્હાની સાબિતીના ઠરાવ ઉપર અપીલ.

૪૮૬. કોઇપણ સખસને ૪૮૦ મી અથવા ૪૮૫ મી કલમ પ્રમાણે કોઇપણ કોરટે શિક્ષાનો હુકમ કર્યો હોય ત્યારે આ કાયદામાં પાછળ ગમે તે કહ્યું હોય તે છતાં, તે કોરટમાં કરેલા હુકમનામા અથવા હુકમો ઉપર અપીલો સામાન્યતઃ જે કોરટને થઇ શકતી હોયતે કોરટને તે સખસ અપીલ કરવાને મુખત્યારછે.

આ કલમ પ્રમાણે કરેલી અપીલોને ૩૧ મા બાબના ઠરાવો જેટલે સુધી લાગુ પડી શકતા હોય તેટલે સુધી લાગુ પડશે, અને જે ઠરાવ ઉપર અથવા જે શિક્ષાના હુકમ ઉપર અપીલ કરવામાં આવી હોય તે ઠરાવમાં ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને અથવા તે શિક્ષા ઓછી કરવાને અથવા તે રદ કરવાને અપીલ કોરટ મુખત્યાર છે.

ઈલાકાનાં કોઈ મુખ્ય શેહેરોમાંની સ્માલકાજ કોરટે એ પ્રમાણે ગુન્હો ઠરાવ્યો હોયતે ઉપર અપીલ હાઇકોરટમાં ચાલશે, અને

બીજી કોઇ સ્માલકાજ કોરટે એ પ્રમાણે ગુન્હો ઠરાવ્યો હોય ત્યારે જે સેશન ટુકડી

માંહે સદરહુ કોરટ આવેલી હોય તે સેશન તુકડીની સેશન કોરટમાં તે ઉપર અપીલ ચાલશે.

ઉપર કહ્યા મુજબ નિમેલા રજીસ્ટ્રાર અથવા સબરજીસ્ટ્રાર તરીકે કોઇપણ અમલદારે એ પ્રમાણે ગુન્હો ઠરાવ્યો હોય, અને સદરહુ અમલદાર કોઈ દિવાની કોરટનો જડજ પણ હોય, ત્યારે જો સદરહુ ઠરાવ તે અમલદારે સદરહુ પ્રકારના જડજ તરીકે પોતાના હુદાની રૂએ કરેલું હુકમનામું હોય તો આ કલમના પાછલા ભાગ પ્રમાણે, જે કોરટમાં અપીલ કરવામાં આવે તે કોરટને સદરહુ ઠરાવ ઉપર અપીલ કરવાનો અધિકાર છે, અને બીજાં કામોમાં જીલ્લા જડજને અથવા ઇલાકાનાં મુખ્ય શેહેરોમાં હાઇકોરટને તે અપીલ કરવાનો અધિકાર છે.

૧૯૫મીકલમમાં કહેલાગુન્હા કેટલા એકજડજોનીતથા માજીસ્ત્રેટોની આગળ કરવામાં આવેત્યારેતેઓએતેગુન્હાઓનોઈનસાફ કરવો નહીં.

૪૮૭. ૪૭૭ મી, ૪૮૦ મી અને ૪૯૫ મીં કલમમાં ઠરાવ્યું છે તે સિવાય બીજી રીતે કોઇ હાઇકોરટના જડજ સિવાય, તથા રંગુનના રિકોરડર સિવાય, તથા પ્રેસિડેન્સી માજીસ્ત્રેટો સિવાય, બીજા કોઇ ફોજદારી કોરટના જડજે અથવા માજીસ્ત્રેટે ૧૯૫ મી કલમમાં કહેલો કોઈ પણ ગુન્હો તેની આગળ અથવા તેના અધિકારનો તિરસ્કાર થાય એવી રીતે કરવામાં આવે અથવા કોઇ ઇનસાફી મુકદમો ચાલતો હોય ત્યારે સદરહુ જડજ અથવા માજીસ્ટ્રેટ તરીકે તેની નજર હેઠળ આણવામાં આવે ત્યારે તે ગુન્હા બાબત કોઈપણ સખસનો ઇનસાફ કરવો નહી.

૪૭૬ મી અથવા ૪૮૨ મી કલમ માંહેના કોઈપણ મચકુરથી એમ સમજવું નહી કે સેશન કોરટમાં અથવા હાઇકોરટમાં કમિટ કરવાનો અધિકાર જે માજીસ્ટ્રેટને હોય તે માજીસ્ટ્રેટને પોતેજ કોઇ પણ મુકદમો સદરહુ કોરટમાં કમિટ કરે તેમાં, અથવા કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ કોઇપણ મુકદમો બીજા કોઈ માજીસ્ટ્રેટ પાસે ચોકસી કરવા સારૂ મોકલવાને બદલે પોતાનીજ મેળે તે મુકદમાનો નિકાલ કરે તેમાં અટકાવ થશે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૭૩ ને મળતી છે. જ્યારે કોરટની નજરમાં એમ આવે કે કલમ ૧૯૫ માં કહેલા તોહોમતની ચોકસી કરવાનું યોગ્ય કારણ છે ત્યારે કોરટે આ કલમ પ્રમાણે કરવું જોઈએ. રાણી વિરૂદ્ધ ગોવરધનદાસ ઇંડિયન લો. રીપોટ અલ્હાબાદ વા. ૩ પ્ર. ૬૨

'બ' નામના સખસે એક પોલીસ અમલદારની રૂબરૂ કેટલાક સખસોના ઉપર ચોરીનું તોહોમત રાખ્યું તે પોલીસ અમલદારે માજીસ્ટ્રેટને જાહેર કર્યું. માજીસ્ટ્રેટે હુકમ કર્યો કે ફરિયાદી ખરી છે કે ખોટી તેનો પોલીસે તપાસ કરવો તે ઉપરથી પોલીસને ખોટી ફરિયાદ કરી છે એવું માલમ પડયું તેથી એજ માજીસ્ત્રેટે ખોટી ફરિયાદી કર્યાનું કામ ચલાવ્યું અને આ ગુન્હાનો તેને ગુન્હેગાર ઠરાવ્યો આ કામમાં ઠરાવ્યું કે કાંઇ ગેરકાયદેસર થયું નથી રાણી વિરૂદ્ધ બળદેવ ઇંડિયન લા. રીપોટ અલ્હાબાદ વા. ૩ પ્ર. ૩૩૨

સને ૧૮૬૨ ના મુંબાઇ આકટ ૫ પ્રમાણે જે ચોકસીને સારૂ મામલતદારની રૂબરૂ સમન કરી બોલાવેલા સખસોએ હાજર રહેવું તે વિશે તેમાં કાંઇ ઠરાવ નથી સબબ મામલતદારે તે આકટ પ્રમાણે કરેલા સમન મુજબ હાજર ન રહેવાના સબબથી થએલા તોહોમતની સાબિતી ગેરકાયદેસર છે. ઇનસાફ કરનાર માજીસ્ટ્રેટની કોરટનોજ આ કામમાં તિરસ્કાર થએલો છે ત્યારે તેને ઇનસાફ કરવા અધિકાર નથી. આ સબબથી જુ. ક્રીપ્રો, કોડ કલમ ૪૭૩ (કલમ ૪૮૭ પ્રમાણે તે તોહોમતની સાબિત ગેરકાયદેસર છે એમ પણ આ કામમાં ઠરાવવામાં આવ્યું છે. સરકાર વિરૂદ્ધ મહમદ ઇસ્માએલ વિગેરે. મું. હા. કોરટનો ઠરાવ તા. ૧૭ એપ્રીલ ૧૮૭૩

બાબ ૩૬ મો.

ઓરતોનાં તથા બાળકોના ગુજરાન બાબત.

ઓરતોનાં તથા બાળકોનાંગુજરાન બાબત હુકમ.

૪૮૮ જો કોઇ સખસની પુરતી દ્રવ્ય શકતી હોય, અને તે પોતાની ઓરતનુ અથવા પોતાની મેળે પોતાનું ગુજરાન ચલાવવાને અશકત હોય એવા કોઈ કાયદાસર અથવા ગેરકાયદાસર બાળકનું ગુજરાન ચલાવવાની ગફલત કરે અથવા ના કહે તો, એ પ્રમાણે ગફલત કર્યાનો અથવા ના કહ્યાનો પુરાવો થયેથી, જીલ્લામાજીસ્ત્રેટ અથવા કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા કોઇ પેટા તુકડી માજીસ્ત્રેટ અથવા પેહેલા વર્ગનો કોઇ માજીસ્ત્રેટ તે સખસની ઓરતનાં અથવા સદરહુ પ્રકારનાં બાળકનાં ગુજરાનને માટે દર મહીને એકંદર પચાસ રૂપીયાથી વધારે નહી હોય એવું જે લવાજમ સદરહુ માજીસ્ત્રેટને યોગ્ય લાગે તે લવાજમ કાહાડીને તે માજીસ્ત્રેટ વખતે વખતે ફરમાવે તેવા સખસને આપવાનો હુકમ સદરહુ સખસની ઉપર કરવાને મુખત્યાર છે.

સદરહુ લવાજમ હુકમની તારીખથી આપવું પડશે.

હુકમ જબરીથી અમલમાં લાવવા બાબત.

જે સખસને એ પ્રમાણે હુકમ કર્યો હોય તે સખસ તે હુકમ માનવાની જાણી જોઈને ગફલત કરે, તો તે હુકમ જેટલીવાર તોડવામાં આવે તેટલીવાર લેહેણું રકમ દંડ વસુલ કરવા માટે જે રીત આ કાયદામાં પાછળ ઠરાવી છે તે રીત પ્રમાણે વસુલ કરવા માટે સદરહુ પ્રકારનો કોઇપણુ માજીસ્ત્રેટ વારંટ કાહાડવાને મુખત્યાર છે, અને તે વારંટ બજાવ્યા પછી બાકી રહેલું દરએક મહીનાનું લવાજમ તે સઘળા લવાજમ બાબત અથવા તેના કોઈપણુ ભાગ બાબત ઘણામાં ઘણા એક એક મહીના પ્રમાણે સદરહુ સખસને કેદની શિક્ષાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ટીકા—કોઈ મુસલમાન ઉપર તેની સ્ત્રીને ખોરાકી પોસાકી આપવા ઠરાવ થયો હોય તો તેથી તે સ્ત્રીથી છુટા છેડા કરવા તેને પ્રતિબંધ આવતો નથી અને પછી એવા છુટા છેડા થાય તો માજીસ્ત્રેટે કરેલો ખોરાકી પોશાકીનો હુકમ રદ બાતલ થાય છે—કાસમ પીરભાઇ અને તેની ઓરત હરબાઇના કામમાં. મુંબાઈ હાઈકોરટ રીપોટ વા. ૮ પ્ર. ૯૫.

પુરૂષનું ઘાતકીપણું નકી સાબીત કરી શકે નહીતો જુદી ખોરાકી પોશાકી મળી શકે નહી—મસાગત જશગત. વીકલી રીપોટ ૬ પ્ર. ૪૯ તથા થોમસનના કામમાં અલ્હાબાદ હાઇકોરટ રીપોટ વા. ૬ પ્ર. ૨૦૫

જે છોકરૂં જનમ્યું નથી તેની ખોરાકી પોશાકી માટે કાંઇ હુકમ થઇ શકતો નથી—મસાગત લારલી વિરૂદ્ધ બનસી દાંટચીત અલ્હાબાદ હાઇકોરટ રીપોટ વા. ૩ પ્ર. ૭૦

વિશેષ ઠરાવ.

પણ એવું ઠરાવ્યું છે કે જો તે સખસ એમ કહે કે મારી ઓરત મારી સાથે રેહે તો તેનું ગુજરાન ચલાવવાને હું તઇયાર છુ, અને તેની ઓરત તેની સાથે રેહેવાની ના કહે, તો એ પ્રામાણે ના કહેવાનાં જે કાંઇ કારણો તે ઓરત જણાવે તે કારણો ધ્યાનમાં લેવાને સદરહુ માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને તે પ્રમાણે તે સખસે પોતાની ખુસી બતાવ્યાં છતાં જો તે માજીસ્ત્રેટની એવી ખાત્રી થાય કે સદરહુ સખસ છિનાળુ કરેછે અથવા તે હમેશ પોતાની ઓરતની સાથે નિર્દયપણાથી ચાલ્યો છે, તો તે માજીસ્ત્રેટ આ કલમ પ્રમાણે હુકમ કરવાને મુખત્યાર છે.

જો કોઇ ઓરત છિનાળુ કરતી હશે, અથવા કાંઇ પુરતાં કારણ વિના પોતાના ધણી-ની સાથે રેહેવાની ના કેહેશે, અથવા તેઓ બેઉ માંહોમાંહે સમજુતી કરીને જુદાં રેહેતાંહશે, તો તે ઓરતને આ કલમ પ્રમાણે તેના ધણી પાસેથી કાંઈ લવાજમ મળવાનો હક થશે નહી.

જે ઓરતના લાભમાં આ કલમ પ્રમાણે હુકમ કર્યો હોય તે ઓરત છિનાળુ કરે છે અથવા પુરતાં કારણ વિના પોતાના ધણીની સાથે રેહેવાની ના કહે છે અથવા તેઓ બેઉ માંહેમાંહે સમજુતી કરીને જુદાં રહેછે એવી સાબીતી થયેથી તે માજીસ્ત્રેટે તે હુકમ રદકરવો.

આ બાબ પ્રમાણે સઘળો પુરાવો, ધણીની અથવા બાપની, પ્રસંગ પ્રમાણે, સમક્ષ લેવો, અથવા તેને જાતે હાજર થવાનું માફ કર્યું હોય ત્યારે તેના પ્લીડરની સમક્ષ લેવો, અને સમનના મુકદમાઓની બાબતમાં ઠરાવેલી રીતે લખી લેવો.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના ૧૦ ની કલમ ૫૩૬ ને બદલે રચવામાં આવીછે જુના આક્ટમાં 'યોગ્ય પુરાવ' એ શબ્દ હતા તેમાંથી 'યોગ્ય' શબ્દ કાઢી નાખ્યો છે. યોગ્ય પુરાવનો અર્થ કાયદેશર અને સોગન ઉપર આપેલો પુરાવ છે એમ ઠરાવવામાં આવ્યું હતું ગાંડા વિરૂદ્ધ પીરીદાસ, વીકલી રીપોટ ૧૩ પ્ર. ૧૯.

આ કલમના ઠરાવ પ્રમાણે સંક્ષિપ્ત રીતે ચોકસી થઇ શકતી નથી પણ સમન કેસ માફક ચોકસી કરવી જોઇએ. જુના ક્રી. પ્રો. કોડ કલમ ૫૨૬ મુજબ માજીસ્ત્રેટ ઠરાવ કરે ત્યાર પેહેલાં ધણીની પાસે તેની સ્ત્રીના ખોરાકી પોશાકી પુરી પાડવાને પુછવામાં આવ્યું છે કે નહીં તે માજીસ્ત્રેટે નકી કરવું જોઇએ. વીકલી રીપોટ ૨૪ પ્ર. ૬૧.

આ કલમ મુજબ થએલા હુકમ ૨૯૭ મી કલમના અર્થ મુજબ કોઇ એક ફોજદારી કોરટનો ઇનસાફી મુકદમો છે, પણ તેના ઉપર અપીલ નથી. રાણી વિરૂદ્ધ થાકુર્બરા મુબાઇ હાઈકોર્ટ રીપોટ વા. ૫ પ્ર. ૮૧

એક માજીસ્ત્રેટે એક મુસલમાન ઉપર તેની બાઈરીને મહીને મહીને ગુજરાન સારૂ કાંઇ લવાજમ આપવાનો હુકમ કરેલો. આ હુકમથી પોતાની બાઇરીને છુટકારો આપવાનો તેનો હક કાંઈ જતો નથી અને આ પ્રમાણે છુટકારો આપ્યા પછી તે હુકમ બજાવી શકાય નહી. કસાના પીરભાઇ અને તેની બાઇરી હોરબાઈના કામમાં મુબાઇ હાઇકોરટ રીપોટ વા. ૫ પ્ર. ૯૫

એક સખસ ઉપર કલમ ૩૧૬ મુજબ ગુજરાન આપવાનો હુકમ કર્યો હોય તે સખસને મારી બાઇરી છીનાળુ કરે છે એવા સબબ ઉપરથી તે હુકમ રદ કરાવવા માજીસ્ત્રેટને અરજ કરવા અટકાવ નથી છીનાળાની સાબીતી થઇ એટલે ફુલપાવર માજીસ્ત્રેટ એ હુકમ રદ કરવાને મુખત્યાર છે. ચકુ વિરૂદ્ધ ઇશ્વર ભુધર. મુબાઇ હાઈકોરટ રીપોટ વા. ૮ પ્ર. ૧૨૪

આ કામમાં માજીસ્ત્રેટે જુ ક્રી. પ્રો. કોડ કલમ ૫૩૬ પ્રમાણે એક બાઇરીને તેના ધ-ણીએ દર મહીને અમૂક રકમ આપવી એવો ઠરાવ કર્યો. આ હુકમ હાઇકોરટે એટલા સારૂ રદ કરયો કે એ બાઇરી પોતાના બાપને ઘેર રહેતી હતી અને નાણાની કાંઇ રકમ લીધા સિવાય એ બાઇરીએ પોતાના ધણીને ત્યાં જવું નહી એવી પોતાના બાપે તેણીને તાકીદ આપેલી તે ઉપરથી તથા એ બાઇરીના ધણીને એ બાઇરીનું અંન વસ્ત્ર પુરૂ કરવાને તે તઇયાર છે કે નહી તે વિશેના ખુલાસો લેવામાં આવ્યો નહોતો. બીજા વરગના માજીસ્ત્રેટને આ કલમ પ્રમાણે હુકમ કરવાનો અધિકાર નથી. મસાગત સોમરી વિરૂદ્ધ જીતનસોનાર વીકલી રીપોટ ૨૨ પ્ર. ૬૦

લવાજમમાંફેર-ફાર કરવાબાબત.

૪૮૯. ૪૮૮ મી કલમ પ્રમાણે માસિક લવાજમ જે સખસને મળતું હોય તે સખસની, અથવા તેજ કલમ પ્રમાણે પોતાની ઓ-રતને અથવા બાળકને માસિક લવાજમ આપવાનો હુકમ જે સખસની ઉપર કર્યો હોય તે સખસની હાલતમાં ફેરફાર થયો છે એવો પુરાવો થએથી તે લવાજમ-

માં પોતાને પેરસ લાગે એવો ફેરફાર કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, પણ એવું ઠરાવ્યું છે કે એકંદર રકમ દર મારો પચાસ રૂપીઆથી વધારે થવી નહી જોઇએ.

ગુજરાતનો હુકમ જબરીથી અમલમાં લાવવાબાબત.

૪૯૦. ગુજરાતનો હુકમ જે સખસના લાભમાં કર્યો હોય તે સખસને અથવા તેનો કોઇ વાલી હોય તો તેને, અથવા જે સખસને તે લવાજમ આપવાનું હોય તેને વગર ખરચે તે હુકમની એક નકલ આપવી; અને જે સખસની ઉપર તે હુકમ કર્યો હોય તે સખસ જે જગાએ હોય તે જગામાં કોઇપણ માજીસ્ત્રેટની એવી ખાત્રી થાય કે હુકમના પક્ષકાર તેજ છે, અને જે લવાજમ દેવું થયું છે તે લવાજમ આપ્યું નથી એટલે સદરહુ હુકમ અમલમાં લાવવાનો અધિકાર સદરહુ માજીસ્ત્રેટને છે.

બાબ ૩૭ મો.

હેબીયસ કાર્પસના જેવા પ્રકારના હુકમ બાબત.

હેબીયસકાર્પસના જેવાપ્રકારનોહુકમ કહાડવાનો અધિકાર.

૪૯૧. કલકત્તા, મદ્રાસ તથા મુંબાઇ માંહેની ઇનસાફની હાઇકોરટોમાંની કોઇપણ હાઇકોરટને દુરસ્ત લાગે ત્યારે, તે હેઠળ લખ્યા મુજબ ફરમાવવાને મુખત્યાર છે.

(અ) પોતાની મામુલ અસલ દિવાની હકુમતની હદ માંહેના કોઇ સખસની કાયદા મુજબ તજવીજ થવા સારૂ તેને પોતાની આગળ આણવો, એવું;

(બ) સદરહુ હદમાંહે સરકારી અથવા ખાનગી પેહેરામાં ગેરકાયદેસર અથવા ગેરવ્યાજબી રીતે અટકાવી રાખેલા કોઇ સખસને છોડી દેવું એવું;

(ક) સદરહુ હદ માંહે આવેલી કોઇપણ તુરંગમાં કોઇ કેદીને અટકાવી રાખ્યો હોય તે કેદીને સદરહુ કોરટમાં જે કામ ચાલુ હોય અથવા જે કામની ચોકસી કરવાની હોય તે કામમાં સાહેદ દાખલ તપાસવા સારૂ તેને તે કોરટની આગળ આંણવો એવું;

(ડ) ઉપર કહ્યા મુજબ કોઇ કેદીને અટકાવી રાખ્યો હોય તેને કોઈ કોરટ મારશિયલની આગળ અથવા ગવરનર જનરલ ઈનકૌંસિલ તરફથી કાહાડેલાં કોઇપણ કમિશનને આધારે કામ કરનારા કોઇપણ કમિશનરોની આગળ તેનો ઇનસાફ થવા સારૂ અથવા સદરહુ કોરટ મારશિયલની અથવા કમિશનરોની આગળ જે બાબત ચાલુ હોય તે બાબત સબંધી તેને તપાસવા સારૂ સદરહુ કોરટ મારશિયલની અથવા કમિશનરોની આગળ આંણવો, એવું;

(ઇ) સદરહુ હદમાંહેના કોઇ કેદીનો ઈનસાફ થવા સારૂ તેને એક પેહેરામાંથી ખસેડીને બીજા પેહેરામાં લઈ જવો એવું, અને

(ફ) પકડવાના હુકમ ઉપરથી શેરીફ સિપીકાર્પસનું*રિટને મોકલે એટલે સદરહુ હદ માંહેના કોઇ પ્રતિવાદીને જાતે આંણવો એવું,

સદરહુ પ્રકારની દરએક હાઇકોરટ આ કલમ મુજબની બાબતોમાં કામ ચલાવવાની રીત સબંધી નિયમ કરવા સારૂ વખતે વખતે કાનુન કરવાને મુખત્યાર છે.

* જેને પકડવો હોય તેને કબજામાં લીધો છે એવું પત્રક.

આ કલમ માંહેનો કાંઇપણ મજકુર બંગાળાના સન ૧૮૧૮ ના ૩ જા કાયદા પ્રમાણે અથવા મદ્રાસના સન ૧૮૧૯ ના ૨ જા કાયદા પ્રમાણે અથવા મુબાઇના સન ૧૮૨૭ ના ૨૫ મા કાયદા પ્રમાણે અથવા ગવરનર જનરલ ઇનકૌંસિલના સન ૧૮૫૦ ના ૩૪ મા અથવા સન ૧૮૫૮ ના ૩ જા આકટ પ્રમાણે અટકાવી રાખેલા સખસોને લાગુ નથી.

ભાગ ૯ મો,

પુરવણી ઠરાવો.

બાબ ૩૮ મો.

પબ્લિક પ્રાસિક્યુટર બાબત (એટલે સરકારની તરફથી ફરિયાદ પક્ષનું કામ ચલાવવા સારૂ ઠરાવેલા માણસ બાબત.)

પબ્લીકપ્રાસીક્યુટરોનિમવાનોઅધિકાર.

૪૯૨. સામાન્ય રીતે અથવા ગમે તે મુકદમામાં અથવા ગમે તે વરગના મુકદમા સારૂ કાંઇપણ સ્થાનિક ક્ષેત્રમાં એક અથવા વધારે અમલદારો નિમવાને ગવરનર જનરલ ઈનકાંઉસીલ અથવા સ્થાનિક સરકાર મુખત્યાર છે, અને તે અમલદારોને પબ્લિક પ્રીસીક્યુટરો કહેવા.

સેશન કોરટમાં ઈનસાફ થવા સારૂ કોઈપણ મુકદમો કમિટ કર્યો હોય તેમાં પબ્લીકપ્રાસીક્યુટર ગેરહાજર હોય, અથવા કોઈપણ પબ્લીકપ્રાસીક્યુટરને નિમ્યો ન હોય ત્યારે બીજો જે સખસ આસિસ્ટંટ ડિસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડન્ટથી ઉતરતા દરજ્જાનો પોલીસ અમલદાર ન હોય તે સખસને તે મુકદમાનાં કારણ સારૂ પબ્લીક પ્રાસિક્યુટર નીમવાને જીલ્લા માજીસ્ટ્રેટ અથવા જીલ્લા માજીસ્ટ્રેટના નિબંધ હેઠળ રહીને પેટા ટુકડી માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

પબ્લીકપ્રાસીક્યુટરપોતાનેસોંપેલા મુકદમામાંસઘળી કોરટમાં બોલાવાને મુખત્યારછેબાનગીરીતેકરેલાપ્લીડરોએતેના તાબામાં રહેવું

૪૯૩. પબ્લિક પ્રાસીક્યુટરને સોંપેલા હરકોઇ મુકદમાની ચોકસીનું અથવા ઇનસાફનું અથવા અપીલનું કામ કોરટમાં ચાલુ હોય ત્યારે તેને તે કોરટમાં લખેલાં મુખત્યારનામાં વગર હાજર થઈને બોલાવાનો અખત્યાર છે; અને સદરહુ પ્રકારના કોઇ પણ મુકદમાં કોઇ પણ સખસની ઉપર કોઈપણ કોરટમાં ફરિયાદ ચલાવવા માટે કોઇ પણ સખસ કોઇ પ્લીડરને નીમે, તો ફરિયાદનુ કામ પબ્લિક પ્રાસીક્યુટરે ચલાવવુ, અને જે પ્લીડરને એ પ્રમાણે નિમ્યો હોય તે પ્લીડરે તેના હુકમ પ્રમાણે તે મુકદમામાં ચાલવું

ટીકા—આ કલમમાં પ્લીડરે પબ્લીક પ્રાસીક્યુટરના હુકમ પ્રમાણે ચાલવું એવો જે ઠરાવ છે તે ઉપરથી એમ સમજવું નહી કે બારીસ્ટર એટરની અગર હાઇકોરટના વકીલને પણ પબ્લીકપ્રાસીક્યુટરના હુકમ પ્રમાણે ચાલવાનું નથી તેઓએ પણ પબ્લીકપ્રાસીક્યુટરના હુકમ પ્રમાણે મુકદમામાં ચાલવું જોઈએ; કેમકે કલમ ૪ પ્રમાણે પ્લીડર એ શબ્દમાં બારીસ્ટર, એટરની, અને હાઇકોરટના વકીલ એ શબ્દોનો સમાવેસ કરેલો છે.

ફોજદારી મુકદમામાં પ્લીડર તોહોમતદારની તરફથી હાજર થાય એટલુંજ નહી પણ ખાનગી પ્રાસીક્યુટર તરફથી પણ હાજર થઇ શકે છે. ચંદ્રચરણ ચાતરજી વિરૂધ્ધ ચંદ્રકુમાર વીકલી રાપોટ ૧૪ પ્ર. ૨૩

જ્યારે ફરિયાદનું સાચપણું અથવા જુઠપણું નક્કી કરવા માજીસ્ટ્રેટ પોતાની ધ્યાનમાં

આવે તે રીતે ચોકસી કરવા બંધાએલો હોય ત્યારે ફરિયાદીને વકીલથી હાજર થવા દેવો કે ના દેવો તે તેમની મરજી ઉપર છે મુંબાઇ હાઈકોરટ રીપોટ વા. ૮ પ્ર. ૨૦૨

ફરિયાદનું કામ ચલાવવાનું છોડી દેવામાં આવેતેનું પરિણામ.

૪૯૪. ગવરનર જનરલ ઇનકૌંન્સીલે અથવા સ્થાનિક સરકારે નિમેલો કોઈપણ પબ્લિક પ્રાસીક્યુટર જ્યુરીથી ઈનસાફ કરવાના મુકદમાઓમાં જ્યુરીનો ઠરાવ કહી સંભળાવતાં પેહેલાં અને બીજા મુકદમાઓમાં ફેંસલો આપતાં પેહેલાં કોરટની સંમતીથી કોઇપણ સખસનાં ઉપર ફરિયાદનું કામ ચલાવવાનું છોડી દેવાને મુખત્યાર છે, અને આ પ્રમાણે છોડી દેવું તે;

(અ) જો તોહોમતનામું તઇયાર કર્યાં પેહેલાં એ પ્રમાણે છોડી દેવામાં આવે તો તે ઉપરથી તોહોમતવાળાને છોડી મુકવો;

(બ) જો તોહોમતનામું તઇયાર કર્યાં પછી અથવા આ કાયદા પ્રમાણે તોહોમતનામાની જરૂર ન હોય ત્યારે જો એ પ્રમાણે છોડી દેવામાં આવે તો તોહોમતવાળાને બિન તકસીરવાર ઠરાવવો.

ફરિયાદપક્ષનું કામ ચલાવવાની પરવાનગી.

૪૯૫ કોઇપણ માજીસ્ત્રેટ કોઇપણ મુકદમાની ચોકશી અથવા ઇનાસાફનુ કામ કરતો હોય ત્યારે પોલીસ ઈન્સ્પેકટરના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના પોલીસ અમલદાર સિવાય બીજા કોઇપણ સખસને ફરીયાદ પક્ષનું કામ ચલાવવાની પરવાનગી આપવાને મુખત્યાર છે; પણ સદરહુ પરવાનગી વગર એ પ્રમાણે કરવાનો હક, આડવોકેટ જનરલ અથવા સ્ટાંડીંગ કાંઉન્સીલ અથવા સરકારી સોલીસીટર અથવા પબ્લીક પ્રાસીક્યુટર સિવાય અથવા બીજા જે અમલદારને સ્થાનિક સરકારે આ બાબત સામાન્ય રીતે અથવા વિશેષે કરીને અધિકાર આપેલો હશે તે અમલદાર શિવાય બીજા કોઈપણ સખસને નથી.

ફરિયાદ પક્ષનું કામ ચલાવનાર કોઈપણ સખસ પોતાની જાતે અથવા કોઇ પ્લીડરની મારફતે એ પ્રમાણે કરવાને મુખત્યાર છે.

બાબ ૩૯ મો.

જામીન બાબત.

જામીન લઇ શકાય એવો ગુન્હો હોય તો જામીન લેવા બાબત.

૪૯૬, જામીન નહી લઇ શકાય એવા કોઇ ગુન્હાનું તોહમત જે સખસ ઉપર આવ્યું હોય તે સખસ સિવાય બીજા કોઇપણ સખસને જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તે અમલદાર વગર વારંટે પકડે અથવા અટકાવી રાખે, અથવા કોઈ કોરટની આગળ તે સખસ હાજર થાય અથવા તેને આણવામાં આવે, અને તે સખસ સદરહુ અમલદારની કેદમાં હોય ત્યારે અથવા સદરહુ કોરટની આગળ કામ ચાલતુ હોય ત્યારે કોઈપણ વખતે તે સખસ જામીન આપવાને તઇયાર હોય ત્યારે તેને જામીન ઉપર છોડવો; પણ એવું ઠરયું છે કે, જો સદરહુ અમલદારને અથવા કોરટને દુરસ્ત લાગે તો, તે સદરહુ સખસની પાંસે જામીન લેવાને બદલે તે સખસ હાજર થવા બાબત આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે વગર જામીને એક ખત કરી આપે એટલે તેને છોડી દેવાને મુખત્યાર છે.

ટીકા—પકડેલા સખસોને જ્યારે પોલીસે પોતાના જે હુકમથી પકડયો હોય અને ગુન્હો જામીન લેવા લાયક છે ત્યારે આ કલમ મુજબ જામિન ઉપર પોલીસને છોડી મુકવા અ-

ખિકાર છે પણ જ્યારે પોલીસ ફક્ત માજીસ્ત્રેટનું વારંટ બજાવતી હોય ત્યારે પકડેલા સખસને પોલીસે હુકુમતવાળા માજીસ્ત્રેટ આગળ લઈ જવો જોઈએ. જુડીસીઅલ કમીશનર સેન્ટ્રલ પ્રોવીન્સીસ ૧૮૨૨ સને ૧૮૭૪ રૂ. ૮૪ પ્ર. ૨૧.

જામીન કલમ ૪૯૮ માં લખ્યા પ્રમાણે ભારે રકમના માગવા જોઈએ. તોહોમતવાળાની સ્થિતી તેમજ ગુન્હાનું સ્વરૂપ અને તોહમતવાળો નાશી જવાનો છે કે નહી એ વિશેનું સંભવપણું એટલી બાબતો જામીનની રકમ મુકરર કરતી વખતે ધ્યાનમાં રાખવી જોઈએ. ભારે રકમના જામીન જે તોહમતવાળો આપી શકે નહી એવા જામીન માગવા તે જામીન લેવાની ના પાડવાની બરાબર છે સારી ચાલના જામીન લેવાના કામમાં જો તોહમતવાળાના પુરાવને માટે કામ બંધ રહેતું હોય તો ઠરાવેલી મુદતે હાજર થાય તેવા જામીન લેઈ તોહમતવાળાને છોડવાનો માજીસ્ટ્રેટને અધિકાર છે. રાણી વિરૂધ્ધ ચોચીરાય અલ્હાબાદ હાઈકોરટ રી. વા. ૬ પ્ર. ૩૬૬

જામીનનહીલઈ શકાયએવોગુન્હો હોયતો જામીનક બુલલેવાનો અધિ કાર છે.

૪૯૭. જામીન નહી લઈ શકાય એવા કોઈપણ ગુન્હાનું તોહમત જે સખસની ઉપર આવ્યું હોય તે સખસને જે અમલદારના હવાલામાં કોઈ પોલીસ—થાણું હોય તે અમલદાર વગર વારંટે પકડે અથવા અટકાવી રાખે, અથવા કોઈ કોરટની આગળ તે સખસ હાજર થાય અથવા તેને આણવામાં આવે, ત્યારે તેને જામીન ઉપર છોડવાનો અધિકાર છે, પણ જે ગુન્હાનું તોહમત તે સખસની ઉપર મુકયું હોય તે ગુન્હો તેણે કરયો છે એમ માનવાના બ્યાજબી સબબ જણાય તો તેને એ પ્રમાણે છોડવો નહી

જો તપાસ અથવા ચોકસી અથવા ઈનસાફ, જેમ હોય તેમ ચાલતો હોય ત્યારે કોઈ પણ વખતે સદરહુ અમલદારને અથવા કોરટને એમ જણાય કે તોહમતવાળાએ સદરહુ ગુન્હો કર્યો હોય એમ માનવાના બ્યાજબી સબબ નથી, પણ તેની તકશીર બાબત વધારે ચોકશી કરવાના પુરતા સબબ છે, તો સદરહુ ચોકશી થતાં સુધી તોહમતવાળાને જામીન ઉપર છોડવો, અથવા સદરહુ અમલદારની અથવા કોરટની નજરમાં આવે તો, આ કાયદામાં આગળ ઠરાવ્યા પ્રમાણે તોહમતવાળો હાજર થવા માટે વગર જામીને ખત લખી આપે તો તો તેને છોડવો.

આ કલમ પ્રમાણે જે સખસને છોડવામાં આવ્યો હોય તે સખસને, આ કાયદા પ્રમાણે ચાલતા કામમાં પછી કોઈપણ વખતે, પકડાવવાને અને તેને કેદમાં મોકલવાને હરકોઈ કોરટ મુખત્યાર છે.

ટીકા—વીનાયક દીવાકર વિરૂધ બાઈ ઇછાના કામમાં માજીસ્ત્રેટને એક સખસના કબજામાં ચોરેલી મિલકત છે એમ શક આવેલો તેથી તેને હાથમાં રાખવાને તેની બઈરીના જામીન લીધા. હાઈકોરટે ઠરાવ કરયો કે બઈરી ઉપર કાંઈ શક નહોતો તેથી માજીસ્ત્રેટને સને ૧૮૫૦ ના આકટ ૧૮ થી આશરો મળતો નથી. મુંબાઈ હાઈકોરટ રીપોટ વા. ૩ પ્ર. ૩૬ (અપીલ બાજુ)

તોહમતવાળાના કામની ચોકશી પુરી થએ ગુન્હો સાબેત થતો નથી એમ કરી છોડી મુકવાનો હુકમ કર્યા બાદ તોહમતવાળા પાસેથી જામીન માગવાને માજીસ્ટ્રેટને કાંઈ સતા નથી. રામલાલ સેવારી વિરૂધ સોમ્રારામ બી. રી. ૧૦ પ્ર. ૩૪

જામીન લેવાનું અથવા જામીનની

૪૯૮. આ બાબ પ્રમાણે કરી આપવાનાં દરેક ખતની રકમ, મુકદમાની હકીકત તરફ યોગ્ય લક્ષ આપીને, મુકરર કરવી અને તે અતીશય

રકમ ઓછી કરવાનું ફરમાવવાનો અધિકાર.

ભારે હોવી નહી જોઇએ; અને કોઈપણ મુકદમામાં કોઇપણ સખસના જામીન લેવાનું અથવા કોઇપોલીસ અમલદારે અથવા મેજીસ્ટ્રેટે માગેલા જામીનની રકમ ઓછી કરવાનું ફરમાવવાને હાઈકોરટ અથવા સેશન કોરટ મુખત્યાર છે, પછી તે મુકદમામાં ગુન્હો સાબિત થયાના ઠરાવ ઉપરથી અપીલ થાય કે નહી તોપણ.

ટીકા—સન ૧૮૭૨ના આક્ટ ૧૦ માં આ કલમને બદલે કલમ ૩૯૦ તથા કલમ ૫૦૮ હતી. આ કલમમાં " તોહોમતવાળા સખસને" બદલે "કોઇપણ સખસને" એ શબ્દો નવા દાખલ કરવામાં આવ્યા છે તેથી સેશન જડજ અગર હાઈકોરટ ગમે તે વખતે જામીન લેવાનો હુકમ કરી શકે છે. જામીન ન લેઇ શકાય તેવા કામમાં ગુન્હો સાબેત થયાનો ઠરાવ કર્યા બાદ અપીલમાં જામીન લેવાનો હુકમ જુના કાયદા પ્રમાણે થઇ શકતો નહોતો તે હવે આ કલમ પ્રમાણે જામીન લેવાનો હુકમ થઇ શકે છે.

તોહમતવાળા સખસમાં ગુન્હેગારે સાબિત થએલા સખસનો સમાવેશ થતો નથી. જે સખસના ઉપર એક માસની કેદની શિક્ષાનો હુકમ થયો હોય કે જે ઉપર કલમ ૪૧૧ મુજબ અપીલ નથી તે સખસ કલમ ૪૩૬ મુજબ તોહમતવાળો સખસ નથી કે જ્યારે તેનું કામ મોકલવામાં આવે ત્યારે તેને જામીન લઇ છોડી સકાય. બાડજી મંગી વિરૂદ્ધ મોહેદ્રો નારણ વીકલી રીપોટ ૧૦ પ્ર. ૧૬.

તોહોમત વાળાનું તથા જામીનોનું ખત.

૪૯૯. કોઇપણ સખસને જામીન ઉપર અથવા તેના પોતાના ખત ઉપર છોડતાં પેહેલાં જેટલી રકમ પોલીસ અમલદારને અથવા કોરટને, જેમ હોય તેમ, બસ લાગે તેટલી રકમનું ખત સદરહુ સખસે કરી આપવું, અને તેને જામીન ઉપર છોડવામાં આવે ત્યારે એક અથવા વધારે પુરતા જામીનોએ સદરહુ ખત કરી આપવું એવી સરતે કે ફલાણે વખતે તથા જગાએ સદરહુ સખસ હાજર થશે, અને પ્રસંગ પ્રમાણે, તે પોલીસ અમલદાર અથવા કોરટ જુદી રીતે ફરમાવે ત્યાં સુધી તે તે પ્રમાણે હાજર થયા કરશે.

જરૂર હોય તો વળી જામીન ઉપર છોડેલા સખસને હાઇકોરટમાં અથવા સેશન કોરટમાં અથવા બીજી કોરટમાં તોહમતનો જવાબ દેવાને જ્યારે ફરમાવવામાં આવે ત્યારે હાજર થવાને તેને તે ખતથી બાંધી લેવો.

પેહેરામાંથી છોડી દેવા બાબત.

૫૦૦ તે ખત કરી આપવામાં આવે એટલે તુરત જે સખસે હાજર થવા બાબત તે ખત કરી આપવામાં આવ્યું હોય તે સખસને છોડવો; અને તે તુરંગમાં હોય ત્યારે જે અમલદારના હવાલામાં તે તુરંગ હોય તે અમલદારની ઉપર તોહમતવાળાના જામીન લેનારી કોરટે છોડી દેવાનો હુકમ મોકલવો, અને હુકમ પોંહોંચેથી સદરહુ અમલદારે તેને છોડવો.

આ કલમમાંહેના અથવા ૪૯૬ મી અથવા ૪૯૭ મી કલમ માંહેના કોઈપણ મજકુરથી એમ સમજવું નહી કે જે બાબતના સબંધમાં તે ખત કરી આપ્યું હોય તે સિવાય બીજી કોઈ બાબત સારૂ અટકાવી રાખવા લાયક કોઈ સખસને છોડવાની જરૂર છે.

પ્રથમ લીધેલા જામીન કાચા હોય ત્યારે પાકા જામીન

૫૦૧. જો ભુલથી અથવા દગાને લીધે અથવા બીજી રીતે કાચા જામીન કબુલ કરવામાં આવ્યા હોય, અથવા પછવાડેથી તેઓ કાચા થાય, તો કોરટ પકડવાનું વારંટ કાહાડીને જામીન ઉપર છોડેલા સખસને પો-

આપવાનોહુકમ કરવાનો અધીકાર.

તાની આગળ આણવાનું ફરમાવવાને મુખત્યાર છે. અને પાકા જામીન ખોળી આપવાનો તેને હુકમ કરવાને, અને એ પ્રમાણે કરવામાં તે કસુર કરે તો તેને તુરંગમાં મોકલવાને કોરટ મુખત્યાર છે.

જામીનોને છુટા કરવા બાબત.

૫૦૨. જામીન ઉપર છોડેલા કોઈ સખસે હાજર રહેવા બાબત તથા હાજર થવા બાબત જેઓ જામીન થયા હોય તે સઘળા અથવા હરકોઇ જામીન સદરહુ ખત તદન અથવા જેટલું પોતાની સાથે સબંધ રાખતું હોય તેટલું રદ કરવાની અરજી કોઈપણ વખતે કોઇ માજીસ્ત્રેટને કરવાને મુખત્યાર છે.

સદરહુ અરજી કર્યા ઉપરથી તે માજીસ્ત્રેટે પોતાનું પકડવાનું વારંટ કાહાડીને એપ્રમાણે છોડેલા સખસને પોતાની આગળ આણવાનું ફરમાવવું જોઇએ.

સદરહુ સખસ તે વારંટની રૂએ હાજર થાય અથવા તે પોતાની મેળે આવીને તાબે થાય એટલે તે માજીસ્ત્રેટે તે ખત તદન અથવા જેટલું અરજદારની સાથે સબંધ રાખતું હોય તેટલું રદ કરવાનું ફરમાવવું, અને સદરહુ સખસને બીજા પાકા જામીન ખોળી આપવાનું કહેવું, અને જો તે એ પ્રમાણે ન કરે, તો તેને પેહેરામાં મોકલવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

બાબ ૪૦ મો.

સાહેદોની જબાની લેવા સારૂ કમીશનો બાબત.

સાહેદને હાજર થવાનું કયારે માફ કરવાનો અધિકારછે.

૫૦૩. આ કાયદા પ્રમાણે કોઇ ચોકસીનું અથવા ઈનસાફનું અથવા બીજુ કામ ચાલતું હોય તે દરમિયાનમાં કોઈ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટને, જીલ્લા માજીસ્ટ્રેટને, સેશન કોરટને અથવા હાઈકોરટને એમ જણાય કે ઇનસાફનો હેતુ પારપાડવા માટે કોઇ સાહેદની જબાની લેવાની જરૂર છે, અને ઘણીવાર લાગ્યા વગર અથવા ઘણો ખરચ થયા વગર અથવા ઘણી અડચણ પડયા વગર સદરહુ સાહેદને હાજર કરી શકાતો નથી, અને તેટલી બધીવાર લગાડવી અથવા ખરચ કરવો અથવા અડચણ કરવી તે વાત મુકદમાની હકીકત ઉપરથી વ્યાજબી નથી, ત્યારે સદરહુ માજીસ્ત્રેટ અથવા કોરટ તે સાહેદ હાજર ન થાય તો ચાલે એવું ઠરાવવાને મુખત્યાર છે, અને જે જિલ્હા માજીસ્ટ્રેટની અથવા પેહેલા વર્ગના માજીસ્ટ્રેટની હકુમતનાં સ્થાનિક હદમાંહે સદરહુ સાહેદ રેહેતો હોય તે જીલ્હા માજીસ્ટ્રેટની અથવા પેહેલા વરગના માજીસ્ટ્રેટની ઉપર સદરહુ સાહેદનો પુરાવો લેવા સારૂ કમિશન મોકલવાને મુખત્યાર છે.

કમીશનમોકલવું તથાતે મુજબકામ ચલાવવાની રીત.

જ્યારે સાહેદ મલિકા મોઆઝમાની સાથે સંપ રાખનારા કોઇપણ રાજાના અથવા સંસ્થાનના મુલકોમાં રેહેતો હોય અને તેમાં હિંદુસ્તાનની બ્રિટીશસરકાર તરફનો અમલદાર હોય ત્યારે કમિશન તે અમલદાર ઉપર મોકલવાનો અધિકાર છે.

જે માજીસ્ટ્રેટના અથવા અમલદારની ઉપર તે કમીશન મોકલવામાં આવે તે માજીસ્ટ્રેટે, અથવા અમલદારે અથવા જો તે જીલ્હા માજીસ્ત્રેટ હોય તો તેને અથવા પેહેલા વરગના જે માજીસ્ત્રેટને તે આ બાબત નિમે તે માજીસ્ટ્રેટે જે જગાએ તે સાહેદ હોય ત્યાંહાં જવું, અથવા તે સાહેદને પોતાની આગળ સમન કરવો, અને આ કાયદા પ્રમાણે વારંટના મુકદમાઓનો ઇનસાફ કરવા સારૂ જબાની લખી લેવાની જે રીત ઠરાવી છે તે રીતે જબાની

લખી લેવી, અને સદરહુ પ્રકારના મુકદમાઓનો ઇનસાફ કરવા સારૂ જે અધિકાર આપેલા છે તે અધિકાર આ કારણ સારૂ ચલાવવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ટીકા—આ કલમનો બીજો ભાગ નવો છે, આ કલમથી ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને કમીશન કરવાનો જે અધિકાર આપવામાં આવ્યો છે તે નવો છે.

પરદેનસીન ઓરતને એકાદ ફોજદારી કામમાં સાક્ષી વાસ્તે બોલાવી છતાં તેને પોતાને કોરટમાં હાજર રહેવાની માફી મળવી જોઇએ અને કમીશન મોકલીને તેની સાક્ષી લેવી જોઈએ એમ કહેવાનો તેનો હક છે. હરીસુંદરી ચઉધરેનની અરજીની બાબતમાં ઈડીયન લા. રી. ક. વા. ૪ પ્ર. ૨૪

સાક્ષીની સાહેદી કમીશનથી લીધી તે હાઇકોરટના ક્રી. પ્રો. પ્રમાણે હાઇકોરટે કરેલા હુકમથી લીધી છે એમ બતાવ્યા સિવાય કિંવા પુરાવાના આકટની કલમ ૩૩ પ્રમાણે પુરાવામાં લેવા સરખા હોવા સિવાય હાઇકોરટની રૂબરૂ ચાલેલા ફોજદારી કામમાં હાઇકોરટ પુરાવામાં લેનાર નથી સરકાર વિ. દેવીપ્રસાદ ઈં. લા. રી. ક. વા. ૬ પ્ર. ૩૫૨

સાહેદ ઇલાકાના મુખ્ય શેહેર માંહે હોય ત્યારે કમિશન બાબત.

૫૦૪. જો તે સાહેદ કોઈપણ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદ માંહે હોય, તો કમિશન કાહાડનારો માજીસ્ત્રેટ અથવા કોરટ તે કમિશન સદરહુ સાહેદ જાણે પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની આગળ કોઇ ચાલુ મુકદમામાં સાહેદ હોય એ પ્રમાણે તેને હાજર થવાની જરૂર પાડવાને અને તેની જબાની લેવાને તે મુખત્યાર છે.

આ કલમ માંહેના કોઈપણ મજકુરથી એમ સમજવું નહીં કે વિકટોરીઆની કારકીર્દીના ૩૯ મા તથા ૪૦ મા સ્ટાટયુટના ૪૬ મા બાબની ૩ જી કલમ પ્રમાણે કમિશનો કાહાડવાનો હાઇકોરટને જે અધિકાર છે તેનો બાધ થશે.

પક્ષકારો સાહેદની જબાની લેવાને મુખત્યાર છે.

૫૦૫. આ કાયદા પ્રમાણે ચલાવેલા કોઇપણ કામમાં કમિશન કાહાડયું હોય તે કામના પક્ષકારો, જે સવાલો તે કમિશન મોકલનારો માજીસ્ત્રેટ અથવા કોરટ તકરારી બાબતને લગતા ધારે તેવા પોતપોતાના સવાલો લખીને મોકલવાને મુખત્યાર છે, અને જે માજીસ્ત્રેટની અથવા અમલદારની ઉપર તે કમિશન મોકલવામાં આવે તે માજીસ્ત્રેટે અથવા અમલદારે સદરહુ સવાલો ઉપરથી તે સાહેદની જબાની લેવી જોઈએ.

સદરહુ પ્રકારનો હરકોઇ પક્ષકાર તે માજીસ્ત્રેટના અથવા અમલદારની આગળ પ્લીડરની મારફતે અથવા જો તે પેહેરામાં ન હોય તો જાતે હાજર થવાને મુખત્યાર છે, અને સદરહુ સાહેદની તપાસણી, ઉલટ તપાસણી, તથા ફરી તપાસણી (જેમ હોય તેમ) કરવાને મુખત્યાર છે.

કમિશન મોકલવાની અરજી કરવાનો જીલ્લામાંના તાબાના માજીસ્ત્રેટનો અધિકાર.

૫૦૬. જ્યારે જ્યારે પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ સિવાય બીજા કોઈપણ માજીસ્ત્રેટની આગળ આ કાયદા પ્રમાણે કાંઈ ચોકસી અથવા ઇનસાફ અથવા બીજું કામ ચાલે તે દરમિયાનમાં એમ જણાય કે ઇનસાફનો હેતુ પાર પાડવા માટે કોઇ સાહેદનો પુરાવો જરૂરનો છે તે સાહેદની જબાની માટે એક કમિશન મોકલવું જોઇએ, અને ઘણીવાર લાગ્યા વગર અથવા ઘણો ખરચ થયા વગર અથવા ઘણી

અડચણ પડ્યા વગર સદરહુ સાહેદને હાજર કરી શંકાતો નથી અને તેટલી બધી વાર લંગાડવી અથવા ખરચ કરવો અથવા અડચણ કરવી તે વાત મુકદમાની હકીકત ઉપરથી વ્યાજબી નથી, ત્યારે ત્યારે સદરહુ માજીસ્ત્રેટે જીલ્લા માજીસ્ત્રેટને અરજી કરવી અને તેમાં તે અરજી કરવાનાં કારણ જણાવવાં; અને જીલ્લા માજીસ્ત્રેટ આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે કમિશન મોકલવાને અથવા તે અરજી નાકબુલ કરવાને મુખત્યાર છે.

કમિશન પાછું મોકલવા બાબત. ૫૦૭. ૫૦૩ જી અથવા ૫૦૬ ઠી કલમ પ્રમાણે મોકલેલું કોઇપણ કમિશન યોગ્ય રીતે બજાવી રહ્યા પછી, જે કોરટમાંથી તે મોકલ્યું હોય તે કોરટની ઉપર કમિશન અને તે ઉપરથી તપાસેલા સાહેદની જબાની. એ પાછાં મોકલવાં, અને તે કમિશન તથા તેનું રિટર્ન (પરીણામની હકીકત) તથા સદરહુ જબાની સઘળે યોગ્ય વખતે જોવાની તે પક્ષકારોને છુટ છે એમ સમજવું, અને સઘળા વ્યાજબી અપવાદોને અનુસરીને તે કમિશન તથા તેનું રિટર્ન તથા તે જબાની બેમાંના ગમે તે પક્ષકારને તે મુકદમામાં પુરાવામાં વાંચવાનો અધિકાર છે, અને તે દફ્તરનો ભાગ થશે.

ચોકસીઅથવાઇનસાફ મુલતવીરાખવા બાબત. ૫૦૮. જે જે મુકદમામાં ૫૦૩ જી અથવા ૫૦૬ ઠી કલમ પ્રમાણે કમિશન મોકલવામાં આવે તે તે મુકદમામાં તે કમિશન બજાવવા તથા રિટર્ન મોકલવા માટે જેટલો વખત વ્યાજબી રીતે જોઇએ તેટલા અમુક વખત સુધી ચોકસી અથવા ઈનસાફ અથવા બીજું કામ મુલતવી રાખવાનો અધિકાર છે.

બાબ ૪૧ મો.

પુરાવા બાબત વિશેષ નિયમો.

વૈદક સાહેદનીજબાની ૫૦૯. કોઇ સિવિલ સરજન અથવા બીજા વૈદક સાહેદની જે જબાની કોઇ માજીસ્ત્રેટે લીધી હોય અને જે ઉપર તે માજીસ્ત્રેટે તોહમતવાળાની સમક્ષ સહી કરી હોય તે જબાની આ કાયદા પ્રમાણે કોઈપણ ચોકસી, ઇનસાફ અથવા બીજા કામમાં પુરાવામાં આપવાનો અધિકાર છે. પછી તે જબાની આપનારને સાહેદ દાખલ બોલાવ્યો ન હોય તોપણ હરકત નથી.

વૈદકસાહેદનેસમન કરવાનો અધિકાર. જો કોરટને દુરસ્ત લાગે તો તે સદરહુ જબાની આપનારને સમન કરીને તેની જબાનીના વિષય બાબત તેને તપાસવાને મુખત્યાર છે.

ટીકા—કોઇ તાબાના વૈદકીય અમલદારે કરેલો રીપોટ સિવિલ સરજન તે સાથે મળતો હોય તોપણ તે પુરાવો નથી—ચીંતામણીનાથના કામમાં વો. રી ૧૧ પ્ર. ૨

એક જુઠી સાક્ષી આપવાના તોહમતવાળા કેદીનો ઈનસાફ કરવામાં સેશન જડજે અમુક સાક્ષીઓના પુરાવાથી સાબીત થયેલી કેફીયત અનાદર કરી કારણ કે વઇદકીય સાક્ષીએ પોતાનો એવો અભિપ્રાય આપ્યો કે સાક્ષીઓનું કહેવું ખરૂ હોય નહીં. આ કામમાં એમ ઠરાવ થયો કે વઇદકીય સાક્ષીઓ અગર કોઇ જાતની બાબતમાં કેળવાએલા સાક્ષીઓ જે કાંઇ નિશ્ચય રીતે સાબિત થયેલી કેફીયત વિરૂદ્ધ અભિપ્રાય આપે તે ઉપરજ ફકત વિશ્વાસ રાખવો એ કાંઈ મુકદમો ચલાવવાનો યોગ્ય રસ્તો નથી. આવા મુકદમામાં ખરેખરો રસ્તો એ છે કે કોઈ સખસનો કેફીયતની સાબિતી સિવાય આવા ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહીં. હવે આ કેફીયત જો ખરી દાખલ કબુલ થાય તો તે ઉપરથી

તોહમતવાળા સખસે સોગન ઉપર આપેલી જુબાની ખરી માનવા લાયક નથી એટલુંજ નહીં પણ એ વાત ખરી હોય એમ બનવું અશકય છે. રાણી વિરૂધ્ધ અહમદઅલી અને બીજા વી. રી. ૧૧ રૂ. ૨૫.

સોગન ઉપર લીધેલા પુરાવ વગર સીવીલ સરજનનો અભિપ્રાય કાંઇ કામનો નથી. સમીરૂદીન ઇંડિયન લા રીપોટ કલકત્તા વા. ૮ પ્ર. ૧૧૨.

કેમિકલએકઝામિનોના રિપોર્ટ. ૫૧૦. આ કાયદા પ્રમાણે કોઇપણ કામ ચાલતું હોય તે દરમિયાનમાં, કાંઈ પદાર્થ અથવા વસ્તુની પરિક્ષા અથવા પૃથકરણ કરીને તે બાબત રીપોટ કરવાનું કામ સરકારના કેમિકલ એકઝામિનરને અથવા આસિસ્ટંટ કેમિકલ એકઝામિનરને બરાબર રીતે મોકલ્યું હોય તે બાબત તેની સહીવાળા રીપોટ તરીકે જે દસ્તાવેજ હોય તે દસ્તાવેજ આ કાયદા પ્રમાણે કોઇપણ ચોકસી અથવા ઇનસાફ બીજા કામમાં પુરાવા દાખલ વાપરવાનો અધિકાર છે.

અગાઉ તકસિરવાર અથવા બિનતકસીરવારઠર્યાની સાબિતી કેવી રીતે કરાય. ૫૧૧. આ કાયદા પ્રમાણે કોઇપણ ચોકસી ઈનસાફ અથવા બીજુ કામ ચાલે તેમાં. અગાઉ ગુન્હો સાબિત થયાનો અથવા ન સાબિત થયાનો ઠરાવ કોઇપણ ચાલુ કાયદામાં ઠરાવેલી બીજી કોઇપણ રીત સિવાય વળી હેઠળ લખેલી રીતે સાબિત કરવાનો અધિકાર છે, એટલે—

(અ) જે કોરટમાં સદરહુ ગુન્હો સાબિત થયાનો અથવા ના સાબિત થયાનો ઠરાવ થયો હોય તે કોરટનાં દફતર જે અમલદારના હવાલામાં હોય તે અમલદારે જે ઇન્તેખાબ બાબત પોતાની સહી કરીને દાખલો આપ્યો હોય કે એ ઇન્તેખાબ શિક્ષાના હુકમની અથવા બીજા હુકમની નકલ છે તે ઇન્તેખાબથી; અથવા

(બ) ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તો. જે તુરંગમાં શિક્ષા અથવા તેનો કોઇપણ ભાગ અમલમાં આણ્યો હતો તે તુરંગ જે અમલદારના હવાલામાં હોય તે અમલદારની સહીવાળા દાખલાથી અથવા કેદ કરવાના જે વારંટ પ્રમાણે શિક્ષા ભોગવવામાં આવી હતી તે વારંટ રજુ કર્યાથી;

અને આમાંના દરેક પ્રસંગે જે સખસની ઉપર સદરહુ પ્રમાણે ગુન્હો સાબિત થયાનો અથવા ના સાબિત થયાનો ઠરાવ થયો હોય તે સખસ આજ તોહમતવાળો સખસ છે એવો પુરાવો આપ્યાથી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૩૬ અને ૫૧૫ ની છેલી રકમોને મળતી છે તથા છેલો ભાગ તદન નવોજ છે. કેટલાક કેસોમાં એમ ઠર્યુંછે કે ગુન્હો સાબિત થતાં સુધી ગુન્હેગાર ઉપર આગળ ગુન્હો ઠર્યો હતો એ બાબત બતાવવા માટે કામ ચાલતાની દરમિયાન દફતર રજુ કરવાં નહીં, વીકલી રીપોટ ૫ પ્ર. ૬૭ તેમજ રાણી વિરૂદ્ધ શીબુમંડળ. વી. રી. ૩ પ્ર. ૩૮

ચોરીનો માલ બદદાનતથી કબજામાં રાખ્યા બદલ તોહમત રાખી આરોપિતનો ઈનસાફ જડજે જ્યુરીની મદદે કર્યો. કામની હકીકત જ્યુરીને કહેતાં તેણે તેમને એમ કહ્યું કે આરોપિતની વર્તણુંક કેવી છે એવા સબંધે અનુમાન કરવા માટે સદરહુ આરોપિતપર અગાઉ ચોરીનો ગુન્હો સાબિત થયો છે એ વાત વિચારમાં લેવાને હરકત નથી. તે કામમાં ઠરાવ થયો કે એ પ્રમાણે જ્યુરીને કહેવામાં જડજે ચુક કરી છે કારણ કે " આરોપિતપર આગળ કોઈપણ ગુન્હાની સાબિતી થઇ હતી એ વાત લાગુ છે" એવો પુરાવાના ૧૮૭૨

ના આક્ટ ૧ લાની કલમ ૫૪ માં ઠરાવ છે તોપણ તેજ કલમમાં તેની "વર્તણુંક સારી નથી એ વાત લાગુ નથી" એમ લખેલું છે અને તેથી તે મુદ્દલનો પુરાવો લાગુ નથી માટે લેવા લાયક નથી. આરોપિતે અગાઉ જે અપરાધ કર્યો હતો તેજ અપરાધ હાલ ફરી તેણે કર્યો હોય તો તેને શિક્ષા કેટલી આપવી તેનો નિર્ણય કરવા માટે માત્ર તે અગાઉના ગુન્હાની સાબિતી બદલનો પુરાવો લેવામાં આવે છે. સરકાર વિરૂદ્ધ રોશન દુસાધ અને બીજા ઇંડિયન લા રીપોર્ટ (કલકત્તા) વા. ૫ પ્ર. ૭૬૪.

તોહમતવાળાની ગેરહાજરીમાં પુરાવો દફતરમાં લખી લેવા બાબત.

૫૧૨. જો એવું સાબિત થાય કે કોઇ તોહમતવાળો સખ્સ નાશી ગયો છે, અને તેને તાબડતોબ પકડવાની કાંઇ આશા નથી, તો જે ગુન્હાની ફરીયાદ થઈ હોય તે ગુન્હા માટે સદરહુ સખસનો ઈનસાફ કરવાને અથવા ઇનસાફ કરવા માટે કમિટ કરવાને જે કોરટ લાયક હોય તે કોરટ તે સખસની ગેરહાજરીમાં ફરિયાદી તરફથી સાહેદો રજુ કર્યા હોય તો તેઓની જુબાની લેવાને અને તે જુબાનીઓ લખી લેવા મુખત્યાર છે. સદરહુ સખસને પકડવામાં આવે એટલે જો તે જુબાની આપનાર મરણ પામ્યો હોય અથવા સાહેદી આપવાને અશક્ત હોય અથવા ઘણુંવાર લાગ્યા વગર અથવા ઘણો ખરચ થયા વગર અથવા ઘણી અડચણ પાડયા વગર તેને હાજર કરી શકાતો નહીં હોય અને તેટલી બખીવાર લગાડવી અથવા ખરચ કરવો અથવા અડચણ કરવી તે વાત મુકદમાની હકીકત ઉપરથી વ્યાજબી થતી નહીં હોય તો, જે ગુન્હાનું તોહમત મુકયું હોય તે ગુન્હા બાબત તોહમતવાળાની ચોકસી અથવા ઇનસાફ થાય તે વખતે સદરહુ જુબાની તેની વિરૂદ્ધ પુરાવામાં આપવાનો અધિકાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ ૩૨૬ ને મળતી છે અને તેનો અમલ કરવાનો હોય ત્યારે આગળ જુબાની લેવામાં આવેલી તે વખતે તે તોહમતવાળો નાસતો ફરતો હતો અને તેની પાછળ ઘણી શોધ કર્યા છતાં અને તેની પાછળ દોડયા છતાં તોહમતવાળો પકડી શકાતો નહોતો એમ સ્પષ્ટ સાબિત કરવું જોઇએ. રાણી વિરૂદ્ધ નટવાર ધારી વિકલી રીપોર્ટ ૨૧ ક્રૂ. ૧૨

બાબ ૪૨ મો.

ખત સબંધી ઠરાવો.

મુચરકાને બદલે નાણાંની રકમ અનામત મુકવા બાબત.

૫૧૩. જ્યારે કોઇપણ કોરટ અથવા અમલદાર જામીન સાથે અથવા વગર જામીને ખત કરી આપવાનું કોઇ સખસને ફરમાવે, ત્યારે સારી રીતે ચાલવા બાબત ખત કરી આપવાનું હોય તે બાબત સિવાય કરીને તે ખત કરી આપવાને બદલે નાણાંની અથવા સરકારી પ્રામિસરી (વ્યાજની) નોટની જેટલી રકમ સદરહુ કોરટ અથવા અમલદાર ઠરાવે તેટલી રકમ અનામત મુકવાની પરવાનગી તે સખસને આપવાને સદરહુ કોરટ અથવા અમલદાર મુખત્યાર છે.

ખતની સરત તોડેથી કેમ કરવું.

૫૧૪. જ્યારે જ્યારે હેઠળ લખ્યા પ્રમાણે સાબેત થાય અને જે કોરટે આ કાયદા પ્રમાણે કાંઇ ખત લીધું હોય તેની, અથવા કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની અથવા પેહેલા વરગના માજીસ્ત્રેટની કોરટની ખાત્રીથાય,

અથવા ખત કોઈ કોરટની આગળ હાજર થવા બાબતનું હોય ત્યારે, તે કોરટની ખાત્રી થાય,

કે સદરહુ ખત દંડમાં લેવા જોગ થયું છે, ત્યારે સદરહુ કોરટે તે સાબિતીના સબબ દફતરમાં દાખલ કરવા, અને તે ખતમાં કહેલો દંડ આપવાનું અથવા તે શા સારુ નહી આપવો જોઈએ તેનું કારણ બતાવવાનું સદરહું ખતથી બાંધી લીધેલા કોઇપણ સખસ તે ફરમાવવાને તે કોરટ મુખત્યાર છે,

જો પુરતુ કારણુ બતાવવામાં ન આવે, અને સદરહુ દંડ આપવામાં ન આવે, તો સદરહુ સખસની જંગમ મિલકત જપ્ત કરવા તથા વેચવા સારૂ વારંટ કાહાડીને તે દંડ વસુલ કરવાને તે મુખત્યાર છે.

સદરહુ વારંટ જે કોરટે કાહાડયું હોય તે કોરટની હિકુમતની સ્થાનિક હદમાંહે તે વારંટ બજાવવાનો અધિકાર છે; અને સદરહુ હદની બાહાર તે સખસની કાંઇપણ જંગમ મિલકત હોય તો જે જીલ્લા માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમાંહે સદરહુ મિલકત જડે તે જીલ્લા માજીસ્ત્રેટ તે વારંટની ઉપર શેરો કરે એટલે તે મિલકત જપ્ત કરીને વેચવાનો અધિકાર તે વારંટથી મળશે,

જો સદરહુ દંડ આપવામાં નહી આવે, અને સદરહુ જપ્તી તથા વેચાણથી તે વસુલ કરી શકાય નહી, તો સદરહુ પ્રમાણે જે સખસને બાંધી લીધો હોય તે સખસ તે વારંટ કહાડનારી કોરટના હુકમથી દિવાની તુરંગમાં ૭ મહિના સુધીની મુદતની કેદને લાયક થશે.

કોરટની નજરમાં આવે તો તે લખી આપેલા દંડનો કોઇ પણ ભાગ માફ કરવાને અને તે ફકત થોડોક ભાગજ વસુલ કરવાને મુખત્યાર છે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૫૬–૩૫૭ ૩૫૮ ના પારેગ્રાફ ૧-૨ને ૫૦૨ ના ૧-૨-૩-૪-૫-૭ ને ૫૦૩ તથા ૫૧૪ ને મળતી છે.

જો કે તોહોમતવાળા સખસના જામીન પાસેથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૪ મુજબ દંડ વસુલ કર્યો હોય તોપણ તે કલમ મુજબ તે તોહોમતવાળા સખસ ઉપર સારવજનિક નોકરનો હુકમ તોડવાને સારૂ કામ ચલાવવાને કાંઈ અટકાવ નથી. તાજમુડી લાહોરી. વીકલી રીપોટ ૧૦ પ્ર. ૪

જે મુચરકાઓ બજાવવાને હુકમ કરવામાં આવે તે મુચરકાની રકમમાં કાંઇપણ ઓછું કરવાને હાઇકોરટને સત્તા નથી. જો એ રકમ ઘણીજ ભારે હોય તો તે બાબત સરકારમાં લખવું જોઇએ. સરકાર વિરૂદ્ધ નુરૂ લહક ઇંડિયન લા. રીપોટ કલકત્તા વા. ૩ પ્ર.૭૭૫

સુલેહનો ભંગ ન કરે તે સારૂ જે સાધારણ રીતે મોઘમ મચરકા લીધા હોય ત્યારે જો કે જેની ફરીયાદ ઉપરથી મુચરકા લેવામાં આવ્યા હોય તે સખસના ઉપર કાંઇ હુમલો કરવામાં ન આવ્યો હોય તોપણ કોઇપણ પ્રકારે તોહોમતવાળાએ સુલેહનો ભંગ કર્યો તે પ્રસંગે મુચરકો બજાવી શકાય છે જહાબક્ષ વીકલી રીપોટ ૧૫ પ્ર. ૧૪

એક માણસ ડીસ્ત્રીકટમાં માજીસ્ત્રેટને સુલેહનો ભંગ એક અમુક માણસના સંબંધમાં નહી કરવા સબંધી મુચરકો લખી આપે છે. આ ડીસ્ત્રીકટની બાહાર બીજા ડીસ્ત્રીકટમાં તેજ માણસની ઉપર હુમલો મુચરકો લખી આપનાર જ્યારે કરે છે ત્યારે તેના ઉપર પેલા ડીસ્ત્રીકટવાળા જે માજીસ્ત્રેટને મુચરકો લખી આપવામાં આવ્યો તેમાંજ માજીસ્ત્રેટ આ કલમ પ્રમાણે કામ ચલાવી શકે છે. રાણી વિરૂદ્ધ સ્યામસુંદર ચોધરી. બંગાળા લા. રીપોટ વા. ૨૦ પ્ર. ૧૧

મુચરકાનો અમલ કરતાં પેહેલાં મુચરકો શા માટે ન બજાવવો તેનું કારણ બતાવવાનો સંપુરણ લાગ તોહોમતવાળાને આપવો જોઇએ. દાસુ માનજી ૧૧ બુ. રી. ૩૫ જા-

મીનને પણ કારણ બતાવાનો લાગ સંપુરણ આપવો જોઇએ કુડી કોઈબરતની ૧૫ જુ રી. ૮૨; રાણી વિરૂદ્ધ દુરગાદાસ ભટાચારજી. બંગાળા લા. રીપોટ વા. ૭ પ્ર. ૩૭.

અમુક દિવશે હાજર રહેવાનો એક સખસનો મુચરકો લેવામાં આવ્યો હતો તે દીવસે તે હાજર થયો. બીજે દિવસે જે કામ કાહાડવામાં આવ્યું અને તેને પોકારવામાં આવ્યો તે દિવસે તે હાજર નહોતો તેથી તે મુચરકો બજાવવાનો જે હુકમ કરવામાં આવ્યો તે ગેરકાયદે છે. મદ્રાસ હાઇકોરટ રીપોટ એપે પ્ર. ૪૪૯.

૫૧૪મીકલમપ્રમાણેકરેલાહુકમોઉપરઅપીલોબાબતતથાતેહુકમો તપાસ બાબત

૫૧૫. પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ સિવાય બીજા કોઇ પણ માજીસ્ત્રેટે ૫૧૪ મી કલમ પ્રમાણે કરેલા સઘળા હુકમો ઉપર જીલ્લા માજીસ્ત્રેટને અપીલ કરી શકાશે અથવા જો એ પ્રમાણે અપીલ કરવામાં નહી આવે તો તે હુકમો દુરસ્ત કરવાનો જીલ્લા માજીસ્ત્રેટને અધિકારછે.

કેટલાએકમુચરકાઉપરથીલેહેણુંથયેલી રકમ વસુલકરવાનું ફરમાવવાનો અધિકાર.

૫૧૬. હાઇકોરટ અથવા સેશન કોરટમાં હાજર થવા તથા હાજર રહેવા બાબતનાં ખત ઉપરથી લેહેણું થએલી રકમ વસુલ કરવાનું કોઇપણ માજીસ્ત્રેટને ફરમાવવાને સદરહુ હાઈકોરટ અથવા સેશન કોરટ મુખત્યાર છે.

બાબ ૪૩ મો.

મિલકતની વ્યવસ્થા કરવા બાબત.

જે મિલકત સબંધી ગુન્હો કર્યો હોય તે મિલકતની વ્યવસ્થા કરવા બાબત હુકમ.

૫૧૭ જ્યારે કોઈપણ ફોજદારી કોરટમાં કાંઇ ચોકશી અથવા ઇનસાફનું કાંમ પુરૂ થઈ રહે, ત્યારે તે કોરટની આગળ રજુ કરેલા જે દસ્તાવેજ અથવા બીજી મીલકત સબંધિ કાંઇપણ ગુન્હો કર્યાનું જણાતું હોય અથવા કોઇપણ ગુન્હો કરવા માટે જેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવા દસ્તાવેજની અથવા બીજી મિલકતની વ્યવસ્થા કરવા બાબત પોતાને યોગ્ય લાગે એવો હુકમ કરવાને તે કોર્ટ મુખત્યાર છે.

જ્યારે કોઇ હાઇકોરટ અથવા સેશન કોરટ સદરહુ પ્રકારનો હુકમ કરે, અને સદરહુ મિલકત ઉપર જે સખસનો હક હોય તે સખસને તે મિલકત તે કોરટના પોતાના અમલદારની મારફતે સ્વાધીન કરવાનું સુગમ પડી શકતુ નહી હોય, ત્યારે જીલ્હા માજીસ્ત્રેટે તે હુકમ અમલમાં લાવવો એવું ફરમાવવાને સદરહુ કોરટ મુખત્યાર છે.

જે મુકદમામાં અપીલ ચાલતી હોય તે મુકદમામાં આ કલમ મુજબ કાંઈ હુકમ કરવામાં આવે ત્યારે (તે મિલકત જીવતાં જાનવર નહીં હોય અથવા તે એની મેળે વેહેલી બગડી જાય એવી નહી હોય તો) સદરહુ અપીલ કરવા સારૂ આપેલી મુદત વીતી જાય ત્યાં સુધી અથવા સદરહુ અપીલ તે મુદતની અંદર કરવામાં આવે ત્યારે સદરહુ અપીલનો નિકાલ કરવામાં આવે ત્યાં સુધી સદરહુ હુકમ બજાવવો નહીં.

ખુલાસો—આ કલમમાં "મિલકત" એ શબ્દમાં, જે મિલકત સબંધી ગુન્હો કર્યાનું જણાતું હોય તેવી મીલકત હોય તો, જે મિલકત અસલ કોઇપણ પક્ષકારના કબજામાં

અમના અખત્યારમાં હોય તેવી મિલકતનોજ સમાસ થાય છે એટલુંજ નહી, પણ તે મિલકતનું રૂપ ફેરવીને બીજી જે મિલકત કરી હોય તેનો અથવા બીજી જે મિલકત સાથે તે મિલકતનો બદલો કરયો હોય તે મિલકતનો પણ સમાસ થાય છે. અને એ પ્રમાણે રૂપ ફેરવીને અથવા બદલો કરીને સાક્ષાત અથવા બીજી રીતે મેળવેલી કોઇપણ વસ્તુનો સમાસ થાયછે

ટીકા—તોહમતદારને પુરાવાની ખામીને લીધે છોડી મુકવામાં આવે અથવા નિર્દોષ કરવામાં આવે ત્યારે જે મિલકત સબંધી ગુન્હો થયો હોય તે મિલકત રોકી રાખવા કાંઇ કારણ ન હોય તો તે મિલકત તેને પાછી સોંપી દેવા કોરટ બંધાએલી છે—અંતપુર્ણા બાઇના કામમાં ઇંડીયન લા રીપોર્ટ મુબાઈ વા. ૧ પ્ર. ૬૩૦

જે મિલકત સબંધી ગુન્હો થયો હોય તે મિલકત તોહમતદાર પાસેથી ત્રીજા સખસે પ્રમાણીકપણે લીધો હોય તોપણ તે મિલકતનો કબજો ખરીદદાર પાસે રહેવા દેવો નહીં જોઇએ ખરીદદાર પાસે તે રહેવા દઈ ફરિયાદીને તેનું વળતર• દંડમાંથી અપાવાય નહીં. નોબાફીસ્તો આચરજી વિરૂદ્ધ લાલચંદ સેખ વી, રી. ૨૦ પ્ર. ૩૮

આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૧૮ ને મળતી છે. આ કલમનો ત્રીજો ભાગ નવો છે અને તે મુંબાઇની હાઇકોરટે હમણાં એક કાનુન કરેલો તે પ્રમાણે આ કલમમાં આ ઠરાવ કર્યો છે.

ક એ અ ની એક નોટ ચોરી તે નોટના પૈસા બ એ ક ને ઇમાનથી અને પ્રમાણીકપણે આપ્યા. ક ઉપર ચોરીની સાબીતી થઇ તે વખતે તે નોટ અ ને ના આપતાં માજીસ્ત્રેટે બ ને આપી. એ નોટ મુળ માલેકને મળે કે બ ને મળે એ વિશે સેશન જડજને સંશય આવ્યો તેથી તેણે આ કામ હાઇકોરટના અભિપ્રાય માટે મોકલ્યું. સેશન જડજનું કહેવું એ હતું કે સન ૧૮૭૨ ના આકટ ૯ ની કલમ ૧૦૮ ઉદાહરણ (અ) ઉપરથી જોતાં તે નોટનું સ્વામિત્વ બ પાસે ગયું એમ થતું નથી સબબ તે નોટ અ ને મળવી જોઇએ. તેમાં હાઇકોરટે ઠરાવ કર્યો કે સને ૧૮૭૨ ના આકટ ૯ ની કલમ ૭૬ અને ૧૦૮ એ આ કામને લાગુ પડતી નથી કારણ કે આ કામમાં બ એ જે નોટ લીધી તે ખરીદી લીધી નહીં છતાં ક પાસેથી નોટ લીધી અને તે નોટનું નાણું તેને આપ્યું એટલે એક તરેહના પૈસા લઇને બીજી તરેહના પૈસા આપ્યા અને તે ફક્ત તેણે તદન પ્રમાણીકપણે કરેલુ છે સબબ બ ને તે નોટ પાછી આપવી વ્યાજબી છે. સરકાર વિરૂદ્ધ મિચલ. ઈંડીયન લા રીપોર્ટ (કલકત્તા) વા. ૩ પ્ર. ૩૧૯

બુધીપુર્વક ખોટા ઇરાદાથી ચોરીનો માલ લીધા બદલ કોઈનીપર તોહમત છતાં તે માલ ચોરીનો છે એ બદલ પુરાવો ન હોવાથી માજીસ્ત્રેટે આરોપિતને છોડી દીધો હોય અને માલ તો ચોરીનો છે એમ માજીસ્ત્રેટની ખાત્રી થઇ હોય તો તે માલની કલમ ૪૧૮ પ્રમાણે વ્યવસ્થા કરવા વિશે હુકમ કરવાનો માજીસ્ત્રેટને અધિકાર છે. જે ઠેકાણે અપીલ કોરટ છે તે ઠેકાણે તે કોરટમાં અપીલ કર્યા પછી હાઇકોરટને તપાસણી અરજ કરવી તે પેહેલાં કરવી નહીં. સરકાર વિરૂદ્ધ નીલંબરૂ બાબુ ઇંડીયન લા. રી. અલહાબાદ વા.૨પ્ર. ૩૫૨

જીલ્લા માજીસ્ત્રેટને અથવા પેટા તુકડી માજીસ્ત્રેટનેસોંપવાની રીતે હુકમ કરવાનો અધિકાર છે.

૫૧૮. કોરટ ૫૧૭ મી કલમ પ્રમાણે હુકમ પોતેજ કરવાને બદલે તે મિલકત જીલ્લા માજીસ્ત્રેટને અથવા પેટાતુકડી માજીસ્ત્રેટને સ્વાધીન કરવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને તે માજીસ્ત્રેટે, એવે પ્રસંગે, જાણે તે મિલકત પોલીસે પકડેલી હોય અને તે પકડ્યાનો રિપોર્ટ આ કાયદામાં આગળ કહેલી રીતે પોતાને કર્યો હોય એવી રીતે તે મિલકતની તજવીજ કરવી.

નિરપરાધી ખરી

૫૧૯. જે ગુન્હામાં ચોરીનો અથવા ચોરીની મિલકત લેવાનો સમા-

દદારનેતોહમતવાળાના શરીર ઉપરથી જડેલા પઇસા આપવા બાબત.

સ થતો હોય તે ગુન્હો, અથવા જે ગુન્હો ચોરી અથવા ચોરીની મિલકત લેવી એવો થતો હોય તે ગુન્હો, કોઇપણ સખસની ઉપર ઠરાવવામાં આવે અને એવું સાબિત થાય કે તે મિલકત ચોરેલી છે એવું જાણ્યા વગર અથવા એવું માનવાનું કારણ હોયા વગર બીજા કોઇ સખસે તે ચોરીની મિલકત તેની પાસેની ખરીદ કરેલી તથા તકશીરવાર ઠરાવેલા સખસને પકડયો ત્યારે તેના કબજામાંથી કાંઈપણ પઈસા કાહાડેલા છે ત્યારે સદરહુ ખરીદદારની અરજી ઉપરથી અને ચોરીની મિલકતનો કબજો લેવાનો જે સખસનો હક હશે તે સખસને તે મિલકત પાછી આપવામાં આવેથી સદરહુ ખરીદદારે આપેલી કિમત કરતાં વતી ન હોય એવી એક રકમ તેને સદરહુ પઈશામાંથી આપવી એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ટીકા—આ કલમ ઘણી ઉપયોગી ને નિરપ્રાધી ખરીદદારના લાભમાં છે. આ કલમ મહારાણી વિકટોરીયા સરકારના રાજ્યના ૩૦ અને ૩૧ મા વરસમાં પસાર થએલા સ્ટાટયુટ બાબ ૩૫ ની કલમ ૧૦ ઉપરથી રચવામાં આવી છે.

૫૧૭ મી અથવા ૫૧૮ મી અથવા ૫૧૯ મી કલમમુજબ કરેલો હુકમ અમલમાં લાવવાનું બંધ રાખવા બાબત.

૫૨૦. અપીલની મંજુરીયતની, લખીને મોકલવાની અથવા તપાસની કોઈપણ કોરટ ૫૧૭ મી, ૫૧૮ મી અથવા ૫૧૯ મી કલમ મુજબ પોતાના તાબા માંહેની કોઇ કોરટે કરેલા કોઇ હુકમ બાબત પોતે વિચાર કરે ત્યાં સુધી તે હુકમ અમલમાં લાવવાનું બંધ રાખવું એવું ફરમાવવાને મુખત્યાર છે; અને તે હુકમ બદલવાને અથવા તેમાં ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને તે કોરટ મુખત્યાર છે.

આબરૂલેવાજેવી તથાબીજી બાબત નો નાશ કરવા બાબત.

૫૨૧. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૨ મી, ૨૯૩ મી, ૫૦૧ અથવા ૫૦૨ જી કલમ પ્રમાણે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવામાં આવે, ત્યારે જે વસ્તુના સબંધમાં તે ગુન્હો સાબિત થયો એવો ઠરાવ કર્યો હોય તે વસ્તુની જે નકલો કોરટના હવાલામાં હોય અથવા તકસીરવાર ઠરેલા સખસના કબજામાં અથવા અખત્યારમાં રહેલી હોય તે સઘળી નકલોનો નાશ કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

તેવીજ રીતે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૭૨ મી, ૨૭૩ મી, ૨૭૪ મી અથવા ૨૭૫ મી કલમ પ્રમાણે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવામાં આવે ત્યારે ખાવાની અથવા પીવાની જે વસ્તુના સબંધમાં, અથવા જે વાસણના સબંધમાં, અથવા તઈયાર કરેલાં જે ઔષધના સબંધમાં, તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તેનો નાશ કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

સ્થાવર મિલકતનોકબજોપાછોઆપવાનો અધિકાર.

૫૨૨. જે ગુન્હામાં સાપરાધ બળ વાપર્યું હોય તે ગુન્હો કોઇ સખસની ઉપર ઠરાવવામાં આવે, અને સદરહુ બળથી કાંઇ સ્થાવર મિલકતનો કબજો કોઇ સખસની પાસેથી છીનવી લેવામાં આવ્યો છે એમ તે કોરટને જણાય, ત્યારે તે કોરટ જો યોગ્ય ધારે તો તે મિલકતનો કબજો તે સખસને પાછો આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

આ પ્રકારના કોઇપણ હુકમ ઉપરથી કોઇ સખસ દિવાનીમાં ફરિયાદ કરીને તે સ્થાવર મિલકત ઉપર કાંઇ હક અથવા તે મિલકતમાં કાંઈ હિત સબંધ સાબિત કરી શકે તે હકને અથવા હિત સબંધને હરકત પોહોંચશે નહીં.

૫૧ મી કલમ મુજબ લીધેલી મિલકત અથવા ચોરીની મિલકત પકડયા પછી પોલીસે કેમ કરવું

૫૨૩. ૫૧ મી કલમ મુજબ લીધેલી મિલકત અથવા કાંઈ મિલકત ચોરેલી છે એવું કહેવામાં આવે અથવા એવો શક જાય તેવી મિલકત અથવા કાંઈપણ ગુન્હો થયાનો શક ઉત્પન્ન થાય એવી સ્થિતિમાં જડેલી મિલકત કોઈપણ પોલીસ અમલદારના પકડવામાં આવે તે બાબત તુરત કોઈ માજીસ્ત્રેટને રીપોટ કરવો, અને તે મિલકતનો કબજો લેવાનો જે સખસનો હક હોય તે સખસને તે મિલકત સ્વાધિન કરવા સબંધી, અથવા સદરહુ સખસ કોણ છે તે નકી થઇ શકે નહીં, તો તે મિલકત પેહેરામાં રાખવા સબંધી તથા રજુ કરવા સબંધી પોતાને દુરસ્ત લાગે એવો હુકમ તે માજીસ્ત્રેટે કરવો.

પકડેલી મિલકત નો ધણી માલમ પડયો ન હોય ત્યારે કેમ કરવું.

જે સખસનો એ પ્રમાણે હક હોય તે સખસ માલમ પડયો હોય, તો તે માજીસ્ત્રેટને કાંઇ સરત કરવાનું દુરસ્ત લાગે તે શરતે મિલકત તે સખસને સ્વાધિન કરવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે. જો સદરહુ સખસ માલમ નહીં પડયો હોય, તો તે માજીસ્ત્રેટ તે મિલકત અટકાવી રાખવાને મુખત્યાર છે. અને તે પ્રસંગે તે માજીસ્ત્રેટે એક જાહેરનામું કાહાડીને તે મિલકતમાં જે જે ચીજો હોય તે વિશેષે કરીને જણાવવી અને તેમાં એમ ફરમાવવું કે જે સખસનો એ મિલકત ઉપર દાવો હોય તે સખસે આ જાહેરનામાની તારીખથી ૭ મહિનામાં હાજર થઇને પોતાનો દાવો સાબિત કરવો.

ટીકા--અરજદારના ઉપર ચોરીનું તોહમત આવ્યું તેમાંથી તે મુકત થયો ત્યારબાદ તકરારી મિલકતનો દાવાદાર હોય તેને કોરટની ખાત્રી કરી આપવી એટલે તે મિલકત તેને આપવામાં આવશે એવું જાહેરનામુ કાહાડવામાં આવ્યું હતું પણ કોઇ હાજર થયું નહીં પરંતુ એ અરજદારે પોતાનો દાવો બતાવ્યો અને સાક્ષીઓ બોલાવવાની દરખાસ્ત કરી પણ માજીસ્ત્રેટે ના પાડી અને અરજદારની અરજ નામંજુર કરી. હાઈકોરટે એમ ઠરાવ્યું કે સાક્ષી બોલાવવા જોઇતા હતા. સુખન સાહુ વિ. સરકાર વી. રી. ૧૮ રૂ. ૫.

૭ મહિનામાં કોઇ દાવો કરનાર હાજર ન થાય તો શું કરવું.

૫૨૪. જો સદરહુ મુદતમાં કોઈ સખસ સદરહુ મિલકત ઉપર પોતાનો દાવો સાબિત ન કરે, અને તે મિલકત જે સખસના કબજામાંથી જડેલી તે સખસને તે મિલકત કાયદાસર મળેલી એવું તે બતાવી નહીં શકે તો તે મિલકતપર સરકારનો વ્યવસ્થાધિકાર થશે. અને પ્રેસિડેન્સી માજીસ્ત્રેટના અથવા જીલ્લા માજીસ્ત્રેટના અથવા પેટા ટુકડી માજીસ્ત્રેટના અથવા પેહેલા વરગના જે માજીસ્ત્રેટને સ્થાનિક સરકારે આ બાબત અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટના હુકમ પ્રમાણે તે મિલકત વેચવાનો અખત્યાર છે.

આ કલમ પ્રમાણે કરેલા દરેક હુકમની બાબતમાં અપીલ સદરહુ પ્રકારનો હુકમ કરનારી કોરટ શિક્ષાના જે હુકમો કરે તે હુકમો ઉપર અપીલો જે કોરટમાં ચાલતી હોય તે કોરટમાં ચાલશે.

બગડી જાયએવી મિલકત વેચવાનો અધિકાર.

પરપ. જો સદરહુ મિલકતનો કબજો લેવાનો જે સખસનો હક હોય તે સખસ માલમ પડયો ન હોય અથવા ગેરહાજર હોય, અને સદરહુ મિલકત એની મેળે વેહેલી બગડી જાય એવી હોય, અથવા જે માજીસ્ત્રેટને તે મિલકત પકડયાનો રીપોર્ટ કર્યો હોય તે માજીસ્ત્રેટનો મત એવો હોય કે તે મિલકત વેચવાથી તેના ધણીને ફાયદો થશે, તો તે માજીસ્ત્રેટ ગમે તે વખતે તે વેચવાનું ફરમાવવાને મુખત્યાર છે; અને સદરહુ વેચાણની નકી ઉત્પન્નને પર૩ મી તથા પર૪ મી કલમના ઠરાવો બની શકે તેટલે સુધી લાગુ પડશે.

બાબ ૪૪ મો.

ફોજદારી મુકદમા બીજાની પાસે મોકલવા બાબત.

હાઇકોરટ મુકદમો બીજાની પાસે મોકલવાને, અથવા પોતાની મેળે તેને ઇનસાફ કરવાને મુખત્યારછે.

પર૬ જ્યારે હાઈકોરટને એવું દેખાડવામાં આવે કે,—

(અ) તેના તાબાગાંહેની કોઈપણ ફોજદારી કોરટમાં કાંઇ ચોકસી અથવા ઇનસાફ બાજબી રીતે અને નિષ્પક્ષપાતથી થઇ શકશે નહી, અથવા

(બ) કાયદાની અસાધારણ મુસ્કેલીવાળી કાંઇ તકરાર ઉઠે એવો સંભવ છે, અથવા

(ક) જે જગાએ અથવા જે જગાની પાસે કોઇપણ ગુન્હો કરવામાં આવ્યો હોય તે જગા સદરહુ ગુન્હાની ખાત્રી લાયક ચોકસી અથવા ઇનસાફ કરવા માટે જોવાની જરૂર પડે, અથવા.

(ડ) આ કલમ પ્રમાણે હુકમ કરવાથી પક્ષકારોને અથવા સાહેદોને સામાન્ય રીતે સગવડ પડશે,

(ઇ) અથવા ઇનસાફનાં કારણ સારૂ એવા પ્રકારનો હુકમ યોગ્ય છે.

ત્યારે તે હેઠલ લખ્યા મુજબ હુકમ કરવાને મુખત્યાર છે.—

(૧) કોઈપણ ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ, ૧૭૭ મી થી ૧૮૪ મી (એ બને કલમો સુધાં) કલમો પ્રમાણે અધિકાર મળેલો ન હોય એવી પણ તે ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ કરવાને બીજી રીતે લાયક હોય એવી કોઇપણ કોરટે કરવો એવો;

(૨) કોઈપણ મુકરર ફોજદારી મુકદમો અથવા અપીલ. અથવા કોઇપણ મુકરર વરગના સદરહુ પ્રકારના મુકદમા અથવા અપીલો પોતાના અખત્યાર હેઠળની કોઇ ફોજદારી કોરટમાંથી ખસેડીને સમાન અથવા ઉંચી હકુમતવાળી સદરહુ પ્રકારની બીજી કોઇપણ ફોજદારી કોરટની પાસે મોકલવી એવે; અથવા.

(૩) કોઈપણ મુકરર ફોજદારી મુકદમો અથવા અપીલ પોતાની પાસે મોકલવી અને તેનો ઇનસાફ પોતે કરે એવો;

અથવા—તોહુમતદારને ઈનસાફ થવા સારૂ પોતાની પાસે અથવા સેશનકોરટની પાસે મોકલવો એવો;

પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટની કોરટ સિવાય બીજી કોઇપણ કોરટ માંહેના કોઇપણ મુકદમાનો ઇનસાફ પોતાની આગળ કરવા માટે હાઇકોરટ તે મુકદમો તે કોરટમાંથી ખસેડી લે, ત્યારે જો તે મુકદમો એ પ્રમાણે ખસેડી લેવામાં આવ્યો નહોતો તે જે રીતે તે કોરટ કામ ચલાવત તેજ રીતે હાઇકોરટે, ૨૬૭ માં કલમમાં ઠરાવ્યું છે તે શિવાય બીજે પ્રસંગે, સદરહુ ઇનસાફ કરવામાં કામ ચલાવવું.

આ કલમથી આપેલો અધિકાર ચલાવવા બાબતની દરએક અરજી દરખાસ્ત કરીને કરવી, અને અરજદાર આડવોકેટ જનરલ ન હોય ત્યારે તે દરખાસ્તના ટેકામાં આફીડેવીટ (સોગનનામુ) અથવા પ્રતિજ્ઞા કરવી.

જ્યારે કોઇ તોહમતવાળો સખસ આ કલમ પ્રમાણે અરજી કરે, ત્યારે જો મને તકસીરવાર ઠરાવવામાં આવશે તો હું ફરીયાદી કામ ચલાવનારનો ખરચ આપીશ એવી શરતથી એક ખત, જામીન સાથે કે વગર જામીને, લખી આપવાનું તેને ફરમાવવાને હાઈ કોરટ મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે કરેલી અરજીની નોટીસ પબ્લિક પ્રોસીકયુટરને આપવા બાબત.

સદરહુ પ્રકારની કોઈપણ અરજી કરનારા દરએક તોહમતવાળા સખસે તે અરજીની લેખી નોટીશ તથા જે આધારે તે અરજી કરી હોય તે આ ધારોની એક નકલ પબ્લિક પ્રોસીકયુટરને આપવી; અને સદરહુ નોટીસ આપવામાં આવે ત્યારથી તે અરજીની સુનાવણી થતાં સુધીમાં ઓછામાં ઓછા ચોવીસ કલાક ગયા વગર તે અરજીના ગુણદોષ ઉપરથી કાંઈપણ હુકમ કરવો નહી.

૧૯૭ મી કલમ મુજબ કરેલા કોઇપણ હુકમને આ કલમ માંહેના કોઈપણ મજકુરથી બાધ થાય છે એવું સમજવું નહી.

૫૨૬ મી કલમ પ્રમાણે અરજીકરેથી વચમાંમુલતવી રાખવા બાબત.

"૫૨૬. અ. કોઇપણ ફોજદારી મુકદમામાં અથવા અપીલમાં સુનાવણી સરૂ થવાની અગાઉ પબ્લિક પ્રોસીકયુટર, ફરીયાદી અથવા તોહોમતદાર જે કોરટમાં મુકદમો અથવા અપીલ ચાલતી હશે તે કોરટને મુકદમાના સબંધમાં ૫૨૬ મી કલમ પ્રમાણે અરજી કરવાનો પોતાનો ઇરાદો છે એવું જાહેર કરે, તો તોહમતદારને તેનો જવાબ કરવાનું કહેવાની અગાઉ, અથવા અપીલની બાબતમાં, અપીલની સુનાવણી થવાની અગાઉ અરજી કરી શકાય અને તે ઉપર હુકમ મેળવી શકાય એટલો વખત મળે એવી રીતે કોરટે કલમ ૩૪૪ માં આપેલો સરૂથી અથવા વચમાં મુલતવી રાખવાનો અખ્તિયાર ચલાવવો જોઇએ.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૬૪ને મળતી છે અને છેલો ભાગ તદન નવો છે તથા કલમ ૫૨૬ અ સને ૧૮૮૪ ના આકટ બીજા ઉપરથી નવી દાખલ કરવામાં આવી છે.

કોઇ જુઠા દસ્તાવેજ અથવા જુઠી સાક્ષીના કેશમાં જે જડજ તે કેશનો ઇનસાફ કરવાનો હોય તે જડજે તે ગુન્હા બન્યા છે એવા મત આપ્યો એટલાજ ઉપરથી તે કેશ તેની પાસેથી બીજી કોરટમાં ઇનસાફ થવા મોકલાય નહી પણ ઇનસાફને કાંઈ ગેરવ્યાજબી હરકત થતી ન હોય અને પક્ષકારને તેના સાહેદોને પણ કાંઇ અગવડતાવાળુ ન હોય તો તે જડજને ત્યાંથી તે કેશ બીજા જડજને ત્યાં ઇનસાફ થવા મોકલી શકાય—અરૂની ચેલારેદીના કામમાં મદ્રાસ હાઇકોરટ રીપોર્ટ વા. ૫ પ્ર. ૨૧૨.

ફોજદારીમુકદમા તથા અપીલોની જાપાસે મોકલવા બાબતગવરનરજનરલઇનકૌંશિલનો અધિકાર.

૫૨૭. કોઈપણ મુકરર ફોજદારી મુકદમો અથવા અપીલ એક હાઇકોરટમાંથી બીજીકોઇ હાઇકોરટની પાસે અથવા એક હાઇકોરટના તાબા માંહેના કોઈપણ ફોજદારી કોરટમાંથી બીજી કોઇ હાઇકોરટના તાબામાંહેની સમાન અથવા ઉંચી હકુમતવાળી બીજી કોઈ પણ ફોજદારી કોરટની પાસે મોકલવાથી ન્યાયનો હેતુ પાર પડશે અથવા પક્ષકારોને અથવા સાહેદોને સામાન્ય રીતે સગવડ પડશે એમ ગવરનર જનરલ ઇનકૌંસિલને જણાય, ત્યારે ગ્યાઝેટ આફ ઇંડિયામાં જાહેનામું પ્રસિદ્ધ કરીને તે પ્રમાણે તે મુકદમો અથવા અપીલ મોકલવી એવું ફરમાવવાને તે મુખત્યાર છે.

જે કોરટની પાસે સદરહુ મુકદમો અથવા અપીલ મોકલવામાં આવે તે કોરટે જાણે તે મુકદમો અસલ પોતાને ત્યાં માંડેલો હોય અથવા તે અપીલ પોતાને કરી હોય એવી રીતે તેની તજવીજ કરવી.

મુકદમોલઈલેવાને અથવાબીજાને સોંપવાનેજીલ્લામાજીસ્ત્રેટઅથવાપેટા તુકડી માજીસ્ત્રેટમુખત્યાર છે.

૫૨૮. કોઇપણ જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટા તુકડી માજીસ્ત્રેટ પોતાના તાબા માંહેના કોઈ પણ માજીસ્ત્રેટની પાસેથી કોઈપણ મુકદમો લઇ લેવાને અથવા સદરહુ પ્રકારના કોઇ પણ માજીસ્ત્રેટને જે મુકદમો પોતે સોંપ્યો હોય તે મુકદમો પાછો મંગાવી લેવાને મુખત્યાર છે, અને તે મુકદમાની ચોકસી અથવા ઇનસાફ પોતે કરવાને, અથવા તેની ચોકસી અથવા ઇનસાફ કરવાને લાયક હોય એવા સદરહુ પ્રકારના બીજા કોઈ પણ માજીસ્ત્રેટની પાસે ચોકસી અથવા ઇનસાફ થવા માટે તે મુકદમો મોકલવાને મુખત્યાર છે.

(કેટલાએકોવર્ગનામુકદમાલઈલેવાનો અધિકારજીલ્લા માજીસ્ત્રેટનેઆપવાનો અખત્યાર.

જીલ્લા માજીસ્ત્રેટને પોતાના તાબા માહેના માજીસ્ત્રેટો પાસેથી પોતાને દુરસ્ત લાગે એવા વરગના મુકદમામાં અથવા મુકરર વરગના મુકદમા લઈ લેવાનો અધિકાર આપવાને સ્થાનિ સરકાર મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે હુકમ કરનાર માજીસ્ત્રેટે તેમ કરવાનું પોતાનું કારણ લખી મુકવું જોઇએ.

ટીકા— આ કલમ પ્રમાણે ઇનસાફના કારણ સારૂ કામ ખેંચી લેવાને એક પક્ષકાર અરજ કરે તો બીજા પક્ષકારને તે અરજી વિરૂદ્ધ કારણ બતાવાનો લાગ આપવો જોઇએ. ઉમરાસીંગ વિરૂદ્ધ ફકીરચંદ ઇંડિયન લા. રીપોટ અલાહબાદ વા. ૩ પ્ર. ૭૪૯

સને ૧૮૬૧ ના આકટ ૨૫ ની કલમ ૩૬ પ્રમાણે પોતાના તાબા માંહેની કોઇ કોરટમાંથી કાહાડી લીધેલા સિવાયનો મુકદમો ડિસ્ત્રીકટ માજીસ્ત્રેટથી કામ ચલાવવા સારૂ ફુલપાવર માજીસ્ત્રેટ ઉપર સોંપી શકાય નહીં. થાણાના માજીસ્ત્રેટના પત્ર ઉપરથી થએલો ચેમ્બરમાંનો મુંબાઈ હાઈકોરટનો ઠરાવ તા, ૧૪ જુન સને ૧૮૭૦

જે પેહેલા વરગનો માજીસ્ત્રેટ જીલ્લાનો માજીસ્ત્રેટ ન હોય અથવા જેને હવાલે જીલ્લાનો કાંઇ પણ ભાગ ન હોય એવા પેહેલા વરગનો માજીસ્ત્રેટ આ કલમ પ્રમાણે તજવીજ થવા સારૂ કોઇ મુકદમો તાબાના માજીસ્ત્રેટ પાસે મોકલી શકતો નથી—રાણું વિરૂદ્ધ ફકીરા નીમાણા. તા. ૧૭ સપ્ટેમ્બર સને ૧૮૬૯ મુંબાઇકોરટનો ઠરાવ.

બાબ ૪૫ મો.

ગેરશિરસ્તે ચલાવેલા બાબત.

ચલાવેલું કામ જેગેરસાંરસ્તાના સબબથીરદથતુનથી તે વાગેરસાંરસ્તા બાબત.

૫૨૯. હેઠળ લખેલી વાતોમાંની કોઈપણ વાત કરવાનો અધિકાર કાયદાથી જે માજીસ્ત્રેટને મળ્યો હોય, એટલેઃ—

(અ) ૯૮ મી કલમ પ્રમાણે ઝાડો લેવાનું વારંટ કાહાડવું એવો;

(બ) ૧૫૫ મી કલમ પ્રમાણે પોલીસને કોઇ ગુન્હાની તપાસ કરવાનું ફરમાવવું એવો;

(ક) ૧૭૬ મી કલમ પ્રમાણે ઇનકવેસ્ટ ભરવી એવો;

(ડ) પોતાની હકુમતની સ્થાનિક હદમાંહેના કોઇ સખસે સદરહુ હદની બાહાર કાંઇ ગુન્હો કર્યો હોય તે સખસને પોતાની હદમાં પકડવા માટે ૧૮૬ મી કલમ પ્રમાણે પ્રોસેસ કાહાડવી એવો;

(ઇ) ૧૯૧ મી કલમની રકમ (અ) અથવા રકમ (બ) પ્રમાણે કોઇ ગુન્હો સાંભળવોએવો;

(ફ) ૧૯૨ મી કલમ પ્રમાણે કોઈ મુકદમો બીજાની પાસે મોકલવો એવો;

(ગ) ૩૩૭ મી અથવા ૩૩૮ મી કલમ મુજબ માફીનું વચન આપવું એવો;

(હ) ૫૨૪ મી અથવા ૫૨૫ મી કલમ મુજબ મિલકત વેચવી એવો; અથવા

(આઈ) ૫૨૮ મી કલમ પ્રમાણે કોઇ મુકદમો ખેંચી લેવો અને તેનો ઈનસાફ પોતાની જાતે કરવો એવો;

તે માજીસ્ત્રેટ ચુક કરીને સુધબુધિથી તે વાત કરે, તો તેને એવો અધિકાર મળ્યો નહોતો એટલાજ સબબથી તેનું ચલાવેલું કામ રદ કરવું નહી.

ચલાવેલું કામ જે ગેરશિરસ્તાના સબબથીરદથાયછેતે વાગેરશિરસ્તા બાબત.

૫૩૦. જો કોઇપણ માજીસ્ત્રેટને હેઠળ લખેલી વાતો કરવાનો અધિકાર કાયદાથી મળેલો ન છતાં તે માંહેની કોઇપણ વાત તે કરશે (એટલેઃ

(અ) ૮૮ મી કલમ પ્રમાણે મિલકત જપ્ત કરીને વેચશે;

(બ) ટપાલ આફીસમાં કોઇ કાગળને માટે અથવા તાર ખાતામાં કોઈ તારને માટે ઝાડો લેવાનું વારંટ કાહાડશે.

(ક) સુલેહ રાખવા સારૂ તારણ માગશે;

(ડ) સારી રીતે ચાલવા બાબત તારણ માગશે;

(ઈ) સારી રીતે ચાલવાને કાયદાની રૂએ બાંધી લીધેલા કોઈને સખસ છોડી દેશે;

(ફ) સુલેહ રાખવા બાબતનું ખત રદ કરશે;

(ગ) કોઇ સ્થાનિક અપકારક કૃત્ય સબંધી ૧૩૩ મી કલમ પ્રમાણે કાંઈ હુકમ કરશે;

(હ) કાંઇ લોકાપકારક કૃત્ય ફરીથી નહી કરવા બાબત અથવા જારી નહી રાખવા બાબત ૧૪૩ મી કલમ પ્રમાણે હુકમ કરશે;

(આઇ) ૧૪૪ મી કલમ પ્રમાણે કાંઈ હુકમ કાહાડશે.
(જ) ૧૨ મા બાબ પ્રમાણે કાંઈ હુકમ કરશે.
(કે) ૧૯૧ મી કલમની રકમ (ક) પ્રમાણે કોઇ ગુન્હો સાંભળશે;
(લ) બીજા કોઇ માજીસ્ત્રેટે ચલાવેલાં તથા લખી લીધેલાં કામ ઉપરથી ૩૪૯ મી કલમ પ્રમાણે શિક્ષાનો હુકમ કરશે.
(મ) ૪૩૫ મી કલમ પ્રમાણે કામ મંગાવશે.
(ન) ગુજરાન બાબત કાંઇ હુકમ કરશે.
(ઓ) ૫૧૪ મી કલમ પ્રમાણે કરેલો કોઈ હુકમ ૫૧૫ મી કલમ પ્રમાણે તપાસશે;
(પ) કોઇ ગુન્હેગારનો ઇનસાફ કરશે;
(ક્યુ) સક્ષેપ રીતે કોઈ ગુન્હેગારનો ઇનસાફ કરશે; અથવા
(ર) અપીલનો નિકાલ કરશે;

તો તેણે ચલાવેલું કામ રદ થશે.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ ૩૪ ની રકમ ૯ બાદ કરતાં બાકીના ભાગને મળતી છે અને રકમ (ક) અને રકમ (પ) નવી છે.

જે ગુન્હાનો ઈનસાફ સંક્ષિપ્ત રીતે કરવાનો પોતાનો અખિકાર નહોતો એવા ગુન્હાનો ઈનસાફ માજીસ્ત્રેટે જુ. ક્રી. પ્રો, કોડના બાબ ૧૮ પ્રમાણે કર્યાથી હાઇકોરટે કલમ ૩૪ પ્રમાણે માજીસ્ત્રેટે કરેલું કામ રદ બાતલ છે એમ ઠરાવ્યું છે. સરકાર વિરૂદ્ધ ખેતરમોહન ચૌરંગી. વીકલી રીપોર્ટ ૨૨ પ્ર. ૪૩

જે ગુન્હાને માટે કાયદા પ્રમાણે સેશન જડજને કમિટ કરવાનો અધિકાર ન હોય તેવા કામમાં જો કમિટ કરવામાં આવે તો તે અખત્યાર વગરનું છે અને કાંઇ ઉપયોગનું નથી. ઉનાયબંદુખાનરજી વીકલી. રી. ૨૧ પ્ર. ૩૭

ફકત સેશન કોરટ સાંભળી શકે તેવા ગુન્હાનો ઇનસાફ એક માજીસ્ત્રેટે કર્યો અને તોહમતવાળાને શિક્ષા કરી તે ઉપર તોહમતવાળાએ અપીલ કરી તેમાં તે શિક્ષા ફેરવી કરી એમ ઠરાવ્યું કે માજીસ્ત્રેટને એવા ગુન્હાનો ઇનસાફ કરવાનો અધિકાર નથી. આ કામમાં જે કામ ચલાવવામાં આવ્યુ તે રદ કરવામાં આવ્યું નહોતું તેથી પ્રથમ લીધેલા પુરાવ ઉપરથી માજીસ્ત્રેટને સેસન કમિટ કરવાનો હુકમ કરવાને અધિકાર છે. રાણી વિરૂધ ઇલાહીબક્ષ ઇંડીયન લો, રીપોર્ટ અલ્હાબાદ વા. ૨ પ્ર. ૯૧૯

ખોટી જગાએ ચલાવેલાં કામ બાબત.

૫૩૧ કોઇપણ ચોકસી અથવા ઇનસાફ અથવા બીજુ કામ ચાલતુ હોય ત્યારે કોઈપણ ફોજદારી કોરટનો ઠરાવ થયો હોય અથવા તે કોરટે શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કર્યો હોય ત્યારે તે ચોકસી અથવા ઇનસાફ અથવા બીજુ કામ જે સેસન તુકડીમાં અથવા જીલ્લામાં અથવા પેટાટુકડીમાં અથવા બીજા સ્થાનિક ક્ષેત્રમાં થવું જોઇએ ત્યાં નહી થયું એટલાજ સબબ ઉપરથી સદરહુ ઠરાવ અથવા શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ રદ કરવો નહી, પણ સદરહુ ચુકથી ઇનસાફ બરાબર થયો નહી એમ જણાય તો જુદી વાત છે.

કમિટ કરવાનાહુકમગેરશિરસ્તેકર્યા હોય તે ક્યાને વ્યવહારોપયોગી કરી

૫૩૨. જો કોઈપણ માજીસ્ત્રેટ અથવા બીજો અધિકારી જે અધિકાર પોતાને આપેલા ન હોય તે જાણે પોતાને યોગ્ય રીતે આપેલા છે એવી રીતે તે અધિકાર ચલાવી। કોઇ તોહોમતવાળા સખસને સેસન કોરટ અથવા હાઇકોરટની આગળ તેનો ઇનસાફ થવા સારૂ કમિટ કરે, તો

શકાય. જે કોરટમાં તેને કમિટ કરવામાં આવે તે કોરટ, તે કામના કાગળ પત્રો તપાસી જોયા પછી જો એમ ધારે કે તોહમતવાળાને નુકસાન થયું નથી તો તે કમિટ કરવાનો હુકમ કરવાનો હુકમ કબુલ રાખવાને મુખત્યાર છે, પણ જો તે કામની ચોકસી ચાલતા દરમિયાન અને કમિટ કરવાનો હુકમ થતાં પેહેલાં સદરહુ માજીસ્ટ્રેટની અથવા બીજા અધિકારની હકુમત વિશે તોહોમતવાળા તરફથી અથવા ફરિયાદી તરફથી હરકત લેવામાં આવી ન હોય તો માત્ર તેવો અધિકાર છે.

જો તોહોમતવાળાને નુકશાન થયું છે એવું કોરટની નજરમાં આવે અથવા ઉપર કહ્યા મુજબ હરકત લેવામાં આવી હોય, તો તેને કમિટ કરવાનો હુકમ રદ કરવો, અને કોઇ લાયક માજીસ્ટ્રેટને નવી ચોકસી કરવાનું ફરમાવવું.

૧૬૪ મી અથવા ૩૬૪મી કલમમાં લેના ઠરાવોમુજબ નચાલવાબાબત. ૫૩૩. કોઇ તોહમતવાળા સખસની ૧૬૪ મી અથવા ૩૬૪ મી કલમ મુજબ લખી લીધેલી કબુલત અથવા બીજો મચકુર જે કોરટની આગળ પુરાવામાં આપ્યો હોય તે કોરટ જો એવું ઠરાવે કે તે મચકુર લખી લેનારો માજીસ્ત્રેટ સદરહુ કલમના ઠરાવો પ્રમાણે પુરું રીતે ચાલેલો નથી તો તે કોરટે લખી લીધેલો મચકુર સદરહુ સખસે યોગ્ય રીતે કહ્યો હતો તે બાબતનો પુરાવો લેવો; અને હિંદુસ્તાનના પુરાવાના આકટની ૯૧ મી કલમમાં ગમે તે કહ્યું હોય તોપણ જો તે ચુકથી તોહમતવાળાને તે મુકદમાના ગુણદોષ ઉપરથી પોતાનો જવાબ કરવામાં નુકશાન નહીં પોંહોચ્યું હોય તો સદરહુ મચકુર પુરાવામાં લેવો જોઇએ.

૪૫૪મી કલમની ૨જીરકમથીફરમાવેલોસવાલનહીંપુછવાબાબત. ૫૩૪. ૪૫૪ મી કલમની ૨ જી રકમ લાગુ પડતી હોય એવી બાબતમાં, તમે રાણીસાહેબના વિલાયતી રઈયત છો કે નહીં એમ કોઇ પણ સખસને પુછવામાં ન આવ્યું તેથી કોઇપણ ચલાવેલા કામના વ્યવહારપયોગીપણાને બાધ થશે નહિ.

તોહોમતનામુંતઇયારનહીંકરવાનું ફળ. ૫૩૫ કોઇ ઠરાવ કહી સંભળાવ્યો હોય અથવા કોઇ શિક્ષાનો હુકમ કરયો હોય ત્યારે તોહોમતનામું તઈયાર કર્યું નહોતું એટલાજ સબબ ઉપરથી તે ઠરાવ અથવા શિક્ષાનો હુકમ વ્યવહારપયોગી નથી એમ સમજવું નહી, પણ જો તેથી ઇનસાફ બરોબર થયો નથી એમ અપીલ કોરટની અથવા તપાસની કોરટની નજરમાં ન આવે તો વ્યવહારપયોગી નથી એમ સમજવું નહીં.

જો અપીલ કોરટ અથવા તપાસની કોરટ એમ ધારે કે તોહમતનામું તઈયાર નહીં કરવાથી ઇનસાફ બરાબર થયો નથી, તો તેણે તોહમતનામું તઈયાર કરવાનો તથા તે તઇયાર કર્યા પછીના લગતના પર્યાયથી ઇનસાફ પાછો શરૂ કરવાનો હુકમ કરવો.

ટીકા—તોહમતનામું ફરમાવ્યા વગર માજીસ્ટ્રેટે એક તોહમતદારના ઉપર ઇનસાફનું કામ ચલાવી તેને ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કર્યો. આવી રીતે તોહમતનામું નહીં ફરમાવ્યાથી કાંઇ ઇનસાફને ખલેલ પોહોંચ્યું નથી. તેથી જે ગુન્હો ના સાબિત થયાનો ઠરાવ કરવામાં આવ્યો છે તે ઠરાવ તોહમતનામું નહીં ફરમાવવાના સબબથી છોડી મુકવાના ઠરાવ બરોબર નથી તેથી તેજ ગુન્હાની બાબતમાં તેજ તોહમતવાળાનું ફરીથી કામ ચાલી શકતું નથી. રાણી વિ. મરદુ વિગરે ઇ. લા. રી. અ. વા. ૩ પ્ર. ૧૨૯

આસેસરોનીમદદથીઇનસાફ થઇશકેએવાગુન્હાનોઇનસાફજ્યુરીથીકરવા બાબત.

૫૩૬. આસેસરોની મદદથી ઇનસાફ કરવો જોઇએ એવા કોઇ ગુન્હાનો ઇનસાફ જ્યુરીથી કરવામાં આવે. તો તેજ સબબ ઉપરથી તે ઇનસાફનું કામ બીન વ્યવહારપયોગી થશે નહીં.

જ્યુરીથીઇનસાફ થઇશકે એવા ગુન્હાનોઇનસાફઆસેસરોનીમદદથીકરવા બાબત.

જ્યુરીથી ઈનસાફ કરવો જોઇએ એવા કોઈ ગુન્હાનો ઈનસાફ આસેસરોની મદદથી કરવામાં આવે તો કોરટ પોતાનો ઠરાવ દફતરમાં દાખલ કરે તેની અગાઉ તે વિશે હરકત લેવામાં ન આવે તો તેજ સબબ ઉપરથી તે ઈનસાફનું કામ બીન વ્યવહારપયોગી થશે નહીં.

ટીકા—અરજદારપર સને ૧૮૭૧ ના નોંધવાના આકટ ૭ ની કલમ ૩૮ પ્રમાણે તોહમત રાખી તેનો ઇનસાફ સેશન જડજે જ્યુરીની મદદે કરી તેનાપર તોહમત સાબિત કર્યું. અરજદારે હાઇકોરટમાં અપીલ કરી તકરાર કરી કે સદરહુ તોહમતનો ઇનસાફ જ્યુરીને કરવાને સરકારે ઠરાવ કર્યો નથી તો આ કામમાં જ્યુરીથી ઇનસાફ કર્યો તે બરાબર નથી અરજદારનો ઈનસાફ આસેસરથી થવો જોઇતો હતો તેમ થયો નથી માટે તે રદ કરવો જોઇએ. તેમાં હાઇકોરટે ઠરાવ કર્યો કે જે કામનો ઇનસાફ આસેસરથી થવાનો તે કામનો ઇનસાફ જ્યુરીથી થયો હોય તો તેટલાજ કારણથી તે ઇનસાફ કાયદેસર નથી એમ થતું નથી. પરંતુ આસેસરોએ જો તે કામનો ઈનસાફ કર્યો હોત તો તે કામમાંની થએલી વાત ઉપરથી અપીલ કરવાનો જે કેદીને હક મળત તે હક નાબુદ થતો નથી. સરકાર વિ. મોહીમ ચંદરાય અને બીજા ઇં. લા. રી. ક. વા. ૩ પ્ર. ૭૬૫

સેશન જડજ કેટલાએક તોહમત બાબત જ્યુરીની મદદથી અને કેટલાએક તોહમત-આસેસરની મદદથી સેશન જડજ ઈનસાફ કરી શકે તેવા કામમાં જ્યુરીની મદદથી સેશન જડજે ઇનસાફનું કામ તોહમતવાળાની સામે ચલાવ્યું તેમાં સેશન જડજનો અને જ્યુરીનો એકમત થયો નહી તેથી જે તોહમત બાબત આસેસરની મદદથી ઇનસાફ કરી શકાય તેમ હતું તે બાબતમાં સેશન જડજે જ્યુરીના ઠરાવથી વિરૂધ્ધ પડી તોહમતવાળાને શિક્ષા કરી તે ગેરકાયદાસર છે એમ ઠર્યું. ભુતનાદે ઇં. લા. રી. ક. વા. ૪ પ્ર. ૪૦૫

આસેસરની મદદથી કામ ચલાવી શકાય એવું કામ જ્યુરીની મદદથી ચલાવવામાં આવ્યું તેથી તે ચલાવેલું કામ તે સબબથી રદ કરવા સરખુ થતું નથી પણ જ્યુરીને જડજે જે સમજુત આપી હોય તે સમજુત જડજનું જજમેંટ છે એમ ગણી કેદીની અપીલ સાંભળી શકાય છે. રાણી વિ. દુરગાચરણસો વી. રી. ૨૪ પ્ર. ૩૦

ઠરાવઅથવાશિક્ષાનોહુકમતોહમતનામાંઅથવાબીજાંચલાવેલાંકામમાંચુકઅથવા કસુરનાસબબથી ક્યારે રદથઇ શકે.

૫૩૭. યોગ્ય હકુમતવાળી કોઇ કોરટે કાંઈ ઠરાવ, શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કર્યો હોય તે, આ કાયદામાં પાછળ કહેલા ઠરાવોનું ધોરણ રાખીને ૨૭ મા બાબ પ્રમાણે અપીલમાં અથવા તપાસમાં હેઠળ લખેલા કારણસર રદ કરવો નહી અથવા ફેરવવો નહીં, એટલે—

ફરિયાદ અથવા સમનમાં અથવા વારંટમાં અથવા તોહમતનામામાં અથવા ફેંસલામાં અથવા ઇનસાફ થતાં પેહેલાં અથવા ઇનસાફ થતો હોય ત્યારે ચલાવેલાં બીજાં કામમાં

અથવા આ કાયદા પ્રમાણે કાંઈપણ ચોકસીમાં અથવા બીજાં ચલાવેલાં કામમાં કાંઈપણ ચુક અથવા કસુર અથવા ગેરશિરસ્તો થયાને લીધે, અથવા

૧૯૫ મી ક. પ્રમાણે જે મંજુરિયતની જરૂર હોય તે મંજુરિયત નહી હોવાને લીધે, અથવા

૩૨૪ મી ક. પ્રમાણે જ્યુરરોની અથવા આસેસરોના ટાંપ સુધારવાની કસુરને લીધે, અથવા

જ્યુરાંને કરેલા આદેશમાં કાંઇપણ ચુક થયાને લીધે;

પણ જો સદરહુ ચુકથી, કસુરથી, ગેરસિરસ્તાથી, મંજુરિયત ન હોવાથી અથવા જ્યુરીને કરેલા આદેશ માંહેની ચુકથી ગેર ઇનસાફ થયો ન હોયતો ન રદ કરવો અથવા ન ફેરવવો.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૦૩ ના પારેગ્રાફ ૩ જા-૨૮૩ ના—૧—૨—૩૦૦—૪૬૪-ના ૬-૭ ને મળતી છે.

આ કલમમાં જે જે વિશેષ ઠરાવ છે તે વિશેષ ઠરાવ આ કાયદા મુજબ કરેલી ચોકસી તથા ચલાવેલા બીજા કામને હવે લાગુ પાડવામાં આવ્યા છે. ત્રીજી અને ચોથી રકમમાં જે વિશેષ ઠરાવ છે તે નવા છે.

એક કામમાં માજીસ્ટ્રેટે તોહમતનામું લખીને ફરમાવ્યું નહી પણ તોહમતવાળાની બાબતમાં જે જે તોહમતો મુકવામાં આવ્યાં હતાં તેનો પ્રકાર બરાબર રીતે તોહમતવાળાને સમજાવવામાં આવ્યો હતો તેથી આ કામમાં એમ ઠરાવવામાં આવ્યું કે ઉપર બતાવેલી ખામીને લીધે કાંઇ ઈનસાફને ખલેલ પોહોચ્યું નથી. બમલાન વિરૂદ્ધ દયાલ ગોપ વીકલી રીપોર્ટ ૧૦ પ્ર. ૭

વારંટના મુકદમાઓના ઇનસાફોમાં કેદીને પોતાના જવાબમાં કોઇ શાક્ષી હોય તેમને બોલવા કહેવા કસુર થઇ હોય તેથી ઠરાવને હરકત નથી. રાણી વિ. ટાટારામ. વી.રી.૧૧પ્ર. ૧૫.

તોહોમતવાળા ઉપર પીનલકોડની કલમ ૪૭૧ મુજબ બદદાનતથી ખોટા લેખ વાપરવા સંબંધી તોહોમત આવ્યું હતું તેમાં એવો ઠરાવ થયો કે જ્યુરીને બરોબર સમજુતી આપવામાં આવી નહોતી. ફરિયાદીએ સાબીત કરવું જોઈતું હતું કે કપટથી અને બદદાનતથી ખોટા લેખ જાણી તે લેખ વાપરયો છે. ખોરસેદ કાજી વિરૂધ રાણી ઇંડીયન લો રીપોર્ટ કલકત્તા. વા. ૮ પ્ર. ૪૪૨.

ચોકશી ચાલતાની દરમ્યાનમાં એવી રીતે ગેરકાયદાસર થાય કે જો સેશન કમિટ કરવાનો હુકમ થયો હોય, તે રદ કરવાને હાઇકોરટની નજરમાં યોગ્ય આવે તોપણ આવી ગેરકાયદાસર વરતણુકથી ઈનસાફનું કામ ચાલ્યા પછી જો તોહોમતવાળાને પોતાનો બચાવ કરવામાં તથા ઇનસાફ મળવામાં નુકસાન થયું ન હોય તો જે શિક્ષા કરવામાં આવી હોય તે શિક્ષા રદ કરવાને કાંઇ પુરતુ કારણ નથી. જમસેદજી શાહાપુરજી. મુંબાઇ હાઇકોરટનો ઠરાવ તા૦ ૧૦ મી અગષ્ટ સને ૧૮૮૧.

ચલાવેલાં કામમાં ખામીને લીધે અથવા રીતની કસુરને લીધે જપ્તી ગેરકાયદાસર થશે નહી અને જપ્તી કરનાર સાપરાધ પ્રવેશ કરનાર થશે નહીં.

૫૩૮ આ કાયદા પ્રમાણે કાંઇ જપ્તી કરવામાં આવે ત્યારે સમનમાં, ગુન્હાની સાબીતીના ઠરાવમાં, જપ્તીના હુકમમાં અથવા તે સબંધી ચલાવેલાં બીજાં કામમાં કાંઇપણ ખામીને લીધે અથવા રીતની કસુરને લીધે તે જપ્તી બીન વ્યવહારોપયોગી ગણવી નહી, અને તે જપ્તી કરનાર સખસને સાપરાધ પ્રવેશ કરનાર ગણવો નહીં.

બાબ ૪૬ મો.

પરચુરણ.

જે કોરટની તથા

૫૩૯. કોઇપણ હાઇકોરટની આગળ અથવા સદરહુ કોરટના કોઈપણ

સખસોની આગળ સોગનનામા કરવાનો અધીકારછે તે.

અમલદારની આગળ કામમાં લેવાના સોગનનામા તથા પ્રતિજ્ઞાઓ સદરહુ કોરટની આગળ અથવા કલારકઆફ ધી કૌનની આગળ, અથવા તે કામ માટે નિમેલા કોઈપણ કમિશનર અથવા બીજા સખસની આગળ, અથવા કોઇપણ જડજની આગળ, અથવા બ્રિટીશ ઇંડિયામાં રેકાર્ડની કોઇપણ કોરટમાં કોઇપણ સોગનનામા લેવા માટે નિમેલા કોઇપણ કમિશનરની આગળ, અથવા ઈંગ્લાંડમાં અથવા આયરલાંડમાં ચેન્સરીમાં સોગન આપવા માટે નિમેલા કોઇ પણ કમિશનરની આગળ, અથવા સ્કાટલાંડમાં સોગનનામા અથવા પ્રતિજ્ઞાઓ લેવાનો અધિકાર જે માજીસ્ત્રેટને આપ્યો હોય તે માજીસ્ત્રેટની આગળ કરવાનો અધિકાર છે.

મુદ્દાના સાહેદને સમન કરવાનો; અથવા હાજર હોય એવા સખસની જુબાની લેવા નો અધિકાર.

૫૪૦. આ કાયદા પ્રમાણે કાંઇપણ ચોકશી, ઇનસાફ અથવા બીજું કામ ચલાવવામાં આવતું હશે ત્યારે અમે તે વખતે કોઇપણ કોરટ કોઇ પણ સખસને સાહેદ દાખલ સમન કરવાને, અથવા કોઈપણ સખસ હાજર હોય તેને સાહેદ દાખલ સમન કર્યો ન હોય તોપણ તેની જુબાની લેવાને મુખત્યાર છે; અથવા જે સખસની જબાની લેવાઇ ચુકી હોય તે સખસને ફરીથી બોલાવીને તેની ફરી તપાસ કરવાને મુખત્યાર છે; અને જો સદરહુ પ્રકારના કોઇપણ સખસની સાહેદી તે મુકદમાનો વ્યાજબી ફેંસલો કરવા માટે તે કોરટને જરૂરની જણાય, તો તેણે તે સખસને સમન કરીને તેની તપાસ કરવી અથવા તે સખસને ફરીથી બોલાવીને તેની ફરી તપાસ કરવી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૫૧ ને બદલે ઘડવામાં આવીછે.

ફરીયાદી તરફથી બતાવેલા સાહેદની જુબાની લીધા પછી બીજા વધુ શાહેદની માજીસ્ત્રેટને જરૂર જણાય તેથી તે તેમને બોલાવે તેઓ હાજર થાય નહી તે કારણથી ફરીયાદી તરફનો પુરાવ નબળો છે એવું ઠરાવી ફરીયાદીની ફરીયાદ કાઢી નાંખી શકે નહી—રાણી વિરૂદ્ધ બાંદર ઘોસ. બંગાળા લા. રીપોર્ટ વા.૭ પ્ર. ૬૧

જે સખસ ઉપર શક આવ્યો હોય અને કોઇ ગુન્હાનું તોહોમત મુકયું હોય તેને પુરાવાની ખામીને લીધે છોડી મુકવામાં આવ્યો હોય તે સખસની પાછળથી ફરીયાદીના શાહેદ તરીકે જુબાની લેઇ શકાય—રાણી વિરૂધ બીહારીલાલ બોશ વીકલી રીપોર્ટ ૭ પ્ર. ૪૪

કેદી તરફનો પુરાવ અપાતો હોય તો વચમાં ફરીયાદ તરફના શાહેદ લેવાને ખાસ અને યોગ્ય કારણ શિવાય આ કલમમાં આપેલો અધિકાર માજીસ્ત્રેટોએ બજાવવો નહી જોઇએ રાણી વિરૂધ કાશી શીંગ વીકલી રીપોર્ટ. ૨૧ પ્ર. ૯.

પોલીસ તોહોમતદારને પકડી લાવે તે સાથે એક બીજા સખસને પકડી લાવેલ હોય તેની જુબાની આ કલમ પ્રમાણે લઈ શકાય છે. પણ તે શાહેદ એ વખતે સહ તોહોમતદાર હોવો નહી જોઈએ રાણી વિરૂધ નારાયણસુંદર મુંબાઇ હાઈકોરટ રીપોર્ટ વા. ૫ પ્ર. ૧

કેદનીજગામુકરરકરવાનો અધીકાર.

૫૪૧ કોઇપણ ચાલુ કાયદાથી બીજી રીતે ઠરાવ્યું નહી હશે તો જે સખસને આ કાયદા પ્રમાણે કેદ કરવાનો અથવા પેહેરામાં મોકલવા યોગ્ય હશે તે સખસને કઇ જગામાં કેદ રાખવો એ ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

કેદીતુરંગમાં હોય તેની જબાનીલેવા માટે તેને આંણવાનો હુકમ કરવાનો પ્રેસીડેન્સીમાજીસ્ત્રેટ અધિકાર.

૫૪૨. સને ૧૮૬૯ ના કેદીઓની શાહેદી બાબતના આકટમાં ગમે તે કહયું હોય તે છતાં કોઈપણ પ્રસીડેન્સી માજીસ્ત્રેટ પોતાની હકુમતની સ્થાનિક હદમાંહેની કોઇપણ તુરંગમાં કેદ રાખેલા કોઇપણ સખસને પોતાની આગળ કોઇપણ ચાલુ મુકદમામાં શાહેદ દાખલ અથવા તોહોમતવાળા સખસ દાખલ તપાસવાની ખાયશ રાખતો હોય તો સદરહુ તુરંગ જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને હુકમ મોકલીને તે માજીસ્ત્રેટ

એવું ફરમાવવાને મુખત્યાર છે કે તે કેદીને અમારી આગળ તેની જમાની લેવા સારૂ યોગ્ય પેહેરા સાથે ફલાણે વખતે આણુએ; તે વખત તે હુકમમાં લખવો.

સદરહુ તુરંગ જે અમલદારના હવાલામાં હોય તે અમલદારે સદરહુ હુકમ પહોંચેથી તે મુજબ ચાલવું, અને તે ઉપર કહેલા કારણ સારૂ તે તુરંગમાંથી કેદી ગેરહાજર રહે તે દરમિયાનમાં તેને સારી રીતે જાપતામાં રાખવા સારૂ બંદોબસ્ત કરવો.

દુભાશીયાએ ખરો તરજુમો કરીને સમજાવવું.

૫૪૩. જ્યારે કોઇ પુરાવો અથવા મજકુર સમજાવવા સારૂ કોઇપણ ફોજદારી કોરટને કોઇ દુભાશીયાનો ઉપયોગ કરવો પડે, ત્યારે તે પુરાવાનો અથવા મજકુરનો ખરેખરા તરજુમો કરીને કહેવાની તે દુભાશીયાની ફરજ છે એમ સમજવું.

ફરિયાદીઓ તથા સાહેદોના ખરચ બાબત.

૫૪૪. ગવરનર જનરલ ઇન કાંઉસિલની અગાઉથી મંજુરી લઇને સ્થાનિક સરકારે કાંઇપણ કાનુન કરી હોય તે કાનુનને અનુસરીને કોઇ પણ ફોજદારી કોરટ આ કાયદા પ્રમાણે પોતાની આગળ કોઇપણ ચોકસી ઇનસાફ અથવા બીજુ કામ ચલાવવામાં આવે તે કારણ સારૂ કોઈપણ ફરિયાદી અથવા સાહેદ હાજર થાય તેમો વ્યાજબી ખરચ, સરકાર તરફથી આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

દંડમાંથી ખરચ અથવાનુકશાનીનો અવેજ આપવાનો કોરટનો અધિકાર.

૫૪૫. જ્યારે કોઈ ફોજદારી કોરટ કોઈપણ એવું કાયદા પ્રમાણે દંડ કરે અથવા અપીલમાં અથવા તપાસમાં અથવા બીજી રીતે દંડની શિક્ષા અથવા જે શિક્ષાનો એક ભાગ દંડ હોય તેવી શિક્ષા ગંજુર કરે ત્યારે ફેંસલો કરતી વખતે તે કોરટ, વસુલ કરેલો સઘળો દંડ અથવા તેમાંનો ગમે તે ભાગ હેઠળ લખ્યા પ્રમાણે ઉપયોગમાં લેવાનો હુકમ કરવાને મુખત્યાર છેઃ—

(અ) ફરીયાદીનું કામ ચલાવવામાં વ્યાજબી રીતે થયલો ખરચ પુરો પાડવા સારૂ;

(બ) જ્યારે, તે કોરટના મત પ્રમાણે, દિવાની દાવાથી નુકસાનનો ભારે બદલો મળી શકતો હોય ત્યારે કરેલા ગુન્હાથી થયેલા નુકશાનનો બદલો આપવા સારૂ.

જેમાં અપીલ થઇ શકે એવા કોઇ મુકદમામાં જો તે દંડ કરવામાં આવે તો અપીલ કરવા માટે આપેલી મુદત વીતી ગયા પેહેલાં, અથવા જો અપીલ કરવામાં આવે તો, તેનો ફેંશલો થતાં પેહેલાં સદરહુ ખરચ અથવા નુકસાનનો અવેજ આપવો નહી.

ટીકા—આ કલમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૦૮ ના પારેગ્રાફ ૧-૨-૩ ને મળતી છે.

જે માણસને નુકશાન થયું હોય તેનેજ આ કલમ પ્રમાણે નુકશાન અપાવાય જેને નુકશાન થયું હોય તે મરી ગયો હોય તો પછી તેના વારસને તે નુકશાન અપાવાય નહી— લાલશીંગ કેદીના કામમાં વીકલી રીપોટ વા. ૧૦ પ્ર. ૩૯.

જેને નુકશાન આપવાનું હોય તેવું તેને નુકશાન અપાવવા લાયકની હરકત કેશ ચાલતાં નકી થવી જોઇએ તથા ફરાયાદીએ નુકશાન મળવા જે હકીકત કહી તે વિરૂદ્ધ તોહોમતદારને કાંઈ હકીકત રજુ કરવા તેને તક આપવી જોઇએ—રાણી વિરૂદ્ધ હરચરણદાસ અને બીજાઓ વીકલી રીપોટ ૧ પ્ર. ૫૩

ફરિયાદીને ગુન્હેગાર કરેલા ગુન્હાથી કાંઇ નુકશાન આપવા અથવા પૈસા સબંધી કાંઈ હાની થયા વગર આ કલમ પ્રમાણે દંડનો કાંઇ ભાગ અથવા આખો ભાગ અપાવાય નહી રાણી વિરૂદ્ધ સમસેન બાળજી. મુંબઈ હાઇકોરટ રીપોટ વા. ૩ પ્ર. ૪૩

તોહોમતદારે ગફલતીથી એક ખાડો ખોદેલો તેમાં પડી જવાથી એક સ્ત્રીનો ધણી મરી ગયો તે બાબતના કેશમાં એ સખસની સ્ત્રી (વીધવા) ને દંડમાંથી નુકશાન અપાવ્યું તે ગેરવ્યાજબી ગણવામાં આવ્યું છે—રાણી વિરૂદ્ધ શીવબા સાપા મદ્રાસ હાઈકોરટ રીપો-

૮ વા. ૭ પ્ર. ૭૩.

જો ફરીયાદ અરજી ઉપર સ્ટાંપની જરૂર ન હોય તેમ છતાં ફરીયાદીએ સ્ટાંપ વાપરી ફરીયાદ કરી હોય તો તે સ્ટાંપના નાણાં થએલા દંડમાંથી અપાવાય નહીં—રાણી વિરૂધ્ધ આવજી બીન મુંબાઇ હાઇકોરટ રીપોટ વા. ૮ પ્ર. ૨૨

એક ચોરીના કામમાં ચોરીનો માલ શુધ્ધબુધ્ધિથી લેનાર સાહેદને આપવો પડયો તેમાં એ સાહેદને તોહમતદારને કરેલા દંડમાંથી કીમત આપવી તે વ્યાજબી નથી એવું ઠર્યું છે—મદ્રાસ હાઈકોરટ રીપોટ વા. ૭ પ્ર. ૧૩

પછીથીદિવાનીમાં કરેલીફરિયાદમાંઉ પરમુજબઆપેલી રકમો હિસાબમાં લેવી.

૫૪૬ પછી તેજ બાબત સંબંધી દીવાની દાવો કરવામાં આવે તેમાં નુકશાનીનો અવેજ આપવાનો હુકમ કરતી વખતે ૫૪૫ મી કલમ પ્રમાણે નુકશાનીના અવેજ દાખલ જે રકમ આપી હોય અથવા વસુલ કરી હોય તે રકમ કોરટે હિસાબમાં લેવી.

જેપૈસા આપવાનો હુકમકર્યોહશેતેદંડત રીકેવસુલ કરીશકે.

૫૪૭. આ કાયદા પ્રમાણે કરેલા કાંઇપણ હુકમની રૂએ (દંડ શિવાય બીજા) જે પૈસા આપવાના હશે તે જાણે દંડ હોય એવી રીતે વસુલ કરી શકાશે.

ચલાવેલાંકામના કાગળોની નકલો

૫૪૮ કોઇ ફોજદારી કોરટે કરેલા કોઇ ફેંસલામાં અથવા હુકમમાં જે સખસનો સબંધ હોય તે સખસ જ્યુરીને જડજે આ દેશ કરયો હોય તેની અથવાકોઈપણ હકુમતની અથવા જબાનીની અથવા કાગળ પત્રની બીજા કેઇ ભાગની નકલ લેવાની ખાયસ રાખતો હોય, તો તે અરજી કરે એટલે તેને તે નકલ આપવી; પણ એવું ઠરાવ્યું છે કે કાંઇ વિશેષ કારણસર તે નકલ મફત આપવાનું કોરટને યોગ્ય લાગતું નહીં હોય તો તે સખસે તે નકલનો ખરચ આપવો.

કોરટ માર્શીયલ થી ઇનસાફ થવા-ને પાત્ર હોય તે-વા સખસોનેલસ્ક રી અધિકારીયોને સ્વાધિન કરવા બા બત.

૫૪૯. જે સખસોને લશ્કરી કાયદો લાગુ હોય તે સખસોનો ઇનસાફ જે કોરટને આ કાયદો લાગુ હોય તે કોરટે કરવો જોઇએ કે કોરટ માર્શીયલથી કરવો જોઇએ તેવી બાબતો સબંધી ગવરનર જનરલ ઈનકાંઉન્સીલ આ કાયદાને તથા સન ૧૮૮૧ ના આર્મી આકટને અથવા એવા હરકોઇ ચાલુ કાયદાને અનુસરતી કાનુનો કરવાને મુખત્યાર છે; અને જ્યારે કોઇપણ સખસને કોઇ માજીસ્ત્રેટની આગળ આણ્યો હોય અને જે ગુન્હા બાબત સન ૧૮૮૧ ના આર્મી આકટની ૪૧ મી કલમ પ્રમાણે તેનો ઇનસાફ કોરટ માર્શીયલથી કરવા જોગ હોય તે ગુન્હાનું તોહમત તેની ઉપર મુકયું હોય ત્યારે તે માજીસ્ત્રેટે સદરહુ કાનુંનો નજરમાં રાખવાં, અને યોગ્ય પ્રસંગે તે સખસને કોરટ માર્શીયલથી તેનો ઈનસાફ થવા માટે જે રેજીમેન્ટ પલટણ અથવા ટુકડીમાં તે સખસ હોય તે રેજીમેંટ, પલટણ અથવા ટુકડીના કમાન્ડીંગ અમલદારને અગર પાસેમાં પાસેની લશકરી છાવણીમાં કમાન્ડીંગ અમલદારને જે ગુન્હાનું તોહમત તે સખસ ઉપર આવ્યું હોય તે ગુન્હાની એક હકીકત સાથે સ્વાધિન કરવો.

સદરહુ પ્રકારના સખસોને પકડવા બાબત.

સદરહુ પ્રકારની કોઇપણ જગાએ લશ્કરી સિપાઈની જે ટોળી છાવણી કરીને રહી હોય અથવા કામ કરતી હોય તે ટોળાનો કમાન્ડીંગ અમલદાર જે સખસની ઉપર સદરહુ ગુન્હાનું તોહમત આવ્યું હોય તે સખસને પકડીને જાપ્તામાં રાખવા સારૂ લખેલી દરખાસ્ત કરે તે માજીસ્ત્રેટને પહોંચેથી તેણે તેમ કરવા સારૂ પોતાથી બનતી પરાકાષ્ટા કોશીશ કરવી.

ઊંચા દરજ્જાના પોલીસ અમલદારોના અધિકાર.

૫૫૦. જે અમલદારના હવાલામાં પોલીસથાણું હોય તે અમલદાર પોતાના થાણાંની હદમાં જે અધિકાર ચલાવી શકે તેજ અધિકાર સદરહુ અમલદારથી ઉંચા દરજ્જાના અમલદારો જે સ્થાનિક હદમાં પોતાને નિમ્યો હોય તે સ્થાનિક હદમાંહે સઘળે ઠેકાણે ચલાવવાને મુખત્યાર છે.

જે સ્ત્રીઓનું હરણ થયું હોય તે સ્ત્રીઓને છુટી કરી આપવાની જરૂર પાડવાનો અધિકાર.

૫૫૧. કાંઇપણ ગેરકાયદેસર કારણ સારૂ કોઇ સ્ત્રીનું અથવા ચઉદ વરસની અંદરની ઉમરની કોઇ છોકરીનું હરણ થયા વિશે અથવા તેને ગેરકાયદેસર અટકાવી રાખ્યા વિશે કાંઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટને અથવા જીલ્લા માજીસ્ત્રેટને સોગન ઉપર ફરિયાદ કરવામાં આવે તે ઉપરથી સદરહુ સ્ત્રીને તુરત છુટી કરવાનો અથવા સદરહુ છોકરી તેના ધણીને માબાપને, વાલીને અથવા બીજા જે સખસના કાયદેસર હવાલામાં તે હોય તે સખસને તુરત પાછી આપવાનો હુકમ કરવાને, અને તે હુકમ પ્રમાણે ચાલવાની જરૂર પાડવાને, અને જરૂર પડે તો બળ વાપરવાને, તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ઇલાકાનાં મુખ્ય શેહેરમાં વગરસબબે જે સખસને હવાલામાં આપ્યો હોય તે સખસને નુકસાની આપવા બાબત.

૫૫૨ જ્યારે ઇલાકાનાં મુખ્ય શેહેરોમાં કોઇપણ સખસ બીજા કોઇ સખસને કોઇ પોલીસ અમલદાર પાસે પકડાવે, ત્યારે જે માજીસ્ત્રેટ તે મુકદમો સાંભળે તે માજીસ્ત્રેટને જો એમ જણાય કે એ પ્રમાણે પકડવાનો કાંઇ પુરતો સબબ નોહોતો, તો પચાસ રૂપૈયા સુધી જેટલી નુકશાની તે માજીસ્ત્રેટ યોગ્ય ધારે તેટલી નુકશાની એ પ્રમાણે પકડાવનાર સખસે એ પ્રમાણે પકડેલા સખસને તેના વખતના નુકશાન બદલ તથા તે બાબતમાં થએલા ખરચ બદલ આપવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

સદરહુ પ્રકારના મુકદમામાં, જો એક કરતાં વધારે સખસોને પકડવામાં આવે અથવા એક કરતાં વધારે સખસોની ઉપર ફરિયાદ કરવામાં આવે, તો પચાસ રૂપૈયા સુધી જેટલી નુકશાની સદરહુ માજીસ્ત્રેટ યોગ્ય ધારે તેટલી નુકશાની, તેવીજ રીતે તેમાંના દરએક સખસને આપવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે જે નુકશાની આપવાનો હુકમ કર્યો હોય તે સઘળી નુકશાની, જાણે તે દંડ છે એવી રીતે વસુલ કરવાનો અધીકાર છે, અને જો તે એ પ્રમાણે વસુલ થઇ શકે નહી તો, જે સખસે તે આપવાની હોય તે સખસને ત્રીસ દીવસ સુધી જેટલી મુદત તે માજીસ્ત્રેટ ફરમાવે તેટલી મુદત સુધીની આસાન કેદની શિક્ષાનો હુકમ કરવો, પણ જો સદરહુ રકમ તે મુદત પુરી થતાં પેહેલાં આપવામાં આવે તો તેને છોડી મુકવો.

તાબામાંહેની કોરટોનાં દફતર તપાસવા સારૂ કાનુનો કરવાનો ચાર્ટર્ડ હાઇકોરટોનો અખત્યાર.

૫૫૩ કલકતાની હાઇકોરટે, ગવરનર જનરલ ઈનકાંઉસિલની અગાઉથી મંજુરી લઇને અને રાયલ ચાર્ટરથી સ્થાપેલી બીજી કોઈ હાઇકોરટ, સ્થાનિક સરકારની અગાઉથી મંજુરી લઇને તાબામાંહેની કોરટોનાં દફતર તપાસવા સારૂ વખતે વખતે કાનુનો કરવાને મુખત્યાર છે.

બીજી હૈકોર્ટોને બીજાં કારણો સારૂ કાનુનો કરવાનો અધિકાર.

જે હાઈકોરટ રાયલ ચાર્ટરથી સ્થાપેલી ન હોય તેવી દરએક હાઈકોરટ, સ્થાનિક સરકારની અગાઉથી મંજુરી લઈને વખતે વખતે,

(અ) પોતાના તાબા માંહેની સઘળી ફોજદારી કોરટમાં જે ચોપડીઓ, નોંધો, તથા હિસાબો રાખવાના હોય તે સરવે ચોપડીઓ, નોંધ તથા હિસાબો રાખવા માટે, તથા સદરહુ કોરટોએ જે રિટરનો અથવા વિગતો તઇયાર કરીને મોકલવાની હોય તે રિટરનો અથવા વિગતો તઈયાર કરીને મોકલવા માટે, કાનુનો કરવાને મુખત્યાર છે; તથા

(બ) સદરહુ કોરટોમાં જે જે કામ ચલાવવા માટે કાંઇ નમુનો ઠરાવવો જોઈએ એવું પોતે ધારે તેવાં દરેક કામ માટે નમુના તઈયાર કરવાને મુખત્યાર છે; તથા

(ક) પોતાનો વહિવટ તથા કામ ચલાવવા માટે તથા પોતાના તાબા માંહેની સઘળી ફોજદારી કોરટોનો વહિવટ તથા કામ ચલાવવા માટે કાનુનો કરવાને મુખત્યાર છે; અને

(ડ) દંડ વસુલ કરવા સારૂ આ કાયદા પ્રમાણે કાહાડેલાં વારંટો બજાવવા બાબત નિયમ કરવા સારૂ કાનુનો કરવાને મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે આ કલમ મુજબ કરેલી કાનુનો તથા નમુના આ કાયદાની

અથવા બીજા કોઈપણ ચાલુ કાયદાથી વિરૂદ્ધ પડતા હોવા નહીં જોઇએ.

આ કલમ પ્રમાણે કરેલા સઘળા કાનુનો સ્થાનિક સરકારી ગાઝેટમાં પ્રસિદ્ધ કરવા જોઇએ.

નમુના.

૫૫૪. ૫૫૩ મી કલમથી તથા વિકટોરિયાના કારકીર્દીના ચોવીસમા તથા પચાસમાં વરસના સ્ટાટ્યુટના ૧૦૪ બાબની ૧૫ મી કલમથી આપેલા અધિકારને અનુસરીને, પાંચમા પરિશિષ્ટમાં લખેલા નમુના તેમાં કહેલા કારણો સારૂ દરેક હકીકત પ્રમાણે જોઇતા ફેરફાર કરીને વાપરવા.

જે મુકદમામાં જડજનો અથવા માજીસ્ટ્રેટનો હિત સબંધ હોય તે મુકદમા બાબત.

૫૫૫. કોઈપણ જડજે અથવા માજીસ્ત્રેટે, પોતાની કોરટ ઉપર જે કોરટમાં અપીલ ચાલતી હશે તે કોરટની રજા લીધા વગર, જે મુકદમાનો પોતે પક્ષકાર હોય અથવા જે મુકદમામાં પોતાનો હિત સબંધ હોય તે મુકદમાનો ઇનસાફ કરવો નહીં, અથવા ઇનસાફ થવા સારૂ તે મુકદમો કમિટ કરવો નહીં. અને કોઇપણ જડજે અથવા માજીસ્ટ્રેટે પોતે જાતે કરેલા કોઇપણ ફેંસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ સાંભળવી નહીં.

ખુલાસો—કોઇ જડજ અથવા માજીસ્ત્રેટ મ્યુનિસિપાલ કમિશનર છે એટલાજ સબબથી તે આ કલમના અર્થ પ્રમાણે કોઈ મુકદમાનો પક્ષકાર છે અથવા કોઈ મુકદમામાં તેનો પોતાનો હિત સંબંધ છે એવું સમજવું નહીં.

ટીકા—તોહમતવાળાઓના ઉપર ફરિયાદ ચલાવવા જે જે માજીસ્ટ્રેટે ભાગ લીધો હોય અને તોહમતવાળાનો ઇનસાફ થવો જોઇએ કે નહીં એ બાબતનો નિકાલ કરવાને માટે મુદ્દા સાહેદીઓની સાહેદી લીધી હોય તો તે કામમાં જે શિક્ષા કરવામાં આવી હોય તે ઉપર અપીલ સાંભળવાને તે માજીસ્ત્રેટને અધિકાર નથી. વી. રી. ૨૨ પ્ર. ૭૫

'અ' નામનો સખસ કલકત્તામાં બંગાળાના સને ૧૮૭૬ ના ૪ આકટ મુજબ પરવાનો લીધા વગર પોતાનો ધંધો કરતો હતો. કારપોરેશનના નોકર અને જસ્ટીસ ઓફ ધી પીસ 'બ' નામના સખસે કારપોરેશનના માટે સમન કાઢાડી એ 'અ' ને બોલાવ્યો. 'અ' એ જવાબદારી ઇનકાર કરી અને પોતાના બચાવના સાહેદ આપ્યા છતાં પણ તેને દંડની શિક્ષા કરી. આ શિક્ષા ગેરકાયદેસર ઠરી કેમકે ફરિયાદી કારપોરેશનજ હતી અને ન્યાય કરનાર જસ્ટીસ ઓફ ધી પીસ કારપોરેશનનો નોકર હતો તેથી તેનું હિત ફરિયાદના લાભમાં હોવું જોઇએ—વુડ વિ. કલકત્તા શેહેરની કારપોરેશન ઈં. લા. રી. વા. ૭ ક. પ્ર. ૩૨૨

સ્ટાંપના કાયદા વિરૂદ્ધ અપરાધ કરનારા લોકોને ફોજદારીમાં મોકલવાનો કલેકટરે સદરહુ આકટ ઉપરથી જે માજીસ્ટ્રેટને અધિકાર આપ્યો હોય તેનોજ તેને ઈનસાફ કરવાને કલેકટરે નિમવો નહીં તેનો ઇનસાફ કરવા માટે બીજા માજીસ્ટ્રેટની નિમણુક કરવી જોઇએ. સરકાર વિ. ગંગાધર ભુંજો અને બીજા ઈં. લા. રી. વા. ૩ ક. પ્ર. ૬૨૩

કોરટોની ભાષા નક્કી કરવાનો અધિકાર.

૫૫૬. જે મુલકોનો રાજ્ય કારભાર સ્થાનિક સરકાર ચલાવતી હોય તે મુલકોમાંની રાયલ ચાટરથી સ્થાપેલી હાઈકોરટો સિવાય બીજી દરેક કોરટની ભાષા, આ કાયદાના કરણસારૂ, ફલાણું સમજવી તે નક્કી કરવાને સદરહુ સરકાર મુખત્યાર છે.

ગવરનર જનરલ ઇન કાંઉન્સિલના તથા સ્થાનિક સરકારના અધિકાર વખતે વખતે ચલાવી શકાય.

૫૫૭. આ કાયદાથી ગવરનર જનરલ ઈન કાંઉન્સિલને અથવા સ્થાનિક સરકારને આપેલા સઘળા અધિકારો જેમ પ્રસંગ પડે તેમ વખતે વખતે ચલાવવાનો અખત્યાર છે.

ચાલુ મુકદમા.

૫૫૮. આ કાયદો અમલમાં આવે ત્યારે કોઈપણ ફોજદારી કોરટમાં જે મુકદમા ચાલુ હોય તે સઘળા મુકદમાને આ કાયદાના ઠરાવો, બની શકે તેટલે સુધી લાગુ પડશે.

પરિશિસ્ટ ૧ લું.

આકટો રદ કર્યા તે.

(અ)—સ્ટાટયુટ.

વર્ષ. કારકીર્દી તથા બાબ	મથાળુ	કેટલો રદ કીધો
૩ જાર્જ બાદશાહની કારકીર્દીના ૧૩ મા વર્ષના સ્ટાટયુટનો ૩૬ મો બાબ	હિંદુસ્તાનમાં તેમજ યુરોપમાં ઇષ્ટઈંડીઆ કંપનીના મામલા સંબંધી વહિવટ વધારે સારી રીતે ચલાવવા માટે કેટલાએક ધારા બાંધવા બાબતનો આકટ	૩૮ મી કલમ.

(બ)—ગવર્નર જનરલ ઇન કૌંસિલના આકટો.

નંબર તથા વર્ષ.	મથાળુ	કેટલો રદ કીધો.
૧૮૪૦ નો ૨૩ મો	પ્રોસેસની બજાવણી.	જેટલો રદ થયો નથી તેટલો
૧૮૬૦ નો ૪૫ મો.	ફોજદારી કાયદો...	૨૧૪ મી કલમનાં દ્રષ્ટાંતો
૧૮૬૧ નો આકટ ૫ મો.	પોલીસનો આકટ	૬ ઠી કલમ તથા ૩૪ મી કલમમાંના "અને આખરનો ફેંસલો થાય તહાં સુધી ગુન્હેગાર ઊપર ફરિયાદનું કામ ચલાવવાને" આ શબ્દો ૩૫ મી કલમના આરંભથી તે "પણ એવુ ઠરાવ્યુ છે કે" એ શબ્દો સુધી અને એ શબ્દો સુધાં
૧૮૬૨ નો ૧૮ મો	સુપ્રીમ કોર્ટોમાં ફોજદારી કામ ચલાવવાની રીત...	જેટલો રદ થયો યથો તેટલો
૧૮૬૪ નો ૬ ઠો	ફટકા મારવાનો	૭ મી કલમ
૧૮૬૯ નો ૨ જો	જસ્ટીસ આફ્ ધી પીસ	જેટલો રદ થયો નથી તેટલો
૧૮૭૦ નો ૨૨ મો	સંક્ષેપ રીતે ઇનસાફ કરવાની હકુમત આપવા બાબતના આકટો રાણી સાહેબની વિલાયતી રૈયતોને લાગુ પાડવા બાબત	જેટલો રદ થયો નથી તેટલો બંગાળાના ૧૮૨૫ ના ૨૦ મા રેગ્યુલેશન સંબંધી
૧૮૭૨ નો ૪ થો	પંજાબના કાયદા	જેટલો છે તેટલો
૧૮૭૨ નો ૧૦ મો	ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો...	જેટલો રદ થયો નથી તેટલો

(બ)—ગવર્નર જનરલ ઇન કૌંસીલના આક્ટો.—ચાલુ.

નંબર તથા વર્ષ	મથાળું	કેટલો રદ કીધો.
૧૮૭૪ નો ૧૧ મો	ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદો સુધારવા બાબત	સઘળો
૧૮૭૪ નો ૧૫ મો	કાયદાઓની સ્થાનિક વ્યાપ્તિ.	બંગાળાના ૧૮૨૫ ના ૨૦ મા રેગ્યુલેશનસંબંધી જેટલો છે તેટલો
૧૮૭૫ નો ૧૦ મો.	હૈ કોર્ટોમાં ફોજદારી કામ ચલાવવાની રીત	૧૪૪મી કલમ સિવાય તથા૧૪૬મી કલમનોજેટલો ભાગ ખબરો સંબંધી છે તેટલા ભાગ સિવાય, સઘળો આક્ટ.
૧૮૭૫ નો ૨૦ મો	સેંટલ પ્રાવિન્સિસલાઝ(મધ્ય પ્રાંતોનાકાયદા	બંગલાના ૧૮૨૫ નાર૦મા રેગ્યુલેશન સંબંધી જેટલો છે તેટલો
૧૮૭૬ નો ૧૮ મો	અયોધ્યાના કાયદા	એજન
૧૮૭૭ નો ૪ થો	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટો...	૫૭ મી કલમ સિવાય સઘળો આક્ટ
૧૮૭૯ નો ૨૧ મો	અપરાધિઓને સ્વાધીન કરવા બાબત......	૩ જો બાબ
૧૮૮૧ નો ૧૦ મો	કારોનર....	૮મી તથા ૯ મી કલમો

(ક)—રેગ્યુલેશન.

નંબર તથા વર્ષ	મથાળું	કેટલો રદ કીધો.
બંગાળાનો ૧૮૨૫ નો ૨૦ મો રેગ્યુલેશન	કોર્ટ માર્સ્યલની હકુમત	જેટલો રદ થયો નથીતેટલો
૧૮૭૨ નો ૩ જો	સોતલ પર્ગણા સેટલમેન્ટ	૧૮૭૨ ના ૧૦ મા આક્ટ સંબંધી જેટલોછેતેટલો
૧૮૭૪ નો ૯ મો	આરાકાન ટેકરીઓની ડિસ્ત્રિક્ટના કાયદા ...	૧૮૬૯ ના ૨જા તથા૧૮૭૨ ના ૧૦ મા તથા ૧૮૭૪ ના ૧૧ મા આક્ટ સંબંધી, જેટલો છે તેટલો
૧૮૭૭ નો ૨ જો	અજમેરના કાયદા	બંગાળાના ૧૮૨૫ ના ૨૦ મા રેગ્યુલેશન સંબંધી જેટલો છે તેટલો

(ડ)—મદ્રાસના ગવર્નર ઇન કૌંસિલનો આક્ટ.

નંબર તથા વર્ષ.	મથાળું.	કેટલો રદ કીધો
૧૮૬૭ ના ૮ મો	પોલીસ	૯ મી કલમ

પરિશિસ્ટ ૨ જુ.

ગુન્હાઓની વિગતનું કોષ્ટક.

ખુલાસો.—"ગુન્હો" તથા હિંદુસ્થાનના ફોજદારી કાયદા મુજબ શિક્ષા" એહવાં મથાળાનાં આ પરિશિસ્ટનાં બીજા તથા સાતમા આસન મધ્યે જે મજકુર લખ્યો છે તે તેમના સંબંધની હિંદુસ્તાનના ફોજદારી કાયદાની જુદી જુદી કલમોમાં બ્યાન કરેલા ગુન્હાઓ તથા શિક્ષાઓની વ્યાખ્યા દાખલ લખ્યો છે એમ, અથવા તે કલમોના સાર દાખલ લખ્યો છે એમ પણ, સમજવું નહી; તે તો પહેલાં આસન મધ્યે જે કલમની સંખ્યા લખી છે તે કલમમાં શો વિષય છે તેહની માત્ર સુચનાર્થે લખ્યો છે.

આ પરિશિસ્ટનુ ત્રીજુ આસન કલકત્તા તથા મુંબાઇ શેહેરની પોલીસને લાગુ છે.

બાબ ૫ મો-મદદગારી બાબત.

કલમ	ગુન્હો.	વગર વારંટે પોલીસ પકડી શકે કે નહી	વહુ કરીને પ્રથમજ સમન નિકળે કે વારંટ	જામીન લઇ શકાય કે નહી.	માંડીવાળી શકાય કે નહી	હિંદુસ્તાનના ફોજદારી કાયદા મૂજબ શિક્ષા	કઇ કોર્ટથી ઇનસાફ થઇ શકે
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧૦૯	કોઈ ગુન્હાની મદદગારી, જો તે મદદગારી પરથી મદદગારી કરેલુ કામ કરવામાં આવે, અને તેવી મદદગારીને માટે બીજે કેથાં સાફ શિક્ષા નહી ઠરાવી હોય તો	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે આગર વગર વારંટે પકડી શકાતા હોય તો વગર વારંટે પકડી શકે; નહીતો નહી.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે વારંટ નિકળી શકતુ હોય તો વારંટ અને સમન નિકળી શકતો હોય તો સમન.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય, નહીં તો નહીં	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે માંડી વાળી શકાતો હોય તો માંડીવાળી શકાય, નહીંતો નહી	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જે શિક્ષા હોય તેજ શિક્ષા	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાનો ઇનસાફ જે કોર્ટથી થઇ શકે તે કોર્ટ.
૧૧૦	કોઇ ગુન્હાની મદદગારી અગર મદદગારી કરેલો સખસ તે કામ મદદગારના ઈરાદા કરતાં જુદા	એજ	એજ.	એજ	એજ	એજ	એજ

	ઇરાદાથી કરે તો						
૧૧૧	એક કામમાં મદદગારી કરી હોય અને જાુદુજ કામ બને, તો તેહની શરત	એજ	એજ	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરવાનો ઈરાદો પર્યો હોય તે ગુન્હાને માટે જે શિક્ષા હોય તેજ શિક્ષા	એજ
૧૧૩	મદદગારી કરેલાં કામથી મદદગારના ધાર્યા કરતાં જુદી અસર પેદા થાય, તો	એજ	એજ	એજ	એજ	થયેલા ગુન્હાને માટે જે શિક્ષા હોય તેજ શિક્ષા.	એજ
૧૧૪	ગુન્હો થતી વખતે મદદગાર હાજર હોય તો	એજ	એજ	એજ	એજ	એજ.	એજ
૧૧૫	મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એહેવા ગુન્હામાં મદદગારી કરવામાં આવે અને તે ગુન્હો તે મદદગારી ઉપરથી નહી થાય તો	એજ	એજ	જામિન નહી લઇ શકાય.	એજ	૭ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	અગર જેથી વ્યથા થાય એહેવું કાંઈ કામ તે મદદગારી ઉપરથી કરવામાં આવે તો	એજ	એજ	એજ	એજ	૧૪ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૧૧૬	કેદની શિક્ષા થઈ શકે એહેવા ગુન્હામાં મદદગારી કરવામાંઆવે અને તે ગુન્હો મદદગારી ઊપરથી નહી થાય તો	એજ	એજ	જે ગુન્હાની મદદગારીકરી હોય તે ગુન્હાને માટે જામીન લેઇ શકાતો હોય તો લઈ શકાય, નહી તો નહી.	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેહની ¼ મુદત સૂધી કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
	અગર તે મદદગાર અથવા મદદગારી કરેલો સખસ સરકારી નોકર હોય, અને તેહની ફરજ તે ગુન્હો અટકાવવાની હોયતો.	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મૂદત જે ઠરાવી હોય તેહની ½ મૂ-	એજ

						દત સુધી કેદ, અથવ દંડ, અથવા બંને	
૧૧૭	લોક પાસે અથવા દસથી વધારે માણસો પાસે કાંઇ ગુન્હો કરાવવામાં મદદગારી કરવી.	એજ	એજ	એજ	એજ	૩ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	એજ
૧૧૮	મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાની ધારણા છુપાવવી, અગર તે ગુન્હો થાય તો	એજ	એજ	જામીન નહી લઈ શકાય.	એજ	૭ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
	અગર તે ગુન્હો નહીં થાય તો	એજ	એજ	એજ	એજ	૩ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૧૧૯	જે ગુન્હો અટકાવવાની પોતાની ફરજ હોય એવો કોઇ ગુન્હો કરવાની ધારણા કોઈ સરકારી નોકરે છુપાવવી; અગર તે ગુન્હો થાય તો.	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય. નહી તો નહી.	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેહની ½ મુદત સુધી કેદ, અથવા દંડ, અથવા બંને	એજ
	અગર તે ગુન્હો મોત અથવા સમુદ્રપારની શિક્ષા જોગ હોય, તો	એજ	એજ	જામીન નહી લઈ શકાય.	એજ	૧૦ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ,	એજ
	અગર ગુન્હો નહી થાય તો.	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મૂદત જે ઠરાવી હોય તેની ¼ મુદત સુધી કેદ, અથવા દંડ અથવા બંને	એજ

				શકાય નહી તો નહી.			
૧૨૦	કેદની શિક્ષા થઇ શકે એહેવો કોઇ ગુન્હો કરવાની ધારણા છુપાવવી, અગર તે ગુન્હો થાય તો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	અગર નહી થાય તો.	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેહના ૮ મા ભાગ સુધી કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ

બાબ ૬ ઠો—રાજ્ય વિરૂદ્ધ ગુન્હા.

૧૨૧	રાણીની સામા લઢાઇ કરવી, અથવા લઢાઈ કરવાની કોશિશ કરવી, અથવા લઢાઈ કરવામાં મદદગારી કરવી	વગર વારંટે પકડાયનહી,	વારંટ	જામિન નહી લઈ શકાય	માંડીવાળી નહી શયાય	મોત અથવા જીવતાં સુધી સમુદ્રપાર તથા મિલકતસરકારજપ્તથવી	સેસન કોર્ટ
૧૨૧અ	રાજ્ય વિરૂદ્ધ કેટલાએક ગુન્હા કરવા સારૂ સંપ કરવો	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી અથવા હરકાંઇ થોડી મુદત સુધી સમુદ્રપારનીશિક્ષા અથવા ૧૦ વર્શ સુધાં બેમાંના ગમે તે પ્રકારની કેદ.	એજ
૧૨૨	રાણીની સામા લઢાઇ કરવાના ઇરાદાથી હથિયારોવગેરે એકઠાં કરવાં	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમૂદ્રપાર અથવા ૧૦ વર્શ સુધી બેમાંના ગમે તે પ્રકારની. તથા મિલકત સરકાર જપ્ત થવી	એજ

૧૨૩	લઢાઇનું કામ સેહેલ કરવાનાં ઇરાદાથી લઢાઇની ધારણા છુપાવવી	એજ	એજ	એજ	એજ	૧૦ વર્શ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૧૨૪	કાંઇ કાયદેસર અખ્યાર અમલમાં આણવવાના અથવ નહી આણાવાનાઇરાદાથી ગવર્નર જનરલ, ગવનર વિગેરે પર હુમલો કરવો.	એજ	એજ	એજ	એજ	૭ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૨૪ અ	બેદિલી ઉત્પન્ન કરવી, અથવા ઉપ્પન્ન કરવાની કોશિસ કરવી.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી અથવા હરકાંઇ થોડી મુદત સુધી સમુદ્રપારની શિક્ષા તથા દંડ અથવા ૩વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ, અથવા દંડ	એજ
૧૨૫	રાણીની સાથે મૈત્રી અથવા સલાહ રાખનાર એશિયાના કોઈ રાજાની ઉપર લઢાઇ કરવી અથવા તેહવી લઢાઈ કરવામાં મદદગારી કરવી	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમૂદ્રપાર અથવા ૧૦ વરશ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા દંડ	એજ
૧૨૬	રાણીની સાથે મૈત્રી અથવા સલાહ રાખનાર કોન રાજાના મુલુકપર લૂટ કરવી	એજ	એજ	એજ	એજ	૭ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા કાંઇ મુકરર મિલકતસરકાર જપ્તથવી	એજ
૧૨૭	૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમાં લખ્યા પ્રમાણે લડાઇ અથવા લુટથી મળેલી મીલકતલેવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ

૧૨૮	સરકારી નોકર બુધ્ધિપૂર્વક પોતાના હવાલામાંના કોઈ રાજકીય અથવા લડાઇના કેદીને નાહાસી જવા દે તો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સૂધી સમૂદ્રપાર અથવા ૧૦ વરશ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૧૨૯	સરકારી નોકર ગફલતથી પોતાના હવાલામાંના કોઇ રાજકીય અથવા લઢાઇના કેદીને નાહસી જવા દે તો	એજ	એજ	જામિન લઈ શકાય	એજ	૩ વરષ સુધી આસન કેદ તથા દંડ	સેસનકોર્ટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૩૦	તેહેવા કેદીને નાશી જવામાં સાહ્ય કરવુ છોડાવવો, અથવા ઘરમાં રાખવો, અથવા તેહેને પાછો પકડે તેહેમાં સામા થવુ	એજ	એજ	જામિન નહી લઇ શકાય.	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી બેમાંના ગમે પ્રકારની કેદ તથા દંડ.	સેસન કોર્ટ

બાબ ૭ મો.—જમીનપરની તથા દરીયાઇ ફોજ સંબંધી ગુન્હા.

૧૩૧	બંડમાં મદદગારી કરવી, અથવા કોઇ આફિસરને અથવા સોલજરને કે ખલાસીને પોતાની નોકરીથી અથવા પ્રજાધર્મથી ભ્રષ્ટ કરવાની કોશિશ કરવી	વગર વારંટે પકડી શકે	વારંટ	જામિન નહી લઈ શકાય	માંડીવાળી નહીં શયાય	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેસન કોર્ટ
૧૩૨	બંડ કરવામાં મદદગારી કરવાથી જો બંડ થાય, તો.	એજ	એજ	એજ	એજ	મોત, અથવા જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૧૩૩	કોઈ ઉપરી અમલદાર પોતાનો હુદ્દો ચલાવતો હોય તે દરમિયાનમાં તેહેની ઉપર કોઇ ઓફિસરે, સોલજરે, અથવા ખલા	એજ	એજ	એજ	એજ	૩ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસનકોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો

	શીએ હુમલો કરવામાં મદદગારી કરવી						માજીસ્ટ્રેટ.
૧૩૪	અગર તે મદદગારી કરવી હુમલો થાય તો.	એજ	એજ	એજ	એજ	૭ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોર્ટ.
૧૩૫	કોઇ ઓફીસર, સોલજર અથવા ખલાસીને નાહાસી જવામાં મદદગારી કરવી.	એજ	એજ	જામિનલઇ શકાય	એજ	૨ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ. અથવા બંને	પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વર્ગના માજીસ્ટ્રેટ.
૧૩૬	નાહાસી આવેલા સદરહુ પ્રકારના કોઇ આફિસર, સોલજર, અથવા ખલાસીને ઘરમાં રાખવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૩૭	કોઇ વેપારીનાં વાહાણમાં માસ્તરની અથવા જેના હવાલામાં તે વાહાણ હોય તેની ગફલતથી કોઇ નાશી જનારો સંતાયો હોય તો	વગર વારંટ પકડાય નહી	સમન.	એજ	એજ	૧૦૦ રૂપિયા દંડ	એજ
૧૩૮	કોઇ આફીસર, સોલજર અથવા ખલાસીને ના ફરમાનીનું કાંઇ કામ કરવામાં મદદગારી કરવી, તે ગુન્હો થાય તો	વગરવારંટે પકડીશકે.	વારંટ	એજ	એજ	૬ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ
૧૪૦	સોલજરમાં ખપવાના ઇરાદાથી સોલજરનો પોશાક પહેરવો, અથવા સોલજરનું કાંઈ ચિન્હ ધારણ કરવું	એજ	સમન.	એજ	એજ	૩ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૫૦૦ રૂપિયા દંડ, અથવા બંને	કોઇ પણ માજીસ્ટ્રેટ.

બાબ ૮ મો—લોકની સમાધાની વિરૂધ્ધ ગુન્હા બાબત.

૧૪૩	કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુત હોવું	વગરવારંટે પકડી શકે	સમન	જામિનલઇ શકાય.	માંડીવાળી નહીશકાય	૬ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	કોઈપણમાજીસ્ટ્રેટ.
૧૪૪	જીવ લે એવું કાંઇ હથીયાર પાસે છતાં કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામિલ થવું	એજ	વારંટ	એજ	એજ	૨ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ
૧૪૫	કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીને વિખરાઈ જવા-	એજ	એજ	એજ	એજ	એજ	એજ

	વાનો હુકમ થયો છે એમ જાણ્યા છતાં તેમાં સામિલ થવું અથવા જારી રહેવું						
૧૪૭	હંગામો કરવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૪૮	જીવ લે એવું હથિયાર પાસે રાખીને હંગામો કરવો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	સેશન કોરટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ
૧૪૯	કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભૂત કોઇ ગુન્હો કરે; તો તે મંડળીના બીજા પ્રત્યેક અંગભુતને તે ગુન્હાનો તકસીરવાર સમજવો.	તે ગુનાને માટે વગર વારંટે પકડીશકતા હોયતો પકડીશકાય, નહી તો નહી	તે ગુનાને માટેસમન નીકળીનો હોયતોસમન, અને વારંટ ની કળી શકતુ હોય તોવારંટ	તે ગુનાને મટે જામીન લઇશકાતો હોય તો લઇ શકાય નહોતો નહી.	એજ	તે ગુનાને માટે જે હોય તેજ	તે ગુનાનો જે કોરટ થી ઈનસાફ થઇ શકતો હોય તે કોરટ.
૧૫૦	કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામિલ થવાને પૈસા આપવા કરીને અથવા બીજી રીતે કોઇ શખશોને રાખવા.	વગરવારંટે પકડીશકે	તે પદશા આપવાકરીને અથવાબીજી રીતેરાખેલા શખશે જે ગુન્હો કર્યોહોયતે મુજબ.	એજ	એજ	તે મંડળીના અંગભુતની જે શિક્ષા, તથા તે મંડળીનો કોઈપણ અંગભુત જે ગુનો કરે તે ગુનાની જે શિક્ષા હોય તેજ	એજ
૧૫૧	પાંચ અથવા વધારે શખસોની મંડળીને વિખરાઇ જવાનો હુકમ થયા પછી જાણી બુઝીને તે મંડળીમાં સામિલ થવું અથવા જારી રહેવુ	એજ	સમન.	જામીન લઈ શકાય	એજ	૩ મહિના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	કોઇ પણ માજીસ્ટ્રેટ

૧૫૨	હંગામો બંધ પાડવા વગેરેનું કામ કરતો હોય તેવાગાં કોઇ સરકારી નોકરની ઉપર હુમલો કરવો અથવા તેને હરકત કરવી.	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને,	સેશન કોરટ અથવા પ્રેશિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લાવરગનો માજીસ્ત્રેટ.
૧૫૩	હંગામો કરવાના ઇરાદાથી દુષ્ટતાથી કોઇના મનમાં ક્રોધ ઉત્પન્ન કરવો, અથવા હંગામો થાય તો.	એજ	એજ	એજ	એજ	૧ વરષ સુધી બેમાંનાગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	કોઈપણ માજીસ્ત્રેટ.
	અગર નહી થાય તો.	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ. અથવા બંને	એજ
૧૫૪	જમીનનો માલેક અથવા કબજેદાર હંગામાવીગેરેની ખબર નહી આપે તો	વગરવારંટે પકડાય નહી	એજ	એજ	એજ	૧,૦૦૦ રૂપીઆનો દંડ.	પ્રેશિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧ લા વરગના અથવાર જા વરગનામાજીસ્ત્રેટ
૧૫૫	જે શખસના ફાયદાને સારૂ, અથવા જેનીવતી કાંઇ હંગામો કરવામાં આવે, તે શખસઅગર તે અટકાવવાને સઘળા કાયદેશર ઇલાજો નહી કરે તો	એજ	એજ	એજ	એજ	દંડ	એજ
૧૫૬	જે માલિક અથવા કબજેદારના ફાયદાને શારૂ કાંઇ હંગામો કરવામાં આવે, તે શખસોનો મુખત્યાર અગર તે અટકાવવાને શઘળા કાયદેશર ઈલાજો નહી કરે તો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૫૭	કોઈ કાયદા વિરૂધ્ધ મંડળીને શારૂ પઇશા આપવા કરીને રાખેલા શખસોને ઘરમાં રાખવા	વગરવારંટે પકડી શકે	એજ	એજ	એજ	૬ મહિના સુધી બેમાંનાગમે તે પ્રકારની કેદ. અથવા દંડ અથવા બંને	એજ
૧૫૮	કોઈ કાયદા વિરૂધ્ધ મંડળીમાં અથવા હંગામામાં શામિલ થવા શારૂ પઇશા લેવા કરીને રહેવુ	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	અથવા હથિયારબંધ થઇને ફરવું	એજ	એજ	એજ	એજ	બેવરસ સુધી બેમાંના ગમે	એજ

૧૬૦	બખેડો કરવો	વગરવારંટે પકડાય નહીં	સમન	એજ	એજ	મે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને ૧ મહિના સુધી બેમાંનાગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦ રૂપીઆનો દંડ અથવા બંને	કોઇપણ માજીસ્ટ્રેટ.

બાબ ૯ મો સરકારી નોકરોના અથવા તેઓ સંબંધી ગુન્હા.

૧૬૧	સરકારી નોકર છતાં અથવા થવાની ઉમેદ છતાં કાંઇ સરકારી નોકરીના કામ સંબંધી કાયદેસર મેહેનતાણા શિવાય કાંઈ બીજો અવેજ લેવો.	વગરવારંટે પકડાય નહી.	સમન.	જામીન લઇ શકાય	માંડીવાળી નહીશકાય	૩ વરસ સુધી બેમાંનાગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશન કોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ,
૧૬૨	કોઇ સરકારી નોકરની સાથે લાંચના અથવા કાયદાવીરૂધ ઉપાયથી વગ ચલાવવા કાંઈ અવેજ લેવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૬૩	કોઇ સરકારી નોકરની સાથે પોતાનો વગ ચલાવવા સારૂ કાંઇ કાંઇ અવેજ લેવો.	એજ	એજ	એજ	એજ	૧ વર્શ સુધીની આસાન કેદ અથવા દંડ, અથવાબંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ
૧૬૪	સરકારી નોકર પોતાની બાબતમાં ઊપલી છેલી બે કલમોમાં બયાન કરેલા ગુન્હામાં મદદગારી કરે તો.	એજ	એજ	એજ	એજ	૩ વર્શ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેસન કોરટઅથવા પ્રસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વરગના માજીસ્ટ્રેટ
૧૬૫	કોઇ સરકારી નોકર કાંઇ મુકદમો અથવા મામલો ચલાવતો હોય તે મધે નીસબત રાખનારા કોઇ સખસ પાસેથી તે સરકારી નોકરે કીમત આપ્યા વગર કાંઇ કીમતદાર વસ્તુ લેવી.	એજ	એજ	એજ	એજ	બે વરષ સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગના માજીસ્ટ્રેટ

૧૬૬	કોઇ સખસને નુકશાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે કાંઈ કાયદાનો હુકમ નહી માનવો.	એજ	એજ	એજ	એજ	૧ વરષ સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૧૬૭	નુકશાન કરવાના ઈરાદાથી કોઇ સરકારી નોકરે કાંઈ ખોટો લેખ બનાવવો.	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેસન કોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટ્રેટ
૧૬૮	સરકારી નોકરે કાયદા વિરૂધ વેપાર કરવો.	એજ	એજ	એજ	એજ	૧ વરષ સુધીની આસાન કેદ, અથવા દંડ, અથવા બંને,	પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટ્રેટ
૧૬૯	સરકારી નોકરે કાયદા વિરૂધ કાંઇ મીલકતની ખરીદી અથવા માગણી કરવી.	એજ	એજ	એજ	એજ	૨ વરષ સુધીની આશાન કેદ; અથવા દંડ, અથવા બંને, તથા મિલકત ખરીદ કરી હોય તો તે મિલકત સરકાર જપ્તથવી	એજ
૧૭૦	કોઇ સરકારી નોકરનો વેશ લેવો.	વગરવારંટ પકડીશકે	વારંટ	એજ	એજ	૨ વરષસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૧૭૧	કોઇ સરકારી નોકર જેવો પોશાક પેહેરતો હોય અથવા જેવી નિશાની સાથે રાખતો હોય તેવો, પોશાક અથવા તેવી નીશાણી દગલબાજીના ઈરાદાથી પેહેરવો અથવા સાથે રાખવી.	એજ	સમન	એજ	એજ	૩ મહિના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ. અથવા ૨૦૦ રૂપિયાનો દંડ, અથવા બંને	એજ

બાબ ૧૦ મો—સરકારી નોકરોના કાયદેસર અખતિયારનો તિરસ્કાર.

૧૭૨	કોઇ સરકારી નોકરના તરફથી થયેલા સમન કે હુકમ નહી પોચે એટલા માટે નાશીજવુ.	વગરવારંટ પકડાય નહી	સમન	જામીન લેઇ શકાય	માંડીવાળી નહીશકાય	૧ મહિના સુધીના આસાન કેદ, અથવા ૫૦૦ રૂપીઆનો દંડ, અથવા બંને	હરકોઇ માજીસ્ટ્રેટ
	અગર તે સમન અથવા નોટીસમાં કોઇ શ—	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધીનીઆસાન	એજ

	ખશને કોઈ ઈનશાફની કોરટમાં જાતે હાજર થવા વગેરે ફરમાવવું હોય તો					કેદ, અથવા ૧૦૦૦ રૂપીઆનો દંડ અથવા બંને.	
૧૭૩	શમન અથવા નોટીશ પહોચતી કે ચોડાતી અટકાવવી, અથવા ચોહોડયા પછી કહાડી નાંખવી અથવા જાહેરનામું નહી થવા દેવું	એજ	એજ	એજ	એજ	૧ મહિના સુધીની આશાન કેદ, અથવા ૫૦૦ રૂપીઆનો દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટ્રેટ
	અગર તે શમન વગેરેમાં કોઇ શખશને કોઇ ઇનશાફની કોરટમાં જાતે હાજર થવા વગેરે ફરમાવવું હોય, તો.	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધીની આશાન કેદ. અથવા ૧૦૦૦ રૂપિયાનો દંડ; અથવા બંને	એજ
૧૭૪	કોઇ ઠેકાણે જાતે અથવા મુખત્યારની મારફતે હાજર થવાનો કાયદેશર હુકમ થયો હોય તે નહીં માનવો, અથવા તે ઠેકાણેથી વગર રજાએ જવું.	એજ	એજ	એજ	એજ	૧ મહિના સૂધીની આશાન કેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને	હરકોઇ માજીસ્ત્રેટ.
	અગર તે હુકમમાં કોઇ શખશને કોઇ ઇનશાફની કોરટમાં જાતે હાજર થવા વગેરે ફરમાવ્યું હોય તો.	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધીની આશાન કેદ. અથવા ૧૦૦૦ રૂપિયાનો દંડ, અથવા બંને	એજ
૧૭૫	કોઇ શરકારી નોકરની આગળ કાંઇ લેખ હાજર કરવાની અથવા સ્વાધીન કરવાની જે સખશને કાયદા મુજબ ફરજ હોય તે શખસે તે લેખ હાજર કરવામાં ઈરાદાથી કસુર કરવી.	એજ	એજ	એજ	એજ	૧ મહિના સૂધીની આશાન કેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	જે કોરટમાં તે ગુનોહ થયો હોય તે કોરટ આ કાયદાના ૩૫ મા બાબતના ઠરાવોને અનુસરીને અથવા અગરતે ગુનોહ કાંઇ કોરટમાં નહી થયો હોય તો પ્રેશીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટ્રેટ
	અગર તે લેખ કોઇ ઇનશાફની કોરટમાં હા	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધીની આશાન	એજ

(૪૯)

	જરૂર સ્વાધીન કરવાનુ ફરમાવ્યું હોય, તો					કેદ, અથવા ૧૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને	
૧૭૬	કોઈ સરકારી નોકરને નોટિશ અથવા ખબર આપવાની જે શખશની કાયદા મૂજબ ફરજ હોય તે શખસે તે નોટીસ અથવા ખબર ઇરાદાથી નહી આપવી	એજ	એજ	એજ	એજ	૧ મહિના સૂધીની આશાન કેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગના માજીસ્ટ્રેટ
	અગર જે નોટીસ અથવા ખબર આપવી જોઇયે તે કાંઇ ગુનોહ થયા વગેરેની હોય, તો	એજ	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આશાન કેદ અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને	એજ
૧૭૭	જાણી બુઝીને કોઈ શરકારી નોકરને ખોટી ખબર આપવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	અગર જે ખબર આપવી જોઈયે તે કાંઇ ગુનોહ થયા વીગેરેની હોય, તો	એજ	એજ	એજ	એજ	૨ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	એજ
૧૭૮	કોઈ શરકારી નોકરે કાયદા મૂજબ સોગન ખાવાનુ ફરમાવ્યા છતાં સોગન ખાવાની ના કહેવી	એજ	એજ	એજ	એજ	૬ મહિના સૂધીની આશાન કેદ અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	જે કોરટમાં તે ગુનોહ થયો હોય તે કોરટથી આ કાયદાના ૩૫ મા બાબના ઠરાવોને અનુસરીને અને અગર તે ગુનોહ કોઇ કોરટમાં નહી થયો હોય, તો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા બીજા વરગના માજીસ્ટ્રેટ
૧૭૯	સાચું બોલવાને કાયદા પ્રમાણે બંધાયા છતાં કાંઈ શવાલોના જવાબ દેવાની ના કહેવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૮૦	કોઈ શરકારી નોકરની આગળ કહેલા કાંઈ	એજ	એજ	એજ	એજ	૩ મહિના સુધીની આશાન	એજ

	મચકુર ઉપર સહી કરવાને કાયદા મુજબ ફરમાવ્યા છતાં તેમ કરવાની ના કહેવી					કેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	
૧૮૧	કોઇ સરકારી નોકરની આગળ સોગન ખાઇને જુઠો મજકુર જાણી બુઝીને કહેવો.	એજ	વારંટ	એજ	એજ	૩ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ	સેસન કોરટ અથવા પ્રસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૧૮૨	કોઇ સરકારી નોકર પાસે તેનો કાયદેસર અખ્યાર અમલમાં અણાવીને બીજા સખસને નુકશાન અથવા ઇજા કરાવવા સારૂ ખોટી ખબર આપવી.	એજ	સમન.	એજ	એજ	૬ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ; અથવા ૧.૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને	પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા૧લા અથવા ૨જા વરગના માજીસ્ટ્રેટ.
૧૮૩	કોઈ સરકારી નોકરના કાયદેસર અખ્યારથી કાંઈ મીલકત જપ્ત થતી હોય તેમાં સામા થવું	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૮૪	કોઇ સરકારી નોકરના અખ્યારથી વેચવા કાઢેલી મીલકતના વેચાણમાં અડચણ કરવી	એજ	એજ	એજ	એજ	૧ મહિના સુધીની બેમાંના ગમે તે પ્રકારનીકેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ, અથવા બંને	એજ
૧૮૫	કોઈ સરકારી નોકરના અખત્યારથી વેચવા કાઢેલી મિલકત ખરીદ કરવાને જે શખસ કાયદા પ્રમાણે અશક્ત હોય તે શખસે તેની માગણી કરવી અથવા માગણી કર્યાથી જે ફરજ પોતાની ઊપર આવતી હોય તે અદા કરવાનો ઇરાદો નહીં છતાં માગણી કરવી	એજ	એજ	એજ	એજ	૧ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૨૦૦ રૂપીઆનોદંડ અથવા બંને	એજ
૧૮૬	કોઈ સરકારી નોકરને તેનાં સરકારી કામ કરવામાં અડચણ કરવી	એજ	એજ	એજ	એજ	૩ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૫૦૦ રૂપીઆનો દંડ; અથવા બંને,	એજ
૧૮૭	કાયદા મુજબ મદદ કરવાની ફરજ છતાં કોઈ	એજ	એજ	એજ	એજ	૧ મહીના સુધીનીઆસાન	એજ

	સરકારી નોકરને મદદ કરવામાં કસુર કરવી.					કેદ, અથવા ૨૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	
	કાંઇ હુકમ બજાવવામાં, ગુનો અટકાવવામાં વગેરે કામોમાં કોઇ સરકારી નોકરે મદદ માગ્યા છતાં તેને જાણી જોઇને મદદ કરવામાં કસુર કરવી	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધીની આસાન કેદ અથવા ૫૦૦ રૂપિયાનો દંડ, અથવા બંને	એજ
૧૮૮	કોઇ સરકારી નોકરે કાયદા મુજબ જાહેર કરેલો હુકમ નહી માનવો, અગર તે નહી માનવાથી કાયદાસર રહેલા શખસોને અડચણ, દુઃખ, કે નુકશાન થાય તો,	એજ	એજ	એજ	એજ	૧ મહીના સુધી આસાન અથવા ૫૦૦ રૂપીઆનો દંડ; અથવા બંને,	એજ
	અગર તે નહી માનવાથી માણસની જીંદગીને તનદુરસ્તીને, અથવા સલામતી વગેરેને જોખમ થાય, તો	એજ	એજ	એજ	એજ	૬ મહીના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ; અથવા ૧,૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને	એજ
૧૮૯	કોઈ શરકારી નોકરને તેહને ખુદને નુકશાન કરવાનો ડર દેખાડવો, અથવા જેની શાથે તેનો સંબંધ હોય તેને નુકશાન કરવાનો ડર દેખાડવો, એટલા શારૂ કે તે કાંઈ પોતાના હોદાનું કામ કરે અથવા નહી કરે	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	એજ
૧૯૦	કોઇ શરકારી નોકરની પાસે આસરો માગવાની અરજ કરવાથી દુર રહેવાને કોઈ શખશને લલચાવવા શારૂ તેને ડર દેખાડવો	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	એજ

બાબ ૧૧ મો—ખોટા પુરાવા તથા સરકારી ઇનસાફ વીરૂદ્ધ ગુન્હા.

૧૯૩	કોઇ ઇનસાફી કામમાં ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો	વગરવારંટ પકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય	માંડીવાળી નહીશકાય	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેસન કોરટ અથવા પ્રસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
	બીજા કોઈ કામમાં ખોટી શાહેદી આપવી	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે	એજ

	અથવા ખોટો પુરાવો બનાવવો					તે પ્રકારની કેદ તથા દંડ,	
૧૯૪	દેહાંત શિક્ષા જોગ ગુન્હો કોઈની ઊપર સાબીતી કરાવવાના ઇરાદાથી ખોટી સાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ	એજ	જામીન નહીલઈશકાય	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધી સખત કેદ, તથા દંડ	સેશન કોરટ.
	અગર તેમ કરવાથી કોઈ બે ગુન્હા સખસની ઉપર ગુન્હો સાબિત થઇને તેનો જીવ લેવામાં આવે તો	એજ	એજ	એજ	એજ	મોત અથવા ઊપર મૂજબ	એજ
૧૯૫	જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની અથવા તે કરતાં વધારે કેદની શીક્ષા થઇ શકે એવો ગુન્હો કોઇની ઉપર સાબીત કરાવવાના ઇરાદાથી ખોટી સાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે હોય તેજ	
૧૯૬	કોઈ ઈનસાફના કામમાં બનાવટી અથવા ખોટો જાણેલો પુરાવો વાપરવો.	એજ	એજ	તેવી શાહેદીઆપવાનાગુનાને માટેજામીનલઈશકાતોહોયતોલઈશકાયનહાતોનહી	એજ	ખોટી સાહેદી આપવા અથવા ખોટો પુરાવો બનાવવા માટે જે હોય તેજ	સેશન કોરટ અથવા પ્રેશિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લાવરગનો માજીસ્ત્રેટ.
૧૯૭	જે હકીકતના પુરાવામાં કાયદા મુજબ તેવું સરટીફીકેટ લઇ શકાતું હોય તે હકીકત બાબત જાણીબુજીને કાંઇ ખોટું સર્ટીફીકેટ આપવું અથવા તે ઉપર સહી કરવી.	એજ	એજ	જામીન લઈશકાય	એજ	ખોટી સાહેદી આપવામાટે જે હોય તેજ	એજ
૧૯૮	કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એવું જાણેલું સરટીફીકેટ ખરાની માફક વાપરવું	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૯૯	કાયદા પ્રમાણે પુરાવામાં લઈ શકાય એવા કો-	એજ	એજ	એજ	એજ	એજ	એજ

	ઇ એ કરારમાં લખેલી ખોટી કેફીયત						
૨૦૦	એવો કોઈ ખોટો જાણેલો એકરાર ખરાની માફક વાપરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૦૧	કોઈ ગુન્હો કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુનો થયાનો પુરાવો ઉડાવવો, અથવા તે બબત ખોટી ખબર આપવી, તે ગુનો દેહાંત શિક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	૭ વરષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	શેશન કોરટ.
	જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા જોગ, અથવા ૧૦ વરસની કેદની શિક્ષા જોગ હોય, તો	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેશન કોરટ અથવા પ્રેસિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ત્રેટ
	૧૦ વરષથી ઓછી મુદતની કેદની શિક્ષા જોગ હોય તો,	એજ	એજ	એજ	એજ	તે ગુના માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મૂદત જે ઠરાવી હોય તેહની $\frac{1}{4}$ મૂદત સૂધીની કેદ અથવા દંડ અથવા બંને	પ્રેસિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧ લા વરગના માજીસ્ત્રેટ અથવા જે કોરટથી તે ગુનાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ.
૨૦૨	કાંઈ ગુન્હા બાબત ખબર આપવાની જેની ફરજ હોય તેણે ઇરાદાથી તે બાબત ખબર આપવામાં કસુર કરવી	સમન	એજ	એજ	એજ	૬ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ. અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ત્રેટ
૨૦૩	કાંઇ ગુનો થયો હોય તેની ખોટી ખબર આપવી	વારંટ	એજ	એજ	એજ	બેવરષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	એજ
૨૦૪	કોઇ લેખને પુરાવા દાખલ હાજર થતો અટકાવવાને તેનો નાશ કરવો, અથવા તેને સંતાડવો	એજ	એજ	એજ	એજ	એજ	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટરેટ
૨૦૫	કોઇ દીવાની કે ફોજદારી મૂકદમા મધે કાંઈ કામ કરવા સારૂ અથવા જામીન થવા સા-	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથ	સેશનકોરટ અથવા પરેસીડેન્સીમાજીસ્ત્રેટ

	૩ ખોટા વેશ લેવો					વા દંડ અથવા બંને	અથવા ૧ લા વરગનો માજીસ્ટ્રેટ
૨૦૬	કાંઈ મિલકત સરકાર જપ્ત થતી, અથવા શિક્ષાના હુકમથી દંડમાં વસુલ થતી અથવા હુકમનામુ બજાવવામાં લેવાતી અટકાવવા સારૂ તે મિલકત દગલબાજીથી ખસેડવી અથવા છુપાવવી, વગેરે	એજ	એજ	એજ	એજ	૨ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	પરેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૦૭	કાંઈ મીલકત શરકાર જપ્ત થતી, શિક્ષાના હુકમથી દંડમાં વસુલ થતી; અથા હુંકમનામુ બજાવવામાં લેવાતી, અટકાવવા સારૂ દગલબાજીથી તે મિલકતપર હક નહી છતાં દાવો કરવો, અથવા તેના કાંઈ હક બાબત ઠગાઈ કરવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૦૮	જે રકમ લેહેણી નથી તેને શારૂ દગલબાજીથી હુકમનામુ થવા દેવુ, અથવા હુકમનામુ પુરૂ થયા પછી તે બજવા દેવું	એજ	એજ	એજ	એજ	એજ	પરેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટ્રેટ
૨૦૯	કોઈ ઇનશાફની કોરટમાં ખોટો દાવો કરવો	એજ	એજ	એજ	એજ	૨ વરષસુધીની બેમાંના ગમેતે પ્રકારનીકેદતથા દંડ	એજ
૨૧૦	જે રકમ લેહેણી નહી હોય તેને સારૂ દગલબાજીથી હુકમનામુ કરાવી લેવુ અથવા હુંકમનામુ પુરૂ થયા પછી તે બજાવવું	એજ	એજ	એજ	એજ	૨ વરષ સુધી બેમાંનાગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	એજ
૨૧૧	નુકશાન કરવાના ઇરાદાથી ગુન્હાનું ખોટું તોહોમત મૂકવુ	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	અગર ગુન્હાનું તોહોમત મુકયું હોય તે ગુનો દેહાંત શિક્ષા જોગ, અથવા જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા જોગ, અથવા સાત વરષથી વધારે મુદતનીકેદની શિક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ.
૨૧૨	કોઇ ગુન્હેગારને ઘરમાં રાખવો, તે ગુન્હો જો દેહાંત શિક્ષા જોગ હોય તો.	વગરવારંટપકડીશકે	એજ	એજ	એજ	૫ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ,તથા દંડ	શેશન કોરટ અથવા પરેસીડેન્સી મા

							સ્ટ્રેટ અથવા ૧લા વરગના માજીસ્ટ્રેટ
	તે ગુન્હો જો જીવતા સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરષ સુધી કેદની શિક્ષા જોગ હોયતો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંનાગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
	અગર તે ગુન્હો ૧૦ વરશ સુધી નહી પણ ૧ વરષ સુધી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાંઘણી મુદત જે ઠરાવી હોય તેહની ¼ મુદત સુધી કેદ અથવા દંડ, અથવાબંને	પરેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ અથવા જે કોરટથીતે ગુન્હાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ.
૨૧૩	કોઈ શખસને શિક્ષાથી બચાવવાને બક્ષિશ વગેરે લેવી, તે ગુન્હો દેહાંત શિક્ષા જાગ હોય, તો.	વગરવારંટે પકડાય નહીં.	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવ દંડ,	સેસન કોરટ
	તે ગુન્હો જો જીવતા સુધી સમૂદ્રપારની અથવા ૧૦ વરસની કેદની શિક્ષા જોગ હોયતો,	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધીની આસાન કેદ, અથવા દંડ, અથવા બંને,	સેસન કોરટઅથવા પ્રસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા ૧ લા ગનો માજીસ્ટ્રેટ
	અગર ૧૦ વરષ કરતાં ઓછી કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મૂદત જે ઠરાવી હોય તેહેની ¼ મૂદતસુધીકેદ, અથવાદંડ તથા બંને	પરેશીડેન્સીમાજીસ્ટરેટ અથવા ૧લાવરગનોમાજીસ્ટરેટ અથવા જે કોરટથી તે ગુનાનો ઇનસાફ થઇ શકતોહોય તે કોરટ
૨૧૪	કોઈ ગુન્હેગારને બચાવવાના બદલામાં કાંઈમિલકત પાછી આપવી અથવા બક્ષિશ આપવી	એજ	એજ	એજ	એજ	૭ વરષ સુધી એમાંના ગમેતે પ્રકારની કેદ; તથા	સેશન કોરટ

	આપવી. તે ગુનો જો દેહાંત શિક્ષા જોગ હોય તો					દંડ	
	તે ગુન્હો જો જીવતા સુધી સમૂદ્રપારની, અથવા ૧૦ વરષ સુધી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંનાગમે તે પ્રકારની કેદ, તથા દંડ,	સેસન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ, અથવા ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ
	અગર ૧૦ વરષ કરતાં ઓછી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાંઘણી મુદત જે ઠરાવી હોય તેહની ¼ મુદત સુધી કેદ અથવા દંડ, અથવા બંને	પરેસીડેન્સીમાજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ત્રેટ અથવા જે કોરટથી તે ગુન્હાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ.
૨૧૫	ગુન્હાથી થયેલી મિલકત પાછી મેળવવામાંમદદ કરવા સારૂ કાંઇ બક્ષીસ લેવી અને ગુનેગારને પકડી નહીં આપવો	એજ	એજ	એજ	એજ	૨વરષસુધીબેમાંનાગમેતેપ્રકારનીકેદ,અથવા દંડ, અથવા બંને,	પરેસીડેન્સીમાજીસ્ટરેટ અથવા ૧લાવરગનો માજીસ્ટરેટ
૨૧૬	જે ગુનેગાર કેદમાંથી નાઠો હોય અથવા જેને પકડવાનો હુકમ થયો હોય તે ગુનેગારને ઘરમાં રાખવો, તે ગુનો દેહાંત શિક્ષા જોગ હોયતો.	વગરવારંટે પકડી શકે	એજ	એજ	એજ	૭ વર્શ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ,	સેશન કોરટ અથવાપરેસીડેન્સીમાજીસ્ત્રેટ અથવા ૧લા વરગના માજીસ્ત્રેટ
	જીવતા સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસ સુધી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ; તથા દંડ કરે અથવા ન કરે	એજ
	અગર ૧૦ વરસ નહી પણ ૧ વરષ સુધી કેદની શિક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મૂદત જે ઠરાવી હોય તેહેની ¼ મૂદત સુધી	પરેશીડેનશી માજીસ્ટરેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટરેટ *અથવા જે

						કેદ, અથવા દંડ તથા બંને	કોરટથી તે ગુનાનો ઈનસાફ થઈ શકતો હોય તે કોરટ
૨૧૭	કોઈ સખસને શિક્ષાથી અથવા કાંઈ મીલકતને સરકાર જપ્તીથી બચાવવાના ઈરાદાથી કોઈ સરકારી નોકર કાયદાનો હુકમ નહી માને, તો	વગરવારંટે પકડાય નહી.	સમન	એજ	એજ	૨ વરસસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	પરેસીડેન્સીમાજીસ્ટરેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ
૨૧૮	સરકારી નોકર કોઈ સખસને શિક્ષાથી અથવા કાંઈ મીલકતને સરકાર જપ્ત થવાથી બચાવવાના ઈરાદાથી કાંઈ ખોટું દફતર અથવા લખાણ બનાવે તો.	એજ	વારંટ	એજ	એજ	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને	સેસનકોરટ
૨૧૯	કાંઈ ઈનસાફી મુકદમા મધે પોતે કાયદા વિરૂધ છે એમ જાણતો હોય એવો હુકમ, રીપોટ વગેરે કોઈ સરકારી નોકર કરે, તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બંને	એજ
૨૨૦	જે સખસને અખત્યાર હોય તે સખસ હું કાયદાથી વિરૂદ્ધ ચાલું છું એમ જાણીને કોઈને તેનો ઈનસાફ થવા સારૂ કમીટ કરે અથવા કેદમાં મોકલે. તો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૨૧	જે સરકારી નોકરની કાયદા મુજબ કોઈને પકડવાની ફરજ હોય તે સરકારી નોકર તેને પકડવામાં ઈરાદાથી કસુર કરે અને તે ગુનો દેહાંત શિક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ કરે અથવા ન કરે	એજ
	અગર જીવતા સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસ સૂધી કેદની શિક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	૩ વરસની સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ કરે અથવા ન કરે,	સેશન કોરટ અથવા પરેશીડેન્સી માજીસ્ટરેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટરેટ
	અગર ૧૦ વરસ કરતાં ઓછી કેદની શિક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ	૨ વર્સસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ કરે અથવા ન કરે	પ્રસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગના માજીસ્ટ્રેટ

૨૨૨	જે શખસની ઉપર કોઇ ઇનસાફની કોરટે શિક્ષાનો હુકમ કરયો હોય, તે શખસને પકડવાની જે સરકારી નોકરની ફરજ હોય, તે સખશને પકડવામાં ઇરાદાથી કસુર કરે. અને અગર તેની ઉપર મોતની શિક્ષાનો હુકમ થયો હોય, તો	એજ	એજ	જામિન ન હીલઇ શકાય	એજ	જીવતાં સુધીની સમુદ્રપાર અથવા ૧૪ વરષની બેમાંના ગમે તે પ્રકારની કેદ. તથા દંડ કરે અથવા ન કરે,	સેશન કોરટ
	અગર જીવતાં સૂધી સમૂદ્રપારની, અથવા શાસનિક દાસત્વની અથવા ૨૦ વરષ સુધીની કે તેથી વધારે મુદતની સમુદ્રપારની કેદનો અથવા સાશનિક દાસત્વની અથવા કેદની શિક્ષાનો હુકમ થયો હોય, તો.	એજ	એજ	એજ	એજ	૭ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ કરે અથવા ન કરે	એજ
	અગર ૧૦ વરષ કરતાં ઓછી કેદની શિક્ષાનો હુકમ થયો હોય તો, અથવા કાયદાસર રીતે કેદમાં મોકલ્યો હોય તો	એજ	એજ	જામિનલઇ શકાય	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને	સેશન કોરટ અથવા પરેશીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટરેટ
૨૨૩	સરકારી નોકર ગફલતથી કોઇ કેદીને નાહાશી જવા દે તો	એજ	સમન	એજ	એજ	બે વરષ સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બંને	પરેસીડેન્સી માજીસ્ટરેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ
૨૨૪	કોઇ શખસને કાયદા મૂજબ પકડતા હોય તેમાં તેણે સામાં થવું અથવા હરકત કરવી	વગરવારંટે પકડીશકે	વારંટ	એજ	એજ	૨ વર્ષસૂધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ
૨૨૫	કોઈ શખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં કોઈ બીજા શખસે સામા થવુ અથવા હરકત કરવી અથવા કાયદાસર કેદમાંથીતેને છોડાવવો,	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	અગર તેની ઊપર જીવતા સુધીની સમૂદ્રપારની અથવા ૧૦ વરષ સુધી કેદની શીક્ષા થઇ શકે એવા ગુનાનું તોગત હોય તો	એજ	એજ	જામીન ન હીલઇશકાય	એજ	૩ વર્ષસુધીનીબેમાંનાગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ અથવા પરેસીડેન્સી માજીસ્ટરેટ અથવા ૧

							૧ લા વરગનો માજીસ્ટ્રેટ.
	અગર દેહાંત સીક્ષા થઈ શકે એવા ગુનાનું તોમત હોય, તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ.
	અગર તે શખસની ઉપર જીવતાં સુધીની સમુદ્રપારની શિક્ષાનો, અથવા ૧૦ વરષ સુધીની કે તેથી વધારે સમુદ્રપાર, શાસનિક દાસત્વ, અથવા કેદની શિક્ષાનો હુકમ થયો હોય, તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	અગર મોતની શિક્ષાનો હુકમ થયો હોય, તો	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ,	એજ
૨૨૫ આ.	સારી રીતે ચાલવાબાબત જામીન આપવાને ચુકયાના સબબથી કેદમાં રાખ્યું હોય ત્યાંથી નાહાસી જવુ, અથવા નાસી જવાની કોસીસ કરવી.	એજ	એજ	જામીન લઈશકાય	એજ	૧ વરષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટ્રેટ
૨૨૬	સમુદ્રપારથી કાયદા વિરૂદ્ધ પાછુ આવવું.	એજ	એજ	જામીન ની હીલઈશકાય	એજ	જીવતા સુધી સમુદ્રપાર તથા સમુદ્રપાર જતાં પેહેલાં ૩ વરસ સખત કેદ	શેશન કોરટ.
૨૨૭	શિક્ષાની માફીની સરત તોડવી.	વગરવારંટે પકડાય નહીં.	સમન	એજ	એજ	અસલ હુકમની શીક્ષા, અથવા, અગર તે માંહેલી કાંઈ ભોગવી હોય, તો બાકી રહી હોય તે.	જે કોરટથી અસલ ગુનાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ
૨૨૮	કોઇ સરકારી નોકરે કાંઇ ઇનસાફી મુકદમાના કાંઇપણ ભાગમાં બેઠા છતા તેનું ઇરાદાથી અપમાન કરવું, અથવા તેને હરકત કરવી	એજ	એજ	જામીન લઈશકાય	એજ	૬ મહિના સુધીનીઆસાન કેદઅથવા૧૦૦૦રૂપિયાનો દંડ, અથવા બંને	જે કોરટમાં ગુનો થયો હોય તે કોરટ આકાયદાના ૭૫મા પ્રકરણમાંલખેલાઠરાવો તેઅનુસરીને

૨૧૭	જ્યુરર અથવા આસેસરનો વેશ લેવો.	એજ	એજ	એજ	એજ	૨ વર્ષસૂધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	પરેશીડેન્સીમાજીસ્ટરેટ અથવા તલાવરગનો માજીસ્ટરેટ

બાબ ૧૨ મો—સીક્કા તથા સરકારી સ્ટાંપ સંબંધી ગુન્હા.

૨૩૧	શિકકો ખોટો બનાવવો, અથવા તે ક્રિયાનો કાંઇપણભાગકરવો.	વગરવારંટે પકડી શકે	વારંટ.	જામીનન-હીલઇશકાય	માંડીવાળી નહીશકાય	૩ વરષ સુધાંનો બેમાં-ના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ
૨૩૨	રાણીનો શિકકો ખોટો બનાવવો, અથવા તે ક્રિયાનો કાંઇપણ ભાગ કરવો,	એજ	એજ	એજ	એજ	જીવતા સૂધીની સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૩૩	શિકકો ખોટો બનાવવાનાં કારણુસર હથિયાર બનાવવાં, ખરીદવાં, અથવા વેચવાં.	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારનીકેદ. તથા દંડ	સેશન કોરટ અથવાપરેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧ લા વરગના માજીસ્ટ્રેટ
૨૩૪	રાણીનો શિકકો ખોટો બનાવવાનાં કારણુસર હથિયાર બનાવવાં, ખરીદવાં, અથવા વેચવાં	એજ	એજ	એજ	એજ	૭ વરષ સુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ
૨૩૫	શિકકો ખોટો બનાવવાનાં કારણુસર કાંઇ હથિયાર અથવા સાગન પાસે રાખવો.	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ; તથા દંડ.	સેસન કોરટઅથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા ૧ લા ઁનો માજીસ્ટ્રેટ
	રાણીનો શિકકો બનાવવાનાં કારણુસર હોય તો.	એજ	એજ	એજ	એજ	૨વરષસુધીબેમાંનાગમેતેપ્રકારની કેદ, અથવા દંડ,	સેશન કોરટ
૨૩૬	હિંદુસ્તાનમાં રહીને હિંદુસ્તાનની બહાર કાંઇ શિકકો ખોટો બનાવવામાં મદદગારી કરવી	એજ	એજ	એજ	એજ	બ્રિટિસ ઇંડિયા મધ્યે તે શિકકો ખોટોબનાવવામાં મ	એજ

						દદગારી કરવાને માટે જે શિક્ષા ઠરાવી છે તે શિક્ષા	
૨૩૭	ખોટો શિકકો જાણી બુઝીને આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઈ જવો	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ અથવા પ્રેસિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લાવરગનો માજીસ્ત્રેટ.
૨૩૮	રાણીનો શિકકો ખોટો બનાવેલો જાણી બુઝીને આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બાહાર લઈ જવો	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની બેમાંના ગમે તેપ્રકારની કેદ, તથા દંડ	સેસનકોરટ
૨૩૯	કોઈ શિકો ખોટો છે એમ તે લેતી વખત જાણીને રાખવો, તથા તે બીજાને આપવો વગેરે	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ અથવા પરેશીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વરગનોમાજીસ્ટરેટ
૨૪૦	રાણીના કોઈ શીકા બાબત તેમ કરવું	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૪૧	કોઈ માણસની પાસે કાંઈ શિકો પેહેલાં આવે તે વખતે તે એમ જાણતો નહી હોય કે આ શિકકો ખોટો છે, તે શિકો તે માંણસે કોઈને ખરા દાખલ આપવો	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદ અથવા જેટલી કિમતનો તે ખોટો શિકો કરયો હોયતેથીદશગણોદંડઅથવાબંને	પરેસીડેન્સીમાજીસ્ટરેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ
૨૪૨	કોઈ શિકો કોઈ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોય કે આ શિકો ખોટો છે તે શખસે તે ખોટો શિકો પાસે રાખવો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશનકોરટ, પરેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧ લાવરગનો માજીસ્ટ્રેટ,
૨૪૩	રાણીનો કોઈ શિકો કોઈ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોય કે	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા	એજ

	આ શિક્કો ખોટો છે તે શખશે તે ખોટો શિક્કો પાશે રાખવો.					દંડ	
૨૪૪	ટંકશાળમાં નોકર રહેલાં માણસે કાયદામાં ઠરાવેલા વજન અથવા મેળવણીથી જુદાં વજન અથવા મેળવણીનો શિક્કો બનાવવો	એજ	એજ	એજ	એજ	એજ	સેશન કોરટ.
૨૪૫	શિક્કા પાડવાનું કાંઈ હથીયાર કોઈ ટંકશાળમાંથી કાયદા વિરૂદ્ધ લઈ જવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૪૬	દગલબાજીથી કોઇ શિક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણામાં ફેરફાર કરવો.	એજ	એજ	એજ	એજ	૩ વરષસુધીની એમાંના ગમેતે પ્રકારનીકેદતથા દંડ	સેસન કોરટ અથવા પ્રસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૨૪૭	દગલબાજીથી રાણીના શિક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણી બદલવી.	એજ	એજ	એજ	એજ	૭ વરષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ,તથા દંડ	એજ
૨૪૮	કોઈ શિક્કો બીજા શિક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે શિક્કાનું રૂપ બદલવું	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધી એમાંના ગમે તે પ્રકારનો કેદ, તથા દંડ	એજ
૨૪૯	રાણીનો કોઇ શિક્કો બીજા શિક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે શિક્કાનું બદલવુ	એજ	એજ	એજ	એજ	૭ વરષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ,તથા દંડ	એજ
૨૫૦	આ શિક્કામાં ફેરફાર થયેલો છે એવું જાણીને જે શિક્કો પાસે રાખ્યો હોય તે બીજાને આપવો.	એજ	એજ	એજ	એજ	૫ વરષ સુધી એમાંનાગમે તે પ્રકારની કેદ,તથા દંડ	એજ
૨૫૧	આ શિક્કામાં ફેરફાર થયેલો છે એમ જાણીને રાણીનો જે શિક્કો પાસે રાખ્યો હોય તે શિક્કો આપવો	એજ	એજ	એજ	એજ	૧૦વર્શસુધીનીએમાંનાગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૫૨	કોઇ શખશની પાસે કાંઇ ફેરફાર થયેલો શિક્કો આવતી વખતે તેમાં ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસે રાખવો	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંનાગમે તે પ્રકારનો કેદ, તથા દંડ.	એજ
૨૫૩	કોઈ શખશની પાસે કાંઈ ફેરફાર થયેલો રાણીનો શિક્કો આવતી વખતે તેમાંફેરફાર થયેલોછે એમતેણે જાણ્યા છતાં તે પાસે રાખવો	એજ	એજ	એજ	એજ	૫ વરષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ

૨૫૪	જે શિકો કોઇ માણસની પાશે પેહેલાં આવતી વખતે તેમાં ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યું નહી હોય તે શિકો તેણે બીજાને ખરા શિકા દાખલ આપવો.	એજ	એજ	એજ	એજ	૨ વરષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા જેટલી કિમતનો તે શિકકો હોય તેથી દસ ગણો દંડ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨ જાવરગના માજીસ્ટ્રેટ
૨૫૫	સરકારી સ્ટાંપ ખોટો બનાવવો.	એજ	એજ	જામીન લઈ શકાય	એજ	જીવતાં સુધીની સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેશન કોરટ
૨૫૬	કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર કાંઇ હથિયાર અથવા સામાન પાસે રાખવો.	એજ	એજ	એજ	એજ	૭ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ,	એજ
૨૫૭	કોઈ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાનાં કારણસર હથિયાર બનાવવું, ખરિદવું, અથવા વેચવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૫૮	સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો વેચવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૫૯	સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો પાશે રાખવો	એજ	એજ	એજ	એજ	એજ	સેશન કોરટ અથવા પ્રેસિડેન્શી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૨૬૦	કોઈ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં તે ખરા દાખલ વાપરવો	એજ	એજ	એજ	એજ	૭ વરષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	એજ
૨૬૧	સરકારને ગેરવ્યાજબી હાનિ કરવાના ઇરાદાથી જેપર સરકારી સ્ટાંપ હોય એવા કોઈ પદાર્થ ઉપરથી કાંઇ લખાણ ચેરી નાખવું અથવા કોઈ લેખને માટે કાંઇ સ્ટાંપ વાપરયો હોય તે સ્ટાંપ તે લેખ ઉપરથી કાઢી નાખવો.	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	એજ
૨૬૨	કોઇ સરકારી સ્ટાંપ આગળ વાપરેલો છે એ	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી એમાંના	પરેસીડેનસી માજી

	મ જાણ્યા છતાં તે પાછો વાપરવો					ગમે તે પ્રકારની કેદ, તથા દંડઅથવાબંને	૮ટરેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટરેટ
૨૬૩	સ્ટાંપ વાપરેલો છે એવી રીતની કાંઈ નિશાની છોસી નાંખવી	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધીની એમાંનાગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશન કોરટ અથવા પ્રેસિડેન્શી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.

બાબ ૧૩ મો—કાટલાં તથા માપ સંબંધી ગુન્હા.

૨૬૪	તોળવાનું ખોટું યંત્ર દગલબાજીથી વાપરવું	વગરવારંટે પકડાયનહી	સમન	જામીન લઈશકાય	માંડીવાળા નહીંશકાય	૧ વરસ સુધી એમાંનાગમે તેપ્રકારનીકેદ, અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા૧લાઅથવા ૨ જાવરગનામાજીસ્ટ્રેટ
૨૬૫	ખોટું કાટલું અથવા માપ દગલબાજીથી વાપરવું	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૬૬	ખોટાં કાટલાં અથવા માપ દગલબાજીથી વાપરવાને પાસે રાખવાં	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૬૭	ખોટાં કાટલાં અથવા માપ દગલબાજીથી વાપરવાને બનાવવાં. અથવા વેચવાં	એજ	એજ	એજ	એજ	એજ	એજ

બાબ ૧૪ મો—લોકની તંદુરસ્તી, સલામતી, અનુકુળતા, લજ્જા, તથા નીતી સંબંધી ગુન્હા.

૨૬૯	જીંદગીને જોખમ પોચે એવા રોગનો ચેપ પસરે એવુ ગફલતીનું કામ	વગરવારંટે પકડી શકે	સમન	જામીન લઈશકાય	માંડાવાળ નહીશકાય	૭ મહીના સુધાના એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ,	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ
૨૭૦	જીંદગીને જોખમ પોચે એવા રોગનો ચેપ પસરે એવુ દ્વેષબુદ્ધિનું કામ	એજ	એજ	એજ	એજ	૨ વર્શ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ, અથવા બંને,	એજ

૨૭૧	રોગના સબંધથી દુર રેહેવા સબંધીની કાંઇ કાનુન નહી માનવો	વગર વાર ંટે પકડાય નહી	એજ	એજ	એજ	૬ મહીના સુધીની બેમાં ના ગમે તે પ્રકારની કેદ; અથવા દંડ, અથવા બંને	એજ
૨૭૨	વેચવાને ઇરાદે રાખેલી માણસને ખાવાની અ થવા પીવાની વસ્તુમાં કાંઇ ભેળ કરવી	એજ	એજ	એજ	એજ	૬ મહિના સુધી બેમાંનાગ મે તે પ્રકારની કેદ અ થવા ૧.૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને	એજ
૨૭૩	માણસને ખાવાની અથવા પીવાની કાંઇ વસ્તુ અવગુણ કારક છે એમ જાણીને વેચવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૪	કાંઇ વેચવાનાં વસાણાંમાં અથવા ઓસડમાં ભે ળ કરવી એહવી રીતે કે તેથી તેનો ગુણ ઓછો થાય, અથવા તેની અસર બદલાય, અથવા તે અવગુણકારક થાય	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૫	ભેળાં થયેલાં વસાંણાં અથવા ઓસડ વેચવાં અથવા કોઇ દવાખાનામાંથી ભેળ થયેલુ વ સાણુ કે ઓસડ જાણી બુઝીને આપવુ	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૬	જાણી બુઝીને કાંઈ વસાંણાને અથવા ઓસડ ને તે જુદુ વસાણુ અથવા તઇયાર કરેલુઓ સડ હોય એ રીતે વેચવુ અથવા દવાખાના માંથી આપવુ	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૭	સાર્વજનિક ઝરા અથવા જલાશયનું પાણી મે લૂ કરવું	વગરવારંટે પકડીશકે	એજ	એજ	એજ	૩ મહીના સુધી બેમાં ના ગમે તે પ્રકારની કેદ, અથવા૧૦૦૦ રૂપિ યાનો દંડ અથવા બંને.	કોઈપણ માજીસ્ટ્રેટ
૨૭૮	હવાને તનદુરસ્તીમાં બિગાડ કરે એવી કરવી	વગર વાર ંટે પકડાય નહી	એજ	એજ	એજ	૫૦૦રૂપીઆનોદંડ	એજ
	શરિયામ રસ્તાપર બે ફીકરાઇથી હાંકવુ અ	વગરવારંટે	એજ	એજ	એજ	૬ મહીના સુધીની બેમા-	એજ

	થવા સ્વારી કરવી, એવી રીતે કે તેથી માણસની જિંદગી જોખમમાં રહે, વગેરે.	પકડીશકે				ના ગમેતે પ્રકારની કેદ; અથવા ૧,૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને	
૨૮૦	એ ફિકરાઈથી વાહાણ ચલાવવું, એવી રિતે કે તેથી માણસની જિંદગી જોખમમાં રેહે, વગેરે.	એજ	એજ	એજ	એજ	એજ	પરેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વર્ગનોમાજીસ્ટ્રેટ
૨૮૧	ખોટુ અજવાળુ, નીશાણી અથવા બોયું દેખાડવું.	એજ	વારંટ	એજ	એજ	૭ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ,	સેશન કોરટ
૨૮૨	ત્રણો ભાર ભરેલાં અથવા દેશતવાળાં વાહાણમાં ભાડુ કરીને કોઈ શખશને જળ માર્ગે લઇ જવો, જેથી તેની જીંદગી જોખમમાં રહે	એજ	સમન	એજ	એજ	૬ મહિના સુધી એમાંનાગમે તે પ્રકારની કેદ અથવા૧૦૦૦ રૂપીઆનો દંડ; અથવા બંને,	પરેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટ્રેટ
૨૮૩	શરિયામ રસ્તામાં અથવા વાહાણના રસ્તામાં ભય અથવા અડચણ અથવા નુંકશાન કરવુ	એજ	એજ	એજ	એજ	૨૦૦રૂપીઆનોદંડ	એજ
૨૮૪	કાંઇ જેરી પદાર્થ સંબંધી એવુ કામ કરવું કે તેથી માણસની જીંદગી વગેરે જોખમમાં રહે	વગરવારંટેપકડાય નહીં	એજ	એજ	એજ	૬ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ. અથવા૧૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	એજ
૨૮૫	અગ્નિ અથવા સીગ્ર જ્વાળાગ્રહી પદારથ સંબંધી એવું કામ કરવુ કે તેથી માણસોની જીંદગી વગેરે જોખમમાં રહે	વગરવારંટે પકડી શકે	એજ	એજ	એજ	એજ	કોઈપણ માજીસ્ટ્રેટ
૨૮૬	અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થ સંબંધી એવુ કામ કરવુ	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૮૭	કાંઇ સાંચા સંબંધી એવું કામ કરવુ	વગરવારંટે પકડાયનહીં	એજ	એજ	એજ	એજ	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ
૨૮૮	જે ઇમારતને તોડી પાડવા અથવા મરામત	એજ	એજ	એજ	એજ	એજ	એજ

	કરવાને જે શખસનો હક હોય તે શખસ અગર તે ઇમારત તુટી પડીને માણસનીજિંદગીને જે નુકશાન થવાનો સંભવ હોય તે વરી થવા દેવાનો બંદોબસ્ત કરવામાં કસુર કરે તો						
૨૮૯	કોઇ શખસના કબજામાં કાંઈ જાનવર હોય તે જાનવરથી માણુસની જિંદગીને કાંઇ નુકશાન થાય નહી અથવા તેથી કોઇને મહા વ્યથા થાય નહી એવો બંદોબસ્ત રાખવામાં તે શખસ કસુર કરે તો	વગરવારંટે પકડીશકે	એજ	એજ	એજ	એજ	કોઇપણ માજીસ્ટ્રેટ
૨૯૦	કાંઇ લોકાપકારક કૃત કરવું	વગરવારંટે પકડાય નહીં.	એજ	એજ	એજ	૨૦૦ રૂપીયાનો દંડ	એજ
૨૯૧	બંધ કરવાની તાકીદ થયા પછી અપકારક કૃત્ય જારી રાખવું	વગરવારંટે પકડીશકે	એજ	એજ	એજ	૬ મહિના સુધીનીઆસાન કેદ,અથવાદંડઅથવાબંને	પ્રેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા૧લા અથવા ૨જા વર્ગનો માજીસ્ટ્રેટ
૨૯૨	બીભસ્ત પુસ્તકો વગેરેનુ વેચાણ, વગેરે	એજ	એજ	એજ	એજ	૩મહીનાસુધીનીએમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ,અથવા બંને	એજ
૨૯૩	વેચાણ અથવા દેખાડવા સારૂ બીભસ્ત પુસ્તક વીગરે કબજામાં રાખવુ	એજ	વારંટ.	એજ	એજ	એજ	એજ
૨૯૪	બીભસ્ત ગીતો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૯૪ અ	સોરટીની આફીસ રાખવી.	વગરવારંટે પકડાય નહી	સમન	એજ	એજ	૬મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ,અથવા દંડ,	કોઇપણ માજીસ્ટ્રેટ
	સોરટી બાબતના ઠરાવ પ્રસિદ્ધ કરવા	એજ	એજ	એજ	એજ	૧૦૦૦રૂપિયાનો દંડ,	એજ

બાબ ૧૫ મો—ધર્મ સંબંધી ગુન્હા.

૨૯૫	કોઇપણ જાતીના લોકોના ધર્મને અપમાન કરવાના ઈરાદાથી કોઇ પુજાનાં ઠેકાણાંનો અથવા પવિત્ર વસ્તુનો નાશ કરવો, અથવાતેને નુકશાન કરવુ અથવા તેને ભ્રષ્ટકરવી.	વગરવારંટે પકડીશકે	સમન-	જામીન લઇશકાય	માંડીવાળી નહીશકાય	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ. અથવા બંને	પરેસીડેન્સીમાજીસ્ટરેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ
૨૯૬	કાંઈ ધર્મ સંબંધી મંડળી પુજાનાં કામમાં છતાં તેને અડચણ કરવી	એજ	એજ	એજ	એજ	૧વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારનીકેદ અથવા દંડ અથવા બંને	એજ
૨૯૭	પુંજાની જગા અથવા કબરસ્તાનમાં વગર રજાએ જવુ, અથવા કોઇ શખસના મનને દુખ કરવા અથવા તેના ધર્મને અપમાન કરવાના ઇરાદાથી પરેત સંસ્કાર થતો હોય ત્યાં ગરબડ કરવી અથવા કોઇ પરેતનુ અપમાન કરવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૯૮	ધર્મ સબંધી કોઇપણ શખસનું દિલ દુખવવાના ઇરાદાથી તે સાંભળે તેમ કોઇ શબ્દ બોલવો અથવા ધ્વની કરવો અથવા તે દેખે તેમ કાંઈ ચાળા કરવા અથવા કોઇ વસ્તુ મૂકવી.	વગર વારંટે પકડાય નહી	એજ	એજ	માંડીવાળી શકાય.	એજ	એજ

બાબ ૧૬ મો માણસના શરીર સબંધી ગુન્હા.

જીંદગી સંબંધી ગુન્હા.

૩૦૨	ખુન	વગરવારંટે પકડી શકે	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહીશકાય	મોત, જીવતાં સુધી સમુદ્રપાર તથા દંડ	શેશન કોરટ
૩૦૩	જન્મટેપના ગુનેગારે કરેલુ ખુન	એજ	એજ	એજ	એજ	મોત.	એજ
૩૦૪	ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ અગર જે કામથી મોત થયુ હોય તેમોત આણવાનાં ઈરાદાથી કરયું હોય, તો	એજ	એજ	એજ	એજ	જીવતા સૂધીની સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ

	અગર તે કામ મોત આણવાના ઇરાદાથી નહી પણતેથી મોત થવાનો સંભવ છે એમ જાણીનેકરયું હોય તો,	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ
૩૦૪ અ	ગફલતી મોત આણવું.	એજ	એજ	જામીન લઈ શકાય	એજ	૨વરષસુધીએમાંનાગમેતેપ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશનકોરટ, પરેસીડેન્સીમાજીસ્ત્રેટ અથવા ૧ લાવરગનો માસ્ત્રેટ,
૩૦૫	કોઇ બાળક અથવા દિવાના અથવા ચળેલઅથવા જન્મથીજ ગાંડા અથવા કેફવાળા શખસને આત્મઘાત કરવામાં મદદગારી કરવી	એજ	એજ	જામીન નહીલઇશકાય.	એજ	મોત, અથવા જીવતા સુધી સમુદ્રપાર અથવા ૧૦વરસ સુધી કેદ, તથા દંડ	સેસનકોરટ
૩૦૬	આત્મઘાત કરવામાં મદદગારી	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારનીકેદતથાદંડ	એજ
૩૦૭	ખુનની કોશીસ	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	અગર તે કામથી કોઇ શખસને વ્યથા થાયતો	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમૂદ્રપાર અથવા ઉપર મૂજબ.	એજ
	જન્મટીપના કેદીએ ખુનની કોશિસ કરવી,અગર તેથી વ્યથા થાય તો	એજ	એજ	એજ	એજ	મોત, અથવા ઉપરમુજબ.	એજ
૩૦૮	શિક્ષણીય મનુષ્યવધ કરવાની કોશિસ	એજ	એજ	જામીન લઈ સકાય.	એજ.	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદઅથવા દંડ અથવા બંને.	એજ
	અગર તે કામથી કોઇ શખસને વ્યથાથાયતો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ, અથવા બંને	એજ
૩૦૯	આત્મઘાત કરવાની કોશીસ	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની આસાન કેદ, અથવા દંડ, અથવા બંને	પરેશીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનોમાજીસ્ટરેટ
૩૧૧	ઠગ હોવુ	એજ	એજ	જામીન નહી લઇ શકાય	એજ	જીવતા સુધી સમુદ્રપાર તથા દંડ	સેશન કોરટ

ગર્ભપાત કરવા બાબત, નહી જન્મેલાં બચ્ચાંઓને નુકશાન બાબત, બચ્ચાંઓને ખુલ્લાં મુકવા બાબત, તથા જન્મ છુપાવવા બાબત.

૩૧૨	ગર્ભપાત કરવો.	વગરવારંટે પકડાય નહી	વારંટ	જામીન લઈશકાય	માંડીવાળી નહીંસકાય	૭ વરષ સુધી એમાંના ગમે તે પ્રકારનીકેદ, અથવા દંડ અથવા બંને	સેશન કોરટ
	અગર તે સ્ત્રી ચલિત ગર્ભા થઇ હોય તો.	એજ	એજ	એજ	એજ	૫ વરષ સૂધી એમાંનાગમે તે પ્રકારની કેદ,તથા દંડ	એજ
૩૧૩	સ્ત્રી રતીજામંદી વગર ગર્ભપાત કરવો	એજ	એજ	જામીન ન લીલઇસ કાય	એજ	જીવતા સુધી સમુદ્રપાર અથવા દસ વરસ સુધીએમાંના ગમે તે પ્રકારનીકેદ તથા દંડ	એજ
૩૧૪	ગર્ભપાત કરવાના ઈરાદાથી કરેલાં કાંઇ કામથી થયેલુ મોત	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	તે સ્ત્રીની રજામંદી વગરતે કામ કર્યું હોયતો	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર,અથવા ઊપર મુજબ.	એજ
૩૧૫	કોઇ બચ્ચુ જીવતું જન્મતાં અટકાવવાના, અથવા જનમ્યા પછી તે મરો જાય એવું કરવાના ઈરાદાથી કરેલુ કામ.	એજ	એજ	એજ	એજ	૧૦વરષ સુધી એમાંના ગમે તે પ્રકારનાં કેદ, તથા દંડ અથવા બંને	એજ
૩૧૬	જે કામ શિક્ષણીય મનુષ્યવધ ગણાતુ હોય એવા કામથી કોઇ નહી જનમેલા જીવતાં બચ્ચાનુ મોત આણવુ	એજ	એજ	એજ	એજ	૧૦વરસ સુધી એમાંનાગમ તે પ્રકારનાં કેદ, તથા દંડ.	એજ
૩૧૭	કોઇ બાર વરસથી ઓછી ઊમરનાં બચ્ચાંને તેના મા બાપે અથવા જે શખ્સનાં હવાલામાં તે બચ્ચુ હોય તે શખ્સે તેને તજી દેવાના ઇરાદાથી ખુલુ મુકવું	વગરવારંટે પકડીશકે	એજ	જામીન લઇસકાય	એજ	૭ વરષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	એજ
૩૧૮	મુડદુ છાની રીતે વગે કરી દઇને જન્મ છુપાવવો	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	સેશનકોટપ્રેસિડેન્સી માજીસ્ત્રેટઅ. ૧ લા. રજાવગનોમાજીસ્ટ્રેટ

૩૨૩ બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	વગરવારંટેપકડાયનહી	સમન	જામીનલઈશકાય	માંડાવાળીશકાય.	૧ વરષસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂપિઆનોદંડ અથવાબંને	કોઇપણમાજીસ્ત્રેટ
૩૨૪ ભયંકર શસ્ત્ર અથવા સાધનવડે બુદ્ધિ પુર્વક વ્યથા કરવી.	વગરવારંટેપકડીસકે	એજ	એજ	જે કારટ માંડ્રાયાનીતુંકામ ચાલુહોય તેકોરટપર વાનગી આપે તો માંડીવાળી શકાય	૩ વરષ સુધી બેમાંના ગમે તે પ્રકારના કેદ, તથા દંડ અથવા બંને	સેસન કોરટ અથવા પ્રસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનો માજીસ્ત્રેટ.
૩૨૫ બુધિપૂર્વક મહાવ્યથા કરવી	એજ	એજ	એજ	માંડીવાળી નહીસકાય	૭ વરષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ,તથા દંડ	એજ
૩૨૬ ભયંકર શસ્ત્ર અથવા સાધનવડે બુધિપૂર્વક મહાવ્યથા કરવી	એજ	એજ	જામીન નહીલઈશકાય	એજ	જીવતા સુધી સમુદ્રપાર તથા અથવા ૧૦ વરષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ	સેશનકારટ અથવા પરેસીડેંસીમાજીસ્ત્રેટ અથવા ૧ લા વરગનોમાજીસ્ત્રેટ.
૩૨૭ જબરાઈથી કાંઇ મીલકત અથવા કીમતીદસ્તવેજ કહાડાવવા સારૂ અથવા કાંઈ ગુનો કરવો સેહેલ થાય એવુ કાયદાવિરૂધ્ધ કામ કરાવવા સારૂ બુધિપુર્વક વ્યથા કરવી	એજ	એજ	એજ	વારંટ.	૧૦વરષસુધીનીબેમાંનાગમે તે પ્રકારની કેદ તથા દંડ	શેશન કોરટ.
૩૨૮ વ્યથા કરવાના ઇરાદાથી બેહોશ કરે એહવી કાંઇ વસ્તુ ખવડાવવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૨૯ જબરાઇથી કાંઇ મિલકત અથવા કિમતી દસ્તાવેજ કહાડવવા અથવા કાંઇ ગુનોહ કરવો સેહેલ થાય એહેવું કાયદા વિરૂધ કામ	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકાર-	એજ

	કરાવવા સારૂ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી					ની કેદ તથા દંડ	
૩૩૦	જબરદસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઈ ખબર મેળવવા કે મિલકત પાછી અપાવવા સારૂ બુધિપુર્વક વ્યથા કરવી વીગેરે	એજ	એજ	જામીન લઇશકાય	એજ	૭ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૩૧	જબરદસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઈ ખબર મેળવવા કે મિલકત પાછી અપાવવા સારૂ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી	એજ	એજ	જામીન નહીલઈશકાય	એજ	૧૦ વરષ સુધી એમાંના ગમેતે પ્રકારની કેદ; તથા દંડ.	સેશન કોરટ
૩૩૨	કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને બુધિપૂર્વક વ્યથા કરવી	એજ	એજ	જામીન લઇશકાય	એજ	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	સેસન કોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા ૧ લાગેનો માજીસ્ટ્રેટ
૩૩૩	કોઈ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને બુધિપુર્વક મહાવ્યથા કરવી.	એજ	એજ	જામીન નહી લઇશકાય	એજ	૧૦વરષસુધીની એમાંનાગમે તે પ્રકારની કેદ, અથવા દંડ.	સેશન કોરટ
૩૩૪	મારે તથા આકસ્મિક ક્રોધ ઊતપન્ન થયેથી ક્રોધ ઊતપન્ન કરનાર શિવાય બીજાને વ્યથા કરવાનો ઇરાદો નહી છતાં બુધિપર્વક વ્યથાકરવી	વગરવારંટે પકડાયનહી.	સમન.	જામીન લઈશકાય	માંડીવાળી શકાય.	૧ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટરેટ
૩૩૫	મારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થયેથી ક્રોધ ઉત્પન્ન કરનાર સિવાય બિજાને વ્યથા કરવાનો ઈરાદો નહી છતાં મહાવ્યથા કરવી	વગરવારંટે પકડીશકે	એજ	એજ	જેકોરટની આગળફરિયાદીનું કામ ચાલુ હોયતેકોરટ પરવાનગીઆપેતો માંડીવાળી શકાય.	૪ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ; અથવા૨૦૦૦રૂપીઆનોદંડ અથવા બંને	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લાઅપવાર જાનરગના માજીસ્ટ્રેટ.
૩૩૬	જે કામથી માણસની જીંદગી જોખમમાં આવે, અથવા બીજાઓનાં શરીરની સલામતી જોખમમાં આવે તે કામ કરવું	એજ	એજ	એજ	માંડીવાળી નહીશકાય	૩ મહીનાસુધીનીએમાંનાગમે તે પ્રકારની કેદ અથવા ૨૫૦ રૂપિઆ	કોઇપણ માજીસ્ટરેટ

(૭૮)

						નો દંડ અથવા બંને	
૩૩૭	માણસની જીંદગી વગેરે જોખમમાં આવેએવું કામ કરીને વ્યથા કરવી	એજ	એજ	એજ	જેકોરટની આગળ ફ્રીયદીનુંકામચાલુહોયતે કોરટ પરવાનગી આપે તો માંડીવાળી શકાય	૬ મહિના સુધી બેમાંનાગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને	પ્રેશિડેન્શી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનો માજીસ્ટ્રેટ.
૩૩૮	માણસની જીંદગી વીગેરે જોખમમાં આવે એવુ કામ કરીને મહાવ્યથા કરવી	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂપીઆ દંડ અથવા બંને	એજ

ગેરવ્યાજબી અટકાવ તથા ગેરવ્યાજબી કેદ બાબત.

૩૪૧	કોઈને ગેરવાજબી અટકાવ કરવો	વગરવારંટે પકડી શકે	સમન	જામીન લઈશકાય	માંડીવાળી શકાય	૧ મહિના સુધીની આસાન કેદ, અથવા રૂ૫૦૦નો દંડ અથવા બંને	કોઈપણમાજીસ્ટરેટ
૩૪૨	કોઈને ગેરવાજબી કેદ કરવો	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦ રૂપીયાનોદંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ
૩૪૩	ત્રણ અથવા વધારે દીવસ ગેરવાજબી કેદ.	એજ	એજ	એજ	માંડીવાળી નહીશકાય	૨ વરષ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૪૪	દશ અથવા વધારે દીવસ ગેરવાજબી કેદ.	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારનીકેદ. તથા દંડ	સેશન કોરટ, પરેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા ૨જાવરગના માજીસ્ટ્રેટ

૩૪૫	જે શખસને છોડવાનો હુકમ સાદર થયો જા ણ્યો હોય તે શખસને ગેરવાજબી કેદમાં રાખવો.	વગર વાર ટ પકડાય નહી.	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદતથા બીજી કોઇ કલમ મૂજબ જે કેદ થતી હોય તે	એજ
૩૪૬	છાની ગેરવાજબી કેદ.	વગરવારટે પકડીશકે.	એજ	એજ	એજ	એજ	એજ
૩૪૭	જબરદસ્તીથી કાંઇ મિલકત કહડાવવાનાં અ થવા કાંઇ કાયદા વિરૂદ્ધ કામ કરાવવાનાં કા રણસર ગેરવાજબી કેદ.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ ત થા દંડ	એજ
૩૪૮	જબરદસ્તીથી કબુલત કરાવવાના અથવા ખ બર કહડાવવાનાં અથવા કાંઈ મિલકત પાછી અપાવવાનાં કારણસર ગેરવાજબી કેદ	એજ	એજ	એજ	એજ	એજ	સેશન્સ કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજી- સ્ટ્રેટ અથવા ૧ લા વરગનોમાજીસ્ટ્રેટ.
૩૫૨	ભારે ક્રોધ ઉત્પન્ન નહી કરય. છતાં કોઇની ઉપર સાપરાધ બળ વાપરવુ અથવા હુમલો કરવો.	વગરવારટે પકડાય ન હી.	એજ	એજ	માંડીવાળી શકાય.	૩ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ ત થવા ૫૦૦ રૂપીઆ નોદંડ અથવા બંને	કોઇપણ માજીસ્ટરેટ.
૩૫૩	કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને સાપરાધ બળ વાપર વુ, અથવા હુમલો કરવો.	વગર વાર ટેપકડી શ કે	એજ	એજ	માંડીવાળી નહીશકાય	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અ વા દંડ અથવા બંને	પરેસીડેન્સી માજીસ્ટ રેટ અથવા ૧ લા અથવા ૨ જા વ. રગનો માજીસ્ટરેટ
૩૫૪	કોઇ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી તેની ઉપર હુમલો અથવા સાપરધ બળ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૫૫	ભારે તથા આકસ્મિક ક્રોધ નહી ઉત્પન્ન ક રયા છતાં કોઇ શખસને બે આબરૂ કરવાના ઇરાદાથી હુમલો અથવા સાપરાધ બળ.	વગરવારટે પકડાય ન હી.	સમન	એજ	માંડીવાળી શકાય.	એજ	એજ
૩૫૬	કોઇ શખસે કાંઇ વસ્તુ પેહેરી હોય અથવા લઈ જતો હોય તે વસ્તુની ચોરી કરવાની કોશીશ કરવામાં હુમલો, અથવા સાપરાધ બળ.	વગરવારટે પકડી શકે	વારંટ	જામીન ની ઉપર છુ ટી શ કાય.	માંડીવાળી નહીશકાય	એજ	કોઇપણ માજીસ્ટરેટ

૩૫૭	કોઈ શખસને ગેરવ્યાજબી કેદ કરવાની કોશિસમાં હુમલો અથવા સાપરાધ બળ વાપરવું.	એજ	એજ	જામીન લઈ શકાય.	એજ	૧ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦રૂપીયાનો દંડ, અથવા બંને	એજ
૩૫૮	કોઈએ ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન કરવા પરથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.	વગરવારંટ પકડાય નહીં	સમન	એજ	માંડીવાળી શકાય.	૧ મહીના સુધીની આસાન કેદ, અથવા ૨૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને	એજ

મનુષ્યહરણ, મનુષ્યનયન, ગુલામી તથા વેઠ બાબત.

૩૬૩	મનુષ્યહરણ.	વગરવારંટે પકડી શકે.	વારંટ	જામાન ન હી લઈ શકાય.	માંડીવાળા વહી શકાય	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લાવર્ગનો માજીસ્ટ્રેટ.
૩૬૪	ખુન કરવા માટે મનુષ્ય હરણ અથવા મનુષ્ય નયન.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી સખત કેદ, તથા દંડ.	સેસન કોરટ.
૩૬૫	કોઈ શખ્સને છાની રિતે ગેર વ્યાજબી કેદ કરવાના ઇરાદાથી તેનું હરણ અથવા નયન કરવું.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૩૬૬	કોઈ સ્ત્રીનાં જુલમથી લગ્ન કરાવવાં અથવા તેની ઉપર જુલમ કરાવવો વગેરે કારણ સારૂ તે સ્ત્રીનું હરણ અથવા નયન કરવું.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૩૬૭	કોઈ શખ્સને મહાવ્યથા થાય, તેને ગુલામ કરવામાં આવે, વગેરે કારણસર તેનું હરણ અથવા નયન કરવું.	એજ	એજ	એજ	એજ	એજ	સેસન કોરટ.
૩૬૮	હરણ થયેલા શખ્સને સંતાડવો અથવા કેદમાં રાખવો.	એજ	એજ	એજ	એજ	મનુષ્યહરણ અથવા મનુષ્યનયનની શિક્ષા.	એજ
૩૬૯	કોઈ બચ્ચાંનાં શરીરપરથી કાંઈ મિલકત ચોરવાના ઈરાદાથી તેબચ્ચાંનું હરણ અથવા	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ,	એજ

	નયત કરવું.					તથા દંડ.	
૩૭૦	કોઇ શખસને ગુલામ દાખલ ખરીદવો અથવા આપવો.	વગરવારંટે પકડાય નહી	એજ	જામીન લઈ શકાય	એજ	એજ	એજ
૩૭૧	નિત્ય ગુલામનો વેપાર કરવો.	વગરવારંટે પકડીશકે	એજ	જામીન નહીલઇશકાય	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૩૭૨	જાર કર્મને માટે કોઇ બાળકને વેચવું, અથવા ભાડે આપવું વગેરે.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ અથવા પરસેશીડેન્સીમાજીસ્ટરેટ અથવા૧લા વરગનોમાજીસ્ટરેટ
૩૭૩	જાર કરમને માટે કોઇ બાળકને ખરીદ કરવુ, અથવા કબજામાં લેવુ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૭૪	કાયદા વિરૂદ્ધ જબરાઇથી મજુરી કરાવવી.	એજ	એજ	જામીનનહીલઇશકાય	માંડીવાળીશકાય.	૧ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	કોઇપણ માજીસ્ટરેટ

બળાત્કાર સંભોગ વિશે.

૩૭૬	બળાત્કાર સંભોગ.	વગરવારંટે પકડીશકે	વારંટ	જામીન નહી લઇ શકાય	માંડીવાળી નહીશકાય	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ

સૃષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હા.

૩૭૭	સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુના.	વગરવારંટે પકડીશકે	વારંટ.	જામીન નહી લઇશ કાય	માંડીવાળી નહીશકાય	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ.

બાબ ૧૭ મો—મિલકત વિરૂદ્ધ ગુન્હા બાબત

ચોરી વિશે

૩૭૯	ચોરી.	વગરવારંટે પકડીશકે	વારંટ	જામીન ન્હી લઈશકાય	માંડીવાળી નહીશકાય.	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	કોઇપણમાજીસ્ટરેટ
૩૮૦	કોઇ ઇમારત, તંબુ અથવા વાહાણમાં ચોરી.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૩૮૧	સેઠના કબજા માંહેલી મીલકતની મેહેતા અથવા ચાકરે ચોરી કરવી.	એજ	એજ	એજ	એજ	એજ	સેશનકોરટ, પરેસીડેન્સીમાજીસ્ટરેટ અથવા ૧ લા અથવા બીજા વરગનોમાજીસ્ટરેટ
૩૮૨	ચોરી કરવા સારૂ, અથવા ચોરી કરયા પછી નાશી જવા સારૂ, અથવા ચોરીથી મળેલા મિલકત પાસે રાખવા સારૂ, મોત, વ્યથા અથવા અટકાવ કરવાની, અથવા મોત, વ્યથા, કે અટકાવનો ભય ઉત્પન્ન કરવાની તઈયારી કરીને પછી ચોરી કરવી.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની સખ્ત કેદ, તથા દંડ	સેશન કોરટ.

જબરાઇથી કહાડાવવા બાબત

૩૮૪	જબરાઇથી કહડાવવું.	વગરવારંટે પકડાયનહી	વારંટ	જામીનલઇશકાય	માંડીવાળી નહીશકાય	૩ વરસ સુધીના બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશન કોરટ, પરેસીડેન્સીમાજીસ્ટરેટ અથવા૧લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ
૩૮૫	જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ કોઈ શખસને નુકશાનનો ભય ઉત્પન્ન કરવો. અથવા તેમ કરવાની કોશિશ કરવી.	એજ	એજ	એજ	એજ	૨ વરશ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	એજ

૩૮૬	મોત અથવા મહાવ્યથાનો ભય કોઇ શખસને પમાડીને જબરાઇથી કહડાવવાનો ગુનો કરવો.	એજ	એજ	જામીનનહીલઇશકાય	એજ	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસન કોરટ.
૩૮૭	જબરાઈથી કહડાવવાનો ગુનો કરવા સારૂ કોઇ શખસને મોત અથવા મહાવ્યથાનો ભય ઉત્પન્ન કરવો, અથવા તેમ કરવાની કોશિશ કરવી.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૩૮૮	મોત અથવા જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસની કેદની શિક્ષા થઈ શકે એવા ગુનાનું તોમત મૂકવાનો ડર દેખાડીને જબરાઇથી કહડાવવાનો ગુનો કરવો.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	અગર સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુનાનો ડર દેખાડ્યો હોય, તો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર.	એજ
૩૮૯	જબરાઈથી કહડાવવાનો ગુનો કરવા સારૂ મોત, અથવા જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસની કેદની શિક્ષા થઇ શકે એવા ગુનાનું તોમત મુકવાનો કોઇ શખસને ડર દેખાડવો.	એજ	એજ	એજ	એજ	૧૦વરસસુધીનીએમાંનાગમે તે પ્રકારનીકેદ, તથા દંડ	એજ
	અગર તે સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુનો હોય, તો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર.	એજ

અપહરણ તથા ડાકાઇટી બાબત.

૩૯૨	અપહરણ	વગરવારંટ પકડીશકે	વારંટ	જામીનનહી લઈશકાય	માંડીવાળી નહીશકાય	૧૦ વરસ સુધીના સખ્ત કેદ, તથા દંડ	સેસન કોરટ, પ્રસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લાવર્ગનોમાજીસ્ટ્રેટ.
	અગર સુરજ આથમ્યા પછી તથા સુરજ ઉગ્યા પેહેલાં કોઇ ધોરીરસ્તાપર કરયું હોય, તો	એજ	એજ	એજ	એજ	૧૪ વરસ સુધીની સખ્ત કેદ, તથા દંડ.	એજ
૩૯૩	અપહરણ કરવાની કોશિશ.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની સખ્ત કેદ, તથા દંડ.	એજ
૩૯૪	અપહરણ કરવામાં અથવા અપહરણની કો	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર,	એજ

([illegible])

	શિશમાં બુદ્ધિ પુર્વક વ્યથા કરવી. અથવા અપહરણ કરવામાં સામિલ રેહેવું.					અથવા ૧૦ વરસ સુધી સખ્ત કેદ: તથા દંડ.	
૩૯૫	ડાકાઇટી.	એજ	એજ	એજ	એજ	એજ	સેશન કોરટ
૩૯૬	ડાકાઇટીમાં ખુન.	એજ	એજ	એજ	એજ	મોત, અથવા જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી સખ્ત કેદ, તથા દંડ.	એજ
૩૯૭	ખુન અથવા મહાવ્યથા કરવાની કોશિશવી સાથે અપહરણ અથવા ડાકાઇટી.	એજ	એજ	એજ	એજ	સાત વરસ કરતાં ઓછાં નહી હોય એટલાં વરસ સુધી સખ્ત કેદ,	એજ
૩૯૮	કાંઈ ભયંકર શસ્ત્ર ધારણ કરયુ હોય તે વખતે અપહરણ અથવા ડાકાઇટી કરવાની કોશિશ,	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૯૯	ડાકાઇટી કરવાની તઈયારી કરવી.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી સખ્ત કેદ, તથા દંડ.	એજ
૪૦૦	હમેશ ડાકાઇટી કરવાનાં કારણસર એકઠા મળેલા શખસોની ટોળામાં હોવું.	એજ	એજ	એજ	એજ	જીવતા સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી સખ્ત કેદ, તથા દંડ.	એજ
૪૦૧	હમેશ ચોરી કરવાનાં કારણસર એકઠા મળેલા શખસોની ભટકતી ટોળીમાં હોવું.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી સખ્ત કેદ, તથા દંડ.	એજ
૪૦૨	ડાકાઇટી કરવાનાં કારણસર મળેલા પાંચ અથવા વધારે શખશોમાં હોવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ

મિલકતના સાપરાધ ખોટા ઉપયોગ વિશે.

૪૦૩	બદદયાનતથી જંગમ મિલકતનો ખોટો ઉપયોગ કરવો, અથવા તે પોતાને કામે લગાડવી.	વગર વારંટે પકડાય નહી.	વારંટ..	જામીન લઇ શકાય.	માંડી વાળી નહી શકાય	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	કોઇ પણ માજીસ્ટરેટ
૪૦૪	કોઈ શખસ મરી જાય તે વખતે તેહેની પાસે જે મિલકત હોય, અને જે તેના વારસના કબજામાં આવી નથી, એમ જાણ્યા	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ, પરેશીડેન્સી માજીસ્ટરેટ અથવા ૧લા અથવા

	માં હોય તે મિલકતનો બદદયાનતથી ખોટો ઉપયોગ.						૨ જા વરગનો માજીસ્ટરેટ
	અગર તે મરનારની નોકરીમાં કોઇ મેહેતો અથવા બીજો શખસ હોય તે ઉપલો ગુન્હો કરે તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમેતેપ્રકારનીકેદ,તથાદંડ	એજ

સાપરાધ વિશ્વાસઘાત વિશે

૪૦૬	સાપરાધ વિશ્વાસઘાત.	વગર વારંટે પકડી શકે	વારંટ	જામીન લઈ શકાય	માંડવાળ નહીશકાય	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશન કોરટ, પરેશીડેન્સી માજીસ્ટરેટ અથવા ૧ લા અથવા ૨જાવરગનોમાજીસ્ટરેટ
૪૦૭	ભારવાહક, ડંકકાવાળા વગેરેએ સાપરાધ વિશ્વાસઘાત કરવો.	એજ	એજ	એજ	એજ	૭ વરશ સુધીની એમાંના ગમેતે પ્રકરની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશન કોરટ, પરેસીડેન્સી માજીસ્ટરેટ અથવા૧લાવરગનો માજીસ્ટરેટ.
૪૦૮	કોઇ મેહેતા અથવા ચાકરે સાપરાધ વિશ્વાઘાત કરવો.	એજ	એજ	એજ	એજ	એજ.	સેશનકોરટ, પરેસેડેન્સીમાજીસ્ટરેટ અથવા૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ.
૪૦૯	કોઇ સરકારી નોકરે, અથવા સરાફે, વેપારીએ, કે આડતિયાએ સાપરાધ વિશ્વાસઘાત કરવો વગેરે.	વગરવારંટે પકડાય નહી.	એજ	એજ	એજ	જીવતા સૂધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ. તથા દંડ.	સેશન કોરટ; પરેશીડેન્સી માજીસ્ટરેટ અથવા ૧ લા વરગનોમાજીસ્ટરેટ.

ચોરીનો મીલકત લેવા બાબત

	ચોરીની મીલકત ચોરીનીજાણીને બદદયાનતથી લેવી,	વગરવારંટે પકડીશકે	વારંટ	જામીન નહી લઈશકાય	માંડવાળ નહીશકાય	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશનકોરટ, પરેશીડેન્સીમાજીસ્ટરે અથવા ૧ લા અ-

							થવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૧૨	આ ડાકાઇટી કરતાં મળેલી મિલકત છે એમ જાણીને તે ચોરીની મિલકત બદદયાનતથી લેવી	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી સખત કેદ, તથા દંડ.	સેસન કોરટ.
૪૧૩	નિત્ય ચોરીની મિલકતનો ધંધો કરવો	એજ	એજ	એજ	એજ	જીવતાંસૂધીસમૂદ્રપારઅથવા ૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૧૪	ચોરીની મિલકત જાણીને તે સંતાડવામાં અથવા વગે કરવામાં મદદ કરવી	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને,	સેસન કોરટ,પ્રેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧લાવર્ગનોમાજીસ્ટ્રેટ.

ઠગાઇ વિશે.

૪૧૭	ઠગાઇ	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માડી વાળી નહી શકાય	૧ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	પરેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા૨જાવર્ગનો માજીસ્ટ્રેટ.
૪૧૮	જેનો લાભ જાળવવાની કાયદાથી કે કાયદેસર કરારથી જે સખસની ફરજ હોય તે શખસે ઠગાઈ કરવી	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેસન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨જાવર્ગનોમાજીસ્ટ્રેટ.
૪૧૯	વેશ લઇને ઠગાઇ કરવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૨૦	ઠગાઇ કરીને બદદયાનતથી કાંઇ મિલકત અપાવવી અથવા કાંઇ કીમતી દસ્તાવેજ ફેરવવો અથવા તેનો નાશ કરવો	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ; પરેસીડેન્સીમાજીસ્ટરેટઅથવા ૧ લા વરગનો માજીસ્ટરેટ

દગાનાં ખતો તથા મિલકતની વ્યવસ્થા બાબત.

૪૨૧	માગનારાઓમાં વેહેચણ થતી અટકાવવાને માટે કાંઇ મિલકતનુ રાખવુ દગલબાજીથી ખસેડવુ અથવા છુપાવવુ વગેરે.	વગર વારંટ પકડાય નહી.	વારંટ	જામીન લઈ શકાય	માંડીવાળી નહીશકાય.	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને,	પરેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ
૪૨૨	કોઇનું કાંઇ લેહેણુ કે માગણુ હોય તે પોતાના માગનારાઓને મળતુ તે માણસે બદદયાનતથી અથવા દગલબાજીથી અટકાવવુ	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૨૩	કોઈના નાગની કાંઈ મિલકત કરી આપવાનાં જે ખતમાં કિંમતનો જિકર ખોટો લખ્યો હાયએવાખતપર બદદયાનતથી કે દગલબાજીથી સહી કરવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૨૪	પોતાની કે પારકી કાંઈ મિલકતનુ બદદયાનતથી અથવા દગલબાજીથી ખસેડવું કે છુપાવવું અથવા તેમ કરવામાં મદદ કરવી. અથવા ખરૂ લેહેણું કે દાવો બદદયાનતથી મુકી દેવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ

બિગાડ બાબત

૪૨૬	બિગાડ.	વગરવારંટે પકડાયનહી	સમન.	જામીન લઇશકાય	જેહાના આયવાનુકશાનથયુ તેહાનિ અથવા નુંકશાનમાત્ર કે ઇખાન ગીગાણુ સનેથયુહોયતો માંડીવાળીશકય	૩ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	કોઇપણ માજીસ્ટરેટ

૪૨૭	બિગાડ કરીને ૫૦ રૂપીઆની અથવા વધારે નુકશાની કરવી	એજ	વારંટ.	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંનો ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	પરેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧લાવરગનો માજીસ્ટરેટ.
૪૨૮	દશ રૂપીઆની કે તેથી વધારે કીમતના કોઇ જાનવરને મારી નાંખીને અથવા ઝેહેર દઈને અથવા લંગડુ લુલુ કરીને કે નિરૂપયોગી કરીને બીગાડ કરવો	+વગરવારંટે પકડીશકાય	એજ	એજ	માંડીવાળી શકાય	એજ	એજ
૪૨૯	કોઇ પણ કીમતના હાથી ઉંટ ઘોડા વગેરેને અથવા ૫૦ કે વધારે રૂપીઆની કિમતના કોઈ જાનવરને મારી નાંખીને અથવા ઝેહેર દઈને અથવા લંગડુ લુલું કરીને નિરૂપયોગી કરીને બિગાડ કરવો	એજ	એજ	એજ	એજ	૫ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને	સેશન કોરટ, પરેસીડેન્સી માજીસ્ટરેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ટરેટ.
૪૩૦	ખેતીનાં કામોને પાણીનુ પોહોચવું ઓછુ કરીને બિગાડ કરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૩૧	મુસાફરી કરવાને અથવા માલ લઇ જવાને જોખમ ભરેલો થાય એમ અથવા અગમ્ય થાય એમ કોઇ સરિયામ રસ્તાને પુલને નદીને અથવા વાહાણ ચાલે એવી નેહરને નુકસાન કરીને બિગાડ કરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૩૨	નુકસાની થાય એવી રીતે કોઈ સરીઆમ ગટર નેરેલાવીને અથવા બંધ કરીને બિગાડ કરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૩૩	કોઇ દાંડીનો દીવો અથવા દરિયાઇ નીસાણી હોય તેનો નાસ કરીને તેને ખસેડીને અથવા ઓછી ઉપયોગી કરીને અથવા ખોટી રોશની બનાવીને બિગાડ કરવો	એજ	એજ	એજ	એજ	૭વરશ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોરટ.
૪૩૪	સરકારી અખ્યારથી ઉભી કરેલી કાંઇ જમીનની નિશાણીનો નાશ કરી તેને ખશેડી વગેરે કરીને બિગાડ કરવો	વગરવારંટે પકડાયનહી.	એજ	એજ	એજ	૧ વરશ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	પરેસીડેન્સી માજીસ્ટરેટ અથવા ૨જા વરગનો માજીસ્ટરેટ.

+ સને ૧૮૭૪ ના ૧૧ મા આકટની ૪ થી કલમ જુઓ.

૪૩૫	૧૦૦ રૂપિયાની કે વધારે નુકશાની અથવા ખેતીની ઉત્પન્નની બાબતમાં ૧૦ રૂપીયાના કે વધારે નુકશાની કરવાના ઇરાદાથી અગ્નિવડે અથવા અવાજ સાથેફુટે એવા કાંઇ પદાર્થ વડે બિગાડ કરવો.	વગરવારંટે પકડીશકે	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેસન કોરટ.
૪૩૬	કાંઇ ઘર વગેરેનો નાશ કરવાના ઇરાદાથી, અગ્નિ વડે અથવા અવાજ સાથે ફુટે એવા પદાર્થ વડે બિગાડ કરવો.	એજ	એજ	જામીન નહી લઇશકાય	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૩૭	તુતકવાળાં વાહણનો અથવા ૨૦ ટનના ભારના વાહાણનો નાશ કરવાના ઇરાદાથી અથવા તેવા વાંહાંણને જોખમ ભરેલુ કરવાના ઇરાદાથી બિગાડ કરવો	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૩૮	છેલ્લી કલમમાં બયાન કરેલો બિગાડ અગની વડે અથવા અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થ વડે કરયો હોય, તો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૩૯	ચોરી વગેરે કરવાના ઇરાદાથી વાંહાંણને કિનારા પર ચહડાવી દેવુ	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગ તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૪૦	મોત અથવા વ્યથા કરવાની ઇયારી કરીને બિગાડ કરવો વગેરે	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધીનીબેમાંનાગમે તે પ્રકારનીકેદ, તથા દંડ	એજ

સાપરાધ પ્રવેશ વિશે

૪૪૭	સાપરાધ પ્રવેશ	વગરવારંટે પકડીશકે	સમન.	જામીન નહી લઇશકાય	માંડીવાળાં શકાય.	૩ મહીના સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા ૫૦૦રૂપીયાનો દંડ, અથવા બંને	કોઇપણમાજીસ્ટરેટ
૪૪૮	ઘર પ્રવેશ	એજ	વારંટ.	એજ	એજ	૧ વરસ સુધીની બેમાંના	[illegible]

						ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને,	
૪૪૯	મોતની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનોહ કરવા સારૂ ગ્રહ પ્રવેશ કરવો	એજ	એજ	જામીન ન હીલઇશકાય	માંડીવાળી નહી શકાય	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી સખત કેદ, તથા દંડ.	સેશન કોરટ.
૪૫૦	જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનો કરવા સારૂ ગ્રહ પ્રવેશ કરવો	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેગાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૫૧	કેદની શિક્ષા થઈ શકે એવો કોઇ ગુનો કરવા સારૂ ગૃહ પ્રવેશ કરવો	એજ	એજ	જામીનલઈશકાય	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	કોઇપણ માજીસ્ટરેટ
	અગર તે ગુનો ચોરીનો હોય તો	એજ	એજ	જામીનન હીલઇશકાય	એજ	૭ વરસ સુધીની બેગાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશનકોરટ, પરેશીડેન્સીમાજીસ્ટરેટ અથવા ૧ લા અથવા બીજા વરગનો માજીસ્ટરેટ
૪૫૨	વ્યથા અથવા હુમલો વગેરે કરવાની તઇયારી કરયા પછી ગ્રહ પ્રવેશ કરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૫૩	ગુપ્ત ગ્રગ્હ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવુ	એજ	એજ	એજ	એજ	૨ વરશં સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ,	પરસેશીડેન્સીમાજીસ્ટરેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટરેટ
૪૫૪	કેદની શિક્ષા થઇ શક્તી હોય એવો કોઈ ગુનો કરવા સારૂ ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવુ	એજ	એજ	એજ	એજ	૩ વરશ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ,	સેસન કોરટ, પ્રેસીડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
	અગર તે ગુનોહ ચોરીનો હોય તો.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગમેતેપ્રકારનીકેદ, તથા દંડ.	એજ

૪૫૫	વ્યથા અથવા હુમલો વગેરે કરવાની તઇયારી કરીને ગુપ્ત ગૃહ પ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	એજ	એજ	સેશનકોરટ, પરેસીડેનસી માજીસ્ટરેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટરેટ
૪૫૬	રાતે ગુપ્ત ગૃહ પ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસનકોરટ, પરેસીડેનસી માજીસ્ટરેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ.
૪૫૭	કેદની શિક્ષા થઇ શકતી હોય એવો ગુનો કરવા સારૂ રાતે ગુપ્ત ગૃહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું	એજ	એજ	એજ	એજ	૫ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારનીકેદ તથા દંડ.	એજ
	અગર તે ગુનો ચોરી હોય, તો.	એજ	એજ	એજ	એજ	૧૪ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૪૫૮	વ્યથા વગેરે કરવાની તઇયારી કરીને રાતે ગુપ્ત ગૃહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવુ.	એજ	એજ	એજ	એજ	એજ.	સેસનકોરટ, પરેસીડેનસી માજીસ્ટરેટ અથવા ૧ લા વરગના માજીસ્ટરેટ
૪૫૯	ગુપ્ત ગૃહ પ્રવેશ અથવા ફોડવાનો ગુનો કરતાં કોઇને મહાવ્યથા કરવી.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેસન કોરટ
૪૬૦	ઘણા શખસો રાતે ઘર ફોડવા વગેરેમાં શામિલ હોય, અને તેઓમાંનો કોઇ એક મોત અથવા મહાવ્યથા કરે, તો.	એજ	એજ	એજ	એજ	એજ.	એજ
૪૬૧	કાંઇ બંધ કરેલાં નિધાનમાં કાંઇ મિલકત હોય, અથવા કાંઇ મિલકત છે એમ ધરાયુંહોય, તે નિધાનને બદદાનતથી ફોડીને અથવા બીજી રિતે ઉઘાડવું.	એજ	એજ	જામીનલઇશકાય	એજ	૨ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	પરેસીડેનસી માજીસ્ટરેટ, અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ.

૪૬૨	તેજ ગુનો જ્યારે તે નિધાન જેને સોંપ્યું હોય તે માણસ કરે, ત્યારે.	એજ	એજ	એજ	એજ	૩ વરશ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોરટ, પરેશીડેનશી માજીસ્ટરેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ.

બાબ ૧૮ મો—લેખ સંબંધી તથા વેપારની અથવા મિલકતની નીશાણીઓ સંબંધી ગુન્હા

૪૬૫	લેખ ખોટો બનાવવો.	વગરવારંટે પકડાયનહીં	વારંટ	જામીન લઈ શકાય	માંડીવાળી નહીશકાય	૨ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સિસન કોરટ.
૪૬૬	કોઇ ઇનસાફની કોરટનું દફતર, અથવા જન્મ વગેરે બાબતોનો સરકારી નોકર રાખતો હોય તેવો રજિસ્ટર ખોટો બનાવવો.	એજ	એજ	જામીન નહી લઈ શકાય	એજ	૭ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૬૭	કાંઇ કિંમતી દસ્તાવેજ અથવા વિલ અથવા કાંઇ કિંમતી દસ્તાવેજ ખોટો બનાવવો કે કેઇના નામપર કરી આપવાનો, અથવા કાંઈ નાણાં વગેરે લેવાનો અખત્યાર ખોટો બનાવવો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
	તે કિંમતી દસ્તાવેજ ઇંડિયા સરકારની પ્રામિસરી નોટ હોય, તો	વગરવારંટે પકડીશકે	એજ	એજ	એજ	એજ.	એજ
૪૬૮	ઠગાઇ કરવાનાં કારણસર ખોટો લેખ બનાવવે	વગરવારંટે પકડાયનહીં	એજ	એજ	એજ	૭ વર્ષસુધીની બેમાંના ગમે તેપ્રકારની કેદ, તથાદંડ	એજ
૪૬૯	કોઇ શખસની આબરૂને હાનિ કરવાનાં કારણસર, અથવા તેટલા માટે વાપરવામાં આવશે એમ જાણીને, ખોટો લેખ બનાવવો	એજ	એજ	જામીન લઇશકાય	એજ	૩ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૭૧	જાણીબુઝીને બનાવટનો લેખ ખરા દાખલ વાપરવો.	એજ	એજ	એજ	એજ	લેખ ખોટો બનાવવાની શિક્ષા.	એજ
	તે ખોટો બનાવટનો લેખ ઇંડિયા સરકારની પ્રામિસરી નોટ હોય, તો.	વગરવારંટે પકડી શકે	એજ	જામીન નહીલઈશકાય	એજ	એજ	એજ

૪૭૨	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુનો કરવાના ઇરાદાથી ખોટી મોહોર, પતરૂ. વગેરે બનાવવું અથવા તેવું જાણીબુઝીને કબજામાં રાખવું.	વગરવારંટે પકડાયનહી	એજ	એજ	એજ	જીવતાં સુધીસમુદ્રપાર, અથવા ૭વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૭૩	હિંદુસ્તાના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમ સિવાય બીજી કોઈ કલમ મુજબ શિક્ષા થઈ શકે એવા ખોટોલેખ બનાવવાનો ગુનો કરવાના ઈરાદાથી ખોટી મોહોર. પતરૂ, વગેરે બનાવવું અથવા તેવા ઈરાદાથી કબજામાં રાખવું	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી આસાન કેદ, તથા દંડ	સેશન કોરટ.
૪૭૪	કાંઇ લેખ ખોટો બનાવેલો છે એવું જાણીને તે ખરા દાખલ વાપરવાના ઇરાદાથી કબજામાં રાખવો; અગર તે દસ્તાવેજ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૬ મી કલમમાં કહેલા કોઈ પ્રકારમાંનો હોય તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	તે અગર કાંઇ કિંમતી દસ્તાવેજ અથવા વિલ હોય તો.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર. અથવા ૭વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૭૫	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારના લેખોનું ખરાપણુ દેખાડવા સારૂ વપરાતી હોય એવી કાંઇ મુદ્રા અથવા નિશાણી ખોટી બનાવવી અથવા ખોટી નિશાણી કરેલો પદાર્થકબજામાં રાખવો.	એજ	એજ	એજ	એજ.	એજ	એજ
૪૭૬	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના લેખનું ખરાપણુ દેખાડવા સાર વપરાતી હોય એવા કાંઇ મુદ્રા અથવા નિશાણી ખોટી બનાવવી, અથવા ખોટી નિશાણી કરે	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારનો કેદ તથા દંડ.	એજ

શો પદાર્થ કબજામાં રાખવો.						
૪૭૭ કોઇ વિલને દગલબાજીથી છુપાવવું, ચેરી નાખવું અથવા તેનો નાશ કરવો અથવા તેમ કરવાની કોશિશ કરવી.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર. અથવા ૭ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ

વેપારની તથા મિલકતની નિશાણીઓ બાબત.

૪૮૨ કોઇ શખસને છેતરવા અથવા નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ ખોટી વેપારની અથવા મિલકતની નિશાણી વાપરવી.	વગરવારંટે પગકડીશકે	વારંટ	જામીનની લઇશકાય	ગાંડી વાળી નહીશકાય	૧ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	પરેસીડેનસી માજીસ્ટરેટ, અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ.
૪૮૩ કોઇ બીજો માણસ કાંઇ વેપારની અથવા મિલકતની નીશાણી વાપરતો હોય તેવી નિશાણી હાનિ અથવા નુકશાન કરવાના ઇરાદાથી ખોટી બનાવવી.	એજ	એજ	એજ	એજ	૧ વરશ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	એજ
૪૮૪ કોઇ સરકારી નોકર જે મિલકતની નિશાણી વાપરતો હોય, અથવા કાંઈ મિલકતની બનાવટ, જાત વગેરે બતાવવા સારૂ તે જે નિશાણી વાપરતો હોય તેવી નિશાણી ખોટી બનાવવી.	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોરટ, પરેસીડેનસી માજીસ્ટરેટ અથવા ૧ લા વર. નો માજીસ્ટરેટ
૪૮૫ કોઈ છાપ, પત્ર અથવા કાંઇ સરકારી કે ખાનગી મિલકતની અથવા વેપારની નિશાણી ખોટી બનાવવાનુ કાંઈ બીજુ હથિયાર દગલબાજીથી બનાવવું અથવા કબજામાં રાખવું.	એજ	એજ	એજ	એજ	૩ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૮૬ ખોટી મિલકતની અથવા વેપારની નિશાણી જે ઉપર હોય એવો માલ જાણી બુઝીને વેચવો.	એજ	એજ	એજ	એજ	૧ વરષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	પરેસીડેન્સી માજીસ્ટરેટ અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ.
૪૮૭ કાંઇ ગાંસડી કે બારદાન મધ્યે માલ હોય તે	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના	સેસનકોરટ, પરેસી

	ઉપર દગલબાજીથી કાંઈ ખોટી નિશાણી કરવી એવા ઇરાદાથી કે તે મધ્યે જે માલ નહીં હોય તે માલ તે મધ્યેછે એમ માનવામાં આવે, વગેરે.					ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	ડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ટ્રેટ.
૪૮૮	તેવી કાંઇ ખોટી નિશાણીનો ઉપયોગ કરવે	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૮૯	નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ મીલકતની નિશાણી કાહાડી નાખવી, અથવા તેને નાશ કરવો, અથવા તે બિગાડવી.	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને	પરેસીડેન્સી માજીસ્ટરેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટરેટ.

બાબ ૧૯ મો—નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા.

૪૯૦	તરી અથવા ખુસ્કીના રસ્તાની મુસાફરીમાં નોકરી કરવાનો અથવા કોઇ શખસ કે મિલકતનો કેથાં લઈ જવાનો કરાર કરીને બંધાયા છતાં તે કરાર મુજબ બુદ્ધિ પુર્વક નહી ચાલવું.	વગરવારંટે પકડાયનહી	સમન	જામીન લઇશકાય.	માંડીવાળી શકાય.	૧ મહિના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦ રૂપીયાનો દંડ, અથવા બને.	પરેસીડેન્સી માજીસ્ટરેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ટરેટ.
૪૯૧	બાળપણ, ગાંડપણ, અથવા રોગના સબબથી લાચાર હોય તેવા શખસોની ખિદમત કરવા તથા તેઓની હાજતો પુરી પાડવાનો કરાર કરીને બંધાયા છતાં તે કરાર મુજબ બુદ્ધિપુર્વક નહી ચાલવું.	એજ	એજ	એજ	એજ	૩ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૨૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ
૪૯૨	મુકરર મુદત સુધી કોઈ દુર જગોપર ચાકરી કરવાનો કરાર કરયો હોય, અને તે જગોપર શેઠને ખરચે ચાકરને લેઈ ગયા હોય, તેવા કરારથી બંધાયા છતાં બુદ્ધિપુર્વક તે ચાકરી છોડવા અથવા કામ કરવાની ના કેહેવી.	એજ	એજ	એજ	એજ	૧ મહીના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા થયેલા ખરચથી બમણો દંડ અથવા બંને.	એજ

બાબ ૨૦ મો—લગ્ન સંબંધી ગુન્હા

૪૯૩	જે પુરૂષની સાથે જે સ્ત્રીનાં કાયદા મુજબ લગ્ન થયાં નથી તે પુરૂશે તેસ્ત્રીને કાયદા મુજબ લગ્ન થયાનો કપટથી વિશ્વાસ બેસાડવો.	વગરવારંટે પકડાયનહી.	વારંટ.	જામીન લઈ શકાય નહી	માંડીવાળી નહીશકાય	૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ.

	ડીને તેની જોડે દંપતી ભાવે રેહેવું.						
૪૯૪	વર અથવા વહુની હયાતીમાં ફરીથી લગ્ન કરવું.	એજ	એજ	જામીન લઈ શકાય.	એજ	૭ વર્ષસુધીની બેમાંનાગમેતે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૯૫	તેજ ગુન્હો, પણ જે સખસની સાથે પાછળનું લગ્ન થાય તેનાથી આગળનાં લગ્નની વાત છુપાવીને કરેલો.	એજ	એજ	જામીન નહીંલઈશકાય.	એજ	૧૦ વરસ સુધીનીબેમાંનાગમે તેપ્રકારનીકેદ,તથા દંડ	એજ
૪૯૬	કાયદા મુજબ લગ્ન નહીં થતાં કોઇ સખસ દગલબાજીના ઇરાદાથી થવા દીધેલા લગ્ન વિધી.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીબેમાંનાગમેતે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૯૭	છીનાળુ.	એજ	એજ	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય.	૫ વરસ સુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદ, અથવા દંડ. અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા૧ લા વર્ગના માજીસ્ત્રેટ.
૪૯૮	સાપરાધ ઇરાદાથી કોઈ પરણેલી સ્ત્રીને ફોસલાવી લઇ જવી, અથવા રોકી રાખવી.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ, અથવા ૧ લા અથવા બીજા વરગનો માજીસ્ત્રેટ,

બાબ ૨૧ મો આબરૂ લેવા બાબત.

૫૦૦	આબરૂ લેવી.	વગર વારંટે પકડાય નહી.	વારંટ	જામીન લઇશકાય.	માંડીવાળી શકાય.	૨ વરસ સુધીની આસન કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ત્રેટ.
૫૦૧	કોઈ બાબત આબરૂ લેવા જેવી છે. એવું જાણીને તે છાપવી, અથવા કોતરવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૫૦૨	આબરૂ લેવા જેવી બાબતવાળી છાપેલી અથવા કોતરેલી વસ્તુ તે તેવી છે એમ જાણ્યા છતાં વેચવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ

બાબ ૨૨ મો સાપ્રાધ ધમકી, તિરસ્કાર, તથા દુખ બાબત.

૫૦૩	સુલેહનો ભંગકરાવવાના ઇરાદાથી કોઇનો તિરસ્કાર કરવો.	વગર વારંટે પકડાય	વારંટ.	જામીન લઇશકાય.	માંડીવાળી શકાય.	૨ વરસ સુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદ, અથ	કોઈપણ માજીસ્ત્રેટ

					વા દંડ, અથવા બંને	
૫૦૪ ગંડ અથવા લોકની સુલેહની વિરૂદ્ધ કાંઈ ગુન્હો કરાવવાના ઇરાદાથી ખોટી બુમ અથવા વાત ચલાવવી.	એજ	એજ	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	એજ	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ત્રેટ.
૫૦૬ સાપરાધ ધમકી.	એજ	એજ	જામીન લઈ શકાય	માંડીવાળી શકાય.	એજ	એજ
જો તે ધમકી મોત અથવા મહાવ્યથા વગેરે કરાવવાની હોય તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ત્રેટ.
૫૦૭ નનામાં સંદેશાની મારફતે, અથવા ધમકી કયાંહાંથી આવે છે તેની ખબર નહી પડે એવી તદબીર કરીને, એવી સાપરાધ ધમકી આપવી.	એજ	એજ	એજ	એજ	ઉપલી કલમ મુજબની શિક્ષાની ઉપરાંત ૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ.	એજ
૫૦૮ માહારી ઉપર ઇશ્વરની અપ્રસંસા થશે એવો ભય ઉત્પન્ન કરીને કોઇ સખસ પાસે કાંઈ કામ કરાવવું.	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ, અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ત્રેટ.
૫૦૯ કોઈ સ્ત્રીને લજવવાના ઇરાદાથી બોલેલા શબ્દ અથવા કરેલા ચાળા.	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધીની આસાનકેદ, અથવા દંડ, અથવા બંને,	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ત્રેટ.
૫૧૦ કોઇ જાહેર જગા વગેરેમાં પીને આવવું, અને કોઇ સખસને દુઃખ દેવું.	એજ	એજ	એજ	એજ	૨૪ કલાક સુધીની આસન કેદ. અથવા ૧૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	કોઇપણ માજીસ્ત્રેટ

(૬)

બાબ ૨૩ મો. ગુન્હા કરવાની કોસીસો બાબત.

૫૧૧	જે ગુનાઓને માટે સમુદ્રપાર કરવાની અથવા કેદની શિક્ષા ઠરાવી છે તે ગુના કરવાની કોશિશો કરવી, તથા તે કોશિશો કરવામાં તે ગુનો કરવા તરફ કાંઇ કામ કરવું.	તે ગુનાને માટે વગર વારંટે પકડવાનો પોલીસને અખતિયાર હોય તો પકડી શકે, નહીં તો નહીં.	જે ગુનાને માટે ઘણું કરીને સમન નિકળતો હોય તો સમન અને વારંટ નિકળતું હોયતો વારંટ.	જે ગુનાનો તકશીરવારે વિચાર કરયો હોય તે ગુનાને માટે જામીન લઈ શકાતો હોય તો લઈ શકાય નહીં તો નહીં.	જે ગુનો કરવાની કોશીસ કરી તે ગુનો માંડીવાળી શકાતો હોય તો માંડીવાળી શકાય.	તે ગુન્હા માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની અડધી મુદત સુધીની કેદ, અથવા સમુદ્રપાર, અથવા દંડ, અથવા બંને.	કોશિસ કરેલા ગુન્હાનો ઇનસાફ જે કોરટથી થઇ શકતો હોય, તે કોરટ.

બીજા કાયદા તોડીને કરેલા ગુન્હા.

	મોતની અથવા સમુદ્રપાર કરવાની અથવા સાત વર્ષ સુધી અથવા તે કરતાં વતી મુદતની કેદની શિક્ષા જોગ હોય, તો.	વગરવારંટે પકડીશકે.	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહીશકાય		આ કાયદાની ૨૯ મી કલમના ઠરાવ પ્રમાણે.
	ત્રણ વરસ કરતાં વતી મુદતની અને ૭ વરસથી ઓછી મુદતની શિક્ષા જોગ હોય તો.	એજ	એજ	એજ સન ૧૮૭૮ના હિંદુસ્તાનના હથિયારબાબત આકટની ૯ મી કલમમુજબ૧ના મુકદમાઓ, જે જામીન લઇશકાયતેવા છે તે શિવાયના બીજા.			

ત્રણ વરશથી ઓછી મુદતની શિક્ષા જોગ હોય તો	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીનની લઈશકાય.	માંડી વાળી નહીશકાય.		આ કાયદાની ૨૯ મી કલમના ઠરાવ પ્રમાણે.
એકલા દંડની શિક્ષા જોગ હોય તો	એજ	એજ	એજ	એજ		

પરિશિષ્ટ ૩ જું.

જીલ્લામાંના માજીસ્ત્રેટોના સાધારણ અખત્યાર.

૧—ત્રીજા વરગના માજીસ્ત્રેટનો સાધારણ અખત્યાર.

(૧) ગુન્હેગારને પકડવાનો અથવા પોતાની સમક્ષ પકડવાનું ફરમાવવાનો અખત્યાર કલમ ૬૫ મી.

(૨) વારંટ ઉપર શેરો લખવાનો અખત્યાર, અથવા વારંટની રૂઇએ પકડેલા કોઇ તોહમતવાળા સખસને ખસેડવાનો હુકમ કરવાનો અખત્યાર, કલમ ૮૩ મી, ૮૪ મી તથા ૮૬ મી.

(૩) પોતાની આગળ ન્યાયાધિકારની રૂઇએ આવેલા કામોમાં જાહેરનામાં કાહાડવાનો અખત્યાર; કલમ ૮૮ મી.

(૪) પોતાની આગળ ન્યાયાધીકારની રૂઇએ આવેલા કામોમાં મિલકત જપ્ત કરીને વેચવાનો અખત્યાર, કલમ ૮૭ મી.

(૫) જપ્ત કરેલી મિલકત પાછી આપવાનો અધિકાર, કલમ ૮૯ મી.

(૬) ઝાડો લેવાનું વારંટ કાહાડવાનો અખત્યાર, કલમ ૯૬ મી.

(૭) ઝાડો લેવાનાં વારંટ ઉપર શેરો કરવાનો, તથા જડેલી વસ્તુ આપવાનો હુકમ કરવાનો અખત્યાર, કલમ ૯૯ મી

(૮) પોલીસની તપાસ ચાલતી હોય તે વખતે કબુલાતો અથવા મજકુરો લખી લેવાનો અખત્યાર, કલમ ૧૬૪ મી.

(૯) પોલીસની તપાસ ચાલતી હોય તે વખતે કોઇ સખસને અટકાવી રાખવાનો અધિકાર આપવાનો અખત્યાર, કલમ ૧૬૭ મી.

(૧૦) તોહમતવાળો સખસ કોરટમાં માલુમ પડે તેને અટકાવી રાખવાનો અખત્યાર કલમ ૩૫૧ મી.

(૧૧) શકવાળી મિલકત બગડી જાય એવી હોય તેને વેચવાનો અખત્યાર, કમમ ૫૨૫મી.

૨—બીજા વરગના માજીસ્ત્રેટના સાધારણ અખત્યાર.

(૧) બીજા વરગના માજીસ્ત્રેટના સાધારણ અખત્યાર,

(૨) જે મુકરદમામાં તે માજીસ્ત્રેટને ઇનસાફ કરવાની અથવા ઈનસાફ થવા માટે કમિટ કરવાની હકુમત હોય તે મુકરદમામાં ગુન્હાની તપાસ કરવાનો પોલીસને હુકમ કરવાનો અખત્યાર, કલમ ૧૫૫ મી.

૩—પેહેલા વરગના માજીસ્ત્રેટોના સાધારણ અખત્યાર.

(૧) બીજા વરગના માજીસ્ત્રેટના સાધારણ અખત્યાર,

(૨) કાંઇ ચોકશી ચાલતી હોય તે પસંગ શિવાય બીજે પ્રસંગે ઝાડો લેવાનાં વારંટ કાહાડવાનો અખત્યાર, કલમ ૯૮ મી,

(૩) ગેરવ્યાજબી રીતે કેદ કરેલા સખસોના સોધ કરવા સારૂ ઝાડો લેવાનું વારંટ કાહાડવાનો અખત્યાર, કલમ ૧૦૦ મી.

[૪] સુલેહ રાખવા બાબત તારણુ માગવાનો અખત્યાર. કલમ ૧૦૭ મી.

(૫] સારી રીતે ચાલવા બાબત તારણુ માગવાનો અખત્યાર, કલમ ૧૦૯.

[૬) કબજાનાં કામોમાં હુકમો વિગરે કરવાનો અખત્યાર, કલમ ૧૪૫ મી, ૧૪૬ મી, તથા ૧૪૭ મી,

(૭) ઇનસાફ થવા માટે કમીટ કરવાનો અખત્યાર કલમ ૨૦૬ ઠી,

(૮] ફરીયાદ ન હોય ત્યારે કામ બંધ કરવાનો અખત્યાર, કલમ ૨૪૯ મી,

[૯] ગુજરાન બાબત હુકમો કરવાનો અખત્યાર, કલમ ૪૮૮ મી તથા ૪૮૯ મી;

(૪–પેટા ટુકડી માજીસ્ત્રેટના સાધારણુ અખત્યાર;

(૧) પેહેલા વરગના માજીસ્ત્રેટના સાધારણુ અખત્યાર;

[૨) જામીનદારના નામનાં વારંટ લખવાનો અખત્યાર કલમ ૭૮ મી,

(૩) સ્થાનિક અપકારક કૃત્યો સંબંધી હુકમો કરવાનો અખત્યાર કલમ ૧૩૩ મી.

(૪) અપકારક કૃત્ય ફરિથી કરવાની મના કરવા બાબતના હુકમ કરવાનો અખત્યાર કલમ ૧૪૩ મી;

(૫] ૧૪૪ મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખત્યાર,

(૬) ૬ તજવીજો કરવાનો અખત્યાર. કલમ ૧૭૪ મી.

[૭) સ્થાનીક હકુમત માંહેના જે શખસે તે હકુમતની બાહાર કાંઇ ગુન્હો કરયો હોય તે સખસને માટે પ્રોસેસ કાહાડવાનો અખત્યાર, કલમ ૧૮૬ મી.

[૮) ફરીયાદો દાખલ કરવાનો અખત્યાર કલમ ૧૯૧ મી;

(૯) પોલીસ રીપોરટો લેવાનો અખત્યાર. કલમ ૧૯૧ મી

(૧૦) ફરીયાદ વગર મુકરદમા દાખલ કરવાનો અખત્યાર.

(૧૧] તાબા માંહેના માજીસ્ત્રેટની પાસે મુકદમા મોકલવાનો અખત્યાર કલમ ૧૯૨.

(૧૨] તાબા માંહેના માજીસ્ત્રેટે લખી લીધેલાં કામ ઉપરથી શીક્ષાનો હુકમ કરવાનો અખત્યાર કલમ ૩૪૯ મી.

[૧૩) ફલાણી મીલકત ચોરી વિગરેની છે એવું કેહેવાગાં આવ્યું હોય અથવા એવો શક આવ્યો હોય તે મિલકત વેચવાનો અખ્તીયાર, કલમ ૫૨૪ મી.

(૧૪) અપીલો શિવાય બીજા મુકદમા લઇ લેવાનો તથા તેઓનો ઈનસાફ થવા માટે બીજા પાસે મોકલવાનો અખ્તીયાર, કલમ ૫૨૮;

૫—જીલ્લા મીજીસ્ત્રેટના સાધારણુ અખ્તીયાર.

(૧) પેહેલા વરગનો માજીસ્ત્રેટ હોય એવા પેટા ટુકડી માજીસ્ત્રેટના સાધારણુ અખ્તીયાર.

(૨) ટપાલ ખાતાના અથવા તારખાના અધિકારીઓના કબજામાંના દસ્તાવેજ માટે ઝાડો લેવાના વારંટો કાહાડવાનો અખ્તીયાર, કલમ ૯૬ મી;

[૩) સારી રીતે ચલાવવાને અથવા સુલેહ રાખવાને બાંધી લીધેલા સખસોને છુટા કરવાનો અખત્યાર, કલમ ૧૨૪ મી.

[૪) સુલેહ રાખવા બાબતનું ખત રદ કરવાનો અખ્તીયાર. કલમ ૧૨૫ મી.

(૫) સંક્ષેપ રીતે ઇનસાફ કરવાનો અખ્ત્યાર, કલમ ૨૬૦ મી.

(૬) કેટલાએક મુકદમામાં ગુનાની સાબિતીના ઠરાવ રદ કરવાનો અખ્ત્યાર, કલમ ૩૫૦ મી.

(૭) સારી રીતે ચાલવા બાબતનું તારણ માગવા બાબતના હુકમ ઉપર અપીલ સાંભળવાનો અખ્ત્યાર, કલમ ૪૦૬ ઠી.

(૮) ૨ જા તથા ૩ જા વરગના માજીસ્ત્રેટોએ ગુનાની સાબિતીના જે ઠરાવ કરયા હોય તે ઉપરથી કરેલી અપીલો સાંભળવાનો અથવા બીજા પાસે મોકલવાનો અખ્ત્યાર, કલગ ૪૦૭ મી.

(૯) ચલાવેલાં કામનું દફતર મંગાવવાનો અખ્ત્યાર, કલગ ૪૩૫ મી.

(૧૦) ૫૧૪ મી કલગ પ્રમાણે કરેલા હુકગ સુધારવાનો અખ્ત્યાર, ૫૧૫ મી કલમ.

પરિશિષ્ટ ૪ થું.

જીલ્હામાંના માજીસ્ત્રેટોને જે જાસ્તી અખ્ત્યાર આપી શકાય તે.

સ્થાનિક સરકારથી	(૧) સારી રીતે ચાલવા બાબતનું તારણ માગવાનો અખ્ત્યાર કલમ, ૧૧૦ મી. (૨) સ્થાનિક અપકારક કૃત્યો સંબંધી હુકમો કરવાનો અખ્ત્યાર, કલગ ૧૩૩ મી. (૩) અપકારક કૃત્ય ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમ કરવાનો અખ્ત્યાર, કલગ ૧૪૩ ગી. (૪) ૧૪૪ મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખ્ત્યાર. (૫) તજવીજો કરવાનો અખ્ત્યાર, કલમ ૧૭૪ મી. (૬) સ્થાનિક હકુમત માંહેના જે સખસે સ્થાનિક હકુમતની બાહાર કાંઇ ગુનો કરયો હોય તે સખસને માટે પ્રોસેસ કહાડવાનો અખ્ત્યાર, કલમ ૧૮૬ મી. (૭) ફરિયાદ ઉપરથી ગુના સાંભળવાનો અખ્ત્યાર, કલમ ૧૯૧ મી. ૮) પોલીસના રીપોર્ટો ઉપરથી ગુના સાંભળવાનો અખ્ત્યાર, કલમ ૧૯૧ ગી. (૯) ખબર ઉપરથી ગુના સાંભળાનો અખ્ત્યાર, કલમ ૧૯૧ ગી. (૧૦) સંક્ષેપરીતે ઇનસાફ કરવાનો અખ્ત્યાર કલમ ૨૬૦ગી (૧૧) બીજા તથા ત્રીજા વરગના માજીસ્ત્રેટોએ ગુનાની સાબીતીના જે ઠરાવ કરયા હોય તે ઉપર અપીલો સાંભળવાનો અખ્ત્યાર, કલમ ૪૦૭ મી.

પેહેલા વરગના માજીસ્ત્રેટને જે અધિકાર આપીશકાય તે.

(૧૨) ફલાણી ગિલકત ચોરી વિગેરેની છે એવુ કેહેવામાં આવ્યુ હોય અથવા એવો શક આવ્યો હોય તે મિલકત વેચવાનો અખ્ત્યાર, કલમ ૫૨૪ મી.

ત્રીજા વરગના માજીસ્ત્રેટને જે અધીકાર આપી શકાય

જીલ્લામાજીસ્ત્રેટથી.

(૧) અપકારક કૃત્યો ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમ કરવાનો અખ્ત્યાર, કલમ ૧૪૩ મી.

(૨) ૧૪૪મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખ્ત્યાર.

(૩) તજવીજો કરવાનો અખ્ત્યાર, કલમ ૧૭૪ મી.

(૪) ફરિયાદ ઉપરથી ગુના સાંભળવાનો અખ્ત્યાર, કલમ ૧૯૧ મી.

(૫) પોલીસના રિપોર્ટો ઉપરથી ગુના સાંભળવાનો અખ્ત્યાર, કલમ ૧૯૧ મી.

(૬) મુકદમા મોકલવાનો અખ્ત્યાર, કલમ ૧૯૨ મી.

સ્થાનિક સરકારથી.

(૧) ફટકા મારવાની શિક્ષાના હુકમ કરવાનો અખ્ત્યાર, કલમ ૩૨ મી.

(૨) અપકારક કૃત્યો ફરિથી કરવાની મના કરવા બાબતના હુકમો કરવાનો અખત્યાર, કલમ. ૧૪૩ મી

(૩) ૧૪૪ મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખ્ત્યાર.

(૪) તજવીજો કરવાનો અખ્ત્યાર, કલમ ૧૭૪ મી.

(૫) ફરિયાદ ઉપરથી ગુના સાંભળવાને અખ્ત્યાર, કલમ ૧૯૧ મી.

(૬) પોલીસના રિપોર્ટો ઉપરથી ગુના સાંભળવાનો અખ્ત્યાર, કલમ ૧૯૧ મી.

(૭) ખબર ઉપરથી ગુના સાંભળવાનો અખ્ત્યાર, કલમ ૧૯૧ મી.

(૮) ઈનસાફ થવા માટે કમિટ કરવાનો અખ્ત્યાર, કલમ ૨૦૬ ઠી.

જીલ્લા માજીસ્ત્રેટથી.

(૧) અપકારક કૃત્યો ફરિથી કરવાની મના કરવા બાબતના હુકમો કરવાનો અખ્ત્યાર, કલમ ૧૪૩ મી.

(૨) ૧૪૪મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખ્ત્યાર.

(૩) તજવીજો કરવાનો અખ્ત્યાર, કલમ ૧૭૪ મી.

(૪) ફરિયાદ ઉપરથી ગુના સાંભળવાનો અખ્ત્યાર, કલમ, ૧૯૧ મી.

(૫) પોલીસના રિપોરટો ઉપરથી ગુના સાંભળવાનો અખ્ત્યાર, કલમ ૧૯૧ મી.

ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટને જે અધિકાર આપીશકાય તે.	સ્થાનીક સરકારથી	(૧) અપકારક કૃત્યો ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમો કરવાનો અખતિયાર, કલમ ૧૪૩ મી.
		(૨) ૧૪૪ મી કલમ પ્રમાણે હુકમ કરવાનો અખતિયાર
		(૩) તજવીજો કરવાનો અખતિયાર, કલમ ૧૭૪ મી.
		(૪) ફરિયાદ ઉપરથી ગુના સાંભળવાનો અખતિયાર, કલમ ૧૯૧ મી.
		(૫) પોલીસના રીપોર્ટો ઉપરથી ગુના સાંભળવાનો અખતિયાર, કલમ ૧૯૧ મી.
		(૬) ઇનસાફ થવા માટે કમિટ કરવાનો અખતિયાર, કલમ ૨૦૬ ઠી
	જીલ્લા માજીસ્ટ્રેટથી.	(૧) અપકારક કૃત્યો ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમો કરવાનો અખત્યાર, કલમ ૧૪૩ મી
		(૨) ૧૪૪ મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખતિયાર
		(૩) તજવીજો કરવાનો અખતિયાર, કલમ ૧૭૪ મી.
		(૪) ફરિયાદ ઉપરથી ગુના સાંભળવાનો અખતિયાર, કલમ ૧૯૧ મી.
		(૫) પોલીસના રીપોર્ટો ઉપરથી ગુના સાંભળવાનો અખતિયાર, કલમ ૧૯૧ મી.
પેટા તુકડી માજીસ્ટ્રેટનેજે અધિકાર આપીશકાય તે	સ્થાનીકસરકારથી	દફતર માગવાનો અખતિયાર; કલમ ૪૩૫

પરિશિષ્ટ ૫ મું.

નમુના

૧—તોહોમતવાળા સખસની ઉપર સમન.

(૬૮ મી કલમ જુઓ)

ના રહેવાશી જોગ

(આ ઠેકાણે મુખતેસરમાં જે ગુનાનું તોહમત મુકયું હોય તે ગુનો લખવો) નાં તોહમતનો જવાબ દેવા સારૂ તમારે હાજર થવું જરૂર છે માટે તમને આ સમન ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમે જાતે (અથવા પ્લીડરની મારફતે હાજર થવાનું ફરમાવવું હોય તો લખવું કે પ્લીડરની મારફતે) ના (માજીસતરેટની) આગળ ની તારીખે હાજર થજો એ પ્રમાણે કરવામાં કસુર કરશો નહી

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૨—પકડવાનું વારંટ.

(૭૫ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે જે સખસ અથવા સખસો તે વારંટ બજાવવાના હોય તે સખસ અથવા સખસોનાં નામ તથા તે કોણ છે તે લખવું) જોગ ના રહેવાસી ની ઊપર (આ ઠેકાણે જે ગુનો હોય તે લખવો) ના ગુનાનું તોહમત છે માટે તમને આ વારંટ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમે સદરહું ને પકડીને હમારી આગળ હાજર કરો એ પ્રમાણે કરવામાં કસુર કરશો નહી.

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી)

(૭૬ મી કલમ જુઓ)

એ વારંટની પાછળ નીચે મુજબ શેરો લખી શકાય—

સદરહુ જોગ હમારી આગળ ની તારીખે હાજર થવા સારૂ અને અમે બીજી રીતનો હુકમ કરીએ ત્યાં લગી એ પ્રમાણે હાજર થવા સારૂ પોતે રકમની જામીની લખી આપે અને તેની સાથે રકમનો એક જામીન (અથવા બે જામીન દર એક રકમનો) આપે તો તેને છોડવાનો અધિકાર છે.

તારીખ માહે સને ૧૮

(સહી)

૩=વારંટની રૂઈએ પકડયા પછી ખત તથા જામીન ખત.

(૮૬ મી કલમ જુઓ)

હું (આ ઠેકાણે નામ લખવું) નો રહેવાશી ના તોમતનો જવાબ દેવા સારૂ મને હાજર થવાની જરૂર પાડવાને કાહાડેલાં વારંટની રૂઇએ ના જીલ્લા માજીસતરેટની (અથવા જે હોય તેની) આગળ મને આણ્યા ઉપરથી આ ખત લખી આપીને બંધાઉ છુ કે સદરહુ તોમતનો જવાબ દેવાને આવતા ની તારીખે ની કોરટમાં હું હાજર થઇશ અને કોરટ બીજી રીતનો હુકમ કરે ત્યાં લગી એ પ્રમાણે હાજર થયા કરીશ; અને એ બાબતમાં જો હું કસુર કરૂં તો હું બંધાઉ છુ કે મલીકામાઆઝમા રાણીસાહેબ કેશરેહિંદને રૂપીયાની રકમ મારે ગુનેગારીમાં આપવી.

તારીખ માહે સન ૧૮

(સહી)

આ ઊપરથી હું જાહેર કરૂં છું કે હું ઉપર લખેલા ના રહેવાશી નો જામીન થાઉ છુ કે જે તોમત ઉપરથી એને પકડવામાં આવ્યો છે તે તોમતનો જવાબ દેવાને તે ની કોરટમાં ની આગળ આવતા ની તારીખે હાજર થશે તથા કોરટ બીજી રીતનો હુકમ કરે ત્યાં લગી એ પ્રમાણે હાજર થયા કરશે અને એ બાબતમાં જો એ કસુર કરે તો આ ઉપરથી હું બંધાઉ છુકે મલીકામાઆઝમા રાણી સાહેબ કેસરેહિંદને રૂપીઆની રકમ મારે ગુનેગારીમાં આપવી.

તારીખ માહે સને ૧૮

(સહી)

૪ — તોમતવાળા શખ્સને હાજર થવાનુ ફરમાવવા બાબતનુ જાહેરનામુ

(૮૭મી કલમ જુઓ)

મારી આગળ ફરિયાદ કરવામાં આવીછે કે આ ઠેકાણે નામ લખવું તથા વરણન ક રવુ તથા રેહેવાનુ ઠેકાણુ લખવું)હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ પ્રમા. ણે શિક્ષા કરવા લાયક નો ગુનો કરયોછે (અથવા કરયો એવો શક આવ્યોછે અને તે ઉપરથી પકડવાનુ વારંટ કાહાડેલુ તે ઉપર એવો શેરો લખાઇ આવેલો છે કે સદર હુ(આ ઠેકાણે નામ લખવુ)જડતો નડતો નથી અને મારી ખાત્રી કરીને બનાવવામાં આવ્યુ છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું)નાસી ગયો છે,) અથવા સદરહુ વારંટ પોતાની ઉપર બજે નહી તેટલા માટે સંતાઇ જાયછે')

વાસ્તે આ જાહેરનામુ કરીને ફરમાવવામાં આવેછે કે સદરહું ના રેહે- વાસી એ આ તારીખથી દિવશ માંહે સદરહું ફરિયાદનો જવાબ દેવાને(આ ઠકાણે જગા લખવી)આં કોરટની આગલ(અથવા મારી આગળ)હાજરથવું

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૫—શાહેદને હાજર થવાનુ ફરમાવવા બાબતનું જાહેરનામુ

(૮૭ મી કલગ જુઓ)

મારી આગળ ફરિયાદ કરવામાં આવી છે કે(આ ઠેકાણે નામ લખવુ તથા વરણન કરવું તથા રેહેવાનુ ઠેકાણુ લખવુ [આ ઠેકાણે મૂખતેસરમાં ગુનો લખવો] નો ગુનો કરયો છે (અથવાકરયો એવો શક આવ્યો છે)અને (આ ઠેકાણે શાહેદનુ નામ, તે કોણુ છે તે તથા તેનુ ઠકાણુ લખવું) ને સદરહું ફરિયાદી બાબત સંબંધી જબાની આપવા આ કોરટની આગળ હાજર થવાની જરૂર પાડવાને વારંટ કાહાડવામાં આવ્યુ છે, અને સદરહું વારંટ નો ઉપર એવો શેરો લખાઇ આવેલો છે કે સદરહુ (આ હેકાણે શાહેદનુ નામ લખવુ) ની ઉપર બજાવણી થઇ શકતી નથી અને મારી ખાત્રી કરીને બતાવવામાં આવ્યુછે કે તે નાહાસી ગયો છે (અથવા સદર હુ વારંટ પોતાની ઉપર બજે નહી એટલા માટે સંતાઇ જાયછે

વાસ્તે આ જાહેર નામુ કરીને ફરમાવવામાં આવેછે કે સદદહુ (આ હેકાણે નામ લખ- વુ) ના ગુનાની ફરિયાદ થઇ છે તે ગુના સંબંધી જબાની આપવા માટે આવતા માસની તારીખે કલાકે (આ હેકાણે જગા લખવી)માં ની કોરટની આગળ હાજર થવુ

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૬—શાહેદને હાજર થવાની જરૂર પાડવા સારૂ જપ્તીનો હુકમ,

(૮૮ મી કલમ જુઓ)

નુ પોલીસ—થાણુ જે પોલીસ— અમલદારના હવાલામાં હોય તે પોલીસ અમલદાર જોગ

આ કોરટની આગળ એક ચાલુ ફરિયાદ સંબંધી શાહેદી આપવા માટે (આ ઠેકાણે નામ લખવુ તથા વરણુન કરવુ તથા રેહેવાનુ ઠેકાણુ લખવુ)ને હાજર થવાની જરૂર પાડ- વાને વારંટ યોગ્ય રીતે કાહાડવામાં આવ્યુ છે અને સદરહું વારંટની ઉપર એવો શેરો લ-

ખાઈ આવ્યો છે કે તે બજાવી શકાતુ નથી અને મારી ખાત્રી કરીને એવુ બતાવવામાં આવ્યુ છે કે તે નાસી ગયો છે (અથવા સદરહુ વારંટ પોતાની ઉપર ન બજે એટલા મા. ટે સંતાઇ જાયછે) અને તે ઊપરથી એક જાહેરનામુ યોગ્ય રીતે કહાડીને તથા પ્રસિદ્ધ કરીને તેમાં કહેલી વખતે તથા જગાએ હાજર થઈને શાહેદી આપવાનુ સદરહુ ને ફરમાવ્યુ છે અને તેણે હાજર થવામાં કસુર કરીછે,

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવેછે તથા ફરમાવામાં આવે છે કે સદરહુ ની ‚ રૂપીઆની કિમતની જે જંગમ મિલકત જિલ્લામાં તમને જડે તે તમારે પકડીને જપ્ત કરવી અને આ કોરટનો બીજો હુકમ થતાં સુધી સદરહુ મિલકત તમારે જપ્તિમાં રાખવી અને આ વારંટ કેવી રીતે બજાવ્યુ તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી)

તોમતવાળા સખસને હાજર થયાની જરૂર પાડવા સારૂ જપ્તિનો હુકમ.

(૮૮મી કલમ જુઓ)

(આ ઠેકાણે જે સખસ અથવા સખસો તે વારંટ બજાવવાના હોય તે શખસ અથવા સખસોનાં નામ તથા તે કોણ છે તે લખવુ) જોગ.

મારી આગળ ફરિયાદ કરવામાં આવી છે કે (આ ઠેકાણે નામ લખવુ તથા વરણન કરવુ તથા રહેવાનું ઠેકાણું લખવું) હિંદુસ્તાનના ફોજદારી કાયદાના કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો નો ગુનો કરયો છે કરયાનો શક આવ્યો છે), અને તે ઊપરથી પકડવાનું વારંટ કાહાડેલું તેની ઉપર એવો શેરો લખાઈ આવ્યો છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) જડતો નથી; અને મારી ખાત્રી કરીને એવું બતાવવામાં આવ્યુ છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) નાશી ગયો છે (અથવા સદરહુ વારંટ પોતાની ઉપર ન બજે એટલા માટે સંતાઈ જાય છે) અને તે ઉપરથી એક જાહેરનામુ યોગ્ય રીતે કહાડીને તથા પ્રસિદ્ધ કરીને તેમાં એવુ ફરમાવ્યું છે કે સદરહુ એ દિવસમાં સદરહુ તોહોમતનો જવાબ દેવાને હાજર થવું; અને જિલ્હાના ગામમાં (અથવા કસ્બામાં) સરકારને મેહેસૂલ આપનારી જમીન સિવાય બીજી હેઠળ લખેલી મીલકત સદરહુ ના કબજામાં છે, એટલે, એને તે મીલકત જપ્ત કરવા સારૂ હુકમ કરવામાં આવ્યો છે,——

વાસ્તે તમને આ ઊપરથી ફરમાવવામાં આવેછે કે તમારે સદર હુ મિલકત પકડીને જપ્ત કરવી અને આ કોરટનો બીજો હુકમ થતાં શુધી તેને જપ્તિમાં રાખવી અને આ વા. રંટ કેવી રીતે બજાવ્યુ તેનો શેરો લખીને તે પાછુ મોકલવુ

તારીખ માહે સન૧૮

(મોહોર) (સહી)

ડેપ્યુટી કમિશનરને કલેકટર તરીકે જપ્તિ કરવાનો અધિકાર આપવા બાબતનો હુકમ

(૮૮ મી કલમ જુઓ)

જીલ્લા ડેપ્યુટી કમીશનર જોગ

મારી આગળ એવી ફરિયાદ કરવામાં આવીછે કે (આ ઠેકાણે નામ લખવું તથા વર.

ખુન કરવુ તથા રેહેવાનુ ઠેકાણુ લખવુ) હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ પ્ર માણે શિક્ષા થઇ શકે એવો નો ગુનો કરયોછે (અથવા કરયાનો શક આવ્યો છે) અને તે ઊપરથી પકડવાનુ વારંટ કાહાડેલુ તેની ઉપર એવો શેરો લખાઇ આવ્યો છે કે સદર હું(આ ઠેકાણે નામ લખવુ) જડતો નથી અને મારી ખાત્રી કરીને એવુ બતાવવામાં આવ્યુ છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) નાહાસા ગયોછે (અથવા સદરહુ વારંટ પોતાની ઉપર ન બજે એટલા માટે સંતાઇ જાયછે અને તે ઊપરથી એક જાહેરનામુ યો-ગ્ય રીતે કહાડીને તથા પ્રસિધ્ધ કરીને તેમાં ફરમાવ્યું છે કે સદરહુ એ જીલ્લાના ગામમાં (અથવા કસ્બામાં) સરકારને મેહેસુલ આપનારી અમુક જમીન સદરહુ ના કબજામાં છે;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા અરજ કરવામાં આવે છે કે તમારે સદરહું જમીન જપ્ત કરાવવી, અને આ કોરટનો બીજો હુકમ થતાં સુધી તે જમીન જપ્તિમાં રખાવવી, અને આ હુકમની રૂઇએ તમે જે કરયું હોય તે બાબત બગર ઢીલે લખી મોકલવું.

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી)

७—શાહેદને લઇ આવવા સારૂ પ્રથમજ વારંટ

(૯૦ મી કલમ જુઓ)

(આ ઠેકાણે જે પોલીસ અમલદાર અથવા બીજો શખસ અથવા શખસો તે વારંટ બજાવવાના હોય તેનું નામ અથવા તેઓનાં નામ તથા તે કોણુ છે તે લખવુ) જોગ

મારી આગળ ફરિયાદ કરવામાં આવી છે કે ના રહેવાશી એ (આ ઠેકાણે મુખતેસરમાં ગુનો લખવો) નો ગુનો કરયો છે (અથવા કરયાનો શક આવ્યો અને (આ ઠેકાણે શાહેદનું નામ તથા તેનું વરણન લખવુ) સદરહુ ફરિયાદ સબંધી શાહેદી આપી શકશે એવો સંભવ છે; અને સદરહુ ફરિયાદની સુનાવણી વખતે તેને શાહેદ દાખલ હાજર થવાની જરૂર પાડવામાં નહીં આવે તો તે એ પ્રમાણે હાજર થશે નહીં એમ માનવાનું મને સારૂ અને પુરતુ કારણ છે,

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવેછે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) ને પકડવો, અને જે ગુનાની ફરિયાદ થઇ છે તે નમુના સબંધી તેની જબાની લેવા માટે તેને ની તારીખે આ કોરટની આગળ આણવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુછે

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૮—કોઇ મુકરર ગુનાની ખબર આવ્યા પછી ઝાડો લેવાનું વારંટ

(૯૬મી કલમ જુઓ)

(આ ઠેકાણે જે પોલીસ અમલદાર અથવા બીજો શખસ અથવા સખશો તે વારંટ બજાવવાનાં હોય તેનુ નામ અથવા તેઓનાં નામ તથા તે કોણુ છે તે લખવુ) જોગ

(આ ઠેકાણે મુખતેસરમાં ગુનો લખવો) નો ગુનો કરયા વિશે(અથવા કર્યાનો શક

આવ્યા વિશે)મારી આગળ ખબર કરવામાં આવીછે (અથવા ફરિયાદ કરવામાં આવી છે) અને સદરહુ ગુનાની (અથવા શકવાળા ગુનાની) જે ચોકસી હાલ ચાલે છે (અથવા આ લવાની તઇયારી છે)તે ચોકસી માટે(આ ઠેકાણે જે વસ્તુ હોય તે વસ્તૂ સ્પષ્ટ રીતે લખવી) રજુ કરવાની જરૂર છે એવું મને દેખાડવામાં આવ્યું છે.

વાસ્તે આ ઊપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે તે વસ્તુ લખવી) માટે (આ ઠેકાણે જે ઘરનો અથવા જગાનો અથવા તેના જે ભાગનો ઝાડો લેવો હોય તેનુ વરણુન કરવુ) માં શોધ કરવો અને તે જડે તો તાબડતોબ આ કોરટની આગળ તે રજુ કરવી અને આ વારંટ બજાવવામાં આવે એટલે તરત તમે એ વારંટની રૂઈએ જે કરયુ હોય તેનો શેરો લખીને તે પાછું મોકલવુ

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુ છે

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૯— જે જગામાં ચોરીની મિલકત વિગેરે મુકવાનો શક આવ્યો હોય
તે જગાનો ઝાડો લેવાનું વારંટ
(૯૮ગી કલમ જુઓ)

(આ ઠેકાણે કાન્સ્ટેબલથી ઊંચા દરજ્જાના પોલીસ અમલદારનું નામ તથા તેને હુકમ લખવો) જોગ

મારી આગળ ખબર રજુ કરવામાં આવી છે અને તે ઊપરથી યોગ્ય રીતે કરેલી ચોકશી ઊપરથી મારો મત થયો છે કે(આ ઠેકાણે જે ઘર અથવા બીજી જગા હોય તેનુ વરણુન કરવુ) ચોરીની મિલકત મૂકવાની (અથવા વેચવાની જગા દાખલ વપરાય છે (અથવા તે કલમમાં જણાવેલાં બીજાં કારણોમાંનાં ગમે તે કારણસારૂ તે ઘર અથવા બીજી જગા વપરાતી હોય તો તે કલમના શબ્દોમાં તે કારણ લખવું)

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે કે તથા ફરમાવામાં આવેછે કે તમારે જેટલી મદદ જોઈએ તેટલી મદદ લઇને સદરહુ ઘરમાં (અથવા બીજી જગામાં પેસવું અને તે કારણ સારૂ જરૂર પડે તો ગોગ્ય જબરી કરવી અને સદરહુ ઘરમાં અથવા બીજી જગાના અથવા ઝાડો થોડા એક ભાગનો લેવો હોય તો તે ભાગ સ્પષ્ટ રીતે લખવો. દર એક ભાગનો ઝાડો લેવો અને કાંઇ પણ મીલકત (અથવા દસ્તાવેજો અથવા સ્ટાંપો અથવા મોહોરો અથવા શિકકાઓ જેમ હોય તેમ) પકડીને કબજે લેવી (જે પ્રસંગે જરૂર હોય તે પ્રસંગે હેઠળ લખ્યા પ્રમાણે ઉમેરવુ એટલે બનાવટના દસ્તાવેજ અથવા ખોટા સ્ટાંપો અથવા ખોટી મોહોરો અથવા ખોટા શિકકા (જેમ હોય તેમ) બનાવવા માટે ફલાણાં હથિઆરો તથા સાહિત્ય રાખવામાં આવે છે એમ તમને વ્યાજબી રીતે લાગે તે હથિયારો તથા સાહિત્ય પણ પકડીને કબજે લેવાં અને સદરહું વસ્તુઓમાંની જેટલી કબજે લેવાય તેટલી વસ્તુઓ તાબડતોબ આ કોરટની આગળ આણવી અને આ વારંટ બજાવવામાં આવે એટલે તરત તમે એ વારંટની રૂઇએ જે કરયુ હોય તે શેરો લખીને તે પાછુ મોકલવુ

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુ છે

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૧૦—સુલેહ રાખવા બાબત ખત

(૧૦૬ ઠી કલમ જુઓ)

હું (આ ઠેકાણે નામ લખવુ) (આ ઠેકાણે જગા લખવી)નો રેહેવાસી ની મુદત સુધી સુલેહ રાખવા બાબત ખત કરી આપવાનુ મને ફરમાવવામાં આવ્યું છે વાસ્તે આ ખતથી બંધાઉ છુ કે હું સદર્હુ મૂદતની દરમિયાનમાં હું સુલેહનો ભંગ નહી કરૂ અથવા જેથી સુલેહનો ભંગ ઘણુ કરીને થાય એવું કાંઇ પણ કૈય નહી કરૂ અને એ બાબતમાં હું કસુર કરૂ તો હુ બંધાઉ છુ કે રૂપીઆની રકમ મારે મલિકામાઆઝમા રાણી સાહેબ કૈસરેહીંદને ગુનેગારીમાં આપવી

તારીખ માહે સન ૧૮

(સહી)

૧૧—સારી રીતે ચાલવા બાબત ખત

(૧૯૦ મી તથા ૧૧૦ મી કલમ જુઓ)

હું(આ ઠેકાણે નામ લખવું) (આ ઠેકાણે જગા લખવી) નો રેહેવાશી મલિકામાઆઝમા રાણી સાહેબ કેસરેહિંદ તરફ તથા તેમની સઘળી રઇયત તરફ (આ ઠેકાણે મુદત લખવી) ની મુદત સુધી સારી રીતે ચાલવા બાબત ખત કરી આપવાનું મને ફરમાવવામાં આવ્યું છે, વાસ્તે આ ખતથી બંધાઉ છું કે હું મલીકામાઆઝમા તરફ તથા તેમની સઘળી રઇયત તરફ સદરહુ મુદત સુધી સારી રીતે ચાલીશ અને એ બાબતમાં હું કસુર કરૂ તો હું બંધાઉ છું કે રૂપીઆની રકમ મારે મલીકામાઆઝમાને આપવી.

તારીખ માહે સન ૧૮

(સહી)

(જામીનો સાથે ખત કરી આપવાનું હોય ત્યારે હેઠળ લખેલો મચકુર ઉમેરવો) આ ઉપરથી અમે જાહેર કરીએ છીએ કે અમે ઉપર લખેલા ના જામીન થઈએ છીએ કે તે સખસ સદરહુ મુદત સુધી મલીકા માઆઝમા રાણી સાહેબ કૈસરેહિંદ તરફ તથા તેમની સઘળી રઈયત તરફ સારી રીતે ચાલશે અને એ બાબતમાં તે સખસ કસુર કરે તો અમે એકઠા તથા જુદા જુદા બંધાઈએ છીએ કે રૂપીઆની રકમ અમારે મલીકા માઆઝમાને ગુન્હેગારીમાં આપવી.

તારીખ માહે સને ૧૮

(સહી)

૧૨,—સુલેહનો ભંગ થવાના સંભવ વિશે ખબર આવ્યા ઉપરથી સમન.

(૧૧૪ મી કલમ જુઓ.)

ના રહેવાશી જોગ

ખાત્રી લાયક ખબર ઉપરથી મને એવું દેખાડવામાં આવ્યું છે કે (આ ઠેકાણે તે ખબર નો સાર લખવો) અને તમે સુલેહનો ભંગ (અથવા જેથી સુલેહનો ભંગ ઘણું કરીને થશે એવું કાંઇ કૃત) કરશો એવો સંભવ છે. વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે ની મુદત સુધી તમે સુલેહ રાખશો એવું એક ખત રૂપીઆનું કરી આપવાનું (જામીનો જોઈતા હોય ત્યારે આ પ્રમાણે ઉમેરવું— અને વળી એક (અથવા બે, જેમ હોય તેમ લખવું) જામીન પાસે (અથવા એક કરતાં વધારે જા-

મીનો હોય તો લખવું કે દરએકની પાસે) .... રૂપીઆની રકમનું ખત લખાવી આપીને તારણ આપવાનું'), તમને શા સારૂ નહી ફરમાવવું જોઇએ તેનું કારણ બતાવવાને તમારે સન ૧૮ ના ની તારીખે સવારમાં દશ કલાકે આ માજીસ્ટ્રેટની ઓફીસમાં જાતે (અથવા કોઈ યોગ્ય અધિકારવાળા મુખત્યારની મારફતે) હાજર થવું.

મારી સહી તથા કોરટની મોહોર કરી આપ્યો છે. તારીખ માહે સને ૧૮

મોહોર) (સહી)

૧૩.—સુલેહ રાખવા બાબત કારણ ખોળી આપવામાં કસુર કરેથી કેદ કરવાનું વારંટ.

(કલમ ૧૨ જુઓ.)

સુપ્રીનટેન્ટડેન્ટ (અથવા કીપર) જોગ. ની તુરંગ

(આ ઠેકાણે નામ તથા રેહેવાનું ઠેકાણું લખવું) ની ઉપર સમન કાહાડીને તેને ફરમાવેલું કે મહીનાની મુદત સુધી તમે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) સુલેહ રાખશો તે બાબત એક જામીન સાથે , રૂપીઆનું ખત અથવા રૂપીઆનો દરેક એવા બે જામીન સાથે ખત) તમારે શા સારૂ નહી કરી આપવું જોઇએ તેનું કારણ તમારે બતાવવું, તે સમનની રૂઇએ તે ની તારીખે મારી આગળ પોતાની જાતે (અથવા પોતાના અધિકારવાળા મુખત્યાર મારફતે) હાજર થએલો અને તે વખતે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને હુકમ કરીને એવું ફરમાવેલું કે તમારે સદરહું ખત લખી આપવું તથા સદરહુ જામીન ખોળી આપવો (હુકમમાં ફરમાવેલું તારણ સમનમાં લખેલા તારણથી જુદું હોય ત્યારે તે લખવું), અને તેણે સદરહુ હુકમ પ્રમાણે ચાલવામાં કસુર કરી છે.

વાસ્તે આ ઊપરથી તમને સદરહુ સુપ્રીનટેન્ડેન્ટને (અથવા કીપરને) અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહું (આ ઠેકાણે નામ લખવું ને આ વારંટ સુધાં તમારા હવાલામાં લેવો, અને તેને (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદત સુધી સદરહુ તુરંગમાં સહી સલામતે રાખવો પણ જો દરમિયાનમાં તે પોતાની જાતે તથા પોતાના જામીન અથવા (જામીનો) સાથે સદરહુ ખત લખી આપે તો તે લેવુ અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) અને છુટો કરવો અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે.

તારીખ માહે સન ૧૮

(સહી)

૧૪.—સારી રીતે ચાલવા બાબત તારણ ખોળી આપવામાં કસૂર કરેથી કેદ કરવાનું વારંટ.

(૧૨૩ મી કલમ જુઓ.)

ની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

(આ ઠેકાણે નામ લખવું તથા વર્ણન કરવું) ના જીલ્લામાં સંતાયા કરે છે તથા સંતાય છે, અને તેની પાસે ગુજરાનનું કાંઈ સાધન જણાતું નથી (અથવા, અને તે પોતાને વિશે કાંઈ ખાત્રી ભરેલા જવાબ આપી શકતો નથી) એવું મને દેખાડવામાં આવ્યું છે,

અથવા

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું) ની સામાન્ય આબરૂ વિષે પુરાવો મારી આગળ આણ્યો છે અને દફતરમાં દાખલ કરયો છે તે ઉપરથી જણાય છે કે તેને અપહરણ કરવાની (અથવા ઘર ફોડવાની વગેરે જેમ હોય તે પ્રમાણે લખવું) ટેવ છે,

અને દફતરમાં એક હુકમ દાખલ કરયો છે તેમાં સદરહુ વાત જણાવી છે અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને ફરમાવ્યું છે કે તમારે (આ ઠેકાણે મુદત લખો.) ની મુદત સુધી સારી રીતે ચાલવા સારૂ એક જામીન સાથે (અથવા બે અથવા વધારે જામીન સાથે, જેમ હોય તેમ) એક ખત તમારી જાતને માટે રૂપીઆનું અને સદરહુ જામીન માટે (અથવા સદરહુ જામીનોમાંના દરએક જણને માટે) રૂપીયાનું લખી આપીને તારણ આપવું, અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) સદહું હુકમ પ્રમાણે ચાલવામાં કસુર કરી છે. અને સદરહું કસુર માટે એવું ઠરાવ્યું છે કે તેણે (આ ઠેકાણે મુદત લખવી] સુધી કેદ ભોગવવી, પણ જો તે મુદત પૂરી થતાં પહેલાં સદહું તારણ આપવામાં આવે તો પછી તેમ કરવું પડશે નહી.

વાસ્તે આ ઉપરથી તમને સદહું સુપરીનટેન્ડેન્ટને (અથવા કીપરને) અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહું (આ ઠેકાણે નામ લખવુ ને આ વારંટ સુદ્ધાં તમારા હવાલામાં લેવો, અને તેને સદરહુ તુરંગમાં (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની સદરહુ મુદત સુધી સહી સલામત રાખવો, પણ જો દરમિયાનમાં તે પોતાની જાતે તથા પોતાના જામીન સાથે (અથવા જામીનો સાથે) સદરહુ ખત લખી આપીને સદરહુ હુકમ પ્રમાણે ચાલે તો તે ખત લેવુ અને સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) ને છુટો કરવો અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરા લખીને પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે.

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી)

૧૫—તારણ આપવામાં કસુર કરેથી કેદ કરેલા સખસને છોડી મુકવાનું વારંટ.

(૧૨૩ મી તથા ૧૨૪ મી કલમ જુઓ.)

ની તુરંગના સૂપીનટેન્ડેન્ટ (અથવા કીપર) અથવા બીજા જે અમલદારના હવાલામાં તે સખસ હોય તે અમલદાર) જોગ

(આ ઠેકાણે કેદીનું નામ લખવું તથા વરણન કરવુ) ને ની તારીખનાં આ કોરટના વારંટની રૂઈએ તમારા હવાલામાં સોંપેલો અને ત્યાર પછી તેણે ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ મુજબ યોગ્ય રીતે તારણ આપ્યું છે,

અથવા

અને લોકોને જોખમ પોંહોંચાડયા વગર તેને છુટો કરી શકાશે એમ માનવાના પુરતા સબબ મને જણાયા છે,

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને બીજા કાંઈ કારણસર અટકાવી રાખવો યોગ્ય નહી હોય તો તેને તમારા હવાલામાંથી તાબડતોબ છોડી મૂકવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે.

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી.)

૧૬—અપકારક વસ્તુ ખસેડવા બાબત હુકમ.

(૧૩૩ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે નામ લખવુ તથા વરણન કરવું તથા રહેવાનું ઠેકાણુ લખવુ) જોગ

જે સારવજનિક રસ્તો (અથવા બીજી સારવજનિક જગા) વગેરે (આ ઠેકાણે તે રસ્તાનું અથવા સારવજનિક જગાનુ વરણન કરવુ) તે વાપરનારા લોકોને વગેરે (આ ઠેકાણે તે અડચણ અથવા અપકારક કૃત્ય શાથી થાય છે તે લખવુ) તમે અડચણ કરીછે (અથવા અપકારક કૃત્ય) કરયુ છે, અને સદરહું અડચણ (અથવા અપકારક કૃત્ય) હજુ ચાલુ છે એવુ મને દેખાડવામાં આવ્યું છે.

અથવા

તમે ધણી અથવા વહીવટદાર દાખલ (આ ઠેકાણે મુકરર વેપાર અથવા ધંધો લખવો તથા જે જગાએ તે ચલાવવામાં આવતો હોય તે જગા લખવી) નો વેપાર અથવા ધંધો ચલાવો છો, અને (આ ઠેકાણે મૂખતેસરમાં કેવી રીતે નુકશાનકારક અસર થાય છે તે લખવુ) સબબથી તે વેપાર અથવા ધંધો લોકોની તનદુરસ્તીને (અથવા સુખને) નુકશાનકારક છે, અને તે બંધ પાડવો જોઈએ અથવા બીજી જગાએ લઇ જવ જોઇએ એવુ મને દેખાડવામાં આવ્યું છે.

અથવા

તમે (આ ઠેકાણે સારવજનિક રસ્તાનું વરણન કરવુ) સારવજનિક રસ્તાની પાસેના એક તળાવ (અથવા કુવા અથવા ખાડા) ના ધણી છો (અથવા તે તમારા કબજામાં અથવા અખત્યારમાં છે) અને સદરહુ તળાવને (અથવા કુવાને અથવા ખાડાને) વાડ નથી (અથવા જોખમ ભરેલી રીતે વાડ કરેલી છે) તે સબબથી લોકોની સલામતાને જોખમ પોહોંચ્યું છે.

અથવા

વગેરે, વગેરે, (જેમ હોય તેમ)

વાસ્તે હું તમને આ ઉપરથી હુકમ કરૂ છુ તથા ફરમાવુ છુ કે તમારે આ ઠેકાણે આપેલી મુદત લખવી) માહે (આ ઠેકાણે તે અપકારક કૃત્ય બંધ કરવા માટે શું કરવું જોઇએ તે લખવું) અથવા આવતા   ની . તારીખે   માં   ની કોરટમાં હાજર થવું, અને આ હુકમ શા સારૂ અમલમાં નહી લાવવો જોઇએ તેનું કારણ બતાવવું.

અથવા

હું તમને આ ઉપરથી હુકમ કરૂ છું તથા ફરમાવુછું કે તમારે (આ ઠેકાણે આપેલી મુદત લખવી) માંહે સદરહુ જગાએ સદરહુ વેપાર અથવા ધંધો ચલાવવાનું બંધ કરવુ. ને ફરીથી તે ચલાવવો નહી અથવા જે જગાએ સદરહુ વેપાર હાલ ચલાવવામાં આવે અને તે જગાએથી તે ખસેડવો અથવા હાજર થવુ વગેરે,

અથવા

હું તમને આ ઉપરથી હુકમ કરૂ છુ તથા ફરમાવુ છુ કે તમારે (આ ઠેકાણે આપેલી મુદત લખવી) માંહે (આ ઠેકાણે વાડનો પ્રકાર તથા વાડ કરવાનો ભાગ લખવો) પાકી વાડ કરવી અથવા હાજર થવુ વગેરે

અથવા

હુ તમને આ ઉપરથી હુકમ કરૂ છુ તથા ફરમાવુ છું કે વગેરે વગેરે, (જેમ હોય તેમ લખવુ).

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે

તારીખ માહે સને ૧૮

(મોહોર (સહી)

૧૭—જ્યુરી રચવા બાબત માજીસ્ટરેટનો હુકમ.

(૧૩૮ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે નામ લખવું)ની ઊપર સન ૧૮ ના ની તારીખે એક હુકમ કાહાડીને તેને ફરમાવેલું કે [આ ઠેકાણે તે હુકમની મતલબ લખવી)'. અને સદરહુ હુકમ વ્યાજબી અને યોગ્ય છે કે નહી તેનો ઇન્સાફ કરવા માટે જ્યુરી નિમવાનો હુકમ કરવા બાબત સદરહું (આ ઠેકાણે નામ લખવું) ની તારીખની અરજી મને કરી છે વાસ્તે સદરહુ તકરાર સંબંધી ઈન્સાફ કરીને ઠરાવ કરવા સારૂ હું આ ઉપરથી (આ ઠેકાણે પાંચ અથવા વધારે જ્યુરરોનાં નામ વગેરે લખવાને જ્યુરી નિમુ છુ અને સદરહું જ્યુરીને ફરમાવું છું કે તેમણે પોતાના ઠરાવનો રિપોરટ આ હુકમની તારીખથી દીવસમાં માં મારી આફિસમાં મોકલવો

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે'

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી)

૧૮—જ્યુરીનો ઠરાવ થાય પછી માજીસ્ટરેટની નોટીસ તથા સખત હુકમ.

[૧૪૦ મી કલમ જુઓ,

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણુ લખવું) જોગ.

આ ઉપરથી હું તમને નોટીસ આપુ છુ કે ની તારીખે તમે કરેલી અરજી ઉપરથી યોગ્ય રિતે નિમેલી જ્યુરીએ એવું ઠરાવ્યુ છે કે ની તારીખે હુકમ કાહાડીને [આ ઠેકાણે તે હુકમમાં જે ફરમાવ્યુ હોય તેનો સાર લખવો] એ મુજબ તમને ફરમાવેલુ તે હુકમ વ્યાજબી અને યોગ્ય છે તે હુકમ નક્કી કર્યો છે અને હું તમને હુકમ કરૂ છુ તથા ફરમાવુ છુ કે તમારે(આ ઠેકાણે આપેલી મુદત લખવી)માં હે સદરહું હુકમ પ્રમાણે ચાલવુંઅને જો તે પ્રમાણે નહી ચાલો તો તે બાબત હિંદુસ્તાનના ફોજદારી કાયદાથી ઠરાવેલા શિક્ષાને પાત્ર થશો

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે,

તારોખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૧૯—જ્યુરીની ચોકશી થતા સુધી તુરત ન જોખમ થાય એવો બંદોબસ્ત કરવા બાબત તાકીદ હુકમ.

(૧૪૨ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે નામ લખવુ તથા વરણન કરવું તથા રહેવાનું ઠેકાણું લખવું) જોગ.

સન ૧૮ ના ની તારીખે કાહાડેલો મારો હુકમ વ્યાજબી અને યોગ્ય છે કે નહી તેનો ઈનસાફ કરવાને નિમેલી જ્યુરીની ચોકસી હજુ ચાલે છે. અને સદરહુ

હુકમમાં કહેલું અપકારક કૃત્ય લોકને તુરત થાય એમ ભારે જોખમવાળુ છે જેથી તે જોખમ અટકાવવા માટે તાબડતોબ ઇલાજ કરવાની જરૂર છે એવું મને દેખાડવામાં આવ્યું છે, વાસ્તે ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૧૪૨ મી કલમના ઠરાવો પ્રમાણે હું તમને આ ઉપરથી ફરમાવું છું તથા તાકીદ આપું છું કે જયુરીની સ્થાનિક ચોકસીનું પરિણામ જણાતાં સુધી તમારે તાબડતોબ (આ ઠેકાણે થોડી મુદત સારૂ રક્ષણ દાખલ જે કરવાનું હોય તે સ્પષ્ટ રીતે લખવું).

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે,

તારીખ　　　માહે　　　　　　　　　સન ૧૮

(મોહોર)　　　　　　　　　　　　　　　　(સહી)

૨૦—અપકારક કૃત્ય ફરીથી કરવા વિગેરેની મના કરવા બાબત માજીસ્ત્રેટનો હુકમ
(૧૪૩ મી કલમ જુઓ)

(આ ઠેકાણે નામ લખવું તથા વરણુન કરવું તથા રહેવાનુ ઠેકાણું લખવું) જોગ

મને એવું દેખાડયું છે કે વગેરે (આ ઠેકાણે પ્રસંગ પ્રમાણે ૧૯ મા નંબરના અથવા ૨૧ મા નંબરના નમૂના પ્રમાણે યોગ્ય મચકુર લખવો,

વાસ્તે હું તમને આ ઉપરથી સખત તાકીદ આપુ છુ કે તથા ફરમાવુ છુ કે (આ ઠેકાણે જેવી હકીકત હોય તે પ્રમાણે લખવુ) ફરીથી મુકીને અથવા મુકાવીને અથવા મૂકવા દઈને તમારે સદરહુ અપકારક કૃત્ય ફરીથી કરવુ નહી.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે.

તારીખ　　　માહે　　　　　　　　　સન ૧૮

(મોહોર)　　　　　　　　　　　　　　　　(સહી)

૨૧—અડચણ, હંગામો વગેરે અટકાવવા બાબત માજીસ્ત્રેટનો હુકમ.
(૧૪૪ મી કલમ જુઓ)

(આ ઠેકાણે નામ લખવું તથા વરણુન કરવું તથા રહેવાનું ઠેકાણુ લખવુ) જોગ

(આ ઠેકાણે મિલકતનું સ્પષ્ટ રીતે વરણુન કરવું) તમારા કબજામાં (અથવા વહિવટમાં) છે, અને તમે સદરહુ જમીનમાં એક મોરી ખોદીને તેમાંથી નિકળેલી માટી તથા પથરાનો કેટલોક ભાગ પાસેના સારવજનિક રસ્તા ઉપર નાખવાની અથવા મુકવાની તઈયારીમાં છો જેથી તે રસ્તો વાપરનારા માણસોને અડચણ થવાનુ જોખમ થાય એમછે. એવુ મને દેખાડવામાં આવ્યું છે;

અથવા

તમે તથા બીજા કેટલાએક માણસો (આ ઠેકાણે જે વરગના માણસો હોય તે વરગ લખવો મળીને ધરમ સંબંધી સ્વારીમાં સારવજનિક રસ્તા આગળથી જવાની તઈયારીમાં છો. વગેરે (જેવી હકીકત હોય તેમ લખવુ), અને સદરહુ સ્વારીથી હંગામો અથવા બખેડો થવાનો સંભવ છે, એવું મને દેખાડવામાં આવ્યું છે.

અથવા.

વગેરે, વગેરે, (જેવી હકીકત હોય તેમ લખવું)

વાસ્તે હું તમને આ ઉપરથી ફરમાવુ છુ કે તમારે તમારી જમીનમાંથી ખોદેલી મા

ટી અથવા પથરાનો કાંઇ પણ ભાગ સદરહું રસ્તાના કોઇ પણ ભાગમાં મુકવો નહી અ-થવા મુકવા દેવો નહી.

અથવા

હું આ ઉપરથી તે સવારીને સદરહું રસ્તા આગળથી જવાની મના કરૂ છુ, અને તમને સખત ચેતવણી તથા તાકીદ આપૂ છું કે તમારે સવારીમાં કાંઇ પણ ભાગ લેવો નહીં (અથવા જે બાબત લખી હોય તેમાં જોઈએ તેમ લખવું).

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે.

તારીખ માહે સન ૧૮

મોહોર —— (સહી)

૨૨—તકરારી જમીન વગેરેનો કબજો રાખવાનો હક કયા પક્ષકારનો છે તે ઠરાવવા બાબત માજીસ્ત્રેટના હુકમ.

(૧૪૫ મી કલમ જુઓ)

સુલેહનો ભંગ થવાનો સંભવ રહે એવી એક તકરાર મારી હકુમતની સ્થાનિક હદ માંહે આવેલી અમુક (આ ઠેકાણે મુખતેસરમાં તકરારનો વિષય લખવો) સંબંધી (આ ઠેકાણે નામ તથા રહેવાનું ઠેકાણુ લખીને અથવા તકરાર ગામના લોકોની ટોળીઓ વચ્ચે હોય તો ફકત રહેવાનું ઠેકાણું લખીને, પક્ષકારોનુ વરણુન કરવું) ની વચ્ચે થયલી એવુ દફતરમાં યોગ્ય રીતે દાખલ કરેલા સબબો ઉપરથી મને જણાયાથી સદરહુ સરવે પક્ષકારોને ફરમાવેલું કે તમારે સદરહુ (આ ઠેકાણે તકરારનો વિષય લખવો) ના ખરેખરા કબજાની વાત સબંધી પોત પોતાના દાવાની લખેલી કેફીયત આપવી, અને તે ઉપરથી, કબજો કરવાના કાયદેસર હક સબંધી સદરહું પક્ષકારોમાંના કોઇ પણ પક્ષકારના દાવાના ગુણદોશ તરફ નજર ન કરતાં યોગ રીતે કરેલી ચોકસી ઉપરથી મારી ખાત્રી થઇ છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું અથવા નામો લખવાં અથવા વરણુન કરવુ) ખરેખરા કબજાનો જે દાવો કરયો તે ખરો છે.

વાસ્તે હું ઠરાવુ છુ તથા જણાવું છુ કે સદરહું (આ ઠેકાણે તકરારનો વિષય લ-ખવો) નો કબજો તેની (અથવા તેઓની) પાસે છે, અને કાયદાની યોગ્ય રીતે કહાડી મુકવામાં આવે ત્યાં સુધી સદરહુ કબજો રાખવાનો તેનો (અથવા તેઓનો) હક છે અને દરમિયાન તેના (અથવા તેઓના) કબજામાં કાંઇ પણ અડચણ કરવાની હું સખત મના કરૂ છું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે,

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૨૩—જમીન વગેરેના કબજા સબંધી તકરારની બાબતમાં જપ્તિનું વારંટ.

(૧૪૬ મી કલમ જુઓ.)

નુ પોલીસ થાણુ જે પોલીસ અમલદારના હવાલામાં હોય તે પોલીસ અમલદાર જોગ (અથવા ના કલેકટર જોગ)

સુલેહનો ભંગ થવાનો સંભવ રહે એવી એક તકરાર મારી હકુમતની સ્થાનીક હદ માંહે આવેલી અમુક (આ ઠેકાણે મુખતેસરમાં તકરારનો વિષય લખવો) સબંધી (આ ઠેકાણે નામ તથા રહેવાનું ઠેકાણું લખીને, અથવા જો તે તકરાર ગામના લોકોની ટોળીઓ

વચ્ચે હોયતો, ફક્ત રહેવાનુ ઠેકાણુ લખીને પક્ષકારોનુ વરણુન કરવુ) વચ્ચે હતી એવું મને દે ખાડવામાં આવ્યું છે, અને તે ઉપરથી સદરહુ પક્ષકારોને યોગ્ય રીતે ફરમાવેલુ કે સદરહુ (આ ઠેકાણે તકરારનો વિષય લખવો) ના ખરેખરા કબજાની વાત સંબંધી તમારે પોત પોતાના દાવા લખીને જાહેર કરવા, અને સદરહુ દાવા સબંધી યોગ્ય રીતે ચોકસી કરવા ઉપરથી મેં ઠરાવ્યું છે કે સદરહુ (આ ઠેકાણે તકરારનો વિષય લખવો) નો કબજો સદરહુ પક્ષકારોમાંના કોઈ પક્ષકારની પાસે નથી (અથવા સદરહુ પક્ષકારોમાંના કયા પક્ષકારનો સદર હુ પ્રમાણે કબજો હતો એ વિશે મારી ખાત્રી થઇ શકતી નથી,)

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવેછેકે તમારે સદરહુ (આ ઠેકાણે તકરારનો વિષય લખવો) નો કબજો લઇને તથા રાખીને જપ્ત કરવી. અને પક્ષકારોના હકનો અથવા કબજાના દાવાનો નિકાલ કરવા બાબત કો ઈ યોગ્ય અધીકાર વાળી કોરટનું હુકમનામુ અથવા હુકમ મેળવવામાં આવે ત્યાં સુધી સદ રહુ (આ ઠેકાણે તકરારનો વિષય લખવો) રાખવી; અને આ વારંટ કેવી રીતે બજાવ્યુ તે નો શેરો લખીને તે પાછુ મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુ.

તારીખ માહે સને ૧૮

(મોહેર) (સહી)

૨૪—જમીન અથવા પાણી ઉપર કાંઇ પણ વસ્તુ કરવાની મના કરવા બાબત માજીસ્ટરેટનો હુકમ

(૧૪૭ મી કલમ જુઓ)

મારી હકુમતની હદમાંહે આવેલી (આ ઠેકાણે મુખતેસરમાં તકરારનો વિશય લખવો) વાપરવાના હક સબંધી તકરાર ઉતપન્ન થઇ છે અને તે જમીન (અથવા પાણી) નો કબજો સઘળો પોતે લેવાનો દાવો (આ ઠેકાણે જે સખસ અથવા શખસો હોય તેનુ અથવા તેઓનું વરણુન કરવુ) કરયો છે અને તે બાબતમાં યોગ્ય રીતે ચોકસી કરવા ઉપરથી મને જણાયું છે કે સદરહુ જમીન (અથવા પાણી) એ પ્રમાણે વાપરવાનો ભોગવટો કરવાની છુટ લોકોને (અથવા જે કોઈ શખસ હોય અથવા કોઈ વરગના માણસો હોય તો તેનુ અથવા તેઓનું વરણુન કરવુ) છે; અને (જો તે ભોગવટો આખા વરસમાં થઇ શકે એવો હોય તો) સદરહૂ ચોકસીનો પ્રારંભ થવાં પહેલાં અથવા અ,નીઆં૪)ફેણુન ૧૩૬ જો તે ભોગવટો ફક્ત અમુક મોસમમાં થઇ શકે એવો હોય તો, કહેવુ કે "જે મોસમોમાં સદરહુ ભોગવટો કરી શકતો હોય તેમાંની છેલી મોસમમાં" સદરહુ ભોગવટો કરવામાં આવ્યો છે

વાસ્તે હુ હુકમ કરૂ છુ કે સદરહુ (કબજાનો દાવાદાર અથવા દાવાદારો) કબજા કરવાનો હક ફક્ત પોતાનોજ છે એવું ઠરાવવા બાબત કોઇ યોગ્ય અધિકારવાળી કોરટનું હુકમનામુ અથવા હુકમ મેળવે ત્યાં સુધી તેણે (અથવા તેઓએ) અથવા તેઓના હિત સંબંધમાંના કોઇએ પણ ઉપર કહયા મુજબ વાપરવાના હકનો ભોગવટો કાહાડી નાંખીને સદરહુ જમીન (અથવા પાણીનો કબજો લેવો (અથવા રાખવો) નહી.

મારી સહીતથા કોરટની મોહોર કરીને આપ્યો છે

તારીખ માહે સન ૧૮

મોહોર સહી

૨૫—પોલીસ અમલદારની આગળ પ્રથમ ચોકશી થયા ઉપરથી ખત તથા જામીનખત
(૧૬૯ મી કલમ જુઓ)

હું, (આ ઠેકાણે નામ લખવું, નો રહેવાશી, મારી ઉપર ના ગુનાનું તોહમત મુક્યા ઉપરથી, અને ચોકશી કરવા પછી ના માજીસ્ટ્રેટની આગળ હાજર થવાનું મને ફરમાવ્યાથી.

અને ચોકશી કરવા પછી, મને જ્યારે ફરમાવવામાં આવે ત્યારે હાજર થવા સારૂ મારો પોતાનો મૂચલકો કરી આપવાનું મને ફરમાવ્યાથી.

આ ઉપરથી બંધાઉ છુ કે સદરહુ તોહમતનો વધારે જવાબ દેવાને માં ની કોરટમાં આવતા ની તારીખે (અથવા જે દિવસે હાજર થવાનું મને હવે પછી ફરમાવવામાં આવે તે દિવસે) હાજર થઈશ. અને આ બાબતમાં જો હુ કસુર કરૂ તો હુ બંધાઉ છું કે મલીકા માઆઝમા રાણી સાહેબ કઇસરે હિંદને રૂપીઆની રકમ મારે ગુનેગારીમાં આપવી.

તારીખ માહે સન ૧૮

(સહી)

આ ઉપરથી હુ એકરાર કરૂ છું (અથવા અમે દરએક એકઠા તથા જુદા જુદા એકરાર કરીએ છીએ કે ઉપર કહેલા માટે હુ જામીન થાઉ છુ કે (અથવા અમે જામીન થઇએ છીએ કે તે પોતાની ઉપરના ચાલુ તોહોમતનો વધારે જવાબ દેવાને માં ની કોરટમાં આવતા ની તારીખે (અથવા જે દિવસે હાજર થવાનું તેને હવે પછી ફરમાવવામાં આવે તે દિવસે) હાજર થશે અને એ બાબતમાં જો તે કસુર કરે તોઆ ઉપરથી હુ બંધાઉ છું અથવા ઉપરથી અમે બંધાઇએ છીએ કે મલીકા માઆઝમા રાણી સાહેબ કઇસરે હિંદને રૂપીઆની રકમ મારે (અથવા અમારે) ગુનેગારીમાં આપવી.

તારીખ માહે સન ૧૮ (સહી)

ફરીયાદનુ કામ ચલાવવા અથવા શાહેદી આપવા બાબત ખત,
(૧૭૦ મી કલમ જુઓ)

હું, (આ ઠેકાણે નામ લખવુ), (આ ઠેકાણે જગા લખવી) નો રેહેવાસી, આ ઉપરથી બંધાઉ છુ કે હુ માં ની કોરટમાં આવતા ની તારીખે કલાકે હાજર થઇશ, અને તેજ વખતે તથા તેજ ઠેકાણે અ બ નામના શખસની ઉપર નાં તોહમતની બાબતમાં ફરિયાદનુ કામ ચલાવીશ(અથવા ફરિયાદનુ કામ ચલાવીશ તથા શાહેદી આપીશ અથવા શાહેદી આપીશ. જેવી હકીકત હોય તે પ્રમાણે લખવું), અને આ બાબતમાં કસુર કરૂ તો હું બંધાઉ છુ કે મલીકા માઆઝમાં રાણી સાહેબ કૈસરેહિંદને રૂપીયાની રકમ મારે ગુનેગારીમાં આપવી.

તારીખ માહે સન ૧૮

(સહી)

૨૭—કમિટ કરવા બાબત માજીસ્ટ્રેટે સરકારી પ્લીડરને નોટિસ આપવા બાબત.
(૨૧૮મા કલમ જુઓ)

ના માજીસ્ટરેટ આ ઉપરથી નોટિસ આપે છે કે તેમણે નામનાએ

ક શખસને આવતી સેશનમાં ઈન્સાફ થવા સારૂ કમિટ કરયો છે; અને તે માજીસ્ટરેટ સદર હુ મુકદમામાં ફરિયાદનું કામ ચલાવવા બાબત સરકારી પ્લીડરને આ ઉપરથી સુચના આપેછે.

તોહોમતવાળાની ઊપર તોહોમત એવું છે કે, વગેરે (આ ઠેકાણે તોહોમતનામામાં જે પ્રમાણે હોય તે પ્રમાણે ગુન્હો લખવો.)

તારીખ માહે સન ૧૮

(સહી)

૨૮– તોહોમતનામાં.

(૨૨૧મી, ૨૨૨મી, ૨૨૩મી કલમ જુઓ.)

(૧)—એક મથાળાં વાળાં તોહોમતનામાં.

(અ) હું, (આ ઠેકાણે માજીસ્ટેરેટ વગેરેનું નામ તથા હુદ્દો લખવો,) તમે (આ ઠેકાણે તોહોમતવાળાનું નામ લખવું) ઉપર હેઠળ લખ્યા મુજબ તોહોમત મુકું છું:—

(બ) કે તમે ની તારિખે અથવા તે અરસામાં મલીકા માઆઝમા રાણી સાહેબ કૈસરેહિંદની સામુ લડાઇ કરી, અને

ફોજદારી કાયદાની તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૧ મી કલમ પ્રમાણે

૧૨૧ મી કલમ શિક્ષા થઇ શકે એવો, તથા સેશન કોરટ(જયારે તોમતનામુ કોઇ

ઉપરથી પ્રેસીડેન્સી માજીસ્ટરેટે કરયુ હોય ત્યારે શેસન કોરટને બદલે"હે "કોરટ" એ શબ્દો દાખલ કરવા) સાંભળી શકે એવો ગુન્હો કરયો

(ક) અને આ ઊપરથી હું ફરમાવુ છુ કે સદરહુ તોમત બાબત સદરહુ કોરટે તમારો ઇનસાફ કરવો,

(માજીસ્ટરેટની સહી તથા મોહોર')

(બ) ને બદલે દાખલ કરવુ:—)

(૨) કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં હિંદુસ્તાનના ગવરનર જનરલની કૌંસિલના મેમ્બર નામદાર અ. બ. પોતા.

૧૪૪ મી કલમ મુજબ ના હુદાની રૂએ કાયદેસર અખતિયાર ચલાવે નહી એમ તેમને લલચાવવાનાઈરાદાથી સદરહુ મેમ્બર ઊપર હુમલો કરયો અને તે ઉ

પરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૪ મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો' તથા સેશન કોરટ (અથવા હાઇકોરટ સાંભળી શકે એવો, ગુનોહ કરયો,

(૩) કે તમે *ખાતામાં સરકારી નોકર છતાં હુદાને લગતુ કાંઈ કત્ય નહી કરવા ના હેતુથી પ્રત્યક્ષ (આ ઠેકાણે નામ લખવુ) ની પાસેથી બીજા—

૧૬૧ મી કલમ મુજબ એક શખસ (આ ઠેકાણે નામ લખવું) સારૂ કાયદેસર મેહેનત સિવાય બીજા પ્રકારનો અવેજ કબુલ કર્યો, અને તે ઉપરથી હિંદુ—

સ્તાનના ફોજદારી કાયદાની ૧૬૧ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઇ કોરટ) સાંભળી શકે એવો, ગુનોહ કર્યો.

(૪) કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં કર્યું (અથવા કરવામાં કસુર કરી, જેમ હોય તેમ લખવું) અને

૧૬૬ મી કલમ મુજબ સદરહુ વરતણુક આકટની કલમ ના ઠરાવોની વિરૂદ્ધ હતી,. અને ને નુકશાનકારક

છે એવુ તમે જાણુતા હતા, અને તે ઉપરથી તમે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૬૯ મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો, ગુનો કરયો.

(૫). કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ની આગળ નો ઈનસાફ ચાલતી વખતે શાહેદીમાં કહ્યુ કે " ", અને એ મજકુર ખોટો છે એવુ. તમે જાણેલું અથવા માનેલું, અથવા તે ખરો છે એવું તમે માનેલું નહીં અને તે ઉપરથી તમે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૩મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો ગુનો કરયો.

૧૯૩મી કલમ મુજબ

(૬) કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં નું મોત આણીને ખુનથી ઉતરતા દરજાનું શિક્ષણીય મનુષ્યવધ કરયું. અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૦૪મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો, ગુનોહ કરયો.

૩૦૪થી કલમ મુજબ

(૭) કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં અ. બ. નામનો એક સખસ નિશાના આવેશમાં હતો તેનો આત્મઘાત કરવામાં મદદગારી કરી, અને તે ઉપરથી હિંદુસ્તાનના રીકયાજાખરદાની ૩૦૬ ઠી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો, ગુન્હો કરયો.

૩૦૬ઠી કલમ મુજબ

(૮). કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ને બુધ્ધિપુરવક મહાવ્યથા કરી, અને તે ઉપરથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૨૫ મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો તથા.સેશન કોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૩૨૫મી કલમ મુજબ

(૯). કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં (આ ઠેકાણે નામ લખવું) નું અપહરણ કરયું, અને તે ઉપરથી તમે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૯૨મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૩૯૨મી કલમ મુજબ

(૧૦). કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૯૫મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો ડાકાઈટીનો સેશન કોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૩૯૫ મી કલમ મુજબ

(જે મુકદમાનો ઈનસાફ માજીસ્ત્રેટો કરે તે મુકદમામાં " સેશન કોરટ સાંભળી શકે એવો" એ શબ્દોને બદલે "મારાથી સાંભળી શકાય એવો" એ શબ્દો દાખલ કરવા. અને (ક) માં "સદરહુ કોરટે" એ શબ્દો મુકી દેવા.)

(૨)—બે અથવા વધારે.

મથાળાંવાળાં તોહમતનામા.

(અ) હું (આ ઠેકાણે માજીસ્ટ્રેટ વગેરેનું નામ તથા હોદ્દો લખવો) તમે (આ ઠેકાણે તોહમતવાળા સખસનું નામ લખવું) ઉપર હેઠળ લખ્યા મુજબ તોહમત મુકુ છું:—

(બ) પહેલું.—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં એક શિક્કો ખોટો છે એવું જાણીને અ. બ. નામના બીજા એક સખસને તે શિક્કો ખરા શિક્કા દાખલ આપ્યો, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૪૧ મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઈ કોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૨૪૧મી કલમ મુજબ

બીજુ.—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં એક શિક્કો ખોટો છે એવું જાણીને અ. બ. નામના બીજા સખસને તે શિક્કો ખરા શિક્કા દાખલ લેવાને લલચાવવાની કોશીસ કરી, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૪૧ મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો, ગુન્હો કરયો.

(ક). અને આ ઉપરથી હું ફરમાવું છું કે સદરહુ તોહમત બાબત સદરહુ કોરટે તમારો ઈનસાફ કરવો. (માજીસ્ટ્રેટની સહી તથા મોહોર).

(બ) ને બદલે દાખલ કરવું:—

(૨) પહેલું—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં નું મોત આણીને ખુન કરયું, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૦૨ જી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૩૦૨ જી તથા ૩૦૪ થી કલમ મુજબ,

બીજુ કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં નું મોત આણીને ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ કરયું, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૦૪ થી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશનકોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

(૩) પહેલું—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ચોરી કરી અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૭૯ મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઈ કોરટ) સાંભળી શકે એવો, ગુન્હો કરયો.

૩૭૯મી તથા ૩૮૨ મી કલમ મુજબ.

બીજુ—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ચોરી કરી, અને સદરહુ ચોરી કરવા માટે એક સખસનું મોત આણવાની તઈયારી કરેલી, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૮૨ મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

ત્રીજુ—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ચોરી કરી, અને સદરહુ ચોરી કરયા પછી તમે નાસી જવા માટે એક સખસને અટકાવ કરવાની તઈયારી કરેલી, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૮૨ મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઈકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

ચોથુ.—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ચોરી કરી, અને સદરહુ ચોરીથી લીધેલી મિલકત રાખવા માટે એક સખસના મનમાં વ્યથાની બી-

ચીક પેદા કરવાની તઇયારી કરેલી અને તે ઉપરથી હિંદુસ્થાનના ફોજદારી કાયદાની ૩૮૨મી કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઇ કોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

(૪).—કે તમે ની તારીખે અથવા તે અરસામાં ૧૯૩ મી કલમ મુજબ વિ માં ની આગળ ની કલ્પની રીતે તોહમતો. ચોકસી ચાલતી વખતે સાહેદીમાં કહ્યું કે " " અને તમે ની તારીખે અથવા તે અરસામાં માં ની આગળ નો દંનસાફ ચાલતી વખતે શાહેદીમાં કહ્યું કે " ", અને આમાંનો એક મચકુર ખોટો છે એવું તમે જાણેલું અથવા માનેલું, અથવા તે ખરો છે એવું તમે માનેલું નહી, અને તે ઉપરથી તમે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૩ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો. તથા સેશનકોરટ (અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

(જે મુકદ્દમાનો ઈનસાફ માજીસ્ટ્રેટ કરે તે મુકદમામાં, "સેસન કોરટ સાંભળી શકે એવો" એ શબ્દોને બદલે "મારાથી સાંભળી શકાય એવો" એ શબ્દો દાખલ કરવા, અને (ક) માં સદરહુ કોરટે" એ શબ્દો મુકી દેવા)

(૩).—અગાઉ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયા પછી ચોરી બબત તોહોમતનામું.

હું (આ ઠેકાણે માજીસ્ટ્રેટ વિગેરેનું નામ તથા હોદ્દો લખવો) આ ઉપરથી તમે (આ ઠેકાણે તોહોમતવાળા શખસનું નામ લખવું) ઉપર હેઠળ લખ્યા પ્રમાણે તોહોમત મુકું છું:—

કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ચોરી કરી, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૭૯ મી કલમ મુજબ { હાઈ કોરટ / માજીસ્ટરેટ. } શિક્ષા થઈ શકે એવો તથા સેશન કોરટ (અથવા જેમ હોય તેમ લખવું) સાંભળી શકે એવો ગુનોહ કરયો.

અને તમે સદરહુ (આ ઠેકાણે તોમતવાળાનું નામ લખવું) ઉપર વળી એવું તોમત મુકવામાં આવે છે કે સદરહુ ગુનોહ કરતાં પેહેલાં, એટલે ની તારીખે માં (આ ઠેકાણે જે કોરટે ગુનાહની સાબીતીનો ઠરાવ કરયો હોય તે લખવી) હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૭ મા બાબ પ્રમાણે ત્રણ વરસની મુદત સુધી કેદની શિક્ષા થઈ શકે એવો ગુનોહ, એટલે રાતરે ઘર ફોડવાનો ગુનોહ (આ ઠેકાણે જે કલમ પ્રમાણે તોમતવાળાની ઉપર ગુનોહ ઠરયો હોય તે કલમમાં વાપરેલા શબ્દોમાં તે ગુનાહનું વરણન કરવું) તમારી ઉપર સાબીત થયાનો ઠરાવ કરેલો, તે ઠરાવ હજુ પુરા અમલમાં છે, અને તે ઉપરથી તમે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૭૫મી કલમ પ્રમાણે વધારેલી શિક્ષાને પાત્ર છો.

અને હું આ ઉપરથી ફરમાવુ છું કે તમારો ઈન્સાફ વિગેરે કરવો.

૨૯—કેદની અથવા દંડની શીક્ષાનો હુકમ કોઈ માજીસ્ટ્રેટે કરયો હોય તો તે ઉપરથી કેદ કરવાનું વારંટ.

(૨૪૫મી અને ૨૫૮મી કલમ જુઓ.)

ની તુરંગના સુપ્રિન્ટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

તારીખ માહે સન ૧૮ ને રોજ હું (આ ઠેકાણે નામ તથા હોદ્દો લખવો) ની આગળ સન ૧૮ ના કાલેન્ડરના નંબરના મુકદ્દમામાં

(૧ લા, ૨ જા, ૩જા, જેમ હોય તેમ લખવું) કેદી (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની (અથવા આકટની) કલમ (અથવા કલમે પ્રમાણે (આ ઠેકાણે મુખતેસરમા ગુનો અથવા ગુના લખવા)નો ગુનો સાબિત થયાનો ઠરાવ કરવામાં આવેલો, અને (આ ઠેકાણે જે શિક્ષા હોય તે પુરપુરી તથા સ્પષ્ટ રીતે લખવી) ની શિક્ષાનો હુકમ કરવામાં આવેલો:

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપ્રિટેન્ડેન્ટને (અથવા કીપરને) અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ને આ વારંટ સુદ્ધાં સદરહુ તુરંગમાં તમારા હવાલામાં લેવો, અને ત્યાં ઉપર કહેલી શિક્ષાનો હુકમ કાયદા પ્રમાણે લાવવો,

મી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે,

તારીખ માચે સન ૧૮

(મોહોર.) (સહી)

૩૦—જપ્તિથી નુકશાનીનો અવેજ વસુલ નહી થયેથી કેદનું વારંટ.

(૨૫૦ મી કલમ જુઓ)

તુરંગના સુપ્રિન્ટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ. ની

આ ઠેકાણે નામ લખવું તથા તેનું વરણન કરવું) (આ ઠેકાણે તોમતવાળા શખસનું નામ લખવું તથા તેનું વરણન કરવું) ઉપર ફરિયાદ કરી છે કે (આ ઠેકાણે મુખતેસરમાં તે ફરિયાદ લખવી), અને તે નજીવી (અથવા તસ્દી આપે એવી) ગણીને કહાડી નાખવામાં આવી છે, અને જે હુકમથી તે ફરીયાદ કાહાડી નાખવામાં આવી તે હુકમમાં ફરમાવ્યું છે કે સદરહુ (આ ઠેકાણે ફરિયાદનું નામ લખવું) રૂપીયાની રકમ નુકશાનીના અવેજ દાખલ આપવી; અને સદરહુ રકમ આપવામાં આવી નથી અને સદરહુ (આ ઠેકાણે ફરિનામ સખવું) ની જંગમ મિલકત જપ્ત કરવી તે રકમ વસુલ થઈ શકતી નથી અને એવો હુકમ કરવામાં આવ્યો છે કે તેને (દિવસની મુદત સુધી તુરંગમાં આસાન કેદમાં રાખવો, પણ જો તે મુદત પુરી થતા પેહેલાં ઉપર કહેલી રકમ આપવામાં આવે તો પછી તેને એ પ્રમાણે રાખવો નહી.

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપરીન્ટેન્ડેન્ટને (અથવા કીપરને) અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને આ વારંટ સુદ્ધાં તમારા હવાલામાં લેવો, અને તેને સદરહુ (આ ઠેકાણે કેદની મુદત લખવી) ના સદરહુ મુદત સુધી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૬૯ મી કલમના ઠરાવોને અનુસરીને સહીસલામત રાખવો, પણ જો સદરહુ રકમ તે મુદ્દત પુરી થતાં પેહેલાં આપવામાં આવે તો તે પોંહોંચે એટલે તાબડતોબ તેને છોડી મુકવો; અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે,

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી)

૩૧—સાહેદની ઉપર સમન.

(૬૮ મી તથા ૨૫૨મી કલમ જુઓ.)

ના રેહેવાસી જોગ

મારી આગળ ફરિયાદ કરવામાં આવી છે કે ના રેહેવાશી એ [આ ઠેકાણે મુખ્તેસરમાં ગુનોહ તથા તેનો વખત તથા જગા એટલું લખવું]નો ગુનોહ કરયો છે [અથવા કરયાનો શક આવ્યો છે,) અને મને જણાય છે કે તમે ફરિયાદનું કામ ચલાવનારની તરફથી મુદ્દાનો પુરાવો ઘણું કરીને આપશો.

વાસ્તે તમને આ ઉપરથી સમન કરવામાં આવે છે કે સદરહુ ફરિયાદની બાબત સંબંધી તમે જે જાણતા હો તેની સાહેદી આપવાને તમારે આવતા ની તારીખે સવારમાં દસ કલાકે આ કોરટની આગળ હાજર થવું, અને કોરટની રજા વગર ત્યાંથી જવું નહી; અને આ ઉપરથી તમને તાકીદ આપવામાં આવે છે કે જો તમે વ્યાજબી કારણ વગર સદરહુ તારીખે હાજર થવાની ગફલત કરશો અથવા તેમ કરવાની ના કહેશો, તો તમને હાજર થવાની જરૂર પાડવા સારૂ વારંટ કાહાડવામાં આવશે.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે,

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી.)

૩૨.—જયુરરો તથા આસેસરોને સમન કરવા બાબત જીલ્હા માજીસ્ત્રેટની ઉપર *પ્રીસેપ્ટ.

(૩૨૬ મી કલમ જુઓ.)

ના જીલ્હા માજીસ્ત્રેટ જોગ.

માં કોરટના મકાનમાં આવતા ની તારીખે ફોજદારી સેશન ભરવાનું ઠરાવ્યું છે, અને આમાં લખેલા સખસોનાં નામ, જયુરરો તથા આસેસરોની તપાસેલી ટીપ આ કોરટને આપેલી તેમાં જે સખસોનાં નામ લખ્યાં છે તે સખસોમાંથી ચીઠ્ઠી કરીને બરાબર ચુંટી કાહાડયાં છે, વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સદરહુ તારીખે સદરહુ સખસોને સવારના દશ કલાકે સેશન કોરટમાં હાજર થવા સારૂ તમારે સમન કરવા. અને આ *પ્રીસેપ્ટ રૂઈએ તમે એ પ્રમાણે કરયું છે તે બાબત સદરહુ તારીખની અંદર તમારે દાખલો આપવો.

(આ ઠેકાણે જયુરરોનાં તથા આસેસરોનાં નામ નોંધવાં).

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે.

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી.)

૩૩.—આસેસર અથવા જયુરરની ઉપર સમન.

(૩૨૮ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે જગા લખવી) ના રેહેવાસી (આ ઠેકાણે નામ લખવું) જોગ.

ની સેશન કોરટે મારી ઉપર મોકલેલા પ્રીસેપ્ટ તમને આવતી ફોજદારી સેશનમાં આસેસર (અથવા જયુરર) દાખલ હાજર થવાનું ફરમાવ્યું છે તે હુકમની રૂઈએ આ ઉપરથી તમને સમન કરવામાં આવે છે કે તમારે આવતા

ની તારીખે સવારમાં દસ કલાકે (આ ઠેકાણે જગા લખવી) માં સદરહુ સેશન કોરટ-માં હાજર થવું.

મારી સહી તથા હોદ્દાની મોહોર કરીને આપ્યો છે,

તારીખ માહે • સન ૧૮

(મોહોર) (સહી.)

૩૪.—મોતની શિક્ષાના હુકમ પ્રમાણે કેદ કરવાનું વારંટ.

(૩૭૪ મી કલમ જુઓ)

ની તુરંગના સુપરિન્ટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

મારી આગળ તારીખ માહે સન ૧૮ ને રોજ ભરેલી સેશનમાં કાલેંડરના નંબરના મુકદમામાં (૧ લા, ૨ જા, ૩ જા, જેમ હોય તેમ) કેદી (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ પ્રમાણે ખુન થતું હોય એવા શિક્ષણીય મનુષ્યવધનો ગુનો યોગ્ય રીતે સાબીત થયાનો ઠરાવ કરવામાં આવેલો, અને તેની ઉપર મોતની શિક્ષાનો હુકમ કરેલો, અને તે શિક્ષાનો હુકમ ની કોરટની મંજુરી થવા સારૂ રાખેલો;

વાસ્તે આ ઉપરથી તમને, સદરહુ સુપરિન્ટેન્ડેન્ટને (અથવા કીપરને), અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ને આ વારંટ સુદ્ધાં સદરહુ તુરંગમાં તમારા હવાલામાં લેવો, અને સદરહુ કોરટનો હુકમ અમલમાં લાવવા બાબત આ કોરટનું બીજુ વારંટ અથવા હુકમ તમને પોહોંચે ત્યાં સુધી તેને તે તુરંગમાં સહી સલામત રાખવો.

મારી સહી તથા તથા કોરટની મોહોર કરીને આપ્યું છે.

તારીખ માહે સન ૧૮

(મોહોર) ——— (સહી.)

૩૫.—મોતની શિક્ષાનો હુકમ થયેથી તે અમલમાં લાવવા બાબત વારંટ.

(૩૮૧ મી કલમ જુઓ)

ની તુરંગના સુપ્રીન્ટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

મારી આગળ તારીખ માહે સન ૧૮ ને રોજ ભરેલી સેશનમાં કાલેન્ડરના નંબરના મુકદમામાં (૧ લા, ૨ જા, ૩ જા જેમ હોય તેમ) કેદી (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ને મોતની શિક્ષાના હુકમ પ્રમાણે ની તારીખના આ કોરટના વારંટથી તમારે હવાલે કરવામાં આવ્યો છે, અને ની કોરટનો હુકમ આ કોરટને પોહોંચ્યો છે તેમાં સદરહુ શિક્ષાનો હુકમ મંજુર કરયો.

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપરિન્ટેન્ડેન્ટને (અથવા કીપરને) અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે (આ ઠેકાણે અમલમાં લાવવાનો વખત તથા જગા લખવી) માં સદરહુ મરી જાય ત્યાં સુધી તેને ગળે ફાંસો દેવડાવીને સદરહુ શિક્ષાનો હુકમ અમલમાં લાવવો, અને તે શિક્ષાનો હુકમ અમલમાં આણ્યો છે એવો શેરો લખીને આ વારંટ કોરટની પાસે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર. કરીને આપ્યું છે,

તારીખ માહે સન ૧૮

(મોહોર.) ——— (સહી.)

૩૬. —શિક્ષાનો હુકમ બદલ્યા પછી વારંટ.

(૩૮૧ મી તથા ૩૮૨ મી કલમ જુઓ.)

ની તુરંગના સુપરિન્ટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

તારીખ માહે સન ૧૮ ને રોજ ભરેલી સેશનમાં કાલેન્ડર ના નંબરના મુકદમામાં (૧ લા, ૨ જા, ૩જા, જેમ હોય તેમ) કેદી (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક નો ગુનો સાબિત થયાનો ઠરાવ કરવામાં આવેલો, અને તેની ઉપર ની શિક્ષાનો હુકમ કરેલો, અને તે ઉપરથી તેને તમારે હવાલે કરેલો; અને સદરહુ હુકમથી ઠરાવેલી શિક્ષા ની કોરટના હુકમથી (જેની ડુપ્લિકેટ આ વારંટને જોડેલી છે) બદલીને જીવતાં સુધી સમુદ્રપારની (અથવા જેમ હોય તેમ) શિક્ષા ઠરાવવામાં આવી છે.

વાસ્તે આ ઉપરથી તમને, સદરહુ સુપરિન્ટેન્ડેન્ટને (અથવા કીપરને) અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ હુકમ પ્રમાણે સમુદ્રપારની શિક્ષા ભોગવવા સારૂ સદરહુ (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ને તમે યોગ્ય અધિકારીને તથા યોગ્ય હવાલામાં સોંપો ત્યાં સુધી તમારે, કાયદામાં ફરમાવ્યું છે તે પ્રમાણે, તેને સદરહુ તુરંગમાં તમારા હવાલામાં સહી સલામત રાખવો.

અથવા

જો તે ઓછી કરેલી શિક્ષા કેદની હોય તો "સદરહુ તુરંગમાં તમારા હવાલામાં સહી સલામત રાખવો" એ શબ્દો પછી લખવું કે "અને ત્યાં સદરહુ હુકમ મુજબ કેદની શિક્ષા કાયદા પ્રમાણે અમલમાં લાવવી."

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે.

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી.)

૩૭.—જપ્તિ તથા વેચાણ કરીને દંડ વસુલ કરવા બાબત વારંટ.

(૩૮૬ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે પોલીસ અમલદારનું અથવા બીજો જે સખસ અથવા સખસો તે વારંટ બજાવવાના હોય તેનું નામ અથવા હુદ્દો અથવા તેઓનાં નામ અથવા હુદ્દા લખવા) જોગ.

(આ ઠેકાણે ગુન્હેગારનું નામ લખવું તથા વરણન કરવું) ની ઉપર તારીખ માહે સન ૧૮ ને રોજ મારી આગળ (આ ઠેકાણે ગુન્હો મુખ્તેસરમાં લખવો) નો ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવામાં આવેલો અને તેની ઉપર રૂપીયાનો દંડ આપવાની શિક્ષાનો હુકમ કરેલો, અને સદરહુ દંડ આપવાનું સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને ફરમાવેલું તોપણ તેણે તે દંડ અથવા તેમાંનો કાંઈ પણ ભાગ આપ્યો નથી;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામા આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની જે જંગમ મિલકત ના જીલ્હામાં જડે તે જંગમ મિલકત તમારે લઈને જપ્ત કરવી; અને જો સદરહુ જપ્તિ કરયા પછી (આ ઠેકાણે આપેલા દિવસ અથવા કલાકની સંખ્યા લખવી) માંહે (અથવા તાબડતોબ) સદરહુ રકમ આપવામાં ન આવે તો તમારે તે જપ્ત કરેલી મિલકત અથવા તેમાંની જેટલી સદ-

રહુ દંડ પુરો કરી આપવાને બસ થાય તેટલી મિલકત વેચવી; અને આ વારંટની રૂઈએ તમે જે કરયું હોય તે બાબતનો શેરો, એ વારંટ બજાવવામાં આવે એટલે તુરત, લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે,

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી.)

૩૮.—તિરસ્કારના કેટલાએક મુકદમામાં જ્યારે દંડની શિક્ષા કરવામાં આવે ત્યારે કેદ કરવાનું વારંટ.

(૪૮૦મી કલમ જુઓ.)

ની તુરંગના સુપરિનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

આજ રોજ મારી આગળ ભરેલી કોરટમાં (આ ઠેકાણે ગુનેહગારનું નામ લખવું) તથા વરણન કરવું (કોરટની સમક્ષ) અથવા દેખતાં જાણી જોઈને તિરસ્કાર કરયો; અને એ પ્રમાણે કરેલા તિરસ્કાર માટે રૂપીયાનો દંડ આપવાની, અથવા તે આપવામાં કસુર કરે તો (આ ઠેકાણે મહિના અથવા દિવસની સંખ્યા લખવી) ની મુદત સુધી આસાન કેદ, ભોગવવાની, શિક્ષા સદરહુ (આ ઠેકાણે ગુન્હેગારનું નામ લખવું) ની ઉપર કોરટે ઠરાવી છે;

વાસ્તે આ વારંટથી તમને સદરહુ સુપરિનટેન્ડેન્ટને (અથવા કીપરને), અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે ગુનેગારનું નામ લખવું) ને આ વારંટ સુધાં તમારા હવાલામાં લેવો, અને તેને સદરહુ તુરંગમાં સદરહુ (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદત સુધી સહી સલામત રાખવો. પણ જો તે મુદત પુરી થતાં પેહેલાં સદરહુ દંડ આપવામાં આવે તો પછી તેમ કરવું નહી; અને તે દંડ પોહોંચેથી તુરત તમારે તેને છોડી દેવો. અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખી તે પાછુ મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે,

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી.)

૩૯.—જવાબ દેવાની ના કહેનારા શાહેદને કેદ કરવાનું માજીસ્ટ્રેટનું અથવા જડજનું વારંટ.

(૪૮૫ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે કોરટના અમલદારનું નામ તથા તેનો હુદ્દો લખવો) જોગ.

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું) ને શાહેદ દાખલ સમન કરવામાં આવેલો (અથવા આ કોરટની આગળ આણેલો) અને એક ગુન્હો થયાનું કહેવામાં આવેલું તે ગુન્હાની ચોકશી વખતે શાહેદી આપવાનું તેને આજ રોજ ફરમાવવામાં આવેલું તે છતાં સદરહુ કહેવામાં આવેલા ગુન્હા સંબંધી તેને પુછીને દફતરમાં બરાબર દાખલ કરેલા એક અમુક સવાલનો (અથવા અમુક સવાલોના) જવાબ દેવાની તેણે ના કહી, અને એ પ્રમાણે ના કહેવાનું કાંઇ પણ વ્યાજબી કારણ કહયું નહીં, અને તેણે એ પ્રમાણે કરેલા તિરસ્કાર માટે તેને (આ ઠેકાણે અટકાવી રાખવાની જે મુદત ઠરાવી હોય તે લખવી) સુધી પેહેરામાં અટકાવી રાખવાની શિક્ષા ઠરાવી છે;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને પેહેરામાં લેવો, અને દિવશની મુદત સુધી તેને તમારા હવાલામાં સહી સલામત રાખવો, પણ જો તે દરમીયાનમાં તે જબાની આપવાને અને તેને પુછેલા સવાલોના જવાબ દેવાને કબુલ થાય તો પછી તેમ કરવું નહીં, અને સદરહુ દિવસોમાંના છેલ્લા દિવસે, અથવા સદરહુ કબુલાત જાણવામાં આવે એટલે તાબડતોબ, તેની કાયદા પ્રમાણે તજવીજ કરવામાં આવે એટલા માટે તેને આ કોરટની આગળ આણવો; અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરી આપ્યું છે.

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી)

૪૦.—ગુજરાનનું લવાજમ આપવામાં કસુર થએથી કેદ કરવાનું વારંટ.

(૪૮૮ મી કલમ જુઓ.)

ની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રહેવાનું ઠેકાણું લખવું) ની પાસે પોતાની ઓરતનું (આ ઠેકાણે નામ લખવું) અથવા પોતાનું બાળક (આ ઠેકાણે નામ લખવું) (આ ઠેકાણે કારણ લખવું) ના સબબથી પોતાની મેળે પોતાનું ગુજરાન ચલાવવાને અશકત છે તે બાળકનું) ગુજરાન ચલાવવાની જોઈએ તેટલી દ્રવ્યશકિત છે, અને તેણે તેમ કરવાની ગફલત કરી છે (અથવા ના કહી છે,) એવું મારી આગળ સાબિત થયું છે અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) યોગ્ય રીતે હુકમ કરીને ફરમાવ્યું છે કે તમારે તમારી સદરહુ ઓરતને (અથવા બાળકને) ગુજરાન બદલ રૂપીઆની રકમનું લવાજમ દર મહીને આપવું, અને વળી એવું સાબિત થયું છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) સદરહુ હુકમ જાણી જોઇને ગણકારયો નથી અને મહિના (અથવા મહિનાઓ) નાં લવાજમની રકમના રૂપિયા આપવામાં કસુર કરીછે; અને તે ઉપરથી એક હુકમ કરીને એવું ઠરાવ્યું છે કે તેણે ની મુદત સુધી સદરહુ તુરંગમાં આસાન (અથવા સખત મજુરી સાથે) કેદ ભોગવવી.

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપ્રીનટેન્ડેન્ટને (અથવા કીપરને) અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને આ વારંટ સુદ્ધાં સદરહુ તુરંગમા તમારા પેહેરામાં લેવો, અને ત્યાં સદરહુ હુકમ કાયદા પ્રમાણે અમલમાં લાવવો; અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે.

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી)

૪૧.—જપ્તિ તથા વેચાણ કરીને ગુજરાનનું લવાજમ જબરીથી અપાવવા બાબતનું વારંટ

(૪૮૮ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે જે પોલીસ અમલદારે અથવા બીજા સખસે તે વારંટ બજાવવાનું હો-

ય તેનું નામ તથા હુદ્દો લખવો) જોગ.

(આ ઠેકાણે નામ લખવું) ને યોગ્ય રીતે હુકમ કરીને ફરમાવ્યું છે કે તમારે તમારી સદરહુ ઓરતને (અથવા બાળકને) ગુજરાન બદલ રૂપીઆની રકમનું લવાજમ દર મહીને આપવું, અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) એ સદરહુ હુકમ જાણી જોઇને ગણકારયો નથી અને મહિના (અથવા મહિનાઓ) ના લવાજમની રકમના રૂપિઆ આપવામાં કસુર કરી છે;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની જે જંગમ મિલકત. જીલ્લામાં જડે તે તમારે લઇને જપ્ત કરવી, અને જો સદરહુ જપ્તી કરયા પછી (આ ઠેકાણે આપેલા દિવસ અથવા કલાકની સંખ્યા લખવી) માંહે (અથવા તાબડતોબ) સદરહુ રકમ આપવામાં ન આવે તો તમારે તે જપ્ત કરેલી જંગમ મિલકત અથવા તેમાંની જેટલી સદરહુ રકમ પુરી કરી આપવાને બસ થાય તેટલી વેચવી; અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત તમે તેની રૂઇએ જે કરયું હોય તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે.

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી)

૪૨.—માજીસ્ત્રેટની આગળ પ્રથમ ચોકશી કરતી વખતે ખત તથા જામીન ખત.
(૪૯૬ મી અને ૪૯૯ મી કલમ જુઓ)

હું (આ ઠેકાણે નામ લખવું.)(આ ઠેકાણે જગા લખવી) નો રહેવાશી ના ગુન્હાનું તોહોમત મારી ઉપર મુકીને મને (જેમ હોય તે પ્રમાણે લખવું) ના માજીસ્ત્રેટના આગળ આણીને તેમની કોરટમાં તથા સેશન કોરટમાં જરૂર પડે તો હાજર થવા સારૂ તારણ આપવાનું મને ફરમાવ્યા ઉપરથી બંધાઉ છું કે સદરહુ માજીસ્ત્રેટની કોરટમાં સદરહુ તોહોમતની પ્રથમ ચોકશી ચાલે ત્યારે દરરોજ હું હાજર રહીશ, અને જો તે મુકદમા સેશન કોરટની પાસે ઇનસાફ થવા સારૂ મોકલવામાં આવે તો મારી ઉપર મુકેલાં તેહોમતનો જવાબ દેવાને જ્યારે ફરમાવવામાં આવે ત્યારે સદરહુ કોરટની આગળ હું હાજર હોઇશ તથા હાજર થઇશ, અને આ બાબતમાં જો હું કસુર કરૂં તો હું બંધાઉ છુ કે મલીકામાઆઝમા રાણી સાહેબ કઇસરેહીંદને રૂપીયાની રકમ મરે ગુનેહગારીમાં આપવી

તારીખ માહે સન ૧૮

સહી

આ ઉપરથી હું એકરાર કરૂં છું (અથવા અમે દરેક જણ એકઠા તથા જુદા જુદા એકરાર કરીએ છીએ) કે સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) નો હું જામીન થાઉ છું(અથવા અમે જામીન થઈએ છીએ) કે તેની ઉપર જે ગુનાહનું તોહમત મુકયુ છે તે ગુનાહની પ્રથમ ચોકસી ચાલે ત્યારે દરરોજ ની કોરટમાં તે હાજર રેહેશે, અને જો તે મુકદમો સેશન કોરટની પાસે ઈન્સાફ થવા સારૂ મોકલવામાં આવે તો તેની ઉપર મુકેલાં તોમતનો જવાબ દેવાને તે સદરહુ કોરટની આગળ હાજર હશે તથા હાજર થશે અને એ બાબતમાં જો તે કસુર કરે તો હું બંધાઉ છું (અથવા અમે બંધાઈ છીએ) કે મલીકા મા-

આઝમા રાણીસાહેબ કઈસરે હિંદને ૩પીઆની રકમ મારે (અથવા અમારે) ગુનેહગારીમાં આપવી.

તારીખ માહે સને૧૮ (સહી)

૪૩—તારણ આપવામાં કસુર થયેથી કેદ કરેલા સખસને છોડી મુકવાનું વારંટ.

(૫૦૦મી કલમ જુઓ.)

ની તુરંગના સુપરિન્ટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ (અથવા બીજા જે અમલદારના હવાલામાં) તે સખસ હોય તે અમલદાર જોગ.

(આ ઠેકાણે કેદીનું નામ લખવું તથા તેનું વરણન કરવું) ને ની તારીખનાં આ કોરટનાં વારંટની રૂએ તમારે હવાલે કરવામાં આવેલો, અને ત્યાર પછી તે એ ફોજદારી કામ ચલાવવાની રીત બાબતની કાયદાની ૪૯૯મી કલમ મુજબ પોતાના જામીન (અથવા જામીનો) સાથે એક ખત યોગ્ય રીતે લખી આપ્યું છે;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને બીજી કોઈ બાબત સારૂ અટકાવી રાખવો યોગ્ય નહી હોયતો તેને તમારા હવાલામાંથી તાબડતોબ છોડી મુકવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે.

તારીખ માહે સન૧૮ (સહી)

૪૪—ખતનો અમલ જબરીથી કરાવવા માટે જપ્તિનું વારંટ.

(૫૧૪ મી કલમ જુઓ.)

નું પોલીસ થાણુ જે પોલીસ અમલદારના હવાલામાં હોય તે પોલીસ અમલદાર જોગ (આ ઠેકાણે જે સખસ હોય તેનું નામ લખવું તથા વરણન કરવું તથા તેનું રેહેવાનું ઠેકાણુ લખવું) પોતાના મુચરકાની રૂએ (આ ઠેકાણે પ્રસંગ હોય તે લખવો) હાજર થવામાં કસુર કરી છે, અને તે સદરહુ કસુરને લીધે મલીકા માઆઝમાં રાણી સાહેબ કઈસરેહીંદને (આ ઠેકાણે ખત માંહેનો દંડ લખવો) રૂપિયાની રકમ ગુનેહગારીમાં આપવાને પાત્ર થયો છે;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની જે જંગમ મિલકત જીલ્હામાં તમને જડે તે જંગમ મિલકત લઈને તથા અટકાવી રાખીને તમારે જપ્ત કરવી, અને જો સદરહુ રકમ ત્રણ દિવસ માંહે આપવામાં ન આવે તો એ પ્રમાણે જપ્ત કરેલી મિલકત અથવા તેમાંની જેટલી ઉપર કહેલી રકમ વસુલ કરવાને બસ થાય તેટલી મિલકત તમારે વેચવી, અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત તેની રૂએ તમે જે કરયું હોય તેનો શેરો તમારે લખી મોકલવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે,

તારીખ માહે સન૧૮
(મોહોર) (સહી)

૪૫—ખતની શરત તોડેથી જામીનને નોટીસ.

(૫૧૪ મી કલમ જુઓ.)

ના રેહેવાસી જોગ.

તમે તારીખ માહે સને ૧૮ ને રોજ (આ ઠેકાણે જગા લખવી) ના રેહેવાસી (આ ઠેકાણે નામ લખવુ) ના જામીન થયલા કે તે ની તારીખે આ કોરટની આગળ હાજર થશે, અને તમે બંધાયલા કે તે તેમાં કસુર કરશે તો હું મલીકા માઆઝમા રાણી સાહેબ કઈસરેહિંદને રૂપીયાની રકમ ગુનેહગારીમાં આપીશ; અને સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) આ કોરટની આગળ હાજર થવામાં કસુર કરી છે, અને સદરહુ કસુરનાં કારણથી તમે સદરહુ રૂપીઆની રકમ ગુનેહગારીમાં આપવાને પાત્ર થયા છો.

વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ દંડ આપવો અથવા સદરહુ રકમ તમારી પાસે શા સારૂ જબરીથી નહી અપાવવી જોઈએ તેનું કારણ આ તારિખથી દિવસ માંહે બતાવવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે,

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૪૬—સારી રીતે ચાલવા બાબતનાં ખતની શરત તોડયા વિસે જામીનને નોટીસ.

(૫૧૪ મી કલમ જુઓ)

ના રેહેવાશી જોગ.

તમે તારીખ માહે સન ૧૮ ને રોજ એક ખત લખી આપીને (આ ઠેકાણે જગા લખવી) ના રેહેવાશી (આ ઠેકાણે નામ લખવું) ના જામીન થયલા કે તેની મુદત સુધી સારી રીતે ચાલશે અને તમે બંધાયલા કે તે એ બાબતમાં કસુર કરશે તો હું રૂપીઆની રકમ મલીકા માઆઝમા રાણી સાહેબ કઇસરે હિંદને ગુનેહગારીમાં આપીશ; અને તમે એ પ્રમાણે જામીન થયા ત્યાર પછી (આ ઠેકાણે જે ગુનો થયો હોય તે મુખતેસરમાં લખવો) નો ગુનોહ કરવામાં આવેલા તે ગુનોહ સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની ઉપર સાબીત થયાનો ઠરાવ કરવામાં આવ્યો છે, જેથી તમારા જામીન ખતની શરત તોડવામાં આવી છે;

વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ રૂપીઆનો દંડ આપવો, અથવા તે શા સારૂ નહી આપવો જોઇએ તેનું કારણ દિવસમાંહે બતાવવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે.

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૪૭—જામીનની ઉપર જપ્તીનું વારંટ.

(૫૧૪ મી કલમ જુઓ)

જોગ.

(આ ઠેકાણે ખતની શરત લખવી) એ હાજર થવા બાબત (આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું) જામીન તરીકે બંધાયો છે,

માંહેનો દંડ લખવો) રૂપિયાની રકમ મલીકા માઆઝમા રાણી સાહેબ કઇસરેહિંદને આપવાને પાત્ર થયો છે.

વાસ્તે તમને આ ઉપરથી અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની જે જંગમ મિલકત જીલામાં તમને જડે તે લઇને તથા અટકાવી રાખીને તમારે જપ્ત કરવી; અને જો સદરહુ રકમ ત્રણ દિવસ માંહે આપવામાં ન આવે તો એ પ્રમાણે જપ્ત કરેલી મિલકત અથવા તેમાની જેટલી ઉપર કહેલી રકમ વસુલ કરવાને બસ થાય તેટલી મિલકત તમારે વેચવી, અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત તેની રૂહએ તમે જે કર્યુ હોય તેનો સેરો લખી મોકલવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુ છે,

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૪૮.—જે તોહમતવાળા શખસના જામીન લીધા હોય તેના જામીનને કેદ કરવાનું વારંટ (૫૧૪ મી કલમ જુઓ.)

ની દિવાની તુરંગનાં સુપરિન્ટેન્ડેન્ટ (અથવા કીપર જોગ.

(આ ઠેકાણે ખતની શરત લખવી) એ હાજર થયા બાબત (આ ઠેકાણે જામીનનું નામ લખવું તથા તેનું વરણન કરવુ) જામીન તરીકે બંધાયલો છે, અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) એ બાબતમાં કસુર કરી છે, જેથી સદરહુ ખતમાં લખેલા દંડ ઉપર મલીકા માઆઝમા રાણી સાહેબ કઇસરેહિંદનો દાવો થયો છે; અને સદરહુ (આ ઠેકાણે જામીનનું નામ લખવુ) ને યોગ્ય નોટીસ આપ્યા છતાં તેણે સદરહુ રકમ આપવામાં તેમજ તે રકમ એની પાસે શા સારૂ જબરીથી નહી અપાવવી જોઇએ તેનું પુરતુ કારણ બતાવવામાં કસુર કરી છે, અને તેની જંગમ મિલકતની જપ્તિ તથા વેચાણથી સદરહુ રકમ વસુલ થઇ શકતી નથી, અને (આ ઠેકાણે મુદત વિશેશે કરીને લખવી) સુધી તેને દીવાની તુરંગમાં કેદ રાખવાનો હુકમ કરવામાં આવ્યો છે;

વાસ્તે આ ઉપરથી તમને, સદરહુ સુપરિન્ટેન્ડેન્ટને (અથવા કીપરને), અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) ને આ વારંટ સુદ્ધાં તમારા હવાલામાં લેવો અને તેને સદરહુ (આ ઠેકાણે કેદની મુદત લખવી) સુધી સદરહુ તુરંગમાં સહી સલામત રાખવો, અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે,

તારીખ માહે સને ૧૮

(મોહોર) (સહી.)

૪૯.- સુલેહ રાખવા બાબતનાં ખતની સરત તોડયા વિશે મુખ્યને નોટિસ (૫૧૫ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે નામ લખવુ તથા વરણન કરવુ તથા રેહેવાનું ઠેકાણુ લખવુ)જોગ.

તારીખ માહે સન ૧૮ ને રોજ તમે (આ ઠે-

ક્રાણે તે ખતમાં જેમ હોય તેમ લખવું) નહી કરવા બાબતનું ખત લખી આપેલું, અને તે માંહેની શરત તોડયાની સાબીતી મારી આગળ આપવામાં આવી છે અને દફતરમાં બરાબર દાખલ કરવામાં આવી છે.

વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમારે રૂપીઆનો સદરહુ દંડ આપવો; અથવા તે શા સારૂ તમારી પાસે જબરીથી નહી અપાવવો જોઇએ તેનું કારણ દિવસ માંહે મારી આગળ બતાવવું.

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૫૦—સુલેહ રાખવા બાબતનાં ખતની સરત તોડેથી મુખ્યની મિલકત જપ્ત કરવા બાબતનું વારંટ.

(૫૧૪ મી કલમ જુઓ)

ના પોલીસ—થાણાના (આ ઠેકાણે પોલીસ—અમલદારનું નામ તથા હુદ્દો લખવો) જોગ તારીખ માહે સન ૧૮ ને રોજ (આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું) સુલેહનો ભંગ નહીં કરવા વગેરે (ખતમાં હોય તે પ્રમાણે લખવું બાબત રૂપીયાની રકમનું ખત લખી આપીને બંધાએલો, અને સદરહુ ખતની સરત તોડયાની સાબિતી મારી આગળ આપવામાં આવી છે તથા યોગ્ય રીતે દફતરમાં દાખલ કરવામાં આવી છે; અને સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) ને નોટિસ આપીને ફરમાવવામાં આવ્યું છે કે સદરહુ રકમ સા સારૂ નહી આપવી જોઈએ તેનું કારણ તમારે બતાવવું, અને તેમ કરવામાં તેમજ સદરહુ રકમ આપવામાં તેણે કસુર કરીછે;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ આ ઠેકાણે નામ લખવું (ની રૂપીયાની કિંમતની જે જંગમ મિલકત જીલામાં તમને જડે તે તમારે લઈને જપ્ત કરવી, અને જો સદરહુ રકમ માંહે આપવામાં ન આવે તો એ પ્રમાણે જપ્ત કરેલી મિલકત અથવા તેમાંની જેટલી સદરહુ રકમ વસુલ કરવાને બસ થાય તેટલી મિલકત તમારે વેચવી; અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત તેની રૂઈએ તમે જે કરયું હોય તેનો શેરો લખી મોકલવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે, તારીખ માહે સન

(મોહોર) (સહી.)

૫૧.—સુલેહ રાખવા બાબતનાં ખતની સરત તોડેથી કેદનું વારંટ.

(૫૧૪ મી કલમ જુઓ.)

ની દીવાની તુરંગના સુપ્રીન્ટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું) સુલેહ રાખવા બાબત પોતે લખી આપેલાં ખતની સરત તોડી છે એવી સાબિતી મારી આગળ આપવામાં આવી છે તથા યોગ્ય રીતે દફતરમાં દાખલ કરવામાં આવી છે તેથી તે મલીકામાઆઝમા રાણી સાહેબ કઈસરેહિંદને, રૂપિયાની રકમ ગુનેહગારીમાં આપવાને પાત્ર થયો છે; અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) સદરહુ રકમ આપવાનું અથવા તે શા સારૂ નહી આપવી જોઈએ તેનું કારણ બતાવવાનું તેને યોગ્ય રીતે ફરમાવેલું તે છતાં તેમ કરવામાં કસુર કરી છે. અને તેની જંગમ મિલકત જપ્ત કરીને તે રકમ વસુલ કરી શકાતી નથી, અને સદર

કે (આ ઠેકાણે નામ લખવું) ને (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદત સુધી દિવાની તુરંગમાં કેદ રાખવાનો હુકમ કરવામાં આવ્યો છે;

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ દિવાની તુરંગના (સુપરીન્ટેન્ડેન્ટને (અથવા કીપરને) અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને આ વારંટ સુદ્ધાં તમારા હવાલામાં લેવો, અને તેને સદરહુ (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદત સુધી સદરહુ તુરંગમાં સહી•સલામત રાખવો, અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછુ મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે,
તારીખ માહે સન ૧૮
(મોહોર) • • (સહી.)

૫૨—સારી રીતે ચાલવા બાબતના ખતની સરત તોડેથી જપ્તી તથા વેચાણ કરવાનું વારંટ
(૫૧૪ મી કલમં જુઓ).

નું પોલીસથાણું જે પોલીસ અમલદારના હવાલામાં હોય તે પોલીસ અમલદાર જોગ,

(આ ઠેકાણે મુખ્ય નામ (વગેરે) લખવું) સારી રીતે ચાલે તે બાબત આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું) તારીખ માહે સન ૧૮ ને રોજ રૂપીયાની રકમનું ખત લખી આપીને તારણ આપેલું, અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) નો ગુન્હો કરયાની સાબિતી મારી આગળ આપવામાં આવી છે તથા યોગ્ય રીતે દફતરમાં દાખલ કરવામાં આવી છે જેથી સદરહુ ખતની સરત તોડવામાં આવી છે; અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને નોટીસ આપીને ફરમાવવામાં આવ્યું છે કે સદરહુ રકમ શા સારૂ નહીં આપવી જોઇએ તેનું કારણ તમારે બતાવવું, અને તેણે એ મુજબ કરવામાં તેમજ સદરહુ રકમ આપવામાં કસુર કરી છે.

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવેછે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની રૂપીયાની કિંમતની જે જંગમ મિલકત તમને જીલ્હામાં જડે તે લઇને તમારે જપ્ત કરવી, અને જો સદરહુ રકમ માંહે આપવામાં ન આવે, તો એ પ્રમાણે જપ્ત કરેલી મિલકત અથવા તેમાંની જેટલી સદરહુ રકમ વસુલ કરવાને બસ થાય તેટલી મિલકત તમારે વેચવી, અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત તેની રૂએ તમે જે કરયું હોય તેનો શેરો લખી મોકલવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે.
તારીખ માહે સન ૧૮
(મોહોર) (સહી.)

૫૩.—સારી રીતે ચાલવા બાબતની ખતની સરત તોડેથી કેદ કરવાનું વારંટ.
(૫૧૪મી કલમ જુઓ.)

ની દિવાની તુરંગના સુપરીન્ટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

(આ ઠેકાણે મુખ્ય નામ વગેરે લખવું) સારી રીતે ચાલે તે બાબત (આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું) તા૦ માહે સન

૧૮ ને રોજ રૂપીઆની રકમનું ખત લખી આપીને તારણ આપેલું અને સદરહુ ખતની શરત તોડ્યાની સાબિતી મારી આગળ આપવામાં આવી છે તથા યોગ્ય રીતે દફતરમાં દાખલ કરવામાં આવી છે (આ ઠેકાણે નામ લખવું) મલીકામાઆઝમા રાણી સાહેબ કઈસરે હીંદને રૂપીઆની રકમ ગુન્હેગારીમાં આપવાને પાત્ર થયો છે; અને સદરહુ રકમ આપવાનું અથવા તે શા સારૂં નહી આપવી જોઈએ તેનું કારણ બતાવવાનું તેને યોગ્ય રીતે ફરમાવવામાં આવેલું તે છતાં તેમ કરવાની તેણે કસુર કરી છે, અને તે રકમ તેની જંગમ મિલકત જપ્ત કરીને વસુલ થઈ શકતી નથી, અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદત સુધી દિવાની તુરંગમાં કેદ રાખવાનો હુકમ કરવામાં આવ્યો છે.

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપરિન્ટેન્ડેન્ટને (અથવા કીપરને) અખ્તિયાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને આ વારંટ સુદ્ધાં તમારા હવાલામાં લેવો, અને તેને સદરહુ (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદત સુધી સદરહુ તુરંગમાં સહી સલામત રાખવો; અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે.

તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

(સહી) આર જે. કારટરેટ.

આફિશિએટીંગ સેક્રેટરી નિસબત ઇંડિયા સરકાર.

(True Translation.)

S. P. PANDIT,

Oriental Truslator to Government.

ઇંડિયાના ગવર્નર જનરલ ઇનકાઉંસિલનો હેઠળ લખેલો આકટ આલીજનાબ ગવર્નર જનરલ સાહેબેસને ૧૮૮૪ ના જાન્યુઆરી મહિનાની ૨૫ મી તારીખે મંજુર કરયો તે સઘળા લોકોને જાણથવા સારૂ છપાવી પ્રસિધ્ધ કરયોછે.

સન ૧૮૮૪ નો આકટ ૩ જો.

સને ૧૮૮૨ નો ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો સુધારવા બાબતનો આકટ.

જે અરથે સને ૧૮૮૨ નો ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો સુધારવો યોગ્ય છે, તે અરથે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

૨૫ મી કલમનો સુધારો. ૧. ૨૫ મી કલમમાં "બ્રિટીશ ઇંડિયાને માટે જસ્ટિસ આફ ધીપીસ છે એવું સમજવું" આ શબ્દો પછી હેઠળ લખેલા શબ્દો દાખલ કરવા:—

"સેશન-જડજો અને જીલ્લા-માજીસ્ત્રેટો, તેઓ જે સ્થાનિક સરકારના તાબામાં નોકરી કરતા હશે તે સરકારના વહીવટમાંહેના સઘળા મુલકમાં તથા મુલકને માટે જસ્ટીસ આફ ધી પીસ છે એવું સમજવું."

૧૯૧મી કલમમાં વધારેલો મજકુર, ૨. ૧૯૧ મી કલમમાં હેઠળ લખેલો મજકુર વધારવો, એટલેઃ—

"(ક) રકમ પ્રમાણે જ્યારે કોઈ માજીસ્ત્રેટ ગુન્હો સાંભળે ત્યારે, તોહોમતદારને, અથવા, જ્યારે ઘણા તોહોમતદાર હોય ત્યારે, તેઓમાંના હરકોઈને, મુકદમાનો ઈનસાફ એવા માજીસ્ત્રેટે કરવાને બદલે તે મુકદમો કાંતો બીજા માજીસ્ત્રેટની પાસે મોકલવાનું કહેવાનો અથવા સેસન-કોરટમાં કમિટ કરવાનું કેહેવાનો હક છે."

૪૪૩ મી કલમનો સુધારો. ૩. ૪૪૩ મી કલમમાં "પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટની" આ શબ્દોની અગાઉ "જીલ્લા-માજીસ્ટ્રેટ અથવા" આ શબ્દો દાખલ કરવા.

૪૪૪ મી કલમનો સુધારો. ૪. ૪૪૪ મી કલમમાં "સેસન-કોરટનો" આ શબ્દોની અગાઉ "સેસન-જડજ શિવાય" આ શબ્દો દાખલ કરવા.

૪૪૬ મી કલમનો સુધારો. ૫. (૧) ૪૪૬ મી કલમમાં "પ્રેસીડેન્સી-માજીસ્ત્રેટ" આ શબ્દોની આગળ "જીલ્હા-માજીસ્ત્રેટ અથવા" આ શબ્દો દાખલ કરવા.

(૨) તેજ કલમમાં હેઠળ લખેલો મજકુર વધારવો એટલેઃ—

"અને જીલ્લા—માજીસ્ટ્રેટે છ મહીના સુધીની મુદતની કેદની, અથવા બે હજાર રૂપીઆ સુધી દંડની, અથવા એ બન્નેની શિક્ષા શિવાય એવી કોઈ બીજી શિક્ષાનો હુકમ કરવો નહી."

૪૫૦ મી કલમ રદ કરવી. ૬. ૪૫૦ મી કલમ આ આકટ ઉપરથી રદ કરી છે.

૪૫૧ મી કલમને બદલે નવી કલમ દાખલ કરી. ૭. ૪૫૧ મી કલમને બદલે હેઠળ લખેલી કલમ દાખલ કરવી:—

હાઈકોરટનીઅથ "૪૫૧ (૧) હાઈકોરટની અથવા સેશન-કોરટની આગળ સુણીની

આ સેશન કોરટની જ્યુરી અથવા આ સેસરો.

વિલાયતી રઈયતનો ઇનસાફ કરવામાં આવે ત્યારે, પેહેલાં જ્યુરરને બોલાવવામાં આવે અને કબુલ રાખવામાં આવે તે પેહેલાં, અથવા પેહેલા, આસેસરને નિમવામાં આવે તે પહેલા, જેમ હોય તેમ, એવી કોઈ રૈયત મિશ્ર જ્યુરીથી પોતાનો ઇનસાફ કરવાનું માગે તો જે જ્યુરીમાં ઓછામાં ઓછા અડધા યુરોપીયન અથવા અમેરિકન હોય, અથવા યુરોપીયન અને અમેરિકન એ બન્ને હોય તે જ્યુરીથી તે ઇનસાફ થવો જોઇએ.

"(૨) જ્યારે સેશન-કોરટની આગળ એવો કોઈ ઈનસાફ સાધારણ રીતે આસેસરોની મદદથી થવાનો હશે, ત્યારે રાણીની વિલાયતી રૈયત જે તોહોમતદાર હોય તે, અથવા રાણીની વિલાયતી રૈયત હોય એવા કેટલાક તોહોમતદારો હોય, તો તે સઘળાઓ એકત્રપણે પેટા કલમ (૧) પ્રમાણે મિશ્ર જ્યુરીથી પોતાનો ઇનસાફ થવો જોઈએ એવું માગવાને બદલે ઓછામાં ઓછા અડધા આસેસરો યુરોપીયન અને અમેરિકન જોઇએ, અથવા યુરોપીયન અમેરિકન એ બને જોઈએ, એવી માગણી કરવાને મુખત્યાર છે."

૪૫૧ મી કલમ પછી દાખલ કરવાની નવી કલમો.

૮. ૪૫૧ મી કલમ પછી હેઠળ લખેલો મજકુર દાખલ કરવો, એટલે:--

જિલ્હા—માજીસ્ટરેટની આગળ જ્યુરી માગવાનો રાણીની વીલાયતી રઇયતનો હક

"૪૫૧ અ. (૧) રાણીની વિલાયતી રઇયતનો ઈનસાફ જિલ્હા-માજીસ્ટરેટની આગળ ચાલતો હોય ત્યારે, એવીરઇયતને, સમનના કોઇ મુકદમામાં ૨૪૪ મી કલમ પ્રમાણે તેના જવાબમાં તેનું કેહેવુ સાંભળી લેવાની અગાઉ, અથવા વારંટના મુકદમામાં ૨૫૬ મી કલમ પ્રમાણે જવાબ આપવાનું કામ તેણે સરૂ કરયાની અગાઉ, ૪૫૧ મી કલમમાં કહેલી રીતે ભરેલી જ્યુરીથી પોતાનો ઈનસાફ કરવો એવો દાવો કરવાનો અખત્યાર છે.

"(૨) સમનના મુકદમામાં તોહોમતદારનું કહેવુ સાંભળી લેવાનું ૨૪૪ મી કલમ પ્રમાણે માજીસ્ટરેટે સરૂ કરતી વખતે, અથવા વારંટના મુકદમામાં તોહોમતદારને પોતાનો જવાબ કરવાનું ૨૫૬ મી કલમ પ્રમાણે માજીસ્ટરેટ કહે તે વખતે પેટા કલમ (૧) પ્રમાણે દાવો કરયો હોય તો ઉપર કહયા પ્રમાણે જ્યુરીથી ઈનસાફ થવા સારૂ જરૂરનો હુકમ માજીસ્ટરેટે તાબડતોબ કરવો જોઈએ.

"(૩) જો સદરહુ પ્રકારનો દાવો, ચાલતાં કામમાં અગાઉને કોઇ વખતે કરયો હોય તો લખી લીધેલા પુરાવા ઉપરથી જ્યારે માજીસ્ટરેટને લાગે કે જ્યુરી આગળ જવાજોગ મુકદમો છે ત્યારે ત્યારે તેણે તેવા પ્રકારનો હુકમ કરવો જોઇએ.

"(૪) એવા દરએક મુકદમામાં માજીસ્ટરેટે સદરહુ પ્રકારનો હુકમ કરવાની આગાઉ પદ્ધતિ પ્રમાણે તોહોમતનામુ તઈયાર કરવુ જોઈએ, પછી ૨૪૨ મી કલમમાં ગમે તે કહ્યુ હોય તેની ચિંતા નથી.

"(૫) આ કલમ પ્રમાણે ચલાવવાના દરેક ઈનસાફની વખતે ફરિયાદી, તોહોમતદાર તથા સાહેદોને હાજર થવુ પડે એમ કરવા સારૂ. ૨૧૧ મી, ૨૧૬ મી, ૨૧૭ મી, ૨૧૯ મી,

અને ૨૨૦ મી કલમના ઠરાવ, બને તેટલે સુધી, લાગુ થશે.

"(૬) સેશનકોરટની આગળ જ્યુરીથી કરવાના ઈનસાફમાં કામ ચલાવવા સંબંધી આ કાયદાના ઠરાવ, બને તેટલા પુરતા, આ કલમ પ્રમાણે ચલાવવાના દરેક ઈનસાફને એ પ્રમાણે લાગુ છે કે જાણે જિલ્હા–માજીસ્ટરેટ, સેશન–જડજ હોય અને તોહોમતદારને ઈનસાફ થવા સારૂ તેની કોરટમાં કમિટ કરયો હોય.

"(૭) પેટા કલમ (૫) અથવા (૬) માં કહેલા કોઈપણ ઠરાવ, તે પેટા કલમ ઉપરથી તે લાગુ કરયા હોય તેટલા પુરતા, સઘળી કોરટોને, પોતાની રૂબરૂ ચાલતા કામને લાગુ થાય એટલા સારૂ, અરથને બાધ ન આવે એવી રીતે, જરૂરનો કે યોગ્ય શાબ્દિક ફેરફાર તેમાં કરીને લાગુ કરવાનો અખત્યાર છે.

"(૮) આ કલમમાં કહેલા કોઈ પણ ઠરાવ ઉપરથી, ૩૪૭ મી અથવા ૪૪૭ મી કલમ પ્રમાણે તોહોમતદારને ઈન્સાફ થવા સારૂ કમિટ કરવાના માજીસ્ટરેટના અધિકારને બાધ આવે છે એમ સમજવુ નહી."

કેટલીએક બાબતમાં બીજી કોરટમાં મોકલવા બાબત.

"૪ પીબ. (૧) તોહોમતદાર ૪૫૧ અ કલમ પ્રમાણે પોતાનો ઈનસાફ જ્યુરીથી થવો એવે દાવો કરશે, અને જિલ્હા માજીસ્ટરેટના મત પ્રમાણે ૪૫૧ મી કલમમાં ફરમાવેલી રીતે રચાયલી હોય એવી જ્યુરી પોતાની આગળ ઈનસાફ થવા સારૂ ભરવાનું અશકય છે, અથવા ઘણો વિલંબ, ખરચ અથવા અગવડ પડયા વગર એ પ્રમાણે તે ભરી શકવાનું અશકય છે તથા તેઓ વીલંબ, ખરચ અથવા અગવડ કરવી એ તે પ્રકરણની સ્થિતિ તરફ જોતાં ગેરવ્યાજબી છે એમ લાગવાનું કારણ હશે તો, જીલ્લા–માજીસ્ટરેટે કલમ ૪૫૧ અ પ્રમાણે પોતાની સમક્ષ ઈનસાફ થવા બાબતનો હુકમ કરવાને બદલે, હાઈકોરટ આ બાબત પોતે કરેલી તથા સ્થાનિક સરકારે મંજુર કરેલી કાનુન મુજબ અથવા ખાસ હુકમ કરીને, વખતે વખતે ફરમાવે તેવા બીજા જીલ્લા માજીસ્ટરેટ પાસે અથવા સેશન જડજ પાસે તે મુકદમો મોકલવાને મુખત્યાર છે.

"(૨) આ કલમ પ્રમાણે સેશન જડજની આગળ અથવા જીલ્લા માજીસ્ટરેટની આગળ મુકદમો મોકલવામાં આવે ત્યારે તેણે તે મુકદમાનો ઈનસાફ, પોતે કલમ ૪૫૧ અ. પ્રમાણે કામ કરનારો જીલ્લા માજીસ્ટરેટ હોય તે પ્રમાણે તેવાજ અધીકાર, (કમીટ કરવાના અધીકાર સહીત) ચલાવીને અને તેવીજ રીતે કામ ચલાવીને બનતી તાકીદે કરવો જોઇએ."

૪૫૯ મી કલમનો સુધારો.

૯. ૪૫૯ મી કલમના "અથવા ઇલાકાના મુખ્ય શેહેરોની બાહાર જે કોઇ માજીસ્ટરેટ અથવા સેશન જડજ રાણીસાહેબની વિલાયતી રઈયત ન હોય તે માજીસ્ટરેટને અથવા સેશન જડજને," આ શબ્દો આ ઉપરથી રદ કરયા છે; અને તેજ કલમમાંના "અને જે માજીસ્ટરેટ જસ્ટિસ આફ ધી પીસ ન હોય તે માજીસ્ટરેટને" આ શબ્દોને બદલે "અને જે માજીસ્ટરેટ અથવા સેશન કોરટમાં પ્રમુખસ્થાને બિરાજનાર જે જડજ જસ્ટીસ આફ ધી પીસ ન હોય તે માજીસ્ટરેટ અથવા જડજને" આ શબ્દો દાખલ કરવા.

૪૬૨ મી કલમનો સુધારો.

૧૦. ૪૬૨ મી કલમમાં "૪૬૦ મી કલમના ઠરાવો પ્રમાણે રચેલી જ્યુરીથી થવાનો હક્ક હોય ત્યારે" આ શબ્દો તથા આંકડા પછી હેઠળ લખેલો મજકુર વધારવો એટલેઃ—

"અથવા ૪૫૧ અ. અથવા ૪૫૧ બ. કલમ પ્રમાણે કામ ચલાવનારા જિલ્લા માજીસ્ટરેટની અથવા સેશન જડજની કોરટમાં ઈનસાફ થવાનો હોય, ત્યારે."

૫૨૬ મી કલમનો સુધારો. ૧૧. (૧) ૫૨૬ મી કલમમાં (ડ) રકમ પછી હેઠળ લખેલો મજકુર દાખલ કરવો, એટલેઃ—

"અથવા

"(ઈ) ઇનસાફનાં કારણ સારૂ એવા પ્રકારનો હુકમ યોગ્ય છે."

(૨) તેજ કલમમાં રકમ (૩) પછી હેઠળ લખેલો મજકુર દાખલ કરવો, એટલેઃ—

"અથવા

"(૪) તોહોમતદારને ઇનસાફ થવા સારૂ પોતાની પાસે અથવા સેશન કોરટની પાસે મોકલવો એવો."

૫૨૬ મી કલમ પછી નવી કલમ દાખલ કરી. ૧૨. ૫૨૬ મી કલમ પછી હેઠળ લખેલી કલમ દાખલ કરવી, એટલેઃ—

૫૨૬ મી કલમ પ્રમાણે અરજી કરેથી વચમાં મુલતવી રાખવા બાબત. "૫૨૬ અ. કોઇપણ ફોજદારી મુકદમામાં અથવા અપીલમાં, સુનાવણી શરૂ થવાની અગાઉ પબ્લિક પ્રાસિક્યુટર, ફરિયાદી અથવા તોહોમતદાર જે કોરટમાં મુકદમો અથવા અપીલ ચાલતી હશે તે કોરટને મુકદમાના સંબંધમાં ૫૨૬ મી કલમ પ્રમાણે અરજી કરવાનો પોતાનો ઇરાદો છે એવુ જાહેર કરશે, તો તોહોમતદારને તેનો જવાબ કરવાનું કેહેવાની અગાઉ, અથવા, અપીલની બાબતમાં, અપીલની સુનાવણી થવાની અગાઉ અરજી કરી શકાય અને તે ઉપર હુકમ મેળવી શકાય એટલો વખત મળે એવી રીતે કોરટે કલમ ૩૪૪ માં આપેલો શરૂથી અથવા વચમાં મુલતવી રાખવાનો અધીકાર ચલાવવો જોઈયે."

૫૨૮ મી કલમમાં વધારેલો મજકુર. ૧૩. ૫૨૮ મી કલમમાં હેઠળ લખેલો મજકુર વધારવો, એટલેઃ—

"આ કલમ પ્રમાણે હુકમ કરનારા માજીસ્ટરેટે તેમ કરવાનું કારણ લખી મુકવુ જોઈએ."

અરથની કલમ. ૧૪. (૧) આ આકટમાં "કલમ" શબ્દનો અરથ સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ એવો સમજવો.

(૨) આજ સુધી પાસ થએલા અથવા હવે પછી પાસ થાય તે કાયદામાં સદરહુ કાયદા ઉપર આપેલા સઘળા હવાલા તે કાયદો આ આકટ ઉપરથી સુધારયો છે તેવા તે કાયદા ઉપર આપ્યા છે એમ સમજીને વાંચવા.

ટુંકુ નામ અને શરૂઆત. ૧૫. આ આકટને સને ૧૮૮૪ નો ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો સુધારવા બાબતનો આકટ કેહેવો, અને તે સને ૧૮૮૪ ના મે મહિનાની પેહેલી તારિખે અમલમાં આવશે.

(True Translation.)

S. P. PANDIT,

Oriental Translator to Govrenment.

ઇંડિયાના ગવનર જનરલ ઇન કૌંસિલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સન ૧૮૮૬ ના માર્ચ મહિનાની ૧૨ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવાસારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે.

સને ૧૮૮૬ નો આકટ. નંબર ૧૦ મો.

સન ૧૮૮૨ નો ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો તથા બીજા કેટલાક પોલીસ સુધારવા વિશેનો આકટ.

જે અર્થે સને ૧૮૮૨ નો ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો, અને બીજા કેટલાક કાયદા સુધારવા યોગ્ય છે; તે અર્થે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

સન ૧૮૮૨ નો ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો.

ફોજદારી કામ ચલાવવાની રીતબાબતના કાયદાની ૩૧ મી કલમનો સુધારો.

૧. સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૩૧ મી કલમના છેલ્લા પારેગ્રાફમાંના "ત્રણ વર્ષ કરતાં વત્તી મુદતની કેદની શિક્ષાનો" આ શબ્દોને બદલે "ચાર વર્ષ કરતાં વત્તી મુદતની કેદની શિક્ષાનો અથવા કોઇપણ સમુદ્રપારની શિક્ષાનો" આ શબ્દો દાખલ કરવા.

૩૪ મી કલમને બદલે નવી કલમ દાખલ કરવી.

૨. તેજ કાયદાની ૩૪ કલમને બદલે હેઠળ લખેલી કલમ દાખલ કરવી, એટલે:—

"૩૪. ૩૦ મી કલમ પ્રમાણે વિશેષે કરીને અધિકાર આપેલા કોઈપણ જીલ્લામાજીસ્ટ્રેટની કોર્ટને મોતની શિક્ષા, અથવા સાત વર્ષ કરતાં વત્તી મુદતની સમુદ્રપારની શિક્ષા અથવા સાત વર્ષ કરતાં વત્તી મુદતની કેદની શિક્ષા વગર બીજી જે કોઈ શિક્ષા કરવાનો અધિકાર કાયદાથી હશે તે બીજી શિક્ષા કરવાનો અખત્યાર છે; પણ ચાર વર્ષ કરતાં વત્તી મુદતની કેદની શિક્ષાનો અથવા સમુદ્રપારની શિક્ષાનો કોઈપણ હુકમ કર્યો હોય તે કાયમ થવાને સેશન જડજની મંજુરી જોઈયે."

કલમ ૫૫ અને ૫૬ માં વધારો.

૩. તેજ કાયદાની કલમ ૫૫ મી અને ૫૬મી પછી નીચેનું વધારવું, એટલે:–

"આ કલમ કલકત્તા અને મુંબઇ શહેરમાંની પોલીસને લાગુ છે."

૮૮મીઅને૫૧૪ મીકલમોમાંવધારો. ૪. તેજ કાયદાની ૮૮ મી તથા ૫૧૪ મી કલમોમાં "જીલ્લા–માજીસ્ટ્રેટના" આ શબ્દો પછી "અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના" અને "જીલ્લા માજીસ્ટ્રેટ" આ શબ્દો પછી "અથવા ચીફ પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ" આ શબ્દો દાખલ કરવા.

૧૧૦ મી કલમ નો સુધારો. ૫. તેજ કાયદાની ૧૧૦ મી કલમમાં "પેટા તુકડી માજીસ્ટ્રેટને અથવા પેહેલા વર્ગના માજીસ્ટ્રેટને" આ શબ્દોને બદલે "અથવા જે પેટા તુકડી માજીસ્ટ્રેટને અથવા પેહેલા વર્ગના જે માજીસ્ટ્રેટને" આ શબ્દો દાખલ કરવા.

૧૫૨ મી કલમ નો સુધારો. ૬. *

૧૭૩ મી કલમ નો સુધારો. ૭. તેજ કાયદાની ૧૭૩ મી કલમના બીજા પારિગ્રાફને બદલે હેઠળ લખેલો પારેગ્રાફ દાખલ કરવો.

"જ્યારે ૧૫૮ મી કલમ પ્રમાણે કોઇ ઊંચા દરજ્જાના પોલીસ અમલદારને નીમ્યો હોય, ત્યારે સદરહુ રિપોર્ટ જે પ્રસંગોમાં સ્થાનિક સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને તેમ કરવાનું ફરમાવે તે પ્રસંગોમાં આપ્યાથી તે અમલદારની મારફત મોકલવો જોઇએ, અને તે માજીસ્ટ્રેટનો હુકમ થતાં સુધી, જે અમલદારને હવાલે તે પોલીસ–થાણું હોય તે અમલદારને વધારે તપાસ કરવાનું ફરમાવવાને સદરહુ અમલદાર મુખત્યારછે."

૨૬૬ મી કલમ નો સુધારો. ૮. તેજ કાયદાની ૨૬૬ મી કલમમાંના "૩૦૭ મી કલમ સિવાય" આ શબ્દ તથા આંકડાને બદલે "૨૭૬ મી તથા ૩૦૭ મી કલમ શિવાય" આ શબ્દો તથા આંકડા દાખલ કરવા.

કલમ ૨૬૯ નો સુધારો. ૯ તેજ કાયદાની કલમ ૨૬૯ મીના બીજા પારેગ્રાફને બદલે નિચેનું દાખલ કરવું, એટલેઃ—

"જ્યારે કેટલાએક ગુન્હાનું તોહોમત તોહોમતવાળા ઉપર એકજ ઇનસાફની વખતે મુકવામાં આવ્યું હોય અને તેમાંના થોડા એક ગુન્હાઓનો ઇનસાફ જ્યુરીથી થઈ શકે અને થોડા એકનો ઇનસાફ તેવી રીતે ન થઈ શકે એમ હોય ત્યારે તે ગુન્હાઓમાંના જેટલાનો જ્યુરીથી ઇનસાફ થઇ શકે એમ હોય તેટલાને સારૂ તેનો જ્યુરીથી ઈનસાફ થશે, અને તેમાંના જેટલાનો જ્યુરીથી ઈનસાફ થઈ શકે એમ નહિ હોય તેટલાને સારૂ તેનો સેશનકોર્ટથી જ્યુરરોની આસેસરોતરીકે મદદથી ઇનસાફ થશે.

કલમ ૩૯૮ મીને બદલે નવી કલમ મુકવી. ૧૦. તેજ કાયદાની કલમ ૩૯૮ મીને બદલે નિચેની દાખલ કરવી, એટલેઃ—

કલમ ૩૫ મી ૩૯૬મીતથા૩૯૭ મીના પુરવણી ઠરાવો. "૩૯૮ (૧) ૩૯૬ મી અથવા ૩૯૭ મી કલમ માંહેના ઠરાવ ઉપરથી એમ સમજવું નહિ કે કોઇપણ સખસ તેના આગલા કે પાછલા સાબિત થયેલા ગુન્હાને માટે જે શિક્ષાને લાયક થયો હોય તે શિક્ષાના કોઇપણ ભાગમાંથી તે સખસ બચી જશે.

---

* ગુજરાતીમાં આ સુધારો કરવાની જરૂર નથી.

(૨) કેદની શિક્ષા કરવા લાયક ગુન્હાને માટે કરેલી કેદની અથવા સમુદ્રપારની અ-થવા સાસનીકદાસત્વની મુખ્ય શિક્ષાની સાથે દંડ આપવામાં ચુક કરે તો તે બદલ કેદ ઠ-રાવી હોય, અને શિક્ષા ભોગવનારો સખસ તે ભોગવ્યા પછી, કેદની, સમુદ્રપારની અથવા સાસનિકદાસત્વની બીજી મુખ્ય શિક્ષા અથવા શિક્ષાઓ ભોગવવાને હોય તો દંડ આપવો ચુકવા બદલની કેદનો હુકમ તે સખસ સદરહુ વધારાની શિક્ષા અથવા શિક્ષાઓ ભોગવી રહે ત્યાં લગી અમલમાં આવશે નહિ.

૪૦૧ લી કલમ નો સુધારો.

૧૧. (૧) તેજ કાયદાની ૪૦૧ લી કલમના ત્રીજા પારેગ્રાફને બદલે હેઠળ લખેલો પારેગ્રાપ્ર દાખલ કરવો, એટલે:—

"જે કોઈપણ શરતે કોઇ શિક્ષા મોકુફ રાખી હોય અથવા માફ કરી હોય તે શરત પાળવામાં નથી આવી એમ ગવર્નર જનરલ ઇન કૌંસિલને અથવા સ્થાનિક સરકારને લાગે તો આ પ્રમાણે મોકુફ રાખવાનો અથવા માફ કરવાનો હુકમ, ગવર્નર જનરલ ઇન કૌંસિલ અથવા સ્થાનિક સરકાર રદ કરે, અને તે પછી જે સખસ બાબત તે શિક્ષા મોકુફ રાખી હોય અથવા માફ કરી હોય તે સખસ છુટો હોય તો તેને કોઇપણ પોલીસ—અમલદાર વગર વારંટે પકડવાને અને બાકી રહેલા ભાગની શિક્ષા ભોગવવા માટે તેને પાછો કેદમાં મોકલ-વાને મુખત્યાર છે.

(૨) "તેજ કલમના ત્રીજા પારેગ્રાફ પછી હેઠળ લખેલો પારેગ્રાફ દાખલ કરવો એટલે:—

"જે શરતે કોઈ શિક્ષા આ કલમ પ્રમાણે મોકુફ રાખી હોય અથવા માફ કરીહો-ય તે શરત જે સખસ બાબત તે શિક્ષા મોકુફ રાખી હોય અથવા માફ હોય તેણે પુરી કરવી એવી હોય, અથવા એની ઈચ્છા ઉપર આધાર ન રાખે તેવી હોય."

૪૭૫ મી કલમ પછી આવનારી નવી કલમો.

૧૨. તેજ આક્ટની ૪૭૫ મી કલમ પછી હેઠળ લખેલી કલમો દા-ખલ કરવી, એટલે:—

સ્થાનિક સરકા-રના હુકમથી કે-દ રાખેલા ગાંડા કેદીઓને એકપ્રાં-તમાંથી બીજા પ્રાંતમાં લઈજ-વાનો હુકમ કર-રવાનો ગવર્નર જનરલ ઈન કૌં-સિલને અધિકાર.

"૪૭૫ અ. ગવર્નર જનરલ ઇન કૌંસિલને એવું ફરમાવવાનો અધિકા-ર છે કે જે કોઈ સખસને સ્થાનિક સરકારે આ બાબપ્રમાણે ગાંડાઓના આશ્રયસ્થાનમાં, તુરંગમાં અથવા સારા જાપતામાં રાખવાની બીજી જ-ગામાં પુરી રાખવાનો હુકમ કર્યો હશે, તેને જે જગામાં પુરી રાખ્યો હશે તે જગાએથી બ્રિટિશ ઇંડિયા• માંહેના કોઈપણ ગાંડાઓના આશ્ર-યસ્થાનમાં, તુરંગમાં અથવા સારા જાપતામાં રાખવાની બીજી જગાએ લઈ જવો.

ઈન્સ્પેક્ટર જ-નરલને અમુક

૪૭૫ બ. કલમ ૪૬૬મી અથવા કલમ ૪૭૧ મી મુજબ જે તુરંગ-માં કોઈ સખસને કેદ રાખ્યો હોય તે તુરંગ જેના તાબામાં હોય તે

કામમાંથી છુટા કરવાને સ્થાનિક સરકારને અખતીયાર.

અમલદારને કલમ, ૪૭૨, કલમ ૪૭૩, અથવા કલમ ૪૭૪ મુજબનાં ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પ્રિઝન્સના સઘળાં અથવા કોઈ કામો કરવાનો અખત્યાર સ્થાનિક સરકાર આપે.

"કલમ ૪૯૫ નો સુધારો.

૧૩. (૧) તેજ કાયદાની કલમ ૪૯૫ મીના પેહેલા વાક્યોને બદલે નિચેનું દાખલ કરવું એટલે:—

"કોઈપણ મુકદ્દમાની ચોકસી અથવા ઈનસાફનું કામ કરતો કોઇપણ માજિસ્ટ્રેટ ગવર્નર જનરલ ઈનકૌંસિલની પ્રથમ મંજુરીથી સ્થાનિક સરકાર જે દરજ્જો ઠરાવે તેવા દરજ્જાથી ઉતરતા દરજ્જાના પોલીસ અમલદાર શિવાય બીજા કોઈપણ સખસને ફરિયાદ પક્ષનું કામ ચલાવવાની પરવાનગી આપવાને મુખતીયાર છે."

(૨) તેજ કલમના છેલ્લા વાક્ય પછી નિચેનું વધારવું, એટલે:—

" જે ગુન્હાને સારૂ તોહોમતદાર ઊપર ફરિયાદ ચાલતી હોય તે ગુન્હા વિશેની તપાસમાં કંઈ પણ ભાગ લીધો હોય તેવા પોલીસ અમલદારને ફરિયાદ પક્ષનું કામ ચલાવવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૫૧૦મી કલમનો સુધારો.

૧૪ તેજ કાયદાની ૫૧૦ મી કલમ માંહેના "કેમિકલ એકઝામિનર" આ શબ્દો જ્યાં પેહેલા આવે છે ત્યાં તે શબ્દોની આગળ " કોઇ શબ્દો વધારો.

૫૪૧ મી કલમ પછી નવી કલમ દાખલ કરવી.

૧૫ તેજ કાયદાની ૫૪૧ મી કલમ પછી હેઠળ લખેલી કલમ દાખલ કરવી, એટલે:—

જે તોહોમતદારો અથવા તકશીરવાર ઠરેલાં માણસો દિવાની તુરંગમાં કેદમાં હશે તેઓને ફોજદારી તુરંગમાં લઈ જવા; તથા તેઓને દિવાની તુરંગમાં પાછા લાવવા.

૫૪૧ અ. (૧) જો આ કાયદા પ્રમાણે તુરંગમાં નાખવાને અથવા કેદમાં આપવાને પાત્ર હોય એવો કોઈ સખસ દિવાની તુરંગમાં કેદમાં હોય, તો તે સખસને ફોજદારી તુરંગમાં લઇ જવો એવું ફરમાવવાનો અધિકાર જે કોરટે અથવા માજીસ્ત્રેટે તુરંગમાં નાખવાનો અથવા કેદમાં આપવાનો હુકમ કર્યો હશે તે કોરટને અથવા માજીસ્ત્રેટને છે.

" (૨) જ્યારે કોઈ સખસને પેટા કલમ (૧) પ્રમાણે ફોજદારી તુરંગમાં લઈ ગયા હોય ત્યારે, તેને ત્યાંથી છોડી મુક્યા પછી, દિવાની તુરંગમાં પાછો મોકલવો, પણ હેઠળ લખેલી બે વાત પઈકી કોઈપણ વાત બનેલી ન હોય તો, એટલે:—

(અ) તેને ફોજદારી તુરંગમાં લઈ ગયા પછી ત્રણ વરસ થઇ ગયાં હોય. તેમ થયું હોય તો

દિવાની ઈન્સાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૩૪૨ મી કલમ પ્રમાણે તેને દિવાની તુરંગમાંથી છોડી મુકયો છે એમ સમજવું; અથવા

(બ) જે કોરટે તેને દિવાની તુરંગમાં રાખવાનો હુકમ કર્યો હશે તે કોરટે જે અમલદારને સ્વાધીન ફોજદારી તુરંગ હોય તે અમલદારને એવો દાખલો લખી આપ્યો હોય કે તેને દિવાની ઈન્સાફનું કામ ચલાવવાની રીતના કાયદાની ૩૪૧ મી કલમ પ્રમાણે છોડી મુકવામાં આવે એવો તેને હક છે."

કલમ ૫૫૮ મી પછી નવી કલમ ઉમેરવી.

૧૬. તેજ કાયદાની કલમ ૫૫૮મી પછી નિચેલી કલમ વધારવી એટલે:-

વેચાણમાં સબંધમાં આવેલા અમલદારોએ મિલકતવેચાતીલેવી અથવા તેની માગણી કરવી નહિ.

"૫૫૯. આ કાયદા પ્રમાણે કોઈપણ માલમિલકતના વેચાણના સબંધમાં કાંઈપણ ફરજ બજાવવાની હોય એવા કોઇ જાહેર નોકરે તે માલમિલકત વેચાતી લેવી નહિ અથવા તેની માગણી કરવી નહિ.

પરિશિષ્ટ ૨ માં રહી ગએલો મજકૂર સુધારવો.

૧૭ તેજ કાયદાનાં બીજાં પરિશિષ્ટમાં હિંદુસ્તાનના ફોજરી કાયદાની ૨૧૧ કલમની સામેના મજકૂરની બે લીટી છે તેઓની દરમિયાન હેઠળ લખ્યું છે તે દાખલ કરવું એટલે:—

આસન ૨.	આસન ૩.	આસન ૪.	આસન ૫.	આસન ૬.	આસન ૭.	આસન ૮.
"જે ગુન્હાનું તોહોમત મુકયું હોય તે ગુન્હો સાત વરસ સુધીની કેદની શિક્ષા જોગ હોય તો.	એજન.	એજન.	એજન.	એજન.	બેમાંના ગમે તે પ્રકારની સાત વરસ સુધીની કેદ તથા દંડ.	સેસન કોરટ પ્રેસિડેન્સીમાજીસ્ત્રેટ અથવા પેહેલા વર્ગનો માજીસ્ટ્રેટ."

પરિશિષ્ટ ૨નોવ ધારે સુધારો

૧૮૫ તેજ પરિશિષ્ટમાં કલમ ૨૨૫ અ અને તેની સામેના મજકુરોની હારને બદલે નિચેનું દાખલ કરવું એટલે:—

આસન ૧.	આસન ૨.	આસન ૩.	આસન ૪.	આસન ૫.	આસન ૬.	આસન ૭.	આસન ૮.
૨૨૫ અ.	બિજી રીતે ઠરાવ નહી કરેલો હોય એવા પ્રસંગોમાં સરકારી નોકર કોઈ સખસને પકડવામાં કસુર કરે અથવા નાસી જવા દેતો.	"	°				
	(અ) ઇરાદાથી કસુર કરે અથવા જવા દેતો.	વગર વારંટે પકડાય નહિ.	એજન.	જામીન લઈ શકાય.	એજન.	૩ વર્ષ સુધીની એમાંથી ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશન કોર્ટ, પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
	(બ) ગફલતથી કસુર કરે અથવા જવા દેતો.	એજન.	સમન.	એજન.	એજન.	૨ વર્ષ સુધીની આસાન કેદ, અથવા દંડ અથવા બન્ને.	પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨જાવર્ગનો માજીસ્ટ્રેટ.
"૨૨૫ અ.	બીજી રીતે ઠરાવ નહિ કરેલો હોય એવા પ્રસંગોમાં કોઈ સખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં સામા થવું અથવા હરકત કરવી અથવા નાશી જવું અથવા છોડવવું.	વગર વારંટે પકડાય.	વારંટ.	એજન.	એજન.	૬ મહીના સુધીની એમાંથી ગમેતે પ્રકારની શિક્ષા અથવા દંડ અથવા બંને	એજન."

ત્રીજા પરિશિષ્ટમાં રહી ગય-

૧૯. તેજ કાયદાના ત્રીજા પરિશિષ્ટના "૪.—પેટા તુકડી માજીસ્ટ્રેટના સાધારણ અખત્યાર" આ નામના ભાગમાં હેઠળ લખેલો મજકુર

બો મજકુર સુધારવો. બીજી કલમ પછી દાખલ કરવો, એટલે:—

" (૨ અ) સારી ચાલ ચાલવા બાબત તારણ માગવાનો અખત્યાર કલમ ૧૧૦"

સને ૧૮૬૭ નો મુંબાઇનો ડિસ્ટ્રિકટ પોલીસ આકટ.

મુંબાઇનો ડિસ્ત્રિકટ પોલીસ આકટ સુધારવો. ૨૦. સને ૧૮૬૭ ના મુંબાઈના ડિસ્ત્રિકટ પોલીસ આકટની ૨૩ મી કલમમાંના "અને આખરનો ફેંસલો થાય ત્યાંસુધી તે માણસની ઉપર ફરિયાદીનું કામ ચલાવવાનો" આ બાર શબ્દો આ ઉપરથી રદ કર્યા છે.

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો.

હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમો ૪૦ અને ૬૪ મીનો સુધારો. ૨૧. (૧) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૦ મીની બિજી રકમમાં "૬૬મી" અને "૭૧મી" એ આંકડાઓ વચે "૬૭મી" એ આંકડાઓ દાખલ કરવા.

(૨) તેમજ કાયદાની કલમ ૬૪ મીની ૨જી રકમમાં "ફ્કત દંડની" એ શબ્દો પેહેલાં "કેદની અથવા દંડની અથવા" એ શબ્દો ઉમેરવા.

હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૭૫ મીનો સુધારો. ૨૨. તેજ કાયદાની કલમ ૭૫ માં "અથવા એ પ્રમાણે ન બન્યું હોય તો" એ શબ્દો અને ત્યાર પછીના કલમ પુરી થતાં સુધીના શબ્દોને બદલે નિચેનું દાખલ કરવું.

"અથવા ૧૦ વર્ષ સુધીની બેમાંથી ગમે તે પ્રકારની કેદને લાયક થશે."

હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૬મીમાં વધારો. ૨૩. તેજ કાયદાની કલમ ૨૧૬મીના પેહેલા પેરેગ્રાફ પછી નીચેનું દાખલ કરવું, એટલે:—

આ કલમમાં "ગુન્હો" એ શબ્દમાં કોઇ સખસે હિંદુસ્તાનની બહાર કરેલા એવા દરેટ કામ અથવા કસુરનો સમાવેશ થાયછે કે જે કામ અથવા કસુર તેણે જો હિંદુસ્તાનમાં કરી હોત તે સંબંધી ગુન્હા તરીકે શિક્ષા કરી શકાય અને જેને માટે તે એકસ્ત્રેડિશનને લગતા કોઇ કાયદાની અથવા સને ૧૮૮૧ના ફ્યુજીટીવ ઓફેન્ડર્સ આકટની રૂઇએ બ્રિટિશ હિંદુસ્તાનમાં પકડવાને અથવા કેદમાં રાખવાને પાત્ર હોય; અને એવું દરેક કામ અથવા કસુર, તે કામ અથવા કસુર તોહોમતદારે હિંદુસ્તાનમાં કર્યું હોય તે મુજબ આ કલમને સારૂ શિક્ષાને પાત્ર ગણાશે,

હિંદુસ્તાનની ફોજદારી કાયદાની ૨૨૫ અ કલમને બદલે નવી કલમો દાખલ કરવી અને દિવાની ૨૪. (૧) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૨૫ અ કલમને બદલે હેઠળ લખેલી કલમો દાખલ કરવી, એટલે:—

કામ ચલાવવાની રીતના કાયદાની ૬૫૧ મી કલમ રદ કરવી.

બિજી રીતે ઠરાવ નહિ કરેલો હોય એવા પ્રસંગોમાં સરકારી નોકર કોઇ સખસને પકડવામાં કસૂર કરે અથવા નાસી જવા દે તો.

"૨૨૫ઁ અ. કોઈ માણુસ સરકારી નોકર હોય અને કલમ ૨૨૧ મી, કલમ ૨૨૨મી, અથયા કલમ ૨૨૩મીમાં અથવા તે વખતે ચાલુ હોય એવા કોઈ કાયદામાં ઠરાવ નહિ કરેલો એવા કોઈ પ્રસંગમાં કોઈ સખસને પકડવાની અથવા કેદમાં રાખવાની તે માણસની પોતાના સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ ફરજ હોય તે તે સખસને પકડવામાં કસુર કરે અથવા, તે સખસને કેદમાંથી નાશી જવા દે તો તે માણસને નિચે મુજબ શિક્ષા થશે.—

"(અ) જો તે ઈરાદાથી તેમ કરે તો ૩ વરસ સુધીની બેમાંથી ગમે તે પ્રકારની શિક્ષા અથવા દંડ અથવા બન્ને; અને

(બ) જો તે ગફલતથી તેમ કરે તો બે વરસ સુધીની આસાન કેદ, અથવા દંડ અથવા બન્ને.

બિજીરીતે ઠરાવ નહિ કરેલો હોય એવા પ્રસંગોમાં કાયદાસર પકડવાની સામુ થવું અથવા તેમાં અડચણ કરવી અથવા નાશી જવું અથવા છોડવવું.

"૨૨૫ બ. ૨૨૪મી કલમમાં અથવા ૨૨૫મી કલમમાં અથવા બીજા કોઈ ચાલુ કાયદામાં જે વિશે ઠરાવ કરેલો નહિ હોય એવા કોઈપણ પ્રસંગમાં જે કોઈ સખસ પોતાને અથવા બીજા કોઈ સખસને કાયદાસર પકડવાની ઈરાદાથી સામો થાય અથવા તેમાં કાયદા વિરૂદ્ધ કાંઇ અડચણ કરે, અથવા તેને કાયદાસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી નાહાશી જાય અથવા નાહાશી જવાની કોશિશ કરે અથવા બીજા કોઈ સખસને કાયદાસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી તેને છોડાવી મુકવાની કોશિશ કરે તો તેને છ મહિના સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બન્નેની શિક્ષા કરવામાં આવશે."

(૨) દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૬૫૧ મી કલમ આ ઉપરથી રદ કરી છે.

સને ૧૮૭૧ ના કેદીઓનો આકટ.

કેદીઓના આકટની ૩૦મી ૩૧ મી તથા ૩૨મી કલમોને બદલેનવી કલમો દાખલ કરવી.

૨૫. સને ૧૮૭૧ ના કેદીઓના આકટની ૩૦મી ૩૧મી અને ૩૨ મી કલમોને બદલે હેઠળ લખેલી કલમો દાખલ કરવી, એટલે:—

સ્થાનિક સરકારની હુકમતમાંહેના

"૩૦ જ્યારે કોઈપણ માણુસની ઉપર કોઈપણ કોર્ટ કેદની શિક્ષા ઠરાવે, અથવા કોઈપણ કોર્ટે કેદની શિક્ષા ઠરાવી હોય, અથવા સુલેહ

એક મુલકમાં એક તુરંગમાંથી બીજી તુરંગમાં લઇ જવું.

રાખવા સારૂ અથવા સારી ચાલ ચાલવાસારૂ તારણ આપવાને ચુકયાબાબત તેને સન ૧૮૮૨ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૧૨૩ મી કલમ પ્રમાણે તુરંગમાં મોકલ્યો હોય અથવા અટકાવી રાખ્યો હોય, ત્યારે સ્થાનિક સરકાર અથવા (તે સરકારના હુકમને પાત્ર રહીને અથવા નિબંધમાં રહીન) તુરંગના ઈન્સ્પેકટર જનરલ તે માણસને જે મુદ્દતની કેદની શિક્ષા ફરમાવી હોય તે મુદતસુધી, અથવા જે મુદ્દતમાં તેણે તારણ આપવું એવો હુકમ કર્યો હોય તે મુદ્દતસુધી, જેમ હોય તેમ, તેને, જે તુરંગમાં અથવા જગામાં કેદ હોય તે તુરંગમાંથી અથવા જગામાંથી તેજ સ્થાનિક સરકારના તાબામાંહેના મુલકમાંની બીજી કોઇપણ તુરંગમાં અથવા કેદની જગામાં મોકલવાનો હુકમ કરી શકે.

ગાંડા કેદીઓને ખસેડવા બાબત.

“૩૧. (૧) કોઈ માજીસ્ટ્રેટે અથવા કોર્ટે કાંઇ હુકમ અથવા શિક્ષાનો ઠરાવ કીધો હોય તે ઉપરથી કોઈ માણુસને અટકાવી રાખ્યો હોય અથવા કેદમાં રાખ્યો હોય તે ચળી ગયેલો છે એવું સ્થાનિક સરકારની નજરમાં આવે ત્યારે તે માણસ ચળી ગયાનું માનવાના સબબો હોય તે લખીને વારંઠ આપીને પોતાના તાબામાંહેલા મુલક મધ્યેના ગાંડા માણુસના હરકોઇ આશ્રયસ્થાનમાં અથવા સંભાળીને રાખવાની બીજી કોઈ જગાએ, જે મુદ્દતને સારૂ તેને અટકાવી રાખવાનો હુકમ કર્યો હોય અથવા કેદમાં રાખવાનો શિક્ષાનો ઠરાવ કર્યો હોય તે મુદ્દતમાંની જેટલી બાકી હોય તેટલી મુદ્દતને સુધી, અથવા તે મુદ્દત પુરી થયેથી જો વૈદકીય અમલદાર એવો દાખલો આપે કે તે કેદીના અથવા બીજા માણસના બચાવ સારૂ હજુ વધારે તેનું જતન કરાવવાની અથવા તેને ઓસડપાણી કરાવવાની જરૂર છે તો તે કાયદા પ્રમાણે છુટે ત્યાંસુધી તેને રાખવા સારૂ અને પોતે ફરમાવ્યું હોય તે પ્રમાણે તેને ચલાવવા સારૂ મોકલવાનો હુકમ કરવાને તે સ્થાનિક સરકાર મુખતીયાર છે.

“(૨) તે કેદી તે ઠેકાણે આવ્યો છે એવું સ્થાનિક સરકારની નજરમાં આવે ત્યારે તે જે માણસના હવાલામાં હોય તે માણસના નામનું વારંટ આપીને તે કેદી હજુ કેદમાં રેહેવાને પાત્ર હોય તો જે તુરંગમાંથી તેને મોકલ્યો હોય તે તુરંગમાં અથવા તેજ સ્થાનિક સરકારના તાબાના મુલકોમાંહેના બિજા કોઈ તુરંગમાં તેને તે સરકારે પાછો મોકલવો અથવા જો તે વધારે વાર લગી કેદમાં રાખવાને પાત્ર હોય નહિ તો તેને છોડી મુકવાનો હુકમ કરવો.

“(૩) જે દરેક માણસને તેને જે મુદ્દતસારૂ અટકાવી રાખવાનો અથવા કેદમાં રાખવાનો હુકમ થયો હોય અથવા શિક્ષાનો ઠરાવ થયો હોય તે મુદ્દત પુરી થયા પછી પેટા કલમ ૧ લીની રૂએ ગાંડાના આશ્રયસ્થાનમાં કેદ રાખ્યો હોય તેને સને ૧૮૫૮ ના (ગાંડા માણુસોના આશ્રયસ્થાન બાબતના) આક્ટ ૩૬માંની કલમ ૯મીના ઠરાવો લાગુછે; અને જે વખતસુધી કોઈ કેદીને તે પેટા કલમની રૂએ ગાંડા માણસના આશ્રયસ્થાનમાં કેદ રાખ્યો હોય તે વખત, તેને માજીસ્ટ્રેટે અથવા કોર્ટે જે મુદ્દતસુધી અટકાવી રાખવાનો અથવા કેદ કરવાનો હુકમ અથવા શિક્ષા ઠરાવ કર્યો હોય તે મુદ્દતનો ભાગ ગણાશે.

“૪. જે કોઇ બાબતમાં સ્થાનિક સરકાર પેટા કલમ ૧ લી પ્રમાણે કોઇ કેદીને, પોતાના તાબેના મુલકોમાંહેના કોઈ ગાંડાઓના આશ્રયસ્થાનમાં અથવા બીજી કોઇ સારી જાપતાની જગામાં મોકલવાનો હુકમ કરવાને મુખત્યાર છે, તે બાબતમાં તેને બ્રિટિશ ઇંડિયાના કોઇ પણ ભાગમાંના કોઇ ગાંડાઓનાં આશ્રયસ્થાનમાં અથવા સારા જાપતાની બીજી જગામાં મોકલવાનો હુકમ કરવાનો અધિકાર ગવર્નર જનરલ ઈન કૌંસિલને છે, અને સ્થાનિક સરકારના હુકમ પ્રમાણે મોકલેલા કેદીને જાપતામાં રાખવા, અટકાવી રાખવા, પાછો કેદમાં મોકલવા તથા છોડી દેવાસંબંધી આ કલમમાંહેના ઠરાવ, ગવર્નર જનરલ ઈન કૌંસિલના હુકમપ્રમાણે મોકલેલા કેદીને લાગૂ કરી શકાય તેટલા તે લાગૂ થશે.”

કેદીઓને, એક સ્થાનિક સરકારના તાબામાંહેના મુલકમાંથી બીજી સ્થાનિક સરકારના તાબા માંહેના મુલકમાં મોકલવા.

“૩૨. જ્યારે કોઈપણ માણસ ઉપર કોઈપણ કોર્ટે કેદની શિક્ષા ફરમાવે અથવા કોઇપણ કોર્ટે કેદની શિક્ષા ઠરાવી હોય, અથવા, સારી ચાલ ચાલવા સારૂ તારણ આપવાને ચુક્યાબદલ તેને સને ૧૮૮૨ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૧૨૩ મી કલમ પ્રમાણે તુરંગમાં મોકલ્યો હોય અથવા અટકાવી રાખ્યો હોય ત્યારે તે માણસને જે મુદ્દતની કેદની શિક્ષા ફરમાવી હોય તે મુદતસુધી અથવા જે મુદ્દતમાં તેણે તારણ આપવું એવો હુકમ કર્યો હોય તે મુદ્દતસુધી, જેમ હોય તેમ, તેને, તે જે તુરંગમાં અથવા જગામાં કેદ હોય તે તુરંગમાંથી અથવા જગામાંથી બ્રિટિશ ઇંડિયામાંની બીજી કોઇપણ તુરંગમાં અથવા કેદની જગામાં મોકલવાનો હુકમ ગવર્નર જનરલ ઈનકૌંસિલ કરી શકે.

(સહી) **એસ. હારવે જેમ્સ.**

ઓફી. સેક્રે. નિસબત ઇંડિયા સરકાર.

હિંદુસ્તાન સરકાર.

કાયદા કરનારૂં ખાતું.

નિચે લખેલો હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન્ કૌંસિલનો આક્ટ્ નામદાર ગવર્નર જનરલે સને ૧૮૮૭ ના જાનેવારી મહીનાની તારીખ ૨૮ મી એ મંજુર કર્યો, અને સર્વ લોકને જાણ થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છેઃ—

સને ૧૮૮૭ નો આકટ નંબર ૫.

સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો સુધારવાનો આકટ.

સને ૧૮૮૨ નો આકટ નંબર ૧૦.

જે અર્થ સને ૧૮૮૨ નો ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો સુધારવાની જરૂર છે તે અર્થે આ ઉપરથી નીચેપ્રમાણે ઠરાવ્યું છેઃ–

કલમ ૪ થી નો સુધારો.

૧. સદર્હૂ કાયદાની કલમ ૪ થી ની રકમ (ઓ) માંની "જે અમલદારના હવાલામાં પોલીસ-થાણું હોય તે અમલદાર" એ શબ્દોની વ્યાખ્યાંમાં "તેમાંથી" એ શબ્દને બદલે "થાણાના-મકાનમાંથી" તથા "પોલીસ-થાણામાં હાજર હોય" એ શબ્દોને બદલે "થાણાના-મકાનમાં હાજર હોય" એ શબ્દો દાખલ કરવા.

કલમ ૩૧૨ મી નો સુધારો.

૨. સદર્હૂ કાયદાની કલમ ૩૧૨ મી માં "બસેં" એ શબ્દને બદલે "ચારસેં" એ શબ્દ દાખલ કરવો.

(સહી.) એમ. હાર્વે જેઇમ્સ,
ઓફીશીએટીંગ સેક્રેટરી નિસબત હિંદુસ્તાન સરકાર.

(True Translation.)
Y. M. KELKAR,
Acting Oriental Translator to Government.

હીંદુસ્તાનના ગવરનર જનરલ ઇનકાંઉનસીલનો હેઠળ લખેલો આકટ સને ૧૮૮૨ ના મારચ મહીનાની ૧૦ મી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કરચો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસીધ કરચોછે.

સને ૧૮૮૨ નો ૧૨ મો આકટ.

સને ૧૮૮૨ નો હીંદુસ્તાનનો મીઠાનો આકટ.

અનુક્રમણીકા.

બાબ ૬ ઠો.

પરચુરણ.

મીઠાની જકાતનું નિયમન કરવા બાબત તથા બીજાં કામ બાબત આક્ટ.

ઉદેસ. | મીઠાપર જકાત નાખવા સબંધી તથા તે બ્રીટીસ ઇંડીયાની અંદર લાવવા સબંધી તથા તે બ્રીટીશ ઇંડીયામાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવા લાવવા સંબંધી તથા મીઠું તથા સુરોખાર હીંદુસ્તાનમાં પકવવા સબંધી આક્ટને સુધારવો યોગ્ય છે માટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે.

બાબ ૧ લો.

પરથમ નિયમો.

ટુંકું નામ. શરૂવાત. | ૧. આ આક્ટને "સને ૧૮૮૨ નો હીંદુસ્તાનનો મીઠાનો આક્ટ" કહેવો. અને તે તાબડતોબ અમલમાં આવશે.

ક્યાંક્યાં લાગુ છે. | આ કલમ, તથા બીજી, સાતમી, અને આઠમી કલમો, અને આ આક્ટનો જેટલો ભાગ તેના હરકોઈ ઠરાવની વિરૂધ અથવા આ આક્ટ પ્રમાણે કરેલી હરકોઈ કાનુન વીરૂધ ગુન્હાઓ સબંધી છે તેટલો ભાગ આખા બ્રીટીશ ઇંડીયાને લાગુ છે.

જે મુલકોનો વહીવટ વાયવ્ય પ્રાંત તથા પંજાબના લેફટેનન્ટ ગવરનર તથા અયોધ્યાના, મધ્ય પ્રાંતના તથા અજમેરના તથા મેવાડના ચીફ કમીશનર ચલાવતા હોય તે

મુલકોને, તથા સીંધ પ્રાંતને, તથા જે મુલકોનો વહીવટ બંગાળાનો લેફટેનન્ટ ગવરનર ચલાવે છે તે મુલકમાં પટનાડીવીઝાના ડીસ્ટ્રીક્ટોને અને હીંદુસ્તાનમાં ગવરનર જનરેલનાં એજંટની હકુમત હેઠળના બ્રીટીશ મુલકને આ આક્ટનો બાકીનો ભાગ લાગુ પડે છે.

આ આક્ટ લાગુ કરવાનો અધીકાર. અને આ કલમના બીજા પારેગ્રાફમાં કહેલા ભાગો શીવાય આ આક્ટનો બીજો કોઈ પણ ભાગ આ કલમના ત્રીજા પારેગ્રાફમાં કહેલા મુલકો, પ્રાંત, તથા ડીસ્ટ્રીક્ટો શીવાય બ્રીટીશ ઈંડીયાના બીજા કોઇ પણ ભાગને ઈંડીયા ગ્યાજેટમાં પ્રસીદ્ધ કરેલા એવા ગવરનર જનરલ ઈનકાંઉસીલના હુકમથી લાગુ કરવાનો અધીકાર છે.

આક્ટો રદ્દ કરવા બાબત. ૨. આ આક્ટને જોડેલા પરીસીષ્ટમાં કહેલા આક્ટો તેજ પરીસીષ્ટના ત્રીજા આસનમાં કહ્યુંછે તેટલે સુધી રદ્દ કર્યાછે પરંતુ સદરહુ પ્રકારના કોઈપણ આક્ટ પ્રમાણે અનુસરીને કરેલી જે કાનુનો તથા હુકમો તથા ઠરેલી જે કીમતો તથા જકાતો તથા પ્રસીદ્ધ કરેલાં જે જાહેરનામાં તથા આપેલા જે અધીકાર હાલ અમલમાં હોય તે સરવે કાનુનો તથા હુકમો આ આક્ટ પ્રમાણે કર્યા છે તથા સરવે કીમતો તથા જકાતો આ આક્ટ પ્રમાણે ઠરાવી છે તથા સરવે જાહેરનામાં આ આક્ટ પ્રમાણે પ્રસીધ કરેલાં છે તથા તે સરવે અધીકાર આ આક્ટ પ્રમાણે આપ્યા છે એમ સમજવું.

અરથનો ક્રમ. ૩. આ આક્ટમાં વીશય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો.—

'સદરહુ મુલકો' "સદરહુ મુલકો" આ શબ્દોનો અરથ આ આક્ટની જે કલમમાં એ શબ્દો આવ્યા હોય તે કલમ જે જે મુલકોને લાગુ પડતી હોય તે તે મુલક એવા સમજવા.

'આશીસ્ટંટ કમીશનર.' "આસીસ્ટંટ કમીશનર" આ શબ્દનો અરથ ઉતર હીંદુસ્તાનનાં મીઠાંનાં મેહેસુલનો આસીસ્ટંટ કમીશનર એવો સમજવો. અને એમાં જે જે સખસને સ્થાનીક સરકારે આ આક્ટ પ્રમાણે આસીસ્ટંટ કમીસનરનો અધીકાર આપ્યો હોય તે સખસનો પણ સમાવેશ થાય છે.

"મીઠાંનાં મેહેસુલનો અમલદાર." "મીઠાંનાં મેહેસુલનો અમલદાર" આ શબ્દોનો અરથ ઉતર હીંદુસ્તાનનાં મીઠાંનાં ખાતાનો હરકોઈ અમલદાર એવો સમજવો; અને એમાં જે કોઈ સખસને સ્થાનીક સરકારે આ આક્ટ પ્રમાણે મીઠાંનાં મેહેસુલના અમલદારના અધીકારમાંનો હરકોઈ અધીકાર હોય તે સખસનો સમાવેશ થાયછે.

'સુરોખાર' "સુરોખાર" આ શબ્દમાં રસો. સજી, અને ખારવાળી જમીનમાંથી બનાવેલા બીજા સઘળા પદાર્થોનો અને ખારીનુન તથા દરેક પરકારના સલ્ફેટ આફ સોડાનો તથા કારબોનેટ આફ સોડાનો સમાવેશ થાય છે.

"મીઠુ પકવવું" "મીઠુ પકવવું" એ શબ્દોમાં સુરોખાર પકવતી વખતે મેળવેલું મીઠુ જુદુ કરવાનો અથવા સ્વચ્છ કરવાનો તથા ખાવાના ઉપયોગમાં આવે એવું મીઠુ પેદા થાય તેવી રીતે જમીનમાંથી અથવા બીજા કોઈ પદાર્થમાંથી મીઠુ જુદુ પાડવાનો તથા સ્વભાવીક રીતીએ જમેલા ખારને અથવા અંદરથી નીકળી આવેલા

ખારને ખોદી કહાડવાનો તથા તેને બીજે ઠેકાણે લઈ જવાનો સમાવેશ થાય છે.

વિભાગના કમીસનરનો અધીકાર કોણે ચલાવવો.

૪. વીભાગના કમીસનરને આ આકટથી આપેલો અધીકાર તથા સોંપેલાં કામ જે ઠેકાણે એવો કમીશનર ન હોય તે ઠેકાણે જે અમલદારને ગવરનર જનરલ ઇન કાંઉનસીલ આ બાબત વખતે વખતે નીમે તે અમલદારને ચલાવવાનો તથા બજાવવાનો અધીકાર છે.

ઉતર હીંદુસ્તાનના મીઠાના મેહેસુલનો કમીસનર.

૫. આ આકટ મુજબ મીઠાંનાં મેહેસુલના વહીવટ ખાતાનો એક ઉપરી અમલદાર જોઇએ તેને ઉતર હીંદુસ્તાનનાં મીઠાંનાં મેહેસુલનો કમીશનર કહેવો અને તેને ગવરનર જનરેલ ઇનકાંઉનશીલે નીમવો અને તેને સસપેંડ કરવાનો અથવા દુર કરવાનો અધીકાર ગવરનર જનરલ ઇન કાંઉનસીલને છે.

બાબ ૨ જો.

મીઠુ તથા સુરોખાર પકવવા તથા સ્વચ્છ કરવા બાબત.

ગવરનર જનરલ ઇન કાંઉસીલનો અધીકાર.

૬. ગવરનર જનરલ ઇન કાંઉનસીલ કાનુન કરીને વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખ્તીયાર છે.

મીઠુ અને સુરોખાર પકવવાનું તથા સ્વચ્છ કરવાનું નીયમન કરવા બાબત.

(અ) સદરેહુ બધા મુલકોમાં અથવા તેના કોઇપણ ભાગમાં મીઠુ અથવા સુરોખાર પકવવાની અથવા સ્વચ્છ કરવાની બીલકુલ મના કરવાને અથવા પોતાને યોગ્ય લાગે તેવી શરતોનુ ધોરણ રાખીને મના કરવાને મુખ્તીયાર છે.

પરવાનાની ફી ઠરાવવા બાબત.

(બ) હેઠળ લખેલા પરવાનાની "ફી" ઠરાવવાને મુખ્તીયારછે પરંતુ એવા દરેક પરવાનાની "ફી" હેઠળ કહેલી રકમથી વધારે હોવી નહીંજોઇએ.

સુરોખાર પકવવાનો તથા સ્વચ્છ કરવાનો તથા સદરેહુ પ્રમાણે પકવવાની તથા સ્વચ્છ કરવાની ક્રીયામાં મીઠુ જુદુ પાડવાનો તથા ચોખ્ખુ કરવાનો પરવાનો. ...	૫૦
સુરોખાર પકવવાનો પરવાનો	૨
હવા રૂપે ઉડી જાય એવા વાસણમાં સુર્યની ગરમીથી આફ સોડા (ખારીનુન) પકવવાનો પરવાનો	૧૦
ત્રીમ ગરમીથી સલ્ફેટ આફ સોડા (ખારીનુન) પકવવાનો પરવાનો. ...	૨
ખારવાળા બીજા પદાર્થો બનાવવાનો પરવાનો...	૨

જકાત એકઠી કરવાનુ નીયમન કરવા બાબત.

(ક) આ આકટ પ્રમાણે લાગુ કરેલી હરકોઈ જકાત સદરેહુ મુલકોમાં કેવી રીતે, ક્યારે, ક્યાં, અને કોણે કોણે એકઠી કરવી એ ઠરાવવાને મુખ્તીયાર છે.

તે જગામાં સુરોખાર પકાવવામાં આવતો હોય તે જગાની નજદીકમાં મીઠાનાં કબજાનું નીયમન કરવા બાબત.

(ડ) જે જગામાં સરકાર મીઠુ ભરી રાખતી હોય અથવા સરકારની તરફથી ભરી રખાતુ હોય અથવા સરકાર વેચતી હોય કે સરકારની તરફથી વેચાતુ હોય તે જગાના અથવા જે કારખાનામાં તથા તેના જે ઉપાંગોમાં સુરોખાર

પકવવામાં આવતો હોય અથવા જે કારખાના ઉપર રાચ્છ થતો હોય તેવી જગાના નજદીકમાં નજદીક સ્થળથી જે વીસ્તારમાં સોવાર કરતાં વધારે આધુ કોઈપણ સ્થળ ન હોય એવી હદ નક્કી કરવાને તથા એવા વીસ્તારમાં મીઠું ભરી રાખવા સંબંધી તથા તેના કબજા સંબંધી નીયમો બાંધવાને મુખ્તીયાર છે.

જે જગાએ મીઠું પકવવામાં આવતુ હોય તે જગાની નજીકમાં મીઠાના કબજાનું નીયમન કરવા બાબત.

(ઇ) બીજી જે જગાએ મીઠું પકવવામાં આવતુ હોય તે જગાની આસપાસ હદ ઠરાવવાને તથા તે હદમાં મીઠાનાં કબજા સંબંધી તથા મીઠું ભરી રાખવા તથા વેચવા સંબંધી નીયમન કરવાને મુખ્તીયાર છે.

બાબ ૨ જો.

મીઠાંની જકાત તથા કીમત બાબત.

ગવરનર જનરલ ઇન કાંઉનશીલનો અધીકાર.

૭. ગવરનર જનરલ ઇનકાંઉનશીલ આ આક્ટને અનુસરતી કાનુનો કરીને વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખ્તીયાર છે.

મીઠું પકવવા ઉપર જકાત લાગુ કરવાબાબત.

(અ) બ્રીટીસ ઇંડીઆના કોઈપણ ભાગમાં મીઠું પકવવામાં આવ્યું હોય અથવા બુસ્કીને રસ્તે આણ્યું હોય એવાં મીઠાં ઉપર જકાત લાગુ કરવાને મુખ્તીયાર છે તે જકાત દર મણે એટલે એવરદુ પોઇઝ ૮૨ત્ત્રુ પઊંડ ૩ રૂપીઆથી વધારે ન હોવી જોઇએ.

જકાત ઓછી કરવા અથવામાફ કરવાબાબત.

(બ) એ પ્રમાણે લાગુ કરેલી હરકોઈ જકાત ઓછી કરવાને અથવા માફ કરવાને અને એ પ્રમાણે ઓછી કરેલી અથવા માફ કરેલી હરકોઈ જકાત ફરીથી લાગુ કરવાને મુખ્તીયાર છે.

સરકારે જે મીઠું ખોદી કાઢ્યુ હોય વગેરેતે મીઠાની ઓછામાંઓછી કીમત ઠરાવવા બાબત.

(ક) ઇંડીઆ સરકારે અથવા સરકાર તરફથી જે મીઠું ખોદી કહાડ્યું હોય અથવા પકાવ્યું અથવા વેચ્યું હોય તે મીઠું ઓછામાં ઓછી કેટલી કીમતે વેચવુ તે ઠરાવવાને મુખ્તીયારછે. આ કલમ મુજબ આપવાની જકાતની રકમની ગણતરી કરવામાં પા મણના અપુરણાંકને પા મણ તરીકે ગણવાનો અધીકાર છે.

જે મીઠું ખોદી કાઢ્યુ હોય વગેરેતે મીઠાની ઓછામાંઓછી કીમત ઠરાવવાનો સ્થાનીક સરકારનો અધીકાર.

૮. જે સામાન્ય કાનુન અથવા વીશેષ હુકમ ગવરનર જનરલ ઇન કાંઉનસીલ આ બાબત વખતે વખતે કરે અને તેને અનુસરીને સ્થાનીક સરકાર પોતે અથવા પોતાની તરફથી જે મીઠું ખોદી કહાડ્યું હોય અથવા પકાવ્યુ અથવા વેચ્યું હોય તેવું મીઠું ઓછામાં ઓછી કેટલી કીમતે વેચવું તે વખતે વખતે સ્થાનીક સરકાર ગેજેટમાં જાહેરનામુ પ્રસીદ્ધ કરીને ઠરાવવાને મુખ્તીયાર છે.

ભાગ ૪ થો.

મીઠાના મેહેસુલ વીરૂધ ગુનાઓ.

શીક્ષા. | ૯. જે માણસ નીચે લખેલા ગુન્હાઓમાંનો કોઇપણ ગુનોહ કરશે એટલે:—

(અ) આ આક્ટ વીરૂધ અથવા આ આક્ટ પ્રમાણે કરેલી કોઈપણ કાનુન વીરૂધ કાંઈ પણ વાત કરશે.

(બ) આ આક્ટ પ્રમાણે અથવા સદરહુ પ્રકારની કોઈપણ કાનુન પ્રમાણે જે જકાત અથવા ચારજ આપવાનો હોયતે જકાત અથવા ચારજ આપવાનું ઉડાવશે; અથવા

(ક) આ કલમની અ તથા બ રકમોમાં કહેલા ગુન્હાઓમાંનો હરકોઈ ગુન્હો કરવાની કોશીશ કરશે અથવા હીંદુસ્તાનના ફોજદારી કાયદાના અરથ પ્રમાણે તેવો ગુન્હો કરવામાં મદદગારી કરશે.

તે માણસને તેવા દરેક ગુન્હાને માટે પાંચસે રૂપીયા સુધીના દંડની અથવા છ મહીનાની મુદત મુધીની કેદની અથવા તે બંને શીક્ષા કરવામાં આવશે.

અને આ આક્ટની ઠરાવ વીરૂધ અથવા સદરહુ પ્રકારની કોઇપણ કાનુન વીરૂધ મીઠું અથવા સુરોખાર પકવવા અથવા સ્વચ્છ કરવા સારૂ જે બાંધ કામ કર્યાં હશે અને જે સાહીત્ય અને ઓજારો તઈયાર કરેલાં હશે તે સઘળાં બાંધકામ, અને તે સઘળાં સાહીત્યો અને ઓજારો જપ્ત થયાં છે એમ ગુન્હો ઠરાવનારો માજીસ્ટ્રેટ આસીસ્ટંટ કમીશનરની અથવા મીઠાંનાં મેહેસુલના અમલદારની અરજી ઉપરથી ઠરાવવાને મુખ્તીયાર છે.

બીજીવાર અને તે પછી ગુનહો સાબીત થયેથી શીક્ષા. | ૧૦. નવમી કલમ પ્રમાણે જે સખસની ઉપર ગુનોહ ઠરેયો હોય તે શખસની ઉપર તે કલમ પ્રમાણે અથવા સને ૧૮૭૫ ના ઈંગલાંડ કસ્ટમ આક્ટની ૧૧ મી કલમ પ્રમાણે અથવા તે આક્ટથી રદ થયેલા કોઇપણ આક્ટ પ્રમાણે અગાઉ કોઈ ગુનહો ઠરેયો હોય તો તે શખસને ૯ મી કલમ પરમાણે પ્રથમ ગુન્હાને માટે જે સીક્ષા કરી શકાય તે ઉપરાંત છ મહીના સુધીની મુદતની કેદની શીક્ષા કરવામાં આવશે.

અને એવા જે શખસની ઉપર પછવાડેથી જેટલીવાર નવમી કલમ પ્રમાણે ગુનોહ ઠરે તે શખસને તેટલી વાર છેલા ગુનાહને માટ જે મુદત કેદની સીક્ષાને તે પાત્ર હશે તે ઉપરાંત બીજા છ માસ સુધીની કેદની સીક્ષાને તે પાત્ર થશે.

તોહોમત કોણે આણવું. | ૧૧ નવમી કલમ પ્રમાણે અથવા સને ૧૮૭૫ ના ઈંગલાંડ કસ્ટમ આક્ટની ૧૧ મી કલમ પ્રમાણે કોઈ ગુનાહનું તહોમત કોઈ આસીસ્ટંટ કમીશનરની અથવા સમર્ઇનસ્પેક્ટરથી ઉતરતા દરજાનો ન હોય એવા બીજા મીઠાનાં મહેસુલના અમલદારની ફરીઆદ વગર લેવું નહી.

મુદત. | અને જે ગુનાહના સંબંધમાં સદરહુ પ્રકારની કોઈ ફરીયાદ હોય તે ગુનોહ કરયા પછી છ મહીનાની અંદર તે ફરીઆદ કરવામાં ન આવે તો તે દાખલકરવી નહી.

હકુમત. | જે માજીસ્ત્રેટ બીજા વરગના માજીસ્ત્રેટથી ઓછા અધીકાર ચલાવતો ન હોય તેવા માજીસ્ત્રેટે સદરહુ કપ્રકારના સઘળા ગુનાહઓનો ઇનસાફ કરવો.

જે જનસના સબંધમાં ગુનહો કરયો હોય તે જનસ જપ્તી કરવા બાબત.

૧૨ જે મીઠાંના અથવા સુરોખારના સંબંધમાં નવમી કલમમાં કહેલો કોઈ પણ ગુનોહ કરયો હોય તે સઘળું મીઠુ અથવા સુરોખાર તથા જે વાસણોમાં અથવા ગાંસડીઓમાં, અથવા બારદાનમાં સદર હુ મીઠું અથવા સુરોખાર ભરયો હોય તે વાસણો, ગાંસડીઓ અથવા બારદાન અને તે લઈ જવામાં જે જાનવરોનો તથા વાહનોનો ઉપયોગ કરયો હોય તે જાનવારો તથા વાહનો જપત થવાને પાત્ર થશે.

જ્યારે પકડાયેલી જણસ વજનમાં પાંચશેરથી વધારે હોય ત્યારે જે વીભાગમાં જણસ પકડાઈ હોય તે વીભાગનો કમીશનર, જો કોઈ મીઠાનાં મહેસુલના અમલદારના રીપોટ ઉપરથી અથવા પોતાને યોગ્ય લાગે એવી તજવીજ ઉપરથી તેની ખાતરી થાય કે સદરહુ ગુનોહ કરયોછે તો તે જણસ જપત કરીછે એવું ઠરાવવાને અથવા જપતી કરવાને બદલે પોતાને યોગ લાગે તેવી ઓછી શીક્ષા કરવાને મુખ્તીયાર છે.

જો પકડાયલી જનસ વજનમાં પાંચસેરથી વધારે ન હોય તો, પાંચ શેરથી વધારે જનની બાબતમાં બ્યવસ્થા કરવાને વીભાગના કમીસનરને આ કલમ પ્રમાણે જે અધીકાર આપીયોછે તેજ અધીકાર સદરહુ જનસની બ્યવસથા કરવાની બાબતમાં આસીસટંટ કમીશનરને છે એમ સમજવું. જે વાસણમાં, ગાંસડીમાં કે બારદાનમાં એવી જનસ રાખી હોય તે વાસણ, ગાંસડી કે બારદાન જપત કરવાને સદરહું આશીસટંટ કમીસનર મુખ્તીઆર છે.

જ્યારે સદરહુ કોઈપણ જનસ જપત કરીછે એમ સદરહુ કમીસનર આ કલમ પ્રમાણે ઠરાવે તારે જે વાસણમાં કે ગાંસડીમાં કે બારદાનમાં એવી જનસ રાખી હોય તે વાસણ કે ગાંસડી કે બારદાન તથા જે જાનવર કે વાહન તે જનસ લઈ જવાના કામમાં લીધુ હોય તે જાનવર કે વાહન પણ જપત કરયું છે એવું ઠરાવવાને તે કમીશનર મુખ્તીયારછે.

શીક્ષા દાખલ જાસ્તી જકાત નાખવાનો અધીકાર.

૧૩. ગવરનર જનરલ ઈનકાંઉનસીલ વખતે વખતે કાનુનો કરીને હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવવાને મુખ્તીઆર છે એટલે, આસીસટંટ, ઈનસપેકટરથી ઉતરતા દરજ્જાનો ન હોય એવા કોઇપણ મીઠાનાં મહેસુલના અમલદારની સદરહુ કાનુનથી ફરમાવેલી રીતે ખાતરી થાય કે જકાત લઈ શકાય એવા મીઠાને સબંધે નવમી કલમમાં કહેલો કોઇપણ ગુનોહ કરયો છે તો માજીસતરેટને ફરીઆદ કરયાને બદલે અથવા જપ્તી કરાવવાના હેતુથી કામ ચલાવવાને બદલે આ આક્ટના તરીજા બાબ પ્રમાણે સદરહુ મીઠા ઉપર જે જકાત નાખી શકાય તે કરતાં વધારે ન હોય એવી જાસતી જકાત સીક્ષા દાખલ સદરહુ મીઠાં ઉપર લાગુ કરવી, એવું ફરમાવવાને મુખ્તીયાર છે.

સદરહુ પરકારની દરેક સીક્ષા લાગુ કરયા બાબત હેઠળ લખ્યા પ્રમાણે તાબડતોબ રીપોટ કરવો, એટલે જે મીઠાની બાબતમાં ગુનોહ કરયો હોય તે મીઠુ જો વજનમાં પાંચશેરથી વધારે હોય તો જે વીભાગમાં સદરહુ સીક્ષા લાગુ કરી હોય તે વીભાગના કમીસનરને રીપોટ કરવો અને જો સદરહુ મીઠુ વજનમાં પાંચશેરથી વધારે ન હોયતો આસીસટંટ કમીશનરને રીપોટ કરવો.

સદરહુ શીક્ષા લાગુ કરવા બાબત પ્રસંગ પ્રમાણે જે કમીશનરને અથવા આસીસટંટ કમીસનરને સદરહુ પ્રમાણે રીપોટ કરયો હોય તે કમીશનરની અથવા આશીસટંટ કમીસનરની મંજુરી લેવી જોઇએ.

નવમી કલમ માં કહેલા ગુનહાઓ તરફ ચસમપોશી કરવા બાબત શીક્ષા.

૧૪. કોઈ જમીનદાર અથવા જમીનનો બીજો ધણી અને જમીનદારનો અથવા જમીનના ધણીનો મુખતીયાર નવમી કલમમાં કહેલા હરકોઈ ગુનાહ તરફ જાણી જોઇને ચસમપોસી કરશે તો તે દરેક ગુનહા બાબત તેને જે માજીસતરેટ બીજા વરગના માજીસતરેટથી ઓછા અધીકાર ચલાવતો ન હોય તેવો હરકોઈ માજીસતરેટ રૂ૫૦૦) સુધીના દંડની અથવા ૭ મહીના સુધીની મુદતની કેદની અથવા એ બંનેની શીક્ષા કરી શકશે.

બાબ ૫ મો.

અટકાવવાના, જડતી લેવાના, (જનસ) પકડવાના તથા (માણસને) પકડવાના અધીકાર.

જે જગાઓમાં પરવાના મુજબ જનસ બનાવવામાં આવતી હોય તે જગાની ઝડતી લેવાનો અધીકાર.

૧૫. મીઠાંનાં મેહેસુલના જે અમલદારને સ્થાનીક સરકારે આ બાબત અધીકાર આપ્યો હોય તે અમલદાર જે જગાએ આ આકટ પ્રમાણે કરેલી કોઈ કાનુન મુજબ આપેલા પરવાના પ્રમાણે કાંઈ જણસ બનાવવામાં આવતી હોય અથવા સ્વચ્છ કરવામાં આવતી હોય તે જગામાં હરકોઈ વખતે પેશીને તેની ઝડતી સેવાને મુખતાર છે.

શકવાળા સખસને રોકી રાખવાનો તથા જપ્તી કરવા લાયક માલ પકડવાનો અધીકાર.

૧૬. ફલાણો સખસ આ આકટ પ્રમાણે શીક્ષાને પાત્ર છે એવું માનવાનું પોતાને કારણ હોય તે સખસને અટકાવવાનો તથા રોકી રાખવાનો અધીકાર મીઠાંનાં મેહેસુલના હરકોઈ અમલદારને છે.

અને ફલાણા મીઠાંની અથવા સુરોખારની બાબતમાં નવમી કલમમાં કહેલો કોઈ પણ ગુન્હો કર્યો છે એમ અથવા કાંઈ પણ જકાત આપવાની છે એમ માનવાનું કારણ હોય તે મીઠું અથવા સુરોખાર તથા જે વાસણોમાં અથવા ગાંસડીઓમાં અથવા બારદાનમાં સદરહુ મીઠું અથવા સુરોખાર રાખ્યો હોય તે વાસણો અથવા ગાંસડીઓ અથવા બારદાન અને જે જાનવરો અથવા વાહનો તે મીઠું અથવા સુરોખાર લઈ જવાના કામમાં લીધાં હોય તે જાનવરો અથવા વાહનો પકડવાનો અધીકાર સદરહુ અમલદારનેછે.

(માણસને) પકડવાનો અધીકાર.

૧૭. ફલાણા સખસે ઉપર કહેલા પ્રકારનો કોઈ પણ ગુન્હો કર્યો છે એમ માનવાનું પોતાને કારણ હોય તે સખસને પકડવાનો અધીકાર મીઠાના મેહેસુલના હરકોઈ અમલદારને છે.

(મીઠું અથવા સુરોખાર) ગેર કાયદેસર રીતે પકડવામાં આવે

૧૮. સબ ઇન્સ્પેક્ટરથી ઉતરતા દરજાનો ન હોય એવા મીઠાના મેહેસુલના કોઈ અમલદારને એવું માનવાનું કારણ હોય કે પરવાના વગરની કોઈ જગામાં મીઠું અથવા સુરોખાર ગેરકાયદેસર રીતે પકવ-

છે એમ માનવાનું જે અમલદારને કારણ હોયતે અમલદારે કેમ કરવું.

વામાં, સ્વચ્છ કરવામાં અથવા ભરીરાખવામાં આવે છે ત્યારે.

તે અમલદારે (બની શકે તેટલે સુધી) હેઠળ કહેલી વીગત દફતરમાં લખવી, એટલે (અ) જો કોઈ ખબર આપનાર હોયતો તેનું નામ, ઠેકાણુ તથા ધંધો, (બ) ફલાણા ઘરમાં, હોડીમાં અથવા જગામાં મીઠુ અથવા સુરોખાર સદરહુ પ્રમાણે પકવવામાં, અથવા સ્વચ્છ કરવામાં અથવા ભરી રાખવામાં આવે છે એમ તે અમલદાર માનતો હોય તે ઘરનો અથવા હોડીનો અથવા જગાનો લતો અને તેનું વર્ણન; અને (ક) જે સખસ, અથવા જે સખસને માટે તે મીઠુ અથવા સુરોખાર સદરહુ પ્રમાણે પકવવામાં અથવા સ્વચ્છ કરવામાં અથવા ભરી રાખવામાં આવતો હોય તે સખસનું નામ અને (ડ) તે મીઠાનું અથવા સુરોખારનું ધારેલું વજન તથા વર્ણન અને તે મીઠુ અથવા સુરોખાર ગેરકાયદેસર રીતે પકવવામાં અથવા સ્વચ્છ કરવામાં અથવા ભરી રાખવામાં આવે છે એમ માનવાના સબબો.

અને પછી જેના હલાલામાં પોલીસની ચોકી હોય એવા જે અમલદારની હકુમત માંહે જડતી લેવાનું ઘર અથવા હોડી અથવા જગા હોય તે અમલદારને પોતાની સાથે હાજર રહેવા સારૂ લખીને સમન કરવાને સદરહુ અમલદાર મુખત્યાર છે.

પ્રવેશકરવાનો અને ઝડતી લેવાનો અધીકાર.

અને પછી સુર્યોદય પછી અને સુર્યાસ્ત પહેલાં (પરંતુ હમેશ હેડકાનસટેબલથી ઉતરતા દરજાનો નહોય એવા પોલીસ અમલદારની રૂબરૂ ફલાણા ઘરમાં અથવા હોડીમાં અથવા જગામાં મીઠુ અથવા સુરોખાર એવી રીતે પકવવામાં અથવા સ્વચ્છ કરવામાં અથવા ભરી રાખવામાં આવે છે એમ માનવાનું કારણ હોય તે ઘરમાં, હોડીમાં અથવા જગામાં પ્રવેશ કરી તેની જડતી લેવાને સદરહુ અમલદાર મુખત્યાર છે.

અને સામુ થવામાં આવે તો ગમે તે બારણું ફોડવાને તથા સદરહુ પ્રવેશ કરવામાં બીજી જે અડચણ આવે તે અડચણ આવે જબરાઇથી દુર કરવાને સદરહુ અમલદાર મુખત્યાર છે.

અને સદરહુ પ્રમાણે પકાવેલું અથવા સ્વચ્છ કરેલું અથવા ભરી રાખેલું સઘળું મીઠુ અથવા સુરોખાર અને સદરહુ મીઠું અથવા સુરોખાર પકવવામાં અથવા સ્વચ્છ કરવામાં જે સાહીતો વાપર્યાં હોય, તે સરવે સાહીત્યો પકડવાને તથા લઈ જવાને સદરહુ અમલદાર મુખત્યાર છે.

અને વળી સદરહુ ઘર અથવા હોડી અથવા જગાનો ભોગવટો કરનારાને તથા મીઠુ અથવા સુરોખાર પકવવામાં અથવા સ્વચ્છ કરવામાં અથવા ભરી રાખવામાં અથવા તે છુપાવવામાં જે સખસો સામીલ હોય તે સખસોને રોકી રાખીને તેમની જડતી લેવાને અને પોતાને યોગ્ય લાગે તો તેને અથવા તેઓને પકડવાને સદરહુ અમલદાર મુખત્યાર છે.

સદરહુ પ્રમાણે પરવેશ કરવાની જગા ઓરડો હોય તેમાં જે બઇરી દેશ રીવાજ મુજબ ચાર લોકમાં હાજર થતી ન હોય તેવી કોઈ બયરી ખરેખર રહેતી હોય તો તેમાં

પરવેશ કરનારા અમલદારે ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં આવા પ્રસંગને માટે ઠરાવેલી કાનુનને અનુસરીને ચાલવું જોઇએ.

આ કલમ પ્રમાણે જડતી લેતાં પહેલાં તે જડતી લેનારા અમલદારે જે લતામાં સદરહુ ઘર અથવા હોડી અથવા જગા હોય તે લતાના બે અથવા વધારે આબરૂદાર રહેવાશીઓ હોય તો તેઓને તે જડતી લેતી વખતે હાજર થઇને તે જોવા સારૂ બોલાવવા અને જડતી સદરહુ રહેવાશીઓ હોય તો તેઓની સમક્ષ અને વળી (બની શકે તો) જડતી લેવાનાં ઘરનો અથવા હોડીનો અથવા જગાનો ભોગવટો કરનારા માણસની સમક્ષ લેવી.

જ્યારે કોઈ બઇરીની જડતી લેવાડવાની જરૂર હોય ત્યારે તે જડતી બીજી કોઈ બઇરીએ લાજ ઉપર પાકી નજર રાખીને લેવી.

પોલીસ અમલદાર હાજર થવાને ચુકે તે બાબત.

૧૯. જે અમલદારના હવાલામાં પોલીસ ચોકી હોય તે અમલદાર અઢારમી કલમમાં કહેલાં કારણો પઇકી હરકોઈ કારણ સારૂ હાજર થવા બાબત મીઠાનાં મહેસુલના અમલદારે લખી મોકલ્યા ઉપરથી તે અમલદાર વાજબી મુદતમાં એ પ્રમાણે હાજર થવાની અથવા હેડ કાનસટેબલથી ઉતરતા દરજાનો ન હોય એવા કોઈ તાબા માંહેના અમલદારને એ પ્રમાણે હાજર થવા સારૂ મોકલવાની ના કહેશે અથવા તેમ કરવાને ચુકશે તો તે અમલદારને એવા પ્રતેક ગુનહા બદલ પાંચશે રૂપીઆ સુધી દંડની શીક્ષા કરવામાં આવશે.

(માણસને)પકડવાનો તથા જનસને પકડવાનો તથા ઝડતી લેવાનો રીપોટ.

૨૦. મીઠાંનાં મહેશુલનો જે અમલદાર આશીસટંટ કમીશનરથી ઉતરતા દરજાનો હોય તે અમલદાર આ આક્ટ પ્રમાણે કોઈ શખસને પકડે.

અથવા આ આક્ટ પરમાણે જપતી કરવા લાયક કોઈ જનસ પકડે.

અથવા સદરહુ પરકારની કોઈ જનસ બાબત જડતી લેવાના કારણ સારૂ કોઈ ઘરમાં અથવા હોડીમાં અથવા જગામાં પરવેશ કરે.

ત્યારે (અગર પકડેલા સખસને માજીસતરેટ પાશે મોકલવા બાબત તે અમલદારને આસીસટંટ કમીશનરે શામાન્ય રીતે અધીકાર આપ્યો ન હોય તો) તે અમલદારે સદરહુ શખસને અથવા જનસને પકડ્યા પછી અથવા સદરહુ પ્રમાણે પ્રવેશ કરેચા પછી ૪૮ કલાકની અંદર સદરહુ સખસને અથવા જનસને પકડ્યાની અથવા સદરહુ પ્રમાણે પ્રવેશ કરેચાની સઘળી વીગત સંબંધી આશીસટંટ કમીશનરને ખબર કરવા સારૂ પોતાની કચેરીના વરીસટ અમલદારને પુરે પુરો રીપોર્ટ કરવો.

આ આક્ટ પ્રમાણે કોઈ પણ સખસને પકડનાર અમલદારે અથવા પોતાની કચેરીના વરીસટ અમલદારે, જો તેને આ બાબતમાં આસીસ્ટંટ કમીશનરે સામાન્ય રીતે અધીકાર આપ્યો હોય તો, પકડેલા સખસને તે કામની તજવીજ કરવાની હકુમતવાળા માજીસ્ત્રેટની પાસે બનતી તાકીદે મોકલવો અથવા સદરહુ સખસને છોડી દેવાનો હુકમ કરવો.

૧૮ મી કલમ પ્રમાણે જડતી લેવાતી વખતે પોલીસનો જે અમલદાર હાજર હોય તે અમલદારે તે બાબતનો રીપોટ પોતાની કચેરીના વરીસ્ટ અમલદારને કરવો.

પકડેલી જનસો બાબતમાં કેમ કરવું.

૨૧. પાંચશેરથી વધારે વજનવાળી જે જનસ આ આકટ પ્રમાણે જપતી કરવા લાયક હોય તે જનસ પકડાયાની ખબર આશીસટંટ કમીસનરને થાય તીયારે તેણે જે વીભાગમાં તે સદરહુ જનસ પકડી હોય તે વીભાગના કમીશનરને બનતી તાકીદે તે કામની હકીકતનો રીપોટ કરવો અને તે ઉપરથી તે કમીસનર બારમી કલમ પ્રમાણે ચાલવાને મુખતીઆર છે.

પકડેલી જનસનું વજન પાંચશેરથી વધારે ન હોય તો સદરહુ આસીટંટ કમીશનર સદરહુ કલમ પરમાણે પોતાનીજ મેળે તે કામની બ્યવસથા કરવાને મુખતીઆર છે.

જેજનશ જાશતી જકાતનેપાતર હોય તે જનસ અટકાવીરાખવામાં આવે તારે કેમ કરવું.

૨૨. જે જનસની બાબતમાં ૧૩ મી કલમ પ્રમાણે સીક્ષા લાગુ કરેલી હોય તે જનસ તેજ કલમ પ્રમાણે ફરમાવેલો રીપોટ કરયા ઉપરથી પ્રસંગ પ્રમાણે વીભાગના કમીશનરનો અથવા આશીસટંટ કમીશનરનો હુકમ પહોચતાં શુધી અટકાવી રાખવાનો અધીકાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે આવી રીતએ અટકાવી રાખેલી કોઈ પણ જણસનો ધણી મીઠાના મેહેશુલના જે અમલદારે તે જનસ અટકાવી રાખી હોય તે અમલદારની પાશે સદરહુ દંડની રકમ અનામત મુકે તથા સદરહુ જનસ ઉપર આપવાની સઘળી મામુલ જકાત તથા ચારજ સદરહુ અમલદારને આપે તો તે તાબડતોબ છુટી કરવી.

કોઈ જનસ આવી રીતે અટકાવી રાખી હોય ત્યારે સદરહુ હુકમ પહોંચ્યા પછી આ બાબત આ આકટમાં કરેલા કાનુનો પરમાણે તે જનસની તજવીજ કરવી.

આ કલમના બીજા પારેગરાફ પરમાણે કોઈ જનસ છુટી કરી હોય અને પરસંગ પ્રમાણે વીભાગનો કમીશનર અથવા આશીસટંટ કમીશનર સદરહુ જનશની બાબતમાં લાગુ કરેલો દંડ કમી કરે અથવા તે મંજુર કરવાની ના કહે ત્યારે જે રકમ તે જનશના ધણીને પાછી આપવા લાયક હોય તે રકમ બાબત તે ધણી છ મહીનાની અંદર આશીસટંટ કમીશનરને અરજ કરે એટલે તે રકમ તેને આપવી સદરહુ છ મહીના હેઠળ લખ્યા પ્રમાણે ગણવા એટલે (વીભાગના કમીશનરે હુકમ કરયો હોય ત્યારે) જે દીવશે આસીસટંટ કમીશનરને તે હુકમ પહોચ્યો હોય તે દીવસથી ગણવા અને (આસીસટંટ કમીશનરે હુકમ કરયો હોય ત્યારે) જે દીવસે હુકમ કરયો તે દીવસની તારીખથી ગણવા.

જે દંડની રકમ આ કલમની બીજી રકમ મુજબ અનામત મુકી હોય તે દંડ મંજુર કરયો હોય ત્યારે.

અથવા જે રકમ આ કલમ પ્રમાણે પાછી આપવા લાયક હોય તે રકમ બાબત સદરહુ છ માસની મુદતની અંદર દાવો ન કરયો હોય ત્યારે.

ઉત્તર હીંદુસ્તાનના મીઠાના મેહેસુલનો કમીશનર બીજી રીતે ન ફરમાવે તો સદરહુ પ્રમાણે અનામત મુકેલી રકમ અથવા સદરહુ પ્રમાણે પાછી આપવા લાયક રકમ મલીકા માયાઝમાને ખાતે જમે કરવામાં આવશે.

પકડેલા સખસની બાબતમાં કેમ કરવું.

૨૩. કોઈ પણ સખસને પકડાયાની ખબર આસીસ્ટન્ટ કમીશનરને કરવામાં આવે ત્યારે (વીસમી કલમના ઉપાતય પેરેગ્રાફ પ્રમાણે સદરહુ સખસની તજવીજ કરી ન હોય તો) તે આસીસ્ટન્ટ કમીશનરે

પકડેલા સખ્સને તે કામની તજવીજ કરવાની હકુમતવાળા માજીસ્ત્રેટ પાસે બનતી તાકીદથી મોકલવો અથવા સદરહુ સખ્સને તાબડતોબ છોડી દેવાનો હુકમ કરવો.

કયા અમલદારો એ મીઠાના મેહેસુલના અમલદારોને મદદ કરવી જોઇએ.

૨૪. પોલીસના સઘળા અમલદારોને અને જમીન મેહેસુલ વસુલ કરવાના કામમાં લાગેલા સઘળા સરકારી અમલદારોને આ આક્ટ ઉપરથી અધીકાર આપવામાં આવ્યો છે તથા તેમને ફરમાવવામાં આવેછે કે તેઓને આ આક્ટનો અમલ કરવામાં મીઠાના મેહેસુલના અમલદારોને મદદ કરવી.

મીઠાના મેહેસુલનો અમલદાર તસ્દી આપે એવી રીતે ઝડતી લે, જનસ પકડે તે બાબત વીગેરે.

૨૫. મીઠાના મેહેસુલનો જે અમલદાર.

(અ) શક આપવાના જવાબી સબબ વગર કોઇ પણ ઘરની. હોડીની અથવા જગાની ઝડતી લે અથવા લેવરાવેઃ

(બ) તસ્દી આપે એવી રીતે તથા જરૂર વગર કોઈ પણ સખ્સને અટકાવી રાખે અથવા તેની ઝડતી લે અથવા પકડે.

(ક) આ આક્ટ પ્રમાણે જપતી કરવા લાયક કોઈપણ જનસ પકડવાને અથવા તે બાબત શોધ કરવાને, અથવા ઝડતી લેવાને બાને તસ્દી આપે એવી રીતે તથા જરૂર વગર કોઈ સખ્સની જંગમ મીલકત પકડે.

(ડ) બીજું કાંઈ પણ કામ પોતાની ફરજ બજાવવા સારૂ જરૂરનુ છે એમ માનવાનું તે અમલદારને કારણ ન હોય ત્યારે તે કામ કોઈ પણ સખ્સને નુકસાન થાય એ પ્રમાણે પોતાના હુદ્દાના સબબથી કરે.

તે અમલદારને જે માજીસ્ત્રેટ બીજા વરગના માજીસ્ત્રેટના અધીકાર કરતાં ઓછા અધીકાર ચલાવતો ન હોયતે માજીસ્ત્રેટ સદરહુ પ્રકારના દરેક ગુન્હા બદલ પાંચસે રૂપીઆ સુધી દંડની શિક્ષા કરી શકશે.

જે સખ્સ રાજીખુશીથી તથા દવેશથી ખોટી ખબર આપીને આ આક્ટ પ્રમાણે ઝડતી લેવરાવશે તે સખ્સને સદરહુ અધીકાર ચલાવનારો માજીસ્ત્રેટ પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા બેવરસ સુધીની મુદતની કેદની અથવા એબંનેની સીક્ષા કરી સકશે.

વસ્તુ પકડવા બાબત તથા પકડેલી વસ્તુઓની બ્યવસ્થા કરવા બાબત નીયમન કરવાનો અધીકાર.

૨૬. આ આક્ટ પ્રમાણે પકડવા લાયક વસ્તુઓ પકડવા બાબત તથા તેમની બ્યવસ્થા કરવા બાબત તથા તેનો નાસ કરવા બાબત નીયમન કરવા સારૂ આ આક્ટને અનુસરતી કાનુનો વખતે વખતે કરવાનો અધીકાર ગવરનર જનરલ ઇન કાંઉનશીલને છે.

સદરહુ કાનુનોથી બીજી બાબતો સીવાય હેઠળ લખ્યા પ્રમાણે કરાવવાનો અધીકારછે.

(અ) જે જાનવર પકડ્યું હોય અથવા અટકાવી રાખ્યું હોય તે જાનવરના ધણીએ અથવા જે શખ્સના હવાલામાં તે જાનવર હોય તે સખ્સે જ્યાં સુધી તે જાનવરને અટકાવી રાખવામાં આવે ત્યાં સુધી તેનો ખોરાક વીગેરે પુરો પાડવા બાબત રોજ રોજ ગોઠવણ કરવી, અને જો તે એ પ્રમાણે ન કરેતો સદરેહુ જાનવરને જાહેર લીલામ કરીને વેચવાનો અને તે બાબત કાંઈ ખરચ થયો હોય તો તે ખરચ વેચાણના ઉતપનમાંથી અદા કરવાનો અધીકાર છે.

(બ) જ્યારે કાંઈપણ વસતુ પકડી હોય અને તે છુટી કરવા બાબત પછવાડેથી હુકમ કર્યો હોય અને સદરહુ કાનુનો મુકરર કરવાની મુદતની અંદર તેનો ધણી . એવી વસતુ ઉપર દાવો કરવા તથા તે વસતુના સંબંધમાં કાંઈ જકાત દંડ તથા ચાર-જ (આપવાનો હોય તે) રજુ કરવાને હાજર ન થાય ત્યારે તે વસતુ જાહેર લીલામ કરીને વેચી નાખવાનો તથા સદરહુ જકાત તથા દંડ તથા ચારજ તે વેચાણના ઉતપનમાંથી અદા કરવાનો અધીકાર છે.

(ક) આ કલમની (અ) અથવા (બ) રકમ પરમાણે કરેલાં વેચાણનાં બાકી રહેલાં ઉતપન ઉપર તે પકડેલી વસતુનો ધણી તરણ મહીનાથી ઓછી ન હોય એવી જે મુદત સદરહુ કાનુનોથી ઠરાવવામાં આવે તે મુદતની અંદર પોતાનો દાવો સાબીત ન કરે તો સદરહુ ઉતપન મલીકામાંઆઝમાને ખાતે જમા કરવામાં આવશે.

બાબ ૬ ઠો.

પરચુરણ.

મીઠુ અંદર લાવવાની તથા એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાની મના કરવાનો અધીકાર.

૨૭. ગવરનર જનરલ ઇનકાંઉનશીલ વખતે વખતે કાનુન કરીને સદરહુ મુલકોમાં અથવા તેના હરકોઇ ભાગમાં મીઠુ લાવવાની અથવા સદરહુ મુલકોમાં અથવા તેના હરકોઈ ભાગમાં મીઠુ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાની તદન મના કરવાને અથવા સરતો લાગુ કરીને મના કરવાને મુખતીઆર છે.

આ કલમ પરમાણે મના કરવાની બાબત શીવાય બીજી બાબતમાં સદરહુ મુલકોમાંના હરકોઈ મુલકમાંથી બરીટીશ ઇંડીઆના હરકોઈ ભાગમાં અથવા સદરહુ મુલકો શીવાયના બરીટીસ ઇંડીઆના બીજા હરકોઈ ભાગમાંથી તે મુલકોમાંના હરકોઇ મુલકમાં મીઠુ લઇ જવાને આ આકટના કોઇપણ મજકુરથી બાધ થશે નહી.

બીજી જે વાતો બાબત ગવરનર જનરલ ઇનકાંઉશીલને કાનુનો કરવાનો અધીકાર છે તે.

૨૮. જે કાનુનો કરવાનો અધીકાર ગવરનર જનરલ ઇનકાંઉનસીલને આ આકટમાં પાછળ આપીઓછે તે કાનુનો શીવાય વળી તે હેઠળ લખેલી બાબતોનુ નીમમ કરવા સારૂ આ આકટને અનુસરતી કાનુનો વખતે વખતે કરવાને મુખતીઆર છે. એટલે.

(અ) જે વાત આ આકટ પ્રમાણે કરવાની હોય તે વાત કયા માણસોએ તથા કઈ વખતે, કઈ જગાએ, અને કેવી રીતે કરવી તે બાબત.

(બ) આ આકટ પરમાણે મીઠાનાં મહેશુલના અમલદારે આપેલા હુકમો ઉપર, કેવા કામોમાં, તથા કયા અમલદારોને તથા કેવી સરતોથી અપીલ કરી શકાય તે બાબત.

(ક) જે પરવાનો, પાસ, સરટીફીકેટ, દાખલો રવાના અથવા એવો બીજો દસતાવેજ આ આકટ પરમાણે આપ્યો હોય તે બદલ કેટલી ફી લાગુ કરવી તે બાબત.

અને આ આકટો માહેના ઠરાવો અમલમાં લાવવા સારૂ સામાન્ય રીતે સદરહુ પરકારની કાનુનો વખતે વખતે કરવાને ગવરનર જનરલ ઇનકાંઉનસીલ મુખત્યાર છે.

કાનુનો પ્રશીધ કરવા બાબત.

૨૯. આ આકટ પ્રમાણે કરેલી સઘળી કાનુનો ઇંડીઆ ગેજીટમાં પ્રસીધ્ધ કરવી અને તાર પછી તે કાનુનો કાયદા પ્રમાણે ચાલશે.

આસીસટંટ કમીશનરના તથા મીઠાંના મેહેસુલના અમલદારોના અધીકાર આપવાનો અખતીઆર.

૩૦. આ આક્ટ માહેના ઠરાવોને તે આધીન રહી તથા ગવરનર જનરલ ઇનકાંઉનશીલે કરેલી જે કાનુનો અમલમાં હોય તે કાનુનોને અનુસરીને સ્થાનીક સરકાર અથવા ઉતર હીંદુસતાનનો મીઠાનાં મેહેસુલનો કમીશનર હરકોઈ શખ્સને આ આક્ટ પ્રમાણેના આશીસટંટ કમીશનરના અધીકાર અથવા આ આક્ટમાં પાછળ મીઠાંનાં મેહેસુલના અમલદારોને આપેલા સઘળા અથવા હરકોઈ અધીકાર આપવાને મુખતીઆર છે.

સને ૧૮૭૧ ના મદરાસના આક્ટ ૬ નો સુધારો.

૩૧. સને ૧૮૭૧ ના મદરાસના મીઠાના એકસાઇસ આક્ટની ૧૧ મીકલમને બદલે હેઠળ લખેલો મચકુર દાખલ કરવો.

મીઠા ઉપર જકાત લેવા બાબત.

"૧૧ જે ડીસટરીકટને અથવા તેના જે ભાગને આ આક્ટ લાગુ કરવામાં આવે તે ડીસતરીકટમાં અથવા તે ભાગમાં પકવેલા મીઠા ઉપર એકસાઇસ બોરડ આફ રેવન્યુ આ બાબત જે હુકમો વખતે વખતે કરે તે હુકમો પરમાણે આપવી પણ કોઠારની જગોએથી મીઠુ ખસેડવાની તઇઆરી થાય તાંહાં સુધી સદરહુ પ્રકારની કાંઈપણ જકાત લઈ શકાશે નહી અને મીઠુ કોઠારમાંથી ખસેડવાનો અધીકાર આપવા બાબતના પરવાના વગર તે મીઠુ સદરહુ પ્રમાણે ખસેડવુ નહી અને જેટલું વજન ખસેડવું હોય તે ઉપર જે એકસાઇસ લીધી હોય અથવા દેવી હોય તે સદરહુ પરવાનામાં વીશેશે કરીને જણાવવું."

પરિશિષ્ટ.

(૨ જી કલમ જુવો.)

આક્ટો રદ કરેચા તે.

ગવરનર જનરલ ઈન કૌંસિલના આક્ટો.

નંબર તથા વરસ.	ટુંકું નામ.	કેટલે સુધી રદ કરેચા.
સન ૧૮૭૫નો ૮મો	સન ૧૮૭૫ નો ઈંગ્લાંડ કસ્ટમ આક્ટ.	સઘળો આક્ટ.
સન ૧૮૭૬નો ૨જો	સન ૧૮૭૬ નો બરમાનો જમીન તથા મેહેસુલ બાબતનો આક્ટ.	૩૯ મી કલમ. ૨કમ બ અને તે જ કલમની (૪) ૨કમમાં "(બ) ૨કમ પ્રમાણે" એ શબ્દો.
સન ૧૮૭૭નો ૧૮મો	સન ૧૮૭૭ નો મીઠાનો આક્ટ.	સઘળો આક્ટ.

રેગ્યુલેશન.

સન ૧૮૭૭નો ૩જો	સન ૧૮૭૭ નો અજમેરના કાયદાનો રેગ્યુલેશન.	૩૬ મી તથા ૩૭ મી કલમો.

બંગાલાના લેફટેનન્ટ ગવરનર ઇનકાંઉસિલનો આક્ટ.

સન ૧૮૬૪નો ૭મો	સન ૧૮૬૪ નો મીઠાનો કાયદો.	૯ મી કલમ.

(True Translation.)

S. P. PANDIT,

Oriental Translator to Government.

ACT NO XIII. OF 1885.

ઈંડીઆના ગવર્નર જનરલ ઇનકૌંસિલનો હેઠળ લખેલો આકટ આલીજનાબ ગવર્નર જનરલ સાહેબે સને ૧૮૮૫ ના જુલાઈ મહિનાની ૨૨ મી તારીખે મંજુર કર્યો તે સર્વ લોકોને જાણ થવાસારૂ છાપીને પ્રસિદ્ધ કર્યો છે.

સને ૧૮૮૫ નો આકટ ૧૩ મો.

સને ૧૮૮૫ નો હિંદુસ્તાનમાંના ટેલીગ્રાફ સંબંધી આકટ.

હિંદુસ્તાનમાંના ટેલિગ્રાફ સંબંધી કાયદા સુધારવાવિશેનો આકટ.

જે અર્થે હિંદુસ્તાનમાંના ટેલિગ્રાફસંબંધી કાયદો સુધારવો યોગ્ય છે; તે અર્થે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

ભાગ ૧ લો.

પ્રથમ નિયમો.

ટુંકુ નામ, ક્યાં ક્યાં લાગુછે અને શરૂઆત.

૧. (૧) આ આકટને "સને ૧૮૮૫ નો હિંદુસ્તાનનો ટેલિગ્રાફ આંકટ" કેહેવો.

(૨) તે આખા બ્રિટિશ ઇંડિયાને લાગૂ છે, અને મલિકા માઆઝમાની રૈયતના સંબંધ પુરતો મલિકામાઆઝમાની સાથે મૈત્ર રાખતા હિંદુસ્તાનુમાંહેના રાજાઓના તથા સંસ્થાનોના મુલકને લાગૂ છે; અને

(૩) તે તારીખ ૧લી અકટોબર સને ૧૮૮૫ ને રોજ અમલમાં આવશે.

રદ કરવું તથા કાયમ રાખવું.

૨. સને ૧૮૭૬ નો હિંદુસ્તાનનો ટેલિગ્રાફ સંબંધી આકટ આઉપરથી રદ કર્યોછે.

પણ તે આકટમુજબ અથવા તે ઉપરથી રદ કરેલા કોઇપણ આકટ મુજબ જે લૈસેન્સ આપેલાં હશે તથા જે કાનુન કરી હશે, અને જે હમણાં અમલમાં હશે, તે સઘળા લૈસેન્સ તથા તે સઘળી કાનુન આ અકટપ્રમાણે જેટલેસુધી આપી શકાયાં હોત અથવા કરી શકાઇ હોત તેટલે સુધી તે આ આકટ પ્રમાણે આપ્યાં છે અને કરી છે એમ સમજવું.

વ્યાખ્યા.

૩. આ આકટમાં આગલા પાછલા સંબંધથી બાધ આવતો ન હોય તો,—

(૧) "ટેલિગ્રાફ" આ શબ્દનો અર્થ ઇલેક્ટ્રિક, ગાલવાનિક અથવા માગનેટિક ટેલિગ્રાફ એવો છે, અને તેમાં ઇલેક્ટ્રિસિટીના, ગાલવાનિઝમના અથવા માગનેટિઝમના યોગથી ટેલિગ્રાફમાંથી, ટેલિફોનમાંથી અથવા બીજા કશામાંથી મજકુર મોકલવાનાં અથવા જણાવવાનાં સાધનોનો તથા ઉપકરણોનો સમાવેશ થાય છે.

(૨) "ટેલિગ્રાફ આફિસર" આ શબ્દનો અર્થ સરકારે અથવા આ આકટ પ્રમાણે લૈસેન્સ આપેલા કોઈ માણસે સ્થાપેલા, ચાલુ રાખેલા અથવા ચલાવેલા ટેલિગ્રાફ સંબંધી કાયમ અથવા હંગામી ચાકરીએ રાખેલો કોઈપણ શખસ.—

(૩) "સંદેશો" આ શબ્દનો અર્થ ટેલિગ્રાફમાંથી મોકલેલો અથવા ટેલિગ્રાફ મારફત મોકલવાસારૂ અથવા પોહોચાડવાસારૂ ટેલિગ્રાફ આફિસરને આપેલો કાંઇપણ મજકુર.

(૪) "ટેલિગ્રાફ લૈન" આ શબ્દનો અર્થ ટેલિગ્રાફનાં કારણસારૂ ઉપયોગ કરેલો તાર અથવા તારો, તેને અથવા તેઓને લપેટી લેનારૂ કોઈપણ ઘરૂ, આચ્છાદન, નળી અથવા નળ, અને તે અથવા તેઓ બેસાડવાસારૂ અથવા તેનો અથવા તેઓનો બીજા પદાર્થની સાથે સંબંધ ન થવા દેવાસારૂ તેને અથવા તેઓને જોડેલાં કોઈપણ સાધનો તથા ઉપકરણો સુધાં, એવો છે.

(૫) "થાંભલો" આ શબ્દનો અર્થ કોઈ ટેલિગ્રાફ લૈન લઈ જવાસારૂ, ટાંગવાસારૂ, અથવા તેના આધારસારૂ જે થાંભલો, દાંડો, સ્તંભ આધાર, તીર અથવા બીજું જમીન ઉપરનું સાધન એવો સમજવો.

(૬) "ટેલિગ્રાફ અધિકારી" આ શબ્દનો અર્થ ટેલિગ્રાફનો ડૈરેકટર જનરલ એવો છે, અને તે શબ્દોમાં તેણે જે કોઇ અમલદારને આ આકટપ્રમાણે ટેલિગ્રાફ અધિકારીનાં સઘળાં અથવા કાંઇપણ કામ કરવાનો અખ્ત્યાર આપેલો હોય તેવા કોઇપણ અમલદારનો સમાવેશ થાયછે.

(૭) "સ્થાનિક અધિકારી" આ શબ્દનો અર્થ કોઇપણ મ્યુનિસિપલકમિટી, જીલ્હા બોર્ડ, પોર્ટ કમિશનરોની મંડળી, અથવા જે બીજા અધિકારીઓને કોઇપણ મ્યુનિસીપલ અથવા લોકફંડઉપર નિબંધ રાખવાનો અથવા એનો વહિવટ કરવાનો કાયદાસર હક હશે, અથવા નિબંધ રાખવાનું અથવા વહિવટ કરવાનું કામ સરકારે સોપ્યું હશે તે બીજો અધિકારી.

ભાગ ૨ જો.

સરકારના વિશેષાધિકાર તથા અધિકાર.

ટેલિગ્રાફ સંબંધી અનન્યગ્રાહ્ય વિશેષાધિકાર તથા લૈસેન્સ આપવાનો અધિકાર,

૪. બ્રિટિશ ઇંડિયામાં ગવર્નર જનરલ ઇનકૌંસિલને ટેલિગ્રાફ સ્થાપવાનો, ચાલૂ રાખવાનો તથા ચલાવવાનો અનન્ય ગ્રાહ્ય વિશેષાધિકાર છે.

પણ એવું ઠરાવ્યુંછે કે ગવર્નર જનરલ ઈનકૌંસિલ બ્રિટિશ ઇંડિયાના કોઇપણ ભાગમાં ટેલિગ્રાફ સ્થાપવાનું, ચાલૂ રાખવાનું અથવા ચલાવવાનું લૈસેન્સ તેઓને યોગ્ય લાગે તેવી શરતે તથા તેઓને યોગ્ય લાગે તેટલું નાણું આપેથી તેના અવેજમાં કોઇપણ માણસને આપવાને મુખ્ત્યારછે.

લૈસેન્સ આપેલા ટેલિગ્રાફ કબજામાં લેવાનો તથા સંદેશા વચમાં કાહાડી લેવાનો હુકમ કરવાનો સરકારનો અધિકાર.

૫. (૧) સાર્વજનિક જરૂરનો કાંઇપણ પ્રસંગ પડે તો અથવા લોકોના સુરક્ષિતપણાં સારૂ, ગવર્નર જનરલ ઇનકૌંસિલને અથવા કોઈ સ્થાનિક સરકારને, અથવા ગવર્નર જનરલ ઈન કૌંસિલે આ બાબતમાં ખસુસ અધિકાર આપેલા કોઈપણ અમલદારને હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો અધિકાર છે, એટલે,—

(અ) આ આક્ટ પ્રમાણે લૈસેન્સ આપેલા કોઇપણ માણસે સ્થાપેલો, ચાલૂ રાખેલો અથવા ચલાવેલો કોઈપણ ટેલિગ્રાફ થોડી મુદતને સારૂ કબજામાં લેવાનો; અથવા

(બ) કોઈપણ માણસને અથવા માણસોના કોઇપણ વર્ગને પોહોચાડવાનો અથવા કોઈ પણ માણસ તરફથી આવેલો અથવા કોઇપણ વિષયસંબંધી કાંઈપણ સંધેશો અથવા સંધેશાનો વર્ગ કોઇપણ ટેલિગ્રાફ મારફત મોકલવાસારૂ આણ્યો હશે અથવા કોઈપણ ટેલિગ્રાફ મારફત મોકલ્યો હશે અથવા લીધો હશે, તે મોકલવો નહીં, અથવા વચમાં કાહાડી લેવો અથવા અટકાવી રાખવો, અથવા સરકારને અથવા હુકમમાં લખેલા તેમના અમલદારને જણાવવો એવો હુકમ કરવાનો.

(૨) સાર્વજનિક જરૂરનો પ્રસંગ હતો કે કેમ એ બાબત અથવા પેટા કલમ (૧) પ્રમાણે કાંઈપણ કૃત્ય કર્યું તે લોકોનાં સુરક્ષિતપણાસારૂ કર્યુંછે કે કેમ, એ બાબત શક પડે તો હિંદુસ્તાન સરકારના અથવા સ્થાનિક સરકારના સેક્રેટરીની સહીનો દાખલો તે વાત બાબત નિરૂત્તર પુરાવો છે એમ સમજવું.

રેલવે કંપનીની જમીન ઉપર ટેલિગ્રાફ સ્થાપવાનો અધિકાર.

૬. તમારી જમીનના કોઇ ભાગ ઉપર ટેલિગ્રાફ સ્થાપવા દ્યો તથા તે ચાલુ રાખવા દ્યો એવું ગવર્નર જનરલ ઇન કૌંસિલે કોઈપણ રેલવે કંપનીને કહ્યું હોય તો તે કંપનીએ તે પ્રમાણે સરકારને કરવા દેવું જોઈએ, અને તે ચલાવવા બાબત દરએક વ્યાજબી સગવડ કરી આપવી જોઈએ.

ટેલિગ્રાફનું કામ ચલાવવાસારૂ કાનુન કરવાનો અધિકાર.

૭. (૧) ગવર્નર જનરલ ઇન કૌંસિલને, સરકારે અથવા આ આક્ટ-પ્રમાણે લૈસેન્સ આપેલાં માણસોએ સ્થાપેલા, ચાલુ રાખેલા અથવા ચલાવેલા સઘળા અથવા કોઇપણ ટેલિગ્રાફનું કામ ચલાવવા સારૂ ઇંડિયા ગ્યાઝેટમાં જાહેરનામુ પ્રસિદ્ધ કરીને વખતે વખતે, આ આક્ટને અનુસરીને, કાનુન કરવાનો અધિકારછે.

(૨) આ કલમ પ્રમાણે કરવાની કાનુનમાં બીજી વાત બાબત ઠરાવ કરવામાં આવે તેમાં હેઠળ લખેલી સઘળી વાત બાબત અથવા તેઓમાંની કોઇપણ વાત બાબત ઠરાવ કરવાનો અધિકારછે.

(અ) જે દરે, તથા બીજી શરતને તથા બંધીને પાત્ર રાખીને સંધેશા મોકલવા જોઈએ તે દર તથા તે બીજી શરતો તથા બંધીઓ;

(બ) સંધેશો અયોગ્ય રીતે વચમાં કાહાડી લેવા બાબત અથવા બીજાને જણાવવાની મના કરવા બાબત અગાઉથી કરવાનો બંદોબસ્ત;

(ક) જે મુદત સુધી, તથા જે શરતોને પાત્ર કરીને ટેલિગ્રાફ અને ટેલેગ્રાફ આફિસરોના અથવા તેના કબજા માંહેના બીજા દસ્તાવેજ સંભાળીને રાખવા જોઈએ તે મુદત તથા શરતો; અને

(ડ) કોઇપણ ટેલિગ્રાફ આફિસરના તાબામાંના ટેલિગ્રામ અથવા બીજા દસ્તાવેજ શોધી કાહાડવા બાબત લેવાની ફી.

(૩) આ આક્ટ પ્રમાણે લૈસેન્સ આપેલા કોઈપણ માણસે સ્થાપેલા, ચાલુ રાખેલા અથવા ચલાવેલા કોઈપણ ટેલિગ્રાફનું કામ ચલાવવા વિશેની કાનુન કરતી વખતે ગવર્નર જનરલ ઇન કૌંસિલ, તે કાનુન માંહેના કોઈપણ ઠરાવ તોડવા બદલ તે કાનુનમાં દંડ ઠરાવવાને તે મુખત્યાર છે;

પણ એવું ઠરાવ્યું છે કે આ પ્રમાણે ઠરાવેલા દંડ હેઠળ લખેલી મર્યાદા બાહાર હોવા નહીં જોઇએ, એટલેઃ—

(૧) જ્યારે આ આક્ટ પ્રમાણે લૈસેન્સ આપેલું માણસ સદહું પ્રકારનો ઠરાવ તોડવા બદ્દલ શિક્ષાને પાત્ર હોય ત્યારે એક હજાર રૂપિયા, અને તે ઠરાવ તોડવાનું કામ ચાલુ રહે તે બાબતમાં પેહેલા દિવસ પછી જે જે આખો દિવસ અથવા દિવસના કોઇપણ ભાગમાં એવો ઠરાવ તોડવાનું ચાલુ રેહેશે તે દરએક દિવસ બદ્દલ બસેં રૂપિયા વળી બીજો દંડ;

(૨) સદરહુ પ્રમાણે લૈંસેન્સ આપેલા માણસનો ચાકર, અથવા કોઈપણ બીજો માણસ સદરહુ પ્રકારનો ઠરાવ તોડવા બાબત શિક્ષાને પાત્ર હશે ત્યારે રકમ (૧) માં નિર્દીષ્ટ કરેલી રકમનો એક ચતુર્થાંશ.

લૈસેન્સ, રદ કરવાં.

૮. ગવર્નર જનરલ ઈન કૌંસિલ ૪ થી કલમ પ્રમાણે આપેલું કોઈપણ લૈસેન્સ, તે માંહેની શરતો પૈકી કોઈપણ શરત તોડેથી અથવા તે પ્રમાણે આપવાનો કાંઇપણ અવેજ આપવામાં ન આવેથી, હરકોઈ વખતે રદ કરવાને મુખત્યાર છે.

તોટા બાબત અથવા નુકશાન બાબત સરકાર જવાબદાર નથી.

૯. ઈંડિયાના સેક્રેટરી ઑફ સ્ટેટ ઇન કૌંસિલ કોઇપણ સંધેસો લેવાના મોકલવાના અથવા પોહોંચાડવાના સંબંધમાં કોઈપણ ટેલિગ્રાફ આફિસર પોતાનું કામ કરવાને ચુકયાથી કાંઈપણ તોટો અથવા નુકશાન થાય તે બાબત જવાબદાર નથી; અને એવો કોઈપણ આફિસર એવા કોઈપણ તોટા બાબત અથવા નુકશાન બાબત તેણે તે ગફ્લતથી, દ્રૂષથી અથવા કપટથી કર્યું નહીં હશે, તો તે જવાબદાર નથી.

ભાગ ૩ જો.

ટેલિગ્રાફ લૈન તથા થાંભલા નાખવાનો અધિકાર.

ટેલિગ્રાફ લૈન તથા થાંભલા નાખવાનો તથા ચાલુ રાખવાનો ટેલિગ્રાફ અધિકારીનો અખત્યાર.

૧૦. ટેલિગ્રાફ અધિકારીને ટેલિગ્રાફ લૈન કોઈપણ સ્થાવર મિલકતની હેઠળ, ઉપરથી, બાજુએથી અથવા આડી, અને તેવી મીલકતમાં અથવા મિલકત ઉપર વખતે વખતે થાંભલા નાખવાનો તથા ચાલુરાખવાનો અધીકાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે—

(અ) ટેલિગ્રાફ અધિકારીએ આ કલમ ઉપરથી આપેલા અધિકાર, ચલાવવા તે, જે ટેલિગ્રાફ સરકારે સ્થાપેલા હોય અથવા ચાલુ રાખેલા હોય, અથવા આ પ્રમાણે સ્થાપવાના અથવા ચાલુ રાખવાના હોય તે ટેલિગ્રાફનાં કારણસાર માત્ર ચલાવવા, બીજાં કારણસાર ચલાવવા નહીં;

(બ) જે મિલકતની હેઠળ, ઉપરથી, બાજુએથી, આડી, અંદર અથવા ઉપર કોઇપણ ટેલિગ્રાફ લૈન અથવા થાંભલા ટેલિગ્રાફ અધિકારી નાખશે તે મિલકતમાં સરકારને ઉપયોગ કરનારના માત્ર હક શિવાય બીજો કોઈપણ હક પ્રાપ્ત થનાર નથી; અને

(ક) આમાં આગળ ઠરાવેલું છે તેટલું ખારેજ કરીને, ટેલિગ્રાફ અધિકારીએ, કોઈપણ સ્થાનિક અધિકારીને સ્વાધીન થયેલી અથવા તેના નિર્બંધ હેઠળ અથવા વહિવટ

હેઠળની કોઇપણ મિલકતના સંબંધમાં તે અધિકાર, તે સ્થાનિક અધિકારીની પ. રવાનગી વગર, ચલાવવો નહીં; અને

(ડ) આ કલમ ઉપરથી આપેલા અધિકાર ચલાવતાં ટેલિગ્રાફ અધિકારીએ નુકશાન જેટલું ઓછું કરાય તેટલું ઓછું કરવું જોઇએ, અને (ક) રકમમાં કહેલી મિલકત શિવાય બીજી કોઇપણ મિલકતના સંબંધમાં તેણે તે અધિકાર ચલાવ્યો હોય ત્યારે, તે અધિકાર ચલાવવાના સબબથી હિતસંબંધવાળા જે માણસોનું કાંઈપણ નુકશાન થયું હશે તે સઘળાં માણસોને તેણે પૂરેપૂરૂં વળતર આપવું જોઇએ.

ટેલિગ્રાફ લૈન અથવા થાંભલાનીમરામત કરવાસારૂ અથવા તે કાહાડી નાખવા સારૂ મિલકત ઉપર જવાનો અધિકાર.

૧૧. ટેલિગ્રાફ અધિકારીને કોઈપણ ટેલિગ્રાફ લૈન અથવા થાંભલો જે મિલકતની હેઠળ, ઉપલી બાજુંએ, બાજુએ, આડો, અંદર અથવા ઉપર નાખ્યો હશે તે મિલકત ઉપર તે ટેલિગ્રાફ લૈન અથવા તે થાંભલો તપાસવા સારૂ તેની મરામત કરવા સારૂ અથવા તેમાં ફેરફાર કરવા સારૂ અથવા તે કાહાડી નાખવા સારૂ હરકોઈ વખતે જવાનો અધિકાર છે.

સ્થાનિક અધિકારીઓને સ્વાધીન થયેલી અથવા તેઓના નિબંધ અથવા વહિવટ હેઠળની મિલકતને લાગુ થનારા ઠરાવ.

શરત લાગુ કરીને ૧૦ મી કલમની (ક) રકમ પ્રમાણે પરવાનગી આપવાનો સ્થાનિક અધિકારીને અખત્યાર.

૧૨. કોઇપણ પરવાનગી સ્થાનિક અધિકારીએ ૧૦ મી કલમની (ક) રકમ પ્રમાણે આપવાની તે, તે કલમ પ્રમાણે આપેલો અધિકાર ચલાવ્યાને લીધે જે કાંઈ ખરચ તે અધિકારીને અવસ્ય થાય તે ખરચ આપવા બાબતની, અથવા કોઇપણ કામ કરવાના વખત અથવા રીત બાબતની, અથવા તે અધિકારો પ્રમાણે ટેલિગ્રાફ અધિકારીએ કરવા લીધેલાં કોઈ કામને લાગુ હોય તેવી અથવા તે કામ સબંધી કોઈપણ બીજી વાત બાબતની જે વ્યાજબી શરતો ઠરાવવાનું પરવાનગી આપનારા સદરહુ અધિકારીને યોગ્ય લાગે તેવી વાજબી શરતો લાગુ કરીને આપવાનો તેને અધિકાર છે.

ટેલિગ્રાફ લૈન અથવા થાંભલો કાહાડી નાખવાનુ અથવા તેમાં ફેરફાર કરવાનું કેહેવાનો સ્થાનિક અધિકારીને અખત્યાર.

૧૩. જ્યારે આ આક્ટના પાછલા ઠરાવો પ્રમાણે કોઈ ટેલિગ્રાફ લૈન અથવા થાંભલો સ્થાનિક અધિકારીને સ્વાધીન થએલી અથવા તેના નિબંધ હેઠળ અથવા વહિવટ હેઠળ હોય તેવી કોઈ મિલકતની હેઠળ, ઉપલી બાજુએ, બાજુએ, આડો, અંદર અથવા ઉપર ટેલિગ્રાફ અધિકારીએ નાખ્યો હશે, અને તે ટેલિગ્રાફ લૈન અથવા થાંભલો આ પ્રમાણે નાખ્યો તે વખત પછીથી જે વાત બની આવી હશે તે ધ્યાનમાં લઇને સ્થાનિક અધિકારીને એવું લાગે કે તે કાહાડી નાખવો અથવા તેની જગા બદલવી યોગ્યછે, ત્યારે તે સ્થાનિક અધિકારી તે ટેલિગ્રાફ અધિકારીને તે કાહાડી નાખવાનું અથવા તેની જગા બદલવાનું, જેમ હોય તેમ, કેહેવાને મુખત્યારછે.

ગ્યાસની અથવા પાણીની નળી અથ-

૧૪. કોઈ સ્થાનિક અધિકારીને સ્વાધીન થયલી અથવા તેના નિબંધ હેઠળ અથવા વહિવટ હેઠળ હોય એવી કોઇપણ મિલકતના સંબંધમાં, આ

મોરીની જગા બદલવાનો અખ્તિયાર.

આક્ટ ઉપરથી ટેલિગ્રાફ અધિકારીને આપેલા અધિકાર ચલાવવાનાં કારણ સારૂ તે ટેલિગ્રાફ અધિકારી તે મિલકત હેઠળની ગ્યાસ અથવા પાણી પુરૂં પાડવાની (મુખ્ય નહીં હોય એવી) કોઇપણ નળીની અથવા, મુખ્ય મોરી નહીં હોય એવી) કોઇપણ મોરીની જગા બદલવાને મુખત્યારછે.

પણ એવું ઠરાવ્યું છે કે—

(અ) જ્યારે એવી કોઇ નળીની અથવા મોરીની જગા બદલવાની ટેલિગ્રાફ અધિકારીની ઇચ્છા હોય, ત્યારે તેણે એમ કરવાના પોતાના ઇરાદાની વ્યાજબી નોટીસ, તે એમ કરવાનો પ્રારંભ ક્યારે કરશે તે વખત લખીને સદરહુ સ્થાનિક અધિકારીને આપવી જોઇએ, અને જ્યારે તે નળી અથવા મોરી સ્થાનિક અધિકારીના નિબંધ હેઠળ ન હોય, ત્યારે તે નળી અથવા મોરી જે શખસના નિબંધ હેઠળ હોય તે સખસને આપવી જોઈએ;

(બ) જે સ્થાનિક અધિકારીને અથવા સખસને (અ) રકમ પ્રમાણે નોટીસ પોહોંચે તેને તે કામની દેખરેખ રાખવાસારૂ એક સખસને મોકલવાનો અધિકાર છે, અને ટેલિગ્રાફ અધિકારીએ તે કામ આ પ્રમાણે મોકલેલા સખસની વ્યાજબી રીતે ખાત્રી થાય એવી રીતે કરવું જોઇએ.

ટેલિગ્રાફ અધિકારી તથા સ્થાનિક અધિકારીની વચે તકરાર.

૧૫. (૧) જો સ્થાનિક અધિકારીએ ૧૦ મી કલમની (ક) રકમમાં કહેલી પરવાનગી આપવાની ના કહ્યાને લીધે અથવા ૧૨ મી કલમ પ્રમાણે કોઈપણ શરત ઠરાવ્યાને લીધે, અથવા ૧૩ મી કલમ પ્રમાણે ફરમાવ્યા પ્રમાણે ટેલિગ્રાફ અધિકારીએ કરવાનું વર્જ કર્યાને લીધે, અથવા આ આક્ટ ઉપરથી આપેલા અધિકાર ચલાવવાના સંબંધનાં બીજાં કારણને લીધે, ટેલિગ્રાફ અધિકારીની તથા સ્થાનિક અધિકારીની દરમિયાન કાંઈ તકરાર ઉત્પન્ન થાય તો તેનો નિકાલ આ બાબત સામાન્ય અથવા વિશેષ રીતે સ્થાનિક સરકાર જે અમલદારને નીમે તે અમલદારે કરવો.

(૨) આ પ્રમાણે નીમેલા અમલદારે કરેલા નિકાલ ઉપર સ્થાનિક સરકારમાં અપીલ ચાલશે; અને સ્થાનિક સરકાર જે હુકમ કરશે તે આખરનો થશે.

બીજી મિલકતને લાગુ હશે તે ઠરાવ.

૧૦ મી. કલમ ઉપરથી આપેલા અધિકાર ચલાવવા અને સ્થાનિક અધિકારીની મિલકતશિવાય બીજી મિલકતની બાબતમાંવળતર બાબત તકરાર.

૧૬. (૧) જો ૧૦ મી કલમમાં લખેલો અધિકાર તે કલમની (ડ) રકમમાં કહેલી મિલકતના સંબંધમાં ચલાવવા દેવાને હરકત અથવા અડચણ કરવામાં આવે તો, જીલ્હા માજીસ્ત્રેટની નજરમાં આવે તે પ્રમાણે તે, ટેલિગ્રાફ અધિકારીને તે ચલાવવાની પરવાનગી આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

(૨) જો પેટા કલમ (૧) પ્રમાણે હુકમ કર્યા પછી કોઈ પણ માણસ તે અધિકાર ચલાવવા દેવામાં હરકત કરશે, અથવા તેના નિરબંધમાં મિલકત હશે ને તે અધિકાર ચલાવવા દેવામાં સઘળી સગવડ કરી નહીં આપે. તો તેણે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૮૮ મી કલમ પ્રમાણે ગુન્હો કર્યો છે એમ સમજવું જોઈએ.

(૩) જો ૧૦ મી કલમની (ડ) રકમ પ્રમાણે આપવાનાં વળતરનાં પુરતાપણા બાબત કાંઇ તકરાર ઉત્પન્ન થાય તો જે જીલ્હા જડજની હકુમતમાં તે મિલકત હોય તેને તકરાર કરનારા પક્ષકારોમાંથી કોઇપણ એક પક્ષકારે તે કારણ સારૂ અરજી કરી હશે તો તે તકરારનો નિકાલ કરવા સારૂ તેણે તેમ કરવું જોઇએ.

(૪) જો એવું વળતર મળવાનો હક્ક કયા માણસોને છે તે બાબત, અથવા હિત સંબંધ વાળા માણસોને શા પ્રમાણ મુજબ વળતરમાં ભાગ મળવાનો હક છે એ બાબત કાંઈ તકરાર ઉત્પન્ન થાય તો, ટેલિગ્રાફ અધિકારીને પુરતી લાગે તેટલી રકમ, અથવા લ્યો એમ કહીને આપવા કહાડેલી રકમ તકરાર કરનારા સઘળા પક્ષકારોએ પુરતી છે એવું લખીને કબુલ કરી હશે ત્યારે તે રકમ, અથવા પેટા કલમ (૩) પ્રમાણે રકમ ઠરાવવામાં આવી હશે ત્યારે તે રકમ જીલ્હા જડજની કોર્ટમાં ભરવાનો અખત્યાર તે ટેલિગ્રાફ અધિકારીને છે; અને જીલ્હા જડજે પક્ષકારોને નોટીસ આપ્યા પછી તથા તેઓમાંથી જેઓની ઇચ્છા પોતાનું કેહેવું સાંભળી લેવું એવી હશે તેમનું કેહેવું લીધા પછી, વળતર મળવાનો હક હોય તેવાં માણસો કોણ કોણ છે તે ઠરાવવું જોઈએ, અથવા, જેમ હોય તેમ, હિતસંબંધવાળાં માણસોને જે પ્રમાણ પ્રમાણે વળતરનો ભાગ મળવાનો હક હોય તે પ્રમાણે ઠરાવવાં જોઈએ.

(૫) પેટા કલમ (૩) અથવા પેટા કલમ (૪) પ્રમાણે જિલ્હા જડજે તકરારનો કરેલો દરએક નિકાલ આખરનો છે એમ સમજવું.

પણ એવું ઠરાવ્યું છે કે ટેલિગ્રાફ અધિકારીએ આપેલું કોઇપણ સઘળું વળતર અથવા તેનો કાંઇપણ ભાગ જે માણસને પોહોંચ્યો હશે તેની પાસેથી તે, ફરિયાદ કરીને વસુલ કરવાનો કોઈ પણ માણસને હક હશે તે હકને આ પેટા કલમ ઉપરથી બિલકુલ બાધ આવતો નથી.

સ્થાનિક અધિકારીની મિલકત શિવાય બીજી મિલકત ઉપરની ટેલિગ્રાફ લૈન અથવા થાંભલો બીજે ઠેકાણે લઈ જવો અથવા તેમાં ફેરફાર કરવો.

૧૭. (૧) જ્યારે, આ આકટના પાછલા ઠરાવો પ્રમાણે કોઈપણ ટેલિગ્રાફ લૈન અથવા થાંભલો ટેલિગ્રાફ અધિકારીએ, કોઈ સ્થાનિક અધિકારીને સ્વાધીન થયલી નહીં હોય અથવા તેના નિબંધ હેઠળ અથવા વહિવટ હેઠળ નહી હોય એવી મિલકતની હેઠળ, ઉપલી બાજુએ, બાજુએ, આડો, અંદર અથવા ઉપર નાખ્યો હશે, અને તે ટેલિગ્રાફ લૈન અથવા થાંભલો તે મિલકતના બીજા ભાગમાં લઈ જવો, અથવા ઉંચો અથવા નીચો કરવો અથવા તેના આકારમાં ફેરફાર કરવો અવસ્ય અથવા સગવડ પડતો થાય એવી રીતે તે મિલકતની વ્યવસ્થા કરવાની, તેવી વ્યવસ્થા કરવાનો હક હોય તેવા માણસની ઇચ્છા હોય ત્યારે, તે પ્રમાણે તે લૈન અથવા થાંભલો બીજે ઠેકાણે લઈ જવાનું અથવા તેમાં ફેરફાર કરવાનુ તે ટેલિગ્રાફઅધિકારીને કેહેવાનો અખત્યાર તે માણસનેછે.

પણ એવું ઠરાવ્યું છે કે જો ૧૦ મી કલમની (ડ) રકમ પ્રમાણે વળતર આપ્યું હશે તો તેણે સદરહુ પ્રમાણે કેહેતી વખતે, બીજે ઠેકાણે લઈ જવાનો અથવા ફેરફાર કરવાનો ખરચ આપવાને જે રકમ જરૂરની હશે તે રકમ, અથવા વળતર બદલ આપેલી રકમની નીમે રકમ, આ બેમાંથી જે ઓછી હોય તે, તે ટેલિગ્રાફ અધિકારીને લ્યો એમ કહીને આપવાને કાહાડવી જોઇએ.

(૨) જો ટેલિગ્રાફ અધિકારી ઉપર કહ્યા પ્રમાણે કહ્યું હોય તે છતાં તેમ કરવાનું વર્જ કરે તો સદરહુ પ્રમાણે કહેનારા માણસને એવો અધિકાર છે કે તેણે સદરહુ પ્રમાણે બીજે ઠેકાણે લઈ જવાનો અથવા ફેરફાર કરવાનો હુકમ કરવા સારૂ, જે જિલ્હા માજીસ્ટ્રેટની હકુમતમાં તે મિલકત હોય તેને અરજી કરવી.

(૩) જો જિલ્હા માજીસ્ત્રેટની પાસે પેટા કલમ (૨) પ્રમાણે અરજી આવે તેની નજરમાં આવે તો તે, અરજી નામંજુર કરવાને અથવા ટેલિગ્રાફ લૈન અથવા થાંભલો મિલકતના કોઇ બીજા ભાગમાં લઇ જવાનો, અથવા ઉંચો અથવા નીચો કરવાનો અથવા તેના આકારમાં ફેરફાર કરવાનો બિન શરતી અથવા શરત કરીને હુકમ કરવાને મુખત્યાર છે; અને આ પ્રમાણે કરેલો હુકમ આખરનો છે એમ સમજવું.

સઘળી મિલકતને લાગુ રેહેનારા ઠરાવ.

ટેલિગ્રાફમાં મજકુર જવા આવવામાં પ્રતિબંધ કરનારાં ઝાડ કહાડી નાખવાં.

૧૮. (૧) જો ઝાડ કોઈ ટેલિગ્રાફલૈન પાસે ઉભેલાં હશે અથવા હશે તે ઝાડથી ટેલિગ્રાફમાં મજકુર જવા આવવામાં પ્રતિબંધ થતો હશે અથવા પ્રતિબંધ થવાનો સંભવ હશે તો ટેલિગ્રાફ અધિકારીએ અરજ કરી હોય તો પેહેલા અથવા બીજા વર્ગના માજીસ્ત્રેટને તે ઝાડ કાહાડી નખાવવાનો અથવા તેને યોગ્ય લાગે તે બીજી રીતે તેની તજવીજ કરાવવાનો અધિકાર છે.

(૨) પેટા કલમ (૧) પ્રમાણે કરેલી કોઈ અરજીનો નિકાલ કરતી વખતે તે માજીસ્ત્રેટે, તે ટેલિગ્રાફ લૈન નાખવાની અગાઉનાં કોઈ ઝાડ હશે ત્યારે તે બ્યાજબી લાગે તે વળતર તે ઝાડમાં જે માણસોનો હિત સંબંધ હશે તે માણસોને આપવા વિશે નિવાડો કરવો જોઈએ, અને તે નિવાડો આખરનો સમજવો.

આ આક્ટ ઠર્યાની અગાઉનાખેલી ટેલિગ્રાફ લૈન તથા થાંભલા.

૧૯. સરકારે સ્થાપેલા અથવા ચાલૂ રાખેલા ટેલિગ્રાફનાં કારણ સારૂ જે દરેક ટેલિગ્રાફ લૈન અથવા થાંભલો કોઇપણ મિલકતની હેઠળ, ઉપલી બાજુએ, બાજુએ, આડો, અંદર અથવા ઉપર આ આક્ટ ઠર્યાની અગાઉ નાખ્યો હશે તે દરએક ટેલિગ્રાફ લૈન અથવા થાંભલો આ આક્ટ ઉપરથી આપેલો અધિકાર ચલાવીને, અને આ આક્ટમાં જે કરવા બાબત કહ્યું છે તે સઘળું કરીને નાખ્યો છે એમ સમજવું.

ભાગ ૪ થો.

શિક્ષા.

વગર લૈસેન્સે ટેલિગ્રાફ સ્થાપવા, ચાલુ રાખવા અથવા ચલાવવા અથવા લૈન્સેસની શરત તોડવી.

૨૦. જો કોઇ માણસ, ૪ થી કલમ પ્રમાણે આપેલાં લૈસેન્સ ઉપરથી જેવી પરવાનગી હશે તેમ ન કરતાં બીજી રીતે કોઈ ટેલિગ્રાફ બ્રિટિશ ઈંડીયામાં સ્થાપશે, ચાલુ રાખશે અથવા ચલાવશે, અથવા એવાં લૈસેન્સમાંની કોઈ શરત તોડશે તો તેને ધણામાં ધણો એક હજાર રૂપિયા સુધી દંડ થશે, અને જેટલાં અઠવાડિયાં સુધી તે લૈન ચાલુ રાખવામાં આવશે અથવા ચલાવવામાં આવશે, અથવા તે શરત તોડવાનું જારી રેહેશે તેટલાં દરએક અઠવાડિયાં બદલ ધણામાં ધણા પાંચશે રૂપિયા સુધી તેને બીજો વધારાનો દંડ થશે.

એવા ટેલિગ્રાફનો ઉપયોગ કરવો.

૨૧. જો કોઈ માણસને, કોઇ ટેલિગ્રાફ આ આક્ટ વિરૂદ્ધ સ્થાપેલો છે અથવા ચાલુ રાખેલો છે અથવા ચલાવેલો છે એવી ખબર છતાં અથવા એવું લાગવાનો સબબ છતાં તે માણસ એવા ટેલિગ્રાફ મારફત કાંઇ પણ સંધેશો મોકલશે અથવા લેશે. અથવા તે સંબંધી કાંઈ પણ ચાકરી કરશે, અથવા એવા ટેલિગ્રાફ મારફત મોકલવા સારૂ કાંઈ પણ સંધેશો આપશે, અથવા તેમાં મોકલેલો કાંઈ પણ સંધેશો પોહોંચાડવામાં આવેથી લેશે તો તેને ધણામાં ધણા પચાશ રૂપિયા સુધી દંડ થશે.

રેલવેની જમીન ઉપર ટેલિગ્રાફ સ્થાપવામાં હરકત કરવી.

૨૨. જો કોઇ રેલવે કંપની, અથવા રેલવે કંપનીનો કોઇ અમલદાર ૬ઠી કલમમાંના ઠરાવપ્રમાણે ચાલવાને ગફલત કરશે અથવા નહીં ચાલું એમ કેહેશે તો તે, જે દરએક દિવસ ગફલત અથવા ના કેહેવાનું ચાલુ રેહેશે તે દરએક દિવસ બદલ ઘણામાં ઘણા એક હજાર રૂપિઆસુધી દંડ થશે.

સિગ્નલ રૂમમાં પુછ્યા વગર જવું, ટેલિગ્રાફ આફિસમાં પ્રવેશ કરવો અથવા અટકાવ કરવો.

૨૩. જો કોઇપણ માણસ—

(અ) સરકારની, અથવા આ આક્ટ પ્રમાણે લૈસેન્સ આપેલા કોઈ માણસની ટેલિગ્રાફ આફિસના સિગ્નલ* રૂમમાં યોગ્ય અધિકારીની પરવાનગી વગર પેસશે. અથવા.

(બ) એવી કોઈ ટેલિગ્રાફ આફિસની આસપાસ વાડ ભરી લીધેલી જગામાં જવું નહીં એવી કોઈ કાનુન અથવા નોટિસ હશે તેની વિરૂદ્ધ તે જગામાં જશે, અથવા

(ક) એવા ઓરડામાંથી અથવા વાડ ભરી લીધેલી જગામાંથી જા એવું ત્યાંહાં ચાકરીએ રહેલા અમલદારે અથવા નોકરે કહ્યું હોય ને ત્યાંથી નહી જાઊ એમ કહેશે, અથવા

(ડ) એવા કોઇપણ અમલદારને અથવા નોકરને તેનું કામ કરતાં જાણી જોઇને અટકાવ કરશે અથવા હરકત કરશે,

તેને ઘણામાં ઘણા પાંચશે રૂપિઆસુધી દંડ થશે.

સંધેસાના મજકુર જાણીલેવાસારૂ ગેર કાયદાસર કોશીશ કરવી.

૨૪. જો કોઇ શખસ, કોઈ સંધેસામાંહેનો મજકુર ગેર કાયદાસર રીતે જાણી લેવાના, અથવા આ આક્ટ પ્રમાણે શિક્ષા કરવા જોગ કાંઈ ગુન્હો કરવાના ઇરાદાથી, ૨૩મી કલમમાં કહેલા કૃત્યો પૈકી કોઇપણ કૃત્ય કરશે તો તેને (૨૩મી કલમપ્રમાણે તે જે દંડને પાત્ર હશે તે દંડ શિવાય વળી) ઘણામાં ઘણા એક વરસની મુદતસુધીની કેદની શિક્ષા કરવાનો અધિકાર છે.

ટેલિગ્રાફને જાણી જોઇને નુકસાન કરવું અથવા તેમાં ઘાલમેલ કરવી.

૨૫. જે કોઈ સખસ—

(અ) કોઈપણ સંધેસો મોકલવાની અથવા પોહોચાડવાની મના અથવા અટકાવ કરવાના, અથવા

(બ) કોઇપણ સંધેસા માંહેનો મજકુર દરમિયાન કાહાડી લેવાના અથવા તે પોતે જાણી લેવાના, અથવા

(ક) બિગાડ કરવાના,

ઇરાદાથી જે કોઈ બ્યાટરી, યંત્ર, ટેલિગ્રાફ લૈન, થાંભલો અથવા કોઇપણ પ્રકારની બીજી વસ્તુ કોઈ ટેલિગ્રાફનો ભાગ હશે અથવા જેનો કોઈપણ ટેલિગ્રાફમાં અથવા તેની આસપાસ

---

* નિશાની કરવાનો ઓરડો. S. P. P.

અથવા તે ચલાવવામાં ઉપયોગ કરવામાં આવતો હશે, તેને નુકશાન કરશે, તે કાહાડશે, તેમાં ઘાલમેલ કરશે અથવા તેને સ્પર્શ કરશે તો,

તેને ઘણામાં ઘણા ત્રણ વરસની મુદત સુધીની કેદની શિક્ષા થશે, અથવા દંડ થશે. અથવા આ બેઉ શિક્ષા થશે.

ટેલિગ્રાફ આફિસરે અથવા બીજા કામદારે સંધેસો ઉડાવી જવો અથવા ફેરવવો અથવા ગેરકાયદાસરરીતે દરમિયાન કાહાડી લઈ જવો અથવા જણાવવો, અથવા નિશાણીની મતલબ જણાવવી.

૨૬. જે કોઈપણ ટેલિગ્રાફ આફિસર, અથવા કોઈપણ સખસ ટેલિગ્રાફ આફિસર નહીં હોય પણ જે+કોઈ આફિસનો ટેલિગ્રાફ આફિસ પ્રમાણે ઉપયોગ કરવામાં આવતો હશે તે આફિસની સાથે સંબંધ હોય એવાં તેનાં હુદ્દાનાં કામ હોય તે સખસ—

(અ) જે કાંઇ સંધેશો મોકલવાસારૂ અથવા પોહોચાડવાસારૂ આવ્યો હોય તે સંધેશો જાણીજોઇને સંતાડશે. ઉડાવી જશે અથવા તેમાં ફેરફાર કરશે, અથવા

(બ) જાણીજોઇને, અથવા ગવર્નરજનરલ ઈનકૌન્સિલના અથવા કોઈ સ્થાનિક સરકારના હુકમ પ્રમાણે, અથવા તેવો હુકમ કરવાનો અધિકાર ગવર્નરજનરલ ઇન કૌંસિલે જે અમલદારને ખસુસ આપ્યો હોય તે અમલદારના હુકમ પ્રમાણે કોઈ સંધેશો અથવા તેનો કાંઇપણ ભાગ મોકલવાનું વર્જ કરશે, અથવા દરમિયાન કાહાડી લેશે, અથવા અટકાવી રાખશે, અથવા તેનાં હુદ્દાનાં કામ કરવાસારૂ હશે અથવા યોગ્ય અધિકારીની કોર્ટે ફરમાવ્યા પ્રમાણે હશે તેટલું ખારેજ કરીને બીજી રીતે કોઇપણ સંધેશામાંહેનો મજકુર અથવા મજકુરનો ભાગ જે માણસને લેવાનો હક નહીં હોય તેને જણાવશે, અથવા

(ક) ટેલિગ્રાફની કાંઇપણ નિશાણીની મતલબ જે કોઇ માણસને જાણવાનો હક નહીં હોય તેને જણાવશે,

તેને ઘણામાં ઘણા ત્રણ વરસની મુદતસુધી કેદની શિક્ષા થશે, અથવા દંડની અથવા આ બેઉ શિક્ષા થશે.

નાણું આપ્યાવગર ટેલિગ્રાફ આફીસરે દગલબાજીથી સંધેશો મોકલવો.

૨૭. જો કોઈ ટેલિગ્રાફ આફિસર, જે કોઇ સંધેશાબાબત સરકારે અથવા આ આકટ પ્રમાણે લૈસેન્સ આપેલાં માણસે, જેમ હોય તેમ, ઠરાવેલો ખરચ આપવામાં આવ્યો ન હોય તેવો સંધેશો સરકારનું અથવા, તે માણસનું નુકસાન કરવાના ઈરાદાથી ટેલિગ્રાફ મારફત મોકલશે તો તેને ઘણામાં ઘણાં ત્રણ વરસસુધી કેદની શિક્ષા થશે, અથવા દંડની અથવા એ બેઉ શિક્ષા થશે.

+કચેરી S. P. P.

ગેરચાલ. ૨૮. જે કોઈ ટેલિગ્રાફ આફીસર અથવા કોઈપણ શખસ ટેલિગ્રાફ આફિસર ન હોય પણ જે કોઈ આફિસનો ટેલિગ્રાફ આફિસ પ્રમાણે ઉપયોગ કરવામાં આવતો હશે તે આફિસની સાથે સંબંધ હોય એવાં જેનાં હુદ્દાનાં કામ હોય તે શખસ જે કૃત્યથી કોઈપણ સંધેશો બરોબર મોકલવામાં અથવા પોહોચાડવામાં હરકત થાય અથવા વાર લાગે એવા છાટકા થવાનાં દુર્લક્ષનાં અથવા બીજી ગેર ચાલનાં કોઈપણ કૃત્યનો ગુનેહગાર હશે અથવા જે કોઈપણ ટેલિગ્રાફ આફિસર કોઈપણ સંધેશો મોકલવામાં અથવા પોહોચાડવામાં રૂકાવટ કરશે અથવા વાર લગાડશે તો, તેને ઘણામાં ઘણાં ત્રણ મહિનાની મુદ્દતસુધી કેદની અથવા ઘણામાં ઘણાં સો રૂપિયા સુધી દંડની, અથવા આ બેઉ શિક્ષા થશે.

બનાવટનો સંધેશો મોકલવો. ૨૯. જે કોઈ માણસ, સંધેશો ખોટોછે અથવા બનાવટનોછે એવી તેને ખબર છતાં તેવો સંધેશો ટેલિગ્રાફમાં મોકલશે અથવા બીજાની મારફત મોકલાવશે તેને ઘણામાં ઘણા ત્રણ વરસની મુદ્દતસુધી કેદની, અથવા દંડની અથવા આ બેઉ શિક્ષા થશે.

ચુકથી પોહોચાડેલો સંધેશો રાખીમુકવો. ૩૦ જે કોઈ માણસ, જે સંધેશો બીજા માણસને પોહોચાડવાનો હતો તેવો સંધેશો દગલબાજીથી રાખી મુકશે. અથવા જાણી જોઈને સંતાડશે, છુપાવી જશે અથવા અટકાવી રાખશે. અથવા એવો કોઈપણ સંધેશો કોઈ ટેલિગ્રાફ આફિસરે આપવાનું કહ્યું હોય તે છતાં તે પ્રમાણે કરવાને ગફલત કરશે અથવા આપવાની ના કહશે તેને ઘણામાં ઘણા બે વરસ સુધી કેદની, અથવા દંડની અથવા આ બેઉ શિક્ષા થશે.

લાંચ. ૩૧. ટેલિગ્રાફ આફિસર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૬૧મી, ૧૬૨મી, ૧૬૩મી, ૧૬૪મી અને ૧૬૫મી કલમના અર્થ પ્રમાણે સરકારી નોકરછે એમ સમજવું; અને સદરહુ કલમ ૧૬૧ માના "કાયદાસર મેહેનતાણું" આ શબ્દોની વ્યાખ્યામાંનાં "સરકાર" આ શબ્દમાં આ આકટપ્રમાણે લૈસેન્સ આપેલા શખસનો સમાવેશ થાયછે એવું આ આકટનાં કારણુસાર સમજવું જોઈએ.

ગુન્હા કરવાની કોશિશ કરવી. ૩૨. જે કોઈ આ આકટ પ્રમાણે શિક્ષા કરવાજોગ કોઈ ગુન્હો કરવાની કોશિશ કરશે તેને, તેવા ગુન્હાબદલ આ આકટમાં જે શિક્ષા ઠરાવેલીછે તે તે શિક્ષા થશે.

ભાગ ૫ મો.

પુરવણીના ઠરાવ.

જે ઠેકાણે ટેલિગ્રાફનો બિગાડ વારે ઘડીયે કરવામાં આવેછે તે ઠેકાણે વધારે પોલીસ રાખવાનો અધિકાર. ૩૩. (૧) જ્યારે જ્યારે સ્થાનિક સરકારને એવું દેખાઈ આવે કે કોઈ પણ ટેલિગ્રાફને ગેરવાજબી નુકસાન કરનાર અથવા ગેરવાજબી નુકશાન કરવા જેવું કાંઇપણ કૃત્ય કોઇપણ ઠેકાણે વારેઘડિએ તથા દ્વેષથી કરવામાં આવે છે અને તેથી તે ઠેકાણે વત્તો પોલીસફોર્સ રાખવો અવશ્યછે, ત્યારે ત્યારે તે સ્થાનિક સરકારને યોગ્ય લાગે તેટલો વત્તો પોલીસફોર્સ તે ઠેકાણે મોકલવાનો અને એવી જરૂર તે સ્થાનિક સરકારના મત પ્રમાણે જ્યાંસુધી હોય ત્યાંસુધી

તે ફોર્સ તે ઠેકાણામાં રાખવાનો અધિકાર તે સરકારને છે.

(૨) સદરહુ વધતા પોલીસફોર્સનો ખરચ તે ઠેકાણાના રહેવાસીઓ ઉપર નાખવો જોઇએ, અને તે રેહેવાસીઓએ પોત પોતાનાં સામર્થ્ય પ્રમાણે તે ખરચ જે પ્રમાણ પ્રમાણે આપવો એવું જિલ્હા-માજીસ્ત્રેટને લાગે તે પ્રમાણ, સ્થાનિક સરકારના હુકમને અનુસરીને જિલ્હામાજીસ્ત્રેટે આકારી ઠરાવવું જોઇએ.

(૩) પેટાકલમ (૨) પ્રમાણે જે પૈસા આપવાના થાય તે સઘળા પૈસા ન દેનારનો જંગમ માલ, તે જે માજીસ્ત્રેટની હુકમતની સ્થળ સીમમાં હશે તે માજીસ્ત્રેટનાં વારંટ વગર જપ્ત કરીને તથા વેચીને, અથવા યોગ્ય અધિકારવાળી કોઇપણ કોર્ટમાં ફરિયાદ કરીને વસુલ કરવાનો અધિકારછે.

(૪) સ્થાનિક સરકારને કોઇ જગાની હદ લખેલો હુકમ કરીને આ કલમનાં કારણ સારૂ ઠરાવવાનો અધિકાર છે.

(સહી) ડી. ફિટ્ઝપાટ્રિક,
સેક્રેટરી **નિસબત ઇંડિયા** સરકાર.

(True Translation.)
S. P. PANDIT,
Oriental Translator to Government.

સને ૧૮૮૮ નો આક્ટ નંબર ૧૧.

હિંદુસ્થાનના ગવર્નર જનરલ ઇન કૌંસિલનો નિચે લખેલો આક્ટ નામદાર ગવર્નર જનરલે સને ૧૮૮૮ ના અક્ટોબર મહિનાની ૫ મી તારીખે મંજુર કર્યો તે સર્વે લોકોને જાણ થવા સારૂ છપાવીને પ્રસિદ્ધ કર્યો છે:—

સને ૧૮૮૫ ના હિંદુસ્થાનના ટેલીગ્રાફ આક્ટમાં મજકુર વધારવાનો આક્ટ.

જે અર્થે સને ૧૮૮૫ ના હિંદુસ્થાનના ટેલીગ્રાફ આક્ટમાં મજકુર વધારવો યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી નિચે પ્રમાણે ઠરાવ્યું છે:—

સને ૧૮૮૫ ના ૧૩ મા આક્ટમાં કલમ ઉમેરવા બાબત.

૧. તે આક્ટમાં નિચે લખેલી કલમ ઉમેરવી, એટલે:—

આ આક્ટ ઈલાકાના મુખ્ય શેહેરને તથા રંગુનને લાગુ પાડવા બાબત.

“૩૪. (૧) આ આક્ટ, ઇલાકાના મુખ્ય શેહેરને લાગુ કરતી વખતે, જાણે કલમ ૧૬, પેટાકલમ (૧) માં, તથા કલમ ૧૭, પેટાકલમો (૨) તથા (૩) માં ‘જિલ્હા-માજીસ્ટ્રેટ’ એ શબ્દોને બદલે તથા કલમ ૧૮ પેટાકલમ (૧) માં ‘પેહેલા અગવા બીજા વર્ગના માજીસ્ટ્રેટ’ એ શબ્દોને બદલે ‘કમિશનર ઓફ પોલીસ’ એ શબ્દો, તથા કલમ ૧૮, પેટાકલમ (૨) માં ‘માજીસ્ત્રેટે’ એ શબ્દને બદલે ‘કમિશનર ઓફ પોલીસે’ એ શબ્દો, અને કલમ ૧૬, પેટા કલમ (૩) માં ‘જે જિલ્હા જડજની’ એ શબ્દોને બદલે ‘સ્માલકાઝ કોર્ટના જે ચીફ જડજની’ એ શબ્દો, તથા તેજ કલમની પેટાકલમ (૪) માં ‘જીલ્હા જડજની’ એ શબ્દોને બદલે ‘સ્માલકાઝ કોર્ટના ચીફ જડજની’ એ શબ્દો તથા ‘જિલ્હા જડજે’ એ શબ્દોને બદલે ‘સ્માલકાઝ કોર્ટના ચીફ જડજે’ એ શબ્દો તથા તેજ કલમની પેટાકલમ (૫) માં જિલ્હા જડજે એ શબ્દોને બદલે ‘સ્માલકાઝ કોર્ટના ચીફ જડજે’ એ શબ્દો ઠરાવ્યા હતા એમ વાંચવું.

(૨) કલમ ૧૬ રંગુન શેહેરને લાગુ પડતી વખતે, તે કલમમાં જે જે ઠેકાણે ‘જીલ્હા જડજની’ તથા ‘જીલ્હા જડજે’ એ શબ્દો છે તે તે ઠેકાણે જાણે તે શબ્દોને બદલે અનુક્રમે ‘સ્માલકાઝ કોર્ટના જડજની’ તથા ‘સ્માલકાઝ કોર્ટના જડજે’ એ શબ્દો ઠરાવ્યા હતા એમ તે કલમ વાંચવી.

(૩) કલમ ૧૬ પેટા કલમ (૩) ની રૂએ પ્રેસિડેન્સિ સ્માલકાઝ કોર્ટના ચીફ જડજને કરવાની અરજીની બાબતમાં જે ફી આપવાની તે ઈલાકાના મુખ્ય શેહેરની હદ બાહેરના ડિસ્ત્રીક્ટ જડજને એવા પ્રકારની અરજી કરતી વખતે તેની બાબતમાં સને ૧૮૭૦ ના કોર્ટની ફીના આક્ટની રૂએ જે ફી આપવા લાયક હોય તેટલી હોવી જોઈએ, અને તેજ કલમની પેટા કલમો (૩) અથવા (૪) ની રૂએ તે ચીફ જડજ રૂબરૂ ચાલેલાં કામમાં સમનો તથા બીજા પ્રાસેસો બદલ આપવાની ફી સને ૧૮૮૨ ના પ્રેસિડન્સિ સ્માલકાઝ કોર્ટના આક્ટના ૪ થા પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલા દર પ્રમાણે હોવી જોઈએ.

(True Translation.)

Y. M. KELKAR

Oriental Translator to Government.

ACT NO VI. OF 1886.

ગવર્નર જનરલ ઇન કૌંસિલનો હેઠળ લખેલો આકટ સન ૧૮૮૬ ના માર્ચ મહીનાની ૮ મી તારીખે ગવર્નર સાહેબે મંજુર કર્યો અને આ ઉપરથી સર્વ લોકોને જાહેર થવા સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

સને ૧૮૮૬ નો આકટ નંબર ૬ ઠો.

જન્મ, મરણ અને લગન નોંધવા બાબતનો આકટ.

કેટલાએક જન્મ તથા મરણ ખુશીથી નોંધવાનો; તથા કેટલાંએક જન્મ, મરણ તથા લગનનાં રજિષ્ટરો રાખવા સારૂ જનરલ રજિસ્ટ્રી આ ફીસો સ્થાપવાનો તથા બીજા કેટલાંએક કારણો બાબતનો ઠરાવ કરવા વિશેનો આકટ.

જે અર્થે કેટલાએક વર્ગોના માણસોના જન્મ તથા મરણ ખુશીથી નોંધવાનો અને તેની તથા સને ૧૮૭૨ ના ૩જા આકટ મુજબ અથવા સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના ખ્રિસ્તી લોકોના લગન બાબતના આકટ મુજબ નોંધેલાં લગનની અને સને ૧૮૬૫ ના પારસી કોમના લગ્ન અને છુટા છેડાના આકટ અનુસાર નોંધાયેલાં કેટલાંક લગ્નોની વધારે સફળ નોંધ કરવાનો, અને તે જન્મ, મરણ તથા લગનનાં રજિષ્ટરો રાખવા સારૂ જનરલ રજિસ્ટ્રી ઓફિસો સ્થાપવાનો ઠરાવ કરવો યોગ્ય છે;

અને જે અર્થે જે દેશમાં રજિષ્ટરો રાખ્યાં હશે તે દેશના કાયદા ઉપરથી ખાસ રીતે તે કામ કરવાનું ફરમાવ્યું હોય તે શિવાય બીજી રીતે કરેલા કેટલાંએક ચાલુ રજિષ્ટરોની સંભાળી રાખવાની અને તે સપ્રમાણ કરવાની ગોઠવણ કરવી અને એ રજિષ્ટરો માંહેના નોંધની નકલો પુરાવામાં ગ્રાહ્ય છે એવું જાહેર કરવું યોગ્ય છે;

તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

બાબ ૧ લો.

પ્રથમ નિયમો.

ટુંકું નામ અને શરૂઆત. 1. (૧) આ આકટને સને ૧૮૮૬ નો જન્મ તથા મરણ અને લગન નોંધવાનો આકટ કહેવો; અને

(૨) તે ઇંડિયા ગ્યાઝેટમાં જાહેરનામું કરીને ગવર્નર જનરલ ઇન કૌંસિલ જે તારીખ ફરમાવશે તે તારીખે અમલમાં આવશે.

(૩) આ આકટની રૂએ કાનુન કરવાની અને હુકમ ફરમાવવાની જે સત્તા આપવામાં આવે તે સત્તાનો અમલ આ આકટ પાસ થયા પછી ગમે તે વખતે કરી શકાશે. પણ તે સત્તાની રૂએ કરેલા હુકમ અને કાનુનનો અમલ જ્યાંસુધી આકટનો અમલ થતો નથી ત્યાંસુધી થશે નહિ.

ક્યાંહાં ક્યાંહાં લાગુ છે. ૨. આ આકટ આખા બ્રિટિશ ઇંડિયાને, અને મલિકા મોઆઝમાની સાથે મૈત્રી રાખનારા રાજાઓ તથા સંસ્થાનના મુલકમાં વસતી ઇંગ્રેજી રૈયતને લાગુ છે.

વ્યાખ્યા.

૩. આ આકટમાં વિષયથી આગલા પાછલા સબંધથી બાધ આવતો ન હોય તો,—

"સહી" એ શબ્દમાં જેને પોતાનું નામ લખતાં નથી આવડતું તેવા શખસે કરેલા ચીન્હનો સમાવેશ થાય છે.

"ઠરાવેલું" એટલે આ આકટ પ્રમાણે ગવર્નર જનરલ ઇન કૌંસિલે કરેલી કાનુન ઉપરથી ઠરાવેલું; અને

"જન્મ તથા મરણનો રજિસ્ટ્રાર" એટલે આ આકટ પ્રમાણે નીમેલો જન્મ તથા મરણનો રજિસ્ટ્રાર.

સ્થાનિક કાયદા કાયમ રાખવા બાબત. ૪. આ આકટ માંહેના અથવા આ આકટ મુજબ કરેલી કોઈ કાનુન માંહેના ઠરાવથી અમુક સ્થાનિક પ્રદેશમાં જન્મ તથા મરણ નોંધવાનો ઠરાવ કરવા બાબતનો કોઈ પણ કાયદો આજ સુધી પસાર થયો હોય અથવા હવે પછી થાય તેને બાધ આવશે નહિ.

વખતે વખતે વાપરવા યોગ્ય સત્તા. ૫. પ્રસંગોપાત વખતે વખતે આ આકટથી અપાયેલી સત્તાનો અમલ કરવામાં આવશે.

બાબ ૨ જો.

જન્મ, મરણ અને લગનની જનરલ રજિસ્ટ્રી ઓફિસો.

જનરલ રજિસ્ટ્રી ઓફીસો સ્થાપવી અને રજિસ્ટ્રાર જનરલોની નીમણુંક. ૬. (૧) દરએક સ્થાનિક સરકારે—

(અ) આ આકટ પ્રમાણે નોંધેલાં જન્મ તથા મરણના રજિષ્ટરોની, અથવા સને ૧૮૭૨ ના (કેટલાએક નિયમિત પ્રસંગે લગનની રીત ઠરાવવા બાબતના) ૩ જા આકટ મુજબ નોંધેલાં લગનોના રજિષ્ટરોની, અથવા સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના ખ્રિસ્તિ લોકોનાં લગન બાબતના આકટ મુજબ નોંધેલાં લગનોનાં રજિષ્ટરોની અથવા મુંબઈની હૈકોર્ટ ઓફ જ્યુડીકેચરની સાધારણ અવલ દીવાની હકુમતની સ્થાનિક હદ બહાર સને ૧૮૬૫ ના પારસી લગન અને છુટા છેડા બાબતના આકટ મુજબ નોંધેલાં લગ્નોનાં રજીષ્ટરોની જે દાખલાવાળી નકલો આ આકટ મુજબ અથવા આ આકટ ઉપરથી સુધારેલા છે તેવા પાછળા કહેલા ત્રણમાંના કોઈ પણ આકટ મુજબ રાખવા સારૂ જે કચેરીને મોકલવામાં આવે તેવી જનરલ રજીસ્ટ્રી ઓફિસ સ્થાપવી જોઈએ; અને

(બ) તે ઓફીસનો ચાર્જ રાખનારો એક અમલદાર નિમવો, જે અમલદારને તેના કારભાર હેઠળના મુલકનો જન્મનો, મરણનો અને લગનનો રજીસ્ટ્રાર જનરલ કેહેવો.

(૨) પણ એવું ઠરાવ્યું છે કે મુંબઇના ગવર્નર ઇન કૌંસિલ, ગવર્નર જનરલ ઈન કૌંસિલની અગાઉથી મંજુરી લઇને પોતાના કારભાર હેઠળના મુલક સારૂ બે જનરલ રજિસ્ટ્રી ઓફીસો સ્થાપવાને અને જન્મના, મરણના અને લગનના બે રજિસ્ટ્રાર જનરલો નીમવાને મુખત્યાર છે; આવી જનરલ રજિસ્ટ્રી ઓફિસોમાંની એક જનરલ રજિસ્ટ્રી ઓફિસોમાંની અને રજિસ્ટ્રાર જનરલ માંહેનો એક રજિસ્ટ્રાર જનરલ સિંધને વાસ્તે સ્થાપવી અને નીમવો અને બીજી જન-

રેલ રજિસ્ટ્રી ઓફિસ અને રજિસ્ટ્રાર જનરલ મુંબઇના ગવર્નર ઇન કૌંસિલના કારભાર હેઠળના બીજા મુલક વાસ્તે સ્થાપવી અને નીમવો.

જનરલ રજિસ્ટ્રી ઓફિસમાં અનુક્રમણિકા રાખવી. ૭. જન્મ-મરણ અને લગનના દરએક રજિસ્ટ્રાર જનરલે આ આક્ટ પ્રમાણે, અથવા આ આક્ટ ઉપરથી સુધારેલા છે તેવા સને ૧૮૭૨ ના ૩ જા આક્ટ પ્રમાણે અથવા સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના ખ્રિસ્તી લોકોનાં લગન બાબતના આક્ટ પ્રમાણે અથવા સન ૧૮૬૫ ના પારસી કોમના લગ્નના તથા છુટા છેડાના આક્ટ પ્રમાણે તેની ઓફિસમાં મોકલેલી રજિસ્ટરોની દાખલાવાળી સઘળી નકલોની અનુક્રમણિકા કહેલા નમુના પ્રમાણે તૈયાર કરાવીને પોતાની કચેરીમાં રાખવી જોઇએ.

અનુક્રમણિકા જોવાને ખુલ્લી હોવી જોઇએ. ૮. ઠરાવેલી ફી આપવામાં આવશે તો, એ પ્રમાણે કરેલી અનુક્રમણિકા જોવા સારૂ જે કોઇ શખસ માગશે તેને જોવા સારૂ સઘળે વાજબી વખતે ખુલ્લી રાખવી જોઇએ અને રજિષ્ટરોની જે દાખલાવાળી નકલો બાબત અનુક્રમણિકા હોય તે નકલોમાં કરેલી નોંધની નકલો માગેથી સઘળા શખસોને આપવી જોઈએ.

નોંધની નકલો પુરાવામાં ગ્રાહ્ય છે. ૯. પાછલી છેલ્લી કલમ પ્રમાણે આપેલી નોંધની નકલ વિશે જન્મના, મરણના અને લગનના રજિસ્ટ્રાર જનરલે અથવા સ્થાનિક સરકારે આ અર્થે જેને સત્તા આપી હોય તેવા અમલદારે સર્ટિફિકેટ આપવું જોઈએ અને તે જે જન્મ મરણ અથવા લગન બાબત હશે તે જન્મ, મરણ અથવા લગન સાબીત કરવાનાં કામ સારૂ પુરાવામાં ગ્રાહ્ય થશે.

રજિસ્ટ્રાર જનરલે રજીસ્ટ્રારો ઉપર દેખરેખ રાખવી. ૧૦. જન્મના, મરણના અને લગનના દરએક રજિસ્ટ્રાર જનરલે પોતાને જે મુલક સારૂ નીમ્યા હોય તે મુલક માંહેના જન્મ તથા મરણના રજિસ્ટ્રારો ઉપર સામાન્ય દેખરેખ રાખવી જોઈએ.

બાબ ૩ જે.

જન્મ તથા મરણની નોંધ.

અ.—આ બાબ કોને લાગુ છે.

કયા શખસોનાજ જન્મ તથા મરણ નોંધી શકાય. ૧૧. (૧) આ બાબ પ્રમાણે જે શખસોના જન્મ તથા મરણ નોંધી શકાય તે શખસો હેઠળ લખ્યા પ્રમાણે છે, એટલેઃ—

(અ) બ્રિટિશ ઇંડિયામાં, જે કોમ, પંથ અથવા જાતને સને ૧૮૬૫ નો હિંદુસ્તાનનો વારસા બાબતનો આક્ટ લાગુ હોય, અને જેઓની બાબતમાં સદરહુ આક્ટની ૩૩૨ મી કલમ મુજબ કરેલો હુકમ વિદ્યમાન કાલે અમલમાં નહીં હોય તે દરએક કોમના, પંથના અથવા જાતના આસામીઓ, અને ખ્રિસ્તી ધર્મ માનનારા સઘળા શખસો;

(બ) મલિકા માઆઝમાની સાથે મૈત્રી રાખનારા હિંદુસ્તાન માંહેના રાજાઓના તથા સંસ્થાનોના મુલકમાં, તેવીજ કોમ પંથ અથવા જાતના આસામીઓ અને ખ્રિસ્તી ધર્મ માનનારા જેઓ ઇંગ્રેજી રૈયત હશે તેઓ.

(૨) ગવર્નર જનરલ ઇન કૌંસિલની મંજુરી મેળવી સ્થાનિક સરકાર આ બાબ લોકોના બિજા કોઈ વર્ગને સમગ્ર રીતે અથવા તો કોઈ સ્થાનિક પ્રદેશમાં લાગુ છે એમ સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરવા મુખત્યાર છે.

(બ).—નોંધવાનું એસ્ટાબ્લિશમેંટ.

સ્થાનિક સરકારને પોતાના મુલક સારૂ રજિસ્ટ્રારો નીમવાનો અધિકાર છે.

૧૨. સ્થાનિક સરકાર પોતાના કારભાર હેઠળના મુલકમાં જે સ્થાનિક પ્રદેશમાં ઠરાવે તે સ્થાનિક પ્રદેશસારૂ અથવા યોગ્ય ભાસે તો તે મુલકના કોઇપણ ભાગમાં રેહેતા લોકોના કોઈ વર્ગસારૂ નામ દઇને કે તેઓના હુદ્દાના સબબથી જન્મ તથા મરણના રજિસ્ટ્રાર તરીકે પોતાને જરૂર જણાય તેટલા શખસોને નીમવાને મુખ્ત્યાર છે.

દેશી સંસ્થાનો સારૂ રજિસ્ટ્રારો નીમવાનો ગવર્નર જનરલ ઇન કોંસિલનો અધિકાર.

૧૩. ગવર્નર જનરલ ઇન કોંસિલ, મલિકા મોઆઝ્ઝમાની સાથે મૈત્રી રાખનાર હિંદુસ્તાનમાંના કોઈપણ રાજાના તથા સંસ્થાનોના મુલકમાંના જે સ્થાનિક પ્રદેશ ઠરાવે તે સ્થાનિક પ્રદેશસારૂ અથવા યોગ્ય ભાસે તો તે મુલકના કોઈપણ ભાગમાં રેહેતા લોકોના કોઈ વર્ગસારૂ નામ દઈને કે તેઓના હુદ્દાના સબબથી જન્મ તથા મરણના રજીસ્ટ્રાર તરીકે પોતાને જરૂર જણાય તેટલા શખસોને ઈંડીયા ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નીમવાને મુખ્ત્યાર છે.

રજીસ્ટ્રારને સરકારી નોકર ગણવો.

૧૪. હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં સરકારી નોકરનો જે અર્થ કર્યો છે તે અર્થમાં જન્મ તથા મરણનો દરેક રજીસ્ટ્રાર સરકારી નોકર છે.

રજીસ્ટ્રારને જગો પરથી ખસેડવાની સત્તા.

૧૫. (૧) સ્થાનિક સરકાર અથવા ગવર્નર જનરલ ઇન કોંસિલ, જે હોય તે, જન્મ તથા મરણના કોઇપણ રજીસ્ટ્રારને સસ્પેન્ડ કરવાને, જગાપરથી ખસેડવાને અને બરતરફ કરવાને મુખ્ત્યાર છે.

(૨) રાજીનામું આપવાનો પોતાનો ઇરાદો સ્થાનિક સરકાર, અથવા ગવર્નર જનરલ ઇન કોંસિલ જે હોય તેને લખી જણાવી રાજીનામું આપવાનો જન્મ તથા મરણનો રજીસ્ટ્રાર મુખ્ત્યાર છે. અને તે રાજીનામું સ્થાનિક સરકાર અથવા ગવર્નર જનરલ ઇન કોંસિલ કબુલ રાખે ત્યારે તેણે પોતાનો હુદ્દો છોડયો છે. એમ સમજવું.

રજીસ્ટ્રારની ઓફીસ તથા તેણે હાજર થવું.

૧૬. (૧). જન્મ તથા મરણના દરએક રજીસ્ટ્રારની, જે સ્થાનિક પ્રદેશસારૂ અથવા મુલકમાંના જે ભાગસારૂ તેને નીમ્યો હશે તે સ્થાનિક પ્રદેશમાં અથવા મુલકમાંના તે ભાગમાં એક ઓફીસ રાખવી.

(૨) આ પેટા કલમ જન્મ તથા મરણના, જે રજીસ્ટ્રારને લાગુ થશે એવું સ્થાનિક સરકાર ફરમાવશે તે દરએક રજીસ્ટ્રારે, જન્મ તથા મરણ અને લગનોના રજીસ્ટ્રાર જનરલ ફરમાવે તે દિવસોએ તથા કલાકે જન્મ તથા મરણ નોંધવાનાં કારણસારૂ પોતાની ઓફીસમાં હાજર થવું, અને તેણે પોતાની ઓફીસના બાહારઉપર અથવા તેની નજીકની કોઈ તરત દેખાઈ આવતી જગોએ પોતાનું નામ, તથા જે સ્થાનિક પ્રદેશસારૂ અથવા વર્ગસારૂ પોતાને નિમ્યો હશે તે સ્થાનિક પ્રદેશનો અથવા વર્ગના જન્મ તથા મરણનો રજીસ્ટ્રાર તે, તથા પોતે હાજર રહેશે તે દિવસ તથા કલાક સુધાં ચોડવું જોઈએ.

રજીસ્ટ્રારની ગેરહાજરી અથવા તેનો હુદ્દો ખાલી પડ્યો.

૧૭. (૧) જન્મ તથા મરણના જે કોઈ રજીસ્ટ્રારને આ કલમ લાગુ થશે એવું સ્થાનિક સરકાર ફરમાવશે તે કોઈ રજીસ્ટ્રાર જ્યારે કલકત્તા, મદ્રાસ અથવા મુંબઈ શેહેરમાંના સ્થાનિક પ્રદેશસારૂ જન્મ તથા મરણનો રજીસ્ટ્રાર નહીં હશે અને તે ગેરહાજર હશે ત્યારે, અથવા તેની જગા થોડી મુદતને માટે ખાલી હશે ત્યારે, આ કારણસાર જન્મ, મરણ અને લગનનો રજીસ્ટ્રાર

જનરલ જે કોઈ શખસને નીમશે તે શખસ, અથવા, તેવી નીમણુંક નહીં કરવામાં આવે ત્યારે તે રજીષ્ટ્રારની ઓફીસ જે જિલ્લા કોર્ટના જડજ અથવા સ્થાનિક સરકાર એવા બીજા કોઈ અમલદારને એ અર્થે નિમે તે એવી ગેરહાજરી સુધી અથવા તે ખાલી જગા સ્થાનિક સરકાર પુરે ત્યાંહાંસુધી જન્મ તથા મરણનો રજીષ્ટ્રાર થશે.

(૨) જ્યારે કલકત્તા, મદ્રાસ અથવા મુંબઈ શેહેરમાંહેના સ્થાનિક પ્રદેશનો જન્મ તથા મરણનો એવો કોઈ રજીષ્ટ્રાર ગેરહાજર હોય, અથવા તેની જગા થોડી મુદ્દતનેમાટે ખાલી હોય ત્યારે આ સારૂ જન્મ, મરણ અને લગનનો રજીષ્ટ્રાર જનરલ જે કોઇ શખસને નીમશે તે શખસ એવી ગેરહાજરીમાં અથવા સ્થાનિક સરકાર તે ખાલી જગા પુરે ત્યાંહાંસુધી જન્મ તથા મરણનો રજીષ્ટ્રાર થશે.

(૩) જન્મ, મરણ અને લગનના રજીષ્ટ્રાર જનરલે આ કલમ પ્રમાણે પોતે કરેલી સઘળી નીમણુંકનો રીપોર્ટ સ્થાનિક સરકારને કરવો.

રજીષ્ટર બુકો પુરી પાડવી અને દફતર સંભાળી રાખવા બાબત તજવીજ રાખવી.

૧૮. સ્થાનિક સરકારે જન્મ તથા મરણના દરએક રજીષ્ટ્રારને પુરતી જન્મની રજીષ્ટર બુકો તથા મરણની રજીષ્ટર બુકો પુરી પાડવી જોઈએ, અને જન્મ તથા મરણની નોંધને લગતું દફતર સંભાળી રાખવા બાબતની યોગ્ય તજવીજ કરવી જોઈએ.

૬—નોંધવાની રીત.

જે જન્મ તથા મરણની ખબર આપી હશે તે જન્મ તથા મરણ નોંધવા એ રજીષ્ટ્રારનું કામ છે.

૧૯. જન્મ તથા મરણના દરએક રજીષ્ટ્રારે જે સ્થાનિક પ્રદેશસારૂ અથવા જે વર્ગસારૂ પોતાને નીમ્યો હશે તે સ્થાનિક પ્રદેશમાંના અથવા તે વર્ગમાંના, જન્મની અથવા મરણની ખબર પોતાને પોહોંચેથી, જો તે ખબર આ આક્ટ પ્રમાણે ખબર આપવાનો અધિકાર આપેલા કોઈ શખસે ઠરાવેલા વખતની અંદર તથા ઠરાવેલી રીતે આપી હોય તો, તે જન્મ અથવા મરણની નોંધ યોગ્ય રજીષ્ટર બુકમાં તાબડતોબ કરવી.

પણ એવું ઠરાવ્યુંછે કે—

(અ) આપેલી ખબર કોઇ પણ રીતે ખોટી માનવાને રજિસ્ટ્રારને કારણ હશે તો, જ્યાં સુધી તે વિભાગનો જડજ નોંધ કરવાનો અને જે રીતે નોંધ કરવી તે રીત બતાવનારો હુકમ નહિ મોકલે ત્યાંસુધી તે જન્મ તથા મરણની નોંધ કરવાની ના કેહેવા તે મુખ્ત્યાર છે.

(બ) અનૌરસ બાલકના પીતાતરીકે કોઈ પુરૂષનું નામ રજીસ્ટરમાં રજીસ્ટ્રાર દાખલ નહીં કરશે. પરંતુ તે બાલકની મા અને તે બાલકનો હું પિતા છું એમ કબુલ કરનારો પુરૂષ અરજ કરશે તો ઉપલી નોંધ કરવામાં આવશે.

જન્મની ખબર આપવાનો અધિકાર વાળા શખશો.

૨૦. હેઠળ લખેલા શખસોમાંના દરેકને જન્મની ખબર આપવાને અધિકાર આપ્યો છે એટલે.—

(અ) બાળકનો બાપ અથવા મા,

(બ) જન્મ વખતે હાજર હોય તેવો કોઇ પણ શખસ;

(ક) જે ઘરમાં જન્મ થયો છે તે ઘરના કોઇપણ ભાગમાં જન્મ થયો તે વખતે રેહે-

નારો અને આ ઘરમાં છોકરું જન્મ્યું છે તે વાત જાણનારો કોઈપણ શખ્સ;

(ડ) જન્મ થયાની વાત જાતે જાણનારો અને જન્મ થયાપછી ઓષધ ઉપચાર કરનારો કોઈ મેડિકલ પ્રેકટીશનર;

(ઇ) બાળક જેના હવાલામાં હોય તે શખસ;

મરણુની ખબર આપવાનો અધિકાર વાળા શખસો.

૨૧. હેઠળ લખેલા શખસોમાંના દરેકને મરણુની ખબર આપવાનો અધિકાર આપ્યો છે એટલે:—

(અ) મરણના સંબંધી રજીસ્ટરમાં નોંધવા લાયક બીનાથી માહેત મરનાર શખસનો કોઇપણ સગો;

(બ) મરણુની વખતે હાજર હોનારો કોઈ શખસ;

(ક) મરણુની વખતે, જે ઘરમાં મરણુ નીપજ્યું હોય તે ઘરના કોઇપણ ભાગમાં રેહેનારો અને ઘરમાં મરનારનું મરણુ થયું છે તે જાણનારો શખસ;

(ડ) મરનારના છેલ્લા મંદવાડની વખતે ચાકરી કરવા રહેલા હોય તેવો કોઇ શખસ;

(ઇ) મરણુપછી મરનારનું સબ દીઠું હોય એવો કોઈપણ શખસ.

ખબર આપનાર શખસે જન્મની અથવા મરણુની નોંધ ઉપર સહી કરવી.

૨૨. (૧) ૧૯ મી કલમમાં કહ્યા પ્રમાણે જન્મ તથા મરણુના રજિસ્ટ્રારે જન્મની અથવા મરણુની કોઈ નોંધ કરી હોય ત્યારે જન્મની અથવા મરણુની ખબર આપનાર શખસે રજીસ્ટર માંહેની તે નોંધ ઉપર રજિસ્ટ્રારની સમક્ષ સહી કરવી જોઇએ.

(૨) એપ્રમાણે નોંધઉપર સહી કરવામાં નહિ આવી હોય ત્યાંસુધી તે જન્મ અથવા મરણુ આ આકટપ્રમાણે નોંધ્યુંછે એમ સમજવું નહિ.

(૩) જ્યારે અનૌરસ બાળકના જન્મની નોંધ કરવામાં આવે અને જ્યારે મા અને તે બાળકનો હું પીતા છું એમ કબુલ કરનાર પુરૂષ બંને એકત્ર રીતે પિતાતરીકે તે પુરૂષનું નામ નોંધવાની અરજ કરે ત્યારે રજિસ્ટ્રારની સમક્ષ રજીસ્ટરમાં થયેલી નોંધ નીચે, તે, મા, અને તે પુરૂષ બંને એ સહી કરવી જોઇએ.

જન્મની અથવા મરણુની નોંધનો દાખલો આપવો.

૨૩. જન્મ તથા મરણુના રજિસ્ટ્રારે, કોઈ જન્મ અથવા મરણુ નોંધતી વખતે જન્મની અથવા મરણુની ખબર આપનાર સખસ અરજ કરે અને ઠરાવેલી ફી તે આપે તો અરજદારને તે જન્મ અથવા મરણુ નોંધવા બાબતનો રજિસ્ટ્રારે પોતાની સહી કરેલો ઠરાવેલા નમુના પ્રમાણેનો દાખલો આપવો જોઈએ.

રજિસ્ટર-બુકમાંહેની નોંધની દાખલાવાળી નકલો રજીસ્ટ્રાર જનરલને મોકલવાની રજિસ્ટ્રારોની ફરજ.

૨૪. (૧) બ્રિટિશ ઇંડિયામાંહેના જન્મ તથા મરણુના દરએક રજિસ્ટ્રારે જે સ્થાનિક પ્રદેશસારૂ અથવા વર્ગસારૂ પોતાને નીમ્યો હશે તે સ્થાનિક પ્રદેશ અથવા વર્ગ જે મુલકમાં આવ્યો હશે અને રેહેતો હશે તે મુલકના જન્મ તથા મરણુ અને લગનોના રજિસ્ટ્રાર જનરલને, ઠરાવેલી મુદ્દતે પોતે રાખેલી રજિસ્ટર-બુકમાં, છેલ્લી મુદ્દતપછી કરેલી જન્મ તથા મરણુની સઘળી નોંધની, ઠરાવેલા નમુનાપ્રમાણે, દાખલો લખીને, ખરી નકલ મોકલવી જોઈએ.

પણ એવું ઠરાવ્યું છે કે જન્મ તથા મરણુના રજિસ્ટ્રારો ઇંગ્લંડ, રોમ અને સ્કાટલંડના ચ-

ર્ચોના પાદરીઓ હોય તે પ્રસંગે રજિસ્ટ્રાર દાખલાવાળી નકલો પેહેલ વેહેલાં, ધર્મસંબંધી ખાતામાં તેનો જે ઉપરી હોય તેનો હુકમ થાય તો તેને મોકલવાને મુખ્ત્યાર છે, અને તે ઉપરીએ તે નકલો જન્મ તથા મરણ અને લગનના યોગ્ય રજિસ્ટ્રાર જનરલને મોકલવી જોઇયે.

આ પેટા કલમમાં "ઇંગ્લિંડનું ચર્ચ" અને "સ્કાટલંડનું ચર્ચ" આ શબ્દો છે તેમનો અર્થ અનુક્રમે કાયદાથી સ્થપાયલું ઇંગ્લંડનું ચર્ચ તથા સ્કાટલંડનું ચર્ચ છે; અને "રોમનું ચર્ચ" આ શબ્દનો અર્થ જે ચર્ચ રોમના પોપને પોતાના ધર્મસંબંધી મુખ્ય ગણેછે તે ચર્ચ.

(૨) પેટાકલમ (૧) ના ઠરાવ, હેઠળ લખેલો ફેરફાર કરીને મલિકા માઆઝમાની સાથે મૈત્રી રાખનારા હિંદુસ્તાનમાંના કોઈ પણ રાજા અથવા સંસ્થાનના મુલકમાંના જન્મ તથા મરણના દરએક રજિસ્ટ્રારને લાગુ થશે. એટલે તે પેટા કલમમાં કહેલી દાખલાવાળી નકલો જન્મ મરણ અને લગનના રજિસ્ટ્રાર જનરલોમાંના જેને ગવર્નર જનરલ ઇનકાંઉસિલ ઇંડિયા ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ કારણસારૂ ઠરાવે તેને મોકલવી જોઇયે.

રજિસ્ટર-બુકોમાંની નોંધની શોધ કરવી તથા નોંધની નકલો આપવી.

૨૫. (૧) જન્મ તથા મરણના દરએક રજિસ્ટ્રારે, પોતે રાખેલી રજિસ્ટર-બુકોમાં, ઠરાવેલી ફી આપે તો; સઘળે વાજબી વખતે, શોધ કરવા દેવી જોઇયે, અને તેમાંની હરકોઈ નોંધની નકલ આપવી જોઈએ.

(૨) આ કલમમુજબ રજિસ્ટર બુકમાંની કોઈ નોંધની આપેલી દરએક નકલવિશે જન્મ તથા મરણના રજીસ્ટ્રારે સરટિફિકેટ આપવું જોઈએ, અને તે નકલ જે જન્મ અથવા મરણબાબતની તે નોંધ હશે તે જન્મ અથવા મરણ સાબેત કરવાનાં કારણસારૂ પુરાવામાં ગ્રાહ્ય થશે.

અમુક જન્મ અને મરણ નોંધવાસારૂ ખાસ ઠરાવ.

૨૬. ૧૯મી કલમમાં જે કંઈ લખ્યું છે તે છતાં, જે સ્થાનિક પ્રદેશ અને વર્ગો વાસ્તે જન્મ તથા મરણના રજીસ્ટ્રારોની નેમણુક થઈ છે તે સ્થાનિક પ્રદેશ અને વર્ગોની બાહાર થયેલાં જન્મ તથા મરણની, કાનુનમાં જણાવેલા પ્રસંગો અને શરતોને અનુસાર, નોંધ કરવાની સત્તા આપતા કાનુન ઘડવા ગવર્નર જનરલ ઇન કૌંસિલ મુખ્ત્યાર છે.

ડ.—જુઠી ખબર આપવા વાસ્તે સજા.

જાણીજોઇને ખોટી ખબર આપવા બાબત ગુન્હેગારી.

૨૭. કોઇપણ શખસ આ આક્ટ મુજબ જન્મ અથવા મરણની કોઈ ખબરના સંબંધમાં કાંઈ ખોટી હકીકત,જન્મનાં અથવા મરણનાં કોઈ રજિસ્ટરમાં દાખલ કરવાનાં કારણસારૂ જાણી જોઈને કેહેશે, અથવા કેહેવરાવશે. તો તેને ઘણામાં ઘણા ત્રણ વરસસુધીની કેદની અથવા દંડની અથવા બન્નેની શિક્ષા થશે.

ઈ—ભુલ સુધારવી.

જન્મ તથા મરણનાં રજિસ્ટરમાંની નોંધ દુરસ્ત કરવા બાબત.

૨૮. (૧) જન્મ તથા મરણના રજીસ્ટ્રારને એવી સંતોષકારક ખાત્રી થાય કે આ આક્ટ મુજબ મે રાખેલાં કોઈ રજિસ્ટરમાં જન્મ અથવા મરણની કોઈ નોંધ નમુનામાં યા તેમાં કહેલી બાબતમાં ભુલ ભરેલી છે, તો કઈ સરતોએ અને કયા પ્રસંગોમાં થયેલી ભુલ સુધારી શકાય તે બાબતના જે કાનુન ગવર્નર ઇન કૌંસિલ બાહાર પાડે તે કાનુનની રૂએ તે ચુક હાંસીયામાં નોંધ કરીને અસલ નોંધમાં કંઈ પણ ફેરફાર કર્યાશિવાય, દુરસ્ત કરવી, અને હાંસીયામાં કરેલી નોંધઉપર તેણે સહી કરીને દુરસ્ત કર્યાની તારીખ ઉમેરવી જોઇએ.

(૨)જે નોંધની દાખલાવાળી નકલ જન્મ તથા મરણ અને લગનના રજિસ્ટ્રાર જનરલ

ઉપર મોકલી ચુક્યો હોય તો, જન્મ તથા મરણના રજિસ્ટ્રારે અસલ ચુક વાળી નોંધની તથા તેમાં હાંસીઆમાં કરેલી દુરસ્તીની જુદી દાખલાવાળી નકલ કરી મોકલવી.

બાબ ૪ થો.

લગન બાબતના આક્ટોનો સુધારો.

સને ૧૮૭૨ ના ૩જા આક્ટની ૧૩મી કલમપછી નવી કલમ ઉમેરવી.

૨૯. સને ૧૮૭૨ના (કેટલેએક નિયમિત પ્રસંગે લગનની રીત ઠરાવવા બાબતના) ૩જા આક્ટની ૧૩મી કલમપછી હેઠળ લખેલી કલમ દાખલ કરવી જોઈએ. એટલે.

લગનનાં સાર્ટિફિકેટની બુકમાંની નોંધની દાખલાવાળી નકલો જન્મ તથા મરણ અને લગનના રજિસ્ટ્રાર જનરલને મોકલવી.

"૧૩અ. રજિસ્ટ્રારે, જે મુલકમાં પોતાની ડિસ્ટ્રિક્ટ આવી હોય તે મુલકના જન્મ તથા મરણ અને લગનના રજિસ્ટ્રાર જનરલને, ગવર્નર જનરલ ઇન કૌંસિલ વખતે વખતે ફરમાવે તેવા અંતરે, ગવરનર જનરલ ઇન કૌંસિલ વખતે વખતે ફરમાવે તેવા નમુના પ્રમાણે, તેવા છેલ્લા અંતર પછી સદરહુ પ્રકારની લગનની સર્ટિફિકેટની બુકમાં પોતે કરેલી સઘળી નોંધની ખરી નકલ પોતે દાખલો લખીને મોકલવી જોઇએ."

સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના ખ્રિસ્તી લોકોના લગન બાબતના આક્ટનો સુધારો.

૩૦. સન ૧૮૭૨ના હિંદુસ્તાનના ખ્રિસ્તી લોકોના લગન બાબતના આક્ટમાં હેઠળ લખેલા સુધારા કરવા, એટલે:—

(અ) ત્રીજી કલમને છેડે "જન્મ મરણ અને લગનનો રજિસ્ટ્રાર જનરલ, એટલે સને ૧૮૮૬ ના જન્મ. મરણ અને લગનનો રજિસ્ટ્રાર જનરલ સમજવો" આ શબ્દો ઉમેરવા;

(બ) "સ્થાનિક સરકારના સેક્રેટરી" આ શબ્દો જ્યાં જ્યાં આવતાં હોય ત્યાં ત્યાં તે શબ્દોને બદલે, અને ૭૯ મી કલમમાંહેના "કોઇપણ સ્થાનિક સરકારનો સેક્રેટરી" આ શબ્દોને બદલે "જન્મ, મરણ અને લગનના રજિસ્ટ્રાર જનરલ" આ શબ્દો દાખલ કરવા;

(ક) ૬૨મી કલમમાંહેના 'સ્થાનિક સરકાર ફરમાવે તેવી જગાઓએ' આ શબ્દોને બદલે "રજિષ્ટર-બુક રાખતો હોય એવા શખસને જે સ્થાનિક સરકારે લૈસન્સ (પરવાનો) આપ્યું હોય તે સ્થાનિક સરકારના મુલકના જન્મ મરણ અને લગનના રજિસ્ટ્રાર જનરલની ઓફિસમાં" આ શબ્દો દાખલ કરવા. અને

(ડ) ૮૧ મી કલમમાંના "જન્મ, મરણ અને લગનના રજિસ્ટ્રાર જનરલ" આ શબ્દોની અગાઉ "ઇંગ્લંડમાં આ શબ્દ ઉમેરવો.

સને ૧૮૬૫ ના પારસી કોમના લગન અને છુટા છેડાના

૩૧. સન ૧૮૬૫ ના પારસી કોમના લગ્ન અને છુટા છેડાના આક્ટની કલમ આઠમી પછી નીચેલખેલી લખી કલમ દાખલ કરવી જોઇએ એટલે:—

આક્ટની આઠમી ક૰લમ પછી નવી કલમનો ઉમેરો.

જનમ, મરણ અને લગનોના રજીસ્ટ્રાર જનરલને લગન રજીસ્ટ્રારમાંના સાર્ટિફિકેટોની દાખલાવાલી નકલો મોકલવા બાબત

"૮ આ મુંબઈની હાઇ કોર્ટઓફ જ્યુડીકેચરના ચીફ જસ્ટીસે નીમેલા રજિસ્ટ્રાર શિવાય દરેક રજિસ્ટ્રારે, સ્થાનિક સરકારે તેને નિમ્યો હોય તેની હુકમત નીચેના મુલકવાસ્તેના જન્મ મરણ અને લગનના રજિસ્ટ્રાર જનરલને, ગવર્નર જનરલ ઇન કૌંસિલ વખતે વખતે ફરમાવે તેવા અંતરે, અને ગવર્નર જનરલ ઇન કૌંસિલ વખતે વખતે ફરમાવે તેવા નમુના પ્રમાણે તેવા છેલ્લા અંતર પછી સઘળું લગ્નના રજિસ્ટ્રારમાં પોતે કરેલી સઘળાં સર્ટીફિકેટની નોંધની ખરી નકલ પોતે દાખલો લખીને મોકલવી જોઇએ.

બાબ ૫ મો.

હાલના કેટલા એક રજિસ્ટરો બાબત ખાસ ઠરાવ.

કેટલાંક દફ્તર જે લોકોના સ્વાધીનમાં હોય તે લોકોએ એક વરસની અંદર તે દફ્તર રજિસ્ટ્રાર જનરલને મોકલવાની પરવાનગી.

૩૨. બ્રિટિશ ઇંડિયામાંના અથવા રાણી સરકારની સાથે મૈત્રી રાખનારા હિંદુસ્તાનમાંના કોઈ રાજાના અથવા સંસ્થાનના મુલકમાં કોઇ શખસની પાસે ૧૧ મી કલમની પેટા કલમ ૧ લીમાં ઇસારો કરેલા વર્ગના કોઇ શખસોના જન્મનું. બાપ્ટિઝમનું નામ પાડવાનું, સમર્પણનું, મરણનું અથવા ડાટવાનું કોઇ રજિસ્ટર અથવા દફ્તર, અથવા જે લોકોના વર્ગને સને ૧૮૭૨ નો ૩ જો આક્ટ અથવા સન ૧૮૭૨નો હિંદુસ્તાનના ખ્રિસ્તી લોકોનાં લગન બાબતનો આક્ટ અથવા સને ૧૮૬૫ના પારસી કોમના લગ્નના અને છુટા છેડાનો આક્ટ લાગુ હોય તેવા કોઈ લોકોના વર્ગના લગન બાબતનું કોઈ રજિસ્ટર અથવા દફ્તર, વર્તમાનકાલે હોય, અને એવું રજિસ્ટર અથવા દફ્તર જે દેશમાં તે રજિસ્ટર અથવા દફ્તર રાખ્યું હોય તે દેશના કાયદામાં ખાસ ફરમાવેલી ફરજ બજાવવા શિવાય બીજી રીતે તૈયાર કર્યું હોય, તો તે આ આક્ટમાં અમલમાં આવ્યાની તારિખથી એક વરસની અંદર તે રજીષ્ટર અથવા દફ્તર જે દેશમાં તે રેહેતો હોય તે દેશના જન્મ: મરણ અને લગનના રજિસ્ટ્રાર જનરલની આફીસમાં, અથવા ઉપર કહેલા એવા કોઈ રાજાના અથવા સંસ્થાન મુલકમાં તે રેહેતો હોય તો, ઉપર કહ્યા મુજબના રજિસ્ટ્રાર જનરલો માંહેના જેને ગવર્નર જનરલ ઈન કૌંસિલ ઈંડિયાગ્યાઝેટમાં જાહેરનામું છાપીને આ બાબત ફરમાવે તેને મોકલવાને મુખત્યાર છે.

રજીસ્ટરો તપાસવાને કમિશનરોની નીમણુંક.

૩૩. (૧) પાછલી છેલ્લી કલમ મુજબ જન્મ મરણ અને લગનના રજીસ્ટ્રાર જનરલને મોકલેલા રજીષ્ટરો અથવા દફ્તર તપાસવા સારૂ ગવર્નર ઈન કૌંસિલ પોતાને યોગ્ય લાગે તેટલા શખસોને કમિશનર તરીકે નિમવાને મુખત્યાર છે.

(૨) એ પ્રમાણે નીમેલા કમિશનરોએ ગવર્નર જનરલ ઇન કૌંસિલ નિમણુકના હુકમમાં, અથવા ત્યારપછી કોઇ હુકમમાં ફરમાવે તેટલી મુદ્દત સુધી હુદ્દો ધારણ કરવો.

કમિશનરોનાં કામ.

૩૪. (૧) પાછળની છેલ્લી કલમ મુજબ નીમેલા કમિશનરોએ ૩૨ મી કલમ મુજબ જન્મ, મરણ અને લગનના રજીષ્ટ્રાર જનરલને જે રજીષ્ટર અથવા દફ્તર મોકલવામાં આવે તે દરેક રજીષ્ટર અથવા દફ્તરની હાલત બાબત, કબજા

બાબત અને તે ખરૂં છે એ બાબત તપાસ કરવી જોઇએ.

અને તેમણે રજીષ્ટ્રાર જનરલને, એવાં સઘળાં રજીષ્ટરો અથવા દફ્તર, અથવા રજીષ્ટરોના અથવા દફ્તરોના ભાગ જે તેનને બરાબર તથા ખરાં લાગે તેમની સવિસ્તર યાદી અથવા સવિસ્તર યાદીઓ આપવી જોઇએ.

(૨) તે યાદી અથવા યાદીઓમાં ઠરાવેલી તપસીલ હોવી જોઇએ તથા ઠરાવેલી રીતે રજીષ્ટરો અથવા દફ્તર બાબત, અથવા રજીસ્ટરો અથવા દફ્તરના ભાગ બાબત હવાલા જોઈએ.

(૩) જે બુક અથવા વાલ્યમમાં એવું કાંઈ રજીષ્ટર અથવા દફ્તર, અથવા રજીષ્ટર અથવા દફ્તરનો ભાગ હોય કે જે બાબત કમિશનરોએ કરેલી કોઈ યાદી અથવા યાદીઓમાં હવાલો આપ્યો હોય એવી દરેક જુદી બુક અથવા વાલ્યમના કોઈ ભાગઉપર કમિશનરોએ, સદહું યાદી અથવા યાદીઓમાં કહેલાં રજીસ્ટરો અથવા દફ્તરો પૈકી એક રજીસ્ટર અથવા દફ્તર છે, અથવા રજીસ્ટરો અથવા દફ્તરોનો ભાગ છે એવો લખીને દાખલો પણ આપવો જોઈએ.

કમિશનરોએ તૈયાર કરેલી યાદીઓની શોધ કરવી અને નોંધની દાખલાવાળી નકલ આપવી.

૩૫. (૧) ઠરાવેલી ફી આપે તો, કમિશનરોએ જન્મ, મરણ અને લગનના રજીષ્ટ્રાર જનરલને આપેલી રજીસ્ટરો અથવા દફ્તરોની, અથવા રજીસ્ટરો અથવા દફ્તરના ભાગની તપસીલવાર યાદી અથવા યાદીઓ, સઘળે વાજબી વખતે, જે શખ્સ તેને અથવા તેઓને જોવા માગે તેવા કોઈ શખસને જોવાસારૂ ખુલી હોવી જોઈએ, અને તે રજીસ્ટરો અથવા દફ્તરની નોંધની નકલો તે માગનાર સઘળા શખસોને આપવી જોઈએ.

(૨) આ કલમ પ્રમાણે આપેલી નોંધની નકલ વિશે જન્મ, મરણ અને લગન રજીષ્ટ્રાર જનરલે અથવા સ્થાનિક સરકારે તે અર્થે જેને સત્તા આપી છે એવા શખસે અથવા અમલદારે સર્ટિફીકટ આપવું જોઈએ અને તે નકલ તે નોંધ જે જન્મ, બાપ્ટિઝમ, નામ પાડવા સમર્પણ, મરણ, દાટવા અથવા લગન બાબત હશે તે જન્મ, બાપ્ટિઝમ, નામ પાડવું સમર્પણ, મરણ દાટવું અથવા લગન શાબીત કરવાસારૂ પુરાવામાં ગ્રાહ્ય થશે.

બાબ ૬ ઠો.

કાનુન.

ગવર્નર જનરલ ઈન કૌંસીલને કાનુન કરવાનો અધિકાર.

૩૬. આ આકટથી સુચકરીતે અથવા સ્પષ્ટરીતે અપાયેલી કાનુન કરવાની સત્તા કરતાં તે ઉપરાંત નીચેની બાબતોસારૂ કાનુન કરવા ગવર્નર જનરલ ઈન કૌંસીલ મુખ્ત્યાર છે—

(અ) આ આકટ પ્રમાણે આપવા જોગ ફી ઠરાવવા બાબત;

(બ) આ આકટનાં કારણસારૂ જે નમુના જોઇએ તે ઠરાવવા બાબત;

(ક) જન્મ તથા મરણના રજીષ્ટ્રારને જન્મ અથવા મરણ બાબતની ખબર આપવાનો આ આકટ પ્રમાણે અધિકાર આપેલા શખસોએ જે મુદતની અંદર અને જે રીતે ખબર આપવી જોઈએ તે મુદત તથા રીત ઠરાવવા બાબત;

(ડ) રાખવાનાં રજીસ્ટરો, અને જન્મ તથા મરણના રજીષ્ટ્રારોએ આ આકટ પ્રમાણે જન્મ તથા મરણ જે નમુના પ્રમાણે તથા જે રીતે નોંધવાં તે નમુના તથા રીત

અને તેમણે રાખેલાં રજીસ્ટરોમાંની જન્મની તથા મરણની નોંધની ખરી નકલો કેટલે કેટલે અંતરે જન્મ, મરણ અને લગ્નના રજીસ્ટ્રાર જનરલને મોકલવી તે અંતર ઠરાવવા બાબત;

(ઈ) ૫ મા બાબ પ્રમાણે નીમેલા કમીશનરોએ તૈયાર કરવાની તપસીલવાર યાદી અ-થવા યાદીઓમાં જે તપસીલ આવવી જોઇએ તે તપસીલ, અને તે તપસીલ જે દફતરો અથવા રજીસ્ટરો બાબત, અથવા દફતરો અથવા રજીસ્ટરોના ભાગ બાબત હોય તે દફતરો અથવા રજીસ્ટ્રારોના અથવા દફતરો અથવા રજીસ્ટરોના ભાગનો જે રીતે તે તપસીલમાં હવાલા આપવા જોઈએ. તે રીત ઠરાવવા બાબત; અને

(ફ) તે રજીસ્ટરો અને દફતરો કોના હવાલામાં રાખવા તે બાબત; અને

(ગ) સાધારણ રીતે આ કાયદાનાં હેતુ પાર પાડવા બાબત.

કાનુન શી રીતે કરવી અને કેમ પ્રસિદ્ધ કરવી.

૩૭. (૧) ગવર્નર જનરલ ઈન કૌંસીલે આ આકટ મુજબ કાનુન કરવાની અગાઉ યોજેલી કાનુનનો મસુદો, જે લોકોને તે લાગુ થવાનો સંભવ હોય તેઓની માહીતી સારૂ, પોતાના મત પ્રમાણે પ્રસિદ્ધ કરવો જોઇએ.

(૨) મસુદાની સાથે જે તારીખે અથવા તારીખ પછી તે મસુદાનો વિચાર કરવામાં આવશે તે તારીખ બતાવનારી નોટીસ પ્રસિદ્ધ કરવી જોઈએ.

(૩) એ પ્રમાણે નિર્દિષ્ટ કરેલી તારીખની અગાઉ તે મસુદા બાબત કાંઈ હરકત અથવા સૂચના કોઈ શખસે કરી હોય તે લઇને તેનો વિચાર ગવર્નર જનરલ ઇન કૌંસિલે કરવો જોઇએ.

(૪) આ આકટ પ્રમાણે કરેલી દરએક કાનુન ઇંડીયા ગ્યાઝેટમાં પ્રસિદ્ધ કરવી જોઇએ અને આ આકટ મુજબ કરેલી છે એવી મતલબની કાનુનનું ઇંડીયા ગ્યાઝેટમાં પ્રસિદ્ધ થવું એ તે યોગ્ય રીતે કરી છે એ બાબત નિર્ણાયક પુરાવો ગણાશે.

(સહી) એસ. હાર્કોર્ટ બટલર,

આફિ. સેક્રે. નિસબત હિંદુસ્તાન સરકાર.

(True Translation.)

S. MACDONALD,

Acting oriental Translator to Government.

મુંબઈના ગવરનર ઈન કાંઉનસીલનો હેઠળ લખેલો આકટ સને ૧૮૮૭ ના ઓકટોબર મહીનાની ૨૬મી તારીખે ગવરનરસાહેબે મંજુર કર્યો તથા સને ૧૮૮૭ના ડીસેંબર મહીનાની ૨૦ મી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસીદ્ધ કર્યો છે.

सने १८८७ नो मुंबाइनो आ..ट ४ थो.

મુંબઈ ઈલાકામાં જુગાર રમવાની મના કરવા બાબતનો કાયદો એકત્ર કરી સુધારવા બાબતનો આકટ.

—(*)—

(આ આકટને હિંદુસ્તાનના ગવરનર જનરલ સાહેબે આપેલી મંજુરી મુંબઇના ગવરનર સાહેબે તારીખ ૫ મી જાનેવારી સન ૧૮૮૮ ને રોજ પ્રથમ પ્રસિદ્ધ કરી હતી.)

જે અર્થે મુંબઈ ઇલાકામાં જુગાર રમવાની મના કરવા બાબતનો કાયદો એકત્ર કરી સુધારવો યોગ્ય છે તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

ટુંકુનામ. ૧. આ આકટને 'સને ૧૮૮૭ નો મુંબઇનો જુગાર રમવાની મના કરવા બાબતનો આકટ' કેહેવો.

વ્યાપ્તિ. તે મુંબઈ શહેરને, સાષ્ટીના ટાપુને, તથા સદરહુ શહેર તથા ટાપુ બહારના રેલવે સ્ટેશનનાં સઘળાં ઘરોને તથા સદરહુ પ્રકારનાં સ્ટેસનનાં ઘરોના કોઇ પણ ભાગથી ત્રણ માઈલ કરતાં વધારે છેટે નહિ હશે એવી સઘળી જગાઓને લાગુ છે, અને મુંબઈ ઈલાકામાંની કોઈ પણ સ્થાનીક હદને સદરહુ આકટના સઘળા અથવા કોઈ પણ ઠરાવો, મુંબઇ સરકારી ગેઝીટમાં એકાદો હુકમ પ્રસિદ્ધ કરીને વખતે વખતે લાગુ પાડવાનો ગવરનર ઈનકાંઉનસીલને અખત્યાર છે.

ઉપર કહ્યા પ્રમાણે એકાદો હુકમ પ્રસિદ્ધ કરીને ગવરનર ઈન કાંઉનસીલને આ કલમની રૂયે પોતે કરેલો કોઈ પણ હુકમ વખતે વખતે રદ કરવા અથવા ફેરવવાનો અધીકાર છે.

કાયદાઓરદકર્યાતે ૨. પરીસીષ્ટમાં કહેલા કાયદા તેજ પરીસીષ્ટના ત્રીજા આસનમાં નિર્દીષ્ટ કરવામાં આવ્યા છે તેટલે સુધી રદ કર્યા છે.

"જુગારનાઅખાડાની" વ્યાખ્યા. ૩. જે કોઇ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો જે માણસ ધણી હોય અથવા જે તેનો વહીવટ કરતો હોય અથવા જે તે વાપરતો હોય અથવા જેણે તે રાખી હોય તે માણસના ફાયદા સારૂ અથવા નફા સારૂ તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગાર રમવાનાં પા-

નાં અથવા પાસા અથવા મેજો અથવા બીજાં સાધનો રાખ્યાં હોય, અથવા જુગાર રમવાનાં પાનાં અથવા પાસા અથવા મેજો અથવા બીજાં સાધનો વપરાતાં હોય, તે ઘર અથવા ઓરડી અથવા જગા એવો અર્થ "જુગારનો અખાડો" એ શબ્દોનો આ આકટમાં થાય છે એમ સમજવું; પછી તે ફાયદો અથવા નફો તેને તે જુગારનાં સાધનો અથવા ઘર અથવા ઓરડી અથવા જગા વાપરવા બાબત ભાડા દાખલ મળતો હોય કે બીજી રીતે મળતો હોય તે વાતની ચીંતા નથી.

જુગારનોઅખાડોરાખવાબાબત.

૪. (અ) કોઇ પણ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો ધણી, અથવા તેનો વહીવટ કરનારો, અથવા તે વાપરનારો જુગારના અખાડાના કામ સારૂ તે કાહાડશે અથવા રાખશે, અથવા વાપરશે તેને,

(બ) સદરહુ પ્રકારનાં હર કોઈ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો ધણી અથવા તેનો વહિવટ કરનારો ઉપર કહેલાં કારણ સારૂ બીજા કોઈ માણસને તે ઘર અથવા ઓરડી અથવા જગા જાણી બુઝીને અથવા જાણી જોઇને કાહાડવા દેશે, અથવા તેનો વહિવટ કરવા દેશે અથવા તે રાખવા દેશે, અથવા તેનો ઉપયોગ કરવા દેશે તેને,

(ક) સદરહુ કારણ સારૂ કહાડેલાં, વહીવટમાં લીધેલાં, રાખેલાં અથવા ઉપયોગમાં લાધેલાં સદરહુ પ્રકારનાં હર કોઈ ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગારના કામની સંભાળ અથવા વ્યવસ્થા જે રાખતો હશે અથવા તે કામ ચલાવવામાં કોઇ રીતે જે મદદ કરતો હશે તેને,

(ડ) સદરહુ પ્રકારનાં હર કોઇ ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં અવજાવ કરનાર માણસો સાથે જુગાર રમવા સારૂ પૈસા જે માણસ ધીરશે અથવા પુરા પાડશે તેને,

પાંચસેં રૂપીયા સુધીના દંડની શીક્ષા થશે, અથવા ત્રણ મહિના સુધીની કેદની શીક્ષા થશે.

જુગારનાઅખાડામાંજુગારરમવાબાબત.

૫. પાને અથવા પાસે અથવા બોંદે અથવા જુગાર રમવાનાં બીજે સાધને કોઇ પણ જુગારના અખાડામાં કોઈ માણસ રમતાં અથવા જુગાર રમતાં પકડાશે, અથવા કંઇ પણ પૈસા સારૂ અથવા સરત સારૂ અથવા વળતી સારૂ અથવા બીજી રીતે જુગાર રમવા સારૂ ત્યાંહાં હાજર હોઈને પકડાશે તો તેને બસેં રૂપીયા સુધીના દંડની શીક્ષા થશે અથવા એક મહીના સુધીની કેદની શીક્ષા થશે.

કોઈ પણ જુગારના અખાડામાં જુગાર અથવા દાવ ચાલતો હશે તે વખતે ત્યાંહાં કોઈ પણ માણસ પકડાશે તો, વિરૂદ્ધ સાબિતી થાય ત્યાંહાં સુધી તે જુગાર રમવા સારૂ ગયો હતો એવું અનુમાન કરવામાં આવશે.

જુગારનાઅખાડામાંપોલીસનાઅમલદારનેપેસવાનોઅધીકારઆપવાનીસત્તા.

૬. મુંબઇ શેહેરમાં પોલીસ કમીશનરની આગળ અને બીજી જગાએ કોઇ પણ ફર્સ્ટકલાસ માજીસ્ત્રેટની આગળ, અથવા જીલ્લાના પોલીસ સુપ્રીટેંન્ડેંટની આગળ અથવા જે આસીસ્ટંટ સુપ્રીટેંન્ડેંટને આ અર્થે સરકાથી અધીકાર મળ્યો હોય તે આસીસ્ટંટ સુપ્રીટેન્ડેન્ટની આગળ ફલાણુ ઘર અથવા ઓરડી અથવા જગા જુગારના અખાડા સારૂ વાપરવામાં આવે છે એવું માનવાનો સબબ છે એ રીતે કસમ ઉપર કરીયાદ થ-

યા ઉપરથી જે ચોકશી કરવાની જરૂર હોય તે ચોકશી કર્યા પછી તેવો શક આવવાનો વ્યાજબી સબબ છે એવી તે પોલીસ કમીશનરની અથવા માજીસ્ત્રેટની અથવા પોલીસ સુપ્રીટેન્ડેન્ટની અથવા આસિસ્ટંટ પોલીસ સુપ્રીટેન્ડેન્ટની ખાત્રી થયા પછી હર કોઇ ઈન્સ્પેકટરને અથવા ચીફકાનસ્ટેબલથી ઉતરતો દરજ્જો જેનો ન હોય એવા પોલીસના બીજા વડા અમલદારને પોતાની નજરમાં આવશે ત્યારે પોતાની સહીનુ વિશેષ વારંટ આપીને નીચે લખ્યા પ્રમાણે એટલે;—

(અ) સદરહુ પ્રકારના કોઈ પણ ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જરૂર પડે તેટલા માણસોની મદદ લઈને રાત્રે અથવા દહાડે અને જરૂર હોય તો જબરદસ્તીથી પેસવાનો, અને

(બ) ત્યાંહાં જે માણસો મળે તે, તે વખતે ખરેખર જુગાર રમતાં હોય કે નહીંહોય તો પણ તે સર્વેને કેદ કરીને કોઇ માજીસ્ત્રેટની આગળ લઈ જવાનો, અને

અનેજુગારરમવાનાંસાધનો પકડવાનોઅધિકારઆપવાનીસત્તા.

(ક) જે જુગાર રમવાનાં સાધનો, તથા પૈસા, તથા પૈસા બાબતનાં તારણ, તથા કીમતી જણશો ત્યાંહાં જડે અને જેમનો જુગાર રમવા સારૂ ઉપયોગ કર્યો છે એવો અથવા તેવો ઉપયોગ કરવાનો ઇરદો હતો એવો સંશય લાવવાનું વાજબી કારણ હોય તે સર્વે પકડવાનો, અને

(ડ) પોતે જે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં સદરહુ પ્રમાણે પેઠો હોય તેમાં જુગાર રમવાનાં સાધનો સંતાડયાં છે એવું માનવાનો સબબ હોય ત્યારે તે ઘરના અથવા ઓરડીના અથવા જગાના સઘળા ભાગોનો તથા તેમાં સદરહુ મુજબ પકડેલાં અથવા કેદ કરેલાં માણસોનો ઝાડો લેવાનો અને સદરહુ પ્રકારનો ઝાડો લેતાં જુગાર રમવાનાં સાધનો જડે તે સર્વે પકડીને કબજામાં લેવાનો,

અખત્યાર આપવાને સદરહુ કમીશનર અથવા માજીસ્ત્રેટ અથવા આસીસ્ટંટ પોલીસ સુપરીઈનટેંડેંટ મુખત્યાર છે.

જુગારનો અખાડોરાખવાનોઅથવાજુગારનાઅખાડામાંજુગારરમવાનો પુરાવો.

૭ છેલી કલમના ઠરાવોની રૂયે વારંટ આપ્યુ હોય તે ઉપરથી જે કોઇ પણ ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં પ્રવેશ કર્યો હોય તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં અથવા તેમાં જે માણસો પકડાયા હોય તેમાંના કોઇ પણ પાસે કુશળતાની રમત વગરની બીજી કોઇ પણ રમતમાં વપરાતાં હોય તેવાં કોઇ પણ પાનાં અથવા પાસા અથવા જુગાર રમવાનો મેજ અથવા બોંદ અથવા પટ અથવા પાટીયું અથવા જુગાર રમવાનાં બીજાં સાધનો જડે ત્યારે માજીસ્ત્રેટ અથવા પોલીસ અમલદાર અથવા તે બંનેમાંના કોઇએ પણ આપેલી સત્તાની રૂયે વરતનારા કોઈ પણ માણસના દેખતાં ખરેખાત દાવ ચાલ્યો નહી હોય તો પણ ઊલટું સાબીત નહીં થાય ત્યાં સુધી તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગારનો અખાડો છે, અને તેમાં પકડાયલાં માણસો જુગાર રમવા સારૂ હાજર હતાં એવો પૂરાવો થાય છે એવુ સમજવું.

"

જુગારનોઅખાડોરાખવાની અથવા જુગારના અખાડામાંજુગાર રમવાની સાબીતીથાયએટલેજુગારરમવાનાં સાધનોનોનાશકરીનાખવાનોઅધીકારછે.

૮ જુગારનો અખાડો કાહાડવાનો, રાખવાનો અથવા વાપરવાનો ગુન્હો અથવા તેમાં રમવાનો અથવા જુગાર રમવાનો ગુન્હો અથવા રમવા સારૂ તેમાં હાજર રેહેવાનો ગુન્હો કોઇ માણસ ઉપર સાબીત થાય એટલે તે ઘરમાં અથવા તે ઘરમાં જે માણસો પકડાયા હોય તેઓની પાસે જુગાર રમવાનાં સાધનો જડયાં હોય તે સરવનો તાબડતોબ નાશ કરી નાખવાનો હુકમ કરવાનો અધીકાર ગુન્હો સાબીત કરનારા માજીસ્ત્રેટને છે.

અને વળી જુગાર રમવાનાં સાધન ન હોય તેવાં પકડેલા પઈસા બાબતનાં તારણ બધાં અથવા તેમાંનાં કોઈ પણ તથા પકડેલી બીજી જણસો બધી અથવા તેમાંની કોઇ પણ વેચવી અને તેમાંથી ઉપજેલાં નાણાં, તેમાં પકડેલા સઘળા પૈસા સુધાંત સરકાર દાખલ કરવાં એવો હુકમ કરવાનો સદરહુ માજીસ્ત્રેટને અધીકાર છે; અથવા, તેની નજરમાં આવે તો સદરહુ પ્રકારના ઉપજેલાં નાણાંનો તથા બીજા પઇસામાંનો કોઇ પણ ભાગ તે ઉપર જે માણસનો હક જણાતો હોય તે માણસને આપવાનો હુકમ કરવાનો તેને અધીકાર છે.

ગુન્હો સાબીતકરવાનેપૈસાસારૂરમવાનોપુરાવો કરવાનીજરૂરનથી.

૯ ૪ થી અને ૫ મી કલમોના ઠરાવોમાં કોઇ પણ ઠરાવ વીરૂધ કોઈ પણ ગુન્હો કોઇ માણસ ઉપર ઠરાવવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણે સાબીતી કરવાની જરૂર નથી એટલે ગમે તે દાવ રમતાં કોઇ પણ માણસ પકડાય તે પૈસા સારૂં અથવા સરત સારૂ અથવા વળતી સારૂં રમતો હતો એવુ સાબીત કરવાની જરૂર નથી.

સામેલહોયએવામાણસોનેસાહેદીતરીકેતપાસવામાંઆવેતેમનાબચાવબાબત

૧૦ આ આકટ વીરૂધ જુગાર રમવામાં જે માણસ સામેલ હોય તેની જુબાની સદરહુ પ્રમાણે જુગાર રમવા બાબત સાહેદની જુબાની પ્રમાણે માજીસ્ત્રેટ જુગારના અખાડાના ધણીની ઉપરનાં અથવા રાખનારની ઉપરનાં અથવા તેના વહીવટદારની ઉપરનાં અથવા તે જુગારના અખાડાની સંભાળ અથવા વ્યવસ્થા જે રાખતો હોય તેની ઉપદનાં તોંહોમતનો ઈનસાફ કરતી વખતે લેશે, અથવા માજીસ્ત્રેટની રૂબરૂ લેવામાં આવશે; અને જુબાની આપતી વખતે તેને જે વાત પુછે તે સઘળી વાત તે માણસ પોતાની માહીતગારી પ્રમાણે ખરેખરી અને જેવી હકીકત બની હોય તેવી જાહેર કરશે અને તે ઉપરથી તેને માજીસ્ત્રેટની પાસેથી તે વાત જાહેર કર્યા બાબતનો લખેલો દાખલો મળશે તો તે માણસે તે વખત પેહેલાં તે જુગાર સંબંધી જે કંઇ કર્યું હશે તે બાબત તેની ઉપર આ આકટ ઉપરથી કંઇ ફરીયાદ ચાલશે નહીં.

દંડનોભાગખબરઆપનારનેઆપવાબાબત-

૧૧ ૪ થી અથવા ૫ મી કલમ પ્રમાણે જે દંડ વસુલ થાય તેના ચતુરથાઉંશ સુધી તેનો ગમે તે ભાગ અથવા ૮ મી કલમની રૂયે પકડેલી જણસોનાં જે ઉપજેલાં નાણાં અથવા પકડેલા પઈસા સરકાર દાખલ થવાનો કોઇ પણ ભાગ ખબર આપનારને આપવાનો હુકમ કરવાનો અખત્યાર સદરહુ ૪ થી અને ૫ મી કલમના ઠરાવ પ્રમાણે હરકોઈ મુકદમાનો ઈનસાફ કરનારાં માજીસ્ત્રેટને છે.

રાજમારગમાંજુગારરમવાબાબતતથા પક્ષીઅને જનાવરોલડાવવાબાબત વારંટશીવાય પકડવાની સત્તા.

૧૨ પોલીસ અમલદારને નીચે પ્રમાણે કરવાનો અધીકાર છે એટલે;

૧

(અ) હરકોઇ રાજ મારગમાં અથવા જગામાં અથવા રાહદારીનાં ઠેકાણાંમાં કોઈ પણ માણસ કુશળતાની રમત વગરની બીજી કોઇ પણ રમતમાં વપરાતાં હોય તેવે પાને અથવા પાસે અથવા બીજે જુગાર રમવાનાં બીજાં સાધને પૈસા સારૂ અથવા બીજી કીમતદાર વસ્તુ સારૂ જુગાર રમતા પકડશે તેને;

(ક) સદરહુ પ્રમાણે પક્ષીઓ તથા જનાવરો પ્રસીદ્ધપણે લડાવવામાં કોઈ પણ માણસ હાજર રહીને મદદ અથવા સહાય કરતાં પકડાશે તેને;

વારંટ વગર પકડવાનો અધીકાર છે.

ગુન્હો સાબીત થયે સદરહુ પ્રકારના કોઇ પણ માણસને ૫૦ રૂપીયા સુધીના દંડની શીક્ષા થશે, અથવા એક મહીના સુધીની કેદની શીક્ષા થશે.

સાધનોજડેતેપકડવાઅને તેનોનાશકરવાબાબત,

અને સદરહુ પ્રકારના રાજમારગમાં અથવા જગામાં અથવા રાહદારીનાં ઠેકાણાંમાં અથવા જે માણસને સદરહુ પ્રકારનો પોલીસનો અમલદાર પકડશે તેની પાસે જે પક્ષીઓ તથા જનાવરો તથા જુગાર રમવાનાં સાધનો જડશે તે સઘળાં પકડવાને તે અમલદાર મુખત્યાર છે. અને ગુન્હેગારની ઉપર ગુન્હો સાબીત થાય એટલે તે સાધનોનો તાબડતોબ નાશ કરવાનો તથા સદરહુ પક્ષીઓ તથા જનાવરોને વેચીને તેનાં ઉપજેલાં નાણાં સરકાર દાખલ કરવાનો હુકમ કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે.

કેવળકુશળતાનીરમતને આઆકટલાગુનથી.

૧૩ હર કોઈ જગાએ ફક્ત કુશળતાનીજ રમત રમાતી હોય તેને આ આકટનો કોઈ ઠરાવ લાગુ છે એમ સમજવું નહીં.

પરિશિષ્ટ. (કલમ ૨ જી જુવો)

રદ કરેલા કાયદા.

કાયદા.	વિષય.	કયાં સુધી રદ કર્યોછે તે.
સને ૧૮૫૬નો આકટ ૧૩મો.	કલકત્તા, મદ્રાસ, અને મુંબઇના શહેરોની પોલીસ બાબત નિયમન કરવા બાબતુ સંબંધી.	કલમ, ૫૬, ૫૭, ૫૮, ૬૦ ૬૧, ૬૨, ૬૩ ૬૫ અને ૬૬.
સને ૧૮૬૦ નો આકટ ૪ થો.	સને ૧૮૫૬ નો આકટ ૧૩ મો સુધારવા બાબત.	કલમ, ૧૫.
સને ૧૮૬૬ નો મુંબઈનોઆકટ ૩ જો.	જુગાર રમવાની મના કરવા બાબાબતને.	જેટલેસુધીએઆકટ અત્યાર સુધીરદ થયો નથી તેટલે સુધી આખો આકટ.

બમુજી બેહુકમ

બંદેગાન આલી નવાબ મુસ્તતાબ હજરત રાઇટ

આનરબલ ધી ગવર્નર સાહેબ બહાદુર દર ઈજલાસ કૌન્સિલ,

મુકામ જંજિરે મુંબઇ,
તા.૩ જાનેવારી ૧૮૮૮

(સહી) જે. જે હીટન,
આકિટંગ અંડર સેક્રેટરી નિસબત સરકાર.

(ટ્રુટ્રાન્સ લેટર)

વાય. એમ. કેલકર.

ઓરીઅનટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેન્ટ.

સન ૧૮૮૭ નો મુંબાઇનો આકટ નંબર ૨.

નિચે લખેલો મુંબાઈના ગવર્નર ઈન્ કોંસિલનો આકટ નામદાર ગવર્નર સાહેબે સને ૧૮૮૭ ના ફેબ્રુવારી મહિનાની તારીખ ૨૬ મીએ મંજુર કર્યો, તથા સને ૧૮૮૭ ના મે મહીનાની તારીખ ૧૧ મીએ નામદાર વાઇસરોય અને ગવર્નર જનરલે મંજુર કર્યો, અને તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છાપીને પ્રસિદ્ધ કર્યોછે:—

મુંબઈ અને કરાંચી બંદરે હાજીઓના રક્ષણ અર્થે ઠરાવ કરવાનો આકટ.

(આ આકટ બાબતની હિંદુસ્થાનના ગવરનર જનરલની મંજુરી સને ૧૮૮૭ ના જુન મહિનાની તારીખ ૪ થીના રોજ મુંબઈના ગવરનરે પહેલ વહેલી છાપી પ્રસિદ્ધ કરી હતી).

મુંબઈ અને કરાંચી બંદરે હાજીઓના રક્ષણ અર્થે ઠરાવ કરવો યોગ્ય છે; વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

ટુંકું નામ. — ૧. આ આકટને સન ૧૮૮૭ નો હાજીઓના રક્ષણનો આકટ" કહેવો.

ક્યાંહાં લાગુ છે. — આ આકટ મુંબઈ અને કરાંચી શહેર અને બંદરનેજ માત્ર લાગુ છે.

વ્યાખ્યા. — ૨. આ આકટમાં,—

"હાજી." — (૧). "હાજી" નો અર્થ કોઈ મુસલમાન જે મુંબઈ અથવા કરાંચી બંદરેથી હડજાઝ હજ કરવા માટે જવાનો હોય તે થાય છે પછી તે પરભારો અથવા બીજે કોઈપણ બંદરે થઈને જહું જવાનો હોય.

"હાજી-દલાલ" — (૨) "હાજી-દલાલ" નો અર્થ કોઈ માણુસ જે હાજીઓ માટે સફરની ટિકીટો ખરીદીને પાછી વેચતો હોય, અથવા કમિશન લઈ વેચતો હોય, અથવા તેમની ખરીદી અથવા વેચાણ સારૂ કાંઈપણ બદલો લેતો હોય તે થાય છે.

"એજન્ટ." — (૩) "એજન્ટ" માં કોઈ માણુસે હાજીઓને લઈ જવા માટે વાહાણ ભાડે રાખ્યું હોય તેનો સમાસ થાય છે;

'કમિશનર." — (૪) "કમિશનર" નો અર્થ, મુંબઈમાં પોલીસ કમિશનર, અથવા તેનો ડીપ્યુટી થાય છે; અને કરાંચીમાં જે અમલદારને નામદાર ગવરનર ઈન્ કૌંસીલ નીમે તે, થાય છે.

લૈસેન્સ વગર હાજી-દલોલનું કામ કરવા માટે શિક્ષા. — ૩. જે કોઈપણ માણુસ કમિશનર પાસેથી લૈસન્સ મેળવ્યા વગર હાજી-દલાલનું કામ કરે તે એવા પ્રત્યેક ગુન્હા બદલ પાંચસો રૂપિઆ સુધીના દંડને પાત્ર થશે.

હાજી-દલાલ તરીકે કામ કરવા માણુશોને લૈસેન્સ આપવાનો અધિકાર છે. — ૪. ગવરનર ઈન્ કૌંન્સીલના હુકમોને પાત્ર રહીને કમિશનરને પોતાને યોગ્ય લાગે તેવા માણુસોને હાજી-દલાલનું કામ કરવાનાં લૈસેન્સ આપવાનો અધિકાર છે.

સદરહુ લૈસન્સો, સરકાર વખતે વખત લૈસેન્સદારોની પ્રમાણીક અને સારી વર્તણુક માટે ઠરાવે એવી શરતોએ, અને એવી બંધી અને મર્યાદા રાખીને આપવામાં આવશે.

લૈસેન્સોમાં શું દર્શાવવું.

૫. એવી રીતે આપેલા દરએક લૈસેન્સમાં હેઠળ પ્રમાણે દર્શાવવું જોઈએ:—

(અ) લૈસેન્સદારનું નામ અને કામ કરવાનું ઠેકાણું.

(બ) તે ચાલુ રહેવાની મુદત.

(ક) જે શરતોએ અને જે બંધી અને મર્યાદા રાખીને તે આપેલું હોય તે;

અને સરકાર વખતે વખત કાંઈ ફી ફરમાવે તો તે ભરેથી એવું લૈસેન્સ આપવામાં આવશે.

લૈસેન્સવાળા હાજીદલાલની ગેરવર્તણુક માટે શિક્ષા.

૬ કોઈપણ લૈસેન્સવાળો હાજી દલાલ જે.

(અ) તેના લૈસેન્સની બોલી અથવા શરતોમાંની કોઈ પણ બોલી અથવા શરત તોડશે;

(બ) કોઈ પણ વાહાણ, જેને સન ૧૮૭૬ ના એતદેશીય ઉતારૂ લઈજનારા વાહાણો બાબતનાં આકટના ઠરાવો લાગુ થતા હોય, તેના માસ્તર, ધણી અથવા એજંટે સદરહુ આકટની ૭ મી કલમની રૂયે જે તારીખે તે વાહાણ હંકારવાનું યોજ્યું હોય તેની નોટીસ આપી હોય તે પેહેલાં કોઈ પણ વખતે તેવા વાહાણની એકાદી સફરની ટીકીટ, અને કોઈ પણ વાહાણની બાબતમાં, તે સફરની ટીકીટ ઉપર તેના હંકારવાની યોજેલી તારીખ છાપેલી ન હોય તો તે, કોઈ પણ હાજીને માટે ખરીદશે અથવા તેને વેચશે;

(ક) હાજીની પાસે તેને માટે ખરીદેલી કોઈ પણ સફરની ટીકીટ, અથવા ખોરાકી, અથવા બીજી જનસની તેને પડેલી કીંમત કરતાં વધારે માગશે અથવા એવી ટીકીટ સારૂ તેની પાસેથી કાંઈ પણ ફી અથવા કમિશન લેશે;

(ડ) કોઈ પણ ટીકીટના વેચાણની બાબતમાં વાહાણના માસ્તર, ધણી અથવા એજંટ પાસેથી તેવી ટીકીટની કીંમતના શેંકડે પાંચ ટકાથી વધારે કાંઈ પણ ફી અથવા કમિશન લેશે;

(ઈ) જેની ઉપર તે વાહાણના માસ્તર ધણી અથવા એજંટે બેસાડવાના પ્રત્યેક વર્ગ માટે ચાર્જ કરેલી કીંમત છાપી ન હોય તેવી સફરની ટીકીટ કોઈપણ હાજીને માટે ખરીદશે;

(ફ) દગાથી અથવા સદરહુ વાહાણના કદ અથવા તેમાં બેસવાની વગ વિષે અથવા બીજી કોઈ બાબતમાં જુઠું સમજાવીને, અથવા બીજે કાંઈ જુઠે બાહાને કોઈ પણ માણસને એકાદી સફરની ટીકીટ ખરીદ કરવા ફોસલાવશે;

તે એવા પ્રત્યેક ગુન્હા બદલ પાંચસો રૂપિઆ સુધીના દંડને પાત્ર થશે.

લૈસેન્સો મોકુફ રાખવા અને રદ કરવાની સત્તા.

૭. કમિશનર કોઈ પણ હાજી-દલાલનું લૈસેન્સ, તેની ઉપર ગેરવર્તણુંકનું કોઈ પણ તોહોમત હોય, કે જે ગેરવર્તણુક સાબીત થાય તો આગળની છેલ્લી કલમની રૂએ તે શિક્ષાને પાત્ર થાય, તેની ચોકસી પતાંસુધી મોકુફ રાખવા અને પોતે આપેલું કોઈપણ લૈસેન્સ

(ક) સદરહુ સર્ટીફીકેટથી રજા મળી હોય તેના કરતાં વધારે ભારે દબાણથી સદરહુ બોઈલર વાપરવું અથવા વાપરવા દેવું;

વિશેષ ઠરાવ. પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે કોઇ બોઈલરના માલીક પાસે તે સંબંધી ઉપર કહ્યા પ્રમાણેનું સર્ટીફીકેટ હશે અને જો તે સદરહુ સર્ટીફીકેટની મુદત પુરી થતાં પેહેલાં સદરહુ મુદત પુરી થયા પછી તે બોઈલર વાપરવાનું જારી રાખવાના પોતાનાં ઈરાદાની હવે પછીની તરતની કાનુન પ્રમાણેની નોટીસ આપશે તો તે નોટીસ ઉપરથી તે બોઈલર તપાસવામાં આવે ત્યાં સુધી તે વાપરવાનું અથવા વાપરવા દેવાનું તે જારી રાખવા મુખત્યાર છે.

માલીકની નોટીસ મળેથી ઈન્સ્પેકટરે બોઈલર તપાસવું. ૭. કોઈ બોઈલરના માલીક પાસે જો તે વખતે અમલમાં હોય એવું તે બોઈલર સંબંધી ઉપર કહ્યા પ્રમાણેનું સર્ટીફીકેટ ન હોય તો જો તે બોઈલર મુંબઈ શેહેરમાં હોય તો તેણે તે વાપરતાં અથવા વાપરવાનું જારી રાખતાં પેહેલાં તે વાપરવાના અથવા વાપરવાનું જારી રાખવાના પોતાના ઈરાદાની નોટીસ સદરહુ શેહેરને માટે આ આકટ મુજબ નિમેલા ઈન્સ્પેકટરને આપવી જોઈએ.

જે ઈન્સ્પેકટરને આ પ્રમાણેની નોટીસ આપવામાં આવશે તે તે નોટીસ પોહોંચ્યા પછીના ચાર દીવસની અંદર હોય એવો સવાર તથા સાંજની વચેનો સદરહુ બોઈલર તપાસવાનો કોઈ વખત ઠરાવશે અને તેવે વખતે તે બોઈલર અને તેના સંબંધના દરેક પદાર્થો સંભાળથી તપાસશે.

જો સદરહુ બોઈલર મુંબઈ શેહેર શિવાયની બીજી જગાએ હશે તો તેને વાપરતાં અથવા વાપરવાનું જારી રાખતાં પેહેલાં માલીકે તેને વાપરવાના અથવા વાપરવાનું જારી રાખવાના પોતાના ઈરાદાની નોટીસ કલેકટરને આપવી જોઇએ, અને તેવી નોટીસ પોહોંચેથી દસ દિવસની અંદર ઉપર કહ્યા પ્રમાણે જોવાનું તથા તપાસણી કલેકટર કોઈ ઈન્સ્પેકટર પાસે કરાવશે અને સદરહુ તપાસણી કયે દિવસે થશે તે દિવસની માલીકને ખબર આપશે.

જો આ કલમ મુજબની કોઈપણ નોટીસ એક એન્જીન ચલાવવાને સારૂ કામે લાગતાં બે અથવા વધારે બોઈલરોના સંબંધમાં હશે તો તેવા દરેક બોઈલરની તપાસણી જુદે જુદે દિવસે કરાવવાનું ઠરાવવામાં આવશે.

આ કલમ મુજબ નોટીસ આપનાર દરેક શખ્સે કલમ ૩૧ પ્રમાણે કરેલી કાનુનથી ઠરાવેલી તપાસણી માટેની ફી નોટીસની સાથેજ ભરવી જોઈએ.

માલીકે જોઈતી ખબર આપવી, તથા તપાસવાનું કામ સુગમ થવા માટે જોઈતી વ્યવસ્થા કરવી. ૮. સદરહુ પ્રમાણે તપાસવામાં આવતા કોઈપણ બોઈલરના માલીકે અથવા જે શખસના તાબામાં તે બોઈલર હોય તેણે નીચે પ્રમાણે કરવું જોઈયે.

(૧) સદરહુ પ્રમાણે તપાસવાને ઈન્સ્પેકટરને સઘળી યોગ્ય સગવડ કરી આપવી તથા તે યોગ્ય રીતે માગે તેવી સઘળી ખબર તેને આપવી;

(૨) નીચે પ્રમાણે પેહેલેથી ગોઠવણ કરી રાખવી, એટલે

(અ) બોઈલરો ખાલી તથા થંડા રાખવાં અને બાહારથી તેમજ અંદરથી સાફ રાખવાં.

(બ) કાજળ વાળી નાંખવું,

(ક) ફાયર બાર અને ફાયર-બ્રીજો કહાડી નાંખવા,

(ડ) બ્લો-ઑફ અને બીજા કાક જોઈને તપાસવા સારૂ છુટાકરી મુકવા; અને

(૩) જો ઈન્સ્પેકટર કેહે તો બોઇલરને અડીને કંઇ ઇટનું અથવા ચણુતરનું કામ હોય તે કાહાડી નંખાવવું,

ઈન્સ્પેક્ટરે માલીકને સર્ટિફીકેટ આ-આપવું.

૯. જો ઈન્સ્પેકટરની એમ ખાતરી થાય કે બોઈલર તથા તેના સંબંધના બધા પદાર્થો સારી સ્થિતિમાં છે અને જો તેમના સંબંધમાં કલમ ૨૪ મીની શરતો પાળવામાં આવી છે તો તે મા-લીકને તે પ્રમાણેનું એક સર્ટિફીકેટ આપશે.

સર્ટીફીકેટો તાજાં કરવા વીશે.

સદરહુ પ્રમાણે આપેલું દરેક સર્ટીફીકેટ ઈન્સ્પેકટર કલમ ૭ મીના ઠરાવો મુજબ બોઈલર અને તેના સંબંધના સઘળા પદાર્થો ફ-રીથી તપાસ્યા પછી જો તેની એમ ખાતરી થશે કે તે સારી સ્થિ-તિમાં છે અને જો તેમના સંબંધમાં કલમ ૨૪ મીની શરતો પાળવામાં આવી હશે તો વખતે વખતે તાજું કરી આપશે.

સર્ટીફીકેટોના નમુના અને તે કેટલીક મુદતસુધી આપવાના તે મુદત.

આ કલમ પ્રમાણે આપેલું દરેક અસલ અથવા તાજું કરેલું સર્ટીફીકેટ પરિશિષ્ટ અ માં બતાવેલા નમુનામાં હોવું જોઈએ તથા તે પરિશિષ્ટમાં કહેલી વિગતો તેમાં દાખલ કરવી જોઈએ. એવું દ-રેક સર્ટીફીકેટ બાર મહિનાથી વધારે નહિ હોય એવી જે કોઈ મુ-દતની બોઈલરનો માલીક ઈચ્છા બતાવે તે મુદતને સારૂ આપવું પણ જો ઈન્સ્પેકટરને એમ લાગે કે બોઈલર અને તેના સંબંધના પદાર્થો એટલી લાંબી મુદત લગી સારી હાલતમાં રેહેશે નહિ તો ઇન્સ્પેકટરને યોગ્ય લાગે એવી કોઈ ટુંકી મુદ-તને માટે તે સર્ટીફીકેટ આપવું.

ઈન્સ્પેકટર સર્ટીફીકેટ આપવાની ના પાડે તે ઉપર અપીલ કરવા બાબત.

૧૦. જો કોઇપણ બોઇલરના માલીકને ઇન્સ્પેકટર સર્ટીફીકેટ આપવાની અથવા તે તાજુ કરી આપવાની ના કેહે અથવા માગેલી સઘળી મુદતને સારૂ તે સર્ટીફીકેટ આપવાની અથવા તે તાજું કરી આપવાની ના કેહે તો તે સદરહુ માલીકને ચોવીસ કલાકની અંદર સદરહુ ના કેહેવાના કારણો લખીને આપવા બંધાયેલો છે; અને ઇ-ન્સ્પેકટરના ઠરાવથી નારાજ થયેલો કોઇપણ માલીકને સદરહુ ના કહ્યાની તારીખથી એક મહિનાની અંદર કલમ ૫ મી મુજબ નિમેલા કમિશનથી સાંભળવા સારૂ કલેક્ટરને અપીલ કરે.

અપીલનો ચુકાદો કરવા વીશે.

૧૧. માલીકની અપીલની અરજી કલેકટર તુરતજ કમિશનને મોકલશે અને સદરહુ કમિશન જો બોઇલર મુંબઇ શેહેરમાં હોય તો તે અરજી પહોંચ્યાની તારીખથી ચાર દિવસની અંદર, અને જો બોઇલર બીજી કોઇ જગાએ હોય તો તે અરજી પહોંચ્યાની તારીખથી દસ દિવસની અં-દર તે અપીલ વીશે તપાસ કરશે તથા તેનો ચુકાદો કરશે.

સદરહુ કમિશન અપીલ નામંજુર કરવા અથવા બાર મહિનાથી વધારે ન હોય એવી તેમને યોગ્ય લાગે એવી કોઇ મુદતને માટે માલીકને સર્ટીફીકેટ આપવા મુખ્ત્યાર છે.

સદરહુ ચોકશી જાહેરમાં કરવામાં આવશે અને કમિશનનો ચુકાદો આખરનો ગણવામાં આવશે.

કમિશન ક્યારે ખરચ અપાવવા મુખ્ત્યાર છે.

૧૨. જો કમિશનનો એવો અભિપ્રાય થાય કે અપીલ કંઇ આધાર વગરની અગર નજીવી છે તો માલીક ખરચ તરીકે એકસો ને પચાસ રૂપિયાથી વધારે ન હોય એવી કોઇ રકમ આપે એમ ઠરાવવા કમિશન મુખ્ત્યાર છે.

ખરચ વસુલ કરવા બાબત.

સદરહુ પ્રમાણે કમિશને અપાવેલું કંઇપણ ખરચ કલેકટર માલીક પાસેથી જમીન મેહેસુલની બાકી હોય તે મુજબ વસુલ કરશે.

સર્ટીફીકેટો રદ કરવા વીશે.

૧૩. કલમ ૫ મી મુજબ નિમેલું કોઇપણ કમિશન કલમ ૯ અથવા ૧૧ મુજબ આપેલું કોઇપણ સર્ટીફીકેટ નીચે પ્રમાણે હકીકત હોય તો રદ કરવા મુખ્ત્યાર છે.

(અ) આ આકટ મુજબ વ્યાજબી રીતે લેણી થતી કોઇપણ ફી બરોબર રીતે માગવામાં આવ્યા પછી આપવામાં ન આવે તો, અથવા

(બ) જો એમ માનવાનું કારણ હોય કે સદરહુ સર્ટીફીકેટ કપટથી મેળવ્યું છે અથવા ભુલથી આપવામાં આવ્યું છે અથવા પુરતી તપાસણી કર્યા વગર આપવામાં આવ્યું છે તો, અથવા

(ક) જો એમ માનવાનું કારણ હોય કે સદરહુ સર્ટીફીકેટ આપ્યા પછી જે બોઇલરના સંબંધમાં તે આપવામાં આવ્યું હોય તે બોઈલરને નુકસાન લાગ્યું છે અથવા તે સારી હાલતમાં નથી તો.

પેહેલું સર્ટીફીકેટ રદ કર્યા પછી નવું સર્ટીફીકેટ આપવાનો અધિકાર છે.

સદરહુ પ્રમાણે સર્ટીફિકેટ રદ કર્યા પછી જે બોઇલરના સંબંધી તે રદ કરવામાં આવ્યું હોય તે બોઇલર, ફરી તપાસણી કરીને ઈન્સ્પેકટરે સદરહુ કમિશનની મખલસી કરેલું અથવા જો તે કમિશનમાં બેથી વધારે માણસો હોય તેમાંના ઘણા ભાગની મખલસી કરેલું નવું સર્ટીફીકેટ આપ્યા શિવાય ફરીથી વાપરવામાં આવશે નહિ.

જે બોઇલરને સારૂ સર્ટીફીકેટ આપ્યું હોય તે બોઇલરને ઇન્સ્પેકટર ગમે તે વખતે તપાસવા મુખત્યાર છે.

૧૪. કલમ ૯, ૧૧ અથવા ૧૩ મુજબ જે મુદતને માટે સર્ટીફીકેટ આપ્યું હોય તે મુદતની અંદર કોઇપણ દિવસે સવારથી તે સાંજસુધીમાં કોઈપણ વખતે સદરહુ સર્ટીફીકેટ જે કોઇપણ બોઇલરને માટે આપવામાં આવ્યું હોય તે બોઇલર તે સારી હાલતમાં હજુ છે કે નહિ તથા સદરહુ સર્ટીફીકેટ રદ કરવાનું કંઇપણ કારણ છે કે નહિ તે નક્કી કરવા માટે તપાસ કરવાનો ઇન્સ્પેકટરને અધિકાર છે.

બોઇલરને અકસ્માત થયાની માલીકે ખબર આપવી.

દરેક બોઇલરના માલીકની અથવા જેના તાબામાં બોઇલર હોય તેની, સદરહુ બોઇલરની મજબુતી જેથી કમી થાય અથવા તે ફાટે એવી હાલતમાં આવે એવો દરેક અકસ્માત સદરહુ બોઇલરને અથવા તેના જોડેલા શાંચાઓને થાય તે વિશેની, તે થયા પછી બાર કલાકની અંદર ઇન્સ્પેકટરને ખબર આપવાની, ફરજ છે.

માંગવામાં આવે ત્યારે માલીકે સર્ટીફીકેટ રજુ કરવું.

૧૫. જે કોઇ બોઇલરના માલીકને તેના સંબંધી સર્ટીફીકેટ મળ્યું હોય તે સદરહુ સર્ટીફીકેટ જે મુદતને સારૂ અમલમાં હોય તે મુદતની અંદર સઘળે યોગ્ય વખતે મુંબઇ શેહરમાં પ્રેસીડેન્સી મા-

જીસ્ટ્રેટ અથવા બીજે ઠેકાણે કલેકટરે, અથવા સદરહુ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા કલેકટરે લખીને જોવા માંગવાનો અધિકાર આપેલા કોઇ શખસે, જોવા માંગેથી રજુ કરવા બંધાયલો છે.

ઇજનેરોના સર્ટીફીકેટ.

ઇજનેરોને માટે પરીક્ષા કરવી.

૧૬. અમુક મુદતે અને સરકાર ઠરાવે તેટલે અંતરે અને તેવી તારીખોએ બોઇલર ચલાવનારા ઇંજનેરો તરીકે પસંદ થવાની ઈચ્છા રાખનાર શખસોની પરીક્ષા લેવામાં આવશે.

સરકાર પરીક્ષકોનું બોર્ડ નીમશે.

૧૭. ગવર્નર ઈન્ કાઉન્સિલ વખતે વખતે સદરહુ પરીક્ષાઓને માટે પરીક્ષકોના બોર્ડના મેમ્બરો તરીકે એક અથવા વધારે યોગ્ય શખસોને નિમસે આ આકટ મુજબ નિમાયલો કોઇ પણ ઇન્સ્પેકટર કોઈ પણ પ્રસંગમાં સદરહુ બોર્ડનો મેમ્બર થઇ શકસે નહિ.

પસાર થયેલા ઉમેદવારોને લાયકપણાનાં સર્ટિફીકેટો આપવાં.

૧૮. પરીક્ષાના જે દરેક ઉમેદવારને માટે સદરહુ બોર્ડ એવો રિપોર્ટ કરે કે તેણે પરીક્ષા પસાર કરી છે તો તેને તેના લાયકપણા વિશે બોર્ડ જે રિપોર્ટ કરે તે મુજબનું સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેના ઉપર સદરહુ બોર્ડના મેમ્બર અથવા મેમ્બરો તથા સરકારનો એક સેક્રેટરી સહી કરશે.

સર્ટિફિકેટો જુદા જુદા વર્ગનાં આપવાં.

લાયકપણાના સર્ટિફિકેટો જુદા જુદા વર્ગોના આપવામાં આવશે અને દરેક વર્ગના સર્ટીફિકેટથી કલમ ૩૧ મી મુજબ ઘડવાની કાનુનોમાં ગવર્નર ઈનકાન્સિલ વખતે વખતે ફરમાવે તેવી શક્તિ અથવા તરેહનું બોઈલર ચલાવવાને અથવા પોતાના હવાલામાં રાખવાને સર્ટીફીકેટ ધારણ કરનાર લાયક થશે.

બીજા કેટલાક સર્ટીફિકેટ લાયકાઇની સાબીતીમાં લેવામાં આવશે.

૧૯. જો કોઇ ઇજનેર પાસે બ્રિટિશ હિંદુસ્તાનના બીજા કોઈ પણ ભાગમાં અથવા યુનાઇટેડ કીંગડમમાં અથવા કોઇ બ્રિટિશ સંસ્થાનમાં કોઈ યોગ્ય સત્તાએ આપેલું લાયકાઇનું સર્ટીફિકેટ હશે તો તેને પરીક્ષા આપ્યા વગર ઉપર કહ્યા મુજબનું લાયકાઇનું સર્ટીફિકેટ મળવાનો હક્ક છે.

આ કલમના કામને સારૂ કઇ સત્તાઓને યોગ્ય ગણવી તે સરકાર વખતે વખતે ઠરાવવા મુખત્યાર છે.

આ કલમ મુજબ આપેલું સર્ટીફિકેટ સદરહુ ઈજનેર પાસે જે સર્ટીફીકેટ હોય તેની તરેહ ઉપર વિચાર કરતા પરીક્ષકોનું બોર્ડ અથવા તે બોર્ડનો ઘણો ભાગ ભલામણ કરે તે વર્ગનું હોવું જોઇએ.

સર્ટીફિકેટ પાછું ખેંચી લેવા તથા મોકુફ રાખવા બાબત.

૨૦. આ આકટના ઠરાવો મુજબ ચલાવેલી કોઇ પણ ચોકશીથી ગવર્નર ઇનકાન્સિલની ખાત્રી પુર્વક એમ શાબીત થશે કે કલમ ૧૮ અથવા ૧૯ મુજબ આપેલું લાઇકીનું સર્ટીફિકેટ ધારણ કરનારો કોઇ ઇજનેર ના લાયક છે અથવા દારૂ પીવાની તેને ટેવ છે અથવા કંઇ ભારે ગેરવર્તણુંક અથવા ભુલ કરવાની ટેવવાળો છે તો ગવર્નર ઇન્ કાન્સિલ સદરહુ સર્ટીફિકેટ રદ્દ કરવા અથવા તેને યોગ્ય લાગે તેટલી મુદત સુધી મોકુફ રાખવાને મુખત્યાર છે.

સર્ટીફિકેટનું દફતર રાખવા બાબત.

૨૧. આ આક્ટ પ્રમાણે આપેલા દરેક લાયકાઈના સર્ટીફિકેટનું ડુપ્લીકેટ રાખવામાં આવશે અને ગવર્નર ઈન્ કાંસિલ ફરમાવે તે મુજબ તે દફતરે રાખવામાં આવશે; અને છેલી ઉપલી કલમ મુજબના કોઈપણ સર્ટીફિકેટ રદ કરવાના અથવા મોકુફ રાખવાના સઘળા હુકમ સદરહુ ડુપ્લીકેટ જે દફતરોમાં હોય તે દફતરોમાં વખતે વખતે દાખલ કરવામાં આવશે.

સર્ટીફિકેટનું ડુપ્લીકેટ આપવા બાબત.

૨૨. જ્યારે કોઈ ઈજનેર ગવર્નર ઈન્ કાઉન્સિલની ખાત્રી થાય એમ સાબીત કરે કે તેને આ આક્ટ મુજબ આપેલું કોઈ પણ સર્ટીફિકેટ તેના વાંક વગર ખોવાઈ ગયું છે અથવા તેની પાસેથી લઈ લેવામાં આવ્યું છે ત્યારે ઉપર કહ્યા પ્રમાણે રાખેલા દફતર ઉપરથી જે સર્ટીફિકેટને સારૂ તે હકદાર છે એમ માલમ પડે તે સર્ટીફિકેટનું ડુપ્લીકેટ તેને આપવામાં આવશે અને તે સઘળા કામ સારૂ અસલ સર્ટીફિકેટની માફકજ વ્યવહારોપયોગી ગણાશે.

બોઈલર ચલાવવાને લાયક અને યોગ્ય શખસ કોને ગણવો.

૨૩ જે કોઈ શખસ પાસે કલમ ૧૮, ૧૯ અથવા ૨૨ મુજબ આપેલું લાયકાઈનું સર્ટીફિકેટ નહિ હોય તે કોઈ બોઈલર ચલાવવાને અથવા તાબામાં રાખવાને લાયક તથા યોગ્ય શખસ ગણાશે નહિ; અને સદરહુ તરેહનું કોઈ પણ સર્ટીફિકેટ ધારણ કરનાર કોઈ પણ માણસ તે સર્ટીફિકેટથી જેટલે દરજ્જે તેની લાયકાઈ બતાવવામાં આવી હોય તે શિવાય બીજી બાબતમાં કોઈ બોઈલર ચલાવવાને અથવા તાબામાં રાખવાને લાયક તથા યોગ્ય શખસ ગણાશે નહિ.

જો બોઈલર સર્ટીફીકેટવાળા ઈજનેરના તાબામાં ન હોય તો તે બોઈલર સારૂ સર્ટીફીકેટ આપવું નહિ.

૨૪. જે બોઈલરના માલીકે બોઈલરના પ્રત્યક્ષ અને સન્મુખ ઉપરી પણાવાળા ઈજનેર તરીકે તે બોઈલર ચલાવવાને અથવા તાબામાં રાખવાને લાયક તથા યોગ્ય શખસ હોય એવા માણસને રાખ્યા શિવાય સદરહુ બોઈલરના સંબંધમાં કલમ ૯, ૧૧ અથવા ૧૩ મુજબનું સર્ટીફિકેટ આપવામાં આવશે નહિ.

શિક્ષા.

બોઈલરને અકસ્માત થયાની ખબર ન આપે તો; અને.

૨૫. કોઈ પણ બોઈલરનો માલીક અથવા જેના તાબામાં તે હોય તે શખસ કલમ ૧૪ મીમાં કહ્યા પ્રમાણે સદરહુ કલમમાં કહેલા પ્રકારનો કોઈ અકસ્માત સદરહુ બોઈલરને અથવા તેને જોડેલા સાંચાઓને થયાની ઈન્સ્પેકટરને ખબર ન આપે તો, અને

સર્ટીફીકેટ રજુ કરવાની ના કહે તો.

કોઈ બોઈલરનો કોઈ પણ માલીક તે બોઈલર સંબંધી તેણે મેળવેલું સર્ટીફિકેટ કલમ ૧૫ મી પ્રમાણે માગ્યા ઉપરથી રજુ કરવાની ના કહે અથવા તેમ કરવામાં ગફલત કરે તો,

તેને આવી દરેક કસુર અથવા ના કહેવાને અથવા ગફલતને માટે સો રૂપિઆ સુધીના દંડની શિક્ષા થશે.

સર્ટીફિકેટ વગર બોઈલર વાપરે અથ-

૨૬. કોઈ પણ બોઈલરનો માલીક જો તેના સંબંધી યોગ્ય રીતે મેળવેલા અને અમલમાં હોય એવા સર્ટીફિકેટ વગર બોઈલર

જા સર્ટિફીકેટથી ર જા મળેલા કરતાં વ- ધારે દબાણ તળે વા- પરે તો.

વાપરે અથવા વાપરવાની રજા આપે તો,

તથા તેના સંબંધી યોગ્ય રીતે મેળવેલા અને અમલમાં હોય એવા કોઈ સર્ટીફીકેટથી રજા મેળવેલા કરતાં વધારે દબાણ તળે સદરહુ તરેહનો કોઈ માલીક અથવા ઈજનેર બો- ઈલર ચલાવે અથવા ચલાવવા દે તો,

તેને સદરહુ બોઈલર જે દિવસને અથવા જે દિવસના કોઈ ભાગને સારૂ સદરહુ પ્ર- માણે વાપરે અથવા ચલાવે અથવા વાપરવા દે અથવા ચલાવવા દે તે દરેક દિવસને માટે સો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

અને જો સદરહુ માલીક અથવા ઈજનેર સદરહુ પ્રમાણેનો દંડ થયા પછી તે બોઈ- લર સદરહુ રીતે વાપરવાનું અથવા ચલાવવાનું અથવા વાપરવા દેવાનું અથવા ચલાવવા દેવાનું જારી રાખશે તો તેણે એક જુદો ગુન્હો કર્યો છે એમ ગણવામાં આવશે, તથા પે- હેલો ગુન્હો સાબીત થયા પછી જે દરેક દિવસને માટે અથવા દિવસના ભાગને માટે ગુન્હો જારી રેહેશે તે દરેક દિવસને માટે સો રૂપિયા સુધીના વધારે દંડની શિક્ષા કરવામાં આવ- શે અને ત્યાર પછી જે ગુન્હો સાબીત થાય તે દરેક ગુન્હાના સંબંધમાં પણ તેમજ કર- વામાં આવશે.

લાયક ન હોય એવા ઈજનેરને નો- કર રાખે તો.

૨૭. એકાદા બોઈલરનો કોઈ પણ માલીક જો સદરહુ બોઈ- લરનું ઉપરીપણું અથવા હવાલો જાણી બુજીને સદરહુ બોઈલરનું ઉપરીપણું અથવા હવાલો લેવાને લાયક તથા યોગ્ય ન હોય એવા સખસને આપે તો તેને પાંચસે રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

આ આકટની સા મેના ગુન્હાઓ સાં ભાળવા બાબત.

૨૮. આ આકટની સામેના સઘળા ગુન્હાઓ મુંબઈ શેહેરમાં પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ સાંભળશે અને બીજી જગાઓએ પેહેલા વર્ગનો માજીસ્ત્રેટ સાંભળશે.

તોહોમત કેટલી મુદતમાં મુકવું જોઈએ.

૨૯. આ આકટ મુજબ શિક્ષા કરી શકાય એવા કોઈ પણ ગુન્હાનું તોહોમત કોઈપણ શખસઉપર સદરહુ ગુન્હો થયા પછી છ મહિના થઇ ગયા પછી મુકવામાં આવશે નહિ અને આવું કોઇપણ તોહોમત કલેકટરની સંમતી અથવા તેના હુકમ સિવાય મુકવામાં આવશે નહિં.

શિક્ષા કલમો ૨૬ તથા ૨૭ મુજબ ક્યા- રે અમલમાં લાવવી.

૩૦. જે કોઈ જીલ્લા અથવા જગામાં સને ૧૮૭૩ નો બોઈ- લર તપાસવા બાબતનો આકટ હજુ અમલમાં નહિ હોય ત્યાં આ આકટ લાગુ કરવામાં આવ્યા પછીનો જે દિવસ મુંબઈ સરકારી ગે ઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી સરકાર ઠરાવે તે દિવસ પેહેલાં કલ- મો ૨૬ અને ૨૭ માં કહેલી શિક્ષા અમલમાં લાવવાને કંઈપણ પ- ગલું ભરવામાં આવશે નહિ તેમજ કલમ ૨૪ મીનો અમલ કરવામાં આવશે નહિ.

પરચુરણ

કાનુનો કરવા બાબત.

૩૧. સરકાર વખતે વખતે નીચેની બાબતો વીશે આ આકટને વિરૂદ્ધ ન હોય એવી કાનુનો કરવા મુખ્ત્યાર છે.

(અ) આ આકટ મુજબ નીમાયેલા કમિશનો, ઈન્સ્પેકટરો અને પરિક્ષકોની ફરજો તથા લવાજમ નકી કરવા વિશે તથા ઈન્સ્પેકટરો ઉપર કલેકટરોનો નિબંધ નિયમિત કરવા વિશે.

(બ) કલમ ૭ મુજબ બોઈલર તપાસવા માટે પરિશિષ્ટ બ માં કહેલા દરથી વધારે ન હોય એવી સરકારને યોગ્ય લાગે તેવી ફી ઠરાવવા વિશે.

(ક) કલમ ૧૯ મુજબની પરીક્ષા કેવી તરેહથી લેવી તે નકી કરવા વિશે.

(ડ) સદરહુ પરીક્ષાઓના ઉમેદવારો પાશે શુ લાયકીપણુ માંગવું તે, તેમણે શી ફી આપવી તે, તેઓને આપવાના સર્ટીફિકેટના નમુના, તથા સદરહુ તરેહના દરેક સર્ટીફિકેટ તેના ધારણ કરનારને કેટલી શકિત અથવા કેવી તરેહનું બોઈલર હવાલામાં લેવાને લાયક કરે છે તે શકિત અથવા તરેહ નકી કરવા વિશે.

આ પ્રમાણે કરેલી સઘળી કાનુનોમાં સરકાર વખતે વખતે ફેરફાર કરવા અથવા તેને રદ કરવા મુખ્ત્યાર છે અને તે મુંબઇ સરકારી ગેઝેટમાં છાપવામાં આવશે અને જ્યારે આવી રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે ત્યારે રદ કરી અથવા બદલી નહિ હોય ત્યાં લગી કાયદાની માફક તે અમલમાં રેહેશે.

ફી વિગરેનું શું કરવું.

૩૨. આ આકટ મુજબ લીધેલી સઘળી ફી ખર્ચ અને ગુન્હેગારીનો વખતે વખતે સરકાર ફરમાવે તેવી રીતે વ્યવસ્થા કરવામાં આવશે.

આ આકટના કેટલાક ઠરાવો પ્રાઈમ મુવરોને લાગુ થવા બાબત.

૩૩, ગવર્નર ઇન્ કાઉન્સિલ વખતે વખત મુંબઈ સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને.

(અ) આ આકટનો જેટલો ભાગ બોઈલરો સંબંધી સર્ટીફિકેટો લેવા તથા આપવા વિશેનો તથા બોઈલર તપાસવા વિશેનો છે તેટલો તે વખતે જે જગામાં અથવા જીલ્લામાં આ આકટ અમલમાં હોય ત્યાં સામાન્ય રીતે પ્રાઈમ મુવરોને અથવા કોઈપણ અમૂક વર્ગના પ્રાઈમ મુવરોને લાગુ કરી શકે, અને આવી તરેહનું કોઈપણ જાહેરનામું રદ કરી શકે.

(બ) જે મુદતસુધી ઉપલી રકમ (અ) મુજબનુ કોઈપણ જાહેરનામું કોઈપણ જગા અથવા જીલ્લામાં અમલમાં હોય તે મુદતમાં તે જાહેરનામાંથી આ આકટના જે ઠરાવો પ્રાઈમ મુવરોને લાગુ કર્યા હોય તે તે જગા અથવા જીલ્લામાં તે ઠરાવોમાં વાપરેલા 'બોઈલર" એ શબ્દમાં "પ્રાઈમ મુવર" એ શબ્દનો સમાવેશ થતો હોય તેવી રીતે વાંચવામાં આવશે. તથા તેવી રીતે તેનો અર્થ કરવામાં આવશે.

પરિશિષ્ટ અ.—(કલમ ૯ જુઓ).

ઈન્સ્પેક્ટરના સર્ટિફીકેટનો નમુનો.

માલીકનું નામ.	બોઈલરનું વર્ણન તથા તે કેટલું જુનું છે તે.	શક્તિ.	ક્યારે અને ક્યાં બનાવેલું.	ક્યારે અને ક્યાં છેલુ રીપેર કરાવેલું.	કેટલી મુદતસુધી બોઈલર વાપરવું તથા સર્ટિફીકેટ અમલમાં રેહેશે તે તથા વધારે માં વધારે કેટલા દબાણ તળે બોઈલર ચલાવી શકાય તે.	શેરા.

હું નીચે સહી કરનાર ખાત્રી કરી કહું છું કે મે ઉપર કહેલું બોઈલર તપાસ્યું છે અને મારી ખરેખરી સમજ પ્રમાણે ઉપલા પત્રકમાં બતાવ્યા પ્રમાણેનું સદરહુ બોઈલર તથા તેના સંબંધના જરૂરી પદાર્થ સારી હાલતમાં છે.

અ. બ. ઈન્સ્પેકટર.

પરિશિષ્ટ બ—(કલમ ૩૧ જુઓ).

કલમ ૭ મુજબ બોઈલરો તપાસવા માટે લેવાની ફીનો વધારેમાં વધારે દર.

(૧) પ્રાઈમમુવરને જોડેલું દરેક બોઈલર તપાસવા માટે જો તે બોઈલર નોમીનલ ૧૦ હોર્સપાવરથી વધારે શક્તિનું ન હોયતો... ... ...રૂ ૧૫

(૨) એજન એજન દસથી વધારે પણ ૨૦ થી વધારે નહિ એજન... ...,, ૨૦

(૩) એજન એજન વીસથી વધારે પણ ૩૦થી વધારે નહિ એજન... ...,, ૩૦

(૪) એજન એજન ત્રીસથી વધારે પણ ૫૦ થી વધારે નહિ એજન... ...,, ૪૦

(૫) એજન એજન ૫૦ થી વધારે એજન એજન... ... ...,, ૫૦

બમુજી બ હુકમ

બંદેગાન અલી નવાબ મુસતતાબ હજરત રાઈટ આનરેબલ ધી ગવર્નર ઈનકૌંસિલ મુકામ જંજિરે મુંબઈ, તારીખ ૨૫ અકટોબર સને ૧૮૮૭.

(સહી)જે.જે હીરન.

આકટીંગ અંડર સેક્રેટરી નિસબત સરકાર.

(True Translation.)

Y. M. KELKAR,

Acting Oriental Translator to Government.

સન ૧૮૮૭ નો આક્ટ ૨ જો.

હિંદુસ્તાનના ગવરનર જનરલ ઈન્ કૌસિલનો હેઠળ લખેલો આક્ટ નામદાર ગવરનર જનરલ સાહેબે સને ૧૮૮૭ના જાનેવારી મહિનાની તારીખ ૧૪ મી એ મંજુર કર્યો અને આ ઉપરથી તે સઘળા લોકોને જાણ થવા સારૂ છાપીને પ્રસિદ્ધ કર્યોછે:—

સને ૧૮૭૮ નો જળ માર્ગના કસ્ટમનો આક્ટ, સને ૧૮૮૧ નો જકાતનો આક્ટ, અને સન ૧૮૮૨ નો હિંદુસ્તાનનો તારીફનો આક્ટ સુધારવાનો આક્ટ.

સને ૧૮૭૮ નો આક્ટ ૮ મો.
સને ૧૮૮૧ નો આક્ટ ૨૨ મો.
સને ૧૮૮૨ નો આક્ટ ૧૧ મો.

જે અર્થે સને ૧૮૭૮ નો જળમાર્ગના કસ્ટમનો આક્ટ, સને ૧૮૮૧ નો જકાતનો આક્ટ, અને સન ૧૮૮૨ નો હિંદુસ્તાનનો તારીફનો આક્ટ સુધારવા યોગ્ય છે.

તે અર્થે નિચે પ્રમાણે ઠરાવ્યું છે:—

સને ૧૮૭૮ નો જળમાર્ગના કસ્ટમનો આક્ટ.

સને ૧૮૭૮ નો આક્ટ ૮ મો.

કલમ ૧૪૪ મીનો સુધારો.

૧. (૧) સને ૧૮૭૮ ના જળમાર્ગના કસ્ટમના આક્ટની કલમ ૧૪૪ મીના બીજા પેરીગ્રાફની રકમ બેમાં "છેલ્લે સરવાળે જે બંદર મોકલ્યો તે બંદરમાં આપ્યાનું" એ શબ્દોની પછી નિચે લખેલા શબ્દો ઉમેરવા, એટલે:—

"અથવા સદરહુ બંદરઉપર સત્તાવાળી સ્થાનિક સરકારે આ અર્થને સારૂ સ્થાપેલી વખારમાં આપ્યાનું."

(૨) સદરહુ આક્ટની તેજ કલમના ત્રીજા પેરેગ્રાફમાં "ડયુટી ભરીછે" એ શબ્દોને બદલે નિચે લખેલા શબ્દો દાખલ કરવા, એટલે:—

"આ પ્રમાણે ડયુટી ભરી છે અથવા આ પ્રમાણે ગાળેલો દારૂ આપ્યો છે."

કલમ ૧૪૬ નો સુધારો.

૨. સદરહુ આક્ટની કલમ ૧૪૬ માં "કસ્ટમના અમલદારે ભરવો તથા તેનો કસ ઠરાવવો" એ શબ્દોને બદલે નિચે લખેલા શબ્દો દાખલ કરવા, એટલે:—

"કસ્ટમના અમલદારને ભરવા તથા તેનો કસ ઠરાવવા અધિકાર છે." તથા એજ કલમને છેડે "ઠરાવવું" એ શબ્દને બદલે "ઠરાવવા અખ્ત્યાર છે" એ શબ્દો દાખલ કરવા.

કલમ ૧૪૮ નો સુધારો.

૩. (૧) સદરહુ આક્ટની કલમ ૧૪૮ ની શરૂઆતમાં "જે ગાળેલો દારૂ" એ શબ્દોની પહેલાં નિચે લખેલા શબ્દો ઉમેરવા, એટલે:—

સને ૧૮૮૨ નો આક્ટ ૧૧ મો.

"સને ૧૮૮૨ ના હિંદુસ્તાનના તારીફના આક્ટમાં જે કંઇ ઠરાવ્યું હોય તે છતાં પણ,"

(૨) સદરહુ આક્ટની સદરહુ કલમને છેડે નિચે લખેલા શબ્દો ઉમેરવા, એટલે:—

"પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે સદરહુ પ્રકારનો ગાળેલો દારૂ જ્યારે તે આ

અર્થે સ્થાનિક સરકારે સ્થાપેલી કોઈ વખારમાં આપવાનો હોય, અને આ પ્રમાણે સ્થાપેલી કોઈ વખારમાંથી તે લઇ જવામાં આવે ત્યારે તેના ઉપરની એક સાઈસ-ડયુટી આપવાની હોય ત્યારે, જે બંદર આણ્યો હોય તે બંદરે સદરહુ એક સાઈસ-ડયુટી આપ્યા શિવાય તેને અંદર લાવવાનો અખ્ત્યાર આપવાને મુખ્ત્યાર છે.

૪. (૧) સદરહુ આક્ટની કલમ ૧૫૧ ની શરૂઆતમાં "બ્રિટિશ ઈંડીયામાં તૈયાર કરેલા" એ શબ્દોની પહેલા નિચે લખેલા શબ્દો ઉમેરવા, એટલે:— | કલમ ૧૫૧ નો સુધારો.

સને ૧૮૮૨ નો આક્ટ ૧૧ મો. | "સને ૧૮૮૨ ના હિંદુસ્તાનના તારીફના આક્ટમાં જે કંઈ ઠરાવ્યું હોય તે છતાં પણ,"

(૨) સદરહુ આક્ટની સદરહુ કલમને છેડે નિચે લખેલા શબ્દો ઉમેરવા, એટલે:—

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે સ્થાનિક સરકાર, સદરહુ પ્રકારનો ગાળેલો દારૂ, જ્યારે તે આ અર્થે સ્થાનિક સરકારે સ્થાપેલી કોઈ વખારમાં આપવાનો હોય, અને આ પ્રમાણે સ્થાપેલી કોઈ વખારમાંથી તે લઈ જવામાં આવે ત્યારે તેના ઉપરની ફેરની ડયુટી આપવાની હોય ત્યારે, જે બંદર આણ્યો હોય તે બંદરે સદરહુ ફેરની ડયુટી આપ્યા શિવાય તેને બંદર લાવવાનો અખ્ત્યાર આપવાને મુખ્ત્યાર છે."

સને ૧૮૮૧ નો જકાતનો આક્ટ.

સને ૧૮૮૧ નો આક્ટ ૨૨ મો.

૫. ... ...

૬. ... ...

સને ૧૮૮૨ નો હિંદુસ્તાનનો તારીફનો આક્ટ.

સને ૧૮૮૨ નો આક્ટ ૧૧ મો. | ૭. સને ૧૮૮૨ ના હિંદુસ્તાનના તારીફનાં આક્ટના ઉદ્દેશમાંના નિચે લખેલા શબ્દો રદ્દ કરવા, એટલે:— | ઉદ્દેશનો ભાગ રદ્દ કરવો તે.

"અને બ્રિટિશ ઇંડિયામાં તૈયાર કરેલા ગાળેલા દારૂ ઉપર ઘણામાં ઘણી એક સાઈસની કેટલી જકાત લેવી એ ઠરાવવા બાબત."

સને ૧૮૭૮ નો જળમાર્ગના કસ્ટમનો આક્ટ.

સને ૧૮૭૮ નો આક્ટ ૫ મો. | ૧. (૧) સને ૧૮૭૮ ના જળમાર્ગના કસ્ટમના આક્ટની કલમ ૧૪૪ મીના બીજા પેરેગ્રાફની રકમ બેમાં "છેલ્લે સરવાળે જે બંદરે મોકલ્યો તે બંદરમાં આપ્યાનું" એ શબ્દોની પછી નિચે લખેલા શબ્દો ઉમેરવા એટલે:— | કલમ ૧૪૪ નો સુધારો.

"અથવા સદરહુ બંદર ઉપર સત્તાવાળી સ્થાનિક સરકારે આ અર્થને સારૂ સ્થાપેલી વખારમાં આપ્યાનું."

(૨) સદરહુ આક્ટની તેજ કલમના ત્રીજા પેરેગ્રાફમાં "ડયુટી ભરી છે" એ શબ્દોને બદલે નિચે લખેલા શબ્દો દાખલ કરવા, એટલે:—

"આ પ્રમાણે ડયુટી ભરી છે અથવા આ પ્રમાણે ગાળેલો દારૂ આપ્યો છે."

૨. સદરહુ આક્ટની કલમ ૧૪૬ માં "કસ્ટમના અમલદારે ભરવો તથા તેનો કસ ઠરાવવો" એ શબ્દોને બદલે નિચે લખેલા શબ્દો દાખલ કરવા, એટલે:— | કલમ ૧૪૬ નો સુધારો.

(બ) નીચે લખેલાને, એટલે

સંખ્યા	જણુસનું નામ.	દર એક.	તારીફ પ્રમાણે કીંમત.	જકાતનો દર.
...	... ...	... ...	...	...
	ગાળેલો દારૂ જ્યારે વિસ ટકા તથા તેથી વધારે પ્રમાણુમાં સદરહુ પ્રમાણે વાપર્યો હોય ત્યારે.	લંડન પ્રુફના કસ જેટલાં ઈમ્પિરિલ ગ્યાલન અથવા છ ક્વાર્ટ બાટલીએ.		રૂપિયા ૪ અને લંડન પ્રુફના કરતાં કસનું પ્રમાણુ જેટલું વધારે તેટલી જકાત વધારવી.
	ગાળેલો દારૂ સુગંધી કરેલો, લાકડાના પાત્રમાં અથવા ચાર ઔંસ કરતાં વધારે સમાય એવી બાટલીઓમાં.	એજન.	...	
	ગાળેલો દારૂ, બીજી જાતનો.	એજન.	...	

બદલે આ નિચે લખેલું દાખલ કરવું, એટલે—

સંખ્યા	જણુસનું નામ.	દર એક.	તારીફ પ્રમાણે કીંમત.	જકાતનો દર.
...	... ...	... ...	...	...
	ગાળેલો દારૂ જ્યારે વિસ ટકા તથા તેથી વધારે પ્રમાણુમાં સદરહુ પ્રમાણુ વાપર્યો હોય ત્યારે.	લંડન પ્રુફના કસ જેટલા ઈમ્પિરિયલ ગ્યાલન અથવા છ ક્વાર્ટ બાટલીએ.		રૂપિયા ૫ અને લંડન પ્રુફના કરતાં કસનું પ્રમાણુ જેટલું વધારે અથવા ઓછું થાય તેટલી જકાત વધારવી અથવા ઓછી કરવી.

ગાળેલો દારૂ સુગંધી કરેલો, લાકડાના પાત્રમાં અથવા બાટલીઓમાં.	ઈમ્પિરિયલ ગ્યાલન અથવા છ ક્વાર્ટ બાટલીએ.	...	૨ ૭-૮-૦
ગાળેલો દારૂ, બીજી જાતનો.	લંડન પ્રુફના કસ જેટલા ઈમ્પિરિયલ ગ્યાલન અથવા છ ક્વાર્ટ બાટલીએ.	...	રૂપિયા ૫ અને લંડન પ્રુફના કરતાં કસનુ પ્રમાણુ જેટલું વધારે અથવા ઓછું થાય તેટલી જકાત વધારવી અથવા ઓછી કરવી.

(સહી) **એસ. હાર્વે જેઇમ્સ,**
ઓફિશિયેટીંગ સેક્રટરી
નીસબત હીંદુસ્તાન સરકાર.

(True Translation)
Y. M. KELKAR,
Acting Oriental Translator to Government

સને ૧૮૮૭ નો મુંબઈનો આકટ નંબર ૩.

મુંબઈના ગવર્નનર ઈન્ કૌંસિલને હેઠળ લખેલો આકટ સને ૧૮૮૭ ના અગષ્ટ મહિનાની ૧૩ મી તારીખે મુંબઈના નામદાર ગવર્નર સાહેબે મંજુર કર્યો, અને સને ૧૮૭૭ ના અકટોબર મહિનાની ૪ થી તારીખે નામદાર વાઈસિરોય અને ગવર્નર જનરલે મંજુર કર્યો, અને તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસિદ્ધ કર્યો છે

મુંબઈ ઇલાકામાંના બોઇલરો તથા પ્રાઇમ મુવરો વખતે વખતે તપાસવામાં આવે તથા લાયક ઇજનેરો તે ચલાવે તે સંબંધીનો કાયદો સુધારવાનો આકટ.

(આ આકટ બાબતની હિંદુસ્થાનના ગવર્નર જનરલની મંજુરી સને ૧૮૮૭ ના અકટોબર મહિનાની ૩૧ મી તારીખના રોજ મુંબઈના ગવર્નરે પહેલ વહેલી છાપી પ્રસિદ્ધ કરી હતી.)

ઉદ્દેશ. જે અર્થે સ્ટીમ બોઈલરો અને પ્રાઈમ મુવરોની તપાસણી બાબત તથા તે ચલાવવા બાબતનો કાયદો સુધારવાની જરૂર છે તે અર્થે આ ઉપરથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું છેઃ—

પ્રથમનો નિયમ.

ટુંકુ નામ. આ આકટને "સને ૧૮૮૭ નો મુંબઈનો બોઇલર તપાસ બાબતનો આકટ" કહેવો.

આકટની શરૂઆત તથા તે ક્યાં લાગુ છે તે. તે મુંબઈ શેહેરમાં તથા જગાઓમાં સને ૧૮૭૩ નો બોઇલર તપાસવા બાબતનો આકટ હાલ અમલમાં છે તે જીલ્હા તથા જગાઓમાં એકદમ અમલમાં આવશે, તથા વખતે વખતે ગવરનર ઇન્ કૌંસીલ મુંબઇ સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને મુંબઇ ઈલાકાનો જે જીલ્હો અથવા જગા તેને યોગ્ય લાગે તે જીલ્હા અથવા જગામાં આ આકટને લાગુ કરી શકે.

આકટ લાગુ કરવામાં અપવાદ. પણ આ આકટનો કોઈપણ મજકુર કોઈપણ વરાળથી ચાલતા વાહાણમાંના કોઈપણ બોઈલર અથવા પ્રાઈમ મુવરને, અથવા કોઈપણ રેલવે ઉપર વપરાતા કોઈ પણ લોકોમોટીવ એન્જીનને અથવા રેલવેના સંબંધના કોઈપણ બોઈલર અથવા પ્રાઈમ મુવરને અથવા કેવળ ઘર કામને સારૂ વાપરવામાં આવતા કોઈપણ બોઈલર અથવા પ્રાઈમ મુવરને લાગુ છે એમ સમજવું નહિ.

સને ૧૮૭૩ નો મુંબઈનો આકટ ૫ મો રદ કર્યો. ૨. સને ૧૮૭૩ નો બોઈલર તપાસવા બાબતનો આકટ આ ઉપરથી રદ કર્યો છેઃ

વિશેષ ઠરાવ. પરંતુ સને ૧૮૭૩ ના સદરહુ બોઈલર તપાસવા બાબતના આકટ મુજબ આપેલા કોઈ પણ સર્ટીફીકેટના ભાવાર્થ પ્રમાણેના તે-

ના વ્યાજબીપણાને આ આકટના કોઈ પણ મજકૂરથી બાધ આવશે નહિ. એવું દરેક સર્ટિફીકેટ આ આકટના સઘળા હેતુસારૂ જુના આકટના ઠરાવોને મળતા આવતા આ આકટના ઠરાવો મુજબ આપેલું તથા અમલમાં છે એમ ગણવામાં આવશે.

શબ્દોની વ્યાખ્યા. ૩. આ આકટમાં વિષયથી અથવા પૂર્વાપર સંબંધથી બાધ આવતો ન હોય તો.

"બોઇલર." (૧) "બોઈલર" એ શબ્દમાં દબાણ સાથે વરાળ તૈયાર કરવાની કોઈ નળી અથવા વાસણનો સમાવેશ થાય છે;

"પ્રાઇમ મુવર." (૨) "પ્રાઈ મુવર" એ શબ્દમાં સ્ટીમ–એન્જીન, સ્ટીમ–હેમર, એવા કોઈ પણ એન્જીનને જોડેલું ફ્લાય–વ્હીલ, પેહેલી ડ્રાઈવીંગ–શેફ્ટ અથવા ધરેડી, અને પ્રાઈમ મુવરને ભય વગર તથા સારી રીતે ચાલી શકવામાટે જે જોડેલી વસ્તુઓ જરૂરની હોય તે બધીનો સમાવેશ થાય છે.

"માલીક." (૩) "માલીક" એ શબ્દમાં કોઈપણ બોઇલર વાપરનાર કોઈપણ એજંટ અથવા ભાડે રાખનારનો સમાવેશ થાય છે.

બોઈલરોની તપાસણી.

ઈન્સ્પેકટરો નિમવા બાબત. ૪. આ આકટના કામ સારૂ સરકાર વખતે વખતે એક અથવા વધારે ઈન્સ્પેકટરો નીમે કે જેમને સરકાર પોતાની ખુશીમાં આવે તો ખસેડી શકે.

ઈન્સ્પેકટરની ફરજોની સ્થાનિક હદ. આવા દરેક ઈન્સ્પેકટરની ફરજોની સ્થાનિક હદ વખતે વખતે સરકાર ઠરાવશે.

તેઓએ કલેકટરના તાબાતળે રેહેવું તે બાબત. કલમ ૩૧ મી મુજબ વખતે વખતે સરકાર જે કાનુનો ઘડે તેને પાત્ર થઈને સદરહુ ઈન્સ્પેકટરો તેમને તપાસવાનાં બોઈલરો જે જગાએ અથવા જીલ્હામાં આવેલાં હોય તે જગા અથવા જીલ્હાના કલેકટરના તાબા તળે રેહેશે.

કમીશન નિમવા બાબત. ૫. સરકાર જેમ જરૂર પડે તેમ કલમ ૧૦ મુજબ માલીકોએ કરેલી અપીલો સાંભળવા સારૂ તથા કલમ ૧૩ મી મુજબ તેમને રજુ કરેલા સવાલોનો નિર્ણય કરવા સારૂ કમીશનો નિમશે, સદરહુ કમીશનોમાં સરકારને યોગ્ય લાગે તેવા માણસ અથવા માણસો નીમવામાં આવશે અને તેમની નિમણુંક સરકાર ઠરાવશે તેટલી મુદત સુધી પોહોંચશે.

માલિકે સર્ટિફીકેટ વગર બોઈલર વાપરવું નહિ. ૬. કોઇ પણ બોઈલરના માલીકે નીચે લખેલાં કૃત્યો કરવાં કાયદેસર નથી,

(અ) આગળ આવેલા ઠરાવો મુજબ યોગ્ય રીતે જે બોઈલર સારૂ સર્ટીફીકેટ આપવામાં ન આવ્યું હોય એવું બોઈલર વાપરવું અથવા વાપરવા દેવું; અથવા

(બ) સદરહુ તરેહનું કોઈ સર્ટીફીકેટ જે મુદતને સારૂ આપવામાં આવ્યું હશે તે મુદત પુરી થયા પછી સદરહુ બોઈલર વાપરવાનું જારી રાખવું અથવા વાપરવાનું જારી રાખવા દેવું; અથવા

જો સદરહુ કલમની રૂએ કોઈપણ ગુન્હા અથવા બીજા કોઈપણ ફોજદારી ગુન્હાનો તે લૈસેન્સદાર ગુન્હેગાર ઠરે તો રદ્દ કરવા મુખત્યાર છે.

હાજીઓના રક્ષણ કર્તાની નિમણુક.

૮. સરકાર વખતે વખત મુસલમામાં હોય એવા માણસોને મુંબઈ અને કરાંચી બંદરો માટે હાજીઓના રક્ષણકર્તા નિમવા મુખત્યારછે.

તેઓની ફરજ.

આવી રીતે નિમેલા માણસો, આ આકટના કામો માટે મુંબઈમાં મુંબાઈનાં અને કરાંચીમાં કરાંચીના કમિશનરના હાથ નીચે રહેશે, અને તેઓએ આ આકટના ઠરાવો અમલમાં લાવવામાં, પોલીસની સાથે મળીને કમિશનરને મદદ કરવી જોઈએ; તેઓએ વળી હાજીઓને હડજાઝે જતાં અથવા ત્યાંથી પાછાં આવતાં તેઓ મુંબઈમાં અથવા કરાંચીમાં રહે ત્યાં સુધી સલાહ આપવી તથા સાધારણ રીતે મદદ કરવી જોઈએ, અને લૈસેન્સવાળા હાજી-દલાલોના કૃત્યો ઉપર દેખરેખ રાખવી જોઈએ.

હાજીઓને લઈ જતાં વાહાણોમાં દાખલ થવાના સત્તા.

૯. હાજીઓના રક્ષણ કર્તાઓને અથવા આ અર્થે કમિશનરે અધિકાર આપેલા કોઈ પણ માંણસોને, મુંબઈ અથવા કરાંચી બંદરેથી હાજીઓને લઈ જવાને જાહેર ખબર આપેલા અથવા લઈ જવા માગતા કોઈ પણ વહાણમાં સઘળે વખતે દાખલ થવાની અને તપાસ કરવાની છુટ છે.

તપાસ સારૂ સુગમતા ન કરવા માટે શિક્ષા.

૧૦. એવા કોઈ પણ વાહાણનો માસ્તર અથવા કોઈ પણ અમલદાર એવી તપાસ કરવા સારૂં દરએક રીતની સુગમતા કરી ન આપે તો તે પાંચસો રૂપીઆ સુધીના દંડને પાત્ર થશે.

હાજીઓને લઈ જનાર વાહાણુના માસ્તર, ધણી અથવા એજન્ટે આપવાની ખબર.

૧૧. હાજીઓને લઈ જવા સારૂ જાહેરખબર આપેલા અથવા લઈ જવા માગતા વાહાણના માસ્તર, ધણી, અથવા એજન્ટની ફરજ એવી છે કે તે વાહાણના પ્રકાર, ટનેજ, અને કેટલાક વર્ષનું જુનું છે તે, દરએક વર્ગની કાઢવાની ટીકીટની સંખ્યા, પ્રત્યેક ટીકીટની કીંમત, ઉતારૂઓને બેસવા આપવાની વગ, હંકારવાની છેક છેલ્લી તારીખ, જો કોઈ બંદરો કરવાં હોય તો તે, અને જડડા જઈ પહોંચવાની સંભવીત તારીખ, એ સર્વ વિષેની પુરી વિગત હાજીઓના રક્ષણ કર્તા માગે ત્યારે તે તેઓને આપવી.

એવી ખબર આપવાને ના પાડવા અથવા કસુર કરવા માટે શિક્ષા

૧૨. સદરહુ પ્રકારનો કોઈ પણ માસ્તર, ધણી, અથવા એજંટ એવી ખબર માગેથી તે આપવા ના પાડે અથવા કાયદાસર કારણ વગર કસુર કરે, અથવા ખોટી ખબર આપે તો તે પાંચસો રૂપિઆ સુધીના દંડને પાત્ર થશે.

વધારે ટીકીટો કાઢવા માટે શિક્ષા.

૧૩. હાજીઓ લઈ જતા કોઈ વાહાણનો કોઇ પણ માસ્તર, ધણી અથવા એજંટ } સન ૧૮૭૯ ના આકટ ૮. સન ૧૮૭૬ ના એતદ્દેશીય ઉતારૂઓના વાહાણ બાબતના આકટની ૧૦ મા કલમની રૂએ આપેલા દાખલાથી રજા આપેલી સંખ્યા કરતાં વધારે કોઈ પણ સફરની ટીકીટ કાઢશે તો એવી રીતે કાઢેલી પ્રત્યેક સફરની ટીકીટને માટે એવી ટીકીટની બેઠેલી કિંમતની ચોગણી કીંમત કરતાં વધારે નહિ એટલા દંડને તે પાત્ર થશે.

કેવી રીતે સફરની ટીકીટ ઉપર નંબર નાખવા.

૧૪. સઘળી સફરની ટીકીટ ઉપર બાહેર પાડવાના અનુક્રમે એક પછી એક નંબર નાંખવા જોઇએ; અને જે કોઈ પણ માસ્તર, ધણી, અથવા એજંટ એકજ નંબરવાળી બે અથવા વધારે ટીકીટ કાઢશે તે એક હજાર રૂપિઆ કરતાં વધારે નહિ એટલા દંડને પાત્ર થશે.

એકજ નંબરવાળી ટીકીટો કાઢવા માટે શિક્ષા.

ગુન્હા અને દંડને લાગુ પાડવાના સન ૧૮૭૬ ના એતદ્દેશીય ઉતારૂઓના વાહાણુ બાબતના આકટના ઠરાવો.

૧૫. આ આકટની રૂએ શિક્ષા યોગ્ય સઘળા ગુન્હાને, અને વસુલ કરવા યોગ્ય સઘળા દંડને સન ૧૮૭૬ ના એતદ્દેશીય ઉતારૂઓના વાહાણુ બાબતના આકટની ૩૯, ૪૦ અને ૪૨ મી કલમોના ઠરાવો લાગુ પડશે. } સન ૧૮૭૬ ના આકટ ૮.

માત્ર કમિશનરના કહેવાથી શિક્ષા બજાવવી.

૧૬. જે શિક્ષાને વાહણોના માસ્તર અને ધણીને આ આકટથી પાત્ર કર્યા છે તે માત્ર કમીશનરના કહેવાથી ફરીઆદ કરેથી બજાવવામાં આવશે.

આલીજા રાઇટ આનરેબલ ગવર્નર
સાહેબ ઈન્‌કૌસીલના હુકમથી,
એ. ૧શવન.
આકટીંગ અંડર સેક્રેટરી નીસબત સરકાર.

મુકામ જંજિરે મુંબઈ, તારીખ ૩૧ મી મે સને ૧૮૮૭.

(True Translation).

Y. M KELKAR,

Actieng Oriental Translator to Government.

સને ૧૮૮૭ નો આકટ નંબર ૧૦.

નિચે લખેલો હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન કૌંસિલનો આકટ નામદાર ગવર્નર જનરલે સને ૧૮૮૭ ના ફેબ્રુવારી મહિનાની તારીખ ૨૪ મીએ મંજુર કર્યો અને સર્વ લોકને જાણ થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે.

સને ૧૮૮૭ નો દેશી ઉતારૂ લઈ જનારા વાંહાંણો બાબતનો આકટ.

અનુક્રમણીકા.

કલમ.

બાબ ૧.
પ્રથમ નિયમો.

૧. ટુંકુ નામ.
૨. વ્યાપ્તી અને લાગુ થવા બાબત.
૩. શરૂઆત.
૪. રદ્દ કરવા બાબત.
૫. વ્યાખ્યા.

બાબ ૨.
સઘળી સફરે બાબતની કાનુન.

૬. સરકારે નિમેલી જગામાંથીજ વાંહાંણે હંકારી જવું.
૭. હંકારવાના દિવસની સૂચના આપવી.
૮. વાંહાંણુ ઉપર જઈને તે તપાસી જોવાની સત્તા.
૯. બે દાખલા લીધા વગર વાંહાણે હંકારી જવું નહીં
૧૦. અ. દાખલાનો મજકુર.
૧૧. બ. દાખલાનો મજકુર.
૧૨. દાખલા આપવા બાબત.
૧૩. અ દાખલાનેબદલે બીજો લેવાબાબત.
૧૪. વાંહાણની સર્વે.
૧૫. દાખલો આપવા વિશેની મુખ્ત્યારી બાબાત.
૧૬. દાખલાઓની નકલ જાહેરમાં મુકવી.
૧૭ ઉતારૂએ તેમનો પોતાનો ખોરાક પુરો પાડવો તે.

બાબ ૩.
ન્હાની સફર બાબતની કાનુનો.

૧૮. ઉતારૂઓને ઉપયોગ કરવા જોગ જગા.

કલમ.

૧૯. વાંહાંણુ ઉપર વચ્ચેની જગાએ વળી બીજા ઉતારૂ લેવા બાબત.
૨૦. સફરમાં થયલાં મરણુ બાબત.

બાબ ૪
મ્હોટી સફર બાબતની કાનુન.

૨૧. ઉતારૂઓને ઉપયોગ કરવા જોગ જગા.
૨૨. ઉતારૂઓનાં પત્રક.
૨૩. સફરમાં મરણુ.
૨૪. વાંહાંણુ ઉપર વચ્ચેની જગાએ વળી બીજા ઉતારૂઓ લેવા બાબત.
૨૫. કેટલાએક વાંહાંણો વરાળના જોરથી ચાલનારાં હોવા જોઈયે.
૨૬. કેટલાએક વાંહાંણો ઉપર વૈદકીય-અમલદાર હોવો જોઈયે.
૨૭. ઉતારૂ લઈ જનારા વાંહાણો લાલસમુદ્ર માંહેના બંદરે અથવા બંદરમાંથી જાય ત્યારે તેઓએ આદનનું બંદર કરવું.
૨૮. આદનમાં બિલ આફ હેલ્થ.
૨૯. લાલસમુદ્રમાંહેના બંદરે જવા સારૂ વાંહાંણુ પોર્ટ ક્લીયરન્સ લે ત્યારે ખત લખી આપવા બાબત.
૩૦. ઉતારૂઓને સંબંધે વૈદકીય તપાસ થવી જોઈયે એવો હુકમ કરવાની સ્થાનિક સરકારની સત્તા.

બાબ ૫.
શિક્ષા

૩૧. વાંહાંણુ કાયદા વિરૂદ્ધ રીતે રવાને થવા બાબત અથવા તેણે કાયદા વિરૂદ્ધ તે ઉપર ઉતારૂ લેવા બાબત શિક્ષા.

દેશી ઉતારૂ લેઈ જનારાં વાંહાંણો બાબત કાયદો છે તે એકઠો કરીને સુધારવા વિશેનો આકટ.

જે અર્થે દેશી ઉતારૂ લઈ જનારાં વાંહાંણો બાબતનો કાયદો એકઠો કરીને સુધારેવો યોગ્ય છે; તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

બાબ ૧.

પ્રથમ નિયમો.

ટુંકું નામ. ૧. આ આકટને "સને ૧૮૮૭ નો દેશી ઉતારૂ લઈ જનારાં વાંહાણોનો આકટ" કેહેવો.

વાપ્તિ અને લાગુ થવા બાબત. ૨. (૧) આ આકટ આખા બ્રિટીશ હિંદુસ્તાનને લાગુ છે. અને

(અ) મલિકા માઆઝમાની સાથે હિંદુસ્તાનમાં જે રાજાઓને અને સંસ્થાનોને દોસ્તીનો સંબંધ હોય તે રાજાઓના અને સંસ્થાનોના મુલકમાં મલિકા માઆઝમાની રૈયત હોય તે સઘળી રૈયતને

(બ) મલિકા માઆઝમાની હિંદુસ્તાન માંહેની દેશી રૈયત બ્રીટીશ હિંદુસ્તાનની બાહાર તથા બ્રિટીશ હિંદુસ્તાનની પેલીગમ હોય તે સઘળી રૈયતને; અને,

(ક) પેટા કલમ (૨)માં અપવાદ કહ્યા છે તેને પાત્ર રહીને એશિયા અથવા આફ્રિકાના ત્રીસથી વધારે દેશી માણુસોને ઉતારૂ દાખલ લઇ જનારાં વાંહાંણોને, આ આકટ લાગુ છે.

(૨) પરંતુ તે—

(૧) બાદશાહી અરમાર અથવા મલિકા માઆઝમાની ઇંડિયન મેરીન સરવીસમાંના કોઈપણ લડાઈનાં વાંહાંણ, લશ્કર લઈ જનારાં વાહાંણ, માણસો તથા સામન સરંજામ વગેરે કાંઈપણ લઈ જનાર વાંહાંણ અથવા બીજા કોઈ વાંહાંણને. અથવા.

(૨) વિધમાનકાલે મલિકા માઆઝમાની નોકરીમાં જે બીજુ કોઈપણ વાંહાંણ હોય તે વાંહાંણને અથવા

(૩) કોઈપણ પારકા રાજાના અથવા સંસ્થાનના લડાઈના કોઈપણ વાંહાંણને, અથવા

(૪) એશિયા અથવા આફ્રિકાના સાઠથી વધારે દેશી માણુસોને ઉતારૂ દાખલ નહી લઈ જતાં વરાળથી ચાલનારા કોઇપણ વાંહાંણને, અથવા

(૫) બ્રિટીશ હિંદુસ્તાનના કોઈપણ બંદરે અથવા બંદરથી એશિઆ અથવા આફ્રિકાનાં દેશીઓને ઉતારૂ દાખલ લઈ જવા લાવવા સારૂ જે વાંહાંણ યોજેલું નહીં હોય તેવા કોઈપણને,

લાગુ નથી.

(૩) પેટા કલમ (૧) તથા (૨)માં જે કંઈ કહ્યું હોય તોપણ સ્થાનિક સરકાર, ગવરનર જનરલ ઈન્ કૌંસિલની અગાઉથી મંજુરી લઈને, આ આકટમાંના સઘળા ઠરાવ અથવા તે ઠરાવોમાંના કોઈ પણ ઠરાવ, એશિયા અથવા આફ્રિકાના પંદરથી વધારે દેશી માણુસોને ઉતારૂ દાખલ લઈ જતા હોય તેવા સઢડના વાંહાંણ અથવા તેવા સઢડના વાંહાંણના કોઈપણ વર્ગને, અને સદરહુ પ્રકારના ત્રીસથી વધારે દેશી માણુસોને ઉતારૂ દાખલ લઈ જતા વરાળથી ચાલનાર વાંહાંણ અથવા વરાળથી ચાલનારા વાંહાંણના કોઈપણ વર્ગને લાગુ કરવાનું ફરમાવવા મુખ્ત્યાર છે.

શરૂઆત. ૩. આ આકટ ગવરનર જનરલ ઈન્ કૌંસિલ ઇંડિયા ગ્યાઝીટમાં જાહેરનામું કરી ફરમાવશે તે તારીખથી અમલમાં આવશે.

રદ કરવા બાબત. ૪. (૧) પરિશિષ્ટમાં કહેલા કાયદા તેના ત્રીજાં આસનમાં નિર્દિષ્ટ કરેલા છે તેટલે સુધી તે તારીખે અને તે તારીખથી રદ થશે.

(૨) પણ સદરહુ કાયદામાંના કોઈપણ કાયદા પ્રમાણે જે બંદરો, જગા, તથા અમલદારો નીમ્યા હશે, જે કાનુંન તથા ઠરાવ કર્યા હશે, જે માફી આપી હશે, ખતો કરી આપ્યાં હશે, હુકમ તથા દાખલા આપ્યા હશે, તે સઘળા બની શકે તેટલે સુધી, આ આકટ પ્રમાણે અનુક્રમે નિમ્યા છે, કર્યા છે, આપી છે, કરી આપ્યાં છે તથા આપ્યા છે એમ સમજવું; તથા

(૩) આ આકટ ઉપરથી રદ કરેલા કોઈપણ કાયદા ઉપર જે કોઈપણ કાયદાનો અથવા દસ્તાવેજનો હવાલો આપ્યો હોય તે કાયદાનો અથવા દસ્તાવેજનો હવાલો આ આકટ ઉપર અથવા તેના મળતા ભાગ ઉપર છે એવો અર્થ કરવો જોઈયે.

વ્યાખ્યા. ૫. વિષયમાં અથવા પુર્વાપર સંબંધમાં કંઈ બાધ ન આવે તો, આ આકટમાં,—

(૧) "વાંહાંણુ" આ શબ્દનો અર્થ જે વાંહાંણુને આ આકટ લાગુ પડે છે તે વાંહાંણુ છે એમ સમજવું.

(૨) "ઉતારૂ" આ શબ્દનો અર્થ બાર વર્ષ અથવા તે ઉપરાંતની ઉમરનો જે કોઈ એશિયા અથવા આફ્રિકાનો દેશી હોય, અને જે ખલાસીઓમાંના એકાદ ખલાસી તરીકે વાંહાણુની કાનુંન પ્રમાણે નોંધાયો ન હોય તે માણુસ સદરહુ વાંહાંણુનો ઉતારૂ છે એમ સમજવું; પણ આ શબ્દમાં એશીયા અથવા આફ્રિકાનો દેશી નહીં હોય એવા કોઈ શખસની ખીદમતમાં જે ઉતારૂ હોય તેનો, અથવા એક વરસની અંદરની ઉમરના બાલકનો સમાસ થતો નથી; અને આકટના હેતુમાંનો કોઈપણ હેતુ પાર પાડવા સારૂ ઉતારૂની સંખ્યા ગણુવામાં, એક વર્ષ અથવા તે ઉપરાંતની ઉમરના અને બાર વર્ષની ઉમરની અંદરના બે શખસોને એક ઉતારૂ તરીકે ગણુવો,

(૩) "મ્હોટી સફર" આ શબ્દનો અર્થ, આ આકટના ઠરાવોને પાત્ર રહીને, જે સફરમાં તે સફર કરનારૂં વાંહાંણુ મામુલ પ્રસંગે એકસો વીસ કલાક અથવા તેથી વધારે મુદત સુધી નિરંતર બંદરમાંથી બાહાર રેહે તેવી કોઈપણ સફર એવો સમજવો;

(૪) "ન્હાની સફર" આ શબ્દનો અર્થ, આ આકટના ઠરાવોને પાત્ર રહીને, જે સફરમાં, તે સફર કરનારૂં વાંહાંણુ મામુલ પ્રસંગે એકસો વીસ કલાકની મુદત સુધી નિરંતર બંદરમાંથી બાહાર રેહેતું નહીં હોય તેવી કોઈપણ સફર એવો સમજવું:

(૫) "સફર" આ શબ્દની આગળ જ્યારે મ્હોટી," અથવા "ન્હાની" એવા શબ્દો વાપર્યા ન હોય ત્યારે, તેનો અર્થ, વાંહાંણુ જે બંદર અથવા જગ્યાથી રવાના થવાનું હોય તે બંદર અથવા જગ્યા અને આખરે જે બંદરે અથવા જગ્યાએ તે વાંહાંણુ જવાનું હોય તે બંદર અથવા જગ્યાની વચ્ચેનું સઘળું અંતર, છે એમ સમજવું.

(૬) "કસ્ટમનો મુખ્ય અમલદાર" આ શબ્દનો અર્થ, જે કોઇપણુ બંદર અથવા જગ્યાને આ આકટ લાગુ હશે તે બંદર અથવા જગ્યાનાં જગમાર્ગના જકાતનાં ખાતાનો કારભાર ચલાવનાર મુખ્ય અમલદાર છે એમ સમજવું;

(૭) "માજીસ્ટ્રેટ" આ શબ્દનો અર્થ જે માણુસ બીજા વર્ગના માજીસ્ટ્રેટના અધિકાર કરતાં ઓછો અધિકાર ચલાવતો નહીં હોય તે માણુસ સમજવો.

બાબ ૨.

સઘળી સફરો બાબતની કાનુન.

સરકારે નિમેલી જગામાંથીજ વાંહાંણે હંકારી જવું.

૬. (૧) બ્રીટીશ હિંદુસ્તાનમાં જે બંદર અથવા જગા સ્થાનિક સરકાર આ અર્થે નિમે તે શિવાય બીજાં કોઈપણ બંદરમાંથી અથવા જગાએથી ઉતારૂ લઈ જનારાં વાંહાંણે રવાના થવું નહીં અથવા ઉપડી જવું નહીં અથવા એવા કોઈપણ બંદરે અથવા જગાએ ઉતારૂઓને ઉતારવાં નહીં.

(૨) સદરહુ પ્રમાણે નિમેલા બંદરમાંથી અથવા જગાએથી કોઈપણ વાંહાંણ સફર કરવાને રવાને થયા પછી અથવા ઉપડી ગયા પછી, તે વાંહાંણ ઊપર કોઈ માણસને ઉતારૂ દાખલ સદરહુ પ્રમાણે નીમેલાં બીજાં કોઇ બંદર અથવા જગા શિવાય બીજે કોઈ ઠેકાણે લેવું નહીં.

હંકારવાના દિવસની સુચના આપવી.

૭. (૧) જે વાંહાંણ સદરહુ પ્રમાણે રવાના થાય અથવા ઊપડી જાય તે વાંહાણના માસ્તર, ધણી અથવા એજંટે, સ્થાનિક સરકારે આ અર્થે નિમેલા અમલદારને સુચના આપવી કે વાંહાંણમાં ઊતારૂઓ જનાર છે, અને તે વાંહાંણ ફલાણે ઠેકાણે જનાર છે,અને ફલાણી વખતે હંકારવાનો વિચાર છે.

(૨) સદરહુ સૂચના સદરહુ વખતની અગાઉ નેદાન ચોવીસ કલાક કરતાં ઓછી નહિ એવી મુદતે આપવી,

વાંહાણ ઉપર જઈને તે તપાસી જોવાની સત્તા.

૮. સદરહુ સૂચના પોહોંચ્યા પછી સઘળે વખતે વાંહાંણ ઉપર જઈને તે વાંહાંણ તથા તેનો જરૂરી સામન સરંજામ, તથા તે વાંહાંણમાંનો ખોરાકી સામન તથા તેનો સ્ટોર હોય તે જોવાની ઉપર કહેલા અમલદારને અથવા તેણે જેને અખત્યાર આપ્યો હોય તે માણસને છુટ છે.

બે દાખલા લીધા વગર વાંહાંણે હંકારી જવું નહીં.

૯. (૧) નીચેની લગતની બે કલમમાં કહેલા મજકુરના બે દાખલા માસ્તર પાસે હોયા વગર, ઉતારૂ લઈ જવા સારૂ યોજેલાં વાંહાંણે, આ આકટ પ્રમાણે નિમેલા કોઈ બંદરમાંથી અથવા જગાએથી કોઈ સફર સરૂ કરવી નહીં.

(૨) જે અમલદારનું કામ વાંહાંણને પોર્ટ કલીયરન્સ આપવાનું હશે તેણે માસ્તરની પાસે સદરહુ દાખલા હોયા વગર, સદરહુ વાંહાંણને પોર્ટ કલીયરન્સ આપવું નહીં.

અ દાખલાનો મજકુર.

૧૦. સદરહુ દાખલા પૈકી પેહેલા દાખલામાં (જેને હવે પછી "અ દાખલો" એવું નામ આપ્યું છે તેમાં.) વાંહાંણ દરીએ જવા લાયક છે તથા તે ઉપર જોઈયે તેટલાં માણસ તથા સામન સરંજામ વગેરે છે તથા તેમાં હવા સારી પડે જવા આવવાનું સાધન કરેલું છે એ, અને તે જેટલાં ઉતારૂ લઈ શકે એવું હોય તેટલાની સંખ્યા લખેલી જોઈયે.

બ. દાખલાનો મજકુર.

૧૧. સદરહુ દાખલા પૈકી બીજા દાખલામાં (જેને હવે પછી "બ. દાખલો" એવું નામ આપ્યું છે, તેમાં) હેઠળ લખેલો મજકુર લખેલો જોઈયે.—

(અ) વાહાંણ જે સફર કરવાનું હોય તે સફર અને બન્નેનાં કોઈ પણ બંદર કર-

વાનાં હોય તે વચ્ચેનાં બંદરો.

(બ) તે ઉપર જોઈયે તેટલા અમલદાર તથા ખલાસી છે એ.

(ક) ખલાસી સારૂ જે ખોરાક તથા ઈંધણાં તથા નિર્મળ પાણીની જરૂર હોય તેથી વધારે ખોરાક તથા ઈંધણાં તથા નિર્મળ પાણી અને આ આકટ પ્રમાણે કરેલી કાનુનમાં વાંહાંણ સારૂ બીજી કંઈ પણ જનસ કહી હોય તો તે અને સદરહુ જણસો સદરહુ કાનુનમાં જે પ્રતની કહી હોય તે પ્રતની બરોબર રીતે પ્યાક કરીને વાંહાંણ ઉપર રાખી છે, અને તે વાંહાંણ જે સફર કરવાનું હોય તેની મુદતમાં (અને જેમાં કવારંટાઈનથી જેટલા વખતનું રોકાણ થવાનો સંભવ હોય તેટલાનો સમાવેશ થાય છે) વાંહાંણ ઉપરનાં ઉતારૂઓને સદરહુ કાનુનોમાં તે વખતને સારૂ જે પરિમાણ કહ્યું હોય તે પરિમાણ પ્રમાણે પુરી થાય તેટલી તે છે એ.

(ડ) માસ્તરની પાસે અ. દાખલો છે એ.

(ઈ) તોફાની હવાની મોસમમાં વાંહાંણ ન્હાની સફર કરવાનું હોય, તથા ઉપરના માળના ઉતારૂ લઈ જવાનું હોય તો વાંહાંણ ઉપર મજબુત *બુલવર્કસ તથા ખેવડી આનિંગ અથવા તડકો તથા વરસાદ ન લાગે એવી સંરક્ષણની બીજી પુરતી તજવીજ કરી છે એ.

દાખલા આપવા બાબત. ૧૨. અ. તથા બ દાખલા આપનાર સાતમી કલમ પ્રમાણે નિમાયેલો અમલદાર જોઈયે.

(ફ) લાલ સમુદ્ર માંહેના કોઈ પણ બંદરે વાંહાંણને ઉતારૂ લઈ જવાના હોય તો તે મુખ્યત્વે કરીને વરાળના જોરથી ચાલનારૂં છે એ, અને, તે જો સાથી વધારે ઉતારૂઓને આવા પ્રકારના કોઈ પણ બંદરે લઈ જવાનું હોય તો આ આકટ પ્રમાણે કરેલી કાનુનો મુજબ પરવાનો મળેલો વૈદકીય અમલદાર તે વાંહાંણ ઉપર છે એ; અને.

(ગ) સદરહુ કાનુનો પ્રમાણે ઠરાવવામાં આવે એવા પ્રકારની બીજી કોઈ વિગતવાર વાત, જો હોય તો.

અ દાખલાને બદલે બીજો લેવા બાબત. ૧૩. જે પ્રસંગે વાંહાણનો માસ્તર હેઠળ લખેલા દાખલા પૈકી કોઈ પણ દાખલો સદરહુ અમલદારની પાસે હાજર કરશે એટલે—

(અ) બોર્ડ આફ ટ્રેડ અથવા બ્રિટિશ કોલોનીની સરકારે આપેલો વેહેવાર ઉપયોગી દાખલો, અથવા.

(બ) બ્રિટિશ હિંદુસ્તાનની કોઈ સરકારના અધિકારની રૂએ આપેલો તથા હંકારવાનો જે દિવસ યોજ્યો હોય તે દિવસની અગાઉ એક વરસ કરતાં વધારે નહિ એવી તારીખનો અને અમલમાં હોય એવો, તથા જે સફરે વાંહાંણ ઉપડી જવાનું હોય તે સફરને અથવા જે કામે તેને લગાડવાનું હોય તે કામને લાગુ હોય એવો દાખલો.

તે પ્રસંગે, ૧૦ મી કલમ પ્રમાણે જે વિગતની જરૂર હોય તે વિગત તે દાખલામાં

---

*સંરક્ષણ સારૂ અપર ડેકની આસપાસ પાટીઆં જડેલાં હોય છે તે.

લખેલી હોય તો, તે દાખલો સદરહુ પ્રકારની વિગતના પુરાવા દાખલ લેવાનો અધિકાર સદરહુ અમલદારને છે, અને પછી તે દાખલો આ આકટનાં કારણ સારૂ અ. દાખલો છે એવું સમજવું.

વાહાંણની સર્વે. ૧૪. (૧) ૭ મી કલમ પ્રમાણે જે સુચના આપવાની જરૂર છે તે પોહોંચ્યાં પછી, સદરહુ કલમ પ્રમાણે નિમેલા અમલદારને યોગ્ય લાગશે તો, લાયક સર્વેયરોની પાસે માસ્તરને અથવા ધણીને ખરચે તે વાહાંણની સર્વે કરાવવાને તે મુખત્યાર છે. અને પોતાનાં મન પ્રમાણે તે વાહાંણને દરિએ જે સફર કરવાની હોય તે સફર કરવાને લાયક છે કે નહીં અને તે ઉપર જોઈયે તેટલા માણસ તથા સામન સરંજામ વિગેરે છે કે નહીં તથા તેમાં હવા સારી પડે જવા આવવાનું સાધન કરેલું છે કે નહીં તે બાબત સદરહુ સર્વેયરોએ તેને રિપોર્ટ કરવો

પણ એવું ઠરાવ્યું છે કે ૧૩ મી કલમની (અ) રકમમાં અથવા (બ) રકમમાં કહેલો દાખલો ધારણ કરનારાં વાહાંણની સર્વે તેણે કરાવવી નહીં. માત્ર તે વાહાંણને નુકસાન લાગ્યાને લીધે અથવા તેમાં ફેરફાર થયાના કારણને લીધે અથવા બીજા વાજબી સબબને લીધે તે વાહાંણ દરિએ સફરે કરવા જેવું નથી અથવા તે ઉપર જોઈયે તેટલાં માણસો તથા સામન સરંજામ વિગેરે નથી અથવા હવા સારી પડે જવા આવવાનું સાધન નથી એવું તેને લાગતું હોય તોજ સર્વે કરાવવી.

(૨) સદરહુ પ્રકારનો કોઈ પણ દાખલો ધારણ કરનાર કોઈ વાહાંણની સદરહુ અમલદાર સર્વે કરાવશે અને તે વાહાંણ સફર કરવા સારૂ દરિએ જવા લાયક છે તથા તે ઉપર જોઈયે તેટલાં માણસ તથા સામન સરંજામ વિગેરે છે તથા હવા સારી પડે જવા આવવાનું સાધન છે એવો, અને વળી તે ઉપલી સફર કરવા સારૂ દરિએ જઈ શકે તેવું નથી અથવા તે ઉપર જોઈયે તેટલાં માણસો તથા સામન સરંજામ વિગેરે નથી અથવા હવા સારી પડે જવા આવવાનું સાધન નથી એવું સદરહુ અમલદારને માનવાનો વાજબી સબબ ન હતો એવો રિપોર્ટ સદરહુ સર્વેયર કરશે તો સદરહુ સર્વેનો ખરચ સ્થાનિક સરકારે આપવો.

દાખલો આપવા વિશેની મુખત્યારી બાબત. ૧૫. (૧) કોઈ વાહાંણ બાબત દાખલો આપવાનો અધિકાર આ આકટ પ્રમાણે જે અમલદારને આપ્યો હશે તેણે તે ઉતારૂઓની આરોગ્યતાને અથવા સલામતીને નુકસાન થવાનો સંભવ હોય એવા પ્રકારનો અથવા એટલો અથવા એવી રીતે ભરી રાખેલો કાંઈ પણ માલ વાહાંણ ઉપર નથી એવી પોતાની ખાત્રી થયા વગર આપવો નહીં.

(૨) પણ ઉપર ઠરાવ કરયો છે તે સિવાય, તથા પેટા કલમ (૩) માંના ઠરાવોને પાત્ર રહીને દાખલો આપવો કે ન આપવો એ સદરહુ અમલદારની મુખત્યારી ઉપર છે.

(૩) સદરહુ મુખત્યારી ચલાવતી વખતે તે અમલદાર તે સ્થાનિક સરકારના તથા તે સરકાર આ અર્થે તે અમલદારની અને પોતાની વચ્ચે કોઈ પણ અધિકારી નીમશે તે અધિકારીના નિબંધને પાત્ર રેહેશે.

દાખલાઓની નકલ જાહેરમાં મુકવી. ૧૬. આકટ પ્રમાણે વાહાંણ બાબત આપેલા સદરહુ દાખલા પૈકી દરએક દાખલાની એક એક નકલ માસ્તરે અથવા ધણીએ વાહાંણ ઉપરનાં માણસોને દેખાય એવા વાહાંણના પ્રસિદ્ધ ભાગ ઉ-

પર લગાવવી, અને તે નકલો સદરહુ ભાગ ઉપર તે પ્રમાણે લગાવેલી સફરેમાં વાંહાંણુ હોય ત્યાંહાં સુધી રાખવી.

ઉતારૂએ તેમનો પોતાનો ખોરાક પુરો પાડવા તે.

૧૭. આ આકટ પ્રમાણે કરેલી કાનુનોમાં વિધમાનકાળે જેવો અને જેટલો ખોરાક કહ્યો હોય તેવો અને તેટલો ખોરાક કોઈ ઉતારૂએ તેના પોતાના ઉપયોગ સારૂ વાંહાંણ ઉપર આણ્યો છે એવી આ અર્થે સ્થાનિક સરકારે જે અમલદારને નીમ્યો હોય તે અમલદારની ખાતરી થાય તો ઉતારૂને ખોરાક પુરો પાડવા બાબત આ આકટના ફરમાનો સદરહુ ઉતારૂને ખોરાક પુરો પાડવાના સંબંધમાં તેટલે લગી લાગુ પડશે નહી.

બાબ ૩.

ન્હાની સફર બાબતની કાનુનો.

ઉતારૂઓને ઉપયોગ કરવાજોગ જગા.

૧૮. (૧) સારી હવાની મોસમમાં, આ આકટના ઠરાવોને પાત્ર રહીને, ન્હાની સફર કરનારા વાંહાંણુમાં વચ્ચેના માળના દરએક ઉતારૂને ઉપયોગ કરવા જોગ વચ્ચેના માળમાં ઓછામાં ઓછી છ ચોરસ ફુટ તથા છત્રીસ ઘન ફુટ જગા જોઇએ, અને સદરહુ પ્રકારના દરએક ઉતારૂને ઉપયોગ કરવા જોગ ઉપરના માળ ઉપર ઓછામાં ઓછી ચાર ચોરસ ફુટ તથા ઉપરના માળ ઉપરના દરએક ઉતારૂને ઉપયોગ કરવા જોગ છ ચોરસ ફુટ જગા જોઈએ.

(૨) તોફાની હવાની મોસમમાં ઉપર કહ્યા પ્રમાણે પાત્ર રહીને, સહડના જોરથી ચાલનારા તથા ન્હાની સફર કરનારા વાંહાંણુમાં વચ્ચેના માળનાં દરએક ઉતારૂને ઉપયોગ કરવા જોગ વચ્ચેના માળમાં ઓછામાં ઓછી બાર ચોરસ ફુટ તથા બોહોતેર ઘન ફુટ જગાં જોઇયે, અને સદરહુ પ્રકારના દરએક ઉતારૂને ઉપયોગ કરવા જોગ ઉપરના માળ ઉપર ઓછામાં ઓછી ચાર ચોરસ ફુટ તથા ઉપરના માળ ઉપરના દરએક ઉતારૂને બાર ચોરસ ફુટ જગા જોઇએ.

(૩) તોફાની હવાની મોસમમાં, ઉપર કહ્યા પ્રમાણે પાત્ર રહીને, વરાળના જોરથી ચાલનારા અથવા થોડા વરાળના અને થોડા સહડના જોરથી ચાલનારાં તથા ન્હાની સફર કરનારા વાંહાંણુમાં વચ્ચેના માળનાં દરએક ઉતારૂને ઉપયોગ કરવા જોગ વચ્ચેના માળમાં ઓછામાં ઓછી નવ ચોરસ ફુટ તથા ચોપંન ઘન ફુટ જગા જોઇએ, અને સદરહુ પ્રકારના દરએક ઉતારૂને ઉપયોગ કરવા જોગ ઉપરના માળ ઉપર ઓછામાં ઓછી ચાર ચોરસ ફુટ તથા ઉપરના માળ ઉપરના દરએક ઉતારૂને ઉપયોગ કરવા જોગ નવ ચોરસ ફુટ જગા જોઇએ.

(૪) પણ તોફાની હવાની મોસમમાં, વાંહાંણ ઉપર મજબુત ખુલવર્કસ તથા એવડી આનિમ અથવા તડકો તથા વરસાદ ન લાગે એવી સંરક્ષણની બીજી કાંઇ પુરતી તજવીજ કરેલી હોયા વગર વાંહાંણે ઉપરના માળ ઉપરના ઉતારૂ લેવા નહીં જોઇએ.

વાંહાંણ ઉપર વચ્ચેની જગાએ વળી બીજા ઉતારૂ લેવા બાબત.

૧૯. ન્હાની સફર કરનારૂં વાંહાંણ વચ્ચેના કોઈ બંદરમાંથી અથવા જગાએથી વળી બીજા ઉતારૂ લેશે, તો માસ્તરે કલમ ૭ની રૂયે તે બંદરમાં અથવા જગ્યામાં નિમાયલા અમલદારની પાસેથી હેઠળ લખેલા મજકુરનો પુરવણી દાખલો લેવો જોઇએ એટલે—

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાના બીજા પરિશિષ્ટમાં સુધારો કરવા બાબત.

૨૬. દિવાની કામ ચલાવવાની રીતના કાયદાના બીજા પરિશિષ્ટમાં—

(અ) "બાબ ૮ મો–કલમ ૧૧૧, સામો દાવો" આ શબ્દોને બદલે હેઠળ લખેલો મજકુર દાખલ કરવો; એટલે–

"બાબ ૮ મો.—લેખી કેફિયતો તથા સામા દાવા વિશે,"

(બ) સદરહુ પરિશિષ્ટના ૧૫મા બાબના સંબંધના ભાગ અને ૧૭ મા બાબના સંબંધના ભાગની વચ્ચે હેઠળ લખેલો મજકુર દાખલ કરવો; એટલે:—

"બાબ ૧૬ મો.—સોગનનામાં (આફિડેવિટ વિશે.")

(ક) બાબ ૧૯ માંની સામેના મજકુરમાં "૨૭૫ થી ૨૮૦ સુધી (બંને સુદ્ધાંત), ૨૮૩" આ મજકુરને બદલે હેઠળ લખેલો મજકુર દાખલ કરવો એટલે:—

"૨૭૫ થી ૨૮૩ (બંને સુધાંત);"

(ડ) "બાબ ૪૭ મો....ફેંસલાની ફરી તપાસ વિશે" આ મજકુરને બદલે હેઠળ લખેલો મજકુર દાખલ કરવો એટલે:—

"બાબ ૪૭ મો ફેંસલાની ફરી તપાસ વિશે કલમો ૬૨૩ ૨૨૬ અને ૬૩૦" અને

(ઈ) "બાબ ૪૯ મો.—પરચુરણ, કલમ ૬૪૦ થી ૬૪૭ સુધી (બંને સુધાંત). કલમ ૬૪૯ થી ૬૫૨ સુધી (બંને સુધાંત)" આ મજકુરને બદલે હેઠળ લખેલો મજકુર દાખલ કરવો; એટલે:—

"બાબ ૪૯ મો પરચુરણ."

હુકમનામા તથા હુકમો આખરના છે એમ સમજવું.

૨૭. આ આકટમાં ઠરાવ્યું હોય તે શિવાય સ્માલકાઝ કોર્ટ આ આકટના ઉપર કહેલા ઠરાવો પ્રમાણે કરેલું હુકમનામું અથવા હુકમ આખરનો છે એમ સમજવું.

બાબ ૫.

પુરવણી ઠરાવો.

સ્માલકાઝ કોર્ટોએ કોના તાબામાં રહેવું.

૨૮. (૧) સ્માલકાઝ કોર્ટ ડિસ્ટ્રિકટ કોર્ટના કારભાર ચલાવવા સંબંધી નિર્બંધમાં તથા હાઈ કોર્ટની દેખરેખ નીચે રહેશે, અને

(અ) હાઈ કોર્ટ વખતે વખતે ઠરાવે તેવા રજીસ્ટરો, બુકો અને હિસાબો રાખશે; અને

(બ) દફતરો, રીટર્નો, અને સ્ટેટમેન્ટો (પત્રક) મંગાવવા બાબત ડિસ્ટ્રિકટ કોર્ટ, હાઈકોર્ટ અથવા સ્થાનિક સરકાર હુકમ કરે ત્યારે તે હુકમ કરનારી સત્તા ફરમાવે તે નમુના અને રીત પ્રમાણે સદરહુ દફતરો રીટર્નો અને સ્ટેટમેન્ટો (પત્રક) મોકલશે.

(૨) કારભાર સંબંધી નિર્બંધ બાબત ડિસ્ટ્રિકટ કોર્ટનો સ્માલ કાજ કોર્ટ સાથે સંબંધ સ્થાનિક સરકારના તાબામાંહેના મુલકોના જે ભાગમાં તે સ્માલકાઝ કોર્ટ સ્થાપન કરી

હશે તે ભાગમાં પાંચ હજાર રૂપૈયાની કિંમતની અવલ ફરિયા નો ઈનસાફ કરવાનો અધિકાર વાળી સૌથી હલકા દરજાની દિવાની કોર્ટ સાથે ડિસ્ટ્રિક્ટ કોર્ટનો જે સંબંધ હોય તેજ સંબંધ છે એમ સમજવું.

શિક્કો. ૨૯. સ્માલકાઝ કોર્ટ સ્થાનિક સરકારે ઠરાવેલા નમુના અને પ્રમાણુનો શિક્કો વાપરશે.

સ્માલકાઝ કોર્ટો ને કહાડી નાંખવા બાબત. ૩૦. સ્થાનિક સરકાર લિખિત હુકમથી કોઈ સ્માલકાઝ કોર્ટ કહાડી નાંખવા મુખત્યાર છે.

સ્માલકાઝ કોર્ટના જડજને બીજો હુદો આપવાની સત્તા કાયમ રાખવા બાબત. ૩૧. (૧) આ આકટમાંના કોઈપણુ મજકુરનો એવો અર્થ કરવામાં આવશે નહિ કે જેથી સ્થાનિક સરકારને જે સખસ સ્માલ કાઝ કોર્ટનો જડજ અગર આડીશનલ જડજ હોય તેને બીજી કોઈ દિવાની કોર્ટના જડજ તરીકે અથવા કોઈ વર્ગના માજીસ્ટ્રેટ તરીકે અથવા કોઈપણુ બીજા સરકારી હુદેદાર તરીકે નિમવામાં બાધ આવે.

(૨) જ્યારે જડજને અથવા આડીશનલ જડજને આવી રીતે નિમવામાં આવે ત્યારે તેની કોર્ટના તાબા માંહેના અમલદાર આ બાબત વિશે સ્થાનિક સરકાર જે કાનુન કરે તેને પાત્ર રહીને તેના તે બીજા હુદ્દાના કામ કરવાને પ્રસંગે મદદ કરવાને નિમાયલા તાબામાંહેના અમલદારો છે એમ ગણુવામાં આવસે.

સ્માલ કાઝ કોર્ટની હકુમત આપેલી કોર્ટોને આ આકટ લગાડવો. ૩૨. (૧) બાબ ૩જા તથા ૪થાનો જેટલો ભાગ.—

(અ) સ્માલ કાઝ કોર્ટ સાંભળી શકે એવી ફરિયાદના સ્વરૂપને,

(બ) સદરહુ ફરિયાદમાં બીજી કોર્ટોની હકુમત બાતલ કરવા બાબતને,

(ક) સ્માલ કાઝ કોર્ટોના વહીવટને તથા કામ ચલાવવાની રીતને,

(ડ) તે કોર્ટોના કેટલાક હુકુમ ઉપર કરવાની અપીલને અને તેઓએ ઠરાવ કરેલા મુકદમાની તપાસણીને, અને

(ઈ) તેમના હુકમનામા તથા હુકમ, આ આકટ ઉપરથી ઠરાવી છે તે પ્રકારની અપીલને અને તપાસણીને પાત્ર રહીને આખરના હોવાનું ઠરાવ્યું છે તે બાબતને.

લગતો હોય તેટલો ભાગ વિદ્યમાન કાળે અમલમાં હોય એવા કાયદાથી અથવા એવા કાયદા પ્રમાણે સ્માલકાઝ કોર્ટની હકુમત મળી હોય એવી કોર્ટોને તે હકુમત ચલાવવા સૂધી લાગુ પડે છે.

(૨) સ્માલ કાઝ કોર્ટની હકુમત આપેલી કોર્ટોના સંબંધમાં પેટા કલમ (૧) માંહેનો કોઈપણુ મજકુર તે કોર્ટોને તે હકુમત જે તારીખે આપી હોય તે તારીખ પેહેલાં તે કોર્ટમાં માંડેલી ફરિયાદોને અથવા સરૂ કરેલા કામોને લાગુ થાય છે એવું સમજવું નહીં.

સદરહુ પ્રમાણે હકુમત આપેલી કોર્ટ જાણે એ કોર્ટો છે એવી રીતે તેને ૩૩. જે કોર્ટને સ્માલકાઝ કોર્ટની હકુમત આપી હોય તે કોર્ટ તે હકુમત બજાવવાના સંબંધમાં અને તેજ કોર્ટ સ્માલ કાઝ કોર્ટથી નહિ સાંભળી શકાય એવી દિવાની ફરિયાદોમાં પોતાની હકુમત બજાવવાના સંબંધમાં, આ આકટ અને દિવાની કામ ચલા-

આક્ટ તથા કાયદો લાગુ કરવા બાબત.

વવાની રીતના કાયદાના કારણ સારૂ જુદી કોર્ટો છે એમ સમજવું.

આ પ્રમાણે લાગુ કરેલા કાયદામાં ફેરફાર કરવા બાબત.

૩૪. ઉપરની છેલ્લી બે કલમમાં ગમે તે ઠરાવ હોય તોપણ,

(અ) જ્યારે, સ્માલ કાઝ કોર્ટની હકુમત બજાવનાં સદરહુ હકુમત આપેલી કોર્ટ, સ્માલ કાઝ કોર્ટથી નહીં સાંભળી શકાય એવી દિવાની ફરિયાદોમાં હકુમતવાળી કોર્ટ તરીકે પોતાની પાસે કોઇ હુકમનામું બજાવવા સારૂ મોકલે ત્યારે, અથવા

(બ) જ્યારે કોઈ કોર્ટ, સ્માલ કોઝ કોર્ટથી નહીં સાંભળી શકાય એવી દિવાની ફરિયાદોમાં પોતાની હકુમત બજાવતાં, સ્માલ કાઝ કોર્ટની હકુમત આપેલી કોર્ટ તરીકે પોતાની પાસે કાંઈ હુકમનામું બજાવવા સારૂ મોકલે ત્યારે.—

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની ૨૨૪ મી કલમમાં કહેલા દસ્તાવેજો હુકમનામાની સાથે, હરકોઇ બાબતમાં તે કોર્ટે લીખીત હુકમ કરીને તે મોકલવા બાબત ફરમાવ્યું નહીં હોય તો, મોકલવા નહીં.

કાહાડી નાંખેલી કોર્ટોના ચલાવેલાં કામો ચાલુ રાખવા બાબત.

૩૫. (૧) જ્યારે કોઈ સ્માલ કાઝ કોર્ટને અથવા સ્માલ કાઝ કોર્ટની હકુમત આપેલી કોર્ટને કોઈપણ કારણને લીધે હરકોઈ મુકદમાના સંબંધમાં હકુમત હોવાનું બંધ થયું હોય, ત્યારે તે મુકદમાના સંબંધમાં હુકમનામાની પેહેલાં અથવા હુકમનામા પછી જે કંઈપણ કામ, તે કોર્ટને હકુમત હોવાનું બંધ થયું ન હોત તો, તે કોર્ટમાં ચાલી શકત તે કામ જે ફરિયાદમાંથી ઉત્પન્ન થયું હોય તે ફરિયાદ માંડવાની તૈયારી હોય તો તેનો ઇનસાફ કરવાની હકુમત જે કોર્ટને હોય તે કોર્ટમાં સદરહુ કામ ચલાવવાનો અધિકાર છે.

(૨) આ કલમ માંહેનો કોઈપણ મજકુર, દિવાની કામ ચલાવવાની રીતનો કાયદો સ્માલ કાઝ કોર્ટોને લાગુ કર્યોછે તેવા તે કાયદામાં અથવા વિદ્યમાન કાલે અમલમાં હોય તેવા કોઈપણ બીજા કાયદામાં જે મુકદમા બાબત ખસુસ ઠરાવ કર્યો હોય, તે મુકદમાઓને લાગુ થશે નહીં.

હિંદુસ્તાનના મુદત બાબતના આકટનો સુધારો.

૩૬. સને ૧૮૭૭ ના હિંદુસ્તાનના મુદતના આકટના બીજા પરિશિષ્ટનાં ત્રીજા ભાગમાં,—

(અ) નંબર ૧૬૦ ની પછી હેઠળ લખેલો મજકુર દાખલ કરવો, એટલે:—

"૧૬૦ અ જીલ્લા સ્માલ કાઝ કોર્ટ અથવા જીલ્લા સ્માલ કાઝ કોર્ટની હકુમત મળેલી કોર્ટ તે હકુમત બજાવતી હોય ત્યારે તે કોર્ટે ફેસલો ફરી તપાસવા સારૂ.	એજન.	હુકમનામાની અથવા હુકમની તરીખ."

અને (બ) નંબર ૧૭૩ માં "૧૬૨ માં નંબર માં" એ શબ્દ અને આંકડા પેહેલાં, ૧૬૦ અ. નંબર અને" એ શબ્દો, આંકડા અને અક્ષર દાખલ કરવા.

કેટલાક હુકમ પ્રસિદ્ધ કરવા બાબત. ૩૭. આ આકટ પ્રમાણે સ્થાનિક સરકારે કરવાના સઘળા લિખિત હુકમો સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

પેહેલું પરિશિષ્ટ.

રદ્દ કરેલા કાયદાઓ.

કલમ ૨ જુઓ.

નંબર અને વરસ.	વિષય અથવા નામ,	કેટલો રદ્દ કીધો.
સને ૧૮૬૫ નો ૧૧ મો આકટ.	જીલ્લા સ્માલ કાઝ કોર્ટ આકટ.	જેટલો રદ્દ થયલો નથી તેટલો.
સને ૧૮૭૧ નો ૬ ઠ્ઠો આકટ.	બંગાલાનો સિવીલ કોર્ટ આકટ.	કલમ ૩૦ મી.
સને ૧૮૭૩ નો ૩ જો આકટ.	મદ્રાસ સિવીલ કોર્ટ આકટ.	કલમ ૨૯ મીનો પેરેગ્રાફ પેહેલો.
સને ૧૮૭૪ નો ૧૫ મો આકટ.	કાયદાની સ્થાનિક વ્યાપ્તીનો આકટ	પેહેલા પરિશિષ્ટનો જેટલો ભાગ સન ૧૮૬૫ ના ૧૧ મા તથા સન ૧૮૬૭ ના ૧૦ મા આકટના સંબંધનો છે તેટલો ભાગ.
સને ૧૮૮૧ નો ૧૨ મો આકટ.	વાયવ્ય પ્રાંતના ભાડા બાબતનો આકટ.	૨ જી કલમમાં "અને સન ૧૮૬૫ના ૧૧ મા આકટની કલમ ૫૨" એ શબ્દ તથા આંકડા.
સને ૧૮૭૭ નો રેગ્યુલેશન ૧ લો.	અજમેરની કોર્ટોનો રેગ્યુલેશન.	કલમ ૩૩.

બીજું પરિશિષ્ટ.

સ્માલ કાઝ કોર્ટના સાંભળવામાંથી બાતલ કરેલી ફરિયાદો.

(કલમ ૧૫ જુઓ)

(૧) ગવર્નર જનરલ ઈન કૌન્સિલે અથવા સ્થાનિક સરકારે અથવા ગવર્નર જનરલે અથવા ગવર્નરે અથવા ગવર્નર જનરલની અથવા મદ્રાસ અથવા મુંબઈના ગવર્નરની કૌન્સિલના મેંબરે પોતાના હુદ્દાના સબબથી કાંઈ કૃત્ય અથવા હુકમ કર્યાનું જણાતું હોય તે સંબંધી, અથવા ગવર્નર જનરલ ઇન કૌન્સિલના અગર સ્થાનિક સરકારના હુકમથી કોઈ શખસે કાંઈ કૃત્ય કર્યાનું જણાતું હોય તે સંબંધી ફરિયાદ;

(૨) કોઈ કોર્ટે અથવા કોઈ ઈનસાફી અમલદારે પોતાના હોદાનું કામ બજાવતાં કરેલા ફેસલા અગર હુકમ પ્રમાણે કોઇ શખસે કાંઇ કૃત્ય કર્યાનું જણાતું હોય તે સંબંધી ફરિયાદ.

(૩) કોઈ બીજા સરકારી અમલદારે પોતાના હુદ્દાના સબબથી અથવા કોઈ ઓહ્

વાર્ડે, અથવા કોર્ટ ઓફ વાર્ડના અમલદારે પોતાના હોદ્દાનું કામ બજાવતાં કાંઈ કૃત્ય અ-થવા હુકમ કર્યાનું જણાતું હોય તે સંબંધી ફરિયાદ;

(૪) સ્થાવર મિલકતનો કબજો લેવા બાબત અથવા સદરહુ મીલકત બાબતનો કાંઈ હક્ક સંબંધી પાછો લેવા બાબત ફરીયાદ.

(૫) સ્થાવર મિલકતની વેહેંચણ કરવા બાબતની ફરિયાદ.

(૬) ગીરો મુકેલી સ્થાવર મીલકત ઉપરનો ગીરો છોડવવાનો હક્ક બંધ કરવા સારૂ અથવા તે મિલકતનું વેચાણ કરવા સારૂ સદરહુ મિલકત ગીરવી રાખનારની અથવા ગીર-વી મુકેલી સ્થાવર મિલકત ઉપરનો ગીરો હક્ક છોડાવવા સારૂ ગીરવી મુકનારની ફરિયાદ.

(૭) સ્થાવર મિલકતનું ભાડું આકારવાની, વધારવાની, ઓછું કરવાની અથવા વે-હેંચ્વી આપવાની ફરિયાદ;

(૮) ઘર ભાડું ખારેજ કરીને બીજું ભાડું વસુલ કરવા સારૂ ફરિયાદ, પણ સ્માલ કાઝ કોર્ટના જડજને તે સંબંધમાં હકુમત ચલાવવાનો અધિકાર સ્થાનિક સરકારે સ્પષ્ટપણે આપ્યો હોય તો તે જુદી વાત છે;

(૯) જમીન મહેસુલનો આકાર આપવાની જમીનની પાવતી સંબંધી ફરિયાદ;

(૧૦) વ્યર્થ ખરચ કરવાનો પ્રતિબંધ કરવા બાબત ફરિયાદ;

(૧૧) સ્થાવર મિલકતમાંનો બીજો કોઈ હક્ક અથવા હિત સંબંધ નક્કી કરવાની અથવા અમલમાં લાવવા બાબતની ફરિયાદ;

(૧૨) વંશપરંપરાના હુદ્દાનાં અથવા સદરહુ હુદ્દા માંહેના કાંઈ હક્ક સંબંધના કબજા બાબત ફરિયાદ એમાં કાંઈ હુદ્દાનું કામ કરવાનો અનન્યાશ્ર અથવા મુદતે ને મુદતે પાછો મળવાનો હોય એવો હક્ક સ્થાપન કરવા બાબતની ફરિયાદનો સમાસ થાય છે.

(૧૩) જે નિમણુંક અથવા ફીને અનુક્રમે માલીકાના અને હક્ક કહે છે તે અપાવવા-ની અથવા સેસ (ધારો) અથવા બીજું માગણું જ્યારે તે કોઈ શખસને સ્થાવર મિલકત-માં અથવા વંશપરંપરાના હુદ્દામાં અથવા દેવળમાં અથવા બીજા ધર્મ સંબંધી સંસ્થાનમાં તેનો હિત સંબંધ હોય તે સબબથી આપવાનું હોય તે અપાવવાની ફરિયાદ.

(૧૪) જે માણુસને સન ૧૮૭૦ ના જમીન લેવા બાબતના આક્ટ મુજબ નુકશા-નનો બદલો આપ્યો હોય તે માણુસ પાસેથી તે સઘળો નુકશાનનો બદલો અથવા તેનો કો-ઈ પણ ભાગ વસુલ કરવા બાબત ફરિયાદ.

(૧૫) કરાર વિશેષ રીતે પુરો કરવા અથવા રદ્દ કરવા બાબત ફરિયાદ.

(૧૬) દસ્તાવેજ દુરસ્ત કરવા અથવા છેકી નાંખવા બાબત ફરિયાદ

(૧૭) તાકીદ મેળવવા બાબત ફરિયાદ.

(૧૮) ટ્રસ્ટ બાબત ફરિયાદ, એમાં ટ્રસ્ટ તોડયાથી થયેલું નુકસાન મરનાર ટ્રસ્ટીના કુલ એકંદર ઈસ્ટેટમાંથી ભરી લેવા બાબત ફરિયાદ અને મરનાર ટસ્ટીના ઈસ્ટેટ ઉપર ફા-ળાનો દાવો અમલમાં લાવવા બાબત સામાઈક ટ્રસ્ટીએ કરેલી ફરિયાદનો સમાસ થાય છે.

(૧૯) જ્ઞાપિત કરવાનું હુકમનામું મેળવવાની ફરિયાદ, આમાં દિવાની કામ ચલાવ-વાની રીતના કાયદાની કલમ ૨૮૩ અથવા કલમ ૩૩૨ મુજબ જે ફરિયાદ માંડી હશે તે

ફરિયાદનો સમાસ થતો નથી.

(૨૦) દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૩ અથવા કલમ ૩૩૨ મુજબ માંડેલી ફરિયાદ.

(૨૧) કોઈ કોર્ટે અથવા રેવિન્યું અધિકારીએ કરેલી જપ્તી, અથવા કોઈ કોર્ટે અથવા રેવિન્યુ અધિકારીએ અથવા વાલીએ કરેલું વેચાણ, ગીરો, પટો અથવા બીજી રીતે જે કાંઈ બીજાના નામ ઉપર કરી આપ્યું હોય તે રદ્દ કરવા બાબત ફરિયાદ.

(૨૨) વાદી દીવાનો હોય તે દરમીઆન જે મીલકત તેણે બીજાને નામે કરી આપી હોય તે મિલકત બાંબત ફરીવાદ.

(૨૩) કોઈ કોર્ટે અગર ઈનસાફના હોદ્દાની રૂએ ચાલનારા કોઈ શખસે કરેલો ઠરાવ, હુકમનામુ અથવા હુકમ બદલવા અથવા રદ્દ કરવા બાબત ફરિયાદ.

(૨૪) નિવેડા બાબત તકરાર કરવા સારૂ ફરિયાદ.

(૨૫) દીવાની કામ ચલાવવાની રીતના કાયદામાં જેની વ્યાખ્યા કરી છે તેવા પરરાજ્યના ફેંસલા ઉપર અથવા બ્રિટિશ ઈંડિયામાં મેળવેલા ફેંસલા ઉપર ફરિયાદ.

(૨૬) દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૨૯૫ મી કલમ પ્રમાણે અયોગ્ય રીતે વેહેચી આપેલો અવેજ પાછો આપવાની જરૂર પાડવા બાબત ફરિયાદ.

(૨૭) જે માણુસને મુત્યુ પત્ર ચલાવનારે અથવા વહિવટ ચલાવનારે વસિયત નામામાં લખેલુ દાન આપ્યું હોય અથવા અવેજ વેહેચી આપ્યો હોય તે માણુસની પાસેથી તે દાન અથવા અવેજ પાછો અપાવવા બાબત સને ૧૮૬૫ ના હિંદુસ્તાનના વારસા બાબતના આકટની કલમ ૩૨૦ અથવા ૩૨૧ મુજબ અથવા સને ૧૮૮૧ ના પ્રોબેટ અને એડમિનિસ્ટ્રેશન આંકટની કલમ ૧૩૯ અથવા ૧૪૦ મુજબની ફરિયાદ;

(૨૮) વસિયતનામું કરનારાએ વસિયતનામું કરીને આપેલા દાન બાબત અથવા સઘળા સેષધન બાબત અથવા તે શેષધનના હિસ્સા બાબત અથવા વસિયતનામું કર્યા વગર કોઈ મરણ પામું હોય તેની સઘળી માલ મીલકત બાબત અથવા તેના હિસ્સા બાબત ફરિયાદ.

(૨૯) હેઠળ લખેલી ફરિયાદઃ—

(અ) પંત્યાળું ભાંગવા બાબત, અથવા પંસાળું ભાંગ્યા પછી તેનો ધંધો આટોપીને બંધ કરવા બાબત.

(બ) પંસાળાનાં કામનો હિસાબ લેવા બાબત; અથવા.

(ક) પંસાળાએ અથવા તેમના પ્રતિનિધિઓએ બાકી કાહાડી હોય તે પ્રસંગ શિવાય પંસાળાના હિસાબની બાકી કહાડવા બાબત.

(૩૦) મિલકતનો હિસાબ લેવા બાબતની અને હુકમનામા પ્રમાણે તે મિલકતનો યોગ્ય વહિવટ કરવા બાબતની ફરિયાદ.

(૩૧) હિસાબ બાબત બીજી કોઈ ફરિયાદ, એમાં ગીરવી રાખનારે જે વધારાની ઉપજ લીધી હોય તે, ગીરવીનું નાણું વળ્યા પછી, પાછી લેવા બાબત ગીરવી મુકનારે કરવાની ફરીયાદ, અને વાદીની સ્થાવર મીલકતની ઉપજ પ્રતિવાદીએ અન્યાયથી લીધી હોય તે ઉપજ બાબતની ફરિયાદનો સમાસ થાય છે.

(૩૨) જનરલ આવરેજ નુકસાન અથવા સાલવેજ બાબતની ફરિયાદ.

(૩૩) વાહાણનું એક મેકની સાથે અથડાવું થાય તે સંબંધી નુકસાનીના બદલાની ફરિયાદ,

(૩૪) વિમાના ખત ઉપર અથવા એવા કોઈ ખત મુજબ આપેલું કંઈ પણ પ્રીમીઅમ પાછું લેવા સારૂ ફરિયાદ.

(૩૫) હેઠળ લખેલી બાબેતોમાં નુકસાનીનો બદલો મળવા બાબત ફરિયાદ.—

(અ) ફરિયાદ કરવા લાયક અપકૃતીનાં કારણથી કોઈ માણસ મરણ પામ્યાને લીધે થયલાં નુકસાન બાબેત.

(બ) ગેરવાજબી રીતે પકડવા, અટકાવ કરવા અથવા કેદ કરવા બાબત.

(ક) અદાવતથી ફોજદારીમાં કામ ચલાવ્યા બાબત.

(ડ) લૈબલ બાબત.

(ઈ) આબરૂ લેનારો મજકુર બોલ્યા બાબત.

(ફ) છિનાળું અથવા ફિટથ્યાં બાબત.

(ગ) વિવાહનો કોલકરાર અથવા પરણવાનું વચન તોડવા બાબત.

(હ) વાદીની સાથે કરેલો કરાર તોડવાને કોઈ માણસને પ્રવૃત કરવા બાબત.

(આઈ) ઈઝમેંટને પ્રતિબંધ કરવા બાબત અથવા પાણીના પાટને વાળવા બાબત.

(જે) કાયદા વિરૂદ્ધ, ગેર રીતેની અથવા વધારે જપ્તી અથવા ટાંચ કર્યા બાબત.

(કે) દીવાની કામ ચલાવવાની રીતના કાયદાના ૩૪ મા બાબ મુજબ ગેરવાજબી રીતે પકડવા બાબત અથવા તેજ કાયદાના ૩૫ મા બાબ મુજબ ગેરવાજબી રીતે મેળવેલી તાકીદ કઢાવવા બાબત અથવા.

(એલ) આ રકમની ઉપલી પેટા રકમમાં નિર્દિષ્ટ કરી નહીં હોય એવી કોઈ બાબતમાં માણસના શરીરને નુકશાન કરવા બાબત.

(૩૬) મુ. અજજલ બાબત એટલે માગી લેવાય તેવી મેહેર બાબત અથવા મુવજલ બાબત એટલે કેટલી એક મુદ્દત પછી આપવાની મેહેર બાબત મુસલમાને કરવાની ફરિયાદ.

(૩૭) લગ્નના હક્ક પાછા મળવા બાબત, બાયડી પાછી લેવા બાબત, સગીરના કબજા બાબત, અથવા છુટી છેડા કરવા બાબત ફરિયાદ.

(૩૮) ખોરાકી પોશાકી બાબત ફરિયાદ.

(૩૯) જમીન મેહેસુલની બાકી, ગામડાનું ખરચ, અથવા બીજી રકમો ગામડાના લોક સમસ્તના પ્રતિનિધિને અથવા તેના વારસને અથવા હક સબંધવાળા બીજા સ્થાનાપન્નને આપવાની હોય તે બાબત ફરિયાદ.

(૪૦) જમીન મેહેસુલ, ગામડાનું ખરચ અને બીજી રકમો આપ્યા પછી ગામડાના લોક સમસ્તના પ્રતિનિધિએ અથવા તેના વારસે અગર હક્ક સંબંધવાળા બીજા સ્થાનાપન્ને આપવાની ઉપજ બાબત ફરિયાદ.

(૪૧) સામાઈક ભાગીદાર પાસેથી લેણી થયેલી રકમનાં નાણાં કોઇ સામાઇક મીલકતના ભાગીદારે આપ્યાં હોય તે બાબત સદરહુ સામાઇક મિલકતના ભાગીદારે કરવાની ફાળાની ફરીઆદ, અથવા સામાઇક મિલકતના વહીવટદારે અથવા કોઇ અવિભક્ત કુટુંબના આસામીએ સદરહુ મિલકત અથવા કુંટુંબના હિસાબે આપેલી રકમ બાબત તેણે કરવાની ફાળાની ફરિયાદ;

(૪૨) ગીરવી મૂકેલી માલમિલકત છોડાવવા સારૂ સ્થાવર મિલકતના કેટલાક સામાઈક ગીરો મુકનારાઓમાંથી એક આસામીયે આપેલા પૈસાના સંબંધમાં, ફાળો મળવા બાબત તેણે કરેલી ફરિયાદ;

(૪૩) જમીન મેહેસૂલની ચઢેલી બાકી બાબત અથવા જમીન મેહેસુલની ચઢેલી બાકી પ્રમાણે વસૂલ થઈ શકે તેવા લેણા બાંબત રેવિન્યુ અધિકારિયે કરેલા દાવાનો નિકાલ કરવા સારૂ તકરાર કરીને પૈસા આપ્યા હોય તે પાછા લેવા બાબત સરકાર ઉપર ફરિયાદ;

(૪૪) હરકોઈ વિદ્યમાન ચાલુ કાયદાથી જે ફરિયાદ સાંભળવાની સ્માલકાઝ કોર્ટને મના હોય તે ફરિયાદ;

(સહી) **એસ. હાર્વે જેમ્સ.**

ઓફિશિયેટીંગ સેક્રેટરી નિસબત હિંદુસ્તાન સરકાર.

(True Translation.)

Y. M. KELKAR.

Acting Oriental Translator to Government.

ઇંડીઆના ગવરનર જનરલ ઇનકાંઉન્સીલને હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૮૭ ના મારચ મહીનાની ૧૧ મી તારીખે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ આ ઉપરથી છપાવીને પ્રસિદ્ધ કરયો છે.

सने १८८७ नो आकट १३ मो.

દીવા કરવા સારૂ તથા બીજાં કામ સારૂ વીજળી પુંરી પાડતી વખતે તથા તેનો ઉપયોગ કરતી વખતે થનારા ભયથી લોકોના શરીરનુ તથા માલમિલકતનુ રક્ષણ કરવાનુ ઠરાવવા બાબતનો આકટ.

જે અર્થે દીવા કરવા સારૂ તથા બીજાં કામ સારૂ વીજળી પુરી પાડવાની બાબતમાં અને તેનો ઉપયોગ કરવાની બાબતમાં નિયમન કરવું યોગ્ય છે;

અને જે અર્થે હિંદુસ્તાનમાં હાલ વીજળી પુરી પાડવામાં આવે છે તથા તેનો ઉપયોગ થાય છે તે ઉપરથી જોતાં, એવું નિયમન લાઇસેન્સથી અથવા એવા બીજા ઉપાયથી કરવાનુ મુલતવી રખાય એમ છે, અને સદરહુ મુજબ વીજળી પુરી પાડવાથી તથા તેના ઉપયોગથી થનારા ભયની સામુ લોકોના શરીરનું તથા માલમિલકતનું રક્ષણ કરવાનુ ઠરાવ્યું તો હાલ બસ છે;

તે અર્થે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

નામ,વ્યાપ્તિઅનેશરૂઆત. ૧. (૧) આ આકટને સન ૧૮૮૭ નો વીજળી બાબતનો આકટ કેહેવો.

(૨) તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડશે; અને

(૩) તે સન ૧૮૮૭ ના જુલાઇ મહીનાની પેહેલી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યાઓ. ૨. આ આકટમાં, વિષયથી અથવા પૂર્વાપર સંબંધથી બાધ આવતો ન હોય તો,—

(૧) "વીજળી" આ શબ્દમાં ગેલવેનીઝમ, મેગ્નેટીઝમ, મેગ્નેટો–ઇલેકટ્રીસીટી, અને ઈલેકટ્રો–મેગ્નેટીઝમનો સમાસ થાય છે:

(૨) સન ૧૮૮૫ ના હિંદુસ્તાનના ટેલીગ્રાફ આકટમાં જે શબ્દોની વ્યાખ્યા આપેલી છે તે શબ્દોનો અર્થ તે આકટમાં જેવો કર્યો છે તેવો સમજવો.

(૩) "કામ" આ શબ્દમાં સંદેસો મોકલવા શિવાય કોઈ પણ કામનો સમાસ થાય છે: અને

(૪) "વહાણ" આ શબ્દમાં જળ માર્ગે માણસોને અથવા મિલકતને લઈજવા માટે વપરાતી કાંઈ પણ વસ્તુનો સમાસ થાય છે.

વીજળીપુરીપાડવાનોઅથવા તેનોઉપયોગકરવાનોહેતુજાહેરકરવાબાબત. ૩ હેઠળ લખેલા બેમાંના કોઈ પણ પ્રસંગે, એટલે;—

(અ) કોઇ પણ સખસનો હેતુ વીજળી પુરી પાડવાનો ધંધો માથે લેવાનો હોય તો, અથવા

(બ) કોઇ પણ સાર્વજનીક કામ સારૂ, અથવા કોઇ પણ સાર્વજનીક જગામાં, અથવા જ્યાંહાં લોકોને અસર થવાનો સંભવ હોય એવી કોઇ પણ જગામાં અથવા જ્યાંહાં સો કરતાં વધારે માણસોનો જમાવ થવાનો સંભવ હોય તેવી જગામાં, અથવા સન ૧૮૮૧ ના હિંદુસ્તાનનાં કારખાનાના આકટ માંહેના અર્થ પ્રમાણે જે જગા કારખાનુ હોય તે જગામાં, વીજળીનો ઉપયોગ કરવાનો કોઇ પણ સખસનો હેતુ હોય તો,

તેણે તે વીજળી પુરી પાડવાનું અથવા તેનો ઉપયોગ કરવાનું શરૂ કરતા પહેલાં ને-

દાન એક અઠવાડીયાની અગાઉ જીલ્લા માજીસ્ટ્રેટને, અથવા ઈલાકાના મુખ્ય શેહેરમાં, પોલીસ કમીશનરને પોતાનો હેતુ જાહેર કરવો જોઇએ.

કાનુનકરવાનોઅખત્યાર. ૪ (૧) ગવરનર જનરલ ઇનકાંઉનસીલને યોગ્ય લાગે તેવી કાનુનો હેઠળ લખેલી બાબતમાં કરવાનો અધિકાર છે.—

(અ) વીજળી ઉત્પન્ન કરવામાં અથવા તે પુરી પાડવામાં વાપરેલા સરંજામો અથવા સાહિત્યોનો સ્પર્શ થવાથી અથવા તે પાસે હોવાથી શરીર અને માલમિલકતને થતા નુકશાનમાંથી બચાવવા સારૂ, અને

(બ) સદરહુ સરંજામ અથવા સાહિત્યોમાંનાં કોઇ પણ સરંજામથી અથવા સાહિત્યથી ટેલીગ્રાફ-લાઇનોને નુકશાનકારક અસર થતી અટકાવવા સારૂ.

(૨) બીજી બાબતો શીવાય, સદરહુ કાનુનોથી કોઈ પણ કારભારીને તેના નામથી અથવા તેના હુદાના સબબથી હેઠળ લખેલો અધિકાર, એટલે, જે કોઈ પણ જગામાં, ગાડીમાં અથવા વહાણમાં સદરહુ પ્રકારના કાંઈ પણ સરંજામ અથવા સાહિત્ય છે એમ માનવાનું તે કારભારીને કારણ હોય તેમાં પેસીને તે જોવાનો તથા તપાસવાનો અધિકાર આપવામાં આવે અથવા તે આપવાની સ્થાનીક સરકારને અથવા બીજા અધિકારીને સત્તા સોંપવામાં આવે.

(૩) આ કલમ પ્રમાણે કરેલી કોઇ પણ કાનુન, આ કલમ ઉપરથી ગવરનર જનરલ ઈનકાંઉનસીલને જે અધિકાર આપ્યો છે તે અધિકારમાંહે છે એમ સમજવું અને જાણે આ આકટથી તે ઠરાવી છે એમ તેનો અમલ થશે.

(૪) આ કલમ મુજબ કાનુન કરવાનો અખત્યાર હેઠળની સરતને લાગુ છે એટલે સદરહુ કાનુન અગાઉથી પ્રસિદ્ધ કરીને પછી તે કાયમ કરવી.

શિક્ષા. ૫. જો કોઈ સખસ, ૩ જી કલમમાં જે નોટીસ આપવાનું કહ્યું છે તે આપ્યા વગર, વીજળી પુરી પાડવાનુ કામ માથે લેશે અથવા તે કલમમાં કહેલા પ્રકારના કોઇ પણ કામ સારૂ અથવા તેમાં કહેલી હરકોઇ જગામાં તેનો ઉપયોગ કરશે; અથવા કલમ ૪ પ્રમાણે કરેલી કોઇ પણ કાનુન તોડશે અથવા કોઈ પણ જગામાં, ગાડીમાં અથવા વહાણમાં પેસવાનો, તે જોવાનો તથા તપાસવાનો સદરહુ કાનુન પ્રમાણે કોઇ કારભારી પોતાનો અધિકાર બજાવતો હોય તેને હરકત કરશે તો તેને પાંચસો રૂપીઆ સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે, અને એમ ન કરવા બાબત જીલ્લા માજીસ્ત્રેટ, અથવા ઇલાકાના મુખ્ય શેહેરમાં, પોલીસ કમિશનર, એઓની તરફથી તેને લેખી નોટીસ મળ્યા પછી તે સદરહુ મુજબ વીજળી પુરી પાડવાનું અથવા તેનો ઉપયોગ કરવાનું અથવા કાનુંન તોડવાનું, અથવા કારભારીને હરકત કરવાનું ચાલૂ રાખશે તો જેટલા દિવસ સદરહુ મુજબ વીજળી પૂરી પાડવાનું, ઉપયોગ કરવાનું, કાનુન તોડવાનું અથવા હરકત કરવાનું ચાલૂ રહેશે તેમાંના દરેક દિવસને માટે સો રૂપીઆ સુધીના દંડની જાસ્તી શિક્ષા તેને કરવામાં આવશે.

સરકારનાકામોસારૂટેલિગ્રાફ સત્તાના અધિકાર ચલાવવા બાબત. ૬. સરકારના કોઇ પણ કામ સારૂ વીજળી પુરી પાડવા માટે સરંજામ તથા સાહિત્યો મૂકવાની બાબતમાં, સરકારે સ્થાપેલા અથવા ચાલુ રાખેલા અથવા એ મુજબ સ્થાપવાના અથવા ચાલૂ રાખવાના ટેલિગ્રાફનાં કારણ સારૂ ટેલિગ્રાફ લાઈનો અને થાંભલાઓ મુકવાની બાબતમાં સને ૧૮૮૫ ના હિંદુસ્તાનના ટેલિગ્રાફ આકટની રૂયે જે અધિકારો ટેલિગ્રાફ સત્તાને મળેલા છે તેમાંનો કોઇ પણ અધિકાર કોઇ પણ સરકારી કારભારીને, ગવરનર જનરલ ઈનકાંઉનસીલ આપવા મુખત્યાર છે.

(સહી) એસ. હાર્વિજેમ્સ.
ઓફિશિયેટિંગ સેક્રેટરી નિસબત હિંદુસ્તાન સરકાર,
(ટ્રુ ટ્રાન્સલેટર)
વાય. એમ. કેલકર.
ઓરીઅન્ટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેંટ.

सने १८८७ नो आकट नंबर २०

નીચે લખેલો હીંદુસ્થાનના ગવર્નર જનરલ ઈન કૌંસિલનો આકટ નામદાર ગવર્નર જનરલે સને ૧૮૮૭ના આકટોબર મહીનાની તારીખ ૨૧ મીએ મંજુર કર્યો, અને સર્વ લોકોને જાણ થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે.—

જંગલી પક્ષી તથા સીકારના રક્ષણનો આકટ.

જે અર્થે બ્રિટિસ હીંદુસ્થાનના જુદા જુદા ભાગમાંના મ્યુનીસિપલ અધિકારીઓએ પક્ષી તથા બીજા શિકારના રક્ષણ માટે વખતે વખતે કાનુનો કરી છે;

અને જે અર્થે સદરહુ પ્રકારની કાનુનો કરવા સ્થાનીક સરકારને તથા કેન્ટોન્મેન્ટ અધીકારીઓને તેમજ મ્યુનીસિપલ અધિકારીઓને સત્તાદાન કરવા એ યોગ્ય છે;

તે અર્થે આ ઉપરથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે:—

નામવ્યાપ્તીતથાસરૂઆત

૧ (૧) આ આકટને સન ૧૮૮૭ નો જંગલી પક્ષીના રક્ષણનો આકટ કહેવો

(૨) તે આખા બ્રિટિશ હીંદુસ્થાનને લાગુ છે; અને

(૩) તે તાબડતોબ અમલમાં આવશે.

વ્યાખ્યાઓ.

૨ આ આકટમાં—

૧ "મ્યુનીસીપલ અધીકારી" એ શબ્દનો અરથ વિદ્યમાન કાળે અમલમાં હોય એવા કોઇ પણ કાયદાની રૂએ મ્યુનીસીપાલેટી ઉપર અધીકાર વાળી કોરપોરેશન, કમીશનર, કમીટી, બોર્ડ, કાઊસીલ અથવા કોઇ અંશામી સમજવો.

૨ "કેન્ટોન્મેન્ટ અધીકારી" એ શબ્દનો અર્થ કેન્ટોન્મેન્ટ કમીટી અથવા જે કેન્ટોન્મેટ સારૂ સદરહુ પ્રકારની કમીટી સ્થાપીયલી ન હોય તે બાબતમાં સદરહુ કેન્ટોન્મેન્ટનો કમાંડીગ આફીસર સમજવો: અને

(૩) "જંગલી પક્ષી" એ શબ્દના અર્થમાં મોર તથા શીકારના દરેક પક્ષીનો સમાસ થાય છે.

કાનુનકરવાનીસત્તા

૩ (૧) પોતાના અમલ નીચેના મુલક માંહેની કોઇપણ મ્યુનીસીપાલીટી અથવા કેન્ટોન્મેન્ટની બાબતમાં સ્થાનીક સરકાર અથવા કાંઈ પણ મ્યુનીસીપાલીટીનો અથવા કેન્ટોન્મેન્ટનો મ્યુનીસીપલ અધીકારી અથવા કેન્ટોન્મેન્ટ અધીકારી, વખતે વખતે નીચે પ્રમાણેની કાનુંનો કરવા મુખત્યાર છે—

(અ) મ્યુનીસીપાલીટી અથવા કેન્ટોન્મેન્ટને સદરહુ આકટ લાગુ પાડતાં સદરહુ આકટના હેતુ પાર પાડવા માટે "જંગલી પક્ષી" એ શબ્દોની વ્યાખ્યા કરવાની;

(બ) સદરહુ કારણો માટે કોઇ પણ જાતના જંગલી પક્ષીની ઉત્પાદન રૂતુની વ્યાખ્યા કરવાની; અને

(ક) સદરહુ મ્યુનીસીપાલીટી અથવા કેન્ટોન્મેન્ટની હદમાં ઉત્પાદન રૂતુના દરમીયાનમાં કોઇ પણ જાતના તરતજ મારેલા અથવા પકડેલા જંગલી પક્ષીનો કબજો અથવા વેચાણ અથવા સદરહુ રૂતુના દરમીયાનમાં કોઈ પણ જાતની જંગલી પક્ષીના પીછાં સદરહુ મ્યુનીસીપાલીટીમાં અથવા કેન્ટોન્મેન્ટમાં લાવવાનું સદરહુ કાનુનોની રૂયે ઠરાવવામાં આવે એવા બાધ અથવા સરતોને પાત્ર બંધ કરવા વીશેની.

(૨) જેના સંબંધમાં અથવા જેના પીછાના સંબંધમાં સદરહુ કાનુંન તોડવામાં આવી હશે એવા પ્રત્યેક જંગલી પક્ષી બદલ, પહેલવહેલા ગુન્હાની બાબતમાં પાંચ રૂપીઆ સુધીના તથા ત્યાર પછીના ગુન્હાની બાબતમાં, સદરહુ પ્રકારના પ્રત્યેક પક્ષી અથવા તેના પીછાંના સંબંધમાં, દસ રૂપીઆ સુધીના દંડની શીક્ષા સદરહુ કાનુંન તોડવા બદલ થશે, એવુ ફરમાવવાનો અધીકાર પેટા કલમ (૧) ની રકમ (ક) ની રૂયે કાનુન કરનાર અધીકારીને છે.

(૩) સદરહુ પ્રકારની કોઈ પણ કાનુન તોડવા બદલ કોઇ પણ માણસ ઉપર ગુન્હો સાબીત કરનાર કોરટને, જેના સંબંધમાં સદરહુ કાનુન તોડવામાં આવી હશે એવા કોઇ પણ જંગલી પક્ષી અથા પીછાં જપ્ત કરવાનો હુકમ કરવાનો અધીકાર છે.

(૪) આ કલમની રૂયે કાનુનનો કરવાની સત્તા એવી સરતને પાત્ર છે કે સદરહુ કાનુંનો પ્રથમ પ્રસીદ્ધ કરીને પછી તે (પસાર કરવી તથા મ્યુનીસીપલ અધીકારી અથવા કેન્ટોન્મેન્ટ અધીકારીથી કરવામાં આવેલી કાનુનોની બાબતમાં તે સત્તા વળી એવી સરતને પાત્ર છે કે સને ૧૮૮૭ ના સામાન્ય કલમોના આકટની ૬ ઠી કલમની રકમ (૫) ની રૂયે સદરહુ કાનુનો સરકારી ગેજેટમાં પ્રસીધ થાય તે પેહેલાં તે સ્થાનીક સરકાથી મંજુર થવી જોઇએ.

કોઇપણશીકારનાપ્રાણીને સદરહુઆકટલાગુકરવાની સતા.

(૫) સ્થાનીક સરકાર પોતાની મેળે અથવા કોઈ પણ મ્યુનીસીપલ અધીકારી અથવા કેન્ટોન્મેન્ટ અધીકારીએ તેને અરજ કર્યાથી જંગલી પક્ષીના સંબંધમાં તરતની છેલ્લી કલમના ઠરાવો પક્ષી શીવાયના કોઈ પણ શીકારના પ્રાણીને લાગુ છે એવું સરકારી ગેજેટમાં જાહેરનામુ છાપી પ્રસીધ કરવા મુખત્યાર છે, અને તે ઉપરથી સદરહુ ઠરાવો જે પ્રમાણે જંગલી પક્ષી અને તેમના પીછાને લાગુ છે, તેજ પ્રમાણે સદરહુ પ્રકારના પ્રાણી અને તેમના રૂવાને લાગુ થશે.

(સહી) જે. એમ. મેકફર્સન.

ઓફિશિયેટિંગ સેક્રેટરી નિસબત હિંદુસ્તાન સરકાર,

(ટ્રુટ્રાન્સલેટર)

વાય. એમ. કલેકટર.

ઓરીઅન્ટલ ટ્રાન્સલેટર ટુ ગવર્નમેંટ.

સને ૧૮૮૭ નો આકટ નંબર ૨૧.

નિચે લખેલો હિંદુસ્થાનના ગવર્નર જનરલ ઈન્ કૌંસિલનો આકટ નામદાર ગવર્નર જનરલે સને ૧૮૮૭ ના અકટોબર મહિનાની તારીખ ૨૧ મીએ મંજુર કર્યો, અને સર્વ લોકોને જાણ થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે.

કસ્ટમના બંદરો શિવાય બીજી જગાઓએ બોન્ડેડ* વખારો સ્થાપન કરવા સારૂ ઠરાવ કરવા બાબતનો આકટ.

જે અર્થે કસ્ટમના બંદરો શિવાય બીજી જગાઓએ બોન્ડેડ વખારો સ્થાપન કરવાનો ઠરાવ કરવો યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી નિચે પ્રમાણે ઠરાવ્યું છે:–

ટુંકું નામ, અર્થાન્વય, તથા શરૂઆત. ૧ (૧) આ આકટને સને ૧૮૮૭ નો જમીન ઉપરની બોન્ડેડ વખાર બાબતનો આકટ કહેવો.

(૨) આ આકટ સને ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટની સાથે વાંચવો અને તે સદરહુ આકટનો ભાગ છે એમ સમજવું; અને.

(૩) આ આકટ એકદમ અમલમાં આવશે.

જમીન ઉપરની બોન્ડેડ વખારો અને તેમને લાગુ પાડવા લાયક કાયદો. ૨. (૧) સને ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટમાં જે કંઈ પણ ઠરાવ કરવામાં આવ્યો હોય તો પણ, કસ્ટમના મુખ્ય અધિકારીને, સ્થાનિક સરકારની અગાઉ મંજુરી લેઈને, જે કોઈપણ જગા વખારમાં માલ ભરી રાખવાનું બંદર ન હોય તે જગાએ વખતે વખતે સરકારી વખાર નિમવાનો, અથવા ખાનગી વખારને વખતે વખતે લાઈસન્સ આપવાનો અધિકાર છે, તથા તેવીજ મંજુરી લેઈને. સદરહુ પ્રકારની નિમણુંક અથવા લાઈસન્સ રદ કરવાનો અધિકાર છે.

(૨) સદરહુ પ્રકારની જગાના તથા સદરહુ જગાએ નિમેલી અથવા લાઈસન્સ આપેલી વખારના સબંધમા, એક કસ્ટમના બંદરથી બીજે બંદરે બોન્ડમાં આણેલા માલ ઉપર કસ્ટમની ડયુટી લેવાની બાબતમાં, તથા વખારમાં માલ ભરી રાખવાની બાબતમાં, સદરહુ આકટના ઠરાવોનો અર્થ, જાણે તે જગા એક કસ્ટમનું બંદર તથા વખારમાં માલ ભરી રાખવાનું બંદર હોય તેમ સમજીને, તથા તે વખાર સદરહુ જગાએ, તે આકટની રૂઈયે નિમેલી સરકારી વખાર અથવા લાઈસન્સ આપેલી ખાનગી વખાર, પ્રસંગોપાત જેમ હોય તેમ, હોય એમ સમજીને કરવો.

(સહી) જે. એમ. મેક્ફર્સન,
આફિશિયેટીંગ સેક્રેટરી નિસબત હિંદુસ્તાન સરકાર.

(True Translation.)
Y. M. KELKAR.
Acting Oriental Translator to Government.

---

* જેના ઉપર ડયુટી આપવાની હોય તે બદલ કસ્ટમ હાઉસમાં બોન્ડ (ખત) લખી આપવામાં આવેલાં હોય અને જે કસ્ટમના અમલદારના હવાલામાં રાખેલો હોય તે માલ ભરી રાખવાની.—Y. M. K.

સન ૧૮૮૭નો આક્ટ નંબર ૧૪.

નિચે લખેલો હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન્ કોંસિલનો આક્ટ નામદાર ગવરનર જનરલે સને ૧૮૮૭ના જુન મહિનાની તારીખ ૩૦ મીએ મંજુર કર્યો, અને સર્વ લોકને જાણ થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે.

ઇંડિયન મેરીન આક્ટ સન ૧૮૮૭.

અનુક્રમણીકા.

કલમ.

પુરાવો.

૬૮. પુરાવાનો કાયદો લાગુ પાડવા બાબત.

ચાલેલી તજવીજના કાગળો રાખી મુકવા બાબત.

૬૯. ઈન્ડિયન મેરીન્ કોર્ટમાં ચાલેલી તજવીજના કાગલો રાખી મુકવા તથા નકલો આપવા બાબત.

કામ ચલાવવા સબંધી કાનુનો ઘડવાની સત્તા.

૭૦. કામ ચલાવવા સંબંધી કાનુનો ઘડવાની સત્તા

બાબ ૫.

પૂર્વેણી ફોજદારી ઠરાવો.

બ્રિટિશ હિંદુસ્તાનની બહાર ફોજદારી કોર્ટોનો કામ ચલાવવાની રીત બાબત.

૭૧. બ્રિટિશ હિંદુસ્તાનની બહાર ફોજદારી કોર્ટોને કામ ચલાવવાની રીત બાબત.

પકડવા બાબત.

૭૨. ગુન્હેગારને પકડવા બાબત.

૭૩. કમાન્ડિંગ ઓફિસરની સત્તા.

કલમ.

ઇન્ડિયન મેરીન કોર્ટ તથા કમાન્ડિંગ ઓફીસરે કરેલા શિક્ષાના હુકમ અમલમાં લાવવા બાબત

૭૪. કેદની શિક્ષાના હુકમની શરૂઆત.

૭૫. આવા પ્રકારની શિક્ષાના હુકમનો અમલ કરવા બાબત.

કાયમ રાખવા બાબત.

૭૬. સાધારણ કોર્ટની સત્તા કાયમ રાખવી તે.

૭૭. હલકી શિક્ષા.

આકટોનો સુધારો.

૭૮. સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૫૪ (નોકરી મુકી જતા રહેનારને પકડવા બાબત) નો સુધારો.

૭૯. ફોજદારી કાયદાના બાબ ૭ નો સુધારો (જમીનપરની તથા દરીઆઈ ફોજ સંબંધી ગુન્હા બાબત).

બાબ ૬.

દિવાની કાયદાના ઠરાવો.

પ્રોસેસની બજાવણીમાંથી બાતલ.

૮૦. દેવા માટે નહિ પકડવા બાબત.

૮૧. જે મિલકત જપ્ત થઈ શકે નહિ તે મિલકત.

મરનાર માણસ તથા નોકરી મુકી જતા રહેનારની મિલકત બાબત

૮૨. મરનાર માણસ તથા નોકરી મુકી જતાં રહેનારની મિલકતની વ્યવસ્થા.

મલિકા માઆઝમાની ઇંડિયન મેરીન સરવીસ બાબતનો વધારે સારો કારભાર કરવાનો આકટ.

જે અર્થે, સને ૧૮૮૪ ના ઈન્ડિયન મેરીન સરવીસ આકટથી, બીજી બાબતોમાં, નીચે પ્રમાણે ઠરાવ્યું છે, એટલે:—

હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઈન્ કૌંસિલને કાયદા અને કાનુનો કરવા સારૂ ભરેલી સભામાં, સને ૧૮૬૧ ના ઈન્ડિયન કૌંસિલ આકટમાંના ઠરાવો, કે જે સદરહુ આકટ પછી થયેલા આકટોથી સુધારેલા હોય તે ઠરાવોને પાત્ર રહીને, મલિકા માઆઝમાની ઇન્ડિયન મેરીન સરવીસમાં કામે લાગેલા, અથવા તેમાં નોકરી કરનારા, અથવા તેના તાબામાં હોનારા સઘળા માણસો સારૂ કાયદા ઘડવાની સત્તા છે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે—

(અ) તે સત્તાની રૂએ ઘડેલો એકાદો કાયદો, જે વહાણને તાબે ગુન્હેગાર હોય તે વહાણ, સદરહુ ઈન્ડિયન મેરીન સરવીસ આકટમાં જે હિંદુસ્તાનના દરિયામાં પશ્ચિમે કેપ આફ ગુડ હોપ અને પૂર્વે માગેલનની સામુદ્રધુની વચેના ભર દરિયાનો તથા સદરહુ હદ વચેના સઘળા ટેરીટોરીઅલ વોટર્સ જમીનની લગતના સમુદ્રનો સમાસ થાય છે એમ વ્યાખ્યાન કરેલું છે તે હિંદુસ્તાનના દરિયામાં કોઈ ગુન્હો કરતી વખતે હોય તે શિવાય સદરહુ ગુન્હાને, લાગુ પડતો નથી; તથા.

(બ) યુરોપ અથવા અમેરીકાના રહિશ શિવાય બીજા શખસોની બાબતમાં શાસનિક દાસત્વને બદલે ૧૪ વર્ષના કરતાં વધારે નહિ એવી કોઈ પણ મુદતની અથવા જન્મપર્યંત અથવા તેથી કોઈ થોડી મુદતની સમુદ્રપારની શિક્ષા દાખલ કરવાનો અધિકાર છે તે ખારેજ કરીને, આવા પ્રકારના કોઈ પણ કાયદાથી ગુન્હા સારૂ કરેલી શિક્ષા, મલિકા માઆઝમાની અરમાર સંબંધી આકટોની રૂએ તેવીજ જાતના ગુન્હા બદલ તે કાયદો કરતી વખતે જે શિક્ષા કરવામાં આવે તે શિક્ષાની સરખી હોવી જોઈયે તથા તેના કરતાં વધારે હોવી ન જોઈયે;

અને વળી જે અર્થે સદરહુ ઈન્ડિયન મેરીન સરવીસ આકટથી વધારે ઠરાવવામાં આવ્યું છે કે, સદરહુ આકટના ઠરાવોને પાત્ર રહીને તે પ્રમાણે કરેલા કાયદાનો અમલ અને તેની અસર પાર્લીઆમેન્ટના આકટની માફકજ રહેશે તથા સઘળી ન્યાયની કોર્ટો પાર્લીયામેન્ટના સાર્વજનિક આકટની માફકજ તેને લક્ષપૂર્વક માનશે.

અને વળી જે અર્થે આ પ્રમાણે આપેલી સત્તા તથા આ અર્થે ગવર્નર જનરલ ઈન કૌંસિલને સોંપેલી બીજી સઘળી સત્તાની રૂએ સદરહુ ઇંડિયન મેરીન સરવીસ આકટમાં કહેલા કાયદાઓ તથા બીજી બાબતોમાં ઈંડિયન મેરીન સરવીસના બરોબર નિયમન સારૂ તથા બીજી રીતે તેના સંબંધમાં ઠરાવો ઘડવા એ યોગ્ય છે.

અને જે અર્થે હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઈન કૌંસિલે આ આકટ પસાર કરવા સારૂ પોતાની મંજુરી અગાઉથી આપી છે.

તે અર્થે આ ઉપરથી નિચે પ્રમાણે ઠરાવ્યું છેઃ—

બાબ ૧.

પૂર્વાંગ.

ટુંકું નામ અને શરૂઆત. ૧. (૧) આ આકટને સને ૧૮૮૭નો ઈંડિયન મેરીન આકટ કહેવો; અને.

(૨) સદરહુ આકટ, જે તારીખ ગવર્નર જનરલ ઈન કૌંસિલ ઈંડિયા ગેઝીટમાં આ અર્થે છાપી નક્કી ઠરાવશે તે તારીખથી અમલમાં આવશે.

વ્યાખ્યા. ૨. (૧) આ આકટમાં, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી કાંઈ બાધ આવતો નહિ હોય તો,—

(અ) "સદરહુ આકટને પાત્ર માણસ" આ શબ્દનો અર્થે જે કોઈ માણસ ઈંડિયન મેરીન સરવીસમાં કામે લાગેલો, અથવા તેમાં નોકરી કરતો હોય અથવા તેના તાબામાં હોય તેવો માણસ તથા જે, જો તે ગેઝીટેડ ઓફીસર ન હોય

તો, સદરહુ આકટની ઠરાવેલી રીતમાં સદરહુ નોકરીમાં નોંધાયો હોય તો તે માણસ છે એમ સમજવું.

(બ) "ગેઝીટેડ ઓફીસર" આ શબ્દોનો અર્થ જે કોઈ માણસ પોતાની નિમણુકના હુકમપત્રને લીધે ઈંડિયન મેરીન સરવીસમાં નિચે લખેલો એટલે—

કમાંડર,
પહેલી પાયરીનો અમલદાર,
બીજી પાયરીનો અમલદાર.
ત્રીજી પાયરીનો અમલદાર,
ચીફ એનજીનીઅર,
એનજીનીયર,
આસીસ્ટંટ એનજીનીઅર, અથવા
 કલાર્ક,

નો કોઈ હોદ્દો ધારણ કરતો હોય તે માણસ છે એમ સમજવું.

(ક) "વારંટ ઓફીસર" આ શબ્દનો અર્થ જે કોઈ માણસ પોતાની નિમણુંકને લીધે ઈંડિયન મેરીન સરવીસમાં નિચે લખેલો એટલે—

ગનર,
એપોથીકરી,
આસીસ્ટંટ એપોથીકરી,
આસીસ્ટંટ કલાર્ક,
પેહેલા વર્ગનો એનજીન ડ્રાઈવર,
સુથાર,
હોસ્પીટલ આસીસ્ટંટ, અથવા
સામાન્ય વીશીના સ્ટુયર્ડ (કારભારી),

નો કોઈ હોદ્દો ધારણ કરતો હોય તે માણસ છે એમ સમજવું.

(ડ) "પેટી ઓફીસર" આ શબ્દોનો અર્થ જે કોઈ માણસ પોતાની નિમણુકને લીધે ઈંડિયન મેરીન સરવીસમાં નિચે લખેલો એટલે—

ચીફ સારંગ પહેલા વર્ગ.
ચીફ સારંગ બીજા વર્ગ.
વાહાણનો સ્ટુયર્ડ.
એનજીન ડ્રાઈવર, બીજા વર્ગ.
દરમાસે પચાસ રૂપિયા કરતાં ઓછા નહી એવા પગારના બબરચી
સામાન્ય વીશીના બટલર.
* લસ્કરના સારંગ.
લસ્કરના ટન્ડેલ, પહેલા વર્ગ.
લસ્કરના ટન્ડેલ બીજા વર્ગ.
+ સ્ટોકરના ટન્ડેલ પહેલા વર્ગ.
સ્ટોકરના ટન્ડેલ બીજા વર્ગ.
કસોબ, પહેલા વર્ગ.
દરમાસે પચાસ રૂપિયા કરતાં ઓછા પગારના બબરચી.

નો હુદ્દો ધારણ કરતો હોય તે માણસ છે એમ સમજવું.

(ઈ) સદરહુ પેટા કલમની રકમ (બ) (ક) અથવા (ડ) માં કહેલા દરજાવાળા કોઈ અમલદારના સંબંધમાં વાપરેલા "વરિષ્ટ અમલદાર" આ શબ્દનો અર્થ સદરહુ રકમોમાંની કોઈપણ રકમમાં પોતાના દરજાની આગળ કહેલા દરજાવાળો કોઈ અમલદાર છે એમ સમજવું તથા સદરહુ આકટને પાત્ર બીજા કોઈપણ માણસના સંબંધમાં વાપરેલા સદરહુ શબ્દનો અર્થ સદરહુ રકમોમાંની કોઈપણ રકમમાં કહેલો અમલદાર છે એમ સમજવું.

(ફ) "કમાન્ડીંગ ઓફીસર" આ શબ્દનો અર્થ કાંતો ખાસ નિમણુક ઈયા નોકરીની કાનુન ઈયા મામુલ રીવાજથી કોઈ વહાણના હવાળાવાલો અમલદાર છે એમ સમજવું, અને તેમાં, સદરહુ આકટને પાત્ર જે કોઈ માણસો જે વહાંણને તેઓ તાબે હોય તે વહાણઉપર નહિ પણ બીજી કોઈ રીતે કામે લા-

---

* યુરોપખંડના કોઈ વહાણમાં કામે લાગેલો દેશી ખલાસી.
+ સ્ટોકર—વરાળ યંત્રની ભટી ઉપર ઉભો રહી તેમાં બળતણ પુરનાર.

ગેલા હોય તે માણુસોના સંબંધમાં, જે અમલદારને કોઈ હોય તો, ગવરનર જનરલ ઈન કોંસીલ, સદરહુ વહાણના કમાન્ડિંગ ઓફીસરને બદલે સદરહુ માણુસોના સંબંધમાં સદરહુ કમાન્ડિંગ ઓફીસરના કામકાજ કરવાને નીમે તે અમલદારનો સમાસ થાય છે

(ગ) "દુશ્મન" આ શબ્દમાં ચાંચીઆ અથાવા બળવાખોરનો સમાસ થાય છે.

(ઘ) "ઈન્ડિયન મેરીન કોર્ટ" આ શબ્દનો અર્થ સદહૂ આકટની રૂએ ભરેલી ઈન્ડિયન મેરીન કોર્ટ છે એમ સમજવું.

(આઇ) "ફોજદારી કોર્ટ આ શબ્દનો અર્થ બ્રિટિશ હિંદુસ્થાનમાં સાધારણ ફોજદારી હકુમતવાળી કોર્ટ અથવા ગવરનર જનરલ ઈન્ કોંસિલની સત્તાની રૂએ બીજી કોઈ જગ્યાએ સદરહુ પ્રકારની સ્થાપેલી એકાદી કોર્ટ છે એમ સમજવું; અને

(જે) "ઠરાવેલું" આ શબ્દનો અર્થ ગવરનર જનરલ ઈન્ કૌંસિલે ઘડેલી કાનુનથી ઠરાવેલું છે એમ સમજવું.

(૨) આ આકટ પસાર થયા પછી ઈંડિયન મેરીન સરવીસમાં નવી જગા કાઢવામાં આવે તો, આ આકટના શરૂ થયા પછી, ગમે તે વખતે ઈંડિયા ગેઝેટમાં જાહેરનામું છાપીને, પોતાને યોગ્ય લાગે તેવી પેટા કલમ (૧)ની રકમ (બ), રકમ [ક] અથવા રકમ [ડ] માંની જગા ઉપર સદરહુ નવી જગા વિદ્યમાન ધારણ કરનાર અમલદારને નિમવા ગવરનર જનરલ ઈન્ કોંસિલ મુખત્યાર છે, અને તે ઉપરથી સદરહુ અમલદારને આ આકટના સર્વ હેતુ સારૂ સદરહુ જગાએ નિર્દિષ્ટ કરેલો છે, તથા તે ગેઝીટેડ ઓફિસર, વારંટ ઓફિસર, અથવા પેટી ઓફિસર, જેમ હોય તેમ, છે, તથા ઉપર કહેલી રકમોમાંની કોઈપણ રકમમાં તેની પછી કહેલા કોઇપણ અમલદારનો તથા સદરહુ રકમોમાંની કોઈપણ રકમમાં નહિ કહેલા પણ આ આકટને પાત્ર કોઈપણ માણસનો તે વરિષ્ઠ અમલદાર છે એમ સમજવું.

નોકરીમાં નોંધાય તે વખતે કામ કરવાની રીત.

૩. [૧] ઇન્ડિયન મેરીન સરવીસમાં નોંધાવાના માણસને ક્વારટર × ડેક અથવા વહાણઉપર બીજી કોઈ યોગ્ય જગા અથવા કિનારા ઉપર લઈ જવો, અને તે વખતે કમાંડીંગ ઓફીસર અથવા બીજો કોઈ ઠરાવેલો અમલદાર નિચે પ્રમાણે કરશે એટલે—

(અ) તે નોકરીની કાનુન તેની આગળ વંચાવડાશે તથા તેને સમજાવડાવશે.

[બ] તેને પ્રજાધર્મના સમ ખવડાવશે; અને

(ક) નોકરીના પત્રક ઉપર તેની સહી કરાવશે.

(૨) કાનુનો, સમખવડાવવા તે તથા નોકરીનું પત્રક, ઠરાવેલા નમુના પ્રમાણે હોવાં જોઈએ.

કાનુનો ઘડવાની સામાન્ય સત્તા.

૪. આ આકટની રૂએ જે બીજી કોઈ કાનુનો ઘડવામાં આવે તે ઉપરાંત ગવરનર જનરલ ઈન્ કોંસીલને, જે અમલદારો કાંતો તે લશ્કરી, ઇંડીયન મેરીન, સીવિલ અથવા પોલીટીકલ ખાતામાં હોય તેમણે સદરહુ આકટને અમલમાં લાવવા સંબંધી સઘળી બાબતોમાં, વહીવટ કરવા સારૂ આ આકટને લગતી, ઈન્ડિયા ગેઝીટમાં છાપી કાનુનો ઘડવાનો અધિકાર છે.

× ક્વારટર ડેક=વહાણના ડબુસા તરફનું તુતક. Y. M. K.

બાબ ૨.

ગુન્હા તથા શિક્ષા.

દુશ્મનની રૂબરૂ ગેરવર્તણુંક.

લડાઈમાં કમાંડિંગ આપીસરની ગેરવર્તણુંક.

૫. જો કમાંડીંગ આફીસર—

(૧) લડાઈની સાંકેતીક નિશાણુ ઉપરથી અથવા જેની ઉપર હલ્લો કરવાની તેની ફરજ હોય એવું દુશ્મનનું કોઈ વાહાણ નજરે પડે તે વખતે પોતાનું વહાણુ લડાઈ કરવા સારૂ લાવવાને પોતાથી બનશે એટલો યત્ન કરશે નહિ, અથવા

(૨) લડાઈ ચાલતી હોય તે દરમીઆનમાં, પોતાના સ્વતઃના દાખલાથી તથા પોતાના હુદ્દા પ્રમાણે પોતાના કરતાં હલકા દરજ્જાના અમલદારો તથા માણુસોને બાહાદુરીથી લડવાને ઉશ્કેરે નહિ, અથવા

(૩) જ્યારે ફતેહથી બચાવ કરવાને શક્તિમાન હોય ત્યારે પોતાનું વહાણુ દુશ્મનને તાબે કરે, અથવા

(૪) લડાઈની વખતે, રણુભુમીમાંથી અયોગ્ય રીતે જતો રહે,

તો તેને

[અ] જો તે બિહીકણુપણાથી વર્ત્યો હોય તો, શાસનિક દાસત્વની અથવા હવે પછી આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

(બ) જો તે ગફલતથી અથવા બીજી કોઈ કસુરથી વર્ત્યો હોય તો, ઈંડિયન મેરીન સરવીસમાંથી ફજેતીની સાથે કાઢી મુકવામાં આવશે, અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે;

દુશ્મનની પાછળ નહિ લાગવા બાબત અથવા મીત્ર નજરે પડે તે વખતે મદદ ન કરવા બાબત.

૬. આ આકટને પાત્ર કોઈપણુ અમલદાર—

(૧) મીર ખાધેલા અથવા નાસી જતા કોઈપણુ દુશ્મનની પાછલ લાગે નહિ, અથવા

(૨) પોતાથી બને તેટલે સુધી જાણીતા મિત્રને નજરે પડેથી દુઃખમાંથી છોડવે નહિ અથવા મદદ કરે નહિ, અથવા

(૩) પોતાનું સ્ટેશન (થાણું) અયોગ્ય રીતે તજે,

તો તેને,

(અ) જો તે બિહીકણુપણાથી વર્ત્યો હોય તો, શાસનિક દાસત્વની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

(બ) જો તે ગફલતથી અથવા બીજી કોઈ કસુરથી વર્ત્યો હોય તો, ઇંડિયન મેરીન સરવીસમાંથી ફજેતીની સાથે કાઢી મુકવામાં આવશે, અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે,

લડાઈ અથવા નોકરીમાં ઢીલ કરવી અથવા તેમાંથી પાછા હઠવું અથવા ચોકી તજી જતા રહેવું અથવા પેહેરા ઉપર ઉંઘવું તે.

૭. આ આકટને પાત્ર કોઈ પણ માણસ—

(૧) જ્યારે કંઈ પણ લડાઈ ચલાવવા અથવા નોકરી બજાવવાનો હુકમ થયો હોય ત્યારે, કંઈ પણ જાતનું બાહાનું કાઢીને તેમાં ઢીલ કરવા અથવા તેમાંથી પાછા હઠવા હિંમત ધરે, અથવા.

(૨) દુસ્મનની રૂબરૂ અથવા દુસ્મન પાસે હોય તે વખતે પોતાની ચોકી તજે અથવા પોતાના પેહેરા ઉપર ઉંઘી જાય.

તો તેને શાસનિક દાસત્વની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

લડાઈમાં તાબાના અમલદાર અને માણસોની ગેરવર્ત્તણુક.

૮. કમાન્ડિંગ ઓફીસર શિવાય આ આકટને પાત્ર બીજા કોઈ પણ માણસને લડાઈ ઉપર ચઢવા સારૂ તૈયાર રેહેવાને હુકમ થયો તે વખતે અથવા લડાઈ ચાલતી હોય તે દરમીઆનમાં તે પોતાના વરિષ્ટ અમલદારના હુકમો અમલમાં લાવવા સારૂ પોતાથી બનશે એટલો યત્ન કરશે નહિ તો તેને—

(અ) જો તે બિહીકણુપણાથી વર્ત્યો હોય તો, શાસનિક દાસત્વની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે;

(બ) જો તે ગફ્લતથી અથવા બીજી કોઈ કસુરથી વર્ત્યો હોય તો, ઈંડિયન મેરીન સર્વિસમાંથી ફજેતીની સાથે કાઢી મુકવામાં આવશે, અથવા તેને આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

દુસ્મનની સાથે વ્યવહાર ચલાવવા બાબત.

દુસ્મનની સાથ પત્ર વ્યવહાર ચલાવવા વિગરે બાબત.

૯. આ આકટને પાત્ર કોઈ પણ માણસ—

(૧) દુસ્મનની સાથે દગલબાજથી પત્ર વ્યવહાર ચલાવે અથવા તેને દગલબાજથી બાતમી આપે, અથવા

(૨) દુસ્મન પાસેથી જે કંઈ પણ ખબર તેને મળી હોય તે યોગ્ય અધિકારીને જણાવવા ચુકે, અથવા

(૩) કંઈ પણ છત પુરી પાડીને દુસ્મનની અડચણ મટાડે

તો તેને શાસનિક દાસત્વની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

દુસ્મનની સાથે અયોગ્ય વ્યવહાર ચલાવવા બાબત.

૧૦. આ આકટને પાત્ર કોઈ પણ માણસ, કંઈ પણ દગલબાજ ઈરાદા શિવાય, દુસ્મનની સાથે કંઈપણ અયોગ્ય વ્યવહાર ચલાવે તો તેને ઈંન્ડિયન મેરીન સરવીસમાંથી ફજેતીની સાથે કાઢી મુકવામાં આવશે, અથવા તેને આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

કામમાં ગફલત.

કામમાં ગફલત.

૧૧. આ આકટને પાત્ર કોઈ માણુસ પોતાની ચોકી તજે અથવા પોતાના રાતના પેહેરા ઉપર ઉંઘી જાય, અથવા તેને સોંપેલું કામ ગફલતથી બજાવે તો તેને કેદની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

બંડ.

જુલમ સાથે બંડ.

૧૨. જ્યારે જુલમ સાથે બંડ કરવામાં આવે ત્યારે, તેમાં આ આકટને પાત્ર જે માણુસ હોય તે સામેલ થાય તો તેને મોતની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે; અને આ આકટને પાત્ર જે માણુસ હોય તે સદરહુ બંડ બંધ પાડવાને પોતાથી બનશે એટલો યત્ન કરશે નહિ, અને--

(અ) જો તે રાજદ્રોહથી વર્ત્યો હોય તો તેને મોતની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે;

(બ) જો તે બિહીકણુપણાથી વર્ત્યો હોય તો તેને શાસનિક દાસત્વની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

(ક) જો તે ગફલતથી વર્ત્યો હોય તો તેને ઈન્ડિયન મેરીન સરવીસમાંથી ફ્તીજેની સાથે કાઢી મુકવામાં આવશે, અથવા તેને આગળ ઉપર કહેલી એવી બીજી કોઇ શિક્ષા થશે.

જુલમ વગરનું બંડ.

૧૩. જ્યારે બંડ સાથે જુલમ કરવામાં આવ્યો ન હોય, ત્યારે તેના આગેવાનને, જો તે આ આકટને પાત્ર હોય તો, મોતની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે; અને આ આકટને પાત્ર જે બીજા સઘળા માણુસો સદરહુ બંડમાં સામેલ થાય, અથવા તેને બંધ પાડવામાં પોતાથી બને તેટલો યત્ન ન કરે તો તેઓને કેદની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

બંડ કરવામાં ઉશ્કેરણી.

૧૪. આ આકટને પાત્ર જે કોઈ માણુસ, સદરહુ આકટને પાત્ર બીજા કોઈ માણુસને મલિકા માઆઝમાની તરફ તેના સેવા ધર્મથી અથવા તેના પ્રજા ધર્મથી ભ્રષ્ટ કરવાનો યત્ન કરે, અથવા તેને બંડનું કોઈ પણ કૃત્ય કરવામાં ઉશ્કેરણી આપવાનો યત્ન કરે, તો તે માણુસને મોતની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

બંડખોર મંડળી અથવા દંગો ઉઠાવવાનું ભાષણ કરવું તે

૧૫. આ આકટને પાત્ર જે કોઈ માણુસ કોઈ પણ બંડખોર મંડળી ઉભી કરે અથવા ઉભી કરવાનો યત્ન કરે, અથવા બીજા કોઈ પણ માણુસને કોઈ પણ બંડખોર મંડળીમાં સામેલ થવાને દોરે અથવા ઉશ્કેરે, અથવા દંગો અથવા બંડ થાય એવું કંઈ ભાષણ કરે તો તેને શાસનિક દાસત્વની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

રાજદ્રોહી બંડખોર અથવા દંગો ઉઠાવવાના આચરણ, ધારણા અથવા

૧૬. આ આકટને પાત્ર જે કોઈ માણુસ જાણીબુજીને કંઈ પણ રાજદ્રોહી અથવા બંડખોર આચરણ અથવા ધારણા, અથવા મલિકા માઆઝમાની પ્રત્યે બોલેલા કોઈ પણ દંગો ઉઠાવે એવા અથવા બંડખોર શબ્દો, અથવા સદરહુ નોકરીમાં હરકત લાવે એવું

શબ્દો છુપાવવા તે. કંઈ આચરણ, ધારણા અથવા શબ્દો જાણીજોઈને છુપાવે તો તેને શાસનિક દાસત્વની, અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

વરિષ્ઠ અમલદારને મારવા અથવા તેના ઉપર જુલમ વાપરવા બાબત.

૧૭. આ આકટને પાત્ર જે કોઈ માણસ પોતાના વરિષ્ઠ અમલદાર જે પોતે પોતાના હુદ્દાનું કામ અથવા બીજું કંઈ કરતા હોય તે વખતે તેને મારે, અથવા મારવાની કોશિશ કરે, અથવા તેના પ્રત્યે કંઈ પણ જુલમ વાપરે અથવા વાપરવાની કોશિશ કરે તો તે માણસને ઇન્ડિયન મેરીન સરવીસમાંથી ફજેતીની સાથે કાહાડી મુકવામાં આવશે અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

ના ફરમાનીનું કામ.

વરિષ્ઠ અમલદારનો હુકમ ન માનવા અથવા તેના પ્રત્યે ડરવાળા શબ્દો વાપરવા.

૧૮. આ આકટને પાત્ર જે કોઈ માણસ જાણીજોઈને પોતાના વરિષ્ઠ અમલદારનો કોઈ કાયદેસર હુકમ ન માને, અથવા તેના પ્રત્યે ડરવાળા અથવા અપમાન ભરેલા શબ્દો વાપરે અથવા તેની સાથે તિરસ્કારથી વર્ત્તે તો તે માણસને ઇન્ડિયન મેરીન સરવીસમાંથી ફજેતીની સાથે કાઢી મુકવામાં આવશે, અથવા તેને આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

નોકરી મુકીને જતા રહેવા બાબત તથા રજા શિવાય ગેરહાજર રહેવા બાબત.

નોકરી મુકીને જતા રહેવા બાબત.

૧૯. આ આકટને પાત્ર જે કોઇ માણસ—

(૧) પોતાના વાહાણમાંથી અથવા જે જગ્યાએ તેને પોતાના કામ સારૂ હાજર રેહેવાની જરૂર છે તે જગ્યાએથી, સદરહુ વહાણ અથવા જગ્યાએ પાછા નહિ આવવાના ઈરાદાથી પોતાની મેળે ગેરહાજર રહે તો; અથવા.

(૨) જ્યારે પોતાના વહાણમાંથી અથવા પોતાના કામની જગ્યાએથી ગેરહાજર હોય ત્યારે ગમે તે વખતે તથા ગમે તેવી સ્થિતીમાં તે એવું કંઈ કૃત્ય કરે કે જેથી તેનો સદરહુ વહાણ અથવા જગ્યા ઉપર પાછા નહિ આવવાનો ઈરાદો છે એમ દીસે તો,

તે માણસ નોકરી મુકી જતો રહ્યો છે એમ ગણવામાં આવશે, અને તેને શાસનિક દાસત્વની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે;

અને આવી દરેક બાબતમાં, જે સઘળો પગાર, બક્ષિસ, સાલવેજ,* પ્રાઇઝમની,† અને લવાજમ, તેને મળ્યાં હશે તે સઘળા તથા, જે સઘળી એન્યુઇટી, પેનશન, ગ્રાજ્યુઇટી, ચાંદ, તથા અલંકાર (ડીકોરેશન) તેને આપવામાં આવ્યાં હોય તે સઘળાં, તથા વળી, સઘળાં કપડાં તથા માલમત્તા વહાણ ઉપર અથવા જે જગ્યાએથી તે નોકરી મુકી જતો રહયો તે જગ્યાએ મુકયાં હોય તે સઘળા જે કોર્ટથી તેનો ઇનસાફ થાય તે કોર્ટથી અથવા ગવર્નર જનરલ ઈન કૌંસિલથી બીજી રીતે ફરમાવવામાં આવશે નહિ તો, સરકાર દાખલ થશે.

---

* સાલવેજ—વહાણ કે વહાણનો માલ જોખમમાંથી ઉગારવામાં જે મદદ કરે તેને જે ઈનામ કે નુકસાન આપવામાં આવે તે,

† પ્રાઇઝમની-લુટમાં અપેલા નાણાનો ફાળો, Y. M. K.

કોઇ માણસને નોકરી મુકીજતા રહેવાને ફોસલાવવું તે.

૨૦. આ આકટને પાત્ર જે કોઇ માણસ આ આકટને પાત્ર બીજા કોઇ માણસને નોકરી મુકી જતા રહેવા સારૂ તેને ભ્રષ્ટ કરવાનો યત્ન કરે તો તેને કેદની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઇ શિક્ષા થશે.

વહાણ છોડી જવું તે.

૨૧. આ આકટને પાત્ર જે કોઇ માણસ, નોકરી મુકી જતા રહેવાનો ગુન્હેગાર થયા શિવાય, પોતાનું વહાણ અથવા કામની જગ્યા ગેરવાજબીપણે છોડીને જાય તો તેને કેદની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઇ શિક્ષા થશે.

રજાશિવાયની ગેરહાજરી બાબત.

૨૨. આ આકટને પાત્ર જે કોઇ માણસ, નોકરી મુકી જતા રહેવાનો અથવા ગેરવાજબીપણે પોતાનું વહાણ અથવા કામની જગ્યા છોડી જવાનો ગુન્હેગાર થયા શિવાય, રજા શિવાય ગેરહાજર હોય તો, તેને દસ અઠવાડિયા કરતા વધારે નહિ એવી કોઇ મુદતની કેદની અથવા મુકદમાની હકીકત ઉપરથી જરૂર લાગે તેવી બીજી કોઇ શિક્ષા થશે.

પરચુરણ ગુન્હા.

વહાણ ઉપર અથવા કામ ઉપર હોય તે વખતે છાકટાપણું.

૨૩. આ આકટને પાત્ર જે કોઇ માણસ વહાણ ઉપર અથવા કામ ઉપર હોય તે વખતે કોઇપણ છાકટાપણાંનો ગુન્હેગાર હોય તો તેને ઇન્ડિયન મેરીન સરવીસમાંથી ફજેતીની સાથે કાઢી મુકવામાં આવશે, અથવા તેને આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

અમલદારનું નિર્દયપણું અથવા ગેરવર્તણુક.

૨૪. આ આકટને પાત્ર જે કોઇ અમલદાર નિર્દયપણાનો અથવા કોઇ બદનામી અથવા દગલબાજ ચાલનો, અથવા અમલદારની ચાલચલગતને અયોગ્ય એવી બીજી કોઇ ચાલનો ગુન્હેગાર હોય તો, તેને ફજેતીની સાથે ઇન્ડિયન મેરીન સરવીસમાંથી કાઢી મુકવામાં આવશે, અથવા તેને આગળ ઉપર કહેલી એવી બીજી કોઇ શિક્ષા થશે.

વહાણ બુડાવા દેવું અથવા જોખમમાં નાંખવા દેવું.

૨૫. આકટને પાત્ર જે કોઇ માણસ ઇરાદાથી અથવા ગફલતથી, અથવા કંઈપણ કસુરથી, ઇન્ડિયન મેરીન સરવીસનું કોઇપણ વહાણ બુડાડે કિનારા ઉપર ચઢાવે, અથવા જોખમમાં નાંખે અથવા બુડાડવાદે, કિનારા ઉપર ચડવાદે, અથવા જોખમમાં પડવાદે તો, તેને ઇન્ડિયન મેરીન સરવીસમાંથી ફજેતીની સાથે કાઢી મુકવામાં આવશે અથવા તેને આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

વહાણ ઉપર સામાનનું ગેરવાજબી લેવું તે.

૨૬. ઇન્ડિયન મેરીન સરવીસમાંના વહાણના હવાલા વાળો જે કોઇ અમલદાર, સોનું રૂપું, અથવા જવાહીર, તથા કોઇપણ વેપારીના જે માલ તથા વેપારીની જે ચીજ, અથવા ભરદરીઆમાં અથવા કોઇ બંદર, નાની ખાડી, અથવા લંગર નાખવાની જગામાં અથવા નદીમાં ભાગી ગયેલા અથવા ભારે ભયમાં આવી પડેલા બીજા કોઇપણ વહાણ ઉપર વેપારીનો જે માલ અથવા વેપારીની ચીજ હોય તે તેઓના યોગ્ય ધણીને આપવાને રાખી મુકવાના હેતુસારૂં, અથવા સરકાર અથવા તેના વારિષ્ટ અમલદારના હુકમથી વહાણ ઉપર જે માલ અથવા વેપારની ચીજ લેવાને અથવા સ્વીકારવાને ગમે તે વખતે તેને હુકમ કરવામાં આવ્યો હોય તે સર્વે ખારેજ કરીને, તે પોતાના વહાણનાજ ઉપયોગને સારૂં માલ અથવા વેપારની ચીજ શિવાય બીજો કોઈ માલ અથવા વેપારની ચીજ લે અથવા લેવાદે તો તે અમલદા-

એ ઈન્ડિયન મેરીન સરવીસમાંથી કાઢી મુકવામાં આવશે અથવા તેને આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા કરવામાં આવશે.

સાર્વજનીક ભંડાર ઉચાપત કરવો તે.

૨૭. આ આકટને પાત્ર જે કોઈ માણસ, કંઈપણ યુદ્ધસામગ્રી, ખોરાકી સામાન, અથવા બીજો સાર્વજનિક ભંડાર ઉડાઉપણે ખરચે, ઉચાપત કરે, અથવા દગલબાજથી ખરીદ કરે, વેચે અથવા લે, અથવા જાણી જોઈને આવા કંઈપણ ઉડાઉ ખરચ, ઉચાપત કરવું તે અથવા દગલબાજ ખરીદી, વેચાણ અથવા લેવડ થવા દે, તો તેને કેદની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

આગ લગાડવી તે.

૨૮. આ આકટને પાત્ર જે કોઈ માણસ, કોઈપણ ગોદી, ખોરાક ભરવાની જગા, વરાળના કારખાનાની જગા, તોપખાનું શસ્ત્ર રાખવાની જગા, ઈમારત અથવા ભંડાર અથવા કોઈપણ વહાણ, મછવો, અથવા બીજી કોઈ હોડી, અથવા તેને લગતો સરસામાનને, જો તે દુશ્મનની મીલકત ન હોય તે, ગેરકાયદેસર આગ લગાડે તો, તેને શાસનિક દાસત્વની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

ખોટા લેખ કરવા.

૨૯. આ આકટને પાત્ર જે કોઈ માણસ જાણી જોઈને ખોટું હાજરી પત્રક, અથવા દફતર અથવા ઓફીસનો બીજો કોઈ લેખ બનાવે અથવા તેમાં સહી કરે, અથવા સદરહુ બનાવવાને અથવા તેમાં સહી કરવાને જે કોઈ હુકમ કરે, સલાહ આપે, અથવા બનાવી અથવા સહી કરાવી આપે, અથવા સદરહુ બનાવા તેમાં સહી કરવામાં બીજા કોઈપણ માણસને સહાય કરે અથવા મદદગારી કરે તો તે માણસને ઈંડિયન મેરીન સરવીસમાંથી ફજેતીની સાથે કાઢી મુકવામાં આવશે અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

કામ તજવા સારૂ મંદવાડનો દવાખાનામાં ખોટો ઢોંગ અથવા ગેરવર્તણું ચલાવવી તે બાબત.

૩૦. આ આકટને પાત્ર જે કોઈ માણસ કાંતો તે દવાખાનામાં અથવા બીજી જગ્યાએ હોય તે વખતે, કંઈપણ રોગ અથવા બીજી જગ્યાએ હોય, તે વખતે, કંઈપણ રોગ અથવા નબળાઈ ઉત્પન્ન કરવા અથવા વધારવાના અથવા પોતાને આરામ થવામાં ઢીલ કરવાના ઈરાદાથી જાણીબુજીને કંઈ કૃત્ય કરે અથવા જાણીબુજીને કંઈપણ હુકમનું અપમાન કરે, અથવા પોતાનું કામ બજાવવામાં કંઈપણ રોગ, નબળાઈ અથવા અશક્તિનો ઢોંગ કરે તો તેને કેદની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

ફરિયાદ સારૂ ગબડ કરવી તે.

૩૧. આ આકટને પાત્ર જે કોઈ માણસને રોગિષ્ઠ ખોરાક અથવા બીજી કોઈ બાબત સારૂ ફરિયાદ કરવાનું કંઇપણ કારણ હોય તો તેણે પોતાના કમાંડિંગ આફીસરને સદરહુ વિશે મુગા મુગા જણાવવું, અને સદરહુ આફસર સદરહુ ફરિયાદ વિશે તપાસ કરશે. અને તે, પોતાથી બનશે તેટલે સુધી તાબડતોબ તેને સારૂ ઉપાય લેવડાવશે, અથવા તે વિશે ડીરેકટર ઓફ મેરીનને રીપોર્ટ કરશે તથા આ આકટને પાત્ર જે કોઈ પણ માણસ ગમે તે જાતના બાહાના ઉપરથી, સદરહુ પ્રકારના કોઈ પણ કારણુ સારૂ કંઈ પણ ગડબડાટ કરવાને કોશિશ કરશે તો તેને કેદની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઈ શિક્ષા થશે.

બીજી રીતે નિર્દિષ્ટ નહિ કરેલા સારી વ્યવસ્થા તથા કવાયત ખલેલ કરતા ગુન્હા.

૩૨. આ આક્ટને પાત્ર જે કોઇ માણુસ હજુ સુધી નિર્દિષ્ટ નહિ કરેલા સારી વ્યવસ્થા તથા કવાયતને ખલેલ કરનાર કંઈપણ કૃત્ય, વ્યવસ્થા, અથવા ગફલતનો ગુન્હેગાર હોય, તો તેને ઈંડિયન મેરીન સરવીસમાંથી ફજેતી સાથે કાઢી મુકવામાં આવશે, અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઇ શિક્ષા થશે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે સદરહુ પ્રકારના કૃત્ય, અવ્યવસ્થા અથવા ગફલતથી બ્રિટિશ હિંદુસ્તાનના કાયદાની રૂયે સાત વર્ષ કરતાં વધારે મુદતની કેદની શિક્ષા કરવા લાયક ગુન્હો થતો હોય તો, સદરહુ કૃત્ય, અવ્યવસ્થા અથવા ગફલતના ગુન્હેગાર માણુસનો ઇનસાફ, આ કલમની રૂયે શિક્ષા કરવા લાયક ગુન્હા તરીકે આ આક્ટની રૂયે થવો જોઈએ નહિ.

ગુન્હેગારોને પકડવામાં મદદ ન કરવા બાબત.

૩૩. આ આક્ટ વિરૂદ્ધના સઘળા ગુન્હેગારોને શોધી કહાડવામાં, પકડવામાં અને તેમને શિક્ષા કરવામાં આ આક્ટને પાત્ર જે કોઇ માણુસ પોતાથી બને તેટલો યત્ન નહિ કરે, અને તે અર્થે નિમાયેલા અમલદારોને મદદ નહિ કરે તો તેને કેદની અથવા આગળ ઉપર કહેલી એવી બીજી કોઇ શિક્ષા થશે.

કોર્ટનો તિરસ્કાર.

૩૪. આ આક્ટને પાત્ર જે કોઈ માણુસ ઉપર, ઈન્ડિન મેરીન કોર્ટ અથવા આ આક્ટની રૂયે હકુમત ચલાવનાર કમાંડિંગ આફીસરની રૂબરૂ સાક્ષી તરીકે હાજર રહેવા, અથવા સદહૂ પ્રકારની એકાદી કોર્ટ અથવા ઓફીસરની રૂબરૂ પોતાની સત્તા અથવા હવાલામાંનો કંઈ પણ લેખ રજુ કરવા, યોગ્ય રીતે સમન કહાડવામાં આવ્યો હોય અથવા યોગ્ય રીતે હુકમ કાઢવામાં આવ્યો હોય તે માણુસ સમ ખાઈ પોતાનો પુરાવો આપવા સારૂ હાજર થવા અથવા સદહૂ દસ્તાવેજ રજુ કરવા ના પાડે અથવા તેમ કરવામાં ગફલત કરે, અથવા સદરહુ કોર્ટ અથવા અમલદારનો તિરસ્કાર કરે તો તેને આવા પ્રકારની ના પાડવાની અથવા ગફલત કરવાની બાબતમાં ત્રણ મહિના સુધીની કેદની, તથા આવા પ્રકારના તિરસ્કારની બાબતમાં એક મહિનાથી કેદની સજા થશે.

ખોટો પુરાવો.

૩૫. ઇન્ડિયન મેરીન કોર્ટ અથવા આ આક્ટની રૂયે હકુમત ચલાવનાર કોઈ કમાંડિંગ ઓફીસરની રૂબરૂ સમ ખવડાવીને તપાસાયેલો આ આક્ટને પાત્ર જે કોઈ માણુસ ઈરાદાપૂર્વક ખોટો પુરાવો આપે તો તેને સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા થશે.

સાધારણ કાયદા પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુન્હા.

સાધારણ કાયદા પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુન્હા.

૩૬. જો કોઈ પણ ફોજદારી ગુન્હો બ્રિટિશ હિંદુસ્તાનમાં કરવામાં આવ્યો હોત તો તેને સારૂ બ્રિટિશ હિંદુસ્તાનના કાયદાની રૂયે શિક્ષા થાત તેવા ફોજદારી ગુન્હાનો આ આક્ટને પાત્ર કોઈ માણુસ ગુન્હેગાર હોય તો તે માણુસ, આ આક્ટના બીજા ઠરાવોને પાત્ર રહીને, જો સદરહુ ગુન્હો બ્રિટિશ હિંદુસ્તાનમાં થયો હોય તો સદરહુ માણુસનો ઈનસાફ કરવાને કોઈ પણ યોગ્ય સાધારણ ફોજદારી ઈનસાફદારથી બ્રિટિશ હિંદુસ્તાનમાં વિદ્યમાનકાળે જે શિક્ષા થાય, તેજ શિક્ષાને પાત્ર થશે.

પરંતુ એમ ઠરાવ્યું છે કે, સને ૧૮૮૪ ના ઈન્ડિયન મેરીન સરવીસ આકટથી, તથા આ આકટથી સત્તા આપી હોય તે શિવાય સદરહુ ગુન્હા સારૂ કરેલી શિક્ષા, જે શિક્ષા આ આકટ પસાર થયો તે વખતે મલીકા માઆઝમાની અરમાર સંબંધી આકટોની રૂયે તેવીજ જાતના ગુન્હા માટે કરવાનો અધિકાર હોય તે શિક્ષાના સ્વરૂપથી જુદી હોવી ન જોઈયે અથવા તેથી વધારે હોવી ન જોઈયે.

શિક્ષા.

શિક્ષાની યાદી.

૩૭. આ આકટની રૂયે નિચે લખેલી શિક્ષા કરવાનો અધિકાર છેઃ—

(અ) મોત.
(બ) શાસનિક દાસત્વ.
(ક) ઈન્ડિયન મેરીન સરવીસમાંથી ફજેતી સાથે કાઢી મુકવું તે.
(ડ) કેદ.
(ઈ) ઈન્ડિયન મેરીન સરવીસમાંથી કાઢી મુકવું તે.
(ફ) નિર્દીષ્ટ કરેલા વખત સુધી અથવા બીજી કોઈ રીતે અમલદાર તરીકે હુદ્દામાં વડીપણું ખોવું તે.
(ગ) ગુન્હેગાર જે વહાણને તાબે હોય તે વહાણમાંથી કાઢી મુકવો તે.
(હ) સખ્ત ઠપકો, અથવા ઠપકો.
(આઈ) વારંટ અથવા પેટી ઓફીસર અથવા સદરહુ દરજ્જાથી ઉતરતા બીજા કોઈ માણુસને તેનો દરજ્જો ઉતારવો.
(જે) ગુન્હેગારે મેળવેલા પગાર, બક્ષિસ, સાલવેજ, પ્રાઈઝમની, અને લવાજમ તથા તેને આપવામાં આવેલી સઘળી એન્યુઈટી, પેનશન, ગ્રાચ્યુઈટી, ચાંદ, અલંકાર અથવા ઉપર કહેલી બાબંતોમાંની એક અથવા વધારેનું સરકાર દાખલ થવું તે; વળી નોકરી મુકીને નાશી જાય તે બાબતમાં, નોકરી મુકી નાશી જનાર જે વહાણને તાબે હોય તે વહાણ ઉપર તેણે મુકેલાં સઘળાં લુગડાં તથા માલમતાનું પણ સરકાર દાખલ થવું તે.

(૨) ઉપલી શ્રેઢીમાં સદરહુ શિક્ષામાની દરેક શિક્ષા તેની ઉપલી શિક્ષા કરતાં પ્રમાણમાં હલકી છે એમ ગણવું.

શિક્ષા કરવાના નિયમો.

૩૮. શિક્ષા કરતી વખતે નિચે લખેલા નિયમો લાગુ પડશેઃ—

(૧) શાસનિક દાસત્વની શિક્ષા, આ આકટથી બીજી રીતે ઠરાવવામાં આવ્યું હોય તે ખારેજ કરીને, જીવતાં સુધીની અથવા ચારવર્ષ કરતાં ઓછી નહીં એવી બીજી કોઇ મુદતની કરવાનો અધિકાર છે.

(૨) યુરોપ અથવા અમેરિકાના રહિશ શિવાય બીજા પુરૂષોના સંબંધમાં શાસનિક દાસત્વને બદલે, જીવતા સુધી અથવા ચાર વર્ષ કરતાં ઓછી નહિ એવી બીજી કોઇ મુદતની સમુદ્રપારની, અથવા ચૌદ વર્ષ કરતાં વધારે નહીં એવી કોઇ મુદતની કેદની શિક્ષા દાખલ કરવી.

(૩) શાસનિક દાસત્વની શિક્ષા અથવા સમુદ્રપારની શિક્ષા કરવામાં આવે ત્યારે અથવા શાસનિક દાસત્વની શિક્ષા બદલ બે કરતાં વધારે વર્ષની કેદીની સજા આ આકટના ઠરાવોની રૂયે જ્યારે દાખલ કરવામાં આવે ત્યારે સઘળી બાબતોમાં, ઠરાવેલી સત્તા ફરમાવે તેમ, ફજેતી સાથે અથવા ફજેતી વગર, ઇંડિયન મેરીન સરવીસમાંથી કાઢી મુકવાની શિક્ષા થઇ છે એમ સમજવું.

(૪) સઘળી બાબતોમાં, ફજેતી સાથે નોકરીમાંથી કાઢી મુકવાની સજામાં ગુન્હેગારે મેળવેલા સઘળા પગાર, બાક્ષસ, સાલવેજ, પ્રાંઇઝમની અને લવાજમ તથા તેને આપવામાં આવેલી સઘળી એન્યુઇટી, પેનશન, ગ્રાચ્યુઇટી, ચાંદ તથા અલંકારનું સરકારમાં દાખલ થવું તે તથા કોઇ પણ જગાએ ફરીથી સરકારની નોકરી કરવાને ના લાયક છે એનો સમાસ થાય છે.

(૫) કોઇ પણ પ્રસંગે ફજેતીની સાથે નોકરીમાંથી કાઢી મુકવાની શિક્ષાના હુકમ સાથે કેદની શિક્ષાનો હુકમ કરવાનો અધિકાર છે.

(૬) આ આકટથી બીજી કોઇ રીતે ઠરાવવામાં આવ્યું હોય તે ખારેજ કરીને, સદરહુ કલમની રકમ (૨) ના આધાર શિવાય બીજી કોઇ રીતે કરેલો કેદની શિક્ષાનો હુકમ બે વર્ષ સુધી કરવાનો અધિકાર છે.

(૭) કેદની શિક્ષાના હુકમ સાથે એવો હુકમ કાઢવાને અધિકાર છે કે (કેદીએ) સદરહુ કેદની સઘળી મુદત અથવા તેના કોઇ ભાગ સખ્ત મજુરી સાથે ભોગવવો.

(૮) વારંટ આફીસર, અથવા પેટી આફીસર, અથવા સદરહુ દરજ્જાથી ઉતરતા બીજા કોઇ માણસ ઉપર કેદની શિક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે, તેની સાથે સદરહુ આફીસર અથવા માણસને દરજ્જો ઉતારવાનો હુકમ કાઢવાનો અધિકાર છે.

૯. કેદની શિક્ષાના હુકમ સાથે બધી બાબતોમાં સદરહુ કેદની મુદતની અંદર. પગાર તથા લવાજમ સરકારમાં લેવામાં આવશે.

શિક્ષાનો ક્રમ. ૩૯. ઉપર ગયેલા નિયમો તથા આ આકટના બીજા ઠરાવોને પાત્ર, જ્યારે કોઇ શિક્ષા ગુન્હાની ગુન્હેગારી તરીકે આ આકટથી નિર્દીષ્ટ કરવામાં આવી હોય, તથા વળી તેજ ગુન્હા સારૂ બીજી કોઇ શિક્ષા કરવાનો અધિકાર છે એમ કહેવામાં આવ્યું હોય ત્યારે, "બીજી શિક્ષા" એ શબ્દના અર્થમાં કલમ ૩૭ માં કહેલા ક્રમ પ્રમાણે નિર્દીષ્ટ કરેલી શિક્ષા કરતાં ઉતરતાં પ્રમાણુની કોઇ એક અથવા વધારે શિક્ષાનો સમાવેશ થાય છે એમ સમજવું.

ઇનસાફ સારૂ મુદતની હદ. ૪૦. જે કોઇ માણસ ગુન્હેગાર હોવાથી પોતાને પકડાવવા દેતો ન હોય અથવા પોતાનો ઇનસાફ ન થાય તે સારૂ નાશી ગયો હોય તેવાને ખારેજ કરીને, બીજા કોઈ પણ માણસનો તેને કરેલા કોઈ પણ ગુન્હા સારૂ સદરહુ ગુન્હો કર્યા પછી ત્રણ વર્ષની અંદર અથવા સદરહુ ત્રણ વર્ષની મુદતની અંદર તે ગુન્હો કરનાર બ્રિટિશ હિંદુસ્થાનની બહાર હોય ત્યારે તે ગુન્હેગાર બ્રિટિશ હિંદુસ્થાનમાં પાછો આવે ત્યાર પછી એક વર્ષની મુદતની અંદર તેનો ઈનસાફ ન થાય તો, આ આકટની રૂયે ઈનસાફ થશે નહિ અથવા તેને શિક્ષા થશે નહિ.

બાબ ૩.

હકુમત તથા સત્તા.

ફોજદારી કોર્ટ તથા ઈંડિયન મેરીન કોર્ટથી સાંભળવા લાયક ગુન્હા એ પ્રત્યેક.

૪૧. આ આકટના ઠરાવોને પાત્ર, તથા ફોજદારી કોર્ટોના સંબંધમાં, સદરહુ કોર્ટોને વિદ્યમાન કાળે જે ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો લાગુ હોય તે કાયદાને પાત્ર રહી, ફોજદારી તથા ઈંડિયન મેરીન કોર્ટ અથવા બંનેને નિચે લખેલા કોષ્ટકમાં, આ આકટની રૂયે શિક્ષા કરવા લાયક ગુન્હાઓના સંબંધમાં, બતાવેલી હકુમતછે:—

આ આકટની કલમ.	હાંસીઆમાંની ટીપ.	હકુમતવાળી કોર્ટ.
કલમ ૫	લડાઈમાં કમાંડિંગ ઓફીસરની ગેરવર્તણુક.	
„ ૬	દુશ્મનની પાછલ નહિ લાગવા બાબત અથવા મીત્ર નજરે પડે તે વખતે મદદ ન કરવા બાબત.	
„ ૭	લડાઈ અથવા નોકરીમાં ઢીલ કરવી અથવા તેમાંથી પાછા હઠવું અથવા ચોકી તજી જતા રહેવું અથવા પેહેરા ઉપર ઊંઘવું તે.	ફોજદારી કોર્ટ તથા ઈંડિયન મેરીન કોર્ટ.
„ ૮	લડાઈમાં તાબાના અમલદાર અને માણસોની ગેરવર્તણુક.	
„ ૯	દુશ્મનની સાથે પત્ર વ્યવહાર ચલાવવા વીગરે બાબત.	
„ ૧૦	દુશ્મનની સાથે અયોગ્ય વ્યવહાર ચલાવવા બાબત.	
„ ૧૧	કામમાં ગફલત...	ઇંડયન મેરીન કોર્ટ.
„ ૧૨	જુલમ સાથે બંડ...	
„ ૧૩	જુલમ વગરનું બંડ.	
„ ૧૪	બંડ કરવામાં ઉસ્કેરણી	
„ ૧૫	બંડખોર મંડળી અથવા દંગો ઉઠાવવાનું ભાષણ કરવું તે.	ફોજદારી કોર્ટ તથા ઈંડિયન મેરીન કોર્ટ
„ ૧૬	રાજદ્રોહી બંડખોર અથવા દંગો ઉઠાવવાના આચરણ, ધારણ અથવા શબ્દો છુપાવવા તે.	
„ ૧૭	વરિષ્ટ અમલદારને મારવા અથવા તેના ઉપર જુલમ વાપરવા બાબત.	
„ ૧૮	વરિષ્ટ અમલદારનો હુકમ ન માનવો અથવા તેના પ્રત્યે ડરવાળા શબ્દો વાપરવા.	ઈંડિયન મેરીન કોર્ટ.

આ આક્ટની કલમ.	હાંસીઆમાંની ટીપ.	હકુમતવાળી કોર્ટ.
„ ૧૯	નોકરી મુકીને જતા રહેવા બાબત...	ફોજદારી કોર્ટ તથા ઈંડિયન મેરીન કોર્ટ.
„ ૨૦	કોઇ માણસને નોકરી મુકી જતા રહેવાને ફોસલાવવું તે.	
„ ૨૧	વહાણ છોડી જવું તે.	ઇંડિયન મેરીન કોર્ટ.
„ ૨૨	રજા શિવાયની ગેરહાજરી બાબત....	
„ ૨૩	વહાણ ઉપર અથવા કામ ઉપર હોય તે વખતે છાકટાપણું. ...	
„ ૨૪	અમલદારનું નિર્દયપણું અથવા ગેર વર્તણુક.	
„ ૨૫	વહાણ ખુરાડવા દેવું અથવા જોખમમાં નાંખવા દેવું.	
„ ૨૬	વહાણ ઉપર સામાનનું ગેરવાજબી લેવું તે,	
„ ૨૭	સાર્વજનિક ભંડાર ઉચાપત કરવા તે.	ફોજદારી કોર્ટ તથા ઈંડિયન મેરીન કોર્ટ.
„ ૨૮	આગ લગાડવીતે.	
„ ૨૯	ખોટા લેખ કરવા.	
„ ૩૦	કામ તજવા સારૂ મંદવાડનો દવાખાનામાં ખોટા ઢોંગ અથવા ગેરવર્તણુક ચલાવવા બાબત.	ઈંડિયન મેરીન કોર્ટ.
„ ૩૧	ફરિયાદ સારૂ ગરબડ કરવી તે. ...	
„ ૩૨	બીજી રીતે નિર્દિષ્ટ નહિ કરેલા સારી વ્યવસ્થા તથા કવાયતને ખલેલ કરતા ગુન્હા.	
„ ૩૩	ગુન્હેગારને પકડવામાં મદદ ન કરવા બાબત.	ફોજદારી કોર્ટ તથા ઈંડિયન મેરીન કોર્ટ.
„ ૩૪	કોર્ટનો તિરસ્કાર...	
„ ૩૫	ખોટો પુરાવો	
„ ૩૬	સાધારણ કાયદા પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુન્હા.	ફોજદારી કોર્ટ.

શિક્ષાનો હુકમ કરવાની સત્તા.

૪૨. ઉપર કહી ગયેલા ને પાત્ર રહીને—

(અ) ફોજદારી કોર્ટને મોત, શાસનિક દાસત્વ, સમુદ્રપાર અથવા કેદની શિક્ષનો હુકમ કરવાનો અધિકાર છે; અને

(બ) ઈંડિયન મેરીન કોર્ટને, મોત, શાસનિક દાસત્વ અથવા સમુદ્રપાર અથવા બે વરસ કરતાં વધારે મુદતની કેદની શિક્ષાનો હુકમ ખારેજ કરીને આ આક્ટની રૂયે અધિકાર મળેલી કોઈ પણ શિક્ષાનો હુકમ કરવાનો અધિકાર છે.

કમાન્ડિંગ ઑફીસરોની હકુમત તથા સત્તા.

૪૩. (૧) ઈંડિયન મેરીન કોર્ટથી ઈનસાફ કરવા લાયક તથા ગેઝીટેડ ઑફીસર શિવાય બીજા કોઈ માણસે કરેલા ગુન્હાનો, ગવર્નર જનરલ ઈન કૌંસિલ જેવા નિયમો ઘડે તેવા નિયમોની રૂયે, સદરહુ કમાંન્ડિગ આફિસરને સંક્ષેપ રીતે ઈનસાફ કરવાને તથા શિક્ષા કરવાનો અધિકાર છે.

(૨) આ આકટના ઠરાવો તથા ગવર્નર જનરલ ઈન્ કૌંસિલ જે બાધ મુકે તે બાધને પાત્ર રહીને કમાંન્ડિંગ ઑફીસરને, પેટી ઑફીસરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના કોઈ ગુન્હેગારને ત્રણ મહિના કરતાં વધારે નહિ એવી મુદતની કેદની શિક્ષાનો હુકમ કરવાનો, તથા કોઈ પણ વારંટ ઑફીસર અથવા પેટી ઑફીસર અથવા સદરહુ પાયરીથી ઉતરતા દરજ્જાના બીજા કોઈ માણસનો દરજ્જો ઉતારવાનો અધિકાર છે.

ઈનસાફ કરવાની જગ્યા.

૪૪. જે ગુન્હાને આ આકટ લાગુ પડતો હોય, તે ગુન્હાનું તહોમત, આ આકટને પાત્ર જે કોઈ માણસ ઉપર આવ્યું હોય, તે માણસ જે કોઈ જગામાં હોય તે જગામાં, જાણે સદરહુ ગુન્હો તેજ જગ્યામાં થયો છે તેની માફકજ, ફોજદારી કોર્ટને ઈનસાફ કરવાને તથા તે માણસને શિક્ષા કરવાનો અધિકાર છે.

આકટને પાત્ર બંધ થતા માણસ ઉપર હકુમત.

૪૫. સદરહુ પ્રકારનો ગુન્હો સદરહુ આકટને પાત્ર કોઈ પણ માણસ હોય તે દરમીઆનમાં તે માણસે કર્યો હોય ત્યારે, જો કે સદરહુ માણસની આ આકટની પાત્રતા બંધ પડી હોય તો પણ, જો તેની સદરહુ પ્રમાણે પાત્રતા જારી રહી હોત તો જેવી રીતે તેને હવાળામાં રાખવાનો તથા તેનો ઈનસાફ કરવાનો તથા તેને શિક્ષા કરવાનો અધિકાર હોત તેવીજ રીતે તે માણસને સદરહુ ગુન્હામાટે હવાલામાં રાખવાનો તથા તેનો ઇનસાફ કરવાનો તથા તેને શિક્ષા કરવાનો અધિકાર છે.

ફોજદારી કોર્ટથી સાંભળવા લાયક ગુન્હાના તોહામતવાળા માણસના મુકદમા બાબત.

૪૬. આ આકટને પાત્ર કોઇ માણસ ઉપર જે ગુન્હા સંબંધી આ આકટની રૂયે અથવા બીજી કોઇ રીતે ફોજદારી કોર્ટની હકુમત હોય, તે માણસ ઉપર તે ગુન્હાનું તોહોમત આવ્યું હોય ત્યારે નિચે લખેલી કાનુનો લાગુ પડશે, એટલેઃ—

(અ) આ આકટને પાત્ર કોઈ પણ માણસે, કોર્ટે તેને કરેલી અરજી ઉપરથી, તોહોમતદારને પકડવા તથા તેને જાપ્તામાં રાખવા સારૂ મદદ કરવી તથા કમાન્ડિંગ ઑફીસરે, જો કોર્ટ તેને એમ કરવા ફરમાવે તો, સદરહુ તોહોમતદારને કોર્ટના હસ્તક કરવો;

(બ) (અ) રકમની રૂયે સદરહુ પ્રમાણે ફરમાવવામાં આવ્યું ન હોય ત્યારે કમાંન્ડિંગ ઑફીસર, જો તેને યોગ્ય લાગે તો, મુકદમાની સઘળી હકીકત જોતાં તેને ઘણી સવડવાળી લાગે તેવી ફોજદારી કોર્ટમાં તોહોમતદારને હસ્તક કરવાના ઈરાદાથી સદરહુ તોહોમતદારને હવાળામાં રાખવા મુખ્ત્યાર છે.

ઈંડિયન મેરીન-કોર્ટ અથવા કમા-

૪૭. જે ગુન્હા સંબંધી ઈંડિયન મેરીન કોર્ટ અથવા કમાન્ડિંગ ઑફીસરને આ આકટની રૂયે હકુમત હોય તે ગુન્હાનું તોહો-

ડિંગ ઑફીસરથી સાંભળવા લાયક ગુન્હાના તોહોમતવાળા માણસના મુકદમા બાબત.

મત, આ આકટને પાત્ર જે માણસ હોય તે માણસ ઉપર આવ્યું હોય, અને સદરહુ માણસ કોઈ પણ સીવીલ રાજકીય (પોલીટીકલ) અથવા પોલીસ અમલદારની હકુમતમાં હોય, ત્યારે મજકુર અમલદારને, સદરહુ માણસના કમાંડિંગ ઑફીસરે અથવા કોઈ પણ નિર્દિષ્ટ કરેલા અધિકારીએ સદરહુ માણસને પકડવા સારૂ મદદ માટે અરજ કરવાથી સદરહુ અમલદારે તે પ્રમાણે કરવું અને સદરહુ માણસ જ્યારે પકડાય ત્યારે તેને કમાન્ડિંગ ઑફીસર અથવા નિર્દિષ્ટ કરેલા અધિકારી ફરમાવે તેવા હવાળા પહોંચતો કરવો.

હકુમતમાં વાંધો પડે ત્યારે શું કરવું તે બાબત.

૪૮. આ આકટની રૂયે ઈંડિયન મેરીન કોર્ટને અથવા કમાન્ડિંગ ઑફીસરને તથા આ આકટની રૂયે અથવા બીજી કોઈ રીતે ફોજદારી કોર્ટને એકાદા ગુન્હા સંબંધી સમાયિક હકુમત હોય, અને સદરહુ ગુન્હાના તોહોમતવાળા માણસનું કામ કીયા ઈનસાફદારની રૂબરૂ ચલાવવું જોઇએ તે વિશે મત ભેદ પડે ત્યારે, સદરહુ ઈનસાફદારમાંના કોઇએ પણ, બીજા ઈન્સાફદારના ફરમાન ઉપરથી, સદરહુ કામ કોની રૂબરૂ ચલાવવું તે સંબંધી ગવર્નર જનરલ ઈન્ કૌંસિલને કે જેનો તે અર્થે કરેલો હુકમ આખેરનો છે તેને હવાલો કરેલા વખતમાં, કામ મુલતવી રાખવું.

પહેલા શિક્ષા થઇ હોય તે અથવા નિર્દોષ ઠરાવ્યો હોય તે બાબત.

૪૯. જે ગુન્હેગારને જે કોઇ ગુન્હા સારૂ કોઇ ફોજદારી કોર્ટે અથવા ઈંડિયન મેરીન કોર્ટે અથવા કલમ ૪૩ ની મુજબ આપેલી સત્તા બજાવનાર તેના કમાન્ડિંગ ઑફીસરે શિક્ષા કરી હોય અથવા નિર્દોષ ઠરાવ્યો હોય તે ગુન્હેગારનો ઈંડિયન મેરીન કોર્ટ અથવા તેના કમાન્ડિંગ ઑફીસરથી તે ગુન્હા સારૂ ઈનસાફ થશે નહિ.

ઈંડિયન મેરીન કોર્ટને સને ૧૮૬૯ નો આકટ ૧૫ મો લાગુ પડવો તે.

૫૦. આ આકટની રૂયે ઈંડિયન મેરીન કોર્ટથી ઈનસાફ થવાને પાત્ર કોઈ માણસ ફોજદારી કોર્ટે શિક્ષાનો હુકમ કરવાથી કેદમાં હોય ત્યારે, મેરીનનો ડીરેકટર અથવા બીજો કોઇ નિર્દિષ્ટ કરેલો અધિકારી, જે જગ્યામાં સદરહુ શખસ કેદમાં હોય તે જગ્યા જેના હવાળામાં હોય તે અમલદારને મોકલેલો, સન ૧૮૬૯ ના કેદીઓની સાહેદીના આકટના પરિશિષ્ટ બ નમુનાવાળો હુકમ કરવા મુખત્યાર છે, તથા તે આકટની રૂયે કરેલો કોઈ પણ હુકમ પાળવા સંબંધી તે આકટના ઠરાવો, જેટલે દરજ્જે આ કલમની રૂયે કરેલા કોઈ પણ હુકમની બાબતમાં લાગુ પાડવા યોગ્ય છે તેટલે દરજ્જે લાગુ પડશે.

શિક્ષાના હુકમ સંબંધી ગવર્નર જનરલ ઈન્ કૌંસિલની સત્તા.

૫૧. ગવર્નર જનરલ ઈન્ કૌંસિલને, ઈંડિયન મેરીન કોર્ટે અથવા કમાન્ડિંગ ઑફીસરે આ આકટની રૂયે કરેલો કોઈ શિક્ષાનો હુકમ મોકુફ રાખવાને, રદ્દ કરવાને અથવા તેમાં ફેરફાર કરવાને, અથવા આવા કોઈ પણ શિક્ષાના હુકમમાં સમાયલી શિક્ષાને બદલે પ્રમાણમાં તેના કરતાં હલકા દરજ્જાની શિક્ષા દાખલ કરવાને, અથવા આવા કોઈ શિક્ષાના હુકમમાં સમાયલી આખી શિક્ષા અથવા તેમાનો કોઈ પણ ભાગ માફ કરવાને, અથવા આવી કોઈ શિક્ષાના હુકમમાં સમાયલી જે શિક્ષા

બીજી જે કોઈ શિક્ષામાં બદલવામાં આવી હોય તે શિક્ષા આખી અથવા તેમાંનો કોઈ પણ ભાગ માફ કરવાને, અધિકાર છે; તથા આ પ્રમાણે ફેરફાર કરેલો કોઈ પણ શિક્ષાનો હુકમ, આ આકટના ઠરાવોને પાત્ર, વ્યવહારોપયોગી છે એમ ગણવામાં આવશે, તથા તે સારૂ કોર્ટથી અથવા સદરહુ ઓફીસરથી આવા પ્રકારના ફેરફારવાળો પ્રથમથીજ કરવામાં આવ્યો છે એમ ગણી અમલમાં આણવો, માત્ર એટલુંજ કે કોઈ પણ શિક્ષાના હુકમમાં સમાયલી શિક્ષા આવા પ્રકારના કોઇ પણ ફેરફારથી વધારવી નહિ.

બાબ ૪.

ઇંડિયન મેરીન કોર્ટ.

કોર્ટનું બંધારણ.

ઈંડિયન મેરીન કોર્ટ ભરવાની સત્તા. ૫૨. (૧) ઈંડિયન મેરીન કોર્ટ ભરવાને નિચે લખેલા અધિકારીઓને સત્તા છે, એટલેઃ—

(અ) ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ.

(બ) મેરીનનો ડીરેકટર.

(ક) ગવર્નર જનરલ ઈન્ કૌંસિલના વારંટથી તે અર્થે સત્તાવાળો કોઇ અમલદાર;

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે ગેઝીટેડ ઓફીસરનો ઇનસાફ કરવા સારૂ એકઠી થયેલી ઈંડીયન મેરીન કોર્ટ ફક્ત ગવર્નર જનરલ ઇન્ કૌંસીલથી, અથવા તેની અગાઉથી મંજુરી લઇ, ભરવામાં આવશે.

(૨) જ્યારે વહાણ અથવા વહાણો જુદી જુદી નોકરી ઉપર છુટાં પાડી લઇજવામાં આવ્યા હોય તથા તાબડતોબ દાખલો બતાવવાની જરૂર હોય તથા સાર્વજનીક નોકરીમાં ખલેલ પહોંચાડ્યા શિવાય વરિષ્ટ અધિકારીને હવાલો કરી શકાય તેમ ન હોય ત્યારે સદરહુ વહાણ અથવા વહાણોના અધિકારવાળો અમલદાર વારંટ શિવાય, આ આકટને પાત્ર તથા ગેઝીટેડ ઓફિસરના દરજ્જાથી ઉતરતા દરજ્જાવાળા પોતાના અધિકાર નિચેના કોઈ પણ માણસનો ઈનસાફ કરવા સારૂ ઇંડિયન મેરીન કોર્ટ ભરવા મુખત્યાર છે.

ઈંડિયન મેરીન કોર્ટની રચના. ૫૩. (૧) ઇંડિયન મેરીન કોર્ટમાં એક પ્રેસીડેન્ટ તથા સદરહુ કોર્ટ બોલાવનાર અધિકારીથી ફરમાન થાય એવા બે કરતાં ઓછા નહીં અથવા ચાર કરતાં વધારે નહી એવા તથા પહેલી પાયરીના અમલદારના દરજ્જા કરતાં હલકા દરજ્જાના નહિ એવા બીજા સભાસદો હોવા જોઈએ.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે કલમ૫૨ પેટા કલમ (૨) ની રૂએ ભરેલી ઈંડિયન મેરીન કોર્ટ, સદરહુ કોર્ટ બોલાવનાર અમલદાર પ્રેસીડેન્ટ તરીકે તથા તેનાથી ઉતરતા વડા દરજ્જાની પાયરીવાળા બે અમલદાર તે કામ કરવા સારૂ મળી આવે તે મળીને, કરવાને અધિકાર છે.

(૨) કમાન્ડરનો ઈનસાફ કરવા સારૂ ઈંડિયન મેરીન કોર્ટનો પ્રેસીડેન્ટ હમેશાં કમાન્ડર હોવો જોઈએ, તથા સદરહુ કોર્ટ કરનાર બીજા અમલદારોમાંના ઓછામાં ઓછા બે અમલદાર કમાન્ડર હોવા જોઈએ.

(૩) કલમ ૫૨ પેટા કલમ (૨)ની રૂએ ભરેલી ઈંડિયન મેરીન કોર્ટ ખારેજ કરીને કમાંડરની પાયરીથી ઉતરતી પાયરીવાળા કોઈ માણસનો ઈનસાફ કરનાર ઈંડિયન મેરીન કોર્ટનો પ્રેસીડેંટ કમાંડર હોવો જોઈયે.

(૪) ફરીયાદિ તરીકે કામ કરનાર માણસે સદરહુ કોર્ટનો સભાસદ થવું નહિં.

(૫) ઈંડિયન મેરીન કોર્ટ ભરનાર અમલદારે સદરહુ કોર્ટમાં પેટા કલમ (૧) ના વિશેષ ઠરાવથી પરવાનગી મળ્યા શિવાય સભાસદ તરીકે બેસવું નહિં.

(૬) દરેક ઈંડિયન મેરીન કોર્ટના પ્રેસીડેંટ તથા બીજા સભાસદોના નામ સદરહુ કોર્ટ બોલાવનાર અધિકારીથી આપવામાં આવશે.

(૭) ઈનસાફ કરવાનું શરૂ થયા પછી ઈંડિયન મેરીન કોર્ટમાં ત્રણ સભાસદ કરતાં સંખ્યા ઓછી થાય તો તે કોર્ટ વિસર્જન થઈ છે એમ ગણવામાં આવશે.

(૮) ઈંડિયન મેરીન કોર્ટના પ્રેસીડેંટના મરણને લીધે અથવા તે ઘણીજ જરૂરને લીધે ગેરહાજર હોય તે પ્રસંગે, તેની પછીનો કોર્ટમાંનો વડા દરજ્જાવાળો સભાસદ પેટા કલમ (૨) અથવા પેટાકલમ (૩), જેમ હોય તેમ, પ્રમાણે લાયક હોય તો, પ્રેસીડેંટ સ્થાને, આવી ખાસ નીમણુંક થયા શિવાય, બેશશે

(૯) સદરહુ પ્રકારનો (પ્રેસીડેંટની) પછીનો વડા દરજ્જાવાળો સભાસદ ઉપર કહ્યા પ્રમાણે લાયક થયેલો ન હોય તો તે કોર્ટ વિસર્જન થઈ છે એમ ગણવામાં આવશે.

ઈનસાફ ચલાવવાની રીત.

ઈંડિયન મેરીન કોર્ટની બેઠકની જગ્યા.

ઈંડિયન મેરીન કોર્ટ મલીકા માઆઝમાના ઈંડિયન મેરીનના વહાણમાંના એકાદા વહાણ ઉપર અથવા જમીન ઉપર ભરવામાં આવશે.

પંચમાંના ફલાણા સખશ નહિ જોઈયે એવી હરકત લેવાનો કેદીનો હક

ઈંડિયન મેરીન કોર્ટ ભરાઈ કે તરતજ કોર્ટના સભાસદના નામ કેદીને વાંચી દેખાડવામાં આવશે, તથા તે કેદી સદરહુ સભાસદમાના કોઈપણ સભાસદથી પોતાનો ઈનસાફ કરાવવામાં કાંઈ વાંધો લે છે કે કેમ તે વિશે તેને પુછવામાં આવશે; જો સદરહુ કેદી કોઈપણ સભાસદ પ્રત્યે કાંઈપણ વાંધો લેતો હોય, તો તે વાંધાનો કોર્ટ ફડચો કરવો; જો તે વાંધો કબુલ કરવામાં આવે તો વાંધો લીધેલા સભાસદની જગ્યા, કલમ ૫૩, પેટાકલમ (૨), (૩), (૪) તથા (૫) માં આવેલા ઠરાવોને પાત્ર, સદરહુ સભાસદની પછીનો વડા દરજ્જાવાળો અમલદાર તે કામ કરવા સારૂ મળી આવે અને જે સદરહુ કોર્ટમાં સભાસદ ન હોય એવા અમલદારથી પુરી દેવામાં આવશે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે કલમ ૫૩ પેટા કલમ (૧) ના વિશેષ ઠરાવ માફક સદરહુ કોર્ટ રચવામાં આવી હોય તથા તે કલમની રૂયે લાયક થયેલો કોઈ અમલદાર વાંધો લીધેલા અમલદારની જગ્યા પુરવા મલી આવતો ન હોય તો, કોર્ટ, વાંધાની નોંધ લીધા પછી જાણે વાંધો ન કબુલ કરવામાં આવ્યો હોય તેની માફક ઈનસાફ કરવો.

સમ ખાવા તે.

૫૬. (૧) ઈંડિયન મેરીન કોર્ટ કેદીનો ઈનસાફ કરવાનું શરૂ કરે તે પહેલાં કોર્ટના દરેક સભાસદે ઠરાવેલી રીતમાં સમ ખાવા.

(૨) ઈંડિયન મેરીન કોર્ટની આગલ જે કોઈ માણસ પુરાવો આપે અથવા દુભાષિયા તરીકે કામ કરે તેણે ઠરાવેલી રીતમાં સમ ખાવા.

અમલદાર તથા ખલાસી સમસ્તનો એક કોર્ટથી ઈનસાફ કરવો તે.

૫૭. આ આકટને પાત્ર કોઈ માણસ વિરૂદ્ધ ઈંડિયન મેરીન સરવીસમાંના કોઈપણ વહાણના ભંગ, ડુબવું તે, નાશ, અથવા પકડાવવું તે સારૂ અથવા તે સંબંધી અથવા તેને લીધે વિશેષ તોહોમત મુકવામાં આવ્યું ન હોય ત્યારે સદરહુ વહાણના સઘળા અમલદારો તથા ખલાસી સમસ્તનો, કોર્ટ ભરનારી સત્તાને યોગ્ય લાગે

તો એકજ ઈંડિયન મેરીન કોર્ટની રૂબરૂ બેગો ઈનસાફ કરવાનો અધિકાર છે; તથા તેમાંના કોઈપણને પોતાના ઉપર ઈનસાફનું કામ ચાલતું હોય તે વખતે, જે હકીકતો વિશે ચોકશી થતી હોય તે હકીકતોમાંની કોઈપણ હકીકત સંબંધી સમ ખાઈને પુરાવો આપવાનું કહેવાને અધિકાર છે, પણ કોઈપણ માણસને જે કેઈ પુરાવાથી પોતાના ઉપર ગુન્હાનો આરોપ આવી શકે તેવો પુરાવો આપવાની ફરજ પાડવી નહિ.

કેદીની મંદવાડથી કોર્ટના વિસર્જન બાબત.

૫૮. (૧) ઠરાવ આપતા પેહેલાં કેદીની મંદવાડના કારણથી ઈનસાફ જારી રાખવાનું બની શકે નહીં તો ઈંડિયન મેરીન કોર્ટ વિસર્જન થઈ છે એમ ગણવામાં આવશે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે જ્યારે એક કરતાં વધારે કેદીનો ઈનસાફ ચાલતો હોય, અને તેઓમાંના ફક્ત એકના અથવા કેટલાકના મંદવાડથી તેનું અથવા તેમનું ઈનસાફનું કામ અશક્ય થઈ પડ્યું હોય, ત્યારે કોર્ટ, પોતાને યોગ્ય લાગે તો, બીજા અથવા બીજાઓના ઈનસાફનું કામ જારી રાખવા મુખ્ત્યાર છે. અને જ્યારે કોર્ટ આ પ્રમાણે ઈન્સાફનું કામ જારી રાખે ત્યારે જે કેદી અથવા કેદીઓના મંદવાડે તેના અથવા તેઓના ઈનસાફનું કામ જારી રાખવાનું અશક્ય કર્યું, તે કેદી અથવા કેદીઓનાજ સંબંધમાં માત્ર કોર્ટ વિસર્જન થઈ છે એમ સમજવું.

(૨) જે મંદવાડથી કેદી પીડાતો હોય તે મંદવાડ દીવાનાપણું હોય, ત્યારે તે પ્રસંગની હકીકત જોતાં, બની શકે તેટલે સુધી, સદરહુ કોર્ટ, તોહોમતવાળો સખસ ગાંડો તથા પોતાનો જવાબ કરવાને અશક્ત છે એવું ઠરેથી સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૬ ની રૂયે કોઈ માજીસ્ટ્રેટ અથવા કોર્ટ જેવી રીતે કામ ચલાવવાને મુખત્યાર છે, તેવીજ રીતે કામ ચલાવવું.

કોર્ટના વિસરજન થયા પછી કેદીનો ફરી ઈનસાફ.

૫૯. તરત ઉપર ગયેલી કલમના ઠરાવોને પાત્ર રહીને, ઈંડિયન મેરીન કોર્ટ સદરહુ કલમ, અથવા કલમ ૫૩ પેટા કલમ (૭) અથવા (૯), ની રૂયે વિસરજન થઈ હોય ત્યારે ચાલેલી તજવીજ રદ્દ તથા નિરથક થશે, તથા સદરહુ કેદીનો બીજી કોઈ ઈંડિયન મેરીન કોર્ટની રૂબરૂ, તેના તેજ તોહોમત અથવા તોહોમતો બાબત ઈનસાફ કરવાનો અધિકાર છે.

કોર્ટમાંથી માણસો બહાર કહાડવા બાબત.

૬૦. સભાસદોમાં કાંઈપણ વિચાર ચાલ્યા પછી, ઈંડિયન મેરીન કોર્ટમાંથી બીજા બધા માણસોને બહાર કહાડવા પ્રેસીડેંટ મુખત્યાર છે.

કોર્ટનો ઠરાવ.

૬૧. ઈંડિયન મેરીન કોર્ટનો દરેક ઠરાવ મતની મોટી સંખ્યાએ પસાર કરવામાં આવશે. તથા મત જ્યારે સમાન પડશે ત્યારે પ્રેસીડેન્ટ બીજો મત અથવા કાસ્ટીંગ વોટ* આપશે.

પરંતુ એમ ઠરાવવા આવ્યું છે કે ચુકાદા ઉપર સમાન મત પડશે તો ઠરાવ તોહોમતદારના લાભમાં કરવામાં આવશે.

સાક્ષીઓને સમન કરવા બાબત.

૬૨. (૧) ઈંડિયન મેરીન કોર્ટની રૂબરૂ જે દરેક માણસને પુરાવો આપવા અથવા લેખ રજુ કરવાની ફરમાવવામાં આવે તેવા દરેક માણસ ઉપર ઠરાવેલી રીતમાં સમન બજાવવામાં આવશે.

(૨) આ કલમની રૂયે કાડેલો સમન જે કોઈ ફોજદારી સત્તા ચલાવનાર અમલદારની હકુમતમાં સમન કરેલો માણસ હોય અથવા રહેતો હોય તે અમલદારને મોકલવાનો અધિકાર છે, તથા સદરહુ અમલદાર, જાણે સદરહુ સાક્ષીને પોતે પોતાની કોર્ટમાં હાજર રહેવા ફરમાવ્યું હોય તેની માફકજ, સદરહુ સમન બજાવશે.

---

* બે પક્ષ સમાન થાય ત્યારે એક પક્ષને પ્રાબલ્ય આપવાને પ્રમુખનું મત.–Y. M. K.

કેટલીક જાતના તિરસ્કાર સારૂ સંક્ષેપ રીતે શિક્ષા કરવા બાબત.

૬૩. આ આકટને પાત્ર જે કોઈ માણસના ઉપર ઈંડિયન મેરીન કોર્ટની રૂબરૂ સાક્ષી તરીકે હાજર રહેવા સારૂ યોગ્ય રીતે સમન બજાવ્યો હોય અથવા તેને હુકમ થયો હોય ત્યારે, તે કોર્ટનો તિરસ્કાર કરે તો સદરહુ કોર્ટને યોગ્ય લાગે તો, તે કોર્ટ, બીજી કોઈ કોર્ટથી સદરહુ માણસનો કલમ ૭૪ મુજબના ગુન્હા સારૂ ઈનસાફ થવા રહેવા દેવાને બદલે, પ્રેસીડેન્ટની સહીના હુકમથી, સદરહુ માણસને એક મહિના સુધીની મુદતની કેદનો શિક્ષાનો હુકમ કરવા મુખત્યાર છે.

ઠરાવ તથા શિક્ષાના હુકમની મંજુરિયત બાબત.

મંજુર કરનાર અધિકારીને તજવીજના કાગલો મોકલવા બાબત

૬૪. (૧) ઈંડિયન મેરીન કોર્ટના પ્રેસીડેન્ટે સદરહુ કોર્ટના તજવીજના કાગલો ઉપર તારીખ નાંખવી અને તે ઉપર પોતાની સહી કરવી, તથા સદરહુ તજવીજના કાગલોનું ગોઠવવાનું કામ પુરે થયે, બનેતેટલી ઉતાવળથી તેણે તે મંજુર કરનાર અધિકારીને મોકલવા.

(૨) જો કોર્ટ દયા બતાવવાની ભલામણ કરી હોય તો સદરહુ ભલામણની નોંધ કરી લેવી અને તે ભલામણ તજવીજના કાગલોના ભાગ તરીકે મંજુર કરનાર અધિકારી તરફ મોકલવી.

ઠરાવ તથા શિક્ષાના હુકમની મંજુરિયત બાબત.

૬૫. ઈંડિયન મેરીન કોર્ટનો ઠરાવ અથવા શિક્ષાનો, હુકમ જેટલે દરજ્જે સુધી મંજુર કરનાર અધિકારથી તે મંજુર કરવામાં આવશે તેટલા દરજ્જા શિવાય, વ્યવહારોપયોગી નથી એમ સમજવું.

મંજુર કરનાર અધિકારી.

૬૬. (૧) મંજુર કરનાર અધિકારી સામાન્યતઃ કોર્ટ ભરનાર અધિકારી છે એમ સમજવું.

(૨) પરંતુ ગવર્નર જનરલ ઈન્ કોંસલની અગાઉ મંજુરીથી ગેઝીટેડ આફીસરના ઈનસાફ સારૂ તે કોર્ટ ભરવામાં આવી હોય તો, અથવા, આ આકટને પાત્ર બીજા કોઈ માણસના ઈનસાફ સારૂ ભરવામાં આવેલી કોર્ટની બાબતમાં ગવર્નર જનરલ ઈન કોંસિલનો એવો અભીપ્રાય હોય કે કોર્ટ ભરનાર અધિકારી મંજુર કરનાર અધિકારી તરીકે વર્તી શકે તેમ નથી અથવા સગવડથી વર્તી શકે તેમ નથી, તો મંજુર કરનાર અધિકારી ગવર્નર જનરલ ઈન્ કોંસિલ છે એમ સમજવું.

(૩). કોઇપણ ઠરાવ અથવા શિક્ષાના હુકમના સંબંધમાં ગવર્નર જનરલ ઈન્ કોંસિલ મંજુર કરનાર અધિકારી તરીકે વર્તે છો એ હકીકત સદરહુ બાબતમાં સદરહુ ગવર્નર જનરલ ઈન્ કોંસિલ યોગ્ય મંજુર કરનાર અધિકારી હતો એ નિર્ણયકારક પુરાવો છે.

મંજુર કરનાર અધિકારીની સત્તા.

૬૭ (૧) મંજુર કરનાર અધિકારી ઇંડિયન મેરીન કોર્ટનો ઠરાવ તથા શિક્ષાનો હુકમ અથવા બેમાંથી ગમે તે તપાસ સારૂ પાછા મોકલવા મુખ્ત્યાર છે; તથા, ઠરાવ અથવા શિક્ષાનો હુકમ પાછો મોકલ્યા હોય ત્યારે, કોર્ટને મંજુર કરનાર અધિકારીથી વધારે પુરાવો લેવાનું ફરમાન થયું હોય તો, સદરહુ કોર્ટને તે પ્રમાણે લેવાને અધિકાર છે.

(૨) માત્ર ઠરાવ તપાસ સારૂ પાછો મોકલવામાં આવ્યો હોય ત્યારે કોર્ટને શિક્ષાનો હુકમ પણ તપાસી જોવાનો અધિકાર છે.

(૩) ઇંડિયન મેરીન કોર્ટનો શિક્ષાનો હુકમ મંજુર કરતી વખતે, મંજુર કરનાર અધીકારીને,

(અ) તે કોર્ટે કરેલી શિક્ષા ઓછી કરવાનો, અથવા તે કોર્ટે ગુન્હેગારને જે શિક્ષા શિક્ષાના હુકમથી કરી હોય તે શિક્ષા બદલીને તેના કરતાં ઉતરતી પાયરીની બીજી કોઈ શિક્ષા કરવાનો;

(બ) જે વખત યોગ્ય લાગે તે વખત સુધી શિક્ષાનો હુકમ અમલમાં લાવવા મુલતવી રાખવાનો;

(૬) ઠરાવ અથવા શિક્ષાનો હુકમ નિયમ વિરૂદ્ધ રીતે કરવામાં આવ્યો હોય તો તે નમુનો બદલવાનો, અથવા, શિક્ષાનો હુકમ ગેરકાયદેસર હોય તો તેને બદલે કાયદેસર શિક્ષાનો હુકમ દાખલ કરવાનો અધિકાર છે.

(૪) ઇંડિયન મેરીન કોર્ટની ચાલેલી કોઈપણ તજવીજમાં કંઈપણ ભુલ, ચુક અથવા ગેરકાયદેસરપણું હોય તોપણ મંજુર કરનાર અધિકારી, સદરહુ કોર્ટનો ઠરાવ અથવા શિક્ષાનો હુકમ અથવા આ બંને મંજુર કરવા મુખ્ત્યાર છે, પરંતુ સદરહુ અધિકારીના મત પ્રમાણે, સદરહુ ભુલ, ચુક અથવા ગેરકાયદેશરપણાથી ઈનસાફમાં ખામી નોવી છે એમ હશે તો જુદી વાત છે.

પુરાવો.

પુરાવાનો કાયદો લાગુ પાડવા બાબત.

૬૮. સન ૧૮૭૨ નો હિંદુસ્તાનનો પુરાવાનો આકટ, ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ, ઇન્ડિયા ગેઝીટમાં સદરહુ આકટ બાબત જે જે ફેરફારો (સને ૧૮૭૨ નો ૧ લો.) છાપી પ્રસિદ્ધ કરે તે તે ફેરફારોને પાત્ર, ઇંડિયન મેરીન કોર્ટ આગળ કરેલી સઘળી તજવીજને લાગુ પડશે.

ચાલેલી તજવીજના કાગળો રાખી મુકવા બાબત.

ઇંડિયન મેરીન કોર્ટમાં ચાલેલી તજવીજના કાગળો રાખી મુકવા તથા નકલો આપવા બાબત.

૬૯. (૧) સઘળી ઇંડિયન મેરીન કોર્ટમાં ચાલેલી તજવીજના કાગળો, મેરીનના ડિરેકટરની આફીસમાં જો સદરહુ ઇનસાફ ગેઝીટેડ આફીસરની બાબતમાં કરવામાં આવ્યો હશે તો સાત વર્ષ કરતાં ઓછી નહિ એટલી મુદત સુધી, અથવા બીજા કોઈ માણસની બાબતમાં કરવામાં આવ્યો હશે તો ત્રણ વર્ષ કરતાં ઓછા નહી એટલી મુદત સુધી રાખી મુકવામાં આવશે.

(૨) ઇંડિયન મેરીન કોર્ટથી ઇનસાફ થયેલા કોઇપણ માણસને, સદરહુ કોર્ટનો ઠરાવ તથા શિક્ષાનો હુકમ મંજુર થયા પછી, તથા ચાલેલી તજવીજના કાગળો નાશ કરવામાં આવે તે અગાઉ ગમે તે વખતે, સદરહુ ચાલેલી તજવીજના કાગળો જે અમલદાર અથવા માણસના હવાલામાં હોય તે અમલદાર અથવા માણસ પાસેથી સદરહુની નકલ, તેને સારૂ ઠરાવેલા દર પ્રમાણે પૈસા આપેથી, માંગી લેવાનો હક છે.

કામ ચલાવવા સંબંધી કાનુનો ઘડવાની સત્તા.

કામ ચલાવવા સંબંધી કાનુનો ઘડવાની સત્તા.

૭૦. (૧) ગવર્નર જનરલ ઈન્ કૌંસિલને, જેટલે દરજ્જે સુધી ઈન્ડિયન મેરીન કોર્ટથી ઈનસાફ કરવા લાયક ગુન્હાની તપાસ, ઈનસાફ તથા શિક્ષા સંબંધી હોય તેટલા દરજ્જા સુધી, સદરહુ કોર્ટની કામ ચલાવવાની રીત નિયમીત કરવા સારૂ, તથા સદરહુ આકટ અમલમાં લાવવાના કામ સારૂ, કાનુનો ઘડવાનો અધિકાર છે.

(૨) આવા પ્રકારની કોઈ પણ કાનુનથી, ગવર્નર જનરલ ઈન્ કૌંસિલને, સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાથી અવલ ફોજદારી હકુમતવાળી કોર્ટને આપેલી કોઈ પણ સત્તા (સને ૧૮૮૨ નો ૧૦ મો.) (તોહોમતદાર શખ્સનો ઈનસાફ કરવા અથવા શિક્ષાનો હુકમ કરવાની સત્તા શિવાય) ઈન્ડિયન મેરીન કોર્ટને આપવાનો અધિકાર છે.

બાબ ૫.

પુર્વણી ફોજદારી ઠરાવો.

બ્રિટિશ હિંદુસ્થાનની બહાર ફોજદારી કોર્ટોને કામ ચલાવવાની રીત બાબત.

બ્રિટિશ હિંદુસ્તાન બહાર ફોજદારી કો-

૭૧. બ્રિટિશ હિંદુસ્તાનમાં વિધમાન કાલે ફોજદારી કામ ચલાવવાની રીતનો જે કાયદો અમલમાં હોય તે કાયદો, ગવર્નર જ-

ટોને કામ ચલાવવા-ની રીત બાબત — નરલ ઈન્ કૌંસિલ ઈન્ડિયા ગેઝીટમાં જે જે ફેરફારો છાપી પ્રસિદ્ધ કરે તે તે ફેરફારોને પાત્ર રહી, બ્રિટિશ હિંદુસ્તાનની હદ બહારની ફોજદારી કોર્ટોમાં આ આકટની રૂએ સઘળી કામ ચલાવવાની રીતને લાગુ પડશે.

પકડવા બાબત.

ગુન્હેગારને પકડવા બાબત. — ૭૨. આ આકટને પાત્ર માણસો ઉપર આ આકટની રૂએ ગુન્હાનું તોહમત આવ્યું હોય ત્યારે સદરહુ માણસોને નિચે લખેલી કાનુનો લાગુ પડશે:

(૧) આવા પ્રકારના દરેક માણસને હવાલામાં રાખવામાં આવશે, પણ કોઈ પણ માણસને ઇનસાફના હેતુ સારૂ જેટલી મુદતની જરૂર હશે તે મુદત કરતાં વધારે વખત સુધી હવાલામાં રાખવામાં આવશે નહિ.

(૨) "હવાલો," આ શબ્દનો અર્થ, નોકરીની ધાટી પ્રમાણે, ગુન્હેગારને અટકાવમાં રાખવો અથવા તેને કેદમાં પુરવો થાય છે એમ સમજવું.

(૩) કોઈ પણ અમલદારને, અથવા, એક કરતાં વધારે અમલદાર હાજર હોય તો તેમાંના વડા દરજ્જાના અમલદારને, આ આકટને પાત્ર ઉતરતી પાયરીવાળા બીજા કોઈ માણસને હવાલામાં રાખવાનો હુકમ કરવાનો અધિકાર છે.

(૪) સદરહુ માણસના કમાન્ડિંગ ઓફિસરે અથવા બીજા કોઈ ઠરાવેલા અધિકારીએ કંઈ પણ બીન જરૂરીઆત ઢીલ શિવાય, હવાલામાં લિધેલા દરેક માણસની સામા મુકેલા તોહોમતની, તપાસ કરવી; તથા, જેમ બને તેમ ઉતાવળથી, ગુન્હેગારને શિક્ષા કરવાની અથવા તેને હવાલામાંથી છોડી દેવાની તજવીજ ચલાવવી

કમાન્ડિંગ ઓફિસરની સત્તા. — ૭૩. કમાન્ડિંગ ઓફિસર, આ આકટને પાત્ર તથા તેના પોતાના તાબાના કોઈ માણસના વિરૂદ્ધ આ આકટ મુજબ ગુન્હો કર્યાના તોહોમત વિષે તપાસ કર્યા પછી, સદરહુ માણસ ઉપરના તોહોમતની તજવીજ કરવી ન જોઇયે એમ ધારે તો સદરહુ તોહોમત તેણે રદ કરવું; પણ જ્યારે તે એમ ધારે કે તે તોહોમતની તજવીજ કરવી જોઇએ ત્યારે તેણે આ આકટના ઠરાવો મુજબ, ગુન્હેગારનો ઈનસાફ કરાવવા સારૂ કોઈ પણ ઢીલ શિવાય ઈલાજ લેવા.

ઇન્ડિયન મેરીન કોર્ટ તથા કમાંન્ડિંગ ઓફિસરે કરેલા શિક્ષાના હુકમ અમલમાં લાવવા બાબત.

કેદની શિક્ષાના હુકમની શરૂઆત. — ૭૪. (૧) ઈંડિયન મેરીન કોર્ટ અથવા આ આકટની રૂએ હકુમત ચલાવનાર કમાન્ડિંગ ઓફીસરે કરેલા શિક્ષાના હુકમની રૂએ આપેલી કેદની દરેક મુદત, પેટા કલમ (૨) માં જે ઠરાવ્યું છે તે ખારેજ કરીને, કોર્ટના પ્રેસીડેન્ટે જે દિવસે અવલ શિક્ષાના હુકમ ઉપર સહી કરી અથવા કમાન્ડિંગ ઓફીસરે જે દિવસે ફરમાવ્યો તે દિવસે સરૂ થશે એમ ગણવું.

(૨) કોઈ શખસ, શાસનિક દાસત્વ, સમુદ્રપાર અથવા કેદની શિક્ષાનો હુકમ ભોગવતો હોય તેવામાં તેના ઉપર ઈન્ડિયન મેરીન કોર્ટથી કેદની શિક્ષાનો હુકમ કરવામાં આવે, ત્યારે તેના ઉપર આગળ થયેલો શાસનિક દાસત્વ, સમુદ્રપાર અથવા કેદની શિક્ષાનો હુકમ પુરી થયેથી સદરહુ કેદની શિક્ષા સરૂ થશે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે ઇંડિયન મેરીન કોર્ટથી કોઈ માણસને જે કેદની શિક્ષાનો હુકમ કરવામાં આવી હોય તે કેદની મુદત પુરી થયે, આ પેટા કલમની રૂએ, આ પ્રમાણે સદરહુ શખસને જે કેદની શિક્ષાનો હુકમ થયો હોય તે કેદની બીજી મુદત શરૂ થતી હોય, અને જે કેદને તે આ પ્રમાણે પાત્ર થાય તે કેદની સમગ્ર મુદત, સદરહુ પ્રકારની કેદની શરૂઆતથી ગણતાં બે વર્ષ કરતાં વધે તો, સદરહુ મુદતનો જેટલો ભાગ બે વર્ષ કરતાં વધતો હોય તેટલો ભાગ ઓછો કર્યો છે એમ ગણવામાં આવશે.

આવા પ્રકારની શિક્ષાના હુકમનો અમલ કરવા બાબત.

૭૫. (૧) ઇંડિયન મેરીન કોર્ટ અથવા આ આકટની રૂએ હકુમત ચલાવનાર કમાંડિંગ આફીસરથી કેદની શિક્ષાનો હુકમ થયેલા માણુસને તુરંગમાં લઈ જવામાં આવે ત્યાં સુધી ઠરાવેલા હવાલામાં અટકાવમાં રાખવામાં આવશે

(૨) ઉપર કહ્યા પ્રમાણે શિક્ષાનો હુકમ થયેલા માણુસને જેમ બનશે તેમ જલદીથી, બ્રિટિશ હિંદુસ્થાનમાંની તુરંગમાં લઈ જવામાં આવશે, તથા સદરહુ શખસને, સદરહુ તુરંગ જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને. ઠરાવેલા અમલદારની સહીવાળા ઠરાવેલા નમુનાનાં કેદના વારંટ સાથે સ્વાધીન કરવામાં આવશે.

(૩) પેટા કલમ (૨) મુજબ તુરંગમાં લઈ જવામાં આવેલા માણસની જાણે તેને ફોજદારી કોર્ટની શિક્ષાના હુકમ મુજબ સદરહુ તુરંગમાં રાખવામાં આવ્યો હોય એ પ્રમાણે સઘળી બાબતમાં વ્યવસ્થા કરવામાં આવશે:

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે—

(અ) જ્યારે સદરહુ શખસ તેના કમાંડિંગ ઓફીસરથી કેદની શિક્ષાનો હુકમ થયેલો માણુસ હોય, ત્યારે કમાંડિંગ ઓફીસર અથવા મેરીનના ડીરેકટરને, ગમે તે વખતે. લિખીત હુકમથી સદરહુને છોડી મુકવાનું ફરમાવવાનો અધિકાર છે;

(બ) મેરીનના ડીરેકટર અથવા કમાંડિંગ ઓફીસર, લિખીત હુકમથી. આ પ્રમાણે (તુરંગમાં) લઈ જવાયલા કોઈપણ માણુસને ઇંડિયન મેરીન કોર્ટની રૂબરૂ સાક્ષી તરીકે, ઈનસાફ સારૂ અથવા બીજી કંઈ બાબત સારૂ લાવવાના કામ માટે ઠરાવેલા હવાલામાં હસ્તક કરવો અને સદરહુ માણુસને પાછો તુરંગમાં મોકલાવી આપવો એવું ફરમાવવાનો મુખ્ત્યાર છે.

કાયમ રાખવા બાબત.

સાધારણ કોર્ટની સત્તા કાયમ રાખવી તે.

૭૬. આ આકટથી સ્પષ્ટ રીતે ઠરાવવામાં આવ્યું હોય તે ખારેજ કરીને, આ આકટમાં એવું કંઈપણ ઠરાવવામાં આવ્યું નથી કે જે ફોજદારી હકુમતની કોઈપણ કોર્ટની હકુમત અથવા સત્તાને અસર કરશે.

હલકી શિક્ષા.

૭૭ આ આકટમાં એવું કંઈપણ ઠરાવવામાં આવ્યું નથી કે જે, ઇંડિયન મેરીન સરવીસની હાલમાં અમલમાં હોય અથવા હવેપછી અમલમાં આવે એવી કોઈપણ કાનુન, ઠરાવ, શરત અથવા રીવાજ જેની રૂએ જે કોઈ માણુસ.

(અ) નોકરીમાંથી દુર થવાને, વડો દરજ્જો ખોવાને, દરજ્જે ઉતરવાને કંઈ વસ્તુ સરકાર દાખલ થવાને અથવા, પગાર બંધ કરવાને; અથવા

(બ) હવાલામાં રાખવા જેવું નહિં હોય એવા કોઈ બાધને, અથવા કંઈપણ છુટ લઈ લેવાને, અથવા કવાયત સારૂ નાખવામા આવ્યું હોય એવું વધારે કામ કરવાને.

પાત્ર હોય તે કાનુન, ઠરાવ, શરત અથવા રીવાજને અસર કરશે.

આકટોનો સુધારો.

સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૫૪ (નોકરીમુકી જતા રહેનારને પકડવા બાબત) નો સુધારો.

૭૮. સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૪ માં (છઠ્ઠા પેરેગ્રાફમાં) "જમીન પરની અથવા દરીઆઈ ફોજમાંથી ફલાણો શખસ નાહાસી ગયો છે" એ શબ્દો પછી નિચે લખેલા શબ્દો ઉમેરવા, એટલે:—

"અથવા મલિકા મોઆઝમાની ઇંડિયન મેરીન સરવીસમાં હોવા છતાં સદરહુ સરવીસમાંથી કાયદા વિરૂદ્ધ રીતે ગેરહાજર છે."

ફોજદારી કાયદાના બાબ સાતનો સુધારો (જમીનપરની તથા દરીઆઈ ફોજસંબંધી ગુન્હા બાબત.)

૭૯ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની } સને ૧૮૬૦ નો કલમ ૧૩૮ પછી નિચે લખેલી કલમ દાખલ } ૪૫ મો. કરવી, એટલે:—

ઇંડિયન મેરીન સરવીસને આગળ ગયેલી કલમો લાગુ પાડવા બાબત.

"૧૩૮ અ. આ બાબમાંની આગળ ગયેલી કલમો મલિકા માઆઝમાની ઇંડિયન મેરીન સરવીસ રાણી સાહેબની દરીઆઈ ફોજમાં જાણે સમાઈ જતી હોય એમ લાગુ પડશે."

બાબ ૬.

દીવાની કાયદાના ઠરાવો.

પ્રોસેસની બજાવણીમાંથી બાતલ.

દેવા માટે નહિ પકડવા બાબત.

૮૦. (૧) ગેઝીટેડ આફીસરની પાયરીથી ઉતરતા દરેજાનો કોઈ માણુસ જ્યારે આ આકટને પાત્ર હોય ત્યારે તે કોઈપણ ન્યાયની કોર્ટની પ્રોસેસ, બજાવણી અથવા હુકમ અથવા બીજી કાંઈ રીતથી, ઇંડિયન મેરીન સરવીસમાંથી લઈ જવા અથવા કોઈપણ ન્યાયની કોર્ટમાં તેને જાતે નિચે લખેલી એટલે:—

(અ) ફોજદારી તોહોમત અથવા ગુન્હેગાર ઠરવાના સબબની;

(બ) જે પૈસાના હુકમનામાની રકમ દાવાના ખર્ચ શિવાય રૂપિઆ તણુશે કરતાં વધારે હોય તે પૈસાના હુકમનામાના સબબની;

બાબતો અથવા તેમાંની એક શિવાય બીજી કોઈ બાબતમાં હાજર રહેવાની જરૂર પાડવાને સદરહુ માણુસ પાત્ર થશે નહિ.

(૨) આવા પ્રકારની કોઈ પણુ કોર્ટના જડજને, સદરહુ પ્રકારના કોઈ પણુ માણુસ અથવા તેના વરિષ્ટ અમલદારે, સદરહુ કલમના ઠરાવોની વિરૂદ્ધ તે માણુસને પકડેલો હોય તે સારૂ કરેલી કોઈ પણુ ફરીઆદ તપાસવાને અધિકાર છે, તથા તેને પોતાની સહીના હુકમથી સદરહુ માણુસને છોડી મુકવાનો તથા ફરિયાદીને યોગ્ય ખરચ અપાવવાનો અધિકાર છે, અને સદરહુ ફરિયાદીને, જેવી રીતે પ્રોસેસ બજાવનાર માણુસની વિરૂદ્ધ હુકમનામાથી અપાવેલું ખરચ તે ફરિયાદી વસુલ કરી શકે તેજ પ્રમાણે, સદરહુ ખરચ વસુલ કરવા અધિકાર છે.

જે મિલકત જપ્ત થઈ શકે નહિ તે મિલકત.

૮૧. આ આકટને પાત્ર જે કોઈ માણુસના ઉપર દીવાની કામ ચલાવનારી કોઈ પણુ કોર્ટનાં હુકમનામા અથવા હુકમની બજાવણીમાં તે માણુસના કપડાં સરંજામ અથવા હથિયાર પકડવામાં આવશે નહિ, તથા સદરહુ બજાવણીમાં ગેઝીટેડ ઓફીસરની પાયરીથી ઉતરતા આવા પ્રકારના કોઈ પણુ માણુસનો પગાર તથા દરમાયો અથવા તેનો કોઈ પણુ ભાગ જપ્ત કરવામાં આવશે નહિ.

મરનાર માણુસ તથા નોકરી મુકી જતા રેહેનારની મિલકત બાબત.

મરનાર માણુસ તથા નોકરી મુકી જતા રહેનારની મિલકતની બ્યવસ્થા.

૮૨. આ આકટને પાત્ર જે કોઈ પણુ માણુસ મરી જાય અથવા નોકરી મુકીને નાશી જાય તો તે માણુસની મિલકતની બ્યવસ્થા કરવા સંબંધી નિચે લખેલી કાનુનો ઘડવામાં આવી છે:—

(૧) કમાંડિંગ ઓફીસર જે સઘળી જંગમ મિલકત તે જગ્યાએ હશે તે બધી મિલકત જાપ્તામાં રાખશે તથા તેની યાદી કરાવડાવશે.

(૨) મરી ગયેલા માણસની બાબતમાં, જો તેનો વારસ વકીલ તે જગ્યાએ હાજર હોય અને મરનારના વહાણ તથા નોકરીના દેવાના નાણા આપવાનું તારણ આપે તો કમાડિંગ ઓફીસરે સદરહુ મિલકત તે વારસ વકીલને સ્વાધીન કરવી.

(૩) મરી ગયેલા માણસની બાબતમાં, રકમ [૨] ની રૂયે મિલકતની વ્યવસ્થા કરવામાં આવી ન હોય ત્યારે, અને દરેક નોકરી મુકીને જતા રેહેનારની બાબતમાં, કમાડિંગ ઓફીસર મિલકત જાહેર લીલામથી હરાજ કરાવડાવશે, તથા તે વેચાણની ઉપજમાંથી વહાણ તથા નોકરીના દેવાં આપશે, તથા, મરી ગયેલા માણસની બાબતમાં, તેના પ્રેત સંસ્કારનું ખરચ પણ આપશે.

(૪) જો કંઈ બાકી રહેશે તો તે, મરી ગયેલા માણસની બાબતમાં તેના વારસ વકીલને આપવામાં આવશે,

(૫) મરી ગયેલા માણસની મિલકતની બાકી શીલકનો તેના મોત પછી બાર મહિનામાં દાવો કરવામાં આવ્યો ન હોય ત્યારે, તથા નોકરી મુકી જતા રેહેનારના સરસામાનના વેચાણ પછી તરતજ, કમાન્ડિગ ઓફીસર પાસે બાકી રહેલી જે રકમ હોય તે મેરીનના ડિરેકટર તરફ મોકલવી.

(૬) આ કલમની રૂયે મરી ગયેલા માણસના વારસ વકીલને સ્વાધીન કરવા લાયક મિલકત અથવા આપવા લાયક પૈસા, જો તે મિલકતની કિમત અથવા તે પૈસાની રકમ એક હજાર રૂપિઆ કરતાં વધારે ન હોય તથા મેરીનના ડિરેટર અથવા ઠરાવેલા અધિકારીને જો યોગ્ય લાગે તો, જે કોઇ માણસ કાંઇ પણ વસિયતનામું, વહિવટ કરવાના દસ્તાવેજો, ખાત્રી પત્ર અથવા એવા બીજા કંઇ હક સંબંધી નિર્ણય કારક પુરાવા રજુ કરવાની જરૂર પાડયા શિવાય સદરહુ નાણાં લેવાને અથવા મારનારની મિલકતનો વહિવટ કરવાને હક કરતો દીસે તો તે માણસને સ્વાધીન કરવા તથા આપવાનો અધિકાર છે; તથા આવા પ્રકારનું સ્વાધીન કરવું તથા નાણાં આપવાં તેથી જે માણસ તે સ્વાધીન કરવાનો હુકમ કરે અથવા નાણાં આપે તે માણસ તથા હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઈન્ કૌંસિલનો મિલકત અથવા પૈસા સંબંધી બીજી સઘળી જવાબદારીમાંથી સંપૂર્ણ છુટકારો થશે એમ સમજવું; પરંતુ સદરહુ કલમમાં એવું કંઈ પણ ઠરાવવામાં આવ્યું નથી કે જેથી જે કોઇ માણસને આ પ્રમાણે મિલકત સ્વાધીન કરવામાં આવી હોય અથવા નાણાં આપવામાં આવ્યાં હોય તે માણસના વિરૂદ્ધ મરિ ગયેલા. માણસનું કોઇ વસિયતનામું ચલાવનાર, વહિવટ કરનાર, અથવા બીજા કોઈ વારસ વકીલ, અથવા લેણદારના હકને અસર થશે.

(૭) જે કોઈ માણસ. નોકરી મુકીને જતા રહેવા માટે ગુન્હેગાર ઠર્યો હોય, અથવા ઈંડિયન મેરીન સરવીસમાંથી ત્રીસ દિવસની મુદત સુધી વગર રજાએ ગેર હાજર રહયો હોય, અને ત્યાર પછી તાબે થયો ન હોય અથવા પકડાયો ન હોય, તે માણસ સદરહુ કલમના અર્થ પ્રમાણે નોકરી મુકીને જતો રહયો છે એમ સમજવું.

(સહી) એસ. હાર્વિ જેમ્સ,

ઓફિશિયેટિંગ સેક્રેટરી નિસબત હિંદુસ્તાન સરકાર.

(True Translation.)

Y. M. KELKAR,

Acting oriental Translator to Government.

સન ૧૮૮૮ નો આકટ ૮ મો.

હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન કૌંસિલનો હેઠળ લખેલો આકટ આલીજનાબ ગવર્નર જનરલ સાહેબે સન ૧૮૮૮ ના સપટેંબર મહિનાની ૫ મી તારીખે મંજુર કર્યો, તે સઘળા લોકોને જાહેર થવા સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

અમુક ટોલ (દસ્તુરી) લેવો એ કાયદેસર છે કે નહિ તે બાબતનો સંશય દુર કરવા બાબતનો આકટ.

જે અર્થે ગવર્નર જનરલ ઈન કૌંસિલના, સન ૧૮૫૧ ના આકટ ૮ (પ્રસિદ્ધ રસ્તા તથા પુલ ઉપર રાહદારી જકાત વસુલ લેવાને સરકારને અધિકાર આપવા વાસ્તે આકટ) અને સને ૧૮૬૪ ના આકટ ૧૫ (સન ૧૮૫૧ નો આકટ ૮ સુધારવા બાબતના આકટ) ના અમલ સંબંધી સંશય લેવામાં આવ્યો છે, તે અર્થે આ ઉપરથી નિચે પ્રમાણે ઠરાવ્યું છેઃ—

પંજાબમાં સને ૧૮૫૧ ના આકટ ૮ તથા સને ૧૮૬૪ ના આકટે ૧૫ નો અમલ.

૧. સને ૧૮૫૧ નો આકટ ૮ તથા સને ૧૮૬૪ નો આકટ ૧૫ હાલ પંજાબના લેફ્ટેનન્ટ ગવર્નરના વહીવટમાં જે મુલક છે તે સર્વ મુલકની અંદર અમલમાં છે એમ સમજવું, અને તે આકટો પંજાબના ભાગ તરીકે વિદ્યમાનકાળે જે મુલક વહિવટમાં હોય તે મુલકની અંદર અનુક્રમે સને ૧૮૫૭ ના અગસ્ટ મહિનાની તારીખ ૨૧ થી, તથા સને ૧૮૬૪ ના માર્ચ મહિનાની તારીખ ૨૪ થી અમલમાં છે એમ સમજવું.

પંજાબમાં તથા બ્રિટિશ હિંદુસ્તાનના બીજા કેટલાએક ભાગમાં સદરહુ આકટનો અમલ.

૨. (૧) મદ્રાસના ગવર્નર ઇન કૌંસિલના તથા બંગાલા તથા વાયવ્યપ્રાંતોના લેફ્ટેનન્ટ ગવર્નરના વહીવટમાંહેના મુલકની હદની પેલી તરફના બ્રિટિશ હિંદુસ્તાનના જે કોઇપણ ભાગને અથવા જે કોઇપણ ભાગમાં સને ૧૮૫૧ નો આકટ ૮ તથા સને ૧૮૬૪ નો આકટ ૧૫, સદરહુ આકટ ૧૫ અન્વયે અથવા આ આકટથી અથવા બીજા કોઇપણ કાયદાથી અથવા કાયદા અન્વયે લાગુ કરવામાં આવે અથવા લાગુ કર્યા હોય અથવા અમલમાં છે એમ ઠરાવવામાં આવે અથવા આવ્યું હોય તે ભાગમાં સ્થાનિક સરકારને જાણે, સને ૧૮૫૧ ના આકટ ૮ ની કલમ ૨ માં નિર્દિષ્ટ કરેલી સ્થાનિક સરકારોમાં તેનો સમાસ કરેલો હોય તે પ્રમાણેજ અધિકાર છે, એમ સમજવું, અને જ્યાં સદરહુ આકટો આ આકટ પસાર થતાં પહેલાં અમલમા હોય ત્યાં તે સરકારને સદરહુ પ્રમાણેજ અધિકાર હતો એમ સમજવું.

(૨) "ઈલાકા" આ શબ્દ સને ૧૮૫૧ ના આકટ ૮ ની કલમ ૮ માં જ્યાં આવે

જેમાં તેનો અર્થ સ્થાનિક સરકારના વહીવટ માંહેનો મુલક એવો છે તથા હતો એમ સમજવું.

આગળ લીધેલા ટોલ કાયદેસર છે એમ ઠરાવવા બાબત.

૩. આ આકટ પસાર થતા પહેલા, સને ૧૮૫૧ ના આકટ ૮ તથા સને ૧૮૬૪ ના આકટ ૧૫ પ્રમાણે અથવા આ બેમાંના કોઈ પણ આકટ પ્રમાણે લીધેલા, અથવા તે પ્રમાણે લેવામાં આવ્યા છે એમ જણાતા, સર્વે ટોલ કાયદેસર લીધેલા છે એમ સમજવું.

કાયમ રાખવું તે.

સન્ ૧૮૮૮ ના જુલાઈ મહિનાની ૧ લી તારીખની અગાઉ કોઈ પણ દિવાની કોર્ટમાં શરૂ કરેલાં કોઈપણ કામને ઉપરની કલમો માંહેના કોઈપણ મજકુરથી બાધ આવશે નહીં.

સને ૧૮૫૧ ના આકટ ૮ ની કલમ ૨ નો સુધારો.

૫. સને ૧૮૫૧ ના આકટ ૮ની કલમ ૨ મા "તથા મુબઈ ઈલાકાના ગવરનર ઈન કૌંસિલ" એટલા શબ્દો આ કલમ ઉપરથી રદ કરવામાં આવ્યા છે.

(True Translation.)

Y. M. KELKAR.

Oriental Translator to Government.

સને ૧૮૮૮નો આકટ ૯ મો.

હિંદુસ્તાનના ગવરનર જનરલ ઇન કોંસિલનો હેઠળ લખેલો આકટ આલી-જનાબ ગવરનર જનરલ સાહેબે સને ૧૮૮૮ ના સપટેંબર મહિનાની ૫ મી તારીખે મંજુર કર્યો અને તે સઘળા લોકોને જાહેર થવા સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ચેપી રોગ બાબત કેટલાક કાયદા રદ કરવા વિશેનો આકટ.

ચેપી રોગ બાબતના કેટલાક કાયદા રદ કરવાનું જે અર્થે યોગ્ય છે, તે અર્થે આ ઉપર હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

રદ કરવા બાબત. ૧. પરિશિષ્ટમાં નિર્દીષ્ટ કરેલા કાયદા તે પરિશિષ્ટના ત્રીજા આસનમાં બતાવ્યા છે તેટલા રદ કર્યા છે.

પરિશિષ્ટ.

કાયદા રદ કર્યા તે.

નંબર અને વર્ષ.	વિષય અથવા નામ.	કેટલે સુધી રદ કર્યા તે.
ગવર્નર જનરલ ઇન કોંસિલના આકટ.		
સન ૧૮૫૮ નો ૧૪ મો.	ચેપી રોગનો હિંદુસ્થાનનો સન ૧૮૫૮ નો આકટ.	જેટલો રદ કર્યો નથી તેટલો.
સન ૧૮૫૮ નો ૨૬ મો.	મ્યુનિસિપાલિટીઓની લોક આસ્પિટલો.	સઘળો.
મદ્રાસના ગવર્નર ઇન કોંસિલનો આકટ.		
સન ૧૮૮૪ નો ૪ થો	સને ૧૮૮૪ નો મદ્રાસની ડિસ્ટ્રિકટ મ્યુનિસિપાલિટિ બાબતનો આકટ.	કલમ ૧૧૩ માંહેના "ચેપી રોગનો હિંદુસ્તાનનો આકટ લાગુ કરવા બાબત" આ શબ્દો.

(True Translation)

Y. M. KELKAR.

Oriental Translator to Government.

સને ૧૮૮૮ નો આકટ નંબર ૧૬.

નિચે લખેલો હિંદુસ્થાનના ગવર્નર જનરલ ઇન કાંસિલનો આકટ નામદાર ગવર્નર જનરલે સને ૧૮૮૮ ના અકટોબર મહિનીની તારીખ ૨૬ મીએ મજકુર કર્યો; અને તે સર્વ લોકને જાણ થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે.

સોલજરો પાસેથી પલટણની જરૂરીની જનસો વેચાતી લેવા બદલના કેટલાક કાયદા રદ્દ કરવા બાબુતનો આકટ.

આ આકટના પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલા કાયદા રદ્દ કરવા જે અર્થે યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી નિચે લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

રદ્દ કરવું તે. ૧. પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલા કાયદા આ કલમ ઉપરથી રદ્દ કર્યાછે.

પરિશિષ્ટ.

નંબર તથા વર્ષ.	વિષય અથવા ટુંકું નામ.	કેટલે સુધી રદ્દ કરવામાં આવ્યા છે તે.
	ગવર્નર જનરલ ઇન્ કૌંસિલનો આકટ.	
સને ૧૮૫૭નો આકટ૭.	સોલજરો પાસેથી પલટણની જરૂરીની જનસો વેચાતી લેવા બાબત.	જે ભાગ રદ્દ કર્યો નથી તે.
	મદ્રાસકોડના રેગ્યુલેશન.	
સને ૧૮૩૨ નો આકટ ૧૪.	સોલજરો પાસેથી પલટણની જરૂરીની જનસો વેચાતી લેવા બાબત.	જે ભાગ રદ્દ કર્યો નથી તે.

એસ્. હાર્વે જેઈમ્સ,
સેક્રેટરી નિસબત હિંદુસ્થાન સરકાર.

(True Translation).
Y. M. KELKAR.
Oriental Translator to Government.

સને ૧૮૮૮ નો આકટ નંબર ૧૭.

નિચે લખેલો હિંદુસ્થાનના ગવર્નર જનરલ ઈન્ કૌંસિલનો આકટ નામદાર ગવર્નર જનરલે સને ૧૮૮૮ ના આકટોબર મહિનાની તારીખ ૨૬ મીએ મંજુર કર્યો, અને તે સર્વ લોકને જાણ થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે:

સને ૧૮૮૭ નો ઈંડિયન મેરીન આકટ સુધારવા બાબતનો આકટ.

સને ૧૮૮૭ નો ઇંડિયન મેરીન આકટ સુધારવો યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી નિચે લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

સને ૧૮૮૭ના આકટ ૧૪ ની કલમ ૨ નો સુધારો.

૧. સને ૧૮૮૭ ના ઈંડિયન મેરીન આકટની કલમ ૨ ની પેટા કલમ (૨) ને બદલે નિચે લખેલો મજકુર દાખલ કરવો. એટલે:—

"(૨) ગવર્નર જનરલ ઈન કૌંસિલને પ્રસંગોપાત જરૂર દેખાય તે પ્રમાણે અને ઈંડિયા ગેઝીટમાં જાહેરનામું છપાવીને, પેટા કલમ (૧)ની રકમ (બ) (ક) અને (ડ) માંની કોઈ પણ વ્યાખ્યામાં ફેરફાર કરવાનો અધિકાર છે; અને તે પેટા કલમની (ઇ) રકમમાં "વરિષ્ટ અમલદાર" આ શબ્દોની વ્યાખ્યામાં સદરહુ રકમ ઉપર આપેલા હવાલા, સદરહુ પેટા કલમ પ્રમાણે પ્રસિદ્ધ કરેલા અને વિદ્યમાનકાળે અમલમાં હોનાર કોઈ પણ જાહેરનામાની રૂયે ફેરફાર કરેલી રકમ ઉપર છે એમ સમજવું."

એસ. હાર્વે જેઈમ્સ.

સેક્રેટરી નિસબત હિંદુસ્થાન સરકાર.

(True Translation).

Y. M. KELKAR,

Oriental Translator to Government.

સને ૧૮૮૯ નો આકટ નંબર ૧.

હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન્ કૌંસિલનો હેઠળ લખેલો આકટ આલી જનાબ ગવર્નર જનરલ સાહેબે સન ૧૮૮૯ ના ફેબ્રુઆરી મહિનાની ૧ લી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે:—

નાણાંના રક્ષણ તથા બીજાં કામ બાબતનો આકટ.

ખાનગી માણસોએ નાણાં દાખલ વાપરવા સારૂ ધાતુના કકડા બનાવવાની અથવા તેને બાહાર પાડવા માટે કબજામાં રાખવાની અથવા બાહાર પાડવાની મના કરવાનું જે અર્થે યોગ્ય છે;

અને વળી ઇંડિયન પીનલ કોડની ૨૮ મી કલમ સુધારવાનું જે અર્થે યોગ્ય છે; તે અર્થે આ આકટ ઉપરથી નીચે લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

ટુંકુનામ, વ્યાપ્તિ અને શરૂઆત. — ૧. (૧) આ આકટને સન ૧૮૮૯ નો ધાતુના પ્રતિનાણાં બાબતનો આકટ કહેવો.

(૨) તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે; અને

(૩) તે તાબડતોબ અમલમાં આવશે.

વ્યાખ્યા. — ૨. આ આકટમાં "બાહાર પાડવું" એ શબ્દનો અર્થ બ્રિટિશ હિંદુસ્તાનમાં નાણાં દાખલ વાપરવા સારૂ ધાતુનો કોઇ કકડો પહેલ વેહેલો ચલાવવો થાય છે એમ સમજવું, અને એવો કકડો આ આકટ વિરૂદ્ધ તૈયાર કરેલો હોય અથવા સન ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટની ૧૮ મી કલમ મૂજબ વિદ્યમાન કાળે અમલમાં હોય એવા હરકોઇ જાહેરનામા વિરૂદ્ધ બ્રિટિશ હિંદુસ્તાનમાં જળમાર્ગે અથવા ખુશ્કીને રસ્તે આણેલો હોય.

નાણાં દાખલ વાપરવાસારૂ ખાંનગી માણસોએ ધાતુના કકડા બનાવવાની મના. — ૩. તાંબાના અથવા કાંસા (બ્રાંઝ)ના, અથવા બીજી હરકોઈ ધાતુ અથવા મિશ્રધાતુના છાપેલા અથવા વગર છાપેલા જે કોઈ પણ ટકડાને નાણાં દાખલ વાપરવાનો ઈરાદો હોય તે કકડા ગવર્નર જનરલ ઈન્ કૌંસિલના હુકમ શિવાય બનાવવા નહિ.

ઉપર કહેલા કકડા કાયદા વિરૂદ્ધ બનાવવા, બાહાર પાડવા અથવા કબજામાં રાખવા બદલ ગુન્હેગારી — ૪. (૧) નીચે લખેલા બંને પ્રસંગે, એટલે:—

(અ) આ આકટની ૩ જી કલમમાં કહ્યા મુજબનો હરકોઈ કકડો હર માણસ તે કલમ વિરૂદ્ધ બનાવે અથવા બાહાર પાડે અથવા બાહાર પાડવાની કોશિશ કરે,

(બ) આ આકટ અમલમાં આવ્યા પછી ત્રણ મહિનાની મુદત વિત્યાબાદ, આ આકટની ૩ જી કલમમાં કહ્યા મુજબના હરકોઇ કકડાને બાહાર પાડવાના ઈરાદાથી હરકોઈ માણસ એવો કકડો પોતાના કબજામાં. હવાલામાં અથવા નિર્બંધ હેઠલ રાખે,

તે માણસને નીચે લખ્યા પ્રમાણે શિક્ષા કરવામાં આવશે એટલે,—

(૧) આ કલમ મુજબ તેના ઉપર અગાઉ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો નહિ હશે તો તેને એક વર્ષ સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અથવા,

(૨) આ કલમ મુજબ તેના ઉપર અગાઉ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હશે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

(૨) પેટા કલમ (૧) મુજબ જેના ઉપર એકાદો ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય તે માણસને બીજી કોઇ પણ સજા થઇ હોય તે સજા ઉપરાંત, ઉપર કહ્યા મુજબના જે સઘળા કકડા તથા તેવા કકડા બનાવવાના જે સઘળાં હથિયારો તથા સામન તેના કબજામાં, હવાલામાં અથવા નિર્બંધ હેઠળ જડી આવે તે સઘળા કકડા તથા હથિયાર તથા સામન જપ્ત કરી સરકાર દાખલ થશે.

(૩) એવા કોઇપણ ગુન્હાનો ઇનસાફ થતો હોય તે વખતે ધાતુનો અથવા મિશ્ર ધાતુનો કોઇપણ કકડો નાણાં દાખલ વાપરવાનો અથવા એવી રીતે વાપરવા માટે બાહાર પાડવાનો ઇરાદો હતો કે નહિ તે વિશે સવાલ ઉઠે ત્યારે તે કકડો એ પ્રમાણે વાપરવાનો અથવા એ પ્રમાણે બાહાર પાડવાનો ઇરાદો નહોતો એવું સાબિત કરવાનો બોજો તોહોમતવાળા શખશ ઉપર રહેશે.

આ આકટની ૪ થી કલમ મુજબના ગુન્હા સાંભળી સકાશે.

૫. (૧) આ આકટની ૩ જી કલમમાં કહ્યા મુજબનો હરકોઇ કકડો, તે કલમ વિરૂદ્ધ, બનાવવાનો ગુન્હો કાગ્નિઝેબલ્ ગુન્હો છે એમ સમજવું.

(૨) સન ૧૮૮૨ ના ક્રિમિનલ પ્રોસીજર કોડમાં ગમે તે મચકુર હોય તે છતાં. આ આકટની ૪ થી કલમ મુજબ શિક્ષા કરવા લાયક બીજો હરકોઇ ગુન્હો કાગ્નિઝેબલ્ ગુન્હો નથી એમ સમજવું, અથવા ડિસ્ટ્રીક્ટ માજિસ્ટ્રેટ અથવા પેટા તુકડી માજિસ્ટ્રેટ શિવાય બીજા કોઈપણ માજિસ્ટ્રેટને ડિસ્ટ્રિકટ માજિસ્ટ્રેટ અથવા પેટાતુકડી માજિસ્ટ્રેટની અગાઉ મંજુરી લીધાશિવાય તેવો ગુન્હો ઈલાકાના મુખ્ય શેહેરની હદ બાહાર સાંભળવાનો અધિકાર નથી એમ સમજવું.

આ આકટની આગળ ગયેલી કલમોના કેટલાક ઠરાવો નાણાં દાખલ વાપરવા સારૂ ધાતુના કકડા બ્રિટિશ હિંદુસ્તાનમાં લાવવાની બાબતમાં લાગુ પાડવા બાબત.

૬. ગવર્નર જનરલ ઇન કૌંસિલને કોઇ પણ વખતે આ આકટની ૩ જી કલમમાં કહ્યા મુજબ ધાતુના કોઈ પણ કકડા બ્રિટિશ હિંદુસ્તાનમાં જળ માર્ગે અથવા ખુસ્કીને રસ્તે લાવવાની મના કરવાનું અથવા મર્યાદા કરવાનું યોગ્ય લાગ્યાથી તેણે તે બદલ સન ૧૮૭૮ ના જળ માર્ગની કસ્ટમના આકટની ૧૯ મી કલમ મુજબ જાહેર ખબર આપ્યા પછી તે જાહેર ખબરથી તે એમ ફરમાવવાને મુખત્યાર છે કે જે કોઇ પણ માણસ સદરહૂ પ્રમાણે મના કર્યા છતાં અથવા મર્યાદા કર્યા છતાં વિરૂદ્ધ ચાલશે તે માણસના ઉપર સન ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટની ૧૬૭ મી કલમમાં કહેલી ગુન્હેગારીને બદલે જો બ્રિટિશ હિંદુસ્તાનમાં સદરહૂ પ્રકારના કકડા બનાવવાનો આ આકટ મુજબ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોત તો તે સજાને પાત્ર થાત તેજ સજાને તે પાત્ર થશે, તથા ગવર્નર જનરલ ઈન કૌંસિલ તે જાહેર ખબર ઉપરથી એમ ફરમાવવાને મુખ્ત્યાર

છે કે સદર્હૂ પ્રકારના કકડા બનાવવાના ગુન્હાના સંબંધમાં આ આકટની કલમ ૪ પેટા કલમ (૩) તથા ૫ પેટા કલમ (૧) ના ઠરાવો અથવા સદર્હૂ બે પેટા કલમો પૈકી કોઈ પણ પેટા કલમના ઠરાવો, સન ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટમાં ગમે તે મચકુર હોય તે છતાં, સદર્હૂ આકટની ૧૯ મી કલમ મુજબ પ્રસિદ્ધ કરેલી મના અથવા મર્યાદા બાબતની જાહેર ખબર વિરૂદ્ધના ગુન્હાને જેટલે દરજ્જે લાગુ પાડી શકાય તેટલે દરજ્જે લાગુ પડશે.

સન ૧૮૮૨ ના આકટ ૧૦ ની ૯૮ મી કલમમાં વધારે મચકુર દાખલ કરવા બાબત.

૭. સન ૧૮૮૨ ના ક્રિમિનલ પ્રોસીજર કોડની ૯૮ મી કલમમાં નીચે લખેલો વધારે મચકુર દાખલ કરવો, એટલે:—

(અ) ખોટા શિક્કા બદલ,

(બ) ખોટો છે એવો શક આવેલા શિક્કા બદલ, અને

(ક) ખોટા શિક્કા બનાવવનાં હથિયાર અથવા સામાન બદલ,

સદર્હૂ (૯૮ મી) કલમના ઠરાવો જેટલે દરજ્જે લાગુ પાડી શકાય તેટલે દરજ્જે નીચે લખેલી બાબતોને અનુક્રમે લાગુ પડશે એમ સમજવું, એટલે

અ) સન ૧૮૮૯ ના ધાતુના પ્રતીનાણાં બાબતના આકટ વિરૂદ્ધ બનાવેલા ધાતુના કકડાને, અથવા સન ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટની ૧૯ મી કલમ મુજબ વિદ્યમાનકાળે અમલમાં હોય એવી હરકોઈ જાહેરખબર વિરૂદ્ધ બ્રિટિશ હિંદુસ્તાનમાં આણેલા ધાતુના કકડાને.

(બ) સદર્હૂ પ્રમાણે બનાવેલાછે અથવા સદર્હૂ પ્રમાણે બ્રિટિશ હિંદુસ્તાનમાં આણેલાછે એવો શક આવેલા અથવા સન ૧૮૮૯ ના ધાતુના પ્રતીનાણાં બાબતના આકટ વિરૂદ્ધ બાહાર પાડવાનો ઈરાદોછે એવો શક આવેલા ધાતુના કકડાને, અને

(ક) સન ૧૮૮૯ ના ધાતુના પ્રતિનાણાં બાબતના આકટ વિરૂદ્ધ ધાતુના કકડા બનાવવાના હથિયાર અથવા સામનને.

સ્થાનિક અધિકારીઓએ તથા રેલવેએ જે ધાતુ શિક્કો ન હોય તે નાણું દાખલ ન લેવા બાબત.

૮. (૧) ઇંડિયન પિનલ કોડમાં શિક્કાની વ્યાખ્યા કરી છે તેના અર્થ પ્રમાણે ધાતુનો જે કકડો શિક્કો ન હોય તે કકડો કોઇપણ રેલવે આડમિનિસ્ટ્રેશને અથવા સ્થાનિક અધિકારીએ અથવા તેમની વતી નાણાં દાખલ લેવો નહિ.

(૨) કોઇ રેલવે આડમિનિસ્ટ્રેશનની વતી, અથવા કોઇ સ્થાનીક અધિકારીની વતી અથવા કોઇ રેલવે આડમિનિસ્ટ્રેશન અથવા સ્થાનિક અધિકારીને લેવાના હરકોઇ ટોલ (દસ્તુરી) અથવા બીજા કર વસુલ કરવાનો પટો રાખનારની વતી હરકોઇ માણસ ધાતુનો જે કોઇ પણ કકડો ઉપર કહ્યા પ્રમાણે શિક્કો ન હોય તે લેશે તો તેને દસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

ઇંડિયન પિનલકોડની ૨૮ મી કલમમાં સુધારો.

૯. ઇંડિયન પિનલ કોડની ૨૮ મી કલમના ખુલાસાને બદલે નીચે લખેલો મચકુર દાખલ કરવો, એટલે:—

. . . .

"ખુલાસો ૧ લો.—કંઈ વસ્તુ ખોટી બનાવવામાં નકલ બરાબર થવી જોઈએ એમ જરૂર નથી.

"ખુલાસો ૨ જો.—જે શખસ એક વસ્તુ બીજી વસ્તુના સરખી કરે અને તે સરખાપણું એવું હોય કે તેથી બીજા કોઇ શખસ ઉપર ફરેબ થશે ત્યારે એક વસ્તુ બીજી વસ્તુના સરખી કરનાર શખસનો તે સરખાપણાથી ફરેબ થશે એવો ઇરાદો હતો અથવા તેથી ફરેબ થશે એવો સંભવ છે એમ તે જાણતો હતો એવું અનુમાન, તે વિરૂદ્ધ સાબિત કરવામાં આવશે નહિ ત્યાં સુધી, કરવું."

સને ૧૮૮૯ નો આકટ ૨ જો.

હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન્ કૌંસિલનો હેઠળ લખેલો આકટ આલી જનાબ ગવર્નર જનરલ સાહેબ બાહાદુરે સને ૧૮૮૯ ના ફેબ્રુવારી મહિનાની ૧૫ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે:—

બાદશાહી ઠરાવેલો યાર્ડ સંયુકત રાજયમાં હાલ ચાલે છે તેજ બ્રિટિશ હિંદુસ્તાનમાં લંબાઇ માપવાનું કાયદેસર ઠરાવેલું પ્રમાણ છે એવું ફરમાવવા વિષેનો આકટ.

બાદશાહી ઠરાવેલો યાર્ડ સંયુકત રાજયમાં હાલ ચાલે તે તેજ બ્રિટિશ હિંદુસ્તાનમાં લંબાઇ માપવાનું કાયદેસર ઠરાવેલું પ્રમાણ છે એ ફરમાવવું યોગ્ય છે; તે અર્થે આ ઉપરથી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

ટુંકું નામ, વ્યાપ્તિ, અને શરૂઆત. — ૧. (૧) આ આકટને સને ૧૮૮૯ નો લંબાઈના પ્રમાણનો આકટ કહેવો.

(૨) તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે અને

(૩) આ અર્થ ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ ઠરાવશે તે તારીખે તે અમલમાં આવશે.

ઠરાવેલો યાર્ડ. — ૨ જે બાદશાહી ઠરાવેલો યાર્ડ સયુકત રાજ્યમાં ચાલે છે તેજ બ્રિટિશ હિંદુસ્તાનમાં લંબાઇ માપવાનું કાયદેસર ઠરાવેલું પ્રમાણ છે એમ સમજવું અને તેને ઠરાવેલો યાર્ડ કહેવો.

ઠરાવેલા યાર્ડની લંબાઈ ઠરાવવાનું પ્રમાણ. — સંયુકત રાજયમાં હાલ ચાલુ હોય એવા બાદશાહી ઠરાવેલા યાર્ડની લંબાઈ ઠરાવવા સારૂ ગવર્નર જનરલ ઇન્ કૌંસિલે મંજુર કરેલા બાદશાહી ઠરાવેલા યાર્ડનો એક નમુનો કલકત્તા શહેરની હદમાં ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ જે જગા ઠરાવે તે જગામાં રાખવો જોઇયે, અને તે ઠરાવેલા યાર્ડની લંબાઈ ઠરાવવાનું પ્રમાણ છે એમ સમજવુ.

ઠરાવેલા ફુટ તથા ઇંચ. — ૪. ઠરાવેલા યાર્ડના એક તૃતીયાંસ ભાગને ઠરાવેલો ફુટ કહેવો અને સદરહૂ પ્રકારના યાર્ડના એક છત્રીસાંશ ભાગને ઇંચ કહેવો.

દાખલાવાળાં પ્રમાણનાં ખરાપણાં વાશે અનુમાન. — ૫. જે કોઈ પણ પ્રમાણ ઉપર, ગવર્નર જનરલ ઈન્ કૌંસિલના અથવા સ્થાનિક સરકારના હુકમ અન્વયે કરેલી મતલબના, અને તેની લંબાઈ ઠરાવેલા યાર્ડ જેટલી છે અથવા તે ઉપર ફુટ અગર ઇંચ તરીક

જે માપનું ચીન્હ કર્યું હોય તે માપની લંબઇ, પ્રસંગ પ્રમાણે, ઠરાવેલા ફુટ જેટલી અથવા ઠરાવેલા ઇંચ જેટલી છે એવા મજકુરના દાખલાની છાપ મારી હોય અથવા એવો દાખલો જોડેલો હોય એવા પ્રમાણ, ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ અથવા સ્થાનિક સરકારના હુકમથી સરકારી ગેઝીટમાં પ્રસિદ્ધ કરેલા કોઇ પણ હુકમ પ્રમાણે સદરહૂ પ્રમાણે જે કોઈ પણ સરકારી નોકરના હવાલામાં હોય તેણે અથવા એવા સરકારી નોકરના સાધારણ અથવા ખાસ હુકમ મુજબ ચાલનાર કોઇ પણ માણસે કોઇ પણ કોર્ટમાં રજુ કર્યું હોય તો તેનું ખોટાપણું સાબિત થાય ત્યાં સુધી તે ખરૂં છે એમ ગણવું જોઇએ.

દાખલાવાળા પ્રમાણ લોકોને જોવા દેવા બાબત.

૬. આ આકટની ૫ મી કલમમાં કહેલા પ્રકારનું પ્રમાણ સદરહૂ પ્રકારના હુકમ અન્વયે જે કોઇ સરકારી નોકરના હવાલામાં હોય તે સરકારી નોકરે કોઈ પણ માણસને ગમે જે વખતે મફત જોવા દેવું જોઇયે, અને તેની સાથે અથવા તે ઉપર જે કોઇ પણ પ્રમાણનું ચીન્હ કરેલું હોય તે પ્રમાણની સાથે, સદરહૂ પ્રકારના માણસના કબજામાં જે કોઇ પણ પ્રમાણ હોય તે તેને સરખાવવા દેવું જોઈયે.

લંબાઈના પ્રમાણ રાખવા સારૂ વિદ્યમાન કાયદાથી ફરમાન થયેલા અધિકારીઓએ દાખલાવાળાં પ્રમાણ રાખવા બાબત.

૭. કલમ ૫ માં કહેલા પ્રકારના ઠરાવેલા યાર્ડ, ઠરાવેલા ફુટ તથા ઇંચના દાખલાવાળાં પ્રમાણ, સને ૧૮૮૬ ના કલકત્તા પોલીસ આકટની ૫૫ મી કલમ મુજબ કલકત્તા શહેરમાં પોલીસના કમિશનરે, સન ૧૮૮૮ ના કલકત્તા મ્યુનિસિપલ કાન્સાલિડેશન આકટની ૩૭૦ મી કલમ મુજબ કલકત્તામાં કમિશનરોએ, સને ૧૮૮૮ ના મદ્રાસ શહેર પોલીસ આકટની ૩૨ મી કલમ મુજબ મદ્રાસ શેહેરમાં પોલીસના કમીશનરે, સન ૧૮૮૮ ના મુંબાઇ શહેરના મ્યુનિસિપલ આકટની ૪૧૮ મી કલમ મુજબ મુંબાઇ શેહેરમાં મ્યુનિસિપલ કમિશનરે, તથાં બેંગ્લોરના સને ૧૮૨૭ ના ૧૨ મા કાયદાની ૨૦ મી કલમ મુજબ ડિસ્ટ્રિક્ટ માજીસ્ટ્રેટે રાખવા જોઇએ.

સને ૧૮૮૯ નો આકટ નંબર ૪ થો.

હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન્ કૌંસિલનો હેઠળ લખેલો આકટ આલ નવાબ ગવર્નર જનરલ સાહેબ બહાદુરે સન ૧૮૮૯ ના માર્ચ મહિનાની ૧ લી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો તેઃ—.

વેપારના માલ ઉપર દગલબાજીથી નિશાણીઓ કરવા સંબંધીનો કાયદો સુધારવા બાબતનો આકટ.

વેપારના માલ ઉપર દગલબાજીથી નિશાણીઓ કરવા સંબંધીનો કાયદો જે અર્થે સુધારવો યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી નીચે પ્રમાણે ઠરાવ્યું છેઃ—

ટુંકું નામ; વ્યાપ્તિ અને શરૂઆત.

૧. આ આકટને સને ૧૮૮૯ નો હિંદુસ્તાનનો વેપાર માલ ઉપર નિશાણીઓ કરવા સંબંધીનો આકટ કહેવો.

(૨) તે આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે; અને, આ આકટની છેલ્લી ક-

[illegible] ઠરાવને અનુસરીને,

(૩) તે સને ૧૮૮૯ ના એપ્રિલ મહિનાની ૧ લી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા

૨. આ આકટમાં, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો નહિ હશે તો,—

(૧) "વેપારની નિશાણી" આ શબ્દોનો અર્થ, આ આકટથી સુધાર્યા પ્રમાણેની ઇંડિયન પિનલકોડની કલમ ૪૭૮ માં તે શબ્દોનો જે અર્થ થાય છે તેજ છે એમ સમજવું,

(૨) "વેપારના માલનું વર્ણન" આ શબ્દોનો અર્થ નિચે લખેલી બાબતો સંબંધી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતનું કાંઇ પણ વર્ણન, મચકુર અથવા બીજું સૂચક ચિન્હ. એવો સમજવો:—

(અ) કોઇ પણ માલના નંબર, પરિમાણ, માપ, ગોજ (માપ) અથવા વજના સંબંધી, અથવા

(બ) જે જગ્યા અથવા પ્રદેશમાં અથવા જે વખતે કોઇ પણ માલ બનાવેલો અથવા ઉત્પંન કરેલો હોય તે જગ્યા અથવા પ્રદેશ અથવા તે વખત સંબંધી, અથવા

(ક) કોઇ પણ માલ બનાવવાની અથવા ઉત્પન્ન કરવાની રીત સંબંધી, અથવા

(ડ) જે ચીજનો કોઇપણ માલ બનાવવામાં આવ્યો હોય તે ચીજ સંબંધી અથવા

(ઈ) જે કોઇ પણ માલ બાબત વિદ્યમાન પેટંટ, અનન્યગ્રાહ્યાધિકાર અથવા કાપીરાઇટ લખેલો હોય તે માલ સંબંધી;

અને જ્યારે કોઇ પણ વપરાતા આંકડા, શબ્દ અથવા નિશાણી વેપારની રૂઢી મુજબ ઉપર કહેલી બાબતો પૈકી કોઇ પણ બાબતના સૂચક ચિન્હ તરીકે સામાન્ય રીતે ગણાતી હોય ત્યારે તે આ આકટના અર્થ મુજબ વેપારના માલનું વર્ણન છે એમ સમજવું:

(૩) "વેપારના માલનું ખોટું વર્ણન" એટલે જે માલને વિશે વર્ણન કરવામાં આવ્યું હોય તે માલના સંબંધમાં મુદ્દાની બાબતમાં ખોટું હોય એવું વેપારના માલનું વર્ણન સમજવું, અને વેપારના માલના વર્ણનમાં ઉમેરો કરીને અથવા તેમાંથી કાંઇ કાઢી નાંખીને અથવા બીજું કાંઇ કરીને જે ફેરફાર કર્યો હોય અને જેથી તે વેપારના માલનું વર્ણન મુદ્દાની બાબતમાં ખોટું થતું હોય તેવા પ્રત્યેક ફેરફારનો સદરહૂ ઉપલી સંજ્ઞામાં સમાસ થાય છે એમ સમજવું; અને કોઈ વેપારના માલનું વર્ણન વેપારની નિશાણી અથવા વેપારની નિશાણીના અંશ રૂપે હોય તો તે હકીકતથી તે વર્ણન આ આકટના અર્થ પ્રમાણે વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં હરકત આવશે નહીં:

(૪) "માલ એ શબ્દોનો અર્થ વેપારની જનસ અથવા તૈયાર કરેલી કંઇ જણસ થાય છે.

(૫) "નામ" એ શબ્દમાં નામના કોઈ પણ સંક્ષેપ રૂપનો સમાસ થાય છે.

ઇંડિયન પીનલકોડનો સુધારો.

ઇંડિયન પિનલ કોડની ૪૭૮થી ૪૮૯ સુધીની કલમોને બદલે નવી કલમો દાખલ કરવી તે.

૩. ઇંડિયન પિનલ કોડના બાબ ૧૮ ના જે ભાગમાં વેપારની તથા મિલકતની નીશાણીઓ બાબતના ઠરાવ છે તેને બદલે નિચે લખેલો મચકુર દાખલ કરવો, એટલે;

"વેપારીની" મિલકતની તથા બીજી નિશાણીઓ બાબત.

વેપારની નિશાણી. "૪૭૮. આ માલ ફલાણા કારીગરે બનાવેલો છે, અથવા ફલાણા કારીગરના વેપારની જનસ છે એ બતાવવાને માટે જે નિશાણી વાપરવામાં આવે તેનું નામ "વેપારની નીશાણી" પાડયું છે અને આ કાયદાનાં કારણ સારૂ "વેપારની નિશાણી" આ શબ્દોમાં સને ૧૮૮૩ ના પેટન્ટ ડીઝાઈન અને ટ્રેડ માર્કસ આકટ મુજબ રાખેલા રજીષ્ટરમાં જે કોઈ પણ વેપારની નિશાણી નોંધી હોય તે નિશાણીનો, તથા સન ૧૮૮૩ ના પેટન્ટ ડીઝાઇન અને ટ્રેડ માર્કસ આકટની કલમ ૧૦૩ માંના ઠરાવ કૌંસીલમાં કરેલા હુકમની રૂએ વિદ્યમાન કાળે જે કોઇ પણ બ્રિટિશ મુલકને અથવા પારકા રાજને લાગુ હોય તે મુલકમાં અથવા રાજ્યમાં નોંધેલી અગર વગર નોંધેલી વેપારની જે નિશાણી કાયદાથી રક્ષણ થતું હોય તે નિશાણીનો સમાસ થાય છે.

મિલકતની નિશાણી. "૪૭૯. આ જંગમ મિલકત ફલાણા સખ્સની છે એ બતાવવાને માટે જે નીશાણી વાપરવામાં આવે તેનું નામ મિલકતની નીશાણી" પાડયું છે.

વેપારની ખોટી નીશાણી વાપરવી. ૪૮૦. જે કોઇ માણસ કાંઇ માલ ઉપર, અથવા માલ ભરેલી પેટી કે ઘર ઉપર, ગાંસડી ઉપર, કે બીજાં કોઇ બારદાન ઉપર કાંઇ નિશાણી કરે તે અથવા જેપર કંઇ નિશાણી હોય એવી પેટી કે ઘર, ગાંસડી કે બીજું બારદાન વાપરે તે એવી રીતે કે સદહૂ પ્રમાણે નિશાણી કરેલો માલ, અથવા સદહૂ પ્રમાણે કરેલા એવા કોઇ પણ બારદાનમાં ભરેલો કાંઇ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે બનાવ્યો છે એવો, અથવા જે કારીગરના વેપારની જનસ ન હોય તે તેની જનસ છે એવો વાજબી રીતે વિશ્વાસ ઉત્પન્ન થાય તો તે માણસે વેપારની ખોટી નિશાણી વાપરી એમ સમજવું.

મિલકતની ખોટી નિશાણી વાપરવી. " ૪૮૧. જે કોઈ માણસ કાંઇ જંગમ મિલકત કે માલઉપર, અથવા જંગમ મિલકત કે માલ ભરેલી કાંઇ પેટી કે ઘર ઉપર, ગાંસડી ઉપર અથવા બીજાં કાંઇ બારદાન ઉપર કાંઇ નિશાણી કરે તે અથવા જેપર કાંઈ નિશાણી હોય એવી કાંઈ પેટી કે ઘર, ગાંસડી કે બીજું બારદાન [illegible]રે તે એવી રીતે કે સદહૂ પ્રમાણે નિશાણી કરેલી મિલકત અથવા માલ, અથવા સદહૂ પ્રમાણે નિશાણી કરેલાં એવાં કોઇપણ બારદાનમાં રાખેલી કાંઇ મિલકત કે માલ જે શખસનો ન હોય તે શખ્સનો છે એવો વાજબીરીતે વિશ્વાસઉત્પન્નથાયતો તે માણસે મિલકતની ખોટીનિશાણી વાપરી એમસમજવું.

વેપારની અથવા મિલકતની કાંઈખોટી નિશાણી વાપરવાની શિક્ષા. ૪૮૨. જે માણસ વેપારની કાંઈ ખોટી નિશાણી અથવા મિલકતની કાંઈ ખોટી નિશાણી વાપરે તે માણસને એક વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે, પરંતુ તે માણસે દગલબાજી કરવાના ઇરાદાથી તેમ કર્યું નથી એવું સાબિત કરશે તો તે સદહૂ શિક્ષાને પાત્ર થશે નહીં.

કોઈ બીજો માણસ કાંઇ વેપારની અથવા મિલકતની નિશાણી " ૪૮૩. જે માણસ બીજો કોઈપણ શખસ વાપરતો હોય એવી કાંઈ વેપારની અથવા મિલકતની નિશાણી ખોટી બનાવે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની

~~વાપરતો~~ હોય તેવી નિશાણી ખોટી બનાવવી.

અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકર જે નિશાણી વાપરતો હોય તેવી નિશાણી ખોટી બનાવવી.

"૪૮૪ કોઈ સરકારી નોકર વાપરતો હોય તેવી કાંઇ મિલકતની નિશાણી, અથવા આ મિલકત ફલાણા કારીગરે અથવા ફલાણી વખતે કે ઠેકાણે બનાવેલી છે અથવા તે ફલાણી જાતની છે અથવા ફલાણી આફિસમાંથી પાર થઇ છે, અથવા માફીને લાયક છે એવું બતાવવાને સારૂ કોઈ સરકારી નોકર જે નિશાણી વાપરતો હોય તેવી કાંઇ નિશાણી, જો કોઇ માણસ ખોટી બનાવે, અથવા એવી કાંઈ નિશાણી ખોટી બનાવેલી છે એમ જાણ્યા છતાં તેને ખરી દાખલ વાપરે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

વેપારની નિશાણી અથવા મિલકતની નીશાણી ખોટી બનાવવાનું કાંઈ હથિઆર બનાવવું અથવા કબજામાં રાખવું,

"૪૮૫. વેપારની નિશાણી અથવા મિલકતની નિશાણી ખોટી બનાવવાના કારણ સારૂ કાંઈ છાપ, પતું અથવા બીજું હથિઆર, જો કોઈ માણસ બનાવે અથવા પોતાના કબજામાં રાખે, અથવા કાંઈ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે તે બનાવ્યો છે એમ, અથવા તે જે કારીગરના વેપારની જનસ ન હોય તેની જનસ છે એમ, અથવા જે સખસનો તે માલ અથવા જનસ ન હોય તે સખસનો છે એમ બતાવવાના કારણસર કોઈ માણસ કાંઈ વેપારની નિશાણી અથવા મિલકતની નિશાણી પોતાના કબજામાં રાખે તો તે માણસને વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

વેપારની ખોટી નિશાણી અથવા મિલકતની ખોટી નિશાણી જેપર હોય એવો માલ વેચવો.

"૪૮૬. વેપારની ખોટી નિશાણી અથવા મિલકતની ખોટી નિશાણી જે કાંઈ માલઉપર અથવા પદાર્થ ઉપર અથવા એવા માલવાળી કાંઇ પેટી કે ઘર, ગાંસડી અથવા બીજા બારદાન ઉપર ચોંહોંડેલી અથવા પાડેલી હોય તે માલ અથવા પદાર્થ જે કોઇ માણસ વેચે અથવા વેચવાસારૂ અથવા વેપારનાં અગર તેમાંથી બીજી જનસ તૈયાર કરવાનાં કોઇ પઇ કારણસારૂ માંડી મુકે અથવા પોતાના કબજામાં રાખે તે માણસને એક વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે. માત્ર—

(અ) આ કલમ વિરૂદ્ધ કંઇપણ ગુન્હો ન કરવા બાબત સઘળા પૂર્વોપાય લીધા પછી, જે ગુન્હો કર્યાનું તોહોમત આવ્યું છે તે ગુન્હો કરતી વખતે, સદહૂ નિશાણી ખરાપણા બાબત વહેમ લાવવાને મને કંઈપણ કારણ નહોતું, અને

(બ) જે માણસો પાસેથી સદહૂ પ્રકારનો માલ અથવા પદાર્થ મને મળ્યો તે માણસો સંબંધી મે મારી પોતાની યથાશક્તિ પ્રમાણે સઘળી હકીકત ફરિયાદીએ અથવા તેના તરફથી બીજા કોઈએ પુછી એટલે આપી હતી અથવા

(ક) બીજી બધી રીતે હું પોતે નિષ્કપટથી ચાલ્યો હતો,

એમ કોઇ માણસ સાબિત કરી આપશે તો તે સદહૂ શિક્ષાને પાત્ર થશે નહિ.

કેઇ બારદાન મધે

"૪૮૭. કાંઈ માલ ભરેલી પેટી કે ઘર, ગાંસડી અથવા બીજા કોઈ

માલ હોય તે ઉપર ખોટી નિશાણી કરવી.

બારદાન ઉપર જો કોઈ માણસ ખોટી નિશાણી કરે તે એવી રીતે કે સરકારી નોકરના અથવા કોઇ બીજા શખસના મનમાં એવો વાજબી રીતે વિશ્વાસ ઉત્પન્ન થાય કે તે બારદાન મધે જે માલ ન હોય તે તે મધે છે, અથવા તે મધે જે માલ હોય તે તે મધે નથી, અથવા તે બારદાન મધેનો માલ ખરેખર જે જાતનો અથવા તરેહનો હોય તેથી જુદી જાતનો અથવા તરેહનો છે તો તે માણસને ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે, પરંતુ તે માણસે દગલબાજી કરવાના ઇરાદાથી તેમ કર્યું નથી એમ તે સાબિત કરી આપશે તો તે સદરહૂ શિક્ષાને પાત્ર થશે નહીં.

તેવી કાંઇ ખોટી નિશાણીનો ઉપયોગ કરવાની શિક્ષા.

" ૪૮૮. કોઇ માણસ ૪૮૭ મી કલમ ઉપરથી મના કરેલી કોઇપણ રીતે એવી કાંઈપણ ખોટી નિશાણીનો ઉપયોગ કરે તો તે માણસે સદરહૂ કલમ વિરૂદ્ધ ગુન્હો કર્યો છે એમ જાણી તેને શિક્ષા કરવામાં આવશે, પરંતુ તે માણસે દગલબાજી કરવાના ઇરાદાથી તેમ કર્યું નથી એમ તે સાબિત કરી આપશે તો તે સદરહૂ શિક્ષાને પાત્ર થશે નહિ.

નુકસાન કરવાના ઇરાદાથી મિલકતની નિશાણીમાં કમી જાસ્તી કરવું.

"૪૮૯. કોઇ માણસ કાંઇ મિલકતની નિશાણી કાહાડી નાંખે, તેનો નાશ કરે, તેને ચેહેરી નાંખે અથવા તેમાં ઉમેરો કરે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે એમ કરવાથી પોતાથી કોઇ શખસને નુકસાન થાય, તો તે માણસને એક વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે

વેપારના માલનું વર્ણન.

વેપારના માલના ખોટા વર્ણનની વ્યાખ્યાના પૂરવણી ઠરાવો.

૪. (૧) જે કારીગરે વાસ્તવીકરીતે અમુક માલ બનાવ્યો હોય અથવા જેની વેપારની જનસ હોય તે શિવાયના બીજા કારીગરે સદરહૂ માલ બનાવ્યો છે અથવા તેના વેપારની જનસ છે એમ લોકોને માનવાનું જેથી યોગ્ય કારણ મળે એવા કોઇપણ આંકડા શબ્દ અથવા નિશાણી અથવા તેવા આંકડા વિગરેની બીજી કંઇ રચના અથવા જોડકાં (તેની અંદર વેપારની નિશાણીનો સમાસ થતો હોય અથવા ન થતો હોય) તે માલ ઉપર કરવાની કૃત્યને તથા ઉપર કહેલા પ્રકારના આંકડા શબ્દ અથવા નિશાણી અથવા તેવા આંકડા વિગરેની બીજી કંઇ રચના અથવા જોડકા જે માલ ઉપર કરવામાં આવ્યા હોય તે માલને માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવા સંબંધીના અથવા જે માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય તે માલ સંબંધીના આ આકટના ઠરાવો લાગુ પડશે એમ સમજવું.

(૨) કોઇપણ શખસનું ખોટું નામ અથવા તેના નામના ખોટા આદ્યાક્ષર માલઉપર બતાવવાના કૃત્યને તથા કોઇપણ શખસનું ખોટું નામ અથવા તેના નામના ખોટા આદ્યાક્ષર બતાવેલા માલને, જાણે કે આવું નામ અથવા આદ્યાક્ષર વેપારના માલનું વર્ણન હોય તેવી રીતે માલઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવા સંબંધીના અથવા જે માલઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય તે માલ સંબંધીના આ આકટના ઠરાવો લાગુ પડશે, અને આ કાયદાના કારણસારૂ, ખોટું નામ અથવા નામના ખોટા આદ્યાક્ષર કાંઈપણ માલઉપર બતાવવામાં આવે ત્યારે, તે શબ્દનો અર્થ નિચે પ્રમાણે થાય છે, એટલે—

(અ) વેપારની નિશાણી ન હોય અથવા વેપારની નિશાણીનો કંઈ ભાગ ન હોય, એવું નામ અથવા નામના અધાક્ષર, અને

(બ) જે કોઇ માણસ તેવીજ જાતના માલનો વેપાર કરતો હોય અને જેણે પોતાનું નામ અથવા પોતાના નામના આધાક્ષર વાપરવાનો અધિકાર આપ્યો નહિ હોય તે શખસના નામ અથવા તેના નામના અધાક્ષર જેવાજ અથવા તેની દેખાયતી આબેહુબ નકલ હોય એવું નામ અથવા નામના અધાક્ષર.

(૩) કોઇ માલ ઉપર કરેલા વેપારના માલના વર્ણન ઉપરથી એમ દેખાય અથવા એવો તેનો અર્થ થાય કે તે માલમાં જેટલા ઠરાવેલા યાર્ડ; ઠરાવેલા ફીટ અથવા ઠરાવેલા ઈન્ચ હોય તે કરતાં વધારે યાર્ડ, ફીટ અથવા ઈન્ચ તેમાં છે તો તે વેપારના વર્ણનને વેપારના માલનું ખોટું વર્ણન કહેવું.

માલ ઉપર વેપારના માલનું વર્ણન કરવા બાબત.

૫. (૧) જે માણસ.

(અ) વેપારના માલનું વર્ણન માલ ઉપરજ કરે, અથવા

(બ) માલ જે કોઇપણ આચ્છાદન, લેબલ, રીલ અથવા બીજી વસ્તુમાં ઘાલીને અથવા જે સહીત વેચવામાં આવતો હોય અથવા વેચવા સારૂ અથવા વેપારના અથવા તેમાંથી બીજી જનસ તૈયાર કરવાના કોઈપણ કારણસારૂ માંડી મુકવામાં આવતો હોય અથવા કબજામાં હોય તે આચ્છાદન, લેબલ, રીલ અથવા વસ્તુ ઉપર વેપારના માલનું વર્ણન કરે, અથવા.

(ક) જે કોઈપણ માલ વેચવામાં આવતો હોય અથવા વેચવાસારૂ અથવા વેપારના અથવા તેમાંથી બીજી જનસ તૈયાર કરવાના કોઇપણ કારણસારૂ માંડી મુકવામાં આવતો હોય અથવા કબજામાં હોય તે માલ જે કોઇપણ આચ્છાદન, લેબલ, રીલ અથવા બીજી વસ્તુ ઉપર વેપારના માલનું વર્ણન કરવામાં આવ્યું હોય તે આચ્છાદન, લેબલ, રીલ અથવા વસ્તુમાં ઘાલે, તે સુધાંત બાંધે, અથવા તે માલ ઉપર તે ચોંહોડે, અથવા

(ડ) વેપારના માલના વર્ણનનો એવી રીતે ઉપયોગ કરે કે જે માલના સંબંધમાં તેનો ઉપયોગ કર્યો હોય તે એવા વર્ણનથી ઓળખાય છે અથવા તેની એવી રીતે વ્યાખ્યા કરવામાં આવે છે તે માલનું નામ અથવા વર્ણન તે વર્ણનમાં કહેલું છે એમ લોકો વાસ્તવીક રીતે સમજે.

તો તે માણસ માલ ઉપર વેપારના માલનું વર્ણન કરે છે એમ ગણવું.

(૨) માલમાં અથવા કોઇપણ આચ્છાદન, લેબલ, રીલ અથવા બીજી વસ્તુમાં વેપારના માલનું વર્ણન વર્ણવ્યું હોય, છાપ્યું હોય. અથવા બીજી રીતે બર્યું હોય અથવા તેની સાથે જોડયું હોય અથવા ચોહોડયુ હોય તો વેપારના માલનું વર્ણન કર્યું છે એમ ગણવું.

(૩) "આચ્છાદન" આશબ્દમાં કોઇપણ દટ્ટો, પીપ. બાટલી, પાત્ર, ડબી, ઢાંકણું, ધાતુની ટોપી. પેટી, ખોખું અથવા બાંધણનો સમાસ થાય છે, અને "લેબલ" આ શબ્દમાં પેટી અથવા ટીકીટનો સમાસ થાય છે.

વેપારના માલનું ખોટું વર્ણન કરવા માટે મુન્હેગારી.

૬. જો કોઈ માણસ માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરે તો તે માણસને, આ આકટના ઠરાવોને અનુસરીને, અને દગલબાજી કરવાના ઈરાદાથી તેમ કર્યું નથી એમ તે સાબિત ન કરે તો

ત્રણ મહિનાની મુદત સુધીની કેદની, અથવા બસે રૂપિયા સુધીના દંડ-ની શીક્ષા કરવામાં આવશે; અને બીજી વખત અથવા ત્યાર પછી કોઇપણ વખતે તેના ઉપર ગુન્હો સાબિત થશે તો તેને એક વર્ષની મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

જે માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય તે માલ વેચવા માટે ગુન્હેગારી.

૭. જો કોઈ માણસ માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરે તો તે માણસને, આ આક્ટના ઠરાવોને અનુસરીને, અને દગલબાજી કરવાના ઇરાદાથી તેમ કર્યું નથી એમ તે સાબિત ન કરે તો ત્રણ મહિનાની મુદત સુધીની કેદની, અથવા બસે રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે; અને બીજી વખત અથવા ત્યાર પછી કોઇપણ વખતે તેના ઉપર ગુન્હો સાબિત થશે તો તેને એક વર્ષની મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે; માત્ર,

(અ) આ કલમ વિરૂદ્ધ ગુન્હો નહિ કરવા બાબત સઘળા પૂર્વોપાય લીધા પછી જે ગુન્હો કર્યાનું તોહોમત આવ્યું છે તે ગુન્હો કરતી વખતે વેપારના માલના વર્ણન બાબતના ખરાપણાવિશે વહેમ લાવવાને મને કંઇપણ કારણ ન હોતું, અને

(બ) જે માણસો પાસેથી આવો માલ અથવા પદાર્થ મને મળ્યો તે માણસો સંબંધી મેં મારી પોતાની યથાશક્તિ પ્રમાણે સઘળી હકીકત ફરિયાદીએ અથવા તેના તરફથી બીજા કોઇએ પૂછી એટલે આપી હતી, અથવા

(ક) બીજી બધી રીતે હું પોતે નિષ્કપટથી ચાલ્યો હતો.

એમ કોઈ માણસ સાબિત કરી આપશે તો તે સદરહૂ શિક્ષાને પાત્ર થશે નહિ.

નિશાણી તથા વર્ણન સંબંધીના કાયદા ઇરાદાવગર તોડવા બાબત.

નિશાણી તથા વર્ણન સંબંધીના કાયદા ઇરાદાવગર તોડવા બાબત.

૮. કંઇપણ માલ, મિલકત અથવા બારદાન ઉપર પ્રસંગપ્રમાણે ઇંડિયન પિનલકોડની કલમ ૪૮૦ અથવા ૪૮૧ માં કહેલી રીતે નિશાણી કોઇ માણસે કરી હોય તે સબબથી વેપારની ખોટી નિશાણી વાપરવાનો તે માણસ ઉપર સદરહૂ કોડની કલમ ૪૮૨ મુજબ, અથવા વેપારના માલનું કાંઈ ખોટું વર્ણન માલ ઉપર કરવા બાબત આ આક્ટની કલમ ૬ મુજબ, અથવા વેપારની નિશાણી અગર મિલકતની નિશાણી ખોટી બનાવવાના કારણસારૂ કાંઈ છાપ, પત્રું, અથવા બીજું કાંઇ હથિયાર બનાવવા બાબત ઇંડિયન પિનલ કોડની કલમ ૪૮૫ મુજબ તોહોમત હોય અને નિચે લખ્યા પ્રમાણે તે સાબિત કરી આપે તે પ્રસંગે તેના ઉપરનો ગુન્હો નાસાબિત થયાનો ઠરાવ કરવામાં આવશે, એટલે:——

(અ) વેપારની નિશાણીઓ અથવા મિલકતની નિશાણીઓ અથવા વેપારના માલનું વર્ણન કરવાને, અથવા વેપારની નિશાણી અથવા મિલકતની નિશાણી કરવા સારૂ અથવા તે બનાવવા માટે ઉપયોગમાં આવે તે સારૂ છાપ પત્રું અથવા બીજું કંઇ હથિયાર; જેમ હોય તેમ, કરવાને મને મારા ધંધાના નિત્યક્રમ પ્રમાણે બીજા માણસે કામે લગાડ્યો છે, અને મારા ઉપર આવેલા તોહોમતની બાબતમાં એવાજ કામ માટે મને કામે લગાડેલો હોવાથી તે માલ તથા બીજો પદાર્થ વેચવાથી થતા નફામાં અથવા દલાલીમાં મારો હિતસંબંધ નથી, અને

(ખ) જે ગુન્હો કર્યાનું તોહોમત આવ્યું છે તે નહિ કરવા માટે મેં યોગ્ય પૂર્વોપાય લીધા હતા, અને

(ક) જે ગુન્હો કર્યાનું તોહોમત આવ્યું છે તે ગુન્હો કરતી વખતે નિશાણી અથવા વર્ણનના ખરાપણા વિશે વહેમ લાવવાને મને કંઇ પણ કારણ નહોતું, અને

(ડ) જે માણસોના તરફથી નિશાણી અથવા વર્ણન કરવામાં આવ્યું હોય તે માણસો સંબંધી મેં મારી યથાશક્તિ પ્રમાણે સઘળી હકીકત ફરિયાદી અથવા તેના તરફથી બીજા કોઇએ પુછી તે વખતે આપી હતી.

માલ સરકાર દાખલ કરવા બાબત.

માલ સરકાર દાખલ કરવા બાબત.

૯. વેપારની ખોટી નિશાણીનો ઉપયોગ કરવા સારૂ ઇન્ડિયન પિનલ કોડની કલમ ૪૮૨ મુજબ અથવા વેપારની ખોટી બનાવેલી નિશાણી કરી હોય એવો કંઈ પણ માલ અથવા પદાર્થ વેચવા સારૂ અથવા વેચવા માટે અથવા વેપારના અથવા તેમાંથી બીજી જનસ તૈયાર કરવાના કોઇ પણ કારણને માટે માંડી મુકવા સારૂ અથવા કબજામાં રાખવા સારૂ તે કોડની કલમ ૪૮૬ મુજબ, અથવા ખોટી નિશાણી કરવા સારૂ અથવા તેનો ઉપયોગ કરવા સારૂ તે કોડની કલમ ૪૮૭ અથવા ૪૮૮ મુજબ, અથવા માલ ઉપર વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં સારૂ, અથવા વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય એવો કંઇપણ માલ અથવા પદાર્થ વેચવા સારૂ, અથવા વેચવા માટે અથવા વેપારના અથવા તેમાંથી બીજી જનસ તૈયાર કરવાના કોઇ પણ કારણ માટે માંડી મુકવા સારૂ અથવા કબજામાં રાખવા સારૂ આકટની કલમ ૬ અગર ૭ મુજબ જ્યારે કોઇ માણસ ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય અથવા ઇન્ડિયન પિનલકોડની કલમ ૪૮૬ અથવા આ આકટની કલમ ૭ અથવા ૮ માં કહેલી બાબત અથવા બાબતોની સાબિતીથી તેના ઉપરનો ગુન્હો ના સાબિત થયાનો ઠરાવ થયો હોય ત્યારે તેના ઉપર ગુન્હો સાબિત અથવા ના સાબિત થયાનો ઠરાવ કરનારી કોરટ જે માલ તથા પદાર્થથી અથવા જેના સંબંધમાં ગુન્હો થયો હોય અથવા ઉપર કહ્યા પ્રમાણેની સાબિતી ન થાત તો ગુન્હો થયો હોત તે સઘળો માલ તથા પદાર્થ રાણી સરકારમાં દાખલ થશે એમ ફરમાવવાને મુખ્ત્યાર છે.

(૨) ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયેથી માલ અથવા પદાર્થ સરકાર દાખલ થવાનો હુકમ થયો હોય અને સદરહૂ ઠરાવ સામે અપીલ ચાલી શકે એમ હોય તો સદરહૂ હુકમ સામે પણ અપીલ ચાલશે એમ સમજવું.

(૩) ગુન્હો ના સાબિત થયાનો ઠરાવ થયેથી માલ અથવા પદાર્થ સરકાર દાખલ થવાનો હુકમ થયો હોય અને તેવા માલ અથવા પદાર્થની કીંમત ૫૦ રૂપિયા કરતાં વધારે હોય ત્યારે એવી રીતે હુકમ કરનારી કોર્ટે કરેલા શિક્ષાના હુકમ ઉપર અપીલ ચાલી શકે એવા મુકરદમાની અંદર જે કોર્ટમાં અપીલ ચાલી શકતી હોય તે કોર્ટમાં ઉપર કહેલા હુકમની તારીખથી ૩૦ દીવસની અંદર સદરહૂ હુકમ ઉપર અપીલ કરવાનો અધિકાર છે.

સને ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટનો સુધારો.

સને ૧૮૭૮ ના આ

૧૦. (૧) સને ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટની કલમ ૧૮

૭૮ ની કલમ ૧૮ નો સુધારો. ની રકમ (ડ) ને બદલે નિચે લખેલી રકમો દાખલ કરવી, એટલેઃ—

"(ડ) જે માલ ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે ખોટી બનાવેલી વેપારની નિશાણી કરવામાં આવી હોય, અથવા જે ઉપર સને ૧૮૮૯ ના હિંદુસ્તાનના વેપારના માલ ઉપર નિશાણીઓ કરવા સંબંધીના આકટના અર્થ પ્રમાણે વેપારના માલનું ખોટું વર્ણન કરવામાં આવ્યું હોય તે માલઃ—

(ઇ) યુનાઇટેડ કિંગડમની બહાર (ગ્રેટબ્રિટનના સંયુકત રાજ્ય બાહાર) તથા બ્રિટિશ હિંદુસ્તાનની હદની બાહાર બનાવેલા અથવા ઉત્પન્ન કરેલા જે કાંઈ માલ ઉપર યુનાઈટેડ કિંગડમમાંના અથવા બ્રિટિશ હિંદુસ્તાનમાંના બનાવનાર, ધંધો કરનાર અથવા વેપાર કરનાર કોઈ પણ માણસના નામ અથવા તેની વેપારની નિશાણી હોય તે, અથવા તેવી મતલબનું નામ અથવા વેપારની નીશાણી અથવા તે નામ અથવા વેપારની નિશાણીની આબેહુબ નકલ કરેલી હોય તે માલ, પરંતું એટલુંજ કેઃ—

(૧) સદરહૂ છેલી પેટા કલમમાં કહેલું નામ અથવા વેપારની નિશાણી માલ ઉપર કરવામાં આવે તે દરેક પ્રસગે તે માલ યુનાઈટેડ કિંગડમની તથા બ્રિટિશ હિંદુસ્તાનની હદની બાહારની કોઇ જગામાં બનાવ્યા અથવા ઉત્પન્ન કર્યા બદલનો સ્પષ્ટ મચકુર હોય તો, અને

(૨) તે નામ અથવા વેપારની નિશાણીનાં અક્ષર જેટલા મોટા તથા સહેજ નજરે પડી આવે એવા તથા તે નામ અથવા વેપારની નિશાણી જે ભાષામાં તથા લીપીમાં લખેલી હોય તેવી ભાષાના તથા લીપીના અક્ષરોથી સદરહૂ ઉપર કહેલી નીશાણીમાં તે જગ્યા તથા જે દેશમાં તે જગ્યા આવી હોય તે દેશ બતાવ્યાં હોય તો,

આવા માલબદ્દલ મનાઈ નથી."

(૨) પેટા કલમ (૧) મુજબ સુધાર્યા પ્રમાણે સન ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટની ૧૮ મી કલમમાં હેઠળ લખેલી રકમો દાખલ કરવી, એટલે—

(ફ) "સાધારણ રીતે માપ પ્રમાણે અથવા નંગ પ્રમાણે જે કાપડ વેચાય છે તેવું હેઠળ લખ્યા પ્રમાણેનું કાપડ, એટલે—

(૧) તે કાપડના દરેક નંગ ઉપર, તે નંગ જેટલા ઠરાવેલા યાર્ડ અથવા ઠરાવેલા યાર્ડ તથા તેવા યાર્ડના કોઈ અંશ વાસ્તવીક રીતે લાંબુ હોય તે દેખાડવા માટે ઇંગ્રેજી આંકડાની સહેજ નજર પડે તેવી છાપ મારી ન હોય, તથા

(૨) તે કાપડ હિંદુસ્તાનની હદ બહાર બનાવવામાં આવ્યું હોય, અથવા

(૩) તે કાપડ હિંદુસ્તાનની હદની અંદર પણ બ્રિટિશ હિંદુસ્તાનની હદબાહાર એવા જગામાં બનાવેલું હોય કે તે જગા, જો બ્રિટિશ હિંદુસ્તાનમાં હોત તો સન ૧૮૮૧ ના હિંદુસ્તાનના કારખાનાના આકટમાં વ્યાખ્યા કર્યા પ્રમાણે કારખાનું છે એમ ગણાત."

સને ૧૮૭૮ના આકટની ૧૯ મી કલમ પછી નવી કલમ ઉમેરવા બાબત.

૧૧. સને ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટની કલમ ૧૯ પછી નિચે લખેલી કલમ ઉમેરવી એટલેઃ—

"૧૯. અ. (૧) પ્રસંગાનુસારે કલમ ૧૮ માં બતાવ્યો હોય એવો અથવા કલમ ૧૯ મુજબ બતાવી શકાય એવો કંઇપણ માલ અટકાવી રાખ્યા પહેલાં, અથવા આ આકટ મુજબ તેને સરકાર દાખલ કરવાના ઇરાદાથી કંઈપણ વધુ તજવીજ કર્યા પહેલાં, બાતમી સંબંધી, તારણ સંબંધી, શરતો સંબંધી અથવા બીજી કંઇ બાબત સંબંધી આ કલમ મુજબના નિયમો પ્રમાણે વર્તવાનું ફરમાવવાનો અને અંદર આણવાને મના કરેલા માલના જેવોજ તે માલ છે કે નહિ તે બાબતની આ ઠરાવો મુજબ પોતાની ખાત્રી કરવાનો અધિકાર કસ્ટમના મુખ્ય

અમલદારને અથવા આ અર્થે સ્થાનિક સરકારે નિમેલા બીજા કોઇ અમલદારને છે.

(૨) જે માલ અંદર આણવાની મના હોય તે માલ અટકાવી રાખવા તથા તે સરકાર દાખલ કરવા સંબંધી અને આવી રીતે અટકાવી રાખવામાં આવે તથા સરકાર દાખલ કરવામાં આવે તે પહેલાં જે કંઇ શરતો પાળવાની હોય તે શરતો સંબંધી સાધારણ અથવા વિશેષ નિયમો ઘડવાને, અને આપવાની બાતમી અને આ કલમના કોઈપણ કારણ સારૂ જોઈતો પુરાવો તથા એવો પુરાવો ખરો કરી આપવાની રીત આ નિયમો ઉપરથી ઠરાવવાને નામદાર ગવર્નર જનરલ ઇન્‌કૌંસિલ મુખ્ત્યાર છે.

(૩) યુનાઇટેડ કિંગડમ અથવા બ્રિટિશ હિંદુસ્તાનમાંની કોઇ જગાના નામના જેવુંજ નામ અથવા તે નામની દેખાઈતી આબેહુબ નકલ કાંઈ પણ માલ ઉપર હોય ત્યારે તે નામની સાથે, જે દેશમાં આવી હોય તે દેશનું નામ તે નામના જેવડી મોટી તથા સહેજ નજરે પડી આવે એવા અક્ષરે તથા તે નામ જે ભાષા તથા લીપીમાં લખ્યું હોય તે ભાષા તથા લીપીમાં લખવામાં આવ્યું નહિ હશે તો સદરહુ નામ જાણે કે યુનાઇટેડ કિંગડમ અથવા બ્રિટિશ હિંદુસ્તાનમાંની જગાનું નામ છે એમ કલમ ૧૮ તથા ૧૯ ના કારણસારૂ ગણવામાં આવશે.

(૪) કલમ ૧૮ અથવા કલમ ૧૯ મુજબ જે માલને અંદર આણવાની મના કરવામાં આવી હોય તે સઘળા માલને આ નિયમો લાગુ પાડવાનો અધિકાર છે; અથવા આવા માલના જુદા જુદા વર્ગ બાબત અથવા આવા માલ સંબંધીના ગુન્હાના જુદા જુદા વર્ગ બાબત જુદા જુદા નિયમો કરવાનો અધિકાર છે.

(૫) કોઇ માણસે ખબર આપવાથી (કંઈ પણ માલ) અટકાવી રાખવાને લીધે અને આવી રીતે અટકાવી રાખ્યા પછી ચાલેલી કંઈ પણ તજવીજને લીધે થયેલું સઘળું ખર્ચ તથા નુકસાન તે ખબર આપનારે કોઇ પણ સરકારી અમલદારને તથા હિંદુસ્તાનના સેક્રેટરી આફ સ્ટેટ ઇન્ કૌંસિલને ભરી આપવા બાબત ઠરાવ આ નિયમોથી કરવાનો અધિકાર છે.

(૬) આ કલમ મુજબ કરેલા સઘળા નિયમો ઈન્ડિયા ગેઝીટમાં તથા કલકત્તા, મદ્રાસ, મુંબઈ તેથા બર્માના ગેઝીટમાં છાપી પ્રસિદ્ધ કરવામાં આવશે.

બ્રિટિશ હિંદુસ્તાનમાં બનાવેલા કાપડ ઉપર લંબાઇની છાપ મારવી.

બ્રિટિશ હિંદુસ્તાનમાં બનાવેલાં કાપડ ઉપર લંબાઈની છાપ મારવી.

૧૨. (૧) સન ૧૮૮૧ ના હિંદુસ્તાનના કારખાનાના આકટમાં વ્યાખ્યા કર્યા પ્રમાણે જે જગ્યા કારખાનું હોય તે જગ્યામાં બનાવેલું સાધારણ રીતે માપ પ્રમાણે અથવા નંગ પ્રમાણે જે કાપડ વેચવામાં આવતું હોય તે કાપડના દરેક નંગ ઉપર તે નંગ જેટલા ઠરાવેલા યાર્ડ અથવા ઠરાવેલા યાર્ડ તથા તેવા યાર્ડના કોઇ અંશ વાસ્તવિક રીતે લાંબા હોય તે દેખાડવા માટે ઇંગ્રેજી આંકડાની સહેજ નજરે પડે તેવી છાપ માર્યા શિવાય તે કાપડ ઉપર કહેલી જગ્યામાંથી બાહાર લઈ જવું નહીં.

(૨) જો કોઇપણ માણસ પેટા કલમ (૧)માં ઠરાવેલી રીત પ્રમાણે કાપડનું દરેક નંગ કેટલું લાંબુ છે તે બાબતની તેના ઉપર છાપ માર્યા શિવાય એવું કંઈ પણ કાપડ સદરહૂ પ્રકારની કોઈ પણ જગ્યામાંથી બાહાર લઇ જશે અથવા બહાર લઈ જવાની કોશિશ કરશે તો એવું દરેક નંગ તથા તે નંગની ગાંસડી બાંધવામાં અથવા તે નંગ બહાર લઇ જવામાં જે કંઇ પણ કામમાં લીધું હશે તે રાણી સરકાર દાખલ થશે અને તે માણસને હજાર રૂપીઆ સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

પુરવણી ઠરાવો.

બ્રિટિશ હિંદુસ્તાનમાં જળમાર્ગે આણેલો માલ કંઈ જગાએ

૧૩. બ્રિટિશ હિંદુસ્તાનમાં માલ જળમાર્ગે આણ્યો હોય તે પ્રસંગે આ આકટના ઠરાવ વિરૂદ્ધ અથવા આ આકટ મુજબ સુધાર્યા પ્રમાણે સન ૧૮૭૮ ના જળમાર્ગની કસ્ટમના આકટની ૧૮ મી કલમના ઠ-

બનાવ્યો છે તેનો પુરાવો.

રાવ વિરૂદ્ધ થયેલા ગુન્હા બાબતની ફરિયાદ વખતે તે માલ જે [illegible] રેથી ચઢાવ્યો હોય તે બંદર બાબતનો પુરાવો સદહૂ માલ કઇ જગામાં અથવા કીયા પ્રદેશમાં બનાવવામાં અથવા ઉત્પન્ન કરવામાં આવ્યો હતો તે બાબતનો પ્રથમ દર્શનિય પુરાવો છે એમ સમજવું.)

તોહોમતદાર તરફનું અથવા ફરિયાદી તરફનું ખરચ.

૧૪. (૧) આ આક્ટની ૧૩ મી કલમમાં કહ્યા મુજબની હરકોઈ ફરિયાદ વખતે અથવા આ આક્ટ મુજબ સુધાર્યા પ્રમાણે ઇંડિયન પિનલ કોડની જે કલમોમાં વેપારની, મિલકતની અથવા બીજી નિશાણીઓ વિશે વિવેચન કર્યું છે તે કલમો પૈકી હરકોઇ કલમ વિરૂદ્ધ થયેલા ગુન્હાની ફરિયાદ વખતે અનુક્રમે તોહોમતદાર તથા ફરિયાદીએ આપલી ખબર ઉપર તથા તેની વર્તણુક ઉપર લક્ષ આપીને ફરિયાદીએ તોહોમતદારને કે તોહોમતદારે ફરિયાદીને ખરચ આપવાનુ ફરમાવવાનો અધિકાર કોર્ટને છે.

(૨) આવો ખરચ કોર્ટને અરજી કરેથી દંડ માફક ગણી વસુલ કરવામાં આવશે.

ફરિયાદ કરવાની મુદત.

૧૫. આ આક્ટની ૧૪ મી કલમમાં કહ્યા મુજબની કોઈપણ ફરિયાદ, ગુન્હો બન્યાની તારીખ પછી તરતજ ત્રણ વર્ષની મુદત વિત્યા બાદ અથવા તે ગુન્હો બન્યાની ફરિયાદીને પહેલ વહેલી ખબર પડે ત્યારપછી એક વર્ષની મુદત વિત્યાબાદ, એટલે સદહૂ મુદત પૈકી જે કોઈ મુદત પહેલી પુરી થાય ત્યારબાદ, શરૂ કરવામાં આવશે નહિ.

આ આક્ટ અમલમાં શી રીતે લાવવો તે બાબતનો હુકમ કરવાનો ગવરનર જનરલ ઇન્ કૌંસિલનો અધિકાર.

૧૬. (૧) ગવર્નર જનરલ ઇન્ કૌંસિલને ઇંડિયા ગેઝીટમાં અથવા સ્થાનિક સરકારી ગેઝીટમાં જાહેરનામુ પ્રસિદ્ધ કરીને આ આક્ટના ઠરાવો પૈકી હરકોઇ ઠરાવ અમલમાં લાવવામાં ફોજદારી કોર્ટોને પાળવા સારૂ કોઈપણ હુકમ કરવાનો અધિકાર છે.

(૨) પેટા કલમ (૧) મુજબ કરેલા હુકમની અંદર. કોઇપણ માલના સંબંધમાં, આંકડા, પરિમાણ, માપ, ગાજ (માપ) અથવા વજનમાં ફરક ફોજદારી કોર્ટોએ કેટલી હદ સુધી કબૂલ કરવો એ બદલ પણ ઠરાવ કરવાનો અધિકાર છે.

નિશાણી કરેલો માલ વેચતી વખતની ગર્ભિત ખાત્રી.

૧૭. જે કોઈપણ માલ ઉપર વેપારની નિશાણી અથવા વેપારના માલનું વર્ણન કરવામાં આવ્યું હોય તે માલ વેચતી વખતે અથવા તેના વેચાણના કરારમાં તે નિશાણી ખરી નિશાણી છે તથા ખોટી બનાવટની નથી અથવા ખોટી રીતે વાપરેલી નથી, અથવા તે વેપાર માલનું વર્ણન આ આક્ટના અર્થ મુજબ વેપારના માલનું ખોટું વર્ણન નથી, એવી ખાત્રી વેચનારે કરી આપી છે એમ સમજવું. પરંતુ વેચનારે અથવા વેચનારની વતી સહી કરેલા તથા ખરીદદારને વેચાતી આપતી વખતે તથા તેની સાથે કરાર કરતી વખતે .આપેલા તથા ખરીદદારે સ્વિકારેલા કંઇપણ લખાણમાં કંઇપણ પ્રતિકુળ મજકુર હશે તો વેચનારે ખાત્રી કરી આપી છે એમ સમજવું નહિ.

અપવાદ.

૧૮. (૧) જે ફરિયાદ અથવા બીજું કાંઈ કામ આ આક્ટના કોઈપણ ઠરાવ મંજુર થયા ન હોત તો, કોઈપણ માણસ ઉપર ચલાવી શકાત તે ફરિયાદમાંથી અથવા કામમાંથી સદહૂ માણસનો આ આક્ટના કોઇપણ ઠરાવ ઉપરથી બચાવ થશે નહિ એમ સમજવું.

(૨) કોઈપણ ફરિયાદ અથવા બીજા કામમાં પૂરેપૂરી તપાસ કરવાની અથવા પુછેલા સવાલ અથવા પ્રશ્નના જવાબ આપવાની ના પાડવાના આ આક્ટના કોઈપણ મજકુરથી કો-

...માણસને હક નથી એમ સમજવું; પરંતુ ૧૪ મી કલમમાં કહ્યા મુજબની કોઇપણ ફરિયાદમાં સદહૂ માણસની સામે તપાસ અથવા જવાબ પૂરાવા તરીકે લેવામાં આવશે નહિ.

(૪) બ્રિટિશ હિંદુસ્થાનમાં રહેતા ધણીનો જે કોઇપણ નોકર શુદ્ધબુદ્ધીથી પોતાના ધણીના હુકમો પ્રમાણે ચાલે અને પોતાના ધણી બાબતની અથવા પોતાના ધણી તરફથી મળેલા હુકમ બાબતની ખબર ફરિયાદીએ અથવા તેના તરફથી માંગી તે વખતે તે સઘળી આપી હોય તે નોકર ઉપર કંઇપણ ફરિયાદ મંડાય અથવા તેને શિક્ષા થાય એવો આ આકટના કોઇપણ મજકુરનો અર્થ થાય છે એમ સમજવું નહિ.

હંગામી ઠરાવ.

છાપ નહિ મારેલા કાપડના સંબંધમાં આ આકટ ક્યારે અમલમાં આવશે તે બાબત.

૧૯. આ આકટ મુજબ સુધાર્યા પ્રમાણે સન ૧૮૭૮ ના જળમાર્ગની જકાતના આકટની ૧૮ મી કલમની રકમ (ડ્ર) માં વર્ણવેલું કાપડ બ્રિટિશ હિંદુસ્તાનમાં લાવવા બાબતની મનાઈ કરી છે તે સન ૧૮૮૯ ના અગષ્ટ મહિનાની ૧ લી તારીખ સુધી અમલમાં આવશે નહિ, તથા સન ૧૮૮૯ ના એપ્રીલ મહિનાની ૧ લી તારીખ પહેલા [illegible] કારખાનામાં ગાંસડીમાં બાંધેલા કાપડ સંબંધી ૧૨ મી કલમના ઠરાવો સન ૧૮૮૯ ના જુલાઈ મહિનાની ૧ લી તારીખ સુધી મુલતવી રહેશે.

સન ૧૮૮૯ નો આકટ નંબર ૧૨.

હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન્ કૌંસિલનો હેઠળ લખેલો આકટ નામદાર ગવર્નર જનરલે સને ૧૮૮૯ ના સપ્ટેંબર મહિનાની ૪ થી તારીખે મંજુર કર્યો તે સર્વે લોકોને જાણુથવાસારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે:—

સને ૧૮૮૯ નો હિંદુસ્તાનનો વેપારના માલ ઉપર નિશાણીઓ કરવા સંબંધીનો આકટ સુધારવા બાબતનો આકટ.

કાપડના નંગ ઉપર તેની લંબાંઇ અમુક ઠરાવેલા યાર્ડ અથવા અમુક ઠરાવેલા યાર્ડ તથા એવા યાર્ડનો અમુક અંશ છે એ દરશાવનારી છાપ મારી નહીં હોય એવું નંગ સન ૧૮૮૯ ના નવેંબર મહિનાની ૧ લી તારીખ અગાઉ કોઈપણ વખતે અંદર આણવા દેવાનો અધિકાર સ્થાનિક સરકારોને આપવો જે અર્થે યોગ્ય છે; તે અર્થે આ ઉપરથી નિચે પ્રમાણે ઠરાવ્યું છે:—

સન ૧૮૭૮ના ૮મા આ આકટની ૧૮મી કલમનો અમલ કાપડના નંગના સંબંધમાં થોડા વખત સુધી મોકુફ કરવાનો સ્થાનિક સરકારનો અધિકાર.

૧. (૧) સ્થાનિક સરકાર પોતાની નજરમાં આવે તો વગર સરતે અથવા શરતો કરીને એમ જાહેર કરવાને મુખત્યાર છે કે સન ૧૮૮૯ ના હિંદુસ્તાનના વેપારના માલ ઉપર નિશાણીઓ કરવા સંબંધી આકટની કલમ ૧૦ મી પેટાકલમ (૨) ઉપરથી સુધારેલી સન ૧૮૭૮ ના જળમાર્ગની જકાતના આકટની ૧૮ મી કલમના ઠરાવોનો અમલ તે જાહેરખબરમાં લખેલા કોઇપણ કાપડનાં નંગના સંબંધમાં સન ૧૮૮૯ ના અકટોબર મહિનાની ૩૧ મી તારીખ પુરી થતા સુધી બંધ રહેશે એમ સમજવું.

(૨) પેટા કલમ (૧) ઉપરથી પોતાને મળેલો અધિકાર સ્થાનિક સરકાર જકાતના મુખ્ય અમલદારને અથવા આ અર્થે પોતે નિમેલા બીજા કોઈ અમલદારને સોંપવાને મુખત્યાર છે.

(True Translation.)

Y. M. KELKAR,

Oriental Translator to Government.